# પ્રથમસ્કન્ધ

## અધિકાર નિરૂપણ

## (કુલ અધ્યાય૧૯)

શ્રીમદ્ આચાર્યચરણપ્રણીત નિબન્ધાનુસાર આ પ્રથમસ્કન્ધમાં અધિકારીનાં લક્ષણો અપાયેલાં છે. અધિકારી ત્રણ પ્રકારના છે : ૧.હીન ૨.મધ્યમ અને ૩.ઉત્તમ.

**અધિકારી(શ્રોતા-વકતા)**

| હીનાધિકારી | મધ્યમાધિકારી | ઉત્તમાધિકારી |
|---|---|---|
| અ.૧-૩ | અ.૪-૬ | અ.૭-૧૯ |

ઉપર દર્શાવેલા ત્રણ અધિકારીનાં લક્ષણો જે-જે અધ્યાયોમાં કહેવામાં આવ્યાં છે તેને લક્ષ્યમાં રાખવાં જોઈએ. જેમ કે :

**હીનાધિકારી પ્રકરણ -૧** અધ્યાય૩ :

હીનાધિકારીમાં પણ શ્રોતામાં જિજ્ઞાસા, માત્સર્યરહિતપણું અને શ્રવણમાં આદર આ ત્રણ લક્ષણો હોવાં જોઈએ. તે જ પ્રમાણે વકતામાં ભાગવત શાસ્ત્રનું પરમ્પરાથી કરેલું શ્રવણ, ચાતુર્ય અને ગુહ્યજ્ઞાન આ ત્રણ લક્ષણો અવશ્ય જોઈએ. આ ત્રણ પ્રકારે એક શ્રોતાનો અને એક વકતાનો ગુણ લઈને આ ત્રણ ગુણ માટે પ્રથમ, દ્વિતીય અને તૃતીય એ ત્રણ અધ્યાય કહ્યા છે. તેને નીચેના કોષ્ઠકથી જાણી શકાશે.



**હીનાધિકારી પ્રકરણ**

| | અધ્યાય૧ | અધ્યાય૨ | અધ્યાય૩ |
|---|---|---|---|
| **શ્રોતા :** શૌનકાદિ | જિજ્ઞાસુત્વ | માત્સર્યરહિતત્વ | શ્રવણમાંપ્રીતિ |
| **વકતા :** સૂતજી | શ્રુતભાગવતત્વ | ચાતુર્ય | ગુહ્યજ્ઞાન |

આમ હીનાધિકારી શ્રોતા અને વકતા બન્નેનાં લક્ષણો તપાસવાં. જો આટલો હીન અધિકાર પણ ન હોય તો લક્ષણરહિત શ્રોતાને સંભળાવવું નહીં અને લક્ષણરહિત વકતાના મુખથી શ્રીભાગવત શ્રવણ કરવું નહીં.

**મધ્યમાધિકારી પ્રકરણ-૨** અધ્યાય૩ (૪-૬)

મધ્યમાધિકારી શ્રોતા અને વકતાનાં ત્રણ-ત્રણ લક્ષણ છે : શ્રોતા અને વકતા ના ઉપર ભગવત્કૃપા, ભગવદીયત્વ-વૈષ્ણવતા અને ભગવાન્માં સમ્પૂર્ણ સ્નેહ-ભક્તિ જોઈએ. બન્નેમાં આ લક્ષણો ન હોય તો શ્રવણનું ફળ ન મળે. આ લક્ષણો તપાસીને શ્રોતાએ વકતાનો અને વકતાએ શ્રોતાનો સમાગમ કરવો જોઈએ. આ લક્ષણો સમજવામાટે નીચેનું કોષ્ઠક જોવું.

**મધ્યમાધિકારી પ્રકરણ**

| | અધ્યા.૪ | અધ્યા.૫ | અધ્યા.૬ |
|---|---|---|---|
| **શ્રોતા :** વ્યાસજી | ભગવત્કૃપા | ભગવદીયત્વ | ભગવદેકત્વ |
| **વકતા :** નારદજી | ભગવત્કૃપા | ભગવદીયત્વ | પ્રેમ-ભક્તિ |

**ઉત્તમાધિકારી-પ્રકરણ-૩** અધ્યાય-૧૩ (૭-૧૯)

ઉત્તમાધિકારી વક્તા અને શ્રોતા માં દઢ વૈરાગ્ય જોઈએ. ભગવાન્ સિવાયના સર્વ પદાર્થોમાં રાગ તજી પ્રભુમાં એકતાન થવું એ ભક્તિમાર્ગીય વૈરાગ્ય છે. આ વૈરાગ્યથી ભગવાન્ પુરુષોત્તમમાં તત્પરતા થતી હોવાથી તેમ જ ભગવાન્ બાર અંગોવાળા હોવાથી અને તેરમા અંગી-પુરુષોત્તમ મળીને તેર અધ્યાયથી આ ત્રીજું પ્રકરણ પૂર્ણ થાય છે.

**ઉત્તમાધિકારી** (શ્રોતા=પરીક્ષિત, વક્તા=શ્રીશુકદેવજી)

દ્વાદશાંગ પુરુષોત્તમમાં તત્પર-વૈરાગ્યવાન્

પ્રભુનાં દ્વાદશ અંગો : બે ચરણ, બે સાથળ, બે બાહુ, બે સ્તન, બે હસ્ત એક હૃદય અને એક શિર અને એક અંગી-પુરુષોત્તમ મળીને પ્રથમ સ્કન્ધના ૧૯ અધ્યાય છે.

**જો કોઈ પૈસા કમાવામાટે સેવા-કથા કરે તો તેની કેવી ગતિ થાય?**

એવું કરે ત્યારે તો સેવા-કથાનું તો ખાલી નામ થયું, ખરેખર તો તેણે વહેપાર-ધંધો જ કર્યો ગણાય. કૃષ્ણાર્થી બનીને સેવા-કથા કરવાને ઠેકાણે ધનાર્થી બનીને સેવા-કથા કરતાં સેવા-કથાના વેચાણના બદલામાં તેને વહેપાર-ધંધાની માફક પૈસા-ટકા મળી રહે પરન્તુ તેવા નીચ પ્રકારે થયેલી કમાણી તેના માટે અનર્થરૂપ જ નીવડવાની. આવા નીચ હેતુથી કરેલી સેવા-કથાનું પણ પરિણામ સરવાળે સર્વનાશ જ સમજવું. શાસ્ત્રનિષિદ્ધ આચરણ કરવાને કારણે આવા અધમ માણસનો કેવલ આ લોક જ નહીં પરન્તુ પરલોક પણ નાશ પામે છે. તેથી જેને રત્તિભાર પણ જ્ઞાન હોય છે તે આવું કદી કરતો નથી. **(શ્રીગુસાંઈજી, સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃતિ)**



# સુબોધિનીનું મંગલાચરણ

**વન્દે શ્રીકૃષ્ણદેવં મુરનરકભિદં વેદવેદાન્તવેદ્યં**
**લોકે ભક્તિપ્રસિદ્ધ્યૈ યદુકુલજલધૌ પ્રાદુરાસીદ્ અપારઃ ॥**
**યસ્યાસીદ્ રૂપમેવ ત્રિભુવનતરણે ભક્તિવચ્ચ સ્વતન્ત્રં**
**શાસ્ત્રં રૂપં ચ લોકે પ્રકટયતિ મુદા યઃ સ નો ભૂતિહેતુઃ ॥૧॥**

**શબ્દાર્થ :** મુર અને નરક નામના અસુરોને ભેદી નાખનાર, વેદ અને વેદાન્ત થી જેમનું સ્વરૂપ જાણી શકાય છે તેવા શ્રીકૃષ્ણદેવને હું વન્દન કરું છું. લોકમાં ભક્તિની પ્રસિદ્ધિ થાય એટલા માટે જેમનો પાર પામી શકાય એમ નથી તેવા એ પ્રભુ યાદવકુળરૂપ મહાસાગરમાં પ્રકટ થયા. જે પ્રભુનું સ્વરૂપ જ ત્રણ ભુવનો સહિત તરણમાં (મોક્ષમાં) નિમિત્તરૂપ થયું છે, વળી લોકમાં ભક્તિની પેઠે સ્વતન્ત્ર શાસ્ત્રાત્મક સ્વરૂપને જે પ્રભુ આનન્દથી પ્રકટ કરે છે તે પ્રભુ અમારા અભ્યુદયમાં કારણ રૂપ થાઓ.

**ભાવાર્થ :** સમ્પૂર્ણ શ્રીમદ્ભાગવતનું મનન કર્યા પછી પ્રભુનું જે સ્વરૂપ અનુભવાય છે તેનો અતિ સુન્દર આદર્શ મંગલાચરણના આ પ્રથમ શ્લોકમાં આચાર્યશ્રીએ આપેલો છે. મુર અને નરક નામના અસુરો પ્રભુપ્રાપ્તિમાં મહાવિઘ્નરૂપ હતાં. પ્રભુએ જ્યારે એ બન્નેનો નાશ કર્યો ત્યારે સોળ હજાર રાજકન્યાઓને આપશ્રીની પ્રાપ્તિ થઈ. તેથી જ પ્રારમ્ભમાં આ વિશેષણ યોજ્યું છે. 'શ્રીકૃષ્ણ' શબ્દમાં ત્રણ ભાગ છેઃ શ્રી, કૃષ્ અને ણ. આ ત્રણેના અર્થો જુદા છે. 'શ્રી' એટલે બ્રહ્માનન્દરૂપ ચૈતન્ય શક્તિ અને માયાદેવી. તેથી યુકત કૃષ્ણ છે. 'કૃષ્' એટલે સત્તા અને 'ણ' એટલે આનન્દ. એ રીતે વિચાર કરતાં 'શ્રીકૃષ્ણ' શબ્દનો અર્થ એ થાય છે કે સચ્ચિદાનન્દરૂપ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ એ જ પરમ તત્ત્વ. એ પ્રભુ જ્યારે સર્ગ-વિસર્ગાદિ દશ લીલાઓ કરે ત્યારે 'દેવ' કહેવાય છે. એ લીલાઓ કરવામાટે પ્રભુ ચાર વ્યૂહો ધારણ કરે છે અને વિવિધ અવતારો પણ ધરે છે. સંકર્ષણ, વાસુદેવ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્ન એ ચાર વ્યૂહ છે. સંકર્ષણ વ્યૂહથી પ્રભુ અસુરોનો સંહાર કરે છે. તેથી જ ''મુર અને નરકાસુરને ભેદનારા'' એવું વિશેષણ આપ્યું. વાસુદેવ વ્યૂહથી પ્રભુ મોક્ષ આપે છે, એનું સૂચન ''વેદ અને વેદાન્ત થી વેદ્ય'' એ વિશેષણમાં છે. પ્રદ્યુમ્ન વ્યૂહથી પ્રભુ વંશવૃદ્ધિ કરે છે, માટે યાદવકુળમાં પ્રાદુર્ભાવ વર્ણવ્યો. અનિરુદ્ધ વ્યૂહથી ધર્મરક્ષા કરે

છે, માટે ત્રણ ભુવનોની અને તરણની વાત જણાવી. ધર્મ બે પ્રકારનો છે : એક પ્રવૃત્તિ ધર્મ અને બીજો નિવૃત્ત ધર્મ. પ્રવૃત્તિધર્મનું ફળ ત્રણ ભુવન છે અને નિવૃત્તિધર્મનું ફળ તરણ એટલે મોક્ષ છે. એ બન્નેનું નિમિત્ત કારણ પ્રભુ જ છે. જેમ પ્રભુનું ભક્તિરૂપ સ્વરૂપ સ્વતન્ત્ર રીતે ઉદ્ધારક છે, તેમ એ પ્રભુનું શાસ્ત્રાત્મક રૂપ પણ ઉદ્ધારક છે અને તેથી પોતાનાં શાસ્ત્રાત્મક રૂપને (શ્રીભાગવત, આદિક ને) પ્રભુ પોતે પ્રગટ કરે છે. એવા અમારા આ પ્રભુ શ્રીભાગવતના વ્યાખ્યાનરૂપ અભ્યુદયમાં (શ્રીસુબોધિનીજી લખવામાં) કારણરૂપ થાઓ એવી પ્રાર્થના કરી છે ।।૧।।

**કર્તા જ્ઞઃ સકલસ્ય યો નિગમભૂઃ સર્વસ્વરૂપોપિ સન્**
**સર્વસ્યાપિ વિધારણો વિજયતે નિર્દોષ-સર્વેષ્ટદઃ ।।**
**યો લીલાભિરનેકધા વિતનુતે રૂપં નિજં કેવલઃ**
**સોયં વાચિ મમાસ્તુ પૂર્ણગુણભૂઃ કૃષ્ણાવતારઃ પતિઃ ।૨।।**

**શબ્દાર્થ** : જે પ્રભુ જગત્‌ના કર્તા, સર્વના જ્ઞાતા, વેદ જેમાંથી પ્રગટ થયા છે, જે પ્રભુ સર્વનું સ્વરૂપ છે છતાં સર્વને ધારણ કરનારા (સર્વના આધાર) છે, વળી જે પ્રભુ નિર્દોષ ભકતોના બધા મનોરથ પૂરનારા તરીકે વિજય પામે છે (સર્વોત્કૃષ્ટ રીતે બિરાજે છે), જે પ્રભુ કેવળ અર્થાત્ નિર્ગુણ હોઈ પોતે જ ફકત લીલાઓથી પોતાના સ્વરૂપનો અનેક રીતે વિસ્તાર કરે છે, જેમનામાંથી પૂર્ણ ગુણો નીકળ્યા છે તેવા આ શ્રીકૃષ્ણાવતાર પ્રભુ મારી વાણીમાં પતિરૂપે બિરાજો.

**ભાવાર્થ** : શ્રીભાગવતની વ્યાખ્યા અલૌકિક બને તેટલા માટે આ શ્લોકમાં પોતાની વાણીમાં પ્રભુને બિરાજવાની આચાર્યશ્રી પ્રાર્થના કરે છે. ઉપનિષદો અને બ્રહ્મસૂત્રો માં વર્ણવેલા પ્રભુના સ્વરૂપની ઓળખાણ આપીને એમાં એ વાણીના પતિરૂપ પ્રભુ જ છે, માટે પોતાની વાણીમાં એ જ પ્રભુને બિરાજવાની પ્રાર્થના કરી છે ।।૨।।

**શ્રીમદ્વલ્લભવિદ્વદીશવિલસદ્ વંશાબ્ધિપૂર્ણેન્દવે**
**શ્રીગોપીપતિવન્દિને સુમનસિ બ્રહ્મામૃતસ્યન્દિને ।।**
**શ્રીમલ્લક્ષ્મણભટ્ટસૂરિરિતિ યન્ નામાઽખિલાઽભીષ્ટદં**
**તસ્મૈ તાતમહાશયાય હરયે કુર્મો નમઃ સિદ્ધયે ।।૩।।**

**શબ્દાર્થ** : શ્રીવલ્લભ દીક્ષિતના વિદ્વાનોને પણ ઈશ્વરોથી વિલસી રહેલા વંશસાગરના



પૂર્ણ ચન્દ્ર, શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણને વન્દન કરનારા, જેમાંથી સુન્દર મનરૂપ પુષ્પમાં કુદરતી રીતે બ્રહ્મામૃત ઝરે છે અને જેમનું ‘‘શ્રીલક્ષ્મણ ભટ્ટ સૂરિ’’ એવું સર્વ ઈચ્છિત આપનારું નામ છે, તેવા હરિસ્વરૂપ અમારા પિતા મહાશયને કાર્ય સિદ્ધ થાય તે માટે અમે નમન કરીએ છીએ.

**ભાવાર્થ** : શ્રીમદાચાર્યશ્રીના પૂર્વજોમાં ‘‘શ્રીવલ્લભ દીક્ષિત’’ નામના એક ધુરન્ધર વિદ્વાન થયા છે. પોતાનો વંશ પવિત્ર, સુપ્રસિદ્ધ અને અતિ ગૌરવશાળી છે એ જણાવવા માટે આ વિશેષણો છે. આચાર્ય શ્રી પોતાના પિતાશ્રી માટે ‘‘શ્રીગોપીજન વલ્લભને વન્દન કરનારા’’ એવું વિશેષણ યોજે છે તે ઉપરથી લાગે છે કે પિતાશ્રી પરમ્પરાથી ગોપાળ-ઉપાસક અને શ્રીવિષ્ણુ સ્વામિ-સમ્પ્રદાયના હોવા જોઈએ. ‘‘બ્રહ્મામૃતને રેડનારા’’ એ વિશેષણથી જણાય છે કે શ્રીલક્ષ્મણ ભટ્ટજી એક મહાન તત્ત્વજ્ઞાની હતા ।।૩।।

**શ્રીમદ્ભાગવતાગમઃ સુરતરુર્ લોકે ફલત્વં ગતો**
**ભાષાભેદવિભેદતઃ ત્રયમપિ સ્યાન્નો વિરુદ્ધં મહત્ ।।**
**ભકત્યંશે ફલતા પ્રમાણસુબલે વેદત્વમ્ અર્થે પુનઃ**
**સ્કન્ધૈર્ દ્વાદશભિર્યુતઃ સુરતરુઃ શાખાદ્વિવહ્નિદ્વયમ્ ।।૪।।**

**શબ્દાર્થ** : શ્રીમદ્‌ભાગવત શાસ્ત્રરૂપ કલ્પવૃક્ષ દૈવી સૃષ્ટિમાં ફલિત થયું છે. જુદી-જુદી ભાષાઓના ભેદથી ફળપણું, કલ્પવૃક્ષપણું અને વેદપણું એ ત્રણ પણ વિરુદ્ધ નથી, કારણ કે શ્રીભાગવત અતિ પૂજ્ય પુરાણ છે. ભક્તિરૂપ અંશમાં શ્રીભાગવતનું ફલપણું છે, પ્રમાણના અતિબલમાં એનું વેદપણું છે, અર્થમાં તો બાર સ્કન્ધથી યુકત ત્રણસો બત્રીશ અધ્યાય રૂપ શાખાવાળું એ કલ્પવૃક્ષ છે.

**ભાવાર્થ** : મંગલાચરણ કર્યા પછી ઉત્તમ, મધ્યમ અને હીન અધિકારીઓની પ્રવૃત્તિ આ શાસ્ત્રમાં થાય એટલા માટે શ્રીભાગવતનું સ્વરૂપ આ શ્લોકમાં બતાવ્યું છે. શ્રીભાગવતનાં ત્રણ સ્વરૂપ છે : [1]વેદસ્વરૂપ, [2]કલ્પવૃક્ષસ્વરૂપ અને [3]ફળસ્વરૂપ. વળી શ્રીભાગવતમાં ત્રણ ભાષા છે : [1]સમાધિભાષા, [2]પરમત ભાષા અને [3]લૌકિક ભાષા. શ્રીભાગવતમાં આ ત્રણ ભાષા છે, તેથી પહેલાં દર્શાવેલાં શ્રીભાગવતનાં ત્રણ સ્વરૂપમાં કશો વિરોધ આવતો નથી, કારણ કે આ અતિ પૂજ્ય મહાપુરાણ છે. શ્રીભાગવતનું શ્રવણ કર્યા પછી જેને ભક્તિ ઉત્પન્ન થાય છે તેને સમ્પૂર્ણ શ્રીભાગવત ફળરૂપે

અનુભવાય છે. એવી જ રીતે સર્વ વેદ અને ઈતિહાસ ના સારરૂપે શ્રીભાગવતને જેઓ જાુએ છે તેમને શ્રીભાગવત વેદરૂપે દર્શન આપે છે; તેમ જ્ઞાન મેળવવા જેઓ શ્રીભાગવતનું અધ્યયન કરે છે તેમને શ્રીભાગવત કલ્પવૃક્ષરૂપે દષ્ટિગોચર થાય છે. બાર સ્કન્ધ એટલે શ્રીભાગવતરૂપ કલ્પવૃક્ષના મૂળને લાગેલી સ્થૂળ શાખાઓ, તેમજ ૩૩૨ શાખાઓ તે ૩૩૨ અધ્યાયરૂપી ડાળીઓ. દશમ સ્કન્ધમાંના પરમ્પરા પ્રાપ્ત ૧૨મો અધ્યાય અઘાસુર વધ, ૧૩મો બ્રહ્માજીદ્વારા વત્સહરણ, ૧૪મો બ્રહ્માજી કૃત ભગવત્સ્તુતિ આ ત્રણ અધ્યાયોને પ્રક્ષિપ્ત માનીને એને બાદ કરતાં કુલ ૩૩૨ અધ્યાય થાય છે.

**અર્થં તસ્ય વિવેચિતું ન હિ વિભુર્વૈશ્વાનરાદ્ વાક્પતેર્**
**અન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવચ્છ્રીપતિઃ ।।**
**દત્ત્વાજ્ઞાં ચ કૃપાવલોકનપટુર્ યસ્માદ્ અતોઽહં મુદા**
**ગૂઢાર્થં પ્રકટીકરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ।।૫।।**

**શબ્દાર્થ :** આ લોકમાં શ્રીભાગવતનો અર્થ પ્રકટ કરવા વાણીના પતિ વૈશ્વાનર સિવાય બીજો કોઈ સમર્થ નથી, તેથી તે કાર્ય કરવા માટે મને મનુષ્યદેહરૂપ કરીને, શ્રીવ્યાસજીની માફક શ્રીલક્ષ્મીપતિએ આજ્ઞા આપી. એવી રીતે જે કારણે કૃપાદષ્ટિ કરવામાં ચતુર થયા એ કારણથી વિષ્ણુરૂપ વ્યાસજીને પ્રિય ગૂઢ અર્થ અનેક રીતે હું આનન્દપૂર્વક પ્રકટ કરું છું.

**ભાવાર્થ :** શ્રીભાગવતની વ્યાખ્યા ઘણાએ કરી છે છતાં આ પ્રવૃત્તિ શા માટે? એનો જવાબ આચાર્યશ્રી આ શ્લોકમાં આપે છે અને પોતાનું દિવ્ય સ્વરૂપ સ્પષ્ટ કરે છે. શ્રીભાગવતના અર્થની પૂજા એટલે શ્રીભાગવતનો અર્થ વિરોધ પરિહાર કરી યથાર્થ રીતે બતાવવો. આ કાર્ય કરવાની શક્તિ અગ્નિમાં જ છે. આ અગ્નિ તે વાણીના પતિ છે. 'વાણી' એટલે સરસ્વતી. એ પતિવ્રતા હોવાથી પોતાનું શુદ્ધ સ્વરૂપ પોતાના અગ્નિરૂપ પતિને જ બતાવે. બીજાને નહીં. તેથી જ અગ્નિ વિના શ્રીભાગવતાર્થનું સ્પષ્ટીકરણ બીજા કોઈથી ન જ થઈ શકે એમ ધારીને જ ભગવાને એ અગ્નિને મનુષ્યદેહમાં પ્રકટ કરીને શ્રીભાગવાતાર્થ પ્રકટ કરવાની આજ્ઞા કરી. પછી ભગવાને એમની ઉપર (આચાર્યશ્રીરૂપ અગ્નિ સામે) કૃપા કટાક્ષ કર્યો. આ રહસ્ય શ્રીમદાચાર્યચરણ કળી ગયા અને વિષ્ણુની જ્ઞાનકળાના અવતાર શ્રીવેદવ્યાસજીને



પ્રસન્ન કરનારો શ્રીભાગવતનો ગૂઢાર્થ પ્રકટ કર્યો, અને તે પણ આનન્દપૂર્વક ।।૫।।

**લક્ષણાં નૈવ વક્ષ્યામિ ન ન્યૂનાદ્ અન્યપૂરણમ્ ।**
**આર્થિકં તુ પ્રવક્ષ્યામિ પરોક્ષકથનાદતે ।।૬।।**

**શબ્દાર્થ :** લક્ષણા તો હું નહિ જ કહું. ઊણપ દેખાડીને બીજી વાતથી એને પૂરીશ નહીં. પરોક્ષ (છૂપું) કથન હશે તે સિવાય શુદ્ધ અર્થ જ હું કહીશ.

**ભાવાર્થ :** શ્રીભાગવતના અર્થ કેવી રીતે પોતે પ્રકટ કરશે એની રૂપરેખા બતાવીને આચાર્યશ્રી પ્રતિજ્ઞા કરે છે. **''ગંગાયાં ઘોષઃ''** (ગંગામાં ગામ છે) આ એક વાક્ય છે. આ વાક્યનો અર્થ વિરુદ્ધ જણાય છે, કારણ કે ગંગાના પ્રવાહમાં ગામ હોય નહિ, તેથી 'ગંગા' શબ્દનો અર્થ લક્ષણાએ કરતાં ગંગાનો તીર એવો થાય છે. એટલે ગંગાના તટ પર ગામ એવો ભાવાર્થ લેવામાં આવે છે. આચાર્યશ્રી પ્રતિજ્ઞા કરે છે કે શ્રીભાગવતના અર્થમાં હું ઉપર જણાવેલી લક્ષણાનો આશ્રય નહીં જ કરું, તેમ ''આ વાત અધૂરી છે, આ વાક્ય અહીં ઉમેરવું જોઈએ'' એવાં બહાનાં કાઢીને નવી વાત અંદર દાખલ નહીં કરું. આચાર્યશ્રી પ્રતિજ્ઞા કરે છે કે પરોક્ષ (આડી-અવળી) વાતો વિના જેવો શુદ્ધ અર્થ નીકળતો હશે તેવો જ અર્થ પ્રકટ કરીશ ।।૬।।

**અવિરોધેન સપ્તાનામ્ અર્થાનામ્ ઇહ સંગતિઃ ।।**
**ઉત્તરોત્તરદૌર્બલ્યં વાચ્યં સંકોચતઃ પરમ્ ।।૭।।**

**શબ્દાર્થ :** સાતે અર્થનો વિરોધ ન આવે તેમ અહીં આ ટીકામાં અર્થની સંગતિ છે. પરન્તુ સંકોચને લીધે સાતે અર્થોમાં ઉત્તરોત્તર અર્થની દુર્બલતા કહેવી જોઈએ.

**ભાવાર્થ :** શ્રીભાગવતાર્થ નિબન્ધમાં આચાર્યશ્રી જણાવે છે કે અમે શ્રીભાગવતનો સાત રીતે અર્થ પ્રકટ કર્યો છે : [૧]શાસ્ત્રાર્થ [૨]સ્કન્ધાર્થ [૩]પ્રકરણાર્થ [૪]અધ્યાયાર્થ [૫]વાક્યાર્થ [૬]પદાર્થ [૭]અક્ષરાર્થ આ સાત અર્થ છે. આ સાતેમાં પરસ્પર વિરોધ ન આવે તે રીતનો એક અર્થ શ્રીસુબોધિનીમાં છે. એમાં એટલું તો માનવું જ પડશે કે એ સાતેમાં ઉત્તરોત્તર અર્થ દુર્બળ ગણાશે. જેમ કે 'શાસ્ત્રાર્થ' એટલે આખા શ્રીભાગવતનો અર્થ. હવે એ પ્રથમ શાસ્ત્રાર્થ બીજા સ્કન્ધાર્થમાં ન જ આવે, તેથી શક્તિનો સંકોચ ગણી લેવો. તેમ જ આખા સ્કન્ધનો અર્થ તે સ્કન્ધના એક પ્રકરણમાં ન આવે તેથી સ્કન્ધાર્થ કરતાં પ્રકરણાર્થ દુર્બળ ગણાય. એ જ રીતે પ્રકરણાર્થ કરતાં અધ્યાયાર્થ

દુર્બળ ગણાય. આ હિસાબે ઉત્તરોત્તર દુર્બળતા સમજી લેવી ।।૭।।

**ભાષાત્રયવિરોધશ્ચ કલ્પભેદાત્ સમાહિતઃ ।।**
**ભાષાત્રયવિભેદશ્ચ લક્ષણૈર્ જ્ઞાપ્યતે પુનઃ ।।૮।।**

**શબ્દાર્થ :** શ્રીભાગવતમાં ત્રણ ભાષામાં પરસ્પર વિરોધ દેખાતો હોય તો એનું સમાધાન કલ્પભેદથી કરેલું છે. અને ત્રણ ભાષાનો તફાવત તો લક્ષણોથી જણાવવામાં આવે છે.

**ભાવાર્થ :** સમાધિ, પરમત અને લૌકિક એ ત્રણ ભાષા શ્રીભાગવતમાં છે. એમાં જો પરસ્પર વિરોધ આવે તો એમ સમજી લેવું કે આ કથા અમુક કલ્પની છે અને આ કથા અમુક કલ્પની છે. ત્રણે ભાષાનો તફાવત તો તે-તે ચોક્કસ લક્ષણોથી સ્પષ્ટ થશે ।।૮।।

**અર્થત્રયન્તુ વક્ષ્યામિ નિબન્ધેઽસ્તિ ચતુષ્ટયમ્ ।।**
**અત્ર સન્તઃ સ્વસન્તોષૈર્ આજ્ઞાં યચ્છન્તુ સિદ્ધયે ।।૯।।**

**શબ્દાર્થ :** આ વ્યાખ્યાનમાં તો હું વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ એ ત્રણ અર્થ કહીશ. શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થ એ ચાર અર્થ તત્ત્વદીપ નિબન્ધના ભાગવતાર્થ પ્રકરણમાં છે. આ કાર્યની સિદ્ધિ થાય એ માટે સન્તપુરુષો પોતાનો સન્તોષ વ્યકત કરી મને આજ્ઞા આપો ।।૯।।

**સેવા-મનોરથોનું જાહેર પ્રદર્શન કરનારાઓ વાંચો!**

**ભાવ ગુપ્ત રહે તો જ વધે. તેથી પોતાના આશ્રમધર્મોની પછવાડે પોતાના ભગવદ્ભાવોને ગુપ્ત રાખીને ભગવત્સેવા કરવી જોઈએ. જેના હૃદયમાં પ્રભુ નથી બિરાજતા તે જ પોતાના ભાવોને ખુલ્લેઆમ પ્રદર્શિત કરતો હોય છે. જો પ્રભુ હૃદયમાં બિરાજતા હોય તો ભાવોનું ઉઘાડે છોગે પ્રદર્શન સમ્ભવ નથી. (શ્રીમહાપ્રભુજી, અણુભાષ્ય)**



**શ્રીકૃષ્ણાય નમઃ**

# પ્રથમસ્કન્ધ-અધિકારલીલા

(દક્ષિણ ચરણ)

## પ્રથમ પ્રકરણ-હીનાધિકાર

## અધ્યાય-૧

## શૌનકે પૂછેલા છ પ્રશ્નો

**વિશેષ :** 'ભાગવત'શાસ્ત્ર એટલે આનન્દરૂપ હરિની લીલાનું વર્ણન. શ્રીભાગવતનું લક્ષણ એ છે કે ''જેની ગાયત્રીથી શરૂઆત કરીને ધર્મનો વિસ્તાર વર્ણવ્યો હોય અને જેમાં વૃત્રાસુરના વધની કથા હોય તે''. આ પ્રથમ શ્લોક ગાયત્રીના અર્થરૂપ છે. એમાં **'ધીમહિ'**પદ ગાયત્રીના **'ધીમહિ'**પદનું અનુસન્ધાન કરાવે છે. **''સત્યં પરં''** પદો ગાયત્રીના **'તત્'** પદના અર્થરૂપ છે. **''જન્માદ્યસ્ય યતોન્વયાદ્ ઈતરતઃ''** એ ગાયત્રીના **'સવિતુઃ'** પદના અર્થરૂપ છે. 'સવિતા' એટલે સૂર્ય નહિ પણ પ્રસવકર્તા. **'અર્થેષ્વભિજ્ઞઃ'** પદો ગાયત્રીના 'દેવસ્ય' પદનું સૂચન કરે છે. **'તેજોવારિમૃદાં'** અને **''ધામ્ના...કુહકં''** પદો ગાયત્રીના **'વરેણ્યં'** અને **'ભર્ગઃ'** પદોના અર્થરૂપ છે. આ પ્રમાણે ગાયત્રીથી જ શ્રીમદ્ભાગવતની શરૂઆત છે.

આ શાસ્ત્રમાં ધર્મનો પણ વિસ્તાર છે અને વૃત્રાસુરની કથા પણ છે. એમાં પ્રથમ સ્કન્ધમાં અધિકાર લીલાનું વર્ણન છે. અધિકાર પણ લીલા છે કેમકે અમુક જીવને અમુક અધિકાર સમ્પાદન કરી આપનાર પણ ભગવાન્ જ છે. એનાં ત્રણ પ્રકરણ છે. પ્રથમ હીન પ્રકરણના ત્રણ અધ્યાય છે. પ્રથમ અધ્યાય પ્રશ્નાધ્યાય છે. ભગવાનના છ ધર્મો છે માટે પ્રથમ અધ્યાયમાં છ પ્રશ્નો છે. એક શ્લોકથી મંગલાચરણ, બે શ્લોકથી શ્રીભાગવતનો મહિમા, બે શ્લોકથી શૌનકનો અને સૂતનો પ્રસંગ, ત્રણ શ્લોકથી સૂતની સ્તુતિ એમ આઠ શ્લોક થયા. પછી એક શ્લોકથી પ્રશ્ન, અઢી શ્લોકથી સકારણ પ્રશ્ન; તથા ચાર શ્લોકથી શ્રીકૃષ્ણવિષયક પ્રશ્ન, જે ચતુર્વ્યૂહના પ્રાકટ્યનો સૂચક છે અને આગળ શૌનકાદિકે બીજા પ્રશ્નો કર્યા છે. આટલી વાત પ્રથમ અધ્યાયમાં આવે છે.

શ્રીભાગવતશાસ્ત્રનો આરમ્ભ કરતાં વ્યાસજી મંગલાચરણ કરે છે : આદિમાં, મધ્યમાં અને અંતમાં મંગલાચરણ કરવાથી ગ્રન્થ કર્તાનું આયુષ્ય વધે છે અને ભવિષ્યમાં પણ એ ગ્રન્થનો પાઠ કરનારની ભગવત્ પ્રેમમાં અભિવૃદ્ધિ થાય છે એવી શાસ્ત્રાજ્ઞા છે.

**જન્માદ્યસ્ય યતોઽન્વયાદ્ ઈતરતશ્ચાર્થેષ્વભિજ્ઞઃ સ્વરાટ્**
**તેને બ્રહ્મહૃદા ય આદિકવયે મુહ્યન્તિ યત્ સૂરયઃ ।।**
**તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગોઽમૃષા**
**ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ ।।૧।।**

જે પરબ્રહ્મ આ જગત્‌ના જન્માદિનું સમવાયિ[૧] અને નિમિત્ત કારણ છે, જે પરબ્રહ્મને સર્વે જીવોના સર્વે પુરુષાર્થોનું[૨] સારી રીતે જ્ઞાન છે, જે પરબ્રહ્મ નિરપેક્ષ હોઈ સ્વસ્વરૂપથી પ્રકાશમાન[૩] છે, [૪]જે પરબ્રહ્મે વિદ્વાનોને[૫] પણ મોહ પમાડે તેવા વેદો આદિકવિ બ્રહ્માને પુરાણસહિત[૬] વિસ્તારી[૭] આપ્યા, [૮]જે પરબ્રહ્મના સ્વરૂપમાં દેહ, ઈન્દ્રિય અને અન્તઃકરણ ના ધર્મો તેજમાં[૯] જલબુદ્ધિ, જલમાં પૃથ્વીની બુદ્ધિ, પૃથ્વીમાં અગ્નિની બુદ્ધિ વગેરે જોનારના દૃષ્ટિદોષથી જેમ મિથ્યા છે તેવા જ મિથ્યા છે, જે પરબ્રહ્મ પોતાના સ્વરૂપથી જ સદા[૧૦] કપટને[૧૧] અથવા અવિદ્યાને દૂર કરે છે એવા પરમ સત્ય પરબ્રહ્મનું અમે ધ્યાન[૧૨] ધરીએ છીએ ।।૧।।

**વિશેષ :** ૧. મૃત્તિકા ઘટનું સમવાયિ અથવા ઉપાદાન કારણ છે તેમ જગત્‌નું ઉપાદાન કારણ બ્રહ્મ છે. ઘટ બનાવનાર કુંભાર અને બનાવવાનાં સાધન ચક્ર વગેરે નિમિત્ત કારણ છે તેમ જગત્‌નું નિમિત્ત કારણ પણ બ્રહ્મ છે એટલે જગત્‌નું અભિન્ન-નિમિત્તોપાદાન કારણ બ્રહ્મ છે તેમજ પ્રયોજક, અધિષ્ઠાન વગેરે સર્વે કારણો બ્રહ્મ જ છે.

૨. **'અર્થ'** એટલે પ્રયોજન અથવા નિમિત્ત. ભગવાનને ફળનું અજ્ઞાન નથી પણ એકથી બહુ પ્રયોજનની સિદ્ધિ કરે છે અથવા જીવોના સર્વે પુરુષાર્થોની સિદ્ધિમાટે જગત્‌ની ઉત્પત્તિ કરે છે. સર્વે પ્રયોજન જાણતાં છતાં પોતાને કાંઈ ખાસ પ્રયોજન નથી તે જણાવવા **'અર્થેષુ'** અર્થોમાં એમ સાતમી વિભક્તિ મૂકી છે. જ્ઞાનશક્તિનો અને પ્રયોજનનો સમાસ કર્યો નથી તેથી પોતાને હર્ષ-વિષાદ નથી એમ સૂચવે છે.

૩. પોતે વિષયોમાં કદાપિ રમતા નથી પણ સ્વસ્વરૂપમાંજ રમણ કરે છે.

૪. આ પ્રકારે શ્લોકના પ્રથમ ચરણમાં જગત્‌નું અથવા રૂપપ્રપઞ્ચનું કારણ પરમાત્મા છે. એમ વર્ણન કરીને બીજા ચરણમાં વેદનું અથવા નામપ્રપઞ્ચનું કારણ પણ પોતે જ છે એ વર્ણવે છે. જગત્‌માં જીવોનું બન્ધન થાય છે અને વેદ મોક્ષ કરે છે માટે બન્નેની ઉત્પત્તિનું વર્ણન જુદું કર્યું છે.

૫. વિદ્વાનો મોહ પામે છે. કેમકે એમને ભગવદાશ્રય નથી તેથી જ મીમાંસકો યજ્ઞને લૌકિક, માત્ર ફલસમ્બન્ધમાં જ વૈદિક, માને છે; સાંખ્યો અને યોગીઓ બ્રહ્મને જીવોનો આત્મા જ



માને છે; પૌરાણિકો પુરુષપર્યન્ત જાય છે, પરન્તુ પુરુષોત્તમ પર્યન્ત જતા નથી. માત્ર ભગવાન્ અથવા ભગવદીયો જ વેદના ખરા અર્થને સમજી શકે છે.

૬. પુરાણ એ ભગવાનનું હૃદય છે માટે અથવા મનપૂર્વક

૭. વેદ નિત્ય હોવાથી ઉત્પત્તિ ન કહી પણ તેને પદ્યથી વિસ્તાર માત્ર કહ્યો.

૮. આ પ્રમાણે જગત્‌થી બન્ધન અને વેદથી મોક્ષ એમ બન્ને પ્રકારે ભગવાન્ માત્ર ક્રીડા કરે છે એ સર્વ ભગવાનની લીલા જ છે એમ કહી બે ચરણથી ભગવાનનું માહાત્મ્ય સૂચવ્યું. આગળ ભક્તિ ઉત્પન્ન કરનાર ગુણોનું વર્ણન કરે છે.

૯. ઝાંઝવાંના જળરૂપ તેજમાં જળબુદ્ધિ, જળમાં પૃથ્વીબુદ્ધિ, રાત્રે મણિ વગેરે પૃથ્વીમાં અગ્નિબુદ્ધિ, મૃત્તિકા, કાચ વગેરેમાં જળબુદ્ધિ, વાદળાંમાં ચન્દ્રબુદ્ધિ, ચન્દ્રકિરણોમાં વસ્ત્રબુદ્ધિ વગેરે એ જ પ્રમાણે માયા અથવા એનાં કાર્યો, દેહ, ઈન્દ્રિય અને અન્તઃકરણ ના ધર્મો ભગવાનના સ્વરૂપમાં અને અવતારોમાં છે જ નહિ, માત્ર જોનારના દૃષ્ટિદોષથી જ ભાસે છે. ભગવાન્ તો સર્વદા પોતાના સ્વરૂપથી જ સર્વ કાર્યો કરે છે. ભગવાન્‌માં દેહ અને ઈન્દ્રિયો કેટલાક કલ્પે છે અને એમાં **ચિત્ અને આનન્દ** કલ્પે છે, કેટલાક **આનન્દ** માં દેહ અને ઈન્દ્રિયો કલ્પે છે, કેટલાક કૃષ્ણનો આવેશ કલ્પીને જડ-જીવનો સ્વરૂપમાં સમ્બન્ધ કલ્પે છે, કેટલાક કોઈ જીવવિશેષ અથવા જડવિશેષમાં ખાસ સામર્થ્ય કલ્પે છે, કેટલાક શરીરમાં માયાનો અને માયાવીનો અધ્યાસ કલ્પે છે. એ સર્વેની બુદ્ધિ ભ્રાન્ત છે. બ્રહ્મમાં શરીરનો અને ઈન્દ્રિયોનો સમ્બન્ધ જ નથી.

૧૦. કલિકાળ વગેરે કોઈ પ્રતિબન્ધક થઈ શકતાં નથી.

૧૧. દેહ ઈન્દ્રિય વગેરેમાં આત્મભાવ થવો એ.

૧૨. અથવા પ્રીતિ કરીએ છીએ.

આ શ્રીભાગવતમાં [૧]નિર્મત્સર [૨]સત્પુરુષનો નિષ્કપટ[૩] પરમ[૪] ધર્મ કહ્યો છે, ત્રણ તાપને દૂર કરનાર અને કલ્યાણ પ્રાપ્ત કરાવનાર વાસ્તવિક વસ્તુ[૫] આમાં જાણવાની છે. અને મહામુનિ[૬] શ્રીવેદવ્યાસજીએ આ શ્રીભાગવત પ્રકટ કર્યું છે. એના વધારે વર્ણનથી શું? પરન્તું ભાગ્યવાન્ આ શ્રીભાગવતનું શ્રવણ કરવાની ઈચ્છા કરનારા કુશલ પુરુષો શ્રીભાગવતનો શ્રવણ કરતાં તુરત જ ભગવાનને હૃદયમાં ધારણ કરી શકે છે એથી બીજી મોટાઈ શી હોઈ શકે? ।।૨।।

**વિશેષ :** ૧. ભગવાનની લીલાના વર્ણનરૂપ ગ્રન્થમાં કે જેના શ્રવણમાત્રથી સર્વથા અસાધ્ય પણ સુસાધ્ય થાય છે. ધર્મ અને જ્ઞાન એ સાધન છે અને ભગવાનનું પ્રાકટ્ય એ સાધ્ય છે.

વેદે કર્તવ્ય, કરવામાટે જે કહ્યો તે 'ધર્મ' કહેવાય. યજ્ઞાત્મક ધર્મ છે, આચાર પણ ધર્મ છે. સત્ય શૌચ વગેરે તપશ્ચર્યા અને ભગવચ્છ્રવણાદિ પણ ધર્મ ગણાય છે. આ અનેક સાધનથી સાધ્યનો આવિર્ભાવ માત્ર શ્રીભાગવતના શ્રવણથી થાય તેથી એ કલ્પદ્રુમથી પણ વિશેષ છે.

૨. બીજાની ચડતી જોઈને ખેદ થાય એનું નામ 'મત્સર' નામનો દોષ. તે જેનામાં ન હોય તે નિર્મત્સર; એવા છતાં સત્પુરુષ એટલે દોષ ન હોય અને બીજાનું ભલું થાય એવું કરવાની શક્તિ-કૃપા તેથી યુક્ત એ નિર્મત્સર સત્પુરુષ.

૩. ધર્મમાં કાપટ્ય સમ્ભવે નહિ, કારણ કે વેદે વિહિત તે ધર્મ એમ તો પ્રથમ કહ્યું છે. ત્યાં કાપટ્ય સમ્ભવે નહિ, છતાં અહીં ''નિષ્કપટ ધર્મ'' એમ વ્યાસજી કહે છે તેથી જો કે વેદ તો યથાર્થ કહે છે પણ તેને સમજનારની બુદ્ધિના ભ્રમથી દોષ ઉત્પન્ન થાય છે; જેમ કે **''સ્વર્ગકામો યજેત''** એમ શ્રુતિ કહે છે તેમાં શ્રુતિનું તાત્પર્ય સ્વર્ગ એટલે 'આત્મસુખ' છે પણ કામી લોકો એનો સ્વર્ગલોક એવો અર્થ કરીને એ લોકના ઉદ્દેશથી યજ્ઞાદિ કરે છે. વળી શુદ્ધિ અને અશુદ્ધિ ની વાતમાં એકજ વસ્તુ એકને શુદ્ધ અને બીજાને અશુદ્ધ એમ કેમ સમ્ભવે? ત્યાં કહેનારનું તાત્પર્ય બીજું છે; તેથી તે ધર્મોમાં કાપટ્ય તેમજ તપ વગેરેમાં કામના એ કાપટ્ય છે; એક જ વસ્તુ એકને કર્તવ્ય અને બીજાને અકર્તવ્ય એવા ધર્મોમાં કાંઈક કાપટ્ય છે તેથી અહીં તે આ ધર્મો નહિ પણ નિષ્કપટ ધર્મો જેવા કે શ્રવણાદિક જે કરે તેને નિત્યફળ સિદ્ધજ થાય.

૪. 'પર' એટલે ભગવાન્ જેનાથી પ્રકટ થાય તે પરમ.

૫. યજ્ઞ, કાલ, પુરુષ વગેરે જાણવા યોગ્ય જ છે, પરન્તુ એના પણ તાત્પર્યરૂપ ભગવાન્ છે તેથી ખરી વસ્તુ જાણવાની અહીં જરૂર છે એમ લખ્યું છે.

૬. કાવ્યાદિ ગ્રન્થોમાં પણ રસનું વર્ણન આવે છે પણ એ કર્તાના દોષથી દૂષણવાળા હોય છે એવું અહીં નથી એમ બતાવવા માટે મહામુનિ વ્યાસજીની આ કૃતિ બતાવી છે, જેમાં કર્તા ભગવજ્જ્ઞાનાવતાર હોવાથી કર્તૃદોષની સમ્ભાવના નથી. એથી સર્વથી ઉત્તમ શ્રીભાગવત છે એમ કહેવાથી વસ્તુનિર્દેશાત્મક મંગલનું વર્ણન આ શ્લોકમાં થયું.

(આમ મધ્યભાવ કલ્પદ્રુમત્વ કહીને હવે) નિગમરૂપ કલ્પતરુનું[1] આ ગલિત ફલ છે, શુકના મુખદ્વારા[2] મળેલ તેથી અમૃતદ્રવ્યવાળું છે, લયને પહોંચતા સુધી રસરૂપ છે તે જ આ શ્રીભાગવત નામનું[3] ગ્રન્થરૂપ ફળ છે તેના રસના ભોક્તા રસિકો તેના ભાવના ચિન્તક હે ભાવુકો! રસરૂપ હોવાથી આ લીલાવર્ણનરૂપ ભાગવતનું પાન[4] કરો. અથવા 'આલયમ્' એટલે પ્રત્યેક જીવે મરણપર્યન્ત ભાગવદ્રસનું પાન કરવું



॥૩॥

**વિશેષ** : ૧. કાવ્યમાં લોકોને સમજાવવા માટે રૂપક બતાવાય છે. તેમ અહીં 'કલ્પતરુ' શબ્દ અલંકારરૂપે કહેવામાં નથી આવ્યો, કારણ કે શ્રીભાગવત તો સર્વ વેદોના સારરૂપ હોવાથી સર્વોદ્ધારક છે તેથી તેમાં આવા અલંકારોની કલ્પના કરવી ઠીક નથી. પણ સાક્ષાત્ વ્યાસજી ભગવાનના જ્ઞાનના અવતારરૂપ હોવાથી એમના જ્ઞાનમાં એ સત્ય વસ્તુ કલ્પવૃક્ષ રૂપે સ્ફુરી એ પ્રમાણથી જ એમના શબ્દો અન્યથા અનુપપન્ન થાય તો પ્રમાણ ન ગણાય તેથી વૈકુંઠમાં વેદરૂપ વૃક્ષ છે તેના ફલરૂપ શ્રીભાગવત પણ ત્યાં નિત્ય છે. જે વ્યાસાવતારે, ભગવાન્ કરુણા કરી સર્વોદ્ધારાર્થ પધાર્યા ત્યારે, સાથે લાવ્યા છે. રસરૂપ હોવાથી એમના અન્તઃકરણમાં સ્થિત હતું તે સ્વપુત્ર શુકના અન્તઃકરણમાં સ્વાન્તઃકરણદ્વારા આપ્યું.

૨. શુકદેવજીદ્વારા પૃથ્વી ઉપર આવ્યું તે શુકદેવજીએ પ્રથમ પરીક્ષિતને ઉદ્દેશીને કહ્યું તેથી **'શુકમુખાત્'** એમ કહ્યું છે.

૩. ભગવત્સમ્બન્ધિની લીલા મુખ્યત્વે દશ પ્રકારની છે. તે દશ પ્રકારની સર્ગાદિ લીલાનું જેમાં વર્ણન હોય તે 'શ્રીભાગવત્' કહેવાય. તે અક્ષરાત્મક ભગવત્ લીલાનું વાચક છે અને એનો વાચ્યાર્થ રસરૂપ છે અને રસ ફળરૂપ છે. બીજે શ્રવણાદિ સાધનરૂપ હોય અને મોક્ષાદિ ફળરૂપ હોય તેમ અહીં નથી; અહીં તો **''નામરૂપે વ્યાકરવાણિ''** શ્રુતિમાં કહ્યા પ્રમાણે ભગવાન્ સ્વતન્ત્ર ફળરૂપ છે; એમણે જ્યારે કૃપા કરી ત્યારે નામ અને રૂપ નો વિસ્તાર કર્યો એટલે ભક્તો એને ફળરૂપ માની એનાથી કૃતાર્થ થાય છે. જ્ઞાનીભક્તો એ દ્વારા મોક્ષફળને મેળવે છે પણ સ્વરૂપ તો ફલાત્મક છે.

૪. રસાત્મક હોવાથી પાનમાં ક્લેશને કે તૃપ્તિને અવકાશ નથી, જેનાથી તૃપ્તિ થાય છે તેની રસતામાં ન્યૂનતા છે. રસિકતાના અધિકારી જાુદા હોય છે. આ શ્રીભાગવતરસનો અધિકાર લોકતૃષ્ણાવાળાને નથી તેથી **'પારમહંસ્યસંહિતા'** કહેવાય છે તેથી જ **''શુકમુખાદ્ અમૃતદ્રવસંયુતમ્''** એમ મૂળ શ્લોકમાં કહ્યું છે. જેમ સાકર મધુર રસ છે છતાં સ્વદોષથી પિત્તવાળાને કડવા રસનો અનુભવ થાય છે તેમ સંસારાવેશવાળાને શ્રીભાગવતમાં રસરૂપતા ન ભાસે તો તેથી ભાગવતમાં રસત્વની ન્યૂનતા નથી પણ પાનકર્તાના દોષ જ એની રસતાના પ્રતિબન્ધકો છે એમ સમજવું. 'સાંભળો' એમ ન કહેતાં આ રસનું 'પાન કરો' એમ કહેવાનું તાત્પર્ય કે કથા શ્રવણ કરીએ તે કાનમાં આવીને પછી થોડી વારે આપણે એનું સ્મરણ કરીએ તો એ સ્મરણમાં આવતી નથી તેવી રીતે આ ભાગવત સાંભળવાની વ્યાસજી આજ્ઞા કરતા નથી, વ્યાસજી પાન કરવાનું કહે છે. પાન કરવું એટલે બહાર રહેલા રસરૂપ પદાર્થને અન્દર

દાખલ કરવો. એને લોકમાં 'પાન કર્યું' એમ કહેવાય છે. તેમ અહીં પણ વક્તાના મુખથી નીકળેલ ભગવલ્લીલારૂપ રસને કર્ણદ્વારા હૃદયમાં ધારણ કરવો, પછી એનું મનન કરવું એ મનન સિદ્ધ થયા પછી નિદિધ્યાસન કરવું; એટલું થાય ત્યારે શ્રવણ સિદ્ધ થાય છે. તેથી જ વર્ણસમુદાયને રસરૂપ કહ્યો અને એનું પાન કરવાનો આદેશ પણ વિશેષ અર્થસૂચક છે એમ સમજવું. આ ત્રણ શ્લોક પર્યન્ત શ્રીભગવત્‌નો ઉપોદ્ઘાત થયો.

*વિષ્ણુ જેના દેવતા છે તેવા નૈમિષારણ્યમાં શૌનકાદિ ઋષિઓ સહસ્ર વર્ષનો સત્ર કરવા ભેગા મળ્યા છે ।।૪।।

**વિશેષ :** હવે ગ્રન્થનો પ્રારમ્ભ કરે છે. અત્ર કહેવાનું એટલું છે કે શ્રીભાગવતના પરમ્પરાગત સાત અર્થ કથાના અર્થથી જુદા છે એટલે બીજા ટીકાકારોએ લખ્યા નથી. એ સાત અર્થોમાંથી ચાર નિબન્ધમાં લખ્યા છે અને ત્રણ શ્રીસુબોધિનીજીમાં છે.

આનન્દરૂપ હરિની લીલારૂપ આ સર્વ છે એમ જાણતાં ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થાય છે તેનાથી ભક્તિ થાય છે. એ સર્વનું કારણ લીલાજ્ઞાન છે. એ લીલા મુખ્યત્વે દશ પ્રકારની છે. એમાં પ્રથમસ્કન્ધ અધિકારલીલારૂપ છે એ દશ લીલાનું અંગ અધિકાર છે એથી પ્રથમ સ્કન્ધમાં અધિકારલીલા છે. એ ત્રણ પ્રકારનો છે. અધિકાર મુજબ શ્રીભાગવતનો અર્થ હૃદયારૂઢ થાય છે. સૂત-શૌનક, નારદ-વ્યાસ અને શુક-પરીક્ષિત એ બધાના અધિકાર જુદા હોવાથી તે-તેના જ્ઞાનમાં અને ફળમાં ભેદ છે. એમાં સૂત-શૌનક હીનાધિકારી છે.

એક દિવસ પ્રાતઃકાળમાં એ મુનિઓ અગ્નિમાં હોમ કરીને બેઠેલા સૂતજીનો સત્કાર કરી આદરપૂર્વક આ પ્રમાણે પૂછવા લાગ્યા ।।૫।।

**ઋષિઓ બોલ્યા :** તમે ઈતિહાસ સહિત પુરાણો ભણ્યા છો. હે નિષ્પાપ! એનાં આખ્યાન પણ કર્યાં છે, ધર્મશાસ્ત્રો પણ તમો એની વ્યાખ્યા કરીને ભણ્યાં છો ।।૬।।

વેદ જાણનારમાં શ્રેષ્ઠ બાદરાયણ જે જાણે છે અને બ્રહ્માદિથી લઈ આપના સુધીને જાણનાર બીજા મુનિઓ જે જાણે છે હે સૌમ્ય! તે સર્વ તમે એમના અનુગ્રહથી એના ભાવસહિત જાણો છો, કારણ કે ગુરુઓ સ્નેહવાળા શિષ્યને ગુપ્ત વાત પણ કહે છે ।।૭-૮।।

હે દીર્ઘાયુષ્યવાન્! તે-તે શાસ્ત્રમાં જે પુરુષનું સહેલાઈથી સાચુકલું શ્રેય કરનાર વસ્તુ તમારા નિશ્ચયમાં હોય તે અમને કહેવાને તમે યોગ્ય છો ।।૯।।

હે સભ્ય! આ કળિયુગમાં ઘણું કરીને મનુષ્યો અલ્પ આયુષ્યવાળા, આળસુ,



ઘણી જ મન્દ બુદ્ધિવાળા, મન્દ ભાગ્યવાળા અને રોગાદિકથી પીડાયેલા છે ।।૧૦।।

તેમ શ્રવણ કરતાં ઘણાં કર્તવ્ય પ્રાપ્ત થાય તેથી કેવળ શ્રવણમાત્રથી કૃતાર્થતા થતી નથી, સાંભળવાનું પણ બહુ છે તેથી હે સાધો! જે તમે બુદ્ધિથી સારરૂપ નિશ્ચિત કર્યું હોય તે કહો, જેના શ્રવણથી પ્રાણીઓનું કલ્યાણ થાય અને ભગવાન્ સારી રીતે પ્રસન્ન થાય ।।૧૧।।

હે સૂતજી! ભક્તોના પતિ ભગવાન્ જેમનાં કાર્ય કરવાની ઈચ્છાથી વસુદેવની ભાર્યા દેવકીજીમાં પ્રકટ થયા તે તમે જાણો છો? તમારૂં કલ્યાણ હો ।।૧૨।।

તે સમ્બન્ધિ બધું જાણવાની ઈચ્છાવાળા અમો તમને કહેવાની પ્રાર્થના કરીએ છીએ કે જે ભગવાન્ પ્રાણીમાત્રનાં ઐહિક અને પારલૌકિક શ્રેય સિદ્ધ કરવા વૈકુંઠથી અહીં પધાર્યા છે ।।૧૩।।

ઘોર સંસારમાં દુઃખ પામતો જીવ જેમનું નામ મુખથી ઉચ્ચારે તેટલામાંજ દુઃખથી મુકત થાય છે; સર્વેને ભય કરનાર કાળને પણ જેનો ભય લાગેછે ।।૧૪।।

જ્ઞાની ભક્તો જેમના ચરણનો આસરો કરવા માત્રથી તત્કાળ પવિત્ર થાય છે જ્યારે ગંગાજળ તો સેવન કરનારને જ પવિત્ર કરે છે ।।૧૫।।

જેમનાં કાર્ય સ્તુતિ કરવા લાયક છે તેવા ભગવાનનો યશ કલિયુગના મળને દૂર કરનાર હોવાથી શુદ્ધિની કામનાવાળો કયો પુરુષ ન સાંભળે? ।।૧૬।।

એ લીલાવડે કળાને ધારણ કરનાર ભગવાનનાં વિદ્વાનોએ ગાયેલ કર્મ શ્રદ્ધાવાળા અમોને સંભળાવો ।।૧૭।।

હે બુદ્ધિમન્! જીવના દુઃખને હરનાર ભગવાનના અવતારની કથા જે ભગવાન્ કર્તુમ્, અકર્તુમ્ અન્યથાકર્તુ સમર્થ એટલે 'ઈશ્વર' છે, જે લોકનું કલ્યાણ કરનારી લીલાનું આત્મમાયા (ઈશ્વરનું સર્વભવન સામર્થ્ય) વડે ધારણ કરે છે તેમની શુભ અવતારકથા અમને તમે કહો ।।૧૮।।

જે સાંભળનારને અને એના રસને જાણનારને પદ-પદમાં વધારે સ્વાદ આપે છે તે ઉત્તમશ્લોક ભગવાનના પરાક્રમ અનેક વખત સાંભળવા છતાં અમે તૃપ્ત થતા નથી ।।૧૯।।

જે લોકોથી ન બની શકે તેવાં કર્મ બળદેવજીની સાથે કેશવે કર્યા, કારણ કે એઓ ભગવાન્ છે, કપટથી મનુષ્યભાવને બતાવે છે તેમની કથા કહો ।।૨૦।।

કળિયુગનો પ્રવેશ થયો જાણી, બધાં કર્મ છોડી કેવળ કથારૂપ દીર્ઘ સત્રવડે અમો

અહીં વૈષ્ણવક્ષેત્રમાં બેઠેલા છીએ. (આનાથી કથા સાંભળવામાં સ્વયોગ્યતા ઋષિઓએ સૂચવી.) ॥૨૧॥

દુસ્તર કલિને તરવાની ઈચ્છા કરતા અમો અહીં બેઠા ત્યાં સમુદ્રમાં નાવિક વગરના નાવમાં બેઠેલા માણસને નાવિક મળે તેમ તમે દૈવેચ્છાથી અમને મળ્યા ॥૨૨॥

**બ્રૂહિ યોગેશ્વરે કૃષ્ણે બ્રહ્મણ્યે ધર્મવર્મણિ ।**
**સ્વાં કાષ્ઠામ્ અધુનોપેતે ધર્મઃ કં શરણં ગતઃ ॥૨૩॥**

ધર્મનું રક્ષણ કરનાર બ્રાહ્મણના હિતૈષી યોગેશ્વર શ્રીકૃષ્ણ વૈકુંઠ પધાર્યા ત્યારે ધર્મ કોને શરણે ગયો એ વાત આપ કહો ॥૨૩॥

**ઈતિ શ્રીભાગવતમાં પ્રથમસ્કન્ધના હીનાધિકારમાં**
**''શૌનકે પૂછેલા છ પ્રશ્નો'' નામનો પ્રથમ અધ્યાય સમ્પૂર્ણ.**

ફંડ-ફાળામાટે, આજીવિકામાટે દક્ષિણા લઈને કે મૃતકના ઉદ્ધારાર્થે
ભાગવતકથા કરવી, બેસાડવી કે સાંભળવી એ
શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ ઘોર પાપ છે

# અધ્યાય ૨

## ફળ સાધનરૂપ ત્રણ કર્મોનો નિર્ણય

**ઈતિ સમ્પ્રશ્ન-સંહૃષ્ટઃ સ વિપ્રૈ રૌમહર્ષણિઃ ॥**
**પ્રતિપૂજ્ય વચસ્તેષાં પ્રવક્તુમ્ ઉપચક્રમે ॥૧॥**

**વ્યાસજી બોલ્યાઃ** એ પ્રકારે રોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવા (સૂતજી) બ્રાહ્મણોના એવા સારા પ્રશ્નથી પ્રસન્ન થયા અને એમના વચનને અભિનંદીને એ પ્રશ્નોના ઉત્તર આપવાનો આરંભ કર્યો ॥૧॥

(પ્રથમ દેવતાને નમસ્કાર કરીને પ્રારમ્ભ થાય. તેથી **સૂતજી** પોતાના ગુરુને નમસ્કારરૂપ **મંગલાચરણ** કરે છે કે) જેને કાંઈ કર્તવ્ય કરવાનું રહ્યું નથી તેવા-ઉપનયન વગરના છતાં સર્વ છોડીને ચાલી નીકળતા શુકદેવજીને જોઈ એમના પિતા વ્યાસજી પુત્રવિરહથી



દીન થઈ 'હે પુત્ર! હે પુત્ર!' એમ બોલાવે છે ત્યારે સર્વભૂતોના હૃદયમાં રહેલા શુકદેવજીની તન્મયતાથી વૃક્ષો ઉત્તર આપે છે એવા શુકમુનિને ચારે તરફથી હું નમન કરું છું ॥૨॥

ભગવાનના જેવા પ્રતાપવાળું, સર્વ વેદના સારરૂપ, ઘોર અજ્ઞાનરૂપી અન્ધકારને તરવાને ઈચ્છનાર, સંસારીઓના હૃદયમાં સ્વસ્વરૂપનો પ્રકાશ કરનાર અસાધારણ દીપક તેવું જે ગુપ્તપુરાણ તે શ્રીભાગવત્‌નો દયાથી પ્રચાર કરનાર વ્યાસના પુત્ર અને મુનિજનોના ગુરુ શુકદેવજીને હું શરણે જાઉં છું ॥૩॥

નારાયણને, મનુષ્યમાં ઉત્તમ નરને, સરસ્વતી દેવીને અને વ્યાસજીને નમન કરીને જયનો* (ભગવત્કથાનો) પ્રારંભ કરવો. (ચારેય ભગવત્સ્વરૂપ છે) ॥૪॥

**વિશેષ :** મહાભારત અને અઢાર પુરાણ એ **'જય'** કહેવાય છે. એ વાંચતાં પહેલાં નારાયણ વગેરેનું સ્મરણ કરવું એવો શિષ્ટાચાર છે. અહીં નારાયણ એટલે વક્તા વ્યાસ અને નર તેની સમીપમાં સાધન કરનારા છે. એનું સ્મરણ કરવાથી કથા કહેનારના હૃદયમાંથી લોકાવેશ દૂર થઈને સર્વાત્મા પ્રવેશે છે. ઉત્તમ નર તે સૂત્રાત્મા અને સરસ્વતી દેવી ભાગ્યાત્મિકા વાક્યરૂપિણી છે. આ બધાં નામ સાક્ષાત્ ભગવાનનાં વાચક છે અને સાક્ષાત્પ્રભુ જ પ્રણામ કરવા યોગ્ય છે તેથી એમને પ્રથમ નમન કરીને કથાનો આરમ્ભ કર્યો છે.

એ પ્રમાણે નમન કરીને **સૂતજીએ કહ્યું** : હે મુનિઓ! વિશ્વનું કલ્યાણ કરનાર સરસ પ્રશ્ન તમે કર્યો; સરસ એટલા માટે કે તમારો પ્રશ્ન કૃષ્ણસમ્બન્ધી છે, જે કૃષ્ણના આવેશથી અન્તઃકરણ પ્રસન્ન થાય છે ॥૫॥

મનુષ્યોને માટે સૌથી શ્રેષ્ઠ, પરમ ધર્મ તે જ છે કે જેનાથી ભગવાન્ શ્રીકૃષ્ણમાં ભક્તિ થાય. તે પણ એવી કે જેમાં કોઈ પણ પ્રકારનું નિમિત્ત[1] અર્થાત્ કામના ન હોય અને જે નિત્ય-નિરન્તર ટકી રહે, જેની ધારા કયાંય તૂટે નહિ. [2]આવી ભક્તિથી ભગવાન્ શ્રીકૃષ્ણ ખૂબ પ્રસન્ન થાય છે ॥૬॥

**વિશેષ :** ૧. કોઈ નિમિત્તથી થયેલી વસ્તુ તે નિમિત્તના નાશથી નાશ પામે છે માટે સોપાધિક ભક્તિ આત્મગામિની ન થઈ શકે માટે ભક્તિને અહૈતુકી કહી છે.

૨. કોઈ રોગાદિકથી પણ એનો બાધ ન થવો જોઈએ. જેનો બાધ કોઈ પણ કારણથી થાય તે ભક્તિ પણ ભગવદ્ ગામિની ન થાય તેથી મૂળમાં 'અપ્રતિહતા' કહી છે. આ બે વિશેષણવાળી ભક્તિ પ્રભુને પ્રસન્ન કરે છે.

વાસુદેવ ભગવાન્‌માં ભક્તિ થતાં જ તે નિર્હેતુક જ્ઞાનને અને વૈરાગ્યને સત્વર

ઉત્પન્ન કરે છે ।।૭।।

પુરુષોએ સારી રીતે કરેલો ધર્મ વિશ્વક્સેન ભગવાનની કથામાં પ્રીતિ ઉત્પન્ન ન કરે તો એ ધર્મ નહિ પરન્તુ કોરો શ્રમ જ છે ।।૮।।

મોક્ષ સમ્બન્ધી ધર્મનું ફળ અર્થ[૧] નથી, ધર્મ જ જેનો અન્તિમ અર્થ છે તેવા તેવા અર્થનું ફળ કામ[૨] નથી ।।૯।।

**વિશેષ** : ૧. અર્થથી ધર્મ થાય પણ ધર્મથી અર્થ થતો નથી તેથી ધર્મનું ફળ અર્થ નથી.

૨. કૃપણને અર્થ છે પરન્તુ કામ એનાથી ભોગવાતો નથી અને પશુને અર્થ નથી તથાપિ કામ ભોગ તો છે. તેથી અર્થનું પર્યવસાન કામમાં નથી પરન્તુ મોક્ષમાં છે એમ ત્રણે પુરુષાર્થનું તાત્પર્ય મોક્ષમાં જ હોવાથી **''ધર્માદર્થશ્ચ કામશ્ચ સ કિમર્થં ન સેવ્યતે''** એમ કહેનારનું મન્તવ્ય ઠીક નથી.

કામ એટલે 'વિષયસુખ' તેનું ફળ ઇન્દ્રિયને પોષવી એ નથી પરન્તુ જેટલાથી જીવન ટકે તેટલો જ કામ ઉપયોગી છે. જીવનનું ફળ તત્ત્વજ્ઞાન છે, નહિ કે અર્થ-કામ. અથ-કામસાધક જીવન મોક્ષમાં બિન-ઉપયોગી છે ।।૧૦।।

તત્ત્વજ્ઞાનીઓ[૧] અદ્વિતીય એક જ જ્ઞાનને 'તત્ત્વ' કહે છે જેને જ્ઞાનીઓ 'બ્રહ્મ'[૨] કહે છે, યોગીઓ 'પરમાત્મા' અને ભક્તો 'ભગવાન્' કહે છે ।।૧૧।।

**વિશેષ** : ૧. જેને વેદના એક પણ અક્ષરમાં સન્દેહ ન હોય તેને ભાગવત્ શાસ્ત્રમાં તત્ત્વજ્ઞાની કહ્યો છે.

૨. શ્રુતિમાં 'બ્રહ્મ' નામથી, ગીતામાં 'પરમાત્મા' નામથી અને શ્રીભાગવત્માં 'ભગવાન્' નામથી બોલાય છે.

તેથી શ્રદ્ધાવાળા મનનશીલો શ્રુતિથી[૧] ગ્રહણ થયેલી અને [૨]જ્ઞાન-વૈરાગ્ય વાળી ભક્તિવડે સ્વસ્વરૂપમાં એ બ્રહ્મને દેખે છે ।।૧૨।।

**વિશેષ** : ૧. જેમ-જેમ શ્રવણ કરતો રહે તેમ-તેમ ભક્તિ હૃદયમાં સ્થિર થાય છે.

૨. અહીં જ્ઞાનને અને વૈરાગ્યને ત્રીજી વિભક્તિમાં કહ્યો તેથી ''સહયુકતે પ્રધાને'' એ વ્યાકરણસ્મૃતિથી ભક્તિની મુખ્યતા બતાવીછે.

તેથી હે દ્વિજશ્રેષ્ઠ (દ્વિજો કરતાં શ્રેષ્ઠ એટલે કે ત્રણ જન્મવાળા. માતાના ઉદરથી થયેલો જન્મ પહેલો; ઉપનયન સસ્કાર એ બીજો જન્મ, યજ્ઞની દીક્ષા એ ત્રીજો જન્મ.) શૌનકાદિ ઋષિઓ! પોત-પોતાના વર્ણ અને આશ્રમ પ્રમાણે ધર્માચરણની સિદ્ધિ ત્યારે જ થઈ કહેવાય કે જ્યારે એનાથી પ્રભુ પ્રસન્ન* થાય ।।૧૩।।



**વિશેષ** : સાધન તો કેવળ પાપને દૂર કરે છે એ પછી ભગવત્પ્રસાદ થાય છે અને એ પ્રસાદથી જ અન્તઃકરણ વસ્તુતઃ શુદ્ધ થાય છે ત્યારે શ્રવણાદિમાં રુચિ ઉદ્ભવે છે.

તેથી ભક્તના રક્ષક ભગવાનનું એકાગ્ર ચિત્તથી શ્રવણ, કીર્તન, ધ્યાન અને પૂજન નિત્ય કર્તવ્ય છે ।।૧૪।।

જેના ધ્યાનરૂપ ખડગવડે જ્ઞાની પુરુષો કર્મગ્રન્થિ કાપી નાખે છે તેવા પ્રભુની કથામાં કોણ પ્રીતિ ન કરે? ।।૧૫।।

હે બ્રાહ્મણો! પ્રભુની કથામાં પ્રીતિ ત્યારે થાય કે જ્યારે કથા સાંભળવાની ઇચ્છા રાખનાર પુરુષને કથામાં શ્રદ્ધા હોય. પવિત્ર તીર્થસેવનથી અને મોટા પુરુષોની સેવાથી આ બધું પ્રાપ્ત થાય છે ।।૧૬।।

જેનાં શ્રવણ-કીર્તન પવિત્ર કરે છે તેવા સત્પુરુષોના મિત્ર શ્રીકૃષ્ણ સ્વસ્વરૂપ કથા સાંભળનારના હૃદયમાં રહીને તેમનાં પાપ દૂર કરે છે ।।૧૭।।

એમ નિત્ય ભગવદ્ગુણ સાંભળતાં સાંભળનારનાં પાપ નષ્ટપ્રાયઃ થાય છે ત્યારે ઉત્તમ શ્લોક ભગવાન્માં એકનિષ્ઠાવાળી ભક્તિ થાય છે ।।૧૮।।

ત્યારે રજોગુણથી તથા તમોગુણથી થતા કામ લોભ વગેરે ચિત્તને ભેદી શક્તાં નથી અને ચિત્તમાં સત્ત્વનો ઉછાળો આવતાં પ્રસન્નતા થાય છે ।।૧૯।।

એમ પ્રસન્ન મનવાળા અને ભગવાનની ભક્તિ કરનાર અને સંગને છોડનાર ભક્તને ભગવત્સ્વરૂપનું જ્ઞાન થાય છે ।।૨૦।।

જ્ઞાન થયું કે તત્કાલ હૃદયની અહન્તા-મમતાની દૃઢ ગાંઠ ખુલી જાય છે, મનના સર્વ સન્દેહ નિવૃત્ત થાય છે. ભગવાન્ આત્મા છે એવો અનુભવ થતાં આ જીવનાં સર્વે કર્મોનો ક્ષય થાય છે ।।૨૧।।

માટે શબ્દરસના જાણનારા ભગવદ્ભક્તો પરમાનન્દયુક્ત થઈને ચિત્તને પ્રસન્ન કરનારી વાસુદેવ ભગવાનની ભક્તિ નિત્ય કરે છે ।।૨૨।।

એક જ પુરુષ અહીં જગત્ની સ્થિતિ વગેરેને માટે પ્રકૃતિના રજ, તમ અને સત્ત્વગુણ ધારણ કરે ત્યારે રજોધિષ્ઠિત 'બ્રહ્મા', તમોધિષ્ઠિત 'શિવ' અને સત્ત્વાધિષ્ઠિત 'વિષ્ણુ' એવાં નામ ધારણ કરે છે. એ ત્રણમાં પણ મનુષ્યનું શ્રેય તો સત્ત્વતનુ વિષ્ણુથી જ થાય છે ।।૨૩।।

પૃથ્વીના* વિકારરૂપ લાકડાંથી ધૂમ થાય છે તેમાંથી ત્રયીમય અગ્નિ થાય છે તેમ તમોગુણથી રજોગુણ અને તેથી સત્ત્વગુણ ઉત્તરોઉત્તર શ્રેષ્ઠ છે. કારણ કે તેથી બ્રહ્મનું

દર્શન થાય છે ।।૨૪।।

**વિશેષ :** પૃથ્વીમાંથી કાષ્ઠ ઉત્પન્ન થાય છે તેમાં પાણીનો ભાગ હોવાથી ધુમાડો થાય છે. શુષ્ક કાષ્ઠથી અગ્નિ થાય છે અને વૈદિક કાર્યમાં એ અગ્નિ શ્રેષ્ઠ ગણાય છે. તેમાંથી લીલાં કાષ્ઠથી સૂકાં સારાં, એનાથી અગ્નિ ઉત્તમ. એમ તમ કરતાં રજ ઉત્તમ, એનાથી સત્ત્વ ઉત્તમ એમ સમજવું.

પહેલાં મુનિઓ અધોક્ષજ(ઈન્દ્રિયોથી જેમનું જ્ઞાન શક્ય નથી તેવા) ભગવાનનું પોતાના કલ્યાણને માટે ભજન કરતા હતા કે જે ભજન કરવાથી એ મુનિઓની પછીથી થનારાનાં પણ કલ્યાણ થયાં છે ।।૨૫।।

મોક્ષની ઈચ્છાવાળા પુરુષો ઘોર રૂપવાળા ભૂતપતિઓને છોડીને નારાયણની શાન્ત કળાને ભજે છે અને બીજાના ઉત્કર્ષને જોઈને એની ઈર્ષ્યા કરતા નથી ।।૨૬।।

રજો અને તમો ગુણી સ્વભાવવાળા જીવો ધન, ઐશ્વર્ય અને પ્રજા ની પ્રાપ્તિ-માટે રાજસ અને તામસ દેવતાને જેવા કે પિતૃના ઈશ, ભૂત અને પ્રજા ના ઈશને ભજે છે કારણ કે એમનો સ્વભાવ એમના જેવો છે ।।૨૭।।

બધા વેદ* ભગવાન્ શ્રીકૃષ્ણનું જ પ્રતિપાદન કરે છે. યજ્ઞો પણ ભગવાન્ શ્રીકૃષ્ણની આરાધનામાટે જ છે. યોગો પણ એમને જ પ્રાપ્ત કરવામાટેના ઉપાયો છે. કર્મોદ્વારા પણ એમની જ પ્રાપ્તિ કરવાની છે. જ્ઞાનથી પણ એમને જ જાણવાના છે. તપ પણ એમની પ્રાપ્તિમાં કારણ છે. ધર્મ પણ એમને માટે જ છે. અરે, બધી જ ગતિઓનું લક્ષ્ય, પ્રાપ્ત કરવાની વસ્તુ, ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે. આ બધાં-વેદ, યજ્ઞો વગેરે સત્ત્વગુણ પરાયણ છે. સત્ત્વગુણથી અન્તઃકરણની શુદ્ધિ થાય છે અને તેનાથી સુખની પ્રાપ્તિ થાય છે ।।૨૮-૨૯।।

**વિશેષ :** વેદ સાત્ત્વિક પ્રમાણ છે. યજ્ઞ, સાત્ત્વિક જ્ઞાન, યોગ, તપ, આચાર એ સર્વ સાત્ત્વિક છે. અને સત્ત્વના અધિષ્ઠાતા વાસુદેવ તેથી અત્ર સર્વને વાસુદેવપર એટલે ''વાસુદેવ છે પરાયણ-પરમ ગતિ-ધામ તેવાં'' કહ્યાં છે.

એ જ ભગવાને ગુણવતી અને ઉચ્ચ-નીચ સર્વભવનસમર્થ* માયાવડે પોતે નિર્ગુણ રહીને સ્વસામર્થ્ય બળે આરમ્ભમાં જગત્ રચ્યું છે ।।૩૦।।

**વિશેષ :** ભગવાન્ પૌરાણિકી સૃષ્ટિ કરે છે તેમાં પણ માયા તો કેવળ નિમિત્તરૂપે જ રહે છે. ભગવાન્ ગુણપ્રધાન ભાવથી સૃષ્ટિકર્તા હોવાથી સૃષ્ટિના અનેક ભેદ છે. ભગવાનનું સર્વભવનસામર્થ્ય





એટલે શક્તિ તેનું જ નામ 'માયા' છે. બીજા પણ માયાના અનેક ભેદ છે.

સાત્ત્વિક અન્તઃકરણ, સાત્ત્વિક-રાજસ ઈન્દ્રિયો, રાજસ-તામસ વિષયો અને તામસ પંચમહાભૂતો એમ ચારે પ્રકારનો સૃષ્ટિભેદ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિને અર્થે છે. દેહથી ધર્મ, તન્માત્રાથી અર્થ, ઈન્દ્રિયથી કામ અને અન્તઃકરણથી મોક્ષ સિદ્ધિ થાય છે.(સુબોધિનીજી)

એ માયાબળે વિલસતા ગુણોમાં પ્રવેશ કરીને રહેલા પોતે પણ યદ્યપિ ગુણયુક્ત જેવા ભાસે છે. તથાપિ એમની વિજ્ઞાનશક્તિ પ્રકાશે છે. (જીવની જેમ તિરોહિત થતી નથી) ।।૩૧।।

જેમ એક જ અગ્નિ સ્વકારણરૂપ કાષ્ઠમાં નાનો-મોટો દેખાય છે તેમ પ્રાણી-માત્રમાં ભગવાન્ દર્શન દે છે ।।૩૨।।

દેવ, મનુષ્ય, પશુ રૂપ એ સ્વનિર્મિત સૃષ્ટિમાં પોતે જ બિરાજે છે અને તે-તે વિષયોને સ્વયં ભોગવે છે ।।૩૩।।

**ભાવયત્યેષ સત્ત્વેન લોકાન્ વૈ લોકભાવનઃ ।**
**લીલાવતારાનુરતો દેવતિર્યગ્નરાદિષુ ।।૩૪।।**

એ જ ભગવાન્ સત્ત્વગુણવડે લોકનું પાલન કરે છે તેમજ દેવ, પશુ અને મનુષ્ય આદિમાં તે-તે જીવને અર્થે લીલાવડે અવતાર ધારણ કરે છે ।।૩૪।।

**ઈતિ શ્રીભાગવત્માં પ્રથમ સ્કન્ધના હીનાધિકારમાં**
**''ફળ- સાધનરૂપ ત્રણ કર્મોનો નિર્ણય'' નામનો**
**બીજો અધ્યાય સમ્પૂર્ણ.**

## અધ્યાય ૩

## શ્રીભગવાનના અવતારો

**જગૃહે પૌરુષં રૂપં ભગવાન્ મહદાદિભિઃ ।।**
**સમ્ભૂતં ષોડશકલમ્ આદૌ લોકસિસૃક્ષયા ।।૧।।**

**સૂત બોલ્યા :** ભગવાનને બ્રહ્માંડની રચના કરવાની ઈચ્છા થઈ. ઈચ્છા થતાં જ પોતે પુરુષનું રૂપ ગ્રહણ કર્યું. આ પુરુષરૂપ મહત્ તત્ત્વ અહંકાર અને પાંચ તન્માત્રા એ સાતથી બનેલું તથા સોળ કળાઓ-દસ ઈન્દ્રિય, મન અને પંચમહાભૂતવાળું હતું.

(આ ત્રેવીસ તત્ત્વો કહેવાય છે.) ।।૧।।

યોગનિદ્રાને વિસ્તારતા અને જળમાં પોઢેલા ભગવાનના નાભિકમળમાંથી મરીચિ વગેરે ઋષિવર્યોને ઉત્પન્ન કરનાર બ્રહ્માજી થયાં ।।૨।।

જેમના અવયવરૂપ સ્થાનથી લોકોનો વિસ્તાર થયો છે તે ભગવાનનું સર્વ કાર્ય કરવાને શક્તિવાળું રૂપ ખરેખર ખીલી ઉઠેલા વિશુદ્ધ સત્ત્વરૂપ છે ।।૩।।

હજારો ચરણ, સાથળ, ભુજા અને મુખોવાળું તથા હજારો મસ્તક, કાન, આંખ અને નાસિકાઓ તેમજ હજારો મુકુટ, વસ્ત્ર અને કુંડલોવાળું એ રૂપ યોગી લોકો પોતાનાં યોગસિદ્ધ નેત્રોવડે જાુએ છે ।।૪।।

એ અનેક અવતારોનું ધામ અને નષ્ટ ન થાય તેવું બીજ છે, જેના અંશના પણ અંશવડે દેવ, પશુ અને મનુષ્ય વગેરે ઉત્પન્ન થાય છે ।।૫।।

એ જ ભગવાને[1] પ્રથમ કુમારની સૃષ્ટિનો આશ્રય કરીને સનકાદિ રૂપે પ્રકટીને ન આચરી શકાય તેવું અખંડિત બ્રહ્મચર્ય[2] પાળ્યું ।।૬।।

**વિશેષ** : ૧. ભગવાન્ સત્ત્વશરીરમાં પ્રવેશ કરીને સર્વદા રહે તે 'અવતાર' કહેવાય, કાર્યકાલે આવે તે 'આવેશ' કહેવાય. તેથી શરીર શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારનાં કહેવાય છે. એનો નિર્ણય વૈષ્ણવતન્ત્રમાં આપેલો છે. ભગવાન્ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ વડે અવતાર ધારણ કરે છે. વરાહાદિ અવતારમાં પ્રભુ બળનું કાર્ય કરે છે. દત્ત, વ્યાસ આદિ અવતારોવડે જ્ઞાનકાર્ય કરે છે. મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, રામ (પરશુરામ), રામચન્દ્ર, કૃષ્ણ, બુદ્ધ, વ્યાસ, કપિલ, દત્ત, ઋષભ, શિશુમાર, રુચિના પુત્ર (રૌચ્ય), નારાયણ, હરિ, તાપસ, કૃષ્ણ, મનુ, મહીદાસ, હંસ, મોહની, હયગ્રીવ, વડવાવક્ત્ર, ધન્વન્તરિ, કલ્કિ વગેરે અવતાર કેવળ વિષ્ણુ છે. લક્ષ્મી, બ્રહ્મા, રુદ્ર, શેષ, ગરુડ, ઈન્દ્ર, કામ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, વ્યૂહ, સૂર્ય, ચન્દ્ર, બૃહસ્પતિ, ધર્મ, તત્પત્નીઓ, દક્ષાદિ, મનુ એના પુત્રૌ ઋષિઓ, નારદ, પર્વત, કશ્યપ, સનકાદિક, બ્રહ્માદિ, દેવતા, ભરત, કાર્તવીર્ય, વૈન્ય વગેરે, ચક્રવર્તી, ગય, લક્ષ્મણાદિ, બળદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, અર્જુન વગેરે વિશેષ આવેશી છે.

૨. ભૂખનો અગ્નિ અસહ્ય છે તેમ કામાગ્નિ પણ અસહ્ય છે. જેમ ભૂખમાં જલપાન તેમ કામમાં સ્ત્રીપ્રેક્ષણ આદિ છે. જેમ ભૂખમાં અન્નતૃપ્તિ તેમ કામમાં રેતઃપાતથી તૃપ્તિ છે. જેમાં બીજરૂપ કામ હોય તે 'કુમાર'. તેને સ્ત્રીરૂપ જલના સેવનથી યૌવન થાય છે. સનકાદિકને સ્ત્રીનો સંસર્ગ ન હોવાથી સદા કૌમારવય છે. સ્ત્રીના સ્મરણાદિ વિના બીજને ધારણ કરવું એ 'બ્રહ્મચર્ય' કહેવાય. તે સામર્થ્ય જીવમાં ન હોવાથી ભગવાન્ જ કામાગ્નિ સહન કરી શકે. તેથી



જ 'કુમાર'રૂપે અહીં ભગવાનનો પ્રથમાવતાર કહ્યો છે.

બીજા વરાહાવતારમાં આ લોકની વૃદ્ધિને અર્થે યજ્ઞના ઈશ એવા ભગવાને રસાતળમાં ગયેલી પૃથ્વીને લાવવાને વરાહાવતાર ધર્યો ।।૭।।

ત્રીજા અવતારે ઋષિસર્ગમાં નારદજી પ્રકટ થયા, જેનાથી કર્મનું ફળ ભોગવવું ન પડે તેવું નૈષ્કર્મ્યરૂપ વૈષ્ણવતન્ત્ર (નારદ પંચરાત્ર) નારદજીએ પ્રકટ કર્યું ।।૮।।

ચોથા અવતારમાં ધર્મકળાના સર્ગમાં નર અને નારાયણ એમ બે રૂપે પ્રકટ થઈને આત્માની શાન્તિયુક્ત, કોઈથી ન થઈ શકે તેવું, શાન્ત તપ આચર્યું ।।૯।।

પાંચમા અવતાર સિદ્ધના ઈશ્વર કપિલદેવજી, જેમણે કાળે કરીને નષ્ટ થયેલું સાંખ્ય કે જેમાં તત્ત્વસમુદાયનો નિર્ણય છે તે સાંખ્ય પ્રકટ કરીને 'આસુરિ' નામના મુનિને કહ્યું ।।૧૦।।

અનસૂયાથી અત્રિમાં દત્તરૂપે પ્રકટ્યા એ છઠ્ઠા અવતાર. તે અવતારમાં આન્વીક્ષિકી (યોગસહિત આત્મજ્ઞાનરૂપી) વિદ્યા અલર્ક રાજાને અને પ્રહ્લાદ વગેરેને કહી ।।૧૧।।

સાતમા અવતારમાં આપ રુચિ પ્રજાપતિની 'આકૂતિ' નામની પત્નીથી યજ્ઞ સ્વરૂપે પ્રકટ થયા અને પોતાના પુત્ર યામ વગેરે દેવતાઓની સાથે પોતે સ્વાયમ્ભુવ મન્વન્તરની રક્ષા કરી ।।૧૨।।

નાભિરાજાથી મેરુદેવીમાં ભગવાન્ ઋષભદેવજીનો આઠમો અવતાર થયો તેમણે સર્વ આશ્રમોએ નમસ્કાર કરવા યોગ્ય ધીર પુરુષનો સન્ન્યાસરૂપ નિવૃત્તિમાર્ગ બતાવ્યો ।।૧૩।।

ઋષિઓની પ્રાર્થનાથી નવમો અવતાર પૃથુરાજાનો થયો તેમણે આ પૃથ્વીમાંથી સર્વ ઔષધિનું દોહન કર્યું જેનાથી એ 'ઉશત્તમ' સૌથી સુન્દર–સૌથી કલ્યાણકારી કહેવાયા ।।૧૪।।

એમણે જ ચાક્ષુષ મન્વન્તરના અન્તે થયેલ પ્રલયમાં *મત્સ્યરૂપ ધારણ કરીને પૃથ્વીરૂપ નૌકામાં સર્વ બીજને અને વૈવસ્વત મનુને લઈને એક મન્વન્તર પર્યન્ત એઓનું રક્ષણ કર્યું ।।૧૫।।

**વિશેષ** : કલ્પની સમાપ્તિમાં દૈનન્દિન પ્રલય થાય છે. એક કલ્પમાં ૧૪ મનુ થાય છે તેથી ૧૪ મન્વન્તર થયા પછી પ્રલય થાય. અને ચાક્ષુષ મનુ તો છઠ્ઠા છે માટે પ્રલય ન થવો જોઈએ તેથી આ દેખાડેલો પ્રલય માયિક છે એમ શ્રીધર વગેરેનું કથન છે; પરન્તુ એ યુક્ત નથી. કેમકે મનુઓ ક્રમે થાય એવો નિયમ નથી. તેથી ચાક્ષુષ પણ કોઈવાર ૧૪મો મનુ હોઈ

શકે. મત્સ્યપુરાણમાં વૈવસ્વત મનુ પછી ક્રમથી સાવર્ણિ, રોચ્ય, ભૌત્ય, મેરુસાવર્ણિ, ઋતુ, ઋતુધામ, વિશ્વક્સેન એમ કહેલ છે. અને માર્કંડેય પુરાણમાં પાંચ સાવર્ણિ, રૌચ્ય, ભૌત્ય એમ ક્રમ છે તેથી આ પ્રલય માયિક નથી.

દેવતા અને દાનવો જ્યારે મન્દરાચળને રવાઈ કરીને સમુદ્રમન્થન કરવા લાગ્યા ત્યારે અગિયારમો અવતાર કચ્છપ ભગવાનનો થયો. તેમણે પોતાની પીઠ ઉપર મન્દર પર્વત ધર્યો ।।૧૬।।

બારમો અને તેરમો અવતાર ધન્વન્તરિનો થયો તેમણે દેવતાઓને અમૃત પાયું અને મોહિની સ્વરૂપે અસુરોને મોહ ઉત્પન્ન કર્યો ।।૧૭।।

નૃસિંહજીનો અવતાર ચૌદમો થયો. તેમણે અત્યન્ત બળવાન થયેલા દૈત્યેન્દ્ર હિરણ્યકશિપુને, જેમ ચટાઈકરનાર ઘાસ કાપે તેમ, નખોથી ચીરી નાખ્યો ।।૧૮।।

પન્દરમો અવતાર વામનજીનો થયો. તેમણે પોતાનું સ્વરૂપ અતિસૂક્ષ્મ કર્યું અને સર્વ લઈ લેવાની ઈચ્છાથી બલિરાજા પાસેથી તેના યજ્ઞમાં જઈ ત્રણ પગલાં જમીન માગી ।।૧૯।।

સોળમા પરશુરામ અવતારમાં બ્રાહ્મણદ્રોહી રાજાઓને જોઈને કોપ કરીને એકવીસ વાર પૃથ્વીને નિઃક્ષત્રિય કરી ।।૨૦।।

પછી સત્યવતીમાં પરાશર મુનિથી વેદવ્યાસ રૂપ સત્તરમો અવતાર થયો. તેમણે મનુષ્યોને અલ્પબુદ્ધિવાળા જોઈને વેદરૂપ વૃક્ષની શાખાઓ કરી ।।૨૧।।

દેવતાઓનાં કાર્ય કરવાની ઈચ્છાએ રાજારૂપે શ્રીરામચન્દ્રજી પ્રકટ થયા અને સમુદ્રનિગ્રહ વગેરે કાર્ય કર્યાં ।।૨૨।।

ઓગણીસમા અને વીસમા અવતારે યદુકુળમાં જન્મ ધારણ કરીને રામ અને કૃષ્ણ રૂપે પ્રકટ્યા. તેમણે પૃથ્વીનો ભાર ઉતાર્યો ।।૨૩।।

ત્યારબાદ કલિયુગ સારી રીતે પ્રવૃત્ત થશે. ત્યારે દેવતાઓના દુશ્મન દૈત્યોને મોહ પમાડવા બિહારમાં અજિનના પુત્ર સ્વરૂપે આપનો બુદ્ધ* અવતાર થશે ।।૨૪।।

**વિશેષ :** આ પ્રભુના અવતારમાં કૂર્માવતાર, આદિકૂર્મનો, ધન્વન્તરિ વિષ્ણુનો, નૃસિંહ કાળનો, વામન વિષ્ણુનો, પરશુરામ વૈશ્વાનરનો, વ્યાસ વિષ્ણુના જ્ઞાનનો, રામ વાસુદેવનો, બળદેવજી સંકર્ષણનો, કૃષ્ણ વ્યૂહોનો અને બુદ્ધ વાસુદેવનો અવતાર છે એમ સમજવું.

યુગસન્ધ્યામાં જ્યારે રાજાઓ ચોર-ડાકુ જેવા થઈ જશે ત્યારે 'વિષ્ણુયશ' નામના બ્રાહ્મણને ત્યાં જગત્પતિ આ પ્રભુ કલ્કિ રૂપે પ્રકટ થશે ।।૨૫।।



હે દ્વિજો! જેમ અક્ષય જલાશયમાંથી હજારો નહેરો નીકળે છે તેમ સત્ત્વનિધિ ભગવાનના અસંખ્ય અવતાર થાય છે ।।૨૬।।

ઋષિઓ, મનુઓ, દેવો, અત્યન્ત બળવાન પુરુષો, મનુપુત્રો અને પ્રજાપતિઓ સહિત સર્વએ રક્ષણ કરવાની ઈચ્છાવાળા ભગવાનની કળા એટલે ધર્માવિશરૂપ છે ।।૨૭।।

એ સર્વ અવતારો કોઈ કળા, કોઈ અંશ, કોઈ આવેશરૂપ છે; એવા કૃષ્ણ પણ હશે એવું ન સમજવું. કેમકે કૃષ્ણ તો સર્વ અવતારોના અવતારી છે તેથી **કૃષ્ણ તો સ્વયં ભગવાન્** છે. એઓ દૈત્યોથી પીડિત આ લોકની યુગે-યુગે રક્ષા કરે છે ।।૨૮।।

આ કૃષ્ણનો જન્મ ગુહ્ય છે. આ અવતારની કથાનો પ્રયત્નપૂર્વક સાંજ-સવાર પ્રેમ પૂર્વક જે પાઠ કરે તે સર્વ દુઃખથી મુક્ત થઈ જાય ।।૨૯।।

ચૈતન્યરૂપ ભગવાન્ કે જે (પ્રાકૃત્) રૂપરહિત છે તેનું મહદ્ વગેરે માયાગુણોએ (સત્ત્વવ્યવધાનથી રચેલું) આ રૂપ છે. જેમ લોહના ગોળામાં અગ્નિ રહે છે તેમ આ રૂપ સમજવું ।।૩૦।।

જેમ આકાશ અરૂપ છે તેમાં મેઘ દેખાય છે, જેમ વાયુ અરૂપ છે તેમાં રજ દેખાય છે તેમ દ્રષ્ટા ભગવાન્‌માં મૂર્ખ લોકોએ દશ્યત્વનો* આરોપ કર્યો છે ।।૩૧।।

**વિશેષ :** આકાશમાં અને વાયુમાં રૂપ નથી. તેમાં અન્ય વસ્તુ રહી ન શકે તથાપિ આપણે મેઘ અને રજપુંજને જોઈએ છીએ તેમ ભગવાન્ સર્વના દ્રષ્ટા છે તથાપિ એમના સ્વરૂપને નહિ જાણનાર મૂર્ખો આ ભગવાન્‌માં દશ્યત્વનો, તે-તે પદાર્થોના દેખાવાપણાનો, આરોપ સ્વબુદ્ધિભ્રમે કરે છે.

આ સ્થૂલ રૂપથી પર ભગવાનનું એક સૂક્ષ્મ અવ્યક્ત રૂપ છે, જે ન તો સ્થૂલની માફક આકાર વગેરે ગુણવાળું છે, નથી તો તે દેખવામાં આવી શક્તું, ન સાંભળવામાં. એ જ સૂક્ષ્મ શરીર છે. આત્માનો આરોપ અથવા પ્રવેશ થવાથી એ જ 'જીવ' કહેવાય છે અને એનો વારંવાર જન્મ થાય છે ।।૩૨।।

ઉપર્યુક્ત આ બે સત્ અને અસત્ રૂપો, સ્થૂલ અને સૂક્ષ્મ શરીર, અવિદ્યાથી જ આત્મામાં આરોપિત છે. જે અવસ્થામાં આત્મસ્વરૂપના જ્ઞાનથી આ આરોપ દૂર થઈ જાય છે એ જ વખતે બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. વાસ્તવિક રીતે જીવેય નથી અને જડ પણ નથી. જે કંઈ છે તે બધું ભગવાન્ જ છે. તે બેઉ જડ અને જીવ

દેખાય છે તે અવિદ્યાથીજ ।।૩૩।।

જ્યારે વિશેષ ચતુર ભગવાનની માયા મતિરૂપે રહેલી (પણ) વિરમે છે ત્યારે જીવ સ્વરૂપ પ્રાપ્ત કરીને આનન્દરૂપ થાય છે ।।૩૪।।

એમ અજન્મા, અકર્તા અને દરેકના હૃદયના પ્રેરક કૃષ્ણના વેદમાં ગુપ્ત રીતે કહેલાં જન્મ અને કર્મ કવિઓ વર્ણવેછે ।।૩૫।।

એ પુરુષોત્તમની લીલા વિફળ નથી. એ અમોઘ સફળ લીલાવડે આ જગત્‌ને ઉત્પન્ન કરે છે, રક્ષણ કરે છે અને સ્વરૂપમાં લીન કરે છે. તથાપિ એમાં પોતે આસક્ત થતા નથી. છ ગુણના ઈશ્વર પ્રાણીઓમાં ગુપ્તરૂપે બિરાજીને, સ્વાધીન રહીને, ઈન્દ્રિયોના સુખની ગન્ધ લે છે ।।૩૬।।

જેવી રીતે અણજાણ માણસ નટે ચેષ્ટાથી કરેલી કરામતને નથી સમજી શક્તો તેવી જ રીતે પોતાના સંકલ્પ અને વાણી (વેદ) દ્વારા ભગવાને પ્રકટ કરેલ નાના પ્રકારનાં નામ, રૂપો તથા લીલાઓને, દુષ્ટબુદ્ધિવાળો જીવ તર્ક-યુક્તિ-પ્રમાણ દ્વારા જાણી શકતો નથી ।।૩૭।।

ચક્ર જેના શ્રીહસ્તમાં છે અને અનન્ત જેનાં પરાક્રમ છે તેવા લૌકિક વૈદિક પ્રમાણોથી પર, જગત્કર્તાની ગતિ નિષ્કપટ ભાવે નિરન્તર આદરપૂર્વક એમના ચરણને ભજનાર જાણે છે ।।૩૮।।

હવે આ સંસારમાં (આપ) ભગવાનો ધન્ય છો, કારણ કે સર્વ લોકના નાથ વાસુદેવમાં આવી રીતે સમ્પૂર્ણ આત્મભાવ કરો છો, જેથી ભયંકર સંસારમાં ફરી આવવાનું રહેતું નથી. (આ શ્લોકમાં સૂતજી શ્રોતાઓને માટે **''ધન્યા ભગવન્તઃ''** શબ્દો વાપરે છે કારણ કે શ્રીગીતાજી ૧૭-૩માં નિર્ણય આપ્યો છે કે **''યો યચ્છ્રદ્ધઃ સએવ સઃ''** જેને જે દેવમાં શ્રદ્ધા હોય તે-તે રૂપજ છે. તમને ભગવાન્‌માં પરમ શ્રદ્ધા છે માટે તમો ભગવદ્રૂપ છો) ।।૩૯।।

ઉત્તમ શ્લોક ભગવાનના ચરિત્રરૂપ (અને) વેદતુલ્ય એવું આ શ્રીભાગવત પુરાણ ભગવાન્ વેદવ્યાસે પ્રકટ કર્યું છે ।।૪૦।।

લોકનું કલ્યાણ એ જેનું મૂખ્ય ફળ છે, વળી ધનને અને કલ્યાણના સ્થાન રૂપ તેવા આ શ્રીભાગવતને (પ્રકટ) કરી જિતેન્દ્રિયોમાં શ્રેષ્ઠ તેવા પોતાના પુત્ર શ્રીશુકજીને એ ।।૪૧।।

આમાં સર્વ વેદો અને ઈતિહાસોનો જે સાર તેનો સંગ્રહ કરેલો છે એ શુકદેવજીએ



ગંગાના તીરે પ્રાયોપવેશ[1] કરીને ઉત્તમ ઋષિઓ સાથે બેઠેલા પરીક્ષિત રાજાને સારી રીતે શ્રવણ કરાવ્યું. ધર્મ[2] અને જ્ઞાનાદિની સાથે શ્રીકૃષ્ણ જ્યારે સ્વધામમાં પધાર્યા ત્યારે કલિયુગ[3] વ્યાપી જતાં લોકો નેત્રરહિત થઈ ગયા ત્યારે આ શ્રીભાગવતરૂપ સૂર્ય[4] હમણાં ઊગ્યો છે. અને હે વિપ્રો! ત્યાં અત્યન્ત તેજસ્વી અત્યન્ત જ્ઞાનવાન્, પ્રકાશવાન્ વિપ્રર્ષિ કથા કહેતા હતા ત્યારે... ।।૪૨-૪૪।।

**અહં ચાધ્યગમં તત્ર નિવિષ્ટઃ તદનુગ્રહાત્ ।।**
**સોઽહં વઃ શ્રાવયિષ્યામિ યથાઽધીતં યથામતિઃ ।।૪૫।।**

...તેમની કૃપાથી હું ત્યાં બેઠો અને શ્રીભાગવત ભણ્યો. હું જેવું ભણ્યો તેવું તમને મારી બુદ્ધિ પ્રમાણે શ્રવણ કરાવીશ ।।૪૫।।

**વિશેષ :** ૧. **'પ્રાયો' મરણાનશને મૃત્યોર્બાહુલ્યતુલ્યયોઃ ઈતિ મેદિની.** મરણ પર્યન્ત ખાધાપીધા વિના ત્યાં જ સ્થિતિ કરવી.

૨. ભગવાન્ ધર્મના રક્ષક છે. રક્ષક હોય ત્યાં સુધી ધર્મ રહી શકે. તેથી જ્યારે ભગવાન્ સ્વધામ પધાર્યા ત્યારે ધર્મ અને જ્ઞાન પણ એમની સાથેજ ગયાં!

૩. કળિયુગનું સ્વરૂપ શ્યામ છે. અન્ધકાર પણ પદાર્થને ઢાંકે છે. તેથી લોકોને ધર્મ-જ્ઞાન દેખાયાં નહિ ત્યારે કળિયુગના અન્ધકારથી લોકો 'નેત્રરહિત' થયા એમ કહ્યું છે.

૪. શ્રીભાગવતમાં ભગવાને પોતાનું તેજ ધર્યું છે એવી કથા છે. તેથી ભાગવતરૂપ સૂર્ય કહ્યો. તેના પ્રાકટ્યથી લોકો ભગવત્પ્રાપ્તિનાં જે સાધન કલિના આવરણથી દેખાતાં ન હતાં તે હવે શ્રીભાગવતના પ્રચારથી દેખાવા લાગ્યાં. એથી શ્રીભાગવત ભગવદ્રૂપ છે. જેમ રૂપ ઉદ્ધારક છે તેમ નામાત્મક ભાગવત પણ ઉદ્ધારમાં અસહાયશૂર જ છે.

**ઈતિ શ્રીભાગવતના પ્રથમ સ્કન્ધના હીનાધિકારમાં**
**''શ્રીભગવાન્‌નાં અવતાર'' નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ.**

**''યસ્તુ સ્વાર્થં ભગવન્તં સેવતે સો અધમઃ''**
જે સ્વાર્થ (આજીવિકા,પ્રતિષ્ઠા વગરેમાટે)ભગવત્સેવા કરતો હોય
તેને અધમ (અર્ચક) જાણવો.
**(શ્રીવલ્લભાચાર્ય સુબો.૨।૯।૧૯)**

# મધ્યમપ્રકરણ-મધ્યમાધિકાર

## અધ્યાય ૪

## શુકના વૈરાગ્યનું કારણ અને વ્યાસજીની ચિન્તા

**વિશેષ :** હીન પ્રકરણના ત્રણ અધ્યાયમાં પોતાના પ્રમાણે ભાગવત્‌નો અર્થ સૂતે કહ્યો, હવે ત્રણ અધ્યાયથી મધ્યમ પ્રકરણ કહેવાય છે. તેમાં અદષ્ટદ્વારા ફળ આપે તેવા ધર્મના ફળમાં વ્યભિચાર આવે છે તેથી એવો ધર્મ તો ત્યાજ્ય છે એ વાત અહીં પણ સમાન હોવાથી અહીં જે શાસ્ત્ર કહેવાનું છે તે મધ્યમ છે. વળી વક્તા નારદજી જ્ઞાન આપવાના અધિકારી હોવાથી એ બેઉએ ઉત્તમાધિકારને લાયક છે તથાપિ ઉપર દર્શાવેલાં બે કારણોથી એમનો અધિકાર 'મધ્યમ' થયો છે. આ ચતુર્થાધ્યાયમાં ઉત્તમ પ્રક્રિયાવાન્ વક્તા શુકદેવજીના દઢ વૈરાગ્યનો નિર્દેશ કરીને વ્યાસજીની ચિન્તાનો ઉપક્રમ છે.

**વ્યાસ ઉવાચ**

**ઈતિ બ્રુવાણં સંસ્તૂય મુનીનાં દીર્ઘસત્રિણામ્ ।।**
**વૃદ્ધઃ કુલપતિઃ સૂતં બહ્વૃચઃ શૌનકોઽબ્રવીત્ ।।૧।।**

**વ્યાસજી કહે છે :** એમ દીર્ઘસત્રવાળા મુનિઓની મધ્યમાં આ પ્રમાણે બોલતા સૂતની સ્તુતિ કરીને (જ્ઞાનમાં) વૃદ્ધ, (ઋષિ) કુલના અધ્યક્ષ અને ઋગ્વેદના અધ્યેતા શૌનકમુનિએ સૂત પૌરાણિકને કહ્યું ।।૧।।

**શૌનકે કહ્યું :** હે સૂત! હે મહાભાગ્યવાન્! વક્તાઓમાં શ્રેષ્ઠ, જે કથા તમને શુકદેવજીએ કહી તે ભગવત્સમ્બન્ધિની પવિત્ર કથા તમે અમને કહો ।।૨।।

કયા યુગ અને કયા સ્થાન માં તેમ જ કયા કારણથી એ કથા પ્રવૃત્ત થઈ? વળી મુનિ વ્યાસજીએ કોની પ્રેરણાથી આ શ્રીભાગવતરૂપ સંહિતા કરી એ કહો ।।૩।।

એ વ્યાસજીના નિર્વિકલ્પક સમાધિમાન, સમદષ્ટિમાન અને એકાન્તમાં રહેવાની મતિવાળા, નિદ્રારહિત, મહાયોગી પુત્ર શુકદેવજી ગુપ્ત રહીને લોકમાં મૂઢ જેવા જણાય છે ।।૪।।

એમની પાછળ આવતા (અનગ્ન) વ્યાસ મુનિને* જોઈને અપ્સરાઓએ વસ્ત્ર પહેર્યા, પરન્તુ નગ્ન શુકદેવજી ચાલ્યા ગયાં ત્યારે ન પહેર્યા એ આશ્ચર્ય જોઈને વ્યાસે એનું કારણ એમને પૂછ્યું ત્યારે એ ઓ બોલી : "તમારા મનમાં સ્ત્રી-પુરુષનો



ભેદ છે, પરન્તુ કેવળ ભગવન્નિષ્ઠ તમારા પુત્રમાં એવો ભેદભાવ નથી" ।।૫।।

**વિશેષ :** કોઈક તળાવમાં નગ્ન સ્ત્રીઓ સ્નાન કરતી હતી ત્યાંથી યુવાન શુકદેવજી નગ્ન અવસ્થામાં ચાલ્યા ગયા તથાપિ સ્ત્રીઓ તળાવમાંથી બહાર ન નીકળી અને નગ્ન નહિ એવા વૃદ્ધ વ્યાસજી ત્યાં આવ્યા ત્યારે તેમને જોઈને તે સ્ત્રીઓએ વસ્ત્ર પહેરી લીધાં. એ જોઈને વ્યાસે કારણ પૂછયું તેના ઉત્તરમાં તેમણે કહ્યું, "તમારો યુવાન પુત્ર નગ્ન છે તથાપિ એને સ્ત્રી-પુરુષનાં ભેદ નથી તેથી અમે એનાં દેખતાં પણ વસ્ત્રો ન પહેર્યા અને તમને ભેદબુદ્ધિ છે તેથી અમે વસ્ત્ર પહેર્યા એવી કથા છે. (સુબોધિનીજી)

કુરુજાંગલ દેશોમાં ફરતા-ફરતા શુકદેવજી હસ્તિનાપુર આવ્યા ત્યારે તો એઓ ઉન્મત્ત, મૂંગા અને જડની જેમ ફરતા હતા છતાં લોકો એમને કેમ ઓળખી શકયા? ।।૬।।

રાજર્ષિ પરીક્ષિત રાજાને એવા અલક્ષિત મુનિની સાથે સંવાદ કેમ થયો કે જેનાં પરિણામે આ (ભાગવતરૂપ) **સાત્વતીશ્રુતિ** ભક્તનો વેદ પ્રકટ્યો? ।।૭।।

હે મહાભાગ સૂત! જે શુકદેવજી ગૃહસ્થના ઘરમાં ગાય દોવાય તેટલો વખત જ એ ગૃહસ્થાશ્રમને તીર્થરૂપ કરવાને રોકાય છે તો એટલા સમયમાં આ મોટી સંહિતા કેમ કહી શકયા? ।।૮।।

અભિમન્યુના પુત્ર પરીક્ષિત રાજા ભગવદ્‌ભક્તોમાં ઉત્તમ ગણાય છે. તેમનાં આશ્ચર્યકારક જન્મ અને કર્મ હે સૂત! આપ અમને કહો ।।૯।।

પાંડવોના માનને વધારનાર, સર્વ પૃથ્વીના રાજા પરીક્ષિતે લક્ષ્મીનો અનાદર કરીને ગંગાના તીર ઉપર આવી શા માટે મૃત્યુ સુધી અન્નનો ત્યાગ કર્યો* એ અમને કહો ।।૧૦।।

**વિશેષ :** સર્વ છોડીને મરણ પર્યન્ત એકત્ર સ્થિતિ કરવી.

પોતાના હિતને માટે શત્રુલોકો ધનાદિ લાવીને ભેટ કરીને જેની ચરણપીઠિકાને નમે છે તે વીર યુવાન કોઈથી ત્યાગ ન થઈ શકે તેવી લક્ષ્મીને પ્રાણની સાથે કેમ ત્યાગી શકયા, હે અંગ! એ બધી વાત અમને કહો ।।૧૧।।

ઉત્તમશ્લોક ભગવત્પરાયણ ભક્તજનો લોકના કલ્યાણાર્થે, લોકમાં પુત્ર-પૌત્રાદિરૂપે વૃદ્ધિ પામવાને અને ઐશ્વયાર્થે લોકમાં જીવે છે, કેવળ દેહ પોષણાર્થે તેમનું જીવન નથી તો પછી એમણે બીજાને ઉપયોગી થાય તેવો દેહ નિરાશાથી શા માટે છોડ્યો? ।।૧૨।।

અમે તમને વેદ સિવાય પુરાણાદિ વિષયમાં નિષ્ણાત માનતા હોવાથી તમે અમારી પૂછેલી બધી વાતો કહો ।।૧૩।।

**સૂતજી કહે છે :** ત્રીજા યુગપર્યયમાં* જ્યારે દ્વાપર યુગ આવ્યો ત્યારે પરાશર મુનિથી ઉપરિચર વસુની પુત્રી વાસવીમાં ભગવાનની કલારૂપે વ્યાસજી પ્રકટ થયા ।।૧૪।।

**વિશેષ :** બ્રહ્મકલ્પ એ સૃષ્ટિનો પ્રથમ કલ્પ. બ્રહ્માજીનો એક દિવસ તે કલ્પ. એમાં ચાર યુગ એક હજાર વાર આવે. તેમાં ત્રીજી વાર જ્યારે યુગનો આરમ્ભ થયો ત્યારે સત્યયુગમાં અને ત્રેતાયુગમાં તો ધર્મ બદલાયો નહિ, પરન્તુ દ્વાપરયુગ સન્દેહનો સમય છે તેથી એ સમયમાં લોકોને સન્દેહ થવા લાગ્યો ત્યારે શ્રીભગવાને વ્યાસજીરૂપે ભૂતલ પર પધારીને સન્દેહનિવર્તક શ્રીભાગવતાદિ શાસ્ત્રનો પ્રચાર કર્યો.

એઓ કોઈ વખત સરસ્વતીના પવિત્ર જળનું આચમન કરીને સૂર્યોદય સમયે એકાન્તમાં એકલા બેઠા હતા ।।૧૫।।

જેનો વેગ સ્પષ્ટ દેખાતો નથી તેવા કાળવડે પૃથ્વીમાં યુગધર્મનો ફેરફાર થયો તે કાળથી પ્રારમ્ભીને આધુનિક પર્યન્તની બધી વસ્તુના સ્વરૂપને જાણનાર વ્યાસજી જાણી ગયા ।।૧૬।।

વળી આપણા લોકોની શક્તિની ક્ષીણતાને, અશ્રદ્ધાને, નિર્બળતાને, દુર્બુદ્ધિને અને અલ્પ આયુષ્યને વ્યાસજી જાણી ગયા ।।૧૭।।

દુર્ભાગી* મનુષ્યોને પોતાની દિવ્ય દષ્ટિથી જોઈને સર્વ વર્ણનું અને આશ્રમનું હિત કરવાને જેમનું સફળ જ્ઞાન છે તેવા વ્યાસજી દિવ્યદષ્ટિએ સમાધિ કરીને જોવા લાગ્યા ।।૧૮।।

**વિશેષ :** મનુષ્ય કર્મ કરે તેવું ભાગ્ય થાય છે. કાળ સારો હોય તો બુદ્ધિ સારી હોવાથી કર્મ પણ સારું થતાં માણસ સુભગ થાય છે. પણ કાળ ખરાબ હોવાથી બુદ્ધિમાં ભેદ થવાથી ખરાબ કર્મ કરતાં-કરતાં લોકો દુર્ભગ થાય છે.

પ્રજાનું 'ચાતુર્હોત્ર' નામનું શુદ્ધ કર્મ જોઈને એ વૈદિક શુદ્ધ કર્મરૂપ યજ્ઞના પ્રચારાર્થે એક વેદના ચાર વિભાગ કર્યા ।।૧૯।।

ઋગ્વેદ, યજાુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદ જાુદા કર્યા. ઈતિહાસને અને પુરાણને 'પાંચમો વેદ' કહે છે ।।૨૦।।

તેમાં 'પૈલ' નામના મુનિ ઋગ્વેદને ભણ્યા, જૈમિનિ સામવેદને ભણ્યા અને



એકલા વૈશમ્પાયન યજાુર્વેદના ભણનારા થયા ।।૨૧।।

દારુણ એવા 'સુમન્તુ' નામના મુનિ અથર્વવેદના ગ્રાહક થયા અને મારા પિતા રોમહર્ષણ ઈતિહાસ તથા પુરાણ ભણ્યા ।।૨૨।।

એ સર્વ ઋષિઓ પોતપોતાના વેદનો વિભાગ કરતા આવ્યા. એમ કરતાં શિષ્યો અને એમના શિષ્યો દ્વારા એ વેદો અનેક શાખાવાળા થયા ।।૨૩।।

એ વેદના અર્થને બુદ્ધિહીન પણ જાણે એટલા માટે દીન ઉપર કૃપાળુ વ્યાસજી વેદના વિભાગ કરવામાં સમર્થ થયા ।।૨૪।।

સ્ત્રી, શૂદ્ર અને સંસ્કારહીન બ્રાહ્મણ ને કાને વેદ પડવો ન જોઈએ. તેથી કર્મવડે શ્રેય કરવામાં મૂઢ તેવા પુરુષોના હિતાર્થે વ્યાસજીએ કૃપા કરીને **'ભારત'** નામનું આખ્યાન કર્યું ।।૨૫।।

એમ લોકના કલ્યાણ અર્થે સર્વાત્મજ્ઞાનની પ્રવૃત્તિ કરતાં (પણ) વ્યાસજીને જ્યારે પોતાના હૃદયમાં પ્રસન્નતા ન થઈ ત્યારે હે બ્રાહ્મણો! અત્યન્ત પ્રસન્ન નહિ અને સર્વ ધર્મને જાણનારા એ વ્યાસજી એકાન્તમાં પવિત્ર સરસ્વતીના તટ ઉપર વિચાર કરતા કહ્યું કે ।।૨૬-૨૭।।

મેં વેદવ્રત બ્રહ્મચર્યાદિ આચર્યું છે. વેદને, ગુરુને અને અગ્નિને માન આપ્યું છે એમાં કોઈ જાતનો કપટભાવ રાખ્યો નથી. વળી લોકની ધર્મમાં પ્રવૃત્તિ કરાવવામાટે અધ્યાપન પણ કરાવ્યુંછે ।।૨૮।।

મહાભારતમાં મેં વેદનો અર્થ પણ લોકોને બતાવ્યો છે, જેમાં સ્ત્રી અને શૂદ્રો પણ ધર્મ વગેરે પુરુષાર્થ જોઈ શકે છે ।।૨૯।।

તથાપિ મારો દેહસમ્બન્ધવાન્ સર્વસમર્થ આત્મા ઓજસ્વી હોવા છતાં જાણે એમાં કાંઈક ઊણું હોય તેમ શોભતો નથી ।।૩૦।।

અથવા પરમહંસોને પ્રિય અને એ જ ભગવત્ પ્રિય ધર્મ કહ્યા તો છે તથાપિ મુખ્ય રીતે વર્ણવ્યા નથી શું? એ ભગવત્સમ્બન્ધી ધર્મો જ ભગવાનને પ્રિય છે ।।૩૧।।

એ રીતે પોતાના આત્માની ઊણપ જોઈને ખેદ કરતા વ્યાસજી જે આશ્રમમાં બેઠા છે ત્યાં નારદજી આવ્યા ।।૩૨।।

**તમભિજ્ઞાય સહસા પ્રત્યુત્થાયાગતં મુનિમ્ ।।**
**પૂજયામાસ વિધિવત્ નારદં સુરપૂજિતમ્ ।।૩૩।।**

નારદજીને આવ્યા જાણીને તરત જ ઊભા થઈ, સામે જઈને, દેવતા જેમની પૂજા કરે છે તેવા નારદજીની પૂજા વિધિપૂર્વક કરી ।।૩૩।।

**ઈતિ શ્રીભાગવત્માં પ્રથમ સ્કન્ધમાં (મધ્યમ પ્રકરણનો પહેલો)**
**''શુકના વૈરાગ્યનું કારણ અને વ્યાસજીની ચિન્તા''**
**નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ.**

**... શ્રીભાગવતમાદરાત્। પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમદમ્ભતઃ।।**
કોઈ પણ લૌકિક(પૈસા-ટકા કમાવવા, ફંડ-ફાળા)-પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર, પિતૃદોષનું નિવારણ) હેતુ કે ઢોંગ વિના આદર પૂર્વક પ્રયત્ન પૂર્વક જાતેજ, શ્રીભાગવતનોનો પાઠ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

## અધ્યાય ૫
## ભક્તિ મહિમા

**વિશેષ** : ગયા અધ્યાયમાં સર્વ ધર્મનો સન્દેહ કહ્યો તેનો નિર્ણય આ પાંચમા અધ્યાયમાં ભક્તિમાર્ગની રીતિએ કહેવાય છે. મધ્યમ અધિકારની આ વાત છે તેથી આદિ અને અન્ત માં દૃષ્ટાન્ત આપીને નિર્ણય કર્યો છે.

**અથ તં સુખમાસીનમ્ ઉપાસીનં બૃહચ્છ્રવાઃ ।।**
**દેવર્ષિઃ પ્રાહ વિપ્રર્ષિં વીણાપાણિઃ સ્મયન્નિવ ।।૧।।**

**સૂતજી કહે છે** : એમ સુખરૂપ બેઠેલ, જેમની કીર્તિ બહુ છે, વીણા જેમના હાથમાં છે તેવા દેવર્ષિ નારદ, પાસે બેઠેલા વિપ્રર્ષિ વ્યાસજીને મન્દહાસ્યપૂર્વક કહેવા લાગ્યા ।।૧।।

હે પરાશરપુત્ર! હે મહાભાગ્યવાન્! તમારો શરીર સમ્બન્ધી અને મન સમ્બન્ધી આત્મા પોતાના સ્વરૂપવડે સન્તુષ્ટ તો છે ને? ।।૨।।

તમે લોકહિતનો જે વિચાર કરેલો તે સિદ્ધ થયો છે. કેમકે મોટું અદ્ભુત અને સર્વાર્થે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થોનું નિરૂપણ કરતું **'ભારત'** નામનું પુસ્તક તમે કર્યું છે કે જેમાં બધા વક્તવ્યનો સમાવેશ થાય છે ।।૩।।

ત્રિકાલથી અબાધિત તેવા પરબ્રહ્મને તમે જાણો છો, અવિકૃત વેદનું અધ્યયન



તમે કર્યું છે તથાપિ હે સમર્થ! તમે જાણે કે અકૃતાર્થ હો તેમ તમારા આત્માનો શોક કરતા જણાઓ છો ।।૪।।

**વ્યાસજી કહે છે** : તમે કહ્યું તે બધું મને મળ્યું છે તથાપિ મારો અન્તરાત્મા પ્રસન્ન થતો નથી. તેથી બ્રહ્માજીના પુત્ર અને જેમના જ્ઞાનની હદ નથી તેવા આપને એ મારી ચિન્તાનું મૂળ શું છે એ હું પૂછું છું ।।૫।।

આપ પ્રસિદ્ધ છો. પુરાણપુરુષ પુરુષોત્તમની આપે ઉપાસના કરી છે. પુરુષ અને પ્રકૃતિ ના ઈશ ગુણનો સંગ કર્યા વિના જ વિશ્વને ઉત્પન્ન કરે છે, પાલન કરે છે અને સર્વાત્મામાં લય કરે છે એ તમે જાણો છો ।।૬।।

તમે સૂર્યની જેમ ત્રણ લોકમાં ફરો છો, વાયુની જેમ સર્વના આત્માના સાક્ષી છો તો પરબ્રહ્મ અને શબ્દબ્રહ્મ ને જાણનાર તથા વેદમાં બ્રહ્મચર્યાદિ વ્રતે નિષ્ણાત થયેલા મારામાં શી ન્યૂનતા છે એ વિષે તમે પૂરો વિચાર કરી જાુઓ ।।૭।।

**નારદજી બોલ્યા** : તમે ભગવાનના યશનું ગાન નહિ જેવું કર્યું હોવાથી તમારો આત્મા પ્રસન્ન થતો નથી તે તમારા જ્ઞાનની કમી હોવાનું હું માનું છું ।।૮।।

હે મુનિઓમાં શ્રેષ્ઠ! તમે ધર્મ વગેરે પુરુષાર્થનું વિસ્તારથી જેમ વર્ણન કર્યું છે તેમ વાસુદેવ ભગવાનનો મહિમા ગાયો નથી ।।૯।।

જે આશ્ચર્ય [1]યુક્ત પદવાળું વચન જગત્ને [2]પવિત્ર કરનાર હરિયશને કોઈ પણ રીતે કહેતું ન હોય તો એને ભગવદ્ભક્તો કાકતીર્થ[3] કહે છે, જ્યાં સુન્દર નિવાસસ્થાનવાળા માનસનિવાસી હંસો રમતા નથી ।।૧૦।।

**વિશેષ** : ૧.વિશેષ અર્થ નહિ કહેનાર શબ્દરચના **શબ્દચિત્ર** કહેવાય છે. કવિતામાં એને ઉત્તમ સ્થાન મળતું નથી. તેથી **''શબ્દચિત્રં વાચ્યચિત્રમવ્યંગ્યમવરં સ્મૃતમ્''** એમ કહ્યું છે.

૨.મહાભારત પતિતને પવિત્ર કરતું નથી. પ્રાધાન્યથી ધર્મ, અર્થ, કામનું વર્ણન ત્યાં હોવાથી શુકાદિ જેવાને પણ એ પવિત્ર કરતું નથી. અને ભગવદ્યશ તો સમગ્ર જગત્ને પણ પવિત્ર કરે છે. હીનમાં હીન અને ઉત્તમમાં ઉત્તમ પણ એનાથી પવિત્ર થાય છે. તેથી નારદજી ઉક્તિનું તાત્પર્ય ભગવદ્યશ વર્ણનમાં છે.

૩.કાકતીર્થ કહેવાનું કારણ તો એટલું જ કે એવી કવિતા કામનાવાળા લોકોના ચિત્તને પ્રસન્ન કરે છે પણ એમાં ભગવદ્ગુણ ન હોવાથી ભગવદ્ભક્તો એનો સ્પર્શ કરતા નથી. ભગવદ્ભક્તો હંસો છે અને કામી પુરુષો કાગડા જેવા છે. તેથી જેનો કામી આદર કરે તે 'કાકતીર્થ' કહેવાય છે.

ભક્તની તે વાણી જેમાં શ્લોકનું ઠેકાણું હોતું નથી, ભગવદ્ગુણથી ગૂંથેલી હોઈને એ પ્રાણીમાત્રના પાપનો નાશ કરે છે. ભગવાનનાં યશસ્વી નામો સાધુ લોકો મુખથી ઉચ્ચારે છે, શ્રવણ કરે છે અને ગાય છે ।।૧૧।।

અવિદ્યારહિત, નિર્ગુણ જ્ઞાન પણ ભગવાનના ભાવ વિનાનું હોય તો બરાબર શોભતું નથી તો પછી નિરન્તર અકલ્યાણ કરનાર અને ઈશ્વરાર્પણ બુદ્ધિથી ન થયેલું કર્મ તો કયાંથી જ શોભે? ।।૧૨।।

તેથી મહાભાગ વ્યાસજી તમે અમોઘ જ્ઞાનવાળા, પવિત્ર યશવાળા, સત્યમાં પ્રીતિવાળા અને વ્રતને ધારણ કરનારા હોવાથી જીવમાત્રને બન્ધનથી મુક્ત કરવામાટે ઉરુક્રમ ભગવાનની ભક્તિ ઉત્પન્ન કરનારી લીલાનું અનુસ્મરણ સમાધિવડે કરો ।।૧૩।।

ભગવાનના ચરિત્ર સિવાય બીજું બધું અનાદરણીય તુચ્છ છે. ભગવચ્ચરિત્ર સિવાય બીજું કંઈ કહેવાની જે મનુષ્ય ઈચ્છા કરે છે તે તેવી ઈચ્છા માત્રથી નિર્મિત અનેક નામ-રૂપોના ચક્કરમાં પડી જાય છે, કારણ કે તેની દૃષ્ટિ ભેદભાવથી ભરાઈ જાય છે. જેવી રીતે પવનથી ડોલતી હોડી પોતાના મુકામ ઉપર પહોંચી શકતી નથી તેવી રીતે તે મનુષ્યની બુદ્ધિ* કયાંય સ્થિર થઈને રહેતી નથી ।।૧૪।।

**વિશેષ** : મૃગજળ દેખાય છે ખરું પણ તેની પાસે જવાનો વિચાર કરતાં જ્યાં જઈએ ત્યાંથી આગળ જ એ દેખાય છે. એનું સ્થાન નિશ્ચિત નથી. તેમ ધર્મનું નિરૂપણ કરનાર મનુષ્યો જુદી-જુદી બુદ્ધિથી અનન્ત રીતે એક ધર્મને કહે છે તેથી બુદ્ધિના ભેદથી અનન્ત થયેલો ધર્મ એકનો નિશ્ચય કરાવી શકતો નથી. એમ ભગવાનના ધર્મ અનન્ત છે, પરન્તુ એ બુદ્ધિની કલ્પનારૂપ ન હોવાથી અનન્ત છતાં નિયત હોવાથી કાર્ય સિદ્ધ કરે છે. તેથી ભગવદ્ધર્મ વિના બીજું કહેવું એ નિરાધાર હોવાથી નિષ્ફળ છે.

સ્વભાવથી અધર્મમાં પ્રીતિવાળાને કહેવું કે અધર્મ ધર્મરૂપ છે તો તેથી ધર્મનું મહાન નાશ થાય છે; જેનું કથન ધર્મરૂપ ગણાય છે તેવા પુરુષે જ્યારે અધર્મને ધર્મ કહ્યો ત્યારે બીજા ગમે તેટલા એને અધર્મ કહેશે તથાપિ તે અધર્મ છે એમ લોકોના માનવામાં નહિ આવે ।।૧૫।।

આ અનન્તપાર એવા સમર્થ ભગવાનનું સુખ નિવૃત્તિ માર્ગ કોઈ વિચક્ષણ જ જાણી શકે છે. દેહાદિના ધર્મરૂપ પ્રવૃત્તિમાર્ગમાં ગતિ કરનારને એ સુખ મળતું નથી માટે એ વિભુની લીલાને પ્રકટ કરો ।।૧૬।।



વર્ણાશ્રમ વગેરે ધર્મોને સ્વધર્મ નહિ સમજી, એવા ધર્મોને છોડીને ભગવાનના ચરણને ભજનાર કાચા મનુષ્યોનો પાત તો ન થાય તથાપિ એનો પાત થાય તો પણ બીજે કોઈ સ્થળે એનું કુશળ થાય ખરું? ન થાય પણ ભગવાનજ એનું શ્રેય કરે છે. વળી ભગવાનના ચરણનો આશ્રય છોડીને સ્વધર્મથી ભજનાર પુરુષોએ (પણ) કયો અર્થ પ્રાપ્ત કર્યો? કોઈ પણ નહિ ।।૧૭।।

તેથી ચતુર તો તેને જ અર્થે યત્ન કરે કે જે ઉપરના અને નીચેના લોકમાં ફરતાં પણ ન મળી શકે. વળી જેમ વિના પ્રયત્ને દુઃખ આવી મળે છે તેમ સુખ પણ ગંભીર વેગવાળા કાળની પ્રેરણાથી આવે છે તેથી સુખને અર્થે પણ પ્રયત્ન ન કરવો ।।૧૮।।

મનુષ્ય જો મોક્ષ આપનાર ભગવાનનો સેવક થાય તો હે અંગ! તે આ સંસારમાં કોઈ પણ પ્રકારે આવતો નથી જ. ભગવાનના ચરણના આલિંગનાદિકનો પૂર્વમાં અનુભવ થયો છે તેનું સ્મરણ કરતા રસનો આવેશ આવવાથી એ ચરણ અને સ્મરણ વગેરે છોડવાની ઈચ્છા કરતો નથી ।।૧૯।।

ઉત્તમાધિકારીને એવી પ્રતીતિ થાય છે કે આ વિશ્વ ખરેખર ભગવાન્ છે. મધ્યમ અધિકારીને એવી પ્રતીતિ થાય છે કે આ વિશ્વ ભગવાન્ જેવું છે, ભગવાન્ તો નહિ. અધમ અધિકારીને એમ લાગે છે કે આ વિશ્વ છે અને ભગવાન્ તો એનાથી જાુદા છે. જે ભગવાન્થી વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તે તમે જાણો છો. છતાં યાદ દેવડાવવા પૂરતો સંકેત કર્યો છે ।।૨૦।।

તમે સફળ જ્ઞાનશક્તિવાળા છો, પરમાત્માની કળા છો, અજન્મા છો, જગત્ના કલ્યાણને અર્થે પ્રકટ્યા છો તેથી તમે તમારા સ્વરૂપથી ભગવત્સ્વરૂપ જાણો છો તેથી તમે મહાનુભાવ ભગવાનના ગુણનું વર્ણન કરો ।।૨૧।।

પુરુષની તપશ્ચર્યાનો, શાસ્ત્રશ્રવણનો, સારી રીતે યજ્ઞ કરવાનો અને સારી રીતે વેદાદિના પઠનનો, સારી બુદ્ધિનો, દાનનો આ સર્વનો એક માત્ર ચોક્કસ *અર્થ, શબ્દનો મર્મ જાણનાર કવિ લોકોએ એટલો જ કહ્યો છે કે ઉત્તમશ્લોક પ્રભુના ગુણનું ગાન કરવું, સર્વ સાધનથી ભગવાન્માં પ્રીતિ કરવી, પ્રેમથી એમના ગુણ ગાવા એમાંજ તપ, શ્રવણ વગેરેની સફળતા છે ।।૨૨।।

**વિશેષ** : તપ, વેદાધ્યયન, યજ્ઞ, જ્ઞાન અને દાન થી સકામતાથી પ્રાપ્ત થયેલા અર્થ સ્વલ્પ હોય છે અને એ સર્વનો નિત્ય અર્થ ભગવદ્ભક્તિ છે તેથી ભગવદ્ગુણગાન એ સર્વ સાધનથી શ્રેષ્ઠ છે.

નારદજી પોતાનું ચરિત્ર[1] વર્ણન કરે છે કે હે મુનિ! વ્યાસજી! હું વેદજ્ઞ ઋષિલોકોની દાસીથી જન્મ્યો હતો. જ્યારે ચાતુર્માસમાં એક સ્થળે[2] એઓ રહ્યા ત્યારે એમની સેવામાં હું બાળક છતાં મુકાયો ।।૨૩।।

**વિશેષ :** ૧. મહા નીચ દાસીના પુત્ર ભક્તિથી બ્રહ્માના પુત્ર અને ભગવાનના ભક્તમાં શ્રેષ્ઠ થયા એ સ્વચરિત્રથી જ વ્યાસજીને નારદ બતાવે છે. એમાં ભક્તિનો ક્રમ બતાવ્યો છે. શ્રોતામાં જ ગુણો જોઈએ અને જે દોષો દૂર કરવાના છે તે બધા સ્વદષ્ટાન્તથી કહ્યો છે.

૨. મારી માં જે બ્રાહ્મણને ત્યાં દાસી હતી તેને ત્યાં એ સનકાદિ ચાર માસ રહ્યા. તેમની સેવામાં બ્રાહ્મણોએ મને નિયુક્ત કર્યો, મને સત્સંગ થયો, જે સત્સંગ ભક્તિમાં મુખ્ય સાધન છે.

તદ્દન બાળક છતાં મેં બધી ચપળતા છોડી દીધી હતી. હું ઈન્દ્રિયોનું દમન કરતો, રમકડાંનો સંગ્રહ ન કરતો એમની સેવા કરતો અને થોડામાં થોડું બોલતો. એવા મને જોઈને, જો કે મુનિલોકો સમાનદષ્ટિવાળા હતા તથાપિ એમણે મારા ઉપર અનુગ્રહ કર્યો ।।૨૪।।

બ્રાહ્મણોની આજ્ઞાથી પાતળોમાં રહેલ ઉચ્છિષ્ઠ એક વાર જમવાથી સમસ્ત દોષથી હું મુક્ત થયો. જ્યારે *દોષ ગયા ત્યારે બ્રાહ્મણની સેવા ચાલુ રહેતાં ભગવદ્ધર્મમાં મને રુચિ ઉત્પન્ન થઈ ।।૨૫।।

**વિશેષ :** બધા દોષ દૂર કરી લેવાની મારી પ્રવૃત્તિ જોઈને એ બ્રાહ્મણો મારા ઉપર અનુગ્રહ કરવા લાગ્યા એથી નિર્દોષતા પૂર્વક સેવા એ બીજું સાધન છે.

એ બ્રાહ્મણો હંમેશાં કૃષ્ણની કથાનું ઉત્તમ ગાન કરતા તે એમના અનુગ્રહથી મનને પ્રિય લાગવાથી હું શ્રદ્ધાથી શ્રવણ કરવા લાગ્યો. એનું શ્રદ્ધાથી શ્રવણ કરતાં-કરતાં જેમનો યશ બહુ આનન્દ દાયક છે તેવાં ભગવાન્‌માં મારી રુચિ થઈ ।।૨૬।।

જ્યારે ભગવાન્‌માં પ્રમાણબલને છોડીને મારી સ્વાભાવિક રુચિ થઈ ત્યારે હે મહામુનિ! મારી બુદ્ધિ પણ ભગવાન્‌માં સ્થિર થઈ અને મને એમ થયું કે હું જગત્‌થી પર બ્રહ્મરૂપ છું. મારામાં આ સ્થૂળ શરીર વગેરે સર્વ છે, પરન્તુ એ માયાએ *કલ્પેલાં છે એમ હું જોવા લાગ્યો ।।૨૭।।

**વિશેષ :** બ્રહ્મમાં દેહાદિ જોવું, પણ માયાથી એવું દેખાય છે એમ જોવું તે પ્રથમ અધિકારનું જ્ઞાન છે. એમાં બ્રહ્મ અધિકરણ અને માયા કરણ છે. બ્રહ્મનો અનુભવ પ્રપઞ્ચથી જાુદો થયો અને સ્થૂલ-સૂક્ષ્મનો અનુભવ માયિક થયો.



એ પ્રકારે શરદ્ અને વર્ષા એ બે ઋતુ પર્યન્ત દરેક વખતે હરિનું પવિત્ર યશોગાન મુનિઓ કરતા તે હું શ્રવણ કરતો. એમ કરતાં રજોગુણ અને તમોગુણ ને દૂર કરનારી ભક્તિ મને પ્રાપ્ત થઈ ।।૨૮।।

એ પ્રમાણે સ્નેહ અને વિનય યુક્ત તથા જેનાં પાપ ગયાં છે તેવો શ્રદ્ધાવાળો, ઈન્દ્રિયોનું દમન કરનાર તથા અનુચર તેવો જે હું, દીન બાળક, તેના ઉપર દયા કરનાર અને જવાને તૈયાર થયેલા એ બ્રાહ્મણો સાક્ષાત્ ભગવાને કહેલ ગુહ્ય જ્ઞાન મને કહી ગયા ।।૨૯-૩૦।।

જે જ્ઞાનથી હું હૃદયમાં બિરાજમાન્ વાસુદેવની માયાનો પ્રતાપ જાણવા લાગ્યો કે જે માયા જાણવાથી ભગવાનના ચરણની પ્રાપ્તિ થાય છે ।।૩૧।।

જે કારણી 'ઈશ્વર' એટલે સર્વકરણ સમર્થ બ્રહ્મમાં કર્મનું[1] આરોપણ કરવું એ જ ત્રણ તાપને[2] દૂર કરવાનો ઉપાય છે ।।૩૨।।

**વિશેષ :** ૧. જેમ વિષ પ્રાણનો નાશ કરનાર છે તથાપિ એને સારી રીતે શુદ્ધ કરી અનુપાન સાથે એનો ઉપયોગ કરવામાં આવે તો એ અમૃતનું કાર્ય કરે છે તેમ કર્મ યદ્યપિ સંસારને ઉત્પન્ન કરનાર હોવાથી ત્યાજ્ય છે તથાપિ એને ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરવામાં અથવા ભગવત્સેવામાટે કરવામાં આવે તો એ જ ફળરૂપ થઈ જાય છે.

૨. આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક એ ત્રણ તાપ. અડદ કફ કરનાર હોવાથી કફવાળાને એ આપો તો કફ વધારે છે તથાપિ એને કોઈ યુક્તિથી એ આપવામાં આવે તો કફને એ દૂર કરે છે વધુમાં અન્ય રોગોને પણ એ મટાડે છે; તેમ કર્મને પણ ભગવદર્પણ કરવાથી સંસારને મટાડે છે એટલું જ નહિ પણ ભગવત્કૃપા સમ્પાદક પણ થાય છે.

વ્રતધારીઓમાં શ્રેષ્ઠ હે વ્યાસજી! જેના સેવનથી પ્રાણીને રોગ ઉત્પન્ન થાય છે તે જ વસ્તુની ચિકિત્સા કરીને ઉપયોગ* કરાય તો એ રોગોત્પાદક થતું નથી પરન્તુ રોગને દૂર કરે છે ।।૩૩।।

**વિશેષ :** કર્મવડે આધિભૌતિકાદિ તાપ થાય એ વાત ઠીક છે, પરન્તુ એ સ્વસ્વરૂપમાં હોય તો જ એમ કરી શકે, પરન્તુ એ પ્રભુને અર્પણ કર્યું ત્યારે એ જાતે કર્મ જ રહે નહિ તો એમાં તાપાદિ કરવાનું સામર્થ્ય ક્યાંથી રહે? જેમ અગ્નિમાં તૃણ પડે તો એ સ્વરૂપથી જ નષ્ટ થાય છે તેમ ભગવદર્પિત કર્મનું પણ સમજવું.

એમ મનુષ્યનાં સર્વ કર્મ સંસાર ઉત્પન્ન કરનાર છે; પરન્તુ એ કર્મો ભગવાનને અર્પણ કરો તો તેથી કર્મના સ્વરૂપનો નાશ થઈ જાય; પછી એનાથી સંસાર તો થાય

જ ક્યાંથી? ।।૩૪।।

ભગવાનને પ્રસન્ન કરવામાટે જે કર્મ અહીં કરવામાં આવે છે તેનાથી ભક્તિ અને જ્ઞાન ઉત્પન્ન થાય છે અને કર્મ પોતે જ ક્ષીણ થઈ જાય છે, કારણ કે ભક્તિયોગને કરાવનાર જ્ઞાન એ કર્મને અધીન હોવાથી એને ઉત્પન્ન કરીને સમાપ્ત થાય છે ।।૩૫।।

ભગવાનની શિક્ષાએ કર્મ કરનારા ભક્તો ભગવાનનાં ગુણ અને નામો નો ઉચ્ચાર તથા સ્મરણ કરે છે તેથી એઓને એ કર્મ સંસાર આપનારું થતું નથી ।।૩૬।।

''મોક્ષ આપનાર આપ ભગવાન્ વાસુદેવને નમસ્કાર. આપનું ધ્યાન ધરીએ છીએ. પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ ચતુર્મૂર્તિને નમસ્કાર'' ।।૩૭।।

આ પ્રમાણે જે પુરુષ ચતુર્વ્યૂહરૂપી ભગવાનના સ્વરૂપોનું, નામોદ્ગહે પાંડવ રક્ષક, દ્રૌપદી લજ્જા નિવારક, ગોવર્ધનોદ્ધરણ દ્વારા પ્રાકૃત મૂર્તિરહિત, અપ્રાકૃત મન્ત્રમૂર્તિ (મન્ત્ર જ છે શરીર જેનું, મન્ત્રાર્થરૂપ) ભગવાન્ યજ્ઞપુરુષનું પૂજન કરે છે તેનું જ જ્ઞાન પૂર્ણ અને યથાર્થ છે ।।૩૮।।

આ પ્રકારે પ્રભુની આજ્ઞાનું મેં પાલન કર્યું ત્યારે હે બ્રહ્મન્ (વ્યાસજી)! ભગવાને પોતાનાં જ્ઞાન, ઐશ્વર્ય અને પ્રેમલક્ષણા ભક્તિનું મને દાન કર્યું ।।૩૯।।

**ત્વમપ્યદભ્રશ્રુત વિશ્રુતં વિભોઃ સમાપ્યતે યેન વિદાં બુભુત્સિતમ્ ।।**
**આખ્યાહિ દુઃખૈર્મુહુરર્દિતાત્મનાં સંક્લેશનિર્વાણમુશન્તિ નાન્યથા ।।૪૦।।**

મેં જેમ ભગવાનની આજ્ઞાનું પાલન કર્યું તેમ તમે પણ આજ્ઞાપાલન કરો એવા હેતુથી કહું છું કે હે વિદ્વાન્! તમે પણ જેનાથી વિદ્વાનોને જાણવાનું શેષ ન રહે તેવું ભગવાનનું ચરિત્ર વર્ણવો. એ કર્યા વિના અનેક પ્રકારના ક્લેશોની ઘાણીમાં સતત પીલાતા લોકોના ક્લેશ સારી રીતે જશે નહિ ।।૪૦।।

**ઇતિ શ્રીભાગવત્માં પ્રથમ સ્કન્ધમાં (મધ્યમ પ્રકરણનો બીજો)**
**''ભક્તિ મહિમા'' નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ.**

ફંડ-ફાળામાટે, આજીવિકામાટે દક્ષિણા લઈને કે મૃતકના
ઉદ્ધારાર્થે ભાગવતકથા કરવી, બેસાડવી કે સાંભળવી એ
શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ ઘોર પાપ છે



# અધ્યાય ૬
# નારદજીની ભક્તિનું સ્વરૂપ

**વિશેષ :** મધ્યમાધિકારે જે પદાર્થોનું નિરૂપણ કર્યું અને નારદજીએ શ્રવણ બ્રાહ્મણો પાસે કર્યું તેનું અન્તઃકરણમાં ભગવજ્જ્ઞાન એ ફળ થયું એમ પણ કહેવામાં આવ્યું. આ છઠ્ઠા અધ્યાયમાં નારદજીની કીર્તનભક્તિ પર્યન્તનું વર્ણન કરવામાં આવશે. હૃદયમાં સર્વ જ્ઞાન વગેરે હોય, પરન્તુ જ્યાં સુધી બહારથી ભક્તિ વગેરે ન થાય ત્યાં સુધી કેવળ આન્તર રહેલ તે જ્ઞાન વગેરે કાંઈ પણ ફળ આપતું નથી. તેથી નારદજી નિત્ય કીર્તન કરતા વિચારે છે એ વાતનું આ અધ્યાયમાં વર્ણન આવે છે.

**એવં નિશમ્ય ભગવાન્ દેવર્ષેર્જન્મ-કર્મ ચ ।।**
**ભૂયઃ પપ્રચ્છ તં બ્રહ્મન્ વ્યાસઃ સત્યવતીસુતઃ ।।૧।।**

**સૂતજી કહે છે :** એ પ્રકારે નારદજીનું કથન સાંભળી સત્યવતીના પુત્ર ભગવાન્ વ્યાસજીએ ફરી નારદજીને પ્રશ્ન કર્યો ।।૧।।

**વ્યાસજીએ પૂછ્યું :** નાની વયના તમને જ્ઞાન આપનાર ભિક્ષુઓ ગયા પછી તમે શું કર્યું? ।।૨।।

હે બ્રહ્માજીના પુત્ર! તમે કઈ રીતે આજ પર્યન્ત રહ્યા અને કાળ આવ્યો ત્યારે શરીરનો ત્યાગ કેવી રીતે કર્યો? ।।૩।।

દેવર્ષે! મૃત્યુ થયા પછી પૂર્વ જન્મનું સ્મરણ તમને કેમ રહ્યું? કારણ કે કાળ સર્વને ભક્ષણ કરી જનારો છે તો એણે તમારી પૂર્વ કલ્પની સ્મૃતિમાં વિઘ્ન ન કર્યું? ।।૪।।

**નારદજીએ કહ્યું :** જ્યારે મને જ્ઞાન આપનાર ભિક્ષુ લોકો ત્યાંથી પધાર્યા ત્યારે હું બાળક હતો તે વયમાં મેં આ પ્રકારે કર્યું ।।૫।।

હું મારી માતાનો એકનો એક પુત્ર હતો. એક તો એ સ્ત્રી, બીજું ગમાર અને ત્રીજું એ દાસી હતી. બીજું તો એ કરી શકે એમ હતી જ નહિ. હા, પણ મારામાં એની ખૂબ જ મમતા હતી. મારે પણ એના સિવાય બીજો કોઈ સહારો ન હતો ।।૬।।

એ પોતે સ્વતન્ત્ર ન હોવાથી મારા યોગ-ક્ષેમમાટે પણ અસમર્થ હતી. જેમ કાષ્ઠની પૂતળી એના સંચાલકને વશ હોય છે તેમ સર્વ લોક ઈશ્વરને વશ છે ।।૭।।

મારાં માતાની દૃષ્ટિ પાસે એ બ્રાહ્મણના આશ્રમમાં હું રહ્યો ત્યારે દિશા કે દેશકાળને હું જાણતો ન હતો. કારણ કે મારી વય એ સમયે પાંચ વર્ષની હતી ।।૮।।

એક વખત મારી માં ગાય દોહવા માટે ઘરથી બહાર નીકળી. રસ્તામાં એનો પગ એક સર્પને અડી ગયો. કાળ ભગવાનની પ્રેરણાથી બિચારીને એ સર્પ કરડ્યો જેથી એ મરણ પામી ।।૯।।

ભક્તનું સુખ ઈચ્છતા ભગવાનનો એ મેં મહાન ઉપકાર માન્યો કે મારામાં સ્નેહ રાખતી અને પારકી નોકરડી મારી માતા છૂટી ગઈ. હવે મને કોઈ પ્રતિબન્ધ ન હોવાથી હું ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યો ।।૧૦।।

ધન-ધાન્યની સમૃદ્ધિથી સુન્દર દેશ, શહેર, ગામડાં, વ્રજ, મીઠા વગેરેના અગર, ખેતર, અગ્નિહોત્ર કરનાર ખર્વટ, વન અને ઉપવન, વિચિત્ર ગેરુ વગેરે ધાતુવાળા વિચિત્ર પર્વતો, હાથીએ ભાંગેલી ડાળીઓવાળાં વૃક્ષ, શીતલ જળવાળાં જળાશય, દેવોએ સેવેલી અને વિચિત્ર કલરવયુક્ત પક્ષીઓવાળા વિશેષ ભ્રમતા ભમરાઓની શોભા છે જેમાં તેવી કમળ-તળાવડીઓ જોતો-જોતો હું આગળ વધ્યો. હું એકલો જ હતો. આગળ વધ્યો ત્યાં મેં નેતર, વાંસ, બરૂ અને પોલા વાંસથી ઘણું જ ગાઢ એવું વન જોયું. સર્પો, ઘુવડો અને શિયાળોનું તો એ ઘર જ હતું. ભયને પણ ભય પમાડે એવું તો એ ખતરનાક અને લાંબુ-ચોડું હતું ।।૧૧-૧૩।।

ત્યારે હું ખૂબ થાકી ગયો હતો, ક્ષુધા-તૃષાની બાધાથી પીડાતો હતો. એક જળાશયમાં મેં સ્નાન, જલપાન અને આચમન કર્યા એથી મારો થાક મટી ગયો. પછી એ નિર્જન વનમાં એકલો હું પીપળાના વૃક્ષના થડમાં બેઠો. મેં જે પ્રકારે બ્રાહ્મણો પાસેથી ભગવાનનું સ્વરૂપ શ્રવણ કર્યું હતું તેનું ચિન્તન મારા મનથી કરવા લાગ્યો ।।૧૪-૧૫।।

પ્રથમ ચરણારવિન્દનું ધ્યાન કરતાં જ ચિત્ત ભાવવિવશ થયું, ઉત્કંઠા વધવા લાગી, નેત્રમાં આંસુ ઉભરાઈ આવ્યાં અને ધીમે-ધીમે મારા હૃદયમાં મને હરિનાં દર્શન થયાં ।।૧૬।।

ત્યારે પ્રેમથી પુલકિત થયો, અત્યન્ત આનન્દમય થયો અને ગંગાના પ્રવાહમાંથી પાત્ર ભર્યું હોય તેને ગંગામાં પાછું ઠાલવીએ ત્યારે એ ગંગારૂપ થાય છે તેમ હું મારો પોતાનો આનન્દ ભગવદાનન્દમાં મળવાથી અભેદે ભગવાન્ થયો ત્યારે હે મુનિ! હું અને આ ભગવાન્ એ ભેદ મારામાંથી દૂર થયો ।।૧૭।।



જ્યારે ભગવદિચ્છાથી પોતે તિરોહિત થયા ત્યારે માનસી મૂર્તિ પણ તિરોહિત થતાં મારા જોવામાં કાંઈ પણ ન આવ્યું ત્યારે મારા મનમાં અત્યન્ત દુઃખ થયું અને હું તરત જ ત્યાંથી ઉભો થયો ।।૧૮।।

જે મેં જોયું હતું તેના ફરી દર્શન કરવામાટે મનમાં સમાધિ કરી તેમાં પણ દર્શન ન થયાં ત્યારે—તાવવાળા રોગીને રુચિ ઉત્પન્ન કરવા થોડી દ્રાક્ષ આપવામાં આવે પણ જો તે રોગી વધારે દ્રાક્ષ માગે તો ન આપવામાં આવે કારણ કે તાવવાળાને માટે ઝાઝી દ્રાક્ષ પથ્યરૂપ નથી —હું પણ અતૃપ્તની માફક આતુર થયો. ભગવદ્દર્શનને માટે પ્રયત્ન કરવા છતાં મને દર્શન થયાં નહિ ।।૧૯।।

એમ એ એકાન્ત અરણ્યમાં યત્ન કરતા અને ગમ્ભીર અને મધુર વાણીવડે મારા શોકને દૂર કરતા હોય તેમ અગોચર ભગવાને મને કહ્યું કે આ જન્મમાં તું મારા પ્રત્યક્ષ દર્શનનો અધિકારી નથી, કારણ કે જેના હૃદયના દોષ પક્વ થયા નથી તેવા કુયોગીઓને મારું દર્શન ખૂબ-ખૂબ દૂર છે ।।૨૦-૨૧।।

એક વખત મારું દર્શન થયું તે તને મારામાં કામના થવા માટે છે. હે નિષ્પાપ! મારામાં કામનાવાળા સત્પુરુષો હૃદયના રાગાદિ સર્વ દોષોને છોડી દે છે ।।૨૨।।

તને તો સત્પુરુષની સેવા થોડા દિવસ પણ કરવાથી મારામાં દૃઢ બુદ્ધિ થઈ છે તેથી રાગ વગેરે દોષથી દુષ્ટ આ લોકને છોડીને તું સ્વલ્પ સમયમાં મારો સેવક થઈશ ।।૨૩।।

મને પ્રાપ્ત કરવાનો તારો દૃઢ નિશ્ચય છે તે ક્યારેય કોઈ પણ પ્રકારથી ડગશે નહિ. ત્યાં સુધી કે પ્રજાની સૃષ્ટિ અને પ્રલય સમયે પણ આ શરીરની યાદ તાજી જ રહેશે ।।૨૪।।

પરમેશ્વરનું તે પરમ તેજોમય સ્વરૂપ આટલું કહીને અટકી ગયું. તેનું અનુમાન કરાવે એવું ચિહ્ન આકાશરૂપ પ્રથમ કાર્ય છે. પોતે તો અલિંગ છે. એટલે કે અનુમાનથી જાણી શકાય એવું એનું સ્વરૂપ નથી. એ અદ્ભુત છે, વેદની ઉત્પત્તિનું મૂલ છે. પ્રમાણતાને અર્થે મહત્ થયું છે. એ મહત્ સ્વરૂપનો કૃપાપાત્ર થઈ, મહાન્માં મહાન્ એવા ભગવાનને મેં સાષ્ટાંગ પ્રણામ કર્યા. જીવથી પ્રભુને પ્રણામ કરવા સિવાય બીજું બને પણ શું? ।।૨૫।।

એ પછી તો હું શરમ-સંકોચ છોડીને ભગવાન્ અનન્ત હોવાથી એમના અનન્ત નામનો પાઠ કરવા લાગ્યો. ભગવાનના રહસ્યમય અને મંગલમય ચરિત્રનું સ્મરણ

કરતો, મનમાં સન્તોષ રાખીને સર્વ સ્પૃહા અને મત્સર છોડીને મૃત્યુની રાહ જોતો પૃથ્વી ઉપર ફરવા લાગ્યો ।।૨૬।।

આ રીતે પર્યટન કરવાથી કૃષ્ણમાં મતિ થાય છે. કૃષ્ણમાં મતિ થાય એટલે વિષયોમાંથી આસક્તિ દૂર થાય છે. હે બ્રહ્મન્! તેથી મારું અન્તઃકરણ શુદ્ધ થયું, રાગદ્વેષ દૂર થતાં, સુદામ પર્વત ઉપરની વીજળીના માફક મારો કાલ પ્રકટ થયો ।।૨૭।।

દેહ વિયોગનો કલેશ તો મને જણાયો જ નહિ. શુદ્ધ સત્ત્વનો બનેલો ભગવત્સમ્બન્ધી દેહ મારે માટે તૈયાર જ હતો. આ પાંચ ભૌતિક દેહના કારણરૂપ કર્મો પૂરાં થતાં આ દેહ પડી ગયો ।।૨૮।।

કલ્પ-બ્રહ્માજીનો દિવસ પૂરો થાય ત્યારે આ જગત્‌ને સમેટી લઈ શ્રીનારાયણ ભગવાન્ સમુદ્રના જલમાં શયન કરે છે. એ વખતે એમના હૃદયમાં શયન કરવાની ઈચ્છાથી આ સમગ્ર સૃષ્ટિને સમેટી બ્રહ્માજી જ્યારે પ્રવેશ કરવા લાગ્યા ત્યારે એમના શ્વાસની સાથે મેં પણ એમના હૃદયમાં પ્રવેશ કરી દીધો ।।૨૯।।

એક હજાર ચતુર્યુગ પસાર થયા ત્યારે બ્રહ્માજી જાગ્યા અને તેમણે સૃષ્ટિ રચવાની ઈચ્છા કરી ત્યારે એમની ઈન્દ્રિયોમાંથી મરીચિ વગેરે ઋષિઓની સાથે હું પણ પ્રકટ થયો. હું ભક્ત હોવાથી બ્રહ્માજીએ મને ખોળામાં લીધો તેથી ''ઉત્સંગાત્ નારદો જજ્ઞે'' ખોળામાંથી નારદજી પ્રકટ થયા એમ કહ્યું છે ।।૩૦।।

અન્દરના અને બહારના લોકમાં હું ફરું એમાં ભગવદ્દર્શનરૂપ મારું વ્રત ખંડિત થતું નથી. વળી મહાવિષ્ણુના અનુગ્રહથી મારી ગતિનો ક્યારે પણ પ્રતિબન્ધ થતો નથી ।।૩૧।।

દેવોએ આપેલી નાદબ્રહ્મથી શોભતી વીણાનો નાદ ઝંકાર કરતો ભગવત્ કથાનું ગાન કરતો હું ફર્યા કરું છું. પ્રથમ જે મહાન શ્રમ કર્યો તે હવે સરળ થઈ ગયો ।।૩૨।।

કેમકે હું ભગવાનનાં વીર્યો (મહાકર્મો) નું ઉચ્ચ સ્વરે ગાન કરું છું ત્યારે જેના ચરણમાં સર્વ તીર્થ છે અથવા તીર્થરૂપ જેનાં ચરણ છે એવા અને સ્વયશ જેને પ્રિય છે તેવા ભગવાન્ જાણે કે મેં બોલાવ્યા હોય તેમ તુરત પધારીને મને હૃદયમાં દર્શન આપે છે ।।૩૩।।

વિષયસ્પર્શના સુખાર્થે વારંવાર દુઃખી થતા જીવોને સંસારરૂપ સમુદ્ર તરવામાટે ભગવાનના ચરિત્રનું વર્ણન એક નૌકારૂપ હોવાનું અનુભવેલું છે ।।૩૪।।



કામ અને લોભ થી ઘાયલ અન્તઃકરણ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ કરવાથી પણ એટલું શાન્ત નથી થતું જેટલું ભગવત્સેવાથી સાક્ષાત્ શાન્ત થાય છે. તેથી સેવા કરવી એ મુખ્ય કર્તવ્ય છે ।।૩૫।।

નારદજી વ્યાસજીને કહે છે કે હે નિષ્પાપ! તમે જે મને પૂછ્યું તે સર્વ તમને મારા જન્મનું અને મારા કર્તવ્ય કર્મનું રહસ્ય મેં કહ્યું તેથી તમારા ચિત્તમાં અસન્તોષ છે તે દૂર થશે અને સન્તોષ થશે ।।૩૬।।

**સૂત બોલ્યા :** આ પ્રમાણે વાસવીસુત વ્યાસ ભગવાનને કહીને નારદમુનિ એમની રજા લઈને જ્યાં ઈચ્છા હોય ત્યાં જનારા એ મુનિ વીણા વગાડતા-વગાડતા પધાર્યા ।।૩૭।।

**અહો દેવર્ષિર્ધન્યોઽયં યત્ કીર્તિં શાર્ંગધન્વનઃ ।।**
**ગાયન્માદ્યન્ ગિરાતન્ત્ર્યા રમયત્યાતુરં જગત્ ।।૩૮।।**

અહો! દેવર્ષિ ધન્ય છે કે જે શાંર્ગધન્વા ભગવાનની કીર્તિનું વીણા ઉપર ગાન કરી પોતે તો આનન્દમગ્ન થાય જ છે, સાથે-સાથે ત્રિતાપથી તપેલ આ જગત્‌ને પણ આનન્દિત કરતા રહે છે ।।૩૮।।

**ઈતિ શ્રીભાગવત પ્રથમસ્કન્ધમાં (મધ્યમપ્રકરણનો ત્રીજો)**
**''નારદજીની ભક્તિનું સ્વરૂપ'' નામનો**
**છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો* મધ્યમ પ્રકરણ સમ્પૂર્ણ થયું**

**વિશેષ :** આ મધ્ય પ્રકરણમાં નારદજી વક્તા અને વ્યાસજી શ્રોતા છે. તેમાં નારદજીને વૈરાગ્ય નથી તેમ વ્યાસજીને સાધનબલ વિશેષ છે તેથી એકનિષ્ઠતા ન હોવાથી મધ્યમતા છે. ઉત્તમમાં જાુદી જ વાત કહેવામાં આવશે. આમાં ભગવત્કૃપા, ભગવદીયત્વ અને ભગવદ્ અનુભવ એ ત્રણ અધ્યાયના અર્થરૂપ છે. એ ત્રણ ગુણ શ્રોતા-વક્તા બેઉમાં જોઈએ. તેમાં નારદજી સ્વદષ્ટાન્તથી સત્સંગથી ભગવત્કૃપાનું વર્ણન કરે છે અને વ્યાસજીને પણ નારદજીનો સમાગમ ભગવત્કૃપાથી જ થયો છે. ભગવદીયત્વ નારદજીમાં છે એવું વ્યાસજીમાં ન હતું તે નારદજીના કથનથી પ્રાપ્ત થયું. ભગવદ્ અનુભવ નારદજીએ વર્ણવ્યો છે તેમ વ્યાસજીને સમાધિમાં થયો છે. આ સર્વ વિષય આ ત્રણ અધ્યાયમાં સ્પષ્ટ સમજાવ્યો છે.

## તૃતીય ઉત્તમાધિકાર પ્રકરણ

# અધ્યાય ૭

# અશ્વત્થામાના બાણથી રક્ષા

**વિશેષ :** સપ્તમ અધ્યાયથી તે છેલ્લે ઓગણીસમા પર્યન્તના ૧૩ અધ્યાયમાં ઉત્તમ પ્રકરણ છે. તેમાં વૈરાગ્ય પ્રધાન છે. ભગવાન્‌માં એકતાનતા એ જ વૈરાગ્યની દૃઢતા કહેવાય. ભગવાન્ પુરુષોત્તમ છે. તે પુરુષથી અધિક હોવાથી પુરુષોત્તમ હોવાથી ૧૩ અધ્યાયથી ઉત્તમ પ્રકરણ કહ્યું છે. આ ૧૩ અધ્યાયનો ભાવ-સાતમામાં અશ્વત્થામાના બાણથી રક્ષા, આઠમામાં ગર્ભરક્ષા અને કુન્તાજીની સ્તુતિ, નવમામાં ભીષ્મનો યુધિષ્ઠિરને ધર્મોપદેશ તથા ભીષ્મે કરેલી ભગવાનની સ્તુતિ, દસમામાં યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક તથા ભગવાનનું દ્વારકા પ્રતિ પ્રયાણ, અગિયારમામાં સમ્બન્ધીઓનો સમાગમ, બારમામાં પરીક્ષિતના જન્મનું વર્ણન, તેરમામાં વિદુરજીનું હસ્તિનાપુર પધારવું, ધૃતરાષ્ટ્રનું ગાન્ધારીને લઈને ઉત્તર દિશામાં ગમન, ચૌદમામાં દ્વારકાથી અર્જુનનું આગમન પન્દરમામાં યાદવોના ક્ષયની વાત રાજાને કહીને પાંડવો પરીક્ષિતને રાજ્ય આપીને ઉત્તર દિશામાં ગયા એનું વર્ણન, સોળમામાં પરીક્ષિતનો દિગ્વિજય, પૃથ્વી ધર્મ અને કલિ નો સમાગમ, સત્તરમામાં ધર્મની રક્ષા અને કલિને સ્થાન આપવાની વાત, અઢારમામાં પરીક્ષિતને બ્રાહ્મણનો શાપ અને ઓગણીસમામાં પરીક્ષિતનો પ્રાયોપવેશ તથા મુનિઓ તથા શુકદેવજી નો સમાગમ.

આ ઉત્તમાધિકારનું પ્રકરણ છે તેમાં અધિકારી અને વૈરાગ્યવાન્ છે એ એની ઉત્તમતા છે. હેતુ ભગવાન્ છે, ભગવાને પરીક્ષિતની રક્ષા ક્લેશ સહીને પણ કરી છે. ભગવાન્ ષડ્‌ધર્મયુક્ત ધર્મી છે, સર્વોત્તમ, સર્વમૃગ્ય, મુક્તિદાતા, જ્ઞાનપ્રદ, સર્વક્લેશનિવૃત્તિપૂર્વક ભક્તિ દેનાર અને ભક્તમનોરથપૂરક ષડ્‌ધર્મ વિશિષ્ટ ધર્મી છે તે શ્રમ કરીને જેનું પાલન કરે તે શ્રીભાગવતના શ્રવણમાં મુખ્ય અધિકારી. તેથી ચાલુ સાતમા અધ્યાયમાં શ્રીભાગવતની ઉત્પત્તિ એની પ્રવૃત્તિ તથા ભક્તમનોરથ પૂર્તિ એ ત્રણ વસ્તુનું નિરૂપણ થાય છે.

**નિર્ગતે નારદે સૂત! ભગવાન્ બાદરાયણઃ ।।**
**શ્રુત્વા તુ તદભિપ્રેતં તતઃ કિમકરોદ્ વિભુઃ ।।૧।।**

**શૌનકે પૂછ્યું :** હે સૂતજી! નારદજી એ પ્રકારે કહીને ગયા પછી ભગવાન્ સમર્થ બાદરાયણ વ્યાસજીએ પોતાનું ગમતું શ્રવણ કરીને શું કર્યું? ।।૧।।

**સૂતજી બોલ્યા :** બ્રહ્મા જેના દેવતા છે તેવી સરસ્વતી નદીના પશ્ચિમ તટ



ઉપર ઋષિઓના સત્રને વધારનાર ‘શમ્યાપ્રાસ’ નામનો એક આશ્રમ પ્રસિદ્ધ છે ।।૨।।

બોરના વનોથી શોભતા એ પોતાના આશ્રમમાં બેસીને આચમન કરીને વ્યાસજીએ ભગવાનની જેવી ઈચ્છા હશે તે પ્રમાણે પ્રેરણા કરશે એમ વિચારી મનને સ્થિર કર્યું ।।૩।।

એમાં નારદજીએ કહેલા યોગથી સમાધિ કરતા ભગવાનનાં અને એની આશ્રિત માયાનાં દર્શન કર્યાં ।।૪।।

આ માયાથી જ મોહિત થયેલો આ જીવ પોતે ત્રણેય ગુણોથી અતીત હોવા છતાં પોતાને ત્રિગુણાત્મક જડ જેવો માનીને માયાએ કરેલા જન્મ-મરણરૂપ અનર્થને પ્રાપ્ત કરે છે ।।૫।।

એ દર્શન કર્યા પછી એ જ સમાધિમાં અનર્થને દૂર કરનાર ઈન્દ્રિયોથી અગોચર ભગવાન્‌માં સાક્ષાદ્ ભક્તિયોગને જોયો. એ સર્વ જાણીને લોકો એ વાતથી અજાણ્યા હોઈ એને જણાવવા શ્રીભાગવત સંહિતા રચી ।।૬।।

જે સંહિતાનું શ્રવણ થતાં પુરુષને પરમ પુરુષ કૃષ્ણને વિશે ભક્તિ ઉત્પન્ન થાય છે. એ ભક્તિ શોક, મોહ અને ભય ને દૂર કરે છે ।।૭।।

એ શ્રીભાગવતસંહિતા રચીને એને પૂર્વાપર અનુક્રમ આપી નિવૃત્તિને શ્રેષ્ઠ માનનારા સ્વપુત્ર શુકદેવજીને મહામુનિ વ્યાસજીએ એ સંહિતા ભણાવી ।।૮।।

**શૌનક બોલ્યા :** શ્રીશુકદેવજી તો પ્રવૃત્તિના ભયથી જનોઈ વગેરે સંસ્કારની પણ ઉપેક્ષા કરીને આત્મામાં રમણ કરે છે, તે મુનિ આ વિશાળ ગ્રન્થ ભાવ સહિત અર્થના જ્ઞાનપૂર્વક શા માટે ભણ્યા? ।।૯।।

**સૂતજીએ કહ્યું :** આત્મામાં રમનાર, મનન કરનાર અને અહન્તા-મમતાની ગ્રન્થિ રહિત તેવા ભક્તો પણ ઉરુક્રમ ભગવાનની અલૌકિક નિષ્કામ ભક્તિ કરતા રહે છે. કારણ કે હરિ છે જ એવા ગુણવાળા કે જે ગુણો પ્રવૃત્તિ અને નિવૃત્તિ સ્વભાવવાળા સર્વને આનન્દ આપી પોતાની તરફ ખેંચી લે છે ।।૧૦।।

ભગવાનના ગુણોએ જેની બુદ્ધિનું આકર્ષણ કર્યું છે તેવા બાદરાયણના પુત્ર અને ભગવદ્‌ભક્તને પ્રિય તેવા શ્રીશુકદેવજી આ મોટું આખ્યાન ભણ્યા ।।૧૧।।

પરીક્ષિતરાજાનાં જન્મ, કર્મ અને અવસાન તેમજ પાંડવોના દેહત્યાગની વાત, જેમાંથી ભગવાનની કથાનો ઉદય થાય છે તે બધી કથા, હું તમને કહીશ ।।૧૨।।

જ્યારે સંગ્રામમાં કૌરવ અને પાંડવ ના યોદ્ધાઓ વીરગતિને (સન્મુખ લડતા મરે તેની મુક્તિ થાય છે તેવી મુક્તિને) પામ્યા અને ભીમસેનની ગદાથી દુર્યોધનની સાથળ ભાંગી ગઈ ત્યારે અશ્વત્થામા પોતાના આશ્રયરૂપ દુર્યોધનનું પ્રિય કરવામાટે સૂતેલા દ્રૌપદીના પાંચ બાળકોનાં મસ્તક કાપી તે મસ્તકો દુર્યોધનને બતાવવા લઈ ગયો. પરન્તુ સૂતેલા પુત્રોનો શિરચ્છેદ દુર્યોધનને પણ ગમ્યો નહિ. કારણ કે આવા નીચ કાર્યની બધા જ નિન્દા કરે છે ।।૧૩-૧૪।।

તે બાળકોની માતા દ્રૌપદી પોતાના પુત્રોના મૃત્યુના સમાચાર સાંભળીને અત્યન્ત દુઃખી થઈ. નેત્રમાં આંસુ છલકાયાં અને તે રોવા લાગી. તેને શાન્ત કરતાં અર્જુને કહ્યું ।।૧૫।।

હે કલ્યાણી! આતતાયી અને બ્રાહ્મણમાં અધમ એવા અશ્વત્થામાનું મસ્તક ગાંડીવ ધનુષથી છૂટેલાં બાણોવડે ઉડાવી લાવી તને હું ભેટ કરીશ. પુત્રોના અગ્નિસંસ્કાર થયા પછી અશ્વત્થામાના મસ્તક ઉપર પગ મૂકી તું સ્નાન કરીશ ત્યારે હું તારાં શોકનાં આંસુ લૂછી તારો શોક મૂકાવીશ ।।૧૬।।

એવાં સુન્દર અને કાંઈક બડાઈવાળાં વાક્યવડે દ્રૌપદીને શાન્ત કરીને ભગવાન્ જેના મિત્ર તથા સારથી છે તેવો અર્જુન બખ્તર ધારણ કરી મોટું ધનુષ લઈ રથમાં સવાર થઈ ગુરુપુત્રની પાછળ પડ્યો ।।૧૭।।

પાછળ આવતા અર્જુનને બાળકોને મારનાર અશ્વત્થામા દૂરથી રથમાં આવતો જોઈ ઉદ્વિગ્ન ચિત્તથી પોતાના પ્રાણ બચાવવા ખાતર રુદ્રના ભયથી સૂર્યની* જેમ પૃથ્વી ઉપર દોડ્યો ।।૧૮।।

**વિશેષ :** સૂર્યે વિદ્યુન્માલી નામના રાક્ષસને મારી નાખ્યો. વિદ્યુન્માલી શિવજીનો ભક્ત હતો. સૂર્યે પોતાના ભક્તને પરાસ્ત કર્યો તે જાણી ક્રોધથી ત્રિશૂલ લઈને સૂર્યને મારવામાટે રુદ્ર એની સામે થયા ત્યારે સૂર્ય દોડ્યા અને કાશીમાં પડ્યા. તે ત્યાં 'લોલાર્ક' નામે પ્રસિદ્ધ છે. એમ અશ્વત્થામા પણ પૃથ્વી ઉપર જ જ્યાં સુધી જઈ શકાય ત્યાં સુધી નાઠો.

જ્યારે કોઈ રક્ષા કરનાર બીજો નથી અને રથના ઘોડા પણ થાકી ગયા છે એમ અશ્વત્થામાએ જોયું ત્યારે બ્રાહ્મણપુત્ર અશ્વત્થામાએ કેવળ બ્રહ્માસ્ત્ર જ આત્મરક્ષણ માટે છેલ્લો ઉપાય છે એમ નિશ્ચય કર્યો ।।૧૯।।

પ્રાણ સંકટ આવતાં પલાયન છોડી, આચમન કરી જેના ઉપસંહારને પોતે જાણતો નથી તો પણ દેવતા સાન્નિધ્યમાટે ધ્યાન કરી એ બ્રહ્માસ્ત્ર અર્જુન તરફ



સાંધ્યું ।।૨૦।।

બાણ છૂટતાં સર્વ દિશાઓમાં પ્રચંડ તેજ દેખાયું ત્યારે એ આપત્તિ પ્રાણને બાધા કરનારી જાણી અર્જુન ભગવાનને કહેવા લાગ્યો ।।૨૧।।

**અર્જુને કહ્યું :** હે કૃષ્ણ! કૃષ્ણ! આપની ક્રિયાશક્તિ અનન્ત છે. બીજાઓને તો ભય ઉપસ્થિત થયા પછી તેમનું આપ પાલન કરો છો પણ ભક્તોની પાસે તો ભયને ફરકવા પણ દેતા નથી, તેમને ભયમુક્ત જ રાખો છો. આપથી બર્હિમુખ લોકો બળતા જ રહે છે. મોટામાં મોટી આગ છે જન્મ-મરણની. એ સંસારની આગમાંથી ઉગારનાર જો કોઈ હોય તો તે આપ જ છો ।।૨૨।।

તમે આદ્યપુરુષ છો, સાક્ષાત્ ઈશ્વર છો, પ્રકૃતિથી પર છો. આપની ચિત્ શક્તિથી માયાને દૂર કરી કેવળ આત્મામાં સ્થિતિ કરો છો ।।૨૩।।

તે જ આપ, માયાવડે જેનાં ચિત્ત મોહ પામ્યાં છે તેવા, આ જીવલોકનાં ધર્મ વગેરે રૂપ કલ્યાણ સ્વપરાક્રમવડે આપ કરી આપો છો ।।૨૪।।

તેમજ આપનો અવતાર પૃથ્વીનો ભાર ઓછો કરવાની ઈચ્છાથી અને પોતાના અનન્ય ભાવવાળા ભક્તો આપનું નિરન્તર સ્મરણ અને ધ્યાન કરી શકે તે માટે છે ।।૨૫।।

હે દેવોનાં કાર્ય સિદ્ધ કરનાર! આ પરમ દારુણ તેજ ક્યાંથી ચોતરફ આવે છે? એ શું છે? એ હું કાંઈ જાણતો નથી ।।૨૬।।

**શ્રીભગવાને કહ્યું :** તું જાણે છે કે દ્રોણના પુત્ર અશ્વત્થામાનું આ બ્રહ્માસ્ત્ર છે. પણ એ આ બ્રહ્માસ્ત્રને પાછું ખેંચી લેવાની કળા જાણતો નથી. છતાં પ્રાણબાધક સંકટ પડ્યું જોઈ એણે બ્રહ્માસ્ત્ર છોડી મૂક્યું છે ।।૨૭।।

આ બ્રહ્માસ્ત્રનું નિવારણ કરનાર બીજું કોઈ અસ્ત્ર નથી. તું અસ્ત્ર વિદ્યાનો જાણનાર હોવાથી બ્રહ્માસ્ત્રવડે વધેલા આ બ્રહ્માસ્ત્રને શાન્ત કર ।।૨૮।।

**સૂતજી બોલ્યા :** શત્રુના વીરોને મારવા સમર્થ અર્જુને ભગવાનનું કથન શ્રવણ કરી, આચમન અને પ્રભુની પરિક્રમા કરી, બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. જ્યારે બન્ને અસ્ત્રો અથડાયાં ત્યારે પૃથ્વી, સ્વર્ગ અને આકાશ માં એઓનું તેજ ફેલાવવાથી પ્રલય સમયે સંકર્ષણના મુખમાંથી અગ્નિ નીકળે છે તેમ એ બન્ને તેજ વધ્યાં ।।૨૯-૩૦।।

અને ત્રણ લોકને બાળવા લાગ્યાં. એનાથી પીડા પામતી પ્રજા ''આ પ્રલયની

સાંવર્તક અગ્નિ છે'' એમ કહેવા લાગી ।।૩૧।।

પ્રજાનો નાશ અને લોકની છિન્ન-ભિન્નતા જોઈ, વાસુદેવનો વિચાર પણ જાણીને અર્જુને બન્ને તેજને શાન્ત કર્યાં ।।૩૨।।

પછી તુરત ક્રૂર અશ્વત્થામાને પકડી, લાલ નેત્રવાળા અર્જુને જેમ પશુને દોરડાંથી બાંધે તેમ એને બાંધ્યો ।।૩૩।।

શત્રુને દોરડાંથી બાંધી સેનાના પડાવ તરફ જબરજસ્તીથી લઈ જવાની ઈચ્છાવાળા અર્જુનને કમળનેત્ર ભગવાને કોપ કરી કહ્યું ।।૩૪।।

**ભગવાને કહ્યું** : હે પૃથાના પુત્ર! આ બ્રાહ્મણોમાં અધમનું રક્ષણ કરવું યોગ્ય નથી. એને તો મારી જ નાખ. કેમકે એણે રાતમાં સૂતેલા નિરપરાધી બાળકોને માર્યા છે ।।૩૫।।

મદિરા પીધેલો, ભૂતના આવેશવાળો, સૂતેલાં બાળક, સ્ત્રી, જડ, શરણે આવેલો, રથ વગરનો અને ભયવાળો શત્રુ હોય તેને ધર્મને જાણનાર મારતો નથી ।।૩૬।।

પોતાના પ્રાણને બીજાનો પ્રાણ લઈને પોષે છે તેવાને મારવો એ એનું ભલું કરવા જેવું છે, કારણ કે બીજાના પ્રાણથી પોતાનું પોષણ કરનાર માણસ એ દોષથી જ અધમ નરકાદિમાં જાય છે. માટે એવાને મારવો એ ધર્મરૂપ છે. જેને મારવાનો છે તે પણ પાપ કરતો બચે એમાં એનું પણ કલ્યાણ છે ।।૩૭।।

તમે વળી દ્રૌપદીને મારા સાંભળતાં કહ્યું છે કે હે માનિની! તારા પુત્રના મારનારનું મસ્તક તારી પાસે ઉતારી લાવીશ ।।૩૮।।

તેથી તમારા પુત્રોને મારનાર આતતાયી આ અશ્વત્થામાએ પોતાના સ્વામીને પણ દુઃખ પહોંચાડ્યું છે તેથી કુલકલંકરૂપ આ પાપીને મારી જ નાખો ।।૩૯।।

**સૂતજી બોલ્યા** : એ પ્રમાણે ધર્મની પરીક્ષા કરતા કૃષ્ણે અર્જુનને પ્રેરણા કરી તો પણ, અશ્વત્થામા પોતાના ગુરુનો પુત્ર હોવાથી, પોતાના પુત્રોનો હત્યારો હોવા છતાં, એને ન માર્યો ।।૪૦।।

અને પોતાના મુકામ ઉપર આવી ગોવિન્દ જેના પ્રિય સારથિ છે તેવા અર્જુને, મરેલા પુત્રોનો શોક કરતા સ્વપ્રિયા દ્રૌપદીની પાસે સ્વશત્રુને ઊભો રાખ્યો અને ''આ તમારા પુત્રને મારનાર'' એમ બોલ્યો ।।૪૧।।

પછી એ પ્રમાણે સામે ઊભા કરેલા પશુની પેઠે દોરડાંથી બાંધેલા, નિન્દિતકર્મ કરવાથી નીચે મુખ રાખી ઉભેલા, ગુરુપુત્ર અશ્વત્થામાને જોઈને દ્રૌપદીએ, સારા



સ્વભાવવાળી હોવાથી ગુરુપુત્રનું અપમાન થયું છે એમ જાણી એની ઉપર દયા કરીને એને નમસ્કાર કર્યા ।।૪૨।।

આ અશ્વત્થામાને બાંધીને પોતાની પાસે અર્જુન લાવ્યો એ સતી (દ્રૌપદી) જોઈ શકયાં નહિ અને સતી કહેવા લાગ્યાં કે આ બ્રાહ્મણ છે અને એ તો અત્યન્ત ગુરુ છે માટે આને છોડી દો, છોડી દો ।।૪૩।।

કેમકે રહસ્ય સહિત ધનુર્વેદ તમે જેની પાસે ભણ્યા છો કે જેમાં અસ્ત્રો ફેંકવાના અને પાછાં ખેંચી લેવાના પ્રકાર આવી જાય છે. તથા બધી જાતના અસ્ત્રો તમે જેના અનુગ્રહથી શીખ્યા છો ।।૪૪।।

તે જ ભગવાન્ દ્રોણાચાર્ય પુત્રરૂપે આ છે. એ દ્રોણના આત્માના અર્ધભાગરૂપ કૃપી જે કૃપાની અધિષ્ઠાત્રી દેવતા છે અને જે વીરપુત્રને જન્મ આપ્યાથી 'વીરસૂ' કહેવાય છે તે આનાથી પુત્રવતી હોવાથી દ્રોણાચાર્યની પાછળ બળી મૂઆં નથી ।।૪૫।।

તેથી હે ધર્મના જ્ઞાતા! મહાભાગ! આપે નમસ્કાર કરવા યોગ્ય અને વારંવાર પૂજ્ય અને ગૌરવવિશિષ્ટ આપના ગુરુકુળને કષ્ટ આપવું આપને યોગ્ય નથી ।।૪૬।।

જેમ મારા પુત્રો મારવાથી હું આંખોમાં આંસુ લાવી રડું છું તેમ પતિને દેવ માનનારી આ અશ્વત્થામાની માતા ગૌતમીને પુત્રવધથી રડતી જોવાને હું ઈચ્છતી નથી ।।૪૭।।

ઈન્દ્રિયોને નહિ જીતનારા જે રાજાઓ બ્રાહ્મણના કુળને કોપવાળું કરે છે તે કુળ આખું બ્રાહ્મણના કોપથી શોકયુક્ત થઈ સમગ્ર નાશ પામે છે ।।૪૮।।

**સૂતે કહ્યું** : દ્રૌપદીની વાત ધર્મયુક્ત, ન્યાયી અને દયાયુક્ત હતી. સત્ય અને સમતા પણ તેમાં હતાં. તેથી હે બ્રાહ્મણો! રાજા યુધિષ્ઠિરે દ્રૌપદીનાં આ શ્રેષ્ઠ વચનોને આવકાર્યા ।।૪૯।।

એ જ પ્રમાણે નકુલ, સહદેવ, સાત્યકિ, અર્જુન તથા ભગવાન્ શ્રીકૃષ્ણ તથા એ સ્થાને મળેલાં સ્ત્રી-પુરુષોએ એ જ પ્રમાણે દ્રૌપદીના વાક્યનું સમર્થન કર્યું ।।૫૦।।

જ્યારે બીજા બધા એકમત થયા ત્યારે શત્રુને ભયંકર ભીમસેન ક્રોધયુક્ત થઈને કહેવા લાગ્યો કે આ અશ્વત્થામા આપણા પુત્રોને મારી પોતાનું કે એના સ્વામીનું કાંઈ ભલું કરી શક્યો નથી પણ બાળકોનો નકામો વધ કર્યો છે તેથી એને વધની શિક્ષા કરવી એ જ ઉત્તમ છે ।।૫૧।।

ભીમનું આમ કહેવું થયું અને દ્રૌપદીનું તેથી જુદું જ બોલવું થયું ત્યારે ચતુર્ભુજ ભગવાન્ અર્જુનના મુખ તરફ જોઈ હસતા-હસતા આ પ્રમાણે બોલ્યા ।।૫૨।।

''પતિત બ્રાહ્મણને પણ ન મારવો જોઈએ'' તેમજ ''આતતાયી* બ્રાહ્મણ, ગુરુ કે ગમે તે હોય એને મારવો જોઈએ'' એ બન્ને આજ્ઞાઓ મારીજ હોવાથી બન્ને આજ્ઞાનું પાલન થાય તેમ તમે કરો ।।૫૩।।

**વિશેષઃ ''અગ્નિદો ગરદશ્ચૈવ શસ્ત્રપાણિર્ધનાપહઃ, ક્ષેત્રદારહરશ્ચૈવ ષડેતે હ્યાતતાયિનઃ''** ઘરમાં આગ મુકનારો કે જેનાથી સર્વ નાશ થાય, ઝેર આપનાર કે એનાથી સર્વ રહે પણ સર્વનો ભોગ કરનાર જાય એટલે પણ સર્વ નાશ થયો; હાથમાં હથિયાર રાખીને ભય બતાવી બધું લઈ જનાર, ધનની ચોરી કરનાર તથા ઘર અથવા ક્ષેત્ર અને સ્ત્રીનું હરણ કરનાર એ છ 'આતતાયી' કહેવાય છે. આ છને મારવામાં દોષ નથી એમ ધર્મશાસ્ત્રમાં સ્પષ્ટ કહેલ છે.

વળી તમે પ્રિયા દ્રૌપદીનું સમાધાન કરતાં જે એમની પાસે વાક્ય બોલ્યા છો તે પણ સત્ય કરો. મેં કહ્યું તે અને હમણાં દ્રૌપદી બોલ્યાં તે બધું સત્ય રહે તેમ કરો ।।૫૪।।

**સૂતે કહ્યું** : ભગવાનના અભિપ્રાયને અર્જુન તુરત સમજી ગયો અને તલવાર લઈ બ્રાહ્મણના માથામાં જે મણિ હતો તે શિખાની સાથે કાઢી લીધો। ।૫૫।।

અને દોરડાંથી બંધન કર્યું હતું તે છોડી નાખ્યું. બાળકોની હત્યા કરવાથી એ શ્રીહીન તો બની જ ગયો હતો. હવે તેની શિખાનો મણિ લેવાયાથી પણ નિસ્તેજ થયેલ અશ્વત્થામાને પોતાના મુકામમાંથી કાઢી મૂક્યો ।।૫૬।।

મુંડન કરવું, દ્રવ્ય લઈ લેવું, સ્થાનમાંથી અપમાનપૂર્વક દૂર કરવો એ જ પતિત બ્રાહ્મણનો વધ સમજવો. આ સિવાય બ્રાહ્મણનો દેહથી નાશ કરવારૂપી દંડ શાસ્ત્રસમ્મત નથી ।।૫૭।।

**પુત્રશોકાર્દ્દિતાઃ સર્વે પાંડવાઃ સહ કૃષ્ણયા ।।**
**સ્વાનાં મૃતાનાં યત્કૃત્યં ચક્રુર્ નિર્હરણાદિકમ્ ।।૫૮।।**

પુત્રના શોકથી દુઃખી સર્વ પાંડવોએ દ્રૌપદીને લઈ પોતાના મરેલાં બાળકોની દાહાદિ અન્ત્યેષ્ટિ ક્રિયા કરી ।।૫૮।।

**ઈતિ શ્રીભાગવત પ્રથમ સ્કન્ધમાં (ઉત્તમ પ્રકરણમાં પહેલો)**
**''અશ્વત્થામાના બાણથી રક્ષા'' નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**



# અધ્યાય ૮

## બ્રહ્માસ્ત્રથી રક્ષા અને ભગવાનની સ્તુતિ

**વિશેષ** : પૂર્વાધ્યાયમાં બધા ભક્તો ભગવાનના વાક્યમાં નિષ્ઠાવાળા છે એમ કહ્યું અને એ સર્વનું કારણ જેમાં છે તેવી કથા પણ કહી. આ આઠમા અધ્યાયમાં જે કાર્ય કરવાથી જે થાય તેમાં જો દોષ થાય તો એનો ઉપાય અને ગુણ થાય તો એનું પોષણ કહેવામાં આવશે. એમાં અધ્યાયમાં ચાર વાત કહેવાશે : બ્રહ્માસ્ત્રથી દાહ, એનાથી રક્ષા, અદ્ભુત કર્મ કરવાવાળા ભગવાનની સ્તુતિ તથા ભગવાનનાં અદ્ભુત કર્મો. એ ચારમાં પ્રથમ જ બ્રહ્માસ્ત્રનો પ્રસંગ કહે છે.

**અથ તે સમ્પરેતાનાં સ્વાનામ્ ઉદકમિચ્છતામ્ ।।**
**દાતું સકૃષ્ણા ગંગાયાં પુરસ્કૃત્ય યયુઃ સ્ત્રિયઃ ।।૧।।**

શૌનકાદિ મુનિઓ પ્રત્યે સૂત કહેવા લાગ્યા : પછી એ બધા પાંડવો પોતાના બાળકો અશ્વત્થામાને હાથે મર્યા તેઓને જલાંજલિ* દેવા માટે શ્રીકૃષ્ણની સાથે બીજી સ્ત્રીઓને આગળ કરીને ગંગાને તીરે ગયા ।।૧।।

**વિશેષ** : શુદ્ધિ કર્યા પછી સંસ્કાર કરવાની રીતિ છે : એ શુદ્ધિ બહારની અને અન્દરની એમ બે પ્રકારની છે. તેમાં બે શ્લોકથી બહારની શુદ્ધિ કહેછે. જ્યારે મરેલાની પ્રેતતા છૂટે ત્યારે જીવનારની શુદ્ધિ થાય છે. એ પ્રેતત્વ એની ક્રિયા કરવાથી છૂટે છે. માટે દાહ કુરુક્ષેત્રમાં કર્યો છે તો પણ ક્રિયા કરવા બધા હસ્તિનાપુર ગયા. ગંગાના જલથી પ્રેતત્વ છૂટે છે : **''પ્રત્તં જલં ત્ર્યંજલમાત્મજેન પ્રેતસ્ય તાપપ્રશમં કરોતિ''** એવું વાક્ય છે તેથી જલાંજલિ અપાય છે.

બધાં ત્યાં જઈ મરેલાઓને જલદાન કરી, ઘણું રુદન કરી ભગવાનના ચરણની રજથી પવિત્ર ગંગાજીમાં ફરી સ્નાન કરવા લાગ્યાં ।।૨।।

(હવે ભગવાનનું કર્તવ્ય કહે છે કે) ત્યાં વિદુરજી સહિત રાજા ધૃતરાષ્ટ્ર, પુત્રશોકથી દુઃખ પામતાં ગાન્ધારી, કુન્તી, દ્રૌપદી વગેરે જેમનાં વહાલાં મરવાથી શોકવાળાં થયા છે તેવાંને મુનિઓદ્વારા ભગવાને શાન્ત કરાવ્યાં અને એમ બતાવ્યું કે પ્રાણિમાત્ર કાળને વશ છે એમાં મનુષ્યનું કંઈ ચાલતું નથી ।।૩-૪।।

જે દુષ્ટો કપટ કરી યુધિષ્ઠિર પાસેથી રાજ્ય પડાવી ગયા હતા તે બધાનો યુદ્ધથી નાશ કરાવ્યો. દ્રૌપદીના કેશદર્શનથી જે રાજાઓનાં આયુષ્ય હણાયાં છે તેવા રાજાઓનો નાશ લડાઈને બહાને થયો ।।૫।।

ઉત્તમ સાધનોથી પણ અશ્વમેધ યુધિષ્ઠિર પાસે કરાવી એનો પવિત્ર યશ પૃથ્વી

ઉપર ફેલાવ્યો. જેમ સો યજ્ઞ કરનાર ઈન્દ્ર યશસ્વી છે તેવા પૃથ્વીના ઈન્દ્ર યુધિષ્ઠિરને કહેરાવવા આ બધું કરવા ભગવાન્ આવેલા એ કાર્ય પૂર્ણ થયું. જ્યારે સાત્યકિ અને ઉદ્ધવજી ની સાથે પોતે દ્વારકા પધારવાની તૈયારી કરી ત્યારે વ્યાસજી વગેરે બ્રાહ્મણોનો સત્કાર કર્યો. બ્રાહ્મણો પણ એમનો સત્કાર કરી રહ્યા પછી પાંડવોની રજા લઈ જ્યારે ભગવાન્ રથમાં બેસવા જાય છે ત્યાં ભયથી વિહ્વલ બનેલી ઉત્તરાએ કહ્યું : હે મહાયોગી! દેવોના દેવ! જગત્ના પતિ! બચાવો-બચાવો. આપના સિવાય આ જગત્માં અને અભય આપી શકે એવો કોઈ હું જોતી નથી. કારણ કે અહીં તો બધા એક-બીજાના મૃત્યુના કારણ બની રહ્યા છે. (ઉત્તર ઉત્તમ, ઉત્કૃષ્ટ. ઉત્તરા=જેની ભક્તિ ઉત્તર, ઉત્તમ છે તેવી સ્ત્રી) ।।૬-૮।।

હે નાથ! તપેલ લોઢા જેવું બાણ મારી સામે આવે છે તે ખુશીથી મને બાળે પણ આપ મારા ગર્ભની તો અવશ્ય રક્ષા કરો. એ ન પડે એ આપે કરવાનું છે. તેથી હું આપની શરણાગત થઈ છું, કારણ કે બીજા તો પરસ્પર મૃત્યુવાળા હોવાથી શરણે જવા લાયક નથી ।।૯।।

**સૂતે કહ્યું** : ભગવાન્ તો ભક્તવત્સલ છે. ઉત્તરાનાં વાકય સાંભળી વિચારવા લાગ્યા એટલે પાંડવોનો વંશચ્છેદ કરવા અશ્વત્થામાએ આ બ્રહ્માસ્ત્ર ઉત્તરાનો ગર્ભ બાળવા મોકલ્યું છે એ જાણી ગયા ।।૧૦।।

હે મુનિઓમાં શ્રેષ્ઠ! એ જ સમયે પાંચ પાંડવો ઉપર ભભૂકતાં પાંચ બાણ આવતાં તેઓએ જોયાં કે તુરત પોતપોતાનાં અસ્ત્રો તેઓએ લીધા ।।૧૧।।

ભગવાને વિચાર્યું કે આ બધા મારા ભક્તો છે તેમનો રક્ષક મારા સિવાય બીજો કોઈ નથી અને તેથી એમના દુઃખને જોઈ પોતાના સુદર્શન ચક્રથી પોતાના ભક્તોની ભગવાને રક્ષા કરી ।।૧૨।।

ભગવાન્ સર્વ પ્રાણીની અંદર અને બહાર આત્મારૂપે બિરાજે છે, યોગેશ્વર છે. વળી ભક્તનાં દુઃખ હરનાર હોઈ 'હરિ' નામથી પ્રસિદ્ધ છે. તેમણે ઉત્તરાના ગર્ભને પોતાની માયાથી વીટીં લીધો. કારણ કે કૌરવો બધા નષ્ટ થયા હતા અને તેથી પાંડવોના સન્તાનના બીજરૂપ આ ગર્ભ હોવાથી એ ગર્ભ અવશ્ય બચાવી લેવા પાત્ર છે એમ ધારી રક્ષાનો ઉપાય આ પ્રમાણે કર્યો ।।૧૩।।

જો કે બ્રહ્માસ્ત્ર એવું છે કે જ્યાં ગયું ત્યાં એ અમોઘ (સફળ) હોવાથી નિષ્ફળ ન જ જાય અને એનું નિવારણ થઈ શકે જ નહિ તો પણ હે ભૃગુકુલશ્રેષ્ઠ! વિષ્ણુ



સમ્બન્ધી તેજ એવું અદ્ભુત છે કે એનાથી બ્રહ્માસ્ત્ર પણ સારી રીતે શાન્ત થયું ।।૧૪।।

આમ બ્રહ્માસ્ત્રને પણ અચ્યુત ભગવાને નિષ્ફળ કર્યું એમાં કાંઈ તમારે આશ્ચર્ય માનવાનું નથી. કેમકે જે પોતાની દૈવી માયાશક્તિથી આ જગત્નાં ઉત્પત્તિ, પાલન તથા સંહાર કરવાને સમર્થ છે તેમને આ એક બ્રહ્માસ્ત્રનું નિવારણ શું હિસાબમાં છે? ।।૧૫।।

આમ બ્રહ્માસ્ત્રથી મુક્ત થયેલા પોતાના પુત્રો પાંડવોને અને દ્રૌપદીને સાથે રાખી દ્વારકા જવાને તૈયારી કરી રહેલા ભગવાન્ શ્રીકૃષ્ણ પાસે આવી સતી (ભક્તિમાટે જ જે જીવન વગેરે ધારણ કરે છે તે સત્, તેનું સ્ત્રીલિંગ સતી.) કુન્તીજી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યાં ।।૧૬।।

**કુન્તીજી બોલ્યાં** : સર્વભૂતની અંદર અને બહાર રહેનાર છતાં ન દેખાતાં, પ્રકૃતિથી પર, આદ્ય અને કર્તું અકર્તું અન્યથાકર્તું સમર્થ તેવા ઈશ્વર, માયારૂપ અન્તર્પટથી ઢંકાયેલ, જેને ઈન્દ્રિયજન્ય જ્ઞાન પ્રાપ્ત કરી શકતું નથી માટે અધોક્ષજ, આપ સર્વરૂપ થાઓ છો છતાં આપ અવ્યય-વિનાશ વિનાના છો અને પુરુષરૂપ તેવા આપને નહિ જાણનારી હું નમસ્કાર કરું છું. જેમ મૂઢ માણસ નાટકમાં અભિનય કરતા નટને ખરા સ્વરૂપમાં જાણી શકતો નથી તેમ હું આપનું ખરું સ્વરૂપ ન જાણતાં કેવલ નમસ્કાર કરું છું ।।૧૭-૧૮।।

તથા શુદ્ધ અન્તઃકરણવાળા, પરમહંસ રૂપ, મનન કરનારા એવા મુનિ લોકોના ભક્તિયોગને* વિસ્તારવા માટે પ્રકટ થતા આપને અમો સ્ત્રીઓ કેમ જાણી શકીએ? ।।૧૯।।

**વિશેષ** : ભગવાન્ સ્વયં ભૂતળ ઉપર વેદ અને ઋષિ લોકોને પ્રકટ કરીને એ દ્વારા ભગવત્પ્રાપ્તિનાં જ્ઞાનાદિ સાધનો થયા પછી પોતે પધાર્યા. તેમાં જ્ઞાનનું અંગ સંન્યાસ છે. જ્યારે વાસના સહિત ઐહિકનો ત્યાગ કરે ત્યારે અન્તઃકરણ શુદ્ધ થાય છે. જ્યારે અન્નાદિ દોષનો સંસર્ગ છૂટે છે ત્યારે એ મનન કરે છે. મનન કરવું એ શ્રવણ કર્યું હોય ત્યારે જ કરાય એટલે શ્રવણ તો સમજી લેવું. ત્યાર બાદ ચિત્તની એકાગ્રતા થવી એનું નામ 'નિદિધ્યાસન'. એ કરવાથી ભગવત્સ્વરૂપનો નિર્ધાર થાય છે. એ બધું અન્તઃકરણશુદ્ધિમૂલક હોવાથી એને જ્યારે જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જ થાય. ભક્તિયોગ વગર તો ભગવત્સમ્બન્ધી જ્ઞાન અથવા સાયુજ્ય ન થાય. તેથી એવાં સાધન ન છતાં પણ સ્વરૂપથી ફળ આપવા માટે આપનો આ અવતાર છે

એવી કુન્તીની માન્યતા છે. ત્યારે તો સર્વનો ઉદ્ધાર થઈ જાય! ત્યાં કહે છે કે નૃત્ય તો બધા જુએ પણ રસ પડે છે રસિકોને જ, બીજાને નહિ. તેમ સાધારણ સ્ત્રી-પુરુષો તથા દૈત્યાંશવાળા જીવોને પ્રભુના દર્શનથી પણ જ્ઞાન, ભક્તિ કે રસ કાંઈ પણ થતું નથી. ઊલટું નપુંસકને જેમ સ્ત્રીની ચેષ્ટામાં આનન્દ ન આવતાં એમાં દોષ દેખાય છે તેમ અસુરોને સદા ભગવલ્લીલામાં દોષદ્રષ્ટિ જ રહે. તેથી સર્વોદ્ધારની શંકાને અવકાશ નથી.

આપ કૃષ્ણ મૂલસ્વરૂપ છો. સદાનન્દસ્વરૂપ એવા 'કૃષ્ણ' શબ્દનો અર્થ શ્રુતિસિદ્ધ છે. દેવકીજીના આનન્દદાતા પુત્ર આપ છો. ગોપના રાજા નન્દરાયના આપ કુમાર છો અને ગાયો અને ગોપગોપીઓના ઈન્દ્ર હોવાથી 'ગોવિન્દ' પણ આપ છો એવા આપને હું વારંવાર નમસ્કાર કરું છું ।।૨૦।।

પંકજ(કમળ) જેની નાભિમાં છે, પંકજની માળા ધારણ કરનાર, પંકજ જેવા નેત્રવાળા અને પંકજ જેવાં ચરણવાળા આપને હું નમસ્કાર કરું છું ।।૨૧।।

હે ઈન્દ્રિયોના સ્વામી! દુષ્ટ કંસે પોતાની બહેન દેવકીને કેદ કર્યા અને ઘણા કાળ સુધી શોકગ્રસ્ત દેવકીને આપે દુઃખથી મુક્ત કર્યા તેમ હે સમર્થ! આપ અમારા નાથ છો; તેથી મારા પુત્રોની સાથે આપે અનેક દુઃખોના સમયમાં વારંવાર સકુટુમ્બ મારું રક્ષણ કર્યું છે ।।૨૨।।

(એ દુઃખોને કુન્તીજી ગણાવે છે કે) હે હરિ! પ્રથમ તો ઝેરથી[૧] લાખાગૃહના અગ્નિથી, પુરુષને[૨] ખાનાર હિડિમ્બ વગેરે રાક્ષસોથી, દુષ્ટોની સભામાં [૩]દ્રૌપદીની, વનવાસનાં અનેક દુઃખોથી, સંગ્રામમાં અનેક શસ્ત્રોથી તથા છેલ્લે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી આપે અમારાં બધાંની ચારે તરફથી રક્ષા કરી છે ।।૨૩।।

**વિશેષઃ** ૧. દુર્યોધને વિષના લાડુ કરીને ભીમસેન વગેરેને મારી નાખવાની બુદ્ધિથી ખવરાવ્યા હતા.

૨. એક ગામમાં બ્રાહ્મણીનો એકનો એક જ પુત્ર રાક્ષસના બલિદાનનો ભાગ થતો જાણી બ્રાહ્મણી વિલાપ કરતી હતી તેને જોઈ કુન્તીજીને દયા આવવાથી એ બ્રાહ્મણના છોકરાને બદલે ભીમસેનને મોકલ્યો હતો. એ રાક્ષસને ભીમસેને માર્યો એ કથા મહાભારતમાં છે.

૩. દ્રૌપદીનાં વસ્ત્ર સભામાં ખેંચ્યાં ત્યારે રક્ષા કરી એ પ્રસિદ્ધ વાત છે.

હે જગદ્ગુરો! અમને ડગલે ને પગલે વિપત્તિઓ હંમેશાં હો, કારણ કે તેથી તે-તે વિપત્તિઓમાં પુનર્જન્મને ટાળનાર આપનું *દર્શન થાય ।।૨૪।।

**વિશેષ** : વિપત્તિના સમયમાં સર્વ વિષયો છૂટી જાય ત્યારે શુદ્ધ શરણાગતિ થાય છે.



હે પ્રભુ! આપના વગર મારું કોઈ રક્ષક નથી એવો નિશ્ચય થતાં ભગવદ્દર્શન થાય છે. અને ભગવાનનો સાક્ષાત્કાર થયો તેને આ લોકમાં પાછો જન્મ લેવો ન પડે એ સ્પષ્ટ છે તેથી દર્શનને **અપુનર્ભવ** એવું વિશેષણ આપ્યું છે.

ઉચ્ચ કુલમાં જન્મ, *ઐશ્વર્ય, વિદ્યા અને લક્ષ્મી ને કારણે જેનો ઘમંડ વધી રહ્યો છે તેવો પુરુષ તો આપના નામનું ઉચ્ચારણ કરવાને પણ લાયક નથી કારણ કે આપ તો એવા પુરુષને જ દર્શન આપો છો જે અકિંચન હોય, અર્થાત્ જેને ઉપર ગણાવેલા ચાર પ્રકારના મદમાંથી એકેય પ્રકારનો મદ ન હોય ।।૨૫।।

**વિશેષ** : ભગવાનના નવ ધર્મ નવધા ભક્તિના કારણરૂપ છે. એ નવ ધર્મમાંથી કેટલાક સ્વરૂપનિષ્ઠ અને કેટલાક ગુણનિષ્ઠ એમ જુદા-જુદા છે. એમાં જ્યારે ભગવાનનું સ્વરૂપ જાણવામાં આવે ત્યારે એનું શ્રવણ કરવાનું મન થાય છે. ભગવાનના ગુણ જાણવામાં આવે ત્યારે કીર્તનભક્તિ થાય છે. લીલાના જ્ઞાનથી એ લીલાનું સ્મરણ થાય છે. શ્રવણ, કીર્તન અને સ્મરણ એ નવધા ભક્તિમાં પહેલો ખંડ છે. બીજા ખંડમાં પાદસેવન, પૂજન, વન્દન અને દાસ્ય એ ચાર ભક્તિનો સમાવેશ થાય છે. ત્રીજા ખંડમાં સખ્ય તથા આત્મનિવેદન એ બે છે. આ ભક્તિના ક્રમમાં આવતાં અટકાવનારા દોષો સત્કુળમાં જન્મ, રાજ્યાદિ ઐશ્વર્ય, શાસ્ત્રશ્રવણજન્ય અભિમાન અને લક્ષ્મી છે. તેથી એ ચાર દોષવાળાને ભક્તિનો અધિકાર નથી. જીવ પોતાના સ્વરૂપથી અધિકારી પણ દોષથી અનધિકારી બને છે. ચોખા ભોજનમાં ઉત્તમ છે પણ એની મદિરા બને તો એ અપેય બને છે. તેથી જ **''વિદ્યામદો ધનમદઃ''** ઈત્યાદિની દોષમાં ગણના છે.

**ભગવન્નામના ઉચ્ચારના અનધિકારીઓ :** ભાગવતનો પ્રથમ સ્કન્ધ ભગવલ્લીલાશ્રવણની પાત્રતા વિશે કહેનાર છે ત્યારે સહજ પ્રશ્ન થાય કે એ લીલાના શ્રવણના અપાત્ર કોણ? એ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે પ્રથમસ્કન્ધમાં કુન્તીજીની સ્તુતિમાં આઠમા અધ્યાયના નીચેના શ્લોકમાં ભગવાનની દુષ્ટદુર્જ્ઞેયતા (એટલે કે ભગવાનને દુષ્ટો જાણી શકતા નથી એ) આ પ્રમાણે કહી છે : **''જન્મૈશ્વર્ય શ્રુતશ્રીભિરેધમાનમદઃ પુમાન્, નૈવાર્હત્યભિધાતું વૈ ત્વામકિઞ્ચનગોચરમ્''(૧।૮।૨૫)** સત્કુળમાં જન્મ, ઐશ્વર્ય, શાસ્ત્રાભ્યાસ અને સમ્પત્તિ થી જે પુરુષ મદોન્મત્ત થાય છે તે આપનું નામ લેવાને પણ લાયક રહેતો નથી કેમકે આપનું સ્વરૂપ તો અકિંચન ભક્તો જ જાણી અને પામી શકે છે. આપ તો અકિંચનના વિષયરૂપ છો. એ ધર્મ એનામાં ન હોવાથી એ મદવાળા લોકો આપનું નામ લઈ શકતા નથી. જ્યારે આપના સિવાય જેને બીજો કોઈ પદાર્થ પોતાના તરીકે સ્વીકૃત નથી તેની

(નિષ્કિંચનની) શ્રવણાદિભક્તિના આપ વિષય થાઓ છો.

આનો અર્થ શ્રીભાગવત્‌ની શ્રીસુબોધિનીજી ટીકામાં નીચે પ્રમાણે છે : "ભગવાનના નવ પ્રકારના ધર્મ જાણવા જોઈએ. એ ગુણો નવવિધ ભક્તિના કારણરૂપ છે. એ ધર્મો સ્વરૂપ, ગુણ, લીલા વગેરે ભેદથી ભિન્ન છે. એમાં સ્વરૂપ જાણવામાં આવે ત્યારે ભગવચ્છ્રવણ બને છે. ગુણ જાણવાથી કીર્તન થઈ શકે છે. લીલા જણાય ત્યારે સ્મરણ થાય છે. અહીં ત્રણ ભક્તિરૂપ એક ખંડ પૂરો થાય છે. બીજા ખંડમાં સમીપગમન થાય ત્યારે પાદસેવન, પૂજન, વન્દન અને દાસ્ય એ ચાર ભક્તિ બની શકે. ત્રીજા ખંડમાં સખ્ય અને આત્મનિવેદન એ બે ભક્તિ છે એટલે બધા મળી ભક્તિના ૯ ભેદ છે. એમાં પણ દુષ્ટદુર્જ્ઞેયત્વ તે-તે લીલામાં કહેવામાં આવશે. એમાં પણ ભગવાન્ દુષ્ટદુર્જ્ઞેય છે એમ ન જણાય ત્યાં સુધી દુષ્ટલોકોના બાધક કાયા, વાણી અને મન ના વ્યાપારનાં દર્શન થવાથી ભગવત્સમીપમાં જઈ જ ન શકાય. દુષ્ટદુર્જ્ઞેયતા જાણ્યા પછી જો સમીપમાં ન જવાય તો અન્ધ દેખતો નથી માટે નેત્રવાળાએ પણ જોવું નહિ એ ન્યાયથી આપણી બુદ્ધિનો દોષ ગણાય તેથી પણ બીજા ખંડમાં પ્રવૃત્તિ થાય. તેથી પાદસેવન ભક્તિમાં દુષ્ટદુર્જ્ઞેયતા કહે છે. એમાં સત્કુળમાં જન્મ, રાજા વગેરેનું ઐશ્વર્ય, શાસ્ત્રાદિથી ઉત્પન્ન થયેલ જ્ઞાન અને અખૂટ સમ્પત્તિ એ ચાર પ્રકારે જેને મદ ઉત્પન્ન થાય તે ભગવાનનાં નામ લેવાને પણ લાયક નથી. અહીં સમજવાનું છે કે જેમ ચોખા વગેરે રાંધીને દેવને નિવેદન કરીને દેવ, પિતૃ, મનુષ્ય વગેરે માટે ઉપયોગમાં લે તો એ પિતૃ, દેવ અને મનુષ્ય ને તૃપ્તિ કરે છે એટલું જ નહિ પણ એ એમને અમૃતરૂપ થાય છે; પણ એ જ ધાન્યનો ઉપયોગ કોઈ સુરા બનાવવામાં કરે તો એ અન્નના મળમાંથી માદક પદાર્થ બને છે તેથી એ માદક પદાર્થ પણ અન્નથી બન્યું માટે પીવાલાયક ગણી એનું પાન કરે તો એ સ્વધર્મભ્રષ્ટ થાય છે એટલું જ નહિ પણ શરીરથી પણ કાળે કરીને વિયુક્ત થાય છે. તેમ ગર્વવાળા જીવો સત્કુળમાં આવીને એ કુળના મળરૂપ થાય છે ત્યારે જેમ સુરા મદ કરાવે તેમ એવા લોકોને કુળ વગેરેનું જાતિ અભિમાન થાય છે. એવા લોકો ભગવન્નામ લેવાને લાયક રહેતા નથી. કદાચ મુખથી નામનો ઉચ્ચાર કરે તો પણ (મદ) નશામાં બોલાયેલું હોવાથી એઓના મુખથી એ નામ સાંભળવા લાયક રહેતું નથી. જેમ બ્રાહ્મણ સુરાપાન કરી મદવાળો બને તે વેદોચ્ચાર પણ કરે ખરો તો પણ એ એનું બોલેલ વાક્ય બ્રાહ્મણના મુખથી ઉચ્ચારાયેલું હોવા છતાં શ્રવણીય નથી તેમ કુળમદવાળાએ ઉચ્ચારેલ ભગવન્નામ પણ શ્રવણને યોગ્ય નથી. એ તો એક કુળની જ વાત કરી. તેમ જ ઐશ્વર્ય, સમ્પત્તિ અને શાસ્ત્રશ્રવણ થી પણ જો એ જીવ મદવાળો થાય તો એ પૂર્વોક્તની જેમ મદવાળો હોવાથી એ ભગવન્નામના ઉચ્ચારણને લાયક રહેતો નથી. તેથી જ



"વિદ્યામદો ધનમદઃ તૃતીયોઽભિજનો મદઃ, એતે મદા મદાન્ધાનાં તએવ તુ સતાં દમાઃ" એ શ્લોક લોકમાં પ્રસિદ્ધ છે. ઉપર ગણાવેલા જન્મ, ઐશ્વર્ય અને શાસ્ત્રશ્રવણ સત્પુરુષોના પણ થાય છે તે ભગવદ્ભજનને યોગ્ય છે, પણ જેને ઐશ્વર્યાદિ મદો ઉત્પન્ન થાય છે તે જ ભગવન્નામને અયોગ્ય થાય છે.

જોકે ભક્તિમાં સર્વનો અધિકાર છે, છતાં કૃત્રિમ મદિરાદિના સેવનથી વેદાધિકાર નિવૃત્ત થાય છે તેમ ભક્તિનો અધિકાર પણ નિવૃત્ત થાય છે ત્યારે તેના મુખથી કદાચ ભગવન્નામ નીકળે તો પણ એ ઉન્મત્તપ્રલપિત કહેવાય. એ સાંભળવાથી ગુણ ન થતાં દોષ થાય છે. તેથી એના આચારથી કોઈ વ્યવસ્થિત કાર્ય સિદ્ધ થતું નથી.

**શંકા : "જન્મકર્માવદાતાનામ્"** ઈત્યાદિથી સત્કુળમાં જન્મ હોય તેની તો વિશેષ યોગ્યતા કહી છે તેથી એવાને વેદોનો અધિકાર મદ થાય છતાં રહે. ભગવાનને તો તમે સર્વાત્મા કહો છો એનાં નામ તો સર્વદા લેવાને અધિકાર હોવો જોઈએ. **"ચક્રાંકિતસ્ય નામાનિ સદા સર્વત્ર કીર્તયેત્"** એમ સ્મૃતિ કહે છે. **"પતિતઃ સ્ખલિતઃ"** ઈત્યાદિ વાક્યથી બધી અવસ્થામાં એ ભજનીય છે, મહાપાતકી પણ ભગવન્નામથી પવિત્ર થાય છે તો પછી મદવાળાનો અધિકાર નહિ એમ કેમ કહી શકાય?

**ઉત્તર :** એ શંકાના ઉત્તરમાં કહે છે કે એ ભગવાનને ઉપર જણાવેલ જન્મ, ઐશ્વર્ય વગેરે ધર્મ વિનાના નિઃસાધન ભક્તો જ પામી શકે છે તેથી પૂર્વોક્ત જન્મૈશ્વર્યાદિ મદવાળાને સ્વરૂપથી અધિકાર જતો નથી પણ એને ભક્તિનું ફળ મળતું નથી. ફલતઃ અનધિકાર છે એટલે ભગવાન્ હૃદયમાં આવતા નથી. ભગવાનના ગુણ મુખમાં આવતા નથી અને આવે છે તો વ્યવહાર માત્રમાં આવે છે, શૌચાર્થ ગંગાજળની જેમ. અકિંચન-નિઃસાધન ભક્તો જ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે તેથી, આજે પણ મદથી મત્ત થયેલ સાથે કોઈ વ્યવહાર કરી શક્તો નથી તેથી એમની પાસે ભગવાન્ ત્યારે પણ ન હોવાથી એનો અધિકાર ભગવન્નામના ઉચ્ચારોમાં પણ હોતો નથી.

શ્રીમદાચાર્યચરણ ચતુર્વિધ મદવાળાને નામોચ્ચારનો અધિકાર નથી એમ વિસ્તારથી શ્રીસુબોધિનીજીમાં લખે છે એનું કારણ એ જ કે જો એ જીવો પર ભગવત્કૃપા હોય તો આપેલ જન્માદિ એઓને માદક ન થાય. પણ જ્યારે એઓને જન્માદિથી મદ થાય છે ત્યારે એ ભગવત્કૃપાનો વિષય ન હોવાથી ભક્તોએ પણ એવાઓ તરફ ઉપેક્ષા કરવી યોગ્ય છે. તેથી જ દૃષ્ટાન્તમાં સુરાને લીધી છે. જે સુરાનાં ઘ્રાણ-ભક્ષથી પણ દ્વિજ પતિત થાય છે. તેથી એવા લોકોથી દૂર રહેવામાં શ્રીમદાચાર્યચરણના કથનનું તાત્પર્ય છે.

અકિંચનના ધનરૂપ, (અકિંચન જેમનું ધન છે) જેઓના ગુણોની વૃત્તિઓ નિવૃત્ત થઈ છે તેવા લોકોની સાથે સમ્બન્ધ રાખનારા, આત્મારામ છો અને કૈવલ્યના (મોક્ષના) આપ પતિ તેવા શાન્તસ્વરૂપ આપને હું નમસ્કાર કરું છું ।।૨૬।।

આપ કાલસ્વરૂપ છો. આપનામાં આદિ અને અન્ત એવો વ્યવહાર સમ્ભવતો નથી, કારણ કે આપ નિત્ય છો. કાળરૂપ હોવાથી સર્વને વશ કરનાર ઈશ્વર છો; સર્વમાં સમાનતાથી રહેનાર છો. જેનાથી પરસ્પર એક જીવ હોય છતાં બન્નેમાં કાળ હોવાથી બન્ને કાળની પ્રેરણાથી કજિયો કરી જાુદા પડે છે; આ સર્વ આપની લીલા આપના અધિકારી કાળથી થાય છે એમ મારું માનવું છે ।।૨૭।।

આપ મનુષ્યનું અનુકરણ કરી, શું કરવાની ઈચ્છાથી આમ કરો છો એ કોઈને જાણી શકતું નથી. આપને કદી કોઈ કયાંય પણ પ્રિય નથી તેમ જ દ્વેષ કરવા યોગ્ય નથી. આપના સ્વરૂપમાં કોઈને વિષમ બુદ્ધિ ઉત્પન્ન થાય તેવો ધર્મ આપનામાં જોવામાં આવતો નથી ।।૨૮।।

હે વિશ્વાત્મા! આપ અજન્મા અને અકર્તા છો છતાં આપ જળચર, પશુ, દેવ, અને મનુષ્યમાં પોતાના જન્મ અને કર્મ બતાવો છો એ કેવળ નાટક માત્ર જ છે ।।૨૯।।

એક વખત આપે પથ્થર મારી દહીંનું પાત્ર ફોડ્યું હતું ત્યારે માતા યશોદા દોરડું લઈને પાછળ દોડી આવ્યાં અને આપને પકડ્યા ત્યારે આપે મુખ નીચું કરી દીધું. આંખમાં આંસુ આવવાથી આઞ્જણ રેલાઈ ગયું. એ સમયના આપના સ્વરૂપનો વિચાર કરું છું તો મારી બુદ્ધિમાં મોહ થાય છે. કારણ કે સર્વને ભય કરનાર કાળને તો આપનો જ ભય છે તો પછી આપ યશોદાજીથી ડર્યા એ આપનું ચરિત્ર મન ઘણો મોહ કરે છે ।।૩૦।।

પવિત્ર યશવાળા યદુરાજા પુષ્ટિમાર્ગીય ભક્ત હોવાથી એમની કીર્તિ વધારવાને માટે મલયમાં જેમ ચન્દનવૃક્ષ થાય છે તેમ અજન્મા આપનું પ્રગટવું થયું છે એમ કેટલાક કહે છે ।।૩૧।।

બીજાઓ એમ કહે છે કે આપ અજન્મા છો છતાં જ્યારે ઘણી પ્રાર્થના થઈ ત્યારે વસુદેવનાં પત્ની દેવકીજીમાં આ લોકનું કલ્યાણ કરવાને અને અસુરોનો સંહાર કરવાને આપ પધાર્યા છો ।।૩૨।।

કેટલાક વળી એમ કહે છે કે જેમ સમુદ્રમાં ઘણાં ભારથી નાવ ડૂબવાની તૈયારી



ઉપર હોય એમાંથી ભાર ઓછો કરવામાં આવે તો જ એ ડૂબતું બચે તેમ પૃથ્વી ઉપર દુષ્ટોનો ભાર વધવાથી પૃથ્વી દુઃખી થવા લાગી તેનો ભાર ઉતારવાની બ્રહ્માએ પ્રાર્થના કરી તેથી આપ પધાર્યા છો ।।૩૩।।

આ સંસારમાં જન્મ લઈને અવિદ્યા, કામ અને કર્મ થી પીડાતા લોકોના ઉદ્ધાર થાય તેવાં કર્મ કરવામાટે આપ પધાર્યા છો કે જે કર્મોનાં *શ્રવણ અને સ્મરણ કરવાથી અવિદ્યા વગેરેથી થયેલા કલેશથી લોકો મુક્ત થાય એમ બીજાઓ કહે છે ।।૩૪।।

**વિશેષ** : જેમ શાસ્ત્રે કહ્યું કે ગંગામાં સ્નાન કરવું તો એનો અર્થ એવો ન સમજવો કે ગંગા આપણી પાસે આવે તો આપણે સ્નાન કરીએ; પરન્તુ પરિશ્રમ કરી ત્યાં જવું; ગંગામાં ઊતરવાનો રસ્તો-ઘાટ ન હોય તો એ તૈયાર કરી એમાં ઊતરીને સ્નાન કરવું એવો અર્થ છે. એમ અહીં સાંભળવું એમ કહ્યું તેથી કોઈ વક્તા આવી સંભળાવી જાય તો સાંભળવું એવો અર્થ કરવાનો નથી પણ એને માટે પ્રયત્ન કરવો. જ્યાં ભગવદ્ભક્તો રહેતા હોય ત્યાં જવું, એમની પાસે સ્વયં નમ્રતાથી વર્તીએ, જે કહે તે ધ્યાન દઈ મનનો સંયમ કરી સાંભળવું.

જે મનુષ્યો આપનું ચરિત્ર શ્રવણ કરે છે, *ગાન કરે છે, મુખથી વારંવાર ઉચ્ચારે છે, સ્મરણ કરે છે તમારી લીલાનાં વખાણ કરી એમાં આનન્દ પામે છે તે પુરુષો જ સંસારને નિવૃત્ત કરનાર આપના ચરણનું થોડાજ સમયમાં દર્શન કરે છે ।।૩૫।।

**વિશેષ** : શ્રવણ થયા પછી હૃદયમાં પ્રભુ પ્રકટ થાય ત્યારે રસપરવશતાથી એનું કીર્તન કરવું તેમ જ આગળ રસ વધતાં કોઈને ઉદ્દેશીને એ બીજાને કહેવું એમ એનો ક્રમ સમજવો.

ભક્તવાંછાકલ્પતરુ-પ્રભો! શું હવે આપ આટલે સમયે થયેલા શુદ્ધ હૃદયવાળા અમો દાસને છોડી જશો? આપના ચરણ કમલ સિવાય બીજો કોઈ સહારો અમારે નથી એટલે આપ પધારી જશો તો-તો અમારું જીવન જ નહિ ટકે. બીજે સમયે આપ અહીંથી પધારતા ત્યારે અમારું કંઈક કામ બાકી રાખીને પધારતા. હવે કોઈ કાર્ય બાકી રહેલું નહિ હોવાથી કદાચ આપ ફરીથી ન પણ પધારો. એક યા બીજે નિમિત્તે બધા રાજાઓ સાથે વેર થઈ ચૂક્યું છે. તેથી આપની રક્ષા વિના અમારું જીવન જ અશક્ય છે ।।૩૬।।

યાદવો તેમજ અમારા નામ અને રૂપ નું શું મહત્ત્વ છે? જો આપનું દર્શન બંધ થાય તો પ્રાણ વગરની ઈન્દ્રિયો જેવી અમારી બન્ને કુળની ગતિ થાય ।।૩૭।।

હે ગદાધર! આપ દ્વારકા પધારશો ત્યારે ધ્વજા, વજ્રવગેરે ચિહ્નવાળા આપનાં સ્વજ્ઞાપક વિલક્ષણ ચરણારવિન્દથી અત્યારે પૃથ્વી જેવી શોભે છે તેવી શોભા રહેશે

નહિ ।।૩૮।।

આ સુન્દર ડાંગર વગેરે ઔષધિ અને દ્રાક્ષ વગેરે લતા વગેરેથી શોભા આપતા આ દેશો અત્યારે આપની કૃપાદષ્ટિથી સમુદ્ધિવાળા દેખાય છે. વનો, પર્વતો, નદીઓ અને જલાશયો આપની દષ્ટિવડે જ નિત્ય વૃદ્ધિ અને સમુદ્ધિ ને પ્રાપ્ત થાય છે ।।૩૯।।

હે વિશ્વના ઈશ્વર! હે વિશ્વના આત્મા! હે વિશ્વમૂર્તે! પાંડુ અને વૃષ્ણિ કુળ એ બેમાં મારો સ્નેહ છે તે સ્નેહપાશને આપ કાપી નાખો ।।૪૦।।

અને ગંગાનો પ્રવાહ જેમ સમુદ્રમાં અવિચ્છિન્ન ચાલતો રહે છે તેમ હે મધુપતે! મારી બુદ્ધિ બધું છોડી સાક્ષાત્ આપના સ્વરૂપમાં રતિ કરે એવું કરો ।।૪૧।।

હે શ્રીકૃષ્ણ! હે અર્જુનના સખા! યદુવંશ શિરોમણિ! પૃથ્વીનો દ્રોહ કરનાર રાજાઓને બાળનાર! અવિનાશી વીર્યવાળા! ગોવિન્દ! ગાય બ્રાહ્મણ અને દેવતાઓ નાં દુઃખને દૂર કરવામાટે વૈકુણ્ઠથી ભૂતળ ઉપર પધારનાર! હે યોગેશ્વર! અખિલગુરો! હે ભગવન્! આપને હું નમસ્કાર કરું છું ।।૪૨।।

**સૂતજી બોલ્યા :** ઘણાં અવ્યક્ત મધુર પદોવડે કુન્તીજીએ સર્વ તરફથી ભગવાનનું યશોગાન કર્યું ત્યારે ભગવાન્ વૈકુંઠ પોતાની માયાવડે જાણે એને મોહ કરતા હોય તેમ હસવા લાગ્યા ।।૪૩।।

તેને ''બહુ સારું'' એમ કહી, હસ્તિનાપુરમાં પ્રવેશ કરી, સ્ત્રીવર્ગની રજા લઈ પોતાના નગર દ્વારકા તરફ જવાની તૈયારી કરતા ભગવાનને રાજા યુધિષ્ઠિરે પ્રેમને લીધે રોક્યા ।।૪૪।।

(ભગવાન્ અહીં અદ્ભુત લીલા કરે છે. કેમકે જે મુક્ત છે તેને મોહમાં નાખે છે, જે મોહમાં પડેલા છે તેને મુક્ત કરે છે. આ ભગવાનની લીલા છે તેથી હવે યુધિષ્ઠિરના મોહની વાત કરે છે કે) ભગવાનના અભિપ્રાયને જાણનાર વ્યાસાદિ મુનિઓ અને ખાસ કૃષ્ણે અનેક ઈતિહાસોનાં દષ્ટાન્ત આપીને સમજાવ્યા તો પણ યુધિષ્ઠિરને એવો શોક થયો કે એ શોકમાંથી છૂટી શક્યા નહિ ।।૪૫।।

હે વિપ્રો! પોતાના કુટુમ્બનો સંહાર થયો છે એનો વિચાર કરતાં યુધિષ્ઠિર, દેહાત્મબુદ્ધિવડે સ્નેહ અને મોહ ને વશ થઈ બોલ્યા ।।૪૬।।

અરેરે! આ દેહ પારકો છે એ દેહને માટે અનેક અક્ષૌહિણી સૈન્યને મારનાર દુરાત્મા એવો જે હું તે મારા હૃદયમાં ઘર કરી રહેલ મારું અજ્ઞાન તમે જુઓ ।।૪૭।।



બાળકો, બ્રાહ્મણો, મિત્રો, સમ્બન્ધીઓ, વડીલો, ભાઈઓ, ગુરુઓ એ બધાંનો મેં દ્રોહ કર્યો તેથી મને કરોડો વર્ષે પણ નરકમાંથી મુક્ત થવાનો વખત નહિ આવે ।।૪૮।।

વળી પ્રજાપાલક રાજા ધર્મયુદ્ધ કરે તો એમાં શત્રુનો વધ થાય એનું રાજાને પાપ લાગતું નથી એ શાસ્ત્રનું વચન મને ગળે ઉતરતું નથી ।।૪૯।।

એનાથી મારા મનનું સમાધાન થઈ શકતું નથી, કારણ કે જેમના પતિઓને મેં મારી નાખ્યા છે તે સ્ત્રીઓ મારી દુશ્મન ન હતી; એમનો દ્રોહ જે મેં કર્યો તે દોષનું ગૃહસ્થનાં કોઈ પણ કર્મોવડે માર્જન કરવાનું મારું ગજું નથી ।।૫૦।।

**યથા પંકેન પંકામ્ભઃ સુરયા વા સુરાકૃતમ્ ।**
**ભૂતહત્યાં તથૈવૈકાં ન યજ્ઞૈર્માર્ષ્ટુમર્હતિ ।।૫૧।।**

જેમ કાદવને દૂર કરવામાટે કાદવવાળા પાણીથી, દારૂનો સ્પર્શ મટાડવાને માટે બીજા દારૂથી એને ધોવું એ પૂર્વ દોષને દૂર કરી શકતું નથી તેમ યજ્ઞો કરવાથી એક પણ પ્રાણીને મારવાના પાપને દૂર કરી શકવાને સમર્થ કોઈ ન થાય ।।૫૧।।

**ઈતિ શ્રીભાગવત્ પ્રથમ સ્કન્ધમાં (ઉત્તમપ્રકરણનો બીજો)**
**''બ્રહ્માસ્ત્રથી રક્ષા અને ભગવાનની સ્તુતિ'' નામનો**
**આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**સાવધાન! સાવધાન!! સાવધાન!!!**
ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે.

## અધ્યાય ૯
## શરપંજર પીડિત ભીષ્મની મુક્તિ

**વિશેષ :** આ અધ્યાયમાં લોકપ્રતીતિથી જ્યારે ભગવાન્ યુધિષ્ઠિરને રાજ્ય અપાવી એ કાર્ય પૂરું કરી રહ્યા ત્યારે હવે ભાગવતના શ્રોતા પરીક્ષિતના દેહની રક્ષાની કથા કહેવાય છે. આ નવમા અધ્યાયમાં ભીષ્મની મુક્તિનું વર્ણન છે. ભીષ્મ જે ધર્મો કહેશે તેનાથી રાજાના મોહની નિવૃત્તિ થશે. ભીષ્મની મુક્તિ ભગવાનના સાન્નિધ્યથી થશે. એમાં સમજવાનું કે ભક્ત હોય પણ જો

ભગવાનનો દ્રોહ કરે તો એ નરકમાં જાય પણ જો ભગવાન્ પોતે કૃપા કરે તો એવાને પણ મુક્તિ આપે એમ બતાવવામાટે શરપંજરની સ્થિતિ નરકરૂપે વર્ણવી છે. ભગવાને બુદ્ધિનું દાન કર્યું ત્યારે ભીષ્મે સ્તુતિ કરી છે. આ અધ્યાયમાં ૨૪ શ્લોકથી ભીષ્મ પાસે જવું અને ભીષ્મનાં વાક્ય છે; સાત શ્લોકથી ત્યાંના ખબર છે, અગિયાર શ્લોકથી ભીષ્મસ્તુતિ છે, ત્રણ શ્લોકથી એમની મુક્તિ કહી છે અને ચાર શ્લોકથી ત્યાર પછીનો વૃતાન્ત છે.

**સૂત ઉવાચ**

**ઈતિ ભીતઃ પ્રજાદ્રોહાત્ સર્વધર્મવિવિત્સયા ।।**

**તતો વિનશનં પ્રાગાદ્ યત્ર દેવવ્રતોऽપતત્ ।।૧।।**

**સૂતજી બોલ્યા :** એ પ્રમાણે ધર્મને જાણવાની ઈચ્છાવાળા અને પ્રજાના દ્રોહથી ભય પામેલા યુધિષ્ઠિર રાજા ત્યાંથી કુરુક્ષેત્ર ગયા કે જ્યાં દેવવ્રત* ભીષ્મ લડાઈમાં શસ્ત્રોથી ઘવાઈને પડ્યા હતા ।।૧।।

**વિશેષ :** ભગવાન્ સત્યવ્રત છે તેવા ભીષ્મ પણ છે. 'દેવવ્રત' એટલે સત્ય પ્રતિજ્ઞાવાળા તેનું બ્રહ્મચર્ય પણ સત્ય છે.

ત્યારે સોનાના સાજવાળા ઘોડા તથા રથ ઉપર સવાર થઈ લડાઈમાંથી એના ભાઈઓ અને વ્યાસ, ધૌમ્ય વગેરે બ્રાહ્મણો પણ એમની પાછળ ગયા ।।૨।।

હે વિપ્રવર્ય! અર્જુનને સારથિ તરીકે સાથે લઈને રથમાં બિરાજી ભગવાન્ પણ ત્યાં પધાર્યા ત્યારે ગુહ્યકોથી કુબેર* શોભે તેમ યુધિષ્ઠિર શોભવા લાગ્યા ।।૩।।

**વિશેષ :** કુબેર = કુત્સિતં બેરમણિ યસ્ય. ખરાબ છે આંખ જેની તે. આથી એમ સૂચવાયું કે બહાર પ્રકાશ ઘણો, અન્તરમાં અંધારું. તેવી રીતે યુધિષ્ઠિર પણ શોકગ્રસ્ત હતા; બહારનો પ્રકાશ-સામ્રાજ્ય, વિજય પુષ્કળ લાધ્યો છતાં.

જાણે કે સ્વર્ગથી કોઈ દેવતા પડ્યો હોય એવા પૃથ્વી ઉપર પડેલા ભીષ્મને જોઈને પોતાની પાછળ આવેલા સર્વની સાથે કૃષ્ણ અને પાંડવો ભીષ્મને પ્રણામ કરવા લાગ્યા ।।૪।।

ભરતકુળમાં શ્રેષ્ઠ ભીષ્મને જોવાને ત્યાં બ્રહ્મર્ષિ, દેવર્ષિ અને રાજર્ષિઓ આવી રહેલા હતા ।।૫।।

પર્વત, નારદ, ધૌમ્ય, ભગવાન્ વ્યાસ, બૃહદશ્વ, ભરદ્વાજ તથા શિષ્યની સાથે પરશુરામજી -એ સાત સાત્ત્વિક ।।૬।।

વસિષ્ઠ, ઈન્દ્રપ્રમદ, ત્રિત, ગૃત્સમદ, અસિત, કક્ષીવાન્ ગૌતમ, અત્રિ, વિશ્વામિત્ર,



સુદર્શન, બીજા રાજસો ।।૭।।

અને પવિત્ર શુકદેવજી વગેરે મુનિઓ તથા કશ્યપ અને બૃહસ્પતિ વગેરે શિષ્યો સહિત ત્યાં પધાર્યા ।।૮।।

એ ભેગા થયેલા મુનિમંડલને તથા બીજાઓને જોઈને દેશકાળનો વિભાગ જાણતા હોવાથી મહાભાગ, ધર્મજ્ઞ ભીષ્મે એ બધાની પૂજા કરી ।।૯।।

જેમણે માયાથી શરીર ગ્રહણ કર્યું છે છતાં જગત્ના ઈશ્વર છે, જેમના પ્રતાપનો હાલમાં જ પોતે અનુભવ કર્યો છે તેવા અન્તર્યામી કૃષ્ણની પૂજા કરી ।।૧૦।।

પોતાનાં નેત્રમાં સ્નેહનાં અશ્રુ આવવાથી આંખો પોતાનું કાર્ય નથી કરી શક્તી તેવાં નેત્રવડે ભીષ્મપિતામહ પાસે બેઠેલા તથા વિનય અને સ્નેહવાળા પાંડુપુત્રોને જોઈ એમને ઉપદેશ આપવાની બુદ્ધિથી આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૧૧।।

**ભીષ્મે કહ્યું :** અરેરે! આ કેટલા દુઃખની* વાત છે; આ કેટલો મોટો અન્યાય છે! કે વિપ્રધર્મ તથા અચ્યુત ભગવાનના આશ્રયવાળા હે ધર્મપુત્રો! તમો દુઃખમય જીવન જીવો એ યોગ્યનથી ।।૧૨।।

**વિશેષ :** બીજ, સ્વભાવ તથા શરીર ના ધર્મ અને અધર્મવડે જીવ સુખ અને દુઃખને કર્મમાર્ગ પ્રમાણે ભોગવે છે. એ દોષ ન હોય તો એને દુઃખ હોતું નથી. ધર્મપુત્ર હોવાથી તમારામાં બીજદોષ નથી. બ્રાહ્મણના આશ્રિત હોવાથી સ્વભાવદોષ નથી. (સ્વભાવ દોષવાળા ત્રણ પ્રકારે ધર્મનો આશ્રય નથી કરતા; નીતિથી અવિરુદ્ધ, સ્વભાવશુદ્ધ અને ઈશ્વર સમ્બન્ધી બ્રાહ્મણનો આશ્રય કરનાર નીતિને જાણનાર હોવાથી નીતિથી વિરોધ આવે એવું કરતો નથી. ધર્મ પોતાનો આશ્રય કરનારને શુદ્ધ કરે છે. ઈશ્વરાશ્રિત હોવાથી ઈશ્વર સમ્બન્ધી ધર્મ સ્ફુરે છે. આ એક ધર્મ જેનામાં હોય તે પણ દુઃખ ન પામે તો તમારામાં ત્રણે હોવાથી દુઃખની સમ્ભાવના પણ ન હોવી જોઈએ). તથાપિ તમને દુઃખ પડ્યું એ આશ્ચર્યની વાત છે. તમારા જેવાનું દુઃખ જોઈ સાધુપુરુષને ખેદ થાય છે તેથી ઉપર દુઃખ તથા અન્યાયની વાત છે એમ ભીષ્મનું કથન છે.

તમારા પિતા અધિરથ પાંડુ જ્યારે મર્યા ત્યારે તમો બહુ નાના હતા. એ દિવસોમાં નાની ઉંમરની કુન્તીરાણીએ વારંવાર અનેક ક્લેશો તમારે માટે વિના કારણ સહન કર્યા ।।૧૩।।

તમારું આ પ્રમાણે જે અપ્રિય થયું તે હું તો કાળનું કર્તવ્ય માનું છું. જેમ વાદળાંની ઘટાને વાયુ ધારે ત્યાં ખેંચી જાય છે. તેમ ઈન્દ્રાદિ લોકપાલથી લઈને બધા લોક કાળને વશ છે ।।૧૪।।

જ્યાં ધર્મના પુત્ર રાજા હોય, હાથમાં ગદા રાખી તૈયાર રહેલા ભીમસેન અને ગાંડીવ ધનુષવાળા અસ્ત્રજ્ઞ અર્જુન અને મિત્ર શ્રીકૃષ્ણ હોય ત્યાં પણ વિપત્તિ એજ દુઃખની વાતછે! ।।૧૫।।

આ ભગવાને શું કરવા ધાર્યું છે તે કોઈ જાણી શકતું નથી, કારણ કે વિશેષ જાણવાને ઈચ્છતા કવિ લોકો પણ મોહ પામે છે ।।૧૬।।

માટે હે ભરતશ્રેષ્ઠ! આ બધું દૈવને અધીન છે એમ માની, નાથ! એ દૈવ અથવા ભગવાનને અનુસરી તમે આ અનાથ પ્રજાના નાથ થઈ હે સમર્થ! એનું પાલન કરો ।।૧૭।।

આ ભગવાન્ સાક્ષાત્ આદ્ય નારાયણ છે એ પોતાની માયાથી લોકને મોહમાં નાખતા યાદવોમાં ગુપ્ત રીતે ફરે છે ।।૧૮।।

આ કૃષ્ણનો ગુપ્ત પ્રભાવ તે તો શિવજી જાણે છે, કાં તો દેવર્ષિ નારદ અથવા તો હે રાજન્! કપિલદેવજી જાણે છે કે જે સાક્ષાત્ ભગવાન્ છે ।।૧૯।।

તમે જેને મામાના પુત્ર સમજો છો, પ્રેમી, મિત્ર તથા સદ્ભાવયુક્ત નિષ્કપટ હિતેચ્છુ સમજો છો અને તેથી જ સલાહકાર, દૂત અને મિત્રતા ને લઈને એને સારથિ પણ તમે કર્યા ।।૨૦।।

તે સર્વાત્મા, સમદષ્ટિવાળા, દ્વૈતરહિત, અહંકારરહિત અને નિષ્પાપ તેવા આ કૃષ્ણને મતિવૈષમ્ય* નથી ।।૨૧।।

**વિશેષ** : આ પ્રિય અને અપ્રિય આવો ભેદ તે મતિ વૈષમ્ય=બુદ્ધિનું વિષમપણું; આવું ભગવાન્‌માં ન હોવાથી એઓ સર્વને સમદષ્ટિથી જોનાર છે.

તો પણ હે ભૂપ! એકાન્ત ભક્તને વિશે એમની કૃપા તો તમો જાુઓ કે મારા પ્રાણના પ્રયાણવેળાએ એ કૃષ્ણે મને સાક્ષાત્ દર્શન આપ્યાં ।।૨૨।।

ભક્તિવડે મનનો આવેશ ભગવાન્‌માં કરીને કે વાણીવડે નામ લઈને દેહ છોડનારો યોગી* કર્મની વાસનાને છોડી દે છે ।।૨૩।।

**વિશેષ** : પ્રથમ યોગ કરતો હોય પણ પછી જો માત્ર મનમાં જ ભગવાનનું ચિન્તન કરે અથવા મુખથી નામ માત્ર ગ્રહણ કરે એટલા માત્રથી પણ કર્મોની નિવૃત્તિ થાય છે; એટલે યોગાદિથી ભક્તિ શ્રેષ્ઠ છે એમ કહેવાનું હાર્દ છે.

દેવના દેવ, પ્રસન્ન હાસથી હસતા લાલ નેત્રયુક્ત મુખારવિન્દવાળા એ ભગવાન્ કૃષ્ણ, જેમનું દર્શન બીજા લોકોને ફક્ત ધ્યાનમાં જ થાય છે તે, હું જ્યાં સુધી દેહનો



ત્યાગ ન કરું ત્યાં સુધી આપ અહીં બિરાજજો ।।૨૪।।

**સૂતજી બોલ્યા** : યુધિષ્ઠિર એ બધું સાંભળી શરપંજર ઉપર સૂતેલા ભીષ્મને બધા ઋષિઓ સાંભળે તેમ અનેક પ્રકારના ધર્મ પૂછવા લાગ્યા ।।૨૫।।

પુરુષના સ્વભાવને લઈને કહેલા, વર્ણ અને આશ્રમ ને અનુસરીને કહેલા, વૈરાગ્ય અને પ્રીતિ ને ઉદ્દેશીને કહેલા ।।૨૬।।

દાનધર્મ, રાજધર્મ અને મોક્ષધર્મો એમના અવાન્તર ભેદો, સ્ત્રીધર્મો, ભગવદ્ધર્મ એ બધાને સંક્ષેપથી તેમજ વિસ્તારથી વર્ણવ્યા ।।૨૭।।

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ મેળવવાના ઉપાય એ નાના પ્રકારનાં આખ્યાન અને ઈતિહાસો નાં તત્ત્વને જાણનાર હોવાથી વર્ણન કરવા લાગ્યા ।।૨૮।।

ભીષ્મપિતામહ ધર્મો કહેતા હતા એવામાં એવો કાળ હાજર થયો કે જેની સ્વતન્ત્ર રીતે મરનાર યોગી લોકો દેહત્યાગમાટે ઈચ્છા કરે છે, જેને 'ઉત્તરાયણ' કહે છે ।।૨૯।।

હજારો યોદ્ધાઓને શસ્ત્રથી અથવા વચનથી નષ્ટ કરે તેવા ભીષ્મ બોલતાં બંધ થઈ ભગવાન્ આદિપુરુષ, પીતામ્બરધારી આગળ ઊભેલા ચતુર્ભુજ શ્રીકૃષ્ણમાં સર્વ સંગથી મુક્ત થયેલ મનને લગાડી દીધું ।।૩૦।।

શસ્ત્રોના પ્રહારથી થયેલી વેદના તો ભગવાનના દર્શનમાત્રથી તુરંત દૂર થઈ ગઈ હતી. ભગવાનની વિશુદ્ધ ધારણાથી એમનાં જે કંઈ બચ્યાં-ખૂચ્યાં અશુભ હતા એ બધા નાશ પામ્યાં. હવે શરીર છોડવાને વખતે પોતાની બધી ઈન્દ્રિયોના વૃત્તિ-વિલાસ થંભાવી દીધાં અને પ્રેમપૂર્વક, અવિદ્યાના નાશક હોવાની તેમણે સ્તુતિ કરી।।૩૧।।

**ભીષ્મ બોલ્યા** : એવી રીતે યાદવોમાં શ્રેષ્ઠ, અક્ષરથી પર છે તેવા ભગવાન્ સ્વસુખમાં રમતાં કોઈ વખત લોકોમાં ફરવામાટે સ્વભાવરૂપ પ્રકૃતિને પ્રાપ્ત થાય છે, જે પ્રકૃતિના સમ્બન્ધથી આ જન્માદિનો પ્રવાહ થાય છે તેવા ભગવાન્‌માં લોભરહિત મારી બુદ્ધિ* જે મેં છેલ્લા શ્વાસ સુધી મારાપણાથી ગણી છે તે અર્પણ કરું છું ।।૩૨।।

**વિશેષ** : ભગવાન્ તદ્રૂપે થવાથી પદાર્થ બધા ભગવદ્રૂપ છે તે બધામાં મારાપણાથી જીવબુદ્ધિ કરે છે. જેનાથી અહન્તા-મમતા વગેરે દુઃખહેતુ ઊભા થાય છે તે બુદ્ધિને એના કાર્યથી રોકી ભગવાન્‌માં અર્પણ કરવાથી કોઈ બાધક પદાર્થ ન રહ્યો તેથી બુદ્ધિનું અર્પણ કર્યું છે.

વાંકડિયાવાળના સમૂહથી વીંટાયેલા મુખવાળા શ્રીઅંગને ધારણ કરનાર, ત્રિભુવનમાં કામના કરવા યોગ્ય, શ્યામ તમાલ જેવા, સૂર્યનાં કિરણ જેવાં પીતામ્બરને ધારણ કરનાર, અર્જુનના મિત્ર સાકાર શ્રીકૃષ્ણમાં મારી વિશુદ્ધ પ્રીતિ હો ।।૩૩।।

જેમાં *શસ્ત્રપ્રહારથી ચામડી ભેદાઈ જાય છે તેવા યુદ્ધમાં ઘોડાની ખરીથી ઊડેલી રજવડે ધૂસરા અને ચોતરફ વીખરાયેલા વાળને લાગેલ થાકના પસીનાનાં ટીપાંથી જેમનું શ્રીમુખ શોભે છે તેવા શોભાયમાન કવચવાળા શ્રીકૃષ્ણમાં મારો આત્મા હો ।।૩૪।।

**વિશેષ** : **''મમ નિશિતશરૈઃ વિભિદ્યમાનત્વચિ''** આ વિશેષણમાં ભીષ્મપિતામહ ભક્ત હોવાથી ''મારા બાણથી કૃષ્ણની ત્વચા વિકૃત થઈ છે'' એમ કહે તો એનું ભક્તપણું જાય માટે એમ ન કહે એવા ભાવથી વૈષ્ણવ ટીકાકારો ''તીક્ષ્ણ બાણથી મારી ત્વચાને ભગવાને ભેદી છે'' એવો અથવા ''યુદ્ધમાં લડનારની મારા બાણથી ત્વચા ભેદાઈ છે તેવા સંગ્રામમાં'' એમ યુદ્ધનું વિશેષણ કરવું એવો અર્થ કરે છે. શ્રીઆચાર્યચરણ તો વેદોનાં વાક્યોનો વિપરીત અર્થ કરીને ઈશ્વર અને ધર્મ નું ખંડન કરનારાં કુતર્કવાદીઓનાં તીવ્ર વાક્ય બાણોથી વેદભગવાનની ત્વચા-ચામડી ભેદાઈ ગયેલ હોવા છતાં **''વિલસત્ કવચે''** તે વેદવાક્યોનો સાચો અર્થ શ્રીસુબોધિનીજીમાં કરીને રક્ષણ કરનારા ભક્તોનાં અને તત્ત્વવેત્તાઓનાં વાક્યો રૂપી કવચથી શોભતાં શ્રીકૃષ્ણમાં મારો આત્મા રહો એવો ઉત્તમ અર્થ કરે છે.

મિત્ર અર્જુનના કહેવાથી પોતાના અને શત્રુના સૈન્યની વચ્ચે રથને જલદી લાવી સ્થિતિ કરનાર તથા પરસૈન્યનું આયુષ્ય દૃષ્ટિથી* હરનારા, અર્જુનના મિત્રમાં મારી બુદ્ધિ રહો ।।૩૫।।

**વિશેષ** : અચિન્ત્ય અને અનન્ત શક્તિથી કોટિ બ્રહ્માંડના જન્મ,સ્થિતિ અને પ્રલય કરનારને દૃષ્ટિથી સૈનિકનું આયુષ્ય હરણ કરવું અશક્ય નથી.

દૂર રહેલી પોતાની અને દુશ્મનોની બન્ને સેનાનાં અગ્ર ભાગ જોઈને ગુરુ વગેરેની હત્યામાં દોષ છે તેવી બુદ્ધિથી સ્વજનના વધથી યુદ્ધવિમુખ થતા અર્જુનને આત્મવિદ્યાનું દાન કરી કુબુદ્ધિ* મટાડનાર પરમ પુરુષ શ્રીકૃષ્ણના ચરણમાં મારી પ્રીતિ હો ।।૩૬।।

**વિશેષ** : અર્જુનને ગુરુ વગેરેની હત્યા દોષયુક્ત લાગી તેથી એમ કરવું એને યોગ્ય ન લાગ્યું ત્યારે ભગવાનને તો અર્જુનાદિ દ્વારા પૃથ્વીનો ભાર ઓછો કરવો છે, અર્જુનને માત્ર નિમિત્ત કરવો છે, તેથી ત્યાં અર્જુનને બ્રહ્મવિદ્યા કહી અને સર્વકર્તૃત્વ ભગવાન્‌માં છે એમ બતાવ્યું.



તેથી અર્જુનની ''ગુરુને મારવાથી મને દોષ થશે'' એવી બુદ્ધિ જો કે ઠીક છે તો પણ ભગવદ્ધારણાથી તે જુદી હોવાથી અહીં એને **કુબુદ્ધિ** કહી છે. તેથી ભક્તને ભગવદાજ્ઞાપાલન એ સુબુદ્ધિ અને ભગવાનની ઈચ્છા વિરુદ્ધ કરવું તે કુબુદ્ધિ એવું પણ તાત્પર્ય અહીં પ્રકટ જણાય છે. અહીં શંકા થાય કે ત્યારે બધાને માર્યા એની હિંસાનો દોષ ન લાગે! ત્યાં એનું સમાધાન વાળંદના દષ્ટાન્તથી સમજવું. જેમ શરીરથી ઉત્પન્ન થયેલ વાળને વાળંદ કાપી નાખે છે એ જો કે વાળને માટે અનિષ્ટ છે પણ એ વાળવાળાને સફાઈ થવાથી આનન્દ આપનાર છે તેમ ટૂંકી બુદ્ધિવાળાને દુષ્ટને મારવું પાપરૂપ લાગે પણ જગન્નિયન્તાના સૃષ્ટિના ક્રમના એ વિરોધી હોવાથી એને દૂર કરી સૃષ્ટિનું ભલું કરનાર એના કર્તાને એ પ્રિય હોવાથી એનો દોષ ન લાગે. ઈશ્વર મરનારનો પણ જડાંશ નિવૃત્ત કરે છે તેથી મરનારનું પણ તેમાં શ્રેય હોવાથી એ મરવું પણ ભગવત્સમીપ હોવાથી શ્રેયસ્કર છે.

જેમના ખભા ઉપરથી ખેસ સરી ગયો છે તેવા ભગવાન્ મારી પ્રતિજ્ઞા* પાળવાને માટે પોતાની પ્રતિજ્ઞાને તોડતા, રથમાં રહીને ચક્ર શ્રીહસ્તમાં ધારણ કરનાર, જેમ હાથીને મારવાને સિંહ દોડે તેમ મારી સામે પધાર્યા ત્યારે પૃથ્વી કંપવા લાગી ।।૩૭।।

**વિશેષ** : ભીષ્મે પ્રતિજ્ઞા કરેલ કે હું જો ભગવાનને શસ્ત્ર ધરાવું તો જ ખરો ભીષ્મ. ભગવાન્ દન્તવક્ત્રને મારીને બોલ્યા છે કે ''હવે હું શસ્ત્ર નહિ ધરું''. તેથી પુરુષોત્તમનામસહસ્રમાં **'ન્યસ્તશસ્ત્રાસ્ત્રવિગ્રહઃ'** એવું નામ છે. કૌરવયુદ્ધમાં પધાર્યા ત્યારે **''અયુધ્યમાનો-ઽહમેકતઃ''** હું એક તરફ યુદ્ધ નહિ કરીને રહીશ —એમ કહ્યું છે. આનું સમાધાન એ જ કે ભગવાને આયુધ ધારણ કર્યું છે, તેનો ઉપયોગ નથી કર્યો. તેથી ભગવાનની પ્રતિજ્ઞાનો ભંગ ન થયો અને ભીષ્મની વાત પણ રહી છે. આ શ્લોકમાં ''મારી રતિ હો'' એમ નથી કહ્યું એનું કારણ એ જ કે અત્યારે ભગવાને ભક્ત ઉપર રતિ કરી છે. ભીષ્મને તો ''મેં ચક્ર પ્રભુને ધરાવ્યું'' એવું અભિમાન થયું છે તેથી પ્રાર્થના નથી કરી.

કટ્ટર પાખંડીઓને ખતમ કરનાર, *જેમાં મચ્છરોનો નાશ થયેલ છે તેવા સમયે અર્થાત્ શિયાળા અને ઉનાળા માં થયેલ છે ચાઠાં જેમને તેવા દિગ્વિજય કરવા નીકળેલા ક્ષત્રિયો અને સન્ન્યાસીઓ તેવા પુરુષોથી ચારે તરફ વીંટાયેલા, જે મારો આતતાયીનો (યુદ્ધ ન કરનાર કૃષ્ણ સાથે યુદ્ધ કરનાર ભીષ્મ) પરાણે વધ કરવા પધાર્યા તે ભગવાન્ મુકુન્દ મારી ગતિ હો ।।૩૮।।

**વિશેષ** : પ્રથમનાં બે વિશેષણનો આચાર્યશ્રી પૂર્વની જેમ આધ્યાત્મિક અર્થ કરે છે.

અર્જુનના રથને કુટુમ્બરૂપ માનનાર, જેમણે ચાબૂક ગ્રહણ કર્યો છે તેવા, ઘોડાની

લગામ છે હાથમાં જેમનાં તેવા, એ સમયે દર્શન લાયક સ્વરૂપવાળા તેવા ભગવાન્‌માં મરવાને ઈચ્છતો તેવો હું ભીષ્મ તેની બુદ્ધિ હો. જેનાં દર્શન કરતાં-કરતાં મૃત્યુ પામેલા સદ્‌ગતિને પામ્યા છે તેમાં મેં તો અન્ત સમયે સ્નેહ કર્યો છે તેથી જ છેવટ સુધીની *રતિને માટે પ્રાર્થના કરું છું ।।૩૯।।

**વિશેષ :** **''કામં ક્રોધં''** એ શ્લોકમાં **''નિત્યં હરૌ વિદધતઃ''** એમ કહ્યું છે એનું તાત્પર્ય એ જ કે ભગવાન્‌માં સ્નેહ, કામ, ક્રોધ કે બીજા દોષ કે ગુણ જે યોજવો તે છેવટ સુધી કરો તો જ એને ભગવદ્રૂપ ફળ મળે છે; નહિ તો બીજે મન જવાથી **''અન્તે યા મતિઃ સા ગતિઃ''** એ ન્યાયથી ભગવાનને માટે કરેલું બધું અન્યશેષ થઈ જાય તો એ ભગવદ્રૂપ ફળ આપતું નથી; તેથી ભીષ્મે છેલ્લા શ્વાસ સુધી રતિની પ્રાર્થના કરી છે.

વળી સુન્દર ગતિના વિલાસથી, મનોહર હાસ્ય અને પ્રેમપૂર્વક જોવાથી જેમને બહુમાન પ્રાપ્ત થયું છે તે ક્યાં સુધી કે એ માનના મદમાં ભગવાનના ખભા ઉપર ચડવાની ઈચ્છા કરતાં ગોપીજનો ભગવલ્લીલાના અનુકરણ માત્રથી કૃતકૃત્ય થયાં, સ્વરૂપને પ્રાપ્ત થયાં (તે સ્વરૂપમાં મને પરમ પ્રેમ હો) ।।૪૦।।

મુનિસમુદાય અને યજ્ઞ શ્રેષ્ઠ રાજાઓથી પૂર્ણ તેવી, યુધિષ્ઠિર રાજાની રાજસૂય યજ્ઞની સભામાં પ્રથમ પૂજન જેમનું થયું છે તેથીજ દર્શનપાત્ર બનેલા, આ ભગવાન્ મારી દૃષ્ટિ સમક્ષ પ્રકટ બિરાજે છે ।।૪૧।।

સ્વસ્વરૂપમાંથી કલ્પેલા શરીરધારી જીવોના પ્રત્યેક હૃદયમાં બિરાજતા; જેમ સૂર્ય એક છે છતાં દરેક પ્રાણીની આંખે જાુદો જોવામાં આવે છે તેવા આ ભગવાનને ભેદ-મોહ વગેરે છોડી હું શરણે જાઉં છું ।।૪૨।।

**સૂતજીએ કહ્યું :** મન, વાણી અને દૃષ્ટિ થી ભગવાન્ શ્રીકૃષ્ણમાં સ્વાત્માને અર્પી એ ભીષ્મે શ્વાસને અન્દર જ વિરામ કરાવ્યો એટલે દેહ છોડ્યો ।।૪૩।।

જેમ સાંજ સમયે દિવસ વીતી જતા પક્ષીઓ મૌન ધારણ કરે તેમ નિષ્કળ બ્રહ્મમાં પ્રવેશ કરતા ભીષ્મને જાણી સર્વ મૌન થઈ રહ્યા ।।૪૪।।

દેવતાએ પ્રેરેલાં દુન્દુભિ આકાશમાં વાગવાં લાગ્યાં. આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ. રાજાઓમાં જે સજ્જન હતા તે આ કાર્યની પ્રશંસા કરવા લાગ્યા ।।૪૫।।

ભરતકુળમાં ઉત્પન્ન થયેલા યુધિષ્ઠિર રાજા મૃત્યુ પામેલા ભીષ્મના દેહની અન્ત્યેષ્ટિ ક્રિયા કરાવીને અમુક સમયમાટે શોકમગ્ન થઈ ગયા ।।૪૬।।

ઋષિઓ ભગવાનનાં ગુહ્ય નામોથી સ્તુતિ કરવા લાગ્યા. અને હૃદયમાં શ્રીકૃષ્ણને



પધરાવી સર્વ પોતપોતાને આશ્રમે પહોંચ્યા ।।૪૭।।

યુધિષ્ઠિર કૃષ્ણની સાથે હસ્તિનાપુર જઈ કાકા ધૃતરાષ્ટ્ર અને તપસ્વિની ગાન્ધારીને દિલાસો દેવા લાગ્યા ।।૪૮।।

**પિત્રા ચાનુમતો રાજા વાસુદેવાનુમોદિતઃ ।।**
**ચકાર રાજ્યં ધર્મેણ પિતૃપૈતામહં વિભુઃ ।।૪૯।।**

મંત્રીમંડલ તથા કાકા ધૃતરાષ્ટ્રની સમ્મતિથી તથા શ્રીકૃષ્ણના અનુમોદનથી બાપદાદાનાં રાજ્યનું યુધિષ્ઠિર રાજા સ્વધર્મ પૂર્વક પાલન કરવા લાગ્યા ।।૪૯।।

**ઈતિ શ્રીભાગવત પ્રથમ સ્કન્ધમાં (ઉત્તમપ્રકરણનો ત્રીજો)**
**''શર પઞ્જર પીડિત ભીષ્મની મુક્તિ'' નામનો**
**નવમો અધ્યાય સમ્પૂર્ણ.**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત જઈને મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર, તેવી કથા માટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(?) ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

# અધ્યાય ૧૦
## પાંડવોનું સુખ

**વિશેષ :** ભીષ્મની મુક્તિનું નિરૂપણ ભગવાનની ચિન્તા દૂર કરવામાટે આથી પહેલાના અધ્યાયમાં કર્યું. પાંડવોને આ લોકમાં જ સર્વ સુખ ભગવાને આપ્યું એનું વર્ણન બે અધ્યાયથી કહેવાય છે. તેમાં પ્રથમ પાંડવોનું સુખ બતાવે છે. જેનું સુખ કૃષ્ણને અધીન હોય તે સુખી કહેવાય છે. તેથી આ અધ્યાયમાં સર્વની કૃષ્ણપરાયણતા કહેવામાં આવશે. આ દશમા અધ્યાયમાં ૧૪ શ્લોકથી ભગવત્પ્રયાણનું વર્ણન, ૧૦ શ્લોકથી પુરસ્ત્રીનાં વાક્યનું વર્ણન, છ શ્લોકથી દ્વારકા પહોંચ્યાનું વર્ણન એવી રીતે ૩૫ શ્લોક છે.

**હત્વા સ્વરિક્થસ્પૃધ આતતાયિનો યુધિષ્ઠિરો ધર્મભૃતાં વરિષ્ઠઃ ।।**
**સહાનુજૈઃ પ્રત્યવરુદ્ધભોજનઃ કથં પ્રવૃત્તઃ કિમકારષીત્ તતઃ ।।૧।।**

**શૌનક પૂછે છે :** પોતાના ધનને હડપ કરી જવાની ઈચ્છા કરનાર, શસ્ત્ર લઈને

મારવા આવનાર આતતાયી લોકોને મારી ધાર્મિક શિરોમણિ શ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજા ભોજન પાલનમાં ભાઈઓને સાથે રાખી કાર્ય કરનારા થઈ કેવી રીતે રાજ્ય કર્યું અને એમણે શું કર્યું? ।।૧।।

**સૂતજીએ કહ્યું** : વંશના દાવાગ્નિરૂપ અશ્વત્થામાના અસ્ત્રથી બળેલ વંશાંકુરને જીવતો કરીને તથા યુધિષ્ઠિરને પોતાના રાજ્યના માલિક બનાવીને ભગવાન્ અત્યન્ત પ્રસન્ન થયા ।।૨।।

ભીષ્મે તથા અચ્યુત ભગવાને કહેલું સાંભળી હૃદયમાં ધારણ કરીને ઉચ્ચ જ્ઞાનથી ભ્રમોને દૂર કરીને ભીમ, અર્જુન વગેરે ચાર ભાઈઓ જેમને અનુસરે છે તેવા યુધિષ્ઠિર રાજા ભગવાનનો આશ્રય રાખીને ઈન્દ્રની પેઠે રાજ્ય કરવા મંડ્યા ।।૩।।

એમના શાસનમાં લોકની ઈચ્છા પ્રમાણે મેઘ વર્ષવા લાગ્યો; પૃથ્વી સર્વ કામને પૂર્ણ કરનારી થઈ, મોટા *ઓધસ-આઉવાળી ગાયો, દોહનાર અને વાસણ આવે ન આવે ત્યાં તો, દૂધઘણું હોવાથી, ગોશાળાઓનું જ આનન્દપૂર્વક દૂધથી સિંચન કરતી ।।૪।।

**વિશેષ** : ગાયના શરીરમાં ક્ષીરાશય હોય છે. જ્યાંથી ચાર આંચળમાંથી દૂધ નીકળે છે તેનું નામ 'ઓધસ' જેને સૌરાષ્ટ્રવાસીઓ 'આઉ' કહે છે.

નદીઓ, સમુદ્રો, પર્વતો, વેલો, વનસ્પતિઓ, ઓષધિઓ પોતપોતાના સમયમાં ફળવા લાગ્યા ।।૫।।

લોકોમાં મનની અને શરીરની ચિન્તા ન રહી. આધિભૌતિક વગેરે ત્રણ તાપ યુધિષ્ઠિરના રાજ્યમાં કોઈને જોવામાં ન આવ્યા ।।૬।।

ભગવાન્ કેટલાક માસ સુહૃદોના શોકને મટાડવા તથા બહેન સુભદ્રાનું પ્રિય કરવા *હસ્તિનાપુરમાં રહ્યા ।।૭।।

**વિશેષ** : હસ્તી નામનો રાજા હતો. તેણે વસાવેલું માટે 'હસ્તિનાપુર' એવું સંસ્કૃતમાં નામ પડ્યું છે. ભગવાન્ એમાં રહ્યા માટે હસ્તીના સમગ્ર-વંશની મુક્તિ થઈ. એ ભગવાન્ જે મથુરાદિ સ્થળે નિરન્તર બિરાજે એ સ્થળ બીજાને મુક્તિ આપનાર થાય. ભગવાન્ અમુક સમય જ રહે તો એવું થાય એવો નિયમ નથી તેથી કાળના સ્વલ્પાંશરૂપ માસ કહ્યા છે.

પછી જ્યારે પ્રભુએ યુધિષ્ઠિર પાસે દ્વારકા જવાની રજા માગી ત્યારે રાજાએ પ્રભુને આલિંગન કરી રજા આપી. પ્રભુ એમને પ્રણામ કરી રથમાં બિરાજ્યાં. સમાન ઉંમરવાળાઓએ પ્રભુને આલિંગન કર્યું. નાની ઉંમરવાળાઓએ પ્રભુને પ્રણામ કર્યા



।।૮।।

ત્યારે સુભદ્રા, દ્રૌપદી, કુન્તી, ઉત્તરા, ગાન્ધારી, ધૃતરાષ્ટ્ર, સાત્યકિ, કૃપાચાર્ય, નકુલ, સહદેવ, ભીમ, ધૌમ્ય અને બીજા બ્રાહ્મણો, સત્યવતી વગેરે બીજી સ્ત્રીઓ એ બધાંને, મૂર્છિત જેવાં થઈ જવાથી, ભગવાનનો વિયોગ સહન કરવો અશક્ય થયો ।।૯-૧૦।।

સત્સંગવડે જેનો દુઃસંગ છૂટ્યો છે તેવો પુરુષ સત્સંગને છોડવાનો ઉત્સાહ નથી કરતો, કારણ કે સન્તો ભગવાનના યશ ગાય છે તે એક વાર સાંભળવાથી પણ મનને રુચે છે. તેથી કુન્તીના પુત્રોએ તો ભગવાન્‌માં જ બુદ્ધિને રોકી છે તે ભગવાનનો વિરહ કેમ સહન કરી શકે? ।।૧૧।।

દર્શન, સ્પર્શ, વાતચીત, સૂવું, સાથે બેસવું અને ભોજન કરવું એ છ ક્રિયા પાંડવોને ભગવાન્ સાથે નિત્ય થતી તેથી ભગવાન્ વિદાય થાય છે ત્યારે પાંડવોનું ચિત્ત પણ ભગવાનની પાછળ દોડે છે. બધા ભગવાનનાં દર્શન કરે છે, સ્નેહથી બંધાયેલાં આમ-તેમ ફરે છે ।।૧૨।।

બન્ધુજનની સ્ત્રીઓ દેવકીજીના પુત્ર ભગવાન્ ઘરથી બહાર પધારે છે તેને અપશુકન ન થાય તેવા વિચારથી નેત્રમાં જ આંસુને રોકી રાખે છે ।।૧૩।।

મૃદંગ, ઢોલ, પણવ, નગારાં, નોબત એ પાંચ વાદ્યો; શંખ, ગોમુખ અને ફૂંકવાના વાદ્યો, ઘંટા અને ઘૂઘરી, ઘનભેદ અને વીણા તન્તુરૂપ એમ ચાર પ્રકારનાં વાજિન્ત્ર વાગવા લાગ્યાં ।।૧૪।।

કૌરવની સ્ત્રીઓ પ્રેમ, લજ્જા અને મન્દહાસ્યવાળાં મુખવાળી થઈ, હવેલીના ઉપરના ભાગ ઉપર ચડી ભગવદ્દર્શનની ઈચ્છાથી ફૂલોની વૃષ્ટિ કરવા લાગી ।।૧૫।।

પોતાને અત્યન્ત પ્રિય તેવા ભગવાનની ઉપર મોતીની ઝાલરવાળું અને રત્નના હાથાવાળું સફેદ છત્ર અર્જુને પ્રીતિયુક્ત થઈને ધર્યું ।।૧૬।।

ઉદ્ધવજી તથા સાત્યકિએ સ્વતઃ શીતલ અને સુગન્ધી પવન જેમાંથી નીકળે છે તેવા પરમ અદ્ભુત પંખા લીધા. માર્ગમાં ફૂલોની વૃષ્ટિ જેમના ઉપર થતી આવે છે તેવા મધુપતિની શોભા થઈ ।।૧૭।।

બ્રાહ્મણોનાં ઠેકઠેકાણે આશીર્વચન સંભળાયાં. એ વચન નિર્ગુણને પ્રતિકૂળ અને સગુણને અનુકૂળ એમ બન્ને પ્રકારનાં એ સમયે સાંભળવામાં આવ્યાં ।।૧૮।।

એ સમયે ભગવાન્‌માં જ જેનું ચિત્ત છે તેવા કૌરવેન્દ્ર યુધિષ્ઠિરના હસ્તિનાપુરની

સ્ત્રીઓ બધાંના કાનને અને મનને સુન્દર લાગે તેવી પરસ્પર વાતચીત કરવા લાગી ।।૧૯।।

**સ્ત્રીઓ બોલી :** ''જેમને જાણવાથી બધું જણાએલું થાય છે'' એ શ્રુતિ પ્રમાણે મૂળ ભગવાનને જાણવા જોઈએ. તો ભગવાન્ કોણ? એમ અપેક્ષા થાય તો આ એનો ખુલાસો : **કોઈ પણ જાતની ઉપાસના, ઉપદેશ કે વિચાર વિના, જેમના સાન્નિધ્ય માત્રથી આપણે સર્વજ્ઞ (બધું જાણનારા) થઈ જઈએ તે ભગવાન્. તેથી આ શ્રીકૃષ્ણ જ ભગવાન્ છે.** ગુણોની ઉત્પત્તિ પહેલાં જગત્ના આત્મારૂપ ભગવાન્ જીવોને સ્વસ્વરૂપમાં લીન કરે છે, શક્તિઓ પણ સ્વરૂપમાં જ લીન થાય છે ત્યારે જે સ્વરૂપે એકલા રહે છે તે જ આ પુરાણપુરુષ શ્રીકૃષ્ણ છે એમ નિશ્ચય સમજો ।।૨૦।।

વેદ વગેરે શાસ્ત્રના કર્તા જે આદ્યપુરુષ તે સ્વરૂપમાં નામ અને રૂપ કરવામાટે પોતાની જીવને મોહ કરનારી* અને સૃષ્ટિ કરવાની ઈચ્છાવાળી માયાને ફરી અનુસર્યા ।।૨૧।।

**વિશેષ :** માયા બે પ્રકારની છે. એક તો સ્વપ્રતિકૃતિથી સમ્બદ્ધ ભગવાનને જગદ્રૂપે બતાવે છે અને બીજી પોતાની ઈચ્છાથી ઉત્પન્ન થયેલ જીવને મોહ કરે છે. આ બીજી માયાને 'જીવમાયા' શબ્દથી મૂલમાં કહી છે. (સુબોધિનીજી)

જેમનાં ચરણ પામવાને ઈન્દ્રિયો અને પ્રાણ નું નિયમન કરી ભક્તિથી ઉભરાતા અન્તઃકરણવડે ભક્તો જોઈ શકે છે તે આ શ્રીકૃષ્ણ છે. તે જ આત્મામાં રહેલ પ્રકૃતિ કાર્યને દૂર કરવાને સમર્થ છે ।।૨૨।।

ભગવાનની ગુપ્ત લીલાઓ કહેનારા લોકોએ ગુપ્ત કહેલાં તેવાં ઉપનિષદોમાં સખ્યભક્તિ સુધી પહોંચેલા ભક્તોએ ગાયેલ તેવા આ ભગવાન્ છે, જે સમગ્ર જગત્ના ઈશ્વર છે. આ જગત્ને પોતાની ક્રીડારૂપે ઉત્પન્ન કરે છે, રક્ષણ કરે છે અને સ્વરૂપમાં લીન કરે છે, છતાં એમાં આસક્ત થતાં નથી ।।૨૩।।

જ્યારે તામસ બુદ્ધિવાળા રાજાઓ અધર્મથી જીવન ચલાવે છે ત્યારે પ્રજાનો ઉદયનેમાટે આ જ ભગવાન્, સત્ત્વની પ્રેરણાથી ઐશ્વર્ય, સત્ય, ઋત, દયા અને યશનો અંગીકાર કરી યુગ-યુગમાં સ્વરૂપને ધારણ કરી અહીં પધારે છે ।।૨૪।।

ક્યાં તો પિતા યયાતિએ જેને શાપ આપેલો છે અને લોકમાં નિન્દિત એવા **યદુ** અને ક્યાં તેના કુલની ઉત્તમતા? તે કુલમાં ભગવાનનો અવતાર થયેલો હોવાથી લોક



તે વંશ સમ્બન્ધી તમામને યાદ કરી નમી પડે છે. યદુવંશ સર્વથી અધિક પ્રશંસા કરવા યોગ્ય છે. એવી જ રીતે મધુ દૈત્યના સમ્બન્ધવાળું હોવા છતાં મધુવન પહેલાં સત્પુરુષોના વાસવિહોણું હતું. વન હોવાથી ડરામણું હતું. દૈત્ય અને ભય હોવાથી ભગવાનનું સ્મરણ પણ ત્યાં ન થાય તો ભગવાન્ તો ક્યાંથી જ હોય? છતાં તે ઉત્તમ થયું કારણ કે ઉત્તમ પુરુષ, લક્ષ્મીપતિએ પોતાના જન્મ અને ફરવાથી તેને સુશોભિત કર્યું છે ।।૨૫।।

કુશ નામના દૈત્યની ભૂમિ, અર્થાત્ કુશસ્થલી આ દ્વારકા પૃથ્વીના પવિત્ર યશને વધારે છે, સ્વર્ગના યશનો તિરસ્કાર કરે છે. કારણ કે ત્યાંની પ્રજા હસતા મુખવાળા અને કૃપા કરનાર હોવાથી ઈચ્છેલા તેવા પોતાના પતિ આ ભગવાનનાં નિત્ય દર્શન કરે છે ।।૨૬।।

આ શ્રીકૃષ્ણે જેઓનું પાણિગ્રહણ કર્યું છે તેવી કૃષ્ણપત્નીઓએ પૂર્વે વ્રત, સ્નાન અને હોમથી ઈશ્વરને સારી રીતે પ્રસન્ન કરેલા હોવાં જોઈએ. કારણ કે હે સખીઓ! તેઓ વારંવાર કૃષ્ણના અધરામૃતનું પાન કરે છે, જે અધરામૃતને માટે વ્રજની સ્ત્રીઓ મોહ પામ્યાં હતાં ।।૨૭।।

સ્વયંવરમાં શિશુપાલ વગેરે દુષ્ટ રાજાઓને કચડીને જેમને પોતાના બાહુબલથી, વીર્યરૂપ કિંમત ચૂકવીને લાવેલી તથા જેમના પૂત્રો પ્રદ્યુમ્ન, સામ્બ, અમ્બ વગેરે છે તે રુક્મિણી, જામ્બુવતી, મિત્રવિન્દા વગેરે આઠ પટરાણીઓને ભગવાન્ હરણ કરી લાવ્યા તથા ભૌમાસુરને મારીને લાવવામાં આવેલી સોળ હજાર પત્નીઓ છે તે ખરેખર ધન્ય છે! ।।૨૮।।

સ્ત્રીપણામાં નથી પવિત્રતા કે નથી વિશેષ ચાતુર્ય તો પણ કૃષ્ણપત્નીઓનું સ્ત્રીપણું ઘણુંજ ઉત્તમ છે કેમકે કમલનયન ભગવાન્ એ સ્ત્રીઓનાં હૃદયમાં પ્રેમની વૃદ્ધિ કરતા તેમનાં ઘર છોડી બીજે પધારતા પણ નથી. તેથી કૃષ્ણપત્નીઓનું સ્ત્રીત્વ ધન્ય છે ।।૨૯।।

એમ બોલતી નાગરિક સ્ત્રીઓને સ્મિતપૂર્વક નિહાળતા અભિનન્દન કરતા ભગવાન્ હસ્તિનાપુરથી પધાર્યા ।।૩૦।।

બીજા રાજાઓથી શંકાશીલ થયેલ યુધિષ્ઠિર રાજાએ ભગવાન્ પધારે છે તેમના રક્ષણમાટે સ્નેહવશાત્ ચતુરંગિણી સેના સાથે મોકલી ।।૩૧।।

વિરહથી વ્યાકુળ થયેલ દૃઢ સ્નેહવાળા કૌરવો દૂર સુધી આવ્યા. તેઓને ભગવાને

પાછા વાળ્યા અને પોતે સ્વનગર તરફ પ્રયાણ કર્યું ।।૩૨।।

હસ્તિનાપુર દેશ, પંજાબનો થોડો ભાગ, પાંચાળ દેશ, શૂરસેનના રાજ્યનો પ્રદેશ, યમુનાજીનો પ્રદેશ, બ્રહ્માવર્ત, કુરુક્ષેત્ર, મત્સ્યદેશ, સરસ્વતીના કાંઠાનો દેશ ।।૩૩।।

મરુદેશ, સૌવીર અને આભીરોના દેશમાં થઈ દ્વારકા મંડળ તરફ, હે ભાર્ગવ!, આનર્ત દેશના છેડે ભગવાન્ પધાર્યા. સમર્થ ભગવાન્ એટલું પધાર્યા એમાં ઘોડાઓને થોડોક થાક લાગ્યો ।।૩૪।।

**તત્ર તત્ર હ તત્રત્યૈર્હરિઃ પ્રત્યુદ્યતાર્હણઃ ।।**
**સાયં ભેજે દિશં પશ્ચાદ્ ગવિષ્ઠો ગાં ગતસ્તદા ।।૩૫।।**

જ્યાં-જ્યાં ભગવાન્ પધાર્યા ત્યાં-ત્યાંના લોકો ભેટો લઈ ભગવાનનાં પૂજન કરતા ગયા. સૂર્યાસ્ત સમયે ભગવાન્ દ્વારકા પધાર્યા ।।૩૫।।

**ઈતિ શ્રીભાગવત પ્રથમસ્કન્ધમાં (ઉત્તમપ્રકરણનો ૪ થો)**
**''પાંડવોનું સુખ''નામનો**
**દસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**... શ્રીભાગવતમાદરાત્। પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમદમ્ભતઃ।।**
કોઈ પણ લૌકિક(પૈસા-ટકા કમાવવા, ફંડ-ફાળા)-પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર, પિતૃદોષનું નિવારણ) હેતુ કે ઢોંગ વિના આદર પૂર્વક પ્રયત્ન પૂર્વક જાતેજ, શ્રીભાગવતનોનો પાઠ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

# અધ્યાય ૧૧
# દ્વારકાવાસી ભક્તોનું સુખ

**વિશેષ :** એમ કૌરવ ભક્તોના સુખનું વર્ણન દસમા અધ્યાયમાં કરવામાં આવ્યું. આ અગિયારમાં અધ્યાયમાં દ્વારકામાં રહેલા ભક્તોના સુખનું વર્ણન કરવામાં આવશે. પ્રવેશ, પ્રવિષ્ટ અને તેમાં સ્થિતિ એમ ત્રણ પ્રકારનો ઉત્સવ આમાં કહેવાય છે. ભગવાનનું સ્વરૂપ શાસ્ત્રથી જાણનારને પણ પ્રાકૃતનાં જેવો સ્નેહ થઈ ગયો એ કૃષ્ણની ઈચ્છાથી જ થાય એમ કહેવાને ભગવાનનું દ્વારકા પધારવાનું વર્ણન કરે છે. પ્રથમ શંખનાદ કર્યા પછી સ્નેહવાળાનાં દર્શન થયાં. પછી



બધાએ ભગવાનની સ્તુતિ કરી. ભગવાનના વિરહથી પીડિત લોકો પાસે ભગવાન્ ન જાય માટે પ્રથમ ભગવાને શંખ વગાડી પોતાના આગમનનું સૂચન કર્યું તેથી લોકોને આનન્દ થયો. દ્વારકા જલદુર્ગ છે. તેમાં પહેલાં ઓખા મંડળમાં પ્રવેશ કર્યો પછી દ્વારકા પ્રવેશ એમ વિભાગથી વર્ણન છે.

**આનર્તાન્ સ ઉપવ્રજ્ય સ્વૃદ્ધાન્ જનપદાન્ સ્વકાન્ ।।**
**દધ્મૌ દરવરં તેષાં વિષાદં શમયન્નિવ ।।૧।।**

**સૂતજી બોલ્યા :** ભગવાન્ સમૃદ્ધિવાળા પોતાના આનર્ત દેશમાં પહોંચ્યા કે તરત એ લોકોનાં દુઃખ જાણે દૂર કરતા હોય તેમ શ્રેષ્ઠ શંખ આપે વગાડ્યો ।।૧।।

ભગવાનના હોઠોની લાલીથી લાલ થયેલ તે સફેદ વર્ણનો શંખ વાગતી વખતે એમને કરકમલોમાં એવો શોભવા લાગ્યો, જાણે કે લાલ રંગના કમલો ઉપર બેસીને કોઈ રાજહંસ ઉચ્ચ સ્વરથી મધુર ગાન કરી રહ્યો હોય ।।૨।।

સંસારના ભયને ભયભીત કરે તેવો શંખધ્વનિ સાંભળી સ્વામીનાં દર્શનની લાલસાવાળી સર્વ પ્રજા ગામની બહાર દર્શન કરવા નીકળી આવી ।।૩।।

જેમ સૂર્યને દીવો ધરે છે તેમ નિત્ય નિજલાભથી સદા પૂર્ણકામ અને આત્મારામ શ્રીકૃષ્ણને પ્રજાએ પોતાની શક્તિ પ્રમાણે ભેટ કરી ।।૪।।

પ્રીતિથી બધાના મુખ ખીલી ઉઠ્યાં. હર્ષથી ગદ્ગદિત કંઠથી પ્રજા પિતાને બાળક પોતાની તોતડી બોલીમાં કહે તેમ બધાના મિત્ર અને સંરક્ષક પ્રભુને કહેવા લાગી ।।૫।।

જ્યાં બીજા ઉપર સત્તા ચલાવનાર કાળનું ચાલતું નથી તેવું અને બ્રહ્મા, શિવ અને ઈન્દ્રાદિ જેને વન્દન કરે છે તેવું કલ્યાણની ઈચ્છાવાળાના પરમ આશ્રયરૂપ આપના ચરણકમળને હે નાથ! અમો સદા નમસ્કાર કરીએ છીએ ।।૬।।

જેની સેવા કરવાથી અમે કૃતાર્થ થઈએ તેવા આપ અમારાં માતા, પિતા, સુહૃદ, પતિ, ગુરુ અને પરમ દૈવત છો. તે આપ હે વિશ્વનું કલ્યાણ કરનાર! અમારું કલ્યાણ કરો ।।૭।।

અહા, અમે આપને પ્રાપ્ત કરીને સનાથ થઈ ગયા. કારણ કે આપ પોતે અહીં પધારીને અમારાં સર્વ કાર્યો પૂર્ણ કરો છો તેથી આપના સર્વ સૌન્દર્યસાર અનુપમરૂપના અમે દર્શન કરતાં રહીએ છીએ. કેવું સુન્દર મુખ છે! પ્રેમપૂર્ણ હાસ્યવાળી સ્નેહ ટપકતી દૃષ્ટિ! આ દર્શન તો દેવતાઓને પણ દુર્લભ છે. ભગવાનનાં દર્શન જ પહેલાં

તો દુર્લભ છે. તેમાં પણ સન્મુખ રહીને દર્શન થવાં વધારે દુર્લભ છે. તેમાં પણ ભગવાનની દષ્ટિ પોતાની ઉપર ચડે તે સૌથી દુર્લભ. તેમાં પણ દષ્ટિ દયા અને સ્નેહવાળી! તે અમારા ઉપર પડી. ભગવદીઓ માટે આ સિવાય બીજો કોઈ ઉત્કર્ષ નથી ।।૮।।

હે કમલ નયન કૃષ્ણ! સુહૃદ્‌ને જોવાની ઈચ્છાથી જ્યારે હસ્તિનાપુર કે મથુરા વગેરેમાં આપ પધારો છો ત્યારે હે અચ્યુત! આપના વિના અમારી એક ક્ષણ કરોડો વર્ષ જેવી થાય છે કે જેવી સૂર્ય વગરની ક્ષણ આંખને થાય ।।૯।।

ભક્તોએ બોલેલી એવી વાણી સાંભળતા અને દષ્ટિથી અનુકમ્પા બતાવતા ભગવાને દ્વારકાપુરીમાં પ્રવેશ કર્યો ।।૧૦।।

મધુ, ભોજ, દાશાર્હ, કુકુર, અન્ધક અને વૃષ્ણિ એવા છ પ્રકારના યાદવોથી – પોતપોતાના આત્માને યોગ્ય બળવાળા નાગો પાતાળમાં જેમ (ગંગાનું) ભોગવતીનું રક્ષણ કરે છે તેમ –સુરક્ષિત કરાયેલી, સર્વ ઋતુમાં સર્વ વૈભવને આપનારી, પવિત્ર વૃક્ષ, લતાવાળા બગીચાઓ અને જલાશયોથી શોભતી એવી; દરવાજા ઉપરના ભાગમાં તોરણથી શોભતી વિચિત્ર પ્રકરનાં ધ્વજા, પતાકા, તોરણથી જેનો તાપ રોકાઈ ગયો છે તેવી, મોટા રસ્તાઓ, નાની ગલીઓ, ચોકો સાફ કરેલા છે. અને સુગન્ધી જલનાં સિઞ્ચન થયાં છે તથા અંકુર ઉગાડેલા છે તેવા માર્ગોવાળી; રસ્તાના દરેક ઘરની પાસે દહીં, ચોખા, નાળિયેર અને શેરડીથી શોભા કરેલી છે તેવી; પૂર્ણકુમ્ભ રાખ્યાં છે, બલિ મૂક્યા છે તથા દીવા મૂકવાથી શોભાવાળી તેવી દ્વારકા નગરીમાં ભગવાન્ પધાર્યા ।।૧૧-૧૫।।

પ્રિયતમ ભગવાનને પધારેલા જાણી મહામના વસુદેવ, અક્રૂર, ઉગ્રસેન અદ્‌ભુત પરાક્રમવાળા બળદેવ, પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, જામ્બવતીના પુત્ર સામ્બ એ સર્વેએ અત્યન્ત હર્ષના આવેશથી સૂવું, બેસવું, ભોજન કરવું વગેરે છોડી દીધાં. ગજરાજને આગળ કરી મંગળ પદાર્થયુક્ત બ્રાહ્મણોની સાથે શંખ, તુરી વગેરે વાદ્યો અને બ્રાહ્મણોના વેદોના ઘોષો સાથે રથોમાં બેસી, પ્રેમથી જેમને ભય થયો છે તેવા સ્વાગત કરવા ગયા. આદરપૂર્વક ભગવાનનાં દર્શનમાં ઉત્કંઠાવાળી, શોભાયમાન કુંડળના પ્રકાશથી શોભતા કપોલથી મુખની શોભાવાળી સેંકડો વારાંગનાઓ તથા નટ, નર્તક, ગાન કરનાર, સૂત, માગધ બન્દિજન વગેરે ભગવાનના યશોગાન કરતા સ્વાગત કરવા સામે આવ્યાં ।।૧૬-૨૦।।



ભગવાન્ પ્રથમ બાંધવોને, પછી ગામના લોકોને, પછી સેવકોને જેવો જેનો સમ્બન્ધ હતો તે પ્રમાણે બધાંને માન આપવા લાગ્યા અને લોકોએ આપેલાં માનને સ્વીકારવા લાગ્યા ।।૨૧।।

કોઈને નમસ્કાર, કોઈને ભેટવાનું, કોઈની સાથે હાથ મીલાવ્યા, કોઈને મન્દહાસ્ય કરીને અને કોઈને આશ્વાસન આપીને, ચાંડાલ સુધી બધાંને જે ઈચ્છિત હતું તે આપીને પ્રસન્ન કર્યા ।।૨૨।।

સ્ત્રીઓ સાથે મુરબ્બીઓ વિપ્રો અને વૃદ્ધોએ પ્રભુને આશીર્વાદ આપ્યા, પછી બાંધવોની સાથે પ્રભુ નગરમાં પધાર્યા ।।૨૩।।

કૃષ્ણ જ્યારે રાજમાર્ગ ઉપર પધાર્યા ત્યારે દ્વારકાની સ્ત્રીઓ ભગવાનનાં દર્શન થશે તેથી જેઓના મનમાં મોટો આનન્દ છે તેવી બધી ઘરની મેડીઓ ઉપર ચડી ।।૨૪।।

જો કે દ્વારકાના ભગવાનનાં નિત્ય દર્શન કરે છે તો પણ શોભાની સીમારૂપ ભગવાનને જોઈને કોઈને તૃપ્તિ થતી નથી ।।૨૫।।

જે ભગવાનનું વક્ષઃસ્થલ શ્રીલક્ષ્મીજીનું નિવાસસ્થાન છે, જેમનું શ્રીમુખ લક્ષ્મીજીની દષ્ટિઓનું પાનપાત્ર છે, જેમના બાહુઓ લોકપાલોના સ્થાનરૂપ છે અને જેમનું ચરણારવિન્દ *સારને ગાનારા ભક્તજનોનું, સારને જાણનારા જ્ઞાનીઓનું, યોગિજનોનું અથવા સદાચારી કર્મનિષ્ઠોનું એમ અનેક પ્રકારના તત્ત્વજ્ઞાનીઓનું આશ્રયસ્થાન છે એવા પ્રભુના દિવ્ય દર્શનથી જીવને શી રીતે તૃપ્તિ થાય? ।।૨૬।।
**વિશેષ** : ''સારંગ-સારં ગચ્છન્તિ ઈતિ સારંગાઃ સદાચારાઃ કર્મનિષ્ઠાઃ. પુનશ્ચ સરતિ ઈતિ સરઃ તસ્ય સમૂહઃ સારમ્, રસસમૂહમિતિ યાવત્. અક્ષરવ્યત્યાસેન વા. તે કર્મફલાર્થિનો વિષયિણો યોગિનો વા. પુનઃ સારં ગચ્છન્તિ જાનન્તિ ઈતિ સારંગાઃ જ્ઞાનિનઃ. પુનઃ સારં ગાયન્તિ ઈતિ સારંગાઃ ભક્તાઃ. પુનઃ અરસહિતં સુદર્શનસહિતં સારં ભગવન્તં સુદર્શનં વા. કાલેન ભીતાઃ સન્તઃ ગચ્છન્તિ ગાયાન્તિ વા તે સારંગાઃ સાત્ત્વતાઃ'' (શ્રીસુબોધિનીજી).

ઉપર છત્ર બે બાજુ ચામરથી શોભતા માર્ગમાં જેમના ઉપર પુષ્પની વૃષ્ટિ થઈ રહી છે તથા કટિ ઉપર પીતામ્બર અને વનમાળાની શોભાવાળા ભગવાન્, મેઘની ઉપર સૂર્ય, બે બાજુ બે ચન્દ્ર અને વિદ્યુત તથા બે બાજુ ઈન્દ્રધનુષ એ બધાની શોભા એકત્રિત થાય તેવા શોભવા લાગ્યા ।।૨૭।।

ભગવાને માતા-પિતાના ગૃહમાં પ્રવેશ કર્યો. ત્યાં તેમને માતાઓએ આલિંગન

કર્યું. દેવકી વગેરે સાત માતાઓના ચરણો ઉપર મસ્તક મૂકીને ભગવાને વન્દન કર્યું ।।૨૮।।

એ સાતે માતાઓ જેઓના સ્તનમાંથી દૂધ ઝરે છે તેવાં સ્નેહમાં વિહ્વલ થઈ શ્રીકૃષ્ણને ગોદમાં બેસાડી હર્ષના આંસુથી ભગવાનને સિંચવા લાગ્યાં ।।૨૯।।

ઉત્તમતામાં જેનાથી કોઈ ન વધે તેવા અને સર્વ કામને પૂર્ણ કરે તેવા સ્વભવનમાં પધાર્યા, જ્યાં સોળ હજાર પત્નીઓના મહેલ છે ।।૩૦।।

પરદેશથી બહુ દિવસે આવેલા પોતાના પતિને જોઈને જેઓને મનમાં મહાન ઉત્સવ થયો છે તેવાં, લજ્જિત નેત્રયુક્ત મુખવાળાં વ્રતધારી ભગવત્પત્નીઓ ભગવાનનું દર્શન થતાં જ, જેવી અવસ્થામાં હતાં તેવી જ અવસ્થામાં જલ્દી આસનથી અને હૃદયથી ઊભાં થયાં ।।૩૧।।

જેઓનો દુરન્ત ભાવ છે તેવાં કૃષ્ણપત્નીઓ પ્રથમ પુત્રોદ્વારા, પછી દષ્ટિદ્વારા અને પછી અન્તરાત્માદ્વારા ભગવાનને મળ્યાં. હે ભૃગુવર્ય શૌનક, આનન્દની વિહ્લતાથી આનન્દાશ્રુ નેત્રમાં રોકયાં હતાં તે પણ લજ્જાવતીઓનાં નેત્રમાંથી સરી પડ્યા ।।૩૨।।

જો કે ભગવાન્ એમની પત્નીઓની સમીપ જ રહે છે તો પણ બેઉ ભગવચ્ચરણ ક્ષણે-ક્ષણે નવીન કરતાં પણ નવીન જ જણાય છે તેથી એવા સુન્દરને જોવાનું કોણ જતું કરે? ચંચલ સ્વભાવવાળાં લક્ષ્મીજી પણ ચંચળતારૂપી સ્વભાવનો ત્યાગ કરી, કોઈ દિવસ ચરણને છોડતાં નથી ।।૩૩।।

અનેક અક્ષૌહિણી વડે જેઓનાં તેજ વધેલાં છે તેવા અને પૃથ્વીના ભારરૂપ રાજાઓને પરસ્પર વેર કરાવી, વાયુથી વધેલો અગ્નિ સર્વને બાળી શાન્ત થાય છે તેમ નિરાયુધ ભગવાન્ રાજાઓદ્વારા સર્વ ભાર ઉતારી પોતે ઉપરામ પામ્યા ।।૩૪।।

તે જ ભગવાન્ સ્વમાયાવડે આ નરલોકમાં અવતરી સુન્દર સ્ત્રીઓના સમૂહમાં રહી સાધારણ મનુષ્યની માફક તેમણે ક્રીડા કરી ।।૩૫।।

લજ્જા-ભય જેમાં નથી એ ઉદ્દામભાવ કહેવાય; એનાં સૂચક સુન્દર હાસ અને લજ્જા પૂર્વક જોવું; એટલાં સાધનથી જેમણે કામદેવને જીતી લીધો છે તેથી જ મોહ પામી કામે વિચાર્યું કે મારું કાર્ય મારી સેના (સ્ત્રીઓ) જ કરશે તો પછી ધનુષ્યનું મારે કંઈ કામ નથી. મારા કરતાં પણ (કામદેવ) પણ મોહ પમાડે છે તો બીજાનું તો ગજું જ શું? જો કે ભગવત્પત્નીઓ પ્રમદાઓમાં શ્રેષ્ઠ છે; એઓએ ઘણા કપટપ્રયોગ



કર્યા પણ ભગવાનના મનને વશ કરવાને એઓ સમર્થ ન થયાં ।।૩૬।।

ભગવાન્ એવા **અસંગ** છે તેને પણ લોકો **સંગી** માને છે, પોતાની જેમ જ મનુષ્ય માને છે અને પોતાની જેમ જ ભગવાન્ પણ કામના કરે છે એમ માને છે, કારણ કે એ ઓ મૂર્ખ હોવાથી ભગવત્સ્વરૂપને જાણતાં નથી ।।૩૭।।

ભગવાનની એ જ ભગવત્તા છે કે જે પ્રકૃતિમાં રહે છે છતાં પ્રકૃતિના ગુણથી લેપાતા નથી; જેમ ભગવાનનો આશ્રય કરી રહેલી બુદ્ધિ પ્રકૃતિના ગુણથી લિપ્ત થતી નથી તેમ ।।૩૮।।

**તં મેનિરેડબલા મૂઢાઃ સ્ત્રૈણં ચાનુવ્રતં રહઃ ।।**
**અપ્રમાણવિદો ભર્તુઃ ઈશ્વરં મતયો યથા ।।૩૯।।**

હાથીને જોવો હોય તો આંખોથી જોઈ શકાય; નાક, કાન, સ્પર્શથી નહિ. છતાં અન્ધ પુરુષો સ્પર્શ કરીને હાથીને જાુએ છે. તેમ ભગવાનને ભગવાનનાં શાસ્ત્રો (શ્રીભાગવત્, ગીતા ઈત્યાદિ) થી જ જાણવા જોઈએ પણ જાુદી-જાુદી મતિઓ જાુદું-જાુદું કહે છે. જેમ કે કેટલાક કહે છે કે ઈશ્વર છે જ નહિ. બીજા કહે છે કે યજ્ઞ એ જ ઈશ્વર છે. ત્રીજા વળી ઈશ્વર કર્તા જ છે એમ કહે છે વગેરે. જેમ ભગવાને જ પ્રવૃત્ત કરેલા તત્ત્વજ્ઞાન પોતાના તર્કથી ભગવાનને ખોટી રીતે જાણે છે એમ પતિનું સત્ય સ્વરૂપ નહિ જાણનારી મૂઢ અબલાઓ શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના એકાન્તસેવી સ્ત્રીલમ્પટ ભક્ત જ સમજી બેઠી હતી ।।૩૯।।

**ઈતિ શ્રીભાગવત્ પ્રથમસ્કન્ધમાં (ઉત્તમપ્રકરણમાં પાંચમો)**
**''દ્વારકાવાસી ભક્તોનું સુખ''નામનો**
**અગિયારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

પ્રભુ સેવા-મનોરથ-કથા-કીર્તન જેવા પવિત્ર અલૌકિક કોઈ પણ
પ્રભુભક્તિમય પ્રકારોના નામે સામગ્રી-ભેટ-દક્ષિણા-ન્યોછાવર માંગનાર તેમજ
સ્વીકારનાર ને પુષ્ટિભક્તિમાર્ગમાં પાપીમાં પાપી, દુષ્ટમાં દુષ્ટ,
અધમમાં અધમ જાણવા.

# અધ્યાય ૧૨
# પરીક્ષિતના જન્મની કથા

**અશ્વત્થામ્નોપસૃષ્ટેન બ્રહ્મશીર્ષ્ણોરુતેજસા ।।**
**ઉત્તરાયા હતો ગર્ભ ઈશેનાજીવિતઃ પુનઃ ।।૧।।**

**શૌનકે પૂછ્યું :** અશ્વત્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્રથી ઉત્તરાનો ગર્ભ નાશ પામ્યો તેને ભગવાને ફરી જીવતો કર્યો ।।૧।।

મહાત્મા અને મહાબુદ્ધિવાળા એ પરીક્ષિતનાં જન્મ તથા કર્મો કહો! એમનું મૃત્યું કેમ થયું એ તથા શરીર છોડ્યા પછી એમનું શું થયું એ બધું જો તમે મને કહેવા યોગ્ય ધારતા હો તો હું સાંભળવા ઈચ્છું છું. તમને પણ શુકદેવજીએ જ્ઞાન આપેલ છે તેથી શ્રદ્ધાવાળા એવા અમને આપ કહો ।।૨-૩।।

**સૂતજીએ કહ્યું :** કૃષ્ણના ચરણની અનુવૃત્તિ-સેવા કરવાથી સર્વકામથી નિઃસ્પૃહ તેવા યુધિષ્ઠિર રાજા, પિતાની જેમ પ્રજાને આનન્દ આપતા એનું પાલન કરવા લાગ્યા ।।૪।।

હે બ્રાહ્મણો! ત્યારે સમ્પત્તિ, યજ્ઞો, પટરાણીઓ, ભાઈઓ, પૃથ્વી અને જમ્બૂદ્વીપનું રાજ્ય તેમજ સ્વર્ગ સુધી પહોંચેલો યશ એ બધાં યુધિષ્ઠિરને કામના કર્યા વગર મળેલ છે. દેવતાઓ જેની ઝંખના કરે તેવાં બધાં છે; પરન્તુ મુકુન્દ ભગવાન્‌માં મનવાળા યુધિષ્ઠિર રાજાના મનને, ભૂખ્યાને જેમ ભોજન વિના બીજી કામનાઓ પ્રસન્ન કરતી નથી તેમ, શું પ્રસન્ન કરી શકે? અર્થાત્ ન કરી શક્યાં ।।૫-૬।।

હે ભૃગુનન્દન શૌનક! માતાના ગર્ભમાં રહેલા પરીક્ષિતે અસ્ત્રના તેજથી બળતાં-બળતાં કોઈ એક પુરુષનાં એ સમયે દર્શન કર્યા ।।૭।।

અંગૂઠા જેવડા, સ્વચ્છ પ્રકાશતાં સુવર્ણના મુકુટવાળા, ઘણા સુન્દર દેખાવવાળા, શ્યામસ્વરૂપ, વીજળીના જેવાં વસ્ત્રવાળા, ચ્યુતિ વિનાના, લક્ષ્મીયુક્ત, લાંબા ચાર બાહુવાળા તપેલા સુવર્ણ જેવાં કુંડલવાળા, રુધિર જેવાં લાલ નેત્રવાળા, હાથમાં ગદા લઈને પોતાની ચારે તરફ ફરતા, ઉંબાડિયા જેવી ગદાને વારંવાર ફેરવતા, સૂર્ય ઝાકળને જેમ દૂર કરે તેમ બ્રહ્માસ્ત્રના તેજને દૂર કરતા ને ''મારી નજીકમાં આ તે કોણ?'' એમ મેં જોયા. તે તેજને દૂર કરીને સમર્થ અને ધર્મનું રક્ષણ કરનાર, જેનું સ્વરૂપ જાણી ન શકાય તેવા ભગવાન્ બ્રહ્માસ્ત્રના અગ્નિને શમાવી દશ માસ બિરાજી



તેનાં જોતાંજ અન્તર્ધાનપામ્યા ।।૮-૧૧।।

પછી સર્વે શુભગુણોવાળા સમયે જ્યારે બધા ગ્રહો અનુકૂળ થયા ત્યારે પરાક્રમમાં પાંડુરાજા જેવા, પાંડુના વંશને ધારણ કરનાર પરીક્ષિત જન્મ્યાં ।।૧૨।।

રાજા યુધિષ્ઠિર પ્રસન્ન થયા અને ધૌમ્ય, કૃપાચાર્ય વગેરે બ્રાહ્મણોને બોલાવી સ્વસ્તિવાચનપૂર્વક પરીક્ષિતનું જાતકર્મ કરાવ્યું ।।૧૩।।

સોનું, ગાય, ભૂમિ, ગામો, હાથી, ઘોડો, ઈચ્છિત પદાર્થો અને ઉત્તમ અન્ન-એ બધાનું તીર્થને જાણનારના કહેવાથી તીર્થવિદ સાથે રહેલા રાજાએ પ્રજારૂપ તીર્થમાં બ્રાહ્મણોને દાન કર્યું ।।૧૪।।

ત્યારે બ્રાહ્મણો રાજા ઉપર અત્યન્ત પ્રસન્ન થયા અને વિનયથી નમન કરતા રાજાને કહેવા લાગ્યા કે હે પુરુકુળમાં શ્રેષ્ઠ યુધિષ્ઠિર! કુરુવંશની પ્રજામાં આ એક જ ગર્ભરૂપે હતો; તે જ્યારે કોઈથી હઠાવી ન શકાય તેવા દૈવથી નાશ પામવાની અણી ઉપર હતો ત્યારે, શ્રીભાગવત્ વગેરે સ્વરૂપથી ઉત્તમ પ્રકારે પ્રકટ થવાની ઈચ્છાવાળા ભગવાને તમારા ઉપર અનુગ્રહ કરી એની ગર્ભમાં રક્ષા કરી છે; માટે મોટી કીર્તિવાળો આ તમારો પુત્ર 'વિષ્ણુરાત' નામે ઓળખાશે; આ ઉત્તમ ભગવદ્ભક્ત થશે એમાં સન્દેહ નથી ।।૧૫-૧૭।।

**રાજાએ પૂછ્યું :** હે વેદોનો અર્થ જાણનાર ઉત્તમ પુરુષો! આ બાળક અમારા વંશમાં થયેલ પવિત્ર યશવાળા મહાત્માઓ અને રાજર્ષિઓને યશથી અને સાધુ સાથેની વાતચીતમાં અનુસરશે? ।।૧૮।।

**બ્રાહ્મણો બોલ્યા :** હે રાજન્! વૈવસ્વત મનુના પુત્ર ઈક્ષ્વાકુની જેમ આ પ્રજાનું મન્ત્રીઓદ્વારા નહિ પણ જાતે પાલન કરશે, બ્રાહ્મણોનો ભક્ત થશે, દશરથના પુત્ર રામની જેવો સત્ય પ્રતિજ્ઞાવાળો થશે, ઉશીનરના વંશમાં થયેલા શિબિરાજાના જેવો દાન આપનાર થશે, શરણે આવનારની રક્ષા કરનારો થશે, યશને ફેલાવનારો થશે અને દુષ્યન્તના પુત્ર ભરતના જેવો પોતાના સગાઓના અને યજ્ઞ કરનારમાં યશસ્વી થશે ।।૧૯-૨૦।।

સહસ્રાર્જુન અને અર્જુનના જેવો ધનુર્વિદ્યામાં નિપુણ થશે. અગ્નિની પેઠે દુર્ધર્ષ-ઉલ્લંઘન થાય નહિ તેવો અને સમુદ્રની જેમ દુસ્તર થશે ।।૨૧।।

સિંહના જેવો પરાક્રમી, હિમાલયની જેમ આશ્રય કરવા લાયક, પૃથ્વી જેવો ક્ષમાવાળો, માબાપ જેવો સહન કરનારો ।।૨૨।।

બ્રહ્માજી જેવો સમતાવાળો, શિવજીની જેમ પ્રસન્ન થનાર, ભગવાનની જેમ સર્વને આશ્રય આપનાર ।।૨૩।।

સર્વ સદ્‌ગુણના મહિમામાં કૃષ્ણભક્ત, રન્તિદેવ જેવો ઉદાર, યયાતિ જેવો ધાર્મિક ।।૨૪।।

ધૈર્યમાં બલિરાજા જેવો, પ્રહ્‌લાદની જેમ કૃષ્ણમાં ભક્તિમાન, અશ્વમેધો કરનાર, વૃદ્ધોની સેવા કરનાર ।।૨૫।।

રાજર્ષિઓનો પિતા અને ઉન્માર્ગીને દંડ આપનાર અને ધર્મને માટે કળિયુગનો નિગ્રહ કરનાર તમારો પુત્ર થશે ।।૨૬।।

બ્રાહ્મણના પુત્રે મોકલેલ તક્ષક નાગથી પોતાનું મૃત્યુ થશે એમ સાંભળી સંગમુક્ત થઈ ભગવચ્ચરણ પામશે ।।૨૭।।

વ્યાસના પુત્ર શુકથી આત્માનું સ્વરૂપ જાણી ગંગામાં દેહ છોડીને નિર્ભય લોકને સાક્ષાત્ પ્રાપ્ત કરશે ।।૨૮।।

જાતકને જાણનાર બ્રાહ્મણો રાજાને કહી રાજાએ આપેલાં દાન વગરે લઈ, બધા પોતપોતાને સ્થાને ગયા ।।૨૯।।

એ જ આ લોક વિખ્યાત પરીક્ષિત રાજા પૂર્વે ગર્ભમાં જે રૂપને જોયું છે તેનું ધ્યાન કરતાં મનુષ્યમાં એ રૂપની પરીક્ષા કરે છે ।।૩૦।।

એ રાજપુત્ર જેમ શુક્લ પક્ષમાં રોજ ચન્દ્ર વધે તેમ ગુરુજનોના લાલન પાલનથી તેની ઈચ્છાઓ પૂરી થતાં તેના શરીર અને બુદ્ધિ જલદી વિકાસ પામ્યાં ।।૩૧।।

જ્ઞાતિદ્રોહના નિવારણને ઈચ્છતા યુધિષ્ઠિર અશ્વમેધ કરવાને તત્પર થતાં, કર અને દંડ સિવાયનું દ્રવ્ય જોઈએ એને માટે વિચાર કરવા લાગ્યા ।।૩૨।।

યુધિષ્ઠિરનો અભિપ્રાય જાણી, કૃષ્ણની પ્રેરણાથી ભીમ વગેરે એમના ભાઈઓ ઉત્તર દિશામાંથી ઘણું ધન લાવ્યા ।।૩૩।।

**તેન સમ્ભૃતસમ્ભારો ધર્મપુત્રો યુધિષ્ઠિરઃ ।।**
**વાજિમેધૈસ્ત્રિભિર્ભીતો યજ્ઞૈઃ સમયજદ્ધરિમ્ ।।૩૪।।**

ધર્મના પુત્ર યુધિષ્ઠિરે એમાંથી યજ્ઞિય પદાર્થો ભેગા કરી ત્રણ અશ્વમેધ યજ્ઞથી ભગવાનનું સારી રીતે યજન કર્યું ।।૩૪।।

**ઈતિ શ્રીભાગવત્ પ્રથમ સ્કન્ધમાં (ઉત્તમપ્રકરણમાં છઠ્ઠો)**
**''પરીક્ષિતના જન્મની કથા'' નામનો બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**



# અધ્યાય ૧૩
## વિદુરના ઉપદેશથી ધૃતરાષ્ટ્રનું નીકળવું

**વિશેષ** : શ્રીભાગવત્‌ના શ્રોતા પરીક્ષિતની ઉત્પત્તિ પૂર્વના અધ્યાયમાં કહી; હવે એની મુક્તિ થવામાટે એના ત્રણ પુરુષ (વડવાઓ)ની મુક્તિનું આ અધ્યાયમાં વર્ણન છે. અભિમન્યુ, અર્જુન અને પ્રપિતામહ ધૃતરાષ્ટ્ર એની 'મુક્તિ' કહેવાય છે. બે અધ્યાયવડે મુક્તિ એટલામાટે કહેવામાં આવે છે કે જેના ત્રિપુરુષ મુક્ત ન હોય તેની મુક્તિ થતી નથી તેથી આ પ્રમાણે વર્ણન છે. તેથી આ તેરમા અધ્યાયમમાં 'ચિત્તશુદ્ધિ' કહેવાય છે. પછીના અધ્યાયમાં રાજ્ય, શોર્ય વગેરેના વર્ણનથી ઈન્દ્રિયોની શુદ્ધિ કહેવાશે. ત્યારબાદ વૈરાગ્ય અને સત્સંગથી અધિકાર સિદ્ધ થતાં ફળની યોગ્યતા થાય છે. આમ ન કરે તો પુષ્ટ ન થાય માટે પછીની કથા કહેવામાં આવે છે.

**વિદુરસ્તીર્થયાત્રાયાં મૈત્રેયાદાત્મનો ગતિમ્ ।**
**જ્ઞાત્વાગાદ્ધાસ્તિનપુરં તયા ચાત્મવિવિત્સિતઃ ।।૧।।**

**સૂતજી બોલ્યા** : વિદુરે તીર્થયાત્રમાં મૈત્રેય પાસેથી ભગવાનની લીલા જાણી એ જ્ઞાનવડે ઉત્તમ પ્રકારે ભગવાનનું સ્વરૂપ જાણવામાં આવ્યું એ જાણી હસ્તિનાપુર ગયા ।।૧।।

વિદુરજીએ મૈત્રેયને જેટલા પ્રશ્ન કર્યા તેનાથી જ ભગવાન્‌માં ભક્તિ* થઈ તેથી વધારે પ્રશ્ન કરવાનું છોડી દીધું. યુધિષ્ઠિર વિદુરને આવેલા જાણી નાના ભાઈઓની સાથે ધૃતરાષ્ટ્ર, યુયુત્સુ, સંજય, કૃપાચાર્ય, કુન્તી, ગાન્ધારી, દ્રૌપદી, સુભદ્રા, ઉત્તરા, દ્રોણાચાર્યની પત્ની, પાંડુની બીજી કુલસ્ત્રીઓ, પુત્રો અને સર્વ તરફથી સ્ત્રીઓ સાથે જ્ઞાતિજનો સામે ગયા. ત્યાં જઈ યોગ્યતા પ્રમાણે કોઈ મળ્યા; કોઈએ નમસ્કાર કર્યા; અને જેમ શરીરમાં પ્રાણ આવે હર્ષથી ભેટ્યા. વિરહથી દીન થઈ પ્રેમનાં ઘણાં આંસુ ઉભરાયાં. રાજાએ આસન આપી એમનું પૂજન કર્યું ।।૨-૬।।

**વિશેષ** : મૈત્રેય પાસે જઈ પોતાને જાણવામાટે વિદુરે ઘણું પૂછ્યું તેમાં જ જાણવાથી બધું જણાય છે એ ન્યાયથી ભગવચ્ચસરિત્ર જાણ્યું તે ચરિત્ર બે સ્કન્ધથી જાણી લીધું તેમાંથી વિદુર એવું સમજ્યા કે સર્વ પ્રભુને અધીન છે. એ જેમ કરશે તેમ જ થશે. માટે કેવળ એમનો આશ્રય કરીને રહેવું. એ જેમ પ્રેરે તે એનું કર્તવ્ય જાણી કરવું; તેથી ધૃતરાષ્ટ્રને મુક્તિમાટે પ્રેર્યા ત્યારે વિદુર હસ્તિનાપુર આવ્યા. આવું સમજ્યા તેને બીજું સાંભળવાની ઈચ્છા ન થઈ અને ભક્તિના બળથી એટલાથી કૃતાર્થ થયા એનો વિસ્તાર આ પછી આવશે.

એમને જમાડ્યા, થાક ઊતર્યો અને સુખરૂપે બેઠા ત્યારે બધાના સાંભળતાં રાજા યુધિષ્ઠિરે વિનયથી નમ્ર થઈ કહ્યું ।।૭।।

**યુધિષ્ઠિરે પૂછ્યું** : વિષ, અગ્નિ વગેરે અનેક વિપત્તિથી મારી માની સાથે અમને બધાને છોડાવી, પોતાના પક્ષની છાયામાં અમને તમે મોટા કર્યા છે. આપ અમને યાદ કરો છો? ।।૮।।

તમે તીર્થમાં ફરતાં પૃથ્વીમાં કઈ આજીવિકાથી રહ્યા? પૃથ્વીમાં મુખ્ય-મુખ્ય ક્યાં તીર્થો ક્ષેત્રોનું સેવન કર્યું? ।।૯।।

પ્રભુ! આપના સરખા ભગવદ્ભક્તો પોતે જ તીર્થ સ્વરૂપ હોઈ હૃદયમાં રહેલા ભગવાન્ વડે તીર્થોને તીર્થ કરે છે ।।૧૦।।

ભાઈ, જેઓના કૃષ્ણ જ મુખ્ય દેવ છે તેવા આપણા સુહૃદો બાંધવોને આપે જોયા અથવા સાંભળ્યા? તેઓ પોતાના નગરમાં આનન્દમાં છે? ।।૧૧।।

જ્યારે ધર્મરાજાએ આ પ્રમાણે પૂછ્યું ત્યારે યદુકુલના ક્ષયને મૂકીને બાકીનું બધું વિદુરજીએ જે અનુભવ્યું હતું તે ક્રમથી રાજાને કહ્યું ।।૧૨।।

દુઃખથી પણ સહન ન થાય છે તેવું અપ્રિય વગર માગ્યે પ્રાપ્ત થાય છે તો પણ એ દુઃખિતને જોવાને અસમર્થ, દયાળુએ તે ન કહ્યું ।।૧૩।।

મોટાભાઈનું શ્રેય કરવાની ઈચ્છાથી દેવની પેઠે સત્કાર પામેલા વિદુરજી સર્વનો પ્રેમ જીતી લેતા કેટલોક સમય ત્યાં સુખપૂર્વક રહ્યા ।।૧૪।।

પાપ કરનારને એના પાપને લાયક દંડ કરવાનો યમરાજાનો અધિકાર છે તે યમરાજા શાપથી સો વર્ષ સુધી શૂદ્રપણાને પામ્યા છે તે જ આ વિદુર છે. એ શાપનાં સો વર્ષ દરમિયાન પાપીઓને યોગ્ય રીતે દંડ દેવાનું કામ અર્યમાએ કરેલું ।।૧૫।।

યુધિષ્ઠિરને રાજ્ય મળ્યા પછી કુળને ધારણ કરનાર પૌત્ર પરીક્ષિત અને લોકપાલ જેવા ભાઈઓની સાથે ધર્મરાજા અપૂર્વલક્ષ્મીથી આનન્દ માણતાહતા ।।૧૬।।

એવી રીતે ઘરોમાં આસક્ત થયેલા ઘરમાં કરવા યોગ્યકાર્યમાં ગાફેલ રહ્યા અને પરમ દુસ્તર કાળ જોતજોતામાં વહી ગયો ।।૧૭।।

વિદુર આ બધું જાણી ગયા અને ધૃતરાષ્ટ્રને કહ્યું : હે રાજન્ આ મૃત્યુ આવ્યું એ જાણો અને જલદી ઘર છોડી ચાલી નીકળો ।।૧૮।।

કોઈ કાળે કોઈ પ્રકારે જેનો ઉપાય થઈ શકતો નથી તેવો આપણા બધાનો કાળ આ આવ્યો, જેના આવવાથી પ્રિય પ્રાણને પણ છોડીને જીવ ચાલ્યો જાય છે. ત્યાં



ધનાદિકની તો વાત જ શી પૂછવી? ।।૧૯-૨૦।।

તમારા પિતા(ભીષ્મ), ભાઈઓ, મિત્રો અને પુત્રો મરી ગયા. આયુષ્ય પણ ઘણું વીતી ગયું. વૃદ્ધાવસ્થાથી દેહ પણ જકડાઈ ગયો છે તથાપિ પારકા ઘરમાં તમે પડ્યા છો ।।૨૧।।

અહો! માણસને જીવવાની આશા મોટી છે, જે આશાથી ભીમે અવજ્ઞાથી આપેલ પિંડ શ્વાનની પેઠે તમે સ્વીકારો છો ।।૨૨।।

તમે જેઓને અગ્નિમાં બાળ્યા, ઝેર આપ્યું, જેઓની સ્ત્રીઓને કલંકિત કરી, જેઓનાં ઘર, ધન વગેરે લઈ લીધાં તેઓનું આપેલું ખાઈ પ્રાણ ધારણ કરવાનું પ્રયોજન કેટલું? ।।૨૩।।

જેમ જૂનું થયેલ વસ્ત્ર ઝરતું જાય છે તેમ તમારો આ દેહ વૃદ્ધાવસ્થાથી જીર્ણ થયો છે છતાં તમો જીવવાને ઈચ્છો છો અને એને માટે દૈન્યબતાવો છો ।।૨૪।।

જેને બંધન મુક્ત થયાં છે તેવો વિરક્ત અને દેહની શી ગતિ થશે એ નહિ જાણનાર સ્વાર્થ રહિત દેહને છોડી દે તે **'ધીર'** કહેવાય છે ।।૨૫।।

જે પરથી અથવા પોતાથી વૈરાગ્ય પ્રાપ્ત કરી જિતેન્દ્રિય થઈ ભગવાનને હૃદયમાં પધરાવી જગત્ને છોડે તે મનુષ્યમાં શ્રેષ્ઠ કહેવાય ।।૨૬।।

પોતાના માણસો પણ ન જાણે તેમ તમે ઉત્તર દિશા તરફ જાઓ. હવે પછીનો કાળ મોટા ભાગે પુરુષોના ગુણનો નાશક છે, અર્થાત્ બુદ્ધિનો નાશ કરનાર છે।।૨૭।।

રાજા અજમીઢના વંશમાં જન્મેલ પ્રજ્ઞાચક્ષુ રાજા ધૃતરાષ્ટ્રને નાનાભાઈ વિદુરે આ પ્રમાણે બોધ કર્યો તેથી બધાંમાંથી દૃઢ સ્નેહ છોડી, ભાઈએ બતાવેલી દિશા તરફ એ ચાલી નીકળ્યા ।।૨૮।।

પરમ પતિવ્રતા સુબલની પુત્રી ગાન્ધારીએ જ્યારે જોયું કે મારા પતિદેવ તો એ હિમાલયની યાત્રાએ જાય છે કે જે પરમહંસોને એવું જ સુખ આપે છે, જેવું સુખ મરજીવાઓને લડાઈના મેદાનમાં પોતાના શત્રુદ્વારા ન્યાયોચિત પ્રહારથી થાય છે ત્યારે એ પણ તેની પાછળ ચાલી નીકળી ।।૨૯।।

રાજા યુધિષ્ઠિર પ્રાતઃકાલનું આવશ્યક કર્મ સન્ધ્યાવન્દન, અગ્નિમાં હોમ તથા પૃથ્વી-તલ-ગાય* અને સુવર્ણનું દાન કરી બ્રાહ્મણોને નમસ્કાર કરી ગુરુને નમસ્કાર કરવા ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા ત્યાં એમને તથા ગાન્ધારીને ન જોયાં ।।૩૦।।

**વિશેષ** : ''તિલૈર્વિષ્ણુર્ગવાં રુદ્રો ભૂમ્યા ચૈવ પ્રજાપતિઃ। સર્વે પ્રીતાઃ સુવર્ણેન સત્પાત્રેષુ

સમર્પણાત્'' સત્પાત્રને ઉદ્દેશી તે-તે દાન કરવાથી તે-તે દેવ પ્રસન્ન થાય છે. એ જ કહે છે : તલથી વિષ્ણુ, ગોદાનથી રુદ્ર, પૃથ્વીવડે પ્રજાપતિ અને સુવર્ણવડે બીજા બધા દેવો પ્રસન્ન થાય છે તેથી એ દાનો નિત્યકર્તવ્ય છે.

ત્યાં બેઠેલા સંજયને ચિન્તાતુર મનવાળા યુધિષ્ઠિરે પૂછ્યું, હે ગવલ્ગણના પુત્ર! અમારા વૃદ્ધ અને નેત્રહીન પિતા અને પુત્રોના હણવાથી વ્યથિત માતા ક્યાં છે? શુદ્ધ અન્તઃકરણવાળા કાકા વિદુરજી ક્યાં ગયા? ।।૩૧।।

જેમના પુત્રો અને બન્ધુઓ હણાયા છે એવા ધૃતરાષ્ટ્ર કાકાએ, જેણે મારે વિષે પુત્ર બુદ્ધિ ન કરી પાપની શંકા સેવી દુઃખી થઈ ગંગાજીમાં તો નથી ઝંપલાવ્યું ને? ।।૩૨।।

અમારા પિતા પાંડુ મરણ પામ્યા ત્યારે અમે બધા નાના બાળક હતા તે વખતે એ બન્ને કાકાઓએ અમારા ઉપર પ્રેમ વર્ષાવી બધાં દુઃખોને દૂર કરી અમારું રક્ષણ કર્યું હતું તે બન્ને કાકાઓ ક્યાં ગયાં? ।।૩૩।।

**સૂતજી બોલ્યા :** સંજયને યુધિષ્ઠિરની દીનતા જોઈ દયા આવી; અને યુધિષ્ઠિરમાં સ્નેહ હોવાથી એમને જોઈ દુઃખ થયું; પોતાના સ્વામી ધૃતરાષ્ટ્રને ન જોવાથી અત્યન્ત વિકલતા થઈ તેથી યુધિષ્ઠિરે પૂછેલા વાક્યનો ઉત્તર સંજય આપી શક્યા નહિ. પણ રાજાને ઉત્તર ન આપવો અયોગ્ય સમજી, આંખમાં આવેલાં આંસુને લૂછી સ્વામી ધૃતરાષ્ટ્રના ચરણનું સ્મરણ કરી, બુદ્ધિથી મનને રોકી યુધિષ્ઠિરને અણગમતો ઉત્તર આપ્યો ।।૩૪-૩૫।।

**સંજય બોલ્યા :** હે કુલનન્દન! આપના બન્ને કાકા અને ગાન્ધારીએ, મનમાં કરેલા નિશ્ચયને હું જાણતો નથી; પણ હે મહાબાહો! એ મહાત્માઓએ મને તો ઠગી જ લીધો ।।૩૬।।

એટલામાં તમ્બૂરની સાથે ભગવાન્ નારદજી પધાર્યા. ભાઈઓ સહિત ઊભા થઈ એમને માન આપી એ બન્નેને નમસ્કાર કરી પૂજન કરતા હોય તેમ પૂછવા લાગ્યા ।।૩૭।।

**યુધિષ્ઠિર બોલ્યા :** મારા બન્ને કાકા અને જેમના પુત્રો મરવાથી દુઃખિત તેવાં બિચારાં દીન તપસ્વિની માતા અહીંથી ક્યાં ગયાં એ હું જાણતો નથી ।।૩૮।।

અપાર શોકસમુદ્રમાં ડૂબતા સમુદ્રમાં નાવિકની જેમ આપ અમારા પારદર્શક છો. વિશેષ કહેવાનો વિચાર કરે છે ત્યાં ભગવન્મય મુનિ શ્રેષ્ઠ નારદજી રાજાને કહેવા



લાગ્યા ।।૩૯।।

**નારદજીએ કહ્યું :** હે રાજન્! આ જગત્ ઈશ્વરને વશ છે; એ જ પ્રાણીને ભેળાં કરે છે અને એ જ જાુદાં કરે છે માટે કોઈનો શોક ન કરો ।।૪૦।।

(લોકપાલ સહિત આ સમગ્ર લોકો વિવશ થઈને ઈશ્વરની આજ્ઞાનું પાલન કરી રહ્યા છે. આ અર્ધો શ્લોક શ્રીસુબોધિનીજી સમ્મત નથી. બીજી કેટલીક ટીકાઓમાં છે. અભ્યાસ અર્થે અહીં આપ્યો છે) બળદોને જેમ નાકમાં નાની દોરી પરોવી દોરડાથી બાંધવામાં આવે ત્યારે બળદો વશમાં રહે છે તેમ, પ્રાણી માત્રને વિષરૂપી નાસિકામાં અહન્તા-મમતારૂપી દોરાથી વેધ કરી વેદની વાણીરૂપી નાથમાં* (બ્રાહ્મણ, ક્ષત્રી, ગૃહસ્થ વગેરે નામોથી) જીવો બંધાયેલા હોઈ ઈશ્વરે વશ કરેલા છે. તેથી જ એ બધા ભગવાનનું ઈચ્છિત કરે છે ।।૪૧।।

**વિશેષ :** બળદના નાકમાં દોરડું નાખે છે તેને ગુજરાતી ભાષામાં 'નાથ' કહેવાય છે. એ નાથથી બળદને જેમ ચલાવનારની ઈચ્છા હોય તેમ ચલાવી શકે છે. બળદ એ ઈન્દ્રિયોને સ્થાને છે. બળદને કાબૂમાં રાખવા તેના નાકમાં દોરી પરોવવામાં આવે છે. અહન્તા-મમતા એ દોરી છે. વેદો એ રાંઢવું છે. બ્રાહ્મણ, ક્ષત્રિય રૂપ ખોરાક (આહુતિ) છે. તેનો ભોગ ભગવાને કરવાનો છે એટલે કે તેઓએ ભગવત્સાયુજ્ય પ્રાપ્ત કરવાનું છે. ભગવાનની ઈચ્છા એ બળદને બાંધવામાટે ખીલો છે. પ્રાકૃત ક્રિયાઓ ફોતરાં છે. બીજ અને યોનિ નો સમ્બન્ધ ઘાસને સ્થાને છે. જીવ ઈન્દ્રિયોનો અધ્યાસ રાખે તો બળદ થાય; ન રાખે તો કાચું અન્ન થાય. ઈન્દ્રિયો ભગવાનનું કાર્ય કરવામાટે સર્જાયેલી હોવાથી તેઓ ભગવાનનું કાર્ય કરતી હોય ત્યારે નિરર્થક અધ્યાસ કરીને શોક ન કરવો જોઈએ.

જેમ રમકડાંને ભેગાં કરવાં અથવા જાુદાં કરવાં એ રમનારની ઈચ્છા ઉપર નિર્ભર રહે છે તેમ જગત્ વડે ક્રિયા કરતા ભગવાનની ઈચ્છાથી પ્રાણીના સંયોગ-વિયોગ થાય છે ।।૪૨।।

જો તમે માનો કે આ બધું નિત્ય છે અથવા અનિત્ય છે તો ધ્રુવ હોય તે છે જ એટલે પદાર્થનો શોક કરવાનો નથી; અધ્રુવ માનો તો જન્મ્યો ત્યારથી જવાનો જ; તેથી એના જવામાં અજ્ઞાનથી ઉત્પન્ન થતા સ્નેહ વિના બીજું કાંઈ નથી।।૪૩।।

વનમાં ગયેલાં અનાથ દીન માતા-પિતા શું કરશે એવું અજ્ઞાનથી આત્મામાં દેખાતું વિકલપણું તમે હે ભાઈ! દૂર કરો. જેને અજગર ગળી ગયો હોય તેવો માણસ બીજાની રક્ષા કરી શકતો નથી; કાલ, કર્મ અને ગુણને આધીન આ પાંચ ભૂતોથી

બનેલો દેહ બીજાને કેમ બચાવી શકે? ।।૪૪-૪૫।।

હાથ વિનાનાં પ્રાણીઓ હાથવાળાનું, પગ વગરના પ્રાણીઓ ચોપાગાંનું અને નાના પ્રાણીઓ મોટા પ્રાણીઓનું જીવન હોવાથી, સૃષ્ટિના આરમ્ભમાં જીવો જ જીવને પ્રાણ ધારણ કરવામાં જીવનરૂપ હોય છે ।।૪૬।।

હે રાજન્! આ એક જ ભગવાન્ જીવોની અન્દર અને બહાર પોતે પ્રકાશરૂપે એ સર્વરૂપે દેખાય છે. માયાથી બહુરૂપ દેખાતા એ ભગવાનને તમે જાુઓ ।।૪૭।।

હે મહરાજા! એ જ આ ભગવાન્ પ્રાણીઓનું પાલન કરનાર છે. તે જ ભગવાન્ દૈત્યોનો નાશ કરવામાટે અત્યારે આ પૃથ્વીઉપર કાલરૂપે પધાર્યા છે ।।૪૮।।

દેવોનું જે હિત કરવા જેવું હતું તે ભગવાને કર્યું; બાકીના કર્તવ્યને માટે ભગવાન્ ભૂતળ ઉપર રહ્યા છે તેથી તમે ભગવાન્ ભૂતળ ઉપર બિરાજે ત્યાં સુધી રાહ જાુઓ ।।૪૯।।

ધૃતરાષ્ટ્ર પોતાની સ્ત્રી ગાન્ધારી તથા ભાઈ વિદુરજીની સાથે હિમાલયની દક્ષિણ તરફ ઋષિઓના આશ્રમ છે ત્યાં ગયા છે ।।૫૦।।

ગંગાજી એક છે છતાં સાત ઋષિઓને પ્રસન્ન કરવામાટે સાત પ્રવાહનું રૂપ ધારણ કરનાર હોવાથી તે સ્થલ 'સપ્તસ્રોત' નામથી પ્રસિદ્ધ છે ।।૫૧।।

એ ગંગામાં ત્રણ વખત સ્નાન કરે છે, અગ્નિમાં હોમ કરે છે, ઈચ્છાઓને છોડી જલપાન કરીને પ્રભુમાં ચિત્ત પરોવી શાન્ત થઈને ત્યાં રહ્યા છે ।।૫૨।।

એમણે આસન અને શ્વાસ ઉપર જય પ્રાપ્ત કર્યો છે. છ ઈન્દ્રિયોને વિષયોથી પાછી વાળી આત્મામાં રોકી છે. રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણના રાગાદિ મળને ભગવત્સ્મરણવડે દૂર કરીને વિજ્ઞાનાત્મામાં જીવાત્માને મેળવી એ બન્નેના ક્ષેત્રજ્ઞમાં અને ક્ષેત્રજ્ઞનો બ્રહ્મમાં લય કર્યો છે અને પછી ઘડાનું આકાશ ઘડો ફૂટવાથી મહા આકાશમાં મળે છે તેમ આધારરૂપ બ્રહ્મમાં એ ક્ષેત્રજ્ઞને મેળવી દીધો છે. માયિક ગુણોનાં થતાં કાર્યોને છોડ્યાં છે, ઈન્દ્રિયો અને અન્તઃકરણ નો નિરોધ કર્યો છે, બધો આહાર છોડીને થાંભલા જેવા અચલ થઈને રહ્યા છે. બધાં કર્મને છોડનાર એ તમારા પિતાને તમે ત્યાં જઈ વિઘ્નરૂપ ન થશો. આજથી આવતા પાંચમે દિવસે હે રાજા! એ પોતાનો દેહ છોડશે એ પોતે બળી જશે. પતિના દેહને ઝૂંપડી સાથે બળતો જોઈ બહાર રહેલાં સાધ્વી ગાન્ધારી એ જ અગ્નિમાં પ્રવેશ કરશે ।।૫૩-૫૭।।

વિદુરજીને એમ કરવાનું મન થશે નહિ પણ જે બનશે તે આશ્ચર્ય જેવું લાગશે. હે



કુરુનન્દન! એ જોઈને પારલૌકિક દૃષ્ટિએ હર્ષ અને લૌકિક દૃષ્ટિએ શોક અનુભવતા તીર્થસેવનની ઈચ્છાથી વિદુરજી ત્યાંથી ચાલ્યા જશે ।।૫૮।।

**ઈત્યુક્ત્વાથારુહત્ સ્વર્ગં નારદઃ સહતુમ્બુરુઃ ।।**
**યુધિષ્ઠિરો વચસ્તસ્ય હૃદિ કૃત્વા જહાચ્છુચઃ ।।૫૯।।**

આ પ્રમાણે બોલી તમ્બૂરની સાથે નારદજી સ્વર્ગ તરફ સિધાવ્યા અને નારદનાં વચન હૃદયમાં ધારણ કરી યુધિષ્ઠિર રાજાએ શોકને છોડી દીધો ।।૫૯।।

**ઈતિ શ્રીભાગવત્ પ્રથમસ્કન્ધનો (ઉત્તમપ્રકરણમાં સાતમો)**
**''વિદુરજીના ઉપદેશથી ધૃતરાષ્ટ્રનું નીકળવું''**
**નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**
''પારસમણિ (ભાગવત)ને વાટકે, ભટજી (કથાકાર) માગે ભીખ''
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સેથજ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયારામ)**

## અધ્યાય ૧૪

# ઉત્પાત જોવાથી યુધિષ્ઠિરની ચિન્તા અને અર્જાુનનું આવવું

**વિશેષ** : તેરમા અધ્યાયમાં ધૃતરાષ્ટ્રની મુક્તિ કહી. હવે ૧૪-૧૫ અધ્યાયોમાં પાંડવોની મુક્તિ એના કારણની સાથે કહેવામાં આવે છે. પાંડવોને બ્રહ્મભાવરૂપ ફળની ઈચ્છા નથી પણ સાયુજ્યની ઈચ્છા છે. એ જ્યાં સુધી શ્રીકૃષ્ણ મિત્રભાવથી ભૂતલ ઉપર બિરાજે છે ત્યાં સુધી સાયુજ્યનો બાધ થાય છે. તેથી આ ૧૪મા અધ્યાયમાં ભગવાન્ સ્વધામ પધાર્યા એ એમની મુક્તિનું કારણ કહેવામાં આવે છે. એ ભગવાન્ પધાર્યાની વાત કહેનાર અર્જાુનને જોઈ અને પ્રશ્ન પૂછવાનું આ અધ્યાયમાં કહેવામાં આવે છે. ભગવાનને પધારવાની સમ્ભાવનામાં આટલી વિકળતા જેને થાય છે તેને ભગવાન્ સ્વધામ પધાર્યા એમ સાંભળવાથી શું ન થાય એ બધું કહેવામાટે ૧૪ તથા ૧૫ અધ્યાયમાં પાંડવોની મુક્તિ બે પ્રકારે કહેવામાં આવે છે. એમાં ૧૪ શ્લોકથી અર્જાુનની સ્તુતિ છે. તેથી ૧૪ બ્રહ્માણ્ડમાં જે ભગવદ્ગુણ છે તે પાંડવોએ જાણ્યા છે. પ્રથમ સત્ત્વ, રજસ્, તમસ ના ક્રમથી ભગવદ્ગુણનું વર્ણન અર્જાુન આ અધ્યાયમાં કરે છે.

**સૂત ઉવાચ**

**સમ્પ્રસ્થિતે દ્વારકાયાં જિષ્ણૌ બન્ધુદિદૃક્ષય ।।**

**જ્ઞાતું ચ પુણ્યશ્લોકસ્ય કૃષ્ણસ્ય ચ વિચેષ્ટિતમ્ ।।૧।।**

**સૂતજીએ કહ્યું** : પવિત્ર કીર્તિવાળા કૃષ્ણની પ્રવૃત્તિ જાણવામાટે અને બાંધવોને જોવાની ઈચ્છાથી અર્જુન દ્વારકા ગયા. અને કેટલાક (સાત) મહિના થઈ ગયા ત્યારે પાંડુના પુત્ર યુધિષ્ઠિર રાજા કુરુના કુળમાં પ્રકટવાથી શકુન જાણતા હોઈને ઘોર રૂપવાળાં શકુન જોવા લાગ્યા ।।૧-૨।।

કાળની ક્રૂર ગતિ જોઈ જે સમયે જે ઋતુ હોવી જોઈએ તે ન રહી. ક્રોધ, લોભ અને ખોટું જ જેના મનમાં છે તેવા માણસોની પાપવાળી વૃત્તિઓ જોઈ, કપટપ્રાય વ્યવહાર જોયો, શઠતાવાળી મિત્રતા જોઈ, માતા, પિતા, ભાઈઓ, બાંધવો અને સ્ત્રી-પુરુષમાં બખેડા જોયા ।।૩-૪।।

મનુષ્યો જ્યારે એવા કાળને અનુસર્યા ત્યારે ખરાબ પરિણામ લાવનાર શકુન તથા લોભાદિક અધર્મમાં પ્રવૃત્તિવાળા માણસોને જોઈ યુધિષ્ઠિરે નાના ભાઈને કહ્યું।।૫।।

**યુધિષ્ઠિરે કહ્યું** : બંધુઓને ખબર લેવા અને પવિત્ર યશવાળા કૃષ્ણની લીલાને જાણવામાટે અર્જુનને દ્વારકા મોકલ્યો છે એને આજે સાત માસ થયા, તો પણ હે ભીમસેન! તારો નાનો ભાઈ અર્જુન આવ્યો નહિ એનું કારણ હું બરાબર જાણતો નથી ।।૬-૭।।

દેવર્ષિ નારદે બતાવેલો કાળ કે જેમાં ભગવાન્ પોતાના ક્રીડાના સાધનરૂપે રહેલું શ્રીઅંગ છોડી દે તેવો આ સમય નથી? અમારી સમ્પત્તિઓ, રાજ્ય, સ્ત્રી, પ્રાણ, કુળ, પ્રજા, શત્રુનો જય તથા સ્વર્ગાદિ લોક બધું એ કૃષ્ણના અનુગ્રહથી અમારું સિદ્ધ થયું હતું ।।૮-૯।।

હે પુરુષસિંહ! આકાશ, ભૂમિ અને દેહ થી ઉત્પન્ન થતા દારુણ ઉત્પાતો, બુદ્ધિને મોહ કરે એવા ભયની ચાડી ખાતા આપણી સામે ઊભા થાય છે તે તમે જુઓ ।।૧૦।।

હે ભાઈલા! મારાં ડાબા સાથળ, નેત્ર અને બાહુ વારંવાર ફરકે છે. હૃદયમાં કમ્પ પણ બહુ જલદી ભય આપનારો થશે ।।૧૧।।

સળગતા મુખવાળી આ શિયાળવી ગોળ-ગોળ ફરાવી ઊગતા સૂર્યની સામે રુદન કરી રહી છે. આ કૂતરો નીડર થઈને હે ભાઈ! મારી સામે જોઈને ભસે છે।।૧૨।।



ઘોડા જેવાં સારાં પ્રાણીઓ મારી ડાબી બાજુ ઉતરે છે, જ્યારે બીજા ગર્દભ જેવાં હલકાં પશુઓ મારી જમણી બાજુ ઉતરે છે. હે પુરુષવ્યાઘ્ર! મારા ઘોડા વગેરે વાહનો રોતા હોય એવા લાગે છે ।।૧૩।।

આ કબૂતર મૃત્યુનો દૂત છે. બીજાની ઊંઘ બગાડતા ઘુવડ અને કાગડો પોતાની કર્ણકઠોર ચિચિયારીથી વિશ્વને શૂન્ય કરી દેવા ઈચ્છતા હોય તેમ મનને કમકમાવી મૂકે છે ।।૧૪।।

દિશાઓ ધુમ્મસવાળી દેખાય છે. સૂર્ય અને ચન્દ્ર ની આસપાસ ગોળ કુણ્ડાળા થાય છે. પર્વતોની સાથે પૃથ્વી ચલિત થઈ કમ્પે છે. મેઘરહિત આકાશમાંથી કડાકા થાય છે ।।૧૫।।

(શરીરને) વીંધી નાખે એવો કઠોર વાયુ ધૂળની ડમરી ચડાવે છે, જેથી અંધારું ઘોર થઈ જાય છે, ચારે કોર વાદળો લોહી વરસાવે છે, જાણે કે (લાલ) વિષ્ઠા કરતાં હોયની! ।।૧૬।।

કાન્તિહીન સૂર્યને અને પરસ્પર ટકરાતા ગ્રહોને આકાશમાં જુઓ. આકાશ અને પૃથ્વી ભૂત, પ્રેત, પિશાચની ભીડથી ભડકે બળતી હોય તેવી દેખાય છે।।૧૭।।

નદી અને મોટા નદો ખળભળી ઉઠ્યા છે. તળાવો તથા માણસો ના મન ડખોળાઈ ગયાં છે. અગ્નિ ઘીની ધારાથી પણ ચેતતો નથી આ કાળ કરશે શું?।।૧૮।।

વાછડાં એઓની માતાને ધાવતાં નથી. ગાયો દોહનમાં દૂધ આપતી નથી. આંખોમાં આંસુ લાવી ગાયો રુદન કરે છે. વ્રજમાં મોટા બળદો અવાજ કરતા નથી ।।૧૯।।

દેવતાની મૂર્તિઓ રુદન કરતી હોય, પસીનાવાળી હોય, સ્થાન ઉપરથી ચલિત હોય તેવી દેખાય છે. આ દેશો, ગામો, નગરો, આશ્રમો અને મકાનો શોભાહીન જણાય છે. આનન્દરહિત દેખાવો આપણી સમીપમાં દુઃખને ઉત્પન્ન કરતાં ક્યાં પાપ બતાવી જાય છે ।।૨૦।।

આ મોટા ઉત્પાતોને જોઈને, બીજા કોઈ પુરુષનાં ચરણોમાં શોભા ન હોય તેવી શોભાવાળા ભગવાનના ચરણકમળના વિયોગથી પૃથ્વીનો સોહાગ ઝૂંટાઈ ગયો હોય એમ હું માનું છું ।।૨૧।।

**સૂતજીએ કહ્યું** : કે જેણે અનર્થ નિહાળ્યા છે તેવા મનવાળા યુધિષ્ઠિર એ વાતનો વિચાર કરે છે તે સમયે દ્વારકા ગયેલો અર્જુન ત્યાંથી આવી પહોંચ્યો ।।૨૨।।

પહેલાં હતો તેથી જુદો જ દેખાતો, મોટા ભાઈના ચરણમાં વન્દન કરતો, દુઃખી, નીચે મુખ રાખી રહેલો, કમલ જેવાં નેત્રમાંથી આંસુ સારતો અને કાન્તિરહિત અર્જુનને જોઈને ગભરાયેલા ચિત્તથી, નારદનું કહેવું યાદ કરી બધા સુહૃદોના દેખતાં, યુધિષ્ઠિરે અર્જુનને પૂછ્યું ।।૨૩-૨૪।।

**યુધિષ્ઠિરે પુછ્યું :** દ્વારકામાં આપણા સ્વજનો મધુ, ભોજ, દશાર્હાહ, સાત્વત, અન્ધક અને વૃષ્ણિ વંશના યાદવો મજામાં તો છે ને? ।।૨૫।।

હે વીર! માતામહ શૂરસેન કુશળ છે? નાનાભાઈઓ સાથે મામા વસુદેવ કુશળ છે કે? ।।૨૬।।

એમની પત્નીઓ અને આપણાં મામી દેવકી વગેરે સાત બહેનો કુશળ છે? એઓનાં પુત્ર તથા પુત્રવધુઓ પણ કુશળ છે? દુષ્ટ પુત્રવાળા ઉગ્રસેન અને તેમના નાનાભાઈ દેવક જીવે છે? પુત્રસહિત અક્રૂર, હૃદીક, જયન્ત, ગદ, સારણ અને શત્રુજિત વગેરે યાદવો છે તો પ્રસન્નતામાં ને? સાત્વતોમાંના સમર્થ બળદેવજી સુખી છે? ।।૨૭-૨૯।।

વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ મહારથી પ્રદ્યુમ્ન, ગમ્ભીર વેગવાળા અનિરુદ્ધ, ભગવદ્રૂપ, હોવાથી કુશળ છે? સુષેણ, ચારુદેષ્ણ, જામ્બવતીના પુત્ર સામ્બ, બીજા પણ કૃષ્ણના પુત્રોમાં શ્રેષ્ઠ ઋષભ વગેરે સુપુત્ર તેમ જ એમની પાછળ ચાલનારા શ્રુતદેવ, ઉદ્ધવ, સુનન્દ અને નન્દ જેમાં મુખ્ય છે તેવા બીજા પણ ભગવદ્ભક્તોમાં શ્રેષ્ઠ રામ-કૃષ્ણની ભુજાની છાયામાં સુરક્ષિત બધા આનન્દમાં છે? આપણી સાથે સૌહાર્દથી બંધાયેલા તે આપણને યાદ કરે છે કે? ।।૩૦-૩૩।।

આપણા જેવા નિઃસાધનોના ઈન્દ્ર, ભક્ત-વત્સલ અને બ્રાહ્મણનું હિત કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ સુહૃદોની સાથે દ્વારકા નગરીમાં સુધર્મા સભામાં પ્રસન્નતાપૂર્વક બિરાજે છે કે? ।।૩૪।।

લોકોના મંગળને માટે, કલ્યાણ તથા સમૃદ્ધિનેમાટે યદુકુળરૂપી સમુદ્રમાં અનન્ત (કાલ)ના મિત્ર આદ્યપુરુષ વિરાજે છે ।।૩૫।।

ભગવાનના ભુજબળથી રક્ષણ કરાયેલી દ્વારકાપુરીમાં યાદવો મહાપરાક્રમીની જેમ નિર્ભય રહીને પરમાનન્દ યુક્ત થઈને ક્રીડા કરે છે? ।।૩૬।।

ભગવાનના ચરણારવિન્દની સેવા જ મુખ્ય કર્તવ્ય છે જેઓનું તેવી સત્યભામા વગેરે સોળ હજાર સ્ત્રીઓ, જેને ભગવાન્ સંગ્રામમાં યુદ્ધ કરી જય મેળવી લાવ્યા છે



તે, ઈન્દ્રાણીને યોગ્ય ભોગોને ભોગવે છે? ।।૩૭।।

જે ભગવાનના બાહુદંડના પરાક્રમથી રક્ષાયેલા યાદવ વીરો નિર્ભય બનીને સ્વર્ગના ઈન્દ્રાદિ દેવોને ભોગવવા યોગ્ય સુધર્મા સભાને મસ્તીથી પગવડે વારંવાર દબાવે છે? ।।૩૮।।

તાત! તું તો કુશળ છે ને? મને તો તું તેજોહીન દેખાય છે. (સસરાને ઘેર બહુ દિવસ રહેવાથી) તને માન ન મળ્યું? તારું અપમાન થવા પામ્યું? ।।૩૯।।

સ્નેહ રહિત માણસોએ અમંગળ શબ્દો તને કહ્યા તો નથી ને? માગવા આવનારને યોગ્ય આપવાનું અન્તઃકરણથી કહીને આપી શક્યો ન હો એમ તો બન્યું નથી ને? ।।૪૦।।

બ્રાહ્મણ બાળક ગાય વૃદ્ધ રોગી સ્ત્રી અને શરણે આવેલ પ્રાણીને રક્ષણ કરીશ એમ કહી છોડી દીધાં નથી ને? ।।૪૧।।

તું રહ્યો મરદ, શું તે અગમ્ય સ્ત્રી સાથે ગમન કર્યું? અથવા રસ્તામાં તારા બરાબરિયા અથવા તારાથી અધમ પુરુષોને હાથે હારી ગયો? ।।૪૨।।

અથવા વૃદ્ધ અને બાળકો, જે પ્રથમ ભોજન કરાવવા લાયક છે, તેઓને છોડી દઈ તેં ભોજન કરી લીધું શું? અથવા તને ન છાજે તેવું કોઈ નિન્દ્ય કર્મ તેં કર્યું છે? ।।૪૩।।

**કચ્ચિત્ પ્રેષ્ઠતમે નાથ હૃદયેનાત્મબન્ધુના ।।**
**શૂન્યોऽસિ રહિતો નિત્યં મન્યસે તેऽન્યથા ન રુક્ ।।૪૪।।**

અથવા અત્યન્ત પ્રેષ્ઠ, આત્માના બંધુ એવા અન્તર્યામીરૂપ શ્રીકૃષ્ણ વિના આત્માને તું હૃદયથી શૂન્ય માનતો હોવો જોઈએ; નહિ તો તારા જેવા વીરને આવો શોક સમ્ભવે નહિ ।।૪૪।।

**ઈતિ શ્રીભાગવત્ પ્રથમસ્કન્ધના (ઉત્તમપ્રકરણમાં આઠમો) ''ઉત્પાતજોવાથીયુધિષ્ઠિરનીચિન્તાઅનેઅર્જુનનનુંઆવવું'' નામનો ચૌદમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
ભગવત્કથા એ દિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં.

# અધ્યાય ૧૫

# ભગવાનનો નિર્યાણ સાંભળી યુધિષ્ઠિરાદિનું સ્વર્ગારોહણ

**વિશેષ** : ચૌદમા અધ્યાયમાં મુક્તિના હેતુ ભગવાનનું સ્વધામ પધારવાનું વર્ણન કર્યું. આ પન્દરમાં અધ્યાયમાં ભગવાન્ પધારી ગયાનો નિશ્ચય થતાં કૃતકાર્ય થઈ શાસ્ત્રની રીતિ પ્રમાણે યુધિષ્ઠિર મુક્ત થયા એનું નિરૂપણ કરવામાં આવે છે. દ્રૌપદી અને ચાર ભાઈઓ સહિત યુધિષ્ઠિર કૃષ્ણની ભક્તિવડે મુક્તિને પામ્યા એનું વર્ણન કરાય છે. અર્જુનનો ભગવાન્‌માં પ્રેમ, ભગવાનના ઉપકારનું સ્મરણ અને ભગવદ્જ્ઞાન એ બધું રાજાને માટે અર્જુન પાસે બોલાવ્યું છે એ સાંભળીને રાજા પણ વૈરાગ્યયુક્ત થયા છે.

**સૂત ઉવાચ**

**એવં કૃષ્ણસખઃ કૃષ્ણો ભ્રાત્રા રાજ્ઞાઽઽવિકલ્પિતઃ ।**
**નાનાશંકાસ્પદં રૂપં કૃષ્ણવિશ્લેષકર્શિતઃ ॥૧॥**

**સૂતજી બોલ્યા** : રાજા યુધિષ્ઠિરે અર્જુનને એવા વિકલ્પોથી પ્રશ્ન કર્યો કે કૌરવોની સેના અપાર અને અનન્ત મહાસાગર જેવી હતી. તે મહાસાગરમાં ક્રૂર જલચર મગરો જેવા કર્ણ વગેરે અનાર્યો હતા. અને હું એકલો જ રથથી તેને તરી ગયો એટલું જ નહિ પણ શત્રુઓનું અઢળક ધન મેં પાછું હરી લીધું. તેમના શિરોભાગમાંથી અમૂલ્ય મણિમય તેજ તો હર્યું પણ તેમનાં માથાં વધેરી નાખ્યાં. આનું એક માત્ર કારણ હું ભગવાનનો બાંધવ હતો એ ભગવદ્‌બંધુત્વ માત્રથી, ભગવદ્ભક્તિ અને ભગવત્-સાંનિધ્ય ન હોવા છતાં, કૌરવ સેના સાગરને હું તરી શક્યો ॥૧૪॥

કૌરવોની સેના ભીષ્મ, કર્ણ, દ્રોણ, શલ્ય તથા બીજા મોટા રાજાઓ અને ક્ષત્રિય વીરોના રથથી શોભાયમાન હતી. એની સામે મારી આગળ-આગળ ચાલીને પોતાની દૃષ્ટિથી જ એ મહારથી સેનાપતિઓના આયુ, મન (ઉત્સાહ) અન્તઃકરણ શક્તિ, ઈન્દ્રિય શક્તિ હરી લીધાં ॥૧૫॥

દ્રૌણાચાર્ય, ભીષ્મ, કર્ણ, અશ્વત્થામા, સુશર્મા, શલ્ય, જયદ્રથ, બાહ્‌લિક વગેરે યોદ્ધાઓએ મારા ઉપર કદી નિષ્ફળ ન જાય તેવા મહિમાવાળાં અસ્ત્રો ચલાવ્યાં હતાં; પણ હિરણ્યકશિપુ વગેરે અસુરોનાં અસ્ત્રો જે નૃસિંહસ્વરૂપ ભગવાનના દાસ (પ્રહ્‌લાદ) નો સ્પર્શ પણ કરી ન શક્યાં તેમ તેમનાં શસ્ત્રો મારો (તો શું પણ મારા રથનો) સ્પર્શ પણ કરી શક્યાં નહિ કારણ કે મારા ભગવાને તો મને પોતાના ને



ભુજદંડ વચ્ચે જ સુરક્ષિત કરી સ્થાપ્યો હતો! ॥૧૬॥

સંસારથી મુક્ત થવામાટે સન્ત પુરુષો જેમના ચરણકમલની સેવા કરે છે, પોતાની જાત સુદ્ધાં આપી દેનાર એ ભગવાનને દુષ્ટ બુદ્ધિવાળો સારથિ બનાવતાંય અચકાયો નહિ. જે વખતે મારા ઘોડા થાકી ગયા હતા અને હું રથ ઉપરથી ઊતરી જમીન ઉપર ઊભો હતો ત્યારે મોટા-મોટા મહારથી શત્રુઓ પણ મારા ઉપર પ્રહાર ન કરી શક્યા કારણ કે શ્રીકૃષ્ણના પ્રભાવથી એમની બુદ્ધિ જ બહેર મારી ગઈ હતી ॥૧૭॥

ઉદાર અને મોહક હાસ્યથી શોભતાં માધવનાં મશ્કરીનાં વચનો, હે નરદેવ! મને યાદ આવે છે ત્યારે મારા હૃદયને હચમચાવી મૂકે છે. (સ્મિતથી વશ થયેલો ન હોઉં ત્યારે) મને 'પાર્થ' કહીને; (અર્જુન=સાદડનું ઝાડ; વૃક્ષ જેવો જડ જણાઉં ત્યારે) અર્જુન કહીને; (અણછાજતું કાર્ય કરતો હોઉં ત્યારે) હે સખા કહીને; (હું ભોટ જેવો લાગું ત્યારે) કુરુનન્દન કહીને મને સમ્બોધન કરતા ॥૧૮॥

સૂવું, બેસવું, ટહેલવું, આપબડાઈ કરવી, ભોજન વગેરેમાં અમો સાથે હોઈએ. ક્યારેક હું વ્યંગમાં કહી બસે તો, ''મિત્ર તમે તો ભારે સાચા બોલા હો!'' એ વખતે પણ એ મહાપુરુષ પોતાની મહાનુભાવતાને લીધે, મિત્ર મિત્રનો, પિતા પુત્રનો અપરાધ સહી લે છે તેમ, તેઓ મારા દુષ્ટ બુદ્ધિવાળાના અપરાધો સહી લેતા. (કીડી વગેરે ક્ષુદ્ર જન્તુઓના અપરાધ ઉપર હાથી લક્ષ પણ દેતો નથી જ તો!) ॥૧૯॥

જે મારા સખા, પ્રિય મિત્ર, નહિ-નહિ મારું હૃદય જ હતા એ જ પૂર્ણ પુરુષોત્તમ વિનાનો હું થઈ ગયો. ભગવાનની પત્નીઓને દ્વારકાથી હું મારા રક્ષણમાં સાથે લઈ આવી રહ્યો હતો. ત્યારે માર્ગમાં દુષ્ટ ગોપોએ મને એક અબલાની જેમ હરાવી દીધો. હે પ્રિય! ॥૨૦॥

એ જ ધનુષ, તે જ બાણો, રથ પણ તે, ઘોડા પણ એ જ અને એ જ રથી હું અર્જુન જેને મોટા-મોટા રાજાઓ ઝૂકી-ઝૂકીને પ્રણામ કરતા હતા. શ્રીકૃષ્ણ વિના એ બધું એક જ ક્ષણમાં નહિવત્ નિઃસાર બની ગયું. જેવી રીતે ભસ્મમાં આપેલ આહુતિ, ઠગ રાજાની સેવા અને ખારી જમીનમાં વાવેલું બીજ વ્યર્થ જાય છે તેમ ॥૨૧॥

હે રાજન્! તમે દ્વારકામાં આપણો જે સુહૃદોના ખબર પૂછ્યા, તે બધાને બ્રાહ્મણનો શાપ થયો, તેથી મૂઢ થઈ પરસ્પર મુક્કા-મુક્કીથી મારવા લાગ્યા. વારુણી મદિરા પીવાથી ગાંડા બની એકબીજાના સ્વરૂપને ભૂલી ગયા ને હવે ચાર પાંચ જ

બાકી રહ્યા, (બાકી બધા મરી ગયા) ।।૨૨-૨૩।।

ઘણું કરીને આ ભગવાનની જ લીલા સમજો કે માણસોથી માણસની ઉત્પત્તિ કરાવે અને માણસથી માણસનો સંહાર કરાવે ।।૨૪।।

જલચરોમાં નાના પ્રાણીને મોટું ગળી જાય છે, તેમ અહીં પણ દુર્બળનો સબળોએ અને નાનાનો મોટાએ પરસ્પર સંહાર કર્યો ।।૨૫।।

એમ ભગવાને બળવાન યાદવોથી બીજા રાજાઓને સંહાર કરાવ્યો અને યાદવોનો પરસ્પર સંહાર કરાવી પૃથ્વીનો ભાર ઉતાર્યો ।।૨૬।।

દેશ, કાળ અને અર્થને અનુરૂપ અને હૃદયના તાપને શાન્ત કરનાર ગોવિન્દનાં વાક્યો સ્મરણ કરતાં જ મારા ચિત્તને હરી લે છે ।।૨૭।।

**સૂતજીએ કહ્યું :** એમ પ્રગાઢ પ્રેમપૂર્વક કૃષ્ણના ચરણારવિન્દનું ચિન્તન કરતા અર્જુનની બુદ્ધિ શાન્ત અને નિર્મળ થઈ ગઈ ।।૨૮।।

વાસુદેવના ચરણના ધ્યાનથી જેનો વેગ ચોતરફથી વધ્યો છે તેવી ભક્તિવડે હૃદયના બધા દોષ દૂર થયેલ તે અર્જુન થયો અર્થાત્ શુદ્ધ થયો ।।૨૯।।

પછી સંગ્રામમાં ભગવાને જે ગીતાનું જ્ઞાન આપ્યું હતું અને જે કાળના વ્યવધાનથી, કર્મોના વિસ્તારથી અને પ્રમાદથી થોડા સમયમાટે ભુલાઈ ગયું હતું તે ફરી તાજું થયું ।।૩૦।।

બ્રહ્મસમ્પત્તિથી શોક વિનાનો થયો, દેહાદિમાં આત્મબુદ્ધિ ટળી ગઈ, પ્રકૃતિનો લય તથા નિર્ગુણપણું થવાથી લિંગશરીરનો નાશ થતાં જન્મ થવાનો સમ્ભવ જ ટળી ગયો ।।૩૧।।

યુધિષ્ઠિરે ભગવાનનું વૈકુંઠગમન અને યદુકુળનો નાશ સાંભળી દઢ અન્તઃકરણવાળા થઈ દેવમાર્ગ તરફ જવાનો નિશ્ચય કર્યો ।।૩૨।।

કુન્તીજી અર્જુનના મુખથી યાદવોનો નાશ થયો એ તથા ભગવાનનું સ્વધામમાં પ્રયાણ થયું એ સાંભળી એકાન્ત મતિથી આત્મરૂપ ભગવાન્‌માં બુદ્ધિને સ્થાપન કરી સંસારથી વિરામ પામ્યાં અને ભગવાન્‌માં કુન્તીજીનું સાયુજ્ય થયું અર્થાત્ આ પાંચ મહાભૂતનું ખોળિયું ખાલી કર્યું ।।૩૩।।

કાંટાવડે કાંટો કાઢી બન્નેને ફેંકી દે તેમ આ બધું ભગવાનના મનથી તો સમાન હોવાથી, જે શ્રીઅંગેથી આ પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો તે શરીર અને આ લોક બન્નેનો ભગવાને ત્યાગ કર્યો ।।૩૪।।



અલગ-અલગ પ્રકારની ભૂમિકા ભજવવા અભિનેતા જેમ સ્ત્રી વગેરેના વેશમાં આવે છે અને તે-તે કાર્ય પૂરું થયે તે રૂપ છોડી દે છે તેમ ભગવાન્ શ્રીકૃષ્ણ વિવિધ પ્રકારની ક્રીડા કરવા મત્સ્ય, વરાહ, નૃસિંહ, રામ વગેરેનાં રૂપો ધારણ કરે છે. જે કલેવરથી શ્રીકૃષ્ણે પૃથ્વીનો ભાર ઉતાર્યો તે કલેવરનાં કામ પૂરું થયે, આપે ત્યાગ પણ કર્યો ।।૩૫।।

જેની મધુર લીલાઓ શ્રવણ કરવા યોગ્ય છે એ ભગવાન્ શ્રીકૃષ્ણે જ્યારે (પ્રાતઃકાલમાં) આ પૃથ્વીનો પોતાના શરીરદ્વારા ત્યાગ કર્યો તે જ દિવસે (સવારે) જેમનાં ચિત્ત અજાગૃત (ભક્તિ અથવા જ્ઞાન રહિત) છે તેમને અધર્મમાં ફસાવનાર કલિયુગ આવી લાગ્યો ।।૩૬।।

બુદ્ધિમાન્ યુધિષ્ઠિરે એ કલિના પ્રચારને દેશ, ગામ, ઘર અને શરીર માં એમ લોભ, અસત્ય, કપટ, હિંસા વગેરે અધર્મોને દાખલ થયેલા જાણી પૃથ્વી છોડી જવાનો નિશ્ચય કર્યો ।।૩૭।।

પોતાથી ભગવદીયપણામાં કાંઈ ઓછો નહિ અને વિનયથી તેવા પોતાના પૌત્રને આખી પૃથ્વીના સમ્રાટ તરીકે હસ્તિનાપુરમાં અભિષેક કર્યો ।।૩૮।।

તેમજ શૂરસેન દેશના પતિ વજ્રને મથુરામાં ગાદી આપી; પ્રાજાપત્ય યજ્ઞ કરી અગ્નિને પોતાના સ્વરૂપમાં લીન કર્યો ।।૩૯।।

લૂગડાં, ઘરેણાં વગેરે જ્યાં રાખ્યાં હતાં ત્યાં જ છોડી દઈને નિરહંકાર થઈ મમત છોડી બધાં બંધનથી છૂટા થયા ।।૪૦।।

વાણીથી શરીરનો સમ્બન્ધ હોવાથી વાણીનો મનમાં હોમ કર્યો. મનની સ્ત્રી વાણી છે. **''દૂતીરેવ ત્વં મનસોસિ''** (તું મનની દૂતી છે) એમ શ્રુતિમાં કહ્યું છે. એ વાણીનો મનમાં અને મનનો પ્રાણમાં હોમ કર્યો. પ્રાણનો અપાનમાં, અપાનનો મૃત્યુમાં, મૃત્યુનો ઉત્સર્ગમાં હોમ કર્યો. એ ઉત્સર્ગ તથા મૃત્યુ નો હોમ પાંચ ભૂતોમાં કર્યો. પાંચભૂતને ત્રણ ગુણમાં હોમ્યાં. ત્રણ ગુણોને પ્રકૃતિમાં હોમીને પ્રકૃતિને પુરુષરૂપ આત્મામાં હોમી અને એ પુરુષને સર્વકાળ વગેરેના નિયામક અક્ષરમાં હોમી દીધા ।।૪૧-૪૨।।

એવી રીતે બધું મમતાસ્પદ હતું તેને હોમીને બીજું બધું ભગવાન્‌માં રાખી મળાંશ દેહનો ત્યાગ કર્યો. (એનો પ્રકાર કહે છે) ફાટેલાં લૂગડાં પહેર્યા, આહાર છોડ્યો, વાણીને રોકી, વાળને ખુલ્લા છોડી દીધા અને સ્વસ્વરૂપને જડ હોય, ભૂત

પેઠાં હોય, પિશાચ જેવું હોય તેમ દેખાડવા લાગ્યા ।।૪૩।।

સાંભળતા ન હોય, જોતા ન હોય એમ ગામમાંથી બહાર નીકળ્યા. જ્યાં પૂજ્ય મહાત્માઓ ગયા છે તેવી ઉત્તર દિશામાં બ્રહ્મનું ધ્યાન કરતા ચાલતા થયા કે જ્યાં ગયેલો પાછો સંસારમાં આવતો નથી ।।૪૪।।

નાના ભાઈઓએ જોયું કે હવે પૃથ્વીમાં બધાં લોકોને અધર્મના સહાયક કલિયુગે પ્રભાવિત કરી દીધા છે. તેથી તેઓએ પોતાના મોટા ભાઈને અનુસરવાનો નિશ્ચય કર્યો ।।૪૫।।

ચારે પુરુષાર્થો તો એમણે અહીં જ પ્રાપ્ત કરી લીધા હતા. હવે ભગવાનના ચરણારવિન્દની પ્રાપ્તિ કરી છેલ્લામાં છેલ્લો પાંચમો પુરુષાર્થ છે એમ જાણી તેઓએ એનું મનમાં ધ્યાન કર્યું ।।૪૬।।

ધ્યાન કરતાં ભગવાન્‌માં ભક્તિભાવ વધ્યો. અને તેથી શુદ્ધબુદ્ધિવાળા થઈ એ નારાયણના પદમાં પ્રાપ્ત થયા કે જે ગતિને અસત્-વિષયી લોકો મેળવી શક્તા નથી. એવા રજોગુણ વગરના સ્થાનને બધા દોષ છોડીને શુદ્ધ મનવડે પાંડવોએ પ્રાપ્ત કર્યું ।।૪૭-૪૮।।

ભગવાન્ શ્રીકૃષ્ણના પ્રેમાવેશમાં મુગ્ધ ઇન્દ્રિયાદિ સહિત વિદુરજી પણ કૃષ્ણની આજ્ઞાથી પ્રભાસમાં દેહ છોડી પિતૃઓની સાથે પોતાના અધિકારના સ્થાને વૈવસ્વતપુરમાં ગયા ।।૪૯।।

દ્રૌપદીજી, પાંચ પતિઓ નિરપેક્ષ થઈ ગયા એ જાણી અનન્ય પ્રેમપૂર્વક ભગવાન્ શ્રીકૃષ્ણનુંજ ચિન્તન કરતાં ભગવાનના ચરણારવિન્દને પ્રાપ્ત થયાં ।।૫૦।।

**યઃ શ્રદ્ધયૈતદ્ ભગવત્પ્રિયાણાં પાણ્ડોઃ સુતાનામભિસમ્પ્રયાણમ્ ।।**
**શૃણોત્યલં સ્વસ્ત્યયનં પવિત્રં લબ્ધ્વા હરૌ ભક્તિમુપૈતિ સિદ્ધિમ્ ।।૫૧।।**

ભગવાનના પ્રિય એવા પાંડુના પુત્રોનું પ્રયાણ શ્રદ્ધાથી જે સાંભળશે તેને આ આખ્યાન કુશળ કરનાર થશે. વળી પવિત્ર એવા એમના પ્રયાણને સાંભળનાર ભગવાન્‌માં ભક્તિ અને એનાથી મળતી સિદ્ધિ પ્રાપ્ત કરે છે ।।૫૧।।

**ઈતિ શ્રીભાગવત્ પ્રથમસ્કન્ધના (ઉત્તમપ્રકરણમાં ૯મો)**
**''ભગવાનનો નિર્યાણ સાંભળી યુધિષ્ઠિરાદિનું સ્વર્ગારોહણ''**
**નામનો પંદરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**



# અધ્યાય ૧૬
# કલિએ પીડેલી ભૂમિ પાસે પરીક્ષિતનું આવવું

**વિશેષ :** પંદરમા અધ્યાયમાં, પાંડવોની મુક્તિનું વર્ણન કર્યું તે પરીક્ષિતના ઉત્તમ લોકમાં અડચણ ન થવા માટે થયું. હવે રાજ્ય કરવામાં ઐહિક બન્ધન સમ્ભવ છે તેની નિવૃત્તિ માટે કલિથી પણ બંધ થવાનો સમ્ભવ હોવાથી એ બધાની નિવૃત્તિ આ અધ્યાયમાં કહે છે. સ્વભાવથી ધર્મનું પાલન કર્યું છે પણ ધર્મનું કારણ કાળ હોવાથી એનો દોષ હોય ત્યાં સુધી કાળના પ્રતિબન્ધથી ધર્મને વધવામાં અડચણ પડે માટે દોષના મૂળને મટાડવું જોઈએ. પૃથ્વી, ધર્મ અને કાળ એ ત્રણ આધિદૈવિક સ્વરૂપનો સાક્ષાત્કાર પરીક્ષિતને થાય નહિ ત્યાં સુધી ભગવાનના સ્વરૂપનો સાક્ષાત્કાર પણ આધિદૈવિક હોવાથી થાય નહિ તેથી આ અધ્યાયમાં એ બધાના સાક્ષાત્કારનું વર્ણન કર્યું છે. પૃથ્વી અને ધર્મ ઉપર અનુગ્રહ અને કલિનો નિગ્રહ આ અધ્યાયમાં છે. તેમાં ૧૭ શ્લોકથી પૃથ્વીના વિજયનું વર્ણન તથા ૨૦ શ્લોકથી ધરણી અને ધર્મ નો સંવાદ છે. આ અધ્યાયની પહેલાં ૭ મા થી ૧૫મા સુધીમાં રાજા પરીક્ષિતની મુક્તિમાં જે શુદ્ધિ જોઈએ તેનું વર્ણન કર્યું છે. ૧૬ થી ૧૯ સુધીમાં ભગવાનનું આપેલ સામર્થ્ય તથા અસાધારણ ધર્મોન્નતિનું વર્ણન છે.

**તતઃ પરીક્ષિદ્ દ્વિજવર્યશિક્ષયા મહીં મહાભાગવતઃ શશાસ હ ।।**
**યથા હિ સૂત્યામભિજાતકોવિદાઃ સમાદિશન્ વિપ્ર મહદ્‌ગુણસ્તથા ।।૧।।**

**સૂતજીએ કહ્યું :** પાંડવોના મહાપ્રયાણ પછી જન્મ વખતે જ્યોતિષીઓએ યુધિષ્ઠિર સમક્ષ પરીક્ષિતના જે ગુણ કહ્યા હતા તેવા બ્રહ્મણ્ય મહાભગવદ્‌ભક્ત પરીક્ષિત ભગવદ્‌ભક્ત બ્રાહ્મણોના માર્ગદર્શનમાં પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યા ।।૧।।

ઉત્તર રાજાની ઈરાવતી નામની કન્યાને પરણ્યા અને એમાં જનમેજય વગેરે ચાર પુત્રોને ઉત્પન્ન કર્યા ।।૨।।

કૃપાચાર્યને ગુરુ કરી ગંગાના કાંઠા ઉપર મોટી દક્ષિણાવાળા ત્રણ અશ્વમેધ યજ્ઞો કર્યા, જે યજ્ઞમાં દેવતાઓએ પ્રત્યક્ષ પોતાનો ભાગ ગ્રહણ કર્યો ।।૩।।

ગાય-બળદની જોડને પગથી મારનાર રાજાનું રૂપ ધરનાર શૂદ્રરૂપ કલિનો દિગ્વિજયમાં ફરતાં પરીક્ષિતે પોતાના પરાક્રમથી પરાભવ કર્યો ।।૪।।

**શૌનકે પૂછ્યું :** દિગ્વિજયમાં પરીક્ષિતે કલિનો પરાભવ શા કારણથી કર્યો? વળી રાજાના રૂપને ગ્રહણ કરનારો એ શૂદ્ર કોણ હતો કે જે ગાયને પગનો પ્રહાર કરતો

હતો? એ બધી વાત કૃષ્ણકથા કહેનારી હોવાથી, હે મહાભાગ મને આપની ઈચ્છા હોય તો કહો. અથવા ભગવાનના ચરણકમળના *મકરન્દનો સ્વાદ લેનાર સત્પુરુષોને આયુષ્યનો વ્યર્થ વ્યય કરનાર અસાર બકવાદને શો સમ્બન્ધ હોય? કાંઈ જ ન હોય ।।૫-૬।।

**વિશેષ** : ''મકરન્દ પુરુષસુખં બ્રહ્મસુખં અર્થસુખં ચ દદાતીતિ મકરન્દઃ''. મઃ = વિષ્ણુઃ, કઃ = બ્રહ્મ, કામઃ; રૈઃ = ધનમ્, દઃ = આપનાર (શ્રીસુબોધિનીજી)

થોડા આયુષ્યવાળા, મરણ-ધર્મવાળા શરીરથી અમર થવાની ઈચ્છાવાળા મનુષ્યોના કલ્યાણમાટે પશુ હિંસાવાળા કર્મમાં મૃત્યુસ્વરૂપ ભગવાનને અમે અહીં યજ્ઞમાં બોલાવી, આ યજ્ઞસમાપ્તિ સુધી રોક્યા છે ।।૭।।

જ્યાં સુધી સર્વનો અન્ત કરનાર મૃત્યુ આપણી પાસે બેઠું છે ત્યાં સુધી કોઈનું મૃત્યુ ન થાઓ એવા હેતુથી પરમ ઋષિઓએ એમને બોલાવ્યા છે. અહો! મનુષ્ય લોકમાં પણ હરિલીલારૂપી અમૃતનું આમ નિશ્ચિન્તતાથી પાન કરાય છે એ આશ્ચર્ય છે ।।૮।।

આળસુ, આયુષ્યમાં મન્દ, બુદ્ધિમાં પણ મન્દ એવા પુરુષને રાત તો સૂવામાં અને દિવસ કામમાં નકામા ચાલ્યા જાય છે ।।૯।।

**સૂતજી બોલ્યા** : પોતે જેના ચક્રવર્તી રાજા છે એવા હસ્તિનાપુરમાં વસતા પરીક્ષિત રાજાએ જ્યારે બહુ પ્રિય નહિ એવો પોતાના રાજ્યમાં કલિયુગ આવ્યાની વાત સાંભળી. ત્યારે રણસંગ્રામમાં શૂરવીર તેવા એમણે ધનુષ હાથમાં લીધું ।।૧૦।।

શ્યામ ઘોડાવાળા અને શણગારેલ તથા સિંહની ધ્વજાવાળા રથમાં બેસી, હાથી, ઘોડા, રથ અને પાયદળવાળી ચતુરંગિણી સેનાને સાથે લઈ, દિશાઓનો જય કરવાને નીકળી પડ્યા ।।૧૧।।

ભદ્રાશ્વ, કેતુમાલ, ભારત, ઉત્તરકુરુ તથા કિમ્પુરુષ વગેરે દેશો જીતી ત્યાંથી ખંડણી લીધી ।।૧૨।।

જ્યાં-જ્યાં ગયાં ત્યાં-ત્યાં પોતાના પૂર્વજોનો ગવાતો યશ સાંભળ્યો, જે પાંડવોના યશમાં શ્રીકૃષ્ણનાં માહાત્મ્યનું સૂચન થતું હતું ।।૧૩।।

ભગવાને ગર્ભમાં અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પોતાની રક્ષા કરી છે એ પણ પરીક્ષિતે સાંભળ્યું. પાંડવો અને યાદવો નો પરસ્પર સ્નેહ તથા એમની કૃષ્ણમાં ભક્તિ વિષે પણ સાંભળ્યું ।।૧૪।।



યશ ગવાતા સાંભળી પ્રીતિથી જેમનાં નેત્ર પ્રફુલ્લિત છે તેવાં પરીક્ષિતે મોટી ઉદારતા પ્રકટ કરી. યશોગાન કરનારને મોટા મૂલ્યવાળાં વસ્ત્રો, સુવર્ણના હારો વગેરે આપ્યાં ।।૧૫।।

ભગવાનનું સારથિપણું, સભ્યપણું, સેવા, મિત્રતા, દૂતપણું, વીરાસન, પાછળ ચાલવું, સ્તુતિ કરવી, પ્રણામ કરવા ઈત્યાદિ સાંભળી તથા સ્નેહવાળા પાંડવોને જગત્ પ્રણામ કરે છે એ બધું ભગવત્સંબંધી સાંભળી, રાજાને ભગવચ્ચરણમાં ભક્તિ થઈ ।।૧૬।।

**વિશેષ** : આ શ્લોક પ્રક્ષિપ્ત હોવાથી શ્રીમહાપ્રભુજીએ એનું વ્યાખ્યાન કર્યું નથી.

એ એમ પૂર્વજોનું ચરિત્ર સાંભળતાં ફરે છે ત્યાં નજીકમાં જ એક આશ્ચર્ય થયું તે કહું છું તમે સાંભળો ।।૧૭।।

વૃષભના રૂપને ધરનારો ધર્મ એક 'સત્ય' નામના પગથી ચાલતો, કાન્તિ વગરની અને વાછડાં વિનાની ગાય જેવી આંખોમાં આંસુવાળી માતાને પૂછે છે।।૧૮।।

**ધર્મ બોલ્યો** : હે માતાજી! શુષ્ક દુર્બળ મુખ ઉપર કાન્તિ દેખાતી નથી તેથી પૂછું છું કે તમારું આરોગ્ય બરોબર છે ને? કાં તો કોઈ બન્ધુ દૂર હોય અથવા કોઈ જાતની મનમાં પીડા હોય તેવાં તમોને લક્ષણથી હું જાણું છું ।।૧૯।।

ઓછા પગવાળો એટલે એક પગવાળો એવો હું છું તેનો શોક કરો છો? અથવા શૂદ્રો તને ભોગવશે તેથી તમારા આત્માનો શોક કરો છે? જેઓના યજ્ઞના ભાગ મળતા બંધ પડ્યા છે તેવા દેવતાઓનું અથવા વૃષ્ટિ ન થવાથી દુઃખી થયેલી પ્રજાનું તમને દુઃખ છે? એ કહો ।।૨૦।।

હે પૃથ્વી! અરક્ષિત સ્ત્રી અને બાળકોનો શોક કરો છો? અથવા રાક્ષસોથી પીડાતી પ્રજાનો શોક કરો છો? યા તો બ્રાહ્મણનાં કુળ ખરાબ કર્મ કરવા લાગ્યાં ત્યારે વેદવાણી આશ્રય રહિત થઈ એનો શોક કરો છો? બ્રાહ્મણની ભક્તિથી રાજકુલ વિમુખ થયાં તેથી કુલીનોનો શોક કરો છો? કળિયુગની અસરવાળા અધમ ક્ષત્રિયોનો કે એમણે દેશોને કબજે કર્યા છે તેવા દેશોનો શોક કરો છો? અથવા ખાન, પાન, વસ્ત્ર, સ્નાન અને સ્ત્રીસંગમાંજ તત્પર જીવો હાલમાં થયા છે તે જીવલોકનો શોક કરો છો? ।।૨૧-૨૨।।

હે મા પૃથ્વી! તારા ઉપર થયેલો અત્યન્ત ભાર ઉતારવામાટે જેમણે અવતાર ધારણ કર્યો એવા સર્વ દુઃખનું હરણ કરનારા શ્રીહરિ અત્યારે અન્તર્ધાન થયા. અને

તેથી એમનાં ઉદાર ચરિત્રો જીવોનો મોક્ષ કરવામાં કદાચ વિલમ્બ કરે તેથી તું (મોક્ષના અધિકારી નથી) તેઓનો શોક કરે છે? ।।૨૩।।

તમારા મનની પીડાનું કારણ મને કહો હે વસુન્ધરા! જે ભગવાનના વિયોગની માનસિક પીડાથી તમે દૂબળાં થયાં છો, અથવા બલવાનોથી પણ વધારે બલવાન કાળે જ આજે, દેવતાઓ વખાણે તેવું તમારું સૌભાગ્ય હર્યું છે એનાથી દુઃખી છો? ।।૨૪।।

**પૃથ્વી બોલી** : હે ધર્મ! તું જે મને પૂછે છે તે તું સર્વ જાણે છે કે જેની દયાથી તું લોકને સુખ આપનાર ચાર પગવાળો હતો ।।૨૫।।

સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, ઉદારતા, સન્તોષ, સરલતા, શમ (મનની દઢતા), દમ (ઇન્દ્રિયોની નિશ્ચલતા), તપ સમતા, તિતિક્ષા (અપરાધ સહી લેવાનું વલણ), ઉપરતિ (લાભ અલાભમાં ઉદાસીનતા)શાસ્ત્રોનું અધ્યયન ।।૨૬।।

જ્ઞાન, વિતૃષ્ણા, ઐશ્વર્ય, શૌર્ય, પ્રભાવ, દક્ષતા, કર્તવ્યનું ભાન, સ્વાતન્ત્ર્ય, કુશળતા, સૌન્દર્ય, ધૈર્ય, કોમળતા ।।૨૭।।

નિર્ભયતા, વિનય, સુન્દર સ્વભાવ, સહ(મનની દઢતા-સાહસ), ઓજ(ઇન્દ્રિયોની શક્તિ-ઉત્સાહ), (શારીરિક) બળ, ભગ (ભોગનું સ્થાન હોવાપણું-સૌભાગ્ય), ગમ્ભીરતા, સ્થિરતા, આસ્તિક્તા, કીર્તિ, માન, ગર્વનો અભાવ ।।૨૮।।

આ ઓગણચાળીસ અને બીજા બ્રહ્મણ્યતા, ભક્તવત્સલતા વગેરે અસંખ્ય ગુણો ભગવાન્ શ્રીકૃષ્ણમાં બિરાજે છે, મહાન બનવાની ઇચ્છા રાખનાર સર્વ લોકો જેની ઇચ્છા કરે છે. તે મહાન ગુણો, અપાર જ્ઞાન, અખૂટ બળ, ભગવાન્માં સદા પૂર્ણ રૂપે બિરાજે છે, જરાય ઓછા થતા નથી ।।૨૯।।

એ જ સર્વગુણના એક સ્થાનરૂપ અને લક્ષ્મીના આશ્રયરૂપ ભગવાન્થી વિરહિત થયેલ અને પાપના મિત્ર કળીયુગની કુદૃષ્ટિનો શિકાર બની ચૂકેલી આ દુનિયા જોઈને હું શોક કરું છું ।।૩૦।।

હે દેવશ્રેષ્ઠ! મારા આત્માનો અને તું ધર્મ છે તેનો હું શોક કરું છું. દેવો, પિતૃઓ, ઋષિઓ, સજ્જનો, બધા વર્ણો તથા આશ્રમોનો મને શોક થાય છે।।૩૧।।

ભગવાનને શરણે ગયેલા બ્રહ્મા વગેરે દેવો જેમના કટાક્ષ માત્રની કામનાથી ઘણા કાળ સુધી તપશ્ચર્યા કરે છે તે લક્ષ્મીજી પોતાના નિવાસરૂપ કમળના વનને છોડી અત્યન્ત પ્રેમપૂર્વક જે ચરણ કમલોની છત્રછાયાનું સેવન કર્યા કરે છે ।।૩૨।।



એ જ ભગવાનના કમલ, વજ્ર, અંકુશ, ધજા વગેરે ચિન્હોથી યુક્ત શ્રીચરણોથી વિભૂષિત હોવાથી મને મહાન વૈભવ પ્રાપ્ત થયો હતો અને ત્રણ લોકથી અધિક શોભતી હતી તે ચરણની વિભૂતિનું અભિમાન થવાથી અન્તે ભગવાને મને છોડી દીધી એનો હું શોક કરું છું. ।।૩૩।।

સ્વતન્ત્ર ભગવાને આસુર રાજાઓને સેંકડો અક્ષૌહિણી સેના મને ભાર કરનારી હતી તેને મારીને મારો ભાર ઉતાર્યો, પોતાના પરાક્રમથી ઓછા પગવાળો એટલે દુઃખથી ઊભો રહી શકે તેવા જે તું તેના પગ સમ્પૂર્ણ કર્યા તેવા, યાદવોમાં સુન્દર શ્રીઅંગને ધારણ કરી વિહાર કરતા ।।૩૪।।

તે ભગવાનનો વિરહ કોણ સહી શકે? પ્રેમ નીંગળતી દૃષ્ટિ, મનોહર મલકાટ અને મધથીય મીઠી વાતોથી મથુરાની સ્ત્રીઓના માન સાથે ધીરજને પણ પ્રભુએ હરી લીધેલ. પુરુષનો વિરહ પણ સ્ત્રીથી સહન ન થઈ શકે તો પછી પુરુષોત્તમના વિરહની તો વાત જ શું? પુરુષોત્તમનો વિરહ જે સહન કરી શકે તે સ્ત્રી દર અસલ સ્ત્રી જ કહેવડાવવાને યોગ્ય નથી. મારા ઉપર તો એમના શ્રીચરણ ચિહ્નો અંકિત થતાં મને રોમાંચ થતો; પછી મારી દશાની તો વાત જ શી? ।।૩૫।।

**તયોરેવં કથયતો પૃથિવીધર્મયોસ્તદા ।।**
**પરીક્ષિન્નામ રાજર્ષિઃ પ્રાપ્તઃ પ્રાચીં સરસ્વતીમ્ ।।૩૬।।**

એમ પૃથ્વીને ધર્મનો સંવાદ ચાલતો હતો તેટલામાં રાજર્ષિ પરીક્ષિત પ્રાચી સરસ્વતી પાસે આવી પહોંચ્યા ।।૩૬।।

**ઇતિ શ્રીભાગવત્ પ્રથમસ્કન્ધનો (ઉત્તમપ્રકરણમાં દશમો)**
**''કલિએ પીડેલી ભૂમિ પાસે પરીક્ષિતનું આવવું''**
**નામનો સોળમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી નિષ્કામ-પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાં જાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધો બનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

# અધ્યાય ૧૭
## પરીક્ષિત રાજાએ કલિને કરેલી શિક્ષા

**વિશેષ :** આ સત્તરમાં અધ્યાયમાં રાજાએ પૃથ્વી અને ધર્મ નું દુઃખ જાણીને સાન્ત્વન કર્યું એ વાત છે. કલિને પહેલો મારત તો પૃથ્વી અને ધર્મ ને ભય થવાથી સ્વસ્થતાથી અભિપ્રાય કહી શક્ત નહિ માટે પ્રથમ એ બન્નેનું સાન્ત્વન કર્યા પછી કળિયુગનો નિગ્રહ કરવાની વાત કરી છે. રાજાને વિવેક ઉત્પન્ન થવા માટે ધર્મની ઉક્તિ છે. સર્વ સામર્થ્યનો સમ્બન્ધ વૈરાગ્ય થવા માટે છે. કલિયુગે રાજાનો વેશ કર્યો છે તેથી રાજાના વેશમાં પણ એ મારક છે એમ બતાવવામાટે છે. ધર્મના પગ પરીક્ષિતે સાંધ્યા છે. આ અધ્યાયમાં શ્લોક ક્રમ-૪ શ્લોકથી ધર્મ વગેરેને રાજાએ જોયા, ૧૨ થી તેમને રાજાએ પ્રશ્ન કર્યો, ૪ શ્લોકથી ધર્મનાં વાક્યો, ૭ શ્લોકથી એનો વિચાર છે, ૮ થી કલિનું શાસન કર્યું છે, ૧ શ્લોકથી એ કલિનું સ્થાનનું દાન કર્યું છે, બીજા શ્લોકોથી ધર્માદિનું સાન્ત્વન છે.

**તત્ર ગોમિથુનં રાજા હન્યમાનમનાથવત્ ।।**
**દંડહસ્તં ચ વૃષલં દદશે નૃપલાંછનમ્ ।।૧।।**

**સૂતજી બોલ્યા :** પરીક્ષિતે રાજાના ચિહ્નને ધારણ કરનાર તથા જેના હાથમાં દંડ છે તેવા શૂદ્રને જોયો તથા અનાથ જેવાં ગાય અને બળદની જોડને શૂદ્રથી પીટાતી જોઈ ।।૧।।

શુદ્રે ફટકારેલો, મૃણાલ સરખો ધોળો અને ભયથી મૂત્ર કરતો, કંપતો, એક પગથી ઊભો રહેલો તેવા બળદને જોયો ।।૨।।

ધર્મરૂપ અગ્નિહોત્ર વગેરેના પદાર્થોને આપનારી, દીન, શૂદ્રના પગની પાટુઓ સહન કરનારી, વાછડાં વગરની, આંખમાં આંસુવાળી, દુબળી અને ઘાસની ઈચ્છા કરતી ગાયને જોઈ ।।૩।।

સોનાનાં રાચરચીલાંથી શણગારેલા રથમાં બેઠેલ પરીક્ષિત રાજાએ બન્નેને જોઈ મેઘના સરખી ગમ્ભીર વાણીથી હાથમાં ધનુષ ઉઠાવીને એને પૂછ્યું : ।।૪।।

મારાથી રક્ષાયેલાં આ લોકમાં નિર્બળને બળથી મારનાર બળવાળો તું છે કોણ? રાજાના જેવો વેશ છે પણ કર્મથી શૂદ્ર છે ।।૫।।

શ્રીકૃષ્ણ અર્જુનને સાથે લઈને ગયા પછી એકાન્તમાં નિરપરાધ પ્રાણીને પ્રહાર કરતો તું અપરાધી કોણ છે? તારા કર્મથી તું વધને લાયક છે ।।૬।।



ત્રણ પગથી લંગડો, એક પગથી ચાલનાર અને મૃણાલના જેવા સફેદ બળદનું રૂપ ધરનાર અમને ખેદ કરાવનાર તું કોઈ દેવ છે? ।।૭।।

કુરુકુલના રાજાઓના ભુજદંડથી સુરક્ષિત આ પૃથ્વીતળ ઉપર તારા સિવાય કોઈના આંસુઓ પડ્યાં નથી ।।૮।।

હે ધેનુપુત્ર! તું શોક ન કર. શૂદ્રનો ભય હવે નથી એમ જાણ અને હે માતાજી! ખલને દંડ દેનાર હું હાજર છું માટે તમો રુદન ન કરો. તમારું કલ્યાણ હો ।।૯।।

હે સાધ્વિ! જેના દેશમાં બધી પ્રજા દુષ્ટોથી ત્રાસ પામે તે રાજા પ્રમાદી ગણાય. અને એના કીર્તિ, આયુષ્ય, ભાગ્ય અને પરલોક નો નાશ થાય છે ।।૧૦।।

રાજાઓનો પ્રથમ ધર્મ એ છે કે દુઃખીનું દુઃખ દૂર કરવું. તેથી આ પ્રાણીઓનો દ્રોહ કરનાર સૌથી દુષ્ટ છે તેનો હું વધ કરીશ ।।૧૧।।

હે સુરભિનન્દન! તમે તો ચાર પગવાળાં પ્રાણી છો. ચારમાંથી ત્રણ પગ કોણે કાપી નાખ્યા? શ્રીકૃષ્ણના અનુયાયી રાજાઓના રાજ્યમાં ક્યારેય કોઈ પણ તમારી માફક દુઃખી ન હો ।।૧૨।।

હે બળદ! તારું ભલું થાઓ. સારા અને કોઈનો અપરાધ ન કરે તેવા સાધુજનના દેહનો અંગ-ભંગ કરનાર અને પાંડવોની કીર્તિને કલંક લગાડનાર તે કોણ છે એ કહે ।।૧૩।।

નિરપરાધીનો દોષ કરનારને બધી બાજુથી મારાથી ભય છે. નિરપરાધી પ્રાણીઓને દુઃખ દેનાર અંકુશ વગરનો માણસ ભલે દેવ હોય તો પણ એનો બાજુબન્ધ સહિત હાથ હું ઉડાવી દઈશ ।।૧૪।।

રાજાનો પરમ ધર્મ એક એ જ છે કે સ્વધર્મમાં રહેતા લોકોનું પાલન કરવું. આપત્તિ ન હોય તેવા સમયમાં પણ સ્વધર્મને છોડનારને દંડ કરે એ રાજાનો બીજો પરમ ધર્મ છે ।।૧૫।।

**ધર્મે કહ્યું :** પાણ્ડવના પુત્ર! આપનું આવું અભયદાન દેનારું વચન યોગ્ય છે, જે પાણ્ડવોના ગુણના સમુદાયને વશ થઈને શ્રીકૃષ્ણે એમના દૂતપણાનો પણ સ્વીકાર કર્યો ।।૧૬।।

હે નરેન્દ્ર! શાસ્ત્રોના જાુદા-જાુદા વચનોથી મોહિત થયેલ હોવાથી અમે તે પુરુષને નથી જાણતા, જેનાથી ક્લેશોનાં કારણ ઉત્પન્ન થાય છે ।।૧૭।।

કેટલાક વિકલ્પ જ જેને ઢાંકી રહે છે તેવા લોકો સુખ-દુઃખનું કારણ મન છે એમ

કહે છે. બીજાઓ પ્રારબ્ધને સુખ-દુઃખના કારણરૂપ માને છે. કેટલાક કાલને તો વળી બીજા સ્વભાવને સર્વનું કારણ કહે છે ।।૧૮।।

કેટલાક તો એ વાત તર્કમાં આવે એવી નથી અને કહેવાનો નિર્દેશ પણ ન કરી શકાય એમ કહેનાર છે. તેથી હે રાજર્ષિ! આમાં જે સુખ-દુઃખના કારણમાં તમારી બુદ્ધિથી તમને યોગ્ય લાગે તેનો આપ જ વિચાર કરી નિશ્ચય કરો ।।૧૯।।

એવાં ધર્મનાં વચન સાંભળી સમ્રાટ પરીક્ષિત ચિત્ત સ્થિર કરી ખેદ દૂર કરીને એ ધર્મને જ ફરીને હે ઋષિશ્રેષ્ઠ પૂછવા લાગ્યા ।।૨૦।।

**રાજાએ કહ્યું :** ધર્મને જાણનાર ધર્મ તું ધર્મરૂપ બોલે છે; માટે વૃષભનું રૂપ ધારણ કરનાર તું ધર્મ છે; (તને દુઃખ દેનારનું નામ એટલામાટે તે ન બતાવ્યું) કારણ કે અધર્મ કરનારને જે નરકાદિ સ્થાન મળે તે જ અધર્મની ચુગલી કરનારને પણ મળે એ જાણી, ન બોલનાર તો ધર્મ જ હોય ।।૨૧।।

અથવા ભગવાન્‌થી પ્રેરિત માયાની ગતિ સાધારણ લોકો મનથી કે વચનથી જાણી શકતા નથી, કારણ કે એનું જ્ઞાન મન અને વાણીથી પર છે ।।૨૨।।

તપ, પવિત્રતા, દયા અને સત્ય એ તારા ચાર પગ સત્યયુગમાં હતા. તે-તે યુગ જતાં એક-એક પગ અધર્મના અંશ મોહ, સંગ અને મદથી ઓછા થતાં હાલ તારો એક પગ રહ્યો છે* ।।૨૩।।

**વિશેષ :** સત્યયુગમાં તપશ્ચર્યા ધર્મ મુખ્ય અને બીજા ધર્મ ગૌણ હતા; પણ તે યુગ પૂરો થતાં તપને ગર્વ થયો તેથી ગર્વવડે તપોરૂપ ધર્મનષ્ટ થયો. ત્રેતાયુગમાં પવિત્રતા મુખ્ય હતી તે સંગદોષથી નષ્ટ થતાં બીજો પગ ગયો. એમ દ્વાપરમાં મદથી દયારૂપ મુખ્ય ધર્મ હતો તે ગયો. એમ ત્રણ ધર્મના પગનો ત્રણ યુગે લોપ કર્યો. હાલમાં સત્ય ઉપર જ ધર્મનો આધાર છે.

હે ધર્મ! અત્યારે સત્ય નામના તારા એક ચરણથી તું તારો નિર્વાહ અને પ્રચાર કર. એ સત્યને આ અધર્મથી વધેલો કળિયુગ હડપ કરી જવાની ઈચ્છા કરે છે ।।૨૪।।

આ ગૌમાતા સાક્ષાત્ પૃથ્વી છે. ભગવાને એનો કમરતોડ બોજો ઉતારી દીધો હતો અને એમના નિરવધિ સૌન્દર્ય રેલાવતા ચરણચિહ્નોથી સર્વત્ર ઉત્સવમય બની ગઈ હતી ।।૨૫।।

અત્યારે તેને પ્રભુનો વિયોગ થયો છે. એ સાધ્વી અભાગણીની સમાન નેત્રોમાં જલ લાવી એ ચિન્તા કરી રહી છે કે હવેરાજાનો સ્વાંગ સજી બ્રાહ્મણોનો દ્રોહ કરનાર



શૂદ્રો મારો ભોગ કરશે ।।૨૬।।

મહારથી પરીક્ષિત રાજાએ એમ ધર્મ અને પૃથ્વીને સમજાવી, અધર્મના કારણરૂપ કળિયુગને પૂરો કરવા હાથમાં તીક્ષ્ણ તલવાર લીધી ।।૨૭।।

''આ રાજા મને મારી નાખશે'' એમ ધારી રાજાનાં ચિહ્ન છોડી દઈ ભયથી વ્યાકુળ કળિયુગ પરીક્ષિત રાજાના ચરણના મૂળમાં મસ્તક ધરી ઢળી પડ્યો (અને ચરણનો સ્પર્શ કર્યો જેનાથી રાજાની પણ બુદ્ધિ બગડી) ।।૨૮।।

પરીક્ષિત ખૂબ યશસ્વી, દીન વત્સલ અને શરણાગત વત્સલ હતા. એમણે જ્યારે કલિયુગને પોતાના ચરણોમાં પડેલ જોયો તો કૃપા કરી એને માર્યો નહિ પણ હસતા હોય તેમ તેને કહ્યું ।।૨૯।।

અર્જુનના યશને ધારણ કરનાર રાજાને હાથ જોડનારાને ભય જરા જેટલો પણ નથી પણ તું અધર્મનો બન્ધુ છો તેથી મારા રાજ્યમાં તારે બિલકુલ રહેવું નહિ ।।૩૦।।

રાજાઓના દેહમાં તું જ્યારથી દાખલ થયો ત્યારથી જ તારી પાછળ ચાલનારો તારી સેનારૂપ અધર્મનો સમૂહ પણ રાજાઓના શરીરમાં આવેલો દેખાય છે. (અધર્મના નવ પ્રાણને ગણાવે છે) તેમાં

૧. લોભ (પારકાના દ્રવ્યની ઈચ્છા)
૨. અનૃત ખોટું બોલવું (બીજાને ખોટું આળ ચડાવવું)
૩. ચૌર્ય (નજરે જોતાં ન લઈ શકાય એવો કોઈ બળવાળો હોય તો એની રજા વગર ગુપ્ત રીતે એની વસ્તુ લઈ લેવી)
૪. અનાર્ય (અનાચાર, દુર્બળ હોય તો એની સ્ત્રી વગેરેનું હરણ કરવું)
૫. અંહ (તેમ કરવાની તેની તાકાત ન હોય તો ઘર સળગાવી મૂકવું)
૬. જ્યેષ્ઠા (કોઈને દરિદ્ર બનાવી દેવો)
૭. માયા (છેતરવાની ચતુરાઈ)
૮. કલહ (કંકાસ કરવો)
૯. દમ્ભ (વાત છુપાવવા ફરીને વિશ્વાસ પેદા કરવાનો દેખાવ કરવો)

—એ ૯ દોષો તારી સેનારૂપ છે. જ્યાં તું જાય ત્યાં એ હોય છે માટે અધર્મના પ્રાણરૂપ કહ્યા છે ।।૩૧।।

હે અધર્મના બન્ધુ! કલિ, સત્ય અને ધર્મ જ્યાં રહે છે તેવા બ્રહ્માવર્તમાં યજ્ઞનો

વિસ્તાર જાણનાર બ્રાહ્મણો યજ્ઞેશ્વર ભગવાનનું જ્યાં યજન કરે છે ત્યાં તારે ન રહેવું ।।૩૨।।

જે બ્રહ્માવર્તમાં પૂજાતા યજ્ઞમૂર્તિ ભગવાન્ ભજનારની કામના અને એનું સુખ વધારે છે તથા સ્થાવર અને જંગમ પ્રાણીઓની અન્દર અને બહાર વાયુની જેમ આત્મારૂપે બિરાજે છે ।।૩૩।।

**સૂતજીએ કહ્યું** : પરીક્ષિતે એવો હુકમ કર્યો ત્યારે કલિ ધ્રૂજી ઊઠ્યો અને યમરાજની જેમ મારવાને તૈયાર અને તલવાર ઉગામીને રહેલા પરીક્ષિતને કલિ કહેવા લાગ્યો ।।૩૪।।

**કલિ બોલ્યો** : હે સમ્રાટ! આપની આજ્ઞાથી હું જ્યાં-જ્યાં રહેવાનો વિચાર કરું છું ત્યાં-ત્યાં આપને ધનુષપર બાણ ચઢાવીને ઊભેલા જોઉં છું ।।૩૫।।

માટે ધર્મધારીઓમાં શ્રેષ્ઠ હે રાજન્! મને એવું સ્થાન બતાવો કે જ્યાં હું સ્થિર રહી આપની આજ્ઞાનું પાલન કરી શકું ।।૩૬।।

**સૂતજીએ કહ્યું** : એમ જ્યારે પ્રાર્થના કરી ત્યારે કળિયુગને જુગાર, મદ્યપાન, હિંસાનું સ્થાન અને સ્ત્રીઓ કે જ્યાં ચાર પ્રકારના અધર્મ* હોય છે તે સ્થાન આપ્યાં ।।૩૭।।

**વિશેષ** : એ ચાર સ્થાન સ્વરૂપથી અધર્મરૂપ નથી પણ ધર્મથી વિરુદ્ધ હોય તે કલિને રહેવા લાયક છે. તેથી સ્વસ્વધર્મનિષ્ઠ સ્ત્રી, વિધિપૂર્વકની હિંસા, વિધિપૂર્વકનું મદ્યપાન વગેરે અધર્મરૂપ ગણાતાં નથી. તેથી એ કલિના નિવાસરૂપ નથી એ લક્ષમાં રાખવાનું છે. એ ચાર પ્રકારનાં મહાપાતકરૂપી પણ છે. ''બ્રહ્મહત્યા સુરાપાનં સ્તેયં ગુર્વંગનાગમઃ'' એ ચાર મહાપાતક ધર્મશાસ્ત્રમાં ગણેલ છે.

ફરીને યાચના કરી ત્યારે સોનું આપ્યું તેથી અસત્ય, મદ, કામ, રજ અને વેર એ પાંચ સ્થાન કલિના નિવાસરૂપ થયાં. (જુગારમાં અસત્ય, મદ્યપાનમાં મદ, રજોગુણ એટલે ક્રોધ તેમાં હિંસા મુખ્ય કામમાં સ્ત્રી અને સોનામાં વેર છે) એમ પરીક્ષિત રાજાની આજ્ઞાને પાળતો અધર્મનો ઉત્પાદક કલિ, ઉત્તરાકુંવરે આપેલાં આ પાંચ સ્થાનમાં રહેવા લાગ્યો ।।૩૮-૩૯।।

તેથી જેને આબાદીની ઈચ્છા હોય તે એ કલિના નિવાસ રૂપ પાંચ પદાર્થનું સેવન ન કરે. તેમાં પણ ખાસ કરીને રાજા, લોકપતિ અને ગુરુ એ ત્રણે; સમાજ, શિષ્ય અને ઘરના પાલક હોવાથી, અધર્મના સ્થાનોને ન સેવે. નહિ તો એ દ્વારા પ્રજા, સેવક



અને બાળ-બચ્ચામાં અધર્મની પ્રવૃત્તિ થાય છે. વૃષભ રૂપી ધર્મના ત્રણ પગ : તપ, શૌચ અને દયા નષ્ટ થયા હતા તે પાછા સાંધ્યા અને પૃથ્વીને દિલાસો આપી તેને સમૃદ્ધ કરી ।।૪૦-૪૧।।

અરણ્યમાં પ્રવેશની ઈચ્છાવાળા પિતામહ યુધિષ્ઠિરે આપેલા અને રાજાને લાયક તેવા એ સિંહાસન ઉપર અત્યારે પરીક્ષિત રાજા બિરાજે છે ।।૪૨।।

પરમ યશસ્વી, કૌરવેન્દ્રની લક્ષ્મીથી અધિક શોભતા એ રાજર્ષિ પરીક્ષિત હાલમાં હસ્તિનાપુરમાં ચક્રવર્તી મહારાજા છે ।।૪૩।।

**ઇત્થંભૂતાનુભાવોઽયમ્ અભિમન્યુસુતો નૃપઃ ।।**
**યસ્ય પાલયતઃ ક્ષોણીં યૂયં સત્રાય દીક્ષિતાઃ ।।૪૪।।**

અભિમન્યુનન્દન રાજા પરીક્ષિત હકીકતમાં એવો જ પ્રભાવશાળી છે જેના શાસનકાળમાં આપે દીર્ઘ યજ્ઞનેમાટે દીક્ષા લીધી છે ।।૪૪।।

**ઇતિ શ્રીમદ્‌ભાગવત્ પ્રથમસ્કન્ધનો (ઉત્તમપ્રકરણમાં ૧૧મો) ''પરીક્ષિત રાજાએ કલિએ કરેલી શિક્ષા'' નામનો સત્તરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**બ્રહ્મસમ્બન્ધ લેનારાઓ! સાવધના!!!**
સમર્પિત જીવન જીવવાની દીક્ષા લીધા બાદ અસમર્પિત ખાન-પાન વગેરેનો ત્યાગ ન કરનારનું બ્રહ્મસંબંધ ફોક થઈ જાય છે (સિદ્ધાંતરહસ્ય) અને તે નઅસિપત્રથ નામના નરકમાં જાય છે. **(શ્રીહરિરાયચરણ)**

## અધ્યાય ૧૮

## પરીક્ષિત રાજાને થયેલો બ્રાહ્મણનો શાપ

**વિશેષ** : ૧૮ અને ૧૯ મા અધ્યાયમાં પરીક્ષિતની છેલ્લી કથાનું વર્ણન છે. તેમાં બ્રાહ્મણના શાપથી રાજાને વૈરાગ્ય થયું તેથી રાજ્ય છોડ્યું છે અને ગંગા ઉપર પ્રાયો પવેશ કર્યો છે એ પ્રથમ સૂક્ષ્મતાથી કહ્યું, પછી શ્રોતાની પ્રસન્નતાને માટે વિસ્તારથી કહ્યું છે. બ્રાહ્મણથી શાપ થયો એનું કારણ એટલું જ કે એ શાપ વગર તુરત મુક્તિ કરનાર કાંઈ બીજું સાધન હતું નહિ. તક્ષકનો અગ્નિ અલૌકિક હોય તે દ્વારા રાજાનો દાહ કરાવવાના ઉદ્દેશથી ભગવાને જે બ્રાહ્મણ દ્વારા એ શાપ અપાવ્યો છે. જો એમ ન હોય તો આની ઉપર અમૃતની વૃષ્ટિ થઈ છે તેથી

બીજી રીતે એના મૃત્યુનો સમ્ભવ નથી. યાદવોને બ્રાહ્મણનાં શાપથી મોહ થયો તેમ પરીક્ષિતને મોહ નથી થયો તેથી પરીક્ષિતની મહત્તા સિદ્ધ થઈ. ૧૦ શ્લોકથી પરીક્ષિતનો ઉપસંહાર ૭ શ્લોકથી ફરીને પ્રશ્ન છે, ૧૪ શ્લોકથી અપરાધ, ૬ શ્લોકથી શાપ, ૧૩ શ્લોકથી શમીકનો અનુતાપ એમ શ્લોકક્રમ છે.

**યો વૈ દ્રૌણ્યસ્ત્રવિપ્લુષ્ટો ન માતુરુદરે મૃતઃ ।।**
**અનુગ્રહાદ્ ભગવતઃ કૃષ્ણસ્યાદ્ભુતકર્મણઃ ।।૧।।**

**સૂતજી કહેવા લાગ્યા** : અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બળ્યા તો પણ પરીક્ષિત અદ્ભુત કર્મવાળા શ્રીકૃષ્ણ ભગવાનના અનુગ્રહથી માતાના ઉદરમાં મર્યા નહિ ।।૧।।

બ્રાહ્મણના કોપથી ઉદ્ભવેલ અને પ્રાણનો નાશ કરનાર તક્ષક જો કે અતિ ભયંકર હતો તો પણ ભગવાન્‌માં જેણે અન્તઃકરણ અર્પણ કર્યું છે તેવા પરીક્ષિતને એ તક્ષકનો ભય લાગ્યો નહિ ।।૨।।

ચારે બાજુથી આસક્તિ છોડી, જેમણે ભગવાનની સ્થિતિ જાણી છે તેવા શુકદેવજીના શિષ્ય પરીક્ષિતે ગંગાના કિનારા ઉપર પોતાનો દેહ છોડ્યો ।।૩।।

લૌકિક વાતમાં પણ જેને ભગવાનનો સમ્બન્ધ હોય તેવા અને ભગવાનના ચરણને તથા કથામૃતને સેવનાર ભક્તોને અન્ત સમયમાં પણ ભય થતો નથી ।।૪।।

કલિ ભૂતળ ઉપર આવ્યો પણ જ્યાં સુધી અભિમન્યુના પુત્ર પરીક્ષિત એક સમ્રાટ તરીકે આ પૃથ્વીની ઉપર સત્તા ચલાવતા હતા ત્યાં સુધી કલિ કાંઈ કામ કરવાને સમર્થ ન થયો ।।૫।।

જે દિવસે અને જે ક્ષણે ભગવાને પૃથ્વી છોડી તે જ દિવસે અને તે જ ક્ષણે અહીં અધર્મનું મૂલ કારણ કલિ પૃથ્વી ઉપર ચાલુ થયો ।।૬।।

ભ્રમરના જેવા *સારગ્રાહી સમ્રાટ પરીક્ષિતે કલિયુગનો દ્વેષ ન કર્યો. કારણ કે (કલિમાં) પુણ્ય તરત ફળ આપે છે જ્યારે પાપ તરત ફલ આપતાંનથી ।।૭।।

**વિશેષ** : ચોખા ઉપર ફોતરાં હોય છે તેથી લોકો ચોખા નાખી દેતા નથી. ચોખા લઈ લે છે, ફોતરાં ફેંકી દે છે. અન્નમાં ઝેર અને મધ ભળેલાં હોય તો અન્ન જેમ ફેંકી દેવાય એમ ગુણ કરતાં દોષ વધારે હોય તો ત્યાગ કેમ ન કરવો? એવી શંકા થાય તો કહે છે કે પરીક્ષિત ભ્રમર જેવા સારગ્રાહી હતા. કેતકીની ચારે બાજુએ કાંટાઓ હોય છતાં તેમાં મધ વધારે હોવાથી ભમરો મધ-મધ લઈ લે છે, કાંટાથી વીંધાયા વિના. મધ જ એનું જીવન છે, વળી ''સત્યયુગમાં પાપ તે જ ક્ષણે ફળ આપે છે, ત્રેતાયુગમાં બારમા દિવસે, દ્વાપરમાં એક મહિને અને કલિયુગમાં એક



વરસે. એથી ઉલટું સત્કર્મ-ધર્મ, પુણ્ય કલિયુગમાં તે જ ક્ષણે ફળ આપે છે, ત્રેતામાં બારમા દિવસે, દ્વાપરમાં એક માસે અને સત્યયુગમાં એક વરસે. વળી કલિયુગમાં સંસર્ગથી થતાં પાપ લાગતાં જ નથી, શરીરથી ખરેખર કરેલાં પાપનું ફળ ભોગવવું પડે છે. માટે રાજાએ કલિને સહી લીધો.

એ બાળકની પાસે જ શૂર છે, ધીર પાસે બીકણ છે, પ્રમાદવાળા તરફ એ સાવધાન છે. અને નહાર જેવો છે એટલેજ જાગતા જીવોને પકડતો નથી પણ નહાર જેમ બાળકો તથા સૂતેલાંને ઉપાડી જાય છે તેમ અસાવધમાં પ્રવર્તવાવાળો કલિછે।।૮।।

જેમાં વાસુદેવની કથા આવે છે તેવું પવિત્ર, પરીક્ષિતનું આખ્યાન તમે જે મને પૂછ્યું હતું તે મેં તમને વિસ્તાર કરીને કહ્યું ।।૯।।

જેની લીલા અધિક કહેવા લાયક છે તેવા ભગવાનની ગુણ અને લીલા સમ્બન્ધી જે-જે કથા હોય તે જીવવા ઈચ્છાનારાઓએ અથવા ભક્તિરૂપી અભ્યુદય ઈચ્છનારાઓએ સારી રીતે સેવન કરવા યોગ્ય છે.(ઘીવાળો ખોરાકજ જેમ તાકાત-બળ આપે છે તેમ)।૧૦।

**ઋષિઓ બોલ્યા** : હે સૌમ્ય સૂત! તમે યુગ-યુગ સુધી જીવો અને તમારો વિમળ યશ હો કેમકે તમે માણસને મૃત્યુથી બચાવનાર એટલે અમૃતરૂપ તેવા ભગવાનના યશ અમને ઉદ્દેશીને વિસ્તારથી કહોછો ।।૧૧।।

યજ્ઞના ધુમાડાથી જેમના દેહ ભૂખરા થઈ ગયા છે તેવા અમો, ફળના અવિશ્વાસવાળાં આ યજ્ઞ વગેરે કર્મ કરીએ છીએ ત્યાં આવીને ગોવિંદના ચરણારવિંદના મકરંદનું તમે પાન કરાવો છો ।।૧૨।।

ભગવત્પ્રેમી ભક્તના, સંગની એક ક્ષણની તુલનામાં સ્વર્ગ કે મોક્ષને પણ અમે તો ગણતા નથી, (એક જ મુઠ્ઠી સાકર ખાવાથી જે રસનો અનુભવ થાય તે ખાણ્ડી ખોળ ખાવાથી થાય?) તો પછી મનુષ્યના આ લોકનાં સુખ (પુત્ર, ધન વગેરે) તો સત્સંગની ક્ષણની બરોબરી ક્યાંથી કરી શકે? ।।૧૩।।

એવો કોણ રસમર્મજ્ઞ હશે જ મહાપુરુષોના એકમાત્ર જીવન સર્વસ્વ શ્રીકૃષ્ણની લીલા કથાઓથી તૃપ્ત થઈ જાય? કારણ કે બ્રહ્મા અને શિવ વગેરે જે સમર્થ છે તે પણ ગુણાતીત ભગવાનના અનન્ત કલ્યાણમય ગુણોનો પાર પામી શક્યા નથી।।૧૪।।

વિદ્વન્! તમે ભગવાનને તમારા જીવનનો ધ્રુવતારક માનો છો. તેથી આપ વિશુદ્ધ ચરિત્રોનું શ્રદ્ધાળુ શ્રોતા એવા અમારા માટે વિસ્તારથી વર્ણન કરો ।।૧૫।।

ભગવાનના મહાન ભક્ત, અત્યન્ત બુદ્ધિમાન પરીક્ષિત રાજા, શુકે કહેલા જે જ્ઞાનથી ગરુડ જેની ધ્વજામાં છે તેવા ભગવાનનાં ચરણકમળને પામ્યાં ।।૧૬।।

તે પરમ પવિત્ર, સ્પષ્ટ અર્થવાળું, અદ્ભુત યોગવાળું અને અનન્ત ભગવાનનાં ચરિત્રયુક્ત, ભગવદ્ભક્તોના મનને ચારે તરફથી આનન્દ આપનારું એવું આખ્યાન તમે અમને કૃપા કરી સંભળાવો ।।૧૭।।

**સૂતજી કહેવા લાગ્યા :** અહો! અમે વિલોમ જાતિથી ઉત્પન્ન થયા છીએ છતાં વૃદ્ધની સેવાથી આજે અમારો જન્મ સફળ થયો, કારણ કે મહત્તમ (મહાનમાં મહાન) પુરુષોની ભગવત્કથા કહેવાની આજ્ઞા, હીનકુલમાં જન્મ થવાથી થતી મનની પીડાને તરત જ દૂર કરે છે ।।૧૮।।

તો પછી મોટાઓને પણ છેલ્લે જેમનો આશ્રય લેવો પડે તેવા ભગવાનનાં નામ મોઢેથી ઉચ્ચારતા પુરુષના સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય એમાં તો કહેવું શું? કારણ કે એ ભગવાન્ અનન્ત શક્તિવાળા અને અનન્ત છે એમના અનન્ત ગુણોને લીધે એમનું 'અનન્ત' નામ પડ્યું છે. એ ભગવાનના ગુણની બરોબરી કે એનાથી સરસાઈ કોઈ કરી શકે તેવું છે જ નહિ. અને આટલું કહેવાથી જ બધી મોટાઈ એમાં આવી જાય છે કે લક્ષ્મીની બીજા લોકો પ્રાર્થના કરે છે તે લક્ષ્મી પ્રાર્થના કરનાર લોકોને છોડીને નહિ ઈચ્છતા એવા ભગવાનનાં ચરણકમળની રેણુની સેવા કરે છે. (એટલું જ બોલવું ભગવાનની મોટાઈ કહેવામાં પૂરતું છે.) ।।૧૯-૨૦।।

જે ભગવાનના ચરણનખથી નીકળતું અને બ્રહ્માએ ચરણ ધોવામાટે આપેલું (ગંગાનું) જળ મહાદેવ સહિત જગત્ને પવિત્ર કરે છે તો પછી એવા મુકુન્દ ભગવાન્થી બીજો કયો અર્થ વધારે હોઈ શકે? ।।૨૧।।

દેહાદિમાં લાગેલ મમતા વગેરે આસક્તિ છોડીને ધીર પુરુષો ભગવાન્માં અનુરાગવાળા થાય છે. તે અહિંસા અને શાન્તિએજ સ્વધર્મ છે તેવા પરમહંસને સેવવાલાયક પદને પ્રાપ્ત થાય છે ।।૨૨।।

હે સૂર્ય તુલ્ય ઋષિઓ! મને આપે જે પૂછયું તે મેં જ્યાં સુધી મારું જ્ઞાન હતું ત્યાં સુધી કહ્યું. પક્ષીઓ પોતાની પાંખમાં જોર હોય તેટલું આકાશમાં ઊડી શકે છે; તેમ જ વિશેષપણાથી જોનાર વિદ્વાન પોતાના ગજા પ્રમાણે ભગવાનનું ચરિત્ર જાણે છે ।।૨૩।।

(રાજાને શાપ થયો તે કથા કહે છે કે) એક દિવસ પરીક્ષિત ધનુષ લઈ વનમાં મૃગયા





કરતાં મૃગની પાછળ વધારે દૂર ગયા તેથી થાકી ગયા; ભૂખ અને તરસ લાગવાથી પાસે જોયું તો કયાંએ જલાશય ન જોવાથી એક આશ્રમમાં પ્રવેશ કર્યો।।૨૪।।

ત્યાં ઈન્દ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિને રોકીને, આંખોને બંધ કરીને બેઠેલા શાન્ત મુનિને જોયા ।।૨૫।।

જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ સ્થાનથી પર ચતુર્થસ્થાનરૂપ સમાધિને પ્રાપ્ત થયેલ વિકાર રહિત બ્રહ્મભૂત અને ચોતરફ વીખરાયેલી જટાથી, રુરુમૃગ અને કાળા મૃગની ચર્મથી જેમનું શરીર ઢંકાયું છે તેવા મુનિની પાસે જઈને, જેનું તાળવું સુકાય છે તેવા રાજાએ જળ માગ્યું. જ્યારે રાજાને બેસવા માટે ઘાસનું આસન પણ ન મળ્યું, કોઈએ ભૂમિઉપર બેસવાનું ન કહ્યું પછીઅર્ધ્ય અને આદરયુક્ત મીઠી વાતોની તો વાત શી ત્યારે જાણે પોતાનું અપમાન થયું હોય તેમ માનીને તે ક્રોધને વશ થઈ ગયા ।।૨૬-૨૭।।

શૌનકજી! એ ભૂખ તરસથી તરફડી રહેલ હતા તેથી બ્રાહ્મણ પ્રત્યે એમને જીવનમાં પહેલી જ વાર ઈર્ષ્યા અને ક્રોધ થયાં ।।૨૮।।

કલિને સ્થાન આપવાથી બ્રાહ્મણનું અપમાન કરવાની એમની બુદ્ધિ થઈ; તેથી ક્રોધ કરીને સર્પને મારી એ મરેલા સર્પને ત્યાંથી નીકળતી વખતે ધનુષની અણી વડે ઉઠાવી, બ્રાહ્મણના ખભા ઉપર નાખી, પોતાના નગરમાં રાજા આવ્યા ।।૨૯।।

રાજાના મનને એમ થયું કે બધી ઈન્દ્રિયોને બંધ કરી આંખો મીંચીને બેઠેલ મુનિ ખરેખર સમાધિમાં છે કે ''ક્ષત્રબંધુઓ આવે તોય શું અને જાય તોય શું?'' એમ ધારી ખોટી સમાધિ કરી છે એ જાણી લઉં માટે રાજાએ મુનિના ગળામાં સર્પને ફેંકયો ।।૩૦।।

એ મુનિનો અતિ તેજસ્વી પુત્ર બાળકો સાથે ફરતો હતો, પોતાના પિતાનું રાજાએ અપમાન કર્યું છે એમ સાંભળી તે ત્યાં આવી આ પ્રમાણે બોલ્યો ।।૩૧।।

અહો! એઠવાડ ખાઈને તગડા થયેલા કૂતરાંઓની જેમ, દ્વાર ઉપર રહેનાર કૂતરાંઓ જેમ સ્વામીનો અપરાધ કરે તેમ જે રાજાઓ પાલક છે તે એમના સ્વામીનો અપરાધ કરે છે તે આશ્ચર્યને તો જાુઓ ।।૩૨।।

બ્રાહ્મણોએ ક્ષત્રિયને એમના ઘરની ચોકી કરનાર દ્વારપાળ નક્કી કર્યા છે તે ક્ષત્રિય બ્રાહ્મણના ઘરમાં જઈ પાત્રમાં રાખેલું ખાવાનું ખાઈ જાય એ યોગ્ય છે શું? ।।૩૩।।

કૃષ્ણ ભગવાન્ અવળે માર્ગે ચાલનારને દણ્ડ કરનાર હતા તેમના ગયા પછી મર્યાદા તોડનાર આ રાજાને હું આજે જ શિક્ષા કરું છું. જોઈ લો તમે મારા બ્રહ્મતેજનું બલ ।।૩૪।।

ઋષિકુમારોને એટલું કહી, ક્રોધથી જેનાં નેત્ર લાલ થયાં છે. તેવા ઋષિકુમારે કૌશિક નદીના જળનું આચમન કરી વાણીરૂપી વજ્ર ફેકયું ।।૩૫।।

આ પ્રમાણે મર્યાદાનું ઉલ્લંઘન કરનાર અને મારા પિતાનો દ્રોહ કરનાર, કુળમાં અંગારરૂપ અને મારા પિતાના ગળામાં આ સર્પ પહેરાવનારને મારો પ્રેરાયેલો તક્ષક નાગ સાતમેં દિવસે બાળી ભસ્મ કરો ।।૩૬।।

એમ કહી, આશ્રમમાં આવ્યો. ત્યાં પોતાના પિતાના ગળામાં મરેલા સર્પનું શરીર જોઈ દુઃખથી આર્ત થઈ મુક્તકંઠે રોવા લાગ્યો ।।૩૭।।

અંગિરાના ગોત્રમાં ઉત્પન્ન થયેલા તે શમીકમુનિએ પુત્રનું રુદન સાંભળી આંખો ખોલી ત્યાં પોતાના ગળામાં સર્પનું શરીર જોઈને એ સર્પ શરીરને દૂર ફેંકી, ''શા માટે રુદન કરે છે, કોણે તારો અપરાધ કર્યો'' એમ પુત્રને પૂછવાથી બનેલી બધી વાત પુત્રે પિતાને કહી બતાવી ।।૩૮-૩૯।।

રાજાને શાપ આપ્યો સાંભળી બ્રાહ્મણે પુત્રને અભિનન્દન ન કર્યું પણ હે મૂર્ખ! તે મોટું પાપ કર્યું કેમકે થોડા અપરાધમાં મોટો દંડ કર્યો ।।૪૦।।

હે અવિપક્વ બુદ્ધિવાળા! નરદેવને તું બીજાની બરોબર ગણે એ યોગ્ય નથી. એના કોઈથી ન સહન થાય તેવા તેજથી સુરક્ષિત થયેલી પ્રજા સર્વત્ર નિર્ભય થઈને કલ્યાણ સમ્પાદન કરે છે ।।૪૧।।

જ્યારે રાજાનું નામ ધારણ કરનાર ભગવાન્ પૃથ્વીમાં નહિ દેખાય ત્યારે ઘેટાંનું ટોળું રક્ષક વગરનું આમતેમ ફરી નાશ પામે તેમ આ લોક ચોરોથી ઊભરાઈ જઈને કોઈ રક્ષક ન હોવાથી નાશ પામશે ।।૪૨।।

રાજા નાશ પામતાં ચોર લોકો જ પાપ કરશે. તેની સાથે આપણને સમ્બન્ધ નહિ હોવા છતાં તેના ભાગી આપણે થઈશું, કારણ કે રક્ષકને મારનાર આપણે છીએ. રાજા જવાથી ચોર લોકો પરસ્પર મારે છે, શાપ દે છે અને સ્ત્રી વગેરે ધનનું અપહરણ કરે છે ।।૪૩।।

ત્યારે વર્ણ અને આશ્રમ ના આચારવાળો વેદત્રયીમાં કહેલો આર્યોનો ધર્મ રાજા વગર નાશ પામે છે અને પછી અર્થ અને કામ એ બે પુરુષાર્થમાં બુદ્ધિવાળા લોકો થઈ



જવાથી શ્વાન અને વાનર ની જેમ વર્ણસંકર થઈ જાય છે. રાજા પરીક્ષિત તો મહાન યશસ્વી ધર્મધુરન્ધર છે. મહાન ભગવદ્ભક્ત છે, અશ્વમેધ યજન કરનાર છે તે રાજર્ષિ ભૂખ અને તરસ થી વ્યાકુળ થઈ એવું કરી બેઠા તો એમને આપણે શાપ આપીએ એ કાંઈ એમને યોગ્ય ન જ ગણાય ।।૪૪-૪૫।।

હે ભગવન્! બાળક અને અપક્વ બુદ્ધિવાળા મારા પુત્રે આપનો નિષ્પાપ સેવકનો આ અપરાધ કર્યો તેને સર્વાત્મા આપ ક્ષમા કરો ।।૪૬।।

ભગવાનના ભક્તોને ગાલીદાન કરે, છેતરે, શાપ દે અને માર મારે તો પણ એઓ સમર્થ હોય છતાં ભગવાનના સેવક હોવાથી બદલો લેતા નથી ।।૪૭।।

**સૂતજીએ કહ્યું :** એમ પુત્રે કરેલા પાપથી એ મુનિએ પશ્ચાતાપ કર્યો પણ પોતાનો પરીક્ષિતે અપકાર કર્યો છે એનો વિચાર સરખો પણ ન કર્યો ।।૪૮।।

**પ્રાયશઃ સાધવો લોકે પરૈર્દ્વન્દ્વેષુ યોજિતાઃ ।।**
**ન વ્યથન્તિ ન હૃષ્યન્તિ યત આત્માઽગુણાશ્રયઃ ।।૪૯।।**

લોકમાં ભગવદ્ભક્ત એમને બીજાઓ દુઃખ દે તો પણ પ્રાયઃ એનાથી દુઃખી થતા નથી તેમ સુખી પણ થતા નથી, કારણ કે આત્મા તો સુખ દુઃખાદિ ગુણથી પર છે; સુખ-દુઃખાદિનો આશ્રય અન્તઃકરણ છે અને આત્મા તેથી પર છે; તેથી પ્રભુપરાયણ હોવાથી સુખ-દુઃખની અસર થતી નથી ।।૪૯।।

**ઈતિ શ્રીમદ્ભાગવત્ પ્રથમસ્કન્ધનો (ઉત્તમપ્રકરણમાં ૧૨મો)**
**''પરીક્ષિત રાજાને થયેલો બ્રાહ્મણનો શાપ'' નામનો**
**અઢારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ફંડ-ફાળામાટે, આજીવિકામાટે દક્ષિણા લઈને કે મૃતકના
ઉદ્ધારાર્થે ભાગવતકથા કરવી, બેસાડવી કે સાંભળવી એ
શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ ઘોર પાપ છે

## અધ્યાય ૧૯

## પરિક્ષિતનો ગંગા ઉપર પ્રાયોપ્રવેશ શુકદેવજીનું ત્યાં પધારવું

**વિશેષ :** પૂર્વના અધ્યાયમાં રાજાના સર્વદોષની નિવૃત્તિ કહી રાજાનો પ્રમાદ ગયો તો પણ

ભગવદિચ્છાથી બ્રાહ્મણને વ્યામોહ ન થયો. હવે યશ, કર્મ, સમાજ અને લક્ષ્મીમાં પરીક્ષિત મોટા હોવાથી વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિ માં રાજાની પૂર્ણગુણતા કહે છે. આ ઓગણીશમાં અધ્યાયમાં રાજા સર્વ છોડીને ગંગાના તીર ઉપર આવીને બેઠા ત્યાં મુનિઓ આવ્યા તેમને પ્રશ્ન કરતાં સન્દેહ પડ્યો એટલામાં શુકદેવજી પધાર્યા. મુનિઓ રાજાના ભાવિના જ્ઞાનવાળા હોવાથી ભગવદ્ભક્તના છેલ્લા ગમનને જોવા તથા કથા સાંભળવા આવ્યા છે. પ્રશ્નનો વિવાદ તો શુકદેવજી સર્વમાં શ્રેષ્ઠ છે એમ બતાવવામાટે છે. નારદજીને જો કે શુકના જેટલું જ જ્ઞાન છે તો પણ અહીં તો વૈરાગ્યના પ્રકર્ષથી ઉત્તમતા છે; તેવું વૈરાગ્ય નારદજીમાં ન હોવાથી એ ભાગવત્‌ના વક્તા થઈ શક્યા નહિ. પરશુરામ તથા વ્યાસ પણ ભગવદવતાર છે, છતાં ગુરુએ જ્ઞાન આપવાથી જ એમની મુક્તિ છે તેથી એમને વક્તાપણું નથી તેથી જ બત્રીશ લક્ષણવાળા શુકદેવજી ભાગવત્‌ના વક્તા થયા છે. પરીક્ષિતનો ગર્ભ ભાવ હતો ત્યારે વિષ્ણુ ભગવાને રક્ષા કરી અને દેહત્યાગ સમયે શુકદેવજીરૂપી મહાદેવે સંહાર કર્યો. પણ અહીં નરકાદિથી રક્ષા કરી એ મુખ્ય વક્તવ્ય છે.

**શ્લોકનો ક્રમ :** ૩ શ્લોકથી રાજાનો પશ્ચાતાપ, ૪ થી પ્રાયોપ્રવેશ અને ૫ થી મુનિઓનું આગમન, ૬ થી તેમનો સત્કાર, ૪ થી રાજાની પ્રશંસા, ૨ થી રાજાનો પ્રશ્ન, ૭ થી શુકના આવવાનો પ્રસ્તાવ અને ૯ થી રાજાએ શુકદેવનો પ્રશ્ન કર્યો એમ આ અધ્યાયમાં ચાળીશ શ્લોક આવશે.

**મહીપતિસ્ત્વથ તત્કર્મ ગર્હ્યં વિચિન્તયન્નાત્મકૃતં સુદુર્મનાઃ ।।**
**અહો મયા નીચમનાર્યવત્ કૃતં નિરાગસિ બ્રહ્મણિ ગૂઢતેજસિ ।।૧।।**

રાજા પરીક્ષિતનો મૃગયામાંથી આવી પોતે કરેલા નિન્દ્ય કર્મનો વિચાર કરતાં મનમાં અત્યન્ત પશ્ચાત્તાપ થયો. એ અત્યન્ત ઉદાસ થઈ ગયા અને વિચાર કરવા લાગ્યાં ''ઘણી જ ખેદની વાત છે કે મેં નિર્દોષ અને ગૂઢ તેજવાળા બ્રાહ્મણની સાથે અનાર્ય પુરુષોના જેવો નીચ વ્યવહાર કર્યો ।।૧।।

મારા એ પાપનો નિવેડો થાય એમાટે જેનું મેં અપમાન કર્યું છે તેના તરફથી જલ્દી મોટું દુઃખ મને પડો કે જેથી મારા પાપનું પ્રાયશ્ચિત થઈ જાય અને ફરીથી પાછો હું એવું કામ સાક્ષાત્ ન કરું ।।૨।।

આજે જ મારું રાજ્ય, સેના ભર્યાભાદર્યા ભણ્ડાર એ બધાંને કોપી ઊઠેલા બ્રાહ્મણનો શાપરૂપ અગ્નિ બાળીને ખાક કરી મૂકો કે જેથી મારા દુષ્ટની બ્રાહ્મણ, દેવ અને ગાય પ્રત્યે ફરીને આવી પાપબુદ્ધિ ન થાય ।।૩।।



એમ રાજા વિચાર કરે છે ત્યાં શમીકે મોકલેલ બ્રાહ્મણના મુખથી તક્ષકથી થનારું પોતાનું મૃત્યુ સાંભળ્યું. રાજાએ સાંભળીને ઠીક થયું એમ માનવા લાગ્યા કારણ કે ''તરતમાં તક્ષક અન્ત કરશે'' એ વાક્ય રાજાના વૈરાગ્યનું કારણ થયું ।।૪।।

પછી કૃષ્ણના ચરણકમળની સેવાને અધિક માનનાર પરીક્ષિત રાજાએ પરલોક તથા આ લોક છોડવાં હવે યોગ્ય છે એમ તો પહેલેથી જ વિચાર કર્યો હતો તેને છોડી ગંગા નદીના કિનારા ઉપર અનશનવ્રત લઈ બેઠા ।।૫।।

જે ગંગાજી શોભાયમાન તુલસી મિશ્ર શ્રીકૃષ્ણના ચરણની રજથી અધિક ગુણયુક્ત જલપ્રવાહને લઈને મહાદેવજી સહિત ત્રણે લોકને પવિત્ર કરે છે. તેવી ગંગાને મરવાને તૈયાર થયેલ કોણ ન સેવે? ।।૬।।

એમ પરીક્ષિત ગંગાજીના તીરઉપર પ્રાયોપ્રવેશ કરવાનો નિશ્ચય કરી બેઠા અને અનન્ય ભાવવાળા થઈ, સમસ્ત સંગ છોડી, મુનિનું વ્રત ધારણ કરી મુકુન્દના ચરણનું ધ્યાન કરવા લાગ્યા ।।૭।।

એ વખતે ત્રિલોકીને પવિત્ર કરનારા મોટા-મોટા મહાનુભાવ મુનિઓ શિષ્યો સાથે ત્યાં આવ્યા. એ સત્પુરુષો તીર્થમાં જવાના બહાને પોતે જ તીર્થોને પવિત્ર કરે છે. અત્રિ, વસિષ્ઠ, ચ્યવન, શરદ્વાન, અરિષ્ટનેમિ, ભૃગુ, અંગિરા, પરાશર, વિશ્વામિત્ર, પરશુરામ, ઉતથ્ય, ઈન્દ્રપ્રમદ, ઈધ્મવાહ, મેધાતિથિ, દેવલ, આર્ષ્ટિષેણ, ભરદ્વાજ, ગૌતમ, પિપ્પલાદ, મૈત્રેય, ઔર્વ, કવષ, અગસ્ત્ય, વ્યાસ, ભગવાન્, નારદ અને બીજા દેવર્ષિ, બ્રહ્મર્ષિ તથા રાજર્ષિઓમાં શ્રેષ્ઠ અરુણ વગેરે આવ્યા. તે ઉત્તમ ઋષિઓને આવેલા જોઈ બધાનું પૂજન કરી રાજા મસ્તક નમાવીને નમસ્કાર કરવા લાગ્યા ।।૮-૧૧।।

એ બધા મુનિઓ સુખરૂપે બેઠા પછી રાજા ફરીને પ્રણામ કરીને એમની સામે ઊભા રહી શુદ્ધ હૃદયથી અઞ્જલિ બાંધીને એ જે કંઈ કરવા માગતા હતા તે તેમને સંભળાવવા લાગ્યા ।।૧૨।।

**રાજા બોલ્યા :** મોટાએ જેઓના ઉપર અનુગ્રહ કર્યો છે તેવા શીલવાળા અમો આજે ધન્ય છીએ, કારણ બ્રાહ્મણોએ ચરણ ધોવાનું ઠેકાણું હોય છે ત્યાં જવાને પણ ક્ષત્રિયો લાયક નથી, કારણ કે પારકી હિંસારૂપ એનું કર્મ નિન્દ્ય છે (તેથી બ્રાહ્મણો એને પોતાની તુલ્ય ગણતા નથી પણ દૂર રાખે છે તે ધન્ય છીએ એમ પરીક્ષિતનું કથન છે) ।।૧૩।।

એવા નિન્દ્ય કર્મવાળો અને ગૃહસ્થાશ્રમમાં વિશેષ આસક્તિવાળો એવો જે હું પરીક્ષિત તેને બ્રાહ્મણનો શાપ વૈરાગ્ય કરાવનાર હોવાથી તે શાપરૂપે ભગવાને જ મારા ઉપર અનુગ્રહ કર્યો છે, કારણ કે શાપ વગર વૈરાગ્ય ન થાય અને વૈરાગ્ય ન થાય તો ઘરમાં આસક્તિ રહે તેથી હૃદયમાં ભયજ ઉત્પન્ન થાય ।।૧૪।।

તેથી હું આપની સમક્ષ ગંગાના તીર ઉપર ભગવાનનું શરણ લઈને આવ્યો છું એમ ગંગાજી તથા આપ જાણો. બ્રાહ્મણે મોકલેલો કપટરૂપ તક્ષક સુખેથી દંશ કરે. આપ બધા ભગવાનના ગુણનું ગાન કરો ।।૧૫।।

(હું અપરાધી હોવાથી મારી મુક્તિ થવી સમ્ભવિત નથી અને હું ભગવદીય હોવાથી હું મુક્તિ ઈચ્છતો પણ નથી) આપ બ્રાહ્મણોના ચરણોના પ્રણામ કરી પુનઃ એટલી જ પ્રાર્થના કરું છું કે કર્મવશાત્ મારે ગમે તે યોનિમાં જન્મ લેવો પડે પણ ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણોમાં મારો પ્રેમ સ્થિર રહે, એમના ચરણાશ્રિત મહાનુભાવ ભગવદીયોમાં વિશેષ પ્રીતિ હો અને જગત્‌ના સમસ્ત પ્રાણીઓ પ્રત્યે મારી એકધારી મૈત્રી રહે એવો આશીર્વાદ આપો ।।૧૬।।

**સૂતજીએ કહ્યું** : એમ નિશ્ચયવાળા રાજા પરીક્ષિતે પોતાના પુત્રને રાજ્યનો ભાર સોંપી ધીર થઈને સમુદ્રની પત્ની ગંગાના દક્ષિણ કિનારે પશ્ચિમ ભાગમાં જેનાં મૂળ રહ્યાં છે તેવા દર્ભના આસન ઉપર સ્થિતિ કરી ।।૧૭।।

આમ જ્યારે રાજાઓમાં દેવ જેવા પરીક્ષિતે ગંગા ઉપર પ્રાયોપ્રવેશ કર્યો અને આકાશમાં દેવના સંઘો વખાણવા લાગ્યા અને ભૂમિ ઉપર પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા ત્યારે દેવોનાં દુન્દુભિ વાગવા લાગ્યા ।।૧૮।।

ત્યાં જેટલા મોટા ઋષિઓ આવ્યા હતા તેમણે આ રાજાના કર્મની પ્રશંસા કરી અને તમે બહુ ઉત્તમ કાર્ય કર્યું એમ એના કામને અનુમોદન આપવા લાગ્યા. અને પ્રજા ઉપર અનુગ્રહ કરવો એ જ જેના કર્તવ્યનો સાર છે તેવા એ મહર્ષિઓ ભગવદ્‌ગુણના શ્રવણની યોગ્યતાવાળા રાજાને કહેવા લાગ્યા ।।૧૯।।

હે રાજર્ષિ શ્રેષ્ઠ! તમે કૃષ્ણને ભજનાર છો તેથી એ માટે આમ સર્વ ત્યાગ કરી ભગવત્પરાયણ થાઓ તે કાંઈ આશ્ચર્યકર નથી કેમકે તમારા પિતામહોએ પણ ભગવાનની પાસે રહેવાની કામનાથી રાજાઓએ ભોગવેલા રાજ્યાસનને છોડી દીધું હતું ।।૨૦।।

ભગવદ્‌ભક્તમાં મુખ્ય આ પરીક્ષિત, કલેવર ત્યજી જ્યાં રજોગુણ નથી, શોક



નથી તેવા ભગવદ્ધામમાં જાય ત્યાં સુધી અમો બધા અહીં જ રહીશું ।।૨૧।।

આવાં મુનિઓનાં મધુર, ગૌરવવાળાં અને સત્ય વચનો સાંભળીને ભગવાનના ચરિત્રનું શ્રવણ કરવાની ઈચ્છાથી એ બ્રાહ્મણોને નમસ્કાર કરીને રાજા પરીક્ષિતે યોગ્ય કહ્યું ।।૨૨।।

**રાજાએ કહ્યું** : આપ બધા સર્વ સ્થળેથી જેમ સત્યલોકમાંથી વેદો સાક્ષાત્ દેહ ધરીને આવે તેમ, આવ્યા છો તે આપને બીજાઓ ઉપરના અનુગ્રહ સિવાય બીજું કાંઈ પ્રયોજન નથી. આ લોક કે પરલોકમાં બીજું કર્તવ્ય નથી ।।૨૩।।

તેથી હે બ્રાહ્મણો! આપનામાં વિશ્વાસ રાખીને મારે પૂછવાનું છે કે તે આ હું પૂછું છું કે બધાને માટે બધી અવસ્થાઓમાં અને ખાસ કરીને જેનું મરણ નજીક છે તેવા પુરુષોએ, હે નિષ્ણાત વિપ્રવરો! આવશ્યક કર્તવ્ય જેમાં દાનાદિ ધર્મની માફક કાલ વગેરેની શુદ્ધિની પણ જરૂર ન હોય તે આપ વિચાર કરીને કહો ।।૨૪।।

પરીક્ષિત જ્યાં બ્રાહ્મણોને એવો પ્રશ્ન કરે છે. ત્યાં ભગવદિચ્છાથી પૃથ્વીમાં પર્યટન કરતા, કોઈ લક્ષણથી જેમના સ્વરૂપનું જ્ઞાન ન થઈ શકે તેવા આત્મભાવથી સન્તુષ્ટ, બાલકોથી વીંટાયેલા, અવધૂત વેશવાળા, વ્યાસજીના પુત્ર શુકદેવજી ત્યાં પ્રકટ થયા ।।૨૫।।

સોળ વર્ષની અવસ્થા હતી. ચરણ, હાથ, સાથળભુજાઓ ખભા, ગાલ અને બીજાં બધાં અંગ સુકુમાર હતાં. નેત્રોમાં મોટાં-મોટાં અને મનોહર હતાં. નાસિકા કંઈક ઊંચી હતી. કાન સરખા હતા. સુન્દર ભમર હતી જેથી મુખ ખૂબ સુન્દર લાગતું હતું. ગળું તો માનો શંખ જ ।।૨૬।।

હાંસડી, ઢાંકેલી છાતી વિશાળ અને ઊંચી, નાભિ આવર્ત (ભમરી)ના જેવી ઊંડી, ઉદર અત્યન્ત સુન્દર ત્રિવલીયુક્ત હતું. લામ્બી લામ્બી ભુજાઓ હતી, મુખ ઉપર વાંકડિયા વાળ વિખરાયેલા હતા. આ દિગમ્બર વેષમાં તેઓ ઉત્તમ દેવતા જેવા તેજસ્વી જણાતા હતા ।।૨૭।।

શ્યામ વર્ણ હતો. મનમોહક યૌવન હતું. અંગની શોભાથી અને રુચિર મન્દહાસ્યથી સ્ત્રીઓના મનને સુખકર શુકદેવજીનાં દર્શન કરી બધા મુનિઓ પોતપોતાના આસનેથી ઊભા થયા ।।૨૮।।

શુકદેવજીનું સ્વરૂપ જાણી ન શકાય તેવું છે તો પણ મુનિઓ એવાં લક્ષણના જાણનારા હોવાથી જાણી લઈ ઊભા થઈ પરીક્ષિતે આવેલા અતિથિને મસ્તક નમાવી

સત્કાર કર્યો એટલે મૂર્ખ લોકો, સ્ત્રીઓ, બાળકો વગેરે શુકને જોવાને પાછળ ફરતાં હતા તે પાછા વળ્યાં. પછી રાજાએ એમની પૂજા કરી અને એ મોટા આસન ઉપર બિરાજ્યા ।।૨૯।।

મહાનમાં મહાન જ્ઞાનીઓને પણ જ્ઞાન આપનાર શુકદેવજી, બ્રહ્મર્ષિ, રાજર્ષિ અને સુરર્ષિઓના સમૂહોથી બેઠા ત્યારે ગ્રહ, નક્ષત્ર અને તારાઓ વડે ચન્દ્ર શોભે તેમ અધિક શોભાવાળા થયા ।।૩૦।।

અકુંઠિત બુદ્ધિવાળા અને શાન્ત થઈને બિરાજેલા મુનિને ભગવદ્ભક્ત પરીક્ષિત પાસે જઈ પ્રણામ કરી મસ્તક નમાવી હાથ જોડી વાણીથી પૂછવા લાગ્યા ।।૩૧।।

**રાજા બોલ્યા :** હે બ્રહ્મન્! આપ અતિથિરૂપે અહીં પધાર્યા તેથી આપે અમને તો મોટા પુરુષોને પણ સેવા કરવા લાયક બનાવી દીધા. કેમકે અમે ક્ષત્રિયોના વંશમાં ઉત્પન્ન થયા છીએ પણ એમના ધર્મ અમારામાં નથી તે આપે પધારી અમને તીર્થરૂપ કર્યા ।।૩૨।।

જેનું સારી રીતે સ્મરણ કરવાથી ગૃહો પવિત્ર થાય છે તો પછી દર્શન, સ્પર્શ, પાદપ્રક્ષાલન અને આસન વગેરેથી પવિત્રતા થાય એમાં તો શું જ કહેવું? ।।૩૩।।

વિષ્ણુને જોઈને જેમ અસુરો નાસે તેમ હે મહાયોગિન્! મોટાં પાપ પણ આપના સામીપ્યથી તત્કાલ નાશ પામે છે ।।૩૪।।

પાંડુસુતો જેને પ્રિય છે તેવા શ્રીકૃષ્ણ આજે મારા ઉપર પ્રસન્ન થયા કે શ્રીકૃષ્ણ પોતાના પિતામાં બહેન કુન્તીજીને પ્રસન્ન કરવામાટે પાંડવોમાં બન્ધુત્વ સ્થાપન કરી એના વંશની ઉપર પણ પ્રસન્નતા બતાવે છે ।।૩૫।।

નહિ તો કયાંય શોધતાં ન મળો એવા આપનું અમને દર્શન કયાંથી થાય? તેમાં પણ મરણોન્મુખને દર્શન થવું અન એ પણ સિદ્ધ પુરુષ આપ સ્વયં તે-તે ઘરે જઈને કહેતા ફરો છો કે માગો, હું તમને બધાં પુરુષાર્થો પ્રાપ્ત કરાવી આપીશ. આવું અપૂર્વ માગનારામાં શ્રેષ્ઠ વનીયાનનું દર્શન એ કૃષ્ણના અનુગ્રહ વગર અશકય હોવાથી આજે કૃષ્ણે મારી ઉપર કૃપા કરી તમને અહીં મોકલ્યા એવી મારી ખાતરી થાય છે ।।૩૬।।

તેથી અમારા સિદ્ધિરૂપ યોગીજનના ગુરુ એવા આપનેહું પૂછું છું કે પુરુષમાત્રે શું કરવું? તેમાંપણ મૃત્યુ જેનું બારણું ખખડવાતું હોય તેણે અને જીવતાં માણસોએ સર્વથા શું કરવું? ।।૩૭।।



વળી જીવતાએ અને મરણોન્મુખે શું શ્રવણ કરવું, શાનો જપ કરવો, કેવલ કર્મેન્દ્રિયોથી કરવા જેવું શું, સ્મરણ કરવા યોગ્ય શું, ભજન કરવા યોગ્ય શું તે આપ કહો. અને શું ન કરવું, શું શ્રવણ ન કરવું વગેરે પણ હે પ્રભુ! કહો ।।૩૮।।

હે બ્રહ્મન્! આપનાં દર્શન દુર્લભ છે. ગૃહસ્થના ગૃહમાં એક ગાયનું દોહન થાય તેટલો સમય પણ આપનું તો બિરાજવું થતું નથી ।।૩૯।।

**એવમાભાષિતઃ પૃષ્ટઃ સ રાજ્ઞા શ્લક્ષ્ણયા ગિરા ।।**
**પ્રત્યભાષત ધર્મજ્ઞો ભગવાન્ બાદરાયણિઃ ।।૪૦।।**

**સૂતજીએ કહ્યું :** આ પ્રમાણે રાજાએ મધુર વાણીથી શુકદેવજીની સાથે સમ્ભાષણ કરી પૂછયું ત્યારે ધર્મોના મર્મજ્ઞ વ્યાસજીના પુત્ર શુકદેવજી એનો ઉત્તર આપવા લાગ્યા ।।૪૦।।

**ઈતિ શ્રીભાગવત્ પ્રથમસ્કન્ધનો (ઉત્તમપ્રકરણમાં તેરમો)**
**''પરીક્ષિતનો ગંગા ઉપર પ્રાયોપ્રવેશ શુકદેવજીનું ત્યાં પધારવું'' નામનો**
**ઓગણીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# પ્રથમસ્કન્ધ સમાપ્ત

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી નિષ્કામ-પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાં જાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધો બનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

# દ્વિતીયસ્કન્ધ

## સાધન નિરૂપણ

### સાધન-જ્ઞાનલીલા (અધ્યાય-૧૦)

- પ્ર.૧ તત્ત્વધ્યાન (વસ્તુનિર્ધાર)
- પ્ર.૨ હૃત્પ્રસાદ (શ્રદ્ધા)
- પ્ર.૩ મનન (વિમર્શ)

### પ્રથમ સાધન:તત્ત્વધ્યાન (પ્રકરણ ૧)વસ્તુનિર્ધાર

- સ્થૂલધ્યાન(અધ્યાય-૧)
- સૂક્ષ્મધ્યાન(અધ્યાય-૨)

### દ્વિતીય સાધન:હૃત્પ્રસાદ=ચિત્તશુદ્ધિ (પ્રકરણ ૨) શ્રદ્ધા

- શ્રોતાનો હૃત્પ્રસાદ (અ.૩)
- વક્તાનો હૃત્પ્રસાદ (અ.૪)



### તૃતીય સાધન:મનન (પ્રકરણ ૩) વિમર્શ

- ઉત્પત્તિ (અધ્યાય૫-૭)
  - અનિત્યમાં જનન
  - પરિચ્છિન્નમાં સમાગમ
  - નિત્યઅપરિચ્છિન્નમાં પ્રાકટ્ય
    - આવેશી
    - અવતાર
- ઉનત્તિ (અધ્યાય૮-૧૦)
  - આશઙ્કા
  - ઉત્તર
  - ફલ

**પ્રભુ સેવા-મનોરથ-કથા-કીર્તનના નામે સામગ્રી-ભેટ-દક્ષિણા-ન્યોછાવર માંગનાર તેમજ તે નિમિત્તે સ્વીકારનાર ને પુષ્ટિભક્તિમાર્ગમાં પાપીમાં પાપી, દુષ્ટમાં દુષ્ટ, અધમમાં અધમ જાણવા.**

# દ્વિતીયસ્કન્ધ–જ્ઞાનલીલા

## (વામચરણ)

### પ્રથમ તત્ત્વધ્યાન પ્રકરણ

## અધ્યાય ૧

## દશલીલાયુક્ત હરિનું સાંગ શ્રવણ એ જ મનુષ્યનું કર્તવ્ય છે

**વિશેષ :** પ્રથમસ્કન્ધમાં ત્રણ પ્રકારના અધિકારીઓ કહેવામાં આવ્યા જેવા કે હીન, મધ્યમ અને ઉત્તમ. દ્વિતીયસ્કન્ધમાં અધિકારિઓના કર્તવ્યનો નિર્ધાર કરવામાં આવ્યો છે. એનો નિર્ધાર થયેથી કૃતિનું કથન થશે. તે કર્તવ્ય સ્કન્ધ ત્રીજાથી દ્વાદશસ્કન્ધ સુધી કહેવામાં આવશે. એ જ ઉત્તમ ભગવદ્લીલા.

વસ્તુનિર્ધારના ત્રણ અંગો છે : ૧. શ્રદ્ધા ૨. વિમર્શ અને ૩. વસ્તુનિર્ધાર. આ ત્રણે અઙ્ગો પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ વડે કહેવાશે. એથી 'વસ્તુનિર્ધાર' નામના પ્રકરણના બે અધ્યાય છે. 'શ્રદ્ધા' નામના બીજા પ્રકરણમાં શ્રોતા અને વક્તા ના ભેદથી બે અધ્યાય છે. શ્રવણના રૂપમાં શ્રદ્ધા ઉપકારક છે તેથી તેનો ઉલ્લેખ અધિકારમાં ન કરતાં જુદો કર્યો છે.

'વિમર્શ' નામનું ત્રીજું પ્રકરણ છે તેના બે પ્રકાર છે. ઉત્પત્તિ અને ઉનત્તિ. ફરી એ દરેકના ત્રણ-ત્રણ ભેદો છે તેથી એના છ પ્રકાર થાય છે તે એક-એક અધ્યાયથી કહ્યા છે. આમ પૂર્વના ચાર અધ્યાયને આ છ અધ્યાય મળી દ્વિતીય સ્કન્ધના કુલ ૧૦ અધ્યાય થયા.

આમાં પહેલા અધ્યાયમાં અધિકારીના કર્તવ્યનો નિર્ધાર કહેવાય છે. તેમાં પણ વસ્તુના તત્ત્વનો નિર્ધાર કરવાનો છે, અર્થાત્ પ્રમાણ ને પ્રમેયનો નિર્ધાર કહેવામાં આવ્યો છે.

પ્રથમ સ્કન્ધમાં પરીક્ષિતને ઉત્તમ અધિકારી કહ્યા. આવા ઉત્તમ અધિકારીને સત્પુરુષોનો સઙ્ગ થાય તો એણે સર્વતત્ત્વને જાણવાની ઈચ્છાથી પ્રશ્ન કરવો જોઈએ. તેથી પરીક્ષિતે પ્રથમ સ્કન્ધના અન્તમાં બે પ્રશ્નો પૂછયા છે : સર્વાત્મપણાથી શું કર્તવ્ય છે? અને મરતો હોય તેનું શું કર્તવ્ય છે? સર્વાત્મથી કર્તવ્ય કર્યા વગર કોઈ પુરુષાર્થ સિદ્ધ ન થાય. મરનારના કર્તવ્યનો નિર્ધાર કરવા બીજો પ્રશ્ન છે : આ બે પ્રશ્નોના ઉત્તરમાં **''યચ્છ્રોતવ્યમથો જાપ્યં યત્ કર્તવ્યં નૃભિઃ પ્રભો। સ્મર્તવ્યં ભજનીયં વા બ્રૂહિ યદ્વા વિપર્યયમ્''** (૧।૧૯।૩૮)આ શ્લોકમાં પૂછાયેલા પાંચ પ્રશ્નોના ઉત્તર આવી જશે. માટે જ અહીં ઉકત બે પ્રશ્નોને સમજવાને



માટે સર્વ વસ્તુનું તત્ત્વ કહેવું જોઈએ. તેમાં શ્રદ્ધાને વિચાર ફળ-મુખ છે એનાં અંગરૂપ છે તેથી એની આવશ્યકતાનું વર્ણન તે-તે પ્રકરણમાં કરવામાં આવશે. અહીં સર્વાત્મનાં કર્તવ્યનો ઉત્તર **''વરીયાનેષ તે પ્રશ્નઃ''** એમ પ્રશ્નને અભિનન્દન આપી, ૧૪મા શ્લોક સુધી આપવામાં આવે છે. અભિનન્દન આપવું જોઈએ કારણ કે ભૂખ્યો હોય તો જ અન્નદાન યથાર્થ ગણાય તેમ જે આકાંક્ષાવાળો હોય તેને જ કર્તવ્ય કહેવાય. એ કહેવામાં અધિકારનો નિશ્ચય પણ કહેવામાં આવ્યો છે, કારણ કે જો માણસને વિધિ પ્રવર્તાવે એનું ફલ ન કહેવામાં આવે તો એ કર્તવ્યમાં પ્રત્યનવાળો ન થાય તેથી ફલનો નિર્ધાર કરવામાટે અધિકારી કહેવો જોઈએ તેમાં ત્રણ દોષ દૂર કરવામાટે એ વાત ત્રણ શ્લોકથી કહેવામાં આવે છે. તેમાં પહેલા શ્લોકમાં શુકદેવજી પરિક્ષિતના પ્રશ્નને વખાણે છે.

**શ્રીશુક ઉવાચ**

**વરીયાનેષ તે પ્રશ્નઃ કૃતો લોકહિતો નૃપ ।।**
**આત્મવિત્સમ્મતઃ પુંસાં શ્રોતવ્યાદિષુ યઃ પરઃ ।।૧।।**

**શુકદેવજી બોલ્યા :** હે રાજન્! તમારો પ્રશ્ન શ્રેષ્ઠ છે. આત્માને જાણનાર પુરુષો એમાં સમ્મત થાય એટલુંજ નહિ પણ શ્રવણ કરવા જેવા વિષયોમાં પણ એ શ્રેષ્ઠ હોવાથી એનાથી લોકહિત થાય તેવો છે ।।૧।।

હે રાજેન્દ્ર! ઘરમાં બુદ્ધિ રાખવાથી આત્માના તત્ત્વોને ભૂલી જતા ગૃહસ્થો ઘરની હજારો બાબતોમાં ખૂંપેલા હોય છે ।।૨।।

ગૃહસ્થ લોકોની રાત્રિ નિદ્રામાં કે સ્ત્રીસંગમાં અને દિવસ ધનની હાય હાયમાં કે કુટુમ્બનું ભરણ-પોષણ કરવામાં જાય છે ।।૩।।

દેહ, સ્ત્રી, પુત્રાદિ એ સર્વ આત્માની સેના છે, છતાં તે અસત્ (દુષ્ટ) છે તેમાં પાગલ બનેલો સંસારી એને મરતાં જુએ છે છતાં એ ન મરેલાં હોય એવું માની કાર્ય કરે છે ।।૪।।

(કારિકા : બુદ્ધિ, આયુષ્ય અને દોષોનો અભાવ એ આત્માનું જ્ઞાન થવાનાં કારણ છે. આ ત્રણ જેનામાં ન હોય તે અધિકારી નથી) તેથી હે ભારત! જેઓ અભયને ઈચ્છે છે. તેમણે સર્વના આત્મા ભગવાન્ હરિ જે ઈશ્વર છે તેનાં *શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવાં ।।૫।।

**વિશેષ :** અગ્નિહોત્રાદિ કર્મ કરવાના વિધિઓ છોડી ભગવાનનું શ્રવણ કરવાનો વિધિ અવૈદિક નથી. પ્રમાણબળ કરતાં પ્રમેયબળ મોટું છે. મોક્ષની ઈચ્છા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો જ કરે

એવો નિયમ નથી. જેણે પૂર્વે બહુ પુણ્ય કર્યા હોય તેવા અત્રૈવર્ણિકોને એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય સિવાયનાને પણ મોક્ષ મેળવવાની ઈચ્છા થાય છે. એમને માટે વેદે કોઈ વિધાન કરી અભય કરવાનો આદેશ કર્યો નથી એને માટે સાધન કહેવું જોઈએ. આવા અત્રૈવર્ણિકને માટે પુરાણે કહેલ સાધનથી જો ત્રૈવર્ણિકનો પણ પુરુષાર્થ સિદ્ધ થતો હોય તો એ અવશ્ય કરવા જેવો અને સહેલાઈથી બની શકતો સર્વોપયોગી એક ઉપાય કહેવો જોઈએ. એ ઉપાય તો સર્વના આત્મા ભગવાન્ હોય તેથી ભગવાનના સમ્બન્ધવાળો ઉપાય કહેવો જોઈએ. ''આત્મા વા અરે શ્રોતવ્યઃ'' આત્માનું નિશ્ચય પૂર્વક શ્રવણ કરવું. 'આત્મા' એટલે સર્વનો આત્મા. સર્વાત્મા અને શરીરમાં રહેલ આત્મા માં અંશાંશિભાવે અભેદ હોવાથી આત્મામાં ગૌણતા નહિ આવે અને બ્રહ્મસૂત્રમાં જણાવ્યા પ્રમાણે ''ફલમત ઉપપત્તેઃ'' ફલરૂપ ભગવાન્ છે. તેથી કેવલ જ્ઞાનથી મોક્ષ થતો નથી. જ્યારે ભગવાનના ગુણ ગાઈએ ત્યારે ભગવાન્ પ્રસન્ન થઈ એને મોક્ષનું દાન કરે. જો એ ભગવાન્ નિર્ધર્મક હોય વા શારીરાત્મારૂપ હોય તો ફલ ન આપી શકે. એટલે ગુણવાળા સમર્થ ભગવાનનું શ્રવણ કરવાનું શ્રુતિ કહે છે. આત્માનો અર્થ કેવળ ચિતિશક્તિ લેવાનો નથી. વેદનો અર્થ પણ 'આત્મ'શબ્દથી છ ગુણવાળો આત્મા એવો લેવો. ફલમાં ''દુઃખ દૂર થાય'' અને ''સુખ મળે'' એ બે ગણાય છે. તેમાં દુઃખ દૂર કરવામાં બુદ્ધિની પ્રથમ પ્રવૃત્તિ થાય છે. શ્રવણ કે શ્રવણથી થતા જ્ઞાનથી દુઃખ દૂર થશે પણ પરમાનન્દ નહિ મળે. માટે એવા ભગવાનનું શ્રવણ કરવું જે દુઃખને હરનાર હોય તેમ જ સુખોનું દાન કરનાર પણ હોય. તેથી ચાર ધર્મવિશિષ્ટ એવા આત્માનું શ્રવણ કરવું (સર્વાત્મા, ભગવાન્ હરિને ઈશ્વર). શ્રીભાગવત ભક્તિફલક શાસ્ત્ર છે. એ શ્રવણ, કીર્તન ને સ્મરણ નાં સાધન પ્રેમ થાય એટલા માટે કહે છે. પછી તો સ્નેહ જ આગળની ભક્તિ કરાવશે. શ્રવણ, કીર્તન ને સ્મરણ એ ત્રણેમાં પ્રત્યેકનું ફલ મોક્ષ છે. મોક્ષ એટલે ભગવાન્માં પ્રવેશ. શ્રવણ, કીર્તન ને સ્મરણ કરવાં તે દેહપાત પર્યન્ત કરવાં; તો જ એ મોક્ષ આપે. ત્રૈવર્ણિકો વૈદિક પ્રકારથી અને ભાગવતોક્ત પ્રકારથી ભગવત્પ્રવિષ્ટ થાય છે; એ સિવાયના કેવળ ભાગવતમાં કહેલા પ્રકારથી ભગવત્પ્રવિષ્ટ થઈ શકે છે.

મનુષ્ય જન્મનો આટલો લાભ જ છે કે ગમે તે પ્રકારે સાંખ્યથી, યોગથી અથવા પોતાના ધર્મની નિષ્ઠાથી-જીવનને એવું બનાવી લેવાય કે મૃત્યુ સમયે ભગવાનનું સ્મરણ અવશ્ય થાય ।।૬।।

હે રાજા, ઘણું કરીને મુનિઓ વિધિ-નિષેધનો ત્યાગ કરી પોતે નિર્ગુણ ભગવાન્માં નિષ્ઠા રાખી ભગવદ્ગુણના અનુકથનમાં રચ્યા રહે છે ।।૭।।

દ્વાપરયુગનાં પ્રારમ્ભમાં હું મારા પિતા દ્વૈપાયન પાસે વેદતુલ્ય આ શ્રીભાગવત્



પુરાણ ભણ્યો હતો ।।૮।।

હું નિર્ગુણ બ્રહ્મમાં નિષ્ઠાવાળો હતો છતાં ભગવાનની લીલાએ મારું ચિત્ત હરી લીધું. તેથી હે રાજર્ષિ! હું આ શ્રીભાગવત્ ભણ્યો ।।૯।।

તમે મહાપુરુષના સમ્બન્ધી છો તેથી એ ભાગવત્ તમને સંભળાવીશ. જો એમાં શ્રદ્ધા રાખવામાં આવે તો એવી શ્રદ્ધા રાખનારની બુદ્ધિ તત્કાળ મોક્ષદાતા ભગવાન્માં અનન્ય થાય છે ।।૧૦।।

હે રાજન્! જે યોગીઓ સંસારથી વિરક્ત થયેલા હોય ને બ્રહ્માનન્દ મેળવવાની ઈચ્છાવાળા હોય તેમણે ભગવન્નામનું કીર્તન કરવું એજ એમનું કર્તવ્ય છે એ વાત નિર્ણીત થયેલી છે ।।૧૧।।

જેને જીવનની કિંમત નથી તેવા માણસને ઘણાં વર્ષોનું આયુષ હોય તો પણ શું? જો માણસ આયુષ્યની કિંમત જાણતો હોય તો બે ઘડી જેટલા ટૂંકા સમયમાં પણ એ પોતાનું શ્રેય કરી શકે છે ।।૧૨।।

ખટ્વાંગ નામના રાજર્ષિએ જાણ્યું કે મારું પૃથ્વી ઉપર બાકી આયુષ એક મુહૂર્ત (=૪૮ મિનિટ) છે છતાં એટલા વખતમાં બધું છોડી એ ભગવાનના અભયધામમાં પહોંચી ગયા ।।૧૩।।

હે કુરુકુલોત્પન્ન! તમારે તો હજુ સાત દિવસ જીવવાનું છે; તેટલા વખતમાં પરલોકમાટે જે સાધન કરવાનું હોય તે તમે કરી શકો એમ છો તો એ કરી લો ।।૧૪।।

પુરુષને જ્યારે અન્તકાળ આવે ત્યારે એણે ભય છોડી દેવો એટલું જ નહિ પણ દેહ અને દેહના સમ્બન્ધીઓમાં સ્પૃહારૂપ પાશને વૈરાગ્યરૂપી શસ્ત્રવડે છેદી નાંખવો. ધીર બનીને ગૃહનો ત્યાગ કરવો. પવિત્ર તીર્થોમાં સ્નાન કરવું. પવિત્ર એકાન્ત સ્થાનમાં બેસી વિધિ પ્રમાણે આસનની કલ્પના કરીને અ, ઉ અને મ્ (ૐકારરૂપ) ત્રણ અક્ષરોવાળા પરબ્રહ્મનો મનથી અભ્યાસ કરવો. શ્વાસને જીતવો, મનનું નિયમન કરવું, છતાં ૐનું વિસ્મરણ થવા દેવું નહિ. (૧૫।૧૬।૧૭) મનથી ઈન્દ્રિયોને રોકવામાં વિષયો દોષવાળા છે એવી બુદ્ધિની સહાય લેવી અને ઈન્દ્રિયોને વિષયો તરફ જતાં અટકાવવી અને કર્મોવડે ચંચલ થઈ ગયેલા મનને ભગવાનરૂપ શુભ અર્થમાં લગાડવું ।।૧૮।।

બધા અવયવોમાં લાગેલા મનને એમાંથી છૂટું ન કરતાં મૂર્તિના એક અવયવમાં લગાડી એનું ધ્યાન કરવું, પછી એમાં મનને લીન કરીને કાંઈ પણ યાદ ન કરતાં

નિર્વિષય બનાવનું એનું નામ 'સમાધિ' ।।૧૯।।

આવી રીતે રોકેલું મન જ્યાં પ્રસન્નતામાં રહે છે તે વિષ્ણુનું પરમ પદ કહેવાય. રજોગુણ અને તમોગુણ થી ખેંચાયેલું મન મૂઢ બની જાય છે. જો મનને ધારણાવડે નિરુદ્ધ કરવામાં આવે તો એ ધારણા ધીર પુરુષના મનના મેલને દૂર કરે છે ।।૨૦।।

જે ધારણા કરતાં યોગીને જલદીથી ભક્તિ લક્ષણવાળો યોગ સિદ્ધ થાય તે ધારણાના મનોહર આશ્રયરૂપ ભગવાનનું ધ્યાન કરવું ।।૨૧।।

**રાજાએ કહ્યું** કે બ્રહ્મન્! આપે ધારણા કરવાનું કહ્યું તો ધારણા કયાં કરવી, કેવી રીતે કરવી? જેવી ધારણા કરવાથી પુરુષના મનનો મેલ દૂર થાય તેવી ધારણા આપ કહો ।।૨૨।।

**શુકદેવજીએ કહ્યું** : આસનનો જય મેળવવો, શ્વાસને જીતવો, સંગને જીતવો અર્થાત્ મનને વશ કરવું, ઇન્દ્રિયોને જીતવી અને ભગવાનના સ્થૂળરૂપમાં બુદ્ધિવડે મનને સારી રીતે ધારણ કરવું ।।૨૩।।

જેમાં આ આખું વિશ્વ થયું, થશે અને થાય છે એ ત્રિકાળયુક્ત દેખાય છે તે સ્થૂલમાં પણ સ્થૂલતર એ ભગવાનનો *દેહ છે ।।૨૪।।

**વિશેષ** : ભગવાનનો દેહ એ જ વિશેષ, 'વેઃ' એટલે કાળનો શેષ તે વિશેષ. કાળ ભગવાનની ચેષ્ટારૂપ છે. એ ચેષ્ટાનો આધાર દેહ હોય. દેહને આત્માનો સંયોગ છે એમ સાંખ્યવાદીઓ કહે છે; દેહમાં આત્માનો અધ્યાસ છે એમ એકદેશી યોગીઓ કહે છે; દેહમાં આત્માનો આવેશ છે એમ કેટલાક કહે છે; અહંકારથી હું પણુ આવે છે એમ બીજા કહે છે. પરન્તુ ભગવાનનો અને જીવનો સ્વસ્વામિભાવ સમ્બન્ધ છે. પોતાના સ્વરૂપમાં રહી ભગવાન્ સર્વ કરવાને સમર્થ છે, છતાં સર્વનું પોષણ કરવાને સ્વરૂપથી વધારે સુખ આપવાને પોતે પુષ્ટ થઈને સર્વ કાર્ય કરે છે. રૂપ ભગવાનની ધારણાનો વિષય છે. પોતે એક જ સ્થળમાં દેખાય છે, છતાં બીજે હોવાનું અનુમાન એનાથી થઈ શકે છે. વેદમાં કહ્યું છે કે **પૃથનાત્ પૃથિવી** મોટી હોવાથી સ્થૂળ છે, વધારે સ્થૂળ છે. વિરલ અવયવ તે સૂક્ષ્મ અને ઘણા અવયવો એકઠા થાય તે સ્થૂળ; આકાશ સૂક્ષ્મ. પૃથ્વી સ્થૂળ. ઘણા અવયવો અવયવીને ઉત્પન્ન કરે છે; તેમ દેહથી પણ ભગવાન્ પ્રકટ થાય છે એને સ્થૂળપણું કહ્યું છે. એ ભગવાન્ બુદ્ધિમાં પ્રવેશ કરે તો બુદ્ધિને પણ શુદ્ધ કરે. એ સ્થૂળ બુદ્ધિ સૂક્ષ્મ વિષયને ન ગ્રહણ કરે માટે એના રજોગુણને તમોગુણ ભગવાન્ દૂર કરે છે. તેથી એ ભગવાન્ સુન્દર છે. એ સર્વ વિશેષના સમવાયરૂપ છે તેમાં બુદ્ધિ સ્થિર થાય છે. આકાશાદિ સ્થૂળ કરતાંયે ભગવાન્ સ્થૂળ છે કેમકે એમના અવયવો વૃદ્ધિને પામ્યા છે. માટે જ



આકાશ શરીર બ્રહ્મ છે. બધાં રૂપોનો આ ભગવદ્રૂપમાં સમ્ભવ છે. માટે જ આ ધ્યાનનું સ્થાન થયું છે. કાર્યદ્વારા કાળ પણ એમાં પ્રવેશ કરે છે. ગુણના કાર્યોથી કાળ પણ ત્રણ ગુણવાળો થાય છે. કાર્ય સહિત કાળ ભગવચ્ચેષ્ટારૂપ છે તેથી એ ભગવત્કાર્ય છે.

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર ને મહત્તત્ત્વ એ સાત એનાં આવરણ છે. એવા બ્રહ્માંડકોશાત્મક શરીરમાં જે વૈરાજ* પુરુષ રહે છે તે ભગવાન્ ધારણાના આશ્રયરૂપ છે, અર્થાત્ એ ભગવાનની ધારણ કરવાની છે ।।૨૫।।

**વિશેષ** : વૈરાજ ધ્યાનનો વિષય નથી પણ આશ્રય છે. સાક્ષાત્ વિષય ભગવાન્ છે, આધારરૂપ વિરાટ પુરુષ છે. સ્વાત્મામાં સિદ્ધ ભગવદ્રૂપ છે તેના કરતાં સિદ્ધ સાધન દોષ ન હોવાથી અને સ્મરણ માત્રના વિષય ભગવાન્ હોવાથી, ધ્યાન સિદ્ધ થવા માટે આધારરૂપ ભગવાન્ ધ્યાનનો વિષય થાય છે. વૈરાજ વિરાટ શરીરમાં રહે છે તે કોઈ જીવવિશેષ નથી. જે વૈરાજ પુરુષ તે જ ભગવાન્. યોગીઓ એને પ્રત્યક્ષ કરે છે. એ જ ધારણાના આશ્રયરૂપ છે. મહેલમાં રહેતા રાજાની પેઠે શરણે આવનારને અવશ્ય ફળ આપશે.

પાતાળલોક એ વૈરાજ પુરુષના ચરણનું તળિયું છે. એડી અને પંજા રસાતળ છે. મહાતલ ઘૂંટી છે. તલાતલ ખરેખર પુરુષની પિંડીઓ છે. બે ઘૂંટણ સુતળ છે. વિશ્વમૂર્તિ તે વૈરાજના બે સાથળ. એ વિતળ તથા અતળ છે. હે મહીપતિ! મહીતળ એની કેડ છે. આકાશ એની નાભિ છે. ઉરઃસ્થળ તે જ્યોતિઃસ્થાન છે. મહર્લોક એની ડોક છે. જનલોક એનું ખરેખર મુખ છે. તપલોક આદિપુરુષ વૈરાજનું લલાટ છે. સહસ્ર મસ્તકવાળા વૈરાજનું મસ્તક સત્યલોક છે ।।૨૬-૨૮।।

ઈન્દ્રાદિ દેવો એના બાહુરૂપ છે. (એ લોકોને કર્મનાં ફળ આપનાર છે) દિશાઓ એના કાન છે. એનો શબ્દ તે ભગવાનની કર્ણેન્દ્રિય છે. બેઉ અશ્વિનીકુમારો ભગવાનની નાસિકાનાં છિદ્રો છે. ગન્ધ એની ઘ્રાણેન્દ્રિય છે. પ્રજ્વલિત અગ્નિ એનું મુખ છે. દ્યૌલોક (સ્વર્ગ) ભગવાનનાં બે નેત્રો છે અને સૂર્ય એની જોવાની શક્તિ છે. રાત અને દિવસ એ વિષ્ણુ ભગવાનની પાંપણો છે. એની ભ્રુકુટીનો વિલાસએ બ્રહ્માનું સ્થાન છે. જળ એનું તાળવું છે. રસ એની જિહ્વા છે. છન્દો અનન્તના યશને ગાય છે. ભગવાનની દાઢી યમરૂપ છે. એમના દાંતો સ્નેહની કલા છે. જનોને ઉન્માદ કરાવનારી માયા ભગવાનનું હાસ્ય છે. નિત્યપ્રવાહ સૃષ્ટિ ભગવાનનો કટાક્ષપાત છે. લજ્જા ઉપલો હોઠ છે. નીચલો હોઠ લોભાત્મક છે. એનું સ્તન ધર્મનું સ્થાન છે અને પીઠ અધર્મનો માર્ગ છે. બ્રહ્મા એની ગુહ્યેન્દ્રિય છે. મિત્ર

અને વરુણ એના અંડકોશ છે. સમુદ્રો એનું પેટ છે. પર્વતો એનાં હાડકાંનો સમુદાય છે. નદીઓ એની નાડીઓ છે. હે રાજન્! વૃક્ષો વિશ્વ શરીરવાળાં એનાં રોમ (રુવાડાં) છે. અનન્ત પરાક્રમવાળા ભગવાનનો શ્વાસ વાયુ છે. ગતિ (ગમન) તે આયુષ છે. ગુણનો પ્રવાહ તે ભગવત્કર્મ છે. એના કેશ મેઘ છે. હે કુરુવર્ય! એનું વસ્ત્ર બન્ને સન્ધ્યા છે. પ્રકૃતિ એનું હૃદય છે. ચન્દ્રમાં એનું મન છે, જે બધા વિકારોનો ખજાનો છે. મહત્તત્ત્વ એની જ્ઞાનશક્તિ છે. મહાદેવ એનો અહંકાર છે. ઘોડા, ખચ્ચર, ઊંટ, હાથી એ એના નખ છે. બધાં મૃગોને પશુઓ એની શ્રોણિ (કેડનો પાછલો ભાગ) છે. પક્ષીઓ એનું કલાકૌશલ છે. મનુ એની ઇચ્છા મનુષ્ય એનું રહેવાનું સ્થાન છે. ગન્ધર્વો, વિદ્યાધારો, ચારણો અને અપ્સરાઓ એના સ્વર અને અસુરોના સમૂહમાં શ્રેષ્ઠ પ્રહ્લાદ એની સ્મૃતિ છે. બ્રાહ્મણ એનું મુખ છે. ક્ષત્રિયો એની ભુજા છે. વૈશ્યો એની સાથળ છે. શૂદ્ર એના ચરણ છે. નાના દેવગણથી યુક્ત* જે દ્રવ્યનો સમુદાય છે તે એનો યજ્ઞ છે ।।૨૯-૩૭।।

**વિશેષ :** દેવો સર્વ લોકમાં ફરે છે. એ ઇન્દ્રિયોના અધિદેવો છે. ઇન્દ્રાદિ દેવો કર્મના ફળને આપનારાં છે તેથી તેઓ ભગવાનના બાહુ કહેવાય છે. દિશાઓ ભગવાનના કાનરૂપ હોવાથી શ્રોત્રેન્દ્રિય છે. અશ્વિનીકુમારો યજ્ઞ ભગવાનનાં બે નાકરૂપ છે. આપણી ઇન્દ્રિયોના અધિષ્ઠાતા તે ભગવાનની ઇન્દ્રિયોના ગોલક; આપણા વિષયો તે ભગવાનની ઇન્દ્રિયો. સ્વર્ગલોક શિશુમાર સ્થાનરૂપ છે. એવી રીતે ભગવાનની ઇન્દ્રિયોની બધી વ્યવસ્થા સમજવી. ભગવાન્ વિશ્વરૂપ છે. એ જ અન્નાચ્છાદન-ખાવાનું ને શરીર ઢાંકવાનું કામ કરે છે, અથવા એ રૂપ પોતે થાય છે. એ અનન્તવીર્ય ભગવાનની નાસિકામાં ચાલતો વાયુ તે આ વાયુ છે. એનું હલન ચલન તે લોકનું આયુષ છે. સત્ત્વ, રજસ અને તમસમાંથી દેવો, પશુઓ અને મનુષ્યોનો જે પ્રવાહ થયો છે તે ભગવાનનું કર્મ છે. મેઘો એના કેશ છે. સવાર સાંજની સન્ધ્યા એનું વસ્ત્ર પીતામ્બર છે. પ્રકૃતિ એનું હૃદય છે. ચન્દ્રમાં સર્વ વિકારના બીજરૂપ ભગવાનનું મન છે. એ મન તો આધિદૈવિક છે. એના વિકાસથી બધાના મનના વિચાર ઉત્પન્ન થાય છે. જ્ઞાનશક્તિ તે મહત્તત્ત્વ, અહંકાર તે મહાદેવ. એ સર્વાત્માનો અહંકાર તેથી એની સ્થિતિ સર્વત્ર કહી. ભગવાનને અવયવ નથી તો પણ બધાં પશુઓ એની કેડની પાછળના ભાગરૂપ છે, પક્ષીઓ એની હુન્નરકલા છે. મનુ એની ઇચ્છા છે. મનુષ્ય એનું ઘર છે, ગન્ધર્વ, વિદ્યાધર, ચારણ, અપ્સરા એના રાગવિશેષ સ્વર છે. પ્રહ્લાદ એના સ્મરણરૂપ છે. અસુરોની સેના એના પરાક્રમરૂપ છે. બ્રહ્મભાવ એ એક ધર્મ છે તે ધર્મ જેનામાં વિદ્યમાન હોય તે બ્રાહ્મણ, બ્રાહ્મણપણું વ્યક્તિ રહેવા છતાં દૂર થાય છે, બ્રાહ્મણ્યમાં લક્ષણા



સિવાય બીજી વૃત્તિની કલ્પના કરવી નહિ. એમાં નિયતવ્યંજકતા (=ચોક્કસ જણાવનારું ચિહ્ન) નથી માટે એ જાતિ નથી. જો બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલ બ્રાહ્મણ કહેવાય તો બ્રહ્મામાં તથા સનકાદિમાં એ લક્ષણ વ્યાપ્ત થઈ શકતું નથી. ઋષભદેવના સો પુત્રોમાંથી ૮૧બ્રાહ્મણો થયા તે જગ્યાએ પણ એ લક્ષણ વ્યાપક નથી. માટે બ્રાહ્મણ્ય એ કોઈ દેવતા વિશેષ છે. એ દેવતા જે દેહમાં પ્રકટ થાય તે દેહ બ્રાહ્મણ કહેવાય. તેથી જ શાપાદિથી બ્રાહ્મણ શૂદ્ર થઈ જાય છે. ચાંડાળ બની જાય છે; ને અનુગ્રહથી બ્રહ્મત્વ આવે છે. એ બ્રાહ્મણ્ય ઉપનયન સંસ્કારથી દેહમાં આવે છે એમ માનવામાં આવે તો બહુ વાક્યોની સંગતિ થઈ શકે. આવી રીતે ક્ષત્રત્વ પણ દેવતા સમજો. પ્રકટાગ્નિ બ્રહ્મના મુખરૂપે કહ્યો છે તે વાણીના પ્રકાશ માટે કહ્યો છે. વાણીના દેવતા અગ્નિ છે. ઇન્દ્રાદિ હવિ ભોગવનાર ભગવાનના બાહુ છે. રસની અધિષ્ઠાત્રી દેવતા વરુણ છે. રસના ભોક્તા બ્રાહ્મણ્ય છે; તેમજ રક્ષણકર્તા ક્ષત્ર છે, વૈશ્યો ઊરુ છે. એ અતળ ને વિતળરૂપ છે. એને વૈશ્યપણું છે. કેમકે ઊરુ સ્થિતિસ્થાપક છે. આશ્રય કર્યો છે કૃષ્ણવર્ણનો જેણે એ શૂદ્રત્વ કહેવાય; અથવા વેદ સિવાયની વિદ્યા કહેવાય. કર્મ બે પ્રકારના છે : સ્વાભાવિક ને વૈશેષિક, સ્વાર્થ કર્મ અને પરાર્થ કર્મ. સ્વાર્થ કર્મ તે કર્મનો વિસ્તાર એટલે સપ્તતન્તુ (યજ્ઞ)નો વિસ્તાર તે. સત્ર અને અહીનાદિ યાગમાં ભગવાનનું કર્મ આવે છે તેનાં બે અંગ છેઃઅગ્નિ, સૂર્યાદિ દેવગણો અને વ્રીહિ, યવ વગેરે દ્રવ્ય. ''દેવતાને ઉદ્દેશીને દ્રવ્યનો ત્યાગ'' એનું નામ 'યાગ'. એવી રીતે સર્વ પદાર્થો ભગવદ્રૂપ છે; સર્વ પદાર્થો ભગવાનના શ્રીઅંગમાં રહે છે.

મેં તમને જે વિરાટ દેહનો પ્રકાર કહ્યો તેટલોજ વિરાટ દેહ છે. એ ભગવાનનું સ્થૂળ રૂપ છે. એ સિવાય બીજાું કાંઈ જાુદું નથી. એ ભગવન્મૂર્તિ સ્થૂળ છે. એમાં બુદ્ધિની સાથે મનને લગાડવું ।।૩૮।।

**સ સર્વધીવૃત્ત્યનુભૂતસર્વ આત્મા યથા સ્વપ્નજનેક્ષિતૈકઃ ।।**
**તં સત્યમાનન્દનિધિં ભજેત નાન્યત્ર સજ્જેદ્યત આત્મપાતઃ ।।૩૯।।**

સ્વપ્નમાં અનેક દેહોનો જોનાર આત્મા વિરાટ એક છે તેમ એ વિરાટ સર્વાત્મા હોવાથી સર્વની બુદ્ધિવૃત્તિમાં રહી સર્વનો અનુભવ કરનાર છે. એ સત્ય છે, આનન્દનો નિધિ છે એ જ ભજનીય છે. બીજે આસક્ત થનારનો પાત (સંસાર) થાય છે માટે એને છોડીને બીજામાં આસક્ત ન થવું ।।૩૯।।

**ઇતિ શ્રીભાગવત્ દ્વિતીયસ્કન્ધનો (તત્ત્વધ્યાન પ્રકરણનો પહેલો)**
**''દશલીલાયુક્ત હરિનું સાંગશ્રવણ એ જ મનુષ્ય કર્તવ્ય છે''**
**નામનો પહેલો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨
## સાધનથી વસ્તુસ્વરૂપનો નિર્ણય

**વિશેષ :** ભગવાનના ખરા તત્ત્વને જાણવામાટે પ્રથમ અધ્યાયમાં પ્રમાણ અને પ્રમેયનો નિર્ધાર કર્યો. અહીં પ્રમાણ એટલે શ્રુતિમૂલક યુક્તિ અને યોગ સાધક મન અને પ્રમેય એટલે સર્વ ભૂતનો અવયવ વિન્યાસ કર્યો તે પ્રથમ અધ્યાયમાં પ્રમાણ અને પ્રમેય સાથે ભગવાનનું બહારનું સ્વરૂપ કહેવાયું કેમકે આન્તર જ્ઞાન બહારના જ્ઞાનને અધીન છે. આવી રીતે તત્ત્વનો નિર્ધાર આન્તર અને બહારના જ્ઞાનને અધીન હોવાથી એમ કરવામાં આવ્યું છે, અન્દરનું જ્ઞાન યોગથી થતું: **''યન્ન યોગેન સાંખ્યેન''** તે આન્તર ભક્તિમાર્ગથી સિદ્ધ થાય છે. એ પણ ફલ અને સાધન જાણવાથી થાય છે.માટે પ્રથમ સાધનથી અને પછી ફલથી એનો નિશ્ચય કરે છે. તેથી કહેવામાં આવનાર સાધન ફલના શેષરૂપ તત્ત્વજ્ઞાન એ લૌકિક બુદ્ધિના વિષયરૂપ થશે. એમ સર્વ વસ્તુનો નિર્ધાર કરવાને પ્રથમ અધ્યાયમાં પ્રમાણને પ્રેમય કહ્યાં. જુદાં દેખાતાં છતાં બ્રહ્માંડનો ભગવાન્‌માં પ્રવેશ છે. ભગવાન્ એના દ્રષ્ટા છે એમ પ્રસંગથી કહ્યું. તો પણ એ બહારનું ભગવાનનું રૂપ છે. તેથી એના ખરા રૂપનો નિર્ધાર થઈ શકતો નથી. તેથી આ બીજા અધ્યાયમાં ક્યા રૂપથી એ સાધનરૂપ બને છે તથા ક્યું એનું રૂપ ફલદ્રુપ છે એનો વિચાર કરવામાં આવે છે એ સર્વ ત્યાજ્ય છે, અર્થાત્ ત્યાગ સાધન છે; એટલે અવાન્તર ફલપણાથી ફલરૂપ પરિત્યાગ કરનારું જીવનું સ્વરૂપ એ સાધન છે. બ્રહ્મનું સ્વરૂપ એનું ફળ છે એવો એમાંથી નિર્ધાર થાય છે પૂર્વે કહેલા ફલ અથવા સાધનનો આ આન્તર ફળમાં ઉપયોગ કહેવામાટે એનો વૈરાગ્ય કરાવવામાં ઉપયોગ છે.

**શ્રીશુક ઉવાચ**

**એવં પુરા ધારણયાઽઽત્મયોનિર્નષ્ટાં સ્મૃતિં પ્રત્યવરુધ્ય તુષ્ટાત્ ।**
**તથા સસર્જેદમમોઘદષ્ટિર્ યથાપ્યયાત્ પ્રાગ્ વ્યવસાયબુદ્ધિઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એમ પ્રથમ બ્રહ્માજીએ ભગવાનની *ધારણા કરી ભગવાનને પ્રસન્ન કર્યા ને પોતાની નષ્ટ થયેલી બુદ્ધિને પાછી સૃષ્ટિ કરવાને પ્રાપ્ત કરી અને ઉદ્યોગ કરવાની બુદ્ધિથી પ્રલય પહેલાં જેવું જગત્ હતું તેવું જગત્ સર્જન કર્યું. કેમકે એમનું જ્ઞાન સફળ છે ।।૧।।

**વિશેષ :** ભગવાનના સન્તોષમાં પહેલું જ્ઞાન હતું તે કારણરૂપ છે એ બાળક પાસેનો પદાર્થ બાપ છુપાવી દે, પરન્તુ ઉપાયવડે બાળક એ જાણી જાય તો બાપ ખુશ થાય છે. સૃષ્ટિની પૂર્વે બ્રહ્મા



ભગવાનની પાસે હતા. તે ભૂમિના ભોગનેમાટે પૃથ્વીમાં આવ્યા એથી જ્ઞાન નષ્ટ થયું. એમણે એ જ્ઞાન ધારણારૂપ ઉપાયથી સમ્પાદન કર્યું તેથી ભગવાન્ સન્તુષ્ટ થઈ મિત્ર થયા. એવી જ રીતે સ્વરૂપના દાનમાં ધારણા પ્રથમ સાધન છે. પ્રસન્ન થયેલ ભગવાન્‌થી સ્મરણ થતાં ભગવાન્‌માં લીન થયેલ જ્ઞાન પ્રાપ્ત થયું.

શબ્દબ્રહ્મ એટલે વેદપ્રતિપાદિત માર્ગની રીતિ એવી છે કે ખોટાં નામોથી સાધનની બુદ્ધિ ધ્યાન કર્યા કરે તો તેથી એ સાધનને એનાથી તે-તે ફળની વાસના રહ્યા કરે છે અને તે-તે માર્ગમાં ફરે છે છતાં એને તે-તે અર્થો મળતા નથી. અર્થાત્ એ માયામય વાસનામાં સૂતો રહે છે એ અજ્ઞાનમાં રહ્યા કરે છે ને એમાંથી નીકળી શકતો નથી. તેથી ડાહ્યા માણસે વેદમાર્ગમાં જેટલો અર્થ હોય તેટલો જ સાવધાનીથી નિશ્ચયાત્મક બુદ્ધિવડે કરવો. બીજી રીતે એ પ્રાપ્ત થતો હોય એમાં ખોટી મહેનત ન કરવી ।।૨-૩।।

પૃથ્વી સૂવાનેમાટે છે તો પછી શય્યાનેમાટે મહેનત શામાટે કરવી? બે ભુજાઓ સાબૂત છે તો ઓશીકાનેમાટે કાં પ્રયાસ કરવો? અજંલિરૂપી પાત્ર છે તો પછી ઘણાં થાળી વાડકા શામાટે જોઈએ? (ઉનાળામાં) દિશા અને (શિયાળામાં) વલ્કલ મળે છે તો પછી રેશમી વસ્ત્રોનું શું કામ છે? ।।૪।।

શું લોકોએ ફેંકી દીધેલાં વસ્ત્રોના ટુકડા, રસ્તામાં ઓછા મળે છે? શું પગથી જળ પીનાર અને પારકાનેમાટે દેહ ધરનારાં વૃક્ષો ભિક્ષા આપતાં નથી? જળનું કામ પડે તો શું નદીઓ સુકાઈ ગઈ છે? રહેવું હોય તો ગુફાઓમાં દ્વાર પર શું કોઈએ પહેરા રાખ્યા છે? અરે ભાઈ, ઉપરનું હોય કે ન હોય પણ શું ભગવાને પણ પોતાના શરણાગત ભક્તોની રક્ષા કરવાનું માંડી વાળ્યું છે? તો પછી બુદ્ધિમાન લોકો પણ ધનના નશામાં ચકચૂર-ઘમંડી ધનીઓની ચાપલૂસી કેમ કરે છે? ।।૫।।

ભગવાન્ સર્વત્ર વ્યાપ્ત હોવાથી પ્રીતિરૂપ ષડ્‌ગુણયુક્ત અને અનન્ત આત્મા પોતાની મેળે ચિત્તમાં પ્રવેશે છે. જે નિયમથી સુખરૂપ હોય તે જો એને ભજે તો સંસારનાં બધાં કારણ શાન્ત થઈ જાય છે ।।૬।।

પરમેશ્વરનું ચિન્તન છોડીને પશુ સિવાયનો ક્યો માણસ એવી ખોટી ચિન્તા કરે? કેમકે એ પોતાના કર્મથી ઉત્પન્ન થયેલ દુઃખોને ભોગવતા અને વૈતરિણીમાં પડેલા લોકને જુએ છે ।।૭।।

કેટલાક *પોતાના દેહની અન્દર હૃદયાકાશમાં રહેતા ચાર ભુજાવાળા, કમળ,

ચક્ર, શંખને ગદારૂપ ચાર આયુધને પોતાના હસ્તમાં ધારણ કરતા પ્રાદેશ માત્ર પુરુષની ધારણાવડે સ્મરણ કરે છે ।।૮।।

**વિશેષ** : આમાં સર્વની સમ્મતિ નથી. ભગવાનની સ્થૂલ ધારણામાં સ્થૂલ રૂપની જગ્યા આનન્દ લે છે, કારણ કે આનન્દરૂપની ધારણાથી આનન્દને પ્રકટ કરે છે પણ દોષોની નિવૃત્તિ કરતા નથી; એ સહજ પાપને મટાડે છે, પરન્તુ એ સર્વભાવ સમ્પાદક ન હોવાથી એનાથી રાગાદિ દોષો જતા નથી.

[1]પ્રસન્ન મુખવાળા, કમળની પાંદડી સરખા વિશાળ નેત્રવાળા કદમ્બના પરાગ જેવા પીળા વસ્ત્રવાળા ભુજાઓમાં મહામોલા રત્નજડિત સોનાના બાજૂબંધની શોભાવાળા, મસ્તક ઉપર બહુમૂલ્ય મુગટ અને કાનોમાં રત્નજડિત કુંડલવાળા, પ્રફુલ્લ હૃદયરૂપ કમળની મધ્યમાં યોગેશ્વરોએ જેમને આસન આપ્યું છે. તેવા લક્ષ્મીના ચિહ્નવાળા, કણ્ઠમાં કૌસ્તુભમણિને ધારણ કરનારા, કાનથી પગ સુધી પહોચે તેવી લામ્બી ફૂલની માળાથી પૂજાયેલા, કટિમેખલા અને વીંટીઓથી શોભતા અમૂલ્ય નૂપુરને કંકણો વગેરેથી શોભતા, સ્નિગ્ધ નિર્મલ, વાંકડિયા અને નીલ કેશપાશથી શોભાયમાન મુખમાં હાસની સુન્દરતા વેરતા, ઉદારલીલા હસવું-જોવું-ભ્રુકટીક્ષેપવડે અતિ અનુગ્રહ સ્થાપન કરતા અને ચિન્તનથી હૃદયમાં પ્રકટેલા ઈશ્વરને જોઈ એમનામાં મનની ધારણા [2]કરે, જ્યાં સુધી મન એમાં રહે ત્યાં સુધી તેને ધારણાથી હૃદયમાં રોકે; પછી ચરણથી લઈને હાસ સુધી એક-એક અંગની બુદ્ધિથી ધારણા કરે. જીતેલા સ્થાનને છોડતા આગળ વધતો જાય. જેમ-જેમ બુદ્ધિ શુદ્ધ થાય તેમ ધારણા કરે ।।૯-૧૩।।

**વિશેષ** : કેચિત્ સ્વદેહાન્તર્હૃદયાવકાશે પ્રાદેશમાત્રં પુરુષં વસન્તમ્ ।
ચતુર્ભુજં કંજરથાંગશંખગદાધરં ધારણયા સ્મરન્તિ ।।૮।।
પ્રસન્નવક્ત્રં નલિનાયતેક્ષણં કદમ્બકિંજલ્કપિશંગવાસસમ્ ।
લસન્મહારત્નહિરણ્મયાંગદં સ્કુરન્મહારત્નકિરીટકુંડલમ્ ।।૯।।
ઉન્નિદ્રહૃત્પંકજકર્ણિકાલયે યોગેશ્વરાસ્થાપિતપાદપલ્લવમ્ ।
શ્રીલક્ષ્મણં કૌસ્તુભરત્નકન્ધરમમ્લાનલક્ષ્મ્યા વનમાલયાચિતમ્ ।।૧૦।।
વિભૂષિતં મે ખલયાંગુલીયકૈર્મહાધનૈર્નૂપુરકંકણાદિભિઃ ।
સ્નિગ્ધામલાકુંચિતનીલકુન્તલૈર્વિરોચમાનાનનહાસપેશલમ્ ।।૧૧।।
અદીનલીલાહસિતેક્ષણોલ્લસદ્-ભ્રૂભંગસંસૂચિતભૂર્યનુગ્રહમ્ ।



ઈક્ષેત ચિન્તામયમેનમીશ્વરં યાવન્મનો ધારણયાવતિષ્ઠતે ।।૧૨।।

શ્રી સુબોધિનીજીમાં અહીં શ્લોક ૮ થી ૧૨ એ પાંચ શ્લોકોમાં અપાયેલાં ૨૪ દ્વિતીયાન્ત વિશેષણો દર્શાવીને ચોવીશ અવતારો દર્શાવ્યા છે. તેનો વિસ્તાર આ પ્રમાણે છેઃ

૧. 'પ્રાદેશમાત્રમ્'થી વરાહ અવતાર-અર્થાત્ અંગૂઠો અને પ્રથમ આંગળીના ટેરવા સુધીના માપનું દશાંગુલ સ્વરૂપનું ધ્યાન કરવું. (ધ્યાનનું સ્વરૂપ અત્યન્ત સૂક્ષ્મ કે અત્યન્ત મોટું નહિ રાખતાં પ્રાદેશમાત્રના માપનાં ચિત્રજી કે સ્વરૂપનું ધ્યાનકરવું)
૨.'પુરુષમ્'થી યજ્ઞાવતાર (ધ્યાનનું સ્વરૂપ પુરુષાકારનું લેવું)
૩. 'વસન્તમ્'થી શ્રીકપિલ અવતાર(આ સ્વરૂપનું ધ્યાન વિવેક અને સદબુદ્ધિઆપે)
૪. 'ચતુર્ભુર્જમ્'થી શ્રીદત્તાવતાર (આ ધ્યાનથી ચાર પુરુષાર્થ મળે)
૫. 'કંજરથાંગશંખગદાધરમ્'થી શ્રીસનત્કુમાર અવતાર પ્રભુનાં ચાર આયુધો ચારેય સનત્કુમારોનો અવતાર છે. (ચક્રથી અજ્ઞાનનું નિવારણ, શંખથી મંગલ, ગદાથી દુશ્મનોને દૂર કરે છે અને પદ્મના ધ્યાનથી પ્રેમનું દાન મળે છે)
૬. 'પ્રસન્નવક્ત્રમ્'થી નનરનારાયણ અવતારથ(પ્રભુના પ્રસન્નમુખના ધ્યાનથી ઈચ્છિત ફલ મળે છે)
૭. 'નલિનાયતેક્ષણમ્'થી ધ્રુવ અવતાર(પ્રભુના કમલનયનનું ધ્યાન કૃપાનું દાનકરેછે)
૮. 'કદમ્બકિંજલ્કપિશંગવાસસમ્'થી પૃથુ અવતાર (પીતામ્બરના ધ્યાનથી વેદોનું દાન કરે છે)
૯. 'અંગદમ્'થી ૠષભદેવજી(બાજુબન્ધના ધ્યાનથી સંસારાસક્તિનો નાશ થાય છે)
૧૦. 'કિરીટકુંડલં'થી હયગ્રીવાવતાર(મુગટ અને કુંડલના ધ્યાનથી તત્ત્વજ્ઞાનમળેછે)
૧૧. 'પાદપલ્લવમ્'થી મત્સ્યાવતાર(ચરણકમલના ધ્યાનથી અનન્યાશ્રય સિદ્ધ થાય છે)
૧૨. 'શ્રીલક્ષ્મણમ્'થી કુર્માવતાર (શ્રીવત્સચિહ્નના ધ્યાનથી લક્ષ્મી મળેછે)
૧૩. 'કૌસ્તુભમ્'થી નૃસિંહાવતાર (કૌસ્તુભના ધ્યાનથી આત્મસ્વરૂપનું ભાન આવે છે)
૧૪. 'વનમાલયાચિતમ્'થી શ્રીહરિ અવતાર (વનમાળાના ધ્યાનથી કીર્તિ મળે છે)
૧૫. 'મેખલયા'થી વામનાવતાર (કટિમેખલાના ધ્યાનથી માયાને પકડી રાખે છે)
૧૬. 'અંગુલીયાકૈઃ'થી નારદાદિ અવતાર(મુદ્રિકાઓના ધ્યાનથી પ્રભુ ભક્તાધીન બને છે)
૧૭. 'નૂપુરકંકણાદિ'થી મનુઅવતાર (નૂપુર અને કંકણના ધ્યાનથી ધર્મનું જ્ઞાન મળે છે)
૧૮. 'સ્નિગ્ધામલ'થી ધન્વન્તરી અને મોહિની અવતાર (કોમલકેશના ધ્યાનથી સ્નેહ મળે છે)
૧૯. 'નીલકુન્તલૈઃ'થી પરશુરામ અવતાર(વાંકા કાળા વાળના ધ્યાનથી ખલ નાશ થાય છે)

૨૦. 'હાસપેશલમ્'થી રામાવતાર (પ્રભુના હાસ્યના ધ્યાનથી શોક દૂર થાય છે)
૨૧. 'અદીનલીલા'થી શ્રીકૃષ્ણાવતાર(અનંતલીલાથીમનોનિરોધકરેછે)
૨૨. 'ભૂર્યનુગ્રહમ્'થી બલભદ્રાવતાર(ભગવદ્‌લીલાની સ્ફૂર્તિ થાયછે)
૨૩. 'ચિન્તામયમ્'થી વ્યાસાવતાર(સંસારને હરિરસનો સ્વાદ આપેછે)
૨૪. 'ઈશ્વરમ્'થી કલ્કિઅવતાર (આ ધ્યાનથી અધર્મનો નાશ કરવા અવતાર ધારણ કરશે).

આમ ભગવાનના સમ્પૂર્ણ અંગમાં, અલંકારોમાં અને અવયવોમાં તમામ અવતારોનો સમાવેશ છે. તે આનન્દમય અલંકારો અને શ્રીઅંગોમાં ચિત્તની ધારણા કરવાથી ''સેવાયાં વા કથાયાં વા''માં પ્રેમ પ્રગટ થાય છે અને ચિત્ત ભગવદ્રૂપ બને છે. ૨. ભગવાનનાં ચાર રૂપ ધ્યાન કરવા યોગ્ય છેઃઅંગૂઠા જેવડું, પ્રાદેશમાત્ર, પુરુષ જેવડું અને વિરાટ એમાં પોતાની નજીક તો પ્રાદેશમાત્ર છે. વૈશ્વાનર વિદ્યામાં એ રૂપને સિદ્ધ કરેલું છે. જેને ભક્તિ થઈ હોય તેને આ ધારણા થાય છે જ્યાં સુધી ભક્તિ ન થાય ત્યાં સુધી પહેલા ધારણા કરવી.

જ્યાં સુધી આ પરાવર (બીજા બધા જેનાથી હેઠા-ઉતરતાં છે. એવા શ્રેષ્ઠ) દ્રષ્ટા વિશ્વેશ્વરમાં ભક્તિ યોગ *થાય નહિ ત્યાં સુધી સાધકે નિત્યકર્મો પૂરાં થયે એકાગ્રતા પૂર્વક પ્રભુના ઉપર જણાવેલ સ્થૂલ સ્વરૂપનું ચિન્તન કરવું જોઈએ ।।૧૪।।

**વિશેષ :** જેનાથી પર ને અવરની સ્ફૂર્તિ થાય તેવો પ્રેમ એ ભક્તિનું અંગ છે. એને માહાત્મ્યજ્ઞાન કહે છે. ભક્તિયોગમાં યોગ ભક્તિના સાધન રૂપ છે. ભક્તિ સ્થિર ન થાય ત્યાં સુધી સ્થૂલ રૂપનું સ્મરણ કરવાનું કહ્યું છે. એ નિયમોથી યુક્ત સાવધાન થઈને કરવું.

જ્યારે સ્થિર અને સુખરૂપ આસન ઉપર બેઠેલો સન્ન્યાસી આ દેહ છોડવાની ઈચ્છા કરે ત્યારે એ દેશમાં કે કાળમાં મનને ન લગાવે, પ્રાણને રોકે, બુદ્ધિવડે મનને રોકી, બુદ્ધિને ક્ષેત્રજ્ઞમાં રોકે એને આત્મામાં રોકે, આત્માને પરમાત્મામાં જોડી ધીર થઈ શાન્તિ મેળવતો કાર્યથી વિરમે ।।૧૫-૧૬।।

આ અવસ્થામાં સત્ત્વગુણ પણ નથી તો પછી રજોગુણ અને તમોગુણની તો વાત જ શી? અહંકાર મહત્તત્ત્વ અને પ્રકૃતિનું પણ ત્યાં અસ્તિત્વ નથી. એ સ્થિતિમાં દેવતાઓનો પણ કોળિયો કરી જનાર કાળ પણ કંઈ કરી શકતો નથી તો દેવતા અને તેમને અધીન રહેનારાં પ્રાણીઓ તો રહી જ કેવી રીતે શકે? ।।૧૭।।

''આ નહિ આ નહિ'' એવી અસદ્‌બુદ્ધિનો ત્યાગ કરી જેઓ આ દેહાદિમાં આત્મબુદ્ધિરૂપ દુષ્ટતાને છોડે છે તેઓ અનન્ય સૌહાર્દ રાખનાર વિષ્ણુને ક્ષણે-ક્ષણે હૃદયમાં અલિંગન કરે છે અને એઓ જ એ વૈષ્ણવ પદને *સર્વશ્રેષ્ઠ માને છે અને



કૃતાર્થ થાય છે ।।૧૮।।

**વિશેષ :** એ સ્થાન સર્વથી ઉત્કૃષ્ટ છે. પદ અક્ષરરૂપ છે, શ્રીપુરુષોત્તમના ચરણરૂપ છે.માટે એ વૈષ્ણવપદ કહેવાય છે. એના ઉત્તમ અધિકારી સર્વદા દેહાદિમાં આત્માને જોતા નથી પણ આત્માને દેહથી જાુદો જાણે છે. એમને ભગવાનના સિવાય બીજા પદાર્થોમાં સૌહાર્દ નથી એઓ ભગવાનના ચરણને સાધન માને છે અને મનથી ચરણને આલિંગન કરે છે. આ એક પ્રકાર થયો. બીજો પ્રકાર ૧૯।૨૦।૨૧ મા શ્લોકમાં 'મુનિ'વાળો છે.

એવા નિશ્ચય વાળો મુનિ વિજ્ઞાનદષ્ટિથી અન્તઃકરણને શુદ્ધ કરે છે. એ પોતાની એડીવડે ગુદાદ્વારને દબાવીને ત્યાંથી પવનને ઉચે ચડાવે છે. એવી રીતે ચક્રોનાં સ્થાનમાંથી બહાર કાઢીને એને ઊંચે લેતા ક્લેશ થાય છે. પણ એ એવા ક્લેશને ગણતો નથી. એ પવનને નાભિમાંથી હૃદયમાં લઈ ઉદાનના માર્ગે એને ઉરઃસ્થળમાં રોકે છે. પછી મનસ્વી થઈ બુદ્ધિવડે એ વાયુને પોતાના તાળવાના મૂળમાં રોકે છે અને ત્યાંથી ઉપાડી બે ભ્રુકુટીની વચ્ચે રોકે છે અને ત્યાં સાત છિદ્ર(બે આંખ, બેકાન, નાકનાં બે છિદ્રો અને મોઢું) છે તેમાંથી પવન નીકળી ન જાય એની કાળજી રાખે છે, આવા યોગીનું જ્ઞાન પરિપક્વ થયેલું ગણાય. નિરપેક્ષ થઈ એ પ્રાણને એક ઘડી ત્યાં રોકી રાખી, પવનને ભગવાન્‌માં લગાડી બ્રહ્મરન્ધ્રને ભેદી દેહનો ત્યાગ કરે છે ।।૧૯-૨૧।।

જો એવા યોગીને બ્રહ્માના સ્થાનમાં જવું હોય, વિમાનમાં બેસી આકાશમાં ફરતા દેવોનાં વિહારસ્થાન જોવા હોય, બ્રહ્માંડમાં અણિમાદિ આઠ પ્રકારના ઐશ્વર્યનો ભોગ કરવો હોય તો મન અને ઈન્દ્રિયોને સાથે રાખીને ત્યાં એ જાય છે ।।૨૨।।

પવનમાં જેનો લિંગદેહ રહે છે તેવા યોગીઓની ગતિ વિલોકીની અન્દર ને બહાર હોય છે, કર્મ કરનારાઓ એવી ગતિ પ્રાપ્ત કરી શકતા નથી, કારણ કે યોગીઓ વિદ્યા, તપ, યોગ અને સમાધિની સહાયવડે ભગવદ્‌ભજન કરનારા હોય છે ।।૨૩।।

સુષુમ્ણા એ દેહની બહાર પણ છે. એ પ્રકાશવાળી હોય છે. એ માર્ગે આકાશ માર્ગે ચાલતા તે અગ્નિના અભિમાની દેવતાના લોકમાં જાય છે. ત્યાં એના બચ્ચાં ખૂચ્ચાં પાપ સાફ થઈ જાય છે. ત્યાંથી એની ઉપર ભગવાન્ શ્રીહરિના શિશુમાર ચક્રમાં પહોંચે છે ।।૨૪।।

વિષ્ણુનું ચક્ર વિશ્વની નાભિરૂપ છે. ત્યાં રહેનાર કલ્પજીવીને બ્રહ્મને જાણનાર પણ નમન કરે છે. એવા ચક્રને ઓળંગી યોગી ત્યાં મહર્લોકમાં સૂક્ષ્મ લિંગશરીરથી

એકલો જાય છે. જ્યાં ભૃગુ આદિ રહે છે ત્યાં કલ્પસુધી રહ્યા પછી પ્રલયના સમયમાં અનન્તના મુખમાંથી નીકળેલા અગ્નિથી ત્રણલોક વળી જાય છે. તેને જોઈને મહર્લોકમાં પણ એની ગરમી લાગવાથી એ પછી બ્રહ્મલોકમાં જાય છે, જ્યાં બે પરાર્ધ વર્ષ સુધી રહે છે. આપરમેષ્ઠી- બ્રહ્માજીનું સ્થાન છે, જ્યાં સિદ્ધેશ્વરો નિવાસ કરે છે ।।૨૫-૨૬।।

આ બ્રહ્મલોકમાં શોક નથી, વૃદ્ધાવસ્થા નથી, મૃત્યું નથી, મનની પીડા નથી, ઉદ્વેગ નથી, પરન્તુ ત્યાં રહેનારાને જો કાંઈ દુઃખ હોય તો એ ભગવાનને મેળવવવાનું આ સાધન તથા એના પ્રકારને ન જાણનાર જીવને દૂરન્ત દુઃખ ભોગવવું પડે છે એનું માત્ર દુઃખ મનમાં હોય છે, બીજું નહિ ।।૨૭।।

પછી જ્યારે એ સત્યલોકમાંથી ચાલે છે ત્યારે પ્રથમ તો આવરણરૂપ પૃથ્વીને મળે છે. પૃથ્વીથી નિર્ભય રહીને પૃથ્વીરૂપે પૃથ્વીમાં રહી પોતે જ જલરૂપ થઈ જળમાં જાય છે. ત્યાંથી તે-તે ભોગ ભોગવતો જાય છે, ઉતાવળ કરતો નથી. ત્યાંથી જવાનું મન થાય છે ત્યારે બીજે જાય છે. એટલે કે પછીએ અગ્નિનું રૂપ લઈ અગ્નિનું ઉલ્લંઘન કરી વાયુરૂપ લઈ વાયુમાંથી બહાર નીકળી. આકાશ કે જે ભગવાનનું શરીર કહેવાય છે તેને છોડતાં ભૂતાંશને છોડે છે. પછી વિષયોને છોડે છે ।।૨૮।।

પછી એ યોગી નાસિકાદ્વારા ગન્ધ ગુણને પામે છે, રસનાદ્વારા રસરૂપ થાય છે, દષ્ટિદ્વારા રૂપને ધારણ કરે છે ત્વચાથી વાયુરૂપ થાય છે. શ્રોત્રદ્વારા આકાશરૂપ થાય છે, પછી પ્રાણદ્વારા ક્રિયાવાચકરૂપ બની તે-તે રૂપોમાં ભોગ કરી એ બધાને છોડે છે ।।૨૯।।

પછી એ યોગી ત્રણ પ્રકારનાં અહંકારને પામીને ભૂત-સૂક્ષ્મ ઈન્દ્રિયોના દેવોરૂપ થઈ એની સાથે મહત્તત્ત્વને પામે છે. પછી જ્યાં ગુણનો લય છે તેવા પ્રધાનને પામે છે. પછી આનન્દમય થઈને આનંદરૂપ ભગવાનને પામે છે એ બે ગતિ તમે મને પૂછી હતી તે ક્રમમુક્તિ અને સદ્યોમુક્તિ મેં તમને કહી એ રસ્તે જનારો, હે અંગ! આ લોકમાં આવતો નથી ।।૩૦-૩૧।।

હે નૃપદેવ! સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ નામના બે માર્ગો જે અનાદિથી ચાલતા આવ્યા છે અને જે તમે મને પૂછ્યા હતા તે મે તમને કહ્યાં હું જ કહું છું એમ નથી. પ્રથમ બ્રહ્માએ વાસુદેવને પૂછેલા એની આરાધનાથી પ્રસન્ન થઈને પ્રભુએ બ્રહ્માને કહેલા તે મેં તમને કહ્યા ।।૩૨।।



સંસારમાં પ્રવેશ કરનારમાટે બે મુક્તિમાર્ગ છે. *ઉપર કહ્યો તે ભક્તિમાર્ગ જેવો સુખરૂપ બીજો માર્ગ નથી. આ માર્ગે ચાલતાં વાસુદેવ ભગવાન્‌માં ભક્તિ થાય છે ।।૩૩।।

**વિશેષ** : મેં કીર્તનરૂપે જે બે માર્ગ સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ કહ્યા તે સનાતન છે, અનાદિ છે. એ જ માર્ગ વાસુદેવે બ્રહ્માને કહેલા. એ માર્ગમાં પહેલો ભાગ સાધનરૂપ, મધ્યભાગ વ્યાપારરૂપ અને આગળ ભગવાનના સમ્બન્ધવાળો ભાગ ફળરૂપ ગણાય છે. એમાં શ્રવણાદિ અને સ્થૂળ-સૂક્ષ્મ ધ્યાન એ ક્રમ છે. પ્રીતિ બે ચરણરૂપ છે. જો પ્રીતિ ત્યાં સુધી ચાલી જાય તો એ ભગવાનને મેળવી દે. એમ બુદ્ધિપૂર્વક ત્રણ વાર વેદને વિચારીને બ્રહ્માએ નિશ્ચય કર્યો કે ભગવાન્‌માં પ્રીતિ કરવી એજ વેદનો સાર છે.

સમગ્ર વેદને બુદ્ધિપૂર્વક ત્રણવાર વાંચી વિચારીને નિશ્ચલ ભગવાન્ બ્રહ્માએ એવો નિશ્ચય કર્યો કે જીવોને (ભગવાન્‌માં) પ્રીતિ થાય એ વેદનો સાર છે ।।૩૪।।

સર્વભૂતોમાં ભગવાન્ હરિજ લક્ષિત છે. *દશ્ય બુદ્ધિ વગેરેથી તેમજ અનુમાપક લક્ષણોથી એ જ દ્રષ્ટા જણાય છે ।।૩૫।।

**વિશેષ** : બધા શાસ્ત્રોની પ્રવૃત્તિ પ્રતિ પુરુષે અને પ્રતિ વિષયમાં હોવાથી એ નિરર્થક નથી. એનો ભગવાન્‌માં પરમ્પરાથી ઉપયોગ છે. એવડે ભગવાન્ સર્વ પ્રાણીમાત્રમાં લક્ષિત થાય છે. નૈયાયિકો ભગવાનને કર્તા કહે છે, મીમાંસકો **ક્રિયારૂપ** માને છે, વેદાન્તીઓ**આત્મારૂપે** કહે છે, સાધ્યાદિ દેવો અસાધારણ **કારણરૂપે** કહે છે. બીજાઓ **જ્ઞાનરૂપે, જ્ઞાતૃરૂપે** કે **અધિષ્ઠાનરૂપે** કહે છે. આમ બધા ભગવાનને એકદેશથી કહે છે; આન્ધળો હાથીને જાુએ તેમ. પરન્તુ જે ક્રિયાત્મક છે, પરોક્ષ જ્ઞાન કરાવનાર છે, જે અનુમાપક છે તે તર્કની સાથે જ્ઞાન કરાવનાર છે. આમ તે-તે બધાં લક્ષણાવૃત્તિથી ભગવાનને જણાવે છે માટે સર્વ દર્શનો ભગવાનનાં અપ્રયોજક છે. એ ભગવાનને બતાવી શકતાં નથી, કેવળ લક્ષણથી અનુમાન બાધે છે. માટે શ્રવણાદિથી એનું ભજન કરવું એ ઉત્તમ છે, કારણ ભજવામાં દેશકાળનો વિચાર કરવાનો નથી. ભગવાન્ પોતે ફળ આપનાર છે અને મનુષ્ય માત્રનો એમાં અધિકાર છે. એને સાંભળતાં વિષયવાળું અન્તઃકરણ પવિત્ર થાય છે.

તેથી હે રાજન્! સર્વાત્માવડે અર્થાત્ ચિત્તની એકાગ્રતા કરીને ભગવાન્ સર્વદા સર્વત્ર હોવાથી એનાં જ શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવાં ।।૩૬।।

**પિબન્તિ યે ભગવત આત્મનઃ સતાં કથામૃતં શ્રવણપુટેષુ સમ્ભૃતમ્ ।।**
**પુનન્તિ તે વિષયવિદૂષિતાશયં વ્રજન્તિ તચ્ચરણસરોરુહાન્તિકમ્ ।।૩૭।।**

સત્પુરુષના આત્મારૂપ એવા ભગવાનનું કથામૃત કાનરૂપી પડિયામાં ભરી જે પાન કરે છે તે વિષયથી દૂષિત થયેલા અન્તઃ કરણને પવિત્ર કરેછે અને ભગવાનના ચરણકમળને પ્રાપ્ત થાય છે ।।૩૭।।

**ઈતિ શ્રીમદ્‌ભાગવત દ્વિતીયસ્કન્ધમાં (પહેલા તત્ત્વધ્યાન પ્રકરણનો બીજો) ''સાધનથી વસ્તુ સ્વરૂપનો નિર્ણય'' નામનો બીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૩

## ભગવત્કથાના શ્રવણમાં સાધન

**વિશેષ :** શ્રવણ કરવાના વિષયનો નિર્ણય પૂર્વ અધ્યાયમાં કર્યો. આ ત્રીજા અધ્યાયમાં શ્રવણ વિના સાધનને કહે છે. સાધન બે પ્રકારનું છેઃઅદષ્ટ અને દષ્ટ. ઈન્દ્રિયો દોષરહિત હોય અને સાથે ઈશ્વરની પણ અનુકૂળતા હોય તો આપણે જે સાધવાનું હોય તે પૂર્ણ થાય. તેથી આ પ્રકરણમાં બે વસ્તુઓ કહેવામાં આવે છેઃઈન્દ્રિયદોષનો અભાવ અને ભગવાનની કૃપા. એને લીધે શ્રોતા અને વકતા ની શ્રદ્ધા પણ કહેવાશે. માટે સાધનવાળાએ ભગવાનનું શ્રવણ કરવું. સાધન ન હોય તે ભગવાનનું શ્રવણ કરે તો ફળ મળે નહિઃએનું શ્રવણ વૃથા છે. અર્થાત્ જેનામાં ત્રણ પ્રકારનાં સાધન હોય, જેવાં કે ભગવાન્‌માં અનન્યતા, ઈન્દ્રિયોની શુદ્ધિ અને ભગવાનની કૃપા તેણે શ્રવણ-કીર્તન કરવું. પરન્તુ શ્રવણમાં આટલું મોટું ફળ હોવા છતાં એમાં લોકોની પ્રવૃત્તિ જણાતી નથી એનું કાંઈક કારણ હોવું જોઈએ. તેમાં વિષય ભગવાન્ હોય છે અને ભગવાન્ તો નિર્દોષ પૂર્ણગુણ છે તેથી જો કોઈ દોષ હોય તો એ ઈન્દ્રિયોનો યા તો ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવોનો દોષ હોવો જોઈએ. હવે જો આ દેવો જ પ્રતિબન્ધ કરતા હોય તો એવો પ્રતિબન્ધ તો એમનું ભજન કરવાથી દૂર થાય. એનો અર્થ તો એ થાય કે તે-તે દેવનું ભજન સિદ્ધ કરવું જોઈએ. જેથી ઈન્દ્રિયો શુદ્ધ થાય. પરન્તુ ભગવાન્ સિવાય અન્ય દેવનું ભજન કરવાથી બહિર્મુખતા થાય એ સિદ્ધાન્ત છે. બહુ તો એઓ નક્કી કરેલું ફળ આપી શકે. તેથી પ્રતિબન્ધ મટાડવાને એમનું ભજન કરતાં બીજા દોષ પેદા થાય. માટે અહીં પ્રથમ ચાલતા પ્રસંગનો ઉપસંહાર કરે છે; એનો અહીં સમ્બન્ધનથી.

**શ્રીશુક ઉવાચ**

**એવમેતન્નિગદિતં પૃષ્ટવાન્ યદ્ ભવાન્ મમ ।।**



**નૃણાં યન્ મ્રિયમાણાનાં મનુષ્યેષુ મનીષિણામ્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** મનુષ્યોમાં જેઓ બુદ્ધિવાળા હોય અને મરવાની અણી ઉપર હોય તેઓનું શું કર્તવ્ય છે એવું તમે મને પૂછેલું અને મેં બે અધ્યાયથી તમને એ ઉત્તરરૂપે કહ્યું ।।૧।।

બ્રહ્મતેજની કામનાવાળો તો બ્રહ્માને પૂજે. ઈન્દ્રિયકામની કામનાવાળો તો ઈન્દ્રને પૂજે અને પ્રજાની કામનાવાળો પ્રજાપતિઓને પૂજે ।।૨।।

લક્ષ્મીની કામનાવાળો માયાદેવીને પૂજે. તેજની ઈચ્છાવાળો અગ્નિને પૂજે. દ્રવ્યની કામનાવાળો વસુ નામના દેવોને પૂજે. પરાક્રમની કામનાવાળો રૂદ્રોને પૂજે પછીજ તે પરાક્રમી થાય છે ।।૩।।

અન્ન વધારે ખાવાની ઈચ્છા કરનાર તો અદિતિને પૂજે. સ્વર્ગની કામનાવાળો બાર આદિત્યોને પૂજે. રાજ્યની કામનાવાળો વિશ્વદેવોને પૂજે. પ્રજા ઉપર સત્તા જમાવવા ઈચ્છા રાખનાર સાધ્યદેવોને પૂજે. દીર્ઘાયુને ઈચ્છનાર અશ્વિનીકુમારોને પૂજે. પુષ્ટ શરીરને ઈચ્છનાર પૃથ્વીને પૂજે. લોકમાં પ્રતિષ્ઠાની ઈચ્છા કરનાર નર પૃથ્વીને આકાશરૂપ લોકોની માતાઓને પૂજે. રૂપની ઈચ્છાવાળો ગન્ધર્વોને પૂજે. સ્ત્રીની કામનાવાળો ઉર્વશીને પૂજે. બધાની ઉપર આધિપત્ય ઈચ્છનારો બ્રહ્માને પૂજે. યશની કામનાવાળો યજ્ઞ કરે. ખજાનાની ઈચ્છા કરનાર વરુણદેવની આરાધના કરે. વિદ્યાની કામનાવાળો મહાદેવને ભજે. પતિ-પત્ની વચ્ચે પરસ્પર પ્રીતિને ઈચ્છનાર સતી પાર્વતીની પૂજા કરે. ધર્મને ઈચ્છનાર ઉત્તમશ્લોક ભગવાનને ભજે. વંશવૃદ્ધિ ઈચ્છનાર પિતૃઓને પૂજે. રક્ષણની ઈચ્છાવાળો 'પુણ્યજન'નામના યક્ષોનું યજન કરે. ઈન્દ્રિયોને બળવાળી કરવાને ઈચ્છનાર મરુદ્ગણને પૂજે. રાજ્યની કામનાવાળો મનુઓને પૂજે. શત્રુને મારવા ઈચ્છનાર મૃત્યુદેવને પૂજે. કામની કામના કરતો ચન્દ્રને પૂજે. અને નિષ્કામ થવાને ઈચ્છતો માણસ પરમાત્માનું ભજન કરે ।।૪-૯।।

અકામ હોય, સર્વકામ હોય કે મોક્ષકામ હોય એ ઉદાર બુદ્ધિવાળો તીવ્ર ભક્તિયોગવડે પરમ પુરુષને ભજે ।।૧૦।।

અહીં જેટલા ઉપાસક છે એ બધાનું હિત એમાં જ છે કે તેઓ ભગવાનના પ્રેમી ભક્તોનો સંગ કરી ભગવાન્‌માં અવિચલ પ્રેમ પ્રાપ્ત કરી લે ।।૧૧।।

જેના જ્ઞાનથી ગુણની ઊર્મિઓનું ચક્ર શાન્ત થાય છે, આત્મા પ્રસન્ન થાય છે અને આ લોક તેમ જ પરલોકના ગુણોમાં વૈરાગ્ય થાય છે. ભગવત્પ્રાપ્તિમાં સર્વને

સમ્મત એવો કેવળ *ભક્તિમાર્ગ જ છે. એવો તો નિવૃત્તિને ચાહનાર કોણ હોય જે એમાં પ્રેમ ન કરે! ।।૧૨।।

**વિશેષ** : હરિકથામાં રતિ હોય તેને ભક્તોનો સંગ અને ભગવત્પ્રીતિ બન્ને સિદ્ધ થાય છે. એનાથી ગુણોમાં રાગાદિ નિવૃત્ત થાય છે, સર્વ અવિદ્યા દૂર કરનારું જ્ઞાન થાય છે. અન્તઃકરણ પ્રસન્ન રહે છે. આ લોક=પરલોકના ફળરૂપ વૈરાગ્ય થાય છે, આવાં અવાન્તર ફળની પ્રાપ્તિ ઉપરાન્ત ભગવાન્માં પ્રેમ અને ભક્તનો સંગ એ બે પ્રધાનફલ મળે એવો એ સન્માર્ગ છે. એમાં ય નિવૃત્તિમાં ચાલનાર તો કથાનું જ શ્રવણ કરે

**શૌનક બોલ્યા** : શુકદેવજીનું કથન સાંભળી ભરતવંશશ્રેષ્ઠ પરીક્ષિત રાજાએ ફરીને શું પૂછ્યું? શુકદેવજી વ્યાસના પુત્ર છે, મન્ત્રના દ્રષ્ટા છે અને પરમ વિદ્વાન છે. તેમણે જે કાંઈ સારું કહ્યું હોય તેકહો ।।૧૩।।

હે વિદ્વાન! એ બધું સાંભળવાની અમે ઇચ્છા રાખીએ છીએ તમે અમને એ સંભળાવવાને યોગ્ય છો. હે સૂત! જ્યાં સત્પુરુષોનો સમાગમ થાય છે. ત્યાં એવી કથાઓ થાય છે કે જેનું ફલ ભગવત્કથામાં પરિણમે ।।૧૪।।

એ પાણ્ડુના વંશમાં ઉત્પન્ન થયેલા મહારથી ભગવદ્ભક્ત રાજા પરીક્ષિત બાળકનાં રમકડાંની રમતમાં પણ કૃષ્ણની ક્રીડા કરતા હતા ।।૧૫।।

ભગવાન્ વ્યાસપુત્ર શુકદેવજી પણ વાસુદેવ પરાયણ હતા. એવા સત્પુરુષોનો મેળાપ થાય તો ભક્તોએ બહુ ગાયેલા ભગવાનનો ગુણાનુવાદ અવશ્ય થાય છે ।।૧૬।।

જેઓ ભગવાનના ભજન વગર સમય ગુમાવે છે તેમના આયુષને ઊગતો-આથમતો સૂર્ય હરી લે છે. જેઓ ઉત્તમશ્લોક ભગવાનની વાતોમાં વખત ગાળે છે. તેઓના આયુષ્યને એ એમ લેતો નથી. ઊલટું બીજાનું આયુષ્ય એમને આપી એને દીર્ઘાયુષી કરે છે ।।૧૭।।

વૃક્ષો શું જીવતાં નથી? ધમણો શું શ્વાસ લેતી નથી? ગામનાં બીજાં પાળેલાં પશુ શું મનુષ્ય પશુની જેમ જ ખાતાં-પીતાં કે મૈથુન નથી કરતાં? પણ તેથી એ બધાં કૃતાર્થ થતાં નથી. ભજન નહીં કરનાર પણ એઓના જેવો છે ।।૧૮।।

જેના કાનમાં ગદના મોટા ભાઈ ભગવાન્ શ્રીકૃષ્ણની લીલા કથા ક્યારેય નથી પડી તેની કૂતરાં, ભૂંડ, ઊંટ અને ગધેડાં, વાહવાહ બોલે છે. આ પશુઓ ભગવાન્થી બહિર્મુખ માણસને જોઈને તેનો આભાર માને છે કે આને જોઈને લોકો કહે છે કે



આના કરતાં તો કૂતરાં, ભૂંડ, ઊંટ અને ગધેડાં સારા! એ પશુઓ સ્વામીનું ખાઈને તેની સેવા તો કરે છે. આ બહિર્મુખ તો ખાય છે ખાંડી પણ ભક્તિ કરીને ખાધું હકજ કરતોનથી ।।૧૯।।

જે માણસના કાન ઉરુક્રમ ભગવાનના પરાક્રમને સાંભળતા નથી તે સર્પના દર જેવા છે. હે સૂત! જે જીભ ભગવાનની કથા કહેતી નથી તે અસતી દેડકી જેવી છે. ભલે માથા ઉપર પટ્ટ અને કિરીટ ધારણ કરવામાં આવે પણ જો એ મસ્તક મુકુન્દને નમતું ન હોય તો એ કેવળ માથાના ભારરૂપ છે. જે હાથ સેવા કરતા નથી તેને મડદાંના હાથ જેવા સમજવા, પછી ભલેને એઓના સોનાના કડા પહેરાયેલા હોય જે આંખો વિષ્ણુ ભગવાનનાં વિગ્રહનાં દર્શન ન કરે તે મોરપીછના ચાન્દલા કહેવાય, આંખો નહિ. જો મનુષ્યના પગ મન્દિર તરફ જતાં ન હોય તો એ વૃક્ષના જેવા જન્મવાળા ગણાય. જે ભગવદ્ભક્તના ચરણરજની ઇચ્છા ન રાખતો હોય છતાં જીવતો હોય તેને જીવ વગરનો જાણવો. શ્વાસ લેતો હોય છતાં જો એ ભગવાનના ચરણમાં ધરતાં તુલસીના ગન્ધને અનુભવતો ન હોય તો એ પણ જીવતું મુડદું જ છે ।।૨૦-૨૩।।

ભગવાનનાં નામ લેતાં જેનાં નેત્રોમાં આંસુ ન ભરાય અને જેનાં શરીરમાં રોમાંચ ખડાં ન થાય તે માણસનું હૃદય ચકમકના પથ્થર જેવું જાણવું ।।૨૪।।

**અથાભિધેહ્યંગમનોનુકૂલં પ્રભાષસે ભાગવતપ્રધાનઃ ।।**
**યદાહ વૈયાસકિરાત્મવિદ્યા વિશારદો નૃપતિં સાધુ કૃષ્ટઃ ।।૨૫।।**

માટે હે અંગ! રાજાએ આત્મવિદ્યા પરત્વે જે સારો પ્રશ્ન પૂછ્યો હોય અને જેનો ઉત્તર નિપુણ વ્યાસપુત્રે આપ્યો હોય તે તમે મનને અનુકૂલ હોય તેમ કહો તમે પણ ભગવદ્ભક્તછો ।।૨૫।।

**ઇતિ શ્રીમદ્ભાગવત દ્વિતીયસ્કન્ધમાં (બીજા હૃપ્રસાદ પ્રકરણનો પહેલો)**
**''ભગવત્કથાશ્રવણમાં સાધનપ'' નામનો**
**ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

(શરણાગતિ-સેવારૂપી) સાધના શરૂ કરવાની તત્પરતા જાણ્યા વિના ગમેતેને દીક્ષા આપનાર ગુરુ અયોગ્યને દીક્ષા આપવાના પાપે પોતાનો, દીક્ષા લેનારનો તેમજ સમ્પ્રદાયનો પણ વિનાશ નોંતરે છે.

# અધ્યાય ૪
# પરીક્ષિતનું સ્વરૂપ, શુકદેવજીનું જ્ઞાન અને ગુરુભક્તિનું વર્ણન

**વિશેષ :** શૌનકે પ્રશ્ન કર્યો છે. તેના ઉત્તરરૂપે સત્સંગ કહ્યો છે. એથી શૌનક શ્રોતા છે એ સિદ્ધ થયું. એ કાર્યસિદ્ધિ બે પ્રકારની છે. સ્વરૂપ અને જ્ઞાનથી **આયુર્હરતિ પુંસામ્** એનો સાર ક્રિયારૂપે કહ્યો અને શૌનકને એનાથી ભક્તિ સિવાય અન્યમાં વ્યર્થતા દેખાઈ એ જ્ઞાન પણ આવી રીતે અધ્યાયમાં સાધન કહ્યું. એવાં ચોથા અધ્યાયમાં પ્રથમ પરીક્ષિત અને શુકદેવજી મુખ્ય શ્રોતા છે તે બન્નેને સાધન એક છે કે જુદાં એનો ઉત્તર આપવા પ્રથમ શ્રોતાના સાધનનો નિર્દેશ કરે છે. શ્રોતા સદ્બુદ્ધિથી પ્રશ્ન કરે તો મનનનો અધિકારી છે. વક્તા તરીકે ઉત્તર આપતા શુકદેવજી પ્રથમ દેવ અને ગુરૂને નમસ્કાર કરે તો એ વિમર્શના વક્તા કહેવાય. આમ આ અધ્યાયમાં બન્નેનો વિચારમાં અધિકાર છે. શ્રોતાની બુદ્ધિ વ્યવસાય યુક્ત જોઈએ. મમતા છોડવી જોઈએ, કથાશ્રવણ કરવામાં શ્રદ્ધા જોઈએ, સન્ન્યાસ સાથે જ્ઞાન જોઈએ, પ્રશ્નનો ઉત્તર આપતાં પહેલાં શ્રોતાનાં આ ચાર અંગ કહેવામાં આવે છે.

**વૈયાસકેરિતિ વચઃ તત્ત્વનિશ્ચયમાત્મનઃ ।।**
**ઉપધાર્ય મતિં કૃષ્ણે ઔત્તરેયઃ સતીં વ્યાધાત્ ।।૧।।**

**સૂતજીએ કહ્યું:** શુકદેવજી આત્માનો નિર્ણય કરનાર છે. પરિક્ષિતે એમનાં વચનોને હૃદયમાં રાખી શ્રીકૃષ્ણમાં પોતાની સન્મતિને ધારણ કરી ।।૧।।

દેહ, સ્રી, પુત્ર, ઘર, પશુ, દ્રવ્ય, બન્ધુ અને સમ્પૂર્ણ રાજ્યમાં દૃઢ થયેલી મમતાને પરીક્ષિત રાજાએ છોડી દીધી ।।૨।।

હે ઉત્તમ પુરુષ! તમે મને જે પ્રશ્ન પૂછો છો તે જ અર્થવાળો પ્રશ્ન મોટા મનવાળા પરીક્ષિતે કૃષ્ણનો મહિમા સાંભળવામાટે શ્રદ્ધાપૂર્વક શુકદેવજીને પૂછેલો।।૩।।

સાતમે દિવસે પોતાનું મૃત્યું છે એ જાણીને ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગના કામોને એમણે છોડી દીધા અને ભગવાન્ વાસુદેવમાં અન્તઃકરણની પ્રીતિ દૃઢ કરીને પૂછવા લાગ્યા ।।૪।।

**રાજા બોલ્યાઃ** હે પાપરહિત! તમે સુજ્ઞ છો. તમારાં વચનો સારા છે. હે બ્રહ્મન્! તમે ભગવાનની જે કથા કહો છો તેથી મારું અજ્ઞાન દૂર થાય છે ।।૫।।

ભગવાન્ પોતાની માયાથી જીવોના મનમાં ન આવી શકે એવું જગત્ શી રીતે ઉત્પન્ન કરે છે, રક્ષા કરે છે અને સંહાર કરે છે એ હું ફરીથી જાણવા માગું છું ।।૬।।



અનન્ત શક્તિવાળો આ પુરુષ પોતાની શક્તિઓને પાસે રાખીને જીવને રમાડતો પોતે રમે છે, કાંઈક કરે છે અને છતાં નથી પણ કરતો ।।૭।।

હે બ્રહ્મન્! અદ્ભુત કર્મવાળા એ હરિનું આ કામ ડાહ્યા પુરુષની પણ બુદ્ધિમાં ન આવે એવું લાગે છે. એ પોતે એક છે છતાં તેવા-તેવા પ્રકૃતિના ગુણને પોતે ધારણ કરે છે અને જન્મોવડે કર્મો કર્યા કરે છે; અર્થાત્ અનેક કર્મો કરે છે ।।૮-૯।।

આપ ભગવાન્ છો માટે મારા સન્દેહને મટાડો. વળી ખરેખર શબ્દબ્રહ્મ(વેદવિદ્યા) અને પરબ્રહ્મ માં આપ નિષ્ણાતછો ।।૧૦।।

**સૂતજી બોલ્યાઃ** જ્યારે રાજાએ શુકદેવજીને ભગવાન્ હરિના ગુણ કહેવાને વિનન્તિ કરી ત્યારે ભગવાનનું સ્મરણ કરી શુકદેવજીએ દેવતા અને ગુરુને નમસ્કાર કરી એમને કહેવાનો આરમ્ભકર્યો।૧૧।

**શ્રીશુકદેવજીએ કહ્યુંઃ** જે પરમ પુરુષ સદ્રૂપ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને નાશને માટે સત્ત્વ, રજ તથા તમોગુણરૂપ ત્રણ શક્તિઓને સ્વીકારી બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ના રૂપ ધારણ કરે છે અને પ્રાણીઓની અન્દર પ્રકટ થાય છે, જેની ગતિને કોઈ જાણતો નથી તેવી મહિમાવાળા ભગવાનને મારા નમસ્કાર હો! ।।૧૨।।

એ સત્પુરુષના પાપને મટાડે* છે એના સંસારને દૂર કરે છે અને એને ફળ આપવાને સર્વ સત્ત્વમૂર્તિને ધારણ કરે છે તથા પરમહંસાશ્રમપદમાં વસતા સન્ન્યાસીઓને જોઈતું તત્ત્વ આપે છે તેવા ભગવાનને હું વારંવાર નમન કરું છું।।૧૩।।

**વિશેષ :** ભગવાન્ ભૂતળ ઉપર સત્પુરુષનાં દુઃખ દૂર કરવાના હેતુથી અવતાર ધારણ કરે છે. જો કે બીજી રીતે પણ દુઃખ દૂર કરવાને ભગવાન્ સમર્થ છે. તો પણ દુઃખ બિલકુલ નિવૃત્ત ન થાય. એ દુઃખનો પ્રવાહ ભગવાન્માંથી છૂટા પડ્યા ત્યાંથી એમનામાં પ્રવેશ કરીએ ત્યાં સુધી પ્રકટ કે અપ્રકટરૂપે રહે જ છે એને દૂર કરવાને તો ભગવાનનો સમ્બન્ધ જ સમર્થ થાય છે. તેથી મધ્યમાં પ્રકટ થઈ એ દુઃખ-પરમ્પરાને દૂર કરે છે. એ સત્પુરુષને પુનર્જન્મ શરૂ કરવામાટે પધારે છે. સત્પુરુષો ભગવાનના સમ્બન્ધથી સત્વને પ્રાપ્ત થાય છેપણ ચિદાનન્દને પામતા નથી. ફરીને જગતમાં ન આવે તો સત્ત્વમાં પણ સંદેહ રહે.

કેવળ ભગવાનને અધીન થઈને રહેનારા ભક્તોના સ્વામી આપને નમસ્કાર. વળી જે એમ માને છે કે અમે યોગ વગેરે સાધનો આચરીને ભગવાનને પામી શકીશું એવા પૃથ્વી ઉપરના યોગિઓ તો જેની દિશા પણ નથી જાણી શકતા તેવા આપને પ્રણામ. જેની બરાબર અથવા જેનાથી અધિક કંઈ છેજ નહીં એવી પોતાની સિદ્ધિ

સાથે પોતાના અક્ષરબ્રહ્મરૂપી ગૃહમાં જ રમણ કરનાર આપને(પ્રસન્ન કરવા આપને) કોટિકોટિ પ્રણામહો ।।૧૪।।

જેનું કીર્તન, સ્મરણ, દર્શન, વન્દન, શ્રવણ અને પૂજન લોકના પાપને તરત દૂર* કરે છે તેવા પુણ્યકીર્તિ ભગવાનને વારંવાર નમન હો ।।૧૫।।

**વિશેષ** : કીર્તન કહેનાર અને સાંભળનાર બધાના પાપને દૂર કરે છે. એ શ્રવણ કરતાં મોટું છે. સ્મરણ તો એના મૂળરૂપ છે તેથી જો કીર્તન અને સ્મરણ હોય તો પ્રેમ ઉત્પન્ન થાય. પ્રેમ થયેથી દર્શન થાય. એમાં પ્રેમ હોય તો ભગવાન્ આવે, અથવા તો પ્રેમની પ્રેરણાથી ભક્ત ભગવાન્ પાસે પહોંચે ત્યારે દર્શન થાય. થોડી પ્રીતિ ભગવાનને ચળાવી શકે નહીં એટલે ભગવાન્ ચાલીને ન આવે તો બહારથી એનું દર્શન થાય; અથવા તો અન્તઃકરણમાં ભાવનાથી દર્શન થાય. એ દર્શનથી આધિદૈવિક પાપ નિવૃત્ત થાય. વન્દનથી અપરાધરૂપ દોષ મટે છે. ભગવદીયોના મુખથી ભગવદ્વાક્ય સાંભળવાથી અજ્ઞાનરૂપ મૂળ પાપ નિવૃત્ત થાય એનું માહાત્મ્ય જાણી ક્ષણમાં પૂજન કરવાથી ભગવાનની માયાના મોહરૂપી પાપ નિવૃત્ત થાય. આવું પૂજન શરણાગતિરૂપ છે. આમ છ પ્રકારની ભક્તિ છ પ્રકારનાં પાપને દૂર કરે છે.

ચતુર પુરુષો જેના ચરણનો આશ્રય કરી હૃદયની અંદરથી અને બહારથી આસક્તિ મોટા-મોટા તપસ્વીઓ, દાનવીરો, યશસ્વીઓ, છોડી દે છે અને ગ્લાની રહિત થઈ બ્રહ્મગતિને પામે છે તેવા પુણ્યકીર્તિ ભગવાનને વારંવાર નમન હો ।।૧૬।।

મોટા-મોટા તપસ્વીઓ, દાનવીરો, યશમાટે યત્ન કરનાર, વાવ-કૂવા-ધર્મશાળા વગેરે બંધાવનાર, મન્ત્ર જાણનાર, યોગીઓ તથા સદાચારથી ચાલનારા જેને અર્પણ* કર્યા વગર (તપ આદિના) ફળને મેળવી શકતા નથી તેવા સુન્દર કીર્તિવાળા પરમેશ્વરને મારા વારંવાર નમન હો ।।૧૭।।

**વિશેષ** : તપ સન્તાપ કરનારું છે તે જીવનો ક્લેશ જોઈને ફળ ક્ષેમરૂપ ન સમજવું. ભગવાનને દ્રવ્યદાન ન કરો તો અનેકવિધ ઉપયોગ થાય તેથી જે ઉદ્દેશથી દાન કર્યું હોય તે ફળને અપાવી શકે નહિ. જો એનો ભગવાન્માં વિનિયોગ કરો તો ઘણાનું એમાંથી પોષણ થાય. કૂવા, બગીચા બનાવવામાં ભગવાનની ઈચ્છા પ્રમાણે એ લોકને વિશ્રામ આપે છે. ધર્મમાર્ગમાં **''ધર્મઃ ક્ષરતિ કીર્તનાત્''** ધર્મનો કહી બતાવવાથી નાશ થઈ જાય છે તેથી જે કરવું તે ભગવાનને અર્પણ કરવું ઠીક છે.

કિરાત, હૂણ, આન્ધ્ર, પુલિન્દ, પુલ્કસ, આભીર, કંક, યવન, ખસ વગેરે નીચ જાતિઓ તથા જે પાપી લોકો છે એઓ પણ ભગવાનના ભક્તોનો આશ્રય કરવાથી



શુદ્ધ થાય છે તે સર્વશક્તિમાન ભગવાનને હું નમું છું ।।૧૮।।

એ આત્મજ્ઞાનીઓના આત્મા છે, અધીશ્વર છે, વેદમય છે, ધર્મમય છે તથા તપોમય છે અને બ્રહ્મા શંકરાદિ કપટ છોડીને તપાસ કરતાં કેવળ એના લક્ષણ વિષે તર્ક માત્ર કરી શકે છે તેવા ભગવાન્ પ્રસન્ન થાઓ ।।૧૯।।

લક્ષ્મીના પતિ, યજ્ઞના પતિ, પ્રજાના પતિ, બુદ્ધિનાં પતિ, લોકના પતિ, પૃથ્વીના પતિ, વૃષ્ણિ અન્ધક તથા સાત્વત-યાદવ કુલના પતિરૂપ તથા ગતિરૂપ, સન્તોના સર્વસ્વ ભગવાન્ મારા પર* પ્રસન્ન થાઓ ।।૨૦।।

**વિશેષ**: કૃપા મેળવવાને ભગવાનની પ્રાર્થના કરવી, બીજાને બોલાવવો નહિ, બીજો પ્રકાર ન કરવો. ભગવાન્ છ પ્રકારના લોકોના પતિ છે; **લક્ષ્મીપતિ**, સ્ત્રીઓ લક્ષ્મીના અંશરૂપ છે તેથી એણે તો ભગવાનની પ્રાર્થના કરવી. **યજ્ઞપતિ**, મહાપુરુષો કામના કરે તો ભગવાન્ ક્રોધ ન કરે, **પ્રજાપતિ** તેથી સાધારણ પણ પ્રાર્થના કરી શકે. **બુદ્ધિપતિ** જ્ઞાન કે ક્રિયામાં બુદ્ધિને રોકે, શબ્દથી કે અર્થથી તે પણ પ્રાર્થના કરે, લોકપતિ (સ્વર્ગાદિના), સ્વર્ગમાં જવાની ઈચ્છા રાખનારે પણ ભગવાનની પ્રાર્થના કરવી; **પૃથ્વીપતિ**, પૃથ્વી ઉપર રહેનારે પણ એવી પ્રાર્થના કરવી. આમ જ્યારે ગુણથી વ્યાપેલાં પણ ભગવાનની પ્રાર્થના કરી એને પામે છે તો પછી આપણા જેવાની તો વાત જ શી કરવી?માટે ''મને પ્રસન્ન થાઓ'' એમ શુકદેવજી કહે છે. પતિરૂપ કહેવાથી ફલરૂપ અને ગતિરૂપ કહેવાથી એ પોતે જ સાધનરૂપ છે.

જેના ચરણના ધ્યાનરૂપ સમાધિથી બુદ્ધિ શુદ્ધ થતાં લોક આત્માના સ્વરૂપને* જાણે છે. વિદ્વાન પુરુષો જેના તત્ત્વને યથારુચિ કહે છે તે મુકુન્દ ભગવાન્ મારા ઉપર પ્રસન્ન થાઓ ।।૨૧।।

**વિશેષ** : ભગવાનના ચરણના ધ્યાન માત્રથી બુદ્ધિ શુદ્ધ થાય છતાં શુદ્ધ થયેલી બુદ્ધિમાં એ તત્ત્વ આવી શકતું નથી. બુદ્ધિ વસ્તુનો પ્રકાશ કરનારી છે. જો એ શુદ્ધ હોય તો ખરા સ્વરૂપને જોઈ શકે. ભગવાનના ચરણના ધ્યાનથી શુદ્ધિ થાય છે. બીજી રીતોના સંસ્કારથી એના દોષ જતાં નથી. ધ્યાનથી વિષય તો બ્રહ્મરૂપ હોવાથી એમાં દોષ નથી જ; તેમાં પણ ભગવદ્વિષય અને આત્મવિષય તો નિર્દોષતમ છે. ચિન્તન કરવાથી તદાત્મક થવાય છે. આત્મતત્ત્વને ડાહ્યા પુરુષો પોતાની બુદ્ધિ પ્રમાણે કહે છે; તેથી લૌકિક વાક્યથી ખરી વસ્તુ જણાતી નથી. મુકુન્દ ભગવાન્ મોક્ષ આપનાર છે. ખરી વસ્તુની સ્ફુર્તિ થવી એ મોક્ષનું અંગ છે, જ્યારે ભગવાન્ મોક્ષ કરવાની ઈચ્છા કરે ત્યારે એ સમજાય માટે જે કોઈ કાંઈ પણ જાણવા ઈચ્છે તેણે ભગવાનની પ્રાર્થના કરવી. કેવળ ધ્યાન નહિ પણ ધ્યાન સાથે પ્રાર્થના પણ કરવી.

સૃષ્ટિના આરમ્ભમાં પ્રભુએ બ્રહ્માના હૃદયમાં સૃષ્ટિસામર્થ્યનાં સ્મરણરૂપ પવિત્ર સારસ્વતીની પ્રેરણા* કરી એથી બ્રહ્માના મુખથી ભગવત્સ્વરૂપ લક્ષણવાળી સરસ્વતી નીકળી. ઋષિમાં શ્રેષ્ઠ એ ભગવાન્ મને પ્રસન્ન થાઓ ।।૨૨।।

**વિશેષઃ** ઇન્દ્રિયોના વ્યાપાર કરતાં અવશ્ય ભગવાનની પ્રાર્થના કરવી. બ્રહ્માએ ભગવદ્ધ્યાન કરતાં પ્રાર્થના કરી ત્યારે ભગવાને એના હૃદયમાં પ્રવેશ કર્યો. ભગવાને જ બ્રહ્માના હૃદયમાં સતી સ્મૃતિનો વિસ્તાર કર્યો. તેથી યોગથી નહીં પણ ભગવાનના ધ્યાનથી બ્રહ્માને કાર્યસિદ્ધિ થઈ. પહેલાં બ્રહ્માએ ભગવાનના અનુભવરૂપ સ્મૃતિને ભગવદીય પદાર્થના નિર્માણનેમાટે કરી ત્યાર પછી ભગવાત્પ્રેરણાથી હૃદયમાં આવી મુખદ્વારા વેદરૂપ વાણી નીકળી કે વાણી ભગવાનની સ્ત્રી છે. એ વાણી એવી નીકળી કે જેથી એનું પણ સત્યત્વ, નબ્રહ્મથશબ્દવાચ્યત્વ, અનન્તાદિ લક્ષણ થયું.

જે ભગવાન્ પાંચ મહાભૂતોમાંથી આ શરીરો ઉત્પન્ન કરે છે; વળી એમાં રહીને પાંચ ભૂત તથા અગિયાર ઇન્દ્રિયરૂપ થઈને એનાં રસને ભોગવે છે તે ભગવાન્ મારી વાણીને એના ગુણોથી અલંકૃત કરી દો ।।૨૩।।

જેના મુખકમળમાંથી સ્રવતા જ્ઞાનરૂપ માદક આસવનું સૌમ્યો (સાધકો) પાન કરે છે અને જે મોક્ષનો ઉપાય કહેનાર છે. હે ભગવાન્ વાસુદેવ સ્વરૂપ વ્યાસજીને હું નમું છું ।।૨૪।।

**એતદેવાત્મભૂ રાજન નારદાય વિપૃચ્છતે ।।**
**વેદગર્ભોઽભ્યધાત્ સાક્ષાદ્ યદાહ હરિરાત્મનઃ ।।૨૫।।**

હે રાજન્ તમે જે પુછ્યું તે જ નારદજીએ બ્રહ્માજીને પૂછેલું અને બ્રહ્માજીએ નારદજીને તે કહેલું કે જે ભગવાનને બ્રહ્માજીને કહ્યું હતું.(અને તે જ હું તમને કહી રહ્યો છું) ।।૨૫।।

**ઈતિ શ્રીભાગવત દ્વિતીયસ્કન્ધમાં (બીજા હૃત્પ્રસાદ પ્રકરણનો બીજો) ''પરીક્ષિતનું સ્વરૂપ તથા શુકદેવજીનું જ્ઞાન અને ગુરુભક્તિનું વર્ણન'' નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**દીક્ષા આપનારાઓ! સાવધાન!!**

દીક્ષા લેવા આવનારની યોગ્યતાનો સોવાર વિચાર કર્યા પછીયોગ્ય (પુષ્ટિ) જીવનેજ દીક્ષા આપજો. અવિચારિત પણે (ટકે શેર ભાજી ટકે શેર ખાજા ની માફક) દીક્ષા આપનારનો સર્વનાશ થાય છે **(શ્રીગુસાંઈજી).**



# પ્રકરણ ૩ - મનન

## અધ્યાય ૫

## બ્રહ્મા અન્તર્યામીના પ્રાકટ્યનો પ્રકાર કહે છે

**વિશેષ :** વિમર્શ બે જાતનો છેઃ એક ઉત્પત્તિથી વિચાર અને બીજો ઉપપત્તિથી વિચાર; તેમાં ઉત્પત્તિના બે ભેદ છે : સ્થૂલ અને અન્તર્યામી અથવા તો મૂર્ત અને અમૂર્ત. સ્થૂલ-મૂર્ત એટલે બ્રહ્માંડ એના વિચારમાં યુક્તિ સહિત વિરાટની ઉત્પત્તિનું નિરૂપણ આ પાંચમાં અધ્યાયમાં કરવામાં આવ્યું છે. આ અધ્યાય સ્થૂળ મૂર્તરૂપ કાર્યની કારણાત્મકતા બતાવે છે. પુરુષ ક્રમશઃ સત્વાદિ ત્રણ શક્તિને ગ્રહણ કરી ઉત્પત્તિ, પાલન અને લય કરે છે. જગતના કર્તા તરીકે એ કેવળ નિમિત્તરૂપ નથી, અભિન્નનિમિતોપાદાન કારણરૂપ છે. વિરાટસ્વરૂપનું જ્ઞાન આત્મજ્ઞાનનું પ્રયોજક છે એટલે એ અન્તરંગ ગણાય. તેથી અન્તરંગ બહિરંગ ન્યાયથી એનો ઉત્તર પ્રથમ આપવો એ યોગ્ય છે.

જગત્ બહાર અને અન્દરનું એવા બે ભેદવાળું છે. તેથી એના બે અધ્યાય છે, અથવા સ્થૂલ પ્રપંચ અને લિંગ પ્રપંચથી એના બે ભેદ હોવાથી બે અધ્યાય છે. પ્રથમનો ઉત્તર સાતમાં અધ્યાયામાં અન્તર્યામીના નિરૂપણમાં કહેવાશે. પૂર્વ અધ્યાયમાં પરિક્ષિત અને શુકનું ફલમુખ સાધન કહેવામાં આવ્યું તે સાધનના વિચારને માટે હવે છ અધ્યાય કહેવામાં આવશે. તેમાં પાંચમા અધ્યાયથી સ્થૂળરૂપનો ઉત્પત્તિથી નિર્ણય કહેવાય છે તેમાં પ્રથમ તત્ત્વની દુર્જ્ઞેયતા કહેતાં નારદજી વક્તાને વખાણે છે.

**શ્રીનારદ ઉવાચ**

**દેવદેવ નમસ્તેસ્તુ ભૂતભાવન પૂર્વજ ।।**
**તદ્ વિજાનીહિ યજ્જ્ઞાનમ્ આત્મતત્ત્વનિદર્શનમ્ ।।૧।।**

**નારદજી બોલ્યા :** હે પિતા! હે પ્રાણીઓનો જન્મ આપનાર, હે દેવોના દેવ, આપને નમસ્કાર હો, આત્માના તત્ત્વનો વિચાર હોય તેવું જ્ઞાન મને કહો ।।૧।।

હે પિતાજી! આ સંસારનું લક્ષણ ક્યું? આનો આધાર શું? આનુ નિર્માણ કોણે કર્યું? આનો પ્રલય શામાં થાય છે? આ કોને આધીન છે? અને હકીકતમાં આ છે કઈ વસ્તુ? આપ એનું તત્ત્વ બતાવો ।।૨।।

આપ તો આ બધું જાણો છો કેમકે જે કંઈ બની ગયું છે, થઈ રહ્યું છે અને થશે એના સ્વામી આપ જ છો. આ આખું વિશ્વ હથેળી ઉપર રાખેલા આમળાની જેમ

આપની જ્ઞાનદષ્ટિની અન્દર જ છે ।।૩।।

પિતાજી! આપને આ જ્ઞાન ક્યાંથી લાધ્યું? આપ કોના આધાર પર સ્થિત છો? આપના સ્વામી કોણ છે? આપનું સ્વરૂપ શું છે? આપ એકલા જ પોતાની માયાથી પંચ મહાભૂતોદ્વારા પ્રાણીઓની સૃષ્ટિ કરી લો છો, કેટલું અદ્ભૂત છે!।।૪।।

હે આત્મન્! આપ એ બધાનું રક્ષણ આપની શક્તિવડે એક કરોળિયાની પેઠે કરો છો અને એનો નાશ કરો છો; અને એટલું કરતાં છતાં તમે ગ્લાનિ રહિત છો ।।૫।।

આપથી જુદું, આપથી અધિક, આપથી ઓછું કે આપની સમાન બીજું કંઈ હોય એમ હું જાણતો નથી હે વિભો! નામ, રૂપ ગુણવડે આપ સિવાય અન્યથી સારું ખોટું, થતું હોય એમ હું જાણતો નથી ।।૬।।

આપ આવા છો છતાં ઘોર તપ કરો છો એ જોઈ મને ખેદ તો થાય છે સાથે એવી શંકા પણ થાય કે આપથી મોટું પણ કોઈ છે કે? ।।૭।।

હે સર્વજ્ઞ! હે સર્વના નિયામક! આ મારા બધા પ્રશ્નના* ઉત્તર આપો. વિશેષ વિચાર કરીને કહો કે જેથી તમારા કહેવાથી હું બધું જાણી શકું ।।૮।।

**વિશેષ :** જ્ઞાનનો પ્રશ્ન, આત્માનો પ્રશ્ન, તત્ત્વના છ પ્રશ્નો, બ્રહ્મવિષયક ચાર પ્રશ્નો ને આ છેલ્લો એમ ૧૩ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. તેના ઉત્તર ઉનત્તિ વિમર્શમાં કહેવામાં આવશે. બ્રહ્માજી છેલ્લા પ્રશ્નનો ઉત્તર પ્રથમ આપે છે. એમ કરી એઓ એવું જણાવે છે કે પ્રશ્નોનો વિષય એક છે.

**બ્રહ્માજી બોલ્યા :** હે વત્સ! તારો સન્દેહ બરાબર છે. હે સામ્ય! એમ પૂછીને તે મને ભગવાનનાં પરાક્રમ કહેવાની પ્રેરણા આપી છે ।।૯।।

મારા પણ આરાધ્ય દેવ છે, જેને તમે નથી જાણ્યા.તમે મને જગતનો કર્તા માન્યો એ પણ એક રીતે કાંઈ ખોટુંનથી ।।૧૦।।

જેમ સૂર્ય, ચન્દ્ર, નક્ષત્રો તારાઓ પ્રકાશ આપે છે તેમ ભગવાને પોતાના પ્રકાશથી જગતને પ્રકાશિત કર્યુ છે, હું પણ એના પ્રકાશથી પ્રકાશું છું ।।૧૧।।

એની માયા દુર્જય* છે. માયાથી જગત્ મને જગતનો ગુરુ કહે છે. એવા ભગવાન્ વાસુદેવને હું નમું છું ।।૧૨।।

**વિશેષ :** સર્વને અજ્ઞાન છે તે યોગ્ય છે. જ્ઞાનરૂપ ભગવાનની કોઈક શક્તિનું નામ માયા છે. એ જગત્કર્તાની માયાથી જુદી છે. એ માયાનું કાર્ય જગતને મોહ કરવાનું છે. જગત્કર્તાની માયા તો મોહ કરતી નથી પણ જગતને વધારે છે. ભગવદાજ્ઞાથી એ કર્તા થાય છે, નહિ તો કારણરૂપ રહે



છે. આ માયાને કોઈ જીતી શકતું નથી. શ્રુતિઓ **અજાંજહિ** એમ એ માયાને મારવાની પ્રાર્થના કરે છે. એ માયાના મોહને લીધે મને લોકો જગતનો ગુરુ કહે છે.

જે માયાના મોહમાં પડેલા જીવો પોતાની દુર્બુદ્ધિને લીધે ''હું અને મારું'' એમ પોતાની બડાઈ કરે છે. તે માયા ભગવાનની દષ્ટિના માર્ગમાં આવતાં પણ લાજે* છે ।।૧૩।।

**વિશેષ :** ભગવાનની માયા છે એટલે કે સ્ત્રી છે. એ પોતે ભગવાનની સાથે રમણ કરવા ઇચ્છે છે તેથી બીજાને મોહ કરે છે, ભગવાન્ એના આ દોષને જાણે છે તેથી ભગવાનની નજરે થતાં પણ એ લાજે છે. તેથી ભગવત્સન્મુખ જે જીવો હોય તેને એ મોહ કરતી નથી. એનાથી મોહ પામેલાજ હું અને મારું કરે છે. કારણ કે એમની બુદ્ધિનેજ મોહિત કરી દે છે.

હે બ્રહ્મન્, દ્રવ્ય (ભૂતાદિ), કર્મ (જન્મનું નિમિત્ત), કાલ (ગુણક્ષોભક), સ્વભાવ (પરિણામનો હેતુ) અને જીવ એ પાંચે વસ્તુ વાસુદેવ ભગવાન્થી જુદી નથી ।।૧૪।।

વેદો નારાયણ પરાયણ છે. દેવો નારાયણના અંગથી[1] ઉત્પન્ન થયા છે, લોકો નારાયણ પરાયણ[2] છે, યજ્ઞો નારાયણને પ્રસન્ન કરવામાટે જ કરવામાં આવે છે. યોગનું તાત્પર્ય નારાયણમાં છે તપ નારાયણ પરાયણ છે. જ્ઞાનની પરાકાષ્ઠા નારાયણ છે, બધા સાધ્ય અને સાધનોનું પર્યવસાન નારાયણમાં જ છે ।।૧૫-૧૬।।

**વિશેષ :** ૧. વેદો શબ્દોથી, અર્થોથી અને નામોથી ભગવાનને કહેનાર છે. એ અર્થો વિધિ, અર્થવાદ, મન્ત્ર અને નામધેય એવા નામથી થાય છે. પુરુષ પ્રયત્નથી અભિવ્યક્ત થતા ભાવોમાં વિધિનું તાત્પર્ય છે. વિધેય અર્થની સ્તુતિમાં અર્થવાદનું તાત્પર્ય છે. મન્ત્રો દેવતાના પ્રતિપાદનમાં ઉપયોગી છે. નામધેય અર્થાત્ નામોમાં પણ તાત્પર્ય છે. આમ વેદ ચારરૂપે પ્રવર્તતા યાગમાં ઉપયોગી છે. તેમાં યાગ કરણ છે, સ્વર્ગાદિ સાધ્ય છે. એ દેવતાપ્રીતિને સંપાદન કરે છે.

૨. પરન્તુ દેવની પ્રીતિ અનિત્ય છે. અનિત્ય પ્રીતિવાળા એને મરણ વખતે ભૂલી જાય તેથી સ્વર્ગાદિ ન મળે. અને યાગમાં તો સ્વર્ગ ફલરૂપ છે, કેવળ દેવતાનો ઉદ્દેશ નથી. દેવતાઓ ભગવાનના શ્રીઅંગમાં રહેનારા હોવાથી ભગવત્પરતા છે. જ્યાં દેવતા વ્યાપારરૂપ કહેવામાં આવે ત્યાં સ્વર્ગાદિ ઉદ્દેશ્ય છે, પછી એ સ્વર્ગનો અર્થ લોક લો કે આત્મસુખ લો એનાથી ભગવદીયપણું વ્યભિચરિત થતું નથી કેમકે લોક પણ ભગવદવયવ છે. એમ સ્વર્ગાદિ લોક અવાન્તર છે. વેદના વાક્યાર્થના કથનમાં પણ એ વાક્યો ભગવત્પર છે. એમાં વિવાદ નથી. યોગ ચિત્તવૃત્તિના નિરોધરૂપ છે. તપ ભગવાનને ઉપયોગી છે. જ્ઞાનીનું જ્ઞાન જ્ઞેયમાં હોય છે. એ જ્ઞેય અહીં

નારાયણ છે કેમકે એ આત્મા છે, સર્વ છે ને બ્રહ્મ છે. ગતિ પણ ભગવત્પર છે. ગતિનું ફલ બ્રહ્મજ્ઞાન છે.

એ ભગવાન્ દ્રષ્ટા છે, ઈશ્વર છે, વિકાર વિનાના છે, સર્વના આત્મરૂપ છે એની જ્ઞાનદષ્ટિથી પ્રેરણા પામેલો હું એણે જે સરજવાનું કહ્યું તે ઉત્પન્ન થઈને સરજું છું ।।૧૭।।

ભગવાન્ પોતે નિર્ગુણ છે. તેમ છતાં જગતનાં સ્થિતિ, ઉત્પત્તિ અને સંહારનેમાટે માયાવડે સત્ત્વ, રજ અને તમોગુણને ધારણ *કરે છે કેમકે એવી રીતે એ ગુણોનું ગ્રહણ કરવામાં પોતે સમર્થ છે ।।૧૮।।

**વિશેષ** : ભગવાન્ સચ્ચિદાનન્દ છે. સત્માંથી સત્ત્વ થયું, ચિદ્રુપમાંથી ક્રિયા શક્તિ મુખ્ય હોવાથી અને આનન્દ ન હોવાથી રજસ્ થયું આનન્દ અંશથી નીકળેલું તમસ્ કહેવાય છે. ભગવદ્રુપ જ ભગવાને ઉત્પન્ન કર્યા એ ગુણો પ્રથમ ભગવાન્માં ન હતા; પહેલાં હોય તો ભગવાન્થી જુદા ગણાય. કપાસમાંથી દોરો પ્રકટ થાય તેમ જેમ-જેમ કામ પડ્યું તેમ-તેમ ગુણો થયા; એટલે ભગવાન્ નિર્ગુણ ઠર્યા, જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાટે પોતે એ ગુણો સ્વસ્વરૂપમાંથી કાઢ્યા અને એમનો સ્વીકાર પણ માયાથી કર્યો.

ગુણો એ કાર્યરૂપે, કારણરૂપે અને કર્તુત્વરૂપે, દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાનો આશ્રય કરીને *માયાને વશ થયેલા નિત્ય અને મુક્ત આત્માને બાંધે છે ।।૧૯।।

**વિશેષ** : આ માયા જગત્કર્ત્રી છે, મોહ કરનારી નથી કેમકે એ વિભુની માયા છે એ સર્વરૂપ ભગવાનની શક્તિ છે. સર્વરૂપમાં ભગવાનના સમ્બન્ધથી એ સર્વની પ્રતિકૃતિરૂપી માયા છે, ભગવાન્ જગત્ કરે એમાં એ કારણરૂપ છે. કરણાંશ માયાનો છે તેથી કરણરૂપથી નીકળેલા ગુણો માયાએ ગ્રહણ કર્યા. એ ગુણો એના પુત્રો હોય તેમ એને તાબે રહે છે; તેથી ભગવાનના અંશરૂપ જે જીવ તે માયામાં કે માયાના કાર્યમાં રમવાની ઈચ્છા કરે તેને એ બાંધે છે. કાર્ય એટલે અધિભૂત દેહ તે દ્રવ્યાત્મક છે, કારણ એ અધ્યાત્મ ઈન્દ્રિયોરૂપ છે તે ક્રિયાત્મક છે; અને કર્તા આધિદૈવિક અન્તઃકરણરૂપ જ્ઞાનાત્મક છે. જીવને દેહનું એ નિમિત્ત છે. જે કેવળ જીવ હતો તે આથી દેહરૂપવાળો થયો. અધિભૂતાદિ ત્રણના આશ્રય એક-એકનો એક આશ્રય છે. એ પોતપોતાના આશ્રયમાં જીવને બાંધે છે. બાંધવામાં કારણ એટલું જ છે કે એને માયાનો સમ્બન્ધ છે. પરન્તુ જો સમ્બન્ધ માત્ર જ બન્ધનનું કારણ હોય તો ભગવાનને પણ સમ્બન્ધ છે તેથી એને બાંધે; પણ એ ગુણો તો ''હું છું'' એવું અભિમાન કરે છે. તેથી એને બાંધે છે. જો એને સાધનપણાથી કામનેમાટે ગ્રહણ કરે તો માયા એને ન બાંધે. જે એમાં સ્વતન્ત્રતા



દેખાડી ''હું એનો પતિ છું'' એમ વર્ત્તે છે તેને જ તે બાંધે છે, કારણરૂપે કાર્યનેમાટે ગ્રહણ કરનારને એ બાંધતી નથી. તેથી ગુણમાં બંધાયો તે તાબેદાર, ગુણનો કર્તા તે નિયામક એમ એકમાં બે રૂપ થયાનું કારણ માયા કહી.

ભગવાન્ માયાને વશ કરનાર છે પણ એમના આ ત્રણ ગુણોની અસરને લીધે કોઈ જાણી શકતું નથી. હે બ્રહ્મન્! એમને કેવળ એમના ભક્તો જ જાણી શકે છે. એ ભગવાન્ બધાના તેમ જ મારા ઈશ્વર છે ।।૨૦।।

હે આત્મન્! માયાપતિ ભગવાનને એકમાંથી બહુ થવાની ઈચ્છા થઈ ત્યારે પોતાની માયાથી પોતાના સ્વરૂપમાં સ્વયં પ્રાપ્ત કાલ, કર્મ અને *સ્વભાવનો સ્વીકાર કર્યો ।।૨૧।।

**વિશેષ** : પ્રથમ માયાએ ગુણોને રાખ્યા પછી કાળાદિ ત્યાં આવ્યા. એ પણ ગુણોમાં પ્રવિષ્ટ થયા તેથી કાળને ગુણોનો સમ્બન્ધ થયો. પછી સ્વભાવને સમ્પર્ક થયો ત્યારે એનું પરિણામ આવ્યું. તેથી ત્રણ ગુણના કાર્યરૂપ જન્મરૂપે પરિણમ્યું; તેથી ત્રણ ગુણથી સૃષ્ટિ ત્રણ પ્રકારની થઈ. કાળનો સમ્પર્ક થતાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા ભેદ થયા. એમાં સ્વભાવ પેઠો ત્યારે અધિક થવો જોઈએ તેથી જડાદિ વસ્તુઓ થઈ. જ્યારે એમાં કર્મ પેઠું ત્યારે જીવને રહેવા લાયક દેહાદિનો જન્મ થયો. એ બધાં થયાં તેમાં પુરુષનું અધિષ્ઠાન સમજવું. એપણ પરિણામ તો મહત્તત્ત્વના જન્મમાં આવ્યું તેથી એને 'મહત્' કહ્યું છે.

કાળથી ગુણનો સમ્બન્ધ થયો, સ્વભાવથી ગુણનો સમ્બન્ધ થતાં એ ગુણો પરિણામવાળા ગુણો થયા, કર્મો અને ગુણોને સમ્બન્ધ થતાં મહત્તત્ત્વનો જન્મ થયો. ०આ બધુ એ બધાંમાં પુરુષે પ્રવેશ કર્યો ત્યારે થયું ।।૨૨।।

જ્યારે મહત્તત્ત્વમાં ગુણોએ પ્રવેશ કર્યો અને ભગવાને પ્રેર્યા ત્યારે મહત્તત્ત્વ પણ વિકારવાળું થયું. તેમાં રજોગુણ, સત્ત્વગુણ ગૌણ હોય અને તમોગુણ મુખ્ય હોય તેવા દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાત્મક પદાર્થ પેદા થયા ।।૨૩।।

હે પ્રભો! જ્યારે એ ત્રણે પદાર્થ એકરૂપે થયા ત્યારે એ અહંકાર કહેવાયો. એમાં વિકાર થતાં સાત્ત્વિક, રાજસ અને તામસના ભેદથી દ્રવ્યશક્તિ, ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ એવા એના ભેદ પડ્યા ।।૨૪।।

ભૂતાદિ એટલે તામસ અહંકાર, વિકૃત થઈને એ આકાશ થયું. એનો માત્રાગુણ શબ્દ થયો. શબ્દ દ્રષ્ટા અને દશ્ય ને કહેનારું લિંગ છે. શબ્દથી બન્ને જણાય છે ।।૨૫।।

આકાશમાં વિકાર થતાં સ્પર્શગુણવાળો વાયુ થયો. એનો પ્રધાન ગુણ સ્પર્શ છે. એના કારણરૂપ આકાશનો ગુણ શબ્દ એનામાં આવવાથી એ બે ગુણવાળો થયો. એ વાયુ (પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એમ) દશ પ્રકારનો છે. ઈન્દ્રિયશક્તિ **ઓજસ**, મનની શક્તિ સહ અને શરીરની શક્તિ **બલ** એ બધાં એનાં કાર્ય છે ।।૨૬।।

કાળ, કર્મ અને સ્વભાવથી વાયુમાં વિકાર થયો. એમ થતાં એમાંથી તેજ થયું. એમાં રૂપ, શબ્દ અને સ્પર્શ ત્રણ ગુણો આવ્યા. તેજનો વિકાર થતાં એમાંથી રસાત્મક જળ ઉત્પન્ન થયું. રૂપ અને સ્પર્શ પણ એમાં આવ્યાં અને પરાન્વયથી શબ્દ આવ્યો. જળમાં વિકાર થતાં ગન્ધવાળી પૃથ્વી (વિશેષ) ઉત્પન્ન થઈ તેમાં કારણના ગુણ કાર્યમાં આવે છે એ (પરાન્વય) ન્યાયથી શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર ગુણ આવ્યા ।।૨૭-૨૯।।

સાત્ત્વિક અહંકારથી મન ઉત્પન્ન થયું અને ઈન્દ્રિયોના દશ દેવ ઉત્પન્ન થયા. દિશા, વાયુ, સૂર્ય, પ્રચેતા, અશ્વિનીકુમારો, અગ્નિ, ઈન્દ્ર, ઉપેન્દ્ર, મિત્ર અને બ્રહ્મા એ દશ ઈન્દ્રિયોના દશ દેવો છે. શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ, વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થના ક્રમથી એ દેવતાઓ સમજવા ।।૩૦।।

રાજસ અહંકાર વિકૃત થતાં એમાંથી દશ ઈન્દ્રિયો થઈ. જ્ઞાનશક્તિ બુદ્ધિ અને પ્રાણ એ રાજસ અહંકારનું કાર્ય છેઃશ્રોત્ર, ત્વક્, ઘ્રાણ, દૃક્, જિહ્વા, વાક્, હસ્ત, જનનેન્દ્રિય, અન્ધ્રિ અને ગુદા એ દશ ઈન્દ્રિયો છે ।।૩૧।।

એ ભૂતો ઈન્દ્રિયો મન અને ગુણો જ્યાં સુધી છૂટાં રહ્યાં ત્યાં સુધી હે બ્રહ્મવિત્તમ! પોતાનું સ્થાન નિર્માણ કરવામાં સમર્થ ન થયાં ત્યારે એણે અન્યોન્ય મળીને ભગવાનની શક્તિની પ્રેરણાથી સદ્-અસદ્‌ને લઈને બ્રહ્માંડને બન્ને રીતે બનાવ્યું : સમષ્ટિ-વ્યક્તિ(વ્યષ્ટિ)રૂપે ।।૩૨-૩૩।।

હજારો વર્ષો સુધી જળમાં રહેલ એ નિર્જીવ અંડને *કાલ-કર્મ-કર્મ-સ્વભાવયુક્ત, જીવથી જુદા એવા ભગવાને જિવાડયું ।।૩૪।।

**વિશેષ** : એ અંડ જળમાં જીવ વગરનું રહ્યું. એમાં ભોગ કરનાર જીવે પ્રવેશ કર્યો નહોતો. હવે અંડ જો વધારે વાર જળમાં રહે તો જળમાં લીન થઈ જાય તેથી જીવથી વ્યતિરિક્ત ભગવાન્ એ અંડને જીવયુક્ત કર્યું તેથી એ પ્રાણયુક્ત થયું. ત્યારે ભગવાન્ એ પ્રાણના અધિષ્ઠાનવાળા વિરાટ પુરુષ કહેવા લાગ્યા; એટલે કે અંડનું રૂપ બદલી એ પુરુષરૂપ થયા અને જેમ સુખ થાય



તેમ ફરવા લાગ્યા. તેથી **''સહસ્રશીર્ષા પુરુષઃ''** એ પુરુષસૂક્તના મન્ત્રથી અર્થરૂપ થયા.

એ વિરાટ પુરુષ એ અંડને ભેદીને એમાંથી બહાર નીકળ્યા. એને હજારો સાથળ પગ બાહુ આંખો મોઢાં અને માથાં હતાં ।।૩૫।।

વિદ્વાન પુરુષો ધ્યાનમાટે એના અવયવોમાં લોકની કલ્પના કરે છે. કેડની નીચે અતળ વગેરે લોક અને જઘનની ઉપર ભૂઃ, ભુવર્, સ્વર્, મહર્, જન, તપ અને સત્યલોકની કલ્પના કરવામાં આવે છે ।।૩૬।।

આ પુરુષનું મુખ બ્રાહ્મણ છે. એની ભુજાઓ ક્ષત્રિયો છે; સાથળ વૈશ્યો છે અને બન્ને પગથી શૂદ્ર ઉત્પન્ન થયેલ છે ।।૩૭।।

એ પુરુષના બેપગવડે *ભૂલોકની કલ્પના કરવી એની નાભિથી ભુવર્લોકની, હૃદયથી સ્વર્ગલોકની, ઉરઃસ્થળથી મહર્લોકની, ગ્રીવામાં જનલોકની, બે નસકોરામાં તપોલોકની અને મસ્તકવડે સનાતન સત્યલોક જેને બ્રહ્મલોક કહે છે તેની કલ્પના કરવી ।।૩૮-૩૯।।

**વિશેષ** : પગથી કેડ સુધી ભૂલોક, નાભિમાં ભુવર્લોક, હૃદય નીચે ભાગ-ઉપડતો ભાગ ઉરસ્, (અહીંથી જ્ઞાનીનો વાસ હોવાથી **મહાત્મનઃ** પુરુષનું વિશેષણ કહ્યું છે), સ્તનદ્વય એટલે બે નાસિકા, મસ્તકો ઉપર સત્યલોક લેવો.

એની કેડમાં અતળલોકની, ઊરુમાં વિતળની, જાનુમાં (ઘૂંટણમાં) શુદ્ધ સુતળની, જંઘામાં તળાતળની, ઘૂંટીમાં મહાતળની ચરણના ઉપરના ભાગમાં રસાતળની અને નીચેના ભાગમાં પાતાળની કલ્પના કરવી. આ પ્રમાણે વિરાટ પુરુષ *સર્વલોકમય છે. ।।૪૦-૪૧।।

**વિશેષ** : ઉપર સાત લોક ગણાવ્યા તે ઉત્તમ છે. એમાં ભગવાનના અવયવો કારણરૂપ છે. અતલમાં યમનો પુત્ર રહે છે તેમાં મોહક બાહુલ્ય છે તેથી એમાં તો ભગવાનના અવયવ આધારમાત્ર છે. એ તામસ વિતલમાં મહાદેવ રહે છે. એ મહાદેવને સુખનું દાન કરે છે. સુતલમાં ભગવાન્ રહે છે માટે એને શુદ્ધ કહ્યું છે. આ કથન ઉપાસનામાટે નથી, પુરુષનું સ્વરૂપ એવું છે એ બતાવવા માટે છે.

**ભૂર્લોકઃ કલ્પિતઃ પદ્ભ્યાં ભુવર્લોકોસ્ય નાભિતઃ ।।**
**સ્વર્લોકઃ કલ્પિતો મૂર્ધ્ના ઈતિ વા લોકકલ્પના ।।૪૨।।**

વિરાટ ભગવાનનાં અંગોમાં એવી પણ લોકોની કલ્પના *કરવામાં આવે છે કે એમનાં ચરણોમાં પૃથ્વી, નાભિમાં ભુવર્લોક અને મસ્તકમાં સ્વર્ગલોક છે ।।૪૨।।

**વિશેષ :** કેડથી પગ સુધી પૃથ્વી લોક, નાભિથી ગ્રીવા સુધી ભુવર્લોક, ગ્રીવાથી બ્રહ્મરંધ્ર સુધી સ્વર્ગલોક, અહીં ગુણથી, વિદ્યાથી અને યજ્ઞથી કલ્પના થયેલી છે. સાત્ત્વિકો ચૌદ લોકની, રાજસો સપ્ત લોકની અને તામસો ત્રણ લોકની કલ્પના કરે છે.

**ઇતિ શ્રીમદ્ ભાગવત દ્વિતીયસ્કન્ધમાં (ત્રીજા મનન પ્રકરણનો પહેલો)**
**''બ્રહ્માજી અન્તર્યામીના પ્રાકટ્યનો પ્રકાર કહે છે''**
**નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઓ ભાઈ રે! તેં ભાગવત ભણીને શું કીધું?**
મારે જંતુ(શ્રોતા) અહિ(નાગ=કથાકાર) મણિ(ભાગવત) અજવાળે,
ત્યમ તેં (કથાકાર)ઉદર પોખી લીધું!!
પારસમણિનું પાત્ર(ભાગવત) પાણિમાં ઘેર-ઘેર ભિક્ષા માંગે!
જ્યાં લગી વસ્તુનું જ્ઞાન ના ત્યાં લગી દુઃખ-દારિદ્રય ના ભાંગે

## અધ્યાય ૬

## પુરુષસૂક્તમાં કહેલા ભગવાનના વિરાટ દેહનું વર્ણન

**વિશેષ :** આ ઉત્પત્તિ પ્રકરણ છે એમાં એનો પ્રકાર બતાવવામાં આવે છે. અનિત્ય પદાર્થનો જન્મ, નિત્ય અને પરિચ્છિન્ન વસ્તુનો સમાગમ અને નિત્ય છતાં પરિચ્છેદ નથી એનું પ્રાકટ્ય એટલા ઉત્પત્તિના ભેદ છે. આ છઠ્ઠા અધ્યાયમાં સ્થૂળ અમૂર્તરૂપ સ્થાનના સમ્બન્ધરૂપ ઉત્પત્તિ કહેવાય છે. એનું રૂપ અભેદજ્ઞાન છે. પૂર્વ અધ્યાયમાં ''નારાયણપરા વેદાઃ'' સામાન્ય રીતે કહ્યું છે એનો અહીં વિસ્તાર કર્યો છે. આ ઉત્પત્તિનો પુરુષસૂક્તની સાથે નિર્ધાર કર્યો છે. એટલે વેદે કહ્યું છે તે જ શ્રીભાગવત વિસ્તારથી કહે છે. અર્થાત્ કારણ-કાર્યની અભિન્નતા સિદ્ધ થાય છે. એનાથી ભગવાનનું માહાત્મ્ય કહેવાય છે. સર્વત્ર અમૂર્તરૂપના સાધર્મ્યમાં ભગવાનનું રૂપ બૃહત્ અક્ષર છે. તેથી વસ્તુમાં ભેદ નથી રહેતો. પાંચમા અધ્યાયમાં મૂર્ત પદાર્થની ઉત્પત્તિ કહી, અહીં અમૂર્ત (જીવો) નો મૂર્ત (દેહાદિ) ની સાથે સમ્બન્ધ કહેવાય છે. પહેલાં જે દેવાદિની ઉત્પત્તિ કહી છે તે પણ વિશિષ્ટ (દેહાદિ સાથે) ઉત્પન્ન થયા છે. એમાં જે અમૂર્ત રૂપ છે તેને જાુદું કરી સ્થૂળ રૂપવાળા ભગવાન્ અમૂર્ત વિરાટમાં પેઠા એનો સમ્બન્ધ બતાવે છે. આ જીવનું પ્રકરણ હોવાથી એનાં સાધન તથા ફળ ઉત્પત્તિથી કહેવાય છે.



ભગવાનનું માહાત્મ્ય અમૂર્ત છે એ પણ અહીં કહે છે. એમાં પ્રથમ બધા જીવના લિંગ-શરીરની સામગ્રી ભગવાનના લિંગ-શરીરમાં સમ્બન્ધવાળી છે એ બ્રહ્માજી બતાવે છે.

**બ્રહ્મોવાચ**

**વાચાં વહ્નેર્મુખં ક્ષેત્રં છન્દસાં સપ્ત ધાતવઃ ।।**
**હવ્યકવ્યામૃતાન્નાનાં જિહ્વા સર્વરસસ્ય ચ ।।૧।।**

**બ્રહ્માજીએ કહ્યું :** વાણી અને અગ્નિનું સ્થાન મુખ* છે ગાયત્રી આદિ સાત છન્દનું સ્થાન ત્વક્, ચર્માદિ સાત ધાતુઓ છે. હવ્ય (દેવને આપવાનું અન્ન), કવ્ય (પિતૃઓને આપવાનું અન્ન) અમૃત, (તે બન્નેને આપ્યા પછી બચેલું મનુષ્ય અન્ન) તે બધાં અન્ન તથા મધુરાદિ સર્વ રસનું સ્થાન જિહ્વા સ્થાન છે ।।૧।।

**વિશેષ :** મુખ એટલે જેમાં ભોજનનો કોળિયો મૂકવામાં આવે તે. ભગવાનને બે મુખ છેઃઇન્દ્રિયરૂપ એક અને ગોલકરૂપ બીજાું. એમાં ગોલકને બ્રાહ્મણપણું કહ્યું છે. ઇન્દ્રિયરૂપ મુખ વાણી અને અગ્નિનું ક્ષેત્ર છે તત્ત્વોમાંથી ભગવદ્દેહ થયેલો છે. પાતાલાદિની પણ ભગવદવયવોથી ઉત્પત્તિ છે અને ભગવાનમાં સ્થિતિ થાય છે; તેથી પાતાલાદિરૂપ પણ ભગવાન્ છે. અહીં ભગવાનને ઉદ્દેશી જગત્ કહેવાયું; અર્થાત્ આધારપણાથી ભગવાન્ કહેવાના છે. તેથી છન્દો અમૂર્ત છે. એમનું સ્થાન ભગવાનના જે અમૂર્ત અવયવો છે તે છે. એ એમના ક્ષેત્રરૂપ છે. ગાયત્રી, જગતી, ઉષ્ણિક્, ત્રિષ્ટુભ્, અનુષ્ટુભ્, પંક્તિ અને બૃહતી, સાત ધાતુઓ જેવી કે ત્વચા, માંસ, રુધિર, મેદ, મજ્જા, સ્નાયુ અને અસ્થિરૂપ દેવો છે. આવી રીતે ભગવન્મુખમાં મુખસમ્બન્ધી સર્વ પદાર્થો શબ્દ અને અર્થના સમ્બન્ધવાળા છે. એમાં રસના નામની ઇન્દ્રિયનો શો સમ્બન્ધ છે? હવ્ય કવ્ય, અમૃતરૂપ અન્નનું સ્થાન રસનેન્દ્રિય છે. હવ્ય એટલે દેવોનું અન્ન. આ અન્નમાં જ મન્ત્રથી હવ્યનો આરોપ થાય છે. એવું જ કવ્ય પિતૃઓનું અન્ન અમૃત. અતિથિ આદિ જમ્યા પછી બચેલું અથવા વગર માગ્યે મળેલું અન્ન પણ અમૃત કહેવાય છે. બ્રાહ્મણભોજનથી બચેલું અન્ન પણ અમૃત કહેવાય છે. એ બધાનું સ્થાન ભગવાનની જિહ્વા છે. છ પ્રકારના એટલે મધુર, તિક્ત(કડવો), લવણ, કટુ(તીખો), અમ્લ અને કષાય એ રસનું સ્થાન પણ એ જ છે. હવ્યમાં પણ એ રસો છે. આપણી ઇન્દ્રિયો અને અધિષ્ઠાતા વરુણનું સ્થાન પણ એ જ છે. એથી હવ્યાદિ સિવાયના રસનું સ્થાન ભગવાનની જિહ્વા નથી એવું પ્રાપ્ત થાય છે, નાસાસ્થાન ઘ્રાણસમ્બન્ધી સર્વ ક્ષેત્ર તરીકે છે તે આપણા બધાના પ્રાણવાયુના અધિષ્ઠાતા તેનો વાયુદેવ છે. એના બે પુટ છે તે આધિદૈવિક છે. બે નાસાના પુટ સર્વના સ્થાનરૂપ સમજવા. એમાં ઘ્રાણેન્દ્રિય અશ્વિનાદિનું ક્ષેત્ર છે. વ્રીહિ વગેરે ઓષધિનું સ્થાન પણ

એ જ છે. મોદ અને પ્રમોદ નામના સુગન્ધિ વિશેષનું પણ એ જ સ્થાન છે. એમાં દૂરથી વાતો હોય તે મોદ કહેવાય; પ્રમોદ તો બધા ગન્ધને નીચે રાખી ઉપર આવે. અનેકવિધ રૂપનું સ્થાન ભગવાનની ગોલકરૂપ આંખ છે, સ્વર્ગને સૂર્યનો સ્થાન પણ આંખો ઈન્દ્રિયરૂપ સમજવી. દિશાઓ કાલની આધિદૈવિક છે. ઈન્દ્રિયરૂપ ગંગાદિ તીર્થનું કર્ણ ગોલકરૂપ સ્થાન માનો આકાશ અને શબ્દનું સ્થાન શ્રોત્ર નામની ઈન્દ્રિય માનો. કાનથી સાત છન્દઃગાયત્રી, ત્રિષ્ટુપ્, અનુષ્ટુપ્, ઉષ્ણિક, બૃહતી, પંક્તિ અને જગતી જે સંભળાવ તેના આધારનું સ્થાન ભગવાનની શ્રોત્રેન્દ્રિય સમજવી. સોનું, હીરા એ વસ્તુના સારરૂપ છે, અથવા ઉત્કૃષ્ટ એટલે પરમાર્થની દેવતારૂપ સૌન્દર્ય છે. એનું ભગવાનનું શ્રીઅંગ-સ્થાન છે. ભગવાનની ત્વક્ ઈન્દ્રિય સ્પર્શાદિના સ્થાનરૂપ સમજવી. મેધ-પવિત્રતા. એ બધાની પવિત્રતા ભગવાનની ત્વગ-ઈન્દ્રિયમાં રહે છે. જળથી શુદ્ધિ થાય છે. એ જળ અહીં ભગવાનના પસીનારૂપ છે; તેથી ભગવાનની પવિત્રતામાં સન્દેહ ન કરવો.

બધા પ્રાણ અને પવનનું વિરાટ પુરુષની નાસિકા સ્થાન છે. ઓષધિઓનું, અશ્વિનીકુમારોનું અને મોદ, પ્રમોદનું નાસિકામાં રહેલું ઘ્રાણેન્દ્રિયનું સ્થાન છે. રૂપ અને તેજનું સ્થાન નેત્રમાં રહેલું ચક્ષુ ઈન્દ્રિય છે. સ્વર્ગ અને સૂર્યનું સ્થાન પુરુષની આંખમાં છે. દિશાઓ અને તીર્થોનું સ્થાન સમષ્ટિ પુરુષના કાનમાં છે. આકાશ અને શબ્દનું સ્થાન શ્રોત્રેન્દ્રિય છે. વસ્તુનાં સાર અને સૌભાગ્યનું સ્થાન પુરુષનું શરીર છે. સ્પર્શ અને વાયુનું સ્થાન એની ત્વચેન્દ્રિય છે. સર્વ પવિત્રતાનું સ્થાન પણ એ જ છે ।।૨-૪।।

વનસ્પતિઓ કે જેનાથી યજ્ઞની તૈયારી થાય છે તે પ્રભુનાં રુવાડાં છે. શિલા, લોહ, વાદળ, વીજળીનાં સ્થાન એ પ્રભુના કેશ દાઢી-મૂછ અને નખ છે. મોટે ભાગે કલ્યાણ કરનાર લોકપાલોનું સ્થાન પ્રભુના બાહુઓ છે ।।૫।।

ભૂઃ, ભુવઃ, સ્વર્ગ ભગવાનનો વિક્રમ છે; (વિક્રમ=પગ મૂકવો એ.) ક્ષેમ અને શરણનું સ્થાન પણ એ જ છે. સર્વકામના, આશિષો અને દેવની પ્રસન્નતા જણાવનાર વરદાનનું પણ સ્થાન ભગવાનનું ચરણ છે ।।૬।।

જલ, વીર્ય, સૃષ્ટિ, વૃષ્ટિ, પ્રજાપતિ એ બધાં પુરુષના શિશ્નસ્થાને છે. પ્રજા અને આનન્દના સુખનું સ્થાન એમાં રહેલ ઉપસ્થ ઈન્દ્રિય છે.(સ્પર્શનું સુખ=આનન્દ, કામની શાન્તિ=નિવૃત્તિ, પ્રજાપતિ=વીર્ય પાત એ ત્રણનું સ્થાન ઉપસ્થ છે) ।।૭।।

હે નારદ! યમ, મિત્ર અને મળત્યાગનું સ્થાન ભગવાનની પાયુ ઈન્દ્રિય છે.



હિંસા, નિરૃઋતિ*, મૃત્યુ અને નરકનું સ્થાન ગુદા છે ।।૮।।

**વિશેષ** : નિરૃઋતિ=દિશાના પતિ દેવતા.

પરાજય, અધર્મ, અજ્ઞાન એ બધાનો આશ્રય વિરાટ્ પુરુષની પીઠ છે. નદ-નદીઓ ભગવાનની નાડીઓ છે. પર્વતો ભગવાનના હાડરૂપ છે. મૂલ પ્રકૃતિ, ક્ષારાદિ સમુદ્રો, પંચમહાભૂતો અને પ્રલયમાં પ્રવેશ કરવાનું સ્થાન ભગવાનનું ઉદર છે. મનનું સ્થાન ભગવાનનું હૃદય છે. ધર્મનું, મારું, તારું, સનકાદિકુમારો, શિવ અને વિજ્ઞાનનું સ્થાન પરમાત્મા પોતે છે ।।૯-૧૧।।

(ક્યાં સુધી ગણાવું?) હું, તું, શિવજી અને બીજા તમારા મોટા ભાઈઓ સનકાદિ તથા મરીચ્યાદિ, સુર, અસુર, નાગ, નગ, પક્ષીઓ, મૃગો, પેટે ચાલનારાં પ્રાણી, ગન્ધર્વો, અપ્સરાઓ, વૃક્ષો, રાક્ષસો, ભૂતગણો, સર્પો, પશુઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો, વૃક્ષો, બીજા નાનાવિધ જીવો, જળચર, સ્થળચર અને આકાશમાં ફરનારા ગ્રહો, નક્ષત્રો, ધૂમકેતુઓ, તારાઓ, વીજળીઓ, મેઘોની ગર્જનાએ બધા વિરાટ પુરુષરૂપ જ છે ।।૧૨-૧૪।।

જે થયું હશે, થાય છે અને થશે તે બધું પુરુષરૂપ છે. આ બ્રહ્માંડ એનાથી ઘેરાયેલું છે. એનાથી એક વેંત પોતે વધારે છે. ।।૧૫।।

જેમ સૂર્ય પોતાના મંડળને પ્રકાશ આપતો બહાર પણ પ્રકાશ ફેંકે છે તેમ આ પુરુષ પણ વિરાટને પ્રકાશ આપતા અન્દર ને બહાર પણ પ્રકાશ કરે છે ।।૧૬।।

એ પુરુષ નિત્યસુખ અને મોક્ષસુખના ઈશ્વર હોવાથી વિરાટ-શરીરથી પર છે. કોઈથી પાર ન પામી શકાય એવો *મહિમા એ વિરાટપુરુષનો છે ।।૧૭।।

**વિશેષ** : એ વિરુદ્ધ ધર્મના આશ્રય છે એ ભગવાનનો મહિમા છે. વિરુદ્ધ ધર્મો આશ્રયનો ભેદ કરી શકતા નથી. એક આશ્રયમાં જ બન્ને થાય છે. ધર્મનો પરસ્પર વિરોધ હોય તે લોકની પેઠે કાર્ય ન કરી શકે. એ જ પોતાના આશ્રયનો મહિમા વધારે છે. જે સર્વત્ર સમર્થ હોય તે જો કોઈ વાતે સમર્થ ન થાય તો એનાથી એનો મહિમા વધે છે કે જેથી એ પોતાનું કાર્ય કરવાને સમર્થ થતો નથી એમાં ભગવાનના વિરુદ્ધ ધર્માશ્રયત્વનો મહિમા રહેલો છે. એ ધર્મ ભગવાન્‌માં જ છે. બીજામાં નથી. એનું કાર્યસાધકત્વ નથી તેથી એ મહિમાની કોઈ પ્રતિબન્ધકતા નથી કેમકે ધર્મ એવો છે કે કોઈ એની સમાન કે એથી વધે એમ નથી, પરન્તુ એવો સવાલ ઉપસ્થિત થાય કે બન્ને ધર્મો અવિરુદ્ધ કેમ રહી શકે? પણ આ વિરોધ તો બોલવા માત્રમાં જ છે એવા વિરુદ્ધ ધર્મના આશ્રયત્વથી તો ભગવાનનો મહિમા છે. કેમકે એ અલૌકિક છે. એ મહિમાનો છેડો નથી. એ લોકમાં બન્ને કાર્યો કરે છે એવું દેખાય છે એટલે એની મોટાઈથી એનું માહાત્મ્ય વધે છે એ

જ દુરત્યયાર્થરૂપ છે તેથી પ્રભુ અમૃત અને અભયરૂપ ફલના સ્વામી છે. પુરુષભેદ અને ફલભેદથી એ પોતાનો મહિમા પ્રકટ કરે છે.

એ સ્થિતિપાત્ (સ્થિતિ એટલે ત્રણ લોક.). ભગવાનના ચરણમાં બધા લોકો છે. ત્રિમૂર્ધના મૂર્ધરૂપ મહર્લોકની ઉપરના ત્રણ લોકમાં અમૃત, ક્ષેમ અને અભય (જન, તપ, સત્ય) લોક રહ્યા છે ।।૧૮।।

આ ભગવાનના *ત્રણ પાદ ત્રણ લોકની બહાર છે. એ બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સન્ન્યાસીના આશ્રમ છે. ત્રણ લોકની અન્દર એનાથી જાુદો એવો ગૃહસ્થાશ્રમી રહે છે ।।૧૯।।

**વિશેષ :** ભગવાનના ચાર વર્ણો તે ચાર પાદ. એમાં ભગવાન્ રહે છે. એમાં ત્રણ પાદ બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સન્ન્યાસી; એ ત્રણ લોકની બહાર રહે છે. એ ત્રણમાં એક મુદ્દો સમાન છે એમને પ્રજા નથી થતી. એ અપ્રજ કહેવાય છે. આશ્રમના ધર્મથી એઓ અપુત્ર છે તેથી વાંઝિયા નથી, આ ત્રણ પાદ ત્રણ લોકની બહાર છે. ત્રણ લોકની અન્દર નીચા દરક્ષ્નનો ગૃહસ્થાશ્રમ છે. એની બુદ્ધિ ઘરમાં જ હોય છે. એ બહારનો દોષ છે. બ્રહ્મચર્ય પળાતું નથી એ અન્દરનો દોષ છે. અબૃહદ્વ્રત=મોટું ઉચ્ચ વીર્ય રાખવાનું જેને વ્રત નથી તે.

બે માર્ગો ચાલે છેઃએક માર્ગ એવો જેમાં કાર્યનું ફળ ભોગવવામાં આવે છે તે અને બીજો જેમાં કર્મફલને છોડી દેવામાં આવે. એકને અવિદ્યા કહે છે. બીજાને વિદ્યા કહે છે. એ ઉભયનો *આશ્રય ભગવાન્ કરે છે ।।૨૦।।

**વિશેષ :** કર્મનું ફળ ભોગવવાપણું હોય તેવો અવિદ્યાનો માર્ગ ને કર્મનું ફળ છોડી દેવાપણું હોય તેવો અવિદ્યાનો માર્ગ એમ બે માર્ગોનો આશ્રય ભગવાન્ કરે છે, ભગવાન્ એ માર્ગે ચાલે છે. આ માર્ગો સ્વભાવથી એવા થયા નથી. ભગવાન્ જ બે માર્ગે ચાલે છે. તેથી જ લોકો પણ એનું અનુગમન કરે છે. અવિદ્યા અને વિદ્યા એ ભગવાનની બે શક્તિઓ છે. જો ભગવાન્ એ બેઉ માર્ગે ન ચાલે તો એ બે ભગવદ્ શક્તિ કહેવાય છે એ ન કહેવાય એમનાં કાર્યને સામગ્રી એમાં જ રહેલાં છે.

એ ભગવાન્‌માંથી અધિભૂતાદિ ભેદવાળું, ત્રિગુણવાળું, ભૂત ઈન્દ્રિયવાળું અંડ ઉત્પન્ન થયું અને પોતે જેમ સૂર્ય પોતાના મંડળને તપાવી બહાર પ્રકાશ આપે તેમ આખા પ્રદેશને વ્યાપીને એનાથી બહાર નીકળી રહ્યો ।।૨૧।।

જ્યારે મહાત્માના નાભિકમળમાંથી હું ઉત્પન્ન થયો ત્યારે એના *અવયવો સિવાય યજ્ઞમાં ઉપયોગી હોય તેવા પદાર્થોને મેં જોયા નહિ ।।૨૨।।



**વિશેષ :** આ ભગવાનની નાભિમાંથી કમળ થયું, હું પણ એ કમળમાં થયો. જેમાંથી હું થયો તે મોટા છે; માટે મારે એમનું આરાધન કરવું જોઈએ પણ એમ કેમ કરવું? એને શું આપીએ તો એ રાજી થાય? મે યોગદ્વારા જાણ્યું કે ભગવાન્ યજ્ઞથી પ્રસન્ન થાય છે. પણ યજ્ઞ કરવો શી રીતે? એ પણ વેદથી જાણ્યું કે પશુ અને પુરોડાશથી યજ્ઞ કરવો; પણ એ લાવવાં ક્યાંથી? એ પણ મેં યોગદ્વારા જાણ્યું કે ભગવાનના શ્રીઅંગ વગર પશુ પુરોડાશ વગેરે કાંઈ નથી. ત્યારે એ પુરુષ યજ્ઞરૂપે પ્રકટ થયા. આમ ભગવાન્ પણ સાધનરૂપ છે.

એમાં યજ્ઞનાં પશુ, યૂપ, દર્ભો, યજ્ઞભૂમિ શ્રેષ્ઠ ગુણવાળો કાળ, પાત્ર વગેરે વસ્તુઓ, ચોખા વગેરે ઔષધિઓ, ઘૃત વગેરે સ્નિગ્ધ પદાર્થો, છ રસ, લોહ, માટી, જળ, ઋક્, યજુઃ, સામના મન્ત્ર, ચાતુર્હોત્ર, યજ્ઞોના નામ, મન્ત્રલ દક્ષિણા, વ્રત, દેવતાનો અનુક્રમ, કલ્પ, સંકલ્પ, સૂત્ર, ગતિ, વિષ્ણુક્રમ વગેરે દેવતાનાં ધ્યાન આદિ, મતિ, પ્રાયશ્ચિત, સમર્પણ એ બધી યજ્ઞમાં ઉપયોગી વસ્તુ પુરુષના અવયવોમાંથી મેં તૈયાર કરી ।।૨૩-૨૬।।

આવી રીતે યજ્ઞમાટે ઉપયોગી પદાર્થો એકત્ર કરીને યજ્ઞરૂપ પુરુષના અંગમાંથી લીધા. એ યજ્ઞરૂપ પુરુષ ઈશ્વર છે. એમનું એ પદાર્થોવડે યજન કર્યું ।।૨૭।।

પછી તમારા મરીચિ વગેરે નવ ભાઈઓએ સ્પષ્ટ તેમ જ અસ્પષ્ટ રીતે એમ બે પ્રકારે યજ્ઞપુરુષનું યજન કર્યું. એમણે એ કામ ચિત્તને એકાગ્રતાથી સારીરીતે કર્યું. પછી મનુએ અને અન્ય ઋષિઓએ એમના કાળમાં યજ્ઞો કર્યાં. પિતૃઓ, દેવો, દૈત્યો અને મનુષ્યોએ યજ્ઞો કરી વિભુ યજ્ઞેશ્વરને પ્રસન્ન કર્યાં ।।૨૮-૨૯।।

આ જગત્ ભગવાન્ નારાયણમાં રહ્યું છે. એમણે જો કે સૃષ્ટિ કરવામાં માયાના મોટા ગુણોને ધારણ કર્યા છે છતાં એ પોતે નિર્ગુણ છે ।।૩૦।।

હું એમની આજ્ઞાથી જગતને ઉત્પન્ન કરું છું. મહાદેવજી એમને અધીન રહીને જગતનો લય કરે છે. એવા એ ત્રણ શક્તિવાળા ભગવાન્ પુરુષરૂપથી જગતનું પાલન કરે છે ।।૩૧।।

બેટા! તમે મને જે પૂછ્યું તે મેં તમને કહ્યું. ભાવ અથવા અભાવ, કાર્ય અથવા કારણના રૂપમાં એવી કોઈ ચીજ નથી જે ભગવાન્‌થી અલગ હોય ।।૩૨।।

હે અંગ! મારી વાણી ખોટી પડતી જણાતી નથી. મારા મનમાં કાંઈ ખોટી વાત આવતી નથી. મારી ઈન્દ્રિયો *ખોટે રસ્તે જતી નથી. મેં પ્રેમમગ્ન હૃદયમાં હરિને ધારણ કર્યા છે એને લીધે જ એ બધું સામર્થ્ય મારામાં આવ્યું છે ।।૩૩।।

**વિશેષ :** હૃદયમાંથી ભગવાન્ તિરોધાન પામે છે ત્યારે જ એ ખોટી બુદ્ધિ ઉત્પન્ન કરે છે. મેં તો ઊછળતા હૃદયમાં ભગવાનને પ્રેમથી ધારણ કર્યા છે. ત્યાં ભરતી પણ છે તે ભગવાનને આલિંગન કરી મારા મોઢામાંથી નીકળે છે તેથી એ કોઈ દિવસ ખોટી પડતી નથી. એટલું જ નહિ પણ મારું મન પણ ખોટે રસ્તે જતું નથી. માટે ભગવાનનો પ્રેમ ચિત્તમાં કરવો. પ્રેમવાળું ચિત્ત સર્વત્ર રહેતા ભગવાનને ખેંચી લાવશે. જેમ દ્રવ્યોનો રસ હવા ખેંચી લાવે છે તેમ મન ભગવાનને પ્રેમથી ખેંચે છે.

હું વેદમૂર્તિ છું. મારું જીવન તપસ્યામય છે. બડા-બડા પ્રજાપતિ મને વન્દન કરે છે. અને હું એમનો સ્વામી છું. પહેલાં મેં એકનિષ્ઠાશી યોગનું સર્વાંગ અનુષ્ઠાન કર્યું હતું પરન્તુ હું મારા મૂલકારણ પરમાત્માના સ્વરૂપને ન જાણી શક્યો ।।૩૪।।

જેઓ એને શરણે જાય છે તેમના સંસારનો એ નાશ કરે છે તેમનું શ્રેય કરે છે ને મંગલ કરે છે. હું એમના ચરણને નમું છું. જેમ આકાશ પોતાના અન્તને જાણતું નથી તેમ જો ભગવાન્ પોતાની માયાના વૈભવના પારને પામતા નથી તો બીજા તો કેમ જ પામે? ।।૩૫।।

હું ને તમે એની સાચી ગતિને જાણતા નથી. શિવજી મોટા ખરા પણ એ પણ એની ગતિને જાણતા નથી તો બીજા દેવો તો એની ગતિને ક્યાંથી જાણે? આપણે એની માયામાં મોહિત થયેલ બુદ્ધિવાળા છીએ અને આ ભગવાને બનાવેલા જગતને આપણી બુદ્ધિ અનુસાર જાણીએ છીએ ।।૩૬।।

આપણે બધા એનાં અવતારોને કર્મોને *ગાઈએ છીએ અને છતાં જેને યથાર્થ રૂપમાં જાણી શકતા નથી તેવા તે ભગવાનને હું નમન કરું છું ।।૩૭।।

**વિશેષ :** સાક્ષાત્ ભક્તિ તો હાલમાં છે જ નહિ. માટે પરમ્પરા ભક્તિ કોઈ રીતે કરવી રહી. પરમ્પરા ભક્તિમાં ગુણનું કીર્તન ઉત્તમ છે. તેથી આપણે બધા ભગવદ્વતારનાં કર્મોને ગાઈએ છીએ.

એ જ આદ્ય પુરુષ છે. પોતે એ જ હોવા છતાં કલ્પ-કલ્પમાં આ જગતને ઉત્પન્ન કરે છે. એ પોતે આત્મા(વ્યાપ્ત) છે. એ આત્માને આ આત્મામાં મારે છે અને રક્ષણ કરે છે ।।૩૮।।

આ આત્મા અત્યન્ત શુદ્ધ, કેવલ (અસહાય, એકલો) જ્ઞાનરૂપ, (દેહની) અન્દર રહેલો, (જેવો છે તેવો જ) સારો, અચલ, સત્ય (સદા એક રૂપ), પૂર્ણ, આદિ અને અન્ત વગરનો, નિર્ગુણ (સત્ત્વ-રજ-તમસ્થી પર), નિત્ય, દ્વૈતરહિત



છે ।।૩૯।।

હે ઋષિ! જ્યારે મુનિઓ પોતાના અન્તઃકરણ, ઈન્દ્રિયો અને શરીરને તદ્દન શાન્ત કરી દે છે ત્યારે તેનો સાક્ષાત્કાર થાય છે તેને જાણી લે છે. પણ અસત્પુરુષોદ્વારા તર્કની જાળ બીછાવી તેને ઢાંકી દેવામાં આવે છે કે તરત જ તેનો નાશ પામી તે ગાયબ થઈ જાય છે ।।૪૦।।

પુરુષ એ પુરુષોત્તમ ભગવાનનો *પ્રથમ અવતાર છે. કાલ, સ્વભાવ, સદ્ અસદ્ કર્મ, મન, દ્રવ્ય અર્થાત્ પંચમહાભૂત અહંકાર, ત્રણ ગુણો, ઈન્દ્રિયો, વિરાટ્, સ્વરાટ્, સ્થાવર, જંગમ એ બધા ભગવાનના અવતાર કહેવાય છે ।।૪૧।।

**વિશેષ :** પરબ્રહ્મ પુરુષોત્તમનો પહેલો અવતાર પુરુષ-પ્રકૃતિનો ભર્તા, બીજો-કાલ. ત્રીજો-સ્વભાવ, ચોથો-સદ્અસત્ કર્મ કે પ્રકૃતિ, પાંચમો-મન (મન આધિદૈવિક છે. એ સંકલ્પ વિકલ્પદ્વારા કામને ઉત્પન્ન કરી સૃષ્ટિ કરે છે. એ પછી બીજા અવતારો જેવા કે પાંચ ભૂતો, અહંકારો, સત્ત્વાદિ ત્રણ ગુણો, પાંચ વિષયો, દશ ઈન્દ્રિયો વિરાટ્ બ્રહ્માંડદેહ, સ્વરાટ્ તેનો અભિમાની, સ્થાવર જંગમ એ સર્વ ભૂમા-અતિ સમર્થ નો અવતાર છે. અવતાર=મૂળ સ્થાનમાંથી અહીં ઊતરવું એ. ભગવાન્ પૂર્વે એક હતા તે અહીં સર્વરૂપે પધાર્યા તેથી સર્વ એના અવતારરૂપ છે. સેવકો જેવા કે બ્રહ્મા, મહાદેવ, યજ્ઞનારાયણ, મરીચ્યાદિ પ્રજાપતિઓ, સનકાદિ એ બધા સ્વભાવથી ઉત્કૃષ્ટ છે અને ભગવાનના અવતારો ગણાય છે. અધિકારીઓ-પૃથ્વીલોકના પાલકો, સ્વર્લોકપાલો, ઉપરના લોકના પાલકો, તલલોકના પાલકો, નીચેના લોકપાલકો, ગન્ધર્વોના ઈશો, યક્ષોના નાથો, ઋષિઓમાં શ્રેષ્ઠ સાત્ત્વિકો, પિતૃઓના સંનિપાતો, દૈત્યેન્દ્રો, પ્રેતના ઉપરી બધા અધિકારીઓ ગણાય છે.

હું, શિવજી, યજ્ઞ, પ્રજાપતિઓ દક્ષ વગેરે તમે અને તમારા ભાઈઓ સનકાદિ ભુલોકના પાલક, અન્તરિક્ષ લોકના પાલક, સ્વર્ગલોકના પાલક, પાતાલાદિક લોક પાલો, ગન્ધર્વો, વિદ્યાધરો, ચારણોના ઈશો, યક્ષો, રાક્ષસો, સર્પો નાગના નાથો, ઋષિઓમાં શ્રેષ્ઠો પિતૃઓ, દૈત્યેન્દ્રો, સિદ્ધેશ્વરો, દાનવેન્દ્રો, બીજા પ્રેત, પિશાચ, ભૂત, કૂષ્માંડ, જલજન્તુઓ, પશુઓ, પક્ષીઓ, જે કાંઈ ઐશ્વર્યયુક્ત, લોકમાં ઈન્દ્રિય શક્તિવાળું, મનઃશક્તિવાળું, બળવાળું, ક્ષમાશક્તિવાળું, શોભાયુક્ત લાજાળું, લક્ષ્મીવાન, બુદ્ધિમાન, અદ્ભુત રૂપવાળું, રૂપવગરનાં આકાશાદિ તે બધું ભગવદ્રૂપ છે ।।૪૨-૪૪।।

**પ્રાધાન્યતો યાનૃષ આમનન્તિ લીલાવતારાન્ પુરુષસ્ય ભૂમ્નઃ ।।**

**આપીયતાં કર્ણકષાયશોષાન્ અનુક્રમિષ્યે ત ઈમાન્ સુપેશાન્ ।।૪૫।।**

હે ઋષિ! ભગવાનના જે *અવતારોને લોક પ્રાધાન્ય આપેછેતે અવતારો ભૂમા-અન્તર્યામીરૂપ (દ્વિતીય ધ્યાનમાં કહેલ)છેતેના અવતારો કહેવાયછે. એ સુંદર અવતારોને હું ક્રમથી કહીશ. એ કાનનાં પાતકોનો નાશ કરનારા છે. એનું તમે શ્રોત્રથી પાનકરો ।।૪૫।।

**વિશેષ :** જો કે ભગવત્સૃષ્ટિમાં સર્વ અવતારરૂપ છે એ મુખ્ય પક્ષ છે, પરન્તુ લોકો એમ કહેતા નથી. લોકો જેને અવતાર કહે છે તેનું નલીલાવતારથ એવું નામ છે. એ અવતારો ભૂમાપુરુષ એટલે બ્રહ્માંડથી અધિક અન્તર્યામિરૂપ છે તેના આ બધા અવતાર છે. સત્, ચિત્ અને આનન્દ-દેહ, જીવ અને અન્તર્યામી એમાં દેહ અને જીવનું વર્ણન સત્ અને ચિદ્રૂપે થઈ ગયુ; અન્તર્યામીના આનન્દ અવતારરૂપનું વર્ણન હવે કરવાનું છે.

**ઇતિ શ્રીભાગવત દ્વિતીયસ્કન્ધમાં (ત્રીજો મનન પ્રકરણનો બીજો)**
**''પુરુષ સૂક્તમાં કહેલા ભગવાનના વિરાટ્ દેહનું વર્ણન''**
**નામનો છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આપણે પુષ્ટિમાર્ગને લજાવીએ છીએ જો**
અન્યના સેવ્યસ્વરૂપના સેવા-મનોરથોમાટે ભેટ-સામગ્રી આપીએ છીએ
(હવેલી-મન્દિર વગેરેમાંથી)દેવદ્રવ્યનો પ્રસાદ લઈએ છીએ
પ્રભુસેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી સ્વીકારીએ છીએ

# અધ્યાય ૭
# અન્તર્યામીના અવતારોની કથા

**વિશેષ :** આ સાતમાં અધ્યાયમાં આત્મા હરિનો એના વ્યાપક રૂપથી નિર્ણય એટલે કે એના ધર્મથી તથા એના મૂલરૂપી પ્રાકટ્યરૂપ ઉત્પત્તિનો નિર્ણય યુક્તિસહિત કહેવામાં આવે છે.

૧. પૂર્વે ભગવાનનું સૂક્ષ્મરૂપ પ્રાદેશમાત્રાદિ કહ્યું છે. તેનું અહીં વિસ્તારથી વર્ણન કરવામાં આવે છે. એ પ્રાદેશાદિ ધર્મો ભગવાન્‌માં કલ્પિત નથી પણ ખરા છે. એની સાથે ધર્મીનો અભેદ છે એ કહેવામાટે અહીં કહ્યા છે.

૨. ઉપાસનામાં ભગવાનના ધર્મો સ્વરૂપથી અને ગુણથી જાણવા જોઈએ. એના ધર્મો



જાણ્યા પછી એની ઉપાસના કરવી જોઈએ. તેથી ધર્મરૂપ અવતારનું સ્વરૂપ તથા એના ગુણોનો નિર્ણય અહીં આ અધ્યાયમાં કરવામાં આવ્યો છે.

૩. એમ કહેવાથી એવી પણ સૂચના કરવામાં આવી કે મુખ્ય ભક્તિમાર્ગમાં તો સ્નેહ પ્રયોજક છે. તેમાં ગુણની અપેક્ષા નથી. અહીં અવતારનું મહાત્મ્ય કહેવાથી અવતારીનું ફળ કહ્યું એવો અર્થ કરવો, અહીં અવતારનું મહાત્મ્ય છે તે અવતારીના અંગરૂપ છે. એ કહેવાથી અવતારવિશિષ્ટ અવતારીનું વિશિષ્ટ માહાત્મ્ય સિદ્ધ થાય છે. પૂર્વે જડને જીવનો નિર્ણય કરવામાં આવ્યો. અહીં અન્તર્યામીના ધર્મ સહિત ખંડથી ઉત્પત્તિ કહેવાય છે આવી રીતે એક-એક ધર્મનું મહાત્મ્ય જાણવાથી એ ધર્મવિશિષ્ટ અવતારીનું માહાત્મ્ય કહેવાય છે. **''પ્રાદેશમાત્રં પુરુષં વસન્તમ્''** ઇત્યાદિ શ્લોકથી નિરૂપણ કરવામાં આવ્યું છે તે ભગવાનના સ્વરૂપના એકેક પદના ભિન્ન અવતારે કહે છે. તેમાં પ્રથમ પ્રદેશમાત્ર ભગવદ્ ધર્મ ઉત્પન્ન થયો. તેનું જે રૂપ બન્યું તેનું વર્ણન બ્રહ્માજી નારદજીને કહે છે.

**બ્રહ્માઉવાચ**

**યત્રોદ્યતઃ ક્ષિતિતલોદ્ધરણાય બિભ્રત્ ક્રૌડીં તનું સકલયજ્ઞમયીમનન્તઃ ।।**
**અન્તર્મહાર્ણવ ઉપાગતમાદિદૈત્યં તં દંષ્ટ્રયાદ્રિમિવ વજ્રધરો દદાર ।।૧।।**

**બ્રહ્માજીએ કહ્યું :** ભગવાન્ જ્યાં પૃથ્વીનો ઉદ્ધાર કરવાનું વિચારવા લાગ્યા ત્યાં એણે સકળ યજ્ઞમયી વરાહના તનુને ધારણ કર્યું અને મોટા સમુદ્રમાં આદિદૈત્ય હિરણ્યાક્ષને ઈન્દ્ર જેમ પર્વતને તોડે તેમ દાઢવડે ચીરી નાખ્યો ।।૧।।

રુચિ પ્રજાપતિથી આકૂતિ નામની સ્ત્રીમાં સુયજ્ઞ નામના દેવોને ઉત્પન્ન કર્યા. એ સુયજ્ઞે ત્રણ લોકની પીડા મટાડી ત્યારે એની માના બાપ મનુએ હરિ નામથી એને ઓળખ્યા ।।૨।।

હે દ્વિજ! કર્દમમુનિની સ્ત્રી દેવહૂતિમાં નવ કન્યાઓની સાથે ભગવાન્ કપિલદેવ ઉત્પન્ન થયા તેણે પોતાની માતાને સાંખ્યજ્ઞાન આપ્યું. એનાથી એ પોતાનાં ગુણોના સંગના કાદવરૂપ અન્તઃકરણના પાપ આ જન્મમાં જ ખંખેરી નાંખી કપિલની ગતિને પ્રાપ્ત થયાં ।।૩।।

પ્રજાની ઇચ્છાથી અત્રિ તપ કરતા હતા ત્યાં ભગવાન્ પધાર્યા. હું મારું સ્વરૂપ તમને આપું છું એમ કહ્યું તેથી એ 'દત્ત' ભગવાન્ થયા. એના ચરણની રજના પ્રતાપે જેના દેહ પવિત્ર થયા છે તેવા યદુ અને સહસ્રાર્જુન સદ્યોમુક્તિને ક્રમ મુક્તિરૂપ યોગ સમૃદ્ધિને પામ્યા ।।૪।।

અનેક લોક સરજવાની ઇચ્છાથી મેં પૂર્વે તપ કરેલ તે તપ ભગવાનને અર્પણ કર્યું એનાથી ચાર 'સન' થયા (સનક, સનાતન, સનન્દ, સનત્કુમાર). તેમણે પૂર્વ કલ્પનાં પ્રલયમાં નષ્ટ થયેલ આત્મતત્ત્વને સારી રીતે કહ્યું, જેના કથનમાત્રથી મુનિઓ આત્મામાં એનો અનુભવ કરવા લાગ્યા ।।૫।।

ધર્મને દક્ષની કન્યા મૂર્તિમાં સ્વતપના પ્રભાવવાળા નારાયણ અને નર નામના બે રૂપે અવતાર થયો તેની પાસે કામની સેનારૂપ અપ્સરાઓ તપના ભંગમાટે આવી પણ એ ભગવાનનો નિયમ લોપ કરવાને સમર્થ ન થઈ, (અથવા પોતાના નિયમનો સ્ત્રીઓને ગર્વ હતો તે ગર્વ ન ચાલ્યો) ।।૬।।

મહાદેવજી જેવા મહાપુરુષો કામને બાળી ભસ્મ કરે છે, રોષથી કામને બાળે છે પણ ક્રોધ પોતાને બાળનાર અસહ્ય દોષ છે તેને એ બાળી શકતા નથી. એ ક્રોધ અહીં ભગવાનના અન્તઃકરણમાં આવતાં અત્યન્ત ભય પામે છે તો એના મનમાં કામ તો ક્યાંથી આવી શકે? ।।૭।।

ઉત્તાનપાદ રાજાની પાસે ધ્રુવ ગયો ત્યારે સુરુચિના વચનરૂપી બાણથી એ વીંધાયો તેથી એ વનમાં ગયો. એની સ્તુતિથી પ્રસન્ન થયેલ ભગવાનને ધ્રુવને સ્થિર સ્થાન આપ્યું જે સ્થાનની મુનિઓ સ્તુતિ કરે છે અને એની ચારે તરફ ઉપર અને નીચે ફરે છે ।।૮।।

વેન રાજાને વેદવિરુદ્ધ રસ્તો લીધો ત્યારે બ્રાહ્મણોનાં વાક્યરૂપી વજ્રોના પ્રહારથી એના ભાગ્ય અને પુરુષાર્થ નષ્ટ થયાં અને એ નરકમાં પડવા લાગ્યો તે વખતે ભગવાનની મુનિલોકોએ પ્રાર્થના કરી તેથી ભગવાન્ એના પુત્રપદને પામ્યા અને વસુધામાંથી બધા પદાર્થ પ્રભુએ દોહીને પેદા કર્યા ।।૯।।

નાભિથી (મેરુદેવી) સુદેવીમાં ઋષભદેવ થયા તે સમાનદષ્ટિવાળા, બ્રહ્મદષ્ટિવાળા થયા. એમણે જડની માફક યોગનું આચરણ કર્યું. આ યોગને ઋષિઓ પારમહંસ્યજ્ઞાન કહે છે. એ બ્રહ્મમાં સ્થિતિવાળા, શાંત ઇંદ્રિયોવાળા અને મુક્તસંગ હતા ।।૧૦।।

મારા યજ્ઞમાં ભગવાન્ હયગ્રીવ નામના સાક્ષાત્ યજ્ઞપુરુષ સોના જેવી કાન્તિવાળા, વેદમય, યજ્ઞમય, સકલ દેવતામય થયા, જેની નાસિકાથી શ્વાસ લેતાં પવિત્ર વેદવાણી પ્રકટીહતી ।।૧૧।।

સત્યવ્રત રાજાએ સન્ધ્યાનું જલ લીધું તેમાં અઞ્જલિમાં યુગાન્તના વખતે મત્સ્ય દેખાયો તે મોટો થતાં પૃથ્વીમય થયો અને સમગ્ર જીવદેહના આશ્રયરૂપ થયો.



પ્રલયજલના ભયને લીધે મારા મુખથી પડેલા વેદને હયગ્રીવ દૈત્ય લઈ ગયો તેને મારી વેદને પોતાની પાસે રાખી પ્રલયજળમાં વિહર્યા ।।૧૨।।

દેવો અને દાનવો અમૃત મેળવવામાટે ક્ષીરસાગરનું મથન કરવા લાગ્યા ત્યાં આદિદેવ ભગવાન્ કૂર્મ પ્રકટ થયા. ડૂબતા મન્દરાચળને પોતાની પીઠ ઉપર ધર્યો તેને ફેરવવાથી ભગવાનની ચેળ મટવા આવી એટલે નિદ્રાના સુખનો અનુભવ કર્યો।।૧૩।।

દેવોના મહાન ભયને ટાળવામાટે ફરકતી ભમરથી અને દાઢથી ભયંકર મુખવાળા નૃસિંહ પ્રભુ પ્રકટ થયા. ગદા સાથે લડવામાટે ધસી આવતા હિરણ્યકશિપુને દૂરથી ખોળામાં નાખીને એને નખોવડે ચીરી નાખ્યો ।।૧૪।।

અત્યન્ત બળવાન મગરે સરોવરમાં ગજેન્દ્રનો પગ પકડી લીધો. તેના યૂથે (પત્નીઓ, પુત્રો વગેરેએ) ખૂબ મથામણ કરી પણ છૂટી ન શક્યો ત્યારે થાકીને ગભરાઈને, પોતાની સૂંઢમાં કમલ લઈને ટેર લગાવી "હે આદિપુરુષ! હે સમસ્ત લોકોના સ્વામી! હે તીર્થશ્રવ!(તીર્થોના જેટલી પાપ બાળી નાખવાની શક્તિ જેની કીર્તીમાં છે એવા) શ્રવણ મંગલનામધેય (જેનું નામ શ્રવણ કરવા માત્રથી સર્વ ઈચ્છિત શુભ પદાર્થો પ્રાપ્ત કરાવી આપે એવું મંગલમય છે)" ।।૧૫।।

વૈકુણ્ઠમાં હરિએ પુકાર સાંભળ્યો કે કોઈ કારણથી યાદ કરે છે. એટલે ચુપચાપ, હાથમાં સુદર્શન ચક્ર ધારણ કરીને સરોવર પાસે આવી ગરુડજી ઉપરથી ઠેકડો મારી, ચક્રથી મગરનું મોઢું ચીરી નાખ્યું. આમ નિઃસાધન ગજેન્દ્રની સૂંઢ પકડી બહાર ખેંચી કાઢી તેનો કૃપાપૂર્વક ઉદ્ધાર કર્યો ।।૧૬।।

ભગવાન્ વામનજી અદિતિના પુત્રોમાં સૌથી નાના હતા પણ ગુણોની દષ્ટિએ સૌથી મોટા હતા; કારણ કે યજ્ઞપુરુષ ભગવાને આ અવતારમાં, બલિએ સંકલ્પ કર્યો કે તરત જ બધા લોકોને પોતાના ચરણોથી જ માપી લીધા. વામન બનીને તેમણે ત્રણ પગલા પૃથ્વીને બહાને બલિ પાસેથી સારી પૃથ્વી લઈ તો લીધી, પરન્તુ એ વાત સિદ્ધ કરી દીધી કે સન્માર્ગ ઉપર ચાલનારા પુરુષોને યાચના સિવાય બીજા કોઈ પણ ઉપાયથી સમર્થ પુરુષો પણ ચલાયમાન કરી શકતા નથી ।।૧૭।।

હે અંગ! ઉરુક્રમ ભગવાનના ચરણામૃતને પોતાના મસ્તક ઉપર લેનારા બલિ રાજાને ઈન્દ્રનું પદ ભાવી તથા અત્યારે છે તે બન્ને આપ્યાં એ કાંઈ વધારે નથી. જેણે ત્રીજા પગને માટે પોતાનું મસ્તક આપ્યું. જેને ગુરુએ રોક્યો અને શાપ આપ્યો છતાં પોતાની પ્રતિજ્ઞાથી જે ડગ્યો નહિ તેને આ આપ્યું તે કાંઈ હિસાબમાં નથી

॥૧૮॥

હે નારદ! તમારા વધતા જતા ભાવથી ખૂબ સારી રીતે સર્વ તરફથી પ્રસન્ન થઈ ભગવાને તમને યોગ* કહ્યો, જીવના તત્ત્વ અર્થાત્ શુદ્ધ ચૈતન્ય=સ્વરૂપનું જ્ઞાન અને પુરુષોત્તમનું દાન પણ તમને ભગવાને આપ્યું, જેઓ વાસુદેવને શરણ સર્વથા છે તેવા ભક્તો એને જલદીથી જાણે છે ॥૧૯॥

**વિશેષ :** યોગ=(જેનાથી ભગવાનનાં દર્શન ચોક્કસ થાય જ એવો) ઉપાય.

મન્વન્તરમાં મનુવંશને ધારણ કરે છે અને દશ દિશામાં પોતાની આજ્ઞારૂપી સાવધાન ચક્રને ફેરવે છે, દુષ્ટ રાજાઓને દંડ, આપે છે અને પોતાના ચરિત્રોથી જન, તપ, સત્યલોક સુધી પોતાની કીર્તિને પ્રસિદ્ધ કરી એ પ્રજાનું પરિપાલન કરે છે॥૨૦॥

ધન્વતરિ એવી મોટી કીર્તિ છે કે એનું નામ લેવાથી મહારોગીના રોગો નાબુદ થાય. એનુ નામ કીર્તિરૂપ જ છે. યજ્ઞમાં એનો જે ભાગ અટકાવવામાં આવેલો તે એમણે મેળવ્યો. એમણે લોકમાં અવતાર લઈ આર્યુવેદ શાસ્ત્રની પ્રવૃત્તિ કરી॥૨૧॥

દૈવવશાત્ ક્ષત્રિયો ખૂબ વધી ગયા. તેઓ બ્રાહ્મણોનો દ્રોહ કરવા લાગ્યા, કારણ કે નરકના દુઃખની ઈચ્છા એમને થઈ આવી હતી. વેદમાર્ગને વેગળો કરી તેઓ પૃથ્વીના કણ્ટકરૂપ બન્યા ત્યારે મહાત્મા પરશુરામજીએ ૨૧ વાર તેમનો પોતાની ધારવાળી ફરશીથી નાશ કર્યો ॥૨૨॥

અમારી ઉપર કૃપા કરવામાં તત્પર તેવા માયાના પતિ રામચન્દ્રજી સીતાજી સાથે પ્રકટ્યા. પિતાની આજ્ઞાથી સીતા અને લક્ષ્મણને સાથે લઈ વનમાં ગયા. એમની સાથે વિરોધ કરીને રાવણે પોતાના સર્વસ્વનો નાશ કર્યો ॥૨૩॥

શિવજીની પેઠે શત્રુના પુર લંકાને બાળી નાખવાને જ્યારે રામચન્દ્રજી સમુદ્ર કિનારે આવ્યા ત્યારે સ્ત્રીવિયોગથી જેમની આંખ લાલ થઈ છે તેવા રામની દૃષ્ટિ પડવા માત્રથી સમુદ્રનાં મગરમચ્છ, માછલાં, મગર અને ગ્રહોનો સમૂહ તપવા લાગ્યાં અને ભયથી સમુદ્રના અંગમાં કંપ થયો અને એણે ભગવાનને રસ્તો આપ્યો ॥૨૪॥

ઈન્દ્રનો હાથી ઐરાવત રાવણની છાતીમાં દાન્ત મારવા ગયો ત્યારે એના દાન્તના ભૂકા ઊડી ગયા. દિશાઓમાં એ દાન્તના કકડા પડ્યા. એનાથી એ ધોળી થઈ ગઈ. એવો રાવણ પોતાના મનમાં મારા જેવો કોણ છે એવું માની હસે છે અને પોતાના તેમ જ સામાના સૈન્યમાં ફરે છે. એવા રાવણના પ્રાણની સાથે એના ગર્વનો ભગવાન્ રામચન્દ્ર ધનુષના ટંકારથી નાશ કરશે. ॥૨૫॥



અસુરોની સેનાના પગ-પ્રહારથી ભૂમિ કચડાએલી હતી. એથી એનો ક્લેશ દૂર કરવામાટે ભગવાન્ *સફેદ-કાળા કેશરૂપ પ્રકટ્યા એના માર્ગને કોઈ જાણી શકતું નથી એ પોતાનો મહિમા વધારવાનાં કાર્ય કરશે ॥૨૬॥

**વિશેષ :** ૧. **'સિતકૃષ્ણકેશઃ'** એવું ભગવાનનું નામ છે, જેના શ્યામ અને શ્વેત કેશ છે તેવા ભગવાન્ વૈકુણ્ઠમાં બિરાજે છે. ૨.એક એવી માન્યતા પણ પ્રવર્તે છે કે 'સિત' શબ્દ શ્રીબલરામજીમાટે અને કૃષ્ણ શબ્દ શ્રીકૃષ્ણમાટે વપરાયો છે. ૩. 'સિત' એટલે દેવતાઓ અને 'કૃષ્ણ' એટલે અસુરો આમ શુભાશુભ આચારવાળા દેવોના ઈશ્વરરૂપ ભગવાન્ છે. ૪. 'સિત' એટલે પ્રકાશમાન અને 'કૃષ્ણ' એટલે કાળા કેશવાળા 'હિરણ્યકેશ' ભગવાન્ છે. ૫. અથવા શ્વેતવર્ણના સંકર્ષણ અને કૃષ્ણવર્ણના શ્રીનન્દકુમાર-શ્યામસુન્દરને ભૂમિનો ભાર ઊતારવો એ મસ્તકના કેશ ઊતારવા બરાબર છે. એવા ભગવાનનો આ અવતાર છે એવો ભાવ છે.

બાલ્યાવસ્થા એટલે છ દિવસના થયા ત્યાં તો એમણે પૂતનાને મારી. ત્રણ માસના થતાં એમણે ગાડાને પગવડે ઊંધું વાળ્યું ઘૂટણે ચાલતાં-ચાલતાં આકાશમાં પહોંચે તેવાં અર્જુન વૃક્ષોને ઉખેડી નાખ્યાં, આવાં બધાં કામ ભગવાન વિના બીજાથી બને એમ નથી ॥૨૭॥

વ્રજનાં પશુઓ કાલિદીનું ઝેરી જળ પીવાથી મરી ગયાં તે બધાં પશુ અને ગોપબાળોને અનુગ્રહની દૃષ્ટિમાત્રથી જિવાડ્યાં. એટલું જ નહિ કાલિદીજીને શુદ્ધ કરવામાટે મહાઝેરી સર્પને એમાંથી દૂર કરવા કાલીય હ્રદ (ધુના) માં વિહાર કરી એને ત્યાંથી દૂર કરશે ॥૨૮॥

રાતે વ્રજ સુતું હશે. પવિત્ર મુઞ્જા વનમાં દવ લાગશે. બધાં માનશે કે આ તો મોત જ આવ્યું. બલભદ્ર સાથે તે બધાને નેત્રો બન્ધ કરવાનું કહેશે અને અહીંથી (ગુંજાવનમાંથી) બીજે (ભાંડિર વનમાં) લઈ જશે. આ એમની લીલા અલૌકિક હશે કારણ કે એમની શક્તિ અને પરાક્રમ આપણી બુદ્ધિથી પર છે ॥૨૯॥

માતા યશોદાએ કૃષ્ણને બાન્ધવા જે-જે દોરડું લીધું તે-તે એને બાન્ધવા ટૂંકુ જ પડ્યું. બે આંગળ ઓછું થયું. વળી એ કૃષ્ણે બગાસું ખાધું એમાં મુખ ખુલ્લું થતાં યશોદાએ બ્રહ્માંડ જોયું એથી એને શંકા થતાં ભગવાને જ એનો સન્દેહ દૂર કરી એને જ્ઞાન કરાવ્યું ॥૩૦॥

નન્દબાબાને (સર્પ ગળી જશે તે) ભયથી અને વરુણના પાશમાંથી શ્રીકૃષ્ણ છોડાવશે. મયદાનવના પુત્ર વ્યોમાસુર ગોપ બાલકોનું હરણ કરી જઈ ગુફાઓમાં પૂરી

દેશે તેમને છોડાવશે, દિવસે ઘરના કામમાં વ્રજ ગળાડૂબ રોકાયેલું રહેશે. જ્યારે રાતે થાકીને લોથ-પોથ થઈ જવાથી ઘસ-ઘસાટ ઊંઘી જશે. આમ દિવસે અને રાતે પરલોકનું સાધન કંઈ નથી કરતાં એવાં વ્રજવાસીઓને વૈકુણ્ઠ સુધી જવાની મહેનત ન પડેમાટે વ્યાપિવૈકુણ્ઠને જ અહીં તેમની પાસે લાવી મૂકશે. આમ કરવાનું કારણ કે પ્રભુએ વ્રજને પોતાના તરીકે અંગીકાર કર્યો હતો ।।૩૧।।

હે નિષ્પાપ! જ્યારે ભગવાને ઈન્દ્રનો યાગ બન્ધ કરાવ્યો ત્યારે વ્રજનો નાશ કરવાને ઈન્દ્રે વ્રજ ઉપર વૃષ્ટિ કરી ત્યારે જો કે પોતે સાત વર્ષના હતા છતાં ભગવાને વ્રજભક્તોના રક્ષણની ઈચ્છા કરી અને એક હાસ્થી ચોમાસામાં ઊગતા ટોપની પેઠે લીલા માત્રવડે ગિરિરાજ ગોવર્ધન પર્વતને ધારણ કર્યો ।।૩૨।।

ચન્દ્રના કિરણોથી અજવાળી રાતમાં વનમાં રાસોત્સવ કરવામાટે ક્રીડા કરતા અને અવ્યક્ત મધુરપદવાળી વેણુના તાનથી વ્રજસીમન્તિનીઓના મનમાં કામના રોગને ફેલાવતા ભગવાન્ ગોપીજનોને હરણ કરનાર કુબેરના નોકર શંકચૂડના મસ્તકને ઉડાવી દેશે ।।૩૩।।

પ્રલમ્બ, ખર, દર્દૂર, કેશી, વૃષભાસુર, મલ્લો, કુવલયાપીડ, કંસ, કાલયવન, નરકાસુર, પૌંડ્રક અને બીજા શાલ્વ, દ્વિવિધ બલ્વલ, દન્તવક્ત્ર, સાત આખલા, શમ્બર, વિદૂરથ, રુકૂમી જેમાં મુખ્ય છે. તેઓને ભગવાન્ મારીને ફળ આપે છે।।૩૪।।

લડાઈમાં હથિયાર હાથમાં લઈને યુદ્ધથી શોભનારા બીજા કામ્બોજ, મત્સ્ય, કુરુ, કૈક્ય, પાંચાલ, અર્ણ દેશનાં રાજાઓને બલદેવજી, અર્જુન, ભીમ એવા નામના બહાના હેઠળ ભગવાન્ જ મારીને એમને પોતાના ધામમાં લઈ જશે ।।૩૫।।

કાળે કરીને જ્ઞાન નષ્ટ થતાં લોકો ટૂંકા આયુષ્યવાળા થશે. એઓ પોતાનો વેદ ભણી શકે એવા નહિ હોય એવા વિચારથી દરેક યુગમાં સત્યવતીથી પ્રકટ થઈ વેદરૂપી વૃક્ષોની શાખાઓનો વિભાગ વ્યાસરૂપે કરશે ।।૩૬।।

દેવોના શત્રુ દૈત્યોએ વૈદિક માર્ગમાં નિષ્ઠા રાખી મયદાનવ પાસે નગરી કરાવી. આ મયદાનવ એવો છે કે એનાં વેગની કોઈને ખબર પડતી નથી એ નગરી કરી લોકોને મારવા લાગ્યા. એમણે પાખંડ વેશે કરી એઓની મતિના મોહ કરાવ્યો અને અતિલોભ ઉત્પન્ન કરી પાખંડ, ધર્મોનો (બુદ્ધ સ્વરૂપે) ઉપદેશ કર્યો ।।૩૭।।

જ્યારે સત્પુરુષોનાં ઘરમાં ભગવાનની કથાઓ* બન્ધ થશે, ત્રૈવર્ણિકો પાખંડી થશે. રાજાઓ શૂદ્રો થશે, સ્વાહા, સ્વધા અને વષટ્ શબ્દો સાંભળાશે નહિ ત્યારે



કલિના અન્તમાં ભગવાન્ બધાને સીધા કરવામાટે (કલ્કિ સ્વરૂપે) પ્રકટ થશે ।।૩૮।।

**વિશેષ** : બીજા યુગોમાં ભગવાનની કથાઓ સર્વત્ર ઘરની બહાર થતી. દ્વાપર આવ્યો ત્યારે સત્પુરુષોના ઘરમાં થવા લાગી, કલિ વધશે ત્યારે સત્પુરુષોના ઘરમાં પણ કથા નહિ થાય; ત્યારે કળિયુગ જ લોકોને શિક્ષણ આપનાર થશે. કળિયુગના આરમ્ભમાં જ ભગવાન્ પરીક્ષિત રાજામાં આવિષ્ટ થયા તેથી એમણે કલિનો નિગ્રહ કર્યો; પરન્તુ એ જોઈએ તેવો પકડાયો નહિ કેમકે એ વખતે ભગવત્કથાનો પ્રચાર હતો. તેથી કલિમળના સમુદાયને પહોંચી વળનાર અથવા દૂર કરનાર એ વખતે બહુ હતા. કળિયુગે કેવળ ધર્મનો અભાવ કર્યો એટલું જ નથી પણ કલિના પ્રભાવથી વૈદિકધર્મ પણ લોકમાંથી ગયો. ધર્મને ઉત્પન્ન કરનાર બ્રાહ્મણો છે; એનું પાલન કરી આપાવનાર ક્ષત્રિયો છે; એ બન્ને તો કલિમાં નષ્ટ થઈ ગયા ત્રિવર્ણ દ્વિજો પાખંડી થયા તે પાખંડ ધર્મો કહે છે ને બોધ કરે છે. રાજાઓ શૂદ્ર થઈ ગયા. એઓ પણ ધર્મનાશક થયા. એ વૃષલો કહેવાય. વૃષલ એટલે મ્લેચ્છ, ધર્મને એઓ નાશ કરવામાટે ગ્રહણ કરે છે. અથવા વેદનો નાશ કરવામાટે વૈદિક કર્મો કરે છે. એ માનુષ દેવો છે એથી પાલન યોગ્ય અને પાળનાર બન્ને દોષવાળા છે. હવે તો ધર્મનો દેખાવ હતો. તે પણ ગયો છે. સર્વત્ર વિધિનાં સર થાય છે. અનુકરણના રૂપમાં વિધિઓ થાય છે. એ ધર્માભાસો થાય છેએમાં દેવો પ્રત્યક્ષ થતા નથી તેથી 'યાગ' કહેવાય નહિ. આમ છતાં સ્વાહા સંભળાય છે એ પણ બંધ થશે ત્યારે ભગવાન્ અવતરશે. ઘરમાં અથવા દેશમાં આ શબ્દો સંભળાતા બંધ થશે ત્યારે કલ્કિનો અવતાર થશે. એટલે ધર્મનો અભાવ, ભક્તિનો અભાવ, આભાસ ધર્મનો અભાવ અને વેદનો અભાવ થશે. પાછો સત્યયુગ થશે ત્યારે એની પ્રવૃત્તિ થશે; જ્યારે ભગવાનના બધા ધર્મ પ્રકટ થશે.

ભગવાન્ અનેક શક્તિઓ ધારણ કરે છે, જ્યારે એ સૃષ્ટિ કરે છે. ત્યારે તમને અને મરીચિ વગેરે પ્રજાપતિઓને ઉત્પન્ન કરે છે. ત્યારે એ ધર્મને, યજ્ઞને, મન્વન્તરને, દેવોને અને રાજાઓને ઉત્પન્ન કરે છે, જ્યારે એ જગતના સંહારનો વિચાર કરે છે ત્યારે મન્યુવશ નામના સર્પ દેવોના પ્રતિપક્ષી અસુરોને ઉત્પન્ન કરે છે. એ બધો એમની માયાનો વૈભવ કહેવાય છે ।।૩૯।।

કદાચ કોઈ ડાહ્યો પુરુષ પૃથ્વીના કણને ગણે પણ વિષ્ણુનાં પરાક્રમો એટલા બધા છે કે એની ગણના થઈ શકે નહિ. *વામનાવતારમાં જ્યારે વિષ્ણુ પગ માંડવા લાગ્યા ત્યારે સત્યાદિ સ્થાનો લોકસહિત એમના વેગથી બહુ કંપવા લાગ્યાં તેને પોતે થોભી રાખ્યાં ।।૪૦।।

**વિશેષ** : જગતના પદાર્થોમાં સામર્થ્ય છતાં ભગવાનનો એક અંશ જાણવામાં પણ સામર્થ્ય

નથી દેખાતું, કાર્યસૃષ્ટિમાં સમર્થ જીવોની ગણનામાં બ્રહ્મા મુખ્ય છે. એમને તત્ત્વોની સહાયતા મળી તેથી એ તત્ત્વોએ બ્રહ્માંડ કર્યું. રજો ગુણના અધિષ્ઠાતાએ બ્રહ્માંડમાં જીવો ઉત્પન્ન કર્યા. એના ભોગના અદષ્ટથી સંસારવાળા પરમાણુઓનો ઢગલો એમાંથી જુદો પાડ્યો.

એવા ભગવાનના* અન્તનો પાર હું પામી શકતો નથી. તમારા મોટા ભાઈઓ સનકાદિ પણ નથી પામતા. એ પ્રભુ માયાના બળવાળા પુરુષ છે તો એમનો બીજો તો પાર ક્યાંથી પામે? હજારો મુખથી શેષ ભગવદ્‌ગુણ ગાય છે તો પણ એ આજ સુધી એના ગુણના પારને પામતા નથી. તો એક જીભવાળો જીવ તો શું ગાઈ શકે? ।।૪૧।।

**વિશેષ** : હું બ્રહ્મા સર્વદા ભગવદ્‌ગુણને જણાવનાર છું, જગતનો કરનાર અને આખો જન્મ સૃષ્ટિનું કાર્ય કરું છું; કેટલુંક કાર્ય ઉત્તરદ્વારા પણ કરું છું. યોગ પણ મારી અન્દર રહેલા ફલનો સાધક છે. મારા પુત્રો અને સનકાદિ મારા અંશરૂપ હોવાથી મારા કરતાં ઓછું કરી શકે. માયા ક્ષણમાત્રમાં કોટિ બ્રહ્માંડને ઉત્પન્ન કરવામાં સમર્થ છે; એ ભગવાનના બળથી એવી શક્તિવાળી છે કેમકે માયાના એ ધણી છે. ભગવાન્ એનામાં જેટલા તેજને સ્થાપે છે તેટલા તેજને ઉત્પન્ન કરી શકે છે. તો એનાથી ઓછા પરાક્રમવાળા કાલાદિ તો એના મહિમાનો પાર ક્યાંથી પામી શકે? શેષ વેદની અભિમાની દેવતા છે; હજાર મુખવાળા છે તે આદિદેવ છે. જેટલા ભગવાન્ છે તેમાંથી બાકી રહ્યું તે બધું શેષ કહેવાય. એણે સૃષ્ટિનો આરમ્ભ થયો ત્યારથી ગુણ ગણવાનો આરમ્ભ કર્યો તે આજ સુધી ગણ્યા જ કરે છે તો પણ એના એક ગુણનો પાર એ પામી શક્યા નથી. એ તો અનન્ત છે. સૃષ્ટિની અગાઉ પણ એ છે. એવા ભગવાન્ છે એની ધારણા કરવી પણ અશક્ય છે.

સર્વાત્મભાવવડે નિષ્કપટ થઈ જે અનન્તના ચરણનો આશ્રય કરે તેની ઉપર ભગવાન્ દયા વિચારે છે. એ ભગવાનની માયા જે અતિ દુસ્તર છે તેને પણ તરી જાય છે. કૂતરાં શિયાળિયાંને ખાવા લાયક એવા આ દેહમાં જેને ''હું અને મારું'' એવી બુદ્ધિ ન હોય તે જ માયાને તરી ઊતર્યા છે અને એ જ એને તર્યાનું લક્ષણ છે. જેનામાં તે લક્ષણ જોવામાં આવે તે માયા તરે છે એમ જાણવું ।।૪૨।।

હે અંગ! એની યોગમાયાને હું જાણું છું તમે નારદ-સનકાદિ પણ જાણો છો; ભગવાન્ શિવજી જાણે છે; દૈત્યશ્રેષ્ઠ પ્રહ્‌લાદ જાણે છે; મનુની સ્ત્રી શતરૂપા, મનુ પોતે, એમના પુત્રો પ્રિયવ્રત વગેરે, પ્રાચીન બર્હિષ રાજા, ઋભુ, વેનનો પિતા અંગરાજા, ધ્રુવ, ઈક્ષ્વાકુ, પુરુરવા, મુચુકુન્દ, જનકરાજા, ગાર્ગી, રઘુ, અમ્બરીષ,



સગર, ગય, યયાતિ વગેરે એની યોગમાયાને જાણે છે. માન્ધાતા, અલર્ક, શતધન્વા, અનુ, રન્તિદેવ, ભીષ્મ, બલિ, અમૂર્ત્તરય, દિલીપ, સૌભરિ, ઉત્તંક, શિબિ, દેવલ, પિપ્પલાદ, દધીચિ, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણ અને બીજાઓ વિભીષણ, હનુમાન, પરીક્ષિત, અર્જુન, આર્ષ્ટિષેણ, વિદુર, શ્રુતદેવ વગેરે મહાત્માઓ પણ દેવની માયાને જાણે છે અને એ માયાના પારને પામે છે. સ્ત્રી, શૂદ્ર, હૂણ, ભીલો વગેરે પાપી જીવો પણ જાણે છે. અદ્‌ભુત પરાક્રમી પ્રભુનાં શીલ અને શિક્ષાને પશુઓ પણ જાણે છે તો સાંભળેલું યાદ રાખનારાં જાણે એમાં તો શું કહેવાનું હોઈ શકે? ।।૪૩-૪૬।।

પરમ પુરુષ પરબ્રહ્મનું પદારવિન્દ નિત્ય છે, જ્ઞાનમાત્ર છે, શુદ્ધ, સમ, કાર્ય કારણથી પર છે, આત્માનું ખરૂં સ્વરૂપ છે,જ્યાં કારકવાળો શબ્દ પણ પહોંચતો નથી, માયા એની સામે જોતાં લજાય છે. પરબ્રહ્મનું એ પદ શોક રહિત સુખરૂપ છે. જેમ ઈન્દ્ર કૂવો ગાળવાનાં સાધનો જેવાં કે કોદાળી પાવડો રાખતો નથી કેમકે તે પોતે જળનો રાજા છે તેમ યતિઓ મનને ભગવાન્‌માં રાખીને યોગ તપ આદિ સાધનોને છોડી દે છે ।।૪૭-૪૮।।

એ સમર્થ ભગવાન્ શ્રેય આપનાર છે. ભાવ અને સ્વભાવવાળા જગતની એનાથી પ્રસિદ્ધિ થઈ છે. જ્યારે દેહની ધાતુઓ ચાલી જાય ત્યારે દેહ પડે છતાં એમાં રહેલો આત્મા નાશ પામતો નથી ।।૪૯।।

એ ભગવાન્ વિશ્વનું પાલન કરનાર છે. હે તાત! એનું સ્વરૂપ મેં તમને કહ્યું. ટૂંકમાં કહીએ તો હરિથી પર બીજું કાંઈ નથી. તેથી ભગવાન્ સર્વરૂપ છે, ભગવાન્‌થી સર્વ છે. (કાલપણ એ જ છે. જે પ્રસિદ્ધ તે એજ છે) એનાથી પર બીજું કાંઈ નથી ।।૫૦।।

ભગવાને કહેલ* તે 'શ્રીભાગવત' નામનું આ પુરાણ મેં તમને કહ્યું. આમાં ભગવાનની વિભૂતિઓનો સંગ્રહ છે તેનો તમે વિસ્તાર કરો ।।૫૧।।

**વિશેષ** : મેં આ કહ્યું તે શ્રીભાગવત ભગવાને કહેલું અથવા જેનું ફળ ભગવાન્ છે તેનું નામ શ્રીભાગવત આટલું જ શ્રીભાગવત નથી, આ તો વિભૂતિનો સંગ્રહ છે. સંક્ષેપ અને વિસ્તાર અધિકારને અનુસાર કહેવામાં આવે છે. તમે ઉત્તમ અધિકારી હોવાથી તમે બીજાને કહો તો આને વિસ્તારથી કહેજો.

સર્વાત્મા, અખિલના આધાર હરિ ભગવાન્‌માં લોકોને ભક્તિ થાય એવો સંકલ્પ કરીને તમે વર્ણન* કરો ।।૫૨।।

**વિશેષ :** માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહનું નામ ભક્તિ. માહાત્મ્યજ્ઞાન થયા વગર ભક્તિનો ઉદય થતો નથી. એમાટે વિસ્તારની જરૂર છે. લોકોને જેમ ભક્તિ થાય તેમ કહેવું. આથી અધિકારને અનુસાર પદાર્થનું વર્ણન કરવું. પરન્તુ સમ્બન્ધ ન થાય ત્યાં સુધી ભક્તિ ક્યાંથી થાય? આત્મા પરમ પ્રેમનો વિષય છે. બીજે જે પ્રેમ દેખાય છે તે એને લઈને દેખાય છે. તો ભગવાન્‌માં નિરુપાધિક પ્રેમ કેમ સમ્ભવે? ભગવાન્ સર્વાત્મા છે, સર્વ જગતના આત્મા છે. આત્મા હોવાથી એ સ્નેહના વિષય છે. પુત્રાદિક સર્વ વિષય સ્નેહ પ્રતિવાદન કરવામાટે ભગવાને કરેલા ઉપકારને બતાવે છે. સર્વના આધારરૂપ ભગવાન્ સર્વ પ્રકારે છે તેથી એમાં સ્નેહ થવો યોગ્ય છે. જ્યારે ભગવાનના ગુણ વિસ્તારથી કહેવા ત્યારે બીજા ફળનો ઉદ્દેશ મનમાં ન રાખવો; ભગવદ્‌ભક્તિનો જ વિચાર રાખવો; એ પણ સર્વને ભક્તિ થાઓ એમ મનમાં નિશ્ચય કરી ગુણો કહેવા.

**માયાં વર્ણયતોऽમુષ્ય ઈશ્વરસ્યાનુમોદતઃ ।।**
**શૃણ્વતઃ શ્રદ્ધયા નિત્યં માયયાऽऽત્મા ન મુહ્યતિ ।।૫૩।।**

આ ઈશ્વરની માયાનું* વર્ણન કરે અથવા તો વર્ણન કરતાં હોય તેને અનુમોદન આપે અને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે તો એનો આત્મા માયાથી મોહિત થશે નહિ।।૫૩।।

**વિશેષ :** આ ભગવાનની માયા છે. દશ પ્રકારની ભગવાનની લીલાએ પણ ભગવાનની શક્તિઓ છે. એ માયાનું વર્ણન કહે તેનો આત્મા મૂંઝાય નહિ. માયાનું વર્ણન કરનારને આત્મામાં મોહ પેદા થાય. આ તો ઈશ્વરની માયા છે. તેથી મોહ નહિ કરે એટલું જ નહિ પણ બીજો માયાનું વર્ણન કરતો હોય તેને અનુમોદન આપનારને મોહ નહિ થાય. જો કે અહીં મુખ્યફલ ભક્તિએ તો ન થાય તો પણ અન્તઃકરણમાં માયાનો મોહ તો નહિજ થાયતેથી લોકોના ઉપકારને માટે અને પોતાના સ્વાર્થને માટે શ્રવણાદિ કરવું.

**ઈતિ શ્રીભાગવત દ્વિતીયસ્કન્ધમાં (ત્રીજા મનનપ્રકરણનો ત્રીજો)**
**''અન્તર્યામીના અવતારોની કથા''**
**નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્। વૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
ભાગવતનો પાઠ પ્રયત્ન પૂર્વક કૃષ્ણભક્તિ સિવાય અન્ય કોઈ પણ હેતુ વિનાજ કરવો જોઈએ. પ્રાણ કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**



# અધ્યાય ૮

## રાજાના પ્રશ્નો ઉપરથી પ્રાપ્ત થતા વિચાર

**વિશેષ :** વિરાટ્ અને બ્રહ્મના તત્ત્વનો નિશ્ચય કરતાં નિર્ધારિપૂર્વક ભજન અને ઉત્પત્તિથી વિચાર એ બે સિદ્ધ થયાં હવે ત્રણ અધ્યાયમાં ઉનતિથી વિચાર કરાય છે. ત્રણ અધ્યાય આક્ષેપ, સિદ્ધાન્ત અને ફળ વડે કહેવામાં આવે છે. આ આઠમા અધ્યાયમાં પરીક્ષિતનો પ્રશ્ન આક્ષેપગર્ભ છે. બીજા પ્રશ્નો પણ આક્ષેપમૂલક છે. પરીક્ષિતનો પ્રશ્નઃનારદજીને ગુણાતીત ભગવાનના ગુણ કહેવામાટે બ્રહ્માએ પ્રેર્યા. તેણે (નારદજીએ) જેને-જેને ગુણો કહ્યા હોય તે કહો. જેથી એ અદ્‌ભુત વીર્યવાળા કૃષ્ણનું તત્ત્વ જાણી મનને નિઃસંગ બનાવી દેહને છોડી દઉં. ભગવાનનું ચરિત્ર એટલું બધું સરળ નથી કેમકે એ કહે છે બીજું અને થાય છે બીજું એવું ન સમજાય તેવું છે. ભગવાનની કથા તો સર્વના મંગળની સૂચિકા છે. મનોરથ એટલો જ છે કે આ લોક પરલોકના સર્વ વિષયોમાંથી મનને કાઢી એકત્ર કરી ભગવાન્‌માં રાખીને પછી પ્રાણને છોડું. આ જન્મમાં આટલું-કર્તવ્ય છે. શ્રીકૃષ્ણને જોયા છે પણ એમના સ્વરૂપને જાણતા નથી. આપણે એમને પરિચ્છિન્ન જાણીએ છીએ. પણ એ સર્વના આત્મા છે. એવી રીતે એને જાણ્યા હોય એ જાણ્યા કહેવાય. સર્વાત્મપણાથી એમની ઉપાસના કરવાથી એવા જાણવામાં આવે, પરન્તુ મન અશુદ્ધ હોવાથી ફળ પણ અશુદ્ધ થાય તેથી મન નિઃસંગ થાય-અસમ્ભાવના, વિપરીત ભાવના મટી જાય, હૃદયમાં સર્વાત્મકતા સ્ફુરે એવો ઉપાય બતાવો.

**રાજોવાચ**

**બ્રહ્મણા ચોદિતો બ્રહ્મન્ ગુણાખ્યાનેગુણસ્ય ચ ।।**
**યસ્મૈ યસ્મૈ યથા પ્રાહ નારદો દેવદર્શનઃ ।।૧।।**

**રાજા બોલ્યા :** હે બ્રહ્મન્! દેવના જેવા દર્શનવાળા નારદજીને ગુણાતીત ભગવાનના ગુણ કહેવામાટે બ્રહ્માએ પ્રેર્યા. એમણે જેને-જેને એ ગુણો કહ્યા હોય એ મને કહો ।।૧।।

હે તત્ત્વજ્ઞમાં શ્રેષ્ઠ! અદ્‌ભુત વીર્યવાળા શ્રીકૃષ્ણનું તત્ત્વ જાણવાની હું ઈચ્છા રાખું છું. એથી જગતનું મંગળ કરનારી કૃષ્ણકથા આપ મને કહો; જેથી હે મહાભાગ! હું મારા મનને નિઃસંગ બનાવી કૃષ્ણમાં લગાડી મારા દેહને છોડી દઉં ।।૨-૩।।

જો શ્રદ્ધાથી નિત્ય ભગવાનના ગુણોનું શ્રવણ કરવામાં આવે તેમ જ એની લીલાઓનો ઉચ્ચાર કરવામાં આવે તો બહુ થોડા કાળમાં ભગવાન્ હૃદયમાં જરૂર

પધારે ।।૪।।

પોતાના ભક્તોના ભાવરૂપ તળાવમાં પ્રકટ થયેલા કમળરૂપ કાનના છિદ્ર વાટે ભગવાન્ હૃદયમાં પ્રવેશ કરે છે. પ્રવિષ્ટ થઈ કૃષ્ણ, જેમ ચોમાસામાં ડોળાયેલા જળને શરદ્ શુદ્ધ કરે તેમ હૃદયમાં પધાર્યા પછી એને શુદ્ધ કરે છે. જ્યારે આવી રીતે જીવ-આત્મા ભગવાન્‌થી શુદ્ધ થાય છે ત્યારે પછી એ કૃષ્ણના ચરણનાં મૂળને છોડતો નથી; જેમ મુસાફરીના સર્વ ક્લેશથી મુકત થયેલો પથિક ઘરમાં આવ્યા પછી ઘરને છોડતો નથી તેમ ।।૫-૬।।

હે બ્રહ્મન્! જીવમાં ધાતુઓ નથી છતાં એને ધાતુઓવડે ઘડાયેલો દેહ થાય તે કોઈ કારણથી થાય છે કે ભગવદ્ ઈચ્છાથી થાય છે એ આપ જેવું જાણતા હો તેવું કહો ।।૭-૮।।

આપે બતાવ્યું કે ભગવાનના ઉદરથી જે કમળ થયું તેમાં લોકોની ઉત્પત્તિ થઈ. આ જીવમાં જેટલા જેવડા અવયવો છે તેટલા તેવડા અવયવવાળો એ પરમાત્માનો દેહ થયો. એ કેમ બને? આવાં પ્રકારના લોકો-રૂપી અવયવવાળો આ પુરુષ આવડો જાણે કે છે; જે ભગવાનની કૃપાથી ભૂતાત્મક બ્રહ્માજી પોતે અજન્મા રહીને ભૂતો ઉત્પન્ન કરે છે ।।૯।।

જે ભગવાનના નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા અને જેમણે એના રૂપને જોયું તે ભગવાન્‌માંથી જ વિશ્વમાં ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે. બ્રહ્મા પોતાની માયાને છોડીને ત્યાં જ શયન કરે છે. સર્વના હૃદયમાં રહેનાર એ ભગવાન્ માયાને છોડી શયન કરે છે કેમકે એ માયાનો ત્યાગ કરી શકે છે; એથી જ એ માયાના ઈશ છે. પુરુષના અવયવથી આપે પહેલાં લોકો કહ્યા તેના પાલકો પણ એ ભગવાનના તે-તે અવયવના દેવો છે એમ આપે કહ્યું. બીજીવાર આપે એમ કહ્યું કે લોકોવડે આ જ પુરુષના અવયવોની કલ્પના કરી છે. તો જેટલા સમયનો કલ્પ થાય તેનું પરિમાણ કહો. વિકલ્પ કોને કહેવો? એનો કેટલો કાળ થાય? થયું, થશે અને થાય છે એ કાળનું સ્વરૂપ કહો. પુરુષના આયુષનું પ્રમાણ કહો. કાળની સૂક્ષ્મ અને સ્થૂળ ગતિ કહો. હે દ્વિજસત્તમ! કર્મની જેટલી ગતિઓ થતી હોય તે બધી મને કહી બતાવો ।।૧૦-૧૩।।

સત્ત્વાદિ ગુણો અને ગુણી જીવમાં કર્મનો સમુદાય જેવી રીતે ગ્રહણ કરાય છે અને જે-જે રૂપે પરિણમે છે એ કહો ।।૧૪।।



પૃથ્વી, પાતાળ, દિશાઓ, આકાશ, ગ્રહો, નક્ષત્રો, પર્વતો, સરિત્, નદીઓ, સમુદ્ર, દ્વીપો અને એનાં સ્થાન વગેરે કહો ।।૧૫।।

અંડકોશનું કેટલું પ્રમાણ છે? બહારથી અને અન્દરથી એનું માપ કહો. મોટાઓનાં અનુચરિતો કહો. વર્ણાશ્રમના ધર્મોનો શો નિશ્ચય છે? ।।૧૬।।

યુગો કેટલા? એના માપ શાં? યુગ-યુગનાં ધર્મો. તે-તે યુગના અવતારોનાં આશ્ચર્ય કરનારાં ચરિત્રો પણ કહો ।।૧૭।।

મનુષ્યોના સાધારણ ધર્મો, વિશેષ ધર્મો, તે-તે શ્રેણીઓથી જીવનારના ધર્મો, રાજર્ષિઓના ધર્મો, આપત્કાળના ધર્મો એ બધા વિસ્તારથી કહો ।।૧૮।।

પ્રકૃત્યાદિ તત્ત્વોની સંખ્યા કહો, સ્વરૂપલક્ષણ એના કારણથી લક્ષણો સહિત કહો. દેવપૂજાના પ્રકાર કહો. યોગસાધનાનો વિધિ બતાવો ।।૧૯।।

યોગેશ્વરોનાં ઐશ્વર્ય એની અર્ચિરાદિ ગતિ કહો. લિંગશરીરની નિવૃત્તિ કેમ થાય એ કહો. વેદો, ઉપવેદો, આયુર્વેદાદિ, એના ધર્મો, ઈતિહાસ-પુરાણો કેટલાં વગેરે કહો ।।૨૦।।

સર્વ ભૂતોનો નાશ (અવાન્તર પ્રલય) કેમ થાય? સ્થિતિ કેમ થાય? મહા પ્રલયમાં પાછું ભગવાન્‌માં જગત્ કેમ આવી જાય? કામનાથી વાવ કૂવા, ધર્મશાળા, યજ્ઞ, યાગ કરવાથી શું ફળ મળે? ધર્મ, અર્થ અને કામનો વિધિ બતાવો ।।૨૧।।

ભગવાન્‌માં સૂતેલા જીવો કેમ ઉત્પન્ન થાય છે એ બતાવો. અને પાખંડ ધર્મ કેમ ઉત્પન્ન થયો એ બતાવો. જીવના બન્ધ અને મોક્ષનો ક્રમ બતાવો ।।૨૨।।

પોતાને સ્વાધીન એવા ભગવાન્ પોતાની માયાવડે કેવી ક્રીડા કરે છે. અને એ માયાને છોડીને ઉદાસ થઈ સાક્ષીની જેમ કેમ રહે છે એ કહો. ।।૨૩।।

હે મહામુને! હે ભગવાન્! મેં આ પૂછ્યું છે. એનાં ખરાં સ્વરૂપ ક્રમથી મને કહેવાને આપ યોગ્ય છો કેમકે હું આપને શરણે આવ્યો છું ।।૨૪।।

ભગવાન્‌થી થયેલ બ્રહ્મા જેમ જગતમાં પ્રમાણરૂપ ગણાય છે તેમ આ વિષયમાં આપ જ પ્રમાણરૂપ છો, બીજાઓ તો પોતના પૂર્વજોએ કર્યું એ પ્રમાણે કરતા ચાલ્યા જાય છે ।।૨૫।।

હે બ્રહ્મન્! આપ મારી ભૂખ-તરસની ચિન્તા ન કરો. કુપિત બ્રાહ્મણના શાપ સિવાય બીજો કોઈ કારણે મારા પ્રાણ નહિ જાય એની મને શ્રદ્ધા છે. કારણ કે આપના મુખકમલથી નીકળતી ભગવાનની અમૃતમય લીલાકથાનું હું પાન કરી રહ્યો

છું ।।૨૬।।

**સૂતજી બોલ્યા :** એમ જ્યારે પરીક્ષિતે શુકદેવજીને પ્રાર્થના કરી ત્યારે ભગવાનની કથામાં પ્રેરાયેલા શુકદેવજી સભામાં અત્યન્ત પ્રસન્નતાથી એને કહેવા લાગ્યા ।।૨૭।।

બ્રહ્મકલ્પમાં ભગવાને* કહ્યું હતું એ 'શ્રીભાગવત' નામનું પુરાણ વેદની તુલ્ય છે. એ શ્રીભાગવત પુરાણ શુકદેવજીએ પરીક્ષિતને સંભળાવ્યું ।।૨૮।।

**વિશેષ :** બહુ જગ્યાએ જાુદી-જાુદી રીતે શ્રીભાગવત કહેવાય છે. અહીં ભગવાને બ્રહ્માજીને કહ્યું એ શ્રીભાગવત સમજવાનું છે. શ્રીભાગવત વિષયાત્મક તો અનેકધા છે; વિચારત્માક બે પ્રકારનું છે; તેમાં ઉત્પત્તિના પ્રકારથી બ્રહ્માજીને ભગવાને કહેલું. આ સ્થૂળ શ્રીભાગવતમાં બધા જ પ્રકાર બતાવ્યા છે, શ્રીભાગવતની પ્રવૃત્તિ અનેક પ્રકારે થઈ છે તેથી એમાં બીજાના પ્રકારને તો બ્રહ્માજી પોતે જાણીલે તેમાં તો યુક્તિ જ બતાવવાની બાકી રહે, બ્રહ્મકલ્પ આવ્યો ત્યારે એ કલ્પમાં શબ્દબ્રહ્મથી સર્વેની ઉત્પત્તિ થઈ છે, જે ઉત્પત્તિ ભાગવતમાં કહેવામાં આવી છે.

**યદ્યત્પરીક્ષિદૃષભઃ પાંડૂનામનુપૃચ્છતિ ।।**
**આનુપૂર્વ્યેણ તત્સર્વમ્ આખ્યાતુમ્ ઉપચક્રમે ।।૨૯।।**

પાંડુવંશ શિરોમણિ એવા પરીક્ષિત રાજાએ જે-જે પ્રશ્નો કર્યા તે બધા પ્રશ્નોના ક્રમ પૂર્વક ઉત્તર કહેવાનો શુકદેવજીએ આરમ્ભ કર્યો ।।૨૯।।

**ઇતિ શ્રીભાગવત દ્વિતીયસ્કન્ધમાં (ત્રીજો મનન પ્રકરણનો ચોથો)**
**''રાજાના પ્રશ્નો ઉપરથી પ્રાપ્ત થતા વિચાર''**
**નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્।વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
પ્રાણ કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. **(શ્રીવલ્લભાચાર્ય)**
પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે વૈષ્ણવો પાસેથી ભેટ-સામગ્રી પડાવનાર અધમ લોકોને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!



## અધ્યાય ૯
## ચતુઃશ્લોકી ભાગવત

**વિશેષ :** આ નવમા અધ્યાયમાં જીવ બ્રહ્મ-સ્વરૂપનો ઉત્તર કહેવામાં આવે છે; અહીં પ્રથમ સ્થૂળરૂપાદિનું વાસ્તવરૂપ કહેવાય છે. શુક-પરીક્ષિત, નારદ-વ્યાસ, બ્રહ્માજી વગેરેની કથા કહેવાનું તાત્પર્ય એ છે કે જો શ્રોતા-વક્તા અધિક શુદ્ધ હોય તો શ્રીભાગવત સમજાય, બીજી રીતે શ્રીભાગવતની કથા સમજાતી નથી. બીજો સન્દેહ જીવ બ્રહ્મ-સન્દેહમૂલક છે. તેથી પ્રથમ જીવસન્દેહનું વારણ કરે છે. પ્રશ્ન આ છે : જીવને દેહનો સમ્બન્ધ કેમ થયો? જીવત્વ કેમ અન્ય શબ્દથી પ્રાપ્ત થયું? તેમાં જીવત્વ થતાં ઘણાં હેતુઓ દેહના સમ્બન્ધમાં થાય. તેથી પ્રથમ જીવપણું સિદ્ધ કરે છે.

**આત્મમાયામૃતે રાજન્ પરસ્યાનુભવાત્મનઃ ।।**
**ન ઘટેતાર્થસમ્બન્ધઃ સ્વપ્નદ્રષ્ટુરિવાંજસા ।।૧।।**

શુકદેવજી બોલ્યાઃ હે રાજન્! પર અને અનુભવ રૂપ આત્માવાળા આ જીવને સ્વપનદ્રષ્ટાની પેઠે દેહનો સમ્બન્ધ એવી રીતે ઘટતો નથી ।।૧।।

બહુરૂપવાળી માયાવડે પોતે બહુરૂપવાળો દેખાય છે. આ માયાના* ગુણોમાં રમતો પોતે 'હું' અને 'મારું' એમ માને છે ।।૨।।

**વિશેષ :** એ માયા આભાસરૂપ છે પણ ઘણા રૂપોવાળી છે. એના સમ્બન્ધમાં આવી જીવ પણ ઘણાં રૂપોવાળો થાય છે અને આનન્દ મેળવવા એના ગુણોમાં રમે છે. એ એના ગુણોને સ્વીકારે છે તેથી દેહમાં 'હું' એવો ભાવ કરે છે.

જ્યારે કાળ અને માયાથી પર એવા ભગવાન્‌માં *સન્દેહરહિત બનીને રમે છે ત્યારે હું અને મારું છોડી દઈ, દેહાદિ અને એને આપનારી માયાને પણ છોડી દઈ એ ઉદાસ થઈને રહે છે ।।૩।।

**વિશેષ :** જ્યારે મૂળ ભગવાનને માયાથી છોડાવવાની ઈચ્છા થાય છે ત્યારે એ જીવને છોડાવે છે. એમાં ભગવાન્ પોતાનું માહાત્મ્ય બતાવતા નથી તેથી ભગવાનના સ્વામિત્વમાં સન્દેહ ન આવે તો સન્દેહ થતા નથી અને એ કાળ અને મોહિકા માયાના સમ્બન્ધને છોડી દે છે અને દેહેગેહાદિમાં ઉદાસીન રહે છે.

આત્મતત્ત્વની શુદ્ધિમાટે ભગવાને જે સત્ય સ્વરૂપ બ્રહ્માજીને બતાવ્યું તે એના ખરા વ્રતથી પ્રસન્ન થઈને બતાવ્યું છે ।।૪।।

જગતના પરમ ગુરુએ આદિદેવ બ્રહ્માજી પોતાના બ્રહ્મલોકમાં બેસીને સૃષ્ટિ કરવાની ઈચ્છાથી જોવા લાગ્યા પણ જેનાથી પ્રપંચ-સંસારનું નિર્માણ થાય તેવી બુદ્ધિ એમને સૂઝી નહિ ।।૫।।

હે રાજન્! એ બ્રહ્માજી એક દિવસ ચિન્તન કરતા હતા તેટલામાં સ્પર્શનો ૧૬મો અને ૨૧મો એ બે અક્ષર (તપ) બે વાર બોલાયા તે પોતે વિભુ હોવાથી સાંભળ્યા. એમણે જે બે અક્ષરો સાંભળ્યા તે નિષ્કિંચનોના ધનરૂપ ગણાય છે ।।૬।।

બ્રહ્માજીએ એ સાંભળ્યા પણ એ બોલનાર કોણ? એ વિચાર મનમાં આવતાં ચારે તરફ જોયું. બીજાું કાંઈ દેખાયું નહિ ત્યારે પોતાના સ્થાનમાં આવી ''એ પોતાના હિતનું છે'' એવો વિચાર કરી ''મને તપ કરવાનો આમાં ઉપદેશ છે'' એમ નક્કી કરી બ્રહ્માજીએ તપ કરવાનું મન કર્યું ।।૭।।

સફળ દર્શનવાળા બ્રહ્માજીએ સમાધિ કરી વાયુ અને મનને જીત્યાં. જ્ઞાન ક્રિયારૂપ બન્ને ઈન્દ્રિયવર્ગોને વિશેષ રૂપે વશ કરીને તપ કરનારના મધ્યે શ્રેષ્ઠ એવા બ્રહ્માજી દેવતાનાં હજાર વર્ષ સુધી બધા લોકોની જડતા દૂર કરવામાટે ઉગ્ર તપ કરવા લાગ્યા એટલે બ્રહ્માજીએ અનશનપૂર્વક એવું તપ કર્યું જેથી બીજા લોકો તપી ઊઠ્યા ।।૮।।

ભગવાને બ્રહ્માજીને ભગવલ્લોક બતાવ્યો. એ ઉત્તમ લોક છે. એમાં ક્લેશ, મોહ કે ભય નથી. ત્યાં બ્રહ્મજ્ઞાની દેવો સ્તુતિ કરી રહ્યા છે ।।૯।।

એ વૈકુંઠમાં રજોગુણ અને તમોગુણ નથી તેમજ એનાથી મળેલ સત્ત્વ પણ નથી. ત્યાં માયા પણ નથી. ત્યાં દેવો અને દૈત્યોથી પૂજાયેલા ભગવાનના સેવકો રહે છે ।।૧૦।।

ભગવાનના એ સેવકો ભગવાનના જેવા શ્યામ અને શુદ્ધ છે. એમને કમળદલ જેવાં નેત્ર હોય છે એઓ પીતામ્બર ધારણ કરે છે અને એમની ક્રાન્તિ મનોહર હોય છે. એઓ અતિ કોમળ, પ્રવાલ વૈડૂર્યમણિ અને કમળના તન્તુના જેવી ક્રાન્તિવાળા છે. એમના કાનમાં કુંડલ લટકે છે અને મસ્તક ઉપર મુકુટ શોભી રહ્યો હોય છે ।।૧૧।।

મહાપુરુષોનાં શોભા આપતાં વિમાનોથી એ લોક દેદીપ્યમાન દેખાય છે. જેમ વાદળાં અને વીજળીઓ આકાશને શોભાવે તેમ ઉત્તમ સ્ત્રીઓની ક્રાન્તિઓ એની શોભામાં વધારો કરે છે ।।૧૨।।

જ્યાં સાક્ષાત્ લક્ષ્મી સ્વરૂપ ધરીને નાના વૈભવોથી અનેક રીતે *ઉરુગાય ભગવાનને



માન આપે છે. જ્યારે એ હિંડોળામાં બેસીને પ્રિયનું કર્મ ગાય છે. ત્યારે વસન્તઋતુના ગાયક ભમરો એ લક્ષ્મીનું ગાન કરે છે ।।૧૩।।

**વિશેષ** : ઉરુગાય = મોટાઓ જેની કીર્તિનું ગાન કરે તે ભગવાન્.

બ્રહ્માજીએ વ્યાપિવૈકુંઠમાં સર્ગ ભક્તના પતિ, યજ્ઞના પતિ, જગતના પતિ, સુનન્દનન્દ પ્રબળ, અર્હણ વગેરે મુખ્ય પાર્ષદોથી સેવાયેલા ભગવાનને જોયા, બ્રહ્માજીએ દાસ ઉપર કૃપાવાળા, માદક દષ્ટિવાળા, પ્રસન્ન હાસ-સુન્દર લોચનવાળા, કિરીટવાળા, કુંડલવાળા, ચાર ભુજા યુક્ત, પીતામ્બર ધરનાર અને વક્ષઃસ્થળમાં લક્ષ્મીને રાખનાર ભગવાનનેજોયા ।।૧૪-૧૫।।

અત્યન્ત પૂજ્ય, આસન ઉપર બેઠેલા, ચાર, સોળ અને પાંચ શક્તિઓથી વીંટાયેલા, ઐશ્વર્યાદિથી યુક્ત છતાં સ્વરૂપમાં રમનાર ઈશ્વરને બ્રહ્માજીએ જોયા.[1] એમનાં દર્શનથી બ્રહ્માજીને એટલો બધો હર્ષ થયો કે એનું અન્તઃકરણ આર્દ્ર થયું. રોમાંચ થઈ ગયાં અને પ્રેમાશ્રુઓ[2] નેત્રમાં આવી ગયાં બ્રહ્મવિદ્યાના માર્ગથી મળે એવાં એનાં ચરણકમળમાં વિશ્વસ્રષ્ટા બ્રહ્માજી નમ્યા ।।૧૬-૧૭।।

**વિશેષ** : ૧. બધાનું નિયામક રૂપ છે તે અક્ષરાત્મક મુખ્ય છે. અક્ષર લોકાત્મક, ચરણાત્મક અને આસનાત્મક છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિકરૂપ છે. એના અંશો ૨૫ તત્ત્વો છે. એમાં ચારઃપ્રકૃતિ, પુરુષ, મહતત્ત્વ અને અહંકાર એ પ્રથમ આવરણરૂપ છે. એ ચાર પાંખડીના કમળની જેમ રહ્યાં છે, પછી ૧૧ ઈન્દ્રિયો અને પાંચ વિષયો મળીને ૧૬ પાંખડીના કમળ જેવું આવરણ છે. પછી મહાભૂતોથી વીંટાયેલું છે. એમ એને ત્રણ આવરણો છે એ ત્રણને ઉલ્લંઘન કરીને ભગવાન્‌ની પાસે જે પહોંચે તે એને મળે. આમ સર્વ તત્ત્વ સહિત અક્ષરરૂપ ભગવાન્‌નું આસન કહ્યું. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ 'ભગ' કહેવાય છે. એ સ્વરૂપ ગ્રહણ કરી ભગવાન્‌ને વીંટાઈને રહે છે. એ કેવળ ભગવાન્‌માં જ રહે છે. બીજે જતાં નથી, પાર્ષદાદિમાં રહે છે. પણ કાયમ રહેતા નથી. રાજાઓમાં પણ થોડીવાર રહે છે. આમ નિત્ય ઐશ્વર્યાદિ ધર્મો ભગવાન્‌માં રહે છે. અનિત્ય ધર્મો અન્યત્ર રહે છે. તેથી બીજાનું ભગવાન્‌પણું નાનું-મોટું ગણાય એક સરખું તો ભગવાન્‌નું ભગવત્ત્વ સમજવું. એ આનન્દ છે અને આનન્દનું ધામ પણ છે. એ પોતે જ તેજરૂપ એટલે પ્રકાશક છે. જો કે પોતાને ક્યાંય પણ રમવાની ઈચ્છા નથી છતાં એ બધાનું નિયમન કરનારા તો છે. ૨. સ્વભાવથી ન સ્રવે તે અશ્રુ.

પ્રજાનાં વિસર્ગમાં પોતાની આજ્ઞાને યોગ્ય એવા બ્રહ્માજીને પ્રસન્ન જોઈને

કાંઈક સ્મિતનાં પ્રકાશથી ઉજ્વલ વાણીવડે હાથમાં હાથ લઈને ભગવાન્ બ્રહ્માજીને કહેવા લાગ્યાં ।।૧૮।।

**ભગવાન્ બોલ્યા :** હે વેદગર્ભ! સૃષ્ટિ રચવાની ઈચ્છાથી તમે ઘણા કાલ તપ કરી મને સારી રીતે સન્તોષ આપ્યો છે. કપટથી યોગ કરનારને હું પ્રસન્ન થતો નથી ।।૧૯।।

હે બ્રહ્મન્! તમારું કલ્યાણ થાઓ. ઈચ્છિત વરદાન માગો. મારું દર્શન ન થયું ત્યાં સુધી શ્રેયને માટે પરિશ્રમ ઉઠાવવાનો રહે છે. મારું દર્શન થયા પછી શ્રમની જરૂર નથી ।।૨૦।।

તમને મારા લોકનું દર્શન થયું એ તમારા તપનું ફલ નથી પણ એ મારી ઈચ્છાનો પ્રતાપ સમજો. વળી તમે એકાન્તમાં 'તપ' એ શબ્દ સાંભળીને તપ કર્યું એ પણ મારી ઈચ્છાનો જ પ્રતાપ સમજો ।।૨૧।।

હે અનઘ! તમે કર્મમાં ગુંચવાઈ ગયા ત્યારે મેં તમને તપ બતાવ્યું. તપ એ મારું સાક્ષાત્ હૃદય છે. તપનો આત્મા હું પોતે છું ।।૨૨।।

આ જગતને હું તપવડે ઉત્પન્ન કરું છું, તપવડે એનો નાશ કરું છું, તપવડે હું એને ધારણ કરું છું. દુઃસહ તપ એ જ મારું પરાક્રમ છે ।।૨૩।।

**બ્રહ્માજી બોલ્યા :** હે ભગવાન્! આપ સર્વ ભૂતના હૃદયાકાશમાં રહીને કોઈ રોકી ન શકે તેવા જ્ઞાનવડે એમના ઈચ્છિત કર્તવ્યને જાણો છો. હે નાથ! આપની પાસે હું એટલું માગું છું કે આપના પર અને અપર એટલે કાર્ય કારણરૂપને હું જાણું એવી દયા કરો. આપ અરૂપને એ રૂપો ક્યાંથી આવ્યાં એ મને જણાવો. આપ અનેક પ્રકારની શક્તિવડે વધારેલા આ પ્રપંચને આત્મમાયાના યોગવડે ઉત્પન્ન કરો છો, રક્ષણ કરો છો અને સંહાર કરો છો અને આત્માવડે આત્માને આપ ધારણ કરો છો. જેમ કરોળિયો પોતાના મુખમાંથી લાળ કાઢી રમે તેમ સફળ સંકલ્પવાળા આપ આ જગતમાં ક્રીડા કરો છો. હે માધવ! એ આપના વિષયમાં મારી બુદ્ધિ પ્રવેશ કરે એવી બુદ્ધિ મને આપો, આપના માર્ગદર્શન પ્રમાણે હું આ જગતને બનાવું એમાં આળસ ન કરું અને જે પ્રજાસર્ગ કરું એમાં હું બન્ધાઉં નહિ એવો મારા ઉપર આપ અનુગ્રહ કરો ।।૨૪-૨૮।।

મિત્ર જેમ મિત્રનું કૃત્ય કરે તેમ આપે મારી ઉપર કૃપા કરી છે તો હવે હું જ્યાં સુધી પ્રજાની સૃષ્ટિ કરું એના ભોગોના ભાગ પાડી દઉં ત્યાં સુધી આપના કાર્યમાં



સાવધાન થઈને પ્રવર્તુ એવી મને શક્તિ આપો. વળી બધાં કામ કરતાં હું અજન્મા* છું. એ બાબતનો મને મદ ન થવો જોઈએ. એટલી કૃપા પણ સાથે-સાથે કરો ।।૨૯।।

**વિશેષ :** ખરી રીતે જોઈએ તો અહીં ચિદાનન્દને સમાનતા છે. એમાં ભગવાન્ આનન્દ છે, બ્રહ્માજી ચિત્ છે. તેથી એના સ્વરૂપથી બન્નેને સખ્ય છે, છતાં ક્રિયાજ્ઞાનશક્તિ તો ભગવાન્માં જ રહી છે. એ પોતાની ક્રિયાજ્ઞાનશક્તિ ભગવાને મને આપી પોતાની બરોબર મને કર્યો છે. ત્રણ પદાર્થ ભગવાન્ પાસે બ્રહ્માજીએ માગ્યા : ૧.આપ મિત્રતા કરો એટલે એ શક્તિઓનો મને લાભ થાય; ૨.એનાથી પ્રજાનો વિભાગ કરવાનું સામર્થ્ય મારામાં આવે; ૩.આપની સેવા કરતાં મને થાક ન લાગે. ભગવાન્થી આ ગુણો મળ્યા છે અને ભગવાન્થી હું થયો છું એવું મારા મનમાં ન આવે એમાટે મારી પ્રાર્થના છે. એ રીતે પરાવરજ્ઞાન, ક્રીડાજ્ઞાન, શિક્ષા અને ગર્વાભાવ એ ચાર વસ્તુની ભગવાન્ પાસે બ્રહ્માજીએ પ્રાર્થના કરી.

**શ્રીભગવાને કહ્યું :** મારું પુરુષોત્તમનું જ્ઞાન પરમ ગુહ્ય છે. (મારા સિવાય બીજું કોઈ એ જાણતું નથી. કહેવામાં આવે તો પણ કૃપા ન હોય તો તે પ્રાપ્ત થતું નથી) એનું વિજ્ઞાન* એ છે કે ભગવાન્ સાત્વતો (=ભગવત્ સેવકો-દેવો, ધર્મપરાયણ, સાત્ત્વિકો)ના પતિ છે, લક્ષ્મીજીના પતિ છે, યજ્ઞપતિ છે અને જગત્પતિ છે. એ જ્ઞાનનુ રહસ્ય ભક્તિ છે. બધા કરતાં ભગવાન્ને એમના ભક્તો વધારે વહાલા છે એ જ્ઞાનનું અંગ છે. એ રહસ્ય અને અંગ સાથેનું જ્ઞાન હું તમને આપું છું તમે ગ્રહણ કરો ।।૩૦।।

**વિશેષ :** વિજ્ઞાન=વિવિધ જ્ઞાન, રહસ્ય ભક્તિ, સુનંદનંદાદિવેષ્ટિત; અંગ=ભૃત્ય ઉપર પ્રસન્નતા બતાવનાર, મારું જ્ઞાન પરમગુહ્ય છે. તમે જુઓ છો તેવો જ હું પુરુષોત્તમ છું. આ જ મારું પહેલું અને છેલ્લું રૂપ છે. ભગવદ્ગુણ અને જ્ઞાનના અવતારરૂપ એ જ્ઞાન તમે લો. ભગવાન્નું જ્ઞાન તો કોઈ કહે તો પણ એમની કૃપા વગર હૃદયમાં આવતું નથી. તત્ત્વથી વિશેષ જ્ઞાન એટલે જેવું યથાર્થ સ્વરૂપ તેવું એનું જ્ઞાન તમારા હૃદયમાં સ્ફુરો. પ્રથમ શ્લોકમાં 'પર' જ્ઞાન કહેલું છે. અને બીજા શ્લોકમાં 'અવર' જ્ઞાન છે. એ બે જ્ઞાન કહી શકાય તેવાં નથી; કદાચ કહેવામાં આવે તો બ્રહ્માના હૃદયમાં એ ઠરે નહિ. તેથી ભગવાને જ એને 'વર' તરીકે આપ્યાં. ત્રીજું 'ક્રીડાજ્ઞાન' અનુગ્રહ વિના પ્રાપ્ત ન થાય તેથી ભગવાને 'ગૃહાણ' શબ્દ કહીને બ્રહ્માજીને આ ત્રણેય જ્ઞાન દાનમાં આપ્યા.

હું જેવડો છું, મારાં ગુણ, રૂપો અને કર્મો જેવાં છે તેવાનું તત્ત્વવિજ્ઞાન મારા અનુગ્રહથી તમને થાઓ ।।૩૧।।

## ચતુશ્લોકી ભાગવત, શ્લોક ૩૨ થી ૫૩

હું પૂર્વે હતો જ. બીજું કાર્યકારણાત્મક અથવા એથી પર કંઈ ન હોતું. પછી પણ હું જ છું.[૧] આ જે દેખાય છે તે હું છું. પ્રલય પછી જે બાકી રહેશે તે પણ હું જ છું[૨] ।।૩૨।।

**વિશેષ** : ૧. હું જ જગદ્રૂપ થયો છું. મારા સિવાય એમાં જે દેખાય છે તે મારી માયાથી દેખાય છે. એમાં આધાર-આધેય-ભાવ બાહ્યાભ્યન્તર ભેદનું કારણ હું પોતે જ છું. સ્વરૂપથી જગત્ મૂળભૂત છે. પ્રતીતિથી માયારૂપ છે. પાછળથી એમાં પ્રવેશ કરનાર જીવ છે. એ સર્વ જગત્ સર્વ પ્રકારે હું જ છું તેને એમ જાણી પોતાનું સ્વરૂપ પણ એવું સમજવું. મારાથી પહેલાં શું? એવી શંકા ન કરવી. હું કોઈ વખતે ન હતો એમ જ નથી પણ હું તો સદ્રૂપે છું જ, **સત્ અને અસત્** પહેલાં કહ્યા છે. પણ એ તો બ્રહ્મથી જુદાં નથી, અભાવો એ તિરોભાવથી જુદા ગણ્યા નથી. એ આર્વિભાવ-તિરોભાવ ભગવાન્‌ની શક્તિઓ છે. શક્તિધર્મો પણ ત્યારે પ્રકટ થયા નહિ હોવાથી કાળનાં નિરૂપણ વખતે પ્રકૃતિ તુલ્ય ગણાય તેથી તે ભગવાન્‌થી જુદા નથી. મારું સ્વરૂપ જ સર્વ ભવનસમર્થ છે. તેમાંથી પાછળથી ચેષ્ટાવાળો કાળ ઉત્પન્ન થયો. પછી ગુણરૂપે, પછી શક્તિરૂપે અને પછી કાર્યરૂપે, પોતે જ થાય છે. જડ-જીવાત્મક સર્વ હું છું. આ **શુદ્ધ બ્રહ્મવાદ** કહ્યો. જ્યાં બધાં શુદ્ધ હોય ત્યાં ઉપદેશ કોને કરવો? શાસ્ત્ર કોનું શાસન કરે? હિત કરવાનો પ્રસંગ પણ કોઈને ક્યાંથી આવે? જ્યાં પ્રત્યક્ષ ન હોય તેવી વસ્તુમાં શ્રુતિએ કહેલા પરસ્પર વિરુદ્ધ ધર્મો એક ધર્મીમાં માનવા જોઈએ. શ્રુતિમાં જ્ઞાન કે કર્મની મુખ્યતા નથી, બ્રહ્મની મુખ્યતા છે. એમાં એ ધર્મોનો આરોપ કરો તો એક વાક્યતા સુખેથી થશે. એ વિરુદ્ધ શ્રુતિઓના બળથી બન્નેને બ્રહ્મલિઙ્ગ માનવા જોઈએ. જેમ હાથ, પગ પુરુષથી જુદા છે, છતાં એ પુરુષરૂપ ગણાય છે તેમ બ્રહ્મથી જુદું પુરુષોત્તમરૂપે છે, બન્ને શ્રુતિઓ તુલ્યબલવાળી હોવાથી બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રય માનવું ઈષ્ટ છે. બધા વિરુદ્ધ પક્ષો ભગવાન્‌માં શોભે છે. ઉત્પન્ન થયેલું તિરોધાન થતાં જે તિરોધાન ન થાય એ વસ્તુ હું છું. અથવા તિરોધાનનો જે આશ્રય તે હું છું.

૨.ભગવદ્રુપ પ્રપંચમાં જીવને જગતપણું દેખાય એ મોહ કરનારી માયાનું કાર્ય છે. મોહિત થયેલી બુદ્ધિ પદાર્થોને બ્રહ્મરૂપ ન માનતાં જગદ્રૂપે જુએ છે. અહીં સાધન અને પ્રમાણ બુદ્ધિનેમાટે છે. માયા બે રીતે ભ્રમ કરે છે. જે છે તેનો પ્રકાશ કરતી નથી; જે નથી તે દેખાડે છે. એથી અર્થ પ્રતીત થતો નથી. તેથી પદાર્થનું ખરું સ્વરૂપ જાણવામાટે પ્રમાણની જરૂર છે. માયા ભગવાન્‌ની શક્તિ હોવાથી નિઃસ્વભાવ નથી. બુદ્ધિ ચૈતન્યનો વિલાસ છે તેને માયા મોહ



કરે છે. ભગવદીય પદાર્થો ભગવદ્વિષયક જ્ઞાનને ઉત્પન્ન કરે; તેથી વિષયતાએ જે જ્ઞાન ઉત્પન્ન કર્યું તે ભ્રમવાળું હોય છે; જ્યારે વિષય(એટલે ભગવાન્) જનિત જ્ઞાન યથાર્થ છે. એમ જેમ જગતમાં છે તેવું આત્મામાં પણ સમજવાનું છે. વિષયતા બે પ્રકારની છે : ૧. વિષયતા વિષયના રૂપને ઢાંકી દે છે. ૨. વિષયતા રૂપાન્તરને બતાવે છે. એ બન્નેને માયા ઉત્પન્ન કરે છે.

અર્થ વગર જેની પ્રતીતિ થાય છે અને આત્મામાં જે દેખાતું નથી તેને, જેમ 'તમ' અને 'આભાસ' દેખાય છે તેવી આત્માની માયા જાણો ।।૩૩।।

જેમ મહાભૂતો પાછળથી ભૂતોમાં પ્રવેશ કરે છે છતાં એથી જુદાં રહે છે તેમ એમાં હું *રહું છું. છતાં નથી પણ રહેતો. (કારણરૂપ છું, છતાં જુદો છું) ।।૩૪।।

**વિશેષ** : વેદમાં બે પ્રકારે પદાર્થો નિરૂપણ કર્યા છે : સાકાર અને નિરાકાર, સાવયવ અને નિરવયવ, પૂર્ણ અને પરિચ્છન્ન, ભૂતાદિક બધામાં કારણરૂપે રહ્યા છે છતાં એમાં પાછાં પ્રવેશ કરીને કે પ્રવેશ કર્યા વગર પણ રહે છે તેમ હું સર્વત્ર કારણરૂપ છું સર્વત્ર પ્રવેશ કરું છું. છતાં એના કારણ રૂપ કે અનુપ્રવિષ્ટ નથી. મહાભૂતમાં પાંચ પ્રકારે કારણપણાએ અને પ્રવેશરૂપે અને જુદા પ્રવેશરૂપે એમ બે પ્રકારનો પ્રવેશ હોવાથી ભગવાન્ દશધા સર્વમાં પ્રવિષ્ટ છે; તેથી સર્વ જગતમાં ભગવાન્ દશ પ્રકારની લીલાથી દશ પ્રકારે જાણવા.

તત્ત્વજિજ્ઞાસુએ આત્મા સમ્બન્ધી એટલુંજ જાણવું બસ છે કે જે *અન્વય અને વ્યતિરેક થી સર્વત્ર અને સર્વદા હોઈ શકે એનેજ જાણવાથી બધું જાણાય તે આત્મા ।।૩૫।।

**વિશેષ** : પ્રમેય એટલે સ્વરૂપ. તે જ્ઞાનનું સાધન છે, જ્ઞાનનો વિષય છે, જ્ઞાનસ્વરૂપ જ છે અને તેથી તેનો ઉપયોગ છે. પ્રમાણ એટલે વેદ, વેદો કર્મોનું પ્રતિપાદન કરે છે અને પરોક્ષ રીતે તેનું પર્યવસાન વૈરાગ્યમાં આવે છે. વિષય (શ્રવણ ઈત્યાદિ કરવાનો એટલે કે ભગવાન્) વિરુદ્ધ ધર્માશ્રય હોવાથી તેનું પર્યવસાન ભક્તિમાં આવે છે, આત્મામાટે તો આટલું જ ઉપયોગી છે. બાકી તો દેહ વેગરેમાટે છે. અન્વય અને વ્યતિરેકથી સર્વ ભગવાન્ છે સર્વત્ર ભગવાન્‌નો અન્વય છે. જેમકે ''ઘડો છે''દ્વ''ભાસે છે'' એમાં સત્તાનો અન્વય છે. જો એમાં ભગવાન્‌નો અન્વય ન હોય તો એક શબ્દની અનુવૃત્તિ અને પ્રતીતિની અનુવૃત્તિ ન હોઈ શકે વિશેષતાથી જુદું પડે તે વ્યતિરેક. ઘડો ઘડાથી જુદો નથી, કપડું કપડાથી જુદું નથી પણ સત્ પદાર્થ ઘડાથી જુદો પડે છે. કપડાથી જુદો પડે છે એમ બધે જ સમજવું. જે સર્વરૂપ થઈને જુદું પડે તે બ્રહ્મ જ હોય. જે સર્વત્ર હોય અથવા સર્વદા હોય, દેશકાળ જેનો પરિચ્છેદ ન કરી શકે તેમાં અન્વય-

વ્યતિરેકથી જે રહે તે બ્રહ્મ, ટૂંકમાં કહીએ તો હકારાત્મક જ્ઞાન એ 'અન્વય' છે. અને નકારાત્મક જ્ઞાન એ 'વ્યતિરેક' કહેવાય છે. માયા તો અન્વયથી પરિચ્છેદને પામે છે. માયાના વિષયરૂપ આભાસ સત્નો અન્વય નથી. એ પોતે અસત્ છે. ભગવાન્ તો માયામાં પણ છે, માયાતિરિક્તમાં પણ છે. એમ કાળમાં પણ ભગવાન્ છે. વિષયરૂપ ઘટમાં સત્કારણ છે. સત્કાર્ય છે, સદાધાર છે, સત્ આધેય છે સત્ છતાં ઘડો એનાથી અતિરિક્ત પણ છે. મૃત્તિકા ઘડો ન કહેવાય. જો માટી ઘડો કહેવાય તો માટીના ઢગલામાં દેખાવો જોઈએ. એમ કાર્યમાં સર્વદા પાંચ પ્રકારે ભગવાનનો અન્વય થાય છે. પાંચ પ્રકારે ભગવાન્નો કાર્યમાં વ્યતિરેક છે. ઘટ-પટથી વ્યતિરિક્ત છે, કારણ થી પણ વ્યતિરિક્ત છે, બીજા ઘડાથી પણ વ્યતિરિક્ત છે, આવિર્ભાવ-તિરોભાવથી પણ વ્યતિરેક છે. ઘડાનો આવિર્ભાવ થાય છે, તિરોભાવ થાય છે તેથી એક ઘડામાં આવિર્ભાવ-તિરોભાવથી દશ પ્રકારે ભગવાન્ રહે છે. એમ સર્વત્ર ભગવાન્ દશ લીલાયુક્ત છે. આથી સ્વરૂપ એ ભગવાન્ છે. દેશની પ્રતીતિ તો માયિક છે, કાળની પ્રતીતિ તો લીલા ઉપરથી છે. બ્રહ્મરૂપ જગતને જાણવું. પણ જગતથી જુદું બ્રહ્મ છે તેથી જગતમાં આસક્તિ કરવી નહિ. એક પદાર્થમાં પણ સર્વ લીલા સહિત ભગવાન્ છે તે દેશ-કાળ વસ્તુરૂપ છે છતાં એનાથી જુદા પણ છે.

જો તમે આ મારો મત પરમ સમાધિથી હૃદયમાં ધારણ કરશો તો તમે કોઈ કાળે કલ્પ-વિકલ્પમાં મોહમાં નહિ પડો ।।૩૬।।

**શુકદેવજી બોલ્યા** : એવી રીતે સારી પેઠે પરમ ધામમાં બિરાજતા બ્રહ્માજીને સમજાવી એના દેખતાં જ હરિ ભગવાને એ રૂપને તિરોહિત કરી દીધું ।।૩૭।।

ભગવાન્ ઈન્દ્રિયાતીત છે. બ્રહ્માજીએ એ હરિ ભગવાન્ને બે હાથ જોડી દણ્ડવતપ્રણામ કર્યા પછી બ્રહ્માજીએ પોતે સર્વ ભૂતમય થઈને જેમ પ્રથમ સૃષ્ટિ કરી હતી તેમ આ જગતને બનાવ્યું ।।૩૮।।

એક દિવસ ધર્મના પતિ પ્રજાપતિ બ્રહ્માજી પોતાના સ્વાર્થનેમાટે પ્રજાનું કલ્યાણ ઈચ્છતા યમ નિયમોનું અનુષ્ઠાન કરવા લાગ્યા ।।૩૯।।

બ્રહ્માજી પ્રચાર કરવા તૈયાર થયા તેમની એમનો પ્રિય પુત્ર નારદ શીલ, ઈન્દ્રિયદમન અને વિનય થી સેવા કરવા લાગ્યો ।।૪૦।।

હે રાજન! મહા ભગવદ્ભક્ત અને મોટા મહા મુનિ નારદજીએ માયાના ઈશ્વર એવા ભગવાન્ વિષ્ણુની માયા જાણવામાટે પોતાના પિતા બ્રહ્માજીને સેવા કરીને પ્રસન્ન કર્યા ।।૪૧।।



લોકના પિતામહ અને પોતાના પિતા બ્રહ્માજીને પ્રસન્ન થયા જાણીને દેવમાં ઋષિરૂપ એવા નારદજીએ બ્રહ્માજીને પૂછ્યું. તમે જે મને પૂછો છો એ જ બ્રહ્માજીને નારદજીએ પૂછેલું ।।૪૨।।

ભૂતકૃત બ્રહ્માજીને પ્રસન્ન થઈને ભગવાને જે શ્રીભાગવત કહેવું તે દશ લક્ષણવાળું* શ્રીભાગવત પુરાણ બ્રહ્માજીએ પ્રસન્નતાથી પોતાના પુત્ર નારદજીને કહ્યું ।।૪૩।।

**વિશેષ** : પુત્રને સદ્ઉપદેશ પણ જરૂર દેવો જોઈએ, નારદજી તો માયાના જ્ઞાનમાટે આવ્યા હતા તેમને માયા ન કહેતાં ભગવત્સ્વરૂપ બતાવવાનું એ કારણ છે કે પુત્ર માર્ગે ન ચાલતો હોય તો પણ એનું અમાર્ગથી નિવારણ કરી સન્માર્ગનો ઉપદેશ પિતાએ કરવો જોઈએ, અથવા બ્રહ્માજી સર્વ ભૂતને પેદા કરનાર છે તે સર્વનો ઉપકાર વામાટે એમણે નારદજીને આ સિદ્ધાન્તરૂપ ધન સોપ્યું. એનો વિસ્તાર થતાં જગતનું કલ્યાણ થશે.

હે રાજન! નારદજીએ બ્રહ્માજીની પાસેથી શ્રીભાગવત સિદ્ધાન્ત લીધો એ સિદ્ધાન્તનો ઉપદેશ સરસ્વતીના કિનારા ઉપર પર બ્રહ્મનું ધ્યાન કરતા અતુલ તેજવાળા વ્યાસ મુનિને કર્યો ।।૪૪।।

**યદુતાહં ત્વયા પૃષ્ટો વૈરાજાત્ પુરુષાદિદમ્ ।।**
**યથાઽઽસીત્ તદુપાખ્યાસ્યે પ્રશ્નાનન્યાંશ્ચ કૃત્સ્નશઃ ।।૪૫।।**

તમે મને પૂછ્યું કે વિરાટ પુરુષથી આ જગત્ કેમ થયું? એ તથા બીજા પ્રશ્ન કહ્યા. એ બધા પ્રશ્નના ઉત્તર હું તમને અનેક પ્રકારે સમજાય એમ પુરા આપીશ ।।૪૫।।

**ઈતિ શ્રીભાગવત દ્વિતીયસ્કન્ધમાં (ત્રીજા મનન પ્રકરણનો પાંચમો)**
**''ચતુઃશ્લોકી ભાગવત'' નામનો**
**નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઓ ભાઈ રે! તેં ભાગવત ભણીને શું કીધું?**
મારે જંતુ(શ્રોતા) અહિ(નાગ=કથાકાર) મણિ(ભાગવત) અજવાળે,
ત્યમ તેં (કથાકાર)ઉદર પોખી લીધું!!
પારસમણિનું પાત્ર(ભાગવત) પાણિમાં ઘેર-ઘેર ભિક્ષા માંગે!
જ્યાં લગી વસ્તુનું જ્ઞાન ના ત્યાં લગી દુઃખ-દારિદ્રય ના ભાંગે

# અધ્યાય ૧૦
## પુરાણાદિકનાં લક્ષણ

**વિશેષ :** પૂર્વ અધ્યાયમાં ભગવાન્ અને જીવનાં આક્ષેપ અને સમાધાનનું નિરૂપણ કર્યું. હરિ અને જીવનાં રૂપ અને દેહ યુક્તિથી કહેવામાં આવ્યાં એમાં ભગવાનનું રૂપ દશ પ્રકારનું જણાય છે. બીજી જગ્યાએ આધ્યાત્મિક આદિ ભેદવડે ત્રણ પ્રકારનું છે. એવું પણ કહ્યું છે. ગુણ અને કર્મવડે બે પ્રકારે છે એવું પણ કહેવામાં આવેલું છે, ભગવાને બ્રહ્માજીને ઉપદેશ કર્યો તેમાં ચાર પદાર્થો કહ્યા. ત્રણ સિવાયના પક્ષો તો શ્રુતિમાં પ્રસિદ્ધ છે. તેથી એનો વિસ્તાર અહીં ન કરતાં એક પદાર્થમાં દશ લીલા છે તે સ્વરૂપ અને લક્ષણથી બતાવે છે. જો કે એ દશ પદાર્થો બીજાં પુરાણોમાં બહિર્મુખતાથી કહ્યા છે પણ એ શ્રીભાગવત્માં નથી. શ્રીભગવત્માં તો એ આ ઉપર કહ્યા પ્રમાણે છે.

**અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનં પોષણમૂતયઃ ।।**
**મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રયઃ ।।૧।।**

**શુકદેવજી બોલ્યા :** આ શ્રીભાગવત્માં સર્ગ, વિસર્ગ સ્થાન પોષણ, ઉતિ, મન્વન્તર; ઈશાનુકથા; નિરોધ, મુક્તિ, આશ્રય એ દશ પદાર્થ* કહ્યા છે ।।૧।।

**વિશેષ :** શરીર વગરના વિષ્ણુ, પુરુષ શરીરનો સ્વીકાર કરે એ **'સર્ગ'** કહેવાય.

પુરુષથી બ્રહ્માદિની ઉત્પત્તિ તે **'વિસર્ગ'**.

ઉત્પન્ન થયેલું મર્યાદાવડે પાલન તે **'સ્થાન'**.

સ્થિતિ કરી રહેલાંની અભિવૃદ્ધિનુ કાર્ય તે **'પોષણ'**.

પોષણ પામેલાઓનું આચરણા તે **'ઊતિ'**.

એમાં સદાચાર તે **'મન્વન્તર'**.

એમાં વિષ્ણુ ભગવાન્ની ભક્તિ તે **'ઈશાનુકથા'**.

ભક્તોને પ્રપંચ-જગતનો ભાવ ન રહે એ **'નિરોધ'**.

એવાઓને થતો સ્વરૂપનો લાભ તે **'મુક્તિ'**.

મુકતોનું બ્રહ્મના સ્વરૂપમાં રહેવું એ **'આશ્રય'**.

**હવે તેને બીજી રીતે જોઈએ :**

**'સર્ગ'** = કારણપણાથી કાર્યમાં ભગવાન્થી સ્થિતિ

**'વિસર્ગ'**. કાર્યપણાથી પહેલાંથી એમાં ભગવાન્નું રહેવું.



**'સ્થાન'** = સર્વ વસ્તુમાં વસ્તુસ્વરૂપે અને મૂળરૂપે તે-તે મર્યાદારૂપપણું.

**'પુષ્ટિ'** = કાર્યની સિદ્ધિમાટે સર્વસમર્થ ભગવાનનો એમાં પ્રવેશ.

**'ઊતિલીલા'** = બ્રહ્મજ્ઞાનીને પ્રતીતિ સિદ્ધ કરાવવા ત્યાં ભગવાન્ એવી લીલા કરે તે.

(નોંધ : આમ પાંચ પ્રકારે અન્વયરૂપે સર્વ વસ્તુમાં ભગવાન્ની લીલા ઉદ્દિષ્ટ છે).

**'મન્વન્તર'** = કારણથી જુદી રીતે, ઘટના રૂપથી, જુદા ભાવથી, સત્પુરુષના ધર્મનું કારણ પ્રાપંચિક હોવા છતાં વેદના વિધિનો વિષય થાય ને ભગવત્સ્વરૂપથી જુદો પડે.

**'ઈશાનુકથા'** = ભગવત્સેવારૂપ ધર્મવડે લોક-વેદથી જુદો પડી જાય ત્યારે ઈશાનુકથા થાય.

**'નિરોધ'** = સ્વરૂપની ઈચ્છા કરનાર લૌકિક-વૈદિક ભક્તો પરિત્યાગ રૂપ એક વસ્તુમાં ચિત્તને રોકે ત્યારે ભગવાન્ નિરોધરૂપ થાય.

**'મુક્તિ'** = નિરોધરૂપ છતાં આત્મા દેહને છોડાવીને પોતે પણ પરિત્યાગરૂપ થાય તે ઘડા વગેરેમાં ભગવાનની અસંગોદાસીનતા.

**'આશ્રય'** = નવ પ્રકારના સ્વરૂપનો આધાર.

આના અજ્ઞાનમાં સર્વ શાસ્ત્રો વ્યાકુળ થાય છે માટે શ્રીભાગવત્ શાસ્ત્ર સર્વનું ઉદ્ધારક અને સર્વ શાસ્ત્રવચનોનું નિર્વાહક છે. સર્વ પદાર્થમાં ભગવદ્રૂપ દશ ધર્મો રહ્યા છે તેમાંથી એક ગ્રહણ કરવો, બીજા ધર્મો છોડી દેવા. એનો જેટલે દૂર સુધી ગુણસમ્બન્ધ હોય તેનો ત્યાગ કરવો. જો એ સમ્બન્ધ રાખો તો ભગવદાશ્રયમાં એ વ્યભિચાર કરે, અનન્યાશ્રયનો ભંગ થાય. આ ધર્મો એક પછી એક આવે છે. જે છેવટમાં રહે તેને ગ્રહણ કરવો. એ આશ્રયના આવરકો છે અને છોડવાથી આશ્રય શુદ્ધ થાય છે.

અનુગ્રાહક પ્રમાણ અને પ્રમેય નું જેમાં એકમાં પર્યવસાન કહ્યું છે, જેમાં એ ત્રણનું પર્યવસાન છે તે આશ્રય. એ ગુણો અન્યોન્ય મળવાથી નવ ભેદ થાય છે. એ નવ સર્ગ, વિસર્ગ વગેરે લક્ષણરૂપ થાય છે. સર્ગાદિમાં પ્રમેય લક્ષણ છે. પુષ્ટ્યાદિમાં પ્રમાણ લક્ષણ છે. ઈશાનુકથાદિમાં જ્યોતિષ લક્ષણરૂપ છે. એ જ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ થાય છે. એમાં ઉત્પત્તિ કારણથી, કાર્યથી અને આધારથી; સ્થિતિ પોષણથી, વિલાસથી અને ધર્મથી; પ્રલય પણ અહન્તા-મમતારૂપ ઈશાનુકથાવડે લક્ષણરૂપ થાય છે, સંઘાતનો પ્રલય નિરોધ ગણાય છે, મુકત જીવોનો બ્રહ્મમાં પ્રવેશ થાય છે તેવો નિરોધ નથી.

દશ લીલામાં દશમી લીલા આશ્રય છે. એની શુદ્ધિ એટલે તત્ત્વજ્ઞાનમાટે નવ લીલાનાં લક્ષણ કહ્યાં છે એમ શ્રુતિથી અને અર્થવડે સરલતાથી મહાત્માઓ કહે છે. પાંચ મહાભૂતો, પાંચ વિષયો, દશ ઈન્દ્રિયો, ચાર અન્તઃકરણરૂપ બુદ્ધિ આમ આ

(૨૪ તત્ત્વો) નો *જન્મ એટલે **સર્ગ.** અર્થાત્ ત્રણ ગુણો, મહદ્ અહંકાર અને પ્રકૃતિ એ બધાનો બ્રહ્મથી વિરાટ્રૂપે જન્મ થાય એ સર્ગ કહેવાય. પુરુષ (બ્રહ્માથી) જે સર્ગ થાય એ **વિસર્ગ** કહેવાય. ભગવાન્નો વિજય એ **સ્થાનલીલા**. એનો અનુગ્રહ એ **પોષણલીલા**. સદ્ધર્મ એ **મન્વન્તર** અને કર્મની વાસના એ **ઊતિલીલા** ।।૩-૪।।

**વિશેષ :**

તત્ત્વ (ચોવીસ) નું કારણ ત્રણ ગુણો. એમના વિષમપણાથી એમાં ગુણતા આવી. એનું કારણ બ્રહ્મ લઈએ તો પરમ્પરાથી ૨૮ તત્ત્વો થાય; એના જન્મનું નામ સર્ગલીલા. **'સર્ગ'** બે પ્રકારનો છે- પ્રત્યેકનો અને સમુદાયનો. ગુણોનું વૈષમ્ય ચાર પ્રકારનું છે. એ પ્રત્યેક વિષમ છે એમ સર્ગ ૩૩ કે ૩૪ ભેદથી ભિન્ન થાય છે.

જે પુરુષથી થયા તે **'વિસર્ગ'** કહેવાય છે. એનાથી ત્રણ લોકના ભેદ છે એ ભેદ ૩૧ થાય છે. ૮ વસુઓ, ૧૧ રુદ્રો, ૧૨ આદિત્યો, કુલ ૩૧. (ચોથો સ્કન્ધ).

વૈકુંઠનો વિશિષ્ટ જય જ્યાં હોય તે સ્થિતિ, પ્રાકૃતમાં ૨૪ પ્રકારે સ્થિતિ છે. આત્મામાં બે પ્રકારે છે : જીવ અને બ્રહ્મ ભેદથી : એ છવ્વીશ અધ્યાય **'સ્થાનલીલા'** (પાંચમાં સ્કન્ધ)ના.

જીતેલાઓની ઉપર પુરુષોત્તમનો અનુગ્રહ તે **'પુષ્ટિ'**. એમાંથી મર્યાદાને માટે છને જુદા કરીને બાકીનાની ઉપર અનુગ્રહ છે. પંચભૂતને આત્મામાં અનુગ્રહ નથી, મર્યાદા છે, બાકી રહ્યા ૧૯ તેટલા અધ્યાય **'પુષ્ટિલીલા'**ના (ષષ્ઠ સ્કન્ધ).

**'ઊતિમાં'** વાસનાપણું છે. સદ્ધર્મને ધર્મપણું છે. ધર્મજનિત વાસના હોય તેથી વિપરીતતાથી બતાવે છે. (સપ્તમ સ્કન્ધ.) કર્મે ઉત્પન્ન કરેલી વાસના કર્મવાસના. કર્મેન્દ્રિયોના અને શરીરના ધર્મો વાસનાજનક થાય છે. જ્ઞાનેન્દ્રિયોના ધર્મો તથા અન્તઃકરણના ધર્મો વાસનાજનક નથી હોતા. તેથી શરીરના ધર્મો દશ તથા કર્મેન્દ્રિયના પાંચ આમ પન્દર અધ્યાય થયા. (સપ્તમ સ્કન્ધ ઉતિલીલાના)

**'મન્વન્તર'** એટલે સત્પુરુષોનો ધર્મ. એ કાયા, વાણી અને મન થી કહેલો ત્રણ પ્રકારનો. ઈષ્ટનું ચિન્તન આવાપ અને ઉદ્ધાપથી થાય. ઈષ્ટ આશંસા કરે, હું ઈષ્ટ કરીશ એવા ભાવથી વિચારે એમ અન્તઃકરણમાં ચાર પ્રકારે ધર્મ. સર્વ ઈન્દ્રિયોથી પણ સદ્ધર્મ કરવાનું, રેતઃ અને પાયુના નિરોધથી તે બેનું ધર્મપણું છે. **'આશ્રય'** (પાદ), આદાન (પાણી), તૃપ્તિ (વાક્), પ્રજનન (શિશ્ન),જાડ્ય (પાયુ), તાપ, નિબન્ધન, દૂરીકરણ અને શબ્દાદિ દાનથી જ શરીરમાં સદ્ધર્મ દશ પ્રકારે રહે છે. પાંચ તન્માત્રા પાંચ શબ્દાદિ વિષયો, દશ ઈન્દ્રિયો, ચાર અન્તઃકરણ



મળી ૨૪ ભેદ થયા (અષ્ટમ સ્કન્ધ).

ભગવાન્ના અવતારાદિનાં ચરિત્રો, ભગવાન્નાં ભક્તોનાં ચરિત્રોનાં અનેક વ્યાખ્યાનોથી વૃદ્ધિંગત થયેલી ***ઈશાનું ચરિત** લીલા કહેવાય છે ।।૫।।

**વિશેષ : 'ઈશાનુકથા'** બે પ્રકારની છે : ઈશ્વરની અને એના ભક્તાની. હરિ એટલે દુઃખ દૂર કરવું અને સુખ આપવું. દુઃખનું નિવારણ કરવામાં ગુણના ભેદથી નવ પ્રકાર થાય. ઈશાનુચરિત્ર પણ કર્મ, જ્ઞાન અને ભક્તિથી ત્રણ પ્રકારનું હોય છે. તદનુવર્તી ભક્તોમાં પણ જ્ઞાનીઓ એક પ્રકારના હોય છે. એમ દુઃખ દૂર કરવામાં તેર ભેદ થાય છે. સુખ આપવાના પ્રકાર દશ છે કેમકે દશ ઈન્દ્રિયોથી સુખ અપાય છે અને ભગવાન્ એક છે. એ મળી ૧૧ થયા. પ્રથમ ૧૩ કહ્યા એ સર્વ મળી ૨૪ થાય. (અષ્ટમ અને નવમ સ્કન્ધ) એમનું પ્રત્યેક નિરૂપણ કરી બતાવવા જુદા-જુદા આખ્યાનથી **'ઈશાનુકથા'** કહી છે.

પોતાની શક્તિઓ સાથે આ ભગવાન્નું પાછળથી પોઢવું એનું નામ **'નિરોધ'** લીલા[1] બીજા પ્રકારના રૂપને[2] છોડીને સ્વસ્વરૂપમાં આવી જવું એનું નામ **'મુક્તિલીલા'** ।।૬।।

**વિશેષ :** ૧. આ ભગવાન્નું પાછળથી શયન એટલે શક્તિઓનું સુવડાવીને એના ભોગને માટે પાછળથી એની સાથે શયન એ છે. 'આ' એટલે આગળ ઉભેલો દેહ. દેહની શક્તિઓના ૭૨ નાડીઓના ભેદો છે. ભગવાન્ની શ્રીવગેરે ૧૨ શક્તિઓ છે એને શયન, જાગ્રત, સ્વપન, સુષુપ્તિ એમ ત્રણ પ્રકારનું એમ ૮૭ ભેદો થયા.

(નિરોધલીલાના દશમા સ્કન્ધ ૮૭ અધ્યાય)

૨. અન્યથારૂપ એટલે તત્ત્વરૂપને છોડવાં એ એક. અવસ્થા બે જાતની છે : સામાન્ય અને વિશેષ ભેદવાળી. ૨૮ તત્ત્વો, ૨ જાતની અવસ્થા અને ૧ તત્ત્વપરિત્યાગ એમ ૩૧ અધ્યાય થયા. (એકાદશ સ્કન્ધ)

ઉત્પત્તિ અને પ્રલય જેનાથી થાય અને જેનાથી પ્રકાશે છે તે ***આશ્રય.** એ જ પર બ્રહ્મ એ જ પરમાત્માના નામથી ઓળખાય છે ।।૭।।

**વિશેષ :** આશ્રય બે જાતના છે : શાસ્ત્રમાર્ગે પ્રપત્તિતી અને જ્ઞાનમાર્ગે સાયુજ્યથી આશ્રાય થાય છે, અથવા ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયથી આશ્રય સિદ્ધ થાય છે. એમાં ક્રિયાથી આશ્રય પાંચ પ્રકારનો છે, જ્ઞાનથી આશ્રય આઠ પ્રકારનો છે. મન તો દ્વિસ્વભાવ છે તેથી એનો સમ્બન્ધ ક્રિયા અને જ્ઞાન બન્નેમાં છે. અહંકારની અંદર અહંકારને આશ્રય નથી તેથી એ તેર થાય છે. છતાં એ બે રૂપમાં વહેંચાય છેઃ એક ક્રિયારૂપ અને બીજો જ્ઞાનરૂપ. ક્રિયાવડે

આશ્રયપણું કર્તૃપણાથી છે એમાં આભાસ અને નિરોધ એટલે ઉત્પત્તિ ને પ્રલયના અર્થમાં લેવા. વિકારો કેવળ ભગવાન્‌થી થતા જ નથી પણ પ્રકાશ થાય છે. માટે અસ્તિ, ભાતિ, પ્રિય એ ત્રણ ભગવાન્‌નાં કાર્ય એના આશ્રયપણાથી ભગવાન્ આશ્રય છે કેમકે ભગવાન્ સત્, ચિત્ અને આનન્દ છે.

જે આધ્યાત્મિક પુરુષ એ જ નેત્ર વગેરે ઇન્દ્રિયોના અભિમાની જીવ છે એ જ અધિદેવ છે અને ઇન્દ્રિયોના દેવો સૂર્યાદિના નિયામક છે. એ બન્નેનો વિભેદ કરનાર એ આધિભૌતિક. દેહસ્થિત ગોલકાદિરૂપ એ આધિભૌતિક છે અને એને લીધે આધ્યાત્મિકાદિ બે ભેદ થાય છે ।।૮।।

એ ત્રણમાં બેમાંથી એક ન હોય તો એ જણાતા નથી. જેમ કે આધિદેવ વિના બન્ને નકામાં છે. કારણ વિના દેવ અને ભૂત નકામાં છે. આને જે જાણે એ સ્વાશ્રયવાળો આશ્રય સમજવો ।।૯।।

વિરાટ પુરુષ અંડનો ભેદ કરીને જ્યારે બહાર નીકળ્યા ત્યારે પોતાને રહેવાનું સ્થાન જોઈએ એની ઇચ્છા કરતાં પોતે પવિત્ર થઈને પવિત્ર જલ ઉત્પન્ન કર્યું. પોતે બનાવેલા જળમાં એ હજારો વર્ષ રહ્યા. એથી એનું **'નારાયણ'** નામ થયું કેમકે નરથી ઉત્પન્ન થાય એ નાર = જળ કહેવાય. એ જેનું સ્થાન એ 'નારાયણ' કહેવાય; કેમકે પુરુષથી પહેલાં જળ થયુંછે ।।૧૦-૧૧।।

એના અનુગ્રહથી દ્રવ્ય, કર્મ, કાળ, સ્વભાવ અને જીવ એવા પાંચ પદાર્થ થાય છે. એની ઉદાસીનતામાં એની ઉત્પત્તિ થતી નથી ।।૧૨।।

પોતાની યોગશય્યામાંથી બેઠા થઈને ભગવાને અનેક રૂપ કરવાની ઇચ્છા કરી એથી પોતાની માયામાં પોતાના સુવર્ણરૂપ વીર્યને ત્રણ ભાગમાં વહેંચ્યું ।।૧૩।।

(વિરાટ) પુરુષનું એક જ વીર્ય અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત એ ત્રણ ભાગમાં કેવી રીતે વહેંચાયું તે હું તમને કહું છું તે સાંભળો ।।૧૪।।

શરીરની અન્દર રહેલા આકાશને લીધે પુરુષે ચેષ્ટા કરી એમાંથી ઓજ, બળ અને સહ એ ત્રણે બળ થયાં. ત્યાર પછી પ્રાણ થયો અને એ મોટો થયો. (ઓજ = ઇન્દ્રિયસામર્થ્ય, સહ=માનસિક સામર્થ્ય, બળ=શારીરક સામર્થ્ય) ।।૧૫।।

જેમ રાજાની પાછળ એના નોકરો જાય તેમ જેની ઇન્દ્રિયો કામમાં જોડાય કે તરત જ જગતની ઇન્દ્રિયો પણ કામ કરવા લાગે છે. જેની ઇન્દ્રિયો નિવૃત્ત થાય એજ જગતની ઇન્દ્રિયો પણ નિવૃત્ત થાય છે।।૧૬।।



પ્રાણે મળ વગેરેને આમ તેમ ફેંક્યા એનાથી અંદરથી ભૂખ અને તૃષા ઉત્પન્ન થઈ. જ્યારે એને પાણી પીવાનું અને ખોરાક ખાવાનું મન થયું ત્યારે પ્રથમ મોઢું નીકળ્યું. મોઢામાં તાળવું થયું તેમાં જીભ થઈ. પછી અનેક રસ થયા જે જિહ્વા જાણી શકે છે ।।૧૭-૧૮।।

ભગવાને બોલવાની ઇચ્છા કરી ત્યારે મુખમાં અગ્નિદેવ થયા, વાક્ ઇન્દ્રિય થઈ અને બોલવું એ વિષય થયો. એ પહેલાં ઘણા વખત સુધી એ જળમાં બોલી શક્યા ન હતા. પણ જ્યારે વાયુ વધ્યો ત્યારે નાસિકા ઇન્દ્રિય થઈ તેમાં ગન્ધને વહન કરનાર વાયુ થયો. ગન્ધ ગ્રહણ કરવામાટે ઘ્રાણ ઇન્દ્રિય થઈ. ગન્ધ એનો વિષય છે ।।૧૯-૨૦।।

જ્યારે તેણે જોવાની ઇચ્છા કરી ત્યારે તેને બે નેત્ર થયાં તેમાં સૂર્ય દેવતા થયા, ચક્ષુ ઇન્દ્રિય થઈ, રૂપ વિષય થયો. ઋષિલોકોની સ્તુતિ સાંભળવાની ઇચ્છા થઈ ત્યારે બે કાન થયા તેમાં શ્રોત્ર ઇન્દ્રિય, દિશા દેવતા અને શ્રવણ એનો વિષય થયો ।।૨૧-૨૨।।

વસ્તુની કોમળતા, કઠિનતા, હળવાપણું, ઉષ્ણત્વ, શીતત્વ વગેરે જાણવામાટે વિરાટ પુરુષને ત્વચા નીકળી તેમાં લોમ ઇન્દ્રિય અને વૃક્ષો દેવો થયા. એ ત્વક્ ઇન્દ્રિયમાં અન્દર અને બહાર વાયુ રહ્યો છે તેનાથી ઉપર જણાવ્યાં તે જણાય છે ।।૨૩।।

નાના પ્રકારનાં કાર્ય કરવાની ઇચ્છા થતાં એમાંથી બેહાથઊગી આવ્યા તે બન્નેના બળવાન ઇન્દ્ર દેવ થયા. બન્નેનો વિષય ગ્રહણ કરવાનો થયો. ઇચ્છા હોય ત્યાં જવાનું મન થતાં બે પગ ઊગી આવ્યા તે બન્નેના યજ્ઞ (વિષ્ણુ) દેવતા થયા. માણસો પોતે પગવડે આવી હોમદ્રવ્ય તૈયાર કરવાની ક્રિયા કરેછે ।।૨૪-૨૫।।

પ્રજા અને આનન્દરૂપ અમૃતની ઇચ્છા થતાં જનનેન્દ્રિય ઉદ્‌ભવી તેમાં ઉપસ્થ ઇન્દ્રિય થઈ. પ્રજાપતિ એના દેવતા થયા. કામજન્ય સુખ એ બન્નેને(ઇન્દ્રિય અને દેવતા ને) અધીન છે ।।૨૬।।

ધાતુઓના મેલ બહાર કાઢવામાટે ગુદા નામની ઇન્દ્રિય નીકળી. તેમાં પાયુ નામની ઇન્દ્રિય થઈ. મિત્ર એના અધિષ્ઠાતા થયા. બન્ને મળીને મેલ બહાર કાઢે છે; એ વિષય છે ।।૨૭।।

અપાનમાર્ગદ્વારા એક શરીરમાંથી બીજા શરીરમાં જવાની ઇચ્છા થઈ ત્યારે

નાભિદ્વાર પ્રકટ થયું. એમાંથી અપાન અને મૃત્યુ દેવતા પ્રકટ થયા. આ બેના આશ્રયથી જ પ્રાણ અને અપાનનો વિછોહ થાય છે, અર્થાત્ જુદાં પડે છે, મૃત્યુ થાય છે. એ બન્નેને અધીન કહ્યું છે. અન્ન અને પાનને લેવાની ઇચ્છા થતાં પેટ અને આંતરડાં થયા. નદી અને સમુદ્રો એના દેવ થયા. એને આશ્રયમાં તુષ્ટિ અને પુષ્ટિ થયાં. આત્મમાયાનું ધ્યાન કરતાં હૃદય થયું તેનાથી મન અને ચન્દ્ર થયાં. સંકલ્પ અને કામ એનાથી ઉત્પન્ન થાય છે ।।૨૮-૩૦।।

ત્વક્ (અન્દરની ચામડી), ચર્મ (બહારની ચામડી), માંસ, રુધિર, મેદ, મજ્જા અને અસ્થિ એ સાત ધાતુઓ ભૂમિ, જળ અને તેજરૂપ છે. પ્રાણ, આકાશ, જળ અને વાયુ એ ત્રણ રૂપ છે ।।૩૧।।

ઇન્દ્રિયો બધી ત્રણ ગુણવાળી છે. અહંકારથી ગુણો ઉત્પન્ન થયા છે, મન સર્વ વિકારરૂપ છે અને બુદ્ધિ વિજ્ઞાનસ્વરૂપ છે ।।૩૨।।

મેં તમને આ જે ભગવાન્નું રૂપ કહ્યું તે ભગવાન્નું સ્થૂળરૂપ છે. તેને [૧]પૃથ્વી [૨]જળ [૩]તેજ [૪]વાયુ [૫]આકાશ [૬]અહંકાર [૭]મહત્તત્વ અને [૮]પ્રકૃતિ એ આઠ બહારના આવરણો છે ।।૩૩।।

આ સ્થૂળરૂપ કહ્યું તેનાથી બીજું એક અતિસૂક્ષ્મ રૂપ ભગવાન્નું છે તે વ્યક્ત દેખાતું નથી પણ અવ્યક્ત છે. કોઈ વિશેષણથી એને જુદું પાડી શકાય તેવું નથી. એનાં આદિ, મધ્ય કે અન્ત નથી. એ નિત્ય છે. વાણી અને મનથી પણ એ પર છે ।।૩૪।।

મેં તમને સ્થૂળ અને સૂક્ષ્મ એવાં બે રૂપ વર્ણન કરીને બતાવ્યાં તે માયાની સૃષ્ટિ છે એમ જાણી વિદ્વાન લોકો એ બન્નેને ગ્રહણ કરતા નથી ।।૩૫।।

એ ભગવાન્ અનામરૂપ હતા તે વાચ્યવાચકરૂપ થયા. એ નામરૂપ ક્રિયા કરે છે. એ સકર્મક અને અકર્મક અને સર્વના નિયામક એનાથી જુદા પણ થાય છે ।।૩૬।।

પ્રજાપતિઓ, મનુઓ, દેવો, ઋષિઓ, પિતૃગણો, સિદ્ધો, ચારણો, ગન્ધર્વો, વિદ્યાધરો, દેવતાઓ, ગુહ્યકો, કિન્નરો, અપ્સરાઓ, નાગો, સર્પો, કિંપુરુષો, માતૃકાઓ, રાક્ષસો, પિશાચ, પ્રેત, ભૂતવિનાયક, કૂષ્માંડલ ઉન્માદ, વેતાળ, યાતુધાનો, ગ્રહો, પક્ષીઓ, મૃગો, પશુઓ, વૃક્ષો, પર્વતો, પેટે ચાલનારાં, બીજા સ્થાવર-જંગમ ભેદથી બે પ્રકાર અને જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્ એમ ચાર પ્રકારનાં જળ, સ્થળ અને આકાશમાં રહેનાર પ્રાણીઓમાટે ભગવાન્ ત્રણ ગુણ ધારણ કરે છે



।।૩૭-૩૯।।

કર્મની ગતિ ત્રણ પ્રકારની છે : કુશળ, અકુશળ અને મિશ્રરૂપ. સત્ત્વગુણની પ્રધાનતાથી દેવોની, રજોગુણની પ્રધાનતાથી મનુષ્યોની અને તમોગુણની પ્રધાનતાથી નારકી (નરક સમ્બન્ધી) યોનિ મળે છે. (પશુયોનિઓનો સમાવેશ નારકી યોનિઓમાં થાય છે) ।।૪૦।।

આ ત્રણ ગુણોમાં પણ જ્યારે એક ગુણ બીજા બે ગુણોથી અભિભૂત થાય છે ત્યારે દરેક ગતિના ત્રણ-ત્રણ ભેદ બીજા થઈ જાય છે. હે રાજન્! એ ત્રણ પ્રકારની ગતિ પણ અનેક ભેદવાળી થાય છે. જ્યારે એક બીજા બેથી દબાવાય છે ત્યારે તેમાંથી કરોડો ભેદ થાય છે. સત્ત્વનો રજોગુણ તમોગુણ પરાજ્ય કરે તો એના અનેક ભેદ થાય તેમ આ ભેદો છે ।।૪૧।।

એ જ ધર્મના રૂપને ધારણ કરનાર જગતનું પોષણ કરનાર ભગવાન્ મત્સ્ય વગેરે હલકી યોનિમાં, રામ વગેરે મનુષ્યયોનિમાં વામન વગેરે દેવયોનિમાં અવતાર લઈ, ઉત્પત્તિથી માંડી અન્ત સુધી જગતનું પોષણ કર્યા કરે છે ।।૪૨।।

પછી ભગવાન્ પ્રલયકાળના અગ્નિરૂપ રુદ્રરૂપ ધારણ કરીને પોતે બનાવેલા જગતનો નાશ કરે છે, જેમ વાદળાંના દળોને પવન ક્ષણવારમાં ઉડાવી દે છે તેમ।।૪૩।।

હે ભગવત્તમો! ભક્તો! રાજાને સમજાવવામાટે અમે ભગવાન્ને આવી રીતે કહ્યા પણ વિદ્વાન લોકો ભગવાન્ને એવી રીતે જોવાને યોગ્ય નથી, ભગવાન્ જન્મ લઈને કર્માદિ કરે છે એ તો અનુવાદ માત્ર છે; એ પણ કર્તાપણાના નિષેધને માટે છે કેમકે એ કર્તાપણું ભગવાન્માં માયાએ આરોપ્યું છે ।।૪૪-૪૫।।

વિકલ્પ સહિત આ બ્રહ્મકલ્પ કહ્યો. આ બ્રહ્મકલ્પમાં પ્રાકૃત અને વૈકૃત સર્ગો થયા. અવાન્તર કલ્પ વિકલ્પ કહેવાય. બ્રહ્મકલ્પ મહાકલ્પ કહ્યો. મહાકલ્પમાં પ્રાકૃત સર્ગાદિ થાય છે. અવાંતરમાં વૈકૃત થાય છે. એ ઉત્પત્તિનો પ્રકાર બીજા જેવો સાધારણ છે ।।૪૬।।

કાળનું પરિમાણ અને કલ્પનું લક્ષણ તથા એનું સ્વરૂપ તે આગળ કહીશ. અત્યારે તો પાદ્મ કલ્પ સાંભળો ।।૪૭।।

**શૌનકજીએ પુછ્યું** : હે સૂતજી! આપે અમને કહ્યું હતું કે ભગવાનના પરમ ભક્ત વિદુરજીએ અત્યન્ત દુસ્ત્યજ પોતાના કુટુંબીઓને પણ છોડીને પૃથ્વી ઉપરના વિભિન્ન તીર્થોમાં પરીભ્રમણ કર્યું હતું ।।૪૮।।

એ યાત્રામાં મૈત્રેયઋષિની સાથે અધ્યાત્મના સમ્બન્ધમાં એમની વાતચીત ક્યાં થઈ અને એમણે (વિદુરજીએ) પ્રશ્નો પૂછતાં મૈત્રેયજીએ કયા તત્ત્વનો ઉપદેશ કર્યો? ।।૪૯।।

સૂતજી! આપનો સ્વભાવ ઘણો જ સૌમ્ય છે. આપ વિદુરજીનું તે ચરિત્ર અમને શ્રવણ કરાવો એમણે પોતાના ભાઈ-બન્ધુઓનો ત્યાગ કેમ કરવો પડ્યો તથા ફરીથી એમની પાસે કેમ આવ્યા? ।।૫૦।।

**રાજ્ઞા પરીક્ષિતા પૃષ્ટો યદવોચન્મહામુનિઃ ।।**
**તદ્વોઽભિધાસ્યે શૃણુત રાજ્ઞઃ પ્રશ્નાનુસારતઃ ।।૫૧।।**

**સૂતજીએ કહ્યું** : રાજા પરીક્ષિતે (પણ) આ વાત પૂછી હતી. એના પ્રશ્નોના ઉત્તરમાં શ્રીશુકદેવજી મહારાજે જે કહ્યું હતું તે હું આપને કહું છું. સાવધાનતાથી સાંભળો ।।૫૧।।

**ઇતિ શ્રીભાગવત્ દ્વિતીયસ્કન્ધમાં (ત્રીજા મનન પ્રકરણનો છેલ્લો છઠ્ઠો) ''પુરાણાદિના લક્ષણ'' નામનો દસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# દ્વિતીયસ્કન્ધ સમાપ્ત

**જો કોઈ પૈસા કમાવામાટે સેવા-કથા કરે તો તેની કેવી ગતિ થાય?**

(પ્રભુસેવા-મનોરથ માટે ભેટ-સામગ્રી સ્વીકારે) એવું કરે ત્યારે તો સેવા-કથાનું તો ખાલી નામ થયું, ખરેખર તો તેણે વહેપાર-ધંધો જ કર્યો ગણાય. કૃષ્ણાર્થી બનીને સેવા-કથા કરવાને ઠેકાણે ધનાર્થી બનીને સેવા-કથા કરતાં સેવા-કથાના વેચાણના બદલામાં તેને વહેપાર-ધંધાની માફક પૈસા-ટકા મળી રહે પરન્તુ તેવા નીચ પ્રકારે થયેલી કમાણી તેના માટે અનર્થરૂપ જ નીવડવાની. આવા નીચ હેતુથી કરેલી સેવા-કથાનું પણ પરિણામ સરવાળે સર્વનાશ જ સમજવું. શાસ્ત્રનિષિદ્ધ આચરણ કરવાને કારણે આવા અધમ માણસનો કેવલ આ લોકજ નહીં પરન્તુ પરલોક પણ નાશ પામે છે. તેથી જેને રત્તિભાર પણ જ્ઞાન હોય છે તે આવું કદી કરતો નથી.

**(શ્રીગુસાંઈજી, સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃતિ)**



# તૃતીયસ્કન્ધ

## સર્ગલીલા

**લૌકિકસર્ગ અને અલૌકિકસર્ગ**

**અધ્યાય-૩૩**

- બન્ધસૃષ્ટિ અધ્યાય૧-૧૯
- મુક્તસૃષ્ટિ અધ્યાય૨૦-૩૩

**બન્ધસૃષ્ટિ (અ.૧-૧૯)**

- ગુણાતીત (અ.૧-૬) પ્રકરણ.૧
- સગુણસૃષ્ટિ (અ.૭-૯) પ્રકરણ.૨
- કાલસૃષ્ટિ/ તત્ત્વસૃષ્ટિ (અ.૧૦-૧૧) પ્રકરણ.૩
- મુક્તજીવસૃષ્ટિ- ઉપોદ્ઘાત (અ.૧૨) પ્રકરણ.૪
- મુક્તજીવસૃષ્ટિ (અ.૧૩-૧૯) પ્રકરણ.૫

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીનો અનુગામી થઈને શ્રીમહાપ્રભુજીની જ આજ્ઞાથી વિપરીત જઈ મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર ગુરુદ્રોહી શિષ્ય, તેમાટે આજ્ઞા આપનાર ગોસ્વામી ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર આ ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(!) શ્રીવલ્લભના દ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

## મુક્તસૃષ્ટિ (અ.૨૦-૩૩)

| તત્ત્વમુક્તિ | કાલમુક્તિ | ગુણાતીમુક્તિ | સગુણમુક્તિ | જીવમુક્તિ |
|---|---|---|---|---|
| (અ.૨૦-૨૪) | (અ.૨૫) | (અ.૨૬-૨૭) | (અ.૨૮) | |
| પ્રકરણ.૬ | પ્રકરણ.૭ | પ્રકરણ.૮ | પ્રકરણ.૯ | પ્રકરણ.૧૦ |

જીવમુક્તિ:

- પુરુષ (અ.૨૯-૩૧)
- સ્ત્રી (અ.૩૨-૩૩)

**જો કોઈ પૈસા કમાવામાટે સેવા-કથા કરે તો તેની કેવી ગતિ થાય?**

(પ્રભુસેવા-મનોરથ માટે ભેટ-સામગ્રી સ્વીકારે) એવું કરે ત્યારે તો સેવા-કથાનું તો ખાલી નામ થયું, ખરેખર તો તેણે વહેપાર-ધંધો જ કર્યો ગણાય. કૃષ્ણાર્થી બનીને સેવા-કથા કરવાને ઠેકાણે ધનાર્થી બનીને સેવા-કથા કરતાં સેવા-કથાના વેચાણના બદલામાં તેને વહેપાર-ધંધાની માફક પૈસા-ટકા મળી રહે પરન્તુ તેવા નીચ પ્રકારે થયેલી કમાણી તેના માટે અનર્થરૂપ જ નીવડવાની. આવા નીચ હેતુથી કરેલી સેવા-કથાનું પણ પરિણામ સરવાળે સર્વનાશ જ સમજવું. શાસ્ત્રનિષિદ્ધ આચરણ કરવાને કારણે આવા અધમ માણસનો કેવલ આ લોકજ નહીં પરન્તુ પરલોક પણ નાશ પામે છે. તેથી જેને રત્તિભાર પણ જ્ઞાન હોય છે તે આવું કદી કરતો નથી.

**(શ્રીગુસાંઈજી, સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃતિ)**



# તૃતીયસ્કન્ધ

## સર્ગલીલા (વામ બાહુ)

### પ્રથમ અધિકાર પ્રકરણ

### અધ્યાય ૧

### બદરિકાશ્રમ તરફ જતા ઉદ્ધવજીને ગંગાજી પર વિદુરજીનો મેળાપ

**વિશેષ :** તૃતીયસ્કન્ધથી લઈને દ્વાદશ સ્કન્ધ સુધી સર્ગાદિ દશવિધ લીલાનું વર્ણન ક્રમથી કહેવાશે. તૃતીય સ્કન્ધમાં ૩૩ અધ્યાયવડે અભિપ્રાય અને એમાં રહેલા વિશેષની સાથે ભગવાનની સર્ગલીલાનું વર્ણન કહેવાશે. એનાથી ભગવાનના માહાત્મ્યનું સૂચન થાય છે.

લોકમાં કહેવાય છે તેવા સર્ગ-વિસર્ગ અહીં નથી. અહીં તો બન્ને ભગવલ્લીલારૂપી છે. ભૂત (પંચ મહાભૂતો), માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, ગન્ધ અને રસ) ઈન્દ્રિયો (જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો) અને બુદ્ધિ નો જન્મ એનું નામ ‘સર્ગ’. બ્રહ્મ જ્યારે ગુણક્ષોભવડે વિષયતાને પામે છે ત્યારે સર્ગ થાય છે.

૩૩ અધ્યાય આ રીતે થયા : ૫ ભૂત, ૫ માત્રા, ૧૦ ઈન્દ્રિયો, ૪ બુદ્ધિ, ૩ ગુણ અને ૧ બ્રહ્મ એમ ૨૮ તત્ત્વોનો સર્ગ કહેવાય. સર્ગ બે પ્રકારના છે : પ્રત્યેક સર્ગ અને સમુદાય સર્ગ. સર્ગની ચાર પ્રકારની વિષયતા છે. એ ગુણો સમુદાયથી વિષય છે. પ્રત્યેક વિષય પણ હોવાથી ૨૮+૪+૧ એમ તેત્રીસ કે ચોત્રીસ ભેદથી તેત્રીસ અધ્યાયની સંખ્યા છે. એવું તાત્પર્ય જાણવું.

અહીં સર્ગમાં બે અર્થો વિવક્ષિત છે :

૧. એક સર્ગ બ્રહ્મથી થાય છે

૨. બીજો સર્ગ બ્રહ્મમાટે થાય છે.

જે સર્ગ બ્રહ્મથી થાય છે તેમાં ભૂત, માત્રા, ઈન્દ્રિયો અને ધી એ સત્વાદિ ગુણ ત્રણ પ્રકારના હોવાથી એના વર્ણનનાં બાર અધ્યાય છે; એમાં તદ્યુક્તરૂપ બ્રહ્મનું વર્ણન છે. ગુણની વિષમતાના વર્ણનમાં છ અધ્યાય છે. જો કર્માદિ માર્ગનું ફળ સ્થિર હોય તો અહીં સર્ગની જરૂર જ નથી. તેથી સર્ગ લીલા થવી જ ન જોઈએ. એ લીલા તો અહીં થાય છે. તેથી કર્મ, જ્ઞાન અને ભક્તિની પ્રણાલીનું વર્ણન છે. એમાં કામથી કર્મનો નાશ થાય છે એ બતાવવા કશ્યપનું ઉદાહરણ, ક્રોધથી જ્ઞાનનો નાશ થાય છે એ બતાવવા સનકાદિનું ઉદાહરણ, ઐશ્વર્ય અથવા

લોભ થી ભક્તિનો નાશ થાય છે એ બતાવવા જય-વિજય નું ઉદાહરણ આપ્યું છે એમ સમજવું. એ પછી એક અધ્યાયથી ગુણની વિષમતાનું વર્ણન છે. એની ત્રણ સંખ્યા મળી ૧૯ અધ્યાય થયા, આ ભગવત્કર્તૃક સર્ગના સમજવા.

ભગવાનને માટેનો સર્ગ એનું વર્ણન ૧૪ અધ્યાયથી છે. એમાં ભગવાનને ભોગ સિદ્ધ કરવામાટેનો એક, ભગવાનને દેહથી ભોગ કરવામાટે ગુણની વિષયતાથી ભૂતાદિ ચારના જન્મના વર્ણનમાટે ચાર અને નવ અધ્યાયથી ત્રણ ગુણોનું વર્ણન અને ૧૪ અધ્યાય ભગવદ્ર્થક સર્ગના છે.

અહીં કથામાં અધિકાર તો ચાર અધ્યાયથી છે. બાકીના અધ્યાય એના સાધનરૂપ સમજવા. **ઉત્તમ અધિકારી હોય તો એ માત્ર એક લીલા સાંભળે તો પણ કૃતાર્થ થાય તો પછી દશ લીલા સાંભળનાર થાય એમાં તો શું કહેવું?** એ જણાવવા જ વિદુરજીની કથા કહેવામાં આવી છે. એ અધિકારમાં પ્રથમ અધ્યાયમાં સંસ્કૃત ભૂતથી વિશિષ્ટ દેહ કારણ છે. એમાં સંસ્કૃત ભૂતો ત્રણ છે. વાયુ અને આકાશને સંસ્કારની અપેક્ષા નથી. ત્રણ પ્રકાર અગર વિરજા હોમના મન્ત્રથી વાયુ તથા આકાશને પણ શુદ્ધ કરવાની પ્રાર્થના છે તેથી પાંચ તીર્થસર્ગ અને ગુણસ્મૃતિથી પાંચ પ્રકારના કહેવામાં આવ્યા છે. એમાં ભક્તને ભગવત્કથા એ તીર્થરૂપ સમજવી. જેમ મર્યાદા માર્ગમાં શૂદ્રને દેહપાત પ્રાપ્ત થાય પછી ઉત્તમ દેહ પ્રાપ્ત થાય ત્યારે વેદાધિકારાદિ પ્રાપ્ત થાય છે તેમ અહીં ભાગવત્શાસ્ત્રમાં આવશ્યકતા નથી. ભક્તિના સર્વ અધિકારી છે. સંસ્કાર માત્રથી એ શુદ્ધ થઈ શકે છે.

તૃતીય સ્કન્ધમાં ૩૩ અધ્યાય છે, તેમાં છ પ્રકરણ છે. એનો ક્રમ આ પ્રમાણે છેઃ [૧]અધિકાર, ચાર અધ્યાય; [૨]ગુણાતીત પ્રકરણ, બે અધ્યાય; [૩]સગુણ પ્રકરણ, ત્રણ અધ્યાય; [૪]કાળ પ્રકરણ, બે અધ્યાય; [૫]જીવ પ્રકરણ, નવ અધ્યાય; [૬]તત્ત્વ પ્રકરણ, ચાર અધ્યાયથી પુરુષમુક્તિ અને નવ અધ્યાયથી સ્ત્રીમુક્તિ.

**એવમેતત્ પુરા પૃષ્ટો મૈત્રેયો ભગવાન્ કિલ ।।**
**ક્ષત્ત્રા વનં પ્રવિષ્ટેન ત્યક્ત્વા સ્વગૃહમૃદ્ધિમત્ ।।૧।।**

**શુકદેવજીએ કહ્યું :** જ્યારે વિદુરજીએ પોતાનું સમૃદ્ધિવાળું ઘર છોડીને વનમાં પ્રવેશ કર્યો ત્યારે એમણે એ પ્રશ્ન ભગવાન્ મૈત્રેયને પૂછેલો ।।૧।।

એ તો જ્યારે પાંડવોનું સમાધાન કરવાને ભગવાન્ હસ્તિનાપુર પધારેલા ત્યારે રાજા દુર્યોધનના ઘરને છોડીને વિદુરજીના ઘરને પોતાનું ઘર માની એમાં પોતે બિરાજેલા; આવા લાયક ઘરને જ્યારે એમાં ભગવાન્ બિરાજતા નહોતા ત્યારે



છોડી દીધું ।।૨।।

**રાજા પરિક્ષિતે પૂછ્યું :** મૈત્રેય સાથે વિદુરજીનો મેળાપ ક્યાં થયેલો? એમની સાથે આ બાબતની વાતચીત ક્યારે થયેલી? હે પ્રભો! એ બધું મને કહો ।।૩।।

પવિત્ર મનવાળા વિદુરજીનો આ ઉત્કર્ષ જેવો તેવો ન કહેવાય. જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા મૈત્રેય મુનિને આવો પ્રશ્ન કરવામાટે આપણે એમના જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછા કહેવાય ।।૪।।

**સુતે કહ્યું :** જ્યારે રાજા પરીક્ષિતે ઋષિઓમાં શ્રેષ્ઠ એવા શ્રીશુકદેવજીને પૂછ્યું. ત્યારે બહુ જાણનારા શુકદેવજી પરીક્ષિત રાજા ઉપર પ્રસન્ન થઈ તેને કહેવા લાગ્યા કે ન સાંભળો ।।૫।।

**શુકદેવજી બોલ્યા :** રાજા ધૃતરાષ્ટ્ર* પોતે અન્ધ હોવાથી એ પોતાના અધર્મવડે પુત્રોને પોષવા લાગ્યા એ પુત્રોએ ભાઈ પાંડુના પુત્રો કે જેમના પિતા ગત થયા છે તેમને લાક્ષાભવનમાં પ્રવેશ કરાવી બાળી મૂક્યા ।।૬।।

**વિશેષ :** અહીં શુકદેવજી વિદુરજીને ઘર છોડવાનું કારણ દસ શ્લોકથી કહે છે. ચાર શ્લોકથી એ કૌરવોના અપરાધનું વર્ણન કરે છે. એક શ્લોકથી વિદુરજી ધૃતરાષ્ટ્રનો સમાગમ કહે છે. ત્રણ શ્લોકથી એની વિચારણા કહે છે. બીજા શ્લોકમાં વિદુરજીને જીવતાં નીકળી જવાનું દુર્યોધન વર્ણન કરે છે. એમ દશશ્લોકીનું તાત્પર્ય છે. એમાં ધર્મશાસ્ત્ર વિરુદ્ધ, લોકશાસ્ત્ર વિરુદ્ધ, નીતિવિરુદ્ધ અને ઈશ્વરવચનનું ઉલ્લંઘન એ અપરાધો છે. જો કે ધૃતરાષ્ટ્ર નથી બોલ્યા, પણ દુર્યોધન બોલ્યો તેને રોક્યો નહિ તેથી **'અપ્રતિષિદ્ધમ્ અનુમતં ભવતિ'** (રોકવામાં ન આવે તો એ કબૂલાત છે) એ ન્યાયથી ધૃતરાષ્ટ્ર અપરાધી થયા.

એના પુત્રો કુરુદેવ યુધિષ્ઠિરની રાણી દ્રૌપદીને ભર સભામાં કેશ ખેંચીને લાવ્યા. અને જો કે ધૃતરાષ્ટ્રે પોતાની એ પુત્રવધુના નેત્રમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં અને એમના કુચ ઉપર પડતાં એના ઉપરનું કુચકુંકુમ ધોવાઈ જતું હતું એવી હાલતમાં એને જોઈ તો પણ આવું અધમ, કૃત્ય કરતાં એણે પોતાના પુત્રોને અટકાવ્યા નહિ ।।૭।।

યુધિષ્ઠિર વગેરે સજ્જનો છે. એ બધાને અધર્મ્ય દ્યુતથી જીતીને વનમાં મોકલ્યા. સમય થતાં એઓએ ઘેર પાછા આવી પોતાનો ભાગ માગ્યો. એમને એવો ભાગ માંગવાનો હક હતો, છતાં યુધિષ્ઠિરને મોહથી વશ થયેલા ધૃતરાષ્ટ્રે ભાગ આપ્યો નહિ ।।૮।।

પાંડવોએ જગદ્ગુરુ શ્રીકૃષ્ણને સમાધાનમાટે મોકલ્યા. શ્રીકૃષ્ણ સભામાં આવી

ધૃતરાષ્ટ્ર પાસે અમૃતરૂપ વચનો બોલ્યા છતાં જેનું પુણ્ય ક્ષીણ થઈ ગયું છે તેવા એ ધૃતરાષ્ટ્રે, ''આપ કહો છો તે ઉત્તમ છે'' એવું બોલી વચનમાત્રથી પણ માન આપ્યું નહિ ।।૯।।

પછી મોટા ભાઈ ધૃતરાષ્ટ્રે વિદુરને બોલાવ્યા અને પાંડવોનું શું કરવો એ વિશે પૂછ્યું ત્યારે વિચારકોમાં શ્રેષ્ઠ એવા વિદુરે જે વાક્ય કહ્યાં તે આજે પણ 'વિદુરનીતિ' એવા નામથી પ્રસિદ્ધ છે ।।૧૦।।

એણે કહ્યું કે આજાતશત્રુ યુધિષ્ઠિરનો તમે ન સહન થઈ શકે તેવો અપરાધ કર્યો છે. એને એનો ભાગ પાછો આપો કારણ કે અત્યન્ત ભયંકર અને ક્રોધથી ફૂંફાડા મારતો વૃકોદર રૂપ સર્પ જેનાથી તું બહુ ડરે છે તે એમના નાનાભાઈઓની સાથે છે ।।૧૧।।

એટલું જ નહિ પણ બધા રાજાઓના મૂર્ધન્ય એવા મુકુન્દ ભગવાનને પાંડવોએ પોતાના કર્યા છે તે બધા રાજાઓને જીતીને ભકતની પુરીમાંજ બિરાજે છે ।।૧૨।।

તમારો પુત્ર આ દુર્યોધન જે ભગવાનનો દ્વેષ કરે છે તે તમારા ઘરમાં પુત્રરૂપે શત્રુ આવીને રહેલો છે. એ શ્રીકૃષ્ણથી વિમુખ છે. આમ છતાં તમે પુત્રબુદ્ધિથી એનું પોષણ કરો છો. જો તમારે તમારાં કુળનું કુશળ ઈચ્છવું હોય તો એને તત્કાલ છોડી દો ।।૧૩।।

વિદુરજીએ જ્યારે ઉપર પ્રમાણે કહ્યું ત્યારે દુર્યોધનના હોઠ કોપથી ફફડવા મંડ્યા અને કર્ણ, દુઃશાસન તથા સુબલ ના પુત્ર શકુનિ સહિત એણે જેનું શીલ સત્પુરુષને ઈચ્છા કરવા લાયક છે તેવા વિદુરજીને અનાદરપૂર્વક આ પ્રમાણે કહ્યું ।।૧૪।।

''આ કુટિલ દાસીના પુત્રને અહીં બોલાવ્યો છે કોણે? જેનું ખાઈને એ પુષ્ટ થયો છે તેનાથી એ વિરુદ્ધ ચાલે છે અને શત્રુનું કામ કરે છે માટે એને જીવતો શહેરમાંથી કાઢી મૂકો'' ।।૧૫।।

ઉપર પ્રમાણેના અતિ તીક્ષ્ણ બાણ જેવા દસ વાક્ય દસ પ્રાણમાં ભાઈની સમક્ષ માર્યા તો પણ એના ભાઈ ધૃતરાષ્ટ્ર કાંઈ પણ બોલ્યા નહિ ત્યારે માયાના બળને અધિક માની એમણે મનમાંથી દુઃખને દૂર કર્યું અને પોતાના ધનુષને દ્વારમાં મૂકી વિદુરજી ત્યાંથી ચાલી નીકળ્યા ।।૧૬।।

ખરું જોતાં તો એ વિદુરજી કૌરવોના પુણ્યથી જ કૌરવકુળમાં આવ્યાં છે. એ



પુણ્યને સાથે લઈને એ હસ્તિનાપુરથી નીકળ્યા અને ભગવાનના ચરણરૂપ તીર્થો કે જ્યાં ભગવાન્ હજારો સ્વરૂપવડે બિરાજે છે તેવા સ્થળોમાં પુણ્ય કરવાની ઈચ્છાથી એ વિદુરજી પૃથ્વીમાં ફરવા લાગ્યા ।।૧૭।।

નગરોમાં, પવિત્ર ઉપવનની કુંજોમાં, પર્વતોમાં, કાદવ વગરના જળવાળા તળાવ અને નદીઓમાં, જ્યાં-જ્યાં અનન્ત ભગવાનની મૂર્તિવાળાં દેવાલય છે ત્યાં તીર્થોમાં વિદૂરજી એકલા વિચરવા લાગ્યા ।।૧૮।।

પવિત્ર રીતે એકાન્તમાં રહેવા લાગ્યા. સદા સ્નાન કરતા, નીચે ભોંય ઉપર શયન કરતા કોઈ પોતાના પણ ન જાણી શકે તેવા અવધૂતવેશમાં રહી ભગવાનને પ્રસન્ન* કરે તેવાં વ્રતે ફરવા લાગ્યા ।।૧૯।।

**વિશેષ :** અહીં આ પ્રમાણે ક્રમ છે. ભગવાનને શોધવામાટે પ્રથમ ઘર છોડી ફરવું, પછી આન્તર અને બાહ્ય નિયમો પાળવા તેથી ઉત્તમ વ્રતો કરવાં, પવિત્ર એકાન્ત સ્થાનમાં પ્રભુના ધ્યાનને માટે રહેવું, એક દિવસને અન્તરે આહાર કરવા વગેરે જીવિકા કરવી, ત્રણ વખત સ્નાન કરવું. પૃથ્વી ઉપર શયન કરવું, અભ્યંગાદિનો ત્યાગ કરવો, પ્રતિબન્ધ નિવૃત્તિનેમાટે અવધૂતવેશ કરવો, ચાર વ્રતો ભગવાનને પ્રસન્ન કરનાર છે.

એકાદશીનો ઉપવાસ, સર્વપ્રાણી ઉપર દયા, જે મળે તેમાં સન્તોષ તથા સર્વ ઈન્દ્રિયોને નિયમમાં રાખવી એ ચાર વ્રતથી ભગવાન્ પ્રસન્ન થાય છે.

એવી રીતે જ્યારે ભારતવર્ષમાં ફરતાં-ફરતાં કાળે કરીને એ પ્રભાસમાં આવ્યાં ત્યારે પૃથ્વી ઉપર એક ચક્રવર્તી રાજા યુધિષ્ઠિર રાજ્ય કરતાં હતા ।।૨૦।।

ત્યાં એમણે સાભળ્યું કે બધા સુહૃદો નાશ પામ્યા છે. જેમ વાંસનું વન પવનથી પરસ્પર ઘસાતાં અન્દરથી અગ્નિ ઉત્પન્ન કરી પછી એનાથી જ નાશ પામે તેમ સ્પર્ધાથી સુહૃદોનો નાશ થયો છે. એવું સાંભળી શોક કરતા વિદુરજી સરસ્વતી નદી ઉપર ચૂપચાપ આવ્યા ।।૨૧।।

ત્યાં ત્રિત, શુક્ર, મનુ, પૃથુ, અગ્નિ, અસિત, વાયુ અને સુદાસ ના તથા ગોસત્ર અને કાર્તિકસ્વામી તથા વૈવસ્વતમનુનાં તીર્થોનું એમણે સેવન કર્યુ ।।૨૨।।

બ્રાહ્મણો અને દેવતાઓએ કરેલાં અનેક પ્રકારનાં વિષ્ણુનાં દેવાલયો, જેમાં સુદર્શનાદિ આયુધોનાં ચિહ્ન છે તેમાં દેવાલયોમાં પણ શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં વિદુરજીએ સેવન કર્યુ ।।૨૩।।

એવી રીતે તીર્થ કરતાં-કરતાં ભગવાનના બિરાજવાથી સમૃદ્ધ થયેલા સુરાષ્ટ્ર,

સૌવીર, મત્સ્ય, કુરુ-જાંગલદેશ વગેરેનાં તીર્થોમાં ફરતાં-ફરતાં યોગ્ય સમયે જ્યારે એઓ શ્રીયમુનાના તીરના પ્રદેશમાં આવ્યા ત્યારે એમણે ત્યાં ભગવાનનાં ભક્ત ઉદ્ધવજીને જોયા ।।૨૪।।

વાસુદેવ ભગવાનનાં ભક્તિવાળા અત્યન્ત શાન્ત, બૃહસ્પતિની પાસેથી નીતિ શીખેલ એવા ઉદ્ધવજીને વિદુરજીએ ગાઢ આલિંગન કર્યું અને ભગવાનની પ્રજારૂપ પોતાના સુહૃદોનું કુશળ પ્રેમથી પૂછવા લાગ્યા ।।૨૫।।

ખરેખર બ્રહ્માજીની પ્રાર્થનાથી સાક્ષાત્ બેઉ પુરાણપુરુષ ભૂતળઉપર પ્રકટ થયા છે એ પૃથ્વીનું કુશળ કરી કૃષ્ણને બળદેવરૂપે શૂરનાં ઘરમાં હેમખેમ બિરાજે છે?।।૨૬।।

કુરુઓના પરમ સુહૃદ અને અમારા બનેવી વસુદેવ સુખી છે? દાનશીલ પિતાના જેવાં એ પોતાની બહેનોના મનોરથ પૂર્ણ કરવા વરદાનને આપે છે? ।।૨૭।।

ભાઈ, યાદવોના સેનાપતિ વીરવર પ્રદ્યુમ્નજી જે પૂર્વજન્મમાં કામદેવ હતા તથા જેને દેવી રુકિમણીજીએ બ્રાહ્મણોની આરાધના કરીને પ્રાપ્ત કર્યા હતા તે આનન્દમાં છે ને? ।।૨૮।।

ઉગ્રસેન રાજ્યની આશા છોડીને બેઠેલા હતા; કમળલોચન ભગવાને સાત્ત્વત, ભોજ, દાશાર્હ વગેરેના અધિપતિ કંસને મારી એ ઉગ્રસેનનો રાજ્યાભિષેક કર્યો; શું એ સુખી છે? ।।૨૯।।

**હે સૌમ્ય!** ભગવાનના પુત્ર અને મહારથીઓના અગ્રણી એવા ભગવાનના જેવા સામ્બ સુખી છે શું? આ સામ્બને જામ્બુવતી વ્રત કરીને પ્રાપ્ત કરી શકેલાં અને જેને અમ્બિકાએ પ્રથમ કાર્તિકેયરૂપે પુત્ર તરીકે ઉત્પન્ન કરેલા ।।૩૦।।

અર્જુન પાસેથી ધનુષના રહસ્યને જાણનાર યુયુધાન (સાત્યકિ) મજામાં છે? આ સાત્યકિ ભગવાન્ અધોક્ષજની સેવા કરીને યતિઓ પણ જે ગતિને પ્રાપ્ત કરી શકે નહિ તેવી ગતિને પ્રાપ્ત કરી શકેલા ।।૩૧।।

ભગવાનને શરણે ગયેલા શ્વફલ્કના પુત્ર અક્રૂર નિરોગી છે? આ અક્રૂર પ્રેમયુકત થઈ ધીરજ છોડી ભગવાનની ચરણરજને માર્ગમાં જોતાં એમાં લોટી પડ્યા હતા ।।૩૨।।

વિષ્ણુ દેવકની પુત્રી દેવકીજીના પેટે પુત્રરૂપે પ્રકટેલા એવાં દેવની માતા જેવાં દેવકનાં પુત્રી દેવકીજી આનન્દમાં છે? જેમ વેદત્રયી યજ્ઞના વિસ્તારને ધારણ કરે છે



તેમ દેવકીજીએ પોતાના ગર્ભમાં ભગવાનને ધારણ કર્યા હતા ।।૩૩।।

અનિરુદ્ધ ભગવાન્! જે તમારા સાત્ત્વત્ ભક્તોની કામનાઓને પૂર્ણ કરનાર છે અને જે મનોમયરૂપ તેમજ અન્તઃકરણના ચોથા તત્ત્વરૂપ છે એ સુખમાં બિરાજે છે? ।।૩૪।।

સૌમ્ય સ્વભાવ ઉદ્ધવજી, પોતાના હૃદયેશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણના અનન્ય ભક્તો હૃદીક, સત્યભામાના પુત્રો, પ્રદ્યુમ્નના ભાઈ ચારુદેષ્ણ અને ગદ વગેરે બધા આનન્દમાં છે? ।।૩૫।।

વળી યુધિષ્ઠિર રાજા, જેને અર્જુન અને ભગવાનરૂપ બે ભુજાઓ છે અને જેની (સુધર્મા) સભામાં અનેક પ્રકારના જયોની પરમ્પરાથી ચક્રવર્તિત્વની લક્ષ્મીને જોઈને દુર્યોધન દુઃખી-દુઃખી થઈ ગયો હતો તેઓ મર્યાદાપૂર્વક પ્રજાનું પાલન કરે છે? ।।૩૬।।

અપરાધીઓ પ્રત્યે અત્યન્ત અસહિષ્ણુ ભીમસેને સર્પની માફક દીર્ઘ કાલના ક્રોધને છોડી દીધો? ગદાયુદ્ધમાં જ્યારે તરહ-તરહના પેંતરા બદલતાં ત્યારે એના પગનાં ધમકારાથી ધરતી ધ્રુજી ઉઠતી હતી ।।૩૭।।

વળી લડાઈમાં સેનાપતિઓના વિજયને ધારણ કરનાર અર્જુન શત્રુને મારી નાખી નિઃશત્રુતાથી સુખમાં છે? માયાવડે ભીલ બનેલા શિવજી એના બાણોથી ઢંકાઈ જઈને એના ઉપર પ્રસન્ન થયા હતા ।।૩૮।।

પાંપણો જેમ આંખોની રક્ષા કરે છે તેમ પૃથા (કુન્તાજી)ના પુત્રો સહદેવ અને નકુળ ની રક્ષા કરતા. એ માદ્રીના પુત્ર નકુલ અને સહદેવ પણ જેમ અમૃતપાન કરતાં ઈન્દ્રના મોંમાંથી ગરુડજી અમૃત લઈ લે તેમ લડીને કે બળાત્કારથી શત્રુ પાસેથી ધન લાવી આપનાર છે તે બન્ને ભાઈઓ આનન્દમાં છે શું? ।।૩૯।।

અહો રાજર્ષિવર્ય! એવા પોતાના પતિ પાંડુ, જે અસહાય એક વીર હતા અને માત્ર ધનુષની સહાયતાથી ચાર દિશાને જીતી શક્યા હતા તેમની ગેરહાજરીમાં કુન્તીજી બાળકોમાટે પોતે પ્રાણને રાખી રહ્યાં છે ।।૪૦।।

હે સૌમ્ય! એ મરેલા ભાઈનો દ્રોહ કરી અધોગતિને પહોંચેલા એવા ધૃતરાષ્ટ્રનો હું શોક કરું છું જેણે પોતાના ભાઈ એવા મને પોતાની નગરીમાંથી દૂર કર્યો ।।૪૧।।

એ હું મનુષ્યનાટ્યને અનુસરતા અને મનુષ્યની દૃષ્ટિએ મોહમાં નાખતા ભગવાનની પેઠે બીજા ન જાણે તેમ ભગવાનની કૃપાથી વિસ્મય રહિત થઈને એમની

જ કૃપાથી આ લોકમાં ફરું છું ।।૪૨।।

પૃથ્વીને પોતાના સૈન્યથી વારંવાર ધ્રુજાવતા અને વિદ્યા, ધન અને ઉચ્ચકુળ એવા ત્રણ પ્રકારના મદથી જે રાજાઓ ઉન્માર્ગે ચાલતા હતા તેમને ભગવાને માર્યા પણ કૌરવોને ન માર્યા. તે તો એટલામાટે જ કે ભીમ વગેરે પોતાને શરણે આવેલા હોવાથી ભગવાનને એમની પ્રતિજ્ઞા પૂર્ણ કરવી હતી. તેથી જ ઈશ્વર છતાં પોતે એના અપરાધની ઉપેક્ષા કરી ।।૪૩।।

ભગવાન્ અજન્મા છે છતાં જગતમાં પોતે જન્મ લે છે એ ઉન્માર્ગે ચાલનારાઓનો નાશ કરવામાટે જ. જો એમ ન હોય તો ગુણોથી પર હોવા છતાં કર્માધીન દેહને કોણ સ્વીકારે? ।।૪૪।।

**તસ્ય પ્રપન્નાખિલલોકપાનામ્ અવસ્થિતાનામનુશાસને સ્વે ।।**
**અર્થાય જાતસ્ય યદુષ્વજસ્ય વાર્તા સખે કીર્તય તીર્થકીર્તેઃ ।।૪૫।।**

એવા એ અખિલલોકપતિ, ઈન્દ્રાદિ જેને શરણે આવેલા છે અને એવા શરણાગતને માટે જ જે યદુકુળમાં પધારેલ છે તેવા એ જ ભગવાનની કીર્તિ તીર્થની પેઠે પવિત્ર કરનારી છે; તો હે સખે! એ સમ્બન્ધી જે વાર્તા હોય તે તમે અમને કહો ।।૪૫।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં(પહેલા અધિકારપ્રકરણનો)**
**''બદરીકાશ્રમ તરફ જતા ઉદ્ધવજીને ગંગાજી ઉપર વિદુરજીનો મેળાપ''**
**નામનો પહેલો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઈદં નામાત્મકં ભગવતો રૂપં તત્ સ્વવિકેતરી વિક્રયાતિરિક્તં ફલં ન પ્રયચ્છતિ**
ભગવાનના નામાત્મક સ્વરૂપ એવી ભાગવત કથાને (કથાની દક્ષિણા, પોથીભેટ વગેરે રીતે) જે વેચે છે તેને ભાગવત તેના વેચાણના બદલામાં મળતાં દાન-દક્ષિણાથી વધુ બીજું કંઈ પણ ફળ આપતું નથી **—શ્રીમહાપ્રભુજી**

# અધ્યાય ૨

## ભગવાનનું સંક્ષિપ્ત ચરિત ઉદ્ધવજીએ વિદુરજીને કહ્યું

**વિશેષ :** પૂર્વ અધ્યાયમાં ભૂતની સૃષ્ટિ કહેવામાં આવી કારણ કે અધિકારને માટે સર્ગ કહેવાનો



છે. બીજા અધ્યાયમાં વિષયનો સર્ગ કહેવાનો છે, ક્રિયા અને જ્ઞાનના ભેદવડે ભક્તિના મુખ્ય અધિકારીને અલૌકિક ચરિત્રવડે મહાત્મ્યરૂપ વિષય હોય છે. એમાં ક્રિયા ભગવાન્‌માં જ હોય છે, બીજે હોતી નથી એ વાત અહીં છ શ્લોકથી કહેવાય છે. મન અને પાંચ કર્મેન્દ્રિયવડે ષડ્ગુણ ઐશ્વર્યવાળા એક ભગવાનનું જ એમાં વર્ણન છે. પછી સત્તાવીસ શ્લોકથી ભગવાનના ગુણો કહેવામાં આવે છે. જે તત્ત્વરૂપ વિષયો છે તે બધા તત્ત્વરૂપ દેવો છે. પ્રશ્નોત્તરાત્મક સંવાદમાં આનો ત્રણ અધ્યાયવડે હમણાં ઉત્તર આપવામાં આવે છે. પ્રથમ અધ્યાયમાં સામાન્ય કુશળ, વિશેષ કુશળ અને ભગવચ્ચરિત્ર એમ ક્રમવડે પૂછવામાં આવ્યું છે. એમાં સામાન્ય કુશળનો ઉત્તર અઢાર શ્લોકથી ત્રણ પ્રકારે આ અધ્યાયમાં કહેવામાં આવે છે; તેથી બાકી રહેલા દશ શ્લોક ભગવચ્ચરિત્ર તથા બીજા પ્રશ્નનાં ઉત્તરરૂપ જાણવા. યાદવો લોકદ્વયમાં અને ભક્તિમાં ભાગ્યહીન છે. એમ ઉત્તરમાં કહેવાય છે. ભક્તિનો પ્રાદુર્ભાવ થવાથી ઉદ્ધવજી ઉત્તર આપી શકતા નથી. ભક્તિનું ચિહ્ન અશક્તિ છે. એના કારણને પણ અહીં સાધનપણે કહેવામાં આવે છે. સર્વ વ્યાપાર રહિત થવું એ જ ભક્તિનું ચિહ્ન છે. તો પણ કૃષ્ણનું માહાત્મ્ય કહેવા માટે વિદુરજીના પ્રશ્નનો ઉત્તર આપવાને ઉદ્ધવજી પ્રયત્ન કરે છે.

**શ્રીશુક ઉવાચ**

**ઈતિ ભાગવતઃ પૃષ્ટઃ ક્ષત્ત્રા વાર્તા પ્રિયાશ્રયામ્ ।।**
**પ્રતિવક્તું ન ચોત્સેહ ઔત્કંઠ્યાત્ સ્મારિતેશ્વરઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રકારે જ્યારે વિદુરજીએ ભગવદ્ભક્ત ઉદ્ધવજીને પ્રિય ભગવાન્ સમ્બન્ધી વાતો પૂછી ત્યારે અતિ ઉત્કંઠા પૂર્વક ભગવાનનું સ્મરણ થઈ આવતાં ઉત્તર આપવાની હિમ્મત કરી ન શક્યા ।।૧।।

ઉદ્ધવજી જ્યારે પાંચ વર્ષના હતા. ત્યારે બાલ્યાવસ્થામાં પણ ભગવાનની સેવા કરતા; એ એટલે સુધી કે માતા પ્રાતર્ભોજન માટે બોલાવતી તો પણ સેવામાં લીન હોવાથી ભોજન લેવાની પણ પરવા કરતા નહિ ।।૨।।

એ ઉદ્ધવ ભગવાનની સેવા કરતાં-કરતાં હવે વૃદ્ધ થયા છે તેમને ભગવાનનાં ચરણકમલનું સ્મરણ આવતાં ભગવત્સમ્બન્ધી ઉત્તર કેમ આપી શકે? ।।૩।।

પ્રથમ તો કૃષ્ણચરણની સુધામાં ડુબેલા ઉદ્ધવજી બે ઘડી બોલ્યા વગર બેસી રહ્યા અને તીવ્ર ભક્તિયોગવડે ભગવાનના સ્વરૂપમાં આનન્દમગ્ન થઈ ગયા ।।૪।।

રોમાંચથી એમનાં સર્વે અંગ પ્રફુલ્લિત થયાં. બંધ નેત્રમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં અને સ્નેહનાં પ્રવાહમાં ડૂબતાં પૂર્ણાર્થ હોય એમ દેખાવા લાગ્યા ।।૫।।

પછી ધીમે-ધીમે ભગવલ્લોકમાંથી એ મનુષ્યલોકમાં આવ્યાં, નેત્રમાંથી આંસુ લઈ હાસ્ય સહિત વિદૂરજીને કહેવા લાગ્યા ।।૬।।

**ઉદ્ધવજીએ કહ્યું :** જ્યારે કૃષ્ણરૂપી સૂર્ય બીજા લોકને પ્રકાશિત કરવાને અહીંથી અસ્ત પામ્યો, જ્યારે અન્ધકારરૂપી અજગર જગતને ગળી ગયો અને બધાં ઘર લક્ષ્મી વગરનાં થઈ ગયાં ત્યારે એ બધાનું હવે તમે કુશળ પૂછો છો તો હું તમને શું કહું? ।।૭।।

આ લોકમાં અને ખાસ કરીને યાદવોનાં જ દુર્ભાગ્ય કે માછલાં સાથે રહેતા ચન્દ્રને જેમ માછલાં ઓળખી શક્યાં નહિ તેમ એઓ ભગવાનની સાથે રહેતા હોવા છતાં એમને પિછાણી શક્યા નહિ ।।૮।।

એ યાદવો ભગવાનનો અભિપ્રાય જાણતા હતા, મહા ગમ્ભીર હતા એઓ ભગવાનની સાથે જ ખેલનારા હતા તેથી એઓ જે ભગવાન્ સર્વભૂતના સંચાલક છે તેમને યાદવશ્રેષ્ઠ માનવા લાગ્યા, પરન્તુ ભગવાન્પણે એમનું સ્વરૂપ જાણી એમને મોક્ષાદિ સિદ્ધિઓ સમ્પાદન કરવી જોઈએ એ તેઓ કરી શક્યા નહિ. એ જ એઓનું દુર્ભાગ્ય કહેવાય ।।૯।।

વળી શિશુપાળ જેવા કેટલાકે તો અસત્નો આશ્રય કરેલો હોવાથી તેઓ ભગવાનનો દ્વેષ કરતા હતા અને એમનાથી દૂર રહ્યા. બીજા કેટલાક પાખંડી થયા. પરન્તુ જેઓ ભક્તો હતા તેમની બુદ્ધિ ભગવાન્માં આરૂઢ થયેલી હોવાથી એમના કહેવા છતાં કદાપિ ઊલટી રીતે થતી નહિ ।।૧૦।।

પૂર્વે તપ નથી કર્યું તેવાં મનુષ્યોને નેત્રની તૃપ્તિ થાય એ પહેલા તો લોકના જ્ઞાનરૂપ પોતાનું સ્વરૂપ લઈને પોતે તિરોહિત થઈ ગયા ।।૧૧।।

પોતાની યોગમાયાનો પ્રભાવ દેખાડવામાટે ભગવાને મનુષ્યોના જેવી લીલામાં ઉપયોગી જે દિવ્ય-અલૌકિક-શ્રીવિગ્રહ* પ્રકટ કર્યો હતો એ એટલો તો સુન્દર હતો કે એને જોઈને સારું જગત્ તો મોહિત થઈ જ જતું હતું, આપ પોતે પણ વિસ્મિત થઈ જતા હતા. સૌભાગ્ય અને સુન્દરતાની પરાકાષ્ઠા હતી એ રૂપમાં. એનાથી આભૂષણ પણ વિભૂષિત થઈ જતાં હતાં પહેરેલા દાગીના પણ દીપી ઊઠતા હતા! ।।૧૨।।

**વિશેષ :** આ શ્લોકમાં ભગવાનનાં સચ્ચિદાનન્દ એમ ત્રણ રૂપમાં સદ્રૂપનો ઉત્કર્ષ કહેવામાં આવે છે. એ પાંચ ભૂતના જેવું છતાં એનાથી વિશેષ છે. મર્ત્યલીલૌપયિક કહેવાથી મર્ત્ય હોય તે લીલા યોગ્ય ન હોય, અમર્ત્ય હોય તે મર્ત્યલીલા ન કરે તેથી અલૌકિક સદ્રૂપથી જ લીલાની



યોગ્યતાવાળી પોતાની માયાને બતાવતાં ગ્રહણ કરેલું તેથી જલરૂપ ભૂતની શુદ્ધિ કહી, પોતાને વિસ્મય કરાવનાર એમાં એમનો ઉત્કર્ષ કહ્યો. સૌભગર્દ્ધિનું પરમપદ રૂપ કહેવાથી વાયુનો ઉત્કર્ષ કહ્યો. ભૂષણભૂષણાંગ કહેવાથી નભની ઉત્કૃષ્ટતા બતાવી. એમ પંચભૂતોની અલૌકિકતા બતાવતાં ભગવાનની સદ્રૂપતાની શુદ્ધિ બતાવી છે. તેરમાં શ્લોકમાં ભગવાનના ચિદ્ધર્મનો ઉત્કર્ષ બતાવવામાં આવ્યો છે કેમકે ચિદ્રૂપ વિના કેવળ સત્ત્વમાં આવું રૂપ સમ્ભવે નહિ તેથી ચૈતન્ય રૂપ છે. ૧૪મા શ્લોકમાં આનન્દરૂપતાનું વર્ણન છે.

યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમાં મનુષ્યના નેત્રનું કલ્યાણ કરનાર ભગવાનનું રૂપ જોઈને ત્રણે લોક બ્રહ્માજીના કૌશલ્યને મનુષ્યસૃષ્ટિમાં સર્વોપરિ તરીકે બિરદાવવા લાગ્યા ।।૧૩।।

રાસલીલા સમયે ભગવાને હાસ્ય સહિત વ્રજસ્ત્રીઓ પ્રત્યે દૃષ્ટિ કરવાથી વ્રજસ્ત્રીઓને માન પ્રાપ્ત થયું અને દૃષ્ટિ સાથે બુદ્ધિ પણ ભગવાન્માં જવાથી ઘરનાં કામકાજને લટકતું જ રાખીને એઓ ભગવાનની સામે કઠપૂતળીની માફક સ્થિર થઈ જતી હતી ।।૧૪।।

જ્યારે ભગવાનનાં શાન્ત રૂપોને બીજાં અશાન્ત રૂપ પીડા કરે છે ત્યારે એને જોઈને લોકોની ઉપર દયા આવવાથી સ્વયં 'અજન્મા' છતાં, જેમ અગ્નિનો પ્રાદુર્ભાવ કાષ્ઠમાં થાય છે તેમ ભગવાન્ પણ મહદ્ અંશવડે એટલે પ્રકૃતિ પુરુષને પોતાના સ્વરૂપમાં લઈને આપ પ્રકટ થાય છે ।।૧૫।।

અજન્મા હોવા છતાં વસુદેવજીના ઘરમાં જન્મ લેવાનું જે નાટક કર્યું ત્યાંથી શત્રુના ભયથી વ્રજમાં પધારવું, અનન્તવીર્ય છતાં મથુરા નગરી છોડીને ભાગી છૂટવું, આ બધી લીલા મને હચમચાવી મૂકેછે ।।૧૬।।

વળી પોતે પિતાના ચરણમાં વન્દન કરી કહે છે કે ''હે પિતા! હે અમ્બ! અમે કંસથી ઘણા ભયભીત થયેલા હોવાથી આપની કંઈ સેવા કરી શક્યા નથી માટે આપ અમારીઉપર પ્રસન્ન થાઓ''. એનું સ્મરણ થતાં મારું મન દુઃખી-દુઃખી થઈ જાય છે ।।૧૭।।

આ ભગવાનના ચરણકમળની સુગન્ધને એક વાર સૂંઘનાર એવો કયો પુરુષ છે જે ભગવાનને ભૂલી શકે? અહીં એ ભગવાન્ ભ્રૂભંગમાત્રથી કાળથી ઉત્પન્ન થયેલ પૃથ્વીનો ભાર દૂર કરે છે ।।૧૮।।

રાજસૂય યજ્ઞમાં કૃષ્ણનો દ્વેષ કરતાં શિશુપાળને જે સિદ્ધિ પ્રાપ્ત થઈ તે તમે

જોઈ, અરે! એવી સિદ્ધિની તો યોગી લોક યોગસમાધિવડે ઉત્કંઠાપૂર્વક ઈચ્છા કરે છે. આવા ભગવાનના વિરહને કોણ સહન કરી શકે ।।૧૯।।

તેવી જ રીતે મનુષ્યલોકમાં ચોતરફથી આંખને આનન્દ આપનાર કૃષ્ણના મુખારવિન્દને પોતાના નેત્રથી નીરખતા અને અર્જુનના અસ્ત્રવડે પવિત્ર થતા વીરપુરુષો પરમ પદને પામ્યા ।।૨૦।।

એ ભગવાનનો નથી કોઈ બરોબરિયો કે નથી કોઈ એનાથી અધિક. વળી એ ત્રણ લોકના અધિપતિ છે. જેની સર્વ કામનાઓ પૂર્ણ થયેલી છે તેવાં લોકપાલો સ્વારાજ્યલક્ષ્મીથી ભગવાનને ભેટ ધરતા પોતાના કિરીટના મણિઓવડે એમની ચરણપીઠિકાને પૂજતા હોવાથી એ પીઠિકા સ્તુતિપાત્ર થઈ છે ।।૨૧।।

રાજ્યાસન ઉપર બેઠેલા ઉગ્રસેન પાસે જઈ પોતે ઉભા રહી, ''હે દેવ! આ હું આવ્યો છું, આપને નમસ્કાર કરું છું. મારી ઉપર દષ્ટિ કરો'' એવું ભગવાને કહ્યું હતું. હે અંગ! અમે કે જે એમના સેવક છીએ તેવા અમારા હૃદયને એમની એ દાસભાવની લીલાગ્લાનિ ઉત્પન્ન કરે છે ।।૨૨।।

અહો, પૂતના કે જે ખરાબ ચરિત્ર વાળી અસતી હતી તે ભગવાનને મારવાની મુરાદથી આવી અને એણે પોતાના સ્તનમાં રહેલું ઝેર ભગવાનને પાયું, છતાં ભગવાને એને માતા જેવી ગતિ આપી, કારણ કે કંઈ નહિ તો એની આકૃતિ અને ક્રિયા માતાના જેવી હતી તો પછી આવા દયાળુ ભગવાન્ સિવાય બીજા કોના શરણે જઈએ? ।।૨૩।।

જે અસુરોએ* ક્રોધવડે પોતાના ચિત્તને ત્રણ લોકના અધીશ્વર એવા ભગવાન્‌માં લગાડેલું તેમને હું ભગવદ્‌ભક્ત માનું છું, કારણ કે એઓ રણસંગ્રામમાં પોતાના પ્રાણ છોડતાં ભગવાનનાં ચક્રને ધારણ કરતા ગરુડને જોતા હતા ।।૨૪।।

**વિશેષ :** અસુરો બે પ્રકારના છે : **''મામ્ અપ્રાપ્યૈવ કૌન્તેય''** ઈત્યાદિમાં કહેલાં અસુર જે ભગવાનને નેત્રાદિકથી પણ મળી શકે છે તે ભગવાનને પામી મુક્ત થાય છે. અને **''મામાત્મપરદેહેષુ પ્રદ્વિષન્તઃ''** ઈત્યાદિથી કહેલ અસુરો ભગવાનના સાક્ષાત્ સમ્બન્ધમાં આવતા નથી. પણ જગદ્રૂપ ભગવાનનો દ્વેષ કરનારા છે. એવા અસુરોની મુક્તિ થતી નથી. સાક્ષાત્ ભગવાનનો દ્વેષ કરનારા કોઈ પણ અન્તઃકરણના ધર્મથી ભગવત્સમ્બન્ધવાળા હોવાથી, ઉદ્ધવજી કહે છે કે, હું એવા અસુરોને ભગવદ્‌ભક્ત માનું છું. જે સહજ દાનવો છે તે વૈષ્ણવતન્ત્રમાં કહેલ છે. વેદમાં પણ એનું દેવપ્રતિપક્ષ તરીકે કવચિત્ વર્ણન આવે છે. તેથી



જેની મુક્તિ થાય છે તેવાં પૂતના વગેરે સહજ અસુર નહિ પણ આસુરાવેશવાળાં સમજવાં. તેઓનો આસુરાવેશ ભગવાનના સમ્બન્ધથી ચાલ્યો જાય છે. તેથી તેઓ મુક્ત થાય છે. તેથી આની મુક્તિ અને અમુક્તિને માટે ભેદવાદ અથવા વૈનાશિકી પ્રક્રિયાનો સ્વીકાર કરનાર બહુ વાક્યોનો વિરોધ આવતો હોવાથી એમનો વિચાર શંકાસ્પદ છે. વળી એની મુક્તિમાં યુક્તિ કહે છે કે જેમ જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્નનો વિષય ભગવાન્ છે તેમ ક્રોધ વિષય પણ ભગવાન્ છે. ભગવાનને પરમદયાળુ માનો તો ક્રોધ પણ મુક્તિનું કારણ થઈ શકે; એમ ન માનો તો ભગવાન્ દયાળુ ન ગણાય; માટે વૈષ્ણવે એમ માનવું : કાં તો દૈત્યોની મુક્તિ ન માનવી, કાં તો ભગવાનની દયા માનવી. એમાં પણ દયાનું બળ વિશેષ છે. દૈત્યો યુદ્ધમાં મરવામાટે ભગવાનની સામે આવે છે. ભગવાનની એઓ ઉપર દયા ન હોયતો કોઈ બીજા પાસે એને મરાવે, પણ પોતે ન મારે; અથવા એ વખતેપોતે દર્શન ન આપે, દર્શન આપે છે માટે દયાળુ છે. ત્યારે ભક્તમાં અને દ્વેષીમાં ભેદ શો? એના ઉત્તરમાં કહે છે કે ભક્તો સદા ગરુડારૂઢ ભગવાનને યુદ્ધમાં તથા યુદ્ધ વગર પણ જોઈ શકે છે; દૈત્યો તો ભગવાનનું દર્શન યુદ્ધમાં જ કરી શકે. પણ ભગવાનયુક્ત ગરુડને મુખ્ય દેખે છે, કારણકે ગરુડ કાલાત્મક છે; તેથી પ્રથમ કાલને પામીને પછી ભગવાનને પામે છે. જીવતાં ભગવાનને પામતા નથી એટલો જ દૈત્ય અને ભક્ત નો ભેદ છે. ભક્ત સદા ભગવાનને સર્વરૂપે જોઈ શકે છે.

આ ભગવાનનું પ્રાકટ્ય બ્રહ્માની પ્રાર્થનાથી પૃથ્વીને સુખ કરવામાટે વસુદેવની સ્ત્રી દેવકીમાં કંસના કારાગૃહવાસમાં થયું ।।૨૫।।

ત્યાં વસુદેવજી કંસથી ભય પામ્યા તેથી આપ કારાગારમાંથી વ્રજમાં પધાર્યા ત્યાં વ્રજમાં આપ અગિયાર વર્ષ સુધી બળદેવજી સાથે તેજને ગુપ્ત રાખીને બિરાજ્યા ।।૨૬।।

ત્યાં કલ્લોલ કરતાં પક્ષીઓવાળાં વૃક્ષોથી યમુનાજીના કિનારા પરનાં જે ઉપવનો શોભી રહ્યાં છે તેમાં વત્સપાલક તરીકે વાછડાંનું ચારણ કરતા ભગવાન્ વિહાર કરતાં હતા ।।૨૭।।

એ વ્રજવાસીઓને દર્શન કરવા લાયક કુમારલીલાને બતાવવા ક્યારેક જાણે રોતા હોય તો ક્યારેક હસતા હોય એમ મુગ્ધ લીલા કરે છે કે સિંહશાવકની જેમ જુએ છે ।।૨૮।।

લક્ષ્મીના ધામરૂપ ધોળી ગાયો તથા આખલાઓવાળા ગોધનને ચરાવતા તેજ ભગવાન્ વેણુવાદન કરી સેવક ગોપોને રાજી કરતા ।।૨૯।।

એમણે ભોજરાજ કંસે મોકલેલા અને માયિક તથા મનમાં આવે તેવાં રૂપ ધારણ કરનાર દૈત્યોને બાળક જેમ રમકડાંને તોડી-ફોડી નાખે તેમ તેમની કચુંબર જ કરી નાખી ।।૩૦।।

જ્યારે ગાયો ગોવાળ વગેરે યમુનાજીનું ઝેરવાળું જળ પીને મૃત્યુ પામ્યાં ત્યારે ત્યાં પધારી કાલીય નાગને ત્યાંથી દૂર કર્યો અને એ કાલીય હ્રદનું જળ સુન્દર બનાવી મરેલાને જીવતાં કર્યા અને એ જળ પાછું એમને પાયું ।।૩૧।।

વળી ભારે ભારરૂપ ધનનો સદ્વ્યય કરવાની ઈચ્છાવાળા શક્તિમાન્ પ્રભુએ ઉત્તમ બ્રાહ્મણો પાસે નન્દબાબાદ્વારા ગોવર્ધનપૂજારૂપ ગોયજ્ઞ કરાવ્યો ।।૩૨।।

હે ભદ્ર! માન ખંડિત થવાથી વિહ્વળ બની ઈન્દ્રે વ્રજનો નાશ કરવા અતિવૃષ્ટિ કરી ત્યારે ભક્તોપર અનુગ્રહ કરી ભગવાને ગોવર્ધનપર્વતને લીલારૂપી છત્ર કરીને વ્રજનું રક્ષણ કર્યું ।।૩૩।।

**શરચ્છશિકરૈર્મૃષ્ટં માનયન્ રજનીમુખમ્ ।।**
**ગાયન્ કલપદં રેમે સ્ત્રીણાં મંડલમંડનઃ ।।૩૪।।**

વળી શરદઋતુના ચન્દ્રનાં કિરણોથી ઉજ્વલ થયેલી સંધ્યાને માન આપી, સુંદર પદોવાળું ગાન કરી, સ્ત્રીઓના મંડલને શોભારૂપ થઈ એ એમની સાથે રમ્યા ।।૩૪।।

**ઈતિ શ્રીભાગવત તૃતીયસ્કન્ધમાં પહેલા અધિકાર પ્રકરણનો**
**''ભગવાનનું સંક્ષિપ્ત ચરિતં ઉદ્ધવજીએ વિદુરજીને કહ્યું''**
**નામનો બીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ચિતિં ચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચ,સ્પૃષ્ટ્વા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ્**
મડદા, તેને બાળવા વપરાયેલ લાકડાં, રુધિર-માંસ, મરેલા પ્રાણિઓની ખાલ કાઢીને વેચનાર તેમજ ધન કમાવવામાટે દેવસેવા કરનાર ને અડકી જવાય તો પહેર્યા કપડે સ્નાન કરવું. **(દ્રવ્યશુદ્ધિ)**

## અધ્યાય ૩

## મથુરાથી દ્વારકા પધારેલા ભગવાનની લીલાનું વર્ણન

**વિશેષ :** આ અધ્યાયમાં કૃષ્ણનું મધ્ય ચરિત્ર વર્ણવાય છે; અર્થાત્ અધિકારપોષક ઈન્દ્રિયોનો



સર્ગ કહેવાય છે. ભગવાન્ પોતે પ્રકટ થઈ તત્ત્વોને પ્રવર્તાવે છે અને એનાવડે સૃષ્ટિનો વિસ્તાર કરે છે. તેથી અહીં આ ત્રીજા અધ્યાયમાં ભગવાનના ગુણોનું વર્ણન અઠ્ઠાવીશ શ્લોકથી આપવામાં આવે છે. દસ ઈન્દ્રિયો, ચાર-મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર અને એના ચૌદ દેવતા બધાં મળી કુલ અઠ્ઠાવીશ તત્ત્વો થયાં તે બધાંનું આ અધ્યાયનાં નિરૂપણ કરવામાં આવે છે. શાસ્ત્રમાં ક્ષત્રિયોમાટે બે પ્રકારનાં વિવાહ મુખ્ય ગણવામાં આવ્યા છે તેથી ભગવાને બન્ને વિવાહથી અહીં લગ્ન કર્યું છે : ગાન્ધર્વ અને રાક્ષસ. રુકૂમિણીથી ગાન્ધર્વપણું છે, બધાની સાથે લડાઈ કરવામાં રાક્ષસત્વ છે.

**ઉદ્ધવ ઉવાચ**

**તતઃ સ આગત્ય પુરં સ્વપિત્રોશ્ચિકીર્ષયા શં બલદેવસંયુતઃ ।।**
**નિપાત્ય તુંગાદ્રિપુયૂથનાથં હતં વ્યકર્ષદ્ વ્યસુમોજસોર્વ્યામ્ ।।૧।।**

**ઉદ્ધવજી બોલ્યા :** પિતાને સુખ કરવાની ઈચ્છાથી ભગવાન્ ગોકુળથી બલદેવજી સાથે મથુરામાં પધાર્યા. ત્યાં શત્રુસમુદાયના નાથ એવા કંસને ઊંચા સિંહાસન ઉપરથી નીચે પાડી એને માર્યો અને પછી મરેલા કંસને બળવડે પૃથ્વી ઉપર ખેંચ્યો ।।૧।।

સાંદીપનિ ગુરુએ એક વાર કહેલા વેદ વિસ્તાર સાથે ભણીને એમના મરેલા પુત્રને પંચજન દૈત્યના પેટમાંથી પાછો લાવી આપ્યો અને એવી રીતે ગુરુદક્ષિણા આપી ।।૨।।

ભીષ્મકની પુત્રી રુકૂમિણીનો વિવાહ કરવાને માટે લક્ષ્મીના ભાઈ રુકૂમીએ* રાજાઓને બોલાવેલા એ બધાનાં દેખતાં ગાન્ધર્વ વિવાહથી, જેમ ગરુડ અમૃત લાવ્યા તેમ, બધા રાજાઓને માથે પગ મૂકીને ભગવાન્ રુક્મિણીને લઈ ગયા ।।૩।।
**વિશેષ : શ્રિયઃ સવર્ણેન = 'શ્રી'** એટલે રુક્મિણી તે વર્ણો-અક્ષરો (રુ અને ક્મિ) છે જેના નામમાં તે અર્થાત્ રુકૂમી.

સાત સાંઢને એકી સાથે નાથી સ્વયમ્વરમાં ભગવાન્ નાગ્નજિતીને પરણ્યા. સાંઢોએ જેનો માનભંગ કર્યો છે તેવા મૂર્ખ રાજાઓ નાગ્નજિતીને પડાવી લેવાની ઈચ્છા કરી શસ્ત્ર લઈને લડવા આવ્યા એ બધાને પોતે શસ્ત્રવડે સંહાર્યા અને પોતે અક્ષત રહ્યા ।।૪।।

ભગવાન્ સમર્થ હોવાથી જેમ કોઈ વિષયી પુરુષ મર્યાદાનો ભંગ કરીને પ્રિયાનું પ્રિય કરે તેમ સત્યભામાનો મનોરથ પૂર્ણ કરવાને પારિજાત વૃક્ષ સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર લાવી પોતાના બગીચામાં રોપ્યું. ત્યારે ઈન્દ્ર ક્રોધાન્ધ થઈ દેવતાઓને લઈને

લડવા આવ્યો. કારણ કે ઈન્દ્ર સ્ત્રીઓનો પાળેલો વાંદરો છે ।।૫।।

યુદ્ધમાં નરકાસુર આકાશને પોતાના શરીરવડે ગળી જતો હતો એવું જોઈ ભગવાને સુદર્શનથી એનો નાશ કર્યો ત્યારે પૃથ્વીએ પ્રાર્થના કરી એથી એનું રાજ્ય એના પુત્ર ભગદત્તને આપ્યું અને એને ઉપયોગી નહિ તેવા પદાર્થો સ્વીકારવા પોતે એના જનાનામાં પધાર્યા ।।૬।।

ત્યાં નરકાસુરે રાજાઓને જીતી તેઓની કન્યાઓને એકઠી કરી હતી એ બધીએ ભગવાનનાં દર્શન કર્યાં કે તરત જ બધી ઊભી થઈ અને આર્તના બન્ધુ એવા ભગવાનને એ કન્યાઓએ પ્રહર્ષ, લજ્જા અને પ્રેમપૂર્વક નિહાળતાં જ પતિ તરીકે વધાવી લીધા ।।૭।।

આ બધીનાં જુદાં-જુદાં ઘર કરી પોતાની માયાથી પોતે અનેક રૂપે પ્રકટ થયા અને બધી સાથે એક જ મુહૂર્તમાં લગ્ન કર્યાં ।।૮।।

પ્રકૃતિની વિશેષતાવાળી એ બધી સ્ત્રીઓમાં જન્મની ઈચ્છા થવાથી એકેકમાં પોતાના જેવા દસ-દસ પુત્રોને ઉત્પન્ન કર્યા ।।૯।।

કાલયવન, જરાસન્ધ, શાલ્વ વગેરેએ આવી શહેરને ઘેરો ઘાલ્યો ત્યારે પોતાનું તેજ પોતાના ભક્તોમાં મૂકી એ બધાનો નાશ કર્યો ।।૧૦।।

શમ્બર, દ્વિવિદ, બાણ, મુર, બલ્વલ અને બીજા દન્તવક્ત્ર વગેરે પૈકી કેટલાકને પોતે માર્યા અને કેટલાકને બીજા પાસે મરાવ્યા ।।૧૧।।

વળી તમારા ભાઈ ધૃતરાષ્ટ્રના પુત્રો પાંડવોને પોતપોતાના પક્ષમાં આવી મળેલા રાજાઓની સેનાઓથી કુરુક્ષેત્રરૂપ પૃથ્વી ધણધણી ઊઠી હતી. ત્યારે એ બધાને પણ ભગવાને મરાવી નાખ્યા ।।૧૨।।

કર્ણ, દુઃશાસન અને શકુનિ ની ખોટી સલાહથી જેનાં લક્ષ્મી અને આયુષ પરવારી ગયાં હતાં અને જેની સાથળ ભાંગી ગઈ હતી. તેવા દુર્યોધનને એના અનુચર સહિત રણમાં રગદોળાયેલો જોઈને પણ ભગવાન્ રાજી થયા ન હતા ।।૧૩।।

''દ્રોણ, ભીષ્મ, અર્જુન, ભીમ વગેરેએ અઢાર અક્ષૌહિણીસેનાનો ભૂમિનો ભાર ઉતાર્યો એ ભાર કેટલો?'' મારા અંશરૂપ અને કોઈથી પણ સહન ન થઈ શકે તેવુંય યાદવનું કુળ તો હજુ અકબન્ધ જ છે ।।૧૪।।

મદિરાના મદથી લાલાચોળ નેત્રવાળા (યાદવા) એમનામાં જ પરસ્પર ઝઘડો થાય એ જ એમના વધનો ઉપાય છે. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. (કારણ



કે બીજો ઉપાય તો) હું તૈયાર થતાં જાતે જ નાશ પામે છે. (જેમ અંધારૂં સૂર્યને ઢાંકવા જતાં પોતે જ નાશ પામે છે એમ) ।।૧૫।।

એવું વિચારી પોતાના રાજ્યમાં ધર્મ રાજાને સ્થાપન કરી સુહૃદોને, સત્પુરુષોના માર્ગે વેદ ધર્માદિ યજ્ઞાદિનું પાલન કરવાનું છે એમ લોકપ્રવાહને બતાવતા આનન્દિત કરવા લાગ્યા ।।૧૬।।

અભિમન્યુએ ઉત્તરામાં પુરુનો વંશધર મૂકેલો તેને અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રથી બાળ્યો, જેને ભગવાને પાછો સજીવન કર્યો ।।૧૭।।

યુધિષ્ઠિર રાજા પાસે સમર્થ ભગવાને ત્રણ અશ્વમેધ યજ્ઞ કરાવ્યા. રાજા પણ પોતાના નાના ભાઈઓની સાથે પૃથ્વીપાલન કરતા કૃષ્ણને અનુસરીને આનન્દથી રહ્યા ।।૧૮।।

વિશ્વરૂપ અને આત્મારૂપ ભગવાન્ લોક અને વેદમાર્ગને અનુસરીને દ્વારકામાં રહ્યા અને સાંખ્યનો આશ્રય કરી અનાસક્તિથી કામ-ભોગાદિ ભોગવવા લાગ્યા ।।૧૯।।

સ્નેહ અને હાસ્ય યુક્ત દષ્ટિથી જોતા, અમૃતમય વાણી બોલતા, શુદ્ધચરિત્ર આચરતા, લક્ષ્મીના ધામરૂપ આનન્દયુક્ત દેહવડે આ લોક તેમ જ પરલોકમાં યાદવોને રમાડતા, સ્ત્રીઓના સુખમાં પ્રીતિવાળા ભગવાન્ રાત્રિમાં રમણનો અવસર પ્રાપ્ત થતાં રમણ કરતાં હતા ।।૨૦-૨૧।।

આ પ્રમાણે ઘણાં વર્ષો સુધી રમણ કરતાં તેમને ઘરમાં બુદ્ધિ કરાવનાર ઉપાયોમાં વૈરાગ્ય થયો ।।૨૨।।

ઈચ્છેલો પદાર્થો દૈવને આધીન હોય એને પુરુષ પણ દૈવને આધીન હોય ત્યાં ભગવાનને યોગવડે અનુસરનાર કયો ડાહ્યો પુરુષ કામમાં શ્રદ્ધા રાખે? ।।૨૩।।

એક વખત દ્વારકામાં યદુ-ભોજના બાળકો રમતા હતા ત્યાં થઈને ભગવાનનો અભિપ્રાય જાણનાર મુનિઓ નીકળ્યા. બાળકોએ એ મુનિઓને કોપાવ્યા તેથી એઓએ એમને શાપ આપ્યો ।।૨૪।।

શાપના પ્રભાવથી કેટલાક માસ પછી વૃષ્ણિ, ભોજ, અન્ધક વગેરે આનન્દમાં આવી રથમાં બેઠા અને દેવે જેમને મોહ કરાવ્યો છે તેવા એઓ બધા પ્રભાસ ગયા ।।૨૫।।

ત્યાં જઈ સ્નાન કર્યું. તીર્થોદકથી પિતૃ, દેવ, ઋષિ વગેરેનું તર્પણ કર્યું બ્રાહ્મણોને

બહુ ગુણવાળી ગાયોનું દાન કર્યું ।।૨૬।।

**અન્નં ચોરુરસં તેભ્યો દત્ત્વા ભગવદર્પણમ્ ।।**

**ગોવિપ્રાર્થાસવઃ શૂરાઃ પ્રણેમુર્ભુવિ મૂર્ધભિઃ ।।૨૮।।**

સોનું, રૂપું, શય્યા, વસ્ત્રો, મૃગચર્મ, કામળા, ઘોડા, રથ, હાથી, કન્યા અને જેનાથી નિર્વાહ થઈ શકે તેવી જમીન, બહુ રસવાળું અનાજ વગેરે બ્રાહ્મણોને ભગવદ્‌બુદ્ધિથી આપ્યાં અને ગાયો તથા બ્રાહ્મણોને માટે જેમના પ્રાણ છે તેવા એ શૂર પુરુષોએ પૃથ્વી ઉપર મસ્તક નમાવી બ્રાહ્મણોને પ્રણામ કર્યા ।।૨૭-૨૮।।

**ઇતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (પહેલા અધિકાર પ્રકરણનો)**
**''મથુરાથી દ્વારકા પધારેલા ભગવાનની લીલાનું વર્ણન''**
**નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**જો કોઈ પૈસા કમાવામાટે સેવા-કથા કરે તો તેની કેવી ગતિ થાય?**
(પ્રભુસેવા-મનોરથ માટે ભેટ-સામગ્રી સ્વીકારે) એવું કરે ત્યારે તો સેવા-કથાનું તો ખાલી નામ થયું, ખરેખર તો તેણે વહેપાર-ધંધો જ કર્યો ગણાય. કૃષ્ણાર્થી બનીને સેવા-કથા કરવાને ઠેકાણે ધનાર્થી બનીને સેવા-કથા કરતાં સેવા-કથાના વેચાણના બદલામાં તેને વહેપાર-ધંધાની માફક પૈસા-ટકા મળી રહે પરન્તુ તેવા નીચ પ્રકારે થયેલી કમાણી તેના માટે અનર્થરૂપ જ નીવડવાની. આવા નીચ હેતુથી કરેલી સેવા-કથાનું પણ પરિણામ સરવાળે સર્વનાશ જ સમજવું. શાસ્ત્રનિષિદ્ધ આચરણ કરવાને કારણે આવા અધમ માણસનો કેવલ આ લોકજ નહીં પરન્તુ પરલોક પણ નાશ પામે છે. તેથી જેને રત્તિભાર પણ જ્ઞાન હોય છે તે આવું કદી કરતો નથી.

**(શ્રીગુસાંઈજી,સિદ્ધાન્તમુક્તાવલીવિવૃતિ)**

# અધ્યાય ૪

## ઉદ્ધવજીએ ભગવદ્‌જ્ઞાનમાટે મૈત્રેયને મળવાનું વિદુરજીને કહ્યું; વિદુર-મૈત્રેયનો મેળાપ

**વિશેષ :** આ ચોથા અધ્યાયમાં અધિકારને માટે ભગવાન્ બુદ્ધિનું નિરૂપણ કરે છે પંચપર્વના અધિકારીને બુદ્ધિ પાંચ પ્રકારની છે. બુદ્ધિનાં સ્વરૂપ અને ગુણ કહેવામાં આવ્યાં. હવે અહીં



એનું ફળ કહેવાય છે. એવા પુરુષમાં જ્યારે ભગવાન્ આવિષ્ટ થાય છે ત્યારે એમાં રહેલા સર્વ પદાર્થ પ્રબુદ્ધ થાય છે; નહિ તો થતા નથી. માટે ભગવાનના સર્ગમાં આ બુદ્ધિને પણ હેતુપણું છે.

**ઉદ્ધવ ઉવાચ**

**અથ તે તદનુજ્ઞાતા ભુક્ત્વા પીત્વા ચ વારુણીમ્ ।।**

**તયા વિભ્રંશિતજ્ઞાના દુરુક્તૈર્મર્મ પસ્પૃશુઃ ।।૧।।**

**ઉદ્ધવજીએ કહ્યું :** ત્યાર પછી એ યાદવો બ્રાહ્મણોની આજ્ઞા લઈને ભોજન કરવા બેઠા. એમણે ખાઈ પી મદિરાપાન કર્યું. તેથી એમનું જ્ઞાન* નષ્ટ થયું તેથી એઓ દુર્વચનોવડે એક બીજાના હૃદયને ભેદવા લાગ્યા ।।૧।।

**વિશેષ :** ભાગવત શાસ્ત્રમાં જ્ઞાન સ્થિર છે. માત્ર ત્રણ જ ક્ષણ રહેનાર જ્ઞાન બીજા માને છે તેવું આ નથી. જેમ નાસિકાથી ગન્ધનું સ્ફૂરણ થાય છે. તેમ મનવડે એનું ગ્રહણ થાય છે. એ જ્ઞાન ભગવાન્‌માં નિત્ય છે. બીજાઓમાં એ જ્ઞાન જન્ય છે. શરીરને જેમ અન્નથી પોષણ મળે તેમ એ જ્ઞાનનાં પોષક લોકશાસ્ત્રાદિ છે. ઇન્દ્રિયો એ જ્ઞાનની ઉત્પન્ન કરનારી છે. અભ્યાસવડે એ જ્ઞાન દઢ થાય છે. એ સાત્ત્વિકાદિ ભેદવડે ત્રણ પ્રકારનું છે. નિષિદ્ધ દેશાદિ પદાર્થો તે જ્ઞાનનો નાશ કરનારા છે અને શાસ્ત્રમાં વિહિત એવા દેશાદિ છ પદાર્થો અન્તઃકરણની શુદ્ધિના હેતુ હોવાથી જ્ઞાનના પોષક છે. એ જ્ઞાન જીવનના પ્રયત્નથી અન્તઃકરણમાં રહે છે. જેમ પ્રયત્નથી સ્થાપિત પદાર્થો ઘરમાં રહે છે. જનિત જ્ઞાનના ઉદ્દીપકો શબ્દ અને વિષયો છે અને અજનિત જ્ઞાનને ઉત્પન્ન કરવામાં સામગ્રીરૂપ છે. એ જ જ્ઞાન બુદ્ધિ, ચેતના વગેરે શબ્દોથી ઓળખાય છે. એ એક અને ભગવદ્રૂપ છે. એની ઉત્પત્તિ અનેકધાં છે. અનન્ત લીલાનાં છતાં દશ ભેદ છે તેમ જ્ઞાન પણ અનન્ત છતાં દશ ભેદવાળાં છે. તે આશ્રયરૂપ છે, મુખ્ય છે, અવિકૃત છે, સર્વોપાસ્ય અને સર્વાત્મરૂપ છે. એ જ પ્રકાશક ધર્મરૂપે થાય છે ત્યારે એ અવિકૃતરૂપે જ ભગવદ્‌ગુણરૂપ જ્ઞાન કહેવાય. એ જ જ્ઞાન સૃષ્ટિને માટે વેદશરીરને ધારણ કરે છે. એ વેદરૂપ જ્ઞાન વિરાટ્‌ની જેમ અનન્ત છે. પછી બીજને પામે છે. શરીરવિશિષ્ટ થાય ત્યારે વિરાટ્‌માં વ્યષ્ટિરૂપે વિકારવાળા બધા શબ્દ થાય છે તે શબ્દો પ્રમાતા અને પ્રમેયનો આશ્રય કરે છે. એમાં પ્રમેયાશ્રિત જ્ઞાન અનન્તવિધ પ્રમેયને લઈને અનન્ત પ્રકારનું છે, પરન્તુ પ્રમેયત્વરૂપે એક પ્રકારનું છે તેમાં અન્તઃકરણમાં ચાર પ્રકારનું જ્ઞાન અને ઇન્દ્રિયમાં એક પ્રકારનું. એના વિશેષ તો વિષય અને આશ્રય એમ જ્ઞાનનો બે ભેદથી પુષ્ટ થાય છે. જે જ્ઞાન મનથી થાય તે સંશયવાળું થાય છે. એમાં વિષયકૃત વિષયો રહે છે. બુદ્ધિ સહિત અહંકાર સ્વાપને દેખે છે તેથી

સ્વપ્નજ્ઞાન અહંકાર સ્વાપને દેખે છે. તેથી સ્વપ્નજ્ઞાન અહંકારાશ્રિત છે. શરીરાભિમતિ તો અહંકારે કરેલી બુદ્ધિનો આશ્રય કરીને થાય છે. ચિત્ત સુષુપ્તિમાં સ્વાત્માને જુએ છે. પછી ચિત્ત લીન રહે છે. તેથી ચિત્તાશ્રિત જ્ઞાન નિર્વિષયક છે. એની સ્થિતિશાસ્ત્રાદિથી કહી છે; તેથી એનો નાશ પણ વિશેષરૂપે કહેવામાં આવે છે. પુર્વોક્ત મર્યાદાનો અભાવ એ જ એનો નાશ. એ નાશનું કારણ માયા. એ માયા જ્ઞાનને તિરોહિત કરનારી છે. એના આશ્રય કાલાદિ છે. કલિંગ, મગધાદિ દેશ, કાળ, મદ્યાદિ દ્રવ્ય, દૈત્યાદિ કર્તા, નિષિદ્ધ કર્મ શાક્તાદિ મન્ત્રો એ છ સ્વરૂપથી, સ્થાનથી અને ગુણથી જ્ઞાનનો અંશથી નાશ કરે છે. જેમાં જ્ઞાન થાય છે તેમાં જ નાશ પામે છે. એ અહીં જેમાં પહેલાં જ્ઞાન હતું તે જ્ઞાનનો મદિરાએ નાશ કર્યો તેથી તયા **વિભ્રંશિતજ્ઞાનાઃ** એમ મૂળમાં કહ્યું છે. માયા અવિદ્યમાન પદાર્થોને બુદ્ધિમાં લાવે છે. એ વિષય સહિત જ્ઞાન બુદ્ધિનો આશ્રય કરે તે સ્મૃતિરૂપ થાય છે. એ વિષય સમ્બન્ધી વાક્યો દુરુક્ત થાય છે તે દુરુક્તો મર્મનો સ્પર્શ કરે છે. જેને જે યોગ્ય ન હોય છતાં પ્રમાદથી એ બની જાય તેનું નામ મર્મ કહેવાય છે. એ મર્મમાં અલ્પ ઉપઘાત થાય તો એનાથી મરણ થાય છે. **મૃં** પ્રાણત્યાગે ધાતુમાંથી **ડન્** પ્રત્યય કરવાથી મર્મ શબ્દ સિદ્ધ થાય છે. એથી મર્મનો સ્પર્શ કરવાનું અહીં લખ્યું છે, કારણ કે આઘાત થાય તો જ મરણ થાય. તેથી દુરુક્તિરૂપ શબ્દો મર્મમાં લાગ્યા એમ કહ્યું છે.

જેમનાં ચિત્તસ્નેહવડે સમાન હતાં, મદ્યે તેમનાં ચિત્ત વિષમ કરી નાખ્યાં તેથી સૂર્યાસ્ત સમયે જેમ અરણી પરસ્પર ઘર્ષણથી પીડાય તેમ યાદવો પણ પરસ્પર દુષ્ટ વચનોથી નાશની તૈયારીમાં આવી પહોંચ્યા ।।૨।।

પોતાની માયાની આ ગતિને ભગવાને જાણી સરસ્વતી નદીમાં આચમન કરી વૃક્ષના મૂળમાં આવીને બિરાજ્યા ।।૩।।

શરણાગતના દુઃખને ટાળનાર તેમ જ પોતાના કુળનો સંહાર કરવાની ઈચ્છાવાળા ભગવાને મને આજ્ઞા કરી કે તું બદરિકાશ્રમમાં જા; ।।૪।।

તો પણ હે અરિંદમ! હું ભગવાનના અભિપ્રાયને જાણતો હતો છતાં મારાથી એમના ચરણનો વિયોગ થઈ શકે તેમ નહોતું તેથી હું એમની પાછળ ગયો ।।૫।।

ત્યાં ભગવાનની શોધ કરતાં એકલા, આસન ગ્રહણ કરી બિરાજેલા, લક્ષ્મીજીના સ્થાનરૂપ સરસ્વતીમાં સ્થાન કરી રહેલા, સ્વરૂપમાં સ્થિતિ કરી રહેલા, શ્યામ અને ઉજ્જવળ, રજોગુણરહિત, પ્રશાન્ત અને કાંઈક લાલ નેત્રવાળા, ચાર ભુજાથી પ્રસિદ્ધ, પીતામ્બરથી પ્રથિત થયેલ ડાબી સાથળ ઉપર જેમણે જમણું ચરણ ટેકવેલું છે તેવા,



નાના પીપળાના મૂળનો જેમણે આશ્રય લીધો છે તેવા, જેમનું જ્ઞાન સંકુચિત નથી તેવા, કર્મના કુળને નહિ ગ્રહણ કરનારા, સોળ* કળાવાળા ભગવાનનાં મેં દર્શન કર્યાં; એ સમયે વ્યાસજીના પરમમિત્ર અને સિદ્ધ અવસ્થાને પામેલા, ભગવાનના મહાભક્ત મૈત્રેય લોકમાં ફરતાં-ફરતાં ભગવદિચ્છાથી ત્યાં જ આવી પહોંચ્યા ।।૬-૯।।

**વિશેષ :** સોળ વિશેષણો ભગવાનનાં અહીં કહ્યાં તે સોળ કળાવાળા ભગવાનને ઉદ્ધવજીએ જોયા. આ સોળ વિશેષણો અણુભાષ્યના ત્રીજા અધ્યાય ગુણોપસંહારપાદના સોળ અધિકરણમાં વર્ણવ્યાં છે અને શ્રીપુરુષોત્તમજીએ એનો પ્રકાશમાં નિર્દેશ કર્યો છે. વિશેષ જિજ્ઞાસુને ત્યાં જોવાં વિનન્તિ છે.

ભગવાન્‌માં અતિશય પ્રેમને લીધે શુદ્ધભાવવડે જેમની ડોક જરા નીચે ગઈ છે તેવા મૈત્રેયના સાંભળતાં પ્રેમ અને હાસ્યપૂર્વક મારી સામે જોઈ મારા શ્રમને મટાડતા પ્રભુ મને કહેવા લાગ્યા; શ્રીભગવાને કહ્યુંઃ ‘‘હે વસુ! વિશ્વને ઉત્પન્ન કરનારા વસુઓના યજ્ઞમાં તમે પ્રથમ મારું યજન કરેલું તેથી તમારા મનમાં જે છે એ વસ્તુ હું જાણું છું અને તે અદ્યાપિ બીજાને તો મળી શકે તેમ નથી તો પણ તમે તો મારું યજન કરનાર હોવાથી તમને હું એ આપું છું ।।૧૦-૧૧।।

વળી શુદ્ધ સેવાથી તમે મને નૃલોકને છોડતી વખતે એકાન્તમાં જોયો માટે મારા અનુગ્રહથી તમારો છેલ્લો જન્મ છે એમ સમજો ।।૧૨।।

પહેલાં આદિસર્ગમાં મારા નાભિકમળમાં બેઠેલા બ્રહ્માને મેં મારા મહિમાને પ્રકાશિત કરનાર જ્ઞાન કહેલું એ જ્ઞાન ભગવત્ સમ્બન્ધી હોવાથી વિદ્વાન લોકો એને ‘‘શ્રીભાગવત્’’ કહે છે. તે જ્ઞાન હું તમને આપું છું ।।૧૩।।

પરમ પુરુષના પ્રતિક્ષણ અનુગ્રહને પ્રાપ્ત થયેલો હું જ્યારે આમ આદરથી ભગવાનના સત્કારને પામ્યો ત્યારે ભગવાન્‌માં મારો અને મારામાં ભગવાનનો સ્નેહ થયો. મારા ઉપર તો એ પરમ પુરુષની કૃપા વરસ્યા જ કરતી હતી. અત્યારે એમણે આ પ્રમાણે મને કહ્યું ત્યારે સ્નેહવશાત્ મારાં રુવાંટાં ઊભાં થઈ ગયાં, શબ્દો અને વાક્યો કહેવાની વાત તો દૂર રહી, અક્ષરો (ન ખરે તે અક્ષર) પણ બોલતાં-બોલતાં ખરી પડ્યા, તૂટી ગયા, નેત્રોથી દડદડ આંસુઓ વહેવા લાગ્યાં. એ વખતે હાથ જોડીને એમને કહ્યું ।।૧૪।।

હે ઈશ! આપના ચરણકમળને ભજનારને આ લોકમાં ચાર પુરુષાર્થમાં શું દુર્લભ હોઈ શકે? તો પણ હે ભૂમન્! હું તો આપના ચરણકમળની સેવામાં ઉત્સુક હોવાથી

મારે કશું પણ માગવું નથી ।।૧૫।।

આપ નિઃસ્પૃહ છો. છતાં આપનાં કર્મો જેવાં કે શત્રુના ભયથી મથુરા છોડી સમુદ્રદુર્ગવાળી દ્વારકામાં પધારવું, આત્મારામ છતાં હજારો પ્રમદાનો આશ્રય કરવો વગેરે જોવામાં આવે છે ત્યારે એમાં ડાહ્યા પુરુષની બુદ્ધિ પણ ચક્કરમાં પડી જાય છે ।।૧૬।।

વળી આપને જ્યારે જરાસંધના વધમાટે રાજાઓનો સન્દેશો મળ્યો અને યજ્ઞ કરવામાટે યુધિષ્ઠિરનો સન્દેશો મળ્યો ત્યારે જો કે આપ અખંડિત અને નિત્ય આત્મબોધવાળા છો છતાં મને બોલાવ્યો અને આપ સારી રીતે જાણતા હોવા છતાં ભોળા માણસની માફક મને, હે પ્રભો! આપ સાવધાનીથી પૂછવા લાગ્યા. હે દેવ! એમ કરી એ વિષયમાં આપ અમારા મનને મોહમાં નાખતા હો એમ લાગે છે।।૧૭।।

હે સ્વામી! સ્વાત્માના રહસ્યને પ્રકાશ કરતું જ્ઞાન જે આપે બ્રહ્માને કહ્યું હતું તે જ્ઞાન અમારે ગ્રહણ કરવા યોગ્ય હોય તો કહો, જેથી અમે દુઃખોને તરી શકીએ'' ।।૧૮।।

એવી રીતે મેં જ્યારે ભગવાનને મારા હૃદયનો અભિપ્રાય કહ્યો ત્યારે એ કમળનેત્ર ભગવાન્ આત્માની પરમ સ્થિતિનો મને ઉપદેશ કરવા લાગ્યા ।।૧૯।।

મેં જેમના તીર્થરૂપ ચરણકમળની આરાધના કરી છે તેવા ભગવાનૂથી આત્મતત્ત્વના વિશેષ બોધરૂપ માર્ગને હું શીખ્યો. પછી મેં એમના ચરણકમળમાં દંડવત્પ્રણામ કર્યા અને એ દેવની પરિક્રમા કરી એના વિરહથી વ્યથિત હું અહીં આવ્યો છું ।।૨૦।।

એમના દર્શનથી આનન્દ થયેલો પણ અત્યારે વિરહમાં ઝૂરતો હવે હું ભગવાનને પ્રિય એવા બદરિકાશ્રમમાં જઈશ ।।૨૧।।

ત્યાં નર અને નારાયણ નામના દેવ ઋષિરૂપે લોકની આબાદી માટે કોમળ, તીવ્ર અને દીર્ઘ તપ કરે છે ।।૨૨।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એવી રીતે ઉદ્ધવજીના મુખથી જ સહન ન થઈ શકે તેવો સુહૃદોનો વધ સાંભળી વિદુરજીને શોક થયો. તો પણ એ વિદ્વાન હોવાથી જ્ઞાનવડે એમણે શોકને શાન્ત કર્યો ।।૨૩।।

કૃષ્ણના સેવકો પૈકી ઉદ્ધવજી મુખ્ય મહાભગવદ્ભક્ત છે તે જ્યારે જવા લાગ્યા ત્યારે હે કૌરવશ્રેષ્ઠ! વિદુરજીને ભગવદ્ભક્તમાં વિશ્વાસ હોવાથી એ એમને આ પ્રમાણે પૂછવા લાગ્યા ।।૨૪।।



**વિદુરજી બોલ્યા :** જે જ્ઞાન આત્માના રહસ્યનો પ્રકાશ કરનાર છે અને યોગેશ્વર ઈશ્વરે જે તમને આપ્યું છે તે આપ અમને કહેવાને યોગ્ય છો, કારણ કે ભગવાનના સેવકો પોતાના સેવકોને માટે ફરે છે ।।૨૫।।

**ઉદ્ધવજી બોલ્યા :** તત્ત્વજ્ઞાનને માટે તમારે મૈત્રેયનું આરાધન કરવાનું છે, કારણ કે જ્યારે સાક્ષાત્ ભગવાને મર્ત્ય-લોકને છોડ્યો ત્યારે તમને કહેવાનું જ્ઞાન એમણે મૈત્રેયને કહ્યું છે; તમને એ કહેવાની મૈત્રેયને આજ્ઞા પણ કરી છે ।।૨૬।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એમ વિદુરજી સાથે ભગવદ્ગુણની કથાથી જે મોટા તાપ થયેલો તે ઉદ્ધવજીએ શાન્ત કર્યો અને યમુનાજીના તટ પર એક ક્ષણની પેઠે રાત્રિને વ્યતીત કરીને (સવારે બદરિકાશ્રમ તરફ) ગયા ।।૨૭।।

**રાજાએ પૂછ્યું :** વૃષ્ણિ તથા ભોજ વગેરે બધા મૃત્યુ પામ્યા, ત્રણ લોકના અધીશ પણ પોતાના સ્વરૂપને છુપાવી ગયા તો પછી અધિરથ યૂથપતિઓમાં મુખ્ય ઉદ્ધવજી કેમ બાકી રહ્યા?।।૨૮।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** બ્રાહ્મણના શાપના બહાનેથી પોતાના કુળનો સંહાર કરતા અને પોતાના દેહને છોડતાં જેની ઈચ્છા ક્યારેય વ્યર્થ નથી થતી તેવા ભગવાને વિચાર કર્યો કે જ્યારે હું આ લોકમાંથી ચાલ્યો જઈશ ત્યારે હાલમાં આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા એકલા ઉદ્ધવજી જ છે, જે મારું જ્ઞાન ધારણ કરી શકે તેવા છે. એ મારાથી અણુમાત્ર પણ ન્યૂન નથી. એ ગુણોવડે ખળભળતા નથી તેથી મારું જ્ઞાન લોકને આપવા માટે મારી પછી એ જ આ લોકમાં રહે ।।૨૯-૩૧।।

એવું ત્રણ લોકના ગુરુ અને વેદના કર્તા ભગવાને ઉદ્ધવજીને કહ્યું હતું તેથી ઉદ્ધવજી બદરિકાશ્રમમાં જઈ સમાધિ વડે ભગવાનનું યજન કરવા લાગ્યા ।।૩૨।।

ધીરના ધૈર્યની વૃદ્ધિ કરે તેવા એમના દેહ ત્યાગનો પ્રકાર, જે ધીરજરહિતને તેમજ, પશુ અર્થાત્ ભાવી હિત કે અહિત સમ્બન્ધી વિવેકના અનુસન્ધાન વિનાના અને પોચા કાળજાવાળા મનુષ્યોમાટે દુષ્કરમાં દુષ્કર છે તેવા કેવળ ક્રીડાને માટે દેહ ધારણ કરનાર કૃષ્ણપરમાત્માનાં વખાણવા લાયક કર્મોને ઉદ્ધવજી પાસેથી સાંભળ્યાં અને કૃષ્ણે પોતાને પણ અન્તિમ સમયે યાદ કર્યો એ ધ્યાનમાં લીધું અને ઉદ્ધવજીના ગયા પછી પ્રેમમાં વિહ્વલ બની વિદુરજી રોવા લાગ્યા અને મૂર્છિત થઈ ગયા ।।૩૩-૩૫।।

**કાલિન્દ્યાઃ કતિભિઃ સિદ્ધ અહોભિર્ભરતર્ષભઃ ।।**

**પ્રાપદ્યત સ્વઃસરિતં યત્ર મિત્રાસુતો મુનિઃ ।।૩૬।।**

હે ભરતશ્રેષ્ઠ! પછી કેટલાક દિવસે વિદુરજી સિદ્ધ થઈ કાલિન્દીથી ગંગાજી ઉપર આવ્યા જ્યાં મિત્રાના પુત્ર મૈત્રેય એમને મળ્યા ।।૩૬।।

**ઈતિ શ્રી ભાગવત્ તૃતીયસ્કન્ધમાં (પહેલા અધિકાર પ્રકરણનો) ''ઉદ્ધવજીએ ભગવદ્ જ્ઞાનમાટે મૈત્રેયને મળવાનું વિદુરજીને કહ્યું વિદુર મૈત્રેય મેળાપ'' નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ચિતિં ચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચ,**
**સ્પૃષ્ટ્વા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ્**

મડદા, તેને બાળવા વપરાયેલ લાકડાં, રુધિર-માંસ, મરેલા પ્રાણિઓની ખાલ કાઢીને વેચનાર તેમજ **ધન કમાવવામાટે દેવસેવા કરનાર ને** અડકી જવાય તો પહેર્યા કપડે સ્નાન કરવું. **(દ્રવ્યશુદ્ધિ)**

# ગુણાતીતપ્રકરણ

## અધ્યાય ૫

## મૈત્રેય વિદુરજીને કહેલ સૃષ્ટિનો ક્રમ

**વિશેષ :** ભગવત્સર્ગનાં અધિકારમાં ભૂત, માત્રા, ઈન્દ્રિય અને બુદ્ધિ એ ચારની ઉત્પત્તિ ગયા ચાર અધ્યાયમાં કહેવામાં આવી. હવે કૃષ્ણ જ પુરુષ છે. એમ કહેવામાટે ચારથી સર્ગલીલા કહે છે. ઉપર કહ્યો તેવો અધિકારી હોય તે જ તત્ત્વથી કૃષ્ણની લીલાના શ્રવણને યોગ્ય છે; બીજો પોતાના અધિકારવડે લીલામાં અન્યથા માને. કૃષ્ણાર્થ સૃષ્ટિમાં પણ ભૂતો થયાં છે. વેદમાં આ કૃષ્ણની પુરુષપણાની કથા આકાશાદિ પાંચવડે કહી છે તે પાંચે બહુધા વ્યસ્ત હોવાથી એ તત્ત્વ છે. ભોગ બ્રહ્માંડાત્મક શરીરનો હોવાથી એને માત્રા કહી છે. ભગવાનનાં મન તથા ઈન્દ્રિયો કહેવામાં આવ્યાં. બ્રહ્મા ભગવાનની બુદ્ધિરૂપ છે. એનું કર્મ અહીં કહેવાય છે. સ્તુતિ અને પ્રસન્નતા નવમાં અધ્યાયમાં કહેવાશે. ભૂત તથા કાર્યો એનાં શરીર તે જ ભગવાનના વિષય છે. કાળ જ એને ઈન્દ્રિયો છે. એ ઈન્દ્રિયોમાં આસક્તિ રાખે તે મરે. મનુ વગેરે મહાત્માઓ એની બુદ્ધિ છે. તેમાં કહેલા (વેદ વગેરે) એ જે કહેલું છે તે યોગ્ય હોઈ તે એના હિતને માટે કહેલ છે. કાર્યોપયોગી તત્ત્વો આ અધ્યાયમાં કહેવાય છે. જેનાથી કાર્યની ઉત્પત્તિ થાય તેનો ભાવ અહીં



કહેવામાં આવે છે. ભગવાનની કૃતિમાં સર્વત્ર પ્રશ્ન અને એનું અભિનન્દન તે અંગ છે. માટે અહીં ભગવત્સમ્બન્ધી પ્રશ્નથી છ વિદ્યા કહેવામાં આવી છે. વૈરાગ્યાદિ ભગવાનના છ ધર્મોનો વિપરીતપણાથી અહીં વૈરાગ્ય, જ્ઞાન, શ્રી, યશ, વીર્ય વગેરે પ્રવેશ સમજવો.

**દ્વારિ દ્યુનદ્યા ઋષભઃ કુરૂણાં મૈત્રેયમાસીનમગાધબોધમ્ ।।**
**ક્ષત્તોપસૃત્યાચ્યુતભક્તિશુદ્ધઃ પપ્રચ્છ સૌશીલ્યગુણાભિતૃપ્તઃ ।।૧।।**

**શ્રીશુક ઉવાચ :** કુરુવંશમાં શ્રેષ્ઠ સંયમી વિદુરજી ગંગાજીના દ્વાર ઉપર બેઠેલા અગાધ જ્ઞાનવાળા મૈત્રેયની પાસે ગયા. એના સુશીલતા વગેરે ગુણોથી બધી રીતે તૃપ્ત થઈ અચ્યુત ભગવાનની ભક્તિથી શુદ્ધ થયેલો વિદુરજીએ પૂછ્યું ।।૧।।

**વિદુરજી બોલ્યા :** લોકો સુખ (પ્રાપ્ત કરવા) માટે કર્મ કરે છે પણ એ કર્મથી સુખ થતું નથી અને દુઃખ મટતું નથી, ઊલટું એ કર્મથી જ ફરી દુઃખ દેખે છે આ પ્રશ્નના ઉત્તરમાં (આપ) જે યોગ્ય લાગે તે કહો ।।૨।।

ભગવાન્ કૃષ્ણથી વિમુખ અને દૈવ ગતિથી અધર્મ શીલવાળા માણસ ઉપર અનુગ્રહ કરવામાટે અવિદ્યાને મટાડનારા ભગવાનના ભવ્ય તેવા આપના જેવા ભક્તો ખરેખર લોકનું કલ્યાણ કરવાને આ લોકમાં ફર્યા કરે છે ।।૩।।

માટે હે સાધુવર્ય! અમને એવો કલ્યાણ માર્ગ બતાવો કે જે માર્ગ વડે આરાધન કરવાથી પુરુષના હૃદયમાં રહેલા ભગવાન્ હૃદયને ભક્તિથી પવિત્ર કરી તત્ત્વબોધના જ્ઞાન સાથે પુરાણના જ્ઞાનનું દાન કરે ।।૪।।

ઈશ્વર ત્રણ ગુણના નિયન્તા છે. એ ષડ્ ગુણથી યુક્ત છે. એ પોતે પોતાને વશ રહીને અહીં પધારી કર્મો કરે છે. પોતે ચેષ્ટારહિત છતાં આ જગતને ઉત્પન્ન કરે છે તેને સારી રીતે સ્થાપન કરે છે અને એની આજીવિકા પણ કરી આપે છે ।।૫।।

પાછું વળી જગતને પોતાની હૃદયરૂપી ગુફામાં દાખલ કરીને નિવૃત્તિપરાયણ થઈ પોઢે છે. એવા યોગેશ્વરના ઈશ્વર પોતે એક છતાં જગતમાં અનુપ્રવેશ કરી બહુરૂપે જે પ્રકારે થતા હોય છે તે આપ મને કહો ।।૬।।

અવતારના ભેદવડે ક્રીડા કરતાં એ ભગવાન્ ગાય, બ્રાહ્મણ અને દેવતાના કુશળને માટે કાર્યો કરે છે. એ ઉત્તમ કીર્તિવાળા ભગવાનનાં ચરિત્ર સાંભળતાં અમારા મનને તૃપ્તિ થતી નથી ।।૭।।

જેમાં સર્વ પ્રાણીઓનો સમૂહ પોતપોતાના અધિકારને અનુસારે કામ કરવાને સમર્થ થાય છે. તેવાં કયાં કામ તત્ત્વભેદથી લોક તથા અલોકને સર્વલોકના નાથ એના પાલક સહિત કરે છે? ।।૮।।

જે નારાયણે કર્મ, રૂપ અને નામવડે જે કારણથી પ્રજાના ભેદ કર્યા હોય તે નારાયણ પોતે જ આ સર્વનું કારણ છે તો એને આવા ભેદનું પ્રયોજન શું? એ હે વિપ્રવર્ય તમે મને કહો ।।૯।।

મેં વ્યાસજીના મુખથી બ્રહ્માથી સ્થાવર પર્યતના નક્કી થયેલા ધર્મ સાંભળ્યા છે. નક્કી થયેલાધર્મોક્ષુદ્રક સુખ આપનાર હોવાથી કૃષ્ણકથારૂપ અમૃત સિવાયનું બીજુંકંઈ સાંભળતાં અમને તૃપ્તિ થતીનથી ।।૧૦।।

ભગવાનનાં ચરણમાં બધાં જ તીર્થો છે. જેમની સ્તુતિ ઋત્વિજો યજ્ઞમાં કરી ગયા છે તેવા ભગવાનનાં નામથી કોણ તૃપ્ત થાય? જો ભગવાન્ પુરુષની કર્ણનાડીમાં પ્રાપ્ત થાય તો સંસારને આપનાર ઘરમાં પ્રીતિને કાપી નાખે છે ।।૧૧।।

ભગવદ્ગુણ કહેવાની ઈચ્છાવાળા તમારા મિત્ર કૃષ્ણ નામના મુનિએ (કૃષ્ણદ્વૈપાયન વ્યાસે) 'ભારત' નામનું આખ્યાન કર્યું તેમાં ગ્રામ્યસુખનો અનુવાદ કરીને મનુષ્યની બુદ્ધિને ભગવાનની કથામાં જોડી છે ।।૧૨।।

શ્રદ્ધાવાળા મનુષ્યમાં આસ્તિક બુદ્ધિ વધે છે. ત્યારે એનામાં ભગવાન્ સિવાયના બીજા વિષયમાં વિરક્તિ ઉત્પન્ન કરે છે. એથી ભગવાનના ચરણમાં એને સુખ થાય છે અને એનાં બધાં દુઃખોનો જલદીથી નાશ કરી શકે છે ।।૧૩।।

પોતાનાં પાપથી જેઓ ભગવત્કથાથી વિમુખ હોય છે તેવા મૂર્ખાઓ શોક કરવા લાયક વિષયમાં સૌથી વધારે શોચનીય છે એનો મને શોક થાય છે, કારણ કે સાવધાન કાળ એમનાં આયુષ્ય, વૃથાવાદ, ગતિ અને સ્મૃતિનો નાશ કરે છે ।।૧૪।।

માટે હે કુશારુના પુત્ર મૈત્રેય! સુખ આપનાર હરિ ભગવાનની કથા જ બધી કથનીય વસ્તુમાં સારરૂપ છે. તેથી જેમ ભ્રમર પુષ્પમાંથી મકરન્દનું પોતે જ પાન કરી જાય છે તેમ નહિ પણ મધમાખી પુષ્પોમાંથી મધ ચૂસી બહાર રાખે છે અને આમ પરોપકાર કરે છે તેમ એ તીર્થરૂપ કીર્તિવાળા ભગવાનની કથાને બધી જગ્યાએથી ખેંચી અમારા કલ્યાણને માટે આપ અમને કહી બતાવો ।।૧૫।।

એ ભગવાન્ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયને માટે પોતાની શક્તિનો સ્વીકાર કરી અવતાર ધારણ કરે છે અને અહીં પધારી પુરુષની શક્તિથી ન બને તેવાં અલૌકિક અતિપુરુષ કર્મો ઈશ્વર કરે છે. તે કર્મોની કથા અમને આપ કહો ।।૧૬।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જ્યારે વિદુરજીએ એમ કૌશારવિ મુનિને કહ્યું ત્યારે વિદુરજીને બહુ માન આપતા મૈત્રેય પુરુષોના કલ્યાણને માટે એ પ્રશ્નોના ઉત્તર



કહેવા લાગ્યા ।।૧૭।।

**મૈત્રેય બોલ્યા :** હે સાધો! લોકની ઉપર અનુગ્રહ કરતાં અને આત્મારૂપ અધોક્ષજ ભગવાનની કીર્તિનો લોકમાં ફેલાવો કરતા તમે બહુ સારો પ્રશ્ન કર્યો ।।૧૮।।

હે સંયમી!, વ્યાસના વીર્યથી ઉત્પન્ન થયેલા આપ લોકહિતાર્થ એવો પ્રશ્ન કરો એ કાંઈ આશ્ચર્યકારક નથી કારણ કે આપે અનન્ય ભાવવડે હરિ અને ઈશ્વર એવા ભગવાનનો આદર કર્યોછે ।।૧૯।।

આપ પ્રજાને દંડદેવાવાળા સાક્ષાત્ યમ જ છો. માંડવ્ય* ઋષિનો શાપ થવાથી જ આપે શ્રીવ્યાસજીના વીર્યથી એમના ભાઈ વિચિત્રવીર્યની ભોગપત્ની દાસીના ગર્ભથી જન્મ લીધોછે ।।૨૦।।

**વિશેષ :** કોઈ રાજાના રાજ્યમાં ચોરી થતાં. ચોરને પકડનારે ચોરની સાથે તપશ્ચર્યા કરતાં માંડવ્ય ઋષિને પણ પકડ્યા અને એ ચોરની સાથે મુનિને પણ શૂળી ઉપર ચડાવ્યા તપાસ કરતાં બ્રાહ્મણ જાણી શૂળી ઉપરથી ઉતાર્યા કે એ મુનિ યમરાજા પાસે ગયા અને પોતાને શૂળીરોપનું કારણ પૂછ્યું એણે બાલ્યાવસ્થામાં કોઈ જીવને શૂળી ઉપર ચઢાવેલ તેથી આમ થયું એવું કહ્યું. એના ઉપર ક્રોધ કરીને યમરાજાને કહ્યું કે બાળપણમાં કરેલ પાપ તો મા-બાપને ભોગવવું પડે પણ મને તે દંડ આપ્યો એ તેં અન્યાય કર્યો છે તેથી તું શુદ્ર થઈશ એમ શાપ આપ્યો. એ શાપને લઈને વિચિત્રવીર્ય સ્ત્રી તરીકે રાખેલી દાસીના ઉદરથી જન્મીને યમરાજા સો વર્ષ સુધી શુદ્ર તરીકે રહ્યાં તે જ વિદુરજી.

સેવક સહિત તમે ભગવાનના માનીતા છો. જતી વખતે ભગવાને તમને જ્ઞાન આપવામાટે મને આજ્ઞા કરી છે ।।૨૧।।

ભગવલ્લીલા જેમાં યોગમાયાવડે વિશ્વનાં ઉત્પત્તિ, સ્થિતિ અને અન્ત કેવી રીતે વૃદ્ધિ પામે છે એ વર્ણવેલું છે એ હું તમને ક્રમથી કહીશ ।।૨૨।।

સૃષ્ટિની પહેલા આત્મપણે એક રહેતા ભગવાન્ એક જ હતા. એવા બધા જીવોના આત્મારૂપ સમર્થ ભગવાન્ પોતાની ઈચ્છા પ્રમાણે બહુરૂપ થવાને અનેક પ્રકારની ભેદસૃષ્ટિ કરે છે ।।૨૩।।

એ ભગવાન્ તો બધું જ જોઈ શકે. પણ જોવાની કાંઈ વસ્તુ ન હોવાથી પોતે એકલા જ શોભતા હતા અને એમની શક્તિઓ સૂતી હતી અને પોતાનામાંથી જ્ઞાન ગયું નથી એવા હતા, છતાં પોતે પોતાને કાંઈક અપૂર્ણ માનવા લાગ્યા ।।૨૪।।

હે મહાભાગ! જીવના દ્રષ્ટારૂપ ભગવાન્ પોતાને અસત્ જેવા માનવા લાગ્યા. એ સારી રીતે જોનારની સદ્ અને અસદ્રૂપ શક્તિ જે માયા નામથી ઓળખાય છે તેનાવડે એ સમર્થ ભગવાન્ આ જગતને ઉત્પન્ન કરે છે ।।૨૫।।

ઇન્દ્રિયોથી પર ભગવાને કાળવૃત્તિવડે ગુણમયી માયામાં પોતાના અંશરૂપ પુરુષથી વીર્યનું આધાન કર્યું ।।૨૬।।

એ વીર્યને કાળે પ્રેરણા કરી ત્યારે એમાંથી મહતત્ત્વ થયું. એ વિવિધ જ્ઞાનરૂપ થવાથી પુરુષરૂપ થયો અને આત્મદેહમાં રહેલા વિશ્વને બનાવીને અન્ધકારને દૂર કરનાર થયો ।।૨૭।।

એ પુરુષ પણ અંશરૂપ ગુણ અને કાળાત્મા થઈને ચતુર્મૂર્તિ થયો. આ વિશ્વને ઉત્પન્ન કરવામાટે એણે પોતાના આત્માને અનેક પ્રકારના વ્યાપારયુક્ત કર્યો ।।૨૮।।

મહતત્ત્વ વિકૃત થતાં એમાંથી અહન્તત્ત્વ થયું એ અધ્યાત્માદિ ત્રણ ભેદવાળો થઈને ભૂતો, ઇન્દ્રિયો અને મનોમય થયો ।।૨૯।।

એ અહંકાર રાજસ, સાત્ત્વિક અને તામસ એવા ભેદથી ત્રણ પ્રકારનો થયો. સાત્ત્વિક અહંકારમાં વિકાર થવાથી એમાંથી સાત્ત્વિક દેવતાઓ થયા, જે અર્થની અભિવ્યક્તિ કરે છે ।।૩૦।।

રાજસ અહંકારમાંથી જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય થઈ અને તામસ અહંકારમાંથી ભૂત અને માત્રાઓ થયાં, જેમાં તન્માત્રાવાળું આકાશ એ આત્માનું બોધક છે ।।૩૧।।

કાળ અને માયાના યોગથી આકાશમાંથી ભગવાને જોયેલ એવો સ્પર્શગુણવાળો વાયુ ઉત્પન્ન થયો ।।૩૨।।

વાયુ પણ આકાશથી બળ પ્રાપ્ત કરી તેજને ઉત્પન્ન કરનાર થયો. રૂપ કે જેનાવડે જોઈ શકે છે તે એની તન્માત્રા છે ।।૩૩।।

ભગવાનની દૃષ્ટિથી વાયુનાં બળને લઈને એ જ કાળ અને માયાના અંશના યોગે રસ જેની તન્માત્રા છે તેવા જળને ઉત્પન્ન કર્યું ।।૩૪।।

બ્રહ્મની દૃષ્ટિએ વધારેલા એ જળે કાળ અને માયાના અંશના યોગે વિકાર પામીને ગન્ધગુણવાળી પૃથ્વીને ઉત્પન્ન કરી ।।૩૫।।

આકાશ વગેરે ભૂતોમાં ઉત્તરોત્તર અધિક ગુણો હોય છે, કારણ ગુણને અનુસરીને એની સંખ્યાના અનુસાર એના ગુણ જાણવા. જેમ કે આકાશમાં એક 'શબ્દ',



વાયુમાં એક આકાશનો અને એક એનો પોતાનો મળી બે શબ્દ અને સ્પર્શ તેજમાં એક આકાશનો એક વાયુનો અને પોતાનો મળી ત્રણ શબ્દ, સ્પર્શ અને રૂપ એમ જળમાં ચાર શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ અને પૃથ્વીમાં પાંચ ગુણ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ જાણવા ।।૩૬।।

કાલ, માયા અને જીવના ચિહ્નવાળા આ દેવો વિષ્ણુની કળાઓ અર્થાત્ ગુણો છે. જુદા-જુદા હોવાથી પોતાનું કાર્ય કરવાની શક્તિરહિત તેઓ બે હાથ જોડી ભગવાનને કહેવા લાગ્યા ।।૩૭।।

**દેવો બોલ્યા :** શરણે આવેલા જીવના તાપને મટાડનાર છત્રરૂપ આપનાં ચરણકમળને અમે નમન કરીએ છીએ, જે સન્ન્યાસીઓ જેના મૂળનો અવલમ્બન લે છે તેઓ સંસારના ભારે દુઃખને સહેલાઈથી ફગાવી દે છે ।।૩૮।।

હે ધાતા! હે ઈશ! સંસારના જીવો ત્રણ પ્રકારના તાપથી દુઃખી હોવાથી સુખને પામી શકતા નથી; માટે અમે વિદ્યાયુક્ત આપના ચરણની છાયાનો આશ્રય કરીએ છીએ ।।૩૯।।

આપનું મુખારવિન્દ* વેદરૂપ ગરુડના ઘરરૂપ છે. ઋષિઓ એકાન્તમાં બેસી એદ્વારા આપના ચરણને શોધે છે. આપના ચરણમાં બધાંજ તીર્થ વાસ કરીને રહેલાં છે. પાપનો નાશ કરનાર ગંગાનું જળ જે આપના ચરણરૂપ છે તેને અમે શરણે છીએ ।।૪૦।।

**વિશેષ :** ભગવાનના મુખારવિન્દમાં વાણીરૂપી વેદ છે એ વેદને સુપર્ણ કહેલ છે. સુપર્ણ એટલે ગરુડ પક્ષી એ વૃત્તિમાટે ગમે ત્યાં ફરે તો પણ એનો મુખ્ય નિવાસ તો પોતાના ઘરમાં હોય તેમ વેદરૂપી જ્ઞાનાદિ માર્ગો લોકની કામનાને લઈને વર્ણવે તો પણ એ વેદરૂપ પક્ષીનું મૂળ સ્થાન તો એનો માળો છે; તેમ અહીં મુખપદ્મનીડ એટલે મુખરૂપી માળો છે; તેમ વેદનું તાત્પર્ય ભગવન્મુખારવિન્દરૂપ ભક્તિમાં છે. એ તાત્પર્ય બતાવવામાટે, મુખપદ્મનું માળારૂપે અને છન્દસ્નું સુપર્ણરૂપે વર્ણન કર્યું છે.

ધીર પુરુષો આપનામાં શ્રદ્ધા રાખી શ્રવણાદિથી પુષ્ટ થતી ભક્તિવડે તથા વૈરાગ્યયુક્ત જ્ઞાનવડે આપના ચરણને પ્રાપ્ત કરે છે. તેવા ચરણારવિન્દની ચોકીને અમો પ્રાપ્ત થયા છીએ ।।૪૧।।

આપ વિશ્વનાં ઉત્પત્તિ, સ્થિતિ તથા સંયમને માટે અવતાર ધારણ કરો છો. એવા આપના ચરણારવિન્દને અમે શરણે જઈએ છીએ. હે ઈશ! આપનું ચરણ એવું

છે કે એ જીવને સ્મરણ અને અભયપદનું દાન કરે છે ।।૪૨।।

દેહમાં રહેલ છતાં જે જીવને પુત્રાદિમાં તથા ઘરમાં 'હું અને મારું' એવો દુરાગ્રહ દઢ થયો છે. તેનાંથી આપ અત્યન્ત દૂર રહો છો. હે ભગવાન્! એવા આપનાં ચરણારવિન્દનું અમે ભજન કરીએ ।।૪૩।।

હે પરેશ![1] હે ઉરુગાય![2] ખોટી વૃત્તિવાળી ઇન્દ્રિયોવડે જે પુરુષનાં અન્તઃકરણ પરાભવ પામ્યાં છે તેવાઓ આપના ભક્તોને કે આપના ચરણારવિન્દના ન્યાસની શોભાને કદી જોઈ શકતા નથી ।।૪૪।।

**વિશેષ :** ૧. પરેશ : બ્રહ્માજી જેવા મોટા દેવોનાં પણ સ્વામી.

૨. ઉરુગાય = ઇન્દ્રિદિ મોટા દેવો જેનું ગુણગાન કરે છે તેવા.

હે દેવ! આપની કથારૂપી સુધાનું પાન કરીને જેમની ભક્તિ વૃદ્ધિ પામી છે અને જ્ઞાનના સારરૂપ વૈરાગ્યથી જેમનું અન્તઃકરણ નિર્મળ થયું છે તેઓ અચળ એવા આપના વૈકુંઠને પામે છે ।।૪૫।।

બીજાઓ આત્માના સમાધિયોગના બળવાન પ્રકૃતિને જીતીને આપના પુરુષરૂપમાં આપમાં પ્રવેશ કરે છે તેમને આપ પ્રાપ્ત તો થાઓ છો પણ જેવા સેવાથી સુખરૂપે પ્રાપ્ત થાઓ છો તેવા પ્રાપ્ત થતા નથી, કારણ કે મનના નિગ્રહાદિમાં એમને શ્રમ થાય છે ।।૪૬।।

લોકને ઉત્પન્ન કરવાને આપે અમને ત્રણ પ્રકારે જન્મ આપ્યો છે, પરન્તુ અમે સર્વ જુદા-જુદા હોવાથી અમારું પોતાનું કર્તવ્ય કરવાને અસમર્થ છીએ ।।૪૭।।

અમે આપની સેવા બજાવીએ, સમય ઉપર અમે પણ અન્ન ખાઈએ, વળી આ લોક અમને તેમ જ આપને બલિ આપી પોતે પણ અન્ન ખાઈ શકે એવી બુદ્ધિ અમને આપો ।।૪૮।।

આપ પરિકર સાથે દેવોના મૂળ પુરુષ છો. પુરાણ પુરુષ તે આપ છો. હે દેવ! આપે ગુણ અને કર્મ જેનાવડે થાય તેવી અજા શક્તિમાં વીર્યને પ્રથમ ધારણ કર્યુ ।।૪૯।।

**તતો વયં સત્પ્રમુખા યદર્થે બભૂવિમાત્મન્ કરવામ કિં તે ।।**
**ત્વં નઃ સ્વચક્ષુઃ પરિદેહિ શક્ત્યા દેવ ક્રિયાર્થે યદનુગ્રહાણામ્ ।।૫૦।।**

એનાથી સાત્ત્વિક અહંકારરૂપે અમે થયા છીએ; તે અમે આપની શી સેવા કરીએ? આપ અમને અમારા કર્તવ્યનું જ્ઞાન થાય તેવી કૃપા કરો આપે અમારા ઉપર



અનુગ્રહ કર્યો છે; માટે આપ અમને સ્વક્રિયા સાથે સ્વજ્ઞાનનું દાન કરો, જેથી અમે કાર્ય કરવામાં સમર્થ થઈએ ।।૫૦।।

**ઇતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (બીજા ગુણાતીતપ્રકરણનો પહેલો)**
**''મૈત્રેયે વિદૂરને કહેલ સૃષ્ટિક્રમ''નામનો**
**પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''યસ્તુ સ્વાર્થં ભગવન્તં સેવતે સો અધમઃ ઇતિ''**
જે સ્વાર્થ (આજીવિકા,પ્રતિષ્ઠાવગરે માટે)ભગવત્સેવા કરતો હોય
તેને અધમ (અર્ચક) જાણવો. **(શ્રીવલ્લભાચાર્ય સુબો.૨।૯।૧૯)**

## અધ્યાય ૬

## ભૂતોમાં ભગવચ્છક્તિનો પ્રવેશ તેથી ભૂતાદિની ઉત્પત્તિ

**વિશેષ :** પૂર્વ અધ્યાયમાં ભગવત્સર્ગમાં ભૂતની ઉત્પત્તિ કહી, આ અધ્યાયમાં કાળની ઉત્પત્તિમાટે બ્રહ્માંડ થયું એમ કહેવાય છે. આવું કહી એવું બતાવવામાં આવે છે કે એમાં ભગવાને સ્વશક્તિનું દાન કર્યું છે અને એ એના ભોગની બાબત છે. એ એના જ વિષય છે. એ વિષયો અનન્ત હોવાથી એ ભગવાનના મહાત્મ્યને બતાવનાર થાય છે એવી રીતે ભગવાનના વિષયના ચાર પ્રકાર છે તેમાં સ્પર્શ વિષય જ ભગવાન્માં નથી, જેમ ભગવાન્ ભાવપણાથી બ્રહ્માંડમાં વ્યાપ્ત છે તેમ ભગવાન્ સ્પર્શમાં વ્યાપ્ત હોવાથી ભાવપણાથી ભોગ સમ્ભવે પણ બીજી રીતે ભગવાન્માં સ્પર્શ નથી. **''યે હિ સંસ્પર્શજા ભોગાઃ''** ઇત્યાદિથી ગીતામાં એને દુઃખરૂપ વર્ણવ્યા છે. ભગવાન્માં દુઃખ ન હોવાથી એપણ નહોત.

**ઇતિ તાસાં સ્વશક્તીનાં સતીનામસમેત્ય સઃ ।।**
**પ્રસુપ્તલોકતન્ત્રાણાં નિશામ્ય ગતિમીશ્વરઃ ।।૧।।**

**મૈત્રેય બોલ્યા :** ભગવાને જોયું કે પોતાની જુદી-જુદી શક્તિઓને લોકની રચના કરવી એનું જ્ઞાન નથી તેથી 'કાળ'નામની દૈવી શક્તિને ઉરુક્રમ ભગવાને ધારણ કરી અને ત્રેવીશ તત્ત્વનો સમુદાય જે કાંઈ પણ કામ કરવાને અસમર્થ હતો તેમાં એમણે પ્રવેશ કર્યો ।।૧-૨।।

તત્ત્વો જે જુદાં-જુદાં હતા તેમાં ભગવાને ચેષ્ટારૂપે પ્રવેશ કરી એને ભેગાં કર્યા અને તત્ત્વોમાં રહેલું જીવનું કર્મ જે સુષુપ્ત હતું તેને કાળશક્તિવડે જાગ્રતકર્યું ।।૩।।

આવી રીતે ત્રેવીશ તત્ત્વ સમુદાયમાં દૈવેયોગે કર્મો પ્રબુદ્ધ થયેથી એમણે પોતાની માત્રાઓવડે બ્રહ્માંડને ઉત્પન્ન કર્યું ।।૪।।

જ્યારે ભગવાને પ્રવેશ કર્યો ત્યારે વિશ્વને ઉત્પન્ન કરનાર તત્ત્વનો ગુણ કાંઈક અંશે ક્ષોભ પામ્યો તેથી એમાંથી એક બ્રહ્માંડ થયું. જ્યારે એ તત્ત્વો અન્યોન્ય મળ્યાં ત્યારે એમાંથી ચરાચર લોક થયા અને વ્યક્તિમાં પણ સર્વ તત્ત્વોનો પ્રવેશ થયો ।।૫।।

એ સુવર્ણાત્મક બ્રહ્માંડરૂપ પુરુષ એ આંડકોશમાં સર્વ તત્ત્વથી વૃદ્ધિ પામતો હજાર વર્ષ સુધી રહ્યો ।।૬।।

કર્મે પ્રેરેલી કાળશક્તિથી વિશ્વને સર્જનાર તત્વનો ગર્ભ દૈવી શક્તિવાળો થયો. એણે પોતાના આત્માના એક, ત્રણ અને દશ વિભાગ કર્યા ।।૭।।

સમગ્ર પ્રાણી માત્રની અન્દર પરમાત્માનો આ અંશ છે તે પરમાત્માનો પ્રથમાવતાર છે. એમાં આ ભૂત માત્રાનો સમુદાય દેખાય છે. અને અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત એમ ત્રણ પ્રકારનો છે વિરાટ પ્રાણથી દશ પ્રકારનો છે. અને હૃદયથી એક પ્રકારનો છે ।।૮-૯।।

વિશ્વ સરજનારાઓના ઈશ એવા ભગવાને તત્ત્વોની વિવૃત્તિનું સ્મરણ કર્યુ અને એનું ઈચ્છિત કરવાને વિરાટ્‌ને પોતાના તેજવડે તપાવવા લાગ્યા ।।૧૦।।

એ વિરાટ્‌ના તપવાથી એમાં કેટલાંક સ્થાન છિદ્રરૂપે પ્રકટ થયાં એ હું તમને કહું છું. એ તમે સાંભળો ।।૧૧।।

એ વિરાટ્‌ને પ્રથમ મુખ થયું તેમાં અગ્નિ એ પોતાના અંશ વાણી સાથે પ્રવેશ કર્યો. તેથી એ જે કાંઈ પોતાનાં અંશ વાણીવડે કહેવાનું હોય તે દેવતાથી અધિષ્ઠિત ઈન્દ્રિયદ્વારા કહી શકે છે ।।૧૨।।

એને તાળવું નીકળ્યું તેમાં વરુણે દેવતારૂપે પ્રવેશ કર્યો. જીભવડે એ રસના જ્ઞાનને સમ્પાદન કરે છે ।।૧૩।।

વિષ્ણુનો પ્રવેશ થતાં બે નાસિકા દેખાઈ તેમાં અશ્વિનીકુમારો દેવતા થયા. ઘ્રાણ ઈન્દ્રિયવડે ગન્ધનું જ્ઞાન થાય છે ।।૧૪।।

એને બે આંખો નીકળી. તેમાં સૂર્ય દેવ તરીકેપ્રવેશ્યા. અનેચક્ષુસ્ ઈન્દ્રિયથી



એનેરૂપનું જ્ઞાન થાયછે ।।૧૫।।

એને ચર્મ ઈન્દ્રિયો થઈ તેમાં લોકને પાવન કરનારા વાયુએ દેવ તરીકે પ્રવેશ કર્યો. પ્રાણ ઈન્દ્રિયવડે એ સારી પેઠે સ્પર્શનો અનુભવ કરી શકે છે ।।૧૬।।

એમાંથી બે કર્ણ નીકળ્યા તેમાં દિશારૂપ દેવે પ્રવેશ કર્યો.એ શ્રોત્રેંદ્રિયવડે શબ્દને શ્રવણ કરવારૂપ સિદ્ધિને પ્રાપ્ત કરેછે ।।૧૭।।

એને ત્વક્ ઈન્દ્રિય પ્રકટી તેમાં ઓષધિ નામની દેવતા પેઠી. એ રોમરૂપ ઈન્દ્રિયદ્વારા ખંજવાળ (કંડૂતિ) ને જાણી શકે છે ।।૧૮।।

એ વિરાટ્ પુરુષને લિંગ નીકળ્યું તેમાં બ્રહ્માજીએ પોતાનું સ્થાન કર્યું. ઈન્દ્રિયવડે એ આનન્દને જાણી શકે છે ।।૧૯।।

પુરુષને ગુદા નીકળી તેમાં મિત્ર દેવતાએ સ્થિતિ કરી. પાયુ નામની ઈન્દ્રિયવડે મલત્યાગ કરી શકે છે ।।૨૦।।

આ પુરુષને બે હાથ નીકળ્યા તેમાં સ્વર્ગનાં પતિ ઈન્દ્રે પ્રવેશ કર્યો. બળરૂપ ઈન્દ્રિયવડે એ કર્મને કરી શકે છે ।।૨૧।।

એ પુરુષને બે પગ જુદા થયા તેમાં વિષ્ણુ દેવતારૂપે પધાર્યા. ગતિરૂપ ઈન્દ્રિયથી એ પુરુષને જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે ।।૨૨।।

પછી એને બુદ્ધિ ઉત્પન્ન થઈ તેમાં બ્રહ્મા દેવતારૂપે બિરાજ્યા. બોધરૂપ ઈન્દ્રિયવડે જે જાણવું હોય તેને એ જાણી શકે છે ।।૨૩।।

આ પુરુષને હૃદય પ્રગટયું તેમાં ચન્દ્રમાએ પોતાનું સ્થાન કલ્પ્યું. મન ઈન્દ્રિયવડે એ પુરુષ વિકૃતિને પામવા લાગ્યા ।।૨૪।।

એ પુરુષને અન્તઃકરણ ઉત્પન્ન થયું તેમાં રુદ્રે દેવતા તરીકે પ્રવેશ કર્યો. અહંબુદ્ધિરૂપી ઈન્દ્રિયવડે 'મેં કર્યું' એવું એ માને છે ।।૨૫।।

આ પુરુષને સત્ત્વ ઉત્પન્ન થયું તેમાં મહાન દેવ થયા. ચિત્ત ઈન્દ્રિયવડે એ ચેતનને પામવા લાગ્યા ।।૨૬।।

આ વિરાટ પુરુષનાં મસ્તકથી સ્વર્ગલોક થયો, પગથી પૃથ્વી ઉત્પન્ન થઈ, નાભિથી આકાશ થયું એમાં ગુણની વૃત્તિઓ તથા દેવો વગેરે પ્રતીત થાય છે ।।૨૭।।

અધિક સત્ત્વને લઈને દેવો સ્વર્ગને પામ્યા. રજોગુણી સ્વભાવવડે માણસો પૃથ્વીને પામ્યા. ગાયો વગેરે પશુ તામસ છે તે માણસોની પાછળ જન્મ લેનારાં છે અને માણસને ઉપકાર કરનારાં છે તેથી પૃથ્વી ઉપર આવ્યાં ।।૨૮।।

તામસ સ્વભાવને લઈને ભગવાનની નાભિનો આશ્રય કરનારા રુદ્રના પાર્ષદોએ એમના ગુણોને લઈને શૂન્ય સ્થાનને સ્વીકાર્યુ ।।૨૯।।

હે કુરૂદ્વહ! પુરુષના મુખથી બ્રહ્મ ઉત્પન્ન થાય છે. જેનામાં એ બ્રહ્મ જાય તે 'બ્રાહ્મણ' વર્ણમાં મુખ્ય હોવાથી એ બ્રાહ્મણને ગુરુ પણ થયો ।।૩૦।।

બાહુથી ક્ષત્ર થયું, જેમાં તે પ્રવેશ કરે તે ક્ષત્રિય, બાકીના ત્રણ વર્ણોને કણ્ટકના ક્ષતથી રક્ષા કરતો હોવાથી 'ક્ષત્રિય' થયો. પૌરુષયુક્ત હોવાથી એ પૌરુષ કહેવાય છે ।।૩૧।।

લોકને વૃત્તિ આપનારી વિશ્ નામની દેવતા એની બે સાથળમાંથી થઈ તેનાથી 'વૈશ્ય' થયા. એ મનુષ્યની વૃત્તિને ચલાવે છે ।।૩૨।।

ભગવાનના ચરણથી શુશ્રૂષાધર્મ સિદ્ધ કરવાને શૂદ્ર થયો. સેવારૂપ એની વૃત્તિ હોવાથી ભગવાન્ એવી વૃત્તિથી સન્તોષ પામે છે ।।૩૩।।

એ વર્ણો પોતાની વૃત્તિ* સહિત ઉત્પન્ન થયા છેઃએઓ આત્માની શુદ્ધિમાટે ગુરુ હરિને શ્રદ્ધાવડે ભજે છે ।।૩૪।।

**વિશેષ :** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારનેમાટે ચાર પુરુષાર્થ નક્કી કરેલા છે. બ્રાહ્મણ મોક્ષને માટે છે; ક્ષત્રિય કામને માટે છે; વૈશ્ય અર્થ સમ્પાદન કરવાને માટે છે; અને શૂદ્ર ધર્મ સિદ્ધ કરવાને માટે છે. તે-તે ત્રિવર્ણની સેવા કરે તેથી એનો ધર્મ સફળ થાય છે. બ્રાહ્મણ મોક્ષ સમ્પાદન કરે, ક્ષત્રિય, વૈશ્ય કામ તથા અર્થને સમ્પાદન કરે તેમાં ભગવાન્ વિશેષ પ્રસન્ન ન થાય પણ ત્રણ વર્ણને ભગવત્સ્વરૂપ જાણી શૂદ્ર સેવા કરે છે. તેથી શૂદ્રને ભગવાન્ પ્રસન્ન થાય છે. માટે મોટા ભગવદ્ભક્તનો જન્મ શૂદ્રમાં વિશેષે કરીને જણાય છે. તે-તે સ્વધર્મ તથા ભગવદ્ધર્મ બન્ને સેવા છે તેથી ભક્તિનો મુખ્ય અધિકારી છે.

હે સંયમી!, દેવ, કર્મ અને આત્મારૂપે એકાંશથી ભગવાન્ અનેક રૂપે થયા. ભગવાનની યોગમાયાના બળના ઉદયવાળા આ (ચરિત્ર) નો આરમ્ભ કરવાની શ્રદ્ધા કોણ સેવી શકે? ।।૩૫।।

અન્યમાં વાણીનો વિનિયોગ થવાથી મારી વાણી અસતી બનેલી હોય તેને ભગવાન્ સત્કારે એમાટે હું મારી બુદ્ધિ અનુસાર જેવું મે સાભળ્યું છે તેવું ભગવાનની કીર્તિનું, હે અંગ! વાણીવડે હું જન્મ્યો ત્યારથી તે આ પળ સુધી કીર્તન કરું છું ।।૩૬।।

ભગવાનના ગુણોનું ગાન કરવું એ વાણીનો મોટામાં મોટો લાભ છે. વળી



વિદ્વાનોએ આરમ્ભ કરેલી કથારૂપી સુધામાં કાનનો વિનિયોગ કરવો એ પણ મોટામાં મોટો લાભ છે ।।૩૭।।

હે વત્સ! આદિકવિ બ્રહ્માએ દેવતાઓના એક હજાર વર્ષ ગયા પછી જ્યારે એમની બુદ્ધિ, યોગથી પરિપક્વ થઈ ત્યારે એટલો નિશ્ચય કર્યો કે ભગવાનના મહિમાનું શ્રવણ કરવું ।।૩૮।।

માટે ભગવાનની માયા તો એવી છે કે માયાવીને પણ મોહમાં નાખે, અરે! ભગવાન્ પોતે પોતાના માર્ગને નથી જાણતા તો બીજા તો એ માર્ગને ક્યાંથી જ જાણી શકે? ।।૩૯।।

**યતોऽપ્રાપ્ય ન્યવર્તન્ત, વાચશ્ચ મનસા સહ ।।**
**અહં ચાऽન્ય ઈમે દેવાસ્તસ્મૈ ભગવતે નમઃ ।।૪૦।।**

વાણી અને મન જેને પહોચ્યા વગર જ પાછાં ફરે છે તેમજ હું એટલે અહંકાર અને તત્ત્વરૂપ ઈન્દ્રિયોની દેવતાઓ પણ આ ભગવાનના સ્વરૂપને જાણ્યા વગર પાછી ફરે છે તે ભગવાનને જાણવાનો પ્રયાસ ન કરતાં એમને નમન કરું છું ।।૪૦।।

**ઈતિ શ્રીભાગવત તૃતીયસ્કન્ધમાં(બીજા ગુણાતીત પ્રકરણના બીજો)**
**''ભૂતોમાં ભગવત્શક્તિનો પ્રવેશ તેથી ભૂતાદિની ઉત્પત્તિ''**
**નામનો છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## ત્રીજું સગુણપ્રકરણ

## અધ્યાય ૭

## સ્વયં નિર્ગુણ બ્રહ્મને માયાનો સમ્બન્ધ કેમ થયો વગેરે વિદુરજીની શંકાઓ

**વિશેષ :** મન દ્વારા સર્વ ઈન્દ્રિયોનું નિરૂપણ આ અધ્યાયમાં કરવામાં આવે છે તેથી ભગવાનની ઈન્દ્રિયોરૂપ મનનો સર્ગ અહીં કહેવામાં આવે છે. મન સંકલ્પ-વિકલ્પના ભેદવડે બે પ્રકારનું છે. સંકલ્પ સન્દેહવાળો હોય છે. અર્થાત્ અન્યથાજ્ઞાનરૂપ સન્દેહ થાય તે સંકલ્પ-વિકલ્પ. એ અનેક પ્રકારના અર્થવાળો હોય છે એનું અહીં નિરૂપણ છે. ભગવાનનાં કર્મ જાણવાને બધાં કર્મોનો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો છે, કૃતિ એટલે કર્મ, પ્રથમ મન હોય તો સિદ્ધી થતી

હોવાથી મનનું નિરૂપણ કૃતિથી થાય છે. તેથી કાર્યની પહેલા મનને કહેવામાં આવે છે, **''એવં બ્રુવાણં મૈત્રેય''** એ શરૂનો શ્લોક ઘણું કરીને ક્ષેપક છે એમ શ્રીપુરુષોત્તમજી માને છે. તેનો અર્થ : ''શ્રીશુકદેવજી બોલ્યા : આ પ્રમાણે કહેતા મૈત્રેયને દ્વૈપાયનના પુત્ર ડાહ્યા વિદૂરજી વાણીથી ખુશ કરતા હોયતેમ કહેવા લાગ્યા''.

**બ્રહ્મન્! કથં ભગવતશ્ચિન્માત્રસ્યાऽવિકારિણઃ ।।**
**લીલયા ચાऽપિ યુજ્યેરન્નિર્ગુણસ્ય ગુણાઃ ક્રિયાઃ ।।૧।।**

**વિદુરજીએ કહ્યું :** બ્રહ્મ તો કેવળ ચૈતન્યમાત્ર, નિર્ગુણ અને અવિકારી છે તેનામાં લીલાવડે પણ ગુણો અને કર્મ કેમ સમ્ભવે? ।।૧।।

બાળકમાં ક્રીડા કરવાની પ્રવૃત્તિ થાય તે પણ બીજાની સાથે રમવાની પ્રથમ એને ઈચ્છા થાય ત્યારે જ બને. ભગવાન્ તો જાતે જ તૃપ્ત છે અને બીજો કોઈ હોતો નથી તેથી એમાં કોઈ નિમિત્ત પણ નથી; તો પછી બાળકની પેઠે લીલા કેમ ઘટે?।।૨।।

ભગવાન્ એ વિશ્વને ગુણવાળી આત્મમાયાવડે ઉત્પન્ન કરે છે, માયાવડે એ એનું સારી પેઠે રક્ષણ કરે છે, વળી પાછો એનો એ પોતામાં ઉપસંહાર કરે છે ।।૩।।

પરન્તુ દેશ, કાળ, અવસ્થા, સ્વ અને પર એવા કશાથી જેમનું જ્ઞાન લોપાતું નથી તેવા જ્ઞાનરૂપ પરબ્રહ્મને માયાનો સમ્બન્ધ કેવી રીતે થાય? ।।૪।।

સર્વ શરીરોમાં એક જ ભગવાન્ રહ્યા છે તેમને જન્મવડે દુર્ભગપણું અને કલેશ કેમ સમ્ભવે? ।।૫।।

જ્ઞાનના આ સંકુચિત માર્ગમાં મારું મન મૂંઝાય છે તો હે વિભો! સમર્થ એવા આપ મારા મનના ખેદને દૂર કરો ।।૬।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** તત્ત્વ જાણવાની ઈચ્છાવાળા વિદુરજીએ એ પ્રકારે મુનિ મૈત્રેયને પૂછ્યું ત્યારે ભગવાન્માં ચિત્ત રાખી જેનો ગર્વ ચાલ્યો ગયો છે તેવા મુનિ મન્દ હાસ્ય કરી ઉત્તર આપવા લાગ્યા ।।૭।।

**મૈત્રેય બોલ્યા :** ઈશ્વર વિમુક્ત હોવા છતાં એમાં કૃપણતા અને બન્ધન વગેરે જોવામાં આવે એ જ ભગવાનની માયા, માયાને લીધે જ તમે કહ્યો તેવો તર્કનો વિરોધ ભગવાન્માં દેખાય છે ।।૮।।

જીવને બન્ધન કરનાર કોઈ નથી છતાં એને લીધે જ ''હું બંધાયેલો છું'' એવો ઊલટો ભાવ દેખાય છે. સ્વપનમાં પોતાનું માથું કપાયેલું જોવામાં આવે પણ એ માથામાં જ આંખ રહેલી હોવાથી એવું જોઈ શકાય નહિ છતાં એવું દેખાય છે તેમ



પાસે જોનાર દ્રષ્ટાને આત્માથી જુદી રીતે સ્વસ્વરૂપ દેખાય છે ।।૯।।

જેમ જળમાં ચન્દ્રમાંને વિશે કમ્પાદિ દેખાય પણ એ કમ્પ ચન્દ્રમામાં હોતો નથી તેમ દેહાદિના ગુણો આત્મામાં ન હોવા છતાં દેખાય છે એ માયાથી ।।૧૦।।

એ માયાનો સમ્બન્ધ અનર્થ બતાવનાર છે. ભગવાન્ કૃપા કરે અને નિવૃત્તિમાર્ગના ધર્મ આચરવામાં આવે તો ભગવદ્ભક્તિયોગવડે ધીમે-ધીમે એ નિવૃત્ત થાય ।।૧૧।।

પરમાત્મા હરિ દ્રષ્ટા છે. એમનામાં બધી ઈન્દ્રિયોનો ઉપરામ થાય ત્યારે જેમ સૂઈ રહેનારના બધા કલેશ નિવૃત્ત થાય છે તેમ એના બધા કલેશ નિવૃત્ત થઈ જાય ।।૧૨।।

મુરારિ ભગવાનના ગુણોનું જો શ્રવણ કરવામાં આવે તો એ બધાં દુઃખોનો નાશ કરે છે તો પછી પોતાની મેળે પ્રાપ્ત થતી ભગવાનના ચરણારવિન્દની રજની સેવામાં પ્રીતિ કરવામાં આવે તો એ કલેશને મટાડે એમાં તો શું કહેવું? ।।૧૩।।

**વિદુરજી બોલ્યા :** હે વિભો! તમારી સદુક્તિરૂપી ખડ્ગથી મારો સન્દેહ કપાઈ ગયો; પણ હે ભગવન્! સન્દેહ મટ્યા છતાં ભગવાનની સ્વતન્ત્રતા જીવની પરતન્ત્રતા અને જ્ઞાન અને માયાનો સમ્બન્ધ એમ બન્ને બાબતમાં મારું મન સારી રીતે અત્યન્ત પ્રવેશ કરે છે ।।૧૪।।

હે વિદ્વન્! ભગવાનની આત્મમાયા-જીવમાયા મોહ કરનારી છે તેનાવડે બ્રહ્મમાં જડતા અને અનાત્મામાં આત્મતાનું સ્ફુરણ થાય છે એવું આપનું કહેવું બરાબર છે, કારણ કે જે ન હોય, જેનું મૂળ જ ન હોય તે દેખાડવું એ માયાનું કાર્ય છે. તેથી જે માયાકૃત વચ્ચેનો સર્ગ છે તે ખોટો છે, મિથ્યા છે, નિર્મૂળ છે. વિશ્વનું મૂળ બ્રહ્મ છે, બહારના વિષયો વિશ્વમૂળ નથી ।।૧૫।।

લોકમાં જે મૂઢતમ છે અને જે બુદ્ધિના પારને પામ્યો છે તે બે જ સુખી છે; પરન્તુ થોડું જ્ઞાન અને થોડી ભક્તિવાળાને એક નિશ્ચય હોતો નથી તેથી બે નૌકામાં એક-એક પગ મૂકનાર જેમ કલેશ પામે તેમ એ વચમાં રહેવાથી કલેશ પામે છે।।૧૬।।

**''આત્મૈવેદં સર્વમ્''** ''આ બધું આત્મા જ છે'' એવું શ્રુતિ કહે છે તેથી આનાત્મામાં કાંઈ અર્થ નથી એ નિશ્ચય છે તેથી જે પ્રતીત થાય છે તે તદ્રૂપે એટલે અનાત્મરૂપે થતું હોવાથી અનર્થરૂપ છે. અર્થરૂપ તો બ્રહ્મ છે. એની પ્રતીતિ થતી નથી. પ્રતીતિ થાય છે એ બ્રહ્મ નથી. તો પણ આપના ચરણની સેવા વડે હું એ ખોટી પ્રતીતિને દૂર કરીશ ।।૧૭।।

મધુદૈત્યનો દ્વેષ કરનાર દાનવને મારનાર કૂટસ્થ ભગવાનનાં ચરણવિશે રતિવિલાસ કરવાથી બધા દુઃખ મટી જાય છે. અને આ એમની સેવા વડે થાય છે ।।૧૮।।

જેઓ અલ્પ તપવાળા છે તેમને ભગવાનના માર્ગમાં રહેતા ભગવદ્ ભક્તોની સેવા દુર્લભ છે. એ ભગવદ્ભક્તો દેવના દેવ અને અવિદ્યા દૂર કરનાર ભગવાનનું નિત્ય ગાન કરે છે ।।૧૯।।

સમર્થ ભગવાને વિકારયુક્ત મહદાદિને અનુક્રમે ઉત્પન્ન કરીને એનાથી વિરાટ્નો ઉદ્ધાર કરી પોતે એમાં પ્રવેશ કર્યો ।।૨૦।।

એ જ આદિ પુરુષ કહેવાય છે. એના હજારો પગ, સાથળ, બાહુ છે. એનામાં વિશ્વ તથા આ લોકો સારી રીતે રહી શકે છે ।।૨૧।।

દશવિધ પ્રાણ, ઈન્દ્રિયો, એના અર્થો, ઈન્દ્રિય પ્રાણ અને એનું ત્રૈવિધ્ય, તમે કહેલા વર્ણો, ભગવાનની વિભૂતિ આ બધું જેમાં આવેલું છે તે બધાનું વર્ણન કરીને મને કહો ।।૨૨।।

તે વિભૂતિઓમાં પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર અને ગોત્રજોની સાથે વિચિત્ર આકૃતિઓવાળી પ્રજા થઈ કે જેનાવડે આ જગત્ ભરાઈ ગયું ।।૨૩।।

પ્રજાપતિના પતિએ કોને પ્રજાપતિ તરીકે નક્કી કર્યા? વળી સર્ગ, અનુસર્ગ, મનુ અને મન્વન્તર, એમનાં વંશો તથા એમના વંશમાં થયેલાનાં ચરિત્રો, ભૂમિ ઉપરના તેમજ નીચેના લોક, હે મૈત્રેય! જેમાં આ સર્વ રહે છે તેનું પ્રમાણ તથા તેનું સ્થાન તથા ભૂલોક એ સર્વનું આપ વર્ણન કરો ।।૨૪-૨૫।।

તિર્યક્, માનુષ, દેવ, મૃગ, પક્ષી, સર્પો એમની ઉત્પત્તિનો સમૂહ, જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જના સર્ગનું પણ વર્ણન કરો ।।૨૬।।

શ્રીહરિએ સૃષ્ટિ કરતી વખતે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારને માટે પોતાના ગુણાવતાર બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવરૂપથી જે કલ્યાણ કરનારી લીલાઓ કરી એનું પણ આપ વર્ણન કરો ।।૨૭।।

રૂપ, શીલ અને સ્વભાવવડે વર્ણો અને આશ્રમોનો વિભાગ તથા ઋષિઓનાં જન્મ તથા કર્મ તથા વેદની શાખારૂપી વિભાગ કહો ।।૨૮।।

હે પ્રભો! યજ્ઞના વિસ્તાર, યોગના માર્ગો, નિવૃત્તિમાર્ગ, સાંખ્યતન્ત્ર તથા વૈષ્ણવશાસ્ત્રો કહો ।।૨૯।।

પાખંડ માર્ગનું વિષમપણું, પ્રતિલોમ ચાંડલાદિનો ઉપયોગ, અથવા ઉત્પત્તિ



અને જીવની ગુણ અને કર્મોવડે થતી જે-જે ગતિઓ હોય તે આપ મને કહો ।।૩૦।।

ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ ચાર પુરુષાર્થનો વિરોધ ન આવે તેવાં સાધનો, જીવિકાના અધિકારના ભેદવડે થયેલા પ્રકાર, રાજધર્મના પ્રકાર, અધિકારભેદથી વેદાધ્યાયનના વિધિઓ, શ્રાદ્ધના વિધિઓ, પિતૃઓની સૃષ્ટિ, ગ્રહો, નક્ષત્રો અને તારાઓની-જ્યોતિશ્ચક્રની સ્થિતિ અને દાનનાં, તપનાં, વાવ, કૂવા, તળાવ વગેરે યજ્ઞાદિનાં ફળ, પ્રવાસના ધર્મ આપત્તિના ધર્મ આપ કહો ।।૩૧-૩૩।।

ભગવાન્ ધર્મના કારણરૂપ છે; તે જેનાથી સન્તુષ્ટ થાય તે કહો, હે અનઘ! ભગવાન્ જે અધિકારી ઉપર પ્રસન્ન થઈ વરદાન આપવાને તૈયાર થાય તે કહો ।।૩૪।।

હે ઉત્તમ બ્રાહ્મણ! જે શિષ્યો અને પુત્રો આજ્ઞાકારી સેવા કરનારા હોય છે તેમને દીન વત્સલ એવા ગુરુઓ વગર પૂછયે પણ બધું કહે છે ।।૩૫।।

એ બધાં જ તત્ત્વોનો પ્રલય કેટલા પ્રકારે થયો? પ્રલય વખતે ભગવાનની ઉપાસના કોણ કરે છે? અને એના સ્વરૂપમાં કોણ લીન થાય છે? ।।૩૬।।

વિરાટ પુરુષનું તિરોધાન, વ્યષ્ટિનું સ્વરૂપ તથા વેદમાં કહેલું જ્ઞાન તે બધુ મને કહો. ગુરુ અને શિષ્ય આવશ્યક હોવાનું પ્રયોજન કહો ।।૩૭।।

હે નિષ્પાપ! વળી એ જ્ઞાનનાં સાધકબાધકો જે વિદ્વાનોએ કહ્યાં હોય તે કહો તથા ગુરુ વગર પણ જ્ઞાન કેમ થાય એ તથા ભક્તિ વૈરાગ્યના પણ ઉપાય મને કહો ।।૩૮।।

કર્મને હૃદયમાં ધારણ કરવા માટે, અથવા મનમાં એનું ચિન્તન કરવા માટે, મેં આપને આ બધા પ્રશ્ન પૂછ્યા છે. મોહ કરનારી માયાવડે મારું જ્ઞાન નાશ પામ્યું છે એવો હું અણજાણ છું તેથી એ બધું આપ કહો ।।૩૯।।

હે અનઘ! ભણ્યા ભણાવ્યાં વેદ, યજ્ઞ, દાન, તપ વગેરે બધાં મળીને પણ જીવને મોક્ષ આપનાર જ્ઞાનના અંશને પણ પહોંચી શકતાં નથી ।।૪૦।।

**સ ઈત્થમાપૃષ્ટપુરાણકલ્પઃ કુરુપ્રધાનેન મુનિપ્રધાનઃ ।।**
**પ્રવૃદ્ધહર્ષો ભગવત્કથાયાં સંચોદિતસ્તં પ્રહસન્નિવાઽઽહ ।।૪૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યાઃ** કુરુઓમાં પ્રધાન એવા વિદુરજીએ મુનિઓમાં પ્રધાન એવા મૈત્રેયને પૂછ્યું ત્યારે ભગવાનની કથા કહેવામાં પ્રેરાવાથી એમનો હર્ષ વધી ગયો

અને પ્રસન્ન મુખવડે હસતા હોય તેમ મૈત્રેય કહેવા લાગ્યા ।।૪૧।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (ત્રીજા સગુણપ્રકરણનો પહેલો) ‘‘સ્વયં નિર્ગુણબ્રહ્મને માયાનો સમ્બન્ધ કેમ થયો વગેરે વિદુરજીની શંકાઓ’’ નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ભગવાનના નામે ભીખ માગનારાઓ શ્રીહરિરાયજીની આજ્ઞા વાંચો!!**

**અપરાધ૩૬મો :** શ્રીઠાકોરજીના નામે (ભેટ- સામગ્રી-ન્યોછાવર) માંગવું.

**ફળ :** સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે.

**પ્રાયશ્ચિત્ત :** જેટલું માંગ્યુંકે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણા નૈવેદ્યનું દાન કરવું.

## અધ્યાય ૮

## નાભિ-ક-મ-ળમાંરહેલા બ્રહ્મા-જીનેભય લાગતાં ભગ-વા-નની સ્તુતિ કરવા લાગ્યા.

**વિશેષ :** આઠમા અધ્યા-યમાં ભગ-વા-નની બુદ્ધિનું વર્ણન કરાય છે અને બુદ્ધિના આધા-રને આધે-ય-રૂપ વિષ-યોનો ઉદ્ગામ કહે-વાય છે. સ્વરૂ-પમાં ભગ-વા-નની એ બુદ્ધિના છ પ્રકાર છે. સ્વરૂ-પમાં પ્રીતિ-વાળી, જગ-તના સમ્બ-ન્ધ-વાળી અને કૃતિ-વાળી એ મલીને બુદ્ધિના ત્રણ ભેદ છે. લૌકિક ઉપા-યથી જન્મ પામતી તે બુદ્ધિ બે પ્રકા-રની છે. તર્ક અને ક્રિયા એના ભેદક છે. એમાં ક્રિયા-ત્મક બુદ્ધિ વૈદિકી છે. ત્રીજો સાક્ષા-ત્કાર છે. એ છમાં બધું આવી જાય છે. અહીં સામાન્ય રીતિથી શ્રીભા-ગ-વત્ પુરાણ ગ્રન્થ-રૂ-પિણી બુદ્ધિ કહે-વાય છે. સર્ગો-પ-યો-ગિની બુદ્ધિ તામ-સથી ઉત્પન્ન થયેલ છે. તેથી ભાગ-વ-ત્ની પ્રવૃત્તિ અનેક પ્રકારે થાય છે. એ પ્રવૃત્તિ દસ લીલા-વાળી છે તેની વ્યવસ્થા કલ્પભેદથી કરાય છે એ ભગ-વદ્-બુદ્ધિ આ બન્ને સર્ગની લીલામાં વિસ્તા-રથી કહે-વાય છે.

**સત્સે-વ-નીયો બત! પુરુવંશો યલ્લો-ક-પાલો ભગ-વ-ત્પ્ર-ધાનઃ ।।**
**બભૂ-વિ-થે-હા-ઙ-જિ-ત-કી-ર્તિ-માલાંપદે-પદેનૂ-ત-ન-ય-સ્ય-ભી-ક્ષ્ણ-મ્ ।।૧।।**

**મૈત્રેય બોલ્યા :** પુરુરા-જાનો વંશ સત્પુરુ-ષને સેવા કરવા લાયક છે; તે વંશમાં ઉત્પન્ન થયે-લમાં મુખ્ય લોક-પાળ એવા તમે યમ (વિદુર-રૂપે) થયા છો અને ભગ-વા-નની કીર્તિ-રૂપ માળાને વારં-વાર પદે-પદે નવીન કરો છો ।।૧।।



મનુષ્યો ક્ષુદ્ર સુખ-માટે મોટું દુઃખ ભોગવે છે તે દુઃખ મટા-ડ-વા-માટે હું તમને ‘ભા-ગ-વત્’ નામનું પુરાણ કહું છું. એ શ્રીભા-ગ-વત્ સાક્ષાત્ ભગ-વાને ઋષિ-ઓને કહેલું છે ।।૨।।

આદિ ભગ-વાન્ સં-ક-ર્ષણ, અપ્ર-તિ-હત બળ-વાળા છે. એ પૃથ્વી ઉપર બિરા-જતા હતા ત્યારે વાસુદે-વનું તત્ત્વ જાણ-વાની ઈચ્છા-વાળા સન-ત્કુ-મા-રાદિ મુનિઓ એ સં-ક-ર્ષ-ણને પૂછવા લાગ્યા ।।૩।।

વાસુદે-વને પોતાના આશ્ર-ય-રૂપ માનતા તે સં-ક-ર્ષણ ભગ-વા-નનું ધ્યાન ધર-વાથી અન્દર પ્રેરેલાં નેત્ર-ક-મ-ળનો કાંઈક વિકાસ કરી દેવ-તા-ઓના ભલા-માટે પૂછવા લાગ્યા ।।૪।।

ગં-ગા-જ-ળથી પોતાની જટા ભીંજા-યેલી છે તે જટાના સમૂ-હથી સં-ક-ર્ષ-ણના ચર-ણ-પી-ઠિ-કા-રૂપી પદ્મને સિંચન કરતા એ સન-કાદિ મુનિઓ પૂછવા લાગ્યા. સં-ક-ર્ષ-ણનું ચર-ણ-પદ્મ એવું છે કે વરદાન લેવા વાસુકિ વગેરે નાગોની કન્યાઓ પ્રેમ-સ-હિત નાના પ્રકા-રનાં પૂજાનાં સાધ-નોથી એમની પૂજા કરે છે ।।૫।।

જેમની હજારો ફણા હજારો કિરી-ટોના મોટા મણિ-ઓના તેજથી પ્રકા-શતી હતી તેવા સં-ક-ર્ષણ ભગ-વા-નના સ્વરૂ-પને પોતે જાણતા હોવાથી અનુ-રા-ગને લીધે પૂરું બોલી શકાતું નથી એવી ભાષાથી એ સન-કાદિ મુનિઓ સં-ક-ર્ષ-ણની લીલાને વારં-વાર ગાવા લાગ્યા ।।૬।।

ભગ-વ-ત્તમ એવા સં-ક-ર્ષણે નિવૃ-ત્તિ-ધ-ર્મમાં અભિરુ-ચિ-વાળા સન-ત્કુ-મા-રને શ્રીભા-ગ-વત્ કહ્યું હે અંગ! પૂછ-વામાં આવ્યાથી સન-ત્કુ-મારે વ્રત ધારણ કરેલા સાં-ખ્યા-ય-નને આ શ્રીભા-ગ-વત્ કહ્યું ।।૭।।

સાં-ખ્યા-યન પાર-મ-હંસ્ય ધર્મમાં મુખ્ય છે. ભગ-વા-નની વિભૂતિ કહેવા ઈચ્છતા હતા તેથી અમારા ગુરુ જિજ્ઞાસુ પરા-શર મુનિને અને બૃહ-સ્પ-તિને સાં-ખ્-યા-યને આ કહ્યું ।।૮।।

પુલ-સ્ત્ય-ના* કહે-વાથી પરા-શર મુનિએ એ આદિ-પુ-રાણ મને સારી રીતે કહ્યું. હે વત્સ! શ્રદ્ધા-વાળા અને નિત્ય સેવ-ક-પ-ણાથી અનુ-સ-ર-નારા એવા તમને હું હવે કહું છું ।।૯।।

**વિશેષ :** પરા-શર મુનિની ગેર-હા-જ-રીમાં એમના પિતા શક્તિને કોઈ રાક્ષસ ખાઈ ગયો ત્યારે પરા-શર મુનિએ રાક્ષ-સ-સત્રો કરી એમાં અનેક રાક્ષ-સોને મારી નાખ્યા ત્યારે પુલસ્ત્યે એમાંથી

બચવા પ્રાર્થના કરીને સત્ર બંધ કરવા વિન્તતિ કરી એટલે પરા-શરે સત્ર બંધ કર્યો. પુલસ્ત્યે પ્રસન્ન થઈ પરા-શ-રને પુરા-ણના આચાર્ય થવાનું વરદાન આપ્યું તેથી પરા-શ-રને ભાગ-વ-તની પ્રાપ્તિ થઈ.

જ્યારે આ વિશ્વ જળમાં ડૂબ્યું હતુ ત્યારે નનિદ્રાથના-મની ભગ-વ-ત્શ-ક્તિએ જેમનું જ્ઞાન નષ્ટ કર્યું નથી તેવા એ ભગ-વાન્ શેષ-રૂપી શય્યામાં આત્મ-ર-મણ કરતા નિશ્ચેષ્ટ થઈને એકલા નેત્ર મીંચીને રહ્યા હતા ।।૧૦।।

જેમ લાક-ડામાં અગ્નિનું વીર્ય છુપા-ઈને રહે છે તેમ પોતાના સ્વરૂ-પમાં ભૂત અને માત્રાઓ ને સમા-વીને કાલા-ત્મક શક્તિ પ્રેરતા એ ભગ-વાન્ પોતાના સ્થાન-રૂપ જળમાં કેટ-લોક વખત રહ્યા ।।૧૧।।

ચાર યુગો એક હજાર વાર ગયા તેટલો વખત એમણે જલમાં નિવાસ કર્યો. જ્યારે એમણે કાળ નામની શક્તિને જાગ્રત કરી ત્યારે લોક રચ-વાનાં સાધન પ્રાપ્ત થતાં એમણે પોતાના શરી-રમાં રહેલા અમુક્ત લોકોને જોયા ।।૧૨।।

એ ભગ-વા-નને જીવના ભોગ્ય પદાર્થમાં દૃષ્ટિ જતાં એ રજો-ગુ-ણ-વડે અતિ સૂક્ષ્મ-રૂપ થઈ ગયા ત્યારે રજ-વડે જ પ્રસવ પામતા નાભિદે-શથી એ પોતે જ સૂક્ષ્મ-રૂપ નીકળ્યા ।।૧૩।।

જ્યારે વિષ્ણુ ભગ-વાન્ સર્વ ગુણનો ભાસ કરતા એ પદ્મ-કો-શમાં દાખલ થયા ત્યારે કાળે કર્મનો પ્રબોધ કર્યો અને પોતાની કાન્તિ-વડે જળને પ્રકાશ કરતો એ સૂર્યની પેઠે પોતે આત્મ-રૂપે પ્રકટ થયો; એ વેદમય અને સર્વનો કર-નાર હોવાથી લોકો એને 'સ્વયં ભૂ' કહે છે ।।૧૪-૧૫।।

કમ-ળની ખીલેલી કળીમાં રહીને જોતાં એણે લોકને ન જોયા તેથી પરિ-ક્ર-મણ કરી એણે આકાશ તરફ નેત્ર ખોલ્યું તેથી ચાર દિશામાં એને ચાર મુખ થયાં ।।૧૬।।

એ જળ યુગા-ન્તનાં વાયુથી ખળ-ભ-ળાટ પામતું હતું અને એના તર-ં-ગોના ચક્ર-માંથી કમળ ઉત્પન્ન થયું હતું; એ કમ-ળનો આશ્રય કરીને રહેલા એ આદિદેવ, બ્રહ્મા "હું કોણ છું અને આ કમળ શું છે?" એનો વિચાર કરતાં કાંઈ જાણી શક્યાનહિ ।।૧૭।।

એમણે વિચાર કર્યો કે "આ કમળ ઉપર રહેલો હું કોણ છું. આ જળમાં કોઈ નથી તો આ કમળ ક્યાંથી? આનો કોઈ આધાર હોવો જોઈએ કે જેનાથી એ સ્થિતિ કરી રહ્યું છે. એથી એની નીચે કાંઈ પણ હોવું જોઈએ?" એમ વિચાર ફરી એમણે કમ-ળની નાળના છિદ્રમાં પ્રવેશ કર્યો. બ્રહ્મા પોતે એ કમ-ળ-ના-ળના છિદ્રમાં ગયા તો



પણ નાળ સિવાય ત્યાં બીજું કાંઈ એ જોઈ શક્યા નહિ. અપાર અન્ધ-કા-રમાં પોતાના પિતાને જોતાં-જોતાં ઘણો કાલ ચાલ્યો ગયો આ કાલ જ ભગ-વા-નનું ચક્ર છે જે પ્રાણી-ઓને ભય-ભીત કરતું રહે છે અને તેમના તથા બ્રહ્માના આયુ-ષ્યનો નાશ કરે છે ।।૧૮-૨૦।।

પોતાના મનો-રથ સિદ્ધ ન થતાં એ કામ કરવું છોડી દઈને બ્રહ્મા પાછા કમ-ળમાં આવ્યા અને ધીરે-ધીરે શ્વાસને જીતી, ચિત્તને એકાગ્ર કરી અર્થનું ચિન્તન કરતા સમાધિ કરીનેબેઠા ।।૨૧।।

એક સો વર્ષ જેટલા કાળ સુધી બ્રહ્માએ યોગ કર્યો ત્યારે બ્રહ્મા-જીને વિશેષ જ્ઞાન થયું. એમના હૃદયમાં કોઈ દિવસ નહિ દેખા-યેલું એવું શેષના ફણ-રૂપી હજારો છત્રોના મણિની કાન્તિથી યુગાન્ત જળનું અન્ધારું નષ્ટ કરતું સ્વરૂપ જળમાં સમા-ધિમાં જોવામાં આવ્યું ।।૨૨।।

એ સ્વરૂપ કમ-ળ-તન્તુ જેવું ગૌર અને વિસ્તા-ર-વાળા શેષના શરીર ઉપર સૂતેલું અને પુરુષ-રૂપ જોવામાં આવ્યું ।।૨૩।।

મરક-ત-મ-ણિનાં પર્વ-તની કાન્તિને ટક્કર મારતું, સન્ધ્યા સમ-યનાં વાદળા-રૂપી કટી-વ-સ્ત્ર-વાળું, ઘણા સુવર્ણ મુકુ-ટો-યુક્ત મસ્ત-ક-વાળું, રત્નની કાન્તિ-રૂપ જળની ધારાઓ તેજ-સ્વિની ઔષ-ધિઓ, પુષ્પોના સમૂહો અને વનની માળાઓ યુક્ત, વેણુ-રૂપ ભુજા અને વૃક્ષ-રૂપી ચર-ણ-વાળા ભગ-વા-નના સ્વરૂ-પને બ્રહ્મા-જીએ જોયું ।।૨૪।।

જેટલી લંબાઈ-પહોળાઈમાં ત્રણ લોક સારી રીતે રહી શકે તેટલા વિસ્તા-ર-વાળો એમનો દેહ હતો. વિચિત્ર દિવ્ય આભ-રણ અને વસ્ત્રોની શોભાથી સુશો-ભિત એવો એમનો દેહ હતો ।।૨૫।।

પોતાની કામ-નાને પૂર્ણ કર-વા-માટે અનેક માર્ગો-વડે ભજન કરતા લોકોને તે-તે કામના પૂર્ણ કરતા નખ-રૂપી ચન્દ્રનાં કિર-ણથી જેમના ચર-ણ-ક-મ-ળની પાંદડી સં-કુ-ચિત છે તેવા ચર-ણ-ક-મ-ળનું કૃપા કરીને દર્શન આપતા હતા ।।૨૬।।

ચોત-રફ ઝળ-કતા કુંડ-ળથી શોભતા અને લોકની પીડાને મટા-ડ-નાર સ્મિત-વાળા અધ-ર-બિ-મ્બની કાન્તિથી લાલ દેખાતા સુન્દર નાસિકા અને ભ્રુકુ-ટી-વાળા મુખા-ર-વિ-ન્દ-વડે તેઓ સેવક લોકોનો સત્કાર કરતા હતા ।।૨૭।।

કદમ્બ-પુ-ષ્પના તન્તુ જેવા પીળાં વસ્ત્રથી શોભિત, નિતમ્બ ઉપર કટિ-મે-ખ-લાથી ભૂષિત, અનન્ત ધન-વાળા અને દક્ષિ-ણા-વર્ત હૃદયસ્થ રોમ-રા-જી-રૂપ 'શ્રી-વત્સ' જેમાંછે

તેવા વક્ષઃસ્થ-ળમાં હાર-વડે તેઓ પ્રીતિ કરા-વતાહતા ।।૨૮।।

અમૂલ્ય બાજૂ-બ-ન્ધના મોટા મણિ-ઓથી યુક્ત હજારો હાથો-રૂપી શાખા-વાળા, જેમનું મૂળ કોઈના જાણ-વામાં નથી તેવા, સર્પ-રા-જના શરી-રથી વ્યાપેલા સ્કન્ધ-વાળા, ભુવ-ન-રૂપી વૃક્ષ-રા-જના સ્વરૂ-પને ધારણ કરતા હતા ।।૨૯।।

અથવા ચરા-ચ-રની સ્થિતિના આધા-ર-રૂપ અહીંદ્ર (શેષ) ના બન્ધુ, જળમાં રહેલા-હજારો કિરી-ટ-રૂપ સુવ-ર્ણના શિખ-ર-યુક્ત અને કૌસ્તુભ મણિથી રત્ન-ગર્ભ એવા પર્વ-ત-રૂપે દેખાતા હતા ।।૩૦।।

વેદરૂપ ભ્રમ-રોની શોભા-વાળી કીર્તિ-મય વન-માળા જેમના શ્રીક-ંઠમાં છે તેવા, સૂર્ય, ચન્દ્ર, વાયુ અને અગ્નિની પણ જ્યા ગતિ નથી તેવા, ચોત-રફ રહેતા મૃત્યુના સાધ-ન-રૂપ ચક્રાદિ પણ જે સ્વરૂ-પની પાસે જઈ શકતાં નથી તેવા, સર્વના દુઃખને હર-નાર હરિને બ્રહ્માએ જોયા ।।૩૧।।

તે જ ક્ષણે બ્રહ્મા-જીએ નાભિથી પ્રક-ટેલા કમ-ળને પોતાને, જળને, વાયુને અને આકા-શને જોયાં તે જગત્ રચ-નાર થયા. હવેથી (ઉત્પન્ન થયેલા) ન હતા. બ્રહ્મા-જીની નજર લોક રચ-વામાં પડી ।।૩૨।।

**સ કર્મ-બીજંરજ-સો-પ-રક્તઃ પ્રજાઃ સિસૃ-ક્ષ-ન્નિ-યદેવ દૃષ્ટ્વા ।।**

**~~અસ્તૌ-દ્વિ-સ-ર્ગા-ભિ-મુ-ખ-સ્ત-મી-ડ્ય-મ-વ્ય-ક્ત-વ-ર્ત્મ-ન્ય-ભિ-વે-શિ-તા-ત્મા~~ ।।૩૩।।**

રજો-ગુ-ણથી રંગા-યેલા અને પ્રજાને ઉત્પન્ન કર-વાની ઈચ્છા-વાળા બ્રહ્મા આટલુંજ કર્મનું બીજ છે એમ જોઈને અસ્પષ્ટ માર્ગમાં અંતઃક-રણ પરોવી સ્તુતિ કર-વા-યોગ્ય ભગ-વા-નની સ્તુતિ કરવાલાગ્યા- ।।૩૩।।

**ઈતિ શ્રીભા-ગ-વત્ તૃતી-ય-સ્ક-ન્ધમાં (બીજા સગુ-ણ-પ્ર-ક-ર-ણનો બીજો)**

**"ના-ભિ-ક-મ-ળમાં રહેલા બ્રહ્મા-જીને ભય લાગતાં ભગ-વા-નની**

**સ્તુતિ કરવા લાગ્યા" નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**

"પા-ર-સ-મણિ(ભા-ગ-વત)ને વાટકે, ભટ્ટજી(ક-થા-કાર) માગે ભીખ"

ભટજી માંગે ભીખ, નામ ચિન્તા-મણિ હરિનું!!

સકળ મનો-રથ સેથજ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયા-રામ)**



# અધ્યાય ૯

## તપથી પ્રસન્ન થતાં ભગ-વાને વર આપતાં બ્રહ્મા-જીએ સૃષ્ટિનો કરેલો આરમ્ભ

**વિશેષ :** જીવ-સ-ર્ગમાં જે ભૂત-સૃષ્ટિ તે કહે-વાની છે. એમાં ભૂત-જ-ન્યત્વે બ્રહ્મ-જ્ઞાન કહે-વામાં આવે છે. પચીશ તત્ત્વના સ્વરૂ-પના જ્ઞાનથી જે જ્ઞાન થાય તે 'ભૂ-ત-જન્ય' કહે-વાય. તેથી આ નવમાં અધ્યા-યમાં પ્રથમ બ્રહ્મા-જીની સ્તુતિ છે. એ પછી પ્રાર્થના છે. પછી ભગ-વાન્ બ્રહ્મા-જીને સર્વો-પદેશ કરે છે. બ્રહ્મા-જીની સ્તુતિમાં સ્ફુટ રીતે જ્ઞાન-મા-ર્ગનો નિર્ધાર છે. એમાં સાત શ્લોકથી જ્ઞાનનો વિષય, છ શ્લોકથી એનાં સાધન, આઠ શ્લોકથી ભગ-વ-ત્સ્વ-રૂપ તથા વિઘ્નોનો અભાવ ચારથી તદ્રુપ-યોગી બીજું પ્રકીર્ણ છે. આથી વિદુર મૈત્રે-યના સંવાદની સં-ગતિ સ્પષ્ટ થાય છે.

**જ્ઞાતો-ઽસિ મેઽદ્ય સુચિ-રા-ન્નનુ દેહ-ભાજાં ન જ્ઞાયતે ભગ-વતો ગતિ-રિ-ત્ય-વ-દ્યમ્**

**નાઽ-ન્ય-ત્ત્વદસ્તિ ભગ-વ-ન્નપિ તન્ન શુદ્ધં માયા-ગુ-ણ-વ્ય-તિ-ક-રા-દ્યદુ-ર્વિ-ભા-સિ- ।।૧।।**

**બ્રહ્માજી બોલ્યા :** હે ભગ-વન્! ઘણા કાળે હું આપનું સ્વરૂપ આજે જાણી શક્યો. ભગ-વા-નની ગતિ દેહ-ધા-રી-ઓથી જાણી શકાતી નથી એ દોષ જ પુરુષમાં મુખ્ય છે. આ સર્વ જે કાંઈ દેખાય છે તે આપથી ભિન્ન નથી અને છતાં જે લૌકિક દૃષ્ટિથી દેખાય છે તે શુદ્ધ નથી. માયાના ગુણ પર-સ્પર મળ-વાથી આપ બહુ-રૂપે દેખાઓ છે ।।૧।।

અજ્ઞાન જેમાંથી નિર-ન્તર નિવૃત્ત થઈ ગયું છે એ આપનું આ જ્ઞાન-રૂપ સ્વરૂપ છે. આપે આર-મ્ભમાં સત્પુરુ-ષોના ઉપર અનુ-ગ્રહ કર-વા-માટે સેંકડો અવ-તા-રના બીજ-રૂપ જે રૂપ ગ્રહણ કર્યું તે જ સ્વરૂ-પના નાભિ-ક-મ-ળ-રૂપ ભગ-વા-ન્-માંથી હું પ્રકટ થયો છું ।।૨।।

હે પરમ આન-ન્દ-માત્ર! વિકાર રહિત, કોઈથી જેનું તેજ તિરો-હિત થતું નથી તેવા તેજ-વાળા, જગ-તને પેદા કર-નાર, એક, બ્રહ્મ-રૂપ તેવા હું આપને જોઉં છું. હે આત્મન્! આપ ભૂતે-ન્દ્રિ-યના આત્મા-રૂપ છો. હું આપને શરણે છું ।।૩।।

હે ભુવ-ન-મ-ં-ગળ! આ નિશ્ચય તે (સ્વરૂપ) છે, આપની ઉપા-સના કર-નારા એવા અમને આપે ધ્યાનમાં અમારા કલ્યા-ણ-માટે આપનું રૂપ બતાવ્યું તેને અમે નમ-સ્કાર કરીએ છીએ, તેનું અમે અનુ-વિ-ધાન કરીએ છીએ, અસ-ત્પુરુ-ષોના દુસ-ં-ગથી જે નર-કમાં જના-રાઓ આપના રૂપનો અનાદર કરે છે તેવા આપની આજ્ઞામાં અમે રહીએ ।।૪।।

જે કોઈ આપના ચર-ણ-ક-મ-ળની કળીના વેદરૂપી વાયુના વહન કરેલા સુગ-ન્ધને કાનનાં છિદ્ર-દ્વારા સૂંઘે છે, તેને પ્રેમ-લ-ક્ષણા ભક્તિ થવાથી એ આપના ચર-ણને ગ્રહણ કરે છે. હે નાથ! એના હૃદય-માંથી આપ કોઈ દિવસ ખસતા નથી ।।૫।।

ધન, દેહ, સગાઓનો ભય, શોક, ઈચ્છા, પરાભવ, વધારે પડતો લોભ અને દુઃખનું મૂળ ''હું અને મારું'' એવો ખોટો આગ્રહ છે. એમાટેનો મિથ્યા આગ્રહ ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી લોક આપ અભયના ચરણકમળનું વરણ કરતા નથી ।।૬।।

આપની કથા સર્વ અશુભને મટાડનાર છે. જેની ઈન્દ્રિયો એના શ્રવણથી વિમુખ છે તેની બુદ્ધિ દૈવયોગે નષ્ટ થયેલી છે એમ જાણવું, જેનાં મન લોભથી પરાભવ પામી લૌકિક કામસુખના અલ્પ ભોગને માટે દીન થઈ જાય છે તેઓ નિરન્તર પાપાચરણ કરે છે ।।૭।।

હે અચ્યુત ઉરુક્રમ! ક્ષુધા, તૃષા, વાત, પિત્ત, કફ, ઠંડી, ગરમી, વાયુ, વરસાદથી અને એક બીજાથી કામાગ્નિ, દુઃસહ ક્રોધ વગેરેથી વારંવાર દુઃખી થતી આ પ્રજાને જોઈને મારું દિલ સીઝી જાય છે ।।૮।।

હે ઈશ! ભગવાનની માયા ઈન્દ્રિયોના અર્થરૂપ છે. એના બળને લીધે જ્યાંસુધી મનુષ્ય આત્માની જુદાઈને જુએ છે, ત્યાં સુધી એનો આ વ્યર્થ સંસાર ક્રિયારૂપ અને અને અર્થરૂપ જણાય છે. એનો સામનો થઈ શકતો નથી અને સંસાર કોઈ દિવસ નિવૃત્ત થતો નથી ।।૯।।

દિવસે જેની ઈન્દ્રિયો ગૃહવ્યાપારથી થાકી જાય છે, રાત્રિમાં ખૂબ નિદ્રા લેતાં અનેક પ્રકારના મનોરથવાળાં સ્વપનોથી જેની નિદ્રાનો ક્ષણમાં ભંગ થાય છે અને દૈવયોગે જેની અર્થરચના ભાંગી ગઈ છે તેવા ઋષિઓ પણ જો આપની કથાથી વિમુખ રહે તો એઓ પણ આ સંસારમાં ભમ્યા કરે છે ।।૧૦।।

હે નાથ! આપની શ્રવણભક્તિથી જેને આપના માર્ગનાં દર્શન થયાં છે, પ્રેમભક્તિની ભાવનાથી જેનું હૃદયકમળ આપને બિરાજવા લાયક થયું છે, તેવાનાં હૃદયમાં આપ પધારો છો અને હે ઉરુગાય! પછી એ જેવા-જેવા રૂપની પોતાની બુદ્ધિમાં ભાવના કરે છે તેવો-તેવો દેહ અબાધિત અનુગ્રહવડે આપ એ ભક્તોને માટે પ્રકટ કરો છો ।।૧૧।।

કામનાઓથી જેમનું હૃદય બન્ધાઈ ગયું છે તેવા દેવો ઉચિત ઉપચારોથી આપની



આરાધના કરતાં હોય તો પણ આપ એમનાથી એવા પ્રસન્ન થતા નથી જેવા આપ દુષ્ટોને પ્રાપ્ત ન થાય તેવી સર્વ પ્રાણીઓ ઉપરની દયાથી થાઓ છો. આપ એક છતાં બધાં પ્રાણીઓમાં સુહૃદ અને અન્તરાત્મારૂપે એક જ રહ્યા છો. (તેથી સર્વભૂતદયા એ પણ સર્વાત્માની જ સેવા છે) ।।૧૨।।

જો અનેક પ્રકારનાં યજ્ઞાદિ કર્મોવડે, દાનવડે, ઉગ્ર તપવડે અને વ્રતાચરણવડે ભગવાનનું આરાધન સિદ્ધ થાય તો એ સારી ક્રિયાવાળો અર્થ ગણાય, પરન્તુ જે ધર્મ આપને અર્પણ થાય એ ધર્મનો જ કોઈ કાળે નાશ થતો નથી ।।૧૩।।

**વિશેષ :** બીજા ક્ષરણધર્મવાળા પણ ધર્મો છે તેનું ફળ સદ્રૂપ ન ગણાય. **''ધર્મઃક્ષરતિ કીર્તનાત્'' ''અબ્દપુણ્યં વિનશ્યતિ'' ''હન્તિ પુણ્યં પુરા કૃતમ્''** (''ધર્મ કરું છું તેવું ગાયા કરવાથી ધર્મ નાશ પામે છે'' ''વર્ષભરનું પુણ્ય નાશ પામે છે'' ''પૂર્વે કરેલા પુણ્યનો નાશ કરે છે''). ઈત્યાદિ વચનોનો વિચાર કરતાં ધર્મોનો પણ નાશ સંભવિત છે. પણ ભગવાનને અર્પણ કરાયેલા ધર્મનો નાશ થતોનથી.

જેણે નિરન્તર સ્વરૂપપ્રકાશવડે મોહ અને ભેદનો નાશ કર્યો છે, જેની બુદ્ધિ જ્ઞાનમાં જ છે અને વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના નિમિત્ત બનેલી લીલાથી જે ક્રીડા કરે છે તેવા આપને હું આ સર્વ જીવો સહિત નમન કરું છું ।।૧૪।।

જેઓ આપનાં નામ, અવતાર, ગુણો અને કર્મોનું અન્તકાળે પરાધીન અવસ્થામાં પણ અનુકરણ કરતાં નામોનો ઉચ્ચાર કરે છે, તેઓ અનેક જન્મોનાં પાપોમાંથી મુક્ત થઈ જેનાં દ્વાર ખુલ્લાં છે તેવા સત્યરૂપ બ્રહ્મને પામે છે. એવા અજન્મા ભગવાનને હું શરણે જાઉં છું ।।૧૫।।

હું બ્રહ્મા, મહાદેવ અને વિષ્ણુ એવા ત્રણ દેવો જગતનાં ઉત્પત્તિ, નાશ અને પાલન કરનાર છીએ. એ ત્રણેના મૂળરૂપ આત્મા એવી પ્રકૃતિને ભેદીને મહદાદિ રૂપે જે એક હોવા છતાં અનેક રૂપે થયા તેવા, ભુવનવૃક્ષરૂપ ભગવત્સ્વરૂપને હું નમન કરું છું ।।૧૬।।

**મન્મના ભવ મદ્ભક્તઃ** વગેરે આપના વચનામૃતોદ્વારા આપે આપની પૂજા રૂપ કર્મોને જ લોકોમાટે કલ્યાણકારી ધર્મ બતાવ્યો છે. પણ લોકો એ સ્વધર્મ પ્રત્યે અસાવધાન-ઉદાસીન રહે છે અને નિષિદ્ધ આચરણમાં આસક્ત છે. એમની જીવન-આશાને જે સદા સાવધાન રહી ઝટપટ કાપી નાખે છે તે કાલને નમસ્કાર હો ।।૧૭।।

અવિચળ અને સર્વ લોકને નમસ્કાર કરવા યોગ્ય બ્રહ્મલોકમાં હું બે પરાર્ધ વર્ષ

સુધી સ્થિતિ કરી રહું છું છતાં પણ જેનાથી ભય પામું છું અને જોડે ભગવાનની સમીપ જવાને મેં તપશ્ચર્યાદિ અનેક યજ્ઞો કર્યા છે છતાં અદ્યાપિ તપશ્ચર્યા કરું છું, તેવા એ યજ્ઞના અધિષ્ઠાતા એવા આપને હું નમું છું ।।૧૮।।

પશુ, મનુષ્ય, દેવાદિ જીવયોનિમાં પોતે કરેલી જગતની મર્યાદાને જાળવવામાટે આત્માની ઈચ્છાવડે પોતાને ઈચ્છા નથી, દેહ નથી, છતાં આનન્દમય ક્રીડા કરવાને લીલાવિગ્રહ ધારણ કરે છે, તેવા પુરુષોત્તમ ભગવાનને મારા નમસ્કાર હો ।।૧૯।।

પંચપર્વવાળી અવિદ્યાને અધીન ન હોવ છતાં લોકયાત્રાને પોતાના ઉદરમાં સ્થાપન કરી ભયંકર તરંગથી શોભતા જળની અન્દર શેષરૂપ ગમતા સ્પર્શવાળી શય્યામાં સૂઈ રહી ‘‘મારી પેઠે રહો તો જ સુખ છે’’ એમ જાણે લોકને સુખનું જ્ઞાન કરાવતા હો એમ મનુષ્યના સુખને વિસ્તારી રહો છો ।।૨૦।।

આપના અનુગ્રહને લીધે ત્રણ લોક જેની સાધન સામગ્રી છે તેવો હું બ્રહ્મા હે સ્તુતિપાત્ર! આપના નાભિકમળમાંથી થયો છું. આપના ઉદરમાં આખું વિશ્વ રહ્યું છે; આપનાં નેત્ર યોગનિદ્રાને અન્તે વિકાસ પામે છે; તેવા આપ ભગવાનને હું નમું છું ।।૨૧।।

સમસ્ત જગતના આત્મા સુહૃદ અને એક રૂપ ભગવાન્ છે તે આ છે. એ પોતાના ઐશ્વર્યાદિ ષડ્ગુણ રૂપ સત્ત્વવડે એ સમસ્તની રક્ષા કરે છે. એ પ્રણત જનોની ઉપર પ્રીતિ રાખનાર ભગવાન્ મારી તરફ એવી કૃપા કરે, જેથી હું પ્રથમની પેઠે જગતને ઉત્પન્ન કરી શકું ।।૨૨।।

શરણે આવેલાને વરદાન આપનાર ગુણાવતાર ભગવાન્ પોતાની શક્તિ લક્ષ્મીવડે જે-જે ચરિત્ર કરે તે-તે ચરિત્રમાં આ જગતનો સર્જનાર એવા મારૂં ચિત્ત જોડાય છતાં, જો કે સૃષ્ટિ કરવાના કર્મમાં પાપનો સમ્બન્ધ ન થાય એ વસ્તુ અશક્ય છે પણ એ ન સમ્ભારતા મારા ભગવત્પ્રવણ ચિત્તથી એ પાપને દૂર કરે છે; ।।૨૩।।

જેની અનન્ત શક્તિઓ છે, આ જળમાં જે સદ્રૂપે બિરાજી રહ્યા છે, તેવા પુરુષના નાભિકમળમાંથી વિજ્ઞાનશક્તિવાળો હું પ્રકટ થયો છું; તેવો હું આ વિચિત્ર જગતને સરજું એમાં મને વેદનું વિસ્મરણ ન થાય એટલું માગું છું ।।૨૪।।

ઘણી દયાવાળા, વધતા પ્રેમથી મન્દ-મન્દ હાસ્ય કરતા, ઊઠીને વિશ્વનો વિજય કરવામાટે પોતાના નેત્રકમળને ખોલતા એ પુરાણ પુરુષ ભગવાન્ પોતાની મીઠી વાણીવડે અમારો ખેદ દૂર કરો ।।૨૫।।



**મૈત્રેય કહ્યું :** આ પ્રમાણે તપ, વિદ્યા અને સમાધિવડે પોતાના પિતાનું વાણીથી જેટલું બને તેટલું સ્તવન કરીને ખિન્નની પેઠે બ્રહ્મા વિરામ પામ્યા ।।૨૬।।

પછી બ્રહ્માજીની ઈચ્છાને મધુસૂદન ભગવાન્ જાણી ગયા અને કલ્પના નાશ સમયે જળના પ્રલયથી જે લોક ખેદ પામતા હતા તેઓની સ્થિતિ દેહમાં સારી રીતે કેમ થાય એનેમાટે ખેદ કરતા, જાણે બ્રહ્માનાં બધા દુઃખને દૂર કરતા હોય એમ અગાધ વાણીવડે ભગવાન્ બોલ્યા ।।૨૭-૨૮।।

**શ્રીભગવાને કહ્યું :** હે વેદગર્ભ! (બ્રહ્મા), તમે આળસ ન કરો અને સર્ગનો ઉદ્યમ કરો. તમે જેમાટે મને પ્રાર્થના કરો છો તે મે આગળથી જ સમ્પાદિત કરી મૂક્યું છે ।।૨૯।।

તમારે ફરીથી તપ કરવું અને ઉપાસનામાટે મારા સમ્બન્ધવાળું જ્ઞાન પ્રાપ્ત કરવું. આ બે કરવાથી હે બ્રહ્માજી! તમે લોકને હૃદયમાં આવરણ વિનાના જોઈ શકશો ।।૩૦।।

જો એમ કરશો તો આત્મામાં તેમજ લોકમાં ભક્તિભાવવાળા તેમજ સમાધિયુક્ત થઈ તમે ‘‘હું એ લોકમાં કેવી રીતે વ્યાપી રહેલો છું તથા મારામાં લોકો કેવી રીતે રહેલા છે’’ એ તમે જોઈ શકશો ।।૩૧।।

લાકડામાં જેમ અગ્નિ રહેલો છે તેમ સર્વ ભૂતોમાં હું રહેલો છું એવી રીતે લોકો જુએ છે ત્યારે જ એના પાપથી એઓ મુક્ત થાય છે ।।૩૨।।

આત્મા જે ભૂત, ઈન્દ્રિય, સત્ત્વાદિ ગુણ અને ચાર પ્રકારના અન્તઃકરણથી રહિત છે અને ચિદ્રૂપ છે, તેને મારી સાથે જુએ ત્યારે જ એમને સ્વરૂપાનન્દનો અનુભવ થઈ શકે છે ।।૩૩।।

અનેક પ્રકારના વિસ્તારને લઈને એને લાયક તમે બહુ પ્રજાને ઉત્પન્ન કરશો તો પણ તમારા આત્મામાં ખેદ નહિ થાય એ તમારા ઉપર મારો મોટો અનુગ્રહ છે ।।૩૪।।

પ્રજાને ઉત્પન્ન કરતાં પણ તમે તમારું મન મારામાં રાખેલું હશે માટે આદિ ઋષિ એવા તમને પામી રજોગુણ બન્ધનકારક નહિ થાય ।।૩૫।।

હું ભૂત, ઈન્દ્રિય, ગુણ અને અન્તઃકરણથી યુક્ત છું એમ તમે પ્રથમ માનતા હતા. દેહધારીઓને મારું જ્ઞાન ન થઈ શકે તેવો હું છું છતાં આજ તમે મને જાણી ગયા છો ।।૩૬।।

કમળના નાળના મૂળમાં પેસીને શોધ કરતાં તમને મારા સ્વરૂપમાં સન્દેહ થયો ત્યારે જળને વિશે મેં તમને મારાં સ્વરૂપનાં દર્શન કરાવ્યાં નહિ ।।૩૭।।

હે પુત્ર! તમે મારી કથા અને મારા ઐશ્વર્યના લક્ષણવાળી જે સ્તુતિ કરી અને તમારી તપમાં નિષ્ઠા છે એ મારી કૃપાનું પરિણામ છે ।।૩૮।।

હું પ્રસન્ન છું. (તેમ) થાઓ. તમારું કલ્યાણ (હો), કારણ કે લોકો ઉપર વિજય (પ્રાપ્ત કરવા) ની ઈચ્છાથી નિર્ગુણ (છતાં) અનન્ત ગુણવાળા તરીકે મારું વર્ણન કરતાં તમે મારી સ્તુતિ કરી. (ચિત્ત ભગવાનના ચરિત્રમાં ત્યારે જ પરોવાયેલું રહે, જ્યારે ભગવાન્ પ્રસન્ન થાય, ભગવાન્ પ્રસન્ન થયા છે એ કેમ ખબર પડે? ભગવાન્ જ્યારે શુભ ઈચ્છા પ્રકટ કરે ત્યારે તે પ્રસન્ન છે એમ સમજવું. સૌથી પ્રિય હોય તે શુભ ઈચ્છા પ્રકટ કરે. સર્વથા સેવા કરવામાં આવે ત્યારે પ્રભુ પ્રિય થાય)।।૩૯।।

જેઓ નિયમ પૂર્વક આ સ્તોત્રથી મારી સ્તુતિ કરીને મારું ભજન કરશે, તેમની ઉપર સર્વ ઈચ્છિત પદાર્થોનો ઈશ્વર એવો હું તરત જ પ્રસન્ન થાઉં છું ।।૪૦।।

તત્ત્વજ્ઞાનીઓનો એવો મત છે કે તળાવ, કૂવા વગેરે કરવાથી, તપશ્ચર્યા કરવાથી, યજ્ઞથી, દાનથી યોગ તથા સમાધિથી મોક્ષ વગેરે ફલ પ્રાપ્ત થતું હોય તો એવું ફળ મારી પ્રીતિવડે જ થાય છે ।।૪૧।।

હે બ્રહ્મન્! હું આત્માઓનો આત્મા છું. ઘણા જ પ્રિય પદાર્થો કરતાં પણ અધિક પ્રિય છું. (એટલે દેહ, સ્ત્રી, પુત્રાદિમાં પ્રેમ ન કરતાં મારામાં જ પ્રેમ કરવો) માટે મારામાં પ્રીતિ કરવાને લોકો દેહાદિમાં પ્રીતિ કરે છે ।।૪૨।।

તમે વેદમય છો, તમે આત્મયોનિ છો માટે જેમ પહેલાં તમે આત્માવડે જ આત્મરૂપ પ્રજાને ઉત્પન્ન કરી હતી તેમ ઉત્પન્ન કરો. જે મારી સાથે ગાઢ સમ્બન્ધવાળી પ્રજાઓ છે તે ભગવદીયોને પણ ઉત્પન્ન કરો ।।૪૩।।

**તસ્મા એવં જગત્સ્રષ્ટ્રે પ્રધાનપુરુષેશ્વરઃ ।।**
**વ્યજ્યેદં સ્વેન રૂપેણ કઞ્જનાભસ્તિરોદધે ।।૪૪।।**

**મૈત્રેય કહ્યું :** પોતાના સ્વરૂપવડે જગતના ઉત્પન્ન કરનાર બ્રહ્માજીને એવી રીતે જણાવી પ્રકૃતિ અને પુરુષના નિયામક પ્રભુ અન્તર્ધાન થયા ।।૪૪।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (બીજા સગુણપ્રકરણનો ત્રીજો) ''તપથી પ્રસન્ન થતાં ભગવાને વર આપતાં બ્રહ્માજીએ સૃષ્ટિનો કરેલો આરમ્ભ'' નામનો નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો**



# ત્રીજું કાલપ્રકરણ

## અધ્યાય ૧૦

## પ્રથમ કાળની ઉત્પત્તિ તથા વિસર્ગસૃષ્ટિ

**વિશેષ :** જગતનાં ભૂતસર્ગરૂપ બ્રહ્માજીનું વર્ણન કરવામાં આવ્યું. એ બ્રહ્મા ભગવાનની કૃપાવાળા છે. આ બ્રહ્માજીને કાર્ય કરવામાં એ કૃપા જ કારણરૂપ છે. આ દસમાં અધ્યાયમાં કાલવડે માત્રાપણું કહેવાય છે. આવાં મહાભૂતોનો સમ્બન્ધ છે એમ કહેવામાટે પ્રથમની કૃતિ છે. એ કૃતિ બ્રહ્માજીની છે. મૈત્રેયે બે પ્રકારની માત્રા હોવાનું કહેલું છે. તે બે પ્રકાર : ૧. ભોક્તાપણું ૨. દ્રવ્યરૂપશક્તિ.

**અન્તર્હિતે ભગવતિ બ્રહ્મા લોકપિતામહઃ ।।**
**પ્રજાઃ સસર્જ કતિધા દૈહિકીર્માનસીર્વિભુઃ ।।૧।।**

**વિદુરજી બોલ્યા :** ભગવાનના અન્તર્ધાન થયા પછી સમર્થ અને લોકના પિતામહ બ્રહ્માજીએ પોતાના દેહથી અને મનથી કેટલા પ્રકારની પ્રજાને ઉત્પન્ન કરી? ।।૧।।

હે ભગવન્! હે જાણનારાઓમાં શ્રેષ્ઠ! મેં આપને જે પ્રશ્ન પૂછ્યા છે તેઓના જવાબ આપ અનુક્રમે કહી મારા સન્દેહને દૂર કરો ।।૨।।

**સૂતજીએ કહ્યું :** એ પ્રમાણે વિદુરજીએ કુશારુના પુત્ર મૈત્રેયને પૂછ્યું ત્યારે એ અત્યન્ત પ્રસન્ન થયા. હે ભાર્ગવ શૌનક! એ તથા પૂર્વે પૂછેલાજે પ્રશ્ન એમના હૃદયમાં રહેલા હતા તેમના ઉત્તર એ કહેવાલાગ્યા ।।૩।।

**મૈત્રેય કહ્યું :** બ્રહ્માજીએ ભગવાનને મનમાં પધરાવી દેવતાના* સો વર્ષ સુધી તપ કર્યું. અજન્મા ભગવાને જ આવું તપ કરવાનું કહ્યું હતું ।।૪।।

**વિશેષ :** પૃથ્વી પરનું એક વર્ષ=દિવ્ય (દેવોનો) એક અહોરાત્ર. દિવ્ય ૧ વર્ષ=આપણાં લગભગ ૩૬૦ વર્ષ.

તપ કરતાં બ્રહ્માજીએ જે પદ્મમાં પોતે બેઠા હતા તે પદ્મને અને જળને તે સમયના કાળે કરેલ બળવાળા વાયુથી કમ્પતાં જોયા ।।૫।।

ત્યારે એમના વૃદ્ધિ પામતા તપવડે તેમજ મનમાં રહેલી વિદ્યાવડે કે જેનું બળ ઘણું વધ્યું હતું, તે બ્રહ્માજી જળની સાથે કમ્પ કરનાર વાયુનું પાન કરી ગયા ।।૬।।

જે પદ્મ ઉપર બ્રહ્માજી પોતે બેઠા હતા તે આકાશમાં વ્યાપીને રહેલું હતું. એને જોઈને પોતે વિચાર કરવા લાગ્યાં કે પ્રથમ લીન થયલા લોકોને હું આ કમળવડે

ઉત્પન્ન કરીશ ।।૭।।

તેમ ભગવાનની કૃતિથી પ્રેરાયેલા બ્રહ્માજીએ એક કમળને અનેકરૂપે વિભક્ત કર્યું. ગુણવડે એમણે ત્રણ ભાગ કર્યા અને પછી લોકવેદથી એના ચૌદ ભાગ કર્યા।।૮।।

જીવને રહેવાના સ્થાનરૂપ લોકને એટલો ચૌદ ભુવનરૂપ વિભાગ છે. આમાં સર્વલોક સારી રીતે રહી શકે છે. આ બ્રહ્મા સો જન્મમાં સિદ્ધ કરેલા હજાર નિષ્કામ અશ્વમેઘ યજ્ઞના ફલરૂપ છે ।।૯।।

**વિદુરજીએ પૂછ્યું :** હે બ્રહ્મન્! આપે અદ્‌ભુત કર્મવાળા અને સર્વ દુઃખને દૂર કરનાર ભગવાનનું કાળરૂપ લક્ષણ કહ્યું તે કાળના સ્વરૂપને આપ યથાર્થરૂપે અમને વર્ણવી બતાવો ।।૧૦।।

**મૈત્રેયે કહ્યું :** જેનાવડે ગુણો પરસ્પર મળે છે, જે કોઈ પણ જાતના વિશેષ રહિત છે, જેનો છેડો નથી, તેવો પુરુષ લીલાવડે ઉપાદાન રૂપ આત્માને (કાળને) ઉત્પન્ન કરે છે ।।૧૧।।

વિશ્વ બધું બ્રહ્મોપાદાનક છે. વિષ્ણુની માયાવડે એનો ઉપસંહાર થાય છે. અસ્પષ્ટ કાળરૂપ ઈશ્વરવડે જગતની હદ બંધાય છે ।।૧૨।।

આ જગત્ જેવું અત્યારે દેખાય છે તેવું જ પહેલાં પણ હતું અને પછી પણ આવું જ રહેશે ।।૧૩।।

(એમ કાળનું આધિદૈવિક સ્વરૂપ કહીને હવે આધિભૌતિક કહે છેઃ) કાળ, દ્રવ્ય અને ગુણવડે એ કાળનો પ્રતિસંક્રમ થાય છે. અર્થાત્ કાળવડે પદાર્થ પ્રવૃત્તિને પામે છે. એટલે કે દ્રવ્ય અને ગુણે પૂર્વાવસ્થાને છોડી વિકૃતાવસ્થા થાય છે. તેથી છ પ્રકારનો પ્રાકૃત અને આધ્યાત્મિકાદિ ત્રણ પ્રકારનો વૈકૃત મળી નવ પ્રકારનો સર્ગ થાય છે ।।૧૪।।

પ્રથમ સૃષ્ટિ મહત્તત્વની છે. આમાં આત્મામાંથી ગુણમાં વિષમભાવ થાય છે. બીજી સૃષ્ટિ અહીં અહંકારની છે, જેમાં દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાની ઉત્પત્તિ થાય છે ।।૧૫।।

ત્રીજી સૃષ્ટિ મહાભૂતોની ઉત્પત્તિની છે. આમાં આકાશાદિ તન્માત્રાથી ભૂતોત્પત્તિરૂપ સૃષ્ટિ આવે છે. એ દ્રવ્યશક્તિ એટલે પરિણામવાળી છે. ચોથી સૃષ્ટિ જ્ઞાન અને ક્રિયારૂપ ઈન્દ્રિયોની છે ।।૧૬।।

ઈન્દ્રિયોની દેવતાઓનો પાંચમો સર્ગ સાત્ત્વિક છે. ક્રિયાજ્ઞાનાત્માક મન પણ



દેવરૂપ છે. એ સમર્થ ભગવાનનો છઠ્ઠો સર્ગ તામસ છે, જે સર્ગ અજ્ઞાનરૂપ છે ।।૧૭।।

આ છ પ્રકારના સર્ગ 'પ્રાકૃત સર્ગ' કહેવાય છે. હવે હું 'વૈકૃત સર્ગ' કહું છું એ તમે સાંભળો. રજોગુણને સેવનાર, સર્વ દુઃખ દૂર કરવાની બુદ્ધિવાળા ભગવાનની આ લીલા છે ।।૧૮।।

૧. વનસ્પતિ* ૨. ઔષધિ ૩. લતા ૪. ત્વકસાર ૫. વિરુધ્ અને ૬.વૃક્ષો એ છ પ્રકારનો સ્થાવરનો સર્ગ છે. સાતમો મુખ્ય સર્ગ પ્રાણીના અન્નરૂપ છે ।।૧૯।।

**વિશેષ :** ૧. પીપળો, વડલો વગેરે જે મોર આવ્યા વિના જ ફળે છે. ૨. ડાંગર ઘઉં, ચણા-ફળ પાકતાં જ નાશ પામે છે. ૩. કોળાં વગેરેના વેલા, કોઈનો આશ્રય લઈને વધે છે. ૪. વાંસ વગેરે, જેનાં બીનો ઉપયોગ અન્ન તરીકે થાય છે. ૫. સોમ વગેરે વેલા, ઘાસના ભેદો વિરુદ્ધ શબ્દથી કહેવાય છે. ૬.આંબો વગેરે.

આ સર્ગને મુખ્ય કહેવાનું કારણ છે. એ મુખમાં ભક્ષ્ય તરીકે ઉપયોગી છે; ખાનારની સ્થિતિને દઢ કરનાર હોવાથી મુખ્ય છે. એ બધાં જ્ઞાન રહિત છે, અન્તઃસ્પર્શવાળા છે. એમાં કોઈ પણ જાતનું વિશેષ જ્ઞાન હોતું નથી ।।૨૦।।

તિર્યક્ (પશુપક્ષીઓનો) સર્ગ આઠમો સર્ગ કહેવાય છે. એ અઠ્ઠાવીસ પ્રકારનો છે એમાં ચાર ધર્મો મુખ્ય લક્ષણરૂપ છે. અજ્ઞાન, અત્યન્ત તમોગુણવાળાં, ઘ્રાણેન્દ્રિયથી જાણનાર અને અનુભવેલું ભૂલી જનારા ૧. અજ્ઞાન-શું કરવું અને શું નહિ તેનું જ્ઞાન નથી હોતું, પારલૌકિક જ્ઞાન પણ નથી હોતું ૨. અત્યન્ત તમોગુણ-સત્સંગ હોય તોય જ્ઞાન ન થાય તેવા. ૩. ઘ્રાણજ્ઞ-બધી ઈન્દ્રિયો હોવા છતાં ખાસ કરીને નાકથી જ પદાર્થોને ઓળખે છે. ૪. હૃદ્યવેદી-પહેલાં અનુભવેલું ભૂલી જનારા, ચિન્તા રહિત થાય, ગાય, બકરી, પાડા, કાળિયાર મૃગ, ભૂંડ, રોઝ, સાબર, ઘેટાં અને ઊંટ આ નવ પશુઓ હે ઉત્તમ પુરુષ! બે ખરીવાળા (સાત્ત્વિક) છે; ગધેડો, ઘોડો, ખચ્ચર, ગૌરમૃગ, આઠપગવાળો શરભ (સિંહને પણ મારી નાખી શકે એવું આઠ પગવાળું આ શરભ અત્યારે તો નામશેષ જ છે) તથા ચમરી એ બધા એક ખરીવાળા છે. હે વિદુર! હવે પાંચ નખવાળા સાંભળો, કૂતરો, શિયાળ, વરૂ, વાઘ, બિલાડો, સસલો, શેઢાઈ, સિંહ, વાન્દરો, હાથી, કાચબો, ઘો, મગર વગેરે; કંક, ગીધ, વટ, શકરો, ભાસ, ભલ્લૂક અને મોરલો, હંસ, સારસ, ચક્રવાક, કાગડો, ઘૂડ વગેરે આકાશમાં ફરનારાં આ બધાં આઠમા સર્ગમાં આવે છે ।।૨૧-૨૫।।

નવમી સૃષ્ટિ છે મનુષ્યોની એ એક જ જાતની છે. એનાં આહારનો પ્રવાહ ઉપરથી-મોઢાથી-નીચે જાય છે. મનુષ્યો રજોગુણપ્રધાન, કર્મપરાયણ અને દુઃખરૂપ વિષયોમાં જ સુખ માને છે ।।૨૬।।

હે સત્તમ! આ ત્રણ સર્ગ 'વૈકૃત' છે. દેવનો સર્ગ પણ 'વૈકૃત' છે. કૌમાર સર્ગ દેવ પણ હોય અને મનુષ્ય પણ હોય એમ ઉભયાત્મક હોવાથી જુદું નિરૂપણ કર્યું નથી ।।૨૭।।

દસમા દેવ સર્ગના આઠ ભેદ છેઃ ૧. દેવો ૨. પિતર અને અસુર ૩. ગન્ધર્વ અને અપ્સરા ૪. સિદ્ધો ૫. યક્ષરાક્ષસ અને ચારણ વગેરે આ દેવસર્ગમાં છે; ।।૨૮।।

૬. ભૂત, પ્રેત અને પિશાચ ૭. વિદ્યાધર ૮. કિન્નર વગેરે. આ પ્રમાણે હે વિદુરજી! બ્રહ્માજીના કરેલા દસ સર્ગ મેં તમનેકહ્યા ।।૨૯।।

**એવં રજઃપ્લુતઃ સ્રષ્ટા કલ્પાદિષ્વાત્મભૂર્હરિઃ ।।**
**સૃજત્યમોઘસંકલ્પઃ આત્મૈવાऽऽત્માનમાત્મના ।।૩૦।।**

હવે હું તમને વંશો અને મન્વન્તરો કહીશ. આવી રીતે પ્રકટ થયેલા હરિ રજોગુણમાં વ્યાપ્ત થઈને અમોઘ સંકલ્પવાળા હોવાથી તથા પોતાના સ્વરૂપમાંથી ઉત્પન્ન કરનાર હોવાથી એ જ બધાના સ્રષ્ટા છે ।।૩૦।।

**ઇતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (ત્રીજા કાલપ્રકરણનો પહેલો)**
**''પ્રથમ કાળની ઉત્પત્તિ તથા વિસર્ગસૃષ્ટિ''**
**નામનો દશમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દક્ષિણા સ્વીકારીને, ફંડ-ફાળા માટે કે મૃતકના ઉદ્ધાર અર્થે યોજાતી ભાગવતકથાના આયોજનની ગુરુએ આજ્ઞા આપવી કે તેમાં હાજરી આપવી તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

## અધ્યાય ૧૧
## કાલના સ્થૂલસૂક્ષ્મ રૂપનું વર્ણન

**વિશેષ :** આમાં કારણનું સ્વરૂપ દેખાડવામાં આવે છે. એમાં સર્ગની ઇન્દ્રિયો તે પણ એક કાળનું રૂપ છે. એનું આધ્યાત્મિક રૂપ ત્રણ પ્રકારનું છે. તેથી જ કાળ એ પણ ભગવાનનું જ



એક રૂપ છે એમ કહેવામાં આવે છે, કાળ ધર્મરૂપે ગતિ કરે છે; એ બ્રહ્માને પામે છે. સૂર્ય એ પણ એક કાળનું સ્વરૂપ છે. એ સૂર્ય ઊગે છે ને જળમાં પ્રવેશ કરે છે. જ્યારે એ આકાશમાં હોય છે, ત્યારે દેખાય છે; જળમાં પ્રવિષ્ટ દેખાતો નથી. એટલે દેખાવાથી અને ન દેખાવાથી દિવસ અને રાત્રિ એમ ભેદ થાય છે.

**ચરમઃ સદ્વિશેષાણામનેકોऽસંયુતઃ સદા।**
**પરમાણુઃ સ વિજ્ઞેયો નૃણામૈક્યભ્રમો યતઃ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** જેનો ભાગ પડી ન શકે કે કોઈની સાથે પણ ન જોડાય તેવી સદ્વસ્તુનું નામ 'પરમાણું' મનુષ્યોને (આત્માસાથે દેહના) એક પણાનો ભ્રમ થાય છે ।।૧।।

સ્વરૂપમાં રહેલા સત્ પદાર્થની જ જે એકતા. જેના સમ્બન્ધમાં ''આ અમુક પદાર્થ છે'' એવી બુદ્ધિ થતી નથી (અને) જે ભેદરહિત છે તે પરમ મહાન ।।૨।।

હે ઉત્તમ પુરુષ!એ પરમાણુ અને પરમ મહાનથી કાળની સ્થૂલતા અને સૂક્ષ્મતાનું અનુમાન કરી લેવું. ભગવાન્ સર્વરૂપ છે તેથી પરમાણુ અને પરમ મહાન એનાથી ભિન્ન નથી, છતાં પદાર્થ ભેદથી કાળનો વિભાગ થઈ શકે છે. તેથી સૂક્ષ્મકાળ, મહાન કાળ એવો વ્યવહાર થાય છે (એ કાળ [1]અવ્યક્ત હતો તે [2]વ્યક્તને ભોગવનાર થાય છે) ।।૩।।

**વિશેષ :** ૧. અવ્યક્ત=ન જણાય તેવો. ૨. વ્યક્ત=જણાય તેવો.

જે પરમાણુપણાનો માત્ર ભોગ કરે તે સમય ખરેખર પરમાણુ, જે આખા બ્રહ્માંડને ભોગવે તે કાળ પરમ મહાન કહેવાય. સૂર્ય જેટલા સમયમાં પરમાણુ જેટલો ચાલે તે કાળ 'પરમાણુ' કહેવાય; બે પરમાણુ કાળને 'ત્રસરેણુ કાળ' કહેવાય. ત્રસરેણુ બારીમાંથી આવેલાં સૂર્યનાં કિરણોના પ્રકાશમાં ઉડતું દેખાય છે. આ ત્રસરેણુઓ આકાશમાં જ રહે છે, પૃથ્વી ઉપર પડતા નથી ।।૪-૫।।

ત્રણ ત્રસરેણુ ભોગવે તેટલો કાળ 'ત્રુટિ'; સો ત્રુટિને ભોગવે તે 'વેધ'; ત્રણ વેધને ભોગવે એ 'લવ'; ત્રણ લવને 'નિમેષ'; ત્રણ નિમેષને 'ક્ષણ'; પાંચ ક્ષણને 'કાષ્ઠા'; પન્દર કાષ્ઠાને 'લઘુ'; પન્દર લઘુને 'નાડિકા'; બે નાડિકાને એક 'મુહૂર્ત'; અને છ નાડિકાને એક 'પ્રહર' અથવા યામ કહેવાય છે, માણસો આને 'પહોર' કહે છે ।।૬-૮।।

પાંચ ચણોઠી અને સોળ માસાનો એક 'સુવર્ણ'; ચાર સુવર્ણનો એક 'પલ';

એવા છ પલ ત્રામ્બાનું પાત્ર બનાવીને ચાર માસા સોનાનો ચાર આંગળનો તાર થાય તેટલા અવકાશનું છિદ્ર કરવામાં આવે અને એને જળમાં તરતું મૂકવામાં આવે તો એ ભરાય અને જળમાં ડૂબી જાય એટલા સમયને 'નાડી' કે 'ઘડી' કહેવામાં આવે છે ।।૯।।

હે માનદ! ચાર પ્રહરની રાત્રિ અને ચાર પ્રહરનો દિવસ મળી એક 'દિવસ' થાય છે. એવા પન્દર દિવસનું 'પખવાડિયું' કહેવાય. એના શુકલ અને કૃષ્ણ એવા બે ભેદ છે ।।૧૦।।

એ બે પક્ષનો એક 'માસ' થાય છે. આ બે પક્ષ કહ્યા તે પિતૃઓના દિવસ અને રાત્રિરૂપ* છે. બે માસની એક ઋતુ કહેવાય; છ માસનું 'અયન'. આવાં અયન દક્ષિણ અને ઉત્તર બે પ્રકારનાં છે ।।૧૧।।

**વિશેષ :** ચન્દ્રની પન્દર કલામાં જ્યારે સૂર્ય પ્રવેશ કરે ત્યારે રાત થાય છે, કારણ કે સૂર્યની આડે ચન્દ્ર આવી જાય છે. સૂર્ય ન દેખાય તે જ રાત કહેવાય છે. જેમ આપણે પૃથ્વીનું વ્યવધાન માનીએ છીએ, તેમ પિતૃઓ જલનું વ્યવધાન માને છે. જેમ આપણે ચન્દ્ર દેખાતો હોય કે ન દેખાતો હોય એની દરકાર નહિ પણ સૂર્યના ઉદય અને અસ્ત ઉપર આધાર રાખીએ, તેમ પિતૃઓને સૂર્ય હોય કે ન હોય એની દરકાર નથી પણ ચન્દ્રના ઉદય અસ્ત ઉપર એમને સ્વનિર્વાહનો આધાર છે. સૂર્ય ચન્દ્રની કલામાં પ્રવેશ કરે ત્યારથી ચન્દ્રની કલા વધવા લાગે, સૂર્ય તેમાંથી નીકળતો જાય તેમ ચન્દ્રની કલા ક્ષીણ થતી ચાલે. સૂર્ય નીકળે ત્યારથી દિવસ. અમાવસ્યાની રાત અને દિવસ એના ભોજનનો કાળ છે. પૂર્ણિમાએ તો એ તૃપ્ત થઈને સૂઈ રહે છે. આ પ્રમાણે પિતૃઓનાં રાતદિવસની વ્યવસ્થા છે. કૃષ્ણપક્ષ અને શુકલપક્ષને પિતૃઓના અહોરાત્ર કહ્યા છે.

અયન દેવોના રાત્રિદિવસરૂપ છે. બાર માસનો એક 'વત્સર' ગણાય છે. આ પ્રમાણે સો વર્ષ થાય એ મનુષ્યનું પરમ આયુષ ગણાય છે ।।૧૨।।

ગ્રહ, નક્ષત્ર અને તારાઓના ચક્રમાં રહેલ સમર્થ, (સૂર્ય) સાવધાન રહી એક વર્ષ પૂરું થતાં પરમાણુથી આરમ્ભી (ચક્રની) આસપાસ ફરે છે અને જગતનો ભોગ કરે છે ।।૧૩।।

એ સંવત્સર, પરિવત્સર, ઇંડાવત્સર, અનુવત્સર અને વત્સર એવા હે વિદુર! વર્ષના પાંચ ભેદ છે ।।૧૪।।

એ સંવત્સરાત્મક કાળ પોતાની શક્તિવડે બીજમાંથી અંકુરાદિને અનેક રૂપે ઉત્પન્ન



કરે છે. પૃથ્વાદિ ભૂતોના ભેદોને પાડે છે. યજ્ઞાદિવડે સ્વર્ગાદિને આપે છે. એવા સૂર્યનારાયણાત્મક કાળની પૂજા કરો, કારણ કે પૃથ્વીમાંથી અન્નાદિ ઔષધિ વગેરે આપીને એ જ પોષણ કરે છે. યજ્ઞાદિ સ્વર્ગાદિને આપનાર પણ એ જ છે. એને ભૂલવાથી કૃતઘ્નતા થાય; માટે એને પ્રસન્ન કરવા ।।૧૫।।

**વિદુરજીએ કહ્યું :** હે મૈત્રેય! આપે પિતૃ, દેવ અને મનુષ્યનું આયુષ્ય કહ્યું, પરન્તુ જે કલ્પના અન્તમાં રહે છે તેની કેવી ગતિ થાય છે એ આપ કહો ।।૧૬।।

ભગવાન્ કાળની ગતિને જાણનાર આપ જ છો. વળી જેઓ ધીર પુરુષો છે તેઓ પોતાની યોગસિદ્ધ જ્ઞાનદષ્ટિવડે આખા વિશ્વને નિઃસન્દેહ જોઈ શકે છે ।।૧૭।।

**મૈત્રેય કહ્યું :** સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ એ ચારે યુગ સન્ધ્યા અને સન્ધ્યાશ સહિત દેવતાનાં બાર હજાર વર્ષો કહેવાય છે ।।૧૮।।

એમાં ચાર હજાર વર્ષનો સત્યયુગ, ત્રણ હજારનો ત્રેતા, બે હજારનો દ્વાપર અને એક હજારનો કલિયુગ છે અને હજારની સંખ્યાથી બમણા-સો સન્ધ્યા અને સન્ધ્યાંશના ગણાવાથી બાર હજાર વર્ષ સમ્પૂર્ણ થાય છે* ।।૧૯।।

**વિશેષ :** સત્યયુગમાં ૪૦૦૦ દિવ્ય વર્ષ યુગનાં અને ૮૦૦ સન્ધ્યા અને સન્ધ્યાંશનાં આ પ્રમાણે ૪૮૦૦ વર્ષ થાય છે. આ જ પ્રમાણે ત્રેતામાં ૩૬૦૦, દ્વાપરમાં ૨૪૦૦ અને કલિયુગમાં ૧૨૦૦ દિવ્ય વર્ષ થાય છે. મનુષ્યોનું એક વર્ષ દેવતાઓનો એક દિવસ હોય છે, તેથી દેવતાઓનું એક વર્ષ મનુષ્યોનાં ૩૬૦ વર્ષ બરાબર થયું, આ પ્રમાણે, મનુષ્યોનાં માપથી કલિયુગમાં ૪,૩૨,૦૦૦ વર્ષ થયાં એનાથી બમણાં-૮,૬૪,૦૦૦ વર્ષ દ્વાપરમાં, ત્રણ ગણા-૧૨,૯૬,૦૦૦-વર્ષ ત્રેતામાં અને ચાર ગણાં ૧૭,૨૮,૦૦૦ વર્ષ સત્યયુગનાં થયાં. ચતુર્યુગી ચારેય યુગનાં કુલ માનવી (મનુષ્યોનાં) વર્ષ, ૪૩,૨૦,૦૦૦ થયાં.

સન્ધ્યા અને સન્ધ્યાંશ એ બેઉની વચ્ચેનો કાળ એ 'યુગ' કહેવાય છે. યુગને કહેવડાવનાર ધર્મ છે. તે-તે ધર્મોની ઉપાધિથી તે-તે યુગનું નામ પડે છે ।।૨૦।।

સત્યયુગમાં ચાર પગવાળો ધર્મ મનુષ્યને અનુસરે છે. બીજા યુગોમાં અધર્મ વધવાથી એક-એક ચરણ ક્ષીણ* થતો ચાલેછે ।।૨૧।।

**વિશેષ :** કાલની પ્રેરણાથી ધર્મ પ્રવર્તે છે. એ કૃત(સત્ય) યુગમાં સમ્પૂર્ણ પ્રવર્ત્યો ત્યારે ચારે વર્ણો રહ્યા. ત્રેતાયુગ આવ્યો એમાં અધર્મની પ્રવૃત્તિથી એક પાદ ધર્મનો ક્ષીણ થયો એટલે ચાર વર્ણો હતા તેમાંથી બ્રાહ્મણવર્ણની ક્ષતિ થઈ. દ્વાપર યુગમાં ક્ષત્રિયો ન રહ્યા અને કળિયુગમાં વૈશ્યો ન રહ્યા. કળિમાં કેવળ શૂદ્રો જ રહ્યા. જ્યારે ધર્મ કમજોર થાય છે ત્યારે વર્ણમાં અધર્મ

પ્રવેશ કરી ધર્મથી ચ્યુત કરે છે. ત્યારે એ વર્ણ અધર્મ કરવાથી વર્ણચ્યુત થાય છે. તેથી જ **કલિદાવાનલેનૈવ સાધનં ભસ્મતાં ગતમ્** (કળિયુગરૂપી દાવાનળથી સાધન નાશ પામ્યા છે) એમ કહ્યું છે; ત્યારે ભક્તિથી જ જીવની કૃતાર્થતા થઈ શકે, વૈદિક ધર્મો તો અધર્મ વધવાથી શુદ્ધ ન રહ્યા, તેથી ફલ આપવામાં સમર્થ નથી. જ્યાં બ્રાહ્મણ સિવાય કોઈને મુક્તિ નથી એ બ્રાહ્મણ જ બીજા યુગથી નષ્ટ થયો ત્યાં મુક્તિની આશા કેવી?

ચાર યુગ એક હજાર વાર જાય ત્યારે એ કાળ ત્રણ લોકની બહાર રહેનારનો એટલે કે મહર્લોકથી બ્રહ્મલોક સુધીમાં રહેનારનો એક દિવસ ગણાય. એવી રીતે એટલા સમયની એક રાત્રિ. ભાઈ, આવી રાતમાં જગતને ઉત્પન્ન કરનાર બ્રહ્માજી શયન કરે છે ।।૨૨।।

અરુણોદયથી બ્રહ્માજી લોકને સરજે છે. દિવસ પૂરો થાય ત્યાં સુધી સૃષ્ટિ ચાલે છે. બ્રહ્માજીના એક દિવસમાં ૧૪મનુઓથાય છે. અર્થાત્ ધર્મના રક્ષકપણાથી લોકો ૧૪મનુઓનો સ્વીકાર કરેછે ।।૨૩।।

ચાર યુગ એકોતેર વાર જાય એટલો કાળ એક મનુ અધિકાર ભોગવે છેઃદરેક મન્વન્તરમાં જુદા-જુદા મનુ, એના પુત્રો, ઋષિઓ, દેવો અને ઈન્દ્ર અને તેમના અનુયાયી ગન્ધર્વ વગેરે પણ સાથે-સાથે પોતાનો અધિકાર ભોગવે છે, અંશાવતાર થાય છે પણ એ બધાની સાથે નથી થતો ।।૨૪।।

ત્રણ લોકમાં તો બ્રહ્માના એક દિવસમાં સૃષ્ટિ થાય છે અને રાત્રિમાં શયન કરે છે ત્યારે એ નાશ પામે છે માટે એ 'દૈનન્દિન સર્ગ' કહેવાય છે. એમાં પશુ માણસ પિતૃ અને દેવતાની ઉત્પત્તિ કર્મોવડે થાય છે ।।૨૫।।

મન્વન્તરોમાં ભગવાન્ પોતાનાં સ્વરૂપોવડે શુદ્ધ સત્ત્વને ધારણ કરે છે અને મન્વાદિમાં પોતાનું પરાક્રમ રાખીને એનીદ્વારા વિશ્વની રક્ષા કરે છે ।।૨૬।।

જ્યારે ભગવાન્ સંહારની ઈચ્છા કરે છે ત્યારે એ તમોગુણને ગ્રહણ કરીને શયન કરે છે તમવડે પરાક્રમને રોકતાં બધું કાળવડે ભગવાન્‌માં આવી જાય છે, ત્યારે ભગવાન્ સાંયકળ સમયે કાંઈ બોલ્યા વગર ઉદાસીન રહે છે ।।૨૭।।

ભૂ આદિ ત્રણ લોકો બળી જાય છે, ત્યારે સૂર્યચન્દ્ર વગરની રાત્રિ પ્રવર્તે છે ।।૨૮।।

પછી સંકર્ષણના મુખના અગ્નિવડે ત્રણ લોક બળી જાય છે. એ અગ્નિનો તાપ મહર્લોકને લાગતાં ત્યાં રહેનાર ભૃગુ આદિ મુનિઓ મહર્લોકથી જનલોકમાં જાય છે



।।૨૯।।

કાળથી પ્રેરાયેલા અને પ્રચંડ પવનને લીધે જેના તરંગો ઊછળી રહ્યા છે તેવા કલ્પના અન્તે વૃદ્ધિ પામેલા સમુદ્રો ત્રણ લોકને ડુબાડી દે છે ।।૩૦।।

એ જલની અન્દર અનન્તની શય્યા ઉપર હરિ ભગવાન્ પોઢે છે, ત્યારે જનલોકના નિવાસીઓ એમની સ્તુતિ કરે છે. ભગવાન્ યોગનિદ્રાવડે આંખોને બન્ધ કરીને પોઢે છે ।।૩૧।।

આવી રીતે કાળની ગતિથી જણાતાં રાત્રિ અને દિવસો જતાં આ બ્રહ્માજીને સો વર્ષનું પૂર્ણ આયુષ્ય પણ ઓછું લાગે છે. એને થાય છે કે જો વધારે વાર જીવું તો કાંઈક વિશેષ કાર્ય કરું ।।૩૨।।

એ બ્રહ્માજીનું અડધું આયુષ્ય એટલે પરાર્ધ જેટલો કાળ, તેમાં પ્રથમ પરાર્ધ ગયો છે. હાલ બીજો પરાર્ધ જાય છે ।।૩૩।।

પૂર્વપરાર્ધમાં પહેલો 'બ્રાહ્મ'કલ્પ થયેલો ત્યારે ભગવાન્સ્વયં બ્રહ્મા થયા હતા માટે એને 'બ્રાહ્મકલ્પ'કહેવામાં આવે છે. એ પરાર્ધના અન્તમાં જે કલ્પ થયો તે 'પાદ્મકલ્પ'કહેવાય છે. એ સમયે ભગવાનના નાભિકમળમાંથી લોકરૂપી કમળ થયુંહતું।૩૪-૩૫।

હે ભારત! આ બીજા પરાર્ધનો પ્રથમ કલ્પ છે તે 'વારાહકલ્પ' કહેવાય છે. એ કલ્પમાં ભગવાને વરાહરૂપ ધારણ કર્યું હતું ।।૩૬।।

જે કોઈ રીતે કહી શકતું નથી, જેનો આદિ કે અન્ત નથી, જે જગતના આત્મારૂપે છે, તેવા અક્ષરનો એ દ્વિપરાર્ધ કાળ 'નિમેષ' મનાય છે ।।૩૭।।

પરમાણુથી લઈને બે પરાર્ધ સુધીનો કાળ બધા દેહાભિમાનીનો ઈશ્વર છે; તો પણ એ કાળ અક્ષરને પોતાનું પરાક્રમ બતાવી શકતો નથી. જેમાં કાળનું બળ ચાલે નહિ તે જ ઈશ્વર, બીજો ઈશ્વર ગૌણ ।।૩૮।।

દસ ઈન્દ્રિયો, મન અને પાંચ તન્માત્રા એમ સોળ વિકાર સહિત આ બ્રહ્માંડરૂપ કોશ બહારથી પચાસ કરોડ યોજનના વિસ્તાર વાળો છે ।।૩૯।।

ઘડામાં જેમ પરમાણુ હોય તેમ ભગવાનના રોમકૂપમાં રહેલો આ અંડ અનેક અંડો સાથે રહેવાથી પરમાણુ જેવો દેખાય છે ।।૪૦।।

**તદાહુરક્ષરં બ્રહ્મ સર્વકારણકારણમ્ ।।**
**વિષ્ણોર્ધામ પરં સાક્ષાત્પુરુષસ્ય મહાત્મનઃ ।।૪૧।।**

જેના રોમકૂપમાં એવાં અનન્ત બ્રહ્માંડ ઊડ્યા કરે છે તેવું આ અક્ષરબ્રહ્મ છે. એ સર્વના કારણોનું કારણ છે. મહાત્મા એવા સાક્ષાત્ પુરુષ વિષ્ણુ (વ્યાપક) છે તેનું તે ધામ છે ।।૪૧।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (ત્રીજા કાલપ્રકરણનો બીજો)**
**''કાળના સ્થૂળસૂક્ષ્મ સ્વરૂપનું વર્ણન''**
**નામનો અગિયારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# ચોથું જીવપ્રકરણ

## અધ્યાય ૧૨

## બ્રહ્માજીએ સનકાદિને ઉત્પન્ન કર્યા તેનું વર્ણન

**વિશેષ :** આ બારમાં અધ્યાયમાં બુદ્ધિનું નિરૂપણ છે. આ બુદ્ધિ આઠ પ્રકારની છે. પહેલી પ્રાકૃત બુદ્ધિ તમિસ્રાદિ પ્રકારની છે; બીજી બુદ્ધિ જ્ઞાનનિષ્ઠા છે; તેમાં સનકાદિકે આજ્ઞાનો ભંગ કર્યોમાટે એ બુદ્ધિ સદોષ છે; ત્રીજી બુદ્ધિ અહંરૂપા છે. એ જો કૃષ્ણની આજ્ઞાનું પાલન કરવામાં હોય તો શ્રેષ્ઠ ગણાય. ચોથી બુદ્ધિ દોષવાળી છે; પાંચમી બુદ્ધિ લોકમાં વ્યામોહ કરનાર છે; વેદના અભ્યાસરૂપ બુદ્ધિ છઠ્ઠી છે; કર્મ દેવતારૂપી બુદ્ધિ સાતમી છે; એ યોગ અને ઉપાસનાના વિષયરૂપ હોવાથી શ્રેષ્ઠ છે; આઠમી બુદ્ધિ સૌથી ઉત્તમ છે. એના દેખતાં મનુ એ હરિની ક્રીડાથી ઈચ્છાને પૂર્ણ કરનારી છે. એમ ભૂત, માત્રા, ઈન્દ્રિયો અને બુદ્ધિથી ઉત્પત્તિમાં ઉપયોગવાળી બુદ્ધિનું આ અધ્યાયમાં વર્ણન છે. જ્ઞાનમાં બે કોટી છે; એક વિષય અને બીજો પુરુષ. પુરુષમાં બોધક નેત્ર અને વિષયમાં વ્યાપ્ત તેજ જોઈએ. એ બન્ને ન હોય તે અન્ધતામિસ્ર. આત્મામાં નહિ પણ વિષયમાં મોહ તે તામિસ્ર. વસ્તુનું સ્વરૂપ જાણ્યા છતાં એમાં ઐક્ય-બુદ્ધિ એટલે ''દેહ હું છું'' એવી સમજણ રાખવી એનું નામ જ મહામોહ. મોહ ''એટલે આ મારું છે'' એવી મમતા. ''હું કોણ છું'' એ ન જણાય એનું નામ જ તમ. અજ્ઞાનની પાંચ વૃત્તિઓ છેઃતમ, અવિવેક, મોહ, અન્તઃકરણ વિભ્રમ અને મહામોહ.

**ઈતિ તે વર્ણિતઃ ક્ષત્તઃ કાલાખ્યઃ પરમાત્મનઃ ।।**
**મહિમા વેદગર્ભોऽથ યથાસ્રાક્ષીન્નિબોધ મે ।।૧।।**

**મૈત્રેય બોલ્યા :** હે વિદુર! એ પ્રમાણે પરમાત્માનું કાળરૂપ માહાત્મ્ય મેં તમને કહી બતાવ્યું હવે બ્રહ્માજીએ સૃષ્ટિ શી રીતે કરી એનો પ્રકાર તમને કહું એ તમે મારી



પાસેથી જાણો ।।૧।।

બ્રહ્માજીએ પ્રથમ પાંચ અજ્ઞાનની વૃત્તિઓ ઉત્પન્ન કરીઃએની અધિષ્ઠાત્રી દેવતારૂપ અન્ધતામિસ્ર, તામિસ્ર, મહામોહ, મોહ અને તમ છે ।।૨।।

આવી પાપી સૃષ્ટિને જોઈને બ્રહ્માજી પોતે ખુશ ન થયા. પાપથી આવી જ સૃષ્ટિ થાય એમ જાણી એમણે ભગવાનનું ધ્યાન કરીને મનને શુદ્ધ કર્યું અને શુદ્ધ મનવડે બીજી સૃષ્ટિકરી ।।૩।।

સનક, સનન્દન, સનાતન અને સનત્કુમાર એવા ચાર કુમારોને એમણે ઉત્પન્ન કર્યા. એ બ્રહ્મચારી, મૌન ધારણ કરનારા અને ક્રિયારહિત હતા ।।૪।।

બ્રહ્માજીએ કુમારોને આજ્ઞા કરીઃ''હે પુત્રો! પ્રજા ઉત્પન્ન કરો''.પરન્તુ એ કુમારો ભગવત્પરાયણ અને મોક્ષધર્મવાળા હોવાથી એમણે બ્રહ્માજીની આજ્ઞા પ્રમાણે કરવાની ઈચ્છા ન કરી. એથી આજ્ઞા ન ઉઠાવવામાટે બ્રહ્માજીએ પોતાનું અપમાન થયેલું માન્યું. એનાથી એમને ક્રોધ થયો. એને રોકવાનો એમણે આરમ્ભ કર્યો ।।૫-૬।।

એમણે બુદ્ધિથી ક્રોધને રોક્યો, છતાં બ્રહ્માજીની ભ્રુકુટિમાંથી તત્કાળ કાંઈક કાળો અને રાતો એવો કુમારરૂપે ક્રોધ પ્રકટ થયો ।।૭।।

આધિદૈવિક દેવોમાં એ પ્રથમ થયેલ હોવાથી એ 'ભવ' કહેવાયા. એ રોવા લાગ્યા અને બ્રહ્માજીને કહેવા લાગ્યા :''હે ધાતા! મારું નામ પાડો; મને રહેવાનું સ્થળ આપો; આપ જગતના ગુરુ હોવાથી આપની પાસે હું આ માગું છું તો એ મને આપો'' ।।૮।।

ભવનાં એવાં વચન સાંભળી પદ્મમાંથી થયેલા ભગવાન્ બ્રહ્માજી એના વચનનું પરિપાલન કરીને સુન્દર વાણીવડે ''હું એ બધું કરું છું તું રુદન ન કર'' એમ બોલ્યા।।૯।।

હે દેવમાં શ્રેષ્ઠ તું દુઃખી બાળકની પેઠે રોયો એથી લોકો તને 'રુદ્ર' કહેશે ।।૧૦।।

હૃદય, ઈન્દ્રિયો, પ્રાણ, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, સૂર્ય, ચન્દ્ર અને તપ એટલાં તારેમાટે મેં સ્થાન પ્રથમથી જ નક્કી કરી રાખ્યાં છે ।।૧૧।।

તેથી મન્યુ, મનુ, મહેશાન, મહાન, શિવ, ઋતુધ્વજ, ઉગ્રેરેતા, ભવ, કાળ, વામદેવ અને ધૃતવ્રત તારાં નામ થશે. હે રુદ્ર! ધી, વૃત્તિ, ઉશના, ઉમા, નિયુતસર્પિ, ઈલા, અમ્બિકા, ઈરાવતી, સુધા, દીક્ષા અને રુદ્રાણી એ અગિયાર તારી સ્રીઓ થશે એ નામ અને એ સ્રીઓ અને ઉપર કહેલાં સ્થાનોને તું ગ્રહણ કર. તું પ્રજાપતિ હોવાથી બહુ પ્રજાને ઉત્પન્ન કર ।।૧૨-૧૪।।

નીલલોહિત રુદ્રને ગુરુ બ્રહ્માજીએ આજ્ઞા કરી ત્યારે ભગવાન્ નીલલોહિતે પોતાનાં બળ, આકાર અને સ્વભાવને અનુસરીને પોતાના જેવી પ્રજા ઉત્પન્ન કરી ।।૧૫।।

રુદ્રે ઉત્પન્ન કરેલી રુદ્રપ્રજા જગતને ગળવા લાગી. એવા અસંખ્ય રુદ્રગણોને જોઈને પ્રજાપતિને શંકા થઈ ।।૧૬।।

બ્રહ્માજીએ કહ્યું, હે દેવોત્તમ! આવી પ્રજા ઉત્પન્ન કરવાનું બસ કરો, કારણ કે ભયંકર આંખોથી એ દિશાઓ સાથે મને પણ બાળી મૂકે છે ।।૧૭।।

તારું કલ્યાણ થાઓ. સર્વને સુખ થાય એવું તપ કરવાનો વિચાર રાખો. જો તમે ધારતા હો કે પ્રથમ જેવું હતું એવું જ જગત્ કરવું છે તો-તો એ તપથી જ થઈ શકશે ।।૧૮।।

પરમ તેજોમય અને સર્વ ભૂતના હૃદયાકાશમાં બિરાજે છે અને જે ઇન્દ્રિયોથી પર છે તેવા ભગવાનને મેળવવા હોય તો પુરુષ એ તપવડે જ આસાનીથી મેળવી શકે છે ।।૧૯।।

**મૈત્રેય બોલ્યા :** જ્યારે બ્રહ્માજી એવું બોલ્યા ત્યારે ''હે વાણીના પતિ! આપ કહો છો એ યોગ્ય છે. આપ કહો છો તેમ જ હું કરીશ''. એમ કહી નીલલોહિતે બ્રહ્માજીની પરિક્રમા કરી તપશ્ચર્યા કરવા વનમાં પ્રવેશ કર્યો ।।૨૦।।

ભગવાન્‌માં સરજવાની જે શક્તિ છે તે જ શક્તિ પુત્ર હોવાથી બ્રહ્માજીમાં આવી છે. એમણે સૃષ્ટિ કરવાનો વિચાર કરતાં લોકની પરમ્પરાના કારણરૂપ દસ પુત્રોને ઉત્પન્ન કર્યા ।।૨૧।।

મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ અને નારદએ નામના દસ પુત્રો થયા ।।૨૨।।

નારદજી ખોળામાંથી, દક્ષ અંગૂઠામાંથી, વસિષ્ઠ પ્રાણમાંથી, ભૃગુ ત્વચામાંથી, ક્રતુ હાથમાંથી, પુલહ નાભિમાંથી, પુલસ્ત્ય બેઉ કાનમાંથી, અંગિરા મુખમાંથી, અત્રી આંખમાંથી અને મરીચિ મનમાંથી મનમાંથી એમ દશ પુત્રો બ્રહ્માજીના શરીરના અવયવોમાંથી ઉત્પન્ન થયા ।।૨૩-૨૪।।

જેનાથી સ્વયં નારાયણ પ્રકટ થાય છે તેવો ધર્મ જમણા સ્તનથી ઉત્પન્ન થયો. લોકને ભય કરનાર મૃત્યુ જેનાથીથાય તેવો અધર્મ પીઠમાંથી ઉત્પન્નથયો ।।૨૫।।

હૃદયથી કામ, ભ્રૂકુટિથી ક્રોધ, નીચલા હોઠથી લોભ, મુખથી વાણી, ઇન્દ્રિયથી સમુદ્રો અને અસ્થિર સ્વભાવવાળી અને તેથી આશ્રય વિનાની ગુદામાંથી વિનાશ



ઉત્પન્ન થયો ।।૨૬।।

દેવહૂતિના સમર્થ પતિ કર્દમ છાયામાંથી ઉત્પન્ન થયા. જ્યારે બ્રહ્માજી* વિશ્વ ઉત્પન્ન કરવા લાગ્યા ત્યારે એમનાં મન અને દેહથી આ જગત્ ઉત્પન્ન થયું।।૨૭।।

**વિશેષ :** બ્રહ્માજી સૃષ્ટિ કરે છે. તેમાં પ્રથમ પાંચ પ્રકારની અવિદ્યાની સૃષ્ટિ કહી; ત્યાર બાદ અભિમાનની સૃષ્ટિમાં રુદ્રની ઉત્પત્તિ કહી. હવે સરસ્વતીરૂપે વાણીની ઉત્પત્તિ કહે છે. સામાન્ય રીતે એમ બધા ધારે છે કે, બ્રહ્માજીને સરસ્વતી નામની પુત્રી હતી; તેમાં એમને કામભાવના થઈ અને એની પાછળ એ દોડ્યા ત્યારે એમની લોકમાં નિન્દા થઈ. આ વાત માનવા જેવી નથી; પણ શ્રીવલ્લભાચાર્યજી તો એને પ્રાકૃત વાણી કહે છે. યજ્ઞાત્મક બ્રહ્માજી દેવરૂપ અલૌકિક વાણીનો ઉપયોગ કરે એ અનુચિત ગણાય એમ બ્રહ્મપુત્રોનું કહેવું થતાં બ્રહ્માજીએ એ વાણી કર્યો. આ પ્રસંગમાં માત્ર કહેવાનું રૂપક, કામી પુરુષ જેમ કોઈ નાયિકામાં પ્રવૃત્ત થતો હોય તેવું છે. નિરુક્તકાર યાસ્ક મુનિનો પણ આવો મત છે. વળી વાણીને અંગો હોતાં નથી. તેથી અહીં લૌકિક કામનો સંભવજ નથી; એમ શ્રીમહાપ્રભુજીનો અભિપ્રાયજ અહીં માનવોયોગ્ય છે.

કોમળ અંગવાળી, મનને હરણ કરતી એવી કામના વગરની પુત્રીરૂપ વાણીમાં હે વિદુર! બ્રહ્માજી કામનાવાળા થયા અને એમાં ભોગની ઇચ્છા કરી એમ અમે સાંભળ્યું છે ।।૨૮।।

બ્રહ્માજીને અધર્મમાં બુદ્ધિ થઈ એ જોઈને, મરીચિ વગેરે મુનિઓ ''અમે કહીશું તો માનશે'' એવા વિશ્વાસથી પિતાને બોધ કરવા લાગ્યા ।।૨૯।।

''તમે જે કામ કરવા ધારો છો તેવું આજ સુધી બીજા કોઈ બ્રહ્માએ કર્યું નથી, હવે પછી કોઈ કરશે પણ નહિ. હે પ્રભો! એવું તે કયું કામ હોય જે તમે રોકી શકો નહિ અને પુત્રીની સાથે ગમન કરવાની ઇચ્છા કરો? ।।૩૦।।

આવું કામ તેજસ્વી પુરુષને પણ યશ આપનાર નથી. હે જગદ્ગુરુ! મોટા પુરુષે કરેલાં કામોને અનુસરવાથી લોક પોતાનું શ્રેય કરી શકે છે ।।૩૧।।

સ્વરૂપમાં રહેલા જગતને જે પોતાના તેજવડે બહાર પ્રકટ કરે છે તે જ ધર્મનું રક્ષણ કરવાને સમર્થ ભગવાનને અમારા નમસ્કાર હો ।।૩૨।।

પોતાના પુત્રોને આ પ્રમાણે બોલતા જોઈ પ્રજાપતિના પતિ એવા બ્રહ્માજી લજ્જિત થયા અને એમણે દેહનો ત્યાગ કર્યો તે દિશાઓએ તેને સ્વીકાર્યો. એ ઘોર દેહને લોકો 'નીહાર' (ઝાકળ) રૂપ તમ કહે છે ।।૩૩।।

એક વખત બ્રહ્માજી ધ્યાન કરતા હતા કે પહેલાંની માફક હું સુવ્યવસ્થિત લોકોને

કેવી રીતે રચીશ તેવામાં તેમના ચાર મુખોમાંથી વેદો પ્રકટ થયા ।।૩૪।।

ચાતુર્હોત્ર કર્મ, એનો વિસ્તાર, આયુર્વેદાદિ ઉપવેદો, નીતિશાસ્ત્રો, સત્ય, તપ, દયા, દાન એ ધર્મના ચાર ચરણો ચાર આશ્રમો તથા તેની વૃત્તિઓ બ્રહ્માજીના મુખથી પ્રકટ થયાં ।।૩૫।।

**વિદુરજી બોલ્યા :** લોકપાલના પતિ બ્રહ્માજીએ વેદાદિ સામગ્રી મુખદ્વારા ઉત્પન્ન કરી એ વાત મેં જાણી, પરન્તુ હે તપોધન! જે-જે પદાર્થો જે-જે મુખદ્વારા ઉત્પન્ન કર્યા એ બધી વાત આપ મને કહો ।।૩૬।।

**મૈત્રેયે કહ્યું :** *ઋગ્વેદ, યજુર્વેદ, સામ અને અથર્વવેદ, શસ્ત્ર, ઈજ્યા, સ્તુતિ સ્તોમ અને પ્રાયશ્ચિત એ બધું બ્રહ્માજીના પૂર્વાદિ મુખથી બ્રહ્માજીએ પ્રકટ કર્યુ ।।૩૭।।

**વિશેષ :** ચાતુર્હોત્રમાં હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્મા એ ચાર મુખ્ય છે; તેમાં ઋગ્વેદનું કર્મ શસ્ત્ર તે હોતા કરે; યજુર્વેદનું યજન તે અધ્વર્યુ કરે; સામવેદનું કર્મ સ્તુતિ તે ઉદ્ગાતા કરે અને પ્રાયશ્ચિત્ત બ્રહ્માજી કરે. **પ્રાયશ્ચિત્તે બ્રહ્માણમ્** એમ આશ્વલાયન સૂત્રમાં આવ્યું છે. બ્રહ્માજીનાં ચાર મુખથી આ ચાર પદાર્થ પ્રકટ થયા. મુખ ચાર, વેદ ચાર, હોતા ઉદ્ગાતા વગેરે ચાર, શસ્ત્ર-ઈજ્યા વગેરે એમનાં કર્મ ચાર તેની ઉત્પત્તિ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર એ ક્રમથી સમજવી.

ઈતિહાસ અને પુરાણ એ પાંચમો વેદ છે. બ્રહ્માજીએ વિચાર્યુ કે ''સ્ત્રી શૂદ્રાદિ અને દ્વિજબન્ધુને પણ ઉપયોગી થાય તેવું કાંઈ કરું''. એમ ધારી સર્વ મુખોથી એ ઈતિહાસ અને પુરાણોને પ્રકટ કર્યા ।। ૩૮।।

પૂર્વ મુખથી ષોડશી અને ઉક્થ તથા પુરીષી અને અગ્નિષ્ટુત, આપ્તોર્યામ, અતિરાત્ર અને ગોસવ સહિત વાજપેય એ ક્રમથી ઉત્પન્ન કર્યા ।।૩૯।।

વિદ્યા, દાન, તપ અને સત્ય એ ધર્મના ચાર ચરણો, આશ્રમો તથા એની વૃત્તિઓ એ બધાં પૂર્વાદિ મુખથી બ્રહ્માજીએ ઉત્પન્ન કર્યા ।।૪૦।।

સાવિત્ર્ય (યજ્ઞોપવીત સંસ્કાર પછી ગાયત્રીના અભ્યાસમાટે ધારણ કરવમાં આવતું બ્રહ્મચર્ય વ્રત). પ્રજાપત્ય (પછી એક વર્ષ વેદનું વ્રત લેવું). બ્રાહ્મ્ય (વેદ ગ્રહણ કરવા ભણવા) અને બૃહત્ (નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવું) એ ચાર કર્મો તથા વાર્તા (ખેતી, વેપાર, ગાયો રાખવી, વ્યાજ વટાવ). સંચય (અધ્યાપનદ્વારા પ્રાપ્ત ધનનો સંગ્રહ, શાલીન(ચપટી માગવી). શિલોંછ (ખળું થઈ ગયા પછી તે જગાએથી પડેલા



અનાજના દાણા વીણી લાવી નિર્વાહ કરવો) એ ગૃહસ્થની ચાર વૃત્તિઓ પણ પૂર્વાદિ મુખથી ઉત્પન્ન કરી ।।૪૧।।

વાનપ્રસ્થમાં વૈખાનસ, વાલખિલ્ય, ઔદુમ્બર અને ફેનપ એ ચાર જાત છે. એ અને સન્ન્યાસમાં પહેલો કુટિચર, બહ્વોદ, હંસ અને નિષ્ક્રિય એ ચાર પ્રકાર બ્રહ્માજીએ ઉત્પન્ન કર્યા ।।૪૨।।

આન્વીક્ષિકી, ત્રણ વેદો, દંડનીતિ તેમજ વ્યાહૃતિઓ પણ બ્રહ્માજીના મુખથી થઈ. હૃદયમાંથી પ્રણવ થયો ।।૪૩।।

ઉષ્ણિક્ છન્દ બ્રહ્માજીના રોમથી થયો ત્વચાથી ગાયત્રી, સમર્થ બ્રહ્માજીના માંસથી ત્રિષ્ટુપ, સ્નાયુમાંથી અનુષ્ટુપ, પ્રજાપતિનાં હાડકાંથી જગતી છન્દ થયા. મજ્જાથી પંક્તિ છન્દ અને પ્રાણથી બૃહતી છન્દ ઉત્પન્ન થયા ।।૪૪।।

(ક થી મ)સ્પર્શ અક્ષરો એનો જીવ થયો સ્વર એનો દેહ થયો. (ય-ર-લ-વ) અન્તસ્થો બળ થયું. (ષડ્જ, ઋષભ, ગન્ધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ આ સાત સ્વરો એની ગતિ લીલારૂપ થયા. આથી શબ્દબ્રહ્મ અને બ્રહ્મનો અભેદ પ્રતીત થાય છે ।।૪૫।।

જેનું સ્વરૂપ* સ્પષ્ટ અને અસ્પષ્ટ દેખાય છેતેવા એ શબ્દબ્રહ્મનું અનેક પ્રકારની શક્તિઓથી વૃદ્ધિ પામતું આ વિસ્તારવાળું જગતરૂપ કાર્ય બ્રહ્મદેખાયછે ।।૪૬।।

**વિશેષ :** શબ્દબ્રહ્મ જગતનું જનક કેમ થઈ શકે? ત્યાં કહે છે કે, અર્થાત્મક જગત્ પણ શબ્દ એટલે નામ વગર પ્રકાશિત ન થાય; તેથી આ જગત્ બધું વિસ્તારવાળું બ્રહ્મ દેખાય છે. જો કે પરબ્રહ્મ સ્વપ્રકાશ છે તો પણ એ શબ્દબ્રહ્મથી જ પ્રકાશિત થાય છે માટે જ **તં ત્વૌપનિષદં પુરુષં પૃચ્છામિ** (ઉપનિષદથી જેમનું જ્ઞાન છે તેવા પુરુષ વિશે પૂછું છું) વગેરેમાં ઉપનિષદ્વેદ્ય બ્રહ્મ કહ્યું છે. **યતો વાચો નિવર્તન્તે** (જ્યાંથી મનસહિત વાણી પાછી ફરે છે). ઈત્યાદિ શ્રુતિઓનું તાત્પર્ય લૌકિક ઈન્દ્રિયો તથા તેનાં સાધનો એને ગ્રહણ નથી કરી શકતાં એ જ છે. જો એમ ન માનીએ તો **કશ્ચિદ્ધીરઃ પ્રત્યગાત્માનમૈક્ષત્** (કોઈ ધીર પુરુષે સામે જ આત્માનું ઈક્ષણ કર્યુ). એ શ્રુતિનો વિરોધ આવે; માટે એ પરબ્રહ્મ પણ એની ઈચ્છાથી જ્ઞેય થઈ શકે છે. એમ માનવાથી જ સર્વ શ્રુતિનો સમન્વય થાય છે; કેવળ સર્વથી અવેદ્ય કહેવાથી શ્રુતિને બાધ થાય છે.

વિદુરજી, બ્રહ્માજીએ પહેલું (કામાસક્ત) શરીર જેનાથી ઝાકળ બની હતી છોડીને બીજું શરીર ધારણ કરીને વિશ્વનો વિસ્તાર કરવાનો વિચાર કર્યો. એમણે જોઈ લીધું હતું કે મરીચિ વગેરે મહાન શક્તિશાળી ઋષિઓથી પણ સૃષ્ટિનો વિસ્તાર ન થયો તેથી

મનમાં અને મનમાં ફરી ચિન્તા કરવા લાગ્યા. અહો! નવાઈની વાત છે કે હું પ્રજાની વૃદ્ધિ કરવામાટે સતત ઉદ્યોગ કરતો હોવા છતાં પ્રજાની વૃદ્ધિ નથી થતી તે નથી જ થતી. ખરેખર! આ વિધિની જ વક્રતા છે ।।૪૭-૪૮।।

આમ ભગવાનની સૃષ્ટિ કરવાની આજ્ઞાનો યોગ્ય રીતે વિચાર કરતાં બ્રહ્મા દૈવની પ્રતિકૂળતાનો વિચાર કરે છે તેટલામાં જ બ્રહ્માનું શરીર એક હતું તેનાં બે વિભાગ થઈ ગયા એને કાય કહેવામાં આવેછે ।।૪૯।।

આ બે વિભાગ એક જ રૂપના થયા. એ બન્ને મળી એક જોડકું થયું. એમાં જે પુરુષ હતા તે પોતાની મેળે થવાથી સમ્રાટ 'સ્વાયમ્ભુવ મનુ' કહેવાયા ।।૫૦।।

જે સ્ત્રી હતી તેનું નામ 'શતરૂપા' એ મહાત્મા સ્વાયમ્ભુવની મહારાણી થઈ ત્યારથી પરસ્પર મિથુનધર્મવડે પ્રજા વધવા લાગી ।।૫૧।।

હે ભારત! એ સ્વાયમ્ભુવ મનુને 'શતરૂપા' નામની સ્ત્રીથી પ્રિયવ્રત અને ઉત્તાનપાદ એ બે પુત્રો અને ત્રણ કન્યાઓ એમ પાંચ બાળક થયાં. હે સત્પુરુષમાં શ્રેષ્ઠ! એ કન્યાઓનાં 'આકૂતિ', 'દેવહૂતિ' અને 'પ્રસૂતિ' એવાં નામ પડ્યાં ।।૫૨।।

**આકૂતિં રુચયે પ્રાદાત્કર્દમાય તુ મધ્યમામ્ ।।**
**દક્ષાયાઽદાત્પ્રસૂતિં ચ યત આપૂરિતં જગત્ ।।૫૩।।**

રુચિ નામના પ્રજાપતિને આકૂતિ નામની કન્યા આપી, વચલી દેવહૂતિ તો કર્દમને આપી. અને દક્ષને પ્રસૂતિ નામની કન્યા પરણાવી. એમની પ્રજાઓથી આ જગત્ ભરાઈ ગયું ।।૫૩।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં(મુક્ત જીવસૃષ્ટિ પ્રકરણનો પહેલો)**
**''બ્રહ્માજીએ સનકાદિને ઉત્પન્ન કર્યા તેનું વર્ણન'' નામનો**
**બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

''પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો''.(**શ્રીવલ્લભાચાર્ય**) પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનારા અધમ લોકોને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જઆજ્ઞા ન આપે!



# અધ્યાય ૧૩
## યજ્ઞાત્મા વરાહ ભગવાનનો પ્રાદુર્ભાવ

**વિશેષ :** એ પ્રકારે બાર પ્રકારની સૃષ્ટિ કહી તે ત્રણ ગુણવાળી છે. વરાહ સર્વવેદોના અર્થરૂપ છે. વૈદિક સૃષ્ટિમાં એ વરાહ જ કારણ છે. જો એમ ન હોય તો સૃષ્ટિ સ્વપ્ન જેવી પ્રાકૃત થાય તેથી આ સૃષ્ટિ પ્રાકૃત નથી પણ વૈદિક છે એ જણાવવાને માટે ભગવાને વરાહપણું સ્વીકાર્ય છે. એ વરાહજીનાં રોમ એ દર્ભ થયાં અને એમના સર્વ અવયવો યજ્ઞનાં પાત્ર થયાં તેથી આ અધ્યાયમાં યજ્ઞ ભગવાન્ વરાહનું વર્ણન થાય છે. એ વૈદિક સૃષ્ટિને માટે પ્રકટ્યા છે. મનુને બ્રહ્માજી સાથે સંવાદ થયો એ વાત બીજા કલ્પની છે. પ્રથમ રસાતળ પર્યન્તની પૃથ્વીને ઉપર લાવ્યા છે. બ્રહ્માજીએ પાંચ અંગુલિવડે પાંચ લોકનો ઉદ્ધાર કર્યો અને એ પૃથ્વીને યજ્ઞભૂમિ બનાવવાને માટે પુષ્કરપત્ર ઉપર તેને પાથરી એ તૈત્તિરીય સંહિતામાં કહ્યું છે; પણ વારાહ કલ્પની વાત નથી તાત્પર્ય કે પાદ્મ કલ્પના પ્રલય સમયે સર્વનાશ થયો. પછી વારાહ કલ્પનો જ્યારે આરમ્ભ થયો ત્યારે પાતાળ, રસાતળ અને સત્યલોકનું નિર્માણ બ્રહ્માજીએ કમળના સારવાળા ભાગમાંથી કર્યું. બાકીના કમળના ભાગમાં મૃતિકા રહી તેને પોતાની પાંચ આંગળીથી લીધી. એ મૃત્તિકાથી અતળ વગેરે લોકનું નિર્માણ કર્યું. એ બધું કરતાં જે મૃત્તિકા કમળમાં રહી તે યજ્ઞની ભૂમિને માટે બ્રહ્માજીએ રાખી. પોતે સત્યલોકમાં રહી બીજા સ્વર્ગ વગેરે લોકને કરી અવિદ્યાથી આરમ્ભી મનુ સુધીની સૃષ્ટિને બનાવી પછી બ્રહ્માજી નિદ્રાવશ થયા ત્યારે મનુ, કશ્યપ વગેરેની સ્થિતિ ઉપર હતી, દિતિ વગેરેની સ્થિતિ રસાતળમાં હતી. બીજાનો નાશ થયેલો. જ્યારે આદિ વારાહ કલ્પની પ્રથમની રાત્રિ પૂરી થઈને વારાહ કલ્પનો પ્રાતઃકાળ થયો ત્યારે બ્રહ્માજીને પૃથ્વી ડૂબ્યાનું જ્ઞાન ન હોવાથી મનુને પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી. ત્યારે સાંજે ભૂમિ ડૂબી ગઈ હતી તે મનુને ખબર હોવાથી તેણે સ્થાનમાટે પ્રાર્થના કરી ત્યારે બ્રહ્માજીને ચિન્તા થઈ. ચિન્તા કરતા બ્રહ્માજીથી ભગવાન્ વરાહનું પ્રાકટ્ય થયું. વરાહ ભગવાન્ સમુદ્રમાં પ્રવેશ કરી હિરણ્યાક્ષને યુદ્ધમાં મારી પૃથ્વી ઉપર લાવ્યા. આમાં જુદા-જુદા કલ્પની વાત એક સાથે કરી છે. પણ પુરાણમાં એવાં જ વર્ણન આવે છે; માટે એ કથામાં કોઈ પ્રકારના વિરોધની શંકાને અવકાશનથી.

**શ્રીશુક ઉવાચ**

**નિશમ્ય વાચં વદતો મુનેઃ પુણ્યતમાં નૃપ! ।।**
**ભૂયઃ પપ્રચ્છ કૌરવ્યો વાસુદેવકથાદતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે રાજા પરીક્ષિત! વિદુરજીએ અત્યન્ત પવિત્ર વાણી

બોલતાં મુનિનાં વચન સાંભળ્યાં તેથી કથામાં અત્યન્તઆદર થયો અને એમણે ફરીથી પૂછ્યું ।।૧।।

**વિદુરજીએ પૂછ્યું :** હે મુનિ! બ્રહ્માના પુત્ર સ્વાયમ્ભુવ મનુ પોતાની પત્ની શતરૂપાને ફરી પ્રાપ્ત કરીને એ બનેએ શું કર્યુ. એ વાત આપ અમને કહો ।।૨।।

હે સત્તમ! આદિરાજા મનુ ભગવાનના દૃઢ આશ્રયવાળા હતા એનું ચરિત્ર મને કહો કેમકે એમના શ્રવણમાં મને અતિ શ્રદ્ધા છે ।।૩।।

જેના હૃદયમાં ભગવાનનાં ચરણકમળ બિરાજે છે તેવા ભગવદીયોના યશનું શ્રવણ કરવું એ જ શ્રવણને વિદ્વાનોએ અર્થરૂપ કહ્યું છે. બાકી તો અત્યન્ત શ્રમ લઈને અન્ય શ્રવણ કર્યું હોય તો પણ એ ફળ આપનારું ન હોવાથી શ્રવણરૂપ ગણાતું નથી ।।૪।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ભગવાનના ચરણના આસનરૂપ અને વિનયવાળા વિદુરજીનું એ પ્રમાણેનું બોલવું સાંભળીને મૈત્રેય મુનિ રોમાંચિત થયા અને ભગવત્કથા કહેવાને પ્રેરાયા અને હૃદયમાં ઊતરે તેવી રીતે ભગવાનની ઉત્તમ કથા કહેવા લાગ્યા ।।૫।।

**મૈત્રેય બોલ્યા :** જ્યારે પોતાની સ્ત્રી સાથે સ્વાયમ્ભુવ મનુ પ્રકટ થયા ત્યારે બ્રહ્માજીને મસ્તક નમાવી બે હાથ જોડીને એ આ પ્રમાણે વિનન્તિ કરવા લાગ્યા ।।૬।।

**મનુ બોલ્યા :** આપ અમારા પિતા છો એટલું જ નહિ પણ આપ સર્વ પ્રાણી માત્રને જન્મ આપનાર છો તથા આપ એની આજીવિકાનો સાધન પણ પુરુ પાડનાર છો. તો આપની પ્રજારૂપ અમે આપની સેવામાં કેવી રીતે તૈયાર થઈ શકીએ? ।।૭।।

આપને અમારા નમસ્કાર છે. હે સ્તુતિપાત્ર! આપે અમારામાં જે શક્તિ મૂકી છે તેનો આપ એવો ઉપયોગ બતાવો કે જેનાવડે આ લોકમાં યશ અને પરલોકમાં મોક્ષ મળે ।।૮।।

**બ્રહ્માજીએ કહ્યું :** હે તાત! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. હે પૃથ્વીપતિ! તમારું બન્નેનું કલ્યાણ થાઓ. ''મને આજ્ઞા કરો'' એમ જે તમે તમારો આત્મા નિષ્કપટ ભાવથી અર્પણ કર્યો એ જ તમારો ધર્મ છે તમારીઉપર મારી પ્રીતિ થવાનું એ કારણછે ।।૯।।

હે વીર! શરીરથી ઉત્પન્ન થયેલ પુત્રોને મારી સેવા તે જ મુખ્ય કર્તવ્ય છે.



પિતાની આજ્ઞા સાવધાન થઈ. મત્સરરહિત બની આદરપૂર્વક ઉઠાવવી એ પુત્રનો મુખ્ય ધર્મ છે ।।૧૦।।

તમે આ શતરૂપામાં ગુણોથી પોતાને યોગ્ય પ્રજા ઉત્પન્ન કરીને ધર્મપૂર્વક પૃથ્વી ઉપર રાજ્ય કરો તથા યજ્ઞો કરીને યજ્ઞપુરુષનું યજન કરો ।।૧૧।।

પ્રજાની રક્ષા કરવાથી તમે મારી ઉત્તમ સેવા કરી ગણાશે. તમે પ્રજાની રક્ષા કરનાર થશો; તેથી ઈન્દ્રિયોના પતિ ભગવાન્ તમારા ઉપર પ્રસન્ન થશે ।।૧૨।।

યજ્ઞરૂપ ભગવાન્ જેમના ઉપર પ્રસન્ન થએલા નથી તેમનો કરેલો શ્રમ વ્યર્થ છે, કારણ કે આત્મારૂપે ભગવાનનો તેમણે પોતાની મેળે આદર કરેલો નથી ।।૧૩।।

**મનુએ કહ્યું :** હે પાપનાશક! આપની આજ્ઞા હું ઉઠાવીશ પણ હું જે પ્રજા ઉત્પન્ન કરું તેને માટે તથા મારે માટે સ્થાન જોઈએ. હે પ્રભો! આપ મને સ્થાન બતાવો કેમકે આપ સમર્થ છો ।।૧૪।।

પ્રાણી માત્રને રહેવાને માટે પૃથ્વી હતી તે પ્રલયના જળમાં ડૂબી ગઈ છે. હે દેવ! દેવી રૂપી એ પૃથ્વીને જળમાંથી બહાર કાઢવાનો આપ યત્ન કરો ।।૧૫।।

**મૈત્રેય બોલ્યા :** બ્રહ્માજી તો પૃથ્વીને નીચે જળમાં ડૂબેલી જાણીને હવે આ પૃથ્વીને બહાર કેમ લાવવી એનેમાટે ઘણી વાર સુધી બુદ્ધિથી વિચાર કરવા લાગ્યાઃ ।।૧૬।।

''મે ઈન્દ્રિયો અને વાણીવડે પ્રજા ઉત્પન્ન કરી એ પ્રજાના ભારથી પૃથ્વી રસાતળ ગઈ. પ્રજા કરવાની પ્રભુની આજ્ઞાવાળા અમારે પૃથ્વીના આધાર વિના શું કરવું જોઈએ? ।।૧૭।।

જેમના હૃદયથી હું ઉત્પન્ન થયો છું તેવા ઈશ મારું કાર્ય કરો. એ અધોક્ષજ ભગવાન્ દયાના સમુદ્ર છે, પવિત્ર કીર્તિવાળા છે તથા ઈન્દ્રિયોથી અગોચર સ્વરૂપવાળા છે'' ।।૧૮।।

બ્રહ્માજી એવી રીતે ચારે તરફથી ધ્યાન કરતા હતા તેવામાં એમની નાસિકાનાં છિદ્રોમાંથી તત્કાળ જ હે વિદુર! વરાહનું અંગૂઠા જેવડું એક નાનકડું બચ્ચું નીકળ્યું ।।૧૯।।

બ્રહ્માજી ચારે તરફ જોતા હતા તેવામાં તો એ મોટા હાથી જેવડું વધી ગયું એ મોટી આશ્ચર્યની વાત થઈ ।।૨૦।।

એ સૂકરનું રૂપ જોઈ મરીચિ વગેરે બ્રાહ્મણો તેમજ કુમારોની સાથે મનુ અનેક

પ્રકારે તર્ક કરવા લાગ્યાઃ ।।૨૧।।

''વરાહના આકારમાં એ કયું દિવ્ય પ્રાણી છે? બ્રહ્માજીએ કહ્યું કે ''પ્રાણી વિચિત્ર હોય; પણ એ મારા નાકમાંથી નીકળ્યું એ આશ્ચર્યજનક છે ।।૨૨।।

પ્રથમ તો આપણે એને અંગૂઠાના ટેરવા જેવડું જોયું : ત્યા તો એ એક ક્ષણમાં જ પર્વતની શિલા જેવડું થઈ ગયું. ચોક્કસ મારા મનનો ખેદ જોઈને આ યજ્ઞ ભગવાન્ જન્મ્યા છે'' ।।૨૩।।

એમ બ્રહ્મા પોતાના પુત્રોની સાથે વિચાર કરે છે તેટલામાં તો યજ્ઞ ભગવાન્ પર્વતરાજ જેવા થઈને ગર્જના કરવા લાગ્યા ।।૨૪।।

દિશાઓમાં પડઘા પાડતી પોતાની ગર્જનાથી સમર્થ હરિએ બ્રહ્માજી તથા ઉત્તમ દ્વિજોને રાજી કરી દીધા ।।૨૫।।

માયામય સૂકર ભગવાનનો ઘરઘર અવાજ સાંભળી જનલોક, તપલોક અને સત્યલોકના નિવાસીઓ એ ભગવાનની વેદ અને પવિત્ર પવમાનાદિ સૂક્તોથી સ્તુતિ કરવા લાગ્યા ।।૨૬।।

વરાહ ભગવાન્ વેદવિસ્તારરૂપ સ્વરૂપવાળા છે. એ મુનીશ્વરોની સ્તુતિને વેદરૂપ માનીને દેવતાઓના અભ્યુદયમાટે એમણે ફરીવાર ગર્જના કરી ગજેન્દ્ર લીલા કરતો હોય તેમ એઓ જળમાં દાખલ થયા ।।૨૭।।

ઉચ્ચ પૃચ્છવાળા એ પોતાની કેશવાળીને આમતેમ હલવતા હતા. એમની ચામડી વાળવાળી અને કઠણ હતી. વાદળમાં ખરીની ઠોકર મારતા, સફેદ દાઢવાળા, ચળકતી આંખોવાળા પૃથ્વીને ધારણ કરનાર એ ભગવાન્ શોભવા લાગ્યા ।।૨૮।।

પોતે ઘ્રાણવેદી હોવાથી એ પોતાની નાસિકાવડે પૃથ્વીનો માર્ગ સૂંઘતા હતા; પોતે યજ્ઞાત્મક હોવા છતાં એ સૂકરનું બહાનું કરી રહ્યા હતા. એમની દાઢો ભયંકર હતી, છતાં સ્તુતિ કરતા બ્રાહ્મણો પ્રત્યે કોમળ દષ્ટિથી જોતા એમણે જળમાં પ્રવેશ કર્યો ।।૨૯।।

વજ્રના સમૂહ જેવી એમની કાયા હતી. એના પડવાથી સમુદ્રનું પેટ ચીરાઈ ગયું અને એ શબ્દ કરવા લાગ્યો. મોટા તરંગ રૂપી હાથોને લમ્બાવતો અને પોતાની દુઃસ્થિતિને બતાવતો એ સમુદ્ર, હે યજ્ઞેશ્વર! ''મારી રક્ષા કરો'' એવું ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યો ।।૩૦।।

સમુદ્રના એ અપાર જળને પોતાની ખરીઓવડે ચીરતા, બબ્બે પગ અને એક



મોઢું એમ ત્રણ પર્વવાળા એ વરાહ ભગવાને રસાતળમાં રહેલી 'જીવધાની' કહેવાતી એ પૃથ્વીને જોઈ. અને તેના ઉપર ભવિષ્યમાં શયન કરવાની ઈચ્છાથી તેનો ઉદ્ધાર કર્યો ।।૩૧।।

રસાતળમાં પડેલી એ પૃથ્વીને પોતાની દાઢ ઉપર ચડાવીને વરાહ ઊભા થયા અને પૃથ્વીવડે શોભવા લાગ્યા. એટલામાં અસહ્ય પરાક્રમવાળો હિરણ્યાક્ષ ગદા લઈ સામે આવ્યો અને ભગવાનને માર્ગમાં રોકવા લાગ્યો; ત્યારે તીવ્ર ક્રોધ કરીને ભગવાને સુદર્શન ચક્રવડે સિંહ, હાથીને જેમ સહેલાઈથી મારી નાખે તેમ એને મારી નાખ્યો. રુધિરથી એના ગાલ અને મોઢું લાલ બની ગયાં. એવી રીતે સિંહના સરખું પરાક્રમ કરતા ભગવાન્ જેમ કોઈ ગજેન્દ્ર પ્રાણીને ચીરી નાખતો તેના લોહીના કાદવથી ખરડાયેલા ગાલ અને મુખવાળો થાય તેવા વરાહ થયા. કમળના કન્દને જેમ ગજેન્દ્ર લઈ લે તેમ એના દેહમાંથી સાર ખેંચી ઉપર પધાર્યા ।।૩૨-૩૩।।

તમાલ સરખા શ્યામ સ્વરૂપવાળા અને હાથીની પેઠે લીલા કરતા ભગવાન્ વરાહ જ્યારે પોતાની સફેદ દાઢ ઉપર પૃથ્વીને ધારણ કરીને ઉપર પધાર્યા ત્યારે, હે અંગ! બ્રહ્માદિ દેવો એમનાં દર્શન કરી વેદમન્ત્રોવડે એમની સ્તુતિ કરવા લાગ્યા ।।૩૪।।

*હે અજિત! હે યજ્ઞ ઉત્પન્ન કરનાર, ત્રણ વેદરૂપ શ્રીંઅંગને ધૃણાવતા આપને અમારા નમસ્કાર હો. આપના રોમરૂપમાં યજ્ઞો સમાયેલા છે. કારણ વરાહરૂપ આપને અમારા નમસ્કાર હો ।।૩૫।।

**વિશેષ :** ઋષિઓ ૧૨ શ્લોકથી કર્મનું સ્વરૂપ બતાવે છે; તેથી આ સ્તુતિ ૧૨ શ્લોકથી કરવામાં આવે છે. કર્મ ઉત્તમ અને સાધારણ એવા ભેદથી બે પ્રકરનું છે. એનું નિરૂપણ પ્રમાણથી અને પ્રમેયથી એમ બે પ્રકારે કરવાનું છે. એમાં પ્રથમ પ્રમાણરૂપાથી છ શ્લોકથી સ્તુતિ કરે છે. ભગવત્સ્વરૂપ તે પ્રમેયરૂપ ગણાય. એ પ્રમાણાનુરોધી પ્રમેય કેવળ પ્રમેય એવા બે ભેદ સ્વરૂપમાં સમજવા. કેવલ પ્રમેય સાતમા શ્લોકથી શરૂ થશે; તેથી પ્રથમ પ્રમાણાનુરોધી પ્રમેયનું વર્ણન છે.

જેમના દેહ પાપ સંસ્કારવાળી ભૂમિના અવયવમાંથી બનેલા છે તેવા દુષ્ટોને ખરેખર હે દેવ! આપનું યજ્ઞાત્મક આ સ્વરૂપ પણ મુશ્કેલીથી દેખાય તેવું છે. આપની ત્વચામાં સાત છન્દો છે, આપનાં રોમમાં ગર્ભ છે, આપનાં નેત્રમાં આજ્ય(ઘી) અને ચાર ચરણમાં ચાતુર્હોત્ર કર્મો છે ।।૩૬।।

આપના મુખમાં સુક્ છે. હે ઈશ! આપની નાસિકામાં સુવ છે; ઉદરમાં **ઈડાપાત્ર**

છે. કાનના છિદ્રમાં **ચમસ** છે. મુખમાં **પ્રાશિત્ર** છે. આપના ગળાના મૂળમાં સર્વ ગ્રહો છે. હે ભગવાન્! આપની ચાવવાની ક્રિયા અગ્નિહોત્ર છે ।।૩૭।।

આપના વારંવાર થતા અવતાર એ દીક્ષા છે. **ઉપસદ્** એ આપની ગ્રીવા છે. **પ્રાયણીય** અને **ઉદયનીય** ઈષ્ટિઓ એ આપની દાઢ છે. **પ્રવર્ગ્ય** એ આપની જિહ્વા અને **યજ્ઞ** એ શિર છે. સભ્ય અને આવસથ્ય અને ચિતિઓ એ આપના પ્રાણ છે ।।૩૮।।

સોમ તો આપનું વીર્ય છે. ત્રણ સવન એ આપની જાગ્રત્, સ્વપન અને સુષિપ્તિ ત્રણ અવસ્થા છે. અગ્નિષ્ટોમ વગેરે ત્રણ, પાંચ અથવા સાત સંસ્થાઓસોમ યજ્ઞોના પ્રકાર આપના દેહની ધાતુઓ છે. સર્વ સત્રો આપના શરીરના સાન્ધારૂપ છે. સર્વ યજ્ઞ અને ક્રતુ ઈષ્ટિઓ આપના સ્નાયુઓ છે ।।૩૯।।

આપ જ સર્વ દેવતારૂપ, મન્ત્રરૂપ, દ્રવ્યરૂપ, સર્વ ક્રતુરૂપ તથા કર્મરૂપ છો. એવા આપને અમારા વારંવાર નમસ્કાર હો. વૈરાગ્ય, ભક્તિ અને અન્તઃકરણના જયથી અનુભવ કરતાં વિદ્યાના ગુરુરૂપ આપને અમારા નમસ્કાર હો ।।૪૦।।

હે ભૂધર! વનમાંથી નીકળતા મદ ઝરતા હાથીના દાંતના છેડા ઉપર પાંદડા સાથે કમલની વેલ ધારણ કરી હોય તેવી આપની દાઢના છેડા ઉપર રહેલી પૃથ્વી શોભી રહી છે ।।૪૧।।

આપના દાંતો ઉપર રહેલ આ ભૂમંડલ સહિત આપનો આ વેદમય વરાહવિગ્રહ એવો સુશોભિત થઈ રહ્યો છે જેવો સુશોભિત શિખરો ઉપર છવાયેલી મેઘમાલાથી કુલપર્વત-મેરુપર્વતથાય ।।૪૨।।

સ્થાવર અને જંગમ પ્રાણીઓની ઉન્નતિમાટે આપ આપની પત્ની આ જગન્માતાનું સ્થાપન કરો. આપ પિતા છો. જેમ અરણિમાં આપે અગ્નિ મૂકેલો છે તેમ જેની અન્દર પોતાનું તેજ આપે મૂકેલું છે તેવી આને આપની સાથે અમે નમન કરીએ છીએ ।।૪૩।।

રસાતળમાં ગયેલી આ પૃથ્વીને ઉઠાવીને લાવે એવો આપના સિવાય બીજો કયો પુરુષ હોઈ શકે? હે પ્રભુ! માયાવડે આપ આ વિશ્વને રચો છો એ જ મહાવિસ્મય કરાવનાર છે તો પછી આપ આ પૃથ્વીને લાવો એમાં કાંઈ વિસ્મય થવા જેવું નથી ।।૪૪।।

આપનું આ સ્વરૂપ વેદમય છે. જ્યારે આપ તેને ધુણાવો-હલાવો છો ત્યારે



કેશવાળીના અગ્ર ભાગથી જે જળબિન્દુ ખરે છે તેનાથી અમો કે જે જન, તપ અને સત્યલોક માં રહીએ છીએ તેઓ એના સમ્બન્ધથી પવિત્ર થઈએ છીએ. હે ઈશ! તેથી અમને પવિત્ર કરનાર આપ જ છો ।।૪૫।।

આપનાં કર્મ અપાર છે. ''એવા અવર્ણનીય ગુણોને હું ગાઈ શકીશ'' એવું કહેનાર ભ્રષ્ટ મતિવાળો કહેવાય કેમકે આપની યોગમાયાવડે આ જગત્ મોહિત થઈ પોતાના સ્વરૂપને ભૂલી જાય છે તો પછી આપને કયાંથી જાણી શકે? માટે હે ભગવાન્! આપ દયા કરો; માયામોહિત આ બધા જીવોને સુખી કરો એઓનું પાલન કરો ।।૪૬।।

**મૈત્રેય બોલ્યા :** બ્રહ્મવાદી મુનિઓએ આ પ્રમાણે સ્તવન કર્યું ત્યારે પ્રભુએ પોતાની ખરીઓથી આક્રમણ કરેલા જળ ઉપર પૃથ્વીને મૂકી, કારણ કે ભગવાન્ જ સર્વના રક્ષક હોવાથી એ પોતે પૃથ્વીને સ્થિર કરે તો જ સર્વ રક્ષા થાય તેથી એને સ્થિર કરી ।।૪૭।।

જેની ચોતરફ સેના છે અને જે પ્રજાના પતિરૂપ છે તેવા ભગવાને રસાતળમાંથી પૃથ્વીને રમત માત્રમાં લાવીને જળ ઉપર રાખી કારણકે બીજાના દુઃખને હરનારા પોતે હરિ છે અને પછી ત્યાંથી પોતે પધાર્યા ।।૪૮।।

ભગવાનનાં લીલામય ચરિત્રો અત્યન્ત કીર્તનીય છે અને એમાં લાગેલી બુદ્ધિ બધી જાતનાં પાપ-તાપોને દૂર કરી દે છે. જે કોઈ એમની આ મંગલમય મઞ્જુલ કથાને પ્રેમપૂર્વક શ્રવણ કરે છે અથવા બીજાને શ્રવણ કરાવે છે એના ઉપર અવિદ્યાનો નાશ કરનાર ભગવાન્ અન્તઃસ્તલથી બહુ જલદી પ્રસન્ન થઈ જાય છે ।।૪૯।।

ભગવાન્ તો બધી કામનાઓ પૂર્ણ કરવા સમર્થ છે. એ પ્રસન્ન થાય ત્યારે શું દુર્લભ છે? પણ એ ક્ષુદ્રાભ કામનાઓની જરૂર જ શી છે? ભગવાનને માટે જ ભગવાનની ભક્તિ કરવી એવી જેમની અનન્ય દૃષ્ટિ છે તેમને તો ભગવાન્ પોતાની ઉત્તમ ગતિ પ્રાપ્ત કરાવે છે, પોતાના જેવો તેને કરે છે, પોતાના ભોગમાં જેમ કંઈ ઉણપ નથી તેમ તેના ભોગમાં પણ કંઈ ઉણપ ભગવાન્ રહેવા દેતા નથી કારણ કે આપ બધાના હૃદયનો અભિપ્રાય જાણે જ છે ।।૫૦।।

**કો નામ લોકે પુરુષાર્થસારવિત્ પુરા કથાનાં ભગવત્કથાસુધામ્ ।।**
**આપીય કર્ણાઞ્જલિભિર્ભવાપહામ્ અહો! વિરજ્યેત વિના નરેતરમ્ ।।૫૧।**

અરેરે! સંસારમાં પશુઓ સિવાય પોતાના પુરુષાર્થનો સાર જાણનાર એવો કયો

પુરુષ હશે જે, આવા ગમન-જન્મમરણમાંથી છોડાવનાર ભગવાનની કથારૂપ અમૃતનું કર્ણપુટથી એકવાર પાન કરી, પછી એનાથી મન હટાવી લે?(ભગવાનની કથા જેને ન ગમે તે ઘણું કરીને નરજ ન હોય, વાનર અથવા બીજું કોઈ પશુ હોય) ।।૫૧।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (મુખ્ય જીવસૃષ્ટિ પ્રકરણનો બીજો)**
**''યજ્ઞાત્મા વરાહ ભગવાનનો પ્રાદુર્ભાવ''**
**નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૧૪

## દિતિને કશ્યપથી અકાલમાં ગર્ભાધાન અને તેથી દૈત્યોની ઉત્પત્તિ

**વિશેષ :** કામ, ક્રોધ અને લોભ એ ત્રણ દોષો છે. એ અનુક્રમે કર્મ, જ્ઞાન અને ભક્તિના નાશક છે તેથી અહીં મુક્તોની પણ ઉત્પત્તિ કહેવાય છે. એનો જન્મ એનાં સ્થિતિ અને અન્ત છ અધ્યાયથી કહેવામાં આવે છે. એ સર્ગલીલાનાં ઉપોદ્ઘાતરૂપછે. શિવનો ઉત્કર્ષ તથા બ્રાહ્મણોનો ઉત્કર્ષ ભક્તિશાસ્ત્રમાં નહિ પણ મતાન્તરમાં છે. આ છ(૧૪।૧૯) અધ્યાયમાં કહેવામાં આવેલી લીલા 'મતાન્તર ભાષા' છે તેથી વિષ્ણુભગવાન્ તથા સનકાદિ ભક્તોની મોહ કરનારી લીલા અહીં કહેવામાં આવે છે. જો ત્રણ માર્ગનો નાશ ન થાય તો ભગવાન્ ભૂતળ ઉપર અવતરે નહિ; અવતરીને જીવને મોહ થાય એવી લીલા ન કરે; મુક્તોની ઉત્પત્તિ ન થાય; જો મુક્તો ન અવતરે તો સર્ગ કર્મજન્ય થઈ જાય; તો પછી એ ભગવાનની લીલારૂપ અલૌકિક સર્ગ ન કહેવાય એ બન્નેને માટે ઉપોદ્ઘાતની જરૂર છે. અહીં ૧૪ મા અધ્યાયમાં કામવડે કર્મનો નાશ કહેવાય છે. પ્રથમ (દિતિ) આધાર અને પછી જીવનું તેમાં (ગર્ભમાં) આવવું કહેવાય છે. આ તામસ કામ છે તેથી શિવજીની કથા આ અધ્યાયમાં આવે છે. સનકાદિને ક્રોધ થયો તે પણ કામજન્ય છે. ભગવાને પ્રસન્નતા બતાવી એ ભક્તિનો પ્રતાપ છે. આ પહેલાંના તેરમાં અધ્યાયમાં વરાહનો પ્રાદુર્ભાવ કહેવાયો તેમાં હિરણ્યાક્ષના વધની વાત સૂક્ષ્મ રૂપે કહી.અહીં એનું વિસ્તારપૂર્વક વર્ણન છે. તેથી સામાન્ય વિશેષ-રૂપ અધ્યાયસંગતિ સમજવી.

**શ્રીશુક ઉવાચ**

**નિશમ્ય કૌષારવિણોપવર્ણિતાં હરેઃ કથાં કારણસૂકરાત્મનઃ ।।**
**પુનઃ સ પપ્રચ્છ તમુદ્યતાઞ્જલિર્ન ચાઽતિતૃપ્તો વિદુરો ધૃતવ્રતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** કોઈ અગમ્ય કારણથી વરાહનું સ્વરૂપ ધારણ કરનારા



દુઃખને હરનાર ભગવાનની કથા જ્યારે વિદુરજીએ મૈત્રેય પાસેથી સાંભળી ત્યારે કથાશ્રવણનાં વ્રતને ધારણ કરનાર વિદુરજી હાથ જોડીને બહુ તૃપ્તિ ન બતાવતા ફરીથી પૂછવા લાગ્યા ।।૧।।

**વિદુરજી બોલ્યા :** હે મુનિશ્રેષ્ઠ! એ જ યજ્ઞમૂર્તિ ભગવાન્ હરિએ આદિદૈત્ય હિરણ્યાક્ષને માર્યો એ તો મેં શ્રવણ કર્યુ ।।૨।।

લીલાવડે પોતાના દાંતના છેડા ઉપર પૃથ્વીને ધરીને ઉપર લાવતા એ યજ્ઞ ભગવાનને દૈત્યરાજની સાથે શાકારણથી લડાઈ થઈ? ।।૩।।

**મૈત્રેયે કહ્યું :** હે વીર! જેમાં ભગવાનના અવતારની કથા આવે તેવું તમે પૂછ્યું માટે તમારો એ પ્રશ્ન ઉત્તમ છે અને મનુષ્યના મૃત્યુરૂપ બન્ધનને છોડાવનાર હોવાથી એ વખાણવા યોગ્ય છે ।।૪।।

નારદજીએ ધ્રુવજીને ભગવાનની જે કથા કહેલી તેના પ્રભાવથી મૃત્યુના મસ્તક ઉપર જ પગ મૂકી ધ્રુવ ભગવાનના ચરણને પ્રાપ્ત થયા હતા ।।૫।।

હવે અહીં એક ઈતિહાસ છે, જે દેવોના દેવ બ્રહ્માજીએ દેવોના પૂછવાથી કહેલો મારા સાંભળવામાં આવેલો તે ઈતિહાસ હું તમને કહું છું ।।૬।।

હે સંયમી! દક્ષ પ્રજાપતિની પુત્રી દિતિ કામાતુર થઈ મરીચિના પુત્ર અને પોતાના પતિ કશ્યપની પાસે સન્તાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ગઈ. યજુર્વેદના પતિ યજ્ઞનારાયણ કે જેની જિહ્વા અગ્નિ છે. તેમાં દૂધવડે હોમ કરીને મુનિ સન્ધ્યાસમયે અગ્નિઘરમાં સમાધિમાં બેઠા હતા ત્યારે દિતિ પોતાનું કામપીડાનું નિવેદન કરવા એમની પાસે ગઈ ।।૭-૮।।

**દિતિ બોલી :** હે વિદ્વન્! જેમ કોઈ હાથી કેળને ચોળી નાખે તેમ કામદેવ પોતાનું ધનુષ ચડાવી દીન એવી મારાપર પોતાનું પરાક્રમ બતાવતો મને પીડી રહ્યો છે ।।૯।।

મારી સોક્યોને પુત્રસમ્પત્તિ છે એ જોઈ હું બળી રહી છું. એવી આપની આ સ્ત્રી ઉપર અનુગ્રહ કરો. આપનું કલ્યાણ થાઓ ।।૧૦।।

જેને આપના જેવો પતિ પ્રજારૂપે ઉત્પન્ન થાય છે તેવી સ્ત્રીઓને યશ લોકમાં વધે છે. ગર્ભાધાનાદિમાં સ્ત્રી પતિની સાથે બેસીને કર્મ કરે છે. તે એને યશ આપનાર છે ।।૧૧।।

અમારા પિતા સર્વ શક્તિમાન દક્ષને દીકરીઓ વહાલી છે. એમણે પહેલાં અમને પૂછેલું કે પુત્રીઓ તમારે કોને વરવું છે? એમ એમણે પ્રત્યેકને પૂછેલું ।।૧૨।।

એમને પ્રજાવૃદ્ધિની ભાવના હતી તેથી અમારો વિચાર જાણીને આપના શીલને અનુસરનારી એવી તેર પુત્રીઓ એમણે આપને પત્નીરૂપે આપી છે ।।૧૩।।

તેથી હે કલ્યાણ! હે કમલનયન! મારી કામના પૂર્ણકરીઆપો. કોઈ દુઃખી મોટા પાસે જાય તો એનો ફેરો સફળ થાયછે ।।૧૪।।

**મૈત્રેયે કહ્યું :** હે વીર! દિતિ કામના વેગથી અત્યન્ત બેચેન અને બેકાબુ થઈ રહી હતી. એણે આ પ્રમાણે ઘણી એવી વાત કહેતી દીન થઈને કશ્યપજીને પ્રાર્થના કરી. તેને સમજાવતાં કશ્યપે ઉત્તર આપ્યો ।।૧૫।।

**કશ્યપ બોલ્યા :** હે ભીરુ! તું જે પ્રિય ઈચ્છે છે તે તારું કામ હું કરીશ. ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થ જેનાથી સિદ્ધ થાય છે તે સ્ત્રીની કામના કોણ પૂરી ન કરે? ।।૧૬।।

જેમ નાવથી સમુદ્ર તરી શકાય છે તેમ સ્ત્રીવાળો પુરુષ ગૃહસ્થાશ્રમવડે બધાં દુઃખ તરી જાય છે. એવી રીતે ગૃહસ્થાશ્રમ જ સર્વ આશ્રમોમાં શ્રેષ્ઠ છે ।।૧૭।।

હે માનિની! કલ્યાણની ઈચ્છાવાળા પુરુષના આત્માનો સ્ત્રી અર્ધ ભાગ છે. એની ઉપર ઘરનો બધો ભાર રાખીને પુરુષ નિશ્ચિન્ત થઈ ફર્યા કરે છે ।।૧૮।।

બીજા આશ્રમીઓ પોતાના ઈન્દ્રિયરૂપ શત્રુઓને મહા મુશ્કેલીએ જીતી શકે છે, પરન્તુ એને ગૃહસ્થાશ્રમીઓ સ્ત્રીની સહાયતાથી, જેમ કિલ્લાવાળો શત્રુને સહેજમાં જીતી શકે તેમ, સહેજમાં જીતી લે છે ।।૧૯।।

હે ગૃહેશ્વરી! અમારા ઉપર તમારા એટલા બધા ઉપકાર છે કે અમે આખી જિન્દગી સુધી એનો બદલો વાળવા ઈચ્છીએ તો પણ એક પણ ઉપકારનો બદલો વાળી શકવા સમર્થ નથી. દેવતાઓ પણ એટલા જ અસમર્થ છે ।।૨૦।।

તારી કામના પૂર્ણ તો કરીશ પણ, બીજા લોકોમારી નિન્દા ન કરે તેવી રીતે મારે તારી કામના પૂર્ણ કરવી છે; માટે થોડો વખત ધીરજ રાખ ।।૨૧।।

આ (સન્ધ્યાનો) સમય અત્યન્ત ઘોર છે. (આખા દિવસમાં સન્ધ્યા રજસ્વલારૂપ છે. આકાશમાં રતાશ પ્રત્યક્ષ દેખાય છે) એ વખત ઘોર પ્રાણીઓ-રાક્ષસો વગેરેનો છે. આ વખતે ભગવાન્ ભૂતનાથ શ્રીમહાદેવજીના ગણ ભૂતપ્રેતાદિ ફરતા હોય છે ।।૨૨।।

હે સાધ્વી! આ સન્ધ્યાસમયે ભૂતની મંડળીને લઈને ભૂતના રાજા શિવજી નન્દીઉપર બેસીને લોકરક્ષાર્થે ફરે છે ।।૨૩।।



જેની જટા શ્મશાન ભૂમિમાં ચડી આવેલ વંટોળિયાની રજથી ધૂસર (ભૂખરી) થઈ પ્રકાશી રહેલ છે તથા જેના સુવર્ણકાન્તિમય ગૌરશરીરમાં ભસ્મ લાગેલી છે તે તમારા દિયર મહાદેવજી પોતાના ત્રણ નેત્રો(યજ્ઞના ત્રણ અગ્નિઓ ગાર્હપત્ય, આહવનીય અને દક્ષિણ)થી બધું જુએ છે ।।૨૪।।

જેમને કોઈ પોતાનો કે પારકો નથી, કોઈ અત્યન્ત માનનીય કે તિરસ્કાર કરવા જેવો નથી; એમના ચરણોથી લાત મારી ફગાવી દેવાયેલી, ભોગવાઈ ચૂકેલી, સમૃદ્ધિના દોષ દેખાવાથી ત્યાગ કરાવેલી સમૃદ્ધિની વ્રતો કરીને આપણે બધાં આશા કરીએ છીએ ।।૨૫।।

અવિદ્યાનો પડદાને દૂર કરવાને બુદ્ધિમાન પુરુષો એમના નિર્મલ ચરિત્રનું ગાન કરે છે. એમનાથી અધિક તો કોઈ નથી પણ કોઈ એમના ઐશ્વર્યને પહોચી શકે એમ પણ નથી આમ છતાં એ પિશાચચર્યાનું આચરણ કરે છે. એવા એ સત્પુરુષને ગતિરૂપ હો ।।૨૬।।

આત્મારામ મહાદેવજીના ચરિત્રને કેટલાક ભાગ્યહીન લોકો હસી કાઢે છે. એ હસનારાઓ વસ્ત્રો, માલા, ઘરેણાં, ચન્દનાદિથી દેહને શણગારે અને તેને આત્મા માને છે, પરન્તુ ખરી રીતે દેહ તો શ્વાનને ભોજન કરવા લાયક છે. જેઓ આ જાણતા નથી તેઓજ મહેદેવજીની નિન્દા કરવામાં પ્રવૃત્ત થાયછે ।।૨૭।।

એની કહેલી મર્યાદાનું પાલન બ્રહ્માજી સુદ્ધાં કરે છે. આ વિશ્વનું કારણ માયા છે. માયા પણ એની આજ્ઞા ઉઠાવનારી દાસી છે. એ પિશાચના જેવું આચરણ કરે એ તો આ મોટાંના ચરિત્રનું અનુકરણ માત્ર ગણાય ।।૨૮।।

**મૈત્રેયે કહ્યું :** એવી રીતે કશ્યપે સારી રીતે સમજાવી છતાં કામે એના અન્તઃકરણને વલોવી નાખ્યું હતું તેથી દિતિએ શૂદ્ર સ્ત્રીની માફક લાજ છોડી કશ્યપના વસ્ત્રને પકડી લીધું ।।૨૯।।

પોતાની સ્ત્રી કર્મનો નાશ કરવામાં આવો આગ્રહ કરે છે એ જોઈ કાલને નમસ્કાર કરી એના કામને શાન્ત કરવા ઋષિ એકાન્તમાં મળ્યા ।।૩૦।।

પછી મૌન ધારણ કરી જલથી સ્નાન કરી સનાતન, સ્વયંપ્રકાશ અને રજોગુણ રહિત બ્રહ્મનો ધ્યાન સહિત જપ કરવા લાગ્યા ।।૩૧।।

હે ભારત! નિંદિતકર્મ કરવાથી દિતિ લજ્જાયુક્ત થઈને મુનિની પાસે આવી અને નીચું મો રાખીને મુનિને કહેવાલાગી ।।૩૨।।

**દિતિ બોલી :** હે બ્રહ્મન્! ભૂતપતિ રુદ્ર મારા ગર્ભને ન મારે એટલી મારી માગણી છે, કારણ કે ભૂતોમાં શ્રેષ્ઠ રુદ્રનો મેં અપરાધ કર્યો છે ।।૩૩।।

રુદ્ર, ઉદાર, દેવ, ઉગ્ર, કામના પૂર્ણ કરનાર, કલ્યાણ સ્વરૂપ, (દક્ષને મારવાથી ઉપદ્રવ થતાં)જેણે દંડ દેવાનું છોડીદીધું છે પણ દુષ્ટોમાટે દંડ ધારણ કરનાર, (બ્રહ્મના)ક્રોધસ્વરૂપને નમસ્કાર ।।૩૪।।

ઘણો જ અનુગ્રહ કરનાર, સ્ત્રીઓના દેવ, સતીના પતિ, મારા બનેવી મારા ઉપર પ્રસન્ન હો, કારણ કે સ્ત્રીઓ ઉપર તો શિકારી પણ દયા રાખે છે.શિકારી અર્થ-ધનમાટે પ્રાણીઓની હિંસા કરે છે. કામ કરતાં અર્થ મોટો પુરુષાર્થ છે અને કામ સ્ત્રી હોય ત્યારે જ સિદ્ધ થાય છે ।।૩૫।।

**મૈત્રેય કહ્યું :** સર્વ લોકમાં પ્રસિદ્ધ આશિષોને પોતાના ગર્ભને માટે ઈચ્છતી અને ધ્રૂજતી દિતિને પ્રજાપતિ કશ્યપ પોતાનો સન્ધ્યાનિયમ પૂરો કરી કહેવા લાગ્યા ।।૩૬।।

**કશ્યપ બોલ્યા :** હે અભદ્રે! તેં આત્મસંયમ ન રાખ્યો, સન્ધ્યાસમયનો દોષ કર્યો, મારી આજ્ઞાનું પાલન ન કર્યું અને દેવોની અવગણના કરી, આ ચાર અપરાધોને લઈને તારા પેટમાં રહેલા બન્ને ગર્ભ અધમ થશે એટલું જ નહિ એઓ લોકપાલો સહિત ત્રણ લોકને વારંવાર આક્રમણ કરી રડાવશે ।।૩૭-૩૮।।

એઓ નિરપરાધી અને ગરીબ પ્રાણીઓને મારશે, સ્ત્રીઓને ઉઠાવી પોતાના ઘરમાં કેદ કરશે અને મહાત્માઓના કોપના પાત્ર થશે એ સમયે 'ક્રોધાયમાન' વિશ્વના ઈશ્વર ભગવાન્ લોકનું રક્ષણ કરવાને, જેમ પર્વતોને ઈન્દ્ર તોડી પાડે તેમ તારા પુત્રોને મારવા અવતાર ધારણ કરી પૃથ્વી ઉપર પધારશે ।।૩૯-૪૦।।

**દિતિ બોલી :** એવા ચક્રધારી ભગવાનના હાસ્ત્રી મારા પુત્રો મરે એવું હું ઈચ્છું છું. પરન્તુ હે પ્રભુ! મારા પુત્રો બ્રાહ્મણના ક્રોધથી નમરે એવી કૃપાકરો ।।૪૧।।

બ્રાહ્મણના શાપ પામેલાઓ અને પ્રાણીને ભય કરનારાઓ જે-જે યોનિમાં જાય છે. ત્યાં-ત્યાં નરકના લોકો પણ એમનો સ્પર્શ કરતાં નથી ।।૪૨।।

**કશ્યપે કહ્યું :** તેં તારા કામનો શોક અને પશ્ચાત્તાપ કર્યો તરત જ અપરાધની ક્ષમા માગી, ભગવાનના હાથે મરવામાં ખુશી બતાવી અને એમ કહી તેં ભગવાનના પ્રત્યે તથા મારા પ્રત્યે આદર છે એમ બતાવ્યું તેથી તારા પુત્રો તો મેં કહ્યું તેવા થશે પણ તારો એ પૌત્ર સત્પુરુષોમાં સન્માન પામશે. ભગવાનની પેઠે એનો યશ ત્રણ



લોકમાં ગવાશે ।।૪૩-૪૪।।

જેમ અગ્નિવડે હલકા સુવર્ણને તપાવી શુદ્ધ કરવામાં આવે તેમ આત્માને શુદ્ધ કરતા નિર્વૈર બની ભક્તો પ્રહ્લાદના શીલને અનુસરશે ।।૪૫।।

જે ભગવાનની કૃપાથી ભગવદાત્મક આ વિશ્વ પ્રસન્ન થાય છે, પોતાના જ સ્વરૂપને જોનાર તે ભગવાન્ તારા પૌત્ર ઉપર અનન્ય* દૃષ્ટિથી પ્રસન્ન થશે।।૪૬।।

**વિશેષ :** પ્રાણીને સોળ, દૃષ્ટિ હોય છે. દશ ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારરૂપ ચાર રૂપ જ અન્તઃકરણ, આત્મા, દેહ અને પ્રાણને ગણો તો સત્તર. એ ૧૭ આન્તર; પુત્રાદિ બાહ્ય ગણીએ તો ૩૪ દૃષ્ટિ થાય છે. એ દૃષ્ટિ ભગવાન્ વિના વિષયને ગ્રહણ ન કરે. એ ભક્ત અનન્યદૃક્ કહેવાય. પ્રહ્લાદ અનન્ય હોવાથી ભગવાન્ એની ઉપર પ્રસન્ન થઈ મર્યાદાને છોડી સ્તમ્ભમાંથી પ્રકટ્યા.

તારો પૌત્ર મહા ભગવદ્ભક્ત થશે, મહાત્મા થશે, મહાનુભાવ થશે. યશસ્વીઓમાં સૌથી યશસ્વી થશે, વૃદ્ધિ પામતી ભક્તિનું સેવન કરી પોતાના હૃદયમાં ભગવાનને ધારણ કરી એ પોતાના દેહનો ત્યાગ કરશે ।।૪૭।।

વિષયાશક્તિથી રહિત, સારા સ્વભાવવાળો ગુણનો ભંડાર પારકી સમ્પત્તિ જોઈ રાજી થનાર, દુઃખવાળાનાં દુઃખ જોઈ દુઃખી થનાર, અજાતશત્રુ એ જેમ ચન્દ્ર ગ્રીષ્મનો તાપ મટાડે તેમ, જગતનો શોક મટાડશે ।।૪૮।।

ભક્તની ઈચ્છા પ્રમાણે સ્વરૂપને ધારણ કરનાર, જે અન્દર અને બહાર નિર્મળ છે,જેમનાં નેત્ર કમળ જેવાં છે, જેમનું મુખારવિન્દ પ્રકાશતાં કુંડળોવડે શોભે છે, શ્રીના ચિહ્નરૂપ લક્ષ્મીજીથી સુન્દર તેવા ભગવાન્ તારા પૌત્રને નિરન્તર દર્શન દેશે।।૪૯।।

**શ્રુત્વા ભાગવતં પૌત્રં મુમોદત દિતિર્ભૃશમ્ ।।**
**પુત્રયોશ્ચ વધં કૃષ્ણાદ્ વિદિત્વાઽઽસીન્મહામનાઃ ।।૫૦।।**

(પ્રભુનું સ્વરૂપ સર્વ ભાગ્યરૂપ હોવાથી તેનાં દર્શન થતાં બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું બાકી રહેશે નહિ) **મૈત્રેયે કહ્યુંઃ** પોતાનો પૌત્ર ભગવાનનો મોટો ભક્ત થશે એ જાણી દિતિ અત્યન્ત પ્રસન્ન થઈ અને પોતાના બે પુત્રોને ભગવાન્ મારશે એ જાણીને પણ મોટા મનવાળી થઈ ।।૫૦।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (મુખ્ય જીવસૃષ્ટિપ્રકરણનો ત્રીજો)**
**''દિતિને કશ્યપથી અકાલમાં ગર્ભાધાન અને તેથી દૈત્યોની ઉત્પત્તિ''**
**નામનો ચૌદમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૫
## જયવિજયને સનત્કુમારનો થયેલ શાપ

**વિશેષ :** આ પન્દરમાં અધ્યાયમાં ક્રોધવડે જ્ઞાનનો નાશ શી રીતે થાય છે એ કહેવાય છે; અર્થાત્ બીજમાં જીવનો પ્રવેશ થાય તેમાટે જય-વિજયને શાપ થયો એ વાત કહે છે. વૈકુંઠમાં વૃક્ષ, પક્ષી કે સ્ત્રીઓ એ બધાને પરોત્કર્ષની અસહિષ્ણુતા થતી નથી, કારણ કે એનું મૂળ દોષ છે. વૈકુંઠસ્થ બધા નિર્દોષ છે, છતાં ત્યાં પણ એ દોષ દેખાયો એ ભગવદિચ્છાથી છે એ વાત પ્રસિદ્ધ કરવામાટે વૈકુંઠનું વર્ણન છે.

**પ્રાજાપત્યં હિ તત્તેજઃ પરતેજો હનં દિતિઃ ।।**
**દધાર વર્ષાણિ શતં શંકમાના સુરાર્દનાત્ ।।૧।।**

**મૈત્રેય બોલ્યા :** પ્રજાપતિ કશ્યપનું તેજ જે બીજા તેજોનો નાશ કરનારું છે તે દેવતાઓ તેને પીડા કરશે એવી શંકા કરી દિતિએ એ તેજને પોતાના ગર્ભમાં સો વર્ષ પર્યંત ધારણ કર્યુ ।।૧।।

એ ગર્ભમાં તેજ દાખલ થયું તેનાથી લોકો અને લોકપાલો નિસ્તેજ બની ગયા; દિશાઓમાં અન્ધકાર થઈ ગયો. બ્રહ્માજી સમક્ષ જઈ લોકપાલોએ એ બધું નિવેદન કર્યું ।।૨।।

**દેવોએ કહ્યું :** હે વિભુ! જેનાથી અમે અત્યન્ત દુઃખી થઈ રહ્યા છીએ તે અન્ધકાર આપ જાણો છો. આપનો માર્ગ કાળથી અસ્પૃષ્ટ હોઈ, આપને આવું કેમ થયું છે એની ખબર હોવી જોઈએ કેમકે આપ ભગવાન્ છો ।।૩।।

હે દેવના દેવ! જગતના ધાતા, લોકનાથોના શિખામણિ, આપ અમારા ઊંચા તેમજ નીચા-પર અને અપરના-હૃદયને જાણનાર છો ।।૪।।

વિજ્ઞાન બ્રહ્મનો અનુભવ આપનું બળ છે. આપ માયાવડે શરીર ધારણ કરો છો, ગુણના ભેદને ગ્રહણ કરી આપ અવ્યક્તના કારણરૂપ થયા છો, એવા આપને મારા નમસ્કાર હો ।।૫।।

જેઓ પોતાના (જીવોના) દેહને ઉત્પન્ન કરનાર, પોતાની અન્દર ભુવનોને પરોવી રાખનાર, નિયન્તા, પ્રલયકર્તા (સદસદાત્મક) એવા આપનું અનન્યભાવથી ચિન્તન કરે છે તે પકવ થયેલ યોગવાળા, શ્વાસ, ઈન્દ્રિયો અને અન્તઃકરણ ઉપર વિજય મેળવેલા અને તેથી આપના કૃપાપાત્રોનો કોઈથી પણ પરાભવ થઈ શકતો નથી ।।૬-૭।।



જેમ કોઈ બળદ નાથવડે બન્ધાય તેમ વાણીવડે સર્વ પ્રજા બન્ધાઈ રહી છે એને અધીન થઈ આપને બલિનું અર્પણ કરે છે; એવા મુખ્ય (દેવ) ને નમસ્કાર ।।૮।।

અન્ધકારથી જેનાં કર્મ લુપ્ત થઈ ગયાં છે તે અમે આપની પાસે હાજર થયા છીએ. અત્યન્ત દયાદષ્ટિવડે દુઃખી તેવા અમારી સામું આપ જુઓ અને હે ભૂમન્! અમને સુખી કરો ।।૯।।

હે દેવ! દિતિના ગર્ભમાં ગયેલી કશ્યપની શક્તિ બધી દિશાઓમાં અન્ધારું કરે છે; લાકડામાં અગ્નિ વધતો જાય તેમ એ અન્ધકાર વધતો જાય છે ।।૧૦।।

**મૈત્રેયે કહ્યું :** હે મહાબાહુ વિદુર! દેવોની સ્તુતિ સાંભળી વેદોથી જેનું જ્ઞાન થાય છે તેવા ભગવાન્ બ્રહ્માજી ઘણું હસ્યા. પછી એમને આનન્દાયક સુન્દર વાણીવડે એમણે ઉત્તર આપ્યો ।।૧૧।।

**બ્રહ્માજી બોલ્યા :** સનકાદિ ચાર ભાઈઓ એ તમારા પૂર્વજો અને મારા માનસ પુત્રો છે; તેઓ લોકોમાં સ્પૃહારહિત થઈને આકાશમાર્ગે બધા લોકમાં ફરતા હતા ।।૧૨।।

એક વખત તે સનત્કુમારો સર્વ લોક જેને નમસ્કાર કરે છે તેવા નિર્મલ સ્વરૂપવાળા વૈકુંઠ ભગવાનના લોકમાં ગયા ।।૧૩।।

ત્યાં સર્વ ભગવાનના જેવા સ્વરૂપવાળા પુરુષો વસે છે અને ભક્તો કોઈ પણ જાતના ફળની આશારહિત થઈ ધર્મવડે હરિનું આરાધન કરે છે ।।૧૪।।

ત્યાં ભક્તોના સ્વામી, વેદોથી જાણી શકાય તેવા ભગવાન્ પુરુષોત્તમ, રજોગુણરહિત સત્ત્વને સ્થિર કરી આપણને આનન્દ આપતા બિરાજે છે ।।૧૫।।

એમાં નિઃશ્રેયસ નામનું વન છે. એમાં ઈચ્છા પૂર્ણ કરે તેવાં વૃક્ષ આવેલાં છે. એનાથી તથા સર્વ ઋતુની શોભાથી જાણે સાક્ષાત્ મોક્ષ હોય એવું એ વન લાગે છે ।।૧૬।।

ત્યાં ગન્ધર્વો પોતાની લલનાઓ સાથે વિમાનમાં બેસી લોકનાં પાપ દૂર કરનારા ભગવદ્યશનું ગાન કરે છે. એઓ વસન્ત ઋતુમાં જળમાં ખીલતી માલતી લતાના સુગન્ધવાળા પવનને પણ ગણકારતા નથી અને એમ કરી એઓ પોતાની ભક્તિનું પ્રાબલ્ય બતાવે છે ।।૧૭।।

એ વનમાં જ્યારે ભ્રમરરાજ ઊંચા સ્વરથી, હરિ કથાનું ગાન કરતો હોય તેમ ગુંજારવ કરે છે ત્યારે થોડી વાર તો કબૂતર, કોકિલ, સારસ, ચક્રવાક, બપૈયા, હંસ,

પોપટ, તેતર અને મોર વગેરેનાં શબ્દનો કોલાહલ શાન્ત થઈ જાય છે. (આમ ભ્રમર ભગવાન્ સમીપ રહેતો હોવાથી, ભગવાનના કેશોનો રંગ ભ્રમર જેવો હોવાથી તેઓ જાણે કે તેનું આધિપત્ય સ્વીકારી એના કીર્તનના આનન્દમાં સૂધબૂધ ખોઈ બેસે છે) ।।૧૮।।

તુલસી (ની વનમાલા ધારણ કરનાર ભગવાન્ તુલસી) નો અધિક આદર કરે છે એ જોઈને ત્યાંના મન્દાર, કુન્દ, કુરબક, ચમ્પો, અર્ણ, પુન્નાગ, બોરસલી, કમળ અને પારિજાત જે બધાં સુગન્ધવાળાં છે તે બધાં તુલસીના તપને પોતાના કરતાં વિશેષ માનેછે ।।૧૯।।

એ વૈકુંઠ, વૈદૂર્ય, મરકતમણિ અને સોનાનાં વિમાનોથી વ્યાપેલું છે. એને ભગવાનના ચરણમાં નમન કરનારાઓ શ્રવણથી દાસ્ય સુધીની ભક્તિ કરનારા જ જોઈ શકે છે. વિમાનોમાં બેઠેલી મોટા નિતમ્બવાળી મન્દ હાસ્યથી શોભતી સુમુખી દેવસ્ત્રીઓ પણ વૈકુંઠમાં વસનારાઓમાં પોતાનાં હાસ્યદિવડે કામ ઉત્પન્ન કરી શકતી નથી ।।૨૦।।

લક્ષ્મીજીએ ત્યાં સાક્ષાત્ સ્વરૂપ ધારણ કર્યું હોય છે. પોતાના ચરણારવિન્દવડે ઝંકાર કરતી અને હાથમાં કમળને ધારણ કરી, પોતાના ચાંચલ્ય દોષને દૂર કરતી એ જ્યાં સ્ફટિકની ભીંતોમાં કુન્દન જડેલ છે. તેવા વૈકુંઠમાં બુહારી (સાફસૂફ)કરતી દેખાય છે. જે લક્ષ્મીના અનુગ્રહને માટે બીજાઓ યત્ન કરતા રહે છે તે લક્ષ્મી વૈકુંઠમાં સાધારણ સ્ત્રીની માફક વર્તે છે ।।૨૧।।

વૈકુંઠમાં અમૃત જેવા જળવાળી અને પ્રવાળના કાંઠા બાન્ધેલી વાવડીઓ આવેલી છે. લક્ષ્મી જ્યારે પોતાની દાસીઓ સાથે વનમાં ફરતી-ફરતી તુલસીથી પોતાના સ્વામીનું અર્ચન કરતી એ વાવડીઓના જળમાં સુન્દર કેશ અને સુન્દર નાસિકાવાળું પોતાનું મુખ પ્રતિબિમ્બિત થયેલું જુએ છે ત્યારે, હે અંગ! એને એટલો સન્તોષ થાય છે કે આ મુખ ભગવાન્થી ચુંબિતછે ।।૨૨।।

ભગવાનની કથા સિવાયની બીજી કુકથા બુદ્ધિનો નાશ કરનારી છે. જે એ સાંભળે છે તે વૈકુંઠમાં જઈ શકતો નથી. હતભાગી જ એવી કુકથા સાંભળે છે. અરર! એવી સાર વગરની કુકથા સાંભળનાર નરકગામી થાય છે. મનુષ્યપણું તો બ્રહ્માજી પણ માગી રહ્યા છે, કારણ કે એમાં તત્ત્વજ્ઞાન સહિત ધર્મ પણ સિદ્ધ થઈ શકે છે. એવા મનુષ્યત્વને પામીને જો મનુષ્યોએ ભગવાનનું આરાધન ન કર્યું તો હે દેવો!



તેઓ ભગવાનની માયાથી મોહિત થયેલા છે એમ જ સમજવું રહ્યું ।।૨૩-૨૪।।

હે ઈન્દ્ર! જેમનો અહંકાર દૂર થયો છે તેઓ નિરન્તર ભગવાનને અનુસરે છે. એવાઓને પોતાના સ્વામીની કથામાં અનુરાગ હોય છે એથી કથા કહેવા માત્રથી એમને વિકળતા થાય છે એમનાં નેત્રમાં જળ આવી જાય છે અને એમને રોમાંચ થાય છે. આવા ભક્તો જેના જેવા શીલસ્વભાવની અમે પણ ઈચ્છા કરીએ છીએ તેઓ આપણી ઉપર રહેલા વૈકુંઠમાં જાય છે ।।૨૫।।

જેમાં વિશ્વના ગુરુ અધ્યક્ષરૂપે બિરાજે છે, જે ભુવનોને માત્ર વન્દન કરવા યોગ્ય છે, (પગ મૂકવા યોગ્ય નથી) દેવતાઓનાં વિચિત્ર વિમાનોની કાન્તિથી શોભાયમાન છે તેવા વૈકુંઠમાં *યોગમાયાના બળવડે સનકાદિ પહોંચ્યા અને પરમ હર્ષ પામ્યા ।।૨૬।।

**વિશેષ :** હકીકતમાં યોગમાયાએ ભગવાનની આજ્ઞાથી સૃષ્ટિ રચી. પોતે રચેલી સૃષ્ટિ જોવામાટે ભગવાનને કહેવા જવાની યોગ માયાની હિમ્મત ચાલી નહિ. ભગવાનના બે દ્વારપાલો કેમેય કરીને પૃથ્વી ઉપર આવે અને પૃથ્વીનું પાલન કરનારા થાય તો ભૂમિ ભગવાનનું દ્વાર થાય. ત્યારે ભૂમિનું દ્વારપણું સિદ્ધ થાય તેમાટે ભગવાન્ ભૂમિ ઉપર પ્રકટ થાય અને માયાની સૃષ્ટિ રચવાની કલા ભગવાન્ જુએ. આમાટે માયાએ સનત્કુમારોને બલાત્કારે વૈકુંઠમાં લાવી મૂકવાની યુક્તિ રચી.

વૈકુંઠમાં દાખલ થઈને આસક્તિ રહિત એઓ છ દોઢી સુધી તો ચાલ્યા ગયા, પરન્તુ સાતમી દોઢી ઉપર આવતાં કીમતી બાજૂબન્ધ, કુંડળ કિરીટ તથા સુન્દર વેશથી શોભતા અને હાથમાં ગદાવાળા સમાન વયના બે દેવોને એમણે જોયા ।।૨૭।।

ચાર શ્યામલ બાહુઓની મધ્યમાં રહેલા કંઠમાં એઓએ મદોન્મત્ત ભમરાઓથી વીંટાયેલી વનમાળા પહેરી હતી. એમની ભ્રુકુટિ વાંકી હતી; નેત્રો લાલ હતાં અને એમનું નાક ફરકતું હતું; એવા કંઈક ક્રોધવાળા દેખાતા બે દેવોને એમણે જોયા ।।૨૮।।

બન્ને દેવો જોઈ રહ્યા હતા છતાં તેઓને પૂછ્યા વિના હીરાથી જડેલા સોનાનાં કમાડવાળા એ દરવાજાની અન્દર સનકાદિ દાખલ થયા કારણ કે એમને વિષમદષ્ટિ ન હોવાથી તેઓ ભયરહિત થઈ સર્વત્ર ફરે છે ।।૨૯।।

વસ્ત્રરહિત, વૃદ્ધ[1] દશાની[2] અર્ધ ઉમરવાળા (એક પરાર્ધ વર્ષની વયવાળા) આત્મતત્ત્વને જાણનાર એ કુમારોને જતા જોઈ, ભગવાનના સ્વભાવથી વિરુદ્ધ

જઈએ જય-વિજયે કુમારોના તેજને પાખંડ ગણી કાઢી અણછાજતી રીતે તેમના આડી છડી રાખી તેમને અટકાવ્યા.[3] ।।૩૦।।

**વિશેષ :** ૧. બ્રહ્મકલ્પમાં તેમનો જન્મ થયેલો તેથી બ્રહ્માજીની સૃષ્ટિમાં સૌથીવૃદ્ધ. ૨. દશા=બે પરાર્ધ વર્ષની મનુષ્યની દશા. ૩. મુનિઓ આસક્તિરહિત હતા તેથી છ દ્વાર (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય) તો વટાવ્યાં પણ ભક્તિ નહિ હોવાથી, સાતમા દ્વારે રુકાવટ આવી.

અત્યન્ત પૂજનીય હોવા છતાં સનકાદિને દેવોના દેખતાં ભગવાનના પાર્ષદોએ અટકાવ્યા. એવી રીતે સુહૃત્તમ ભગવાનનાં દર્શનનો અભિલાષ અટકતાં, સ્હેજ ક્રોધ થતાં આંખો ચડાવી તેઓ બોલ્યાઃભગવાનની ઉત્તમ પ્રકારે સેવા કરવાથી વૈકુંઠમાં આવનાર બધા ભગવાનના જેવા ધર્મવાળા હોય, છતાં તમારા સ્વભાવમાં આવી વિષમતા કેમ દેખાય છે? ભગવાનના તો બધા જ પુરુષો શાન્ત હોય છે, ભગવાન્‌માં નથી કલહ, નથી આગ્રહ કે નથી દેહ તો પછી એમની પાસે રહેલા, પોતાની જેમ બીજાને જોનાર, કપટની શંકા કરનાર તમે કોણ છો? ।।૩૧-૩૨।।

જેમ આકાશથી આકાશને તથા આત્માથી આત્માને ભેદ નથી હોતો તેમ ભગવાન્ કે જેમના ઉદરમાં સર્વ જગત્ છે તેમને ધીર પુરુષો ભેદરહિત ગણે છે. દેવોનો વેશ ધારણ કરીને રહેલા તમે કોણ છો કે જેમને અમારી અને વૈકુંઠવાસીની વચ્ચે અન્તર કરાવનારો ભય દેખાય છે? ।।૩૩।।

ભગવાન્ સર્વના સ્વામી છે. એમની ખાતર અમને વિચાર થાય છે કે મન્દ બુદ્ધિવાળા હોવાથી તમે ભેદભાવવાળા છો તેથી જ્યાં કામ, ક્રોધ અને લોભરૂપી પાપ કરાવનારા શત્રુઓ વસતા હોય તેવા નીચ લોકમાં તમારે જવું ।।૩૪।।

સનકાદિનું બોલવું સાંભળતાં, મોટા અસ્ત્રના સમુદાયથી પણ જેનો સામનો ન થઈ શકે તેવો આ બ્રહ્મદંડરૂપ શાપ થયો એમ જાણી અત્યન્ત ભયથી દીન બન્યા અને એમને ભગવાનના ભક્ત જાણી એમના પગ પકડી ચરણમાં પડ્યા ।।૩૫।।

આપે અમો પાપીઓને દંડ આપ્યો એ યોગ્ય કર્યુ કેમકે એ અમે કરેલ દેવના અપરાધના સર્વ દોષને હરનાર છે. પરન્તુ અહીંથી અમે નીચે જઈએ ત્યારે ત્યાં પશ્ચાત્તાપને લઈને અમને ભગવાનનું વિસ્મરણ કરનારો મોહ ન થાય એવી આપ કૃપાકરો ।।૩૬।।

એ સમયે ભક્તો જેને વહાલા છે તેવા અને જેમના નાભિમાં કમળ છે તેવા



ભગવાન્ લક્ષ્મીને સાથે લઈ, પોતાના સેવકોએ ભગવદ્‌ભક્તોનો અપરાધ કર્યો છે એ જાણીને જેમાનાં ચરણારવિન્દ પરમહંસો તથા મુનિઓએ પણ શોધવા લાયક છે તેનાવડે ચાલતા ત્યાં પધાર્યા ।।૩૭।।

પોતાના સેવકોએ જેમના ઉપયોગમાટે પાદુકા વગેરે તૈયાર રાખ્યાં છે તેવા, જેમનું દર્શન કેવળ ભાગ્યવાળા જ સમાધિમાં કરી શકે છે તેવા, હંસ જેવા શ્વેત ચામરના ઊડવાથી પવિત્ર પવનને લીધે શ્વેત છત્રની ઝાલરની મોતીની હારો ચન્દ્રકિરણમાંથી પડતા જળબિન્દુની શીતળતાનો જેને અનુભવ કરાવી રહી છે તેવા ભગવાન્ ત્યાં પધાર્યા ત્યારે સનકાદિ કુમારોએ પ્રત્યક્ષ દર્શનકર્યા ।।૩૮।।

જેમનું મુખરવિન્દ જોઈ સર્વે પ્રસન્ન થાય છે. જેમની સુન્દર ક્રાન્તિ જોઈ લોકો જેમની સ્પૃહા કરે છે, સ્નેહપૂર્વક જોવા માત્રથી જે હૃદયમાં ચોંટી જાય છે, જેમના શ્યામ વિશાળ વક્ષઃસ્થળમાં લક્ષ્મી શોભી રહેલાં હોવાથી જેમણે સ્વર્ગના મુકુટમણિરૂપ વૈકુંઠને સૌભાગ્યનું ધામ બનાવ્યું છે તેવા ભગવાનનાં દર્શન થયાં ।।૩૯।।

એમણે વિસ્તૃત નિતમ્બ ઉપર પીતામ્બર ધારણ કર્યું છે અને એના ઉપર કટિમેખલા ઝળકી રહી છે. એમના ગળામાં ગુઞ્જારવ કરતા ભમરોવાળી અને ચરણારવિન્દ સુધી લટકતી માળા શોભી રહી છે. એમણે સુન્દર કડાંવાળો એક શ્રીહસ્ત ગરુડ ઉપર રાખ્યો છે તો બીજા શ્રીહસ્તથી કમળ ફેરવી રહ્યા છે તેવા ભગવાનનાં દર્શન થયાં ।।૪૦।।

વીજળીના પ્રકાશની પણ હાંસી કરનાર, મકરાકૃત કુંડળોના આભૂષણને યોગ્ય ગંડસ્થળ અને ઊંચી નાસિકાયુક્ત સુન્દર મુખારવિન્દ અને મણિમય મુકુટ તથા ચાર હાથની વચ્ચે શોભતા અમૂલ્ય હાર અને કંઠમાં પહેરેલા કૌસ્તુભથી મનને હરતા ભગવાનને તેઓએ જોયા ।।૪૧।।

એમનું દર્શન થતાં લક્ષ્મીને પોતાના સૌદર્યનો ગર્વ પણ ગળી જાય છે. એમના અવયવોનું સૌષ્ઠવ અવર્ણ્ય છે. અને ભક્તો જેવા રૂપનું ધ્યાન ધરે તેવા રૂપને એ ધારણ કરે છે તે ભગવાન્ જ મારા, શિવના અને તમારા સેવ્ય છે તેવા ભગવાનને જોઈ જેમનાં નેત્રોની તૃષા મટી નથી તેવા સનકાદિ પોતાનું મસ્તક નમાવી આનન્દમગ્ન થવાથી ભગવાનને નમી પડ્યા ।।૪૨।।

એ કમળનેત્ર ભગવાનના પદારવિન્દના કેશરથી મિશ્ર થયેલો તુલસીના સુગન્ધીવાળો વાયુ નાસિકાદ્વારા હૃદયમાં જતાં, જો કે સનકાદિ બ્રહ્મરૂપ હતા તો પણ એમનાં મન

અને શરીરને એ સુગન્ધી વાયુએ ખળભળાવી દીધાં. (જેથી એમને ભગવાનના ચરણની સ્પૃહા થઈ) ।।૪૩।।

શ્યામ કમળના કોશ જેવા, અત્યન્ત સુન્દર અધર અને કુન્દના પુષ્પ જેવા હાસ્યયુક્ત, મુખારવિન્દને નીરખીને એ કુમારો પોતાના સર્વ મનોરથો સિદ્ધ થયા એમ માનવા લાગ્યા એટલું જ નહિ પણ ભગવાનનાં નખરૂપી લાલ મણિઓવાળાં બે ચરણારવિન્દનું ધ્યાન કરવા લાગ્યા ।।૪૪।।

આ લોકમાં મુમુક્ષુઓ, યોગદ્વારા ધ્યાનમાં જે આદર કરવા યોગ્ય, નેત્રને ચારે તરફથી સુન્દર દેખાતું અને અન્યમાં જોવામાં આવતું નથી તેવું ઉત્પત્તિસિદ્ધ આઠ ભોગવાળું જે પુરુષશરીર જુએ છે તે જ શરીરને જોઈ કુમારો સુંદર સ્તુતિ કરવા લાગ્યા ।।૪૫।।

**કુમારો બોલ્યા :** હે અનન્ત! આપ દુષ્ટ પુરુષના હૃદયમાં તો બિરાજો છો છતાં એને દર્શન દેતા નથી તે આપ આજે જ અમારા નેત્ર સમક્ષ પધારેલા છો. આપથી ઉત્પન્ન થયેલા અમારા પિતા બ્રહ્માજીએ આપના સ્વરૂપનો પરિચય કરાવ્યો હતો ત્યારે જ કાનદ્વારા આપ હૃદયમાં પધાર્યા હતા તે આપનો આજે અમે નેત્રથી સાક્ષાત્કાર કરીએ છીએ ।।૪૬।।

હે ભગવાન્! અમે જાણીએ છીએ કે પરમ આત્મતત્ત્વરૂપ તેવા આ વૈકુંઠમાં વસતા ભક્તોને, સત્ત્વશરીર ધારણ કરી આપ હમણાં એમાં પ્રીતિ કરાવી રહ્યા છો. જેમણે તપ અને દૃઢ ભક્તિયોગવડે, રાગ અને અહંકારથી મુક્ત મુનિઓ આપનું સ્વરૂપ જાણી શકે છે ।।૪૭।।

હે અંગ! જેઓ આપના ચરણનો આશ્રય કરનારા છે તથા કીર્તન કરવા લાયક અને તીર્થની જેમ પવિત્ર કરનારી કથારસના રસિયા છે તેવા કુશળ પુરુષો આત્યન્તિક મોક્ષને પણ વિશેષ ગણતા નથી તો પછી આપની સ્હેજ ટેડી ભ્રમર જ જેને ભયભીત કરી દે છે તેમની એ ઈન્દ્રપદ વગેરે અન્ય ભોગોની બાબતમાં તો કહેવું જ શું? ।।૪૮।।

જો અમારું ચિત્ત ભમરાની પેઠે આપના ચરણકમળમાં રમ્યા કરે તુલસીની પેઠે અમારી વાણી આપના ચરણને શોભાવનારી થાય અને અમારા કાનનાં છિદ્ર આપના ગુણગાનથી ભરાય તો પછી ભલેને અમારાં પાપવડે અમારો જન્મ નરકોમાં થાય ।।૪૯।।



**પ્રાદુશ્ચકર્થ યદિદં પુરુહૂતરૂપં તેનેશ! નિર્વૃતિમવાપુરલં દશો નઃ।**
**તસ્મા ઈદં ભગવતે નમ ઈદ્વિધેમ યોઽનાત્મનાં દુરુદયો ભગવાન્પ્રતીતઃ ।।૫૦।।**

હે યજ્ઞસ્વરૂપ પ્રભો! આપે આ જે સ્વરૂપ પ્રકટ કર્યું તેનાથી અમારી આંખો ખૂબ ઠરી છે. બહિર્મુખતા વગેરેથી જેઓએ પોતાના આત્માનો જ નાશ કરી નાખ્યો છે તેઓને માટે આપ દુરુદ્ય છો અત્યન્ત દુર્લભ છો. આ પ્રમાણે સ્પષ્ટ રૂપથી પ્રકટ થયેલ આપ સાક્ષાત ભગવાન્ છો. આપને શાસ્ત્રીય વિધિ પ્રમાણે નમન કરવાનું તો અમારું ગજું નથી પણ પ્રમાણ જેવું કંઈક કરીએ! ।।૫૦।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (મુખ્ય જીવસૃષ્ટિપ્રકરણનો ચોથો)**
**''જય-વિજયને સનત્કુમારનો થયેલ શાપ''**
**નામનો ૧૫મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દક્ષિણા સ્વીકારીને, ફંડ-ફાળા માટે કે પાપી મૃતકના ઉદ્ધાર અર્થે યોજાતી
ભાગવતકથાના આયોજનની ગુરુએ આજ્ઞા આપવી કે
તેમાં હાજરી આપવી તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

# અધ્યાય ૧૬
# કોપ પામેલા કુમારોનું સાંત્વન કરી તેમની ઉપર પ્રભુએ કરેલી કૃપા

**વિશેષ :** આ અધ્યાયમાં ભક્તોની કૃતિ સત્ય છે, બ્રહ્મવાદિઓની વાણી સત્ય છે અને ભગવાનનું મન સત્ય છે એનો નિર્ણય કરવામાં આવ્યો છે. જય-વિજય ભક્ત છે. એમણે મુનિઓને વૈકુંઠમાં જતા રોક્યા અને ભગવાને દરવાજા ઉપર પધારી એમને દર્શન આપ્યાં પણ એ અન્દર જવા ન પામ્યા. બ્રહ્મવાદી મુનિનો શાપ સત્ય કર્યો અને ભગવાનની ઈચ્છા સત્ય થઈ. ભગવાનનું મન પ્રબળ હોવાથી મુનિઓએ બીજો વિરોધ ન દર્શાવ્યો એટલે ભગવાનની ઈચ્છા વિરુદ્ધ એ ન બોલ્યા; માટે ભગવાનની સર્ગ-લીલામાં પ્રીતિ ઓછી હોવાનું જણાય છે.

**ઈતિ તદ્ગૃણતાં તેષાં મુનીનાં યોગધર્મિણામ્।**
**પ્રતિનન્દ્ય જગાદેદં વિકુંઠનિલયો વિભુઃ ।।૧।।**

**બ્રહ્માજીએ કહ્યું :** યોગધર્મવાળા સનકાદિ એવી રીતે બોલ્યા એ મુનિઓના

વક્તવ્યને સમર્થ વૈકુંઠસ્થ ભગવાને આવકાર્યુ અને આ પ્રમાણે ભગવાને કહ્યું ।।૧।।

**શ્રીભગવાન્ બોલ્યા :** મારી આજ્ઞાનો અનાદર કરીને આ જય અને વિજયે તમારો ભારે અપરાધ કર્યો છે ।।૨।।

મારો મત જાણીને તમે એઓને દંડ આપ્યો છે. હે મુનિઓ! બ્રાહ્મણદેવનો અપરાધ થયો તેથી જે દંડ આપવામાં આવ્યો છે તેને હું સમ્મત થાઉં છું ।।૩।।

તેથી હું આજે આપની ક્ષમા યાચું છું. કારણ કે બ્રાહ્મણો મારું પરમ દૈવત છે. મારા માણસે કર્યું તે મેં જ કર્યું હોવાનું હું માનું છું ।।૪।।

જેમ કોઢ ચામડીને બગાડે તેમ જો નોકર ખરાબ કામ કરે તો લોકો એના સ્વામીને દોષિત ગણે છે એવો દોષ સ્વામીની કીર્તિનો નાશ કરે છે ।।૫।।

મારી નિર્મલ સુયશ સુધામાં ડૂબકી મારવાથી ચાંડાલ પર્યન્ત બધી સૃષ્ટિ તરત જ પવિત્ર થઈ જાય છે. એથી જ હું 'વિકુંઠ' કહેવાઉં છું. પણ આ પવિત્ર કીર્તિ મને લાધી છે આપ લોક પાસેથી જ. તેથી જો કોઈ આપની વિરુદ્ધ આચરણ કરે, પછી તે મારો જ હાથ કેમ નથી હોતો એને તત્કાલ કાપી નાખું ।।૬।।

બ્રાહ્મણોની સેવા કરવાથી મારા ચરણની રજ પવિત્ર થઈ છે તેથી તત્કાળ બધાં પાપને નિવૃત્ત કરનાર હું થયો છું. બધા સારા ગુણ એનાથી જ પ્રાપ્ત થયા છે. લક્ષ્મીના કટાક્ષના લેશની કામનાથી બ્રહ્મા વગેરે અનેક નિયમો પાળી એની આરાધના કરે છે તે લક્ષ્મી પ્રત્યે હું ઉદાસીન છું છતાં તે મને ક્ષણ પણ છોડતી નથી ।।૭।।

ઘી ટપકતા હોમદ્રવ્યનું અગ્નિદ્વારા ભક્ષણ કરી હું જેટલો પ્રસન્ન થાઉં છું તેના કરતાં બ્રાહ્મણના મુખમાં જતા એક-એક કોળિયાથી વધારે પ્રસન્ન થાઉં છું, કારણ કે પોતાના કર્મથી એને પ્રાપ્તિ થાઓ કે ન થાઓ છતાં નિર્વિષય પણ એ કેવળ મારી પ્રાપ્તિથી જ પ્રસન્ન થાય છે ।।૮।।

અખંડ અને અકુંઠિત યોગમાયા મારી વિભૂતિ છેઃમારા ચરણક્ષાલનનું જળ શિવજીની સાથે ત્રણ લોકને પવિત્ર કરે છે અને હું વિપ્રોની ચરણોની પવિત્ર રજ મારા મુકુટ ઉપર ધારણ કરું છું. તો એમની આજ્ઞા કોણ ન ઉઠાવે? ।।૯।।

ઉત્તમ બ્રાહ્મણો, દૂધ દેતી ગાયો તથા અનાથ પ્રાણીઓ એ મારા શરીરરૂપ છે. જેઓ સર્પ જેવી ક્રોધી તથા ભેદદૃષ્ટિથી એમની પ્રત્યે જુએ છે તે પાપથી નાશ પામેલી વિવેક બુદ્ધિવાળાની આંખોને દંડ દેનાર યમના દૂતરૂપી ગીધો ફોલી ખાય છે ।।૧૦।।



બ્રાહ્મણો તિરસ્કાર કરતા હોય તેની પણ ભગવદ્‌ભાવથી પૂજા કરી જેઓ મનમાં સન્તોષ પામે, જેમ ગુસ્સે થયેલા છોકરાને બાપ સ્નેહથી શાન્ત કરે તેમ મન્દ હાસ્ય રૂપ અમૃતથી સિંચાયેલા કમલ જેવા મુખથી સ્નેહની કલાઓવાળી વાણીથી મારી પેઠે એઓની સ્તુતિ કરે તેઓ મને વશ કરી શકે છે ।।૧૧।।

આ જય-વિજય પોતાના સ્વામીનો(મારો) અભિપ્રાય જાણતા ન હોવાથી તમારા શાપને પાત્ર થયેલા છે. તેઓ જલદીથી મારી પાસે આવે અને એમને મારો વિયોગ ઓછો થાય એમ હું ઈચ્છું છું ।।૧૨।।

**બ્રહ્માજીએ કહ્યું :** ઋષિના કુળને ઉચિત અને સુન્દર તેવી ભગવાનના શ્રીમુખની વાણી એ ક્રોધ પામેલા સનકાદિએ સાંભળી. ક્રોધીને બીજાનું બોલવું ગમે નહિ, છતાં ભગવાનની સુન્દર વાણી સાંભળતાં એમને તૃપ્તિ થઈ નહિ ।।૧૩।।

શબ્દો થોડા હતા, છતાં એ અર્થગમ્ભીર અને સત્ય હોવાથી એ સાંભળીને એથી ભગવાન્ શું કરવા માગે છે એ તેઓ સમજી શક્યા નહિ ।।૧૪।।

યોગમાયાવડે પરમ ઐશ્વર્યને પ્રકટ કરતા ભગવાનને વિપ્રો પ્રસન્ન થઈ રોમાંચ સાથે ભગવાનને કહેવા લાગ્યા ।।૧૫।।

**મુનિઓ બોલ્યા :** આપને શું કરવાની ઈચ્છા છે એ અમે જાણી શકતા નથી કેમકે જો આપના સેવકોને અમે શાપ આપ્યો છે છતાં મોટા હોવા છતાં આપ કહો છો કે ''તમે મારા ઉપર અનુગ્રહ કર્યો છે'' ।।૧૬।।

હે પ્રભો! આપ બ્રાહ્મણનું હિત કરનાર છો. આપ બ્રાહ્મણને પરમ દૈવત માનો છો. વસ્તુતઃ તો બ્રાહ્મણ તથા દેવોના દેવ બ્રહ્માજી વગેરેના પણ આપજ આત્મા તથા આરાધ્ય દેવછો ।।૧૭।।

નિર્વિકાર પરમ ગુહ્ય ધર્મની ઉત્પત્તિ આપનાથી છે. અનેક અવતારોવડે એ સનાતન ધર્મની રક્ષા આપ જ કરો છો ।।૧૮।।

સમાધિમાં આપનો યોગ કરનાર મુનિઓ આપના અનુગ્રહથી જ મૃત્યુને તુરત તરી જાય છે. એવા આપના ઉપર બીજો કોણ ભલા અનુગ્રહ કરી શકે? ।।૧૯।।

ધન્ય પુરુષો સુગન્ધમાં મુગ્ધ થનાર ભમરાના સ્થાનરૂપ તુલસીની માળા આપના ચરણમાં અર્પણ કરે છે તે ચરણની કામનાવાળી અને અર્થી લોકો જેની રજ પોતાના મસ્તક ઉપર હંમેશાં ચડાવે છે તેવા ચરણની સેવાર્થે લક્ષ્મી કામનાથી પોતે આવે છે ।।૨૦।।

એ લક્ષ્મી એકાન્તમાં આપની સેવા કરવાને આવે છે છતાં આપ એનો બહુ આદર કરતા નથી, કારણ કે આપ આપના પરમ ભક્તોમાં જ વિહરો છો; એવા આપ ઐશ્વર્યાદિ ષડ્‌ગુણના સ્થાનરૂપ છો છતાં બ્રાહ્મણના પગની રજથી પવિત્ર થયાનું કહો છો અને ભૃગુલાંછન શામાટે ધારણ કરતા હશો એ કાંઈ અમારી બુદ્ધિમાં આવતું નથી ।।૨૧।।

હે ત્રિયુગ! આપ ત્રણ યુગમાં અવતાર ધારણ કરનાર છો. ધર્મના ત્રણ પગને અસાધારણ તપ શૌચાદિથી સિદ્ધ કરી એનાવડે રજોગુણ અને તમોગુણ દૂર કરી બ્રાહ્મણો તથા દેવોને માટે આ જગતની રક્ષા કરો છો ।।૨૨।।

હે શ્રેષ્ઠ! જો એવા દ્વિજોના કુળની આપ આ લોકમાં સત્કાર કરનારી વાણી સાથેના સારા પૂજનથી રક્ષા ન કરો તો આ પવિત્ર વેદમાર્ગ નષ્ટ થાય અને ધર્મનો નાશ થાય. (કેમકે મોટા જે કરે તે લોકમાં પ્રમાણ ગણાય) ।।૨૩।।

હે ત્રિલોકપતિ! સત્ત્વના નિધિ હોવાથી આપ લોકનું કલ્યાણ કરવાની ઈચ્છા કરો છો અને એટલામાટે આપની શક્તિરૂપ રાજા વગેરે દ્વારા શત્રુનો ઉદ્ધાર કરો છો. વિભુ છતાં બ્રાહ્મણને નમન કરો છો પણ એથી આપના સ્વરૂપ-પ્રભાવને હાનિ થતી નથી. કેમકે મોટા નમ્રતા દેખાડે એ પણ તેમનો એક વિનોદછે ।।૨૪।।

હે અધીશ! જય-વિજયને આપેલા શાપમાં આપને જે કાંઈ ઓછું આદકું કરવું હોય તેનો અમે શુદ્ધ નિષ્ઠાપૂર્વક આવકાર કરીએ છીએ. વળી એ બન્નેને શાપ આપ્યો એમ અપરાધ ન હોય અને છતાં અમે શાપ આપ્યો હોય તો અમારો જે દંડ કરો તે અમે સહન કરીશું ।।૨૫।।

**શ્રીભગવાને આજ્ઞા કરી :** હે બ્રાહ્મણો! આ જય-વિજય દૈત્યપણાને પામી મારી સાથે ક્રોધયુક્ત થઈને મારામાં મન રાખી થોડા કાળમાં પાછા અહીં આવશે. તમે શાપ આપ્યો છે તે મેં જ આપ્યો છે એમ હે વિપ્રો! તમે જાણી લો ।।૨૬।।

**બ્રહ્માજી બોલ્યા :** નેત્રને આનન્દના સમુદ્ર જેવાં ભગવાનનાં દર્શન કરી એ મુનિઓએ સ્વપ્રકાશરૂપ વૈકુંઠલોકને પણ ત્યાંથી જ જોઈ ભગવાનને નમસ્કાર કર્યા ।।૨૭।।

એમની પરિક્રમા કરી અને આજ્ઞા માગી; પછી ભગવાનની તથા એમના લોકની શોભાની વાહ-વાહ કરતા પ્રસન્નતા પૂર્વક એ ત્યાંથી પાછા ફર્યા ।।૨૮।।

**શ્રીભગવાને જય-વિજયને કહ્યું :** જાઓ, કોઈ પ્રકારનો ભય ન રાખશો



તમારું કલ્યાણ હો. બ્રાહ્મણના તેજનો પરાભવ કરવાને હું સમર્થ છું પણ એમકરવા હું ઈચ્છતો નથી તેથી મેં એમનો શાપ ફેરવ્યોનથી* ।।૨૯।।

**વિશેષ :** અહીં **મયાપવારિતાં**એ શ્લોક પ્રક્ષિપ્ત હોવાથી ઘણાએ એનું વ્યાખ્યાન નથી કર્યુ. શ્રીવલ્લભાચાર્યજીએ નથી કર્યુ એટલે એનો અર્થ અત્રે આપ્યો નથી.

મારી સાથે તમારો યોગ *ક્રોધવડે થવાથી મારા સ્મરણવડે તમે બ્રાહ્મણના અપરાધથી મુક્ત થશો અને થોડા કાળમાં મારી પાસે પાછા આવશો ।।૩૦।।

**વિશેષ :** બ્રહ્માજીએ કામથી સરસ્વતીને શાપ આપ્યો તેથી ભગવાનને એ ગોપીરૂપે પ્રકટી કામભાવથી મળ્યાં. શુક્રાચાર્યે ભયથી કાલનેમિને શાપ આપ્યો તેથી કાલનેમિ કંસ થયો અને ભયદ્વારા ભગવાનને પ્રાપ્ત થયો. જય-વિજયને ક્રોધથી સનકાદિનો શાપ થયો તેથી એ હિરણ્યાક્ષાદિરૂપે થઈ ભગવાનને ક્રોધદ્વારા ત્રણ જન્મે પ્રાપ્તથયા.

એમ દ્વારપાળોને આજ્ઞા કરી વિમાનોની પંક્તિઓના ભૂષણરૂપ તથા સર્વશ્રેષ્ઠ શોભાયુક્ત વૈકુંઠસ્થાનમાં પોતે પધાર્યા ।।૩૧।।

તે બે ઉત્તમ દેવો તો, પાર ન કરી શકાય તેવા હરિના લોકથી નિરભિમાન થઈ બ્રાહ્મણોના શાપને લીધે શોભાહીન થઈ ગયા ।।૩૨।।

જ્યારે એ બન્ને વૈકુંઠ સ્થાનમાંથી પડ્યા ત્યારે હે પુત્રો! વિમાનમાં બેઠેલાઓએ હાહાકાર કર્યો ।।૩૩।।

હરિના તે બે ઉત્તમ પાર્ષદોજ હમણાં દિતિના જઠરમાં પ્રવેશ કરેલ કશ્યપના ઉગ્ર તેજરૂપ થયેલાછે ।।૩૪।।

એ બે અસુરોના તેજથી સ્વર્ગનું તેજ હણાઈ ગયું છે. અત્યારે ભગવાનને તેવું કરવાની ઈચ્છા છે ।।૩૫।।

**વિશ્વસ્ય યઃ સ્થિતિલયોદ્ભવહેતુરાદ્યો યોગેશ્વરૈરપિ દુરત્યયયોગમાયઃ।।**
**ક્ષેમં વિધાસ્યતિ સ નો ભગવાંસ્ત્ર્યધીશઃ તત્રાસ્મદીયવિમૃશેન કિયાનિહાર્થઃ ।।૩૬।।**

ભગવાન્, જે જગતનાં સ્થિતિ, નાશ અને ઉત્પત્તિ કરનારા છે જેમની યોગમાયાનો યોગેશ્વરો પણ પાર પામી શકતા નથી, જે ત્રણ લોકના ઈશ છે તે આપણું કલ્યાણ કરશે; આ વિષયમાં આપણે વિશેષ વિચાર કરીએ એનાથી શું ફાયદો? ।।૩૬।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં(મુખ્ય જીવસૃષ્ટિપ્રકરણનો પાંચમો)**
**''કોપ પામેલા કુમારોનું સાન્ત્વન કરી તેમની ઉપર પ્રભુએ કરેલી કૃપા''**
**નામનો સોળમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૭
# દિતિના ગર્ભથી
# હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના જન્મનું વર્ણન

**વિશેષ :** કામાદિથી કર્મનો નાશ થાય છે એ વાત આ અધ્યાયના ઉપોદ્‌ઘાતરૂપે કહેવામાં આવી, સૃષ્ટિમાં એનું ફળ અશુભ છતાં અહીં શુભ ફળ કહેવાય છે. ઉત્પત્તિ તામસી, સ્થિતિ રાજસી અને નાશ સાત્ત્વિક છે. તેમાં જય-વિજયને ક્રોધથી વિપરીત ફળ થવું જોઈએ પણ ફળ પરિણામે લાભ કારક થયું છે. જ્યાં સુધી એ વધ્યા ત્યાં સુધી જન્મનું વર્ણન છે. એમનો જન્મ સર્વને ક્લેશ આપવામાટે છે. એ બે છતાં શાપ એક જ થયો તેથી આ અધ્યાયમાં હિરણ્યાક્ષનું જ વર્ણન છે. શાપથી બન્નેનો નીચ યોનિમાં જન્મ કહેલ છે પણ એનાં સ્થિતિ અને નાશ તો ભગવાન્‌માં છે. કૃષ્ણની સાથે એની યુદ્ધલીલા એ સ્થિતિ. એનું મૃત્યુ પણ ભગવાનને હાથે થવાનું છે. તેથી જય-વિજય વૈકુંઠમાં ગયા ત્યારે ભગવાને અસ્તુ શમ્ (ભલું થાઓ) કહ્યું છે.

**નિશમ્યાઽઽત્મભુવા ગીતં કારણં શંકયોજ્ઝિતાઃ ।।**
**તતઃ સર્વે ન્યવર્તન્ત ત્રિદિવાય દિવૌકસઃ ।।૧।।**

**મૈત્રેય કહ્યું :** બ્રહ્માજીએ કહેલી હકીકત સાંભળી દેવતાઓની બધી શંકા દૂર થઈ. પછી તેઓ બધા સ્વર્ગમાં પાછા ગયા ।।૧।।

દિતિએ કશ્યપનું કથન સાંભળ્યું હતું તેથી આ ઉપદ્રવનું કારણ પોતાનો ગર્ભ છે તે જાણી (મનુષ્યના) સો વર્ષ પૂરાં થયાં ત્યારે એ સતીએ બે પુત્રોને સાથે જન્મ આપ્યો ।।૨।।

એમનો જન્મ થયો ત્યારે સ્વર્ગ, પૃથ્વી તથા અન્તરિક્ષમાં અત્યન્ત ભય કરાવનારા ઉત્પાતો થયા ।।૩।।

પર્વતો સાથે પૃથ્વીખંડો કમ્પવા લાગ્યા. બધી દિશાઓ દઝાડવા લાગી. અન્તરિક્ષમાંથી ઉલ્કા અને વીજળી પડવા લાગ્યાં. અનિષ્ટ સૂચક ધૂમકેતુઓ દેખાયા ।।૪।।

વારંવાર સુસવાટા મારતો, મોટાં-મોટાં વૃક્ષોને ઉખેડી નાખતો, અત્યન્ત ખોફ્પાક (ગજબનાક, ભયંકર) અસહ્ય પવન ફૂંકાવા લાગ્યો એ વખતે આન્ધી એની સેના અને ઊડતી ધૂળ ધ્વજા જેવી લાગતી હતી ।।૫।।



વાદળાંની ઘટાથી ઉત્પન્ન થયેલા અન્ધારામાં વીજળી ચમકવા લાગી. આકાશમાં અંધારું વ્યાપી જતાં બધું જ દેખાતું બંધથયું ।।૬।।

દુઃખી દરિયો તેમાં રહેતા મગર ઈત્યાદિ પ્રાણીઓના ઉદ્વેગથી, આક્રન્દ કરવા લાગ્યો. એમાં મોજાં ઊછળવા લાગ્યાં. નદી અને અન્ય જલાશયોમાં ખળભળાટ મચી ગયો અને કમળો કરમાઈ ગયાં ।।૭।।

ચન્દ્ર, સૂર્યનો વારંવાર રાહુદ્વારા ગ્રાસ થવા લાગ્યો. એમની આસપાસ મોટાં કૂંડાળા દેખાયાં, ગિરિની ગુફાઓમાંથી રથના ઘરઘરાટ સંભળાવા લાગ્યા ।।૮।।

ગામોમાં શિયાળો અને ઘુવડો ભયાનક અવાજ કરવા લાગ્યાં એટલું જ જાણે કે પૂરતું ન હોય તેમ શિયાળવીઓ મોઢામાંથી આગ ઓકવા લાગી ।।૯।।

ઠેક ઠેકાણે ક્યારેક ગાતાં હોય, ક્યારેક રોતાં હોય તેમ માથાને ઊંચા રાખી કૂતરાં અનેક પ્રકારના શબ્દ કરવા લાગ્યાં ।।૧૦।।

કઠોર શબ્દ કરતાં એક નહિ પણ ટોળાબંધ ગધેડા ભૂંકતા-ભૂંકતા પાગલની જેમ ભૂંકથી આમતેમ દોડવા લાગ્યા. વિદુરજી, ગદ્ધાઓ પોતાની કઠોર ખરીઓથી ધરતી ખોદતા, ભૂંકતા-ભૂંકતા મતવાલા થઈ આમતેમ દોડવા લાગ્યા ।।૧૧।।

ગધેડાઓની ભૂંકથી ફફડી ગયેલાં માળામાં બેઠેલાં પક્ષી ઊઠીને આમતેમ ઊડવા લાગ્યાં ।।૧૨।।

પશુશાળામાં તેમજ જંગલમાં પશુઓનાં મળ મૂત્ર છૂટી ગયાં. ગાયો એટલી બધી ડરી ગઈ કે તેમને દોહતાં એમનાં આંચળમાંથી લોહી નીકળવા લાગ્યું, વાદળોમાંથી પરુનો વરસાદ થયો. દેવોની મૂર્તિઓની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં અને આન્ધી-તુફાન વગર જ વૃક્ષો ઊખડી-ઊખડીને પડવા લાગ્યાં ।।૧૩।।

શુક્ર વગેરે સૌમ્ય ગ્રહો ઉપર શનિ વગેરે ક્રૂર ગ્રહો પડ્યા અર્થાત્ તેમને પીડ્યા. બધાંય નક્ષત્રોને જાણે કે કોઈએ સળગાવી મૂક્યાં હોય તેમ પ્રજવલિત થઈ ઊઠ્યાં ।।૧૪।।

સનકાદિ ચાર બ્રહ્મપુત્રો સિવાય આ ઉત્પાતનું ખરું કારણ લોકો નહિ જાણતા હોવાથી જગતનો પ્રલય થશે એમ તેઓ માનવા લાગ્યા ।।૧૫।।

પથ્થર જેવી સુદઢ કાયાવાળા એકાએક પોતાનું પરાક્રમ બતાવતા બેઉ આદિ દૈત્યો મેરુ પર્વતની પેઠે વધવા લાગ્યા ।।૧૬।।

સોનાના કિરીટના છેડાથી આકાશને અડકતા, બાજૂબન્ધથી શોભતા બાહુઓવડે

દિશાઓને થમ્ભાવતા, પૃથ્વીને કમ્પાવતા, જાણે સુન્દર કાન્તિવાળી કટિમેખલા સૂર્યની ઉપર આવે તેટલા મોટા તેઓ થઈ ગયા ।।૧૭।।

ઉત્પત્તિ સમયે જેનો ગર્ભમાં પ્રથમ પ્રવેશ થયો હતો અને જન્મમાં જે પાછળ રહેલ તેનું નામ બ્રહ્માજીએ 'હિરણ્યકશિપુ' પાડ્યું; ગર્ભમાં બીજરૂપે જે પાછળ રહેલો અને પ્રથમ જન્મ પામ્યો તેનું નામ 'હિરણ્યાક્ષ' પાડ્યું ।।૧૮।।

કોઈથી મૃત્યુ નથી એવું વરદાન બ્રહ્માજીથી પામી હિરણ્યકશિપૃ ઉદ્ધત થયો અને બાહુબલથી એણે ત્રણે લોકને તાબામાં કરી લીધા ।।૧૯।।

એનો નાનો ભાઈ હિરણ્યાક્ષ નિરન્તર એને પ્રસન્ન કરનાર થયો. યુદ્ધ કરવાની ઈચ્છાથી હાથમાં ગદા લઈને સંગ્રામની શોધમાં રોજ એ સ્વર્ગમાં જતો ।।૨૦।।

અસહ્ય વેગવાળો, પગમાં શબ્દ કરતા સોનાના નેપૂરવાળા ખભા ઉપર મોટી ગદા લઈ, વૈજ્યન્તી માલા પહેરી, મનથી, પરાક્રમથી અને મદથી ઉદ્દંડ તથા નિરંકુશ હિરણ્યાક્ષને જોઈને, જેમ સર્પો ગરુડને જોઈને પોબારા ગણી જાય તેમ દેવો એને જોઈને છુપાઈ ગયા ।।૨૧-૨૨।।

દેવતાઓને પોતાના તેજથી સન્તાઈ ગયેલા જાણીને પોતાના તેજથી શોભતો હિરણ્યાક્ષ ઈન્દ્રાદિને નપુંસક ગણી ગર્જના કરવા લાગ્યો ।।૨૩।।

સ્વર્ગમાંથી પાછા ફરી ક્યાંક ક્રીડા કરવાના વિચારથી મોટા બળવાળો એ ભયંકર શબ્દ કરવા લાગ્યો અને જેમ કોઈ મદવાળો હાથી જળમાં પ્રવેશ કરે તેમ ઘૂઘવાતા સમુદ્રના જળમાં પેઠો ।।૨૪।।

જેવો એ સમુદ્રમાં પેઠો કે તરત જ વરુણના જલચર સૈનિકો પોતાના જ ઘર દરિયામાં હોવા છતાં ફફડી ઊઠ્યા અને તેમને વતાવ્યા ન હોતા છતાં એની ધાકથી જ ગભરાઈને ઘણે દૂર નાસી ગયા ।।૨૫।।

પોતાના શ્વાસના પવનથી ઉત્પન્ન તરંગોને મૂર્વીની ગદાથી પ્રહાર કરતો એ મહાબલી હિરણ્યાક્ષ સમુદ્રમાં કલ્પના અન્ત સુધી રહ્યો. પછી હે તાત!ત્યાંથીએ વરુણની વિભાવરી નામની નગરીમાં દાખલ થયો ।।૨૬।।

ત્યાં એ જલચરોના વડા અને અસુર લોકના પાલક વરુણદેવ પાસે જઈ તેનું ટીખળ કરતાં પ્રણામ કર્યા અને નીચ મનુષ્યની માફક કહ્યું, ''મહારાજા! મને યુદ્ધની ભિક્ષા આપો''. ।।૨૭।।

એ કહેવા લાગ્યો કે આપ મોટી કીર્તિવાળા લોકપાલ છો; જેઓ પોતાને શૂરવીર



કહેવરાવે છે તેમના પરાક્રમનો નાશ કરનાર છો. પ્રથમ આપે દૈત્ય-દાનવોને જીતી રાજસૂયયજ્ઞવડે યજન કરેલું છે ।।૨૮।।

**મૈત્રેયે કહ્યું :** મદોન્મત્ત શત્રુએ પોતાનો ઉપહાસ કરવાથી વરુણને ક્રોધ તો ઘણો થયો; પરન્તુ પોતાના ક્રોધને શમાવીને બુદ્ધિથી વિચાર કરીને એણે કહ્યું ''હે ભાઈ! અમે તો શસ્રત્યાગ કર્યો છે. તેથી તારી સાથે લડવાની અત્યારે અમારી અભિલાષા નથી ।।૨૯।।

રણમાં નિષ્ણાત તમોને સન્તોષ આપે તેવો પુરાણ પુરુષ વિષ્ણુ સિવાય બીજો કોઈ હું જોતો નથી, હે અસુરશ્રેષ્ઠ! એ તમારો મનોરથ પૂર્ણ કરશે એ પુરાણ પુરુષ એવો છે કે તમારા જેવા મનસ્વી લોકો લડતાં-લડતાં હારીને પણ એની વાહ-વાહ કરે છે ।।૩૦।।

**તં વીરમારાદભિપદ્ય નિર્ભયઃ શયિષ્યસે વીરશયે શ્વભિર્વૃતઃ ।।**
**યસ્ત્વદ્વિધાનામસતાં પ્રશાન્તયે રૂપાણિ ધત્તે સદનુગ્રહેચ્છયા ।।૩૧।।**

જે વીર તમારા જેવા દુષ્ટોનો નાશ કરવા અને સત્પુરુષો ઉપર કૃપા કરવાની ઈચ્છાથી અવતારો લે છે તેમને થોડા જ સમયમાં પ્રાપ્ત કરી તમે નિર્ભય થશો અને રણમેદાન ઉપર વીરને યોગ્ય શય્યા ઉપર કૂતરાઓથી વીંટાયેલા તમે પોઢશો ।।૩૧।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (મુક્તજીવ પ્રકરણનો છઠ્ઠો)**
**''દિતિના ગર્ભથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના જન્મનું વર્ણન''**
**નામનો સત્તરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
(ભગવત્કથાએદિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધોનહીં)

## અધ્યાય ૧૮
## વરાહ ભગવાનની સાથે હિરણ્યાક્ષનું યુદ્ધ

**વિશેષ :** આ અધ્યાયમાં હિરણ્યાક્ષ ભગવાનની પાસે પહોચ્યો એ વાત આવે છે. એને

બ્રાહ્મણનો શાપ થયેલો હોવાથી ભગવાનની સાથે રૂક્ષ વાણીનો પ્રયોગ કર્યો છે. આ અધ્યાય સ્થિતિ-અધ્યાય છે, કારણ કે શાપથી એની ઉત્પત્તિ છે ને યુદ્ધ-સમયે સ્થિતિ તથા છેવટે મરણ છે. બ્રહ્માજીના કહેવાથી ભગવાને એને માર્યો છે. ભગવાનની એની સાથે ફક્ત યુદ્ધ કરવાની ઈચ્છા હતી. એ ઈચ્છા કાયા, મન અને વાણીથી હતી. બન્નેના પરસ્પર સંવાદ ઉપરથી મનમાં બન્નેનો યુદ્ધ કરવાનો વિચાર જણાતો હતો. તેથી આ અધ્યાયમાં માનસ યુદ્ધ અને આગલા અધ્યાયમાં કાયિક યુદ્ધ કહેવાશે; મધ્યના અધ્યાયમાં મધ્યમ યુદ્ધ છે.

**તદૈવમાકર્ણ્ય જલેશભાષિતં મહામનાસ્તદ્વિગણય્ય દુર્મદઃ ।।**

**હરેર્વિદિત્વા ગતિમંગ! નારદાદ્ રસાતલં નિર્વિવિશે ત્વરાન્વિતઃ ।।૧।।**

**મૈત્રેય કહ્યું :** જો કે એ દૈત્ય મદવાળો હતો છતાં મોટા મનવાળો હતો. વરુણનું કથન સાંભળી એણે એટલો સાર કાઢયો કે મારું મૃત્યુ હરિથી થવાનું છે. તેથી હરિ કયાં છે એ નારદ પાસેથી જાણી ઉતાવળથી એ રસાતળમાં પેઠો ।।૧।।

ચોતરફ જય કરનાર પૃથ્વીને પોતાની આગલી દાઢથી ઉઠાવી ધારણ કરી હતી. લાલ નેત્રવડે પોતાની કાન્તિને ઝાંખી પાડતા ભગવાનને દૈત્યે દીઠા. તેમને જોઈને ખડખડાટ તે હસી પડ્યો અને કહ્યુ, ‘‘અરે! આ જંગલી પશુ અહીં પાણીમાં કયાંથી આવ્યું?’’ ।।૨।।

એ કહેવા લાગ્યો, હે અજ્ઞ! આવ. બ્રહ્માજીએ આ પૃથ્વી અમને રસાતલના વાસીઓને આપી છે; માટે એને છોડીને તું ચાલ્યો જા, નહિ તો હે સૂકરરૂપધારી સુરાધમ! પૃથ્વીને મારી પાસેથી લઈને કુશળતાથી જઈ શકીશ નહિ ।।૩।।

તું માયાથી છુપાઈને જ (પરોક્ષ રીતે) દૈત્યોને જીતી લે છે અને મારી નાખે છે. અમારા શત્રુઓએ અમારો નાશ કરાવવા જ તને પાળ્યો છે. મૂઢ તારું બળ તો યોગમાયા જ છે. બીજી કોઈ બહાદુરી તારામાં થોડી જ છે? આજ તને પૂરો કરી હું મારા બન્ધુઓનો શોક દૂર કરી હું ઋણમુક્ત થઈશ ।।૪।।

મારાં હાથથી છુટેલી ગદાથી તારું મસ્તક ચૂર્ણ થશે ત્યારે તું સમાપ્ત થઈ જઈશ. જે ઋષી દેવો વગેરે તારો પક્ષ કરનાર છે તેઓ બધા નિરાધાર થવાથી ખલાસ થઈ જશે, કારણ કે તું જ બધાનું મૂળ છે ।।૫।।

દૈત્યના દુરુક્તિરૂપી બાણોથી ભગવાન્ વ્યથિત થયા. દાઢની અણી ઉપર રહેલી પૃથ્વી પણ ડરવા લાગી. તેથી દુરુક્તિરૂપી એના બાણને સહન કરતા જેમ ઝૂડે પકડેલ હાથી હાથણી સાથે બહાર નીકળે તેમ ભગવાન્ જળમાંથી બહાર પધાર્યા ।।૬।।



જ્યારે ભગવાન્ જળથી બહાર પધાર્યા ત્યારે જેમ હાથીને પકડવા મગર આવે તેમ બહાર આવી પીળા વાળ અને ધારદાર દાઢવાળા દૈત્યે વજ્રની જેમ ધડૂકીને કહ્યું, ભાગી જતાં શરમ નથી આવતી? સાચું છે કે અસત્ પુરુષોમાટે વળી ન કરવા જેવું શું હોય? ।।૭।।

શત્રુના દેખતાં વરાહ ભગવાને જળ ઉપર આવી જ્યાં નિર્ભય જગ્યા હતી ત્યાં પૃથ્વીને પોતાની શક્તિના બળવડે સ્થિર કરી અને તૈયાર થયા; ત્યાં તો બ્રહ્માજીએ સ્તુતિ કરી અને દેવોએ પુષ્પની વૃષ્ટિ કરી ।।૮।।

ત્યારે શ્રીહરિએ, મોટી ગદા લઈને પોતાની પાછળ આવતા હિરણ્યાક્ષને જેણે સોનાનાં આભૂષણ અને અદ્‌ભુત કવચ ધારણ કર્યું હતું તથા પોતાના કટુ વચનોથી એમને સતત મર્માહત કરી રહ્યો હતો તેને અત્યન્ત ક્રોધપૂર્વક હસતાં-હસતાં કહ્યું. (બીજો અર્થ : **પરાનુષક્ત** =પરબ્રહ્મમાં આસક્તિ યુક્ત. **તપનીયોપકલ્પ**= જેને દેહ, ઈન્દ્રિયો વગેરે બધી સામગ્રી ઘણા તપથી પ્રાપ્ત થઈ હતી તેવો, **મહાગદ** = સર્વ રોગોને દૂર કરનારી ઉત્તમ ભક્તિ રૂપી મહા ઔષધ જેણે પ્રાપ્ત કરેલ છે. **કાંચનચિત્રદંશ** = મુનિઓના શાપ રૂપ. અલૌકિક ભક્તિ પ્રાપ્ત કરાવનાર વિચિત્ર ચિહ્‌ન જે દેહમાં રહેલ અયોગ્ય તત્ત્વોને દૂર કરે છે જેને પ્રાપ્ત થયું છે. **પ્રચંડમન્યુ:પ્રકૃષ્ટા ચંડિકા યસ્ય સ મહાદેવઃ** (મહાદેવ) અથવા પ્રચંડ છે મન્યુ જેનો તેવા ભગવાન્. **મન્યુઃ** = શિવ, ક્રોધ, ક્રોધાગ્નિ, હિરણ્યાક્ષ, પરબ્રહ્મમાં આસક્તિવાળો તપયોગ્ય સામગ્રીવાળો, મહાન ઔષધવાળો, દિવ્ય ભક્તિના વિચિત્ર ચિહ્‌ન યુક્ત અને મર્મોને વારંવાર ઘણું પીડતો હતો. દુર્વચનોને લીધે પ્રચંડ મન્યુ (ક્રોધ, શિવ) વાળા ભગવાને ઘણું હસતાં તેને ઉત્તર આપ્યો ।।૯।।

**શ્રીભગવાન્ બોલ્યા :** અરે! અમે ખરેખર જંગલી પશુ છીએ પરન્તુ અમે તારા જેવા શ્વાનને શોધીએ છીએ. હે દુષ્ટ! મૃત્યુના પાશથી બન્ધાયેલો સન્નિપાતવાળો લવારો કરે એને વીરપુરુષો ગણતા નથી ।।૧૦।।

હા! આ અમે રસાતળવાસીઓની પૃથ્વીરૂપી થાપણને હરી જનારા છીએ. તારી ગદાથી તે ભગાડ્યા છતાં કેટલાક સમય સુધી સંગ્રામમાં સામે ઉભા છીએ, ઊભા રહેવું જોઈએ કેમકે બળવાન્ સાથે બાખડી બાન્ધીને હવે અમે બીજે કયાં જવાના હતા? ।।૧૧।।

તું પાયદળ તથા રથીઓનો સરસેનાપતિ છો તેથી હવે કલ્યાણ અકલ્યાણના

લેખાં, જોખાં કર્યા વિના અમારું અનિષ્ટ કરવાનો પ્રયત્ન કર અને અમને મારીને તું તારા ભાઈબન્ધુઓનાં આંસુ લૂછ. જલદી કર, જે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરતો નથી તે અસભ્ય છે ।।૧૨।।

જ્યારે ભગવાને ક્રોધપૂર્વક દૈત્યનો આ પ્રમાણે ઉપહાસ અને તિરસ્કાર કર્યો ત્યારે પકડીને રમાડવામાં આવતા સર્પરાજની માફક તે આગ ઓકવા લાગ્યો ।।૧૩।।

ખીજાઈને ક્રોધથી ખળભળેલી ઈન્દ્રિયોવાળા દૈત્યે ઘણા વેગથી ભગવાન્ પાસે આવી તેમના ઉપર ગદા ઝીકી ।।૧૪।।

જેમ યોગમાં નિષ્ણાત પુરુષ મૃત્યુને ચુકાવે તેમ ભગવાને તો શત્રુએ છાતી ઉપર ફેકેલી ગદાના વેગને ત્રાંસા થઈ જઈને ચુકાવી દીધો ।।૧૫।।

પછી પોતાની ગદા ફેરવીને ક્રોધથી હોઠને દાંતવડે પીસતા ભગવાન્ એની સામે આવ્યા ।।૧૬।।

સમર્થ ભગવાને શત્રુની જમણી ભ્રુકુટી ઉપર ગદાથી ઘા કર્યો એનો એ દૈત્યે પોતાની ગદાથી પ્રતીકાર કર્યો ।।૧૭।।

એવી રીતે ભગવાન્ અને દૈત્ય પરસ્પર ગદાયુદ્ધ કરતા એક બીજાને પ્રહાર કરવા લાગ્યા ।।૧૮।।

તેઓ એક બીજાને જીતવાની સ્પર્ધા કરતા હતા. પ્રચંડ ગદાથી એમનાં અંગ ભાગી જવાથી એની ઉપર લોહી ચાલ્યું જતું હતું. એ લોહી સૂંઘવાથી એમનો ક્રોધ વધતો ગયો. બન્ને જાત-જાતના પેંતરા બદલતા હતા. જાણે પૃથ્વીમાં બે આખલા લડતા હોય તેમ એ શોભવા લાગ્યા ।।૧૯।।

ભગવાને માયાથી વરાહશરીરને ધારણ કર્યુ છે. એમના અવયવો યજ્ઞરૂપ છે. હે પરીક્ષિત! પૃથ્વી નિમિત્ત કરવામાં આવેલા દૈત્યના યુદ્ધને જોવાને બ્રહ્માજી ઋષિઓ સાથે ત્યાં આવ્યા ।।૨૦।।

બ્રહ્માજી પોતે તો હજારો યોદ્ધાઓને નેતૃત્વ પૂરું પાડે એવા સમર્થ હતા. જ્યારે તેમણે જોયું કે દૈત્યમાં સાહસનો ઉત્સાહ અખૂટ છે, ભયનું તો નામનિશાન પણ તેનામાં નથી, મુકાબલો બરાબર કરી રહ્યો છે અને એના પરાક્રમને પહોંચી વળાય એવું નથી ત્યારે ભગવાને (બ્રહ્માજીએ) આદિવરાહ નારાયણને (નીચે પ્રમાણે) કહ્યું ।।૨૧।।

**બ્રહ્માજી બોલ્યા :** દેવો! બ્રાહ્મણો અને કોઈને ઈજા ન કરે તેવી ગાયો આપના



ચરણને આશરે આવેલી છે. આ દુષ્ટ દૈત્ય અમારી પાસેથી વરદાન લઈને બધાંનો અપરાધ કરનાર, ભય કરનાર અને દુઃખ કરનાર થયો છે. એની સામે ટક્કર લઈ શકે એવો કોઈ યોદ્ધો એને હજુ મળ્યો નથી તેથી તેની શોધમાં આ મહા કંટક મુકાબલો કરી શકે તેવા વીરની શોધમાં સમસ્ત લોકમાં ઘૂમી રહ્યો છે ।।૨૨-૨૩।।

હે દેવ! આ દૈત્ય માયાવી છે. ગર્વવાળો હોઈ કોઈના દાબમાં રહે તેવો નથી. અત્યન્ત દુષ્ટ છે.જેમ બાળક છંછેડાયેલા સર્પને રમાડે તેમ આને રમાડોનહિ ।।૨૪।।

હે દેવ! પોતાના સમયને પામી એ વધે નહિ એ પહેલાં હે અચ્યુત! દેવમાયાનો સ્વીકાર કરી આપ પાપીને પૂરો કરો ।।૨૫।।

હે પ્રભો! લોકોનો નાશ કરનારી આ ઘોર સન્ધ્યાનો સમય ચાલ્યો આવે છે. હે સર્વાત્મા! આ દૈત્યને મારીને આપ દેવોને જય પ્રાપ્ત કરાવો ।।૨૬।।

હમણાં આ અભિજિત નામનો બે ઘડીનો યોગ ગયો. આપના સુહૃદનું ભલું કરવામાટે આ દુસ્તર દૈત્યને મારીને તત્કાલ દૂર કરો ।।૨૭।।

**દિષ્ટ્યા ત્વાં વિહિતં મૃત્યુમયમાસાદિતઃ સ્વયમ્ ।।**
**વિક્રમ્યૈનં મૃધે હત્વા લોકાનાધેહિ શર્મણિ ।।૨૮।।**

આ દૈત્ય પણ સદ્ભાગ્યે આપના હાસ્ત્રી મરવાને જ આપની પાસે આવેલો છે. એની સાથે પરાક્રમ કરી સંગ્રામમાં એને મારી લોકોને સુખી કરો ।।૨૮।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (મુખ્ય જીવસૃષ્ટિપ્રકરણનો સાતમો)**
**''વરાહ ભગવાન્ સાથે હિરણ્યાક્ષનું યુદ્ધ''**
**નામનો અઢારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
(ભગવત્કથા એ દિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા કે ધંધો નહીં)

## અધ્યાય ૧૯

## ભગવાન્ વરાહે યુદ્ધમાં હિરણ્યાક્ષ દૈત્યનો કરેલો નાશ

**વિશેષઃ** પૂર્વાધ્યાયમાં દૈત્યની સ્થિતિનો વિચાર કર્યો. આ અધ્યાયમાં એનો પ્રલય

કહેવામાં આવે છે. એનો પ્રલય કરનાર ભગવાન્ છે. મોટા અર્થને સિદ્ધ કરવામાટે મોટા અસુરને જાણે ક્રીડા કરતા હોય તેમ રમત કરતાં માર્યો એ વાત કહેવામાં આવે છે.

**અવધાર્ય વિરચ્ચસ્ય નિર્વ્યલીકામૃતં વચઃ ।।**
**પ્રહસ્ય પ્રેમગમ્ભીરં તદપાંગેન સોઽગ્રહીત્ ।।૧।।**

**મૈત્રેય બોલ્યા :** બ્રહ્માનાં સત્ય અને અમૃત તુલ્ય વચનનો ખ્યાલ કરી પ્રેમપૂર્ણ કટાક્ષથી હસીને ભગવાને સ્વીકાર કર્યો ।।૧।।

પછી સામે નિર્ભય રીતે ફરતા શત્રુની હડપચી ઉપર ભગવાને ગદા મારી ।।૨।।

દૈત્યે સામી ગદા મારવાથી ભગવાનની કૌમોદકી ગદા એમના હાથમાંથી ચક્કર-ચક્કર ફરતી જમીન ઉપર પડી ગઈ એ બહુ આશ્ચર્ય જેવું થયું ।।૩।।

જ્યારે ભગવાનના હાથમાંથી ગદા પડી ગઈ ત્યારે શત્રુને લડવાનો મોકો મળ્યો; તો પણ સંગ્રામની શિસ્ત સાચવનારો એ દૈત્ય એ વખતે ન લડતાં માત્ર નિઃશસ્ત્ર ભગવાનને ક્રોધ કરાવવા લાગ્યો ।।૪।।

ભગવાનનાં હાથમાંથી ગદા પડી ગઈ ત્યારે લોકમાં હાહાકાર મચી ગયો. સમર્થ એવા ભગવાને પણ એ વખતે તેની ધર્મ બુદ્ધિની પ્રશંસા કરી અને સુદર્શનચક્રનું સ્મરણ કર્યું ।।૫।।

ભગવાનના પાર્ષદમાં શ્રેષ્ઠ! પણ દિતિપુત્રોમાં અધમ એવા એ દૈત્ય ઉપર ભગવાન્ ચક્ર ચલાવે છે એવું જોઈ, ભગવાનના પ્રતાપને ન જાણનાર દેવો, જે આકાશમાં ફરતા હતા તે ''આપનો જયથાઓ, આ દૈત્યનો વધ કરો'' એવા શબ્દો બોલવા લાગ્યા ।।૬।।

એ હિરણ્યાક્ષ પણ ચક્રધારી ભગવાનનાં કમળના પુષ્પ જેવાં નેત્ર જોઈ ક્રોધથી લાલપીળો થઈ ગયો અને પોતાના હોઠ દાંતોથી કરડવા લાગ્યો ।।૭।।

એની દાઢો ભયંકર હતી, નેત્રથી જાણે બળતો હોય તેવો એ દેખાતો હતો; એણે પોતાની ગદા હાથમાં લીધી અને ''આ તું મરી ગયો''. એમ બકવાદ કરતા એણે ભગવાન્ ઉપર પોતાની ગદાનો ઘા કર્યો ।।૮।।

હે વિદુરજી! યજ્ઞરૂપ ભગવાને પવનના વેગવાળી ગદાને પોતાના ડાબા પગથી પ્રહાર કરી નીચે ફેંકી દીધી ।।૯।।

જ્યારે ભગવાને ''આયુધ હાથમાં લઈ તૈયાર થઈ જા; જો જીતવાની તારી



ઈચ્છા હોય તો પડ મેદાને;'' એમ કહ્યું ત્યારે અસુર ગદાને વીંઝતો ભગવાન્ ઉપર ધસી આવ્યો અને તાડૂક્યો ।।૧૦।।

સામે રહી ભગવાને પોતાની સામે આવતી ગદાને જેમ ગરુડ સાપણીને પકડે તેમ આસાનીથી પકડી લીધી ।।૧૧।।

પોતાનું પરાક્રમ આ પ્રમાણે વિફલ થયેલું જોઈ એ મહા દૈત્યનો ઘમંડ ઓગળી ગયો અને તેજ નાશ પામ્યું. ભગવાને આપવા છતાં તેણે ગદા લેવાની ઈચ્છા ન કરી ।।૧૨।।

પછી બળતા અગ્નિની પેઠે નાશ વેરનાર ત્રણ ફણાવાળું શૂળ લઈને, બ્રાહ્મણની ઉપર મારણ પ્રયોગ કરે તેમ એ યજ્ઞતનું ભગવાનને (હણવા)માટે તૈયાર થયો ।।૧૩।।

આકાશમાં પ્રકાશતા અને અનેક કિરણોને પ્રતિફલિત કરતા એ શૂળના તીક્ષ્ણ ધારવાળા ચક્રવડે, જેમ ઈન્દ્રે વજ્ર મારવાથી ગરુડનું એક જ પીંછ ખરી* પડ્યું હતું તેમ ભગવાને ચૂરેચૂરા કરી નાખ્યા ।।૧૪।।

**વિશેષ :** વજ્ર જ્યાં જાય ત્યાં કાર્ય કર્યા વગર ન રહે. ગરુડ જો જાય તો એને વજ્ર કાંઈ કરી શકે નહિ. એ બન્નેને સત્ય કરવા ગરુડે એક પીછું ઉડાડી વજ્રનું માન રાખ્યું તેમ ભગવાનનું ચક્ર અમોઘ છે અને શિવનું શૂળ પણ તેવું છે છતાં ત્રિશૂલને ભગવાને ચક્રવડે દૂર કર્યું.

એવી રીતે જ્યારે ચક્રવડે ત્રિશૂલનો ચૂરો ગઈ ગયો ત્યારે દૈત્ય સામે આવ્યો ને રોષ કરી કઠોર મૂઠીવડે ભગવાનના લક્ષ્મીવાળા વક્ષઃસ્થળમાં પ્રહાર કર્યો અને પછી ગર્જના કરતો અન્તર્ધાન થઈ ગયો ।।૧૫।।

હે સંયમી! જો કે દૈત્યે એ રીતે ભગવાનને છાતીમાં મૂકી મારવામાં કાંઈ મણા રાખી ન હતી તો પણ જેમ હાથી ઉપર માળાનો પ્રહાર કરે અને તે ન ખસે તેમ અચ્યુત ભગવાન્ ત્યાંથી જરા પણ ચલિત થયા નહિ ।।૧૬।।

પછી યોગમાયાના ઈશ્વર ભગવાન્ ઉપર દૈત્યે માયાના અનેક પ્રયોગ કર્યા, જે જોઈને આ જગતનો પ્રલય થશે એમ લોકો માનવા લાગ્યા ।।૧૭।।

પ્રચંડ આંધી ઊઠી. તેનાથી રજ ઊડી અને બધે અન્ધકાર છવાઈ ગયો. જેમ કોઈ ગોફણમાંથી પથ્થરો ફેંકતો હોય તેમ દિશાઓમાંથી પથ્થર પડવા લાગ્યા. વીજળીના ઝબકારા અને કડાકા સહિત વાદળો ચડી આવવાથી આકાશમાં સૂર્ય, ચન્દ્ર વગેરે ગ્રહો દેખાતા બન્ધ થયા. તેમાંથી પરુ, કેશ, લોહી, વિષ્ઠા, મૂત્ર અને હાડકાં ની વૃષ્ટિ વારંવાર

થવા લાગી ।।૧૮-૧૯।।

હે અનઘ! અનેક પ્રકારના આયુધને છોડનાર પર્વત દેખાવા લાગ્યા. નાગી રાક્ષસીઓ હાથમાં ત્રિશૂલ લઈ વાળ વિખેરી ફરવા લાગી ।।૨૦।।

બેશુમાર પાયદળ, ઘોડેસ્વાર, રથી અને હાથીઓ ઉપર સવાર થયેલા સૈનિકો સહિત યક્ષરાક્ષસોની, ''મારો, કાપો, જેર કરો'' વગેરે ક્રૂર અને ખૂંખાર ચીસો સંભળાવા લાગી ।।૨૧।।

યજ્ઞ ભગવાને દૈત્યે પ્રકટ કરેલી માયાનો નાશ કરવા પોતાનું અત્યન્ત પ્રિય સુદર્શન ચક્ર છોડ્યું ।।૨૨।।

એ વખતે પોતાના પતિ કશ્યપજીએ કહેલી વાત યાદ આવવાથી દિતિના પેટમાં એકદમ તેલ રેડાયું અને સ્તનમાંથી રુધિર વહેવા લાગ્યું ।।૨૩।।

જ્યારે બધી માયા નાશ પામી ત્યારે દૈત્ય પાછો ભગવાન્ પાસે આવ્યો અને રોષથી ભગવાને બે ભુજાઓ વચ્ચે જકડી લીધા પણ જોતજોતામાં ભગવાન્ એના બે બાહુમાંથી નીકળી ગયા અને દૈત્યે ભગવાનને સામે જોયા ।।૨૪।।

હવે તે ભગવાનને વજ્રના જેવા કઠોર મુક્કાઓથી મારવા લાગ્યો ત્યારે ઈન્દ્રે જેવી રીતે વૃત્રાસુર ઉપર પ્રહાર કર્યા હતા તેમ ભગવાને તેની કાનપટી ઉપર એક તમાચો માર્યો ।।૨૫।।

અવજ્ઞાથી મારેલી એ મૂઠીથી એનું શરીર ભ્રમિત થઈ ગયું એની આંખો બહાર નીકળી પડી અને એનાં બાહુ, ચરણ અને મસ્તક જુદાં પડી ગયાં અને જેમ વાવાઝોડાથી મોટું વૃક્ષ ઊખડી પડે તેમ એ ઢળી પડ્યો ।।૨૬।।

કરાળ દાઢોવાળો, અણહણાયેલા તેજવાળો અને દાંતવડે હોઠને ભીસતો એ દૈત્ય જ્યાં પૃથ્વી ઉપર પડેલો હતો ત્યાં બ્રહ્માદિ દેવો આવ્યા અને ''આવી ગતિને કોણ પામે'' એમ એની સ્તુતિ કરવા લાગ્યા ।।૨૭।।

મોક્ષની ઈચ્છાવાળા યોગી લોકો જેમને એકાન્તમાં જોતા નથી પણ જેમનું એઓ માત્ર ધ્યાન કરે છે તે ભગવાનના ચરણથી આ દૈત્ય હણાયો અને એણે ભગવાનના મુખકમળને જોતાં-જોતાં પોતાનું શરીર છોડ્યું ।।૨૮।।

આ દૈત્ય ભગવાનનો પાર્ષદ છે એ શાપથી દૈત્ય થયો છે એ કેટલાક જન્મ પછી પાછો ભગવાનના લોકમાં જશે ।।૨૯।।

**દેવો બોલ્યા :** સમગ્ર યજ્ઞની ઉત્પત્તિના કારણરૂપ સ્થિતિને માટે શુદ્ધ સત્ત્વવડે



મૂર્તિને ધરનાર આપે આ જગતને દુઃખ આપનાર દૈત્યને માર્યો એ અમારાં ભાગ્યની વાત છે. હે ઈશ!એમ કરી આપે આપની ભક્તિ કરનાર અમોને બચાવ્યા છે, સુખી કર્યા છે ।।૩૦।।

**મૈત્રેય કહ્યું :** એ પ્રમાણે આદિસૂકર હરિ અસત્ય પરાક્રમવાળા દૈત્યને મારીને જ્યાં અખંડ ઉત્સવ છે તેવા પોતાના લોકમાં પધાર્યા ત્યારે બ્રહ્માજી વગેરે દેવોએ એમની સારી રીતે સ્તુતિ કરી ।।૩૧।।

હે સુમિત્ર! જેમાં હિરણ્યાક્ષને મોટા સંગ્રામમાં ભગવાને રમકડાની પેઠે ઉડાવી દીધો તેવું ભગવાનનું અવતારચરિત્ર મેં ગુરુમુખથી જે પ્રમાણે સાંભળ્યું છે તે પ્રમાણે તમને કહી બતાવ્યું ।।૩૨।।

**સૂતજી બોલ્યા :** મૈત્રેયે કહેલી કથા સાંભળી મહાભાગવત વિદુરજી પરમાનન્દ પામ્યા. હે દ્વિજ! એ મહાભગવદ્ભક્ત હોવાથી ભગવદ્યશમાં એમને આનન્દ આવે જ ।।૩૩।।

પવિત્ર કીર્તિવાળું અને નિર્મર્યાદ જેનો યશ છે તેવું ભગવદ્ભક્તનું ચરિત્ર સાંભળતાં આનન્દ થાય તો પછી શ્રીવત્સાંક ભગવાનના ચરિત્રમાં થાય એમાં તો કહેવું જ શું? ।।૩૪।।

ગજેન્દ્રને ઝૂડે પકડવાથી એની ચારે તરફ હાથણીઓ ચીસો પાડી રહી હતી અને કોઈપણ પ્રકારે કોઈ એને છોડાવે એવું જણાતું ન હતું તેવે સમયે એણે ભગવાનનું ધ્યાન ધર્યુ તો હરિ ભગવાને એને દુઃખથી મુક્ત કર્યા ।।૩૫।।

જે ચારે તરફથી નિરાશ થઈ પોતાને શરણે આવેલ સરલ હૃદયના ભક્તોથી સહજમાં જ પ્રસન્ન થઈ જાય છે પણ અસાધુ (શિશ્નોદર પરાયણ) પુરુષોમાટે ઘણા દુરારાધ્ય છે એમના ઉપર જલદી પ્રસન્ન થતા નથી એવા પ્રભુના ઉપકારો જાણવાવાળો એવો કોણ પુરુષ હશે જે એમનું સેવન ન કરે? ।।૩૬।।

હે દ્વિજો! પ્રયોજનમાટે વરાહનો (પણ) દેહ ધારણ કરનાર શ્રીહરિની હિરણ્યાક્ષ વધ નામની પરમ અદ્ભુત્ લીલા જે કોઈ સાંભળે, ગાન કરે અને તેનું અનુમોદન કરે તે બ્રહ્મહત્યાના પાપથી પણ સહજમાં મુક્ત થાય છે ।।૩૭।।

**એતન્ મહાપુણ્યમલં પવિત્રં ધન્યં યશસ્યં પદમાયુરાશિષામ્ ।।**
**પ્રાણેન્દ્રિયાણાં યુધિ શૈર્યવર્ધનં નારાયણોऽન્તે ગતિરંગ! શૃણ્વતામ્ ।।૩૮।।**

આ આખ્યાન અત્યન્ત પવિત્ર છે, સમ્પૂર્ણ શુદ્ધ કરનાર છે, ધન અને યશ

આપનાર છે, આયુવર્ધક અને કામનાઓને પૂર્ણ કરનાર છે, યુદ્ધમાં પ્રાણ અને ઇન્દ્રિયોના ધૈર્યને વધારનાર છે. તે સાંભળે તેને હે અંગ! અન્તે નારાયણ રૂપ ફલ પ્રાપ્ત થાય છે ।।૩૮।।

**ઇતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (જીવપ્રકરણનો સાતમો)**
**''ભગવાન્ વરાહે યુદ્ધમાં હિરણ્યાક્ષદૈત્યનો કરેલો નાશ''**
**નામનો ૧૯ મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દક્ષિણા સ્વીકારીને, ફંડ-ફાળા માટે કે મૃતકના ઉદ્ધાર અર્થે યોજાતી ભાગવતકથાના આયોજનની ગુરુએ આજ્ઞા આપવી કે તેમાં હાજરી આપવી તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

# છઠ્ઠું તત્ત્વસૃષ્ટિ પ્રકરણ
# અધ્યાય ૨૦
# બ્રહ્માજીથી અનેક પ્રકારની સૃષ્ટિ થતાં મનુ થયા એનું વર્ણન

**વિશેષ :** સર્ગ બે પ્રકારના છે : ભગવાને કરેલો અને ભગવાનને માટે કરવામાં આવેલો. ઓગણીસ અધ્યાય સુધી ભગવાને કરેલો સર્ગ કહેવામાં આવ્યો. હવે ભગવાનને માટે કરવામાં આવેલ સર્ગનું વર્ણન આવે છે.

આના ચૌદ અધ્યાય છે. પહેલા પ્રકારના સર્ગમાં ગુણની વિષમતા હતી. આ બીજા પ્રકારના સર્ગમાં ગુણવૈષમ્યભાવ છે. એ બે પ્રકારનો છે. અહીં આધિદૈવિકભાવ નથી માટે બે ભાવનું કથન છે. બીજા સર્ગમાં પ્રથમ ભૂત, માત્રા, ઇન્દ્રિયો અને બુદ્ધિ જે ભગવાનના જ્ઞાનમાં ઉપયુક્ત થાય છે તે કહેવામાં આવે છે. ક્રમ આવો છે; એક અધ્યાયથી આધિભૌતિક વૈષમ્ય અને ચારથી ભગવદુપયુક્ત વૈશમ્ય છે. ઉપર કહ્યાં તે ભૂતાદિ ચાર જ્ઞાનમાં ઉપયોગી છે. એ ઉપયોગી થાય એ એનો જન્મ. પુષ્ટિમાર્ગીય ગુણો જે ભૂતાદિને સંસ્કાર કરનાર છે તે કપિલદેવજીએ કહેલા છે. એનું ચાર અધ્યાયથી વર્ણન છે એ આધિદૈવિકનું છે, બીજા ચાર અધ્યાયથી આધ્યાત્મિક ગુણોનું અને ત્રીજા એક અધ્યાયથી આધિભૌતિકનું એમ નવ અધ્યાયથી વર્ણન છે. પાંચ અધ્યાય પ્રથમ કહ્યા તે મળી કુલ ચૌદ થયા. (૧૯+૧૪=૩૩) આધિદૈવિક પ્રકરણમાં ચાર અધ્યાય છે. તેમાં ભૂતસંસ્કારક ગુણો, ભક્તિ, સાંખ્ય આત્મવિજ્ઞાન અને યોગ



વડે કપિલદેવજી કહે છે. આધ્યાત્મિક ચાર અધ્યાયમાં કાલ, માહાત્મ્ય, મુક્તસંગસ્વરૂપ મુખ્ય સાધન અને એને બધું અધીન છે એવી બુદ્ધિ એ સર્વ આ ચાર અધ્યાયમાં સમજાવવામાં આવ્યું છે. એક અધ્યાયમાં ભગવાનને માટે ભૂતત્વે જો કોઈ ઉપયોગી થતો હોય તો એ મુક્ત જ થઈ શકે છે એમ બતાવી આપ્યું છે. ત્યાં સ્ત્રીની મુક્તિ કહેવામાં આવી છે. આ ચૌદ અધ્યાયનો અર્થ બીજી રીતે પણ ઘટાવી શકાય છે; ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર જો સર્ગમાં ઉત્પન્ન ન થાય તો ધર્માદિમાર્ગો સર્ગમાં ન કહેવાય. સર્ગ બે પ્રકારનો હોવાથી પુરુષાર્થ પણ બે પ્રકારના છે. એટલે આઠ અધ્યાય તો એના થયા. એમાં ૨૧ થી ૨૪ સુધી જીવચિન્તિત અને ૨૫ થી ૨૯ સુધી ભગવદ્-ચિન્તિત પુરુષાર્થ. પછીથી બાકી રહ્યું તે બધું કાલકૃત છે. કાલકૃત પુરુષાર્થ પણ ચારથી; પહેલો અને છેલ્લો અધ્યાય બદ્ધ અને મુક્તનો તે બધા મળી ૧૪ અધ્યાયનો બીજો સર્ગ કહેવામાં આવે છે. આ વીસમા અધ્યાયમાં સંકીર્ણ સર્ગ કહેવાય છે તે હરિને માટે છે અને છ પ્રકારવાળો છે કેમકે ભગવાન્ ઐશ્વર્યાદિ ષડ્ગુણયુક્ત છે. વિદુરજીએ એ પ્રકારનો સર્ગ સમજીને વિસર્ગનો પ્રશ્ન કર્યો, પરન્તુ મૈત્રેયને તો અહીં શાસ્ત્ર માત્ર કહેવાનું છે તેથી ભગવદુપયોગી સર્ગનું કથન કરે છે. એમાં શૌનક આ અધ્યાયમાં બે પ્રશ્ન પૂછે છે:પહેલો પ્રશ્ન વિસર્ગનો અને બીજો ભક્ત સમ્બન્ધી છે. એક શ્લોક અને પાંચ શ્લોકથી એનો આરમ્ભ છે. મનુએ પૃથ્વી મળ્યા પછી શું કર્યુ અને ભક્ત વિદુરજીએ મૈત્રેયને એ પ્રશ્ન અવશ્ય પૂછ્યો હોવો જોઈએ તેને મૈત્રેયે જે કહ્યું હોય તે અમને કહો એ પ્રશ્ન બીજો. આ બે પ્રશ્ન શૌનકસૂતનો અધિકારભેદ બતાવનાર છે. પરીક્ષિત અને શુકને આવી વાત પૂછવાની જરૂર નથી તેથી અહીં શૌનકનો પ્રશ્ન પ્રશ્ન છે.

**શૌનક ઉવાચ**

**મહીં પ્રતિષ્ઠામધ્યસ્ય સૌતે! સ્વાયમ્ભુવો મનુઃ ।।**
**કાન્યન્વતિષ્ઠદ્ દ્વારાણિ માર્ગાયાઽવરજન્મનામ્ ।।૧।।**

**શૌનક બોલ્યા :** હે સૂત! સ્વાયમ્ભુવ મનુ પૃથ્વી ઉપર રાજ્ય કરવા લાગ્યા ત્યારે એના પછી થનારને માટે એણે શું કર્યું તથા મનુ થયા પછીની સૃષ્ટિ કેમ થઈ એ કહો ।।૧।।

મહાભાગવત્* અને કૃષ્ણના ખાસ મિત્ર વિદુરજીએ પુત્રો સાથે પોતાના મોટા ભાઈને છોડી દીધા છે કેમકે એ પુત્રો રૂપી પાપનો પક્ષકાર છે ।।૨।।

**વિશેષ :** જે અસિધારાવ્રતનું પાલન કરનાર હોય એ મહાભાગવત્ કહેવાય. પુરાણાન્તરમાં યુધિષ્ઠિરને એ વ્રત ભગવાને કહ્યું છે તે અહીં જાણવામાટે લખ્યું છે. **''સ્વયં પુષ્ટશ્ચ તરુણઃ**

**સકામી નિકટં સ્રિયાઃ। નિત્યં સ્થિતોપિ મનસા વિકારં યો ન ગચ્છતિ।। સ્રિયઃ સર્વાગસંહૃદ્યાઃ સર્વાભરણભૂષિતાઃ। અપ્રાપ્તકામાસ્તં પ્રાપ્ય સાભિલાષા અપિ સ્વયમ્। સ્વકીયાસુ તથાન્યાસુ સ્વભાર્યાસ્વપિ કુત્રચિત્। પંચાગ્નિમધ્યવત્તિશ્ચેદ્ અસિધારાવ્રતં તુ તત્''** પોતે પુષ્ટ, તરુણ, સ્ત્રીઓની નિકટ સકામ હંમેશાં હોય છતાં મનમાં વિકાર નથી પામતો; સર્વાંગસુન્દર, બધાં ઘરેણાથી શણગારેલી સ્ત્રીઓના કામ પૂર્ણ ન થાય તેવી આવા પુરુષને પામી અભિલાષા કરે પોતાની તેમ જ બીજી અને પોતાની સ્ત્રીઓમાં પણ જેને વિકાર નથી એ અસિધારાવ્રત. બીજું પણ મહાભાગવત્નું લક્ષણ જુદા પ્રકારનું છે તે પણ અહીં પ્રસંગથી આપ્યું છે : **''સ્વામિકાર્ય પ્રસંગાનાં તથાત્વેપિ યતો દઢઃ। યઃ કેવલં હરેરર્થે સર્વથા યત્નવાન્ સ્વતઃ। પ્રસંગાદપિ ન સ્વાર્થે મહાભાગવત્સ્તુ સઃ''** સ્વામીનાં કાર્યોના પ્રસંગ કરવાના હોય ત્યાં જે કેવળ પ્રભુને માટે પ્રયત્ન કરનારો હોય, પોતાના અર્થમાં નહિ જ એ મહાભાગવત્ છે.

વિદુરજીનું જ્ઞાન વ્યાસના કરતાં કોઈ રીતે ઓછું નથી. વ્યાસતુલ્ય હોવા છતાં એ એમના દેહથી ઉત્પન્ન થયા છે.એસર્વાત્મા થી કૃષ્ણનો આશ્રય કરનાર તથા ભગવદ્ભક્તને અનુસરનાર છે ।।૩।।

તીર્થસેવનથી રજોગુણરહિત થયેલા વિદુરજીએ કુશાવર્ત્ત દેશમાં જઈ ત્યાં બેઠેલા તત્ત્વજ્ઞાનીઓમાં ઉત્તમ એવા મૈત્રેયને શું પૂછ્યું? ।।૪।।

હે સૂત! એ બન્ને જ્યાં મળ્યા ત્યાં જેમ ભગવાનના ચરણમાંથી નીકળેલો ગંગાપ્રવાહ પાપને દૂર કરે છે તેમ એ બન્નેના મુખથી નીકળેલ કથાપ્રવાહ પણ પાપને દૂર કરે તેવો થયો હશે ।।૫।।

તમારું કલ્યાણ થાઓ! એ ઉદાર કર્મવાળા ભગવાનનાં ચરિત્ર કીર્તન કરવા યોગ્ય હોય છે. તે ચરિત્રો અમને કહો. ભગવાનની લીલારૂપી અમૃતનું પાનનો કરવાવાળો એ રસનો કયો રસિક હશે કે જેને તૃપ્તિ થાય? ।।૬।।

નૈમિશારણ્યમાં રહેતા મુનિઓ રોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવાને ઉપર પ્રમાણે પૂછવા લાગ્યા ત્યારે ભગવાન્માં બુદ્ધિ, મન સર્વ અર્પણ કરીને એ ઋષિઓને ઉદ્દેશીને સૂત બોલ્યા, ''સાંભળો'' ।।૭।।

**સૂતે કહ્યું :** પોતાની માયાથી વરાહનું સ્વરૂપ ધારણ કરીને પૃથ્વીનો રસાતળમાંથી કેવી રીતે ઉદ્ધાર કર્યો તથા હિરણ્યાક્ષને અવજ્ઞાથી માર્યો એ બન્ને ભગવલ્લીલા સાંભળીને અત્યન્ત રાજી થયેલા વિદુરજી મૈત્રેયને પૂછવા લાગ્યા ।।૮।।



**વિદુરજી બોલ્યા :** બ્રહ્મન્! આપ પરોક્ષ વિષયોને પણ જાણો છો માટે એ બતાવો કે પ્રજાપતિઓના પતિ બ્રહ્માજીએ મરીચિ વગેરે પ્રજાપતિઓને ઉત્પન્ન કરી પછી સૃષ્ટિ વધારવામાટે શુંકર્યું ।।૯।।

મરીચિ વગેરે બ્રાહ્મણો તથા મનુ પંડે પ્રકટ્યા. એ બન્નેએ બ્રહ્માની આજ્ઞા લઈને આ દેખાતા જગતને કેવી રીતે ઉત્પન્ન કર્યું? ।।૧૦।।

તેઓએ ભાર્યાઓના સહકારથી આ જગત્ ઉત્પન્ન કર્યું કે પોતપોતાના કાર્યમાં સ્વતન્ત્ર રહીને કે બધાએ એકી સાથે મળીને આ જગતની રચના કરી? ।।૧૧।।

**મૈત્રેયે કહ્યું :** ૧. કોઈથી* કળી ન શકાય તેવા દૈવ (ભગવદિચ્છા, કામ), ૨. પર પુરુષ (અથવા અક્ષર બ્રહ્મ) અને ૩. કાલ આ ત્રણ ગુણોથી ક્ષોભ પામેલા ભગવાનના ત્રણ ગુણોમાંથી (સત્, ચિત્, આનન્દમાંથી) મહત્તત્વની ઉત્પત્તિ થઈ ।।૧૨।।

**વિશેષ :** અહીં સૃષ્ટિના અનેક પ્રકાર બતાવે છે. પ્રથમ મહત્તત્વ, અહંકાર, અંડ, નારાયણ, પદ્મ અને બ્રહ્મા એ છ પ્રાકૃત સર્ગ અને અગિયાર વૈકૃત સર્ગ; તેમાં ત્રણ ગુણમાંથી નવ સર્ગ; એક મનુનો સર્ગ અને ઋષિસર્ગ એમ અગિયાર સંખ્યા મળીને સત્તર સર્ગ; સત્તર યજ્ઞ હોવાથી તે કેવળ ભગવદર્થ સર્ગ છે. તેમાં પ્રથમ મહતત્ત્વનો સર્ગ કહેવાય છે; તે મહત્તત્વ પ્રકૃતિમાંથી ઉત્પન્ન નથી થતું પણ ભગવાન્થી જ થાય છે તેથી ''દૈવેન દુર્વિતકર્યેણ'' એવું વિશેષણ આપ્યું છે. તેમાં દૈવ એટલે ભગવાનની ઈચ્છા સમજવી ''સોડકામયત'' એમ શ્રુતિમાં કહ્યું છે. 'પર' એટલે અક્ષર અથવા પુરુષ; એ રાજસ છે તથા અનિમિષ કાળ તે તામસ છે. એ સત્ત્વ, રાજસ અને તામસ ગુણ પ્રકૃતિના નહિ પણ સચ્ચિદાનન્દ પુરુષોત્તમના **સત્થી** સત્ત્વ ગુણ, **ચિત્થી** રજોગુણ અને **આનન્દ**થી તમોગુણ થાય. એનાથી ઈચ્છા થઈ અને એ થતાં અક્ષરથી અથવા પુરુષોત્તમથી કાલક્ષોભરૂપ વ્યાપારથી મહત્તત્વ થયું. આ સર્ગ પ્રકૃતિજન્ય નથી એમ કહેવામાટે પ્રથમ મહત્તત્વની સૃષ્ટિ કહી છે. એ સૃષ્ટિ ભગવદ્રૂપ છે માટે ભગવદર્થક સર્ગ છે. કર્મ, સ્વભાવ વગેરે સામગ્રી કાળમાં આવી જાય છે તેથી જુદી જણાવી નથી.

એ મહાન ત્રિગુણાત્મક છે, છતાં એ સૃષ્ટિનો કર્તા થાય છે. રજોગુણ પ્રધાન થતાં એની ઉપર વીક્ષા (વિશેષ પ્રકારની ઈચ્છા) થઈ ત્યારે એણે ભૂતના આદિ અહંકારને ઉત્પન્ન કર્યો. એણે ભૂત, માત્રા અને ઈન્દ્રિયો તથા એના દેવોને ઉત્પન્ન કર્યા।।૧૩।।

એ બધા જુદા હોવાથી સૃષ્ટિ કરવામાં અસમર્થ થયા. પછી ભગવાનની ઈચ્છાથી ભૂત માત્રા અને ઈન્દ્રિયો વગેરેએકઠાં થયાં તે બધાંએ ઘણા પ્રકાશયુક્ત સુવર્ણના

અંડને ઉત્પન્ન કર્યું ।।૧૪।।

કમળના કોશ જેવો એ આંડકોશ થયો. એ કોશ સમુદ્રના જળમાં હજાર વર્ષ સુધી રહ્યો. ઉત્પન્ન થયા પછી એમાં ભગવાને પ્રવેશ કર્યો. પોતે ઈશ્વર છે તેથી એમાં એ કેમ રહ્યા. એવી શંકા કરવાને અવકાશ નથી. કમળ કોશમાં રહ્યા તે જ નારાયણ ।।૧૫।।

એ નારાયણની નાભિમાં કમળ થયું. એ હજારો સૂર્યથી વધે એવા તેજવાળું અને સર્વ જીવોના નિવાસરૂપ હતું. એ કમળમાં (ભગવાન્) પોતે બ્રહ્માજી થયા ।।૧૬।।

એ બ્રહ્માજીમાં સમુદ્રના જલમાં પોઢેલા ભગવાન્ નારાયણનો આવેશ થયો ત્યારે એણે પહેલાં(ના કલ્પના) જેવાં આકૃતિ, જાતિ, ગુણ વગેરે હતાં તેવા જ પ્રકારની સૃષ્ટિ ફરીથી કરી, અર્થાત્ ભગવાન્ પોતેજ પહેલાંની સૃષ્ટિ જેવા રૂપ-ગુણવાળા થયા ।।૧૭।।

બ્રહ્માજીએ પ્રથમ છાયાથી પાંચ પર્વવાળી અવિદ્યા ઉત્પન્ન કરીએ તામિસ્ર[1] અન્ધતામિસ્ર[2] તમ[3] મોહ[4] અને મહાતમ[5] એ નામના પાંચ પર્વ થયાં ।।૧૮।।

**વિશેષ :** ૧. પ્રથમ તૃતીય સ્કન્ધના બારમા અધ્યાયમાં **''સસર્જાન્ધતામિસ્રમ્''** વગેરે શ્લોકથી પાંચ પર્વવાળી અવિદ્યાની ઉત્પત્તિ કહી છે તેનાથી આ અવિદ્યા જુદા પ્રકારની છે. ભગવાન્થી વિમુખ થઈ મહાભોગની ઈચ્છા એ ભક્તિમાર્ગમાં બાધક હોવાથી અવિદ્યાના પર્વમાં મુખ્ય પ્રથમ પર્વરૂપ તામિસ્રને ગણેલ છે.

૨. અન્ધતામિસ્ર એટલે ભોગવવાની ઈચ્છા; એ તામિસ્ર કરતાં કાંઈક ઠીક કેમકે એમાં ભગવાન્થી વિમુખ થઈને ભોગની ઈચ્છા કરવાનો ક્રમ નથી.

૩. અજ્ઞાન એ ત્રીજું પર્વ; તેને તમ કહ્યું છે. એમાં ભોગોની ઈચ્છા માત્ર છે; ભગવદ્વૈમુખ્ય નથી. એ ઉત્તમ.

૪. પુત્રાદિ સારાં હોય તો પોતાને સુખ અને એના દુઃખમાં પોતે દુઃખ માનવું એ અવિદ્યાનું ચોથું પર્વ મોહ નામથી પ્રસિદ્ધ છે. એ પૂર્વે ત્રણ કહ્યાં તેના કરતાં ઉત્તમ છે કેમકે પુત્રાદિ પણ ભગવત્સેવામાં ઉપયોગી છે તેની સકલતા-વિકલતામાં પોતે સકલતા રાખે તેમાં ભગવત્સમ્બન્ધની ઉત્તમતા છે.

૫. દેહનો અભિમાન એ **મહામોહ** નામનું પાંચમું પર્વ; તે પણ સેવામાં ઉપયોગી હોવાથી ઉત્કૃષ્ટ છે. આ અવિદ્યા સેવોપયોગી હોવાથી ઉત્કૃષ્ટ છે. બારમાં અધ્યાયવાળી અવિદ્યા ભગવદ્વૈમુખ્ય કરાવનારી છે. આ અવિદ્યા ભગવત્સાંમુખ્ય કરાવનારી હોવાથી ઉત્તમ છે.



જે કાયાથી આ પાંચ પ્રકારની અવિદ્યાસૃષ્ટિ થઈ તે કાયાનાં વખાણ ન કરતાં બ્રહ્માએ એને છોડી દીધી. એ તામસી કાયા હતી. એ કાયાને યક્ષો અને રાક્ષસોએ સ્વીકારી. એ રાત્રિરૂપ અભિમાની દેવતા થઈ, જેમાં ભૂખ અને તૃષાનો ઉદય થયો ।।૧૯।।

યક્ષો અને રાક્ષસોએ એ રાત્રિની અભિમાની દેવતારૂપ કાયાનો આશ્રય કર્યો. જેથી ક્ષુધા અને તૃષા બાધા કરવા લાગી એ વખતે બીજો કોઈ પદાર્થ ન હોવાથી એઓ બ્રહ્માજીને ખાવા તૈયાર થયા અને કહેવા લાગ્યા કે ''આની રક્ષા ન કરતાં એને ખાઈ જાઓ, કારણ કે ભૂખ લાગી છે'' એમ પરસ્પર બોલવા લાગ્યા ।।૨૦।।

ત્યારે બ્રહ્માજીએ શોકાતુર થઈ એઓને કહ્યું: ''હે યક્ષો! રાક્ષસો તમે તો મારી પ્રજા છો માટે મને ન ખાઓ પણ મારી રક્ષા કરો'' ।।૨૧।।

દીપમણિ કે સૂર્ય પ્રકાશની પેઠે પોતાના પ્રકાશમાંથી બ્રહ્માજીએ જે-જે સૃષ્ટિ કરી તે-તે સામે ક્રીડા કરવા લાગી તેમાં જો કે દોષ ન દેખાયો પણ એ ભિન્ન ભાવવાળી હોવાથી એ પ્રભાને પણ બ્રહ્માએ છોડી ત્યારે એને દેવોએ દિવસરૂપ જાણી ગ્રહણ કરી ।।૨૨।।

અત્યન્ત લમ્પટ એવા દેવોને બ્રહ્માજીએ જઘનથી ઉત્પન્ન કર્યા. લમ્પટ હોવાથી એ બ્રહ્માજીની પાછળ મૈથુન કરવાની ઈચ્છાથી દોડ્યા ।।૨૩।।

જેમ માતૃગમન નિષિદ્ધ છે તેમ પિતૃગમન પણ નિષિદ્ધ છતાં એઓએ એવી બુદ્ધિ કરી તેથી એઓની નિર્લજ્જતા જોઈ સભગવાન્ એટલે ભગવદાવિષ્ટ બ્રહ્માજી હસ્યા. એ અસુરો તો લગભગ બ્રહ્માજીની પાસે આવ્યા ત્યારે ભય લાગવાથી બ્રહ્માજી ત્યાંથી ક્રોધ કરીને પલાયન કરી ગયા ।।૨૪।।

પછી શરણાગતના દુઃખને મટાડનાર, ઈચ્છિત વરને આપનાર જે ભક્તને જેવો ભાવ હોય તેવા દર્શન આપી અનુગ્રહ કરનાર હરિ ભગવાનની પાસે એ બ્રહ્માજી આવ્યા ।।૨૫।।

''હે પરમાત્મન્! આપની પ્રેરણાથી હું પ્રજા સરજું છું તે પાપી પ્રજા મૈથુન કરવાને મારી પાછળ આવી, મારું આક્રમણ કરવા તૈયાર થાય છે તેથી હું આપને શરણે આવ્યો છું તો હે પ્રભો! મારી રક્ષા કરો ।।૨૬।।

લોકને દુઃખ થાય તે મટાડનાર આપ એક જ છો. જેઓ આપના ચરણનો આશ્રય નથી કરતા તેઓને કલેશ આપનાર પણ આપ જ છો; તેથી આ લોકોથી મારું

રક્ષણ કરો'' ।।૨૭।।

ભગવાને બ્રહ્માજીની દીનતા જોઈ એકાન્તમાં સર્વ પદાર્થના સ્વરૂપને જોયું અને બ્રહ્માજીને એ ઘોર શરીરનો ત્યાગ કરવાનું કહ્યું ત્યારે ભગવાનના કહેવા પ્રમાણે એ તનુનો ત્યાગ કર્યો ।।૨૮।।

જે તનુનો બ્રહ્માએ ત્યાગ કર્યો તેમા યક્ષાદિને સ્ત્રીનો ભાવ હતો. એ સ્ત્રીરૂપા દેખાઈ એ સ્ત્રીના ચરણકમળમાં નુપૂર શબ્દ કરતાં હતાં. મદવડે એનાં લોચન તરલ દેખાતાં હતાં. એણે કટિમેખલાની નીચે સુન્દર રેશમી વસ્ત્રથી કેડને આચ્છાદિત કરી રાખી હતી. અન્યોન્યને મળેલાં અન્તર વગરનાં એનાં સ્તન ઉન્નત હતાં. સુઘડ નાસિકાવડે તથા દાંતવાળા હસતા મુખવડે એ અન્તઃસ્નેહને સૂચવતી હતી, લજ્જાવડે આત્માને ગુપ્ત રાખતી હતી. એવી કાળા કેશવાળી એ સ્ત્રીને જોઈ બધા અસુરો એમાં મોહિત થઈ ગયા ।।૨૯-૩૧।।

''અહો! શું આનું રૂપ છે? શું આનું અલૌકિક ધૈર્ય છે! શું આનું યૌવન આનું સુન્દર યૌવન તો જુઓ! આપણે બધા એની કામના કરીએ છીએ છતાં આપણી વચ્ચે જાણે આ નિષ્કામ હોય તેવી ફરે છે'' ।।૩૨।।

સન્ધ્યાને પ્રમદા જાણીને એનેમાટે અનેક તર્કો કરતા એ કુબુદ્ધિ આસુરો એની સ્તુતિ કરતા-કરતા વિશ્વાસથી એનાં નામ વગેરે પૂછવા લાગ્યા ।।૩૩।।

''સુન્દરી! તમે કોણ છો? તમારાં માતાપિતા કોણ? અહીં આવવાનું તમારું શું પ્રયોજન છે? રૂપની સમ્પત્તિવડે દુર્ભાગી અમોને હે ભામિની! તમે તરસાવો છો;'' એમ કેટલાક બોલ્યા ।।૩૪।।

બીજા બોલ્યા : ''તમે જે હો તે હો પણ હે અબલે! તમે અમને દર્શન આપ્યું એ અમારાં મોટાં ભાગ્ય સમજીએ છીએ. તમે તમારી ગેંદ ઉછાળી-ઉછાળીને તમને જોનારનાં અમારાં મનને વલોવી નાખો છો ।।૩૬।।

હે મનોહર સ્ત્રી! ઊડતા ભમરાઓને હથેળીથી વારંવાર પ્રહાર કરતાં તમારા ચરણકમળનો સર્વત્ર જય થાય છે. તમારો કટિપ્રદેશ સ્થૂલ સ્તનોના ભારથી માનો શ્રમિત થયો છે અને તમારી દષ્ટિમાંથી થકાવટ ડોકિયાં કરે છે. ઓહો! તમારો કેશપાશ કેવો સોહામણો છે? માટે તમારે આરામ લેવાની જરૂર છે. તેમ થશે તો જ તમારા અવયોને શાન્તિ મળશે'' ।।૩૬।।

સાયંકાળ-સન્ધ્યાને સુન્દરી સમજતા એ મૂઢ બુદ્ધિવાળા અસુરો પોતાને લોભાવે



છે એમ માનીને એને પકડવા લાગ્યા ।।૩૭।।

પછી પોતાના શરીરને જ સૂંઘીને હાસ્ય કરવા લાગ્યા. પછી બ્રહ્માજીએ પોતાના લાવણ્યમાંથી ગન્ધર્વો અને અપ્સરાગણ ને ઉત્પન્ન કર્યા તે શરીરને પણ બ્રહ્માજીએ છોડી દીધું જે ચન્દ્રિકા રૂપ થયું. ગન્ધર્વો, જેમાં વિશ્વાવસુ મુખ્ય છે તેમણે એનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કર્યો ।।૩૮-૩૯।।

બ્રહ્માજીએ પછી પોતાનાં નિદ્રા અને આળસમાંથી ભૂત અને પિશાચોને ઉત્પન્ન કર્યા તે તો વસ્ત્રરહિત અને છૂટા કેશવાળા હતા. એને જોઈને બ્રહ્માજીએ પોતાનાં નેત્ર મીચી દીધાં ।।૪૦।।

એ શરીરને પણ છોડી દીધું. એમાંથી બગાસું થયું તેથી નિદ્રા અને ઈન્દ્રિયોનો થાક વગેરે જે એનાં કાર્ય છે. તે લોકમાં જોવામાં આવે છે ।।૪૧।।

બ્રહ્માજીએ પોતાને ઈન્દ્રિયોની શક્તિનું સામર્થ્ય પ્રાપ્ત થાય એવી ઈચ્છા કરી. એ પ્રભુએ પોતાની પરોક્ષમાં સાધ્યગણ અને પિતૃગણને ઉત્પન્ન કર્યા. પિતૃઓએ બ્રહ્માજીએ કરેલી એ સૃષ્ટિને અને એ બ્રહ્માજીની કાયાને ગ્રહણ કરી, જેનેમાટે ડાહ્યા પુરુષો, સાધ્યો અને પિતૃઓને શ્રાદ્ધ વગેરેદ્વારા હવ્ય અને કવ્ય (પિંડ) અર્પણ કરે છે શ્રાદ્ધાદિ કરે છે ।।૪૨-૪૩।।

બ્રહ્માજીએ સિદ્ધો અને વિધાધરોને તિરોધાનવડે ઉત્પન્ન કર્યા એમણે એને અન્તર્ધાન નામની પોતાની કાયા આપી. આ અન્તર્ધાન વિદ્યા આશ્ચર્ય કરાવે તેવી છે ।।૪૪।।

પોતાના પ્રતિબિમ્બમાંથી બ્રહ્માજીએ કિમ્પૂરુષો અને કિન્નરો ને ઉત્પન્ન કર્યા. પોતાના શરીરને બહુમાન આપીને અને પોતાના જેવા જોવામાટે ઉત્પન્ન કર્યા ।।૪૫।।

એ બ્રહ્માજીએ પોતાના પ્રતિબિમ્બરૂપને છોડી દીધું તેને કિમ્પુરુષોએ ગ્રહણ કર્યું અને એને લઈને સવારમાં બન્ને સાથે રહીને એ બ્રહ્માજીનું ગાન કરવા લાગ્યા ।।૪૬।।

દેહથી ભોગ કરતાં એ સ્થૂળ થયો તેથી સૃષ્ટિની વૃદ્ધિ થતી બંધ પડી ગઈ. એની ચિન્તામાં બ્રહ્માજી સૂઈ ગયા અને ક્રોધ કરીને એ શરીરને છોડી દીધું ।।૪૭।।

એ શરીરના માથા ઉપરથી કેશ ખરી પડ્યા તે સર્પ થયા. જે પડ્યા તે 'અહિ' કહેવાયા, જે ક્રોધથી દોડ્યા તે 'સર્પ' કહેવાયા, જે ક્રિયા રહિત થયા તે 'નાગ' મોટા

ફણા અને જાડા શરીર વાળા થયા ।।૪૮।।

આ પ્રમાણે પોતાના આત્માની નવ પ્રકારની સૃષ્ટિ કર્યા પછી જ્યારે મનુની સૃષ્ટિ થઈ ત્યારે ''લોકને ધર્માદિવડે મનુઆદિ પાલન કરશે'' એમ જાણીને બ્રહ્માજી પોતાના આત્માને કૃતકૃત્ય માનવા લાગ્યા ।।૪૯।।

જેટલાને ઉત્પન્ન કર્યા. તેને પોતાને રહેવામાટે બ્રહ્માંડ આપ્યું. એ જોઈને જે પહેલા ઉત્પન્ન થયા હતા તે બ્રહ્માજીને વખાણવા લાગ્યા ।।૫૦।।

''અહો! આ જગતના સ્રષ્ટા! તમારું પુણ્ય આમાં પ્રતિફલિત થયું. અમે આ સ્થાનમાં રહીને સ્થિર થઈશું અને સર્વ પુરુષાર્થ સિદ્ધ કરીશું'' ।।૫૧।।

જ્ઞાન, કર્મ અને ભક્તિ વડે ઈન્દ્રિયોના અધિષ્ઠાતા ભગવાન્ યોગસમાધિવડે ઋષિ વગેરેની સૃષ્ટિ કરવા લાગ્યા ।।૫૨।।

**તેભ્યો હ્યૈકૈકશઃ સ્વસ્ય દેહસ્યાંશમદાદજઃ ।।**
**યત્તત્સમાધિયોગર્દ્ધિ-તપોવિદ્યાવિરક્તિમત્ ।।૫૩।।**

જેના અંશથી જેને ઉત્પન્ન કર્યા તેનો અંશ તેને આપવો એમ વિચાર કરી સમાધિ, યોગ, ઋદ્ધિ તપ, જ્ઞાન અને વૈરાગ્ય એ છએ ઐશ્વર્યો પોતાને કાંઈ ઈચ્છા ન હોવાથી પોતાની સૃષ્ટિને આપ્યાં ।।૫૩।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (તત્ત્વસૃષ્ટિ પ્રકરણનો પહેલો)**
**''બ્રહ્માજીથી અનેક પ્રકારની સૃષ્ટિ થતાં મનુ થયા એનું વર્ણન''**
**નામનો વીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દક્ષિણા સ્વીકારીને, ફંડ-ફાળા માટે કે મૃતકના ઉદ્ધાર અર્થે યોજાતી ભાગવતકથાના આયોજનની ગુરુએ આજ્ઞા આપવી કે તેમાં હાજરી આપવી તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

## અધ્યાય ૨૧

## શતરૂપા સાથે મનુ દેવહૂતિને લઈને કર્દમના આશ્રમમાં આવ્યા

**વિશેષ :** આ અધ્યાયમાં ધર્મમાર્ગ કહેવામાં આવે છે. આ સર્ગ ભૂતસર્ગ કહેવાય છે, કારણ એ ભૂતોનો સંસ્કાર કરનારો છે. આ સર્ગનું રૂપ પણ છ પ્રકારનું છે. તેમાં તપ, દર્શન અને સ્તુતિ



એ ત્રણ પ્રકાર કારણમાં કહેવામાં આવે છે; ત્રણ પ્રકાર ફળમાં છે. વાક્ય, આગમ અને સમૃદ્ધિ એ ત્રણ પ્રકાર ઋષિના કથનમાં હોવાથી એ ફળરૂપ છે. મનુ કર્દમના આશ્રમમાં જાય છે ત્યાં મનુનો અને મુનિ કર્દમનો સંવાદ થાય છે. એ વાત આ અધ્યાયનો વિષય છે. પુંમુક્તિ અહીં છે.

**સ્વાયમ્ભુવસ્ય ચ મનોર્વંશઃ પરમસમ્મતઃ ।।**
**કથ્યતાં ભગવન્! યત્ર મૈથુનેનૈધિરે પ્રજાઃ ।।૧।।**

**વિદુરજી બોલ્યા :** હે ભગવન્! અને સ્વાયમ્ભુવ મનુનો વંશ પરમ પ્રશંસા પામેલો છે, જેમાં પ્રજાની વૃદ્ધિ મૈથુન ધર્મથી થઈ છે એ મને કહો ।।૧।।

સ્વાયમ્ભુવ મનુને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ એ નામના બે પુત્રો હતા તેઓ સાત દ્વીપવાળી પૃથ્વીનું રક્ષણ નિશ્ચય ધર્મનું ઉલ્લંઘન કર્યા વિના કરતા હતા ।।૨।।

હે નિષ્પાપ! એમને દેવહૂતિ નામની એક પુત્રી ખરેખર પ્રસિદ્ધ હતી અને એ કર્દમ પ્રજાપતિની પત્ની હતી એવું આપે મને કહેલું છે ।।૩।।

એ યોગના લક્ષણવાળી હતી. કર્દમે એમાં પોતાનું વીર્ય કેટલા પ્રકારે આધાન કર્યું એ સાંભળવાની મારી ઈચ્છા છે; તો આપ મને એ કથા કહો ।।૪।।

હે બ્રહ્મન્! રુચિ પ્રજાપતિ પૂર્વ કલ્પમાંથી બચ્યા હતા તેમનાથી તથા બ્રહ્માજીના પુત્ર દક્ષથી મનુની પુત્રીમાં જે સંતાનો થયાં તેની કથા પણ આપ મને કહો ।।૫।।

**મૈત્રેય કહ્યું :** બ્રહ્માજીએ કર્દમને કહ્યું કે તમે પ્રજા ઉત્પન્ન કરો ત્યારે કર્દમ તો એકલા જ હતા તેથી સરસ્વતીના તીર ઉપર એમણે દસ હજાર દિવ્ય વર્ષ સુધી તપ કર્યું ।।૬।।

તપ કરતાં ક્રિયાયોગવડે, સમાધિવડે તેમજ ભક્તિવડે, વરદાન દેનારા ભગવાન્ એમના હૃદયમાં પધાર્યા ।।૭।।

એનાથી કમળનેત્ર ભગવાન્ કર્દમ ઉપર પ્રસન્ન થયા અને આપે શબ્દબ્રહ્મ સ્વરૂપથી કર્દમને દર્શન દીધાં ।।૮।।

રજરહિત (આસક્તિ અને મલિનતા વિનાના) સૂર્યના જેવા પ્રકાશવાળા, શ્વેત કમળની માળાને ધારણ કરતા, ચીકણા અને શ્યામ કેશયુક્ત મુખ કમળવાળા, શ્વેત વસ્ત્રવાળા, કિરીટકુંડલ યુક્ત, શંખ, ચક્ર, ગદાને ધારણ કરતા, શ્વેત કમળને હાથમાં ફેરવાતા, મન ચોરી લે તેવા હાસ્ય અને નેત્ર યુક્ત, ગરુડના ખભા ઉપર ચરણારવિન્દ રાખીને આરૂઢ થયેલ, આકાશમાં બિરાજતા, વક્ષઃસ્થળમાં લક્ષ્મીવાળા કંઠમાં કૌસ્તુભ મણિવાળા ભગવાનનાં દર્શન કરીને હર્ષ પામતા એ મુનિ ભગવાનનાં ચરણમાં પડ્યા

અને પોતાનો મનોરથ પૂર્ણ થયો એમ માનવા લાગ્યા અને જેમનો આત્મા ભગવાન્‌માં પ્રેમભાવથી લીન થયો છે તેવા એ મુનિએ વાણીવડે ભગવાનની સ્તુતિ કરી ।।૯-૧૨।।

**કર્દમ બોલ્યા :** સમગ્ર સત્ત્વરાશિરૂપ આપનાં દર્શન થતાં મારાં નેત્રોની દિવ્ય શક્તિઓનો મને અનુભવ થયો. હે સ્તુતિપાત્ર! ઘણા કાળ સુધી યોગનો અનુભવ કરી સત્પુરુષો ઘણા જન્મે આપનાં દર્શન કરવાની ઈચ્છા કરે છે કેમકે આપનાં દર્શન તો આપની કૃપાવડે જ સિદ્ધ થઈ શકે છે. તેમાં સાધન બળથી તો માત્ર એની ઈચ્છા જ કરી શકાય ।।૧૩।।

આપનું ચરણારવિન્દ સંસારસમુદ્રને તરવામાં નૌકારૂપ છે; છતાં જેઓ કેવળ કામસુખના લેશને માટે એનું આરાધન કરે છે તેઓ આપની માયાથી હણાઈ ગયેલા છે એમ સમજવું; તેઓને આપ નરકમાં પણ જે મળી શકે તેવી અભિલાષાઓ પૂર્ણ કરો છો ।।૧૪।।

હું પણ એવા આરાધકોમાંનો એક છું, કારણ કે હું પણ ગૃહસ્થાશ્રમના કામ આપનાર ધેનુ જેવી સ્ત્રીને પરણવાની કામનાવાળો છું; અને આપનું ચરણારવિન્દ જે કામનાવાળાને કલ્પવૃક્ષરૂપ છે. તેના મૂલમાં આવ્યો છું ।।૧૫।।

હે અધીશ! આપ પ્રજાના પતિ છો. આપની વાણીરૂપ દોરડીથી આ જીવલોક કામમાં હણાઈને બંધાયેલો છું. હે વિશુદ્ધ! હું પણ એ લોકને અનુસરીને આપની આજ્ઞાનું પાલન કરું અને આપને એ રીતે સેવામાં ઉપયોગી થાઉં એમાટે કાલસ્વરૂપ આપને નમસ્કાર કરું છું ।।૧૬।।

આપના ભક્તો તો એવા હોય છે કે તેઓ લોકોનો તેમજ પશુના જેવા લોકને અનુસરતા ભક્તોનો પણ ત્યાગ કરી આપના ચરણરૂપી છત્રનો આશ્રય કરે છે અને પરસ્પર આપના ગુણાનુવાદરૂપી અમૃતપાનવડે દેહના ધર્મ (ભૂખ, તરસ) પણ વીસરી જાય છે ।।૧૭।।

વિકાર રહિત અક્ષરબ્રહ્મરૂપી ધરી ઉપર ભરાયેલું તેર (અધિક માસ સાથે માસરૂપી) આરાવાળું, ત્રણસો સાઠ (દિવસોરૂપી) સાંધાવાળું, છ (ઋતુઓરૂપી) નેમિ (પરિધ) વાળું, અનન્ત પત્રોવાળું, ત્રણ (શિયાળો, ઉનાળો, ચોમાસું) નાભિવાળું, ભયંકર પ્રવાહવાળું, જગતના આયુને કાપતું-ફરતું આપનું ચક્ર એ ભક્તોના આયુષ્યનો ગ્રાસ કર્યા વિના ફરે છે ।।૧૮।।



જેમ કરોળિયો પોતાના મોઢામાંથી લાળ કાઢી એમાં વિહાર કરે છે અને વળી પોતે પાછો એ લાળને પોતાના સ્વરૂપમાં લીન કરે છે તેમ આપ એક હોવા છતાં આપની યોગમાયાવડે આ જગતને ઉત્પન્ન કરો છો અને પ્રલય વખતે એ બધું પાછું સ્વરૂપમાં લીન કરો છો. એમ કરવામાં આપને બીજાની જરૂર પડતી નથી, આપ કેવળ સ્વશક્તિથી બધું કરવા સમર્થછો ।।૧૯।।

હે અધીશ! અહંકારાદિ વિષયો સંસાર આપનાર છે આપ ભક્તને એ આપવાનું પસંદ કરતા નથી. આમ છતાં જો આપ એવા કોઈ ભક્ત ઉપર એવો અનુગ્રહ કરો તો માયાવડે તુલસીથી શોભતાં શ્રીઅંગનું દર્શન આપો છો. (જો આપ જ ભક્તને સંસારનું દાન કરો,તો એ ભક્ત આપનાં આપેલા સંસારથી બંધાતો નથી) એવો ભક્ત આપના સ્વરૂપમાં આસક્તિથી સંસારને તરી જાય છે ।।૨૦।।

પોતાના આનન્દના અનુભવ માત્રથી આપની ક્રિયા માત્ર નિવૃત્ત થઈ છે, માયા આપને સ્વાધીન હોવાથી આપનું ચરણકમળ લોકતન્ત્રને ચલાવનાર હોવાથી વન્દનીય છે, આપ થોડી નામ માત્રની ભક્તિ કરનાર ઉપર પણ સમસ્ત અભિલાષિત વસ્તુઓની વર્ષા કરી રહ્યા છો. એ આપને હું વારંવાર નમસ્કાર કરું છું ।।૨૧।।

**મૈત્રેય કહ્યું :** એમ મુનિ જેવું પોતાના હૃદયમાં હતું તેવું સાચુ બોલ્યા. એ પ્રમાણે મુનિએ સ્તુતિ કરી ત્યારે ગરુડ ઉપર શોભતા, પ્રેમ અને મન્દહાસ્ય યુક્ત દૃષ્ટિથી ભ્રૂકુટીને નચાવતા એ કમળનાભ પ્રભુ મુનિને ઉદ્દેશીને આ પ્રમાણે બોલ્યા ।।૨૨।।

**શ્રીભગવાને કહ્યું :** તમારા મનના વિચાર હું જાણું છું. તમે આત્મસંયમવડે જેમાટે મારું આરાધન કર્યુ છે તેનો મેં પ્રથમથી જ બંદોબસ્ત કર્યો છે ।।૨૩।।

હે પ્રજાધ્યક્ષ! મારું કરેલું પૂજન કદાપિ નકામું જતું નથી. તેમાંયે જેણે મારામાં પોતાનો આત્મા અર્પણ કર્યો છે તેવા તમારા જેવાએ કરેલું આરાધન તો વ્યર્થ ન જ જાય ।।૨૪।।

પ્રસિદ્ધ યશસ્વી સમ્રાટ સ્વાયમ્ભુવ મનુ બ્રહ્માવર્તમાં રહી સાત સમુદ્રવાળી સારી પૃથ્વી ઉપર શાસન કરે છે ।।૨૫।।

હે વિપ્ર! એ ધર્મજ્ઞ રાજર્ષિ મનુ પોતાની સ્ત્રીની સાથે તમને જોવાને પરમ દિવસે તમારી પાસે આવશે ।।૨૬।।

એને વય-રૂપ ગુણવાળી શ્યામ નેત્રોવાળી અને પતિને શોધનારી કન્યા છે તે

કન્યાના પતિ થવાને તમે લાયક છો. એ અહીં આવી એ કન્યા તમને આપશે ।।૨૭।।

જેમાં તમારું મન દસ હજાર વર્ષથી લાગ્યું હતું તે રાજકન્યા તમારી ઈચ્છા પ્રમાણે તમને જલદી મળશે ।।૨૮।।

એ તમારા વીર્યને પોતાના ગર્ભમાં ધારણ કરી એનાથી નવ કન્યાઓ ઉત્પન્ન કરશે અને પછી એ કન્યાઓથી લોકરીતિ પ્રમાણે મરીચિ વગેરે ઋષિઓ પુત્રો ઉત્પન્ન કરશે ।।૨૯।।

હે સુન્દરશ્રેષ્ઠ! તમે તો મારી આજ્ઞાનું સારી રીતે પાલન કરી મારામાં સર્વ કર્મ ફલને અર્પણ કરી કૃતાર્થ થશો અને મને પ્રાપ્ત થશો ।।૩૦।।

જીવ માત્ર ઉપર દયા કરી અને આત્મનિષ્ઠ થઈ તથા જીવને અભયનું દાન કરી, જગતની સાથે તમારા આત્માને તમે મારામાં જોઈ શકશો ।।૩૧।।

હે મહામુનિ! તમારા ક્ષેત્રરૂપ દેવહૂતિમાં અંશકલાવડે હું પ્રકટ થઈશ અને ‘સાંખ્યશાસ્ત્ર’ પ્રકાશિત કરીશ ।।૩૨।।

**મૈત્રેય બોલ્યા :** અન્તર્દષ્ટિથી દેખતા ભગવાને કર્દમની સાથે એ પ્રમાણે વાત કરી અને પછી સરસ્વતીના કિનારા ઉપર રહેલા બિન્દુસરોવરથી પધાર્યા ।।૩૩।।

સર્વ સિદ્ધેશ્વરોએ સ્તુતિ કરેલા, પોતાથી જ સિદ્ધ થતા માર્ગવાળા ભગવાન્ ગરુડની પાંખોથી ગવાતા સામવેદ, જેમાં સ્તુતિઓના સમૂહનો ઉચ્ચાર થતો હતો તેનું શ્રવણ કરતા તેનાં દેખતાં જ પધારી ગયા ।।૩૪।।

ભગવાનના પધાર્યા પછી ભગવાને મનુનો આવવાનો જે દિવસ કહેલો તેની વાટ જોતા કર્દમ મુનિ બિન્દુસરોવર ઉપર પોતાના આશ્રમમાં રહેવા લાગ્યા ।।૩૫।।

મનુ પોતાની પુત્રી અને શતરૂપા નામની પત્નીને સાથે લઈને સોનાના સાજવાળા રથમાં બેસી વનમાં મુનિનો આશ્રમ શોધતા પૃથ્વીમાં ફરતા હતા; ।।૩૬।।

હે વીરવર! ભગવાને કહ્યો હતો તે જ દિવસે પૂર્ણ થયેલ વ્રતવાળા મુનિના આશ્રમમાં એ આવી પહોચ્યાં ।।૩૭।।

પોતાના શરણાગત ભક્તને આપી દીધેલી અતિ કૃપાને લઈને ભગવાનનાં નેત્રમાંથી જ્યાં અશ્રુબિન્દુ પડેલાં તે સ્થળ ‘બિન્દુસર’ નામનું તીર્થ કહેવાતું હતું. ‘બિન્દુ સરોવર’ સરસ્વતીની પાસે જ હતું. આ તીર્થના પવિત્ર આરોગ્યકારક અને સ્વાદિષ્ટ જળનું મુનિગણો નિરન્તર સેવન કરે છે ।।૩૮-૩૯।।



પવિત્ર વૃક્ષો અને લતાઓમાં પવિત્ર પશુપક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં. સર્વ કાલમાં જે-જે પુષ્પો અને ફળો થાય છે તેવાં પુષ્પ ફળોથી વનશ્રેણી પણ તેની શોભા વધારી રહી હતી ।।૪૦।।

પક્ષીઓનાં જૂથ એને નિરન્તર સેવી રહ્યા હતાં. એમાં વિવિધ પ્રકારનાં ભમરાઓ વિલાસ કરી રહ્યા હતા. મદોન્મત્ત મયુરરૂપી નૃત્યકારો ત્યાં નાચ કરી રહ્યાં હતાં. આથી એની શોભામાં વધારો થતો હતો. જ્યાં કોયલો, ટહુકા કરી રહી હતી એવાં કદમ્બ, ચમ્પો, આસોપાલવ, બોરસલી, કણઝી, મોગરો, મન્દાર, કુટજ તથા નાનાં-નાનાં આમ્રવૃક્ષોની ઘટાથી એ સુશોભિત હતું ।।૪૧-૪૨।।

બતકો, પ્લવો, હંસો, ટિટોડીઓ, જલકૂકડીઓ, સારસ પક્ષી, ચકલા-ચકલી અને ચકોર સુન્દર કુંજન કરી રહ્યા હતાં ।।૪૩।।

હરિણ, ભૂંડ, શેઢાઈ, રોઝ, હાથી, કાળાં મોઢાનાં વાંદરાં, સિંહ, લાલ મોઢાનાં વાંદરાં, નોળિયા અને કસ્તૂરી મૃગોથી ભરપૂર એ વનમાં આદિરાજા મનુ આવ્યા અને તીર્થરાજનાં દર્શન કરી અગ્નિમાં જેમણે હોમ કરી લીધો છે તેવા કર્દમ મુનિનાં એમણે દર્શન કર્યા ।।૪૪-૪૫।।

ઘણા કાળ સુધી તપ કરવાથી કર્દમના શરીરની કાન્તિ દેદીપ્યમાન હતી. વળી ભગવાને અમૃતરૂપી વાણી સંભળાવી હતી તેથી એમના અંગમાં કૃશતા (દૂબળાપણું) બહુ ન હતી. એમના હાથ લાંબા હતા એમનાં નેત્ર કમળ જેવા હતાં; એમણે ચીરનાં વસ્ત્ર પહેર્યા હતાં અને માથે જટા હતી; એથી પાસા પાડ્યા વિનાનું મોટું રત્ન પણ જેમ ઝાંખું દેખાય તેમ કાંઈક મલિન દેખાતા મુનિને એમણે જોયા ।।૪૬-૪૭।।

જ્યારે મનુ પર્ણકુટી પાસે આવ્યા અને સામે આવી નમસ્કાર કર્યા ત્યારે એમને લાયક પૂજા કરી કર્દમ મુનિએ હાથ પકડી એમને પર્ણ શાળામાં લઈને બેસાડ્યા ।।૪૮।।

મુનિએ પૂજનનો શિષ્ટાચાર પૂરો કરી સાવધાન થઈ ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરતાં સુન્દર વાણીવડે પ્રસન્ન થઈને મનુને આ પ્રમાણે કહ્યું ।।૪૯।।

**કર્દમ બોલ્યા :** હે દેવ! આપનું પધારવું સત્પુરુષોના રક્ષણ તથા દુષ્ટોના નાશમાટે છે, કારણ કે આપ ભગવાનની પાલક શક્તિરૂપ છો ।।૫૦।।

જે ભગવાન્ સૂર્ય ચન્દ્ર, અગ્નિ, ઈન્દ્ર, વાયુ, યમ, ધર્મ અને વરુણ એ આઠ દેવોને એક સ્થાનમાં રાખીને રાજારૂપે એ ભગવાન્ જ પૃથ્વીનું પાલન કરે છે. એ

શુકલ ભગવાનને નમસ્કાર હો ।।૫૧।।

વિજયશીલ મણિગણવાળા રથમાં બેસીને હાથમાં ટંકાર કરતા પ્રચંડ ધનુષને લઈને પાપીઓને ત્રાસ કરતા અને સૈન્યવડે પૃથ્વીને ખૂંદતા અને પૃથ્વીને ધ્રુજાવતા મોટી સેના સાથે સૂર્યની માફક ફરવાનું છોડી દો તો ભગવાને જે વર્ણ અને આશ્રમની મર્યાદાઓ બાંધી છે તે લોપાઈ જાય અને દુષ્ટ પુરુષો મર્યાદાનો નાશ કરે માટે રક્ષા કરવાને અર્થે આપને ફરવાનું જરૂરી છે ।।૫૨-૫૪।।

આપ ન ફરો તો અધર્મ વધી જાય, લોભિયાઓ અંકુશરહિત થઈ ધર્મનો નાશ કરે. જો તમે સૂઈ રહો તો ચોર લોકો આ જગતનો નાશ કરી દે ।।૫૫।।

**અથાઽપિ પૃચ્છે ત્વાં વીર! યદર્થં ત્વમિહાગતઃ ।।**
**તદ્વયં નિર્વ્યલીકેન પ્રતિપદ્યામહે હૃદા ।।૫૬।।**

તેથી આપનું ફરવું લોકના રક્ષણ અર્થે છે એ હું જાણું છું. છતાં હે વીર! આપને અહીં પધારવાનું પ્રયોજન પૂછું છું. જો મારા સરખું કામ હોય તો હું નિષ્કપટ ભાવે એ કરવાને તૈયાર છું ।।૫૬।।

**ઈતિ શ્રીભાગવતતૃતીયસ્કન્ધમાં (તત્ત્વસૃષ્ટિપ્રકરણનો બીજો)**
**''મનુ શતરૂપા સાથે દેવહૂતિને લઈ કર્દમના આશ્રમમાં આવ્યા''**
**નામનો ૨૧મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**સાવધાન! સાવધાન!! સાવધાન!!!**
ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન
પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે.

## અધ્યાય ૨૨

## દેવહૂતિ કર્દમને આપી મનુ રાજધાનીમાં પહોંચ્યા

**વિશેષ** : આ અર્થાધ્યાય છે એમાં કર્દમને સ્ત્રીરૂપી ધનની પ્રાપ્તિ થાય છે. ભગવદત્ત અર્થ મળે ત્યારે જ વિષયો કૃષ્ણાર્થ થાય છે. એ અર્થની ઉત્તમતા બતાવવામાટે મનુના ધર્મોનું વર્ણન છે. ઉત્તમ અર્થની પ્રાપ્તિ ભગવત્કૃપાથી જ થાય છે; નહિ તો અર્થ અનર્થનું મૂળ ગણાય છે. જે



મનુએ પોતાની પુત્રી આકૂતિ પોતાની ઈચ્છાથી પુત્રિકાધર્મવડે રુચિ પ્રજાપતિને આપી એ જ પોતે અત્યન્ત દીનતાપૂર્વક દેવહૂતિ મુનિને આપે છે તેથી પોતાના આત્માને મનુ કૃતાર્થ માને છે. પછી લૌકિક કાર્ય બાકી ન રહેવાથી તે ધર્મનું સેવન કરે છે. એ ધર્મ યજ્ઞાત્મક અને શ્રવણાત્મક એમ બે પ્રકારનો છે. એ બેઉ સ્વરૂપના ધર્મમાં મનુ સદા તત્પર રહે છે.

**એવમાવિષ્કૃતાશેષગુણકર્મોદયો મુનિમ્ ।।**
**સવ્રીડ ઈવ તં સમ્રાડ્ ઉપારતમુવાચ હ ।।૧।।**

**મૈત્રેય બોલ્યા** : ઓહો! એવી રીતે જેમનાં ગુણ અને કર્મની સમૃદ્ધિનું વર્ણન કરવામાં આવ્યું છે તેવા મનુ ચક્રવર્તી છે તો પણ પોતાની કીર્તિના શ્રવણથી કાંઈક શરમાતા હોય તેમ, મુનિ બોલી રહ્યા પછી કહેવા લાગ્યા ।।૧।।

**મનુએ કહ્યું** : વેદમય બ્રહ્માજીએ વેદને પૂર્ણ કરવાની ઈચ્છાથી મુખથી સર્ગ કર્યો, વેદમય, તપોમય, યોગ કરનાર અને અત્યન્ત આસક્તિરહિત તમને બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા ।।૨।।

તમારા લોકનું રક્ષણ કરવાને ભગવાને હજાર હા''ી અમને ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા છે. બ્રાહ્મણ ભગવાનનું હૃદય છે અને ક્ષત્રિય એમનું અંગ કહેવાય છે. જેમ શરીરના અવયવ વગર આત્મા કાર્ય કરી શકતો નથી તેમ ક્ષત્રિય વગર બ્રાહ્મણ પણ ક્લેશ પામે છે ।।૩।।

આમ બ્રાહ્મણ અને ક્ષત્રિય પરસ્પર પોતાના આત્માનું રક્ષણ કરે છે. એ અવિકૃત દેવ જ સદસદાત્મક જગતનું પાલન કરનાર છે. તેથી અમારે તમારી અને તમારે અમારી કામના પૂર્ણ કરવી એ આપણો વેદવિહિત ધર્મ છે ।।૪।।

તમારું દર્શન થતાં જ મારા મનના બધા જ સન્દેહ નિવૃત્ત થયા છે કેમકે આપે પોતે જ ક્ષત્રિયોના ધર્મ મને પ્રેમપૂર્વક કહ્યા હતા ।।૫।।

ઓછા પુણ્યવાળા એવા મારા જેવાને આપનાં દર્શન થયા એને હું મારું ભાગ્ય સમજું છું. આપનાં ચરણની રજ મેં મારા માથે ચડાવી એ પણ મારું ભાગ્ય જ છે, કારણ કે એ રજ સર્વ પાપને દૂર કરનારી છે ।।૬।।

વળી આપે મને મારા કર્તવ્યનો બોધ કર્યો એ મારા ઉપર મોટી કૃપા કરી છે. એ પણ મારું ભાગ્ય જ સમજો. આપના મુખની એવી સુન્દર વાણી મારા ખુલ્લા કાનવડે સાંભળવાનું સદ્ભાગ્ય મળે એ મહત્તાસૂચક છે. ઓહો! મારા ભાગ્યનાં કેટલા પ્રકારે વખાણ કરું! ।।૭।।

હું પુત્રીના સ્નેહને લઈને મનથી દુઃખી છું; તેથી જ હે મુનિ! દીન બનેલો હું આપને કાંઈ કહેવા આવ્યો છું. આપ મારું કથન કૃપયા સાંભળો ।।૮।।

પ્રિયવ્રત અને ઉત્તાનપાદ ની બહેન અને મારી પુત્રી આ દેવહૂતિ વય, શીલ અને ગુણાદિમાં પોતાને યોગ્ય પતિની શોધમાં છે ।।૯।।

જ્યારથી એણે નારદજીના મુખથી આપનાં શીલ, શાસ્ત્રજ્ઞાન, વય અને ગુણો સાંભળ્યા ત્યારથી એ આપની સાથે લગ્ન કરવાનો નિશ્ચય કરી બેઠી છે ।।૧૦।।

હે બ્રાહ્મણશ્રેષ્ઠ! હું શ્રદ્ધાવડે આપને દેવહૂતિ આપવાને અહીં આવ્યો છું. ગૃહસ્થાશ્રમના કાર્યમાં એ આપને સર્વ પ્રકારે અનુકૂળ થશે; માટે આપ મારી કન્યાનો સ્વીકાર કરો ।।૧૧।।

જેણે આસક્તિનો ત્યાગ કરેલ છે તે પણ સદા પ્રવૃત્ત રહેતા કામનો અનાદર કરી શકતો નથી તો પછી કામમાં આનન્દ માનનાર તો તેનો અનાદર ક્યાંથી કરી શકે? ।।૧૨।।

એની મેળે પ્રાપ્ત થયેલી વસ્તુનો અનાદર કરી પછી કૃપણની પાસે યાચના કરવા જાય તો પછી એવા માણસનો યશ શુદ્ધ હોય છતાં એનો નાશ થાય છે. અવજ્ઞાથી માનની પણ હાનિ થાય છે ।।૧૩।।

હે વિદ્વન્! તમે વિવાહ કરવાનો ઉદ્યોગ કરી રહ્યા છો એવું મારા સાંભળવામાં આવ્યું છે; તો હું મારી કન્યા તમને આપવાને અહીં આવ્યો છું; તો ઘેર બેઠાં મળતી કન્યાનો આપ સ્વીકાર કરો. વિવાહ કરવા ઈચ્છનાર બ્રહ્મચારી ઉપકાર કરનાર છે।।૧૪।।

**કર્દમ બોલ્યા :** તમારી કન્યા તમે ક્યાંય બીજે આપી નથી. હું પણ પ્રથમ લગ્ન કરવાનોજ વિચાર કરું છું માટે તમારા કથનને સ્વીકારું છું. અમારાબન્નેનું પ્રથમ લગ્ન હોવાથી એ યોગ્યજ વિવાહવિધિ થશે ।।૧૫।।

હે રાજન! તમારી આ પુત્રીનો વિવાહવિધિ સમામ્નાય (સમામ્નાય) વિધિમાં સ્વીકારેલો યથેચ્છ થાઓ. પોતાની જ કાન્તિથી જાણે કે લક્ષ્મીજીની અવગણના કરતી હોય તેવી તમારી પુત્રીનો કોણ કાળા માથાનો માનવી આદર ન કરે? (સમામ્નાયવિધિ એટલે વારંવાર નામ લેવું તે. જેમ પહેલાં બધાએ કરેલ તેવા પ્રકારના વિધિમાં સ્વીકારાયેલ વિધિ. દેવહૂતિ ભક્તિના ચિહ્નરૂપ હોવાથી લક્ષ્મીની અવગણના કરે તેવી કહેવામાં દોષ નથી) ।।૧૬।।

એ તમારી કન્યા દેવહૂતિ એવી છે કે મહેલની અગાશીમાં ઝંકાર કરતા નૂપુરવાળા



પગવડે રમત કરતી દડો ઉડાડતી હતી અને નેત્રોને તરલતાથી આમતેમ ફેરવતી હતી તેવામાં એ વિશ્વાવસુ ગન્ધર્વના જોવામાં આવી. એને જોતાં એ સુધબુધ ખોઈ બેઠો અને પોતાના વિમાનમાંથી ગબડી પડ્યો હતો ।।૧૭।।

સ્ત્રીઓમાં શ્રેષ્ઠ! જેણે લક્ષ્મીના ચરણ સેવ્યા નથી તેની દૃષ્ટિએ પણ નહિ ચડનારી મનુની પુત્રી અને ઉત્તાનપાદની બહેન પોતાની ઈચ્છાથી પરણવા આવે તો કયો ડાહ્યો પુરુષ એનો સ્વીકાર ન કરે? ।।૧૮।।

તેથી હું આપની આ સાધ્વી કન્યાનો અવશ્ય સ્વીકાર કરીશ પણ એક શરતે, જ્યાં સુધી એને સન્તાન ન થાય ત્યાં સુધી ગૃહસ્થ ધર્મ પ્રમાણે હું એની સાથે રહીશ. ત્યાર બાદ ભગવાને બતાવેલ સંન્યાસપ્રધાન હિંસારહિત શમ-દમાદિ ધર્મોને જ હું અધિક મહત્ત્વ આપીશ ।।૧૯।।

જેનાથી આ વિચિત્ર વિશ્વ થયું છે, જેમાં સ્થિતિ કરી રહ્યું છે અને જેમાં લીન થાય છે તે પ્રજાપતિના પતિ આ અનન્ત ભગવાન્ મારે પ્રમાણરૂપ છે. (પ્રભુની આજ્ઞા અનુસાર ભક્તને ચાલવાનું હોવાથી ગૃહસ્થધર્મ પાળ્યા પછી સ્ત્રીનો ત્યાગ ન થાય એવો બાધ ભક્તને માટે નથી એમ મુનિના કહેવાનું તાત્પર્ય છે) ।।૨૦।।

**મૈત્રેય બોલ્યા :** હે ઉગ્રધન્વન્! એટલું બોલી હૃદયમાં કમળનાભ ભગવાનને માનસિક આલિંગન કરી મુનિ બોલતા બન્ધ થયા. દેવહૂતિના મુખ ઉપર સ્મિત ફરકી ગયું અને એનું ચિત્ત મુનિમાં લુબ્ધ થયું પોતાને રાખી અને પુત્રીના વિચાર જાણી લઈને મનુએ ગુણના સમૂહથી સમૃદ્ધ થયેલા કર્દમને લાયક તેવી પોતાની કન્યાનું દાન, હર્ષપૂર્વક કર્યુ ।।૨૨।।

મહારાણી શતરૂપાએ વરવધૂને મહામોલાં વસ્ત્રો, આભરણો તથા ઘરવખરી વગેરે દાયજામાં આપ્યાં ।।૨૩।।

પોતાની પુત્રી યોગ્ય વરને આપવાથી રાજાને એ સંબંધીદુઃખ મટી ગયું. રાજાએ પુત્રીને પાસે બોલાવી પ્રેમને લીધે વિહ્વળ થયેલ અન્તઃકરણવાળા ચક્રવર્તી સમ્રાટ્ બે બાહુઓથી ભેટ્યા ।।૨૪।।

કન્યાનો વિરહ સહન નહિ કરી શકતા, વારંવાર આંસુ સારતા ''હે વત્સે! હે અમ્બ!'' એમ બોલતા એ મનુએ દીકરીનો અંબોડો આંસુઓથી ભીંજવી નાખ્યો ।।૨૫।।

મનુએ મુનિવર કર્દમની રજા લઈ એમની રજાથી પોતાની રાણી તથા માણસોને

સાથે રથમાં બેસાર્યા અને પછી પોતાના નગર તરફ પ્રયાણ કર્યુ ।।૨૬।।

ઋષિના કુલને વસતા યોગ્ય એવી સરસ્વતીના બન્ને તીર ઉપર ઉપશાન્ત ઋષિઓના આશ્રમની સમ્પત્તિને જોતા-જોતા એઓ ત્યાંથી ચાલ્યા ।।૨૭।।

રાજાને આવતો જાણીને બ્રહ્માવર્ત્ત દેશની પ્રજા ગીત, સ્તુતિ અને વાજિંત્રો સાથે એની સામે ગઈ ।।૨૮।।

યજ્ઞભગવાને જ્યાં પોતાના અંગને ધુણાવેલું ત્યાં રુવાડાંપડેલાં તેના બર્હિ(દર્ભ) ઊગેલા માટે તે સ્થળ 'બર્હિષ્મતી' નગરી કહેવાતી હતી. એ રાજધાની હોવાથી સર્વ રીતે સમૃદ્ધ હતી ।।૨૯।।

યજ્ઞના વાળ ખરવાથી ત્યાં લીલા રંગના દર્ભ અને કાશ નામનું ઘાસ થયેલ છે. ઋષિ લોકો જે દર્ભવડે યજ્ઞમાં વિઘ્ન કરનારનો પરાભવ કરીને યજ્ઞથી ભગવાનનું યજન કરે છે તે કુશ તથા કાશ પૃથ્વી ઉપર પાથરીને મનુએ પૃથ્વીનું રાજ્ય મળ્યા પછી યજ્ઞપુરુષનું આરાધન કર્યું હતું ।।૩૦-૩૧।।

જે બર્હિષ્મતીપુરીમાં સમર્થ મનુજી નિવાસ કરતા હતા ત્યાં જઈને પોતે પોતાના ત્રિતાપનો નાશ કરનાર પોતાના ભવનમાં પોતે પ્રવેશ કર્યો ।।૩૨।।

ત્યાં પોતાની ભાર્યા અને સમ્તતિ સહિત તેઓ ધર્મ, અર્થ અને મોક્ષને અનુકૂલ ભોગો ભોગવવા લાગ્યા. પ્રાતઃકાલ થતાં જ ગન્ધર્વગણ પોતાની સ્ત્રીઓ સહિત એમના ગુણગાન કરતા હતા, પરન્તુ મનુજી એમાં આસક્ત ન થતાં પ્રેમપૂર્ણ હૃદયથી શ્રીહરિની કથાઓ જ શ્રવણ કર્યા કરતા હતા ।।૩૩।।

તે ઈચ્છાનુસાર ભોગોનું નિર્માણ કરવામાં કુશલ હતા, પરન્તુ મનનશીલ અને ભગવત્પરાયણ હોવાથી ભોગો એમને જરાય વિચલિત કરી શકતા ન હતા ।।૩૪।।

તેમનો બધો જ સમય વિષ્ણુની કથાઓનું શ્રવણ, ધ્યાન અને કથન કરવામાં (પોતાનો મન્વન્તર) પસાર થઈ ગયો. તેમનો જરા પણ સમય વ્યર્થ ન ગયો ।।૩૫।।

વાસુદેવ ભગવાન્ મોક્ષ આપનાર છે. તે ભગવાન્‌માં જ મનુજીની માનસિક, વાચિક અને કાયિક આસક્તિ હતી, જેને લીધે ધ્યાન, કીર્તન, પરિચર્યા વગેરેનો પ્રવાહ અખંડ વહેતો રહેતો. એથી ત્રણ ગુણમાંથી ઉદ્ભવતી ઊર્ધ્વ, અધઃ અને મધ્ય ગતિનું મનુજીએ ઉલ્લંઘન કરી દીધું અને આમ એકોતેર ચતુર્યુગીનો મન્વન્તર વાસુદેવના પ્રસંગમાં પસાર કર્યો. તેથી ઉપર નીચે અને મધ્યે એમ દેવ, અસુર અને મનુષ્યરૂપ



ત્રણ ગતિને છોડી અને ઊર્ધ્વલોકની ગતિ એમણે પ્રાપ્ત કરી ।।૩૬।।

હે વ્યાસના પુત્ર! એ મનુને શરીરના ક્લેશ, મનના તેમજ દેવકૃત ક્લેશ બાધક થયા નહિ, તો પછી મનુષ્યના અને ભૌતિક ક્લેશ તો એમને બાધ કરે જ ક્યાંથી? ।।૩૭।।

મુનિઓએ આવીને મનુને ધર્મ પૂછ્યા ત્યારે એમણે મનુષ્યના, વર્ણોના, આશ્રમોના અનેક પ્રકારના ધર્મો સર્વ પ્રાણીઓનું હિત વિચારીને કહ્યા ।।૩૮।।

**એતત્તે આદિરાજસ્ય મનોશ્ચરિતમદ્ભુતમ્ ।।**
**વર્ણિતં વર્ણનીયસ્ય તદપત્યોદયં શૃણુ ।।૩૯।।**

આ આદિરાજા મનુનું અદ્ભુત ચરિત્ર વર્ણન કરવા લાયક હોવાથી મેં તમને કહી સંભળાવ્યું. હવે હું તમને એમના પુત્રોનો ઉદય કહું છું તે તમે સાંભળો ।।૩૯।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (તત્ત્વમુક્તિપ્રકરણમાં ત્રીજો)**
**''દેવહૂતિ કર્દમને આપી મનુ રાજધાનીમાં પહોંચ્યા''**
**નામનો બાવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

પ્રભુ સેવા-મનોરથ-કથા-કીર્તન જેવા પ્રભુભક્તિમય પવિત્ર અલૌકિક
કોઈ પણ પ્રકારોના નામે સામગ્રી-ભેટ-દક્ષિણા-ન્યોછાવર માંગનાર
તેમજ સ્વીકારનાર ને પુષ્ટિભક્તિમાર્ગમાં પાપીમાં પાપી,
દુષ્ટમાં દુષ્ટ,અધમમાં અધમ જાણવા.

## અધ્યાય ૨૩

## કર્દમે યોગપ્રભાવથી વિમાન તૈયાર કર્યું
## તેમાં દમ્પતીના ગાર્હસ્થ્યનું વર્ણન

**વિશેષ :** આમાં ભગવદિચ્છાથી કર્દમનો કામ કહેવામાં આવે છે તે વૈરાગ્ય સુધી કહેવાશે. ભગવદ્ભોગ્ય સૃષ્ટિમાં પ્રથમ વિષય કહ્યા, હવે આ અધ્યાયમાં ઈન્દ્રિયોનું કથન થશે. ભગવત્કૃત ભોગ અલ્પ સત્ત્વવાળાથી ભોગવાય નહિ તેથી દેવહૂતિ પોતાની યોગ્યતામાટે પતિની સેવા કરવા લાગ્યાં. સેવાથી કર્દમ પ્રસન્ન થયા. દેવહૂતિની વિનન્તિથી ભોગના સાધનને માટે જેમાં ભોગનાં

સમ્પૂર્ણ સાધન આવી જાય તેવું વિમાન મુનિએ બનાવ્યું. મુનિએ એ વિમાન હૃદયમાં રહેલા ભગવાનની સૂચનાથી તૈયાર કર્યું. દેવહૂતિની ઈચ્છાથી મુનિએ પોતાના તપોબળથી એક હજાર કન્યાઓ પ્રકટ કરી. પછી વિમાનમાં બેસી સર્વ ભાવવડે અનેક પ્રકારના વિલાસનો અનુભવ કર્યો, જેના પરિણામે બન્નેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. જેના અન્તે વૈરાગ્ય થાય એવી જાતનો ભોગ તેનું નામ જ કામ. આ અધ્યાયમાં એટલી વાત છે.

**પિતૃભ્યાં પ્રસ્થિતે સાધ્વી પતિમિઙ્ગિતકોવિદા ।।**
**નિત્યં પર્યચરત્ પ્રીત્યા ભવાનીવ ભવં પ્રભુમ્ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : માતા-પિતાના ગયા પછી જેમ પાર્વતી પોતાના પ્રભુ શિવજીને સેવે છે તેમ પતિવ્રતા અને પતિના અભિપ્રાયને જાણનારી દેવહૂતિ પ્રીતિવડે પતિની સેવામાં તત્પર થઈ ।।૧।।

દેવહૂતિ વિશ્વાસ, પવિત્રતા, આદર, ઈન્દ્રિયદમન સહિત સેવા, સૌહાર્દ અને મધુર વાણીવડે મુનિને રીઝવવા લાગ્યાં ।।૨।।

એમણે કામ, દમ્ભ, દ્વેષ, લોભ, પાપ અને મદ એ દોષોને છોડી દીધા. પ્રમાદનો ત્યાગ કરી તત્પરતા બતાવી એ દેવહૂતિએ કર્દમને સેવાવડે પ્રસન્ન કર્યા ।।૩।।

મુનિએ જોયું કે દેવહૂતિ ''મારી દુર્લભ કામનાને પણ દૈવથી પણ મોટા મારા પતિ પૂર્ણ કરશે'' એવી આશાથી બહુ અનુકૂળ વર્તન દાખવતાં હતા ।।૪।।

લાંબો કાળ વહી જવા સાથે ક્ષુધા, તૃષા તથા વ્રતના આચરણથી દેવહૂતિ દુર્બલ દેહવાળાં થઈ ગયાં હતા. એમને એવાં જોઈ મુનિને કૃપા ઉત્પન્ન થઈ તેથી દુઃખિત થઈને પ્રેમપૂર્વક કર્દમ મુનિ ગદ્‌ગદ વાણીથી દેવહૂતિને કહેવા લાગ્યા ।।૫।।

**કર્દમ બોલ્યા** : હે મનુની પુત્રી! તેં મને માન આપ્યું એનાથી હું તારી ઉપર પ્રસન્ન થયો છું. તારી પરમ સેવા અને ઉત્તમ પ્રેમે મને સન્તુષ્ટ કર્યો છે. માણસ માત્રને પોતાનો દેહ સર્વથી પ્રિય હોય છે. એવા દેહને તે મારેમાટે ક્ષીણ કર્યો પણ એની દરકાર કરી નહિ એ જાણી હું પ્રસન્ન થયો છું ।।૬।।

તપ, સમાધિ, વિદ્યા અને આત્મયોગવડે મેં ભગવાનની કૃપા જીતેલી છે. ભગવાને પ્રસન્ન થઈ મને એ બધી સિદ્ધિઓ આપી છે તે મેં મેળવી લીધી છે. તે મારી સેવા કરી તેથી ભય અને શોકરહિત એ સર્વ પ્રસાદરૂપ સિદ્ધિઓ તને પણ પ્રાપ્ત થાઓ. હું તને જે આ અદેય સિદ્ધિઓ આપું છું તે ગ્રહણ કર એટલું જ નહિ પણ સાથે-સાથે એને જોવાનું સામર્થ્ય પણ જે હું આપું છું તે તું જો. પૃથ્વીનું રાજ્ય કે



સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય એને તું ફળરૂપ માનીશ નહિ, કારણ કે એ તો ભગવાનની ભ્રુકુટીના વિલાસ માત્રથી નાશ પામે છે. તું હવે સિદ્ધ થઈ ગઈ છે. વિકારયુક્ત થઈ અભિમાની રાજાઓ પણ જે સિદ્ધિઓ મેળવી શકતા નથી તેવી સિદ્ધિઓ તું ભોગવ એ સિદ્ધઓ ભોગથી પણ ક્ષીણ ન થાય તેવી છે એ તારા પાતિવ્રત્ય વગેરેના ધર્મને પણ વધારનાર છે ।।૭-૮।।

**મૈત્રેય બોલ્યા** : સમગ્ર યોગમાયા અને વિદ્યામાં વિચક્ષણ કર્દમને એ પ્રમાણે બોલતા જોઈને દેવહૂતિના મનની પીડા શાન્ત થઈ ગઈ. કાંઈક લજ્જા અને મન્દ હાસ્યવાળા મુખવડે વિનય અને પ્રેમથી ઘેલી બની દેવહૂતિ કહેવા લાગી ।।૯।।

**દેવહૂતિ બોલ્યાં** : હે ઉત્તમ દ્વિજ! વિભો, આપ અમોઘ યોગમાયાના અધિપતિ હોવાથી, અહો! આ સિદ્ધ થએલું છે એ હે સ્વામિન! હું જાણું છું. આપે જે પ્રમાણે શરત કરેલી તે પ્રમાણે એકવાર અંગસંગ થાઓ, કારણ કે તે જ પતિવ્રતાઓના ગુણોનો પ્રસવ છે ।।૧૦।।

તેથી આગામી સમાગમમાં જે કર્તવ્ય હોય તે શાસ્ત્ર પ્રમાણે જાણી લો. આપની સાથે રમણની ઈચ્છા કરતાં-કરતાં મારો દેહ અત્યન્ત કૃશ થયો છે; જેનાવડે એ રમણને લાયક થાય અને આપને ઉદ્દેશીને વધેલા કામે મારો પરાભવ કર્યો છે તે પરાભવને દૂર કરવાને હે ઈશ! આનેમાટે એક યોગ્ય ભવન પણ જોઈએ તેનો પણ વિચાર કરી લો ।।૧૧।।

**મૈત્રેયે કહ્યું** : હે વિદુર! પ્રિયાનું પ્રિય કરવામાટે ઈચ્છા પ્રમાણે ઊડતું વિમાન મુનિએ એ જ વખતે યોગપ્રભાવથી પ્રકટ કર્યુ ।।૧૨।।

એમાં બધી જાતની કામના પૂર્ણ કરવાનાં સાધન હતાં. એ દિવ્ય અને સર્વ રત્નયુક્ત હતું. એમાં સર્વ સમૃદ્ધિની સીમા જોવામાં આવતી હતી. અન્દર મણિના સ્તમ્ભની શોભા જોવા લાયક હતી ।।૧૩।।

સજાવટ બધી દિવ્ય હતી. બધા સમયમાં સુખ આપનાર વિવિધ પ્રકારની ધ્વજા પતાકાઓથી એ શણગારેલું હતું ।।૧૪।।

ફૂલની માળાઓમાં ભમરા ગુઞ્જારવ કરી રહ્યા હતા. અનેક પ્રકારનાં કીમતી બારીક સુતરાઉ અને રેશમી વસ્ત્રોથી એ સુશોભિત હતું ।।૧૫।।

ઉપરાઉપરી એને અનેક માળ હતા. એ બધામાં સુન્દર પલંગો, પંખાઓ અને આસનો વગેરે ભોગની વસ્તુઓ જ્યાં જોઈએ ત્યાં ગોઠવેલી હતી ।।૧૬।।

એમાં અત્યન્ત કારીગીરીવાળું કોતરકામ જોવામાં આવતું હતું. કોઈક ઠેકાણે મરકત મણિનાં સ્થળ હતાં તો કોઈ ઠેકાણે પ્રવાળની વેદીઓ જોવામાં આવતી હતી ।।૧૭।।

ઉમ્બરામાં પ્રવાળ અને હીરાનાં કમાડ હતાં અને એની ઉપરના ભાગમાં ઈન્દ્રનીલ મણિનાં શિખરો ઉપર સોનાના કળશ આવેલા હતા ।।૧૮।।

ભીંતો તેજસ્વી પદ્મરાગ મણિઓ અને હીરા મોતીની બનાવેલી હતી. વિચિત્ર ચન્દરવા બાન્ધેલા હતા. સોનાનાં હાર અને તોરણ લટકી રહ્યાં હતાં ।।૧૯।।

જ્યાં જુઓ ત્યાં હંસ પારેવાં વગેરે પક્ષીઓ જાણે મણિનાં બનાવેલાં હોય તેમ ત્યાં કૂજન કરી રહ્યા હતાં, તો કેટલાંક મણિનાં બનાવેલાં કૃત્રિમ પક્ષીઓ સાચા જેવાં દેખાતાં હતાં ।।૨૦।।

વિહારનાં સ્થાન, વિશ્રામ સ્થાન, બેઠક, આંગણાં, ચોક વગેરે એવાં અવર્ણનીય હતાં કે જેને જોઈને ખુદ કર્દમજી પણ વિસ્મિત જેવા થઈ ગયા ।।૨૧।।

દેવહૂતિએ આ ભવન જોયું છતાં એનું મન અતિ પ્રસન્ન ન થયું, ત્યારે સર્વ પ્રાણીના અભિપ્રાયને જાણનાર મુનિ બોલ્યાઃહે ભીરુ! આ જળાશયમાં ડૂબકી મારી આ વિમાન ઉપર ચડી આવો. આ ભગવાનનું બનાવેલું તીર્થ છે તે મનુષ્યના મનોરથને પૂર્ણ કરશે ।।૨૨-૨૩।।

કમલના જેવા નેત્રોવાળી દેવહૂતિએ પોતાના પતિની વાત માની સરસ્વતીના પવિત્ર જલથી ભરેલા તે સરોવરમાં પ્રવેશ કર્યો. એ વખતે તેણે ઘણી જ મેલી સાડી પહેરી હતી; માથાનાં વાળ ચોટી જવાથી ગુંચવાઈ ગયા હતા, શરીર ઉપર મેલ જામ્યો હતો અને સ્તનો શોભા રહિત હતાં ।।૨૪-૨૫।।

જળમાં પ્રવેશ કરતાં જ એમણે ત્યાં કિશોર વયવાળી તથા કમળના સરખી સુગન્ધવાળી એક હજાર કન્યા જોઈ ।।૨૬।।

દેવહૂતિને જોઈને એ સ્ત્રીઓ એની પાસે આવી અને હાથ જોડીને કહેવા લાગી કે અમે આપની દાસીઓ છીએ. આપની આજ્ઞા હોય તે કહો. અમે શું કરીએ?।।૨૭।।

પ્રથમ તો એ કિશોરીઓએ દેવહૂતિને નહાવાના કીમતી દ્રવ્યોથી સ્નાન કરાવ્યું અને પછી એને બે દુકૂલ વસ્ત્ર આપ્યાંતથા શ્રેષ્ઠ અને અમૂલ્ય આભરણો આપ્યાં. એટલુંજ નહિ સર્વ રસ-વાળું અન્ન અને સ્વાદિષ્ટ અને માદક પેય પણ હાજરકર્યું ।।૨૮-૨૯।।



એણે દર્પણમાં જોયું તો પોતાનો દેહ શુદ્ધ વસ્ત્રો અને સુન્દર માળાથી અલંકૃત થયો હતો. કન્યાઓએ દેહને શુદ્ધ કરી મંગળ કર્યું અને બહુ માન આપ્યું ।।૩૦।।

એણે માથે સ્નાન કર્યા પછી સર્વ આભરણ ધારણ કર્યા, કંઠમાં ઘરેણાં પહેર્યા તથા પગમાં સોનાનાં નૂપૂર ધર્યા. ।।૩૧।।

એણે નિતમ્બ ઉપર સોનાનો કંદોરો પહેર્યો હતો જેમાં અનેક રત્નો જડેલાં હતાં. કણ્ઠમાં ધારણ કરેલા હારોમાં મોટાં-મોટાં પદકોની શોભા હતી ।।૩૨।।

એના દાંત સુન્દર હતાં, ભ્રમરો સુન્દર હતી, કટાક્ષયુક્ત સ્નિગ્ધ અને શ્લક્ષ્ણ અપાંગથી પદ્મના કોશ જેવાં નેત્ર હતાં; આમ એનું આખું મુખ સુન્દર હતું ।।૩૩।।

દેવહૂતિએ મુનિઓમાં શ્રેષ્ઠ એવા પોતાના પતિ કર્દમને સંભાર્યા કે તરત જ એમને ત્યાં હાજર થયેલા જોયા અને સ્ત્રીઓને પણ ત્યાં જ જોઈ ।।૩૪।।

પોતાના પતિની સાથે હજાર દાસીઓ તથા આવી સમૃદ્ધિ જોઈને દેવહૂતિને પ્રથમ તો મોટું આશ્ચર્ય જેવું લાગ્યું ।।૩૫।।

સ્નાનથી જેનું શરીર અત્યન્ત નિર્મલ થઈ ગયું છે તેવીદેવહૂતિ પહેલાં કરતાં જુદીજ રીતે શોભવા લાગી. મનોહર સ્તનોને ચોલીમાં ઢાંકેલાં રાખતી એ ઉત્તમ સૌદર્યયુક્ત દીપી રહી હતી ।।૩૬।।

સુન્દર વસ્ત્રવાળી એક હજાર વિદ્યાધરી જેની સેવામાં હાજર હતી. તેવી દેવહૂતિને જોઈને મુનિને પણ કામ ઉત્પન્ન થયો અને હે અમિત્રહન તેમણે દેવહૂતિને વિમાનમાં બેસાડી ।।૩૭।।

એ વખતે પોતાની પ્રિયામાં આસક્ત હોવા છતાં કર્દમજીનો મહિમા મન અને ઈન્દ્રિયો ઉપરનો કાબૂ જેવો ને તેવો જ હતો. જાણે આકાશમાં તારાઓથી વીંટાયેલો અને નીચે વિકસિત કુમુદગણથી વીંટાયેલો ચન્દ્ર શોભી રહે તેમ વિદ્યાધરીઓએ જેમના શરીરને સંસ્કાર કર્યો છે તેવા કમનીય કર્દમ શોભવા લાગ્યા ।।૩૮।।

એ વિમાનમાં નિવાસ કરી તેમણે લાંબા સમય સુધી કુબેરજીની માફક મેરુ પર્વતની ગુફાઓમાં વિહાર કર્યો. એ ગુફાઓ આઠ લોકપાલોની વિહારભૂમિ છે. એમાં કામ ઉત્તેજિત કરનાર શીતલ, મન્દ અને સુગન્ધી વાયુ વાય છે. અને તેની કમનીય શોભામાં વધારો કરે છે, તથા શ્રીગંગાજીના સ્વર્ગમાંથી પડવાનો મંગલમય અવાજ નિરન્તર ગુંજતો રહે છે. તે વખતે પણ વિદ્યાધરીઓનું વૃન્દ એમની સેવામાં હાજર હતું અને સિદ્ધ પુરુષો તેમને વન્દન કરી રહ્યા હતા ।।૩૯।।

વૈશ્રમ્ભક, સુરસન, નન્દન, પુષ્પભદ્ર, માનસ અને ચૈત્રરથ્ય એવાં લોકપાળને વિહાર કરવાનાં છ સ્થાન છે તેમાં રમાએ રમણ કરાવેલા મુનિએ રમણ કર્યું ।।૪૦।।

એમનું વિમાન મોટું દેદીપ્યમાન અને ઇચ્છા પ્રમાણે ગતિ કરનારું હતું. એમાં બેસીને એ મુનિ વાયુની પેઠે બધા લોકોમાં વિહાર કરતા બીજા વિમાનવિહારી દેવતાઓથી આગળ નીકળી ગયા ।।૪૧।।

તીર્થો જેમનાં ચરણમાં છે એવા ભગવાનના સર્વ દુઃખોનો નાશ કરનાર ચરણનો આશ્રમ જેમણે કર્યો છે. તેવા બન્ધનરહિત પુરુષોને માટે ન પ્રાપ્ત થઈ શકે તેવું છે શું? ।।૪૨।।

સમગ્ર ભૂમંડલ ઉપર ફરીને જ્યાં જે વસ્તુ છે ત્યાં જઈ તે વસ્તુ બતાવીને મુનિ પોતાના સ્થાને પાછા આવ્યા ।।૪૩।।

પછી એમણે પોતાને નવ રૂપમાં વિભક્ત કરી રતિસુખને માટે અત્યન્ત ઉત્સુક મનુકુમારી દેવહૂતિને આનન્દ આપતા એની સાથે ઘણાં વર્ષો સુધી વિહાર કર્યો પણ એટલો લાંબો સમય લાગ્યો એક મુહૂર્ત જેટલો જ ।।૪૪।।

તે સુન્દર વિમાનમાં પતિના સંગમાં પ્રીતિ કરનારી એને સુન્દર શય્યામાં રમણ કરતાં-કરતાં કેટલોય સમય ગાયો છતાં દેવહૂતિને એની ખબર પણ ન પડી ।।૪૫।।

એવી રીતે યોગના અનુભવથી વિહાર કરતાં પતિ-પત્નીને કામની લાલસામાં સો વર્ષ આંખના પલકારાની જેમ ચાલ્યાં ગયાં ।।૪૬।।

સર્વના સંકલ્પને જાણનાર, સમર્થ આત્મવેત્તાએ પોતાના રૂપના નવ વિભાગ કર્યા અને પોતે પોતાની મેળે તેનું ચિન્તન કરતાં તેનામાં વીર્યનું સ્થાપન કર્યુ ।।૪૭।।

તત્કાળ દેવહૂતિને બધી સ્ત્રી પ્રજા થઈ. બધી કન્યાઓ સુન્દર અવયવવાળી તથા લાલ કમળના જેવી સુગન્ધવાળી થઈ ।।૪૮।।

**સાઽહં ભગવતો નૂનં વચિતા માયયા દઢમ્ ।**
**યત્ત્વાં વિમુક્તિદં પ્રાપ્ય ન મુમુક્ષેય બન્ધનાત ।।૫૭।।**

સમય પૂરો થતાં કર્દમ ગૃહત્યાગ કરી બહાર નીકળવાને તૈયાર થયા ત્યારે હૃદયમાં દુઃખ થતું હોવા છતાં ઉપર-ઉપરથી હસીને સતી નીચું મુખ કરીને પગના નખથી જાણે પૃથ્વીને ખણતાં હોય તેમ આંખમાં આંસુ આવતા રોકીને સુન્દર વાણીવડે કહેવા લાગ્યાં : **દેવહૂતિએ કહ્યું :** ''લગ્ન વખતે આપે જે શરતો કરેલી તે બધી પૂરી કરી છે, તો પણ હું આપને શરણે આવેલી છું તો આપે મને અભયનું દાન કરવું



ઉચિત છે. હે બ્રહ્મન્! તમારી આ પુત્રીઓને માટે તમારે તેમને લાયક જમાઈની શોધ કરવી ઘટે છે, પછી આપ સંન્યાસ ગ્રહણ કરો ત્યારે મારો શોક દૂર કરનાર કોઈક હો. (અર્થાત્ એક પુત્ર આપતા જાઓ) હે પ્રભો! આટલો કાળ ચાલ્યો ગયો એ પણ ઇન્દ્રિયોના પ્રસંગમાં વ્યર્થ જ ગયો, કારણ કે તેમાં કાંઈ ભગવત્સમ્બન્ધી તો થયું નહિ. ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થઈને મેં આપનો ઘણો સંગ કર્યો છે, પરન્તુ આપનો ઉત્કૃષ્ટ ભાવ મેં જાણ્યો નહિ. તો પણ આપનો એ સંગ મને અભયને માટે થાય એવી કૃપા કરો. (જેમ સ્વાદિષ્ટ ભોગમાટે ખાધેલી સાકર કોઈ નસીબદારને માટે ઔષધિ રૂપ કામ આપી જાય તેમ) સંગ જો દુષ્ટપુરુષો સાથે અજ્ઞાનથી થાય તો એ સંસારજનક છે; એ જ સંગ સત્પુરુષમાં થાય તો એ નિઃસંગ (ભગવદ્ગામી) થઈ જાય છે. જે કર્મ ધર્મ કે વૈરાગ્ય ઉત્પન્ન કરનાર ન થાય તથા ભગવાનની સેવારૂપ જે કર્મ ન થાય તેવા કર્મનો કરનારો જીવતાં મૂઓ છે એમ સમજવું. હું ખરેખર (આપ) ભગવાનની માયાથી છેતરાઈ છું. મેં મુક્તિને આપનાર આપની સેવા કરી પણ હું બન્ધનથી મુક્ત ન થઈ ।।૪૯-૫૭।।

**ઇતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (તત્ત્વમુક્તિ પ્રકરણનો ચોથો)**
**''કર્દમે યોગપ્રભાવથી વિમાન તૈયાર કર્યું તેમાં દમ્પતિના ગાર્હસ્થ્યનું વર્ણન''**
**નામનો ત્રેવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દક્ષિણા સ્વીકારીને, ફંડ-ફાળા માટે કે મૃતકના ઉદ્ધાર અર્થે યોજાતી ભાગવતકથાના આયોજનની ગુરુએ આજ્ઞા આપવી કે તેમાં હાજરી આપવી તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

## અધ્યાય ૨૪

## કપિલદેવજીનું પ્રાકટ્ય અને કર્દમનું વનમાં જવું

**વિશેષ :** આ અધ્યાયમાં મોક્ષ અને બુદ્ધિનું વર્ણન આવે છેઃકર્દમનો મોક્ષ. ભગવાનની બુદ્ધિરૂપ કપિલદેવનું પ્રાકટ્ય, કપિલનો ઉપદેશ અને એ પ્રમાણે કર્દમનું ભગવદ્ભજન. બ્રાહ્મણને જન્મ લેતાં દેવ, પિતૃ અને મનુષ્ય એમ ત્રણ જાતનાં ઋણ થાય છે. એ ત્રિવિધ ઋણમાંથી છૂટવાને મુક્તિમાટે વનપ્રવેશ કરે છે.

**નિર્વેદવાદિનીમેવં મનોર્દુહિતરં મુનિઃ ।।**
**દયાલુઃ શાલિનીમાહ શુક્લાભિવ્યાહૃતં સ્મરન્ ।।૧।।**

**મૈત્રેય બોલ્યાં** : મનુપુત્રી દેવહૂતિ એવી રીતે વૈરાગ્યયુક્ત વાણી બોલવા લાગ્યાં ત્યારે દયાળુ કર્દમ મુનિ ભગવાનનું કહેલું યાદ કરી એ નમ્ર દેવહૂતિને આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૧।।

**ઋષિએ કહ્યું** : ''હે નિન્દા રહિત રાજપુત્રી! તું ખેદ ન કર, અક્ષર ભગવાન્ તારા ગર્ભમાં તુરતમાં જ પધારશે; તેથી આજ પર્યન્ત વિલાસ કર્યો તેનો ખેદ કરવાની જરૂર નથી ।।૨।।

તારું કલ્યાણ થાઓ, તારા વ્રતધારણમાં ઇન્દ્રિસંયમ તથા નિયમનું પણ પાલન કરવામાં આવ્યું છે તેથી હવે તું તપ, દાન અને દ્રવ્યવડે ઈશ્વરને ભજ. જો તું એમનું આરાધન કરીશ તો એ નિર્દોષપૂર્ણ કપિલદેવજી મારા યશને વધારશે અને તારા ઉદરમાંથી પ્રકટ થશે અને તારા હૃદયમાં બન્ધાયેલી અહન્તા-મમતાની ગ્રન્થિને કાપી નાંખશે કેમકે એ પોતે બ્રહ્મનો અનુભવ કરનાર અને કરાવનાર છે'' ।।૩-૪।।

**મૈત્રેય બોલ્યા** : પ્રજાપતિ કર્દમનો આ સન્દેશ અતિ આદરપૂર્વક તેમજ વિશ્વાસપૂર્વક સાંભળીને સર્વના મૂળરૂપ અન્તર્યામી ગુરુ, ભગવાનનું દેવહૂતિ ભજન કરવા લાગ્યાં ।।૫।।

ઘણો કાળ જતાં જેમ લાકડામાંથી અગ્નિ પ્રકટે તેમ કર્દમના વીર્યદ્વારા મધુસૂદન ભગવાન્ કપિલરૂપે પ્રકટ્યા ।।૬।।

એ સમયે ગાઢ મેઘ વાજિન્ત્રના જેવા શબ્દ કરવા લાગ્યા, ગાનવડે ગન્ધર્વો અને નૃત્ય કરતી અપ્સરાઓ આનન્દપૂર્વક કપિલને પ્રસન્ન કરવા લાગ્યાં ।।૭।।

આકાશમાંથી દેવોએ પુષ્પની વૃષ્ટિ કરી. દિશાઓ, જળાશયો અને મનુષ્યનાં મન પ્રસન્ન થયાં ।।૮।।

કર્દમનો આશ્રમ સરસ્વતીના તીર ઉપર હતો ત્યાં ઋષિગણને લઈને બ્રહ્માજી, મરીચિ વગેરે સાથે આવી પહોચ્યાં ।।૯।।

તત્ત્વસંખ્યાને કહેવાને માટે પરબ્રહ્મ સત્ત્વાંશથી પ્રકટ થયા છે એ વાત બ્રહ્માજી પોતે સ્વરાટ્ હોવાથી જાણીને ત્યાં ભગવદ્દર્શનમાટે આવ્યા ।।૧૦।।

બ્રહ્માજીએ પ્રથમ તો કર્દમે જે કાંઈ કર્યું તેને અનુમોદન આપી તેનો આદર કર્યો. પછી શુદ્ધ ચિત્તવાળા કર્દમને જોઈને સર્વ ઇન્દ્રિયોથી પ્રસન્નતા પ્રકટ કરતા પિતા



બ્રહ્માજી આ પ્રકારે કહેવા લાગ્યા ।।૧૧।।

**બ્રહ્માજીએ કહ્યું** : હે માન આપનાર! તેં મારી સેવા નિષ્કપટ ભાવથી કરી. મેં ''પ્રજા ઉત્પન્ન કર'' એવી આજ્ઞા કરેલી તે વાક્યને તે સમ્પૂર્ણ માન આપ્યું એ જ મારી સેવા છે એમ હું જાણું છું ।।૧૨।।

પુત્રોએ પિતાની સેવા તમે કરી તેવી જ કરવી જોઈએ. પિતાના વચનને આદરપૂર્વક ''આપના કહ્યા પ્રમાણે હું કરીશ'' એમ નિષ્કપટ ભાવથી કહેવું એ જ સેવા કહેવાય ।।૧૩।।

હે સભ્ય! સુન્દર કટિવાળી આ તારી પુત્રીઓ પોતાના પ્રભાવવડે આ સૃષ્ટિને અનેક પ્રકારે વધારશે ।।૧૪।।

માટે જેવું જેનું શીલ હોય તેવી રીતે તું આ તારી પુત્રીઓ આ ઋષિઓને આપ અને પૃથ્વી ઉપર તારા યશનો વિસ્તાર કર ।।૧૫।।

આદિ પુરુષ ભગવાન્ પોતાની માયાવડે લોકના નિધિરૂપ દેહને ધારણ કરી કપિલદેવરૂપે તારે ત્યાં પધાર્યા છે એ મારા જાણવામાં આવ્યું છે ।।૧૬।।

હે મનુની પુત્રી! સોના જેવા કેશવાળા, કમળ સરખાં નેત્રવાળા, ચરણમાં પદ્મનું ચિહ્ન ધારણ કરનાર, કૈટભ દૈત્યને મારનાર, જ્ઞાન અને વિજ્ઞાનવડે કર્મનાં મૂળોને ઉખેડનાર તારા ગર્ભમાં પધાર્યા છે. તે તારી અવિદ્યારૂપી ગાંઠને કાપીને પૃથ્વીઉપર વિચરશે ।।૧૭-૧૮।।

સિદ્ધ લોકોના અધીશ્વર અને સાંખ્યાચાર્યોથી સ્તુતિ કરાયેલા ભગવાન્ જે તારા ગર્ભમાં પધાર્યા છે તે લોકમાં નકપિલથ એવું નામ રાખશે અને તારી કીર્તિને વધારશે ।।૧૯।।

**મૈત્રેયે કહ્યું** : ક્ષીરનીરના વિવેકવાળા હંસરૂપ બ્રહ્મા કર્દમ અને દેવહૂતિને આ પ્રમાણે આશ્વાસન આપી સનકાદિ તથા નારદની સાથે હંસ વાહન ઉપર બેસી પોતાના ધામ સત્યલોકમાં પધાર્યા ।।૨૦।।

હે વિદુર! જ્યારે બ્રહ્મા એમ કહીને પોતાના ધામમાં પધાર્યા ત્યારે તે પ્રમાણે કર્દમે એક-એક પ્રજાપતિને એક-એક પુત્રી પરણાવી ।।૨૧।।

મરીચિને કલા, અત્રિને અનસૂયા, અંગિરાને શ્રદ્ધા, પુલસ્ત્યને હવિર્ભૂ, પુલહને ગતિ, ક્રતુને સતી ક્રિયા (એ ક્રિયા સતી છે, અસતી નહિ માટે સતી કહી છે), ભૃગુને ખ્યાતિ અને વસિષ્ઠને અરુન્ધતી આપી ।।૨૨-૨૩।।

અથર્વાને શાન્તિ નામની કન્યા આપી, જેનાવડે યજ્ઞનો વિસ્તાર થાય છે. તેવા શ્રેષ્ઠ બ્રાહ્મણો સાથે, વિવાહ કરી એ જમાઈઓનો કર્દમે બને તેટલો સારી રીતે સત્કાર કર્યો ।।૨૪।।

હે વિદુર! પછી સ્ત્રી પરિગ્રહવાળા એ મુનિઓ કર્દમની રજા લઈ આનન્દ કરતા પોતપોતાના આશ્રમ તરફ સ્ત્રીઓની સાથે રવાના થયા ।।૨૫।।

જ્યારે દેવમાં ઉત્તમ અને જ્ઞાનાવતારરૂપ કપિલ પ્રકટ થયા ત્યારે એકાન્તમાં એમના દર્શન કરી કર્દમ આ પ્રમાણે બોલ્યા ।।૨૬।।

**કર્દમ બોલ્યા :** પોતાનાં પાપકર્મોવડે નરકમાં રંધાતા માણસોને ઘણા કાળે દેવતા ખરેખર પ્રસન્ન થાય છે ।।૨૭।।

પણ જેના સ્વરૂપને યોગિજન અનેક જન્મોના સાધનથી સિદ્ધ સુદૃઢ સમાધિદ્વારા એકાન્તમાં જોવાનો માત્ર પ્રયત્ન કરે છે, (પણ જોઈ શકતા નથી.) પોતાના ભક્તોની રક્ષા કરવા વાળા એ જ શ્રીહરિ અમ વિષય-લોલુપ પુરુષોદ્વારા થનારી પોતાની અવજ્ઞાનો કંઈ પણ વિચાર કર્યા વિના આજ અમારા ઘરોમાં પ્રકટ થયા છે ।।૨૮-૨૯।।

પોતાનું વચન પાળવામાટે આપ મારા ઘરમાં પધાર્યા છો. ભક્તનું માન વધારવાને તથા ભક્તોને જ્ઞાનનો પ્રચાર કરવાની ઈચ્છાથી આપ પ્રકટ્યા છો એમ હું માનું છું ।।૩૦।।

જો કે આપ પ્રાકૃતરૂપ વિનાના છો તો પણ જે-જે રૂપ આપને રુચતું હોય અને જે-જે રૂપ ભક્તને ઈચ્છિત હોય તે ચતુર્ભુજ વગેરે રૂપને આપ ધારણ કરો છો, જેનું વર્ણન વેદમાં કરેલું છે ।।૩૧।।

વિદ્વાન્ પુરુષો તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી આપના ચરણના આસનને સદા નમન કર્યા કરે છે. આપ ઐશ્વર્ય, વૈરાગ્ય, યશ, જ્ઞાન, વીર્ય અને લક્ષ્મી એ છ ભગથી પૂર્ણ છો. હું આપને શરણે છું. અક્ષર, પ્રકૃતિ, તેના અધિષ્ઠાતા પુરુષ, મહત્તત્ત્વ, કાળ, મહત્તત્ત્વના અભિમાની બ્રહ્મા, અહંકાર, બધા દેવો તથા પોતાના જ્ઞાનથી જેમનામાં પ્રપંચની ઉત્પત્તિ થયેલી છે તેવા સ્વચ્છન્દ શક્તિવાળા આપને હું વન્દન કરું છું. આપ પ્રપંચરૂપ અને પ્રપંચરહિત સ્વરૂપવાળા છો ।।૩૨-૩૩।।

આપની કૃપાથી હું ત્રણેય ઋણોથી મુક્ત થઈ ગયો છુંઅને મારા બધા મનોરથ પૂર્ણ થઈ ગયા છે. હવે હું સન્ન્યાસ સ્વીકારી આપનું સ્મરણ કરતો શોક રહિત થઈ



ફરીશ. આપ સમસ્ત પ્રજાઓના પતિ છો. તેથી એમાટે આપની અનુજ્ઞા માગુંછું ।।૩૪।।

**શ્રીભગવાન્ બોલ્યા :** હે સત્ય! લોકમાં કહેલું લોકને પ્રમાણ ગણાય છે. હે મુનિ! મેં તમને જે વાત કરી હતી કે હું તમારે ત્યાં પ્રકટ થઈશ તે પ્રમાણે હું તમારે ત્યાં પ્રકટ થયોછું ।।૩૫।।

મોક્ષની ઈચ્છાવાળાઓ માટે દુષ્ટ દેહનો સમ્બન્ધ છોડાવવાને, તત્ત્વની સંખ્યા ગણાવવાને અને આત્માનું યોગ્ય દર્શન કરાવવાને હું પ્રકટ થયો છું એમ સમજો ।।૩૬।।

આત્માનો આ માર્ગ ઘણા કાળે કરીને ક્ષીણ થતો-થતો હાલમાં નાશ થવા પામ્યો છે તેને પાછો પ્રચલિત કરવાને માટે મેં આ શરીરનો સ્વીકાર કર્યો છે એમ તમે જાણો ।।૩૭।।

તમને જવાની મારી આજ્ઞા છે. બધાં કર્મ મારામાં અર્પણ કરશો તો કોઈથીન જીતાય તેવામૃત્યુને જીતશો. પરમાનન્દની પ્રાપ્તિમાટે મારું ભજન કરો ।।૩૮।।

હું સર્વનો આત્મા છું, સ્વયંપ્રકાશ છું એવા મને જો તમે સર્વમાં જોશો તથા તમારા પોતાના સ્વરૂપમાં તમારી મેળે જ સર્વને જોશો તો શોકરહિત થઈને મોક્ષને પામશો ।।૩૯।।

મારી માતાને સર્વ કર્મને શાન્ત કરનારી આત્મવિદ્યાનું હું દાન કરીશ; એનાવડે મારી માતા ભય અને શોકને તરી જઈ મોક્ષ પામશે ।।૪૦।।

**મૈત્રેય બોલ્યા :** અહો! પ્રજાપતિ કર્દમને કપિલે સારી રીતે જ્યારે એ પ્રકારે કહ્યું ત્યારે કપિલની રજા લઈ તથા એમની પ્રદક્ષિણા કરીને પ્રસન્નતાથી કર્દમ વનમાં ગયા ।।૪૧।।

ત્યાં એમણે મૌનવ્રત ધારણ કર્યું અને એક આત્માને જ રક્ષક તરીકે માની અગ્નિ અને ઘરનો ત્યાગ કરી સંગ છોડી પૃથ્વીમાં પર્યટન કરવા લાગ્યા ।।૪૨।।

(અગ્નિનો સ્પર્શ થયેલો પદાર્થ ખાતા નહિ અને કોઈ પણ ઘરમાં પ્રવેશ કરતા નહિ) કાર્ય કારણથી પર એવા બ્રહ્મમાં એમણે પોતાના મનનો યોગ કર્યો અને જેનાથી ગુણોનો આભાસ થાય છે છતાં જે ગુણરહિત છે તેવા બ્રહ્મમાં એકાન્ત ભક્તિવડે મનને એકાગ્ર કર્યુ ।।૪૩।।

આત્મામાં દૃષ્ટિ પરોવી અહન્તા-મમતા છોડી દીધી અને સુખ-દુઃખ વગેરે

દ્વન્દ્વોને ત્યજી દઈ, તરંગો શાંત થતાં જેમસમુદ્ર જણાય તેમ એ ધીર અને શાન્ત થઈ અન્તર્દષ્ટિવાળાથયા ।।૪૪।।

એમણે સર્વજ્ઞ અને અન્તર્દષ્ટિથી દેખાતા વાસુદેવ ભગવાન્માં પરમ ભક્તિભાવવડે પોતાના આત્માને જોડ્યો તેથી તેઓ બધાં બન્ધનથી મુક્ત થઈ ગયા ।।૪૫।।

પછી તેઓ આત્મરૂપ ભગવાન્ સર્વ ભૂતમાં રહ્યા છે તેમજ સર્વભૂત ભગવદ્રૂપ પોતાના આત્મામાં રહેલાં છે એમ જોવા લાગ્યા ।।૪૬।।

**ઇચ્છાદ્વેષવિહીનેન સર્વત્ર સમચેતસા ।।**
**ભગવદ્ભક્તિયુક્તેન પ્રાપ્તા ભાગવતી ગતિઃ ।।૪૭।।**

એમણે ઇચ્છા અને દ્વેષને છોડી દીધાં અને સર્વત્ર સમાન ચિત્તવૃત્તિ કરી દીધી અને પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત કરી એ ભગવદ્ગતિને પામ્યા ।।૪૭।।

**ઇતિ શ્રીભાગવત્ તૃતીય સ્કન્ધમાં (તત્ત્વમુક્તિપ્રકરણનો પાંચમો)**
**''કપિલદેવજીનું પ્રાકટ્ય અને કર્દમનું વનમાં જવું''***
**નામનો ચોવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

અહીં પુંમુક્તિ-એ અવાન્તર પ્રકરણ ૪અધ્યાયમાં પૂર્ણ થાય છે.

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધોબનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા લાયક પણ ન ગણાય.

# સાતમું કાલસૃષ્ટિ પ્રકરણ

## અધ્યાય ૨૫

## કપિલમુનિએ દેવહૂતિને કહેલો ભક્તિયોગ

**વિશેષ :** છેલ્લા ચાર અધ્યાયમાં કપિલદેવના પ્રાકટ્યની વાત પ્રસંગ સાથે કહેવામાં આવી. આ ૧ અધ્યાય 'સફલામુક્તિ' બતાવે છે. હવે પછી નવ અધ્યાયથી ભગવાનનું જ્ઞાનરૂપ ચરિત્ર



કહેવામાં આવશે. આ બધા પ્રકાર સગુણ હોવાથી ત્રણ ગુણ પરસ્પર મિશ્ર થતાં એના નવ ભેદ થાય છે. જો આ નવ પ્રકારનું જ્ઞાન થાય તો આગળ જતાં એનો મોક્ષ થાય. ભગવદ્રૂપને સિદ્ધ કરવામાં ભક્તિની મુખ્યતા છે. એમાં ભૂતો, વિષયો અને તત્ત્વો નો ભોગ ભગવાન્ હરિ હોવાથી પોતે જ કરે છે. એ ભગવાન્ ઇન્દ્રિયોવડે ભોગ કરે પણ એને તો આત્મા જ ઇન્દ્રિયરૂપ છે; એ આત્માવડે જ બધું જોઈ શકે છે. **''પશ્યન્ ચક્ષુઃ શૃણ્વન્ શ્રોત્રમ્''** એ શ્રુતિ પણ એ વાતનો સ્વીકાર કરે છે. યોગ એ જ ભગવાનની બુદ્ધિ છે. બુદ્ધિવડે બધું પ્રકાશિત થાય છે. આ પચ્ચીસમા અધ્યાયમાં ભક્તિયોગ કહેવાનો છે. એ ભક્તિમાં વિતૃષ્ણા એ મુખ્ય અંગ છે. તેથી એના આત્માનું વિવિક્ત જ્ઞાન અને નિવૃત્તતૃષ્ણતા એ બેની મુખ્યતા અંગપણાએ છે. ભક્તિ પરમ સાધનરૂપા છે. શાસ્ત્રને ઉલ્લંઘન ન કરતાં ભક્ત ભક્તિ કરે તો જ એ મુક્તિમાં સાધક છે તેથી જ્ઞાનની વાત ન કરતાં મનુના વંશનો જ પ્રથમ પ્રશ્ન કરવામાં આવ્યો છે. શૌનકના આ પ્રશ્નથી મનુવંશના ચરિત્રનો બોધ થાય છે.

**કપિલસ્તત્ત્વસંખ્યાતા ભગવાન્ સ્વાત્મમાયયા ।।**
**જાતઃ સ્વયમજઃ સાક્ષાદાત્મપ્રજ્ઞપ્તયે નૃણામ્ ।।૧।।**

**શૌનક બોલ્યા :** તત્ત્વ સંખ્યા કહેનાર ભગવાન્ કપિલદેવજી અજન્મા છતાં પોતાની આત્મમાયાવડે આત્મજ્ઞાનને પ્રસિદ્ધ કરવાની ઇચ્છાથી સાક્ષાત્ પ્રકટ થયા ।।૧।।

પુરુષોમાં શ્રેષ્ઠ યોગીઓને વરવા લાયક, કીર્તિપ્રિય એવાકપિલ-મુનિના યશને સાંભળતાં મારા પ્રાણ પૂરેપૂરા તૃપ્ત થતા નથી ।।૨।।

ભક્તોની ઇચ્છાને અનુસરવાના સ્વભાવવાળા ભગવાન્ આત્મમાયાવડે જે-જે કરે છે તે બધી લીલા કીર્તન કરવા યોગ્ય હોય છે, જેમાં હું શ્રદ્ધાવાળો છું. તેથી એ બધી લીલા આપ મને કહો ।।૩।।

**સૂતજી બોલ્યા :** વિદુરે જ્યારે વેદવ્યાસના મિત્ર ભગવાન્ મૈત્રેયને આત્મવિદ્યા વિષે પ્રશ્ન પૂછ્યો ત્યારે તેઓ વિદુરજીની ઉપર પ્રસન્ન થઈને આ પ્રકારે કહેવા લાગ્યા ।।૪।।

**મૈત્રેય બોલ્યા :**જ્યારે કર્દમ વનમાં ચાલ્યા ગયા ત્યારે કપિલદેવજી માતાજીને પ્રસન્ન કરવા ત્યાં બિન્દુસરોવર ઉપર રહ્યા ।।૫।।

પોતાના પુત્ર કપિલ કોઈ પણ કર્મમાં રોકાયેલા ન હોવાથી તત્ત્વોના સમૂહના નિર્ણયના જ્ઞાનવાળા, બેઠેલા જોઈને દેવહૂતિજીએ બ્રહ્માના વચનનું સ્મરણ કરી કહ્યું.

**દેવહૂતિ બોલ્યા** : હે ભૂમન્! હું દુષ્ટ ઇન્દ્રિયોને અત્યન્ત તૃપ્ત કરવાથી કંટાળી ગઈ છું. હે પ્રભો! ઇન્દ્રિયોને નિરન્તર પૂર્ણ કરવાથી મહામોહમાં પડી ગઈ છું ।।૬-૭।।

એ મહામોહને છેડો નથી, પરન્તુ એનો અન્ત લાવી શકે તેવા આપનો મારી ઉપર અનુગ્રહ થયો તેથી ઘણા જન્મને અન્તે આપ મને હમણાં પ્રાપ્ત થયા છો ।।૮।।

બ્રહ્માદિમાં પણ આપ જ આદિ છો. પુરુષોના આપ ઈશ્વર છો. અજ્ઞાનથી આન્ધળા બનેલા લોકોને માટે આપ સૂર્યની સમાન નેત્રરૂપ છો ।।૯।।

માટે હે દેવ! મારા વધેલા મોહને દૂર કરવાને આપ યોગ્ય છો. આપજ આ શરીરમાં અને એના પરિકરમાં નહુંથ-સ્રમારુંથ એવો આગ્રહ કરાવનાર છો ।।૧૦।।

આપ આપના ભક્તોના સંસારરૂપ વૃક્ષમાટે કુહાડા સમાન છો. હું પ્રકૃતિ અને પુરુષનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથીઆપ શરણાગતવત્સલના શરણમાં આવી છું. આપ ભાગવત્ ધર્મ જાણવા વાળાઓમાં બધાથી શ્રેષ્ઠ છો, હું આપને પ્રણામ કરું છું ।।૧૧।।

**મૈત્રેયે કહ્યું** : આ પ્રમાણે માતા દેવહૂતિએ પોતાની જે ઈચ્છા જણાવી તે પરમ પવિત્ર અને લોકોનો મુક્તિ માર્ગમાં પ્રેમ વધારનારી હતી. એ સાંભળીને આત્મજ્ઞ સત્પુરુષોની ગતિ શ્રીકપિલજી એમની મનમાં ને મનમાં પ્રશંસા કરવા લાગ્યા અને મૃદુ હાસ્યથી સુશોભિત મુખારવિન્દથી આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૧૨।।

**શ્રીભગવાને કહ્યું** : જ્યાં દુઃખ અને સુખનો અત્યન્ત નાશ થાય છે તેવો આધ્યાત્મિક* યોગ પુરુષનું શ્રેય કરનાર છે એવો મારો મત છે ।।૧૩।।

**વિશેષ** : યોગશાસ્ત્રમાં યોગના અનેક ભેદ છે તેમાં જે ભગવાનનો સાક્ષાત્કાર કરાવે એ યોગ આધિદૈવિક; જે પોતાના આત્માનો સાક્ષાત્ અનુભવ કરાવે તે આધ્યાત્મિક યોગ અને જે અણિમાદિ સિદ્ધિઓ, શરીર અને પ્રાણને સિદ્ધ કરાવે તે યોગ આધિભૌતિક; એમ સ્થૂલ રીતે ત્રણ વિભાગ થાય છે. એમાં પ્રથમ જે ભગવત્સાક્ષાત્કાર યોગ તે જુદો છે. અહીં તો આધ્યાત્મિક યોગ મુખ્ય કહેવાનો છે. જે આત્માનું રૂપ પ્રકૃતિથી જુદું જાણે તે આત્મસાક્ષાત્કાર કે આધ્યાત્મિક યોગના અધિકારી છે. એ યોગથી તેઓને આત્મસાક્ષાત્કાર થાય છે.

મેં પ્રથમ યોગશ્રવણની ઈચ્છાવાળા ઋષિઓને અનેક અંગોથી જ જેમાં નિપુણતા પ્રાપ્ત થાય છે એ યોગ કહ્યો હતો તે જ હું તમને કહીશ ।।૧૪।।



જીવનાં બન્ધન અને મુક્તિમાં ખરેખર ચિત્ત કારણભૂત છે. એ ચિત્ત જો વિષયોમાં આસક્ત થાય તો જીવને બન્ધન કરે, જો ભગવાન્‌માં આસક્ત થાય તો મુક્ત કરે ।।૧૫।।

જ્યારે મન ''હું અને મારું'' એવા અભિમાનથી જાગેલા કામલોભાદિ મળોને છોડી દે છે ત્યારે જ સુખદુઃખનું દ્વન્દ્વ છોડી સમાનતાને પામે છે ।।૧૬।।

ત્યારે જીવ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિયુક્ત હૃદયથી આત્માને કેવલ (સંઘાતથી મુક્ત), સ્વભાવનો નિયન્તા, જીવ અને બ્રહ્મના વિભાગ શૂન્ય, સ્વયંપ્રકાશ, અતિ સૂક્ષ્મ, અખંડ, ઉદાસીન જુએ છે અને પ્રકૃતિને શક્તિહીન અનુભવ કરે છે ।।૧૭-૧૮।।

યોગી લોકોને બ્રહ્મની પ્રાપ્તિમાટે ભગવાનની ભક્તિ જેવો કલ્યાણકારી માર્ગ નથી ।।૧૯।।

ડાહ્યા પુરુષ આસક્તિને ન છેદી શકાય તેવું બન્ધન સમજે છે. જો એ જ આસક્તિ ભગવદ્‌ભક્તોમાં કરવામાં આવે તો એનાથી મોક્ષનાં દ્વાર ખુલ્લાં થાય છે. (લોકમાં સ્નેહ બન્ધનકર્તા છે તે જ સ્નેહ ભગવાન્‌માં કરે તો એ મુક્તિના કારણરૂપ બને છે) ।।૨૦।।

અપરાધ કરે છતાં એની ઉપર દયા કરનાર, સર્વ પ્રાણીનું યથાશક્તિ હિત કરનાર, કોઈ પણ શત્રુ વગરના, શાન્તિરૂપ મોટા ગુણવાળા, સદાચારવાળા, બીજાઓને સુખ થાય તેવા સાધુ આચરણવાળા, જેઓ અનન્યભાવથી મારી દૃઢ ભક્તિ કરે, ભગવત્સેવામાટે સર્વ કર્મોને છોડનાર, ભગવાન્‌માટે સ્વજન, બન્ધુ વગેરેને છોડી દેનાર, ભગવાનની ઉજ્જ્વલ કથાઓ કરનાર તથા એવી કથા કહેનાર મળે તો એની પાસેથી સાંભળનાર ભક્તોનું ચિત્ત મારામાં રહેલું હોય છેતેથી સંસારના અનેક તાપો તેઓને દુઃખ આપી શકતાનથી ।।૨૩।।

હે સાધ્વી! આ ઉત્તમ પુરુષો સંગદોષને મટાડનાર હોવાથી તારે તેઓનો સંગ શોધવો કારણ કે તેઓ કામ વગેરે ઉત્પન્ન કરનાર આસક્તિને દૂર કરનારા છે ।।૨૪।।

સત્પુરુષોનો સારી રીતે સંગ થવાથી એને મારા પ્રભાવને પ્રકાશ કરાનારી, હૃદય અને કર્ણને આનન્દદાયક કથાનો લાભ થાય છે. એનાથી ક્રમે-ક્રમે મોક્ષમાર્ગમાં શ્રદ્ધા, રતિ અને ભક્તિ થાય છે. (સાંભળતાં શ્રદ્ધા થાય, શ્રદ્ધાથી વધારે સાંભળતાં એમાં રતિ થાય, રતિ વધતાં સ્નેહ થાય. ભક્તિનો ક્રમ આ છે) ।।૨૫।।

વિષયો છૂટી જાય તો પણ વાસનારૂપે અન્તઃકરણમાં રહે છે. જ્યારે એની

ઉપર વૈરાગ્ય આવે ત્યારે જ વાસના નિવૃત્ત થાય. જોયેલા લૌકિક રાજ્યાદિક અને સાંભળેલા પારલૌકિક સ્વર્ગાદિ ઈન્દ્રિયોના વિષયોમાં ભક્તિથી જેને વૈરાગ્ય થયેલ છે તેવો પુરુષ મારી અલૌકિક રચનાનાં ચિન્તનથી સાવધાન થઈ, ભગવાનના ધ્યાનરૂપી સરલ (હઠ, કલેશ વગેરે રહિત) ઉપાયોથી સમાહિત થઈ મનના નિગ્રહમાટે યત્ન કરશે ।।૨૬।।

પ્રકૃતિના ગુણનું સેવન છોડે, વૈરાગ્ય દ્વારા જ્ઞાનનો વિકાસ કરે, યોગ કરે, મારી ભક્તિ કરે તો એ મને અન્તરાત્માને અહીં જ પ્રાપ્ત કરે છે ।।૨૭।।

**દેવહૂતિજી બોલ્યાં** : જેનાવડે હું આપના નિર્વાણધામ (વ્યાપિ વૈકુણ્ઠ)ને પામું તેવી આપને પ્રસન્ન કરનારી ભક્તિ કેવી હોય અને એ મારા અનુભવમાં કેમ આવી શકે એ આપકહો ।।૨૮।।

ભગવાનરૂપી લક્ષ્યને વીંધી શકે તેવો બાણરૂપ યોગ આપે કહ્યો તે કેવો હોય તેનાં કેટલાં અંગ હશે, જેનાથી તત્ત્વોનું જ્ઞાન થઈ શકે ।।૨૯।।

હે કપિલ! હું મન્દ બુદ્ધિવાળી સ્ત્રી છું. આપના અનુગ્રહથી હું સુખથી આ ન જાણી શકાય તેવું હરિના સમ્બન્ધવાળું જાણી શકું એવી કૃપા કરો ।।૩૦।।

**મૈત્રેયે કહ્યું** : માતાનો અભિપ્રાય જાણી જે શરીરથી પોતે પ્રકટ થયા હતા તેના ઉપર કપિલદેવજીને સ્નેહ થઈ આવ્યો અને એઓ તત્ત્વોની સંખ્યાવાળું 'સાંખ્યશાસ્ત્ર' 'ભક્તિ' 'યોગ' અને 'જ્ઞાન' માતાને ઉદ્દેશીને કહેવા લાગ્યા ।।૩૧।।

જેમનાથી પદાર્થોના ગુણ વગેરે જાણી શકાય તેવી દૈવી સમ્પત્તિવાળી અને જેમનાથી વેદવિહિત કર્મ કરનાર ઈન્દ્રિયો નિર્ગુણ ભગવાન્‌માં સ્વભાવિક રીતે બધા કરે તેવી મનની કુદરતી નિષ્ઠા એ જ ભક્તિ. જેમ અગ્નિ ખાધેલા અન્નનું પાચન કરે છે તેમ અન્નમય વગેરે કોશોનો અથવા તો લિંગ દેહનો તે ભક્તિ નાશ કરે છે ।।૩૨-૩૩।।

કેટલાક ભક્તો મારી ચરણસેવામાં આસક્ત થાય છે અનેમારી સેવામાં તત્પર રહે છે. એવા ભક્તો પરસ્પર મળીને મારા પરાક્રમોની ચર્ચા કરે છે, મારા વખાણ કરે છે, સ્તુતિ કરેછે ।।૩૪।।

હે અમ્બ! એવા પુરુષો મારા સુન્દર રૂપને નિહાળે છે એટલું જ નહિ પણ સુન્દર મુકુટ તથા લાલ નેત્રયુક્ત શ્રીમુખવાળું મારું વરદરૂપ છે તે સ્વરૂપની સાથે મધઝરતી વાણીથી વ્યવહાર કરે છે; જેમ પોતાના મિત્રો પરસ્પર વાર્તાલાપ કરે છે તેમ ।।૩૫।।



ભગવાનના સોહામણા-લોભામણા અંગ-પ્રત્યંગ, ઉદાર વિલાસ, હાસ તથા કટાક્ષપૂર્વક દર્શન, મનોહર વાણીવાળાં સ્વરૂપોથી હરાયેલાં છે અન્તઃકરણ અને પ્રાણો જેમના તેઓ ન ઈચ્છતા હોય છતાં ભક્તિ તેઓને મારું સાયુજ્ય પ્રાપ્ત કરાવે છે ।।૩૬।।

હું છું માયાવી તેથી મારી પ્રસિદ્ધ વિભૂતિ, આઠ અંગ વાળાં ઐશ્વર્ય, (ભક્તિની) પાછળ આવતી સમ્પત્તિ, ભગવાને કરેલી સમ્પત્તિ અથવા મોક્ષરૂપ સમ્પત્તિની તેઓ (એમાં ભોગવવા જેવું કંઈ છે જ નહિ એ મૃગજળ માયા છે એમ માની) ઈચ્છા ન કરે તો પણ તેઓને (ઉત્તમ ભક્તોને) મારા ધામ વ્યાપિ વૈકુણ્ઠમાં આવતાં સ્વયં પ્રાપ્ત થાય છે ।।૩૭।।

જેમનો એક માત્ર હું જ પ્રિય, આત્મા, પુત્ર, મિત્ર, ગુરુ, બાન્ધવ અને ઈષ્ટદેવ છું તે મારા જ આશ્રમમાં રહેવાવાળા ભક્તજનો શાન્તિમય વૈકુણ્ઠધામમાં પહોંચી કોઈપણ પ્રકારથી આ દિવ્ય ભોગોથી વંચિત નથી હોતા તેમજ તેમને મારું કાલચક્ર સ્પર્શ કરી શકતું નથી ।।૩૮।।

જેઓ આ લોક, પરલોક, બન્ને લોકમાં જનાર ચતુર્વિધ આત્મા અને શરીરનાં સમ્બન્ધી લક્ષ્મી, પશુઓ, ગૃહો વગેરે બધાંનો ત્યાગ કરી (એટલે બધાંમાંથી સ્નેહ સંકેલી લઈ, જલકમલવત્ નિર્લેપ રહી, ઉદાસીન રહી) મને એકલાને જ અનન્ય ભાવે ભક્તિવડે ભજે છે તેને હું મૃત્યુથી પેલે પાર લઈ જાઉં છું. તેમની મુક્તિય નહિ અને મૃત્યુય નહિ એવી સનકાદિ જેવી સ્થિતિ થાય છે ।।૩૯-૪૦।।

હું જ પ્રકૃતિ અને પુરુષનો નિયામક છું. હું જ સર્વ પ્રાણીઓના આત્મારૂપ છું. (મૃત્યુરૂપી) તીવ્ર ભય મારા સિવાય બીજા કોઈથી નિવૃત્ત થતો નથી ।।૪૧।।

જેના ભયથી વાયુ વાય છે, જેના ભયથી સૂર્ય તપે છે, ઈન્દ્ર વર્ષે છે, અગ્નિ બાળે છે અને મૃત્યુ મારે છે તે હું જ છું ।।૪૨।।

જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભગવાન્‌માં ભક્તિયોગ કરવાથી ભક્તો પોતાના આત્મશ્રેયમાટે મારા અભય ચરણ કમલોનો આશ્રય કરે છે ।।૪૩।।

**એતાવાનેવ લોકેઽસ્મિન્ પુંસાં નિઃશ્રેયસોદયઃ ।।**
**તીવ્રેણ ભક્તિયોગેન મનો મય્યર્પિતં સ્થિરમ્ ।।૪૪।।**

જે પુરુષો પરલોકને માટે યત્ન કરે છે તેમણે મારી ભક્તિવડે પોતાનું મન મારામાં સ્થિર કરવું. એમ કરવાથી જ કલ્યાણનો ઉદય થાય છે. ભકિતપૂર્વક શરણાગતિ વગર

નિઃશ્રેયસનો બીજો કોઈ જ માર્ગ જગતમાં નથી ।।૪૪।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (કાલમુક્તિમાં મુખ્ય ભક્તિરૂપ પહેલો)**
**''કપિલમુનિએ દેવહૂતિને કહેલો ભક્તિયોગ''**
**નામનો પચીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ફંડ-ફાળામાટે, આજીવિકામાટે દક્ષિણા લઈને કે મૃતકના ઉદ્ધારાર્થે
ભાગવતકથા કરવી, બેસાડવી કે સાંભળવી એ
શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ ઘોર પાપ છે.

## અધ્યાય ૨૬

## કપિલ મુનિ માતાને સાંખ્યતત્ત્વો ઉપદેશે છે

**વિશેષ :** સાંખ્યશાસ્ત્ર આત્મા અને અનાત્માની જુદાઈ જાણવામાટે છે. એમાં તત્ત્વોની સંખ્યા અને એનાં લક્ષણ છે. એમાં જીવ અને બ્રહ્મના ભેદ જાણવામાં આવે તેમાટે બે પ્રક્રિયાઓ કહી છે. બન્ધને પામે તે જીવ, બન્ધને ન પામે તે બ્રહ્મ. પ્રકૃતિ સંસારનું કારણ છે, જ્યારે મુક્તિનું કારણ પુરુષ છે. સાંખ્યસિદ્ધાન્તનો આ સાર છે.

**અથ તે સમ્પ્રવક્ષ્યામિ તત્ત્વાનાં લક્ષણં પૃથક્ ।।**
**યદ્ વિદિત્વા વિમુચ્યેત પુરુષઃ પ્રાકૃતૈર્ગુણૈઃ ।।૧।।**

**શ્રીભગવાને કહ્યું :** જે તત્ત્વોને જાણવાથી પુરુષ પ્રાકૃત ગુણોથી મુક્ત થાય તેવાં તત્ત્વોનાં લક્ષણ જુદાં કરીને હું તને કહીશ ।।૧।।

જે જ્ઞાનવડે આત્માનો સાક્ષાત્કાર થાય અને હૃદયની અહન્તા-મમતારૂપ ગ્રન્થિ તૂટી જાય તેવો મોક્ષ આપનારું જ્ઞાન હું તને કહું છું ।।૨।।

આત્મા અનાદિ છે. કોઈ કાળે તેની ઉત્પત્તિ નથી. પુરુષ ગુણ રહિત છે અને પ્રકૃતિને વશ રાખનાર છે. એ અન્તર્મુખ સ્ફુરણાવાળો છે, સ્વયં પ્રકાશ છે, જેનો વિશ્વમાં સારી રીતે અન્વય છે (એ વિશ્વમાં સમવાયિ કારણ રૂપે ઓતપ્રોત છે) ।।૩।।

એ પુરુષને દૈવી ઈચ્છાથી ગુણમયી, સૂક્ષ્મ, દૈવી પ્રકૃતિ આવી મળી. પુરુષે એનો લીલાવડે આદર કર્યો ।।૪।।



સત્ત્વાદિ ગુણોવાળી એ વિચિત્ર પ્રકૃતિ પોતાના જેવી પ્રજાને ઉત્પન્ન કરવા લાગી. એણે પુરુષના જ્ઞાનને ઢાંકી દીધું. જ્ઞાન ઢંકાઈ જતાં પુરુષ એમાં મોહિત થયો ।।૫।।

ક્રિયા કરનારી શક્તિ પ્રકૃતિમાં છે; પુરુષમાં જ્ઞાનશક્તિ છે. પુરુષે પ્રકૃતિને સ્વસ્વરૂપાત્મક માની તેથી (પ્રકૃતિ કર્ત્રી છે અને તેના ગુણો કર્મો કરે છે છતાં) એ આત્મતત્ત્વને લઈને ''હું કરું છું'' એમ મોહથી માનવા લાગ્યો ।।૬।।

''હું કર્તા છું'' એવું જે જીવ માને છે એ જ એને સંસારરૂપ બન્ધન છે. એની પરતન્ત્રતા એના કર્તાપણાથીજ થઈ છે. ઈશ્વર સ્વયં અકર્તા છે. પ્રકૃતિ કર્મ કરે છે તેમાં અભિમાન ન કરતાં એ એનો સાક્ષી છે. આમ આનન્દરૂપ હોવા છતાં અભિધ્યાનથી વિપરીત ભાવને સ્વીકારે છે. તેથીજ એને સંસારના બન્ધ અને પારતન્ત્ર્ય ભોગવવાં પડેછે ।।૭।।

અધિભૂત, અધ્યાત્મ અને અધિદેવ એટલે કાર્ય, કારણ અને કર્તા એ ભાવો પ્રકૃતિગત જ છે. સુખ-દુઃખના ભોગનું કારણ પુરુષ છે, કારણ કે એ પ્રકૃતિથી પર છે. ભોગ્ય અને ભોક્તા એક ન હોવાથી પ્રકૃતિ ભોગ્ય અને પુરુષ ભોક્તા છે. ભોગદશામાં પ્રકૃતિનો નિયામક પુરુષ છે ।।૮।।

**દેવહૂતિએ પૂછ્યું :** હે પુરુષોત્તમ! પ્રકૃતિ અને પુરુષ, જે આ જગતનાં કારણરૂપ છે તેમનાં લક્ષણ આપ કહો. એનાવડે જ કાર્ય અને કારણરૂપ આ બધું થાય છે. એ તદ્રૂપ પણ દેખાય છે. જો એ બેનું જ્ઞાન થાય તો બધું જ સમજી શકાય ।।૯।।

**શ્રીભગવાને કહ્યું :** ત્રણ ગુણવાળી પ્રકૃતિ **અવ્યક્ત** કહેવાય છે. જગતની રચનામાં એનું મુખ્યપણું હોવાથી એ **પ્રધાન** પણ કહેવાય છે. એ નિત્ય છે, કાર્ય-કારણરૂપ છે. પોતે નિર્વિશેષ છે છતાં જે વિશેષ ગુણો ઉત્પન્નથાય છે તે બધા એના હોવાથી એ **વિશેષવત્** કહેવાય છે ।।૧૦।।

પાંચ મહાભૂત (પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ), પાંચ તન્માત્રા (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ), ચાર અન્તઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) દશ ઈન્દ્રિયો આ ચોવીસ તત્ત્વોના સમૂહને વિદ્વાન્ પુરુષો પ્રકૃતિનું કાર્ય માને છે ।।૧૧।।

પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એ પાંચ મહાભૂતો છે અને અમારા સિદ્ધાન્ત પ્રમાણે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પાંચ તન્માત્રાઓ (સાંખ્યમાં ગન્ધાદિ માત્રાઓ છે, જ્યારે બીજા મતમાં એ ગુણો) કહેવાય છે ।।૧૨।।

ત્વચા દષ્ટિ કાન રસના નાસિકા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો, વાણી હાથ પગ ગુદા અને શિશ્ન એ પાંચ કર્મેન્દ્રિયો એમ બધી મળી દશ ઇન્દ્રિયો છે ।।૧૩।।

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર વૃત્તિના ભેદથી એક છતાં ચતુર્વિધ અન્તઃકરણ છે ।।૧૪।।

શાસ્ત્રમાં સગુણ બ્રહ્મનો સન્નિવેશ એટલો કહેલો છે. કાળ એ ૨૪થી જુદો હોવાથી પચીસમો છે ।।૧૫।।

કેટલાક, પુરુષના પ્રભાવને અર્થાત્ ઈશ્વરના સંહારકારક સામર્થ્યને 'કાળ' કહે છે. સર્વને કાળનો ભય હોય છે, પરન્તુ ''હું કરું છું'' એવા અહંકારથી વિશેષ મૂઢ બને છે. જ્યારે વિશેષ મોહ થાય છે ત્યારે પ્રકૃતિનાં કર્મને પોતે સ્વીકારે છે ત્યારે એને ''હું કરું છું'' એવો મોહ થાય છે ।।૧૬।।

હે મનુપુત્રી! સત્ત્વ વગેરે ત્રણ ગુણોની સામ્યાવસ્થા એટલે પ્રકૃતિ. કાળની ચેષ્ટાથી જ આ સામ્યાવસ્થા ચાલી જાય છે એ કાળના લક્ષણરૂપ છે. એ ભગવાન્ નથી પણ ભગવાનના જેવો હોઈ એ કાળ ભગવાન્ નથી એ કાળ ભગવાન્ તરીકે ઓળખાય છે ।।૧૭।।

ભગવાન્ પુરુષરૂપવડે સર્વની અન્દર રહે છે તો કાળરૂપે સર્વની બહાર રહે છે. એ પોતાની માયાવડે બન્ને રૂપોથી લોકને ભય અને અભય કરી એનો સમન્વય કરીને રહે છે ।।૧૮।।

જ્યારે દૈવથી પ્રકૃતિના ધર્મ ખળભળી ઊઠ્યા ત્યારે પુરુષ પોતાની સ્ત્રીમાં વીર્ય દાખલ કરે તેમ ભગવાને પ્રકૃતિમાં પોતાનું સચ્ચિદાત્મક વીર્ય દાખલ કર્યું. તેણે સુવર્ણમય મહત્તત્ત્વને જન્મ આપ્યો ।।૧૯।।

જગતના અંકુરરૂપ એ મહત્તત્ત્વે પોતાના સ્વરૂપમાં સ્થિત વિશ્વ દર્શાવ્યું અને પોતાના તેજવડે પોતાનો લય કરાવનાર અન્ધકારને દૂર કર્યુ ।।૨૦।।

એનું આધિદૈવિક રૂપ વાસુદેવ શુદ્ધ સત્ત્વરૂપ છે, સ્વચ્છ છે, શાન્ત છે, ભગવાનને પ્રકટ થવાના સ્થાનરૂપ ચિત્ત છે આને મહત્તત્ત્વરૂપ સમજવું ।।૨૧।।

જેમ જળનો ઉત્તમ સ્વભાવ સ્વચ્છતા છે તેમ ચિત્તનું લક્ષણ સ્વચ્છપણું, અવિકારીપણું અને શાન્તપણું છે.એમાં વિકારો થાય છે તે તો બીજા સમ્બન્ધથી થાય છે, રાજસ વગેરે ભાવોવડે ચિત્તમાં વિકૃતિ થાય છે. એનો સહજ ધર્મ તો સ્વચ્છપણું વગેરે છે ।।૨૨।।



ભગવાનના વીર્યથી ઉત્પન્ન થયેલ મહત્તત્ત્વ વિકૃત થતાં એમાંથી ત્રણ પ્રકારની ક્રિયાશક્તિવાળો અહંકાર ઉત્પન્ન થાયછે ।।૨૩।।

સાત્ત્વિક, રાજસ અને તામસ અહંકારથી મન, ઇન્દ્રિયો અને મહાભૂતો અને તન્માત્રા ઉત્પન્ન થયાં ।।૨૪।।

આ મહાભૂત, ઇન્દ્રિય અને મનરૂપ અહંકારનેજ પંડિતો સાક્ષાત્ સંકર્ષણ નામના સહસ્ર મસ્તકવાળા અનન્ત દેવ કહે છે ।।૨૫।।

પ્રાણીઓમાં રહેલા સાત્ત્વિક અહંકારનું લક્ષણ કર્તાપણું છે, રાજસનું કારણપણું અને તામસનું કાર્યપણું છે; અથવા સાત્ત્વિક અહંકારના સ્વરૂપનું લક્ષણ શાન્તપણું, રાજસનું ઘોરપણું અને તામસ અહંકારના સ્વરૂપનું લક્ષણ વિમૂઢપણું છે ।।૨૬।।

સાત્ત્વિક અહંકાર કાર્ય કરવા તત્પર થતાં એમાંથી મન થયું; સંકલ્પ (ઇચ્છા, કામના) અને વિકલ્પ (સંશય) એ એનું લક્ષણ છે એનાથી કામનો સમ્ભવ છે, અર્થાત્ કામ એ એનું કાર્ય છે અને સંકલ્પ-વિકલ્પ એ એનું લક્ષણ છે ।।૨૭।।

અનિરુદ્ધ એ એના અધિષ્ઠાતા દેવ છે. એ ઇન્દ્રિયોના અધીશ્વર છે. શરદૃતુના ઇન્દીવરના સરખા શ્યામ એ પ્રભુ યોગી લોકોને સારી રીતે આરાધ્ય છે ।।૨૮।।

હે સતી! રાજસ અહંકાર કાર્ય કરવા તત્પર થતાં એમાંથી બુદ્ધિ નામનું તત્ત્વ થયું. એમાંથી દ્રવ્યની સ્ફૂર્તિ અને વિશેષ જ્ઞાન થાય છે. જો મન ઇન્દ્રિયોનું પ્રેરક છે તો બુદ્ધિ ઇન્દ્રિયની અનુગ્રાહક છે. બુદ્ધિનાં અનુગ્રહવડે ઇન્દ્રિયો પોતાના કાર્ય કરવામાં સમર્થ થાય છે તેથી જ ઇન્દ્રિયોના તારતમ્યથી જ જ્ઞાન અને ક્રિયામાં તારતમ્ય દેખાય છે ।।૨૯।।

સન્દેહ, વિપર્યાસ (વિપરીત જ્ઞાન), નિશ્ચય, સ્મરણ અને સ્વાપ એ બુદ્ધિની પાંચ વૃત્તિઓથી બુદ્ધિનું જુદું લક્ષણ કહેલું છે ।।૩૦।।

કર્મ અને જ્ઞાન કરાવનાર ઇન્દ્રિયો (કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો) રાજસ સમજવી. પ્રાણમાં ક્રિયાશક્તિ છે, બુદ્ધિમાં જ્ઞાનશક્તિ છે ।।૩૧।।

ભગવાનના વીર્યથી પ્રેરાયેલા તામસ અહંકારથી શબ્દમાત્રા થઈ; તેમાંથી આકાશ ઉત્પન્ન થયું. કર્ણ ઇન્દ્રિયથી તો શબ્દ ગ્રહણ થાય છે ।।૩૨।।

અર્થ શબ્દનો આશ્રય કરીને રહે છે. શબ્દ દ્રષ્ટાને શબ્દમાત્રથી વસ્તુનો અનુભવ કરાવે છે. શબ્દ આકાશની તન્માત્રા છે. શબ્દ એ આકાશનું સૂક્ષ્મરૂપ છે ।।૩૩।।

ભૂતોને અવકાશ આપવો એટલે કે બહાર અને અન્દર એવા ભેદને કરાવનાર

આકાશ છે. પ્રાણ, ઈન્દ્રિય અને આત્માનો આશ્રય પણ આકાશ છે ।।૩૪।।

શબ્દ તન્માત્રાનું કાર્ય આકાશ કાળગતિથી વિકૃત થયું. વિકૃત થતાં એમાં સ્પર્શ થયો. એનાથી વાયુ થયો અને ત્વક્ ઈન્દ્રિય થઈ, જેનાથી સારી રીતે ગ્રહણ થાય છે ।।૩૫।।

કોમળતા, કઠિનતા, ઠંડુ, ગરમ એ પારખવું એ સ્પર્શેન્દ્રિયનું કામ છે; એ જ વાયુની તન્માત્રા એટલે સૂક્ષ્મ સ્વરૂપ છે ।।૩૬।।

(વૃક્ષની શાખા વગેરેને) હલાવવું, તૃણ વગેરેને ભેળાં કરવાં, બધે પહોંચવું, ગન્ધાદિ યુક્ત વસ્તુને ઘ્રાણાદિ ઈન્દ્રિયોની પાસે તથા અવાજને કાનની પાસે લાવવો તથા બધી ઈન્દ્રિયોને કાર્યશક્તિ અર્પવી આ વાયુની વૃત્તિઓનાં લક્ષણ છે ।।૩૭।।

સ્પર્શ તન્માત્રાવાળા વાયુને દૈવી પ્રેરણા થતાં એમાંથી રૂપને બતાવનાર તેજ થયું. પછી રૂપ થયું; પછી એને બતાવનાર ચક્ષુ ઈન્દ્રિય થઈ ।।૩૮।।

દ્રવ્યની આકૃતિ હોવી એ રૂપનું લક્ષણ છે; અર્થાત્ સર્વદા ગૌણભાવ રહેવો. વસ્તુનું સાપેક્ષત્વ એ જ તેજનો ગૌણભાવ. વ્યક્તિને પદાર્થરૂપમાં દેખાડનાર પણ તેજ જ છે. રૂપ તન્માત્રા એ જ તેજનું તેજપણું છે ।।૩૯।।

એનાં લક્ષણ આ પ્રમાણે છેઃપ્રકાશ કરવો, પકવી દેવું, જળને સૂકવી દેવું, ટાઢ મટાડવી, શોષણ કરવું, ભૂખ અને તરસ એ તેજનાં કાર્યો છે ।।૪૦।।

દૈવની પ્રેરણાથી રૂપ તન્માત્રા તેજમાં વિકૃતિ થતાં એમાંથી રસ તન્માત્રાવાળું જળ અને રસને ગ્રહણ કરાવનાર રસના થઈ છે ।।૪૧।।

કસાય (કડછો), મધુર, કડવો, તીખો અને ખાટો એવો ભેદ એવા એક જ રસના ભૌતિક વિકારને લઈને છે ।।૪૨।।

પલાળી દેવું, પીંડો બાન્ધવો, તૃપ્ત કરવો, જિવાડવું, પ્રાણોની તૃપ્તિ કરવી, વહી જવું, તાપ મટાડવો, કૂવા વગેરેમાંથી કાઢી લેવાય છતાં ફરી-ફરી પ્રકટ થવું અથવા જે વાસણમાં ભરીએ તેવો આકાર લેવો એ જળની વૃત્તિઓ છે ।।૪૩।।

રસમાત્રવાળા જળમાં કાર્ય કરવા તત્પર થયેલા અને દૈવની પ્રેરણાથી વિકૃતિ થતાં જળમાંથી ગન્ધમાત્રાવાળી પૃથ્વી થઈ. ગન્ધને ગ્રહણ કરનાર ઘ્રાણેંદ્રિય થઈ જેનાથી ગંધનો અનુભવ લઈ શકાયછે ।।૪૪।।

એક ગન્ધ દ્રવ્યના અવયવોના ભેદને લીધે મિશ્રગન્ધ, દુર્ગન્ધ, સુગન્ધ, શાન્ત, ઉગ્ર, ખાટો વગેરે ઉપાધિભેદથી ભેદ પડેલા છે ।।૪૫।।



૧. આકાર પ્રાપ્ત કરાવવો ૨. બ્રહ્મનું સ્થાન હોવું ૩. ધારણ કરવું ૪.તત્ત્વોનો ભેદ જણાવવો ૫.સર્વ પ્રાણીઓના ગુણોને પ્રકટ કરવા એ પૃથ્વીનું કાર્યથી થતું લક્ષણ છે ।।૪૬।।

આકાશનો ગુણ શબ્દ; શ્રોત્ર એનો વિષય છે. વાયુનો ગુણ સ્પર્શ છે; ત્વક્ એનો વિષય છે. તેજનો ગુણ રૂપ; ચક્ષુ એનો વિષય છે. જળનો ગુણ રસ; જિહ્વા એનો વિષય છે. પૃથ્વીનો ગુણ ગન્ધ; ઘ્રાણ; ઈન્દ્રિય એનો વિષય છે ।।૪૭-૪૮।।

કારણનો ગુણ ઘણો સમ્બન્ધ હોવાને લીધે કાર્યમાં જોવામાં આવે છે. તેથી બધા મહાભૂતોનો ગુણ ભૂમિમાં જ જોવામાં આવે છે ।।૪૯।।

જ્યારે મહત્તત્ત્વ, અહંકાર અને પંચમહાભૂત આ સાત તત્ત્વ પરસ્પર મળી શક્યાં નહિ અલગ-અલગ જ રહ્યાં ત્યારે જગતના આદિકારણ શ્રીનારાયણે કાલ અદષ્ટ અને સત્ત્વ વગેરે ગુણો સહિત તેમાં પ્રવેશ કર્યો ।।૫૦।।

એમાં પરમાત્માએ પ્રવેશ કરતાં જ અચેતન અંડ ઉત્પન્ન થયું, જેમાંથી આ વિરાટ્ પુરુષ અભિવ્યક્ત થયા ।।૫૧।।

આ અંડનું નામ છે વિશેષ. એની જ અન્દર શ્રીહરિના સ્વરૂપ ભૂત ચૌદ ભુવનનો વિસ્તાર છે. એ ચારે તરફ ક્રમશઃ એક બીજાથી દસ ગણા જલ, અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર અને મહત્તત્ત્વ આ છ આવરણોથી ઘેરાયેલું છે. આ બધાંની બહાર સાતમું આવરણ પ્રકૃતિનું છે ।।૫૨।।

હિરણ્યમય અંડકોશ જળમાં પડ્યો હતો તેમાંથી મોટા દેવ ભગવાને ઊઠીને એમાં અનેક છિદ્ર કર્યા ।।૫૩।।

પ્રથમ એમાં મુખ થયું તેમાં વાણી થઈ અને અગ્નિ એમાં દેવતા થયા. બે નાસિકા થઈ; તેમાં ઘ્રાણેન્દ્રિય પ્રાણની સાથે રહી ।।૫૪।।

પ્રાણમાંથી વાયુ; પછી બે આંખ થઈ. તેમાં ચક્ષુ નામની ઈન્દ્રિય થઈ. એમાંથી સૂર્યદેવતા પ્રકટ થયા. કાનમાં બે છિદ્ર થયાં. શ્રોત્રેન્દ્રિય, દિશાઓ અને એના દેવતા એ ત્રિપુટી સર્વત્રથઈ ।।૫૫।।

એ વિરાટ્ પુરુષને ત્વચા ઉત્પન્ન થઈ તેમાં લોમ ઈન્દ્રિય (દાઢી, મૂછ વગેરે લોમના પ્રકારો છે;) એના ઔષધિ દેવતા થયા. પછી શિશ્ન ઈન્દ્રિય દેખાઈ ।।૫૬।।

એમાં વીર્યે પ્રવેશ કર્યો. અપ્ નામની એની દેવતા થઈ. એ થયા પછી ગુદા થઈ

તેમાં અપાન વાયુ અને લોકને ભય કરનાર મૃત્યુ એનો દેવ થયો ।।૫૭।।

પછી હાથ એમાંથી નીકળ્યા. તેમાં બળ થયું. એના દેવ ઈન્દ્ર બન્યા. પછી પગ જુદા દેખાયા તેમાં ગતિ નામની ઈન્દ્રિય થઈ. એ ચરણના દેવતા વિષ્ણુ થયા ।।૫૮।।

આ વિરાટ્‌ની નાડીઓ પ્રકટ થઈ તેમાં લોહી થયું. નદીઓ નાડીઓના દેવતા થઈ. પછીથી ઉદર જુદું જોવામાં આવ્યું; ।।૫૯।।

તેમાં ક્ષુધા અને તૃષા થયાં. સમુદ્ર એ ઉદરની દેવતા થયા. હવે આ વિરાટ ભગવાનને હૃદય ભિન્ન થયું; હૃદયથી મન થયું. ચન્દ્રમા એ મનના દેવતા થયા. પછી હૃદયથી જ બુદ્ધિ અને ત્યાર પછી એના અભિમાની દેવતા બ્રહ્મા થયા. એ પછી અહંકાર થયો. તેના અભિમાની દેવતા રુદ્ર થયા. પછી ચિત્ત થયું. જીવ તેનો દેવતા છે. આ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર ઈન્દ્રિયનું ગોલક એક જ હૃદય સમજવું. એના આધિદેવો ચાર જુદા સમજવા ।।૬૦-૬૧।।

આટલા દેવો તે-તે ગોલકથી ઊભા થયા. પરન્તુ એ બધા આ વિરાટ્ દેહને ઉઠાડવામાં સમર્થ થયા નહિ ત્યારે એ દેવતાઓ પોતપોતાના ગોલકના એ દેહને ઉઠાડવામાટે તે-તે છિદ્રોમાં પુનઃ પ્રવિષ્ટ થયા ।।૬૨।।

અગ્નિદેવ વાગિન્દ્રિય સાથે મુખમાં પ્રવેશ્યા તેનાથી વિરાટ્ ઊઠ્યા નહિ. વાયુ ઘ્રાણની સાથે નાસિકામાં પ્રવિષ્ટ થયો તો પણ વિરાટ્ ઊભા થયા નહિ. સૂર્ય ચક્ષુની સાથે આંખમાં દાખલ થયા તો પણ એ વિરાટ્ ઊભા ન થયા. દિશાઓ શ્રોત્રની સાથે કાનમાં દાખલ થતાં પણ વિરાટ્ એમના એમ જ રહ્યા. ત્વચામાં રોમની સાથે ઔષધિઓ દાખલ થઈ તો પણ વિરાટ્‌માં કાંઈ ક્રિયા ન થઈ. જળે વીર્યની સાથે લિંગમાં પ્રવેશ કરતાં પણ વિરાટ્‌નું ઉત્થાન થયું નહિ. મૃત્યુ અપાનને સાથે લઈ ગુદામાં દાખલ થતાં પણ વિરાટ્ એમના એમ જ રહ્યા. ઈન્દ્ર બળની સાથે હાથમાં, વિષ્ણુ ગતિની સાથે ચરણમાં, નદીઓ લોહી સાથે નાડીઓમાં દાખલ થતાં પણ વિરાટ્ જાગ્રત ન થયા. ક્ષુધા, તૃષા સાથે સિન્ધુ પેટમાં પ્રવિષ્ટ થતાં પણ વિરાટ્ જાગ્યા નહિ; મનની સાથે ચન્દ્ર હૃદયમાં પ્રવિષ્ટ થયા. બુદ્ધિ સાથે બ્રહ્મા, અભિમાન સાથે રુદ્ર હૃદયમાં દાખલ થયા તો પણ વિરાટ્ જાગ્રત થયા નહિ. પરન્તુ જ્યારે ચિત્તની સાથે જીવ હૃદયમાં દાખલ થયો ત્યારે વિરાટ્ પુરુષ જળમાંથી બેઠા થયાં ।।૬૩-૭૦।।



પુરુષ સારી પેઠે ઊંઘતો હોય ત્યારે એનાં પ્રાણ, ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ જાગ્રત હોય છતાં એ એને ઉઠાડવામાં સમર્થ થતાં નથી પણ જ્યારે જીવ ચિત્પ્રદેશમાંથી બહાર આવે છે ત્યારે જ પુરુષ જાગ્રત થાય છે. તેમ વિરાટ્ પુરુષને પણ હૃદય, ઈન્દ્રિયો વગેરે હોવા છતાં જીવે પ્રવેશ ન કર્યો ત્યાં સુધી એ જળમાંથી ઊઠવાને સમર્થ ન થયા ।।૭૧।।

**તમસ્મિન્ પ્રત્યગાત્માનં ધિયા યોગપ્રવૃત્તયા ।।**
**ભક્ત્યા વિરક્ત્યા જ્ઞાનેન વિવિચ્યાત્મનિ ચિન્તયેત્ ।।૭૨।।**

દેહમાં રહેલા જીવને એ અન્દર રહેલો હોવાથી બહારની ઈન્દ્રિયો જોઈ ન શકે માટે જીવમાં પ્રવૃત્ત થતી યોગથી પરિપક્વ થતી બુદ્ધિવડે ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની સહાયતાથી પુરુષ આત્માનું ચિન્તન કરે અને બીજા કોઈ માયિક પદાર્થને ન દેખે તો એને આગળ ચાલતાં બ્રહ્મ સાક્ષાત્કાર થાય ।।૭૨।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (આઠમા ગુણાતીતમુક્તિ પ્રકરણનો પહેલો) ‘‘કપિલમુનિ માતાને સાંખ્યતત્ત્વો ઉપદેશે છે’’ નામનો છવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**સાવધાન! સાવધાન!! સાવધાન!!!**
ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન
પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે

## અધ્યાય ૨૭

## પુરુષનું સ્વરૂપ તથા એને જાણવાના ઉપાય

**વિશેષ :** પૂર્વ અધ્યાયમાં તત્ત્વોની સંખ્યાના વિવેચન ઉપરથી પુરુષ બીજા પદાર્થોથી જુદો છે એમ સાબિત થાય છે. આવી રીતે આત્માનું જુદાપણું સિદ્ધ થાય છે આ અધ્યાયમાં આત્મા બ્રહ્મરૂપ છે એમ કહેવાય છે. એ બ્રહ્મનું ચિન્તન શી રીતે કરવું એ દર્શાવવા એનું સ્વરૂપ તથા એને જાણવાનાં સાધન કહે છે. ખોટું જ્ઞાન મટાડવામાટે અહીં તર્કનો પણ ઉપયોગ કર્યો છે.

**પ્રકૃતિસ્થોઽપિ પુરુષો નાઽજ્યતે પ્રાકૃતૈર્ગુણૈઃ।**
**અવિકારાદ્ અકર્તૃત્વાન્ નિર્ગુણત્ત્વાજ્ જલાર્કવત્ ।।૧।।**

**શ્રીભગવાને કહ્યું :** પુરુષ (આત્મા) પ્રકૃતિની સાથે રહે છે છતાં પ્રાકૃત ગુણોથી એ લેપાતો નથી. પુરુષ વિકાર, કર્તા પણાના અભિમાન તથા સત્ત્વાદિ ગુણથી રહિત છે. જળમાં પ્રતિબિમ્બિત થયેલો સૂર્ય જળના કમ્પાદિકને સ્વીકારતો નથી ।।૧।।

એ જ પુરુષ પ્રકૃતિના ગુણમાં મોહિત થાય છે. તેમ થતાં એને અહંકાર થાય છે. અહંકારથીએ મૂઢ બને છે તેથી ''હું કરું છું''એમ અભિમાન કરેછે ।।૨।।

એ કારણથી પરાધીન થતાં એ સંસારને પ્રાપ્ત થાય છે. કર્મના ફળમાં એને તૃપ્તિ થતી નથી અને એવો પ્રસંગ પ્રાપ્ત થતાં કર્મના દોષોને લીધે સારા, નઠારા, મિશ્ર એવા દેવ, પશુ અને મનુષ્યના દેહને ધારણ કરે છે ।।૩।।

જેમ વિષયનું ધ્યાન કરનારા પુરુષને વસ્તુ વિના પણ અનર્થ થાય છે તેમ વિષયનું ધ્યાન કરવાથી પદાર્થ ન હોય છતાં એનો સંસાર નિવૃત્ત થતો નથી ।।૪।।

દુષ્ટોના માર્ગમાં અનાદિ કાળથી ચિત્ત આસક્ત હોવાથી એ એમાંથી એકદમ નીકળી શકતું નથી; છતાં ધીમે-ધીમે વૈરાગ્યદ્વારા ચિત્તને સંસારથી છૂટું કરવા અને સ્નેહ,દ્વારા ચિત્તને ભગવદ્‌વશ કરવા એણે અવશ્ય કર્તવ્ય કરવાં ।।૫।।

શ્રદ્ધાવાળો થઈ યમનિયમાદિ યોગનાં સાધનોવડે અભ્યાસ કરવો, વળી એણે મારામાં ભાવ રાખવો, સત્ય બોલવું અને મારી કથાનું શ્રવણ કરવું ।।૬।।

પ્રાણી માત્રમાં સમાન દૃષ્ટિ રાખવી, સર્વ સાથે નિર્વેર ભાવ રાખવો, કોઈનો વિશેષ સંગ ન કરવો, અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરવું, વૃથાલાપ (નકામી વાતચીત) છોડી મૌનનું અવલમ્બન કરવું, દૃઢ નિષ્ઠાવાળા થઈ સ્વધર્મવડે જે કાંઈ ભગવદિચ્છાથી આવી મળે તેમાં સન્તોષ માનવો, મિતાહાર કરવો, મનનપૂર્વક એકાન્તમાં રહેવું, પરમ શાન્તિનું સેવન કરવું, સર્વત્ર મિત્રતા રાખવીઃબધા ઉપર દયા રાખવી અને અન્તઃકરણને વશ કરવું. આવો પુરુષ આત્માને જોઈ શકે છે ।।૭-૮।।

સન્તતિ સાથે દેહમાં દુષ્ટ આસક્તિ રાખવી નહિ. તત્ત્વનું જ્ઞાન થાય એવા પ્રકૃતિ તથા પુરુષના જ્ઞાનવડે બુદ્ધિની અવસ્થા છોડી દેવી અને આત્મા સિવાયના દર્શનને દૂર કરવું. જેમ સૂર્યવડે સૂર્યને જોવામાં આવે તેમ મનથી જ આત્માને પ્રાપ્ત કરી આત્માવડે આત્માને જોવો. (માણસને બીજી વસ્તુમાં પ્રકાશની જરૂર પડે છે પણ સૂર્ય જોવામાં સૂર્યવડે જ સૂર્ય દેખાય તેમ આ આત્માનું સમજવું) ।।૯-૧૦।।

આવી રીતે મનમાં ભાવના કરતાં જ્યારે આ સંઘાત (દેહ) અસત્ દેખાય છે ત્યારે આત્માનું દર્શન થાય છે. આ આત્મા જે મૂળ આત્માનો બન્ધુ છે તે અસત્



દેહનો જોનાર થાય છે. દેહ અને જીવ સાથે જોડાયેલા છે, છતાં એ જુદા નથી એક જ છે એવું એને જોવામાં આવે છે ।।૧૧।।

જલમાં પડેલા (સૂર્યનું) પ્રતિબિમ્બનો સ્થળમાં આભાસ જોવામાં આવે ત્યારે બહાર સૂર્ય છે એમ જ્ઞાન થાય છે તેમ આત્મામાં દેખાતા આભાસવડે મુખ્ય આત્માનો અનુભવ થાયછે ।।૧૨।।

એવી રીતે મહાભૂતો, ઈન્દ્રિયો અને મનમાં પડેલા પોતાના આભાસોથી વૈકારિક વગેરે ત્રણ પ્રકારનો અહંકાર જણાય છે અને આ સત્‌ના આભાસથી સત્ય(આત્મા)નું જ્ઞાન થાયછે ।।૧૩।।

પંચ ભૂતો, તન્માત્રાઓ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરેઅહીં નિદ્રામાં લીન થાય છે ત્યારે ત્યાં અસતમાં નિદ્રારહિત થઈ જે અહંકારને પણ છોડી દે છે તે જ આત્મા એમ સમજવું ।।૧૪।।

દ્રવ્યાભિમાની પુરુષ ધનનો નાશ થતાં પોતાને ખલાસ થઈ ગયેલો માને છે તેમ દેહનો અભિમાની પુરુષ દેહનો નાશ થતાં પોતાનો નાશ થયેલો માને છે. આત્મા નષ્ટ થતો નથી છતાં અહંકાર નાશ થતાં આત્માનો નાશ થયો એમ માને છે. (સ્વપનમાં પોતાનું માથું કપાયું એમ એ જુએ છે એ જો આત્મા એને જોનાર ન હોય તો માથું કપાયું એ કોણ જોઈ શકે? નિદ્રામાં આત્મા નિરહંકારાવસ્થામાં હોય છે) ।।૧૫।।

ઉપર પ્રમાણે આત્માનો વિચાર કરતાં આત્મજ્ઞાન થાય છે. સુષુપ્તિમાં સૂતેલો માણસ જાગ્રત થઈ ''હું બહુ સૂતો'' એમ જાણે એ જ આત્માનો અનુગ્રહ કહેવાય એ પ્રનાડીથી અહંકાર જતાં પુરુષને આત્માનું જ્ઞાન થાય છે ।।૧૬।।

**દેવહૂતિએ કહ્યું :** હે પ્રભો! પુરુષને પ્રકૃતિ ક્યારે પણ છોડતી નથી. એને એક બીજાનો આશ્રય છે. વળી એ બન્ને નિત્ય છે ।।૧૭।।

જેમ ગન્ધ અને પૃથ્વી એક બીજાથી જુદાં પડી શકતાં નથી, જલને રસથી વિયોગ સમ્ભવતો નથી તેવો જ બુદ્ધિ અને પુરુષનો સમ્બન્ધ છે ।।૧૮।।

પુરુષમાં કર્તાપણું નથી છતાં જેના આશ્રયથી કર્તાપણાનો આરોપ તથા કર્મનો બન્ધ પુરુષને થાય છે તે પ્રકૃતિના ગુણ વિદ્યમાન હોય ત્યાં સુધી એ પુરુષની મુક્તિ કેમ સમ્ભવે? ।।૧૯।।

તત્ત્વનો વિચાર કરતાં કદાચ મોટો ભય ટળી જાય તો પણ એ ભયનું નિમિત્ત પ્રકૃતિ કે પ્રકૃતિના ગુણ તો હોવાના. તેથી પાછો ભય થવાનો સમ્ભવછે ।।૨૦।।

**શ્રીભગવાને કહ્યું :** જેમ અગ્નિને વધારનાર અરણિ બળી જતાં અગ્નિ શાન્ત થઈ જાય તેમ ફલના અનુસન્ધાન રહિત સ્વધર્મના આચરણથી આદરપૂર્વક નિરન્તર શ્રવણ વગેરેથી પૂર્ણતા પામેલી મારા પ્રત્યે તીવ્ર ભક્તિથી અને તત્ત્વોનો સાક્ષાત્કાર કરાવનાર જ્ઞાનથી, ધારદાર વૈરાગ્યથી તપ સહિત યોગસાધન તેમજ આત્મસમાધિ થી ચિત્તની એકાગ્રતા સિદ્ધ થાય ત્યારે પ્રકૃતિ બળતી-બળતી અન્તે શાન્તથઈ જાય છે, અર્થાત્ પુરુષ પ્રકૃતિથી જુદો થઈ જાયછે ।।૨૧-૨૩।।

વળી નિત્ય દોષ દેખાવાથી, ભોગવીને છોડી દીધેલી એ પ્રકૃતિ પોતાના સ્વરૂપમાં સ્થિત અને સ્વતન્ત્ર (બન્ધનમુક્ત) થયેલ એ પુરુષનું કંઈ પણ બગાડી શકતી નથી. પ્રકૃતિ પોતાના દાસ બનેલાને પીડે છે પણ વશ રાખનાર (ઈશ્વર) ને નહિ ।।૨૪।।

જેમ નિદ્રિત પુરુષને સ્વપન અનેક અનર્થનો અનુભવ કરાવે છે તેમ જાગતા પુરુષને સ્વપનનો ભય થતો નથી. સ્વપનનો સિંહ એના દેહનો નાશક થતો નથી, છતાં સ્વપન ટળી ન જાય ત્યાં સુધી એ ભય મટતો નથી તેમ આત્મામાં રમનાર તથા મારામાં મનને લગાડનાર પ્રકૃતિના સ્વરૂપને જાણતો હોવાથી પ્રકૃતિ એને કાંઈ પણ કરવાને સમર્થ થતી નથી ।।૨૫-૨૬।।

એવી રીતે બહુ જન્મવાળો કાળે કરીને આત્મજ્ઞાનમાં પ્રીતિવાળો થાય છે ત્યારે મનનદ્વારા વૈરાગ્ય થતાં બ્રહ્મલોક સુધીના બધા ભોગોમાં સર્વત્ર ઉદાસીન થઈ જાય છે ।।૨૭।।

જ્યારે મારો ભક્ત પુરુષાર્થને જાણે છે ત્યારે મારા આશ્રયથી મારી કૃપાવડે સહેલાઈથી આ (દેહ) માં પરમ કલ્યાણરૂપ પોતાનું સ્થાન કૈવલ્ય નામનું મારું ધામ પ્રાપ્ત કરે છે ।।૨૮।।

ત્યાં ધીર થઈ પોતાની દષ્ટિથી સર્વ સંશયોનો નાશ કરે છે. અને પછી લિંગ દેહનો નાશ થતાં એક માત્ર મને જ આશ્રિત પોતાના સ્વરૂપભૂત કૈવલ્ય નામના મંગલમય પદને સહજમાં જ પ્રાપ્ત કરી લે છે, જ્યાં પહોંચીને યોગી ફરીથી પાછો આવતો જ નથી. મારો ભક્ત પણ એ સ્થાનને મેળવે છે ।।૨૯।।

**યદા ન યોગોપચિતાસુ ચેતો માયાસુ સિદ્ધસ્ય વિષજ્જતેઙ્ગ ।।**
**અનન્યહેતુષ્વથ મે ગતિઃ સ્યાદાત્યન્તિકી યત્ર ન મૃત્યુહાસઃ ।।૩૦।।**

જો એવા સિદ્ધ થયેલા યોગીનું ચિત્ત માયામયી અણિમા વગેરે સિદ્ધિઓમાં જેને પ્રાપ્ત કરવામાટે યોગ સિવાય બીજું કોઈ સાધન જ નથી, ચોંટતું નથી તો હે માતાજી! એવો યોગી આત્યન્તિક મુક્તિરૂપ ગતિને પામે છે; એને જોઈ મૃત્યુ હસતું નથી ।।૩૦।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (ગુણાતીતમુક્તિ નામના આઠમા પ્રકરણનો બીજો જ્ઞાનાધ્યાય) ''પુરુષનું સ્વરૂપ તથા એને જાણવાના ઉપાય'' નામનો સત્તાવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધો બનાવી બેઠેલા 'ભક્તિ' શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

# નવમું સગુણમુક્તિ પ્રકરણ
## અધ્યાય ૨૮
## ભગવદ્ધ્યાનરૂપ યોગ તથા એનાં સાધન

**વિશેષ :** ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યવડે ચિત્ત ભગવાનના સમ્બન્ધમાં આવે તો એ શુદ્ધ ચિત્ત કહેવાય. એવું ચિત્ત પુરુષના ફળને સિદ્ધ કરાવી આપે. ભગવાનના સમ્બન્ધથી ચિત્ત શુદ્ધ થાય તેમ યોગથી પણ ચિત્ત શુદ્ધ થાય તેથી આ અધ્યાયમાં યોગનું નિરૂપણ છે. આમાં સર્વ સાધન સહિત ભગવદ્ધ્યાનરૂપ યોગ કહેવામાં આવ્યો છે. જે વસ્તુમાં ભગવદાવેશ જણાય તે વસ્તુ પ્રમાણરૂપ જાણવી. પ્રમેય, સાધન અને એ જ વસ્તુ ફળરૂપ પણ સમજવી. જેમ વેદ ભગવદાવેશથી શુદ્ધ છે પણ યોગમાં ભગવદાવેશ થાય છે તો એનો સાધક યોગથી પણ શુદ્ધ થાય છે; તેથી ભગવાન્ સિવાય બીજા કોઈ પદાર્થ સ્વતઃ શુદ્ધ નથી. ભગવાન્થી જ સર્વની શુદ્ધિ થાય છે એટલે ભગવાન્ સિવાયના સર્વ પરતઃ શુદ્ધ, માત્ર ભગવાન્ જ સ્વતઃ શુદ્ધ છે.

**યોગસ્ય લક્ષણં વક્ષ્યે સબીજસ્ય નૃપાત્મજે ।।**
**મનો યેનૈવ વિધિના પ્રસન્નં યાતિ સત્પથમ્ ।।૧।।**

**શ્રીભગવાન્ બોલ્યા :** હે રાજકુમારી! હું તને સબીજ (ધ્યેય સ્વરૂપના

આલમ્બન યુક્ત) યોગનું લક્ષણ કહીશ. તેના આચરવાથી મન પ્રસન્ન થઈ સન્માર્ગમાં ગતિ કરે છે ।।૧।।

શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવું, વિધર્મથી દૂર રહેવું, દૈવથી જે મળી જાય તેટલાથી સન્તુષ્ટ રહેવું અને આત્મજ્ઞાનીનાં ચરણની સેવા કરવી અર્થાત્ તેમનું દાસ્ય કરવું ।।૨।।

વિષયવાસનાને ભભકાવનાર કર્મોથી દૂર રહેવું, મોક્ષ ધર્મોમાં પ્રીતિ કરવી, સદા પવિત્ર અને થોડું ભોજન કરવું, જ્યાં કોઈ જાતનો ઉપદ્રવ સમ્ભવિતન હોય અને એકાન્ત હોય તેવા સ્થળમાં નિવાસ કરવો ।।૩।।

હિંસા ન કરવી, સત્ય બોલવું, ચોરી ન કરવી, જેટલી જરૂર હોય તેટલી વસ્તુ પાસે રાખવી, અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળવું, તપ કરવું પવિત્રતા અને બહારની તથા અન્દરની શુદ્ધિ રાખવી, વેદાદિનો અભ્યાસ નિયમસર કરવો, ભગવાનની સેવા કરવી ।।૪।।

મૌન રાખવું, સદા આસન જીતવું, સ્થિરતા રાખવી, ધીમે-ધીમે પ્રાણને જીતવો, ઈન્દ્રિયોના વિષયો તરફ જતી મનની વૃત્તિઓને આત્મામાં પાછી ખેંચવી, મૂલાધાર વગેરે સ્થાનોમાં પ્રાણને એક જ જગ્યાએ મનની સાથે સ્થિર કરવો, ભગવાનની લીલાનું ધ્યાન કરવું, સર્વ પરિસ્થિતિમાં અવ્યગ્રતા કેળવવી ।।૫-૬।।

ઉપર કહ્યા તે તથા તે વિના બીજા ઉપાયોવડે, ખરાબ માર્ગે જતા મનને બુદ્ધિવડે રોકવું અને આળસ છોડીને ધીમે-ધીમે પ્રાણનો સંયમ કરવો ।।૭।।

આસનને જીતી પવિત્રસ્થાનમાં આસન બિછાવી એ ઉપર 'સ્વસ્તિક' નામના આસનથી બેસવું અને શરીરને દુઃખ ન થાય તેમ બેસીને યોગનો અભ્યાસ કરવો ।।૮।।

પૂરક, કુમ્ભક અને રેચકથી અથવા ઉલટા ક્રમથી પ્રાણના માર્ગને શુદ્ધ કરવો. ચિત્તની ચંચળતા ઓછી થાય અને એ સ્થિર થાય એનેમાટે શાસ્ત્રમાં કહેલા માર્ગે ચિત્તશુદ્ધિ કરવી. (પ્રાણાયામથી ચિત્ત શુદ્ધ થાય છે માટે મનમાં આવે તેવા ઉપાય ન કરવા. સ્વેચ્છાચાર અશુદ્ધિ પોષક છે) ।।૯।।

યોગી પ્રાણને જીતે છે ત્યારે ચિત્ત રજોગુણરહિત થાય છે. જેમ વાયુ અને અગ્નિવડે તપાવેલ લોઢું પોતાનો મળ છોડી દે છે તેમ પ્રાણાયામથી મનના મેલ છૂટે છે ।।૧૦।।



પ્રાણાયામ દોષોને દૂર કરવા. ભગવત્સ્વરૂપના ચિન્તનથી મહાપાતકોને વાસનાસહિત દૂર કરવાં. ઈન્દ્રિયોના સંસર્ગથી થતા દોષોને પ્રત્યાહારથી બાળી શકાય છે અને ભગવદ્ધ્યાનવડે સંસારને આપનાર નાસ્તિકતા તથા અજ્ઞાનાદિ દોષ ભસ્મ કરવા. સંસારદશામાં બ્રાહ્મણાદિ શરીરને આપનાર કર્મો પણ ભગવદ્ધ્યાનથી ભસ્મ થાય છે ।।૧૧।।

જ્યારે મન રજોગુણ-રહિત થાય, યોગવડે બરાબર સ્થિર થાય ત્યારે પોતાની નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ રાખી હૃદયમાં ભગવાનના ધામની ભાવના કરવી ।।૧૨।।

પ્રસન્ન વદનકમળવાળા, કમળના ગર્ભ સરખાં લાલ નેત્રવાળા, શ્યામ કમળના પત્ર જેવા શ્યામ, શંખ, ચક્ર ગદાને ધરનાર, કમળના પરાગ સરખું રેશમી પીતામ્બર ધરનાર, વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિહ્નવાળા, શોભતા કૌસ્તુભયુક્ત કણ્ઠવાળા, મદોન્મત્ત ભ્રમરપક્તિવાળી, વનમાળા ધારણ કરનાર, અમૂલ્ય હાર, કડાં, કિરીટ, બાજુબન્ધ અને નૂપુરને ધરનાર, કદોરાથી શોભતા નિતમ્બવાળા, હૃદયકમળરૂપ આસન ઉપર બિરાજનાર, ઉત્તમોત્તમ દર્શન કરવા યોગ્ય, શાન્ત, મન અને નેત્રને ઉલ્લાસ કરનાર, સુન્દર દેખાવવાળા, નિરન્તર સર્વ લોકને નમન કરવા યોગ્ય, કિશોર વયને અંગીકાર કરનાર, સેવક ઉપર અનુગ્રહ કરવામાં આતુર, કીર્તન કરવા લાયક પવિત્ર યશવાળા, યશસ્વીઓના પણ યશને વધારનાર એટલે પવિત્ર કીર્તિવાળા ભક્તોને પોતાની બરોબર કરી આપનાર તથા એનો યશ સ્વસમાન કરી આપનાર, દેવનું બધાં અંગો સાથે ધ્યાનમાંથી ચલિત ન થાય ત્યાં સુધી મનવડે ધ્યાન ધરવું ।।૧૩-૧૮।।

ચિત્તમાં શુદ્ધ ભાવ રાખી ઉભેલા, ચાલતા, બેઠેલા અને પોઢેલા અને પોતાના અન્તઃકરણમાં બિરાજતા પ્રભુનું ધ્યાન કરે. ભગવાનની લીલા પણ ભગવાનની જેમ દર્શન કરવા યોગ્ય છે તેનું શુદ્ધ ચિત્તવડે ધ્યાન કરવું ।।૧૯।।

એમ કરતાં ભગવાનના સમ્પૂર્ણ સ્વરૂપમાં ચિત્ત સ્થિર થાય ત્યારે મનન કરતો સાધક ભગવાનના એકેક અંગમાં મનને યોજે ।।૨૦।।

વજ્ર, અંકુશ, ધ્વજ, કમળ વગેરે ચિહ્નોથી સમૃદ્ધિવાળું તથા ઊંચા લાલ નખોની પક્તિની કાન્તિવડે મહાન પુરુષોના હૃદયના અન્ધકારને દૂર કરનાર, ભગવાનના ચરણકમળનું સારી રીતે ચિન્તન કરવું ।।૨૧।।

જેમને ધોવાથી નદીઓમાં શ્રેષ્ઠ શ્રીગંગાજી પ્રકટ થયાં હતાં, જેનાં પવિત્ર જળને મસ્તક ઉપર ધારણ કરીને સ્વયં કલ્યાણરૂપ શ્રીમહાદેવજી વધારે કલ્યાણમય થઈ ગયા. એ પોતાના ધ્યાન કરનારના પાપરૂપ પર્વત ઉપર છોડેલા ઈન્દ્રના વજ્રસમાન છે. ભગવાનના આ ચરણકમલોનું દીર્ઘકાલ સુધી ચિન્તન કરે ।।૨૨।।

સમર્થ ભવરહિત વિધાતાના બે ઢીંચણો જેમનું કમલ જેવાં નેત્રોવાળી, દેવોએ વન્દન કરેલી, સર્વ (જગત્) ની માતા લક્ષ્મીજીએ (પોતાની) જાંઘ ઉપર પધરાવી કરપલ્લવોની કાન્તિથી લાલન કરેલું તેમનું હૃદયમાં ચિતન્ત કરવું ।।૨૩।।

ગરુડની બે ભુજાઓ ઉપર શોભતા, પ્રકાશના નિધિરૂપ, અળસીના પુષ્પના જેવી કાન્તિવાળી બે સાથળોનું (અને) ઘણાં લટકતાં ઉત્તમ પીતામ્બર ઉપર રહેલા સુવર્ણના કંદોરાની ઘૂઘરીઓથી આલિંગિત નિતમ્બબિમ્બનું ધ્યાન કરવું ।।૨૪।।

જીવનરૂપ કમલની કળીનાં ગુપ્ત સ્થાન રૂપ ઉદરમાં રહેલ નાભિરૂપ ધરો, જેમાં બ્રહ્મા, (તેમની) બુદ્ધિ અને સર્વ લોકરૂપ કમલ હતાં તેનું, (અને) આમના મરકતમણિ અને ચિન્તામણિરૂપ બે સ્વચ્છ હારના કિરણોથી ગૌર સ્તનોનું ધ્યાન કરવું ।।૨૫।।

ઉત્તમ (ભગવાન્) ના વક્ષઃસ્થલનું ધ્યાન કરવું, જે આ લોકના સર્વપુરુષાર્થરૂપ લક્ષ્મીનું નિવાસ છે અને પુરુષોનાં મન અને નેત્રોને આનન્દ કરાવનારું છે; અને સર્વ લોકોએ નમસ્કાર કરેલ કણ્ઠનું ધ્યાન કરવું જે કૌસ્તુભમણિને સુશોભિત કરવા જ તેને પોતે ધારણ કરે છે ।।૨૬।।

અને મન્દરપર્વતના ધમકારથી જે બાહુ ઉપરનાં કડાંઓ ચકચકિત થયેલાં અને જે સમસ્ત લોકપાલોના આશ્રયરૂપ છે તે બાહુઓનું; તેમજ અસહ્ય તેજવાળાં અને હજાર આરાવાળાં સુદર્શનચક્રનું અને કરકમલમાં વિરાજમાન રાજહંસ સમાન શંખનું ધ્યાન કરવું ।।૨૭।।

શત્રુઓના લોહીના કીચથી ખરડાયેલી ભગવાનની વહાલી કૌમોદકી ગદાનું એ સ્મરણ કરે, ગુઞ્જારવ કરતા ભમરાઓની પક્તિવાળી ભગવાનની માળાનું ધ્યાન ધરે, મનોહર વ્રતવાળા-**મધુવ્રત** વેદો છે. તેઓ ભગવાનનું જ્ઞાન કરાવે છે. તેમની વાણી ભગવાનની કીર્તિ પ્રકટ કરે છે. આ પ્રભુના કણ્ઠમાં રહેલા જીવમાત્રના તત્ત્વરૂપ કૌસ્તુભમણિનું ધ્યાન ધરે ।।૨૮।।

સેવકો ઉપર અનુકમ્પા કરવાના વિચારથી ભગવાને અહીં અવતાર ધારણ કરેલ છે. મકરાકૃતિ કુંડલોની ઝલકવડે જેના શુદ્ધ ગાલ પ્રકાશિત થયા હોય અને જેની



નાસિકા ઉદાર હોય તેવા, ભગવાનના વદનારવિન્દનું ધ્યાન કરે ।।૨૯।।

લક્ષ્મીના, સ્થાનરૂપ, ભમરાઓ તથા લક્ષ્મી જેમની સેવામાં રહ્યાં છે તેવાં વાંકડિયા વાળના સમૂહયુક્ત, મત્સ્યની શોભાને તુચ્છ કરનાર કમળરૂપ નેત્રો જેમને છે તેવા, મનોમય (સાવધાનતાથી વિલાસ કરતી ભ્રમરોવાળા) વદનનું ધ્યાન કરવું ।।૩૦।।

કૃપા કરીને અત્યન્ત ભયંકર ત્રણ તાપને શાન્ત કરવાને જે નેત્રદ્વારા પ્રકટ થાય છે, સ્નેહયુક્ત હાસ્ય કરતા અત્યન્ત કૃપાને પ્રકટ કરતા, ભગવાનના કૃપાકટાક્ષનું ચિરન્તન ભાવનાવડે હૃદયરૂપી ગુહામાં ચિન્તન કરવું ।।૩૧।।

નમન કરનાર લોકના તીવ્ર શોકના આંસુના સમુદ્રને સૂકવતા ઘણા ઉદાર, મુનિજન ઉપર ઉપકાર કરવા, કામદેવને મોહ કરવા માયાવડે જેણે પોતાનું ભ્રુકુટીમંડળ ઉત્પન્ન કર્યું છે તેવા ભગવાનના હાસ્યનું ભ્રુકુટી મંડળનું ધ્યાન કરવું ।।૩૨।।

આપણા શરીરની અન્દર દર્શન આપતા, ધ્યાનના આધારરૂપ અને અધરઓષ્ટની ઘણી કાન્તિથી લાલ દેખાતા ઉત્તમદન્તપક્તિવાળા ભગવાનના ખડખડાટ હાસ્યનું ધ્યાન કરવું. એમાં અત્યન્ત સ્નેહવાળી ભક્તિથી પોતાના મનને રોકે અને બીજું કાંઈ ન જુએ કે ન વિચારે ।।૩૩।।

એ પ્રકારે ભગવાન્ હરિમાં ભાવ પ્રાપ્ત કરવો. પછી ભક્તિથી હૃદયને પિગાળતો તથા આનન્દથી રોમાંચયુક્ત થતો, ઉત્કણ્ઠાથી ઊભરાઈ આવતાં નેત્રના જળથી દુઃખી થતા સાધકે ધીરે-ધીરે ચિત્તવડે ભગવાનને પકડવાનું પણ છોડી દેવું (બડિશ=માછલાને પકડવાના કાંટાની પેઠે ભગવાનને પકડતાં શ્રમ થાય તો એને પણ છોડી દે) ।।૩૪।।

જ્યારે એવી રીતે મન પોતાના આશ્રય અને વિષય ધ્યાનમાં કલ્પિત ભગવાનની મૂર્તિને છોડી દે ત્યારે ગુણપ્રવાહથી વિરક્ત થઈ; જેમ દીપકની જ્વાલા તેલ ખલાસ થતાં, અથવા અગ્નિ લાકડાં ખલાસ થતાં, ઓલવાઈ જાય તેમ એ પુરુષ શાંત થઈજાય ।।૩૫।।

જેણે મનની છેલ્લી ભૂમિકા પ્રાપ્ત કરી છે. તેવો એ પુરુષ સુખ-દુઃખથી પર પોતાના મહિમારૂપ અપવર્ગ (મોક્ષ) માં દૃઢ રહે છે. જ્યાં સુધી ચિત્તનું કર્તાપણું હતું ત્યાં સુધી જ, સુખ-દુઃખના કારણરૂપ હતું, હવે એ કર્તાપણું આત્મામાં આવતાં એ પરાકાષ્ઠાને પ્રાપ્ત થતાં કૃતકૃત્ય થાય છે ।।૩૬।।

સ્વરૂપ સ્થિતિને પ્રાપ્ત કરવાથી એ સિદ્ધ પુરુષને એનો દેહ ઊભો છે કે બેઠો છે

એનું પણ ભાન એને નથી હોતું. જેમ મદિરાથી ગાંડો બનેલો માણસ શરીર ઉપર વસ્ત્ર છે કે ખસી ગયું છે એ જાણતો નથી તેમ દૈવથી એ દેહ આવે કે જાય એની એને ખબર પડતી નથી ।।૩૭।।

ખરેખર, દૈવને વશ એવો દેહ પણ જ્યાં સુધી પોતાનું આરમ્ભક કર્મ હોય ત્યાં સુધી જ જીવિત રહે છે. જેમ સ્વપનમાંથી જાગેલો સ્વપનની વાતને ગણતો નથી તેમ સમાધિમાં સ્થિર થવાથી પ્રપંચ સહિત એ દેહનો સાધક આદર કરતો નથી।।૩૮।।

જે પ્રમાણે અત્યન્ત સ્નેહને કારણ પુત્ર અને ધનાદિમાં પણ સાધારણ જીવોને આત્મબુદ્ધિ રહે છે પણ થોડો વિચાર કરવાથી જ તે આત્માથી અલગ દેખાવા લાગે છે એ જ પ્રમાણે જેને એ પોતાનો આત્મામાની બેઠો છે એ દેહાદિથી પણ એનો સાક્ષી પુરુષ અલગ જ છે ।।૩૯।।

જેમ પોતામાંથી ઉત્પન્ન થયેલ બળતું કાષ્ઠ તણખા અને ધૂમાડો જો કે અગ્નિ તરીકે મનાયેલ હોવા છતાં તે તેમજ બળતા કાષ્ઠથી અગ્નિ જુદો છે તેમ દ્રષ્ટા આત્મા મહાભૂતોથી, ઈન્દ્રિયોથી, અન્તઃકરણથી અને લિંગ શરીર તરીકે ઓળખાતા પ્રધાનથી જુદો છે. તે 'બ્રહ્મ' કહેવાતો ભગવાનની પ્રકૃતિવાળો છે (તત્ત્વોની પ્રકૃતિવાળો નહિ) ।।૪૦-૪૧।।

સર્વ ભૂતોમાં આત્માને જોવો અને આત્મામાં સર્વ ભૂતોને જોવાં. ભૂતોમાં પણ અનન્ય ભાવવડે આત્માનું દર્શન કરવું. અગ્નિ એક છે, છતાં પોતાના ઉત્પત્તિસ્થાન કાષ્ઠમાં અનેક રૂપે દેખાય છે તેમ કારણોની વિષમતાથી પ્રકૃતિમાં આત્મા પણ ભિન્ન-ભિન્ન દેખાય છે ।।૪૨-૪૩।।

**તસ્માદિમાં સ્વાં પ્રકૃતિં દૈવીં સદસદાત્મિકામ્।**
**દુર્વિભાવ્યાં પરાભાવ્ય સ્વરૂપેણાऽવતિષ્ઠતે ।।૪૪।।**

માટે કાર્ય કારણરૂપ આ પ્રકૃતિ ભગવાનના સમ્બન્ધવાળી છતાં એમની કૃપા વગર દુઃખે કરીને પણ ન કહી શકાય તેવી છે. કાર્યકારણરૂપ પ્રકૃતિનો પરાભવ કરી સ્વરૂપમાં સ્થિતિ કરવી. (પ્રકૃતિ અને એના વિકારનો વિલય થતાં સ્વ-સ્વરૂપાવસ્થાન એ જ સાંખ્યનો મોક્ષ આ અધ્યાયમાં કહ્યો) ।।૪૪।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં**
**(નવમા સગુણમુક્તિ પ્રકરણમાં યોગનિરૂપણે) ''ભગવદ્ધ્યાનરૂપ યોગ તથા એના સાધન'' નામનો ૨૮મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**



## દશમું જીવમુક્તિ પ્રકરણ
## અધ્યાય ૨૯
## શ્રીકપિલદેવજીએ માતાને વૈરાગ્યમાટે બતાવેલું કાળનું સ્વરૂપ

**વિશેષ :** જ્ઞાન પ્રકરણ એના અંગ સાથે કહેવાયું. હવે પછીના ચાર અધ્યાયમાં **વૈરાગ્યપ્રકરણ** કહેવાય છે. સર્વનો વિભાજક કાળ વૈરાગ્યનું કારણ છે. કાળ ભક્તિનું કારણ બે રીતે થાય છેઃમાહાત્મ્યજ્ઞાનદ્વારા તથા સ્વતઃ તેથી લોકોને શાસ્ત્રના ભેદથી જીવની ગતિઓ અનેક થાય છે. લોકના બે ભેદ છે; આ લોક અને પરલોક. એમાં વૈદિક જે બ્રહ્મ સુધીનો કાળ છે તે પરલોક સમ્બન્ધી છે. એની ગતિ ચાર પ્રકારની છે તેથી ચાર અધ્યાયમાં વૈરાગ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. જેટલું પ્રથમ કહેવામાં આવ્યું તે બધું કાળનું સ્પર્શેલું ન હતું. આગળ બધું કાળસાધ્ય છે. માટે આમ કાળનો વિચાર થતાં એ કાળ વૈરાગ્યનું કારણ બને છે. કાળ સર્વત્ર સમાન છે, છતાં એ સ્વતન્ત્ર (પુરુષો) નો શત્રુ છે. જેમ ભગવાને બધાને શિક્ષા કરવા યમને અધિકાર આપ્યો છે તેમ કાળને પણ આપ્યો છે. તેથી કાળવશ લોકોની વાર્તા આ અધ્યાયમાં આવે છે. આ અધ્યાયમાં સાધનસહિત કાળથી થતી ભક્તિ અને માહાત્મ્ય વિસ્તારથી કહેવાય છે. જો સર્ગલીલામાં કાળના માહાત્મ્યની ઉત્પત્તિ ન થાય તો કોઈને વૈરાગ્ય થાય જ નહિ. આ બધાં આધિભૌતિક મહાભૂત છે એમ પણ આથી સમજવાનું છે.

**લક્ષણં મહદાદીનાં પ્રકૃતેઃ પુરુષસ્ય ચ ।।**
**સ્વરૂપં લક્ષ્યતેમીષાં યેન તત્પારમાર્થિકમ્ ।।૧।।**

**દેવહૂતિ બોલ્યા :** હે પ્રભો! આપે મહત્તત્ત્વ, પ્રકૃતિ અને પુરુષનાં લક્ષણ તથા સ્વરૂપ કે જેનાથી બધાનું ખરું સ્વરૂપ જાણી શકાય તે કહ્યાં ।।૧।।

એ લક્ષણો અને સ્વરૂપો સાંખ્યમૂલક છે. હવે આપ મને ભક્તિયોગનો માર્ગ વિસ્તારથી કહો ।।૨।।

કે જેનાથી હે ભગવાન્! પુરુષ સર્વ તરફથી આસક્તિ રહિત થાય છે. જીવલોક (ના પ્રાણી) ના જાતજાતના સંસારના માર્ગો મને કહો ।।૩।।

ઈશ્વરરૂપ કાળ (બ્રહ્માદિ) મોટાઓને પણ વશ રાખનાર છે. એના ભયને લીધે લોકો કુશળ કર્મો કરે છે. એ કાળનું સ્વરૂપ કહો ।।૪।।

મિથ્યાભિમાની, નેત્ર વગરનો આન્ધળો, રક્ષણ વગરનો, તમોગુણમાં ઘણા વખતથી સૂતેલો, કર્મમાં લાગેલી બુદ્ધિવડે થાકી ગયેલો લોકોમાટે યોગરૂપી આપ

*સૂર્ય પ્રકટ થયા છો ।।૫।।

**વિશેષ** : આ શ્લોકમાં લોકને મિથ્યાભિમાનવાળો, આન્ધળો, સૂતેલો અન્ધારામાં અટવાતો કર્મ કરીને થાકેલો, આશ્રય વગરનો કહ્યો. સૂર્ય વગરની રાત હોય ત્યારે લોક એવો થાય છે. યોગરૂપી સૂર્ય ઉદય પામે છે ત્યારે પ્રકાશ કરે છે, આંખને પણ પ્રકાશ આપે છે. અન્ધારાને દૂર કરે છે. આશ્રયરૂપ થાય છે, જલદી કૃતાર્થ પણ કરે છે તેથી અષ્ટાંગ યોગરૂપી સૂર્ય સર્વોદ્ધારક છે એમ કહેવાનું તાત્પર્ય છે; તેથી મૂળમાં **યોગભાસ્કર** એવું વિશેષણ ભગવાનને આપ્યું છે.

**મૈત્રેય બોલ્યા** : માતાનું એવું મનોહર વચનનું અભિનન્દન કરી એ મહામુનિ કપિલદેવજી એમના ઉપર પ્રસન્ન થયા અને દયા કરીને હે કુરુશ્રેષ્ઠ! એમને કહેવા લાગ્યા ।।૬।।

**શ્રીભગવાને કહ્યું** : હે ભામિની! પુરુષના સ્વભાવભેદને લઈને મતભેદને લીધે ભક્તિયોગ અનેક પ્રકારનો છે. સ્વભાવ અને ગુણના ભેદથી પ્રાણીના ભાવમાં પણ ભેદ જણાય છે એને અનુસારે ભક્તિમાર્ગો પણ બહુ છે ।।૭।।

મનમાં કોઈને મારવાનો વિચાર કરવો અને દમ્ભ, કે પારકો ઉત્કર્ષ ન સહન થઈ શકતાં ક્રોધ કરી એનું અનિષ્ટ વિચારી ભક્તિ કરવી તે ભક્તિ તામસી ભક્તિ સમજવી ।।૮।।

અનેક પ્રકારના ભોગનો લાભ વિચારવો અને યશ તથા ઐશ્વર્યનો વિચાર મનમાં રાખી બીજાની અપેક્ષાએ પોતાનો ઉત્કર્ષ વિચારવો અને એવા ભાવથી મૂર્તિમાં પૂજા કરવી એને રાજસ ભક્તિ સમજવી ।।૯।।

કરેલાં દુષ્કૃત્ય નિવારવાની બુદ્ધિથી તથા રોગાદિ થયાં હોય તો એને દૂર કરવાના ઉદ્દેશથી જે કર્મ કરવામાં આવે તે તામસ સાત્ત્વિક ભાવ જાણવો. કર્મ કરવું પણ એનું ફળ પોતે ન લેતાં ભગવાનને અર્પણ કરવું એ રાજસ સાત્ત્વિક ભાવ છે. આપણો ધર્મ જાણીને કર્મ કરવું એ સાત્ત્વિક ભાવ જાણવો ।।૧૦।।

હું સર્વ પ્રાણીઓના હૃદયાકાશમાં રહેલો છું. એવા મારા ગુણ સાંભળતાં જ જેમ અનેક પર્વતોને ભેદીને ગંગાનો પ્રવાહ સમૂદ્રની દિશામાં નિરન્તર વહે છે તેમ મનની ગતિ અવિચ્છિન્ન પ્રવાહરૂપે મારામાં વહ્યા કરે તો એ લક્ષણ નિર્ગુણભક્તિયોગનુંછે ।।૧૧।।

[1]કોઈપણ ફલની આશા વગરની, [2]અવિરત, નિરોધપૂર્વકની ભક્તિ પુરુષોત્તમમાં[3] કરવી એ આત્યન્તિક ભક્તિયોગ કહેવાય છે ।।૧૨।।



**વિશેષ** : ૧. કોઈ બીજા ફળનો વિચાર કરી એ મેળવવામાટે ભગવાનની ભક્તિ કરવી તે કારણવાળી ભક્તિ કહેવાય. એવા ફળનો જેમાં ઉદ્દેશ ન હોય તે અહૈતુકી ભક્તિ કહેવાય. એ જ ભક્તિ ભગવત્પ્રાપ્તિકા થાય. બીજી તો તે-તે ફળને સિદ્ધ કરનારી હોવાથી ભગવાન્ સુધી પહોંચાડી શકતી નથી.

૨. કોઈ તેને રોકે, લોક વેદ વગેરેનો બાધ આવે તો એને પણ ન ગણતાં એ કર્યા કરે તે અથવા કાળનો કે કર્મનો પણ બાધ આવે તેને પણ ન ગણે તે ભક્તિ. એમાં નિદ્રા, ભોજન વગેરેનું વ્યવધાન ન ગણાય કેમકે એ તો ભક્તિનાં પોષણ કરનારાં છે.

૩. પુરુષોત્તમમાં જ ભક્તિ કરવી; એટલે અંશ, કલા, વિભૂતિ વગેરેમાં સ્નેહ નહિ પણ પુરુષોત્તમમાંજ ભક્તિયોગ કરવો; એમ હોવાથી 'પુરુષોત્તમ' નામ કહ્યું છે.

વળી સાલોક્ય[1] સાર્ષ્ટિ[2] સામીપ્ય[3] અને સારૂપ્ય[4] એવી ચાર પ્રકારની મુક્તિ આપતાં છતાં મારા ભક્તો મારી સેવા વિના બીજું કાંઈ લેતા નથી એ આત્યન્તિક ભક્તિયોગ જાણવો. એનાથી ત્રણ ગુણને છોડી જીવ મારા ભાવને પામે છે ।।૧૩-૧૪।।

**વિશેષ** : ૧. વૈકુણ્ઠમાં વાસ કરવો. ૨. ભગવાનના જેવું ઐશ્વર્ય. ૩. ભગવાનની પાસે રહેવું. ૪. ભગવાનના જેવું ચતુર્ભુજાદિરૂપ થવું.

જેમાં હિંસા ન થાય તેવાં નિષ્કામ ઉત્તમ કર્મ સ્વધર્મના *નિરન્તર સેવનપૂર્વક નિત્ય કરતાં, મારી મૂર્તિનું દર્શન કરવું, ચરણસ્પર્શ કરવો, પૂજા કરવી, સ્તુતિ કરવી, અભિનન્દન કરવું, પ્રાણી માત્રમાં મારી ભાવના કરવી એટલે કે એ ભગવદ્રૂપ છે કે એનામાં ભગવાન્ બિરાજે છે એવી ભાવના કરવી, સત્ત્વવૃત્તિ સેવી આસક્તિને અળગી કરવી. મોટાઓને બહુ માન આપવું, દીન જન ઉપર દયા કરવી, સરખે સરખાની મિત્રતા રાખવી, બાર પ્રકારના યમ અને બાર પ્રકારના નિયમ કરવા, આધ્યાત્મિક સાંખ્યાદિ શાસ્ત્રનું ગુરુના મુખથી શ્રવણ કરવું, મારા નામનું કીર્તન કરવું, સરળતા રાખવી, શ્રેષ્ઠ પુરુષોનો સંગ કરવો, અહંકારથી દૂર રહેવું આ બધા ભક્તિને ઉત્પન્ન કરનાર મારા ધર્મ છે. એનું સેવન કરવાથી તથા મારા ગુણ માત્રનું શ્રવણ કરીને પુરુષ મને પ્રાપ્ત કરે છે ।।૧૫-૧૯।।

**વિશેષ** : અન્તઃકરણ સોળ કલાવાળું છે; તેની શુદ્ધિને માટે ધર્મનાં ૧૬ વિશેષણ અહીં કહેવામાં આવ્યાં છે. એક-એક ધર્મ એક-એક અંશને શુદ્ધ કરે છે.

જેમ વાયુમાં રહેલી ગન્ધ નાસિકાને પ્રાપ્ત થાય છે તેમ યોગમાં આસક્તિવાળું અવિકારી મન આત્માને જઈ મળે છે ।।૨૦।।

હું પ્રાણી માત્રનો આત્મા હોવાથી સર્વ પ્રાણીમાં તે-તે રૂપે સદા રહું છું. તેથી જે લોકો પ્રાણી માત્રમાં રહેલ મારો (પરમાત્માનો) અનાદર કરી માત્ર મૂર્તિના પૂજનમાં લાગ્યા રહે છે તેઓની તે પૂજા સ્વાંગ માત્ર છે ।।૨૧।।

સર્વ પ્રાણીઓમાં રહેલ સર્વના આત્મારૂપ અને સર્વના નિયામક એવા મને છોડીને મૂર્તિનું ભજન કરે એ ભસ્મમાં હોમ કરવા જેવું કરે છે. (જેમ ભસ્મમાં હોમેલું સ્વર્ગપ્રાપક નથી બનતું તેમ કેવળ મૂર્તિમાં કરેલો ઉપચાર ભગવત્પ્રાપક નથી) ।।૨૨।।

ભેદદૃષ્ટિ રાખનારો અને અભિમાની પુરુષ બીજાના શરીરમાં રહેલા મારા સ્વરૂપનો દ્વેષ કરે છે અને પ્રાણીઓ સાથે વેર બાન્ધે છે તેવાના મનને ક્યાંય શાન્તિ મળતી નથી ।।૨૩।।

હે નિષ્પાપ માતાજી! અનેક પ્રકારની નાની-મોટી સામગ્રીવડે મૂર્તિમાં મારી પૂજારૂપી કર્મ કરે પણ પ્રાણીઓનો અપકાર કરે તેના ઉપર હું પ્રસન્ન થતોનથી ।।૨૪।।

જ્યાંસુધી નિત્ય કર્મ કરતો પુરુષ સર્વ પ્રાણીમાં વાસ કરીને રહેલા ઈશ્વરરૂપી એવા મને ન દેખે ત્યાંસુધી ભલે મૂર્તિમાં એ મારી પૂજા કરે ।।૨૫।।

પોતાની અને પારકાની વચ્ચે ભેદ જોનાર માણસ ભેદજ્ઞાનવાળો કહેવાય. એવા માણસને હું મોટો ભય કરું છું. એવો ભેદભાવવાળો ભલેને મારી ભક્તિ કરતો હોય તેવાને ભક્તિનું ફળ તો દૂર રહ્યું પણ એને હું કાળરૂપી મહાન ભય પ્રાપ્ત કરાવું છું ।।૨૬।।

માટે સર્વ પ્રાણીઓમાં વાસ કરીને રહેલા પ્રાણીના આત્મારૂપ એવા મને દાન, માન, મૈત્રી અને અભેદભાવવડે પૂજવો, (અર્થાત્ સર્વમાં આત્મભાવ રાખી જેને જે યોગ્ય હોય તે આપવું, હલકાને દાન, મોટાને માન, સમાનમાં મૈત્રી એમ સર્વત્ર બ્રહ્મભાવથી વર્તવું એ જ ભગવાનનું પૂજન જ્ઞાનીને મુખ્ય છે) નિર્જીવ પથ્થર વગેરે, પ્રાણવાળાં વૃક્ષો વગેરે ઉત્તમ એના કરતાં શ્વાસ લેનાર શ્રેષ્ઠ અને એનાથી ઈન્દ્રિયોવડે વિષયને ગ્રહણ કરનાર શ્રેષ્ઠ ગણાય. તેમાં પણ સ્પર્શને જાણનાર કરતાં રસને જાણનાર ઉત્તમ. તેમનાથી ગન્ધના જ્ઞાનવાળા શ્રેષ્ઠ છે તેમનાથી શબ્દના જ્ઞાનવાળાં ઉત્તમ છે; તેમનાથી રૂપના ભેદ જાણનારા અને તેમનાથી બેવડી દાંતની પંક્તિવાળાઓ શ્રેષ્ઠછે. એથી ઝાઝા પગવાળા શ્રેષ્ઠ એનાથી ચાર પગવાળાઉત્તમ ।।૨૭-૩૦।।

ચાર પગવાળાથી બે પગવાળા ઉત્તમ છે. બે પગવાળા માણસમાં પણ ચાર વર્ણો



તે પૈકી બ્રાહ્મણ ઉત્તમ, બ્રાહ્મણોમાં પણ વેદને જાણનાર ઉત્તમ, વેદ જાણતો હોય તેનાં કરતાં વેદનો અર્થ જાણનાર શ્રેષ્ઠ ।।૩૧।।

અર્થને જાણે પણ બીજાના સન્દેહને દૂર ન કરે તે શ્રેષ્ઠ ન ગણાય. બીજાની શંકાને મટાડે તે ઉત્તમ. શંકા દૂર કરે પણ શાસ્ત્રમાં કહેલાં કર્મ ન કરે તો-તો એ ઠીક ન કહેવાય માટે પોતે એ ધર્મનું આચરણ કરે તે શ્રેષ્ઠ. કર્મ કરનારમાં પણ જેને દેહાભિમાન ન હોય તે ઉત્તમ. એના કરતાં પણ નિરભિમાન થઈ આલોક-પરલોકની પ્રાપ્તિમાટે કાંઈ પ્રયત્ન તો ન કરે પણ ઈચ્છાએ ન કરે તે ઉત્તમ ।।૩૨।।

માટે બધાં ક્રિયા અને અર્થ મારામાં અર્પણ કરનાર, નિત્ય પોતાના આત્માને મારામાં અર્પણ કરનાર, કર્મ ન છોડતાં જે કાંઈ કર્મ કરે તે મારામાં અર્પણ કરે તે જ અકર્તા અને સમદર્શન કહેવાય છે. એનાથી આ જગતમાં બીજા કોઈને હું ઉત્તમ જોતો નથી ।।૩૩।।

ઉપર પ્રમાણે સમદર્શી હોય તો પણ બહુ માનપૂર્વક પ્રાણી માત્રને, ઈશ્વર જ જીવરૂપે પોતાના અંશવડે રહ્યા છે એમ માની, પ્રણામ કરે ।।૩૪।।

હે મનુપુત્રી! ભક્તિયોગ અને યોગ એ બે માર્ગ મેં કહ્યા તે બેમાંથી એક માર્ગે ચાલનારો પુરુષ પણ ભગવાનને પ્રાપ્ત કરે છે. (જ્ઞાની યોગમાર્ગવડે ભગવાનને હૃદયમાં જોઈ શકે છે, જ્યારે ભક્ત ભગવાનનો સાક્ષાત્ અનુભવ કરનાર હોવાથી ઉત્તમ છે) ।।૩૫।।

આ સર્વ જગત્ ભગવદ્રૂપ છે. પ્રકૃતિ અને પુરુષના નિયામક પર, પ્રકૃતિ ભગવદિચ્છા, અદષ્ટ વિવિધ ચેષ્ટાવાળો સ્વભાવ એવું રૂપના ભેદવાળું સર્વ જગત્, આંખથી દેખાતા પદાર્થો અને જેને નથી જોઈ શકાતા તે બધું કાળ કહેવાય છે, જેનાથી ભેદદષ્ટિવાળા મહત્ વગેરેને પણ ભય થાય છે ।।૩૬-૩૭।।

કાળ જે મહાભૂતો સાથે અન્દર પ્રવેશ કરી સર્વના આધારરૂપે રહીને સર્વનું ભક્ષણ કરે છે. એ કાળ યજ્ઞનો અધિદેવ વિષ્ણુ તમામ પ્રેરણા કરનારાઓનો નિયામક છે।।૩૮।।

આ કાળને કોઈ વહાલો નથી કે શત્રુ નથી, કે કોઈ એનો બન્ધુ નથી. પોતે સાવધાન રહી ગાફેલ પુરુષોમાં પેસી જઈ એનો અન્ત લાવે છે ।।૩૯।।

જેના ભયથી આ પવન વાય છે, જેના ભયથી સૂર્ય તપે છે, જેના ભયથી ઈન્દ્ર વર્ષે છે અને નક્ષત્રોનો સમૂહ પ્રકાશે છે, જેના ભયથી વનસ્પતિઓ, ઔષધિઓ સાથે લતાઓ સમયાનુસાર પુષ્પ અને ફળને ધારણ કરે છે, ભય પામેલી નદીઓ વહે છે, સમુદ્ર મર્યાદા છોડતો નથી, જેના ભયથી અગ્નિ બળતો રહે છે, પર્વતો સહિત

પૃથ્વી જળમાં ડૂબતી નથી; આ બધું એ કાળના ભયને લીધે જ ।।૪૦-૪૨।।

સૌને પોતપોતાની મર્યાદામાં રાખવું એ જ કાળનું કર્તવ્ય છે. જેને વશ હોવાને લીધે આકાશ પ્રાણીઓના પ્રસિદ્ધ સ્થાનને ધારણ કરે છે અને (પ્રકૃતિ, અહંકાર અને પાંચ મહાભૂતો) સાતથી વીંટાયેલ મહત્તત્ત્વ પોતાના લોકરૂપ દેહને વિસ્તારે છે ।।૪૩।।

બ્રહ્મા વિષ્ણુ અને રુદ્ર આદિ દેવો કે જેમને સ્થાવર-જંગમ આ સર્વ પ્રપંચ વશ છે અને જેઓ કાળની આજ્ઞાથી એનાં ઉત્પત્તિ પાલન અને નાશ કરે છે તે પણ કાળને વશછે ।।૪૪।।

**સોઽનન્તોઽન્તકરઃ કાલોઽનાદિરાદિકૃદવ્યયઃ ।।**
**જનં જનેન જનયન્ મારયન્ મૃત્યુનાઽન્તકમ્ ।।૪૫।।**

એ અવિનાશી કાળ સ્વયં અનાદિ પણ બીજાનો આદિકર્તા (ઉત્પાદક) છે. સ્વયં અનન્ત હોવા છતાં બીજાનો અન્ત કરનાર છે. એ પિતાથી પુત્રની ઉત્પત્તિ કરાવી સારા જગતની રચના કરે છે. અને પોતાની સંહાર શક્તિ મૃત્યુદ્વારા યમરાજને પણ મરાવી નાખી એનો અન્ત કરી દે છે ।।૪૫।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં**
**(દસમા જીવમુક્તિ પ્રકરણમાં પહેલો અને યોગનિરૂપણમાં બીજો)**
**''શ્રીકપિલદેવજીએ માતાને વૈરાગ્યમાટે બતાવેલું કાળનું સ્વરૂપ''**
**નામનો ઓગણત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

અહીં મૈત્રેયાનુસારી યોગશેષભક્તિ બીજો અધ્યાય પૂરો થયો.

**તમારું વાંચન ક્યાંક એકડા વગરના મીંડા જેવું તો નથી!!!**
સત્સંગ-મંડળમાં હોય, ભગવદ્વાર્તામાં હોય કે વ્યક્તિગત હોય
ષોડશગ્રન્થ વિનાનું વાંચન એકડા વગરના મીંડા સમાન જાણવું

# અધ્યાય ૩૦
# ગૃહસ્થને કાળથી થતાં દુઃખ

**વિશેષ :** આમ કાળ પોતાનું અન્ત લાવવાનું કામ ચલાવી રહ્યો છે. એનો ભય ન ગણતાં જે ઘરમાં બેસી રહે છે તે નદીના પ્રવાહમાં ઘરવાળાની જેમ દુઃખી કહેવાય છે. આત્મજ્ઞાની નહિ



પણ બહિર્મુખ જ કાળનો કોળિયો થાય છે તેથી બહિર્મુખને બન્ને લોકમાં કાળ દુઃખ દે છે. આ અધ્યાયમાં ગૃહસ્થને આ લોકમાં અને સ્વર્ગાદિ પરલોકમાં જે મોટાં દુઃખ પડે છે તેનું ફરી જન્મ થતાં સુધીનું વર્ણન છે. ૧૮ શ્લોકથી જન્મથી મરણ સુધીનું વર્ણન છે. ૧૬ શ્લોકથી જન્મથી મર્યા પછીથી પાછો જન્મે તેની અન્દરનાં દુઃખનું વર્ણન છે. અહીં વૈરાગ્ય પ્રકરણ હોવાથી પ્રપંચ વિસ્મૃતિમાટે આ બધું કહેવાની જરૂર છે.

**તસ્યૈતસ્ય જનો નૂનં નાઽયં વેદોરુવિક્રમમ્ ।।**
**કાલ્યમાનોઽપિ બલિનો વાયોરિવ ઘનાવલિઃ ।।૧।।**

**શ્રીભગવાને કહ્યું :** બલવાન વાયુ જેવી રીતે મેઘમાળાને ભયજનક છે તેવી રીતે તે કાળ જીવને જુદી-જુદી યોનિઓમાં અને અવસ્થાઓમાં ધકેલી તેની કચુમ્બર કરી નાખે છે પણ તોય જીવ તેના પ્રબલ પરાક્રમને પિછાણતો નથી ।।૧।।

મને સુખ થશે એવા ઉદ્દેશથી એ જે-જે પદાર્થો મેળવે છે. તે બધાને (કાળ) ભગવાન્ ઉડાવી દે છે, જેમના કરેલાંનો પુરુષ શોક કરે છે ।।૨।।

કારણ કે દુષ્ટ બુદ્ધિવાળો એ આ ક્ષણભંગુર દેહના સમ્બન્ધવાળાં ઘર, ક્ષેત્ર, ધન, પશુ વગેરેને મોહ વશાત્ નિત્ય માને છે ।।૩।।

જન્મમાં કરતાં જે-જે યોનિમાં માણસ દેહને ધારણ કરે છે તે-તે યોનિમાં સુખ (સ્ત્રી, અન્ન, નિદ્રા) પ્રાપ્ત કરે છે પણ એમાં વિરક્ત થતો નથી ।।૪।।

પુરુષ નરકમાં રહેતાં પણ નારકી દેહને છોડવાને ઈચ્છતો નથી કેમકે નારકી યોનિમાં પણ દેવમાયાથી મોહ પામી તે સુખ માને છે ।।૫।।

પ્રાકૃત આત્મા દેહ, સ્ત્રી, પુત્રો, ઘર, પશુ, દ્રવ્ય અને બન્ધુ એ છ અંગવાળો છે. એની બુદ્ધિ એમાં ચોટેલી હોવાથી એના ભારથી એ દુઃખી થાય છે; આમ છતાં એ પોતાના આત્માને બહુસુખી માને છે. એને વૈરાગ્ય થવો જોઈએ એને બદલે એ એમાં પ્રીતિ કરતો જણાય છે ।।૬।।

આમનું પોષણ વગેરે કરવામાં અંગે અંગમાં લાય લાગે છે તો પણ એ દુષ્ટ અન્તઃકરણવાળો મૂઢ આંખો મીચી પેટ ભરીને પાપ કરે છે ।।૭।।

બન્ને લોકનો નાશ કરનારી કુલટા સ્ત્રીઓના કપટપૂર્ણ વચનોને એ એનો પ્રેમમાની પાગલ થઈ જાય છે. અને એનો આત્મા નાનાં બાળકોની કાલી ઘેલી બોલીમાં આસક્ત થઈ એ તરફ આકર્ષાય છે ।।૮।।

ઘર કપટધર્મવાળું અને દુઃખ પ્રધાન હોય છે તેમાં સાવધાન થઈને જે-જે દુઃખ

આવે તેનો ઉપાય કરે છે અને પોતાને સુખી માને છે. માથે કમરતોડ ભાર લાદેલો હોય છતાં માણસ પાણી પીતાં સુખ માને અને માથા ઉપરના બોજાનો વિચાર ન કરે તેવો ગૃહસ્થાશ્રમીને જાણવો ।।૯।।

જ્યાં-ત્યાં કરેલી ઘણી હિંસાથી પ્રાપ્ત કરેલ ધનથી પુરુષ તેઓનું પોષણ કરે છે જેનાથી તે નરકમાં જાય છે. પોતે તો એમને ખવડાવતાં-પીવડાવતાં બચેલું અન્ન ખાઈને જ નિર્વાહ કરે છે ।।૧૦।।

પોતાની જીવિકાને માટે વારંવાર શરૂ કરવા છતાં આજીવિકા તૂટી પડતાં એનો લોભ ઘણો વધી પડે છે. એનાથી એ અધીર થઈ જાય છે અને પછી ચોરી, કપટ વગેરે કુમાર્ગોવડે કોઈ લખપતિ, ગુરુ અથવા દેવમન્દિરના પૈસા પડાવવાની સ્પૃહા કરે છે ।।૧૧।।

એમ કરતાં પણ સ્ત્રીપુત્રાદિનું પોષણ કરવામાં એ અસમર્થ નીવડે છે. પરન્તુ ભાગ્ય મન્દ હોવાથી ઉદ્યમ કરવા છતાં એને ફળ મળતું નથી અને એનો ઉદ્યમ નકામો જાય છે; લક્ષ્મી ચાલી જાય છે અને એ રંક થઈ જાય છે. એવી સ્થિતિમાં પણ એ લક્ષ્મીનું ધ્યાન કરતો શ્વાસ લે છે અને પરલોક તરફ દષ્ટિ કરતો નથી।।૧૨।।

પછી તો જેમ કોઈ ખેડૂત પોતાના ઘરડા બળદ તરફ અનાદરપૂર્વક ઉપેક્ષાવૃત્તિ સેવે તેમ હવે એનામાં સ્ત્રીપુત્રાદિનું પોષણ કરવાનું સામર્થ્ય ન હોવાથી તેઓ એનું માન રાખતાં નથી પણ એને એક જગ્યાએ બેસાડી મૂકે છે ।।૧૩।।

આમ છતાં પણ એને એમાં વૈરાગ્ય થતો નથી. પોતે જેનું પોષણ કર્યું હતું તેવાં પુત્ર વગેરે દ્વારા દેહ નિર્વાહ કરતો ઘડપણથી બેડોળ બનેલો એ ઘરમાં મરવાની તૈયારીમાં પડ્યો રહે છે ।।૧૪।।

કૂતરાની જેમ અપમાનપૂર્વક આપવામાં આવેલ ભોજનને સ્વીકારતો રોગી થઈ જાય છે. એની પાચનક્રિયા મન્દ થતાં એ થોડું ખાઈ શકે છે અને થોડું હરીફરી શકે છે ।।૧૫।।

વાયુવડે એની આંખો ફાટી રહે છે, કફથી નાડી (નો માર્ગ) રોકાઈ જાય છે અને એમાં ખાંસી અને શ્વાસવડે કણ્ઠમાં ઘરેડો થાય છે ।।૧૬।।

બન્ધુઓ એની પથારી આસપાસ વીંટાઈને એ સૂતેલાનો શોક કરે છે. પછી જ્યારે એ કાળપાશને વશ થાય છે ત્યારે બન્ધુઓ એને બોલાવે તો પણ એ બોલી શકતો નથી ।।૧૭।।



ઇન્દ્રિયોને નહિ જીતનારો, કુટુમ્બના પોષણ કરવામાં આજીવન આકાશ-પાતાળ એક કરનારો, બન્ધુઓની રોકકળ વચ્ચે ઘણું કષ્ટ ભોગવતો, બુદ્ધિ શૂન્ય થઈ એ મરણ પામે છે ।।૧૮।।

ભયંકર અને ક્રોધયુક્ત નેત્રવાળા બે યમદૂતો ત્યાં આવે છે તેને જોતાં જ મળ મૂત્ર છૂટી જાય છે ।।૧૯।।

દેહ છોડતી વેળા એને દુઃખ ભોગવવાનો **યાતના-દેહ** મળે છે તેમાં એ જીવને યમદૂતો કેદ કરીને દોરડાથી એના ગળાને બાન્ધી રાજાના સિપાઈઓ ગુનેગારને લઈ જાય તેમ લાંબા રસ્તામાં ચલાવતા લઈ જાય છે ।।૨૦।।

એ બે દૂતોને જોતાં એની છાતી ફાટી જાય છે. એમના તાડૂકવાથી એના શરીરમાં કમ્પ થાય છે. રસ્તામાં કૂતરા કરડતા જાય છે. દુઃખી થતો પોતે કરેલાં પાપોને એ યાદ કરે છે ।।૨૧।।

માર્ગમાં રેતી તપવાથી એ સારી પેઠે તપ્ત થાય છે. સૂર્યનો, વનના બળતા અગ્નિનો અને ગરમ વાયુનો એમ ત્રિવિધ તાપથી સન્તાપ પામતો એ ભૂખ અને તરસથી દુઃખી થાય છે. પીઠમાં યમદૂતના કોરડાનાં સટાકા વીંઝાય છે તે સહન કરતો એ જળ અને છાયા વગરના રસ્તામાં શક્તિ ન હોવા છતાં ચાલે છે ।।૨૨।।

ડગલે અને પગલે એ લથડિયા ખાતો થાકી જાય છે અને એને મૂર્છા આવી જાય છે. વળી ઊઠે છે અને જેમ કોઈ અપરાધીને જલ્લાદ ફાંસીને માંચડે લઈ જાય તેમ સપાટાબન્ધ એને યમદ્વારમાં પહોંચાડે છે ।।૨૩।।

યમદ્વાર નવ્વાણું હજાર યોજન દૂર છે. એ ત્યાં ચાર કે છ ઘડીમાં માર મારતાં પહોંચાડે છે તેથી એ દુઃખી-દુઃખી થઈ જાય છે ।।૨૪।।

ત્યાં એ પોતે જ પોતાના શરીરને ઘાસ વગેરેથી વીંટીને બાળે છે. એને પોતાને હાથે પોતાના જ શરીરનું માંસ કાપીને ખાવું પડે છે; અથવા બીજો એનું માંસ એના દેહમાંથી છૂટું પાડીને ખવરાવે છે ।।૨૫।।

યમના દ્વારમાં કૂતરાં અને ગીધડાં રહે છે. એ યાતના-દેહમાં રહેલો જીવ જીવતો હોવા છતાં એનાં આન્તરડાં બહાર કાઢી નાખે છે. સર્પો, વીંછીઓ અને ડાંસ વગેરેને મારેલા તે એના અપરાધનું સ્મરણ કરાવી એને કરડે છે ।।૨૬।।

શેરડીના સાંઠાની પેઠે એના સર્વ અવયવોને યન્ત્રમાં પીલે છે. હાથી, વાઘ વગેરેની પાસે ફેંકે છે. પર્વતપરથી નીચે પટકે છે. જળ-ગુફામાં પૂરી મૂકે છે ।।૨૭।।

તામિસ્ર અન્ધતામિસ્ર,રૌરવ વગેરે નરકોમાં જે દુઃખ થાય છે, જેનું વર્ણન આગળ કરવામાં આવશે, તે બધી યાતનાઓને એ જીવ ભોગવે છે. જે પુરુષ કે સ્ત્રી પરસ્પર મળીને પાપ કરે છે તેને ઉપર કહી એ યાતનાઓનો ભોગ કરવો પડે છે ।।૨૮।।

હે માતા! નરક અને સ્વર્ગ અહીં જ છે એમ કહે છે. રાજાને સુખ અને કેદીને દુઃખ એ પ્રત્યક્ષ જ અનુભવવામાં આવે છે. નરકમાં જેવી યાતનાઓ છે તેવી યાતનાઓનો અનુભવ કરતા માણસોને અહીં જ જોઈએ છીએ. ત્યાંની સ્થિતિનું અનુમાન આ લોક ઉપરથી કરી લેવું ।।૨૯।।

કુટુમ્બને પોષનાર અને પેટને ભરનાર એ બધાને છોડીને મરે છે. એણે કુટુમ્બનું પાપથી પોષણ કર્યું અનું ફળ એને એકલાને ભેગવવું પડે છે. શરીર સહિત આ લોકમાં બધું છોડીને એ નરકમાં જાય છે ।।૩૦।।

એ પાપરૂપી ભાતું સાથે લઈ જાય છે, પ્રાણીઓનો દ્રોહ કરીને એણે પાપ કરેલું તે માર્ગમાં ભોગવતો જાય છે ।।૩૧।।

દૈવથી એને કરેલાં બધાં જ પાપ આવી મળે છે તે બધાંને નરકમાં ભોગવે છે. રાગવાળો પૈસા ચાલ્યા જતાં દુઃખી થાય તેમ દેહ અને કુટુમ્બ જાય તો પણ એની વાસના મોજુદ હોવાથી એ દુઃખ ભોગવે છે ।।૩૨।।

કેવળ અધર્મજ કરીને કુટુંબને પોષતો માણસ અંધતામિસ્ર નામના છેલ્લા નરકમાં જાય છે. ત્યાં ગયેલો પાછો આવતોનથી ।।૩૩।।

**અધસ્તાન્નરલોકસ્ય યાવતીર્યાતનાદયઃ ।।**
**ક્રમશઃ સમનુક્રમ્ય પુનરત્રાઽઽવ્રજેચ્છુચિઃ ।।૩૪।।**

મનુષ્યલોકથી નીચેના લોકમાં જેટલાં દુઃખ હોય તે બધાં ક્રમશઃ ભોગવીને એમાંથી નીકળી જાય ત્યારે એ પવિત્ર થાય છે. એમ શુદ્ધ થયેલો એ જીવ પાછો આ લોકમાં આવે છે ।।૩૪।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (દસમા જીવમુક્તિ પ્રકરણનો બીજો) ''ગૃહસ્થને કાળથી થતાં દુઃખ'' નામનો ત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**



# અધ્યાય ૩૧
# જીવનું ગર્ભમાં આવવું તથા ગર્ભમાં રહીને જીવે કરેલી ભગવાનની સ્તુતિ

**વિશેષ** : અધ્યાયમાં જીવને ગર્ભમાં જે દુઃખ થાય છે તેનો ચિતાર આવે છે. જીવને આ બધાંની ખબર હોય છે છતાં એને મોહ થવાથી એ બીજી વાર ગર્ભમાં આવે છે. જ્યાં સુદી દેહનું ભાન છે. ત્યાં સુધી ક્રિયા મુખ્ય છે; દેહનું ભાન છે ત્યાં સુધી જ્ઞાનનું પ્રાધાન્ય નથી, કારણ કે કૃતિ કરતાં જ્ઞાન દુર્બળ હોય છે. તેથી ત્યાગ કર્તવ્ય છે. જો ક્રિયા વિષમ થાય તો જ્ઞાન એને સુધારી શકતું નથી. જો જ્ઞાન જ ક્રિયા ઉત્પન્ન કરે તો એ જ્ઞાન ઉત્તમ ગણાય. ગૃહસ્થાશ્રમમાં રહેનાર ધર્મ ઓછો કરે અને અધર્મ વધારે કરે તો એને ઘણા જન્મના વિપાકથી ગર્ભમાં (શુભ) મતિ થાય છે. એ ધર્મ તામસ હોવાથી ભૂમિમાં કે સ્વર્ગપાતાળમાં એનું ફળ એને ન મળે. પણ ગર્ભમાં એ ધર્મથી એને ભગવદ્જ્ઞાન થાય છે. એ જ્ઞાન એનું હિત કરે છે.

**કર્મણા દૈવતન્ત્રેણ જન્તુર્દેહોનત્તયે ।।**
**સ્ત્રિયાઃ પ્રવિષ્ટ ઉદરં પુંસો રેતઃકણાશ્રયઃ ।।૧।।**

**શ્રીભગવાન્ બોલ્યા** : કર્મ ભગવાનની ઈચ્છાને અધીન છે. તેની પ્રેરણાથી દેહ સિદ્ધ કરવાને પુરુષના વીર્યકણમાં રહી એદ્વારા સ્ત્રીના ઉદરમાં જીવ પ્રવેશ કરે છે ।।૧।।

એક રાતે એ વીર્ય અને સ્ત્રીનું રજ એ બન્ને મિશ્ર થાય છે. પાંચ રાત જતાં એનો પરપોટો થાય છે. દશ દિવસ થાય ત્યારે બોર જેવી ગોળી થાય છે. ત્યાર પછી દિવસો જતાં માસની પેસી જેવો એ ગર્ભ થાય છે ।।૨।।

એક માસના ગર્ભમાં પ્રથમ તો માથાનો ઘાટ દેખાય છે. બે માસે હાથ-પગ આદિ દેખાય છે. ત્રણ માસે નખ, રુંવાડાં, અસ્થિ, ત્વચા, લિંગ અને છિદ્રો પ્રકટ થાય છે ।।૩।।

ચાર માસે રસ, રક્ત, માંસ વગેરે સાત ધાતુઓ થાય છે. પાંચમે માસે એને ભૂખ અને તરસ ઉત્પન્ન થાય છે. છ માસે એ ગર્ભને ચારે બાજૂ ઓર થાય છે તેમાં એ ઓરથી વીંટાઈને જમણા પડખામાં ફરકે છે ।।૪।।

માતાના ખાનપાનથી ગર્ભ વધે છે. ખરાબ વિષ્ઠા અને મૂત્રના ખાડામાં એ ગર્ભ શયન કરે છે તેમાં જન્તુઓ હોય છે તેની સાથે એ રહે છે ।।૫।।

એ જન્તુઓ ગર્ભમાં કરડે છે. એ અત્યન્ત સુકુમાર હોવાથી એને મૂર્છા આવી જાય છે કેમકે એ જન્તુઓને બીજું કંઈ ખાવાનું ન હોતા એને કરડીને નિર્વાહ કરે છે. તેથી એને ગર્ભાવસ્થામાં પણ અત્યન્ત દુઃખ ભોગવવું પડે છે ।।૬।।

માતા અતિ તીખું, ઉગ્ર, ગરમ, ખારું, સૂકું, ખાટું વગેરે ખાય તેની અસર ગર્ભને થાય છે તેથી સર્વ અંગમાં એને વેદ્દના થાય છે ।।૭।।

એ બહાર આંતરડાં અને અન્દર ઓરથી વીંટાયેલો મોઢું પેટમાં રાખીને ટૂંટિયું વળીને પડ્યો રહે છે ।।૮।।

જેમ પાંજરામાં પક્ષી ઊડી શકતું નથી તેમ એ પોતાના શરીરને ચલાવવામાં અશક્ત થાય છે. ત્યાં દૈવગતિથી એને સો જન્મોનું સ્મરણ થાય છે તેને યાદ કરીને એ શોક કરી ઊંડો નિસાસો નાંખતાને સ્મરણ થતાં શાન્તિ શાની? ।।૯।।

સાત માસનો થતાં એને જ્ઞાન થાય છે, અત્યન્ત ચંચળ થાય છે, કમ્પે છે. જેમ વિષ્ઠાનો કીડો એક સ્થાને રહી શકતો નથી તેમ પ્રસૂતિનો વાયુ એને એક ઠેકાણે રહેવા દેતો નથી ।।૧૦।।

અલૌકિક જ્ઞાન થતાં એ મન્ત્રદર્શી થાય છે. જે ભગવાને એને ઉદરમાં દાખલ કર્યો છે તે ભગવાનની ચામડાંની બનેલી સાત દોરીઓથી બન્ધાયેલો એ જીવ હાથ જોડી વિહ્વળ વાણીથી સ્તુતિ* કરે છે ।।૧૧।।

**વિશેષ** : દશ પ્રાણની રક્ષામાટે ગર્ભમાં રહેલો જીવ દશ શ્લોકવડે સ્તુતિ કરે છે; તેથી એમ કહેવાનું એનું તાત્પર્ય છે કે જીવે ભગવાનની ભક્તિ અથવા શરણાગતિ કરવી. પહેલા શ્લોકમાં શરણાગતિ કહે છે. પછી જીવ અને બ્રહ્મના ભેદને બતાવે છે. જીવની હીનતા છે તેથી તેણે સત્સંગ કરવો તેથી જ ભક્તિ થાય છે. ભગવાન્ જ જીવનું હિત કરનાર છે તેથી કૃપાને માટે પ્રાર્થના કરે છે. ભગવાન્ કૃપા કરે; પણ ભગવાનનો પ્રત્યુપકાર કરવાનું સામર્થ્ય નથી. જ્ઞાનના દાતા ભગવાન્ છે એમ કહે છે અને સંસાર અતિદુષ્ટ છે તેન થાય એવી પ્રાર્થના કરે છે આ દશ શ્લોકના અર્થ ક્રમથી જીવકૃત સ્તુતિમાંઆવેછે,

(ગર્ભસ્તુતિ) ‘‘પોતે ઉત્પન્ન કરેલા જગતની રક્ષા કરવામાટે પોતાની ઈચ્છાવડે ભગવાન્ અનેક પ્રકારનાં શરીરોનો સ્વીકાર કરે છે. જ્યાં કોઈપણ જાતનો ભય નથી તેવા એમના પ્રકાશમાન ચરણારવિન્દને હું શરણે જાઉં છું. એ ભગવાને મને ગર્ભમાં બતાવ્યું કે સંસારાસક્તની ગતિ આવી થાય ।।૧૨।।

જેમ પાંજરામાં પક્ષી રહે તેમ આ દેહમાં ભૂત, ઈન્દ્રિય અને અન્તઃકરણરૂપ



માયાને આધાર તરીકે સ્વીકારી જીવ કર્મવડે બંધાયેલો છે. એવા મારા તપ્ત હૃદયમાં બ્રહ્મ શુદ્ધ* વિકારરહિત અખંડ જ્ઞાનવાળું દેખાય છે તેને હું નમન કરું છું ।।૧૩।।

**વિશેષ** : જીવ માયાના સ્વીકારથી કર્મમાં બન્ધાઈ ગયો છે અને બ્રહ્મ એનાથી જુદા ગુણવાળું છે, રૂપ રહિત છે; છતાં કૃપા કરે તો તપ્ત-હૃદયમાં દર્શન દે છે તેથી એ કૃપા કરનાર હોવાથી નમનીય છે. પ્રપત્તિ અને ભક્તિ સિવાય જીવભાવ દૂર કરવાનો બીજો ઉપાય નથી એમ જીવ સો જન્મનું જ્ઞાન થવાથી જાણે છે.

એ પાંચ ભૂતના બનેલા શરીરથી રહિત છે, છતાં ચૈતન્યના પ્રકાશથી ઈન્દ્રિયો, ગુણો અને ભૂતોને પ્રકાશિત કરવાને ચિદ્રૂપે એ દેહમાં પ્રવિષ્ટ થયા છે એવા અકુણ્ઠિત મહિમાવાળા, પ્રકૃતિ પુરુષથી પર એવા ભગવાનને દેહમાં બન્ધાયેલો હીન એવો હું નમસ્કાર કરું છું ।।૧૪।।

ભગવાનની માયાને લીધે આ સંસારમાર્ગ ગુણકર્માત્મક હોવાથી બન્ધનવાળો છે તેમાં ફરતાં થાકવાથી પૂર્વાપરસ્મરણ નષ્ટ પામેલો જીવ ભગવદ્ભક્તોના અનુગ્રહ વગર સંસારપારને કેમ પામીશકે?।૧૫।

જે ભગવાન્ સ્થાવર જંગમમાં અન્તર્યામિરૂપે રહે છે, જેમણે ત્રણ કાળનું જ્ઞાન અત્યારે મને આપ્યું છે તેમને ત્રણ તાપને શાન્ત કરવાના હેતુથી જીવકર્મને અનુસરનારા એવા અમે નમન કરીએ છીએ ।।૧૬।।

હે ભગવન્! લોહી, વિષ્ઠા, મૂત્રના કૂવામાં પડેલો, જઠરાગ્નિથી અતિ તપી ગયેલો ગર્ભમાંથી છૂટવાને માસની ગણના કરતો, કૃપણ બુદ્ધિવાળો એવા મને આપ ક્યારે મુક્ત કરશો? ।।૧૭।।

હે ઈશ! દશ માસના ગર્ભને આવું જ્ઞાન આપનાર આપ અતિ દયાળુ છો. જેમ કાદવમાંથી ગાયને કાઢી કોઈ દયાળુ પોતાની મહેનત સફળ થઈ માને તેમ આપ દીનાનાથ હોવાથી આપના કૃત્યથી જ આપ પ્રસન્ન થાઓ. બે હાથ જોડી નમન સિયાય જીવ બીજો ક્યો ઉપકાર કરી શકે?૧૮।।

સાત ધાતુના દેહવાળો હું ભગવાને આપેલી બુદ્ધિવડે મારા દેહમાં બીજા નિયામકને જોઈ શકું છું. બહાર અને અન્દર જીવની પેઠે પ્રતીત થતા એ પુરાણ પુરુષને હું નમન કરું છું ।।૧૯।।

હે વિભો! અહીં ગર્ભમાં રહેવું એ બહુ કષ્ટદાયક છેતેમ છતાં અહીંથી બહાર નીકળી અન્ધકૂવારૂપ સંસારમાં જવા હું ઈચ્છતો નથી. કારણ કે સંસારમાં આવતાં જીવને

દેવમાયા ઘેરી વળે છે અને સંસારચક્રમાં ફેરવે છે માટે ગર્ભમાં રહેવું ઠીક છે ।।૨૦।।

તેથી અહીં જ રહીને વિકલતાને વિદાય કરી દેહમાં પડેલા મારા આત્માનો ભગવાનરૂપી મિત્રની સહાયથી ઉદ્ધાર કરીશ. અહીં સત્સંગ વગેરેની પણ જરૂર નથી કારણ કે ભગવાન્ જ બધું સિદ્ધ કરી આપશે. મેં વિષ્ણુના ચરણને પ્રાપ્ત કર્યા છે જેથી કરીને અનેક દોષવાળું આ દુઃખ ફરીથી મારે દેખવાનું રહેશે નહિ'' ।।૨૧।।

**કપિલદેવ બોલ્યા :** ગર્ભસ્થ જીવ એવી બુદ્ધિ ભગવાન્‌માં રાખીને મન્ત્રનું તેને જ્ઞાન થવાથી ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે એને બહાર લાવવામાટે પ્રસૂતિનો વાયુ એને ઊંધે માથે નીકળવાના દ્વાર તરફ પ્રેરે છે ।।૨૨।।

એ પવન એને જલદીથી નીચે ફેંકે છે. નીચા માથાવાળો એ દુઃખી થાય છે અને અત્યન્ત કષ્ટ થતાં સ્મૃતિ વગરનો તથા શ્વાસ વગરનો થઈ ગર્ભદ્વારમાંથી બહાર નીકળે છે ।।૨૩।।

પૃથ્વી ઉપર લોહી મૂત્ર સાથે પડે છે અને વિષ્ઠાના કીડા પેઠે તરફડે છે. જ્ઞાન નષ્ટ થતાં અને વિપરીત ગતિને પામતાં બહુ રોવા લાગે છે ।।૨૪।।

બાળકના મનમાં શું છે એ એનું પોષણ કરનાર જાણતાં નથી. એની ઈચ્છા પ્રમાણે ન થતાં એ દુઃખી થાય છે, પણ એની ઈચ્છા વિરુદ્ધ કરનારને એમ ન કરવાનું કહેવાને એ સમર્થ હોતો નથી ।।૨૫।।

અપવિત્ર ખાટલા ઉપર સુવડાવવામાં આવે છે તેમાં પસીનાથી ઉત્પન્ન થતા માંકડ, મચ્છર એને કરડે છે, પણ અંગોને ખંજવાળવાને, બેસવાને, ઉભા થવાને કે ફરવાને એ સમર્થ હોતો નથી ।।૨૬।।

કીડો જેમ બીજા કીડાને કરડે તેમ આ બાળકને પણ ક્રીડા જેવો જાણી ડાંસ અને મચ્છર એની કાચી ચામડીમાં દંશ કરે છે ત્યારે બાળક રુદન કરે છે તેથી તેને પ્રથમ ગર્ભમાં જે જ્ઞાન થયું હતું તે ચાલ્યું જાય છે ।।૨૭।।

એવી રીતે બાળક-અવસ્થા અને પૌગંડ અવસ્થાનું દુઃખ ભોગવી, અજ્ઞાનને લીધે ઈચ્છા પ્રમાણે ન મળે તેનું દુઃખ થતાં ક્રોધ કરે છે અને પછી એનો શોક કરે છે ।।૨૮।।

જેમ દેહ વધે છે તેમ કામ અને ક્રોધ વધે છે તેથી તે કામપરવશ જીવ પોતાનો નાશ નોતરવા બીજા કામીઓની સાથે લડાઈ કરે છે ।।૨૯।।

પંચભૂતે બનાવેલા શરીરમાં રહીને અજ્ઞાની જીવ ''હું અને મારું'' એવો ખોટો



આગ્રહ કરે છે તેથી એ કુબુદ્ધિવાળો થાય છે ।।૩૦।।

એ દેહને માટે કર્મ કરે છે તેથી એમાં બન્ધાઈને પાછો સંસારમાં આવે છે. અવિદ્યા, કાળ અને કર્મના બન્ધનથી ત્રણ દોષવાળો થઈ કલેશ આપનાર દેહની પાછળ એ જીવ ફર્યા કરે છે ।।૩૧।।

જેઓ ઈન્દ્રિય અને ઉદરનાં કર્મોમાં રચ્યા-પચ્યા હોય તેવા અસત્પુરુષોનો સંસારના માર્ગમાં એ સંગ કરે છે. એવાઓની સાથે એ મન, વચન અને કર્મથી રમે છે; તેથી પહેલાં ગયો હતો તેમ એ પાછો નરકમાં જાય છે ।।૩૨।।

આવો જીવ જેનામાંથી સત્ય, પવિત્રતા, દયા, મૌન, બુદ્ધિ, લક્ષ્મી, લજ્જા, કીર્તિ, ક્ષમા, મનોનિગ્રહ, ઈન્દ્રિયોનું નિયમન અને ભાગ્ય એટલા ગુણ તદ્દન નાશ પામ્યા હોય તેવા દુષ્ટનો સંગ કરે છે ।।૩૩।।

જીવે આવા અસત્પુરુષોનો તેમજ અશાન્ત, શાસ્ત્રના અર્થજ્ઞાનથી વિમુખ, વિષયવાસનાવડે ભ્રષ્ટ મનવાળા, અનાચારી, ચાર પુરુષાર્થનો અનાદર, કરનાર, શોચનીય અને સ્ત્રીઓમાં રમકડાં જેવા અસત્પુરુષોનો સંગ કદિ ન કરવો ।।૩૪।।

સ્ત્રીના અને સ્ત્રીના સંગીના સંગથી જેવાં બન્ધન અને મોહ થાય છે તેવાં બીજા કોઈના સંગથી થતાં નથી. (સ્ત્રીનો અર્થ અહીં વિષય કરવામાં આવ્યો હોવાથી પુરુષના માટે સ્ત્રી અને સ્ત્રીના માટે પુરુષ બન્ધન અને મોહનું કારણ બને છે એમ સમજવું) ।।૩૫।।

બ્રહ્માજીએ પોતાની પુત્રી (સરસ્વતી-વાણી) નું રૂપ લાવણ્ય જોઈને વિવેકને વેગળો કરી દીધો. વાણીએ રૂપનો ત્યાગ કર્યો અને રીંછણ થઈ તો બ્રહ્માજી રીંછનું રૂપ ધરી લાજ નેવે મૂકી એની પાછળ દોડ્યા ।।૩૬।।

**એ જ** બ્રહ્માજીએ મરીચિ વગેરે પ્રજાપતિઓની તથા મરીચિ આદિએ કશ્યપ વગેરેની અને કશ્યપાદિએ દેવ, મનુષ્ય વગેરેની સૃષ્ટિ કરી. તેથી તેઓમાં ઋષિપ્રવર **નારાયણ** સિવાય એવો કોણ પુરુષ હોઈ શકે કે જેથી બુદ્ધિ કામિનીના કામણથી મેહિત ન થઈ જાય? ।।૩૭।।

અહો! મારી આ સ્ત્રીરૂપધારી માયાનું બલ તો મા તું જો, જે દશે દિશાઓમાં વિજયનો ડંકો વગાડનાર ચમરબન્ધીઓના ચમર વછોડી નાખે છે અને પોતાના ભ્રુકુટિવિલાસ માત્રથી પગ નીચે તેમનો છૂંદો કરી નાખે છે ।।૩૮।।

માટે યોગના પરમ પારને પામવાની ઈચ્છાવાળાએ મારી સેવા કરવી અને બ્રહ્મભાવને પ્રાપ્ત કરી નરકદ્વારરૂપ પ્રમદાનો સંગ ન કરવો ।।૩૯।।

સ્ત્રીરૂપી માયા ધીરે-ધીરે હૃદયમાં આવે તો પણ ઘાસથી ઢંકાયેલા અન્ધકૂવાની પેઠે એને મૃત્યુરૂપ જાણી દૂરથી જ છોડી દેવી; માટે હૃદયમાં આવ્યા પહેલાં જ સાવધાન રહેવું ।।૪૦।।

સ્ત્રીપુરુષરૂપે આચરતી મારી માયાને જીવ ગૃહ, પુત્ર અને સ્ત્રીરૂપે માને છે. સ્ત્રી પુરુષને માયારૂપ જુએ છે, પુરુષ સ્ત્રીને માયારૂપ જુએ છે. (પુરુષ તો એક જ છે. જ્યારે એ સ્ત્રીનું ધ્યાન ધરે છે ત્યારે એ સ્ત્રી થઈ જાય છે અને સ્ત્રી પુરુષનું ધ્યાન કરવાથી પુરુષ થાય; તેથી સ્ત્રીપુરુષપણું માયિક છે) ।।૪૧।।

જેમ પારધીનું ગાન મૃગને માટે આત્મનાશક છે તેમ દૈવયોગે મળેલ પતિ, પુત્ર અને ઘર આત્માનો નાશ કરનાર હોવાથી પોતાના મૃત્યુરૂપ સમજવાં ।।૪૨।।

મનુષ્ય દેહને જ જીવરૂપ માનવાથી એને એક લોકમાંથી બીજા લોકમાં જવું પડે છે. ત્યાં કર્મોનો ભોગ કરી પાછો એ કર્મ કરી શકે તેથી અહીં આવે છે ।।૪૩।।

મહાભૂત, ઈન્દ્રિય અને મનપ્રચુર દેહ જીવની પાછળ ફરે છે. એ બન્ધ થાય તેને 'મરણ' અને એ પેદા થાય તેને લોકો 'જન્મ' કહે છે ।।૪૪।।

ઈન્દ્રિયગોલક દ્રવ્યનું ગ્રહણ કરતું બન્ધ થાય ત્યારે એને 'મરણ' અને ગ્રહણ કરવાને લાયક થાય ત્યારે દેહની 'ઉત્પત્તિ' સમજવી. જીવને તો જન્મ-મરણ નથી. જીવના દેહ સાથેના અધ્યાસરૂપ સમ્બન્ધથી એવું દર્શન થાય છે ।।૪૫।।

જ્યારે આંખને વસ્તુના અવયવ જોવાની અયોગ્યતા આવે ત્યારે ચક્ષુ ઈન્દ્રિયને એના દ્રષ્ટાના અભાવથી એનો 'નાશ' કહેવાય. જ્યારે એ દેખાવા લાગે ત્યારે ચક્ષુ દ્રષ્ટાનો 'આવિર્ભાવ' ગણાય ।।૪૬।।

ભય, લાચારી અને વ્યાકુળતા રહિત થઈ ધીર પુરુષે જીવની ગતિ જાણી લઈ અહીં ફર્યા કરવું. (એક સ્થલે રહેવું નહિ) ।।૪૭।।

**સમ્યગ્દર્શનયા બુદ્ધયા યોગવૈરાગ્યયુક્તયા।**
**માયાવિરચિતે લોકે ચરેન્ન્યસ્ય કલેવરમ્ ।।૪૮।।**

યોગ અને વૈરાગ્યવાળી સમ્યગ્દર્શનરૂપ બુદ્ધિવડે આત્માને સ્થિર કરવો અને માયારચિત લોકમાં શરીરને રોકીને પોતે એનાથી ઉદાસીન રહી કાળક્ષેપ કરવો ।।૪૮।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (દસમા જીવમુક્તિ પ્રકરણનો ત્રીજો) ''જીવનું ગર્ભમાં આવવું તથા ગર્ભમાં રહી જીવે કરેલી ભગવાનની સ્તુતિ'' નામનો એકત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**



# અધ્યાય ૩૨
# ગૃહસ્થના ધર્મ

**વિશેષ :** કાળ બાધક છે તેથી નિષિદ્ધાચારથી કેવું ફળ થાય એ કહેવામાં આવ્યું; હવે પુણ્યનું ફળ કહે છે. ત્રણ પ્રકારના ધર્મોનું અહીં ફળ કહેવામાં આવે છે. એનું મુખ્ય ફળ જ્ઞાન છે. એ અત્રે સાધન સહિત છે. નરકાદિ લોકમાં અધોગતિ અને ભૂલોકમાં મધ્યમ ગતિ એ બન્ને ગતિઓ વિશે કહેવામાં આવ્યું; હવે ઉત્તમ ગતિ મોક્ષ સુધીની કહેવામાં આવે છે. ત્રિવિધ ધર્મ; મન્દ, મધ્યમ અને વિરાગરૂપ ફળ આપનાર અને અધિકારીને મોક્ષ આપનારછે.

**અથ યો ગૃહમેધીયાન્ ધર્માનેવાવસન્ ગૃહે ।।**
**કામમર્થં ચ ધર્માન્ સ્વાન્ દોગ્ધિ ભુયઃ નિર્તિ તાન્ ।।૧।।**

**કપિલે કહ્યું :** જે ગૃહસ્થ ઘરમાં રહી ગૃહસ્થના ધર્મોનું આચરણ કરે છે તેનાથી એ અર્થ અને કામને પ્રાપ્ત કરી ફરીને એને પોષે છે ।।૧।।

તે-તે કામનામાં મૂઢ બનેલો જીવ ભગવદ્ધર્મથી વિમુખ રહી યજ્ઞોવડે દેવોનું યજન કરી શ્રદ્ધાયુક્ત થઈ એ પિતૃઓને ભજે છે ।।૨।।

એ શ્રદ્ધામાં જેની બુદ્ધિ ચોટેલી છે તેવો પિતૃઓ અને દેવોના વ્રત કરનાર એ જીવ ચન્દ્રલોકમાં જાય છે અને સોમપાન કરી ત્યાંથી પાછો આ લોકમાં આવે છે ।।૩।।

અનન્ત (શેષ)ના આસનવાળા ભગવાન્ હરિ સર્પરાજની શય્યામાં શયન કરે છે ત્યારે એ ગૃહસ્થાશ્રમીઓના લોકનો ક્ષય થઈ જાય છે ।।૪।।

જે ધીર પુરુષો કામનાની તૃપ્તિમાટે કે અર્થની પ્રાપ્તિમાટે ધર્મનો ઉપયોગ નથી કરતા, પણ ધીર થઈ આસક્તિ છોડી કર્મોનો ત્યાગ કરી પ્રશાન્ત, શુદ્ધબુદ્ધિવાળા, નિષ્ઠા રાખી અહન્તા અને મમતાને છોડી દાસ્ય વગેરે સ્વધર્મ અને સત્ત્વ યુક્ત થઈ ચિત્તનું શોધન કરી નિવૃત્તિધર્મનું આચરણ કરે છે તે જીવો અન્તે સૂર્યમાર્ગ (અર્ચિમાર્ગ અથવા દેવયાન) દ્વારા સર્વવ્યાપી પૂર્ણપુરુષ શ્રીહરિને જ પ્રાપ્ત થાય છે. જે કાર્ય કારણરૂપ જગતના નિયન્તા, સંસારનું ઉપાદાન કારણ અને એનાં ઉત્પત્તિ, પાલન તેમજ સંહાર કરનારા છે ।।૫-૭।।

બ્રહ્માજીના આયુષ્ય બે પરાર્ધના અન્તે જે પ્રલય થાય છે. ત્યાં સુધી પર (એટલે પુરુષનું) પુરુષોત્તમ તરીકે ચિન્તન કરનારા તેઓ બ્રહ્માજીના સત્યલોકમાં રહે

છે ।।૮।।

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, ઇન્દ્રિયો, વિષયો, અહંકાર વગેરેથી બ્રહ્માંડ ઘેરાયેલું છે. એનો સંહાર કરવાની જ્યારે ભગવાનની ઇચ્છા થાય ત્યારે બ્રહ્મા બે પરાર્દ્ધ વર્ષ પર્યન્ત આયુષ્યભોગવી પ્રકૃતિમાં પ્રવેશ કરે છે ।।૯।।

જ્યારે બ્રહ્મા પ્રકૃતિમાં દાખલ થાય ત્યારે એની નારદ વગેરે અધિકારીઓ અને પ્રાણવડે મનનો નિરોધ કરનાર વીરક્ત યોગીઓ, જેમણે પ્રાણ અને મનને જીત્યા છે (જેઓ રાગને છોડે છે પણ અભિમાનને છોડી શકતા નથી) બ્રહ્માજીની સાથે પ્રધાન પુરાણ પુરુષ અને અમૃતરૂપ બ્રહ્મને તે પ્રાપ્ત કરે છે ।।૧૦।।

હે ભામિની! ભગવાન્ જે સર્વ પ્રાણીઓની હૃદયગુહામાં બિરાજમાન છે અને જેમનો પ્રભાવ તેં પણ મારી પાસેથી સાંભળ્યો છે. એને ભક્તિપૂર્વક શરણે જા।।૧૧।।

સ્થાવર-જંગમના આદિ કર્તા વેદગર્ભ બ્રહ્મા, મરીચિ આદિ ઋષિઓ, યોગેશ્વર, સનકાદિ અને યોગ પ્રવર્તાવનાર સિદ્ધોને ભેદદષ્ટિ અને અભિમાન હોવાથી નિઃસંગ તેઓ કર્મ કરતાં છતાં સગુણ બ્રહ્મને પામે છે ।।૧૨-૧૩।।

જ્યારે કાળથી ગુણોમાં પાછો ક્ષોભ થાય છે ત્યારે ત્યાં ભ્રમણ કરતા બ્રહ્મા વગેરે પ્રથમની માફક ફરીથી પ્રકટ થાયછે ।।૧૪।।

આ પ્રમાણે પૂર્વોક્ત ઋષિગણ પણ પોતપોતાનાં કર્મ પ્રમાણે બ્રહ્મલોકના ઐશ્વર્યને ભોગવી ભગવદિચ્છાથી ગુણોમાં ક્ષોભ થતાં ફરી સંસારમાં આવે છે ।।૧૫।।

જેમના મન આ સંસારમાં આસક્ત છે; જેમને કર્મમાં શ્રદ્ધા છે; જેઓ શાસ્ત્રોમાં મના ન કરેલ અને નિત્ય કરવાનાં કહેલાં કર્મો પણ સમ્પૂર્ણ રીતે કરે છે; રજોગુણથી જેમની બુદ્ધિ કુણ્ઠિત થઈ ગઈ છે; જેમના મન ઉપર કામે કબજો જમાવી દીધો છે; જેમની ઇન્દ્રિયો બેકાબૂ, નિરંકુશ છે. બસ, પોતાના ઘરોમાં જ આસક્ત થઈ તેઓ ત્રિવર્ગ-ધર્મ, અર્થ અને કામમાં જ માનનાર પુરુષો રોજ પિતૃઓનું પૂજન કરે છે. જ્યારે સર્વનાં સર્વ દુઃખ હરનારી બુદ્ધિવાળા, જેમના મહાન પરાક્રમ કીર્તનીય છે તેવા શ્રીમધુસૂદન ભગવાનની કથાથી તો તેઓ વિમુખ રહે છે ।।૧૬-૧૮।।

જેમ ભૂંડ અન્ન છોડી વિષ્ઠા ખાય છે તેમ ભગવાનની અમૃતરૂપ સુધા છોડી જે લૌકિક વિષય વાર્તાઓ સાંભળે છે તેમને જરૂર દૈવે પ્રતિકૂળ ઇન્દ્રિયો આપીને મારી નાખ્યા છે ।।૧૯।।

જેમની ગર્ભાધાનથી માંડી સ્મશાન સુધીની વૈદિક ક્રિયાઓ થયેલી છે તેઓ



યમના દક્ષિણ લોક તરફ થઈને પિતૃલોકમાં જાય છે અને પોતાની પ્રજાને ત્યાં પાછા જન્મે છે ।।૨૦।।

હે સતી! જ્યારે સુકૃત ક્ષીણ થાય છે ત્યારે દેવોએ જેના બધા ધન, ઐશ્વર્ય ભ્રષ્ટ કર્યા છે તેવા એ જીવો આ લોકમાં ફરી પડે છે ।।૨૧।।

તેથી જેમનાં ચરણ કમલ ભજન કરવા યોગ્ય છે તેવા પુરુષોત્તમનું તેમના ગુણના આધારવાળી ભક્તિથી તું **સર્વભાવથી** ભજન કર. (સર્વભાવઃ આ લોકના અને પરલોકના સાધનરૂપ, દેહથી માંડી ઈશ્વર સુધીનાં જેટલાં ભજન કરવા યોગ્ય સ્વરૂપો છે અને જે-જે ભાવોથી તેઓ ભજન કરવા યોગ્ય છે. તે બધા ભાવો ભગવાન્માં જ કરવા તે સર્વભાવ. શ્રીસુબોધિનીજી) ।।૨૨।।

વાસુદેવ ભગવાન્માં કરેલો ભક્તિયોગ તરતોતરત વૈરાગ્ય અને જ્ઞાનને ઉત્પન્ન કરે છે ।।૨૩।।

તેથી જ્યારે ઇન્દ્રિયોની વૃત્તિઓ દ્વારા પણ ભગવદ્-ભક્તનું ચિત્ત એમાં પ્રિય-અપ્રિય રૂપ વિષમતાનો અનુભવ નથી કરતું સર્વત્ર ભગવાન્ જ દેખાય છે એ જ વખતે તે સંગરહિત, બધાંમાં સમાનરૂપથી સ્થિત ત્યાગ અને ગ્રહણ કરવા યોગ્ય દોષ અને ગુણોથી રહિત હોય તેવું સ્થાન પ્રાપ્ત કરેલો પોતાના આત્માનો બ્રહ્મ સ્વરૂપે સાક્ષાત્કાર કરે છે ।।૨૪-૨૫।।

એ જ જ્ઞાન સ્વરૂપ છે, એ જ પરબ્રહ્મ છે, એ જ પરમાત્મા છે, એ જ ઈશ્વર છે, એ પુરુષ છે, એ જ એક ભગવાન્ સ્વયં જીવ, શરીર, વિષય, ઇન્દ્રિયો વગેરે અનેક રૂપે દેખાય છે ।।૨૬।।

સમ્પૂર્ણ સંસારમાં આસક્તિનો અભાવ થઈ જાય બસ આ જ યોગીઓની બધા પ્રકારની યોગ સાધનાનું એક માત્ર અભીષ્ટ ફલ છે ।।૨૭।।

જ્ઞાન* એક જ છે. એ બ્રહ્મરૂપ અને નિર્ગુણ છે. પ્રાકૃત ઇન્દ્રિયોથી ગ્રહણ થતા અર્થરૂપે દેખાય છે, પણ પ્રાકૃત ઇન્દ્રિયો જે વસ્તુ ગ્રહણ કરે છે તે વસ્તુ સત્ નથી. (શબ્દાદિ ધર્મવાળા અર્થો અન્તરાસૃષ્ટિવડે દેખાય છે) ।।૨૮।।

**વિશેષ** : જેમ અન્વય અને વ્યતિરેકવડે સત્ સિદ્ધ થાય છે તેમ ચિત્ પણ અન્વય અને વ્યતિરેકવડે સિદ્ધ થાય છે. તેથી લૌકિક કે વૈદિક વ્યવહાર બોધમાં પર્યવસિત થાય છે. જેમ બધા તરંગો સમુદ્રમાં સમાઈ જાય છે તેમ એક જ જ્ઞાન વ્યાપક અને બૃહદ્ હોઈને પ્રાકૃત ઇન્દ્રિયોવડે ઘટપટાદિ અર્થરૂપે ભ્રાન્તિથી દેખાય છે. તેથી જ છીપમાં રૂપાની જેમ દેખાય છે. તેથી વસ્તુવિચાર

કરી દેખાતા પદાર્થ ભ્રાન્તિમૂલક હોઈને એમાં આસક્તિ ન કરવી એ ઇન્દ્રિયો પ્રાકૃત હોવાથી પ્રાકૃત બુદ્ધિવડે અર્થોને ગ્રહણ કરે છે તે એ પદાર્થોને એના એકદેશી સ્વરૂપમાં ગ્રહણ કરે છે તે એ પદાર્થોને એના એકદેશી સ્વરૂપમાં ગ્રહણ કરે છે. સ્વ-સ્વભાવ ગ્રહણ કરે છે તેથી ખરા સ્વરૂપમાં તે ગ્રહણ થતા નથી, પણ જુદી રીતે ગ્રહણ થાય. એ ઇન્દ્રિયો પોતાના ધર્મ એમાં આરોપીને એ વસ્તુને ગ્રહણ કરે છે; તેથી જ અનેક ખ્યાતિવાદોનો જન્મ થયો છે. ધર્મનું જ વસ્તુગતિથી પ્રતિભાન તે અન્યખ્યાતિ, આધારને આગળ કરી એમાં વિશેષ કલ્પના કરી ગ્રાહક ધર્મનો સમ્બન્ધ એમાં કરતાં અન્યથા ખ્યાતિ થાય છે; તેથી જેમ પ્રતીતિ ભ્રાન્તિથી થાય છે તેમ કલ્પના પણ ભ્રાન્તિથી થાય છે તેથી એવા ભ્રાન્ત જ્ઞાનથી ગ્રહણ થતા પદાર્થોમાં અતિ આગ્રહ ન કરવો. આ અર્થ શબ્દાદિ ધર્મવાળો છે. એ ધર્મો અનાદિ વાસનાવડે સ્ફુરે છે; તેથી મિથ્યાવાદીઓ પણ એકદેશી વૈરાગ્યમાં દાખલ થાય છે; એમનો પણ એકદેશીમાં સંગ્રહ થાય છે.

મહત્તત્ત્વ, ત્રણ પ્રકારનો અહંકાર, પાંચ પ્રકારનાં ભૂત, પ્રાણ અને વિષયો, એકાદશ ઇન્દ્રિયો, એની અન્દર સ્વરાટ્ એટલે નારાયણ, એનો દેહ વિરાટ્, એને ઢાંકનારું બ્રહ્માંડ, એની અન્દર રહેલું કાર્યરૂપ જગત્ એ બધાં જ્ઞાનની પ્રતીતિવડે ધર્મ સહિત આખું દેખાય છે ।।૨૯।।

આ (ઉપર કહેલું) ખરેખર વિરક્ત જ જોઈ શકે છે કારણ કે વૈરાગ્ય એ ભગવાનનો છઠ્ઠો ગુણ છે અને વૈરાગ્ય સિદ્ધ કરી આપનાર છે પાંચ સાધનો : ૧.શ્રદ્ધા-ભગવાન્‌માં આસ્તિક્ય બુદ્ધિ ૨. ભગવાનની ભક્તિ ૩. સદાતન અષ્ટાંગ યોગ ૪. એકાગ્ર ચિત્ત ૫. અનાસક્તિ. અવિરક્ત આ જોઈ શકતો નથી ।।૩૦।।

હે ગુરુ (સ્વરૂપ માતાજી)! મેં આ બ્રહ્મનું જ્ઞાન કહ્યું તેનાથી પ્રકૃતિ અને પુરુષનું તત્ત્વ જાણી શકાય છે. મારામાં નિષ્ઠાવાળો જ્ઞાનયોગ અને નિર્ગુણ ભક્તિયોગ એ બન્નેના ફળરૂપ એક ભગવાન્ જ છે તેથી બન્ને શાસ્ત્રો એક જ છે.(બીજા છ શાસ્ત્ર એના અંગરૂપ છે) ।।૩૧-૩૨।।

ઇન્દ્રિયોના ભેદથી જેમ એક જ અર્થ જુદો દેખાય નેત્રથી સફેદ, જિહ્‌વાથી મધુર, ત્વચાથી શીતળ એમ જેમ બહુ ગુણનો આશ્રય એક જ છે તેમ શાસ્ત્રોના માર્ગોવડે એક જ ભગવાન્ વિવિધ પ્રકારે ગ્રહણ કરાય છે ।।૩૩।।

સ્નાનાદિ ક્રિયાવડે, યજ્ઞોવડે, દાનોવડે, તપોવડે, વેદાભ્યાસવડે, વિચારવડે, અન્તઃકરણ અને ઇન્દ્રિયોના સંયમવડે, કર્મના સન્ન્યાસવડે,નાનાવિધ યોગોવડે, ભક્તિયોગવડે, પ્રવૃત્તિ તથા નિવૃત્તિ લક્ષણવાળા ધર્મોવડે, આત્મા અને તત્ત્વોના



જ્ઞાનવડે (સાંખ્યશાસ્ત્રના ચિન્તનવડે) અને દૃઢ વૈરાગ્યવડે, આ બધાં સાધનોવડે ભગવાન્ જે પ્રથમ સગુણ દેખાતા હતા તે જ ભગવાન્ નિર્ગુણ સ્વદૃક આત્મારૂપે પ્રાપ્ત થાય છે ।।૩૪-૩૬।।

મેં તને ચાર પ્રકારનો ભક્તિયોગ કહ્યોઃમનુષ્યની અન્દરજે રહ્યોછે છતાં જેનું સ્વરૂપ જાણવામાં આવતું નથી; અને તેથી જે બહાર જણાતો નથી. તે કાલનું સ્વરૂપ પણ મેં તનેકહ્યું ।।૩૭।।

અવિદ્યા અને કર્મથી ઉદ્‌ભવેલો જીવનો અનેકવિધ સંસાર કહ્યો આવા સંસારમાં પડેલો જીવ આત્મામાં પોતાના સ્વરૂપને જોઈ શકતો નથી ।।૩૮।।

આ સાંખ્યશાસ્ત્ર જે મેં તને કહ્યું છે તે તમે દુર્જનને અભિમાનીને, મૂઢને બીજા મતમાં રહેલાને, પાખંડીને, લોભીને, ઘરમાં આસક્તિવાળાને, અભક્તને અને મારા ભક્તના દ્વેષીને કદી પણ કહેશો નહિ ।।૩૯-૪૦।।

જે શ્રદ્ધાવાળો ભક્ત, વિનયવાળો, બીજાનો ઉત્કર્ષ જોઈ ખુશી થનારો, ભૂત માત્રમાં મિત્રતા રાખનાર અને સેવામાં આસક્તિવાળો હોય, બાહ્ય પદાર્થમાં વૈરાગ્યવાળો, શાન્ત ચિત્તવાળો, મત્સર રહિત, પવિત્ર અને જેને સૌથી પ્રિયમાં પ્રિય હું હોઉં તેને જ મારું જ્ઞાન આપવું ।।૪૧-૪૨।।

**ય ઇદં શૃણુયાદ્ અમ્બ! શ્રદ્ધયા પુરુષઃ સ્વદૃક્ ।।**
**યો વાઽભિધત્તે મચ્ચિત્તઃ સ હ્યેતિ પદવીં ચ મે ।।૪૩।।**

હે માતાજી! જે પુરુષ અન્તર્દષ્ટિ થઈ મારું જ્ઞાન શ્રદ્ધાથી સાંભળે તથા મારામાં ચિત્ત રાખી બીજાને સંભળાવે તે એ મારી પદવી પ્રાપ્ત કરે છે ।।૪૩।।

**ઇતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (દસમા જીવમુક્તિની અન્દર સ્ત્રીમુક્તિનો પહેલો) ‘‘ગૃહસ્થના ધર્મ’’ નામનો બત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્‌ગુણગાન એ ભક્તિમયી પવિત્ર
જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર
સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા,
માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધો બનાવી બેઠેલા
‘ભક્તિ’ શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

# અધ્યાય ૩૩
# કપિલદેવનું પધારવું, દેવહૂતિની મુક્તિ

**વિશેષ :** ગયા આઠ અધ્યાયમાં આઠ મત કહેવામાં આવ્યા:મુખ્ય ભક્તિ, સાંખ્ય, જ્ઞાન, યોગ અને ચાર અધ્યાયથી વૈરાગ્યશેષ ચાર મતો. એ બધાનું ફળ મુક્તિ છે. એ આ અધ્યાયમાં કહેવાય છે. આમાં સ્ત્રીની મુક્તિ કહેવાય છે. અહીં સર્ગ પૂરો થાય છે. કારણ કે દેવો લીલાને માટે પ્રકટ્યા છે. નસર્ગથ નામની લીલા તેત્રીસ પ્રકારની છે. એ દેવહિતકારિણી છે. આઠ વસુ, અગિયાર રુદ્ર, ઈન્દ્ર, એક પ્રજાપતિ અને બાર આદિત્ય તેમાં ઈન્દ્ર, પ્રજાપતિ અને આદિત્ય એ ચૌદ સાત્ત્વિક છે; તેનાથી મુક્તિ લીલા કહી છે. પ્રથમ ૧૯ અધ્યાયમાં બન્ધલીલા કહી છે. મુક્તિ તો સાધનથી ન મળે:એ કૃપાથી સિદ્ધ થાય. કૃપા સમ્બન્ધ માત્રથી ન થાય, આરાધ્ય પ્રસન્ન થાય ત્યારે જ થાય. માટે જ એ પહેલાં અહીં સ્તુતિ છે. પછી કૃપા અને એના ફળરૂપ મુક્તિ એ ક્રમ અહીં આપેલો છે. આને સર્ગપણું છે એ બતાવવા વક્તાની સ્થિતિ કહી છે. એ ભગવાન્ હોઈને એની સ્થિતિમાં સર્ગની પ્રતિષ્ઠા છે. આવો શાસ્ત્રાર્થ જાણે ત્યારે ભગવાનને પ્રસન્ન કરવાનો યત્નકરે. તેથી કપિલને પ્રસન્ન કરવામાટે અહીં દેવહૂતિનો યત્ન કહેવામાં આવે છે.

**એવં નિશમ્ય કપિલસ્ય વચો જનિત્રી સા કર્દમસ્ય દયિતા કિલ દેવહૂતિઃ ।।**
**વિસ્રસ્તમોહપટલા તમભિપ્રણમ્ય તુષ્ટાવતત્ત્વવિષયાઙ્કિતસિદ્ધિભૂમિમ્ ।।૧।।**

**મૈત્રેય બોલ્યા :** કર્દમનાં પત્ની અને કપિલની માતા દેવહૂતિ આવાં વચન સાંભળી મોહરૂપી અંધાર પછેડાથી મુક્ત થયાં. તત્ત્વને કહેનાર અને સાંખ્યશાસ્ત્રની સિદ્ધિના ક્ષેત્રરૂપ કપિલદેવને સારી રીતે પ્રણામ કરી એની સ્તુતિ કરવા લાગ્યાં ।।૧।।

દેવહૂતિએ કહ્યું: જળમાં સૂતેલાં, મહાભૂત, ઈન્દ્રિય અને તન્માત્રા અન્તઃકરણના સત્તત્ત્વરૂપ, સર્વજગત્‌ના બીજરૂપ, જેના રૂપમાં ગુણપ્રવાહ દેખાય છે તેવા આપના સ્વરૂપનું બ્રહ્માજીએ ધ્યાન ધર્યુ તો પણ એ આંખથી જોઈ ન શક્યા તેજ આપસાક્ષાત્ મારા જઠરથી પ્રકટ થયા એ મોટા આશ્ચર્યની વાતગણાય ।।૨।।

ગુણપ્રવાહવડે વહેંચીને (બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર-રૂપે) આપ જ જગત્‌ને ઉત્પન્ન કરો છો. એ પણ કાંઈ ચેષ્ટા કર્યા વિના જ, કારણ કે આપ સત્ય સંકલ્પ છો. આપ જેવી ઈચ્છા કરો તેવું કરવાને આપની ચેષ્ટાની જરૂર નથી. એ ઈચ્છા માત્રથી થઈ જાય છે. આપ ઈશ્વર, આત્મા અને અતર્ક્ય હજારો શક્તિવાળા છો; તેથી જે



કહીએ તે બધું જ આપમાં સમ્ભવે છે ।।૩।।

હે નાથ! પહેલાં આખું જગત્ આપના ઉદરમાં હતું. પછી યુગાન્તે એકલા માયાથી બાલકરૂપ બની વડના પત્રમાં પગનો અંગૂઠો મોઢામાં ચૂસતા રહો છો તેને મેં મારા ઉદરમાં ધારણ કર્યા એ પણ બીજું આશ્ચર્ય કહેવાય ।।૪।।

પાપનો નાશ કરવાને તથા આજ્ઞાકારીઓની ઉન્નતિને માટે આપ દેહનો સ્વીકાર કરો છો. હે વિભો! જેવા આપના વરાહ વગેરે અવતારો છે તેવો આપનો આ અવતાર પણ આત્મમાર્ગને પ્રકટ કરવામાટે જ છે ।।૫।।

જેના નામનું શ્રવણ કર્યા પછી, કીર્તન કરવાથી જે (ના નામ) ને નમન કરવાથી કે સ્મરણ કરવાથી પણ કોઈવાર ચાંડાલ* પણ તત્કાલ એ જ જન્મમાં યજ્ઞ કરવા લાયક બને છે તો પછી હે ભગવાન્! આપના પ્રત્યક્ષ દર્શનથી પવિત્ર થાય એમાં તો કહેવું જ શું? ।।૬।।

**વિશેષ :** અહીં **અનુકીર્તન** શબ્દનો અર્થ મન્ત્રોપદેશ એમ કેટલાક કરે છે અને વૈષ્ણવ દીક્ષાનાં પ્રકારમાં ચાંડાલને ઉપદેશ અપાય તો તે એ જ જન્મમાં સોમાભિષવને યોગ્ય થાય એમ કોઈ ટીકાકાર કહે છે. આ મત તત્વાવલમ્બીનો સમજવો. શ્રૌતમતાવલમ્બીને મતે તો પર્યગ્નિકરણ પર્યત એની યજ્ઞમાં યોગ્યતા થાય. આ પક્ષ શ્રીઆચાર્યચરણને ઈષ્ટ જણાતો નથી; તેથી કહે છે કે, અહીં ખરી વાત પૂછો તો નામનું માહાત્મ્ય બતાવ્યું છે તેમાં લૌકિકક્રમથી બધું થાય તો એમાં લોકો આશ્ચર્ય ન માને તેથી ચાંડાલને સવનયોગ્યતા મળે એમ સાંભળતાં લોકોમાં ભગવન્નામનું માહાત્મ્ય જોવામાં આવે. અહીં શ્રીસુબોધિનીજીમાં આમ લખે છે:અધર્મસંસ્કૃતભૂત વિશેષથી ચાંડાલાદિ શરીરનો આરમ્ભ થાય છે, સર્વોત્કૃષ્ટ સંસ્કાર પામેલા પંચમહાભૂતથી બ્રાહ્મણ શરીરનો આરમ્ભ થાય છે. ભગવાનનું નામ લેવાથી અથવા ગુરુથી નામની દીક્ષા લેવાથી સર્વ ઔત્પત્તિક દોષો છૂટીને ઉત્કૃષ્ટ સંસ્કારો થાય છે. તેથી નામનું માહાત્મ્ય કહેવાવું યોગ્ય છે. તેથી સર્વ દોષને દૂર કરી, સર્વ ગુણાધાન કરનારું નામ છે. નમવાથી કોનું શ્રેય થયું તે વાત બાજુ પર રાખી સ્મરણ કરનારમાં વાલ્મીકિ છે તે ભીલ હતો. માર્ગમાં નીકળે તેને મારતો. એણે ઋષિના ઉપદેશથી પહેલાં મહર્ષિની ભાવના કરી; પછી રામનું સ્મરણ કરતાં એ જ જન્મમાં વાલ્મીકિ થયા. એટલે પ્રભુને કરવું હોય તો કાંઈ અશક્ય નથી. પણ એવું સર્વત્ર થતું નથી, ક્વચિત જ બને છે. જ્યાં ભગવાન્ નામ રૂપમાં સામર્થ્ય પોતે જ પ્રકટ કરે ત્યાં સદ્યઃશુદ્ધિ સમ્ભવિત છે. તેથી અતિ પ્રસંગનું પણ વારણ થાય છે. શ્વાદ એ ચાંડાલમાં પણ અધમ છે તે પણ પવિત્ર થાય તો પછી ઉત્તમ વર્ણવાળો શુદ્ધિથી ભગવન્નામ લે તેને તો કૈમુતિક ન્યાયથી જ ઉત્કૃષ્ટતા

સિદ્ધ થાય એ દેખીતું જછે.

જેની જીભ ઉપર નિરન્તર ભગવાનનું નામ રમે છે અને તે પણ કોઈ પણ પ્રકારના ફળની ઈચ્છા વગર આપને માટે જ તો તેવો જીવ શ્વપચ હોય તો પણ તેને સર્વ શ્રેષ્ઠ સમજવો. (પ્રથમ પૂર્વ જન્મમાં તપશ્ચર્યા કરે; તપના પ્રભાવે બ્રાહ્મણ થઈ યજ્ઞ કરે; યજ્ઞોના ફલરૂપે ઉત્કૃષ્ટ યોનિમાં આવી તીર્થસ્નાનાદિ કરે અને પછી વેદજ્ઞ આર્ય થાય; ત્યાર પછી ઋષિકુળમાં જન્મે; ત્યારે જેમ વ્યાસ, વાલ્મીકિ, શુક, પરાશર વગેરેએ ભગવાનનું નામ લીધું તેમ. તેથી આવું નામ લેનાર ચાંડાલ હોય તો પણ એવા જન્મોવડે સિદ્ધ થયો હોય છે. પણ થોડા પાપને લીધે ભગવદિચ્છાથી એને ચાંડાલનો દેહ મળ્યો હોય છે. આવો ચાંડાલ સતત હરિનામ લે છે માટે એને મોટામાં મોટો કહ્યો છે) ।।૭।।

અન્તર્મુખ ચિત્તવડે આત્મામાં ચિન્તન કરવા યોગ્ય આપ જ પરબ્રહ્મ પુરુષ છો. પોતાના તેજવડે દેહાદિ અધ્યાસ છોડાવનાર આપ છો. એવા વેદગર્ભ, સર્વમાં વ્યાપીને રહેનાર વિષ્ણુરૂપ કપિલને હું નમન કરું છું ।।૮।।

**મૈત્રેય બોલ્યા :** પરમ પુરુષ કપિલની એ પ્રમાણે સ્તુતિકરી ત્યારે ગદ્ગદ વાણીવડે માતા ઉપર પ્રેમ કરનાર કપિલબોલ્યા ।।૯।।

**કપિલે કહ્યું :** મેં કહ્યા પ્રમાણે સારી રીતે સેવી શકાય તેવા માર્ગવડે જો માતા તું મારું આરાધન કરીશ તો જલદી પરમ-કાષ્ઠારૂપ અસમ્પ્રજ્ઞાત સમાધિ અથવા ભગવત્સાયુજ્યને તું જરૂર મેળવી શકીશ ।।૧૦।।

મારો આ મત બ્રહ્મવાદી લોકોએ સ્વીકારેલો છે; તેમાં સારી રીતે શ્રદ્ધા રાખો. જેઓ એમાં શ્રદ્ધા રાખે છે તેઓ અભયરૂપ મને પામે છે. મેં તને આ જે જ્ઞાન કહ્યું છે તેને નહિ જાણનારા જ જન્મ-મૃત્યુના ચક્કરમાં અટવાયા કરે છે ।।૧૧।।

**મૈત્રેય બોલ્યા :** એ પ્રમાણે પોતાનાં માતાજીને પામવા લાયક સુન્દર માર્ગ બતાવી ભગવાન્ કપિલદેવજી બ્રહ્મવાદિની માતાજીની રજા લઈને ત્યાંથી પધાર્યા ।।૧૨।।

એ દેવહૂતિ પણ પોતાના પુત્રે કહેલા યોગરૂપ ઉપદેશ પ્રમાણે સરસ્વતીના કિનારા ઉપર આવેલા આશ્રમોના મુકુટરૂપ કર્દમના આશ્રમમાં યોગસમાધિમાં પ્રવૃત્ત થવા સાવધાન થયાં ।।૧૩।।

વારંવાર સ્નાન કરવાથી, સંસ્કાર ન કરવાથી તેના સુન્દર વાંકડિયા વાળ જટા



જૂટમાં ફેરવાઈ ગયા તથા દેવહૂતિનો ચીંથરેહાલ દેહ તીવ્ર તપથી દૂબળો થઈ ગયો ।।૧૪।।

પ્રજાપતિ કર્દમના તપ અને યોગના ફલરૂપ એમનો ગૃહસ્થાશ્રમ એવો હતો કે એની કોઈની સાથે સરખામણી થઈ શકે એમ નથી. એ એવો હતો કે સ્વર્ગમાં રહેનાર અને વિમાનમાં ફરનાર ઈન્દ્રાદિ પણ એની પ્રાર્થના કરે ।।૧૫।।

દૂધનાં ફીણ જેવી શય્યાઓ, સુવર્ણ જટિત હાથીદાંતના પલંગો, સોનાનાં આસનો, કોમલ ચાદરો, મોટા મરકત મણિની બનાવેલી અને નિર્મલ સ્ફટિક મણિની બનાવેલી ભીંતોમાં રત્નના બનાવેલ દીવાઓ શોભતા હતા અને રત્નના અલંકારવાળી સ્ત્રીઓ શોભતી હતી ।।૧૬-૧૭।।

ઘણાં દેવવૃક્ષોથી શોભીતા ઘરની પાસે બગીચા આવેલા હતા તેમાં પક્ષીનાં જોડકાં કૂજન કરી રહ્યાં હતાં, મતવાલા ભમરાઓ ગુઞ્જારવ કરી રહ્યાં હતાં ।।૧૮।।

જે વિમાનમાં કર્દમ મુનિની સાથે દેવહૂતિ બેસે ત્યારે દેવના ગન્ધર્વો એમની પાસે એમના ગુણનું ગાન કરતા હતા, વિમાનમાં કમળના ગન્ધવાળી જળની વાવોમાં કર્દમજી દેવહૂતિને લાડ લડાવતા હતા ઈન્દ્રાણીઓને પણ લલચાવી મૂકે તેવા એ વિમાનને *પણ છોડી દેતાં દેવહૂતિનું મન દુઃખી ન થયું, પરન્તુ પુત્રના વિયોગે અવશ્ય એમના મુખને કંઈક ઉદાસ બનાવી દીધું ।।૧૯-૨૦।।

**વિશેષ :** અલૌકિકને ઉત્કૃષ્ટ માનીને, સર્વ શોભાથી અમૂલ્ય અને બગીચાથી મનનું આકર્ષણ કરનાર, મનને સુખ આપનાર ઘરમાંથી પોતાની મમતાને છોડી દે, આનું નામ વૈરાગ્ય કહેવાય. અવિદ્યમાનનો ત્યાગ એટલે લોકમાં ઘર ન હોય, ખાવાનું ન હોય, લાજ આબરુ ન હોય એટલે દેહનિર્વાહને માટે ત્યાગનો વેશ કરે તો એ બન્ને લોકોથી ભ્રષ્ટ થાય છે, કારણ કે જેને આ લોક સિદ્ધ નથી તેણે પરલોક મેળવવો તો દુર્લભ છે. તો આ લોકની વાસના પૂર્ણ થઈને છૂટે ત્યાર બાદ જ પરલોકનો અધિકાર પ્રાપ્ત થાય છે. બળથી ત્યાગ કરનારની વાસના વધે છે.

પતિ તો પહેલો જ સન્ન્યાસ લઈ વનમાં ગયા હતા, પુત્રનો વિયોગ હવે થયો. જો કે પુત્ર પાસેથી એ આત્મજ્ઞાન સમ્પન્ન થઈ ગઈ હતી. તો પણ વાછડો જવાથી ગાયની જેવી સ્થિતિ થાય તેવી સ્થિતિ દેવહૂતિની થઈ ।।૨૧।।

એ પોતાના પુત્ર કપિલદેવનું ધ્યાન કરતાં-કરતાં એવા સુન્દર ઘરમાં પણ એ જલદી નિઃસ્પૃહ થઈ ગયાં અને પુત્રે ધ્યાનમાં પ્રકટ થતું ભગવાનનું જે સ્વરૂપ કહેલું તેનું સમસ્ત રીતે તેમજ એના એક-એક અવયવમાં ચિત્ત લગાડી એ ધ્યાન કરવા

લાગ્યાં ।।૨૨-૨૩।।

ભક્તિ પ્રવાહના યોગવડે, દઢવૈરાગ્યવડે, યોગ અનુષ્ઠાનવડે, બ્રહ્મજ્ઞાનવડે, આત્માવડે જ આત્માની વિશુદ્ધિ કરીને તથા એનાથી માયાના ગુણોને દૂર કરીને, ધ્યાન દ્વારા સમાધિમાં બ્રહ્મને જોઈ એમાં પોતાની બુદ્ધિને સ્થિર કરી. આવી રીતે જીવભાવ ટળી જતાં જે કલેશ હતો તે જતો રહ્યો અને આનન્દ-આનન્દ થઈ રહ્યો ।।૨૪-૨૬।।

નિત્ય સમાધિમાં જ્યારે ભગવાન્ નિત્ય દર્શન દેવા લાગ્યા ત્યારે ગુણોએ કરેલા ભ્રમ વિષયો સત્ય છે. એવા ખોટા ખ્યાલ જતા રહ્યા. ભગવાન્‌માં મન રાખવાનો પ્રયત્ન પણ છૂટી ગયો; જેમ સ્વપનમાંથી ઊઠેલા માણસને સ્વપનદેહનું સ્મરણ નથી રહેતું તેમ દેવહૂતિ પેતાના દેહને પણ ભૂલી ગયાં ।।૨૭।।

એ દેહનું બીજાઓ પોષણ કરતા હતા, પણ મનની આધિ જતી રહેતાં પોતાને દેહ દૂબળો થયેલો લાગ્યો નહિ. પછી ધૂમવાળા અગ્નિની પેઠે એમનો દેહ મળયુક્ત થઈ ગયો, છતાં સુન્દર દેખાવા લાગ્યો ।।૨૮।।

બુદ્ધિનો પ્રવેશ ભગવાન્‌માં થવાથી એમને કપડાંનું ભાન રહ્યું નહિ, કેશ છૂટા લટકવા લાગ્યા. તપ અને યોગવાળું અંગ પણ દૈવરક્ષિત હોઈને પોતે એને પણ જાણતાં નહોતાં ।।૨૯।।

અહો! કપિલના કહેલા માર્ગે ચાલી દેવહૂતિ જલદી પરમાત્મા, બ્રહ્માનન્દ ભગવાનને પ્રાપ્ત થયાં ।।૩૦।।

હે વીર! જ્યાં દેવહૂતિ સિદ્ધિને પ્રાપ્ત થયાં તે સિદ્ધ (પૂર) નામથી ત્રણ લોકમાં પ્રખ્યાત અને અત્યન્ત પવિત્ર ક્ષેત્ર થઈ ગયું ।।૩૧।।

હે સૌમ્ય! જેમાંથી માટીનો અંશ તપના પ્રભાવથી કાઢી નાખેલો તે તેનો દેહ સિદ્ધોએ સેવેલી સિદ્ધિ આપનારી, નદીઓમાં ઉત્તમ નદી થયો ।।૩૨।।

મહાયોગી ભગવાન્ કપિલ પણ પોતાના આશ્રમમાં હતા તે માતાની રજા લઈ ઈશાન દિશા તરફ ચાલી નીકળ્યા ।।૩૩।।

સિદ્ધો, ચારણો, ગન્ધર્વો, મુનિઓ, અપ્સરાઓ, સર્પો એ બધાં તેમની સ્તુતિ કરવા લાગ્યાં. એ જ્યાં ગયાં હતાં ત્યાં એમની પૂજા થઈ. સમુદ્રે પણ એમની પૂજા કરી એમને સ્થાન આપ્યું ।।૩૪।।

સાંખ્યાચાર્યો જેમની સ્તુતિ કરે છે તેવા એ કપિલદેવજી ત્રણેય લોકમાં શાન્તિ



થાય તેમાટે સમાધિ કરીને રહ્યા છે ।।૩૫।।

હે તાત! તમને મેં આ કપિલદેવ તથા દેવહૂતિનો પવિત્ર કરનારો સંવાદ કહ્યો; હે નિષ્પાપ! તમે મને પ્રથમ આ જ પૂછ્યો હતો ।।૩૬।।

**ય ઈદમનુશ્રુણોતિ યોઽભિધત્તે કપિલમુનેર્મતમાત્મયોગગુહ્યમ્ ।।**
**ભગવતિ કૃતધીઃ સુપર્ણકેતાવુપલભતે ભગવત્પદારવિન્દમ્ ।।૩૭।।**

આ સંવાદમાં ગુહ્ય આત્મજ્ઞાન છે તે જે શ્રવણ કરે અને બીજાને બોધ કરે તેની બુદ્ધિ ગરુડગામી ભગવાન્‌માં નિષ્ઠાવાળી થાય છે અને એ ભગવાનનાં ચરણકમળને પામે છે ।।૩૭।।

**ઈતિ શ્રીભાગવત્ તૃતીયસ્કન્ધમાં (છેલ્લા દસમા જીવમુક્તિ પ્રકરણમાં શ્રીમુક્તિનો બીજો) ''કપિલદેવનું પધારવું, દેવહૂતિની મુક્તિ'' નામનો તેત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# તૃતીયસ્કન્ધ સમ્પૂર્ણ

**આપણે પુષ્ટિમાર્ગી નથી જ જો**

મૃતકના ઉદ્ધારાર્થે કે ફંડફાળામાટે ભાગવતકથાનું આયોજન કરીએ છીએ
(ઠેરાવેલ કે ઠેરાવ્યા વિનાની) દક્ષિણા લઈને ભાગવત વાંચીએ છીએ
આવી ભાગવતકથા સાંભળવા કે આશીર્વાદ આપવા જઈએ છીએ

# ચતુર્થસ્કન્ધ-વિસર્ગલીલા

## અધ્યાય - ૩૧

- ૧. ધર્મપ્રકરણ અ.૧-૭
- ૨. અર્થપ્રકરણ અ.૮-૧૨
- ૩. કામપ્રકરણ અ.૧૩-૨૩
- ૪. મોક્ષપ્રકરણ અ.૨૪-૩૧

## ધર્મપ્રકરણ
## અધ્યાય ૧ - ૭

- અગ્નિષ્ટોમ અ.૧
- ઉક્થ્ય અ.૨
- ષોડશી અ.૩
- અતિરાત્ર અ.૪
- અપ્ત અ.૫
- અર્યામ અ.૬
- વાજપેય અ.૭

## અર્થપ્રકરણ અધ્યાય
## ૮-૧૨

- સાધનથી અ.૮
- સાધ્યથી અ.૮
- મનુનાઉપદેશથી અ.૧૦
- દોષનિવૃત્તિથી અ.૧૧
- ફલપ્રાપ્તિથી અ.૧૨



## કામપ્રકરણ
## અધ્યાય ૧૩-૨૩

- પૃથુનોઆવિર્ભાવ
- સર્વકામ
- સ્વકામ

## મોક્ષપ્રકરણ
## અધ્યાય ૨૪-૩૧

- બ્રહ્મભાવ (અ.૨૪-૨૮)
- સાયુજ્ય (અ.૨૯-૩૧)

**જો કોઈ પૈસા કમાવામાટે સેવા-કથા કરે તો તેની કેવી ગતિ થાય?**

(પ્રભુસેવા-મનોરથ માટે ભેટ-સામગ્રી સ્વીકારે) એવું કરે ત્યારે તો સેવા-કથાનું તો ખાલી નામ થયું, ખરેખર તો તેણે વહેપાર-ધંધો જ કર્યો ગણાય. કૃષ્ણાર્થી બનીને સેવા-કથા કરવાને ઠેકાણે ધનાર્થી બનીને સેવા-કથા કરતાં સેવા-કથાના વેચાણના બદલામાં તેને વહેપાર-ધંધાની માફક પૈસા-ટકા મળી રહે પરન્તુ તેવા નીચ પ્રકારે થયેલી કમાણી તેના માટે અનર્થરૂપ જ નીવડવાની. આવા નીચ હેતુથી કરેલી સેવા-કથાનું પણ પરિણામ સરવાળે સર્વનાશ જ સમજવું. શાસ્ત્રનિષિદ્ધ આચરણ કરવાને કારણે આવા અધમ માણસનો કેવલ આ લોકજ નહીં પરન્તુ પરલોક પણ નાશ પામે છે. તેથી જેને રત્તિભાર પણ જ્ઞાન હોય છે તે આવું કદી કરતો નથી.

**(શ્રીગુસાંઈજી, સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃતિ)**

# ચતુર્થ સ્કન્ધ
## વિસર્ગલીલા (દક્ષિણ બાહુ)

## પહેલું યજ્ઞાત્મકધર્મ-પ્રકરણ
### અધ્યાય ૧
### સ્વાયમ્ભુવ મનુની કન્યાઓના વંશ
### તથા એમાં થયેલા ભગવાનના યજ્ઞાદિ અવતાર

**વિશેષ :** ચોથા સ્કન્ધમાં વિસર્ગ એટલે વિશિષ્ટ સર્ગ દેવતારૂપે નિરૂપાય છે. એના દેવતા વસુ, રુદ્ર અને આદિત્યરૂપી છે. ભગવાનની લીલા વિપરીત હોવાથી અન્તમાં વસુનું નિરૂપણ આવે છે, મધ્યમાં રુદ્રનું આવે છે અને આદિમાં આદિત્યનું આવે છે. આચાર્યચરણ વિસર્ગનું લક્ષણ **"સર્વ યુક્તરજા અજઃ** એવું આપે છે. મૂળ ભાગવત્‌માં **વિસર્ગઃ પૌરુષઃ સ્મૃતઃ"** એવું લક્ષણ આવી અમોઘ લીલાવાળા તથા અદ્‌ભુત કર્મવાળા પ્રભુનું વર્ણન આવે છે. તેથી આ વિસર્ગ લીલા અલૌકિક છે. ચતુર્થ સ્કન્ધમાં ચાર પ્રકરણ છે. પ્રથમ પ્રકરણમાં યજ્ઞાત્મક **ધર્મનું** બીજામાં **અર્થનું,** ત્રીજામાં **કામનું**અને ચોથામાં **મોક્ષ**નું વર્ણન છે. યજ્ઞાત્મક ધર્મના વર્ણનમાં અગ્નિષ્ટોમ (અત્યગ્નિષ્ટોમાં, ઉક્‌થ્ય, ષોડશી, અતિરાત્ર, અપ્ત, અર્યામ અને વાજપેય, આ સાત સંસ્થાઓ યજ્ઞાત્મક ધર્મની છે. તેને અનુસરીને અહીં સાત અધ્યાયવડે ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. બીજા પ્રકરણમાં પાંચ અધ્યાયવડે અર્થનું-ધ્રુવના અર્થનું નિરૂપણ કર્યુ છે. ત્રીજા પ્રકરણમાં અગિયાર અધ્યાયવડે પૃથુ રાજાના કામનું વર્ણન આવે છે. ચોથા પ્રકરણમાં આઠ અધ્યાયવડે પુરઞ્જન, પ્રાચીનબર્હિ અને પ્રચેતાઓનો મોક્ષ વર્ણવ્યો છે. આમ આ ચોથો સ્કન્ધ જીવનો ચાર પ્રકારનો પુરુષાર્થ સિદ્ધ કરે છે. આ પ્રકારે એકવીશ અધ્યાયવડે **વિસર્ગલીલા** વર્ણવી છે.

આ અધ્યાયમાં સતીના દેહના પરિત્યાગનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જો કે એ દક્ષનો અનર્થ છે તથાપિ સતીના દેહના પરિત્યાગદ્વારા દક્ષનો ગર્વ દૂર કરવામાં આવેલો હોવાથી એ ધર્મરૂપ પુરુષાર્થ સિદ્ધ કરે છે; પ્રારમ્ભમાં વંશકથા કહેવામાં આવી છે તે પ્રસંગની સંગતિમાટે છે; એ વંશકથા કંઈ અધ્યાયાર્થ નથી.

**મનોસ્તુ શતરૂપાયાં તિસ્રઃ કન્યાશ્ચ જજ્ઞિરે ।।**



**આકૂતિર્દેવહૂતિશ્ચ પ્રસૂતિરિતિ વિશ્રુતાઃ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** સ્વાયમ્ભુવ મનુને શતરૂપા રાણીથી આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ એ નામની ત્રણ કન્યાઓ થઈ ।।૧।।

એ પૈકી આકૂતિ રુચિ ઋષિને આપી હતી. જો કે મનુને પુત્ર હતા તેમ છતાં સગપણ કરતી વખતે રાણીના કહેવાથી મનુએ એવી શરત કરી હતી કે આ કન્યાને જે પુત્ર જન્મે તેને હું મારો પુત્ર કરી રાખીશ ।।૨।।

પછી પ્રભુના અનન્ય ચિન્તનથી બ્રહ્મતેજવાળા એ રુચિ ઋષિને એ આકૂતિથી જોડકું આવ્યું ।।૩।।

એમાં જે પુત્ર હતા તે સાક્ષાત્ યજ્ઞાવતાર વિષ્ણુ હતા, જે કન્યા હતી તેનું નામ 'દક્ષિણા' હતું અને એ સદા વિષ્ણુ પાસે જ રહેનારાં લક્ષ્મીજીના અંશરૂપી હતી।।૪।।

એ ઘણી કાન્તિવાળા દીકરીના દીકરાને સ્વાયમ્ભુવ મનુ આનન્દથી પોતાને ઘેર લાવ્યા અને દક્ષિણાને રુચિએ સાચવી ।।૫।।

એ દક્ષિણાને લગ્ન લાયક ઉમર થતાં યજ્ઞ ભગવાન્ એને પરણ્યા અને એ પ્રસન્ન થયેલી સ્ત્રીમાં પોતે પ્રસન્ન થઈ બાર પુત્ર ઉત્પન્ન કર્યા ।।૬।।

એમનાં નામઃતોષ, પ્રતોષ, સન્તોષ, ભદ્ર, શાન્તિ, ઇડસ્પતિ, ઇધ્મ, કવિ, વિભુ, સ્વહ્ન, સુદેવ અને રોચન હતાં ।।૭।।

સ્વાયમ્ભુવ મન્વન્તરમાં તેઓ 'તુષિત' નામના દેવતા થયા. એ મન્વન્તરમાં મરીચિ વગેરે 'સપ્તર્ષિ' હતા અને યજ્ઞ ભગવાને જ ઇન્દ્રની પદવી ભોગવી ।।૮।।

મનુના પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના મહા તેજસ્વી પુત્ર હતા. તેમના પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો ના વંશોના રાજાઓથી એ મન્વન્તર છવાઈ ગયો ।।૯।।

હે તાત! સ્વાયમ્ભૂવ મનુએ કર્દમ પ્રજાપતિને દેવહૂતિ નામની પોતાની પુત્રી આપી હતી. તેના સમ્બન્ધની કથા તો તમે મારી પાસેથી ઘણીખરી સાંભળી ।।૧૦।।

મનુએ પોતાની પ્રસૂતિ નામની ત્રીજી પુત્રી બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિને આપી હતી તેની સૃષ્ટિ ત્રિલોકમાં બહુ જ વિસ્તાર પામી છે।૧૧।।

કર્દમ ઋષિની નવ દીકરીઓ મરીચિ વગેરે બ્રહ્મર્ષિઓની સ્ત્રીઓનું વર્ણન થઈ ચૂક્યું છે. તેમના વંશનો વિસ્તાર હવે મારી પાસેથી સાંભળો ।।૧૨।।

કર્દમની પુત્રી અને મરીચિની સ્ત્રી કલાને કશ્યપ અને પૂર્ણિમાન્ નામના બે પુત્ર થયા. એમના વંશથી આ આખું જગત્ ભરપૂર થઈ ગયું છે ।।૧૩।।

હે પરન્તપ! પૂર્ણિમાને વિરજ અને વિશ્વગ નામના બે પુત્ર થયા અને દેવકુલ્યા નામની કન્યા થઈ. આ જ કન્યા ભગવાનના ચરણારવિન્દને ધોવાથી પછીના જન્મમાં ગંગા થઈ ।।૧૪।।

અત્રિની સ્ત્રી અનસૂયાએ દત્ત, દુર્વાસા અને ચન્દ્ર નામના (અનુક્રમે) વિષ્ણુ, શિવ અને બ્રહ્માના અંશથી ઉત્પન્ન થયેલા પરમ યશસ્વી પુત્રોને જન્મ આપ્યો।।૧૫।।

**વિદુરજીએ પૂછ્યું :** હે ગુરુ! જગતનાં સ્થિતિ, ઉત્પત્તિ અને સંહાર કરનારા ત્રણ મોટા દેવ અત્રિ ઋષિને ઘેર કયું કાર્ય કરવા પ્રકટ થયા એ મને કહો ।।૧૬।।

**મૈત્રેયે કહ્યું :** બ્રહ્માજીએ સૃષ્ટિ કરવાની આજ્ઞા કરવાથી બ્રહ્મજ્ઞાનીઓમાં ઉત્તમ અત્રિ ઋષિ તપ કરવાનો નિશ્ચય કરી પોતાની સ્ત્રી સાથે ઋક્ષ નામના મોટા પર્વતમાં ગયા ।।૧૭।।

એ પર્વતમાં ફૂલના ગુચ્છોવાળા ખાખરા અને અશોક વૃક્ષોનું વન છે તેમાં વગર અટકયે વહેતાં નિર્વિન્ધ્યા ખળખળ કરતાં નદીનાં પાણી ચારે બાજૂએ વહે છે।।૧૮।।

એ ઠેકાણે પ્રાણાયામથી મનનો નિગ્રહ કરી સુખ-દુઃખ, શરદી-ગરમી ની પરવા કર્યા વિના માત્ર વાયુનો આહાર કરી એ સો વર્ષ સુધી એક પગે ઊભા રહ્યા ।।૧૯।।

''જે કોઈ સમ્પૂર્ણ જગતના ઈશ્વર છે તેને હું શરણે જાઉં છું. તે મને પોતાના જેવી પ્રજા દેજો'' એવું એ ચિન્તન કરવા લાગ્યા ।।૨૦।।

એ મુનિના મસ્તકમાંથી નીકળેલા અને પ્રાણાયામથી પ્રદીપ્ત થયેલા અગ્નિથી ત્રણ લોક તપવા લાગ્યા એ જોઈને જેઓની કીર્તિને અપ્સરાઓ, મુનિઓ, સિદ્ધ, ગન્ધર્વ અને નાગ ગાયા કરે છે તેવા ત્રણેય જગત્પતિ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ મુનિના આશ્રમમાં આવ્યા ।।૨૧-૨૨।।

એમના પ્રકટ થવાથી મુનિનું મન પ્રકાશ પામ્યું અને એક પગથી ઊભેલા એ મુનિને એ ત્રણે મહાન દેવોનાં દર્શન થયાં ।।૨૩।।

પછી જમીન પર દંડવત્ પ્રણામ કરી, હાથમાં ફળ વગેરે પદાર્થો લઈ એમણે નન્દી, હંસ અને ગરુડ ઉપર બેઠેલા અને પોતપોતાનાં કમંડલુ, ચક્ર, ત્રિશૂલ આદિ ચિહ્નવાળા એ દેવોની પૂજા કરી. તેઓ કૃપાના કટાક્ષ અને હસતાં મુખોથી પ્રસન્ન જણાતા હતા. તેઓના તેજથી અંજાઈ ગયેલી આંખોને પછી મીચીને એઓમાં મન જોડતા અત્રિ ઋષિ હાથ જોડીને મધુર વાણીથી સર્વલોકમાં મોટા એ દેવોની સ્તુતિ કરવા લાગ્યા ।।૨૪-૨૬।।



**અત્રિ બોલ્યા :** પ્રત્યેક કલ્પના આરમ્ભમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયને માટે જે માયાના સત્ત્વાદિ ત્રણ ગુણોનો વિભાગ કરી અલગ-અલગ શરીર ધારણ કરે છે તે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ આપ જ છો. હું આપને પ્રણામ કરું છું. કહો ત્યારે આપમાંથી મેં જેને અહીં બોલવેલ તે કોણ? મેં તો અહીં સન્તાનને માટે ઘણા-ઘણા ઉપચારોથી ચિત્તમાં એક જ ઈશ્વરનું ધ્યાન ધર્યુ હતું. તો જેમને પ્રાણીઓનાં મન પણ પહોંચી શકે નહિ તેવા આપ બધા અહીં કેમ પધાર્યા છો? આ વિષયમાં મને ઘણું આશ્ચર્ય થયું છે. આપ કૃપા કરીને મને આનું રહસ્ય બતાવો ।।૨૭-૨૮।।

**મૈત્રેયે કહ્યું :** હે વિદુરજી! એ પ્રમાણે એનું વચન સાંભળી હસીને ત્રણે દેવોએ મધુર વાણીથી ઋષિને કહ્યું ।।૨૯।।

**દેવોએ કહ્યું :** બ્રહ્મન્! તમે જેવો સંકલ્પ કરો તે પ્રમાણે જ થાય; એમાં ફરક પડે નહિ. તમારો સંકલ્પ સત્ય છે. તમે જે તત્ત્વનું ધ્યાન ધર્યું હતું તે* અમે છીએ ।।૩૦।।

**વિશેષ :** જગત્‌ને નિયમમાં રાખનાર ત્રિગુણાત્મક સ્વરૂપ છે એક-એક ગુણના અધિષ્ઠાતા બ્રહ્માદિરૂપે છે તેથી જગદીશ્વરાખ્ય તત્ત્વ ત્રિગુણાત્મક હોવાથી ત્રણે દેવો એકી સાથે આવ્યા. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન્ ગુણાતીત છે.

હવે અમારા અંશથી ઉત્પન્ન થયેલા અને જગત્‌માં પ્રખ્યાતિ, પામેલા ત્રણ પુત્રો તમને થશે તેઓ તમારી કીર્તિમાં વધારો કરશે અને તમારું કલ્યાણ થશે ।।૩૧।।

**મૈત્રેયે કહ્યું :** પતિ-પત્ની બન્નેથી એ પ્રમાણે સારી રીતે પૂજાયેલા એ ત્રણ દેવો વરદાન આપી જોતજોતામાં ત્યાંથી પોતપોતાના લોકમાં ચાલ્યા ગયા ।।૩૨।।

પછી એમને ઘેર બ્રહ્માના અંશથી ચન્દ્રમા, વિષ્ણુના અંશથી યોગ જાણનાર દત્તાત્રેય અને સદાશિવના અંશથી દુર્વાસા એમ ત્રણ પુત્રો થયા. હવે અંગિરાનો વંશ સાંભળો ।।૩૩।।

અંગિરાની સ્ત્રી શ્રદ્ધાને સિનીવાલી, કુહૂ, રાકા અને અનુમતિ* એવાં નામથી ચાર કન્યાઓ થઈ ।।૩૪।।

**વિશેષ :** અમાવાસ્યામાં ચન્દ્રમાં થોડો દેખાય તે સિનીવાલી અને બિલકુલ ન દેખાય તે 'કુહૂ' કહેવાય છે. તેમજ જે પૂનમમાં ચન્દ્રમાં જરાક ઓછો હોય તે અનુમતિ અને સમ્પૂર્ણ હોય તે 'રાકા' કહેવાય છે.

સ્વારોચિષ મન્વન્તરમાં પ્રખ્યાત સાક્ષાત્ ભગવાન્ ઉતથ્ય અને બૃહસ્પતિ નામના બે બીજા પુત્ર પણ થયા. પુલસ્ત્ય મુનિને હવિર્ભૂ નામની સ્ત્રીથી મહાતપસ્વી અગસ્ત્ય અને વિશ્રવા નામના બે પુત્ર થયા તેમાં અગસ્ત્ય બીજા જન્મમાં જઠરાગ્નિ થયા. વિશ્રવાને ઇંડવિડા નામની સ્ત્રીથી યક્ષોનો અધિપતિ કુબેર નામનો પુત્ર થયો. બીજી સ્ત્રી કેશિનીથી રાવણ, કુમ્ભકર્ણ અને વિભીષણ ત્રણ પુત્રો થયા ।।૩૫-૩૭।।

હે વિદુરજી! પુલહ ઋષિની સ્ત્રી પરમ સાધ્વી ગતિને કર્મશ્રેષ્ઠ, વરીયાન અને સહિષ્ણુ ત્રણ પુત્ર થયા ।।૩૮।।

કતુઋષિની સ્ત્રી ક્રિયાને બ્રહ્મ તેજથી પ્રકાશતા વાલખિલ્ય નામના સાઠ હજાર પુત્રો થયા ।।૩૯।।

હે શત્રુતાપન વિદુરજી! વસિષ્ઠ મુનિને ઊર્જા(અરુન્ધતી) નામની સ્ત્રીથી ચિત્રકેતુ, સુરોચિ, વિરજા, મિત્ર, ઉલ્બણ, વસુભૃદ્યાન અને દ્યુમાન નામના સાત નિર્મળ અને મહાત્મા પુત્રો થયા; એ સિવાય બીજી સ્ત્રીથી શકિત વગેરે બીજા અનેક પુત્રો થયા ।।૪૦-૪૧।।

અથર્વા ઋષિની સ્ત્રી ચિત્તિને દધ્યઞ્ચ નામે તપસ્વી પુત્ર થયો. તેનું બીજું નામ અશ્વશિરા પણ હતું. કારણ કે પાછળથી તેને ઘોડાનું માથું ચોંટાડવામાં આવ્યું હતું ।।૪૨।।

હવે ભૃગુનો વંશ સાંભળો. ભૃગુ ઋષિને ખ્યાતિ નામની સ્ત્રીથી ત્રણ સન્તાન થયાં તેમાં ધાતા અને વિધાતા એ બે પુત્રો હતા અને લક્ષ્મી નામની એક ભગવત્પરાયણ કન્યા હતી ।।૪૩।।

એ ધાતા અને વિધાતાને મેરુ પર્વતે અનુક્રમે આયતિ અને નિયતિ નામની પુત્રી આપી હતી તેમાં ધાતાના મૃકંડ અને વિધાતાના પ્રાણ નામે પુત્ર થયા. મૃકંડના માર્કંડેય અને પ્રાણના વેદશિરા થયા ।।૪૪।।

ભૃગુના કવિ નામે એક પુત્ર પણ હતા. તેમના પુત્ર ભગવાન્ શુક્રાચાર્ય થયા ।।૪૫।।

હે વિદુરજી! એ પ્રમાણે મુનિઓએ સૃષ્ટિ ઉત્પન્ન કરી લોકનું કલ્યાણ કર્યુ. કર્દમની દીકરીઓના વંશ તમારી પાસે કહી દેખાડ્યા. જે ઉત્તમ છે અને શ્રદ્ધાથી સાંભળનારનાં પાપને તુરત હરી લે છે ।।૪૬।।

બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિ સ્વયમ્ભુવ મનુની દીકરી પ્રસૂતિને પરણ્યા હતા



તેનાથી એમને સુંદર નેત્રવાળી સોળ પુત્રીઓથઈ ।।૪૭।।

એમાંથી ધર્મને તેર, અગ્નિને એક, સમસ્ત પિતૃગણને એક અને સંસારનાં બન્ધન કાપનારા સદાશિવને એક આપીહતી ।।૪૮।।

શ્રદ્ધા, મૈત્રી, દયા, શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રી અને મૂર્તિ એ તેર ધર્મની પત્નીઓછે ।।૪૯।।

એમાં શ્રદ્ધાને શુભ, મૈત્રીને પ્રસાદ, દયાને અભય, શાન્તિને સુખ, તુષ્ટિને મુદ, પુષ્ટિને સ્મય(અહંકાર) ।।૫૦।।

ક્રિયાને યોગ, ઉન્નતિને દર્પ, બુદ્ધિને અર્થ, મેધાને સ્મૃતિ, તિતિક્ષાને ક્ષેમ અને હ્રીને પ્રશ્રય(વિનય) નામના પુત્રોથયા ।।૫૧।।

સર્વ ગુણસમ્પન્ન મૂર્તિને નર અને નારાયણ નામના પુત્ર થયા* એમના જન્મ સમયે સર્વ જગત્‌ને અત્યન્ત સુખ અને આનન્દ પ્રાપ્ત થયાં; ।।૫૨।।

**વિશેષ :** નારાયણ ભગવાનનો અવતાર છે અને નર આવેશાવતાર છે, આ બેઉનો એક જ અવતાર માનવામાં આવ્યો છે તથાપિ પુષ્ટિ અને મર્યાદા એમ બેઉ કાર્યને સમ્પાદન કરવામાટે બે સ્વરૂપે પ્રગટ્યા છે.

મનુષ્યોનાં મન, દિશાઓ, નદીઓ અને પર્વતો પ્રસન્ન થઈ ગયાં; ।।૫૩।।

સ્વર્ગમાં દુન્દુભિ વાગવા લાગ્યાં; ફૂલની વૃષ્ટિઓ થઈ; પ્રસન્ન થયેલા મુનિઓ સ્તુતિ કરવા લાગ્યા; ગન્ધર્વ કિન્નરો ગાવા લાગ્યા; ।।૫૪।।

અપ્સરાઓ નાચવા લાગી; આ પ્રમાણે એ વખતે મહા મંગળ વરતી રહ્યું; બ્રહ્મા વગેરે દેવો ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા; ।।૫૫।।

**દેવોએ કહ્યું :** ''સ્વરૂપભેદની પેઠે નિજ સ્વરૂપમાં પોતાની માયા (ઇચ્છાશક્તિ)વડે આ જગત્ રચાયું છે. તે પરમ પુરુષ કે જે આજ ધર્મના ઘરમાં ઋષિરૂપે પોતાના[૧] સ્વરૂપનો ઉપદેશ તપશ્ચર્યા વગેરેથી પ્રકાશ કરવાને પ્રકટ[૨] થયા છે તેમને અમે નમસ્કાર કરીએ છીએ ।।૫૬।।

**વિશેષ :** ૧. દિશાની પ્રસન્નતા થવાથી દૂર રહેલા પદાર્થનાં દર્શન થાય તેવો પ્રકાશ થાય છે. વાયુની પ્રસન્નતાથી એના સ્પર્શથી સુખનો અનુભવ થાય છે. નદીની પ્રસન્નતાથી કમલાદિનો વિકાસ થાય અને જલ સ્વચ્છ થાય; અને પર્વતોની પ્રસન્નતાથી એમના અન્તર્ગર્ભમાં રહેલા મણિઓ પ્રકટ થાય છે.

૨. આપની ઉપાસના કરીને શુદ્ધ અન્તઃકરણવાળા થયા પછી, ભૂતભૌતિકાદિ અનેક

સૃષ્ટિરૂપ, મનવડે પણ જેની કલ્પના ન કરી શકાય તેવું વિશ્વ આપના સ્વરૂપમાં સ્થિત છે તેનો પ્રકાશ આપના ઉપદેશદ્વારા જ થઈ શકે તેમ છે. આપના સ્વરૂપમાં રહેલા વિશ્વને જાણીને પરમ્પરાઓ આપના માહાત્મ્યને જાણ્યા પછી યથાધિકાર આપના સ્વરૂપને જાણી શકાય છે.

''એમના સ્વરૂપનો વિચાર શાસ્ત્રોના આધારે માત્ર અનુમાનથી થઈ શકે છે. એવા ભગવાન્ જગતની મર્યાદા જાળવવા સત્વ ગુણથી સરજેલા પુત્રો-દેવો-પ્રત્યે ઘણી કરુણા ભરી અને લક્ષ્મીને રહેવાના કમળ કરતાં પણ સરસ દૃષ્ટિથી* જોજો'' ।।૫૭।।

**વિશેષ :** ભક્તો ભગવાનની કૃપાદૃષ્ટિ વિના બીજું કાંઈ પણ ચાહતા નથી.

એ પ્રમાણે દર્શન થતાં દેવોએ જેમની સ્તુતિ અને પૂજા કરેલી છે તેવા નર અને નારાયણ બન્ને ભાઈઓ ગન્ધમાદન પર્વતમાં ચાલ્યા ગયા ।।૫૮।।

ભગવાન્ શ્રીહરિના અંશસ્વરૂપ એ જ નર અને નારાયણ આ પૃથ્વીનો ભાર ઉતારવામાટે યદુકુળ ભૂષણ શ્રીકૃષ્ણ તેમજ કુરુકુળતિલક અર્જુન અહીં અવતર્યા હતા ।।૫૯।।

અગ્નિની પત્ની સ્વાહાએ અગ્નિના અભિમાની પાવક, પવમાન અને શુચિ નામના ત્રણ પુત્રોને જન્મ આપ્યો ।।૬૦।।

એ ત્રણના પિસ્તાળીસ પ્રકારના અગ્નિ બીજા વધારે થયા. તેઓ જ એક પિતામહ, ત્રણ પિતા સાથે ઓગણપચાસ અગ્નિ કહેવાયા ।।૬૧।।

એમના નામથી યજ્ઞસમ્બન્ધી કર્મમાં વેદજ્ઞ બ્રાહ્મણો 'આગ્નેયી' નામની ઇષ્ટિઓ કરે છે; એ સઘળા 'અગ્નિ' આ જ છે ।।૬૨।।

અગ્નિષ્વાત્ત,* બર્હિષદ, સોમપ અને આજ્યપ એ નામના ચાર પિતર છે તેઓ પૈકી જેમને શ્રાદ્ધમાં 'અગ્નૌકરણ' કરવામાં આવે છે તેઓ સાગ્નિ (=અગ્નિવાળા) અને અનગ્નિ (=અગ્નિવિનાનાં) કહેવાય છે. એ સઘળા પિતરો વચ્ચે દક્ષની પુત્રી સ્વધા નામની એક જ પત્ની છે ।।૬૩।।

**વિશેષ :** અગ્નિમાં પક્વ પુરોડાશાદિનો જેઓ સ્વાદ લે છે તે અગ્નિષ્વાત્ત પિતરો કહેવાય છે. દૈત્યો, દાનવો અને યક્ષના પિતરો બર્હિષદ કહેવાય છે. અગ્નિષ્ટોમાદિ કર્મના દેવતારૂપ પિતરો સોમપ અથવા સૌમ્ય કહેવાય છે. આધાર અને આજ્ય ભાગ ગ્રહણ કરનારા પિતરો આજ્યપ કહેવાય છે.

પિતરોથી સ્વધાને વયુના અને ધારિણી નામની બે પુત્રીઓ થઈ તે બ્રહ્મવિચાર



કરનારી અને જ્ઞાન તથા વિજ્ઞાનના પારને પામેલી થઈ ।।૬૪।।

મહાદેવની પત્ની સતી ગુણ અને શીલથી પોતાના સરખા જ મહાદેવની સેવામાં સંલગ્ન હતી તેને પુત્ર થયો જ નહિ ।।૬૫।।

**પિતર્યપ્રતિરૂપે સ્વે ભવાયાનાગસે રુષા।**
**અપ્રૌઢૈવાત્મનાઽઽત્માનમજહાદ્યોગસંયુતા ।।૬૬।।**

મહાદેવનો કાંઈ અપરાધ નહિ, છતાં પણ પોતાનો પિતા દક્ષ પ્રજાપતિ એમનાથી ઉલટા ચાલ્યા તેથી સતીએ યુવાવસ્થામાંજ ક્રોધવશ યોગદ્વારા સ્વયં પોતાના શરીરનો ત્યાગ કરી દીધોહતો ।।૬૬।।

**ઇતિ શ્રીભાગવત્ ચતુર્થ સ્કન્ધમાં (પહેલા ધર્મ પ્રકરણનો)**
**''સ્વામ્ભુવ મનુની કન્યાઓના વંશ તથા એમાં થયેલા**
**ભગવાનના યજ્ઞાદિ અવતાર'' નામનો પ્રથમ અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ફંડ-ફાળામાટે, આજીવિકામાટે દક્ષિણા લઈને કે મૃતકના
ઉદ્ધારાર્થે ભાગવતકથા કરવી, બેસાડવી કે સાંભળવી એ
શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ ઘોર પાપ છે

## અધ્યાય ૨

## મહાદેવ અને દક્ષ વચ્ચે દ્વેષનું કારણ

**વિશેષ :** પહેલા અધ્યાયમાં સતીના દેહના પરિત્યાગથી દક્ષનો અનર્થ સૂચવ્યો છે હવે આ બીજા અધ્યાયમાં ઉપર કહેલા મહાદેવ અને દક્ષ વચ્ચેના દ્વેષનું કારણ કે જે પ્રજાપતિઓના યજ્ઞમાં ઉત્પન્ન થયું હતું તે અને દક્ષનાં શાપાદિ કહેવાશે.

**ભવે શીલવતાં શ્રેષ્ઠે દક્ષો દુહિતૃવત્સલઃ।**
**વિદ્વેષમકરોત્ કસ્માદ્ અનાદૃત્યાત્મજાં સતીમ્ ।।૧।।**

**વિદુરજીએ પૂછ્યું :** સારા સ્વભાવવાળાઓમાં મહાદેવ ઉત્તમ છે. દક્ષને પણ દીકરીઓ ઉપર પ્રીતિ હતી. છતાં દક્ષે પોતાની સતી નામની દીકરીનો અનાદર કરી મહાદેવનો દ્વેષ શામાટે કર્યોહતો? ।।૧।।

ચરાચરના ગુરુ નિર્વૈર શાન્ત મૂર્તિ આત્મારામ અને જગતના પરમ આરાધ્ય

સદાશિવનો દ્વેષ કોણ કરે? ।।૨।।

હે મહારાજ! એ જમાઈ અને સસરા વચ્ચેના વિદ્વેષને લીધે સતીએ પોતાના દુસ્ત્યજ પ્રાણનો ત્યાગ કર્યો એ કથા મને કહો ।।૩।।

**મૈત્રેયે કહ્યું** : પહેલાં એક વાર પ્રજાપતિઓના યજ્ઞમાં મોટા-મોટા ઋષિઓ, પરિવાર સહિત સર્વે દેવો, મુનિઓ અને અગ્નિઓ એકઠા થયા હતા ।।૪।।

એ વખતે ક્રાન્તિથી સૂર્યની માફક શોભતા અને ત્યાંના અન્ધકારને ઉલેચી નાખતા દક્ષ પ્રજાપતિ સભામાં આવ્યા ।।૫।।

એમને જોતાં એમની ક્રાન્તિથી પ્રભાવિત સભાસદો અને અગ્નિઓ સુદ્ધા પોતપોતાના આસન ઉપરથી ઊભા થઈ ગયા. માત્ર મહાદેવ અને બ્રહ્મા જ બેસી રહ્યા ।।૬।।

સભાસદોએ એમનો સારી રીતે સત્કાર કર્યો ત્યાર પછી દક્ષ પ્રજાપતિ જગતના પિતા બ્રહ્માને પ્રણામ કરી એમની આજ્ઞાથી પોતાના આસન ઉપર બેઠા ।।૭।।

પરન્તુ મહાદેવ પહેલેથી જ બેસી રહ્યા હતા તેથી દક્ષે પોતાનું અપમાન થયેલું માન્યું. એ અપમાન સહન ન થવાથી, જાણે ભસ્મ કરી નાખવા માગતા હોય તેવી રીતે ટેડી નજરથી જોઈ દક્ષ પ્રજાપતિ બોલ્યા ।।૮।।

દેવો અને અગ્નિઓ? સહિત બ્રહ્મર્ષિઓ મારી વાત સાંભળે. હું અણ સમજ કે દ્વેષ વશ નથી કહેતો પણ શિષ્ટાચારની વાત કરું છું ।।૯।।

આ નિર્લજ્જમહાદેવ બધા લોકપાળોની કીર્તિનો નાશ કરનાર છે. પોતાના ઘમંડથી સજ્જનોના માર્ગને દૂષિત કર્યોછે ।।૧૦।।

આમ તો એક પ્રકારે આ મારો શિષ્ય થાય છે કેમકે સાવિત્રી જેવી મારી દીકરીનો હાથ અગ્નિની સમક્ષ સુપાત્રની પેઠે એણે ગ્રહણ કર્યો છે ।।૧૧।।

વાન્દરાના જેવી આંખો વાળો આ મારી મૃગનયની કન્યાને પરણી ગયો છે. ઔચિત્ય તો એમાં હતું કે ઊઠીને મારો આદર કરે. એ તો વાત જાણે જવા દો પણ એણે વાણીથી પણ મારો યોગ્ય આદર કર્યો નહિ ।।૧૨।।

આ મહાદેવ સત્ક્રિયાઓનો લોપ કરનાર છે, અભિમાની છે, અપવિત્ર અને મર્યાદાનું ઉલ્લંઘન કરનાર છે. મારી ઈચ્છા ન હોતી છતાં જેમ શૂદ્રને વેદ ભણાવવામાં આવે તેમ મારી દીકરી મેં એને આપી છે ।।૧૩।।

એ ભયંકર મશાણમાં પ્રેત અને ભૂતનાં ટોળાંની સાથે ચિતાની ભસ્મથી સ્નાન



કરે છે, માણસોની ખોપરીઓની માળા પહેરે છે, માણસોનાં હાડકાંનાં ઘરેણાં ધારણ કરે છે, છૂટા કેશ મૂકી નંગધડંગ પાગલની જેમ ભટકે છે, ઘડી વારમાં રડે છે તો ઘડી વારમાં હસે છે; એ તમોગુણી સ્વભાવવાળાં ભૂત પ્રેતોનો અધિપતિ છે; એને મદોન્મત્ત લોકો જ વહાલા હોય છે; નામ માત્રનો એ શિવ છે. ખરું જોતાં છે એ નખશિખ 'અશિવ' અમંગલરૂપ ।।૧૪-૧૫।।

દુષ્ટ મનના, અપવિત્ર અને ભૂત પ્રેતાદિના અધિપતિ તેવા એને બ્રહ્માજીની ભોળવણીથી મેં મારી ભોળીભાલી દીકરી આપી દીધી ।।૧૬।।

**મૈત્રેયે કહ્યું** : દક્ષે આ પ્રમાણે મહાદેવજીને તીખાં તમતમતાં વચન કહ્યાં તો પણ એમણે એનો કોઈ ઉત્તર ન વાળ્યો. તેઓ પૂર્વવત નિશ્ચલભાવથી બેસી રહ્યા, આથી દક્ષનો ક્રોધ વધારે ઊંચે ચઢ્યો અને હાથમાં જલ લઈ એમને શાપ આપવા તૈયાર થઈ ગયા ।।૧૭।।

''આ દેવોમાં અધમ છે તેને યજ્ઞોમાં ઈન્દ્ર અને વિષ્ણુ વગેરે દેવોની સાથે ભાગ નહિ મળે'' ।।૧૮।।

હે વિદુરજી! મોટા-મોટા સભાસદોએ રોક્યા છતાં આ પ્રમાણે મહાદેવને શાપ આપી ક્રોધ વધી જતાં દક્ષ પ્રજાપતિ એ યજ્ઞસભામાંથી ઊઠી પોતાને ઘેર ચાલ્યા ગયા ।।૧૯।।

એ પ્રમાણે દક્ષે શાપ દીધો છે એવું જાણી ક્રોધે ભરાયેલા, મહાદેવના મુખ્ય અનુચર નન્દીશ્વરે પણ દક્ષને તથા એણે કરેલી નિન્દાને અનુમોદન આપનાર બ્રાહ્મણોને પણ શાપ આપ્યો ।।૨૦।।

''આ મરણાધીન શરીરને ઉત્તમ ગણી જે અજ્ઞાની મનુષ્ય કોઈનો પણ દ્રોહ ન કરનારા મહાદેવજીનો દ્રોહ કરે છે તે પરમાર્થથી વિમુખ થજો ।।૨૧।।

આ દક્ષ ''ચાતુર્માસ્ય યજ્ઞ કરવાવાળાને અક્ષય પુણ્ય પ્રાપ્ત થાય છે'' વગેરે અર્થવાદરૂપ વેદવાક્યોથી મોહિત અને વિવેકભ્રષ્ટ થઈ વિષય સુખની ઈચ્છાથી કપટધર્મમય ગૃહસ્થાશ્રમમાં આસક્ત થઈ કર્મકાંડમાં જ લાગ્યો રહે છે. એની બુદ્ધિ દેહાદિમાં આત્મભાવનું ચિન્તન કરવાવાળી છે. એથી એ આત્મ સ્વરૂપને ભૂલી બેઠો છે એ સાક્ષાત્ પશુ સમાન જ છે તેથી તે અત્યન્ત સ્ત્રીલમ્પટ થઈ જાઓ અને એનું મોઢું તત્કાલ બકરાનું થઈ જાઓ! ।।૨૨-૨૩।।

''અહીં મહાદેવનું અપમાન કરનાર દક્ષની હામાં હા ભણનાર જે લોકો છે તેઓ

પણ જન્મ-મરણ પામ્યા કરજો. વેદનાં વાક્યો જે ફળની પેઠે માત્ર મનને રાજી કરનારાં છે તેવાં પ્રેરોચક વાક્યોથી મોહ પામી મૂર્ખ બનેલા એ લોકો કર્મમાં જ આસક્ત રહેજો. અને ભક્ષ્યાભક્ષ્યના વિચાર વગરના, પેટ ભરવા અર્થે જ વિદ્યા તપ અને વ્રતોને ધારણ કરનાર અને ઈન્દ્રિયોમાં જ રમનારા એ બ્રાહ્મણો ભિખારી થઈને જગતમાં ફર્યા કરજો'' ।।૨૪-૨૬।।

નન્દિકેશ્વરે બ્રાહ્મણના કુળને ઉપર પ્રમાણે શાપ આપ્યો એ જોઈ ભૃગુ ઋષિએ મટાડ્યો મટે નહિ તેવો બ્રહ્મદંડરૂપ શાપ આપ્યો ।।૨૭।।

''જેઓ શિવભક્તો છે અને એમને જે અનુસરે છે તેઓ પાખંડી અને સત્શાસ્ત્રોથી વિરુદ્ધ ચાલનારા અને પાખંડી થજો ।।૨૮।।

જે લોકો શૌચ અને આચારને દૂર મૂકી મન્દબુદ્ધિ તથા જટા રાખ અને હાડકાંઓ ધારણ કરનારા છે તેઓજ શૈવ સમ્પ્રદાયમાં દીક્ષિત હો જેમાં સુરા અને આસવ જ દેવ છે ।।૨૯।।

તમે વર્ણાશ્રમના આચારોને સાચવી રાખનાર મર્યાદારૂપ વેદની અને બ્રાહ્મણોની નિન્દા કરો છો એટલામાટે જ તમે પાખંડનો આશ્રય કરેલો છે ।।૩૦।।

વેદમાર્ગ જ લોકોનું કલ્યાણ કરનારો સનાતન માર્ગ છે, જેને પૂર્વના ઋષિઓ અનુસર્યા છે અને જેને મૂળે તો ભગવાને સ્થાપ્યો છે ।।૩૧।।

સત્પુરુષોનો વેદરૂપ માર્ગ અત્યન્ત શુદ્ધ અને સનાતન છે તેની નિન્દા કરવાથી તમે પાખંડ માર્ગમાં જાઓ કે ભૂતપ્રેતના રાજા તમારો ઈષ્ટદેવ નિવાસ કરે છે'' ।।૩૨।।

**મૈત્રેય કહ્યું :** એ પ્રમાણે ભૃગુ ઋષિએ શાપ દીધો તેથી જાણે થોડા ખિન્ન થયા* હોય તેમ મહાદેવજી પોતાના પરિવાર સહિત ત્યાંથી ઊઠી ચાલી નીકળ્યા।।૩૩।।

**વિશેષ :** દ્વૈત ઉત્પન્ન થવાથી અને પાખંડનું પ્રાચુર્ય થવાથી થોડાક ઉદાસ થયા એમ કહેવાયું છે. તેમાં પોતાની ભૂલ ઓછી થવાથી 'થોડાક' એમ કહેવાયું છે તેથી કાંઈક એમની ઈચ્છા પ્રમાણે પણ થયું એમ સૂચવાય છે, કારણ કે પાખંડ શાસ્ત્રોના પ્રણેતા પોતે હોવાથી એની પ્રવૃત્તિ પણ એમને ઈષ્ટ જ હતી. પદ્મપુરાણના ઉત્તર ખંડમાં ગુણત્રય વિવરણાધ્યાયમાં પાર્વતી પ્રત્યે મહાદેવજી કહે છે કે **''શૃણુ દેવિ પ્રવક્ષ્યામિ તામસાનિ યથાક્રમમ્, યેષાં શ્રવણમાત્રેણ પાતિત્યં જ્ઞાનિનામપિ, પ્રથમં હિ મયા પ્રાપ્તં શૈવં પાશુપતાદિકમ્, મચ્છક્ત્યાવેશિતૈશ્ચિત્તૈઃ સમ્પ્રાપ્તાનિ તતઃ પરમ્''** ઈત્યાદિ.

**આપ્લુત્યાવભૃથં યત્ર ગંગા યમુનયાન્વિતા ।।।**
**વિરજેનાત્મના સર્વે સ્વં સ્વં ધામ યયુસ્તતઃ ।।૩૫।।**

વિષ્ણુના યજનરૂપ એ પ્રજાપતિઓએ કરેલા એ યજ્ઞની સમય મર્યાદા એક હજાર વર્ષની હતી અને પછી એ સમ્પૂર્ણ કરી પ્રયાગમાં અવભૃથસ્નાન (યજ્ઞાન્ત સ્નાન)* કરી શુદ્ધ થઈને ત્યાંથી પોતપોતાને ઠેકાણે ગયા ।।૩૪-૩૫।।

**વિશેષ :** યજ્ઞના અન્તમાં જે સ્નાન કરવામાં આવે છે તેને અવભૃથ (યજ્ઞાન્ત) સ્નાન કહે છે.

**ઈતિ શ્રીભાગવત્‌ના ચતુર્થસ્કન્ધમાં(પહેલા ધર્મપ્રકરણમાં)**
**''મહાદેવ અને દક્ષ વચ્ચે દ્વેષનું કારણ'' નામનો બીજો અધ્યાય સમ્પૂર્ણ.**

ભગવત્સેવા અને ભગવદ્‌ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધોબનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૩

## સદાશિવે સતીને દક્ષના યજ્ઞમાં જતાં અટકાવ્યાં

**વિશેષ :** આ અધ્યાયમાં મહાદેવજીના વાકયથી સતીનું યજ્ઞમાં જવાનું અટકાવવામાં આવ્યું છે અને અનર્થનું કારણ દ્વેષ કેવી રીતે સ્થિર કરવામાં આવ્યો એ કહેવાય છે.

**સદા વિદ્વિષતોરેવં કાલો વૈ ધ્રિયમાણયોઃ।**
**જામાતુઃ શ્વશુરસ્યાપિ સુમહાનતિચક્રમે ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે જમાઈ અને* સસરાને નિરન્તર પરસ્પર દ્વેષ કરવામાં અને પરસ્પર સમોવડિયા થઈ રહેવામાં ઘણો સમય વીતી ગયો ।।૧।।

**વિશેષ :** દક્ષ જીવ હોવાથી એમાં દ્વેષ સમ્ભવે છે. દક્ષ દ્વેષી થયો પણ મહાદેવજી ઈશ્વરકોટિમાં હોવાથી એમણે દ્વેષ કર્યો નથી. પ્રથમ તો તેઓ કાંઈ પણ બોલ્યા નહિ અને પાછળથી પણ તેઓ જલદી પ્રસન્ન થાય છે.

પરન્તુ *એમાંય જ્યારે બ્રહ્માજીએ દક્ષને સઘળા પ્રજાપતિઓના અધિપતિ તરીકે પટ્ટાભિષેક કર્યો ત્યારે એને ભારે ગર્વ થયો ।।૨।।

**વિશેષ :** દ્વેષનો નિર્વાહ ગર્વથી થાય છે અને ગર્વ મહત્ત્વની પ્રાપ્તિ થાય તો થાય છે. બ્રહ્માએ પટ્ટાભિષેક કર્યો તેથી દક્ષને મહત્ત્વ પ્રાપ્ત થયું અને તેથી ગર્વ થવાથી એ દ્વેષનો નિર્વાહ કરી શક્યો.

તેથી એણે ભગવાન્ શંકર આદિ બ્રહ્મનિષ્ઠોને યજ્ઞ ભાગ ન આપીને એમનો તિરસ્કાર કરી પહેલાં વાજપેય યજ્ઞ કરી *'બૃહસ્પતિસવ' નામના ઉત્તમ યજ્ઞનો આરમ્ભ કર્યો ।।૩।।

**વિશેષ :** બ્રાહ્મણે 'બૃહસ્પતિસવ' નામનો યજ્ઞ કરાવવો જોઈએ. આ યજ્ઞ બ્રાહ્મણોમાટે મુખ્ય છે. વાજપેય આ યજ્ઞનું પૂર્વાંગ છે. **"વાજપેયેનેષ્ટ્વા બૃહસ્પતિસવેન યજેત"** એમ શ્રુતિ આજ્ઞા કરે છે. નિબંધમાં આનો નિર્ણય આચાર્યચરણકરેછે.

એ યજ્ઞમાં સઘળા બ્રહ્મર્ષિ, દેવર્ષિ, પિતૃ અને દેવતાઓ તથા તેઓની પત્નીઓ પણ આવી હતી અને એ સઘળાનો સ્વાગત સત્કાર કરવામાં આવ્યાં ।।૪।।

તે સમયે આકાશ માર્ગથી જતા દેવતાઓ આપસમાં એ યજ્ઞની ચર્ચા કરતા જતા હતા. તેઓના મુખે દક્ષની પુત્રી સતીએ સાંભળ્યું કે પોતાના પિતા દક્ષને ઘેર યજ્ઞનો મહોત્સવ થવાનો છે. ગન્ધર્વો વગેરેની ચપળ નેત્રવાળી સ્ત્રીઓ ચમકતાં કુંડળ, પદક તથા ભભકાબંધ વસ્ત્રો પહેરીને પોતાના પતિઓની સાથે વિમાનમાં બેસી કૈલાસ પાસે થઈને જતી હતી. તેમને જોઈને એમણે પોતાના પતિ સદાશિવને ઉત્સાહથી કહ્યું: ।।૫-૭।।

**સતી બોલ્યાં :** સાંભળ્યું છે કે આપના સસરા દક્ષ પ્રજાપતિને ઘેર અત્યારે યજ્ઞનો મહોત્સવ ચાલી રહ્યો છે. માટે હે સ્વામી! આપની ઈચ્છા હોય તો આપણે પણ ત્યાં જઈએ ।।૮।।

આ દેવો જાય છે. સમ્બન્ધીઓને જોવા મારી બહેનો પણ પોત પોતાના પતિઓની સાથે એ યજ્ઞમાં જરૂર આવશે તો આપની સાથે હું પણ ત્યાં જઈ મારાં મા-બાપે આપેલી પહેરામણી ઈચ્છું છું ।।૯।।

હે સદાશિવ! ઘણા દિવસ થયાં મારા મનમાં ઉત્કંઠા છે કે ત્યાં જઈ મારી બહેનોનાં તથા એમના યોગ્ય પતિઓનાં અને મારી માસીઓનાં અને સ્નેહાર્દ્ર ચિત્તવાળી મારી માતાનાં તથા મોટા યજ્ઞને સમ્પન્ન કરતા મહર્ષિઓના દર્શન કરીશ ।।૧૦।।

હે અજન્મા! માયાએ આશ્ચર્યરૂપ ત્રિગુણાત્મક જગત્ આપમાં જ રચેલું જણાય

છે તેથી જો કે આપને તો કાંઈ આશ્ચર્ય લાગતું નહિ હોય તો પણ આપના તત્ત્વને નહીં જાણનારી હું તો દીન સ્ત્રીજાતિ છું. તેથી મારું મન તો મારી જન્મભૂમિનાં દર્શન કરવા ઊંચુ-નીચું થઈ રહ્યું છે ।।૧૧।।

હે નીલકંઠ! જુઓ આ બીજી સ્ત્રીઓ પણ શણગાર ધરીને પોતપોતાના સ્વામીઓની સાથે ટોળેટોળાં વળી જાય છે તેમનાં હંસ જેવા શ્વેત વિમાનોથી આકાશ શોભી રહ્યું છે ।।૧૨।।

હે સુરવર્ય! પિતાને ઘેર ઉત્સવ થાય એવું સાંભળી દીકરીનું મન ચલાયમાન થયા વિના કેમ જ રહે? મિત્ર, પતિ, ગુરુ અને પિતા ને ઘેર વગર બોલાવ્યે પણ જવાની રીતિ છે ।।૧૩।।

માટે હે દેવ! મારા ઉપર પ્રસન્ન થાઓ. આપ દયાળુ છો. આપ મારી આ ઈચ્છા પરિપૂર્ણ કરો. આપ મહાજ્ઞાની છો તો પણ મારા ઉપર દયા કરીને મને આપના અડધા દેહમાં સ્થાન આપ્યું છે તેથી માગી લઉં છું કે મારા ઉપર આટલો અનુગ્રહ કરો ।।૧૪।।

**મૈત્રેય કહ્યું** : એ પ્રમાણે પ્રિયાએ પ્રાર્થના કરી. ત્યારે દક્ષે પ્રજાપતિઓની રૂબરૂમાં દુર્વચનરૂપ મર્મભેદી જે બાણ મારેલાં તે મહાદેવને સાંભરી આવ્યાં, છતાં પવિત્ર લોકોના પ્રિય સદાશિવ હસીને પ્રેમથી બોલ્યા ।।૧૫।।

**સદાશિવે કહ્યું** : હે સુન્દરી! તે કહ્યું કે સમ્બન્ધીઓને ત્યાં વગર બોલાવ્યે પણ જવાની રીત છે એ વાત છે તો સાચી પણ ક્યારે? જો આ સમ્બન્ધીઓની દૃષ્ટિ ભારે દેહાભિમાન અને ક્રોધની મારી દ્વેષ-દોષથી ખરડાયેલી ન હોય ।।૧૬।।

વિદ્યા, તપ, ધન, સારું શરીર, યુવાવસ્થા અને કુળ* એ છ વસ્તુ સત્પુરુષોમાં તો ગુણ રૂપ છે, જ્યારે એ નીચ પુરુષોમાં દોષરૂપ થઈ જાય છે. જ્યારે વિવેક નષ્ટ થઈ જાય છે ત્યારે અભિમાનથી અન્ધ બનેલા અભિમાની લોકો મહાત્માઓના તેજને પણ જોતા નથી ।।૧૭।।

**વિશેષ** : વિદ્યાદિ છ ગુણોવડે સત્પુરુષો ક્રમશઃ જ્ઞાન, વૈરાગ્ય, યશ, શ્રી, વીર્ય અને ઐશ્વર્ય મેળવે છે. તેમાં વિદ્યાથી શાસ્ત્રીય જ્ઞાન મળે છે. પ્રહ્લાદાદિ ભગવન્માહાત્મ્યના જ્ઞાન પૂર્વક જ શરણે ગયા. પણ અસત્પુરુષ હિરણ્યકશિપુ વગેરે પ્રભુથી વિમુખ થયા. તપ એટલે શરીરનું આકર્ષણ કરી ચિત્તને એકાગ્ર કરવું બ્રહ્માએ તપવડે સૃષ્ટિ કરી અને હિરણ્યકશિપુએ તપ કર્યું તેથી તેનો નાશ થયો. વિત્ત-ધન તે બલિ, અમ્બરિષ વગેરેને પ્રાપ્ત થયું તેથી એમણે એનો

ભગવત્સેવામાં વિનિયોગ કર્યો અને નલકૂબર વગેરે ધનથી જડ થયા. વપુઃ-શરીર, વય-યૌવન, કુલ-બ્રાહ્મરત્વાદિ અધિકારીના કુલમાં જન્મ થવો, આ પણ સત્પુરુષમાં હોય તો એ ધર્મ, અર્થ અને મોક્ષ મેળવી શકે અને અસત્પુરુમાં હોય તો એની દુરાચારમાં પ્રવૃત્તિ થાય અને તેથી નરકમાં પાત થાયછે.

એવા અસ્થિર ચિત્તવાળા લોકોને સગાં સમજી એમના ઘર સામું પણ જોવું જોઈએ નહિ. એ લોકો એવા હોય છે કે એમને ઘેર જેઓ આવેલા હોય તેમના તરફ કુટિલ બુદ્ધિથી અને ક્રોધ ભરેલાં ભવાં ચડાવેલી આંખોવડે જુએ છે ।।૧૮।।

એવા કુટિલ બુદ્ધિવાળા સમ્બન્ધીઓનાં દુષ્ટ વચનથી જેવી પીડા થાય છે તેવી પીડા શત્રુઓએ બાણ મારી અંગ વીંધી નાખ્યાં હોય તો પણ થતી નથી. કારણ કે બાણોથી શરીર છિન્ન-ભિન્ન થતાં તો જેમ-તેમ કરીને નિદ્રા આવી જાય છે પણ કૂવાક્યોથી મર્મસ્થાન વીંધાતાં તો માણસ મનોદ્ભવ વ્યથાથી રાત દહાડો બેચેન રહે છે ।।૧૯।।

હે સતી! ઊંચી સ્થિતિ ભોગવતા એ પ્રજાપતિને દીકરીઓમાં તમે સૌથી વહાલાં છો એ વાત ખરી છે પણ તમારા એ પિતા તરફથી તમે માન પામશો નહીં. કારણ કે તમે મારાં આશ્રિત છો અને એ મારાથી બળી રહ્યા છે ।।૨૦।।

જીવની ચિત્તવૃત્તિના સાક્ષી અહંકારવિહોણા મહાપુરુષોની સમૃદ્ધિને જોઈને જેના હૃદયમાં સન્તાપ અને ઈન્દ્રિયોમાં અકળામણ થાય છે તે પુરુષ એના પદને તો સહેલાઈથી પ્રાપ્ત નથી કરી શકતો પણ દૈત્યો જેમ શ્રીહરિનો દ્વેષ કરે છે તેમ તેમનો દ્વેષ જ કર્યા કરે છે ।।૨૧।।

સમજદાર લોકો પરસ્પર ઊઠી ઊભા થઈ વિનય દર્શાવે છે અને નમસ્કાર કરે છે એ સારી રીત છે. પરન્તુ એ અન્તર્યામી પરમાત્માને ઉદ્દેશીને જ અન્તઃકરણથી કરવામાં આવે છે, દેહાભિમાન ધરાવનારા પુરુષને ઉદ્દેશીને એ નથી થતું ।।૨૨।।

'વસુદેવ' નામ જ વિશુદ્ધ અન્તઃકરણને લાગુ પડે છે તેવા અન્તઃકરણમાં જ ઈન્દ્રિયોથી અગોચર એવા ભગવાન્ વાસુદેવ વસે છે; હું એમને જ નમસ્કાર કરતો રહું છું ।।૨૩।।

**યદિ વ્રજિષ્યસ્યતિહાય મદ્વચો ભદ્રં ભવત્યા ન તતો ભવિષ્યતિ।**
**સમ્ભાવિતસ્ય સ્વજનાત્પરાભવો યદા સ સદ્યો મરણાય કલ્પતે ।।૨૫।।**

એટલામાટે હે સુન્દરી! જો કે દક્ષ તમારા શરીરને ઉત્પન્ન કરનાર પિતા છે તો

પણ મારો શત્રુ છે માટે એને તથા એના પક્ષપાતીઓને તમારે જોવા પણ ન જોઈએ, કારણ કે પ્રજાપતિઓના યજ્ઞમાં હું નિરપરાધ હતો છતાં એણે દુર્વચનોથી મારો તિરસ્કાર કર્યો છે. જો તમે મારું વચન નહિ માનો અને ત્યાં જશો તો તમારું સારું નહિ થાય જે પ્રતિષ્ઠિત હોય તેનું સમ્બન્ધી તરફથી અપમાન થાય તો એમાંથી ઝટ મરણ જ નીપજે અથવા મરણ સમાન કષ્ટ આપનાર બને ।।૨૪-૨૫।।

**ઇતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કંધમાં (પહેલા ધર્મપ્રકરણમાં)**
**''સદાશિવે સતીને દક્ષના યજ્ઞમાં જતાં અટકાવ્યાં''**
**નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**
'પ્રભુની કતા-કીર્તન કરીને આજીવિકા ચલાવનાર અધમ વક્તાઓના મનોભાવો ગટરના ગંદા પાણી જેવા હોય છે''. (જલભેદ, શ્રીવલ્લભાચાર્ય)
આવા અધમ વક્તાઓના મુખે ભાગવત કથા-કીર્તન સાંભળવા એ ગટરનું પાણી પીવા જેવી બીભત્સ રુચિ છે.

## અધ્યાય ૪

## દક્ષદ્વારા સદાશિવનું અપમાન થતાં સતીએ યજ્ઞમાં દેહત્યાગ કર્યો

**વિશેષ** : આ ચોથા અધ્યાયમાં પતિને મૂકીને ગયેલાં અને પિતાએ અપમાન કરેલાં સતીએ ક્રોધથી યજ્ઞમાં દક્ષનો તિરસ્કાર કરી દેહત્યાગ કર્યાની કથા કહેવામાં આવશે.

**એતાવદુક્ત્વા વિરરામ શંકરઃ પત્ન્યંગનાશં હ્યુભયત્ર ચિન્તયન્ ।।**
**સુહૃદદિદક્ષુઃ પરિશકિતા ભવાન્નિષ્ક્રામતી નિર્વિશતી દ્વિધાસ સા ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : એટલું કહી ભગવાન્ શંકર મૌન થઈ ગયા એમણે જોયું કે દક્ષને ત્યાં જવા દેવાથી અથવા જતાં રોકવાથી બેઉ અવસ્થામાં સતીના પ્રાણ ત્યાગની સમ્ભાવના છે. અહીં, સતીજી પણ સ્વજનોને મળવા જવાની ઇચ્છાથી ક્યારેક બહાર આવે છે તો વળી ભગવાન્ શંકર નારાજ ન થઈ જાય એ શંકાથી ફરી પાછાં અંદર આવે છે, આમ કોઈ એક વાતનો નિર્ણય ન કરી શકવાને કારણે એના ચિત્તની

સ્થિતિ ડામાડોળ થઈ ગઈ ।।૧।।

સમ્બન્ધીઓને જોવાની ઇચ્છામાં અડચણ થવાથી મનમાં કચવાતાં, સ્નેહથી રોતાં, આંસુઓથી વિકળ થયેલાં અને થરથર ધ્રૂજતાં સતી, જેમની સમાન બીજો કોઈ નથી તેવા સદાશિવને એટલા ક્રોધથી જોવા લાગ્યાં કે જાણે તેને બાળીને ભસ્મ કરી નાખશે ।।૨।।

પછી શોક અને ક્રોધથી પીડાયેલા મનવડે ઊંડો નિસાસો મૂક્યો અને જે સત્પુરુષોના પ્રિય મહાદેવે પ્રેમથી પોતાનું અર્ધુ શરીર આપ્યું છે તેમનો ત્યાગ કરી સ્ત્રી સ્વભાવની મૂઢતાથી સતી પોતાનાં માવતરને ઘેર ચાલતાં થયાં ।।૩।।

સતીને એકલાં જ ઝપાટાબંધ જતાં જોઈ ખેદ પામેલા મણિમાન, મદ વગેરે મહાદેવના હજારો અનુચરો નન્દીને આગળ કરી, પાર્ષદો અને યક્ષો સહિત નિર્ભયતા પૂર્વક એમની પાછળ નીકળી પડ્યા ।।૪।।

સતીને નન્દી ઉપર બેસાડી, મેના, દડા, અરીસા, કમળ વગેરે ખેલની સામગ્રી, ધોળું છત્ર, ચમર અને માળા વગેરે રાજચિહ્ન વગેરેથી શોભતા મહાદેવના અનુચરો દુન્દુભિ, શંખ અને વેણુ વગાડતા ચાલવા લાગ્યા ।।૫।।

સતી સમસ્ત સેવકોની સાથે દક્ષની યજ્ઞશાળામાં પહોચ્યાં. ત્યાં વેદધ્વનિ કરતા, બ્રાહ્મણોમાં પરસ્પર હોડ બકવામાં આવી હતી કે સૌથી ઊંચો ઘાણ્ટો કોનો નીકળે છે! ચારે તરફ બ્રહ્મર્ષિ અને દેવતાઓ બિરાજતા હતા અને જ્યાં ત્યાં માટી, કાષ્ઠ, લોખંડ, સોનું, ડાભ અને ચર્મનાં પાત્રો રાખેલાં હતાં ।।૬।।

તેવા યજ્ઞમાં સતી આવી પહોચ્યાં પણ યજમાન દક્ષની બીકથી સતીની બહેનો તથા મા સિવાય બીજા કોઈએ પણ એમનું સન્માન કર્યુ નહિ. હા એમની માતા તથા બહેનો બહુ જ પ્રસન્ન થઈ અને પ્રેમથી ગદ્ગદ થઈ સતીને ઉમળકાભેર બાઝી પડ્યાં ।।૭।।

પરન્તુ પિતાથી અપમાનિત થયેલાં સતીએ પોતાની બહેનોએ પૂછેલા કુશલ સમાચાર સહિત પ્રેમપૂર્ણ વાર્તાલાપ કાને પણ ધર્યા નહિ અને મા તથા માસીઓએ આપવા માંડેલી પૂજા તેમજ આસન પણ સ્વીકાર્યા નહિ ।।૮।।

સર્વલોકેશ્વરી દેવી સતીનો યજ્ઞમંડપમાં તો અનાદર થયો જ હતો એમણે એ પણ જોયું કે એ યજ્ઞમાં ભગવાન્ શંકરને કોઈ ભાગ આપવામાં આવ્યો નથી અને પિતા દક્ષ એમનું ભારે અપમાન કરી રહ્યા છે. આથી એના અંગેઅંગમાં લાય લાગી

ગઈ એમ લાગતું હતું કે સમસ્ત લોકોને તે ભસ્મ કરી દેશે ।।૯।।

એ સમયે ભૂત, પ્રેત વગેરે પાર્ષદો દક્ષને મારવા ઊઠ્યા તેમને પોતાના તેજથી રોકી, શિવજીના દ્વેષી અને કર્મમાર્ગના અભ્યાસથી ઘમંડી થયેલા દક્ષને સઘળું જગત્ સાંભળે તે રીતે ક્રોધ કરી લથડતી વાણીથી સતી દેવીએ નિન્દા કરતાં કહ્યું ।।૧૦।।

*સતી બોલ્યાં : આ જગત્‌માં પ્રાણી માત્રના પ્રિય અને આત્મારૂપ સદાશિવના કરતાં કોઈ શ્રેષ્ઠ નથી. એમને નથી કોઈ પ્રિય કે નથી કોઈ અપ્રિય. એવા સર્વરૂપ અને વૈર રહિત સદાશિવની સાથે આપના વિના બીજો કોણ વેર કરે? ।।૧૧।।

**વિશેષ** : અહીંથી આરમ્ભી તેર શ્લોકવડે નિન્દાવાક્યો કહેવામાં આવશે.

હે દ્વિજ! આપના જેવા પુરુષો તો બીજાના ગુણોમાં પણ દોષ જ જુએ છે એમના ગુણને નહિ. પણ કોઈ સજ્જન એમ નથી કરતા. કેટલાક વચલા લોકો ગુણને ગુણ અને દોષને દોષ તરીકે સમજે છે, સાધુ પુરુષો માત્ર ગુણનું જ ગ્રહણ કરે, દોષને ગ્રહણ ન કરે. અને મહાત્મા પુરુષો તો પારકા દોષનું ગ્રહણ નહિ કરતાં થોડા ગુણ હોય તેને પણ ઘણા કરી માને. એવા મહાત્મા પુરુષોનો આપે અપરાધ કર્યો છે ।।૧૨।।

આ શબરૂપ જડ દેહમાં આત્મબુદ્ધિ રાખનારા દુષ્ટ પુરુષો સર્વદા ઈર્ષ્યાથી મહાત્માઓની નિન્દા કરે એમાં આશ્ચર્ય નથી કેમકે મહાપુરુષ તો એમની આ ચેષ્ટાને ગણકારતા નથી પરન્તુ તેમના ચરણની રજ દુષ્ટ લોકોનો તેજોવધ કરી નાખે છે. તેથી મહાપુરુષોની નિન્દા જેવું અધમ કાર્ય એ દુષ્ટ પુરુષોને જ છાજે છે ।।૧૩।।

જો 'શિવ' એવું બે અક્ષરનું નામ પ્રસંગવશાત્ એકવાર પણ વાણીથી બોલાયું હોય તો મનુષ્યોનાં બધા પાપને તુરત મટાડે છે; એવા પવિત્ર કીર્તિવાળા અને જેમની આજ્ઞા કોઈથી લોપી શકાય નહિ તેવા સદાશિવનો આપે દ્વેષ કર્યો છે તેથી આપ જ અમંગલરૂપ છો ।।૧૪।।

બ્રહ્મરસરૂપી મકરન્દની ઈચ્છા કરનારા મહાત્માઓના મનમધુક એમના ચરણારવિન્દને સેવે છે. એમના ચરણારવિન્દ સકામ લોકના મનોરથ પણ પૂર્ણ કરેછે એવા વિશ્વબન્ધુ સદાશિવનો આપ દ્વેષ કરો છો? ।।૧૫।।

સ્મશાનમાં જટા છૂટી મૂકીને ત્યાંનાં હાડકાં તથા ખોપરીઓનાં ઘરેણાં પહેરી પિશાચોની સાથે નિવાસ કરનારા સદાશિવને આપના સિવાય બીજા કોઈ બ્રહ્માદિક પણ અમંગળરૂપ જાણતા નથી; ઊલટું એમનાં ચરણમાંથી પડી ગયેલાં નિર્માલ્ય

જલ વગેરે બ્રહ્મા આદિદેવતા પોતાને માથે ચડાવે છે ।।૧૬।।

જ્યાં નિરંકુશ માણસો નિન્દા કરતા હોય અને જ્યાં પોતાને મરવા કે સામાને મારવાની શક્તિ ન હોય ત્યાંથી કાન ઢાંકીને નીકળી જવું જોઈએ, અથવા તો શક્તિ હોય તો બકવાદ કરનાર દુષ્ટ જીભને ખેંચી કાઢી જરૂર લાગે તો પોતે પણ મરી ફીટવું જોઈએ એ જ ધર્મ છે ।।૧૭।।

એટલામાટે સદાશિવની નિન્દા કરનાર એવા આપની ઉત્પન્ન થયેલા આ દેહને હું રાખી શકીશ નહિ કેમકે ભૂલથી પણ નિન્દિત અપવિત્ર વસ્તુ ખવાઈ ગઈ હોય તો ઓકીને તે કાઢી નાખવી એ જ શુદ્ધિ કહેવાય છે ।।૧૮।।

પોતાના સ્વરૂપાનન્દમાં જ મગ્ન રહેતા મહાત્મા પુરુષની બુદ્ધિ વેદની વિધિનિષેધની આજ્ઞાને અનુસરતી નથી કેમકે જેમ દેવોની ગતિ આકાશમાં અને મનુષ્યોની ગતિ પૃથ્વીમાં જ હોય છે તેમ નિવૃત્તિ અને પ્રવૃત્તિ વાળાની સ્થિતિ જુદી-જુદી જ હોય છે. (એટલામાટે સ્વધર્મમાં રહીને કોઈ ધર્મની અથવા પુરુષની નિન્દા ન કરવી જોઈએ) ।।૧૯।।

પ્રવૃત્તિધર્મ અને નિવૃત્તિધર્મ બન્ને સાચા છે; બન્નેનો વેદે સ્વીકાર કર્યો છે. રાગવાળાએ પ્રવૃત્તિકર્મ યજ્ઞયજ્ઞાદિ કરવું અને વૈરાગ્યવાળાએ નિવૃત્તિકર્મ (શમ દમાદિ) કરવું. એ બન્ને કર્મને એક જ ગણી એકી વખતે કરવા લાગે તો વિરોધ આવે છે. પરન્તુ પરબ્રહ્મ સદાશિવને તો એ બેમાંથી કોઈ પણ કર્મ કરવાની જરૂર નથી ।।૨૦।।

પિતાજી! અમારું ઐશ્વર્ય અવ્યક્ત છે, આત્મજ્ઞાની મહાપુરુષો જ એનું સેવન કરે છે. આપની પાસે એ ઐશ્વર્ય નથી. યજ્ઞશાળાઓમાં યજ્ઞાન્નથી તૃપ્ત થઈ ધૂમાડાથી પ્રાણપોષણ કરનારા એની પ્રશંસા પણ નથી કરતા ।।૨૧।।

આપ સદાશિવના અપરાધી છો. આપથી ઉત્પન્ન થયેલા દેહનું મારે કામ શું છે? કેમકે આપની સાથેનો મારો સમ્બન્ધ અમારેમાટે નીચા જોવું છે. મહાત્માઓનો જે અપરાધ કરનાર હોય તેનાથી થયેલા જન્મને ધિક્કાર છે ।।૨૨।।

જ્યારે ભગવાન્ શિવ આપની સાથે મારો સમ્બન્ધ દર્શાવતા મને હાંસીમાં 'દાક્ષાયણી (દક્ષકુમારી)' ના નામથી બોલાવશે ત્યારે મારી બધી હાંસી બન્ધ થઈ જશે અને મને લજ્જા અને ખેદ થશે. તેથી એ પહેલાં જ આપના અંગથી ઉત્પન્ન આ શબ તુલ્ય શરીરનો ત્યાગ કરી દઈશ ।।૨૩।।

**મૈત્રેયે કહ્યું** : હે શત્રુતાપન વિદુરજી! એ પ્રમાણે યજ્ઞમાં દક્ષને ઉત્તર આપી,

મૌનધારણ કરી પીળાં વસ્ત્ર પહેરી સતી ઉત્તર દિશામાં પૃથ્વી ઉપર બેઠાં અને જળનું આચમન લઈ આંખો મીંચીને શરીર છોડવા યોગ માર્ગમાં સ્થિત થઈ ગયા ।।૨૪।।

દઢ આસન વાળી, પ્રાણ તથા અપાન વાયુને નાભિચક્રમાં સ્થિર કરી ત્યાંથી ઉદાન વાયુને ઉઠાવી બુદ્ધિની સાથે હૃદયમાં અને ત્યાંથી અનિંદિત સતીએ ધીરે-ધીરે કંઠના માર્ગથી ભ્રુકુટિના મધ્યમાં લાવ્યાં ।।૨૫।।

એ પ્રમાણે મહાપુરુષોના પણ પૂજ્ય સદાશિવ જેમને પ્રેમથી વારંવાર પોતાના ખોળામાં બેસાડેલાં એવા દેહને દક્ષની ઉપરના ક્રોધથી ત્યાગ કરવાને ઈચ્છતાં મનસ્વિની સતી દેવીએ પોતાનાં ગાત્રોમાં વાયુ અને અગ્નિની ધારણા કરી ।।૨૬।।

પછી જગદ્ગુરુ અને પોતાના સ્વામી સદાશિવનું ચરણકમલ મકરન્દનું ધ્યાન કરતાં-કરતાં સતીને બીજું કાંઈ દેખાયું નહિ અને એમનો નિષ્પાપ દેહ સમાધિના અગ્નિથી તુરત બળીગયો ।।૨૭।।

તે સમયે ત્યાં આવેલા દેવતા વગેરેએ આ મહાન આશ્ચર્યમય ચરિત્ર જોતાં આકાશ અને પૃથ્વીમાં મોટા હાહાકાર થઈ ગયો. હાય હાય! પરમ પૂજ્ય સદાશિવનાં પ્રિયા સતીએ દક્ષના દુર્વ્યવહારથી પ્રાણત્યાગ કર્યો ।।૨૮।।

અહો! સ્થાવર-જંગમ બધુંજ જેની પ્રજા છે તેવા આ દક્ષપ્રજાપતિની અધમતા તો જુઓ; એના અપમાન કરવાથી એની પુત્રી સતીએ પ્રાણ છોડી દીધાં. એ મહોદાર સતી તો નિરન્તર માનને યોગ્ય છે ।।૨૯।।

અસહનશીલ અને બ્રાહ્મણદ્રોહી દક્ષને જગત્માં મોટી કાળીટીલી લાગી જશે કેમકે મહાદેવજીનો દ્વેષ કરનારા દક્ષે પોતાના અપરાધથી મરવા તૈયાર થયેલી પુત્રીને એમ કરતાં રોકી પણ નહિ'' ।।૩૦।।

એ પ્રમાણે સતીનો અદ્ભૂત પ્રાણત્યાગ જોઈ લોકો વાતો કરવા લાગ્યા ત્યાં તો પાર્ષદો હથિયારો ઉઠાવીને દક્ષને મારવા ઊઠ્યા ।।૩૧।।

આવતા પાર્ષદોનો વેગ જોઈ ભૃગુ ઋષિએ યજ્ઞમાં વિઘ્ન કરનારાઓને નાશ કરે તેવા યજુર્વેદના **'અપહતં રક્ષ'** ઈત્યાદિ મન્ત્રથી દક્ષિણાગ્નિમાં હોમ કર્યો ।।૩૨।।

અધ્વર્યુ ભૃગુએ હોમ કર્યો કે એમાંથી તત્કાલ ઋભુ નામના હજારો દેવો જેઓએ તપ કરીને ચન્દ્રલોક પ્રાપ્ત કર્યો છે. તેઓ યજ્ઞના અગ્નિમાંથી ધડાધડ પ્રકટ થયા ।।૩૩।।

**તૈરલાતાયુધૈઃ સર્વે પ્રમથાઃ સહગુહ્યકાઃ ।।**

**હન્યમાના દિશો ભેજુરુશદ્ભિર્બ્રહ્મતેજસા ।।૩૪।।**

બ્રહ્મતેજથી સમ્પન્ન એ ઋભુ દેવોએ ભૂત, પ્રેત અને યક્ષ વગેરે મહાદેવના પાર્ષદોને બળતાં લાકડાંથી મારવા માંડતાં તેઓ આમ તેમ નાસી છૂટ્યા ।।૩૪।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં(પહેલા ધર્મપ્રકરણમાં)**
**''દક્ષે સદાશિવનું અપમાન કરવાથી યજ્ઞમાં સતીએ દેહત્યાગ કર્યો''**
**નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધોબનાવી બેઠેલા 'ભક્તિ' શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૫

## સદાશિવના કોપથી ઉત્પન્ન થયેલા વીરભદ્રે દક્ષના યજ્ઞનો ભંગ કર્યો

**વિશેષ :** આ પાંચમાં અધ્યાયમાં દક્ષના અતિ ઉગ્ર પાપોનો વિપાક થવાથી એનો પરિવાર સહિત વિનાશ નિરૂપવામાં આવેછે.

**ભવો ભવાન્યા નિધનં પ્રજાપતેરસત્કૃતાયા અવગમ્ય નારદાત્ ।।**
**સ્વપાર્ષદસૈન્યં ચ તદધ્વરર્ભુભિર્વિદ્રાવિતં ક્રોધમપારમાદધે ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** દક્ષે અપમાન કર્યુ તેથી સતીનું મરણ થયું અને યજ્ઞના ઋભુ દેવોએ પોતાના પાર્ષદોનું સૈન્ય નસાડી દીધું એ વાત સદાશિવે નારદજી પાસેથી જાણી ત્યારે તેઓ ક્રોધથી ભભૂકી ઊઠ્યા ।।૧।।

ક્રોધ પામેલ પોતાના હોઠ કરડતા મહાદેવે વીજળીની જવાળા જેવી અને ભયંકર કાન્તિવાળી પોતાની એક જટા વિખેરી નાંખી અને તુરત ઊભા થઈ અટહાસ સહિત ગમ્ભીર ગર્જના કરીને જટાને ધરતી ઉપર પછાડી ।।૨।।

એ જટામાંથી વીરભદ્ર ઉત્પન્ન થયો. એનું શરીર આકાશ જેટલું ઊચું હતું. એને હજાર હાથ હતા. એની કાન્તિ મેઘ સરખી હતી. એને સૂર્ય જેવી ત્રણ આંખ હતી.

એની દાઢો વિકરાળ હતી. એના કેશ સળગતા અગ્નિ જેવા હતા. એણે ખોપરીઓની માળા પહેરી હતી. એણે અનેક પ્રકારનાં હથિયાર ધારણ કર્યા હતાં ।।૩।।

આ વીરભદ્રે હાથ જોડ્યા અને વિજ્ઞપ્તિ કરી કે ''મારે શું કામ કરવાનું છે?'' મહાદેવે આજ્ઞા કરી કે ''મોટા યોદ્ધા, મારા પર્ષદોનો અગ્રણી થઈ યજ્ઞ સહિત દક્ષનો નાશ કરી નાંખ કેમકે તું મારા અંશરૂપ છે'' ।।૪।।

હે વિદુરજી! એ પ્રમાણે ક્રોધથી સદાશિવે આજ્ઞા કરતાં વીરભદ્રે દેવોના દેવ સમર્થ મહાદેવની પ્રદક્ષિણા કરી એ વખતે એને એમ લાગ્યું કે મારા વેગનો સામનો કરી શકે એવો સંસારમાં કોઈ નથી અને હું મહાનમાં મહાન બળવાનનો મુકાબલો કરવા સમર્થ છું. એવું માનતા એ વીરભદ્રે ભયંકર સિંહ ગર્જના કરી અને મૃત્યુને પણ મારી નાખે એવું ત્રિશૂલ ઉપાડી પગના ઘૂઘરા ખૂબ ખડખડે એવી દોટ દીધી અને એની પછવાડે અત્યન્ત ગર્જના કરતા પાર્ષદો ચાલ્યા ।।૫-૬।।

અહીં ઋત્વિજોએ, બીજા બ્રાહ્મણોએ, દક્ષે પોતે, સભાસદોએ અને બ્રાહ્મણોની સ્ત્રીઓએ ઉત્તર દિશામાં ધૂળ ઊડતી જોઈ. તેઓ આ અંધારું કેમ થઈ ગયું અને ધૂળ કયાંથી ઉત્પન્ન થઈ છે એનો વિચાર કરવા લાગ્યાં ।।૭।।

તેઓ બોલવા લાગ્યાં : ''અત્યારે ક્યાંય આંધીનાં એંધાણ નથી અને ઉગ્રદંડ દેનારો પ્રાચીનબર્હિ રાજા જીવે છે તેથી ચોરનો કે ગાયોનું હરણ થવાનો સમ્ભવ નથી, છતાં આ ધૂળ ક્યાંથી?'' શું અત્યારે જ લોકનું પ્રલય થવા બેઠો છે કે શું? ।।૮।।

ઉદ્વેગ પામેલી પ્રસૂતિ (દક્ષની સ્ત્રી) વગેરે સ્ત્રીઓ બોલી :''દક્ષ પ્રજાપતિએ પોતાની બીજી દીકરીઓની સામે નિરપરાધી દીકરી સતીનું અપમાન કર્યું એ પાપનું આ ફળ છે ।।૯।।

(અથવા માનો યા ન માનો સંહારમૂર્તિ ભગવાન્ રુદ્રના અનાદરનું જ આ પરિણામ છે) પ્રલયનો સમય થતાં જ્યારે એ પોતાના જટાજૂટને વિખેરી નાંખી, શસ્ત્રાસ્ત્રોથી સુસજ્જિત પોતાની ભુજાઓને ધ્વજાની માફક ફેલાવી તાંડવ નૃત્ય કરે છે ત્યારે એમના ત્રિશૂલની અણીઓથી દિગ્ગજો વીંધાઈ જાય છે અને તેમના મેઘગર્જન જેવા ભયંકર અટ્ટહાસથી દિશાઓ ચીરાઈ જાય છે ।।૧૦।।

એ વખતે તેમનું તેજ અસહ્ય હોય છે, પોતાની ભ્રુકુટિ ત્રાંસી કરવાથી અત્યન્ત દૂર્ધર્ષ જણાય છે અને એમની વિકરાલ દાઢોથી તારા ગણ અસ્તવ્યસ્ત થઈ જાય છે. એ છંછેડાયેલા ભગવાન્ શંકરને વારંવાર કુપિત કરવાવાળા પુરુષ સાક્ષાત વિધાતા જ

કેમ નથી. શું એનું કદાપિ કલ્યાણ થઈ શકે ખરું?'' ।।૧૧।।

યજ્ઞમંડપમાં ભયગ્રસ્ત દષ્ટિવાળા લોકો અધ્ધર જીવે તરેહ-તરેહની વાતો કરતાં હતાં એટલામાં દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં હજારો ભયંકર ઉત્પાત આકાશમાં, પૃથ્વીમાં અને ચારે બાજુ થવા લાગ્યા ।।૧૨।।

હે વિદુરજી! જોતજોતામાં તો અનેક હથિયારોવાળા, ઊંચા આયુધ ધરનારા, ઠીંગણા, પિંગળાં, પીળા, મગર સરખાં પેટ અને મોઢાંવાળા તથા ચારેબાજૂ દોડતા, મહારુદ્રના અનુચરોથી એ મોટો યજ્ઞ ઘેરાઈ ગયો ।।૧૩।।

કેટલાક પાર્ષદોએ યજ્ઞશાળાના પૂર્વ-પશ્ચિમ સ્તમ્ભ ઉપરનું કાષ્ઠ, કેટલાકે પત્નીશાળા, કેટલાકે સભામંડપ, કેટલાકે હવિર્ધાન, કેટલાકે આગ્નીધ્રશાળા, કેટલાકે દક્ષનું ઘર અને કેટલાકે રસોડું ભાંગી નાખ્યું ।।૧૪।।

કેટલાકે યજ્ઞનાં પાત્રો ભાંગી નાખ્યાં, કેટલાકે યજ્ઞનો નાશ કરી નાંખ્યો, કેટલાકે અગ્નિના કુંડોમાં લઘુશંકા કરી, કેટલાકે વેદી અને મેખલા તોડી-ફોડી નાખ્યા ।।૧૫।।

કેટલાક મુનિઓને મારવા લાગ્યા, કેટલાકે સ્ત્રીઓને દબડાવી નાખી અને કેટલાકે હડફેટમાં આવેલા નાસતા અને ન નાસતા દેવોને પકડી લીધા ।।૧૬।।

વીરભદ્રે દક્ષપ્રજાપતિને, મણિમાને ભૃગુને, ચંડીશે પૂષાદેવને અને નન્દીશ્વરે ભગદેવને પકડી લીધા ।।૧૭।।

એ પાર્ષદોએ જોઈ જોઈને અત્યન્ત પથ્થર મારવા મંડ્યા તેથી પીડાઈને સઘળા ઋત્વિજો, સભાસદો અને દેવો કોઈ કયાં અને કોઈ કયાં એમ નાસવા લાગ્યા।।૧૮।।

વીરભદ્રે ભૃગુ ઋષિ, જે સરવો હાથમાં લઈ હોમ કરતા હતા, તેમની દાઢી-મૂછ ખેંચી કાઢ્યાં કેમકે એણે મૂછપર હાથ દેતાં-દેતાં મહાદેવજીની મજાક કરી હતી।।૧૯।।

ભગદેવને જમીન પર પછાડી ક્રોધથી એની આંખો કાઢી લીધી કેમકે ભરી સભા વચ્ચે જ્યારે દક્ષે શિવજીની નિંદા કરી હતી ત્યારે એને ભગદેવે આંખના ઈશારાથી પાનો ચડાવ્યો હતો ।।૨૦।।

અનિરુદ્ધના લગ્ન પ્રસંગે જેમ બળભદ્રે કલિંગ દેશના રાજાના દાંત પાડી નાંખ્યા હતા તેમ વીરભદ્રે પૂષા દેવના દાંત પાડી નાંખ્યા કેમકે તેઓ સભા વચ્ચે દાંત દેખાડીને હસ્યા હતા ।।૨૧।।

પછી તો વીરભદ્રે દક્ષની છાતી ઉપર ચઢી બેસી તેજ તલવારથી એનું માથું કાપવા માંડ્યું તો પણ કાપી શકાયું નહિ ।।૨૨।।

કોઈ પ્રકારના શસ્ત્રાસ્ત્રથી એની ચામડીને ઉઝરડો સરખો પણ પડ્યો નહિ; ત્યારે ઘણો વિસ્મય પામીને ઘણીવાર સુધી વીરભદ્રે વિચાર કર્યો ।।૨૩।।

પછી યજ્ઞમાં પશુને ગળું દાબી કેવી રીતે મારી નાંખવામાં આવે છે એ ઉપર વિચાર કરીને એ પ્રમાણે જ દક્ષરૂપ પશુનું માથું વધેરી લીધું ।।૨૪।।

એ સમયે વીરભદ્રના એ કાર્યને વખાણતા ભૂત, પ્રેત અને પિશાચો ''શાબાશ, શાબાશ''. એમ બોલવા લાગ્યા ત્યારે બીજા બ્રાહ્મણો વગેરે ''હાય-હાય, ગજબ થઈ ગયો'' એમ બોલવા લાગ્યા ।।૨૫।।

**જુહાવૈતચ્છિરસ્તસ્મિન્ દક્ષિણાગ્નાવમર્ષિતઃ ।।**
**તદ્દેવયજનં દગ્ધ્વા પ્રાતિષ્ઠદ્ ગુહ્યકાલયમ્ ।।૨૬।।**

ક્રોધ પામેલા વિરભદ્રે દક્ષનું એ માથું દક્ષિણાગ્નિમાં હોમી દીધું અને યજ્ઞના એ સ્થાનને સળગાવી મૂકી ખેદાન-મેદાન કરી (પાર્ષદો સાથે) કૈલાસ પર્વતમાં ચાલ્યો ગયો ।।૨૬।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થ સ્કન્ધમાં (પહેલા ધર્મનિરૂપણ પ્રકરણમાં)**
**''સદાશિવના ઉત્પન્ન થયેલા વીરભદ્રે દક્ષના યજ્ઞનો ભંગ કર્યો''**
**નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ભગવાનના નામે ભીખ માગનારાઓ, વાંચો!!!**
**અપરાધ૩૬મો :** શ્રીઠાકોરજી(ભાગવત,શ્રીયમુનાજીનીલોટી વગેરે)ના નામે (ભેટ-સામગ્રી-પોથીસેવા કે ન્યોછાવર) માંગવું. **ફળ :** સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. **પ્રાયશ્ચિત્તઃ**જેટલું માંગ્યુંકે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણા નૈવેદ્યનું દાન કરવું. **(શ્રીહરિરાયજી)**

## અધ્યાય ૬
## બ્રહ્માજીએ સદાશિવની પાસે જઈ દક્ષાદિને સજીવન કરવાને સ્તુતિ કરી

**વિશેષ :** આ અધ્યાયમાં દક્ષને જીવતો કરવા સારું યજ્ઞને સિદ્ધ કરવાની કામનાવાળા દેવો

બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ શિવનું સાન્ત્વન કર્યું તેમાં ગમન, બોધન, સ્થાન વર્ણન, સ્તવન અને પ્રાર્થના એમ પાંચ પ્રકરણો અનુક્રમે ત્રણ, ચાર, તેવીશ, આઠ અને ચાર શ્લોકવડે કહેવામાં આવ્યાં છે.

**અથ દેવગણાઃ સર્વે રુદ્રાનીકૈઃ પરાજિતાઃ ।।**
**શૂલપટ્ટિશનિસ્ત્રિંશગદાપરિઘમુદ્ગરૈઃ ।।૧।।**

**મૈત્રેય કહ્યું :** પછી જ્યારે રુદ્રના સૈન્યથી હારી ગયેલા સર્વે દેવો, જેમનાં અંગેઅંગ ત્રિશૂળ, પટ્ટિશ, ખડ્ગ, ગદા, ભોગળ તથા મુદ્ગળોથી કપાયેલાં અને ઘવાઈ ગયેલાં હતાં તેઓ પોતાની સાથે ઋત્વિજ અને સભાસદોને લઈને બ્રહ્માજી પાસે ગયા અને નમસ્કાર કરી સર્વ વાતનું નિવેદન કર્યુ ।।૧-૨।।

બ્રહ્મા અને જગતના આત્મા નરાયણ આ ભવિષ્ય પ્રથમથી જ જાણતા હતા તેથી દક્ષના યજ્ઞમાં ગયા જ ન હતા ।।૩।।

દેવોની વાત સાંભળી બ્રહ્મા બોલ્યાઃદેવતાઓ, પરમ સમર્થ તેજસ્વી પુરુષથી કોઈ દોષ થઈ પણ જાય તો પણ એના બદલામાં અપરાધ કરવાવાળા મનુષ્યોનું કલ્યાણ નથી થઈ શકતું ।।૪।।

વળી તમે તો યજ્ઞમાં ભાગના હક્કદાર સદાશિવનો બહિષ્કાર કર્યો છે; તો હવે તમે શુદ્ધ હૃદયથી એ દેવના પગમાં પડી એમને પ્રસન્ન કરો; એ દેવ તરત પ્રસન્ન થાય તેવા છે ।।૫।।

જો યજ્ઞ પાછો સંધાય એવી તમારી ઈચ્છા હોય તો એ દેવ, જેમનું હૃદય દુષ્ટ વચનથી વીંધાઈ ગયું છે અને જેઓ સ્ત્રીરહિત થયેલા છે તેમની ક્ષમા માગો. એમનો ક્રોધ થવાથી તો લોકપાલો સહિત સર્વ લોકોનો નાશ થઈ જાય ।।૬।।

યજ્ઞ સ્વરૂપ દેવરાજ ઈન્દ્ર, તમે, મુનિઓ કે બીજા કોઈ પ્રાણીઓ અરે ખુદ હું પણ જેમના તત્ત્વને, જેમના બળ કે ભક્તિના પ્રમાણને જાણતા નથી તે સ્વતન્ત્ર દેવને શાન્ત કરવાનો ઉપાય કોણ કરી શકે? ।।૭।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે દેવોને આજ્ઞા કરી બ્રહ્માજી દેવો, પિતૃ તથા પ્રજાપતિઓને સાથે લઈ બ્રહ્મલોકમાંથી સદાશિવના પ્રિય ધામ પર્વતશ્રેષ્ઠ કૈલાસ ગયા ।।૮।।

એ કૈલાસ પર્વતને જન્મ, ઔષધિ, તપ, મન્ત્ર અને યોગથી સિદ્ધ થયેલા દેવો, કિન્નરો, ગન્ધર્વો અને અપ્સરાઓ નિરન્તર સેવે છે ।।૯।।

એનાં શિખરો મણિમય છે જે અનેકવિધ ધાતુઓથી રંગ-બે-રંગી દેખાય છે.

એના ઉપર અનેક પ્રકારનાં વૃક્ષો, લતા અને ઝાડીઓ આવેલાં છે જેમાં જંગલી પશુઓનાં ઝુંડનાં ઝુંડ વિચરતાં રહે છે ।।૧૦।।

એમાં અનેક નિર્મળ ઝરણાં વહ્યા કરે છે. એમાં બહુ જ ઊંડી ગુફાઓ છે અને ઊંચાં શિખરો છે જેને કારણે પોતાના પ્રિયતમોની સાથે વિહાર કરતી સિદ્ધલોકોની સ્ત્રીઓનું એ અત્યન્ત પ્રિય ક્રીડાસ્થલ છે ।।૧૧।।

ચોતરફ મયૂરોનો કેકારવ, મતવાલા ભમરોનો ગુંજારવ, કોયલોના ટહુકા તથા બીજાં અનેક પક્ષીઓના કલરવથી તે ગુંજી રહ્યો છે ।।૧૨।।

ઊંચાં અને મનોરથ પૂરનારાં વૃક્ષરૂપ હસ્તોવડે જાણે પક્ષીઓને બોલાવતો હોય, હાથીઓના ધમકારાથી જાણે ચાલતો હોય, ઝરણાંના કલકલ અવાજથી જાણે કે વાતચીત કરતો હોય તેવો એ કૈલાસ પર્વત દેખાય છે. મન્દાર, પારિજાત, દેવદાર, તમાલ, શાલ, તાલ, કોવિદાર, અસન, આંજણિયા આમ્બા, કદમ્બ, લીમડા, નાગ, પુન્નાગ, ચમ્પક, ગુલાબ, અશોક, બોરસલી, કુન્દ, કુરબક, સોનેરી કમળો, એલચી અને માલતીની મનોહર લતાઓ કુબ્જક, મોગરા અને વાસન્તીની વેલો પણ એની શોભામાં વધારો કરે છે ।।૧૩-૧૬।।

ફણસ, ઉમ્બરા, પીપળા, પીપર, વડ, હિંગ, ભૂર્જ, એ ઔષધિઓ, સોપારી, વાંકડી સોપારી, જામ્બુ, ખજૂરી, આમ્બળા, આમ્બા, રાયણ, મહૂડા, ઇંડોરિયા, પોલા વાંસ અને બીજી પણ અનેક વૃક્ષની જાતોથી એ પર્વત શોભી રહ્યો છે. તળાવોમાં કુમુદ, ઉત્પલ, કહ્લાર અને બીજાં શતપત્ર કમળોનાં વન ખીલેલાં હોવાથી તેમના પર મુગ્ધ પક્ષીઓનાં ટોળાં મધુર કલરવ કરી તેની મનોહરતા વધારી રહ્યાં છે. મૃગ, વાંદરાં, સુવર, સિંહ, રીંછ, શેળા, રોઝ, શરભ(આઠ પગવાળું સિંહ કરતાં પણ વધારે બલવાન પ્રાણી), વાઘ, કૃષ્ણમૃગ, પાંડા, કર્ણાત્ર, એકપદ, અશ્વમુખ, વરુ અને કસ્તુરીમૃગ, ઘૂમતાં રહે છે. ત્યાંના સરોવરોના કિનારા કેળોની પક્તિથી શોભતા હતા. એ કૈલાસ પર્વતને સતીના નહાવાથી થયેલ સુગન્ધીત જલવાળી ગંગાનદીએ આંટો લીધો છે. આવા કૈલાસ પર્વતને જોઈ દેવો વિસ્મય પામ્યા ।।૧૭-૨૧।।

એમણે એ પર્વતમાં સુન્દર અલકાપુરી અને સૌગન્ધિક વન, જેમાં સૌગન્ધિક નામનાં કમળ થાય છે તે, જોયાં ।।૨૨।।

અલકાપુરીની બહાર ભગવાનનાં ચરણારવિન્દની રજથી અત્યન્ત પવિત્ર થયેલી નન્દા અને અલકનન્દા નામની નદીઓ આવેલી છે, જેમાં હે વિદુરજી! રતિથી

શ્રમિત થયેલી દેવોની સ્ત્રીઓ પોતાનાં વિમાનોમાંથી ઊતરીને ક્રીડા કરે છે અને પોતાના પતિઓને પાણી ઉડાડી ભીંજવે છે ।।૨૩-૨૫।।

દેવોની સ્ત્રીઓના નહાવાને લીધે એનાં પાણી એમનાં અંગ ઉપરના કેસરથી રંગાઈ ગયાં હોય છે તેથી તરસ ન હોવા છતાં હાથીઓ એ પાણી પીએ છે અને હાથણીઓને પાય છે ।।૨૬।।

વીજળી અને વાદળછાયા આકાશની પેઠે રૂપા, સોના અને મોટાં રત્નોનાં સેંકડો વિમાનોથી અને યક્ષોની સ્ત્રીઓથી એ અલકાપુરી શોભી રહી છે ।।૨૭।।

યક્ષરાજ કુબેરની રાજધાની એ અલકાપુરીને વટાવી દેવતાઓ સૌગન્ધિક વનમાં આવ્યા એ વન રંગ-બે-રંગી ફલ, ફૂલ અને પત્તાવાળાં અનેક કલ્પવૃક્ષોથી સુશોભિત હતું ।।૨૮।।

એમાં કોયલ વગેરે પક્ષીઓનું કૂજન અને ભમરાઓનો ગુંજાર થઈ રહ્યો હતો તથા રાજહંસોને પરમપ્રિય કમલના કુસુમોથી મંડિત અનેક સરોવર હતાં ।।૨૯।।

તે વન જંગલી હાથીઓના શરીરનો રગડ લાગવાથી ઘસાયેલા હરિચન્દન વૃક્ષોના સ્પર્શ કરી વાતો સુગન્ધી પવન યક્ષપત્નીઓના મનને વારંવાર વિશેષરૂપથી મથી નાખતો હતો ।।૩૦।।

વૈદૂર્યમણિનાં પગથિયાંવાળી તથા કમળની પંક્તિવાળી વાવો આવેલી હતી. તેમાં ઘણાં કમલ ખીલેલાં રહેતાં. ત્યાં અનેક કિંપુરુષો જીવ બહેલાવવાનેમાટે આવ્યા હતા. આ પ્રમાણે એ વનની શોભા જોતાં-જોતાં દેવો આગળ ગયા. ત્યાં દૂરથી એક વડ તેમના જોવામાં આવ્યો ।।૩૧।।

એ વડ સો યોજન ઊંચો, પોણો સો યોજનના ઘેરાવાવાળો, ફરતી અચળ છાયા કરનારો, પક્ષીઓના માળાવિનાનો અને તાપરહિત હતો ।।૩૨।।

એ વિશાળકાય યોગમય વડની નીચે મુમુક્ષુઓના શરણરૂપ અને રોષને અળગો મૂકીને જાણે સાક્ષાત્ કાળ જ બેઠો હોય તેવા સદાશિવ બિરાજમાન હતા તેમને જોયા ।।૩૩।।

એ શાન્તસ્વરૂપ મહાદેવને શાન્તિને વરેલા સનકાદિક, મોટા સિદ્ધો, યક્ષ અને રાક્ષસોના અધિપતિ કુબેરજી જે એમના મિત્ર છે તેઓ તેમની સેવા કરી રહ્યા હતા ।।૩૪।।

વિશ્વના વહાલા મહાદેવજી સારા સંસારના સુહૃદ છે; સ્નેહવશ બધાંનું કલ્યાણ

કરનાર છે. લોકહિતનેમાટે જ ઉપાસના, ચિત્તની એકાગ્રતા અને સમાધિ આદિ સાધન કર્યા કરે છે ।।૩૫।।

સન્ધ્યા કાલીન મેઘના જેવી કાન્તિયુક્ત શરીર ઉપર તેઓ તપસ્વીઓના ચિહ્ન ભસ્મ, દંડ, જટા અને મૃગચર્મ એવં મસ્તક પર ચન્દ્રકલા ધારણ કરી રહેલ છે।।૩૬।।

અનેક સત્પુરુષોના સાંભળતાં જિજ્ઞાસુ નારદજીને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરતા, સદાશિવ જમણી સાથળ ઉપર ડાબો પગ અને ડાબા પગ ઉપર હાથ રાખી તથા કાંડામાં બેરખો પહેરી તર્કમુદ્રા*કરીને દર્ભના આસન ઉપર બિરાજ્યા હતા ।।૩૭-૩૮।।

**વિશેષ :** તર્જની અને અંગૂઠાના અગ્રને ભેળા કરી તથા બાકીની આંગળીઓ લામ્બી રાખી હાથ લાંબો કરવો એ 'તર્કમુદ્રા' કહેવાય છે.

બ્રહ્માનન્દમાં એકાગ્ર થયેલા અને યોગપટ્ટ (કાષ્ઠનું ટેકણ) રાખી બેઠેલા એ મુખ્ય જ્ઞાની સદાશિવને લોકપાળો સહિત મુનિઓએ હાથ જોડીને પ્રણામ કર્યા ।।૩૯।।

મોટા-મોટા દેવદૈત્યો જેમનાં ચરણમાં નમે છે તે સદાશિવે બ્રહ્માજીને પોતાને ઘેરે આવેલા જોઈ ઊભા થઈને; જેમ વામનજી કશ્યપને પ્રણામ કરે તેમ પ્રણામ કર્યા ।।૪૦।।

એ પ્રમાણે જ બીજા સિદ્ધ લોકો તથા મોટા ઋષિઓ જેઓ સદાશિવની આસપાસ બેઠેલા હતા તેઓએ પણ બ્રહ્માજીને પ્રણામ કર્યા; એવી રીતે બધાએ બ્રહ્માજીને પ્રણામ કરી લીધા ત્યારે બ્રહ્માજીએ હસતાં-હસતાં કહ્યું ।।૪૧।।

**બ્રહ્માજીએ કહ્યું :** હું જાણું છું કે આપ સમ્પૂર્ણ જગતના સ્વામી છો; કારણ કે વિશ્વની યોનિ શક્તિ (પ્રકૃતિ) અને એનું બીજ શિવ (પુરુષ) થી પર જે એક રસ બ્રહ્મ છે તે આપ જ છો ।।૪૨।।

હે ભગવાન્! આપ વિભાગ વગર રહેલાં પ્રકૃતિ પુરુષમાં ક્રીડા કરતા લીલાથી જ તમેજ કરોળિયાની માફક આ જગત્‌ને સરજો છો, રક્ષો છો અને પ્રલય કરો છો. આપે જ ધર્મ અને અર્થની પ્રાપ્તિ કરાવી આપનાર વેદની રક્ષાનેમાટે દક્ષને નિમિત્ત બનાવી યજ્ઞને પ્રકટ કર્યો છે ।।૪૩।।

આપની જ બાંધેલી આ વર્ણાશ્રમની મર્યાદાઓ છે જેનું પાલન નિયમ નિષ્ઠ બ્રાહ્મણો શ્રદ્ધા પૂર્વક કરે છે ।।૪૪।।

હે મંગલસ્વરૂપ! સારાં કામ કરનારાઓને સ્વર્ગ કે મોક્ષ આપનાર તથા દુષ્ટ કામ કરનારાઓને ભયંકર નરક આપનાર પણ આપ જ છો; તો પછી કોઈ-કોઈ વ્યક્તિને એ નિયમથી ઊલટું ફળ કેમ થઈ જાય છે? ।।૪૫।।

આપના ચરણમાં ચિત્ત રાખનાર સર્વ પ્રાણીઓમાં આપને જ જોનાર અને સર્વ ભૂતને પોતાથી અભિન્ન જોનારા સત્પુરુષોને પણ ઘણું કરીને અજ્ઞાનીઓની પેઠે ક્રોધ પરાભવ કરતો નથી ।।૪૬।।

એટલામાટે ભેદબુદ્ધિવાળા, કર્મમાં દષ્ટિ રાખનારા, દુષ્ટ વાસનાવાળા અને પારકી સમ્પત્તિ જોઈને હૃદયમાં નિરન્તર બળનારા મર્મભેદી પુરુષો અન્ય લોકોને દુર્વચનથી પીડે તો પણ એ લોકોને આપ જેવાએ મારવા નહિ જોઈએ કારણ કે બાપડા એ લોકોને તો વિધાતાએ મારી નાખેલા જ છે ।।૪૭।।

ભગવાનની અપાર માયાના મોહથી લોકો ભેદબુદ્ધિ કરે તો પણ મહાત્મા પુરુષો પોતાના પરદુઃખકાતર સ્વભાવને લીધે એના પર કૃપા જ કરે છે. ભગવદિચ્છાથી જે કંઈ બની જાય છે તેને રોકવાનો પ્રયત્ન નથી કરતાં ।।૪૮।।

આપ તો ભગવાનની અપાર માયાથી મોહ નહિ પામેલા એવા સર્વજ્ઞ છો; માટે હે પ્રભુ! માયાથી દુર્બુદ્ધિવાળા થયેલા અને કર્મમાં જ લાગી રહેલા લોકોથી અપરાધ થઈ જાય તો પણ આપે તો અનુગ્રહ કરવો જોઈએ ।।૪૯।।

હે દેવ! યજન કરનારા મૂર્ખ લોકોએ યજ્ઞનું ફળ આપનારા આપને જ ભાગ નહિ આપવાથી આપે જ આ યજ્ઞને તોડી નાંખીને ભંગાણ પાડ્યું છે એનું સમાધાન કરો ।।૫૦।।

યજમાન દક્ષ જીવતા થાય, ભગ દેવતાને આગળના જેવી જ આંખો થાય, ભૃગુને દાઢીમૂછ ઊગી આવે, પૂષા દેવના પૂર્વવત્ દાંત ઊગી આવે; અને હે મન્યુ! હથિયાર અને પથરાઓથી ઘવાયેલા દેવો અને બ્રાહ્મણો સાજાસમા થઈ જાય એવો અનુગ્રહકરો ।।૫૧-૫૨।।

**એષ તે રુદ્ર ભાગોઽસ્તુ યદુચ્છિષ્ટોઽધ્વરસ્ય વૈ ।।**
**યજ્ઞસ્તે રુદ્રભાગેન કલ્પતામદ્ય યજ્ઞહન્ ।।૫૩।।**

હે યજ્ઞને હણનારા રુદ્ર!યજ્ઞ સમ્પૂર્ણ થતાં યજ્ઞમાં જે કંઈ અવશેષ રહેશે તે સર્વ આપનો ભાગ છે એમ ઠરાવીએ છીએ. એ ભાગ આપવાથી આજ આ યજ્ઞ પૂરો થાય ।।૫૩।।

**ઇતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં (પહેલા ધર્મપ્રકરણમાં) ''બ્રહ્માજીએ સદાશિવની પાસે જઈ દક્ષાદિને સજીવન કરવાને સ્તુતિ કરી'' નામનો છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**

''પ્રભુની કતા-કીર્તન કરીને આજીવિકા ચલાવનાર અધમ વક્તાઓના મનોભાવો ગટરના ગંદા પાણી જેવા હોય છે''. (જલભેદ, શ્રીવલ્લભાચાર્ય)

આવા અધમ વક્તાઓના મુખે ભાગવત કથા-કીર્તન સાંભળવા એ ગટરનું પાણી પીવા જેવી બીભત્સ રુચિ છે.

## અધ્યાય ૭

## સજીવન થયેલા દક્ષે તથા મહાદેવે ભગવાનની સ્તુતિ કરી અને યજ્ઞ પૂરો કર્યો

**વિશેષ :** આ સાતમા અધ્યાયમાં ભગવાન્ પ્રકટ થતાં દક્ષ અને સદાશિવ વગેરેએ એમની સ્તુતિ કરી અને એમણે દક્ષની પાસે યજ્ઞ ચાલુ કરાવ્યો અને પ્રભુએ પ્રકટ થઈને દક્ષનો ધર્મ સિદ્ધ કર્યો એ કથા કહેવામાં આવશે.

**ઇત્યજેનાનુનીતેન ભવેન પરિતુષ્યતા।**
**અભ્યધાયિ મહાબાહો પ્રહસ્ય શ્રૂયતામિતિ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે બ્રહ્માજીએ પ્રાર્થના કરી તેનાથી પ્રસન્ન થયેલા મહાદેવજી હસીને બોલ્યાઃ સાંભળો ।।૧।।

**મહાદેવજી બોલ્યા :** હે બ્રહ્માજી! ભગવાનની માયાથી મોહ પામેલા એ દક્ષ જેવા બાળકોના અપરાધની નથી તો હું ચર્ચા કરતો કે નથી એની યાદ કરતો. આતો માત્ર તેમને સાવધાન કરવા થોડો દંડ દઈ દીધો ।।૨।।

દક્ષ પ્રજાપતિ, જેનું માથું બળી ગયું છે તેને બકરાનું માથું લગાડી દો; ભગ દેવતા પોતાના યજ્ઞભાગને મિત્ર દેવતાની આંખોથી દેખે ।।૩।।

લોટ ફાકતા પૂષા દેવ યજમાનના દાતોથી ખાય. જે દેવોએ મને ઉચ્છિષ્ટ ભાગ આપ્યો તેમનાં અંગ સંધાઈ જાઓ ।।૪।।

અધ્વર્યુ વગેરે યાજ્ઞિકોમાંથી જેમની ભુજાઓ તૂટી ગઈ છે તેઓ અશ્વિની કુમારની ભુજાઓથી અને જેમના હાથ નષ્ટ થઈ ગયા છે તેઓ પૂષાના હાથોથી કામ કરે અને ભૃગુજીની દાઢીમૂછ બકરાની દાઢી-મૂછ જેવી થઈ જાય ।।૫।।

હે વિદુરજી! એ પ્રમાણે મહાદેવજીનું બોલવું સાંભળી એ સમયે સર્વે પ્રાણીઓ પ્રસન્ન થઈને 'ધન્ય-ધન્ય' કહેવા લાગ્યાં ।।૬।।

પછી દેવો અને ઋષિઓ મહાદેવજીની આજ્ઞા લઈ, મહાદેવજી અને બ્રહ્માજીને સાથે પધરાવી પાછા એ યજ્ઞના સ્થાનકમાં આવ્યા ।।૭।।

મહાદેવજીએ જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણે બધું કરી દક્ષના ધડની સાથે યજ્ઞ પશુનું માથું જોડી દીધું ।।૮।।

માથું સંધાતાં દક્ષ ઉપર મહાદેવજીની દૃષ્ટિ પડી કે જેમ કોઈ સૂતો ઊઠે તેમ એ ઊઠ્યા અને સામે મહાદેવજીને જોયા ।।૯।।

દક્ષનું શંકરદ્રોહની કાલિમાંથી કલુષિત હૃદય એમનાં દર્શન કરવાથી શરત્કાલીન સરોવરના જેવું સ્વચ્છ થઈ ગયું ।।૧૦।।

મરણ પામેલી પુત્રી સાંભરી આવતાં દક્ષ પ્રજાપતિ મહાદેવજીની સ્તુતિ કરવા તૈયાર થયા પણ સ્નેહ અને ઉત્કંઠાને લીધે આંખોમાં આંસુ ઊભરાઈ આવવાથી એ કહી શક્યા નહિ ।।૧૧।।

પ્રેમથી વિહ્‌વલ પરમ બુદ્ધિમાન દક્ષ પ્રજાપતિએ જેમ-તેમ કરી પોતાનું મન સ્થિર કર્યું અને વિશુદ્ધ ભાવથી ભગવાન્ શિવની સ્તુતિ કરવી શરૂ કરી ।।૧૨।।

**દક્ષ બોલ્યા :** હે મહારાજ! જો કે મેં આપનું અપમાન કર્યું હતું તો પણ આપે મને જતો ન કરતાં દંડ દીધો એ મોટો અનુગ્રહ કર્યો. આપ અને વિષ્ણુ નામ માત્રના આચાર વિહોણા બ્રાહ્મણોની પણ ઉપેક્ષા કરો નહિ ત્યારે મારા જેવા યજ્ઞયાગાદિ કરનાર બ્રાહ્મણની તો કેમ જ કરો? ।।૧૩।।

હે પરમશ્રેષ્ઠ! વેદ અને બ્રહ્મવિદ્યાની રક્ષા કરવાને તપ અને વ્રત ધરાવનાર બ્રાહ્મણોને પ્રથમ આપે જ પોતાના શ્રીમુખમાંથી ઉત્પન્ન કર્યા છે; એટલામાટે હે પ્રભુ! જેમ ગોવાળ હાથમાં લાઠી લઈને ગાયોની રક્ષા કરે છે તેમ આપ સર્વ વિપત્તિઓથી બ્રાહ્મણોની રક્ષા કરો છો ।।૧૪।।

હું આપના તત્ત્વથી અણજાણ હતો. તેથી જ તો ભરી સભામાં વચનરૂપી બાણોથી મેં આપને વીંધી નાખ્યા હતા તો પણ એ અપરાધને નહિ ગણકારતાં,

આપે મહાત્માની નિન્દાથી નરકમાં પડતા મને આપની કૃપાદષ્ટિથી બચાવી લીધો. બસ આપ આપના ઉદારતાપૂર્વક વર્તનથી મારા ઉપર પ્રસન્ન હો. એનો બદલો આપવાની મારામાં શક્તિ નથી ।।૧૫।।

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે મહાદેવજીની ક્ષમા માગી બ્રહ્માજીની આજ્ઞા લઈ દક્ષ પ્રજાપતિએ ઉપાધ્યાયો, ઋત્વિજો અને અગ્નિઓથી યજ્ઞ કાર્યનો આરંભ કર્યો।।૧૬।।

ભૂત, પ્રેત વગેરેના સંસર્ગથી થયેલો દોષ મટાડવા યજ્ઞની પ્રવૃત્તિ કરવાને બ્રાહ્મણોએ ત્રણ કપાલ ઉપર રંધાયેલો પુરોડાશ નામનો ચરુ વિષ્ણુ ભગવાનના ઉદ્દેશથી હોમ્યો ।।૧૭।।

હે વિદુરજી! હવિ હાથમાં લઈ ઊભેલા અધ્વર્યુની સાથે દક્ષ પ્રજાપતિએ શુદ્ધ બુદ્ધિથી શ્રીહરિનું ધ્યાન ધર્યું એટલે જેવા પ્રકારનું ધ્યાન કર્યું તેવા સ્વરૂપથી ભગવાન્ પ્રકટ થયા ।।૧૮।।

'બૃહત્' અને 'રથન્તર' નામના સામસ્તોત્ર જેમની પાંખો છે એવા ગરુડજી ઉપર બિરાજી પધારેલા ભગવાને દસે દિશાઓને ઝળાંમળાં કરતી પોતાની અંગકાન્તિથી બધા દેવતાઓને નિસ્તેજ બનાવી દીધા એમની સમક્ષ બધાની કાન્તિ ફીકી પડી ગઈ ।।૧૯।।

શ્યામ સ્વરૂપ, પીતામ્બરધારીએ કટિમાં સુવર્ણની મેખલા ધારણ કરી હતી. સૂર્ય સરખા કિરીટવાળા, ભમરા જેવા શ્યામ કેશથી કાન્તિમય કુંડલયુક્ત મુખારવિન્દ શોભતું હતું. આઠ ભુજાઓમાં શંખ, પદ્મ, ચક્ર, બાણ, ધનુષ, ગદા, ખડ્ગ અને ઢાલ ધારણ કર્યા હતાં. દાસોની રક્ષા કરવામાં તત્પર રહેલા, સોના જેવા હાથોથી ફૂલેલાં કરેણનાં વૃક્ષોની પેઠે શોભતા, વક્ષઃસ્થળમાં લક્ષ્મી અને વનમાળાને ધરનારા, ઉદાર હાસ્યયુક્ત દષ્ટિથી જગત્‌ને રમાડતા, ચન્દ્ર જેવા ધોળા છત્રથી સુશોભિત અને જેની પડખે રાજહંસ જેવાં ચમર અને વીંજણો ઢોળાય છે તેવા ભગવાન્ પધાર્યા ।।૨૦-૨૨।।

એમને જોઈ બ્રહ્મા, ઈન્દ્ર અને સદાશિવ વગેરે સર્વ અને બીજાઓએ પણ તુરત ઊભા થઈ એમને પ્રણામ કર્યા. પ્રભુની આભાથી બધાંની કાન્તિ ફીકી પડી ગઈ, જીભ લથડિયાં ખાવા લાગી, બધા જ દંગ થઈ ગયા અને મસ્તક ઉપર અંજલિ બાંધી ભગવાનની સન્મુખ ઊભા થઈ રહ્યા ।।૨૩।।

જો કે બ્રહ્માદિકની મતિ ભગવાનના મહિમાને પહોંચી શકે એમ નથી તો પણ

તેઓએ અનુગ્રહને માટે દિવ્ય સાકાર રૂપ ધરી ત્યાં પધારેલા ભગવાનની બુદ્ધિ અનુસાર સ્તુતિ કરી ।।૨૪।।

યજ્ઞોના ઈશ્વર, જગત્‌ને સરજનારા બ્રહ્માદિદેવોના પરમ ગુરુ, સુનન્દ તથા નન્દ વગેરે પાર્ષદોથી વીંટાયેલા ભગવાન્ પાસે દક્ષ પ્રજાપતિ પૂજનનું પાત્ર લઈ ગયા. એ પાત્ર ભગવાને પોતાના શ્રીહસ્તથી લઈ લીધું તેથી આનન્દિત થઈ હાથ જોડી દક્ષ પ્રજાપતિ સાવધાનપણે સ્તુતિ કરતા શરણે ગયા ।।૨૫।।

દક્ષ સ્તુતિ કરે છે : ''જાગ્રત આદિ અવસ્થાથી રહિત, અદ્વિતીય, ભય રહિત અને સ્વરૂપમાં જ રહેનાર શુદ્ધ ચૈતન્ય એક આપ જ છો. માયાનો પરાભવ કરી સ્વતન્ત્ર છતાં માયાથી મનુષ્યદેહનું નાટક ધરી એ માયામાં રહો છો તેથી જાણે આપમાં રાગદ્વેષ વગેરે આવ્યાં હોય એમ જણાય છે'' ।।૨૬।।

ઋત્વિજો સ્તુતિ કરે છે : ''હે ઉપાધિરહિત, નન્દિશ્વરના શાપથી કર્મમાં જ દુરાગ્રહ ધરનારા એવા અમે ધર્મને ઉત્પન્ન કરનાર અને વેદે પ્રતિપાદન કરેલ આ યજ્ઞરૂપ આપનું સ્વરૂપ, જેનેમાટે ભિન્ન-ભિન્ન દેવોના નિયમ થાય છે તેને જ જાણીએ છીએ, પરન્તુ આપના પરમ તત્ત્વને જાણતા નથી'' ।।૨૭।।

સદસ્યોએ કહ્યું : ''જીવોના આશ્રયદાતા પ્રભુ! જે અનેક પ્રકારના કલેશોને કારણે અત્યન્ત દુર્ગમ છે, જેમાં કાલરૂપ ભયંકર કાળોતરો તાકીને જ બેઠો છે, સુખ-દુઃખ રૂપ અનેક ખાડાઓ છે, દુર્જન રૂપી જંગલી જાનવરોનો ભય છે તથા શોકરૂપી દાવાનળ ભડભડી રહ્યો છે આવા વિશ્રામગ્રહ વિહોણા સંસાર માર્ગમાં જે અજ્ઞાની જીવ કામનાઓથી પીડિત થઈ, વિષયરૂપ મૃગતૃષ્ણા જલને માટે જ દેહ-ગેહનો કાળજાતૂટ ભારો માથા પર લઈ જઈ રહ્યા છે તે ભલા આપના ચરણ કમલોની શરણમાં આવે ક્યારે?'' ।।૨૮।।

**રુદ્રજીએ કહ્યું** : ''વરદાયક પ્રભુજી! આપનાં ઉત્તમ ચરણ આ સંસારમાં સકામ પુરુષોને બધા જ પુરુષાર્થોની પ્રાપ્તિ કરાવવાવાળાં છે; અને જેને કોઈ પણ વસ્તુની કામના નથી તે નિષ્કામ મુનિજન પણ તેમનું આદરપૂર્વક ભજન કરે છે. મારું ચિત્ત તેમાં લાગ્યું છે છતાં અજ્ઞાની લોકો મને આચાર ભ્રષ્ટ કહે છે તો ભલે કહે, મને એમના કહેવા સાંભળવાની કોઈ પરવા નથી'' ।।૨૯।।

ભૃગુ સ્તુતિ કરે છે : ''ગહન માયાથી અજ્ઞાન નિદ્રામાં સૂતેલા બ્રહ્માજી વગેરે પ્રાણીઓ પણ આપનું તત્ત્વ પોતામાં જ રહ્યા છતાં હજુ સુધી જાણી શકતા નથી એવા

હોવા છતાં આપ શરણાગત ભક્તોના તો પ્રિયબન્ધુ અમારી ઉપર કૃપા કરો'' ।।૩૦।।

બ્રહ્માજી સ્તુતિ કરે છે : ''પદાર્થોને ભિન્ન-ભિન્ન રૂપે જોનારી ઈન્દ્રિયોવડે પુરુષના જાણવામાં જે કાંઈ આવે છે તે આપનું સ્વરૂપ નથી કેમકે જ્ઞાન, પદાર્થ અને ઈન્દ્રિયોના અધિષ્ઠાનરૂપ આપ માયાના પદાર્થોથી જુદા છો'' ।।૩૧।।

ઈન્દ્ર સ્તુતિ કરે છે : ''હે અચ્યુત! જગત્‌ને પાળનાર! અને દૈત્યોનો નાશ કરનાર, ઊંચાં આયુધવાળું આઠ ભુજાવાળું જે આ આપનું સ્વરૂપ છે તે અમારા મન તથા નેત્રોને પરમ આનન્દ દેનારું છે'' ।।૩૨।।

ઋત્વિજ બ્રાહ્મણોની સ્ત્રીઓ સ્તુતિ કરે છે : ''હે યજ્ઞરૂપ, બ્રહ્માજી દ્વારા આપના જ પૂજનમાટે આ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પણ દક્ષ ઉપરના ક્રોધને લીધે મહાદેવજીએ આજે એ યજ્ઞ નષ્ટ કરી નાખવાથી ઉત્સવ હીન થઈ ગયો છે; માટે કમળ જેવી દષ્ટિથી એને નિહાળી પાવન કરો'' ।।૩૩।।

ઋષિઓ સ્તુતિ કરે છે : ''હે ભગવાન્! આપની લીલા અનૂઠી છે. આપ પોતે કર્મ કરો છો તો પણ એથી લેપાતા નથી. બીજા લોકો વૈભવને માટે વલખાં મારતા જેનું ભજન કરે છે તે લક્ષ્મીજી સ્વયં આપની સેવા કર્યા જ કરે છે. છતાં પણ આપ તેના પ્રત્યે આગ્રહ કરતા નથી'' ।।૩૪।।

સિદ્ધ લોકો સ્તુતિ કરે છે : ''અસંખ્ય કલેશોરૂપી દાવાનલથી દાઝેલો આ અમારા મનરૂપી હાથી ઘણો તરસ્યો થવાથી આપની કથારૂપી વિશુદ્ધ અમૃતમયી સરિતામાં ઘૂસી જઈ ડૂબકી મારી ગયો છે. ત્યાં જાણે કે બ્રહ્માનન્દમાં લીન થઈ ગયો હોય તેમ નથી તો તેને સંસારરૂપી દાવાનલનું ભાન કે નથી એ નદીમાંથી બહાર નીકળતો'' ।।૩૫।।

દક્ષની સ્ત્રી સ્તુતિ કરે છે : ''હે લક્ષ્મીના નિવાસરૂપ પરમેશ્વર! આપ આપના પ્રિય લક્ષ્મીજીની સાથે ભલે પધાર્યા. કૃપા કરો. અમે આપને પ્રણામ કરીએ છીએ. આપ અમારી રક્ષા કરો. જેમ માથા વિનાનું ધડ શોભતું નથી તેમ બીજાં અંગોથી પૂર્ણ યજ્ઞ પણ આપના વિના શોભતો નથી'' ।।૩૬।।

લોકપાળો સ્તુતિ કરે છે : ''દશ્ય માત્રને જાણનાર આપ પ્રત્યગાત્મારૂપ છો એવા ખોટા પદાર્થને જાણનારી અમારી ઈન્દ્રિયો આપને દેખતી જ (જાણતી જ) નથી કેમકે પાંચ ભૂતથી બનેલા દેહમાં છઠ્ઠા જીવરૂપે જે આપ જણાઓ છો તે તો આપની માયા જ છે'' ।।૩૭।।

યોગેશ્વરો સ્તુતિ કરે છે : ''આપ જ પરબ્રહ્મ છો. એનાથી જે પુરુષ પોતાની જુદાઈ ન લેખે તે પુરુષ કરતાં બીજો કોઈ આપને વહાલો નથી; તો પણ હે ભક્તવત્સલ પ્રભુ! અનન્ય ભક્તિથી ભજનારા અમ લોકો ઉપર અનુગ્રહ કરો. જગત્નાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયમાં જીવનાં અદષ્ટને લીધે એના ગુણોનો અનેક પ્રકારે ભેદ થાય છે. માયાએ જ એના સ્વરૂપમાં બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર વગેરે ભેદ રચ્યા છે પણ સ્વરૂપની ખરી સ્થિતિ જોતાં એમાં ભેદની ભ્રાન્તિ ગુણ કે એનું કારણ કાંઈ પણ નથી; એવા આપ પરબ્રહ્મને અમે નમસ્કાર કરીએ છીએ'' ।।૩૮-૩૯।।

વેદો સ્તુતિ કરે છે : ''સત્ત્વ ગુણનો સ્વીકાર કરનાર ધર્માદિકને ઉત્પન્ન કરનાર. નિર્ગુણ કે જેના તત્ત્વને હું કે બ્રહ્માજી વગેરે બીજા પણ કોઈ જાણતા નથી તેને નમસ્કાર કરું છું'' ।।૪૦।।

અગ્નિ દેવ સ્તુતિ કરે છે : ''ભગવન્! આપના જ તેજથી પ્રજ્વલિત થઈ હું શ્રેષ્ઠ યજ્ઞોમાં દેવતાઓને ધૃતમિશ્રિત હવિ પહોંચતું કરું છું, આપ સાક્ષાત્ યજ્ઞપુરુષ અને યજ્ઞના રક્ષક છો. અગ્નિહોત્ર, દર્શ, પૌર્ણ માસ, ચાતુર્માસ્ય અને પશુ સોમ આ પાંચ પ્રકારનાં યજ્ઞ આપનાં જ સ્વરૂપ છે. તથા 'આશ્રાવય', 'અસ્તુ શ્રૌષટ્', 'યજે','યે યજામહે' અને 'વષટ્' આ પાંચ પ્રકારના યજુર્મન્ત્રોથી આપનું જ પૂજન કરવામાં આવે છે. હું આપને પ્રણામ કરું છું'' ।।૪૧।।

દેવો સ્તુતિ કરે છે : ''પૂર્વે પ્રલયકાળમાં પોતાના બનાવેલા જગત્ને ઉદરમાં લીન કરી પ્રલયનાં જળમાં શેષનાગરૂપ ઉત્તમ શય્યા ઉપર જે પોઢ્યા હતા તે જે આપ આદિપુરુષ છો, સિદ્ધ લોકો જ્ઞાનમાર્ગનો હૃદયમાં વિચાર કરે છે તે આજ અમને પ્રત્યક્ષ થયા છો અને ભક્તોની રક્ષા કરો છો'' ।।૪૨।।

ગન્ધર્વો સ્તુતિ કરે છેઃ હે દેવ! આ મરીચિ વગેરે ઋષિઓ, બ્રહ્મા ઈન્દ્ર અને રુદ્રાદિક દેવો આપના અંશના પણ અંશ છે. આ સમ્પૂર્ણ વિશ્વ જેના ખેલની સામગ્રી છે તેવા આપને નિરન્તર નમસ્કાર કરીએ છીએ'' ।।૪૩।।

વિદ્યાધરો સ્તુતિ કરે છેઃ ''માનવ દેહ આ સર્વ પુરુષાર્થને આપનારો છે. આપની માયાથી મોહિત મનુષ્ય દેહ મળ્યા છતાં જીવ 'મારું' અને 'હું' એવું અભિમાન કરે છે. પુત્ર વગેરે એ દુર્બુદ્ધિનો તિરસ્કાર કરે છે તેમ છતાં દુર્બુદ્ધિથી ખોટા વિષયોની તૃષ્ણા રાખનાર આવો પુરુષ જો આપની કથારૂપ અમૃતનું સેવન કરે તો એનો સઘળો ''મોહ મરી જાય છે'' ।।૪૪।।

બ્રાહ્મણો સ્તુતિ કરે છે : ''ભગવાન્! આપ જ યજ્ઞ છો, આપ જ હવિ છો, આપ જ અગ્નિ છો, સ્વયં આપ જ મન્ત્ર છો, આપ જ સમિધ, કુશા અને યજ્ઞપાત્ર છો. એવં આપ જ સદસ્ય, ૠત્વિજ, યજમાન અને તેની ધર્મપત્ની, દેવતા, અગ્નિહોત્ર, સ્વધા, સોમરસ, ઘૃત અને પશુ છો ।।૪૫।।

હે વેદમૂર્તિ!આપ જ યજ્ઞકર્તા અને તેનેમાટેનું પ્રેરક બલ આપ જ છો. પૂર્વકાલમાં આપે જ વિશાળકાય વરાહ સ્વરૂપ ધારણ કરી ઘરઘર કરતા જેમ હાથી કમલિનીને લઈ આવે તેમ પૃથ્વીને પાતાળમાંથી દાઢ ઉપર રમતાં-રમતાં લઈ આવ્યા. આ અલૌકિક ચરિત્રનાં દર્શન કરી યોગીગણ આપની સ્તુતિ કરતા જતા હતા ।।૪૬।।

હે યજ્ઞેશ્વર! જ્યારે લોકો આપના નામનું કીર્તન કરે છે ત્યારે યજ્ઞનાં બધાં વિઘ્નો દૂર થઈ જાય છે. અમારું આ યજ્ઞરૂપ સત્કર્મ નષ્ટ થઈ ચૂક્યું હતું અને તેથી આપના દર્શનની અમે ઈચ્છા કરી રહ્યા હતા. તો આપ અમારા ઉપર પ્રસન્ન થાઓ. આપને પ્રસન્ન કરવાનું સાધન અમારી પાસે નમસ્કાર સિવાય કંઈ નથી'' ।।૪૭।।

**મૈત્રેયે કહ્યું** : ભાઈ વિદુરજી! એ પ્રમાણે સર્વે લોકો યજ્ઞની રક્ષા કરનાર ભગવાન્ હૃષીકેશની સ્તુતિ કરતાં, વીરભદ્રે ધૂળમાં મેળવેલા યજ્ઞને ચતુર દક્ષ પ્રજાપતિએ ફરી શરૂ કર્યો ।।૪૮।।

સર્વના અન્તર્યામી શ્રીહરિ આમ તો બધાના ભાગોનાં ભોક્તા છે તો પણ ત્રિકપાલ પુરોડાશરૂપ પોતાના ભાગથી જાણે વધારે પ્રસન્ન થઈ દક્ષને કહ્યું ।।૪૯।।

**શ્રીભગવાને કહ્યું** : જગત્‌નું પરમ કારણ હું જ બ્રહ્મા અને મહાદેવ છું. હું બધાનો આત્મા, ઈશ્વર, સાક્ષી, સ્વયંપ્રકાશ અને ઉપાધિ રહિત છું ।।૫૦।।

હે વિપ્રવર! હુંજ મારી ત્રિગુણાત્મક માયાનો સ્વીકાર કરી જગત્‌નાં સૃષ્ટિ સ્થિતિ અને પ્રલય કરવા તે-તે કાર્યને ઘટે તેવાં બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જુદાં-જુદાં નામ ધારણ કરું છું ।।૫૧।।

કેવળ અદ્વિતીય પરમાત્મા પરબ્રહ્મ જે હું છું તેમાં અજ્ઞાની લોક બ્રહ્મા, રુદ્ર અને પ્રાણીઓને ભિન્ન-ભિન્ન લેખે છે ।।૫૨।।

જેમ માણસ પોતાના માથા કે પગ વગેરે અવયવોને પોતાથી જુદા લેખતો નથી તેમ મારો ભક્ત કોઈ પ્રાણીઓને મારાથી જુદા ગણતો નથી ।।૫૩।।

હે બ્રહ્મન્! સર્વ પ્રાણીઓના આત્મા અને એકરૂપ એવા અમે ત્રણે દેવમાં જે પુરુષ ભેદબુદ્ધિ ન રાખે તેને જ શાન્તિ મળે છે ।।૫૪।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે ભગવાને ઉપદેશ કરતાં પ્રજાપતિઓના નાયક દક્ષે ભગવાનનું એમના ભાગથી પૂજન કર્યું અને પછી બીજા દેવોનું પણ અંગકાર્ય અને પ્રધાન કાર્યથી પૂજન કર્યુ, પછી ચિત્તને સાવધાન રાખી યજ્ઞના અવશેષ ભાગથી રુદ્રનું પૂજન કર્યું, પછી કર્મની સમાપ્તિમાં કરવામાં આવતાં ઉધ્વસાન નામક કર્મથી બીજા સોમનું પાન કરનારા તથા અન્ય દેવતઓનું યજન કરી યજ્ઞનો ઉપસંહાર કર્યો અને અન્તમાં ઋત્વિજો સહિત અવભૃથસ્નાન કર્યુ ।।૫૫-૫૬।।

જો કે દક્ષને પોતાના પ્રભાવથી સર્વ સિદ્ધિઓ મળેલી છે તો પણ દેવો એને ધર્મમાં બુદ્ધિ રહે એવું વરદાન આપી સ્વર્ગમાં ગયા ।।૫૭।।

એ પ્રમાણે દક્ષની પુત્રી સતી પોતાના પ્રથમ શરીરનો ત્યાગ કરી પાછાં હિમાચળની સ્ત્રી મેનકાના ઉદરથી જન્મ્યાં એવું સાંભળ્યું છે ।।૫૮।।

જેમ પ્રલયકાળમાં સૂઈ ગયેલી શક્તિ સૃષ્ટિના આરમ્ભમાં ઈશ્વરને પ્રાપ્ત થાય તેમ, ફરીવાર પણ પોતાના એકમાત્ર આશ્રય અને પ્રિયતમ ભગવાન્ શંકરનું જ, અનન્ય પરાયણ અમ્બિકાજીએ, વરણ કર્યુ ।।૫૯।।

દક્ષના યજ્ઞનો વિધ્વંસ પરમેશ્વર સદાશિવનું આ ચરિત્ર મેં બૃહસ્પતિના શિષ્ય અને ભગવદ્ભક્ત ઉદ્ધવજી પાસેથી સાંભળ્યું હતું ।।૬૦।।

**ઈદં પવિત્રં પરમીશચેષ્ટિતં યશસ્યમાયુષ્યમઘૌઘમર્ષણમ્ ।।**
**યો નિત્યદાઽઽકર્ણ્ય નરોઽનુકીર્તયેદ્ ધુનોત્યઘં કૌરવ ભક્તિભાવતઃ ।।૬૧।।**

હે વિદુરજી! જે માણસ આ પવિત્ર, ઉત્તમ યશ આપનાર, આયુષ્ય વધારનાર અને પાપપુંજને નષ્ટ કરનાર સદાશિવના આ ચરિત્રને ભક્તિભાવથી સાંભળી નિરન્તર પાઠ કરે તેના પાપનો નાશ થાયછે ।।૬૧।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં (પહેલા ધર્મપ્રકરણમાં)**
**''સજીવન થયેલા દક્ષે તથા મહાદેવે ભગવાનની સ્તુતિ કરી'' નામનો**
**સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો, ધર્મ પ્રકરણ સમાપ્ત.**

(શરણાગતિ-સેવારૂપી) સાધના શરૂ કરવાની તત્પરતા જાણ્યા વિના
ગમેતેને દીક્ષા આપનાર ગુરુ અયોગ્યને દીક્ષા આપવાના પાપે પોતાનો,
દીક્ષા લેનારનો તેમજ સમ્પ્રદાયનોપણ વિનાશ નોંતરે છે.

# બીજું અર્થ પ્રકરણ

## અધ્યાય ૮

## સાવકી માતાનાં કઠોર વચનોથી
## ધ્રુવે વનમાં જઈને તપ કરીને ભગવાનને પ્રસન્ન કર્યા

**વિશેષ :** હવે પાંચ અધ્યાયથી અર્થપ્રકરણ નિરુપાય છે. જ્યારે બાળકની પણ પ્રભુ પ્રત્યે પ્રીતિ થાય ત્યારે અર્થ સિદ્ધ થાય છે. આ અધ્યાયમાં સાવકી માનાં દૂર્વચનથી ક્રોધ ચઢવાને લીધે ગામમાંથી નીકળેલા ધ્રુવે તપ કર્યુ અને ભગવાનને પ્રસન્ન કર્યા એ કથા કહેવામાં આવે છે.

**સનકાદ્યા નારદશ્ચ ઋભુર્હંસોરુણિર્યતિઃ ।।**
**નૈતે ગૃહાન્ બ્રહ્મસુતા હ્યાવસન્ ઊર્ધ્વરેતસઃ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** સનકાદિક, નારદ, ઋભુ, હંસ, અરુણિ અને યતિ એટલા બ્રહ્માના પુત્રો નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા; એટલે એમણે ગૃહસ્થાશ્રમ કર્યો જ નહિ તેથી તેમને કંઈ સન્તાન થયું નહિ ।।૧।।

બ્રહ્માજીના એક પુત્ર અધર્મની સ્ત્રી મૃષાએ અસત્ય અને માયા નામની કન્યા એમ બે સન્તાન ઉત્પન્ન કર્યા એમને સન્તાન વગરના નિર્ઋતિ (મૃત્યુ) એ રાખ્યાં ।।૨।।

એ દમ્ભ અને માયામાંથી લોભ અને શઠતા ઉત્પન્ન થયાં. એ બેમાંથી ક્રોધ અને હિંસા ઉત્પન્ન થયાં. ક્રોધ અને હિંસામાંથી 'કલિ' (ઝઘડો) અને 'દુરુક્તિ' (ગાળ) એ નામના ભાઈ-બહેન ઉત્પન્ન થયાં ।।૩।।

કલિએ દુરુક્તિમાં ભય અને મૃત્યુ નામનાં બે સન્તાન ઉત્પન્ન કર્યા. એ બેથી નરક અને તીવ્ર વેદના એ બે સન્તાન ઉત્પન્ન થયાં ।।૪।।

હે નિષ્પાપ વિદુરજી! આ અધર્મનો વંશ તમારી પાસે મેં સંક્ષેપમાં કહ્યો, જે ત્રણ વાર સાંભળવાથી પુરુષનાં મનની મલિનતા મટે છે કેમકે એ સાંભળી એનો ત્યાગ કરવાની મરજી થાય ।।૫।।

હે વિદુરજી! હવે બ્રહ્માજીના પુત્ર પવિત્ર કીર્તિવાળા સ્વાયમ્ભુવ મનુનો વંશ કહું છું ।।૬।।

સ્વાયમ્ભુવ મનુ અને રાણી શતરૂપાના પુત્રો થયા પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. તેમનામાં ભગવાનનો અંશ હોવાને લીધે તેઓ જગત્ની રક્ષા કરવામાં તત્પર રહેતા

હતા ।।૭।।

ઉતાનપાદ રાજાને સુનીતિ અને સુરુચિ નામની બે પત્નીઓ હતી. તેમાં સુરુચિ પતિને વધારે વહાલી હતી, ધ્રુવની મા સુનીતિ એટલી વહાલી નહોતી ।।૮।।

એક દિવસ ઉતાનપાદ રાજા સુરુચિના પુત્ર ઉત્તમને ખોળામાં બેસાડી રમાડતા હતા એ જ વખતે સુનીતિના પુત્ર ધ્રુવને પણ ખોળામાં બેસવાની ઈચ્છા થઈ; તો પણ રાજાએ એને આદર આપ્યો નહિ ।।૯।।

ત્યારે અત્યન્ત ગર્વીલી સુરુચિએ રાજાના સાંભળતાં ઈર્ષ્યાથી ધ્રુવને કહ્યું ।।૧૦।।

હે બાળક! તું રાજસિંહાસન ઉપર બેસવાને અધિકારી નથી. તું રાજકુમાર છે તેથી શું થઈ ગયું? તેં મારી કૂખે તો જન્મ લીધો નથી ।।૧૧।।

તું હજુ નાદાન છે તને ભાન નથી કે તેં બીજી સ્ત્રીના પેટે જન્મ લીધો છે. તેથી તો આવી દુર્લભ બાબતની ઈચ્છા સેવી રહ્યો છે ।।૧૨।।

જો તને રાજ્યાસનની ઈચ્છા હોય તો તપથી ભગવાનને પ્રસન્ન કર અને તેની કૃપાથી મારા ગર્ભમાં અવતાર લે ।।૧૩।।

**મૈત્રેયે કહ્યું :** ડંડો પડે અને કાળોતરો જેમ ફૂંફાડો મારે તેમ સાવકી માનાં કઠોર વચનોથી ઘાયલ થયેલ ધ્રુવજી ક્રોધને લીધે લાંબા-લાંબા શ્વાસ લેવા લાગ્યા. એના પિતા આ બધું ચુપચાપ જોતા રહ્યા એમણે એક પણ શબ્દ કાઢ્યો નહિ. ત્યારે પિતાજી પાસેથી ધ્રુવજી રોતારોતા પોતાની માતા પાસે આવ્યા ।।૧૪।।

નિસાસા નાખતા અને હોઠ ફફડાવતા પોતાના બાળકને ખોળામાં લઈ ગામના કોઈ માણસ પાસેથી શોક્યના બોલ સાંભળી સુનીતિના કાળજાના કટકા થઈ ગયા ।।૧૫।।

દાવાનળથી વનની વેલ જેમ મૂરઝાઈ જાય તેમ શોક્યના બોલ સાંભળી, ધીરજ ખોઈને સુનીતિ સન્તાપ અને વિલાપ કરવા લાગી. એની કમળ જેવી આંખોમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં ।।૧૬।।

લાંબા નિસાસા મૂકતી પોતાના કષ્ટનો અન્ત ન જોતાં એ બાળકને કહેવા લાગી; ''મારા તાત (બાળ) તું બીજા કોઈનું અમંગલ ઈચ્છીશ નહિ. જે મનુષ્ય બીજાને દુઃખ દે છે તેને પોતાને જ તેનું ફલ ભોગવવું પડે છે ।।૧૭।।

કેમકે તુ મુજ દુર્ભાગીના પેટે અવતર્યો છે અને એનું દૂધ પીને ઊછર્યો છે. રાજા મારો સ્ત્રી તો શું દાસી તરીકે પણ સ્વીકાર કરતાં શરમાય છે ।।૧૮।।

માટે હે તાત (બાળ), સાવકી માએ જે સાચેસાચી વાત કહી છે તે ઉપર કાંઈ પણ દ્વેષ નહિ રાખતાં એ પ્રમાણે જ કર. જો તને ઉત્તમની પેઠે રાજ્યાસનની ઈચ્છા હોય તો ભગવાનનાં ચરણારવિન્દનું આરાધન કરવામાં લાગી જા ।।૧૯।।

જગત્‌ના પાલનને માટે સત્ત્વગુણ સ્વીકારી રહેલા ભગવાનનાં ચરણનું સેવન કરવાથી તારા પરદાદા બ્રહ્માજી પણ સર્વશ્રેષ્ઠ સ્થાન પામ્યા છે. પોતાનાં મન અને પ્રાણને વશ કરનારા યોગીઓ માટે પણ એ વન્દનીય છે તારા દાદા સ્વયમ્ભુવ મનુએ પણ અનન્ય બુદ્ધિથી ઘણી દક્ષિણાવાળા યજ્ઞોવડે ભગવાનનું પૂજન કરી બીજા કશાથી મળે નહિ તેવું પૃથ્વીનું સુખ, સ્વર્ગનું સુખ અને મોક્ષનું સુખ મેળવ્યું છે. હે પુત્ર! મોક્ષ ઈચ્છનારા પુરુષો જેમનાં ચરણારવિન્દના માર્ગની નિરન્તર શોધ કરતાં જ રહે છે તે ભક્તવત્સલ ભગવાનનો જ આશ્રય લે. ધર્મથી શુદ્ધ અને એકાગ્ર કરેલા મનમાં એ ભગવાનને બિરાજમાન કરી એમની ભક્તિ કર ।।૨૦-૨૨।।

બેટા! એ કમલદલ લોચન શ્રીહરિ સિવાય મને તો તારા દુઃખને દૂર કરનાર કોઈ દેખાતું નથી. જો, જેને પ્રસન્ન કરવા બ્રહ્માજી વગેરે બીજા બધા દેવતા ઢૂંઢતા ફરે છે એ શ્રીલક્ષ્મીજી પણ દીવાની જેમ હાથમાં કમલ લઈને નિરન્તર એ જ શ્રીહરિની શોધ કરતાં રહે છે'' ।।૨૩।।

**મૈત્રેયે કહ્યું** : પોતાની અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવી આપે તેવાં માતાનાં વચન સાંભળી બુદ્ધિથી મનને સ્થિર કરી ધ્રુવ પિતાના નગરમાંથી નીકળી પડ્યો ।।૨૪।।

એ વાત સાંભળીને એનો કર્તવ્યનિર્ધાર જાણી નારદજીને અચમ્બો થયોઃ ''ઓહો! પોતાના માનભંગને સહન નહિ કરનાર ક્ષત્રિયોનું તેજ કેવું અદ્‌ભુત છે! હજુ છે તો એ બાલુડો તો પણ એના કાળજામાં તેની સાવકી માના કડવાં વેણ ઘર કરી ગયાં છે. એવા વિસ્મયથી તેઓ ત્યાં આવ્યા અને પોતાનો પવિત્ર હાથ ધ્રુવજીના માથા ઉપર મૂકીને કહેવા લાગ્યા ।।૨૫-૨૬।।

**નારદજીએ કહ્યું** : હે પુત્ર! હજુ તો તું રમત-ગમતમાં ગુલતાન બાળક છે. આ ઉમ્મરમાં તારું અપમાન કે માન થઈ શકે એવું અમારે તો ગળે જ ઉતરતું નથી ।।૨૭।।

માન અપમાન પ્રત્યે તું સભાન હો તો પણ પુરુષને અસન્તોષનું કારણ પોતાના મોહ સિવાય બીજું કંઈ નથી હોતું જગત્‌માં માન-અપમાન, સુખ-દુઃખ પોતાનાં કર્મથી જ આવી મળે છે ।।૨૮।।

ઈશ્વરની ગતિ અટપટી છે! તેથી તેના ઉપર વિચાર કરી અક્લમન્દ આદમીએ દૈવવશાત્ જેવી પરિસ્થિતિનો મુકાબલો કરવો પડે તેવીનો મુકાબલો કરી જ સન્તોષ માનવો ।।૨૯।।

તારી માએ જે ઉપાય બતાવેલો તેનાથી તું કૃપા મેળવવા ઈચ્છે છે પણ એ પ્રભુને પ્રસન્ન કરવાનું પુરુષોમાટે ઘણું કઠણ છે એમ હું ધારું છું ।।૩૦।।

કેમકે મુનિઓ ઘણા જન્મો સુધી વૈરાગ્ય સહિત તીવ્ર યોગ અને સમાધિથી એના માર્ગને શોધ્યા જ કરે છે તો પણ એઓ તે માર્ગ જાણવા સમર્થ થતા નથી ।।૩૧।।

માટે તું આ નકામી જિદ છોડી દે અને પાછો ઘેરે જા. જ્યારે ઉમ્મર થાય અને પરમાર્થનું સાધન કરવાનો સમય આવી મળે ત્યારે મહેનત કરી છૂટજે ।।૩૨।।

“દૈવ દુઃખ આપે તો પાપ મટે છે અને સુખ આપે તો પુણ્ય મટે છે” એમ માની જે માણસ પોતાના અન્તઃકરણને સન્તુષ્ટ રાખે છે તેને મોક્ષ મળે છે ।।૩૩।।

પોતાના કરતાં વધારે ગુણવાનને જોઈ પ્રસન્ન થનાર, ઓછા ગુણવાનને જોઈ દયા કરનાર અને સમાન ગુણવાળા સાથે મૈત્રી કરનાર માણસને કદી પણ ઉચાટ થતો નથી ।।૩૪।।

**ધ્રુવે કહ્યું** : અમારા જેવાને ઘણી મુશ્કેલીથી પણ ન મળે અને સુખ-દુઃખથી અડચણ પામતા પુરુષોને માફક આવે તેવો આ શાન્તિનો માર્ગ આપે કૃપા કરીને બતાવ્યો ।।૩૫।।

તદુપરાન્ત મને વારસામાં મળ્યો છે ક્ષત્રિયોનો કાતિલ મિજાજ તેથી હું વિનયહીન છું. સુરુચિએ કટુ વચનરૂપી બાણોથી મારું હૈયું ચીરી નાખ્યું છે તેથી આપનો આ ઉપદેશ એમાં ઠરતો નથી ।।૩૬।।

હે મહારાજ! ત્રણે લોકમાં મારા પૂર્વજો કે બીજા કોઈ પણ પામ્યા નથી તેવો ઉત્તમ પદ પર અધિકાર પ્રાપ્ત કરવાની મારી મરજી છે; તો એ મળે એવો કોઈ સરસ માર્ગ બતાવો ।।૩૭।।

આપ બ્રહ્માજીના પુત્ર છો; જગત્‌ના હિતને માટે જ આપ વીણા વગાડતા, સૂરજની પેઠે ત્રિલોકીમાં ફર્યા કરો છો ।।૩૮।।

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે એનું બોલવું સાંભળી પ્રસન્ન થયેલા નારદજીએ દયા કરીને એ બાળકને શુભ ઉપદેશ આપ્યો ।।૩૯।।

**નારદજીએ કહ્યું** : તારી માતાએ ભગવાનનું ભજન કરવાનું બતાવ્યું છે એ જ કલ્યાણનો માર્ગ છે; માટે એકાગ્ર ચિત્ત રાખીને ભગવાનની ભક્તિ કર ।।૪૦।।

ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંના કોઈ પણ પુરુષાર્થની ઇચ્છા હોય તો એ કેવળ ભગવાનનાં ચરણનું સેવન કરવાથી જ મળે છે ।।૪૧।।

માટે હે તાત (બાળ)! શ્રીયમુનાજીના પવિત્ર કાંઠા પર જ્યાં પાવનકારી મધુવન છે ત્યાં તુ જા કેમકે એ વનમાં શ્રીહરિનો નિત્ય નિવાસ છે ।।૪૨।।

ત્યાં યમુનાજીના પવિત્ર જળમાં સમયસર નહાવું અને નિત્ય કર્મ કરી આસન બિછાવી સ્થિર થઈને બેસવું ।।૪૩।।

રેચક, કુમ્ભક અને પૂરક એમ ત્રણ પ્રકારના પ્રાણાયામથી ધીરે ધીરે પ્રાણ ઇન્દ્રિય તથા મનની ચઞ્ચલતા મટાડવી અને ધીર મનથી પરમ ગુરુ ભગવાનનું આ પ્રમાણે ધ્યાન કરવું ।।૪૪।।

ભગવાનના નેત્ર અને મુખ સદૈવ પ્રસન્ન હોય છે. એમનાં દર્શન કરવાથી એમ જણાય કે પ્રસન્નતાપૂર્વક ભક્તને વરદાન દેવાને માટે ઊંચા-નીચા થઈ રહ્યા છે. આપની નાસિકા, ભ્રમર અને કપોલોમાંથી નમણાઈ નીતરતી હોય છે. બધાય દેવોમાં પરમ સુન્દર છે ।।૪૫।।

અવસ્થા તરુણ છે. બધાં અંગો સુડોલ છે. લાલ-લાલ હોઠ અને રત્નાળાં નેત્ર છે, આપ કાયા, વાણી અને મનથી દીન ભક્તોના અવલમ્બન છો. અત્યન્ત સુખદાયક, શરણાગતવત્સલ અને દયાના સાગર છો ।।૪૬।।

(આપના વક્ષઃસ્થલમાં શ્રીવત્સનું ચિહ્ન છે) આપનું શ્રીઅંગ સજલ જલધરના જેવું શ્યામ વર્ણનું છે. શ્યામસલૂણા એ પરમ પુરુષે કંઠમાં વનમાળા ધારણ કરેલી હોય છે અને આપની ચાર ભુજાઓમાં શંખ,ચક્ર, ગદા અને પદ્મ શોભી રહ્યાં હોય છે।।૪૭।।

આપનાં અંગપ્રત્યંગમાં કિરીટ, કુંડલ, કેયૂર અને કંકણાદિ આભૂષણો સુશોભિત છે. ગળું કૌસ્તુભમણિની શોભામાં વધારો કરી રહ્યું છે અને શ્રીઅંગઉપર રેશમી પીતામ્બર ધારણ કર્યું છે ।।૪૮।।

આપના કટિપ્રદેશમાં કાંચનનો કંદોરો અને ચરણોમાં સુવર્ણનાં નૂપૂર શોભે છે. આપનું સ્વરૂપ અત્યન્ત દર્શનીય, શાન્ત તથા મન અને નેત્રોને આનંદદાયક છે।।૪૯।।

જે લોકો પ્રભુની માનસી સેવા કરતા હોય છે એમનાં અન્તઃકરણમાં આપ હૃદયકમલની કળી ઉપર પોતાના નખમણિ મંડિત મનોહર પદકમલને સ્થાપિત કરી

બિરાજે છે ।।૫૦।।

આ પ્રમાણે ધ્યાન કરતાં-કરતાં જ્યારે ચિત્ત સ્થિર અને એકાગ્ર થઈ જાય ત્યારે એ વરદાયક પ્રભુનું મનમાં અને મનમાં એ પ્રમાણે ધ્યાન કરે કે જાણે આપ મારા તરફ અનુરાગભરી દૃષ્ટિથી નિહાળતા મારા ઉપર મલકાટનો છંટકાવ કરી રહ્યા છે।।૫૧।।

ભક્ત લોકોના મનમાં રહેનાર, હસતા, પ્રેમ સહિત જોતા અને વર દેનારાઓમાં ઉત્તમ, પુરુષાકૃતિ ભગવાનનું એકાગ્ર ચિત્તથી ધ્યાન કરવું. ભગવાનની મંગલમયી મૂર્તિનું આ પ્રમાણે નિરન્તર ધ્યાન કરવાથી મન તત્કાલ પરમાનન્દમાં ડૂબી જઈ તલ્લીન થઈ જાય છે. અને ફરી ત્યાંથી પાછું ફરતું નથી ।।૫૨।।

હે રાજપુત્ર! (આ ધ્યાનની સાથે-સાથે જે પરમ ગુહ્ય મન્ત્રનો જપ કરવો જોઈએ તે પણ બતાવું છું. સાંભળ) મન્ત્રનો રાત-દિવસ સતત જપ કરવાથી પુરુષને આકાશમાં વિચરતા સિદ્ધો અને દેવોનું દર્શન થાય છે ।।૫૩।।

એ મન્ત્ર છે **''ૐ નમો ભગવતે વાસુદેવાય''**. આ મન્ત્રથી દેશકાળનો વિભાગ જાણનાર સમજુ માણસે પવિત્ર જળ, પુષ્પમાલા, ફૂલ અને વનમાં ઉત્પન્ન થયેલાં મૂળ તથા ભગવાનની પ્રિયા તુલસી, વલ્કલ વગેરે વિવિધ પદાર્થોથી ભગવાનની મૂર્તિની પૂજા કરવી ।।૫૪-૫૫।।

મળી શકે તો શિલા વગેરેની મૂર્તિની પૂજા કરવી. નહિ તો પૃથ્વી અને જળ વગેરેમાં જ ભગવાનની પૂજા કરવી. શાન્તિ રાખવી, નકામું બોલવું નહિ; વનમાં થયેલા પદાર્થોનો થોડો આહાર કરવો (ખાવા) ।।૫૬।।

પોતાની અગાધ માયાથી ઈચ્છા પ્રમાણે અવતાર ધરીને ભગવાન્ જે-જે મનોહર ચરિત્ર કરવાના છે તેનું એકાગ્ર ચિત્તથી ધ્યાન કરવું ।।૫૭।।

મન્ત્ર મૂર્તિ ભગવાનની પૂજાઓ માટે જે-જે ઉપચારોનું વિધાન કરવામાં આવ્યું છે તે ઉપર કહેલા બાર અક્ષરોના મન્ત્રથી કરવી ।।૫૮।।

એ પ્રમાણે અન્તઃકરણપૂર્વક કાયા, મન અને વચનથી ભક્તિ સહિત સેવા કરવાથી ભગવાન્ નિષ્કપટભાવે એમને ભજનારા પુરુષોના ભાવને વધારે છે અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંનું જે કાંઈ ભક્તને પ્રિય હોય તે આપે છે ।।૫૯-૬૦।।

પરન્તુ, ઘણા ભક્તિયોગથી વિષયોમાં વૈરાગ્ય રાખીને અભેદભાવવડે સાક્ષાત્ મુક્તિને માટે એમની અવિચ્છિન્ન ભાવપૂર્વક ભક્તિ કરવી વધુ યોગ્ય છે ।।૬૧।।

એ પ્રમાણે નારદજીનો ઉપદેશ ગ્રહણ કરી એમને પ્રદક્ષિણા અને પ્રણામ કર્યા.

નારદજીનો ઉપદેશ ગ્રહણ કરી એમને પ્રદક્ષિણા અને પ્રણામ કર્યા અને પછી ધ્રુવજી ભગવાનનાં ચરણથી શોભતા પવિત્ર મધુવનમાં ગયા. ધ્રુવજી તપોવનમાં ગયા ત્યાર પછી નારદજી ઉતાનપાદના મહેલમાં આવ્યા. ઉત્તાનપાદ રાજાએ એમની યથાયોગ્ય ઉપચારોથી પૂજા કરી અને પછી સારી રીતે બેઠા પછી નારદજી બોલ્યા।।૬૨-૬૩।।

**નારદજી બોલ્યા :** તમારું મોં કરમાઈ ગયું છે. તમે લાંબો-લાંબો શો વિચાર કરો છો? ધર્મ, અર્થ અથવા કામમાં કંઈ હાનિ થઈ છે કે શું? ।।૬૪।।

**રાજા બોલ્યા :** હે મહારાજ! મેં સ્ત્રીને વશ થઈ દયાહીન બનીને મારા પાંચ વર્ષના ભારે સમજદાર પુત્રને કાઢી મૂક્યો છે અને એની માનો પણ અનાદર કર્યો છે ।।૬૫।।

થાકીને સૂતેલા અને ભૂખથી કરમાઈ ગયેલા મુખકમલવાળા મારા અનાથ પુત્રને વનમાં કોઈ નહાર ખાઈ તો નહિ જાય! ।।૬૬।।

સ્ત્રીને વશ થયેલા એવા મારી દુષ્ટતા તો જુઓ! પ્રેમથી પુત્ર ખોળામાં બેસવા માગતો હતો. તેને મેં જરાય મોંમ ન આપ્યું નહિ ।।૬૭।।

**નારદજી બોલ્યા :** હે રાજા! જગત્માં જેની કીર્તિ વ્યાપી રહી છે. તેવા તમારા પુત્રનો પ્રભાવ જાણ્યા વિના શોક કરો નહિ. ભગવાન્ એને પોતાનો ગણીને એની રક્ષા કરે છે ।।૬૮।।

લોકપાળ દેવોથી પણ થઈ શકે નહિ તેવું મોટું કામ કરી તમારી કીર્તિનો વિસ્તાર કરતો એ ધ્રુવ થોડા દિવસમાં અહીં આવી પહોંચશે ।।૬૯।।

**મૈત્રેય કહ્યું :** એ પ્રમાણે નારદજીનું બોલવું સાંભળી, ઉત્તાનપાદ રાજા રાજલક્ષ્મીની કશી સંભાળ નહિ રાખતાં પુત્રના જ વિચાર કરવા લાગ્યા ।।૭૦।।

અહીં ધ્રુવે તો મધુવનમાં જઈ, શ્રીયમુનાજીમાં સ્નાન કરી, રાત્રિનો ઉપવાસ કરી સાવધાનપણાથી નારદજીના કહ્યા પ્રમાણે ભગવાનની પૂજા શરૂ કરી દીધી. શરીર નિર્વાહને માટે ત્રણ-ત્રણ દિવસે પોતાને રુચે તેટલાં કોઠાં અને બોર ખાઈને પહેલો મહિનો શ્રીહરિની ઉપાસનામાં પસાર કર્યો ।।૭૧-૭૨।।

બીજા મહિનામાં છઠ્ઠે-છઠ્ઠે દિવસે સૂકાં ઘાસ અને પાંદડાં વગેરેનો આહાર કરી ભગવાનની પૂજા કરી ।।૭૩।।

ત્રીજો મહિનો નવમે-નવમે દિવસે માત્ર પાણીનો આહાર કરી સમાધિ યોગથી ભગવાનની ભક્તિ કરી વ્યતીત કર્યો ।।૭૪।।

ચોથો મહિનો શ્વાસને જીતી ધ્રુવે બારમે-બારમે દિવસે વાયુનું ભક્ષણ કરીને પ્રભુનું ધ્યાન કરતાં વિતાવ્યો ।।૭૫।।

પાંચમા મહિનામાં શ્વાસ જીતીને ભગવાનનું ધ્યાન કરતા ધ્રુવજી એક પગથી થાંભલાની માફક નિશ્ચલ ઊભા રહ્યા ।।૭૬।।

એ વખતે શબ્દ વગેરે વિષયો અને ઈન્દ્રિયોના નિયામક મનને સર્વ ઠેકાણેથી ખેંચી લઈ ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરતાં ધ્રુવને ભગવાન્ વિના બીજું કાંઈ પણ જોવામાં આવ્યું નહિ ।।૭૭।।

એવી રીતે ધ્રુવે મહત્તત્ત્વ વગેરેના આધાર અને પ્રકૃતિ પુરુષોના નિયન્તા પરમાત્માનું ધ્યાન કરવાથી (એનું તેજ સહન ન થઈ શકવાથી) ત્રણે લોક કમ્પી ઊઠ્યા ।।૭૮।।

એ રાજકુમાર એક પગે ઊભો રહ્યો ત્યારે એના અંગૂઠાથી દબાયેલી પૃથ્વી, હાથીને જેમાં ચઢાવ્યો હોય તેવા વહાણની પેઠે ક્ષણે-ક્ષણે ડાબી જમણી ડગમગવા લાગી ।।૭૯।।

ધ્રુવજીની પોતાની ઈન્દ્રિયોનાં દ્વાર અને પ્રાણોને રોકી અનન્ય બુદ્ધિથી વિશ્વાત્મા શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. આ પ્રમાણે સમષ્ટિ પ્રાણની સાથે એમની એકતા થઈ જવાથી બધાં જ પ્રાણીઓના શ્વાસપ્રશ્વાસ રુંધાઈ ગયા આથી તમામ લોકો તથા લોકપાલો હેરાન-હેરાન થઈ ગયા અને બધા ગભરાઈને શ્રીહરિના શરણે ગયા ।।૮૦।।

**દેવોએ ભગવાનને કહ્યું** : હે મહારાજ! આખા બ્રહ્માંડનાં તમામ સ્થાવર જંગમ જીવોનો આ પ્રમાણે શ્વાસ રોકાયો હોય એવું અમે કોઈ દિવસ જાણ્યું નથી માટે આ કષ્ટથી અમારો છુટકારો કરો. આપ શરણાગતનું રક્ષણ કરનાર છો તેથી અમે આપને શરણે આવ્યા છીએ ।।૮૧।।

**મા ભૈષ્ટ બાલં તપસો દુરત્યયાન્નિવર્તયિષ્યે પ્રતિયાત સ્વધામ ।।**
**યતો હિ વઃ પ્રાણનિરોધ આસીદૌત્તાનપાદિર્મયિ સંગતાત્મા ।।૮૨।।**

**ભગવાને કહ્યું** : ડરશો નહિ, ઉત્તાનપાદનો પુત્ર ધ્રુવે પોતાના ચિત્તને મારા વિશ્વાત્મામાં લીન કરી દીધું છે. અત્યારે એની મારી સાથે અભેદ ધારણા સિદ્ધ થઈ ગઈ છે તેથી જ એના પ્રાણ નિરોધથી તમારા બધાના શ્વાસ પણ રુંધાઈ ગયા છે. એ બાળકને હું દુષ્કર તપમાંથી નિવૃત્ત કરું છું; માટે પોતપોતાના સ્થાન પર જાઓ ।।૮૨।।

**ઇતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં**
**(બીજા અર્થપ્રકરણનો સાધનનિરૂપણ નામે પહેલો)**
**''સાવકી માતાનાં કઠોર વચનોથી ધ્રુવે વનમાં જઈને તપ કરીને ભગવાનને પ્રસન્ન કર્યા'' નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**
''પ્રભુની કતા-કીર્તન કરીને આજીવિકા ચલાવનાર અધમ વક્તાઓના મનોભાવો ગટરના ગંદા પાણી જેવા હોય છે''. (જલભેદ, શ્રીવલ્લભાચાર્ય)
આવા અધમ વક્તાઓના મુખે ભાગવત કથા-કીર્તન સાંભળવા એ ગટરનું પાણી પીવા જેવી બીભત્સ રુચિ છે.

# અધ્યાય ૯
# ધ્રુવે ભગવાનની સ્તુતિ કરી; વરદાન પ્રાપ્ત કરી પાછા આવી રાજ્ય કર્યું

**વિશેષ :** આ નવમા અધ્યાયમાં ધ્રુવે ભગવાનની સ્તુતિ કરી અને ભગવાન્ પાસે વર પામીને પાછા આવી, બાપે આપેલું રાજ્ય કર્યું એ કથા કહેવામાં આવશે.

**ત એવમુચ્છિન્નભયા ઉરુક્રમે કૃતાવનામાઃ પ્રયયુસ્ત્રિવિષ્ટપમ્ ।।**
**સહસ્રશીર્ષાપિ તતો ગરુત્મતામધોર્વનં ભૃત્યદિદક્ષયા ગતઃ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે ભગવાને દેવોનો ભય ટાળ્યો ત્યારે તેઓ એમને પ્રણામ કરી સ્વર્ગમાં ગયા અને ભગવાન્ પણ ધ્રુવને જોવા ગરુડ પર બેસીને મધુવનમાં પધાર્યા ।।૧।।

તીવ્ર યોગાભ્યાસથી એકાગ્ર થયેલી બુદ્ધિને લીધે ધ્રુવને પોતાના હૃદયકમળમાં* ભગવાનના વીજળી સરખા જે દેદીપ્યમાન સ્વરૂપનું દર્શન થતું હતું તે એકાએક અન્તરહિત થઈ ગયું તે જોઈ એ ચોકી ઊઠ્યા અને સમાધિમાંથી ઊઠીને બહાર જોયું તો એમને એજ ભગવાનનું દર્શન થયું ।।૨।।

**વિશેષ :** હૃદયમાં દેખાતા સ્વરૂપનો તિરોભાવ થાય ત્યારે જ બાહ્ય અનુસન્ધાન થાય તેથી પ્રભુસ્વરૂપનું હૃદયમાં અનુસન્ધાન તિરોહિત થવાથી મુખ્ય પ્રાણનો કારણમાં લય થયો. પ્રાણનો લય થવાથી મરણ થાય તેથી પ્રાણરૂપે પ્રભુનું સ્વરૂપ આવિર્ભાવ પામ્યું ત્યારે સર્વ બાહ્ય દૃશ્યમાન સ્વરૂપથી થયા.

પ્રભુનાં દર્શન થતાં બાલક ધ્રુવજીને ઘણું કુતુહલ થયું; પ્રેમથી અધીરા થઈ ગયા. પૃથ્વી ઉપર દંડની માફક લેટી પ્રણામ કર્યા. પછી એ પ્રમાણે પ્રેમ નીગળતી દૃષ્ટિથી તે પ્રભુ તરફ જોવા લાગ્યા કે જાણે નેત્રોથી આપને પી જશે, મુખથી ચૂમી લેશે અને ભૂજાઓમાં ભીડી લેશે ।।૩।।

એના તેમજ સર્વના હૃદયમાં વાસ કરી રહેલા ભગવાને જોયું કે એ હાથ જોડી ઊભેલો બાળક સ્તુતિ કરવા માંગે છે પણ કેમ કરવી એ જાણતો નથી. તેથી દયા લાવી એના ગાલને પોતાનો વેદરૂપ શંખ અડાડ્યો ।।૪।।

વેદરૂપ વાણી મળવાથી જીવાત્મા અને પરમાત્માનો નિર્ણય તરત જ એના જાણવામાં આવી ગયો અને ધ્રુવજી ભક્તિભાવથી વિશ્વવિખ્યાત કીર્તિવાળા ભગવાનની ધૈર્યપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા ।।૫।।

**ધ્રુવજી બોલ્યા :** સર્વ શક્તિ સમ્પન્ન આપ મારા હૃદયમાં પ્રવેશ કરી બંધ પડી ગયેલી મારી કુંઠિત વાણીને તથા બીજી હાથ, પગ, કાન અને ત્વચા વગેરે ઈન્દ્રિયોને પણ પોતાની ચૈતન્યશક્તિથી જાગ્રત કરો છો તેવા અન્તર્યામીરૂપ આપને હું નમસ્કાર કરું છું ।।૬।।

હે ભગવાન્! આપ એક જ છો છતાં ઘણા ગુણવાળી આપની માયારૂપ શક્તિથી આ મહત્તત્ત્વ વગેરે સર્વ જગત્‌ને ઉત્પન્ન કરો છો અને પછી એમાં પ્રવેશ કરવાથી જુદા-જુદા લાકડામાંના અગ્નિની પેઠે ઈન્દ્રિયાદિ અસત્ ગુણોમાં એના અધિષ્ઠાતા દેવતાઓના રૂપમાં સ્થિત રહીને અનેકરૂપ આપ દેખાઓ છો ।।૭।।

હે નાથ! આપને શરણે આવેલા બ્રહ્માજીને પણ જ્યારે આપે જ્ઞાન આપ્યું ત્યારે સૂઈને ઊઠેલા પુરુષની જેમ આ જગત્ જોવામાં આવ્યું હતું. એટલામાટે હે દીનબન્ધુ! આપનાં ચરણારવિન્દ મુક્ત લોકોને પણ શરણરૂપ છે તેને કોઈ પણ કૃતજ્ઞ પુરુષ તો ભૂલે જ કેમ! ।।૮।।

પ્રભો! આ શબ સમાન શરીરથી ભોગવાતાં ઈન્દ્રિયો અને વિષયોના સંસર્ગથી ઉત્પન્ન થતાં સુખ તો મનુષ્યોને નરકમાં પણ મળી શકે છે. જે લોકો આ વિષયસુખને

માટે લાલાયિત રહે છે અને જે જન્મ મરણની જંજાળથી છોડાવનાર કલ્પતરુસ્વરૂપ આપની ભક્તિ ભગવત્પ્રાપ્તિ સિવાય બીજા હેતુથી કરે છે એમની બુદ્ધિ ચોક્કસ આપની માયાદ્વારા ઠગાઈ ગઈ છે ।।૯।।

આપના ચરણારવિન્દના ધ્યાનથી કે આપના ભક્તોની કથા સાંભળવાથી પ્રાણીઓને જે સુખ થાય છે તે સુખ આનન્દરૂપ પરબ્રહ્મમાં પણ મળતું નથી તો પછી કાળની તલવાર જેને કાપી નાખે છે તે સ્વર્ગીય વિમાનોમાંથી ગબડી પડતા પુરુષોને તો તે સુખ મળી શકે જ ક્યાંથી? ।।૧૦।।

હે અનન્ત! મને તો નિર્મળ અન્તઃકરણવાળા અને નિરન્તર આપની ભક્તિ કરતા મહાત્મા ભક્તોનો સંગ મળજો. એમના સત્સંગમાં આપના ગુણો અને લીલાઓની કથાસુધાનું પાન કરી-કરીને હું ઉન્મત્ત થઈ જઈશ અને સહજમાં ઘણાં કષ્ટથી ભરેલા ભયંકર સંસારરૂપ સમુદ્રનો પાર પામીશ ।।૧૧।।

હે કમલનાભ પ્રભુ! આપના ચરણારવિન્દની સુગન્ધમાં જે ભક્તો લુબ્ધાયા હોય તેમનો સંગ સેવનારા પોતાને અત્યન્ત પ્રિય એવા આ મનુષ્યદેહનું અને એને વળગેલાં પુત્ર, સમ્બન્ધી, ઘર, ધન તથા સ્ત્રીઓનું સ્મરણ પણ કરતા નથી ।।૧૨।।

હે અજન્મા! પશુ, ઝાડ, પર્વત, પક્ષી, સાપોલિયાં, દેવ, દૈત્ય અને મનુષ્ય વગેરેથી પરિપૂર્ણ મહત્તત્ત્વાદિ અનેક કારણવાળું અને સદસદ્ અનેક ભેદવાળું જે આપનું સ્થૂલ વિશ્વરૂપ છે તેને જ જાણું છું, પરન્તુ એનાથી પર પરબ્રહ્મસ્વરૂપ જેમાં વાણીની પણ ગતિ નથી તેને હું જાણતો નથી ।।૧૩।।

ભગવાન્! કલ્પના અન્તે યોગનિદ્રામાં સ્થિત જે પરમપુરુષ આ સમ્પૂર્ણ વિશ્વને પોતાના ઉદરમાં લીન કરી શેષજીની સાથે એમની જ ગોદમાં શયન કરે છે તથા જેના નાભિસમુદ્રથી પ્રકટ થયેલ સર્વલોકમય સુવર્ણવર્ણ કમલથી પરમ તેજોમય બ્રહ્માજી ઉત્પન્ન થયા તે ભગવાન્ આપ જ છો. હું આપને પ્રણામ કરું છું ।।૧૪।।

નિત્યમુકત, શુદ્ધ અને જ્ઞાનસ્વરૂપ આત્મા અવિનાશી આદિપુરુષ ભગવાન્ અને ત્રણે લોકના અને ત્રણેય ગુણોના અધીશ્વર આપ જીવથી જુદા પ્રકારના જ છો. દ્રષ્ટા રહીને આપ તે-તે બુદ્ધિની અવસ્થાઓ એ અખંડિત ચૈતન્યશક્તિવડે જાણો છો. આપ જ પાલન કરવામાટે વિષ્ણુરૂપ થયા છો ।।૧૫।।

જેમાંથી એક બીજાથી વિરુદ્ધ જનારી વિદ્યા અને અવિદ્યા વગેરે અનેક શક્તિઓ ક્રમે કરી નિરન્તર પ્રકટ થતી રહે છે. તે એક જગત્‌ને ઉત્પન્ન કરનાર એક અખંડ

અનાદિ, અનન્ત, આનંદમય, નિર્વિકાર બ્રહ્મસ્વરૂપ છો. હું આપને શરણે આવ્યો છું ।।૧૬।।

આપ જ પુરુષાર્થરૂપ છો એમ જાણી જો સર્વ પુરુષાર્થરૂપ કોઈનું ચરણારવિન્દ નિષ્કામપણે ભજન અર્થે હોય તો ખરેખર રાજ્યાદિ વૈભવ અને ઐશ્વર્ય કરતાં ફલરૂપ આપનું એ ચરણારવિન્દ જ છે. તેની પણ હે સ્વામી! તાજી વિયાયેલી ગાય જેમ વાછડાને ધવડાવે છે અને વ્યાઘ્રાદિથી રક્ષા કરે તેમ અનુગ્રહથી પરવશ થઈને અમ દીન લોકની આપ રક્ષા કરો છો ।।૧૭।।

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે શુભ સંકલ્પવાળા અને બુદ્ધિમાન ધ્રુવે સ્તુતિ કરી ત્યારે ભક્તવત્સલ ભગવાને એને અભિનન્દન આપ્યા અને આ પ્રમાણે બોલ્યા ।।૧૮।।

**ભગવાને કહ્યું** : હે ઉત્તમ વ્રતનું પાલન કરનાર રાજકુમાર! તારું કલ્યાણ થાઓ. તે મનમાં જે ધાર્યુ છે તે હું જાણું છું. જો કે એ અતિ દુર્લભ છે તો પણ હું તને એ આપું છું ।।૧૯।।

ભદ્ર! હું તને જે તેજોમય અવિચળ સ્થિતિવાળું અને બીજાઓએ હજુ સુધી પ્રાપ્ત નહિ કરેલું તેવું સ્થાનક આપું છું. એ સ્થાનકમાં હાલરામાં બળદો બંધાઈ ફરે તેમ ગ્રહ નક્ષત્ર અને તારાઓનું ચક્ર બંધાઈ રહેલું છે ।।૨૦।।

ધર્મ અગ્નિ, કશ્યપ, ઈન્દ્ર અને તારાઓ સહિત સપ્તર્ષિઓ એની પ્રદક્ષિણા કરતા ફર્યા કરે છે અને એ ત્રણ લોકના પ્રલય વખતે પણ નાશ પામતું નથી ।।૨૧।।

અહીં પણ તારા પિતા તને રાજ્ય આપી વનમાં જશે ત્યારપછી તું છત્રીશ હજાર વર્ષ સુધી ધર્મની મર્યાદાપૂર્વક પૃથ્વીનું પાલન કરીશ. તારી ઈન્દ્રિયોની શક્તિ જેમની તેમ અકબન્ધ રહેશે ।।૨૨।।

આગળ ઉપર એક વખત તારો ભાઈ ઉત્તમ મૃગયામાં મરણ પામતાં તારી સાવકી મા એને શોધવા વનમાં જઈ પુત્રપ્રેમમાં પાગલ થઈ દાવાગ્નિમાં પ્રવેશ કરશે ।।૨૩।।

યજ્ઞ મારી મૂર્તિ છે. ઘણી દક્ષિણાવાળા યજ્ઞોથી મારું પૂજન કરી અને મનુષ્યલોકમાં ઉત્તમ-ઉત્તમ ભોગ ભોગવી અન્તે તું મારું સ્મરણ કરીશ ।।૨૪।।

આથી સર્વ લોકો જેને નમસ્કાર કરે છે અને જે સપ્તર્ષિઓની ઉપર રહેલો છે તે મારા નિજધામને તું પામીશ. ત્યાં ગયા પછી સંસારનો ફેરો રહેતો નથી ।।૨૫।।

**મૈત્રેય કહ્યું** : એ પ્રમાણે ગરુડધ્વજ ભગવાને એ બાળકને પોતાનું સ્થાનક આપ્યું, પછી એ ધ્રુવ જોઈ રહ્યા એવી રીતે પોતે પોતાના ધામમાં પધાર્યા ।।૨૬।।

ભગવાનના ચરણની સેવાથી સઘળી તૃષ્ણાની જેમાં સમાપ્તિ છે તેવો મનોરથ પામીને પણ ધ્રુવજી અત્યન્ત રાજી થયા નહિ અને એ પોતાના પુર તરફ ગયા ।।૨૭।।

**વિદુરજીએ પુછ્યું** : જે માયાપતિ ભગવાનનું પરમ પદ તો ઘણું જ દુર્લભ છે તેને ધ્રુવે એક જન્મમાં જ એમનાં ચરણની પૂજાથી મેળવ્યું, આમ છતાં જાણે પોતે અકૃતાર્થ હોય એવું એણે શામાટે માન્યું? ।।૨૮।।

**મૈત્રેયે કહ્યું** : સાવકી માનાં વચનરૂપી બાણોથી ધ્રુવ વીંધાયા હતા અને એ બાણોનું સ્મરણ કરતાં-કરતાં ભગવાન્ પાસેથી એ મુક્તિ માગી શક્યા નહિ; વર માગતી વખતે એ અવમાન સ્મરણમાં હતું. પ્રભુના દર્શનથી મનોમાલિન્ય મરી પરવાર્યુ તો તેને પોતાની ભૂલ સમજાઈ તેથી એને પસ્તાવો થયો ।।૨૯।।

**ધ્રુવ મનમાં બોલ્યા** : સનકાદિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ પણ અનેક જન્મોમાં સમાધિ કરી એમના પદને પ્રાપ્ત કરી શકે છે તે ભગવાનના ચરણોની છાયા હું છ મહિનામાંજ પામ્યો છતાં ચિત્તમાં બીજી વાસના વસેલી હોવાથી હું પુનઃ દૂર ફેંકાઈ ગયો ।।૩૦।।

અરરર! હું ખરેખર હતભાગી છું. મારી જડસાઈ તો જુઓ, હું પહોંચ્યો તો ઠેઠ પ્રભુનાં પાદપદ્મો સુધી જે પાદપદ્મો સંસારની બેડીઓ ઝટ દઈને તોડી નાખે છે પણ માગી મેં નાશવન્ત વસ્તુ જ ।।૩૧।।

દેવતાઓને સ્વર્ગભોગ પછી ફરી નીચે પટકાવાનું હોય છે તેથી મારી ભગવત્પ્રાપ્તિરૂપ ઉચ્ચતર સ્થાન તેઓની આંખમાં ખૂંચ્યું અને માટેજ તેઓએ મારી બુદ્ધિને ભ્રષ્ટ કરી દીધી. તેથી તો મેં મૂર્ખાએ નારદજીની સાચી વાતને પણ નકારી કાઢી ।।૩૨।।

ભગવાનની માયામાં સૂતા પડેલાની પેઠે હું બીજું સઘળું સ્વપનવત્ મિથ્યા છે એવું દેખુ છું તો પણ ભાઈને શત્રુ ગણવારૂપ હૃદય રોગથી બળી રહ્યો છું ।।૩૩।।

મરવા પડેલાની ચિકિત્સાની પેઠે આ મારું માગવું નકામું ગયું, કારણ કે ઘણા તપથી પણ પ્રસન્ન ન થાય તેવા, સંસારને છેદનાર પરમેશ્વરને પ્રસન્ન કર્યા છતાં પણ કમનસીબને લીધે મેં સંસાર જ માગ્યો ।।૩૪।।

જેમ કોઈ કંગાળ માણસ ચક્રવર્તી સમ્રાટને પ્રસન્ન કરી તેની પાસે ફોતરાંવાળી

ચોખાની કણકી માગે તેવી રીતે ઓછા પુણ્યવાળાએ મોક્ષ આપનાર ભગવાન્ પાસેથી મૂર્ખપણાને લીધે અભિમાન વધારનાર ઉચ્ચપદાદિ જ માગ્યું ।।૩૫।।

**મૈત્રેયે કહ્યું** : હે વિદુરજી! તમારી માફક જે લોકો શ્રીમુકુન્દપાદારવિન્દ-મકરન્દના જ મધુકર છે, જે નિરન્તર પ્રભુની ચરણરજનુંજ સેવન કરે છે અને જેનું મન પોતાની મેળેઆકાર લેતી બધી પરિસ્થિતિઓમાં સન્તુષ્ટ રહે છે તે ભગવાનની પાસે એમની સેવા સિવાય પોતાને માટે કોઈ ચીજ માગતા નથી ।।૩૬।।

મર્યા પછી કોઈ પાછો આવે તે વાત જેમ માનવામાં ન આવે તેમ પુત્રને આવેલો સાંભળી પ્રથમ તો ઉત્તાનપાદ રાજાના માન્યામાં આવ્યું નહિ. એણે કહ્યું કે મારા જેવા અભાગિયાનું એવું ભાગ્ય ક્યાંથી? ।।૩૭।।

પણ પછી નારદજીનાં વચન યાદ આવ્યાં ત્યારે વિશ્વાસ આવ્યો. આનન્દથી અધીરા રાજાએ વધામણી લાવનારને પ્રીતિથી મહામૂલો હાર આપ્યો ।।૩૮।।

પુત્રને જોવાને થનગની રહેલા રાજા ઉત્તાનપાદ સુવર્ણ જડિત પાણીદાર ઘોડાવાળા રથમાં બેઠો અને બ્રાહ્મણો, કુળના વૃદ્ધ પુરુષો, મન્ત્રીઓ અને બન્ધુઓની સાથે શંખ, દુન્દુભિ અને વેણુ આદિ મંગલવાદ્યોના ઘોષ સાથે ધડાકાબંધ નગરમાંથી નીકળ્યા ।।૩૯-૪૦।।

રાજાની રાણીઓ સુનીતિ અને સુરુચિ પણ સુવર્ણમય શૃંગાર સજી ઉત્તમકુમારની સાથે પાલખીમાં બેસી સામૈયામાં ગઈ ।।૪૧।।

ધ્રુવને વાડીની પાસે આવેલા જોઈ પ્રેમથી વિહ્વલ થયેલા અને લાંબા દિવસની ઉત્કંઠાવાળા રાજા ઝટપટ રથમાંથી નીચે ઉતરી પડ્યા અને હાંફતાં-હાંફતાં પાસે જઈને હાથવડે એણે એને બાથમાં ઘાલી લીધા ।।૪૨-૪૩।।

રાજા ઉત્તાનપાદનો એક બહુ જ મોટો મનોરથ સાકાર થયો, ફરી-ફરી પુત્રનું સિર સૂંઘ્યું અને ઠંડાં-ઠંડાં પ્રેમાશ્રુઓથી એમને નવડાવી દીધા ।।૪૪।।

સત્કાર પામેલા અને સજ્જનોમાં અગ્રણી ધ્રુવે પિતાને પ્રણામ કર્યા અને એમના આશીર્વાદ લઈ તથા એમની સાથે વાતચીત કરી બન્ને માતાઓને પ્રણામ કર્યા ।।૪૫।।

સુરુચિએ પગમાં પડેલા એ બાળકને હૃદય સરસો ચાંપ્યો અને આંસુથી ગદ્-ગદ વાણીવડે **"ચિરં જીવ! ચિરંજીવી રહો"** એમ કહ્યું ।।૪૬।।

જેના ઉપર મૈત્રી વગેરે ગુણોથી ભગવાન્ પ્રસન્ન થયા હોય તેને, જેમ જળ

નીચી જગ્યામાં વહે તેમ, સર્વ પ્રાણીઓ પોતાની મેળે જ નમે છે ।।૪૭।।

બીજી બાજુ પ્રેમથી વિહ્વલ થયેલા ઉત્તમકુમારે અને ધ્રુવે એકબીજાને આલિંગન કર્યું ત્યારે એક-બીજાનો સ્પર્શ થતાં બન્નેનાં રુવાડાં ઊભાં થઈ ગયાં અને વારંવાર આંસુની ધારા ચાલવા લાગી ।।૪૮।।

પોતાના પ્રાણથી પણ પ્યારા ધ્રુવની માતા સુનીતિએ પુત્રને ગળે લગાવ્યો. એના અંગના સ્પર્શથી પરમ સુખ પામી અને એની સઘળી ચિન્તા ચૂર થઈ ગઈ।।૪૯।।

વીરવર વિદુરજી! વીરમાતા સુનીતિનાં સ્તન એનાં નેત્રોમાંથી દદડતાં મંગલમય આંસુઓથી ભીંજાઈ ગયા અને તેમાંથી વારંવાર દૂધ સ્રવવા લાગ્યું ।।૫૦।।

એ વખતે નાગરિકો એમની પ્રશંસા કરતાં કહેવા લાગ્યા, ''મહારાણીજી, આપના લાલ ઘણા દિવસોથી ગુમ થઈ ગયા હતા. સૌભાગ્યવશ એ પાછા આવ્યા. તે અમારાં દુઃખ દૂર કરનારા છે. બહુ વર્ષો સુધી એ પૃથ્વી ઉપર રાજ કરશે ।।૫૧।।

આપે અવશ્ય શરણાગત ભયભંજન શ્રીહરિનું પૂરું પૂજન કર્યું છે કે જેનું ધ્યાન કરનારા, વીર પુરુષોથી જીતી શકાય નહિ તેવા મૃત્યુને પણ જીતી લે છે'' ।।૫૨।।

એવી રીતે લોકો જેને લાડ-લડાવતા હતા તે ધ્રુવને તથા ઉત્તમકુમારને હાથણી ઉપર બેસાડી રાજી થયેલા અને પ્રશંસા પામતા ઉત્તાનપાદ રાજા પોતાના નગરમાં પધાર્યા ।।૫૩।।

નગરમાં ચારે બાજુ મગરના આકારના સુન્દર દરવાજા બનાવ્યા હતા. ફળ અને માંજરવાળા કેળના થમ્ભ તથા નાનાં-નાનાં સોપારીનાં ઝાડ શોભી રહ્યાં હતાં ।।૫૪।।

પ્રત્યેક દ્વારે આમ્બાનાં પાન, વસ્ત્ર, ફૂલની માળા, મોતીની માળાઓથી શણગારેલા જળના કુમ્ભો અને દીપકો શોભી રહ્યાં હતાં ।।૫૫।।

વિમાનોનાં શિખરોની માફક શોભતાં અને સોનાની સામગ્રીવાળાં ગઢ, દરવાજા અને મકાનો બધી બાજૂએ ઝળાંમળાં થઈ રહ્યા હતાં ।।૫૬।।

નગરના ચોક, ગલીઓ, માર્ગો અને અટારીઓ સ્વચ્છ હતાં. ચન્દન, ધાણી, ચોખા, ફૂલ, ફળ, જવ અને બીજી ભેટની વસ્તુઓ સાજી રાખી હતી ।।૫૭।।

રાજમાર્ગે સ્થળે-સ્થળે નગરની સ્ત્રીઓ ધ્રુવ ઉપર સફેદ સરસવ, અક્ષત, દહીં, જવ, ધ્રો, ફૂલ અને ફળોની વર્ષા કરવા લાગી અને પ્રેમથી તેને આશીર્વાદ દેવા લાગી. એ સ્ત્રીઓનાં સુન્દર ગીત સાંભળતાં ધ્રુવે પિતાના મહેલમાં પ્રવેશ કર્યો ।।૫૮-૫૯।।

પિતાએ અત્યન્ત લાડ લડાવેલા ધ્રુવજી અનેક મોટા મણિઓથી જડેલા એ

ઉત્તમ મહાલયમાં સ્વર્ગના દેવની પેઠે નિવાસ કરી રહ્યા ।।૬૦।।

ત્યાં દૂધના ફીણ જેવી સફેદ અને કોમલ શય્યાઓ, હાથી દાંતના પલંગ, સોનેરી બુટ્ટાદાર પડદા, બહુમૂલ્ય સિંઘાસન, ચોકી, આસન્દ અને ઘણો સુવર્ણનો સામાન હતો ।।૬૧।।

મોટા મરકતમણિઓથી જડેલી સ્ફટિકમણિની ભીતોમાં ઉત્તમ સ્ત્રીઓની પૂતળીઓ ઉપર મૂકેલા મણિના દીવા ઝળહળી રહ્યા હતા ।।૬૨।।

રમણીય બગીચાઓમાં વિવિત્ર દિવ્ય વૃક્ષો ઉપર પક્ષીઓનાં જોડાં કલરવ કરી રહ્યાં હતાં. મદોન્મત્ત ભમરા ગુંજારવ કરી રહ્યા હતા ।।૬૩।।

બગીચાઓમાં વૈદુર્યમણિનાં પગથિયાંવાળી અને જાતજાતનાં કમળોવાળી વાવડીઓમાં હંસ, કારંડવ, ચકવાક અને સારસ પક્ષીઓ કલ્લોલ કરી રહ્યાં હતાં।।૬૪।।

રાજર્ષિ ઉત્તાનપાદે પોતાના પુત્રના અત્યન્ત અદ્ભુત પ્રભાવની વાત દેવર્ષિ નારદજીના મુખેથી સાંભળી તો હતી જ; હવે એ પ્રત્યક્ષ જોઈ એમને ખૂબ આશ્ચર્ય થયું ।।૬૫।।

પછી તરુણ થયેલા ધ્રુવની ઉપર મન્ત્રીઓનો આદર અને પ્રજાનો અનુરાગ જોઈ ઉત્તાનપાદ રાજાએ એનો રાજ્યાભિષેક કર્યો ।।૬૬।।

**આત્માનં ચ પ્રવયસમાકલય્ય વિશામ્પતિઃ ।।**
**વનં વિરક્તઃ પ્રાતિષ્ઠદ્વિમૃશન્નાત્મનો ગતિમ્ ।।૬૭।।**

પછી પોતાને વૃદ્ધ અવસ્થા આવેલી જોઈને વૈરાગ્ય પામતા ઉત્તાનપાદ રાજા આત્મસ્વરૂપનો વિચાર કરવા વનમાં ચાલી નીકળ્યા ।।૬૭।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં (બીજા અર્થપ્રકરણનો સાધ્યનિરૂપણ નામે બીજો) ''ધ્રુવે ભગવાનની સ્તુતિ કરી વરદાન પ્રાપ્ત કરી પાછા રાજ્ય કર્યું'' નામનો નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**દીક્ષા આપનારાઓ! સાવધાન!!**

દીક્ષા લેવા આવનારની યોગ્યતાનો સોવાર વિચાર કર્યા પછી યોગ્ય (પુષ્ટિ)જીવનેજ દીક્ષા આપજો. અવિચારિત પણે (ટકેશેર ભાજી ટકેશેર ખાજા ની માફક) દીક્ષા આપનારનો સર્વનાશ થાય છે **(શ્રીગુસાંઈજી)**

# અધ્યાય ૧૦

## પોતાના ભાઈને મારનાર યક્ષોનો ધ્રુવજીએ નાશ કર્યો

**વિશેષ :** આ દશમા અધ્યાયમાં ધ્રુવે એકલા જ અલકા પુરીમાં જઈને પોતાના ભાઈને મારનારા યક્ષોનો વધ કરી પરાક્રમ કર્યાની કથા અને રાજ્ય કરવાથી અનેક અનર્થો કરવા પડે છે તેનું નિરૂપણ છે.

**પ્રજાપતેર્દુહિતરં શિશુમારસ્ય વૈ ધ્રુવઃ ।।**
**ઉપયેમે ભ્રમિં નામ તત્સુતૌ કલ્પવત્સરૌ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** ધ્રુવજી શિશુમાર પ્રજાપતિની પુત્રી ભ્રમિને પરણ્યા હતા તેને કલ્પ અને વત્સર નામના બે પુત્ર થયા; મહાબલી ધ્રુવજીની બીજી સ્ત્રી હતી વાયુપુત્રી ઈલા. તેનાથી ઉત્કલ નામનો પુત્ર અને એક રત્ન જેવી કન્યા થયાં ।।૧-૨।।

ઉત્તમનો હજુ વિવાહ તો થયો ન હતો. ત્યાં જ એક વખત શિકાર કરતા તેને હિમાલય પર્વતમાં કોઈ બળવાન યક્ષે મારી નાખ્યો તેથી એની મા સુરુચિ પણ એની પાછળ સિધારી ગઈ ।।૩।।

ભાઈનો વધ થયો છે એવું સાંભળી ધ્રુવજીને કોપ, ઉદ્વેગ અને શોક વ્યાપી ઊઠ્યાં અને એ વિજયરથમાં બેસીને અલકાપુરી જઈ પહોંચ્યા ।।૪।।

ઉત્તર દિશામાં જઈને હિમાલયની ખીણમાં રુદ્રના અનુચરો યક્ષોને રહેવાની અલકાપુરી નગરીને એણે જોઈ ।।૫।।

ત્યાં મહાપરાક્રમી ધ્રુવે આકાશ અને દિશાઓને ગજવી મૂકે તેવો શંખનાદ કર્યો; એનાથી સ્ત્રીઓ ચોંકી ઊઠી અને તેમની આંખો ચકર-વકર થવા લાગી ।।૬।।

પછી બળવાન યક્ષો એ નાદને સહન નહિ કરતાં નગરીમાંથી બહાર હથિયારો ઉપાડી યુદ્ધ કરવાને ધસી આવ્યા ।।૭।।

અને ધ્રુવજી ઉપર તૂટી પડ્યા. તરત જ પ્રચંડ ધનુર્ધર મહારથી ધ્રુવે એ સઘળાઓમાંના પ્રત્યેક જણને એકી વખતે ત્રણ-ત્રણ બાણ માર્યા ।।૮।।

લલાટમાં લાગેલા બાણોથી એ બધા યક્ષો પોતાનો પરાજય થયો માની ધ્રુવજીના પરાક્રમનાં વખાણ કરવા લાગ્યા ।।૯।।

જેમ સર્પો પગનો સ્પર્શ સહન ન કરે તેમ ધ્રુવના પરાક્રમને સહન નહિ કરતા અને બદલો વાળવાને ઈચ્છતા એ યક્ષોએ એકદમ ધ્રુવજીને છ-છ બાણથી વીંધી

નાખ્યા ॥૧૦॥

એ પછી એક લાખ અને ત્રીસ હજાર યક્ષોએ કોપ કરી ધ્રુવ, ધ્રુવના રથ અને સારથિ ઉપર ભોગળ, ખડ્ગ, પ્રાસ, ત્રિશૂળ, ફરશી, સાંગ, ઋષ્ટિ, ભુશુંડી અને વિચિત્ર પાંખોવાળાં બાણોની ઝડી વરસાવી ॥૧૧-૧૨॥

એ સમયે, જેમ વરસાદથી સૂર્ય દેખાતો બન્ધ થઈ જાય તેમ, ઘણાં અસ્ત્રોના વરસાદથી ધ્રુવજી ઢંકાઈ જઈને દેખાતા બન્ધ થઈ ગયાં ॥૧૩॥

આકાશમાં સિદ્ધગણ જોવાને ઊભેલા હતા તેઓ હાહાકાર કરવા લાગ્યા : ''આ માનવ સૂર્ય જેવા આ ધ્રુવ યક્ષરૂપ સમુદ્રમાં ડૂબીને અસ્ત થઈ ગયા'' ॥૧૪॥

યુદ્ધમાં પોતાના વિજયની ઘોષણા કરતા યક્ષો ગર્જવા લાગ્યા એટલામાં તો જેમ ઝાકળમાંથી સૂર્ય ભગવાન્ નીકળી આવે તેમ બાણોની જાળમાંથી એનો રથ બહાર નીકળી આવ્યો ॥૧૫॥

દિવ્ય ધનુષનો ટંકાર કરતા અને શત્રુઓને ખેદ આપતા ધ્રુવે, આંધી જેમ વાદળાંઓને વેરણ-છેરણ કરી નાખે તેમ, પ્રચંડ બાણોની વર્ષા કરી યક્ષોનાં અસ્ત્રોના સમૂહને વીંખી નાખ્યો ॥૧૬॥

ધ્રુવજીના ધનુષમાંથી નીકળેલાં તીક્ષ્ણ બાણ યક્ષોનાં ઘણાં બખતરોને તોડી નાંખી, જેમ વજ્ર પર્વતોમાં પેસે તેમ એઓનાં શરીરમાં ઘૂસી ગયાં ॥૧૭॥

મહારાજ ધ્રુવજીના બાણોથી કપાઈ ગયેલ યક્ષોનાં સુન્દર કુંડળવાળાં માથાં, સોનેરી તાડ સરખી સાથળ, કંકણથી શોભતા હાથ, હાર, બાજુબન્ધ, મુકુટ અને ઘણા મૂલ્યવાળી પાઘડીઓએ પૃથ્વીને ઢાંકી દીધી અને એ પૃથ્વી શૂર પુરુષોને પ્રિય લાગે એવી રીતે શોભવા લાગી ॥૧૮-૧૯॥

જે યક્ષો જેમ-તેમ કરીને જીવતા રહી ગયા તેઓ, ધ્રુવજીનાં બાણોથી અંગ કપાઈ જવાને કારણે જેમ સિંહના પરાક્રમથી હાથીઓ ત્રાસીને નાસી જાય તેમ રણભૂમિમાંથી નાસી છૂટ્યા ॥૨૦॥

ત્યારે નરરત્ન ધ્રુવે મોટા સંગ્રામમાં કોઈ પણ શસ્ત્રધારીને જોયો નહિ અને ''કપટીઓના કર્તવ્યની કોઈને ખબર ન પડે'' એમ હોઈ પોતાના સારથિ પાસે વાત કરવા લાગ્યા. એમને શત્રુઓની નગરી જોવાનું મન થયું તોપણ એ નગરીમાં ગયો નહિ ॥૨૧॥

એ પ્રમાણે ધ્રુવજી સાવધાન હતા અને શત્રુઓ ફરીવાર આક્રમણ કરશે એવી

શંકા રાખતા હતા તેટલામાં જ એમને સમુદ્રની ગર્જના જેવો આંધીનો ભયંકર ધડાકા સંભળાયા અને દિશાઓમાં ઊડતી ધૂળ પણ દેખાઈ ।।૨૨।।

એક ક્ષણમાં જ વાદળાંની ઘટાથી ચારે બાજુએ આકાશ ઘેરાઈ ગયું, વીજળીઓ ચમકવા લાગી. અને ચારે તરફ ભયંકર ગડગડાટ થવા લાગ્યા ।।૨૩।।

હે નિષ્પાપ વિદુરજી! રુધિર, કફાદિક વિષ્ઠા, મૂત્ર, પરુ અને માંસનો વરસાદ થવા લાગ્યો, આકાશમાંથી માથાં વિનાનાં ધડ ધ્રુવજીની સામે પડવા લાગ્યાં ।।૨૪।।

આકાશમાં એક પર્વત દેખાયો, ભોગળ, ગદા, ખડ્ગ, મુશળ અને પથરાની વૃષ્ટિ પડવા લાગી ।।૨૫।।

વજ્ર જેવા ફૂંફાડા મારતા અને આંખોમાંથી અગ્નિની ઝાળો કાઢતા સર્પો, મદોન્મત્ત હાથીઓ, સિંહ અને વાઘોનાં ટોળેટોળાં દોડતાં આવી રહ્યાં છે ।।૨૬।।

પ્રલયકાળની પેઠે ઊંચા-ઊંચા મોજાંથી ચારેકોર ધરતીને ડૂબાડી દેતો અને ઘૂ-ઘૂ કરતો ભયંકર સમુદ્ર એમની તરફ આગળ વધી રહ્યો છે ।।૨૭।।

એ પ્રમાણે ક્રૂર સ્વભાવવાળા યક્ષોએ આસુરી માયાથી કાયર પુરુષોને ત્રાસ કરનારા અનેક કુતૂહલ ઉત્પન્ન કર્યા ।।૨૮।।

ધ્રુવ ઉપર યક્ષ લોકોએ જે એ અતિ દુસ્તર માયા ચલાવી હતી તે સાંભળીને ત્યાં કેટલાક મુનિઓએ આવી અને એનેમાટે મંગલ કામના કરી ।।૨૯।।

**મુનિઓ બોલ્યા** : હે ઉત્તાનપાદના લાલ! શાંર્ગધનુષ્યના ધરનાર અને ભક્તજનની પીડા હરનાર ભગવાન્ તમારા શત્રુઓનો નાશ કરજો, ભગવાનનું તો નામ જ એવું છે જે શ્રવણ અને કીર્તન કરવા માત્રથી મનુષ્ય દુસ્તર મૃત્યુના મુખમાંથી અનાયાસે જ બચી જાય છે ।।૩૦।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં (બીજા અર્થપ્રકરણમાં બીજો)**
**''પોતાના ભાઈને મારનાર યક્ષોનો ધ્રુવે નાશ કર્યો''**
**નામનો દસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**તમારું વાંચન ક્યાંક એકડા વગરના મીંડા જેવું તો નથી!!!**
સત્સંગ-મંડળમાં હોય, ભગવદ્વાર્તામાં હોય કે વ્યક્તિગત હોય
ષોડશગ્રન્થ વિનાનું વાંચન એકડા વગરના મીંડા સમાન જાણવું.

# અધ્યાય ૧૧

## યક્ષનો નાશ કરનાર ધ્રુવજીને સ્વાયમ્ભુવ મનુએ કરેલો તત્ત્વોપદેશ

**વિશેષ :** આ અગિયારમાં અધ્યાયમાં યક્ષોનો ક્ષય થતો જોઈ સ્વાયમ્ભુવ મનુ આવ્યા અને એમણે તત્ત્વનો ઉપદેશ કરી ધ્રુવજીને વાર્યા અને ગર્વનો દોષ કહ્યો એ કથા કહેવામાં આવશે.

**નિશમ્ય ગદતામેવમૃષીણાં ધનુષિ ધ્રુવઃ ।।**
**સન્દધેઽસ્ત્રમુપસ્પૃશ્ય યન્નારાયણનિર્મિતમ્ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે ઋષિનાં વચન સાંભળી આચમન કરી ધ્રુવજીએ નારાયણાસ્ત્ર પોતાના ધનુષ્ય ઉપર ચડાવ્યું ।।૧।।

હે વિદુરજી! ધનુષ્ય ઉપર નારાયણાસ્ત્ર ચડાવતાં જ જ્ઞાનનો ઉદય થતાં જેમ અવિદ્યા જનિત કલેશ માત્ર નાશ પામે તેમ, યક્ષોએ રચેલી માયા તુરત નાશ પામી ગઈ ।।૨।।

ધ્રુવે ઋષિવર નારાયણે આવિષ્કૃત એ અસ્ત્રને ધનુષ પર ચઢાવ્યું કે એમાંથી સુવર્ણની, અણીવાળા અને હંસની પાંખોવાળાં બાણ સુસવાટા મારતાં છૂટવા લાગ્યાં અને જેમ મોર વનમાં પેસે તેમ શત્રુઓનાં સૈન્યમાં ઘૂસવા લાગ્યાં ।।૩।।

એ તીખી ધારવાળાં બાણોથી ઉપદ્રવ પામેલા યક્ષ લોકો જેમ સર્પો ફેણો ઊંચી કરી ગરુડ ઉપર દોડે તેમ હથિયારો સંભાળી યુદ્ધમાં ચારેબાજુથી ધ્રુવજી ઉપર તૂટી પડ્યા ।।૪।।

જ્યારે એ લોકો યુદ્ધમાં ચડી આવ્યા ત્યારે ધ્રુવે પોતાનાં બાણોથી એનાં હાથ, સાથળ, ડોક અને ઉદર કાપી નાખીને એમને પરલોકમાં મોકલી દીધા કે જ્યાં ઊર્ધ્વરેતા મુનિગણ સૂર્યમંડલને ભેદીને જાય છે ।।૫।।

ધ્રુવે ઘણા યક્ષોને અપરાધ વગર મારવા માંડ્યાં એ જોઈને યક્ષો ઉપર દયા આવવાથી દાદા સ્વાયમ્ભુવ મનુ ઋષિઓ સહિત ત્યાં આવ્યા અને ધ્રુવજીને સમજાવવા લાગ્યા ।।૬।।

**મનુ બોલ્યા :** બેટા! બસ-બસ, અધિક ક્રોધ કરવો ઠીક નહિ એ પાપી (ક્રોધ) નરકનું દ્વાર છે. એને વશ થઈ તમે આ નિર્દોષ યક્ષોનો વધ કર્યો છે ।।૭।।

હે તાત (બાળ)! આ નિરપરાધી યક્ષોને મારવાનું કામ સત્પુરુષોએ ધિક્કારેલું

છે; આપણા કુળને એ શોભતું નથી ।।૮।।

હે બેટા! તારો તારા ભાઈઉપર અપાર પ્રેમ હતો એતો ઠીક છે, પરન્તુ જો એના વધથી ઊકળી ઊઠી તેં એકયક્ષના અપરાધના બદલામાં પ્રસંગવશ કેટલાનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો? ।।૯।।

આ જડ દેહને આત્મા માની પશુની પેઠે પ્રાણીઓનો સંહાર કરવો એ ભગવાનને અનુસરનારા સાધુ લોકોનો માર્ગ નથી ।।૧૦।।

પ્રભુની આરાધના કરવી ઘણી જ કઠણ છે. પણ તેં તો બચપણમાં જ સમ્પૂર્ણ પ્રાણીઓના આશ્રયસ્થાન શ્રીહરિની સર્વભૂતાત્મભાવથી આરાધના કરી એમનું પરમ પદ પ્રાપ્ત કરી લીધું છે ।।૧૧।।

તને તો પ્રભુ પણ પોતાનો લાડીલો ભક્ત માને છે અને ભક્તજનો પણ તારો આદર કરે છે. સાધુજનો માટે તો તું દીવાદાંડી છો. તો પણ તેં આવું નિંદનીય કાર્ય કેમ કર્યું ? ।।૧૨।।

સર્વાત્મા શ્રીહરિ તો પોતાનાથી મોટેરાઓ પ્રત્યે સહનશીલતા, નાનેરાઓ પ્રત્યે દયા, બરાબરિયા સાથે મિત્રતા અને સમસ્ત જીવોની સાથે સમતા બતાવવાથી જ પ્રસન્ન થાય છે ।।૧૩।।

અને જ્યારે ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે ઈન્દ્રિયોથી તેમજ દેહાભિમાનથી મુક્ત થાય છે અને એને પરમ સુખરૂપ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે ।।૧૪।।

દેહાદિમાં પરિણામ પામેલાં પંચ મહાભૂતમાંથી જ સ્ત્રી-પુરુષ ઉત્પન્ન થાય છે તેમના પારસ્પરિક સમાગમથી બીજાં સ્ત્રી-પુરુષ ઉત્પન્ન થાય છે ।।૧૫।।

એ પ્રમાણે પરમાત્માની માયાથી થયેલા ત્રણ ગુણોના ન્યૂનાધિકભાવ થવાથી જેમ સર્જન ચાલ્યા કરે છે ।।૧૬।।

તેમ પંચભૂતોથી પ્રાણીઓની સ્થિતિ અને પ્રલય થયા કરે છે; એમાં નિર્ગુણ પરમાત્મા તો હે પુરુષ શ્રેષ્ઠ! નિમિત્ત માત્ર છે. એના આશ્રયથી આ કાર્યકારણાત્મક જગત્ એ જ પ્રમાણે ફરતું રહે છે(જેવી રીતે લોહચુમ્બકના આશ્રયથી લોઢું)।।૧૭।।

કાલશક્તિદ્વારા ક્રમશઃ સત્ત્વાદિ ગુણોમાં ક્ષોભ થવાથી લીલામય ભગવાનની શક્તિ પણ સૃષ્ટિ વગેરે રૂપમાં વહેંચાઈ જાય છે તેથી ભગવાન્ અકર્તા હોવા છતાં જગતની રચના કરે છે અને સંહારક ન હોવા છતાં એનો સંહાર કરે છે. સાચું પૂછો તો એ અનન્ત પ્રભુની લીલા સર્વથા અચિન્તનીય છે ।।૧૮।।

અવિનાશી અને ભગવત્‌શક્તિરૂપ એ કાળ અનન્ત છે અને સર્વનો અન્ત આણે છે. પોતે અનાદિ (કારણ રહિત) છે અને સર્વના આદિ (કારણ)ને ઉત્પન્ન કરે છે. એ જ એક જીવદ્વારા બીજા જીવને ઉત્પન્ન કરી સંસારની સૃષ્ટિ કરે છે અને મૃત્યુદ્વારા મારવાવાળાને પણ મરાવીને એનો સંહાર કરે છે ।।૧૯।।

સર્વ પ્રજાઓમાં એકરૂપે પ્રવેશ કરતા એ મૃત્યુરૂપ કાળને કોઈ પોતાનો કે કોઈ પરાયો નથી. ફૂંકાતા પવન સાથે જેમ ધૂળ ઊડે છે તેમજ બધા જ જીવ પોતાના કર્મોને અધીન થઈને કાલની ગતિને અનુસરે છે પોતપોતાનાં કર્મ પ્રમાણે સુખ-દુઃખાદિ ફલ ભોગવે છે ।।૨૦।।

સર્વ સમર્થ શ્રીહરિ કર્મબન્ધનમાં બન્ધાયેલા જીવના આયુની વૃદ્ધિ અને ક્ષયની વ્યવસ્થા કરે છે, પરન્તુ પોતે એ બેઉથી રહિત અને પોતાના સ્વરૂપમાં જ સ્થિત છે ।।૨૧।।

રાજન્! આ પરમાત્માને જ મીમાંસક લોકો કર્મ કહે છે, ચાર્વાક સ્વભાવ કહે છે, વૈશેષિક મનવાળા કાળ કહે છે, જ્યોતિષી દૈવ અને કામશાસ્ત્રી કામ કહે છે ।।૨૨।।

એ ઈશ્વર જાણવામાં કે માપવામાં આવી શકે એવા નથી. મહદાદિ સર્વ પદાર્થ એમાંથી જ પ્રકટ થયેલ છે. એ શું કરવા ધારે છે એ કોઈ પણ જાણી શકતું નથી ત્યારે પોતાના મૂલ કારણ એ ઈશ્વરને તો કોણ જ જાણી શકે? ।।૨૩।।

હે પુત્ર! આ યક્ષલોકો તારા ભાઈને મારનાર છે એમ સમજવું નહિ કેમકે માણસના જન્મ-મરણનું કારણ દૈવ (ઈશ્વર) જ છે ।।૨૪।।

એ ઈશ્વર જ જગતને સરજે છે, પાળે છે અને મારે છે તો પણ નિરહંકાર હોવાથી એના સમ્બન્ધના ગુણથી અને કર્મથી લેપાતા નથી ।।૨૫।।

એ નિરહંકાર રહે છે એનું કારણ એ છે કે લોકોના અન્તર્યામી, નિયન્તા, રક્ષક ઈશ્વર જ પોતાની માયા શક્તિયુક્ત સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય કરે છે ।।૨૬।।

હે તાત! (પુત્ર) ભક્તોને પાળનાર, અભક્તોને કાળરૂપ અને જગતના આશ્રયરૂપ એ ઈશ્વરનું જ શરણ લે. એણે પોતાના નિયમોથી બાંધી લીધેલા પ્રજાપતિઓ પણ નાથેલા બળદની પેઠે એણે કરાયેલું કામ કરે છે ।।૨૭।।

એનું આરાધન કરવું તમારેમાટે તો સુગમ છે. તમે પાંચ જ વર્ષના હતા ત્યારે સાવકી માતાના વાગ્બાણોથી ઘાયલ થઈ માની ગોદને છોડી વનમાં જઈ તપશ્ચર્યાથી ભગવાનને પ્રસન્ન કર્યા અને તેમ કરી ત્રૈલોક્યની ઉપરનું ધ્રુવપદ પામ્યા છો ।।૨૮।।

હે પુત્ર! કલેશરહિત, નિર્ગુણ, એક, અવિનાશી અને મનમાં વાસ કરી રહેલ એ ઈશ્વરને જ તું મુક્ત અને અન્તર્દ્રષ્ટા થઈને શોધ. એ ઈશ્વરમાં ભેદભાવમય પ્રપંચ ન હોવા છતાં દેખાય છે ।।૨૯।।

શોધતી વખતે જ જો અનન્ત, આનન્દમય, સર્વશક્તિયુક્ત અને અન્તર્દષ્ટિ થી જણાય તેવા એ ઈશ્વરની પરમ ભક્તિ થાય તો 'હું' અને 'મારું' એવા પ્રકારે જામી ગયેલી અજ્ઞાનની ગાંઠ ધીરે-ધીરે તૂટી જશે ।।૩૦।।

હે રાજા! જેમ ઓસડથી રોગનું નિવારણ કરવામાં આવે તેમ મેં કહેલું સાંભળી તેના ઉપર વિચાર કરી કલ્યાણના વેરીરૂપ ક્રોધનું શમન કર; તારું મંગલ થશે ।।૩૧।।

ક્રોધે જેનો કબજો લીધો છે તેવા માણસથી લોકોને બહુ ઉદ્વેગ થાય છે; માટે જે સમજુ પુરુષ પોતાને નિર્ભય કરવા ઈચ્છતો હોય તેણે ક્રોધને વશ થવું જોઈએ નહિ ।।૩૨।।

યક્ષોએ મારા ભાઈને માર્યો છે એમ સમજી ક્રોધને લીધે યક્ષોને માર્યા એ તેં મહાદેવજીના સખા કુબેરજીનો અપરાધ કર્યો છે ।।૩૩।।

માટે હે લાલ! એ મહાત્માનું તેજ આપણા કુળને આક્રાન્ત કરી દે એ પહેલાં નમ્રતાથી અને વિનયનાં વચનોથી એમને તુરત પ્રસન્ન કરી લે ।।૩૪।।

**એવં સ્વાયમ્ભુવઃ પૌત્રમનુશાસ્ય મનુર્ધ્રુવમ્ ।।**
**તેનાભિવન્દિતઃ સાકમૃષિભિઃ સ્વપુરં યયૌ ।।૩૫।।**

એ પ્રમાણે પોતાના પૌત્ર ધ્રુવને શિખામણ દીધા પછી ધ્રુવે એમને નમસ્કાર કર્યા અને સ્વયમ્ભુવ મનુ ઋષિઓની સાથે પોતાના પૂરમાં ચાલ્યા ગયા ।।૩૫।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં (બીજા અર્થ પ્રકરણમાં ચોથો)**
**''યક્ષનો નાશ કરનાર ધ્રુવજીને સ્વાયમ્ભુવ મનુએ કરેલો તત્ત્વોપદેશ''**
**નામનો અગિયારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**
''પ્રભુની કથા-કીર્તન કરીને આજીવિકા ચલાવનાર અધમ વક્તાઓના મનોભાવો ગટરના ગંદા પાણી જેવા હોય છે''. (જલભેદ, શ્રીવલ્લભાચાર્ય)
આવા અધમ વક્તાઓના મુખે ભાગવત કથા-કીર્તન સાંભળવા એ ગટરનું પાણી પીવા જેવી બીભત્સ રુચિ છે.

## અધ્યાય ૧૨

# યજ્ઞોથી ભગવાનનું પૂજન કરી ધ્રુવજી વિષ્ણુપદ પામ્યા

**વિશેષ :** આ બારમા અધ્યાયમાં કુબેરજીએ સત્કાર કરેલા અને પોતાના નગરમાં આવેલા ધ્રુવ યજ્ઞોથી ભગવાનનું પૂજન કરી. પોતાના સ્થાન વિષ્ણુપદને પામ્યા; એ કથા કહેવાશે.

**ધ્રુવં નિવૃત્તં પ્રતિબુદ્ધ્ય વૈશસાદપેતમન્યું ભગવાન્ ધનેશ્વરઃ ।।**
**તત્રાગતશ્ચારણયક્ષકિન્નરૈઃ સંસ્તૂયમાનોઽભ્યવદત્કૃતાંજલિમ્ ।।૧।।**

**મૈત્રેય કહ્યું :** ધ્રુવનો ક્રોધ ઊતરી ગયો. એમણે યક્ષોને મારવાની પ્રવૃત્તિ બન્ધ કરી એવું જાણી. ચારણ, યક્ષ તથા કિન્નરો જેમની સ્તુતિ કરતા હતા તેવા કુબેરજી ત્યાં આવ્યા અને એમણે હાથ જોડી ઊભેલા ધ્રુવને કહ્યું ।।૧।।

**કુબેરજીએ કહ્યું :** હે શુદ્ધ હૃદય ક્ષત્રિયકુમાર! તમે દાદાની આજ્ઞાથી કટ્ટર વેર મૂકી દીધું. તેથી હું તમારી ઉપર બહુ જ પ્રસન્ન થયો છું ।।૨।।

વાસ્તવમાં નથી તો તમે યક્ષોને માર્યા કે નથી યક્ષોએ તમારા ભાઈને. પ્રાણીઓનાં જન્મ-મરણનું કારણ તો સમર્થ કાળ જ છે ।।૩।।

આ હું તું આદિ મિથ્યા બુદ્ધિ તો જીવને અજ્ઞાનવશાત્ સ્વપનની સમાન શરીર વગેરેને જ આત્મા માની લેવાથી ઉત્પન્ન થાય છે. એનાથી જ મનુષ્યને બન્ધન અને દુઃખાદિ વિપરીત અવસ્થાઓની પ્રાપ્તિ થાય છે ।।૪।।

એટલામાટે હે ધ્રુવ! હવે તમે જાઓ. ભગવાન્ તમારું મંગલ કરે. તમે સંસારપાશથી છૂટવામાટે બધા જીવોમાં સમદષ્ટિ રાખી, સર્વ પ્રાણીમાં બિરાજી રહેલા ભગવાન્ શ્રીહરિનું ભજન કરો. એ સંસારપાશને છેદી નાખનારા છે તથા સંસારની ઉત્પત્તિ આદિને માટે પોતાની ત્રિગુણાત્મિકા માયાથી યુક્ત થઈને પણ વાસ્તવમાં એનાથી રહિત છે. એમનાં ચરણકમળ જ બધાંમાટે ભજન કરવા યોગ્ય છે ।।૫-૬।।

હે ઉત્તાનપાદના પુત્ર! તમારા મનમાં જે ઈચ્છા હોય તે નિસંકોચ અને નિઃશંક થઈને માગી લો. તમે ભગવાનના ચરણની નિકટમાં રહેનાર છો એવું અમે સાંભળ્યું છે. તેથી વરદાન દેવાને યોગ્ય છો ।।૭।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે જ્યારે યક્ષરાજ કુબેરજીએ વર માગવાનો આગ્રહ કર્યો. ત્યારે મહાવૈષ્ણવ મહામતિ ધ્રુવે ભગવાનનું સ્મરણ અવિચળ રહે એવું માગ્યું. જેનાથી અનાયાસે દુસ્તર સંસારરૂપ ઘોર સાગરને તરી જવાય છે ।।૮।।

ઈડવિડાના પુત્ર કુબેરજી પ્રસન્ન અન્તઃકરણથી એને એ પ્રમાણે વરદાન આપી એના દેખતાં અન્તર્ધાન થઈ ગયા અને ધ્રુવ પોતાની રાજધાનીમાં આવ્યા ।।૯।।

રાજધાનીમાં આવી ધ્રુવે ઘણા દક્ષિણાવાળા યજ્ઞોથી ભગવાનની પૂજા કરી. ભગવાન્ જ યજ્ઞના પદાર્થ. ક્રિયા. દેવોના ફળરૂપ કર્મ અને કર્મનાં ફળ આપનાર છે ।।૧૦।।

સર્વરૂપ અને સર્વ ઉપાધિ રહિત ભગવાનની તીવ્ર ભક્તિ કરવાથી ધ્રુવને ભગવાન્ પોતામાં અને સર્વમાં બિરાજી રહેલા જોવામાં આવ્યા ।।૧૧।।

એ પ્રમાણે સુશીલ. બ્રાહ્મણોનો સત્કાર કરનાર. દીન ઉપર પ્રીતિ રાખનાર અને ધર્મની મર્યાદાઓની રક્ષા કરનાર ધ્રુવને સઘળી પ્રજા સાક્ષાત્ પોતાના પિતારૂપ માનતી હતી ।।૧૨।।

ધ્રુવે તરેહદાર ઐશ્વર્ય ભોગથી પુણ્યનો અને ભોગોના ત્યાગ પૂર્વક યજ્ઞાદિ કર્મોના અનુષ્ઠાનથી પાપનો ક્ષય કર્યો અને એમ કરતાં-કરતાં છત્રીશ હજાર વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય કર્યું ।।૧૩।।

એ રીતે જિતેન્દ્રિય મહાત્મા ધ્રુવે ઘણો કાળ ધર્મ. અર્થ અને કામના ઉપયોગમાં ગાળ્યો અને પછી પોતાના પુત્ર ઉત્કલને રાજ્યાસન આપી દીધું ।।૧૪।।

આ સમ્પૂર્ણ દૃશ્ય-પ્રપંચને અવિદ્યારચિત સ્વપન અને ગન્ધર્વનગરની માફક માયાથી પોતામાં જ કલ્પિત માનીને અને એમ સમજીને કે શરીર, સ્ત્રી, પુત્ર, મિત્ર, સેના, ભર્યા-ભાદર્યા ખજાના, જનાની મહેલ, સુરમ્ય વિહારભૂમિ અને સમુદ્રપર્યંત ભૂમંડલનું રાજ્ય આ બધું કાલનો એક જ કોળિયો છે એમ સમજીને તે બદરિકાશ્રમ તરફ ચાલી નીકળ્યા ।।૧૫-૧૬।।

ત્યાં પવિત્ર જળમાં નાહી, ઇન્દ્રિયોને નિર્દોષ(શાન્ત) કરી, આસન વાળી, પ્રાણાયામ કરી તથા મનવડે ઇન્દ્રિયોને વિષયમાં જતી રોકીને એ ભગવાનના સ્થૂળ વિરાટ સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. અને ધ્યાનદ્વારા ધ્યાતા અને ધ્યેય ના ભેદથી શૂન્ય નિર્વિકલ્પ સમાધિમાં લીન થઈ ગયા અને અન્તે સ્થૂળ રૂપના ધ્યાનનો પણ ત્યાગ કર્યો ।।૧૭।।

નિરન્તર ભગવાન્‌માં ભક્તિનો પ્રવાહ વહેતાં આનન્દથી આવતાં અશ્રુને લીધે વારંવાર દ્રવીભૂત થઈ જતાં શરીરમાં રોમાંચ થતો અને દેહાભિમાનથી મુક્ત થયેલા ધ્રુવને પોતાના શરીરનું પણ ''હું ધ્રુવ છું'' એવું સ્મરણ સુધ્ધાં ન રહ્યું ।।૧૮।।

એ ધ્રુવે પૂર્ણિમાના ઊગેલા ચન્દ્રમાની પેઠે દશે દિશાઓને ઝાકઝમાળ કરતું એક ઉત્તમ વિમાન આકાશમાંથી ઊતરતું દીઠું ।।૧૯।।

પછી એમણે તરત જ ચાર ભુજાવાળા, શ્યામ, કીર્તિવાળા, યુવાન, રાતાં કમળ સરખાં નેત્રવાળાં, ગદાનો ટેકો લઈને ઊભેલા, સુન્દર વસ્ત્રવાળા; અને કિરીટ, હાર, બાજુબંધ અને કુંડલો થી શોભતા બે પાર્ષદોને જોયા ।।૨૦।।

એઓ ભગવાનના સેવકો છે અને વળી પાર્ષદોમાં પણ મુખ્ય છે એમ જાણી ધ્રુવ હાથ જોડી ઊભા થયા અને સમ્ભ્રમથી પૂજાનો ક્રમ ભૂલાઈ જતાં કેવળ ભગવાનનાં નામ લેતા એમને પ્રણામ કર્યા ।।૨૧।।

ધ્રુવજીનું મન ભગવાનના ચરણકમલોમાં તલ્લીન થઈ ગયું અને તે બે હાથ જોડી અત્યન્ત નમ્રતાથી મસ્તક નીચું રાખીને ઊભા થઈ રહ્યા. ત્યારે શ્રીહરિના પ્રિય પાર્ષદસુનન્દે અને નન્દે મુસ્કાતાં-મલકાતાં એની પાસે જઈ કહ્યું ।।૨૨।।

**સુનન્દ અને નન્દ બોલ્યા :** હે રાજા! આપનું કલ્યાણ થાઓ. સાવધાન થઈને અમારું વચન સાંભળો. આપે પાંચ વર્ષની વયે જ તપ કરી જે દેવને પ્રસન્ન કરેલા તે સર્વ જગતના નિયન્તા ભગવાનના અમે પાર્ષદો છીએ અને આપને વિષ્ણુધામમાં લઈ જવા અહીં આવ્યા છીએ ।।૨૩-૨૪।।

આપે કોઈને ન મળે તેવું વિષ્ણુપદ મેળવ્યું છે. સપ્તર્ષિઓ પણ ત્યાં સુધી પહોંચી ન શકવાથી નીચે રહીને એને ફક્ત જોયા કરે છે. ચન્દ્ર સૂર્ય વગેરે ગ્રહ, નક્ષત્ર અને તારાઓ એની પ્રદક્ષિણા કર્યા કરે છે તેવા એ વિષ્ણુધામમાં પધારો ।।૨૫।।

સર્વ જગત્‌ને વન્દનીય તેવા એ વિષ્ણુપદને આપના પૂર્વજો કે બીજા કોઈ પણ કદી પામી શક્યા નથી. ત્યાં આપ પધારી વિરાજમાન હો ।।૨૬।।

હે આયુષ્માન પુણ્યશ્લોક શિખામણિ ભગવાને આ ઉત્તમ વિમાન આપને માટે મોકલ્યું છે તેમાં આપ બિરાજો ।।૨૭।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે ભગવાનના પાર્ષદોની મધુરવાણી સાંભળી ધ્રુવે નાહી-ધોઈ નિત્યકર્મ કર્યા. શણગાર ધર્યા અને બદરિકાશ્રમમાં રહેતા મુનિઓને પ્રણામ કરી તેઓના આશીર્વાદ મેળવ્યા ।।૨૮।।

ત્યાર પછી એ શ્રેષ્ઠ વિમાનની પૂજા અને પ્રદક્ષિણા કર્યા. પાર્ષદોને પ્રણામ કર્યા અને સુવર્ણ સમાન કાન્તિમાન દિવ્ય રૂપ ધારણ કરી એમાં ચઢવામાટે તૈયાર થયા ।।૨૯।।

એટલામાં જ ધ્રુવજીએ જોયું કે મૃત્યુ મૂર્તિમાન થઈને એમની સામે ઊભું છે. ત્યારે તે મૃત્યુના મસ્તકઉપર પગ મૂકી એ અદ્ભુત વિમાન ઉપર ચઢી ગયા ।।૩૦।।

એ વખતે આકાશમાં દુન્દુભિ, મૃદંગ, પણવ વગેરે વાજાં વાગવા લાગ્યાં. શ્રેષ્ઠ ગન્ધર્વો ગાવા લાગ્યા અને પુષ્પની વૃષ્ટિઓ થવા લાગી ।।૩૧।।

સ્વર્ગલોક ઉપર ચઢતાં ધ્રુવને પોતાની મા સુનીતિનું સ્મરણ થયું : ''મારી બચારી માતાને મૂકીને હું એકલો સ્વર્ગમાં જઈશ?'' ।।૩૨।।

એ પ્રમાણે એમના મનમાં વિચાર થયો એમ જાણી જઈ પાર્ષદોએ સુનીતિને એમની પહેલાં જ બીજા વિમાનમાં બેસીને જતી દેખાડી ।।૩૩।।

એમણે ક્રમશઃ સૂર્ય આદિ બધા ગ્રહો જોયા. માર્ગમાં ઠેક-ઠેકાણે વિમાનો ઉપર બિરાજેલા દેવો એની પ્રશંસા કરતાં-કરતાં ફૂલોની વૃષ્ટિ કરતા જતા હતા ।।૩૪।।

એ દિવ્ય વિમાનદ્વારા ત્રૈલોક્ય અને સપ્તર્ષિઓ ને પાછળ મૂકી એની ઉપર આવેલા વિષ્ણુપદના સ્થાનકને-અવિચલ ગતિને-ધ્રુવજી પામ્યા. એ દિવ્ય ધામ પોતાના પ્રકાશથી જ પ્રકાશિત છે. એના જ પ્રકાશથી ત્રણે લોક પ્રકાશે છે. પ્રાણીઓ ઉપર નિર્દય રહેનાર લોકો આ લોકને પામતા નથી; ત્યાં તો તેમની જ પહોંચ હોય છે જે અહર્નિશ પ્રાણીઓનાં કલ્યાણને માટે શુભ કર્મ જ કરતા રહે છે ।।૩૫-૩૬।।

જે લોકો શાન્ત, સમદષ્ટિ રાખનારા, શુદ્ધ, સર્વ પ્રાણીઓને રાજી રાખનાર, ભગવદ્ભક્તોને જ પોતાના સાચા સુહૃદ માનનારા હોય છે તેઓ એ વિષ્ણુપદને અનાયાસે જ પામે છે ।।૩૭।।

એ પ્રમાણે મહાવૈષ્ણવ ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવ જાણે ત્રણ લોકના મસ્તક ઉપરના નિર્મળ મણિની માફક બિરાજમાન થઈને રહ્યા ।।૩૮।।

હે વિદુરજી! ધ્રુવમાં જ પરોવાયેલું આ ગમ્ભીર વેગવાળું જ્યોતિષ્ચક્ર હાલરામાં બળદોની માફક નિરન્તર ફર્યા કરે છે ।।૩૯।।

ભગવાન્ નારદજીએ એ ધ્રુવનો મહિમા જોઈને પ્રચેતાઓની યજ્ઞ શાળામાં વીણા વગાડતાં એના સમ્બન્ધના જ આ ત્રણ શ્લોક ગાયા હતા ।।૪૦।।

**નારદજીએ કહ્યું :** પતિવ્રતા સુનીતિના પુત્ર ધ્રુવને તપના પ્રભાવથી જ જે ગતિ મળી તે ગતિને બ્રહ્મર્ષિઓ અનેક ઉપાય વિચારીને પણ પામી શકતા નથી. ત્યારે રાજાઓ તો ક્યાંથી જ પામી શકે? ।।૪૧।।

એ ધ્રુવ પાંચ વર્ષની અવસ્થામાં સાવકી માનાં વચનરૂપ બાણોથી ભેદાયેલા

અકળાઈ ઊઠી વનમાં ગયા અને મારા ઉપદેશ પ્રમાણે ચાલી ભગવાન્ કે જે અજિત છતાં ભક્તના ગુણથી હારી જાય છે તેમને વશ કરી લીધા ।।૪૨।।

ધ્રુવજીએ તો પાંચ-છ વર્ષની અવસ્થામાં થોડા જ દિવસોમાં ભગવાનને પ્રસન્ન કરી લઈ એમનું પરમ પદ પ્રાપ્ત કરી લીધું. પરન્તુ તેને મેળવેલ એ પદને ભૂમંડલમાં કોઈ બીજો ક્ષત્રિય વર્ષો સુધીની સાધનાથી પણ મેળવી શકે કે? ।।૪૩।।

**મૈત્રેયે કહ્યું :** સત્પુરુષોને પ્રિય એવું મોટી કીર્તિવાળા ધ્રુવનું ચરિત્ર તમે મને પૂછ્યું હતું તે આખું તમને કહી સંભળાવ્યું ।।૪૪।।

પ્રશંસનીય અને મહાપવિત્ર આ ભગવદ્ભક્ત ધ્રુવનું ચરિત્ર ધન યશ આયુષ્ય કલ્યાણ સ્વર્ગ અવિચલપદવી અને આનન્દ આપનાર અને પાપને મટાડનારું છે ।।૪૫।।

જે એ વારંવાર શ્રદ્ધાથી સાંભળે તેને ભગવાનની ભક્તિ પ્રાપ્ત થાય છે જેનાથી બધાં દુઃખો ટળી જાય છે ।।૪૬।।

આ ચરિત્ર સાંભળવાથી જેઓ મોટાઈ ઈચ્છનારા છે તેઓને એનો ઉપાય હાથ લાગે છે. સુશીલપણું વગેરે ગુણ પ્રાપ્ત થાય. અને જેઓ તેજસ્વીપણું ઈચ્છે છે તેમને તેજ મળે છે. અને મોટા મનના પુરુષોને માન મળે છે ।।૪૭।।

દ્વિજલોકોની સભામાં પવિત્ર કીર્તિવાળા ધ્રુવનું આ મહાન ચરિત્ર સવાર-સાંઝ સાવધાનપણાથી કીર્તન કરવું જોઈએ ।।૪૮।।

જેઓ પૂનમ, અમાવાસ્યા, બારશ, શ્રવણ નક્ષત્રવાળો દિવસ, તિથિનો ક્ષયદિવસ, વ્યતીપાતનો દિવસ, સંક્રાન્તિ બેસવાનો દિવસ અને રવિવાર એટલા દિવસોમાં નિષ્કામપણે અને ભગવદ્ભક્તિ સહિત આ ચરિત્ર શ્રદ્ધાવાળાઓને સંભળાવે તેઓ સ્વયં આત્મામાં સન્તુષ્ટ રહેવા લાગે છે અને સિદ્ધ થઈ જાય છે ।।૪૯-૫૦।।

આ સાક્ષાત્ ભગવદ્વિષયક અમૃતમય જ્ઞાન છે જે ભગવન્માર્ગના તત્ત્વથી અજાણ છે એમને જો કોઈ આ જ્ઞાન આપે એ દીનવત્સલ કૃપાલુ પુરુષ ઉપર દેવતાઓની કૃપા ઊતરે છે ।।૫૧।।

**ઈદં મયા તેઽભિહિતં કુરૂદ્વહ ધ્રુવસ્ય વિખ્યાતવિશુદ્ધકર્મણઃ ।।**
**હિત્વાર્ભકઃ ક્રીડનકાનિ માતુર્ગૃહં ચ વિષ્ણું શરણં યો જગામ ।।૫૨।।**

ધ્રુવજીનાં કર્મ સર્વત્ર પ્રસિદ્ધ અને પરમ પવિત્ર છે. તે પોતાના બચપણમાં જ

માતાના ઘર અને રમકડાંનો મોહ છોડી દઈને શ્રીવિષ્ણુ ભગવાનને શરણે ગયા હતા. કુરુનન્દન! એનું આ પવિત્ર ચરિત્ર મેં તમને સંભળાવ્યું ।।૫૨।।

**ઇતિ શ્રીભાગવત્ ચતુર્થ સ્કન્ધમાં (બીજા અર્થપ્રકરણનો ફલનિરૂપણ નામનો પાંચમો)''યજ્ઞોથી ભગવાનનું પૂજન કરી ધ્રુવજી વિષ્ણુપદ પામ્યા'' નામનો બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

આપણા માર્ગમાં ભગવત્સેવા ઘરમાં રહ્યા સિવાય સમ્ભવ નથી. તેથી ઘરમાં કરાતી સેવાના પ્રકાર સિવાય ભગવત્સેવાનો બીજો કોઈ (જાહેરમન્દિર-હવેલીમાં) સેવા કરવાનો પ્રકાર માર્ગમાં માન્ય નથી. તેથી ભગવત્સેવા કરવામાટે અનુકુળ હોય તેવા ઘરમાં રહીને શ્રીકૃષ્ણની સેવા કરવી.

**(ભક્તિવર્ધિની ટીકા, શ્રીગોકુલનાથજી)**

# ચોથું કામપ્રકરણ

## અધ્યાય ૧૩

## વેનરાજાની દુષ્ટતાથી એના પિતા અંગ વનમાં જતારહ્યા

**વિશેષ :** હવે અગિયાર અધ્યાયોવડે પૃથુરાજાના કામનું નિરૂપણ કરવામાં આવશે. એકાદશ ઇન્દ્રિયોવડે કામ સિદ્ધ થાય છે. તેથી અહીં અગિયાર અધ્યાયોવડે કામપ્રકરણનું નિરૂપણ કર્યું છે. તેમાં આ તેરમા અધ્યાયમાં કામનો હેતુ કહેવામાં આવે છે.

**નિશમ્ય કૌષારવિણોપવર્ણિતં ધ્રુવસ્ય વૈકુંઠપદાધિરોહણમ્ ।।**
**પ્રવૃદ્ધભાવો ભગવત્યધોક્ષજે પ્રષ્ટું પુનસ્તં વિદુરઃ પ્રચક્રમે ।।૧।।**

**સૂતે કહ્યું :** મૈત્રેય મુનિએ ધ્રુવને વિષ્ણુપદ કેવી રીતે પ્રાપ્ત થયું એ કથા કહી. એ સાંભળી ભગવાન્માં ભાવ વધતાં વિદુરજીએ ફરી એમને પ્રશ્ન પૂછવાનો આરમ્ભ કર્યો ।।૧।।

**વિદુરજીએ પૂછ્યું :** હે મુનિ! પ્રચેતાઓ કોણ હતા? કોના પુત્ર હતા? કોના વંશના હતા? અને કયે ઠેકાણે યજ્ઞ કરવા બેઠા હતા? નારદજીનું દર્શન દેવના સરખું છે. મોટા વૈષ્ણવ છે એમ હું માનું છું. કેમકે એમણે ભગવાનની પૂજારૂપ ક્રિયાનો

પ્રકાર પંચરાત્ર ગ્રન્થમાં કહ્યો છે ।।૨-૩।।

જે વખતે પ્રચેતાગણ સ્વધર્મનું આચરણ કરતાં-કરતાં ભગવાન્ યજ્ઞેશ્વરની આરાધના કરી રહ્યા હતા. એ જ વખતે ભક્ત પ્રવર નારદજીએ ધ્રુવના ચરિત્રનું ગુણગાન કર્યું હતું ।।૪।।

તો નારદજીએ એમની પાસે જે-જે ભગવત્કથાનું વર્ણન કર્યું હોય તે બધી જ ભગવત્કથા સાંભળવાની મને ઈચ્છા છે; માટે હે મુનિ! એ મને કહો ।।૫।।

**મૈત્રેયે કહ્યું :** ધ્રુવ *વનમાં ગયા પછી એમના પુત્ર ઉત્કલે પિતાની સાર્વભૌમ લક્ષ્મી અને રાજ્યાસનનો અસ્વીકાર કર્યો ।।૬।।

**વિશેષ :** ધ્રુવના વંશમાં જ એ પ્રચેતાઓ થયા એમ કહેવામાટે ધ્રુવનો વંશ કહેવાનો આરમ્ભ કરે છે.

એ જન્મથી જ શાન્ત, આસક્તિ શૂન્ય, સમદષ્ટિવાળો અને સર્વ લોકને પોતાના આત્મામાં તથા પોતાના આત્માને સર્વ લોકમાં જોતો હતો ।।૭।।

એ સુખરૂપ. સર્વકલેશ રહિત. જ્ઞાનમય. આનન્દમય અને મોક્ષસ્વરૂપ પરમાત્મા બ્રહ્મને જાણતો હતો. અખડિત યોગરૂપ અગ્નિથી એની સઘળી વાસનાઓ બળી ગઈ હતી ।।૮।।

તેથી એના જોવામાં પોતાના સ્વરૂપથી જુદું બીજું કાંઈ પણ આવતું નહોતું. જવાળા વગરના અગ્નિની પેઠે મહાવિદ્વાન એ ઉત્કલ અજ્ઞાની લોકોને માર્ગમાં જ જડ અન્ધ બહેરો ઘેલો અને મુંગા જેવો જણાતો હતો. વાસ્તવમાં એવો હતો નહિ ।।૯-૧૦।।

તેથી કુળના વૃદ્ધ પુરુષો અને મન્ત્રીઓએ એને જડ અને ઉન્મત્ત સરખો માન્યો. તેથી એઓએ એનાથી નાના અને ભ્રમિના દીકરા વત્સરને રાજ્ય આપ્યું ।।૧૧।।

એ વત્સરની પ્રયસી સ્ત્રી સ્વર્વીથિને પુષ્પાર્ણ. તિગ્મકેતુ, ઈષ, ઊર્જ, વસુ અને જય એ નામના છ પુત્રો થયા ।।૧૨।।

પુષ્પાર્ણને પ્રભા અને દોષા નામની બે સ્ત્રીઓ હતી; તેમાં પ્રભાને પ્રાતર, મધ્યન્દિન અને સાયં એ નામના ત્રણ અને દોષાને પ્રદોષ, નિશીથ અને વ્યુષ્ટ એ નામના ત્રણ પુત્રો થયા. વ્યુષ્ટને પુષ્કરિણી નામની તેની સ્ત્રીમાં સર્વતેજા નામનો પુત્ર થયો ।।૧૩-૧૪।।

સર્વતેજાને આકૂતિ નામની સ્ત્રીમાં ચક્ષુ નામનો પુત્ર થયો. ચાક્ષુષ મન્વન્તરમાં એ જ મનુ થયા. એ ચક્ષુની સ્ત્રી નડ્‌વલાને પુરુ કુત્સ ત્રિત દ્યુમ્ન સત્યવાન્ ઋત વ્રત અગ્નિષ્ટોમ અતિરાત્ર પ્રદ્યુમ્ન શિબિ અને ઉલ્મુક નામના બાર સત્ત્વગુણી પુત્રો થયા ।।૧૫-૧૬।।

ઉલ્મુકને પુષ્કરિણી નામની સ્ત્રીથી અંગ, સુમના, ખ્યાતિ, ક્રતુ, અંગિરા અને ગય નામના છ ઉત્તમ પુત્રો થયા ।।૧૭।।

અંગ રાજાની સ્ત્રી સુનીથાએ વેન નામના દુષ્ટ પુત્રને જન્મ આપ્યો. એ વેનની દુષ્ટતાથી કાયર થઈ એ અંગરાજા પોતાના નગરમાંથી નાસી ગયા હતા ।।૧૮।।

હે વિદુરજી! મુનિઓની વાણી વજ્રના જેવી અમોઘ હોય છે. એમણે ગુસ્સે થઈ વેનને શાપ આપ્યો. તેમના શાપથી વેન મરી ગયો. પછી મુનિઓએ વેનના શબના જમણા હાથનું પાછું મથન કર્યું ।।૧૯।।

એ સમયમાં પૃથ્વીનો કોઈ રાજા ન હતો. તેથી પ્રજાઓને લુટારાઓ તરફથી ભારે ત્રાસ થતો હતો; તેથી વેનના હાથમાંથી નારાયણના અંશરૂપ આદિ સમ્રાટ પૃથુ પ્રકટ થયા ।।૨૦।।

**વિદુરજીએ પૂછ્યું :** અત્યન્ત શીલવાન, સજ્જન, બ્રાહ્મણોના ભક્ત અને મહાત્મા એ અંગરાજાને એવો દુષ્ટ પુત્ર શા કારણથી થયો જેને લીધે ત્રાસી જઈ રાજાને જતું રહેવું પડ્યું? ।।૨૧।।

એ રાજદંડધારી વેનનો કયો અપરાધ થયો હતો. જે જોઈને ધર્મ જાણનારા મુનિઓએ. રાજાને શાપ દીધો? ।।૨૨।।

પ્રજાનું કર્તવ્ય છે કે રાજાથી પાપ થઈ જાય તો પણ પ્રજાએ એનો તિરસ્કાર કરવો નહિ. કેમકે રાજા પોતાના સામર્થ્યથી આઠ લોકપાલોની શક્તિ ધારણ કરે છે ।।૨૩।।

હે સર્વજ્ઞોમાં ઉત્તમ મૈત્રેય મુનિ! એ સુનીથાના પુત્ર વેનનું ચરિત્ર મને સંભળાવો કેમકે એ સાંભળવાની મને શ્રદ્ધા છે અને વળી હું આપનો ભક્ત છું ।।૨૪।।

**મૈત્રેયે કહ્યું :** એક વખત રાજર્ષિ અંગે મહાન અશ્વમેધ યજ્ઞ કર્યો તેમાં વેદ જાણનારા બ્રાહ્મણોએ દેવોને બોલાવ્યા. છતાં તેઓ પોતાનો ભાગ લેવા આવ્યા નહિ ।।૨૫।।

તેથી આશ્ચર્ય પામીને બ્રાહ્મણોએ રાજાને કહ્યું : ''હે રાજા! તમે શ્રદ્ધાથી

યજ્ઞમાટે યજ્ઞ સામગ્રી આપેલી છે તેમાં દોષ નથી. તેમજ નિયમ પાળનારા અમે જે મન્ત્ર ભણીએ છીએ તે પણ કોઈ પણ પ્રકારે બલહીન નથી. છતાં તમારા હવિ પદાર્થો હોમવામાં આવે છે તે દેવો સ્વીકારતા નથી ।।૨૬-૨૭।।

અમને એવી કોઈ ચીજ દેખાતી નથી કે આ યજ્ઞમાં દેવતાઓનો જરા પણ તિરસ્કાર થયો હોય; તો પણ કર્માધ્યક્ષ દેવતા લોક પોતાનો ભાગ સ્વીકારતા કેમ નથી?'' ।।૨૮।।

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે જ્યારે યજમાન અંગ રાજાએ બ્રાહ્મણોનું વચન સાંભળ્યું ત્યારે એ બહુ જ કચવાયા અને બ્રાહ્મણોની રજા લઈ મૌન વ્રત મૂકીને સભાસદોને એ વાત પૂછી : ''હે સભાસદો! દેવોનું આવાહન કરવા છતાં પણ અહીં આવતા નથી તો એવો મેં કયો અપરાધ કર્યો છે એ કહો'' ।।૨૯-૩૦।।

**સભાસદો બોલ્યા** : હે રાજા! આ જન્મનું તો તમારું જરા પણ પાપ નથી; પરન્તુ પૂર્વ જન્મનો એક અપરાધ અવશ્ય છે જેથી તમે ગુણવાન છતાં પણ સન્તાન રહિત છો ।।૩૧।।

એટલામાટે આપ પોતે સુપુત્રવાન થાઓ એવો પ્રયત્ન કરો. જો તમે પુત્રની ઈચ્છાથી ભગવાનનું પૂજન કરશો તો ભગવાન્ યજ્ઞેશ્વર આપને અવશ્ય પુત્ર આપશે ।।૩૨।।

એમ થશે તો દેવો પોતાના ભાગ લેશે. કેમકે સન્તાનમાટે ભગવાનનું પૂજન કરીશું. તેમાં ભગવાનની સાથે દેવો પણ આવશે જ. લોકોને જે વસ્તુની ઈચ્છા હોય તે-તે ભગવાન્ તેને આપે છે. કેમકે પુરુષો જે ભાવથી એમની આરાધના કરે તવું ફળ તેમને પ્રાપ્ત થાય છે ।।૩૩-૩૪।।

આ પ્રમાણે રાજા અંગને પુત્ર પ્રાપ્તિ કરાવવાનો નિશ્ચય કરી ઋત્વિજોએ પશુમાં યજ્ઞરૂપથી રહેનાર શ્રીવિષ્ણુ ભગવાનના પૂજનને માટે પુરોડાશ નામનો ચરુ સમર્પણ કર્યો ।।૩૫।।

અગ્નિમાં આહુતિ નાખતાં જ અગ્નિકુંડમાંથી સોનાના હાર અને શુભ્ર વસ્ત્રોથી વિભૂષિત એક પુરુષ પ્રકટ થયા. તેમના હાથમાં એક સુવર્ણના પાત્રમાં સિદ્ધ કરેલી ખીર હતી ।।૩૬।।

આનન્દ પામેલા ઉદારબુદ્ધિ રાજા અંગે બ્રાહ્મણોની સમ્મતિથી એ દૂધપાક એ પુરુષ પાસેથી પોતાની અંજલિમાં લીધો અને સૂંઘીને પ્રસન્નતા પૂર્વક પોતાની

રાણીને આપ્યો ।।૩૭।।

પુત્ર આવે એ ઉદ્દેશથી પુત્રપ્રદ દૂધપાક સુનીથા રાણીએ ખાધો. તેથી એને પોતાના પતિના સહવાસથી ગર્ભ રહ્યો અને પૂરો સમય થતાં પુત્ર અવતર્યો ।।૩૮।।

એ પુત્ર બાલ્યાવસ્થાથી જ પોતાની મા સુનીથાનો પિતા જે મૃત્યુ-અધર્મના અંશથી ઉત્પન્ન થયેલો છે તેને અનુસરવાથી (એટલે મોસાળ ઉપર પડવાથી) તે પણ અધાર્મિક જ થયો ।।૩૯।।

એ દુષ્ટ રાજકુમાર ધનુષ ઉપાડી શિકાર કરવા વનમાં જતો ત્યાં ભોળાભાલાં પશુઓની એ હત્યા કરતો. તેને જોઈને જ નાગરિકો ''વેન આવ્યો, વેન આવ્યો'' એમ કહી બરાડી ઊઠતા ।।૪૦।।

એ એવો નિર્દય અને ક્રૂર હતો કે મેદાનમાં રમતાં પોતાના સરખી અવસ્થાનાં બાળકોને પશુની પેઠે બલાત્કારથી રહેંસી નાંખતો ।।૪૧।।

એ ખલ પુત્રને જોઈ રાજાએ એને ઘણી-ઘણી શિખામણો દેવા માંડી. તો પણ એ જ્યારે એને સન્માર્ગ ઉપર લાવી શક્યા નહિ ત્યારે અંગરાજા બહુ જ ખેદ પામ્યા અને મનમાં કહેવા લાગ્યા કે જે ગૃહસ્થાશ્રમીઓ સન્તાન વગરના છે તેઓએ ભગવાનને પૂરા પૂજ્યા છે. કેમકે એમને કપૂતનાં કરતૂતોથી થનાર અકથ્ય કલેશ સહન કરવા પડતા નથી ।।૪૨-૪૩।।

એવા સન્તાનને લીધે જ અપકીર્તિ, મોટો અધર્મ, સર્વની સાથે વિરોધ અને અનન્ત પીડા થાય છે. અને એનેમાટે જ દુઃખદાયી ઘરમાં રહેવું પડે છે ।।૪૪।।

આવી નામમાત્રની પ્રજામાટે કયો સમજદાર માણસ લલચાય? એ તો આત્માને માટે એક પ્રકારનો મોહમય ફાસો જ છે ।।૪૫।।

હું તો સપૂત કરતાં કપૂતને જ વધારે સારો ગણું છું. કારણ કે સપૂતને છોડવામાં ઘણો કલેશ થાય છે; જ્યારે કપૂત ઘરને નરકમાં ફેરવી નાખે છે તેથી એનાથી સહેજમાં જ છૂટકો થઈ જાય છે ।।૪૬।।

એ પ્રમાણે વૈરાગ્ય પામેલા અને ઉજાગરા કરતા અંગરાજા મધ્યરાત્રિએ ઊઠી અને વેનની માને સૂતી મૂકીને સમૃદ્ધિવાળા ઘરમાંથી ચુપચાપ નીકળી ગયા ।।૪૭।।

પોતાના સ્વામીને વૈરાગ્ય પામી જતા રહેલા જાણી ઘણા શોકથી વિહ્વળ થઈને. જેમ કાચા યોગીઓ પોતાના જ હૃદયમાં બિરાજી રહેલા પરમાત્માને બહાર શોધે તેમ મન્ત્રી અને સમ્બન્ધી લોકો તથા પ્રજા એને પૃથ્વીમાં શોધવા લાગ્યાં ।।૪૮।।

**અલક્ષયન્તઃ પદવીં પ્રજાપતેર્હતોદ્યમાઃ પ્રત્યુપસૃત્ય તે પુરીમ્ ।।**
**ઋષીન્ સમેતાનભિવન્દ્ય સાશ્રવોન્યવેદયન્પૌરવ ભર્તૃવિપ્લવમ્ ।।૪૯।।**

હે વિદુરજી! રાજા દૂર ગયા નહોતા. તો પણ એનો પત્તો નહિ મળવાથી એમનો ઉદ્યમ નકામો ગયા અને એ લોકો પાછા ગામમાં આવ્યા અને ઋષિઓની સભામાં પ્રણામ કરી રડતાં-રડતાં રાજા મળ્યા નહિ એવા સમાચાર આપ્યા ।।૪૯।।

**ઇતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં (ત્રીજા કામપ્રકરણનો કામહેતુનિરૂપણ નામનો પહેલો)''વેન રાજાની દુષ્ટતાથી એના પિતા અંગ વનમાં જતા રહ્યા'' નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

સાધના વિનાની કોરી દીક્ષા અર્થહીન હોય છે.
પોતાની યોગ્યતા મુજબ સેવા-ગુણગાન કે શરણાગતિરૂપી સાધના ન કરી શકનાર પુષ્ટિમાર્ગી આરૂઢપતિતની માફક દીક્ષાના ભારથીજ નષ્ટ થઈ જાયછે.

## અધ્યાય ૧૪

## બ્રાહ્મણોએ વેનને રાજ્ય આપ્યું અને પછીથી દોષથી એને મારી નાખ્યો

**વિશેષ** : આ ચૌદમાં અધ્યાયમાં વેનનો રાજ્યાભિષેક અને પછી એનો નાશ થયો એ કથા કહેવામાં આવી છે.

**ભૃગ્વાદયસ્તે મુનયો લોકાનાં ક્ષેમદર્શિનઃ ।।**
**ગોપ્તર્યસતિ વૈ નૃણાં પશ્યન્તઃ પશુસામ્યતામ્ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : લોકોના કલ્યાણનો વિચાર કરનારા બ્રહ્મવાદી ભૃગુ વગેરે મુનિઓએ કોઈ રાજા નહિ હોવાથી મનુષ્યોની પશુના જેવી ઉચ્છૃંખલ સ્થિતિ જોઈ; તેથી એમણે વેનની મા સુનીથાને બોલાવી. જો કે મન્ત્રીઓને વેન ગમતો ન હતો તો પણ સુનીથાની સમ્મતી લઈ વેનનો રાજ્યાભિષેક કર્યો ।।૧-૨।।

અત્યન્ત ભયંકર શિક્ષા કરનારો વેન રાજ્યાસન પર બેઠો છે એ સાંભળી જેમ સર્પની બીકથી ઉંદર છુપાઈ જાય તેમ ડાકુઓ અહીં-તહીં છુપાઈ ગયા ।।૩।।

રાજ્યાસન પર બેસતાં વેન આઠેય લોકપાળના જેવી પોતાની સત્તાથી છકી ગયો. અક્કડ રહેનાર અને પોતે જ સૌથી મહાન છે એમ માનતો એ મહાત્માઓનું અપમાન કરવા લાગ્યો ।।૪।।

ઐશ્વર્યથી મદાન્ધ બની ગાંડા નિરંકુશ હાથીની પેઠે જાણે આકાશ અને પૃથ્વીને ધ્રુજાવતો હોય તેમ રથમાં બેસીને એ સર્વત્ર ફરવા લાગ્યો ।।૫।।

એ વેન રાજાએ ''દ્વિજલોકોએ યજ્ઞ કરવા નહિ, દાન દેવું નહિ, હોમ કરવો નહિ'' એવો ઢંઢેરો પોતાના રાજ્યમાં પિટાવ્યો અને ધર્મ-કર્મ બંધ કરાવી દીધાં ।।૬।।

એ દુષ્ટ વેનનો આવો અત્યાચાર અને તેથી થતું લોકોનું દુઃખ જોઈને દયાને લીધે સર્વ મુનિઓ ભેગા થયા અને વિચાર કરવા લાગ્યા કે ''અહો! જેમ કોઈ લાકડું બન્ને બાજુએથી સળગતું હોય અને વચમાં કીડી આવી ગઈ હોય તો કીડીને જેવું દુઃખ થાય તેવું ચોર અને રાજાએ બન્ને તરફથી લોકો ઉપર મહાન આફત આવી પડી ।।૭-૮।।

અરાજકતાથી ખરાબી થાય એમ જાણી જો કે આ વેન રાજ્યને લાયક નથી તો પણ અમે એને રાજા બનાવ્યો તો એના તરફથી પણ ત્રાસ ઉત્પન્ન થયો તો હવે પ્રાણીઓનું શી રીતે કલ્યાણ થાય? ।।૯।।

સર્પને દૂધ પાઈને ઉછેરવો એ ઉછેરનારને જ અનર્થકારી થાય છે. સુનીથાનો દીકરો જે સ્વભાવથી જ દુષ્ટ છે તેવા વેનને પ્રજાઓએ રાજા બનાવ્યો તો એ પ્રજાઓને જ મારી નાખવા ધારે છે ।।૧૦।।

તો પણ એને રાજા બનાવવાનું પાપ આપણને ન લાગે એટલામાટે આપણે એને સમજાવીએ. જાણતા છતાં આપણે વેનને રાજા બનાવ્યો છે તો હવે આપણે એને સમજાવવા જઈએ; છતાં જો અધર્મી નહિ માને તો લોકના ધિક્કારથી બળી ચૂકેલા એ દુષ્ટને આપણે આપણા તેજથી ભસ્મ કરી દઈશું. એ પ્રમાણે નિશ્ચય કરીને ક્રોધને છાનો રાખી મુનિઓ એની પાસે ગયા અને ત્યા જઈને પ્રિય વચનોથી એને ઠંડો પાડી બોલ્યા ।।૧૧-૧૩।।

**મુનિઓ બોલ્યા :** હે મહારાજ! આપનાં આયુષ્ય, બળ, લક્ષ્મી અને કીર્તિ વધે એવી અમે વિનન્તિ કરીએ. આપ સાંભળો ।।૧૪।।

જો વાણી મન કાયા અને બુદ્ધિ થી ધર્મ પાળ્યો હોય તો એ ધર્મથી જ્યાં શોક નથી તેવા સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ થાય છે અને જેઓ નિષ્કામ હોય તેમને તો મોક્ષ

પણ મળે છે ।।૧૫।।

માટે પ્રજાની રક્ષા કરવી એ જે આપનો રાજધર્મ છે તે નાશ પામવો જોઈએ નહિ. એ ધર્મનો નાશ થતાં રાજા પણ ઐશ્વર્યથી ચ્યુત થઈ જાય છે ।।૧૬।।

જે રાજા દુષ્ટ કર્મચારીઓથી તેમજ ચોર વગેરેથી પ્રજાનું રક્ષણ કરે છે અને ન્યાયથી કર લે છે તે આ લોક તેમજ પરલોકમાં સુખ પ્રાપ્ત કરે છે ।।૧૭।।

જે રાજાના દેશમાં અને નગરમાં વર્ણાશ્રમની મર્યાદા પાળનારા લોકો સ્વધર્મથી ભગવાનનું પૂજન કરે છે તે રાજા ''મારી આજ્ઞામાં રહ્યો છે'' એમ જાણી સર્વ લોકોમાં રક્ષક વિશ્વાત્મા ભગવાન્ એના ઉપર પ્રસન્ન થાય છે ।।૧૮-૧૯।।

ભગવાન્ બ્રહ્માદિ જગદીશ્વરોના પણ ઈશ્વર છે. એ પ્રસન્ન થાય તો શું દુર્લભ હોઈ શકે? ત્યારે તો ઈન્દ્રિદિ લોકપાલો સહિત સમસ્ત લોક અત્યન્ત આદરપૂર્વક એમને પૂજા-ઉપહાર સમર્પણ કરે છે ।।૨૦।।

હે રાજા! સર્વ લોક, દેવો અને યજ્ઞો ના નિયન્તા એ વેદમય, દ્રવ્યમય અને તપોમય ભગવાનને આપના મંગલમાટે આપના દેશના નાગરિકો અનેક પ્રકારના યજ્ઞોથી પૂજા કરે તેમને આપે અનુકૂળતા કરી આપવી જોઈએ ।।૨૧।।

હે મહાવીર! આપના દેશમાં દ્વિજલોકો યજ્ઞો કરે છે. તેથી પ્રસન્ન થઈને ભગવાનના અંશ સ્વરૂપ દેવો મનોવાંછિત ફળ આપે છે; માટે યજ્ઞ-યાગાદિ ધર્માનુષ્ઠાન બંધ કરાવી દેવતાઓનો તિરસ્કાર કરવો આપને યોગ્ય નથી ।।૨૨।।

**વેન બોલ્યા :** ઘણા જ ખેદની વાત છે કે તમોએ અધર્મમાં જ ધર્મબુદ્ધિ કરી રાખી છે. તમો મૂર્ખ છો ત્યારે તો તમે આજીવિકા દેનાર મને, સાક્ષાત્ પતિને, ઠોકરાવીને કોઈ બીજા જારપતિની ઉપાસના કરો છો ।।૨૩।।

જે મૂર્ખ લોકો રાજારૂપ ઈશ્વરની અવજ્ઞા કરે તેઓ આ લોકમાં કે પરલોકમાં કોઈ ઠેકાણે સુખ પામતા નથી ।।૨૪।।

અરે! જેમાં તમારી આટલી બધી ભક્તિ છે એ યજ્ઞપુરુષ વળી કોણ છે? આ તો એવી વાત થઈ જેમ કુલટા સ્ત્રીઓ પોતાના વિવાહિત પતિ ઉપર પ્રેમ ન કરતાં કોઈ પરપુરુષની ભક્તિ કરે! ।।૨૫।।

વિષ્ણુ બ્રહ્મા સદાશિવ ઈન્દ્ર વાયુ યમ સૂર્ય પર્જન્ય કુબેર ચન્દ્ર પૃથ્વી અગ્નિ અને વરુણ અને એ સિવાય બીજા પણ જેઓ વર અને શાપ બન્ને દઈ શકે છે તેઓ બધા રાજાના દેહમાં જ છે તેથી રાજા સર્વ દેવમય છે. અને દેવતા એના અંશમાત્ર છે

।।૨૬-૨૭।।

એટલામાટે હે બ્રાહ્મણો! મત્સર મૂકી દઈને યજ્ઞાદિક કર્મથી મારું જ પૂજન કરો અને મને જ બલિદાન સમર્પણ કરો ભલા મારા સિવાય બીજો કયો પુરુષ અગ્રપૂજાનો અધિકારી હોઈ શકે? ।।૨૮।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે અવળી બુદ્ધિવાળા અને અવળે માર્ગે ચાલનારા એ પાપી વેનને એ મુનિઓએ વિનયપૂર્વક સમજાવવા માંડ્યો તો પણ મંદભાગ્ય હોવાથી એણે એમનું માન્યું નહિ ।।૨૯।।

હે વિદુરજી! પંડિતનું અભિમાન ધરાવતા વેન રાજાએ બ્રાહ્મણોનું અપમાન કર્યું અને પોતાની માગણી નકામી જતાં બ્રાહ્મણોને ક્રોધ ઉત્પન્ન થયો ।।૩૦।।

એ લોકોએ વિચાર કર્યો કે ''આ સ્વભાવથી જ દુષ્ટ પાપીને મારી નાખવો. કેમકે જીવતો હશે તો અવશ્ય આખા જગત્‌ને તુરત ભસ્મ કરી નાખશે ।।૩૧।।

આ દુરાચારી રાજસિંહાસનને માટે બિલકુલ લાયક નથી કેમકે આ નિર્લજ્જ સાક્ષાત્ યજ્ઞપતિ શ્રીવિષ્ણુ ભગવાનની નિન્દા કરી રહ્યો છે ।।૩૨।।

જેણે અનુગ્રહ કરીને આવું ઐશ્વર્ય આપ્યું છે તે ભગવાનની નિન્દા આવા એક દુષ્ટ વેન વિના બીજો કોણ કરે?'' ।।૩૩।।

એ પ્રમાણે ક્રોધથી વ્યાપ્ત થયેલા અને મારી નાખવાના નિશ્ચય પર આવેલા બ્રાહ્મણોએ ભગવાનની નિન્દાથી જ મરી ગયેલા એ વેનને હુંકારથી જ હણી નાખ્યો ।।૩૪।।

વેનને મારી નાખીને બ્રાહ્મણો પોતપોતાના આશ્રમમાં ગયા. પછી શોકાતુર તેની માતા સુનીથા, મન્ત્ર અને ઔષધિની મુક્તિથી વેનના શબની રક્ષા કરવા લાગી ।।૩૫।।

એક દિવસે સરસ્વતીના જળમાં સ્નાન કરી અગ્નિહોત્ર કરીને એ મુનિઓ નદીના કાંઠે બેઠા-બેઠા હરિચર્ચા કરી રહ્યા હતા ।।૩૬।।

એ ગાળામાં લોકોમાં ત્રાસ ફેલાવવાવાળા ઘણા ઉપદ્રવો જોઈને તેઓ આપસમાં કહેવા લાગ્યા ''આજ કાલ પૃથ્વીનો રક્ષક કોઈ નથી; તેથી ચોર ડાકુઓને કારણે એનું કંઈ અમંગલ તો નથી થવાનું ને?'' ।।૩૭।।

એવી રીતે ઋષિઓ વિચાર કરતા જ હતા તેવામાં તો ચોર લુટારાઓની ધાડ પડવાથી અને દોડા-દોડ થવાથી ચારેકોર ઊડતી ધૂળ જોવામાં આવી ।।૩૮।।

આ દેખતાં જ તેઓ સમજી ગયા કે રાજા વેનનાં મરી જવાથી દેશમાં

અરાજકતા ફેલાઈ ગઈ છે. રાજ્ય નબળું થઈ ગયું છે અને ચોર-ડાકુઓ વધી પડ્યા છે. આ બધો ઉપદ્રવ લોકોની માલ મિલકત હડપ કરવા માગતા તથા એક બીજાના લોહી તરસ્યા લુટારાઓનો જ છે. પોતાના તેજથી અથવા તપોબલથી લોકોની આ કુપ્રવૃત્તિ રોકવા સમર્થ હોવા છતાં એમ કરવામાં હિંસા વગેરે દોષ થાય એમ સમજી એમણે એનું કંઈ નિવારણ કર્યું નહિ ।।૩૯-૪૦।।

વળી વિચાર આવ્યો કે બ્રાહ્મણ શાન્ત અને સમદષ્ટિવાળો હોવા છતાં જો દીન-હીન લોકો તરફ બેદરકારી રાખે તો જેવી રીતે ફૂટેલા વાસણમાંથી પાણી જતું રહે છે તેમ એનું તપ ખલાસ થઈ જાય છે ।।૪૧।।

આપણે આ સઘળી ગડબડનું નિવારણ કરવાને સમર્થ છીએ. વળી રાજર્ષિ અંગના વંશનો નાશ પણ ન થવો જોઈએ. કારણ કે એ વંશમાં મહાન પરાક્રમી અને ભગવત્પરાયણ રાજાઓ થઈ ગયા છે અને થશે એવો સમ્ભવ છે ।।૪૨।।

એ પ્રમાણે નિશ્ચય કરીને એ બ્રાહ્મણો મરણ પામેલા વેન રાજાની સાથળનું બહુ જ જોરથી મથન કરવા લાગ્યા તો એમાંથી એક ઠીંગણો પુરુષ ઉત્પન્ન થયો ।।૪૩।।

એ પુરુષ કાગડા જેવો કાળો હતો. એનાં બધાં અંગ તથા ખાસ કરીને પગ નાના હતા. ભુજાઓ ઘણી ટૂંકી હતી, દાઢી મોટી હતી અને નાક ચીબું હતું. આંખો લાલ હતી અને વાળ પણ તાંબાના રંગના લાલ હતા ।।૪૪।।

એ પુરુષ રાંકપણે ''મારે શું કરવું?'' એમ બોલતાં મુનિઓએ કહ્યું કે 'નિષીદ' (બેસી જા) એ ઉપરથી એ 'નિષાદ' કહેવાયો ।।૪૫।।

**તસ્ય વંશ્યાસ્તુ નૈષાદા ગિરિકાનનગોચરાઃ ।।**
**યેનાહરજ્જાયમાનો વેનકલ્મષમુલ્બણમ્ ।।૪૬।।**

એણે જન્મ લેતાં જ રાજા વેનના ભયંકર પાપોને પોતાના ઉપર લઈ લીધાં. તેથી જ એના વંશના નૈષાદ પણ હિંસા, લૂટફાટ, મારપીટ આદિ પાપકર્મોમાં જ ખૂપેલા હોય છે; માટે તેઓ ગામ કે નગરમાં ન રહેતા વન અને પર્વતોમાં જ વસે છે ।।૪૬।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં**
**(ત્રીજા કામપ્રકરણમાં અધર્મ સ્થાપનરૂપ કાર્યનિરૂપણે બીજો)**
**''બ્રાહ્મણોએ વેનને રાજ્યા આપ્યું અને પછીથી દોષથી એને મારી નાખ્યો'' નામનો ૧૪મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૫

# બ્રાહ્મણોએ વેનના હાથનું મથન કરીને પૃથુરાજાને ઉત્પન્ન કર્યા અને રાજ્યાભિષેક કર્યો

**વિશેષ :** આ પન્દરમાં અધ્યાયમાં વેનના હાથનું બ્રાહ્મણોએ મથન કરતાં એમાંથી ઉત્પન્ન થયેલા પૃથુ રાજાના રાજ્યાભિષેક અને સત્કાર વગેરેની કથા કહેવામાં આવશે.

**અથ તસ્ય પુનર્વિપ્રૈરપુત્રસ્ય મહીપતેઃ ।।**
**બાહુભ્યાં મથ્યમાનાભ્યાં મિથુનં સમપદ્યત ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** પછી એ બ્રાહ્મણોએ અપુત્ર વેન રાજાના બે હાથનું મથન કર્યું તો એમાંથી એક સ્ત્રી-પુરુષનું યુગલ પ્રકટ થયું ।।૧।।

યુગલને જોઈને તથા એ ભગવાનના અંશરૂપ છે એમ જાણીને એ બ્રહ્મવાદી મુનિઓ બહુ જ પ્રસન્ન થઈ બોલ્યા ।।૨।।

**ઋષિઓ બોલ્યા :** આ યુગલમાં જે પુરુષ છે તે જગત્‌ની રક્ષા કરનાર ભગવાનનો અંશ છે અને જે સ્ત્રી છે તે ભગવાન્ પાસેથી ખસે નહિ એવાં લક્ષ્મીજીનો અવતાર છે ।।૩।।

આ પુરુષ પોતાના સુયશનું પ્રથન-વિસ્તાર કરવાને કારણે પરમ યશસ્વી 'પૃથુ' નામના સમ્રાટ થશે, રાજાઓમાં એ જ સૌથી પહેલા થશે ।।૪।।

અને આ સુન્દર દાંતવાળી, ગુણ અને આભૂષણોને પણ શોભા આપનારી સુન્દરી 'અર્ચિ' નામથી ઓળખાશે અને પૃથુ રાજાને જ વરશે ।।૫।।

પૃથુના રૂપમાં સાક્ષાત્ શ્રીહરિના અંશે જ સંસારની રક્ષા કરવામાટે અવતાર લીધો છે અને અર્ચિના રૂપમાં નિરન્તર ભગવાનની સેવામાં રહેવાવાળાં એમની નિત્ય સહચરી શ્રીલક્ષ્મીજી જ પ્રકટ થયાં છે ।।૬।।

**મૈત્રેયે કહ્યું :** એ સમયે બ્રાહ્મણો પૃથુ રાજાની સ્તુતિ કરવા લાગ્યા, ગન્ધર્વો ગાવા લાગ્યા, સિદ્ધ લોકો ફૂલની વૃષ્ટિ કરવા લાગ્યા, અપ્સરાઓ નાચવા લાગી, આકાશમાં શંખ તૂરી મૃદંગ અને દુન્દુભિ વગેરે વાજાં વાગવા લાગ્યાં. અને દેવો ઋષિઓ અને પિતૃઓ પોતપોતાના લોકોમાંથી ત્યાં આવ્યા ।।૭-૮।।

જગદ્ગુરુ બ્રહ્માજી દેવોને સાથે લઈ ત્યાં પધાર્યા. પૃથુ રાજાના જમણા હાથમાં ભગવાન્ વિષ્ણુની હસ્તરેખાઓ તથા ચરણમાં કમળનું ચિહ્ન જોઈને ''એ ભગવાનનો

અંશ છે'' એવો એમણે નિશ્ચય કર્યો કેમકે જેના હાથમાં બીજી રેખાઓથી છેદાયા વિનાનું ચક્રનું ચિહ્ન ચોખ્ખું હોય તે ભગવાનનો જ અંશ હોય છે ।।૯-૧૦।।

વેદવાદી બ્રાહ્મણોએ એના અભિષેકનું આયોજન કરતાં સર્વે લોકો ચારે બાજૂએથી અભિષેકની સામગ્રી લાવ્યા ।।૧૧।।

એ વખતે નદીઓ, સમુદ્રો, પર્વતો, સર્પ, ગાયો, પશુ-પક્ષીઓ, સ્વર્ગ, પૃથ્વી અને સર્વ પ્રાણીઓ તરેહ-તરેહની ભેટ લાવ્યાં ।।૧૨।।

સુન્દર વસ્ત્રો અને આભૂષણોથી અલંકૃત મહારાજ પૃથુનો વિધિપૂર્વક રાજ્યાભિષેક થયો. એ વખતે અનેક અલંકારોથી શોભતાં મહારાણી અર્ચિની સાથે તે બીજા અગ્નિદેવ જેવા લાગતા હતા ।।૧૩।।

હે વિદુરજી! કુબેરજી એમને માટે સુવર્ણનું ઉત્તમ સિંહાસન લાવ્યા; વરુણદેવ ચન્દ્રના જેવું ધોળું અને પ્રકાશમય છત્ર લાવ્યા જેમાંથી નિરન્તર જલની ફરફર ઝરતી હતી ।।૧૪।।

વાયુ બે ચમર લાવ્યા, ધર્મે કીર્તિરૂપ માળા આપી, ઈન્દ્રે ઉત્તમ મુકુટ આપ્યો, યમરાજા શિક્ષા કરવાનો દંડ લાવ્યા ।।૧૫।।

બ્રહ્માજીએ વેદમય બખતર, સરસ્વતીએ ઉત્તમ હાર, વિષ્ણુએ સુદર્શન ચક્ર અને લક્ષ્મીજીએ અવિનાશી સમ્પત્તિ આપી ।।૧૬।।

રુદ્રે દસ ચન્દ્રાકાર ચિહ્નોવાળી તલવાર, અમ્બિકાજીએ સો ચન્દ્રાકાર ચિહ્નોવાળી ઢાલ આપી; ચન્દ્રમાએ અમૃતમય ઘોડા, ત્વષ્ટાએ અત્યન્ત સુન્દર રથ, ।।૧૭।।

અગ્નિએ બકરા તથા બળદનાં શીંગડાંમાંથી બનેલ સુદૃઢ ધનુષ્ય અને સૂર્યે તેજોમય બાણ આપ્યાં. પૃથ્વી ધારેલા સ્થળે તુરત પહોંચાડનારી યોગમય ચાખડી લાવી, આકાશના અભિમાની દ્યૌ દેવતાએ નિત્ય નૂતન ફૂલના હાર આપવા માંડ્યા ।।૧૮।।

આકાશમાં ફરનાર સિદ્ધ લોકોએ નાચ, ગાયન, વાજાં વગાડવાં અને અન્તર્ધાન થવાની કળા આપી; ઋષિઓએ અમોઘ આશીર્વાદ દીધા; સમુદ્રે પોતામાંથી ઉત્પન્ન થયેલો શંખ દીધો ।।૧૯।।

સમુદ્ર પર્વત અને નદીઓએ એમને રથ ચાલવાના માર્ગ આપ્યા. ત્યાર બાદ સૂત, માગધ અને બન્દીજન એમની સ્તુતિ કરવા ઉપસ્થિત થયા ।।૨૦।।

ત્યારે એ સ્તુતિ કરવાવાળાનો અભિપ્રાય સમજીને વેનપુત્ર પરમ પ્રતાપી મહારાજ પૃથુએ હસતાં-હસતાં મેઘના જેવી ગમ્ભીર વાણીથી કહ્યું ।।૨૧।।

**પૃથુ રાજા બોલ્યા :** હે ભલા માણસો! સૂત, માગધ અને બન્દીજનો હજુ મારા કોઈ ગુણો જગતમાં પ્રકટ થયેલા જણાતા નથી તો પછી તમે મારી બાબતમાં તમારી વાણી વ્યર્થ ન થવી જોઈએ. તેથી મારા સિવાય બીજા કોઈની સ્તુતિ કરો ।।૨૨।।

હે મધુર વાણી બોલનારાઓ! જો મારી સ્તુતિ કરવી હોય તો મારા ગુણ પ્રસિદ્ધ થયા પછી અને એ પણ મારી પરોક્ષમાં કરજો, જ્યાં વર્ણન કરવા યોગ્ય પવિત્ર કીર્તિ ભગવાનના ગુણ હોય ત્યાં શિષ્ટ પુરુષો બીજા કોઈ તુચ્છ માણસની સ્તુતિ કરતા હોતા નથી ।।૨૩।।

પોતામાં મોટા ગુણ સમ્પાદન કરવાની શક્તિ હોય, છતાં એવા કામ કર્યા ન હોય એ પહેલાં સ્તુતિ કરનારા લોકો અને સ્તુતિ કરનારા પોતે પણ મનમાં તો મશ્કરી કરે કે ''શું આ માણસમાં એવા ગુણો છે? અથવા કાંઈ થવાના છે?'' આવી રીતે મશ્કરી કરે તો પણ એની મૂર્ખ માણસને ખબર પડે નહિ ।।૨૪।।

પોતે પ્રખ્યાત હોવા છતાં મહાત્મા પુરુષો પોતાનાં વખાણને પણ ભૂંડાં કામની પેઠે ધિક્કારે છે ।।૨૫।।

**વયં ત્વવિદિતા લોકે સૂતાદ્યાપિ વરીમભિઃ ।।**
**કર્મભિઃ કથમાત્માનં ગાપયિષ્યામ બાલવત્ ।।૨૬।।**

હે સ્તુતિ કરનારા લોકો! અમે તો હજુ સુધી કોઈ શ્રેષ્ઠ કાર્ય કરીને લોકમાં પ્રખ્યાત થયા નથી તો એ પહેલાં બાળકની માફક શી રીતે પોતાના ગુણનું ગાન કરાવીએ? ।।૨૬।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં (ત્રીજા કામપ્રકરણમાં રાજ્યાભિષેક નિરૂપણ નામનો ત્રીજો) ''બ્રાહ્મણોએ વેનના હાથનું મથન કરી પૃથુરાજાને ઉત્પન્ન કર્યા અને એનો રાજ્યાભિષેક કર્યો'' નામનો પન્દરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. (શ્રીવલ્લભાચાર્ય)**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ માણસને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

## અધ્યાય ૧૬

# સૂત મગધ તથા બન્દીજનોએ પૃથુ રાજાની કરેલી સ્તુતિ

**વિશેષ** : આ સોળમાં અધ્યાયમાં સર્વલોકપાલ દેવતાઓએ સત્કાર કરેલા સ્ત્રી સહિત પૃથુ રાજાની મુનિઓએ પ્રેરેલા સૂત, માગધ અને બન્દીજનોએ સ્તુતિ કર્યાની કથા કહેવામાં આવશે.

**ઈતિ બ્રુવાણં નૃપતિં ગાયકા મુનિચોદિતાઃ ।।**
**તુષ્ટુવુસ્તુષ્ટમનસઃ તદ્વાગમૃતસેવયા ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે પૃથુરાજાનાં વચનામૃતના આસ્વાદથી સૂત વગેરે ગાયકો બહુ પ્રસન્ન થયા અને મુનિઓની પ્રેરણાથી રાજાની ઈચ્છા નહિ છતાં એમની સ્તુતિ કરવા લાગ્યા ।।૧।।

''આપ સાક્ષાત્ દેવપ્રવર શ્રીનારાયણ જ છો જે પોતાની માયાથી અવતીર્ણ થયા છો, અમે આપના મહિમાનું વર્ણન કરવા અસમર્થ છીએ આપે જન્મ તો રાજા વેનના મૂતક શરીરથી લીધો છે પણ આપનાં પરાક્રમોનું વર્ણન કરવામાં સાક્ષાત્ બ્રહ્માજી વગેરેની પણ બુદ્ધિ પહોંચતી નથી ।।૨।।

તો પણ મહાઉદાર કીર્તિવાળા અને ભગવાનના કલાવતાર આપની કથારૂપ અમૃતમાં અમને આદર હોવાથી મુનિઓના કહેવાથી મુનિઓએ આપનાં ઉત્તમ કર્મ વિશેનું જે જ્ઞાન યોગબળથી આપ્યું છે તેનું અમે વર્ણન કરીશું ।।૩।।

આ પૃથુરાજા ધર્મ પાળનારાઓમાં શ્રેષ્ઠ, લોકોને ધર્મમાર્ગમાં ચાલાવનારા, ધર્મની મર્યાદાઓનું રક્ષણ કરનાર, ધર્મના શત્રુઓને દંડ દેનાર થશે ।।૪।।

એ એકલા જ સમયે-સમયે પ્રજાનું પાલન, પોષણ, અનુરંજન આદિ કાર્યાનુસાર પોતાના દેહમાં ભિન્ન-ભિન્ન લોકપાલોની મૂર્તિને ધારણ કરશે તથા યજ્ઞ વગેરેના પ્રચારથી સ્વર્ગલોક અને વૃષ્ટિની વ્યવસ્થા દ્વારા પૃથ્વીબેઉનું હિત કરશે ।।૫।।

આ પ્રતાપી રાજા સર્વ પ્રાણીઓ પ્રત્યે સમાન વર્તન રાખશે. જેમ સૂર્ય આઠ મહિનામાં જળનું શોષણ કરે અને ચોમાસામાં પાછું જળ છૂટું મૂકે તેમ એ કર લેવાના સમયમાં લોકો પાસેથી ધન લેશે અને દુષ્કાળ વગેરેમાં પ્રજાના હિતમાટે એ ધનનું વિતરણ કરી દેશે ।।૬।।

દુઃખી પ્રાણીઓ ઉપર એ નિરન્તર દયા રાખશે. પૃથ્વી જેમ સર્વનું સહન કરે છે તેમ આ પૃથુરાજા કોઈ દુખિયો એમના મસ્તક ઉપર પગ પણ મૂકી દેશે તો પણ એનો

એ અનુચિત વ્યવહાર સદા સહી લેશે ।।૭।।

રાજાનું શરીર ધરનાર આ વિષ્ણુ (પૃથુરાજા) કદાચ વરસાદ ન થાય અને પ્રજાનાં પ્રાણ સંકટમાં આવી પડે તો ઈન્દ્રની માફક વૃષ્ટિ કરીને એનું અનાયાસે રક્ષણ કરશે ।।૮।।

એ પોતાના અમૃતસ્રાવી મુખચન્દ્રની મનોહર મુસ્કાન અને અમી ભરી નજરથી તમામ લોકોને આનન્દમગ્ન કરી દેશે ।।૯।।

એની ગતિને કોઈ કળી નહિ શકે. એનાં કાર્યો ગુપ્ત હશે અને એ કાર્યો કરવાનો અભિગમ-પ્રણાલી પણ બહુ જ ગમ્ભીર હશે. એમનું ધન સદા સુરક્ષિત રહેશે એ અનન્ત માહાત્મ્ય તથા ગુણોના એકમાત્ર આશ્રય હશે. આ પ્રમાણે મનસ્વી પૃથુ સાક્ષાત્ વરુણના જ જેવા હશે ।।૧૦।।

મહારાજ પૃથુ વેનરૂપ અરણિથી જાણે અગ્નિ જ ઉત્પન્ન થયો હોય તેવા છે. પ્રતાપને લીધે પાસે છતાં ઘણા દૂર લાગે છે. આ રાજા એવા છે કે એમને શત્રુઓ મનથી પણ પહોંચી શકતા નથી તો એમના પરાક્રમને શી રીતે સહન કરી શકે કે એમનો પરાભવ ક્યાંથી જ કરી શકે? ।।૧૧।।

જેવી રીતે પ્રાણીઓની અંદર રહેનાર પ્રાણવાયુ શરીરની અંદર બહારની બધી જ પ્રવૃત્તિઓ જોવા છતાં ઉદાસીન રહે છે એ જ પ્રમાણે જાસૂસો (ગુપ્તચરો) દ્વારા પ્રજાના ગુપ્ત તેમજ પ્રકટ બધી જ જાતના વ્યવહાર જોવા છતાં પોતાની નિન્દા અથવા સ્તુતિ પ્રત્યે ઉદાસીન (તટસ્થ) રહેશે ।।૧૨।।

શત્રુનો પુત્ર હોય છતાં જો તે દંડને પાત્ર ન હોય તો ધર્મમાં રહેનાર આ રાજા તેને શિક્ષા નહિ કરે ઊલટું, પોતાનો જ દીકરો હોય છતાં જો એ અપરાધી હોય તો એને શિક્ષા કરશે ।।૧૩।।

આ રાજાની સેના અને એની આજ્ઞાની આણ માનસોત્તર પર્વત સુધી (જેટલામાં સૂર્યનો પ્રકાશ પડે છે તેટલે સુધી)વર્તાશે ।।૧૪।।

મનને રઞ્જન કરનારાં પોતાનાં કાર્યોથી એ લોકોને રાજી કરશે. તેથી લોકો પૃથુને 'રાજા' કહેશે ।।૧૫।।

આ રાજા દઢ વ્રત પાળનાર, સાચી પ્રતિજ્ઞાવાળા, બ્રાહ્મણ ભક્ત, વૃદ્ધોની સેવા કરનાર, સર્વ પ્રાણીઓનાં શરણરૂપ, બધાને માન આપનાર અને રાંક ઉપર પ્રેમ રાખનાર થશે ।।૧૬।।

એ પરસ્ત્રીઓમાં માતાના જેવી ભક્તિ રાખશે, પત્નીને પોતાનું અડધું અંગ માનશે, પ્રજા ઉપર પિતાના જેવો પ્રેમ રાખશે અને જ્ઞાનીઓના સેવક થઈને રહેશે ।।૧૭।।

બીજાં પ્રાણીઓ એને એટલું ચાહશે જેટલું પોતાના શરીરને એ મિત્રોના સુખને વધારશે. એ વિરક્તોનો વિશેષ સંગ કરનાર અને દુષ્ટ લોકોને યમની માફક દંડ દેવા સદા તૈયાર રહેશે ।।૧૮।।

સર્વ લોકોના સ્વામી અવિનાશી ભગવાન્ જ પોતાના અંશથી આ પૃથુરાજા રૂપે અવતરેલા છે એમના સ્વરૂપમાં જોવામાં આવતા દ્વૈત પદાર્થને જ્ઞાની લોકો માયાએ બનાવેલા હોવાથી વ્યર્થ માને છે ।।૧૯।।

એ અજોડ વીર અને એક છત્ર સમ્રાટ્ થઈ એકલા જ ઉદયાચલ પર્યન્ત સમગ્ર પૃથ્વીની રક્ષા કરશે અને પોતાના જયશીલરથ ઉપર બિરાજી, હાથમાં ધનુષ લઈ સૂર્યની જેમ સર્વત્ર પ્રદક્ષિણા કરશે ।।૨૦।।

એ વખતે આ રાજા જ્યાં-જ્યાં ફરશે ત્યાં-ત્યાં રાજાઓ અને લોકપાળ દેવો એમને કર અને સારા-સારા પદાર્થો ભેટ તરીકે સમર્પણ કરશે. રાજાઓની સ્ત્રીઓ આ આદિ રાજાને વિષ્ણુરૂપ માની એમની કીર્તિનું ગાન કરશે ।।૨૧।।

પ્રજાને આજીવિકા આપનાર આ ચક્રવર્તી રાજા ગોરૂપધારી પૃથ્વીનું દોહન કરશે; ઈન્દ્રની પેઠે પોતાના ધનુષની અણીથી પર્વતોને તોડી-ફોડી નાખીને રમતાં-રમતાં પૃથ્વીને સમતલ કરી દેશે ।।૨૨।।

યુદ્ધના મેદાનો ઉપર તેનો સામનો કોઈ કરી શકશે નહિ. જે વખતે તે, જંગલમાં પૂછ ઊંચું કરીને મહાલતા સિંહની માફક પોતાના આજગવ* ધનુષનો ટંકાર કરતા પૃથ્વી ઉપર વિચરશે એ વખતે દુષ્ટો બધા અહીં-તહીં છુપાઈ જશે ।।૨૩।।

**વિશેષ :** આજગવ ધનુષ એટલે બકરા અને બળદના શીંગડાંમાંથી બનાવેલ ધનુષ.

જે ઠેકાણે સરસ્વતી નદી પ્રકટ થયેલ છે તે ઠેકાણે આ રાજા સો અશ્વમેધ યજ્ઞ કરશે તેમાં છેલ્લા યજ્ઞ દરમિયાન ઈન્દ્ર એમના ઘોડાને હરી જશે ।।૨૪।।

પોતાના મહાલયના બગીચામાં રાજાની મહાત્મા સનત્કુમારની સાથે મુલાકાત થશે. એકલી એમની ભક્તિ કરી અને તે ભક્તિથી એ નિર્મળ જ્ઞાન પામશે જે જ્ઞાનથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાયછે ।।૨૫।।

આ પ્રમાણે જ્યારે એનાં પરાક્રમ જનતાની સમક્ષ પ્રકટ થઈ જશે ત્યારે-ત્યારે

પરમ પરાક્રમી મહારાજ જ્યાં-ત્યાં પોતાનાં પરાક્રમોની જ કથા સાંભળશે ।।૨૬।।

**દિશો વિજિત્યાપ્રતિરુદ્ધચક્રઃ સ્વતેજસોત્પાટિતલોકશલ્યઃ ।।**
**સુરાસુરેન્દ્રૈરુપગીયમાનમહાનુભાવો ભવિતા પતિર્ભુવઃ ।।૨૭।।**

દિગ્વિજય કરી આ રાજા પોતાની શક્તિથી લોકોનાં દુઃખ ઉખેડી નાખશે અને અખડિત આજ્ઞાથી આખી પૃથ્વી ઉપર રાજ્ય કરશે; એ એટલે સુધી કે એમના પ્રતાપનું મોટા-મોટા દેવો અને દૈત્યો પણ ગાન કરશે'' ।।૨૭।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં**
**(કામપ્રકરણમાં આવિષ્ટગુણવર્ણન નામનો ચોથો)**
**''સૂત, માગધ તથા બન્દીજનોએ પૃથુ રાજાની કરેલી સ્તુતિ''**
**નામનો સોળમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
ભગવત્કથાએદિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં

## અધ્યાય ૧૭

## લોકોનું દુઃખ મટાડવાને પૃથ્વીને મારવા માંડતાં એણે પૃથુની કરેલી સ્તુતિ

**વિશેષ** : પૃથ્વી બીજ માત્ર ગળી ગઈ હતી, પૃથુ મહારાજે લોકોની ભૂખ મટાડવા એને ત્રાસ આપતાં પૃથ્વીએ કરેલી સ્તુતિ કર્યાની કથા કહેવામાં આવે છે.

**એવં સ ભગવાન્વૈન્ય; ખ્યાપિતો ગુણકર્મભિઃ ।।**
**છન્દયામાસ તાન્ કામૈઃ, પ્રતિપૂજ્યાભિનન્દ્ય ચ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે જ્યારે ચારણોએ મહારાજ પૃથુના ગુણો અને કર્મોની બિરદાવલી ગાઈ ત્યારે તેમણે પણ એમની પ્રશંસા કરીને તથા એમને મનપસંદ વસ્તુઓ આપી રાજી કર્યા ।।૧।।

એમણે બ્રાહ્મણાદિ ચાર વર્ણો, સેવકો, મન્ત્રીઓ, પુરોહિતો, પુરજનો,

ગ્રામજનો, જુદા-જુદા ધંધાદારીઓ તથા વસવાયાઓનો પણ સત્કાર કર્યો ।।૨।।

**વિદુરજીએ પૂછ્યું :** જે પૃથ્વીને પૃથુ રાજાએ દોહી તેને બીજાં ઘણાં રૂપ છતાં તેણે ગાયનું રૂપ શા કારણથી ધર્યુ? અને દોહવાના કામમાં વાછડો કોણ અને વાસણ કયું હતું? ।।૩।।

પૃથ્વી સ્વભાવથી જ ઊંચી-નીચી હોય છે તેને પૃથુ રાજાએ શી રીતે સપાટ કરી? અને રાજાના યજ્ઞ સમ્બન્ધી ઘોડાનું ઈન્દ્રે શામાટે હરણ કર્યું હતું? ।।૪।।

હે મહારાજ! બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ મહાત્મા સનત્કુમાર પાસેથી જ્ઞાન-વિજ્ઞાન મેળવીને એ રાજર્ષિ પૃથુ કઈ ગતિને પામ્યા? ।।૫।।

પવિત્ર કીર્તિવાળા ભગવાન્ કૃષ્ણે જ પૃથુ રાજાનું રૂપ ધરીને આ પૃથ્વીને દોહી હતી તો આપના અને ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રના ભક્ત તથા સ્નેહી એવા મને એ પૃથુ અવતાર સમ્બન્ધી જે બીજાં પણ પવિત્ર ચરિત્ર હોય તે બધાં કહો ।।૬-૭।।

**સૂતજી બોલ્યા :** એ પ્રમાણે વિદુરજીએ ભગવાનની કથા કહેવાની પ્રેરણા કરી ત્યારે પ્રસન્ન થયેલા મુનિ મૈત્રેયજી એમનાં વખાણ કરીને બોલ્યા ।।૮।।

**મૈત્રેયે કહ્યું :** હે વિદુરજી! જ્યારે બ્રાહ્મણોએ અભિષેક કરીને પૃથુને પ્રજાના પાલક તરીકે જાહેર કર્યા ત્યારે પૃથ્વી ઉપર અન્ન તો ક્યાંય જોવાય મળે નહિ. પ્રજા-જનો હાડકાંના માળા જેવા થઈ ગયા હતા. તે સર્વ પ્રજાએ આવીને પૃથુને કહ્યું ।।૯।।

ઝાડની બખોલમાં રહેલા અગ્નિથી જેમ ઝાડ બળી રહ્યા હોય તેમ, પેટના ભીષણ અગ્નિથી અમે બળી રહ્યાં છીએ. શરણાગતનું રક્ષણ કરનાર આપને અમે શરણે આવ્યાં છીએ કેમકે બ્રાહ્મણોએ આપ અન્નદાતાને સ્વામી તરીકે મેળવી આપ્યાં છે ।।૧૦।।

એટલામાટે હે રાજાધિરાજ! ભૂખથી ટળવળતા અમે અન્ન વિના મરી જઈએ એ પહેલાં અમને અન્ન આપવાનો આપ પ્રબન્ધ કરો કેમકે રાજાની પદવી ઉપર જે આવે તેણે સર્વ લોકને આજીવિકા મેળવી આપવી જોઈએ ।।૧૧।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે પ્રજાનું કરુણ ક્રન્દન સાંભળીને લાંબો વિચાર કરતાં એમના જાણવામાં આવ્યું કે અન્નનાં સઘળાં બીજ પૃથ્વી ચોરી ગઈ છે એ જ એનું કારણ છે ।।૧૨।।

એવી રીતે બુદ્ધિવડે નિશ્ચય કરી, જેમ ત્રિપુરારિ મહાદેવની માફક અત્યન્ત ક્રોધ કરીને પૃથ્વીને લક્ષ કરી બાણ ચાઢાવ્યું ।।૧૩।।

હથિયાર લઈ તૈયાર થયેલા પૃથુને જોઈ પૃથ્વી થરથર ધ્રુજવા લાગી અને જેમ પારધી પાછળ પડવાથી હરણી જેમ ભાગે તેમ બીકથી ગાયનું રૂપ ધરીને ભાગી ।।૧૪।।

પૃથુની આંખો ક્રોધથી લાલ-લાલ થઈ ગઈ હતી. પૃથ્વી જ્યાં-જ્યાં ભાગીને ગઈ ત્યાં-ત્યાં પૃથુ મહારાજે ધનુષ ઉપર બાણ ચઢાવીને જ એનો પીછો પકડ્યો ।।૧૫।।

દિશા, ખૂણા, સ્વર્ગ, પૃથ્વી અને અન્તરિક્ષમાં જ્યાં પણ એ દોડીને જતી ત્યાં મહારાજ પૃથુ ઉગામેલા હથિયાર સાથે પોતાની પાછળ દેખાતા હતા ।।૧૬।।

જેમ મનુષ્યને મૃત્યુથી બચાવનાર કોઈ ન મળે તેમ ત્રિલોકમાં પોતાની રક્ષા કરનાર કોઈ પણ ન મળતાં પૃથ્વી ત્રાસ પામી અને દુખિત ચિત્તથી પાછી વળીને તેણે પૃથુ રાજાને કહ્યું : ।।૧૭।।

''હે ધર્મના તત્ત્વને જાણનાર શરણાગત વત્સલ રાજન! આપ મારી પણ રક્ષા કરો કેમકે બધાં જ પ્રાણીઓનું રક્ષણ કરવા આપ તત્પર છો'' ।।૧૮।।

હું અત્યન્ત દીન અને નિરપરાધી છું તેને આપ શામાટે મારી નાખવા માગો છો? તદુપરાન્ત આપ તો ધર્મજ્ઞ તરીકે પ્રખ્યાત છો તો આપ મને સ્ત્રીજાતિને મારશો કેમ? ।।૧૯।।

સ્ત્રીઓ અપરાધમાં આવી હોય તો સાધારણ પુરુષો પણ એમના ઉપર હાથ ઉઠાવતા નથી તો આપના જેવા દયાળુ અને દીનવત્સલ પુરુષો કેમ મારે? ।।૨૦।।

હું તો એક મજબૂત હોડી જેવી છું. આખું જગત્ મારા જ આધારે સ્થિતિ કરી રહ્યું છે. મને તોડી-ફોડીને આપ પોતાને તથા પ્રજાને જલની ઉપર કેમ રાખશો? ।।૨૧।।

**પૃથુ બોલ્યા :** હે પૃથ્વી! તું મારી આજ્ઞા નથી માનતી તેથી હું તને મારી નાખીશ. પૃથ્વીરૂપે તું યજ્ઞમાં ભાગ તો લે છે છતાં વળતર રૂપે ધાન્યાદિ આપતી નથી અને ગાયરૂપે રોજ લીલુંછમ ઘાસ ખાવા છતાં થાનમાંથી દૂધ દેતી નથી એટલે તારા જેવી દુષ્ટાને એના અપરાધને લીધે દંડ દેવો એ અયોગ્ય કહેવાય નહિ ।।૨૨-૨૩।।

પૂર્વે બ્રહ્માએ સરજેલાં અન્નનાં બીજ હાલમાં તે તારા શરીરમાં સંઘરી મૂકેલાં છે અને મૂર્ખતાવશ હજુપણ મારી પરવા કર્યા વિના આપતી નથી તેથી બાણથી તને કાપી નાખી, આ પ્રજા જે ભૂખથી પીડાય છે અને વિલાપ કરે છે તેને તારું માંસ

ખવરાવી એમની ભૂખને મટાડીશ ।।૨૪-૨૫।।

પુરુષ, સ્ત્રી કે નપુંસક ગમે તે હોય પણ જે દુષ્ટ પોતાનું જ પેટ ભરી લઈ પેટ પર હાથ ફેરવે છે એવા નિર્દયને મારી નાખવાથી રાજાને પાપ લાગતું નથી ।।૨૬।।

અત્યારે માયાથી ગાયરૂપ બનેલી તું ગર્વીલી અને મદોન્મત્ત છે; બાણવડે તારા કકડે-કકડા કરી નાખી મારી યોગશક્તિથી આ પ્રજાને હું ધારણ કરીશ ।।૨૭।।

આ પ્રમાણે બોલતા અને કાળની પેઠે ક્રોધની મૂર્તિરૂપ બનેલા પૃથુરાજાને પૃથ્વીએ થરથરતાં હાથ જોડી પ્રણામ કરી કહ્યું ।।૨૮।।

''હે પરમપુરુષ! માયાથી અનેક અવતાર ધરનાર, સગુણ સ્વરૂપવાન દેખાવા છતાં સ્વરૂપજ્ઞાનને લીધે જેમાં દેહાભિમાનનાં રાગદ્વેષાદિક મોજાં શમી ગયાં છે તેવા આપને હું પ્રણામ કરું છું ।।૨૯।।

આપ જ સમ્પૂર્ણ જગત્ના વિધાતા છો. આપે જ આ ત્રિગુણાત્મક સૃષ્ટિ ઘડી છે અને મને બધા જીવોનો આશ્રય બનાવી છે. બધા જીવો મારા ઉપર રહે એવી વ્યવસ્થા કરી છે. આપ સર્વથા સ્વતન્ત્ર છો. પ્રભો! આપ જ જ્યારે અસ્ત્ર-શસ્ત્ર લઈ મને મારવા તૈયાર થઈ ગયા તો હું બીજા કોને શરણે જાઉં? ।।૩૦।।

આપની અંદર રહેનારી અને જીવ સાથે સમ્બન્ધ રાખનારી માયાવડે આપે આ ચરાચર જગત્ પ્રથમ રચ્યું અને આપ જ એ જ માયાવડે હાલ જગત્નું રક્ષણ કરવાને અવતરેલા છો. આપ ધર્મમાં નિષ્ઠા રાખનાર છો છતાં ગોરૂપધારિણી મને મારી નાખવાને શી રીતે તૈયાર થયા છો? ।।૩૧।।

આપની અંદર રહેનારી અને જીવ સાથે સમ્બન્ધ રાખનારી માયાવડે આપે આ ચરાચર જગત્ પ્રથમ રચ્યું અને આપ જ એ જ માયાવડે હાલ જગત્નું રક્ષણ કરવાને અવતરેલા છો. આપ ધર્મમાં નિષ્ઠા રાખનાર છો છતાં ગોરૂપધારિણી મને મારી નાખવાને શી રીતે તૈયાર થયા છો? ।।૩૧।।

આપની માયા એવી છે કે એ કોઈથી જીતી શકાય તેમ નથી. એને લીધે અજિતેન્દ્રિય પુરુષો પોતાનું કર્તવ્ય શું છે એ જાણી શકતા નથી. આપ ઈશ્વરે બ્રહ્માજીને સરજી એની પાસે જગત્ને ઉત્પન્ન કરાવ્યું. આમ આપ પોતાથી એકરૂપ અને માયાથી અનેકરૂપ છો ।।૩૨।।

પંચભૂત, ઈન્દ્રિયો, ઈન્દ્રિયોના દેવતા, બુદ્ધિ અને અહંકાર એ બધી આપની શક્તિઓ છે. એનાવડે આ જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરો છે. જુદાં-

જુદાં કાર્યોમાટે સમય-સમય આપની શક્તિઓનો અવિર્ભાવ અને તિરોભાવ થયા કરે છે. સર્વ-નિયન્તા પરમ પુરુષ, આપને હું પ્રણામ કરું છું ।।૩૩।।

હે અજન્મા! એ જ પંચમહાભૂત, ઇન્દ્રિયો અને અન્તઃકરણરૂપ જગત્‌ને પોતે બનાવી અને એને સારી રીતે સ્થાપવાને માટે આદિવરાહનો અવતાર ધારણ કરી મને રસાતલમાંથી બહાર લાવ્યા હતા. તે જ આપ આજે હું જે પાણી પર વહાણ જેવી છું તેમાં રહેલી પ્રજાનું રક્ષણ કરવાની ઇચ્છાથી પૃથુરાજારૂપે અવતર્યા છો ।।૩૪।।

આ પ્રમાણે એક વાર તો મારો ઉદ્ધાર કરીને આપે 'ધરાધર' નામ ધારણ કર્યું. આજ એ જ આપ વીરમૂર્તિથી, જલની ઉપર રહેલી નૌકાની જેમ રહેલી મારા જ આશ્રયે રહેલ પ્રજાની રક્ષા કરવાના આશયથી તીખાં-તીખાં બાણ ચઢાવી દૂધ ન દેવાના અપરાધમાટે મને મારી નાખવા ઇચ્છો છો એ મોટું આશ્ચર્ય કહેવાય ।।૩૫।।

**નૂનં જનૈરીહિતમીશ્વરાણામ્ અસ્મદ્વિધૈસ્તદ્ગુણસર્ગમાયયા ।।**
**ન જ્ઞાયતે મોહિતચિત્તવર્ત્મભિઃ તેભ્યો નમો વીરયશસ્કરેભ્યઃ ।।૩૬।।**

આ ત્રિગુણાત્મક સૃષ્ટિની રચના કરવાવાળી આપની માયાથી મારા જેવા સાધારણ જીવોનાં ચિત્ત મોહગ્રસ્ત થઈ રહ્યાં છે. મારા જેવા લોકો તો આપના ભક્તોની લીલાઓનો આશય પણ નથી સમજી શકતા તો પછી આપના કોઈ કાર્યનો ઉદ્દેશ ન સમજે તો એમાં આશ્ચર્ય જ શું? તેથી ઇન્દ્રિયસંયમાદિ દ્વારા વીરોચિત યજ્ઞનો વિસ્તાર કરે છે. તેવા આપના ભક્તોને પણ હું પ્રણામ કરું છું ।।૩૬।।

**ઇતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં (ત્રીજા કામપ્રકરણનો ક્રિયાનિરૂપણ નામનો પાંચમો) ''લોકોનું દુઃખ મટાડવાને પૃથ્વીને મારવા માંડતાં એણે પૃથુની કરેલી સ્તુતિ'' નામનો સત્તરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૧૮

## પૃથુ રાજાએ પૃથ્વીનું દોહન કર્યું

**વિશેષ :** આમાં પૃથ્વીના કહેવા ઉપરથી પૃથુ રાજા વગેરેએ જુદા-જુદા વાછડાઓ અને વાસણોની કલ્પના કરી, પૃથ્વી પાસેથી જોઈતું દૂધ દોહી લેવાની વાત કરીને કામપૂર્તિરૂપી ફળનું વર્ણન કરવામાં આવ્યું છે. આખી કથા આલંકારિક ભાષામાં સમજવાની છે. પૃથુ રાજાએ પોતાના પરાક્રમથી આખી પૃથ્વીને ધ્રુજાવી નાખતાં દુષ્ટ લોકો નાશ પામ્યા અને પૃથ્વી ગરીબ

ગાય જેવી થઈ તેથી યોગ્ય વ્યક્તિને યોગ્ય કાર્યભારની સોંપણીરૂપી સુંદર આયોજનથી સારી પેદાશ  થવા લાગી.

**ઈત્થં પૃથુમભિષ્ટૂય રુષા પ્રસ્ફુરિતાધરમ્ ।।**
**પુનરાહાવનિર્ભીતા સંસ્તભ્યાત્માનમાત્મના ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે ક્રોધથી જેના હોઠ ફરકતા હતા તેવા પૃથુથી ભય પામેલી પૃથ્વીએ સ્તુતિ કરી અને પછી ધૈર્ય ધરી મનને સ્થિર રાખી એ ફરીથી બોલીઃ ।।૧।।

''હે પ્રભુ! ક્રોધને શાન્ત કરો અને મારી પ્રાર્થના સાંભળો. સમજું પુરુષ ભમરાની પેઠે સર્વ ઠેકાણેથી સાર લે છે ।।૨।।

આ લોકમાં તેમજ પરલોકમાં પુરુષાર્થ સિદ્ધ કરવાને તત્ત્વવેત્તા મુનિઓએ કૃષિ, અગ્નિહોત્ર આદિ ઉપાય શોધ્યા છે અને આચર્યા છે ।।૩।।

એ પ્રાચીન ઋષિઓએ બતાવેલા ઉપાયોનો આ સમયમાં પણ જે પુરુષ શ્રદ્ધાપૂર્વક સારી રીતે આચરણ કરે તેને સહેલાઈથી ઈચ્છિત ફલ મળે છે ।।૪।।

પરન્તુ જે તર્કશીલ મનુષ્ય ઉપાયોનો અનાદર કરી મનઃકલ્પિત ઉપાયોનો આશ્રય લે છે તેવા બધા ઉપાય અને પ્રયત્ન વારંવાર નિષ્ફળ થાય છે ।।૫।।

હે રાજા! જે રાજાઓનું કામ લોકોનું પાલન કરવાનું છે તે જ રાજાઓએ મારું પણ પાલન કરવાનું છે. મારા ઉપર પ્રીતિ છોડી દેવાથી લોકોમાં ચોરનો ઘણો વધારો થયો છે. બ્રહ્માજીએ પૂર્વે જે ઔષધિઓ સરજેલી તે, યમ-નિયમ વગેરે વ્રતોનું પાલન ન કરનારા દુરાચારી લોકોજ ખાઈ જઈ રહ્યા છે તે જોઈને હું એ ઔષધિઓને યજ્ઞને સારું ગળી ગઈ છું ।।૬-૭।।

એટલામાટે હે લોકપાલક વીર! જો આપને જોઈતા અને પૌષ્ટિક અન્નની ઈચ્છા હોય તો મને દોહનાર, દોહવાનું યોગ્ય પાત્ર અને યોગ્ય વાછડાની વ્યવસ્થા કરો; જેથી વાછડા ઉપરના પ્રેમને લીધે પાહો મૂકી હું આપને જોઈતા પદાર્થોરૂપ દૂધ કાઢી આપીશ. અત્યારે ઘણો સમય થઈ જવાથી અવશ્ય એ ધાન્યો મારા ઉદરમાં સારહીન થઈ ગયાં છે. આપ એને પૂર્વાચાર્યોએ બતાવેલા ઉપાયોથી બહાર કાઢી લો ।।૮-૧૦।।

એક બીજી વાત. આપ મને સપાટ બનાવો, જેથી ચોમાસું વીતી જતાં પણ વરસાદનું પાણી મારી ઉપર ચારે કોર સરખું રહે અને મારા અંદરનો ભેજ સુકાઈ ન

જાય'' ।।૧૧।।

એ પ્રમાણે પૃથુ રાજાએ પૃથ્વીનું પ્રિય અને હિતાકારી વચન સ્વીકાર્યું અને સ્વાયમ્ભુવ મનુને વાછડો કરી પોતાના હાથમાં જ સઘળાં ધાન્યોને દોહી લીધાં ।।૧૨।।

જેમ પૃથુ રાજાએ સાર-સાર લઈ લીધો તેમ બીજા પણ સમજદાર પુરુષો સર્વ ઠેકાણેથી સાર જ લે છે પછી પૃથુ રાજાએ વશ કરેલી પૃથ્વી પાસેથી પોતપોતાને જોઈતા પદાર્થો તેમણે દોહી લીધા* ।।૧૩।।

**વિશેષ :** આ પૃથ્વીને દોહવાનું વર્ણન આલંકારિક છે તેથી એમાં એટલું જ સમજવાનું છે કે કોઈ રાજા નહિ હોવાથી પૃથ્વીમાં ઘણી અવ્યવસ્થા થઈ ગઈ હતી તે પૃથુ રાજાએ પોતાના બળથી મટાડીને સૌ મંડલીઓને સૌ સૌના ઉપરી મારફત જોઈતા પદાર્થો મેળવવા વગેરેની સગવડ કરી આપી તથા સર્વનું પોષણ અને અભિવર્ધન થાય એમ કર્યું. અથવા પૃથ્વીમાં રહેલા પંચભૂતોને ક્રિયાશીલ બનાવી એ પ્રકારે પૃથ્વીનું દોહન કર્યું.

ઋષિઓએ બૃહસ્પતિને વાછડો કરી પોતાની ઈન્દ્રિયો-વાણી, મન અને કર્ણ-રૂપ વાસણમાં વેદરૂપ પવિત્ર દૂધને દોહી લીધું ।।૧૪।।

દેવોએ ઈન્દ્રને વાછડો કરી સોનાના પાત્રમાં મનની, ઈન્દ્રિયની અને શારીરિક બલરૂપી દૂધ દોહી લીધું ।।૧૫।।

દૈત્ય અને દાનવોએ અસુરમાં ઉત્તમ એવા પ્રહ્‌લાદને વાછડો કરી લોઢાના પાત્રમાં મદિરા અને આસવરૂપ દૂધ દોહ્યું ।।૧૬।।

ગાન્ધર્વ અને અપ્સરાઓએ વિશ્વાસુ નામના ગન્ધર્વને વાછડો કરીને કમળના પાત્રમાં સંગીત, માધુર્ય, ગાયન અને સૌન્દર્યરૂપ દૂધ દોહ્યું ।।૧૭।।

શ્રાદ્ધના અધિષ્ઠાતા મહાભાગ પિતૃગણે અર્યમા નામના પિતૃઓના સ્વામીને વાછડો કરી કાચી માટીના પાત્રમાં કવ્ય(પિતૃઓને અપાતું અન્નાદિ) દોહી લીધું ।।૧૮।।

સિદ્ધ લોકોએ કપિલમુનિને વાછડો કરી આકાશરૂપ પાત્રમાં અણિમા વગેરે આઠ સિદ્ધિઓ દોહી લીધી. વિદ્યાધર લોકોએ એ જ વાછડાથી અને એ જ પાત્રમાં આકાશગમન ઈત્યાદિ વિદ્યાઓ દોહી લીધી ।।૧૯।।

કિંપુરુષ વગેરે બીજા માયાવી પુરુષોએ મય દાનવને વાછડો કરી સંકલ્પ માત્રથી અન્તર્ધાન થઈ જવું, વિચિત્ર રૂપ ધારણ કરવું વગેરે અદ્‌ભૂત માયા દોહી લીધી ।।૨૦।।

યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ વગેરે માંસાહારીઓએ રુદ્રને વાછડો કરી ખપ્પરમાં રુધિરાસરૂપી દૂધ દોહ્યું ।।૨૧।।

અહિ[1] સર્પ[2] નાગ[3] અને વીંછી વગેરેએ તક્ષક નાગને વાછડો કરી પોતાના મુખરૂપ પાત્રમાં ઝેરરૂપ દૂધ દોહી લીધું ।।૨૨।।

**વિશેષ** : ૧. ફેણવગરના ૨. ફેણવાળા નાગ ૩. કદ્રૂની સન્તતિમાં થયેલા.

પશુઓએ નન્દિશ્વરને વાછડો કરી વનરૂપ વાસણમાં ઘાસરૂપ દૂધ દોહી લીધું. ફાડી ખાનારાં હિંસક પ્રાણીઓએ સિંહને વાછડો કરી પોતાના શરીરરૂપ પાત્રમાં કાચા માંસરૂપ દૂધ દોહી લીધું ।।૨૩।।

પક્ષીઓએ ગરુડને વાછડો કરી કીડા પતંગિયાં વગેરે ચર અને ફળ વગેરે અચર પોતાના ભક્ષ્યરૂપ દૂધ દોહ્યું ।।૨૪।।

અને પર્વતોએ હિમાલયને વાછડો કરી પોતાનાં શિખરોરૂપ પાત્રમાં અનેક પ્રકારની ધાતુરૂપ દૂધ દોહ્યું ।।૨૫।।

પૃથુએ વશ કરેલી અને સર્વ વસ્તુ પૂરી પાડનારી પૃથ્વીની પાસેથી સઘળાઓએ પોતપોતાના વર્ગના અગ્રેસરને વાછડો કરી પોતપોતાનાં પાત્રમાં ભિન્ન-ભિન્ન પદાર્થોને દૂધના રૂપમાં દોહી લીધા ।।૨૬।।

એ પ્રમાણે પૃથુ રાજા વગેરે બધા અન્નાહારીઓએ જુદાં-જુદાં પાત્ર અને વાછડાદ્વારા પોતપોતાનાં ભોગ્ય અન્નરૂપ જુદાં-જુદાં દૂધ દોહી લીધાં ।।૨૭।।

એથી પૃથુ રાજા એટલા બધા રાજી થયા કે સર્વ પદાર્થ પૂરા પાડનારી પૃથ્વીને પુત્રી માની એના ઉપર પુત્રી જેવો જ પ્રેમ રાખ્યો. પછી તો રાજાધિરાજ પૃથુએ પોતાના ધનુષની અણીથી પર્વતોનાં શિખરો અને ટેકરાઓને તોડી નાખ્યા અને આખા ભૂમંડળને લગભગ સપાટ કરી નાખ્યું* ।।૨૮-૨૯।।

**વિશેષ** : ધનુષની અણીથી પૃથ્વીને સપાટ કરી એનો અભિપ્રાય એવો સમજાય છે કે ધનુષના જોરથી લોકોને વશ કરી એઓની પાસે પૃથ્વીને સપાટ કરાવી અથવા સમય પૃથ્વીનું ખેડાણ કરાવ્યું.

પછી પ્રજાઓને આજીવિકા આપનાર પિતાતુલ્ય પૃથુ રાજાએ સઘળી જગ્યાએ જોઈએ તેવી વસવાટની સગવડ સૌને કરી આપી ।।૩૦।।

**પ્રાકપૃથોરિહ નૈવૈષા પુરગ્રામાદિકલ્પના ।।**
**યથાસુખં વસન્તિ સ્મ તત્ર તત્રાકુતોભયાઃ ।।૩૨।।**

ગામડાં, કસબા, નગર, અનેક પ્રકારના કિલ્લા, આહીરનાં સ્થાનક, ગાયોના નેસ, ફોજના ઉતારાનાં ઠેકાણાં, ખાણો, ખેડુ લોકોની વસ્તીનાં ગામ અને ડુંગરની તળેટીમાં ગામ વસાવ્યાં. પૃથુરાજાની પહેલાં પૃથ્વી ઉપર આવાં નગર કે ગામ વગેરેની રચના કાંઈ પણ નહોતી. બધા લોકો જેને જેમ ફાવે તેમ નિર્ભય રીતે છૂટા-છવાયા રહેતા હતા ।।૩૧-૩૨।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં**

**(ત્રીજા કામપ્રકરણમાં ફલનિરૂપણ નામનો છઠ્ઠો)**

**''પૃથુરાજાએ પૃથ્વીનું દોહન કર્યું'' નામનો અઢારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દક્ષિણા સ્વીકારીને, ફંડ-ફાળા માટે કે મૃતકના ઉદ્ધાર અર્થે યોજાતી ભાગવતકથાના આયોજનની ગુરુએ આજ્ઞા આપવી કે તેમાં હાજરી આપવી તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

## અધ્યાય ૧૯

## યજ્ઞનો ઘોડો હરી જનાર ઈન્દ્રનો વધ કરતા પૃથુ રાજાને બ્રહ્માજીએ વાર્યા

**વિશેષ** : ઉપલા છ અધ્યાયોમાં પ્રજાના કામનું નિરૂપણ કરવામાં આવ્યું છે. હવે પાંચ અધ્યાયવડે પૃથુ રાજાના કામનું વર્ણન કરવામાં આવશે. આ પાંચ અધ્યાયોમાં શુદ્ધિ, કૃષ્ણપ્રસાદ, સ્વધર્મ જ્ઞાન અને મોક્ષ એમ વિભાગ પાડ્યા છે.

**અથાદીક્ષત રાજા તુ હયમેધશતેન સઃ ।।**
**બ્રહ્માવર્તે મનોઃ ક્ષેત્રે યત્ર પ્રાચી સરસ્વતી ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : પછી પૃથુરાજાએ મહારાજ મનુના બ્રહ્માવર્તમાં જ્યાં સરસ્વતી નદી પૂર્વ દિશામાં વહે છે ત્યાં સો અશ્વમેધ યજ્ઞ કરવાની દીક્ષા લીધી ।।૧।।

''એ કામ કરવાથી પૃથુરાજા મારા કરતાં પણ ઘણા વધી જશે'' એમ ધારી ભગવાન્ ઈન્દ્ર પૃથુરાજાનો એ યજ્ઞમહોત્સવ સહી શક્યા નહિ ।।૨।।

મહારાજ પૃથુના યજ્ઞમાં બધાના અન્તરાત્મા સર્વલોક પૂજ્ય જગદીશ્વર ભગવાન્ હરિએ યજ્ઞેશ્વરરૂપમાં સાક્ષાત્ દર્શન દીધાં હતાં ।।૩।।

એમની સાથે બ્રહ્માજી, સદાશિવ પોતપોતાનાં પરિવાર સહિત લોકપાલ ગણ પણ પધાર્યા હતા. એ સમયમાં ગન્ધર્વો, મુનિઓ અને અપ્સરાઓ એમનાં ચરિત્રનું ગાન કરતાં હતાં ।।૪।।

સિદ્ધો, વિદ્યાધરો, દૈત્યો, દાનવો, યક્ષો વગેરે સુનન્દ અને નન્દ વગેરે પ્રમુખ પાર્ષદો, કપિલ, નારદ, દત્તાત્રેય, સનકાદિ યોગેશ્વરો અને સેવા કરવાની ઉત્કંઠાવાળા બીજા પણ ભક્તો ભગવાનની સાથે જ આવ્યા હતા ।।૫-૬।।

હે વિદુરજી! એ યજ્ઞમાં વસ્તુ પૂરી પાડનારી પૃથ્વી ગાયનું રૂપ ધરીને યજમાનને જોઈતા પદાર્થો પૂરા પાડતી હતી ।।૭।।

નદીઓ દ્રાક્ષ, શેરડી વગેરે બધી જાતના રસો વહાવી લાવતી. જેમાંથી મધુ ચૂવે એવાં મોટાં-મોટાં વૃક્ષો, દૂધ, દહીં, અન્ન, ઘી વગેરે જાત-જાતની વસ્તુઓ સમર્પણ કરતાં હતાં ।।૮।।

સમુદ્રોએ ઢગલાબંધ રત્નો આપ્યાં; પર્વતોએ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય* ચાર પ્રકારનાં અન્ન આપ્યાં અને લોકપાળ સહિત સર્વે લોકો ભાત-ભાતની ભેટો લાવ્યા ।।૯।।

**વિશેષ** : જે અન્ન સારી પેઠે ચાવીને ખાવા જેવું હોય તે 'ભક્ષ્ય' કહેવાય છે; દાળ ભાત વગેરે 'ભોજ્ય' કહેવાય છે; કઢી વગેરે ચાટવાનું હોય તે 'લેહ્ય' કહેવાય છે અને ચૂસવાનું હોય તે 'ચોષ્ય' કહેવાય છે, જેમ કે શેરડી.

એ પ્રમાણે ભગવાન્ જ જેના સ્વામી છે તેવા પૃથુરાજાની ભવ્ય ઉન્નતિ થયેલી જોઈ ઈન્દ્રે ઈર્ષ્યાથી એના યજ્ઞમાં ભંગ પાડ્યો ।।૧૦।।

જ્યારે છેલ્લા અશ્વમેધદ્વારા ભગવાન્ યજ્ઞપતિનું પૂજન કરવાનું શરૂ કરવામાં આવ્યું ત્યારે ઈર્ષ્યાના માર્યા ઈન્દ્રે ગુપ્ત રીતે યજ્ઞના ઘોડાનું હરણ કર્યું ।।૧૧।।

ઈન્દ્રે પોતાના રક્ષણમાટે કવચરૂપે પાખંડવેશ ધારણ કરી લીધો હતો, જે અધર્મમાં પણ ધર્મનો ભ્રમ ઉત્પન્ન કરનારો છે અને જેનો આશ્રય લઈ પાપી પુરુષ પણ ધર્માત્મા જેવો લાગે છે ।।૧૨।।

અત્રિ ઋષિની પ્રેરણાથી મહા પરાક્રમી પૃથુનો પુત્ર ઈન્દ્રને મારી નાખવા એની પછવાડે દોડ્યો અને ક્રોધથી ''ઊભો રહે ઊભો રહે'' એવો પડકાર કર્યો ।।૧૩।।

પણ ઈન્દ્રે મસ્તક ઉપર જટાજૂટ ધારણ કરેલી હોવાથી તથા તેના શરીર ઉપર ભસ્મ લગાવેલી હોવાથી ''એ સાક્ષાત્ ધર્મનું સ્વરૂપ છે'' એમ માની એણે એના

ઉપર બાણનો ઘા કર્યો નહિ ।।૧૪।।

વધ કરતાં અટકી ગયેલા એ કુમારને જોઈ અત્રિ ઋષિએ ફરી વાર આજ્ઞા કરી : ''હે રાજકુમાર! એ યજ્ઞમાં વિઘ્ન કરનાર અને દેવોમાં અધમ ઈન્દ્ર છે તેને મારી નાખ'' ।।૧૫।।

એવી આજ્ઞા થતા જેમ રાવણ પાછળ જટાયુ દોડેલો તેમ, પૃથુનો પુત્ર આકાશમાર્ગમાં ઉતાવળથી જતા ઈન્દ્રની પછવાડે ક્રોધ કરીને દોડ્યો ।।૧૬।।

સ્વર્ગપતિ ઈન્દ્ર એને પાછળ પડેલો જોઈ ઘોડાને તથા પોતાના પાખંડ વેશને પડતો મૂકી અન્તર્ધાન થઈ ગયો અને પૃથુનો પુત્ર પોતાના યજ્ઞપશુ ઘોડાને લઈને પિતાની યજ્ઞશાળામાં પાછો આવ્યો ।।૧૭।।

હે વિદુરજી! એ કુમારનું અદ્દ્ભુત પરાક્રમ જોઈને મોટા ઋષિઓએ એને ''વિજિતાશ્વ'' એવું નામ આપ્યું ।।૧૮।।

ઘોડાને ચષાલ* અને યૂપે બાંધી દીધો હતો. શક્તિશાળી ઈન્દ્રે ઘોર અન્ધકાર ફેલાવી દીધો અને એમાં જ છૂપાઈને ફરીથી એ ઘોડાને તેની સોનાની સાંકળ સહિત લઈ ગયા ।।૧૯।।

**વિશેષ** : યજ્ઞમંડપમાં યજ્ઞપશુને બાંધવાને માટે જે ખમ્ભ હોય છે તેને 'યૂપ' અને યૂપની આગળ રખાતા ગોળ કાષ્ઠને ચષાલ કહેવામાં આવે છે.

અત્રિ ઋષિએ ફરી એને આકાશ માર્ગે નાસી જતો જોઈ પૃથુના પુત્રને એની પછવાડે મોકલ્યો, પરન્તુ ઈન્દ્રે માણસોનાં માથાની ખોપરીઓ તથા ખટ્વાંગ ધારણ કર્યા હતાં તેથી ''એ કોઈ ભેખ છે'' એમ જાણી પૃથુના પુત્રે પ્રહાર કર્યો નહિ।।૨૦।।

આ વેળા પણ, અત્રિ ઋષિના કહેવાથી એણે ક્રોધ કરીને બાણ ચઢાવ્યું તેથી ઘોડાને તથા પાખંડી રૂપને મૂકી ઈન્દ્ર ત્યાં જ અન્તર્ધાન થઈ ગયો ।।૨૧।।

પૃથુનો પુત્ર વિજિતાશ્વ ઘોડો લઈ પિતાના યજ્ઞમાં આવ્યો; ત્યારથી ઈન્દ્રે ગ્રહણ કરેલાં દુષ્ટ નિન્દિત વેષને મન્દબુદ્ધિ લોકોએ ગ્રહણ કરી લીધો ।।૨૨।।

ઘોડાને હરી જવાની ઈચ્છાથી ઈન્દ્રે જે-જે રૂપ લીધાં તે સઘળા પાખંડ કહેવાય છે કેમકે 'પા' એટલે પાપ અને 'ખંડ' એટલે (નિશાની) ચિહ્ન એવો એનો શબ્દાર્થ છે ।।૨૩।।

એ પ્રમાણે પૃથુના યજ્ઞનો ભંગ કરવા સારું ઘોડાનું હરણ કરતાં, ઈન્દ્ર જે-જે રૂપ લઈને મૂકી દીધાં હતાં તે નગ્ન, રક્તામ્બર, કાપાલિક વગેરે પાખંડપૂર્ણ પંથ ઉત્પન્ન

થયા. આ પાખંડપ્રચુર આચારોમાં મનુષ્યોની બુદ્ધિ પ્રાય : મોહિત થઈ જાય છે, કારણ કે આ નાસ્તિક મત દેખાવમાં સુન્દર છે અને મોટી-મોટી યુક્તિઓ (તર્કો)થી પોતાના પક્ષનું સમર્થન કરે છે, હકીકતમાં એ ઉપધર્મ-નાસ્તિકવાદી છે. લોકો એને ધર્મ માની એમાં આસક્ત ભ્રમવશ થઈ જાય છે ।।૨૪-૨૫।।

ઈન્દ્રની આ કુચાલ વાત જાણી પૃથુરાજા ગુસ્સે થયા અને ઈન્દ્રને મારવા સારું ધનુષ્ય ઉપાડીને હાથમાં લઈ બાણ ચઢાવ્યું ।।૨૬।।

પૃથુરાજા ઈન્દ્રનો વધ કરવા તૈયાર થયા ત્યારે એમનો એવો અસહ્ય વેગ હતો કે એમની સામું જોઈ શકાય નહિ. ઈન્દ્રને મારી નાખવા તૈયાર થયેલ પૃથુરાજાને જોઈ યજ્ઞના બ્રાહ્મણોએ એમને વાર્યા અને કહ્યું : ''આ યજ્ઞમાં શાસ્ત્રમાં કહેલ પશુના વધ સિવાય બીજા કોઈનો વધ કરવો એ આપનેમાટે યોગ્ય નથી ।।૨૭।।

આ યજ્ઞનો નાશ કરનાર અને આપની કીર્તિથી નિસ્તેજ થઈ ગયેલા એ ઈન્દ્રને જ અમોઘ આવાહન-મન્ત્રો દ્વારા અહીં બોલાવી લઈએ છીએ અને બલાત્કારથી અગ્નિમાં હોમી દઈએ છીએ'' ।।૨૮।।

હે વિદુરજી! એ પ્રમાણે યજમાનની રજા લઈ એના ઋત્વિજોએ ક્રોધપૂર્વક ઈન્દ્રનું આવાહન કર્યુ. તેઓ સ્રુવાદ્વારા આહુતિ આપવા જ જાય છે ત્યાં તો બ્રહ્માજીએ એમને અટકાવ્યા અને કહ્યુંઃ ।।૨૯।।

તમે જેને મારવા ધારો છો તે આ યજ્ઞ સંજ્ઞક ઈન્દ્ર ભગવાનની જ મૂર્તિ છે. યજ્ઞ કરીને પૂજવામાં આવતા દેવો એના અંગરૂપ તો છે; માટે એનો વધ કરવો એ યોગ્ય નથી ।।૩૦।।

હે બ્રાહ્મણો! (બળવાન સાથે વિરોધ કરવામાં સાધારણ લોકોની પણ ઘણી ખરાબી છે) જુઓ, રાજાના આ યજ્ઞને તોડવાની ઈચ્છાથી ઈન્દ્રે કેટલા બધા મોટા પાખંડના માર્ગ ઉત્પન્ન કર્યા! (માટે હજુ પણ એમની સાથે સમાધાન નહિ કરો તો હજુ પણ પાખંડને જ પેદા કરશે) ।।૩૧।।

પરમ યશસ્વી પૃથુ રાજાના સો યજ્ઞોમાં એક ઓછો રહે તો પણ શી હરકત છે? હે રાજા! યજ્ઞની ક્રિયા બંધ કરો. આપ મોક્ષધર્મના સારા જાણકાર છો તેથી આપને યજ્ઞાનુષ્ઠાનની જરૂરજ નથી ।।૩૨।।

આપનું મંગલ હો. ઈન્દ્ર અને આપ બન્ને ભગવાનનાજ સ્વરૂપ છે. એના ઉપર ક્રોધ લાવવો આપનેમાટે યોગ્ય નથી ।।૩૩।।

હે મહારાજ! આ યજ્ઞમાં ભંગ પડ્યો એવું ધારી એ વિશેની આપ કાંઈ પણ ચિન્તા

કરશો નહિ. મારી વાત ધ્યાન દઈને સાંભળો. જુઓ દૈવની જ એની ઈચ્છા હોય કે અમુક કામ થવા દેવું નહિ. તેમ છતાં એ કામ કરવાની જે પુરુષ ચાહના રાખે તેનું મન ક્રોધમાં આંધળું બનીને મોહગ્રસ્ત થઈ જાય છે, (એને કદી શાન્તિ મળતી નથી) ।।૩૪।।

બસ, આ યજ્ઞને બંધ કરો એને જ લીધે ઈન્દ્રે ચલાવેલા પાખંડોથી ધર્મનો નાશ થઈ રહ્યો છે કારણ કે દેવતાઓમાં અત્યન્ત દુરાગ્રહ હોય છે ।।૩૫।।

જરા જુઓ તો જે ઈન્દ્ર ઘોડો ચોરી જઈને આપના યજ્ઞમાં વિઘ્ન કરી રહ્યા હતા એમણે જ રચેલા આ મનોહર પાખંડો પ્રત્યે સારી જનતા ખેંચાતી જઈ રહી છે ।।૩૬।।

હે વેન પુત્ર! વેદશાસ્ત્રથી સિદ્ધ થયેલા લોકોનો ધર્મ વેનના અન્યાયથી નાશ પામી ગયો હતો તેનું પુનરુત્થાન કરવા એના દેહમાંથી અંશરૂપે આપ અહીં અવતર્યા છો ।।૩૭।।

તેથી હે પ્રજાપાલક પૃથુ રાજા! આપના અવતારના ઉદ્દેશ્ય ઉપર વિચાર કરી આપ ભૃગુ આદિ વિશ્વરચિતા મુનીશ્વરોનો સંકલ્પ સાકાર કરો. આ પ્રચંડ પાખંડમાર્ગરૂપ ઈન્દ્રની માયા અધર્મની જનેતા છે, આપ એનો અન્ત-નાશ કરી દો ।।૩૮।।

**મૈત્રેયેકહ્યું :** એ પ્રમાણે લોકગુરુ બ્રહ્માજીએ આજ્ઞા કરી એ ઉપરથી પૃથુ રાજાએ યજ્ઞનો આગ્રહ પડતો મૂક્યો અને ઈન્દ્રની સાથે પ્રેમપૂર્વક સમાધાન કર્યું ।।૩૯।।

ઘણા યજ્ઞો કરનાર પૃથુ રાજાએ યજ્ઞનું અન્ત-સ્નાન કરી લીધું ત્યારે યજ્ઞોથી તૃપ્ત થયેલા દેવોએ એમને અભીષ્ટ વરદાન આપ્યાં. હે વિદુરજી! શ્રદ્ધા સહિત દક્ષિણા મળવાથી રાજી થયેલા અને સત્કાર પામેલા વચન સિદ્ધિવાળા બ્રાહ્મણોએ આદિ રાજા પૃથુને આશીર્વચન આપ્યા ।।૪૦-૪૧ ।।

**ત્વયાઽઽહૂતા મહાબાહો સર્વએવ સમાગતાઃ ।।**
**પૂજિતા દાનમાનાભ્યાં પિતૃદેવર્ષિમાનવાઃ ।।૪૨ ।।**

તેમણે કહ્યું :''હે મહાબાહુ! આપના બોલાવવાથી જે પિતૃઓ, દેવો, ઋષિઓ અને મનુષ્યો આવ્યા હતા તે બધાનો દાન અને માનથી યથાયોગ્ય સત્કાર કરવામાં આવ્યો છે'' ।।૪૨।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધના**
**(ત્રીજા કામપ્રકરણમાં શુદ્ધિનિરૂપણ નામનો સાતમો)**
**''યજ્ઞનો ઘોડો હરી જનાર ઈન્દ્રનો વધ કરતાપૃથુ રાજાને બ્રહ્માજીએ વાર્યા''**
**નામનો ૧૯મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨૦
# યજ્ઞમાં ભગવાને પૃથુને કરેલો ઉપદેશ તથા એમની પરસ્પરની પ્રીતિ

**વિશેષ** : કર્મદ્વારા પ્રભુએ ચિત્તશુદ્ધિ કરાવી, પછી પ્રભુની પૃથુએ સ્તુતિ કરી. આ અધ્યાયમાં એનું વર્ણન આવે છે.

**ભગવાનપિ વૈકુંઠઃ સાકં મઘવતા વિભુઃ ।।**
**યજ્ઞૈર્યજ્ઞપતિસ્તુષ્ટો યજ્ઞભુક્ તમભાષત ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : યજ્ઞોના પતિ, યજ્ઞભોક્તા અને યજ્ઞોથી પ્રસન્ન થયેલા ભગવાને ઈન્દ્રની સમક્ષ પૃથુ રાજાને આ પ્રમાણે કહ્યું : ।।૧।।

''આ ઈન્દ્રે તમારા સો અશ્વમેધ કરવાના સંકલ્પનો ભંગ કર્યો છે; પણ હવે એ તમારી પાસે એમાટે ક્ષમા માગે છે. તો તમારે એને ક્ષમા આપવી જોઈએ ।।૨।।

હે રાજા! સુબુદ્ધિવાળા અને ભલા સ્વભાવવાળા ઉત્તમ મનુષ્યો કોઈ પ્રાણીનો દ્રોહ કરે જ નહિ કેમકે તેઓ દેહને આત્મા માનતા નથી ।।૩।।

જો તમારા જેવા પુરુષો પણ મારી માયાથી મોહ પામે તો સમજી લેવું કે ઘણા દિવસો સુધી કરેલી જ્ઞાની જનોની સેવા કેવળ શ્રમરૂપ જ હતી ।।૪।।

આ દેહ અજ્ઞાન, કામના અને કર્મનું પૂતળું જ છે એવું જાણી જ્ઞાની પુરુષ દેહને વિશે આસક્તિ રાખતો ન હોય તે દેહે ઉત્પન્ન કરેલાં ઘર, સન્તાન અને ધનમાં વૃથા મમતા રાખે ખરો? ।।૫-૬।।

આત્મા દેહથી જુદો છે. આત્મા એક છે-દેહ અવસ્થાને લીધે અનેક પ્રકારનો છે. આત્મા શુદ્ધ છે, દેહ મલિન છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે-દેહ જડ છે. આત્મા નિર્ગુણ છે-દેહ સગુણ છે, આત્મા ગુણોનો આશ્રય છે, દેહ મપાય છે. આત્મા કોઈથી ઢંકાતો નથી-દેહ વસ્ત્રોથી ઢંકાય છે. આત્મા દ્રષ્ટા છે-દેહ દશ્ય છે . આત્મા સ્વતઃસિદ્ધ છે-દેહ આત્માને લઈને સિદ્ધ થાય છે. આ પ્રમાણે દેહમાં રહેલા આત્માને જે પુરુષ દેહથી જુદો જાણે તે દેહમાં રહ્યા છતાં, દેહના વિકારોથી લેપાતો નથી કેમકે એની સ્થિતિ મારા (પરમાત્મા)માંજ રહેલી છે ।।૭-૮।।

હે રાજા! જે પુરુષ નિષ્કામપણે અને શ્રદ્ધાપૂર્વક સ્વધર્મથી મારી ભક્તિ કરે છે તેનું મન ધીરે-ધીરે શુદ્ધ થાય છે ।।૯।।

ચિત્ત શુદ્ધ થતાં એને વિષયો સાથે સમ્બન્ધ રહેતો નથી અને તેને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે, પછી તો એ સારી સમતારૂપ સ્થિતિને પ્રાપ્ત થઈ જાય છે. આ જ પરમ શાન્તિ, બ્રહ્મ અથવા કૈવલ્ય છે ।।૧૦।।

જે પુરુષ એમ જાણે છે કે શરીર, જ્ઞાન, ક્રિયા અને મનનો સાક્ષી હોવા છતાં કુટસ્થ આત્મા એમનાથી નિર્લિપ્ત જ રહે છે તે કલ્યાણમય મોક્ષપદને પ્રાપ્ત કરી લે છે ।।૧૧।।

રાજન ગુણ પ્રવાહરૂપ આવાગમન તો ભૂત, ઈન્દ્રિય, ઈન્દ્રિયાભિમાની, દેવતા અને ચિદાભાસ આ બધાના સમુદાયરૂપ પરિચ્છિન્ન લિંગ શરીરનું જ થયા કરે છે. સર્વસાક્ષી આત્માની સાથે એને કંઈ સમ્બન્ધ નથી. મારામાં જેને પ્રીતિ લાગી છે તે બુદ્ધિમાન પુરુષ સમ્પત્તિ અને વિપત્તિ પ્રાપ્ત થતાં ક્યારેય હર્ષશોકાદિ વિકારોને વશ થતા નથી હોતા ।।૧૨।।

વીર એટલામાટે જ તમે સુખ-દુઃખમાં તથા ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠમાં સમાન ભાવ રાખી ઈન્દ્રિયો તેમજ અન્તઃકરણને વશ કરો. મેં આપેલા સઘળા કારભારી લોકોની સહાયથી સર્વજગત્‌નું રક્ષણ કરો ।।૧૩।।

રાજાનું કલ્યાણ પ્રજાપાલનમાં જ છે. કેમકે પ્રજાએ કરેલા પુણ્યમાંથી છઠ્ઠો ભાગ રાજાને પરલોકમાં મળે છે. પરન્તુ જો રાજા પ્રજાની રક્ષા કરે નહિ અને છતાં પ્રજા પાસેથી કર લે તો એનું બધું પુણ્ય તો પ્રજા પડાવી લે છે અને વધારામાં રાજાને પ્રજાના પાપના ભાગીદાર પણ થવું પડે છે ।।૧૪।।

એમ વિચાર કરી જો તમે ઉત્તમ બ્રાહ્મણોની સમ્મતિ અને પૂર્વપરમ્પરાથી પ્રાપ્ત થયેલ ધર્મને પ્રાધાન્ય આપી, અપનાવી લઈ અને ક્યાંય પણ આસક્ત થયા વિના આ પૃથ્વીનું ન્યાયપૂર્વક પાલન કરતા રહો તો તમે બધી પ્રજાનો પ્રેમ પ્રાપ્ત કરશો અને થોડાં જ દિવસોમાં ઘેર બેઠાં સનકાદિ સિદ્ધ પુરુષોનાં તમને દર્શન થશે ।।૧૫।।

હે રાજા! મારી પાસેથી કાંઈ વરદાન માગો કેમકે તમારાં ગુણ અને શીલે મને વશ કરી લીધો છે. ક્ષમા આદિ ગુણો રહિત યજ્ઞ, તપ અથવા યોગથી મને પ્રાપ્ત કરવો સરલ નથી. હું તો એના જ હૃદયમાં રહું છું જેના ચિત્તમાં સમતા રહે છે ।।૧૬।।

**મૈત્રેયે કહ્યું** : જગદ્‌ગુરુ ભગવાને એ પ્રમાણે આજ્ઞા કરી તે વિશ્વવિજયી પૃથુરાજાએ માથે ચઢાવી ।।૧૭।।

પોતાના કૃત્યથી લજાયેલો ઈન્દ્ર એમના પગમાં પડવા જતો જ હતો ત્યાં તો

એને પ્રેમથી આલિંગન કરી, રાજાએ એના પ્રત્યેનો દ્વેષ કાઢી નાખ્યો ।।૧૮।।

પછી મહારાજ પૃથુએ વિશ્વાત્મા ભગવાનનું પૂજન કર્યું અને ક્ષણ-ક્ષણમાં છલકાઈ જતા ભક્તિભાવમાં નિમગ્ન થઈ પ્રભુનાં પાદારવિન્દ પકડી લીધાં ।।૧૯।।

સત્પુરુષોની સાથે મૈત્રી રાખનારા ભગવાન્ તો એ રાજાની સામે પોતે કમલદલ સમાન નેત્રોથી જોઈ જ રહ્યા અને પોતાની પધારી જવાની ઇચ્છા હતી છતાં એના ઉપર અનુગ્રહ કરવા સારુ રોકાયા અને પધાર્યા નહિ ।।૨૦।।

પૃથુરાજા હાથ જોડી ઉભા હતા; એમની આંખોમાં આંસુ ઊભરાઈ જતાં હતાં તેથી એ ભગવાનની સામું જોઈ શકતા નહોતા આંસુથી વ્યાકુળ થયેલા એ ચૂપ ઉભા રહ્યા અને હૃદયમાં ભગવાનને ધ્યાનથી પધરાવી હાથ જોડી જેમના તેમ ઉભા જ રહ્યા ।।૨૧।।

દેવોનાં ચરણ ભૂમિનો સ્પર્શ કરતાં નથી તો દેવાધિદેવ ભગવાનનાં ચરણ તો ભૂમિનો સ્પર્શ કરે જ ક્યાંથી? છતાં ભક્તવશ્યતા બતાવતા ભગવાન્ ભૂમિ ઉપર ચરણ કમલો સ્થિર કરી ઉભા હતા. એમનો શ્રીહસ્ત ગરુડજીના ઊંચા ખભા ઉપર હતો. મહારાજ પૃથુ નેત્રોનાં આંસુ પોંછી અતૃપ્ત દૃષ્ટિથી એમની તરફ જોતા આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૨૨।।

**પૃથુરાજાએ કહ્યું** : હે મોક્ષપતિ પ્રભુ! આપ વરદાનનું દાન કરનાર બ્રહ્માદિ દેવોને પણ વરદાન દેવા સમર્થ છો. વિષયના સુખ તો દેહાભિમાનીઓએ ભોગવવા જેવાં છે. એ તો નરકનાં પ્રાણીઓને પણ મળે છે. આપ જેવા સર્વેશ્વર પાસેથી એવાં સુખોને કયો સમજુ પુરુષ માગે? માટે હે મોક્ષપતિ! હું એવાં સુખોને માગતો નથી ।।૨૩।।

મોક્ષમાં પણ જો મહા પુરુષોના હૃદયમાંથી આપના ચરણારવિન્દનો મકરન્દ (કથારસ) મુખદ્વારા મળતો ન હોય તેવા મોક્ષને પણ હું માગતો નથી. પરન્તુ, આપની કીર્તિ કથાના શ્રવણને સારુ મને દશ હજાર કાન કરી આપો એવો હું વર માગું છું જેનાથી હું આપની લીલા અને ચરિત્રો સાંભળ્યા જ કરું ।।૨૪।।

પુણ્યકીર્તિ પ્રભો! આપના ચરણકમલ,મકરન્દ રૂપી અમૃતકણોને લઈને મહાપુરુષોના મુખમાંથી જે વાયુ નીકળે છે એમાં જ એટલી તાકાત હોય છે કે તે તત્ત્વને ભૂલેલા અમારા જેવા કુયોગીઓને ફરી તત્ત્વજ્ઞાન કરાવી દે છે. તેથી અમારે બીજા કોઈ વરદાનોની આવશ્યકતા નથી ।।૨૫।।

હે શુભ કીર્તિવાળા! સત્પુરુષોના સમાગમમાં જો એક વાર પણ આપના યશને કોઈ મનુષ્ય અકસ્માત્ પણ સાંભળી લે અને જો એ ગુણજ્ઞ હોય તો પછી એ એને છોડે જ નહિ; હા, પશુ હોય તો એની વાત અલગ છે. સ્વયં લક્ષ્મીજી પણ પોતાના બધી જાતના પુરુષાર્થોની સિદ્ધિમાટે આપના સુયશ શ્રવણ કરવા ઝંખે છે ।।૨૬।।

આપ પુરુષોત્તમ અને સર્વ ગુણ નિધાન છો. હું એને લક્ષ્મીજીની પેઠે અત્યન્ત ઉત્સાહ રાખીને ભજું છું. એકી વખતે એક જ સ્વામીની એક જ પ્રકારની સેવા કરવાની સ્પર્ધા રાખનારાઓમાં ઝઘડો થવાનો સમ્ભવ છે ।।૨૭।।

જગદીશ્વર! જગજ્જનની લક્ષ્મીજીના હૃદયમાં મારા પ્રત્યે વિરોધ થવાની સમ્ભાવના તો છે જ; કારણ કે જે આપની સેવામાં એનો અનુરાગ છે તેને જ માટે હું પણ ઇચ્છું છું. પરન્તુ આપ દીનવત્સલ હોવાથી અમારી સેવાને આપ ઘણી મોટી માનશો. આપ તો આપના સ્વરૂપમાં જ રમણ કરો છો. તેથી આપ લક્ષ્મીજીની કશી જરૂર માનતા નથી ।।૨૮।।

એટલામાટે જ માયાના ગુણોથી રહિત એવા આપને નિષ્કામ પુરુષો જ્ઞાન મળ્યા પછી પણ ભજે છે. એ મહાત્મા પુરુષોને આપનાં ચરણનાં સ્મરણ સિવાય બીજું કશું પ્રયોજન હોય એવું અમને લાગતું નથી ।।૨૯।।

હું કોઈ પણ કામના વિના જ આપનું ભજન કરું છું. આપે મને આજ્ઞા કરી કે, 'વર માગ' તો આપની એ વાણીને તો હું સંસારને મોહમાં નાખવાવાળી જ માનું છું. એટલું જ નહિ પણ આપની વેદરૂપ વાણીએ જગત્ બંધાયેલ ન હોત તો લોકો સકામ કર્મ કરે જ કેમ? ।।૩૦।।

હે પરમેશ્વર! આપની માયાએ લોકોને આપના સત્યસ્વરૂપથી વિમુખ કર્યા છે કેમકે એઓ મૂર્ખ બનીને સ્વરૂપાનન્દ સિવાય બીજાં પુત્રાદિક સુખ માગે છે. હું પણ એ પૈકીનો એક છું. એને વરદાનરૂપ ભુલાવવામાં ન નાખતાં જેમ પિતા સ્વયં વગર માગ્યે બાળકનું હિત કરે તેમ આપ મારું હિત કરો ।।૩૧।।

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે પૃથુરાજાએ સ્તુતિ કરી ત્યારે સર્વસાક્ષી ભગવાને કહ્યું:"હે રાજા! તમને મારી ભક્તિ હોજો. તમે મારી ભક્તિ કરવાનો વિચાર કર્યો એ ઘણું સારું કર્યું કેમકે એવા વિચારથી મનુષ્ય સહજમાંજ મારી એ માયાને તરી જાય છે, જેને છોડવી અથવા જેના બંધનથી છૂટવું અત્યન્ત કઠિન છે ।।૩૨।।

હે રાજા! હવે તમે સાવધાન રહી મારી આજ્ઞા પ્રમાણે ચાલજો. પ્રજાપાલક નરેશ! જે પુરુષ મારી આજ્ઞા પ્રમાણે કરે છે. તેનું સર્વત્ર કલ્યાણ થાય છે'' ।।૩૩।।

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે ભગવાને પૃથુરાજાના સારગર્ભિત વચનનો સત્કાર કર્યો અને એના ઉપર અનુગ્રહ કરી ત્યાંથી પધારવાનો વિચાર કર્યો ।।૩૪।।

દેવ, ઋષિ, પિતૃ, ગન્ધર્વ, સિદ્ધ, ચારણ, નાગ, કિન્નર, અપ્સરાઓ, મનુષ્યો, પક્ષીઓ અને બીજાં પણ અનેક પ્રાણીઓ અને ભગવાનના પાર્ષદોનો પૃથુરાજાએ ભગવદ્‌બુદ્ધિથી ભક્તિભાવ સહિત વાણી, ધન અને નમસ્કારથી સત્કાર કર્યો, પછી તેઓ બધાં ત્યાંથી પોતપોતાને સ્થાને ગયાં ।।૩૫-૩૬।।

ભગવાન્ પણ જાણે એ રાજા અને બ્રાહ્મણોનું મન હરી જતા હોય તેવી રીતે પોતાના સ્થાનક (રાજાના હૃદય)માં પધાર્યા ।।૩૭।।

**અદુષ્ટાય નમસ્કૃત્ય નૃપઃ સન્દર્શિતાત્મને ।।**
**વાસુદેવાય દેવાનાં દેવાય સ્વપુરં યયૌ ।।૩૮।।**

આત્મસ્વરૂપનો ઉપદેશ કરનારા, મોક્ષ આપનાર વાસુદેવઅને દેવોના પણ દેવ ભગવાન્ ત્યાંથી અન્તર્ધાન થતાં પૃથુ રાજાએ એમને નમસ્કાર કર્યા અને પછી પોતાની રાજધાનીમાં પધાર્યા ।।૩૮।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં**
**(ત્રીજા કામપ્રકરણનો ભગવત્પ્રસાદ નિરૂપણ નામનો આઠમો)**
**''યજ્ઞમાં ભગવાને પૃથુને કરેલો ઉપદેશ તથા એમની પરસ્પરની પ્રીતિ''**
**નામનો વીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૨૧

# યજ્ઞમાં દેવો વગેરેની સભામાં પૃથુ રાજાએ પ્રજાને કરેલો ઉપદેશ

**વિશેષ** : પૃથુરાજાએ પોતાના અને પ્રજાના ધર્મનો નિર્ધાર કર્યો એનું વર્ણન આ અધ્યાયમાં આપે છે.

**મૌક્તિકૈઃ કુસુમસ્રગ્ભિર્ દુકૂલૈઃ સ્વર્ણતોરણૈઃ।**
**મહાસુરભિભિર્ધૂપૈર્ મણ્ડિતં તત્ર-તત્ર વૈ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : પૃથુ રાજા નગરમાં પધાર્યા તે વખતે નગર મોતી તથા ફૂલની

માળાઓથી તથા રંગબેરંગી વસ્ત્ર અને સોનાનાં તોરણોથી શણગારેલુંહતું. અત્યન્ત સુગન્ધિવાળા ધૂપ ચોતરફ મહેકી રહ્યા હતા ।।૧।।

ગલીઓ, ચૌટાં અને રાજમાર્ગોમાં ચન્દન અને અગરુવાળાં પાણી છાંટવામાં આવ્યાં હતાં. નગર ફૂલ, અક્ષત, ફળ, જવારા, શાળ અને દિવાઓથી શોભી રહ્યું હતું ।।૨।।

ઠેક-ઠેકાણે રાખવામાં આવેલા ફળફૂલોના ગુચ્છાયુક્ત કેળના સ્તમ્ભ અને સોપારીના છોડવાઓથી તે (શહેર) અત્યન્ત સુન્દર લાગતું હતું. વળી ચારે બાજૂએ આંબા વગેરે વૃક્ષોના પલ્લવોનાં તોરણોથી વિભૂષિત હતું ।।૩।।

જ્યારે મહારાજે નગરમાં પ્રવેશ કર્યો ત્યારે દીપક ભેટ અને અનેક પ્રકારની માંગલિક સામગ્રી લઈને પ્રજાજનો અને મનોહર કુંડળોથી શોભતી સુન્દર કન્યાઓ એમને વધાવવાને સામે ગઈ ।।૪।।

શંખ અને દુન્દુભિના નાદ તથા બ્રાહ્મણોના વેદઘોષ ચારે બાજૂએ થઈ રહ્યા હતા અને બન્દીજનો સ્તુતિ કરતા જતા હતા. એ પ્રમાણે બધું જોવા સાંભળવા છતાં જેનાં મનમાં જરાપણ અભિમાન નથી તેવા વીર પૃથુરાજા પોતાના મહેલમાં પધાર્યા ।।૫।।

ચારે તરફથી સત્કાર પામેલાં, પરમ યશસ્વી પૃથુ રાજાએ પુરજનો અને ગ્રામજનોનો અભીષ્ટ વર દઈને સત્કાર કર્યો ।।૬।।

મહારાજ પૃથુ મહાપુરુષો તથા બધાના પૂજનીય હતા. તેમણે આ પ્રમાણે નિર્દોષ પદ્ધતિવડે અનેક મોટાં-મોટાં કામ કરતાં પૃથ્વીનું રાજ્ય કર્યું અને અન્તે પોતાની વિપુલ કીર્તિનો પૃથ્વી ઉપર વિસ્તાર કરી પોતે પરમપદ પામ્યા ।।૭।।

**સૂતજીએ કહ્યું** : હે સભાપતિ શૌનક! જ્યારે વૈષ્ણવ વિદુરજીએ સઘળા ગુણોથી સમ્પન્ન અને સદ્‌ગુણી લોકોએ વખાણેલી

આદિરાજા પૃથુની કીર્તિ સાંભળી ત્યારે એ કીર્તિને કહેનારા મૈત્રેયમુનિનો સત્કાર કર્યો અને વિદુરજી બોલ્યા ।।૮।।

**વિદુરજી બોલ્યા** : જ્યારે બ્રાહ્મણોએ અભિષેક કર્યો ત્યારે સઘળા દેવોએ પૃથુરાજાને ઉત્તમ ભેટો આપી અને ભુજાઓમાં વૈષ્ણવ તેજ ધારણ કરી એમણે પૃથ્વીનું દોહન કર્યું ।।૯।।

આવા પૃથુરાજાની કીર્તિને કયો સમજદાર પુરુષ ન સાંભળે? કેમકે એમણે કરેલા

પૃથ્વીના દોહન રૂપી પરાક્રમના ઉચ્છિષ્ટરૂપ વિષયભોગોથી જ આજ પણ બધા રાજા લોકપાલો સહિત સમસ્ત લોક ઈચ્છાનુસાર જીવનનિર્વાહ કરે છે. તેથી આપ હજુ મને એમનાં કંઈક બીજા પણ વધારે પવિત્ર ચરિત્ર સંભળાવો ।।૧૦।।

**મૈત્રેયે કહ્યું** : જે દેશ ગંગા અને યમુનાની વચમાં આવેલો છે તેમાં રહેતા પૃથુરાજા આસક્તિથી નહિ પણ કેવળ કરેલાં પુણ્ય કર્મોનો ક્ષય કરવાની ઈચ્છાથી પ્રારબ્ધ કર્મને લીધે મળેલાં સુખ ભોગવવા લાગ્યા ।।૧૧।।

બ્રાહ્મણવંશ અને ભગવાનના સમ્બન્ધી વિષ્ણુભક્તો સિવાય એમનું સાતેય દ્વીપોના બધા લોકો ઉપર અખંડ અને અબાધ શાસન હતું ।।૧૨।।

હે સન્તશિરોમણિ! એક વખત પૃથુરાજાએ મોટા યજ્ઞની દીક્ષા લીધી હતી,તે સમયે દેવો, બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓની ત્યાં સભા મળી હતી ।।૧૩।।

બધા પૂજ્ય પુરુષોની પૂજા થઈ ગયા પછી એ સભામાં તારાઓમાં ચન્દ્રમાની પેઠે એ પૃથુરાજા સભાસદોમાં ઊભા થયા ।।૧૪।।

એ શરીરે ઊંચા હતા. એમના હાથ ભરાવદાર અને લાંબા હતા અને વર્ણ ગૌર હતો. એમને કમળ સરખાં સુન્દર લાલ નેત્ર હતાં. નાસિકા સુઘડ અને મુખ મનોહર હતાં એમનું સ્વરૂપ સૌમ્ય, ખભા ઊંચા અને મન્દ હાસ્યયુક્ત દન્તપંક્તિ સુન્દર હતી ।।૧૫।।

એમની છાતી પહોળી અને કટિનો પાછળનો ભાગ સ્થૂલ હતાં. ત્રણ વલિથી શોભતું અને પીપળાનાં પાન જેવું ઉદર હતું એમની નાભિ ઊંડી હતી, સાથળ સોનાના જેવી ઝગઝગતી હતી. એમના પગના ફણા ઊંચા હતા અને એમના કેશ ઝીણા વાંકળિયા, શ્યામ અને સ્નિગ્ધ હતા. એમની ગરદન શંખના જેવી ઉતાર ચઢાવવાળી અને રેખાયુક્ત હતી. કીમતી બે દુકૂલ વસ્ત્રોમાંનું એક પહેર્યું હતું અને એક ઓઢ્યું હતું. યજ્ઞ સમ્બન્ધી વ્રત ગ્રહણ કરવાથી નિયમાનુસાર એમણે ઘરેણાં ઉતારી મૂક્યાં હતાં તેથી એમનાં સર્વ અંગોથી સ્વાભાવિક શોભા સ્પષ્ટ ઝલકતી હતી. કાળા મૃગનું ચર્મ ધારણ કર્યું હતું, હાથમાં દર્ભ હતો. તેથી શોભા વિશેષ ખીલી ઊઠી હતી. તેમણે પોતાનું નિત્યકર્મ યથાવિધિ કરી લીધું હતું ।।૧૬-૧૮।।

એવા પૃથુરાજાએ પોતાની શીતળ અને સ્નેહભરી આંખોવડે ચોતરફ જોયું. જાણે સભાને રાજી કરતા હોય એવી રીતે એમણે સુન્દર, શુદ્ધ અને ગમ્ભીર અર્થવાળું ભાષણ ખૂબ ધીરજથી કરવા માંડ્યું ।।૧૯।।

એમનું ભાષણ અત્યન્ત સુન્દર, વિચિત્ર શબ્દોની ગૂંથણીવાળું, સ્પષ્ટ, મધુર, ગમ્ભીર અને નિર્ભય હતું, જાણે કે તે વખતે તેઓ બધા ઉપર ઉપકાર કરવામાટે પોતાના અનુભવનો અનુવાદ કરી રહ્યા હોય ।।૨૦।।

**પૃથુરાજાએ કહ્યું :** સજ્જન સભાસદો! આપનું કલ્યાણ થાઓ. આપ મહાનુભાવ જે અહીં પધાર્યા છો તે મારી પ્રાર્થના સાંભળો. જેઓને ધર્મ જાણવાની ઈચ્છા હોય તેઓએ પોતાના વિચાર સજ્જનો સમક્ષ કહેવા જ જોઈએ ।।૨૧।।

પ્રજાની રક્ષા કરવી એમને આજીવિકા આપવી, જુદા-જુદા, યોગ્ય નિયમોમાં સર્વને ચલાવવા અને અપરાધીઓને શિક્ષા કરવી એટલાં કામ કરવાને સારું અહીં (આ જગતમાં) હું રાજ્યના અધિકાર ઉપર નીમાયો છું ।।૨૨।।

જેના ઉપર ઈશ્વર પ્રસન્ન થાય તેને તથા બ્રહ્મવાદીઓએ આ પ્રમાણે જેનું અનુષ્ઠાન કર્યું હોય તેને સર્વ મનોરથ પૂરનારાં જે સ્થાનક પ્રાપ્ત થાય છે. તે સ્થાન મને તેનું યથાવત્ પાલન કરવાથી પ્રાપ્ત થવું જોઈએ ।।૨૩।।

જે રાજા પ્રજાઓને ધર્મનું શિક્ષણ આપતો નથી છતાં એમની પાસેથી કર વસૂલ કરવામાં સમજે છે તે પોતાનું ઐશ્વર્ય ખોઈ બેસે છે અને એ ઉપરાન્ત પ્રજાના પાપનો ભાગી થાયછે ।।૨૪।।

એટલામાટે હે પ્રિય પ્રજાજન! મારું (તમારા ભર્તા) રાજાનું પરલોકમાં કલ્યાણ કરવાને સારું દોષદૃષ્ટિ છોડી ઈશ્વરાર્પણ બુદ્ધિથી તમે સ્વધર્મ પાળો. તમારું પોતાનું કલ્યાણ પણ એમાં જ છે તેથી જો તમે એમ કરશો તો હું માનીશ કે તમે મારા ઉપર અનુગ્રહ કર્યો છે ।।૨૫।।

હે નિર્મળ મનવાળા પિતૃ! દેવ અને ઋષિઓ, આપ પણ મારી આ વાતને આપનું અનુમોદન આપો કેમકે ધર્મની વાતમાં કર્તા, ઉપદેશ કરનાર અને સમ્મતિ આપનારને પરલોકમાં સરખું ફળ મળે છે ।।૨૬।।

હે મહાત્મા પુરુષો! કેટલાક એવું માને છે કે કર્મોનું ફલ આપનાર ભગવાન્ યજ્ઞપતિ જ છે કેમકે આ લોકમાં તેમજ પરલોકમાં કેટલાકને ઘણાં તેજોમય શરીર મળેલાં હોય છે ।।૨૭।।

મનુ, ઉત્તાનપાદ રાજા, ધ્રુવરાજા, રાજર્ષિ પ્રિયવ્રત, અમારા પિતામહ, અંગરાજા, બ્રહ્મા, સદાશિવ, પ્રહલાદ, બલિરાજા અને એવા જ બીજા પણ વિદ્વાન અને મહાત્માઓના મતમાં તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપ ચાર પુરુષાર્થ તથા

સ્વર્ગ, અપવર્ગના સ્વાધીન નિયામક કર્મ ફલદાતા રૂપમાં ભગવાન્ ગદાધરની આવશ્યકતા જ છે. આ બાબતમાં તો ફક્ત મૃત્યુના દૌહિત્ર વેન વગેરે કેટલાક શોચનીય અને ધર્મવિમૂઢ લોકોનો જ મતભેદ છે. તેથી એનું કોઈ ખાસ મહત્વ ન હોઈ શકે ।।૨૮-૩૦।।

રોજ-રોજ વધતી પ્રભુચરણસેવાની પ્રીતિ એમનાં ચરણમાંથી નીકળેલી ગંગાની પેઠે સંસારના અગ્નિથી સન્તપ્ત મનુષ્યોની બુદ્ધિના જન્મોજન્મના સંચિત મેલને તુરત નષ્ટ કરી દે છે ।।૩૧।।

જેના મનના મેલ પૂરેપૂરા ધોવાઈ ગયા છે તેવા પુરુષ જો અસંગરૂપી વૈરાગ્યથી તત્ત્વ સાક્ષાત્કાર રૂપ બલ પ્રાપ્ત કરે તો એ પ્રભુનાં ચરણકમળમાં નિવાસ કરતો હોવાથી એને ક્લેશ આપનારો સંસાર ફરીથી પ્રાપ્ત થતો નથી ।।૩૨।।

જેનાં ચરણકમલ બધા જ પ્રકારની કામના પૂર્ણ કરવાવાળાં જે એ પ્રભુને આપ બધા પોતપોતાની આજીવિકાને ઉપયોગી વર્ણાશ્રમ ઉચિત અધ્યાપનાદિ કર્મો તથા ધ્યાન, સ્તુતિ, પૂજાદિ માનસિક, વાચિક અને શારીરિક કર્મોદ્વારા ભજો. હૃદયમાં કોઈ જાતનું કપટ ન રાખશો અને એવો વિશ્વાસ રાખજો કે અમને પોતપોતાના અધિકાર પ્રમાણે ફલ અવશ્ય મળશે ।।૩૩।।

ભગવાન્ સ્વરૂપથી તો વિશુદ્ધ વિજ્ઞાનઘન અને તમામ વિશેષણોથી રહિત નિર્ગુણ છે; પણ આ કર્મમાર્ગમાં જળ, ચોખા આદિ દ્રવ્ય શુકલાદિ ગુણ, ખાંડવું વગેરે ક્રિયા તેમજ મન્ત્રોદ્વારા અને અર્થ, આશય (સંકલ્પ), લિંગ (પદાર્થ શક્તિ) તથા જ્યોતિષ્ટોમ આદિ નામોથી સમ્પન્ન થવાવાળા અનેક વિશેષયુક્ત યજ્ઞના રૂપમાં પ્રકાશિત થાય છે ।।૩૪।।

જેવી રીતે એક જ અગ્નિ જુદાં-જુદાં કાષ્ઠોમાં એમના જ આકારાદિના જેવો જણાય છે તે જ પ્રમાણે એ, સર્વવ્યાપી પ્રભુ પરમાનન્દ સ્વરૂપ હોવા છતાં પણ પ્રકૃતિ, કાલ, વાસના અને અદૃષ્ટથી ઉત્પન્ન થયેલ શરીરમાં વિષયાકાર બનેલી બુદ્ધિમાં રહીને એ યજ્ઞયાગાદિ ક્રિયાઓના ફલરૂપથી અનેક પ્રકારના જણાયછે ।।૩૫।।

આ પૃથ્વીમાં જે મારી પ્રજા દૃઢ નિયમ રાખીને યજ્ઞભોક્તાઓના અધીશ્વર, દેવના દેવ અને સર્વના ગુરુ ભગવાનને નિરન્તર સ્વધર્મપૂર્વક ભજે છે તે મારા ઉપર અનુગ્રહ કરે છે એમ હું ધારું છું ।।૩૬।।

હે રાજાઓ! સમૃદ્ધિ નહિ હોય છતાં બ્રાહ્મણો તેમજ વૈષ્ણવોનાં જે કુળ સુખ-દુઃખને સહન કરી તપ અને વિદ્યાથી સ્વભાવથી જ ઉજ્જ્વલ છે તેના ઉપર સમૃદ્ધિથી પ્રાપ્ત કરેલો તમારો પ્રભાવ કદી પણ ચલાવશો નહિ ।।૩૭।।

બ્રહ્માદિ સમસ્ત મહાપુરુષોમાં અગ્રણી, બ્રાહ્મણભક્ત, પુરાણપુરુષ શ્રીહરિએ પણ નિરન્તર એમનાં ચરણોમાં વન્દના કરીને જ અવિચલ લક્ષ્મી અને સંસારને પવિત્ર કરવાવાળી કીર્તિ પ્રાપ્ત કરી છે ।।૩૮।।

આપ ભગવાનના લોકસંગ્રહરૂપ ધર્મનું પાલન કરનારા છો તથા સર્વના અન્તર્યામી, સ્વયંપ્રકાશ, બ્રાહ્મણપ્રિય શ્રીહરિ વિપ્રવંશની સેવા કરવાથી જ પરમ સન્તુષ્ટ થાય છે તેથી આપ બધાએ દરેક પ્રકારે વિનયપૂર્વક બ્રાહ્મણ કુલની સેવા કરવી જોઈએ ।।૩૯।।

એમની નિરન્તર સેવા કરવાથી આપોઆપ જ્ઞાન, અભ્યાસ વગેરે વિના જ અન્તઃકરણ શુદ્ધ થાય છે અને માણસને મોક્ષ મળે છે; તેથી લોકમાં એ બ્રાહ્મણો કરતાં વધારે બીજો કોણ છે જે હવિષ્યભોજી દેવતાઓનું મુખ હોઈ શકે? ।।૪૦।।

બ્રાહ્મણો ભગવાનની સચેતન મૂર્તિ છે એમ સમજીને દેવોનાં નામથી બ્રાહ્મણોના મુખમાં જે કાંઈ પવિત્ર પદાર્થો હોમવામાં (ખવરાવવામાં) આવે તેનો અન્તર્યામી અને જ્ઞાનાત્મા ભગવાન્ જેટલા હેતથી સ્વીકાર કરે છે; તેટલા હેતથી અચેતન અગ્નિમાં હોમેલા પદાર્થોને સ્વીકારતા નથી ।।૪૧।।

હે આર્ય લોકો! વેદો, નિત્ય, દોષરહિત અને સનાતન વેદો સર્વ પદાર્થો જોવાના અરીસા જેવા છે એને બ્રાહ્મણો શ્રદ્ધા, તપ, સદાચરણ, મૌન (સ્વાધ્યાય વિરોધી વાતોનો ત્યાગ)અને જિતેન્દ્રિયપણાથી નિરન્તર ધારી રહ્યા છે. એઓ એના અર્થનો એકાગ્ર ચિત્તથી વિચાર કરે છે. આવા બ્રાહ્મણોની ચરણકમલની રજને હું જીવતાં સુધી મારા મુગટ ઉપર ચઢાવું એવી મારી ઈશ્વર પાસે પ્રાર્થના છે કેમકે એ રજને નિરન્તર ધારણ કરનારનાં પાપ તત્કાલ નાશ પામે છે અને સઘળાં શુભ પ્રાપ્ત થાયછે ।।૪૨-૪૩।।

જે માણસ ગુણવાન, શીલસમ્પન્ન, કૃતજ્ઞ અને ગુરુજનોની સેવા કરનાર હોય તે માણસને સમૃદ્ધિઓ પોતાની મેળે જ વરતી આવે છે. એટલામાટે હું માગું છું કે બ્રાહ્મણો, ગાયો, ભગવાન્ અને ભગવાનના ભક્તો મારા ઉપર સદા પ્રસન્ન રહે ।।૪૪।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે પૃથુરાજાએ ભાષણ કર્યું તે સાંભળી પિતૃઓ, દેવો, બ્રાહ્મણો અને બીજા પણ સજ્જનો પ્રસન્ન થઈને ''ધન્ય છે, ધન્ય છે'' એમ કહી વખાણ કરવા લાગ્યા ।।૪૫।।

એમણે કહ્યું, ''પુત્રદ્વારા પિતા પુણ્ય લોકોને પ્રાપ્ત કરી લે છે'' એ શ્રુતિ યથાર્થ છે; પાપી વેન બ્રાહ્મણોના શાપથી હણાઈ ચૂક્યો હતો છતાં આના (પૃથુરાજાના) પુણ્ય પ્રતાપથી એનો નરકમાંથી નિસ્તાર થઈ ગયો ।।૪૬।।

એ જ પ્રમાણે ભગવાનની નિન્દા કરવાથી હિરણ્યકશિપુ દૈત્ય પણ નરકમાં પડવાનો જ હતો પણ પોતાના પુત્ર પ્રહ્લાદના પ્રતાપથી તરી ગયો હતો ।।૪૭।।

હે પૃથ્વીના પિતા મહાવીર રાજા! આપ અનન્ત વર્ષો સુધી જીવિત રહો કેમકે આપની સર્વ લોકના એક માત્ર સ્વામી ભગવાન્‌માં આવી અવિચલ ભક્તિ છે ।।૪૮।।

હે પવિત્ર કીર્તિવાળા! અહો! આપ અમારા સ્વામી છો તેથી સાક્ષાત્ ભગવાન્ જ અમારા સ્વામી છે એમ અમે માનીએ છીએ કેમકે આપ ઉદાર કીર્તિવાળા અને બ્રહ્મણ્યદેવ ભગવાનની કથાઓનો પ્રચાર કરો છો ।।૪૯।।

સ્વામી! પોતાના આશ્રિત લોકોને આ પ્રકારનો ઉત્તમ ઉપદેશ આપવો આપનેમાટે બિલકુલ આશ્ચર્યની વાત નથી. કારણ કે પોતાની પ્રજા ઉપર પ્રેમ રાખવો એ તો દયાળુ મહાપુરુષોનો સ્વભાવ જ હોય છે ।।૫૦।।

અમે પ્રારબ્ધવશ વિવેકહીન થઈ સંસાર રૂપી જંગલમાં ભટકી રહ્યા છીએ; તેથી પ્રભુ, આજ આપે અમને આ અજ્ઞાનરૂપી અન્ધકારને પાર પહોંચાડી દીધા ।।૫૧।।

**નમો વિવૃદ્ધસત્ત્વાય પુરુષાય મહીયસે।**
**યો બ્રહ્મ ક્ષત્રમાવિશ્ય બિભર્તીદં સ્વતેજસા ।।૫૨।।**

આપ શુદ્ધ સત્ત્વમય પરમપુરુષ છો જે બ્રાહ્મણ જાતિમાં પ્રવેશ કરીને ક્ષત્રિયોની અને ક્ષત્રિય જાતિમાં પ્રવેશ કરીને બ્રાહ્મણોની એમ બેઉ જાતિઓમાં પ્રવેશ કરીને સમસ્ત જગતની રક્ષા કરો છો. અમે આપને પ્રણામ કરીએ છીએ ।।૫૨।।

**ઇતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમા**
**(ત્રીજા કામપ્રકરણનો સ્વધર્મનિરૂપણ નામનો નવમો)**
**''યજ્ઞમાં દેવો વગેરેની સભામાં પૃથુ રાજાએ પ્રજાને કરેલો ઉપદેશ''**
**નામનો ૨૧મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨૨

## સનત્કુમારોએ પૃથુને બ્રહ્મજ્ઞાન આપ્યું

**વિશેષ** : ભગવદ્‌ભક્તિયુક્ત પૃથુરાજાને પ્રભુની પ્રેરણાથી સનત્કુમાર પાસેથી જ્ઞાનપ્રાપ્તિનું નિરૂપણ આ બાવીસમા અધ્યાયમાં કહેવાશે.

**જનેષુ પ્રગૃણત્સ્વેવં પૃથું પૃથુલવિક્રમમ્ ।।**
**તત્રોપજગ્મુર્મુનયશ્ચત્વારઃ સૂર્યવર્ચસઃ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે જ્યારે પ્રજાજન પરમ પરાક્રમી પૃથ્વીપાલ પૃથુની પ્રશંસા કરતા હતા ત્યારે સૂર્ય જેવા તપસ્વી ચાર મુનિઓ (સનકાદિ) ત્યાં આવ્યા ।।૧।।

જેમની કાન્તિથી લોકો નિષ્પાપ થાય છે એવા અગ્નિરૂપ સિદ્ધેશ્વરને આકાશમાંથી ઊતરતા જોઈ રાજાએ તથા એમના અનુચરોએ આ સનકાદિ છે એમ ઓળખ્યા ।।૨।।

રાજાના પ્રાણ* સનકાદિકોનાં દર્શન કરતાં જ, જેમ વિષયી જીવ વિષયો તરફ દોડે છે તેમ એમના તરફ દોડી ગયા, જાણે કે તેમને રોકવાને માટે જ પોતાના સદસ્યો અને સેવકો સાથે એકાએક ઊભા થઈ ગયા ।।૩।।

**વિશેષ** : શ્રુતિમાં કહ્યું છે કે વૃદ્ધ આવે ત્યારે જુવાનના પ્રાણ ચઢવા માણ્ડે છે પણ સામા ઊભા થવાથી અને પ્રણામ કરવાથી એ પ્રાણ પાછા પ્રાપ્ત થાય છે.

જ્યારે તે મુનિઓ અર્ઘ્યનો સ્વીકાર કરી આસન ઉપર બિરાજ્યા ત્યારે શિષ્ટ શિરોમણિ પૃથુએ એમના ગૌરવથી પ્રભાવિત થઈ વિનયથી માથું નીચું નમાવી એમની વિધિપૂર્વક પૂજા કરી ।।૪।।

એમના ચરણ પખાળી એમનું ચરણોદક પોતાના કેશ ઉપર છીરક્યું. આ પ્રમાણે સંસ્કારી જનોને શોભે એવું આચરણ તથા પાલન કરી એમણે એ જ બતાવ્યું કે બધા સજ્જનોએ આવો વ્યવહાર કરવો જોઈએ ।।૫।।

કુંડોમાં અગ્નિઓની પેઠે સુવર્ણનાં આસનો પર બેઠેલો સદાશિવના એ મોટા ભાઈઓને શ્રદ્ધા સહિત જિતેન્દ્રિય પૃથુ રાજાએ અત્યન્ત શ્રદ્ધા, સંયમ અને પ્રીતિથી નીચે પ્રમાણે કહ્યું ।।૬।।

**પૃથુ બોલ્યા** : હે મંગલમૂર્તિ મુનીશ્વરો! યોગીઓને પણ દુર્લભ આપનાં દર્શન

મને થયાં એમાટે એવું તે કયું પુણ્યદાયી કર્મ મેં કર્યું હશે? ।।૭।।

જેના પર બ્રાહ્મણો અથવા સેવકો સહિત શિવ અથવા વિષ્ણુ પ્રસન્ન થાય તે પુરુષને આ લોકમાં તેમજ પરલોકમાં કઈ વસ્તુ દુર્લભ રહે? ।।૮।।

આપ જગતમાં ફર્યા કરો છો તો પણ જેમ દશ્ય પ્રપંના કારણ મહતત્ત્વ વગેરે પદાર્થો જો કે સર્વગત છે છતાં સર્વના દષ્ટા આત્માને જોઈ શકતા નથી તેમ આપ સમસ્ત લોકમાં વિચરો છો છતાં આપને લોકો જોઈ શકતા નથી ।।૯।।

જે ગૃહસ્થાશ્રમીઓના ઘરનાં જળ, આસન, ભૂમિ અને ગૃહસ્વામી અને સેવક વગેરે કોઈ ચીજનો આપના જેવા મહાત્મા પુરુષો સ્વીકાર કરે તેઓ નિર્ધન હોય તો પણ ધન્ય છે ।।૧૦।।

જે ઘર સઘળી સમ્પત્તિઓથી ભરપૂર હોય છતાં જો એમાં વૈષ્ણવોનાં ચરણની રજ મિશ્રિત જલ છંટાયુ ન હોય તો એ ઘરો એવાં વૃક્ષો સમાન છે જેમાં સાપ રહે છે ।।૧૧।।

હે મુનીશ્વરો! હું આપનું સ્વાગત કરું છું. આપે તો બાલ્યાવસ્થાથી જ મુમુક્ષુઓના માર્ગનું અનુસરણ કરતાં એકાગ્ર ચિત્તથી બ્રહ્મચર્યાદિ કઠિન વ્રતોને જીવનમાં વણી લીધાં છે ।।૧૨।।

સ્વામીઓ, અમે અમારાં કર્મોને વશીભૂત થઈ વિપત્તિઓથી ભરેલા આ સંસારમાં પડેલા કેવળ ઈન્દ્રિયોના ભોગોને જ પરમ પુરુષાર્થ માની રહ્યા છીએ તો શું અમારાં નિસ્તારનો પણ કોઈ ઉપાય છે ખરો? ।।૧૩।।

આપ જેવા આત્મારામની બુદ્ધિમાં કુશળ કે અકુશળ એવો ભેદ જ હોતો નથી; એમને આપની કુશળતા તો પૂછવી ઘટે જ નહિ ।।૧૪।।

આપ સંસારના અગ્નિથી પ્રજળતા લોકોના રક્ષણ કરનાર સુહૃદ છો એથી સમ્પૂર્ણ શ્રદ્ધા સાથે પૂછું છું કે આ સંસારમાં કયા પ્રકારથી મનુષ્યનું સુગમતાથી કલ્યાણ થાય? ।।૧૫।।

એક વાત તો દીવા જેવી સ્પષ્ટ છે કે ભગવાન્ જે ધીર લોકોને પ્રિય છે અને તેથી જે એમને પોતાનું સ્વરૂપ દેખાડે છે તે ભગવાન્ પોતાના ભક્તો ઉપર અનુગ્રહ કરવાને આપ જેવા સિદ્ધ લોકોના સ્વરૂપે પૃથ્વી ઉપર ફરતા રહેતા હોય છે ।।૧૬।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે ન્યાયયુક્ત, ગમ્ભીર, પરિમિત અને પ્રિય લાગે તેવું પૃથુ રાજાનું ઉત્તમ પ્રવચન સાંભળી, જાણે પ્રીતિથી હસતા હોય એમ જણાતા

સનત્કુમાર બોલ્યાઃ ॥૧૭॥

**સનત્કુમાર બોલ્યા** : હે રાજા! આપ બધું જાણો છો. છતાં સર્વ પ્રાણીઓને જણાવવામાં આવે તો એનાથી એમનું હિત થાય એ આશયથી આ ઘણી સરસ વાત પૂછી. સાધુ પુરુષોની બુદ્ધિ એવી જ હોય ॥૧૮॥

સજ્જનોનો સમાગમ વક્તા અને શ્રોતા બન્નેમાટે સારો છે કેમકે એમના પ્રશ્નોત્તરથી સર્વનું કલ્યાણ થાય છે ॥૧૯॥

રાજન! શ્રીમધુસૂદન ભગવાનના ચરણકમલોના ગુણાનુંવાદમાં અવશ્ય આપની ગાઢ પ્રીતિ છે. હરકોઈને એ પ્રાપ્ત થવી ઘણી જ કઠણ છે અને પ્રાપ્ત થતાં હૃદયમાં જામેલા વાસનાના મલને સર્વથા નાશ કરી નાખે છે, જે બીજા કોઈ પણ ઉપાયથી દૂર થતો નથી ॥૨૦॥

શાસ્ત્રોએ જીવોના કલ્યાણમાટે ખૂબ વિચાર કર્યો છે; એણે આત્મા સિવાય બીજા દેહ વગેરે પદાર્થોમાં વૈરાગ્ય સેવવો અને નિર્ગુણ બ્રહ્મમાં દૃઢ પ્રીતિ રાખવી શાસ્ત્રોમાં જીવોના કલ્યાણનું આજ સાધન છે એવો નિર્ણય કરવામાં આવ્યો છે ॥૨૧॥

શાસ્ત્રોનું એમ પણ કહેવું છે કે ગુરુ અને શાસ્ત્રોના વચનોમાં શ્રદ્ધા રાખવાથી, યોગેશ્વર શ્રીકૃષ્ણની સેવાથી, પુણ્યકીર્તિ ભગવાનની પવિત્ર કથા નિત્ય સાંભળવાથી, ધન અને ઈન્દ્રિયોના ભોગોમાં જ જે રચ્યા-પચ્યા રહેતા તેમની ગોષ્ઠીમાં પ્રેમ ન રાખવાથી ધન અને વિષયોનો આસક્તિપૂર્વક આગ્રહ ન કરવાથી ભગવદ્ગુણામૃતના પાન કરવા સિવાયના અન્ય સમયમાં આત્મામાં જ સન્તુષ્ટ રહી એકાન્ત સેવનમાં જ પ્રેમ રાખવાથી કોઈ પણ જીવને કષ્ટ ન આપવાથી, નિવૃત્તિ નિષ્ઠાથી, આત્મહિતનું અનુસન્ધાન કરતા રહેવાથી, શ્રીહરિના પવિત્ર ચરિત્રરૂપ શ્રેષ્ઠ અમૃતનો આસ્વાદ લેતા રહેવાથી, નિષ્કામ ભાવથી યમ-નિયમો નું પાલન કરવાથી, કદી કોઈનીય નિન્દા ન કરવાથી, યોગ-ક્ષેમ નેમાટે પ્રયત્ન ન કરવાથી, શીત-ઉષ્ણ-સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વો સહન કરવાથી, ભક્તજનોના કાનોને સુખ દેવાવાળા શ્રીહરિના ગુણોનું વારંવાર વર્ણન કરવાથી અને વધતા જતા ભક્તિભાવથી મનુષ્યને કાર્યકારણરૂપ સમ્પૂર્ણ જડ પ્રપંમાં વૈરાગ્ય થઈ જાય છે. અને આત્મસ્વરૂપ નિર્ગુણ પરબ્રહ્મમાં અનાયાસે જ એને પ્રેમ થઈ જાય છે ॥૨૨-૨૫॥

ગુરુની સેવા કરનાર પુરુષને પરમાત્મામાં સુદૃઢ પ્રીતિ થાય ત્યારે કાષ્ઠથી ઉત્પન્ન

થતા અગ્નિની પેઠે જ્ઞાન અને વૈરાગ્યના વેગથી એનું પંચભૂતરૂપ અને અવિદ્યા વગેરે *પાંચ ક્લેશરૂપ લિંગશરીર (જેમ પાછો કાંટો ફૂટે નહિ એમ)બળી ભસ્મીભૂત થઈ જાય છે ।।૨૬।।

**વિશેષ :** અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાંચ ક્લેશ કહેવાય છે. સ્વરૂપનું વિસ્મરણ થવું એ અવિદ્યા. દેહને હું એમ માનવું એ અસ્મિતા. દેહાભિમાનથી દેહને અનુકૂળ પદાર્થોમાં પ્રીતિ તે રાગ. પ્રતિકૂળ પદાર્થો ઉપર અપ્રીતિ તે દ્વેષ. અનુકૂળ પદાર્થોનો નાશ થતાં પોતાનો નાશ માની બેસવાનું અભિમાન તે અભિનિવેશ.

આ પ્રમાણે લિંગ શરીરનો નાશ થતાં એના કર્તાપણું, ભોક્તાપણું વગેરે સઘળા ગુણ છૂટી જાય છે. દશ્ય અને દ્રષ્ટાનો જે ભેદ પ્રથમ જણાતો હતો તે મટી જાય છે એટલે પછી જેમ કોઈ જાગેલો પુરુષ સ્વપન અવસ્થાના પદાર્થોને દેખે નહીં તેમ પોતાની બહારનાં ઘટાદિક પદાર્થોને તેમજ અન્દરના સુખ દુઃખાદિક પદાર્થોને પણ દેખતો નથી ।।૨૭।।

દ્રષ્ટા અને દશ્યનો ભેદ અન્તઃકરણ હોવાથી પોતે જોનાર, જોવાના પદાર્થો અને એની સાથે સમ્બન્ધ ધરાવનાર અહંકાર જોવામાં આવે છે; પરન્તુ સુષુપ્તિમાં અન્તઃકરણ ન હોવાથી એને એના જોવામાં કશું જ આવતું નથી ।।૨૮।।

જગતમાં પણ જો પાણી કે અરીસો, હોય તો જ બિમ્બ અને પ્રતિબિમ્બ નો ભેદ જોવામાં આવે છે, પરન્તુ જો પાણી કે અરીસો ન હોય તો એવો ભેદ જોવામાં આવતો નથી ।।૨૯।।

જેઓ વિષયોનું આસક્તિપૂર્વક સ્મરણ કરે છે તેમની ઇન્દ્રિયો વિષયોમાં ફસાઈ જાય છે. ઇન્દ્રિયો મનને પણ વિષયો તરફ ખેંચી લઈ જાય છે અને બુદ્ધિની વિચારની શક્તિને હરી લે છે. જેમ કાંઠા પર ઊગેલો દર્ભ પોતાના મૂલદ્વારા જળાશયમાંથી પાણીને ખેંચતો જાય છે પણ જેમ અવિવેકી માણસને એની ખબર પડતી નથી તેમ ઇન્દ્રિયના ખેંચાણની ખબર પડતી નથી ।।૩૦।।

બુદ્ધિમાંથી વિચાર શક્તિ હણાઈ જવાથી પૂર્વાપરની સ્મૃતિ જતી રહે છે; એ સ્મૃતિ જતી રહે એટલે જ્ઞાનનો પણ નાશ થઈ જાય છે. આ જ્ઞાનના નાશને જ પંડિતજનો ''પોતે જ પોતાનો નાશ કરવા'' કહે છે ।।૩૧।।

આત્મા ઉપરના પ્રેમને લીધે જ બીજું બધું પ્રિય લાગે છે. જો એ આત્માની પોતાને હાથે જ ખરાબી કરવામાં આવે તો એનાથી સ્વાર્થની જેવી હાનિ થાય તેવી

ભારે હાનિ જગતમાં બીજા કશાથી થતી નથી ।।૩૨।।

ધન અને ઇન્દ્રિયોના વિષયોનું ચિન્તન મનુષ્યના બધાય પુરુષાર્થોનો નાશ કરી નાખે છે એમ સમજવું. એની તૃષ્ણા રાખવાથી શાસ્ત્રનું જ્ઞાન અને સ્વરૂપનો અનુભવ ભ્રષ્ટ થઈ જતાં સ્થૂળતા આવે છે ।।૩૩।।

સંસારના ઘોર અન્ધકારને પાર પામવાને ઇચ્છનારા પુરુષે સંગ-વિષયોમાં આસક્તિ કદી ન રાખવી જોઈએ કારણ કે એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ની પ્રાપ્તિમાં મહાન બાધક છે ।।૩૪।।

આ ચાર પુરુષાર્થોમાં મોક્ષ સર્વોત્તમ પુરુષાર્થ છે કેમકે બાકીના ત્રણમાં નિરન્તર કાળનો ભય રહ્યા કરે છે ।।૩૫।।

પ્રકૃતિમાં ગુણક્ષોભ થયા પછી જેટલા ઉત્તમ અને અધમ ભાવ પદાર્થ પ્રકટ થયા છે, શું કીડી કે શું કુંજર, શું આપણે કે શું બ્રહ્મા તેમના મનોરથને કાળ નાશ કરી નાખે છે તેથી કોઈને પણ ખરું સુખ નથી ।।૩૬।।

જડ (અનાત્મ) વસ્તુમાં આસક્તિ રાખવાથી અનર્થ થાય છે. એટલામાટે હે રાજા! દેહ, ઇન્દ્રિય, પ્રાણ, બુદ્ધિ અને અહંકારથી વીટાયેલા સ્થાવર જંગમમાં અન્તર્યામીરૂપે જે (જે પ્રત્યક્ષ દેશ, કાળ અને વસ્તુના માપથી રહિત છે) પ્રકાશે છે અને અન્તર્વૃત્તિથી જણાય છે તે બ્રહ્મ હું છું (અહં બ્રહ્માસ્મિ) એમ જાણો ।।૩૭।।

જેવી રીતે માલાનું જ્ઞાન થતાં એમાં સર્પબુદ્ધિ નથી રહેતી તેવી જ રીતે, વિવેક થતાં જેનો ક્યાંય પત્તો જ લાગતો નથી એવો આ માયામય પ્રપંચ જેમાં કાર્ય કારણરૂપથી જણાઈ રહ્યો છે અને જે પોતે તો કર્મફલથી દૂષિત પ્રકૃતિથી પર છે એવા નિત્યયુક્ત, નિર્મલ અને જ્ઞાનસ્વરૂપ પરમાત્માને હું શરણે જાઉં છું ।।૩૮।।

ભક્તો જેના ચરણકમલોની અંગુલિકારૂપી પાંખડીઓથી છંટાતી છટાનું સ્મરણ કરીને અહંકારરૂપી કર્મોથી ગંઠાયેલી હૃદયગ્રન્થિને એ પ્રમાણે છિન્ન-ભિન્ન કરી નાખે છે કે તમામ ઇન્દ્રિયોને વિષયોમાં જતી રોકી પોતાના અન્તઃકરણને વિષયવિહોણું કરનારા સન્ન્યાસી પણ એ નથી કરી શકતા. તમે એ સર્વરક્ષક ભગવાન્ વાસુદેવની ભક્તિ કરો ।।૩૯।।

સાગરમાં મગરો હોય છે. સંસારરૂપી સાગરમાં મન અને ઇન્દ્રિયોરૂપી મગરો હોય છે. જે લોકો યોગ વગેરે કઠણ સાધનોથી આ સંસારસાગરને પાર કરવા માગે છે તેમનો સામે પાર પહોંચવાનો પ્રયત્ન ઘણું કરીને અશક્ય છે અથવા તેમને ઘણો જ

શ્રમ પડે છે, કારણ કે એમને કપ્તાનરૂપ શ્રીકૃષ્ણનો આશ્રય નથી.માટે તમે તો ભગવાનના સુસેવ્ય ચરણકમલોને નાવ બનાવી રમત માત્રમાં આ દુસ્તર સમુદ્રને પાર કરી લો ।।૪૦।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે પૃથુરાજાએ બ્રહ્માના પુત્ર અને બ્રહ્મવેત્તા સનત્કુમાર પાસે આત્મતત્ત્વનો ઉપદેશ પ્રાપ્ત કરી પ્રશંસા કરીને એમને આ પ્રમાણે કહ્યું ।।૪૧।।

**પૃથુરાજાએ કહ્યું :** હે મહારાજ! પૂર્વે દીનદયાળ ભગવાને મારા ઉપર અનુગ્રહ કર્યો હતો તે પરિપૂર્ણ કરવાને આપ પધાર્યા છો અને આપે દયા કરીને સઘળું કામ પરિપૂર્ણ કર્યુ ।।૪૨।।

મારું રાજ્ય, આ શરીર અને શરીર સાથે સંકળાયેલું બધું જ મહાત્માઓનો જ પ્રસાદ છે માટે ગુરુદક્ષિણા તરીકે શું આપું ।।૪૩।।

પ્રાણ, સ્ત્રી, પુત્રો, હરપ્રકારની સામગ્રીથી ભરેલું ભવન, રાજ્ય, સૈન્ય, પૃથ્વી અને ભંડાર એ બધું મહાત્માઓનું જ છે. એ બધું તો મારું ન હોવાથી દક્ષિણારૂપે અપાઈ શકે એમ નથી; તેથી નોકર જેમ રાજાની જ ચીજ રાજાને નિવેદન કરે તેમ એ સઘળું આપના જ શ્રીચરણોમાં નિવેદન કરું છું ।।૪૪।।

વેદ અને શાસ્ત્રને જાણનાર બ્રાહ્મણ જ સેનાપતિ, ન્યાયધીશ અને સર્વ લોકોના અધિપતિના પદને યોગ્ય છે ।।૪૫।।

બ્રાહ્મણ પોતાનું જ જમે છે, પોતાનું જ પહેરે છે, પોતાનું જ (અન્યને) આપે છે કેમકે બધું બ્રાહ્મણોનુંજ છે. બીજા ક્ષત્રિયાદિક તો બ્રાહ્મણોની દયાથી તેઓએ આપેલું અન્નજ ખાય છે તેથી તેઓ સૌ આપી દેવામાં સ્વતન્ત્રનથી ।।૪૬।।

આપ લોક વેદના જાણનારા છો. આપે અધ્યાત્મતત્ત્વનો વિચાર કરી અમને નિશ્ચિતરૂપથી સમજાવી દીધું કે ભગવાનની આ પ્રકારની અભેદભક્તિ જ એને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. આપ પરમ કૃપાલું છો તેથી પોતાના દીનજન-ઉદ્ધારરૂપ કર્મથી જ આપ સન્તુષ્ટ હો. આપના આ ઉપકારનો બદલો કોઈ આપી શકે ખરો કે? એ આપણને માટે પ્રયત્ન કરવો એ પણ પોતાની મશ્કરી કરાવવા જેવું છે ।।૪૭।।

**મૈત્રેયે કહ્યું :** પૃથુરાજાએ એ પ્રમાણે એ બ્રહ્મજ્ઞાની સનકાદિની પૂજા કરી એમના સ્વભાવનાં વખાણ કરતાં તેઓ સર્વ લોકોના દેખતાં આકાશમાર્ગથી ચાલ્યા ગયા ।।૪૮।।

એમની પાસેથી પ્રાપ્ત કરેલા બ્રહ્મજ્ઞાનથી મહાત્માઓમાં અગ્રણી પૃથુરાજા ચિત્તની એકાગ્રતાથી આત્મામાં જ સ્થિર થઈ જવાથી પોતાની જાતને કૃતકૃત્યશા (=કૃતકૃત્ય જેવા) માનવા લાગ્યા ।।૪૯।।

તે ભગવદ્ અર્પણ બુદ્ધિથી સમય, સ્થાન, શક્તિ, ન્યાય અને ધનને અનુસાર બધાં કર્મ કરતા હતા ।।૫૦।।

તેઓ કર્મનાં ફળ પરમાત્માને અર્પણ કરતા હતા, કર્મમાં બિલકુલ આસક્તિ રાખતા ન હોતા; આત્માને સર્વ કર્મના સાક્ષીરૂપ તથા પ્રકૃતિથી પર માનતા હોવાથી સર્વથા નિર્લિપ્ત રહ્યા ।।૫૧।।

જેવી રીતે સૂર્ય ભગવાન્ બધેય પ્રકાશ પાથરતા હોવા છતાં પણ વસ્તુઓના ગુણદોષથી નિર્લેપ રહે છે તેવીજ રીતે સાર્વભૌમ લક્ષ્મીથી સમ્પન્ન અને ગૃહસ્થ આશ્રમમાં રહેવા છતાં પણ 'હું' ભાવને ખંખેરી નાખ્યો હોવાથી પૃથુરાજા ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત ન થયા ।।૫૨।।

એ પ્રમાણે અન્તઃકરણમાં જ્ઞાનનિષ્ઠા રાખી લોકસંગ્રહને વાસ્તે કર્મ કરતા પૃથુરાજાને અર્ચિ નામની રાણીથી પોતાના જેવા જ વિજિતાશ્વ, ધ્રુમકેશ, હર્યક્ષ, દ્રવિણ અને વૃક નામના પાંચ પુત્ર થયા ।।૫૩।।

મહારાજ પૃથુ ભગવાનના અંશ હતા. તે સમયે-સમયે જ્યારે-જ્યારે જરૂર જણાતી ત્યારે-ત્યારે જગતના પ્રાણીઓની રક્ષા કરવામાટે એટલા જ બધા લોકપાલોનાં ગુણો ધારણ કરી લેતા. ઉદાર મન, પ્રિય અને હિતકર વાણી, મનોહર મૂર્તિ અને સૌમ્ય ગુણોને લીધે પૃથુરાજા જાણે બીજા ચન્દ્રમા હોય તેમ પ્રજાનું રંજન કરતા તેથી તેમનું 'રાજા'નામ સાર્થક થયું ।।૫૪-૫૫।।

જેમ સૂર્ય પૃથ્વીના જલને આઠ મહિના ખેચેં છે અને ચોમાસામાં પાછું વરસાવી દે છે. તેમ સમય પ્રમાણે પૃથુરાજા પ્રજા પાસેથી કરના રૂપમાં ધન લેતા હતા અને દુષ્કાળ જેવા સમયે પાછું આપતા હતા. વળી સૂર્ય જેમ પોતાના કિરણોથી બધાને તાપ પહોંચાડે છે તેમ પૃથુરાજાએ પણ પોતાની ધાક સર્વત્ર જમાવી દીધી હતી ।।૫૬।।

એ તેજમાં અગ્નિ જેવા દુર્ધર્ષ, ઈન્દ્ર જેવા અજેય અને પૃથ્વી જેવા ક્ષમાશીલ હતા. એ સ્વર્ગની માફક મનુષ્યોને મનવાંછિત ફળ આપનારહતા ।।૫૭।।

સમયે-સમયે પ્રજાજનોને તૃપ્ત કરવામાટે મેઘની જેમ એમની ઈચ્છિત

વસ્તુઓ ખુલ્લે હાથે લુટાવતા રહેતા હતા. તે સમુદ્રના જેવા ગમ્ભીર અને પર્વતરાજ સુમેરુના જેવા ધૈર્યવાન પણહતા ।।૫૮।।

મહારાજ પૃથુ દુષ્ટોનું દમન કરવામાં યમરાજ જેવા, આશ્ચર્યપૂર્ણ વસ્તુઓનો સંગ્રહ કરવામાં હિમાલયના જેવા, ખજાનાની સમૃદ્ધિમાં કુબેરના જેવા અને ધનને ગુપ્ત રાખવામાં વરુણના જેવા હતા ।।૫૯।।

શારીરિક બલ, ઇન્દ્રિયોની પટુતા તથા પરાક્રમમાં સર્વત્ર ગતિશીલ વાયુના જેવા અને તેજની અસહ્યતામાં ભગવાન્ શંકર જેવા હતા ।।૬૦।।

સૌન્દર્યમાં કામદેવ જેવા તો હિમ્મતમાં સિંહ જેવા હતા. મનુષ્યો ઉપર પ્રીતિ રાખવામાં મનુ જેવા, મનુષ્યનાં આધિપત્યેમાં સર્વસમર્થ બ્રહ્મા જેવા, બ્રહ્મવિચારમાં બૃહસ્પતિ જેવા, જિતેન્દ્રિયપણામાં વિષ્ણુ સરખા હતા. ગાય, ગુરુ, બ્રાહ્મણો તથા વૈષ્ણવોની ભક્તિ કરવામાં, લજ્જામાં, વિનયમાં, શીલમાં અને પરોપકારમાં પોતાનાજ જેવા(અનુપમ)હતા ।।૬૧-૬૨।।

**કીર્ત્યોર્ધ્વગીતયા પુમ્ભિસ્રૈલોક્યે તત્ર-તત્ર હ।।**
**પ્રવિષ્ટઃ કર્ણરન્ધ્રેષુ સ્ત્રીણાં રામઃ સતામિવ ।।૬૩।।**

લોકો ત્રણેય લોકમાં સર્વત્ર ઉચ્ચ સ્વરથી એમની કીર્તિનું ગાન કરતા હતા તેથી તે સ્ત્રીઓ સુદ્ધાંના કાનમાં એવો જ પ્રવેશ પામ્યા હતા જેવો સત્પુરુષોના હૃદયમાં શ્રીરામ ।।૬૩।।

**ઇતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં (ત્રીજા કામ પ્રકરણમાં જ્ઞાનનિરૂપણ નામનો દસમો) ''સનત્કુમારોએ પૃથુને બ્રહ્મજ્ઞાન આપ્યું'' નામનો બાવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. (શ્રીવલ્લભાચાર્ય)**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ માણસને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

# અધ્યાય ૨૩

## પૃથુરાજાનું વૈકુંઠ ગમન

**વિશેષ :** આ ત્રેવીસમાં અધ્યાયમાં સ્ત્રી સહિત અને વનમાં નિરન્તર સમાધિમાં રહેલા પૃથુરાજા વિમાનમાં બેસીને વૈકુંઠમાં ગયાની કથા કહેવામાં આવશે.

**દૃષ્ટ્વાઽઽત્માનં પ્રવયસમેકદા વૈન્ય આત્મવાન્ ર્ુ।**
**આત્મના વર્ધિતાશેષસ્વાનુસર્ગઃ પ્રજાપતિઃ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે મહામનસ્વી પ્રજાપતિ પૃથુરાજાએ સ્વયં ઉત્પન્ન અન્નાદિકની તથા ગામડાં તથા નગર વગેરેના નિર્માણની વ્યવસ્થા કરી. એ સ્થાવર જંગમોને આજીવિકાની અનુકૂળતા કરી આપી તથા સત્પુરુષોના ધર્મનું ખૂબ પાલન કર્યુ. એક દિવસે એમને લાગ્યું કે ''હવે મારું શરીર વૃદ્ધ થયું છે; અને જેનેમાટે મેં આ લોકમાં જન્મ લીધો હતો તે પ્રજારક્ષણરૂપ ઈશ્વરની આજ્ઞાનું પણ પાલન થઈ ગયું છે. તેથી હવે મારે અન્તિમ પુરુષાર્થ મોક્ષને માટે પ્રયત્ન કરવો જોઈએ'' આમ વિચારી પોતાના વિરહમાં રોતી હોય તેવી પુત્રી રૂપ પૃથ્વીને એમણે પોતાના પુત્રોને સ્વાધીન કરી અને પ્રજાના કરુણ આક્રન્દને નહિ ગણકારતાં પોતાની સ્ત્રી સહિત એ એકલા જ તપોવનમાં ચાલી નીકળ્યા ।।૧-૩।।

પૃથુરાજા વનમાં દૃઢ નિશ્ચય રાખીને રહેતા હતા. જેવો એમણે ગૃહસ્થાશ્રમમાં અખંડ વ્રતપૂર્વક પૃથ્વીનો જય કરવામાં ભગીરથ યત્ન કર્યો હતો તેવો જ વાનપ્રસ્થ આશ્રમના નિયમ પ્રમાણે ઉગ્ર તપ કરવાનો યત્ન માંડ્યો ।।૪।।

કેટલાક દિવસ એ કેવળ કન્દ, મૂળ અને ફળ ખાઈને રહ્યા તો કેટલોક સમય સૂકાં પાંદડાં ખાઈને રહ્યા પછી કેટલાક પખવાડિયાં માત્ર જલ પીને જ રહ્યા. અને પછી ફક્ત વાયુભક્ષણ કરીને નિર્વાહ કરવા લાગ્યા ।।૫।।

ઉનાળામાં પંચાગ્નિતાપનું સેવન કર્યું. વર્ષાઋતુમાં ખુલ્લા મેદાનમાં રહી પોતાના શરીર ઉપર જલની ધારાઓ સહન કરી અને શિયાળામાં ગળાબૂડ પાણીમાં ઊભા રહેવા લાગ્યા અને મુનિવ્રતનું ધારણ કરતા પૃથુરાજા સર્વદા માટીની વેદી ઉપર જ સૂતા હતા ।।૬।।

ટાઢ-તડકો વગેરે દ્વન્દ્વ સહન કરતા, વૃથા વચન બોલતા નહિ. જિતેન્દ્રિય, બ્રહ્મચારી અને પ્રાણાયામ કરતા એ પૃથુરાજાએ ભગવાન્ શ્રીકૃષ્ણની આરાધના

કરવા સારું કઠોર તપ કર્યુ ।।૭।।

આ ક્રમથી તપ સિદ્ધ થયેલી કર્મમલનો નાશ થઈ ગયો. એથી એમનું અન્તઃકરણ નિર્મળ થયું અને પ્રાણાયામથી સઘળી ઇન્દ્રિયોને વિષયોમાં જતી રોકવાથી એ વાસના જનિત બન્ધન દૂર થયાં. એવી રીતે ભગવાન્ સનત્કુમારે બ્રહ્મપ્રાપ્તિનો જે ઉપાય બતાવ્યો હતો તે ઉપાયથી મહાપુરુષ પૃથુરાજા ભગવાનની ભક્તિ કરવા લાગ્યા ।।૮-૯।।

આ પ્રમાણે ભગવત્પરાયણ થઈશ્રદ્ધાપૂર્વક સદાચારનું પાલન કરતાં નિરન્તર સાધન કરવાથીએ મહાત્મા રાજાને પરમાત્મામાં અનન્યભક્તિ ઉત્પન્ન થઈ।।૧૦।।

ભગવાનની અનન્ય ભક્તિથી એમનું અન્તઃકરણ, શુદ્ધ સાત્ત્વિક થયું અને સાથે-સાથે વૈરાગ્ય ભરેલું જ્ઞાન પણ થયું. એવી રીતે ભગવાનના સ્મરણથી એમની ભક્તિ વધવા લાગી અને જીવની ઉપાધિરૂપ 'હું' ભાવની ગાંઠ એમણે જ્ઞાનવડે કાપી નાખી કેમકે એનાથી જ હૃદયમાં અનેક પ્રકારના સંશય થવાનો સમ્ભવ છે ।।૧૧।।

પછી તો દેહાત્મબુદ્ધિ દૂર થઈ ગઈ અને પરમાત્મા-સ્વરૂપ શ્રીકૃષ્ણનો અનુભવ થતાં બીજી બધી જાતની સિદ્ધિ વગેરે તરફથી મન ફેરવી લીધું (ઉદાસીન થઈ ગયા). હવે એમણે એ તત્ત્વજ્ઞાનને માટે પ્રયત્ન પણ પડતો મૂક્યો કે જેની સહાયથી પહેલાં તેમણે પોતાના જીવકોશનો નાશ કર્યો હતો; કારણ કે જ્યાં સુધી સાધકને યોગમાર્ગદ્વારા શ્રીકૃષ્ણ કથામૃતમાં લગન નથી લાગતી ત્યાં સુધી માત્ર યોગ સાધનાથી એનો મોહથી ઉત્પન્ન થયેલ પ્રમાદ દૂર થતો નથી ભ્રમ ભાંગતો નથી ।।૧૨।।

પછી જ્યારે અન્તકાલ આવ્યો ત્યારે વીરવર પૃથુએ પોતાના ચિત્તને દૃઢતાપૂર્વક પરમાત્મામાં સ્થિર કરી બ્રહ્મભાવમાં સ્થિત થઈ પોતાનું શરીર છોડીદીધું ।।૧૩।।

પીંડીઓથી ગુદાને દબાવી, મૂળાધારથી ધીરે-ધીરે પ્રાણ વાયુને ઊંચો ચઢાવતા એને નાભિમાં અને પછી હૃદય, ઉરસ્થળ, કંઠ અને મસ્તકમાં લાવીને તેનાથી પણ ઉપર લઈ જઈ ક્રમશઃ બ્રહ્મરન્ધ્રમાં ચઢાવી દીધો ।।૧૪।।

એ પછી નિઃસ્પૃહ થયેલા પૃથુરાજાએ દેહમાંના પ્રાણવાયુને સમષ્ટિ વાયુમાં, પાર્થિવ શરીરને પૃથ્વીમાં અને શરીરના તેજને સમષ્ટિ તેજમાં લીન કરી દીધું ।।૧૫।।

હૃદય-આકાશ વગેરે દેહાવચ્છિન્ન આકાશને મહા-આકાશમાં અને શરીરમાં રહેલ રુધિર વગેરે જલના અંશને સમષ્ટિજલમાં લીન કર્યુ. એ જ પ્રમાણે વળી પૃથ્વીને જલમાં, જલને તેજમાં, તેજને વાયુમાં અને વાયુને આકાશમાં લીન કર્યા ।।૧૬।।

પછી મનને (સવિકલ્પ જ્ઞાનમાં જેને અધીન તે રહે છે તે) *ઇન્દ્રિયોમાં ઇન્દ્રિયોને એમના કરણરૂપ તન્માત્રાઓની અને સૂક્ષ્મભૂત (તન્માત્રા) ને કારણ અહંકાર દ્વારા આકાશ, ઇન્દ્રિય અને તન્માત્રાઓને એ જ અહંકારમાં લીન કરી, અહંકારને મહત્તત્વમાં લીન કર્યા ।।૧૭।।

**વિશેષ** : ઇન્દ્રિયોથી મનનું આકર્ષણ થાય છે તેથી મનનો લય ઇન્દ્રિયોમાં રહ્યો છે પણ એ ઉપરથી મન ઇન્દ્રિયનું કાર્ય છે એમ સમજવું નહિ.

પછી બધા ગુણોની અભિવ્યક્તિ કરવાવાળા એ મહત્તત્વને માયોપાધિક જીવમાં સ્થિર કર્યું. ત્યાર બાદ એ માયારૂપ જીવને ઉપાધિને પણ એમણે જ્ઞાન અને વૈરાગ્યના પ્રભાવથી પોતાના શુદ્ધ બ્રહ્મસ્વરૂપમાં સ્થિત રહી છોડી દીધી* ।।૧૮।।

**વિશેષ** : એક તત્ત્વનો બીજા તત્ત્વમાં લય કરી દેવાનું કહ્યું. એમાં એમ સમજવું નહિ કે લય એટલે તત્ત્વનો નાશ થઈ જતો હશે; પણ એટલું સમજવાનું છે કે, કાર્ય કારણથી જુદું નથી એમ પાકો નિશ્ચય કરવો એ જ લય કહેવાય છે; અને એ પ્રમાણે પ્રત્યેક કાર્યનો પોતપોતાનાં કારણોમાં લય કરતાં સર્વનું મૂળ કારણ માયા અથવા અજ્ઞાન છે એમ નિશ્ચય થાય અને એ અજ્ઞાન સ્વરૂપમાં કલ્પિત છે. એમ સમજવાથી મોક્ષ થાય.

એમનાં મહારાણી અર્ચિ, જે અત્યન્ત સુકુમાર હતાં અને પગથી પૃથ્વીનો સ્પર્શ કરવાને અયોગ્ય હતાં છતાં એ પણ એમની પાછળ વનમાં ગયાં હતાં અને પતિ જે ધર્મ પાળતા તે જ ધર્મમાં રહેવાથી એમની સેવાથી, કન્દમૂળ વગેરે ખાઈને રહેવાથી એ અત્યન્ત દુર્બળ થઈ ગયાં, પરન્તુ પ્રિયતમના કરસ્પર્શથી સમ્માનિત થઈ એમાં જ આનન્દ માનવાને લીધે એમને કોઈ પ્રકારે કષ્ટ થતું ન હતું ।।૧૯-૨૦।।

સુખથી એ સતીએ પૃથ્વીના પતિ અને પોતાના પ્રિયતમ પૃથુરાજાના શરીરને શબરૂપ થયેલું જોઈ કેટલોક સમય વિલાપ કર્યો અને પર્વતના શિખર ઉપર ચિતા ખડકી શરીરને એના ઉપર મૂક્યું ।।૨૧।।

પછી પોતે પણ એ સમયની યોગ્ય ક્રિયા કરી નદીમાં સ્નાન કરી એમણે પોતાના પરમ પરાક્રમી પતિને જલાંજલિ આપી, આકાશમાં ઊભેલા દેવોએ નમસ્કાર કર્યા, ચિતાની ત્રણ પ્રદક્ષિણા કરી અને સ્વામીના ચરણનું ધ્યાન કરતાં અગ્નિમાં પ્રવેશ કર્યો ।।૨૨।।

પોતાના પતિ વીરવર પૃથુરાજાની પાછળ પરમ પતિવ્રતા અર્ચિને સતી થયેલાં જોઈ હજારો વરદાન દેનારી દેવીઓએ પોતપોતાના પતિઓની સાથે એમની સ્તુતિ

કરી ।।૨૩।।

એ મન્દરાચળના શિખરમાં પુષ્પની વૃષ્ટિ કરતી દેવાંગનાઓ, જ્યારે દેવતાઈ વાજાં વાગી રહ્યાં હતાં ત્યારે પરસ્પર નીચે પ્રમાણે વાતો કરવા લાગી ।।૨૪।।

**દેવપત્નીઓ** વાતો કરે છે : અહો! આ સ્ત્રી મહાભાગ્યશાળી છે. જેમ લક્ષ્મીજી ભગવાનને સેવે છે તેમ એણે પોતાના પતિ મહારાજાધિરાજની મન-વાણી-શરીરથી સેવા કરી ।।૨૫।।

જુઓ, આ અર્ચિ પોતાના અચિન્ત્ય કર્મના પ્રભાવથી આ સતી આપણને પણ પાછળ મૂકી દઈ પોતાના પતિ સાથે વધારે ઉચ્ચ લોકમાં જઈ રહી છે ।।૨૬।।

આ લોકમાં અલ્પ આયુષ્યવાળું જીવન હોવા છતાં જે લોકો ભગવાનની પ્રાપ્તિ થાય એવું આત્મજ્ઞાન મેળવી લે તો એમને પછી બીજી કઈ વસ્તુ દુર્લભ હોય? ।।૨૭।।

મોક્ષ આપે એવો દુર્લભ મનુષ્યનો જન્મ ઘણી મુશ્કેલીથી મળ્યો છે, છતાં જો માણસ વિષયોમાં આસક્ત રહે તો એને ઠગાયેલો અને આત્મદ્રોહી જાણવો ।।૨૮।।

**મૈત્રેયે કહ્યું** : એ પ્રમાણે દેવોની સ્ત્રીઓ સ્તુતિ કરતી હતી ત્યારે બ્રહ્મજ્ઞાનીઓમાં અગ્રણી અને ભગવદ્ભક્ત પૃથુરાજા જે લોકને પામ્યા તે જ લોકને અર્ચિ પણ પામ્યાં ।।૨૯।।

પરમ ભગવદ્ ભક્ત પૃથુરાજા આવા જ પ્રભાવવાળા હતા. તેમનું અત્યન્ત ઉદાર ચરિત્ર મેં તમને કહી સંભળાવ્યું ।।૩૦।।

જે માણસ આ પવિત્ર અને મહાન ચરિત્ર શ્રદ્ધાપૂર્વક (નિષ્કામ ભાવથી) સાવધાનપણે સાંભળે, સંભળાવે કે પાઠ કરે તેને પૃથુરાજાનું પદ-ભગવાન્ નું પરમધામ મળે ।।૩૧।।

આ ચરિત્રનો સકામભાવથી પાઠ કરવાથી બ્રાહ્મણ બ્રહ્મતેજ પ્રાપ્ત કરે છે, ક્ષત્રિય પૃથ્વીપતિ થઈ જાય છે, વૈશ્ય વ્યાપારીઓમાં પ્રધાન થઈ જાય છે અને શૂદ્રમાં સજ્જનતા આવી જાય છે ।।૩૨।।

પુરુષ હોય કે સ્ત્રી આદર સહિત જે આ ચરિત્ર ત્રણ વાર સાંભળે તે જો એને સન્તાન ન હોય તો તેને સારાં સન્તાન પ્રાપ્ત થાય, નિર્ધન હોય તો તેને ધન મળે, પ્રસિદ્ધ ન હોય તો કીર્તિથી પ્રસિદ્ધ થાય અને મૂર્ખ હોય તો પંડિતથાય ।।૩૩।।

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સારી રીતે પ્રાપ્ત થાયએવી જેની ઈચ્છા હોય તેમણે

કલ્યાણ કરનારું, અમંગળ મટાડનારું, ધન આપનારું, યશ દેનારું, આયુષ્ય વધારનારું, સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારું અને કળિયુગના દોષોનો નાશ કરનારું આ આખ્યાન શ્રદ્ધાથી સાંભળવું જોઈએ. કેમકે એ ચારે પુરુષાર્થનું મોટું સાધન છે ।।૩૪-૩૫।।

જો જય મેળવવા તૈયાર થયેલો રાજા આ આખ્યાન સાંભળી, રાજાઓ ઉપર ચઢાઈ કરે તો, જેમ પૂર્વના રાજાઓ પૃથુને ભેટ આપતા તેમ એ રાજાઓ એને ભેટ આપે ।।૩૬।।

બીજા બધામાંથી આસક્તિ અળગી કરી અને ભગવાન્‌માં જ વિશુદ્ધ નિષ્કામભક્તિ રાખીને આ પવિત્ર પૃથુરાજાનું ચરિત્ર સાંભળવું, સંભળાવવું અને ભણવું ।।૩૭।।

હે વિચિત્રવીર્યના પુત્ર વિદુરજી! ભગવાનનું માહાત્મ્ય સૂચવનારા આ આખ્યાનમાં જે માણસ પ્રીતિ રાખે તેને પૃથુરાજા જે લોકમાં ગયા તે લોકની પ્રાપ્તિ થાય ।।૩૮।।

**અનુદિનમિદમાદરેણ શૃણ્વન્ પૃથુચરિતં પ્રથયન્ વિમુક્તસંગઃ।**
**ભગવતિ ભવસિન્ધુપોતપાદે સ ચ નિપુણાં લભતે રતિં મનુષ્યઃ ।।૩૯।।**

જે પુરુષ આ પૃથુચરિત્રનું રોજ આદરપૂર્વક નિષ્કામભાવથી શ્રવણ અને કીર્તન કરે એનો, જેનાં ચરણ સંસારસાગરને પાર કરી જવામાટે નૌકા સમાન છે તે, શ્રીકૃષ્ણ ભગવાન્‌માં સુદૃઢપ્રેમ થઈ જાય છે ।।૩૯।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થ સ્કન્ધમાં (ત્રીજા કામપ્રકરણમાં મોક્ષ નિરૂપણ નામનો અગિયારમો) ''પૃથુરાજાનું વૈકુંઠ-ગમન'' નામનો ત્રેવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**સેવા-મનોરથોનું જાહેર પ્રદર્શન કરનારાઓ વાંચો!**

ભાવ ગુપ્ત રહે તો જ વધે. તેથી પોતાના આશ્રમધર્મોની પછવાડે પોતાના ભગવદ્‌ભાવોને ગુપ્ત રાખીને ભગવત્સેવા કરવી જોઈએ. જેના હૃદયમાં પ્રભુ નથી બિરાજતા તે જ પોતાના ભાવોને ખુલ્લેઆમ પ્રદર્શિત કરતો હોય છે. જો પ્રભુ હૃદયમાં બિરાજતા હોય તો ભાવોનું ઉઘાડે છોગે પ્રદર્શન સમ્ભવ નથી.

**(શ્રીમહાપ્રભુજી, અણુભાષ્ય)**

# ચોથું મોક્ષપ્રકરણ-અધ્યાય ૨૪
# પ્રચેતાઓની ઉત્પત્તિ અને
# એઓને ભગવાન્ શંકરે કરેલો રુદ્રગીતનો ઉપદેશ

**વિશેષ** : આ પ્રકારે અગિયાર અધ્યાયમાં કામપ્રકરણનું નિરૂપણ કર્યુ, હવે આઠ અધ્યાયમાં મોક્ષપ્રાપ્તિ કહેવાય છે, મોક્ષ બે પ્રકારનો છેઃએક બ્રહ્મમાં લય થવો અને બીજો પ્રભુમાં સાયુજ્ય. અન્તઃકરણાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, દેહાધ્યાસ અને સ્વરૂપ વિસ્મરણ આ પંચપર્વા અવિદ્યારૂપ છે તેની નિવૃત્તિથી મોક્ષ થાય છે. વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને ભક્તિ આ પાંચ પ્રકારનાં સાધનોથી પંચપર્વા વિદ્યાનો ઉદય થાય છે અને એ મોક્ષમાં કારણરૂપ બને છે. એમાં વિશેષ આયાસ હોવાથી પાંચ અધ્યાયાયોવડે પ્રાચીનબર્હિષોનો લય કહેવાય છે. ભગવત્સાયુજ્યમાં પ્રબળ ભક્તિ કારણરૂપે હોવાથી પ્રચેતાઓનું ભગવત્સાયુજ્ય કહેવાય છે. એમાં આ અધ્યાયમાં રુદ્રે પ્રચેતાઓને સાયુજ્યનું સાધન ઉપદેશ્યું છે એનું વર્ણન કરવામાં આવે છે. આ પ્રચેતાઓ કેટલા હતા એઓ કોના પુત્ર હતા એવો પ્રશ્ન થવાથી પૃથુચરિત્રની સમાપ્તિ કરી વંશવર્ણન પણ કરવામાંઆવ્યુંછે.

**વિજિતાશ્વોઽધિરાજાઽઽસીત્પૃથુપુત્રઃ પૃથુશ્રવાઃ।**
**યવીયોભ્યોઽદદાત્કાષ્ઠા ભ્રાતૃભ્યો ભ્રાતૃવત્સલઃ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું** : એ પછી પૃથુરાજાનો પુત્ર પરમ યશસ્વી વિજિતાશ્વ ચક્રવર્તી રાજા થયો. એણે ભાઈઓ ઉપરની પ્રીતિથી પોતાના ચાર નાના ભાઈઓને એક-એક દિશાનો અધિકાર સોંપી દીધો ।।૧।।

હર્યક્ષને પૂર્વ, ધ્રુમ્રકેશને દક્ષિણ, વૃકને પશ્ચિમ અને દ્રવિણને ઉત્તર દિશા આપી ।।૨।।

એ વિજિતાશ્વ પૃથુરાજાના અશ્વમેધમાં ઇન્દ્ર પાસેથી ઘોડો લાવ્યો હતો. એ વખતે ઇન્દ્રે એને અન્તર્ધાન થવાથી ગતિ આપી હતી તેથી એ 'અન્તર્ધાન' એવા નામથી પણ ઓળખાતોહતો ।।૩।।

એ રાજાને શિખણ્ડિની નામની સ્ત્રીમાં પાવક, પવમાન અને શુચિ એ નામના ત્રણ સુપુત્રો થયા. પૂર્વે ત્રણે અગ્નિઓને વસિષ્ઠ મુનિનો શાપ લાગેલો તેથી વિજિતાશ્વને ઘેર પુત્રરૂપે અવતર્યા હતા પણ પાછા યોગમાર્ગથી એ અગ્નિની પદવીને પામ્યા છે ।।૪।।

અન્તર્ધાન (વિજિતાશ્વ) રાજા જાણતો હતો કે ઇન્દ્રે ઘોડાની ચોરી કરી છે, છતાં એમણે એને માર્યો ન હતો ।।૫।।

એમને નભસ્વતી નામની બીજી સ્રી હતી, જેનાથી એમને હવિર્ધાન નામનો પુત્ર થયો હતો, રાજાઓ કર, દંડ અને દાણ વગેરે લે છે તેથી બીજાઓને એમની આજીવિકા પીડા કરનારી થાય છે એવી એની માન્યતા હોવાથી વિજિતાશ્વ રાજાએ એક લાંબા કાળનો યજ્ઞ કરવાનું બહાનું કરી એવા પ્રકારની આજીવિકા છોડી દીધી હતી ।।૬।।

યજ્ઞ કાર્યમાં લાગ્યા રહેવા છતાં એ આત્મજ્ઞાની રાજાએ ભક્ત ભયભંજન પૂર્ણતમ પરમાત્માની આરાધના કરી સુદૃઢ સમાધિ દ્વારા ભગવાનના દિવ્ય લોકને પ્રાપ્ત કર્યો ।।૭।।

હે વિદુરજી! વિજિતાશ્વના પુત્ર હવિર્ધાનને હવિર્ધાની નામની સ્રીથી બર્હિષદ, ગય, શુકલ, કૃષ્ણ, સત્ય અને જિતવ્રત નામના છ પુત્ર થયા ।।૮।।

હે કુરુશ્રેષ્ઠ! એ છ માં સૌથી મોટો બર્હિષદ રાજા ભાગ્યશાળી હતો. એ કર્મકાંડ તેમજ યોગવિદ્યામાં નિષ્ણાત હતો. એણે પ્રજાપતિનું પદ પ્રાપ્ત કર્યુ હતું ।।૯।।

આખી પૃથ્વીમાં એણે કોઈ પણ સ્થળને યજ્ઞ કર્યા વગરનું રાખ્યું ન હતું. ઉગમણી (પૂર્વ) દિશા એના અણીવાળા દર્ભોથી પથરાઈ ગઈ હતી. (તેથી જ આગળ ઉપર એ પ્રાચીન બર્હિ નામથી પ્રખ્યાત થયા) ।।૧૦।।

એ રાજા બ્રહ્માજીના કહેવાથી સમુદ્રની 'શતદ્રુતિ' નામની કન્યાને પરણ્યા હતા. સર્વાંગે એ જુવાન અને શણગારેલી શતદ્રુતિ અગ્નિની પ્રદક્ષિણા ફરતી હતી. ત્યારે જેમ અગ્નિ પોપટી ઉપર આસક્ત થયેલો તેમ, પ્રાચીન બર્હિ રાજા એનાપર* આસક્તથયો ।।૧૧।।

**વિશેષ :** સપ્તર્ષિઓના યજ્ઞમાં અગ્નિદેવ સપ્તર્ષિઓની સ્રીઓને જોઈ કામાતુર થઈ ગયા. એ જાણીને અગ્નિની સ્રી સ્વાહાએ સપ્તર્ષિઓની સ્રીનું રૂપ ધરી પોતાના પતિને રમાડ્યા હતા; અને એનું વીર્ય પોપટીના રૂપથી ઉપાડી લઈ, કાંસના થૂમ્બડામાં નાંખી સ્વાહા જતી રહી હતી એવી પુરાણાન્તરમાં કથા છે.

એ નવવધૂ શતદ્રુતિએ પોતાનાં ઝાંઝરના ઝંકારથી ચોતરફ દેવો, દૈત્યો, ગન્ધર્વો, મુનિઓ, સિદ્ધો, મનુષ્યો અને નાગોને મુગ્ધ કરી દીધા હતા ।।૧૨।।

પ્રાચીન બર્હિ રાજાને શતદ્રુતિથી દશ પુત્રો થયા તેઓ બધા 'પ્રચેતા' એવા એક

જ નામથી ઓળખાતા હતાં ।।૧૩।।

એઓ ધર્મના મર્મજ્ઞ હતા. તેમજ તેમનું આચરણ પણ એક સરખું હતું. પ્રાચીન બર્હિ રાજાએ એમને સૃષ્ટિ કરવાની આજ્ઞા કરી ત્યારે તેઓએ તપ કરવા સારું સમુદ્રમાં* પ્રવેશ કર્યો. એમણે જળમાં રહી દશ હજાર વર્ષ પર્યન્ત તપનું ફલ દેનારા ભગવાનની આરાધના કરી ।।૧૪।।

**વિશેષ :** અત્યન્ત અગાધ જલમાં જલચરો હોતાં નથી ત્યાં દુઃસંગ પણ લાગે નહિ અને પ્રલય થતાં પૃથ્વીનો નાશ થવાથી ભજનમાં વિઘ્ન પડે નહિ માટે જલમાં તપ કર્યુ. મુખ્ય સાધન સ્તોત્ર છે તપ નહિ. ભગવત્પ્રાકટ્ય થાય એટલા માટે સ્તોત્ર(સ્તુતિ) કરવામાં આવે છે, ભગવત્પ્રાદુર્ભાવ પ્રેમથી જ થાય છે, બીજા કશાયથી નહિ. અને પ્રેમ અતિ સુન્દર સ્વરૂપના નિરન્તર ચિન્તન-કીર્તનથી જ થાય છે તેથી આ પ્રકારના સ્તોત્રનો ઉપદેશ કરવામાં આવ્યો છે. (તત્ત્વાર્થદીપનિબન્ધ)

ઘેરથી તપસ્યા કરવા જતી વખતે માર્ગમાં એમને સદાશિવનું દર્શન થયું. સદાશિવે પ્રસન્ન થઈને એમને જે મન્ત્ર અને તત્ત્વનો ઉપદેશ કર્યો હતો તે પ્રમાણે એઓ એકાગ્રચિત્તથી તેમજ જિતેન્દ્રિયપણાથી જપ, ધ્યાન અને પૂજન કરતા રહ્યા ।।૧૫।।

**વિદુરજીએ પૂછ્યું:** હે મહારાજ! પ્રચેતાઓને સદાશિવની સાથે માર્ગમાં જેવી રીતે સમાગમ થયો અને પ્રસન્ન થઈને સદાશિવે એમને ઉપદેશ કર્યો તેમાં ઘણો સાર હશે માટે એ સઘળું મને કહો ।।૧૬।।

હે મહારાજ! બીજાની વાત જવા દો, વૈરાગ્યયુક્ત મુનિઓ પણ જેમનું ઈષ્ટદેવ તરીકે માત્ર ધ્યાન કરે છે પણ તેમને પામી શકતા નથી તો એમનો સમાગમ થવો એ પ્રાણીઓમાટે દુર્લભ કહેવાય ।।૧૭।।

જો કે ભગવાન્ શંકર આત્મારામ છે એમને પોતાને માટે નથી કંઈ કરવાનું, કે નથી કંઈ મેળવવાનું; તો પણ આ લોકસૃષ્ટિની રક્ષાને માટે તેઓ પોતાની ઘોરરૂપ શક્તિ-શિવાની સાથે સર્વત્ર ફરતા રહે છે ।।૧૮।।

**મૈત્રેયે કહ્યું :** સજ્જન પ્રચેતાઓ પિતાની આજ્ઞાને માથે ચઢાવી તપ કરવાનો નિશ્ચય કરીને આથમણી દિશામાં ચાલી નીકળ્યા ।।૧૯।।

તે સમયે એમણે એક સમુદ્રના જેવું ઘણું જ મોટું તળાવ જોયું. એ તળાવ મહાત્માઓના મનની પેઠે નિર્મળ હતું. એમાં માછલાં વગેરે જીવ પણ પ્રસન્ન

જણાતા હતા ।।૨૦।।

એમાં નીલકમલ, લાલકમલ, રાતે-દિવસે તેમજ સાંજે ખિલતા કમલ તથા ઈન્દીવર વગેરે અનેક પ્રકારનાં કમલ સુશોભિત હતાં. તેના તટ ઉપર હંસ, સારસ, ચકવા અને બતકો ગુંજારવ કરી રહ્યા હતા ।।૨૧।।

એની ચારે તરફ જાતજાતનાં વૃક્ષો અને લતાઓ ઉપર મતવાલા ભમરા ગુંજારવ કરી રહ્યા હતા. એના મધુર ગુંજનથી હર્ષિત થઈ માનો તેમને રોમાંચ થઈ આવ્યો હતો. કમલ કોશના પરાગપુંજ વાયુની લહેરથી ચારે તરફ ઊડી રહ્યા હતા જાણે કે ત્યાં કોઈ ઉત્સવ થઈ રહ્યો હોય ।।૨૨।।

એ તળાવમાં મૃદંગ અને પણવ વગેરે વાજાંના નાદની સાથે દિવ્ય મનોહર ગાયનનો મધુર ધ્વનિ સાંભળી રાજકુમારોને આશ્ચર્ય થયું ।।૨૩।।

એ જ સમયે સદાશિવ પોતાના પાર્ષદોની સાથે એ તળાવમાંથી નીકળતા હતા તેમનાં એમને દર્શન થયાં. એ મહાદેવની પાસે ગન્ધર્વો ગાયન કરતા હતા. એમનું શરીર તપાવેલા સુવર્ણ રાશિ જેવો કાન્તિમાન હતું. નીલકંઠ, ત્રણ નેત્રવાળા અને પ્રસન્ન મુખવાળા એ સદાશિવને જોઈને ઘણું આશ્ચર્ય થયું અને તેમણે પ્રણામ કર્યા ।।૨૪-૨૫।।

ધર્મવત્સલ અને શરણાગતની પીડા હરનારા સદાશિવે એ ધર્મજ્ઞ સદ્સ્વભાવવાળા અને પોતાના દર્શનથી પ્રસન્ન થયેલા પ્રચેતાઓને પ્રીતિથી નીચે પ્રમાણે કહ્યું ।।૨૬।।

**સદાશિવે કહ્યું :** તમે રાજા પ્રાચીન બર્હિના પૌ તમારું કલ્યાણ થાઓ તમે જે કરવા ઈચ્છો છો તે પણ મને ખબર છે. તમારા ઉપર અનુગ્રહ કરવા જ મેં આ પ્રમાણે તમને અત્યારે દર્શન આપ્યું છે ।।૨૭।।

જે વ્યક્તિ અવ્યક્ત પ્રકૃતિ તથા જીવસંજ્ઞક પુરુષ આ બન્નેના નિયામક ભગવાન્ વાસુદેવનું શરણું લે છે તે મને બહુ જ વહાલી લાગે છે ।।૨૮।।

પોતાના વર્ણાશ્રમ ધર્મનું સારી રીતે પાલન કરનાર પુરુષ સો જન્મ પછી બ્રહ્માજીની પદવીને પામે છે. એ કરતાં પણ જો તેનું પુણ્ય વધારે હોય તો એ મને પામે છે. પરન્તુ જે ભગવાનનો ભક્ત હોય તે મરણ પામ્યા પછી સીધેસીધા નિર્વિકાર વિષ્ણુ પદને પામે છે, જેની પ્રાપ્તિ રુદ્રરૂપમાં રહેલ અને બીજા અધિકારી દેવતાઓને પોતપોતાના અધિકારની સમાપ્તિ બાદ જ થાય છે ।।૨૯।।

એટલામાટે મને ભગવાન્ જેવા વહાલા છે તેવા જ તમે વૈષ્ણવો વહાલા છો. વૈષ્ણવોને પણ મારા જેવો બીજો કોઈ વહાલો કદી પણ હોતો નથી ।।૩૦।।

હવે હું તમને એક પવિત્ર, પરમ મંગળરૂપ મોક્ષ આપનાર સ્તોત્ર કહું છું એનો તમે શુદ્ધ ભાવથી જપ કરજો ।।૩૧।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે બોલી નારાયણ-પરાયણ કરુણાર્દ્રહૃદય ભગવાન્ શિવે હાથ જોડી ઊભેલા એ રાજકુમારોને આ સ્તોત્ર સંભળાવ્યું ।।૩૨।।

**સદાશિવ બોલ્યા :** ભગવન્! આપનો ઉત્કર્ષ ઉચ્ચકોટિના આત્મજ્ઞાનીઓના કલ્યાણમાટે નિજાનન્દની પ્રાપ્તિમાટે છે એનાથી મારું પણ કલ્યાણ હો. આપ સર્વદા પોતાના નિરતિશય પરમાનન્દ રૂપમાં જ સ્થિતિ કરો છો એવા સર્વાત્મક આત્મસ્વરૂપ આપને હું પ્રણામ કરું છું ।।૩૩।।

આપ જ પદ્મનાભ સમસ્ત લોકોનું આદિકારણ છો. આપ જ પંચભૂત વિષયો અને ઈન્દ્રિયોના નિયન્તા છો; શાન્ત, એકરસ અને સ્વયંપ્રકાશ વાસુદેવ (ચિત્તના અધિષ્ઠાતા) છો. આપને નમસ્કાર હો ।।૩૪।।

સંકર્ષણ રૂપે અહંકારના નિયન્તા છો; આપ જ સૂક્ષ્મ, અનન્ત અને મુખાગ્નિથી જગતને પલકમાં બાળી નાખો છો. પ્રદ્યુમ્નરૂપે આપ બુદ્ધિના નિયન્તા છો અને જગતના પ્રકૃષ્ટ જ્ઞાનના ઉદ્ગમ સ્થાન છો. આપને નમસ્કાર હો ।।૩૫।।

અનિરુદ્ધરૂપે આપ ઈન્દ્રિયોના સ્વામી અને મનના નિયન્તા છો; એવા આપને હું વારંવાર પ્રણામ કરું છું. આપ પોતાના તેજથી સૂર્યરૂપે જગતમાં વ્યાપી રહેલા છો; પૂર્ણ હોવાથી આપ ક્ષય અને વૃદ્ધિથી રહિત છો; આપને નમસ્કાર હો ।।૩૬।।

આપ સ્વર્ગ તથા મોક્ષના દ્વારરૂપ છો; તથા નિરન્તર પવિત્ર અન્તઃકરણમાં વાસ કરી રહો છો એવા આપને નમસ્કાર કરું છું. આપ જ સુવર્ણરૂપ વીર્યથી યુક્ત ચાતુર્હોત્ર કર્મના સાધન અને વિસ્તાર કરનાર અગ્નિદેવ છો. આપને નમસ્કાર કરું છું ।।૩૭।।

ચન્દ્રરૂપે પિતૃ તથા દેવોના પોષક છો, ત્રણ વેદના અધિપતિ છો, આપને પ્રણામ હો. પતિ અને યજ્ઞરૂપ વીર્યવાળા છો; એવા આપને નમસ્કાર કરું છું. જળરૂપે આપ જીવોની તૃપ્તિ કરો છો અને સર્વ રસમય છો; આપને હું નમસ્કાર કરું છું ।।૩૮।।

પૃથ્વીરૂપે આપ સર્વ પ્રાણીઓના દેહ પૃથ્વી અને વિરાટ રૂપ છો; એવા આપને

નમસ્કાર કરું છું. આપ ત્રિલોકના પાલક છો. મન, ઇન્દ્રિય અને દેહની શક્તિ સ્વરૂપ વાયુ (પ્રાણ) છો; આપને નમસ્કાર કરું છું ।।૩૯।।

આકાશરૂપે પોતાના શબ્દ ગુણથી સર્વને નામ આપો છો; અંદર અને બહારનો ભેદ કરનારા આશ્રયરૂપ છો; એવા આપને નમસ્કાર કરું છું. આપ જ મહાન પુણ્યથી પ્રાપ્ત થનારા પરમ તેજોમય સ્વર્ગ વૈકુંઠાદિ લોક છો. આપને પુનઃ-પુનઃ નમસ્કાર હો ।।૪૦।।

પ્રવૃત્તિકર્મથી પિતૃલોક દેનારા તથા નિવૃત્તિકર્મથી દેવલોક દેનારા તથા અધર્મના ફલરૂપ, દુઃખદાયી મૃત્યુરૂપ છો; એવા આપને નમસ્કાર કરું છું ।।૪૧।।

હે ઈશ્વર! આપ સર્વકર્મના ફળ આપનાર છો; સર્વજ્ઞ અને મન્ત્રરૂપ છો; પરમ ધર્મરૂપ છો; અખંડ જ્ઞાનવાળા છો; પુરાણપુરુષ, સાંખ્ય અને યોગ ના ઈશ્વર કૃષ્ણ છો એવા તમને નમસ્કાર કરું છું ।।૪૨।।

સદ્રૂપે આપ ગોલક, ઇન્દ્રિય અને એનાં દેવતાઓને ઉત્પન્ન કરનાર છો; (અથવા આપજ કર્તા, કરણ અને કર્મ ત્રણેય શક્તિઓના એક માત્ર આશ્રય છો) જ્ઞાન તથા ક્રિયારૂપ છો; આપથી જ પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી ચાર પ્રકારની વાણીની અભિવ્યક્તિ થાય છે, આપ જ અહંકારના અધિષ્ઠાતા રુદ્ર છો. એવા આપને નમસ્કાર કરું છું ।।૪૩।।

આપનું સ્વરૂપ ભક્તોને અતિપ્રિય છે. ગુણોથી સર્વ ઇન્દ્રિયોને રાજી રાખનાર છો. વૈષ્ણવોએ પૂજેલા આપના સ્વરૂપનું અમને દર્શન આપો. અમે એ દર્શનને ઝંખીએ છીએ ।।૪૪।।

આપની કાન્તિ વર્ષાઋતુના ઘેરા વાદળ જેવી સ્નિગ્ધ, શ્યામ અને સમ્પૂર્ણ સૌન્દર્યોના સારસર્વસ્વ છે. આપને સુંદરઅને લાંબા ચાર હાથ છે. આપનું મુખારવિન્દ અત્યન્ત મનમોહક છે ।।૪૫।।

આંખો કમળની પાંદડી સરખી છે; ભ્રમર સુન્દર અને નાસિકા સુઘડ છે. મનમોહિની દન્તપકિત, અમોલ-કપોલયુક્ત મનોહર મુખમંડલ અને શોભીતા સમાન કર્ણો છે ।।૪૬।।

પ્રેમપૂર્ણ ઉન્મુક્ત હાસ્ય, તીરછી નજર, કાળી-કાળી અલકલટ, કમલ કુસુમનાં કેસરની માફક ફરહરતું પીતામ્બર, ઝળહળતાં કુંડલ, ઝાકમઝોળ મુગટ, કંકણ, હાર, નૂપુર અને મેખલા વગેરે વિચિત્ર આભૂષણ તથા શંખ, ચક્ર, ગદા અને પદ્મ,

વનમાલા અને ઉત્તમ મણિઓ ઝળઝળ પ્રકાશે છે ।।૪૭-૪૮।।

સિંહના જેવી ભરાવદાર કાન્ધો છે, જેના ઉપર હાર, કેયૂર અને કુંડલાદિની કાન્તિ ઝલઝલી રહી છે તથા કૌસ્તુભ મણિના પ્રકાશથી શોભીતી મનોહર ગ્રીવા છે. એમનું શ્યામલ વક્ષઃસ્થલ શ્રીવત્સચિહ્નના રૂપમાં લક્ષ્મીજીનું નિત્ય નિવાસ સ્થાન હોવાથી કસોટી ઉપર પાડેલી સુવર્ણરેખાની શોભાને માત કરે છે ફિક્કી પાડી દે છે ।।૪૯।।

પીપળાના પાન જેવું ઉદર શ્વાસ અને ઉચ્છ્વાસને લીધે હાલતી ત્રણ વલિઓથી મનોહર લાગે છે. પાણીની ઘૂમરી જેવી ગમ્ભીર નાભિ એટલી ઊંડી છે કે જાણે એમાંથી નીકળેલા વિશ્વને તે પાછું પોતાની અન્દર સમાવી લેવા માગતી હોય તેવી લાગે છે ।।૫૦।।

શ્યામ વર્ણની કટિ ઉપર આપે પીતામ્બર ધારણ કર્યુ છે અને એની ઉપર સોનાની કટિમેખળા પહેરી છે; આપનાં ચરણ સરખાં અને સુન્દર છે; તેમજ પીંડીઓ તથા સાથળથી તથા નમેલા ગોઠણથી દૃષ્ટિને દિવ્ય આનન્દ મળે છે; એવા આપના સ્વરૂપનું આપ અમને દર્શન આપો ।।૫૧।।

હે ગુરુ! આપનાં ચરણ શરદ્ઋતુમાં ખીલેલાં કમળની પાંખડીના જેવાં શોભાવાળાં છે તથા એ નખની કાન્તિ જીવોના અજ્ઞાનને મટાડનારાં છે અને ભક્તોના ભયને ટાળનારાં છે તો એ અમને દેખાડો ।।૫૨।।

અમારા જેવા અજ્ઞાનીઓને આપની પ્રાપ્તિનો માર્ગ દેખાડનાર ગુરુ આપ જ છો. જે પુરુષો પોતાના ચિત્તને શુદ્ધ કરવા માગતા હોય તેમણે આવા સ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ કેમકે સ્વધર્મ પાળનારાઓને ભક્તિયોગદ્વારા જ અભય મળે છે।।૫૩।।

સ્વર્ગનાં રાજ્યકર્તા ઈન્દ્ર પણ આપની પ્રાપ્તિની જ ઈચ્છા કરે છે; આપ સર્વ પ્રાણીઓને પ્રાપ્ત થવા દુર્લભ છો તથા વિશુદ્ધ આત્મજ્ઞાનીઓની ગતિ આપ જ છો. ભક્તિમાન પુરુષોને જ આપ પ્રાપ્ત થાઓ છો ।।૫૪।

આપની અનન્ય ભક્તિ સત્પુરુષોમાટે પણ દુર્લભ છે. આપની પ્રસન્નતા અનન્ય ભક્તિ સિવાય બીજા કોઈ સાધનથી દુઃસાધ્ય છે. એવો કોણ હશે કે જે અનન્ય ભક્તિથી આપને પ્રસન્ન કરી આપના ચરણતલ સિવાય બીજું કંઈ ચાહે? ।।૫૫।।

જે કાલ પોતાના અદમ્ય ઉત્સાહ અને પરાક્રમથી ફરકતી ભ્રમરના ઈશારાથી

આખા જગતનો સંહાર કરી નાખે છે તે પણ આપના ચરણોના શરણે ગયેલ પ્રાણી ઉપર પોતાની સત્તા માનતો નથી ।।૫૬।।

આવા ભગવાનના પ્રેમી ભક્તોનો સત્સંગ અડધી ક્ષણને માટે પણ જો થઈ જાય તો એની આગળ હું સ્વર્ગ અને મોક્ષની પણ કંઈ વિસાત સમજતો નથી તો પછી મર્ત્યલોકના તુચ્છ ભોગોની તો વાત જ શી? ।।૫૭।।

આપનાં ચરણારવિન્દ પાપને માટાડનાર છે. એના યશની સેવા કરવાથી તથા તીર્થ (ગંગા)સ્નાનથી અંદર અને બહાર પાપરહિત થવાથી જે વૈષ્ણવો પ્રાણીઓઉપર દયા રાખે છે અને નિર્મળ અન્તઃકરણવાળા હોવાથી જેઓ જીવમાત્ર ઉપર દયા, રાગદ્વેષ રહિત ચિત્ત, સરલતા આદિ ગુણોથી યુક્ત છે તે આપના ભક્તોનો સંગ અમને પ્રાપ્ત થાય એજ આપની કૃપાહો ।।૫૮।।

જે સાધકનું ચિત્ત ભક્તિયોગથી અનુગ્રહીત અને વિશુદ્ધ થવાથી, નથી તો બહારના વિષયોમાં ભટકતું કે નથી અજ્ઞાનગુહા રૂપ તમો ગુણમાં લીન થતું તે સહેજે આપના સ્વરૂપનાં દર્શન કરી લે છે ।।૫૯।।

જે સ્વરૂપમાં આ સઘળું જગત્ દેખાય છે અને સઘળા જગતમાં જે સ્વરૂપ દેખાય છે તે સ્વયંપ્રકાશ, આકાશના જેવા વ્યાપક પરબ્રહ્મ આપજ છો ।।૬૦।।

ભગવન્ આપની માયા અનેક પ્રકારનાં રૂપ ધારણ કરે છે. એના દ્વારા જ આપ આ પ્રમાણે જગતની રચના, પાલન અને સંહાર કરો છો જાણે કે એ કોઈ સદ્વસ્તુ હોય પણ તેનાથી આપનાં કોઈ જ પ્રકારનો વિકાર થતો નથી. માયાને લીધે બીજા લોકોમાં જ ભેદ બુદ્ધિ ઉત્પન્ન થાય છે આપ પરમાત્મા ઉપર પોતાનો (માયાનો) પ્રભાવ કંઈ પડતો નથી. આપને તો અમે પરમ સ્વતન્ત્ર સમજીએ છીએ ।।૬૧।।

જો કે આપ નિરાકાર છો તો પણ પંચભૂત ઇન્દ્રિય અને અન્તઃકરણથી જાણવામાં આવતા આપના સાકારરૂપનું જે યોગીઓ શ્રદ્ધાપૂર્વક અનેક કર્મોવડે મુક્તિમાટે સારી પેઠે પૂજન કરે છે તેઓ વેદ અને શાસ્ત્રોના સાચા મર્મજ્ઞ છે ।।૬૨।।

આપ જ અદ્વિતીય આદિપુરુષ આપની માયાશક્તિ સૃષ્ટિ પહેલા સુપ્ત રહે છે એ સૃષ્ટિકાળમાં જાગીને સત્ત્વ, રજ અને તમોગુણના વિભાગ કરે છે. એ વિભાગોમાંથી મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી, દેવો, ઋષિઓ અને બીજા પ્રાણીઓના સમૂહરૂપ આ જગત્ થયું છે ।।૬૩।।

જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ* એવા પ્રકારનું આ જગત્ પોતાની

માયાથી બનાવી એ જગત્‌રૂપ પુરમાં પોતાના અંશ (જીવરૂપ)થી આપ પ્રવેશ કરી લો છો અને જેવી રીતે મધમાખીઓ પોતે જ ઉત્પન્ન કરેલ મધનો આસ્વાદ લે છે તે જ પ્રમાણે તે આપનો અંશ તે પુર-શરીરમાં રહી ઈન્દ્રિયો દ્વારા એ તુચ્છ વિષયો ભોગવે છે. આપના તે અંશને જ પુરુષ અથવા જીવ કહેવામાં આવે છે ।।૬૪।।

**વિશેષ** : ઓરમાંથી ઉત્પન્ન થયા તે માણસ વગેરે 'જરાયુજ' કહેવાય છે; ઇંડામાંથી ઉત્પન્ન થાય તે પક્ષી વગેરે 'અંડજ' કહેવાય છે; પસીનામાંથી ઉત્પન્ન થાય તે માંકડ વગેરે 'સ્વેદજ' કહેવાય છે; અને ધરતીને ફોડીને ઉત્પન્ન થનારાં ઝાડ વગેરે 'ઉદ્‌ભિજ' કહેવાય છે.

એ જ આપ સહન ન થાય તેવા પ્રચંડ કાળરૂપે, જેમ વાયુ દ્વારા એક વાદળાંને બીજા વાદળનો ધક્કો લાગે અને ચલાયમાન કરી ખેંચી જાય તેમ પૃથ્વી આદિ ભૂતોને બીજા ભૂતો દ્વારા ચલાયમાન કરી ખેંચી જાઓ છો; એવા સર્વને ખેંચનારું (નાશ કરનારું) આપના કાળ સ્વરૂપનું અનુમાન કોઈથી થઈ શકતું નથી ।।૬૫।।

આ કામ આમ કરવું અને ફલાણું કામ એમ કરવું એવી-એવી અનેક ચિન્તાઓથી જીવ ગાફેલ રહે છે. જીવના લોભને થોભ નથી અને વિષયોની લાલસા તો તેને સદા લાગેલી જ હોય છે. પણ આપ સદા સજાગ છો. જેમ ભૂખથી ગલોફાં ચાટતો સર્પ ઉન્દરને હડપ કરી જાય છે તેમ કાલરૂપે આપ એને તુરત ઝડપી લો છો ।।૬૬।।

આપનો અનાદર કરવાને લીધે પોતાનું આયખું (આયુષ્ય) વ્યર્થ માનવાવાળો એવો કોણ સમજદાર મનુષ્ય હશે જે આપનાં ચરણકમલોને ભૂલી જાય? એની પૂજા તો કાલની ધાકથી અમારા પિતા બ્રહ્માજી તથા સ્વાયમ્ભુવ વગેરે ચૌદ મનુઓએ પણ કંઈપણ બીજો વિચાર કર્યા વિના કેવલ શ્રદ્ધાથી જ કરી હતી ।।૬૭।।

બ્રહ્મન્! આ પ્રમાણે આખું જગત્ રુદ્રરૂપ કાળના ત્રાસથી ફફડે છે. તેથી હે પરમાત્મા! આ સાચી પરિસ્થિતિ જાણનાર અમારેમાટે તો અત્યારે આપ જ સર્વથા અભય આશ્રય છો ।।૬૮।।

પછી મહાદેવજીએ કહ્યું : ''હે રાજકુમારો! શુદ્ધ રહી સ્વધર્મ પાળો અને ભગવાન્‌માં ચિત્ત રાખી આ સ્તોત્રનો જપ કરો. ભગવાન્ તમારું ભલું કરશે ।।૬૯।।

તમારામાં અને સર્વ પ્રાણીઓમાં રહેલા એ જ પરમાત્મા ભગવાનનું વારંવાર પૂજન કરો, સ્તુતિ કરો અને ધ્યાન કરો ।।૭૦।।

આ 'યોગાદેશ' નામનું સ્તોત્ર મેં તમને કહ્યું તેનો મનનપૂર્વક પાઠ કરી સાવધાન

ચિત્તથી મુનિના જેવા નિયમ પાળી એકાગ્રતાથી આદર પૂર્વક અભ્યાસ કરો''।।૭૧।।

પ્રજાપતિઓના પતિ બ્રહ્માજીએ એમના પુત્ર ભૃગુ વગેરે અમને, પૂર્વે જ્યારે બ્રહ્માજીને સૃષ્ટિ કરવાની ઈચ્છા થઈ હતી ત્યારે આ સ્તોત્ર શીખવ્યું હતું ।।૭૨।।

પ્રજાઓની સૃષ્ટિ કરવા સારું બ્રહ્માજીએ આજ્ઞા કરી ત્યારે આ સ્તોત્રનો અભ્યાસ કરી અમારું અજ્ઞાન મટાડી અમે અનેક પ્રકારની પ્રજા ઉત્પન્ન કરી હતી ।।૭૩।।

અત્યારે પણ ભગવાનના જે ભક્તો સાવધાન અને એકાગ્રચિત્ત થઈને રોજ આ સ્તોત્રનો જપ કરશે તેમનું તરત કલ્યાણ થશે ।।૭૪।।

આ જગતમાં કલ્યાણ કરનારાં બધાં સાધનોમાં મોક્ષદાયક જ્ઞાન સર્વશ્રેષ્ઠ છે. જ્ઞાનરૂપ નૌકા મળે તો સંસારરૂપ અપાર અને દુઃખમય સમુદ્રને સહેજે તરી જવાય છે ।।૭૫।।

(જો કે ભગવાનની આરાધના બહુ કઠણ છે પણ) જે પુરુષ મેં કહેલા આ સ્તોત્રનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરશે તે પુરુષ સુગમતાથી જ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરી લેશે ।।૭૬।।

ભગવાન્ જ સમ્પૂર્ણ કલ્યાણ સાધનોના એકમાત્ર પ્યારા-પ્રાપ્તવ્ય છે. તેથી મેં ગાયેલ આ સ્તોત્રના ગાનથી એમને પ્રસન્ન કરી એની પાસેથી જે કંઈ ચાહશે તે તેને તત્કાલ પ્રાપ્ત કરી લેશે ।।૭૭।।

જે માણસ ઉષઃકાલમાં ઊઠી હાથ જોડી શ્રદ્ધાપૂર્વક આ સ્તોત્ર સાંભળે કે સંભળાવે તે કર્મના બંધનથી છૂટી જાય છે ।।૭૮।।

**ગીતં મયેદં નરદેવનન્દનાઃ પરસ્ય પુંસઃ પરમાત્મનઃ સ્તવમ્ ।।**
**જપન્ત એકાગ્રધિયસ્તપો મહત્ ચરધ્વમન્તે તત આપ્સ્યથેપ્સિતમ્ ।।૭૯।।**

હે રાજકુમારો! આ મેં રચેલી પરમ પુરુષ પરમાત્માની સ્તુતિનો જપ કરતાં એકાગ્રબુદ્ધિ રાખી મહાન તપ કરશો તો તપસ્યા પૂર્ણ થતાં આનાથી જ તમને મનવાંછિત ફળ મળશે ।।૭૯।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં**
**(ચોથા મોક્ષપ્રકરણમાં સાયુજ્ય સાધનનિરૂપણ નામનો પહેલો)**
**''પ્રચેતાઓની ઉત્પત્તિ અને એઓને ભગવાન્ શંકરે કરેલો**
**રુદ્રગીતનો ઉપદેશ'' નામનો ચોવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨૫

## પુરંજનનું આખ્યાન

**વિશેષ :** પ્રાચીનબર્હિનું ચિત્ત કર્મમાં આસક્ત છે તેને દયાળુ નારદ મુનિએ આત્મવિદ્યાનો ઉપદેશ કર્યો. આ પચીસમાં અધ્યાયમાં બુદ્ધિયોગવડે આત્માની વિષયથી અસંગ શ્રુતિ અને જાગ્રત અવસ્થાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જો કે આ અધ્યાયમાં રુદ્રનું અન્તર્ધાન થવું અને પ્રચેતાના તપનું નિરૂપણ કરવું યોગ્ય હતું, છતાં પ્રાચીનબર્હિષ યજ્ઞાદિ કર્મમાં સકામ હોવાથી એદ્વારા શુદ્ધિનો સમ્ભવ નથી. તપના પ્રભાવવડે જ બુદ્ધિ થાય છે એવું સૂચન કરવાને જ પૂર્વાધ્યાયની સમાપ્તિ કરી આ અધ્યાયના ઉપક્રમમાં એનું અનુસન્ધાન કરે છે.

**ઈતિ સન્દિશ્ય ભગવાન્ બાર્હિષદૈરભિપૂજિતઃ।**
**પશ્યતાં રાજપુત્રાણાં તત્રૈવાન્તર્દધે હરઃ ॥૧॥**

**મૈત્રેયે કહ્યું :** એપ્રમાણે સદાશિવે ઉપદેશ કર્યા પછી પ્રચેતાઓએએમની પૂજા કરી અને પછી એમનાં દેખતાં શિવજી અંતર્ધાન થઈગયા ॥૧॥

પછી બધા પ્રચેતાઓ સદાશિવે કહેલા ભગવાનના સ્તોત્રનો જળમાં ઊભાં-ઊભાં જપ કરવા લાગ્યા અને એમ કરતાં દશ હજાર વર્ષ વીતી ગયાં ॥૨॥

પ્રચેતાઓ પાછા આવ્યા નહોતા તે દિવસોમાં એમના પિતા પ્રાચીનબર્હિ રાજા, જેમનું મન યજ્ઞ વગેરે કર્મ કાંડમાં ચોંટેલું હતું તેમને અધ્યાત્મવિદ્યા વિશારદ અને દયાળુ નારદજીએ ઉપદેશ આપ્યો ॥૩॥

"હે રાજા! આ યજ્ઞો કરીને તારે તારું કયુ કલ્યાણ કરવું છે? દુઃખનો આત્યન્તિક નાશ અને પરમાનન્દની પ્રાપ્તિનું નામ કલ્યાણ છે તે તો કર્મોથી નથી મળતું ॥૪॥

**પ્રાચીનબર્હિ રાજાએ કહ્યું :** હે મહારાજ! મારી બુદ્ધિ કર્મકાંડમાં જ લાગેલી છે તેથી હું પરમ કલ્યાણથી અણજાણ છું તો હું કર્મ બન્ધનમાંથી છૂટી જાઉં એવું વિશુદ્ધ જ્ઞાન મને કહો" ॥૫॥

મૂઢ પુરુષ કપટ ધર્મમય ગૃહસ્થાશ્રમમાં જ સ્ત્રી, પુત્ર અને ધનને જ પુરુષાર્થ કરી માને છે અને સંસારના માર્ગોમાં ભટકે છે એને મોક્ષ મળતો નથી. (રાજાએ યજ્ઞોમાં જેટલાં પશુઓને માર્યા હતા તે સઘળાં નારદજીએ પ્રત્યક્ષ દેખાડ્યાં) ॥૬॥

**નારદજીએ કહ્યું :** હે રાજા! તે યજ્ઞમાં નિર્દયપણે હજારો પશુઓનો બલિ આપી માર્યા છે તેને નજરે જો. જે પશુઓને તેં પીડાપહોંચાડેલી તે પીડાને યાદ કરી-કરી તે

સઘળાં તારી વાટ જોઈ રહ્યા છે. જ્યારે તુ મરી જઈશ ત્યારે એઓ ક્રોધથી લોખંડના હથિયારવડે તને કાપશે ।।૭-૮।।

હા, તો આ પ્રસંગે હું તને પૂરંજન રાજાનું પ્રાચીન ઉપાખ્યાન કહું છું તે તું સાંભળ ।।૯।।

હે રાજા! મહાયશસ્વી પુરંજન[૧] નામનો રાજા હતો. એનો અવિજ્ઞાત નામનો એક સખા[૨] હતો. તેની ચેષ્ટાઓને કોઈ સમજી શકતું નહોતું ।।૧૦।।

**વિશેષ** : ૧. આ ઈતિહાસમાં પુરંજન વગેરે જે પાત્રો લખ્યાં છે તેમના ખરા અર્થ ઓગણત્રીસમાં અધ્યાયમાં નારદજી પોતે જ કહેવાના છે. તો પણ વાંચનારાઓને આ પ્રકરણ સમજવું સુગમ પડે એટલામાટે જરૂરી જેટલા થોડા-થોડા અર્થ અત્રે આપ્યા છે : પુરંજન એટલે જીવ; કેમકે પોતાના કર્મથી 'પુર' એટલે શરીરને 'જન' એટલે ઉત્પન્ન કરનાર છે. ૨. ઈશ્વર.

એ પુરંજન રાજા રાજધાની કરવામાટે સ્થાન *શોધવાને આખી પૃથ્વીમાં ફર્યો, પરન્તુ પોતાને જેવું જોઈએ તેવું સ્થાન મળ્યું નહિ તેથી એ ઉદાસીન થઈ ગયો ।।૧૧।।

**વિશેષ** : વિષય ભોગવવાના સ્થાનરૂપ શરીર.

એ રાજાને જાતજાતનું સુખ ભોગવવાની તીવ્ર ઈચ્છા હતી. એને પૃથ્વીમાં જેટલાં નગર છે તે પૈકી કોઈ પણ નગર સુખની પ્રાપ્તિ કરાવી શકે તેવું જણાયુ નહિ* ।।૧૨।।

**વિશેષ** : મનુષ્ય સિવાય પશુ અને પક્ષી વગેરે જે-જે શરીર છે. તેમાંના કોઈમાં પણ સઘળાં સુખ ભોગવવાની સગવડ નથી તેથી એવો કોઈ અવતાર એને ગમ્યો નહિ.

એક દિવસે ફરતાં-ફરતાં હિમાલય પર્વતની દક્ષિણ દિશાનાં શિખરો ઉપર કર્મભૂમિ ભારતખંડમાં એક નવ દરવાજાવાળી તેમજ કોઈ પણ જાતના દોષ વિનાની નગરી* એના જોવામાં આવી ।।૧૩।।

**વિશેષ** : મનુષ્ય શરીર, એ શરીરમાં મોઢું, બે કાન, બે આંખો, બે નાક, શિશ્ન અને ગુદા એ નવ છિદ્ર છે તે નવ દરવાજા સમજવા. અને સઘળી ઈન્દ્રિયો સમ્પૂર્ણ હતી; તેથી આંધળાપણું કે લૂલાપણું વગેરે કોઈ દોષ પણ ન હતા એમ સમજવું. એ નગરી હિમાલયના દક્ષિણ તરફનાં શિખરોમાં છે એમ કહેવાનું કારણ એ છે કે હિમાલયથી દક્ષિણમાં ભરતખંડ તે કર્મભૂમિ છે એટલે એમાં ઉત્પન્ન થયેલું મનુષ્ય શરીર કર્મ કરવાને યોગ્યછે.

કિલ્લા[1] બગીચા, અગાશીઓ, ખાઈઓ, ગોખ અને રાજદ્વારોથી એ નગરી શોભતી હતી.[2] એ સોના, રૂપા અને લોઢાના શિખરવાળાં વિશાલ ભવનોથી ખીચોખીચ ભરેલી હતી ।।૧૪।।

**વિશેષ** : ૧. આ વિષયમાં કાંઈક-કાંઈક મળતાપણું લઈને વાતમાં શોભા લાવવાને માટે કિલ્લા વગેરેનું વર્ણન કર્યું છે તેથી શરીરના અવયવોને કિલ્લા વગેરેનું રૂપક આપ્યું છે એમ સમજવું.

૨. શરીરમાં છ ચક્ર છે તે ઘરને ઠેકાણે અને રાજસ, તામસ વગેરે સ્વભાવને મેડીઓને ઠેકાણે સમજવાં.

એ નગરના મહેલની જગ્યા નીલમણિ, સ્ફટિકમણિ, વૈદૂર્યમણિ, મોતી, મરકત અને માણેકોની બનેલી હતી. *નાગલોકોની રાજધાની ભોગવતી નગરીના જેવી એ આખી નગરી પોતાની અનૂઠી છટાથી પ્રકાશી રહી હતી ।।૧૫।।

**વિશેષ** : મહેલની જગ્યા એટલે હૃદય અને નાડીઓ અથવા તે જુદા-જુદા વિષયોની વાસનાઓને મણિરૂપ સમજવી.

એમાં સભા ભવન, ચોક, રાજમાર્ગ, રમતગમતનાં મેદાન, બજાર, લોકોમાટે વિશ્રામસ્થાનો, ધ્વજા, પતાકાઓ તથા પરવાળાંના ચબૂતરા વગેરેની ઉત્તમ સગવડો હતી ।।૧૬।।

એ નગરીની બહાર એક બગીચો હતો. [1]તેમાં દિવ્ય ઝાડ અને લતાઓ [2]લાગી રહ્યાં હતાં. જળાશયોમાં પક્ષીઓના કલરવ અને ભમરાઓના ગુઞ્જારનો કોલાહલ થઈ રહ્યો હતો ।।૧૭।।

**વિશેષ** : ૧. વિષયોમાં લાગી રહેલી બુદ્ધિના યોગથી જીવને દેહનો સમ્બન્ધ થયો છે એમ કહેવાની મતલબથી વિષયોના વર્ગને બહાને બગીચો ઠરાવેલ છે. ૨. માળા, ચન્દન વગેરે પદાર્થોને ઝાડ અને લતારૂપ સમજવાં અને બીજું કેટલું એક વાતને શણગારવાને વાસ્તે પણ લખ્યું છે.

એમાં ફલના સમૂહોમાં થઈને તથા ઠંડા ઝરણાંના જળકણોને ઉડાડતો પવન વાતો હતો તેનાથી તળાવડીઓના કાંઠા પર ઊગેલાં વૃક્ષોની શાખાઓ અને પાન ડોલતાં હતાં એથી ત્યાં ભારે શોભા જામી રહી હતી. અહિંસાનો નિયમ પાળતાં હોવાથી અનેક પ્રકારનાં વગડાઉ જાનવરો એકબીજાને કશીયે હરકત કરતાં નહોતાં. કોયલોના ટહુકારથી વટેમાર્ગુ લોકોને એવો ભ્રમ થતો હતો કે આ બગીચો અમને પોતાની પાસે આવી આરામ કરવામાટે બોલવી રહ્યો છે ।।૧૮-૧૯।।

એ બગીચામાં એક સુન્દરી[1] અકસ્માત[2] આવી ચઢેલી તે પુરંજન રાજાના જોવામાં આવી એ સ્ત્રીની સાથે એના દશ નોકરો[3] ચાલ્યા આવતા હતા. અને પ્રત્યેક નોકર સો-સો નાયિકાઓનો પતિ[4] હતો ।।૨૦।।

**વિશેષ** : ૧. જુદા-જુદા વિષયોના વિવેક કરનારી બુદ્ધિ. ૨. જીવનો અને બુદ્ધિનો સમ્બન્ધ શા કારણથી અને શી રીતે થયો એ વાતનું નિરૂપણ થઈ શકતું નથી તેથી યદચ્છાથી આવી એમ કહ્યું છે. ૩. દશ ઈન્દ્રિયો. ૪. અનન્ત વૃત્તિઓ.

એક પાંચ માથાવાળો નાગ* એ સુન્દરીની ચારે બાજૂએ ચોકી કરતો હતો. પોતાની ઈચ્છા પ્રમાણે રૂપ ધરનારી એ ભોળીભાલી કિશોરી શ્રેષ્ઠ પતિની શોધમાં હતી ।।૨૧।।

**વિશેષ** : પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન એ પાંચ વૃત્તિવાળો પ્રાણ છે તેને બુદ્ધિની રક્ષા કરનાર નાગ સમજવો.

એ સ્ત્રીનાં[1] નાક, દાંત, કપોલ, મુખ, કટિનો પાછલો ભાગ, બધું જ બહુ સુન્દર હતું. તેના બે સરખા કાનમાં કુંડળ ઝબકી રહ્યાં હતાં. એણે પીળાં વસ્ત્ર અને સોનાની કટિમેખળા પહેરી હતી. એનો રંગ શામળો[2] હતો. ઝાંઝરના ઝમકારાવાળા પગથી એ દેવાંગનાની પેઠે ચાલતી હતી ।।૨૨-૨૩।।

**વિશેષ** : ૧. ગન્ધનું જ્ઞાન ઈત્યાદિક. ૨. મન અન્નમાંથી બને છે અને અન્નનું રૂપ શ્યામ છે એમ વેદમાં લખ્યું છે તેથી અહીં બુદ્ધિનો રંગ શ્યામ કહ્યો છે.

એ ગજગામિની બાલા કિશોર અવસ્થાની સૂચના દેનારાં પોતાનાં ગોળગોળ સરખાં અને એક બીજાને અડકેલાં સ્તનોને લજ્જાથી વારંવાર પોતાના અંચલથી ઢાંકતી જતી હતી ।।૨૪।।

એની પ્રેમથી મટકતી ભ્રૂકુટિ અને અનુરાગ ભરી તીરછી નજરના બાણથી ઘાયલ થયેલ વીર પુરંજને લજ્જાયુક્ત હાસ્યથી વધારે સુન્દર લાગતી એ દેવીને મધુર વાણીથી કહ્યું* ।।૨૫।।

**વિશેષ** : જીવ અને બુદ્ધિના સમ્બન્ધની મજબૂતી દેખાડવા વાસ્તે તેઓ વચ્ચે વાતચીતનો બન્દોબસ્ત થવાનું કહ્યું છે.

''હે કમલદલ નયની! તું કોણ છો? કોની છે? અહીં ક્યાંથી આવી છે? હે સતી! આ નગરી પાસેના બગીચામાં તું શું કરવા માગે છે?'' એ મને કહે ।।૨૬।।

હે સુન્દર ભ્રમ્મરવાળી યુવતી! તારી સાથે આ અગિયારમાં મહાન શૂરવીર* અને

તેને અધીન વીર દશ સૌનિકો કોણ છે? આ સાહેલીઓ અને આગળ-આગળ ચાલતો આ સર્પ કોણ છે? ।।૨૭।।

**વિશેષ** : મોટો યોદ્ધો એટલે મન સમજવું. આનું 'બૃહદ્‌બલ' એવું નામ આગળ કહેવાશે આ ઠેકાણે મનને બુદ્ધિથી જુદું લેખવાનું કારણ એ છે કે, બુદ્ધિની સેવા કરનારી ઇન્દ્રિયોને તે મદદ આપે છે તેથી તે પણ બુદ્ધિની સેવા કરનાર છે એમ કહેવાનું છે.

સુન્દરી! એકાન્ત વનમાં પોતાના પતિધર્મને શોધવા નીકળેલી તું એની (ધર્મની) સ્ત્રી લજ્જા છે અથવા ઉમા, રમા અથવા બ્રહ્માણી માંથી કોઈ છે? અહીં વનમાં મુનિઓની માફક એકાન્તવાસ કરી પોતાના પતિદેવને શોધી રહી છે? તારા પ્રાણનાથ તો તું એના ચરણની કામના કરે છે એટલાથી જ પૂર્ણકામ થઈ જશે. ઠીક ભલા, તું સાક્ષાત્ લક્ષ્મીજી હો તો તારા હાથનું ક્રીડાકમલ ક્યાં પડી ગયું? ।।૨૮।।

હે સુન્દરી! ઉપર વર્ણવેલી સ્ત્રીઓ પૈકીની કોઈ તું જણાતી નથી કેમકે એ સર્વે દેવાંગનાઓ છે તેમને ધરતીનો સ્પર્શ ઘટે નહિ. એટલામાટે જેમ લક્ષ્મી વિષ્ણુની સાથે રહી વૈકુંઠ લોકને શોભા આપે છે તેમ વીરવર અને પરાક્રમી* મારી સાથે રહી તું પણ આ નગરીને શોભા આપ ।।૨૯।।

**વિશેષઃ** હું જો કે એકલો કર્મરહિત છું, તો પણ તારા સંગથી અનેક કર્મવાળો થયો છું એમ બતાવવાનું છે.

પરન્તુ આજ તારા કટાક્ષોએ મારા મનને બેકાબૂ બનાવી દીધું છે. તારી લજ્જાળ અને રતિભાવથી સભર હાસ્ય સાથે ભૃકુટિના સંકેત મળતાં આ શક્તિશાળી કામદેવ મને પીડી રહ્યો છે. તેથી સુન્દરી, હવે તારે મારા ઉપર કૃપા કરવી જોઈએ ।।૩૦।।

હે સુન્દર હાસ્યવાળી! સુન્દર ભ્રુકુટિ અને સુઘડ નેત્રોથી સુશોભિત તારું મુખકમલ આ લાંબી-લાંબી અલક લટોથી ઘેરાયેલો છે. તારા મુખમાંથી નીકળેલ વાક્ય મધઝરંતા અને મનહરંતા છે. પણ એ મુખ તો લજ્જાને લીધે મારા તરફ તો ફરતું જ નથી. જરા ઊંચું કરી તારાં આ સુન્દર મુખડાંની મને ઝાંખી તો કરાવ ।।૩૧।।

**નારદજીએ કહ્યું** : એ પ્રમાણે અધીરની પેઠે પુરંજન રાજાને માગણી કરતો જોઈ એમાં મોહ પામેલી એ સ્ત્રી હાસ્ય સાથે સત્કાર કરીને બોલીઃ ।।૩૨।।

''હે પુરુષોમાં ઉત્તમ! અમને અને તમને બન્નેને જેણે ઉત્પન્ન કરેલ છે અને જેણે આપણાં નામ પડ્યા છે અને વંશ સ્થાપ્યો છે તેનો અમને પૂરો પતો નથી ।।૩૩।।

હે વીર! મને એટલી જ ખબર છે કે હમણાં હું અહીં છું. તે સિવાય મને કંઈ ખબર નથી. આપણા રહેવામાટે આ નગરી કોણે બનાવી એની પણ ખબર નથી ।।૩૪।।

હે માનદ! આ પુરુષો મારા સખા છે અને સ્ત્રીઓ મારી સખીઓ છે. હું સૂઈ રહું છું ત્યારે આ નાગ જાગતો રહી આ નગરીની ચોકી કર્યા કરે છે ।।૩૫।।

હે શત્રુઓને મારનાર રાજા! આપ અહીં આવ્યા એ મારેમાટે સૌભાગ્યની વાત છે. આપને વિષય ભોગોની ઈચ્છા છે તે સઘળાં સુખ હું અને મારા સાથીઓ આપને આપીશું ।।૩૬।।

આપ આ નવ દરવાજાવાળી નગરીમાં મારી સાથે રહો અને હું આપને જે વિષયસુખો આપું તે વર્ષો * સુધી ભોગવો ।।૩૭।।

**વિશેષ :** મનુષ્ય શરીરના આયુષ્યનું પ્રમાણ સો વર્ષનું છે. તેથી સો વર્ષ સુધી સુખ ભોગવવાનું કહ્યું છે.

આપના સિવાય ભલા બીજા ક્યા પુરુષની સાથે હું રમણ કરીશ? બીજા પુરુષો તો રતિસુખને જાણતા નથી; [1]શાસ્ત્રો જેને મંજૂર કરે છે તેવાં સુખનો પણ ત્યાગ કરી બેઠા છે; [2]નથી તેઓ [3]અપરલોકનો વિચાર કરતા; આવતી કાલે શું થશે એનું પણ ધ્યાન રાખતા નથી [4]તેથી તેઓ પશુ જેવા [5] છે ।।૩૮।।

**વિશેષ :** ૧. નૈષ્ઠિક બ્રહ્મચારીઓને સ્ત્રી સમ્બન્ધી સુખની ખબર જ હોતી નથી. ૨. સન્ન્યાસીઓને વિષયસુખનો ત્યાગ કરનારા સમજવા. ૩. નર્યા કામી પુરુષોને પરલોકની ચિન્તા જ હોતી નથી. ૪. વૈરાગ્યવાળાઓને આ લોકની ચિન્તા હોતી નથી. ૫. મૂર્ખ લોકોને પશુ જેવા સમજવા કેમકે એમને આ લોકની કે પરલોકની કાંઈ પણ ચિન્તા હોતી નથી.

આ ગૃહસ્થાશ્રમથી ધર્મ, અર્થ, કામ, પુત્રાદિ સુખ, મોક્ષ, સુયશ અને સ્વર્ગાદિ દિવ્ય લોકની પ્રાપ્તિ થાય છે. સંસારત્યાગી યતિજન* તો આ બધાંની કલ્પના પણ નથી કરી શકતા ।।૩૯।।

**વિશેષ :** સન્ન્યાસીઓને બ્રહ્મજ્ઞાનને લીધે મોક્ષ જ મળવાનો તેથી એઓને બીજા લોકની પ્રાપ્તિ થતી નથી.

મહાપુરુષોનું કહેવું છે કે આ સંસારમાં પિતૃ, દેવતા, ઋષિ, મનુષ્યો, બીજાં પ્રાણીઓ અને પોતાના કલ્યાણનો આશ્રય હોય તો તે ગૃહસ્થાશ્રમ જ છે ।।૪૦।।

હે વીર! આપના જેવો વિખ્યાત, ઉદાર, સુન્દર પતિ મળતો હોય તો મારા જેવી

કઈ સ્રી ન વરે? ।।૪૧।।

હે દીર્ઘબાહુ! દયાને લીધે મન્દ-મન્દ હાસ્યવડે અનાથ લોકોની પીડા મટાડવા સારું જ આપ સર્વ ઠેકાણે ફરો છો. આપના સર્પ જેવા સુકોમલ ગોળાકાર હાથમાં કઈ સ્રીનું મન ન લલચાય?'' ।।૪૨।।

**નારદજીએ કહ્યું** : હે પ્રાચીનબર્હિ રાજા! એ પ્રમાણે એ સ્રીપુરુષે એકબીજાની વાતનું સમર્થન કરીને એ પુરીમાં પ્રવેશ કરી સો વર્ષ સુધી મોઝમજા માણી ।।૪૩।।

પુરંજન રાજાની કીર્તિને ઠેકાણે-ઠેકાણે ગવૈયા ગાતા હતા.[૧] ઘણી સ્રીઓથી વીંટાઈને ઉનાળામાં[૨] એ તળાવમાં જલક્રીડા કરતો. જુદા-જુદા દેશોમાં જવાને એ નગરીમાં સાત દરવાજા ઉપર અને બે નીચે હતા.[૩] એ નગરનો જે કોઈ રાજા થતો તેને જુદા-જુદા દેશોમાં જવામાટે એ દરવાજા બનાવવામાં આવ્યા હતાં. હે રાજા! પાંચ, દરવાજા પૂર્વ તરફ એક દક્ષિણ તરફ એક ઉત્તર તરફ અને બે પશ્ચિમ તરફ હતા. તેનો ખરો માલિક [૪]કોણ છે એ બરાબર જાણવામાં આવતો ન હતો ।।૪૪-૪૫।।

**વિશેષ** : ૧. આમાં સંક્ષેપથી જાગ્રત અવસ્થા કહી છે. ૨. તળાવમાં પેસતો એટલે સુષુપ્તિ અવસ્થા પામેલો એમ કહેવાનું છે. ૩. આમાં જાગ્રત અવસ્થાનું વિસ્તારથી વર્ણન આવે છે. ૪. આ શરીરનો ખરો માલિક આત્મા તે બરાબર જાણવામાં આવતો નથી; કેમકે અનાત્મ પદાર્થોને આત્મા માનવામાં આવે છે.

હું એનાં નામ તારી પાસે કહું છું. ખદ્યોતા [૧]અને અવિર્મુખી [૨]એ નામના બે દરવાજા પૂર્વ તરફ એક જ સ્થળે રચેલા હતા. એ દરવાજાઓથી પુરંજન રાજા વિભ્રાજિત [૩]દેશમાં જતો તે વખતે દ્યુમાન [૪]નામનો એક મિત્ર એની સાથે રહેતો ।।૪૬-૪૭।।

**વિશેષ** : ૧. ખદ્યોતા એટલે ડાબી આંખ કેમકે તેનો ખદ્યોત એટલે પતંગિયાની પેઠે થોડો પ્રકાશ છે. ૨. આવિર્મુખી એટલે જમણી આંખ કેમકે એનું મોઢું પ્રકટ છે એટલે પ્રકાશ ઝાઝો છે, ડાબા અંગ કરતાં જમણાં અંગમાં શક્તિ વધારે હોય છે એમ વેદમાં લખ્યું છે અને આપણા અનુભવમાં પણ આવે છે. ૩. વિભ્રાજિત દેશરૂપ. ૪. દ્યુમાન એટલે અસુઇન્દ્રિય.

નલિની[૧] અને નાલિનીર નામના બે દરવાજા ઉગમણી તરફ હતા તેનાથી પુરંજન રાજા સૌરભ[૩] દેશમાં જતો ।।૪૮।।

**વિશેષ** : ૧. નલિની એટલે ડાબું નાક. ૨. નાલિની એટલે જમણું નાક. નાક નળીઓ જેવાં

હોય છે તેથી નલિની અને નાલિની એવાં નામ આપ્યાં છે. ૩.સૌરભ દેશ એટલે ગન્ધ.

તે વખતે અવધૂત[૧] નામનો એક મિત્ર એની સાથે રહેતો. એ નગરીને મુખ્યા[૨] નામનો પાંચમો દરવાજો હતો તે પણ ઉગમણી દિશામાં હતો. તે દરવાજેથી એ પુરીનો રાજા પુરંજન આપણ[૩] અને બહૂદન[૪] નામના દેશમાં જતા. જ્યારે એ આપણ દેશમાં જતો ત્યારે વિપણ[૫] નામનો મિત્ર એની સાથે રહેતો અને જ્યારે બહૂદન નામના દેશમાં જતો ત્યારે રસજ્ઞ[૬] નામનો મિત્ર એની સાથે રહેતો ।।૪૯।।

**વિશેષ** : ૧.અવધૂત એટલે ઘ્રાણઈન્દ્રિય. ૨. મુખ્યા એટલે મોઢું. ૩. આપણ દેશ એટલે ભાષણ. ૪. બહૂદન દેશ એટલે અનેક પ્રકારનું અન્ન. ૫. વિપણ એટલે વાણી ઈન્દ્રિય. ૬.રસજ્ઞ એટલે રસના (જિહ્વા) ઈન્દ્રિય.

હે પ્રાચીનબર્હિ રાજા! એ નગરીમાં દક્ષિણ તરફ પિતૃહ્[૧] નામનો દરવાજો હતો તે દરવાજેથી પુરંજન રાજા દક્ષિણ પંચાળ[૨] નામના દેશમાં જતો; તે વખતે શ્રુતિધર[૩] નામનો મિત્ર એની સાથે રહેતો. એમાં ઉત્તર તરફનો દેવહૂ[૪] દરવાજો હતો તે દરવાજેથી એ ઉત્તર પંચાળ[૫] દેશમાં જતો; તે વખતે પણ શ્રુતિધર[૬] મિત્ર એની સાથે રહેતો. એ નગરીમાં આથમણી બાજૂએ આસુરી[૭] નામનો દરવાજો હતો તે દરવાજેથી પુરંજન રાજા ગ્રામક નામના દેશમાં[૮] જતો; તે વખતે એની સાથે દુર્મદ[૯] નામનો એક મિત્ર રહેતો ।।૫૦-૫૨।।

**વિશેષ** : ૧. પિતૃહ્ જમણો કાન. એ કાન બળવાન છે અને શાસ્ત્રોમાં પ્રથમ સાંભળવાનું કર્મકાંડશાસ્ત્ર છે તેથી એનું શ્રવણ જમણા કાનથી થતાં એ શાસ્ત્રોમાં લખેલાં કર્મ કરે તેથી પિતૃલોકની પ્રાપ્તિ થાય છે. અને એ લોકમાં જતાં પિતૃઓ બોલાવવા આવે છે એટલી બધી વાત મનમાં રાખી જમણા કાનનું પિતૃહૂ એવું નામ આપ્યું છે. ૨. દક્ષિણ પંચાળ દેશ એટલે પ્રવૃત્તિમાર્ગવાળું કર્મકાંડ વગેરેનું શાસ્ત્ર. તેમાં જાય છે એટલે એ વિષય સાંભળે છે. એવા શાસ્ત્રોમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પાંચ પ્રકારના વિષયોનું સારી રીતે નિરૂપણ કરેલું હોય છે અને જમણા કાનથી એટલે રુચિપૂર્વક સંભળાય છે એથી તેનું દક્ષિણ પંચાળ એવું નામ આપ્યું છે. ૩. શ્રુતિધર એટલે શબ્દ સાંભળનાર શ્રોત્ર ઈન્દ્રિય. ૪. દેવહૂ એટલે ડાબો કાન કેમકે ડાબા કાનની શક્તિ ઓછી છે અને શાસ્ત્રોમાં છેલ્લે સાંભળવાનું નિવૃત્તિ શાસ્ત્ર એટલે નિવૃત્તિમાર્ગમાં રુચિ કરાવનારું વેદાન્તશાસ્ત્ર છે; તેથી એનું શ્રવણ ડાબા કાનથી એટલે પ્રથમ અરુચિથી થાય અને એ થતાં એ શાસ્ત્રોમાં લખ્યા પ્રમાણે જ્ઞાનનાં સાધન કરવા લાગે તે જો કાચાં રહી જાય તો મોક્ષની પ્રાપ્તિ ન થતાં ઉત્તમોત્તમ દેવલોકની પ્રાપ્તિ થાય છે અને એ લોકમાં જતા દેવો સામા બોલાવવા આવે છે. એટલી બધી વાત મનમાં

રાખી ડાબા કાનનું દેવહૂ એવું નામ આપ્યું છે. ૫. ઉત્તર પંચાળ એટલે નિવૃત્તિમાર્ગનું શાસ્ત્ર. ૬. શ્રોત્ર ઈન્દ્રિય. ૭.આસુરી એટલે લિંગદ્વાર. કેમકે આસુર એટલે કામી પુરુષોની સાથે તે વધારે સમ્બન્ધ રાખે છે. ૮. ગ્રામક એટલે ગામમાં રહેનારા લોકોનું મૈથુન સુખ. ૯. દુર્મક એટલે મદોન્મત્ત થઈ જતી શિશ્ન ઈન્દ્રિય.

એમાં આથમણી બાજૂએ નિર્ઋતિ[1] નામનો એક બીજો દરવાજો હતો તે દરવાજે થઈને પુરંજન રાજા વૈશસ[2] નામના દેશમાં જતો; તે વખતે એની સાથે લુબ્ધક[3] નામનો મિત્ર રહેતો ।।૫૩।।

**વિશેષ :** ૧. નિર્ઋતિ એવું મૃત્યુનું નામ છે અને ગુદા મૃત્યુનું દ્વાર છે તેથી. ૨. મળત્યાગ. ૩.લુબ્ધક એવું પારધીનું નામ છે અને ગુદામાંથી પાયુ ઈન્દ્રિય પણ પારધી જેવી છે કેમકે ત્યાંથી પ્રાણ નીકળી જે માણસ મરણ પામ્યો હોય તેને મહાન દુઃખ થાય છે અને તેથી જ પાયુને લુબ્ધક નામ આપ્યું છે.

આ નગરના નાગરિકોમાં નિર્વાક્[1] અને પેશસ્કૃત્[2] નામના બે નાગરિક અન્ધ[3] હતા. રાજા પુરંજન આંખવાળા, નાગરિકોનો અધિપતિ હોવા છતાં આ બે અન્ધ નાગરિકની સહાયથી બધે સ્થળે જતો અને બધી જાતનાં કાર્ય કરતો હતો ।।૫૪।।

**વિશેષ :** ૧. નિર્વાક્ એટલે પગ. ૨. પેશસ્કૃત્ એટલે હાથ કેમકે પેશસ્ એટલે સારી કારીગરી તેનો કૃત્ એટલે કરનાર છે. ૩. પગ અને હાથમાં છિદ્ર નથી તેથી એમને કમાડ ભીડેલા દરવાજા કહ્યા છે.

એ રાજા વિષૂચીન[1] નામના એક પ્રધાન સેવકને સાથે લઈ જ્યારે જનાનામાં જતો ત્યારે એને સ્ત્રી[2] અને પુત્રોને[3] લીધે થતા મોહ,[4] પ્રસન્નતા[5] અને હરખનો[6] અનુભવ થતો ।।૫૫।।

**વિશેષ :** ૧. વિષૂચીન એટલે ચારે કોરે ફરતું મન. ૨. બુદ્ધિ. ૩. ઈન્દ્રિયોનાં પરિણામ. ૪.તમોગુણનું કાર્ય. ૫. સત્ત્વગુણનું કાર્ય. ૬. રજોગુણનું કાર્ય.

એ પ્રમાણે અનેકવિધ કર્મ કરવામાં ફસાએલો, વિષયોમાં લાલચુ, છેતરાઈ ગયેલો અને મૂર્ખ પુરંજન રાજા[1] પોતાની સ્ત્રીની[2] મરજી પ્રમાણે જ નાચવા લાગ્યો ।।૫૬।।

**વિશેષ :** ૧. જીવ. ૨. સ્ત્રી એટલે બુદ્ધિની મરજી પ્રમાણે ચાલ્યો. આમાં એમ સમજવાનું છે કે જીવ વાસ્તવિક રીતે પોતે અકર્તા છે, તો પણ બુદ્ધિના અધ્યાસથી પોતામાં જે કર્તાપણું માની બેસે છે તેથી બુદ્ધિને દુઃખ થયું હોય તો હું દુઃખી છું એમ માને છે; અને બુદ્ધિને સુખ થયું હોય તો હું સુખી છું એમ માને છે; ઈત્યાદિ.

જ્યારે એ સ્ત્રી મદિરા પીએ ત્યારે પોતે પણ મદિરા પીતો અને નશાથી ચકચૂર થઈ જતો જ્યારે તે જમતી ત્યારે તે પણ જમતો* ।।૫૭।।

**વિશેષ** : દાળભાત વગેરેનું કહેવાય અને દાળિયા વગેરેનું ખાવું કહેવાય.

એવી જ રીતે એ સ્ત્રી ગાવા બેસતી તો પોતે પણ ગાતો એ રોતી તો પોતે પણ રોવા લાગતો, હસતી તો હસતો, બોલતી તો બોલતો ।।૫૮।।

દોડતી તો દોડતો, ઊભી રહેતી તો ઊભો રહેતો; તે સૂતી તો પોતે પણ તેની સાથે જ સૂઈ જતો; અને બેસતી તો બેસતો ।।૫૯।।

ક્યારેક એ સાંભળતી ત્યારે પણ સાંભળતો, જોતી ત્યારે જોતો, સુંઘતી ત્યારે સુંઘતો, કોઈ ચીજનો તે સ્પર્શ કરતી ત્યારે તે પણ સ્પર્શ કરતો ।।૬૦।।

ક્યારેક તે શોક કરતી ત્યારે રાંકની પેઠે પોતે પણ શોકથી અત્યન્ત દીનની જેમ વ્યાકુલ થઈ જતો; તે પ્રસન્ન થતી ત્યારે તે પણ પ્રકુલ્લિત થઈ જતો ।।૬૧।।

**વિપ્રલબ્ધો મહિષ્યૈવં સર્વપ્રકૃતિવંચિતઃ ।।**
**નેચ્છન્નનુકરોત્યજ્ઞઃ કલૈબ્યાત્ક્રીડામૃગો યથા ।।૬૨।।**

રાજા પુરંજન (આ પ્રમાણે) પોતાની સુન્દરી રાણીદ્વારા ઠગાઈ ગયો. એ પોતાના સારા સ્વભાવને* ખોઈ બેઠો અને એવી રીતે મૂર્ખ પુરંજન રાજા વિવશ થઈને પોતાની ઈચ્છા ન હોવા છતાં ખેલને માટે ઘેરે પાળેલા વાનરની માફક સ્ત્રીનું અનુકરણ કરતો રહ્યો ।।૬૨।।

**વિશેષ** : નિર્લેપપણું, શુદ્ધપણું અને નિર્વિકારપણું વગેરે જે પોતાના સ્વભાવ છે તે દેહ અને બુદ્ધિ વગેરે જડ પદાર્થના અધ્યાસથી ખોઈ બેસે છે. વાસ્તવિક રીતે જીવ પરમાત્માનો અંશ છે તેથી એના સ્વરૂપમાં કાંઈ પણ ફેરફાર થતો નથી, તો પણ કલ્પિત અજ્ઞાનથી પોતાનામાં સઘળી વિપરીતતા માને છે. વાસ્તવિક રીતે બન્યું હોય તો એનો નાશ ક્રિયાથી થાય પણ અજ્ઞાનથી માની લીધું હોય તેનો નાશ જ્ઞાનથી થાયઃએટલે જીવ જો **અહં બ્રહ્માસ્મિ** (હું બ્રહ્મનો અભિન્ન-અંશ છું) એવું યથાર્થ રીતે સમજે તો ક્ષણ માત્રમાં સઘળી વિપરીતતા મટી જાય છે એમ શાસ્ત્રકારોનો સિદ્ધાન્ત છે.

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં પુરંજન ઉપાખ્યાનમાં (ચોથા મોક્ષ પ્રકરણમાં જાગ્રદાદિ અવસ્થા નિરૂપણ નામનો બીજો) ''પુરંજન આખ્યાન'' નામનો પચીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨૬

## પુરંજનની સાંસારિક સ્થિતિનું ચિત્ર

**વિશેષ :** આ છવીશમાં અધ્યાયમાં કિંચિત્ પ્રૌઢની સ્વપન અવસ્થાનું નિરૂપણ કરવામાં આવશે.

**સ એકદા મહેષ્વાસો રથં પંચાશ્વમાશુગમ્।**
**દ્વીપં દ્વિચક્રમેકાક્ષં ત્રિવેણું પંચબન્ધુરમ્ ।।૧।।**

**નારદજીએ[1] કહ્યું :** રાજન્! એક દિવસ રાજા પુરંજન પોતાનું વિશાળ ધનુષ[2], સોનાનું[3] કવચ અને અક્ષય ભાથો[4] લઈ પોતાના દશ સિપાઈઓ[5] અને અગિયારમા સેનાપતિ[6] સાથે પાંચ[7] ઘોડાના ઉતાવળથી[8] ચાલતા સોનાના સાજવાળા[9] રથમાં બેસી પંચપ્રસ્થ[10] નામના વનમાં ગયો એ રથમાં બે ડાંડા[11] **(ઈષા દંડ સં, બમ્બ હિં.)** બે પૈડાં[12], એક ધરી[13], ત્રણ ધ્વજ દંડ[14], પાંચ દોરી[15], એક લગામ[16], એક સારથિ[17], બેસવાનું એક આસન[18], ધુંસરી બાન્ધવાનાં બે સ્થાન[19], પાંચ આયુધ[20] અને સાત આવરણ[21] હતાં, પાંચ પ્રકારની એની ચાલ[22] હતી અને એનો બધો સાજ સોનેરી હતો ।।૧-૩।।

**વિશેષ :** ૧.એ પ્રમાણે આત્માને ઉપાધિને લીધે સુષુપ્તિ અને જાગ્રત અવસ્થાનું વર્ણન આપી હવે સ્વપ્ન અવસ્થાનું વર્ણન આપેછે. ૨.હું જ કર્તા છું, એવો અભિનિવેશ ૩. રજોગુણ. ૪.અખૂટ ભાથો એટલે અનન્તવાસનાથી ભરેલો અહંકાર. ૫.ઈન્દ્રિયો. ૬.મનને લગામરૂપ ગણેલ છે તે વાસનામય મન સમજવું; અને આ જમાદારરૂપે કહ્યું તે સંકલ્પવિકલ્પરૂપસમજવું. ૭.પાંચ જ્ઞાનેન્દ્રિય. ૮.સ્વપનનો દેહ જાગ્રતના દેહની પેઠે ઘણી વાર રહેતો નથી તેથી ઉતાવળો ચાલનાર કહ્યો છે. ૯.રથ એટલે સ્વપન અવસ્થાના દેહને સોનાના સામાનવાળો એટલામાટે કે સોના જેવા રજોગુણથી થયેલા પદાર્થોથી ભરેલો છે. ૧૦.પંચ-પ્રસ્થવાન એટલે પર્વતનાં શિખર જેવા શબ્દ વગેરે પાંચ વિષયોવાળી જગ્યા. ૧૧.અહન્તા-મમતા. ૧૨.પુણ્ય અને પાપ. ૧૩.માયા અથવા ભગવાન્‌ની શક્તિ. ૧૪.સત્ત્વ, રજ અને તમ. ૧૫.પાંચ પ્રાણ. ૧૬. મન ૧૭. બુદ્ધિ ૧૮. હૃદય ૧૯. શોક-મોહ. ૨૦.શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પાંચ વિષય. ૨૧.ચામડી, માંસ, લોહી, મેદ, ચરબી, હાડકાં અને વીર્ય એ સાથ ધાતુઓ. ૨૨. હાથ, પગ, વાણી, શિશ્ન અને ગુદા એ પાંચ કર્મેન્દ્રિયો.

ધનુષ-બાણથી સજ્જ થયેલા એ અભિમાની પુરંજન રાજાએ ત્યાગ કરવા

યોગ્ય ન હતી તેવી પોતાની રાણીનો ત્યાગ કર્યો અને મૃગોને મારવાની ઘણી ઉત્કંઠા થવાથી વનમાં જઈ શિકાર કરવા લાગ્યો. ક્રૂર અને નિર્દય રાજાએ આસુરી વૃત્તિથી સજાવેલાં બાણોવડે વગડામાં જનાવરોને મારી નાખ્યાં ।।૪-૫।।

જેની માંસમાં અત્યન્ત આસક્તિ હોય તે રાજા* ફક્ત શાસ્ત્ર પ્રદર્શિત કર્મોને માટે વનમાં જઈ જરૂર પ્રમાણે અનિષિદ્ધ પશુઓનો વધ કરે; વ્યર્થ પશુ-હિંસા ન કરે. શાસ્ત્રો આ પ્રમાણે ઉચ્છૃંખલ પ્રવૃત્તિ ઉપર લગામને તંગ રાખે છે, છુટોદોર નથી આપતાં ।।૬।।

**વિશેષ :** કલ્પિત ઈતિહાસની વાત કરતાં વચમાં પ્રસંગ આવવાથી ઉપદેશના સારુ થોડા શાસ્ત્રના નિયમ સમ્બન્ધી વાત પણ કરી લે છે. એ એવી રીતે કે જો જનાવર મારવામાં બહુ જ પ્રીતિ હોય તો શ્રાદ્ધ વગેરે પ્રસંગે જ મારવાં તેમાં પણ પ્રખ્યાત શ્રાદ્ધાદિકમાં મારવાં પણ નિત્ય શ્રાદ્ધ વગેરેમાં નહિ; એ પણ રાજાએ જ મારવાં પણ બીજા કોઈએ ન મારવાં; એ સઘળાં જાનવરોને નહિ પણ જેમનું માંસ ધર્મશાસ્ત્રમાં પવિત્ર ગણ્યું છે તેમને જ મારવાં; અને એ પણ વગડામાં જ પણ બીજે ઠેકાણે નહિ; અને એમાં પણ જેટલાનો ઉપયોગ હોય તેટલાં જ પણ તે કરતાં વધારે નહિ. આવી રીતે છ નિયમોથી શાસ્ત્રોમાં હિંસાનો કેટલોક સંકોચ જ કર્યો છે માટે હિંસા કરવાની આજ્ઞા આપી છે એમ સમજવું નહિ. જે છોકરાનું મન રમતમાં બહુ લાગેલું હોય તેને એકદમ રમતમાંથી બિલકુલ અટકાવીએ તો એમાંથી સારું પરિણામ આવે નહિ. પણ જો "તારે રમવું હોય તો આટલો પાઠ તૈયાર કર્યા પછી રમજે" અને રમજે તે પણ સારા છોકરાની સાથે જ. તેમાં અમુક વખતે જ રમજે એવી કેટલીક શિસ્ત પળાવીએ તો છોકરો કેટલેક દિવસે જાતે જ રમત કરવી મૂકી દે. એ પ્રમાણે શાસ્ત્ર જો લોકોને એકદમ હિંસાથી અટકાવત તો લોકો માનત નહિ અને એમાંથી સારું પરિણામ નીપજે નહિ; એટલામાટે શાસ્ત્રે કેટલાક નિયમ લખી હિંસામાં સંકોચ નાખ્યો છે કે જેથી લોકો કેટલેક દિવસે પોતાની મેળે જ હિંસા કરતા અટકે. ઉપર જણાવેલા છ નિયમોને વિષય ભોગવવામાં પણ લાગુ પાડી શકાય છે. એ એવી રીતે કે મૈથુન કરવામાં જ બહુ જ પ્રીતિ હોય તો સ્ત્રી સાથે જ મૈથુન કરવું તેમાં પણ અમુક દિવસોમાં જ પણ શ્રાદ્ધ વગેરેના દિવસોમાં નહિ. એ પણ ગૃહસ્થાશ્રમવાળાએ પણ સન્ન્યાસી વગેરેએ નહિ. સ્ત્રી સાથે કરવું તે પણ પોતાની પરણેલી સાથે જ, બીજી સાથે નહિ. એ પણ રાત્રિમાં જ પણ દિવસે નહિ; અને એમાં પણ પ્રજા ઉત્પન્ન થાય ત્યાં સુધી પણ જીવતાં સુધી નહિ. આવી રીતે ખાનપાન વગેરેમાં પણ યોગ્ય કલ્પના કરી લેવી.

હે રાજેન્દ્ર! જેમ હિંસામાં તેમ બીજાં કર્મોમાં પણ શાસ્ત્રોએ તો નિયમ કર્યા છે.

એ નિયમો સમજી જે માણસ નિયમસર કર્મ કરે તે માણસને જ્ઞાન થાય છે અને જ્ઞાન થતાં એ કોઈપણ પ્રકારનાં કર્મથી લિપ્ત થતો નથી ।।૭।।

નિયમોનું ઉલ્લંઘન કરી કર્મ કરે તો અન્તઃકરણ શુદ્ધ થાય નહિ. એ શુદ્ધ નહિ થવાથી ''હું કર્તા છું'' એવું અભિમાન થાય છે. અભિમાન થતાં બુદ્ધિ નાશ પામે છે અને બુદ્ધિ નાશ પામતાં જન્મમરણના પ્રવાહમાં પડી અધમ યોનિઓમાં જન્મ થાય છે ।।૮।।

એ* વનમાં વિચિત્ર પાંખવાળા બાણોથી કપાઈ મરતાં અને ટળવળતાં પ્રાણીઓનો એવો નાશ થયો કે દયાળુ પુરુષોથી તે સહન થઈ શક્યું નહિ ।।૯।।

**વિશેષ :** પ્રસંગમાં આવેલી વાત પૂરી કરી પાછી પુરંજનના ઇતિહાસ સમ્બન્ધી વાત ચલાવે છે.

સસલાં, સુવર, પાડા, રોઝ, મૃગ, શેળા અને બીજાં અનેક પવિત્ર* પ્રાણીઓને મારતાં-મારતાં પુરંજન રાજા થાકીને લોથપોથ થઈ ગયો ।।૧૦।।

**વિશેષ :** જેમનું માંસ ધર્મશાસ્ત્રોમાં પવિત્ર ગણેલું છે તે પશુઓ.

પછી* ભૂખ, તૃષા અને થાકથી કંટાળેલો રાજા ત્યાંથી પાછો ફરી ઘેર આવ્યો અને સ્નાન અને ભોજનથી પરવારી આરામ કરી થાક દૂર કર્યો. નિદ્રાથી એનો પરિશ્રમ મટી ગયો અને પછી જાગીને એણે ધૂપ, ચન્દન તથા માળા વગેરેથી એના શરીરને સુગન્ધી અને સુશોભિત કર્યું અને પછી એણે પોતાની સ્ત્રી પાસે જવાનું મન કર્યું ।।૧૧-૧૨।।

**વિશેષ :** ઉપર પ્રમાણે સ્વપન અવસ્થાનું વર્ણન કર્યું; હવે પાછો જાગ્રતમાં આવી વિવેકવાળી બુદ્ધિની સાથે રમણ કરતાં એને પુત્ર વગેરે સન્તતિ થયાનું વર્ણન આપવાનું છે તે પ્રસંગમાં વાતને ઉઠાવ અને ઓપ આપવાના આશયથી રાણી રિસાયાનું અને પુરંજને કાલાવાલા કરીને પાછી મનાવવાનું વર્ણન આપે છે.

એ ભોજનાદિથી તૃપ્તિ પામેલા, હૃદયમાં પ્રસન્ન થયેલા અને મદથી અભિમાનવાળા પુરંજન રાજાનું મન કામદેવે ખળભળાવી મૂક્યું હતું. તેથી એ રાણીવાસમાં ગયો તો ત્યાં ગૃહસ્થાશ્રમ ચલાવનારી એની સુન્દરી ભાર્યા જોવામાં આવી નહિ ।।૧૩।।

હે પ્રાચીનબર્હિ રાજા! કંઈક ગમગીન થઈ તેણે રાણીવાસની સ્ત્રીઓને પૂછ્યુંઃતમારી સ્વામિની સાથે તમે પહેલાંની માફક કુશળ તો છો ને? ।।૧૪।।

શા કારણથી આજે આ ઘરની સમૃદ્ધિ પહેલાંના જેટલી સોહાવની નથી

લાગતી? જે ઘરમાં માતા અથવા પતિવ્રતા પત્ની ન હોય તે ઘર પૈડાં વગરના રથ જેવું જ છે. એવા ઘરમાં રાંકની પેઠે ક્યો સમજુ પુરુષ બેસી રહે? ।।૧૫।।

એ મારી પ્યારી સ્ત્રીએ મને ડગલે અને પગલે મારી વિવેક-બુદ્ધિને જાગ્રત કરી મને દુઃખરૂપી સમુદ્રમાં ડૂબતાં બચાવ્યો છે, તો એ ક્યાં છે? ।।૧૬।।

**સખીઓએ કહ્યું** : હે નરનાથ! આપની પ્યારીએ શું કરવા ધાર્યું છે એની અમને ખબર નથી પણ હે શત્રુદમન! એ પથારી વગર ભોંય પર પડેલી છે તે આપ જુઓ ।।૧૭।।

**નારદજીએ કહ્યું** : સ્ત્રીની આસક્તિથી રાજાના વિવેકે વિદાય લઈ લીધેલી હતી. તેણે પોતાની રાણીને બેહાલ અવસ્થામાં ધરતી પર પડેલી જોઈને એ બહુ જ ખેદ પામ્યો ।।૧૮।।

તેણે દુઃખી દિલથી અને મધુર વાણીથી તેની સાંત્વના કરવા માંડી પણ પોતાની પ્રિયતમમાં પોતાના પ્રત્યે પ્રણયકોપનું કોઈ ચિહ્ન તેને જણાયું નહિ ।।૧૯।।

પછી મનાવવામાં ચતુર પુરંજન રાજા એને ધીરે-ધીરે સમજાવવા લાગ્યો. એને પોતાના ખોળામાં લઈ એના પગ ચાંપતાં એ બોલ્યો : ।।૨૦।।

સુન્દરી! સેવકો વાંકમાં આવે ત્યારે સ્વામીએ એમના પોતાના ગણી શિખામણને સારું દંડ દેવો જ જોઈએ. જો દંડ ન દે તો એ સેવકો ભાગ્યહીન છે એમ સમજવું ।।૨૧।।

સ્વામી સેવકોને દંડ દે એ એણે મોટો અનુગ્રહ કર્યો એમ સમજવું. માલિક શિક્ષા કરે અને ચાકર મનમાં કચવાઈને રીસ કરે તો એને મૂર્ખ જાણવો કેમકે શિક્ષા કરી માલિકે હિતેચ્છુનું કામ કર્યું છે એવું એ સમજતો નથી ।।૨૨।।

મોહક દન્તપંક્તિ અને મનોહર ભમ્મરથી શોભીતી તરંગી સ્ત્રી. હવે આ ક્રોધને દૂર કર અને એકવાર મને પોતાનો સમજી પ્રણય ભાર તથા લજ્જાથી ઝૂકેલાં અને મધુર હાસ્યયુક્ત દષ્ટિથી સુશોભિત તારાં મુખડાંની ઝાંખી કરાવી દે. ઓહો! ભ્રમરપંક્તિના જેવી કાળી અલકાવલી, ઉન્નત નાસિકા અને સુમધુર વાણીને લીધે તારું એ મુખકમલ કેવું મોહક લાગે છે? ।।૨૩।।

વીરપત્ની! બ્રાહ્મણ સિવાય બીજા કોઈએ પણ તારો અપરાધ કર્યો હોય તો મને બતાવ તો હું એને હમણાં જ દંડ દઉં. મને તો ત્રણલોકમાં અથવા તેનાથી બહાર, ભગવાન્‌ના ભક્ત સિવાય એવો કોઈ જ દેખાતો નથી જે તારો અપરાધ કરી

નિર્ભય અને સુખચેનથી રહી શકે ।।૨૪।।

પ્રિયે! મેં આજ સુધી તારું મુખ ક્યારેય ચાંદલા વગરનું, ઉદાસ, કરમાયેલું, ક્રોધને લીધે, ડરામણું, કાન્તિહીન અને સ્નેહશૂન્ય જોયું નથી અને કદી તારાં સુન્દર સ્તનોને શોકાશ્રુઓથી ભીંજાએલાં તથા ઘોલાં જેવો અધર અને સ્નિગ્ધ કેસરની લાલી વિહોણા જોયા નથી ।।૨૫।।

**તન્મે પ્રસીદ સુહૃદઃ કૃતકિલ્બિષસ્ય સ્વૈરં ગતસ્ય મૃગયાં વ્યસનાતુરસ્ય ।।**
**કા દેવરં વશગતં કુસુમાસ્ત્રવેગ વિસ્રસ્તપૌસ્નમુશતી ન ભજેત કૃત્યે ।।૨૬।।**

તને પૂછ્યા વિના વ્યસનવશ હું શિકાર કરવા ચાલ્યો ગયો તેથી હું તારો ગુનેગાર છું એ ચોક્કસ. તો પણ પોતાનો જાણીને તું મારા ઉપર પ્રસન્ન થઈ જા. કામદેવથી અધીર થઈ જે હંમેશાં પોતાને અધીન રહેતો હોય એ પોતાના પ્રિય પતિને ઉચિત કાર્યમાટે ભલા કઈ કામિની સ્વીકાર ન કરે? ।।૨૬।।

**ઇતિ શ્રીભાગવત્ ચતુર્થ સ્કન્ધમાં પુરંજન ઉપાખ્યાનમાં**
**(ચોથા મોક્ષ પ્રકરણમાં સ્વપન અવસ્થા નિરૂપણ નામનો ત્રીજો)**
**''પુરંજનની સાંસારિક સ્થિતિનું ચિત્ર''નામનો છવીસમો અધ્યાય સમ્પૂર્ણ.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
ભગવત્કથાએદિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં

## અધ્યાય ૨૭

## પુરંજનનું પોતાના સ્વરૂપનું વીસરી જવું

**વિશેષ** : ૨૬મા અધ્યાયમાં સ્વપન અવસ્થાનું નિરૂપણ કરવામાં આવ્યું. હવે જરાજવરને કાલાદિનો સમ્બન્ધ દર્શાવીને વિનશ્યત્ દશાનું નિરૂપણ કરવામાં આવે છે. આવી દશા દેહાદિ વિષયમાં દઢ આસક્તિ થયા પછી થનારા, દેહ જ આત્મા છે એવી બુદ્ધિ થવાથી અને ઇન્દ્રિયમાં પરિણામ પામે ત્યારે ઇન્દ્રિયમાં પરિણામ પામેલી બુદ્ધિથી વૃત્તિના વિષય ભોગવડે સમ્પાદન કરવામાં આવે છે. અન્યથા દેહાદિમાં જેને આસક્તિ નથી એવા યોગનિષ્ઠને વૃદ્ધાવસ્થા વગેરેનો સમ્બન્ધ ન થાય.

## ઈત્થં પુરંજનં સમ્યગ્ વશમાનીય વિભ્રમૈઃ।
## પુરંજની મહારાજ રેમે રમયતી પતિમ્ ।।૧।।

**નારદજીએ કહ્યું :** *હે પ્રાચીનબર્હિ રાજા! એ પ્રમાણે પોતાના અનેક વિલાસથી રાણીએ પુરંજનને ખૂબ વશ બનાવી એને આનન્દિત કરતી એની સાથે વિહાર કરવા લાગી ।।૧।।

**વિશેષ :** સ્ત્રી પાસે કાલાવાલા કરી એને સમજાવવા વગેરે વાતના શણગારથી ''જીવ અત્યન્ત ઉપાધિને વશ થઈ ગયો'' એ વાત કરીને, હવે એ જીવને એ ઉપાધિ અને જન્મમરણ વગેરે થયાની વાત કહેવા સારુ નારદજી કહે છે. આ પ્રકરણમાં જો કે દરેક બાબત કોઈ-કોઈ રીતે જ્ઞાનપક્ષમાં પણ લગાડી શકાય એમ છે તો પણ ઓગણત્રીસમા અધ્યાયમાં નારદજી પોતે જ ખુલાસો આપશે તે ઉપરથી એમ જણાય છે કે, જીવને સ્ત્રીપુરુષની વાસનાઓ દઢ થઈ જવાથી વિચિત્ર પ્રકારના અવતાર આવે છે એટલું જ આ કથાનું તાત્પર્ય છે. તેમાં પ્રથમ ત્રણ અધ્યાયમાં પુરુષપણાથી જીવને સંસાર પ્રાપ્ત થવાનું કહ્યું છે અને પછી એક અધ્યાયમાં સ્ત્રીપણાથી સંસાર થવાનું દેખાડી છેલ્લે એને ઈશ્વરની કૃપાથી જ્ઞાન મળતાં મોક્ષ થયો એમ કહ્યું છે. ઓગણત્રીસમાં અધ્યાયમાં ખુલાસો આપ્યો છે તે પણ ઉપયોગ જેટલો જ આપ્યો છે તેથી દરેક પદની જ્ઞાનપક્ષમાં યોજના પ્રયોજન વિનાની છે એમ ધારીએ છીએ અને વળી એ મુશ્કેલ પણ છેઃ માટે લાંબી કડાકૂટમાં નહિ પડતાં અમે પણ જેટલું ઉપયોગનું છે તેટલાનો જ ખુલાસો આપીશું.

સ્નાનથી શુદ્ધ થયેલી તથા માંગલિક અલંકારોથી શોભતી અને ભોજનાદિથી તૃપ્ત થયેલી સુન્દર મુખવાળી એ રાણીને પોતાની પાસે આવતાં પુરંજન રાજાએ ઉમળકાભેર આવકારી ।।૨।।

આલિંગન કરતી એ રાણીને ગળે લગાવી એકાન્તમાં એના સુન્દર વચનોથી મોહિત બનેલો એ રાજા રાણીને જ સર્વસ્વ માનવા લાગ્યો અને એનામાં જ ચિત્ત લાગેલું રહેતું હોવાથી કાળના પ્રચંડ વેગથી દિવસ-રાત કેવી રીતે ચાલ્યાં જતાં હતાં એનું પણ એને ભાન રહ્યું નહિ ।।૩।।

મદથી છકેલો, મનસ્વી રાજા પુરંજન કીમતી શય્યામાં પ્યારીના હાથનું ઓશીકું કરી સૂઈ રહેતો. અજ્ઞાનને લીધે રાણીને જ પોતાના પરમ પુરુષાર્થરૂપ માનવા લાગ્યો અને પોતાના ખરા સ્વરૂપને (પરબ્રહ્મ) ભૂલી ગયો ।।૪।।

હે પ્રાચીનબર્હિ રાજા! એ પ્રમાણે નિરન્તર કામાતુર રહીને સાથે રમણ કરતાં-કરતાં પુરંજન રાજાની જુવાની અરધા ક્ષણની જેમ જતી રહી ।।૫।।

પુરંજને પોતાની રાણીમાં અગિયારસો પુત્રો (અગિયાર સો દીકરા એટલે અગિયાર ઇન્દ્રિયોનાં પરિણામો.) ઉત્પન્ન કર્યા તેટલામાં તો એનું અરધું આયુષ્ય પણ ચાલ્યું ગયું ।।૬।।

એને એકસો દશ(બુદ્ધિની વૃત્તિઓ. ગૃહસ્થાશ્રમની શોભા દેખાડવા સારું દીકરા ઘણા અને દીકરીઓ થોડી કહી છે) પુત્રીઓ પણ થઈ હતી. એ સઘળી કીર્તિ વધારનારી, શીલ, ઉદારતા અને ગુણવાળી હતી ।।૭।।

પંચાળ દેશનાં [૧]અધિપતિ પુરંજન રાજાએ પોતાનો વંશ વધારનાર દીકરાઓને બીજી સ્ત્રીઓ સાથે[૨] પરણાવ્યા અને દીકરીઓને એમને જોઈએ તેવા વરોની[૩] સાથે પરણાવી ।।૮।।

**વિશેષ** : ૧. પંચાળ દેશ એટલે શબ્દ, સ્પર્શ વગેરે પાંચ વિષયો. ૨. હિત અને અહિતની ચિન્તાઓ. ૩. જોઈતા વિષયભોગ.

પુરંજનના દીકરાઓને પ્રત્યેકને સેંકડો (અનેક પ્રકારના કર્મ) દીકરા થયા જેમને લીધે પુરંજનનો વંશ આખા પંચાળદેશમાં બહુજ વધી ગયો ।।૯।।

આ પુત્ર, પૌત્ર, ગૃહ, ખજાનો, સેવક, મન્ત્રી આદિમાં દઢ મમતા થઈ જવાથી એ આ વિષયોમાં જ ફસાઈ ગયો ।।૧૦।।

હે પ્રાચીનબર્હિ રાજા! એ પુરંજન રાજાએ પણ તારી જેમ જ અનેક પ્રકારની કામનાઓથી પશુઓની હિંસાવાળા ઘોર યજ્ઞોથી દેવ, પિતૃ અને ભૂતપતિઓનું પૂજન કર્યું ।।૧૧।।

એ પ્રમાણે કલ્યાણ કરનારાં કામોમાં પુરંજન રાજા ગાફેલ થયો અને કુટુમ્બમાં આસક્ત બન્યો અને પછી વૃદ્ધાવસ્થાનો સમય આવી (ઘડપણ સમય અને) પહોંચ્યો, જે સ્ત્રીલમ્પટ પુરુષોને કડવો લાગે છે ।।૧૨।।

ચંડવેગ[૧] નામનો ગન્ધર્વનો રાજા છે તેની પાસે ત્રણ સો સાઠ બળવાન ગન્ધર્વો[૨] અને ત્રણસો સાઠ ગન્ધર્વીઓ[૩] છે. એ સ્ત્રીઓ ગન્ધર્વોના જેવી જ બળવાળી હતી. એ પોતાના પતિઓની[૪] સાથે જ રહેનારી અરધી શ્યામ અને અરધી ગૌર[૫] છે. એ ગન્ધર્વો અને એમની સ્ત્રીઓ વારાફરતી (ભોગવિલાસની સાધન સામગ્રીથી ભરીભાદરી) નગરીઓને લૂંટી લેછે ।।૧૩-૧૪।।

**વિશેષ** : ૧. ચંડવેગ એટલે વર્ષ કેમકે તે ઘણા વેગથી ચાલ્યું જાય છે. ૨. વર્ષના ત્રણસો સાઠ દિવસ. ૩. રાત્રિઓ. ૪. દિવસો. ૫. કૃષ્ણપક્ષની કાળી, શુક્લ પક્ષની ધોળી.

ગન્ધર્વરાજ ચંડવેગના સેવકો જ્યારે પુરંજન રાજાની નગરીને લૂંટવા લાગ્યા ત્યારે એ નગરીની ચોકી કરનારા પાંચ માંથાવાળા નાગે(પ્રાણ) એમને આન્તર્યા ।।૧૫।।

એ નાગ પુરંજન રાજાની નગરીનો ચોકીદાર હતો. એ સાત સો અને વીસ ગન્ધર્વ-ગન્ધર્વીઓ સાથે એકલે હાથે સો વર્ષ સુધી ઝઝૂમ્યો ।।૧૬।।

ઘણા વીરો સાથે લડનાર એકલવીર પોતાનો એક માત્ર સમ્બન્ધી પ્રજાગરને બલહીન થયેલો જોઈ મૂંઝાયેલો પુરંજનરાજા પોતાના દેશ, નગર અને બાંધવોની સાથે મોટી ચિંતામાં પડ્યો ।।૧૭।।

આમ છતાં, પંચાળ દેશની એ નગરીમાં વિષય સુખો ભોગવવામાં મસ્ત પોતાના નોકરો જે કર લાવી આપતા તે ગ્રહણ કરતા અને સ્રીને વશ થયેલા એ પુરંજન રાજાને પોતાને માથે મોટો ભય આવી રહ્યો છે એનો વિચાર સુદ્ધાં ન થયો ।।૧૮।।

હે રાજા! (એટલામાં) કાળની કોઈ દીકરી[1] હતી તે વર શોધવાને ત્રૈલોકમાં ફરતી હતી, પરન્તુ એનો કોઈએ સ્વીકાર કર્યો નહિ. એ કાલ કન્યા એવી દુર્ભાગિણી હોવાથી જગત્‌માં એ દુર્ભગાના નામથી જાણીતી હતી. પૂર્વે એને પુરુ રાજા વર્યો હતો તેથી પ્રસન્ન થઈને એણે એ રાજાને રાજ્ય પ્રાપ્તિનું વરદાન આપ્યું હતું[2] પછી ચારે દિશામાં ફરતી એ કાળકન્યા એક દિવસે જ્યારે હું બ્રહ્મલોકમાંથી પૃથ્વી ઉપર આવ્યો હતો ત્યારે તે મને મળેલી ।।૧૯-૨૧।।

**વિશેષ** : ૧. જરાવસ્થા (ઘડપણ). ૨. ભાગવત્‌ના નવમા સ્કન્ધમાં કથા છે કે યયાતિ રાજાને શુક્રાચાર્યના શાપથી જરા આવતાં એણે પોતાના પુત્રોને કહ્યું કે તમે આ મારી વૃદ્ધાવસ્થા લો પણ એ વાતની મોટેરા ચાર પુત્રોએ ના પાડતાં સૌથી નાના પુરુએ એની જરા લીધી હતી તેથી યયાતિ રાજાએ પ્રસન્ન થઈને એ પુરુને પોતાનું રાજ્ય આપ્યું હતું; એટલામાટે એ રાજ્ય જરાએ જ આપ્યું હતું એમ આ ઠેકાણે કહ્યું છે.

એ જાણતી હતી કે હું નૈષ્ઠિક બ્રહ્મચારી છું તો પણ કામાતુર હોવાથી એ મને વરવા આવી ત્યારે મેં એને ના પાડી તેથી મારા ઉપર કોપ કરી એણે મને એવો શાપ દીધો કે ''હે મુનિ! તમે મારી માગણી સ્વીકારતા નથી તેથી તમે ક્યાંય એક ઠેકાણે રહી શકશો નહિ. [1]મને વરવાનો એનો મનોરથ સફલ ન થતાં મારા કહેવાથી એ કાળકન્યા[2] ભય નામના યવનોના રાજાને વરવા ગઈ ।।૨૨-૨૩।।

**વિશેષ** : ૧. નૈષ્ઠિક બ્રહ્મચારીને ઘડપણ નડે નહિ એ વાત અનુભવસિદ્ધ છે. જેને જરાની

હરકત ન હોય તે માણસ એક ઠેકાણે બેઠો રહે નહિ:એટલે ચારે કોણ ફરેહરે એ વાત પણ જાણીતી જ છે. એ વાત શાપના આકારમાં અહીં નારદજીએ ગોઠવી છે. ૨. જરા(વૃદ્ધાવસ્થા)

એણે ભયને કહ્યું : ''હે શૂરવીર! આપ યવનો (અનેક પ્રકારના રોગો)ના રાજા છો. હું આપને ખૂબ જ ચાહું છું અને આપને મારા પતિ બનાવમાં માગું છું. આપને ઉદ્દેશીને કરેલ જીવોના સંકલ્પ કદી નિષ્ફળ થતો નથી'' ।।૨૪।।

(લોકમાં ભયની આશા કોઈ દિવસ પણ પૂરી થાય છે?) લોક અને શાસ્ત્ર પ્રમાણે જે વસ્તુ ગ્રહણ કરવા યોગ્ય હોય અને એ વસ્તુ કોઈ આપવા માંડે તો પણ જો ન લેવામાં આવે તો એ બન્ને જણ દુરાગ્રહી અને મૂર્ખ છે અને તેમને ઉદ્વેગજ હાથ આવે છે ।।૨૫।।

'હે ભદ્ર! અત્યારે હું આપની સેવામાં ઉપસ્થિત છું. આપ મારો સ્વીકાર કરી મારા ઉપર કૃપા કરો. દીન-દુઃખીનાં દુઃખડાં દૂર કરવાં એ પુરુષનો સૌથી મોટો ધર્મ છે'।।૨૬।।

એ પ્રમાણે કાળકન્યાનું વચન સાંભળી યવનરાજે (ભયે), વિધાતાનું એક ગુપ્ત કાર્ય કરાવવાની ઇચ્છાથી એક વાત (મરણ કેમકે એની દેવતાઓને પણ ખબર પડતી નથી) કરવા હસીને કહ્યું: ।।૨૭।।

''મેં જ્ઞાનદૃષ્ટિથી જોઈને તારે સારું એક પતિ નક્કી કરી મૂક્યો છે. તું બધાંનું અનિષ્ઠ કરવાવાળી છો તેથી કોઈને તું ગમતી નથી અને તેથી જ લોકો તને અપનાવતા નથી. તેથી આ કર્મજનિત [1]સર્વલોકોને તું તેમના જાણવામાં ન આવે તેમ બલાત્કારથી ભોગવ. તું મારી સેના[2] લઈને જા. એની સહાયથી તું તમામ પ્રજાનો નાશ કરી શકીશ. કોઈ તારો સામનો નહિ કરી શકે ।।૨૮-૨૯।।

**વિશેષ** : ૧. સર્વશરીર. ૨. અનેક પ્રકારના રોગો ભયની ફોજગણાયછે.

**પ્રજ્વારોડ્યં મમ ભ્રાતા ત્વં ચ મે ભગિની ભવ ।।**
**ચરામ્યુભાભ્યાં લોકેડસ્મિન્નવ્યક્તો ભીમસૈનિકઃ ।।૩૦।।**

આ પ્રજ્વાર (કાળજ્વર.) મારો ભાઈ છે અને તું મારી બહેન બની જા. મારી સેના ભયંકર છે જ. આ જગત્‌માં કોઈ પ્રથમથી જાણી જાય નહિ એવી રીતે તમારી બન્નેની સાથે ફરતો રહીશ'' ।।૩૦।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં પુરંજન ઉપાખ્યાનમાં (મોક્ષ પ્રકરણમાં વિનશ્યદવસ્થાનિરૂપણ નામનો ચોથો) ''પુરંજનનું પોતાના સ્વરૂપનું વીસરી જવું'' નામનો સત્તાવીસમો અધ્યાય સમ્પૂર્ણ.**

# અધ્યાય ૨૮

# સ્ત્રીની ચિન્તાથી પુરંજનનો થયેલો સ્ત્રીનો અવતાર તથા મોક્ષ

**વિશેષ :** આમાં વિષયાસક્તનો વિનાશ તથા નરકની પ્રાપ્તિ કહેવાય છે. સાથે-સાથે વિરક્તને સત્સંગથી ભક્તિ અને મુક્તિ પ્રાપ્ત થાય છે એમ પણ કહેવામાં આવે છે.

**સૈનિકા ભયનામ્નો યે બર્હિષ્મન્ દિષ્ટકારિણઃ ।।**
**પ્રજ્વારકાલકન્યાભ્યાં વિચેરુરવનીમિમામ્ ।।૧।।**

(હવે પુરુષનો દેહ છૂટી જતાં પુરંજનનો સ્ત્રીનો અવતાર આવવાનો પ્રકાર કહે છે.) **નારદજીએ કહ્યું :** હે પ્રાચીનબર્હિ રાજા! ભય નામના યવનરાજના સિપાઈઓ પ્રજ્વાર અને કાળકન્યાની સાથે પૃથ્વીમાં બધેય ફરવા લાગ્યા ।।૧।।

એક દિવસ પૃથ્વીના દરેક પ્રકારના વૈભવોથી પરિપૂર્ણ અને બુઢ્ઢા નાગથી રક્ષાએલી પુરંજનની નગરીને તેમણે ઘેરી લીધી ।।૨।।

જેને કાળકન્યા દબાવે તે પુરુષ જલદી નિર્માલ્ય થાય છે. એ કાળકન્યા પણ બળાત્કારથી પુરંજનની નગરીની પ્રજાને ભોગવવા લાગી ।।૩।।

એ આખી નગરીને કાળકન્યા ભોગવવા લાગી તે સમયે યવનો ચોતરફથી દરવાજામાંથી ઘૂસી ગયા અને એને અત્યન્ત પીડવા લાગ્યા ।।૪।।

એ પ્રમાણે પોતાની નગરી પીડાવા લાગી ત્યારે કુટુમ્બીઓની મમતાને લીધે આકુળ-વ્યાકુળ થયેલો પુરંજન રાજા અનેક પ્રકારનાં દુઃખ પામવા લાગ્યો ।।૫।।

પુરંજન રાજાને કાળકન્યાએ પોતાની બાથમાં લીધો હતો. એ વિષયોમાં આસક્ત થવાથી કંગાલ થઈ ગયો હતો અને સત્તા[૧] ખોઈ બેઠો હતો. એની લક્ષ્મી અને બુદ્ધિ નાશ પામી હતી. એણે જોયું તો ગન્ધર્વ અને યવનોએ એની નગરીને પીંખી નાખી હતી. દીકરા, પૌત્રૌ, ચાકરો[૨] અને કારભારીઓ[૩] એનાથી પ્રતિકૂલ[૪] થઈને એનો અનાદર[૫] કરવા લાગ્યા. રાણીએ પણ સ્નેહ[૬] કરવો છોડી દીધો. કાળ કન્યાએ એનો પરાભવ કર્યો અને પંચાળ[૭] દેશ શત્રુઓએ[૮] પાયમાલ કરી નાખ્યો હતો. એ સઘળું જોઈ પુરંજન અપાર ચિન્તામાં ડૂબી ગયો અને એ દુઃખ મટાડવાને કોઈ પણ ઉપાય એને જડ્યો નહિ ।।૬-૮।।

**વિશેષ :** ૧. ઊઠવા બેસવા વગેરેમાં અશક્ત થઈ ગયેલો. ૨. ઇન્દ્રિયો. ૩.ઇન્દ્રિયોના દેવતાઓ. ૪. જોઈતા વિષયો નહિ આપવાથી અને નહિ જોઈતા આપવાથી. ૫. સ્વાધીન નહિ

તેથી. ૬. કોઈ જાતનો વિશ્વાસ થઈ શકે નહિ તેથી બુદ્ધિએ સ્નેહ છોડી દીધાનું કહ્યું છે. ૭. વિષયો. ૮. વિઘ્ન વગેરે,

જો કે સઘળા વિષયો કાળકન્યાને લીધે નિઃસાર થઈ ગયા હતા. તો પણ એ એની લાલસા કરતો હતો. એ લાલસાથી બાપડો પરલોકનાં કલ્યાણ તથા બન્ધુજનોના સ્નેહથી વંચિત થઈ ગયો હોવા છતાં એનું ચિત્ત સ્ત્રી અને પુત્રોના લાલન-પાલનમાં જ લાગેલું રહેતું ।।૯।।

એ નગરીને ગન્ધર્વ અને યવનોએ ઘેરો ઘાલ્યો હતો અને કાળકન્યાએ જીર્ણ-શીર્ણ કરી નાખેલી હોવાથી પુરંજન રાજા પોતાની મરજી નહિ છતાં તેને મૂકી દેવાની તૈયારી કરવા લાગ્યો ।।૧૦।।

એટલામાં જ યવનરાજ, ભયનો મોટો ભાઈ પ્રજવાર આવી પહોચ્યો. પોતાના ભાઈનું પ્રિય કરવાની ઈચ્છાથી એણે એ આખી નગરીને આગ ચાંપી દીધી ।।૧૧।।

એ નગર બળવા લાગતાં કુટુમ્બમાં આસક્ત થયેલો પુરંજન રાજા નાગરિકો, સેવકાદિ, પુત્રાદિક તથા સ્ત્રીઓ સાથે પરિતાપ કરવા લાગ્યો ।।૧૨।।

કાળકન્યાનો કબજો નગર ઉપર થઈ ગયેલો જોઈ એની રક્ષા કરનાર સર્પને પણ અત્યન્ત દુઃખ થયું કારણ કે એના નિવાસ સ્થાન ઉપર પણ યવનોએ અધિકાર જમાવી દીધો હતો અને પ્રજવાર પણ એના ઉપર આક્રમણ કરી રહ્યો હતો ।।૧૩।।

જ્યારે એ નગરની રક્ષા કરવામાં તદ્દન અસમર્થ થયો ત્યારે જેમ કોઈ નાગ સળગતા ઝાડના કોતરમાંથી નીકળી જવા ઈચ્છે તેમ મહાન કષ્ટથી કાંપતાં તેણે નગરીમાંથી નીકળી જવાની ઈચ્છા કરી ।।૧૪।।

પુરંજન રાજાના અવયવ શિથિલ થઈ ગયા. ગન્ધર્વોએ એનું બધું પરાક્રમ હરી લીધું હતું અને દુશ્મન થયેલા યવનોએ તેને ભાગી જતાં રોકી પાડ્યો ત્યારે એ રોવા લાગ્યો.(કફથી ગળું રોકાતાં ગળામાં ઘરઘરાટ થવા લાગ્યો.) ।।૧૫।।

ગૃહાસક્ત પુરંજન દેહગેહાદિમાં અહન્તા-મમતા રાખવાથી અત્યન્ત બુદ્ધિહીન થઈ ગયો હતો. સ્ત્રીના પ્રેમપાશમાં ફસાવાથી તે બહુ જ દીન થઈ ગયો હતો. હવે જ્યારે પુત્રીઓ, પુત્રો, પૌત્ર, પુત્રવધૂ, જમાઈ, નોકરો, અહન્તાત્મક (ભોગ થઈ શકતો ન હતો તેથી ઘર વગેરેમાં માત્ર પોતાનાપણું એટલે મમતા જ બાકી રહી હતી એમ કહ્યું છે.) ઘર, એના ભંડાર અને સામાન ને જે-જે પદાર્થોમાં એની મમતા જ બાકી હતી (એમનો ઉપભોગ તો ક્યારનોય છૂટી ગયો હતો) એ બધાંને છોડવાનો વારો આવ્યો

ત્યારે આ પ્રમાણે ચિન્તા કરવા લાગ્યો ।।૧૬-૧૭।।

''હું મરી જઈશ ત્યારે પછવાડે આ અનાથ, વસ્તારી અને બાળબચ્ચાંને સારુ દિલગીર થતી મારી સ્ત્રી શી રીતે જીવી શકશે? એ એવી પતિપરાયણ હતી કે મને જમાડ્યા વિના જમતી નહિ, મને નવરાવ્યા વિના નહાતી નહિ. હું ક્રોધ કરતો ત્યારે બહુ જ ગભરાઈ જતી, હું ધમકાવતો ત્યારે બીકથી કાંઈપણ બોલતી નહિ'' ।।૧૮-૧૯।।

હું મૂંઝાતો ત્યારે માર્ગે ચડાવતી; પરદેશમાં ગયો હોઉં ત્યારે વિરહવ્યથાથી દૂબળી થઈ જતી ।।૨૦।।

આમ તો એ વીર પુત્રોની મા છે પણ મારી પાછળ એ ઘર વહેરાવ ચલાવી શકશે? મારું મૃત્યુ થયા પછી, મારે જ સહારે રહેવાવાળા આ દીકરા અને દીકરીઓ કેવી રીતે જીવી શકશે? મધદરિયે નાવ તૂટી જતાં હળફલી ઊઠેલા મુસાફરોની માફક તેઓ તો કકળી ઊઠશે ।।૨૧।।

એ પ્રમાણે જો કે એને શોક કરવો યોગ્ય ન હતો છતાં (પરબ્રહ્મરૂપ તેથી.) દીન બુદ્ધિથી પુરંજન રાજા શોક કરતો હતો. એટલામાં એને પકડવા યવનરાજ ભય આવી પહોચ્યો ।।૨૨।।

જ્યારે પુરંજન રાજાને ઢોરની માફક બાંધી યવન લોકો પોતાના સ્થાન તરફ લઈ ચાલ્યા ત્યારે એનાં કુટુમ્બીઓ બહુ જ આતુરતાથી શોક કરતાં એની પાછળ દોડ્યાં ।।૨૩।।

જ્યારે યવનોએ રોકેલો નાગ પણ નગરીને છોડી ભાગી ગયો ત્યારે એ નગરી તરત જ વિખેરાઈ પોતાના કારણમાં લીન થઈ ગઈ પંચભૂતરૂપ થઈ ગઈ ।।૨૪।।

બળવાન યવન પુરંજન રાજાને બળાત્કારથી ખેંચતો હતો. છતાં એ અજ્ઞાનથી એવો ઘેરાયેલો હતો કે એને પોતાનો હિતેચ્છુ અને ભવ-ભવનો સખા પણ સાંભળ્યો નહિ. પુરંજને યજ્ઞ વગેરે કર્મોમાં જે પશુઓને નિર્દયપણે માર્યા હતાં તે સઘળાં પશુ એના એ અપરાધનું સ્મરણ કરી ક્રોધથી કુહાડાઓ વડે તેને ત્યાં કાપવા લાગ્યાં ।।૨૫-૨૬।।

સ્ત્રીની આસક્તિથી બેહાલ થયેલો, અપાર અંધારામાં ડૂબેલો અને જેની સ્મૃતિ જતી રહી છે તેવા એ પુરંજન રાજાએ ઘણાં વર્ષો સુધી નરકની પીડા ભોગવી ।।૨૭।।

અન્ત સમયે મનમાં સ્ત્રીનું જ[1] ધ્યાન રહેલું હોવાથી એ વિદર્ભ[2] નામના કોઈ[3] મહારાજાને ત્યાં સુન્દરી કન્યારૂપે અવતર્યો ॥૨૮॥

**વિશેષ** : ૧. હવે પછી આ પ્રકરણમાં ઉપયોગી એટલું જ કહેવાનું છે કે ''સ્ત્રીના ધ્યાનથી સ્ત્રીનો અવતાર આવ્યો તો પણ પતિવ્રતાના ધ્યાનથી અને પૂર્વના ધર્મને લીધે એનો સદાચારી વિદર્ભ રાજાને ઘેર પુત્રીરૂપે જન્મ થયો અને એને ધાર્મિક પિતાના સત્સંગથી શુદ્ધિ મળતાં મલયધ્વજ નામના વૈષ્ણવનો સંગ મળ્યો તેથી વિષ્ણુભક્તિ થઈ અને તેથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. એ વિષ્ણુની ભક્તિ અને વૈરાગ્યને લીધે એ જ પતિરૂપ ગુરુની પતિવ્રતાના ધર્મથી સેવા કરતાં ભગવાન્‌ની કૃપાથી જ્ઞાન મળવાને લીધે સ્ત્રીના અવતારમાં આવેલા પુરંજનનો મોક્ષ થયો''. આટલા મર્મ સિવાય બાકીનું બધું જો કે વાતના અલંકારને વાસ્તે છે તો પણ થોડા ઘણા સામ્ય ઉપરથી બાકીની વાતને પણ જ્ઞાનપક્ષમાં યોજી શકાય તેટલી યોજવી જોઈએ.

૨. વિદર્ભનો ઉપયોગ કરનાર એટલે ઘણા દર્ભનો, અર્થાત્ શાસ્ત્રમાં કહેલાં સત્કર્મ કરનાર એમ પણ સમજવું.

૩. પ્રજાનું પાલન કરવાથી અને યજ્ઞ વગેરે સત્કર્મ કરવાથી શોભા પામનાર ક્ષત્રિયોમાં મોટો.

જ્યારે આ વૈદર્ભી–વિદર્ભ નન્દિની વિવાહને યોગ્ય થઈ ત્યારે વિદર્ભરાજે જાહેર કર્યું કે સર્વશ્રેષ્ઠ પરાક્રમી વીર પુરુષ જ એને પરણી શકશે. ત્યારે શત્રુઓનાં શહેરોને જીતનાર[1] પાંડ્યનરેશ મહારાજ મલયધ્વજે યુદ્ધમેદાનમાં સૌથી વિશેષ પરાક્રમ બતાવીને વૈદર્ભી[2] સાથે લગ્ન કર્યું ॥૨૯॥

**વિશેષ** : ૧. **પંડા** = ડહાપણ, સમજ, વિદ્યા, વિજ્ઞાન, જેનામાં બહુ હોય તે પાંડ્ય. પંડિત શબ્દ પણ પંડા ઉપરથી જ આવ્યો છે. દક્ષિણ દેશમાં વિષ્ણુની ભક્તિ સહેજ હોય છે તેથી તે દેશમાં ઉત્તમ એટલે મોટો વૈષ્ણવ એમ સમજવું.

૨. વૈદર્ભીરૂપે અવતરેલા પુરંજનને ભગવદ્‌ભક્તનો સંગ થયો.

તેનાથી મહારાજ મલયધ્વજને એક[1] શ્યામલોચના કન્યા અને પછી સાત પુત્રો[2] થયા જે આગળ ઉપર [3]દ્રવિડ દેશના સાત રાજા થયા ॥૩૦॥

**વિશેષ** : ૧. આત્મજામ્ અસિતેક્ષણામ્. અસિતસ્ય કૃષ્ણસ્ય ભગવતઃ ઈક્ષણં જ્ઞાનં યયા ઈતિ અસિતેક્ષણા. તામ્ અસિતેક્ષણામ્. ભગવાન્ કૃષ્ણનું જ્ઞાન જેનાથી થાય તે અસિતેક્ષણા. એ છે કથારુચિ. શ્યામ નેત્રવાળી કન્યા એટલે કથારુચિ.

૨. તેના સાત પુત્રો તે [1]શ્રવણ [2]કીર્તન [3]સ્મરણ [4]પાદસેવન [5]અર્ચન [6]વન્દન [7]દાસ્ય —આ સાત પુત્રો કન્યા (કથારુચિ)થી નાના એટલામાટે કે સૌથી પહેલાં કથારુચિ થાય; પછી પ્રેમ

પાંગરે અને પ્રેમ થતાં આ સાત પ્રકારની ભક્તિ થાય. સખ્ય અને આત્મનિવેદન તો પ્રભુ પ્રાકટ્ય થયા પછીની વાત છે. **અસિત**=શ્યામ=કૃષ્ણ. **ઈક્ષણ**=નેત્ર=જ્ઞાન, (નિબન્ધ.) વળી **"એકૈકસ્યાભવત્તેષાં રાજન્નર્બુદમર્બુદમ્"** એ સાતમાંના દરેક પુત્રને દસ-દસ કરોડ (અર્બુદ) પુત્રો થયા. આનું રહસ્ય એ છે કે **"કોટિશઃ આવૃત્તાનામેવ શ્રવણાદીનાં પુરુષાર્થસાધકત્વં, ન સકૃત્કૃતાનામિતિ ભાવઃ"** શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરેની કરોડો વખત આવૃત્તિ કરવામાં આવે ત્યારે પુરુષાર્થની સિદ્ધિ-પ્રભુ પ્રાકટ્ય, સાક્ષાત્ અનુભવ - **સેવાફલ** ગ્રન્થમાં કહેલ થાય એક જ વખત કરવાથી નહિ. માટે ભક્તિમાર્ગમાં નિરાશાને સ્થાન નથી અને સેવાકથામાં શિથિલતા ન આવવા દેવાય. જો કે વાસ્તવિક રીતે ભક્તિના પ્રકાર નવ છે એટલે સાતને બદલે નવ પુત્રો હોવા જોઈએ, પરન્તુ એમાંના સખ્ય અને આત્મનિવેદન એ બે પ્રકાર આત્મા દેહાદિકથી ભિન્ન છે એવું શુદ્ધ જ્ઞાન થયા પછી થાય છે; અને એવું જ્ઞાનપ્રાથમિક અવસ્થામાં પ્રાપ્ત થયેલું નહિ હોવાથી આ પ્રકરણમાં સાતજ પુત્રો કહ્યા છે.

૩. શ્રવણ વગેરે ભક્તિથી જ દ્રવિડભૂમિનું સારી રીતે રક્ષણ થયેલું છે તથા ભક્તિમાર્ગના આચાર્યો દ્રવિડના હતા એ વાત સુપ્રસિદ્ધ છે.

હે રાજન્! એ સાત પુત્રો પૈકી દરેકને અબજ-અબજ પુત્રો[૧] થયા જેમના વંશજો[૨] આ પૃથ્વીનું પાલન[૩] મન્વન્તરના અન્ત સુધી અને ત્યાર પછી પણ કરશે ।।૩૧।।

**વિશેષ** : ૧. શ્રવણ વગેરે ભક્તિના સાત્ત્વિક, રાજસ અને તામસ વગેરે અનેક પ્રકાર.

૨. અનેક પ્રકારના અસંખ્ય સમ્પ્રદાય. ૩. અજ્ઞાન વગેરેમાંથી બચાવશે.

પાંડ્ય રાજાએ એની સારાં વ્રત નિયમ[૧] પાળનારી દીકરી[૨] અગસ્ત્ય મુનિને[૩] આપી હતી તેનાથી એ સ્રીને દઢચ્યુત[૪] નામનો પુત્ર અને દઢચ્યતને મુનિ ઈધ્મવાહ[૫] નામનો પુત્ર થયો હતો ।।૩૨।।

**વિશેષ** : ૧. શમદમાદિક નિયમો. ૨. ભગવત્કથામાં રુચિ. ૩. મન. ૪. દઢચ્યુત એટલે વૈરાગ્ય. વૈરાગ્ય દઢ થતાં વિષયોમાંથી મુક્ત થવાય છે તેથી વૈરાગ્યનું 'દઢચ્યુત' નામ રાખ્યું છે. દઢચ્યુત થયો એટલે આ લોક તથા પરલોકનાં સુખોમાં વૈરાગ્ય પામ્યો એમ સમજવું. ૫.ઈધ્મવાહ એટલે બ્રહ્મવેત્તા ગુરુને શરણે જવું. એ વખતે સમિધ હાથમાં રાખવાનું વેદમાં કહ્યું છે. એટલામાટે 'ઈધ્મ' કાષ્ઠ (સમિધ) તેને 'વાહ' એટલે ઉપાડનાર એવો અર્થ છે. એ ગુરુને શરણે જવાય છે તેથી વૈરાગ્યને અને ઈધ્મવાહને પિતાપુત્રનો સમ્બન્ધ કહ્યો છે; એવો વૈરાગ્યનો પિતા અગસ્ત્ય એટલે મન તથા ભગવત્કથામાં રુચિ તે વૈરાગ્યની માતા કહી.

રાજર્ષિ પાંડ્ય રાજાએ પોતાના પુત્રોને પૃથ્વીની વહેંચણી (શ્રવણ વગેરે ભક્તિના પ્રકારોરૂપ પુત્રોને એમના પેટા પ્રકારો કરી આપ્યા છે એમ સમજવું.) કરી આપી અને પોતે ભગવાન્ શ્રીકૃષ્ણની આરાધના કરવા સારુ મલય પર્વત પર ગયા ।।૩૩।।

એની રાણી મદિરાક્ષી-વૈદર્ભી (હવે સ્ત્રીપણું પામેલો પુરંજન સઘળા વિષયોમાં વૈરાગ્ય પામીને પતિરૂપ ગુરુની સેવામાં લાગ્યો. સ્ત્રીઓને પતિ એ જ ગુરુ છે એમ શાસ્ત્રોમાં લખ્યું છે.) ચન્દ્રમાની પાછળ જેમ ચાન્દની જાય તેમ, ઘર, પુત્રો અને વૈભવોને તિલાંજલિ આપી પતિની પાછળ ગઈ ।।૩૪।।

એ મોટા પર્વતમાં ચન્દ્રવસા, તામ્રપર્ણી અને વટોદકા નામની ત્રણ નદીઓ હતી. તેમનાં પવિત્ર જળમાં સ્નાન કરી એ એના અન્તઃકરણ તેમજ શરીરને નિર્મળ કરતા હતા ।।૩૫।।

ત્યાં રહી એ કન્દ, બીજ, મૂળ, ફળ, ફૂલ, પત્તાં, ઘાસ તથા પાણીથી નિર્વાહ ચલાવતો અને એ રીતે પાંડ્યરાજા ધીરે-ધીરે શરીરને સૂકવી નાખે તેવું કઠોર તપ કરવા લાગ્યો ।।૩૬।।

સમદૃષ્ટિ રાખનારા એ રાજાએ ટાઢ-તડકો, વર્ષા-વાયુ, ભૂખ-તરસ, પ્રિય-અપ્રિય, સુખ-દુઃખ વગેરે બધાં દ્વન્દ્વોને જીતી લીધાં ।।૩૭।।

યમ, નિયમ, તપ અને ઉપાસનાથી એની વાસનાઓને બાળી નાખી. એવી રીતે ઇન્દ્રિયો, મન તથા ચિત્તને વશ કરી એ રાજાએ પોતાનું ચિત્ત પરબ્રહ્મમાં જોડી દીધું ।।૩૮।।

પછી એ ત્યાં દેવતાઓનાં સો વર્ષ (દેવતાઓનું એક વર્ષ=મનુષ્યનાં ૩૬૦ વર્ષ. દેવતાઓનો દિવસ=મનુષ્યનું વર્ષ) સુધી થાંભલાની જેમ સ્થિર એક ઠેકાણે ઊભો રહ્યો અને વાસુદેવ ભગવાન્‌માંજ પ્રીતિ રાખવાથી એને કંઈ દેહાદિ બાહ્ય વસ્તુનું ભાન રહ્યું નહિ ।।૩૯।।

આવી રીતે પાંડ્ય રાજાએ વ્યાપકતાના ભાવથી આત્માને સર્વમાં, સર્વ પ્રકારની ભિન્નતા જે સ્વપન જેવી મિથ્યા છે તેને આત્મામાં ભ્રમના સાક્ષીરૂપ આત્માને વિરામ પમાડી દીધો ।।૪૦।।

જેનું નિરૂપણ સાક્ષાત્ ભગવાન્ રૂપ ગુરુએ વેદમાં કર્યું છે તેવા શુદ્ધ જ્ઞાનરૂપ દીવાનો ચારે દિશાઓમાં અખંડ પ્રકાશ થયો તેથી ''જે બ્રહ્મ છે તે હું છું અને હું છું તે જ બ્રહ્મ છે''[૧] એવું આત્માનું યથાર્થ સ્વરૂપ એના જાણવામાં આવ્યું. અન્તે એવું

યથાર્થ જ્ઞાન પણ એવી જાતની અન્તઃકરણની વૃત્તિ હોવાથી તેનો પણ ઉપરમ[૨] થઈ જતાં તે અદ્વૈતરૂપે જ રહ્યો, (તેને વિદેહ મુક્તિ પ્રાપ્ત થઈ) ।।૪૧-૪૨।।

**વિશેષ** : ૧.જે બ્રહ્મ છે તે હું છું; એવો નિશ્ચય કરવાથી શોક વગેરેની નિવૃત્તિ થાય છે અને હું છું તે જ બ્રહ્મ છે એવો નિશ્ચય કરવાથી બ્રહ્મનું પરોક્ષપણું મટે છે.

૨. અગ્નિથી લાકડાં બળી રહેતાં અગ્નિ જેમ પોતાની મેળે જ ઠરી જાય તેમ અવિદ્યા અને એનાં કાર્યોનો જ્ઞાનથી નાશ થતાં જ્ઞાન પણ પોતાની મેળે જ મટી જાય છે ''હું બ્રહ્મ છું'' એવી વૃત્તિ પણ કાંઈક દ્વૈતનું સ્વરૂપ છે એવો ઉપનિષદ્‌નો સિદ્ધાન્તછે.

વિદર્ભ રાજાની પુત્રી પતિવ્રતા હોવાથી સઘળાં ભોગોનો ત્યાગ કરી બ્રહ્મવેત્તા પતિ મલયધ્વજની સેવામાં પ્રેમપૂર્વક લાગેલી રહેતી ।।૪૩।।

એનાં વસ્ત્ર ફાટી ગયાં હતાં; વ્રત નિયમ પાળવાથી એ દૂબળી થઈ ગઈ હતી; ચોટલાના વાળ વણાઈ ગયા હતા; અને નિર્ધૂમ થયેલા અગ્નિની પાસે એની જ્વાળા પેઠે એ એના પતિની સન્નિધિમાં એના જેવીજ શાન્ત થઈ રહેતી હતી ।।૪૪।।

એના પતિ પરલોક સિધારી ગયા હતા પણ પૂર્વવત્ સ્થિર આસનથી બિરાજમાન હતા. આ રહસ્યને જાણતી ન હોવાથી તે તેની પાસે જઈ પહેલાંની જેમ સેવા કરવા લાગી ।।૪૫।।

પરન્તુ, ચરણસેવા કરતાં જ્યારે પતિના પગમાં ગરમી દેખાઈ નહિ ત્યારે ઝુંડથી વિખૂટી પડેલી મૃગલીની જેમ તે ચિત્તમાં બહુ જ ઉદ્વેગ પામી ।।૪૬।।

ઘોર વનમાં પોતાની જાતને એકલી અને દીન દશામાં જોઈ તે ભૂખ શોકાકુલ થઈ ગઈ. આંસુઓની ધારાથી તેના સ્તનો ભીજાઈ ગયાં અને ઊંચા સાદથી વિલાપ કરવા લાગી ।।૪૭।।

તેણે કહ્યું:''હે રાજર્ષિ! ઊઠો-ઊઠો, સમુદ્રથી ઘેરાયેલી આ પૃથ્વી લુટારા અને અધાર્મિક રાજાઓથી બીએ છે તેની આપ રક્ષા કરો'' ।।૪૮।।

પતિની સાથે વનમાં ગયેલી તે અબલા આ પ્રમાણે વિલાપ કરતી એના પગમાં પડીને આંસુ સારવા લાગી ।।૪૯।।

પછી રુદન કરતી એ વૈદર્ભીએ લાકડાંની ચિત્તા ખડકી એમાં પતિનું શરીર પધરાવી ચિત્તાને સળગાવી પોતે પણ એની સાથે સતી થવાનો વિચાર કર્યો ।।૫૦।।

એ વખતે, હે પ્રાચીનબર્હિ રાજા! એના કોઈ જૂના અને આત્મજ્ઞાની સખાએ (અનાદિ ઈશ્વર) બ્રાહ્મણના રૂપથી એની પાસે આવી પ્રિય વચનથી એની સાન્ત્વના

કરતાં આ પ્રમાણેકહ્યું ।।૫૧।।

**બ્રાહ્મણ બોલ્યા :** હે વૈદર્ભી તું કોણ છે? કોની પુત્રી છે? અને જેનેમાટે તું શોક કરી રહી છે તે આ સૂતેલો પુરુષ કોણ છે? તેં મને ન ઓળખ્યો? હું એ જ તારો મિત્ર છું. જેની સાથે પહેલાં તું ફર્યા કરતી હતી ।।૫૨।।

હે મિત્ર![૧] તું મને તો નહિ ઓળખતો હોય પણ હું તારો અવિજ્ઞાત નામનો સખા હતો એટલું તો તને યાદ છે કે નહિ? મને[૨] છોડી દઈ પૃથ્વી ઉપરના વિષયભોગની લાલચથી વિષય ભોગવવાનું ઠેકાણું શોધવાને સારું તું ચાલ્યો ગયો ।।૫૩।।

**વિશેષ :** ૧. પૂર્વ જન્મનું સ્મરણ આપવામાટે નરજાતિનું સમ્બોધન આપ્યું છે.
૨. પોતાના વિયોગથી થયેલા અનર્થ કહી દેખાડે છે.

હે આર્ય! તું અને હું બન્ને માનસ[૧] સરોવરમાં રહેનારા હંસો[૨] છીએ. હજારો વર્ષ સુધી[૩] આપણે ઘર વગર જ[૪] રહ્યા હતા ।।૫૪।।

**વિશેષ :** ૧. હૃદયમાં. ૨. શુદ્ધ. ૩. મહાપ્રલય થયો ત્યાં સુધી ૪. મહાપ્રલયમાં કોઈનાં શરીર નહિ હોવાથી હૃદય પણ હોય નહિ તેથી ઘર વિના જ રહ્યા હતા એમ કહ્યું છે.

હે મિત્ર! મને મૂકી દઈ ગ્રામ્ય વિષયસુખની લાલચથી તું પૃથ્વીમાં ગયો ત્યારે ત્યાં કોઈ સ્ત્રીએ (માયાએ.) બનાવેલું સ્થાન તારા જોવામાં આવ્યું ।।૫૫।।

એ નગરમાં પાંચ બગીચા, નવ દરવાજા એક ચોકી કરનાર, ત્રણ કિલ્લા, છ વેપારીઓ અને પાંચ બજાર હતાં. તેનાં ઉપાદાન કારણ પાંચ હતાં અને એની માલિક એક સ્ત્રી હતી ।।૫૬।।

મહારાજ! શબ્દ,(ઉપર જે વાત પોતે જ ગુપ્ત રીતે કરી તેનો પોતે જ ખુલાસો આપે છે.) સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ જ્ઞાનેન્દ્રિયોના વિષયોના પાંચ બગીચા સમજવા. શરીરમાં જે નવ છિદ્રો છે તે નવ દરવાજા સમજવા. પ્રાણને ચોકી કરનાર સમજવો. અન્ન, જળ અને તેજ એ ત્રણ કિલ્લા સમજવા, શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, રસના અને પ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન એ છ વેપારીઓ સમજવા. હાથ, પગ, વાણી, શિશ્ન, ગુદા એ પાંચ કર્મેન્દ્રિયોને પાંચ દુકાનો સમજવી. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતને નગરીનાં કદી ક્ષીણ ન થનારાં મૂળ કારણ સમજવાં; બુદ્ધિને માલિક સમજવી; આ બુદ્ધિને વશ થવાથી એનો પતિ આત્મા પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. એ નગરમાં જઈને તું એની માલિક સ્ત્રીનો

તાબેદાર થયો અને એની સાથે રમવા લાગ્યો અને તારા સ્વરૂપને ભૂલી ગયો. હે પ્રિય મિત્ર! એ સ્ત્રીના ફન્દામાં પડી તું આવી વિશેષ પાપભરી દુર્દશામાં આવી પડ્યો ।।૫૭-૫૯।।

જો તું નથી તો વિદર્ભરાજની પુત્રી અને નથી તો આ વીર મલયધ્વજ તારો પતિ જેણે તને નવદ્વારની નગરીમાં બંધ કરી હતી તે પુરંજનીનો પતિ પણ તું નથી ।।૬૦।।

તું પહેલાંના જન્મમાં પોતાને પુરુષ સમજતો હતો અને હવે સતી સ્ત્રી માને છે. આ બધી મારી જ ફેલાવેલી માયા છે. ખરી રીતે તું નથી પુરુષ કે નથી સ્ત્રી. આપણે બન્ને તો હંસ છીએ, આપણું જે સાચું સ્વરૂપ છે તેનો અનુભવ કર ।।૬૧।।

મિત્ર, જે હું (ઈશ્વર) છું તે જ તું (જીવ) છે તું મારાથી જુદો નથી અને વિચાર પૂર્વક જો, હું પણ તે જ છું જે તું છે. જ્ઞાની પુરુષો આપણા બેમાં ક્યારેય જરા પણ જુદાઈ જોતા નથી ।।૬૨।।

એક જ શરીરનું પ્રતિબિમ્બ અરીસામાં જોઈએ તો મોટું, નિર્મળ અને સ્થિર દેખાય; એ જ પ્રતિબિમ્બ કોઈ બીજાની આંખમાં જોઈએ તો નાનું, મેલું અને ચંચળ દેખાય. વાસ્તવિક રીતે આપણે બંને એકજ એટલે પરબ્રહ્મરૂપ છીએ ।।૬૩।।

**નારદજીએ કહ્યું** : આ પ્રમાણે જ્યારે હંસે (ઈશ્વરે) એને સાવધાન કર્યો ત્યારે તે માનસ સરોવરનો હંસ (જીવ) પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ ગયો અને એને પોતાના મિત્રના વિછોહ (વિયોગ)થી ભૂલાઈ ગયેલું આત્મજ્ઞાન ફરી પ્રાપ્ત થઈ ગયું ।।૬૪।।

**બર્હિષ્મન્નેતદધ્યાત્મં પારોક્ષ્યેણ પ્રદર્શિતમ્।**
**યત્પરોક્ષપ્રિયો દેવો ભગવાન્ વિશ્વભાવનઃ ।।૬૫।।**

હે પ્રાચીનબર્હિ રાજા! જો મેં તને સાક્ષાત્ આત્મજ્ઞાનની વાત સીધી રીતે કહી હોત તો એ વાત તારા મનને સમજવામાં આવત નહિ; એટલામાટે પુરંજન રાજાના ઈતિહાસના વિષે એ વાત મેં તને કહી દેખાડી છે. એવી રીતે પરોક્ષ રીતે વાત કરવી એ જગતના રક્ષક નારાયણ ભગવાનને પ્રિય છે ।।૬૫।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થ સ્કન્ધમાં પુરંજન ઉપાખ્યાનમાં (ચોથા મોક્ષપ્રકરણમાં સાર્થકવિનાશાદિનિરૂપણ નામનો પાંચમો) ''સ્ત્રીની ચિન્તાથી પુરંજનનો થયેલો સ્ત્રીનો અવતાર તથામોક્ષ'' નામનો ૨૮મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨૯

## સ્ત્રીસંગથી જન્મ-મરણ; પ્રભુના સંગથી મોક્ષપ્રાપ્તિ એ પુરંજનોપાખ્યાનનું તાત્પર્ય

**વિશેષ :** આ ઓગણત્રીસમા અધ્યાયમાં પરોક્ષ કરેલી વાતનું વ્યાખ્યાન આપીને સ્ત્રીના સંગથી (અહન્તા-મમતાત્મક) સંસાર થાય છે અને પ્રભુના સંગથી મુક્તિ થાય છે એ વાતની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**ભગવંસ્તે વચોઽસ્માભિર્ન સમ્યગવગમ્યતે ।।**
**કવયસ્તદ્વિજાનન્તિ ન વયં કર્મમોહિતાઃ ।।૧।।**

**પ્રાચીનબર્હિ રાજાએ પૂછ્યું :** હે ભગવાન્ નારદ મુનિ! આપની વાણી અમારાથી બરાબર સમજાતી નથી. એવી ગૂઢ વાત જ્ઞાની લોકો સમજી શકે પણ અમે તો કર્મકાંડમાં મોહ પામેલા છીએ તેથી અમારાથી એ સમજી શકાય એવી નથી ।।૧।।

નારદજીએ કહ્યું: મેં જે પુરંજન (પુરંજન='પુર' એટલે નગર, શરીર. 'જન' એટલે નિર્માતા) કહ્યો તે જીવ સમજવો. જીવ પોતાના અદષ્ટરૂપદ્વારથી પુર (શરીરોને) પ્રકટ કરે છે. એ શરીરમાં કેટલાંક એક પગવાળાં, કેટલાંક બે પગવાળાં કેટલાંક ત્રણ પગવાળાં, કેટલાંક ચાર પગવાળાં, કેટલાંક ઘણા પગવાળાં અને કેટલાંક પગ વગરનાં પણ શરીરરૂપ પુર હોય છે ।।૨।।

એ જીવને અવિજ્ઞાત નામનો સખા છે એવું કહેલું છે તે ઈશ્વર સમજવો. ઈશ્વર નામ, ક્રિયા કે ગુણથી કોઈના જાણવામાં આવી શકતો નથી, (કારણ કે એ ગુણાતીત છે) ।।૩।।

જ્યારે જીવને સઘળા વિષયો ભોગવવાની ઈચ્છા થઈ ત્યારે એણે એ શરીરોમાંથી નવ દ્વાર અને બબ્બે હાથ પગવાળા મનુષ્ય શરીરને વિશેષે સારું ગણ્યું ।।૪।।

મેં પુરંજની સ્ત્રી કહી તે બુદ્ધિ સમજવી. એને લીધે જ દેહ, ઇન્દ્રિય વગેરેમાં ''હું અને મારું'' એવી સમજ ઊભી થાય છે. અને આ શરીરમાં જીવ (અધિષ્ઠાન) અધ્યાસને લીધે ઇન્દ્રિયોવડે વિષયો ભોગવે છે ।।૫।।

ઇન્દ્રિયો બુદ્ધિના મિત્રો સમજવા. એમાંથી કેટલીક ઇન્દ્રિયોથી વિષયોનું જ્ઞાન થાય છે અને કેટલીકથી ફક્ત કામક્રિયા જ થાય છે. ઇન્દ્રિયોની વૃત્તિઓ એ બુદ્ધિની

સખીઓ સમજવી અને પાંચ માથાંવાળો સર્પ એટલે પાંચ વૃત્તિવાળો પ્રાણ* સમજવો ।।૬।।

**વિશેષ** : પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ પ્રાણની વૃત્તિઓ ગણાય છે; હૃદયમાં જે વાયુ છે તે પ્રાણ કહેવાય છે; ગુદાનો વાયુ 'અપાન' કહેવાય છે; નાભિમાં રહેલો વાયુ સમાન કહેવાય છે; કણ્ઠમાં રહેલો વાયુ ઉદાન કહેવાય છે; અને આખા શરીરમાં વ્યાપી રહેલો વાયુ વ્યાન કહેવાયછે.

એ બન્ને પ્રકારની ઈન્દ્રિયોનો સેનાપતિ મહાબલી યોદ્ધો (બૃહદબલ) મન સમજવું. મન પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિયના નાયકરૂપ છે. પંચાળ દેશ એટલે શબ્દાદિ પાંચ વિષયો જેમાં નવ દરવાજાવાળાં પુર (શરીર) વસેલું છે ।।૭।।

બે આંખ, બે નાક, બે કાન, મુખ, શિશ્ન અને ગુદા એ નવ દરવાજા સમજવા એ દરવાજાઓથી તે-તે ઈન્દ્રિયોને સાથે લઈ જીવ બહાર જાય છે.(વિષયોને ભોગવે છે) ।।૮।।

બે આંખ, બે નાક અને મુખ એ પાંચ પૂર્વ તરફના દરવાજા, જમણો કાન તે દક્ષિણ તરફનો અને ડાબો કાન તે ઉત્તર તરફનો દરવાજો સમજવો ।।૯।।

ગુદા અને શિશ્ન એ બે હેઠલાં દ્વાર; તે પશ્ચિમ તરફના દરવાજા સમજવા; ખદ્યોતા અને આવિર્મુખી નામનાં બે દ્વાર જે એક ઠેકાણે બતાવવામાં આવ્યાં હતાં તે નેત્રો તથા રૂપ વિભાજિત નામનો દેશ છે જેનો અનુભવ આ દ્વારોદ્વારા જીવ નેત્ર ઈન્દ્રિયની સહાયથી કરે છે. (નેત્ર ઈન્દ્રિયને જ પહેલાં દ્યુમાન નામનો મિત્ર કહ્યો છે) ।।૧૦।।

નલિની અને નાલિની નામના બે દરવાજા એટલે નાક. અવધૂત એટલે ઘ્રાણેન્દ્રિય અને સુગન્ધ એટલે સૌરભ દેશ. મુખ્ય દરવાજો એટલે મુખ એમાં રહેનાર વિપણ એટલે વાણી અને રસજ્ઞ એટલે રસના (જિહ્વા) ઈન્દ્રિય સમજવી ।।૧૧।।

આપણ દેશ એટલે ભાષણ (વ્યવહાર) સમજવો. બહૂદન દેશ એટલે ઘણા પ્રકારનું અન્ન. 'પિતૃહૂ' એટલે જમણો કાન અને દેવહૂ એટલે ડાબો કાન સમજવો ।।૧૨।।

દક્ષિણ પંચાળ દેશ એટલે પ્રવૃત્તિશાસ્ત્ર અને ઉત્તર પંચાળ દેશ એટલે નિવૃત્તિશાસ્ત્ર. શ્રુતિધર કહ્યો તે શ્રોત્ર ઈન્દ્રિય સમજવી, જેણે કરેલા શાસ્ત્રશ્રવણથી પિતૃલોક અને દેવલોક પ્રાપ્ત થાય છે ।।૧૩।।

આસુરી નામનો હેઠલો દરવાજો એટલે લિંગ નામનો મિત્ર સ્ત્રી પ્રસંગ ગ્રામક નામનો દેશ છે અને લિંગમાં રહેનાર ઉપસ્થ-ઇન્દ્રિય દુર્મદ નામનો મિત્ર છે. ગુદા નિઋર્તિ નામનું પશ્ચિમનું દ્વાર છે ।।૧૪।।

લુબ્ધ એટલે ગુદામાંથી પાયુ ઇન્દ્રિય અને વૈશસ દેશ એટલે નરક સમજવું. આ સિવાય બે પુરુષો અંધ બતાવવામાં આવ્યા છે તેનું રહસ્ય સાંભળ. તે છે હાથ અને પગ; એમની સહાયથી જીવ ક્રમશઃ બધા કામ કરે છે અને જ્યાં ત્યાં જાય છે ।।૧૫।।

અન્તઃપુર (જનાનખાનું) એટલે હૃદય અને એમાં વિષૂચી નજર કહેવામાં આવ્યો તે મન. સત્ત્વ, રજ અને તમ એ મનના ગુણ છે અને એનાથી હૃદયમાં પ્રસન્નતા, હર્ષ અને મોહ ઉત્પન્ન થાય છે ।।૧૬।।

બુદ્ધિ (રાજમહિથી-પુરંજનની) જે-જે પ્રકારે સ્વપન અવસ્થામાં વિકારને પ્રાપ્ત થાય છે અને જાગ્રત અવસ્થામાં ઇન્દ્રિયાદિને વિકૃત કરે છે તેના ગુણોથી લિપ્ત થઈ આત્મા (જીવ) પણ તે-તે રૂપમાં એની વૃત્તિઓનું અનુકરણ કરવા વિવશ બને છે જો કે ખરેખર તો તે એનો નિર્વિકાર સાક્ષીમાત્ર જ છે ।।૧૭।।

રથ એટલે સ્વપન અવસ્થાનો દેહ, ઘોડા એટલે જ્ઞાન-ઇન્દ્રિયો. એ રથની ચાલ ઉતાવળી છે એવું કહ્યું એ એટલામાટે કે સંવત્સરના વેગની પેઠે એનો વેગ કોઈ ઠેકાણે અટકતો નથી. (વાસ્તવિક રીતે સ્વપન અવસ્થાના પદાર્થ બુદ્ધિમાં જ પેદા થાય છે તેથી સ્વપનદેહની બીજે ઠેકાણે ગતિ નથી તેમ દેહ પણ હકીકતમાં તો ગતિહીન છે) બે પૈડાં એટલે પાપ અને પુણ્ય; ત્રણ ધ્વજા તે ત્રણ ગુણ અને પાંચ બન્ધન એ પાંચ પ્રાણ સમજવા ।।૧૮।।

લગામ તે મન; સારથિ તે બુદ્ધિ, બેસવાની જગ્યા તે હૃદય, ધૂંસરી તે ઇન્દ્રિયોના સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વો અને પાંચ આયુધ એટલે પાંચ કર્મ, (શબ્દાદિ) વિષયો. સાત પડદા તે સાત (રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્ય) ધાતુ સમજવી ।।૧૯।।

સ્વપન અવસ્થામાં બહાર ફરવા જવું એટલે ઝાંઝવાંનાં પાણી જેવા પદાર્થો પાછળ કર્મેન્દ્રિયોનું દોડવું. એની સાથે સેના કહી તે અગિયાર ઇન્દ્રિયો અને મૃગયા (શિકાર) તે પાંચ જ્ઞાનેન્દ્રિયોથી અન્યાયપૂર્વક વિષયોનું ગ્રહણ કરવું એ ।।૨૦।।

ચંડવેગ ગન્ધર્વ એટલે ઉતાવળથી જતું રહેતું વર્ષ. વર્ષ ઉપરથી કાળનું માપ થાય

છે. ત્રણસો સાઠ ગન્ધર્વો એટલે વર્ષના દિવસો અને ત્રણસો સાઠ ગન્ધર્વી એટલે વર્ષની રાત્રિઓ સમજવી ।।૨૧।।

એ દિવસો અને રાત્રિઓ વારંવાર ચક્કર લગાવતાં આયુષ્યનું હરણ કરે છે. કાળકન્યા એટલે જરા અવસ્થા તેને કોઈ પસન્દ કરતું નથી. યવનોનો રાજા એટલે મૃત્યુ; એણે લોકોનો ક્ષય કરવાને જરાને બહેન કરીને રાખી છે ।।૨૨।।

એ મૃત્યુના પાયદળ સૌનિકો એટલે આધિ (મનની પીડા) અને વ્યાધિ (શરીરની પીડા). પ્રાણીઓને પરેશાન કરી ધડાધડ (સપાટમાં) મૃત્યુના મોંમાં ધકેલી દેનાર શીત અને ઉષ્ણ બે પ્રકારનો તાવ જ પ્રજવાર નામનો એનો ભાઈ છે ।।૨૩।।

અનાવૃષ્ટિ અર્થાત્ દૈવે કરેલાં, સિંહ વગેરે પ્રાણીઓથી થએલાં અને શરીરમાંથી ઉત્પન્ન થયેલાં એવાં ઘણાં દુઃખોથી પીડાતો, અજ્ઞાનથી ઘેરાયેલો અને પોતે નિર્ગુણ છતાં પણ પ્રાણ ઈન્દ્રિય તથા મનના ધર્મોવડે ધરી ક્ષુદ્ર વિષયોની તૃષ્ણા રાખતો પ્રાણી અહન્તા-મમતાથી કર્મ કરતો-કરતો દેહમાં સો વર્ષ સુધી પડ્યો રહે છે ।।૨૪।।

ખરેખર તો તે નિર્ગુણ છે; પણ પ્રાણ, ઈન્દ્રિય અને મનના ધર્મોનો પોતાનામાં આરોપ કરી અહન્તા-મમતાના અભિમાનમાં બન્ધાઈ ક્ષુદ્ર વિષયોના લેશમાત્રનું ચિન્તન કરતો અનેક પ્રકારનાં કર્મ કરતો રહે છે ।।૨૫।।

જો કે એ સ્વયંપ્રકાશ છે તો પણ જ્યાં સુધી બધાના પરમગુરુ આત્મસ્વરૂપ શ્રીભગવાનના સ્વરૂપને નથી જાણતો ત્યાં સુધી પ્રકૃતિના ગુણોમાં જ બંધાયેલો રહે છે ।।૨૬।।

સત્ત્વ, રજ અને તમો ગુણનો તે અભિમાની હોવાથી લાચાર થઈને સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મો કરે છે અને તે કર્મો પ્રમાણે જુદી જુદી યોનિઓમાં તે જન્મ લે છે ।।૨૭।।

એ ક્યારેક તો સાત્ત્વિક કર્મોદ્વારા પ્રકાશ બહુલ સ્વર્ગાદિ લોક પ્રાપ્ત કરે છે, ક્યારેક રાજસી કર્મોદ્વારા દુઃખમય રજોગુણી લોકોમાં જાય છે. જ્યાં ભાતભાતના કર્મોનો ક્લેશ ઉઠાવવો પડે છે. અને ક્યારેક તમો ગુણી કર્મો દ્વારા શોકસભર તમોમયી યોનિઓમાં જન્મ લે છે ।।૨૮।।

એ મન્દ બુદ્ધિવાળો જીવ પોતાના કર્મ અને ગુણ પ્રમાણે કોઈ વખતે પુરુષનો તો કોઈ સમયે સ્ત્રીનો તો કોઈ સમય નપુંસકનો તો કોઈ સમયે દેવતાયોનિ તો કોઈ

સમયે મનુષ્યયોનિમાં અને કોઈ સમયે પશુપક્ષી યોનિમાં જન્મ લે છે ।।૨૯।।

જેમ ભૂખથી વ્યાકુલ કૂતરો ઘેર-ઘેર ફરતો ફરે; એને કોઈ ઠેકાણે ભાત મળે તો કોઈ ઠેકાણે પ્રારબ્ધશાત્ ડંડો પણ પડે; એવી રીતે વિષયની વાસનાવાળો જીવ સ્વર્ગ, પાતાળ અને મધ્યના લોકોમાં ઊંચા-નીચા માર્ગથી પ્રારબ્ધ અનુસાર ભટક્યા કરે છે અને કર્માનુસાર સુખ-દુઃખ ભોગવતો રહે છે ।।૩૦-૩૧।।

આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક આ ત્રણ પ્રકારનાં દુઃખોમાંથી કોઈપણ એકમાંથી જીવનો સર્વથા છુટકારો થઈ શકતો નથી. જો ક્યારેક છુટકારો થયો છે એવું લાગે તો તે માત્ર થોડા સમયમાટે જ હોય છે ।।૩૨।।

જેમ માથા ઉપર ભારે બોજો ઉપાડીને કોઈ માણસ ચાલ્યો જતો હોય અને એનું માથું તપી જાય એટલે એ બોજાને ખભા ઉપર લે પણ એમ કરવાથી બોજો ટળી ગયો એમ કહેવાય નહિ તેવી રીતે દુઃખ મટાડવાના જે-જે ઉપાયો છે તે પણ દુઃખરૂપ જ છે; વળી એક દુઃખમાંથી છુટકારાનો દમ ખેંચ્યો ન ખેંચ્યો ત્યાં તો બીજું દુઃખ શિર પર સવાર થાય છે માટે પ્રાણી દુઃખમાંથી બિલકુલ તો છૂટી શકતો નથી.(દુઃખનાં) મૂળ તો કર્મ જ છે. એ કર્મો બીજા કર્મથી મટે નહિ. કર્મ અને કર્મફલભોગ અવિદ્યાયુક્ત છે તેથી એક કર્મ પોતાનાં જેવાં જ બીજાં કર્મને ખરેખર ટાળી શકે નહિ. જેમ એક સ્વપનમાં બીજું સ્વપન દેખાય તે પહેલાંના સ્વપનને ખરેખર ટાળી શકતું નથી તેમ એક કર્મ અને એને ટાળવાને કરવામાં આવેલું બીજું કર્મ એ બન્ને અજ્ઞાન મૂલક હોવાથી સરખાં જ છે. એમાંનું એક કર્મ બીજા કર્મને ટાળી શકે નહિ ।।૩૩-૩૪।।

જેમ સ્વપન ખોટું છે તો પણ ઉપાધિરૂપ મનની સ્વપન અવસ્થા હોય ત્યાં સુધી એ મટતું નથી તેવી રીતે સંસાર ખોટો છે તો પણ મનમાં વિષયોનું ધ્યાન હોય ત્યાં સુધી એ ટળતો નથી. અવિદ્યાને લીધે જ પરમ પુરુષાર્થરૂપ આત્માને (અનર્થના અખંડ પ્રવાહરૂપ જન્મ-મરણરૂપ) સંસાર થયો છે. એ અવિદ્યાનો નાશ ગુરુદ્વારા પ્રાપ્ત ભગવાનની ભક્તિથી જ થાય છે ।।૩૫-૩૬।।

વાસુદેવ ભગવાન્‌માં દઢ કરેલો ભક્તિભાવ વૈરાગ્ય અને જ્ઞાનનો આવિર્ભાવ કરી આપે છે ।।૩૭।।

હે રાજર્ષિ પ્રાચીનબર્હિ રાજા! એ ભક્તિયોગનો મુખ્ય આશ્રય ભગવાનની કથા જ છે. માટે શ્રદ્ધાથી ભગવાનની કથાનું શ્રવણ કરવાથી તથા નિરન્તર અભ્યાસ

કરવાથી ભક્તિયોગ બહુ જ જલદી પ્રાપ્ત થાય છે ।।૩૮।।

રાજન્! જ્યાં ભગવદ્ગુણોના કથન અને શ્રવણ માટે તત્પર વિશુદ્ધચિત્તવાળા ભક્તો રહેતા હોય છે એ સન્તસમાજમાં ચોતરફ મહાપુરુષોના મુખથી નીકળેલ શ્રીમધુસૂદન ભગવાનના ચરિત્રરૂપ શુદ્ધ અમૃતની અનેક નદીઓ વહેતી રહે છે. જે લોકો અતૃપ્ત ચિત્તથી શ્રવણ કરવામાં તત્પર પોતાના કર્ણપુટદ્વારા તે અમૃતનું છાકમછોળ પાન કરે છે તેમને ભૂખ-પ્યાસ ભય શોક મોહ વગેરે કંઈ પણ નડી શકતાં નથી ।।૩૯-૪૦।।

અફસોસની વાત છે કે સ્વાભાવિક રીતે ભૂખ-પ્યાસ, ભય, શોક વગેરે વિઘ્નોથી ત્રાસી ગયેલો જીવસમુદાય શ્રીકૃષ્ણના કથામૃત સિન્ધુ ઉપર સ્નેહ નથી કરતો ।।૪૧।।

સાક્ષાત્ પ્રજાપતિઓના પતિ બ્રહ્માજી, ભગવાન્ સદાશિવ, સ્વાયમ્ભુવ મનુ, દક્ષ વગેરે પ્રજાપતિઓ, સનકાદિક નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ભૃગુ, વસિષ્ઠ અને હું, અમે બધા બ્રહ્મવાદીઓ સાક્ષાત્ વેદવાણીના અધ્યક્ષ હોવા છતાં તપ, વિદ્યા અને સમાધિદ્વારા શોધી-શોધી ને હારી ગયા તો પણ એ સર્વના સાક્ષી પરમેશ્વરનાં અત્યાર સુધી દર્શન ન કરી શક્યા ।।૪૨-૪૪।।

વેદ પણ ઘણા વિસ્તારવાળા છે. એનો પાર પામવો એ કાંઈ સહેલું નથી. અનેક મહાનુભાવો એની આલોચના કરી મન્ત્રોમાં બતાવેલ વજ્રહસ્તત્વાદિ* ગુણોવાળા ઈન્દ્રાદિ દેવતાઓના રૂપમાં, જુદાં-જુદાં કર્મોદ્વારા, જો કે એ પરમાત્માનું યજન કરે છે તો પણ એના સ્વરૂપને તેઓ પણ નથી જાણતા ।।૪૫।।

**વિશેષ** : વેદમાં કહ્યું છે કે ''વજ્રહસ્તઃ પુરન્દરઃ'' (ઈન્દ્રના હાથમાં વજ્ર નામનું હથિયાર છે). આ મન્ત્રમાં ઈન્દ્રની નિશાની વજ્ર લખી છે, ઈત્યાદિ.

ભગવાનનું અખંડ સ્મરણ કરવામાં આવતાં ભગવાન્ જે સમયે જે જીવ ઉપર કૃપા કરે છે તે જ પળે તે જીવની લૌકિક વ્યવહાર અને વૈદિક કર્મમાર્ગ માંથી આસક્તિ દૂર થાય છે ।।૪૬।।

બર્હિષ્મન્, આ કર્મોમાં તું પરમાર્થબુદ્ધિ ન કર, કર્મો સ્વતઃ પુરુષાર્થરૂપ છે એવું ન માન. એ સાંભળવામાં જ પ્રિય લાગે છે, પરમાર્થનો તો એ સ્પર્શ પણ નથી કરતાં. એ પરમાર્થ જેવાં દેખાય છે એનું કારણ માત્ર અજ્ઞાન જ છે ।।૪૭।।

જે લોકો એમ કહે છે કે કર્મ કરવાં એવો વેદનો અભિપ્રાય છે તેમની બુદ્ધિ યજ્ઞના

ધુમાડાથી મલિન થયેલી છે તેથી એઓ આત્મસ્વરૂપ જે વેદનું તાત્પર્ય છે અને જેમાં પરમાત્માથી ભિન્નતા નથી તેને એઓ જાણતા નથી; (વેદનો ખરો અર્થ સમજતા નથી)* ।।૪૮।।

**વિશેષ** : જૈમિનિકૃત પૂર્વમિમાંસાના સૂત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે વેદનો અભિપ્રાય કર્મ કરાવવા ઉપર જ છે. એ સૂત્રમાં પ્રથમ શંકા ઉઠાવી છે કે ''આમ્નાયસ્ય ક્રિયાર્થત્વાદ્ આનર્થક્યમ્ અતદર્થાનાં'' (સઘળા વેદનો અભિપ્રાય કર્મકાંડ કરાવવા ઉપર જ છે એમ માનીશું તો વેદમાં કેટલાએક વાક્યોમાં કર્મ કરાવવાની વાત નથી તો એ વાક્યોને વ્યર્થ ગણવાં પડશે). પછી એ શંકાનું સમાધાન કર્યું છે કેઃ''તદ્ભૂતાનાં ક્રિયાર્થત્વેન સમન્વયઃ'' (જે વાક્યોમાં કર્મ કરાવવાનો અર્થ નથી તે વાક્યોને કર્મ કરાવવાના અર્થવાળાં વાક્યો સાથે જોડી દેવાં) જેમ કે ''વાયુર્વૈક્ષેપિષ્ઠા દેવતા'' (વાયુ એ મોટા વેગવાળો દેવ છે). એ વાક્યમાં કર્મ કરાવવાની વાત નથી આવતી પણ એ વાક્યને ''વાયવ્યં શ્વેતમાલભેત'' (વાયુદેવને સારુ ધોળા પશુને મારવો) એ વાક્ય સાથે જોડી દેવું, અર્થાત્ આ કર્મ કરાવવામાં જે વાયુ દેવ લખેલ છે તેનું સ્વરૂપાદિક બતાવવાને વાસ્તે જ પહેલું વાક્ય છે એમ સમજવું. ઇત્યાદિક ઉપનિષદોનાં વાક્ય પણ યજમાનને ઈશ્વર ઠરાવી તેનાં વખાણ કરવાને સારુ છે એમ જૈમિનિનો સિદ્ધાન્ત છે.

હે રાજન્! તું તો મોટો મૂર્ખ છે. તેં તો ઉગમણી તરફ અણીવાળા દર્ભોથી આખી ધરતી ઢાંકી દીધી છે અને યજ્ઞોમાં ઘણાં જાનવર કાપી નાખી અભિમાનથી અક્કડ બન્યો છે અને કર્મને તેમજ ખરી વિદ્યાને જાણતો નથી; (જેનાથી ભગવાન્ પ્રસન્ન થાય એ ખરું કર્મ અને જેથી ભગવાન્‌માં મન લાગે એ જ ખરી વિદ્યા) ।।૪૯।।

ભગવાન્ જ સર્વ દેહધારીઓના આત્મા, સ્વતન્ત્ર (બીજા પદાર્થોની ગરજ નહિ રાખનાર.) કારણ અને નિયામક છે. એમનું ચરણારવિંદ લોકોનું શરણ છે. એનાથી જ મનુષ્યોનું પરમ કલ્યાણ થાય છે ।।૫૦।।

આત્મા જે આપણને અત્યન્ત પ્યારો છે તે જ ભગવાન્ છે. એને ભજવાથી લેશ માત્ર પણ દુઃખ કે ભય રહેતાં નથી. જે પુરુષ આ પ્રમાણે જાણે તે જ વિદ્વાન ગણાય અને જે વિદ્વાન હોય તે જ ગુરુ અને ભગવાન્ છે એમ સમજવું ।।૫૧।।

**નારદજીએ કહ્યું** : મેં તને જે ઇતિહાસરૂપ વાર્તા કહેલી અને જેનો તેં મને ખુલસો પૂછેલો તે મેં તને કહ્યો. હે રાજા! હવે અત્યન્ત નિશ્ચિત થયેલ એક ગૂઢ સાધન મારી પાસેથી સાવધાન થઈને સાંભળ* ।।૫૨।।

**વિશેષ** : એ પ્રમાણે પુરંજનના ઇતિહાસથી આત્માને બન્ધ તથા મોક્ષનો પ્રકાર કહ્યો. તો પણ

પ્રબળ વૈરાગ્ય નહિ ઊપજવાથી એ પ્રાચિનબર્હિરાજાને દીકરાની વાટ જોઈ રહ્યો જાણી એને મોટી ધાસ્તી દેખાડી, આખા શરીરમાં ધ્રુજાવી દઈ એ વખતે જ ઘરમાંથી બહાર કાઢવા સારુ નારદ મુનિ એક હરણનું રૂપક કહે છે.

એક હરિણ પોતાની હરિણી સાથે ફલવાડીમાં દૂબ વગેરે કૂણાં-કૂણાં અંકુરો ચરતો મસ્ત થઈને ફરી રહ્યો છે. એના કાન ભમરાઓના ગુઞ્જારવમાં લુબ્ધ બની ગયા છે. એની સામે જ બીજા જીવોને મારી પોતાનું પેટ ભરનારા તાકીને ઉભા છે તેને નહિ ગણકારતાં એ આગળ અને આગળ ચાલ્યો જાય છે અને પાછળથી તેના ઉપર તાકીને પારધીએ બાણ છોડ્યું છે અને તે હરિણ બાણથી ભેદાઈ ગયો છે. પણ એ હરિણ એટલું અજ્ઞાન છે કે એને એનું ભાન પણ નથી. એકવાર આ હરિણની દશાનો વિચાર કર ।।૫૩।।

હે પ્રાચીનબર્હિ રાજા! તને જે મૃગ કહ્યો તે તું પોતે જ છે. વિચારી જો. તું ફૂલવાડી એટલે ફૂલની પેઠે પરિણામે રસ વગરની સ્ત્રીઓવાળાં ઘરમાં ફૂલના મધુર સુગન્ધની પેઠે અત્યન્ત ક્ષુદ્ર એટલે જિહ્વા અને ઉપસ્થને આ સુખો સકામ કર્મોના ફળથી મળે છે તેને શોધ્યા કરે છે. સ્ત્રીઓની સાથે મળી એમનામાં જ મન રાખે છે. ભમરાઓના ગુઞ્જારવની પેઠે સ્ત્રી વગેરેનાં અત્યન્ત મનોહર ભાષણોમાં તારા કાન લુબ્ધ બનેલા છે. સામે જ નહારરૂપી કાળના અંશ દિન અને રાત તારા આયુષ્યને હરી રહ્યા છે તેને તું ગણકારતો નથી પણ ગૃહસ્થીના સુખોમાં ચકચૂર છે. આ કાળ ગૂપચૂપ રીતે તારી પછવાડે લાગેલો છે અને પોતાનાં છુપાવી રાખેલાં બાણથી તને દૂરથી જ વીંધી નાખવા માગે છે. બાણથી હૃદયમાં ભેદાઈ ગયેલા આ તારા આત્માનો વિચાર કર ।।૫૪।।

આ પ્રમાણે પોતાની જાતને હરિણની સ્થિતિમાં મૂકી તું પોતાના ચિત્તનો નિરોધ હૃદયમાં કર અને નદીની માફક વહેતી રહેતી કાનની બહારની વૃત્તિને ચિત્તમાં સ્થાપન કર (અન્તર્મુખી કર). જ્યાં કામી પુરુષોની ચર્ચા થતી રહેતી હોય છે એ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી પરમ હંસોના આશ્રય શ્રીહરિને પ્રસન્ન કર અને ક્રમશઃ બધા વિષયોથી મુક્ત થઈ જા ।।૫૫।।

પ્રાચીનબર્હિ રાજાએ પૂછ્યુંઃ હે મહારાજ! આપે જે કહ્યું તે મેં સાંભળ્યું તેનો વિચાર પણ કર્યો. આ વાતની મારા ઉપાધ્યાયોને ખબર જ નથી. જો ખબર હોય તો એઓ આજ દિવસ સુધી કેમ ન બોલે? ।।૫૬।।

વિપ્રવર! આ વિષયમાં ઉપાધ્યાયોએ મારામાં જે મહાન સંશય કરી દીધેલો તે આપે તદ્દન દૂર કર્યો. આ બાબતમાં ઈન્દ્રિયોની વૃત્તિઓ પહોંચી શકતી નથી. તેથી મન્ત્રદ્રષ્ટા ઋષિઓને પણ મોહ થાય છે ।।૫૭।।

વેદવાદીઓનું કહેવું જ્યાં-ત્યાં સાંભળવામાં આવે છે કે પુરુષે જે દેહથી કર્મ કર્યા હોય તે દેહને અહીંજ મૂકી દઈએ પરલોકમાં કર્મોથી બનેલા બીજા *દેહથી કર્મોના ફળને ભોગવે છે ।।૫૮।।

**વિશેષ :** એટલે આ દેહનું કરેલું કર્મ બીજા દેહથી ભોગવાય છે. એવું વેદ જાણનાર લોકો ચારે કોર બોલે છે; અને આપ કહી ગયા કે પુરંજને જે અકર્મ કર્યા તેનાં ફળ મર્યા પછી એને બીજા જન્મમાં મળ્યાં તો આ વિષય વિવાદાસ્પદ લાગે છે; કેમકે જે કરે તેણે જ કર્મ ફળ ભોગવવું વાજબી છે પણ એક દેહે કરેલા કર્મને બીજો દેહ ભોગવે એ વાત સંભવતી નથી. જે દેહ કર્મ કરે તેને એ કર્મનું ફળ કાંઈ પણ ભોગવવાને નહિ મળતાં જેણે નથી કર્યું તેને એનું ફળ મળે છે એ વાત ન્યાયવિરુદ્ધ છે.

પણ આ વાત બની શી રીતે શકે? (કારણ કે તે કર્મોનું કરનારું સ્થૂળ શરીર તો અહીં જ નાશ પામે છે), વળી જે-જે કર્મ અહીં કરવામાં આવે છે એ તો બીજી જ ક્ષણમાં અદશ્ય થઈ જાય છે. એ પરલોકમાં ફળ દેવાને માટે ફરીથી કઈ રીતે પ્રકટ થઈ શકે?* ।।૫૯।।

**વિશેષ :** મનુષ્ય વેદના કહ્યા પ્રમાણે જે કર્મ કરે છે તે કર્મ થોડી વાર પછી જ અદશ્ય થઈ જાય છે. જેમકે આપણે હોમ કરવા બેઠા હોઈએ ત્યાં હોમ કરીએ તેટલી વાર જ હોમ થતો જોવામાં આવે છે પણ હોમ કરી રહ્યા પછી તરત જ એ હોમ અદશ્ય થઈ જાય છે. એટલે જે કર્મ અદશ્ય થઈ ગયું અથવા નષ્ટ થઈ ગયું તેનો ભોગ પાછળથી મળે એ વાત પણ સિદ્ધ થવી મુશ્કેલ છે. તાત્પર્ય કે એક દેહે કરેલાં કર્મનું ફળ બીજો દેહ ભોગવતો નથી એમ આપ કહો છો.

**નારદજીએ કહ્યું :** (સ્થૂલ શરીર તો લિંગ શરીરને આધીન છે તેથી કર્મોની જવાબદારી એના ઉપર જ છે) જે મનઃપ્રધાન લિંગ શરીરથી મનુષ્ય કર્મ કરે છે તે તો મર્યા પછી પણ એની સાથે રહે જ છે તેથી તે પરલોકમાં અપરોક્ષરૂપથી સ્વયં એનાદ્વારા એનાં ફળ ભોગવે છે ।।૬૦।।

*સ્વપ્ન અવસ્થામાં મનુષ્ય આ જીવિત શરીરનું અભિમાન તો છોડી દે છે પણ એના જ જેવું અથવા એનાથી જુદા પ્રકારના પશુપક્ષી વગેરે શરીરથી તે મનમાં સંસ્કારરૂપથી સ્થિત કર્મોનાં ફલ ભોગવતો રહે છે ।।૬૧।।

**વિશેષ :** કર્તાપણું અને ભોક્તાપણું સ્થૂળ દેહને નથી પણ લિંગદેહને એટલે મન જેમાં મુખ્ય છે એ અન્તઃકરણને છે. અન્તઃકરણ સ્થૂળ દેહની સાથે નાશ પામતું નથી એટલે એક સ્થૂળદેહનો નાશ થઈ બીજો જે સ્થૂળદેહ આવે તેમાં અન્તઃકરણ એનું એ રહે છે.

આ મનનાદ્વારા જીવ જે સ્ત્રીપુત્રાદિકને ''આ મારો છે'' અને દેહાદિને ''આ હું છું'' એમ કહી માને છે એમનાં કરેલાં પાપ-પુણ્યાદિ રૂપ કર્મને પણ તે પોતે પોતાના ઉપર લઈ લે છે અને એને લીધે તેને ફરીથી જન્મ લેવો પડે છે ।।૬૨।।

જેવી રીતે જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય બન્નેની પ્રવૃત્તિઓથી એના પ્રેરક ચિત્તનું અનુમાન થાય છે તેવી રીતે ચિત્તની જાતજાતની વૃત્તિઓથી પૂર્વજન્મના કર્મોનું પણ અનુમાન થાય છે તેથી કર્મ અદષ્ટરૂપી ફલ દેવામાટે કાલાન્તરે બીજા સમયે પણ મોજૂદ હોય છે ।।૬૩।।

ક્યારેક-ક્યારેક એવું દેખાય છે કે જે વસ્તુનો આ શરીરથી ક્યારેય અનુભવ નથી કર્યો જેને નથી તો ક્યારેય જોઈ કે નથી સાંભળી તેનો સ્વપનમાં તે જેવી હોય છે તેવો જ અનુભવ થઈ જાય છે ।।૬૪।।

હે રાજા! તું નિશ્ચય માન કે લિંગ દેહના અભિમાની જીવને એનો અનુભવ પૂર્વ જન્મમાં થઈ ચૂક્યો છે કારણ કે જે વસ્તુનો અનુભવ પહેલાં થયેલો હોતો નથી એની મનમાં વાસના પણ હોવી શક્ય નથી ।।૬૫।।

તારું કલ્યાણ થાઓ. મન જ મનુષ્યનાં પૂર્વ રૂપો તથા ભાવી શરીરાદિને પણ બતાવી દે છે; અને જેમનો હવે પછી જન્મ થવાનો જ નથી એ તત્ત્વવેતાઓની વિદેહમુક્તિની જાણ પણ એમનાં મનથી જ થઈ જાય છે ।।૬૬।।

આ વર્તમાન કાળના દેહથી અનુભવમાં ન આવી હોય તેવી વસ્તુ કોઈ વખતે સ્વપનમાં અને મનોરથમાં આવે છે એ ઉપરથી અવશ્ય માનવું રહ્યું કે પૂર્વ દેહમાં એનો અનુભવ થયો હતો. આ ઉપરથી પૂર્વ દેહના કર્મના સંસ્કાર મનમાં લાગી રહે છે એવો નિશ્ચય થાય છે ।।૬૭।।

ઇન્દ્રિયોથી અનુભવ કરી શકાય એવા પદાર્થો જ ભોગરૂપમાં વારંવાર મનની સામે આવે છે અને ભોગ પૂરો થતાં ચાલ્યા જાય છે એવો કોઈ પદાર્થ નથી આવતો જેનો ઇન્દ્રિયોથી અનુભવ જ ન થઈ શકે. આનું કારણ એ છે કે બધા જીવ મન સહિત છે ।।૬૮।।

સાધારણ રીતે તો બધા પદાર્થોનું ક્રમશઃ જ ભાન થાય છે; પણ જો કોઈ વખતે

ભગવદ્દચિન્તનમાં લાગેલું મન વિશુદ્ધ સત્ત્વમાં સ્થિર થઈ જાય તો એને ભગવાનનો સંસર્ગ થવાથી એકી સાથે સમગ્ર વિશ્વનું પણ ભાન થઈ શકે છે. જેવી રીતે રાહુ રોજ જોઈ શકાતો નથી પણ પ્રકાશાત્મક ચન્દ્રના સંસર્ગથી દેખાવા લાગે છે ।।૬૯।।

રાજન્! જ્યાં સુધી ગુણોનો પરિણામ અને બુદ્ધિ, મન, ઇન્દ્રિય અને શબ્દાદિ વિષયોનો સંઘાત આ અનાદિ લિંગદેહ મોજૂદ છે ત્યાં સુધી જીવમાં સ્થૂલ દેહના પ્રત્યે ''હું-મારું''ભાવનો અભાવ થઈ શકતો નથી, અહન્તા-મમતા મટતીનથી ।।૭૦।।

સુષુપ્તિ, મૂર્ચ્છા, મહાદુઃખ(પુત્રમરણ વગેરે.), મૃત્યુ અને તીવ્ર જ્વરાદિ વખતે ઇન્દ્રિયોની વ્યાકુળતાને લીધે 'હું' અને 'મારાપણા' ની સ્પષ્ટ પ્રતીતિ થતી હોતી નથી પરન્તુ એ સમયે પણ એનું અભિમાન તો એમજ હોય છે ।।૭૧।।

ગર્ભમાં અને બાળપણમાં પણ ઇન્દ્રિયોનો પૂર્ણ વિકાસ થયેલો ન હોવાથી જુવાનીમાં જેવું સ્થૂળ દેહાભિમાન અગિયાર ઇન્દ્રિયોથી સ્પષ્ટ દેખાય છે તેવું દેખાતું નથી. એટલે અમાવસ્યામાં જેમ ચન્દ્રમાંનું બિમ્બ હોવા છતાં પણ દેખાતું નથી તેમ ગર્ભાદિક અવસ્થામાં સ્થૂળ દેહનું અભિમાન હયાત હોવા છતાં પણ દેખાતું નથી ।।૭૨।।

જે પ્રમાણે સ્વપનમાં કોઈ પણ પદાર્થ વિદ્યમાન નથી તો પણ જાગ્યા વિના સ્વપન જનિત અનર્થની નિવૃત્તિ થતી નથી એ જ પ્રમાણે સાંસારિક વસ્તુઓ જો કે અસત્ છે તો પણ અવિદ્યાવશ જીવ એનું ચિન્તન કરે છે તેથી એનો જન્મ-મરણરૂપ સંસારથી છુટકારો થઈ શકતો નથી ।।૭૩।।

પાંચ તન્માત્રા,[૧] ત્રણ ગુણ,[૨] અને સોળ[૩] વિકારરૂપે વિસ્તાર પામેલા લિંગદેહમાં જે ચૈતન્ય પરમાત્માનો આભાસ છે તે જીવ કહેવાય છે ।।૭૪।।

**વિશેષ** : ૧. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ. ૨. સત્ત્વ, રજ તમ. ૩. અગિયાર ઇન્દ્રિયો તથા પાંચ મહાભૂત.

એ જીવ લિંગશરીરથી જ કેટલાંક શરીરને લે છે અને કેટલાંક શરીરને મૂકી દે છે એટલે લિંગશરીર જે સ્થૂળ દેહને મૂકી દે છે તે સ્થૂળ શરીરનું મરણ થયેલું કહેવાય છે અને જે બીજા સ્થૂળ શરીરને લે છે તે સ્થૂળ શરીરનો જન્મ થયો કહેવાય છે. હર્ષ, શોક, ભય, દુઃખ અને સુખનો અનુભવ પણ લિંગશરીરને લીધે જ જીવને પ્રાપ્ત થાય છે ।।૭૫।।

જેમ ખડમાંકડી જ્યાં સુધી બીજા ખડને ન પકડી લે ત્યાં સુધી પહેલા ખડને મૂકતી નથી. તેમ મરતી વખતે પણ જીવને જ્યાં સુધી પૂર્વ દેહનું પ્રારબ્ધ પૂરું થઈને બીજો સ્થૂળ દેહ ન મળ્યો હોય ત્યાં સુધી પહેલા સ્થૂળ દેહનું અભિમાન મટતું નથી. રાજન આ મનઃપ્રધાન લિંગ શરીર જ જીવના જન્મ વગેરેનું કારણ છે ।।૭૬-૭૭।।

જીવ જ્યારે ઈન્દ્રિયોથી ભોગવાતા ભોગોનું ચિન્તન કરતાં-કરતાં વારંવાર એને જમાટે કર્મ કરે છે ત્યારે એ કર્મો થતાં રહેવાથી અવિદ્યાવશ તે દેહાદિના કર્મોમાં બંધાઈ જાયછે ।।૭૮।।

તેથી એ કર્મ બન્ધનમાંથી છુટકારો મેળવવો હોય તો સમસ્ત વિશ્વને ભગવદ્રૂપ જોઈ સર્વાત્મભાવ-પૂર્વક એ શ્રીહરિનું ભજન કર જેનાથી આ વિશ્વની ઉત્પત્તિ-સ્થિતિ અને જેમાં એનો લય થાયછે ।।૭૯।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે ભક્ત શ્રેષ્ઠ શ્રીનારદમુનિએ પ્રાચીનબર્હિરાજાને જીવ તથા ઈશ્વરનાં સ્વરૂપોનો ઉપદેશ કર્યો અને રાજાની રજા લઈ ત્યાંથી સિદ્ધ લોકમાં ચાલ્યા ગયા ।।૮૦।।

પછી રાજર્ષિ પ્રાચીનબર્હિ પ્રજાપાલનની જવાબદારી પોતાના પુત્રોને સોંપી તપ કરવા કપિલ મુનિના આશ્રમમાં એટલે જ્યાં ગંગા અને સાગરનો સંગમ છે ત્યાં ગયા ।।૮૧।।

ત્યાં એ વીરવરે સમસ્ત વિષયોની આસક્તિ છોડી દઈ એકાગ્ર મનથી ભક્તિ પૂર્વક શ્રીહરિનાં ચરણકમલોનું ચિન્તન કરતાં સારૂપ્ય પદ પ્રાપ્ત કર્યું ।।૮૨।।

હે નિષ્પાપ વિદુરજી! નારદજીએ પરોક્ષરૂપથી કહેલ આ આત્મજ્ઞાનને જે પુરુષ સંભળાવે કે સાંભળે તે લિંગશરીરથી મુક્ત થઈ જાય છે ।।૮૩।।

ભગવાનની કીર્તિથી ત્રિલોકીને પવિત્ર કરનાર, અન્તઃકરણને શુદ્ધ કરનાર, નારદજીના મુખમાંથી નીકળેલું આ આખ્યાન જે માણસ સાંભળે તે સર્વ બન્ધનમાંથી છૂટી જઈ આ સંસારમાં ભટકે નહિ ।।૮૪।।

**અધ્યાત્મપારોક્ષ્યમિદં મયાધિગતમદ્ભુતમ્ ।।**
**એવં સ્ત્રિયાઽઽશ્રમઃ પુંસશ્છિન્નોઽમુત્ર ચ સંશયઃ ।।૮૫।।**

ગૃહસ્થાશ્રમી પુરંજનના રૂપકથી પરોક્ષરૂપે કહેલ આ અદ્‌ભુત આત્મજ્ઞાન મને ગુરુજીની કૃપાથી પ્રાપ્ત થયું હતું. એનું રહસ્ય સમજી લેવાથી બુદ્ધિ યુક્ત જીવનું

દેહાભિમાન નિવૃત્ત થઈ જાય છે તથા પરલોકમાં જીવ કેવી રીતે કર્મોનાં ફળ ભોગવે છે એ શંકા પણ મટી જાય છે ।।૮૫।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થ સ્કન્ધમાં પુરંજન ઉપાખ્યાનમાં (ચોથા મોક્ષપ્રકરણમાં મુક્તિનિરૂપણ નામનો છઠ્ઠો) ''સ્ત્રીસંગથી જન્મમરણ અને પ્રભુસંગથી મોક્ષપ્રાપ્તિએ પુરંજન પાખ્યાનનું તાત્પર્ય'' નામનો ઓગણત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઓ ભાઈ રે! ભાગવત ભણીને શું કીધું?**
પારસમણિનું પાત્ર (ભાગવત) પાણિમાં ઘેર-ઘેર ભિક્ષા માંગે!
જ્યાં લગી વસ્તુનું જ્ઞાન ના ત્યાં લગી દુઃખ-દારિદ્રય ના ભાંગે

## અધ્યાય ૩૦

## પ્રચેતાઓનાં વૃક્ષની કન્યા સાથે લગ્ન અને રાજકાર્ય

**વિશેષ :** આ પ્રકારે પ્રાચીન બર્હિષની મુક્તિ કહેવાઈ. હવે પ્રચેતાનો વૃત્તાન્ત કહેવામાં આવે છે. આમાં પચીસમાં અધ્યાયમાં સન્તુષ્ટ થઈ પ્રકટ થયેલા પ્રભુને શરણે ગયેલા પ્રચેતાઓને પ્રાપ્ત થયેલ ભગવત્કૃપાનું વર્ણન છે. પચીસમાં અધ્યાયમાં પ્રચેતાઓએ કરેલ તપની વાત અધૂરી મૂકી મૈત્રેયે વચમાં પ્રસંગોપાત્ત પ્રાચીન બર્હિની કથા કહી. મૂળનું અનુસન્ધાન સાન્ધતાં એ પૂરી થઈ રહેતાં વિદુરજી મૈત્રેયને પાછી પ્રચેતાઓની વાત પૂછે છે.

**યે ત્વયાભિહિતા બ્રહ્મન્ સુતાઃ પ્રાચીનબર્હિષઃ।**
**તે રુદ્રગીતેન હરિં સિદ્ધિમાપુઃ પ્રતોષ્ય કામ્ ।।૧।।**

**વિદુરજી પૂછે છે :** હે મૈત્રેય! તમે પ્રાચીન બર્હિરાજાના પુત્ર પ્રચેતાઓની વાત કહી ગયા તો એઓ ભગવાનને પ્રસન્ન કરી કઈ સિદ્ધિ પામ્યા? ।।૧।।

હે બૃહસ્પતિના શિષ્ય! (મૈત્રેય મુનિ બૃહસ્પતિ પાસેથી કોઈ એક વિદ્યા શીખ્યા હતા તેથી તેઓ બૃહસ્પતિના શિષ્ય કહેવાય છે.) સદાશિવ ભગવાન્ નારાયણના અત્યન્ત પ્રિય છે; પ્રચેતાઓ યદચ્છાથી એમને મળી એમનો અનુગ્રહ પામ્યા તો અવશ્ય એઓ મુક્તિ તો પામ્યા હશે જ, પરન્તુ મુક્તિ થતાં પહેલાં એમને આ લોક અથવા

પરલોકમાં શું પ્રાપ્ત થયું હતું? ।।૨।।

**મૈત્રેયે કહ્યું :** પિતાની આજ્ઞા પાળનારા પ્રચેતાઓએ સમુદ્રની અન્દર ઊભા રહી રુદ્રગીતના જપરૂપ યજ્ઞથી તથા તપથી ભગવાનને પ્રસન્ન કર્યા ।।૩।।

તપ કરતાં-કરતાં દશ હજાર વર્ષ વીતી ગયાં ત્યારે પુરાણ પુરુષ નારાયણ પોતાની કાન્તિથી તપસ્યાથી થયેલ એમનો ક્લેશ શાન્ત કરતા સૌમ્ય શ્રીવિગ્રહ (શ્રીઅંગ) થી એમની સામે પ્રકટ થયા ।।૪।।

ગરુડજીના ખભા ઉપર બિરાજમાન શ્રીભગવાન્ એવા લાગતા હતા. જાણે સુમેરુ પર્વતના શિખર ઉપર કોઈ અદ્‌ભુત શ્યામ ઘટા છાઈ રહી હોય. આપના શ્રીઅંગ ઉપર પીતામ્બર અને કણ્ઠમાં કૌસ્તુભમણિ સુશોભિત હતો. પોતાની અલૌકિક આભાથી બધી દિશાઓના અન્ધકારને દૂર કરી રહ્યા હતા. સુવર્ણનાં ઝાકમઝોળ આભૂષણોથી એમનાં કમનીય કપોલ અને મનોહર મુખકમલ શોભતાં હતાં. કિરીટ દીપી રહ્યો હતો. એમણે આઠ ભુજાઓમાં આઠ આયુધ ધર્યા હતાં. પાર્ષદો, મુનિઓ અને દેવતાઓ સેવામાં હાજર હતા. કિન્નરની પેઠે ગરુડજી પોતાની સામમય પાંખોના ફડફડાટ(શબ્દ) થી તેમની કીર્તિ ગાતા હતાં. વનમાળાની શોભા પુષ્ટ અને લાંબી આઠ ભુજાઓના મધ્યમાં(વક્ષઃસ્થળમાં) રહેલી લક્ષ્મીની સાથે સ્પર્ધા કરતી હતી. દયા ભરેલી દૃષ્ટિથી એ આદિ પુરુષે શ્રીનારાયણે પોતાને શરણે આવેલા પ્રચેતાઓને મેઘના નાદ સરખી ગમ્ભીર વાણીથી આ પ્રમાણે કહ્યું ।।૫-૭।।

**ભગવાને કહ્યું :** હે રાજકુમારો! તમારું કલ્યાણ થાઓ. મારી પાસેથી વરદાન માગો. સ્નેહને લીધે તમે બધા એક જ ધર્મ પાળો છો; એક બીજા ઉપરનો તમારો આદર્શ સ્નેહ જોઈ હું પ્રસન્ન થયો છું ।।૮।।

જે પુરુષ પ્રતિદિન સવાર-સાંજ તમારું સ્મરણ કરશે તેનું ભાઈઓમાં આત્મસામ્ય તથા પ્રાણીઓમાં સૌહાર્દ થશે ।।૯।।

સાંજે અને સવારે સાવધાન થઈ જે લોકો રુદ્રગીતથી મારી સ્તુતિ કરશે તેઓને હું મનવાંછિત વર અને સદ્‌બુદ્ધિ આપીશ. (ત્યારે તમને આપું એમાં તો કહેવું જ શું?) ।।૧૦।।

તમે પિતાની આજ્ઞા ખુશીથી માથે ચઢાવી લીધી છે તેથી તમારી પવિત્ર કીર્તિ સમસ્ત લોકમાં ફેલાઈ જશે ।।૧૧।।

તમને એક એવો વિખ્યાત પુત્ર (દક્ષ નામનો) થશે, જે ગુણોમાં બ્રહ્માના કરતાં કોઈ રીતે ઓછો નહિ હોય. એ પુત્ર પોતાનાં સન્તાનોથી ત્રૈલોક્યને ભરી દેશે ।।૧૨।।

હે રાજપુત્રો!* કણ્ડુ ઋષિના સંગથી પ્રમ્લોચા નામની અપ્સરાને એક કમળ સરખા નેત્રવાળી પુત્રી થઈ હતી, જેને પ્રમ્લોચાએ ત્યજી દીધી. તેથી વૃક્ષોએ એને પોતાની પાસે રાખીછે ।।૧૩।।

**વિશેષ :** તપનો ભંગ કરવા સારુ ઈન્દ્રે મોકલેલી પ્રમ્લોચા અપ્સરા સાથે કંડુ ઋષિ ઘણા કાળ સુધી રમ્યા હતા તેમાંથી અપ્સરાને ગર્ભ રહેતાં એ ગર્ભને ઝાડ નીચે મૂકી ગઈ એ અપ્સરા જતી રહી હતી.

એ કન્યા ભૂખથી વ્યાકુળ થઈ રોતી હતી ત્યારે વૃક્ષોના અધિપતિ ચન્દ્રમાએ દયા લાવીને એના મોઢામાં પોતાની તર્જની આંગળી કે જેમાંથી અમૃત ઝરતું હતું તે આપી હતી ।।૧૪।।

તમારા પિતા આજકાલ મારી ભક્તિ કરવામાં લાગેલા છે. તેમણે તમને પ્રજાની સૃષ્ટિ કરવાની આજ્ઞા કરી છે તો તે આજ્ઞાનો અમલ કરવા એ *દિવ્ય-દેવ સરીખડી કન્યાની સાથે તમે જલદી લગ્ન કરી લો ।।૧૫।।

**વિશેષ :** અપ્સરાના ગર્ભમાંથી ઉત્પન્ન થઈ છે અને અમૃતનો આહાર કર્યો છે તેથી તે કન્યા દિવ્ય છે; એટલે અત્યન્ત રૂપાળી; અને એના શરીરમાં દુર્ગન્ધ, પરસેવો વગેરે નથી એમ સમજવું.

તમે બધા એક જ ધર્મ અને એક સ્વભાવના છો તેથી તમારા જ જેવા ધર્મ અને સ્વભાવવાળી તે સુન્દર કન્યા તમારા બધાની પત્ની થશે અને તમારા બધાની ઉપર તેનો સરખો જ પ્રેમ રહેશે ।।૧૬।।

મારા અનુગ્રહથી દસ લાખ દિવ્ય વર્ષ સુધી તમે સમ્પૂર્ણ બલવાન પૃથ્વીના તેમજ સ્વર્ગના દિવ્ય ભોગો ભોગવશો ।।૧૭।।

અન્તમાં મારી અવિચલ ભક્તિથી હૃદયના સમસ્ત વાસનારૂપ મેલ બળી જવાથી તમે આ લોકના તથા પરલોકના નરક તુલ્ય ભોગોથી ઉપરત થઈ મારા પરમ ધામમાં જશો ।।૧૮।।

જે લોકોનાં કર્મ ભગવદર્પણ બુદ્ધિથી થતાં રહે છે અને જેમનો બધો જ સમય મારી કથાવાર્તામાં જ પસાર થાય છે. તેઓ ગ્રહસ્થાશ્રમમાં રહે તો પણ ઘર એમનાં

બન્ધનનાં કારણ થતાં નથી ।।૧૯।।

તેઓ દરરોજ મારી લીલાઓ સાંભળતા રહે છે તેથી બ્રહ્મવાદી વક્તાઓદ્વારા હું જ્ઞાન સ્વરૂપ પરબ્રહ્મ એમના હૃદયમાં નિત્ય નૂતનપણે પ્રકટ થાઉં છું અને મને પ્રાપ્ત કરી લીધા પછી જીવોને મોહ, શોક અને હર્ષ પણ થઈ શકતો નથી ।।૨૦।।

**મૈત્રેયે કહ્યું** : ભગવાનનાં દર્શનથી પ્રચેતાઓના રજોગુણ-તમોગુણનો મેલ ધોવાઈ ગયો હતો. જ્યારે એમને બધાય પુરુષાર્થોના આશ્રય અને અવિદ્યાનો નાશ કરનાર શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું ત્યારે તેઓ હાથ જોડી ગદ્ગદ વાણીથી કહેવા લાગ્યા ।।૨૧।।

**પ્રચેતાઓ સ્તુતિ કરે છે** : આપ ક્લેશને મટાડનાર છો, મન અને વચનના વેગથી પણ આપનો વેગ વધારે (મન કે વચન જેને નથી પહોંચી શકતાં એવાં) છે. વેદમાં સઘળી ઈન્દ્રિયોની વૃત્તિઓવડે આપનાં જ નામ અને ગુણ ગવાય છે; આપને નમસ્કાર કરીએ છીએ ।।૨૨।।

આપના સ્વરૂપમાં સ્થિત રહેતા હોવાથી આપ શુદ્ધ છો, શાન્ત છો; મનરૂપ નિમિત્તને લીધે અમને આપમાં આ મિથ્યા દ્વૈત દેખાઈ રહ્યું છે. આપને અમે નમસ્કાર કરીએ છીએ. વાસ્તવમાં જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાને માયાના ગુણોનો સ્વીકાર કરી આપ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ સ્વરૂપ ધારણ કરો છો. અમે આપને નમસ્કાર કરીએ છીએ ।।૨૩।।

આપ વિશુદ્ધ સત્ત્વસ્વરૂપ છો, આપનું જ્ઞાન સંસાર બન્ધનને દૂર કરી દે છે, આપ જ સમસ્ત ભક્તોના નિર્વાહક વસુદેવનન્દન શ્રીકૃષ્ણ છો; આપને નમસ્કાર કરીએ છીએ ।।૨૪।।

નાભિમાં બ્રહ્માંડરૂપ કમળને ધારણ કરનારા, કમળની માળા પહેરનારા, કમળ સરખાં ચરણવાળાં કમળ સરખાં નેત્રવાળાં, કમળતન્તુ સરખા પીળાં નિર્મળ વસ્ત્રને ધારણ કરનારા, સર્વ જગત્નાં નિવાસરૂપ અને સાક્ષી આપ છો; આપને અમે નમીએ છીએ ।।૨૫-૨૬।।

ભગવન્! આપનું આ સ્વરૂપ બધા જ ક્લેશોને દૂર કરનારું છે. અમે (અવિદ્યા, અસ્મિતા, રાગદ્વેષાદિ) ક્લેશોમાં દુઃખી થઈ રહ્યા છીએ. અમારી સામે આ સ્વરૂપ પ્રકટ કર્યું એનાથી વિશેષ કૃપા અમારા ઉપર કઈ હોઈ શકે? ।।૨૭।।

દુર્ભાગ્ય માત્રનો નાશ કરનાર, દીનદયાળ, દીન-હીન ઉપર દયા કરનારા સમર્થ

પુરુષોએ એટલી જ કૃપા કરવી જોઈએ કે સમયે-સમયે એ દીન જનોને ''આ અમારા છે'' આ પ્રમાણે યાદ કર્યા કરે ।।૨૮।।

આથી જ એમના આશ્રિત જનોનાં ચિત્ત શાન્ત થઈ જાય છે.(આપ તો તુચ્છમાં તુચ્છ પ્રાણીઓના અન્તઃકરણમાં અન્તર્યામીરૂપથી બિરાજી રહો છો) તો પછી આપના ઉપાસક અમે જે-જે કામનાઓ સેવીએ તે કામનાઓને આપ કેમ નહિ જાણી લો? ।।૨૯।।

જગદીશ્વર! આપ મોક્ષનો માર્ગ દેખાડી આપનાર અને સ્વયં પુરુષાર્થરૂપ છો. આપ અમારા ઉપર પ્રસન્ન છો. એનાથી વધારે અમારે જોઈએ શું? બસ અમારું અભીષ્ટ વરદાન તો આપની પ્રસન્નતા જ છે ।।૩૦।।

તો પણ, નાથ, અમે આપની પાસે એક વરદાન અવશ્ય માગી લઈએ. પ્રભો આપ પ્રકૃતિ આદિથી પર છો અને આપની વિભૂતિઓનો કોઈ અંત નથી તેથી આપ 'અનંત' કહેવાઓ છો ।।૩૧।।

જેમ અનાયાસે કલ્પવૃક્ષ મળ્યા પછી ભમરો કોઈ બીજા વૃક્ષને સેવે નહિ તેમ સાક્ષાત્ આપનાં ચરણારવિન્દ પામી હવે અમે શું-શું માગીએ? ।।૩૨।।

એટલામાટે આપની પાસે અમે આટલું જ માગીએ છીએ કે આપની માયાથી ઘેરાયેલા અમે જ્યાં સુધી અમારાં કર્મોને લઈ આ સંસારમાં ભટકતા રહીએ ત્યાં સુધી જન્મો-જન્મ આપના ઉત્તમ ભક્તોનો અમને સમાગમ થજો ।।૩૩।।

અમે તો ભગવદ્ભક્તોના ક્ષણભરના સંગની સરખામણીમાં સ્વર્ગ અને મોક્ષને પણ કંઈ લેખતા જ નથી; તો પછી મનુષ્યોના ભોગોની તો વિસાત જ શી? ।।૩૪।।

ભગવદ્ભક્તોના સમાજમાં સદા સર્વદા ભગવાનની મધઝરતી કથાઓ થતી રહે છે, જેના શ્રવણ માત્રથી ભોગતૃષ્ણા શાન્ત થઈ જાય છે, કોઈ જ પ્રકારના વેર-વિરોધ-ઉદ્વેગ ત્યાં પ્રાણીઓની પાસે ફરકતા જ નથી ।।૩૫।।

સુન્દર-સુન્દર કથા પ્રસંગોદ્વારા નિષ્કામભાવથી સન્ન્યાસીઓના એકમાત્ર આશ્રય સાક્ષાત્ શ્રીનારાયણ ભગવાનના ગુણગાન થતાં રહે છે ।।૩૬।।

એવા આપના ભક્તો તીર્થોને પણ પવિત્ર કરવાને જગતમાં પગપાળા જ ફર્યા કરે છે. એમનો સમાગમ ભલા સંસારથી ભયભીત થયેલાં પુરુષને કેમ ન ગમે? ।।૩૭।।

ભગવન્! આપના લાડીલા સખા ભગવાન્ શંકરના ક્ષણભરના સત્સંગથી જ આજ અમને આપનાં સાક્ષાત્ દર્શન થયાં છે. જન્મ મરણરૂપ દુઃસાધ્ય રોગના આપ સૌથી મોટા નિષ્ણાત વૈદ છો તેથી અમે આપનું જ શરણું લીધું છે ।।૩૮।।

અમે એકાગ્ર ચિત્તથી જે કંઈ અધ્યયન કર્યું છે, નિરન્તર સેવા-શૂશ્રુષા કરી ગુરુ, બ્રાહ્મણ અને વૃદ્ધજનોને પ્રસન્ન કર્યા છે તથા દોષબુદ્ધિ છોડી દઈ શ્રેષ્ઠ પુરુષ, સુહૃદ્ગણ, બન્ધુવર્ગ અને સમસ્ત પ્રાણીઓને વન્દન કર્યું છે અને અન્નાદિક છોડી લાંબા સમય સુધી જલમાં ઊભા રહી તપસ્યા કરી છે એ બધું આપ સર્વવ્યાપક પુરુષોત્તમના સન્તોષનું કારણ હો આ જ વરદાન માગીએ છીએ ।।૩૯-૪૦।।

મનુ, બ્રહ્મા, સદાશિવ તથા તપ સહિત જ્ઞાનથી શુદ્ધ અન્તઃકરણવાળા બીજા મહાત્માઓ પણ આપના મહિમાનો પાર ન પામી શકવાથી પણ પોતાની બુદ્ધિ પહોંચે તે પ્રમાણે આપની સ્તુતિ કરતા રહે છે. તેથી અમે પણ અમારી બુદ્ધિ પ્રમાણે આપનાં યશોગાન કરીએ છીએ ।।૪૧।।

આપ સર્વમાં સમાન, શુદ્ધ પરમ પુરુષ છો. આપ સત્ત્વમૂર્તિ ભગવાન્ વાસુદેવને અમે નમસ્કાર કરીએ છીએ ।।૪૨।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે પ્રચેતાઓએ સ્તુતિ કરી ત્યારે શરણાગત ઉપર પ્રીતિ રાખનાર ભગવાને પ્રસન્ન થઈ કહ્યું, તથાસ્તુ.પ્રચેતાઓને દર્શન કરતાં હજુ નેત્રને તૃપ્તિ નહિ થયેલી હોવાથી ભગવાન્ ત્યાંથી પધારી જાય એવું ઈચ્છતા નહોતા તો પણ મહાપ્રતાપી ભગવાન્ પોતાના ધામમાં પધારી ગયા ।।૪૩।।

પછી પ્રચેતાઓએ સમુદ્રના જળમાંથી બહાર નીકળી જોયું તો વૃક્ષો જાણે આકાશનો માર્ગ રોકી દેવા સારું જ ઊંચા થયાં હોય એવાં જણાતાં હતાં ।।૪૪।।

વૃક્ષોથી પૃથ્વીને ઢંકાઈ ગયેલી *જોઈ એમને વૃક્ષો ઉપર ભારે ક્રોધ ઉત્પન્ન થયો. એ ક્રોધને લીધે પ્રલયમાં કાલાગ્નિ રુદ્રની પેઠે પૃથ્વીને ઝાડ વગરની કરી નાખવામાટે પ્રચેતાઓએ પોતાના મુખમાંથી અગ્નિ અને પવન છોડ્યાં ।।૪૫।।

**વિશેષ :** આ વખતે પ્રાચીનબર્હિ રાજા વનમાં જવાથી કોઈ પૃથ્વી ઉપર રાજા રહ્યો ન હતો; તેથી ખેડ વગેરે બંધ પડી જવાને લીધે આખી ધરતી ઝાડથી ઢંકાઈ ગઈ હતી.

એ અગ્નિથી સઘળાં વૃક્ષોને બળી જતાં જોઈ બ્રહ્માજી ત્યાં આવ્યા અને એમણે નીતિનાં વચનોથી પ્રચેતાઓને શાંતકર્યા ।।૪૬।।

એ અગ્નિથી જે કંઈ વૃક્ષો બચી ગયાં તેમણે પ્રચેતાઓની બીકથી અને

બ્રહ્માજીના કહેવાથી પોતાની કન્યા લાવી પ્રચેતાઓને આપી. પ્રચેતાઓ બ્રહ્માજીની આજ્ઞાથી એ ઉત્તમ કન્યાને પરણ્યા ।।૪૭।।

પ્રચેતાઓએ પણ બ્રહ્માજીની આજ્ઞાથી એ મારીષા નામની કન્યા સાથે લગ્ન કરી લીધું. એના ગર્ભથી બ્રહ્માજીના પુત્ર દક્ષે, શ્રીમહાદેવજીના તિરસ્કારને કારણે પોતાનું પહેલાંનુ શરીર છોડી દઈ, જન્મ લીધો ।।૪૮।।

ચાક્ષુષ મન્વન્તર આવતાં આ જ દક્ષે, જ્યારે કાલક્રમથી પહેલાંની સૃષ્ટિ નાશ પામી ત્યારે ભગવાનની પ્રેરણાથી ઈચ્છાનુસાર નવીન પ્રજા ઉત્પન્ન કરી ।।૪૯।।

જન્મતાવેંત જ એ દક્ષે પોતાની કાન્તિથી તેજસ્વી પુરુષોનાં તેજ હરી લીધાં. એ કર્મ કરવામાં બહુ દક્ષ (પ્રવીણ) હતા એથી જ એમનું નામ દક્ષ થયું ।।૫૦।।

**તં પ્રજાસર્ગરક્ષાયામનાદિરભિષિચ્ય ચ ।।**
**યુયોજ યુયુજેઽન્યાંશ્ચ સ વૈ સર્વપ્રજાપતીન્ ।।૫૧।।**

બ્રહ્માજીએ એ દક્ષનો પ્રજાપતિઓના અધ્યક્ષપદે અભિષેક કરી સૃષ્ટિની રક્ષામાટે નિમણૂક કરી અને તેણે મરીચિ વગેરે બીજા પ્રજાપતિઓની તે-તે કાર્યમાટે નિમણૂક કરી ।।૫૧।।

**ઈતિ શ્રીભાગવત ચતુર્થસ્કન્ધમાં પ્રચેતસોપાખ્યાનમાં (ચોથા મોક્ષપ્રકરણમાં ભગવત્પ્રસાદ નામનો સાતમો) ''પ્રચેતાઓનાં વૃક્ષની કન્યા સાથે લગ્ન અને રાજકાર્ય''નામનો ત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૩૧
## નારદજીના ઉપદેશથી
## પ્રચેતાઓનો મોક્ષ અને દક્ષને રાજ્યપ્રાપ્તિ

**વિશેષ :** આ એકવીસમાં અધ્યાયમાં રાજ્યનું કામ દક્ષને સોંપી વનમાં ગયેલા પ્રચેતાઓને નારદજીએ કહેલા માર્ગથી મુક્તિ થયાની કથા કહેવામાં આવશે.

**તત ઉત્પન્નવિજ્ઞાના આશ્વધોક્ષજભાષિતમ્।**
**સ્મરન્ત આત્મજે ભાર્યા વિસૃજ્ય પ્રાવ્રજન્ ગૃહાત્ ।।૧।।**

**મૈત્રેયે કહ્યું :** સંસારમાં સુખ ભોગવતાં દસ લાખ વર્ષ થઈ ગયા પછી

પ્રચેતાઓમાં વિવેક જાગ્યો અને એમને ભગવાને કહેલી વાતનું સ્મરણ થયું તેથી પોતાની ભાર્યા મારીષા પુત્રને સોંપી એઓ જલદી ઘરનો ત્યાગ કરી નીકળી પડ્યા ।।૧।।

એઓ પશ્ચિમ દિશામાં સમુદ્રકિનારે જ્યાં જાજલિ ઋષિએ સિદ્ધિ મેળવી હતી ત્યાં ગયા અને જેનાથી ''સર્વ ભૂતોમાં એકજ આત્મતત્ત્વ બિરાજમાન છે'' એવું જ્ઞાન થાય છેતે આત્મવિચારરૂપ બ્રહ્મસત્રનો સંકલ્પ કરી પલાંઠી મારી બેસી ગયા ।।૨।।

પ્રાણ, મન, વાણી અને દષ્ટિને વશ કરી દઢ આસન કરી તથા શરીરને નિશ્ચેષ્ટ-સ્થિર અને સીધું રાખી વિશુદ્ધ પરબ્રહ્મમાં ચિત્ત લગાડી બેઠા હતા. આવી સ્થિતિમાં તેમણે દેવતા અને અસુર બન્નેના વન્દનીય શ્રીનારદજીને જોયા ।।૩।।

નારદમુનિને પધારેલા જોઈ એઓ ઊભા થઈ ગયા અને પ્રણામ કરી આદર-સત્કાર કરી એમની દેશ કાલાનુસાર વિધિવત્ પૂજા કરી. જ્યારે નારદજી સુખપૂર્વક બેસી ગયા ત્યારે તેઓ કહેવા લાગ્યા ।।૪।।

**પ્રચેતાઓ કહે છે :** હે દેવર્ષે! આપનું અમે સ્વાગત કરીએ છીએ, આજ મહાન ભાગ્યથી અમને આપનું દર્શન થયું. બ્રહ્મન્ સૂર્યની પેઠે આપ પણ જગતનો ભય મટાડવાને માટે ફરોછો ।।૫।।

પૂજ્ય સદાશિવે તથા વિષ્ણુએ અમને જે જ્ઞાન આપેલું તે ગૃહસ્થીમાં આસક્ત રહેવાથી અમે પ્રાયઃ ભૂલી ગયા છીએ ।।૬।।

તેથી આપ અમારા હૃદયમાં તે પરમાર્થતત્ત્વનો સાક્ષાત્કાર કરાવનાર અધ્યાત્મજ્ઞાનને ફરી પ્રકાશિત કરી દેવાની કૃપા કરો. જેથી અમે આ દુસ્તર ભવસાગરને અનાયાસથી તરી જઈએ ।।૭।।

**મૈત્રેયે કહ્યું :** ભગવન્મય શ્રીનારદજીનું મન સર્વદા ભગવાન્ શ્રીકૃષ્ણમાં જ લાગેલું હોય છે. પ્રચેતાઓએ આ પ્રમાણે પૂછ્યું ત્યારે તેઓ તેમને કહેવા લાગ્યા ।।૮।।

આ લોકમાં મનુષ્યના તે જ જન્મ, તે જ કર્મ, તે જ આયુ, તે જ મન અને તે જ વાણી સફલ છે જેનાદ્વારા સર્વાત્મા, સર્વેશ્વર, શ્રીહરિનું સેવન કરવામાં આવે છે ।।૯।।

જેમનાદ્વારા પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી દેવાવાળા શ્રીહરિને પ્રાપ્ત ન

કરી શકાય એ માતા-પિતાની પવિત્રતા (શૌકલ જન્મ) થી,[1] યજ્ઞોપવીત સંસ્કાર (સાવિત્ર જન્મ) થી[2] અને યજ્ઞદીક્ષાથી પ્રાપ્ત થનારા (યાજ્ઞિક)[3] એ ત્રણ પ્રકારના શ્રેષ્ઠ જન્મોથી, વેદોક્ત કર્મોથી, દેવતાઓના જેવા દીર્ઘ આયુષ્યથી, શાસ્ત્રજ્ઞાનથી, તપથી, વાણીની ચતુરાઈથી અનેક જાતની વાતો યાદ રાખી શકવાની શક્તિથી, તીવ્ર બુદ્ધિથી, બલથી, ઈન્દ્રિયોની ચતુરાઈથી, યોગથી, સાંખ્ય જ્ઞાન(આત્મા-અનાત્મ વિવેક) થી,[4] સન્ન્યાસ અને વેદોના અભ્યાસથી તથા વ્રત-વૈરાગ્યાદિ કલ્યાણનાં બીજાં સાધનોથી પણ પુરુષને શું લાભ થવાનો છે? ।।૧૦-૧૨।।

વિશેષઃ ૧. શુદ્ધ માતા-પિતાથી જે જન્મ થાય તે શૌકલ જન્મ કહેવાયછે.

૨. જનોઈ દેવાથી જે બીજો જન્મ થયો મનાય છે તે સાવિત્ર જન્મ કહેવાય છે.

૩. યજ્ઞની દીક્ષા લેવાથી જે ત્રીજો જન્મ થયો ગણાય છે તે યાજ્ઞિક જન્મ સમજવો.

૪. જડ પદાર્થોથી આત્મા જુદો છે એમ સમજવું. એ સાંખ્ય જ્ઞાન કહેવાય છે. જો કે આ જ્ઞાન ઉત્તમ છે તો પણ જે આત્મા છે તે બ્રહ્મ છે એમ જાણ્યા વિના તે રદ છે.

વાસ્તવમાં સમસ્ત કલ્યાણોની અવધિ આત્મા જ છે અને આત્મજ્ઞાન પ્રદાન કરવાવાળા શ્રીહરિ જ તમામ પ્રાણીઓના પ્રિય આત્મા* છે ।।૧૩।।

**વિશેષ** : વેદમાં લખ્યું છે કે **''ન જાયાયાઃ કામાય જાયા પ્રિયા ભવતિ કિન્તુ આત્મનઃ કામાય જાયા પ્રિયા ભવતિ''** સ્ત્રીને રાજી રાખવા સારુ સ્ત્રી ઉપર પ્રેમ થતો નથી. પણ આત્માને રાજી રાખવા સારુ સ્ત્રી ઉપર પ્રેમ થાય છે. એ પ્રમાણે જ પુત્ર કે ધન વગેરેને રાજી રાખવા સારુ એઓના ઉપર પ્રેમ થતો નથી પણ આત્માને રાજી રાખવા સારું એઓના ઉપર પ્રેમ થાય છે ઈત્યાદિ.

જેમ ઝાડના મૂળને પાણી પાવાથી એનાં થડ, શાખા, ઉપશાખા, ફૂલ, પાન્દડાં વગેરે તૃપ્ત થાય છે અને જેમ પ્રાણને ભોજન આપવાથી સઘળી ઈન્દ્રિયોને તૃપ્તિ મળે છે તેમ ભગવાનનું પૂજન એ જ બધાનું પૂજન છે ।।૧૪।।

સર્વનું મૂળ ભગવાન્ જ છે. જેમ વર્ષાઋતુમાં પાછું સૂર્યના તાપથી ઉત્પન્ન થાય છે અને ગ્રીષ્મ ઋતુમાં પાછું સૂર્યના કિરણોમાં જ પ્રવેશ કરી જાય છે; જેમ સ્થાવર જંગમ પદાર્થો પૃથ્વીમાંથી પેદા થાય છે અને પાછા પૃથ્વીમાં જ લય પામે છે. તેવી રીતે ચેતન-અચેતનાત્મક આ જગત્ ભગવાન્માંથી ઉત્પન્ન થયું છે અને ભગવાન્માંજ લય પામે છે ।।૧૫।।

સાચું પૂછો તો આ વિશ્વાત્મા શ્રીભગવાનનું તે શાસ્ત્ર પ્રસિદ્ધ સર્વ ઉપાધિ રહિત

સ્વરૂપ જ છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ તેનાથી જુદો નથી હોતો તેવી જ રીતે ક્યારેક-ક્યારેક ગન્ધર્વનગરની માફક જણાતું આ જગત્ ભગવાન્થી જુદું નથી; તથા જેવી રીતે જાગ્રત અવસ્થામાં ઇન્દ્રિયો ક્રિયાશીલ રહે છે પણ નિદ્રામાં એમની શક્તિઓ લીન થઈ જાય છે તે જ પ્રમાણે આ જગત્ સર્ગ સમયે ભગવાન્માંથી પ્રકટ થઈ જાય છે અને કલ્પ (બ્રહ્માજીનો દિવસ) નો અન્ત થતાં તેમાં જ લીન થઈ જાય છે. સ્વરૂપતઃ તો ભગવાન્માં દ્રવ્ય, ક્રિયા અને જ્ઞાનરૂપી ત્રિવિધ અહંકારનાં કાર્યોની તથા તેમનાથી નીપજતા ભેદભ્રમની હયાતી છે જ નહિ ।।૧૬।।

નૃપતિગણ, જેવી રીતે વાદળ, અન્ધકાર અને પ્રકાશ એ ક્રમશઃ આકાશથી પ્રકટ થાય છે અને એમાં જ લીન થઈ જાય છે; પણ આકાશ એનાથી લિપ્ત થતું નથી તે જ પ્રમાણે આ[૧] સત્ત્વ, રજ[૨] અને તમોમયી[૩] શક્તિઓ ક્યારેક પરબ્રહ્મથી ઉત્પન્ન થાય છે અને ક્યારેક એમાં જ લીન થઈ જાય છે. આ જ પ્રમાણે એમનો પ્રવાહ ચાલતો રહે છે; પણ એનાથી આકાશની માફક અસંગ પરમાત્મામાં કંઈ વિકાર થતો નથી ।।૧૭।।

**વિશેષ** : ૧. સત્ત્વગુણથી જગતની સ્થિતિ રહે છે. ૨. રજોગુણથી જગતની સૃષ્ટિ થાય છે. ૩. તમોગુણથી જગતનો પ્રલય થાય છે.

તેથી તમે બ્રહ્માદિ બધા લોકપાલોના પણ અધીશ્વર શ્રીહરિને પોતાનાથી જુદા નથી એમ માનીને નીડર થઈને ભજો, કારણ કે તે જ સમસ્ત દેહધારીઓના એક માત્ર આત્મા છે. તે જ જગતનું નિમિત્ત કારણ કાળ, ઉપાદાન કારણ પ્રધાન અને નિયન્તા પુરુષોત્તમ છે તથા પોતાની કાળશક્તિથી તે જ આ ગુણોના પ્રવાહરૂપ પ્રપંચનો સંહાર કરી નાખે છે ।।૧૮।।

સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવાથી, જે કાંઈ મળે તેમાં સન્તોષ માનવાથી અને સર્વ ઇન્દ્રિયોને વિષયોમાં જતી રોકી શાન્ત કરવાથી ભક્તવત્સલ ભગવાન્ તરત જ પ્રસન્ન થાય છે ।।૧૯।।

લોકની પૂજાની અને ધનની તૃષ્ણા મરી જતાં નિર્મળ થયેલા અન્તઃકરણમાં નિરન્તર વધતી જતી ભક્તિથી બોલવેલા ભગવાન્ ભક્તોના હૃદયમાંથી હૃદયના આકાશની પેઠે હટતા નથી ।।૨૦।।

ભગવાનને જ ધનરૂપ માનનારા નિર્ધન ભક્તો ઉપર જ ભગવાન્ પ્રેમ રાખે છે કેમકે એ પરમ રસજ્ઞ છે. એ અકિંચન ભક્તોની અનન્ય અહૈતુકી ભક્તિમાં કેટલી

મધુરપ-મીઠાશ છે એને પ્રભુ બરાબર જાણે છે. જેઓ શાસ્ત્રાભ્યાસ ધન, કુળ અને કર્મના અભિમાનથી નિષ્કિંચન મહાત્મા પુરુષોનો તિરસ્કાર કરે છે તેવા દુર્બુદ્ધિવાળા લોકોની પૂજાનો તો ભગવાન્ સ્વીકાર જ કરતા નથી ।।૨૧।।

ભગવાન્ સ્વરૂપાનન્દથી જ પરિપૂર્ણ છે. એમને પોતાની સેવામાં નિરન્તર રહેવાવાળાં લક્ષ્મીજી તથા તેની ઈચ્છા કરનારા રાજાઓ અને દેવતાઓની પણ કંઈ જ પરવા નથી. આમ હોવા છતાં તે પોતાના ભક્તોને તો અધીન જ રહે છે. ઓહો! એવા દરિયાદિલ-દયા સાગર-શ્રીહરિને કોઈ પણ કૃતજ્ઞ પુરુષ થોડો સમયમાટે પણ કેમ વિસારી શકે? ।।૨૨।।

**મૈત્રેયે કહ્યું :** એ પ્રમાણે બ્રહ્માજીના પુત્ર નારદ મુનિ પ્રચેતાઓને ધ્રુવનાં ચરિત્ર તેમજ બીજી ઘણી-ઘણી ભગવદ્વાર્તા શ્રવણ કરાવી બ્રહ્મલોકમાં ગયા ।।૨૩।।

નારદજીના મુખથી સમ્પૂર્ણ જગતનાં પાપરૂપી મલને દૂર કરનારી ભગવાનની કીર્તિ સાંભળી પ્રચેતાઓ પણ ભગવાનના ચરણનું ધ્યાન કરતા ભગવદ્ ધામને પામી ગયા ।।૨૪।।

હે વિદુરજી! પ્રચેતાઓ તેમજ નારદજીના ભગવત્ કથા સમ્બન્ધી સંવાદરૂપ આ આખ્યાન તમે મને પૂછ્યું હતું તે મેં તમને કહી સંભળાવ્યું ।।૨૫।।

**શુકદેવજીએ પરીક્ષિત રાજાને કહ્યુ :** હે રાજાઓમાં ઉત્તમ! અહીં સુધી સ્વાયમ્ભુવ મનુના પુત્ર ઉત્તાનપાદ રાજાના વંશનું વર્ણન થયું. હવે પ્રિયવ્રત રાજાનો વંશ પણ સાંભળો ।।૨૬।।

પ્રિયવ્રત રાજાએ નારદજી પાસેથી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કર્યા પછી પણ પૃથ્વીનું રાજ્ય કર્યું હતું અને અન્તે એ પૃથ્વી દીકરાઓમાં વહેંચી આપી ઈશ્વરનું પરમધામ પામ્યા ।।૨૭।।

મૈત્રેય મુનિએ કહેલી ભગવાનના ચરિત્રની પવિત્ર કથા સાંભળી વિદુરજી પ્રેમમગ્ન થઈ ગયા. ભક્તિભાવ આખા શરીરમાં વ્યાપી જવા છતાં ન સમાવાથી છલકાઈ જઈ નેત્રોદ્વારા આંસુરૂપે દદડવા લાગ્યો. હૃદયમાં ભગવાનના ચરણારવિન્દનું ચિન્તન કરતા વિદુરજીએ પોતાનું મસ્તક મુનિવર મૈત્રેયજીના ચરણોમાં ઢાળી દીધું ।।૨૮।।

**વિદુરજીએ કહ્યું :** હે મહાયોગિન્! કરુણા કરીને આજે આપે મને અજ્ઞાન-અન્ધકારને સામે પાર ઉતારી દીધો છે જ્યાં નિઃસાધન ભક્તો જ જેને પામી શકે

એવા શ્રીહરિ બિરાજી રહ્યા છે ।।૨૯।।

**શુકદેવજીએ કહ્યું :** એ પ્રમાણે વિદુરજીને અન્તઃકરણમાં શાન્તિ વળી. પછી એમણે મૈત્રેય મુનિને પ્રણામ કર્યા અને એમની આજ્ઞા લઈ પોતાના સમ્બન્ધીઓને મળવા હસ્તિનાપુર ગયા ।।૩૦।।

**એતદ્યઃ શૃણુયાદ્રાજન્ રાજ્ઞાં હર્યર્પિતાત્મનામ્ ।।**
**આયુર્ધનં યશઃ સ્વસ્તિ ગતિમૈશ્વર્યમાપનુયાત્ ।।૩૧।।**

આ ભગવાન્‌માં જ મન રાખનાર રાજાઓનું ચરિત્ર જે માણસ સાંભળે તેને આયુષ્ય, ધન અને કલ્યાણ મળે અને સારી રીતે ઐશ્વર્યની પ્રાપ્તિ થાય ।।૩૧।।

**ઈતિ શ્રીભાગવત્ ચતુર્થસ્કન્ધમાં પ્રચેતસોપાખ્યાનમાં**
**(ચોથા મોક્ષપ્રકરણનો ''પ્રચેતાઓના ફળનું નિરૂપણ'' નામનો આઠમો)**
**''નારદજીના ઉપદેશથી પ્રચેતાઓનો મોક્ષ અને દક્ષને રાજ્ય પ્રાપ્તિ''**
**નામનો એકત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# ચતુર્થસ્કન્ધ સમ્પૂર્ણ

**જો કોઈ પૈસા કમાવામાટે સેવા-કથા કરે તો તેની કેવી ગતિ થાય?**

એવું કરે ત્યારે તો સેવા-કથાનું તો ખાલી નામ થયું, ખરેખર તો તેણે વહેપાર-ધંધો જ કર્યો ગણાય. કૃષ્ણાર્થી બનીને સેવા-કથા કરવાને ઠેકાણે ધનાર્થી બનીને સેવા-કથા કરતાં સેવા-કથાના વેચાણના બદલામાં તેને વહેપાર-ધંધાની માફક પૈસા-ટકા મળી રહે પરન્તુ તેવા નીચ પ્રકારે થયેલી કમાણી તેના માટે અનર્થરૂપ જ નીવડવાની. આવા નીચ હેતુથી કરેલી સેવા-કથાનું પણ પરિણામ સરવાળે સર્વનાશ જ સમજવું. શાસ્ત્રનિષિદ્ધ આચરણ કરવાને કારણે આવા અધમ માણસનો કેવલ આ લોક જ નહીં પરન્તુ પરલોક પણ નાશ પામે છે. તેથી જેને રત્તિભાર પણ જ્ઞાન હોય છે તે આવું કદી કરતો નથી. **(શ્રીગુસાંઈજી, સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃતિ)**

# પંચમસ્કન્ધ

## સ્થાનલીલા અધ્યાય ૨૬


## રૂઢઅર્થ-પ્રથમપક્ષ

- પ્રકરણ.૧ પ્રકૃતપદાર્થોનો જય
  અધ્યાય ૧-૨૪
- પ્રકરણ.૨ આત્માનો જય
  - જીવ અ.૨૫
  - બ્રહ્મ અ.૨૬

## પંચમસ્કન્ધ

અધ્યાયની સંખ્યામાં યૌગિકાર્થ; દ્વિતીયપક્ષ

- દેશ
  - ભૂઃ
  - ભુવઃ
  - સ્વઃ
- કાલ
  - ૧૨ માસ
  - ૫ ઋતુ
  - ૩ લોક
  - ૧ આદિત્ય
- સ્વ (આત્મા)
  - જીવાત્મા
  - પરમાત્મા




**જો કોઈ પૈસા કમાવામાટે સેવા-કથા કરે તો તેની કેવી ગતિ થાય?**

(પ્રભુસેવા-મનોરથ માટે ભેટ-સામગ્રી સ્વીકારે) એવું કરે ત્યારે તો સેવા-કથાનું તો ખાલી નામ થયું, ખરેખર તો તેણે વહેપાર-ધંધો જ કર્યો ગણાય. કૃષ્ણાર્થી બનીને સેવા-કથા કરવાને ઠેકાણે ધનાર્થી બનીને સેવા-કથા કરતાં સેવા-કથાના વેચાણના બદલામાં તેને વહેપાર-ધંધાની માફક પૈસા-ટકા મળી રહે પરન્તુ તેવા નીચ પ્રકારે થયેલી કમાણી તેના માટે અનર્થરૂપ જ નીવડવાની. આવા નીચ હેતુથી કરેલી સેવા-કથાનું પણ પરિણામ સરવાળે સર્વનાશ જ સમજવું. શાસ્ત્રનિષિદ્ધ આચરણ કરવાને કારણે આવા અધમ માણસનો કેવલ આ લોક જ નહીં પરન્તુ પરલોક પણ નાશ પામે છે. તેથી જેને રત્તિભાર પણજ્ઞાન હોય છે તે આવું કદી કરતો નથી.

**(શ્રીગુસાંઈજી, સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃતિ)**

# પંચમ સ્કન્ધ

## સ્થાનલીલા (દક્ષિણ સાથળ)

## પહેલું સ્વરૂપસ્થિતિ પ્રકરણ

## અધ્યાય ૧

## પ્રિયવ્રત રાજાનું રાજ્ય

**વિશેષ :** ૧. આ પાંચમાં સ્કન્ધમાં સ્થાનલીલાનું નિરૂપણ છે પ્રભુના વિજયને સ્થાનલીલા કહે છે. 'વિજય' એટલે સ્વાધીન કરવું : પદાર્થોને પોતપોતાની મર્યાદાથી સ્થાપવા એનું નામ સ્થાનલીલા. પ્રથમના રૂઢ અર્થ અનુસાર પ્રાકૃત પદાર્થ ઉપર ૨૪ પ્રકારે વિજય મેળવ્યો, કારણ પ્રાકૃત પદાર્થ ૨૪ છે. આત્માનો જય બે પ્રકારે છે; એક જીવ અને બીજાું બ્રહ્મ. આ રીતે પ્રાકૃત ૨૪ અને બે અપ્રાકૃત મળી ૨૬ અધ્યાય છે.

બીજી રીતે આવો યૌગિક અર્થ પણ થાય : દેશ ત્રણ લોકાત્મક તેના ત્રણ અધ્યાય; બાર માસ, પાંચ ઋતુ, ત્રણ લોક, એક આદિત્ય, જીવાત્મા અને પરમાત્મા મળી કુલ ૨૬ અધ્યાય થાય છે. ત્રણેમાં ભગવાન્ એકી વખતે સ્થિતિ કરી શકે છે માટે સ્થાન ભગવલ્લીલારૂપ છે.

સ્થૂળ વિચારે બે પ્રકરણ છે : સ્વરૂપ સ્થિતિ અને દેશ સ્થિતિ ૧.**''સ્વરૂપ સ્થિતિના''** ત્રણ પ્રકાર છેઃપહેલા ૧.પ્રકરણમાં ભગવાન્‌ની સ્વરૂપ સ્થિતિ-૧ થી ૬ અધ્યાય સુધી. ૨.પ્રકરણમાં શ્રીકૃષ્ણ ષડ્ગુણયુક્ત છે-૮ અધ્યાય. ૩.પ્રકરણમાં જ્ઞાનથી સ્વરૂપ સ્થિતિ-૧ અધ્યાય (પંદરમો). આ પ્રમાણે પ્રથમ ભાગ પૂરો થાય છે. **''દ્વિતીય દેશ સ્થિતિમાં''** ભૂર્ ભુવર્ અને સ્વર્ આવા ત્રણ ભેદ છે તેથી અધ્યાય (અવાન્તર). ૪.પ્રકરણમાં ભૂમિમાં પંચમહાભૂત પ્રધાન ૫ અધ્યાય (૧૬ થી ૨૦). ૫.ભુવર્ લોકમાં-ત્રણ ગુણોનું પ્રાધાન્ય હોય છે.(૨૧ થી ૨૩) અધ્યાય. ૬.સ્વર્લોકમાં ત્રણ ગુણોનું પ્રાધાન્ય છે. (૨૪ થી ૨૬) ૩ અધ્યાય. આ પ્રકારે પંચમ સ્કન્ધનો અર્થ સમજવો.

૨. આ પહેલા અધ્યાયમમાં પ્રિયવ્રત રાજાએ ભગવદ્ભક્તિના યોગે જે વીર્ય અને ઐશ્વર્ય મેળવ્યું તે કહેવાય છે.

**પ્રિયવ્રતો ભાગવત આત્મારામઃ કથં મુને ।।**
**ગૃહે રમત યન્મૂલઃ કર્મબન્ધઃ પરાભવઃ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછયું***: હે મુનિ! આત્મામાં રમનાર પ્રિયવ્રત રાજા તો ભગવાનના ભક્ત હતા તેની ગૃહસ્થાશ્રમમાં રુચિ કેવી રીતે થઈ? ગૃહસ્થીમાં ફસાવાથી મનુષ્યને પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થાય છે અને તે કર્મબન્ધનમાં બંધાઈ જાયછે।।૧।।

**વિશેષ :** ચતુર્થ સ્કન્ધના એકત્રીસમા અધ્યાયમાં કહેવામાં આવ્યું છે કે પ્રિયવ્રત રાજાએ પ્રથમ આત્મવિદ્યા મેળવી, પછી ગૃહસ્થાશ્રમ કર્યો અને પછી સર્વ આસક્તિનો ત્યાગ કરીને ભગવત્પ્રાપ્તિ કરી. આ કથાના સન્દર્ભમાં રાજા વિસ્મિત થઈને પૂછે છે.

હે દ્વિજ શ્રેષ્ઠ! પ્રિયવ્રત રાજા જેવા વૈરાગ્યવાન્ પુરુષોને ઘરમાં આસક્તિ થાય એ ઉચિત નથી ।।૨।।

એ વાતમાં કોઈ પ્રકારની શંકા છે જ નહિ કે જેમનાં ચિત્ત પુણ્યકીર્તિ શ્રીહરિના ચરણોની શીતલ છાયાનો આશ્રય કરી શાન્ત થઈ ગયાં છે એ મહાપુરુષોની કુટુમ્બ વગેરેમાં કદી આસક્તિ હોઈ શકે જ નહિ ।।૩।।

હે મહારાજ! સ્ત્રી, ઘર અને પુત્ર વગેરેમાં આસક્ત થયેલા પ્રિયવ્રત રાજાને વળી ભગવાન્માં અવિચલ ભક્તિ અને મુક્તિ કેવી રીતે થઈ? એ વાતમાં મને મોટો સંશય છે ।।૪।।

**શ્રીશુકદેવજીએ* કહ્યું :** રાજન્! તમારી વાત તો તદ્દન સાચી છે. પણ એ પ્રિયવ્રત રાજાને ઘર વગેરેમાં આસક્તિ થઈ જ ન હોતી. જે મહાત્મા પુરુષો ભગવાનના ચરણારવિન્દના મધુર મકરન્દ રસમાં મનને લગાડી રાખે છે તે ભગવદ્દભક્તો પરમહંસોને પ્રિય શ્રીવાસુદેવ ભગવાન્ના કથા શ્રવણરૂપી પરમ કલ્યાણમય માર્ગને ઘણે ભાગે છોડતા નથી ।।૫।।

**વિશેષ :** આ સ્કન્ધમાં શ્લોકો બહુ જ ઓછા, નહિ જેવા છે. ગદ્યખંડો જ સર્વત્ર જોવામાં આવે છે. એનું કારણ શ્રીમહાપ્રભુજી એમ બતાવે છે કે પંચમસ્કન્ધમાં પ્રભુનો જય વર્ણવ્યો છે. પ્રભુનો જય અખંડ છે અને બીજી લીલાઓની અપેક્ષાએ વિશિષ્ટ છે તેથી અત્રે અખંડ ગદ્યખંડોવડે જ ભગવાન્નો જય વર્ણવ્યો છે. અથવા પુરુષરૂપ શ્રીભાગવતનો આ સ્કન્ધ કટિ ભાગરૂપે હોવાથી અને એ ભાગ ચરણાદિ અંગોની પેઠે સખંડ-સાંધાવાળો-નથી પણ અખંડ-સાંધા વગરનો જ છે તેથી બીજા સ્કન્ધોની પેઠે આ સ્કન્ધમાં શ્લોક નહિ પણ અખંડ ગદ્યખંડો જ છે એમ જાણવું. બીજું, મનુષ્યના જયની જેમ ભગવાન્નો જય મર્યાદિત નથી તેથી શ્રીશુકદેવજીએ કહેલાં વાક્યો છન્દોની માત્રાના ચોકઠામાં બંધાયેલાં નથી અર્થાત્ પંચમસ્કન્ધનાં શુક વાક્યો અમર્યાદિત છે.

એ રાજકુમાર પ્રિયવ્રત મહાન ભગવદ્ ભક્ત હતા. નારદજીના ચરણની સેવાથી જ્યારે એમને તત્કાળ ભગવદ્દભજન રૂપ તત્ત્વ સહિત બ્રહ્મજ્ઞાન થઈ ગયું હતુ; ત્યારે બીજાું બધું છોડી દઈ બ્રહ્મ વિચારમાં જ જીવન વીતાવવાનો નિયમ લેવાના જ હતા એટલામાં એમના પિતા સ્વાયમ્ભુવ મનુએ રાજ્યકર્તા તરીકેના શાસ્ત્રોમાં કહેલા ઉત્તમ ગુણ સઘળા એમનામાં છે એમ ધારી એમને રાજ્ય કરવાની આજ્ઞા કરી. પણ પ્રિયવ્રત અખંડ સમાધિ યોગદ્વારા પોતાની બધી ઈન્દ્રિયો અને ક્રિયાઓ ને ભગવાન્ વાસુદેવનાં ચરણોમાં જ સમર્પણ કરી ચૂકયા હતા. તેથી જો કે પિતાની આજ્ઞાનો ભંગ ન કરવો જોઈએ તો પણ રાજ્યનો અધિકાર પ્રાપ્ત કરીને મારું આત્મસ્વરૂપ સ્ત્રી પુત્રાદિ અસત્ પ્રપંચથી છવાઈ જશે. રાજ્ય અને કુટુમ્બ ની જંજાળ અને કાવાદાવામાં અટવાઈ જઈ પરમાર્થ તત્ત્વને ઘણું કરીને હું ભૂલી જઈશ એમ માની એમણે રાજ્ય કરવાનો સ્વીકાર કર્યો નહિ ।।૬।।

આદિદેવ સ્વયમ્ભૂ ભગવાન્ બ્રહ્માજીને સદાય આ ગુણમય પ્રપંચની વૃદ્ધિનો જ વિચાર રહ્યો કરે છે. તે સમગ્ર સંસારના જીવોના અભિપ્રાય જાણતા રહે છે. જ્યારે તેમણે પ્રિયવ્રતની આવી પ્રવૃત્તિ દેખી ત્યારે તેઓ મૂર્તિમાન ચારેય વેદ અને મરીચિ આદિ પાર્ષદોને સાથે લઈ પોતાના લોકથી ઊતર્યા ।।૭।।

બ્રહ્માજી ચન્દ્રમાની પેઠે શોભતા આકાશમાં ચાલ્યા આવતા હતા ત્યારે ચોતરફ વિમાનમાં બેસી ફરનારા ઈન્દ્રાદિ પ્રધાન દેવો એમની પૂજા કરતા હતા. માર્ગમાં ટોળે વળી સિદ્ધ, ગન્ધર્વ, સાધ્ય, ચારણ અને મુનિ ઓ સ્તુતિ કરતા હતા. ગન્ધમાદન પર્વતની ગુફા, જેમાં નારદજી, સ્વાયમ્ભુવ મનુ અને પ્રિયવ્રત બેઠા હતા ત્યાં અજવાળું કરી દેતા બ્રહ્માજીને નારદજીએ દૂરથી દીઠા. હંસના વાહન ઉપર પોતાના પિતા છે એમ ઓળખી સ્વાયમ્ભુવ પ્રિયવ્રતની જોડે હાથ જોડી ઊભા થયા અને પૂજન કર્યા પછી સ્તુતિ કરી ।।૮-૯।।

હે પરીક્ષિત રાજા! નારદજીએ પૂજન કર્યા પછી અને એમનાં અનેક ગુણ, અવતાર અને ઉત્કર્ષોની સ્તુતિ કરી ત્યારે બ્રહ્માજીએ મંદહાસ્ય સહિત એમની પ્રત્યે જોયું અને આ પ્રમાણે કહ્યું : ।।૧૦।।

**ભગવાન્ બ્રહ્માજીએ કહ્યું** : હે ભાઈ! આ વાત સાંભળ. હું સાચું કહું છું. આ તારો પિતા, નારદજી, અમે, સદાશિવ કલ્પનામાં પણ ન આવી શકે તેવા પરમેશ્વરની *આજ્ઞા પરતન્ત્રપણાથી માથે ચઢાવીએ છીએ ।।૧૧।।

**વિશેષ** : સંસારમાં પ્રવૃત્તિ કરવાની મારી વાત ઊલટી માનીને મારા ઉપર દ્વેષ લાવશે એવી શંકાથી હું આ વાત કહેતો નથી પણ મારા મોઢા દ્વારા ભગવાન્ જ એને આજ્ઞા કરે છે એવા આશયથી બ્રહ્માજી પ્રવૃત્તિ અને નિવૃત્તિ ના રહસ્યની વાત કરેછે.

એ ઈશ્વરે જે ધાર્યું હોય તેને તપથી, વિદ્યાથી, યોગથી, બુદ્ધિબળથી, ધનથી, ધર્મથી, સ્વયં કે કોઈની સહાયથી ફેરવી નાખવા કોઈ પણ પ્રાણી સમર્થ નથી ।।૧૨।।

હે પુત્ર! ઈશ્વર જેવો દેહ આપે છે તેવો જ દેહ ધારણ કરી જીવ જન્મ લે છે, મરણ પામે છે, કર્મ કરે છે તથા નિરન્તર શોક, મોહ, ભય, સુખ અને દુઃખ ભોગવે છે. એમાં ફેરફાર કરી શક્તો નથી ।।૧૩।।

વત્સ, જેવી રીતે રસ્સીથી નથાયેલ પશુ મનુષ્યોનો ભાર વહન કરે છે તે જ પ્રમાણે પરમાત્માની વેદવાણી રૂપી મોટી રસ્સીમાં સત્ત્વ વગેરે ગુણ, સાત્ત્વિક વગેરે કર્મ અને એમનાં વેદાદિમાં વદેલાં વાકયોની મજબૂત દોરીથી જકડાયેલા આપણે બધા એમની ઈચ્છા પ્રમાણે કર્મમાં લાગ્યા રહીએ છીએ અને એ દ્વારા એમની પૂજા કરતા રહીએ છીએ ।।૧૪।।

આપણા ગુણ અને કર્મો પ્રમાણે પ્રભુએ આપણને જેયોનિમાં ધકેલી દીધા છે એનોજ સ્વીકાર કરીને તે જેવી વ્યવસ્થા કરે છે તે જ પ્રમાણે આપણે એની ઈચ્છાનું જેમ કોઈ અન્ધ દેખતા પુરુષનું અનુસરણ કરે એજ પ્રમાણે કરવું પડે છે ।।૧૫।।

આ બધું અજ્ઞાનીને માટે છે, બ્રહ્મવેત્તામાટે નથી એમપણ ન સમજવું. જીવન મુક્ત પુરુષને પણ પ્રારબ્ધ કર્મ હોય ત્યાં સુધી દેહ ધારણ કરવો પડે છે, પરન્તુ ફરક એટલો કે જાગેલ માણસને સ્વપનનું સ્મરણ રહે છે તેમ જીવનમુક્તને જો કે દેહનું સ્મરણ રહે છે છતાં એ એમાં અભિમાન બંધાતો નથી તેમજ વાસનાથી બીજા દેહને આપનારાં કર્મ પણ કરતો નથી ।।૧૬।।

ઘરનો ત્યાગ કરી વનમાં જવાથી મોક્ષ થાય છે એમ પણ ન સમજવું. જેણે ઈન્દ્રિયોને નાથી નથી એવો ગાફેલ માણસ વનમાં ભટકતો હોય તેમ છતાં ઈન્દ્રિયોરૂપી શત્રુઓ સાથે હોવાથી તેને વિષયોનો સંગ થાય છે. ઊલટું, વિદ્વાન્ માણસ જિતેંદ્રિય તથા આત્મારામ બનીને ઘરમાં રહે તો ગૃહસ્થાશ્રમ પણ એનું શું બગાડવાનો હતો? ।।૧૭।।

જેને ઈન્દ્રિયોરૂપી છ શત્રુઓને જીતવાની ઈચ્છા હોય તેણે પ્રથમ ઘરમાં રહીને તે વાતનો યત્ન કરવો જોઈએ; કેમકે કિલ્લાના આશ્રયમાં રહી લડનાર રાજા પોતાના

પ્રબલ શત્રુઓને પણ જીતી લે છે. ઇન્દ્રિયોને વિષયોમાં જતી એકદમ રોકીએ તો એમાં ઘણી અડચણ પડે પણ અનુક્રમથી રોકીએ તો સુગમ પડે. એ અનુક્રમથી રોકવું ઘરમાં રહીને જ બની શકે માટે ઘરમાં રહી ધીરે-ધીરે ઇન્દ્રિયોને વશ કરતાં એ પરિપૂર્ણ રીતે વશ થઈ જાય એટલે પછી શત્રુઓ ક્ષીણ થઈ જતાં રાજા જેમ ઈચ્છામાં આવે ત્યાં ફરે તેમ વિદ્વાન્ માણસ પણ લોકોમાં અથવા વનમાં ગમે ત્યાં વિચરે ।।૧૮।।

તું તો ભગવાન્‌ના ચરણારવિન્દની કળીરૂપી કિલ્લાઓના આશ્રયથી ઇન્દ્રિયરૂપી છયે શત્રુઓને જીતી ચૂક્યો છે; તો પણ અત્યારે તો ઈશ્વરે આપેલા વૈભવ ભોગવી પછી આસક્તિ માત્રનો ત્યાગ કરજે અને સ્વરૂપમાં સ્થિત થઈ જજે ।।૧૯।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એ પ્રમાણે ત્રૈલોક્યના ગુરુ બ્રહ્માજીએ આજ્ઞા કરી એટલે પરમ ભગવદીય પ્રિયવ્રતે પોતે નાના હોવાથી શિર ઝૂકાવી દીધું. અને 'જેવી આજ્ઞા' એમ કહી આદરપૂર્વક એમનો આદેશ શિરોધાર્ય કર્યો ।।૨૦।।

ત્યારબાદ સ્વાયમ્ભુવ મનુએ પ્રસન્ન થઈ ભગવાન્ બ્રહ્માજીની વિધિવત્ પૂજા કરી. પછી તે મન અને વાણી ના અવિષય, પોતાના આશ્રય તથા સર્વ વ્યવહારથી અતીત પરબ્રહ્મનું ચિન્તન કરતા-કરતા પોતાના લોકમાં ચાલ્યા ગયા. આ વખતે પ્રિયવ્રત અને નારદજી સરલ ભાવથી એમની તરફ જોઈ રહ્યા હતા ।।૨૧।।

એ રીતે બ્રહ્માજીએ સ્વાયમ્ભુવ મનુનો મનોરથ સિદ્ધ કરી આપ્યો. પછી એમણે નારદજીની સમ્મતિથી પોતાના પુત્ર પ્રિયવ્રતને, અભિષેક કરી સર્વ ભૂમંડળની રક્ષા કરવાનું કાર્ય સોપ્યું અને પોતે પણ અત્યન્ત દુઃખદાયી વિષયોરૂપ ઝેરના જળાશયની ભોગેચ્છાથી નિવૃત્ત થઈ ગયા. (સંસારનાં સુખ ભોગવવાની સઘળી તૃષ્ણા મૂકી દીધી) ।।૨૨।।

હવે પૃથ્વીપતિ મહારાજ પ્રિયવ્રત ભગવાન્‌ની ઈચ્છા રાજ્યશાસનના કાર્યમાં નિમાયા આદિ પુરુષો ભગવાન્‌નું પ્રભાવ સમસ્ત જગત્‌ને બન્ધનમાંથી છોડાવવા અત્યન્ત સમર્થ છે. એમના ચરણારવિન્દના નિરન્તર ધ્યાનના પ્રભાવથી જો કે પ્રિયવ્રતના રાગ દ્વેષાદિક સઘળા મનના મેલ નાશ પામી ગયા હતા એમનું હૃદય પણ વિશુદ્ધ હતું તો પણ મોટાઓનું માન રાખવાને સારુ એ પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યા ।।૨૩।।

પછી એ પ્રજાપતિ વિશ્વાકર્માની બર્હિષ્મતી નામની પુત્રીને પરણ્યા. એનાથી એમને દશ પુત્રો થયા. જે એમના જેવા જ ચારિત્ર્યવાન્, ગુણી, કર્મનિષ્ઠ, રૂપવાન્ અને પરાક્રમી હતા. છેલ્લે એમનાથી નાની ઊર્જસ્વતી નામની એક કન્યા પણ થઈ ।।૨૪।।

પુત્રોનાં નામ આગ્નીધ્ર, ઈધ્મજિહ્વ, યજ્ઞબાહુ, મહાવીર, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ટ, સવન, મેધાતિથિ, વીતિહોત્ર અને કવિ હતાં. એ બધાં નામ અગ્નિનાં પણ છે ॥૨૫॥

એમાંથી કવિ, મહાવીર અને સવન એ ત્રણ તો બાળ બ્રહ્મચારી રહ્યા. તેમણે તો બાળપણથી જ બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરતાં-કરતાં અન્તે સંન્યાસ આશ્રમ જ સ્વીકારી લીધો ॥૨૬॥

આ નિવૃત્તિ પરાયણ મહર્ષિઓએ સંન્યાસાશ્રમમાં રહીને સમસ્ત જીવોના અધિષ્ઠાન (નિવાસ) અને ભવબન્ધનથી ડરેલા લોકોને આશ્રય દેનાર ભગવાન્ વાસુદેવના સોહાવનાં ચરણારવિન્દનું અખંડ ચિન્તન કર્યું. એ અખંડસ્મરણથી મળેલ પરમભક્તિયોગથી એમનાં હૃદય શુદ્ધ થઈ ગયાં અને એમાં શ્રીભગવાનનો આવિર્ભાવ થયો. ત્યારે દેહાદિની ઉપાધિ નિવૃત્ત થઈ જવાથી એમના આત્માનું સમ્પૂર્ણ જીવોના આત્મસ્વરૂપ પ્રત્યગાત્મામાં-પ્રભુમાં ઐકય(સાયુજ્ય) થઈગયું ॥૨૭॥

પ્રિયવ્રત રાજાને બીજી સ્ત્રીથી ઉત્તમ, તામસ અને રૈવત નામના બીજા પણ ત્રણ પુત્રો થયા હતા જે પોતાન નામવાળા મન્વન્તરના (આની કથા અષ્ટમસ્કન્ધમાં કહેવાશે) અધિપતિ થયા ॥૨૮॥

આ પ્રમાણે કવિ વગેરે ત્રણ પુત્રો નિવૃત્તિ પરાયણ થઈ, સન્ન્યાસી થઈ જતાં રાજા પ્રિયવ્રતે અગિયારે અર્બુદ (એકસો દસ કરોડ) વર્ષ સુધી પૃથ્વી ઉપર રાજ્ય કર્યું. જે વખતે તે પોતાની અખંડ, પુરુષાર્થમય, વીર્ય વાન્, ભુજાઓથી ધનુષની પણછ ખેંચી ટંકાર કરતા તે વખતે બધા ધર્મદ્રોહી ડરના માર્યા કયાં છુપાઈ જતા એ ખબરેય ન પડતી. પ્રાણ પ્રિયા બર્હિષ્મતીના દરરોજ વધતા જતા આમોદ-પ્રમોદ, ઊભા થઈને સ્વામીનું સ્વાગત કરવા સામે જવું, ક્રીડા તથા સ્ત્રીજન-ઉચિત હાવભાવથી, લજ્જાથી સંકુચિત મન્દહાસ્યયુક્ત દષ્ટિ અને મનભાવતા વિનોદ આદિથી મહામતિ પ્રિયવ્રત વિવેકહીન વ્યક્તિની માફક જાણે કે સૂધબૂધ ખોઈ બેસીને બધા ભોગો ભોગવવા લાગ્યા. પણ વાસ્તવમાં એ એમાં આસક્ત ન હતા ॥૨૯॥

એકવાર એમણે જ્યારે જોયું કે મેરુ પર્વતને પ્રદક્ષિણા કરતા સૂર્યદેવ પૃથ્વીમાં લોકાલોક પર્વત સુધી અજવાળું કરે છે પણ એમાં વારા ફરતી અર્ધામાં અજવાળું અને અર્ધામાં અંધારું રહે છે. આ વાત નહિ ગમતાં, ભગવાન્‌ની ઉપાસનાને લીધે એમનો અલૌકિક પ્રભાવ બહુ વધી ગયો હતો તેથી રાતને દિવસ બનાવી દેવાના

વિચારથી પ્રિયવ્રત રાજાએ સૂર્યરથના વેગવાળા તેજોમય રથમાં બેસી સૂર્યની પાછળ જાણે બીજો સૂર્ય હોય તેમ પૃથ્વીપરિક્રમા કરી નાખી ।।૩૦।।

તે વખતે રથનાં પૈડાંની ધારથી જે ચીલા પડ્યા તે સાત સમુદ્ર થયા. એને લીધે પૃથ્વીમાં સાત દ્વીપ થયા છે ।।૩૧।।

એમનાં નામ ક્રમશઃ જમ્બૂદ્વીપ, પ્લક્ષ દ્વીપ, શાલ્મલિ દ્વીપ, કુશ દ્વીપ, ક્રૌંચ દ્વીપ, શાક દ્વીપ અને પુષ્કર દ્વીપ છે. એ દ્વીપોમાં પહેલાં કરતાં પછી, પછીનો દ્વીપ બમણા-બમણા વિસ્તાર વાળો છે. અને એ સમુદ્રના બહારના ભાગમાં પૃથ્વીની ચારે તરફ ફેલાયેલા છે ।।૩૨।।

સાત સમુદ્ર ક્રમશઃ ક્ષારોદ (ખારા પાણીનો), ઈક્ષુ રસોદ (શેરડીના રસનો), સુરોદ (મદિરાનો), ઘૃતોદ (ઘીનો), ક્ષીરોદ (દૂધનો), દધિમંડોદ (દહીંના રસનો) અને શુદ્ધોદ (મીઠા પાણીનો) એ સાત સમુદ્ર સાત દ્વીપની ખાઈઓ જેવા છે. દરેકનો વિસ્તાર પોતપોતાની અન્દર આવેલા દ્વીપ જેવડો છે. એમાંથી એક-એક ક્રમશઃ અલગ-અલગ સાતેય દ્વીપોને બહારથી ઘેરી રહેલો છે. *બર્હિષ્મતીના પતિ પ્રિયવ્રત રાજાએ પોતાને અનુસરનારા સાત પુત્રો આગ્નીધ્ર, ઇધ્મજિહ્વ, યજ્ઞબાહુ, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ટ, મેધાતિથિ અને વીતિહોત્રને ક્રમશઃ એક-એકને ઉપર જણાવેલા જમ્બૂ આદિ દ્વીપોમાંથી એક-એકના રાજા બનાવ્યા ।।૩૩।।

**વિશેષ** : ૧. પહેલો જમ્બૂદ્વીપ છે. એની ચારે તરફ ખારા પાણીનો સમુદ્ર છે. જમ્બૂદ્વીપની આસપાસ ૨. પ્લક્ષ દ્વીપ છે. એની ચારે તરફ શેરડીના રસનો સમુદ્ર છે. પ્લક્ષ દ્વીપની ચારે તરફ ૩. શાલ્મલિ દ્વીપ છે. એની ચારે તરફ મદિરાનો સમુદ્ર છે. પછી ૪. કુશ દ્વીપ છે. તે ઘીના સમુદ્રથી ઘેરાયેલો છે. એની બહાર ૫. ક્રૌંચદ્વીપ છે. એની ચારે તરફ દૂધનો સમુદ્ર છે. પછી ૬. શાક દ્વીપ છે. એની ચારે તરફ દહીંના રસનો સમુદ્ર છે. એની ચારે તરફ ૭. પુષ્કર દ્વીપ છે. એની આસપાસ મીઠાજલનો સમુદ્ર છે.

એમણે ઊર્જસ્વતી નામની પોતાની પુત્રી શુક્રાચાર્યને પરણાવી હતી, જેને દેવયાની નામની પુત્રી થઈ ।।૩૪।।

વર્ણબહિષ્કૃત ચાંડાલ આદિ નીચ યોનિમાં જન્મેલો પુરુષ પણ જેનું નામ એક વાર લે તો તેનાં સંસારનાં બંધન તત્કાલ છૂટી જાય તેવા ભગવાન્‌ના ચરણારવિન્દની રજના પ્રભાવથી ભગવદ્‌ભક્તો મન સહિત પોતાની ઇન્દ્રિયોને તેમજ ભૂખ-તરસ, શોક-મોહ, જરા-મૃત્યુને જીતી લે છે તેવા આવો પુરુષાર્થ કરે એમાં આશ્ચર્ય સમજવું

નહિ ।।૩૫।।

આ પ્રમાણે અતુલ બલ-પરાક્રમથી યુક્ત મહારાજ પ્રિયવ્રત એકવાર પોતે દેવર્ષિ નારદજીના ચરણોના શરણમાં જઈને પણ પુનઃ દૈવવશાત્ આવી મળેલ પ્રપંચમાં લપટાઈ જવાથી ખિન્ન આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૩૬।।

''અહો મેં કેવું ભૂંડું કર્યું કે જેથી ઈન્દ્રિયો અને અવિદ્યાજનિત વિષમ વિષયોરૂપી અન્ધકૂપમાં ધકેલી દીધો. બસ! બસ! બહુ થઈ ગયું! સ્રીની પાસે વાંદરાની જેમ નાચનાર મને ધિક્કારછે'' આ પ્રમાણે તેણે પોતાની જાતની ઝાટકણી કાઢી ।।૩૭।।

પરમ આરાધ્ય પ્રભુની કૃપાથી જે વિવેક થયો તેને લીધે એણે આ પૃથ્વીનું રાજ્ય પોતાન પુત્રોને ભાગ પ્રમાણે વહેંચી આપી, પછી ભગવદ્લીલાના ધ્યાનના પ્રભાવથી હ્દયમાં ઉત્પન્ન થયેલા વૈરાગ્યને લીધે પ્રિયવ્રત રાજાએ બર્હિષ્મતી રાણી, જેની સાથે તેણે અનેક ભોગ ભોગવ્યા હતા અને સામ્રાજ્ય લક્ષ્મીને મૂએલા શરીરની પેઠે ત્યજી દીધાં અને પાછા નારદજીએ ઉપદેશેલા માર્ગને અનુસરવા લાગ્યા ।।૩૮।।

મહારાજ પ્રિયવ્રતને વિષે નિમ્નલિખિત લોકોક્તિ પ્રસિદ્ધ છે. ''વૈષ્ણવો ઉપર પ્રીતિ રાખતા પ્રિયવ્રત રાજાએ કામ કર્યું તેવું કામ ઈશ્વર વિના બીજા કોનાથી બની શકે?'' એ પ્રિયવ્રતે જગત્માંથી અંધારું મટાડવાના પ્રયત્ન કરતાં પૈડાંની ધારના ખાડાઓથી જ સાત સમુદ્ર બનાવી દીધા ।।૩૯।।

દ્વીપોની રચનાથી પૃથ્વીની વ્યવસ્થા કરી, લોકોમાં તકરાર ન થાય એ સારુ દરેક દ્વીપમાં અલગ-અલગ નદીઓ, પર્વતો, વનવગડા અને સીમાડા નકકી કરી આપ્યા ।।૪૦।।

**ભૌમં દિવ્યં માનુષં ચ મહિત્વં કર્મયોગજમ્ ।।**
**યશ્ચક્રે નિરયૌપમ્યં પુરુષાનુજનપ્રિયઃ ।।૪૧।।**

તે (પ્રિયવ્રત) ભગવદ્ભક્ત નારદાદિના પ્રેમી ભક્ત હતા. તેમણે પાતાલ લોકના, દેવ-લોકના, મૃત્યુલોકના તથા કર્મ અને યોગ ની શક્તિથી પ્રાપ્ત થયેલ ઐશ્વર્યની પણ ગણત્રી નરક જેટલી જ કરી હતી ।।૪૧।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (પહેલા સ્વરૂપ સ્થિતિ પ્રકરણમાં પ્રિયવ્રતનું ઐશ્વર્ય-વીર્ય નિરૂપણ નામનો) ''પ્રિયવ્રત રાજાનું રાજ્ય''નામનો પ્રથમ અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨

## આગ્નીધ્ર રાજાનું ચરિત્ર

**વિશેષ :** પ્રિયવ્રત રાજાના પુત્ર આગ્નીધ્રે શ્રીકૃષ્ણની કૃપાથી શ્રીમેળવી એનું વર્ણન આ બીજા અધ્યાયમાં થશે.

**એવં પિતરિ સમ્પ્રવૃત્તે તદનુશાસને વર્તમાન આગ્નીધ્રો જમ્બૂદ્વીપૌકસઃ પ્રજા ઔરસવદ્ધર્માવેક્ષમાણઃ પર્યગોપાયત્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એ પ્રમાણે પિતા પ્રિયવ્રત તપસ્યામાં લાગી ગયા પછી એમની શિખામણ પ્રમાણે ચાલતો એમનો મોટો પુત્ર આગ્નીધ્ર રાજા ધર્માનુસાર જમ્બૂદ્વીપમાં રહેનારી પ્રજાનું ઔરસ પુત્રની પેઠે પાલન કરવા લાગ્યો ।।૧।।

એક વખત આગ્નીધ્ર રાજા પિતૃલોકની કામનાથી સત્પુત્રની પ્રાપ્તિમાટે દેવોની સ્ત્રીઓને વિહાર કરવાના મન્દરાચળની ગુફામાં ગયો અને પૂજનની સર્વ સામગ્રી એકઠી કરી એકચિત્ત થઈને પ્રજાપતિઓના પતિ બ્રહ્માજીનું તપશ્ચર્યા પૂર્વક આરાધન કરવા લાગ્યો ।।૨।।

એ વાત જાણી આદિ પુરુષ બ્રહ્માજીએ પોતાની સભામાં ગાયન કરતી પૂર્વચિત્તિ નામની અપ્સરાને એની પાસે મોકલી ।।૩।।

એ અપ્સરા આગ્નીધ્ર રાજાના આશ્રમ પાસેના અતિ રમણીય ઉપવનમાં ફરવા લાગી. એમાં અનેક પ્રકારનાં ઘાટાં વૃક્ષોની અનેક શાખાઓ ઉપર સોનેરી વેલો ફેલાયેલી હતી અને એની ઉપર મયૂરાદિ અનેક પ્રકારનાં સ્થલચારી પક્ષીઓનાં જોડાં મધુર કલરવ કરી રહ્યાં હતાં. એનાથી જાગી જઈને જળકૂકડી, કારંડવ અને કલહંસ વગેરે જળનાં પક્ષીઓએ પણ કમળની ખાણ જેવાં નિર્મળ જળાશયોમાં ભારે ધૂન મચાવી મૂકી હતી ।।૪।।

ઠમકતી ચાલથી ચાલતી અને હાવભાવ કરતી એ પૂર્વચિત્તિ અપ્સરાનાં ઝાંઝરના ઝમકારને સાંભળી રાજકુમાર આગ્નીધ્રે સમાધિથી મીચેલાં કમલની કળી જેવાં સુન્દર નેત્રો ખોલી જરાક જોયું તો એમણે ત્યાં એ અપ્સરાને ભમરાઓની પેઠે ફુલ સુંઘતી આવતી દીઠી. એનાં ચાલ, વિહાર, લજ્જા, વિનયી દૃષ્ટિ, સુમધુર વાણી, શરીરના અવયવોથી પુરુષોના હૃદયમાં કામદેવને પ્રવેશ કરવામાટે જાણે બારણું બનાવી દેતી હતી. મુખમાંથી અમૃત જેવું મીઠું અને મદિરા પેઠે મદ આપનારું ભાષણ નીકળતાં

એના શ્વાસની સુગન્ધ લેવાને મદાન્ધ ભમરાઓ ચારે બાજુએ આડા આવતા હતા. એમની બીકથી ઉતાવળે ચાલતાં એનાં સ્તનરૂપી કળશો, કેશપાશ અને કટિમેખલા અત્યન્ત મનોહર રીતે હાલતાં હતા. એ અપ્સરાને જોતાંવેત જ કામદેવને આગ્નીધ્રના મનમાં પ્રવેશ કરવાની તક મળી ગઈ અને તે રાજા જડની* પેઠે નીચે પ્રમાણે બોલ્યોઃ ।।૫-૬।।

**વિશેષ :** જડવત્ બોલવાથી જ સ્ત્રીઓમાં રસ ઉદ્ભવે છે. અને તેથી તેઓ વશ થાય છે. માટે જ અહીં પણ જડતાનું અનુકરણ કર્યું છે, નહિ કે તે વાસ્તવિક રીતે જડ હતો.

હે મુનિવર્ય! તમે કોણ છો?* આ પર્વત ઉપર તમે શું કરવા ધારો છો? તમે પરમ પુરુષ નારાયણની કોઈ માયા તો નથી? હે મિત્ર! (એ અપ્સરાની બે ભ્રમર જોઈને કહે છે) આ દોરી વગરનાં બે ધનુષ્ય તમારા પોતાના કામમાટે છે કે વનમાં ફરતા અમારા જેવા મતવાલા મૃગોને વશ કરવા રાખ્યાં છે? ।।૭।।

**વિશેષ :** સ્ત્રીને 'હે મુનિવર્ય' કહીને સમ્બોધન કરવાનું કારણ જડતાનું અનુકરણ છે, સમ્ભ્રમ મતિ વિપર્યય છે.

(કટાક્ષો તરફ જોઈને) તમારાં આ બે બાણ તો ખૂબ સુન્દર અને ધારદાર છે, ઓહો! એને કમલદલનાં પીછાં છે, દેખાવમાં ખૂબ શાન્ત છે અને છે પણ *પુંખ વિનાનાં(અથવા વાજવગરનાં). વનમાં ફરતા તમે એને કોના ઉપર છોડવા માગો છો? અહીં તમારો સામનો કરનાર કોઈ દેખાતું નથી. તમારુંઆ પરાક્રમ અમારા જેવા જડ બુદ્ધિવાળાઓમાટે કલ્યાણ કારીહો ।।૮।।

**વિશેષ :** નેત્રને પીંછારૂપ ઠરાવ્યાં તેથી એ પછી પુંખનો ભાગ નહિ રહેવાથી પુંખ વિના શોભતાં એમ કહ્યું છે. પુંખ=બાણનો પીંછાવાળો પાછલો ભાગ.

આ આપના શિષ્યો (અપ્સના શરીરની સુગન્ધના લોભથી પછવાડે આવતા ભમરાઓને કહે છે. ભમરાઓ) ચારે બાજુએ ભણ્યા કરે છે અને રહસ્ય સહિત સામવેદના મન્ત્રોથી નિરન્તર પરમેશ્વરને ગાયા કરે છે. જેમ ઋષિઓ વેદની શાખાઓનું સેવન કરે તેમ આ આપના શિષ્યો આપની વેણીમાંની ફૂલની વૃષ્ટિઓનું સેવન કરે છે ।।૯।।

હે મહારાજ! આપના ચરણરૂપી પાંજરાં[૧] માંથી તેતરનો ચોખ્ખો અવાજ નીકળે છે તે અવાજ તો અમે સાંભળીએ છીએ પણ બોલનારાં તેતર પક્ષી જોવામાં આવતાં નથી. આ [૨]સુન્દર નિતમ્બમંડળમાં કદમ્બનાં ફૂલ જેવી કાન્તિ કયાંથી આવી ગઈ? એ કાન્તિ ઉપર બળતાં [૩]અંગારાએ (સોનાની કટિ મેખલાએ) જાણે આંટો

લીધો છે. તમારાં વલ્કલ વસ્ત્ર ક્યાં છે?[૪] હે બ્રાહ્મણ! તમારાં [૫]આ બે સુન્દર શિંગડાં(સ્તન) માં શું ભર્યું છે? તમારી પાતળી કેડઉપર તમે એ શિંગડાંઓને ઘણા શ્રમથી ધરી રહ્યાં છો. મારી નજર ત્યાંથી તો જાણે હટતીજ નથી. અવશ્ય એમાં અમૂલ્ય રત્નો ભર્યાં હોવાં જોઈએ, આ શિંગઉપર લાલ-લાલ અને સુગન્ધી કીચ[૬] કેમ લગાવી રાખ્યો છે? હે સુભાંગી! એનાથી તમે આ આશ્રમને મહેકાવી મૂક્યો છે ।।૧૦-૧૧।।

**વિશેષ** : ૧. ઝાંઝરનો શબ્દ સાંભળીને કહે છે. ૨. એણે પહેરેલા પીળા વસ્ત્રને નિતમ્બ કલ્પીને કહે છે. ૩. સોનાની કટિમેખલા જોઈને કહે છે. ૪. વસ્ત્રમાં નિતમ્બની કાન્તિની કલ્પના કરીને એ ન જ દેખાતો હોય એવી ઢબથી પૂછે છે. ૫. સ્તન જોઈને કહે છે. ૬. સ્તન ઉપર ચોપડેલું કેસર જોઈને કહે છે.

હે મિત્રવર! મને તો તમે તમારો દેશ દેખાડી દો, જ્યાંના રહેવાસીઓ પોતાના વક્ષઃસ્થળ ઉપર આવા અદ્ભુત અવયવ ધારણ કરે છે, જેણે અમારા જેવા પ્રાણીઓનાં ચિત્તોને હચમચાવી મૂક્યાં છે તથા મુખમાં વિચિત્ર હાવ-ભાવ મધુર ભાષણ અને અધરામૃત (મન્દહાસ્ય અને પરિહાસ-વાક્ય ઇત્યાદિ.) જેવી અનૂઠી વસ્તુઓ રાખે છે ।।૧૨।।

હે મિત્ર! તમે આહાર[૧] શું કરો છો કે જે ખાવાથી તમારા મુખમાંથી હવન સામગ્રીના જેવી સુગન્ધ આવે છે? તમે વિષ્ણુના અંશરૂપ જણાઓ છો. તમારા કાનમાં ચળકતાં[૨] અને આંખો જેની મીંચાતી નથી તેવાં બે મત્સ્ય છે; તમારું મુખ તળાવ જેવું છે, જેમાં બે મત્સ્ય [૩](નેત્ર) ઊછળ્યા કરે છે. હંસોની [૪]પંક્તિ શોભી રહી છે. આસપાસ ભ્રમરો-કેશપ ફેલાઈ રહ્યા છે ।।૧૩।।

**વિશેષ** : ૧. ચાવેલું પાન જોઈને કહે છે. ૨. કુંડળમાં માછલાંની અને એમનાં રત્નોમાં માછલાંની આંખોની કલ્પના કરીને કહે છે. ૩. નેત્ર ૪. દાંતની પંક્તિ. ૫. કેશનો સમૂહ

હસ્ત કમળથી ઉછાળેલો અને ચારે બાજૂએ જતો રહેતો એ દડો મારી આંખોને તો ચંચળ કરી નાંખે છે પણ મારાં ચિત્તને પણ ખળભળાવી મૂકે છે તમારી વાંકી જટા (કેશપાશ) છૂટી ગઈ છે તેને તમે સંભાળતાં નથી? અરે, આ ધૂર્ત પવન કેવો દુષ્ટ છે કે તે તમારાં નીવી-વસ્ત્રને ઉડાડી મૂકે છે? ।।૧૪।।

હે તપોધન! તપસ્વીઓના તપનો પણ નાશ કરે તેવું અનુપરૂપ તમે કયા તપના પ્રતાપે પ્રાપ્ત કર્યું છે! હે મિત્ર!હવે મારી સાથે રહીને તપ કરો અથવા સંસારનો

વિસ્તાર કરવાની ઇચ્છાથી ખુદ બ્રહ્માજીએ તો મારા ઉપર કૃપા નથીકરી? ।।૧૫।।

સાચે જ તમને બ્રહ્માજીએજ મોકલ્યા છે; હવે હુંતમનેછોડી શકું એમ છું જ નહિ. તમારામાં તો મારાં મન અને નયન એવાં અટવાઈ ગયાં છે કે તે બીજે જવા જ નથી માગતાં, સુન્દર શિંગળી તમારું જ્યાં મન હોય ત્યાં મને પણ લઈ જાઓ. હું તમારો અનુચર છું; અને તમારી આ મંગલમય સખીઓ પણ આપણી સાથે જ રહે. (શિંગળું-શિંગડાંવાળું) ।।૧૬।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : રાજન્! આગ્નીધ્ર દેવતાઓ જેવા બુદ્ધિશાળી હતા અને સ્ત્રીઓને પ્રસન્ન કરી લેવામાં બહુ ચતુર હતા. એમણે વિષયી પુરુષોના જેવી ચતુરાઈ ભરેલી વાણીથી એ અપ્સરાને ઘણું માન આપ્યું ।।૧૭।।

વીર-સમાજમાં અગ્રગણ્ય આગ્નીધ્ર રાજાનાં બુદ્ધિ, શીલ, રૂપ, જુવાની, લક્ષ્મી અને ઉદારતા ઉપર એ અપ્સરા વારી ગઈ અને એ જમ્બૂદ્વીપના રાજા સાથે હજારો વર્ષ સુધી પૃથ્વી અને સ્વર્ગના ભોગ ભોગવતી રહી ।।૧૮।।

એ અપ્સરાથી એ આગ્નીધ્ર રાજાને નાભિ, કિમ્પુરુષ, હરિવર્ષ, ઇલાવૃત, રમ્યક, હિરણ્યમય, કુરુ, ભદ્રાશ્વ અને કેતુમાલ નામના નવ પુત્રો થયા ।।૧૯।।

એ પૂર્વચિત્તિ અપ્સરા દર વર્ષે એક એમ નવ પુત્રોને જન્મ આપી અને એમને રાજભવનમાં જ મૂકી બ્રહ્માજીની સેવામાં હાજર થઈ ગઈ ।।૨૦।।

આગ્નીધ્ર રાજાના એ નવ પુત્રો પોતાની માતાના અનુગ્રહથી સ્વભાવથી જ સુડોલ અને દૃઢ અંગવાળા હતા. એમના પિતાએ જમ્બૂદ્વીપના નવ ખંડ પાડી પ્રત્યેક પુત્રને એક એક ખંડ વહેંચી આપ્યો અને તેઓ પોતપોતાના વિભાગ પ્રમાણે રાજ્ય કરવા લાગ્યા. એમના નામોથી એ ખંડ ઓળખાવા લાગ્યા ।।૨૧।।

મહારાજ આગ્નીધ્ર રોજ-રોજ ભોગો ભોગવતા રહેવા છતાં તેમનાથી અતૃપ્ત જ રહ્યા. એ અપ્સરાને જ પરમ પુરુષાર્થ માનતા હતા તેથી તેમણે વૈદિક કર્મોદ્વારા જ્યાં પિતૃગણ પોતાના સુકૃતો પ્રમાણે તરેહ-તરેહના ભોગોમાં મસ્ત રહે છે તે જ લોકને પ્રાપ્ત કર્યો ।।૨૨।।

**સમ્પરેતે પિતરિ નવ ભ્રાતરો મેરુદુહિતૃર્મેરુદેવીં પ્રતિરૂપામુગ્રદંષ્ટ્રીં લતાં રમ્યાં શ્યામાં નારીં ભદ્રાં દેવવીતિમિતિ સંજ્ઞા નવોદ્વહન્ ।।૨૩।।**

આગ્નીધ્ર રાજાના પરલોક સિધાર્યા પછી એના નવ પુત્રો મેરુદેવી, પ્રતિરૂપા, ઉગ્રદંષ્ટ્રી, લતા, રમ્યા, શ્યામા, નારી, ભદ્રા અને દેવવીતિ નામની મેરુ પર્વતની નવ

પુત્રીઓને પરણ્યા ।।૨૩।।

**ઇતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (પહેલા સ્વરૂપસ્થિતિ પ્રકરણમાં આગ્નીધ્ર શ્રીપ્રાપ્તિ નિરૂપણ નામનો) ''આગ્નીધ્ર રાજાનું ચરિત્ર'' નામનો બીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભાવ ગુપ્ત રહે તો જ વધે. તેથી પોતાના આશ્રમધર્મોની પછવાડે પોતાના ભગવદ્ભાવોને ગુપ્ત રાખીને ભગવત્સેવા કરવી જોઈએ. જેના હૃદયમાં પ્રભુ નથી બિરાજતા તે જ પોતાના ભાવોને ખુલ્લેઆમ પ્રદર્શિત કરતો હોય છે. જો પ્રભુ હૃદયમાં બિરાજતા હોય તો ભાવોનું ઉઘાડે છોગે પ્રદર્શન સમ્ભવ નથી.

**(શ્રીમહાપ્રભુજી, અણુભાષ્ય)**

## અધ્યાય ૩

## નાભિ રાજાના યજ્ઞમાં શ્રીહરિનું ઋષભદેવ રૂપે પ્રકટ થવું

**વિશેષ :** આ ત્રીજા અધ્યાયમાં નાભિ રાજાનો પરમ મંગળરૂપ યશ કહેવાશે, કે જેના યજ્ઞમાં પ્રત્યક્ષ દેખાયેલા ભગવાન્ એને ઘેર પુત્રરૂપે અવતર્યા અને એનું 'ઋષભ' નામ પડ્યું.

**નાભિરપત્યકામોઽપ્રજયા મેરુદેવ્યા ભગવન્તં**
**યજ્ઞપુરુષમ્ અવહિતાત્માયજત્ ।।૧।।**

**શુકદેવજીએ કહ્યું :** નાભિરાજાએ પ્રજારહિત મેરુદેવી સાથેઅંતઃકરણ સાવધાન રાખી સન્તાનની ઈચ્છાથી યજ્ઞપુરુષનું યજન કર્યું ।।૧।।

એ રાજાએ શ્રદ્ધાપૂર્વક શુદ્ધ ભાવથી યજ્ઞ કરતાં પ્રવર્ગ્ય નામનાં કર્મ ચાલુ કર્યા. (જો કે સુન્દર અંગોવાળા ભગવાન્ યજ્ઞનાં સાધનો જેવા કે) દ્રવ્ય, દેશ, કાળ, મન્ત્ર, ઋત્વિજ અને દક્ષિણારૂપ ઉપાયોની સારી સમ્પત્તિ હોય છતાં સહજમાં તો ન મળે એવા છે તો પણ પોતાના ભક્તો ઉપર તો કૃપા કરે જ છે તેથી મન અને નેત્રોને આનન્દ આપે તેવા રમણીય અવયવો યુક્ત અતિ સુન્દર હૃદયાકર્ષક પોતાના સ્વરૂપનું દર્શન દીધું ।।૨।।

એ સ્વરૂપને આઠ ભુજાઓ હતી અને કાન્તિ સોના જેવી હતી. એમણે પીળાં રેશમી વસ્ત્ર ધારણ કર્યા હતાં. એમનાં વક્ષઃસ્થલમાં સુમનોહર શ્રીવત્સનું ચિહ્ન

શોભતું હતું અને એમનાં હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, ગળામાં વનમાળાં, કૌસ્તુભ મણિ વગેરે પ્રકાશી રહ્યાં હતાં, સમ્પૂર્ણ શ્રીઅંગ અંગ-પ્રત્યંગની કાન્તિને વધારી દેનાર કિરણ જાલ મંડિત મણિમય મુગટ, કુંડલ, કંકણ, કંદોરો, હાર, બાજુબન્ધ અને નૂપુર આદિ આભુષણોથી વિભુષિત હતું. જેમ નિર્ધન પુરુષને અપાર ભંડાર મળવાથી ફૂલ્યો ન સમાય તેમ એ સ્વરૂપથી પ્રસન્ન થયેલા યજમાન, ઋત્વિજ તથા સભાસદોએ ઘણાં માનથી પોતાનાં મસ્તક નમાવ્યાં અને એમની પૂજા અને સ્તુતિ કરી ।।૩।।

**ઋત્વિજોએ કહ્યું** : પૂજ્યતમ! અમે આપના અનુગત ભક્ત છીએ, આપ અમારા પુનઃ-પુનઃ પૂજનીય છો. પણ અમે આપની પૂજા કરવી શું જાણીએ? અમે તો આપને વારંવાર નમસ્કાર કરીએ છીએ. આટલું જ અમને મહાપુરુષોએ શિખવાડ્યું છે. આપ પ્રકૃતિ અને પુરુષ થી પણ પર છો. તો પછી પ્રાકૃત ગુણોના કાર્યભૂત આ પ્રપંચમાં બુદ્ધિ ફસાઈ જવાથી, આપના ગુણગાન કરવામાં સર્વથા અસમર્થ એવો કયો મનુષ્ય છે કે જે પ્રાકૃત નામ-રૂપ-આકૃતિ વડે તમારા સ્વરૂપનું નિરૂપણ કરી શકે? આપ સાક્ષાત્ પરમેશ્વર છો.

આપના પરમ મંગલમય ગુણ, સમ્પૂર્ણ, જનતાના દુઃખોનું દમન કરી નાખનારા છે. અગર કોઈ એમનું વર્ણન કરવાનું સાહસ કરે તો પણ કેવલ એક અંશનું જ વર્ણન કરી શકે ।।૫।।

પણ પ્રભો! જો આપના ભક્ત પ્રેમ-ગદ્ગદ વાણીથી સ્તુતિ કરતાં-કરતાં સામાન્ય જલ, વિશુદ્ધ પલ્લવ, તુલસી અને દૂબ ના અંકુર વગેરે સામગ્રીથી જ આપની પૂજા કરે તો પણ આપ બધી રીતે સન્તુષ્ટ થઈ જાઓ છો ।।૬।।

અમને તો પ્રેમ સિવાય આ દ્રવ્ય, કાલ વગેરે અનેક અંગવાળા યજ્ઞોથી પણ આપને કંઈ પ્રયોજન હોય એવું લાગતું નથી ।।૭।।

કારણ કે આપમાંથી સ્વતઃ જ ક્ષણે-ક્ષણે જે સમ્પૂર્ણ પુરુષાર્થોના ફલ સ્વરૂપ પરમાનન્દ સ્વભાવતઃ જ નિરન્તર પ્રકટ થતો રહે છે. આપ સાક્ષાત્ એનું સ્વરૂપ જ છો, આ પ્રમાણે જો કે આપને આ યજ્ઞાદિથી કંઈ પ્રયોજન કે સ્વાર્થ નથી તો પણ અનેક પ્રકરની કામનાઓની સિદ્ધિ ઈચ્છનારા અમારે માટે તો મનોરથ સિદ્ધિનું પૂરતું સાધન આ જ હોવું જોઈએ ।।૮।।

આપ બ્રહ્માદિ પરમ પુરુષો કરતાં પણ પરમ શ્રેષ્ઠ છો. અમને તો અમારું પરમ કલ્યાણ શામાં છે એનું પણ ભાન નથી તેમ જ અમારાથી આપની યથોચિત પૂજા

પણ થઈ શકી નથી તો પણ જે પ્રમાણે તત્ત્વજ્ઞ પુરુષ બોલાવ્યા વિના પણ માત્ર કરુણાથી જ અજ્ઞાની પુરુષો પાસે જાય છે તેવી જ રીતે આપ પણ અમને મોક્ષ નામનું આપનું પરમ પદ અને અમારી ઇચ્છિત વસ્તુઓનું દાન કરવામાટે બીજા સાધારણ યજ્ઞ જોનારાની જેમ અહીં પ્રકટ થયા છો ।।૯।।

પૂજ્યતમ! અમને સૌથી મોટું વરદાન તો આપે એ જ આપ્યું કે બ્રહ્માદિ બધા વરદાયકોમાં શ્રેષ્ઠ હોવા છતાં આપ રાજર્ષિ નાભિની આ યજ્ઞશાળામાં સાક્ષાત્ અમારી આંખો સામે પ્રકટ થઈ ગયા; હવે અમે બીજું વરદાન માગીએ શું? ।।૧૦।।

વૈરાગ્યથી પ્રકટ થયેલા જ્ઞાનાગ્નિથી જેમના સઘળા મેલ બળી ગયા છે તેવાઓને તેમજ આપના જેવા શાન્ત સ્વભાવવાળા આત્મારામ મુનિઓને પણ આપના મંગળરૂપ ગુણોનું વર્ણન કરવાનું સુભાગ્ય મળે છે પણ આપનું પ્રત્યક્ષ દર્શન મળતું નથી, જેથી લોકો આપના ગુણગાન જ કર્યા કરે છે ।।૧૧।।

આમ તો અમે આપનાં દર્શન માત્રથી કૃત-કૃત્ય થઈ જ ગયા છીએ પણ તોય એક વરદાન માગવાની લાલચ રોકી રોકાતી નથી કે પડી જવું, ઠેંસ લાગવી, છીંક આવવી અથવા બગાસું આવવું અને સંકટ આદિના સમયે તેમજ જ્વર અને મરણ આદિ અવસ્થાઓમાં આપનું સ્મરણ ન થઈ શકે તો પણ કોઈ રીતે આપના બધા જ કલિમલના દોષોનો નાશ કરનારા 'ભક્ત વત્સલ', 'પ્રણતપાલ', 'દીન બન્ધુ', 'અધમ ઉદ્ધારક', 'અશરણ શરણ', આદિ ગુણજ્ઞાપક નામોનો ઉચ્ચાર અમે કરી શકીએ ।।૧૨।।

જીભ ઝલાઈ જાય છે, કહેવા યોગ્ય નથી છતાં એક બીજી વસ્તુ પણ માગવાની છે. આ નાભિ રાજા આપ જેવા પુત્રની ઇચ્છા રાખે છે. જેઓ આ લોકમાનાં સર્વ સુખો, સ્વર્ગ તથા મોક્ષ ના સ્વામી આપને ભજે છે તો પણ જેમ કોઈ કંગાલ માણસ કોઈ ધન લુંટાવી દેનાર પરમ ઉદાર પુરુષની પાસે જઈને પણ તેની પાસે ફોતરાં જ માગે એના જેવું છે તો પણ એનો એ મનોરથ પરિપૂર્ણ થવો જોઈએ ।।૧૩।।

આ કોઈ આશ્ચર્યની વાત નથી. આપની માયાનો તો કોઈ પાર પામી શક્તું નથી અને તે કોઈના વશમાં આવતી નથી. જે લોકોએ મહાપુરુષોના ચરણોનો આશ્રય નથી કર્યો, એમાં એવો કોણ છે જે એને વશ નથી હોતો, એની બુદ્ધિ ઉપર એનો પડદો નથી પડી જતો અને વિષયરૂપ વિષનો વેગ તેના સ્વભાવને દૂષિત નથી કરી દેતો? ।।૧૪।।

દેવાધિદેવ! આપ ભક્તોનાં મોટાં-મોટાં કામો કરી દો છો. અમે ઓછી બુદ્ધિવાળાએ કામના વશ આ તુચ્છ કાર્યને માટે આપનું આવાહ્ન કર્યું એ આપનું અપમાન જ છે. પણ આપ સમદર્શી છો તેથી અમારા જેવા અજ્ઞાનીઓની આ ધૃષ્ટતા દરગુજર કરો ।।૧૫।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એ પ્રમાણે નાભિ રાજાના પૂજ્ય ઋત્વિજોએ ગદ્યોથી સ્તુતિ કરી અને ચરણમાં પ્રણામ કર્યા ત્યારે સર્વ દેવશ્રેષ્ઠ ભગવાન્ કરુણાવશ આ પ્રમાણે બોલ્યા ।।૧૬।।

**શ્રીભગવાને કહ્યું :** અહો! ઋષિઓ, સત્ય વાણી બોલનારા તમે એવું વરદાન માગ્યું કે આ રાજાને મારો જેવો પુત્ર થાય પણ એ સુલભ નથી કેમકે હું એક અને અદ્વિતીય હોવાથી મારા જેવો તો હુંજ છું તો પણ ઉત્તમ બ્રાહ્મણોનું કુળ મારુંજ મુખ છે તેથી બ્રાહ્મણોનું વચન મિથ્યા થવું જોઈએ નહિ ।।૧૭।।

એટલામાટે મારા જેવો બીજો કોઈ ન મળતાં હું પોતે જ અંશથી આ રાજાને ઘેર અવતાર ધરીશ ।।૧૮।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** મેરુદેવીના સાંભળતાં પતિ નાભિ રાજાને એ પ્રમાણે કહી ભગવાન્ અન્તર્ધાન થઈ ગયા ।।૧૯।।

**બર્હિષિ તસ્મિન્નેવ વિષ્ણુદત્ત ભગવાન્ પરમર્ષિભિઃ ... ઋષીણામ્ ઉર્ધ્વમન્થિનાં શુક્લયા તનુવાવતતાર ।।૨૦।।**

પછી હે પરીક્ષિત રાજા! એ યજ્ઞોમાં મોટા ઋષિઓએ જે ભગવાનને પ્રસન્ન કર્યા હતા તે નાભિરાજાનું પ્રિય કરવાની ઈચ્છાથી અને દિગમ્બર સન્ન્યાસીઓ અને ઊધ્વરેતા મુનિઓનો ધર્મ પ્રકટ કરવા સારું મહારાણી મેરુદેવીને પેટે શુદ્ધસત્ત્વમય મૂર્તિથી પ્રકટ થયા ।।૨૦।।

**ઇતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (પહેલા સ્વરૂપસ્થિતિ પ્રકરણમાં નાભિરાજાનું યશ નિરૂપણ નામનો) ''નાભિરાજાના યજ્ઞમાં શ્રીહરિનું ઋષભદેવ રૂપે પ્રકટ થવું'' નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
ભગવત્કથાએદિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં

## અધ્યાય ૪

## ઋષભદેવજીના સો પુત્રોની ઉત્પત્તિ અને પ્રજાનો આનન્દ

**વિશેષ** : નાભિ રાજાથી મેરુ દેવીમાં પ્રકટ થયેલા કૃપાનિધિ ઋષભ દેવજીનું ધર્માચરણ ચતુર્થાધ્યાયમાં નિરૂપાય છે.

**અથ હ તમુત્પત્ત્યૈવ અભિવ્યજ્યમાનભગવલ્લક્ષણં ...અવનિતલસમવનાયાતિતરાં જગૃધુઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એ પુત્રના જન્મથી જ વજ્ર, અંકુશ વગેરે સઘળાં ભગવાન્નાં ચિહ્ન એના અવયવોમાં જોવામાં આવ્યાં. સમતા, શાન્તિ, વૈરાગ્ય, ઐશ્વર્ય આદિ સર્વસમ્પત્તિની સાથે એનો પ્રભાવ રોજ-રોજ વધતો ચાલ્યો; તેથી હવે એ રાજ્ય કરે તો ઠીક, એમ મન્ત્રી વગેરે કારભારીઓ, પ્રજા, બ્રાહ્મણો અને દેવો અત્યન્ત ઈચ્છા કરવા લાગ્યા ।।૧।।

એનું સુન્દર અને સુડોલ શરીર, વિપુલ કીર્તિ, તેજ, બળ, લક્ષ્મી, યશ, પરાક્રમ અને શૌર્ય જોઈને નાભિરાજાએ એ પુત્રનું નામ 'ઋષભ'(શ્રેષ્ઠ)પાડ્યું ।।૨।।

એના પર ઈર્ષ્યા કરી ઈન્દ્ર મહારાજે એના ખંડમાં એકવાર વૃષ્ટિ ન કરી. એ વાત જાણી યોગેશ્વર ભગવાન્ ઋષભદેવજીએ ઈન્દ્રની મૂર્ખતા ઉપર હસીને પોતાની યોગમાયાના પ્રભાવથી અજનાભ નામના પોતાના ખંડમાં પોતે જ ખૂબ જલ વરસાવ્યું ।।૩।।

નાભિ રાજા પોતાને જેવી જોઈતી હતી તેવી સારી પ્રજા પ્રાપ્ત થવાથી અત્યન્ત આનન્દના ભારથી વિહ્વલ બન્યા અને પોતાની ઈચ્છાથી જ મનુષ્યરૂપે અવતરેલા પુરાણ પુરુષ ભગવાનને એમના જ લીલાવિલાસથી મુગ્ધ થઈ 'હે પુત્ર' 'હે તાત!' એવી રીતે સ્નેહપૂર્વક લાલન કરતા પરમ સુખને પામ્યાં ।।૪।।

એમણે જોયું કે મન્ત્રીમંડલ, નાગારિક આમ જનતા ઋષભદેવજી ઉપર ખૂબ પ્રેમ રાખે છે એટલે લોકોના મતને પ્રમાણ રાખતા નાભિ રાજાએ ધર્મની મર્યાદાઓનું રક્ષણ કરવાને એ ઋષભદેવજીનો રાજ્યાભિષેક કર્યો; અને એમને બ્રાહ્મણોના હાથમાં સોંપી દીધા. પછી નાભિરાજા મહારાણી મેરુદેવી સાથે બદરિકાશ્રમમાં ચાલ્યા ગયા અને ત્યાં અહિંસા વૃત્તિથી, જેથી કોઈનેય ઉદ્વેગ ન થાય એવી કૌશલપૂર્ણ તપસ્યા તથા સમાધિ દ્વારા નરનારાયણ ભગવાન્ની ઉપાસના કરતાં-કરતાં કાળે કરીને જીવન

મુક્તિ પામ્યા ।।૫।।

હે પરીક્ષિત રાજા! એ નાભિરાજાની કીર્તિ વિશે આ લોકોક્તિ પ્રસિદ્ધ છે કે રાજર્ષિ નાભિરાજાએ જે કામો કર્યાતે કામ બીજો કયો પુરુષ કરી શકે? એનાં શુદ્ધ કર્મો જોઈ સન્તુષ્ટ થઈ ભગવાન્ શ્રીહરિ પોતે એના પુત્ર બની ગયા હતા. નાભિરાજા જેવો બ્રાહ્મણોને માન આપનાર પણ બીજો ક્યાંથી હોય? એના યજ્ઞમાં દક્ષિણા વગેરેથી સન્તુષ્ટ બ્રાહ્મણોએ એને પોતાના મન્ત્રબળથી સાક્ષાત્ શ્રીવિષ્ણુ ભગવાનનાં દર્શન કરાવી આપ્યાં ।।૬-૭।।

ઋષભદેવજી પોતાના દેશ અજનાભ ખંડને પોતાની કર્મભૂમિ માની લોક સંગ્રહમાટે કેટલોક સમય ગુરુને ઘેર વાસ કર્યો. પછી ગુરુદક્ષિણા આપી ગુરુઓની રજા લઈ લોકોને ગૃહસ્થાશ્રમના ધર્મ શીખવવા સારુ દેવરાજ ઈન્દ્રે દાનમાં આપેલી તેની કન્યા જયન્તીને પરણ્યા. શ્રૌત અને સ્માર્ત બન્ને પ્રકારના શાસ્ત્રોક્ત કર્મોનું આચારણ કરતા તેના ગર્ભથી પોતાના જેવા જ સો પુત્રો ઉત્પન્ન કર્યા ।।૮।।

એ સો પુત્રોમાં અવસ્થાથી તેમજ ગુણથી ભરતજી સૌથી મોટા હતા. એના જ નામ ઉપરથી લોકો આ અજનાભ ખંડને 'ભારતવર્ષ' કહેવા લાગ્યા ।।૯।।

ભરત પછીના કુશાવર્ત, ઈલાવર્ત, બ્રહ્માવર્ત, મલય, કેતુ, ઈન્દ્રસ્પૃક્ ભદ્રસેન, વિદર્ભ અને કિકટ એ નવ પુત્રો બાકીના નેવુંથી મોટા તથા શ્રેષ્ઠ હતા ।।૧૦।।

એમનાથી નાના કવિ, હરિ, અન્તરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પાલયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન એ નવ રાજકુમાર (નવ યોગેશ્વરો) ભાગવત ધર્મોનો પ્રચાર કરનારા મહાન ભગવદ્ભક્ત હતા. એમનું ચરિત્ર ભગવાન્‌ના મહિમાથી મહિમાન્વિત અને પરમ શાન્તિથી પૂર્ણ છે, જે આગળ વસુદેવ અને નારદજી ના સંવાદરૂપે (એકાદશ સ્કન્ધમાં) કહેવામાં આવશે ।।૧૧-૧૨।।

આમનાથી નાના જયન્તીના એકાશી પુત્રો પિતાની આજ્ઞા માનનારા અને ઘણા નમ્ર સ્વભાવના હતા. તેઓ વેદજ્ઞ અને યજ્ઞાદિક કર્મ કરનારા હતા. પુણ્યકર્મોનું આચરણ કરવાથી શુદ્ધ થઈ તેઓ બ્રાહ્મણ થઈ ગયા હતા ।।૧૩।।

ભગવાન્ ઋષભદેવ પરમ સ્વતન્ત્ર હોવાથી સ્વયં સર્વદા જ બધા પ્રકારની અનર્થ પરમ્પરાથી રહિત હતા. તેઓ કેવલ આનન્દાનુભવ સ્વરૂપ અને સાક્ષાત્ ઈશ્વર જ હતા તો પણ અજ્ઞાનીઓની જેમ કર્મ કરતાં એમણે કાલને અનુસાર પ્રાપ્ત ધર્મનું આચરણ કરી, એનું તત્ત્વ ન જાણનારા લોકોને તેનું શિક્ષણ આપ્યું. સાથોસાથ સમ,

શાન્ત, સુહૃદ (મિત્ર)અને કારુણિક રહીને ધર્મ, અર્થ, યશ, સન્તાન, ભોગ-સુખ અને મોક્ષનો સંગ્રહ કરતાં-કરતાં ગૃહસ્થાશ્રમમાં લોકોને નિયમિત બનાવ્યા ।।૧૪।।

કેમકે મહાન્ પુરુષો જે માર્ગે ચાલે છે તે માર્ગને લોકો અનુસરે એવી રીત છે ।।૧૫।।

જેમાં સઘળા ધર્મોનું નિરૂપણ કરેલું છે તેવા વેદનું રહસ્ય જો કે એ પોતે જાણતા હતા તો પણ રાજ કાર્યોની બાબતમાં બ્રાહ્મણોને પૂછી એમણે દર્શાવેલા માર્ગ પ્રમાણે સામ, દામ વગેરે *નીતિવડે એ લોકોનું પાલન કરતા હતા ।।૧૬।।

**વિશેષ** : સામ, દામ, ભેદ અને દંડ એ ચારેનો પ્રયોગ કોઈ ઉપદેશકે પોતાના પુત્ર ઉપર કર્યો હતો, એ નીચે પ્રાસ્તાવિક શ્લોકથી સમજતાં રાજાએ પ્રજા ઉપર તેમનો શી રીતે ઉપયોગ કરવો એ પણ જણાશે. **''અધીષ્વ પુત્રકાધીષ્વ મોદકં પ્રદદામિતે, અન્યથાસ્મૈ પ્રદાસ્યામિ કર્ણમુત્પાટયામિ તે''** હે બેટા! ભણ-ભણ! (એ સામ થયું) ભણીશ તો તને લાડુ આપીશ, (એ દામ થયું) નહિ ભણે તો આ લાડુ બીજા છોકરાને હું આપી દઈશ; (એ ભેદ થયો). તું નથી માનતો માટે તારો કાન ઉખેડી નાખું છું (એ દંડ થયો).

એમણે શાસ્ત્ર અને બ્રાહ્મણોના ઉપદેશ પ્રમાણે ભિન્ન-ભિન્ન દેવતાઓને નિમિત્તે દ્રવ્ય, દેશ, કાલ, આયુ, શ્રદ્ધા અને ઋત્વિજ આદિથી સુસમ્પન્ન દરેક પ્રકારના સો-સો યજ્ઞ કર્યા ।।૧૭।।

જ્યાં સુધી આ ખંડમાં ઋષભદેવજીએ રાજ્ય કર્યું ત્યાંસુધી જેમ આકાશપુષ્પની કોઈને ઈચ્છા થતી નથી તેમ કોઈ માણસને કોઈ રીતે બીજા માણસ પાસેથી કશી વસ્તુ લેવાની ઈચ્છા થતી નહોતી. લોકોની ઈચ્છા માત્ર એટલી જ હતી કે પોતાના સ્વામી ઋષભદેવજી પ્રત્યે એનો સ્નેહ દરેક પળે કેમ વધે ।।૧૮।।

**સ ચ કદાચિદ્ અટમાનો ભગવાનૃષભો બ્રહ્માવર્તગતો ... પ્રશ્રય-પ્રણયભર-સુયન્ત્રિતાનપિ ઉપશિક્ષયન્ ઈતિ હોવાચ ।।૧૯।।**

એ ભગવાન્ ઋષભદેવજી એકવાર ફરતા-ફરતા બ્રહ્માવર્ત દેશમાં પધાર્યા. ત્યાં મોટા-મોટા બ્રહ્મર્ષિઓની સભામાં સઘળી પ્રજાના સાંભળતાં જો કે પોતાના પુત્ર જિતેન્દ્રિય હતા અને વિશ્વાસ તથા નમ્રતા થી નિયમિત હતા છતાં એમને શિખામણ દેવા આ પ્રમાણે કહ્યું ।।૧૯।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (પહેલાં સ્વરૂપસ્થિતિ પ્રકરણમાં ઋષભાના ચરિતમાં ધર્મનિરૂપણ નામનો) ''ઋષભદેવજીનાં સો પુત્રોની ઉત્પત્તિ અને પ્રજાનો આનન્દ'' નામનો ચતુર્થ અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૫

# ઋષભદેવજી પુત્રોને મોક્ષધર્મનો ઉપદેશ આપીને પરમહંસ થયા

**વિશેષ :** આ પાંચમા અધ્યાયમાં ઋષભદેવજીએ મોક્ષધર્મના ઉપદેશથી પુત્રોને શિખામણ આપી અને પોતે સુખ-દુઃખાદિકને સહન કરી પરમહંસ થયા, એ કથા કહેવામા આવશે.

**નાયં દેહો દેહભાજાં નૃલોકે કષ્ટાન્ કામાનર્હતે વિડ્ભુજાં યે ।**
**તપો દિવ્યં પુત્રકા યેન સત્ત્વં શુદ્ધ્યેદ્ યસ્માદ્ બ્રહ્મસૌખ્યં ત્વનન્તમ્ ।।૧।।**

**ઋષભદેવજીએ કહ્યું :** પુત્રો! આ મર્ત્યલોકમાં આ મનુષ્યશરીર દુઃખમય વિષયભોગ ભોગવવામાટે જ નથી. એ દુઃખદાયી વિષયો તો વિષ્ઠા ખાનારાં ભૂંડોને પણ મળે છે. હે પુત્રો! આવા મનુષ્ય દેહથી તો દિવ્ય તપ કરવું એ જ શ્રેષ્ઠ છે જેનાથી અન્તઃકરણ શુદ્ધ થાય કારણ કે એથી જ અનન્ત બ્રહ્માનન્દની પ્રાપ્તિ થાય છે ।।૧।।

મહાત્મા પુરુષોની સેવા એ મોક્ષનું દ્વાર છે, સ્ત્રીઓના સંગીઓનો (વિષયી જીવોનો) સંગ એ નરકનું દ્વાર છે, એમ શાસ્ત્રો કહે છે. મહાત્મા તે જ છે જે પરમ શાન્ત, સમદષ્ટિવાળા, ક્રોધરહિત, સર્વના હિતચિન્તક અને સદાચારવાળા હોય।।૨।।

અથવા મારા-પરમાત્મા પ્રત્યે પ્રેમને જ જે એક માત્ર પુરુષાર્થ માનતા હોય, ફક્ત વિષયોની ચર્ચા કરનારા લોકોમાં તથા સ્ત્રી, પુત્ર, ધન વગેરે સામગ્રીથી સમ્પન્ન ઘરમાં જેને અરુચિ હોય અને જે લૌકિક વ્યવહારમાં ફક્ત શરીર નિર્વાહ કરવા પૂરતી જ પ્રવૃત્તિ કરતા હોય ।।૩।।

જ્યારે ઇન્દ્રિયોને સન્તોષવાને કોઈ પણ કર્મ કરવામાં આવે છે ત્યારે ગફલતથી પાપ થયા વગર રહેતું જ નથી. હું આને ઠીક નથી માનતો કારણ કે એને લીધે જ આત્માને આ અસત્ અને દુઃખદાયી દેહ પ્રાપ્ત થાય છે ।।૪।।

જ્યાં સુધી જીવને આત્માનું તત્ત્વ જાણવાની જિજ્ઞાસા ન થાય ત્યાં સુધી અજ્ઞાનથી થયેલી સ્વરૂપની વિસ્મૃતિ રહે છે; જ્યાં સુધી મન કર્મમાં ફસાયેલું રહે છે ત્યાં સુધી મનમાં કર્મની વાસનાઓ રહે જ છે. અને તેનાથીજ દેહરૂપી બંધન પ્રાપ્ત થાય છે ।।૫।।

આ પ્રમાણે અવિદ્યાથી સ્વરૂપ ઢંકાઈ જતાં મન કર્મ વાસનાને વશ થઈ જાય છે અને મન પુરુષને કર્મમાં જ પ્રવૃત્ત કરે છે. જ્યાં સુધી એને મારા વાસુદેવમાં પ્રીતિ

થાય નહિ ત્યાં સુધી એનું દેહ બંધન કદી પણ છૂટી શકે નહિ ।।૬।।

સ્વાર્થમાં પાગલ જીવ જ્યાં સુધી વિવેક દષ્ટિનો આશ્રય લઈ ઈન્દ્રિયોની ચેષ્ટાઓને ખોટી નથી સમજતો ત્યાં સુધી આત્મસ્વરૂપની સ્મૃતિ ખોઈ બેસવાથી તે અજ્ઞાનથી મૈથુન પ્રધાન ગૃહ વગેરેમાં ગળા ડૂબ રહે છે અને અનેક પ્રકારના તાપમાં શેકાયા કરે છે ।।૭।।

સ્ત્રી અને પુરુષ એ બન્નેનો પરસ્પર દામ્પત્ય ભાવ છે એને જ પંડિતો એમના હૃદયની બીજી સ્થૂલ અને અતૂટ ગ્રન્થિ(ગાંઠ) કહે છે. દેહાભિમાનરૂપી એક-એક સૂક્ષ્મ ગ્રન્થિ તો એમનામાં પહેલેથી છે જ. એને જ લીધે જીવને દેહેન્દ્રિયાદિ સિવાય ઘર, ખેત, પુત્ર, સ્વજન અને ધન વગેરેમાં પણ 'હું' અને 'મારું' અહન્તા અને મમતા નો મોહ થઈ જાય છે ।।૮।।

જ્યારે માણસની અન્દર કર્મ-વાસનાઓથી બન્ધાયેલી મનની એ મજબૂત ગાંઠ ઢીલી પડે ત્યારેજ એ માણસ દામ્પત્ય ભાવથી નિવૃત્તિ પામે છે અને પછી સંસારના કારણરૂપ અહંકાર મૂકી દઈ બધી જાતનાં બંધનોથી મુક્ત થઈ એ પરમપદને પામેછે ।।૯।।

પુત્રો! સંસાર સાગરને તરી જવામાં કુશલ તથા ધૈર્ય, ઉદ્યમ અને સત્ત્વગુણ યુકત પુરુષનું કર્તવ્ય છે કે એ અહંકારરૂપ પોતાના લિંગ શરીરને છોડી દે. એ અહંકારનો ત્યાગ કરવાનાં સાધન છેઃઈશ્વરની ભક્તિ, ગુરુસેવા, તૃષ્ણાનો ત્યાગ, સુખદુઃખાદિ સહન કરવાં, જીવને બધી જ યોનિઓમાં દુઃખ વેઠવાનું છે એવો વિચાર, તત્ત્વ જિજ્ઞાસા (જ્ઞાન મેળવવાની ઈચ્છા), તપ, સકામ કર્મનો ત્યાગ, ઈશ્વર અર્થે કર્મ કરવાં, નિત્ય મારી કથા સાંભળવી, મારા ગુણગાવા, મારા ભકતોનો સંગ કરવો, વૈરનો ત્યાગ, સમતા, શાન્તિ, શરીર અને ઘર માં અહન્તા-મમતા નો ત્યાગ કરવાની ઈચ્છા, અધ્યાત્મ શાસ્ત્રનો સારો અભ્યાસ, એકાન્તનું સેવન, પ્રાણ, ઈન્દ્રિય અને મનનો સંયમ, શાસ્ત્ર અને સત્પુરુષોના વચનમાં ઉત્તમ શ્રદ્ધા, નિરન્તર બ્રહ્મચર્ય, કર્તવ્ય કર્મોમાં નિરંતર સાવધાનતા, મિથ્યાભાષણનો ત્યાગ, સર્વ ઠેકાણે ભગવદ્ભાવના કરવી, અનુભવજ્ઞાન સહિત તત્ત્વવિચાર, પ્રયત્ન અને વિવેક, એ ૨૫સાધનોથી ચતુર પુરુષે અહંકારનો ત્યાગ કરવો ।।૧૦-૧૩।।

એ હૃદયની ગાંઠ કર્મોને રહેવાના સ્થાનકરૂપ છે અને અવિદ્યાથી પ્રાપ્ત થયેલ છે તેને શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણેનાં સાધનોવડે સાવધાનપણાથી તોડી નાખવી, કારણ કે

કર્મ સંસ્કારોને રહેવાનું સ્થાન એ જ છે. પછી સાધનો કરવાનો પરિશ્રમ પણ છોડી દેવો ।।૧૪।।

જેને મારો લોક પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય અથવા જે મારા અનુગ્રહની પ્રાપ્તિને જ પરમ પુરુષાર્થ માનતો હોય તે રાજા હોય તો પોતાની ના સમજ પ્રજાને, ગુરુ પોતાના શિષ્યોને અને પિતા પોતાના પુત્રોને આવી જ શિક્ષા આપે. અજ્ઞાનને લીધે જો તેઓ એ શિક્ષા પ્રમાણે ન ચાલે અને કર્મોને જ પરમ પુરુષાર્થ માનતા ફરે તો પણ એમના ઉપર ગુસ્સે ન થતાં એમને સમજાવી, કર્મમાં પ્રવૃત્ત ન થવા દે. એમને વિષયાસક્તિ યુક્ત કામ્ય કર્મમાં જોડવા એ તો કોઈ અન્ધ વ્યક્તિને જાણી બૂજીને ખાડામાં ધકેલી દેવા જેવું છે. આથી ભલા, કયા પુરુષાર્થની સિદ્ધિ થઈ શકે છે?।।૧૫।।

પોતાનું ખરું કલ્યાણ શેમાં રહેલું છે એ જોવામાં માણસ આન્ધળો હોય છે. ઘણી-ઘણી તૃષ્ણાઓથી એ ધન ઈચ્છે છે, મૂઢ બનીને એક બીજા સાથે વૈર રાખે છે, પરન્તુ જરાક સુખ મેળવવા જતાં એને અનન્ત દુઃખ આવી પડે છે એ જાણતો નથી ।।૧૬।।

સમજુ પુરુષ તો એ વાતને જાણે છે અને દયાળુ હોય છે. એ એવી રીતે અજ્ઞાનમાં ભટકતા કુબુદ્ધિ માણસને જોઈ એને પાછો સંસારના માર્ગમાં જ કેમ જોડે? અન્ધ માણસ ખોટે રસ્તે ચડી જવાથી ખાડામાં પડવાની તૈયારીમાં હોય ત્યારે દેખતો માણસ જેમ એને નથી પડવા દેતો તેવી જ રીતે અજ્ઞાની મનુષ્યને અવિદ્યામાં ફસાઈ દુઃખોની ખાઈની દિશામાં જતા જોઈ કોણ એવો દયાળુ અને જ્ઞાની પુરુષ હશે જે જાણી જોઈને એને એ રસ્તે જવા દે અથવા જવાની પ્રેરણા આપે? ।।૧૭।।

સંસારમાં પડેલા પુત્રને ભક્તિમાર્ગનો ઉપદેશ આપી એને સંસારમાંથી છોડાવવાની શક્તિ ન હોય તેણે પિતા કે માતા પણ થવુંજ જોઈએ નહિ. એવા માણસે પુત્ર ઉત્પન્ન કરવાનો યત્ન જ કરવો નહિ. પોતાના સમ્બન્ધીને મૃત્યુની ફાંસીમાંથી છોડાવવાની જેની શક્તિ ન હોય તેણે સમ્બન્ધી નહિ થવું જોઈએ, શિષ્યને મુક્તિ આપવાની શક્તિ ન હોય તો ગુરુ ન થવું; ભક્તને છોડાવવાની શક્તિ ન હોય તો દેવ બની એની પાસેથી પૂજા ન લેવી; સ્ત્રીનો ઉદ્ધાર કરવાની શક્તિ ન હોય તો પતિ ન થવું ।।૧૮।।

મારા આ અવતાર શરીરનું *રહસ્ય સાધારણ લોકોમાટે ન સમજાય તેવું છે.

શુદ્ધ સત્ત્વગુણ જ મારું હૃદય છે અને એમાં જ ધર્મ વસે છે. મેં અધર્મને દૂર કાઢી મૂક્યો છે તેથી સત્પુરુષો મને 'ઋષભ' કહે છે ।।૧૯।।

**વિશેષ** : એ પ્રમાણે મોક્ષ સમ્બન્ધી ધર્મોનો ઉપદેશ કરી પોતાના પુત્રમાં કુસંપ, ઈર્ષ્યા વગેરે ઉત્પન્ન ન થાય એટલા માટે મોટાભાઈની સેવા કરવારૂપ ધર્મનો ઉપદેશ કરે છે.

હે પુત્રો! તમે પણ મારા શુદ્ધ સત્ત્વમય શરીરથી ઉત્પન્ન થયા છો; તેથી મત્સર છોડી તમે તમારા આ સહોદર મોટા ભાઈ ભરતની સેવા કરો. એની સેવા કરવી એ મારીજ સેવા કરવા બરાબર છે અને એજ પ્રજાના પાલનરૂપ પણ છે ।।૨૦।।

બીજાં બધાં ભૂતો કરતાં વૃક્ષ અત્યન્ત શ્રેષ્ઠ* છે, એથી ચાલવાવાળા જીવ શ્રેષ્ઠ છે અને એમાં પણ કીટાદિ કરતાં જ્ઞાનયુક્ત પશુ વગેરે શ્રેષ્ઠ છે. પશુઓથી મનુષ્ય, મનુષ્યથી પ્રમથગણ, પ્રમથોથી ગન્ધર્વ; ગન્ધર્વોથી સિદ્ધ અને સિદ્ધોથી દેવોના અનુયાયી કિન્નરાદિ શ્રેષ્ઠ છે ।।૨૧।।

**વિશેષ** : બ્રાહ્મણોની સેવા કરવી જોઈએ એવા અભિપ્રાયથી બ્રાહ્મણોની શ્રેષ્ઠતા કહી દેખાડે છે.

કિન્નરોથી દેવો શ્રેષ્ઠ છે; દેવોથી ઈન્દ્ર શ્રેષ્ઠ છે; ઈન્દ્રથી બ્રહ્માજીના પુત્ર દક્ષાદિ પ્રજાપતિઓ શ્રેષ્ઠ છે; બ્રહ્માજીના પુત્રોમાં સદા શિવ શ્રેષ્ઠ છે. તે બ્રહ્માજીથી ઉત્પન્ન થયેલ હોવાથી સદાશિવથી બ્રહ્માજી શ્રેષ્ઠ છે; બ્રહ્માજી મારાથી ઉત્પન્ન થયા છે અને તે મારી ઉપાસના કરે છે તેથી બ્રહ્માથી હું શ્રેષ્ઠ છું; અને મારાથી બ્રાહ્મણો શ્રેષ્ઠ છે કેમકે એમને હું પણ પૂજુ છું ।।૨૨।।

(સભામાં ઉપસ્થિત બ્રાહ્મણોને ઉદ્દેશીને) હે બ્રાહ્મણો! બીજા કોઈ પણ પ્રાણીને હું બ્રાહ્મણો સમાન પણ ગણતો નથી ત્યારે બ્રાહ્મણોથી શ્રેષ્ઠ તો કેમ જ લેખું? લોકોએ બ્રાહ્મણોના મુખમાં જ શ્રદ્ધાપૂર્વક હોમ્યું હોય તે પદાર્થને હું જેટલો પ્રસન્નતાથી સ્વીકારું છું તેવી રીતે અગ્નિહોત્રમાં હોમેલા પદાર્થને સ્વીકારતોનથી ।।૨૩।।

જે બ્રાહ્મણોએ મારી સુન્દર અને પ્રાચીન દેહરૂપ વેદ મૂર્તિને ધારણ કરી છે, જેમનામાં પરમ પવિત્ર સત્ત્વગુણ, શમ (મનનો નિગ્રહ), દમ (ઇન્દ્રિયોનો નિગ્રહ), સત્ય, દયા, તપ, સહનશીલતા અને જ્ઞાન એ આઠ ગુણો હોય છે તેમનાથી હું કોને શ્રેષ્ઠ ગણું? ।।૨૪।।

હું સ્વર્ગ અને મોક્ષ નો અધિપતિ છું, અનન્ત અને બ્રહ્મા નો પણ બ્રહ્મા છું; પણ મારા અકિંચન ભક્તો એવા નિઃસ્પૃહ હોય છે કે તેઓ ક્યારેય મારી પાસે કંઈ ચાહતા નથી હોતા તો પછી એઓને રાજ્યાદિકની તો ઈચ્છા કેમથાય? ।।૨૫।।

હે પુત્રો! સઘળાં (એ પ્રમાણે બ્રાહ્મણોનું સન્માન કરવાનું કહી સર્વ જગત્‌નું સન્માન રાખવાનું કહે છે.) સ્થાવર જંગમ પ્રાણીઓને મારા નિવાસરૂપ સમજવાં અને મત્સર રહિત દષ્ટિથી તમારે એનું પ્રતિક્ષણે સન્માન કરવું એ જ મારું જ પૂજન છે ।।૨૬।।

મને *અર્પણ કરવું એ જ મન, વચન, દષ્ટિ અને બીજી ઈન્દ્રિયોની ચેષ્ટાઓનું ફળ છે. મને અર્પણ કર્યા વિના મનુષ્ય મહામોહરૂપ કાળપાશમાંથી છૂટવા સમર્થ થતો નથી ।।૨૭।।

**વિશેષ** : એ સઘળાં કર્મ ઈશ્વરને અર્પણ કરવાનું કહે છે.

**શ્રીશુકદેવજીએ કહ્યું** : જો કે પોતાના પુત્રો સ્વયં સુશિક્ષિત હતા તો પણ લોકોને શિખામણ દેવાસારુ મહાપ્રતાપી અને સર્વના પરમ મિત્ર ઋષભદેવજીએ તેમને આ પ્રમાણે ઉપદેશ કર્યો. ઋષભદેવજીના સો પુત્રોમાં ભરત સૌથી મોટા હતા. તે ભગવાન્‌ના પરમ ભક્ત તો હતા જ, ભગવદ્‌ ભક્તોના પણ પરમ ભક્ત હતા. પૃથ્વીનું પાલન કરવા તેમણે એમને રાજગાદી પર અભિષેક કરી દીધો અને પોતે શાન્ત, નિવૃત્તિપરાયણ મહામુનિઓને ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય રૂપ પરમહંસને ઉચિત ધર્મોનું શિક્ષણ આપવાને માટે બિલકુલ વિરક્ત થઈ ગયા. માત્ર શરીર રાખ્યું, બીજાું બધું ઘેરે રહેતાં જ છોડી દીધું. હવે વસ્ત્રોનો પણ ત્યાગ કરી તદ્દન દિગમ્બર થઈ ગયા. એ વખતે એના કેશ વિખરાયેલા હતા. પાગલ જેવો વેશ હતો આ હાલતમાં તેમણે આહવનીય (અગ્નિહોત્રના) અગ્નિઓને પોતાનામાં જ લીન કરી દઈ સન્ન્યાસી થઈ ગયા અને બ્રહ્માવર્ત દેશની બહાર નીકળી ગયા ।।૨૮।।

અવધૂતના જેવો વેશ ધારણ કરી લોકોમાં જડ, અન્ધ, બહેરા, ગૂંગા પિશાચ અને પાગલના જેવી ચેષ્ટા કરતા ઋષભદેવજી બોલાવે તો પણ ન બોલતાં મૌનવ્રત ધરીને સાવ ચૂપ રહેવા લાગ્યા ।।૨૯।।

કયારેક શહેરો અને ગામડાં માં ચાલ્યા જતા તો કયારેક ખાણો, કિસાનોની વસતિ, બગીચા, પહાડી ગામ, સેનાની છાવણીઓ, ગૌશાળા, અહીરોની વસતિ અને ધર્મશાળા માં રહેતા. કયારેક પહાડો, જંગલો અને આશ્રમો વગેરેમાં વિચરતા, કોઈ પણ રસ્તે તેઓ નીકળતા તો જેવી રીતે વનમાં ફરતા હાથીને માખીઓ સતાવે છે તેવી રીતે મૂર્ખ અને દુષ્ટ લોકો લાગુ થઈ જતા અને તેમને હેરાન કરતા. કોઈ ધમકી દેતા, કોઈ મારતા, કોઈ પેશાબ કરી દેતા, કોઈ થૂંકતા, કોઈ ઢેખાળા મારતા, કોઈ વિષ્ઠા અને ધૂળ ફેંકતા, કોઈ અધોવાયુ છોડતા અને કોઈ ગાળ દઈ એમનો

તિરસ્કાર કરતા. પણ તેઓ કોઈ પણ બાબત ઉપર જરા પણ ધ્યાન દેતા નહિ કારણ કે ભ્રમથી સત્ય કહેવાતા આ મિથ્યા શરીરમાં એમની લગીર પણ મમતા નહોતી. તેઓ કાર્ય-કારણરૂપ સમ્પૂર્ણ પ્રપંચના સાક્ષી થઈ પોતાના પરમાત્મ-સ્વરૂપમાં સ્થિત હતા તેથી અખંડ ચિત્તવૃત્તિથી એકલા જ પૃથ્વી ઉપર વિચરતા રહેતા હતા ।।૩૦।।

એમનાં હાથ, પગ અને વક્ષઃસ્થળ બહુ જ સુકુમાર હતાં. બાહુ અને ખભા મોટા હતા. ગળું, મુખ વગેરે અવયવોની રચના ઘણી જ ઘાટીલી હતી. એમનું મુખ સ્વભાવથી જ મનોહર હતું અને સહજ મલકાટથી અત્યન્ત શોભતું હતું. નેત્ર નવીન કમલદલનાં જેવાં અત્યન્ત સુહાવન, વિશાલ અને લાલિમાયુક્ત હતાં. કીકીઓ શીતલ અને સન્તાપહારિણી હતી. ગાલ, કંઠ, કર્ણ અને નાસિકા નાનાં-મોટાં નહિ પણ સરખાં અને સુન્દર હતાં. એમના ગુપ્ત હાસ્યવાળા મુખની છટા જોઈને ચતુર સ્ત્રીઓના મનમાં કામદેવનો સંચાર થઈ જતો હતો તો પણ એમના મુખની આગળ જે ભૂરા રંગની લાંબી-લાંબી વાંકડી લટો લટકતીહતી એના ભારી બોજ અને અવધૂતોના જેવા ધૂલિ-ધૂસરિત દેહને લીધે તેઓ તેમને ભૂતપ્રેતનો વળગાડ હોય તેવા જણાતા હતા ।।૩૧।।

એમને લાગ્યું કે જ્યાં સુધી લોકો કેડો નહિ મૂકે ત્યાં સુધી યોગ બરાબર સાધી શકાશે નહિ. લોકોનો સમાગમ યોગમાં વિઘ્નરૂપ છે તેથી એમણે અજગર વ્રત રાખ્યું. એક જ ઠેકાણે પડી રહેવા માંડ્યું; ખાવું, પીવું, મૂતરવું અને મળત્યાગ કરવો એ બધું સૂતાં-સૂતાં જ કરવા માંડ્યું. અને પોતાની વિષ્ઠામાં લોટી-લોટીને આખું શરીર તેનાથી ખરડી નાંખ્યું ।।૩૨।।

એમની વિષ્ઠામાંથી એવો સુગન્ધી પવન નીકળતો કે એનાથી ચોતરફ દશ યોજન સુધીમાં સઘળો પ્રદેશ સુગન્ધથી મહેકી ઉઠતો ।।૩૩।।

એ જ પ્રમાણે બળદ, મૃગ અને કાગડાની પેઠે કયારેક ચાલતાં, કયારેક ઊભાં-ઊભાં, કયારેક બેઠાં-બેઠાં, કયારેક સૂતાં-સૂતાં જ પીતા, ખાતા અને મળત્યાગ કરતા હતા ।।૩૪।।

**ઇતિ નાનાયોગચર્યાચરણો ... હૃદયેન અભ્યનન્દત્ ।।૩૫।।**

પરીક્ષિત, પરમહંસોને ત્યાગના આદર્શનો ઉપદેશ દેવામાટે આ પ્રમાણે મોક્ષપતિ ભગવાન્ ઋષભદેવે અનેક પ્રકારની યોગચર્યાઓનું આચરણ કર્યું. તેઓ નિરન્તર સર્વશ્રેષ્ઠ પરમાનન્દનો અનુભવ કરતાં રહેતા હતા. એમની દષ્ટિમાં નિરુપાધિકરૂપથી

સમ્પૂર્ણ પ્રાણીઓના આત્મા પોતાના આત્મસ્વરૂપ ભગવાન્ વાસુદેવથી કોઈ જાતનો ભેદ નહોતો તેથી તેના બધા પુરુષાર્થો પૂર્ણ થઈ ગયા હતા. એમની પાસે આકાશ ગમન, મનોજવિત્વ (મનની ગતિની જેમ શરીરનું પણ ઇચ્છા કરતાં જ સર્વત્ર પહોંચી જવું) અન્તર્ધાન, પરકાય પ્રવેશ (બીજાના શરીરમાં પ્રવેશ કરવો), દૂરની વાત સાંભળી લેવી અને દૂરની વસ્તુ જોઈ લેવી વગેરે બધી જ જાતની સિદ્ધિઓ આપો આપ જ સેવા કરવા આવી; પણ એમણે એમનો મનથી આદર અથવા સ્વીકાર ન કર્યો ।।૩૫।।

**ઇતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (પહેલા સ્વરૂપ સ્થિતિ પ્રકરણમાં ઋષભદેવ ચરિતમાં જ્ઞાન નિરૂપણ નામનો) ''ઋષભદેવજી પુત્રોને મોક્ષધર્મનો ઉપદેશ આપીને પરમહંસ થયા'' નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**... ... શ્રીભાગવતમાદરાત્।પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમદમ્ભતઃ।।**

પ્રયત્ન પૂર્વક જાતેજ, કોઈ પણ લૌકિક (પૈસા-ટકા કમાવવા, ફંડ-ફાળા)-પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર, પિતૃદોષનું નિવારણ) હેતુ કે ઢોંગ વિના આદર પૂર્વક શ્રીભાગવતનોનો પાઠ કરવો જોઈએ.

**(શ્રીવલ્લભાચાર્ય)**

## અધ્યાય ૬

## ઋષભદેવે દાવાનળમાં કરલો દેહત્યાગ

**વિશેષ :** આ છઠ્ઠા અધ્યાયમાં ઋષભદેવજીનું દેહાભિમાન મટી ગયું. બાળી દેતા દાવાનળને દીઠો તો પણ એની મનમાં કાંઈ અસર થઈ નહિ અને એવા ક્રમથી દેહત્યાગ કર્યો એ કથા કહેવાશે.

**ન નૂનં ભગવ આત્મારામાણાં યોગસમીરિત...કર્મબીજાનામ્ ઐશ્વર્યાણિ પુનઃ ક્લેશદાનિ ભવિતુમ્ અર્હન્તિ યદચ્છયોપગતાનિ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** હે મહારાજ! આત્મારામ લોકોનાં રાગદ્વેષાદિક કર્મબીજ યોગથી પ્રદીપ્ત થયેલા જ્ઞાનાગ્નિથી બળી ગયાં હોય તેવાઓને દૈવવશ અણિમાદિ સિદ્ધિઓ આપોઆપ પ્રાપ્ત થઈ જાય તો તે એમને માટે રાગદ્વેષાદિ ક્લેશોનું કારણ તો કોઈ પ્રકારે હોતી નથી તો પણ ઋષભદેવજીએ સિદ્ધિઓનો અનાદર શા માટે

કર્યો? ।।૧।।

**શ્રીશુકદેવજી કહ્યું** : હે રાજા! તમે સત્ય કહ્યું છે. સંસારમાં જેમ ચાલાક પારધી પોતે પકડેલા મૃગનો વિશ્વાસ નથી કરતો હોતો તે જ પ્રમાણે બુદ્ધિમાન લોકો આ ચંચલ ચિત્તનો ભરોસો નથી કરતા ।।૨।।

એવું જ કહ્યું પણ છે કે ચંચળ મનની કદી પણ ભાઈબંધી કરવી નહિ. એનો વિશ્વાસ કરવાથી જ મોહિનીરૂપમાં ફસાઈ જઈ મહાદેવજીનું ચિરકાલનું સંચિત તપ ક્ષીણ થઈ ગયું હતું ।।૩।।

જો યોગી મનનો વિશ્વાસ કરે તો જેમ વ્યભિચારિણી સ્ત્રી જાર પુરુષોને અવસર આપે છે અને તેમના દ્વારા પોતાનામાં વિશ્વાસ રાખનાર પતિનો નાશ કરી નાખે છે તેમ યોગીનું મન પણ પોતાના શત્રુ એવા કામ અને તેના સાથી ક્રોધાદિક શત્રુઓને આક્રમણ કરવાનો અવસર આપી તેને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખે છે ।।૪।।

કામ, ક્રોધ, મદ, લોભ, મોહ, ભય અને કર્મબંધન વગેરેનું મૂળ જોઈએ તો એ મન જ છે; માટે ક્યો સમજુ પુરુષ એમ માને કે મન મારે સ્વાધીન છે? ।।૫।।

સર્વ લોકપાળોના શિરોમણિ હોવા છતાં જડ જેવાં વેશ, ભાષા તથા આચરણથી ઋષભદેવજી પોતાનો ઈશ્વરી પ્રભાવ છુપાવી રાખતા હતા. પછી (પ્રસંગોપાત્ત વાત પૂરી કરી પાછી ચાલતી વાત કહે છે.) એમને યોગીઓએ કેવી રીતે દેહત્યાગ કરવો એ શીખવવાની ઇચ્છા થઈ ત્યારે પોતાનું શરીર છોડવાનો વિચાર કર્યો. તે પોતાના અન્તઃકરણમાં અભેદરૂપથી બિરાજતા પરમાત્માને અભિન્નરૂપથી જોતાં-જોતાં વાસનાઓની અનુવૃત્તિથી છૂટા થઈ જઈ લિંગદેહના અભિમાનથી પણ મુક્ત થઈ ઉપરામ થઈ ગયા ।।૬।।

જેમ કુંભારનો ચાકડો ફેરવવો મૂકી દીધા પછી પણ વેગના સંસ્કારથી થોડીક વાર ફર્યા કરે તેમ જીવન્મુક્તનો દેહ અભિમાનનો મનથી ત્યાગ કર્યા છતાં, પ્રારબ્ધના સંસ્કારથી થોડાક સમય સુધી હાલે ચાલે છે. ઋષભદેવજીનો સ્થૂળ દેહ યોગમાયાની વાસનાથી આ પૃથ્વીમાં ફરતો હતો તે દૈવવશ, કોંક, વેંક, કુટક અને દક્ષિણ કર્ણાટક દેશમાં ચાલ્યો ગયો. ત્યાં કુટકાચળના ઉપવનમાં મોઢામાં પથ્થરનો કોળિયો રાખી ઘેલાની પેઠે છૂટા કેશથી દિગમ્બર જ ફરતો હતો ।।૭।।

એટલામાં વાયુના વેગથી એક બીજા સાથે ઘસાતા વાંસમાંથી ભયંકર દાવાનળ એ વનને ચારે તરફથી બાળતો આવતો હતો તેમાં એ વનની સાથે ઋષભદેવનો દેહ

પણ બળી ગયો ।।૮।।

કળિયુગમાં જ્યારે અધર્મ વૃદ્ધિ પામશે ત્યારે કોંક, વેંક અને કુટક દેશનો અર્હત નામનો મૂર્ખ રાજા ઋષભદેવનું આશ્રમાતીત ચરિત્ર સાંભળી તથા પોતે તેનો સ્વીકાર કરી લોકોના પૂર્વસંચિત પાપફલરૂપ ભવિતવ્યતા (ભાવી) ને વશ થઈ ભયરહિત સ્વધર્મ પથ, વેદમાર્ગનો ત્યાગ કરી પોતાની બુદ્ધિથી અનુચિત અને પાખંડપૂર્ણ કુમાર્ગનો પ્રચાર કરશે ।।૯।।

એથી કળિયુગમાં દેવમાયાથી મોહિત અનેક અધમ મનુષ્યો પોતાના શાસ્ત્રવિહિત શૌચ અને આચાર ને છોડી દેશે. અધર્મ પ્રચુર કળિયુગના પ્રભાવથી બુદ્ધિહીન થઈ જવાથી તેઓ સ્નાન ન કરવું, આચમન ન કરવું, અશુદ્ધ રહેવું, વાળ ચૂંટી નાખવા વગેરે ઈશ્વરનો તિરસ્કાર કરતા પાખંડધર્મોનો મનમાની રીતે સ્વીકાર કરશે અને પ્રાયઃ વેદ, બ્રાહ્મણ અને ભગવાન્ યજ્ઞ પુરુષની નિન્દા કરવા લાગશે ।।૧૦।।

તેઓ પોતાની આ નવીન અવૈદિક સ્વેચ્છાકૃત (મનસ્વી) પ્રવૃત્તિમાં અન્ધ પરમ્પરાથી વિશ્વાસ મૂકી મતવાલા રહેવાને કારણે પોતે જ ઘોર નરકમાં પડશે ।।૧૧।।

ભગવાનનો આ અવતાર રજોગુણી માણસોને મોક્ષમાર્ગનો ઉપદેશ દેવામાટે જ થયો હતો ।।૧૨।।

ઋષભદેવજીના ચરિત્ર સમ્બન્ધમાં લોકો કેટલાક એક શ્લોક ગાતા રહે છે. જેવા કે : અહો! સાત સમુદ્રવાળી પૃથ્વીના સઘળા દ્વીપોમાં અને સઘળા ખંડોમાં આ ભારતવર્ષ જ અધિક પુણ્યવાન્ છે. એમાં જન્મેલા લોકો ભગવાનના અવતારોમાં મંગલમય અવતાર ચરિત્રોનું ગાન કરે છે ।।૧૩।।

પ્રિયવ્રત રાજાનો વંશ બહુ જ ઉજ્વલ અને યશસ્વી છે, જેમાં આદિ પુરુષ ભગવાને ઋષભ અવતાર ધારણ કરી પરમહંસના ધર્મનું પાલન કર્યું હતું ।।૧૪।।

અહો! આ જન્મરહિત ભગવાન્ ઋષભદેવના માર્ગે કોઈ બીજો યોગી મનથી પણ ક્યાંથી ચાલી શકે? કારણ કે યોગી લોક તો જે સિદ્ધિઓને માટે લાલાયિત થઈ નિરન્તર પ્રયત્ન કરે છે તે સિદ્ધિઓ પોતાની પાસે આવવાનો પ્રયત્ન કરતી હતી તેને મિથ્યા સમજી એનો ત્યાગ કર્યો હતો ।।૧૫।।

આ પ્રમાણે મેં તમને સર્વ વેદો, લોક, દેવો, બ્રાહ્મણો અને ગાયો ના પરમ ગુરુ ઋષભદેવ ભગવાનનું આ પવિત્ર ચરિત્ર કહી સંભળાવ્યું. એ ચરિત્ર મનુષ્યનાં સઘળાં પાપ મટાડનાર અને ઉત્તમ કલ્યાણનું સ્થાન છે. જે મનુષ્ય આ પરમ મંગલમય

પવિત્ર ચરિત્રને એકાગ્ર ચિત્તથી શ્રદ્ધાપૂર્વક નિરન્તર સાંભળે કે સંભળાવે છે એ બેઉને શ્રીભગવાન્ વાસુદેવની અનન્ય ભક્તિ પ્રાપ્ત થઈ જાય છે ।।૧૬।।

હમેશાં અનેક પ્રકારનાં સંસારનાં દુ:ખોથી જળ-જળતા હૃદયને સમયે-સમયે ભક્તિ સરિતામાં નવરાવીને ભગવદીયપણાથી જે વિદ્વાન પુરુષ કૃતાર્થ થાય છે તેઓ તો ભક્તિમાં જ પરમાનન્દ પામે છે. તેવાઓને પરમ પુરુષાર્થ રૂપ મોક્ષનું દાન વગર માગ્યે કરવામાં આવે તો પણ તેઓ એમાં પ્રીતિ ધરાવતા નથી. ભગવાનના નિજજન (ભગવદીય) થઈ જવાથી જ એમના બધા પુરુષાર્થો સિદ્ધ થઈ જાય છે ।।૧૭।।

રાજન્! ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વયં પાંડવલોકોના તથા યાદવોના રક્ષક, ગુરુ, ઈષ્ટદેવ, સુહૃદ (મિત્ર) અને કુલપતિ હતા; અરે ત્યાં સુધી કે કયારેક-કયારેક તો તેઓ આજ્ઞાકારી સેવક પણ બની જતા હતા. એ જ પ્રમાણે ભગવાન્ બીજા ભક્તોનાં પણ અનેક કાર્યો કરી શકે છે અને એમને મુક્તિ પણ આપી દે છે, પરન્તુ મુક્તિથી પણ ચડી જાય એવો ભક્તિયોગ છે તે સહેજમાં નથી દેતા ।।૧૮।।

**નિત્યાનુભૂતનિજલાભનિવૃત્તતૃષ્ણઃ શ્રેયસ્યતદ્રચનયા ચિરસુપ્તબુદ્ધેઃ। લોકસ્ય યઃ કરુણયાભયમાત્મલોકમાખ્યાન્નમો ભગવતે ઋષભાય તસ્મૈ ।।૧૯।।**

નિરન્તર વિષયભોગોને માટે વલખાં મારતાં પોતાના ખરા કલ્યાણની બાબતમાં લાંબા સમયથી ભાનભૂલેલા લોકોને જેમણે દયા કરી નિર્ભય આત્મલોકનો ઉપદેશ કર્યો અને જે સ્વયં નિરન્તર અનુભવમાં આવતા આત્મસ્વરૂપની પ્રાપ્તિથી બધી જ તૃષ્ણાથી મુક્ત હતા એ ભગવાન્ ઋષભ દેવને નમસ્કાર હો ।।૧૯।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (પહેલા સ્વરૂપસ્થિતિ પ્રકરણમાં ઋષભદેવ ચરિતમાં વૈરાગ્ય નિરૂપણ નામનો) ‘‘ઋષભદેવે દાવાનળમાં કરેલો દેહત્યાગ’’ નામનો છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દક્ષિણા સ્વીકારીને, ફંડ-ફાળા માટે કે મૃતકના ઉદ્ધાર અર્થે યોજાતી ભાગવતકથાના આયોજનની ગુરુએ આજ્ઞા આપવી કે તેમાં હાજરી આપવી તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

# અધ્યાય ૭

## પ્રકરણ બીજું : યોગથી સ્વરૂપસ્થિતિ

## ભરતજીએ કરેલું ભગવાનનું ભજન

**વિશેષ** : આ પ્રકારે છ અધ્યાયથી સ્વરૂપસ્થિતિનું નિરૂપણ કર્યું. હવે આઠ અધ્યાયથી યોગવડે સ્થિતિ કહેવાય છે. યોગમાર્ગમાં યોગ વિના બીજાં બધાં સાધન નિષ્પ્રયોજન હોય છે. એ સર્વ સાધનોની નિષ્પ્રયોજનતા ભરત ચરિત્રથી સિદ્ધ થાય છે. તેથી યોગવડે સ્વરૂપસ્થિતિનું પ્રકરણ શરૂ થાય છે. આ અધ્યાયમાં ભરતે ચારેય ધર્મનું નિરૂપણ કરેલું છે એમાં પ્રજાનું રક્ષણ મુખ્ય રહેલું છે.

**ભરતસ્તુ મહાભાગવતો યદા ભગવતા અવનિતલપરિપાલનાય સચિન્તિતઃ તદનુશાસનપરઃ પંચજનીં વિશ્વરૂપદુહિતરમ્ ઉપયેમે ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : જ્યારે પિતા ઋષભદેવજીએ મહાન ભગવદ્ ભક્ત ભરતજીને રાજ્યાધિકાર આપ્યો ત્યારે ભરત વિશ્વરૂપની પુત્રી પંચજનીને પરણ્યા।।૧।।

જેમ તામસ અહંકાર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધને ઉત્પન્ન કરે છે તેમ ભરતજીએ એ સ્ત્રીમાં સર્વ રીતે સરખા એવા સુમતિ, રાષ્ટ્રભૃત્, સુદર્શન, આવરણ અને ધૂમ્રકેતુ નામના પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા ।।૨।।

આ ખંડ પુર્વે 'અજનાભ' નામથી ઓળખાતો હતો તે ભરતના સમયથી 'ભારત વર્ષ' નામથી ઓળખાવા લાગ્યો ।।૩।।

તે બહુજ્ઞ હતા. પોતાના બાપ દાદાઓને અનુસરતા ભરત સ્વધર્મમાં સ્થિત રહી, પોતપોતાના કર્મમાં લાગી રહેલી પ્રજાનું વાત્સલ્ય ભાવથી પાલન કરવા લાગ્યા ।।૪।।

સમયે-સમયે ચાતુર્હોત્રના[૧] પ્રકારથી નાના-મોટા યજ્ઞરૂપ[૨] યહ તરબસ્ૂ[૩] ભગવાનનું શ્રદ્ધાથી પૂજન કર્યું. અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુયાગ અને સોમયાગ અને એની પ્રકૃતિઓ[૪] અને વિકૃતિઓ[૫] (પશુસહિત અને પશુ વગરની) બન્ને કર્યાં હતા ।।૫।।

**વિશેષ** : ૧. હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્માએ ચાર, યજ્ઞમાં બ્રાહ્મણોની પદવી છે. એ પદવીવાળા બ્રાહ્મણો જે કર્મ કરે તેને ચાતુર્હોત્ર કહે છે. ૨. પશુરહિત યજ્ઞ. ૩. પશુસહિત યજ્ઞ. ૪. સર્વ અંગ જેમાં પરિપૂર્ણ હોય તે પ્રકૃતિ કહેવાય છે. ૫. જેમાં અંગ ઓછાં હોય તે વિકૃતિ

કહેવાય છે.

એ પ્રમાણે એના અંગ અને ક્રિયાસહિત અનેક યજ્ઞોના અનુષ્ઠાન સમયે થતા ધર્મના અપૂર્વ[1] ફળને ભરતજી વાસુદેવ ભગવાનને અપર્ણ કરી દેતા કેમકે એ અપૂર્વ ફળ યજમાનમાં રહે છે. [2]એમ માનીએ તો પણ યજમાન હોવાથી એમને અપર્ણ કરી દેવું ઘટે છે. અને એ અપૂર્વફળ યજ્ઞના દેવોમાં[3] રહે છે એમ માનીએ તો પણ વેદના મન્ત્રોમાં જણાવેલા ઈન્દ્રાદિક દેવોના નિયન્તા ભગવાન્ હોવાથી તે એમને જ અર્પણ કરી દેવું ઘટે છે. હકીકતમાં એ પરબ્રહ્મ જ ઈન્દ્રાદિ બધા દેવતાઓના પ્રકાશક, મન્ત્રોના વાસ્તવિક પ્રતિપાદ્ય તથા તે દેવતાઓના પણ નિયામક હોવાથી મુખ્ય કર્તા અને પ્રધાન દેવ છે. આ પ્રમાણે પોતાની ભગવદ્અર્પણ બુદ્ધિરૂપ કુશળતાથી હૃદયના રાગદ્વેષાદિ મળનું માર્જન કરતાં-કરતાં તે સૂર્ય વગેરે બધા યજ્ઞભોક્તા દેવતાઓનું ભગવાનના નેત્ર વગેરે અવયવોના રૂપમાં ચિંતન કરતા હતા ।।૬।।

**વિશેષ :** ૧.'અપૂર્વ' એટલે કર્મ કરતી વખતે જ જે સૂક્ષ્મ ફળ ઉત્પન્ન થાય છે તે એમ કેટલા એક મીમાંસકો માને છે; અને કેટલા એક મીમાંસકો એમ પણ માને છે કે 'અપૂર્વ' એટલે બીજા સમયમાં ફળ ઉત્પન્ન કરનારી કર્મમાં જે શક્તિ છે તે.

૨. દેવતાઓ કર્મના અંગભૂત છે. અને કર્મ પ્રધાન છે એ સિદ્ધાન્ત પ્રમાણે કર્મનું ફળ કર્તામાં એટલે યજમાનમાં રહે છે એમ માનવામાં આવે છે.

૩. કર્મ અંગભૂત છે અને દેવતાઓ પ્રધાન છે એ સિદ્ધાન્ત પ્રમાણે કર્મનું ફળ દેવતાઓમાં રહે છે એમ માનવામાં આવે છે.

એવી રીતે યજ્ઞપુરુષ ભગવાનને કર્મનાં ફળ અર્પણ કરી દેવાથી ભરતજીના રાગદ્વેષાદિ દોષો ટળી ગયા હતા. એ પ્રમાણે ઈશ્વરાર્પણરૂપ કર્મ શુદ્ધિથી એમનું હૃદય શુદ્ધ થયું હતું અને એમને ભગવાન્માં ભક્તિ ઉત્પન્ન થઈ; અને શ્રીવત્સ, કૌસ્તુભ, વનમાળા, ચન્દ્ર, શંખ અને ગદા વગેરેથી શોભી રહેલા તથા નારદાદિ નિજજનોના હૃદયોમાં ચિત્રની માફક નિશ્ચલ ભાવથી સ્થિત રહેતા પરબ્રહ્મ ભગવાન્ એમના હૃદય આકાશમાં દર્શન દેતા ।।૭।।

એ પ્રમાણે એક કરોડ વર્ષ વીતી જતાં પોતાના રાજ્યભોગના પ્રારબ્ધનો અન્ત આવ્યો છે એવું જાણી બાપદાદાનું પરમ્પરાથી ઊતરી આવેલું રાજ્ય પોતાના પુત્રોને વહેંચી આપ્યું અને પોતે સર્વ સમ્પત્તિઓથી ભરેલો રાજમહેલ છોડી દઈને તપ કરવામાટે હરિહર ક્ષેત્રમાં ચાલ્યા ગયા ।।૮।।

એ હરિહર ક્ષેત્રમાં રહેતા ત્યાંના ભક્તજનોઉપર પ્રેમને લીધે  આજ પણ ભગવાન્ ભક્તોની ઈચ્છા પ્રમાણે દર્શન આપે છે ।।૯।।

ત્યાં ચક્રનદીગંડકી નામની પ્રસિદ્ધ નદી ચક્રાકાર શાલિગ્રામ-શિલાઓથી, જેની ઉપર નીચે બન્ને બાજુ નાભિનાં જેવાં ચિહ્‌ન હોય છે, ચારે તરફથી ઋષિઓના આશ્રમોને પવિત્ર કરતી રહે છે ।।૧૦।।

એ પુલહાશ્રમ (હરિહરક્ષેત્ર)ના બગીચામાં ભરતજી એકાન્ત સ્થાનમાં એકલાજ રહી અનેક પ્રકારનાં પત્ર, પુષ્પ, તુલસીદલ, જલ, કન્દમૂળ આદિ વડે ભગવાનનું આરાધન કરતા હતા. આથી એમનું અન્તઃકરણ સમસ્ત વિષયોની અભિલાષાઓથી મુક્ત થઈ જઈ શાન્ત થઈ ગયું અને એમને પરમ આનંદની પ્રાપ્તિથઈ ।।૧૧।।

એવી રીતે નિત્ય ભગવાનનું પૂજન કરવાથી ભગવાન્ ઉપર સ્નેહ વધતાં એમનું હૃદય પીગળી જઈ શિથિલ થઈ જતું અને આનન્દના પ્રબલ વેગથી શરીરમાં રુવાડાં ઊભાં થઈ જતાં. ઉત્કંઠાને લીધે વારંવાર આવતાં સ્નેહનાં આંસુથી નેત્રથી જોવાની શક્તિ રોકાઈ જતી. આપ કુમ્પળિયાં, તુલસી, જળ અને કન્દમૂળનાં નૈવેદ્યોથી તૃપ્ત થનારા ભગવાનનાં અરુણ ચરણારવિન્દના ધ્યાનથી વધેલા ભક્તિયોગને લીધે પરમાનન્દથી તરબોળ હૃદયરૂપ ગમ્ભીર સરોવરમાં બુદ્ધિ ડૂબી જવાથી કરવામાં આવતી ભગવતપૂજાનું પણ એમને બરાબર સ્મરણ રહેતું નહિં ।।૧૨।।

એ પ્રમાણે ભગવત સેવાના નિયમો પાળતા અને મૃગચર્મથી તથા ત્રણ વખત સ્નાન કરવાને લીધે એના કેશની ભૂરી-ભૂરી વાંકડી લટો થઈ ગઈ હતી. જેનાથી એ ખૂબ સુહાવના લાગતા હતા. ભરતજી પ્રાતઃકાળમાં સૂર્યોદય થતાં સુવર્ણસરખા જ્યોતિર્મય પરમ પુરુષ *નારાયણ ભગવાનની નીચે આપેલા સૂર્ય સમ્બન્ધી ઋચાઓદ્વારા સ્તુતિ કરતા હતા ।।૧૩।।

**વિશેષ** : સૂર્યમાં રહેલા નારાયણના ધ્યાનનો એક નીચે લખેલો શ્લોક બોલવામાં આવે છે તેના અર્થને મળતું આ વર્ણન આપ્યું છે : ''ધ્યેયઃ સદા સવિતૃમંડલમધ્યવર્તી નારાયણઃ સરસિજાસનસન્નિવિષ્ટઃ, કેયૂરવાન્ મકરકુંડલવાન્ કિરીટી હારી હિરણ્મયવપુર્ધૃતશંખચક્રઃ'' કમળરૂપ આસનપર બિરાજતા, બાજૂબન્ધ, મકરાકૃતિ કુંડળ, કિરીટ અને હારને ધરનાર, સુવર્ણ સરખા શરીરવાળા તથા શંખચક્રને ધરનાર જે નારાયણ સૂર્ય મંડળમાં રહે છે તેનું સદાય ધ્યાન કરવું.

**પરોરજઃ સવિતુર્જાતવેદો દેવસ્ય ભર્ગો મનસેદં જજાન ।।**

**સુરેતસાદઃ પુનરાવિશ્ય ચષ્ટે હંસં ગૃધ્રાણં નૃષદ્રિગિરામિમઃ ।।૧૪।।**

''પ્રકૃતિ થી પર, કર્મોનાં ફળ આપનાર, બુદ્ધિને ગતિ આપનાર, મનથી જ જગતને સર્જનાર અને સર્જેલા જગત્‌માં અન્તર્યામી રૂપથી પ્રવેશ કરી તૃષ્ણાવાળા જીવને ચૈતન્ય શક્તિથી પાળનાર, જે સૂર્યદેવના આત્મારૂપ ભગવાન્ છે *તેમનું અમે શરણું લઈએ છીએ'' ।।૧૪।।

**વિશેષ** : આ શ્લોકનો અર્થ ગાયત્રી મન્ત્રના અર્થને મળતો છે. કેટલાક વિદ્વાનો આને મધ્યનું મંગલાચરણ પણ માને છે.

**ઇતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (બીજો યોગવડે સ્વરૂપસ્થિતિ પ્રકરણમાં ભરતચરિતમાં ''પ્રજા પાલનાદિ ધર્મનિરૂપણ'' નામનો પહેલો) ''ભરતજીએ કરેલું ભગવાનનું ભજન'' નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો.(શ્રીવલ્લભાચાર્ય)**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ માણસને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

# અધ્યાય ૮

# મૃગના બચ્ચાની રક્ષા કરતાં ભરતજીનું મૃગ જાતિમાં અવતરવું

**વિશેષ** : આ આઠમા અધ્યાયમાં ભરતરાજા ભગવાનની ભક્તિ કરતાં વચમાં પ્રારબ્ધ યોગરૂપી વિઘ્નથી મૃગની રક્ષા કરવાના કામમાં લાગી ગયા અને તેથી એમને મૃગનો અવતાર આવ્યો એ કથા કહેવાશે.

**એકદા તુ મહાનદ્યાં કૃતાભિષેકનૈયમિકાવશ્યકો બ્રહ્માક્ષરમ્ અભિગૃણાનો મુહૂર્તત્રયમ્ ઉદકાન્ત ઉપવિવેશ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : એક વાર શૌચાદિથી પરવારી, સ્નાન કર્યા બાદ નિત્ય-

નૈમિત્તિક તથા અન્ય આવશ્યક કૃત્યોથી નિવૃત્ત થઈ ભરતજી ૐકારનો જપ કરતા છ ઘડી સુધી નદીના કાંઠે બેઠા રહ્યા ।।૧।।

એ જ સમયે હે રાજા! એક મૃગલી તરસથી વ્યાકુલ થઈ નદીની પાસે એકલી જ આવી ।।૨।।

એ મૃગલી ઘણી આતુરતાથી પાણી પીતી જ હતી તેટલામાં નજદીકના એક સિંહે લોકોને ત્રાસ ઉપજાવે એવી ગર્જના કરી ।।૩।।

હરણની જાત સ્વભાવથી જ ડરપોક હોય છે. પહેલેથી જ સજાગ થઈ આમ તેમ જોતી જતી હતી. હવે જેવી એના કાને તે ભયાનક ગર્જના સંભળાઈ કે તરત જ ડરથી એનું કાળજાું કંપવા લાગ્યું અને આંખો ચકર-વકર થવા લાગી. તરસ હજુ છિપાઈ નહોતી પણ આ તો પ્રાણસંકટ હતું. તેથી તેણે ભયવશાત્ સડડડ કરીને છલાંગ મારી ।।૪।।

એ મૃગલી ગર્ભિણી હતી તેથી ઠેકતી વેળાએ બીકને લીધે એનો ગર્ભ ચલાયમાન થયો અને યોનિદ્વારમાંથી નીકળી પડી પ્રવાહમાં પડી ગયો ।।૫।।

ગર્ભપાત થવો, ઠેકવું અને બીકના સંયોગથી પીડા પામવી-એવી સ્થિતિમાં પોતાના ટોળાથી છૂટી પડેલી એ મૃગલી કોઈ પર્વતની ગુફામાં જઈ પડી અને ત્યાં જ મરી ગઈ ।।૬।।

એ મૃગલીનું બચ્ચું પાણીમાં તણાતું હતું તેને જોઈને મા-બાપે રઝળતા મૂકેલા છોકરાને કોઈ એનો બન્ધુ ઉપાડી લે તેમ રાજર્ષિ ભરતે પણ એ અનાથ બચ્ચાની માને મરેલી જાણી દયાને લીધે એ બચ્ચાને ઉપાડી લીધું અને પોતાના આશ્રમમાં લાવ્યા ।।૭।।

એ બચ્ચું પોતાનું જ છે એવું દૃઢ અભિમાન બંધાઈ જવાને લીધે એ ઓ રોજ રોજ ઘાસ વગેરે ખવરાવી એને ઉછેરવા લાગ્યા અને વાઘ વગેરે જાનવરોથી રક્ષા કરવા લાગ્યા એટલું જ નહિ પણ પુચકારી વગેરેથી લાડ લડાવવા તથા ખંજવાળવા વગેરેથી રાજી કરવા લાગ્યા. આમ કરવાથી એમને એમાં આસક્તિ બંધાઈ ગઈ. એમના સ્નાન ભગવદ્સેવા અને અહિંસા વગેરે યમનિયમો રોજ-રોજ એક પછી એક છૂટી ગયા ।।૮-૯।।

ભરતજીના મનમાં એવો વિચાર રહેવા લાગ્યો ''અહો! આ બાપડું મૃગશાવ (બચ્ચું) કાળ બળે પોતાના ટોળાઅને સગાં સમ્બન્ધીઓથી જાુદું પડી ગયું છે. અને

હવે એ મારા આશ્રયે રહે છે; મને જ તે પોતાનાં મા-બાપ, ભાઈ, સમ્બન્ધી અને યૂથનો સાથીદાર માને છે અને બીજા કોઈને ઓળખતું નથી; મારા ઉપર એનો વિશ્વાસ પણ બહુ છે; એટલા માટે આને લીધે મારા સ્વાર્થને હાનિ પહોંચે છે એવી કુદૃષ્ટિ મારે રાખવી જોઈએ નહિ. મારે આશ્રયે આવેલનું પાલન પોષણ કરવું, લાડ લડાવવું અને રાજી કરવું જોઈએ કેમકે શરણાગતનો અનાદર કરવાના દોષને હું જાણું છું. શાન્ત સ્વભાવવાળા અને દીનદયાળુ મહાત્મા પુરુષો જો આવી બાબતમાં પોતાના મોટા-મોટા સ્વાર્થ જતા રહેતા હોય તો પણ એની પરવા કરતા હોતા નથી'' ।।૧૦।।

આવી રીતે આસક્તિ દૃઢ થઈ જવાથી ભરત રાજા બેસતાં, સૂતાં, ફરતાં, ઊભા રહેતાં અને ખાતાં-પીતાં પણ એનું ચિત્ત એના સ્નેહ પાશમાં બંધાયેલું રહેતું હતું ।।૧૧।।

દર્ભ, ફૂલ, સમિધ, પત્ર, ફળ અને પાણી લાવવા જવું હોય ત્યારે, રખેને પછવાડેથી કોઈ વાઘ, વરુ કે કૂતરાં એનેફાડી ખાય એવી ધાસ્તીથી એ બચ્ચાને સાથે લઈને જ વનમાં જતા ।।૧૨।।

વનમાં જતા એ બચ્ચું અણસમજણું હોવાથી માર્ગમાં કોમળ ઘાસ ઈત્યાદિ જોઈને અટકી જતું ત્યારે સ્નેહથી એમનું હૃદય ભરાઈ દયાવશ એ એને પોતાના ખભા ઉપર ઊંચકી લેતા ।।૧૩।।

એ પ્રમાણે ક્યારેક ગોદમાં લઈને તો ક્યારેક છાતી સાથે લગાડતાં એમને અત્યન્ત અનાન્દ થતો ।।૧૪।।

નિત્ય-નૈમિત્તિક કર્મો પર રાજ-રાજેશ્વર ભરત વચ્ચે-વચ્ચે ઊઠીને તે મૃગબાળને જોતા અને જ્યારે એના ઉપર એની દૃષ્ટિ પડતી ત્યારે જ એનાં ચિત્તને શાન્તિ વળતી. એ વખતે એને માટે મંગલકામના કરતાં કહેતા ''હે બેટા! તારું સર્વત્ર કલ્યાણ થજો'' ।।૧૫।।

ક્યારેક એ બચ્ચું આઘું-પાછું થઈ ગયું હોય ત્યારે જેમ નાણું જતું રહેવાથી કંજૂસ માણસને ઉદ્વેગ થાય તેવો ભરતજીના મનમાં ઉદ્વેગ થતો. વિરહથી વ્યાકૂળ હૃદયમાં તપી જઈને કરુણાવશ અત્યન્ત ઉત્કંઠિત અને મોહાવિષ્ટ થઈ જતા અને શોકમાં ડૂબી જઈ આ પ્રમાણે બોલતા : ''અહો! શું કહેવું? શું એ માતૃહીન, દીન હરણબાળ દુષ્ટ પારધી જેવી બુદ્ધિવાળા મારા પુણ્યહીન અનાર્યનો વિશ્વાસ કરી

અને મને પોતાનો માની મેં કરેલા અપરાધ સજ્જનની જેમ ભૂલી જઈ ફરી પાછું આવશે ખરું? ।।૧૬।।

શું હું ફરી એને આ આશ્રમના ઉપવનમાં ભગવાનની કૃપાથી સુરક્ષિત રહી નિર્વિઘ્ને લીલું-લીલું ઘાસ ચરતું જોઈશ? ।।૧૭।।

એવું ન હો કે કોઈ વરુ, કૂતરું, જૂથમાં રહેનારા સૂકરાદિ અથવા એકલા ફરવાવાળા વ્યાઘ્ર, સિંહ એને ખાઈ જાય ।।૧૮।।

અરેરે! ઊગીને સર્વ જગતનું કલ્યાણ કરનાર વેદત્રયીરૂપ આ સૂર્યનારાયણ આથમવા આવ્યા છતાં હજી સુધી મૃગલીની થાપણરૂપ બાળક મારી પાસે આવતું નથી ।।૧૯।।

એ હરિણ રાજકુમાર અનેક પ્રકારના સુન્દર અને દર્શનીય પોતાના મૃગબાલોચિત સ્નેહીઓના ખેદને મટાડનાર, મારા જેવા અભાગી પાસે આવી સુખ દેશે? ।।૨૦।।

અહો જ્યારે પણ હું પ્રયણકોપથી ગમ્મતમાં સમાધિને બહાને આંખ મીંચી જવાનો ઢોંગ કરી બેસી જતો ત્યારે તે ચકિત ચિત્તથી મારી પાસે આવી જલ બિન્દુના જેવી કોમલ અને નાનકડી શિંગડીઓની અણીઓથી મારાં અંગોને કેવી રીતે ખજવાળતું હતું? ।।૨૧।।

કયારેક હું દર્ભો ઉપર હવન કરવાની સામગ્રી રાખી દેતો અને એને એ દાંતોથી ખેંચીને આડું અવળું કરી નાખતો ત્યારે હું એને ધમકાવતો ત્યારે તે અત્યન્ત ભયભીત થઈ જઈને તત્કાલ કૂદાકૂદ છોડી દેતો અને ઋષિકુમારની માફક બધી ઈન્દ્રિયોને રોકી દઈને ચુપચાપ સ્થિર થઈને બેસી જતો ।।૨૨।।

(પછી જમીન ઉપર તે મૃગ શાવક-હરણ બાળની ખરીનાં ચિહ્ન જોઈ કહેતા) અહો! આ તપસ્વિની ધરતીએ એવું તે કયું તપ કર્યું છે કે જેથી એ અત્યન્ત નમ્ર કૃષ્ણસાર કિશોરનાં નાનાં-નાનાં સુન્દર, સુખદ, સુકોમલ ખરીવાળાં ચરણોનાં ચિહ્નોથી મને, જે હું પોતાનું મૃગધન લૂંટાઈ જવાથી અત્યન્ત વ્યાકુલ અને દીન થઈ રહ્યો છું તે દ્રવ્યની પ્રાપ્તિનો માર્ગ બતાવી રહી છે અને પોતે પોતાના શરીરને પણ સર્વત્ર એ પદોચિહ્નોથી[1] વિભૂષિત કરી સ્વર્ગ અને મોક્ષ ના ઈચ્છુક દ્વિજોને (બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્ય.) માટે યજ્ઞ સ્થલ બનાવી રહી છે. (શાસ્ત્રોમાં ઉલ્લેખ આવે છે કે જે ભૂમિ ઉપર કૃષ્ણ મૃગ હોય તે અત્યન્ત પવિત્ર અને યજ્ઞ અનુષ્ઠાનમાટે યોગ્ય હોય છે) ।।૨૩।।

**વિશેષ** : ૧. ઉપર પ્રમાણે પ્રલાપ કરી, ઊઠીને બહાર આવ્યા ત્યાં ધરતી ઉપર એ બચ્ચાનાં પગલાં ઊઠી રહેલાં જોઈ ગભરાઈને બોલે છે.

(વળી ચન્દ્રમામાં હરણના આકારનું શ્યામ ચિહ્ન જોઈ એને પોતાનુંજ હરણ માની કહેતા) આ દીન વત્સલ ભગવાન્ નક્ષત્રનાથ રખેને મારા આશ્રમથી ભૂલા પડેલા મારા દીકરા ઉપર દયા લાવી એને પોતાના ખોળામાં લઈને સિંહના ભયથી રક્ષા કરતા નહિ હોય! ।।૨૪।।

(વળી એના શીતલ કિરણોથી આનન્દ પામી કહેતા) અથવા મારું હૃદયરૂપ સ્થળ કમળ* પુત્રોના વિયોગના સન્તાપરૂપ દાવાગ્નિની વિષમ જ્વાલાથી હૃદય કમલ બળી ગયેલું હોવાથી મેં એક મૃગ બાલકનો સહારો લીધો હતો. હવે એના ચાલ્યા જવાથી મારું હૃદય ફરી બળી રહ્યું છે. તેથી તે પોતાના શીતળ, શાન્ત અને સ્નેહસભર અને વદનવારિરૂપી અમૃતમય કિરણોથી મને શાન્ત કરી રહ્યા છે!'' ।।૨૫।।

**વિશેષ :** જળનું કમળ તો જળના આશ્રયથી તાપ ખમી શકે પણ સ્થળનું કમળ તો ખમી શકે નહિ તેથી હૃદયને સ્થળ કમળનું રૂપ આપ્યું છે.

રાજન્! આ પ્રમાણે જેનું સફલ થવું સર્વથા અશક્ય હતું એવા વિવિધ મનોરથોથી ભરતનું ચિત્ત ચકડોળે ચડી ગયું. પોતાના મૃગ જાયાના રૂપમાં પ્રતીત થતા પ્રારબ્ધ કર્મને લીધે તપસ્વી ભરતજી ભગવદ્ પૂજન અને યોગાનુ-ષ્ઠાનથી ચલિત થઈ ગયા. નહિતર જેમણે મોક્ષ માર્ગમાં સાક્ષાત્ વિઘ્નરૂપ સમજી પોતાનાથી જ ઉત્પન્ન, દુસ્ત્યજ પુત્ર વગેરેને છોડી દીધા હતા એમની જ અન્ય જાતીય હરિણબાળમાં આવી આસક્તિ કેવી રીતે હોઈ શકે? આ પ્રમાણે રાજર્ષિ ભરત વિઘ્નોને વશ થઈ યોગ સાધનથી ભ્રષ્ટ થઈ ગયા અને આ મૃગબાળના પાલન પોષણ અને લાડ પ્યારમાં જ ખૂંચી જઈ આત્મસ્વરૂપને ભૂલી ગયા. આ જ વખતે જે ટાળ્યો ટાળી શકાતો નથી તે પ્રબલ વેગશાળી કરાલ કાળ, ઉન્દરના દરમાં જેમ સર્પ ઘૂસી જાય તેમ તેને માથે ચઢી બેઠો ।।૨૬।।

મરણ સમયે પણ એ મૃગનું બચ્ચું એમના પડખામાં બેઠું હતું અને દીકરાની પેઠે શોકાતુર થઈ રહ્યું હતું. એને જોતાં- જોતાં રાજાનું મન એમાં જ રહ્યું એથી શરીરનો મૃગનો સમ્બન્ધ છૂટી ગયો હતો છતાં સામાન્ય માણસની પેઠે એમને મૃગનો સમ્બન્ધ મળ્યો પણ એ અવતારમાં એમને પૂર્વ જન્મનું સ્મરણ કાયમ રહ્યું હતું।।૨૭।।

પૂર્વ જન્મમાં એમણે ભગવાનની જે આરાધના કરેલી તેના પ્રભાવથી પોતાનો મૃગનો અવતાર આવવાનું કારણ સમ્ભારીને એ ઘણા જ પસ્તાયા અને મનમાં આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૨૮।।

"અહો! ભૂંડું થયું. હું સંયમશીલ મહાનુભાવોના માર્ગમાંથી ભ્રષ્ટ થઈ ગયો! ધૈર્યપૂર્વક બધી આસક્તિનો ત્યાગ કરી એકાન્તમાં એ પવિત્ર વનમાં રહ્યો અને યોગમાર્ગની રીતિથી સર્વ પ્રાણીઓના આત્મા ભગવાન્ શ્રીવાસુદેવનું ભજન કરતો હતો. ભગવાનનાં શ્રવણ, મનન, કીર્તન, આરાધન અને સ્મરણમાં લાગી રહેવાથી મારી કોઈ પળ વ્યર્થ જતી નહોતી. મારું મન એકાગ્ર બનીને ભગવાન્‌માં જ લાગી રહ્યું હતું. પણ એ સઘળું મારી મૂર્ખાઈથી મૃગના બચ્ચાની પછવાડે લક્ષ્ય ચૂકી ગયું" ।।૨૯।।

આ પ્રમાણે મૃગ બનેલા રાજર્ષિ ભરતના હૃદયમાં જે વૈરાગ્ય ભાવના જાગ્રત્ થઈ તેને ગુપ્ત રાખી એમણે પોતાની માતા હરિણીનો ત્યાગ કરી દીધો અને પોતાની જન્મભૂમિ કાલઞ્જર પર્વતથી તેઓ ફરી શાન્ત સ્વભાવવાળા મુનિઓને પ્રિય તે જ શાલિગ્રામતીર્થમાં, જે ભગવાનનું ક્ષેત્ર છે, પુલસ્ત્ય અને પુલહઋષિના આશ્રમમાં ચાલ્યા ગયા ।।૩૦।।

**તસ્મિન્નપિ કાલં પ્રતીક્ષમાણઃ સંગાચ્ચ ભૃશમ્ ઉદ્વિગ્ન ... મૃગશરીરં તીર્થોદકક્લિન્નમ્ ઉત્સસર્જ ।।૩૧।।**

આ ક્ષેત્રમાં રહીને પણ એ કાળની વાટ જોયા કરતા હતા. રખેને કોઈમાં પણ આસક્તિ થઈ જાય એ બીકથી એ એકલા જ ફરતા હતા; સૂકાં પાન, ઘાસ તથા લતાનો આહાર કરી રહેતા હતા. એ પ્રમાણે કેટલાક દિવસ સુધી રહ્યા પછી એમણે ગંડકી નદીના પ્રવાહની વચમાં ઊભા રહી મૃગના શરીરનો ત્યાગ કરી દીધો ।।૩૧।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (બીજા યોગવડે સ્વરૂપ સ્થિતિ પ્રકરણમાં ભરત ચરિતમાં મનની ચંચલતા નિરૂપણ નામનો બીજો)**
**"મૃગના બચ્ચાની રક્ષા કરતાં ભરતજીનું મૃગ જાતિમાં અવતરવું"**
**નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ભગવાનના નામે ભીખ માગનારાઓ, વાંચો!!!**
**અપરાધ૩૬મો** : શ્રીઠાકોરજી (ભાગવત,શ્રીયમુનાજીનીલોટી વગેરે)ના નામે (ભેટ-સામગ્રી-પોથીસેવા કે ન્યોછાવર) માંગવું. ફળ : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. **પ્રાયશ્ચિત્ત** : જેટલું માંગ્યુંકે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણા નૈવેદ્યનું દાન કરવું.**(શ્રીહરિરાયજી)**

# અધ્યાય ૯

## ભરતજીનો બ્રાહ્મણને ત્યાં જડરૂપે જન્મ

**વિશેષઃ** આ નવમા અધ્યાયમાં ભરત જડ બ્રાહ્મણ થયા; અને એ અવતારમાં રાગ દ્વેષાદિક નહિ રહેવાથી એમને ભદ્રકાળી આગળ મારવા લઈ જતાં પણ કોઈ જાતનો વિકાર ઉત્પન્ન થયો નહિ એ કથા કહેવાશે.

**અથ કસ્યચિદ્ દ્વિજવરસ્ય ....યવીયસ્યાં ભાર્યાયામ્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હવે શમ[1] , દમ,[2] તપ, સ્વાધ્યાય, વેદાધ્યયન, ત્યાગ (અતિથિ વગેરેને અન્ન દેવું), સન્તોષ, સહનશીલપણું, નમ્રતા, કર્મ કરવાની વિદ્યા, અનસૂયા (બીજા ના ગુણોમાં દોષ ન જોવો), દેહાદિકથી આત્મા ભિન્ન છે એવું જ્ઞાન અને આનન્દ (સ્વધર્મ પાલનથી થતું સુખ) એવી ધર્મસમ્પત્તિ સમ્પન્ન અંગિરાના કુળમાં એક બ્રાહ્મણ હતો તેની મોટી સ્ત્રીથી એના જેવા જ શાસ્ત્રાભ્યાસ, શીલ, આચાર, રૂપ અને ઉદારતા આદિ ગુણોવાળા નવ પુત્રો થયા અને એની નાની સ્ત્રીથી પુત્ર-પુત્રીનું એક જોડકું આવ્યું ।।૧।।

**વિશેષ :** ૧. મનનો નિગ્રહ. ૨. ઈન્દ્રિયોનો નિગ્રહ.

એ જોડકામાં જે પુત્ર હતો તે પરમ ભાગવત રાજર્ષિ શિરોમણિ ભરત જ હતા. (ભાગવત=ભગવદ્ ભક્ત) ।।૨।।

બીજા જન્મમાં મૃગ થયા અને ત્રીજા અને છેલ્લા જન્મમાં મૃગનું શરીર છોડી બ્રાહ્મણને ત્યાં જન્મ્યા એમ મહાપુરુષોનું કહેવું છે. આ જન્મમાં પણ ભગવાનની કૃપાથી પોતાના પૂર્વ જન્મોની પરમ્પરાનું સ્મરણ હોવાથી તેઓ એવી આશંકાથી કે રખેને ફરી કોઈ વિઘ્ન ન આવી પડે, પોતાના સ્વજનોના સંગથી બહુ ડરતા હતા, હર સમય જેનું શ્રવણ, સ્મરણ અને ગુણકીર્તન કર્મ બંધનને મટાડનાર છે એવા ભગવાનના ચરણારવિન્દનું ધ્યાન કરતા હતા અને ભગવાનના અનુગ્રહથી રખેને પોતાને કોઈના સંગનું બંધન થાય એવી શંકાથી લોકોને પોતે જાણે ઉન્મત્ત, જડ, આન્ધળા અને બહેરા હોય એવું દેખાડતા હતા ।।૩।।

આ પુત્ર જડ હોવાથી એને ગૃહસ્થાશ્રમનો અધિકાર નથી આમ છતાં સમાવર્તન[1] પર્યન્ત વિવાહ પહેલાંના સઘળા સંસ્કારો શાસ્ત્રવિધિ પ્રમાણે કરવા જોઈએ

**વિશેષ :** ૧. ગુરુને ઘેર વિદ્યાભ્યાસ કરીને આવવું.

એવા વિચારથી પુત્રના સ્નેહબંધનને લીધે એને જનોઈ દેવામાં આવી હતી પણ શૌચાદિ કર્મના નિયમ એ જડ ભરતને ગમતા નહોતા, છતાં બાપે દીકરાને શીખવવું જોઈએ એવા આગ્રહથી એ એને શીખવવા લાગ્યો ।।૪।।

બાપે કેમે કરીને એને શીખવવાનો આગ્રહ છોડી દે એ હેતુથી જડભરત પોતાના બાપના દેખતાં જ આચાર વગેરેમાં ગડબડગોટા વાળવા લાગ્યો. વેદ ભણાવવાના આરમ્ભમાં જ જડભરતને એના બાપે વ્યાહૃતિ (ભૂઃ ભુવઃ સ્વઃ એ ત્રણ વ્યાહૃતિઓ કહેવાય છે.) ૐકાર અને શિર (પ્રાણાયામ કરતાં ગાયત્રી મન્ત્ર પછી જે મન્ત્ર બોલાય છે તેને ગાયત્રીનું શિર કહે છે.) સહિત ગાયત્રી ભણાવવાં માંડ્યાં તે ભણાવતાં-ભણાવતાં ઉનાળાં અને વસન્તના ચાર મહિના ચૈત્ર, વૈશાખ, જેઠ અને આષાઢ; વીતી ગયા તો પણ એ એને બરાબર ભણાવી શક્યો નહિ ।।૫।।

એવું હોવા છતાં પિતાને તો જડભરત ઉપર ઘણો સ્નેહ હતો. તેથી એની એ દિશામાં પ્રવૃત્તિ ન હોવા છતાં, ''પુત્રને સારી કેળવણી આપવી જોઈએ'' એવા અનુચિત આગ્રહથી એને શૌચ, વેદાધ્યયન, વ્રત, નિયમ તથા ગુરુ અને અગ્નિની સેવા આદિ બ્રહ્મચર્યાશ્રમના આવશ્યક નિયમોનું શિક્ષણ દેતા જ રહ્યા. પણ હજુ પુત્રને સુશિક્ષિત જોવાનો એનો મનોરથ પૂરો થઈ શક્યો નહોતો અને પોતે પણ ભગવદ્ ભજનરૂપી પોતાના પાયાના મુખ્ય કર્તવ્ય પ્રત્યે અસાવધાન રહી કેવલ ઘરના ધન્ધાની હાયહોયમાં વ્યસ્ત હતા કે સદાય સજાગ રહેનારા કાળ ભગવાન્ એને હડપ કરી ગયા ।।૬।।

ત્યારે એ બ્રાહ્મણની નાની સ્ત્રીએ પોતાના બન્ને બાળકોની ભલામણ શોક્યને કરી અને પોતે સતી થઈ પતિના લોકને પામી ।।૭।।

પિતા મરી ગયા પછી જડભરતના ભાઈઓ, જેઓ જડભરતના પ્રભાવને જાણતા નહોતા અને બ્રહ્મવિદ્યામાં નહિ પણ કર્મ વિદ્યામાં જ પોતાનો પુરુષાર્થ સમજતા હતા તેમણે ભરતને કેવળ મૂર્ખ જાણી શીખવવાનો આગ્રહ છોડી દીધો।।૮।।

જ્યારે સાધારણ નરપશુ ભરતને ''હે પાગલ, હે મૂર્ખ, હે બહેરા'' એવા નામોથી બોલાવતા ત્યારે ભરત પણ એમની પાસે પોતાનું કામ કરાવે તો બીજાની ઈચ્છાથી જ કરતા. વેઠના રૂપમાં, મજૂરીના રૂપમાં, માગવાથી અથવા વગર માગ્યે જ કંઈ એમને થોડું ઘણું, સારું નરસું અન્ન મળતું તે કેવળ પ્રાણના નિભાવ અર્થે ખાતા, ઈન્દ્રિયોને રાજી કરવા કાંઈ ખાતા નહિ. બીજી કોઈ પણ રીતે ઉત્પન્ન ન થઈ શકતું

સ્વતઃ સિદ્ધ કેવલ જ્ઞાન-આનન્દરૂપ આત્મજ્ઞાનની એમને પ્રાપ્તિ થઈ હતી તેથી એમને માન મળે કે અપમાન, સુખ મળે કે દુઃખ એનાથી એમને કશી પણ દેહાભિમાનની સ્ફૂર્તિ થતી નહિ ।।૯।।

ટાઢ, તડકો, વાયુ કે વરસાદમાં સાંઢની પેઠે ખુલ્લા શરીરે પડ્યા રહેતા. એમની અંગ પુષ્ટ અને મજબૂત હતાં. ધરતી ઉપર સૂવાથી સ્નાનાદિ નહિ કરવાથી, સાફ નહિ કરેલા અમૂલ્ય મણિની પેઠે એમનું બ્રહ્મતેજ સ્પષ્ટ જણાતું નહોતું. તેઓ કેડ ઉપર એક ગંદુ ગોબરું કપડું લપેટી રાખતા. ઘણી મેલી જનોઈ ઉપરથી અજ્ઞાની લોકો એમને બ્રહ્મબન્ધુ (બ્રાહ્મણોમાં અધમ) કહી એમનો તિરસ્કાર કરી બેસતા, પરન્તુ તેની આ ટીકાની પરવા કર્યા વિના મસ્ત રહીને ફર્યા કરતા ।।૧૦।।

બીજાની મજૂરી કરી પેટ ભરતા ભરતજીને એના ભાઈઓએ જોયા ત્યારે તેમણે તેમને ખેતરમાં ક્યારાનું ધ્યાન રાખવાનું કામ સોપ્યું. ભરતજી એ કાર્ય પણ કરવા લાગ્યા. પરન્તુ એમને એ વાતનો ખ્યાલ ન રહેતો કે ક્યારાની ભૂમિ સરખી છે કે ઊંચી-નીચી, અથવા ક્યારો નાનો છે કે મોટો. એના ભાઈઓ એને ચોખાની કણકી, ખોળ, ફોતરા, સળી ગયેલા (સડીગયેલા નહિ) અડદ અથવા વાસણમાં ચોંટી રહેલી દાઝ જે કંઈ આપતા એને જ અમૃત માની ખાઈ લેતા હતા ।।૧૧।।

એવામાં એક દિવસે ચોર લોકોના એક સરદારે પોતાને સન્તાન થવાની ઈચ્છાથી ભદ્રકાળી માતાને માણસનું બલિદાન દેવાનો સંકલ્પ કર્યો ।।૧૨।।

એ માટે એક માણસ પકડાયેલો પણ એ દૈવ ગતિથી બન્ધનમાંથી છૂટીને ભાગી ગયો હતો તેને શોધી લાવવા સરદારે માણસો ચારે તરફ દોડાવ્યા હતા. મધરાતનો સમય હતો. રાત ભારે અન્ધારી હતી, આવે સમયે પેલા માણસોને ભાગી ગયેલા માણસનો પત્તો લાગ્યો નહિ. દૈવ-ઈચ્છાથી હરણ અને સૂવર વગેરેથી ખેતરની ખડી ચોકી કરતા આંગીરસ ગોત્રના બ્રાહ્મણકુમાર વીરાસનથી બેઠેલા એમની નજરે પડ્યા ।।૧૩।।

એના શરીરનાં લક્ષણ નિર્દોષ જાણી એનાથી પોતાના ધણીનું કામ અવશ્ય થશે એમ માની દોરડાંથી બાંધીને રાજી થતા-થતા એમને ચંડિકાના મન્દિરમાં લાવ્યા ।।૧૪।।

પછી એ ચોર લોકોએ પોતાની રીત પ્રમાણે એ જડભરતજીને નવરાવ્યા, નવું વસ્ત્ર પહેરાવ્યું. ઘરેણાં, ચન્દન, માળા અને તિલક વગેરેથી શણગાર્યા, જમાડ્યા અને

ગાયન, સ્તુતિ તથા મૃદંગ અને ઢોલના મોટા અવાજ કરતાં પુરુષ પશુને ભદ્રકાળીને સામે બેસાડ્યા ।।૧૫।।

ધૂપ, દીપ, માલા, ધાણી, પત્તા, અંકુર, કુંપળિયાં, જવારાં, ફળ વગેરે નૈવેદ્ય સહિત બલિદાનની વિધિ થઈ ગઈ એટલે સરદારના ગોરે એ પુરુષ-પશુના લોહી રૂપ આસવથી ભદ્રકાળીને તૃપ્ત કરવા સારુ દેવીના મન્ત્રથી મન્ત્રેલી અને મહાવિકરાળ ધારદાર તલવાર ઉપાડી ।।૧૬।।

ચોર સ્વભાવથી તો રજોગુણી-તમોગુણી હતા જ. ધનના મદથી એમનું ચિત્ત વિશેષ ઉન્મત્ત થઈ ગયું હતું, હિંસામાં પણ એમની સ્વાભાવિક રુચિ હતી. આ વખતે તો તેઓ ભગવાનના અંશસ્વરૂપ બ્રાહ્મણ કુલનો તિરસ્કાર કરી સ્વચ્છન્દતાથી કુમાર્ગ ઉપર જઈ રહ્યા હતા. આપત્તિ કાલમાં પણ જે હિંસાની રજા આપવામાં આવી છે એમાં પણ બ્રાહ્મણ વધનો સર્વથા નિષેધ છે તો પણ તેઓ સાક્ષાત્ બ્રહ્મભાવને પ્રાપ્ત, વૈરરહિત અને સમસ્ત પ્રાણીઓના મિત્ર એક બ્રહ્મર્ષિકુમારનું બલિદાન દેવા માગતા હતા, આ ભયંકર કુકૃત્ય જોઈ જડભરતના અસહ્ય બ્રહ્મતેજથી ભદ્રકાળી દેવીનું શરીર બળવા લાગતાં પોતાની મૂર્તિ ફાડીને એ તરત જ એમાંથી પ્રકટ થયાં ।।૧૭।।

ક્રોધવશ માતાજી એ લોકોનો અપરાધ સહી શક્યાં નહિ. ઝાડની ડાળો જેવી એમની ભ્રમરો છેક કપાળમાં ચઢી ગઈ, કરાલ દાઢો અને લાલચોળ ચડી ગયેલી આંખોથી એમનું મોઢું એવું ભયંકર લાગતું હતું કે જાણે પોતે આખા જગત્‌નો પ્રલય કરી નાખશે, ક્રોધથી ખડખડાટ હસવા લાગ્યા. એમણે ગોરના હાથમાંથી તલવાર ઝૂંટવી લીધી અને એ જ તલવારથી એ ચોર લોકોનાં માથાં કાપી નાખ્યાં અને એમનાં ગળાંમાંથી નીકળતું અત્યન્ત ઊના લોહી રૂપ શરબત એમણે પોતાના પાર્ષદોની સાથે પીધું. પીધા પછી અત્યન્ત પાનના મદથી વિહ્વળ થઈને એમણે પાર્ષદોની સાથે બહુ ઊંચા સ્વરથી ગાન અને નૃત્ય કર્યાં. માથાંરૂપ દડાઓથી રમત કરવા લાગ્યાં ।।૧૮।।

એ વાત તદ્દન સાચી જ છે કે મહાપુરુષોનો કરેલો અત્યાચાર રૂપ અપરાધ આ જ પ્રમાણે જેમની તેમ અપરાધ કરનાર ઉપર જ પડે છે ।।૧૯।।

**ન વા એતદ્વિષ્ણુદત્ત મહદદ્ભુતં યદસમ્ભ્રમઃ...ભયમ્ ઉપસૃતાનાં ભાગવતપરમહંસાનામ્ ।।૨૦।।**

પરીક્ષિત! જેમની દેહાભિમાનરૂપ સુદૃઢ હૃદયગ્રન્થિ છૂટી ગઈ છે, જે સમસ્ત પ્રાણીઓના મિત્ર, આત્મારૂપ તથા વૈરરહિત છે, સાક્ષાત્ ભગવાન્ જ ભદ્રકાલી વગેરે જુદાં-જુદાં રૂપ ધારણ કરી પોતાની કદી ન ચૂકનાર કાલચક્ર રૂપ શ્રેષ્ઠ શસ્ત્રથી જેમની રક્ષા કરતા રહે છે અને જેમણે ભગવાનના નિર્ભય ચરણકમલોનો આશ્રય લઈ લીધો છે; એ ભગવદ્ ભકત પરમહંસોને માટે પોતાનું મસ્તક કપાવાનો પ્રસંગ આવે તો પણ વ્યાકુલ ન થવું-એ કોઈ મોટા આશ્ચર્યની વાત નથી ।।૨૦।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (બીજા યોગવડે સ્વરૂપસ્થિતિ પ્રકરણમાં ભરત ચરિતમાં ''હરિ ભક્તિ બધા જાતના ભયથી છોડાવે છે'' નામનો ત્રીજો) ''ભરતજીનો બ્રાહ્મણને ત્યાં જડરૂપે જન્મ'' નામનો નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**

''પારસમણિ (ભાગવત)ને વાટકે, ભટજી (કથાકાર) માગે ભીખ''
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સે'જ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયારામ)**

## અધ્યાય ૧૦

## રહૂગણ અને જડભરત નો મેળાપ

**વિશેષ :** ભદ્રકાળીના મન્દિરમાં જડભરતે જે નિર્વિકારપણું દેખાડ્યું તે તો અજ્ઞાન માણસમાં પણ હોઈ શકે; માટે ભરતની સર્વજ્ઞતા બતાવવા સારુ રહૂગણની કથા આ દશમા અધ્યાયમાં કહેવાઈ છે.

**અથ સિન્ધુસૌવીરપતે રહૂગણસ્ય વ્રજત ઈક્ષુમત્યાઃ તટે તત્કુલપતિના ... સહ ગૃહીતઃ પ્રસભમતદર્હ ઉવાહ શિબિકાં સ મહાનુભાવઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી કહ્યું :** રાજન્! એકવાર સિન્ધુ અને સૌવીર દેશનો સ્વામી રહૂગણ રાજા કપિલ મુનિના આશ્રમમાં જતો હતો. વચમાં ઈક્ષુમતી નદીને કાંઠે રાજાની પાલખી ઉપાડનારા ભોઈ લોકોનો જમાદાર બીજા ભોઈને વેઠે પકડી લેવાની તજવીજ

કરતો હતો તેટલામાં એના હાથમાં એ બ્રાહ્મણદેવતા (જડ ભરત) આવી ગયા. એ હૃષ્ટ-પુષ્ટ, જુવાન અને તગડા હોવાથી બળદ કે ગધેડા ની પેઠે ભાર ઉપાડવામાં સમર્થ છે એમ ધારીને બીજા વેઠિયાઓની સાથે એમને પણ જમાદારે બલાત્કારથી પકડી લીધા. જો કે એ કામ કરવાને એ યોગ્ય નહોતા તો પણ પોતે મહાજ્ઞાની હોવાથી એમણે બીજા કહારો (ભોઈઓ) ની સાથે પાલખી ઉપાડી ।।૧।।

માર્ગમાં કોઈ જીવ પગથી ચગદાઈ જાય નહીં એટલા માટે જડભરત એક બાણ જેટલી જગ્યા જોઈ-જોઈને ચાલતા. આમ થતાં બીજા ભોઈ લોકોની ચાલ સાથે એની ચાલનો મેળ નહીં ખાવાથી પાલખી ખાંગી થઈ જતી. એ જોઈને રહૂગણ રાજાએ કહારોને કહ્યું :''અરે ભોઈઓ બરાબર ચાલો, પાલખી ઊંચી-નીચી કેમ થઈ જાય છે?'' ।।૨।।

આવું રાજાનું ઠપકા ભરેલું વચન સાંભળી દંડની બીકથી ભોઈ લોકોએ વિજ્ઞપ્તિ કરી કે, ''હે રાજા! અમે ગાફેલ નથી; અમે તો તમારી આજ્ઞા પ્રમાણે બરાબર રીતે ચાલીએ છીએ, પરન્તુ આ માણસ, જેને હજુ હમણાં જ પકડી મંગાવવામાં આવ્યો છે તો પણ એ જલદી ચાલતો નથી. આની સાથે અમો પાલખી લઈ જઈ શકીશુ નહીં'' ।।૩-૪।।

આવું એ રાંક લોકોનું વચન સાંભળી રાજાએ નિશ્ચય કર્યો કે ''ખરી વાત છે. સંસર્ગનો દોષ એક વ્યક્તિમાં હોય તોય સઘળા સોબતીઓને લાગે છે. તેથી તેના પ્રતીકાર કરવામાં નહિ આવે તો એ એની સાથે સમ્બન્ધ રાખનારા બધામાં આવી શકે છે. તેથી એનો પ્રતીકાર ન થાય તો ધીરે-ધીરે આ બધા કહારો પોતાની ચાલ બગાડી નાખશે'' એમ વિચારી રાજા રહૂગણની આંખ કંઈક લાલ થઈ. જો કે એ રહૂગુણ રાજાએ મહાપુરુષોની સેવા કરી હતી તો પણ ક્ષત્રિય સ્વભાવ વશ રજોગુણી અને રાજકીય બલાત્કારથી એની બુદ્ધિ રજોગુણથી વ્યાપ્ત થઈ ગઈ અને ભારેલા અગ્નિની પેઠે જેનું તે જ સ્પષ્ટ દેખાતું નહોતું તેવા દ્વિજશ્રેષ્ઠ (જડભરત) ને મશ્કરીમાં આ પ્રમાણે કહેવા લાગ્યો ।।૫।।

અરે ભાઈ! ઘણા દુઃખની વાત છે, અવશ્ય તું બહુ થાકી ગયો છે. લાગે છે કે આ તારા સાથીઓએ તને જરાય ટેકો કર્યો નથી. આટલે દૂરથી તેં એકલાએ જ ઘણા સમયથી પાલખી ઉંચકતા ચાલતો રહ્યો છે. તારું શરીર પણ ખાસ હૃષ્ટ-પુષ્ટ અને મજબૂત નથી અને મિત્ર તારી અવસ્થાએ પણ તને ભાંગી નાખ્યો છે, આ પ્રમાણે

ઘણાં મહેણાં ટોણાં મારવા છતાં તે પહેલાંની માફક જ ચુપચાપ પાલખી ઉઠાવી ચાલતા રહ્યા! કંઈ પણ ખોટું લગાડ્યું નહિ; કારણ કે એની દષ્ટિમાં તો પંચભૂત, ઈન્દ્રિય અને અન્તઃકરણના સંઘાત એ પોતાના અન્તિમ શરીર અવિદ્યાનું જ કાર્ય હતું. તે જુદાં-જુદાં અંગોવાળું દેખાતું હોવા છતાં પણ હકીકતમાં હતું જ નહિ તેથી એમાં એના હુંહ્મારા પણનો ખોટો અધ્યાસ નહોતો અને તે બ્રહ્મરૂપ થઈ ગયા હતા ।।૬।।

વળી પાછી પોતાની પાલખી હાલમ-ડોલમ થતાં રહૂગણ રાજા તડૂકીને કહેવા લાગ્યા, ''અરે, આ શું? તું જીવતો મરેલો છે? મને નહિ ગણકારતાં તું મારા હુકમનું અપમાન કરે છે. જેમ દંડપાણિ યમરાજા પ્રાણીઓને શિક્ષા કરે છે તેમ હું પણ તને તારી ગફલતમાટે શિક્ષા કરીશ ત્યારે તારી સાન ઠેકાણે આવશે'' ।।૭।।

રહૂગણને રાજા હોવાનો ઘમંડ હતો તેથી તેણે આવી ઘણી ફાવે તેમ વાતો કરી નાખી. તે પોતાની જાતને પડિત માનતા હતા તેથી રજ-તમ-યુક્ત અભિમાનને લીધે એ ભગવાનના અનન્ય પ્રીતિપાત્ર ભક્તશિરોમણિ ભરતજીનો તિરસ્કાર કરી બેઠા. યોગેશ્વરોની વિચિત્ર રહેણી-કહેણીનો તો એને કંઈ પત્તો જ નહોતો. એની એવી કાચી બુદ્ધિ જોઈ એ પ્રાણીમાત્રના પ્રેમી અને આત્મા, બ્રહ્મભૂત બ્રાહ્મણ દેવતા મુસ્કાયા અને નિરાભિમાન રહીને કહેવા લાગ્યા ।।૮।।

**બ્રાહ્મણે કહ્યું** : ''હે રાજન્! તમે જે કહ્યું છે તે પ્રમાણે જ છે. એમાં તમે કંઈ મારી મશ્કરી કરી નથી. જો ભાર નામનો કોઈ પદાર્થ હોય તો-તો એ મારી મશ્કરી કહેવાય. પણ, ભાર શું છે અને દેહ શું છે એનું નિરૂપણ થઈ શક્તું નથી. એ ભાર કે દેહ ની સાથે મારે કાંઈ લાગતું વળગતું નથી. તેમ જ જો કોઈ ચાલીને પહોંચવાનું સ્થળ અથવા ચાલવાનો માર્ગ હોય અને એની સાથે મારે કશો સમ્બન્ધ હોય તો એ મારી મશ્કરી કરી એમ સમજું. પરન્તુ એમાંનું કશું જ નથી. તેથી તમે ખરું જ કહ્યું છે એમ સમજું છું. આત્માને પુષ્ટ તો મૂર્ખ લોકો જ કહે છે ।।૯।।

જાડાપણું, દૂબળાપણું, આધિ, વ્યાધિ, ક્ષુધા, તૃષા, ભય, કજિયો, ઈચ્છા, જરા, નિદ્રા, પ્રેમ, ક્રોધ, અહંકારથી થતો મદ તથા શોક વગેરે દેહાભિમાની સાથે જન્મેલ હોય તે જીવને હોય છે પણ હું જે દેહાભિમાનની સાથે જન્મેલ નથી તેને એમાંનું કંઈ જ નથી ।।૧૦।।

હે રાજા! હું એકલો જીવન્મૃત નથી, આખું જગત જીવતું જ મરેલું છે. ધણીપણું

અને નોકરપણું જો અવિચળ હોય તો તારે આજ્ઞા કરવી અને મારે કામ કરવું એ ઘટે; પરન્તુ એ અવિચળ નથી. જો તું રાજ્યથી ભ્રષ્ટ થાય અને મને રાજ્ય મળે તો હું આજ્ઞા કરું અને તારે કામ કરવું પડે ।।૧૧।।

આ રાજા છે અને આ પ્રજા છે એવી ભેદબુદ્ધિ વ્યવહાર સિવાય બીજે ક્યાંય લગાર પણ જોવામાં આવતી નથી. જો વ્યવહાર દૃષ્ટિ છોડી પરમાર્થ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો કોણ રાજા? અને કોણ પ્રજા? એવું કાંઈ છે તો નહિ જ. તો પણ જો તને રાજાપણાનું અભિમાન હોય જ તો હે રાજા! હું તારી શું સેવા કરું? ।।૧૨।।

હું જે ઉન્મત્ત, ઘેલા અને જડની પેઠે રહું છું અને બ્રહ્મપણું પામ્યો છું તેને દંડથી અથવા શિખામણથી શું થવાનું છે? કેમકે જીવન મુક્તને અર્થ કે અનર્થ એમાનું કાંઈ પણ નથી. કદાચ હું જીવનમુક્ત ન હોઉં પણ ઘેલો અને અક્કડ હોઉં તો પણ દળેલાને દળવાની માફક મને દંડ આપવો કે શિખામણ બધું જ વ્યર્થ છે ।।૧૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : સ્વભાવથી જ શાન્ત અને દેહાભિમાન કરાવનારી અવિદ્યાથી મુક્ત થયેલા જડભરત જે સુખદુઃખાદિ ભોગવી લઈને પ્રારબ્ધ કર્મનો ક્ષય કરી રહ્યા હતા તે રહૂગણે કહેલી સઘળી વક્રોક્તિના ઉત્તર આપી મૌન થઈ ગયા અને પ્રથમની પેઠે પાલખી ઉપાડી ચાલવા લાગ્યા ।।૧૪।।

હે પરીક્ષિત રાજા! સિન્ધુ અને સૌવીર દેશનો અધિપતિ રહૂગણ રાજા ઉત્તમ શ્રદ્ધાને લીધે તત્ત્વજ્ઞાન મેળવવાનો અધિકારી હતો. દેહાભિમાનને તોડનારું તથા યોગના ઘણા ગ્રન્થોથી સમર્થિત એ જડભરતનાં વાક્ય સાંભળી એ તરત જ પાલખીમાંથી ઊતરી પડ્યો અને રાજમદ છૂટી જતાં એમનાં ચરણમાં માથું મૂકી એ ક્ષમા માગતાં બોલ્યો ।।૧૫।।

''આપ ગુપ્ત પણે ફરનાર કોણ છો? કયા મુનિવર છો? કેમકે આપે દ્વિજોના ચિહ્નરૂપ જનોઈ ધરી છે. ગુરુ દત્તાત્રેય વગેરે અવધૂતો પૈકીના કોઈ અવધૂત છો? અહીં શા માટે નીકળી આવ્યા છો? કોના પુત્ર છો? ક્યાં જન્મેલા? અમારું કલ્યાણ કરવાને અહીં પધાર્યા હો તો શું આપ સાક્ષાત્ સત્ત્વમૂર્તિ કપિલદેવજી તો નથી? ।।૧૬।।

હું ઇન્દ્રના વજ્રથી નથી ડરતો કે નથી ડરતો શ્રીમહાદેવજીના ત્રિશૂળથી કે યમના દંડથી, અગ્નિ, સૂર્ય, ચન્દ્ર, વાયુ કે કુબેરના અસ્ત્ર-શસ્ત્રથી પણ બીતો નથી, પરન્તુ માત્ર બ્રાહ્મણોના કુળનું અપમાન કરવાથી ડરું છું ।।૧૭।।

પોતાના વિજ્ઞાન અને શક્તિ ને છુપાવી મૂર્ખની માફક ફરતા આપ કોણ છો? એ કૃપા કરીને જણાવો, વિષયોથી તો આપ સર્વથા અલિપ્ત જણાઓ છો, મને આપનો થાહ મળતો નથી. હે સાધો! આપનાં યોગયુક્ત વાક્યોની આલોચના કરવા છતાં મારી શંકાઓ મટતી નથી ।।૧૮।।

હું પણ મહા યોગેશ્વર અને આત્મવેત્તા મુનિઓના પરમ ગુરુ અને સાક્ષાત્ શ્રીહરિની જ્ઞાનશક્તિના અવતાર રૂપ કપિલ ભગવાનની પાસે આ સંસારમાં એકમાત્ર શરણ લેવા જેવું કોણ છે તે પૂછવા સારુ જાઉં છું ।।૧૯।।

મને તો એવું લાગે છે કે લોકોની દશા જોવામાટે છૂપા રૂપથી ફરતા આપ કપિલદેવજી તો નહિ હો! ભલા, ઘરમાં આસક્ત રહેવાવાળો વિવેક હીન પુરુષ યોગેશ્વરોની ગતિવિધિ કેવી રીતે જાણી શકે? ।।૨૦।।

આપે કહ્યું કે શ્રમ જ નથી પણ એ વાત મારા મનમાં ઠસતી નથી. કોઈ વખત હું યુદ્ધ વગેરે કામ કરું છું ત્યારે થાકી જાઉં છું તેમ ભાર ઉપાડવાનો તથા ચાલવા વગેરેનો થાક આપને પણ લાગવો જ જોઈએ એવું અનુમાન કરું છું. આપ વ્યવહારના માર્ગને ખોટો કહો છો, છતાં જેમ મિથ્યા ઘડાથી પાણી વગેરે લાવવાનું કામ થાય નહિ તેમ જો વ્યવહાર પણ ખોટો હોય તો એથી કશું કામ થવું જોઈએ નહિ. પણ વ્યવહાર (સંસાર) થી સઘળું કામ થાય છે તો તેને ખોટો શી રીતે કહેવો? ।।૨૧।।

(આપે કહ્યું કે સુખ-દુઃખ વગેરે દેહના ધર્મ છે, આત્માના નહિ. એ વિશે પણ મને શંકા છે) જેમ તપેલીને તાપ લાગતાં એની અંદરના દૂધને તાપ લાગે છે અને દૂધને તાપ લાગતાં ચોખાની અંદરના ભાગને તાપ લાગે છે એમ ઉપરના ભાગને તાપ લાગવાથી અંદરના ભાગને તાપ લાગે છે જ. આમાં કાંઈ પણ ખોટું નથી. એવી જ રીતે દેહને દુઃખ થવાથી એની અંદરની ઈન્દ્રિયોને દુઃખ થાય છે, ઈન્દ્રિયોને દુઃખ થતાં પ્રાણને થાય છે, પ્રાણને થતાં મનને થાય છે તો મનને થતાં આત્માને થવું જોઈએ ।।૨૨।।

આપે કહ્યું કે સ્વામીપણું અને સેવકપણું અવિચળ નથી. પરન્તુ જે વખતે એ રાજા હોય તે વખતે એ પ્રજાનું પાલન અને શાસન કરે એમાં શું ખોટું છે? જે રાજા ભગવાનનો ભક્ત રહીને યોગ્ય રીતે પોતાનો અધિકાર ભોગવતો હોય અને અપરાધી લોકોને શિક્ષા કરતો હોય તે દળેલાને દળવા જેવું નિષ્ફળ કેમ કહેવાય? ।।૨૩।।

હું તો ધારું છું કે રાજા પોતાના ધર્મ પાલનરૂપી ભગવાનની ભક્તિ કરવાથી પોતાના પાપના સમૂહનો નાશ કરે છે. એથી આપે જે કહ્યું તે મને ઊલટું લાગે છે

એટલા માટે હે દીનબન્ધુ! મેં રાજાત્વના અભિમાનથી આપ જેવા મહાત્માનો તિરસ્કાર કર્યો. મારા ઉપર આપ એવી કૃપાદષ્ટિ કરો, જેથી મહાત્માનો તિરસ્કાર કરવારૂપ પાપમાંથી હું મુક્ત થઈ જાઉં ।।૨૪।।

**ન વિક્રિયા વિશ્વસુહૃત્સખસ્ય સામ્યેન વીતાભિમતેસ્તવાપિ।**
**મહદ્વિમાનાત્ સ્વકૃતાદ્ધિ માદૃંનંક્ષ્યત્યદૂરાદપિ શૂલપાણિઃ ।।૨૫।।**

આપને દેહાધ્યાસ નથી એટલું જ નહિ પણ આપ વિશ્વબન્ધુ શ્રીહરિના અનન્ય ભક્ત છો. તેથી બધાંમાં સમાન દષ્ટિ હોવાથી આ માન-અપમાનને લીધે આપમાં તો કોઈ વિકાર સમ્ભવતો નથી તો પણ એક મહાપુરુષના અપરાધ કરવાને કારણે મારા જેવો અદનો આદમી, સાક્ષાત્ ત્રિશૂલપાણિ મહાદેવજી સમાન પ્રભાવશાળી હોય તો પણ, પોતાના અપરાધથી જોત-જોતામાં નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય ।।૨૫।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (બીજા યોગવડે સ્વરૂપસ્થિતિ પ્રકરણમાં ભરતચરિતમાં પ્રશ્નનિરૂપણ નામનો ચોથો) ''રહૂગણ અને જડભરત નો મેળાપ''નામનો દસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

(હવેલી-મન્દિર ખોલીને ઠાકોરજીના દર્શન-મનોરથ-ભેટ-સામગ્રીના માધ્યમથી) પૈસા કમાવવા માટે સેવા કરનારનો આલોક-પરલોક સહિત સર્વનાશ થયો સમજવો. (શ્રીગુસાંઈજી, સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃતિ)

## અધ્યાય ૧૧

## ભરતજીએ રહૂગણ રાજાને કરેલો બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ

**વિશેષ** : આ અગિયારમાં અધ્યાયમાં રહૂગણ રાજાએ પ્રશ્ન કરતાં જડભરતે એને ઉત્તમ બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. એ કથા કહેવામાં આવશે.

**અકોવિદઃ કોવિદવાદવાદાન્ વદસ્યથો નાતિવિદાં વરિષ્ઠઃ ।।**
**ન સૂરયો હિ વ્યવહારમેનં તત્ત્વાવમર્શેન સહામનન્તિ ।।૧।।**

**જડભરતે કહ્યું** : તું અજ્ઞાની છતાં વિદ્વાન્ જેવી ઉપર છલી તર્ક-વિતર્ક યુક્ત વાતો કરે છે; પણ તેટલાથી શ્રેષ્ઠ જ્ઞાનીઓમાં તારી ગણતરી થઈ શકે નહિ. તત્ત્વજ્ઞાની પુરુષ આ અવિચાર સિદ્ધ સ્વામી-સેવક આદિ વ્યવહારને તત્ત્વવિચારને

સમયે સત્યરૂપી સ્વીકાર કરતા હોતા નથી ।।૧।।

હે રાજા! જેમ લોક વ્યવહાર સત્ય નથી તેમ વેદમાં કહેલો કર્મવ્યવહાર પણ સત્ય નથી. ઘરમાં રહીને કરવાના યજ્ઞો સમ્બન્ધી વિદ્યાઓને વેદવચનો બહુધા લાગુ પડે છે તેનાથી રાગ દ્વેષાદિથી રહિત વિશુદ્ધ તત્ત્વજ્ઞાની વાત ઘણું કરીને પ્રકાશતી નથી ।।૨।।

તત્ત્વજ્ઞાન હિંસાદિક દોષથી રહિત છે; કર્મકાંડની વિદ્યામાં હિંસાદિક દોષ રહેલા છે. તત્ત્વજ્ઞાનમાં રાગ દ્વેષાદિક રહેતા નથી, કર્મકાંડમાં રહે છે. જેમ સ્વપ્નનું સુખ મિથ્યા છે તેમ ગૃહસ્થાશ્રમનું સુખ મિથ્યા છે. વેદાન્તના વચન જો કે તત્ત્વજ્ઞાનને સારું ઘણાંજ સારાં છે તો પણ એ યથાર્થ તત્ત્વજ્ઞાન આપી શક્તાં નથી ।।૩।।

જ્યાં સુધી મન સત્ત્વ, રજ અને તમો ગુણને વશ રહે છે ત્યાં સુધી માણસ નિરંકુશપણે જ્ઞાનેન્દ્રિયથી તેમ જ કર્મેન્દ્રિયથી શુભ-અશુભ કર્મો કર્યા કરે છે ।।૪।।

આ મન વાસનામય, વિષયાસક્ત, ગુણોથી પ્રેરિત, વિકારી અને પાંચ મહાભૂત અને અગિયાર ઇન્દ્રિયરૂપ સોળ કલાઓમાં મુખ્ય છે. એ જ જુદાં-જુદાં નામોથી દેવતા અને મનુષ્યાદિરૂપ ધારણ કરીને શરીરરૂપ ઉપાધિઓના ભેદથી જીવની ઉત્તમતા અને અધમતાનું કારણ બને છે ।।૫।।

આ માયામય મન સંસારચક્રમાં છળવાવાળું છે. એ જ પોતાના દેહના અભિમાનની જીવની સાથે મળી જઈને તેને કાલક્રમથી આવી પડેલ સુખદુઃખ અને એનાથી અલગ મોહરૂપ અવશ્ય ભાવી ફલોની અભિવ્યક્તિ કરે છે ।।૬।।

એવી રીતે જાગ્રત અને સ્વપ્નવત્ આખો સંસાર મનની કલ્પનાથી જ ઊભો થયો છે અને મનના પ્રમાણમાં પ્રકાશ્યા કરે છે. આત્મા તો મનથી પેદા થયેલા સંસારનો દ્રષ્ટા છે. વાસ્તવિક રીતે એ એની સાથે બીજો કશો સમ્બન્ધ ધરાવતો નથી તો પણ ''એ મન હું છું'' એવા ખોટા અધ્યાસથી પોતાને ઉચ્ચ નીચ માને છે. જો કે આવી રીતે મન જ આત્માને દેહાભિમાનરૂપ અધમતા આપે છે તો પણ એમાંથી છોડાવનારું પણ એ જ છે ।।૭।।

જેમ દીવો ઘીવાળી વાટને ખાધા જ કરે ત્યાં સુધી એમાંથી ધુમાડાવાળી શિખાઓ નીકળ્યા કરે છે અને જ્યારે ઘી અને વાટ સઘળું બળી જાય ત્યારે ઠરી જઈને તેજરૂપ થઈ જાય છે તેમ જ્યાં સુધી મન વિષયો તથા કર્મોમાં લાગી રહેલું હોય ત્યાં સુધી એમાં અગિયાર વૃત્તિઓ દેખાય છે; વિષયો તથા કર્મોથી છૂટા પડતાં તે બ્રહ્માકાર થઈ જાય છે ।।૮।।

હે વીર વર! મનની વૃત્તિઓ અગિયાર છે તેમાં પાંચ ક્રિયારૂપ છે અને પાંચ જ્ઞાનરૂપ છે અને એક અભિમાનરૂપ છે. હે રાજા! પાંચ વિષય, પાંચ કર્મ અને એક શરીર એ અગિયાર પદાર્થો ઉપર કહેલી અગિયાર વૃત્તિઓના આધારભૂત સ્થાન છે ।।૯।।

એમાં ગન્ધ, રૂપ, સ્પર્શ, રસ અને શબ્દ એ પાંચ જ્ઞાનેન્દ્રિયોના વિષય સમજવા; જ્ઞાનેન્દ્રિયરૂપ દ્વારથી મનની વૃત્તિઓની એ જગ્યાઓ છે. મલત્યાગ, મૈથુન, ગતિ, ભાષણ અને લેતી-દેતી એ પાંચ કર્મ સમજવાં; કર્મેન્દ્રિયરૂપ દ્વારથી મનની વૃત્તિઓની એ જગ્યાઓ છે. અગિયારમું જે શરીર કહ્યું તે અભિમાનરૂપ મનની વૃત્તિનું સ્થાનક છે; શરીરને એ સ્થાનક સમજવું. કેટલાક વિદ્વાનો અહંકાર નામે મનની એક બારમી વૃત્તિ પણ છે એવું કહે છે તેનું સ્થાન ઉપર કહેલું શરીર જ છે ।।૧૦।।

*જો કે એ પ્રમાણે મુખ્યત્વે મનની વૃત્તિઓ અગિયાર ગણાય છે તો પણ પદાર્થો, સ્વભાવ, સંસ્કાર, કર્મ અને કાળને લીધે તે વૃત્તિઓ પેટા ભેદોથી સેંકડો, હજારો અને કરોડો થવા જાય છે. પરન્તુ એમની સત્તા (અસ્તિત્વ) ક્ષેત્રજ્ઞ આત્માની સત્તાથી જ છે, સ્વતઃ અથવા પરસ્પર મળીને નથી ।।૧૧।।

**વિશેષ** : વિવેકી પુરુષો શરીરને 'મારું' કરી જાણે છે. પણ મૂઢ પુરુષો શરીરને 'હું' કરી માને છે માટે અહંકારને બારમી જાુદી વૃત્તિ ગણી છે.

એવું હોવા છતાં મનની સાથે ક્ષેત્રજ્ઞ (આત્મા) નો કોઈ સમ્બન્ધ નથી. એ તો જીવની જ માયા રચિત ઉપાધિ છે એ ઘણું કરીને સંસાર બંધનમાં ધકેલી દેનાર અવિશુદ્ધ કર્મોમાં જ પ્રવૃત્ત રહે છે. એની ઉપર કહેલી વૃત્તિઓ પ્રવાહરૂપથી નિત્ય છે; જાગ્રત અને સ્વપ્નના સમયે તે પ્રકટ થઈ જાય છે અને સુષુપ્તિમાં છુપાઈ જાય છે, આ બન્ને અવસ્થાઓમા ક્ષેત્રજ્ઞ, જે વિશુદ્ધ ચિન્માત્ર છે તે મનની આ વૃત્તિઓને સાક્ષીરૂપથી જોતો રહે છે ।।૧૨।।

આ ક્ષેત્રજ્ઞ પરમાત્મા સર્વવ્યાપક, જગતનું આદિ કારણ પરિપૂર્ણ, અપરોક્ષ, સ્વયંપ્રકાશ, અજન્મા, બ્રહ્માદિના પણ નિયન્તા અને પોતાને આધીન રહેનારી માયાદ્વારા બધાના અન્તઃકરણમાં રહીને જીવોને પ્રેરિત કરનાર સમસ્ત પ્રાણીઓના આશ્રયરૂપ ભગવાન્ વાસુદેવ છે ।।૧૩।।

જેમ વાયુ સમ્પૂર્ણ સ્થાવર-જંગમ પ્રાણીઓમાં પ્રાણરૂપે પ્રવેશ કરી તેમને પ્રેરિત

કરે છે. તેમ ક્ષેત્રજ્ઞ ભગવાન્ વાસુદેવ પણ સર્વ સાક્ષી આત્મસ્વરૂપથી સમ્પૂર્ણ વિશ્વમાં ઓતપ્રોત છે ।।૧૪।।

હે રાજન્! જ્યાં સુધી મનુષ્ય જ્ઞાનના ઉદયદ્વારા આ માયાનો તિરસ્કાર કરી, બધાંની આસક્તિ છોડી તથા કામક્રોધ વગેરે છ શત્રુઓને જીતી લઈને આત્મતત્ત્વને જાણી નથી લેતો અને જ્યાં સુધી તે આત્માની ઉપાધિરૂપ મનને સંસારનાં દુઃખોનું ક્ષેત્ર નથી સમજતો ત્યાં સુધી તે આ લોકમાં એમ જ વ્યર્થ જ ભટક્તો રહે છે, કારણ કે એ ચિત્ત એના શોક, મોહ, રોગ, રાગ, લોભ અને વેર વગેરેના સંસ્કાર તથા મમતા ની વૃદ્ધિ કરતું રહે છે ।।૧૫-૧૬।।

**ભ્રાતૃવ્યમેનં તદદભ્રવીર્યમ્ ઉપેક્ષયાધ્યેધિતમપ્રમત્તઃ ।।**
**ગુરોર્હરેશ્ચરણોપાસનાસ્ત્રો જહિ વ્યલીકં સ્વયમાત્મમોષમ્ ।।૧૭।।**

આ મન જ તમારો પ્રબળ શત્રુ છે. તમે તેની ઉપેક્ષા કરેલી હોવાથી તેની શક્તિ વિશેષ વધી ગઈ છે. જો કે તે પોતે સ્વયં તો સર્વથા મિથ્યા છે તો પણ તેણે તમારા આત્મસ્વરૂપને ઢાંકી દીધું છે. તેથી તમે સાવધાન થઈ શ્રીગુરુ અને શ્રીહરિનાં ચરણોની ઉપાસનાના અસ્ત્રથી એને મારી નાખો ।।૧૭।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (બીજા યોગવડે સ્વરૂપ સ્થિતિ પ્રકરણમાં ભારત ચરિતમાં યોગાનુસારી જ્ઞાન નિરૂપણ નામનો પાંચમો) ''ભરતજીએ રહૂગણ રાજાને કરેલો બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ'' નામનો અગિયારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**સાવધાન! સાવધાન!! સાવધાન!!!**
ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન
પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે

## અધ્યાય ૧૨

## જડ ભરતે રહૂગણના સન્દેહ દૂર કર્યા

**વિશેષ :** આ બારમા અધ્યાયમાં રહૂગણ રાજાએ સન્દેહને લીધે ફરી વાર પૂછતાં એ મહાન યોગી જડભરતે એના સઘળાં સંદેહ મટાડ્યા એ કથા કહેવાશે.

**નમો નમઃ કારણવિગ્રહાય સ્વરૂપતુચ્છીકૃતવિગ્રહાય ।।**
**નમોવધૂત દ્વિજબન્ધુલિંગનિગૂઢનિત્યાનુભાવ તુભ્યમ્ ।।૧।।**

**રહૂગણ રાજાએ કહ્યું** : હે યોગેશ્વર! તમે ઈશ્વરના જ શરીરરૂપ છો, પરમાનન્દના પ્રકાશથી દેહાદિને તુચ્છ ગણો છો અને સામાન્ય બ્રાહ્મણના વેશથી પોતાના સ્વતન્ત્ર અનુભવને ગુપ્ત રાખો છો; એવા તમને હું વારંવાર નમસ્કાર કરું છું ।।૧।।

જેમ તાવના રોગથી પીડાયેલાને ઓસડ અમૃતરૂપ હોય, ગરમીથી તપી ગયેલાને શીતળ જલ અમૃતરૂપ હોય તેમ હે મહારાજ! હું આ અધમ દેહના અભિમાનરૂપ સર્પ કરડવાથી અન્ધ થયેલો છું. પાલખીમાં આત્મબુદ્ધિરૂપ અભિમાન કરવાથી ''હું સિન્ધુ દેશનો રાજા છું'' એવા પ્રબલ મદથી અન્ધ થઈ રહ્યો છું. મને આપનાં વચન અમૃતમય ઔષધરૂપ છે ।।૨।।

એટલામાટે મારા મનમાં જે કાંઈ સંશય છે તે તો હું પાછળથી આપની પાસે નિવૃત્ત કરાવીશ પણ હમણાં તો આપે મને અધ્યાત્મ જ્ઞાન યોગમય જે વાત કરી તે મારાથી જરા વધારે સારી પેઠે સમજાય એવું વ્યાખ્યાન કરો; મને એ સાંભળવાની ઘણી ઉત્કંઠા છે ।।૩।।

હે યોગેશ્વર! આપે જે એમ કહ્યું કે ભાર ઉપાડવાની ક્રિયા તથા એનાથી જે શ્રમરૂપ ફલ થાય છે એ બન્ને પ્રત્યક્ષ હોવા છતાં કેવલ વ્યવહાર મૂલક છે, હકીકતમાં સત્ય નથી એ તત્ત્વવિચારની દૃષ્ટિએ ટકી શક્તું નથી તો આ બાબતમાં અક્કલ કામ નથી કરતી, આપના આ કથનનો મર્મ મારે ગળે ઉતરતો નથી ।।૪।।

**જડ ભરતે કહ્યું** : પૃથ્વીમાંથી બનેલો પદાર્થ કોઈ કારણથી પૃથ્વી ઉપર ચાલે છે. એને આપણે 'ભોઈ' ના નામથી જાણીએ છીએ; જે પદાર્થ એવી રીતે ચાલતો નથી તેને આપણે 'પથરા' વગેરે કહીએ છીએ. બાકી ભોઈ અને પથરમાં કશો ભેદ નથી. જેમ પથરાને જડપણાને લીધે ભાર કે પરિશ્રમ નથી તેમ ભોઈને પણ ભાર કે પરિશ્રમ ન જ હોવો જોઈએ. જેને પરિશ્રમ લાગે છે તેનું જો નિરૂપણ થઈ શક્તું હોય તો કદાચ આપણે પરિશ્રમ માનવાની વાત સાચી માનીએ; પરન્તુ એ થઈ શક્તું નથી. અવયવો સિવાય અવયવીનું નિરૂપણ થઈ શક્તું નથી. હવે આપણે જોઈએઃવારુ એક ભોઈના પગ ઉપર ઘૂંટી છે, ઘૂંટી ઉપર પીંડીઓ છે. પીંડી ઉપર ગોઠણ છે, ગોઠણ ઉપર સાથળ છે, સાથળ ઉપર કેડ છે, કેડ ઉપર છાતી છે, છાતી ઉપર ડોક, ડોક

પછી ખભો આવે છે, ખભા ઉપર લાકડાની પાલખી છે. પાલખીમાં સૌવીર દેશનો રાજા એવા નામથી ઓળખાતુ આ માટીનું ઓઠું બેઠું છે; (હવે આ બધા કટકાઓમાં કયા કટકાને ભાર કે પરિશ્રમ છે? કટકાઓને છોડી દેતાં શરીર નામનો પદાર્થ રહેતો નથી. માટે ભાર કે પરિશ્રમ કોને લાગે છે એનું કાંઈ નિરૂપણ થઈ શકતું નથી) ।।૫-૬।।

પાલખીમાં બેઠેલા માટીના ઓઠામાં (શરીરમાં) હું એવું અભિમાન ધરી તું સિન્ધુ દેશના રાજાપણાના મદથી આન્ધળો બનેલો અને આ મહાકષ્ટથી દીન દુઃખી બિચારા ભોઈઓને વેઠે પકડે છે માટે ખરેખર તું નિર્દય છે, ઘાતકી છે. આમ તું ઘાતકી હોવા છતાં નિર્લજ્જપણે બકે છે કે હું તો મનુષ્યોની રક્ષા કરનાર છું. આ વલણ તને શોભા દેતું નથી. (ઉપરના અવયવોનો ભાર નીચેના અવયવોને લાગે છે એમ પણ કહી શકાય નહિ કેમકે અવયવવાળા એક પદાર્થનું નિરૂપણ થઈ શકતું નથી તેમ અવયવોનું પણ થઈ શકતું નથી. સ્થાવર અને જંગમ સઘળા જગત્નાં ઉત્પત્તિ અને નાશ પૃથ્વીમાંથી જ થાય છે.) ।।૭।।

આપણે જોઈએ છીએ કે સમ્પૂર્ણ ચરાચર ભૂત સદા પૃથ્વી (માટી) માંથી જ ઉત્પન્ન થાય છે અને પૃથ્વીમાં જ લીન થાય છે. તેથી એની ક્રિયાના ભેદને લીધે જે જાુદાં-જાુદાં નામ પડી ગયા છે, બતાવ તો વ્યવહાર સિવાય એનું શું મૂલ છે? ।।૮।।

આ ઉપરથી અન્તે પૃથ્વી સત્ય છે એમ માનવું નહિ. વાસ્તવિક વિચાર કરતાં પૃથ્વી મિથ્યા ઠરે છે. પૃથ્વી એ પોતાના કારણરૂપ પરમાણુઓમાં લય પામે છે તેથી એ પરમાણુઓ સિવાય બીજો પદાર્થ નથી. અને પરમાણુઓના સમૂહથી પૃથ્વીની કલ્પના કરવામાં આવી છે તેઓ પણ સત્ય નથી કેમકે સઘળા પ્રપંચની પેઠે પરમાણુઓ પણ એમના ખરા કારણના અજ્ઞાનથી જ કલ્પાયા છે ।।૯।।

એ પ્રમાણે બીજાું પણ પાતળું, જાડું, નાનું, મોટું, કારણ કાર્ય, ચેતન અને જડ અને સઘળું દ્વૈત માત્રમાયાથી (અજ્ઞાનથી) જ બનેલું છે. દ્રવ્ય, સ્વભાવ, સંસ્કાર, કાળ અને અદષ્ટ એ સઘળાં મૂળ તત્ત્વ માયાનાં જ નામ છે, અર્થાત્ અજ્ઞાનથી જ કલ્પિત છે એમ જાણ ।।૧૦।।

ત્યારે સાચું શું છે એ જાણવું હોય તો જાણ કે એ એક જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મ જ છે. એના અજ્ઞાનથી દોરીના સર્પની પેઠે આ મિથ્યા ભૂત જગત્ની કલ્પના થઈ છે. એ પરબ્રહ્મ શુદ્ધ છે એક છે એની બહાર કે અન્દર બીજાું કંઈ નથી. એ પોતે જ પરિપૂર્ણ છે. એ સર્વવ્યાપી અને સર્વથા નિર્વિકાર છે. એનું જ નામ 'ભગવાન્' છે

અને એને જ પંડિતજનો 'વાસુદેવ' કહે છે ।।૧૧।।

હે રહૂગણ રાજા! આ પરમાત્મજ્ઞાનની પ્રાપ્તિ કાંઈ તપ કરવાથી થતી નથી, વેદોક્ત કાર્ય કરવાથી થતી નથી, પ્રાણીઓને અન્નાદિકનું દાન કરવાથી થતી નથી, અતિથિ સેવા, દીન સેવા વગેરે ગૃહસ્થોચિત ધર્મોનું પાલન કરવાથી થતી નથી, વેદનો અભ્યાસ કરવાથી થતી નથી તેમ જળ, અગ્નિ કે સૂર્યની ઉપાસના વગેરે કોઈ પણ સાધનથી થઈ શક્તી નથી; માત્ર મહાત્મા પુરુષના ચરણની રજથી પોતાની જાતને નવડાવી દેવાથી જ થાય છે ।।૧૨।।

આનું કારણ એ છે કે મહાપુરુષોના સમાજમાં સદા પવિત્ર કીર્તિવાળા શ્રીહરિનાં ગુણોની ચર્ચા થતી રહેતી હોય છે, જેથી વિષયોની વાત તો પાસે ફરકી પણ શક્તી નથી. અને જ્યારે ભગવત્કથાનું રોજ-રોજ સેવન કરવામાં આવે છે ત્યારે તે મોક્ષની ઈચ્છાવાળા પુરુષની બુદ્ધિને ભગવાન્ વાસુદેવમાં લગાડી દે છે ।।૧૩।।

(વિષયનો સંગ તો યોગથી ભ્રષ્ટ કરનાર છે એ વાત મને પણ પૂરી રીતે વીતેલી છે). હું પૂર્વે ભરત નામનો રાજા હતો, આ લોક તેમ જ પરલોક સમ્બન્ધી તમામ તૃષ્ણા છોડી દઈને ભગવાનનું આરાધન કરતો હતો તો પણ એક મૃગમાં આસક્તિ થવાથી પરમાર્થથી ભ્રષ્ટ થઈ જઈ પછીના જન્મમાં એક મૃગ બનવું પડ્યું ।।૧૪।।

પણ ભગવાન્ શ્રીકૃષ્ણની આરાધનાના પ્રભાવથી એ મૃગયોનિમાં પણ પૂર્વજન્મની મારી સ્મૃતિ ગઈ નહિ. તેથી જ લોકોનો સંગ થઈ જવાની ધાસ્તીને લીધે છાનો અને આસક્તિ રહિત રહીને ગુપ્ત ફરું છું ।।૧૫।।

**તસ્માન્ નરોઽસંગ-સુસંગજાતજ્ઞાનાસિનેહૈવ વિવૃક્ણમોહઃ ।।**
**હરિં તદીહાકથનશ્રુતાભ્યાં લબ્ધસ્મૃતિર્યાત્યતિપારમધ્વનઃ ।।૧૬।।**

(તારામાટે ગાગરમાં સાગર ભરી દઈને સાર કહી દઉં છું કે) વિરક્ત ભગવદીયોના સત્સંગથી પ્રાપ્ત જ્ઞાનરૂપ ખડગ (તલવાર) દ્વારા મનુષ્યે અહીં અને અત્યારે જ પોતાના મોહ બંધનને કાપી નાખવું જોઈએ, પછી તો શ્રીહરિની લીલાઓનાં કથન અને શ્રવણથી ભગવત સ્મરણ ચાલુ રહેવાથી તે સહેલાઈથી જ સંસારમાર્ગને પાર કરી પ્રભુને પ્રાપ્ત કરી શકે છે ।।૧૬।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (બીજા, યોગવડે સ્વરૂપ સ્થિતિ પ્રકરણમાં ભરત ચરિતમાં વૈરાગ્ય નિરૂપણ નામનો છઠ્ઠો) ''જડભરતે રહૂગણના સન્દેહ દૂર કર્યા'' નામનો બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૧૩

# રહૂગણને દઢ વૈરાગ્ય થવામાટે જડભરતે કરેલું ભવાટવીનું વર્ણન

**વિશેષ :** આ તેરમા અધ્યાયમાં વૈરાગ્ય વગરના માણસને બ્રહ્મતત્ત્વનો ઉપદેશ કરવો વૃથા છે. એમ જાણી રહૂગણને દઢ વૈરાગ્ય ઉત્પન્ન કરવાને સારુ જડભરત સંસારને વગડાનું રૂપક આપી વર્ણન કરેછે.

**દુરત્યયેઽધ્વન્યજયા નિવેશિતો રજસ્તમઃસત્ત્વવિભક્તકર્મદક્ ।।**
**સ એષ સાર્થોઽર્થપરઃ પરિભ્રમન્ ભવાટવીં યાતિ ન શર્મ વિન્દતિ ।।૧।।**

**જડભરતે કહ્યું :** આ દુસ્તર પ્રવૃત્તિમાર્ગમાં માયાએ રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણ થી જાુદાં-જાુદાં કર્મોને જન્મ આપ્યો છે. જીવસમૂહ સંઘ આ કર્મોને પોતાનાં કર્તવ્યરૂપ જાણી જેમ કોઈ વાણિયાઓનો સંઘ ધન કમાવવાની ઈચ્છાથી ભટકતો-ભટકતો સંસારરૂપ વગડામાં નીકળી ગયો છે, પરન્તુ એને જરાય સુખ મળતું નથી ।।૧।।

હે રાજા! એ સંઘનો નાયક[૧] દુષ્ટ હોવાથી એ વગડામાં[૨] છ ચોર[૩] બળાત્કારથી એને લૂંટી[૪] લે છે, જેમ વરું ઘેટાંનાં ટોળામાં ઘૂસી જઈને[૫] એમને ખેંચી જાય તેમ શિયાળિયાં[૬] એ ટોળામાં ઘૂસી જઈને ગાફેલ રહેનારાં સંઘનાં માણસોને આમ-તેમ ખેંચી લઈ જાય છે ।।૨।।

**વિશેષ :** ૧. બુદ્ધિ ૨. આ તેરમા અધ્યાયમાં વર્ણવેલા પદાર્થોનું વ્યાખ્યાન જો કે ચૌદમા અધ્યાયમાં શુકદેવજીએ જ આપેલું છે તો પણ આ પ્રકરણ વાંચતા સહેલાઈથી સમજાઈ શકે એટલામાટે થોડું-થોડું નીચે વ્યાખ્યાન આપેલું છે; અને એમાં વગડાના તથા સંસારના પક્ષમાં સમાનતા હોવાથી જ્યાં બીજો અર્થ લખવાની જરૂર નથી જણાઈ તેથી ત્યાં લખ્યો નથી. ૩.ઈન્દ્રિયો ૪. ધર્મમાં ઉપયોગ ન થાય તેવા ધનને ઉપયોગદ્વારા લૂંટી લેશે ૫. સ્ત્રી, છોકરાં વગેરે. ૬. તું મારો ધણી અને તું મારો બાપ એવી ઢબથી ઘૂસી જઈને.

અતિશય લતા, ખડ અને ઝાંખરાંથી ભરેલી દુર્ગમ ઘાઢી જગ્યામાં ભયંકર ડાંસ અને મચ્છરો એમને ભારે પીડા[૧] કરે છે. કોઈ ઠેકાણે એ સંઘ ગન્ધર્વ નગરને સાચું માની[૨] મોટા વેગથી જતા આગિયા વેતાળને[૩] લેવાનું મન કરે છે ।।૩।।

**વિશેષ :** ૧. તૃષ્ણા અને કર્મ વગેરેથી ગાઢ ગૃહસ્થાશ્રમમાં દુર્જનો પીડા કરે છે. ૨.

ગન્ધર્વપુરની પેઠે મિથ્યા છતાં દેખવામાં આવતાં દેહાદિકને સત્ય માને છે. ૩. આગિયો વેતાલ=જેના મોઢામાંથી આગના ભડકા નીકળતા હોય તેવું ભૂત. ભૂતના ભડકા જેવું સોનું.

ઉતારાના જગ્યા, જળ અને ધનની લાલચથી એ વણજાર એ વગડામાં આમ તેમ દોડ્યા કરે છે.[૧] કોઈ ઠેકાણે આંખોમાં ધૂળ[૨] ભરાઈ જતાં એ સંઘ વંટોળિયાના[૩] પવનને લીધે ઊડેલી ધૂળથીજ છવાઈ ગયેલી દિશાઓનેપ જાણતો નથી ।।૪।।

**વિશેષ** : ૧. આ વિષય વગડો અને સંસાર બન્નેમાં સરખોજ છે. ૨. રજોગુણ ૩. સ્ત્રી ૪. રાગાદિક ૫. કર્મના સાક્ષીરૂપ દિશાનાદેવો.

તમરાં[૧] એમને નજરે દેખાતા નથી પણ એમના અવાજથી કાનને પીડા થાય છે. ઘુવડના[૨] ઘુઘવાટથી એમના અન્તઃકરણમાં વ્યથા થાય છે. ભૂખનો માર્યો એ અપવિત્ર ઝાડને[૩] સેવે છે તો કોઈ વખત તરસથી વ્યાકુલ થઈ ઝાંઝવાંનાંજ પાણી પીવાને દોડે છે ।।૫।।

**વિશેષ** : ૧. પરોક્ષ અપ્રિય બોલનાર ૨. પ્રત્યક્ષ અપ્રિય બોલનાર લોકો ૩. અધર્મી લોકો ૪.ખોટા વિષયો.

કોઈ વખત પડી જવાથી શરીર ભાંગી જાય અને દુઃખ થાય તથા પાણી વગરની નદીઓમાં[૧] જાય છેતો કોઈ વખત અન્ન ખૂટી જતાં બીજાઓ[૨] પાસેથી લેવાને ઇચ્છે છે. કોઈ વખત દાવાનળમાં[૩] ઘૂસી અગ્નિથી[૪] દાઝી જતાં અકળાઈ જાય છે તો કોઈ વખત યક્ષલોકો[૫] એમના પ્રાણ[૬] ખેંચવા લાગે છે તેથી તે અકળાઈ ઊઠેછે ।।૬।।

**વિશેષ** : ૧. આ લોક અને પરલોક માં દુઃખદાયી પાખંડોમાં મળે છે. ૨. પુત્રો અને ભાઈઓ વગેરે પાસેથી ૩. ઘર ૪. શોક ૫. યક્ષ જેવા રાજાઓ ૬. ધન.

બીજા જોરાવર લોકો ધન હરી લે છે તેથી તેઓ ખેદ કરે છે, મૂંઝાય છે અને મૂર્છિત થઈ જાય છે; તો કોઈ વાર *ગન્ધર્વપુરમાં પેસીને બધું દુઃખ ભૂલી જઈ સુખિયાની પેઠે થોડો સમય આનન્દ પણ માણી લે છે ।।૭।।

**વિશેષ** : ગન્ધર્વપુરની પેઠે ખોટા બાપ-દીકરા વગેરેના સમાજમાં.

કયારેક વળી તે પર્વતો ઉપર ચડવા માગે છે તો કાંટા અને કાંકરાં પગમાં વાગવાથી[૧] મનની મનમાં[૨] રહી જાય છે, ગમગીન બની જાય છે. કુટુમ્બ-નિર્વાહનું સાધન ન હોવાથી ભૂખની અગનમાં[૩] સીઝતા પોતાના જ કુટુમ્બીજનોને કરડવા દોડે છે (વૃથા ક્રોધ કરે છે) ।।૮।।

**વિશેષ** : ૧. વિઘ્નો નડે છે ૨. મોટું કામ કરવાની ઈચ્છા ૩. જઠરાગ્નિ-ભૂખ.

ક્યારેક વળી અજગરનો કોળિયો[1] બની જઈ વનમાં ફેંકી દીધેલ મુડદાની જેમ પડ્યો રહે છે. એ વખતે કંઈ સૂધ બુધ હોતી નથી. તો ક્યારેક વળી બીજાં ઝેરી જાનવર[2] કરડવા[3] લાગે છે તો એના વિષના પ્રભાવથી અન્ધ[4] થઈ જઈ કોઈ અન્ધારિયા કૂવામાં[5] પડી જાય છે. અને ઘોર દુઃખમય અન્ધકારમાં બેહોશ પડ્યો રહે છે ।।૯।।

**વિશેષ** : ૧. નિદ્રા ૨. દુર્જનો ૩. પીડા કરતાં ૪. વિવેક હીન ૫. મોહ.

ક્યારેક મધ[1] લેવા જાય છે તો મધ માખીઓ[2] તેને કરડે છે[3] અને એનું બધું અભિમાન ઓગળી જાય છે. મહા મહેનતે કદાચ તે મળી પણ જાય તો બીજા લોકો બળજબરીથી તે પડાવી લે છે ।।૧૦।।

**વિશેષ** : ૧. પર સ્ત્રી વગેરે ૨. એમના માલિકો ૩. મારવા લાગવાથી.

કોઈ વખતે ટાઢ, તડકો, વાયુ અને વરસાદથી બચવાનો ઉપાય નહિ બનતાં એ એમ ને એમ જ બેસી રહે છે તો કોઈ વખતે થોડી ઘણી લેવડ-દેવડ કરતાં ધનની બાબતમાં ઠગાઈ કરવાથી દ્વેષનું પાત્ર બને છે ।।૧૧।।

કોઈ-કોઈ ઠેકાણે ધન ખૂટી જતાં એ વગડામાં પથારી, આસન, રહેવાને માટે સ્થાન કે સેર સપાટા મારવામાટે વાહન કશું જ મળતું નથી તેથી બીજા પાસે માગે છે પણ જોઈતી વસ્તુ ન મળવાથી પારકી વસ્તુ લઈ લેવાની ઈચ્છા કરે છે અને તેથી અપ માનિત થાય છે ।।૧૨।।

એકબીજા સાથે ચીજવસ્તુઓની લેવડ-દેવડ કરતાં વૈર વધી જાય છે. પરસ્પરમાં વિવાહ વગેરેના સમ્બન્ધો કરે છે. ઘણાં કષ્ટ, પરિશ્રમ, ધન હાનિ, દ્વેષ વગેરેને લીધે તે વગડામાં મૂએલા જેવો થઈ જાય છે ।।૧૩।।

વગડાના માર્ગમાં જે કોઈ મરી જાય છે તેને ત્યાં જ મૂકી દેવામાં આવે છે. જેઓ નવા જન્મે છે તેમને સાથે લઈ એ સંઘ આગળ ચાલ્યા કરે છે. વીરવર એમાંથી કોઈપણ પ્રાણી નથી તો આજ સુધીમાં પાછું આવ્યું કે ન તો કોઈએ આ સંકટમય માર્ગને પાર કરી પરમાનન્દમય યોગનું શરણ લીધું ।।૧૪।।

શૂરવીરો, દિગ્વિજય કરનારા પુરુષો પણ ''આ પૃથ્વી મારી છે'' એમ પૃથ્વીને સારુ જ વૈર બાંધીને લડી મરે છે તો પણ નિવૈર્રપણાથી રહેનારો સન્ન્યાસી જે અવિનાશી વિષ્ણુપદને પામે છે તે સ્થાનકને તો કોઈ પામી શક્તું નથી ।।૧૫।।

આ ભવાટવીમાં[1] ભટકતા આ વણજારાનું દલ કયારેક કોઈ લતાની[2] ડાળીઓનો[3] આશ્રય લે છે. અને એના ઉપર રહેતાં મધુરભાષી પક્ષીઓના મોહમાં ફસાઈ જાય છે, કયારેક, વળી ક્યાંક તો સિંહોના[4] યૂથથી ડરી જઈ બગલા, સમડી અને ગીધોની[5] સાથે પ્રેમ કરે છે ।।૧૬।।

**વિશેષ** : ૧. સિંહાવલોકનની રીતથી પાછું સંસારરૂપી વગડાનું જ વર્ણન કરે છે ૨. સ્ત્રીઓ ૩.શાખાના જેવા કૂણા કૂણા હાથ ૪. કાળચક્રથી થતાં જન્મમરણાદિક ૫. બગલાના જેવા ઠગ, કાગડાના જેવા ક્ષુદ્ર અને ગીધ જેવા ક્રૂર પાખંડીઓનાંટોળાં.

એ બગલા વગેરે એને ઠગી લે છે તેથી એના સંગમાં કાંઈ ફળ નથી એમ જાણી એ હંસોનાં[1] ટોળામાં પેસે છે અને હંસોની રીત ભાત પસન્દ નહિ આવતાં વાન્દરાને[2] મળે છે. એ વાન્દરાંની રમત ગમતથી તથા એક બીજાનાં[3] મોઢાં જોવામાં એ પોતાના જીવનની અવધિને ભૂલી જાય છે ।।૧૭।।

**વિશેષઃ** ૧. બ્રાહ્મણો ૨. પ્રાયશ્ચિત્ત પૂર્વક પુનઃસંસ્કાર કરાવવા વગેરે બ્રાહ્મણોની રીત ભાત પસંદ નહિ પડતાં વાન્દરાના જેવા આચારભ્રષ્ટ (માર્ગી સાધુ વગેરે.) લોકોને મળે છે ૩.સ્ત્રી પુરુષો.

એ વૃક્ષોમાં[1] રમવાની ઈચ્છા કરતાં પુત્ર અને સ્ત્રીના સ્નેહપાશમાં બંધાઈ જાય છે. મૈથુનની વાસના તો એટલી બધી જોર કરે છે. જાત જાતના દુર્વ્યવહારથી રાંક બની જવા છતાં વિવશ થઈને પોતાના બંધનને તોડવાનું સાહસ પણ કરતો નથી. કયારેક ગફાલતથી પર્વતની ગુફામાં[2] પેસી જાય છે અને ગુફાના હાથીથી[3] ભય પામી એક લતાને[4] લટકી રહે છે ।।૧૮।।

**વિશેષ** : ૧. ઘર ૨. ભયંકર રોગ વગેરે દુઃખ ૩. મૃત્યુ ૪. પ્રારબ્ધકર્મ.

જો કેમેય કરીને આ આફતમાંથી છૂટે તો પાછો સંઘમાં (પ્રવૃત્તિ માર્ગ.) જ જઈ મળે છે ।।૧૯।।

આ વગડાના માર્ગમાં માયાએ નાંખી દીધેલા અને ભટકયા કરતા કોઈ પણ માણસને ઠેઠસુધી પોતાના પરમ પુરુષાર્થનો પત્તો જ લાગતો નથી. હે રહૂગણ રાજા! તું પણ એ સંઘમાંનો જ છે. દંડનો ત્યાગ કરી, પ્રાણીઓની સાથે મિત્રતા કરી અને વિષયોમાંથી આસક્તિ છોડી દઈને ભગવાનની સેવાથી સજ્જ કરેલી જ્ઞાનરૂપ તલવાર લઈ આ માર્ગનો પાર પામી જા ।।૨૦।।

**રહૂગણ રાજાએ કહ્યું** : અહો! સઘળા જન્મોમાં માણસનો જન્મ જ સૌ કરતાં

ઉત્તમ છે. સ્વર્ગાદિકમાં દેવતાઓના અવતારો આવે પણ એને પણ શું કરવું? કેમકે એ બીજા અવતારોમાં ભગવાનના યશથી ચિત્તને શુદ્ધ કરનારા આપ જેવા મહાત્માઓનો અધિકાધિક સમાગમ મળતો નથી ।।૨૧।।

આપનાં ચરણારવિન્દની રજનું સેવન કરવાથી બધાંય પાપ-તાપ નષ્ટ થઈ જાય અને ભગવાનની નિર્મળ ભક્તિ થાય એમાં કંઈ આશ્ચર્ય નથી. આપના બે ઘડીના સત્સંગથી જ મારું કુતર્ક મૂલક અજ્ઞાન નાશ પામ્યું છે ।।૨૨।।

બ્રહ્મજ્ઞાનીઓમાં જે વયો વૃદ્ધ છે એમને નમસ્કાર કરું છું; જે બાળક હોય એમને નમસ્કાર, જે યુવા હોય અને એમને નમસ્કાર અને જે ક્રીડારત બાલક હોય[1] તેમને પણ નમસ્કાર કરું છું, જે બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ[2] અવધૂતના વેષમાં પૃથ્વી ઉપર ફરતા રહે છે એમના દ્વારા અમારા જેવા ઐશ્વર્યથી ઉન્મત્ત રાજાઓનું કલ્યાણ હો ।।૨૩।।

**વિશેષ** : ૧. બ્રહ્મવેત્તાઓ કેવાં રૂપથી વિચરે છે એ નહિ જાણવામાં આવવાથી સઘળાઓને નમસ્કાર કરે છે.

૨. પોતાના દાખલા ઉપરથી રાજાઓ તરફથી મહાત્માઓનું અપમાન થતું જાણીને કહે છે.

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પરીક્ષિત રાજા! એ પ્રમાણે પરમ પ્રભાવશાલી બ્રહર્ષિ પુત્ર જડભરતે પોતાનું અપમાન કરનારા રહૂગણ રાજાને પણ કરુણાથી બ્રહ્મ વિદ્યાનો ઉપદેશ કર્યો. (વન્દન કર્યું) પછી *તેઓ પરિપૂર્ણ સમુદ્રની માફક શાન્તચિત્ત થઈ, ઇન્દ્રિયોનો નિરોધ કરી પૃથ્વી ઉપર ફરવા લાગ્યા ।।૨૪।।

**વિશેષ** : આનો મોક્ષ એકાદશ સ્કન્ધમાં કહેવાશે.

એમના સત્સંગથી પરમાત્મતત્ત્વનું જ્ઞાન મેળવીને રહૂગણે પણ અન્તઃકરણમાં અવિદ્યાને લીધે ઘર કરી બેઠેલી દેહાત્મબુદ્ધિને છોડી દીધી. રાજન્ જે લોકો ભગવદાશ્રિત અનન્ય ભક્તોનું શરણું લઈ લે છે એમનો આવો જ પ્રભાવ હોય છે- એમની પાસે અવિદ્યા ઠરી શકતી નથી ।।૨૫।।

**યો હ વા ઇહ બહુવિદા મહાભાગવત ત્વયાભિહિતઃ ... સમવેતાનુકલ્પેન નિર્દિશ્યતામિતિ ।।૨૬।।**

***રાજા પરીક્ષિતે કહ્યું** : મહાભાગવત મુનિ શ્રેષ્ઠ! આપ પરમ વિદ્વાન છો. આપે રૂપક વગેરે દ્વારા પરોક્ષરૂપથી (આડકતરી રીતે) જીવોના આ જે સંસારરૂપ માર્ગનું વર્ણન કર્યું છે તે વિષયની કલ્પના (રચના,સર્જન) વિવેકી પુરુષોની બુદ્ધિએ

કરી છે; અલ્પ બુદ્ધિવાળા પુરુષોની સમજમાં એ સુગમતાથી ઊતરે એવી નથી. તેથી મારી વિનંતી છે કે આ કઠિન વિષયના રૂપકનું સ્પષ્ટી કરણ કરતા શબ્દોથી ફોડ પાડીને સમજાવો ।।૨૬।।

**વિશેષ** : અધિકારી સ્કન્ધ નિરૂપણમાં પરીક્ષિતને ઉત્તમાધિકારી બતાવ્યો છે. આવા ઉત્તમાધિકારી પણ ઉપરનું વર્ણન ન સમજી શકે અને ઉદાહરણ સાથે સમજાવવા પ્રાર્થના કરે અને જેની ગણના ઉત્તમાધિકારીમાં નથી તેવા રહૂગણને આ કથા સમજાઈ જાય એનું કારણ એમ સમજવું કે રહૂગણ માર્યાદામાર્ગીય હોવાથી એમાં વ્યવહારિક સંસ્કારો ઉદ્ભુત હોવાથી સમજી શકે અને પરીક્ષિત જન્મથી જ પ્રભુની લીલાઓમાં પરાયણ ચિત્તવાળો હોવાથી એ ન સમજી શકે એ સ્વભાવિક છે, કારણ કે ઉત્તમ ભક્તો કેવળ પ્રભુની લીલાઓ જ સારી પેઠે સમજે છે.

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (બીજા, યોગથી સ્વરૂપસ્થિતિ પ્રકરણમાં પરોક્ષ વ્યાખ્યાન નામનો સાતમો) ''રહૂગણને દઢ વૈરાગ્ય થવામાટે જડભરતે કરેલું ભવાટવીનું વર્ણન'' નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત જઈને મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર, તેમાટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(?) ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

## અધ્યાય ૧૪
## ભવાટવીનું સ્પષ્ટીકરણ

**વિશેષ** : આ ચૌદમાં અધ્યાયમાં, સંસારને વગડાનું રૂપક આપ્યું છે. એનું વ્યાખ્યાન કરતાં સંસારના પક્ષમાં શિયાળિયાં અને મચ્છર વગેરેના અર્થની કલ્પના કહેવામાં આવશે.

**ય એષ દેહાત્મમાનિનાં સત્ત્વાદિગુણવિશેષવિકલ્પિત... અવરુન્ધેયસ્યામુ હવા એતે ષડિન્દ્રયનામાનઃ કર્મણા દસ્યવ એવ તે ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : રાજન્! સત્ત્વ વગેરે જુદાં-જુદાં ગુણોના ભેદથી સારાં,

નરસાં અને મિશ્ર કર્મોથી બનેલા જુદાં-જુદાં પ્રકારના અનેક અવતારોમાં *દેહને આત્મા કરી માનનારાઓનાં જન્મમરણાદિક થાય છે અને તેઓ મન સહિત છ ઇન્દ્રિયોરૂપી દ્વારથી જન્મમરણાદિક અનાદિ સંસારને ભોગવે છે. પરમેશ્વરને અધીન રહેનારી માયાને લીધે આ સંસારરૂપી વગડાના વિષમ માર્ગમાં આ જીવલોક આવી પડ્યો છે. જેમ વાણિયાઓનો સંઘ ધન કમાવાની ઇચ્છાથી પરદેશ જતાં વગડામાં ચાલ્યો જાય તેમ સ્મશાન જેવા અમંગળરૂપ સંસારરૂપી વગડામાં એ ચાલ્યો જાય છે અને પોતાના દેહથી બનાવેલાં કર્મોનાં ફળ ભોગવ્યા કરે છે. ઉદ્યોગ કરે છે તેમાં પણ ઘણાખરા ઉદ્યોગો વ્યર્થ જાય છે; કેટલાકમાં ઘણાં વિઘ્નો નડે છે. એટલું છતાં ભક્તિ એ સંસારના તાપને મટાડનારો એવો ભગવાન્ શ્રીહરિ અને ગુરુનાં ચરણકમળને ભ્રમરની પેઠે સેવનારા ભક્ત લોકોનો માર્ગ છે તેમાં જે મને શરણે આવે છે તે જ મારી માયાને તરી શકે છે. પરન્તું એને એ અદ્યાપિ પામતો નથી. એ વગડામાં છ ઇન્દ્રિયો ચોરનું કામ કરે છે ।।૧।।

**વિશેષ** : ''સ્થાનાદ્ બીજાદુપષ્ટમ્ભાન્ નિષ્પન્દાન્નિધનાદપિ, કાયમાધેયશૌચત્વાત્ પંડિતા હ્યશુચિં વિદુ:'' પંચમહાભૂતો પૃથ્વી આદિથી, વીર્ય આદિથી બીમારી અને મૃત્યુ આદિથી અને માત્ર ઉપરથી જ પવિત્ર થતા દેહને સુજ્ઞપુરુષો અપવિત્ર કહે છે.

માણસે ઘણાં કષ્ટથી ધન મેળવેલું છે તેનો ઉપયોગ પર લોકને સારુ ભગવાનની આરાધનાના કર્મરૂપી ધર્મના કાર્યમાં લેવું યોગ્ય છે, પરન્તુ એ એનો જોવું, સ્પર્શ કરવો, સાંભળવું, સૂંઘવું, સ્વાદ લેવો, સંકલ્પ-વિકલ્પ કરવો અને નિશ્ચય કરવો; આ વૃત્તિઓદ્વારા ઘર સમ્બન્ધી તુચ્છ સુખો ભોગવવામાં ઉપયોગ કરે છે. ચોર લોકો જેમ ખરાબ ભોમિયાવાળા અને ગાફેલ સંઘનું ધન લૂંટી જાય તેમ ખરાબ બુદ્ધિવાળા અને અજિતેન્દ્રિય માણસના ધનને લૂંટી જાય છે ।।૨-૩।।

એ જ નહિ તે સંસાર વનમાં રહેનારા એના કુટુમ્બીઓ પણ જે નામથી તો સ્ત્રી-પુત્રાદિ કહેવાય છે પણ જેમનાં કામો સાક્ષાત્ વરુઓ અને શિયાળવા જેવા હોય છે. તેઓ અત્યન્ત લોભિયા માણસે ઘણા યત્નથી સાચવી રાખેલા ધનને એની મરજી નહિ છતાં જોત જોતામાં જેમ ઘેટાંને વરુ લઈ જાય તેમ લઈ જાય છે. ખેતર વરસો-વરસ ખેડાતું હોય છતાં જો ધરતીમાં રહેલાં બીજને બાળી નાંખવામાં ન આવે તો એ ખેતર ફરી વાર વાવતી વેળા જાળાં ઘાસ અને વેલાઓથી ગહન થઈ જાય છે તેમ આ ગૃહસ્થાશ્રમ પણ કર્મભૂમિ છે. એમાં પણ કર્મોનો સર્વથા ઉચ્છેદ કદી થતો નથી કારણ

કે તે વાસનાઓનો કરંડિયો છે ।।૪।।

આ સંસારમાં આવી પડેલા માણસના ધનરૂપ બહારનાં પ્રાણને ડાંસ અને મચ્છર જેવા નીચ માણસોથી તેમ જ તીડ, પક્ષીઓ, ચોર અને ઉન્દર વગેરેથી ઉપદ્રવ થયા જ કરે છે. એ આ માર્ગમાં કયાંનો કયાં ભટકયા કરે છે. જો કે ગન્ધર્વ નગરીની પેઠે તમામ મિથ્યા છે. તો પણ આ મનુષ્યલોક અજ્ઞાન, વાસના અને કર્મ થી દૂષિત મનથી દષ્ટિદોષને લીધે એને સાચો કરી માને છે ।।૫।।

એ ખાન, પાન અને સ્ત્રી પ્રસંગ વગેરે વ્યસનોમાં લમ્પટ થઈને કોઈ વખતે ઝાંઝવાંનાં પાણી જેવા વિષયોની પાછળ દોડે છે ।।૬।।

કયારેક વળી બુદ્ધિ રજોગુણથી પ્રભાવિત થતાં, બધાં જ અનર્થોના મૂળ અગ્નિના મલરૂપ સોનાને (વિતલના વર્ણનમાં સુવર્ણ અગ્નિની વિષ્ઠા છે એમ કહેવાશે.) જ સુખનું સાધન સમજીને તે મેળવવામાટે લાલાયિત થઈ એવી રીતે આન્ધળી દોટ મૂકે છે. જેમ વનમાં કકડતી ઠંડીથી થથરતો માણસ અગ્નિને માની એની પાછળ દોડે છે તેમ તે દોટ મૂકે છે ।।૭।।

કોઈ વખતે નિવાસની જગ્યા, પાણી, ધન વગેરે પોતાનાં નિર્વાહનાં સાધન મેળવવાની લાલચથી આ સંસારરૂપ વગડામાં ચારે બાજુએ દોડ્યા કરે છે ।।૮।।

કયારેક આન્ધીની માફક આંખોમાં ધૂળ ઝીંકનારી સ્ત્રી ગોદમાં બેસાડી દે છે ત્યારે તત્કાલ રાગાન્ધ જેવો થઈ જઈ સત્પુરુષોની મર્યાદાને પણ અભરાઈ ઉપર ચડાવી દે છે. એ વખતે આંખોમાં રજોગુણની ધૂળ ભરાઈ જવાથી બુદ્ધિ એવી મલિન થઈ જાય છે કે કર્મોના સાક્ષી દિશાઓના દેવતાઓને પણ તે ભૂલી જાય છે ।।૯।।

કોઈ-કોઈ વાર વિષયો વ્યર્થ છે એવું એની મેળે મનમાં આવી જાય છે તો પણ અનાદિ કાલથી દેહમાં આત્મબુદ્ધિ થઈ ગયેલ હોવાથી ભૂલાઈ જવાય છે અને વળી પાછું ઝાંઝવાંનાં પાણી જેવા એ વિષયોની પાછળ ભૂલથી દોડે છે ।।૧૦।।

કયારેક પ્રત્યક્ષ અવાજ કરનારા ઘુવડ જેવા શત્રુઓની માફક અને પરોક્ષરૂપે બોલનારાં તમરાંની માફક રાજાની અતિ કઠોર અને ફફડાવી નાખનારી ભયંકર ધમકીઓથી એના કાન અને મન ને ત્રાસ પહોંચે છે ।।૧૧।।

પૂર્વ જન્મનાં પુણ્ય ખવાઈ ગયાં હોય છે ત્યારે જીવતે મૂએલો પોતે જેમનું ધન કારસ્કર અને કાકતુંડ વગેરે ઝેરી ફલવાળાં પાપ વૃક્ષો અને એવી જ લતા અને ઝેરી

કૂવાની પેઠે આલોક કે પરલોક ના પ્રયોજન રહિત છે તેવા જીવતા જ મરેલા લોકોની પાસે જાય છે ।।૧૨।।

કોઈ વખત નીચ લોકોના પ્રસંગથી ઠગાઈને પાણી વગરની નદીમાં પડતો હોય તેમ આલોક-પરલોકમાં દુઃખ દેનારા પાખંડ ધર્મમાં ફસાઈ જાય છે ।।૧૩।।

જ્યારે બીજાને સતાવવાથી એને અન્ન પણ નથી મળતું ત્યારે તો પોતાના સગા પિતાપુત્રોને અથવા પિતાપુત્રોનું એક તણખલું પણ જેમની પાસે જુએ છે એમને ફાડી ખાવામાટે તૈયાર થઈ જાય છે ।।૧૪।।

કોઈ વખતે પ્રિય વિષયો વગરના અને પરિણામે દુઃખમય દાવાનળની પેઠે એ ઘર પામે છે અને પછી ઈષ્ટજનોના વિયોગ આદિથી એના શોકની આગળ સળગી ઊઠે છે અને તે બહુ જ ખેદ પામે છે ।।૧૫।।

કોઈ વખતે કાળગતિને લીધે રાજકીય લોકોરૂપી રાક્ષસો પ્રતિકૂળ થઈ એના ધનરૂપ પ્રાણને હરી લે છે ત્યારે હર્ષ જતો રહેતાં એ મડદા જેવો થઈ બેસી રહે છે ।।૧૬।।

કોઈ વખતે મનોરથોના પદાર્થ સમાન તદ્દન અસત્ સાચા માની એ સ્વપનના જેવા ક્ષણિક આનન્દનો અનુભવ કરે છે ।।૧૭।।

ગૃહસ્થાશ્રમને માટે જે કર્મ વિધિનો મહાન વિસ્તાર કરવામાં આવ્યો છે તેનું અનુષ્ઠાન કોઈ પર્વતના કરાળ ચઢાણ જેવું જ છે. લોકોને એ દિશામાં પ્રવૃત્ત થયેલ જોઈ એમની દેખાદેખી કરી જ્યારે તે પણ એ આચરવા મથે છે ત્યારે જાતજાતની મુશ્કેલીઓથી હેરાન થઈ, કાંટા અને કાંકરાથી છવાયેલી જમીન ઉપર આવી ચડેલી કોઈ વ્યક્તિની માફક દુઃખી-દુઃખી થઈ જાય છે ।।૧૮।।

કોઈ વખતે એ સહન ન થાય એવા જઠરાગ્નિ (ભૂખ) થી અધીરો થઈ જાય છે અને પોતાના કુટુમ્બ ઉપર જ ક્રોધ કરે છે ।।૧૯।।

જ્યારે એ જ માણસને પાછો નિદ્રારૂપ અજગર ગળી જાય છે ત્યારે એ ભારે અન્ધારામાં ડૂબી જાય છે અને જાણે ઉજ્જ્ડ વગડામાં સૂતો હોય તેવો થઈ જાય છે અને વગડામાં ફેંકી દીધેલા શબની પેઠે એ બીજાું કશું જાણતો નથી ।।૨૦।।

કોઈ વખતે જ્યારે દુર્જનરૂપ ઘાતકી પ્રાણીઓ એના ગર્વરૂપ દાંત જેનાથી એ બીજાને કરડતો હતો તે તોડી નાખે છે. (માનભંગ કરે છે) ત્યારે એને ક્ષણ માત્ર પણ નિદ્રા આવતી નથી, મનમાં વ્યથાને લીધે જ્ઞાનક્ષય પામતાં આન્ધળાની પેઠે

નરકરૂપ અન્ધારાં કૂવામાં પડે છે ।।૨૧।।

કોઈ વખતે એ વિષય સુખરૂપ મધનાં ટીપાં શોધતાં પરસ્ત્રી અને પરદ્રવ્ય ને ઝડપે છે ત્યારે એના સ્વામી અથવા રાજા એને મારી નાખે છે અને તરતજ એ અપાર નરકમાં પડેછે ।।૨૨।।

તેથી જ એમ કહેવાય છે કે પ્રવૃત્તિમાર્ગમાં રહીને કરવામાં આવતા લૌકિક અને વૈદિક બન્ને પ્રકારનાં કર્મજીવની સંસારની જ પ્રાપ્તિ કરાવે છે ।।૨૩।।

કદાચ ઉપર કહેલા મારમાંથી એ છૂટી જાય તો એની પાસેથી એ પદાર્થને દેવદત્ત (બીજો માણસ) લઈ લે છે. અને દેવદત્ત પાસેથી પણ વિષ્ણુમિત્ર (ત્રીજો માણસ) લઈ લે છે. આમ એ ઓ કોઈ એને ભોગવી શક્તા નથી ।।૨૪।।

કોઈ વખતે ટાઢ અને તડકા દ્વારા આધિદૈવિક, બીજા આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખોનું નિવારણ કરવામાં અશક્ત હોવાથી એ અપાર ચિન્તામાં મૂંઝાઈ બેસી રહે છે ।।૨૫।।

કોઈ વખતે પરસ્પર લેવડ-દેવડ કરતાં થોડું ઘણું, અરે કોડી જેટલું અલ્પ ધન પણ અત્યન્ત લોભને લીધે બીજાઓ પાસેથી ઠગી લે છે એમ કરવાથી એ દ્વેષનું પાત્ર થાય છે ।।૨૬।।

આ સંસારરૂપ માર્ગમાં રાજન્! પૂર્વોક્ત વિઘ્નો ઉપરાન્ત સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ભય, અભિમાન, પ્રમાદ-ઉન્માદ, શોક-મોહ, લોભ, મત્સર, ઈર્ષ્યા, અપમાન, ભૂખ-તરસ, મન-દેહની પીડા, જન્મ, જરા અને મરણ વગેરે બીજી અનેક અડચણો છે ।।૨૭।।

કોઈ વખતે ભગવાનની માયારૂપ સ્ત્રી પોતાની હાથરૂપ લતાથી આલિંગન કરે છે ત્યારે વિવેકજ્ઞાનથી ભ્રષ્ટ થઈને આકુળ થાય છે, સ્ત્રીને વિહાર કરવાના ઘરનો આરમ્ભ કરવામાં આકુળ થાય છે. એને જ આશ્રિત પુત્ર અને પુત્રી અને અન્ય સ્ત્રીઓના મીઠા-મીઠા બોલથી, દષ્ટિથી તથા ચેષ્ટાઓથી એનું મન હરાઈ જાય છે અને એવી રીતે એ ઇન્દ્રિયોનો ગુલામ પોતાના આત્માને અપાર અને ઘાટા અજ્ઞાનમાં ધકેલી દે છે ।।૨૮।।

કાલચક્ર સાક્ષાત્ ભગવાન્ વિષ્ણુનું આયુધ છે. તે પરમાણુથી લઈને બે પરાર્ધ (વર્ષ) પર્યન્ત ક્ષણ, ઘટિકા આદિ અવયવોવાળું છે. તે નિરન્તર સાવધાન રહીને ઘૂમ્યા કરે છે. જલદી-જલદી બદલાતી અવસ્થાઓ બાલપણ, જુવાની, ઘડપણ જ

એનો વેગ છે. એની મારફત તે બ્રહ્માથી લઈ તુચ્છમાં તુચ્છ તણખલાં સુધી બધાં ભૂતોનો નિરન્તર સંહાર કરતું રહે છે. કોઈ પણ એની ગતિમાં હરકત પહોંચાડી શક્તું નથી. એનાથી ડરીને પણ જેનું આ કાલચક્ર નિજી આયુધ છે એ સાક્ષાત્ ભગવાન્ યજ્ઞપુરુષની આરાધના છોડી આ મન્દગતિ મનુષ્ય પાખંડીઓના જ ચક્કરમાં પડી એમના કાગડા, ગીધ, બગલા અને વટ પક્ષી જેવા આર્ય શાસ્ત્ર-બહિષ્કૃત દેવતાઓનો આશ્રય લે છે, જેમનો માત્ર વેદબાહ્ય અપ્રામાણિક આગમોએ જ ઉલ્લેખ કર્યો છે ।।૨૯।।

આ પાખંડીઓ તો પોતે જ ઠગાઈને બેઠા છે; જ્યારે આ પણ એમની ઠગાઈમાં સપડાઈ દુઃખી થાય છે ત્યારે તે બ્રાહ્મણોનું શરણું લે છે. પણ યજ્ઞોપવીત સંસ્કાર પછી શ્રૌતસ્માર્ત (વેદો અને સ્મૃતિઓમાં કહેલાં) કર્મોથી ભગવાન્ યજ્ઞપુરુષની આરાધના કરવી વગેરે જે એમનો શાસ્ત્રોક્ત આચાર છે તે એને સારો નથી લાગતો તેથી વેદોક્ત આચારને અનુકુલ પોતાનામાં શુદ્ધિ ન હોવાથી તે કર્મહીન શૂદ્રકુલમાં પ્રવેશ કરે છે, જેનો સ્વભાવ વાનરોની જેમ માત્ર કુટુમ્બપોષણ અને સ્ત્રી સેવન કરવાનો જ છે ।।૩૦।।

ત્યાં રોકટોક વિના બેલગામ (નિરંકુશ) વિહાર કરવાથી એની બુદ્ધિ અત્યન્ત દીન થઈ જાય છે અને એકબીજાનું મોં જોવું કે વિષય ભોગોમાં લપટાઈ એને પોતાના મૃત્યુ સમયનું પણ ભાન રહેતું નથી ।।૩૧।।

લૌકિક સુખ જ જેમનું ફલ છે એવાં વૃક્ષો (દ્રૂમ=ગતિરહિત-શરણાગતિ રહિત જડ પદાર્થ) જેવાં ઘરોમાં જ સુખમાની વાનરોની માફક સ્ત્રીપુત્રાદિમાં આસક્ત થઈ જઈ તે પોતાનો બધો જ સમય મૈથુનાદિ ભોગોમાં જ વેડફી નાખે છે ।।૩૨।।

એ પ્રમાણે પ્રવૃત્તિમાર્ગમાં પડી આ સંસારરૂપ વગડાના માર્ગમાં સુખદુઃખાદિક ભોગવતાં રોગરૂપ પર્વતની ગુફામાં ફસાઈ જઈ મૃત્યુરૂપ હાથીથી ડરતો રહે છે ।।૩૩।।

કયારેક-કયારેક ઠંડી, વાયુ વગેરે અનેક પ્રકારના આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખોની નિવૃત્તિ કરવામાં તે નિષ્ફળ થઈ જાય છે ત્યારે અપાર વિષયોની ચિન્તાથી તે ખિન્ન થઈ જાય છે ।।૩૪।।

કયારેક પરસ્પર ખરીદ-વેચાણ આદિ સોદા કરવાથી બહુ કંજૂસાઈ કરવાથી એને થોડું ઘણું ધન મળી જાય છે ।।૩૫।।

કોઈ વખતે ધન ખૂટી જવાથી એને પથારી, આસન અને અન્ન વગેરે ઉપભોગ મળતા નથી. એ જે કાંઈ મનોરથ કરે છે તે વ્યર્થ જાય છે તેથી એ જતી રહેલી વસ્તુ પાછી મેળવવાનો નિશ્ચય કરે છે તેથી ચારે બાજૂએથી લોકોના અપમાનને પાત્ર થાય છે ।।૩૬।।

એ પ્રમાણે ધનની આસક્તિથી પરસ્પર વેર વધી જવા છતાં તે પોતાની પૂર્વ વાસનાઓને વશ થઈ આપસમાં વિવાહાદિ સમ્બન્ધ જોડતો અને તોડતો રહે છે ।।૩૭।।

આ સંસારમાર્ગમાં ચાલતો આ જીવ અનેક પ્રકારના કલેશ અને વિઘ્ન–બાધાઓથી હેરાન થવા છતાં માર્ગમાં જેના ઉપર જ્યાં આપત્તિ આવે છે કે કોઈ મરી જાય છે તેને ત્યાં છોડી દે છે અને નવા જન્મેલાઓને સાથે રાખે છે; કયારેક કોઈને માટે શોક કરે છે, કોઈનું દુઃખ જોઈ મૂર્છિત થઈ જાય છે, કોઈનો વિયોગ થવાની આશંકાથી બીએ છે, કોઈની સાથે વિવાદ કરે છે, કોઈ આપત્તિ આવે તો ચીસો પડે છે, કયારેક કાંઈ ધાર્યા પ્રમાણે થાય તો ફૂલાઈ જાય છે, કયારેક ગાવા માંડે છે અને કયારેક એમને જ માટે બંધનમાં જકડાતાં પણ સંકોચ નથી કરતો, સાધુ પુરુષો એની પાસે ક્યારેય નથી આવતા, પરિણામે ભગવદીયોનો સંગ તો તેને મળતો જ નથી જયાંથી એની યાત્રા શરૂ થઈ અને જેને આ માર્ગની અન્તિમ અવધિ કહેવાય છે એ પરમાત્માની પાસે એ આજ સુધી પાછો ફર્યોનથી ।।૩૮।।

પરમાત્મા સુધી તો યોગશાસ્રની પણ ગતિ નથી. જેમણે બધી જ જાતના દંડ–શાસનનો ત્યાગ કરી દીધો છે તે નિવૃત્તિ પરાયણ સંયમી મુનિજનો જ એમને પ્રાપ્ત કરી શકે છે ।।૩૯।।

જો કે મોટા–મોટા રાજર્ષિઓ દિગ્વિજય અને યજ્ઞ કરી ગયા છે તો પણ તેઓ સઘળા લડાઈમાં જ મરી ગયા છે. તેઓએ આ પૃથ્વીમાં જ મમતાને લીધે અનેક–અનેક વૈર કર્યાં હતાં તો પણ છેવટ પૃથ્વીને મૂકીને તેઓ ચાલ્યા ગયા છે. આ સંસારને તેઓ પણ નથી તરી શકતા ।।૪૦।।

કદાચ કર્મરૂપ વેલને પકડી એ કોઈ પ્રકારે નરકની આપદામાંથી છૂટે તો પણ પાછો સંસારના માર્ગમાં ભટકતાં–ભટકતાં આ જનસમુદાયમાં જ મળી જાય છે. એ જ દશા સ્વર્ગ વગેરે ઊર્ધ્વ લોકોમાં જનારાની પણ છે ।।૪૧।।

રાજન્! પંડિત લોકો એ ભરતચરિત્રને નીચે પ્રમાણે કહે છે. ''જેમ માખી

ગરુડની બરાબરી મનથી પણ કરી શકે નહિ તેમ ઋષભદેવજીના પુત્ર એ મહાત્મા ભરતજીના માર્ગને કોઈ રાજા મનથી અનુસરવાને સમર્થ નથી ।।૪૨।।

એ ભરતે પુણ્ય કીર્તિ ભગવાન્‌માં આસક્તિને લીધે જુવાનીમાં જ મનોરમ સ્ત્રીઓ, દીકરા અને દુસ્ત્યજ સમ્બન્ધીઓ અને રાજ્યનો, વિષ્ઠાની પેઠે ત્યાગ કરી દીધો હતો ।।૪૩।।

જેનો ત્યાગ કરવો ઘણો જ કઠણ છે તેવા પૃથ્વી, પુત્ર, સ્વજનો, સમ્પત્તિ અને સ્ત્રીઓને તથા દેવતાઓ પણ જેને માગે છે તેવી અને પોતાની કૃપાદષ્ટિને ઈચ્છતી લક્ષ્મીને પણ ભરતજીએ લેશ માત્ર ઈચ્છી નહોતી. એ વાત મહાત્મા પુરુષોને ઘટે છે, કારણ કે જેમનું ચિત્ત ભગવાનની સેવામાં અનુરક્ત થઈ ગયું હોય તેઓ મોક્ષને પણ તુચ્છ ગણે છે ।।૪૪।।

હરણનું શરીર છોડવાની ઈચ્છા થતાં એમણે ઉચ્ચ સ્વરથી કહ્યું હતું કે ધર્મના પતિ (રાખણહાર) ધર્માનુષ્ઠાનમાં નિપુણ, યોગ ગમ્ય, સાંખ્યના પ્રતિપાદ્ય, પ્રકૃતિના સ્વામી, યજ્ઞમૂર્તિ સર્વના અન્તર્યામી શ્રીહરિને નમસ્કાર કરું છું'' ।।૪૫।।

**ય ઈદં ભાગવતસભાજિતાવદાતગુણકર્મણો રાજર્ષેઃ ભરતસ્ય અનુચરિતં ... આશાસ્તે ન કાંચન પરત ઈતિ ।।૪૬।।**

રાજન્! રાજર્ષિ ભરતના પવિત્ર ગુણ અને કર્મો ની ભક્ત જનો પણ પ્રશંસા કરે છે. એમનું આ ચરિત્ર ઘણું કલ્યાણ કારક આયુષ્ય વધારનાર, ધન, યશ, સ્વર્ગ અને મોક્ષ ને આપનાર છે. જે માણસ એનું શ્રવણ કરે, વર્ણન કરે અને પ્રશંસા કરે તેની બધી કામનાઓ સ્વતઃ જ પૂર્ણ થઈ જાય છે; બીજાઓ પાસે એને કંઈ માગવું પડતું નથી ।।૪૬।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (બીજા, યોગવડે સ્વરૂપ સ્થિતિ નામના પ્રકરણમાં ભરત ચરિતમાં આઠમો) ''ભવાટવીનું સ્પષ્ટીકરણ'' નામનો ચૌદમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**

કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે(શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવી ગટર જેવી વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારા શ્રોતાઓને શ્રીમહાપ્રભુજી શું સમજતા હશે?

# ત્રીજું જ્ઞાનવડે સ્વરૂપસ્થિતિ પ્રકરણ

## અધ્યાય ૧૫

## ભરતવંશના રાજાઓનું વર્ણન

**વિશેષ :** એવી રીતે આઠ અધ્યાયથી ભરતજીનું ચરિત્ર કહ્યું. હવે આ પન્દરમા અધ્યાયમાં જ્ઞાનવડે સ્વરૂપસ્થિતિ કહેવામાટે એમના વંશના રાજાઓનું વર્ણન કહેવામાં આવશે.

**ભરતસ્યાત્મજઃ સુમતિર્નામાભિહિતો યમુ હ વાવ કેચિત્ ... સ્વમનીષયા પાપીયસ્યા કલૌ કલ્પયિષ્યન્તિ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ભરતજીનો પુત્ર સુમતિ નામનો થયો એ પહેલા કહેવાઈ ગયું છે. એ સુમતિ ઋષભદેવજીના માર્ગને અનુસર્યા; તેને લીધે કળીયુગમાં કેટલાએક અનાર્ય પાખંડી લોકો પોતાની દુષ્ટ બુદ્ધિથી જો કે વેદમાં એને દેવ ગણ્યો નથી તો પણ એ દેવ હતો એમ માનશે ।।૧।।

એ સુમતિને વૃદ્ધસેના નામની સ્રીથી દેવતાજિત નામે પુત્ર થયો ।।૨।।

દેવતાજિતને અસુરી નામની સ્રી હતી તેનાથી એને દેવદ્યુમ્ન થયો. દેવદ્યુમ્નને ધેનુમતી નામની સ્રીથી પરમેષ્ઠી નામે પુત્ર થયો. પરમેષ્ઠીને સુવર્ચલા નામની સ્રીથી પ્રતીહ નામનો પુત્રથયો ।।૩।।

એ પ્રતીહે ઘણા લોકોને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરી શુદ્ધચિત્ત થઈ પોતે પણ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો હતો ।।૪।।

પ્રતીહને સુવર્ચલા નામની સ્રીથી પ્રતિહર્તા, પ્રસ્તોતા અને ઉદ્ગાતા નામે ત્રણ પુત્રો થયા. તેઓ કર્મકાંડમાં કુશળ હતા. પ્રતિહર્તાને સ્તુતિ નામની સ્રીથી અજ અને ભૂમા નામના બે પુત્ર થયા ।।૫।।

ભૂમાને ઋષિકુલ્યા નામની સ્રીથી ઉદ્ગીથ નામે પુત્ર થયો. ઉદ્ગીથને દેવકુલ્યા નામની સ્રીથી પ્રસ્તાવ અને પ્રસ્તાવને નિયુત્સાના ગર્ભથી વિભુ નામનો પુત્ર થયો. વિભુને રતિ નામની સ્રીથી પૃથૃષેણ નામે પુત્ર થયો પૃથૃષેણને આકૃતિ નામની સ્રીથી નક્ત નામે પુત્ર થયો. નક્તને દ્રૂતિ નામની સ્રીથી મહાન રાજર્ષિ અને ઉત્તમ કીર્તિવાળો ગય નામનો પુત્ર થયો. ગયને જગત્‌ની રક્ષા માટે સત્ત્વગુણનો સ્વીકાર કરનાર સાક્ષાત્ ભગવાન્ વિષ્ણુના અંશ માનવામાં આવે છે. સંયમ વગેરે અનેક ગુણોને લીધે એમની (ગયની) મહાપુરુષોમાં ગણના થાય છે ।।૬।।

મહારાજ ગયે પ્રજાનાં પાલન, પોષણ, રઞ્જન, લાડ-પ્યાર અને શાસન વગેરે કરી તથા અનેક પ્રકારના યજ્ઞો કરી નિષ્કામ ભાવથી માત્ર ભગવત પ્રેમને માટે પોતાના ધર્મનું આચરણ કર્યું તેથી એનાં બધાં જ કર્મો સર્વશ્રેષ્ઠ પરમ પુરુષ પરમાત્મા શ્રીહરિને અર્પણ થવાથી પરમાર્થરૂપ બની ગયાં હતા. તેથી તથા બ્રહ્મવેત્તા મહાપુરુષોના ચરણોની સેવાથી એમને ભક્તિયોગની પ્રાપ્તિ થઈ, પછી તો અખંડ ભગવત સ્મરણ કરી તેમણે પોતાનું ચિત્ત શુદ્ધ કર્યું અને દેહાદિ અનાત્મ વસ્તુઓમાંથી અહં ભાવ હટાવી પોતાના આત્માનો બ્રહ્મરૂપે અનુભવ કરવા લાગ્યા. આટલું હોવા છતાં તે નિરાભિમાન રહીને પૃથ્વીનું પાલન કરતા રહ્યા ।।૭।।

હે પરીક્ષિત રાજા! ઈતિહાસવેત્તાઓ એનું ચરિત્ર નીચે પ્રમાણે વર્ણવે છેઃ ।।૮।।

"ગય રાજાના જેવાં કામ બીજો કયો રાજા કરી શકે? ભગવાનના અંશરૂપ ગય રાજા વિના વિધિવત્ યજ્ઞ કરનાર, સર્વલોકને માનપાત્ર, ઘણું જાણનાર, ધર્મનું રક્ષણ કરનાર, લક્ષ્મીના પ્રિય પાત્ર તથા સત્પુરુષોના શિરોમણિ સત્પુરુષોનો સાચો સેવક બીજો કયો રાજા હોઈ શકે? ।।૯।।

સતી અને સાચાં આશીર્વચન આપતી શ્રદ્ધા, મૈત્રી અને દયા વગેરે દક્ષની કન્યાઓએ એનો ગંગા વગેરે નદીઓનાં જળથી અભિષેક કર્યો હતો. જો કે એ રાજાના મનમાં કશી આશ નહોતી તો પણ પૃથ્વીએ, ગાયને જે પ્રમાણે વાછરડા ઉપરના સ્નેહથી પાસો મૂકી દૂધ દે છે તે જ પ્રમાણે એમના ગુણો ઉપર પ્રસન્ન થઈ પ્રજાને ધન, રત્ન આદિ બધા ઈચ્છિત પદાર્થો આપ્યા હતા. એ પોતે નિષ્કામ હતા તો પણ વેદોક્ત કર્મોએ એને બધી જાતના ભોગ આપ્યા ।।૧૦।।

યુદ્ધ સ્થલમાં એમના બાણોથી સત્કાર પામી અનેક પ્રકારની ભેટો રાજાઓએ આપી અને બ્રાહ્મણોએ દક્ષિણા વગેરે ધર્મથી સન્તુષ્ટ થઈ એમને પર લોકમાં મળનાર પોતાના ધર્મ ફલનો છઠ્ઠો ભાગ આપતા હતા* ।।૧૧।।

**વિશેષ** : જે રાજા ધર્મમાર્ગથી પ્રજાપાલન કરતો હોય તેને પ્રજાના પુણ્યમાંથી છઠ્ઠો ભાગ મળે છે એમ ધર્મ શાસ્ત્રમાં લખ્યું છે. પુણ્યષડ્ ભાગમાદત્તે ન્યાયેન પરિપાલયન્।

એના યજ્ઞમાં ઈન્દ્રને ઘણું સોમપાન કરવાથી ઘેન ચડી ગયું હતું તથા એના અત્યન્ત શ્રદ્ધા અને શુદ્ધ અવિચળ ભક્તિથી અર્પણ કરેલા યજ્ઞફળને યજ્ઞસ્વરૂપ ભગવાને પ્રત્યક્ષ પ્રકટ થઈને ગ્રહણ કર્યું હતું ।।૧૨।।

જેમના તૃપ્ત થવાથી બ્રહ્માજીથી માંડી દેવતા, મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ અને

તૃણ પર્યન્ત બધા જીવ તત્કાલ તૃપ્ત થઈ જાય છે તે વિશ્વાત્મા શ્રીહરિ નિત્યતૃપ્ત હોવા છતાં રાજર્ષિ ગયના યજ્ઞમાં તૃપ્ત થઈ ગયા હતા. તેથી તેની બરાબરી કોઈ બીજી વ્યક્તિ કેવી રીતે કરી શકે?'' ।।૧૩।।

એ ગય રાજાને ગયન્તી નામની રાણીથી ચિત્રરથ, સુગતિ અને અવરોધન એ નામના ત્રણ પુત્રો થયા. ચિત્રરથને ઊર્ણા નામની સ્ત્રીથી સમ્રાડ નામે પુત્ર થયો ।।૧૪।।

સમ્રાડને ઉત્કલા નામની સ્ત્રીથી મરીચિ નામે પુત્ર થયો. મરીચિને બિન્દુમતી નામની સ્ત્રીથી બિન્દુમાન નામનો પુત્ર થયો. બિન્દુમાનને સરઘા નામની સ્ત્રીથી મધુ નામે પુત્ર થયો. મધુને સુમના નામની સ્ત્રીથી વીરવ્રત નામનો પુત્ર થયો. વીરવ્રતને ભોજા નામની સ્ત્રીથી મન્થુ અને પ્રમન્થુ નામના બે પુત્ર થયા. મન્થુને સત્યા નામની સ્ત્રીથી ભૌવન નામે પુત્ર થયો. ભૌવનને દુષણા નામની સ્ત્રીથી ત્વષ્ટા નામે પુત્ર થયો. ત્વષ્ટાને વિરોચના નામની સ્ત્રીથી વિરજ નામનો પુત્ર થયો. વિરજને વિષૂચી નામની સ્ત્રીથી સો પુત્ર થયા હતા, જેમા શતજિત સૌથી મોટો હતો. એને એક ક્યા પણ થઈ હતી ।।૧૫।।

**પ્રૈયવ્રતં વંશમિમં વિરજશ્ચરમોદ્‌ભવઃ।**
**અકરોદત્યલં કીર્ત્યા વિષ્ણુઃ સુરગણં યથા ।।૧૬।।**

વિરજના વિષયમાં નીચે પ્રમાણે શ્લોક પ્રસિદ્ધ છેઃ''જેમ વિષ્ણુ પોતાની કીર્તિથી દેવોના સમૂહને બહુ જ શોભાવે છે તેમ છેલ્લા ઉત્પન્ન થયેલા વિરજ રાજાએ આ પ્રિયવ્રતના વંશને પોતાની કીર્તિથી બહુ જ શોભાવ્યો હતો'' ।।૧૬।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (ત્રીજા જ્ઞાનવડે સ્વરૂપસ્થિતિ પ્રકરણમાં ભરત વંશની ઉત્તમતા નામનો પહેલો) ''ભરતના વંશના રાજાઓનું વર્ણન'' નામનો પંદરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**

કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

## પ્રકરણ ૪ઃ ભૂમિની દેશસ્થિતિ

## અધ્યાય ૧૬

## જમ્બૂદ્વીપના નવ ખંડોનું વર્ણન તથા મેરુપર્વતની સ્થિતિ

**વિશેષ** : પન્દર અધ્યાયવડે સ્વરૂપ સ્થિતિનું વર્ણન થયું, હવે અગિયાર અધ્યાયવડે દેશ સ્થિતિનું વર્ણન આરમ્ભાય છે. તેમાં પહેલા પાંચ અધ્યાયવડે ભૂમિનું નિરૂપણ કરવામાં આવશે. આ સોળમા અધ્યાયમાં જમ્બૂદ્વીપના નવ ખંડ અને નીચે ઉપર ફરતા ઘેરાવાથી પૃથ્વીરૂપ કમળની ડાંડી જેવી મેરુ પર્વતની સ્થિતિ કહેવાશે.

**ઉક્તઃ ત્વયા ભૂમંડલાયામ્ અવિશેષો યાવદાદિત્યઃ તપતિ યત્ર ચાસૌ જ્યોતિષાં ગણૈશ્ચન્દ્રમા વા સહ દશ્યતે ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછ્યું** : જેટલામાં સૂર્ય પ્રકાશે છે અને નક્ષત્રોના ગણ સહિત ચન્દ્રમા જ્યાં દેખાય છે તેટલો ભૂમંડળનો વિસ્તાર છે એમ આપ કહી ગયા છો ।।૧।।

તેમાં પણ પ્રિયવ્રતના રથનાં પૈડાંની સાત લીકોથી સાત સમુદ્રો થયા છે તે સમુદ્રો ઉપરથી આ પૃથ્વીમાં સાત દ્વીપની રચના થઈ છે એમ આપે જણાવ્યું છે. હે સમર્થ ભગવન્! હવે હું એ સઘળી બાબતને એનાં પ્રમાણ અને લક્ષણ સાથે જાણવા ઈચ્છુ છું ।।૨।।

કારણ કે જે મન ભગવાનના આ ગુણમય સ્થૂલ વિગ્રહ (શરીર) માં લાગી શકે છે તે જ એમના વાસુદેવ નામના સ્વયં પ્રકાશ, નિર્ગુણ, બ્રહ્મરૂપ, સૂક્ષ્મતમ સ્વરૂપમાં પણ લાગે એવો સમ્ભવ છે. તેથી ગુરુદેવ! આ વિષયનું વિશદ રૂપથી વર્ણન કરવાની આપ કૃપા કરો ।।૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે રાજા! ભગવાનની માયાના ગુણોનો વિસ્તાર એટલો અનન્ત છે કે દેવોના આયુષ્ય જેટલો કાળ જાય તો પણ ન તો એ માણસના મનમાં આવી શકે કે ન તો વચનથી વર્ણવી શકાય. માટે અમે મુખ્ય-મુખ્ય બાબતો લઈ ભૂગોળની રચનાનું નામ એના રૂપ પરિમાણ અને લક્ષણની વિશેષતાઓનું વ્યાખ્યાન કરીશું ।।૪।।

આ જમ્બૂદ્વીપ-જેમાં આપણે રહીએ છીએ-ભૂમંડળરૂપ કમલના કોશ સ્થાનીય જે સાત દ્વીપ છે. એમાં સૌથી અન્દરનો કોશ છે. એનો વિસ્તાર એક લાખ યોજન

છે અને તે કમલપત્રના જેવા ગોળાકાર છે ।।૫।।

આ દ્વીપમાં નવ ખંડ છે તે પ્રત્યેકનો વિસ્તાર નવ-નવ હજાર *યોજનનો છે. એ ખંડોની સીમા આઠ પર્વતો તેમની ચોક્કસ હદ બાંધી વિભક્ત કરે છે ।।૬।।

**વિશેષ :** ભદ્રાશ્ચ અને કેતુમાલ ખંડ સિવાય બાકીના ખંડો નવ-નવ હજાર યોજનના છે. એમ સમજવું કેમકે એ બે ખંડો તો ચોત્રીશ ચોત્રીશ હજાર યોજનના વિસ્તારવાળા છે.

એના મધ્યમાં ઇલાવૃત નામનો દશમો ખંડ છે. એ ઇલાવૃતના મધ્યમાં કુલ પર્વતોનો રાજા મેરુ પર્વત છે. એ મેરુ પર્વત આખો સોનાનો છે, લાખ યોજન ઊંચો છે અને ભૂમંડળરૂપ કમળની ડાંડીરૂપ છે. એ મેરુનો વિસ્તાર શિખર ઉપર બત્રીસ હજાર યોજન અને તળેટીમાં સોળ યોજન છે. ધરતીમાં એનો પાયો પણ સોળ હજાર યોજન ઊંડો છે. અર્થાત્ પૃથ્વીના બહાર એની ઊંચાઈ ચોરાસી હજાર યોજન છે ।।૭।।

ઈલાવૃતની ઉત્તરમાં અનુક્રમે નીલશ્વેત અને શૃંગવાન્ નામના ત્રણ રમ્યક્, હિરણ્મય અને કુરુ નામના ખંડોની સીમા બાંધે છે. એ પૂર્વથી પશ્ચિમ તરફ ખારા સમુદ્ર સુધી વિસ્તરેલા છે, બબ્બે હજાર યોજન પહોળા છે. એ પર્વતોમાં પહેલા કરતાં પછીનો પર્વત ક્રમશઃ એક એકથી દસમા ભાગથી કાંઈક વધારે લંબાઈમાં ઓછો છે ।।૮।।

એવી રીતે ઇલાવૃત ખંડની દક્ષિણ તરફમાં નિષધ, હેમકૂટ અને હિમાલય નામના ત્રણ પર્વતો છે. નીલાદિ પર્વતોની જેમ એ પણ પૂર્વ પશ્ચિમમાં ફેલાયેલા છે અને દશ દશ હજાર યોજન ઊંચા છે એનાથી ક્રમશઃ હરિવર્ષઃ, કિં પુરુષ અને ભારતવર્ષની સીમાઓ જાુદી પડે છે ।।૯।।

એવી રીતે જ ઇલાવૃતની પૂર્વ અને પશ્ચિમ તરફ માલ્યવાન્ અને ગન્ધમાદન નામના પર્વતો છે. એ ઉત્તરમાં નીલપર્વત અને દક્ષિણમાં નિષધ સુધી લાંબા છે અને બબ્બે હજાર યોજન પહોળા છે. એ પર્વતો કેતુમાલ અને ભદ્રાશ્ચ ખંડની સીમા નિશ્ચિત કરે છે ।।૧૦।।

એ સિવાય મન્દર, મેરુ મન્દર, સુપાર્શ્વ અને કુમુદ નામના દશ દશ હજાર યોજન ઊંચા અને તેટલા જ પહોળા પર્વતો મેરુ (મેરું પર્વત સુવર્ણમય છે અને એની આકૃતિ મન્થન દંડના જેવી છે. આ કથા અષ્ટમ સ્કન્ધમાં કહેવાશે.) પર્વતની ચાર દિશાઓમાં આધારભૂત સ્તમ્ભ જેવા આવેલા છે ।।૧૧।।

આ ચારે પર્વતોની ઉપર એમની ધ્વજાઓ જેવા અનુક્રમે આમ્બો, જામ્બુ, કદમ્બ અને વડનાં ચાર મોટા ઝાડ છે તેમાંનું દરેક અગિયાર સો યોજન ઊંચું છે; શાખાઓનો વિસ્તાર પણ એવડો જ છે અને સો-સો યોજન જાડું છે ।।૧૨।।

એ પર્વતોની ઉપર દૂધનો, મધનો, શેરડીનો અને મીઠા પાણીનો એમ અનુક્રમે ચાર સરોવરો છે. તેમનું સેવન કરનાર યક્ષ કિન્નરાદિ ઉપદેવોને યોગસિદ્ધિઓ સ્વભાવથીજ પ્રાપ્ત છે ।।૧૩।।

એ પર્વતો ઉપર અનુક્રમે નન્દન, ચૈત્રરથ, વૈભ્રાજક અને સર્વતોભદ્ર નામના દિવ્ય ચાર બગીચા પણ છે ।।૧૪।।

એમાં મુખ્ય-મુખ્ય દેવગણ અનેક સુરસુન્દરીઓના નાયક બની સાથે વિહાર કરે છે એ વખતે ગન્ધર્વાદિ ઉપદેવગણ એમના મહિમાની સ્તુતિ કરતા રહે છે ।।૧૫।।

મન્દર પર્વતની ગોદમાં અગિયારસો યોજન ઊંચા દેવતાઓના આંબામાંથી પર્વતના શિખર જેવડાં મોટા અને અમૃત જેવાં સ્વાદિષ્ટ ફળ પડે છે ।।૧૬।।

એ ફળો નીચે પડીને ફાટી જતાં એની અત્યન્ત મધુર સ્વભાવિક સુગન્ધી અને લાલ-લાલ રંગનો પુષ્કળ રસ વહેવા લાગે છે તે જ અરુણોદા નામની નદીમાં પરિણત થાય છે. તે નદી મન્દરાચલના શિખર પરથી પડે છે અને પૂર્વ તરફ ઇલાવૃત ખંડને ભીંજવી દે છે ।।૧૭।।

એ રસનું સેવન કરનારી યક્ષલોકોની સ્ત્રીઓ, જેઓ પાર્વતીની દાસીઓ છે તેમના અવયવોના સ્પર્શથી સુગન્ધી થયેલો વાયુ દશ દશ યોજન સુધી ચારે તરફ સુગન્ધ ફેલાવે છે ।।૧૮।।

એવી જ રીતે મોટે ભાગે ઠળિયા વગરનાં અને હાથી જેવડાં જામ્બુ ઊંચેથી પડી ફાટી જતાં એના રસમાંથી જમ્બૂ નદી વહે છે. એ દશ હજાર યોજન ઊંચા મેરુમન્દર પર્વતના શિખર ઉપરથી પડી ઇલાવૃતની દક્ષિણ ભૂભાગઉપર વહેછે ।।૧૯।।

એના બન્ને કાંઠાની માટી એ જમ્બૂના રસથી ભીંજાઈ છે અને વાયુ તથા સૂર્યના સંયોગથી સુકાઈ જાય છે ત્યારે તે જ જામ્બુનદ નામનું સોનુ બની જાય છે જે દેવલોકને વિભૂષિત કરે છે ।।૨૦।।

એ સોનાને દેવો, ગન્ધર્વો વગેરે પોતાની તરુણી સ્ત્રીઓ સાથે મુકુટ, કડાં અને કટિમેખલા વગેરે આભૂષણરૂપે ધારણ કરે છે ।।૨૧।।

સુપાર્શ્વ પર્વત ઉપર ઊગેલું જે મોટું કદમ્બનું ઝાડ છે તેનાં કોતરોમાંથી પાંચ-

પાંચ વામ જાડી પાંચ મધની ધારાઓ નીકળ્યા કરે છે તે સુપાર્શ્વના શિખર ઉપરથી પડીને પશ્ચિમ તરફ ઈલાવૃત ખંડને પોતાની સુગન્ધથી સુવાસિત કરે છે ।।૨૨।।

એ મધની ધારાઓનો ઉપયોગ કરનારા લોકોના શ્વાસથી સુગન્ધિત થયેલો વાયુ ચારે બાજુએ સો-સો યોજન સુધી એની સુગન્ધ ફેલાવી દે છે ।।૨૩।।

આ જ પ્રમાણે કુમુદ પર્વત ઉપર જે શતવલ્શ નામનું વડલાનું વૃક્ષ છે એની જટાઓમાંથી નીચે વહેતા અનેક નદ નીકળે છે. એ બધા ઈચ્છા પ્રમાણે ભોગ દેનારા છે. એમાંથી દૂધ, દહીં, મધ, ઘી, ગોળ, અન્ન વગેરે વસ્ત્ર, શય્યા, આસન અને આભૂષણ આદિ બધાજ પદાર્થ મળી શકે છે એ બધાં કુમુદના શિખરના ઉપરથી પડી ઈલાવૃત્તના ઉત્તરના ભાગને સીંચે છે ।।૨૪।।

એમના આપેલા પદાર્થોનો ઉપભોગ કરવાથી ત્યાંની પ્રજાની ચામડીમાં કરચલીઓ પડવી, વાળ સફેદ થઈ જવા, થાક લાગવો શરીરમાં પસીનો થવો તથા દુર્ગન્ધ નીકળવી, ઘડપણ, રોગ, મૃત્યુ, શરદી ગરમીની પીડા, શરીરનું નિસ્તેજ થઈ જવું, અંગો તૂટવાં વગેરે પીડાઓ કદી સતાવતી નથી અને એમને જીવન પર્યન્ત પૂરેપુરું સુખ મળે છે ।।૨૫।।

રાજન્! કમલની કર્ણિકાની ચારે બાજુ જેવી રીતે કેસર હોય છે તેવી જ રીતે મેરુના મૂલદેશમાં ચારે તરફ કુરંગ કુરર, કુસુમ્ભ, વૈકંક, ત્રિકૂટ, શિશિર, પતંગ, રુચક, નિષધ, શિનીવાસ, કપિલ, શંખ, વૈદૂર્ય, જારુધિ, હંસ, ઋષભ, નાગ, કાલઞ્જર અને નારદ વગેરે બીજા વીશ પર્વત છે ।।૨૬।।

એ સિવાય પૂર્વમાં જઠર અને દેવકૂટ નામના બે પર્વતો છે, જે અઢાર હજાર યોજન ઉત્તર તરફ લાંબા છે અને બબ્બે હજાર યોજન પહોળા તથા ઊંચા છે. એવી રીતે મેરુની પશ્ચિમ દિશામાં પવન તથા પારિયાત્ર, દક્ષિણ દિશામાં કૈલાસ અને કરવીર નામના બબ્બે પર્વતો પૂર્વ તરફ લાંબા છે. ઉત્તર તરફ ત્રિશૃંગ-મકર નામના બે પર્વતો છે. તે આઠ પર્વતોથી ઘેરાયેલો સોનાનો *મેરુપર્વત અગ્નિની પેઠે ચારે બાજુએથી ઝળહળે છે ।।૨૭।।

**વિશેષ** : મેરુ પર્વત પર નવ પુરીઓ છે. તેનાં નામ અનુક્રમે મનોવતી, અમરાવતી, તેજોવતી, સંયમિની, કૃષ્ણાંગના, શ્રદ્ધાવતી, ગન્ધવતી, મહોદયા અને યશોવતી.

કહે છે કે મેરુપર્વતના શિખરઉપર બરાબર વચમાં ભગવાન્ બ્રહ્માજીની

સુવર્ણમયી પુરી છે જે આકારમાં સમચોરસ અને કરોડ યોજન વિસ્તારવાળીછે ।।૨૮।।

**તામનુ પરિતો લોકપાલાનામષ્ટાનાં યથાદિશં યથારૂપં તુરીયમાનેન પુરોઽષ્ટાવુપક્લૃપ્તાઃ ।।૨૯।।**

એની નીચે પૂર્વાદિ આઠ દિશા અને ઉપદિશાઓમાં એના અધિપતિ ઈન્દ્રાદિ આઠ લોકપાલોની આઠ પુરીઓ છે. તે પોત પોતના સ્વામીને અનુરૂપ તે-તે દિશાઓમાં જ છે તથા માપમાં બ્રહ્માજીની પુરીની ચોથાઈ-ચોથો ભાગ છે ।।૨૯।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (ચોથો ભૂમિની દેશસ્થિતિ નામના પ્રકરણમાં પહેલો) ''જમ્બુદ્વીપના નવ ખંડોનું વર્ણન તથા મેરુપર્વતની સ્થિતિ'' નામનો સોળમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્ાવૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા**
**અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. (શ્રીવલ્લભાચાર્ય)**
પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ લોકોને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

## અધ્યાય ૧૭
## ગંગાજીનું દિશાઓમાં ગમન
## તથા સદાશિવે કરેલી સંકર્ષણની સેવા

**વિશેષ** : આ સત્તરમાં અધ્યાયમાં ચાર દિશાઓમાં ગંગાજીનાં વહેણની અને ઈલાવૃત ખંડમાં સદાશિવે કરેલા સંકર્ષણના સેવનની કથા કહેવાશે.

**તત્ર ભગવતઃ સાક્ષાદ્યજ્ઞલિંગસ્ય વિષ્ણોર્ વિક્રમતો ... કાલેન યુગસહસ્રોપલક્ષણેન દિવો મુર્દ્ધન્યવતતાર યત્તદ્વિષ્ણુપદમ્ આહુઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : સાક્ષાત્ વામન ભગવાને બલિ રાજાના યજ્ઞમાં વિરાટ

સ્વરૂપ ધારણ કરી જમણા ચરણથી પૃથ્વીને દબાવી, પોતાના ડાબા ચરણને ઊંચું કર્યું ત્યારે એ ચરણના અંગૂઠાના નખથી બ્રહ્માંડનો ઉપલો ભાગ ફૂટી ગયો તેના છિદ્રમાંથી બ્રહ્માંડના બહારના (આવરણના) જળની ધારા જે અન્દર આવી તે ધારા હજારયુગ જેટલા લાંબા કાળ પછી સ્વર્ગને માથે ધ્રૂવલોકમાં પ્રવેશી. એ ધારાથી ભગવાનનું ચરણ ધોવાતાં ચરણ ઉપરનાં રાતાં કેસરથી એ ધારા રંગાઈ ગઈ એને લીધે તે ધારાનો માત્ર સ્પર્શ સર્વ જગત્‌ના પાપરૂપ મેલને મટાડે છે છતાં પોતે પાપના સમ્બન્ધથી રહિત નિર્મલ જ રહે છે. પહેલાં તો એને બીજા કોઈ નામથી ન ઓળખાવતાં એને 'ભગવત્પદી' જ કહેવામાં આવતી પરન્તુ, પાછળથી તે-તે પ્રસંગો ઉપરથી જાહ્‌નવી અને ભાગીરથી વગેરે નામોથી ઓળખાવા લાગી. હજારો યુગો વીતી ગયા પછી એ ધારા સ્વર્ગના શિરો ભાગમાં આવેલ ધ્રુવલોકમાં ઉતરી, જેને 'વિષ્ણુપદ' પણ કહેવામાં આવે છે ।।૧।।

વીરવ્રત પરીક્ષિત એ ધ્રુવલોકમાં ઉત્તાનપાદના પુત્ર પરમ ભગવદીય ધ્રુવજી રહે છે. તે રોજ-રોજ ઊભરાતા ભક્તિ ભાવથી ''આ અમારા કુળ દેવતાનું ચરણોદક છે'' એમ માની આજ પણ એ જલને અત્યન્ત આદરપૂર્વક મસ્તક ઉપર ચઢાવે છે. તે વખતે પ્રેમાવેશને લીધે એમનું હૃદય અત્યન્ત ગદ્‌ગદ થઈ જાય છે. ઉત્કંઠાથી વિવશ થઈ મીંચેલા બેઉ નેત્ર કમલોમાંથી નિર્મલ અશ્રુધારા વહેવા લાગે છે અને શરીરમાં રોમાંચ થઈ જાય છે ।।૨।।

ત્યાર પછી આત્મનિષ્ઠ સપ્તર્ષિગણ એમનો પ્રભાવ (માહાત્મ્ય) જાણતા હોવાથી આ જ તપસ્યાની આત્યન્તિક (ઉત્તમોત્તમ) સિદ્ધિ છે એમ માની એને આજ પણ આદરપૂર્વક પોતાના જટા-જૂટઉપર એવીજ રીતે ધારણ કરે છે કે જેવી રીતે મુમુક્ષુઓ પ્રાપ્ત થયેલી મુક્તિને. આમ તો તેઓ સરાસર નિષ્કામ છે; સર્વાત્મા ભગવાન્ વાસુદેવની નિશ્ચલ ભક્તિનેજ પોતાનું પરમધન માની એમણે બીજી બધી કામનાઓને ત્યજી દીધી છે. ત્યાં સુધી કે આત્મજ્ઞાનને પણ તેઓ એ (ભક્તિ)ની આગળ તૃણવત્ લેખેછે ।।૩।।

ત્યાંથી ગંગાજી કરોડો વિમાનોથી ઘેરાએલા આકાશમાં થઈને ઊતરે છે અને ચન્દ્રમંડલને ભીંજવતી મેરુના શિખર ઉપર બ્રહ્માજીની નગરીમાં પડે છે ।।૪।।

ત્યાં એ સીતા, અલકનન્દા, ચક્ષુ અને ભદ્રા નામથી ચાર ધારાઓમાં વહેંચાઈ જાય છે તથા અલગ-અલગ ચાર દિશાઓમાં વહીને અન્તમાં નદ-નદીઓના પતિ

સમુદ્રમાં ભળી જાય છે ।।૫।।

એમાં સીતા નામની ધારા બ્રહ્માજીના સ્થાનકમાંથી કેસરાચલ વગેરે પર્વતનાં સર્વોચ્ચ શિખરો ઉપર થઈને નીચે અને નીચે ઉતરતાં ગન્ધમાદન પર્વતનાં શિખરો ઉપર પડે છે અને ભદ્રાશ્વ ખંડમાં થઈને પૂર્વ દિશામાં ખારા સમુદ્રને મળે છે ।।૬।।

એ પ્રમાણે ચક્ષુ નામની ધારા માલ્યવાન્ પર્વતના શિખર ઉપરથી ખળખળાટ કેતુમાલ ખંડ તરફ જાય છે અને ત્યાંથી પશ્ચિમ દિશામાં સમુદ્રને મળે છે ।।૭।।

ભદ્રા નામની ધારા મેરુ પર્વતના શિખરેથી ઉત્તર તરફ પડતાં નીલ પર્વતના શિખરથી શ્વેત પર્વતના શિખર ઉપર અને શ્વેત પર્વતના શિખર ઊપરથી શૃંગવાન્ પર્વતના શિખર ઉપર પડીને નીચે ચાલી જાય છે તે ઉત્તર કુરુખંડમાં વહીને ઉત્તર દિશામાં સમુદ્રને મળે છે ।।૮।।

અલકનન્દા બ્રહ્મપુરીથી દક્ષિણ તરફ પડી અનેક ગિરિશિખરો ઉપર ઠેકડા મારતી હેમકૂટ પર્વત ઉપર આવે છે. ત્યાંથી અત્યન્ત પ્રચંડ વેગથી હિમાલયનાં શિખરોને ચીરતી-ચીરતી ભારતવર્ષમાં આવે છે અને પછી દક્ષિણ તરફ સમુદ્રમાં સમાઈ જાય છે. એમાં સ્નાન કરવા આવનારા પુરુષોને ડગલે-ડગલે અશ્વમેધ અને રાજસુય આદિ યજ્ઞોનું ફલ પણ દુર્લભ નથી ।।૯।।

પ્રત્યેક ખંડમાં મેરુ વગેરે પર્વતોમાંથી નીકળતી બીજી પણ સેંકડો નદ-નદીઓ છે ।।૧૦।।

એ સઘળા ખંડમાં ભરતખંડ જ કર્મભૂમિ છે, બીજા આઠ ખંડ તો દેવોને સ્વર્ગમાં ભોગવાતાં બાકી રહેલાં પુણ્યોના ભોગ ભોગવવાનાં સ્થાન છે તેથી તેમને પૃથ્વી ઉપરના સ્વર્ગ પણ કહેવામાં આવે છે ।।૧૧।।

ત્યાંના દેવતુલ્ય મનુષ્યોનું માણસની ગણતરી પ્રમાણે દસ હજાર વર્ષનું આયુષ્ય હોય છે. તેમનામાં દસ હજાર હાથીઓનું બળ હોય છે તથા તેમનાં વજ્ર જેવાં શરીરોમાં જે શક્તિ, યૌવન અને ઉલ્લાસ હોય છે એને લીધે તેઓ લાંબા સમય સુધી મૈથુન આદિ વિષયો ભગોવતા રહે છે. અન્તમાં જ્યારે ભોગ સમાપ્ત થતાં એમનું આયુષ્ય ફકત એક જ વર્ષ બાકી રહે છે ત્યારે તેમની સ્ત્રીઓ એક ગર્ભ ધારણ કરે છે. આ પ્રમાણે ત્યાં સર્વદા ત્રેતાયુગના જેવો સમય રહેતો હોય છે ।।૧૨।।

પોતપોતાના મુખ્ય સેવકોથી ઉત્તમ રીતે પૂજાયેલા એ દેવ લોકો આશ્રમ, ભવન, ખંડ, પર્વતની ગુફાઓમાં અને નિર્મળ જળાશયોમાં જળક્રીડા કરે છે તેમ જ વિચિત્ર

ક્રીડાઓ કરી સ્વચ્છન્દ રીતે એ ખંડોમાં વિહાર કરે છે. સર્વ ઋતુઓમાં ફૂલ, ગુચ્છ, ફળ અને નવાં કુમ્પળિયાંની સમૃદ્ધિથી બહુ જ નમી રહેલી શાખાઓ અને લતાવાળાં વૃક્ષોથી એ આશ્રમો અને પર્વતોનાં સુન્દર વન બહુ જ શોભી રહ્યાં છે. ઉઘડેલાં અને નવાં અનેક પ્રકારનાં કમળોની સુગન્ધીથી પ્રસન્ન થયેલાં રાજહંસ, જળકૂકડી, કારંડવ, સારસ અને ચક્રવાક વગેરે પક્ષીઓ તથા જાતજાતના અનેક ભ્રમરો જળાશયોમાં ગુન્જાર કરે છે, અત્યન્ત સુન્દર દેવાંગનાઓના કામોન્માદ સૂચક વિલાસ, હાસ અને લીલા કટાક્ષથી વિહાર કરનારા દેવલોકોનાં મન અને નેત્ર આકર્ષાયછે ।।૧૩।।

નવે ખંડોમાં મહાપુરુષ ભગવાન્ નારાયણ પોતાના ભક્તો ઉપર અનુગ્રહ કરવાને માટે આજે પણ પોતાની વિભિન્ન મૂર્તિઓથી બિરાજી રહ્યા છે ।।૧૪।।

ઈલાવૃત ખંડમાં તો સદાશિવ એક જ પુરુષ છે. બીજો કોઈ પણ પુરુષ એમાં જતો નથી. જે પુરુષ એ ખંડમાં જાય છે તે પાર્વતીના શાપને લીધે સ્ત્રી બની જાય છે; એ પ્રસંગ હવે પછી (નવમાં સ્કન્ધમાં) કહીશ ।।૧૫।।

એ ઈલાવૃતમાં પાર્વતી અને તેની અબજો દાસીઓ સદાશિવની સેવા કરે છે. પોતે સદાશિવ શેષનાગની ભક્તિ કરે છે. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ નામની ચતુર્વ્યૂહ મૂર્તિઓવાળા મહાપુરુષ ભગવાન્ સંકર્ષણ (શેષનાગ) નામની ચોથી પોતાના કારણરૂપ તમઃપ્રધાન મૂર્તિ તેનું મનમાં ધ્યાન કરી પોતે નીચેના મન્ત્રથી જપ કરતાં ભજે છે ।।૧૬।।

**ભગવાન્ શંકર કહે છે :** ''ૐ જેમાંથી બધાં ગુણોનો પ્રકાશ થાય છે તે અનન્ત અને અવ્યકત મૂર્તિ ૐકાર સ્વરૂપ પરમ પુરુષ શ્રીભાગવાનને નમસ્કાર છે'' ।।૧૭।।

હે ભજવા યોગ્ય પરમેશ્વર! આપ સ્વયં સર્વ પ્રકારનાં ઐશ્વર્યના પરમ આશ્રયરૂપ છો, ભક્તોને પોતાના અત્યન્ત દયાળુ સ્વરૂપનું દર્શન કરાવો છો, સંસારને મટાડો છો, આપનું ચરણારવિન્દ શરણરૂપ છે એવા આપને હું ભજાું છું ।।૧૮।।

જગત્‌ને નિયમમાં રાખવામાટે આપ જોયા કરો છો, છતાં જેમ ક્રોધના વેગને નહિ જીતનાર એમ લોકોની દૃષ્ટિ લેપાઈ જાય છે એના વિષયોથી અને ઇન્દ્રિયોથી આપની દૃષ્ટિ જરા પણ લેપાતી નથી. આવી સ્થિતિમાં પોતાના મનને વશમાં કરવાની ઈચ્છાવાળો કયો પુરુષ આપને ન ભજે? ।।૧૯।।

ખોટી દૃષ્ટિવાળા પુરુષને આપ માયાને લીધે જાણે ભયંકર હો, મદિરા કે આસવથી રાતી આંખોવાળા હો એવા જણાઓ છો કેમકે આપના ચરણસ્પર્શથી કામાતુર થયેલી નાગણીઓ લજ્જાને લીધે આપનું પૂરું પૂજન પણ કરી શકતી નથી ।।૨૦।।

વેદમન્ત્રો આપને આ જગત્‌નાં ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયથી રહિત કહે છે. આપનાં હજાર મસ્તકોમાં એક માથા ઉપર સરસવની પેઠે આખું ભૂમંડળ રહ્યું છે. આપને તો એ પણ ખબર નથી કે એ કયાં રહેલું છે ।।૨૧।।

સત્ત્વગુણ એ મહત્તત્ત્વના આશ્રયરૂપ છે તે આપના ગુણના સંબંધને લીધે થયેલો પ્રથમ દેહ છે. એ દેહમાંથી બ્રહ્મા ઉત્પન્ન થાય છે. બ્રહ્મામાંથી થયેલો હું ત્રિગુણાત્મક અહંકારથી દેવતા પાંચ ભૂતો અને ઇન્દ્રિયોના વર્ગને ઉત્પન્ન કરું છું ।।૨૨।।

અને મહત્તત્ત્વ, અહંકાર, દેવતાઓ, પાંચભૂત તથા ઇન્દ્રિયો જેમ પક્ષીઓ દોરીથી બંધાઈ રહે તેમ આપની ક્રિયાશક્તિથી બંધાઈ આપ મહાત્માના વશમાં રહેતાં આપના જ અનુગ્રહથી આ જગત્‌ને ઉત્પન્ન કરીએ છીએ ।।૨૩।।

**યન્નિર્મિતાં કર્હ્યપિ કર્મપર્વણીં માયાં જનોઽયં ગુણસર્ગમોહિતઃ ।।**
**ન વેદ નિસ્તારણયોગમઞ્જસા તસ્મૈ નમસ્તે વિલયોદયાત્મને ।।૨૪।।**

સંસારમાં મોહ પામેલો આ જન, માયા જે કર્મરૂપ બન્ધનવડે બન્ધન કરે છે તેને કદાચિત્ જાણી પણ લે પણ એમાંથી સરળતાથી છૂટવાના ઉપાયને જાણતો નથી. આ જગત્‌ની ઉત્પત્તિ અને પ્રલય પણ આપનાંજ રૂપ છે, આપને પ્રણામ કરું છું ।।૨૪।।

**ઇતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં(ચોથા ભૂમિની દેશસ્થિતિ પ્રકરણમાં ગંગાજલના સમ્બન્ધથી આગન્તુક કર્મોનો ઉત્કર્ષ નામનો બીજો) ''ગંગાજીનું દિશામાં ગમન તથા સદાશિવે કરેલી સંકર્ષણની સેવા'' નામનો સત્તરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**

કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

# અધ્યાય ૧૮

## છ ખંડના ઈષ્ટ દેવો તથા એના ભક્તો

**વિશેષ :** આ અઢારમા અધ્યાયમાં ભદ્રાશ્વાદિ ખંડોમાં પ્રભુનું નિરૂપણ અને એ વડે ભૂમિનો ઉત્કર્ષ કહેવાશે. ભદ્રાશ્વ એટલે ભારતવર્ષ.

**તથાચ ભદ્રશ્રવા નામ ધર્મસુતઃ તત્કુલપતયઃ પુરુષા... હયશીર્ષાભિધાનાં પરમેણ સમાધિના સન્નિધાપ્યેદમ્ અભિગૃણન્ત ઉપધાવન્તિ ।।૧।।**

**શ્રીશુકદેવજી કહે છે :** એ પ્રમાણે જ ભદ્રાશ્વ ખંડમાં ધર્મનો પુત્ર ભદ્રશ્રવા અને એના કુળનામુખ્ય પુરુષો અને સેવકો વાસુદેવની હયગ્રીવ નામની ધર્મમયી પ્રિય મૂર્તિને અત્યન્ત સમાધિનિષ્ઠાદ્વારા હૃદયમાં સ્થાપી નીચે પ્રમાણે મન્ત્ર બોલે છે અને સ્તુતિ કરે છે ।।૧।।

ભદ્રશ્રવાઓ (એ લોકોમાં ભદ્રશ્રવા મુખ્ય હોવાથી સઘળાઓને ભદ્રશ્રવા એવું નામ આપેલું છે.) બોલે છે : ઓંકાર સ્વરૂપ ભગવાન્ અને અન્તઃકરણને શુદ્ધ કરનાર ધર્મને પ્રણામ કરીએ છીએ ।।૨।।

અહો! ભગવાનની *લીલા ઘણી વિચિત્ર છે, જેને લીધે આ જીવ સમ્પૂર્ણ લોકોના સંહાર કરનારા કાળને જોવા છતાં જોતો નથી. પાપમય અને તુચ્છ વિષયોનું સેવન કરવામાટે વિચારોની લાયમાં પોતાનેજ હાથે પોતાના પુત્ર અને પિતાદિની લાશમાં આગ ચાંપીને પણ પોતે જીવતા રહેવાની ઈચ્છા રાખે છે ।।૩।।

**વિશેષ :** ભગવદ્ ભજનની ઈચ્છાથી જીવવું એ પાપ નથી પણ 'વિકર્મ' એટલે ખરાબ કર્મ કરવાની ઈચ્છાવડે જીવવાથી નરકમાં જ પતન થાય છે.

વિદ્વાન્ લોકો જગત્‌ને નાશવન્ત કહે છે અને સૂક્ષ્મદર્શી આત્મજ્ઞાની પુરુષો એવું જ જાુએ પણ છે તો પણ હે જન્મરહિત! લોકો આપની માયાથી મોહ પામી રહ્યા છે. આપનું એ કાર્ય અત્યન્ત વિચિત્ર છે. માટે બીજાું બધું મૂકી દઈ, આપ અનાદિનું અમે નમસ્કાર (જીવ પ્રભુને નમન જ કરી શકે, નમન સિવાય એનાથી બીજાું કાંઈ પણ પ્રભુને પ્રસન્ન કરવા બની શકતું નથી.) કરીએ છીએ ।।૪।।

આપ અકર્તા અને આવરણ રહિત છતાં જગત્‌નાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનાં કાર્ય કરો છો એમ વેદે સ્વીકાર્યું છે એ ઠીક જ છે એમાં કાંઈ આશ્ચર્યની વાત નથી. કારણ કે સર્વાત્મરૂપથી આપ જ તમામ કાર્યોના કારણ છો અને આપના શુદ્ધ

સ્વરૂપમાં કાર્યકારણ ભાવથી સર્વથા અતીત-પર છો ।।૫।।

પ્રલયકાળમાં તમઃ પ્રધાન દૈત્યગણ વેદોને (મહાભારતના શાન્તિ પર્વમાં મોક્ષધર્મમાં આ કથાનો વિસ્તાર છે.) ચોરી ગયા હતા ત્યારે આપે બ્રહ્માજીની પ્રાર્થનાથી હયગ્રીવ(ઘોડાના માથાવાળા પુરુષ) નો અવતાર ધરી પાતાળમાંથી એ વેદને લાવી આપ્યા હતા એવા સત્ય સંકલ્પ આપને નમસ્કાર (આ ચતુશ્લોકીવડે ''જન્માદ્યસ્ય...''આ મંગલાચરણના અર્થનો સંગ્રહ કર્યો છે.) કરીએ છીએ ।।૬।।

હરિવર્ષ ખંડમાં પણ નૃસિંહરૂપથી ભગવાન્ બિરાજી રહ્યા છે એ અવતાર લેવાનું કારણ હવે પછી (સપ્તમ સ્કન્ધમાં) કહીશ. મહાપુરુષો ચિત્તના ગુણોથી સમ્પન્ન મહાવૈષ્ણવ અને જેમણે પોતાનાં શીલ અને આચરણ થી દૈત્ય અને દાનવોનાં કુલને પવિત્ર કરી દીધાં છે તેવા પ્રહ્લાદજી આ ખંડના પુરુષોની સાથે નિષ્કામ અને અનન્ય ભક્તિથી એ ભગવાનના પ્રિયરૂપની ઉપાસના કરે છે. એ આ મન્ત્ર અને સ્તોત્ર ના જપ-પાઠ કરે છેઃ ।।૭।।

ૐકાર સ્વરૂપ ભગવાન્ શ્રીનરસિંહજીને (નૃસિંહ અવતારનું પ્રયોજન સપ્તમ સ્કન્ધમાં કહેવાશે.) નમસ્કાર હો. આપ સૂર્ય, અગ્નિ વગેરે તેજોનાં પણ તેજ છો, આપને નમસ્કાર. હે વજ્રનખ! હે વજ્રદષ્ટ્ર! આપ અમારી સામે પ્રકટ થાઓ, પ્રકટ થાઓ; અમારી કર્મ વાસનાઓને બાળી નાખો, બાળી નાખો, અમારા અજ્ઞાનરૂપી અન્ધકારને ચીરી નાખો, ચીરી નાખો. ૐ સ્વાહા અમારા અન્તઃકરણમાં અભયરૂપ થાઓ ।।૮।।

વિશ્વનું કલ્યાણ થાઓ. ખલ પુરુષોની બુદ્ધિ શુદ્ધ હો. બધાં પરસ્પર કલ્યાણ ઈચ્છો. મન શુભ માર્ગમાં પ્રવૃત્ત હો. અને અમારી બુદ્ધિ નિષ્કામ થઈને ભગવાન્‌માં પ્રવેશ કરો ।।૯।।

અમને કોઈનો સંગ થશો નહિ. જો કદાચ થાય તો ઘર, સ્ત્રી, પુત્ર, ધન અને સમ્બન્ધીઓનો સંગ થશો નહિ પણ ભગવાનના પ્રેમી ભક્તોનો સંગ થજો, માત્ર શરીર નિર્વાહ પૂરતા અન્ન વગેરેથી સંયમી પુરુષને જેટલી જલદી સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેટલી જલદી ઈન્દ્રિયોનો આળ-પમ્પાળ કરનારને થતી નથી ।।૧૦।।

તે ભગવદ્ ભક્તોના સંગથી ભગવાનના તીર્થ તુલ્ય પવિત્ર ચરિત્ર સાંભળવા મળે છે, જે એમની અદ્‌ભુત શક્તિ અને પ્રભાવનાં સૂચક હોય છે. એમનું વારંવાર સેવન કરવાવાળાના કાનને રસ્તે ભગવાન્ હૃદયમાં પ્રવેશ કરી લે છે અને એમના બધી

જાતના દૈહિક અને માનસિક મલનો નાશ કરી દે છે. પછી ભલા એ ભગવદ્ ભક્તોનો સંગ કરવો કોને ન ગમે? ॥૧૧॥

જે માણસને ભગવાન્‌માં નિષ્કામ ભક્તિ હોય તે માણસમાં સઘળા દેવતા ધર્મજ્ઞાનાદિ સમ્પૂર્ણ સદ્‌ગુણોની સાથે સદા વાસ કરે છે. પરન્તુ ભગવાનના ભક્ત જ નથી તેમાં મહાપુરુષોના તે ગુણ આવી જ ક્યાંથી શકે? તે તો હવામાં જ કિલ્લા બાંધતો નિરન્તર તુચ્છ બહારના વિષયોની પાછળ દોડ્યા કરે છે ॥૧૨॥

જેમ માછલાંને પાણી અત્યન્ત પ્રિય એના જીવનનો આધાર આત્મા છે તેમ સાક્ષાત્ ભગવાન્ સમસ્ત પ્રાણીઓના પ્રિયતમ આત્મા છે માટે એમને છોડી જો કોઈ મહત્ત્વાભિમાની પુરુષ ઘરમાં આસક્ત રહેતો હોય તો એ અવસ્થામાં સ્ત્રી-પુરુષોની મોટાઈમાત્ર આયુષ્યની દૃષ્ટિએ ગણાય છે, ગુણોની દૃષ્ટિએ નહિ ॥૧૩॥

એટલા માટે હે અસુરગણ! તમે તૃષ્ણા, રાગ, ખેદ, ક્રોધ, અભિમાન, સ્પૃહા, ભય, દીનતા અને મનની પીડાઓનું મૂળ ઘર જેને લીધે જન્મ મરણ ચાલ્યા કરે છે તેનો ત્યાગ કરી નૃસિંહજીનાં નિર્ભય ચરણારવિન્દને જ ભજો'' ॥૧૪॥

કેતુમાલ ખંડમાં લક્ષ્મીજીનું તથા સંવત્સર નામના પ્રજાપતિની પુત્રીઓ (રાત્રિઓનું અભિમાન ધરાવનારી દેવતાઓ) તથા પુત્રો (દિવસનું અભિમાન ધરાવનારા દેવો) નું પ્રિય કરવાની ઇચ્છાથી ભગવાન્ કામદેવના સ્વરૂપથી બિરાજે છે. એ રાત્રિની અભિમાની દેવતારૂપ કન્યાઓ અને દિવસના અભિમાની દેવતારૂપ પુત્રોની સંખ્યા, મનુષ્યના સો વર્ષના આયુના દિન અને રાત ની બરાબર એટલે કે છત્રીસ-છત્રીસ હજાર વર્ષ છે અને તેઓ જ એ ખંડના અધિપતિ છે. ભગવાનના ચક્રના તેજથી ઉદ્વેગ પામતી એ પ્રજાપતિની પુત્રીઓના ગર્ભો વર્ષને અન્તે ચક્રથી હણાઈને પ્રાણરહિત થઈ પડી જાય છે ॥૧૫॥

ભગવાન્ પોતાના અત્યન્ત મનમોહક ગતિવિલાસથી સુશોભિત મીઠી-મીઠી મન્દ મુસકાનથી મનોહર લીલા સભર ચારુ ચિતવનથી કંઈક ઊંચા થયેલ સુન્દર ભ્રૂમંડલની છબીલી છટાદ્વારા વદનારવિન્દનું અફાટ (અપાર) સૌન્દર્ય ઉલેચી સૌન્દર્ય દેવી લક્ષ્મીજીને અત્યન્ત આનન્દિત કરતા સ્વયં પણ આનન્દિત થતા રહે છે ॥૧૬॥

શ્રીલક્ષ્મીજી પરમ સમાધિયોગદ્વારા ભગવાનના એ માયામય સ્વરૂપની, રાત્રે

પ્રજાપતિ સંવત્સરની કન્યાઓ સહિત અને દિવસે એમના પતિઓ સહિત આરાધના કરે છે અને તે મન્ત્રનો જપ કરતાં ભગવાનની સ્તુતિ કરે છે ।।૧૭।।

**લક્ષ્મીજી બોલે છે** : જે ઇન્દ્રિયોના નિયન્તા અને બધી જ શ્રેષ્ઠ વસ્તુઓની ખાણ છે, ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિ અને સંકલ્પ, અધ્યવસાય આદિ ચિત્તના ધર્મો તથા તેમના વિષયોના અધીશ્વર છે, અગિયાર ઇન્દ્રિય અને પાંચ વિષય-આ સોળ કલાઓથી યુક્ત છે, વેદોક્ત કર્મોથી પ્રાપ્ત થાય છે તથા અન્નમય, અમૃતમય અને સર્વમય છે એ માનસિક ઐન્દ્રિયિક (ઇન્દ્રિયોના) અને શારીરિક બલસ્વરૂપ પરમ સુન્દર ભગવાન્ કામદેવને બીજ મન્ત્રો સહિત ચારે તરફથી નમસ્કાર છે ।।૧૮।।

આપ ઇન્દ્રિયોના સ્વામી છો. વ્રતથી આપની જ આરાધના કરી સ્ત્રીઓ લોકમાં બીજા પતિને ઇચ્છે છે. પરન્તુ એ બીજા પતિઓ સ્વયં પરતન્ત્ર હોવાથી એ સ્ત્રીઓનાં સન્તાનને, પ્રિયવસ્તુને, ધનને કે આયુષ્યને બચાવી શક્તા નથી ।।૧૯।।

સાચો પતિ (રક્ષા કરનાર અથવા ઈશ્વર) એ જ છે કે જે પોતે સર્વથા નિર્ભય હોય અને બીજા ભયભીત લોકોની બધી રીતે રક્ષા કરી શકે એવા પતિ એકમાત્ર આપ જ છો. જો એકથી વધારે ઈશ્વર છે એમ માનવામાં આવે તો એમને એક બીજાથી ભય થવાની સમ્ભાવના છે. તેથી આપ આપની પ્રાપ્તિથી અધિક બીજા કોઈ લાભને માનતા નથી ।।૨૦।।

જે સ્ત્રી કેવળ આપના ચરણારવિન્દની પૂજાને ઇચ્છે પણ બીજું કંઈ ન ઇચ્છે તે સ્ત્રી પોતાની મેળે જ સઘળાં ઈષ્ટ સુખોને પામે છે. પણ જે સ્ત્રી કોઈ એક કામનાથી આપની પૂજા કરે તેને જેટલું તેણે ધાર્યું હોય તેટલું જ ફળ આપ આપો છો. પરન્તુ આવા ફળનો ભોગ થઈ ગયા પછી નાશ થઈ જતાં એ સ્ત્રીને પાછું દુઃખ પામવું પડે છે ।।૨૧।।

હે અજિત! જેમનું મન ઇન્દ્રિય સુખમાં લાગી રહ્યું છે તેવા બ્રહ્મા,શિવ, સુર અને અસુર વગેરે લોકો મને પામવામાટે ઘોર તપ કરે છે. પરન્તુ આપના ચરણનું શરણ લીધેલા ભક્તો સિવાય બીજું કોઈ મને પામી શક્તું નથી કેમકે મારું હૃદય તો આપમાં જ લાગ્યું રહે છે ।।૨૨।।

અચ્યુત! ભક્ત લોકોને મસ્તક પર આપનું જે હસ્તકમળ આપ ધરો છો તે મારા મસ્તક ઉપર પણ ધરો. વરેણ્ય, આપ મને માત્ર શ્રીવત્સના ચિહ્નરૂપથી આપશ્રીના શ્રીઅંગમાં ધારણ કરો છો તેથી જો કે મારે વિશે આપનો અનાદર નથી તો પણ ભક્ત

લોકો કરતાં મારા ઉપર આપની કૃપા ઓછી જણાય છે, પરન્તુ એનું ખરું કારણ તો કેમ જાણી શકાય? આપ ઈશ્વરની માયાને લીધે આપે કરવા ધારેલા નિશ્ચયને જાણવાને કોણ સમર્થ છે?'' ।।૨૩।।

રમ્યક ખંડમાં ભગવાન્ પોતાના અત્યન્ત મત્સ્યાવતારના રૂપથી રહે છે. ખંડના મુખ્ય પુરુષ મનુને એ રૂપ પૂર્વકાલમાં દેખાડ્યું હતું. એ મનુ અત્યારે પણ ઘણી ભક્તિભાવપૂર્વક એ સ્વરૂપની ઉપાસના કરે છે અને નીચે પ્રમાણે બોલે છેઃ ।।૨૪।।

**મનુ બોલે છે** : સત્ત્વ પ્રધાન મુખ્ય પ્રાણ સૂત્રાત્મા તથા મનોબલ, ઈન્દ્રિયબલ અને શરીરબલ અને ઓંકાર પદના અર્થ સર્વશ્રેષ્ઠ ભગવાન્ મહામત્સ્યને વારંવાર નમસ્કાર ।।૨૫।।

પ્રભો! નટ જેવી રીતે કઠપુતલીઓને નચાવે છે તે જ પ્રમાણે આપ બ્રાહ્મણ, વિધિ, નિષેધ આદિ નામોની દોરીથી સમ્પૂર્ણ વિશ્વ આપને આધીન રાખી તેને નચાવો છો. તેથી આપ જ બધાના પ્રેરક છો. આપને બ્રહ્માદિ લોક પાલગણ પણ જોઈ શકતા નથી તો પણ આપ સમસ્ત પ્રાણીઓની અન્દર પ્રાણરૂપથી અને બહાર વાયુરૂપથી નિરન્તર સંચાર કરતા રહો છો. વેદો જ આપનો મહાન શબ્દ છે ।।૨૬।।

એકવાર ઈન્દ્રાદિ ઈન્દ્રિયાદિ અભિમાની દેવતાઓને પ્રાણસ્વરૂપ આપની ઈર્ષ્યાનો તાવ ચડ્યો. ત્યારે આપના અલગ થઈ જવાથી તેઓ અલગ-અલગ અથવા આપસમાં જૂથમાં પણ મનુષ્ય-પશુ, સ્થાવર-જંગમ આદિ જેટલા શરીર દેખાય છે એમાંથી કોઈની તૂટી પડવા છતાં રક્ષા કરી શકયાં નહિ ।।૨૭।।

અજન્મા પ્રભો! જેમાં ઊંચાં-ઊંચાં મોંજા ઊછળતાં હતાં તેવા પ્રલયકાળના સમુદ્રમાં, ઔષધિ અને લતાઓના સહિત પૃથ્વીને અને એની સાથે મને પણ ધારણ કરીને આપે ઉત્સાહથી ખૂબ વિહાર કર્યો હતો. એવા સર્વ જગત્‌ના પ્રાણના નિયન્તા આપને પ્રણામ કરું છું ।।૨૮।।

હિરણ્મય ખંડમાં કચ્છપાવતારના સ્વરૂપથી ભગવાન્ બિરાજે છે. એ ભગવાનના અત્યન્ત પ્યારા સ્વરૂપને પિતૃઓના અધિપતિ અર્યમા એ ખંડના નિવાસીઓની સાથે ભજે છે અને નીચેનો મન્ત્ર બોલે છેઃઅર્યમા બોલે છેઃ ।।૨૯।।

સમ્પૂર્ણ સત્ત્વ ગુણોવાળા અને જલમાં વિહાર કરતા હોવાને કારણે જેના સ્થાનનો કોઈ ચોક્કસ નિશ્ચય કરી શકાતો નથી તેવા કચ્છપ સ્વરૂપ આપને નમસ્કાર કરું છું. કાળથી એને પરિચ્છેદ (માપ) થતો નથી એવા આપને નમસ્કાર કરું છું. સર્વ

વ્યાપક આપને નમસ્કાર કરું છું. સર્વના આધારરૂપ ઓંકાર સ્વરૂપ આપને વારંવાર નમસ્કાર કરું છું ।।૩૦।।

આપની માયાથી પ્રકાશ અને અનેકરૂપોમાં પ્રતીત થતું આ દશ્ય પ્રપંચ જગત્ વગેરે આપનું જ સ્વરૂપ છે એવા આપને નમસ્કાર કરું છું ।।૩૧।।

એકમાત્ર આપ જ જરાયુજ, સ્વેદજ, અંડજ અને ઉદ્ભિજ્જ સ્થાવર, જંગમ, દેવ, ઋષિ, પિતૃ, ભૂત, ઈન્દ્રિયોની સૃષ્ટિ, સ્વર્ગ, આકાશ, પૃથ્વી, પર્વતો, નદીઓ, સમુદ્ર, દ્વીપ ગ્રહ અને નક્ષત્ર એવાં વિભિન્ન નામોથી પ્રસિદ્ધ છો ।।૩૨।।

અસંખ્ય નામ, રૂપ અને આકૃતિઓ થી આપ યુક્ત છો એવા આપના સ્વરૂપમાં કપિલજી વગેરે વિદ્વાનોએ કલ્પેલી ચોવીશ તત્ત્વ વગેરેની સંખ્યા જે તત્ત્વજ્ઞાનથી મટી જાય છે તે સાંખ્ય સિદ્ધાન્ત સ્વરૂપ આપને નમસ્કાર કરું છું'' ।।૩૩।।

ઉત્તર કુરુ ખંડમાં યજ્ઞપુરુષ ભગવાન્ વરાહનું રૂપ ધરીને બિરાજી રહ્યા છે. આ પૃથ્વી દેવી ત્યાંના લોકોની સાથે તે વરાહાવતારને અવિચલ ભક્તિથી ભજે છે અને નીચેના પરમોત્કૃષ્ટ મન્ત્રનો જપ કરતાં-કરતાં સ્તુતિ કરે છે ।।૩૪।।

જેમનું તત્ત્વ મન્ત્રોથી જાણી શકાય છે, જે યજ્ઞ અને ક્રતુરૂપ છે તથા મોટા-મોટા યજ્ઞો જેમનાં અંગ છે તે ઓંકાર સ્વરૂપ શુકલ કર્મમય ત્રિયુગમૂર્તિ પુરુષોત્તમ ભગવાન્ વરાહજીને વારંવાર નમસ્કાર છે ।।૩૫।।

ઋત્વિજ ગણ જેવી રીતે અરણિરૂપ કાષ્ઠમાં છુપાએલા અગ્નિને મન્થનથી પ્રકટ કરે છે બહાર કાઢે છે તે જ પ્રમાણે કર્માસક્તિ અને કર્મફલ ની કામનાથી છુપાએલા જેના રૂપને જોવાની ઈચ્છાથી પરમ પ્રવીણ પંડિત લોકો પોતાના વિવેકયુક્ત મનરૂપ મન્થન કાષ્ઠથી શરીર અને ઈન્દ્રિયો ને વલોવી નાખે છે. આ પ્રમાણે મન્થન કરતાં જે પોતાનું સ્વરૂપ કરે છે તેવા આપને પ્રણામ હો ।।૩૬।।

વિષયો, ઈન્દ્રિયોના વ્યાપારો, ઈન્દ્રિયોના દેવતાઓ, દેહ, કાળ અને અહંકારએ માયાનાં કાર્ય છે તેના ઉપરથી આપનું ખરું સ્વરૂપ જોવામાં આવે છે. વિચાર તથા યમનિયમાદિક સાધનોથી નિશ્ચય પામેલી બુદ્ધિવાળા લોકો જેમના સ્વરૂપમાંથી નામ અને રૂપ કાઢી નાખે છે તે આપને હું વારંવાર નમસ્કાર કરું છું ।।૩૭।।

જેવી રીતે લોઢું જડ હોવા છતાં, લોહ ચુમ્બકની હાજરીમાં હલન-ચલન કરવા લાગે છે તે જ પ્રમાણે જ સર્વના સાક્ષી પ્રભુની ઈચ્છા માત્રથી જે પોતાનેમાટે નથી હોતી પણ સમસ્ત પ્રાણીઓમાટે હોય છે. પ્રકૃતિ પોતાના ગુણો સત્ત્વ-રજસ્-

તમસદ્દ્વારા જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરતી રહે છે એવા સમ્પૂર્ણ ગુણો અને કર્મોના સાક્ષી આપને નમસ્કારહો ।।૩૮।।

**પ્રમથ્ય દૈત્યં પ્રતિવારણં મૃધે યો માં રસાયા જગદાદિસૂકરઃ ।।**
**કૃત્વાગ્રદંષ્ટ્રે નિરગાદુદન્વતઃ ક્રીડન્નિવેભઃ પ્રણતાસ્મિ તં વિભુમિતિ ।।૩૯।।**

આપ જગત્‌ના કારણભૂત આદિ સૂકર છો જેવી રીતે એક હાથી બીજા હાથીને પછાડી દે છે તે જ પ્રમાણે ગજરાજની જેમ રમત કરતાં-કરતાં જ આપ યુદ્ધમાં પોતાના પ્રતિસ્પર્ધી હિરણ્યાક્ષ દૈત્યને રમતાં-રમતાંજ મારી નાખી મને(પૃથ્વીને)પોતાની દાઢોની અણી ઉપર મૂકી રસાતલમાંથી પ્રલયપયોધિની બહાર પધાર્યા હતા. આપ સર્વશક્તિમાન પ્રભુને વારંવાર પ્રણામ કરું છું ।।૩૯।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (ચોથો, ભૂમિની સ્વરૂપ સ્થિતિ પ્રકરણમાં ત્રીજો) ''છ ખંડના ઈષ્ટદેવો તથા એના ભક્તો'' નામનો અઢારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધોબનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૧૯

## ભરતખંડના ઈષ્ટદેવ તથા એના સેવકો

**વિશેષ :** આ ઓગણીસમા અધ્યાયમાં કિં પુરુષ અને ભરતખંડમાં સ્વામી અને સેવક નું નિરૂપણ થશે અને ભરતખંડનું શ્રેષ્ઠ પણું કહેવાશે.

**કિમ્પુરુષે વર્ષે ભગવન્તમ્ આદિપુરુષં લક્ષ્મણાગ્રજં સીતાભિરામં રામં ... અવિરતભક્તિરુપાસ્તે ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** કિમ્પુરુષ ખંડમાં લક્ષ્મણના મોટા ભાઈ આદિ પુરુષ, સીતાજીના મનને અત્યન્ત આનન્દિત કરનારા ભગવાન્ શ્રીરામચન્દ્રજીને

મહાવૈષ્ણવ હનુમાનજી જે રામચન્દ્રજીના ચરણના ધ્યાનમાં રમ્યા કરે છે. તે ત્યાંના રહેવાસી કિં પુરુષ લોકોની સાથે અવિચલ ભક્તિ ભાવ પૂર્વક ભજે છે ।।૧।।

ત્યાં બીજા ગન્ધર્વોની સાથે આર્ષ્ટિષેણ પોતાના સ્વામી ભગવાન્ રામની પરમ કલ્યાણમયી ગુણગાથા ગાયા કરે છે. શ્રીહનુમાનજીએ સાંભળે છે અને પોતે પણ આ મન્ત્રનો જપ કરતાં-કરતાં આ પ્રમાણે એમની સ્તુતિ કરે છે ।।૨।।

અમે ૐ કારસ્વરૂપ, પવિત્રકીર્તિ ભગવાન્ શ્રીરામને નમસ્કાર કરીએ છીએ. આપમાં સત્પુરુષોનાં લક્ષણ, શીલ અને આચરણ વિદ્યમાન (મોજુદ) છે; આપ અત્યન્ત સંયમી તમામ લોકોને પ્રસન્ન કરવામાં તત્પર (અથવા જેની લોકો આરાધના કરે છે તેવા) સજ્જનતાની પરીક્ષાને માટે કસોટી સમાન અને અત્યન્ત બ્રાહ્મણ ભક્ત છો. એવા મહાપુરુષ મહારાજ રામને અમારા પુનઃ-પુનઃ પ્રણામ હો ।।૩।।

ભગવન્! આપ શુદ્ધ અનુભવ સ્વરૂપ, અદ્વિતીય, પોતાના પ્રકાશથી ગુણોના કાર્યરૂપ જાગ્રત વગેરે અવસ્થાઓનું નિરાકરણ કરનારા, સર્વાન્તરાત્મા, પરમ શાન્ત, શુદ્ધચિત્તથી જણાય એવા, નામરૂપથી અને અહંકારથી રહિત છો. હું આપને શરણે છું ।।૪।।

આપે જે મનુષ્યાવતાર લીધેલો તે કેવળ રાક્ષસોને મારવામાટે જ નહોતો, મનુષ્યોને સ્ત્રી સંગાદિકથી થયેલું દુઃખ વારી શકાતું નથી એમ જણાવવાને માટે પણ લીધો હતો નહિતર પોતાના સ્વરૂપમાં જ રમણ કરનાર, જગત્‌ના આત્મા, પરમેશ્વરને સીતાના વિયોગમાં આટલું દુઃખ સમ્ભવે જ કેમ? ।।૫।।

આપ ધીર પુરુષોના આત્મા અને પ્રિયતમ ભગવાન્ વાસુદેવ છો. ત્રૈલોક્યમાં કોઈમાં પણ આપ આસક્ત નથી તેથી આપને નથી તો સીતાજી માટે મોહ થઈ શક્તો કે નથી તો આપ લક્ષ્મણજીનો *ત્યાગ કરી શક્તા ।।૬।।

**વિશેષ** : એકવાર રામચન્દ્રજી પાસે છાની વાત કરવા દેવદૂત (મૃત્યુ) આવ્યા હતા ત્યારે લક્ષ્મણજી પહેરા ઉપર હતા, ભગવાને લક્ષ્મણજીને કહ્યું હતું કે જે અન્દર આવશે તેને હું મારી નાખીશ. એટલામાં દુર્વાસા આવી ચઢ્યા. એની ખબર દેવામાટે લક્ષ્મણજી અન્દર આવતાં રામચન્દ્રજી એને મારી નાખવા તૈયાર થઈ ગયા ત્યારે વસિષ્ઠજીએ કહ્યું કે લક્ષ્મણજીના પ્રાણ ન લેતા એમનો ત્યાગ કરી દેવો જોઈએ; કારણ કે પોતાના પ્રિયજનનો ત્યાગ મૃત્યુદંડ સમાન જ છે. એ કથા વાલ્મીકીય ઉત્તરકાંડમાં છે.

(પણ એ પ્રમાણે થયું હતું તેથી એ સઘળું લોકોને ઉપદેશ દેવામાટે જ હતું એમ નિશ્ચય

થાય છે). મહાત્મા પિતાથી જન્મ, સુન્દરતા, વાક્ચાતુરી તીક્ષ્ણ બુદ્ધિ અને શ્રેષ્ઠ યોનિ-આમાંથી કોઈપણ ગુણથી આપ પ્રસન્ન થતા નથી એ સિદ્ધાન્ત જણાવવાને માટે જ આપે આ બધા ગુણો વિનાના એવા વનવાસી વાનરોની સાથે મિત્રતા કરી છે. (એટલા માટે ભક્તિથી જ એ પ્રસન્ન થાય છે બીજા કોઈ પણ સાધનથી નહિ એવો નિશ્ચય છે) ।।૭।।

દેવતા, અસુર, વાનર અથવા મનુષ્ય; કોઈ પણ હોય તેણે હર પ્રકારે શ્રીરામરૂપ આપનું ભજન કરવું જોઈએ; કારણ કે આપ નરરૂપમાં સાક્ષાત્ શ્રીહરિ જ છો અને થોડું કર્યું ઘણું માનો છો. આશ્રિત-વત્સલ તો આપ એવા છો કે જ્યારે આપ દિવ્યધામે પધાર્યા હતા ત્યારે તમામ ઉત્તર કોસલવાસીઓને પણ આપની સાથે જ લઈ ગયા હતા'' ।।૮।।

ભરતખંડમાં પણ નર-નારાયણ ભગવાન્ અપ્રકટ સ્વરૂપથી બિરાજે છે. એ દયાને લીધે કલ્પ પૂરો થતાં સુધી સંયમી પુરુષો ઉપર અનુગ્રહ કરવા સારુ એવી તપસ્યા કરે છે કે જેથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શાન્તિ અને ઉપરતિની ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ અન્તે આત્મ સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે ।।૯।।

ત્યાં ભગવાન્ નારદજી સ્વયં શ્રીભગવાને ઉપદેશેલા સાંખ્ય અને યોગશાસ્ત્ર સહિત ભગવન્ મહિમાને પ્રકટ કરનારા પાંચરાત્ર દર્શનનો સાવર્ણિ મુનિને ઉપદેશ કરવામાટે ભારતવર્ષની વર્ણાશ્રમ ધર્મવાળી પ્રજા સહિત અત્યન્ત ભક્તિ ભાવથી ભગવાન્ શ્રીનર-નારાયણની ઉપાસના કરે છે અને આ મન્ત્રનો જપ તથા સ્તોત્રનું ગાન કરી તેમની સ્તુતિ કરે છે ।।૧૦।।

**નારદજી બોલે છે :** ઓંકાર સ્વરૂપ, અહંકાર રહિત, નિર્ધનોનું ધન અને નિર્ધનો જ જેનું ધન છે એવા, શાન્ત સ્વભાવવાળા, ઋષિપ્રવર, ભગવાન્ નર-નારાયણને નમસ્કાર હો. તે પરમહંસોના પરમ ગુરુ અને આત્મારામોના અધીશ્વર છે એમને વારંવાર નમસ્કાર હો'' ।।૧૧।।

એ પ્રમાણે મન્ત્ર બોલીને પછી આ પ્રમાણે સ્તુતિ કરે છે :''આપ પોતે આ જગત્ની સૃષ્ટિ વગેરેના કર્તા છો, છતાં હું કર્તા છું એવું અભિમાન ધરાવતા નથી; દેહમાં રહેલાં છતાં પણ ક્ષુધા પિપાસા વગેરે દેહના દૃશ્ય પદાર્થોના ગુણદોષથી ખરડાતી નથી તેવા આસક્તિ રહિત, વિશુદ્ધ અને સર્વના સાક્ષી ભગવાનને નમસ્કાર કરું છું ।।૧૨।।

હે યોગેશ્વર! મરણના સમયે આ દુષ્ટ દેહનું અભિમાન છોડી દઈ આપના નિર્ગુણ સ્વરૂપમાં ભક્તિપૂર્વક મન પરોવવું એજ બ્રહ્માજીએ યોગ સાધનની સૌથી મોટી કુશળતા બતાવીછે ।।૧૩।।

આલોક અને પરલોકનાં સુખોમાં લમ્પટ મૂઢ પુરુષ જેવી રીતે પુત્ર, સ્ત્રી અને ધનની ચિન્તા કરી આ નિંદનીય દેહના મરણથી બીએ છે તેમ જો વિદ્વાન્ પણ આ દેહના મરણથી બીતો હોય તો એણે જ્ઞાન પ્રાપ્તિમાટે કરેલો બધો પ્રયત્ન કેવળ પરિશ્રમ જ છે ।।૧૪।।

તેથી અધોક્ષજ (ઇન્દ્રિયોની પકડમાં ન આવનાર) આપ અમને આપમાં સ્વાભાવિક પ્રેમરૂપ ભક્તિયોગનું દાન કરો, જેથી હે પ્રભો! આ નિંદનીય શરીરમાં આપની માયાને લીધે દઢ થઈ ગયેલ દુર્ભેદ્ય અહન્તા મમતાને અમે તુરત તોડી નાખીએ'' ।।૧૫।।

આ ભરતખંડમાં પણ નદીઓ અને પર્વતો ઘણા છે, જેમકે મલય, મંગલપ્રસ્થ, મૈનાક, ત્રિકૂટ, ઋષભ, કૂટક, કોલ્લક, સહ્ય, દેવગિરિ, ઋષ્યમૂક, શ્રીશૈલ, વેંકટ, મહેન્દ્ર, વારિધાર, વિન્ધ્ય, શુક્તિમાન, પારિયાત્ર (સાતપુડો), દ્રોણ, ચિત્રકૂટ, ગોવર્ધન, રેવતક (ગિરનાર), કકુભ, નીલ, ગોકામુખ, ઈન્દ્રકીલ, કામગિરિ અને બીજા પણ સેંકડો-હજારો પર્વતો છે. એમના પ્રદેશમાંથી ઉત્પન્ન થયેલાં નદ અને નદીઓ પણ અસંખ્ય છે ।।૧૬।।

નામ લેવાથીજ પવિત્ર કરનારી એ નદીઓનાં જળનો ભરતખંડની પ્રજાઓ દેહથી પણ સ્પર્શ કરે છે ।।૧૭।।

એમાં મુખ્ય-મુખ્ય નદીઓ આ છેઃચન્દ્રવશા, તામ્રપર્ણી, અવટોદા, કૃતમાલા, વૈહાયસી, કાવેરી, વેણી, પયસ્વિની, શર્કરાવર્તા, તુંગભદ્રા, કૃષ્ણા, વેણ્યા, ભીમરથી, ગોદાવરી, નિર્વિન્ધ્યા, પયોષ્ણી, તાપી, રેવા, સુરસા, નર્મદા, ચર્મણ્વતી, સિન્ધુ અન્ધ અને શોણ નામના નદ, મહાનદી, વેદસ્મૃતિ, ઋષિકુલ્યા, ત્રિસામા, કૌશિકી, ગંગા, યમુના, સરસ્વતી, દષદ્વતી, ગોમતી, સરયૂ, રોધસ્વતી, સપ્તવતી, સુષોમાં, સતલજ, ચન્દ્રભાગા, મરુદ્વૃધા, અસિક્ની અને વિશ્વા એ મોટી નદીઓ છે ।।૧૮।।

આ ખંડમાં જન્મેલા પુરુષોને જ પોતે કરેલાં સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મો પ્રમાણે ક્રમશઃ સ્વર્ગ, પૃથ્વી કે નરક સમ્બન્ધી અનેક જન્મો આવે છે. વર્ણાશ્રમના

ધર્મના આચરણ પૂર્વક મોક્ષને સારુ જુદાં-જુદાં અનેક સાધનો થવાનો સમ્ભવ અને સાધનોદ્વારા મોક્ષ આ ખંડમાં જ છે ।।૧૯।।

અનેક યોનિઓમાં જન્મ આપનાર દેહાભિમાન છૂટી જતાં સર્વ ભૂતના આત્મા ભગવાન્ વાસુદેવ જે રાગાદિકથી રહિત છે, વાણીથી અગોચર છે અને સ્વાશ્રય પરમાત્મા છે તેની નિષ્કામ ભક્તિ એ જ આ મોક્ષ છે. આ ભક્તિભાવ ત્યારે જ મળે છે જ્યારે અનેક પ્રકારની ગતિઓને પ્રકટ કરવાવાળી અવિદ્યારૂપ હૃદયની ગ્રન્થિ કપાઈ જતાં ભગવાનના પ્રેમી ભક્તોનો સંગ મળે ।।૨૦।।

દેવતા પણ ભારતવર્ષમાં જન્મેલા મનુષ્યોની આ પ્રમાણે મહિમા ગાય છેઃ''અહો! જે જીવોએ ભારતવર્ષમાં ભગવાનની સેવાને યોગ્ય મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યો છે. એમણે એવાં તો કયાં પુણ્ય કર્યાં હશે? અથવા એમના ઉપર સાક્ષાત્ શ્રીહરિ જ પ્રસન્ન થઈ ગયા છે? એ પરમ સૌભાગ્યને માટે તો નિરન્તર અમે પણ તરસતા રહીએ છીએ ।।૨૧।।

કોઈનાથી થઈ શકે નહિ તેવા યજ્ઞો, તપ, વ્રત અને દાનાદિકથી આ તુચ્છ સ્વર્ગલોક અમને મળ્યો છે તેમાં શું વળ્યું? આ સ્વર્ગમાં નારાયણનાં ચરણાદિકનું સ્મરણ થતું નથી, કારણ કે અહીં તો ઇન્દ્રિયોના ઘણાં જ વિષય ભોગને લીધે સ્મરણશક્તિ જ છીનવાઈ જાય છે ।।૨૨।।

આ સ્વર્ગની વાત તો જવા દો, જ્યાંના નિવાસીઓનું આયુષ્ય એક-એક કલ્પનું હોય છે પણ જ્યાંથી ફરી સંસારચક્રમાં પાછું ફરવું પડે છે એ બ્રહ્મલોક વગેરે કરતાં પણ ભારત ભૂમિમાં થોડા આયુષ્યવાળાં થઈ જન્મ લેવો વધારે સારો છે, કારણ કે અહીં ધીર પુરુષ આંખના એક પલકારામાં જ પોતાના આ મર્ત્ય શરીરથી કરેલાં સમ્પૂર્ણ કર્મ શ્રીભગવાનને અર્પણ કરી એમનું અભય પદ પ્રાપ્ત કરી શકે છે ।।૨૩।।

જ્યાં ભગવાનની કથારૂપી અમૃતની નદીઓ નથી, જ્યાં ભગવાનના આશ્રયથી જ રહેતા સજ્જન વૈષ્ણવો નથી, જ્યાં નૃત્ય-ગીત આદિ સહિત મોટા ઉત્સવ વાળી ભગવાનની પૂજાઓ થતી નથી તે બ્રહ્માનો લોક હોય તો પણ એને સેવવો જોઈએ નહિ ।।૨૪।।

જ્ઞાન, જ્ઞાનમાટે ક્રિયાઓ અને ક્રિયાઓને જોઈતા પદાર્થોથી પરિપૂર્ણ મનુષ્ય અવતારને આ ભારતવર્ષમાં પામ્યા છતાં જે લોકો મોક્ષને માટે યત્ન કરતા નથી તે

લોકો પારધીથી છૂટેલાં પક્ષીઓ જેમ પાછાં એ જ વૃક્ષમાં ગાફેલ થઈને વિહાર કરવાથી ફરી વાર પણ બંધન પામે છે તેમ બંધાઈ જાય છે ।।૨૫।।

ભરતખંડના લોકો ભાગ્યશાળી છે કેમકે તેઓ શ્રદ્ધા સહિત વિધિપૂર્વક મન્ત્રથી અને તે-તે વસ્તુના ભેદથી અગ્નિમાં તે-તે દેવતાઓના ઉદ્દેશથી ભાગ પ્રમાણે હોમે છે અને **'ન મમ'** એમ કહી પોતાના સ્વામિત્વથી જુદાં-જુદાં પાડેલા પદાર્થોને ભગવાન્ જે એક છે છતાં જેને ઈન્દ્રાદિક જુદાં-જુદાં નામોથી બોલાવવામાં આવે છે તે પોતે પૂર્ણકામ છતાં પણ સ્વીકારે છે ।।૨૬।।

એ વાત ખરી છે કે ભગવાન્ સકામ પુરુષોને તેમના અભીષ્ટ પદાર્થો આપે છે પણ આ ભગવાનનું વાસ્તવિક દાન નથી કારણ કે એ વસ્તુઓ મળી જતાં છતાં મનુષ્યના મનમાં નવી-નવી કામનાઓ થતી જ રહેતી હોય છે એથી ઊલટું જે એમનું નિષ્કામ ભાવથી ભજન કરે છે તેમને તો ભગવાન્ સાક્ષાત્ પોતાનાં ચરણકમલ જ દાન કરી દે છે. જે બીજી બધી કામનાઓને સમાપ્ત કરી દે છે ।।૨૭।।

તેથી અહીં અમે આટલું સ્વર્ગનું સુખ ભોગવી લીધું તે ઉપરાંત યજ્ઞ, વ્યાખ્યાન કે બીજા સત્કર્મમાંથી કાંઈ પુણ્ય બાકી રહ્યું હોય તો એ પુણ્યના પ્રભાવથી અમને આ ભારતવર્ષમાં ભગવાનની સ્મૃતિયુક્ત મનુષ્ય જન્મ મળજો કેમકે પોતાની ભક્તિ કરનારાઓનું ભગવાન્ હર પ્રકારે કલ્યાણ કરે છે'' ।।૨૮।।

**શ્રીશુકદેવજી કહે છે :** હે પરીક્ષિત રાજા! કેટલા એક વિદ્વાનો જમ્બૂદ્વીપના બીજા આઠ ઉપદ્વીપ છે એમ કહે છે. સગર રાજાના પુત્રો યજ્ઞનો ઘોડો શોધવા ગયા હતા તે વખતે ચારે તરફ ધરતી ખોદી નાખતાં એમણે આઠ ઉપદ્વીપ કરેલા છે ।।૨૯।।

સ્વર્ણપ્રસ્થ, ચન્દ્રશુકલ અને આવર્તન, રમણક, મન્દરહરિણ, પાંચજન્ય, સિંહલ અને લંકા એ આઠ ઉપદ્વીપનાં નામ છે ।।૩૦।।

**એવં તવ ભારતોત્તમ જમ્બૂદ્વીપવર્ષવિભાગો યથોપદેશમુપવર્ણિત ઈતિ।।૩૧।।**

હે પરીક્ષિત રાજા! આ પ્રમાણે મેં ગુરુમુખથી શ્રવણ કર્યું હતું તેવું જમ્બૂદ્વીપના વર્ષોનું વર્ણન મેં તમને સંભળાવી દીધું ।।૩૧।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (ચોથા ભૂમિની દેશસ્થિતિ પ્રકરણમાં ચોથા)''ભરતખંડના ઈષ્ટદેવો તથા એના સેવકો''નામનો ઓગણીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨૦

## પ્લક્ષાદિ છ દ્વીપો સાત સમુદ્રો અને લોકાલોક પર્વતનું માપ

**વિશેષ** : આ વીસમા અધ્યાયમાં સમુદ્રની સાથે પ્લક્ષ વગેરે છ દ્વીપોની સ્થિતિ અને અન્દર તથા બહારના ભાગ વગેરેના પ્રમાણથી લોકાલોક પર્વતની સ્થિતિ કહેવામાં આવશે.

**અતઃ પરં પ્લક્ષાદીનાં પ્રમાણલક્ષણસંસ્થાનતો વર્ષવિભાગ ઉપવર્ણ્યતે ।।૧।।**

**શ્રીશુકદેવજી કહે છે** : હવે પ્લક્ષાદિ અન્ય દ્વીપોના ખંડોના વિભાગ એનાં પ્રમાણ, લક્ષણ તથા સ્થિતિ સહિત વર્ણન કરવામાં આવે છે ।।૧।।

આ જમ્બૂદ્વીપ લાખ યોજનનો છે અને એ લાખ યોજનના ખારા સમુદ્રથી વીંટાયેલો છે. જેમ લાખ યોજનનો ઊંચો મેરું પર્વત લાખ યોજનના વિસ્તારવાળા જમ્બૂદ્વીપથી વીંટાયેલા છે તેવી રીતે જમ્બૂદ્વીપ પણ પોતાના જેવડા ખારા જલના સમુદ્રથી વીંટાયેલો છે. ખારો સમુદ્ર પણ પોતાનાથી બમણા વિસ્તારના પ્લક્ષદ્વીપથી બહારના બગીચાની ખાઈની પેઠે વીંટાયેલો છે. જમ્બૂદ્વીપમાં જેવડું જામ્બૂનું વૃક્ષ છે તેવડું જ એ દ્વીપમાં લાખ યોજન ઊંચું, સોના જેવું પીળું, પીપળનું વૃક્ષ છે. એ ઉપરથી એ દ્વીપનું નામ પ્લક્ષદ્વીપ પડ્યું છે. ત્યાં સાત જિહ્‌વાવાળા અગ્નિદેવ બિરાજે છે. એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રત રાજાના પુત્ર ઈધ્મજિહ્‌વ પોતાના દ્વીપના સાત ખંડ કરી ખંડ જેવા નામવાળા પોતાના સાત પુત્રોમાં વહેંચી આપી પોતે અધ્યાત્મ યોગનો આશ્રય કરી પરલોક સિધાર્યા ।।૨।।

આ વર્ષોનાં નામ શિવ, યવસ, સુભદ્ર, શાન્ત, ક્ષેમ, અમૃત અને અભય છે. એ ખંડોમાં પણ સાત પર્વતો અને સાત નદીઓ પ્રસિદ્ધ છે ।।૩।।

ત્યાં મણિકૂટ, વજ્રકૂટ, ઈન્દ્રસેન, જ્યોતિષ્માન્, સુપર્ણ, હિરણ્યષ્ઠીવ અને મેઘમાલ-એ નામના સાત સીમા પર્વતો છે. અરુણા, નૃમ્ણા, આંગિરસી, સાવિત્રી, સુપ્રભાતા, ઋતમ્ભરા અને સત્યમ્ભરા નામની સાત મહાનદીઓ છે. એ દ્વીપમાં હંસ, પતંગ, ઊર્ધ્વાયન અને સત્યાંગ નામના ચાર વર્ણો છે. એ લોકોના રજોગુણ અને તમોગુણ એ નદીઓના જળમાં સ્નાન કરવાથી ક્ષીણ થતા રહે છે. એમનું આયુષ્ય એક હજાર વર્ષનું હોય છે. એમનાં શરીરમાં દેવતાઓની માફક થાક, પસીનો વગેરે હોતા નથી અને સન્તાનની ઉત્પત્તિ પણ તેમના પ્રમાણે થાય છે. તેઓ ત્રણ વેદમય ભગવાન્ સૂર્યનારાયણ, જે સ્વર્ગના દ્વારરૂપ છે તેનું પૂજન આ

મન્ત્રથી કરે છેઃ ।।૪।।

તેઓ કહે છે કે ''જે સત્ય (અનુષ્ઠાન યોગ્ય) ધર્મ અને ઋત (પ્રતીત થતો) ધર્મ શુભ ફળ અને અશુભ ફળના અધિષ્ઠાતા જે સૂર્ય નારાયણ પુરાણ પુરુષ વિષ્ણુનું રૂપ છે તેમને અમે શરણે જઈએ છીએ'' ।।૫।।

પ્લક્ષ વગેરે પાંચ દ્વીપોના બધાં મનુષ્યોને આયુષ્ય, ઇન્દ્રિય સુખ, શરીરનું બળ, મનનું બળ, ઇન્દ્રિયોનું બળ, બુદ્ધિ અને પરાક્રમ સમાનરૂપથી સ્વાભાવિક રીતે સરખી પ્રાપ્ત હોય છે ।।૬।।

જે પ્લક્ષદ્વીપ પોતાના જેવડા જ શેરડીના રસના સમુદ્રથી વીંટાયેલો છે તેવી રીતે એ પછીનો એનાથી બમણા વિસ્તારનો શાલ્મલ દ્વીપ પણ પોતાના જેવડાજ મદિરાના સમુદ્રથી વીંટાયેલો છે ।।૭।।

એ દ્વીપમાં ઉપર લખેલા પીપળાના જેવડું શેમળાનું ઝાડ છે તેમાં પક્ષીઓના રાજા ગરુડજી, જે પોતાની વેદમય પાંખોથી ભગવાનની સ્તુતિ કર્યા કરે છે તેનું નિવાસ સ્થાન છે એમ કહેવાય છે ।।૮।।

એ શાલ્મલ અર્થાત્ શેમળા ઉપરથી જ એ દ્વીપનું શાલ્મલ દ્વીપ નામ પડેલું છે. એ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના દીકરા યજ્ઞબાહુએ પોતાના સાત પુત્રોને તેમના જ નામના સાત ખંડ વહેંચી આપ્યા હતા ।।૯।।

સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ, પારિભદ્ર, આપ્યાયન અને અવિજ્ઞાત એ સાત ખંડોનાં નામ છે. એમાં પણ સાત સીમા પર્વતો અને સાત નદીઓ પ્રસિદ્ધ છે. પર્વતોમાં નામ સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુન્દ, મુકુન્દ, પુષ્પવર્ષ અને સહસ્ત્ર શ્રુતિ છે. અનુમતિ, સિનીવાલી, સરસ્વતી, કુહૂ, રજની, નન્દા અને રાકા એ સાત નદીનાં નામ છે ।।૧૦।।

શ્રુતધર, વીર્યધર, વસુંધર અને ઈષંધર નામના ચાર વર્ણો વેદમય આત્મસ્વરૂપ ચન્દ્રમારૂપી ભગવાનને વેદ મન્ત્રોથી ઉપાસના કરતાં કહે છેઃ ।।૧૧।।

શુકલ અને કૃષ્ણ પક્ષ માં પોતાનાં કિરણોથી વિભાગ કરી દેવતાઓ, પિતૃઓ અને બધાં પ્રાણીઓને અન્ન આપે છે તે ચન્દ્રદેવ અમારા રાજા (રંજન કરવાવાળા) હો ।।૧૨।।

એવી રીતે મદિરાના સમુદ્રથી આગળ એનાથી બમણો અને ઉપર પ્રમાણે ઘીના સમુદ્રથી વીંટાયેલો કુશદ્વીપ છે. એ દ્વીપમાં ભગવાને રચેલું એક કુશ (દર્ભ) નું વૃક્ષ છે

તે ઉપરથી એ દ્વીપનું નામ કુશદ્વીપ પડ્યું છે. એ દર્ભનું થૂંમડું જાણે બીજો અગ્નિ જ હોય એવા તેજવાળું છે. એની કોમળ શિખાઓની કાન્તિથી એ દિશાઓને પ્રકાશિત કરતું રહે છે ।।૧૩।।

રાજન્! એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો પુત્ર મહારાજ હિરણ્યરેતા પોતાના સાત પુત્રોને વિભાગ પ્રમાણે દ્વીપના સાત ખંડ કરી વહેંચી આપી પોતે તપ કરવા ગયા. પુત્રોનાં નામ વસુ, વસુદાન, દઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવ હતાં તેમાંના દરેકને તે-તે નામનો ખંડ વહેંચી આપ્યોહતો ।।૧૪।।

એ ખંડોમાં સીમાં નક્કી કરનારા સાત પર્વતો અને સાત નદીઓ છે. સાત પર્વતોનાં નામ ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઊર્ધ્વરોમા અને દ્રવિણ છે. નદીનાં નામ છે રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિન્દા, શ્રુતવિન્દા, દેવગર્ભા, ઘૃતચ્યુતા અને મન્ત્રમાલા ।।૧૫।।

કુશદ્વીપવાસી અને નદીઓનાં જળમાં સ્નાન કરી કુશલ, કોવિન્દ, અભિયુક્ત અને કુલક નામના ચાર વર્ણો અગ્નિરૂપ ભગવાનને યજ્ઞાદિ કર્મ કૌશલદ્વારા પૂજે છે અને મન્ત્ર બોલેછે ।।૧૬।।

હે અગ્નિ! આપ સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાનને હવિ પહોંચાડનાર છો; એટલા માટે ભગવાનના અંગભૂત દેવતાઓનાં નામથી કરેલી પૂજા ભગવાનને પહોંચાડજો'' ।।૧૭।।

એવી રીતે જ કુશદ્વીપથી આગળ એનાથી બમણા વિસ્તારનો ક્રૌંચ દ્વીપ છે. જેમ એ દ્વીપ ઘીના સમુદ્રથી વીંટાયેલ છે તેમ આ કૌંચદ્વીપ પોતાના જેવડા દૂધના સમુદ્રથી ફરતો વીંટાયેલ છે. એ દ્વીપમાં ક્રૌંચ નામનો મોટો પર્વત છે તે ઉપરથી એનું ક્રૌંચદ્વીપ એવું નામ પડ્યું છે ।।૧૮।।

પહેલાંના સમયમાં કાર્તિક્ય સ્વામીના શસ્ત્ર પ્રહારથી એના કાંઠા અને કુઞ્જ-નિકુઞ્જો ખેદાન-મેદાન થઈ ગયા હતા પણ દૂધના સમુદ્રથી સીંચવાને લીધે અને વરુણદેવતાએ રક્ષા કરવાથી એ નિર્ભય થઈ ગયા ।।૧૯।।

એ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના પુત્ર ઘૃતપૃષ્ઠ પણ પોતાના દ્વીપનાં સાત ખંડ કરી દીકરાઓનાં નામ પ્રમાણે જ એનાં નામ પાડી ઉત્તરાધિકારી પુત્રોને રાજ્ય આપ્યા પછી સર્વના આત્મા અત્યન્ત કલ્યાણરૂપ કીર્તિવાળા ભગવાન્ શ્રીહરિના પાવન ચરણારવિન્દને શરણે ગયા ।।૨૦।।

આમ મધુરુહ, મેધપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ અને વનસ્પતિ એ નામના એ ઘૃતપૃષ્ઠના સાત પુત્રો હતા. એ ખંડોમાં પણ સાત સીમા નિશ્ચિત કરનારા પર્વતો અને સાત નદીઓ છે. શુકલ, વર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નન્દ, નન્દન અને સર્વતોભદ્ર એ સાત પર્વતો છે. અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી અને શુકલા એ નામની સાત નદીઓ છે ।।૨૧।।

એ નદીઓનાં પવિત્ર અને નિર્મળ જળનો ઉપયોગ કરતા પુરુષ, ઋષભ, દ્રવિણ અને દેવક નામના એ ખંડોનાં ચાર વર્ણો જળથી ભરેલી અંજલિથી જલના દેવતાનું પૂજન કરે છે અને આ મન્ત્ર બોલે છેઃ ।।૨૨।।

હે જલના દેવતા! આપને પરમાત્મા પાસેથી સામર્થ્ય પ્રાપ્ત થયું છે. આપ ભૂ, ભુવ અને સ્વ ત્રણેય લોકોને પવિત્ર કરો છો, કારણ કે સ્વરૂપથી જ પાપોનો નાશ કરવાવાળા છો. અમે અમારા શરીરથી આપનો સ્પર્શ કરીએ છીએ. આપ અમારાં અંગોને પવિત્ર કરો'' ।।૨૩।।

એવી જ રીતે દૂધના સમુદ્રથી આગળ તેની ચારે તરફ શાકદ્વીપ છે. તેનો વિસ્તાર બત્રીશ લાખ યોજનનો છે. એ દ્વીપ પોતાના જેવડા જ મઠા-દહીંના રસના સમુદ્રથી વીંટાયેલો છે. એ દ્વીપમાં શાક નામનું વૃક્ષ છે તે ઉપરથી એનું શાકદ્વીપ નામ પડેલું છે. એ વૃક્ષની અત્યન્ત મનોહર સુગન્ધ એ દ્વીપને સુગન્ધિત કરી મુકે છે ।।૨૪।।

એ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના પુત્ર મેધાતિથિ એ પોતાના દ્વીપના સાતખંડો પાડી એને પુત્રના સરખાં જ નામ પાડી આપ્યાં. પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક, ચિત્રરેફ, બહુરૂપ અને વિશ્વાધાર નામના પોતાના પુત્રોને અધિપતિ નીમી મેધાતિથિ ભગવાન્ અનન્તમાં દત્તચિત્ત થઈ તપોવનમાં ચાલ્યા ગયા ।।૨૫।।

આ ખંડોમાં પણ સાત સીમા પર્વતો અને સાત નદીઓ જ છે. ઈશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેસર, સહસ્રસ્રોત, દેવપાલ અને મહાનસ એ નામના સાત પર્વતો છે. અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પંચપદી, સહસ્રસ્રુતિ અને નિજધૃતિ નામની સાત નદીઓ છે ।।૨૬।।

ઋતવ્રત, સત્યવ્રત, દાનવ્રત અને અનુવ્રત નામના ચાર વર્ણો છે તેઓ પ્રાણાયામથી પોતાના રજોગુણ તથા તમોગુણને ખેરવી નાખી ઘણી જ એકાગ્રતાથી વાયુરૂપ ભગવાનની ભક્તિ કરે છે. અને આ મન્ત્ર બોલે છેઃ ।।૨૭।।

સાક્ષાત્ અન્તર્યામી ઈશ્વરરૂપ વાયુ જે સર્વમાં અન્દર પ્રવેશ કરીને પ્રાણ અને અપાન વગેરે પોતાની વૃત્તિઓથી પ્રાણીઓનું રક્ષણ કરે છે અને જેને અધીન આ સઘળું જગત્ છે તે વાયુ ભગવાન્ અમારી રક્ષા કરો'' ।।૨૮।।

એ જ પ્રમાણે દહીંના સમુદ્ર પછી ફરતો એથી બમણા વિસ્તારનો પુષ્પકર દ્વીપ છે. એ દ્વીપ ચોતરફ પોતાના જેવડા જ મીઠા જલના સમુદ્રથી વીંટાયેલો છે. ત્યાં અગ્નિની જ્યોતના સમાન દેદીપ્યમાન લાખો સુવર્ણમય પાંખડીઓવાળું એક અત્યન્ત વિશાળ કમલ છે. જેને બ્રહ્માજીના આસન તરીકે નિશ્ચિત કરવામાં આવ્યું છે ।।૨૯।।

એ દ્વીપની વચમાં એના પૂર્વ અને પશ્ચિમ વિભાગોની સીમા આંકતો મનસોત્તર નામનો એક જ પર્વત છે, જે દશ હજાર યોજન ઊંચો અને લાંબો છે. એ પર્વત ઉપર ચાર દિશાઓમાં ઈન્દ્રાદિક લોકપાલોની ચાર પુરી છે. એના ઉપર મેરુપર્વતની ચારે તરફ ફરતું સૂર્યના રથનું સંવત્સર (વર્ષ) રૂપ પૈડું દેવતાઓના દિન અને રાત અર્થાત્ ઉત્તરાયણ અને દક્ષિણાયનના ક્રમથી સર્વદા ફર્યા કરે છે ।।૩૦।।

પ્રિયવ્રતનો પુત્ર વીતિહોત્ર એ દ્વીપનો અધિપતિ હતો. તે રમણક અને ધાતકિ નામના પોતાના બે પુત્રોને એ ખંડમાં રાજ્ય આપી પોતે મોટાભાઈની પેઠે ભગવત સેવામાં જ તત્પર રહેવા લાગ્યો હતો ।।૩૧।।

ત્યાંના નિવાસી લોકો બ્રહ્મારૂપ ભગવાન્ હરિની બ્રહ્મ સાલોકયાદિની પ્રાપ્તિ કરાવનારાં કર્મોથી આરાધના કરતાં આ પ્રમાણે સ્તુતિ કરે છે ।।૩૨।।

કર્મના ફળરૂપ, પરબ્રહ્મને જણાવનાર પરબ્રહ્મમાં જ સમાપ્તિવાળા, અદ્વૈત અને શાન્ત એવા જે સ્વરૂપને લોકો પૂજે છે તે ભગવાનને નમીએ છીએ'' ।।૩૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એ મીઠા પાણીના સમુદ્ર પછી લોકાલોક નામનો એક પર્વત છે. તે પૃથ્વીની બધી બાજુએ સૂર્ય વગેરે દ્વારા પ્રકાશિત અને અપ્રકાશિત પ્રદેશોની વચમાં એમના વિભાગ કરવા માટે સ્થિત છે ।।૩૪।।

માનસોત્તર અને મેરુપર્વતની વચ્ચે જેટલું અન્તર છે તેટલા પ્રમાણથી જ (દોઢ કરોડ અને સાડા સાત લાખ યોજનની) બીજી ભૂમિ મીઠા સમુદ્ર પછી આવે છે તેમાં પ્રાણીઓ પણ રહે છે. એ પછી સોનાની ધરતી આવે છે તે આઠ કરોડ અને ઓગણચાળીશ લાખ યોજનની અને અરીસા જેવી છે. એમાં પડી ગયેલી વસ્તુ પાછી હાથ આવતી નથી; એટલા માટે પ્રાણીઓએ એને ત્યજી દીધેલી છે. હા,

દેવતાઓ ત્યાં રહે છે ખરા ।।૩૫।।

લોકાલોક પર્વતનું નામ પાડવાનું કારણ એ છે કે લોક એટલે સૂર્યથી પ્રકાશિત અને અલોક એટલે સૂર્યથી અપ્રકાશિત ભૂભાગોની વચમાં તે છે ।।૩૬।।

એને પરમાત્માએ ત્રિલોકીથી બહાર એની ચારે તરફ સીમાના રૂપમાં સ્થાપિત કર્યો છે. તે એટલો ઊંચો અને લાંબો છે કે એની એક તરફથી ત્રણે લોકોને પ્રકાશિત કરવાવાળાં સૂર્યથી લઈને ધ્રુવ સુધી સમસ્ત જ્યોતિર્મંડળનાં કિરણો બીજી તરફ નથી જઈ શક્તાં ।।૩૭।।

પ્રમાણ, લક્ષણ અને સ્થિતિ અનુસાર સમ્પૂર્ણ લોકની રચના વિદ્વાનોએ એ પ્રમાણે જ બતાવી છે. એ સમસ્ત ભૂગોલ પચાસ કરોડ યોજન છે. એ ભૂમંડળનો ચોથો ભાગ અર્થાત્ સાડાબાર કરોડ યોજન આ લોકાલોક પર્વત પૂરો થાય ત્યાં આવે છે. એટલે મેરુથી સઘળી તરફ સાડા બાર બાર કરોડ યોજન દૂર છે ।।૩૮।।

એ પર્વતની ઉપર ચારે દિશાઓમાં સર્વ જગતના ગુરુ બ્રહ્માજીએ ઋષભ, પુષ્કરચૂડ, વામન અને અપરાજિત નામના ચાર દિગ્ગજો નીમેલા છે તેનાથી સર્વ લોકની સ્થિતિ રહે છે ।।૩૯।।

એ દિશાઓના હાથીઓની અને પોતાની વિભૂતિરૂપ ઈન્દ્રાદિક લોકપાલોની અનેક પ્રકારની શક્તિઓ આબાદ રાખવા સારુ પરમ ઐશ્વર્યના અધિપતિ અન્તર્યામી પરમ પુરુષ ભગવાન્ સર્વલોકના કલ્યાણના ઉદ્દેશથી એ મોટા પર્વત લોકાલોકમાં સર્વ તરફ બિરાજે છે. આપ પોતાના વિશુદ્ધ સત્ત્વ (શ્રી વિગ્રહ) ને જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય વગેરે આઠ મહાસિદ્ધિઓથી સમ્પન્ન છે, ધારણ કરી રહ્યા છે. વિશ્વક્સેન વગેરે પોતાના પાર્ષદોથી એ વીંટાયેલા છે અને પોતાનાં શંખ, ચક્ર વગેરે ઉત્તમ આયુધોથી ભુજદંડો શોભી રહ્યા છે ।।૪૦।।

આ પ્રમાણે યોગમાયાથી રચાયેલા અનેક લોકની વ્યવસ્થાનું રક્ષણ કરવામાટે ભગવાન્ કલ્પ પૂરો થતાં સુધી ત્યાં બિરાજેછે ।।૪૧।।

લોકાલોકની અન્દરના ભાગના ભૂભાગનો જેટલો વિસ્તાર છે એના ઉપરથી જ એની સામી બાજુના અલોક પ્રદેશના પરિમાણ (લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ)નું પણ નિરૂપણ સમજી લેવું જોઈએ. એથી આગળ તો માત્ર યોગેશ્વરોની જ પૂરેપૂરી પહોંચ છે એમ વિશેષજ્ઞો કહે છે ।।૪૨।।

રાજન્! સ્વર્ગ અને પૃથ્વી ની વચમાં બ્રહ્માંડનું જે કેન્દ્ર છે ત્યાં જ સૂર્ય છે. સૂર્ય

અને બ્રહ્માંડ-ગોલકની વચ્ચે ચોતરફ પચીસ કરોડ યોજનનું અન્તર છે ।।૪૩।।

સૂર્ય આ **'મૃત'** અર્થાત્ મરેલાં (અચેતન) અંડમાં વૈરાજરૂપથી બિરાજે છે તેથી જ એનું નામ 'માર્તંડ' પડ્યું છે. તે હિરણ્યમય (જયોતિર્મય) બ્રહ્માંડથી પ્રકટ થયા છે તેથી તેને 'હિરણ્યગર્ભ' પણ કહેવાય છે ।।૪૪।।

દિશાઓ, આકાશ, ઉપરના લોક, પૃથ્વી, સ્વર્ગની જગ્યા, મોક્ષની જગ્યા, નરક, પાતાળો અને બીજા પણ સઘળા વિભાગો સૂર્યથી જ થાય છે ।।૪૫।।

**દેવતિર્યમનુષ્યાણાં સરીસૃપસવીરુધામ્ ।।**
**સર્વજીવનિકાયાનાં સૂર્ય આત્મા દગીશ્વરઃ ।।૪૬।।**

દેવ, પશુ, પક્ષી, મનુષ્યો, સાપોલિયાં અને લતાઓ વગેરે સઘળા જીવોના સમૂહના આત્મા અને નેત્રના અધિષ્ઠાતા સૂર્યછે ।।૪૬।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (ચોથા ભૂમિ દેશસ્થિતિ પ્રકરણમાં પાંચમો) ''પ્લક્ષાદિ છ દ્વીપો, સાત સમુદ્રો અને લોકાલોક પર્વતનું માપ'' નામનો વીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**સાધનાને ક્યારે પણ ધર્મપ્રચાર, પ્રદર્શન કે કમાઈ નું સાધન બનાવી ન શકાય.**
સાધના હંમેશા વ્યક્તિગતપણે અને એકાન્તમાં જ થઈ શકે.
ભગવત્સેવા એ ગુરુ અને શિષ્ય બન્નેની ભક્તિમયી સાધના છે. પોતાના ઘરના એકાન્તમાં જ ભગવત્સેવા ગુરુ તેમજ શિષ્યે કરવી જોઈએ. હવેલી-મન્દિરમાં દર્શન-મનોરથના માધ્યમથી તેને સાર્વજનિક બનાવી ન શકાય.

# પ્રકરણ ૫ : ઊર્ધ્વસ્થાન-દેશસ્થિતિ

## અધ્યાય ૨૧

## સૂર્યનારાયણનું રાશિમાં ફરવું અને જગતની મર્યાદા

**વિશેષ** : આ પ્રકારે પાંચ અધ્યાયવડે ભૂમિ સ્થાનનું નિરૂપણ થયું. હવે ત્રણ અધ્યાયવડે ઊર્ધ્વસ્થાનનું નિરૂપણ થાય છે. આ એકવીસમા અધ્યાયમાં જ્યોતિ-શ્ચક્રની ગતિ મન્દ-શીઘ્ર વગેરેનું નિરૂપણ કરવામાં આવે છે.

**એતાવાનેવ ભૂવલયસ્ય સન્નિવેશઃ પ્રમાણલક્ષણતો વ્યાખ્યાતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** શાસ્ત્રકારોએ ભૂમંડળની રચના પ્રમાણ અને લક્ષણથી એ પ્રમાણે જ કહેલી છે ।।૧।।

અને ખગોળનું પ્રમાણ પણ એટલું જ છે એમ એ વિષયને જાણનારાઓ કહે છે. જેમ ચણા, ચોળા વગેરે કઠોળના બે દલમાંથી એકનું સ્વરૂપ જાણી લેવાથી બીજાનું સ્વરૂપ પણ જણાઈ જાય છે તે જ પ્રમાણે ભૂલોકના પરિમાણથી જ દ્યુલોકનું પરિમાણ જાણી લેવું જોઈએ. એ બેની વચ્ચે અન્તરિક્ષ લોક છે. એ આ બન્નેનું સન્ધિસ્થાન છે ।।૨।।

એ અન્તરિક્ષના મધ્યમાં રહેલા ગ્રહો અને નક્ષત્રો ના પતિ સૂર્યનારાયણ પોતાના તાપથી ત્રૈલોક્યને તપાવે છે અને પોતાના પ્રકાશથી પ્રકાશ આપે છે. એ સૂર્ય ઉત્તરાયણ, દક્ષિણાયન અને વિષુવવૃત્ત નામની ક્રમશઃ મન્દ, શીઘ્ર અને સમાન ગતિથી ઊંચે ચઢાવવાના, નીચે ઊતરવાના અને સમાન રહેવાના સ્થળમાં સમય પ્રમાણે આવીને મકર વગેરે રાશિઓમાં દિવસ-રાત્રીઓને લંબાઈ-ટૂંકાઈને સમાનતા આપે છે ।।૩।।

જ્યારે સૂર્ય મેષ કે તુલા રાશિમાં આવે છે ત્યારેદિવસ અને રાત્રિઓ સમાન થાય છે. જ્યારે વૃષ મિથુન કર્ક સિંહ અને કન્યા એ પાંચ રાશિઓમાં ફરે છે ત્યારે દિવસો વધેછે અને રાત્રિઓમાં મહિને મહિને એક એક ઘડી ઓછી થતી જાય છે ।।૪।।

જ્યારે વૃશ્ચિક, ધન, મકર, કુમ્ભ અને મીન એ પાંચ રાશિઓમાં ફરે છે ત્યારે દિવસ ટૂંકા અને રાત્રિઓ લાંબી થાય છે ।।૫।।

દક્ષિણાયનમાં આવતાં સુધી દિવસો વધે છે. અને ઉત્તરાયણમાં આવતાં સુત્રી રાત્રિઓ વધે છે ।।૬।।

એવી રીતે માનસોત્તર પર્વતને ફરતાં સૂર્યને નવ કરોડ અને એકાવન લાખ યોજનનો રસ્તો કાપવો પડે છે. એમ પંડિતજનો કહે છે. એ માનસોત્તર ઉપર મેરુથી પૂર્વમાં દેવધાની નામની ઈન્દ્રની પુરી છે, દક્ષિણમાં યમરાજની સંયમની નામની પુરી છે; પશ્ચિમમાં વરુણની નિમ્લોચની નામની પુરી છે અને ઉત્તરમાં ચન્દ્રની વિભાવરી નામની પુરી છે. એ પુરીઓમાં મેરુની ચારે તરફ સમય પ્રમાણે સૂર્ય આવતાં ઉદ્દય, મધ્યાહ્ન, અસ્ત અને મધ્યરાત્રિ એ ચાર કાળ જે પ્રાણીઓની પ્રવૃત્તિમાં કારણ છે તે, થાય છે ।।૭।।

રાજન્! મેરુમાં રહેનારાઓને નિરન્તર મધ્યાહ્ન કાળનો સૂર્ય જ તપાવ્યા કરે છે. અશ્વિની આદિ નક્ષત્રો તરફ પોતાની ગતિથી ફરતા સૂર્ય જો કે મેરુને ડાબી તરફ રાખી ચાલે છે. તો પણ સમ્પૂર્ણ જ્યોતિર્મંડલને ઘુમાવનાર નિરન્તર જમણી તરફ વાતા (ફુંકાતા) પ્રવહ વાયુદ્વારા ઘુમાવાઈ જવાથી તે એને જમણી બાજુ રાખીને ચાલતા હોય તેમ લાગે છે ।।૮।।

જે પુરીમાં સૂર્ય ભગવાનનો ઉદ્દય થાય છે તેની બરાબર સામેની પુરીમાં તે અસ્તત થતા જણાશે. જ્યાં તે લોકોને પસીનાથી રેબઝેબ કરી નાખી તપાવતા હશે તેની બરાબર સામે મધરાત હોવાથી તે એમને નિન્દ્રાવશ કરી દેતા હશે. જે લોકોને મધ્યાહ્ન સમયે તે સ્પષ્ટ દેખાતા હશે તે લોકોજ જ્યારે સૂર્ય સૌમ્યદિશામાં પહોંચી જાય ત્યારે તેના દર્શન ન કરી શકે ।।૯।।

સૂર્ય ઈન્દ્રની પુરીથી ચાલીને પન્દર ઘડીમાં યમની પુરીમાં આવે છે તેટલામાં સવા બે કરોડ સાડા બાર લાખ અને પચીશ હજાર યોજનનો માર્ગ એણે કાપવો પડે છે ।।૧૦।।

એ પ્રમાણે યમની પુરીથી અને વરુણની પુરીમાં અને વરુણની પુરીથી સોમની પુરીમાં અને સોમની પુરીથી ફરી ઈન્દ્રની પુરીમાં જતાં સૂર્યને તેટલીજ વાર લાગે છે અને તેટલોજ માર્ગ કાપવો પડેછે ।।૧૧।।

એવી રીતે ચન્દ્ર વગેરે બીજા ગ્રહો પણ જ્યોતિશ્ચક્રમાં બીજાં નક્ષત્રોની સાથે-સાથે ઉદ્દય અને અસ્ત પામે છે. આ પ્રમાણે સૂર્યનો એ વેદ્દમય રથ ચારે પુરીઓમાં ફરે છે એમાં એક મુહૂર્તમાં (મુહૂર્ત=૪૮મિનિટ) એ ચોત્રીશ લાખ અને આઠસો યોજનનો માર્ગ કાપે છે ।।૧૨।।

સૂર્યના રથનું સંવત્સર (વર્ષ) રૂપ એક પૈડું બતાવવામાં આવે છે. તેના બાર (માસ) આરા છે, છ (ઋતુ) પાટા છે અને ત્રણ (શિયાળો, ઉનાળો અને ચોમાસું) નાભિઓ (નાભિ=પૈડાનો મધ્યભાગ જ્યાં આરાઓ મળે છે) એમ કહેવાય છે. આ રથની ધરીનો એક છેડો મેરુ પર્વતના શિખર ઉપર છે અને બીજો છેડો માનસોત્તર પર્વત છે એમાં લાગેલું અને તેલની ઘાણીના ચક્રની પેઠે ફરતું સૂર્યના રથનું પૈડું માનસોત્તર પર્વત ઉપર ફર્યા કરે છે ।।૧૩।।

એ ધરીમાં જેનું મૂળ અચલ છે તેવો અને એનાથી ચોથા ભાગના પ્રમાણની બીજી ધરી છે તેનો ઉપરનો ભાગ ઘાણીની ધરીની જેમ ધ્રુવમાં આવેલો છે ।।૧૪।।

રથમાં બેસવાની જગ્યા છત્રીશ લાખ યોજન લાંબી અને નવ લાખ યોજન પહોળી છે ।।૧૫।।

સૂર્યના રથની ધોંસરી પણ છત્રીસ લાખ યોજન લાંબી છે. એમાં અરુણ નામના સારથિએ ગાયત્રી વગેરે છન્દોના નામવાળા સાત ઘોડાઓ જોડ્યા છે જે સૂર્યના રથને ખેંચે છે. સૂર્ય દેવની આગળ એમની જ તરફ મુખ રાખીને બેઠેલા અરુણ એમનું સારથિનું કાર્ય કરે છે ।।૧૬।।

અંગૂઠાના અણીના જેવડા વાલખિલ્ય નામના સાઠ હજાર ઋષિઓ સૂર્યના મુખ આગળ સ્વસ્તિ વાચન સ્તુતિ કરવાને વાસ્તે નિયુક્ત છે અને તેઓ સ્તુતિ કરતા જાય છે ।।૧૭।।

તદુપરાન્ત ઋષિઓ, ગન્ધર્વો, અપ્સરાઓ, નાગો, યક્ષો, રાક્ષસો અને દેવતાઓ, જે એક-એક લેખતાં ચૌદ છે. પણ બબ્બે સાથે રહેતા હોવાથી સાત ગણ કહેવાય છે. તેઓ પ્રત્યેક માસમાં જુદાં-જુદાં નામવાળા થઈને પોતાનાં ભિન્ન-ભિન્ન કર્મોથી પ્રત્યેક માસમાં ભિન્ન-ભિન્ન નામ ધારણ કરતા આત્મસ્વરૂપ ભગવાન્ સૂર્યની બબ્બે મળી ઉપાસના કરે છે. ।।૧૮।।

**લક્ષોત્તરં સાર્ધનવકોટિયોજનપરિમંડલં ભૂવલયસ્ય ક્ષણેન સગવ્યૂત્યુત્તરં દ્વિસહસ્રયોજનાનિ સ ભુંક્તે ।।૧૯।।**

આ પ્રમાણે ભગવાન્ સૂર્ય ભૂમંડલના નવ કરોડ એકાવન લાખ યોજન લાંબો માર્ગ, પ્રત્યેક ક્ષણે બે હજાર અને બે યોજનને હિસાબે કાપતા રહે છે ।।૧૯।।

**ઇતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (પાંચમાં ઉર્ધ્વસ્થાન દેશસ્થિતિ પ્રકરણમાં સૂર્ય ગતિનિરૂપણ નામનો પહેલો) ''સૂર્યનારાયણનું રાશિમાં ફરવું અને જગતની મર્યાદા'' નામનો એકવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૨૨

## ચન્દ્ર શુક્રાદિક ગૃહોની ગતિ પ્રમાણે મનુષ્યોનું શુભાશુભ

**વિશેષ :** આ બાવીસમા અધ્યાયમાં ચન્દ્ર અને શુક્ર વગેરેનાં ઉત્તરોત્તર ઠેકાણાં અને એ ગ્રહોની ગતિ ઉપરથી મનુષ્યોનાં શુભ અશુભ કહેવાશે.

**યદેતદ્ ભગવત આદિત્યસ્ય મેરું ધ્રુવં ચ પ્રદક્ષિણેન પરિક્રામતો રાશીનામ્**

**... અમુષ્ય વયં કથમ્ અનુમિમીમહિ ઈતિ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** ભગવન્! આપે જે કહ્યું કે, જો કે ભગવાન્ સૂર્ય રાશિઓ તરફ જતી વખતે મેરુ અને ધ્રુવ ને જમણી તરફ રાખી ચાલતા દેખાય છે પણ ખરેખર એની ગતિ દક્ષિપવર્ત નથી હોતી આ વિષય અમે કેવી રીતે સમજીએ? ।।૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** રાજન્! જેવી રીતે કુમ્ભારના ફરતા ચાક ઉપર બેસી એની સાથે ઘૂમતી કીડી વગેરેની પોતાની ગતિ 'ચાક' ની ગતિથી જાુદી જ છે કારણ કે તે ભિન્ન-ભિન્ન સમયે તે ચાકના ભિન્ન-ભિન્ન ભાગો ઉપર દેખાય છે તે જ પ્રમાણે નક્ષત્ર અને રાશિઓથી ઉપલક્ષિત કાલચક્રમાં ધ્રુવ અને મેરુને જમણા હાથ તરફ રાખી ભ્રમણ કરતા સૂર્ય આદિ ગ્રહોની ગતિ વાસ્તવમાં એનાથી જાુદી જ છે; કરાણ કે તે જુદે-જુદે સમયે જુદી-જુદી રાશિ અને નક્ષત્રોમાં દેખાય છે ।।૨।।

વેદ અને વિદ્વાન્ લોકો પણ જેની ગતિ જાણવામાટે ઉત્સુક રહે છે તે સાક્ષાત્ આદિ-પુરુષ ભગવાન્ નારાયણ જ લોકના કલ્યાણ અને કર્મોની શુદ્ધિ માટે પોતાના વેદમય વિગ્રહ (શરીર) કાલને બાર માસમાં વહેંચી નાખી વસન્ત વગેરે ઋતુઓમાં એમને યોગ્ય ગુણોનું વિધાન કરે છે ।।૩।।

આ લોકમાં વર્ણાશ્રમના આચારને અનુસરનારા લોકો વેદમાં કહ્યા પ્રમાણે નાનાં-મોટાં કર્મોથી અને યોગના અંગોથી એની શ્રદ્ધાપૂર્વક એ સૂર્યનું પૂજન કરે છે તેથી એમનું અનાયાસે કલ્યાણ થાય છે ।।૪।।

ભગવાન્ સૂર્ય સમ્પૂર્ણ લોકના આત્મા છે. સ્વર્ગ અને પૃથ્વીની વચમાં જે અન્તરિક્ષ છે તેની અન્દર કાળચક્રમાં સ્થિત એ સૂર્ય વર્ષના અવયવોરૂપ અને રાશિ ઉપરથી જેનાં નામ પડેલાં છે તેવા બાર મહિના ભોગવે છે. એમાંથી પ્રત્યેક માસ ચન્દ્રમાનથી શુકલ અને કૃષ્ણ બે પક્ષનો, પિતૃમાનથી એક રાત અને દિનનો અને સૌરમાનથી સવા બે નક્ષત્રોનો કહેવાય છે. જેટલા સમયમાં સૂર્યદેવ આ સંવત્સરનો છઠ્ઠો ભાગ ભોગવે છે તે અવયવ 'ઋતુ' કહેવાય છે ।।૫।।

જેટલા સમયમાં ભગવાન્ સૂર્ય આકાશના અર્ધ ભાગમાં ફરે છે તેટલામાં સમયને 'અયન' કહે છે ।।૬।।

સ્વર્ગ અને પૃથ્વી ના મંડળની વચ્ચે રહેલા આખા આકાશ મંડળમાં જેટલામાં કાળમાં ફરી લે છે તેટલા કાળને 'વર્ષ' કહે છે. એક વર્ષમાં મન્દ, શીઘ્ર અને સમાન

એવી ત્રણ પ્રકારની સૂર્યની ગતિ થાય છે. સંવત્સર, પરિવત્સર, ઈડાવત્સર, અનુવત્સર અથવા વત્સર વર્ષના અવાન્તર *ભેદ છે ।।૭।।

**વિશેષ** : શુકલ પક્ષની પ્રતિપદાને દિવસ સંક્રાન્તિ બેસે ત્યારે સૌરમાસ અને ચાન્દ્રમાસ એ બન્નેની સાથે શરૂઆત થાય છે; અને એવી રીતે ચાલેલું વર્ષ 'સંવત્સર' કહેવાય છે. પછી સૂર્યને હિસાબે વર્ષમાં છ દિવસ વધે છે અને ચન્દ્રના હિસાબે છ દિવસ ઘટે છે; એટલે બાર દિવસનું અન્તર પડતાં સૌરમાસ અને ચાન્દ્રમાસ આગળ પાછળ થઈ જાય છે. એમ કરતાં પાંચ વર્ષ જાય તેમાં બે મળ માસ આવે છે; અને છઠ્ઠા વર્ષમાં પાછી શુકલ પક્ષની પ્રતિપદાને દિવસ સંક્રાન્તિ બેસવાથી તે પાછું સંવત્સર ગણાય છે. એ પાંચ વર્ષમાં પહેલું સંવત્સર, બીજું પરિવત્સર, ત્રીજું ઈડાવત્સર, ચોથું અનુવત્સર અને પાંચમું વત્સર છે.

એ પ્રમાણે ચન્દ્રમાં સૂર્યનાં કિરણોની ઉપર લાખ યોજનને છેટે છે. સૂર્ય એક વર્ષમાં જેટલું મહિનામાં ચાલે તેટલું ચન્દ્રમા સવા બે દિવસમાં ચાલે છે અને સૂર્ય જેટલું પખવાડિયામાં ચાલે ચન્દ્રમા એક દિવસમાં ચાલે છે કેમકે ચન્દ્રમાની ચાલ એટલી ઝડપી છે ।।૮।।

તે કૃષ્ણ પક્ષમાં ક્ષીણ થતી જતી કલાથી પિતૃગણના અને શુકલ પક્ષમાં વધતી જતી કલાથી દેવતાઓના દિનરાતનો વિભાગ કરે છે તથા ત્રીસ-ત્રીસ મુહૂર્તોમાં એક-એક નક્ષત્રને પસાર કરે છે. અન્નમય તથા અમૃતમય હોવાથી તે જ સમસ્ત જીવોના પ્રાણ અને જીવન છે ।।૯।।

એ જે સોળ કળાવાળા મનોમય, અન્નમય, અમૃતમય, પુરુષસ્વરૂપ ભગવાન્ ચન્દ્રમા છે, તે જ દેવ, પિતૃ, મનુષ્ય, ભૂત, પશુ, પક્ષી, સાપોલિયાં અને વૃક્ષાદિ સમસ્ત પ્રાણીઓના પ્રાણોનું પોષણ કરે છે તેથી તે સર્વમય કહેવાય છે ।।૧૦।।

ચન્દ્રમાંથી ત્રણ લાખ યોજન ઉપર અભિજિત આદિ અઠ્ઠાવીસ નક્ષત્રો છે. કાળચક્રમાં ઈશ્વરે યોજેલાં એ નક્ષત્રો મેરુને જમણી બાજુ રાખી પ્રદક્ષિણા કરે છે ।।૧૧।।

નક્ષત્રોની ઉપર બે લાખ યોજન દૂર શુક્ર જોવામાં આવે છે. એ શુક્ર સૂર્યની શીઘ્ર, મન્દ અને સમાન ગતિ અનુસાર તેની માફક ફરે છે. એ શુક્ર વર્ષા લાવનારો ગ્રહ છે માટે તે લોકોને માટે ઘણું કરીને નિરન્તર સારો છે. જે ગ્રહ વૃષ્ટિને રોકી બેઠો હોય તેને પણ એ શાન્ત કરી દે છે એમ એની ગતિ ઉપરથી જણાય છે ।।૧૨।।

શુક્રની ગતિની સાથે-સાથે બુધની પણ વ્યાખ્યા થઈ ગઈ. શુક્રની ગતિ જેવી જ

બુધની ગતિ પણ સમજી લેવી. ચન્દ્રમાનો પુત્ર બુધ શુક્રની ઉપર બે લાખ યોજનને અન્તરે છે. એ ઘણું કરીને લોકોનું ભલું કરે છે. પરન્તુ જ્યારે તે સૂર્યની ગતિનું ઉલ્લંઘન કરીને ચાલે છે ત્યારે ભયંકર આન્ધી, વાદળાં અને અનાવૃષ્ટિ થવાની સૂચના મળે છે ।।૧૩।।

બુધની ઉપર બે લાખ યોજનને છેટે મંગળ છે. જો તે વક્રગતિમાં ન હોય તો ત્રણ-ત્રણ પખવાડિયે એક-એક રાશિ ભોગવી બારેય રાશિઓને પાર કરે છે. એ અશુભ અને અમંગલ સૂચવનાર છે ।।૧૪।।

મંગળની ઉપર બે લાખ યોજનને છેટે ભગવાન્ બૃહસ્પતિજી છે. એ વક્રગતિ ન હોય તો ઘણું કરીને એક-એક વર્ષે એક-એક રાશિને ભોગવે છે અને ઘણું કરીને બ્રાહ્મણોના કુળને અનુકૂળ રહે છે ।।૧૫।।

બૃહસ્પતિજીની ઉપર બે લાખ યોજન દૂર શનૈશ્વર છે તે એક-એક રાશિમાં ત્રીસ-ત્રીસ મહિના લે છે તેથી તેને બધી રાશિઓને પાર કરવામાં ત્રીસ વર્ષ લાગી જાય છે એ ઘણું કરીને બધાને માટે અશાન્તિકારક છે ।।૧૬।।

**તત ઉત્તરસ્માદ્ ઋષય એકાદશલક્ષયોજનાન્તર ઉપલભ્યન્તે ય એવ ...ભગવતો વિષ્ણોઃ યત્ પરમં પદં પ્રદક્ષિણં પ્રક્રમન્તિ ।।૧૭।।**

એના ઉપર અગિયાર લાખ યોજન દૂર કશ્યપાદિ સપ્તર્ષિ દેખાય છે. બધા લોકોની મંગલકામના કરતાં એ ભગવાન્ વિષ્ણુના પરમપદ ધ્રુવ લોકની પ્રદક્ષિણા કર્યા કરે છે ।।૧૭।।

**ઇતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (પાંચમા ઉર્ધ્વસ્થાન દેશસ્થિતિ પ્રકરણમાં ચન્દ્રાદિકસ્થાન નિરૂપણ નામનો બીજો) ''ચન્દ્ર-શુક્રાદિક ગ્રહોની ગતિ પ્રમાણે મનુષ્યોનું શુભાશુભ'' નામનો બાવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાના શ્રોતા-આયોજકો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**

(ફંડફાળા-મૃતકોદ્ધાર-આજીવિકા વગેરે) કોઈ પણ પ્રકારના (લૌકિક-પારલૌકિક સ્વાર્થ-પરાર્થ)હેતુ વિના ભક્તિભાવથી આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો. દક્ષિણા લઈને કથા કરનારના મનોભાવ ગટરના પાણી જેવા ગંધારા જાણી તેનો સંગ છોડવો.

# અધ્યાય ૨૩

# ધ્રુવનું સ્થાન

**વિશેષ** : આ ત્રેવીસમા અધ્યાયમાં જ્યોતિશ્ચક્રના આશ્રયરૂપ ધ્રુવનું સ્થાન અને બળદના સ્વરૂપથી ભગવાનની સ્તુતિ કહેવાશે.

**અથ તસ્માત્ પરતઃ ત્રયોદશલક્ષયોજનાન્તરતો યત્ તદ્વિષ્ણોઃ પરમં પદમ્ ... ઉપાસ્તે તસ્ય ઇહ અનુભાવ ઉપવર્ણિતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : સપ્તર્ષિઓથી તેર લાખ યોજન ઉપર ધ્રુવલોક છે. અને ભગવાન્ વિષ્ણુનું પરમ પદ કહે છે. ત્યાં ઉત્તાનપાદ રાજાના પુત્ર પરમ ભગવદ્‌ભક્ત ધ્રુવજી બિરાજમાન છે. હજુ પણ કલ્પ સુધી જીવનારાઓના તે આધારરૂપ છે. (ગગન સેતુ અથવા પિતૃયાન માર્ગ.) એનો પ્રભાવ પહેલા (ચતુર્થ સ્કન્ધમાં) કહેવાઈ ગયો છે. (નક્ષત્ર રૂપે રહેલા) અગ્નિ, ઈન્દ્ર, પ્રજાપતિ, કશ્યપ અને ધર્મ હજુ સુધી પણ એકી સાથે અત્યન્ત આદરપૂર્વક તેની પ્રદક્ષિણા ફર્યા કરે છે ।।૧।।

સદા જાગ્રત રહેનારા અવ્યક્ત ગતિ ભગવાન્ કાળદ્વારા જે ગ્રહ, નક્ષત્રાદિ જ્યોતિર્ગણને નિરન્તર ઘુમાવવામાં આવે છે તે ભગવાને ધ્રુવલોકને જ એ બધાના આધારસ્તમ્ભ રૂપે નિર્માણ કરેલ છે. તેથી તે એકજ સ્થાને અચલ રહી સદા પ્રકાશે છે ।।૨।।

જે પ્રમાણે હાલરું ચલાવતી વખતે અનાજને ખુંદનાર પશુ નાની, મોટી કે મધ્યમ દોરડે બંધાઈ ક્રમશઃ નજીક દૂર અને મધ્યમાં રહી થામ્ભલાની ચારે તરફ ગોળ-ગોળ ફર્યા કરે છે તે જ પ્રમાણે બધાં નક્ષત્રો અને ગ્રહો બહાર-અન્દરના ક્રમથી આ કાળ ચક્રમાં જોડાયેલા ધ્રુવલોકનો જ આશ્રય કરી વાયુની પ્રેરણાથી કલ્પના અન્ત સુધી ફરતા રહે છે. જેમ વાદળાં અને બાજ વગેરે પક્ષીઓ પોતે પોતાનાં કર્મોની સહાયતાથી વાયુને આધીન રહી આકાશમાં ફર્યા કરે છે અને પડતાં નથી તેવી રીતે પ્રકૃતિ પુરુષના સંયોગથી ગોઠવાયેલા અને પોતપોતાનાં કર્મો પ્રમાણે નિશ્ચિત માર્ગે ફર્યા કરે છે. અને તારાઓ ધરતી પર પડતા નથી ।।૩।।

એ જ્યોતિશ્ચક્ર ભગવાનની યોગ ધારણામાં બળદના આકારથી રહ્યું છે એમ કેટલાક વિદ્વાનો વર્ણન કરે છે ।।૪।।

એ જ્યોતિશ્ચક્રરૂપ બળદ માથું આડું કરી કુંડળી વાળીને બેઠેલો છે અને એના

પૂંછડાની અણીમાં ધ્રુવ છે. અણીથી નીચેના ભાગમાં પ્રજાપતિ, અગ્નિ, ઈન્દ્ર અને ધર્મ રહેલ છે. પૂંછડાના મૂળમાં ધાતા અને વિધાતા રહ્યા છે, કેડમાં સપ્તર્ષિઓ છે, જમણી તરફ કુંડળી વાળીને બેઠેલા એ બળદના જમણા પડખામાં અભિજિતથી પુનર્વસુ સુધીમાં ચૌદ નક્ષત્રો છે, જે ઉત્તરચારી છે. ડાબા પડખામાં પુષ્યથી ઉત્તરાષાઢા સુધીમાં ચૌદ નક્ષત્રો દક્ષિણ ચારી છે. અજવીથિમાં ગણાતાં નક્ષત્રો પીઠમાં છે. આકાશગંગા ઉદરમાં છે ।।૫।।

પુનર્વસુ અને પુષ્ય જમણા અને ડાબા નિતમ્બમાં છે. આર્દ્રા અને આશ્લેષા જમણા તથા ડાબા પાછલા પગોમાં છે. અભિજિત અને ઉત્તરાષાઢા જમણી તથા ડાબી નાસિકામાં છે. શ્રવણ અને પૂર્વાષાઢા જમણી તથા ડાબી આંખમાં અનુક્રમથી છે. ધનિષ્ઠા અને મૂળ જમણા તથા ડાબા કાનમાં છે. મઘા વગેરે આઠ દક્ષિણચારી નક્ષત્રો ડાબા પડખાનાં અસ્થિઓમાં છે. મૃગશિર વગેરે ઉત્તરચારી નક્ષત્રો પોતાની દિશાથી ઊલટાં એટલે જમણા તથા ડાબા ખભામાં છે ।।૬।।

ઉપલા હોઠમાં અગસ્તિ છે. નીચેના હોઠમાં યમ છે. મોઢામાં મંગળ છે. ઉપસ્થમાં શનૈશ્વર છે. કંઠમાં બૃહસ્પતિ છે. વક્ષઃસ્થળમાં સૂર્ય છે. હૃદયમાં નારાયણ છે. મનમાં ચન્દ્રમા છે. નાભિમાં શુક્ર છે. સ્તનમાં અશ્વિની કુમાર છે. પ્રાણ અને અપાનમાં બુધ છે. ગળામાં રાહુ છે. સર્વ અંગોમાં કેતુઓ છે. અને રુવાડાંઓમાં સર્વે તારાઓના સમૂહ છે ।।૭।।

દરરોજ સંધ્યાકાળે સાવધાનપણાથી મૌન રહીને ભગવાનના જ્યોતિશ્ચક્રરૂપ સર્વ દેવતામય રૂપનું દર્શન કરતાં નીચેના મન્ત્રથી સ્તુતિ કરવીઃ તેજના આશ્રયરૂપ અને દેવતાઓના સ્વામી મહાપુરુષને નમીએ છીએ અને એનું ધ્યાન કરીએ છીએ ।।૮।।

**ગ્રહર્ક્ષતારામયમાધિદૈવિકં પાપાપહં મન્ત્રકૃતાં ત્રિકાલમ્ ।।**
**નમસ્યતઃ સ્મરતો વા ત્રિકાલં નશ્યેત તત્કાલજમાશુ પાપમ્ ।।૯।।**

ગ્રહ, નક્ષત્ર અને તારામય સર્વદેવરૂપ અને ત્રણે કાળમાં ઉપર કહેલ મન્ત્રનો જપ કરનારાઓનાં પાપ મટાડનારા આ શિશુમાર ચક્રને ત્રણે સમયમાં જે માણસ નમસ્કાર કરે અથવા સંભારે તે માણસનું તે-તે સમયનું પાપ તરત નાશ પામે ।।૯।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (પાંચમા ઉર્ધ્વસ્થાન દેશસ્થિતિ પ્રકરણમાં શિશુમાર નિરૂપણ નામનો ત્રીજો) ''ધ્રુવનું સ્થાન'' નામનો ત્રેવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# પ્રકરણ ૬ : અધઃસ્થાન દેશસ્થિતિ

## અધ્યાય ૨૪

## સૂર્યની નીચેના ગ્રહો તથા સાત પાતાળોનું વર્ણન

**વિશેષ** : આ ચોવીસમા અધ્યાયમાં સૂર્યની નીચે અનુક્રમથી રાહુ વગેરેની સ્થિતિ અને અતલ વગેરે સાત પાતાળોની મર્યાદાઓનું વર્ણન કરવામાં આવશે.

**અધસ્તાત્સવિતુર્યોજનાયુતે સ્વર્ભાનુર્નક્ષત્રવચ્ ચરતીત્યેકે... હ્યતદર્હઃ તસ્ય તાત જન્મકર્માણિ ચ ઉપરિષ્ટાદ્ વક્ષ્યામઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : સૂર્યની નીચે દશ હજાર યોજન દૂર નક્ષત્રની પેઠે રાહુ ફરે છે એમ કેટલાક કહે છે. દૈત્યોમાં અધમ એ સિંહિકાનો પુત્ર છે. ભગવાનની કૃપાથી જ યોગ્ય નહિ છતાં એ અમરપણાને પામ્યો છે. એ રાહુનાં જન્મ અને કર્મ વિશે આગળ (અષ્ટમ સ્કન્ધમાં) કહીશું ।।૧।।

અત્યન્ત તપતું સૂર્યનું મંડળ દશ હજાર યોજનનું છે, ચન્દ્રમાનું મંડળ બાર હજાર યોજનનું છે અને રાહુનું તેર હજાર યોજનનું છે એમ કહે છે. અમૃતપાન વખતે રાહુ દેવતાના વેષમાં સૂર્ય અને ચન્દ્ર ની વચમાં આવીને બેસી ગયો હતો એ વખતે સૂર્ય અને ચન્દ્રે એની ચાલાકી ખુલ્લી પાડી દીધી હતી તે વેરને યાદ કરીને એ અમાવાસ્યા અને પૂનમ ને રોજ સૂર્ય અને ચન્દ્રમા ઉપર આક્રમણ કરે છે ।।૨।।

એ જોઈને ભગવાને બન્નેનું રક્ષણ કરવાને પોતાનું પ્રિય આયુધ સુદર્શનચક્ર રાખેલું છે. તે સતત ફરતું રહે છે તેથી રાહુ એના અસહ્ય તેજથી અકળાઈ ઊઠી આશ્ચર્યચકિત થઈ તેની સામેથી મુહૂર્તમાં જ એકદમ પાછો ફરી જાય છે. જેટલી વાર રાહુ તેમની સામે ઊભો રહે છે તેટલા સમયને લોકો 'ગ્રહણ' કહે છે ।।૩।।

એ રાહુથી દશ હજાર યોજન નીચે સિદ્ધ, ચારણ અને વિદ્યાધર લોકોનાં સ્થાનક છે ।।૪।।

એની નીચે જ્યાં સુધી વાયુની ગતિ છે અને વાદળો દેખાય છે ત્યાં સુધી અન્તરિક્ષ લોક છે. તે યક્ષ, રાક્ષસ, પિશાચ, પ્રેત અને ભૂતોનું વિહારસ્થલ છે ।।૫।।

એની સો યોજન નીચે આ પૃથ્વી છે. હંસ, ગીધ, શકરા અન ગરુડ વગેરે મુખ્ય-મુખ્ય પક્ષીઓ જ્યાં સુધી ઊડી શકે છે ત્યાં સુધી એની સીમા છે ।।૬।।

પૃથ્વીનો વિસ્તાર અને સ્થિતિ વગેરેનું વર્ણન તો આવી જ ગયું છે. એની નીચે

અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાળ નામના સાત ભૂવિવર (ભૂગર્ભ સ્થિત બિલ અથવા લોકી) છે તે એકેકની નીચે દસ-દસ હજાર યોજનને અન્તરે આવેલ છે અને દરેકની લંબાઈ-પહોળાઈ પણ દસ-દસ હજાર યોજન જ છે ।।૭।।

ભૂમિનાં આ વિવર પણ એક પ્રકારનાં સ્વર્ગ જ છે. એમાં સ્વર્ગથી પણ વિશેષ વિષય ભોગ, ઐશ્વર્ય, આનન્દ, સન્તાન સુખ અને ધન સમ્પત્તિ છે. ત્યાંના વૈભવપૂર્ણ, ભવન, બગીચા અને ક્રીડા સ્થલોમાં દૈત્ય, દાનવ અને નાગ જાત જાતની માયામયી ક્રીડા કરતા રહે છે. તે બધા ગૃહસ્થ ધર્મનું પાલન કરે છે. એમનાં સ્ત્રી, પુત્ર, બન્ધુ, બાન્ધવ અને સેવક એમના ઉપર ખૂબ પ્રેમ રાખે છે અને તેઓ સદા પ્રસન્ન ચિત્ત રહે છે એમના ભોગોમાં વિઘ્ન કરવાનું ઈન્દ્ર વગેરેમાં પણ સામર્થ્ય નથી ।।૮।।

હે પરીક્ષિત રાજા! એ પાતાળોમાં માયાવી મયદાનવે બનાવેલી અનેક સૂશોભિત નગરીઓમાં જાત જાતનાં ભવન, ગઢ, દરવાજા, સભાભવન, મન્દિર, મોટા-મોટા આંગણા અને ઘરોથી સુશોભિત છે તથા જેની ફરસ ઉપર નાગ અને અસુર લોકોનાં જોડાં, પારેવાં, પોપટ અને મેના આદિ પક્ષીઓ કિલકિલાટ કર્યા કરે છે એવા પાતાળના અધિપતિનાં ભવ્ય ભવન તે પુરીઓની શોભા વધારી મૂકે છે ।।૯।।

ત્યાંના બગીચા પણ પોતાની શોભાથી દેવલોકના બગીચાની શોભાને હઠાવી દે છે. એમાં અનેક વૃક્ષો છે જેમની સુન્દર ડાળીઓ ફલફૂલોના ઝૂમખાઓ અને કોમલ કુંપળોના ભારથી લચી રહેતી હોય છે તથા જેને તરેહ-તરેહની લતાઓ પોતાના અંગપાશથી બાંધી રાખેલ છે. ત્યાં નિર્મલ જલથી ભરેલાં અનેક જલાશયો છે જેમાં અનેક પ્રકારનાં પક્ષીઓનાં જોડાં વિલાસ કર્યા કરે છે. એ વૃક્ષો અને જલાશયોની સુષમા (સૌન્દર્ય) થી તે બગીચાઓ અત્યન્ત શોભી રહ્યા છે. એ જલાશયોમાં રહેતી માછલીઓ જ્યારે ગેલ ગમ્મત કરતી ઊછળે છે ત્યારે જલ ખળભળી ઊઠે છે. સાથે જ જલની ઉપર ઊગેલાં કમળ, કુમુદ, કુવલય, કહ્લાર, નીલકમળ, લાલકમળ અને શતપત્ર કમળ વગેરેનાં વનોમાં રહેનારાં પક્ષીઓના અખંડ વિહારમાં અનેક ઈન્દ્રિયોને આનન્દ મળે છે. એ વખતે બધી ઈન્દ્રિયોમાં ઉત્સવ છવાઈ જાય છે ।।૧૦।।

એ પાતાળોમાં સૂર્ય નહિ હોવાથી અહો રાત્ર વગેરે કાળના વિભાગોની બીક હોતી નથી ।।૧૧।।

ત્યાં મોટા-મોટા નાગોના મસ્તક ઉપરના મણિઓ જ અન્ધારાને મટાડે છે ।।૧૨।।

એ પાતાળોમાં રહેનારાઓને ઔષધિ, રસ, રસાયણ, અન્ન, પાન અને સ્નાન એ બધું દિવ્ય હોવાથી આધિ, વ્યાધિ, અવસ્થાઓ અને વિવર્ણપણું, દુર્ગન્ધ, પસીનો, થાક કે ગ્લાનિ પણ થતાં નથી. તેઓ સદા સુન્દર, સ્વસ્થ અને જુવાન રહે છે ।।૧૩।।

એ ભાગ્યશાળી લોકોનું મૃત્યુ ભગવાનના તેજરૂપી સુદર્શનચક્ર સિવાય બીજા કોઈ સાધનથી થતું નથી ।।૧૪।।

સુદર્શન ચક્ર તો આવતાં જ દૈત્યની સ્ત્રીઓને ઘણું કરીને ગર્ભસ્રાવ અને ગર્ભપાત થઈ જાય છે ।।૧૫।।

અતલ નામના પહેલા પાતાળમાં મયદાનવનો પુત્ર 'બલ' નામનો અસુર રહે છે તેણે અહીં ૯૬પ્રકારની માયા ઉત્પન્ન કરેલી છે, જેમાની કેટલી આજ સુધી માયાવી લોકોમાં જોવા મળે છે. એ બલાસુરના એક બગાસુ ખાવાથી તેના મુખમાંથી સ્વૈરિણી (પોતાન જ વર્ણના પુરુષમાં પ્રીતિ રાખનારી), કામીની (અન્ય વર્ણના પુરુષમાં પ્રીતિ રાખનારી) અને પુંશ્ચલી (અત્યન્ત ચંચલ સ્વભાવવાળી) ત્રણ પ્રકારની સ્ત્રીઓ ઉત્પન્ન થઈ. તેઓ તે લોકમાં વસનારા પુરુષોને સ્ત્રીઓ ઉત્પન્ન થઈ. તેઓ તે લોકમાં વસનારા પુરુષોને હાટક નામનો રસ પાઈ સમ્ભોગ કરવા શક્તિશાળી બનાવી દે છે અને પછી એમની સાથે પોતાની હાવભાવ વાળી દષ્ટિ, પ્રેમ નીગળતું હાસ્ય, પ્રેમાલાપ અને આલિંગનાદિ દ્વારા યથેષ્ટ રમણ કરે છે. એ હાટક રસ પીને મનુષ્ય મદાંધશો બની જાય છે અને પોતાને દસ હજાર હાથીઓ જેવો બળવાન સમજી ''હું ઈશ્વર છું'',''હું સિદ્ધ છું'' એમ અભિમાનથી બકે છે ।।૧૬।।

અતલ પાતાળની નીચે વિતલ પાતાળમાં પોતાના પાર્ષદરૂપ ભૂતનાં ટોળાંથી વીંટાયેલા સાક્ષાત્ હાટકેશ્વર મહાદેવ બ્રહ્માની સૃષ્ટિ વધારવાને સારુ પાર્વતીની સાથે વિહાર કરે છે. એ મહાદેવ અને પાર્વતીના તેજમાંથી હાટકી નામની એક શ્રેષ્ઠ નદી ત્યાં નીકળી છે. પવનથી પ્રજ્વલિત અગ્નિ એ જલને હોંશે-હોંશે પી જાય છે અને પીને પાછું કાઢી નાખે છે તેમાંથી હાટક નામનું સોનું બને છે. એ સોનાને મોટા-મોટા દૈત્યોનાં અન્તઃપુરોમાં પુરુષો અને સ્ત્રીઓ આભૂષણરૂપે ધારણ કરે છે ।।૧૭।।

વિતલની નીચે સુતલ પાતાળમાં પવિત્ર કીર્તિવાળો વિરોચનનો પુત્ર બલિરાજા

રહે છે. ઈન્દ્રનું પ્રિય કરવાની ઈચ્છાથી ભગવાને અદિતિના ઉદરથી અવતાર લઈ બટુક વામનજીના રૂપથી ત્રણે લોકનું રાજ્ય હરી લઈ પાછો ભગવાનની કૃપાથી એને સુતલ પાતાળમાં રાખ્યો છે. તેની પાસે ઈન્દ્રાદિકની પાસે પણ નથી તેવી ઉત્કૃષ્ટ સમ્પત્તિ છે. એ પૂજ્યતમ ભગવાનની ભક્તિ સ્વધર્મ પૂર્વક કર્યા કરે છે અને નિર્ભયપણે હજુ સુધી ત્યાંજ રહે છે ।।૧૮।।

સર્વ જીવોના નિયન્તા, આત્મારામ, સર્વના જીવરૂપ અને સ્વરૂપભૂત પરમાત્મા ભગવાન્ વાસુદેવ જેવા પૂજ્યતમ, પવિત્રતમ દાનનું પાત્ર મળતાં આદરથી સાવધાન ચિત્તવડે એ બલિરાજાએ પૃથ્વીનું દાન આપ્યું તેનું મુખ્ય ફલ કંઈ એ નથી કે બલિને સુતલ લોકનું ઐશ્વર્ય પ્રાપ્ત થઈ ગયું. આ ઐશ્વર્ય તો થોડાક સમયમાટેજ છે પણ એ ભૂમિદાન તો સાક્ષાત્ મોક્ષનું દ્વાર છે ।।૧૯।।

કેમકે કર્મનું બંધન તો જેને તોડવાનો મુમુક્ષુ પુરુષો યોગ અને સાંખ્યનાં સાધન કરી અનેક દુઃખ ભોગવે છે તેને જો માણસ છીંક ખાવી, પડી જવું, ઠેસ વાગવી જેવી પરવશ સ્થિતિમાં પણ એક વાર ભગવાનનું નામ લે તો તોડી શકે છે ।।૨૦।।

તેથી પોતાના સંયમી ભક્ત અને જ્ઞાનીઓને સ્વસ્વરૂપનું દાન કરી દેનારા અને સમસ્ત પ્રાણીઓના આત્મા શ્રીભગવાનને આત્મભાવથી કરેલ ભૂમિદાનનું ફલ આ ન હોઈ શકે ।।૨૧।।

વાસ્તવિક વિચાર કરીએ તો ભગવાને બલિરાજાની ઉપર અનુગ્રહ કર્યો જ નથી કેમકે એમણે એને માયામય ભોગ અને ઐશ્વર્ય, જે પોતાને ભૂલાવી દેનારું છે તે આપ્યું ।।૨૨।।

બીજો કોઈ ઉપાય નહિ મળતાં ભગવાને યાચનાનું છલ કરી એનું માત્ર શરીર રાખી બાકીનું સઘળું ત્રૈલોક્યનું રાજ્ય હરી લીધું, વરુણપાશથી બાંધ્યો અને પર્વતની ગુફા જેવા પાતાળમાં ફેંકી દીધો એ સમયે બલિરાજાએ નીચે પ્રમાણે કહ્યું હતું ।।૨૩।।

''અફસોસની વાત છે કે આ ઐશ્વર્યશાલી ઈન્દ્ર વિદ્વાન્ હોવા છતાં પોતાનો સાચો સ્વાર્થ સિદ્ધ કરવામાં કુશલ નથી, સલાહ લેવામાટે તેણે અનન્યભાવથી બૃહસ્પતિજીને પોતાના મન્ત્રી બનાવ્યા, છતાં તેનો તિરસ્કાર કરી તેણે શ્રીવિષ્ણુ ભગવાન્ પાસે દાસ્ય નહિ માગતાં એમના દ્વારા મારી પાસેથી પોતાને માટે ભોગ જ માગ્યા, આ ત્રણ લોક તો ફકત એક મન્વન્તર સુધી જ રહે છે, જે અનન્ત કાળનો એક ભાગ માત્ર છે. ભગવાનના દાસ્ય આગળ ભલા, આ તુચ્છ ભોગોની શી

વિસાત (મૂલ્ય) છે ।।૨૪।।

ભગવાનને હાથે પોતાના પિતા હિરણ્યકશિપુ મરાયા ત્યારે અમારા પિતામહ પ્રહ્લાદજીએ પ્રભુની સેવાનું જ વરદાન માગ્યું હતું. ભગવાન્ દેવા માગતા હતા તો પણ તેમનાથી દૂર ફેંકી દેનાર સમજીને એમણે પોતાના પિતાનું નિષ્કણ્ટક રાજ્ય લેવાનો સ્વીકાર કર્યો નહિ ।।૨૫।।

પ્રહ્લાદજી અત્યન્ત મહાનુભાવ હતા. મારા ઉપર તો નથી ભગવાનની કૃપા કે નથી તો મારી વાસનાઓ ક્ષીણ થઈ. પછી મારા જેવો કયો પુરુષ એમની પાસે પહોંચવાનું સાહસ કરી શકે?'' ।।૨૬।।

રાજન્! આ બલિરાજાનું ચરિત્ર અમે આગળ (આઠમા સ્કન્ધમાં) વિસ્તારથી કહીશું. સર્વ જગતના ગુરુ અને ભક્તો ઉપર કૃપા કરનાર નારાયણ ભગવાન્ હાથમાં ગદા રાખીને એ બલિરાજા દરવાજામાં નિરન્તર ઊભા રહે છે. જે સમયે દશ માથાવાળો રાવણ દિગ્વિજય કરતાં સુતલ પાતાળમાં આવ્યો તે સમયે એ નારાયણ ભગવાને પોતાના પગના અંગુઠાથી એને લાખો યોજન દૂર ફેંકી દીધો હતો ।।૨૭।।

સુતલ નીચે તલાતલ પાતાળમાં ત્રણ પુરનો અધિપતિ 'મય' નામનો દાનવરાજ રહે છે. પહેલાં ત્રણે લોકને સુખ કરવાની ઈચ્છાથી સદાશિવે એના ત્રણ પુર બાળી નાખ્યાં અને પછી કૃપાને લીધે એને એ સ્થાનક આપ્યું. એ મયદાનવ માયાવી લોકોનો આચાર્ય છે. એના ઉપર મહાદેવ રક્ષક હોવાથી અને સુદર્શન ચક્રની પણ બીક નથી; એ તલાતલ પાતાળમાં લોકો તેનો બહુ આદર કરે છે ।।૨૮।।

તલાતલની નીચે મહાતલ પાતાળમાં કદ્રૂના પુત્રો અનેક મસ્તકવાળા સર્પ લોકોનું 'ક્રોધવશ' નામનો એક સમુદાય રહે છે તેમાં કુહક, તક્ષક, કાલિય અને સુષેણ વગેરે સર્પો મુખ્ય ગણાય છે. મોટી-મોટી ફેણવાળા એ સર્પો ભગવાનના વાહન ગરુડજીથી નિરન્તર ડરતા રહે છે; તો પણ કોઈ સમયે પોતાની સ્ત્રીઓ, સન્તાન, સમ્બન્ધી અને કુટુમ્બના સંગથી પ્રમત્ત થઈને વિહાર કરવા લાગે છે ।।૨૯।।

મહાતલની નીચે રસાતલ પાતાળમાં *પણિ નામના દૈત્ય અને દાનવ રહે છે. એ નિવાત કવચ, કાલેય અને હિરણ્યપુર વાસી કહેવાય છે. એમને દેવતાઓની સાથે વિરોધ છે. જન્મથી જ તેઓ ભારે બળવાન્ અને સાહસિક હોય છે પણ જેમનો પ્રભાવ સમ્પૂર્ણ લોકમાં ફેલાયેલો છે તે શ્રીહરિના તેજથી એમના બળનું અભિમાન હણાઈ ગયેલું હોવાથી તેઓ જેમ સર્પ રાફડામાં રહે તેમ રસાતલ પાતાળમાં રહે છે.

ઈન્દ્રની દૂતી એક કૂતરી મન્ત્રવર્ણ વાકયને લીધે એ લોકો ઈન્દ્રથી બીએ છે ।।૩૦।।

**વિશેષ :** પણિ નામના દૈત્યોએ સંતાડી રાખેલી ગાયોને શોધી કાઢવા સારુ ઈન્દ્રે દેવલોકોની કૂતરી સરમાને ત્યાં મોકલી; તેને પણિઓ સન્ધિ કરવાની ઈચ્છાથી ''તારી શી મરજી છે ઈત્યાદિ'' પૂછે છે ત્યારે સન્ધિને નહિ ઈચ્છતી એ કૂતરી ઈન્દ્રનાં વખાણ સહિત એમને કઠણ વચન કહે છે કે : **''હતા ઈન્દ્રેણ પણયઃ શયધ્વમ્''** હે પણિઓ! ઈન્દ્રના હાથથી માર ખાઈને તમે મરણ પામો એ વચન સાંભળીને એ લોકો બી જાય છે એમ ઋગ્વેદમાં લખ્યું છે.

**તતો અધસ્તાત્ પાતાલે નાગલોકપતયો વાસુકિપ્રમુખાઃ. ... પાતાલવિવરતિમિરનિકરં સ્વરોચિષા વિધમન્તિ ।।૩૧।।**

રસાતલની નીચે પાતાળ નામના સાતમા પાતાળમાં મોટી ફણાવાળા ભારે ક્રોધી મોટા નાગ રહે છે તેમનો રાજા વાસુકિ નાગ છે. શંખ, કુલિક, મહાશંખ, શ્વેત, ધનઞ્જય, ધૃતરાષ્ટ્ર, શંખચૂડ, કમ્બલ, અશ્વતર અને દેવદત્ત વગેરે નાગો એમાં મુખ્ય ગણાય છે. એમાંથી કોઈને પાંચ, કોઈને સાત, કોઈને દશ, કોઈને સો અને કોઈને હજાર માથાં છે. એ નાગોની ફેણો ઉપર ઝગઝગતા મણિ પોતાની કાન્તિથી પાતાળમાંના ઘાટા અન્ધકારને દૂર કરે છે ।।૩૧।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (છઠ્ઠા અધઃસ્થાન દેશસ્થિતિ પ્રકરણમાં તલપદ નિરૂપણ નામનો પહેલો) ''સૂર્યની નીચેના ગ્રહો તથા સાત પાતાળોનું વર્ણન'' નામનો ચોવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ચિતિં ચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચા સ્પૃષ્ટ્વા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ્ ।।**
મડદા, તેને બાળવા વપરાયેલ લાકડાં, રુધિર-માંસ, મરેલા પ્રાણિઓની ખાલ કાઢીને વેચનાર તેમજ ધન કમાવવામાટે પોતાના સેવ્યસ્વરૂપની સેવા કરનાર ને અડકી જવાય તો પહેર્યા કપડે સ્નાન કરવું (દ્રવ્યશુદ્ધિ, ગો.શ્રીપુરુષોત્તમજી)

# અધ્યાય ૨૫
## શેષનાગની સ્થિતિ-રુદ્રોની ઉત્પત્તિ

**વિશેષ :** આ પચીસમા અધ્યાયમાં સાતમા પાતાળની નીચે શેષનાગની સ્થિતિ કહેવાશે, કે જે

ઠેકાણે પ્રલય સમયે આ જગતનો સંહાર કરવાને ઇચ્છતા શેષનાગથી રુદ્રો ઉત્પન્ન થાય છે.

**તસ્ય મૂલદેશે ત્રિંશદ્યોજનસહસ્રાન્તર આસ્તે યા વૈ કલા ભગવતઃ તામસી સમાખ્યાતાનન્ત ...અહમિત્યભિમાનલક્ષણં યં સંકર્ષણમિત્યાચક્ષતે ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** પાતાળની નીચે ત્રીસ હજાર યોજનને અન્તરે શેષનાગ રહ્યા છે તે ભગવાનનો તમોગુણી અંશ કહેવાય છે. એ અહંકારના અધિષ્ઠાતા છે. અહંકારરૂપ હોવાથી દ્રષ્ટા અને દૃશ્ય ને ખેંચીને એક કરી દે છે તેથી પંચરાત્રના સિદ્ધાન્તવાળા લોકો એમને 'સંકર્ષણ' નામ આપે છે ।।૧।।

અનન્ત મૂર્તિઓવાળા અને હજાર મસ્તકવાળા શેષનાગના એક જ મસ્તક ઉપર આ ભૂમંડળ રહેલું છે પણ એ સરસવના દાણા જેવું દેખાય છે ।।૨।।

પ્રલયકાળમાં જ્યારે એ શેષનાગ આ જગતનો ઉપસંહાર કરવા ધારે છે ત્યારે તેની ક્રોધથી વાંકી કરેલી અને ફરતી મનોહર ભ્રમરોના મધ્યમાંથી ત્રણ-ત્રણ આંખોવાળા સંકર્ષણ નામનાં અગિયાર રુદ્રો ત્રણ શિખાવાળાં શૂલ સહિત નીકળેછે ।।૩।।

ભગવાન્ સંકર્ષણના ચરણકમલોના ગોળ-ગોળ, સ્વચ્છ અને રક્ત વર્ણ નખ મણિઓની પંક્તિની માફક ઝગમગે છે. જ્યારે બીજા મુખ્ય-મુખ્ય ભક્તો સાથે અનેક નાગરાજ અનન્ય ભક્તિભાવથી એમને પ્રણામ કરે છે ત્યારે એમને એ નખ મણિઓમાંથી પોતાના કુંડલોની કાન્તિથી શોભતા કમનીય કપોલયુક્ત મનોહર મુખારવિન્દોની મન મોહિની ઝાંખી થાય છે અને એમનાં મન આનન્દથી ભરાઈ જાય છે ।।૪।।

શેષનાગના ચાંદીના સ્તમ્ભ જેવા સ્વચ્છ, લાંબા, શ્વેત અને અત્યન્ત સુન્દર ભુજ-કંકણથી શોભે છે. નાગલોકની કુમારિકાઓ અનેક કામનાઓથી તેના ઉપર અગરુ, ચન્દન અને કેશરના પંકથી લેપન કરે છે. લેપન કરતાં અંગ સ્પર્શથી મથિત થયેલાં તેમનાં હૃદયમાં કામદેવનો સંચાર થઈ જાય છે. ત્યારે તેઓ એમના મદવિહ્વલ, સકરુણ, અરુણ નયનકમલોથી સુશોભિત તથા પ્રેમમદથી મુદિત મુખારવિન્દની તરફ મધુર મનોહર મલકાટ પૂર્વક શરમાઈ જઈ નિહાળવા લાગે છે ।।૫।।

અનન્ત ગુણોના સમુદ્ર એ આદિદેવ શેષનાગ ભગવાન્ અનન્ત અસહનશીલતા તથા ક્રોધના વેગને રોકી ત્યાં સમસ્ત લોકના કલ્યાણને સારુ બિરાજમાન છે ।।૬।।

દેવતા, અસુર, નાગ, સિદ્ધ, ગન્ધર્વ, વિદ્યાધર અને મુનિલોકો એમનું ધ્યાન ધર્યા કરે છે. એમનાં નેત્ર નિરન્તર પ્રેમમદને લીધે મુદિત, ચંચલ અને વિહ્વલ રહે છે. એ ઓ સુન્દર વચનામૃતથી પોતાના પાર્ષદો દેવલોકોના અધિપતિઓને આનન્દ આપ્યા કરે છે. એમનાં અંગ ઉપર નીલવસ્ત્ર અને કાનોમાં ફક્ત એક કુંડલ ઝગમગતું હોય છે તથા એમનો સુભગ અને સુન્દર હસ્ત હળની મૂઠ ઉપર રાખેલો હોય છે. એ ઉદાર લીલામય ભગવાન્ સંકર્ષણે ગળામાં વૈજયન્તીમાલા ધારણ કરેલી હોય છે, જે સાક્ષાત્ ઈન્દ્રના હાથી ઐરાવતના ગળામાં પડેલી સુવર્ણની સાંકળ જેવી લાગે છે. જેની કાન્તિ કદીપણ ફિક્કી પડતી નથી તેવી નવીન તુલસીની ગન્ધ અને મધુર મકરન્દથી ઉન્મત્ત ભમરાઓ નિરન્તર મધુર ગુઞ્જાર કરી તે વનમાળાની શોભા વધારતા રહે છે ।।૭।।

આ પ્રમાણે માહાત્મ્ય શ્રવણ કરવાથી તથા ધ્યાન ધરવાથી મુમુક્ષુ જનોના અન્તઃકરણમાં એ શેષનાગ આવે છે અને એમનું દેહાભિમાન જે સત્ત્વ, રજ અને તમોગુણથી બનેલું છે તથા અનાદિકાળની કર્મની વાસનાઓથી ગૂન્થાયેલું છે તેને તત્કાલ દૂર કરે છે. બ્રહ્માજીના પુત્ર નારદજીએ એમના પ્રભાવ વિશે તુમ્બુરુ ગન્ધર્વની સાથે બ્રહ્માજીની સભામાં નીચે પ્રમાણે શ્લોકોનું ગાન કર્યું હતુંઃ ।।૮।।

''જેની દૃષ્ટિ પડવાથી આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ના કારણરૂપ સત્ત્વાદિ માયાના ગુણો પોતપોતાનું કામ કરવામાં સમર્થ થાય છે, અનન્ત તથા અનાદિરૂપ પોતે એક હોવા છતાં જેણે પોતાનામાં અનેક પ્રકારનો કર્મ પ્રપંચ ઉત્પન્ન કર્યો છે તેવા એ પરબ્રહ્મ શેષનાગના તત્ત્વને લોકો કેમ જ જાણી શકે? ।।૯।।

ભક્તોનાં અન્તઃકરણોને વશ કરવા સારુ કરેલી જેની ઉત્તમ લીલાને સિંહ પણ શીખે છે તેવા ઉદાર પરાક્રમવાળા અને જેના સ્વરૂપમાં જ આ કાર્ય કારણરૂપ જગત્ દેખાય છે તેવા શેષનાગે આપણા ઉપર મોટી કૃપા કરી શુદ્ધ સત્ત્વગુણરૂપ મૂર્તિ ધરી છે ।।૧૦।।

અકસ્માત્ કાનમાં પડી ગયેલાં જેમના નામનો કોઈ દીનદુઃખી અથવા પતિત પુરુષ અકસ્માત્ અથવા હાંસીમાં પણ ઉચ્ચાર કરી દે તો તે પુરુષ બીજા એવા શેષ ભગવાનને છોડી મુમુક્ષુ પુરુષ બીજા મનુષ્યોનાં પણ તમામ પાપોને તત્કાલ નાશ કરી દે છે એવા શેષ ભગવાનને છોડી મુમુક્ષુ પુરુષ બીજા કોનો આશ્રય લે? ।।૧૧।।

અનન્ત હોવાથી અનન્ત પરાક્રમવાળા અને હજાર મસ્તકવાળા એ શેષનાગ

ભગવાને પોતાના એક મસ્તકની ઉપર પર્વતો, નદીઓ, સમુદ્રો અને પ્રાણીઓ સહિત પૃથ્વીને રજકણની માફક ધારણ કરેલી છે તેમનાં પરાક્રમોને હજાર જીભોથી પણ કયો માણસ ગણી શકે?'' ।।૧૨।।

એવા પ્રભાવવાળા, અનન્ત, અપાર બળવાળા, સ્વતન્ત્ર અને ઘણા ગુણ તથા પ્રતાપવાળા એ શેષનાગ ભગવાન્ પાતાળના મૂળમાં રહીને જગતની રક્ષા કરવા સારુ લીલાથી ધરતીને ધારણ કરી રહ્યા છે ।।૧૩।।

સંસાર સમ્બન્ધી સુખોને ઈચ્છનાર મનુષ્યો પોતપોતાના કર્મ પ્રમાણે જે-જે ગતિને પામે છે તેનું મેં જે પ્રમાણે ગુરુ મુખથી સાંભળ્યું હતું. તે પ્રામણે તમારી પાસે વર્ણન કરી સંભળાવ્યું છે તે ગતિઓ આટલી જ છે ।।૧૪।।

**એતાવતીર્હિ રાજન્ પુંસઃ પ્રવૃત્તિલક્ષણસ્ય ધર્મસ્ય વિપાકગતય ઉચ્ચાવચા વિસદશા યથાપ્રશ્નં વ્યાચખ્યે કિમન્યત્ કથયામ ઈતિ ।।૧૫।।**

હે રાજા! પુરુષોને પ્રવૃત્તિરૂપ ધર્મથી પ્રાપ્ત થતી જે પરસ્પર વિલક્ષણ ઉચ્ચનીચ ગતિઓ જેટલી છે તેનું વર્ણન મેં તમારા પૂછવા ઉપરથી આપ્યું. હવે હું બીજી શી કથા કહું? ।।૧૫।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (છઠ્ઠા અધઃસ્થાન દેશસ્થિતિ પ્રકરણમાં શેષ સ્થિતિ નિરૂપણ નામનો બીજો) ''શેષનાગની સ્થિતિ, રુદ્રોની ઉત્પત્તિ'' નામનો પચીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**

કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

## અધ્યાય ૨૬

## પૃથ્વીની નીચે આવેલાં નરકોનું વર્ણન

**વિશેષ** : આ છવ્વીસમાં અધ્યાયમાં પૃથ્વીની નીચે નરકોની સ્થિતિ કહેવાશે કે જે નરકોમાં યમદૂતો પાપી લોકોને યથાયોગ્ય દુઃખ આપે છે.

**મહર્ષ એતદ્વૈચિત્ર્યં લોકસ્ય કથમિતિ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછ્યું** : હે મહારાજ!આવી રીતે સુખ-દુઃખના ભોગની વિચિત્રતા શા કારણથી છે? ।।૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : રાજન્! કર્મ કરનારા પુરુષો સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારના હોય છે. તથા તેમની શ્રદ્ધાઓમાં પણ ભેદ હોય છે. આ પ્રમાણે સ્વભાવ અને શ્રદ્ધા ના ભેદથી એમનાં કર્મોની ગતિઓ પણ જુદી-જુદી હોય છે અને વત્તા ઓછા પ્રમાણમાં એ બધી ગતિ બધા કર્તાઓને પ્રાપ્ત થતી હોય છે ।।૨।।

એ જ પ્રમાણે નિષિદ્ધ કર્મરૂપ પાપાચરણ કરનારાઓને પણ એમની શ્રદ્ધાની અસમાનતાને કારણે સમાન ફલ નથી મળતું તેથી અનાદિ અવિદ્યાને લઈને કામના પૂર્વક કરવામાં આવેલાં એ નિષિદ્ધ કર્મોના ફલરૂપે હજારો જાતની જે નારકી (નરકની) ગતિ થાય છે એમનું વિસ્તારથી વર્ણન કરીશું ।।૩।।

**પરીક્ષિતે પૂછ્યું** : હે ભગવન્! જેને નરક કહેવામાં આવે છે તે શું પૃથ્વી ઉપરનો કોઈ ચોક્કસ દેશ છે કે ત્રિલોકીની બહારનો દેશ છે કે તેની અન્દર જ કોઈક સ્થળે? ।।૪।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એ નરકો ત્રૈલોક્યની અન્દર જ છે. એ દક્ષિણ દિશામાં પૃથ્વીની નીચે અને જળની ઉપર છે. એ દિશામાં અગ્નિષ્વાત્ત વગેરે પિતૃગણો અત્યન્ત એકાગ્રતા પૂર્વક પોતાના વંશજોની મંગલકામના કરતા રહે છે ।।૫।।

યમરાજા પિતૃઓના અધિપતિ છે. ભગવાને જે નિયમ બાંધી આપ્યો છે તેને અનુસરી, મરણ પામેલાં પ્રાણીઓને પોતાના દૂતો લાવે છે તે સૌને ચિત્રગુપ્ત વગેરે પોતાના ફલ-દંડ આપે છે ।।૬।।

કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે નરક એકવીસ છે. એના નામ, રૂપ અને લક્ષણ અનુસાર ક્રમશઃ અમે કહી સંભળાવીએ છીએ. એ તામિસ્ર, અન્ધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અન્ધકૂપ, કૃમિભોજન, સન્દંશ, તપ્તસૂર્મિ, વજ્રકણ્ટક-શાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ અને અયઃપાન એ એકવીસ નરક ગણવામાં આવે છે. ક્ષારકર્દમ, રક્ષોગણભોજન, શૂલપ્રેત, દન્દશૂક, અવટનિરોધન, પર્યાવર્તન અને સૂચીમુખ નામનાં બીજા પણ સાત નરકો ગણવામાં આવ્યાં છે. એ અઠ્ઠાવીસ નરકો

અનેક પ્રકારની યાતના ભોગવવાનાં સ્થાન છે ।।૭।।

જે માણસ પારકાં ધન, સન્તાન કે સ્ત્રીનું હરણ કરે છે તેને અત્યન્ત ભયાનક યમદૂતો કાળપાશથી બાંધીને બળાત્કારથી તામિસ્ર નામના નરકમાં નાખે છે. એ નરકમાં ખાવા ન દેવું, પાણી પીવા ન દેવું, ડંડાથી પ્રહાર કરવો અને ધુરકિયાં કરવાં ઈત્યાદિક અનેક પ્રકારના ઉપાયોથી યમદૂતો જીવને પીડા આપે છે તેથી એ અન્ધકારમય તામિસ્ર નરકમાં એકદમ મૂર્ચ્છા પામે છે ।।૮।।

એ પ્રમાણે જે માણસ બીજાને છેતરીને એની સ્ત્રી આદિનો ઉપભોગ કરે છે તે અન્ધતામિસ્ર નામના નરકમાં પડે છે. એ નરકમાં નંખાતા પીડા પામતા એ જીવ વેદનાને લીધે સુધબુધ ખોઈ બેસે છે અને તેને કંઈ સૂઝતું નથી. મૂળ કપાતાં ઝાડની જેવી દશા થાય તેવી એ જીવની દશા થાય છે. એટલા માટે એ નરકને ‘અન્ધતામિસ્ર’ નામ આપેલું છે ।।૯।।

જે માણસ ‘‘આ શરીર જ હું છું અને આ સ્ત્રી, ધન વગેરે મારાં છે’’ એમ માનીને બીજા પ્રાણીઓનો દ્રોહ કરી કેવળ પોતાના કુટુમ્બનું જ પોષણ કરે છે તે માણસ કુટુમ્બને અહીં જ મૂકીને પોતે એકલો જ એ પાપને લીધે રૌરવ નામના નરકમાં પડે છે ।।૧૦।।

તે માણસે જે જીવોને અહીં જે રીતે કષ્ટ પહોંચાડ્યું હોય તે જીવો રુરુ નામનાં પ્રાણી (કૂતરા) બનીને કષ્ટમાં આવેલા એ માણસને એ સ્થાનમાં તેવી રીતે જ કષ્ટ પહોંચાડે છે. એટલા માટે એ નરકનું નામ રૌરવ કહેવાય છે, (‘રુરુ’ એ સર્પના કરતાં પણ અત્યન્ત ક્રૂર પ્રાણી (કૂતરા) નું નામ છે) ।।૧૧।।

આવું જ મહારૌરવ નરક છે. આમાં તે વ્યક્તિ જાય છે જે બીજા કોઈની પરવા કર્યા વિના માત્ર પોતાના જ શરીરનું પાલન-પોષણ કરે છે. ત્યાં કાચે કાચું માંસ ખાનારા રુરુ (નામના કૂતરા) એને માંસના લોભથી ફાડી ખાય છે ।।૧૨।।

જે ક્રૂર માણસ પોતાનું પેટ ભરવા પશુને કે પક્ષીને જીવતાં જ રાંધી નાખે છે તે હૃદયહીન માણસ તો રાક્ષસથી પણ ખરાબ છે. તેને કુંભીપાક નરકમાં યમના દૂતો ઊકળતા તેલમાં રાંધી નાખે છે ।।૧૩।।

જે માણસ માતા-પિતા, બ્રાહ્મણો અને વેદ નો દ્રોહ કરે છે તે માણસને યમદૂતો કાલસૂત્ર નામના નરકમાં નાખે છે. એ નરકનો ઘેરાવો દશ હજાર યોજનનો છે. એની ભૂમિ સાવ ત્રામ્બાની ઊની અને સપાટ છે; તે ભૂમિ ઉપર સૂર્યથી અને નીચે

અગ્નિથી તપ્યા કરે છે. એ નરકમાં પડેલો પાપી જીવ ભૂખ અને તરસ થી બહાર અને અન્દર બળ્યા કરે છે. એની બેચેની એટલી બધી વધી જાય છે કે તે કયારેક બેસે છે, કયારેક લોટે છે, કયારેક તરફડવા માંડે છે, કયારેક ઊભો રહી જાય છે અને કયારેક આમતેમ દોડવા લાગે છે. આમ એ નરપશુના શરીરમાં જેટલાં રોમ હોય છે એટલાં હજાર વર્ષો સુધી એની એવી દુર્ગતિ થતી રહે છે ।।૧૪।।

જે માણસ આપતકાળ ન હોવા છતાં પોતાનો વેદ માર્ગ છોડી દઈને પાખંડપૂર્ણ ધર્મોનો આશ્રય લીધો હોય તેને અસિપત્રવન નામના નરકમાં નાખીને ચાબખાથી મારે છે. એ નરકમાં મારથી બચવા તે ચારે તરફ દોડતા એ પ્રાણીની ઉપર તાલવનનાં બન્ને તરફ ધારવાળાં તરવાર જેવા પાન્દડાં પડે છે તેથી સઘળાં અંગ કપાઈ જાય છે; 'હાય મૂઓ' 'હાય મૂઓ' એવી ચીસો નાખ્યા કરે છે; ભારે વેદનાથી મૂર્ચ્છા પામીને પગલે-પગલે તે પડી જાય છે અને મૂર્છિત થઈ જાય છે. સ્વધર્મને ત્યજી દેનારો માણસ પાખંડ માર્ગમાં મળવાનું એવું ફળ ભોગવે છે ।।૧૫।।

આ જગતમાં કોઈ નિરપરાધ હોય તેને જે રાજા અથવા રાજ કર્મચારી શિક્ષા કરે અને બ્રાહ્મણને દેહની શિક્ષા કરે છે તે મહાપાપી મરણ પામ્યા પછી સૂકરમુખ નામના નરકમાં પડે છે. એ નરકમાં મોટા બળવાળા યમદૂતો એના શરીરના અવયવોને ચિચોડામાં પિલાતી શેરડીના સાંઠાની જેમ પીલે છે. જેવી રીતે આ લોકમાં તેણે સતાવેલા નિર્દોષ પ્રાણી ચીસો પાડતાં તેવી રીતે તે કયારેક આર્ત સ્વરથી ચિચિયારીઓ પાડે છે તો કયારેક બેભાન થઈ જાય છે ।।૧૬।।

મનુષ્યની આજીવિકા ભગવાને વિધિ-નિષેધપૂર્વક નક્કી કરી આપી છે તથા મનુષ્યને બીજાને થતી પીડાનું જ્ઞાન પણ છે, છતાં તે જો માંકડ વગેરે પ્રાણીઓને પીડા કરે તો મરણ પછી એવા પાપને લીધે તે અન્ધકૂપ નામના નરકમાં પડે છે. (કારણ, માંકડ વગેરે પ્રાણીઓને માણસનું લોહી પીવું વગેરે આજીવિકા ઈશ્વરે જ બનાવી છે અને તેમને એને લીધે બીજાને દુઃખ થાયછે તેવું ભાન નથી). આ અન્ધકૂપ નરકમાં પશુ, પક્ષી, મૃગ, સાપોલિયાં, મચ્છર, જૂ, માંકડ અને માખી ઓ જેને માણસોએ દુઃખ દીધું હોય તે તેમને ચારે બાજૂએથી દુઃખ દેવા માંડે છે. નિદ્રાનું કે શાન્તિનું સુખ એમને મળતું નથી. જેમ રોગગ્રસ્ત શરીરમાં જીવ તરફડ્યા કરે છે તેમ અન્ધકારમય નરકમાં તે તરફડ્યા કરે છે ।।૧૭।।

જે કાંઈ ખાવાનું આવ્યું હોય તે બીજાઓને વહેંચી દીધા વિના ખાય અને

વૈશ્વદેવાદિક પંચયજ્ઞ ન કરે તે માણસને કાગડા જેવો કહ્યો છે. મરણ પછી તે કૃમિભોજન નામના અધમ નરકમાં પડે છે. કીડાઓના કુંડરૂપ એ નરક એક લાખ યોજન લાંબું પહોળું છે. એમાં કીડો થઈને પડેલા જીવને બીજા કીડા ખાય છે અને પોતાને પણ કીડા ખાવા પડે છે. વહેંચી દીધા વગર અને હોમ કર્યા વગર ખાનારો અને એનું પ્રાયશ્ચિત નહિ કરનારો માણસ જ્યાં સુધી એ પાપનું શોધન સારી રીતે ન થઈ જાય ત્યાં સુધી વેદના ભોગવ્યા કરે છે ।।૧૮।।

જે માણસ ચોરીથી કે બળાત્કારથી બ્રાહ્મણનાં સોનાં અને રત્ન નું હરણ કરે, કષ્ટ પડ્યું ન હોય તેવા સમયમાં પણ બીજાનાં સોના વગેરેનું હરણ કરે તે માણસ મરણ પછી સન્દંશ નામના નરકમાં પડે છે. ત્યાં એની ચામડીને યમદૂતો લોઢાના ધગાવેલા ગોળાથી દઝાડે છે અને ચીપિયાઓથી ચામડી ઉતારી લે છે ।।૧૯।।

આ લોકમાં જે પુરુષ અગમ્યા સ્ત્રીની સાથે સમ્ભોગ કરે અને જે સ્ત્રી અગમ્ય પુરુષની સાથે વ્યભિચાર કરે તે બન્ને તપ્તસૂર્મિ નામના નરકમાં પડે છે. ત્યાં યમદૂતો એમને ચાબખાથી મારે છે. પુરુષને ધગાવેલી લોઢાની સ્ત્રીની મૂર્તિને સાથે અને સ્ત્રીને એવી જ પુરુષની મૂર્તિ સાથે આલિંગન કરાવે છે ।।૨૦।।

જે પુરુષમાં આ લોકમાં પશુ વગેરે બધાંની સાથે વ્યભિચાર કરે છે તેને મરણ પછી યમદૂતો વજ્રકણ્ટક-શાલ્મલી નામના નરકમાં નાખે છે. ત્યાં યમદૂતો એને વજ્ર જેવાં કાણ્ટાવાળા શેમળાના ઝાડ પર ચઢાવીને પછી નીચે ખેંચે છે ।।૨૧।।

જે રાજાઓ અથવા રાજપુરુષો પોતે સારા કુળમાં ઉત્પન્ન થયેલા છતાં ધર્મની મર્યાદાઓને તોડી નાખે છે તેમને નરકની ખાઈરૂપ વૈતરણી નદી નામના નરકમાં ઝીંકવામાં આવે છે. ત્યાં મર્યાદા તોડનારા એ લોકોને જલચર જીવ ચારે બાજૂએથી પીંખી નાખે છે પણ તેથી એમના પ્રાણ જતા નથી અને પાપને પરિણામે પ્રાણ ટકી રહેવાથી એ નદીમાં તણાયે જાય છે; પોતે જ કરેલાં પાપકર્મનું આ ફલ છે એમ સમજી બહુ જ પરિતાપ પામે છે; વિષ્ઠા, મૂત્ર, પરુ, લોહી, વાળ, નખ, હાડકાં, મેદ, માંસ અને ચરબીની એ નદીમાં એ સિજાયા કરે છે ।।૨૨।।

લાજ શરમને ત્યજી દેનારા પવિત્ર આચાર નિયમનો નાશ કરી કુલટાઓની સાથે પ્રેમ કરી જે લોકો પશુની પેઠે યથેષ્ટ આચરણ કરે છે તે મરણ પછી પૂયોદ નામના નરકમાં પડે છે. એ નરક, પરુ, વિષ્ટા, મૂત્ર, લીંટ, બળખા અને મળથી ભરેલા દરિયા જેવું છે. એમાં પડીને એ જ ઘૃણિત પદાર્થો એને ખાવા પડે છે ।।૨૩।।

આ લોકમાં જે બ્રાહ્મણાદિ ઉચ્ચ વર્ણના લોકો કૂતરા અથવા ગર્દભ પાળે છે અને શિકાર વગેરેમાં લાગ્યા રહે છે તેમને મર્યા બાદ પ્રાણરોધ નામના નરકમાં નાખવામાં આવે છે અને તેમને લક્ષ્ય બનાવી યમદૂતો બાણોથી વીન્ધી નાખે છે ।।૨૪।।

જે પાખંડી લોકો પાખંડપૂર્ણ યજ્ઞોમાં પશુઓને કાપી નાખે છે તે મરણ પછી વિશસન નામના નરકમાં પડે છે. ત્યાં નરકના અધિપતિઓ એને બહુ પીડા પહોંચાડી કાપે છે ।।૨૫।।

જે દ્વિજવર્ણનો પુરુષ કામાતુર થઈ પોતાની સવર્ણ સ્ત્રીને વીર્યપાન કરાવે છે તે મરણ પછી લાલાભક્ષ નામના નરકમાં પડે છે. ત્યાં એને વીર્યની નદીમાં નાખીને યમદૂતો વીર્ય જ પાય છે ।।૨૬।।

જે ચોર લોકો, રાજાઓ કે રાજાઓનાં અધિકારી આ લોકમાં કોઈના ઘરને આગ લગાડે છે, કોઈને ઝેર દે છે, ગામ કે સંઘોને લૂંટે છે તેઓ મરણ પછી સારમેયાદન નામના નરકમાં પડે છે. ત્યાં યમના દૂતરૂપ અને વજ્ર જેવી દાઢવાળા સાતસો અને વીસ કૂતરા એને આંખો મીંચીને ફાડી ખાય છે ।।૨૭।।

જે માણસ સાક્ષી આપવામાં, ધનની લેવડ-દેવડમાં અને દાનમાં કોઈ પણ રીતે ખોટું બોલે છે તે માણસ મર્યા પછી આશ્રય વગરના અવીચિમાન નામના નરકમાં પડે છે. ત્યાં સો યોજન ઊંચા પર્વતોના શિખર ઉપરથી ઊંધે માથે એને નીચે પાડે છે. એ નરકમાં પથ્થરની જગ્યા પાણી જેવી લાગે છે એટલા માટે એનું નામ 'અવીચિમાન' કહેવાય છે. એ સ્થળમાં પડવાથી તિલતિલ જેટલા શરીરના કટકા થઈ જાય છે તો પણ એ મરતો નથી એટલે એને પાછો શિખર પર ચઢાવીને પાડે છે ।।૨૮।।

જે બ્રાહ્મણ, બ્રાહ્મણી કે બીજો કોઈ વ્રત લીધેલ માણસ ગફલતથી મદિરા પીએ છે, જે ક્ષત્રીય કે વૈશ્ય સોમપાન કરે છે તે અયઃપાન નામના નરકમાં પડે છે. ત્યાં યમદૂતો નરકથી બીધેલા એ લોકોની છાતીને પગથી દબાવી એમના મોઢામાં અગ્નિથી ઓગાળેલ લોઢાનો રસ રેડે છે ।।૨૯।।

જે પુરુષ આ લોકમાં નિમ્ન કક્ષાનો (હલકી શ્રેણીનો) હોવા છતાં પોતાની જાતને મહાન માનવાને લીધે જન્મ, તપ, વિદ્યા, આચાર, વર્ણ અથવા આશ્રમમાં પોતાનાથી મહાન પુરુષોનો સત્કાર નથી કરતો તે જીવતો મરેલા જેવો છે જ તો પણ મર્યા પછી તેને ક્ષારકર્દમ નામના નરકમાં ઉંધે માથે ફેંકવામાં આવે છે અને ત્યાં એને

અપાર પીડા ભોગવવી પડે છે ।।૩૦।।

જે પુરુષો આ લોકમાં નરબલિદ્વારા ભૈરવ, યક્ષ, રાક્ષસ આદિનું યજન કરે છે અને જે સ્ત્રીઓ પશુની માફક પુરુષોને ખાઈ જાય છે તેમને તે પશુઓની માફક મારી નાખવામાં આવેલા પુરુષો યમલોકમાં રાક્ષસ થઈ અનેક પ્રકારની યાતના આપે છે અને રક્ષોગણભોજન નામના નરકમાં કસાઈઓની જેમ કુહાડીથી કાપી-કાપીને તેનું લોહી પીએ છે, નાચે છે અને ગાય છે. માણસોને મારીને તેઓ જેવા આ લોકમાં રાજી થતા તેવા એ રાક્ષસો રાજી થાય છે ।।૩૧।।

જે માણસો વગડામાં કે ગામમાં નિરપરાધી અને જીવવાને ઈચ્છતા પ્રાણીઓને વિશ્વાસ ઉપજાવી પછી શૂળીમાં કે રસ્સી વગેરેથી બાંધી રમત કરતાં-કરતાં દુઃખ દે છે તેઓ મરણ પછી શૂલપ્રોત નામના નરકમાં પડે છે; ત્યાં યમદૂતો એમને શૂળીથી વીંધી નાખે છે, ભૂખ તરસથી પીડા આપે છે તીખી ચાંચવાળા કાગડા અને વટપક્ષી વગેરે એમને ચારે બાજૂએથી ઠોલી નાખે છે જેથી તે પાપીઓ પોતાના પાપને યાદ કરે છે ।।૩૨।।

સર્પાદિકની પેઠે ક્રૂર સ્વભાવવાળા જે લોકો અહીં પ્રાણીઓને ઉદ્વેગ આપે છે તે મરણ પછી દન્દશૂક નામના નરકમાં પડે છે. ત્યાં પાંચ મોઢાંવાળા અને સાત મોઢાંવાળા સર્પો ઉન્દરની માફક એમને હડપ કરી જાય છે ।।૩૩।।

જે લોકો અહીં ઊંડા, ખાડા, કોઠીઓ, ગુફા વગેરેમાં પ્રાણીઓને રૂન્ધી મૂકે છે તેઓ મરણ પછી અવટનિરોધન નામના નરકમાં પડે છે. ત્યાં યમદૂતો એમને એવા જ ખાડાઓમાં રૂન્ધી મૂકીને ઝેરવાળા અગ્નિના ધુમાડાથી મૂંઝવે છે ।।૩૪।।

જે ગૃહસ્થ અતિથિ કે અભ્યાગતોની ઉપર વારંવાર ક્રોધ કરે છે, જાણે એમને બાળી નાખવા ધારતો હોય તેમ ક્રૂર આંખથી જુએ છે તે પર્યાવર્તન નામના નરકમાં પડે છે; ત્યાં વજ્ર જેવી ચાંચવાળા ગીધ, કંક, કાગડા અને બટેર વગેરે પક્ષીઓ બળાત્કારથી એ ક્રૂર દૃષ્ટિવાળા માણસની આંખોને ચૂંટી નાખે છે ।।૩૫।।

ધનનું અભિમાન સેવતો, પોતાને જ શ્રેષ્ઠ માનતો, ટેડી નજરથી જોનારો, સર્વ ઉપર શંકા રાખનારો, ધન ખરચાઈ જશે કે ખૂટી જશે એ બીકથી જેનું હૃદય તથા મોઢું સુકાયા કરે છે તેવો માણસ જમ્પીને બેસતો નથી પણ યક્ષની પેઠે ધનની રક્ષા કરે છે. આવો માણસ મરણ પછી સૂચીમુખ નામના નરકમાં પડે છે. ત્યાં ધનના પેદા કરવાનું અને વધારવાનું પાપ જ લાગ્યું છે તેના સર્વ અંગોને યમના દૂતો દરજીઓની પેઠે

સોઈ દોરાઓ વડે સીવી લે છે ।।૩૬।।

હે રાજા! યમપૂરીમાં આવાં સેંકડો અને હજારો નરકો છે. એ સર્વમાં પાપી લોકો, જે પૈકી કેટલાકનું મેં વર્ણન આપ્યું છે અને કેટલાકનું નથી આપ્યું, વારાફરતી પડે છે. એવી રીતે જ ધર્મને અનુસરનારા લોકો સ્વર્ગાદિક લોકમાં જાય છે. પુણ્ય અને પાપ બન્નેના બાકી રહેલા ભાગ લઈ તેઓ અહીં મનુષ્યલોકમાં પુનર્જન્મને માટે આવે છે ।।૩૭।।

આ ધર્મ અને અધર્મ થી વિલક્ષણ નિવૃત્તિમાર્ગ તો પહેલાં (દ્વિતીય સ્કન્ધમાં) કહેવાઈ ગયો છે. હે રાજા! આ બ્રહ્માંડ જેના પેટા ભેદ પુરાણોમાં ચૌદ પ્રકારના કહેવાયા છે. તે આટલું જ છે, સાક્ષાત્ મહાપુરુષ ભગવાન્ નારાયણનું માયાના ગુણથી બનેલા સ્થૂળ બ્રહ્માંડનું વર્ણન હું તમારી પાસે કરી ચૂક્યો. જે માણસ આદરભાવથી આ પ્રકરણનો પાઠ કરે, સાંભળે કે સંભળાવે તેની બુદ્ધિ શ્રદ્ધાથી અને ભક્તિથી શુદ્ધ થાય છે. એમ થવાથી પરમાત્માનું સત્ય સ્વરૂપ જે અત્યન્ત ગૂઢ છે તેને પણ તે જાણી શકે છે ।।૩૮।।

ભગવાનના સ્થૂળ સૂક્ષ્મરૂપનું શ્રવણ કરી સન્ન્યાસીએ પ્રથમ સ્થૂળરૂપના ધ્યાનમાં મનને સ્થિર કરવું, પછી ધીરે-ધીરે બુદ્ધિવડે સૂક્ષ્મ સ્વરૂપમાં મનને લઈ જવું ।।૩૯।।

**ભૂદ્વીપવર્ષસરિદદ્રિનભઃ સમુદ્ર-પાતાલદિંનરકભાગણલોકસંસ્થા ।**
**ગીતા મયા તવ નૃપાદ્ભુતમીશ્વરસ્ય સ્થૂલં વપુઃ સકલજીવનિકાયધામ ।।૪૦।।**

હે રાજા! પૃથ્વી તેમાં આવેલાં દ્વીપ, ખંડ, નદીઓ, પર્વતો, આકાશ, સમુદ્ર, પાતાલ, દિશાઓ, નરક, જ્યોતિશ્ચક્ર અને બીજા પણ કેટલાક લોકોની સ્થિતિ જે સઘળાં પ્રાણીઓના સમૂહના સ્થાનરૂપ ઈશ્વરના અદ્ભુત અને સ્થૂળ શરીરરૂપ છે તે મેં તારી પાસે કહી દેખાડી ।।૪૦।।

**ઈતિ શ્રીભાગવત પંચમસ્કન્ધમાં (છઠ્ઠા અધઃસ્થાન દેશનિરૂપણ પ્રકરણમાં ત્રીજો) ''પૃથ્વીની નીચે આવેલાં નરકોનું વર્ણન'' નામનો છવ્વીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# પંચમસ્કન્ધ સમ્પૂર્ણ

# ષષ્ઠસ્કન્ધ–પુષ્ટિલીલા

## (ડાબી સાથળ)

**વિશેષ :** પંચમસ્કન્ધમાં છવીસ અધ્યાયવડે સ્થાન લીલાનું નિરૂપણ કરવામાં આવ્યું, હવે ષષ્ઠ સ્કન્ધમાં ઓગણીસ અધ્યાયથી પુષ્ટિલીલાનું નિરૂપણ કરવામાં આવે છે.

૧. **''પુષ્ટિલીલા ભાવ''** : પુષ્ટિલીલા કાળ, કર્મ અને સ્વભાવનો બાધ કરનારી છે. એ શ્રીકૃષ્ણના અનુગ્રહરૂપ છે. **''પોષણં તદનુગ્રહઃ''** પ્રભુનો અનુગ્રહ એટલે પુષ્ટિ. અનુગ્રહ, પ્રસાદ, કૃપા વગેરે શબ્દો એના પર્યાયવાચક છે. પુષ્ટિલીલારૂપ ભગવદ્ધર્મ જ કાળ, કર્મ અને સ્વભાવનો નાશ કરે છે. એમાં કાળ દ્વાદશ માસાત્મક છે, તેમજ **''અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્‌। વિવિધાશ્ચ પૃથક્ચેષ્ટા દૈવં ચૈવાત્ર પંચમમ્''** એ વાક્ય અનુસાર અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટાઓ અને દૈવ એમ પંચાત્મક કર્મ છે અને સ્વભાવ દૈવ અને આસુરભેદથી બે પ્રકારનો છે. એવી રીતે ૧૨।૫।૨ મળીને કુલ ઓગણીસ પ્રકારની પુષ્ટિલીલા પણ થાય છે અને તેથી જ છઠ્ઠા સ્કન્ધના ઓગણીસ અધ્યાય છે.

૨. **પ્રકરણભાવ : અ.''ત્રયં વા ઇદં નામ રૂપં કર્મ ચ''** આ શ્રુતિમાં ઉક્ત નામ, રૂપ અને ત્રણે ભગવત્સ્વરૂપ છે એમ દર્શાવવા નામ, ધ્યાન અને અર્ચન એ ત્રણ પ્રકરણ છે. આ પ્રકારે **નામ કીર્તનથી જ** પ્રભુ કાલાદિનો બાધ કરે છે, નહિ કે પુષ્ટિથી, એવી શંકા ન કરવી કારણ કે નામાદિ ભગવદ્રૂપવિશેષ છે. (તેથી જ નામાત્મક વેદને ભગવત્સ્વરૂપ કહે છે). એની કૃપા વિના એનું સંકીર્તન પણ અસમ્ભવિત જ છે કારણ કે જ્યારે ભગવત્પ્રસાદ થાય ત્યારે જ નામાદિનો ઉચ્ચાર પણ કરાય છે, નહિ તો નહિ. તેમાંયે નામ પણ શ્રવણ, કિર્તન અને સ્મરણ એવા ભેદથી ત્રણ પ્રકારનું છે, માટે નામ પ્રકરણમાં એના ત્રણ અધ્યાય છે.

**બ.ધ્યાનમાં** રૂપ જ મુખ્ય છે. નિબન્ધમાં બતાવ્યા પ્રમાણે રૂપ ચૌદ પ્રકારનું છે. રૂપ પ્રકરણમાં ચૌદ અધ્યાય છે. રૂપના ચૌદ પ્રકાર નિબન્ધમાં આ પ્રકારે છે :

**રૂપં ચતુર્દશગુણં પ્રત્યેકં હૃદિ ભાવિતમ્‌ ।**
**ફલત્યેવેતિ તાવદ્‌ભિરધ્યાયૈર્વિનિરૂપણમ્‌ ।।**
**રૂપેણ મોક્ષદઃ પ્રોક્તો રસેનાનન્દદાયકઃ ।**
**ગન્ધેન ભક્તિદઃ પ્રોક્તઃ સ્પર્શેના ખિલપાપનુત્‌ ।।**
**મનોહરસ્તુ નાદેન યોગેનાત્મપ્રવેશદઃ ।**
**કાલમોક્ષપ્રદો દ્વિષ્ટઃ સ્વામી સર્વ સુખપ્રદઃ ।**

**હીનભાવાદ્ દુઃખદશ્ચ કેવલઃ સકલાર્થદઃ ।।**
**મિતો યોગપ્રદઃ પ્રોક્તો ભિન્નો મૃત્યુપ્રદઃ સ્મૃતઃ ।**
**યથાસ્થિતો જ્ઞાનદશ્ચ સ્નેહાદ્વશ્યો ભવેદ્ ધ્રુવમ્ ।।**

બીજા ધ્યાન પ્રકરણમાં ૧૪ અધ્યાય છે કારણ કે રૂપ ચૌદ ગુણવાળું છે. પ્રત્યેક ગુણયુક્ત ભગવત્સ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરવામાં આવે તો ભગવાન્ જીવનું હિત કરે છે. તે ચૌદ ગુણ આ પ્રમાણે છે : પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને ચાર અન્તઃકરણ. દક્ષના તપથી પ્રકટ થયેલાં (સ્વ) રૂપે દક્ષનો શિવજીની અવજ્ઞારૂપ દોષ નિવૃત્ત કરી, તે સૃષ્ટિકર્મ કરવામાં પ્રવૃત્ત હોવા છતાં તેને મોક્ષનું દાન કર્યું. સર્વ ઈન્દ્રિયો અને અન્તઃકરણથી અનુભવી શકાય એવો ભગવદ્રસ આનન્દ રૂપ છે. હર્યશ્વ અને શબલાશ્વ ને નારદજીના ઉપદેશથી ગૂઢ વાક્યોનો અર્થ સમજાયો, જેથી તેઓએ સંસારરસનો ત્યાગ કર્યો. દક્ષને તે રસનો અનુભવ ન થયો અને તેથી નારદજીની સાથે બોલાબોલી થઈ અને શાપ થયા.

ત્રીજા અધ્યાયમાં વિશ્વરૂપમાં કીર્તિરૂપ, ભગવાનના પ્રતાપ પ્રભાવરૂપ ભગવદ્ગન્ધનું નિરૂપણ છે. ગન્ધ એટલે કીર્તિની સુવાસ. ચોથા અધ્યાયમાં **''ઋષિં ત્વાષ્ટ્રમ્ ઉપવ્રજ્ય પરિષ્વજ્યેદમબ્રુવન્''** ત્વષ્ટામાં આવિષ્ટ ભગવાનનો સ્પર્શ થવાથી દેવતાઓના બધા તાપ દૂર થઈ ગયા.

પાંચમાં અધ્યાયમાં દેવોને દધીચિ ઋષિ પાસેથી ભગવન્નાદ રૂપ કવચ પ્રાપ્ત થયું. ભગવન્નાદ ત્રિલોકીનું મન હરી લે છે તેથી જ દૈત્યના અંશવાળો વિશ્વરૂપ વૈષ્ણવ થયો. ઈન્દ્રને કવચ આપવામાં આવતાં ભગવન્નાદનું દૈત્ય સમ્બન્ધિત્વનું નિવારણ કરવા હરિએ જ વિશ્વરૂપને માર્યો.

છઠ્ઠા અધ્યાયમાં **''યોગેનાત્મપ્રવેશદઃ''** નું નિરૂપણ આ પ્રમાણે છે. મૂર્તિમાન દેવરૂપ ભક્તિ તો વૃત્રના ઉદરમાં રહેલી છે, તેનાથી ભગવાન્ પ્રસન્ન થાય છે એ સાચું પણ તે ભક્તિ વૃત્રનો વધ કર્યા વિના બહાર આવી શકે નહિ. દેવો મૂંઝાયા છતાં ભગવન્નારૂપ કવચ ઈન્દ્ર પાસે હોવાથી, તેનાથી જ દેવોના હૃદયમાં ભગવાનની સ્તુતિ કરવાની સ્ફૂરણા થઈ, તે સ્તુતિથી પ્રભુ પ્રકટ થયા. દેવોની સાથે વાત કરી અને આમ દેવોને અપનાવ્યા, અને વૃત્રના વધનો ઉપાય બતાવ્યો.

સાતમા અધ્યાયમાં **''કાલમોક્ષપ્રદોદ્વિષ્ટઃ।''** યુદ્ધનું મૂળ દ્વેષ છે. દૈત્યો ભગવાનનો દ્વેષ કરે છે અને ભગવાન્ તેમને કાલદ્વારા મોક્ષ આપે છે, જેથી ફરીથી તેમને કાલનો ગ્રાસ થવું ન પડે. સેવામાં હસ્તની પ્રવૃત્તિ પરસ્પર બન્ને પક્ષે નથી હોતી, યુદ્ધમાં બન્ને પક્ષે પ્રવૃત્તિ હોય છે.

આઠમા અધ્યાયમાં **''સ્વામી સર્વસુખપ્રદઃ''** આ પ્રમાણે વૃત્રના ઉદરમાં રહેલી મૂર્તિમતી ભક્તિ ભગવાનને પોતાના સ્વામી પતિ માને છે. પતિ પોતાની ભાર્યાને જેમ બધી રીતે સુખી કરે છે તેમ ભગવાન્ પણ ભક્તોને બધી રીતે સર્વ સ્વકીય સુખ આપે છે. આ વૃત્ર ચતુઃશ્લોકીમાં સ્પષ્ટ છે.

નવમાં અધ્યાયમાં **''હીનભાવાદ્ દુઃખદશ્ચ''** વૃત્રે ઈન્દ્રને જ્ઞાન, ભક્તિ, બલ જણાવ્યાં છતાં ઈન્દ્રપદની પ્રાપ્તિમાટે યુદ્ધ જ કર્યું, પણ વૃત્રને ભક્ત સમજી ભગવત્પ્રીતિનેમાટે શરણાગતિ ન સ્વીકારી, ઈન્દ્ર વૃત્રને શરણે ગયા હોત તો ભગવત્પ્રાપ્તિ જલદી થાત અને ભગવત્કૃપાથી અનાયાસે સૌ રૂડાં વાનાં થાત. અહીં તે ન કરતાં પ્રભુમાં હીનભાવનાથી ત્યાગ છતો થયો અને પછી તો ભગવાને પણ ઈન્દ્રનો ત્યાગ કરવાથી આધિદૈવિક વૃત્રહત્યા રૂપી દુઃખ મળ્યું.

દશમા અધ્યાયમાં **''કેવલઃ સકલાર્થદઃ''** ઈશાન ખૂણામાં માનસ સરોવરમાં શ્રીલક્ષ્મીનારાયણ કેવલ પાર્ષદવિહોણા બિરાજે છે. ત્રણે લોકમાં ઈન્દ્ર શરણમાટે ભમ્યા. ક્યાંય પણ શરણ ન મળવાથી માનસ સરોવરમાં, ઈન્દ્રને શરણું મળ્યું, યોગ્ય ન હોવા છતાંય ભગવાનનો સ્વભાવ તો એવો છે કે કોઈ જીવ ભગવત્સમીપે એક ડગ માંડે તો ભગવાન્ તે જીવની દિશામાં ઓગણીસ ડગ ચાલે છે એટલે ભગવાનની સાથે ત્યાં ઈન્દ્ર ગયા. આગલા અધ્યાયમાં ઈન્દ્રનો ભગવાન્‌માં હીનભાવ હતો, તેથી ભગવત્સમીપ આવવા પણ તે યોગ્ય નહોતા છતાં આ વૃત્રની હત્યા, સર્વ લોકોમાં ભક્તિના પ્રચારમાટે અને વૃત્રના દોષનું નિવારણ કરવા ભગવાનને ભાવતી વાત હતી. એટલું જ નહિ, તે ભગવત્કાર્ય હતું, કાર્ય થયું એટલે હીનભાવનું ફલ ભોગવાઈ જતાં ફરીથી ઉત્તમ બુદ્ધિ થઈ. ધ્યાનથી ભક્તિ, હત્યાથી મોક્ષ, યજ્ઞોથી ધર્મ, તથા મહેન્દ્રપણાથી અર્થ અને કામ આપ્યા. ધ્યાનથી આધિદૈવિક હત્યા, શ્રીરુદ્રથી આધ્યાત્મિક હત્યા અને યજ્ઞોથી ભૌતિક હત્યા નિવૃત્ત થઈ ગઈ.

અગિયારમાં અધ્યાયમાં **''મિતો યોગપ્રદઃ''** ભગવાન્ અને ભગવદાનન્દ અનન્ત હોવાથી તોલ-જોખ-માપના છાબડાંમાં સમાઈ શકતા નથી. પણ ભગવાન્ સિવાય બધાંનો તોલ-જોખ થઈ શકે છે. તેનો નિર્ણય કરી તે બધાથી ભગવાન્ અને ભગવદાનન્દ ક્યાંય ઉત્તમ છે એમ સમજવું એ જ ભગવાન્ અને ભગવદાનન્દનું માપ. સાગર અને આકાશ અનન્ત છે એમ સમજવું એ જ એમનું માપ અથવા જ્ઞાન. અંગિરા ઋષિ ચિત્રકેતુ રાજાને ઉપદેશ આપવા જ આવ્યા હતા તો પણ ચિત્રકેતુએ તો એમ જ કહ્યું કે પુત્ર વિના પોતાની અને પોતાના પિતરોની ગતિ જ નથી માટે પુત્ર આપો જ આપો, આમ તેને ભગવાન્‌માં ઉત્કૃષ્ટ બુદ્ધિ ન થઈ. ભગવાન્

પરમાનન્દ સ્વરૂપ છે એવું ઉત્તમ જ્ઞાન પણ ન થયું અને પરિણામે તેને ભગવાનની અપ્રાપ્તિ રૂપી અયોગ જ મળ્યો **''ભિન્નોમૃત્યુપ્રદઃ''** એક સર્વાત્મક અદ્વિતીય આત્મસ્વરૂપ ભગવાનનું વિદારણ કરી, અહંકાર જીવાત્માને અલગ કરે છે. પછી જુદો પડેલો જીવ મમતાથી જડને ભગવાન્‌થી પૃથક્ કરે છે, તેથી ભગવાન્ પણ એ વિદારણકર્મનું દુઃખરૂપ જ ફલ આપે છે. ત્યાં જડજીવરૂપથી શોક, મોહ અને આર્તિરૂપ દુઃખ થાય છે, અને મૂલરૂપથી પોતાનામાં કાલસ્વરૂપનું સમ્પાદન કરી મૃત્યુરૂપ દુઃખ આપે છે. **''યથાસ્થિતો જ્ઞાનપ્રદઃ''** આ અધ્યાયમાં પોતાના યોગબલવડે નારદજીએ બોલાવેલો ચિત્સ્વરૂપ જ્ઞાનધર્મવાળો જીવ યથાસ્થિત આવે છે અને મોહ દૂર કરનારું જ્ઞાન ચિત્રકેતુને આપે છે. **''સ્નેહાદ્ વશ્યો ભવેદ્ ધ્રુવમ્''** સ્નેહ એટલે ભક્તિ. આ અધ્યાયમાં સંકર્ષણ ભગવાને ચિત્રકેતુને ઉપદેશ આપ્યો અને એ ઉપદેશથી ચિત્રકેતુને ભક્તિ થઈ. પણ પોતાને સમ્પત્તિની પ્રાપ્તિ થઈ છે તે પોતાના સાધનબલથી થઈ છે તેવું તેને અભિમાન હતું, તેથી તેની ભક્તિ દીનતા વિહોણી હતી. ઓછામાં પૂરું વિદ્યાધરપણામાં તેને આસક્તિ હતી. આ બન્ને બાબતો ભક્તોમાં શોભે નહિ તેથી તે દૂર કરવા અને દીનતાનું તેને દાન કરવા ભગવાને જ તેને પાર્વતીદ્વારા શાપ અપાવ્યો. સામો શાપ આપી શકવાને સમર્થ ચિત્રકેતુએ સામો શાપ ન આપ્યો એટલું જ નહિ પણ ખેલદિલી પૂર્વક શાપ સ્વીકાર્યો. આમ ચિત્રકેતુને આસુર યોનિ પ્રાપ્ત થઈ તે વૃત્રાસુર થયો, પણ તેના ભક્તિના સંસ્કાર એમ જ રહ્યા. એટલે જ તો ખૂનખાર જંગમાં પ્રભુએ પ્રકટ થઈ તેને દર્શન આપ્યાં અને તેણે દીનતાભાવ પૂર્વક પરમભક્તિ બોધક ચતુઃશ્લોકી **''અહં હરે તવ...''** દ્વારા સ્તવન કર્યુ. તેના દેહત્યાગ સમયે પ્રભુ ત્યાં પધાર્યા અને તેનો (વૃત્રનો) પ્રવેશ બધાનાં દેખતાં પ્રભુમાં થયો તે પ્રભુનું સ્નેહને લીધે વશ થવું.

ક. ત્રીજા પ્રકરણમાં અર્ચનનું વર્ણન આવે છે. એ બાહ્યાન્તર ભેદવડે બે પ્રકારનું છે, માટે એનું નિરૂપણ બે અધ્યાયવડે કરવામાં આવ્યું છે. આ પ્રમાણે ઓગણીસ અધ્યાયના ષષ્ઠ સ્કન્ધનો અર્થ સમજવો. પ્રભુનાં નામ, રૂપ અને ક્રિયા આ ત્રણે વસ્તુમાં જો પ્રભુ પ્રસન્ન હોય તો જ મોક્ષ આપે છે.


સ્કન્ધાર્થ વિચારમાં પુષ્ટિલીલાના ૧૯ અધ્યાયો નીચે પ્રમાણે થાય છે. પુષ્ટિસ્થિતિ કર્મ, કાલ અને સ્વભાવ નો બાધ કરે છે. આ ત્રણેને દૂર કરી પુષ્ટિ પોતાનો અમલ કરે છે. તેથી કર્મના પાંચ પ્રકાર છે : ૧. અધિષ્ઠાન(શરીર) ૨. કર્તા(જીવ) ૩. કરણ(બાહ્ય અને આભ્યન્તર) ૪. ચેષ્ટા(પ્રાણ વિગેરે વાયુની ચેષ્ટા) અને ૫.દૈવ(કાલ, કર્મ, ભગવદ્દિચ્છા, અન્તર્યામી, મુખ્ય પ્રાણના સહાયક ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓ આદિ) આ પ્રમાણે પાંચ અધ્યાય પ્રથમ

પ્રકરણના થાય છે. કાળ બાર માસનો હોવાથી બીજા પ્રકરણના બાર અધ્યાય છે.

સ્વભાવ દૈવ અને આસુર એમ બે પ્રકારનો હોવાથી ત્રીજા પ્રકરણના બે અધ્યાય છે. આ પ્રમાણે પુષ્ટિ (અનુગ્રહ) દરેકનો બાધ કરનાર હોવાથી તેને કાળ, કર્મ, સ્વભાવથી દૂર રાખનાર તરીકે સ્કન્ધવિચારની દૃષ્ટિએ આ સ્કન્ધના ૧૯ અધ્યાય થાય છે, પ્રકરણ વિચારની દૃષ્ટિથી પણ જે પ્રકારે ૧૯ અધ્યાયની સંકલના કરી છે, તેને કોષ્ઠકમાં દર્શાવી છે.

## ષષ્ઠસ્કન્ધ-પુષ્ટિલીલા

## પુષ્ટિ-પોષણ અધ્યાય૧૯




આ પહેલા અધ્યાયમાં વિષ્ણુના દૂતો નામનું સામર્થ્ય જણાવવામાટે પાપીને છોડાવે છે પછી એનું પાપ જણાવવાને તેઓ ધર્મ વગેરેનું લક્ષણ આપે છે. અજામિલ પાપાત્મા હતો એમ પ્રસિદ્ધ છે. વાસ્તવિક રીતે તો એનો ઉદ્ધાર કરવાની પ્રભુની ઇચ્છા હતી તેથી જ. અજામિલ ભક્ત હતો પરન્તુ એનો ગર્વ દૂર કરવામાટે એને પરસ્ત્રીમાં આસક્ત કર્યો. જ્યારે વિષ્ણુદૂતો અને યમદૂતો વચ્ચેનો સંવાદ એણે શ્રવણ કર્યો ત્યારે એને ભાન થયું. જો પ્રભુને એનો ઉદ્ધાર કરવાની ઇચ્છા ન હોત તો એને મૃત્યુ સમયે ‘‘નારાયણ’’ નામનો ઉચ્ચાર પણ કરવાની

સ્ફુરણા ન થવા દેત. પ્રભુએ એને ગર્વમુક્ત કરી અપનાવ્યો એ જ પ્રભુનો અનુગ્રહ કે પુષ્ટિ છે. ગમે તેવા પાપીનો પ્રભુ ઉદ્ધાર કરી શકે. પ્રભુ વિના બીજુ કોણ ઉગારે?

(આ સ્થળે સમાધિભાષા નથી પણ મતાન્તરી ભાષા છે. કારણ કે ભક્તનો ગર્વ દૂર કરવા એનાથી પાપાચરણ કરાવવું અને પછી અનુગ્રહથી એનો ઉદ્ધાર કરવો એનો અનુભવ વ્યાસજીને સમાધિમાં થયો નથી. કેમકે નામલીલાની સ્વતન્ત્રતા છે તેથી આ ભાગ સમાધિભાષા નથી પણ મતાન્તરી ભાષા છે)

# પહેલું નામ પ્રકરણ

## અધ્યાય ૧

## અજામિલનું આખ્યાન

**નિવૃત્તિમાર્ગઃ કથિત આદૌ ભગવતા યથા ।**
**ક્રમયોગોપલબ્ધેન બ્રહ્મણા યદસંસૃતિઃ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** જે માર્ગથી અનુક્રમે બ્રહ્માની પ્રાપ્તિ થઈને બ્રહ્માની સાથે મોક્ષ થાય, તેવો નિવૃત્તિમાર્ગ આપે પહેલાં (દ્વિતીય સ્કન્ધમાં) યથાર્થ રીતે કહ્યો છે ।।૧।।

હે મુનિ! જેથી સ્વર્ગાદિક સુખ મળે તેવો પ્રવૃત્તિમાર્ગ પણ (તૃતીય સ્કન્ધમાં) કહ્યો છે. આ પ્રવૃત્તિમાર્ગમાં અવિદ્યાવાળા પુરુષને વારંવાર ભોગને માટે દેહની પ્રાપ્તિ થયા કરે છે ।।૨।।

અધર્મથી મળનારાં અનેક નરકો (પંચમ સ્કન્ધમાં) અને સ્વાયમ્ભુવ મનુનો પહેલો મન્વન્તર પણ (ચોથા સ્કન્ધમાં) કહ્યો ।।૩।।

પ્રિયવ્રત તથા ઉતાનપાદ રાજાનો વંશ, એમાં થયેલા રાજાઓનાં ચરિત્રો, અને દ્વીપ, ખંડ, સમુદ્ર વગેરે નદીઓ, બગીચા તથા વૃક્ષો વિશે પણ (ચોથા અને પાંચમાં સ્કન્ધમાં)વર્ણન આવીગયાં ।।૪।।

વિભાગ, લક્ષણ અને પ્રમાણ સહિત ભૂમંડળની સ્થિતિ પણ જેવી રીતે પરમેશ્વરે કરી છે તે પ્રમાણે આપ કહી ગયા ।।૫।।

હવે હે મહાભાગ! હવે હું તે ઉપાય જાણવા માગું છું જે કરવાથી મનુષ્યોને અનેક ભયંકર યાતનાઓ વાળાં નરકમાં જવું ન પડે. કૃપા કરીને તેનો *ઉપદેશ કરો ।।૬।।

**વિશેષ :** રાજાએ સર્ગ, વિસર્ગ અને સ્થાન એમ વિરાટ્ ભગવાનના ધ્યાનના અંગભૂત ત્રણ

લીલાઓ શ્રવણ કરી, તેમાં સ્થાન લીલાના શ્રવણમાં ભગવાન્ પ્રાણીના કર્મને અનુસરી નરકાદિમાં સ્થાપન કરે છે એમ જાણીને પોતે પણ બ્રાહ્મણની અવજ્ઞા કરેલી છતાં તેનું પ્રાયશ્ચિત કરેલું ન હોવાથી **''ન બ્રહ્મદંડદગ્ધસ્ય ન ભૂતભયદસ્ય ચ। નારકાશ્ચાનુગૃહ્ણન્તિ યાં-યાં યોનિમસૌ ગતઃ''** બ્રાહ્મણના દંડથી દગ્ધ થયેલો અને સર્વને ભય પમાડનારો જે-જે યોનિમાં જાય તે-તે યોનિમાં પણ તેને નરકના વાસીઓ પણ મહેરબાની બતાવતા નથી. ઈત્યાદિ વાક્યોને અનુસરીને નરક યાતના અવશ્ય ભોગવવી પડશે એમ આશંકા કરીને તેથી ભય પામીને પોતાનો નરકથી ઉદ્ધાર થવાનો ઉપાય પૂછે છે.

**શ્રીશુકદેવજીએ કહ્યું :** માણસ પાપ કરે છે મન, વાણી અને શરીરથી, તે જો એનું બરાબર પ્રાયશ્ચિત (નિવારણ) આ જ જન્મમાં ન કરે તો મરણ પછી એ અવશ્ય નરકમાં પડે છે, જે દારુણ દુઃખવાળાં નરકો વિશે હું તમારી પાસે (પાંચમાં સ્કન્ધના અન્તમાં) કહી ગયો છું ।।૭।।

એટલામાટે પાપના નિવારણનો યત્ન મરતાં પહેલાં જ કરવો જોઈએ. એ પણ જ્યારે દેહમાં વિપત્તિ ન હોય ત્યારે સાવધાન મનથી તુરત જ કરવો જોઈએ. રોગની ગુરુતા કે લઘુતા જોઈ વૈદ્ય જેમ તેની જલદી ચિકિત્સા કરે તેમ પાપની ગુરુતા-લઘુતા જોઈને અનુકૂળ આવે તેવું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ ।।૮।।

**પરીક્ષિતે પૂછ્યું :** ભગવન્! રાજ્યદંડાદિક પ્રત્યક્ષ જોવામાં આવે છે, શાસ્ત્રોનું શ્રવણ કરીને નરકપાતાદિ ઉપરથી એ પાપને દુશ્મન તરીકે જાણે છે, તો પણ પ્રાયશ્ચિત્ત કર્યા પછી પણ પાછું પાપ વાસનાઓને વિવશ થઈ પાપ કરે છે, તો પ્રાયશ્ચિત્ત કરવું એ ખરું નિવારણ છે એમ શી રીતે કહી શકાય? ।।૯।।

પાપ નિર્મૂળ તો થતું નથી; નિર્મૂળ થતું હોય તો પાછું ઉત્પન્ન થવું ન જોઈએ. જેમ હાથી નાહ્યા પછી પણ ધૂળ નાખીને પોતાના શરીરને મેલું કરે છે, તેમ માણસ પણ એકવાર પ્રાયશ્ચિત્ત કરીને વળી પાછું પાપ કરે છે. કર્મમાર્ગથી કરેલું પ્રાયશ્ચિત્ત હાથીના સ્નાન જેવું છે, તેથી પ્રાયશ્ચિત્તને હું વ્યર્થ માનું છું. (રાજા પોતે ઉત્તમ અધિકારી હોવાથી પ્રાયશ્ચિત્ત વ્યર્થ છે એમ શંકા કરે છે) ।।૧૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** સાચું પૂછો તો કૃચ્છ્ર, ચાન્દ્રાયણાદિ પ્રાયશ્ચિત્ત રૂપ કર્મથી કર્મનો સમૂળગો નાશ નથી થતો; કારણ કે કર્મનો અધિકારી અજ્ઞાની (ભગવાન્થી વિમુખ) અજ્ઞાન હોય ત્યાં સુધી પાપ વાસના સર્વથા દૂર થઈ શકતી નથી, તેથી સાચું પ્રાયશ્ચિત્ત તો તત્ત્વજ્ઞાન જ છે ।।૧૧।।

જેમ પથ્ય અન્ન ખાનારો માણસ વ્યાધિની હરકતથી નહિ પીડાતાં સ્વસ્થ રહે છે તેમ હે રાજા! નિયમો પાળનારો માણસ પણ રાગદ્વેષાદિક નિવૃત્ત થતાં ધીરે-ધીરે કલ્યાણપ્રદ તત્ત્વજ્ઞાન મેળવવામાં સમર્થ થાય છે ।।૧૨।।

ત્રિવિધ દુઃખ સહન કરીને વિધિયુક્ત એકાદશી આદિ ઉપવાસો, બ્રહ્મચર્ય,[૧] મનનો નિગ્રહ, બ્રાહ્યેન્દ્રિયોનો નિગ્રહ, દાન, સત્ય, પવિત્રતા, અહિંસા વગેરે યમ અને જપ, અર્ચન આદિ નિયમોથી શ્રદ્ધાવાળા અને ધર્મ જાણનારા ધીર પુરુષો પોતાનાં દેહ, વાણી અને બુદ્ધિથી થયેલાં મોટાં પાપને પણ, જેમ અગ્નિ વાંસના સમૂહને બાળી નાખે તેમ, બાળી[૨] નાખે છે ।।૧૩-૧૪।।

**વિશેષ** : ૧.સ્ત્રીનું સ્મરણ, કીર્તન, ક્રીડા, દર્શન, છાની વાત કરવી, સંકલ્પ કરવો, નિશ્ચય કરવો અને સમ્ભોગ કરવો એ આઠ પ્રકારનું મૈથુન અને એથી ઊલટું તે બ્રહ્મચર્ય કહેવાય છે. ૨. તપ વગેરે સાધનો ઘણા વખત સુધી કર્યા હોય તો જ્ઞાનાગ્નિ સર્વ પાપોને બાળી નાખે છે; તથાપિ ભસ્મ તો અવશેષ રહે છે. તેમ પાપ પણ થોડું અવશેષ રહે છે, જ્ઞાનનો તિરોભાવ થવાથી ફરીથી વિષયાસક્ત થવાય છે તેથી બીજું પ્રાયશ્ચિત કહે છે.

કેટલાક ભગવાનને જ શરણે રહેનારા વિરલ પુરુષો જેમ સૂર્ય ઝાકળનો નાશ કરી નાખે તેમ એકલી ભક્તિથી જ પોતાના સઘળાં પાપોને નાશ કરી નાખે છે ।।૧૫।।

હે રાજા! જ્ઞાનમાર્ગથી પણ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. વૈષ્ણવોની સેવાથી ભગવાન્‌માં જ પોતાની ઇન્દ્રિયોને તત્પર રાખનાર માણસ પાપથી જેવો મુક્ત થાય છે તેવો તપ વગેરે કરવાથી થતો નથી ।।૧૬।।

જગતમાં આ ભક્તિમાર્ગ જ સુખરૂપ હોવાથી તથા વિઘ્નાદિક ભયથી રહિત હોવાથી ઘણો ઉત્તમ છે. એ માર્ગે દયાળુ, કામના વગરના અને નારાયણમાં પરાયણ રહેનાર ભગવદ્ભક્તો ચાલે છે ।।૧૭।।

હે રાજા! જેમ નદીઓ મદિરાના ઘડાને પવિત્ર કરી શકે નહિ તેમ વારંવાર કરાતાં મોટાં-મોટાં પ્રાયશ્ચિત્તો ભગવાન્‌થી વિમુખ માણસને પવિત્ર કરી શકતાં નથી(પણ ભક્તિ તો થોડી છતાં પણ પવિત્ર કરે છે) ।।૧૮।।

જેઓએ પોતાના ભગવદ્‌ગુણાનુરાગી મન-મધુકરને ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણારવિન્દના મકરન્દનું એક વખત પણ પાન કરાવી દીધું, એમણે બધાં પ્રાયશ્ચિત્ત કરી લીધાં, તેઓ સ્વપનમાં પણ યમરાજ અને તેમના પાશધારી દૂતોને નથી જોતા પછી નરકની તો વાત જ શી? ।।૧૯।।

આ વિષયમાં વિષ્ણુ અને યમના (યમનું નામ સાંભળીને બધા લોકો હરિનું સ્મરણ કરે છે) દૂતોના સંવાદવાળો એક પ્રાચીન ઈતિહાસ મહાત્મા લોક કહેતા હોય છે, તે મારી પાસેથી સાંભળો ।।૨૦।।

કનોજ શહેરમાં એક દાસી (કલિની શક્તિ સમજવી) નો *પતિ અજામિલ નામનો બ્રાહ્મણ હતો. દાસીના સંસર્ગથી ખરાબ થવાને લીધે એનો સદાચાર નષ્ટ થઈ ચૂક્યો હતો. બાન પકડવાં, જુગાર રમવો, ઠગાઈ અને ચોરી કરવી વગેરેથી નીચ આજીવિકા ચલાવતો અપવિત્રતાથી કુટુમ્બનું પોષણ કરતાં એ અજામિલ પ્રાણીઓને ત્રાસ આપતો ।।૨૧-૨૨।।

**વિશેષ :** અજામિલનો ગર્વ દૂર કરવા ભગવાને એની પાસે પાપ કરાવ્યું. આ દાસી કલિની શક્તિ સમજવી.

એ પ્રમાણે રહેતા અને દાસીના પુત્રોને લાડ લડાવતા અજામિલના આયુષ્યનાં અઠ્યાસી વર્ષ જેટલો લાંબો કાળ વીતીગયો ।।૨૩।।

એ બૂઢાને દશ દીકરા હતા તેમાં જે સૌથી નાનો હતો તેનું નામ નારાયણ હતું, તે મા-બાપને બહુ જ પ્યારો હતો ।।૨૪।।

વૃદ્ધ અજામિલે અત્યન્ત મોહને લીધે પોતાનું સમ્પૂર્ણ હૃદય પોતાના બાલક નારાયણને સોંપી દીધું હતું. તે પોતાના પુત્રની બોબડી બોલી સાંભળી-સાંભળી તથા બાલ-સુલભ રમત જોઈ-જોઈને ફૂલ્યો સમાતો ન હતો ।।૨૫।।

અજામિલ બાલકના સ્નેહ-બન્ધનમાં બંધાઈ ગયો હતો, જ્યારે તે ખાતો ત્યારે તેને પણ ખવડાવતો, જ્યારે પાણી પીતો ત્યારે તેને પણ પાતો. આ પ્રમાણે તે ભાનભૂલાને એ વાતનું પણ સ્મરણ ન રહ્યું કે મારા માથે મૃત્યુ સવાર થઈ ચૂક્યું છે ।।૨૬।।

એ પ્રમાણે રહેનારા એ અજ્ઞાની અજામિલનું મન મરણ સમયે નારાયણ નામના છોકરાનો વિચાર કરવા લાગ્યું. (છોકરાનું નામ નારાયણ હતું તેના મહિમાને લીધે એ છોકરાને લાડ લડાવતો એ પણ ભક્તિરૂપ જ થયું) ।।૨૭।।

એટલામાં અજામિલે જોયું કે અત્યન્ત દારુણ, વાંકામુખા અને ઊભા કેશવાળા ત્રણ પુરુષો હાથમાં પાશ લઈને પોતાને લેવાને આવેલા છે. અજામિલ વ્યાકુળ થઈ ગયો ત્યારે એણે ઊંચા અને લાંબા સાદથી દૂર રમતા પોતાના છોકરાને બોલાવ્યો, 'નારાયણ!' ।।૨૮-૨૯।।

ભગવાનના પાર્ષદોએ જોયું કે આ મરતી વખતે અમારા સ્વામી નારાયણનું

નામ લઈ રહ્યો છે, એમના નામનું કીર્તન કરી રહ્યો છે; તેથી તેઓ ઝપાટાબંધ ત્યાં આવી પહોંચ્યા ।।૩૦।।

એમણે જે યમદૂતો એ દાસીના પતિ અજામિલના શરીરમાંથી એના સૂક્ષ્મ શરીરને ખેંચતા હતા તેમને જોરાવરીથી અટકાવ્યા ।।૩૧।।

અટકાવેલા એ યમના દૂતોએ એમને કહ્યું કે યમરાજની આજ્ઞાનો નિષેધ કરનાર તમો કોણ છો? ।।૩૨।।

તમો કોના દૂત છો, ક્યાંથી આવ્યા છો અને આને લઈ જવાની શામાટે મનાઈ કરો છો? શું તમે કોઈ દેવતા, ઉપદેવતા અથવા સિદ્ધશ્રેષ્ઠ છો? ।।૩૩।।

તમે સઘળા કમળદલ જેવી આંખોવાળાં, પીળાં રેશમી વસ્ત્રો ધારણ કરનારા, મસ્તક ઉપર કિરીટ પહેરનારા, કાનોમાં કુંડળ પહેરનારા, ગળામાં કમળની માળાઓથી શોભતા યુવાન અને સુન્દર ચાર ભુજાવાળા છો. ધનુષ્ય, ભાથા, તલવાર, ગદા શંખ, ચક્ર અને કમળ થી તમે શોભી રહ્યા છો. અમે ધર્મનું રક્ષણ કરનાર યમરાજાના કિંકર છીએ તેમને તમે શામાટે મનાઈ કરો છો? ।।૩૪-૩૬।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એ પ્રમાણે યમદૂતોનું બોલવું સાંભળી એ ભગવાનના આજ્ઞાકારી પાર્ષદો હસ્યા અને એમણે મેઘના નાદ સરખી ગમ્ભીર વાણીથી નીચે પ્રમાણે કહ્યુંઃ ।।૩૭।।

**ભગવાનના પાર્ષદો બોલ્યા** : જો તમે ખરેખર ધર્મ રાજાના આજ્ઞાકારી હો તો ધર્મનું જે લક્ષણ હોય તે અમને કહો ।।૩૮।।

કયા નિયમથી શિક્ષા કરવામાં આવે છે? દંડને પાત્ર કોણ છે? મનુષ્યમાં બધા પાપાચારી દંડને યોગ્ય છે કે તેઓમાંથી કેટલાક જ? ।।૩૯।।

**યમદૂતોએ કહ્યું** : વેદે જે કરવાની આજ્ઞા કરેલી હોય તે 'ધર્મ'; વેદે જે કરવાની મનાઈ કરી હોય તે 'અધર્મ' વેદ સાક્ષાત્ નારાયણના નિઃશ્વાસથી પોતાની મેળે જ ઉત્પન્ન થયેલાં છે, એટલામાટે વેદ સાક્ષાત્ નારાયણ સ્વરૂપ જ છે, એવું અમે સાંભળ્યું છે ।।૪૦।।

એ નારાયણે પોતાના સ્વરૂપમાં જ આ ત્રિગુણમય પ્રાણીઓને, શાન્તિ વગેરે ગુણો, સુબ્રાહ્મણ વગેરે નામો, અધ્યયન વગેરે ક્રિયાઓ, અને વર્ણાશ્રમ વગેરે રૂપોથી વ્યવસ્થિત રીતે જુદાં પાડેલાં છે, તે નારાયણ વેદ જ છે ।।૪૧।।

સૂર્ય અગ્નિ આકાશ, વાયુ, ગાયો, ચન્દ્રમાં, સન્ધ્યા, રાત, દિવસ, દિશાઓ,

જળ, પૃથ્વી, કાળ અને ધર્મ જીવ જે અધર્મ કરે છે તેના સાક્ષીઓ છે ।।૪૨।।

આ સાક્ષીઓદ્વારા અધર્મનો પત્તો લાગી જાય છે અને આમ દંડના પાત્રનો નિર્ણય થઈ જાય છે. પાપ કર્મ કરનારાઓથી પુણ્ય પણ થાય છે. અને પાપ પણ થાય છે, કેમકે એમને ગુણોનો સંગ લાગેલો છે. જો કોઈ અકર્તા હોય તો એનાથી પાપ ન થાય. પરન્તુ, દેહધારી તો કર્મ કર્યા વગર રહેતો જ નથી. કર્મ કરનારથી પાપ પણ અવશ્ય થાય છે.માટે સર્વ પ્રાણીઓ શિક્ષાને યોગ્ય છે. જે વ્યક્તિએ અહીં જેટલો અને જેવો ધર્મ કે અધર્મ કરેલ હોય તે મરણ પછી પરલોકમાં તેટલું અને તેવા પ્રકારનું ફળ ભોગવે છે ।।૪૪-૪૫।।

હે દેવશિરોમણિઓ! સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણોના ભેદથી આ લોકમાં પણ ત્રણ પ્રકારનાં પ્રાણીઓ જોવામાં આવે છે પુણ્યાત્મા, પાપાત્મા, અને પુણ્ય પાપ બન્ને કરનારાં; અથવા સુખી, દુઃખી અને સુખ-દુઃખ બન્ને ભોગવતાં. એ જ પ્રમાણે પરલોકમાં પણ એમની ત્રિવિધતાનું અનુમાન કરી શકાય છે ।।૪૬।।

જેમ વર્તમાનકાળની વસન્તાદિક ઋતુ ભૂતકાળ સમ્બન્ધી વસન્તાદિકના અને ભવિષ્યકાળ સમ્બન્ધી વસન્તાદિકના ફૂલફળ વગેરે ગુણોને જણાવે છે, એટલે કે વર્તમાન વસન્ત ઋતુમાં જેવાં ફૂલફળ દેખાય છે તેવાં જ ભૂત વસન્તમાં હશે એવું અનુમાન થાય છે, તેવી રીતે જે પ્રાણી વર્તમાન જન્મમાં શાન્ત, સુખી અને ધાર્મિક છે તે ભૂતજન્મમાં અને ભવિષ્ય જન્મમાં પણ એવો જ થશે એવું અનુમાન થાય છે. વર્તમાન જન્મ ઉપરથી પણ પ્રાણીઓના ગયા જન્મની અને થનારા જન્મની પરીક્ષા થઈ શકે છે ।।૪૭।।

ધર્મ-અધર્મ જાણવાની આ રીત બીજાઓમાટે છે. યમરાજા તો પોતાની નગરીમાં બેઠા-બેઠા જીવના પૂર્વજન્મની તેમજ થનારા જન્મની સ્થિતિને મનથી જ બરાબર જાણી શકે છે ।।૪૮।।

તમથી યુક્ત જીવ વ્યક્ત દેહને જ જાણી શકે છે, કેમકે એ અજ્ઞાનથી મોહિત છે. એની સ્મૃતિ નાશ પામેલી હોય છે તેથી એ પૂર્વ-પર જન્મને જાણી શકતો નથી ।।૪૯।।

કર્મ કરવાની પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયોથી જાણવાના પાંચ વિષયો, અને મન, એ સોળમાં રહેલો પોતે સત્તરમો એક જ જ્ઞાનેન્દ્રિય અને એના વિષયોને પામે છે ।।૫૦।।

જીવનું આ સોળ કલા અને સત્ત્વ વગેરે ત્રણ ગુણવાળું લિંગશરીર અનાદિ છે. એ

જ જીવને વારંવાર હર્ષ, શોક, ભય અને પીડા દેનારા જન્મ-મૃત્યુ નાં ચક્કરમાં નાખે છે ।।૫૧।।

જે જીવ અજ્ઞાનવશાત્ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ છ શત્રુઓ ઉપર વિજય નથી મેળવી લેતો તેની પાસે એની મરજી નહિ છતાં પણ એ લિંગશરીર કર્મ કરાવે છે. જીવ પોતે રેશમના કીડાની પેઠે કર્મથી પોતાના સ્વરૂપને ઢાંકી દઈને પાછો એમાંથી નીકળવાને ઉપાય જાણતો નથી ।।૫૨।।

કોઈ પ્રાણી ક્ષણ માત્ર પણ કર્મ કર્યા વગર કદી રહેતો નથી. પૂર્વ કર્મના સંસ્કારથી રાગદ્વેષાદિક ગુણો પ્રકટ થાય છે અને બળાત્કારથી એ પરતન્ત્ર જીવની પાસે કર્મ કરાવે છે. એનાં કર્મોને લીધે જીવને જુદા-જુદા દેહો આવે છે ।।૫૩।।

જીવ પોતાના પૂર્વ જન્મોના પાપ પુણ્યમય સંસ્કારને લીધે સ્થૂલ અને સૂક્ષ્મ શરીર પ્રાપ્ત કરે છે. એની સ્વાભાવિક અને પ્રબલ વાસનાઓ ક્યારેક એને માતાના જેવો (સ્ત્રીરૂપ) છે તો ક્યારેક પિતાના જેવો (પુરુષરૂપ) બનાવી દે ।।૫૪।।

પ્રકૃતિના સંસર્ગથી પુરુષ પોતાને પોતાના વાસ્તવિક સ્વરૂપથી વિપરીત લિંગ શરીર માની બેઠો છે. આ મિથ્યા જ્ઞાન ભગવાનના ભજનથી તરત જ દૂર થઈ જાય છે ।।૫૫।।

દેવતાઓ! આપ જાણો જ છો કે આ અજામિલ શાસ્ત્રોનો સારો જાણકાર હતો. શીલ, સદાચાર અને સદ્ગુણોનો તો એ ખજાનો જ હતો. બ્રહ્મચારી, વિનયી, જિતેન્દ્રિય, સત્યપરાયણ મન્ત્રવેત્તા અને પવિત્ર પણ હતો ।।૫૬।।

તેણે ગુરુ, અગ્નિ, અતિથિ અને વૃદ્ધ પુરુષોની સેવા કરી હતી. અહંકારનું તો એનામાં નામ પણ ન હતું. તે બધાં પ્રાણીઓનું હિત ઈચ્છતો, ઉપકાર કરતો, ખપ પૂરતું જ બોલતો અને કોઈના ગુણોમાં દોષ જોતો નહિ ।।૫૭।।

એક દિવસ આ બ્રાહ્મણ પોતાના પિતાની આજ્ઞાનુસાર વનમાં ગયો અને ત્યાંથી ફલ, ફૂલ, સમિધ તથા કુશ લઈને ઘરે પાછો આવ્યો ।।૫૮।।

પાછા વળતાં તેણે જોયું કે એક ભ્રષ્ટ શૂદ્ર, જે ઘણો જ કામી અને નિર્લજ્જ છે તે શરાબ પીને કોઈ વેશ્યાની સાથે વિહાર કરી રહ્યો છે. વેશ્યા પણ શરાબ પીને ચકચૂર બની રહી છે. નશાને લીધે એની આંખો નાચી રહી છે અને તેની સ્થિતિ અર્ધનગ્ન થઈ રહી છે. તે શૂદ્ર તે વેશ્યાની સાથે ક્યારેક ગાતો, ક્યારેક હસતો અને ક્યારેક તરહ-તરહની ચેષ્ટા કરી તેને પ્રસન્ન કરે છે ।।૫૯-૬૦।।

શૂદ્રની ભુજાઓમાં અંગરાગાદિ કામોદ્દીપક વસ્તુઓ લગાડેલી હતી અને તેનાથી તે કુલટાને આલિંગન કરી રહ્યો હતો. તેને આ અવસ્થામાં દેખી અજામિલ એકદમ મોહિત અને કામવશ થઈ ગયો ।।૬૧।।

એણે ધૈર્ય અને જ્ઞાનવડે પોતાના મનને રોકવાનો ખૂબ પ્રયત્ન કર્યો, પણ કામદેવે એના મનને એવું વિહ્વલ બનાવ્યું હતું કે એને કાબૂમાં રાખી શક્યો નહિ ।।૬૨।।

એ શૂદ્ર અને વેશ્યાને જોવાથી એને કામદેવરૂપી ઝૂડે પકડ્યો હતો તેથી એ સ્મૃતિભ્રષ્ટ થયો અને મનથી એ વેશ્યાનું જ ચિન્તન કરવા લાગ્યો અને સ્વધર્મ પાળતો અટક્યો ।।૬૩।।

એની પાસે બાપનું જેટલું ધન હતું તે સઘળુંયે આપીને તે એને જ રાજી કરવા લાગ્યો, એટલું જ નહિ પણ એના મનને ગમે તેવા સારા-સારા પદાર્થ આપીને તેને જેમ-તેમ કરી રાજી કરવા લાગ્યો ।।૬૪।।

આ અજામિલ એ પાપી અને કુલટાની તીરછી નજરથી એવો વીંધાઈ ગયો હતો કે એણે પોતાની બ્રાહ્મણ જાતિની કુળવાન નવયુવતી વિવાહિતા સ્ત્રીનો પણ ત્યાગ કર્યો ।।૬૫।।

ન્યાય કે અન્યાયથી જ્યાં ત્યાંથી ધન લાવીને આ મન્દબુદ્ધિવાળા અજામિલે આ વેશ્યાના જ કુટુમ્બનું પોષણ કર્યું ।।૬૬।।

આ પાપીએ શાસ્ત્રોની આજ્ઞાનોનું ઉલ્લંઘન કરી સ્વચ્છંદ આચરણ કર્યું છે. સત્પુરુષોએ તેની નિન્દા કરી છે. ઘણા દિવસો સુધી વેશ્યાના મળ સમાન અપવિત્ર અન્નથી તેણે પોતાનું જીવન વીતાવ્યું છે, એનું આખું આયુષ્ય જ પાપમય છે ।।૬૭।।

**તત એનં દંડપાણેઃ સકાશં કૃતકિલ્બિષમ્।**
**નેષ્યામોઽકૃતનિર્વેશં યત્ર દણ્ડેન શુદ્ધ્યતિ ।।૬૮।।**

અત્યાર સુધી તેણે કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત પણ નથી કર્યુ. તેથી હવે અમે આ પાપીને દંડપાણિ ભગવાન્ યમરાજની પાસે લઈ જઈશું. ત્યાં પોતાનાં પાપોનો દંડ ભોગવી શુદ્ધ થઈ જશે ।।૬૮।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠ સ્કન્ધમાં (પહેલા નામ પ્રકરણમાં વૃત્તાન્ત શ્રવણ નિરૂપણ નામનો) ''અજામિલનું આખ્યાન'' નામનો પહેલો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨

# નામનો મહિમા

**વિશેષ :** આ બીજા અધ્યાયમાં વિષ્ણુના પાર્ષદોએ યમના દૂતોને ભગવાનના નામનો અદ્‌ભુત મહિમા કહ્યો અને અજામિલને ફળ (મોક્ષની) પ્રાપ્તિ થઈ એ કથા કહેવામાં આવશે.

**એવં તે ભગવદ્દૂતા યમદૂતાભિભાષિતમ્ ।।**
**ઉપાધાર્યાથ તાન્ રાજન્ પ્રત્યાહુર્નયકોવિદાઃ ।।૧।।**

**શુકદેવજીએ કહ્યું :** એ ભગવાનના દૂતો ન્યાય તથા ધર્મના મર્મને જાણનારા છે. એમણે એ પ્રમાણે યમના દૂતોનું ભાષણ સાંભળી એમને આમ કહ્યું ।।૧।।

**શ્રીવિષ્ણુના દૂતો બોલ્યા :** અહો! અફસોસ છે કે ન્યાય કરનારાઓની સભાને અધર્મે અભડાવી દીધી છે, કેમકે એ સભામાં શિક્ષાને યોગ્ય નહિ તેવા નિષ્પાપ લોકોને વૃથા શિક્ષા કરવામાં આવે છે ।।૨।।

ન્યાયાધીશો પ્રજાનાં માતા-પિતા તુલ્ય છે; એઓ સજ્જન અને સમદષ્ટિ રાખનારા હોવા જોઈએ. જો એ લોકો નિરપરાધીને શિક્ષા કરવા લાગે તો પ્રજાએ કોને શરણે જવું? ।।૩।।

મોટા પુરુષો જે કામ કરે છે તે પ્રમાણે બીજાઓ પણ કરે છે; મોટા પુરુષો જે વાતને પ્રમાણે માને તેને બીજાઓ પણ માને છે ।।૪।।

આમ જનતા પશુઓની માફક ધર્મ અને અધર્મ ના સ્વરૂપને જાણ્યા વિના કોઈ સત્ પુરુષ ઉપર વિશ્વાસ મૂકી દે છે. એની ગોદમાં માથું ઢાળી દઈ નિર્ભય અને નિશ્ચિન્ત સૂઈ જાય છે ।।૫।।

લોકોના વિશ્વાસ પાત્ર દયાળુ ન્યાયાધીશ જેઓ અજ્ઞાનપણે ભરોસાથી પોતાના શરીરને સોંપી બેઠેલા હોય તેમનો દ્રોહ તો કેમ જ કરે? ।।૬।।

યમદૂતો, આ અજામિલ કરોડો જન્મોનાં પાપોનું પણ પ્રાયશ્ચિત્ત કરી ચૂક્યો છે કેમકે મહામંગલરૂપ ભગવાનનું નામ એણે લીધું છે. ભલેને પછી તે વિવશ થઈને હોય* ।।૭।।

**વિશેષ :** ''યસ્ય સ્મૃત્યા ચ નામોક્ત્યા તપોયજ્ઞક્રિયાદિષુ, ન્યૂનં સમ્પૂર્ણતાં યાતિ સદ્યો વન્દે તમચ્યુતમ્''. જેનું સ્મરણ કરવાથી અને નામ ઉચ્ચારવાથી તપ, યજ્ઞ અને ક્રિયાઓ વગેરેમાં જે ન્યૂનતા રહી જાય તે પૂર્ણ થાય છે તેવા અચ્યુત ભગવાનને હું નમું છું. આ વાક્ય કર્મની

પૂર્તિ ભગવાનના નામથી બતાવે છે પણ પાપની નિવૃત્તિ કહેતું નથી, એમ શંકા કરવી નહિ, કારણ કે શાસ્ત્રમાં : **''અવશેનાપિ યન્નામ્નિ કીર્તિતે સર્વપાતકૈઃ, પુમાન્ વિમુચ્યતે સદ્યઃ સિંહત્રસ્તમૃગૈર્યથા''** પર વશ થઈને પણ જો માણસ ભગવાનનું નામ લે તો, સિંહના ત્રાસથી વનમાંથી જેમ મૃગો નાસી જાય છે, તેમ એનાં સર્વ પાપ નિવૃત્ત થાય છે; વગેરે વાક્યોથી પ્રાયશ્ચિત્ત કહ્યું છે. વળી **''નામ્નોસ્તિ યાવતી શક્તિઃ પાપનિર્હરણે હરેઃ, તાવત્ કર્તું ન શક્નોતિ પાતકં પાતકી જનઃ''** ભગવાનના નામમાં પાપ દૂર કરવાની જેટલી શક્તિ છે તેટલું પાપ પાપી કરી શકતો જ નથી વગેરે વાક્યો પાપનિવૃત્તિમાં પ્રમાણ છે.

જે વખતે 'હે નારાયણ', એ ચાર અક્ષરવાળું ભગવાનનું નામ તે બોલ્યો તે જ વખતે, એટલાથી જ આ પાપીનાં સમસ્ત પાપોનું નિવારણ થઈ ચૂક્યું ।।૮।।

ચોર, મદિરા પીનાર, મિત્રનો દ્રોહ કરનાર, બ્રહ્મહત્યા કરનાર, સાવકી માનો સંગ કરનાર, સ્ત્રી, રાજા, પિતા અને ગાય ને મારવાવાળો ગમે તેવો અને ગમે તેવડો મોટો પાપી હોય, બધાને માટે આ જ આટલું જ સૌથી મોટું પ્રાયશ્ચિત્ત છે કે ભગવાન્ નામનું ઉચ્ચારણ કરવામાં આવે, કારણ કે ભગવન્ નામોના ઉચ્ચારણથી મનુષ્યની બુદ્ધિ ભગવાનના ગુણ, લીલા અને સ્વરૂપમાં લાગી જાય છે અને સ્વયં ભગવાનની એના પ્રત્યે આત્મીય બુદ્ધિ થઈ જાય છે ।।૯-૧૦।।

ભગવાનનું નામ લેવાથી જેવી પાપીની શુદ્ધિ થાય છે તેવી શુદ્ધિ મહાત્માઓએ કહેલાં ચાન્દ્રાયણદિક પ્રાયશ્ચિત્તોથી પણ થતી નથી. ભગવાનનું નામ પાપ મટાડવા ઉપરાન્ત ભગવાનના ગુણને પણ જણાવનારું છે ।।૧૧।।

પ્રાયશ્ચિત્ત પાપોનાં મૂળને મટાડતાં નથી. પ્રાયશ્ચિત્ત કર્યા પછી મન પાછું પાપના માર્ગમાં દોડે છે. એટલામાટે પાપોનો સમૂળગો નાશ કરવાની ઈચ્છા ધરાવનારાઓને માટે તો ભગવાનના ગુણોનું વર્ણન જ પ્રાયશ્ચિત્ત છે કેમકે ભગવાનના ગુણોનું વર્ણન કરવાથી અન્તઃકરણ શુદ્ધ થાય છે ।।૧૨।।

તો હવે સઘળાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરનાર અજામિલને તમે લઈ જાઓ નહિ કેમકે મરતી વખતે તેણે પૂરા અક્ષરથી ભગવાનનું નામ લીધું (ભગવાનનું નામ કરવા સમયે લેવાનું કહ્યું. તેથી પાછળથી બીજા પાપ થવાનો સમ્ભવ નથી એમ જણાવ્યું છે) છે ।।૧૩।।

સંકેતથી, પુત્રાદિકનાં નામ ઉપરથી, મશ્કરીથી, ગાવાનો આલાપ કરતાં અથવા ગાળ દઈને પણ ભગવાનનું નામ લેવાય તો એ નામ સઘળાં પાપોને મટાડે છે એવો

સિદ્ધાન્ત છે ।।૧૪।।

પડતાં, ઠેસ વાગતાં, હાડકાં ભાંગતાં, સર્પ વગેરે કરડતાં, તાવ વગેરેની પીડા થતાં, અથવા આગમાં બળતાં અથવા લાકડી વગેરે વાગતાં પણ જે માણસ પર વશ પણાથી ભગવાનનું નામ લે છે તે યમપુરીનાં કષ્ટ ભોગવવાને યોગ્ય નથી ।।૧૫।।

ખૂબ વિચાર કરીને મોટા ઋષિઓએ મોટા પાપોને માટે મોટાં અને નાનાં પાપોને માટે નાનાં એવાં પ્રાયશ્ચિત્ત કરવાની વ્યવસ્થા કરી છે, પરન્તુ ભગવાનનાં નામને એ વ્યવસ્થા લાગુ પડતી નથી ।।૧૬।।

તપ, દાન, જપ વગેરેથી કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત થાય છે પણ પાપોથી મલિન એનું હૃદય પવિત્ર થતું નથી એ તો પ્રભુના ચરણકમળની સેવાથી જ થાય છે ।।૧૭।।

જેમ જાણે કે અજાણે અગ્નિનો સ્પર્શ ઈન્ધનને થઈ જાય તો પણ એ કાષ્ઠના સમૂહને બાળી નાખે છે, તેમ જાણતાં કે અજાણતાં લેવાયેલું ભગવાનનું નામ માણસનાં સઘળાં પાપને બાળી નાખે છે* ।।૧૮।।

**વિશેષ : ''હરિર્હરતિ પાપાનિ દુષ્ટચિત્તૈરપિ સ્મૃતઃ, અનિચ્છયાપિ સંસ્પૃષ્ટો દહત્યેવ હિ પાવકઃ''** ભગવાનને દુષ્ટ હૃદયનાં માણસો સંભારે તો પણ એ પાપોનું હરણ કરે છે, જેમ ઈચ્છા વિના અગ્નિને સ્પર્શ કર્યો હોય તો પણ એ બાળે છે. વળી ''આશ્ચર્યથી, ભયથી, દુઃખથી, શરીરમાં વાગી જવાથી કે કપટથી પણ જે ભગવાનનું નામ લે છે, તે પણ પરમ ગતિ પામે છે''. **''અપવિત્રઃ પવિત્રો વા સર્વાવસ્થાં ગતોપિ વા, યઃ સ્મરેત્ પુંડરીકાક્ષં સ બાહ્યાભ્યન્તરઃ શુચિઃ''** ''અપવિત્ર હોય, પવિત્ર હોય, કે ગમે તે સ્થિતિમાં હોય પુંડરીકાક્ષ ભગવાનનું નામ લેવાથી બહાર અને અંદરથી પવિત્ર થાય છે''. હે રાજન્! ભગવાનનું નામ લેવામાં દેશનો કે કાળનો નિયમ નથી. યજ્ઞમાં, દાનમાં, તીર્થ સ્નાનમાં અથવા વિધિપૂર્વક જપમાં શુદ્ધ કાળ આવશ્યક છે પણ ભગવન્નામના કીર્તનમાં કાળ શુદ્ધિની કોઈ આવશ્યકતા નથી. ચાલતાં, ઊભા રહેતાં, સૂતાં, ખાતાં, પીતાં, 'કૃષ્ણ કૃષ્ણ' એમ બોલનાર પાપથી છૂટે છે. વગેરે અનેક વાક્યો નામનું માહાત્મ્ય પ્રતિપાદન કરે છે.

જેમ કોઈ અત્યન્ત જોરૂકા (શક્તિ શાળી) અમૃતને તેનો ગુણ જાણ્યા વગર અણજાણમાં પી લે તો પણ તે અવશ્ય પીનારને અમર બનાવી દે છે, તેવી જ રીતે અજાણે ઉચ્ચારણ કરવા છતાં ભગવાનનું નામ પોતાનું ફલ દઈને જ રહે છે.(વસ્તુશક્તિ શ્રદ્ધાની અપેક્ષા નથી રાખતી) ।।૧૯।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે રાજા! એવી રીતે એ વિષ્ણુના પાર્ષદોએ ભગવાન્

સમ્બન્ધી ધર્મનો નિર્ણય કરી એ અજામિલ બ્રાહ્મણને યમદૂતના પાશથી છોડાવતાં મરણથી પણ છોડાવ્યો ।।૨૦।।

હે શત્રુને વશ કરનાર! ભગવાનના દૂતોએ યમના જે દૂતોને કાઢી મૂકેલા તેઓ યમરાજની પાસે ગયા અને એમને સઘળી હકીકત કહી ।।૨૧।।

એ અજામિલ, જે પાશમાંથી છૂટ્યો હતો અને નિર્ભય થઈ સ્વસ્થતામાં આવ્યો હતો, તે દર્શનથી પરમ આનન્દ પામી ભગવાનના પાર્ષદોને મસ્તક ઝુકાવી પગે લાગ્યો ।।૨૨।।

નિષ્પાપ પરીક્ષિત! એને કાંઈ બોલવાની ઈચ્છા થઈ છે એમ જાણી ભગવાનના પાર્ષદો અજામિલના દેખતાં તુરત અન્તર્ધાન થઈ ગયા ।।૨૩।।

એણે યમના દૂતો પાસેથી વેદમાં પ્રતિ પાદન કરેલો સગુણ (પ્રવૃત્તિ વિષયક) ધર્મ અને ભગવાનના પાર્ષદો પાસેથી ભગવાને પ્રતિપાદન કરેલો શુદ્ધ નિર્ગુણ ધર્મ સાંભળ્યો હતો. આવી રીતે ભગવાનના મહિમાનું શ્રવણ કરવાથી અજામિલને તુરત ભગવાન્માં ભક્તિ ઉત્પન્ન થઈ અને પોતાનું પાપ સંભારીને ભારે પશ્ચાત્તાપ થયોઃ ।।૨૪-૨૫।।

(અજામિલ મનમાંને મનમાં વિચારવા લાગ્યો) ''ઓહો! મનને નહિ જીતનાર એવા મેં ભારે ભૂંડું કર્યું. શૂદ્ર જાતિની સ્ત્રીમાં સન્તાન ઉત્પન્ન કરીને મેં મારું બ્રહ્મત્વ ગુમાવ્યું ।।૨૬।।

સત્ પુરુષોવડે તિરસ્કારને પાત્ર બનેલા પાપી અને કુળમાં કાજળરૂપ એવા મને ધિક્કાર હો. મેં નાની અવસ્થાની પતિવ્રતા સ્ત્રીનો ત્યાગ કર્યો. મેં મદિરા પીનારી આ વ્યભિચારીણીમાં ગમન કર્યું ।।૨૭।।

અહો! મેં વૃદ્ધ અનાથ, દુઃખિત અને જેમને બીજો કોઈ પુત્રાદિક નથી તેવાં મા-બાપને નીચની પેઠે ત્યજી દીધાં અને એમના ઉપકારને સંભાર્યા પણ નહિ ।।૨૮।।

ખરે! હું મહાદારુણ નરકમાં જરૂર પડીશ. નરકમાં ધર્મનો નાશ નરનારા કામી લોકો અનેક યાતનાઓ ભોગવે છે ।।૨૯।।

અહો! આ તે મને સ્વપન થયું કે આ અદ્ભુત વાત મેં જાગતાં દીઠી? ।।૩૦।।

જે સુન્દર દર્શનવાળા લોકોએ મને પાશથી બાંધીને નરકમાં લઈ જવાતાં છોડાવ્યો, તે ચાર સિદ્ધ પુરુષો કયાં ગયાં? ।।૩૧।।

જો કે આ જન્મમાં હું દુર્ભાગી અને પાપી છું, તો પણ પૂર્વ જન્મનું કાંઈક મોઘું

પુણ્ય હોવું જોઈએ, નહિતર એ મોટા દેવોનું દર્શન કે જેનાથી મારું અન્તઃકરણ નિર્મળ થયું, તે કેમ જ થાય? પૂર્વ જન્મનું પુણ્ય ન હોય તો હું, જે અપવિત્ર દાસીનો પતિ છું, તેથી જીભમાંથી ભગવાનનું નામ નીકળવું જ સમ્ભવે નહિ; મહાકપટી, પાપી, બ્રહ્મત્વને ખોઈ બેઠેલો અને નિર્લજ્જ હું કયાં અને મહામંગળરૂપ ભગવાનનું 'નારાયણ' નામ કયાં? (ખરેખર, હવે તો હું કૃતાર્થ જ થઈ ગયો). હવે ચિત્ત, ઇન્દ્રિય તથા પ્રાણ વાયુને જીતીને હું એવો યત્ન કરીશ કે જેથી મારો આત્મા ફરીવાર મહામોહમાં ડૂબે નહિ ।।૩૨-૩૫।।

હું અવિદ્યા, તૃષ્ણા અને કર્મથી ઉત્પન્ન થયેલાં આ બન્ધનને તોડી નાખીશ અને સર્વ પ્રાણીઓ પ્રત્યે સ્નેહી, શાન્ત, દયાવાન, મિત્રતાવાળો અને સંયમી થઈને સ્ત્રીરૂપી ભગવાનની માયા, જે આત્માને ગળી ગઈ છે, તેમાંથી મુક્ત થઈશ. એ સ્ત્રીએ મને ક્રીડામૃગની પેઠે ખરાબ રીતે નચાવેલો છે. સાચી વાતમાં ધ્યાન રાખી દેહાદિકમાં ''હું અને મારું'' એવા અર્થ ભાવવાળી બુદ્ધિને છોડી દઈ, હું ભગવાનનાં કીર્તનાદિકથી શુદ્ધ થયેલા મારા મનને ભગવાન્‌માંજ લગાવીશ'' ।।૩૬-૩૮।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એ પ્રમાણે સાધુ પુરુષોના ક્ષણ માત્રના સંગથી અજામિલને પરમ વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એ પુત્રાદિકના સ્નેહરૂપ સર્વ બન્ધનમાંથી છૂટો પડી હરિદ્વારમાં ગયો ।।૩૯।।

એ હરિદ્વાર દેવલોકના સ્થાનકરૂપ છે. ત્યાં બેસીને તેણે યોગમાર્ગનો આશ્રય કર્યો અને તમામ ઇન્દ્રિયોને વિષયોમાંથી હટાવી, મનમાં લીન કરી અને મનને બુદ્ધિમાં લીન કરી દીધું ।।૪૦।।

ત્યારબાદ આત્મચિન્તનદ્વારા તેણે બુદ્ધિને વિષયોથી અલગ કરી દીધી તથા ભગવાનના ધામ અનુભવ સ્વરૂપ પરબ્રહ્મમાં જોડી દીધી ।।૪૧।।

આ પ્રમાણે જ્યારે અજામિલની બુદ્ધિ ત્રિગુણમયી પ્રકૃતિથી પર થઈ જઈ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થઈ ગઈ ત્યારે તેણે જોયું કે તેની સામે એ જ ચારેય પાર્ષદ, જેમને તેણે પહેલાં જોયા હતા, ઊભા છે. અજામિલે મસ્તક નમાવી તેમને પ્રમાણ કર્યા ।।૪૨।।

પાર્ષદોનું દર્શન કર્યા પછી ગંગાજીમાં અજામિલનો દેહ છૂટી ગયો અને એને તુરત ભગવાનના પાર્ષદોના જેવું જ રૂપ પ્રાપ્ત થયું. પછી એ ભગવાનના પાર્ષદોની સાથે સુવર્ણના વિમાનમાં બેસી આકાશમાર્ગે જ્યાં લક્ષ્મીજીના પતિ નારાયણ રહે છે

તે વૈકુંઠમાં ગયો ।।૪૩-૪૪।।

પરીક્ષિત, અજામિલ દાસીનો સહવાસ કરી તમામ ધર્મ-કર્મ નો નાશ કરનાર હતો, તે તેના નિન્દિત કર્મને કારણે પતિત થઈ ગયો હતો. નિયમોથી ભ્રષ્ટ થઈ જવાથી તેને નરકમાં નાખવામાં આવી રહ્યો હતો. પણ ભગવાનના એક નામનો ઉચ્ચાર કરવા માત્રથી તે તેમાંથી તત્કાલ મુક્ત થઈ ગયો ।।૪૫।।

જે લોકો આ સંસાર બન્ધનમાંથી મુક્તિ ઇચ્છે છે. એમનેમાટે, પોતાના ચરણોના સ્પર્શથી તીર્થોને તીર્થ બનાવવાવાળા ભગવાનના નામથી ચડિયાતું કોઈ બીજું સાધન નથી; કારણ કે નામનો આશ્રય લેવાથી મનુષ્યનું મન ફરી કર્મમાં લાગતું જ નથી. ભગવાનના નામ સિવાય બીજા કોઈ પ્રાયશ્ચિત્તનો આશ્રય લેવાથી મન રજોગુણ અને તમોગુણ થી ગ્રસ્ત જ રહે છે તથા પાપોનો પૂરેપૂરો નાશ પણ નથી થતો।।૪૬।।

જે માણસ આ પરમ ગુહ્ય, પાપોને મટાડનાર ઈતિહાસને શ્રદ્ધા સહિત સાંભળે અને ભક્તિથી કહી સંભળાવે, તો ભલે એ પાપી હોય તો પણ નરકમાં ક્યારેય જતો નથી. યમરાજના દૂતો તો આંખ ઊંચી કરી તેની સામે પણ જોઈ શકતા નથી. તેનું જીવન ભલે પાપમય હોય, વૈકુંઠમાં એની પૂજા થાય છે ।।૪૭-૪૮।।

**મ્રિયમાણો હરેર્નામ ગૃણન્ પુત્રોપચારિતમ્।**
**અજામિલોऽપ્યગાદ્ધામ કિં પુનઃ શ્રદ્ધયા ગૃણન્ ।।૪૯।।**

મરતી વખતે અજામિલે પુત્રના બહાને ભગવાનનું નામ લીધું તો પણ એ ભગવાનના ધામે પહોંચી ગયો; ત્યારે જો શ્રદ્ધાથી ભગવાનનું નામ લેવામાં આવે તો એ નામ લેનાર માણસ ભગવાનના ધામને પામે એમાં તો કહેવું જ શું? ।।૪૯।।

**ઈતિ શ્રીભાગવત્ ષષ્ઠસ્કન્ધમાં (પહેલા નામ પ્રકરણમાં નામ કીર્તન નિરૂપણ નામનો) ''નામનો મહિમા'' નામનો બીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''દાને હિ ન સ્વવિનિયોગઃ''** પ્રભુને દાન-ભેટસ્વરૂપે અર્પણ કરેલ વસ્તુ દેવદ્રવ્ય બની જાય છે. દેવદ્રવ્યનો ઉપયોગ (પ્રસાદ સ્વરૂપે પણ) પોતાનાથી કરી શકાતો નથી. પરન્તુ પોતાના માથે બિરાજતા પ્રભુની સેવામાં સમર્પિત કરાતી વસ્તુ દેવદ્રવ્ય બનતી નથી તેથી મહાપ્રસાદ તરીકે પોતાના ઉપયોગમાં લઈ શકાયછે. (નવરત્ન, શ્રીપ્રભુચરણકૃત વિવૃ.પર શ્રીપુરુષોત્તમજીની વિવૃતિ)

# અધ્યાય ૩

## યમરાજાએ કહેલો સિદ્ધાન્ત

**વિશેષ** : આ ત્રીજા અધ્યાયમાં યમરાજાએ ભક્તિમાર્ગમાં થતા સન્દેહ મટાડીને કહેલો સિદ્ધાન્ત કહેવાશે.

**નિશમ્ય દેવઃ સ્વભટોપવર્ણિતં પ્રત્યાહ કિં તાન્ પ્રતિ ધર્મરાજઃ ।।**
**એવં હતાજ્ઞો વિહતાન્મુરારેઃ નૈદેશિકૈર્ યસ્ય વશે જનોઽયમ્ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછ્યું** : ભગવન્ બધા જીવ દેવાધિદેવ ધર્મરાજને વશ છે અને ભગવાનના પાર્ષદોએ એમની આજ્ઞાનો ભંગ કર્યો તથા તેના દૂતોએ યમપુરીમાં જઈ એમને અજામિલનું વૃત્તાન્ત કહી સંભળાવ્યું, ત્યારે તે બધું સાંભળીને તેમણે પોતાના દૂતોને શું કહ્યું? ।।૧।।

હે મહારાજ! યમરાજાની આજ્ઞાનો ભંગ કોઈ ઠેકાણે પણ થયો હોય એવું મેં સાંભળ્યું નથી; એટલામાટે આ બાબતમાં લોકોને સંશય થશે, તો એ સંશય આપ વિના બીજો કોઈ દૂર ન કરી શકે એવો મારો નિશ્ચય છે ।।૨।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે રાજા! ભગવાનના પાર્ષદોએ જેમનો પ્રયત્ન નિષ્ફલ બનાવ્યો છે, તેવા યમદૂતોએ પોતાના યમપૂરીના સ્વામી યમરાજાને નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરી ।।૩।।

**યમદૂતોએ કહ્યું** : હે પ્રભુ! સાત્ત્વિક, રાજસ અને તામસ (અથવા પાપ, પુણ્ય અને મિશ્ર) કર્મ કરનારા જીવલોકને કર્મનાં ફળ આપનાર ન્યાયધીશો આ જગતમાં કેટલા છે? ।।૪।।

જગતમાં જો દંડ દેનારા શાસકો ઘણા હોય તો કોને સુખ મળે અને કોને દુઃખ એની વ્યવસ્થા એક સરખી ન હોઈ શકે ।।૫।।

કર્મ કરનારા ઘણા લોકોના શાસકો પણ ઘણા હોય તો પછી તેમનું શાસકપણું નામ માત્રનું જ રહે, જેવી રીતે એક સમ્રાટને આધીન ઘણા નામ માત્રના સામન્ત હોય છે ।।૬।।

તેથી અમે તો એમ સમજીએ છીએ કે એકલા આપ જ બધાં પ્રાણીઓ અને તેમના સ્વામીઓના પણ અધીશ્વર છો. આપ જ મનુષ્યોનાં પાપ અને પુણ્યના નિર્ણાયક, દંડ દેનારા અને શાસક છો ।।૭।।

પ્રભો! અત્યાર સુધી સંસારમાં ક્યાય પણ આપે નક્કી કરેલ દંડની અવગણના થઈ નહોતી; પણ હમણાં ચાર અદ્ભુત સિદ્ધ પુરુષોએ આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરી દીધું છે ।।૮।।

અમે પાપી અજામિલને તમારી આજ્ઞાથી નરકમાં લાવતા હતા ત્યાં એ ચાર સિદ્ધોએ બળાત્કારથી અમારા પાશ કાપી નાખી એને છોડાવ્યો ।।૯।।

એ વાત જાણવા જો અમે અધિકારી હોઈએ તો એ કોણ હતા એ અમે જાણવા ઈચ્છીએ છીએ. અજામિલ 'નારાયણ' એટલું બોલ્યો, ત્યાં તો ''બીશ નહિ, બીશ નહિ'' એમ બોલતા એઓ તુરત જ ત્યાં આવી પહોંચ્યા ।।૧૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એ પ્રમાણે જ્યારે દૂતોએ પૂછ્યું ત્યારે પ્રજાઓને શિક્ષા કરનાર ભગવાન્ યમરાજા પ્રસન્ન થઈ ભગવાનના ચરણારવિન્દનું સ્મરણ કરતા કહેવા લાગ્યા ।।૧૧।।

**યમરાજાએ કહ્યું** : સ્થાવર અને જંગમનો સ્વામી મારાથી જુદો જ છે. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એ એના અંશરૂપ છે અને એમનાવડે આ જગત્‌નાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. સર્વ લોકો નાકમાં નાથેલા બળદની પેઠે એ ઈશ્વરને વશ છે. સર્વના સ્વામી એ પરમેશ્વરમાં તાંતણામાં લૂગડાંની પેઠે આ આખું જગત ઓતપ્રોત થઈ રહ્યું છે ।।૧૨।।

જેવી રીતે ખેડૂત પોતાના બળદોને પહેલાં નાની-નાની રસ્સીઓમાં બાંધી પછી એ રસ્સીઓને એક જાડાં દોરડાંમાં બાંધી દે છે, તેવી જ રીતે જગદીશ્વર ભગવાને પણ બ્રાહ્મણ વગેરે વર્ણ અને બ્રહ્મચર્ય વગેરે આશ્રમરૂપી નામની નાની-નાની રસ્સીઓમાં બાંધી પછી બધાં નામોને વેદવાણીરૂપ જાડાં દોરડામાં બાંધી રાખ્યાં છે. આ પ્રમાણે બધા જીવ નામ અને કર્મરૂપ બન્ધનમાં બંધાયેલા ભયભીત થઈ એને જ પોતાનું સર્વસ્વ ભેટ કરી રહ્યા છે ।।૧૩।।

હું, ઈન્દ્ર, નિૠતિ, વરુણ, ચન્દ્રમા, અગ્નિ, શિવ, પવન, સૂર્ય, બ્રહ્મા, બારેય આદિત્ય, વિશ્વેદેવતા, આઠ વસુ, સાધ્ય, ઓગણપચાસ મરુત્, સિદ્ધ, અગિયાર રુદ્ર અને બીજા ભૃગુ વગેરે પ્રજાપતિઓ અને દેવોના સ્વામીઓ જેઓને રજોગુણ અને તમોગુણ નો સ્પર્શ પણ નથી અર્થાત્ જેમનામાં સત્ત્વગુણ પ્રધાન છે તેઓ પણ માયાને અધીન હોવાને લીધે એ પરમેશ્વર ક્યારે, શું, કેવી રીતે કરવા માગે છે તે જાણી શકતા નથી ત્યારે બીજાની તો વાત જ શી? ।।૧૪-૧૫।।

જેવી રીતે ઘટ, પટ આદિ રૂપવાન પદાર્થ પોતાના પ્રકાશક નેત્રને જોઈ શકતા નથી તેમ પ્રાણીઓ પણ એ પરમેશ્વર, જે સર્વ જીવોના અન્તર્યામી અને દ્રષ્ટા છે, તેને ઈન્દ્રિયોથી, મનથી, પ્રાણથી, હૃદયથી કે વાણીથી જાણી શકતાં નથી ।।૧૬।।

સ્વતન્ત્ર, સર્વોત્કૃષ્ટ, મહાત્મા અને માયા ના અધિપતિ એવા એ પરમેશ્વર ભગવાનના મનોહર પાર્ષદો જગતમાં ફરે છે, તેઓનાં રૂપ, ગુણ અને સ્વભાવ ઘણું કરીને ભગવાનના જેવાં જ હોય છે ।।૧૭।।

દેવો જેમની પૂજા કરે છે તેવા એ મહા અદ્ભૂત ભગવાનના પાર્ષદો કે જેમનું દર્શન થવું જ ઘણું દુર્લભ છે તેઓ ભગવાનની ભક્તિ કરનારા મનુષ્યોનું શત્રુઓથી, મારાથી અને અગ્નિ વગેરે ઉપદ્રવોથી પણ રક્ષણ કરે છે ।।૧૮।।

સ્વયં ભગવાને જ ધર્મની મર્યાદાનું નિર્માણ કર્યું છે, તેને ઋષિઓ જાણતા નથી. દેવતા અથવા સિદ્ધગણ પણ જાણતા નથી તો પછી આવી સ્થિતિમાં મનુષ્યો, અસુરો, વિદ્યાધરો અને ચારણો વગેરે તો ક્યાંથી જાણે? ।।૧૯।।

બ્રહ્માજી, નારદજી, સદાશિવ, સનત્કુમાર, કપિલમુનિ, મનુ, પ્રહ્લાદ, જનકરાજા, ભીષ્મપિતામહ, બલિરાજા, શુકદેવજી અને અમે (**વિશેષ** : ભગવાનની ભક્તિ હોવાથી પોતાને ભાગ્યશાળી માનીને ‘અમે’ એમ બહુવચન આપેલું છે.) (ધર્મરાજ) એ બાર વ્યક્તિ જ ગુપ્ત, શુદ્ધ અને ઘણા પરિશ્રમથી જાણાય તેવા ભગવદ્ધર્મને જાણીએ છીએ કે જે ધર્મને જાણવાથી મુક્તિ થાય છે ।।૨૦-૨૧।।

નામ કીર્તન વગેરેથી ભગવાનની ભક્તિ કરવી, એ જ આ લોકમાં મનુષ્યોનો સર્વોત્તમ ધર્મ છે ।।૨૨।।

હે પુત્રો! ભગવાનના નામના ઉચ્ચારણનું માહાત્મ્ય (આ વિષય તમોએ પ્રત્યક્ષ જોયેલો છે તેથી એમાં બીજું પ્રમાણ આપવાની જરૂર નથી, એમ કહે છે.) તો જુઓ; એનાથી અજામિલ જેવો પાપી પણ કાળના પાશમાંથી છૂટી ગયો ।।૨૩।।

ભગવાનના ગુણ, લીલા અને નામોનું સારી રીતે કરાયેલ કીર્તન મનુષ્યોના પાપોનો સર્વથા વિનાશ કરી નાખે એ કોઈ એનું બહુ જ મોટું ફલ નથી; કારણ કે અત્યન્ત પાપી અજામિલે મરતી વખતે ચંચલ ચિત્તથી પોતાના પુત્રના નામ ‘નારાયણ’ નો ઉચ્ચાર કર્યો, આ નામના આભાસ માત્રથી એનાં બધાં પાપ તો બળી ગયાં, મુક્તિની પણ પ્રાપ્તિ થઈ ગઈ ।।૨૪।।

મોટા-મોટા વિદ્વાનોની બુદ્ધિ ક્યારેક ભગવાનની માયાથી મોહિત થઈ જતી

હોય છે. તેઓ કર્મોનાં મીઠા-મીઠા ફલોનું વર્ણન કરનારી અર્થવાદરૂપી વેદવાણીમાં જ મોહિત થઈ જાય છે અને યજ્ઞયાગાદિ મોટાં-મોટાં કર્મો કરવામાં જ રચ્યા-પચ્યા રહે છે તથા આ સુગમમાં સુગમ, સહેલામાં સહેલો ભગવદ્ નામનો મહિમા જાણતા નથી એ કેટલા અફસોસની વાત છે ।।૨૫।।

જેઓ બુદ્ધિમાન મનુષ્યો છે તેઓ તો આવા વિચારથી સર્વ પ્રકારથી ભગવાનની ભક્તિરૂપ જ ઉપાય કરે છે. એ માણસો મારા તરફથી શિક્ષાને યોગ્ય જ નથી કેમકે પહેલી વાત તો એ કે તેઓ પાપ કરતા જ નથી, પરન્તુ જો કદાચિત્ સંયોગવશ કોઈ પાપ થઈ પણ જાય તો ભગવાનનું ગુણગાન તેનો તત્કાલ નાશ કરી દે છે ।।૨૬।।

જે સમદષ્ટિવાળા સાધુ પુરુષો ભગવાનને જ પોતાના સાધ્ય અને સાધન માની તેમના ઉપર નિર્ભર હોય તેમની પવિત્ર કથાઓને દેવો અને સિદ્ધ લોકો પણ ગાય છે. તેમની રક્ષા ભગવાનની ગદા-સદા કરતી જ રહે છે તેમની પાસે પણ તમારે ભૂલ્યે ચૂક્યે પણ જવું નહિ કેમકે એમને શિક્ષા કરવાને હું કે કાળ પણ સમર્થ નથી ।।૨૭।।

ભગવાનનાં ચરણકમળના મકરન્દરૂપી રસને જે નિષ્કિંચન અને રસજ્ઞ પરમહંસ લોકો નિરન્તર સેવે છે તેનાથી જેઓ વિમુખ હોય અને નરકના માર્ગરૂપી ઘરમાં તૃષ્ણા બાંધી બેઠેલા હોય, તેવા દુષ્ટ લોકોને જ અહીં લાવજો ।।૨૮।।

જેમની જીભ ભગવાનના ગુણનું ઉચ્ચારણ કરતી ન હોય, જેમનું ચિત્ત ભગવાનનાં ચરણારવિન્દનું સ્મરણ કરતું ન હોય, જેમનું મસ્તક એકવાર પ્રભુ ચરણમાં નમતું ન હોય તેમને અહીં લાવજો ।।૨૯।।

આજ મારા દૂતોએ ભગવાનના પાર્ષદોનો અપરાધ કરી ખુદ ભગવાનનો જ તિરસ્કાર કર્યો છે. આ મારો જ અપરાધ છે. પુરાણપુરુષ ભગવાન્ નારાયણ અમારો આ અપરાધ ક્ષમા કરે (ઉપર પ્રમાણે દૂતોને કહીને હવે ભગવાનની ક્ષમા માગે છે.) અમે અજ્ઞાની હોવા છતાં એમના નિજ સેવક છીએ અને તેમની આજ્ઞા પ્રાપ્ત કરવા અંજલિ બાંધી સદા ઉત્સુક રહીએ છીએ. તેથી પરમ મહિમાવાળા ભગવાનનેમાટે તો એ જ યોગ્ય છે કે આપ અમને ક્ષમા કરી દે. હું એસર્વના અન્તર્યામી એકરસ અનન્ત પ્રભુને નમસ્કાર કરુંછું ।।૩૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે રાજા! એટલામાટે જગત્માં મહામંગળરૂપ ભગવાનનું જ નામ મોટા પાપોને પણ નિર્મૂળ કરનારું પ્રાયશ્ચિત્ત છે એમ સમજી લો ।।૩૧।।

જે લોકો વારંવાર ભગવાનનાં ઉદાર અને કૃપાપૂર્ણ ચરિત્રોના શ્રવણ કીર્તન કરે છે, એમના હૃદયમાં પ્રેમમયી ભક્તિનો ઉદય થઈ જાય છે. તે ભક્તિથી જેવી આત્મશુદ્ધિ થાય છે તેવી કૃચ્છ્ર ચાન્દ્રાયણ વગેરે વ્રતોથી થતી નથી ।।૩૨।।

જે મનુષ્ય ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રના ચરણારવિન્દ-મકરન્દરસ નો લોભી ભમરો છે તે સ્વભાવથી જ માયાના આપાતરમ્ય (દેખાવમાં જ રમ્ય), દુઃખદ અને પહેલે થી જ છોડી દીધેલ વિષયોમાં ફરી આસક્ત થતો નથી. પરન્તુ જેઓ આ દિવ્ય રસથી વિમુખ છે, કામનાઓએ જેમની વિવેકબુદ્ધિ ઉપર પાણી ફેરવી નાખ્યું છે, તેઓ પોતાનાં પાપોને ધોવામાટે ફરી પ્રાયાશ્ચિત્ત રૂપ કર્મ જ કરે છે. એથી બને છે એવું કે એમનાં કર્મોની વાસના મટતી નથી અને તેઓ ફરી એવાજ દોષ કરી બેસે છે ।।૩૩।।

રાજન્! જ્યારે યમદૂતોએ પોતાના સ્વામી ધર્મરાજના મુખથી આ પ્રમાણે ભગવાનનો મહિમા સાંભળ્યો અને તેનું સ્મરણ કર્યું, ત્યારે તેમના આશ્ચર્યની કોઈ સીમા જ ન રહી, ત્યારથી તેઓ ધર્મરાજની વાત ઉપર વિશ્વાસ ફરી પોતાના નાશની શંકાથી ભગવાનના આશ્રિત ભક્તોની પાસે જતા નથી બીજું તો ઠીક પણ તેઓ એમની તરફ આંખ ઉઠાવીને જોતાં પણ ડરે છે ।।૩૪।।

**ઈતિહાસમિમં ગુહ્યં ભગવાન્ કુમ્ભસમ્ભવઃ।**
**કથયામાસ મલય આસીનો હરિમર્ચયન્ ।।૩૫।।**

પ્રિય પરીક્ષિત! અજામિલનો આ ગુહ્ય ઈતિહાસ મહાત્મા અગસ્ત્ય મુનિએ મલયાચલમાં બેસી ભગવાનનું પૂજન કરતાં મને સંભળાવ્યો હતો ।।૩૫।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠ સ્કન્ધમાં (પહેલા નામ પ્રકરણમાં અજામિલ ઉપાખ્યાનમાં સિદ્ધાન્ત નિરૂપણ નામનો) ''યમરાજાએ કહેલો સિદ્ધાન્ત'' નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ચિતિં ચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચ।**
**સ્પૃષ્ટ્વા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ્।**

મડદા, તેને બાળવા વપરાયેલ લાકડાં, રુધિર-માંસ, મરેલા પ્રાણિઓની ખાલ કાઢીને વેચનાર તેમજ ધન કમાવવામાટે પોતાના સેવ્યસ્વરૂપની સેવા કરનાર ને અડકી જવાય તો પહેર્યા કપડે સ્નાન કરવું જોઈએ.

# પ્રકરણ ૨જું – રૂપનિરૂપણ

## અધ્યાય ૪

## હંસગુહ્યસ્તોત્રથી ભગવાનની સ્તુતિ

**વિશેષ :** ત્રણ અધ્યાયવડે નામપ્રકરણ પૂર્ણ કરીને હવે ચૌદ અધ્યાયથી રૂપનું તત્ત્વનિરૂપણ કરે છે. આ ચોથા અધ્યાયમાં પ્રચેતાઓએ ભગવાનની હંસગુહ્ય સ્તોત્રવડે પ્રાર્થના કરી છે.

**દેવાસુરનૃણાં સર્ગો નાગાનાં મૃગપક્ષિણામ્ ।।**
**સામાસિકસ્ત્વયા પ્રોક્તો યસ્તુ સ્વાયમ્ભુવેઽન્તરે ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** આપે સ્વાયમ્ભુવ મન્વન્તરમાં દેવ, અસુર, નર, નાગ, મૃગ અને પક્ષીઓની સૃષ્ટિ સંક્ષેપથી કહી ।।૧।।

હવે હું તેનો જ વિસ્તાર જાણવા માગું છું. પ્રકૃતિ આદિ કરણોના પરમ કારણ ભગવાન્ પોતાની જે શક્તિથી જે પ્રમાણે ત્યાર પછીની સૃષ્ટિ કરે છે, તેને જાણવાની પણ મારી ઇચ્છા છે ।।૨।।

**સૂતજીએ કહ્યું :** શૌનકાદિ ઋષિવર્યો! જ્યારે પરમ યોગી વ્યાસનન્દન શુકદેવજીએ રાજાનો સુન્દર પ્રશ્ન સાંભળ્યો ત્યારે એમનો સત્કાર કરીને નીચે પ્રમાણે બોલ્યા ।।૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** (ચતુર્થસ્કન્ધના અન્તમાં જે કથા અધૂરી મૂકેલી તેને અહીં પૂર્ણ કરે છે). જ્યારે પ્રાચીનબર્હિ રાજાના પુત્ર પ્રચેતાઓ સમુદ્રમાંથી બહાર નીકળ્યા, ત્યારે તેઓએ જોયું કે અમારા પિતા નિવૃત્તિ પરાયણ થઈ જવાથી સમગ્ર પૃથ્વી વૃક્ષોથી છવાઈ ગઈ છે ।।૪।।

તપથી એમનામાં ક્રોધ તો વધ્યો હતો તેથી સર્વ ઝાડને બાળી નાખવાની ઇચ્છાથી એ પ્રચેતાઓએ ઝાડ ઉપર ક્રોધ કર્યો અને પોતાનાં મોઢામાંથી વાયુ અને અગ્નિ થી ઝાડ બળવા લાગ્યાં એ જોઈ વનસ્પતિના રાજા ચન્દ્રમાએ એમનો ક્રોધ શમાવવા આ પ્રમાણે કહ્યુંઃ ।।૬।।

‘‘હે મહા ભાગ્યવાન્ પ્રચેતાઓ! રાંક ઝાડ ઉપર આપે ક્રોધ કરતો બરાબર નથી. આપ તો પ્રજાની વૃદ્ધિને ઇચ્છનાર પ્રજાપતિઓ ઠરેલા છો ।।૭।।

પ્રજાપતિઓના પતિ, અવિનાશી અને સર્વવ્યાપક ભગવાને પ્રજાઓને અન્નની સગવડ કરી દેવાને સારુ જ વનસ્પતિ અને ઔષધિઓને ઉત્પન્ન કરેલી છે ।।૮।।

સંસારમાં પાંખોથી ઊડી શકનાર ચર પ્રાણીઓનું ભોજન ફલપુષ્પાદિક પદાર્થ છે. પગથી ચાલનાર પ્રાણીઓનું વગર હાથવાળા વૃક્ષ, લતા આદિ ભોજન છે. બે પગવાળા મનુષ્ય વગેરેને માટે ધાન્ય, ઘઉં આદિ અન્ન ભોજન છે. ચાર પગવાળા બળદ, ઉંટ વગેરે ખેતી ઈત્યાદિ દ્વારા અન્નની ઉત્પત્તિમાં સહાયકછે ।।૯।।

નિષ્પાપ પ્રચેતાઓ, આપના પિતા અને બ્રહ્મા એ આપને પ્રજાની સૃષ્ટિ કરવાની આજ્ઞા કરેલી છે, એમ છતાં પ્રજાના અન્નરૂપ વૃક્ષોને બાળી નાખવાં એ કઈ રીતે ઉચિત છે? ।।૧૦।।

પ્રદીપ્ત થયેલા ક્રોધને આપ શાન્ત કરો અને આપના દાદા તથા પરદાદાઓએ શાન્તિનો જે માર્ગ સેવેલો છે તે જ માર્ગે ચાલો ।।૧૧।।

બાળકોનાં રક્ષક માતા-પિતા છે, આંખોની રક્ષક ગૃહસ્થાશ્રમી છે, અજ્ઞાનીઓનો રક્ષક જ્ઞાની છે અને પ્રજાઓનો રક્ષક રાજા છે ।।૧૨।।

સર્વ પ્રાણીઓમાં અન્તર્યામીરૂપે ભગવાન્ રહ્યા છે માટે આ સઘળું જગત્ ભગવાનના સ્થાનરૂપ છે એમ જાણો. એમ જાણવાથી તમે ભગવાનને પ્રસન્ન કરી શકશો ।।૧૩।।

જે પુરુષ હૃદયમાં ઊકળતા ભયંકર ક્રોધને આત્મવિચારદ્વારા શરીરમાં જ ભંડારી દે છે, બહાર નીકળવા દેતો નથી, તે કાલક્રમથી ત્રણેય ગુણો ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે ।।૧૪।।

રાંક વૃક્ષોને બાળી નાખવાનું હવે બંધ કરો. બાકી રહેલાં વૃક્ષોનું અને તમારું કલ્યાણ થાઓ. આ વૃક્ષોએ પાળેલી ઉત્તમ કન્યાને પત્ની રૂપમાં સ્વીકાર કરો'' ।।૧૫।।

હે રાજા! એ પ્રમાણે ચન્દ્રમાએ એમને શાન્ત કર્યા અને (પ્રમ્લોચા) અપ્સરાની એ સુન્દરી કન્યા આપીને એ ત્યાંથી વિદાય થયા પછી એ પ્રચેતાઓ ધર્મની રીતિ પ્રમાણે એ કન્યાને પરણ્યા ।।૧૬।।

એ પ્રચેતાઓથી એ સ્ત્રીમાં પ્રાચેતસ દક્ષ નામનો પુત્ર ઉત્પન્ન થયો, જેણે કરેલી પ્રજાની સૃષ્ટિથી ત્રણે લોક ભરાઈ ગયા છે ।।૧૭।।

હવે પુત્રીઓ ઉપર પ્રીતિ રાખનાર એ દક્ષ પ્રજાપતિએ વીર્ય તેમજ મનથી જેવી રીતે પ્રજાસરજી એ વાત મારી પાસેથી સાવધાન થઈને સાંભળો ।।૧૮।।

પ્રથમ એ દક્ષ પ્રજાપતિએ દેવ, અસુર અને મનુષ્ય વગેરે આકાશ, પૃથ્વી અને

જળમાં રહેનારી પ્રજાને સંકલ્પથી જ ઉત્પન્ન કરી ।।૧૯।।

પરન્તુ જ્યારે તેમણે જોયું કે તે સૃષ્ટિની વૃદ્ધિ થઈ રહી નથી ત્યારે પ્રાચેતસ દક્ષ વિન્ધ્યાચળની પાસેના પર્વતોમાં જઈ અત્યન્ત ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યા ।।૨૦।।

ત્યાં પાપનો નાશ કરનાર ઉત્તમ 'અઘમર્ષણ' નામનું તીર્થ છે. સમયે-સમયે સ્નાન કરીને એ પ્રજાપતિ તપથી ભગવાનને પ્રસન્ન કરવા લાગ્યા ।।૨૧।।

જે સ્તોત્રથી એણે ઈન્દ્રિયાતીત ભગવાનની સ્તુતિ કરી અને જેથી ભગવાન્ પ્રસન્ન થયા તે 'હંસગુહ્ય' નામનું સ્તોત્ર તમારી પાસે કહું છું ।।૨૨।।

**દક્ષ પ્રજાપતિ સ્તુતિ કરે છે :** ભગવન્! આપની અનુભૂતિ, આપની ચિત્ શક્તિ અમોઘ છે આપ જીવ અને પ્રકૃતિથી પર, એના નિયન્તા એને સત્તા-સ્ફૂર્તિ દેનારા છો. જે જીવોએ ત્રિગુણમયી સૃષ્ટિને જ વાસ્તવિક સત્ય સમજી લીધું છે તેઓ આપના સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શક્યા નથી કારણ કે આપ સુધી કોઈ પણ પ્રમાણની પહોંચ નથી આપની કોઈ અવધિ, કોઈ સીમા નથી, આપ સ્વયં પ્રકાશ તથા પરાત્પર છો. હું આપને નમસ્કાર કરું છું ।।૨૩।।

આમ તો જીવ અને ઈશ્વર એક બીજાના સખા (મિત્ર) છે તથા આ જ શરીરમાં સાથે જ રહે છે; પરન્તુ સર્વશક્તિમાન આપના સખ્યભાવને જીવ નથી જાણતો, જેવી રીતે રૂપ, રસ, ગન્ધ વગેરે વિષય પોતાને પ્રકાશિત કરવાવાળાં નેત્ર, નાક આદિ ઈન્દ્રિયવૃત્તિઓને નથી જાણતાં; કારણ કે આપ જીવ અને જગત ના દ્રષ્ટા છો, દશ્ય નહિ. મહેશ્વર! હું આપનાં શ્રીચરણોમાં નમસ્કાર કરું છું ।।૨૪।।

દેહ, પ્રાણ, ઈન્દ્રિયો, અન્તઃકરણ, પંચભૂત અને પંચભૂત ના વિષયો પોતે જડ હોવાથી પોતાને, જણાવનારી ઈન્દ્રિયોને અને એમના નિયન્તા દેવતાઓને જાણતાં નથી, જ્યારે જીવ એ ત્રણેને તથા એમના મૂળ ગુણોને પણ જાણતો હોવા છતાં આપનું સ્વરૂપ કે જે સર્વજ્ઞ અનન્ત છે તેને એ જાણતો નથી, તેથી પ્રભુ! હું તો આપની સ્તુતિ કરું છું ।।૨૫।।

મન, નામ અને રૂપ ને પેદા કરે છે. જ્યારે સમાધિ અવસ્થામાં સંસારનાં દર્શન તથા સ્મરણ નો નાશ થાય ત્યારે એ મન શાન્ત થાય છે અને પરમાત્મા જે કેવળ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે. પ્રભો! આપ શુદ્ધ છો અને શુદ્ધ હૃદય-મન્દિર જ આપનું નિવાસસ્થાન છે. આપને મારા નમસ્કારછે ।।૨૬।।

જેમ યજ્ઞ કરનારાઓ 'સામિધેની'નામના પંદર મન્ત્રોથી કાષ્ઠમાં રહેલા ગૂઢ અગ્નિને

અરણીમાંથી પ્રકટ કરે છે, તેમ જ્ઞાની પુરુષો પોતાના ગૂઢ આત્માને વિચારથી હૃદયમાં સ્થિર કરીને પ્રકૃતિ, પુરુષ, મહત્તત્વ, અહંકાર, પાંચ વિષય, ત્રણ ગુણ, અગિયાર ઈન્દ્રિયો અને પાંચ મહાભૂત પોતાની શક્તિઓમાં ગૂઢભાવથી છૂપાયેલા આપને શોધી કાઢે છે ।।૨૭।।

સર્વ પ્રકારની માયાનો નિષેધ કરીએ ત્યારે જે કૈવલ્યસુખમાં જણાય છે. સર્વ નામ રૂપ અને અચિન્ત્ય (માયા પ્રભુની બાર શક્તિઓ પૈકીની એક શક્તિ છે.) શક્તિશાળી માયાથી પણ જેનું નિરૂપણ થઈ શકતું નથી તેવા આપ પ્રસન્ન હો ।।૨૮।।

જે કાંઈ વચનથી કહેવામાં આવે છે, જેનો બુદ્ધિથી નિશ્ચય કરવામાં આવે છે, જે ઈન્દ્રિયોથી ગ્રહણ કરવામાં આવે છે અને મનથી જેની કલ્પના થઈ શકે છે, તે ભગવાનનું સ્વરૂપ નથી કેમકે એ સઘળું ગુણોનું જ સ્વરૂપ છે, આપ તો ગુણોના તિરોભાવથી તથા આવિર્ભાવથી જાણવામાં આવો છો ।।૨૯।।

જેમાં જગત્ રહ્યું છે તે આપ છો. જેમાંથી જગત્ નીકળે છે તે આપ છો. જે સાધનથી જગત્ થાય છે તે આપ છો. જેનું જગત્ થાય છે તે આપ છો જેને સારું જગત્ થાય છે તે આપ છો. જે કરવામાં આવે છે તે આપ છો. જે કરે છે તે આપ છો. ક્રિયાને સારુ કોઈથી પણ જે પ્રેરાય છે તે આપ છો. ઉપરાન્ત પણ જે કાંઈ રહે છે તે આપ જ છો. આપ સર્વનું કારણ છો. સર્વથી પહેલાં આપ પ્રસિદ્ધ છો. પ્રથમથી અને પછીથી ઉત્પન્ન થયેલાંનું આપ મૂળ છો આપથી જુદી જાતનું કાંઈ જ નથી; આપની સમાન પણ કાંઈ નથી ।।૩૦।।

વિવાદ કરનારા લોકોની જે કાંઈ તકરાર હોય છે, જે કાંઈ એકપણું છે, તે સર્વ વિવાદ અને સંવાદ નું કારણ આપ પરબ્રહ્મની માયા અને અવિદ્યા રૂપી શક્તિઓ છે. એ વારંવાર એને મોહ પમાડે છે. એવા પરબ્રહ્મ સ્વરૂપ આપને હું નમસ્કાર કરું છું ।।૩૧।।

ભગવન્! ભક્તો કહે છે કે અમારા પ્રભુ હસ્તપાદ વગેરેવાળા સાકારવિગ્રહ છે. સાંખ્યવાદી કહે છે કે ભગવાન્ હસ્તપાદાદિ વિગ્રહ વિનાના નિરાકાર છે. આવી તકરાર ભગવાનના અવયવો વિષે જ છે પણ ભગવાનના સ્વરૂપ વિષે નથી. તકરારના વિષય જુદા-જુદા હોય પણ તકરાર એક તત્ત્વમાં જ સમાય છે. હા પાડવામાં આવે છે એ પણ ભગવાનના અવયવોની. ભગવાન્ વિષે તો કાંઈ તકરાર જ નથી. ભગવાન્ (આત્મા) નથી એવું તો એ બન્ને શાસ્ત્રમાંથી કોઈ પણ કહેતું નથી. એ

તકરાર ભગવાનને પહોંચતી જ નથી કેમકે એનો વિષય અવયવો જ છે. ભગવાનનું સ્વરૂપ એ તકરારનો વિષય નથી પણ તકરારના વિષયોનું અધિષ્ઠાન ન હોય તો અવયવોની કલ્પના કે એનો નિષેધ થઈ શકે નહિ. માટે જે સ્વરૂપ એ બન્નેને તકરારોનો આશ્રય આપનાર છે, બન્નેને અનુકૂળ છે, બન્નેથી જુદું અને બન્ને ને સરખું છે તે જ બ્રહ્મ છે ।।૩૨।।

જે અનન્ત ભગવાન્ નામરૂપરહિત છે છતાં પણ પોતાના ચરણની ભક્તિ કરનારાઓની ઉપર અનુગ્રહ કરવા સારું જુદા-જુદા જન્મ ધરીને અને કર્મ કરીને નામરૂપનું ગ્રહણ કરે છે તે પરમેશ્વર મારા ઉપર પ્રસન્ન થજો ।।૩૩।।

વાયુ એક જ છે તો પણ જેમ જુદા-જુદા પુષ્પાદિક સમ્બન્ધને લીધે અનેક ગન્ધવાળો જણાય છે, જુદા-જુદા રંગની ધૂળના સમ્બન્ધને લીધે જુદા-જુદા રૂપવાળો જણાય છે, તેમ જે અન્તર્યામી ભગવાન્ એક જ છે તો પણ જુદી-જુદી ઉપાસનાઓના માર્ગોથી અને તેવા-તેવા પ્રકારની વાસનાઓના અનુસારથી લોકોને એ જુદા-જુદા દેવરૂપે જણાય છે તે ઈશ્વર મારા મનોરથ પૂર્ણ કરે ।।૩૪।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે રાજા! એ પ્રમાણે જે ભક્તવત્સલ ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે તેવા ભગવાને એ અઘમર્ષણ તીર્થમાં દક્ષ પ્રજાપતિને પ્રત્યક્ષ દર્શન દીધું ।।૩૫।।

ભગવાન્ ગરુડજી ઉપર બિરાજ્યા હતા. એમને લાંબી આઠ ભુજાઓ શોભતી હતી. એમાં ચક્ર, શંખ, તલવાર, ઢાલ, બાણ, ધનુષ્ય, પાશ અને ગદા ધારણ કર્યા હતાં ।।૩૬।।

વર્ષાકાલના મેઘના જેવા શ્યામલ શ્રીઅંગ ઉપર પીતામ્બર ફરહરી રહ્યું હતું. મુખ મંડલ પ્રફુલ્લિત હતું. નેત્રોમાંથી કૃપાની વર્ષા થઈ રહી હતી. અંગમાં વનમાળા વીંટાઈ રહી હતી. શ્રીવત્સ અને કૌસ્તુભમણિ શોભી રહ્યાં હતાં. એમણે બહુમૂલ્ય મુકુટ અને કડાં ધર્યાં હતાં. મકર જેવી આકૃતિવાળાં કુંડળ ઝળકતાં હતાં, કટિમેખલા, વીંટીઓ, વીંછિયા, ઝાંઝર અને બાજૂબંધ પોત-પોતાના સ્થાને શોભી રહ્યાં હતાં ।।૩૭-૩૮।।

ત્રૈલોક્યને મોહ પમાડે તેવું પુરુષોત્તમ સ્વરૂપ ધર્યું હતું. નારદ અને નન્દ વગેરે પાર્ષદો અને ઈન્દ્ર વગેરે મોટા દેવોથી એ વીંટાયેલા હતાં. સિદ્ધ, ગન્ધર્વ અને ચારણો ભગવાનના ગુણોનું ગાન કરી રહ્યાહતાં ।।૩૯।।

એવું ત્રૈલોક્યનાથ ભગવાનનું મહા આશ્ચર્યમય રૂપ જોઈને દક્ષ પ્રજાપતિ કંઈક ગભરાઈ ગયા ।।૪૦।।

પ્રજાપતિ દક્ષે આનન્દ-મગ્ન થઈને ભગવાનના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા. જેવી રીતે ઝરણાના જલથી નદીઓ છલકાઈ જાય છે તેવી રીતે જ પરમાનન્દના પૂરથી એની એક-એક ઈન્દ્રિય ભરાઈ ગઈ અને આનન્દપરવશ થઈ જવાથી તે કંઈ બોલી ન શક્યા ।।૪૧।।

પરીક્ષિત! પ્રજાપતિ દક્ષ અત્યન્ત દીનતાથી નમીને ભગવાનની સામે ઊભા રહી ગયા. ભગવાન્ બધાના હૃદયની વાત જાણે જ છે. આપે દક્ષ પ્રજાપત્તિની ભક્તિ અને પ્રજાવૃદ્ધિ ની કામના જોઈને આ પ્રમાણે કહ્યું ।।૪૨।।

**શ્રીભગવાને કહ્યું :** હે ભાગ્યશાળી પ્રચેતાના પુત્ર! તું તપ કરવાથી સિદ્ધ થયો છે; પરિપૂર્ણ શ્રદ્ધાથી મારામાં તારી પરમ ભક્તિ થઈ છે. હે પ્રજાપતિ! તારું તપ જગતની વૃદ્ધિ કરવામાટે છે, એટલામાટે હું પ્રસન્ન થયો છું. પ્રાણીઓની વૃદ્ધિ થાય એ મારી ઈચ્છા છે જ ।।૪૩-૪૪।।

બ્રહ્મા, સદાશિવ, તમારા જેવા પ્રજાપતિ, મનુઓ અને મોટા દેવો, જેઓ જગતને ઉત્પન્ન કરનારા છે તે મારી વિભૂતિરૂપ જ છે ।।૪૫।।

હે રાજન્! તપસ્યા મારું હૃદય છે, વિદ્યા મારા દેહરૂપ છે, કર્મ મારી આકૃતિ છે, યજ્ઞો મારું અંગ છે, ધર્મ મારું મન છે અને દેવો મારા પ્રાણ છે ।।૪૬।।

સૃષ્ટિની પહેલાં હુંજ હતો; અંદર કે બહાર બીજું કાંઈપણ ન હોતું. ઈન્દ્રિયોથી ન જણાય તેવું, ચારે બાજૂએથી જાણે સૂઈ રહેલું હોય તેવું ચૈતન્ય (જ્ઞાન)માત્ર મારું એ સ્વરૂપહતું ।।૪૭।।

હું અનન્ત ગુણોનો આધાર અને સ્વયં અનન્ત છું. જ્યારે ગુણમયી માયાના ક્ષોભથી આ બ્રહ્માંડ શરીર પ્રકટ થયું ત્યારે તેમાં સ્વયમ્ભૂ આદિ પુરુષ બ્રહ્માજી ઉત્પન્ન થયા ।।૪૮।।

જ્યારે મેં એમનામાં શક્તિ અને ચેતના નો સંચાર કર્યો ત્યારે દેવશિરોમણિ બ્રહ્માજી સૃષ્ટિ કરવા તૈયાર થયા. પરન્તુ એમને સૃષ્ટિ રચવાની પોતાની શક્તિમાં ઊણપ જણાઈ ।।૪૯।।

એ વખતે મેં તેમને આજ્ઞા આપી કે તપ કરો. ત્યારે તેમણે ઘોર તપસ્યા કરી અને એ ઘોર તપસ્યાના પ્રભાવથી પહેલ પ્રથમ તમને નવ પ્રજાપતિઓને ઉત્પન્ન

કર્યા ।।૫૦।।

હે દક્ષ પ્રજાપતિ! આ પંચજન પ્રજાપતિની પુત્રી અસિક્નીને તું તારી પત્નીના રૂપમાં સ્વીકાર કર ।।૫૧।।

હવે તું ગૃહસ્થને ઉચિત સ્ત્રી સહવાસરૂપ ધર્મનો સ્વીકાર કર. આ અસિક્ની પણ એ જ ધર્મને સ્વીકાર કરશે. ત્યારે તું એનીદ્વારા ઘણી પ્રજા ઉત્પન્ન કરી શકીશ।।૫૨।।

હવે તારા પછીની બધી પ્રજા મારી માયાના પ્રભાવને લીધે સ્ત્રી-પુરુષ ના સંયોગથી જ ઉત્પન્ન થશે અને મારી પૂજા કરશે ।।૫૩।।

**ઈત્યુક્ત્વા મિષતસ્તસ્ય ભગવાન્ વિશ્વભાવનઃ।**
**સ્વપનોપલબ્ધાર્થ ઈવ તત્રૈવાન્તર્દધે હરિઃ ।।૫૪।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** વિશ્વનું પાલન કરનાર ભગવાન્ એ પ્રમાણે કહી દક્ષ પ્રજાપતિના દેખતાં જ સ્વપનમાં દીઠેલા પદાર્થની પેઠે ત્યાં જ અન્તર્ધાન થઈ ગયા ।।૫૪।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠ સ્કન્ધમાં (બીજા રૂપનિરૂપણ પ્રકરણમાં 'દક્ષપ્રસાદ નિરૂપણ'નામનો પહેલો) ''હંસગુહ્ય સ્તોત્રથી ભગવાનની સ્તુતિ'' નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઓ ભાઈ રે! ભાગવત ભણીને શું કીધું?**
પારસમણિનું પાત્ર (ભાગવત) પાણિમાં ઘેર-ઘેર ભિક્ષા માંગે!
જ્યાં લગી વસ્તુનું જ્ઞાન ના ત્યાં લગી દુઃખ-દારિદ્રય ના ભાંગે

## અધ્યાય ૫

## દક્ષપુત્રોનો આનન્દ અને નારદજીને દક્ષે આપેલો શાપ

**વિશેષ :** પાંચમા અધ્યાયમાં દક્ષના પુત્રોને નારદજીએ ઉપદેશ આપી એઓને પ્રસન્ન કર્યા અને એના કોપથી દક્ષે નારદજીને શાપ આપ્યો એ કથા કહેવામાં આવશે.

**તસ્યાં સ પાંચજન્યાં વૈ વિષ્ણુમાયોપબૃંહિતઃ ।।**
**હર્યશ્વસંજ્ઞાનયુતં પુત્રાનજનયદ્ વિભુઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાનની માયાથી ઉત્તેજન પામેલા દક્ષ પ્રજાપતિએ પંચજન પ્રજાપતિની પુત્રી અસિક્નીમાં હર્યશ્વ નામના દશ હજાર પુત્રોને ઉત્પન્ન કર્યા ।।૧।।

દક્ષના એ બધા પુત્રો એક આચાર તથા એક સ્વભાવ ના હતા. પિતાએ આજ્ઞા કરવાથી એઓ પ્રજાની સૃષ્ટિ કરવા સારુ પશ્ચિમ દિશામાં ગયાં ।।૨।।

એ દિશામાં 'નારાયણસર' નામનું મોટા મુનિ અને સિદ્ધ લોકોએ સેવેલું તીર્થ છે. અહીં સિન્ધુ નદીનો એને સમુદ્રનો સંગમ થાય છે. એ તીર્થમાં નહાવાની સાથે જ એમના મનના મેલ મટી ગયા અને એમની બુદ્ધિ પરમહંસના ધર્મમાં થઈ ।।૩-૪।।

પિતાની આજ્ઞાથી ઉગ્ર તપ અને પ્રજા ની વૃદ્ધિ કરવાને માટે ઉદ્યોગ કરતા એ હર્યશ્વોને નારદજીએ દીઠા ।।૫।।

પછી નારદજીએ એમને કહ્યું :''હે હર્ષશ્વો! તમે પ્રજાપતિ હોવા છતાં મૂર્ખ છો. પૃથ્વીનો અન્ત જોયા વિના તમે પ્રજાની સૃષ્ટિ કેમ કરશો? ।।૬।।

જુઓ એક એવો દેશ છે જેમાં એક જ પુરુષ છે જેમાંથી નીકળવાનો માર્ગ જોવામાં આવતો નથી તેવી ગુફા, ઘણાં રૂપવાળી સ્ત્રી, અભિચારિણીનો પતિ-પુરુષ, બન્ને તરફ વહેનારી નદી, પચીસ પદાર્થોની અદ્ભુત લાગતું ઘર, કોઈ સમયે વિચિત્ર કથા કરતો એક હંસ. પોતાની મેળે ફર્યા કરતું તથા અસ્ત્રો અને વજ્રો થી બનેલું એક તીક્ષ્ણ ચક્ર અને પોતાના સર્વજ્ઞ પિતાની યોગ્ય આજ્ઞા એટલા પદાર્થોને જાણ્યા વિના તમે મૂર્ખ લોકો શી રીતે સૃષ્ટિ રચવાના છો? ।।૭-૯।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** પરીક્ષિત! હર્યશ્વ જન્મથી જ બહુ બુદ્ધિશાળી હતા. તેઓએ દેવર્ષિ નારદજીએ પૂછેલી સમસ્યા સાંભળી પોતાની બુદ્ધિથી પોતે જ વિચાર કરવા લાગ્યા ।।૧૦।।

(દેવર્ષિ નારદજીનું કહેવું છે તો સાચું) અનાદિ અને આત્મા ને જન્મ આપનારું જે લિંગશરીર છે તેને જ પૃથ્વી સમજવી. એ જીવ નામના લિંગશરીરનો અન્ત (નાશ) જોયા વિના મોક્ષમાં ઉપયોગી ન થાય એવાં ખોટાં કર્મ કરવાથી શું વળે? ।।૧૧।।

સર્વના સાક્ષી, સ્વાશ્રયી અને સર્વ થી પર એક જ ઈશ્વર કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ છે. એ વિશ્વ, તૈજસ્ અને પ્રાજ્ઞ એ ત્રણથી ભિન્ન હોવાથી ચોથા છે. ઈશ્વર આ બ્રહ્માંડ અથવા દેહ રૂપી દેશમાં કહ્યો છે. નિત્યમુક્ત એ પુરુષને જોયા વિના એને નહિ અર્પણ કરતાં ખોટાં કર્મ કરવાથી શુંવળે? ।।૧૨।।

જેમ પાતાળરૂપી ગુફામાં ગયેલો માણસ પાછો આવે નહિ તેમજ સ્વયમ્પ્રકાશ અક્ષર બ્રહ્મમાં પહોંચીને પુરુષ પાછો આવતો નથી. એ અક્ષર બ્રહ્મરૂપ ગુફાને જાણ્યા વિના નાશ પામનાર સ્વર્ગાદિકના સાધનરૂપ ખોટાં કર્મ કરવાથી શું વળશે? ।।૧૩।।

અનેક પ્રકારનાં રૂપ અને ગુણ વાળી પોતાની જ બુદ્ધિ વ્યભિચારિણી સ્ત્રી છે તેના વિવેકને જાણ્યા વિના અશાન્તિને વધારી મુકનારાં કર્મ કરવાથી શું વળશે? ।।૧૪।।

આ બુદ્ધિ જ કુલટા સ્ત્રી સમાન છે. એના સંગથી જીવરૂપ પુરુષનું ઐશ્વર્ય એની સ્વતન્ત્રતા નાશ પામી છે. કુલટા સ્ત્રીના પતિની માફક એની જ પાછળ-પાછળ ખબર નહિ ક્યાં-ક્યાં ભટકી રહ્યો છે. એની જુદી-જુદી ગતિઓ, ચાલબાજી જાણ્યા વિના જ વિવેકરહિત કર્મોથી શી સિદ્ધિ મળશે? ।।૧૫।।

બન્ને તરફ વહેનારી નદી કહી એ માયા સમજવી. એ માયા સૃષ્ટિ અને પ્રલય બન્ને કામ કરે છે. જે લોકો એમાંથી નીકળવવામાટે તપસ્યા, વિદ્યા આદિ તટની સહાય લે છે એમને રોકવામાટે ક્રોધ, અહંકાર વગેરે રૂપે તે ઉલટાની વધારે વેગથી વહેવા લાગે છે. માટે એ માયાને નહિ જાણનાર ગાફેલ માણસોનું માયિક ખોટાં કર્મ કરવાથી શું વળે? ।।૧૬।।

કાર્ય અને કારણોથી બનેલો શરીરનો અધિષ્ઠાતા અન્તર્યામી પુરુષ જ પચીશ તત્ત્વોના આશ્રયરૂપ અદ્ભુત ઘર છે તેને જાણ્યા વિના ખોટી સ્વતન્ત્રતા માનીને કરવામાં આવતાં કર્મથી શુંવળે? ।।૧૭।।

શાસ્ત્ર ઈશ્વરનું પ્રતિપાદન કરનાર છે તેને જ હંસ સમજવો. જેમ હંસ દૂધ અને પાણી ને જુદાં પાડે છે તેમ એ શાસ્ત્ર જડ અને ચૈતન્ય ને જુદાં પાડે છે અને બન્ધ તથા મોક્ષ સમ્બન્ધી અદ્ભુત વાતો કહે છે તો એમાં શાસ્ત્રનો અભ્યાસ કર્યા વિના બહિર્મુખ ખોટાં કર્મ કરવાથી શું વળે? ।।૧૮।।

આ કાળ જ એક ચક્ર છે. તે સદા ફરતું રહે છે. એની ધાર અસ્તરા અને વજ્ર જેવી તીક્ષ્ણ છે અને આખા જગતને પોતાની તરફ ખેંચી રહ્યું છે. એને રોકી શકનાર કોઈ છેજ નહિ. તે બિલકુલ સ્વતન્ત્ર છે આ વાત સમજ્યા વિના કર્મોનાં ફલને નિત્ય સમજી જે લોકો સકામ ભાવથી કર્મોનું અનુષ્ઠાન કરે છે તેમને એ અનિત્ય કર્મોથી શું લાભથાય? ।।૧૯।।

શાસ્ત્ર જ પિતા છે, કારણ કે બીજો જન્મ શાસ્ત્રદ્વારા જ થાય છે અને તેની

આજ્ઞા કર્મોમાં લાગવાની નથી, કર્મોમાંથી નિવૃત્તિ લેવાની છે. જે આ જાણતો નથી તે ગુણમય શબ્દ વગેરે વિષયો ઉપર વિશ્વાસ કરી બેસે છે, આ સંયોગોમાં તે કર્મોથી નિવૃત્ત થવાની શાસ્ત્રોની આજ્ઞાનું પાલન ભલા કેવી રીતે કરી શકે? ।।૨૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પરીક્ષિત રાજા! એ પ્રમાણે સર્વાનુમતિથી નિશ્ચય કરીને હર્યશ્વો નારદજીને પ્રદક્ષિણા કરી મુક્તિના માર્ગે ચાલ્યા ।।૨૧।।

અને નારદજી પણ નાદ બ્રહ્મમાં પ્રત્યક્ષ જણાતા ભગવાનના ચરણારવિન્દમાં અખંડ ચિત્ત રાખીને લોક-લોકાન્તરોમાં ફરવા ગયા ।।૨૨।।

પરીક્ષિત! દક્ષપ્રજાપતિ ખબર પડ્યા કે મારા સદાચારી પુત્રો નારદજીના ઉપદેશથી કર્તવ્યચ્યુત થઈ ગયા છે ત્યારે તે શોકથી વ્યાકુળ થઈ ગયા. તેમને ઘણો પશ્ચાત્તાપ થયો. ખરેખર, સારા સન્તાનનું હોવું પણ શોકનું જ કારણ છે ।।૨૩।।

પછી બ્રહ્માજીએ એને શાન્ત પાડ્યા. એટલે દક્ષ પ્રજાપતિએ પોતાની સ્ત્રી પંચજનીના ગર્ભથી ફરી 'સબલાશ્વ' નામના ૧૦૦૦ પુત્રો ઉત્પન્ન કર્યા ।।૨૪।।

પ્રજાની સૃષ્ટિને સારુ પિતાએ આજ્ઞા કરવાથી એ સબલાશ્વો પણ તપ કરવા જ્યાં પોતાનાં ભાઈઓ સિદ્ધ થયા હતાં તે નારાયણ સરોવરે ગયા ।।૨૫।।

નારાયણસરમાં નહાવાથી જ એમનાં અન્તઃકરણ નિર્મળ થઈ ગયાં અને તેઓ 'ૐકાર' મન્ત્રનો જપ કરતાં મહાન તપ કરવામાં લાગી ગયા ।।૨૬।।

તેઓ કેટલાક મહિના સુધી જળ પીને જ રહ્યા, કેટલાક મહિના સુધી વાયુનો આહાર કરીને રહ્યા અને નીચેના મન્ત્રનો જપ કરતાં ભગવાનની આરાધના કરવા લાગ્યાઃ ।।૨૭।।

**''ૐ નમો નારાયણાય પુરુષાય મહાત્મને, વિશુદ્ધસત્ત્વધિષ્ણયાય મહાહંસાય ધીમહિ''** અમે નમસ્કાર પૂર્વક ઓંકારસ્વરૂપ ભગવાન્ નારાયણનું ધ્યાન કરીએ છીએ, જે વિશુદ્ધ ચિત્તમાં નિવાસ કરે છે, બધાના અન્તર્યામી છે તથા સર્વવ્યાપક અને પરમહંસસ્વરૂપ છે. (આ મન્ત્રનો અભ્યાસ કરતાં-કરતાં મન્ત્રાધિપતિ ભગવાનની આરાધના કરી) ।।૨૮।।

આવી રીતે સૃષ્ટિ રચવાની ઈચ્છા રાખતા સબલાશ્વો પાસે પણ નારદજી આવ્યા અને આગળની પેઠે જ કૂટવચન કહ્યાંઃ ।।૨૯।।

''દક્ષપુત્રો! મારી પાસેથી ઉપદેશનાં વચન સાંભળો. તમે તો ભાઈઓ ઉપર પ્યાર રાખનારા છો માટે ભાઈઓના જ માર્ગને અનુસરો ।।૩૦।।

ધર્મને જાણનારો જે ભાઈ મોટા ભાઈઓના શ્રેષ્ઠ માર્ગને અનુસરે છે તે પુણ્યવાન પુરુષ પરલોકમાં મરુતદેવની સાથે આનન્દ ભોગવે છે'' ।।૩૧।।

હે રાજા! નારદજી એટલું બોલીને ત્યાંથી ગયા અને સબલાશ્વો પણ પોતાના ભાઈ હર્યશ્વોના માર્ગને જ અનુસર્યા કારણ કે નારદજીનું દર્શન ક્યારેય વ્યર્થ જતું નથી ।।૩૨।।

અત્યન્ત ઉત્તમ અને અન્તવૃત્તિ થી મળે તેવા પરબ્રહ્મના માર્ગના એ પથિક ગયેલી રાતની પેઠે હજુ સુધી પણ પાછા આવ્યા નથી તેમ આવશે પણ નહિ।।૩૩।।

દક્ષપ્રજાપતિએ જોયું કે આજકાલ અપશુકન બહુ થઈ રહ્યાં છે. એમના ચિત્તમાં પુત્રોના અનિષ્ટની આશંકા થઈ આવી. એટલામાંજ એને ખબર મળ્યાકે પહેલાંની માફક ફરીથી નારદજીએ મારા પુત્રોને બગાડ્યા છે ।।૩૪।।

પુત્રોનાં શોકથી ઘેરાયેલા અને ક્રોધથી જેમના હોઠ ફરકતા હતા તેવા દક્ષ પ્રજાપતિ નારદજીને મળ્યા અને બોલ્યા ।।૩૫।।

**દક્ષે કહ્યું :** હે ઢોંગી! તેં સાધુઓના જેવો બનાવટી વેશ ધારણ કર્યો છે પણ તેં સારા માર્ગમાં ચાલનારા અમારા ભોળાભાલા પુત્રોનું ખરાબ કરી એમને તેં ભિક્ષુકનો માર્ગ દેખાડ્યો ।।૩૬।।

મારા પુત્રો ત્રણ *ૠણથી છૂટ્યા નહોતા અને એમણે કર્મસમ્બન્ધી વિચાર સુધ્ધાં કર્યો નથી તેવા મારા પુત્રોના બન્ને લોકનાં સુખનો તેં નાશ કરી નાખ્યો।।૩૭।।

**વિશેષ :** બ્રહ્મચર્ય પાળી વેદનું અધ્યયન કરે ત્યારે ૠષિઓના ૠણથી છૂટે, યજ્ઞ કરે ત્યારે દેવોના ૠણથી છૂટે અને પુત્ર ઉત્પન્ન કરે ત્યારે પિતૃઓના ૠણથી છૂટે; આ ત્રણે ૠણમાંથી ન છૂટે ત્યાં સુધી મોક્ષ મેળવાય નહિ.(મનુસ્મૃતિ)

ખરેખર તારા હૃદયમાં દયાનો છાંટોયે નથી અને આ પ્રમાણે બાળકોની બુદ્ધિ બગાડતો ફરે છે. ભગવાનના પાર્ષદોમાં રહીને ભગવાનની જ કીર્તિને કલંક જ લગાડ્યું. ખરેખર તું બેશરમ છો ।।૩૮।।

હું જાણું છું કે ભગવાનના પાર્ષદો સદા સર્વદા દુ:ખી પ્રાણીઓ ઉપર દયા કરવાના કાર્યમાં તત્પર રહે છે પરન્તુ તું પ્રેમભાવનો વિનાશ કરનારો છે. તું એવા લોકોની સાથે પણ વેર કરે છે જેઓ કોઈની સાથે વેર કરતા નથી ।।૩૯।।

જો તું એમ ધારતો હોય કે સ્નેહરૂપી પાશને અર્થાત્ વિષયાસક્તિને કાપનાર તો વૈરાગ્ય જ છે તો તું જ્ઞાની નહિ પણ જ્ઞાનીઓનો ખોટો વેશ ધરનારો છે. કારણ કે

તારા જેવા વૈરાગ્યનો બનાવટી સ્વાંગ ધરનારાના ઉપદેશથી પુરુષોને વૈરાગ્ય થાય જ નહિ ।।૪૦।।

વિષયોનો અનુભવ કર્યા વિના વિષયો દુઃખરૂપ છે એમ માણસ જાણી શકે જ નહિ; માટે વિષયો ભોગવ્યા પછી એ ખરાબ છે એવું જાણીને જેવો વૈરાગ્ય થાય તેવો વૈરાગ્ય બીજાઓના ભમાવવાથી થાય નહિ ।।૪૧।।

અમે કર્મની મર્યાદા પાળનારા સજ્જન ગૃહસ્થો છીએ. તે પહેલા પણ એકવાર અમારો ભારે અપકાર કર્યો હતો તે અમે સહી લીધો ।।૪૨।।

તેં તો અમારી વંશપરમ્પરા ઉપર જ કુહાડો મારવા કમર કસી છે. તે ફરીથી અમારી સાથે એ જ દુષ્ટતાનો વ્યવહાર કર્યો. તેથી હે મૂઢ! જા લોક-લોકાન્તર માં ભટકતો રહે, ક્યાંય પણ તારેમાટે ઠેરવવાનું ઠેકાણું ન રહે ।।૪૩।।

**પ્રતિજગ્રાહ તદ્ બાઢં નારદઃ સાધુસમ્મતઃ।**
**એતાવાન્ સાધુવાદો હિ તિતિક્ષેતેશ્વરઃ સ્વયમ્ ।।૪૪।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : પરીક્ષિત! સન્તશિરોમણિ દેવર્ષિ નારદજીએ ''બહુ સારું'' કહીને દક્ષના શાપને માથે ચડાવ્યો. સંસારમાં, બસ, સજ્જનતા આનું જ નામ કે બદલો લેવાની શક્તિ હોવા છતાં બીજાએ કરેલો અપકાર સહન કરી લેવામાં આવે ।।૪૪।।

**ઇતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા રૂપનિરૂપણ પ્રકરણમાં દક્ષ પુત્ર પ્રસાદ નિરૂપણ અને નારદજીને શાપ નામનો બીજો) ''દક્ષપુત્રોનો પ્રસાદ અને નારદજીને દક્ષે આપેલો શાપ'' નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધોબનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૬

## દક્ષની કન્યાઓઉપર પ્રસાદ અને વિશ્વરૂપનો જન્મ

**વિશેષ** : છઠ્ઠા અધ્યાયમાં પ્રભુની કૃપાથી દક્ષની કન્યાઓના વંશનો દેવ અને અસુર એવા

વિભાગથી થયેલો વિસ્તાર કહેવાશે.

**તતઃ પ્રાચેતસોઽસિક્ન્યા-મનુનીતઃ સ્વયમ્ભુવા ।।**
**ષષ્ટિં સંજનયામાસ દુહિતૄઃપિતૃવત્સલાઃ ।।૧।।**

શ્રીશુકદેવજીએ કહ્યુંઃ એ પછી બ્રહ્માજીએ દક્ષ પ્રજાપતિને સમજાવ્યા અને એમણે પોતાની સ્ત્રી અસિક્નીના ગર્ભથી પિતા ઉપર સ્નેહ રાખનારી સાઠ પુત્રીઓ ઉત્પન્ન કરી ।।૧।।

એ પૈકી એણે દશ પુત્રીઓ ધર્મને આપી તેર કશ્યપને આપી, સત્તાવીશ ચન્દ્રમાને આપી અને ભૂત, અંગિરા તથા કૃશાશ્વ ને બબ્બે આપી, બાકી જે ચાર વધી તે 'તાર્ક્ષ્ય' નામથી ઓળખાતા કશ્યપને જ આપી ।।૨।।

દક્ષની એ દીકરીઓના પુત્રપૌત્રાદિક વંશથી ત્રણે લોક ભરાઈ ગયા.એમનાં તથા એમનાં સન્તાનોનાં નામ મારી પાસે સાંભળો ।।૩।।

ભાનુ, લંબા, કકુભ્, જામિ, વિશ્વા, સાધ્યા, મરુત્વતી, વસુ, મુહૂર્તા અને સંકલ્પા એટલી ધર્મની સ્ત્રીઓ હતી. એમના પુત્રોનાં નામ આ પ્રમાણે છેઃ ।।૪।।

ભાનુને દેવઋષભ નામનો પુત્ર થયો તેનો ઇન્દ્રસેન થયો. લંબાને વિદ્યોત નામનો પુત્ર થયો તેને સ્તનયિત્નુ નામના પુત્રો થયા ।।૫।।

કકુભ્‌નો સંકટ નામનો પુત્ર થયો તેનો કીકટ થયો અને એના દુર્ગ (પૃથ્વી ઉપરના કિલ્લાઓના દેવ) પુત્ર થયા. જામિનો સ્વર્ગ નામનો પુત્ર થયો અને એનો નંદિ થયો।।૬।।

વિશ્વાના વિશ્વદેવો નામના પુત્રો થયા તેઓ પ્રજારહિત છે એમ કહેવાય છે. સાધ્યાના સાધ્યદેવતાઓ થયા અને એમનો અર્થસિદ્ધિ થયો ।।૭।।

મરુત્વતીના મરુત્વાન અને જયન્ત નામના બે પુત્રો થયા. એમાં જયન્ત ભગવાનનો અંશ હતો, જેનું 'ઉપેન્દ્ર' એવું બીજું નામ કહેવાય છે ।।૮।।

મુહૂર્તાના મૌહૂર્તદેવ (મુહૂર્તોના સ્વામી) થયા, જે પ્રાણીઓને પોત-પોતાના મુહૂર્તમાં કર્માનુસાર ફળ આપે છે ।।૯।।

સંકલ્પાનો સંકલ્પ નામનો પુત્ર થયો અને એનો પુત્ર કામદેવ થયો. વસુના પુત્ર આઠ થયા તેમનાં નામ મારી પાસેથી સાંભળોઃ ।।૧૦।।

દ્રોણ, પ્રાણ, ધ્રુવ, અર્ક, અગ્નિ, દોષ, વસુ અને વિભાવસુ એ આઠ વસુ કહેવાય છે. એમાં દ્રોણની સ્ત્રી અભિમતિથી હર્ષ, શોક અને ભય વગેરેના અભિમાની દેવતા ઉત્પન્ન થયા ।।૧૧।।

પ્રાણની ઊર્જસ્વતી નામની સ્ત્રીથી સહ, આયુ અને પુરોજવ નામના પુત્રો થયા. ધ્રુવની ધરણી નામની સ્ત્રીથી અનેક પ્રકારનાં પુરનાં અભિમાની દેવતાઓ ઉત્પન્ન થયા ।।૧૨।।

અર્કની વાસના નામની સ્ત્રીથી તર્ષ (તૃષ્ણા) આદિ પુત્રો ઉત્પન્ન થયા, અગ્નિ નામના વસુની પત્ની ધારાના ગર્ભથી દ્રવિણક વગેરે ઘણા પુત્રો ઉત્પન્ન થયા।।૧૩।।

અગ્નિને સ્કન્દ નામનો પુત્ર થયો જેને કૃત્તિકાઓએ ધવરાવી ઉછેર્યો. એ સ્કન્દને વિશાખ વગેરે પુત્રો થયા. દોષ નામના વસુની શર્વરી નામની સ્ત્રી હતી તેને શિલ્પકળાના અધિપતિ વિશ્વકર્માજી નામના પુત્ર થયા. વિશ્વકર્માજીની કૃતિ નામની સ્ત્રીથી ચાક્ષુસ નામનો પુત્ર મનુ થયો તેના વિશ્વદેવ અને સાધ્યગણ નામના પુત્રો થયા ।।૧૫।।

વિભાવસુ નામના આઠમા વસુની ઉષા નામની સ્ત્રી હતી તેના વ્યુષ્ટ, રોચિષ્ અને આતપ નામના પુત્રો થયા. આતપનો પંચયામ નામનો (દિવસનો દેવ) પુત્ર થયો, કે જેથી બધા પ્રાણીઓ પોત-પોતાના કામમાં લાગ્યા રહે છે ।।૧૬।।

ભૂત નામના દક્ષના જમાઈની સુરૂપા નામની સ્ત્રી હતી તેનાથી કરોડો રુદ્ર થયા. એમાં રૈવત, અજ, ભવ, ભીમ, વામ, ઉગ્ર, વૃષાકપિ, અજૈકપાદ, અહિર્બુધ્ન્ય, બહુરૂપ અને મહાન એ અગિયાર મુખ્ય રુદ્ર છે એમના પાર્ષદો પણ રુદ્ર ગણાય છે. ભૂતની બીજી સ્ત્રી ભૂતાથી ભયંકર ભૂત અને વિનાયકો ઉત્પન્ન થયા. એ બધા અગિયારમાં પ્રધાન રુદ્ર મહાનના પાર્ષદ થયા ।।૧૭-૧૮।।

દક્ષના જમાઈ અંગિરા પ્રજાપતિની સ્ત્રી સ્વધાથી પિતૃઓ ઉત્પન્ન થયા; એની સતી નામની બીજી સ્ત્રીએ 'અથર્વાંગિરસ' નામના વેદનો જ પુત્રરૂપમાં સ્વીકાર કરી લીધો ।।૧૯।।

દક્ષના જમાઈ કૃશાશ્વે પોતાની અર્ચિ નામની સ્ત્રીમાં ધૂમ્રકેશ નામનો પુત્ર અને ધિષણા નામની બીજી સ્ત્રીથી વેદશિરા, દેવલ, વયુન અને મનુ એ નામના ચાર પુત્રો ઉત્પન્ન કર્યા ।।૨૦।।

દક્ષના જમાઈ તાર્ક્ષ્ય નામના કશ્યપની વિનતા, કદ્રૂ, પતંગી, યામિનીએ નામની ચાર સ્ત્રીઓ હતી તેમાં પતંગીએ પતંગિયા તથા પક્ષીઓ ઉત્પન્ન કર્યા, યામિનીએ તીડ ઉત્પન્ન કર્યા, વિનતાએ ભગવાનના વાહનરૂપ ગરુડજીને તથા સૂર્યના સારથિ અરુણને ઉત્પન્ન કર્યા અને કદ્રૂએ અનેક નાગો ઉત્પન્ન કર્યા।।

પરીક્ષિત, સત્તાવીસ નક્ષત્રોની અભિમાનીની કૃત્તિકા વગેરે દેવીઓ ચન્દ્રમાની

પત્નીઓ છે. રોહિણી ઉપર વિશેષ પ્રેમ રાખવાને કારણે ચન્દ્રમાને દક્ષે શાપ આપી દીધો કે જેથી તેને ક્ષયરોગ થઈ ગયો હતો. તેને કંઈ સન્તાન થયું નહિ ।।૨૩।।

ચન્દ્રમાએ દક્ષને ફરી પ્રસન્ન કરી લઈ કૃષ્ણપક્ષની ક્ષીણ કલાઓ શુકલપક્ષમાં પૂર્ણ થવાનું વરદાન તો મેળવી લધું.(પરન્તુ નક્ષત્રોની અભિમાનિની દેવીઓથી એને કંઈ સન્તાન થયું નહિ). હવે લોકમાતા કશ્યપની પત્નીઓનાં શુભ નામ સાંભળો જેમાંથી આ જગત્ થયું છે; ।।૨૪।।

અદિતિ, દિતિ, દનુ, કાષ્ઠા, અરિષ્ટા, સુરસા, ઈલા, મુનિ, ક્રોધવશા, તામ્રા, સુરભિ, સરમા અને તિમિ એ કશ્યપની તેર પત્નીઓ હતી ।।૨૫।।

તેમાં તિમિના પુત્ર જલચર જન્તુ થયા, સરમાનાં સિંહ, વાઘ વગેરે ફાડી ખાનારાં જાનવર થયાં, સુરભિના પાડા, બળદો અને બીજાં બે ખરીવાળાં પશુઓ થયાં।।૨૬।।

હે રાજા! તામ્રાના બાજ, ગીધ વગેરે થયા, મુનિ નામની પત્નીથી અપ્સરાઓ થઈ ।।૨૭।।

ક્રોધવશાના પુત્ર સર્પ, વીંછી વગેરે ઝેરી જન્તુઓ થયા. ઈલાથી વૃક્ષ, લતા વગેરે પૃથ્વીમાં ઉત્પન્ન થનારી વનસ્પતિઓ અને સુરસાથી રાક્ષસો થયા ।।૨૮।।

અરિષ્ટાના ગન્ધર્વો થયા, કાષ્ઠાનાં ઘોડા વગેરે એક ખરીવાળાં જાનવર થયાં. દનુના પુત્ર એકસઠ દાનવો થયા તેમાં મુખ્ય-મુખ્યનાં નામ સાંભળોઃ ।।૨૯।।

દ્વિમૂર્દ્ધા, શમ્બર, અરિષ્ટ, હયગ્રીવ, વિભાવસુ, અયોમુખ, શંકુશિરા, સ્વર્ભાનુ, કપિલ, અરુણ, પુલોમા, વૃષપર્વા, એકચક્ર, અનુતાપન, ધૂમ્રકેશ, વિરૂપાક્ષ, વિપ્રચિત્તિ અને દુર્જય ।।૩૦।।

સ્વર્ભાનુની પુત્રી સુપ્રભાને નમુચિ પરણ્યો હતો. વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાને નહુષ રાજાનો મહાબલી પુત્ર યયાતિ પરણ્યો હતો ।।૩૧।।

ઉપદાનવી હયશિરા, પુલોમા અને કાલકા એ દનુના પુત્ર વૈશ્વાનરની સુન્દર કન્યાઓ હતી તે પૈકી ઉપદાનવીને હિરણ્યાક્ષ અને હયશિરા ને ક્રતુ પરણ્યો હતો. બ્રહ્માજીની આજ્ઞાથી પ્રજાપતિ ભગવાન્ કશ્યપે જ બાકીની બે પુત્રીઓ પુલોમા અને કાલકાની સાથે વિવાહ કર્યો ।।૩૨-૩૩।।

એ પુલોમા અને કાલકા ના પૌલોમ અને કાલકેય નામના સાઠ હજાર બળવાન દાનવો થયા હતા. યજ્ઞમાં વિઘ્ન કરનારા એ દાનવોને તમારા દાદા અર્જુને સ્વર્ગમાં જઈને ઈન્દ્રનું પ્રિય કરવા સારુ એકલાએ જ મારી નાખ્યા હતા ।।૩૪-૩૬।।

વિપ્રચિત્તિની પત્ની સિંહિકાના ગર્ભથી એક સો એક પુત્રો ઉત્પન્ન થયા. એમાં સૌથી મોટો હતો રાહુ, જેની ગણના ગ્રહોમાં થઈ ગઈ. બાકીના સો પુત્રોનું નામ હતું કેતુ ।।૩૭।।

પરીક્ષિત! હવે ક્રમશઃ અદિતિની વંશપરમ્પરા સાંભળો, આ વંશમાં સર્વવ્યાપક દેવાધિદેવ નારાયણે પોતાના અંશથી વામન સ્વરૂપે અવતાર લીધો હતો ।।૩૮।।

વિવસ્વાન, અર્યમા, પૂષા, ત્વષ્ટા, સવિતા, ભગ, ધાતા, વિધાતા વરુણ, મિત્ર, શક્ર (ઈન્દ્ર) અને ઉરુક્રમ (વામનજી) એ અદિતિના બાર પુત્રો થયા હતા. આ જ બાર આદિત્ય કહેવાયા ।।૩૯।।

એમાં વિવસ્વાનની સ્ત્રી સંજ્ઞાને શ્રાદ્ધદેવ (વૈવસ્વત) નામનો મનુ તથા યમ અને યમુના એ જોડલું આવ્યું. એ જ સંજ્ઞા ઘોડીનું રૂપ ધરી પૃથ્વી ઉપર ગઈ હતી ત્યાં તેને વિવસ્વાનના (સૂર્યના) બીજથી અશ્વિનીકુમાર નામના બે પુત્ર થયા ।।૪૦।।

સૂર્યની બીજી પત્ની છાયાને શનૈશ્વર, સાવર્ણિ નામનો મનુ અને તપતી નામની (તાપી નદી) કન્યા થઈ. એ કન્યા સંવરણ રાજાને વરી હતી ।।૪૧।।

અર્યમાની સ્ત્રી માતૃકા હતી તેને ચર્ષણી નામના પુત્ર થયા. એ ચર્ષણીઓને આત્મવિચાર હતો તેથી એઓને બ્રહ્માજીએ મનુષ્ય જાતના ઠરાવ્યા છે ।।૪૨।।

પૂષાને કાંઈ સન્તાન જ થયું નહિ. પ્રાચીન કાલમાં દક્ષ પ્રજાપતિ ઉપર સદાશિવે કોપ કર્યો તે વખતે એ પૂષાએ પોતાના દાંત દેખાડીને સદાશિવની મશ્કરી કરી હતી તેથી એના દાંત વીરભદ્રે તોડી નાખ્યા હતા ત્યારથી એ પીસેલું અન્ન જ ખાય છે ।।૪૩।।

ત્વષ્ટાની રચના નામની સ્ત્રી હતી તે દૈત્યોની નાની બહેન હતી તેને સન્નિવેશ અને વિશ્વરૂપ નામના બે પુત્ર થયા તેમાં વિશ્વરૂપ પરાક્રમી હતો ।।૪૪।।

**તં વવ્રિરે સુરગણાઃ દૌહિત્રં દ્વિષતામપિ ।।**
**વિમતેન પરિત્યક્તા ગુરુણાઽઽઙ્ગિરસેન યત્ ।।૪૫।।**

દેવોએ અપમાન કરવાથી જે સમયે બૃહસ્પતિજીએ દેવોનો ત્યાગ કર્યો તે સમયે દેવોએ એ વિશ્વરૂપ જો કે એ પોતાના શત્રુ દૈત્યોનો દૌહિત્ર હતો તો પણ એને જ પોતાનો પુરોહિત બનાવ્યો હતો ।।૪૫।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં(બીજા રૂપપ્રકરણમાં ત્રીજો) ''દક્ષની કન્યાઓ ઉપર પ્રસાદ અને વિશ્વરૂપનો જન્મ''નામનો છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૭

## વિશ્વરૂપ ઉપર ભગવત્કૃપા

**વિશેષ :** આ સાતમા અધ્યાયમાં વિશ્વરૂપ ઉપર કૃપા કરીને એને દેવોએ પુરોહિત બનાવ્યો એ કહેવાશે.

**કસ્ય હેતોઃ પરિત્યક્તા આચાર્યેણાત્મનઃ સુરાઃ ।।**
**એતદાચક્ષ્વ ભગવચ્છિષ્યાણામક્રમં ગુરૌ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** હે ભગવાન્! બૃહસ્પતિજીએ પોતાના શિષ્ય દેવોનો શામાટે ત્યાગ કર્યો? એ શિષ્યોએ પોતાના ગુરુનો શો અપરાધ કર્યો હતો એ મને કહો ।।૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે રાજન્! ઈન્દ્રને ત્રિલોકીનું ઐશ્વર્ય મળતાં ઘમંડ થઈ ગયો હતો. આ ઘમંડને લીધે તે ધર્મમર્યાદા અને સદાચાર નું ઉલ્લંઘન કરવા લાગ્યા હતા. એક દિવસ એવું બન્યું કે તે ભરી સભામાં પોતાની પત્ની શચી સાથે ઊંચા સિંહાસન ઉપર બેઠા હતા ।।૨।।

ઓગણપચાસ મરુદ્ગણ આઠ વસુ, અગિયાર રુદ્ર, આદિત્ય, ઋભુગણ, વિશ્વેદેવ, સાધ્યગણ અને બન્ને અશ્વિનીકુમાર એની સેવામાં ઉપસ્થિત હતા સિદ્ધો, ચારણો, ગન્ધર્વો, વેદ જાણનારા મુનિઓ, વિદ્યાધરો, અપ્સરાઓ, કિન્નરો, પક્ષી અને નાગ એ ઈન્દ્રદેવની સેવા અને સ્તુતિ કરતા હતા અને સુન્દર રીતે તેની કીર્તિગાન કરતા હતા. ઉપર ચન્દ્રમાના મંડળ જેવું શ્વેત છત્ર શોભી રહ્યું હતું; બીજાં પણ ચામર, પંખા વગેરે ચક્રવર્તીનાં ચિહ્નો યથાસ્થાન મોજુદ હતાં. આ દિવ્ય ધામમાં અર્ધ આસનઉપર બેઠેલ ઈન્દ્રાણી સાથે દેવરાજ ખૂબ શોભી રહ્યાહતા ।।૩-૬।।

એ સમયે દેવોના તેમજ પોતાના પણ પરમ આચાર્ય બૃહસ્પતિજી સભામાં આવ્યા ત્યારે સામા ઊઠી ઊભા થઈને કે આસન વગેરે આપીને ઈન્દ્રદેવે એમનો સત્કાર કર્યો નહિ ।।૭।।

બૃહસ્પતિજીને દેવ અને દૈત્યો, બન્ને પ્રણામ કરે છે એવા એ મહામુનિ છે. ઈન્દ્રે એમને સભામાં આવતા જોયા તો પણ એ પોતાના આસન પરથી જરા હાલ્યા-ચાલ્યા પણ નહિ ।।૮।।

ત્યારે ''એને લક્ષ્મીનો મદ થયો છે'' એ જાણી ત્રિકાલદર્શી સમર્થ બૃહસ્પતિજી

એ સભામાંથી તુરત જ નીકળી ગયા અને ચૂપ-ચાપ પોતાને ઘેર ગયા ।।૯।।

પોતાનાથી ગુરુનો અપરાધ થયો છે એમ ભાન થતાં એ વખતે જ ઈન્દ્ર સભા વચ્ચે જ પોતાની મેળે પોતાને ધિક્કારવા લાગ્યાઃ ।।૧૦।।

અરેરે! અલ્પ બુદ્ધિવાળા મેં ઐશ્વર્યના અભિમાનને લીધે સભામાં ગુરુનું અપમાન કર્યું એ ખરાબ કર્યું ।।૧૧।।

જે લક્ષ્મી સત્ત્વગુણી દેવોના સ્વામી એવા મને આસુરી બનાવી દે તો ત્રૈલોક્યના રાજ્યની એ લક્ષ્મીને પણ કયો પંડિત ઈચ્છે? ।।૧૨।।

જેઓ એમ કહે છે કે ''સિંહાસન ઉપર બેઠેલા રાજાએ કોઈ પણ આવે તો પણ ઊભું થવું નહિ'' તેઓ ખરા ધર્મને જાણતા નથી ।।૧૩।।

એ લોકોનાં વચન અવળો માર્ગ બતાવનારાં છે; અને એ લોકોનાં વચનને જેઓ માને તેઓ પથરાના વહાણમાં બેઠેલાઓની પેઠે ડૂબી જાય છે ।।૧૪।।

એટલામાટે હું શઠતા છોડી દઈ તથા મારા મસ્તકથી એમનાં ચરણનો સ્પર્શ કરી એ અગાધ બુદ્ધિવાળા મારા ગુરુને પ્રસન્ન કરીશ ।।૧૫।।

ઈન્દ્ર દેવે એ પ્રમાણે વિચાર કર્યો એટલામાં તો બૃહસ્પતિજી પોતાની માયાના પ્રભાવથી ઘરમાંથી પણ યોગબલથી અદૃશ્ય થઈ ગયા ।।૧૬।।

ઈન્દ્રદેવે ઘણી તપાસ કરી તો પણ ગુરુનો પત્તો મળ્યો નહિ એથી એ ઘણી ચિન્તામાં પડી ગયા અને દેવોને જરાપણ સુખ મળ્યું નહિ ।।૧૭।।

બૃહસ્પતિજી અને ઈન્દ્ર ના અણબનાવની વાત સાંભળતાં જ મદોન્મત્ત સઘળા અસુરો શુક્રાચાર્યની સલાહથી હથિયાર ઉપાડીને દેવો ઉપર ચડી આવ્યા ।।૧૮।।

દૈત્યોએ નાખેલાં તીક્ષ્ણ બાણોથી દેવોનાં માથાં, સાથળ અને હાથ ભેદાઈ ગયાં અને ઈન્દ્ર સહિત તેઓ માથાં નીચાં કરીને બ્રહ્માજીને શરણે ગયા ।।૧૯।।

સ્વયમ્ભૂ અને સમર્થ બ્રહ્માજીને દેવોને એ પ્રમાણે પીડાતા જોઈ ઘણી દયા આવી અને તેઓને ધીરજ આપતાં એ નીચે પ્રમાણે બોલ્યા ।।૨૦।।

**બ્રહ્માજીએ કહ્યું** : અહો! અફસોસ છે કે હે ઉત્તમ દેવો! તમે ઐશ્વર્યના મદથી બ્રહ્મવેતા અને જિતેન્દ્રિય બ્રાહ્મણ નું અપમાન કર્યું એ બહુ ખરાબ કર્યું ।।૨૧।।

તમે સમૃદ્ધિવાળા હતા અને તમારા શત્રુ દૈત્યો નિર્બલ હતા છતાં એમના હાથથી આજે તમારો પરાભવ થયો એ અનીતિનું જ ફળ છે ।।૨૨।।

હે ઈન્દ્ર! જુઓ, પહેલાં તમારા શત્રુઓ એમના ગુરુ શુક્રાચાર્યનો અપરાધ

કરવાથી અત્યન્ત નિર્બલ થઈ ગયા હતા પણ અત્યારે પાછા ભક્તિપૂર્વક શુક્રાચાર્યને પોતાના ઈષ્ટદેવ માની સેવા કરી તેઓ હવે તો મારું સ્થાન બ્રહ્મલોક પણ લઈ લે એવા શક્તિમાન બન્યા છે ।।૨૩।।

ભૃગુવંશીઓએ એમને અર્થશાસ્ત્રનું પૂરે-પૂરું શિક્ષણ આપ્યું છે. તેઓ જે કંઈ કરવા ધારે છે એની બાતમી તમને મળી શકતી નથી. એમની મન્ત્રણા બહુ ગુપ્ત હોય છે. આમ હોવાથી સ્વર્ગની તો વિસાત શી તેઓ ઈચ્છે તે લોકને જીતી લઈ શકે એમ છે. સાચી વાત તો એ છે કે જે શ્રેષ્ઠ મનુષ્યો બ્રાહ્મણ ગોવિન્દ અને ગાયો ને પોતાનું સર્વસ્વ માને છે અને જેમનાપર એમની કૃપા હોય છે એમનું ક્યારેય અમંગલ થતું નથી ।।૨૪।।

એટલામાટે તમે ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપ જે તપસ્વી, ધીરજવાળા ખરેખરા બ્રાહ્મણ છે તેની સેવા કરો. જો તમે તેનો સત્કાર કરશો અને એ કોઈ દૈત્યોનો પક્ષપાત કરે તો એ સહન કરી લેશો તો એ તમારાં સઘળાં કામ કરી દેશે ।।૨૫।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એવી રીતે બ્રહ્માજીનું વચન સાંભળી દેવોની ચિન્તા દૂર થઈ એ વિશ્વરૂપ ઋષિની પાસે આવ્યા અને એમને હૃદય સરસા લગાવી નીચે પ્રમાણે બોલ્યા ।।૨૬।।

**દેવોએ કહ્યું** : તમારું કલ્યાણ થાઓ. અમે તમારા આશ્રમમાં આજ અતિથિ થયા છીએ. હે વત્સ! એક રીતે અમે તમારા વડીલો છીએ. આ સમયે તમે અમારું કામ કરી આપો ।।૨૭।।

જેમને ત્યાં સન્તાન થઈ ગયાં હોય એ સત્પુરુષોનો પણ સૌથી પરમ ધર્મ એ જ છે કે તેઓ પોતાના પિતા તથા અન્ય ગુરુ જનોની સેવા કરે તો પછી જે બ્રહ્મચારી છે એમને માટે તો કહેવાનું શું ।।૨૮।।

આચાર્ય (અતિથિઓની અને વડીલોની પ્રશંસાને સારુ કહે છે.) વેદની મૂર્તિ છે, પિતા બ્રહ્માજીની મૂર્તિ છે, ભાઈ ઈન્દ્રની મૂર્તિ છે, મા સાક્ષાત્ પૃથ્વીની મૂર્તિ છે ।।૨૯।।

એ જ પ્રમાણે બહેન દયાની મૂર્તિ છે, અતિથિ પોતે ધર્મની મૂર્તિ છે, અભ્યાગત અગ્નિની મૂર્તિ છે અને સર્વ પ્રાણીઓ ભગવાનની મૂર્તિ છે ।।૩૦।।

વત્સ! અમે તમારા પિતર છીએ. અત્યારે શત્રુઓએ અમને જીતી લીધા છે. અમે બહુ દુઃખી થઈ રહ્યા છીએ. તમે તમારા તપોબલથી અમારાં આ દુઃખ, દારિદ્રય અને પરાજય દૂર કરી દો. વત્સ! તમારે અમારી આજ્ઞાનું પાલન કરવું જોઈએ।।૩૧।।

તમે બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ છો તેથી જન્મથી જ અમારા ગુરુ છો, અમે તમારૂ આચાર્ય રૂપમાં વરણ કરી તમારી શક્તિથી અનાયાસ જ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરી લઈશું ।।૩૨।।

જરૂર પડ્યે પોતાનાથી નાનો હોય તેના ચરણમાં ઝૂકવું પણ નિન્દનીય નથી. બીજી બાબતોમાં અવસ્થા મોટાઈનું કારણ ગણાય પણ વિદ્યાની બાબતમાં અવસ્થાથી મોટાઈ ગણાતી નથી, (અર્થાત્ વિદ્યાવાન્ અવસ્થામાં નાનો હોય તો પણ સન્માનને પાત્ર છે) ।।૩૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એ પ્રમાણે જ્યારે પુરોહિત થવાને સારુ પ્રાર્થના કરી ત્યારે મહાતપસ્વી વિશ્વરૂપે પ્રસન્ન થઈ મધુર વાણીથી એમને નીચે પ્રમાણે કહ્યું ।।૩૪।।

**વિશ્વરૂપે કહ્યું :** ગુરુપણું (પુરોહિતપણું) બ્રહ્મતેજને ક્ષીણ કરનારું છે. તેથી ધર્મશીલ મહાત્માઓએ તેની નિન્દા કરી છે. પણ આપ મારા સ્વામી હોવા ઉપરાન્ત લોકેશ્વર પણ છો. આપ જેવા આપ જ્યારે મને પુરોહિતનું કાર્યમાટે પ્રાર્થના કરી રહ્યા છો ત્યારે મારા જેવી વ્યક્તિ આપને ના શી રીતે પાડી શકે? હું તો આપ લોકોનો સેવક છું. આપની આજ્ઞાનું પાલન કરવું એ જ મારો સ્વાર્થ ।।૩૫।।

હે દેવગણ! અમે અકિંચન છીએ. **શીલોંછ** કરવું એ જ અકિંચન પુરુષોનું ધન છે. (શીલ=ખેતરમાં ધણીએ મૂકી દીધેલાં કણસલાં લાવવાં એ. ઊંછ=હાટ આગળ વેરાઈ જતાં પડ્યા રહેલા કણ વીણીને લાવવા એ) એ જ ધનથી હું ઘરમાં રહી સાધુ પુરુષોનો સત્કાર, દેવકાર્ય અને પિતૃકાર્ય કરી લઉં છું. માટે હે સ્વામીઓ! આ પ્રમાણે જ્યારે મારી આજીવિકા ચાલ્યે જાય છે ત્યારે જે પુરોહિતપણું નિન્દિત છે અને જેથી દુર્બુદ્ધિ પુરુષ રાજી થાય છે તે હું શી રીતે કરું? ।।૩૬।।

તો પણ હું આપને ના પાડતો નથી. આપ વડીલોએ માગ્યું છે કેટલું? તેથી આપનો મનોરથ તન, મન, ધન થી હું પૂરો કરીશ ।।૩૭।।

**શ્રીશુકદેવજી કહ્યું :** જેની દેવોએ પ્રાર્થના કરેલી છે તે મહાતપસ્વી વિશ્વરૂપ એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને અત્યન્ત લગન-પૂર્વક પુરોહિતપણું કરવા લાગ્યા ।।૩૮।।

દૈત્યોની લક્ષ્મી શુક્રાચાર્યની વિદ્યાથી રક્ષિત હતી. તો પણ વિશ્વરૂપે વિષ્ણુના 'નારાયણ કવચ' રૂપ વિદ્યાના પ્રભાવથી દૈત્યો પાસેથી ઝૂંટવી લઈને ઇન્દ્રને અપાવી દીધી ।।૩૯।।

**યયા ગુપ્તઃ સહસ્રાક્ષો જિગ્યેઽસુરચમૂર્વિભુઃ।**
**તાં પ્રાહ સ મહેન્દ્રાય વિશ્વરૂપ ઉદારધીઃ ।।૪૦।।**

ઉદાર બુદ્ધિવાળા વિશ્વરૂપે ઈન્દ્રને જે વિદ્યા આપી તેના પ્રભાવથી રક્ષણ અને શક્તિ પામેલા ઈન્દ્રે દૈત્યોની સેનાઓને જીતી લીધી ।।૪૦।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા રૂપનિરૂપણ પ્રકરણમાં વિશ્વરૂપ પ્રસાદ નિરૂપણ નામનો ચોથો) ''વિશ્વરૂપ ઉપર ભગવત્કૃપા'' નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઓ ભાઈ રે! ભાગવત ભણીને શું કીધું?**
દૂઝણી ગાયને ગોતૂં માંડીને પય જેમ પર લઈ જાય,
તેમ તું બોધ કરી પૂજા પામે આપ ધાવે કંઈ થાય (**દયારામ**)

## અધ્યાય ૮

## ઈન્દ્રને નારાયણ કવચની પ્રાપ્તિ

વિશેષઃ આ આઠમાં અધ્યાયમાં ભગવાનની પ્રેરણાથી વિશ્વરૂપે ઈન્દ્રને 'નારાયણ કવચ' આપ્યું એ કથા કહેવાશે.

**યયા ગુપ્તઃ સહસ્રાક્ષઃ સવાહાન્ રિપુસૈનિકાન્ ।।**
**ક્રીડન્નિવ વિનિર્જિત્ય ત્રિલોક્યા બુભુજે શ્રિયમ્ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ કહ્યું** : હે મહારાજ! વિદ્યાથી રક્ષણ પામેલા ઈન્દ્રદેવે રમત માત્રમાં સર્વસ્વનું હરણ કરનારા શત્રુઓની ચતુરંગિણી સેનાને યુદ્ધમાં જીતી લીધી અને ત્રૈલોક્યનું રાજ્ય ભોગવ્યું તે 'નારાયણ કવચ' રૂપ વિદ્યા મને કહો ।।૧।।

સાથે એ પણ બતાવો કે તેણે તેનાથી સુરક્ષિત થઈને રણભૂમિમાં કેવી રીતે આક્રમણકારી શત્રુઓ ઉપર વિજય મેળવ્યો ।।૨।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : પુરોહિત બનેલા વિશ્વરૂપે પ્રશ્ન પૂછનાર ઈન્દ્રદેવને જે નારાયણ કવચ કહેલું તે હવે એકાગ્ર મનથી
સાંભળો ।।૩।।

**વિશ્વરૂપે કહ્યું** : દેવરાજ ઈન્દ્ર! ભયનો પ્રસંગ આવી પડે ત્યારે **નારાયણ**

**કવચ** પહેરી લઈ પોતાના શરીરની રક્ષા કરી લેવી જોઈએ. એની વિધિ આ પ્રમાણે છે કે પહેલાં હાથપગ ધોઈ આચમન કરવું. પછી હાથમાં કુશની પવિત્રી (વીંટી) ધારણ કરી ઉત્તર તરફ મુખ રાખી બેસી જવું. પછી કવચ ધારણ પર્યન્ત બીજું કંઈ પણ ન બોલવાનો નિશ્ચય કરી પવિત્રતાથી મન્ત્રોદ્વારા હૃદયાદિ અંગન્યાસ તથા અંગુષ્ઠાદિ-કરન્યાસ કરવા. પહેલાં અષ્ટાક્ષર મન્ત્રના ૐ વગેરે આઠ અક્ષરોના ક્રમશઃ બેપગ, બે ગોઠણ, બે સાથળ, પેટ, હૃદય, વક્ષઃસ્થલ, મુખ અને મસ્તક માં ન્યાસ કરવા. અથવા પૂર્વોક્ત મન્ત્રના 'ય કાર'થી શરૂ કરી 'ૐ કાર' પર્યન્ત આઠ અક્ષરોના મસ્તકથી આરમ્ભ કરી તે જ આઠ અંગોમાં ઊલટા ક્રમથી ન્યાસ કરવા ।।૪-૬।।

પછી દ્વાદશાક્ષર મન્ત્રના ૐકારથી સમ્પુટ કરેલા એક-એક અક્ષરનો આંગળીઓમાં અને અંગૂઠાની અણીઓમાં ન્યાસ કરવો. જમણા હાથની તર્જનીથી માંડી ડાબા હાથની તર્જની સુધીની આઠ આંગળીઓમાં આઠ અક્ષરોનો અને બે અંગૂઠાના ઉપરના તથા નીચેના ચાર સાંધાઓમાં બાકી રહેલા ચાર અક્ષરોનો ન્યાસ કરવો।।૭।।

પછી મન્ત્રના 'ૐ'કારનો હૃદયમાં, 'વિ'કારનો મસ્તકમાં, 'ષ'કારનો ભ્રુકુટીના મધ્યમાં, 'ણ'કારનો શિખામાં, 'વે'કારનો બન્ને નેત્રમાં અને 'ન'કારનો સર્વ સાધાઓમાં ન્યાસ કરવો, બાકી રહેલા 'મ'કારનો દિગ્બન્ધ જોડવો. આ પ્રમાણે ન્યાસ કરવાથી આ વિધિને જાણવવાવાળો પુરુષ મન્ત્ર સ્વરૂપ થઈ જાય છે ।।૮-૧૦।।

ત્યાર પછી સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્ય થી પરિપૂર્ણ ઈષ્ટદેવ ભગવાનનું ધ્યાન કરવું અને પોતાને પણ તદ્રૂપ જ સમજે. પછી વિદ્યા, તેજ અને તપ સ્વરૂપ આ કવચનો પાઠ કરવો ।।૧૧।।

ૐ ગરુડજીની પીઠ પર ચરણ ધરીને રહેલા, અણિમાદિ આઠ સિદ્ધિઓથી સેવિત આઠ બાહુવાળા શંખ, ચક્ર, ઢાલ, તલવાર, ગદા, બાણ, ધનુષ અને પાશ ને ધારણ કરતા હરિ ભગવાન્ મારી સર્વ પ્રકારની રક્ષા કરજો ।।૧૨।।

જળમાં જળ-જન્તુઓ થી તથા વરુણના પાશથી મત્સ્યાવતાર રક્ષા કરજો. માયાથી બટુક બનેલા વામનજી સ્થળમાં રક્ષા કરજો, સઘળું બ્રહ્માંડ જેના રૂપમાં સમાયું છે તેવા ત્રિવિક્રમ આકાશમાં રક્ષા કરજો ।।૧૩।।

કિલ્લા વન તથા રણભૂમિ વગેરે સંકટના સ્થળોમાં મોટા દૈત્યોના સેનાપતિઓના શત્રુ નૃસિંહ ભગવાન્ રક્ષા કરજો. એ ભગવાન્ જ્યારે મોટા શબ્દથી ખડખડ હસ્યા હતા ત્યારે દિશામાં ગર્જના ઊઠી હતી અને દૈત્ય પત્નીઓના ગર્ભો પડી ગયા હતા ।।૧૪।।

પોતાની દાઢવડે પૃથ્વીને ધારણ કરનાર અને યજ્ઞોરૂપી અવયવવાળા વરાહ ભગવાન્ માર્ગમાં રક્ષા કરજો. પર્વતોનાં શિખરો ઉપર પરશુરામ રક્ષા કરજો. પ્રવાસમાં ભરતના મોટા ભાઈ રામચન્દ્રજી લક્ષ્મણ સહિત મારી રક્ષા કરજો ।।૧૫।।

મારણ-મોહન આદિ ભયંકર અભિચારો અને ગફલત માંથી નારાયણ રક્ષા કરજો. ગર્વથી નર ભગવાન્ રક્ષા કરજો. યોગભ્રંશથી યોગેશ્વર દત્તાત્રેય રક્ષા કરજો. ગુણોના સ્વામી કપિલદેવજી કર્મનાં બન્ધનથી રક્ષા કરજો ।।૧૬।।

ભગવાન્ સનત્કુમાર કામદેવથી રક્ષા કરજો અને માર્ગમાં દેવોને નમસ્કાર ન કરવા રૂપી અપરાધથી હયગ્રીવ ભગવાન્ રક્ષા કરજો. નારદજી સેવામાં થતા અપરાધોથી રક્ષા કરજો. સર્વ પ્રકારના નરકથી કચ્છપાવતાર ભગવાન્ મારી રક્ષા કરજો ।।૧૭।।

કુપથ્યમાંથી ધન્વન્તરિ રક્ષા કરજો. જિતેન્દ્રિય ઋષભદેવજી સુખ-દુઃખ, શીત-ઉષ્ણ, આદિ ભયંકર દ્વન્દ્વોથી રક્ષા કરજો. લોકાપવાદથી યજ્ઞાવતાર રક્ષા કરજો. મનુષ્યકૃત વિઘ્નોથી બલભદ્રજી રક્ષા કરજો. 'ક્રોધવશ'નામના સર્પોના ગણથી શેષનાગ રક્ષા કરજો ।।૧૮।।

અજ્ઞાનથી વેદવ્યાસ ભગવાન્ રક્ષા કરજો. પાખંડીઓથી અને પ્રમાદથી બુદ્ધાવતાર રક્ષા કરજો. ધર્મરક્ષાને માટે મહાન અવતાર ધારણ કરવાવાળા ભગવાન્ કલ્કિ પાપબહુલ કલિકાલના દોષોથી મારી રક્ષા કરજો ।।૧૯।।

સવારમાં ભગવાન્ કેશવ ગદાથી મારું રક્ષણ કરજો. વેણુધારી ગોવિન્દ ભગવાન્ થોડો દિવસ ચઢી આવે ત્યારે રક્ષા કરજો. બરછીધારી નારાયણ પૂર્વાહ્ણ કાળમાં રક્ષા કરજો, ભગવાન્ વિષ્ણુ ચક્રરાજ સુદર્શન લઈ મધ્યાહ્ન કાળમાં રક્ષા કરજો ।।૨૦।।

ઉગ્ર ધનુષ્યધારી મધુસુદન ભગવાન્ ત્રીજા પહોરે રક્ષા કરજો. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર એ ત્રણ મૂર્તિવાળા માધવ ભગવાન્ સાયંકાળે રક્ષા કરજો. સૂર્યાસ્ત પછી હૃષીકેશ અને મધરાતે તથા મધરાત પહેલાં એકલા પદ્મનાભ ભગવાન્ રક્ષા કરજો ।।૨૧।।

શ્રીવત્સલાંછન શ્રીહરિ ભગવાન્ પાછલી રાતે રક્ષા કરજો. ખડ્ગધારી જનાર્દન ભગવાન્ ઉષાકાલ વખતે રક્ષા કરજો. દામોદર ભગવાન્ સૂર્યોદય પહેલાં રક્ષા કરજો. કાળમૂર્તિ વિશ્વેશ્વર ભગવાન્ બધી સન્ધ્યાઓ વખતે રક્ષા કરજો ।।૨૨।।

સુદર્શન! આપનો આકાર ચક્ર (રથના પૈડા) જેવો છે. આપની કિનારીનો ભાગ પ્રલયકાળના અગ્નિ જેવો અત્યન્ત તીવ્ર છે. આપ ભગવાનની પ્રેરણાથી ચોતરફ ઘૂમ્યા કરો છો. જેવી રીતે આગ વાયુની સહાયથી સૂકા ઘાસફૂસને બાળી નાખે છે તેવી

જ રીતે આપ અમારી શત્રુ સેનાને ધડધડાટ બાળી નાખો, બાળી નાખો ।।૨૩।।

કૌમોદકી ગદા, આપમાંથી છૂટતી ચિનગારીઓનો સ્પર્શ વજ્રના જેવો અસહ્ય છે. આપ ભગવાન્ અજિતની પ્રિયા છો અને હું છું એમનો દાસ. તેથી આપ કૂષ્માંડ, વિનાયક, યક્ષ, રાક્ષસ, ભૂત અને પ્રેતાદિ ગ્રહો ને સડસડાટ કચરી નાખો, કચરી નાખો તથા મારા શત્રુઓને ચૂર્ણ કરી નાખો ।।૨૪।।

શંખશ્રેષ્ઠ! આપ ભગવાન્ શ્રીકૃષ્ણની ફૂંકથી ભયંકર અવાજ કરી મારા શત્રુઓનાં દિલ ધ્રુજાવી દો અને યાતુધાન, પ્રમથ, પ્રેત, માતૃકા, પિશાચ તથા બ્રહ્મરાક્ષસ વગેરે ભયાનક પ્રાણીઓને અહીંથી ઝટપટ ભગાડી મૂકો ।।૨૫।।

ભગવાનની પ્યારી તલવાર! આપની ધાર અત્યન્ત તીક્ષ્ણ છે. આપ ભગવાનની પ્રેરણાથી મારા શત્રુઓને છિન્ન-ભિન્ન કરી દો. ભગવાનની પ્યારી ઢાલ, આપમાં સેંકડો ચન્દ્રાકાર મંડલ છે. આપ પાપ દૃષ્ટિવાળા પાપાત્મા શત્રુઓની આંખ બંધ કરી દો અને એમને સદાને માટે અન્ધ બનાવી દો ।।૨૬।।

સૂર્ય વગેરે ગ્રહ, ધૂમકેતુ વગેરે કેતુ, દુષ્ટ મનુષ્યો, સર્પ વગેરે પેટે ચાલનારાં જન્તુઓ, દાઢવાળાં હિંસક પશુ ભૂત-પ્રેત વગેરે તથા પાપી પ્રાણીઓથી અમને જે-જે ભય હોય અને જે-જે અમારા મંગલના વિરોધી હોય તે બધા ભગવાનના નામ, રૂપ તથા આયુધ ના કીર્તન કરવાથી તત્કાલ નાશ પામે ।।૨૭-૨૮।।

બૃહદ્, રથન્તર આદિ સામવેદનાં સ્તોત્રોથી જેમની સ્તુતિ કરવામાં આવે છે તે વેદમૂર્તિ ભગવાન્ ગરુડ અને વિષ્વક્સેનજી પોતાના નામોચ્ચારણના પ્રભાવથી અમને બધા પ્રકારની વિપત્તિઓથી બચાવે ।।૨૯।।

શ્રીહરિનાં નામ, રૂપ, વાહન, આયુધ અને શ્રેષ્ઠ પાર્ષદ અમારી બુદ્ધિ, ઇન્દ્રિય, મન અને પ્રાણોને બધા પ્રકારની આપત્તિઓથી ઉગારી લે ।।૩૦।।

નિત્યાનિત્ય જણાતું સઘળું જગત્ ખરી રીતે ભગવાનનું જ સ્વરૂપ છે. આ સત્યથી અમારા સઘળા ઉપદ્રવ નાશ પામો ।।૩૧।।

અભેદ દૃષ્ટિવાળાઓને ભગવાન્ ભેદ રહિત છે તો પણ એ પોતાની માયાથી ભૂષણ, આયુધ અને લિંગસ્થ નામની શક્તિઓને ધારણ કરે છે એ વાત નિશ્ચિત રૂપથી ખરી છે ।।૩૨।।

તો એ સત્ય અનુસાર સર્વજ્ઞ સર્વ વ્યાપક ભગવાન્ શ્રીહરિ સર્વ સ્વરૂપોવડે સર્વકાળમાં અને સર્વદિશમાં અમારી રક્ષા કરો ।।૩૩।।

ચારેય દિશાઓમાં, ખૂણાઓમાં, ઉપર-નીચે, અંદર-બહાર બધે બધા લોકોના ભયને પોતાની ગર્જનાથી દૂર કરનારા અને પોતાના તેજથી બીજા બધાના તેજ-પ્રભાવનો નાશ કરનારા નૃસિંહ ભગવાન્ અમારી રક્ષા કરો ।।૩૪।।

**વિશ્વરૂપે કહ્યું :** હે ઈન્દ્ર! મેં તને આ 'નારાયણ કવચ' કહ્યું તે ધારણ કરી લે. પછી તું મોટા-મોટા દૈત્યોને વગર પરિશ્રમે જીતી શકીશ ।।૩૫।।

આ કવચને ધારણ કરનાર પુરુષ જેની પણ સામુ જુએ કે જેનો પગથી સ્પર્શ કરે તે પણ સમસ્ત ભયથી મુક્ત થઈ જાય છે ।।૩૬।।

આ વૈષ્ણવી વિદ્યા ધારણ કરનારા પુરુષને રાજા, ચોર, ગ્રહ કે વાઘ આદિ હિંસક પશુઓથી કદી પણ ભય થતો નથી ।।૩૭।।

પ્રાચીન કાળમાં આ વિદ્યાને ધારણ કરનાર કોઈ કૌશિક ગોત્રના બ્રાહ્મણે આ વિદ્યા ધારણ કરી યોગ ધારણાથી નિર્જન દેશમાં (મારવાડમાં) પોતાનો દેહ છોડેલો ।।૩૮।।

એક દિવસે પોતાની સ્ત્રીઓ સાથે ગન્ધર્વોનો અધિપતિ ચિત્રરથ વિમાનમાં બેસીને આકાશમાં જતો હતો તે જ્યાં બ્રાહ્મણનો દેહ પડ્યો હતો ત્યાં ઉપર આવતાં તુરત વિમાન સહિત ઊંધે માથે પૃથ્વી પર પડ્યો. આ ઘટનાથી એના આશ્ચર્યની સીમા ન રહી, જ્યારે વાલખિલ્ય મુનિઓએ એને સમજાવ્યું કે આ નારાયણકવચ ધારણ કરવાનો પ્રભાવ છે. ત્યારે ચિત્રરથે એ બ્રાહ્મણનાં અસ્થિને ઉપાડી પ્રાચી-સરસ્વતીમાં વહાવી દીધાં અને પછી એ સ્નાન કરી પોતાના લોકમાં ગયો।।૩૯-૪૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જે માણસ આ 'નારાયણ કવચ' ને યોગ્ય સમયમાં આદર સહિત સાંભળે કે ધારણ કરે તેની સામે બધાં પ્રાણીઓ આદરથી નમી પડે છે અને તે બધી જાતના ભયથી મુક્ત થઈ જાય છે ।।૪૧।।

**એતાં વિદ્યામધિગતો વિશ્વરૂપાચ્છતક્રતુઃ।**
**ત્રૈલોક્યલક્ષ્મીં બુભુજે વિનિર્જિત્ય મૃધેઽસુરાન્ ।।૪૨।।**

પરીક્ષિત, વિશ્વરૂપ પાસેથી આ વિદ્યાને પ્રાપ્ત કરી ઈન્દ્રદેવે યુદ્ધમાં દૈત્યોને જીતી લઈ ત્રૈલોક્યનું રાજ્ય ભોગવ્યું ।।૪૨।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા રૂપનિરૂપણ પ્રકરણમાં નારાયણકવચ નામનો પાંચમો) ''ઈન્દ્રને નારાયણ કવચની પ્રાપ્તિ'' નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૯

# વિશ્વરૂપનો વધ, ત્વષ્ટાથી વૃત્રાસુરની ઉત્પત્તિ, વૃત્રાસુરથી દેવતાઓની હાર અને ભગવાનની પ્રેરણાથી દેવતાઓનું દધીચિ ઋષિની પાસે જવું

**વિશેષ:** આ નવમાં અધ્યાયમાં ગુરુનો વધ કરનાર ઇન્દ્ર ઉપર ભગવાને અનુગ્રહ કર્યો અને બ્રહ્મહત્યાના વિભાગ કર્યા એ કથા કહેવાય છે.

**તસ્યાસન્ વિશ્વરૂપસ્ય શિરાંસિ ત્રીણિ ભારત ।।**
**સોમપીથં સુરાપીથમન્નાદમિતિ શુશ્રુમ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે રાજા! અમે સાંભળ્યું છે કે *વિશ્વરૂપને ત્રણ મસ્તક હતાં તેમાં એક મુખથી સોમપાન કરતા, બીજાથી સુરાપાન કરતા અને ત્રીજાથી અન્ન ખાતા ।।૧।।

**વિશેષ :** વિશ્વરૂપને ત્રણ માથાં હતાં. તેમાં એક મનુષ્યનું, બીજું દેવનું તથા ત્રીજું દૈત્યનું દેવોના ગુરુ થયા પહેલાં એ મનુષ્ય હતો. ગુરુ થયા પછી એ દેવ થયો. અન્તે યજ્ઞમાં દૈત્યનો પક્ષપાત કરવાથી એ દૈત્ય થયો. આમ સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણ એનામાં હતાં. જો કે એ ભગવાનનો મર્યાદાપુષ્ટિ ભક્ત હતો, છતાં ભગવાન્ દૈત્યનો થોડો અંશ પણ સહન કરી શકતા નથી માટે એનો નાશ કરાવ્યો. આ ઉપરથી સમજવાનું છે કે પુષ્ટિમાર્ગમાં રહી કોઈનો દ્વેષ કે પક્ષપાત કરવો નહિ પણ કેવળ હરિભક્તિ કરવી.

એ વિશ્વરૂપના પિતા ત્વષ્ટા આદિ બાર આદિત્ય દેવતા હતા તેથી એ પોતે યજ્ઞમાં દેવોને ભાગ દેવાના મન્ત્ર પ્રત્યક્ષ રીતે વિનય સહિત ઊંચાસ્વરથી બોલી તેમને આહુતિ આપતા હતા ।।૨।।

એની માતા દૈત્યોની નાની બહેન રચના અસુર કુલની હતી તેથી માતૃસ્નેહને વશ થઈ એ યજ્ઞ કરતી વખતે તે પ્રમાણે અસુરોને ભાગ પહોંચાડ્યા કરતા હતા ।।૩।।

ધર્મના કપટરૂપ એનો એ અપરાધ જોઈને દૈત્યોથી ભય પામેલા ઇન્દ્રદેવે ક્રોધથી તુરત એનાં માથાં કાપી નાખ્યાં ।।૪।।

જે સિર સોમપાન કરતું હતું તેમાંથી પપૈયો (ચાતક) પક્ષી થયો, સુરાપાન કરતું હતું તેમાંથી જલચર કાળી ચકલી થઈ અને અન્ન ખાવાનું હતું તેમાંથી તેતર પક્ષી થઈ

ગયું ।।૫।।

જો કે ઈન્દ્ર ધારત તો બ્રહ્મ હત્યાનું નિવારણ કરવાને શક્તિમાન હતા તો પણ એણે એક વર્ષ સુધી બ્રહ્મ હત્યા ધારણ કરી. પછી એક વર્ષ સુધી બ્રહ્મ હત્યા ધારણ કરી. પછી એક વર્ષ પૂરું થતાં લોકાપવાદને ટાળવાને એણે એ હત્યાને ચાર ભાગે વહેંચી પૃથ્વી જળ, વૃક્ષ અને સ્ત્રીઓ ને આપી ।।૬।।

પૃથ્વીએ એક ભાગ એવા વરદાનને બદલે લીધો કે મારામાં જે ખાડો પડે તે એની મેળે પુરાઈ જાય. જેટલો ખારો ભાગ જોવામાં આવે છે તે પૃથ્વીમાં બ્રહ્મહત્યાનું રૂપ છે ।।૭।।

એક ભાગ વૃક્ષોએ લીધો એ એવું વરદાન માગીને લીધો કે અમને કાપ્યા છતાં અમે ફરીથી ઊગી આવીએ, વૃક્ષોમાં જે ગુન્દર દેખાય છે તે બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે ।।૮।।

એક ભાગ સ્ત્રીઓએ લીધો તે એવી શરતે કે તેઓ સર્વદા પુરુષ સહવાસ કરી શકે. મહિને મહિને રજ આવે છે તે સ્ત્રીઓમાં બ્રહ્મહત્યાનું સ્વરૂપ દેખાય છે ।।૯।।

એક ભાગ જળે લીધો એ એવા વરદાનના બદલામાં કે અમને કૂવા વગેરેમાંથી ઉલેચી નાખવામાં આવે તો પણ પાછાં એટલાં જ થઈ રહીએ. જળમાં પરપોટા અને ફીણ દેખાય છે તે બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે. તેથી મનુષ્યો તેને હટાવી જળ ગ્રહણ કરતા હોય છે ।।૧૦।।

વિશ્વરૂપના મૃત્યુ પછી એના પિતા ત્વષ્ટાદેવે ઈન્દ્રનો શત્રુ ઉત્પન્ન કરવા સારુ ''હે *ઈન્દ્રશત્રો વૃદ્ધિ પામ અને જલદી શત્રુને માર'' એવા અર્થનો મન્ત્ર બોલીને અગ્નિમાં હોમ કરવા લાગ્યા ।।૧૧।।

**વિશેષ** : એ શબ્દનો ઉચ્ચાર કરતાં ત્વષ્ટાની, આદિ ઉદાત્ત સ્વર બોલવાની ભૂલ થઈ ગઈ તેથી વ્યાકરણની રીત પ્રમાણે બહુવ્રીહિ સમાસનું લક્ષણ થવાથી ઈન્દ્ર જ એનો શત્રુ થયો એમ શિક્ષામાં લખ્યું છે.

યજ્ઞ સમાપ્ત થતાં એ હોમના પ્રભાવને લીધે દક્ષિણાગ્નિમાંથી એક ભયંકર રૂપવાળો દૈત્ય પ્રલયકાળમાં લોકોના કાળની જેમ પ્રકટ થયો ।।૧૨।।

ફેંકેલું બાણ જેટલા હાથ દૂર પડે તેટલા હાથ એ દરરોજ ચારે બાજૂ વધતો જતો હતો; એ બળી ગયેલા પર્વત જેવો કાળો અને મહાકાય હતો; અને સન્ધ્યાસમયનાં અનેક વાદળાં જેવું એનું તેજ હતું ।।૧૩।।

એની મૂછો અને મસ્તક ના કેશની લટો તપાવેલા ત્રામ્બા જેવી હતી; આંખો મધ્યાહ્નકાળના સૂર્ય જેવી પ્રચંડ હતી ।।૧૪।।

એણે જાણે પોતાના અત્યન્ત પ્રકાશવાળા અણીઓના ત્રિશૂળમાં પૃથ્વી અને અન્તરિક્ષ ને પરોવી લીધાં હોય એમ લાગતું હતું એ નાચતો હતો, ગર્જના કરતો હતો અને પગથી ધરતીને ધ્રુજાવતો હતો ।।૧૫।।

ગુફા જેવડા મોટા અને ઊંડા મોઢાથી જાણે એ આકાશને પી જતો હોય જીભથી નક્ષત્રોને ચાટતો હોય અને મોટી દાઢોથી ત્રૈલોક્યને ગળી જતો હોય એવો લાગતો હતો. એ પ્રમાણે વારંવાર બગાસાં ખાતા એ પુરુષને જોઈને ત્રાસ પામેલા સર્વે લોકો દશે દિશાઓમાં નાસભાગ કરવા લાગ્યા ।।૧૬-૧૭।।

એ ત્વષ્ટાના તમોગુણી પુત્રે આ સઘળા લોકોને વીંટી લીધા તેથી એ અત્યન્ત ક્રૂર અને પાપી પુરુષ નું 'વૃત્ર' એવું નામ પડ્યું ।।૧૮।।

પોતાના સૈન્ય સહિત મોટા-મોટા દેવો એના ઉપર તૂટી પડ્યા અને પોત-પોતાનાં દિવ્ય અસ્ત્રશાસ્ત્રોથી એને મારવા લાગ્યા પણ એ વૃત્રાસુર એ સઘળાં હથિયારોને ગળી ગયો ।।૧૯।।

હવે તો દેવતાઓના આશ્ચર્યની સીમા ન રહી. એમનો પ્રભાવ ચાલ્યો ગયો. તેઓ બધા દીન-હીન અને ઉદાસ થઈ ગયા તથા એકાગ્ર ચિત્તથી પોતાના હૃદયમાં બિરાજતા આદિપુરુષ શ્રીનારાયણને શરણે ગયા ।।૨૦।।

**દેવો સ્તુતિ કરે છે** : વાયુ, આકાશ, અગ્નિ, જળ, પૃથ્વી આ પંચ મહાભૂત એનાથી બનેલા ત્રણેય લોક એના અધિપતિ બ્રહ્માદિ તથા અમે બધા દેવતા જે કાળથી ડરીને એમને પૂજા-સામગ્રી ભેટ ધર્યા કરે છે તે જ કાળ ભગવાન્‌થી ભયભીત રહે છે. તેથી હવે તો તે ભગવાન્ જ અમારા રક્ષક છે ।।૨૧।।

અહંકાર રહિત, શાન્ત, સ્વરૂપના લાભથી જ પૂર્ણકામ અને ઉપાધિરહિત છે તેવા પરમેશ્વરને છોડી દઈને જે પુરુષ બીજાનું શરણ લે છે તે મૂર્ખ કૂતરાંનું પૂછડું પકડીને સમુદ્રને તરવા ઇચ્છે છે ।।૨૨।।

પાછલા કલ્પના અન્તમાં વૈવસ્વત મનુ જેના મોટા શિંગડામાં પૃથ્વીરૂપ વહાણને બાંધીને અનાયાસ સંકટને તરી ગયા હતા તે મત્સ્યાવતાર ભગવાન્ આ વૃત્રાસુરરૂપી અપાર ભયથી અમો આશ્રિતોની અવશ્ય રક્ષા કરશે ।।૨૩।।

પ્રાચીન કાળમાં ભારે પવનના ઝપાટાથી ખળભળી રહેલાં મોજાના શબ્દોથી

વિકરાળ પ્રલયના જળમાં કમળ ઉપરથી ગબડી પડેલા બ્રહ્માજી એકલા હતા તો પણ એ જે ઈશ્વરની સહાયતાથી સંકટમુક્ત થયા હતા તે ઈશ્વર આ સંકટમાંથી અમને તારજો ।।૨૪।।

જેણે એકલાએ જ પોતાની માયાથી અમને ઉત્પન્ન કર્યા છે, જેના અનુગ્રહથી અમે સૃષ્ટિકાર્યનું સંચાલન કરીએ છીએ, જે સ્વામી અમારા પહેલાં જ અન્તર્યામીપણાથી કામ કરે-કરાવે છે તો પણ અમે જુદા-જુદા સ્વામિત્વનું અભિમાન ધરાવતા હોવાથી એના સ્વરૂપને જાણતા નથી ।।૨૫।।

તે સ્વામી પ્રત્યેક યુગમાં પોતે નિત્ય છતાં દેવ, ઋષિ, પશુ, પક્ષી તથા મનુષ્યો માં પોતાની માયાથી અવતાર ધરીને એ અવતારોદ્વારા અમને પોતાના લેખી, શત્રુઓની પીડાથી અમારું રક્ષણ કરે છે ।।૨૬।।

તે જ બધાના આત્મા અને પરમ આરાધ્ય દેવ છે. એ જ પ્રકૃતિ અને પુરુષરૂપ થી વિશ્વનું કારણ છે તે વિશ્વથી પૃથવક પણ છે અને વિશ્વરૂપ પણ છે. અમે બધા એ જ શરણાગતવત્સલ ભગવાન્ શ્રીહરિનું શરણ ગ્રહણ કરીએ છીએ. ઉદારશિરોમણિ પ્રભુ અવશ્ય નિજજન અમ દેવતાઓનું કલ્યાણ કરશે ।।૨૭।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે રાજા! એ પ્રમાણે દેવોએ સ્તુતિ કરી ત્યારે શંખ, ચક્ર, ગદા અને પદ્મ ને ધરનાર ભગવાન્ પશ્ચિમ દિશામાં (અન્તર્દેશમાં) પ્રકટ થયા ।।૨૮।।

ભગવાનના નેત્રો શરદઋતુના કમલના જેવાં ખીલેલાં હતાં. શ્રીવત્સ અને કૌસ્તુભમણિ સિવાય બાકી સઘળી ભગવાનના સરખી જ નિશાનીવાળા સુનન્દાદિક સોળ પાર્ષદો એ ભગવાનને ચારે બાજુએથી સેવતા હતા ।।૨૯।।

ભગવાનના દર્શનથી આનન્દથી વિહ્‌વળ થયેલા સઘળા દેવો પ્રથમ પૃથ્વી ઉપર દંડવત્ પ્રણામ કરી પગે લાગ્યા અને પછી ધીરે-ધીરે ઊઠીને સ્તુતિ કરવા લાગ્યા ।।૩૦।।

**દેવો (ફરીવાર)સ્તુતિ કરે છે :** હે યજ્ઞનું ફલ આપવાના સામર્થ્યવાળા! એના ફલની સીમા નક્કી કરવાવાળા, યજ્ઞમાં વિઘ્ન કરવાવાળા દૈત્યોને આપ ચક્રથી છિન્ન-ભિન્ન કરી નાખો છો તેથી આપનાં નામોની કોઈ સીમા નથી. અમે આપને વારંવાર પ્રણામ કરીએ છીએ ।।૩૧।।

હે વિધાતા! સત્ત્વ, રજ, તમ-આ ત્રણ ગુણો અનુસાર જે ઉત્તમ, મધ્યમ અને

નિકૃષ્ટ ગતિઓ પ્રાપ્ત થાય છે તેના નિયામક આપ જ છો. આપના પરમપદનું આ કાર્યરૂપ જગતનું-વાસ્તવિક સ્વરૂપ કોઈ આધુનિક પ્રાણી જાણી શકતું નથી ।।૩૨।।

હે ભગવાન્! હે નારાયણ! હે વાસુદેવ! હે આદિપુરુષ! હે મહાપુરુષ! હે મોટા પ્રભાવવાળા! હે પરમ મંગળરૂપ! હે પરમ કલ્યાણ સ્વરૂપ! હે પરમ દયાળુ! હે જગતના એકલા જ આધારરૂપ!, હે લોકના અધિપતિ! હે સર્વેશ્વર! હે લક્ષ્મીપતિ!, પ્રભુ!, પરમહંસ!, પરિવ્રાજક!, વિરક્ત! મહાત્મા જ્યારે આત્મસંયમરૂપ પરમ સમાધિથી આપનું એકાગ્ર ચિન્તન કરે છે ત્યારે એમના શુદ્ધ હૃદયમાં પરમહંસોનો ધર્મ વાસ્તવિક ભગવદ્ભક્તિનો ઉદય થાય છે તેથી એમના હૃદયના અજ્ઞાનરૂપ બારણાં ખુલી જાય છે અને તેમના આત્મલોકમાં આપ આત્માનન્દના રૂપમાં કંઈ આવરણ વિના પ્રકટ થઈ જાઓ છો અને તેઓ આપનો અનુભવ કરી ન્યાલ (કૃતાર્થ) થઈ જાય છે. અમે આપને વારંવાર પ્રણામ કરીએ છીએ ।।૩૩।।

આપની લીલાનો પ્રકાર સમજી શકાય એવો નથી કેમકે આપ આશ્રયરહિત, શરીરરહિત અને નિર્ગુણ છો અને અમારી સહાયતાની ઈચ્છા ન રાખતાં નિર્વિકાર સ્વરૂપથી જ આ જગતને સરજો છો, પાળો છો અને સંહારો છો ।।૩૪।।

પ્રાકૃત પુરુષ જેમ ઘર બાંધીને પોતે કરેલા શુભ અશુભનું ફળ ભોગવે છે તેમ આપ સૃષ્ટિ બનાવી એમાં જીવરૂપથી પડીને પરતન્ત્રતાથી પોતે કરેલાં પાપ-પુણ્યનાં ફળ ભોગવો છો કે આત્મારામ, શાન્તિશીલ અને અખંડ ચૈતન્યરૂપ રહીને સાક્ષીપણાથી વર્તો છો એ અમે બરાબર જાણી શકતા નથી ।।૩૫।।

પરન્તુ આપના સ્વરૂપમાં એ બન્ને વાતનો વિરોધ આવતો જ નથી. અનન્ત ગુણવાળા અને અતિ ગમ્ભીર મહિમાવાળા આપના ઈશ્વર-સ્વરૂપ માં સંશય અને વિચાર થી ઉત્પન્ન કલ્પિત પ્રમાણ અને એનું સમર્થન કરનારા કુતર્કોથી ભરેલાં શાસ્ત્રોથી જેમનાં અન્તઃકરણ વ્યાકુળ થયેલાં છે અને એને લીધે જેઓ દુરાગ્રહથી પ્રેરાઈ વાદ કરે છે તેમના વિવાદને અવકાશ જ નથી. જો કે આપનું સ્વરૂપ સર્વ પ્રપંચથી રહિત અને કેવળ છે તો પણ જો તેમાં માયાને વચમાં રાખીએ તો કઈ બાબત અઘટિત જેવી રહે? વાસ્તવિક રીતે કર્તાપણું હોય તો વિરોધ આવે, પરન્તુ સ્વરૂપમાં ભેદ નહિ હોવાથી એવું કાંઈ છે જ નહિ ।।૩૬।।

જેમ એક જ દોરીનો કટકો જુદા-જુદા જોનારાઓને સર્પ, માલા વગેરે જુદા-જુદા રૂપમાં જણાય પણ જાણકારને રસ્સીના રૂપમાં જણાય તેમ આપ એક જ છો

તે ભ્રાન્ત બુદ્ધિવાળાઓને અનુગ્રહ કરનાર કે નિગ્રહ કરનાર એમ ભિન્ન-ભિન્ન રૂપે અને જ્ઞાનીને શુદ્ધ સચ્ચિદાનન્દના રૂપમાં આપ જણાઓ છો. આપ બધાની બુદ્ધિનું અનુસરણ કરો છો ।।૩૭।।

અનેક રૂપથી દેખાતા આપ એક જ છો; સર્વ વસ્તુઓમાં સત્ સ્વરૂપ છો, સર્વના ઈશ્વર છો, સર્વ જગતના કારણોના કારણરૂપ છો, સર્વના અન્તર્યામીપણાને લીધે આપ સર્વ વિષયોનો પ્રકાશ કરો છો તેથી જ શ્રુતિઓ આપ એકને જ સર્વના અવશેષરૂપ ગણે છે ।।૩૮।।

મધુસૂદન! આપના અમૃતમય મહિમા રસનો અનન્ત સમુદ્ર છે. તેની નાની શી છાંટનો પણ, વધારે નહિ એકવાર પણ સ્વાદ ચાખી લેવાથી હૃદયમાં પરમાનન્દની અખંડ ધારા વહેવા લાગે છે. એને લીધે અત્યાર સુધી જગતમાં વિષયભોગોના જેટલા લેશ માત્ર સુખનો અનુભવ થયો છે અથવા પરલોક વગેરેના વિષયમાં સાંભળવામાં આવ્યું છે તે બધું જ જેઓ ભૂલી ગયા છે, સમસ્ત પ્રાણીઓના પરમ પ્રિયતમ હિતૈષી, સુહૃદ અને સર્વાત્મા આપ ઐશ્વર્ય નિધિ પરમેશ્વરમાં જે પોતાના મનને નિત્ય-નિરન્તર લગાડી રાખે છે અને આપના સ્મરણનું જ સુખ લૂટ્યા કરે છે તે આપના અનન્ય પ્રેમી પરમભક્તો જ પોતાના સ્વાર્થ અને પરમાર્થ માં કુશળ છે. મધૂસૂદન! આપના એ લાડકા અને સુહૃદ ભક્તો ભલા આપના ચરણકમલોનું સેવન કેવી રીતે છોડી શકે, જેનાથી ચોરાસીના ફેરામાંથી સદાને માટે છુટકારો મળી જાય છે? ।।૩૯।।

હે ત્રૈલોક્યના આત્મા અને આશ્રય રૂપ! હે ત્રિવિક્રમ! હે દંડ દેનાર! જો કે દૈત્ય અને દાનવો આપની વિભૂતિરૂપ છે તો પણ એમની ઉન્નતિનો આ સમય નથી એમ માની જેમ આપે પૂર્વે માયાવડે સુર, નર, પશુ, મિશ્રિત તેમજ મત્સ્ય આદિ જળચરોના અવતાર ધરી એમને દંડ દીધો છે તેવી રીતે હમણાં પણ જો આપને યોગ્ય લાગે તો આ વૃત્રાસુરનો નાશ કરી નાખો ।।૪૦।।

હે પિતા! હે પિતામહ! હે નિર્દોષ! અમારાં નમેલાં હૃદયમાં આપના ચરણારવિન્દના ધ્યાનરૂપી બન્ધનથી અમે બંધાઈ ગયા છીએ; આપે આપનું સ્વરૂપ પ્રકટ કરી અમને અપનાવ્યા છે. અમારાં અન્તઃકરણના તાપને દયાવડે આપની સ્વચ્છ, સુન્દર અને શીતળ હાસ્યયુક્ત દૃષ્ટિથી તેમજ મુખમાંથી નીકળેલી મધુર રસમય વાણીરૂપ અમૃતની કળાથી શમાવો ।।૪૧।।

પ્રભો! જેવી રીતે અગ્નિની જ અંશભૂત ચિનગારીઓ અગ્નિને પ્રકાશિત કરવામાં અસમર્થ છે તેવી જ રીતે અમે પણ આપને અમારો કોઈ પણ સ્વાર્થ કે પરમાર્થ નિવેદન કરવામાં અસમર્થ છીએ. આપને ભલા, કહેવાનું જ શું હોય? કારણ કે હે ભગવાન્! સર્વ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ના કાળમાં નિમિત્તરૂપ બની દિવ્ય માયાવડે આપ વિનોદ કરો છો. સઘળા જીવના સમૂહોનો અન્તઃકરણમાં બ્રહ્મરૂપ તથા અન્તર્યામી સ્વરૂપવડે તેમજ બહાર પ્રધાનરૂપવડે સર્વના મૂળ કારણરૂપ હોવાથી આપ દેશ, કાળ તથા દેહ ની અવસ્થાઓનો અનુભવ કરનાર છો તથા બુદ્ધિ વગેરે સઘળા પદાર્થોના સાક્ષી નિરંજન સ્વરૂપ પરમાત્મા અને પરબ્રહ્મ છો ।।૪૨।।

એટલામાટે શરણાગતોનાં અનેક પ્રકારનાં પાપોના ફલસ્વરૂપ જન્મ મૃત્યરૂપ સંસારમાં ભટકવાના પરિશ્રમોને મટાડનારી, અમારા પરમગુરુ એવા આપના ચરણારવિન્દની છાયામાં જે કાર્યની ઈચ્છાથી અમે આવેલા છીએ તે કાર્યને આપ પોતે જ કરી આપો ।।૪૩।।

હે પરમેશ્વર! ત્રૈલોક્યને ગળી જતા આ વૃત્રાસુરને હવે તુરત મારો; એ અમારાં તેજ, અસ્ત્રો અને આયુધો ને ગળી ગયો છે ।।૪૪।।

આપ શુદ્ધ હૃદયાકાશમાં વાસ કરીને રહેલા છો, બુદ્ધિ વગેરેના સાક્ષી છો, સત્ય, આનન્દરૂપ અને મનોહર કીર્તિવાળા છો, અનાદિ છો અને સંસારરૂપ માર્ગના પથિક જે સત્પુરુષો ઘૂમતા-ઘૂમતા આપને શરણે આવે છે તેનો સ્વીકાર કરી તેને અન્તે ઉત્તમફળ આપવાવાળા છો; એવા આપ ઈશ્વરને અમે પ્રણામ કરીએ છીએ ।।૪૫।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એવી રીતે દેવોએ આદર સહિત સ્તુતિ કરી તેનાથી પ્રસન્ન થયેલા ભગવાને એમને આ પ્રમાણે કહ્યું ।।૪૬।।

**શ્રીભગવાને કહ્યું** : હે ઉત્તમ દેવો! મારી સ્તુતિ સહિત બ્રહ્મવિદ્યાથી પુરુષોને પોતાના બ્રહ્મપણાનું સ્મરણ થાય છે અને એમનામાં મારી ભક્તિ ઉત્પન્ન થાય છે. તમારી સ્તુતિથી હું પ્રસન્ન થયો છું ।।૪૭।।

અને હું પ્રસન્ન થાઉં ત્યારે કઈ વસ્તુ દુર્લભ રહે? તો પણ મારો અનન્ય પ્રેમી તત્ત્વવેત્તા ભક્ત મારા સિવાય બીજું કાંઈ પણ ઈચ્છતો નથી ।।૪૮।।

જે પુરુષ વિષયસુખોને સાચાં જાણે છે તે અજ્ઞાની પુરુષને એના ખરા કલ્યાણની ખબર નથી. તેથી વિષયસુખોની ઈચ્છાવાળાને જો એનો ઈષ્ટ દેવ એમાં સુખ આપે તો એ દેવને અજ્ઞાની સમજવો ।।૪૯।।

જે ખરા કલ્યાણને જાણનારો વિદ્વાન છે તે અજ્ઞાની પુરુષને કર્મ કરવાનો ઉપદેશ કરે જ નહિ; જે સારો વૈદ્ય હોય તે કુપથ્ય ખાવાને ઈચ્છતા રોગીને કુપથ્ય આપે જ નહિ ।।૫૦।।

દેવરાજ ઈન્દ્ર! તમારું કલ્યાણ હો. હવે ઢીલ ન કરો. હાલ તમારા અભિપ્રાયને અનુસરીને કહું છું કે દધીચિ મુનિ સર્વ ઋષિઓમાં શ્રેષ્ઠ છે તેમની પાસે તમે જાઓ અને વિદ્યા, વ્રત અને તપ થી દઢ થયેલા એમના શરીરને માગી લો ।।૫૧।।

એ દધીચિ મુનિ શુદ્ધ અને નિર્વિકાર બ્રહ્મને જાણી ચૂક્યા છે. એમણે ઘોડાના માથાવડે *અશ્વિનીકુમારને તે બ્રહ્મ વિદ્યાનો ઉપદેશ કરેલો, જેનાથી અશ્વિનીકુમાર જીવન મુક્ત થયા ।।૫૨।।

**વિશેષ** : દધીચિ મુનિ બ્રહ્મવિદ્યામાં પ્રવીણ છે એમ જાણી અશ્વિનીકુમારે આવીને એમને કહ્યું કે અમને બ્રહ્મવિદ્યા આપો. દધીચિએ કહ્યું કે હમણાં હું કામમાં છું માટે પછી આવજો. એ સાંભળી અશ્વિનીકુમાર ત્યાંથી જતાં ઈન્દ્રે આવીને એ ઋષિને કહ્યું કે એ વૈદ્યોને તમે વિદ્યા આપશો નહિ અને આપશો તો હું તમારું માથું કાપી નાખીશ. એમ કહીને ઈન્દ્ર જતાં પાછા અશ્વિનીકુમાર ત્યાં આવ્યા. મુનિની વાત સાંભળી એ બોલ્યા કે અમે પ્રથમ તમારું માથું કાપીને ઘોડાનું માથું સાંધીશું. એ મોઢાથી તમારે વિદ્યાનો ઉપદેશ કરવો અને એ માથું ઈન્દ્ર કાપી નાખશે એટલે પછી તમારું મૂળ માથું અમે પાછું સાંધી દઈશું. પછી ઋષિએ એ પ્રમાણે ઘોડાના મોઢાથી ઉપદેશ કર્યો અને એ માથું ઈન્દ્રે કાપી નાખતાં અશ્વિનીકુમારે પાછું પ્રથમનું માથું સાંધી આપ્યું એવી કથા છે.

હે ઈન્દ્ર! એ અથર્વવેદને જાણનારા દધીચિ મુનિ અભેદ્ય અને મારા રૂપ જ 'નારાયણ કવચ' ને પણ જાણે છે. દધીચિ મુનિએ જ પહેલ પહેલાં એ 'નારાયણ કવચ' ત્વષ્ટાને આપ્યું હતું ત્વષ્ટાએ વિશ્વરૂપને આપ્યું હતું અને વિશ્વરૂપ પાસેથી તમને મળ્યું છે ।।૫૩।।

તમે માગશો એટલે ધર્મને જાણનાર દધીચિ મુનિ અશ્વિનીકુમારની ઉપર પ્રીતિને લીધે તમને પોતાનાં અસ્થિ આપશે તે અસ્થિમાંથી વિશ્વકર્મા વજ્ર નામનું ઉત્તમ હથિયાર બનાવી આપશે અને મારી શક્તિથી યુક્ત થઈ તમે એ હથિયારથી વૃત્રાસુરનું માથું કાપી નાખશો ।।૫૪।।

**તસ્મિન્ વિનિહતે યૂયં તેજોઽસ્ત્રાયુધસમ્પદઃ।**
**ભૂયઃ પ્રાપ્સ્યથ ભદ્રં વો ન હિંસન્તિ ચ મત્પરાન્ ।।૫૫।।**

વૃત્રાસુર હણાયા પછી તમને તેજ, અસ્ત્રશસ્ત્ર અને સમ્પત્તિ પાછાં મળશે તમારું કલ્યાણ થવાનું ચોક્કસ છે, કારણ કે મારા શરણાગત ભક્તોને કોઈ સતાવી શકતું નથી ।।૫૫।।

**ઇતિ શ્રીભાગવત ષષ્ઠ સ્કન્ધમાં (બીજા રૂપનિરૂપણ પ્રકરણમાં ઇન્દ્રાનુગ્રહ નામનો છઠ્ઠો) ''વિશ્વરૂપનો વધ, ત્વષ્ટાથી વૃત્રાસુરની ઉત્પત્તિ, દેવતાઓની હાર, ભગવાનની પ્રેરણાથી દેવતાઓનું દધીચિ પાસે જવું'' નામનો નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આનાથી વધુ પાપી બીજો કોણ!!!**
ઓ ભાઈ રે! ભાગવત ભણીને શું કીધું?
મારે જન્તુ (શ્રોતા) અહિ (નાગ=કથાકાર) મણિ (ભાગવત)
અજવાળે ત્યમ તેં ઉદર પોખી લીધું!!! **(દયારામ)**

## અધ્યાય ૧૦

## ઇન્દ્ર અને વૃત્રાસુર ના યુદ્ધમાં વૃત્રાસુરનું ધૈર્ય

**વિશેષ :** દશમાં અધ્યાયમાં દધીચિનાં અસ્થિમાંથી બનેલું વજ્ર લઈને દેવ સહિત ઇન્દ્રે વૃત્રાસુર અને એના સંબંધના દૈત્યો સાથે યુદ્ધ કર્યાની કથાકહેવાશે.

**ઇન્દ્રમેવં સમાદિશ્ય ભગવાન્ વિશ્વભાવનઃ ।।**
**પશ્યતામનિમેષાણાં તત્રૈવાન્તર્દધે હરિઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જગતનું રક્ષણ કરનાર ભગવાન્ એ પ્રમાણે ઇન્દ્રને આજ્ઞા કરી દેવોના દેખતાં જ અન્તર્ધાન થઈ ગયા ।।૧।।

પછી દેવોએ ઉદારશિરોમણિ અથર્વવેદી દધીચિ ઋષિની ભગવાનના કહેવા પ્રમાણે પ્રાર્થના કરી. ત્યારે પ્રસન્ન થયેલા એ ઋષિ હસતાં-હસતાં નીચે પ્રમાણે બોલ્યા ।।૨।।

**દધીચિએ કહ્યું :** દેવતાઓ! આપ લોકોને કદાચ એ વાતની ખબર નથી કે મરતી વખતે પ્રાણીઓને બહુ જ કષ્ટ થાય છે. એમને જ્યાં સુધી ચેતના રહે છે ત્યાં સુધી

ભારે અસહ્ય પીડા સહન કરવી પડે છે અને અન્તે તેઓ મૂર્છિત થઈ જાય છે ।।૩।।

જીવવાની ઈચ્છાવાળા જીવોને સંસારમાં સૌ કરતાં પોતાનો દેહ વહાલો હોય છે; એવા દેહને વિષ્ણુ પોતે માગવા આવે તો પણ એને આપી દેવાનું કોણ સાહસ કરે? ।।૪।।

**દેવોએ કહ્યું :** હે મહારાજ! આપના જેવા ઉદાર જ અને પ્રાણીઓ ઉપર દયા કરનારા મહાત્માઓના કર્મોની યશસ્વી લોકો પ્રશંસા કરતા હોય છે તેમનેમાટે કઈ વસ્તુ ત્યાગ કરવાને અશક્ય હોય? ।।૫।।

એ વાતમાં સન્દેહ નથી કે માગવાવાળા લોકો સ્વાર્થી હોય છે. તેઓમાં દેવાવાળાની કઠણાઈનો વિચાર કરવાની બુદ્ધિ નથી હોતી જો હોય તો તેઓ માગે જ કેમ? એ જ પ્રમાણે દાતા પણ માગવાવાળાની તકલીફ નથી જાણતા હોતા, જો જાણતા હોય તો તેઓના મોઢેથી ના નીકળે નહિ. (તેથી આપ અમારી વિપત્તિનો ખ્યાલ કરી અમારી યાચના પૂર્ણ કરવાની કૃપા કરો) ।।૬।।

**દધીચિએ કહ્યું :** આટલી ધર્મની વાત સાંભળવા સારુ જ મેં તમને ના કહી હતી. આ દેહ કોઈ દિવસે તો મને મૂકીને ચાલ્યો જવાનો જ છે તો લો હું પોતે જ તમારા પ્રિયને માટે ત્યાગ કરું છું ।।૭।।

હે દેવો! પ્રાણીઓ ઉપર દયા રાખીને જે પુરુષ આ અધ્રુવ દેહથી મુખ્યતઃ ધર્મનું અને ગૌણતઃ યશનું સમ્પાદન ન કરે તે પુરુષ જડ-ઝાડ-ઝાંખરાં થી પણ ધિક્કારવા યોગ્યછે ।।૮।।

મોટા-મોટા મહાત્માઓએ આ અવિનાશી ધર્મનું સેવન કર્યુ છે. એનું સ્વરૂપ આટલું જ છે કે બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી થવું ।।૯।।

અહો! પોતાના ઉપયોગમાં ન આવતા કૂતરાં, કાગડા વગેરેને કામ આવે એવાં ક્ષણભંગુર ધન, પુત્રાદિક અને શરીર થી જો લોકો પરાયો ઉપકાર ન કરે તો એ જ મોટામાં મોટી કૃપણતા અને અફસોસ ની વાત છે ।।૧૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું:** એ પ્રમાણે નિશ્ચય કરી અથર્વવેદી દધીચિ ઋષિએ પરબ્રહ્મ ભગવાન્‌માં પોતાના આત્માને એક કરી દઈને દેહ, છોડી દીધો ।।૧૧।।

તેનાં ઈન્દ્રિયો, પ્રાણ, મન અને બુદ્ધિ નિયમમાં હતાં. દષ્ટિ તત્ત્વમયી હતી. બધા બન્ધન કપાઈ ગયા હતાં તેથી તેનો ઉત્તમ યોગના આશ્રયે દેહ છૂટી ગયો એની ખબર પણ પડીનહિ ।।૧૨।।

હે રાજા! પછી મુનિનાં અસ્થિઓમાંથી વિશ્વકર્માએ વજ્ર બનાવ્યું તેને ઉપાડી વૃદ્ધિ પામેલ ભગવત્તેજ યુક્ત ઈન્દ્રદેવ ઐરાવત હાથી પર બેઠો ।।૧૩।।

સર્વ દેવો આસપાસ ઊભા રહ્યા અને મુનિઓ એમની સ્તુતિ કરવા લાગ્યા. ત્રૈલોક્યને જાણે હર્ષિત કરતો તેવો એઈન્દ્ર ક્રોધ કરીને શોભતો હતો. જેમ રુદ્ર કાળની ઉપર દોડ્યા હતા તેમ મોટા દૈત્યોથી વીંટાયેલા વૃત્રાસુરઉપર એ જોરથીધસ્યો ।।૧૪-૧૫।।

અત્યારે જે વૈવસ્વત મન્વન્તર ચાલી રહ્યો છે એની પહેલી ચોકડીનો ત્રેતાયુગનો હજુ આરમ્ભ જ થયો છે. તે સમયે નર્મદાજીને કાંઠે દેવો અને દૈત્યો વચ્ચે મહાદારુણ સંગ્રામ થયો ।।૧૬।।

રુદ્ર, વસુ, આદિત્ય, બન્ને અશ્વિનીકુમારો, પિતૃઓ, અગ્નિઓ, વાયુ, ઋભુ, સાધ્યો અને વિશ્વદેવો સાથે પોતાની કાન્તિથી શોભતા વજ્રધારી ઈન્દ્રને યુદ્ધમાં સામે આવેલા જોઈને વૃત્રાસુર તથા દૈત્યો વધારે ચિડાઈ ગયા ।।૧૭-૧૮।।

નમુચિ, શમ્બર, અનર્વા, દ્વિમૂર્દ્ધા, ઋષભ, અમ્બર, હયગ્રીવ, શંકુશિરા, વિપ્રચિત્તિ, અયોમુખ, પુલોમા, વૃષપર્વા, પ્રહેતિ, હેતિ, ઉત્કલ, બીજા પણ દૈત્યો દાનવો યક્ષો અને સુમાલી તથા માલી વગેરે હજારો રાક્ષસો જેઓએ સોનાનાં બખતર ધારણ કર્યા હતાં તેઓ મૃત્યુમાટે પણ અજેય તેવી ઈન્દ્રની મુખ્ય સેનાને આગળ વધતી રોકવા લાગ્યા ।।૧૯-૨૧।।

જરા પણ સમ્ભ્રમમાં નહિ પડતાં સિંહનાદ કરીને એ મદોન્મત્ત દૈત્યો ગદા, પરિઘ, બાણ, પ્રાસ, મુદ્ગર, તોમર,શૂલ, ફરસી, તલવાર શતઘ્ની(તોપ) અને ભુશુંડિ વગેરે શસ્ત્રોતથા અસ્ત્રો ચારે બાજૂએથી દેવોઉપર ઝડી વરસાવી તેમને ઢાંકી દીધા ।।૨૨-૨૩।।

એક પછી એક એટલાં બાણ ચારેય તરફથી આવી રહ્યા હતાં કે બાણોના સમૂહથી એ દેવો ચારે તરફથી ઢંકાઈ ગયા અને વાદળાંથી તારાઓ અદશ્ય થઈ જાય તેમ એમાં અદશ્ય થઈ ગયા ।।૨૪।।

તે અસ્ત્રશસ્ત્રોથી દેવ-સૌનિકો નો વાળ પણ વાંકો થયો નહિ. તેમણે પોતાની હાથ-ચાલાકીથી આકાશમાં જ એ અસ્ત્રશસ્ત્રોના હજારો ટુકડા કરી નાખ્યા ।।૨૫।।

અસ્ત્ર અને શસ્ત્રના સમૂહ ખૂટી જતાં દૈત્યો દેવોનાં સૈન્ય ઉપર પર્વતોનાં શિખરો, ઝાડ અને પથરાઓ નો વરસાદ કરવા લાગ્યા. દેવોએ એ શિખરોને પણ આગળની પેઠે કાપી નાખ્યાં ।।૨૬।।

પરીક્ષિત! જ્યારે વૃત્રાસુરના અનુયાયી અસુરોએ જોયું કે એમના અસંખ્ય અસ્ત્રશસ્ત્ર પણ દેવસેનાને કંઈ ન કરી શક્યાં. વૃક્ષો, પથરાઓ અને પહાડોનાં મોટાં-મોટાં શિખરોથી પણ નહિ ઘવાયેલ જોઈને તેઓ બહુ ત્રાસી ગયા ।।૨૭।।

પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ્યારે પોતાના ભક્તોની રક્ષા કરતા હોય ત્યારે પામર પુરુષોની કઠોર અને અમંગલમય વાણીની તેમના ભક્તો ઉપર કંઈ અસર થતી નથી. તેમજ દૈત્યો-દેવતાઓ ને હરાવવા જે-જે પ્રયત્ન કરતા તે બધા નિષ્ફળ થઈ જતા ।।૨૮।।

શત્રુઓની ધીરજ ખૂટી ગઈ. ભગવાનના અભક્ત એવા તેમનો યુદ્ધ કરવાનો ઉત્સાહ ખૂટી ગયો. તેઓ પોતાનો પરિશ્રમ વ્યર્થ ગયો છે એમ માની લડાઈમાં પોતાના સ્વામીને મૂકી દઈને નાસવાનો વિચાર કરવા લાગ્યા ।।૨૯।।

જ્યારે એ મોટા મનના મહાવીર વૃત્રાસુરે પોતાના પક્ષના દૈત્યોને નાસી જતા જોયા ત્યારે તીવ્ર ભયથી સઘળાં સૈન્યને અસ્ત-વ્યસ્ત અને ભાગા-ભાગ કરતું જોઈ, વીરલોકોને પ્રિય લાગે તેવું અને સમયને અનુકૂળ વચન હસીને બોલ્યોઃહે વિપ્રચિત્તિ! હે પુલોમા! હે મય! હે અનર્વા! હે શમ્બર! ભાગો નહિ, મારી એક વાત સાંભળો ।।૩૦-૩૧।।

જન્મેલા પ્રાણીને એક વખત મરવું તો છે જ; મૃત્યુમાંથી બચવાનો કોઈ પણ ઉપાય શોધાયો નથી. પણ મરવાથી આ લોકમાં યશ અને પરલોક માં સ્વર્ગ મળતું હોય તો એવા યોગ્ય મરણને કોણ ન આવકારે? ।।૩૨।।

**દ્વૌ સમ્મતાવિહ મૃત્યૂ દુરાપૌ યદ્ બ્રહ્મસંધારણયા જિતાસુઃ।**
**કલેવરં યોગરતો વિજહ્યાદ્ યદગ્રણીર્વીરશયેઽનિવૃત્તઃ ।।૩૩।।**

સંસારમાં બે પ્રકારનાં મોત પરમ દુર્લભ અને શ્રેષ્ઠ ગણવામાં આવ્યાં છે એક તો યોગી પોતાના પ્રાણોને વશ કરી ભગવત્ ચિન્તનદ્વારા શરીરનો પરિત્યાગ કરે તે અને બીજું યુદ્ધભૂમિ ઉપર દુશ્મનની સાથે સામી છાતીએ લડતાં-લડતાં મરી જવું.(તમે ભલા, આવો શુભ અવસર કેમ ખોઈ રહ્યા છો?) ।।૩૩।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા રૂપનિરૂપણ પ્રકરણમાં વૃત્રધૈર્ય નિરૂપણ નામનો સાતમો) ''ઈન્દ્ર અને વૃત્રાસુરના યુદ્ધમાં વૃત્રાસુરનું ધૈર્ય'' નામનો દસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૧

# યુદ્ધમાં વૃત્રાસુરને ભક્તિપ્રસાદની પ્રાપ્તિ

**વિશેષ** : અગિયારમાં અધ્યાયમાં ઈન્દ્રની સાથે યુદ્ધ કરતાં વૃત્રાસુરને જ્ઞાનથી ભરેલા ભક્તિપ્રસાદની પ્રાપ્તિ થઈ એ કથા કહેવાશે.

**ત એવં શંસતો ધર્મં વચઃ પત્યુરચેતસઃ ।।**
**નૈવાગૃહ્ણન્ ભયત્રસ્તાઃ પલાયનપરા નૃપ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે રાજા!વૃત્રાસુર એ પ્રમાણે ધર્મ વચન બોલતો હતો તો પણ ત્રાસ પામેલા અને નાસી જતા એ મૂર્ખ દૈત્યોએ એ વચન સ્વીકાર્યું નહિ ।।૧।।

વૃત્રાસુરે જોયુ કે સમયની અનુકૂળતાને લીધે દેવતાલોક આસુરોની સેનાનો નાશ કરી રહ્યા છે અને તે જાણે નાયક વગરની હોય એ પ્રમાણે છિન્ન-ભિન્ન થઈ રહી છે ।।૨।।

આ જોઈને વૃત્રાસુરને તો અસહિષ્ણુતા અને ક્રોધ ની ઝાળ લાગી ગઈ. તેણે બળ કરીને દેવસેનાને આગળ વધતી રોકી દીધી અને તરછોડી આ પ્રમાણે બોલવા લાગ્યોઃ ।।૩।।

''જેઓ રણભૂમિ છોડી ભાગી રહ્યા છે તેવા માતાની વિષ્ઠારૂપ દૈત્યોને પાછળથી મારવામાં તમારો શો પુરુષાર્થ છે? જેઓ પોતાને શૂરવીર માને છે તેમને ડરપોક લોકોને મારવાનું કામ પ્રશંસા આપે એવું નથી તેમ સ્વર્ગ આપે તેવું પણ નથી ।।૪।।

હે ક્ષુદ્ર લોકો! જો તમને યુદ્ધ કરવામાં પ્રીતિ હોય અને હૃદયમાં ધૈર્ય હોય અને સંસારમાં સુખોની ઈચ્છા ન હોય તો મારી સામે એક ક્ષણ માત્ર ઉભા રહો'' ।।૫।।

એવી રીતે બોલી ક્રોધ પામેલા શરીરથી દેવોને બિવરાવતા એ મહા બળવાન વૃત્રાસુરે ગર્જના કરી તેથી લોકો મૂર્છિત થઈ ગયા ।।૬।।

વૃત્રાસુરની ભયંકર ગર્જનાથી જાણે વીજળી પડી હોય તેમ સઘળા દેવો મૂર્છા ખાઈને ધરતી પર પડી ગયા ।।૭।।

યુદ્ધરૂપી અખાડામાં મદોન્મત્ત વૃત્રાસુર ધરતીને ધ્રુજાવતો ત્રિશૂળ ઉગામીને ઊભો હતો. થાકેલાં અને આંખો મીંચીને પડેલાં દેવસૈન્યને જેમ ગાંડો હાથી ઘાસના વનને કચરી નાખે તેમ એ જોરથી કચડવા લાગ્યો ।।૮।।

એને જોઈ અત્યન્ત ક્રોધ પામેલા અને વજ્રને ધરનારા ઈન્દ્રે એ દોડતા આવતા

પોતાના શત્રુની ઉપર મોટી ગદા ફેંકી. વૃત્રાસુરે એ ચાલી આવતી અસહ્ય ગદાને લીલા માત્રથી ડાબા હાથમાં પકડી લીધી ।।૯।।

હે રાજા! અત્યન્ત કોપ પામેલા અને ભયંકર પરાક્રમવાળા એ વૃત્રાસુરે યુદ્ધમાં ગર્જના કરીને એ ગદાથી ઈન્દ્રના હાથીના કુમ્ભસ્થળમાં પ્રહાર કર્યો. વૃત્રાસુરના આ કામને લોકોએ વખાણ્યું ।।૧૦।।

વૃત્રાસુરની ગદા વાગતાં મોઢું ભાંગી જવાથી એ ઐરાવત હાથી ઘૂમરી ખાઈ લોહી ઓકતો વજ્રથી તોડેલા પર્વતની પેઠે બહુ જ પીડાતો ઈન્દ્રસહિત અઠ્ઠાવીસ હાથ પાછો હઠી ગયો ।।૧૧।।

વાહનને પીડા થયેલી જોઈ ઈન્દ્ર મૂંઝાઈ ગયો એવા મૂંઝાઈ ગયેલા ઈન્દ્રની ઉપર એ મહાત્મા વૃત્રાસુરે ફરીવાર ગદા મારી નહિ. એટલામાં અમૃતને ઝરનારા પોતાના હાથના સ્પર્શથી ઘવાયેલા હાથીની પીડા મટાડી ઈન્દ્ર સામો આવી ઊભો ।।૧૨।।

હે રાજા! એ પ્રમાણે યુદ્ધની ઈચ્છાથી ઊભેલા વજ્ર ધરનારા અને પોતાના ભાઈને મારનારા એ શત્રુને એના અત્યન્ત પાપકર્મને સંભારી શોક તથા મોહ થી ઘેરાયેલા વૃત્રાસુરે હસીને કહ્યું: ।।૧૩।।

**વૃત્રાસુરે કહ્યું** : આજ મારામાટે મહાન સૌભાગ્યનો દિવસ છે કે તારા જેવો શત્રુ, જેણે વિશ્વરૂપના રૂપમાં બ્રાહ્મણ, પોતાના ગુરુ અને મારા ભાઈ ની હત્યા કરી છે, મારી સામે ઊભો છે. અરે દુષ્ટ! હવે જોત-જોતામાં હું તારા પથ્થર જેવા કઠોર હૃદયના મારા શૂલથી ટુકડે-ટુકડા કરી નાખી ભાઈના ઋણથી મુક્ત થઈશ. ઓહો! એમાટે કેટલા આનન્દની વાતહશે ।।૧૪।।

જેમ સ્વર્ગની ઈચ્છા રાખનારો નિર્દય યજમાન ખડ્ગથી પશુનાં માથાં કાપી નાખે છે તેમ તેં પણ વિશ્વાસઘાત કરીને બ્રાહ્મણ, ગુરુ, આત્મવેત્તા, નિર્દોષ અને યજ્ઞમાં દીક્ષા લઈ બેઠેલા મારા મોટા ભાઈનાં માથાં કાપી નાખ્યાં છે ।।૧૫।।

દયા, લજ્જા, લક્ષ્મી અને કીર્તિ એ તને છોડી દીધો છે. તેં એવાં-એવાં ધિક્કારવા જેવા કાર્યો કર્યા છે કે જેની નિન્દા મનુષ્યો તેમજ રાક્ષસો પણ કરે છે. આજ મારા ત્રિશૂલથી તારા શરીરના ટુક-ટુક થઈ જશે. મહામહેનતે તારું મૃત્યુ થશે. તારા જેવા પાપીને બાળતાં આગ પણ અભડાઈ જશે તને તો ગીધ ચૂંથી-ચૂંથીને ખાશે ।।૧૬।।

તારા જેવા પાપીને અનુસરી હથિયારો ઉપાડીને જે મૂર્ખ લોકો મારા પર ઘા કરે

છે તે બધાનાં ગળા હું ત્રિશૂળથી કાપી નાખીશ અને આજે ભૈરવ વગેરે ઉગ્ર દેવોને એમના પાર્ષદો સહિત બલિદાન આપીશ ।।૧૭।।

હે ઈન્દ્ર! સમ્ભવ છે કે જોર કરીને તું જ અહીં વજ્રથી મારું માથું કાપી નાખીશ તો પણ હું તો કર્મબન્ધનથી છૂટીને પ્રાણીઓને મારા દેહનું બલિદાન આપી મહાપુરુષોની ચરણરજનો આશ્રય ગ્રહણ કરીશ જે લોકમાં મહાપુરુષો જાય છે ત્યાં પહોંચી જઈશ ।।૧૮।।

હે દેવોના રાજા! તારી સામે હું શત્રુ ઊભો છું તેના ઉપર તારા અમોઘ વજ્રને શામાટે ચલાવતો નથી? જેમ કૃપણની પાસે માગણી વ્યર્થ જાય તેમ ગદા વ્યર્થ ગઈ પણ એ ઉપરથી તારું વજ્ર વ્યર્થ જશે એવી શંકા કરીશ નહિ ।।૧૯।।

નિશ્ચય આ તારું વજ્ર ભગવાનના તેજથી અને દધીચિ મુનિના તપથી તીક્ષ્ણ થયેલું છે અને તેને ભગવાને પ્રેરણા કરી છે તેથી જ આ વજ્રવડે તું મને મારી નાખ કારણ કે જે પક્ષમાં ભગવાન્ હોય ત્યાં જ વિજય, લક્ષ્મી અને બધા ગુણો નિવાસ કરે છે ।।૨૦।।

મારા સ્વામી સંકર્ષણ ભગવાને જે ઉપદેશ કર્યો છે તે પ્રમાણે એમનાં ચરણારવિન્દમાં મનને રાખી તારા વજ્રના વેગથી વિષય ભોગરૂપી પાશ તૂટી જતાં હું દેહનો ત્યાગ કરીશ અને યોગીની ગતિ પામીશ ।।૨૧।।

સંકર્ષણ ભગવાન્ મને સ્વર્ગાદિક સમ્પત્તિ આપી દેશે એવી શંકા તારે રાખવી નહિ. પરમેશ્વર પોતાના અનન્ય ભક્તોને સ્વર્ગની, પૃથ્વીની કે પાતાળની સમ્પત્તિઓ આપતા જ નથી કેમકે સમ્પત્તિઓથી દ્વેષ, ઉદ્વેગ, મનની પીડા, મદ, કજિયો, વ્યસન અને પરિશ્રમ જ થાય છે ।।૨૨।।

હે ઈન્દ્ર! અમારા સ્વામી પોતાના ભક્તના ધર્મ, અર્થ અને કામ સમ્બન્ધી પ્રયાસોને નિષ્ફળ બનાવી દીધા કરે છે અને સાચું પૂછો તો એનાથી જ ભગવાનની કૃપાનું અનુમાન થાય છે કારણ કે એમનો એવો કૃપા પ્રસાદ અકિંચન ભક્તોને માટે અનુભવ ગમ્ય છે, બીજાઓના માટે અત્યન્ત દુર્લભજ છે ।।૨૩।।

(વૃત્રાસુરની પ્રેમમયી અનન્ય ભક્તિથી વશ થઈ ભક્તવત્સલ ભગવાન્ ત્યાં યુદ્ધના મેદાન ઉપર જ વૃત્રાસુરને દર્શન આપે છે. વૃત્રાસુર લડવું બંધ કરી પ્રભુની સ્તુતિ કરે છે. આ વૃત્રાસુર ચતુઃશ્લોકી શ્લોકો ૨૪-૨૭માં પુષ્ટિમાર્ગીય ચાર પુરુષાર્થોનું ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નું નિરૂપણ કરવામાં આવ્યું છે).

## વૃત્રાસુર-ચતુઃશ્લોકી

**અહં હરે તવ પાદૈકમૂલદાસાનુદાસો ભવિતાસ્મિ ભૂયઃ।**
**મનઃ સ્મરેતાસુપતેર્ગુણાંસ્તે ગૃણીત વાક્ કર્મ કરોતુ કાયઃ ।।૨૪।।**

હે સર્વ દુઃખો દૂર કરનાર હરિ! આપ મારા ઉપર એવી કૃપા કરી દો કે અનન્યભાવથી આપના ચરણકમલોના આશ્રિત સેવકોની સેવા કરવાનો અવસર મને આવતા જન્મમાં મળે, હે પ્રાણ વલ્લભ! મારું મન આપના મંગલમય ગુણોનું સ્મરણ કર્યા કરે, મારી વાણી આપના ગુણોનું ગાન કરે અને શરીર આપની સેવામાં લાગ્યું રહે ।।૨૪।।

**ન નાકપૃષ્ઠં ન ચ પારમેષ્ઠ્યં ન સાર્વભૌમં ન રસાધિપત્યમ્।**
**ન યોગસિદ્ધીરપુનર્ભવં વા સમંજસ ત્વા વિરહય્ય કાંક્ષે ।।૨૫।।**

હે સકલ-ઐશ્વર્યના ભંડાર ભગવાન્! હું આપને છોડીને નથી તો ઈન્દ્રાસનની ઈચ્છા કરતો કે નથી કરતો બ્રહ્માસનની; નથી મારે પૃથ્વી ઉપરનું સામ્રાજ્ય જોઈતું કે નથી જોઈતું (ભોગપ્રચુર) રસાતલાદિક પાતાલનું આધિપત્ય. અરે! યોગની સિદ્ધિઓ અને મોક્ષની પણ આપના વિના ઈચ્છા રાખતો નથી ।।૨૫।।

**અજાતપક્ષા ઈવ માતરં ખગાઃ સ્તન્યં યથા વત્સતરાઃ ક્ષુધાર્તાઃ।**
**પ્રિયં પ્રિયેવ વ્યુષિતં વિષણ્ણા મનોઽરવિન્દાક્ષ દિદૃક્ષતે ત્વામ્ ।।૨૬।।**

જેવી રીતે પંખીઓનાં પાંખવગરનાં બચ્ચાં પોતાની માની વાટ જુએ છે, જેવી રીતે ભૂખ્યાં વાછરડાં પોતાની માનું દૂધ પીવા આતુર રહે છે અને જેવી રીતે વિયોગિની પત્ની પોતાના પરદેશ ગયેલા પ્રીતમને નીરખવા આતુર હોય છે તેવી જ રીતે હે કમલનયન પ્રભુ! મારું મન આપના દર્શનને માટે આતુર બન્યું છે ।।૨૬।।

**મમોત્તમશ્લોકજનેષુ સખ્યં સંસારચક્રે ભ્રમતઃ સ્વકર્મભિઃ।**
**ત્વન્માયયાત્માત્મજદારગેહે ષ્વાસક્તચિત્તસ્ય ન નાથ ભૂયાત્ ।।૨૭।।**

હે નાથ!પોતાનાં કર્મોને લઈને આ સંસારચક્રમાં ભ્રમણ કરતા મને ઉત્તમ કીર્તિવાળા ભગવદ્ ભક્તોની જ મિત્રતા થાઓ; પરન્તુ જેઓ આપની માયાથી શરીર, પુત્ર, સ્ત્રી અને ઘર માં જ આસક્તિવાળા હોય તેમની સાથે મારો સમ્બન્ધ કદાપિ ન થાઓ ।।૨૭।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા રૂપનિરૂપણ પ્રકરણમાં વૃત્રને ભક્તિપ્રસાદની પ્રાપ્તિ નામનો આઠમો) ''યુદ્ધમાં વૃત્રાસુરને ભક્તિપ્રસાદની પ્રાપ્તિ'' નામનો અગિયારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૨

## ઈન્દ્રે કરેલો વૃત્રાસુરનો વધ

**વિશેષ :** આ બારમા અધ્યાયમાં અત્યન્ત મૂંઝાયેલા અને પછી વૃત્રાસુરે હિમ્મત આપેલા ઈન્દ્રે મોટા યુદ્ધમાં વૃત્રાસુરનો મોક્ષ કર્યાની કથા કહેવાશે.

**એવં જિહાસુર્નૃપ દેહમાજૌ મૃત્યું વરં વિજયાન્મન્યમાનઃ ।।**
**શૂલં પ્રગૃહ્યાભ્યપતત્ સુરેન્દ્રં યથા મહાપુરુષં કૈટભોઽપ્સુ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે પરિક્ષિત રાજા! એ પ્રમાણે યુદ્ધમાં દેહ છોડવાને ઈચ્છતો અને જીવવા કરતાં મરણને સારું માનતો વૃત્રાસુર, પ્રલયના જળમાં જેમ કૈટભ દૈત્ય વિષ્ણુ ઉપર પ્રહાર કરવા દોડ્યો હતો તેમ, ઈન્દ્ર ઉપર ત્રિશૂળ લઈને તૂટી પડ્યો ।।૧।।

પ્રલયકાળનાં અગ્નિ સરખી ભયંકર જવાળાવાળું ત્રિશૂળ ઈન્દ્ર ઉપર વેગથી ફેંકતાં મહાવીર વૃત્રાસુરે ગર્જના કરી અને ''હે પાપી! હવે તું બચી નહિ શકે'' એમ એ ક્રોધથી બોલ્યો ।।૨।।

આકાશમાં ચાલ્યું આવતું એ ત્રિશૂળ ફરતું હતું અને ગ્રહ તથા ઉલ્કાની પેઠે એની સામું જોઈ ન શકાય એવું હતું; એને જોઈ જરા પણ ગભરાયા વિના ઈન્દ્ર સો ગાંઠવાળા વજ્રથી ત્રિશૂળને તેમજ વાસુકિ સર્પના જેવી એની વિશાળ ભુજાને પણ કાપી નાખી ।।૩।।

કપાઈ ગયેલી એક ભુજાવાળો વૃત્રાસુર ક્રોધથી પાસે ગયો અને વજ્ર ધરનારા ઈન્દ્રની દાઢીમાં ભોગળ મારી એના હાથીને પણ એવો પ્રહાર કર્યો કે જેથી ઈન્દ્રના હાથમાંથી વજ્ર પડી ગયું ।।૪।।

વૃત્રાસુરના આ અત્યન્ત અદ્ભુત કાર્યને સૂર, અસુર, ચારણ અને સિદ્ધ લોકોએ વખાણ્યું પણ ઈન્દ્રનું સંકટ જોઈ લોકો હાહાકાર કરવા લાગ્યા ।।૫।।

લાજના માર્યા શત્રુના સમક્ષ પોતાના હાથથી પડી ગયેલું વજ્ર ઈન્દ્રે પાછું લીધું નહિ ત્યારે વૃત્રાસુર બોલ્યો : ''હે ઈન્દ્ર! વજ્ર લઈને મને માર. આ મૂંઝાવાનો સમય નથી ।।૬।।

ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશ ના સ્વામી, સર્વજ્ઞ અને સનાતન આદિપુરુષના સિવાય યુદ્ધ કરવાની ઈચ્છા કરનારા પરાધીન આતતાયી પુરુષોનો હંમેશાં જય થતો

નથી તેઓ ક્યારેક જીતે છે તો ક્યારેક હારે છે ।।૭।।

લોકપાળ સાહત આ લોકો જાળમાં ફસાયેલાં પક્ષીઓની પેઠે જેને પરવશ થયેલા છે અને જેના સ્વાધીનમાં જીવે છે તે કાળ જ જય-પરાજયનું કારણ છે ।।૮।।

શરીરની શક્તિ, મનની શક્તિ, ઇન્દ્રિયોની શક્તિ, પ્રાણ, અમરપણું, મરણ એ બધાનું કારણ કાળ જ આ લોક એ નહિ સમજતાં પોતાના જડ દેહને જ એના કારણરૂપ માને છે ।।૯।।

હે ઇન્દ્ર! જેમ લાકડાની પૂતળી અને યન્ત્ર નો મૃગ એને નચાવનાર તન્ત્રીને સ્વાધીન છે એમજ બધાં પ્રાણીઓને ભગવાનને આધીન સમજો ।।૧૦।।

ઈશ્વરની કૃપા વિના પુરુષ, પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર, પંચ મહાભૂતો, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ તથા ચિત્ત એ કોઈપણ જગતને સરજવામાં સમર્થ નથી ।।૧૧।।

એવું નહિ જાણનારો માણસ જ પરતન્ત્ર જીવ સ્વતન્ત્ર કર્તા ભોક્તા છે એવું માને છે. વસ્તુતઃ ઈશ્વર પોતે જ પ્રાણીઓદ્વારા પ્રાણીઓને ઉત્પન્ન કરાવે છે અને પ્રાણીઓદ્વારા જ પ્રાણીઓને મરાવે છે ।।૧૨।।

જેવી રીતે ઇચ્છા ન હોવા છતાં પણ સમય વિપરીત હોવાથી મનુષ્યને મૃત્યુ, અપયશ આદિ મળે છે તેવી જ રીતે સમયની અનુકૂળતા થતાં ઇચ્છા ન હોવા છતાં એને આયુ, લક્ષ્મી, યશ અને ઐશ્વર્ય આદિ ભોગ પણ આવી મળે છે ।।૧૩।।

માટે પુરુષે અપકીર્તિ, અપયશ, જય, પરાજય, સુખ, દુઃખ, મરણ તથા જીવન સર્વ સ્થિતિમાં સમાન જ રહેવું ।।૧૪।।

સત્ત્વ, રજ અને તમ એ પ્રકૃતિના ગુણ છે. આત્માના નથી. આત્મા તો ગુણોનો સાક્ષી છે એમ જાણનારો માણસ એમના ગુણદોષથી બંધાતો નથી ।।૧૫।।

હે ઇન્દ્ર! હું હારી ગયો છું, મારાં હાથ અને હથિયાર કપાઈ ગયાં છે તો પણ તારા પ્રાણ લેવાની ઇચ્છાથી યથાશક્તિ પ્રયત્ન કરું છું એ તું જો ।।૧૬।।

આ યુદ્ધ તો એક જુગાર જેવું છે. એમાં બાણરૂપી પાસા છે, વાહનરૂપી ચોપાટ છે, પ્રાણરૂપી બાજી છે; એવા આ જુગારમાં કોનો જય થશે? અને કોનો પરાજય થશે? એ આગળથી જાણી શકાતું નથી ।।૧૭।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એ પ્રમાણે વૃત્રાસૂરનાં સત્ય અને કપટરહિત વચન સાંભળી ઇન્દ્રે એને માન આપ્યું. પછી વજ્રહાથમાં લઈ આશ્ચર્ય રહિત થઈને એને હસતે મોઢે કહ્યુંઃ ।।૧૮।।

**દેવરાજ ઈન્દ્રે કહ્યું** : ''અહો! હે દાનવ! તું જીવન્મુક્ત છે, જગતના ઈશ્વર તથા પ્રિય આત્મા ભગવાનનો સર્વ પ્રકારે ભક્ત છે કેમકે તારી બુદ્ધિ આવી છે.।।૧૯।।

તું લોકોને મોહ કરનારી ભગવાનની માયાને તરી ચૂક્યો છે અને તેથી અસુરપણું મૂકીને મહાપુરુષપણાને પામ્યો છે ।।૨૦।।

રજોગુણી સ્વભાવવાળો હોવા છતાં સત્ત્વગુણમય વાસુદેવ ભગવાન્‌માં તારી દૃઢ બુદ્ધિ થઈ છે એ ખરેખર મોટું આશ્ચર્ય છે ।।૨૧।।

જેને મોક્ષના સ્વામી ભગવાન્‌માં ભક્તિ હોય તેને સ્વર્ગ વગેરેનાં ક્ષુદ્ર સુખોનું શું પ્રયોજન હોય? જે અમૃતના સમુદ્રમાં વિહાર કરતો હોય તેને ખાબોચિયાના પાણીનું શું કામ હોય?'' ।।૨૨।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે રાજા! એ પ્રમાણે પરસ્પર ધર્મ જાણવાની ઈચ્છાથી વાતો કરતા મહાપરાક્રમી અને યોદ્ધાઓમાં શ્રેષ્ઠ ઈન્દ્રને વૃત્રાસુર યુદ્ધ કરવા લાગ્યા ।।૨૩।।

શત્રુને મારનાર વૃત્રાસુરે ડાબા હાથથી ગજવેલની ભયંકર ભોગળ ફેરવીને ઈન્દ્ર ઉપર ઝીંકી ।।૨૪।।

ત્યારે ઈન્દ્રે સો ગાંઠવાળા પોતાના વજ્રથી એનાં ભોગળ અને હાથીની સૂંઢ જેવો લાંબો હાથ બન્ને એકી સાથે કાપી નાખ્યાં ।।૨૫।।

જેના કપાઈ ગયેલા હાથોના મૂળમાંથી લોહી વહી જતું હતું તેવો વૃત્રાસુર, ઈન્દ્રવડે પાંખો કપાઈ જતાં જેમ આકાશમાંથી પડેલો પર્વત શોભે તેમ, શોભવા લાગ્યો ।।૨૬।।

પછી વૃત્રાસુર પોતાનો ઉપલો હોઠ આકાશમાં અને હડપચી ધરતી પર રાખી આકાશ જેવા ઊંડા મોઢાથી, સર્પ જેવી ભયંકર જીભથી અને કાળ જેવી દાઢોથી જાણે ત્રૈલોક્યને ગળી જતો હોય તેવો અતિ ઊંચો મોટી કાયાવાળો થયો અને વેગથી પર્વતોને પાડી નાખતો, પગે ચાલતા પર્વત જેવો અને પગવડે ધરતીને ધમધમાવતો, જ્યાં ઈન્દ્ર હતો ત્યાં તુરત પહોંચી ગયો અને ઐરાવત હાથી સહિત ઈન્દ્રને ગળી ગયો ।।૨૭-૨૯।।

અજગર જેમ હાથી ગળી ગયો હોય તેમ મહાબળ અને મોટા પ્રભાવવાળો એ વૃત્રાસુર ઈન્દ્રને ગળી ગયો છે એવું જોઈ પ્રજાપતિઓ, દેવો અને મોટા ઋષિઓ ખેદ પામ્યા અને ''હાય ખરાબ થયું'' એમ ચીસો નાખવા મંડ્યા ।।૩૦।।

જો કે ઈન્દ્ર વૃત્રાસુરના પેટમાં ગળાયેલો હતો છતાં 'નારાયણ કવચ' ની રક્ષાથી તથા પોતાની યોગમાયાના બળથી એ મરણ પામ્યો નહિ ।।૩૧।।

પછી મહાસમર્થ ઈન્દ્રે વજ્રથી વૃત્રાસુરનું પેટ ચીરી નાખ્યું અને એ બહાર આવ્યો અને જોરથી પર્વતના શિખરની પેઠે એણે શત્રુનું માથું ઉડાવી દીધું ।।૩૨।।

મોટા વેગવાળા વજ્રે વૃત્રાસુરને મારવા સારું ચારે બાજૂએથી ફરી-ફરીને એના માથાને વહેરવા માંડ્યું; અને એવી રીતે વહેરાતાં-વહેરાતાં એ વૃત્રાસુરને માથું સૂર્યાદિ ગ્રહોની ઉત્તરાયણ-દક્ષિણાયનરૂપ ગતિમાં જેટલો સમય લાગે છે એટલા દિવસોમાં અર્થાત્ એક વરસે નીચે પડ્યું ।।૩૩।।

એ સમયે આકાશમાં દુન્દુભિ વાગ્યાં અને જેમાં વૃત્રાસુરને મારવાનું વર્ણન આવે છે તેવા મન્ત્રોથી સ્તુતિ કરતાં ગન્ધર્વ, સિદ્ધ અને મોટા ઋષિઓ નાં સમૂહો આનન્દથી ફૂલની વૃષ્ટિ કરવા લાગ્યાં ।।૩૪।।

**વૃત્રસ્ય દેહાન્નિષ્ક્રાન્તમાત્મજ્યોતિરરિન્દમ।**
**પશ્યતાં સર્વલોકાનામલોકં સમપદ્યત ।।૩૫।।**

હે પરીક્ષિત રાજા! વૃત્રાસુર મરણ *પામતાં એના દેહમાંથી નીકળેલું આત્મજ્યોતિ ઈન્દ્રાદિ બધાના દેખતાં જ નારાયણમાં મળી ગયું ।।૩૫।।

**વિશેષ** : વૃત્રાસુર પૂર્વજન્મમાં ચિત્રકેતુ ગન્ધર્વ હતો. એ સમયે નારદજીએ એને પંચરાત્રનો બોધ કર્યો હતો. તેથી એ જ્ઞાની હતો એટલું જ નહિ પણ તે તપસ્વી હતો તેમજ ભગવાનનો પુષ્ટિમાર્ગીય ભક્ત હતો; એમ ત્રણે આધ્યાત્મિક તત્ત્વ એનામાં હતાં. જ્ઞાન અને તપ બન્ને અભિમાનનાં કારણ હોવાથી મુક્તિ થતી નથી; કેવળ નામથી જ પ્રભુનું ભજન કરવાથી મુક્તિ થાય છે. જ્યારે યુદ્ધમાં વૃત્રાસુરે ભગવાનની ભક્તિને સંભારી ત્યારે એનાથી એનો મોક્ષ થયો.

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા ધ્યાન પ્રકરણમાં વૃત્રમોક્ષ નિરૂપણ નામનો) ''ઈન્દ્રે કરેલો વૃત્રાસુરનો મોક્ષ'' નામનો બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઓ ભાઈ રે! ભાગવત ભણીને શું કીધું?**
દૂઝણી ગાયને ગોતૂં માંડીને પય જેમ પર લઈ જાય,
તેમ તું બોધ કરી પૂજા પામે આપ ધાવે કંઈ થાય (**દયારામ**)

# અધ્યાય ૧૩

## બ્રહ્મહત્યાથી થયેલો ઈન્દ્રનો મોક્ષ

**વિશેષઃ** તેરમા અધ્યાયમાં વૃત્રાસુરને મારવાથી ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગતાં એની બીકથી ઘણા દિવસ સુધી છૂપાયેલા ઈન્દ્રની વિષ્ણુએ રક્ષા કરી એ કથા કહેવાશે.

**વૃત્રે હતે ત્રયો લોકા વિના શક્રેણ ભૂરિદ ।।**
**સપાલા હ્યભવન્ સદ્યો વિજ્વરા નિર્વૃતેન્દ્રિયાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે દાનવીર પરીક્ષિત! વૃત્રાસુર મરતાં એક ઈન્દ્ર સિવાય ત્રણ લોક અને લોકપાળ દેવોનો તત્કાળ સન્તાપ મટી ગયો અને એમને પરમ શાન્તિ મળી અને એમનો ભય એમની ચિન્તા જતી રહી ।।૧।।

દેવ, ઋષિઓ, પિતૃ, ભૂત, દૈત્યો અને દેવોના અનુચરો ગન્ધર્વો આદિ પોતપોતાના લોકમાં ગયા અને પછી બ્રહ્મા, સદાશિવ અને ઈન્દ્રાદિક પણ ગયા ।।૨।।

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** હે મુનિ! ઈન્દ્રને શાન્તિ ન મળ્યાનું કારણ સાંભળવાને ઈચ્છું છું. દેવોને સુખ મળ્યું ત્યારે ઈન્દ્રને દુઃખ કેમ થયું? ।।૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** વૃત્રાસુરના પરાક્રમથી ઉદ્વેગ પામેલા બધા દેવોએ ઋષિઓની સાથે વૃત્રાસુરને મારવા સારુ ઈન્દ્રને પ્રાર્થના કરી ત્યારે બ્રહ્મહત્યા લાગવાની બીકથી ઈન્દ્ર એને મારવા માગતા નહતા ।।૪।।

**દેવરાજ ઈન્દ્રે કહ્યું :** વિશ્વરૂપનો વધ કરવાથી મને બ્રહ્મહત્યા લાગેલી એ તો મારા ઉપર અનુગ્રહ કરી પૃથ્વી, સ્ત્રી, જળ અને વૃક્ષો એ એને વહેંચી લીધી, પરન્તુ વૃત્રાસુરને મારવાથી બ્રહ્મહત્યા મારે શી રીતે ટાળવી? ।।૫।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ઈન્દ્રનું બોલવું સાંભળી ઋષિઓએ કહ્યુંઃતમને અશ્વમેધ યજ્ઞથી પરમાત્મા નારાયણનું પૂજન કરવાથી બ્રહ્મહત્યા તો શું પણ આખા જગતના વધના પાપથી પણ છૂટી જશો ।।૭।।

ભગવાનના નામકીર્તન માત્રથી જ બ્રહ્મહત્યા, પિતૃહત્યા, ગોહત્યા, માતૃહત્યા અને ગુરુહત્યા કરનારો મહાપાપી, ચાંડાલ, કસાઈ, કુત્તાનું માંસ ખાનાર કે ગમે તેવો પાપી હોય તો પણ એ પવિત્ર થાય છે ।।૮।।

અમે તમને અશ્વમેધ યજ્ઞ કરાવીએ તેનાથી તમે ભગવાનનું શ્રદ્ધાપૂર્વક પૂજન કરો તો બ્રહ્મા સહિત સ્થાવર જંગમને હણવાનું પાપ પણ તમને નહિ લાગે તો પછી

દુષ્ટને શિક્ષા કરવાનું પાપ તો કેમ જ લાગે? ।।૯।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : બ્રાહ્મણોએ એ પ્રમાણે પ્રેરણા કરી ત્યાર પછી ઈન્દ્રે વૃત્રાસુરને માર્યો અને એને માર્યા પછી બ્રહ્મહત્યા ઈન્દ્રની પાછળ પડી ।।૧૦।।

તેને લીધે ઈન્દ્રને ઘણો કલેશ, અપાર વેદના સહન કરવી પડી. સાચું છે કે જ્યારે કોઈ સંકોચશીલ સજ્જનને કલંક લાગી જાય છે ત્યારે એના ધૈર્ય વગેરે ગુણો પણ તેને સુખી નથી કરી શકતા ।।૧૧।।

ચંડાલણી જેવી, બુઢાપાથી ધ્રુજતી, ક્ષયરોગથી લેવાઈ ગયેલી અને લોહિયાળાં લૂંગડાંવાળી એ બ્રહ્મહત્યા પછવાડે દોડતી જોવામાં આવી ।।૧૨।।

સફેદ વાળ છૂટા મૂકીને એ બ્રહ્મહત્યા ''ઊભો રહે, ઊભો રહે'' એમ હાકલ કરતી હતી અને તેના શ્વાસમાંથી નીકળતી માછલાંના જેવી દુર્ગન્ધથી માર્ગને પણ દૂષિત કરતી હતી ।।૧૩।।

હે રાજા! ઈન્દ્રદેવ આકાશ અને સઘળી દિશાઓ માં ફરી વળ્યો છતાં જ્યારે બ્રહ્મહત્યાએ એનો કેડો મૂક્યો નહિ ત્યારે એ ઈશાન ખૂણા તરફ ગયા અને એણે તુરત માનસરોવરમાં પ્રવેશ કર્યો ।।૧૪।।

દેવરાજ ઈન્દ્ર માનસરોવરના કમલ-નાલના તન્તુઓમાં એક હજાર વર્ષ સુધી છુપાઈને નિવાસ કરતા રહ્યા અને વિચારતા રહ્યા કે બ્રહ્મહત્યાથી મારો છુટકારો કેમ થાય. એ સમય દરમિયાન એને ભોજન પણ કંઈ મળી શક્યું નહિ કારણ કે તે અગ્નિ દેવતાના મુખથી ભોજન કરે છે અને અગ્નિ દેવતા જલની અંદર કમલ તન્તુઓમાં જઈ શકતા નહોતા ।।૧૫।।

જ્યાં સુધી ઈન્દ્રદેવ કમળમાં રહ્યા ત્યાં સુધી વિદ્યા, તપ અને બળ સામર્થ્યથી નહુષ રાજાએ સ્વર્ગનું રાજ્ય કર્યું; પણ અન્તે સમ્પત્તિ અને ઐશ્વર્ય ના મદથી અન્ધ બનીને એણે ઈન્દ્રાણીના અનુચિત સહવાસની માગણી કરી એથી ઈન્દ્રાણીએ એનાદ્વારા ઋષિઓનો અપરાધ કરાવી એને શાપ અપાવી અજગરનો *અવતાર અપાવ્યો ।।૧૬।।

**વિશેષ** : ઈન્દ્રના આસન પર આવેલા નહુષ રાજાએ કોઈ એક દિવસે ઈન્દ્રાણીને કહ્યું કેઃહાલ ઈન્દ્ર તો હું છું માટે તારે મારું સેવન કરવું. પછી એ વાતનું બૃહસ્પતિની પાસે નિવેદન કરતાં બૃહસ્પતિએ સલાહ આપ્યા પ્રમાણે ઈન્દ્રાણીએ નહુષને કહ્યું કે, ''બ્રાહ્મણોએ ઉપાડેલી પાલખીમાં બેસીને તું આવીશ તો હું તને પતિ કરીશ''. પછી નહુષ રાજા અગસ્ત્ય વગેરે ઋષિઓની પાસે પાલખી ઉપડાવીને એમાં બેસી જતો હતો ત્યાં માર્ગમાં સર્પ-સર્પ (ચાલ ચાલ) એમ કહી પગ અડાડતાં

અગસ્ત્યે શાપ દીધો કે, ''તું સર્પ થઈ જા'' તેથી તે રાજા અજગર થયો હતો.

પછી સત્યના પોષક ભગવાનના ધ્યાનથી જેણે પોતાના પાપનું નિવારણ કર્યું હતું તેવા ઈન્દ્રદેવ બ્રાહ્મણોના બોલવવાથી સ્વર્ગમાં ગયા. માનસરોવરમાં રહ્યા એટલા દિવસ તો ઈશાન ખૂણાના દેવ રુદ્રે અને લક્ષ્મીએ એની રક્ષા કરી હતી એથી બ્રહ્મહત્યા એનો પરાભવ કરી શકી નહિ ।।૧૭।।

હે ભારત! બ્રહ્મર્ષિઓએ આવીને જેમાં ભગવાનનું આરાધન થાય છે તેવા અશ્વમેધ યજ્ઞની એને વિધિ સહિત દીક્ષા આપી ।।૧૮।।

બ્રહ્મવાદી બ્રાહ્મણોએ કરાવેલા એ અશ્વમેધમાં સર્વ વેદમય પરમાત્માનું ઈન્દ્રે પૂજન કર્યુ. જો કે એ બ્રહ્મહત્યા પાપના ભારે પૂંજરૂપ હતી તો પણ, જેમ સૂર્યથી ઝાકળ ટળી જાય તેમ એ પૂજનથી દેવરાજ ઈન્દ્રનો પાપપુંજ બળીને ભસ્મ થઈ ગયો ।।૧૯-૨૦।।

મરિચિ વગેરે ઋષિઓએ વિધિપૂર્વક અશ્વમેધ યજ્ઞ કરાવ્યો તેથી યજ્ઞના સ્વામી પુરુષ ભગવાનનું પૂજન કરવાને લીધે ઈન્દ્રનું પાપ મટી ગયું અને ફરી એ પૂજનીય થઈ ગયા ।।૨૧।।

હે પરીક્ષિત! આ ઉત્તમ આખ્યાનમાં ઈન્દ્રનો વિજય એમની પાપમાંથી મુક્તિ અને ભગવાનના વહાલા ભક્ત વૃત્રાસુરનું વર્ણન આવ્યું છે. એમાં તીર્થોને પણ તીર્થ બનાવવા સમર્થ ભગવાનના પુષ્ટિ (અનુગ્રહ) આદિ ગુણોનું સંકીર્તન છે. એ બધાં પાપોને ધોઈ નાખે છે અને ભક્તિ વધારે છે ।।૨૨।।

**પઠેયુરાખ્યાનમિદં સદા બુધાઃ શૃણ્વન્ત્યથો પર્વણિ પર્વણીન્દ્રિયમ્ ।।**
**ધન્યં યશસ્યં નિખિલાઘમોચનં રિપુઞ્જયં સ્વસ્ત્યયનં તથાયુષમ્ ।।૨૩।।**

બુદ્ધિમાન પુરુષોએ આ ઈન્દ્ર સમ્બન્ધી આખ્યાનનું સદા સર્વદા પાઠ અને શ્રવણ કરવાં જોઈએ. ખાસ કરીને પર્વો (એકાદશી, અષ્ટમી, પૂર્ણિમા, અમાસ) ના અવસર ઉપર તો અવશ્ય આનું સેવન કરવું જોઈએ એ ધન અને યશ વધારે છે, બધાં પાપોથી છોડાવે છે, શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરાવે છે અને આયુ તથા કલ્યાણની અભિવૃદ્ધિ કરે છે ।।૨૩।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા ધ્યાનપ્રકરણમાં બ્રહ્મહત્યાથી ઈન્દ્રનો મોક્ષ એ નામનો દસમો) ''બ્રહ્મહત્યાથી ઈન્દ્રનો મોક્ષ'' નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૪
# પુત્રના મરણથી ચિત્રકેતુને થયેલો વૈરાગ્ય

**વિશેષ** : ચૌદમાં અધ્યાયમાં ઘણા પરિશ્રમથી પ્રાપ્ત થયેલો પુત્ર તુરત મરી જતાં ચિત્રકેતુ રાજાને ઘણા સ્નેહને લીધે બહુ જ વૈરાગ્ય તથા શોક થયા એ કથા કહેવાશે.

**રજસ્તમઃસ્વભાવસ્ય બ્રહ્મન્ વૃત્રસ્ય પાપ્મનઃ ।।**
**નારાયણે ભગવતિ કથમાસીદ્ દઢા મતિઃ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછ્યું** : હે મહારાજ! પાપી વૃત્રાસુરની બુદ્ધિ તો રજોગુણ અને તમોગુણ રૂપી સ્વભાવવાળી હતી તો એ નારાયણ ભગવાન્‌માં અવિચળ શા માટે થઈ? ।।૧।।

ઘણું કરીને શુદ્ધ સત્ત્વવાળા દેવો અને નિર્મળ અન્તઃકરણવાળા ઋષિઓને પણ ભગવાનના ચરણની ભક્તિ ઉત્પન્ન થતી નથી ।।૨।।

ધરતીઉપર જેટલા રજના કણ છે તેટલા આ સંસારમાં જીવ છે. એ પૈકી કેટલાક મનુષ્યો વગેરે શ્રેષ્ઠ જીવોજ કંઈક ધર્મનું આચરણ કરે છે તેમાં પણ કેટલાક ઉત્તમ દ્વિજો જ મોક્ષની ઈચ્છા રાખે છે. એવી મોક્ષની ઈચ્છા રાખનારાઓ પૈકી હજારોમાં કોઈકજ ગૃહાસક્તિ છોડે છે અને તત્ત્વને જાણે છે ।।૩-૪।।

જીવન્મુક્તિ પામેલા કરોડો સિદ્ધ લોકોમાંથી પણ ભગવાન્‌માં પરાયણ અને શાન્ત અન્તઃકરણવાળા હોય તેવા તો કોઈ માંડ-માંડ મળે ।।૫।।

તો પછી પાપી અને સર્વ લોકોને સન્તાપ આપનાર વૃત્રાસુરની બુદ્ધિ ભયંકર સંગ્રામના સમયમાં પણ ભગવાન્‌માં દઢ શા કારણથી રહી? ।।૬।।

હે મહારાજ! આ વિષયમાં અમને મોટો સંશય છે અને સાંભળવાનો ઉત્સાહ છે કેમકે વૃત્રાસુરે તો યુદ્ધમાં પોતાના પરાક્રમથી ઈન્દ્રને પણ રાજી કર્યો હતો ।।૭।।

**સૂતજીએ કહ્યું** : એ પ્રમાણે શ્રદ્ધાવાળા પરીક્ષિત રાજાનો પ્રશ્ન સાંભળી એમનો સત્કાર કરી શ્રીશુકદેવજી નીચે પ્રમાણેબોલ્યા ।।૮।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે રાજા! વેદવ્યાસ નારદ અને દેવલ ના મુખથી મેં જે ઈતિહાસ સાંભળેલો તે તમે મારી પાસેથી સાવધાન થઈને સાંભળો ।।૯।।

શૂરસેન નામના દેશમાં ચિત્રકેતુ નામે પ્રખ્યાત ચક્રવર્તી રાજા થઈ ગયા. પૃથ્વી એમની સઘળી ઈચ્છાઓને પરિપૂર્ણ કરતી ।।૧૦।।

એ રાજાને એક કરોડ રાણીઓ હતી. રાજા પોતે શરીરાદિથી સન્તાન ઉત્પન્ન કરવા સમર્થ હતા છતાં એમને કાંઈ સન્તાન થયું નહિ ।।૧૧।।

એ રૂપ, ઉદારતા, યુવાવસ્થા, કુલીનતા, વિદ્યા, ઐશ્વર્ય અને લક્ષ્મી વગેરે સર્વ ગુણોથી સમ્પન્ન હતા તો પણ સ્ત્રીઓ સન્તાન વગરની હતી તેથી એને ચિન્તા ઉત્પન્ન થઈ ।।૧૨।।

એ ચક્રવર્તીને સઘળી સમ્પત્તિઓ, સુન્દર સ્ત્રીઓ તથા પૃથ્વી થી કાંઈ પણ આનન્દ મળતો ન હતો ।।૧૩।।

એક દિવસ અંગિરા ઋષિ લોકોમાં ફરતા ભગવદ્ ઈચ્છાથી એના મહેલમાં આવી ચડ્યા ।।૧૪।।

એ રાજાએ સામે ઊભા થઈ વિધિપૂર્વક પૂજા કરી એમનો સત્કાર અને આતિથ્ય કર્યા અને પછી એમને યોગ્ય આસને બેસાડીને પોતે સાવધાન ચિત્તથી એમની સામે બેઠો ।।૧૫।।

પાસે ધરતી ઉપર બેઠેલા અને વિનયથી વિનમ્ર થયેલા એ રાજાનો આદર કરી અંગિરા ઋષિએ એને આ પ્રમાણે સમ્બોધન કર્યું ।।૧૬।।

**અંગિરા ઋષિએ કહ્યું :** રાજા! તમે તમારી પ્રકૃતિઓ–ગુરુ, મન્ત્રી, રાષ્ટ્ર, કિલ્લા, ખજાનો, સેના અને મિત્રો સાથે કુશલ તો છો ને? જેવી રીતે જીવ મહત્તત્વાદિ સાત આવરણોથી રક્ષિત છે તેમ રાજા પણ આ સાત પ્રકૃતિઓથી ઘેરાયેલા રહે છે એમની કુશળમાં જ રાજાનું કુશળ છે ।।૧૭।।

જેમ રાજાનું સુખ ઉપરની સાત પ્રકૃતિને અધીન છે તેમ પ્રકૃતિઓનું સુખ પણ રાજાને અધીન છે ।।૧૮।।

તમારી રાણીઓ, પ્રજા, મન્ત્રીઓ, નોકરો, વેપારીઓ, સલાહકારો, શહેરીઓ, ગ્રામ જનતા, તાબાના રાજાઓ અને પુત્રો તમારી ઈચ્છા પ્રમાણે ચાલે છે ને? ।।૧૯।।

સાચી વાત તો એ છે કે જેનું મન સ્વાધીન હોય તેને ઉપર કહેલાં સર્વે વશ રહે છે; એટલુંજ નહિ પણ સઘળા લોકો અને લોકપાળો પણ ઘણી સાવધાનીથી કર આપ્યા કરે છે ।।૨૦।।

પણ હું જોઈ શકું છું કે તમે સ્વયં સન્તુષ્ટ નથી. તમારી કોઈ કામના અપૂર્ણ છે. તમારું મુખ કોઈ આન્તરિક ચિન્તાથી મલિન દેખાય છે. તમારા આ અસન્તોષનું

કારણ કોઈ બીજું છે કે તમે પોતે જ? ।।૨૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જો કે અંગિરા ઋષિ પોતે સર્વજ્ઞ છે તો પણ જ્યારે એમણે એ પ્રમાણે પૂછ્યું ત્યારે વિનયથી નમ્રપણે સન્તાનની ઇચ્છાવાળા રાજાએ એમને આ પ્રમાણે કહ્યું ।।૨૨।।

**ચિત્રકેતુ રાજાએ કહ્યું :** હે મહારાજ! જે યોગીઓ તપ, જ્ઞાન અને સમાધિથી પાપરહિત થયેલા હોય તેમને પ્રાણીઓનાં મનને અને બહારની શી વાત અજાણી હોય? ।।૨૩।।

હે બ્રહ્મન્! તો પણ મારા મનમાં શી વાત છે એવું આપ મને પૂછો છો તેથી આપની આજ્ઞા અને પ્રેરણાથી નિવેદન કરું છું ।।૨૪।।

જો કે મારે ચક્રવર્તી રાજ્યનું ઐશ્વર્ય અને સમ્પત્તિઓ એવી છે કે લોકપાળ દેવો પણ એની ઇચ્છા કરે તો પણ સન્તાન ન હોવાથી જેમ કોઈ ભૂખ્યા અને તરસ્યા માણસને ચન્દનાદિ અન્ય પદાર્થોથી આનન્દ થાય નહિ. તેમ મને પણ એ ઐશ્વર્ય વગેરેથી આનન્દ મળતો નથી ।।૨૫।।

હું તો દુઃખી છું જ, પિંડદાન ન મળવાની આશંકાથી મારા પિતર પણ દુઃખી થઈ રહ્યા છે. તો આપ મને સન્તાનનું દાન કરી પરલોકમાં મળનારા ઘોર નરકથી બચાવો અને એવી વ્યવસ્થા કરવાની કૃપા કરો કે મારા લોક-પરલોક સુધરી જાય ।।૨૬।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** રાજાએ એ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે દયાળુ, સમર્થ અને બ્રહ્મપુત્ર અંગિરા મુનિએ ત્વષ્ટા દેવોનો ચરુ તૈયાર કરી એનાથી ત્વષ્ટા દેવનું પૂજન કર્યુ ।।૨૭।।

પછી રાજાની સઘળી રાણીઓમાં સૌથી મોટી અને શ્રેષ્ઠ કૃતિદ્યુતિ નામની પટરાણીને એ પૂજનમાંથી અવશેષ પ્રસાદ લેવડાવ્યો ।।૨૮।।

એમણે રાજાને કહ્યુ કે ''હે રાજા! આથી તને પુત્ર થશે તે તને હર્ષ તથા શોક બન્ને આપશે''. આટલું કહી બ્રહ્માના પુત્ર અંગિરા ત્યાંથી ચાલ્યા ગયા ।।૨૯।।

પછી કૃતદ્યુતિ રાણીને એ યજ્ઞનો અવશેષ પ્રસાદ ખાવાના પ્રભાવને લીધે ચિત્રકેતુ રાજાથી, કૃત્તિકાને જેમ અગ્નિથી ગર્ભ રહ્યો હતો તેમ તુરત જ ગર્ભ રહ્યો ।।૩૦।।

હે રાજા! શૂરસેન દેશના સ્વામી ચિત્રકેતુના વીર્યથી રહેલો એ કૃતદ્યુતિનો ગર્ભ શુકલપક્ષના ચન્દ્રમાની પેઠે ધીરે-ધીરે રોજ-રોજ વધવા લાગ્યો ।।૩૧।।

સમય આવ્યો ત્યારે કુંવરનો જન્મ થયો. એ સાંભળી શૂરસેન દેશના લોકોને

અત્યન્ત આનન્દ થયો ।।૩૨।।

રાજી થયેલા રાજાએ સ્નાન કરી, પવિત્ર થઈ, વસ્ત્રાભૂષણો ધારણ કરી બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન સહિત જાતકર્મ સંસ્કાર કરાવ્યો ।।૩૩।।

રાજાએ એ બ્રાહ્મણોને સોનું, રૂપું, વસ્ત્ર આભૂષણ, ગામ, ઘોડા, હાથી અને સાઠ કરોડ ગાયો દાનમાં આપ્યાં ।।૩૪।।

કુમારનાં ધન, યશ અને આયુષ્ય ની વૃદ્ધિને માટે ઉદાર મનના રાજાએ મેઘની પેઠે બીજા લોકોને પણ મનગમતી વસ્તુનું દાન કર્યુ ।।૩૫।।

નિર્ધન માણસને માંડ-માંડ ધન મળવાથી એને એમાં જેવો સ્નેહ વધે તેમ એ રાજાએ પણ મહામહેનતે મળેલ કુંવર ઉપર રોજને રોજ સ્નેહ વધવા લાગ્યો ।।૩૬।।

કૃતદ્યુતિ માતાને પણ પુત્રમાં મોહ ઉત્પન્ન કરે તેવી જાતનો ભારે સ્નેહ હતો પણ એની શોક્યોને સન્તાનની ઈચ્છાથી ભારે સન્તાપ થયો ।।૩૭।।

રોજ બાળકને રમાડતા ચિત્રકેતુ રાજાને એ દીકરાની મા કૃતદ્યુતિ ઉપર જેવો સ્નેહ હતો તેવો બીજી રાણીઓ ઉપર રહ્યો નહિ ।।૩૮।।

આમ એક તો તે રાણીઓ સંતાન ન હોવાથી દુઃખી હતીજ તેમાં વળી રાજા ચિત્રકેતુ તેમનો અનાદર કરવા લાગ્યા. તેથી ઈર્ષાથી પોતાની જાતને ધિક્કારવા લાગી અને મનમાં બળવાલાગી ।।૩૯।।

''અહો! સારી પ્રજાવાળી શોક્યો આપણો દાસીની માફક તિરસ્કાર કરે છે તથા સન્તાન ન થવાથી ઘરમાં પતિની અણમાનીતી થયેલી છીએ, અમો પાપણી સ્ત્રીઓને ધિક્કાર હો? ।।૪૦।।

સ્વામીઓની સેવાથી હંમેશાં માન મેળવનારી દાસીઓને પણ સન્તાપ હોતો નથી, પરન્તુ આપણે તો દાસીની-દાસીઓની પેઠે ભાગ્યરહિત થઈ છીએ'' ।।૪૧।।

હે પરીક્ષિત! એ પ્રમાણે તે રાણીઓ પોતાની શોકની ગોદ ભરેલી જોઈને બળતી રહેતી હતી અને રાજા પણ તેમનામાં રસ લેતા બંધ થઈ ગયા તેથી તેમના મનમાં કૃતદ્યુતિના પ્રત્યે દ્વેષનો ભડકો થયો ।।૪૨।।

દ્વેષને લીધે એઓની બુદ્ધિ નાશ પામી અને ક્રૂરતાએ તેમના ચિત્તનો કબજો કરી લીધો. રાજા પ્રત્યે અસહનશીલવૃત્તિને લીધે તેમણે બાલુડા કુંવરને ઝેર દઈ દીધું ।।૪૩।।

મહારાણી કૃતદ્યુતિને શોકોના આ ઘોર પાપમય કરતૂતની બિલકુલ જાણ નહોતી.

દૂરથી કુંવરને જોઈ તેણે તો એમ જ માન્યું કે તે સૂઈ રહ્યો છે. એથી એ તો મહેલમાં આમ-તેમ ફરતી હતી ।।૪૪।।

બુદ્ધિમાન રાણીએ જોયું કે કુંવર ક્યારનોય સૂઈ રહ્યો છે ત્યારે ધાવને કહ્યું કે કલ્યાણી! પુત્રને લાવ ।।૪૫।।

ધાવે સૂતેલા બાળકની પાસે જઈને જોયું કે એની આંખની પૂતળીઓ ઊલટી થઈ ગઈ છે, પ્રાણ, ઇન્દ્રિય અને જીવાત્મા એ પણ તેના શરીરમાંથી વિદાય લઈ લીધી છે. એ જોતાં જ ''હાય હાય, હું મરી ગઈ'' આ પ્રમાણે ચીસ પાડી ધરતી ઉપર પછડાઈ પડી ।।૪૬।।

એ ધાવને બહુ જ છાતી કૂટતી અને અત્યન્ત આર્ત સ્વરોથી આક્રન્દ કરતી સાંભળીને કૃતદ્યુતિ રાણી ઉતાવળી-ઉતાવળી કુંવર પાસે ગઈ તો ત્યાં એને અકસ્માત મરી ગયેલો જોયો ।।૪૭।।

શોક વધી જતાં એ મૂર્છિત થઈ ધરતી પર પડી ગઈ અને એનાં કેશ તથા લૂંગડાં અસ્ત-વ્યસ્ત થઈ ગયાં એની પણ એને ખબર રહી નહિ ।।૪૮।।

ધાવનું રુદન સાંભળીને રાજાના અન્તઃપુરમાં રહેનારાં લોકો સ્ત્રીઓ અને પુરુષો ત્યાં આવી પહોચ્યાં અને દુઃખથી રોવા લાગ્યાં; અપરાધ કરનારી એ શોક્યો પણ ખોટું-ખોટું રોવાનો ઢોંગ કરવા લાગી ।।૪૯।।

જ્યારે રાજા ચિત્રકેતુને ખબર પડ્યા કે મારા પુત્રનું અકારણ જ મૃત્યુ થઈ ગયું છે ત્યારે અત્યન્ત પ્રેમના આવેગને લીધે તેને આંખે અંધારા આવી ગયાં. ધીરે-ધીરે મન્ત્રીઓ અને બ્રાહ્મણો સાથે માર્ગમાં પડતા-આખડતા મૃત બાલકની પાસે પહોચ્યા અને મૂર્છા ખાઈને એના પગ આગળ ઢળી પડ્યાં. એનાં વસ્ત્રો તથા કેશ આમ-તેમ વિખરાઈ ગયાં. શ્વાસની તો ધમણ ચાલવા લાગી. આંસુના ઊભરાથી ગળું રૂંધાઈ ગયું અને તે કંઈ પણ બોલી શક્યા નહિ ।।૫૦-૫૧।।

એકનો એક દીકરો મરી ગયેલો જોઈ તથા પતિને ઘણા જ શોકથી વ્યાપ્ત થયેલો જોઈ રાણી કૃતદ્યુતિ વિચિત્ર વિલાપ કરવા લાગી. એનું આ દુઃખ જોઈ મન્ત્રી વગેરે બધા હાજર રહેલાં માણસો શોકગ્રસ્ત થઈ ગયાં ।।૫૨।।

મહારાણીનાં નેત્રોમાંથી એટલા આંસુ વહી રહ્યા હતાં કે તે તેની આંખોનું અંજન લઈ કેસર અને ચન્દનથી ચર્ચિત વક્ષઃસ્થલને ભીંજવવા લાગ્યા એ ચોટલામાંથી ફૂલની માળાઓ ખસી ગઈ હતી તેવા ચોટલાને છૂટો મૂકી એ ટિટોડીની પેઠે ઊંચે સાદે

અનેક પ્રકારે શોક કરવા લાગી ।।૫૩।।

તે કહેવા લાગી:''અરે વિધાતા! ખરેખર તું મહાન મૂર્ખ છો જે પોતાની સૃષ્ટિની વિરુદ્ધ ચેષ્ટા કરે છે. ઘણી નવાઈની વાત છે કે ઘરડાં બૂઢાં તો બેઠા રહે અને બાળક મરી જાય. જો તારા સ્વભાવમાં આવું વિપરીતપણું હોય તો-તો તું જીવોનો અમર શત્રુ છે ।।૫૪।।

જો સંસારમાં પ્રાણીઓનાં જીવન-મરણમાં કોઈ ક્રમ ન રહે તો તેઓ પોતાના પ્રારબ્ધ પ્રમાણે જન્મશે અને મરશે. પછી તારી જરૂર જ શી છે? તે સગા સમ્બન્ધીઓમાં સ્નેહનું બન્ધન તો એટલા માટે ઉત્પન્ન કર્યું છે કે તેઓ મારી સૃષ્ટિનો વધારો કરે? પરન્તુ આ પ્રમાણે બાળકોને મારી નાખીને પોતાના હાથે જ તું તે કાપી રહ્યો છે'' ।।૫૫।।

પછી તે પોતાના મૃત પુત્ર તરફ જોઈ કહેવા લાગી ''બેટા! હું તારા વિના અનાથ અને દીન થઈ રહી છું. મને છોડી આ પ્રમાણે તું ચાલ્યો જાય એ યોગ્ય નથી. જરા આંખો ખોલી જો તો ખરો તારા પિતાજી તારા વિયોગમાં કેવા શોકથી તપી રહ્યા છે. બેટા! જે ઘોર નરકને સન્તાનહીન પુરુષ ઘણી મુશ્કેલીથી તરી શકે છે તેને અમે તારી સહાયથી સહેલાઈથી જ પાર કરી લઈશું. અરે લાલ! તું આ યમરાજાની સાથે દૂર ન જા. એ તો બહુ જ કઠણ કાળજાનો છે ।।૫૬।।

મારા લાડલા લાલ! તું ઊભો થા. હે રાજકુમાર! આ મિત્રો તને રમવાને બોલાવે છે. તું ઘણીવારથી સૂતો છે તેથી તને ભૂખ લાગી હશે માટે સ્તનપાન કર અને અમારા શોકને દૂર કર ।।૫૭।।

હે પુત્ર! પ્રસન્ન નેત્રવાળું તથા સુન્દર ભોળા હાસ્યવાળું તારું મુખ હું જોતી નથી તેથી મારું મંગળ નાશ પામ્યું છે એમ હું સમજું છું. હાય-હાય હજુ પણ મને તારી મધુરી તોતડી બોલી સંભળાતી નથી. શું ખરેખર નિષ્ઠુર યમરાજા તને એ પરલોકમાં લઈ ગયા કે જ્યાંથી કોઈ પાછું આવતું જ નથી? ।।૫૮।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એ પ્રમાણે વિચિત્ર વિલાપવડે મરેલા પુત્ર પાસે આક્રન્દ કરતી પોતાની રાણીને જોઈ ચિત્રકેતુ રાજા અત્યન્ત સન્તાપ કરતો મુક્ત કંઠે રોવા લાગ્યો ।।૫૯।।

એમ રાજા-રાણીને વિલાપ કરતાં જોઈને એનાં દાસ-દાસીઓ વગેરે બધાં સ્ત્રી-પુરુષો પણ દુઃખી થઈ રોવા લાગ્યાં અને બધું જડવત્ બની ગયું ।।૬૦।।

**એવં કશ્મલમાપન્નં નષ્ટસંજ્ઞમનાયકમ્।**
**જ્ઞાત્વાઙ્ગિરા નામ મુનિરાજગામ સનારદઃ ।।૬૧।।**

હે રાજા! મહર્ષિ અઙ્ગિરા અને દેવર્ષિ નારદજીએ જોયું કે રાજા ચિત્રકેતુ પુત્ર શોકને લીધે ચેતના વગરના થઈ રહ્યા છે ત્યાં સુધી કે એમને સમજાવવાવાળું પણ કોઈ નથી ત્યારે તે બન્ને ત્યાં આવ્યા ।।૬૧।।

**ઇતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા ધ્યાન પ્રકરણનો ચિત્રકેતુના આખ્યાનરૂપ અગિયારમો) ''પુત્રના મરણથી ચિત્રકેતુને થયેલો વૈરાગ્ય'' નામનો ચૌદમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આપણે પુષ્ટિભક્તિને લજાવીએ છીએ જો્દ**
અન્યના સેવ્યસ્વરૂપના સેવા-મનોરથોમાટે ભેટ-સામગ્રી આપીએ છીએ
(હવેલી-મન્દિર વગેરેમાંથી)દેવદ્રવ્યનો પ્રસાદ લઈએ છીએ
પ્રભુસેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી સ્વીકારીએ છીએ

## અધ્યાય ૧૫

## પુત્રશોકવાળા ચિત્રકેતુને નારદ-અઙ્ગિરાએ સમજાવેલું તત્ત્વ

**વિશેષ :** આ પંદરમાં અધ્યાયમાં અઙ્ગિરાની સાથે નારદ મુનિ ત્યાં આવી ચિત્રકેતુ રાજાને તત્ત્વોપદેશવડે શોકમુક્ત કરે છે એ વાત આવશે.

**ઊચતુર્મૃતકોપાન્તે પતિતં મૃતકોપમમ્।**
**શોકાભિભૂતં રાજાનં બોધયન્તૌ સદુક્તિભિઃ ।।૧।।**

**શુકદેવજીએ કહ્યું :** મરેલા પુત્રની પાસે શોકથી ખિન્ન અને મૃત્યુ પરાયણ જેવા થઈ ગયેલા રાજાને સુન્દર દાખલા દલીલોથી બોધ કરતા મુનિ કહેવા લાગ્યા ।।૧।।

''હે રાજન્! જેનો તમે શોક કરો છો તે આ જન્મમાં અને પહેલાંના જન્મમાં તમારે શું થાય? કઈ સૃષ્ટિમાં તમે એના કેવી જાતના સમ્બન્ધમાં હતા અને હાલ છો? હવે પછી તમારો અને એનો શો સમ્બન્ધ રહેશે? ।।૨।।

જેમ જલપ્રવાહના સમ્બન્ધથી રેતીના કણ ભેગા થાય અને છૂટા પડે તેમ કાલપ્રવાહમાં પ્રાણીઓના સંયોગ-વિયોગ થતા રહે છે ।।૩।।

જેમ ધાન્ય પૃથ્વીમાં પડે તો એમાંથી અંકુરદ્વારા બીજ થાય છે કદાચ બીજ થતું પણ નથી તેમ ઈશ્વરની માયાવડે પ્રાણીઓથી અન્ય પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને નષ્ટ થઈ જાય છે ।।૪।।

અમે, તમે અને બીજાઓ જન્મ પહેલાં નહોતા અને મરણ પછી નહિ રહીએ તેમ જો વર્તમાનમાં પણ ન રહીએ તો એનો શોક શો કરવો? ।।૫।।

ભગવાન્ જ બધાં પ્રાણીઓના અધિપતિ છે. એમનામાં જન્મ-મૃત્યુ વગેરે વિકાર બિલકુલ હોતા નથી. એમને નથી કોઈની ઇચ્છા કે નથી અપેક્ષા. જેવી રીતે બાળકો ઘર, રમકડાં બનાવી-બનાવીને બગાડતાં હોય છે તેમ ભગવાન્ પોતે જ પરતન્ત્ર પ્રાણીઓની સૃષ્ટિ કરી લે છે અને એમનીદ્વારા બીજા પ્રાણીઓની રચના, પાલન અને સંહાર કરે છે ।।૬।।

હે રાજા! જેવી રીતે એક બીજથી બીજું બીજ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે પિતાના દેહદ્વારા માતાના દેહથી પુત્રનો દેહ ઉત્પન્ન થાય છે. પિતા-માતા અને પુત્ર જીવના રૂપમાં દેહી છે અને બાહ્ય દૃષ્ટિથી માત્ર શરીર. એમાં દેહી જીવ ઘટ આદિ કાર્યોમાં પૃથ્વીની જેમ નિત્ય છે ।।૭।।

જેવી રીતે એક જ માટીરૂપ વસ્તુમાં ઘટત્વ વગેરે જાતિ અને ઘટ વગેરે વ્યક્તિઓનો વિભાગ કેવલ કલ્પના માત્ર છે તેમજ આ દેહી અને દેહનો વિભાગ પણ અનાદિ અને અવિદ્યા-કલ્પિત છે. અનિત્ય હોવાને લીધે શરીર અસત્ય છે અને શરીર અસત્ય હોવાને લીધે તેના જુદા-જુદા અભિમાની પણ અસત્ય છે. ત્રિકાલાબાધિત સત્ય તો એક માત્ર ભગવાન્ જ છે. તેથી શોક કરવો કોઈ પ્રકારે યોગ્ય નથી ।।૮।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એ પ્રમાણે દેવર્ષિ નારદજી તથા મહર્ષિ અંગિરાનાં વચન સાંભળી રાજાને કાંઈક આશ્વાસન મળતાં એણે પોતાના હાથવડે આન્તર ચિન્તાથી કરમાઈ ગયેલું પોતાનું મુખ લૂછ્યું અને મુનિને કહેવા લાગ્યા ।।૯।।

''મોટામાં મોટા અને જ્ઞાનની સમ્પત્તિવાળા આપ કોણ છો? આપનો વેશ અવધૂત જેવો છે. આપ કોઈ ગુપ્ત વેશથી પધાર્યા હો એમ જણાય છે ।।૧૦।।

હું જાણું છું કે મારા જેવા વિષયાસક્ત જીવોને બોધ આપવાને માટે ગાંડાના જેવો વેશ ધારણ કરી ભગવાનના પ્રિય ભક્ત બ્રાહ્મણો પૃથ્વીમાં ફર્યા કરે છે ।।૧૧।।

સનકાદિ કુમાર, નારદ, ઋભુ, અંગિરા, દેવલ, અસિત, અપાન્તરતમ વ્યાસ, માર્કણ્ડેય, ગૌતમ, વસિષ્ઠ, ભગવાન્ પરશુરામ, કપિલ દેવ, શુકદેવજી, દુર્વાસા,

યાજ્ઞવલ્ક્ય, જાતૂકર્ણ્ય, આરુણિ, રોમશ, ચ્યવન, દત્તાત્રેય, આસુરિ, પતંજલિ, વેદશિરા, બોધ્ય મુનિ, પંચશિરા, હિરણ્યનાભ, કૌસલ્ય, શ્રુતદેવ, ઋતધ્વજ અને બીજા સિદ્ધેશ્વરો જ્ઞાન આપવામાટે પૃથ્વીપર ફર્યા કરેછે ।।૧૨-૧૫।।

માટે હે પ્રભુ! ગ્રામ્ય પશુતુલ્ય અને મૂઢ બુદ્ધિવાળા તેમજ અન્ધતમમાં બુડેલા એવા મને આપ જ્ઞાનરૂપી દીવો બતાવો ।।૧૬।।

**અંગિરા મુનિ બોલ્યા :** હે રાજન્! જ્યારે પ્રથમ તમને પુત્રની ઇચ્છા થઈ ત્યારે પુત્રને આપનાર એ અંગિરા તે હું છું. આ સાક્ષાત્ બ્રહ્માના પુત્ર નારદ ઋષિ છે ।।૧૭।।

જ્યારે તમને પુત્રશોકથી દુસ્તર તપમાં ડૂબેલા જોયા ત્યારે ભગવાનના ભક્ત હોવાથી તમે આવો શોક કરવાને યોગ્ય નથી એમ જાણી તમારા ઉપર અનુગ્રહ કરવાને અહીં આવ્યા છીએ. તમે બ્રહ્મણ્ય અને ભગવદ્ભક્ત છો માટે તમારી આવી સ્થિતિ ન જ હોવી જોઈએ ।।૧૮-૧૯।।

પ્રથમ હું તમારી પાસે તમને જ્ઞાન આપવા જ આવેલો પણ એ વખતે તમારો અન્ય અભિનિવેશ હોવાથી મેં તમને જ્ઞાન ન આપતાં પુત્ર જ આપ્યો ।।૨૦।।

પુત્રવાળાને જે દુઃખ થાય છે તેનો અનુભવ હવે તમને થયો. આવી જ રીતે સ્ત્રી, ઘર, લક્ષ્મી અને નાના પ્રકારની સમ્પત્તિ પણ તાપક છે, સુખદ નથી એમ જાણો. શબ્દાદિ વિષયો અને રાજ્યવૈભવ પણ ચલ છે; તેમજ હે શૂરસેન! પૃથ્વી, રાજ્ય, સેના, ખજાનો, ચાકરો, કારભારીઓ, સગાં-વહાલાં અને મિત્રો સર્વ; શોક, મોહ, ભય અને આર્તિ ને આપનાર છે. એ સર્વ ગન્ધર્વનગર જેવાં સ્વપનવત્ છે; ન હોવા છતાં દેખાય છે. એ કેવળ મનોમાત્ર છે. કર્મનું ધ્યાન કરતાં નાના પ્રકારનાં કર્મ થાય છે તેવા એ છે. જીવને આ દેહ જે પ્રાપ્ત થાય છે તે દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાત્મક છે. એમાં અહમ્ભાવ થતાં જીવને નાના પ્રકારના સન્તાપનું એ કારણ થાય છે. તેથી મનને સ્થિર કરી આત્માની ગતિનો વિચાર કરી દ્વૈતભાવમાં તમને જે નિશ્ચય થયો છે તે છોડીને શાન્તિનો આશ્રયકરો ।।૨૧-૨૬।।

**નારદજીએ કહ્યું :** તમને હું મન્ત્રોપનિષદ્ આપું છું તેને તમે ધારણ કરશો તો સાત રાતમાં સંકર્ષણ પ્રભુનું તમને દર્શન થશે ।।૨૭।।

**યત્પાદમૂલમુપસૃત્ય નરેન્દ્ર પૂર્વે શર્વાદયો ભ્રમમિમં દ્વિતયં વિસૃજ્ય।**
**સદ્યસ્તદીયમતુલાનધિકં મહિત્વં પ્રાપુર્ભવાનપિ પરં નચિરાદુપૈતિ ।।૨૮।।**

નરેન્દ્ર! પ્રાચીન કાલમાં ભગવાન્ શંકર આદિએ શ્રીસંકર્ષણ દેવના જ ચરણકમલનો આશ્રય લીધો હતો. એથી એમણે દ્વૈતભ્રમનો પરિત્યાગ કરી દીધો અને એવા મહિમાને તેઓ પ્રાપ્ત થયા કે તેનાથી વધારે મહાન તો કોઈ છે જ નહિ તેની સમાન પણ કોઈ નથી. તમે પણ બહુ જ જલદી ભગવાનના એ પરમપદને પ્રાપ્ત કરી લેશો ।।૨૮।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા ધ્યાનપ્રકરણમાં ચિત્રકેતુના આખ્યાનરૂપ બારમો) 'પુત્ર શોકવાળા ચિત્રકેતુને નારદ અંગિરાએ સમજાવેલું તત્ત્વ'' નામનો પંદરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**તમારું વાંચન ક્યાંક એકડા વગરના મીંડા જેવું તો નથી!**
સત્સંગ-મંડળમાં હોય, ભગવદ્વાર્તામાં હોય કે વ્યક્તિગત હોય
ષોડશગ્રન્થ વિનાનું વાંચન એકડા વગરના મીંડા સમાન જાણવું

## અધ્યાય ૧૬

## નારદજીએ ચિત્રકેતુને સંકર્ષણ વિદ્યાનો ઉપદેશ કર્યો

**વિશેષ** : બાળકને જીવતો કરી એના મુખથી બોલાવી રાજાને શોકમુક્ત કર્યો અને પછી નારદજીએ શેષજીને પ્રસન્ન કરનારી વિદ્યાનો ચિત્રકેતુને ઉપદેશ આપ્યો એ વાત સોળમાં અધ્યાયમાં આવે છે.

**અથ દેવઋષી રાજન્ સમ્પરેતં નૃપાત્મજમ્ ।।**
**દર્શયિત્વેતિ હોવાચ જ્ઞાતીનામનુશોચતામ્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : પરીક્ષિત! પછી દેવર્ષિ નારદજીએ મરેલા રાજકુમારના જીવાત્માને શોકથી આકુલ સ્વજનોની સામે પ્રત્યક્ષ બોલાવી કહ્યું ।।૧।।

**નારદજી બોલ્યા** : ''હે જીવાત્મા! તારું કલ્યાણ હો. આ તારાં માતા-પિતા, સુહૃદો, બાંધવો વગેરે તારા અકાળ મરણના શોકથી અત્યન્ત દુઃખી થઈ રહ્યાં છે; માટે તું પાછો તારા શરીરમાં આવ અને તારું બાકી રહેલું આયુષ્ય હોય તે તારા સુહૃદોની સાથે રહીને ભોગવ. તારા પિતાએ આપેલા ભોગો ભોગવ અને રાજ્યાસન ઉપર આરોહણ કરીને માતા-પિતાને સુખ આપ'' ।।૨-૩।।

**જીવ કહેવા લાગ્યો :** ''કયા જન્મમાં આ મારાં માતા-પિતા હતાં? હું તો મારાં કર્મોવડે દેવ, મનુષ્ય અને પશુયોનિમાં કેટલાય વખતથી ફરું છું. બન્ધુ, જ્ઞાતિ, શત્રુ, મધ્યસ્થ, મિત્ર, ઉદાસીન અને દ્વેષી આ ભાવો સર્વ પ્રાણીમાં ક્રમે કરીને થયા કરે છે. જેમ ખરીદ-વેચાણના સુવર્ણાદિ પદાર્થો એક પાસેથી બીજા પાસે જાય છે તેમ માણસોનો જીવ પણ પોતાની વાસના પ્રમાણે અનેક પ્રકારની યોનિમાં ફરે છે ।।૪-૬।।

આ પ્રમાણે વિચાર કરવાથી સમજાય છે કે માણસ કરતાં વધારે વખત રહેનારી વસ્તુઓ સુવર્ણ, મકાન વગેરેનો સમ્બન્ધ પણ મનુષ્યો સાથે સ્થાયી-કાયમી નહિ, ક્ષણિક જ હોય છે અને જ્યાં સુધી જેનો સમ્બન્ધ જેની સાથે રહે ત્યાં સુધી તેની તે વસ્તુમાં મમતા રહે છે ।।૭।।

જીવ નિત્ય અને અહંકાર રહિત છે. તે ગર્ભમાં આવી જ્યાં સુધી જે શરીરમાં રહે છે ત્યાં સુધી તે શરીરને પોતાનું સમજે છે ।।૮।।

ત્યાં સુધી એને પિતા પુત્ર આદિક ભાવ હતા તે દેહ-સમ્બન્ધ છૂટ્યા પછી પિતા કોણ અને પુત્ર કોણ? તેથી શોક કરવો અસ્થાને છે. આ જીવ ઈશ્વરનો અંશ છે. ઈશ્વર નિત્ય, અવ્યય, સૂક્ષ્મ (જન્માદિ રહિત), સર્વનો આશ્રય અને સર્વને જોનાર સમર્થ પ્રભુ છે. એ પોતાની સર્વભવન માયાવડે ગુણે કરીને આ વિશ્વને સરજે છે ।।૯।।

એને કોઈ પ્રિય કે અપ્રિય નથી, પોતાનો કે પારકો એવો ભેદ નથી. એ એક હોવા છતાં સર્વની બુદ્ધિનો અને કર્તાના ગુણદોષનો દ્રષ્ટા છે. એ સર્વનો આત્મા હોવાથી કોઈના ગુણદોષ કે ક્રિયાના ફળને ગ્રહણ કરતો નથી પણ ઉદાસીનની પેઠે રહેતો છતાં પર અને અવર ને કારણ કાર્યત્મક જગતને જોનાર ઈશ્વર છે'' ।।૧૦-૧૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એટલું બોલી જીવ ચાલતો થયો ત્યારે સાંભળનાર એનાં સગા-સંબંધી વિસ્મય પામ્યા અને એની સાથેના સ્નેહરૂપી બંધનને છોડી એના મૃત્યુના શોકથી મુકતથયાં ।।૧૨।।

પછી જાતિવાળાઓએ એ બાલકના દેહને સંસ્કાર કર્યો અને જે કાંઈ ઉત્તરક્રિયા કરવી ઘટે તે કરીને શોક, મોહ, ભય અને દુઃખ ને આપનાર દુસ્ત્યજ સ્નેહને છોડીને દુઃખથી મુક્ત થયાં ।।૧૩।।

હે પરીક્ષિત! જે રાણીઓએ બાલકને ઝેર આપ્યું હતું તે બાલહત્યાને લીધે

શ્રીહીન થઈ ગઈ હતી અને શરમની મારી આંખ પણ ઊંચી કરી શકતી નહોતી. અંગિરા ઋષિના ઉપદેશને યાદ કરી (ઈર્ષ્યા છોડી દઈ) યમુનાજીના તટ પર બ્રાહ્મણોના કહેવા પ્રમાણે બાલહત્યાનું તેમણે પ્રાયશ્ચિત કર્યું ।।૧૪।।

જેમ તળાવનાં કીચડમાં ખૂંપી ગયેલો હાથી બહારનાં માણસોના પ્રયત્નથી એમાથી નીકળી આવે તેમ ચિત્રકેતુ રાજા શોકસાગરમાં ડૂબી ગયા હતા તે નારદજીના ઉપદેશથી આત્મબોધ થતાં એમાંથી એટલે ગૃહસ્થાશ્રમરૂપ અન્ધકૂપમાંથી બહાર નીકળીઆવ્યા ।।૧૫।।

પછી એમણે કાલિન્દીમાં વિધિપૂર્વક સ્નાન કર્યુ અને પવિત્ર જળવડે તર્પણાદિ કરી, મૌનવડે પ્રાણાયામાદિ કરી શુદ્ધ થયા અને બ્રહ્માના પુત્રોની વન્દના કરી ।।૧૬।।

ભગવાન્ નારદજીએ જોયું કે ચિત્રકેતુ જિતેન્દ્રિય, ભગવદ્ભક્ત અને શરણાગત છે. તેથી બહુ પ્રસન્ન થઈ તેને નારદજીએ આ વિદ્યાનો ઉપદેશ કર્યો ।।૧૭।।

''ભગવાન્ વાસુદેવ! આપને મારા નમસ્કાર હો. પ્રદ્યુમ્નરૂપ અનિરુદ્ધરૂપ અને સંકર્ષણરૂપ આપને મારા નમસ્કાર હો ।।૧૮।।

વિજ્ઞાનમાત્ર આપ છો, આપ પરમાનન્દ મૂર્તિ છો, આત્મારામ છો, શાન્ત છો, જેનો દ્વૈતભાવ લુપ્ત થયો છે તેવા આપ છો. આપને મારા નમસ્કાર હો ।।૧૯।।

પોતાના સ્વરૂપભૂત આનન્દની અનુભૂતિથી જ આપે માયા જનિત ઊર્મિઓ (શોક, મોહ, જરા, મૃત્યુ, ક્ષુધા અને પિપાસા) નો તિરસ્કાર કરી દીધો છે. હું આપને પ્રણામ કરું છું. આપ બધાની ઈન્દ્રિયોના પ્રેરક, પરમ મહાન અને વિરાટ્સ્વરૂપ છો. હું આપને નમસ્કાર કરું છું ।।૨૦।।

વાણી જ્યાં નહિ પહોંચતાં વિરામ પામી જાય છે, મન પણ જેને મળ્યા વગર પાછું ફરે છે એ ઉપરત થઈ જતા નામ કે રૂપરહિત કેવળ ચૈતન્યઘન છે અને કાર્ય કારણથી જે પર છે તે અમારા રક્ષક હો ।।૨૧।।

આ કાર્યકારણરૂપ જગત્ જેમાંથી ઉત્પન્ન થાય છે, જેમાં રહેલું છે અને જેમાં લય પામે છે તથા જે માટીની વસ્તુઓમાં વ્યાપ્ત માટીની જેમ બધામાં ઓતપ્રોત છે તે પરબ્રહ્મસ્વરૂપ આપને હું નમસ્કાર કરું છું ।।૨૨।।

જો કે આપ આકાશની જેમ અંદર-બહાર બધે સરખી રીતે વ્યાપ્ત છો તો પણ આપને મન, બુદ્ધિ અને જ્ઞાનેન્દ્રિયો પોતાની જ્ઞાનશક્તિથી જાણી શકતી નથી અને પ્રાણ તથા કર્મેન્દ્રિયો પોતાની ક્રિયારૂપ શક્તિથી સ્પર્શ પણ કરી શકતી નથી. હું

આપને નમસ્કાર કરું છું ।।૨૩।।

આપની સત્તાવડે જ ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ વગેરે પોત-પોતાનાં કાર્ય કરવાને સમર્થ થાય છે; એની સત્તા વિના સમર્થ થતાં નથી. જેમ તપાવેલું લોઢું જ બાળી શકે છે, ઠંડુ લોઢું બાળી શકે નહિ તેમ જીવ પણ જાગ્રદાદિ અવસ્થામાં ભગવદ્ શક્તિવડેજ દ્રષ્ટાપણું પામે છે, સુષુપ્તિ અને મૂર્છાની અવસ્થામાં નથી પામતો ।।૨૪।।

ૐકાર સ્વરૂપ ભગવાન્, મહાપુરુષ, મોટા અનુભાવવાળા, મહાવિભૂતિના પતિ, શ્રેષ્ઠ ભક્તોના સમુદાય, પોતાના કરકમલોની કળીઓથી જેમના ચરણારવિન્દની સેવા કરે છે તેવા પરમ સ્થાનમાં સ્થિતિ કરનાર આપને મારા નમસ્કાર હો ।।૨૫।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : નારદજી એ પ્રમાણે પોતાના શરણાગત ભક્ત ચિત્રકેતુને વિદ્યા આપીને અંગિરા સાથે બ્રહ્માજીના ધામ તરફ પધાર્યા ।।૨૬।।

ચિત્રકેતુ રાજાએ જલમાત્રથી નિર્વાહ કરી સાત દિવસ સુધી મનને સ્થિર કરીને નારદજીએ આપેલી વિદ્યાનું તેમના કહ્યા પ્રમાણે અનુષ્ઠાન કર્યુ ।।૨૭।।

હે રાજન્! સાત રાત સુધી એ વિદ્યાનું અનુષ્ઠાન કરતાં વિદ્યાધરોનાં અખંડ આધિપત્યને ચિત્રકેતુએ સમ્પાદન કર્યુ ।।૨૮।।

પછી કેટલાક દિવસ એ વિદ્યાવડે એનું મન વધારે શુદ્ધ થઈ ગયું. હવે ચિત્રકેતુ દેવના દેવ એવા શેષ ભગવાનના ચરણની પાસે ગયા ।।૨૯।।

કમલના નાલ જેવા ગૌર, નીલવસ્ત્રવાળા, કિરીટ, કેયૂર, કંદોરા અને કંકણવડે શોભતા, પ્રસન્ન મુખ અને અરુણ નેત્રવાળા તથા સિદ્ધેશ્વરના ગણથી સેવાયેલા, સંકર્ષણ ભગવાનનાં ચિત્રકેતુ રાજાને દર્શન થયાં ।।૩૦।।

ભગવાન્ શેષના દર્શનમાત્રથી જ એમનાં બધાં પાપ દૂર થઈ ગયાં અને એમનું અન્તઃકરણ અતિ સ્વચ્છ અને નિર્મળ થઈ ગયું. હૃદયમાં ભક્તિનું પૂર આવ્યું. નેત્રોમાં પ્રેમનાં આંસુ છલકાઈ આવ્યાં. શરીરનું એક-એક રોમ ખીલી ઊઠ્યું. એવી સ્થિતિમાં ચિત્રકેતુ રાજાએ આદિપુરુષ એવા સંકર્ષણ ભગવાનને નમન કર્યા ।।૩૧।।

ઉત્તમ પુરુષો જેનું ગુણગાન કરે છે તેવા સંકર્ષણનાં ચરણચોકીને હર્ષાશ્રુવડે ભીજાવી દેતા ચિત્રકેતુનો કંઠ પ્રેમના વેગથી રૂંધાઈ ગયો અને એ પ્રેમના આવેગને લીધે એક પણ શબ્દ બોલી શક્યા નહિ. કેટલીય વાર સુધી ભગવાનની સ્તુતિ પણ ન કરી શક્યા ।।૩૨।।

પછી મનનું બુદ્ધિવડે સમાધાન કરી ચિત્રકેતુ રાજાએ સર્વ ઇન્દ્રિયોની બાહ્ય વૃત્તિને રોકી. પછી ભક્તોએ પંચરાત્ર વગેરે ભક્તિ શાસ્ત્રમાં ભગવાનનું જેવું સ્વરૂપ વર્ણવ્યું છે તેવા જગદ્ગુરુ સંકર્ષણ ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરી ।।૩૩।।

**ચિત્રકેતુએ કહ્યું** : હે અજિત! સમદર્શી અને જિતેન્દ્રિય પુરુષોએ આપ અજિત હોવા છતાં આપને જીતી લીધા છે. આપ અત્યન્ત દયાળુ હોવાથી જેઓ નિષ્કામપણે આપની સેવા કરે છે તે ભક્તોને આપ આત્માનું દાન કરો છો તેથી આપે એમને પણ જીતી લીધા છે ।।૩૪।।

હે ભગવાન્! આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય એ આપનો જ લીલા વિલાસ છે. વિશ્વનિર્માતા બ્રહ્માદિ આપના અંશના પણ અંશ છે છતાં પોતાને જ જગત્કર્તા માની પૃથક્ અભિમાનવડે માંહો-માહે ખોટે-ખોટી સ્પર્ધા કરે છે ।।૩૫।।

પરમાણુથી લઈને પરમ મહત્તત્વ સુધીની બધી જ વસ્તુના આદિ, અન્ત અને મધ્ય માં આપ રહ્યા છો અને છતાં આપ આદિ, અન્ત અને મધ્ય રહિત છો. વસ્તુના આદિ અને અન્ત માં જે હોય તે વચ્ચે પણ ચોક્કસ હોય જ ।।૩૬।।

પૃથ્વી વગેરે એક-એકથી દશગણા સાત આવરણોથી આ બ્રહ્માંડનો કોશ વીંટાયેલો છે. તે બ્રહ્માંડકોશ પોતાના જ જેવા બીજા કરોડો બ્રહ્માંડો સહિત આપમાં એક પરમાણુની માફક ઘૂમતો રહે છે છતાં તેને આપની સીમાનો પત્તો જ લાગતો નથી તેથી આપ અનન્ત કહેવાઓ છો ।।૩૭।।

વિષયની તૃષ્ણાવાળા નરપશુઓ આપની વિભૂતિ ઈન્દ્ર વગેરેને આરાધે છે પણ આપનું આરાધન કરતા નથી. તેઓ, જેમ રાજાની સેવા કરનારા રાજાના મરણ પછી આશ્રયદાતા ન રહેતાં તેમના અનુયાયીઓની આજીવિકા પણ ચાલી જાય છે તેમ ક્ષુદ્ર ઉપાસ્ય દેવોનો દાસ થતાં એમનાં આપેલા ભોગ પણ નાશ પામી જાય છે।।૩૮।।

હે પરમાત્મા! જેમ શેકેલાં બીજ ઊગતાં નથી તેમ આપમાં કામબુદ્ધિ રાખનાર ભક્તને આપની કામના હોવાથી એને કામાદિનું તુચ્છ ફળ મળતું નથી કારણ કે જીવને સત્ત્વ વગેરે ગુણથી સુખ-દુઃખ આદિ દ્વન્દ્વ થાય પણ આપ તો નિર્ગુણ હોવાથી આપની કામનાનું ફળ સુખ-દુઃખથી પર હોય છે અને તેથી એ એને ધીમે-ધીમે નિષ્કામ કરે છે ।।૩૯।।

હે અજિત! જે વખતે આપે વિશુદ્ધ ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો હતો તે જ વખતે આપે બધાને જીતી લીધા; કારણ કે પોતાની પાસે કંઈ સંગ્રહ-પરિગ્રહ ન

કરનારા, કોઈ પણ ચીજમાં અહન્તા-મમતા ન રાખનાર, આત્મારામ સનકાદિ મોટા-મોટા ઋષિઓ પણ પરમ સમતા અને મોક્ષ પ્રાપ્ત કરવામાટે એ જ ભાગવત ધર્મનો આશ્રય લે છે ।।૪૦।।

ભાગવતધર્મમાં બીજા ધર્મોની પેઠે 'તું' અને 'હું' અથવા 'તારું' અને 'મારું' એવી વિષમ બુદ્ધિ નથી, જે ધર્મમાં વિષમ બુદ્ધિ હોય છે તે જ અશુદ્ધ, ક્ષયવાળો અને બહુ અધર્મવાળો હોય છે ।।૪૧।।

જેમાં સ્વ અને પર એવો ભેદ હોય ત્યાં કુશળ ક્યાંથી હોય? પોતાનો કે પારકો દ્રોહ થતો હોય એવા ધર્મમાં શો અર્થ હોય? જો તપ વગેરેવડે પોતે જ આત્માને દુઃખ દે તો આપનો કોપ થાય છે. જો બીજાને દુઃખી કરે તો અધર્મ થાય છે ।।૪૨।।

આપનો સંકલ્પ ક્યાંય વ્યર્થ જતો નથી. એ દષ્ટિએ જ આપે ભાગવતધર્મ કહ્યો છે. તે ધર્મને આર્યલોકો સ્થાવર-જંગમમાં ભેદ રાખ્યા વગર સેવે છે ।।૪૩।।

વળી આપનાં દર્શનથી મનુષ્યનાં સર્વ પાપનો ક્ષય થાય છે એ કાંઈ અઘટિત નથી જ. અરે! જે આપના નામનું એકવાર શ્રવણ જ કરે તે નીચ, ચંડાળ હોય તો પણ સંસારથી મુક્ત થઈ જાય છે ।।૪૪।।

હે ભગવાન્! આપના કૃપા-કટાક્ષથી અમારા મનના મેલ ધોવાઈ ગયાં કારણ કે આપના અનન્ય પ્રેમી ભક્ત દેવર્ષિએ જે કહ્યું હતું તે અન્યથા કેમ થાય? ।।૪૫।।

હે અનન્ત! આપ જગતના આત્મા છો એટલે બધાના મનની વાત જાણો છો તેથી પતંગિયું જેમ સૂર્યને પ્રકાશિત ન કરી શકે તેમ હું આપને વિનન્તિ કરી શકું નહિ ।।૪૬।।

આપ સકળ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવામાં સમર્થ છો. ભેદદષ્ટિને લીધે કુયોગી (અભક્ત) ને આપનાં સ્વરૂપનું જ્ઞાન થતું નથી. પરમહંસરૂપ આપને નમસ્કાર હો ।।૪૭।।

આપની ચેષ્ટાથી શક્તિ પ્રાપ્ત કરીને જ બ્રહ્મા વગેરે લોકપાલગણ ચેષ્ટા કરવામાં સમર્થ થાય છે. આપની દષ્ટિથી જીવિત થઈને જ જ્ઞાનેન્દ્રિયો પોતપોતાના વિષયો ગ્રહણ કરવામાં સમર્થ થાય છે. આ પૃથ્વી આપના મસ્તક ઉપર સરસવના એક દાણા જેવી લાગે છે. આપ સહસ્ર મસ્તકવાળા ભગવાનને હું વારંવાર નમસ્કાર કરું છું।।૪૮।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** વિદ્યાધરોના અધિપતિ ચિત્રકેતુએ જ્યારે આ પ્રમાણે અનન્ત ભગવાનની સ્તુતિ કરી ત્યારે ભગવાન્ અનન્ત પ્રસન્ન થયા અને તેને હે

કુરૂદ્વહ! આ પ્રમાણે કહ્યું ।।૪૯।।

**શ્રીભગવાને કહ્યું :** હે રાજન્! દેવર્ષિ નારદ અને મહર્ષિ અંગિરાએ તને જે ઉપદેશ આપ્યો હતો તેથી તથા એણે આપેલી વિદ્યાવડે તથા મારા દર્શનથી તું સિદ્ધ થઈ ગયો છે ।।૫૦।।

હું જ સર્વભૂતરૂપ છું. સર્વભૂતનો આત્મા પણ હું છું. તેમનું પાલન કરનાર પણ હું છું. શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ એ બન્ને મારાં સનાતન રૂપ છે ।।૫૧।।

આત્મા કાર્ય કારણાત્મક જગતમાં વ્યાપ્ત છે અને કાર્ય કારણાત્મક જગત્ આત્મામાં રહેલું છે તથા એ બન્નેમાં હું અધિષ્ઠાનરૂપથી વ્યાપ્ત છું. અને મારામાં એ બન્ને કલ્પિત છે ।।૫૨।।

જેમ ગાઢ નિદ્રામાં સૂતેલો પુરુષ આત્માને વિશે વિશ્વને જુએ છે અને સ્વરૂપમાંથી જાગ્યા બાદ પોતાને ઘરના એક ખૂણામાં પડેલો જુએ છે તેમ જીવની જાગરણાદિ અવસ્થાઓને પરમેશ્વરની માયા માત્ર જાણી એ અવસ્થાના દ્રષ્ટા માયાતીત ભગવાનને એનાથી જુદા જાણી એનું સ્મરણ કરે ।।૫૩-૫૪।।

સૂતેલો પુરુષ ઊંઘમાં જેની સહાયથી બધું જુએ છે અને સુખનો અનુભવ કરે છે તે જ હું નિર્ગુણ બ્રહ્મ છું એમ તું જાણ ।।૫૫।।

પુરુષ નિદ્રા અને જાગૃતિ આ બન્ને અવસ્થાઓનો અનુભવ કરવાવાળો છે. તે-તે અવસ્થાઓમાં અનુગત હોવા છતાં ખરેખર તે અવસ્થાઓથી પૃથક્ છે. તે બધી અવસ્થાઓમાં રહેવાવાળું અખંડ એકરસ જ્ઞાન જ બ્રહ્મ છે તે જ પરબ્રહ્મ છે ।।૫૬।।

જ્યારે જીવ મારા સ્વરૂપને ભૂલી જાય છે ત્યારે તે પોતાને અલગ માની બેસે છે. તેથી જ તેને સંસારના ચક્કરમાં પડવું પડે છે અને જન્મ ઉપર જન્મ અને મૃત્યુ ઉપર મૃત્યુ પ્રાપ્ત થાય છે ।।૫૭।।

જે જ્ઞાન અને વિજ્ઞાનનો મૂલસ્રોત છે તે મનુષ્ય યોનિમાં આવીને પણ જે પોતાના આત્માને જાણી શકતો નથી તેને ક્યાંય પણ કોઈ પણ યોનિમાં સુખ મળતું નથી ।।૫૮।।

હે રાજા! સંસારનાં સુખને માટે જે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેમાં શ્રમ છે, ક્લેશ છે અને જે પરમ સુખના હેતુમાટે તે કરવામાં આવે છે એનાથી બિલકુલ ઊલટું પરમ દુઃખ દે છે; પણ કર્મોથી નિવૃત્ત થઈ જવામાં કોઈ જાતનો ભય નથી એમ

વિચારીને બુદ્ધિમાન પુરુષે કોઈ પ્રકારના કર્મ અથવા તેનાં ફલોનો સંકલ્પ ન કરવો જોઈએ ।।૫૯।।

જગતના તમામ સ્ત્રી-પુરુષો દુઃખ ટાળવાને તથા સુખ ભોગવવાને પ્રયત્ન કરે છે, પરન્તુ તે કર્મોથી તેમનું દુઃખ ટળતું નથી અને સુખ મળતું નથી ।।૬૦।।

જે મનુષ્યો પોતાને બહુ બુદ્ધિમાન માની કર્મો કરવામાં પડેલા છે; એમને વિપરીત ફલ મળે છે આ વાત સમજી લેવી જોઈએ. સાથે એ વાત પણ સમજી લેવી જોઈએ કે આત્માનું સ્વરૂપ અત્યન્ત સૂક્ષ્મ છે, અર્થાત્ જાગ્રત્, સ્વપન સુષુપ્તિ આ ત્રણે અવસ્થાઓથી તથા તેના અભિમાનીઓથી વિલક્ષણ છે ।।૬૧।।

આટલું જાણી આ લોકમાં દેખેલા અને પરલોકના સાંભળેલા વિષયભોગોથી વિવેક બુદ્ધિદ્વારા પોતાની જાતને અલગ કરી દઈ જ્ઞાન અને વિજ્ઞાનમાં જ સન્તોષ માની મારો ભક્ત થઈ જાય ।।૬૨।।

યોગમાં જેમની બુદ્ધિ નિપુણ છે તેવા પુરુષોએ પરમાત્માનું દર્શન કરવું એને જ સાચો સ્વાર્થ કહેલો છે ।।૬૩।।

આ મારાં વચનને તું સાવધાનથી અને શ્રદ્ધાથી ધારણ કરીશ તો જ્ઞાન અને વિજ્ઞાન થી સમ્પન્ન થઈ થોડા જ સમયમાં સિદ્ધ થઈ જઈશ ।।૬૪।।

**આશ્વાસ્ય ભગવાનિત્થં ચિત્રકેતું જગદ્ગુરુઃ ।।**
**પશ્યતસ્તસ્ય વિશ્વાત્મા તતશ્ચાન્તર્દધે હરિઃ ।।૬૫।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એ પ્રમાણે જગતના ગુરુ અનન્ત ભગવાન્ ચિત્રકેતુને આશ્વાસન આપીને એના દેખતાં જ વિશ્વાત્મા હરિ અન્તર્ધાન થયા ।।૬૫।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા ધ્યાનપ્રકરણનો ચિત્રકેતુના આખ્યાનનો તેરમો) ''નારદજીએ ચિત્રકેતુને સંકર્ષણ વિદ્યાનો ઉપદેશ કર્યો'' નામનો સોળમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આપણે પુષ્ટિમાર્ગી નથી જ જોદ્ગ**

મૃતકના ઉદ્ધારાર્થે કે ફંડફાળામાટે ભાગવતકથાનું આયોજન કરીએછીએ
(ઠેરાવેલ કે ઠેરાવ્યા વિનાની) દક્ષિણા લઈને ભાગવત વાંચીએ છીએ
આવી ભાગવતકથા સાંભળવા કે આશીર્વાદ આપવા જઈએ છીએ.

# અધ્યાય ૧૭

## પાર્વતીજીના શાપથી ચિત્રકેતુ વૃત્રનામક અસુર થયો.

**વિશેષ :** ચિત્રકેતુ વિમાનમાં બેસી ફરતો હતો તેણે મહાદેવજીને જોયા અને એને જોઈને હસ્યો તેથી પાર્વતીએ શાપ આપવાથી એ પૃથ્વીમાં વૃત્રાસુરરૂપે ઉત્પન્ન થયો એ વાત સત્તરમાં અધ્યાયમાં આવશે.

**યતશ્ચાન્તર્હિતોઽનન્તસ્તસ્યૈ કૃત્વા દિશે નમઃ ।।**
**વિદ્યાધરશ્ચિત્રકેતુશ્ચચાર ગગનેચરઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જે દિશામાં અનન્ત ભગવાન્ અન્તર્ધાન થયા તે દિશામાં નમન કરીને વિદ્યાધર ચિત્રકેતુ આકાશ માર્ગે ફરવા લાગ્યા ।।૧।।

ચિત્રકેતુની મુનિઓ, સિદ્ધ અને ચારણો સ્તુતિ કરતા રહેતા. એનાં બળ અને ઈન્દ્રિયો ની શક્તિ કરોડો વર્ષ સુધીએ અકુઠિત રહ્યાં. એ જ્યાં સંકલ્પ સિદ્ધ થાય છે તેવા સુમેરું પર્વતની ખીણોમાં વિદ્યાધરની સ્ત્રીઓ સાથે ભગવાનનાં યશોગાન કરતો અને કરાવતો ફરવા લાગ્યા ।।૨-૩।।

એક વખત જ્યારે ભગવાને આપેલા તેજસ્વી વિમાનમાં ફરતા હતા ત્યારે ચિત્રકેતુએ સિદ્ધો અને ચારણો થી વીંટાયેલા શિવજીને જોયા ।।૪।।

મુનિઓની સભામાં ખોળામાં બેસાડેલાં દેવીને એક હાથથી આલિંગન કરેલા શિવજીને જોઈ ચિત્રકેતુ એમની પાસે ગયા અને અત્યન્ત હાસપૂર્વક પાર્વતીજીના સાંભળતાં કહેવા લાગ્યા ।।૫।।

**ચિત્રકેતુએ કહ્યું :** અરે! આ આખા જગતના ધર્મશિક્ષક અને ગુરુદેવ છે? સમસ્ત પ્રાણીઓમાં તેઓ શ્રેષ્ઠ છે. તેમની આ દશા છે કે ભરી સભામાં પોતાની પત્ની સાથે બેઠા છે ।।૬।।

આ શિવ જટાને ધારણ કરે છે તીવ્ર તપ કરે છે, બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરે છે, બ્રહ્મવાદીઓના સભાપતિ છે, છતાં નિર્લજ્જ પ્રાકૃત પુરુષની જેમ ખોળામાં સ્ત્રીને લઈને બેઠા છે ।।૭।।

ઘણું કરીને સાધારણ પુરુષો પણ એકાન્તમાંજ સ્ત્રીની સાથે બેસે છે; પરન્તુ આ શિવ મોટા વ્રતધારી હોવા છતાં ભરીસભામાં સ્ત્રીને લઈને બેઠાછે ।।૮।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** રાજન! અગાધ બુદ્ધિવાળા ભગવાન્ શિવજી પણ

ચિત્રકેતુનાં કટાક્ષ વચન સાંભળીને સભામાં હસીને ચૂપ રહ્યા તેમજ સભામાં બેઠેલા શિવના બીજા અનુચરો પણ કાંઈ બોલ્યા વગર જ બેસી રહ્યા ।।૯।।

પરન્તુ શિવના પ્રભાવને નહિ જાણનાર હોવા છતાં બહુ અસમ્બદ્ધ બોલનાર અને ''હું જિતેન્દ્રિય છું'' એવું ઘમંડ રાખનાર ધૃષ્ટ ચિત્રકેતુને દેવી પાર્વતીજી કોપ કરીને કહેવા લાગ્યાં ।।૧૦।।

**પાર્વતીજી બોલ્યાં :** ઓહો! અમારા જેવા દુષ્ટ અને *નિર્લજ્જને દંડના બલ ઉપર શાસન અને તિરસ્કાર કરવાવાળો પ્રભુ આ સંસારમાં હાલમાં નવો થયો છે શું? ।।૧૧।।

**વિશેષ :** અહીં પાર્વતીજી એમ કહે છે કે અમારા જેવા નિર્લજ્જ અને દુષ્ટને દંડ આપનારો આ નવો પ્રભુ કોણ નીકળ્યો? આ ભાવને સાહિત્યમાં ઉપાલમ્ભ કહેવામાં આવે છે.

એમ લાગે છે કે બ્રહ્માજી એમના પુત્રો ભૃગુ, નારદજી વગેરે તેમજ કપિલદેવ, સનત્કુમારાદિ, મનુ કોઈ પણ ધર્મને જાણતા નથી ત્યારે તો ધર્મનું ઉલ્લંઘન કરનાર શિવજીને અધર્મ કરતાં તેઓ અટકાવતા નથી ।।૧૨।।

બ્રહ્માજી આદિ સમસ્ત મહાપુરુષ જેમના ચરણારવિન્દોનું ધ્યાન કરતા રહે છે એ મંગળમાં પણ મંગળરૂપ સાક્ષાત્ જગદ્દગુરુ ભગવાનનો અને તેમના અનુયાયી મહાત્માઓનો આ અધમ ક્ષત્રિયે તિરસ્કાર કર્યો છે અને શાસન કરવાની ચેષ્ટા કરી છે તેથી આ ધૃષ્ટને સર્વથા દંડ કરવો જોઈએ ।।૧૩।।

પોતાના મનથી ડાહ્યો માનનાર આ માણસ અભિમાની છે તેથી તે ભગવાનનાં ચરણકમળની પાસે રહેવાને લાયક નથી કેમકે એ ચરણારવિન્દના સેવનનો અધિકાર તો ભક્તોને જ હોઈ શકે ।।૧૪।।

(ચિત્રકેતુને સમ્બોધન કરીને) માટે હે દુષ્ટબુદ્ધિ તું આસુર અને પાપયોનિ માં જા જ્યાં જવાથી હે પુત્ર! તું બીજી વાર મોટાઓને અપરાધ ન કરી શકે ।।૧૫।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે ભારત! એ પ્રમાણે પાર્વતીજીએ ચિત્રકેતુને શાપ આપ્યો ત્યારે વિમાનમાંથી ઉતરી પાર્વતીજીને નમ્રતાથી મસ્તક નમાવી ચિત્રકેતુ સતીને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરવા લાગ્યોઃ ।।૧૬।।

''હે અમ્બિકે! મનુષ્યને માટે જે દેવ કહે તે એનું પૂર્વનું ભાગ્ય જ સમજવુંઃમાટે આપે મને શાપ આપ્યો તેનો હું બે હાથ જોડી સ્વીકાર કરું છું ।।૧૭।।

આ સંસારરૂપી ચક્રમાં અજ્ઞાનથી મોહિત થયેલો જીવ પડે છે અને એમાં જ

ફરતો સુખ-દુઃખનો અનુભવ કરે છે ।।૧૮।।

સુખ-દુઃખનો કર્તા આત્મા નથી તેમજ બીજો કોઈપણ નથી, પરંતુ મૂર્ખ માણસ પોતાને અથવા બીજાને કર્તા માનેછે ।।૧૯।।

આ જગત્ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ નો સ્વાભાવિક પ્રવાહ છે. એમાં શું શાપ અને શું અનુગ્રહ! શું સ્વર્ગ અને શું નરક? શું સુખ અને શું દુઃખ? ।।૨૦।।

આત્મમાયાવડે ભગવાન્ એકલા જ કોઈની સહાય વિના ભૂતોનાં બન્ધમોક્ષ અને સુખ-દુઃખ સરજે છે અને છતાં પોતે નિર્ગુણ છે ।।૨૧।।

એને કોઈ પ્રિય કે અપ્રિય નથી, કોઈ પોતાનો કે પારકો નથી, સર્વત્ર સમ છે. એ કોઈમાં લેપાતા નથી. એને સુખમાં પણ રાગ નથી તો રાગજન્ય રોષ તો ક્યાંથી જ હોય? ।।૨૨।।

તો પણ એ ભગવાનની માયાશક્તિનું કાર્ય પાપ-પુણ્ય જ પ્રાણીઓના સુખ-દુઃખ, હિત-અહિત, બન્ધ-મોક્ષ તથા જન્મ મૃત્યુરૂપ સંસાર ઊભો કરે છે ।।૨૩।।

હે ભામિની! આપે મને શાપ આપ્યો છે તેમાંથી છૂટવાની માગણી હું કરતો નથી, પરન્તુ આપને જે મારી વાત અનુચિત લાગી હોય તેમાટે હું માફી માગું છું'' ।।૨૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એ પ્રમાણે શિવ-પાર્વતીજીને પ્રસન્ન કરીને પોતાના વિમાનમાં સવાર થઈ એમનાં જોતાં જ ચિત્રકેતુ ત્યાંથી રવાના થયો તેથી એ લોકોને ઘણું આશ્ચર્ય થયું ।।૨૫।।

ત્યારે દેવર્ષિ અને સિદ્ધ તથા પાર્ષદોના સાંભળતાં ભગવાન્ શિવજીએ પાર્વતીજીને આ વાત કહી ।।૨૬।।

**શ્રીરુદ્ર બોલ્યા** : હે સુન્દરી! અદ્‌ભુતકર્મવાળા ભગવાન્ હરિના ભક્તો મહાત્મા છતાં કેવા નિઃસ્પૃહ હોય છે એનું માહાત્મ્ય તેં પોતે જોયું ।।૨૭।।

નારાયણ-પરાયણ લોકો ક્યાંય ભય પામતા નથી કારણ કે સ્વર્ગ, મોક્ષ કે નરક માં પણ સમાનતાથી કેવલ ભગવાનનાં જ તેમને દર્શન થાય છે ।।૨૮।।

ઈશ્વરની લીલાવડે દેહના સંયોગથી મનુષ્યને સુખ-દુઃખ, મૃત્યુ-જન્મ અને શાપ-અનુગ્રહ વગેરે દ્વન્દ્વ પ્રાપ્ત થયા કરે છે ।।૨૯।।

જેવી રીતે સ્વપનમાં ભેદભ્રમથી સુખ-દુઃખ આદિ જણાય છે અને જાગ્રત અવસ્થામાં ભ્રમથી માલાને જ સર્પ માની લે છે તેવી જ રીતે મનુષ્ય અજ્ઞાનથી

આત્મામાં દેવતા, મનુષ્ય વગેરેના ભેદ તથા ગુણદોષ વગેરેની કલ્પના કરી લે છે।।૩૦।।

પરન્તુ વાસુદેવ ભગવાન્‌માં ભક્તિ કરનાર અને જ્ઞાન વૈરાગ્યના બળવાળા લોકોને કાંઈપણ આ સંસારમાં ગ્રહણ કરવા યોગ્ય અથવા ત્યાગ કરવા યોગ્ય દેખાતું નથી।।૩૧।।

હું, બ્રહ્માજી, સનક વગેરે, નારદજી, બ્રહ્માજીના પુત્ર ભૃગુ આદિ મુનિઓ અને મોટા-મોટા દેવતાઓ કોઈપણ, ભગવાન્ કયે વખતે શું કરવા ધારે છે તેનું રહસ્ય જાણી શકતા નથી તો પછી જે એના નાનામાં નાના અંશ છે અને પોતાને જ એનાથી અલગ ઈશ્વર માની બેઠા છે તે એમના સ્વરૂપને જાણી જ કેવી રીતે શકે? ।।૩૨।।

એને તો કોઈ પ્રિય નથી, કોઈ અપ્રિય નથી, કોઈ પોતાનો નથી, કોઈ પારકો નથી, પરન્તુ ભગવાન્ બધાં પ્રાણીઓના આત્મા હોવાથી સર્વ પ્રાણીઓને પ્રિય છે ।।૩૩।।

આ પરમ ભાગ્યવાન ચિત્રકેતુ એમના પ્રિય અનુચર છે અને હું પણ ભગવાન્ શ્રીહરિનો જ પ્રિય છું ।।૩૪।।

તેથી તેને ભગવાનના વહાલા ભક્ત, શાન્ત, સમદર્શી, મહાત્મા પુરુષોના સમ્બન્ધમાં કંઈ આશ્ચર્ય ન થવું જોઈએ ।।૩૫।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : દેવીએ જ્યારે શિવજીનું આ ભાષણ સાંભળ્યું ત્યારે એનો વિસ્મય જતો રહ્યો અને એ શાન્ત થયાં ।।૩૬।।

જો કે ભગવદ્ભક્ત ચિત્રકેતુ દેવી પાર્વતીજીને સામે શાપ આપવાને સમર્થ હતા છતાં એણે મસ્તક નમાવીને દેવીએ આપેલા શાપનો સ્વીકાર કરી લીધો! સાધુનું આ જ લક્ષણ છે. (કોઈ કોપ કરે તેની સામે એના જેવું ન થવું) ।।૩૭।।

એ પાર્વતીજીના શાપથી ચિત્રકેતુ ત્વષ્ટાના યજ્ઞમાં દક્ષિણાગ્નિ થકી વૃત્ર નામથી, પ્રસિદ્ધ દાનવ હોવા છતાં એ ભગવત્સ્વરૂપના જ્ઞાન અને ભક્તિથી પરિપૂર્ણ જ રહ્યા ।।૩૮।।

તેં મને પૂછ્યું હતું કે ભગવાન્‌માં બુદ્ધિવાળા વૃત્રાસુરનો અસુર જાતિમાં જન્મ શામાટે થયો એ બધું મેં તને કહી દીધું ।।૩૯।।

મહાત્મા ચિત્રકેતુનો આ પવિત્ર ઈતિહાસ માત્ર એમનું જ નહિ, સમસ્ત વિષ્ણુ ભક્તોનું માહાત્મ્ય છે. એને જે સાંભળે છે તે તમામ બન્ધનોથી છૂટી જાય છે।।૪૦।।

**ય એતત્પ્રાતરુત્થાય શ્રદ્ધયા વાગ્યતઃ પઠેત્ ।।**

**ઈતિહાસં હરિં સ્મૃત્વા સ યાતિ પરમાં ગતિમ્ ।।૪૧।।**

જે પુરુષ પ્રાતઃકાલમાં ઉઠીને, મૌન રહી, શ્રદ્ધા સહિત, ભગવાનનું સ્મરણ કરતાં-કરતાં આ ઈતિહાસનો પાઠ કરે છે એને પરમગતિની પ્રાપ્તિ થાય છે ।।૪૧।।

**ઈતિ શ્રી ભાગવત ષષ્ઠસ્કન્ધમાં (બીજા ધ્યાન પ્રકરણનો ચિત્રકેતુના આખ્યાનનો ચૌદમો) ''પાર્વતીજીના શાપથી ચિત્રકેતુ વૃત્રનામક અસુર થયો'' નામનો સત્તરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**

''પારસમણિને વાટકે (ભાગવત), ભટજી (કથાકાર) માગે ભીખ''

ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!

સકળ મનોરથ સે'જ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયારામ)**

# ત્રીજું અર્ચન પ્રકરણ

## અધ્યાય ૧૮

## દિતિના ગર્ભના ઈન્દ્રે કરેલા ટુકડા તે ૪૯વાયુરૂપે દેવના પક્ષપાતી થયા

**વિશેષ :** બાર આદિત્યમાં ચોથા ત્વષ્ટાના વંશના પ્રસંગને લઈને વૃત્રાસુર અને ઈન્દ્ર ના યુદ્ધની કથા કહી. આ અઢારમાં અધ્યાયમાં ઈન્દ્રે દિતિના ગર્ભમાં જઈ એ ગર્ભના સાત ભાગ કર્યા. તે ન મર્યા તેથી ફરી એકેકના સાત ટુકડા કર્યા એ કથા આવશે તથા બીજા પણ દેવોના વંશની કથા આ અધ્યાયમાંઆવશે.

**પૃશ્નિસ્તુ પત્ની સવિતુઃ સાવિત્રીં વ્યાહૃતિં ત્રયીમ્ ।।**
**અગ્નિહોત્રં પશું સોમં ચાતુર્માસ્યં મહામખાન્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** સવિતાની પત્ની પૃશ્નિએ આઠ સન્તાનોને જન્મ આપ્યો. સાવિત્રી, વ્યાહૃતિ અને ત્રયી નામની ત્રણ કન્યા તથા અગ્નિહોત્ર, પશુ, સોમ, ચાતુર્માસ્ય તથા પંચમહાયજ્ઞ નામના પાંચ પુત્રો હતા ।।૧।।

ભગની સ્ત્રી સિદ્ધિએ, મહિમા, વિભુ અને પ્રભુ નામના ત્રણ પુત્ર તથા સારા

શીલવાળી અને સુન્દર આશિષ નામની કન્યાને જન્મ આપ્યો ।।૨।।

ધાતાએ કુહૂથી સાયમ્પ્યપુત્રને, સિનીવાલીથી દર્શને, રાકાથી પ્રાતરને અને અનુમતિથી પૂર્ણ માસને આ ચાર પુત્રોને ઉત્પન્ન કર્યા ।।૩।।

ધાતાના નાના ભાઈ વિધાતાએ ક્રિયા નામની પત્નીથી પૂરીષ્ય નામના પાંચ અગ્નિને ઉત્પન્ન કર્યા. વરુણજીની પત્નીનું નામ ચર્ષણી હતું. તેને ત્યાં ભૃગુજીએ ફરી જન્મ લીધો. એ પહેલાં એ બ્રહ્માજીના પુત્ર હતા ।।૪।।

મહાયોગી વાલ્મિકીજી પણ વરુણના પુત્ર હતા. વલ્મીક(રાફડા) થી જન્મ થવાને કારણે જ એનું નામ વાલ્મિકી પડ્યું હતું. ઉર્વશીને જોઈને મિત્ર અને વરુણ બન્નેનું વીર્ય સ્ખલિત થઈ ગયું હતું. તેને તેઓએ ઘડામાં મૂકી દીધું. તેનાથી જ મુનિવર અગસ્ત્ય અને વસિષ્ઠજીનો જન્મ થયો. મિત્રની પત્ની હતી રેવતી. એના ત્રણ પુત્રો થયા-ઉત્સર્ગ, અરિષ્ટ અને પિપ્પલ ।।૫-૬।।

ઈન્દ્રે પુલોમની પુત્રી શશીમાં ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા. જયન્ત, ઋષભ અને મીઢુષ એ નામે થયાનું અમે સાંભળ્યુંછે ।।૭।।

કપટવડે વામનરૂપ ધરનાર ત્રિવિક્રમદેવે કીર્તિ નામની સ્ત્રીથી બૃહચ્છલોક નામનો પુત્ર ઉત્પન્ન કર્યો તેનાથી સૌભગ વગેરે ઘણાં સન્તાન થયા ।।૮।।

કશ્યપનાં પુત્ર ઉરુક્રમ, અદિતિના ગર્ભથી પ્રકટ થયાં તેણે જે પરાક્રમ કર્યા તે હવે પછીથી (અષ્ટમ સ્કન્ધમાં) કહેવાશે ।।૯।।

પ્રિય પરીક્ષિત! હવે હું કશ્યપજીની બીજી પત્ની દિતિથી ઉત્પન્ન થનાર એ સન્તાન પરમ્પરાનું વર્ણન કરું છું જેમાં ભગવાનના પ્રિય ભક્ત શ્રીપ્રહ્લાદજી તથા બલિનો જન્મ થયો ।।૧૦।।

દૈત્યો અને દાનવને નમન કરવા લાયક હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ નામના બે પુત્રો દિતિને કશ્યપથી થયા એમ સંક્ષેપમાં ત્રીજા સ્કન્ધમાં હું કહી ગયો છું ।।૧૧।।

જમ્ભ દાનવને કયાધૂ નામની પુત્રી હતી તે હિરણ્યકશિપુની પત્ની હતી તેને ચાર પુત્રો થયા ।।૧૨।।

એને સંહ્લાદ, અનુહ્લાદ, હ્લાદ અને પ્રહ્લાદ એમ ચાર પુત્રો થયા તથા સિંહિકા નામની કન્યા થઈ જેને વિપ્રચિત્તિ નામનો દાનવ પરણ્યો અને એનાથી એને રાહૂ નામનો પુત્ર થયો ।।૧૩।।

આ એ જ રાહુ છે જેનું શિર અમૃતપાન વખતે મોહિની રૂપધારી ભગવાને ચક્રથી

ઉડાવી દીધું હતું સંહ્‌લાદની સ્ત્રી કૃતિએ પંચજન નામના પુત્રને જન્મ આપ્યો ।।૧૪।।

પ્રહ્‌લાદની સ્ત્રી ધમનીને વાતાપિ અને ઇલ્લવ નામના બે પુત્રો થયા. ઇલ્વલે અગસ્ત્યને જમવા બોલાવીને વાતાપિને (બોકડો બનાવી એને) રાંધી ખવડાવી દીધો ।।૧૫।।

અનુહ્‌લાદને સૂર્મ્યા નામની સ્ત્રીથી બાષ્કલ અને મહિષાસુર થયા. પ્રહ્‌લાદથી વિરોચન થયો; તેને દેવી નામની સ્ત્રીથી બલિરાજા થયો ।।૧૬।।

બલિને અશના નામની સ્ત્રીથી સો પુત્રો થયા જેમાં બાણ સૌથી મોટો હતો, દૈત્યરાજ બલિનો પ્રતાપ સાંભળવા જેવો છે પણ એ પછી કહીશું ।।૧૭।।

બાણે શિવનું આરાધન કર્યુ તેથી એ શિવના ગણમાં મુખ્ય થયો. આજ પણ ભગવાન્ શંકર એના નગરની રક્ષા કરવા તેની પાસે જ રહે છે ।।૧૮।।

દિતિને હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ ઉપરાન્ત ઓગણપચાસ મરુદ્‌ગણ નામના પુત્રો થયા તે નિઃસન્તાન હતાં એટલે ઇન્દ્રે પોતાના કરીને તેમને દેવોમાં દાખલ કર્યા ।।૧૯।।

**રાજા પરીક્ષિતે પૂછ્યું** : મરુદ્‌ગણે એવું કયું સત્કર્મ કર્યુ હતું જેને લઈને તેઓ જન્મજાત આસુરી ભાવ છોડી શક્યા અને દેવરાજ ઇન્દ્રદ્વારા તેમને દેવતા બનાવી લેવામાં આવ્યા? ।।૨૦।।

મારી સાથે આ ઋષિઓ પણ એ વાત સાંભળવાની શ્રદ્ધા રાખે છે; માટે હે બ્રહ્મન્! આપ કૃપા કરીને વિસ્તારથી એનું રહસ્ય બતાવો ।।૨૧।।

**સૂતજી બોલ્યા** : હે શૌનક! પરીક્ષિતના એવા ટૂંકા છતાં સારગર્ભિત વાક્યને સાંભળી એને અભિનન્દન આપીને સર્વજ્ઞ શુકદેવજી, પ્રસન્ન અન્તઃકરણથી રાજાને કહેવા લાગ્યા ।।૨૨।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : ઇન્દ્રનો પક્ષ કરીને વિષ્ણુ ભગવાને દિતિના પુત્રોને માર્યા ત્યારે શોકની આગથી સળગી જઈ અને ક્રોધથી બળતી દિતિ વિચાર કરવા લાગીઃ ।।૨૩।।

''ખરેખર, ઇન્દ્ર અત્યન્ત વિષયી, ક્રૂર અને નિર્દય છે. અરેરે!તેણે પોતાના હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ બન્ને ભાઈઓને જ મરાવી નાખ્યા! હું પણ એ પાપીને મરાવી નાખીને સુખથી ક્યારે નિદ્રા કરું? ।।૨૪।।

અહો! જે શરીરને બે દિવસ રાખો તો કૃમિ થઈ જાય, શ્વાન ભક્ષણ કરે તો વિષ્ઠા થાય, બાળી દો તો રાખ થાય તેવા શરીરના સુખમાટે પ્રાણીનો દ્રોહ કરનાર રાજાઓ શું સ્વાર્થને સમજી શકે છે કે પ્રાણીઓનો દ્રોહ કરવાથી નરકરૂપી ફળ મળે છે? ।।૨૫।।

''શરીરને નિત્ય માનવાવાળા ઈન્દ્રનો મદ ઉતારી દે એવો મને પુત્ર થાય'' એવી આશાથી દિતિ પોતાના પતિની વારંવાર સેવના કરતી, અનુરાગ દાખવતી, નમ્રતા તથા ઈન્દ્રિયદમન કરીને સેવા કરવા લાગી ।।૨૬-૨૭।।

હે રાજન! સુન્દર અને મનોહર વાણીવડે મુનિના ભાવને જાણનારી દિતિએ સ્મિત અને કટાક્ષોવડે પતિના મનને વશ કરી લીધું ।।૨૮।।

કશ્યપજી મહારાજ ભારે વિદ્વાન હોવા ઉપરાન્ત વિચારશીલ હતા, છતાં ચતુર દિતિની સેવાથી મોહિત થઈ ગયા અને વિવશ થઈને સ્વીકાર કરી લીધું કે હું તારી ઈચ્છા પૂરી કરીશ. સ્ત્રીને વશ થયેલો હોય તે સ્ત્રીનું કહ્યું કરે એમાં કાંઈ આશ્ચર્ય ન કહેવાય ।।૨૯।।

કારણ કે જ્યારે બ્રહ્માજીએ પ્રાણીઓને ઉત્પન્ન કર્યા ત્યારે બધાં નિઃસંગ રહ્યાં તેથી બ્રહ્માજીએ પોતાના અર્ધદેહથી સ્ત્રીને કરી જેણે પુરુષોની બુદ્ધિને હરી લીધી ।।૩૦।।

જ્યારે દિતિએ કશ્યપની એવી સેવા બજાવી ત્યારે કશ્યપ દિતિ ઉપર પરમ પ્રસન્ન થઈ એની સેવાનાં વખાણ કરી હસીને એને કહેવા લાગ્યા ।।૩૧।।

**કશ્યપજીએ કહ્યું :** હે અનિન્ધ સુન્દરી પ્રિયે! હું તારી ઉપર પ્રસન્ન થયો છું તેથી ઈચ્છા હોય તે વરદાન માગી લે કેમકે સ્ત્રી ઉપર જ્યારે પતિ પ્રસન્ન થાય ત્યારે સ્ત્રીને માટે આ લોક પરલોકમાં કઈ અભીષ્ટ વસ્તુ દુર્લભ છે? ।।૩૨।।

શાસ્ત્રોમાં આ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે પતિ જ સ્ત્રીઓના આરાધ્ય ઈષ્ટદેવ છે. સર્વ જીવના મનમાં રહેનાર વાસુદેવ ભગવાન્ જે લક્ષ્મીના પતિ છે તે જ સ્ત્રીઓને પતિરૂપે દર્શન દે છે ।।૩૩।।

જુદા-જુદા દેવતાઓનાં રૂપમાં નામ અને રૂપ ના ભેદથી એમની જ કલ્પના થઈ છે. બધા પુરુષો કોઈ પણ દેવતાની ઉપાસના કરતા હોય એમની જ ઉપાસના કરે છે. બરાબર એવી જ રીતે સ્ત્રીઓને માટે ભગવાને પતિનું રૂપ ધારણ કર્યું છે. તેઓ એમની એ જ રૂપમાં પૂજા કરે છે ।।૩૪।।

તેથી હે સુમધ્યમે! પતિના વ્રતવાળી સ્ત્રીઓ પોતાના શ્રેયને માટે અનન્યભાવવડે આત્મરૂપ તથા પતિરૂપ ઈશ્વરને ભજે છે ।।૩૫।।

હે ભદ્રે! તેં પણ મને ભગવદ્ભાવવડે અને પ્રેમવડે આરાધ્યો છે તેથી અસતીને દુર્લભ તારી બધી અભિલાષાઓ હું પૂર્ણ કરું ।।૩૬।।

**દિતિ બોલી :** જો આપ વરદાન દેવાને તૈયાર હો તો હું એવું વરદાન માગું છું કે હે બ્રહ્મન્! જેણે મારા પુત્રોને મરાવ્યા છે તેવા ઈન્દ્રને મારે છતાં પોતે ન મરે તેવો પુત્ર મને આપો ।।૩૭।।

દિતિનું આ વચન સાંભળીને કશ્યપજી ઉદાસીન થયા અને મનમાં તાપ કરવા લાગ્યા કે ''આજે મારા જીવનમાં મોટા અધર્મનો અવસર ઊભો થયો ।।૩૮।।

અહો! જુઓ તો ખરા, સ્ત્રીરૂપી માયાવડે ઈન્દ્રિયોમાં આરામ માનીને આજે હું એના મોહમાં પડ્યો છું. આજ હું કેવી દીન-હીન અવસ્થામાં છું! તેથી જરૂર હું નરકમાં પડીશ ।।૩૯।।

આ સ્ત્રીનો કોઈ વાંક નથી કારણ કે એ તો એના જન્મજાત સ્વભાવ પ્રમાણે જ વર્તી છે. દોષ મારો છે જે હું મારી ઈન્દ્રિયો ઉપર કાબૂ ન રાખી શક્યો, મારા સાચા સ્વાર્થ અને પરમાર્થને હું ન ઓળખી શક્યો. મને મૂઢને ધિક્કારછે? ।।૪૦।।

સ્ત્રીઓના ચરિત્રને કોણ પાર પામી શકે? એમનું મુખ તો એવું હોય છે કે જાણે શરદ્ઋતુનું ખીલેલું કમલ. એમની વાણી એવી મીઠી હોય છે જાણે તેમાં અમૃત ઘોળી રાખ્યું હોય. પરન્તુ હૃદય એ તો એટલું તીક્ષ્ણ હોય છે કે જાણે અસ્ત્રાથી ધાર।।૪૧।।

પોતાના સ્વાર્થને આત્મારૂપ ગણતી સ્ત્રીઓને કોઈ પ્રિય હોતું નથી. સ્વાર્થમાં આડે આવતા પતિ, ભાઈ, પુત્રને પણ એ તુરત મારી નાખવામાં કે મરાવી નાખવામાં લેશ પણ ખચકાતી નથી ।।૪૨।।

પરન્તુ મેં 'માગ' એમ કહ્યું એ મારું વચન વૃથા ન જવું જોઈએ. સાથે-સાથે ઈન્દ્ર પણ ન મરવો જોઈએ એમાટે આ યુક્તિ કરું'' ।।૪૩।।

આમ વિચાર કરીને મરીચિના પુત્ર કશ્યપ કાંઈક કોપ કરીને પોતાની જાતને ઠપકો આપી દિતિને કહ્યું ।।૪૪।।

**કશ્યપજીએ કહ્યું :** હે ભદ્રે! જો તું એક વર્ષ સુધી મારા કહ્યા પ્રમાણે વ્રત ધારણ કરે તો ઈન્દ્રને મારનાર પુત્ર તને થશે પણ એમાં કંઈ ત્રુટિ થઈ જશે તો તે દેવતાઓનો મિત્ર બની જશે ।।૪૫।।

**દિતિએ કહ્યું :** હું વ્રત કરવા તૈયાર છું માટે આપ કહો કે મારે શું કરવું કે જેનાથી વ્રત સિદ્ધ થાય અને શું ન કરવું કે જેનાથી વ્રતમાં બાધ ન થાય ।।૪૬।।

**કશ્યપજીએ કહ્યું :** પ્રાણી માત્રની મન, વાણી કે કર્મ થી હિંસા ન કરવી; કોઈને ગાળ કે શાપ ન દેવો; ખોટું ન બોલવું; નખ, કેશ ન કાપવા; કોઈ પણ અમંગળ વસ્તુને અડકવું નહિ; ।।૪૭।।

જલમાં પડીને સ્નાન ન કરવું; કોપ ન કરવો; દુષ્ટ સાથે ભાષણ ન કરવું; ધોયા વગરનું વસ્ત્ર પહેરવું નહિ; કોઈની પહેરેલી માળા પહેરવી નહિ; ।।૪૮।।

એઠું, ચંડિકાને ધરેલું, માંસવાળું, શૂદ્રે લાવેલું અને રજસ્વલાએ જોયેલું અન્ન પણ ખાવું નહિ; હાથની અંજલિવડે જળ પીવું નહિ ।।૪૯।।

ખાઈને મોઢું ધોયા વગર, આચમન કર્યા વગર, સન્ધ્યા સમયે, ખુલ્લે માથે, શૃંગાર કર્યા વિના, વાણીનો સંયમ રાખ્યા વિના, વસ્ત્ર પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવું ।।૫૦।।

પગ ધોયા વગર, અપવિત્ર અવસ્થામાં ભીને પગે, ઉત્તર ઓશીકે, પશ્ચિમ ઓશીકે, બીજાની સાથે તથા વસ્ત્ર વગર તથા બન્ને સન્ધ્યાકાળે સૂવું નહિ ।।૫૧।।

ધોયેલું વસ્ત્ર પહેરવું; પવિત્ર રહેવું; સૌભાગ્યનાં બધાં ચિહ્નો ધારણ કરવાં; સવારે જમ્યા પહેલાં ગાય, બ્રાહ્મણ, લક્ષ્મી તથા નારાયણ ની પૂજા કરવી ।।૫૨।।

સુવાસિની સ્ત્રીઓની માળા, ચન્દન તથા આભરણ થી પૂજા કરવી; પતિની સેવામાં તત્પર રહેવું; એવી ભાવના કરતી રહે કે પતિનું તેજ મારી કૂખમાં છે ।।૫૩।।

આ વ્રતનું નામ છે પુંસવન વ્રત. તેને એક વર્ષ સુધી ભૂલચૂક વગર તું ધારણ કરીશ તો ઈન્દ્રને મારનાર પુત્ર તને થશે ।।૫૪।।

ત્યારે મનસ્વિની અને દૃઢ નિશ્ચયવાળી દિતિએ મુનિને શરતો પાળવાની કબૂલત આપી અને કશ્યપ થી એને ગર્ભ રહ્યો કે તુરત ઉપર કહેલા નિયમોનું અનાયાસ પાલન કરવા લાગી ।।૫૫।।

હે નિરપેક્ષ સેવાભાવી પરીક્ષિત! દેવરાજ ઈન્દ્ર પોતાની માસી દિતિનો આશય પામી જઈ ઘણી હોશિયારીથી વેશપલટો કરી દિતિના આશ્રમે આવ્યા અને તેની સેવા કરવા લાગ્યો ।।૫૬।।

તે રોજ સમયે-સમયે વનમાંથી ફલ, ફળ, મૂળ, સમિધ, દર્ભ, પત્ર, અંકુર અને માટી તથા જલ તેનેમાટે તૈયાર રાખવા લાગ્યો ।।૫૭।।

હે નૃપ! વ્રત કરનાર દિતિના વ્રતની ત્રુટિને પકડી પાડવા ઈન્દ્ર જેમ પારધી જેમ હરિણનો વેશ કરીને હરિણને મારે તેમ કપટથી સેવા કરવા લાગ્યો ।।૫૮।।

સતત બારીક નજર રાખવા છતાં પણ જ્યારે ઈન્દ્રને તેના વ્રતમાં કંઈ જ ત્રુટિ ન જણાઈ ત્યારે તેને ભારે ચિન્તા થઈ કે કયા ઉપાયથી મારું કલ્યાણ થાય ।।૫૯।।

વ્રતના નિયમોનું પાલન કરતાં-કરતાં દિતિ બહુ દૂબળી થઈ ગઈ હતી. દૈવથી મૂઢ બની એક દિવસ સન્ધ્યા સમયે એઠે મોઢે આચમન કર્યા વગર અને પગ ધોયા વગર જ સૂઈ ગઈ ।।૬૦।।

ત્યારે અવકાશ મળ્યો છે એમ જાણી ઈન્દ્ર એ નિદ્રા લેતી દિતિના ઉદરમાં યોગમાયાવડે પ્રવિષ્ટ થયો ।।૬૧।।

ત્યાં જઈ સુવર્ણ સરખા ગર્ભના વજ્રવડે તેણે સાત કકડા કર્યા ત્યારે તે રોવા લાગ્યા એટલે ''રો નહિ, રો નહિ'' એમ કહી એક એકના ફરી સાત સાત કકડા કર્યા ।।૬૨।।

જ્યારે ઈન્દ્રએ ગર્ભને ચીરવા લાગ્યો ત્યારે એ હાથ જોડીને બોલ્યા કે અમે તો તારા ભાઈઓ મરુદ્ગણ છીએ ।।૬૩।।

ત્યારે ઈન્દ્રે પોતાના ભાવી અનન્ય પ્રેમી પાર્ષદ મરુદ્ગણને કહ્યું, ''ઠીક છે તમે મારા ભાઈ છો, હવે ડરો નહિ''।। ।।૬૪।।

જેમ અશ્વત્થામાના અસ્ત્રવડે તમારો (પરીક્ષિતનો) નાશ ન થયો તેમ ભગવાનની દયાવડે ઈન્દ્રે વજ્રવડે દિતિના ગર્ભના ટુકડે-ટુકડા કરી નાખ્યા તો પણ એ ન મર્યો ।।૬૫।।

આમાં જરા પણ આશ્ચર્ય જેવું છે જ નહિ કારણ કે જે મનુષ્ય એકવાર પણ આદિપુરુષ નારાયણની આરાધના કરી લે છે. તે તેની સમાન થઈ જાય છે; તો પછી દિતિની આરાધાનામાં તો વર્ષ પૂરું થવામાં થોડો જ સમય બાકી રહ્યો હતો ।।૬૬।।

હવે ઈન્દ્ર સાથે ગણતાં તે દેવો પચાસ થયા. ઈન્દ્રે પણ સાવકી માના પુત્રો સાથે દુશ્મની નહિ રાખતાં તેમને સોમપાન કરતા દેવો બનાવી દીધા ।।૬૭।।

દિતિએ ઊઠીને જોયું તો અગ્નિ જેવા તેજસ્વી પુત્રો ઈન્દ્રની સાથે છે એથી સુન્દર સ્વભાવવાળી એ ઘણી રાજી થઈ ।।૬૮।।

અને ઈન્દ્રને કહેવા લાગી કે ''હે તાત! હું દેવોને ભયરૂપ થાય તેવો પુત્ર ઇચ્છતી હતી અને એનેમાટે દુષ્કર વ્રત કરતી હતી. મેં તો એક જ પુત્રનો સંકલ્પ કર્યો હતો

ત્યાં ઓગણપચાસ ક્યાંથી થયા? હે પુત્ર! એ જો તારા જાણવામાં હોય તો તું સત્ય વાત મને કહે ખોટું બોલીશ નહિ ।।૬૯-૭૦।।

**ઈન્દ્ર કહ્યું :** હે અમ્બ! હું તમારો વિચાર જાણીને તમારી પાસે આવ્યો પણ એમાં મારી સ્વાર્થબુદ્ધિ હતી તેથી મેં ધર્મનો વિચાર ન કર્યો અને મોકો મળ્યો કે તરત જ તમારા ઉદરમાં જઈને ગર્ભના સાત ટુકડા કર્યા તો તે સાત કુમારો થઈ ગયા. ફરીને એક એકના સાત ટુકડા કર્યા એ પણ મર્યા નહિ ।।૭૧-૭૨।।

એવું આશ્ચર્ય જોઈને હું એવા નિર્ણય ઉપર આવ્યો કે પરમ પુરુષ ભગવાનની ઉપાસનાની આ અવર્ણનીય સ્વાભાવિક સિદ્ધિ છે ।।૭૩।।

ભગવાનની નિષ્કામ આરાધના કરનાર જે ભગવાન્ સિવાય બીજી વસ્તુને ઈચ્છતા નથી-મોક્ષને પણ નહિ તે જ સ્વાર્થમાં કુશળ છે ।।૭૪।।

ભગવાન્ જગદીશ્વર બધાના સેવ્ય અને પોતાના આત્મા જ છે. તે પ્રસન્ન થાય ત્યારે પોતાની જાતને પણ આપી દે છે. ભલા એવો કયો બુદ્ધિમાન હોય જે એમની આરાધના કરીને વિષયભોગોનું વરદાન માગે? એ વિષયભોગ તો નરકમાં પણ મળી શકે છે ।।૭૫।।

મારી સ્નેહમયી માસીબા! તમે બધી રીતે મારામાટે પૂજ્ય છો. મૂર્ખતા વશ હું ભારે નીચ કામ કરી બેઠો. મારાં એ અપરાધને તમે ક્ષમા કરી દો. એ ઘણા આનન્દની વાત છે કે તમારા ગર્ભના ટુકડે-ટુકડા થઈ જવાથી એક રીતે મરી જવા છતાં ફરીથી જીવન્ત થઈ ગયાં ।।૭૬।।

ઈન્દ્રની પારદર્શક નિષ્ઠાથી દિતિને સન્તોષ થઈ ગયો. તેની આજ્ઞા લઈ, દેવરાજ ઈન્દ્રે મરુદ્ગણો સાથે તેને પ્રણામ કર્યા અને તે સ્વર્ગે પધાર્યા ।।૭૭।।

**એવં તે સર્વમાખ્યાતં યન્માં ત્વં પરિપૃચ્છસિ।**
**મંગલં મરુતાં જન્મ કિં ભૂયઃ કથયામિ તે ।।૭૮।।**

હે પરીક્ષિત! મને તમે જે પૂછ્યું હતું તે મંગળરૂપ, મરુતોના પવિત્ર જન્મની કથા મેં તમને સવિસ્તર કહી. હવે તમારે શું સાંભળવાની ઈચ્છા છે એ બોલો એટલે હું કહું ।।૭૮।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધનો (ત્રીજા અર્ચન પ્રકરણનો પહેલો) ''દિતિના ગર્ભના ઈન્દ્રે કરેલા ટુકડા તે ૪૯ વાયુરૂપે દેવના પક્ષપાતી થયા'' નામનો અઢારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૧૯

# પુંસવન વ્રત ક્યારે અને કેમ કરવું એનો સવિસ્તાર વિધિ

**વ્રતં પુંસવનં બ્રહ્મન્ ભવતા યદુદીરિતમ્ ।।**
**તસ્ય વેદિતુમિચ્છામિ યેન વિષ્ણુઃ પ્રસીદતિ ।।૧।।**

**રાજા બોલ્યા** : હે બ્રહ્મન્! આપે હમણાં પુંસવન વ્રત કહ્યું કે જેનાથી વિષ્ણુ પ્રસન્ન થાય છે તેનો વિધિ જાણવાની હું ઇચ્છા રાખું છું ।।૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : માગસર માસની શુક્લ પ્રતિપદાથી સ્ત્રી પોતાના પતિની આજ્ઞા માગી સર્વ કામના પૂર્ણ કરનાર આ વ્રતનો આરમ્ભ કરે ।।૨।।

પહેલાં મરુદ્ગણના જન્મની કથા શ્રવણ કરી બ્રાહ્મણોની આજ્ઞા માગે, પછી દાંત સાફ કરે, સ્નાન કરી બે સફેદ વસ્ત્ર ધારણ કરી આભૂષણ પણ ધારણ કરી લે. સવારે કંઈ પણ ખાધા પહેલાં લક્ષ્મી સહિત નારાયણ ભગવાનનું પૂજન કરે ।।૩।।

આ પ્રમાણે પ્રાર્થના કરે:''આપ નિરપેક્ષ અને પૂર્ણકામ છો તેથી આપને કોઈની પાસે કંઈ અપેક્ષા નથી. આપને હું નમું છું. લક્ષ્મી વગેરે મહાવિભૂતિના સ્વામી અને સકળ સિદ્ધિના દાતા આપને મારા નમસ્કાર હો ।।૪।।

આપ કૃપા, ઐશ્વર્ય, તેજ, મહિમા અને વીર્ય વગેરે સમસ્ત વિભૂતિવડે યુક્ત છો. એ ઈશ્વરી ગુણોથી નિત્ય યુક્ત હોવાથી જ આપ સર્વની ઉપર સત્તા ભોગવો છો ।।૫।।

હે વિષ્ણુપત્ની! હે મહામાયા! ભગવાનના બધા ગુણ આપમાં નિવાસ કરે છે. મહાભાગ્યવતી લોકમાતા, મારા પર પ્રસન્ન થાઓ. હું આપને નમું છું ।।૬।।

''ઓંકાર સ્વરૂપ, મહાનુભાવ, સમસ્ત મહાવિભૂતિઓના સ્વામી ભગવાન્ પુરુષોત્તમને અને આપની મહાવિભૂતિઓને હું નમસ્કાર કરું છું અને આપને પૂજા-ઉપહારની સામગ્રી અર્પણ કરું છું''. આ મન્ત્રથી રોજ સ્થિર ચિત્તથી વિષ્ણુ ભગવાનના આવાહન, અર્ઘ્ય, પાદ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, જનોઈ, આભૂષણ, ગન્ધ પુષ્પ, ધૂપ, દીપ નૈવેદ્યાદિ ઉપચારથી પૂજા કરે અને શેષ રહેલા હવિષવડે અગ્નિમાં બાર આહુતિ ''મહાન ઐશ્વર્યોના અધિપતિ ભગવાન્ પુરુષોત્તમને નમસ્કાર હો. હું એમને માટે આ હવિષ્યનું હવન કરી રહી છું''. આ મન્ત્ર બોલી અગ્નિમાં બાર આહુતિઓ આપે ।।૭-૮।।

સર્વ કામનાને પૂર્ણ કરનાર લક્ષ્મી અને વિષ્ણુ બન્નેને પ્રેમવડે સારી રીતે પૂજે જેથી સર્વ સમ્પત્તિની ઈચ્છા હોય તે સફળ થાય ।।૯।।

ભક્તિથી નમ્ર અન્તઃકરણવડે પૃથ્વી ઉપર દંડવત્ પ્રણામ કરે કારણ કે માત્ર તે બન્ને સમસ્ત મનોરથોને પૂર્ણ કરવાવાળા અને શ્રેષ્ઠ વરદાની છે. દશ વાર પૂર્વોક્ત મન્ત્રનો જપ કરીને પછી ફરી આ સ્તોત્રનો પાઠ કરે ।।૧૦।।

હે લક્ષ્મી નારાયણ! આપ બન્ને સર્વ વ્યાપક અને ચરાચર જગતનું પરમ કારણ છો, આ લક્ષ્મીજી આપની માયાશક્તિ છે. તે સ્વયં અવ્યક્ત પ્રકૃતિ પણ છે. કોઈથી ન જિતાય તેવી માયાશક્તિ છે ।।૧૧।।

એના અધીશ્વર સાક્ષાત્ પરમ પુરુષ આપ છો. આપ સર્વ યજ્ઞરૂપ છો તો આ છે યજ્ઞક્રિયા. આપ ફલના ભોક્તા છો તો આ છે એને ઉત્પન્ન કરનારી ક્રિયા ।।૧૨।।

માતા લક્ષ્મીજી ત્રણેય ગુણોની અભિવ્યક્તિ છે અને આપ એને વ્યક્ત કરવાવાળા અને એના ભોક્તા છો, આપ સમસ્ત પ્રાણીઓના આત્મા છો અને લક્ષ્મીજી શરીર, ઈન્દ્રિય અને અન્તઃકરણ છે. માતા લક્ષ્મીજી નામ અને રૂપ છે અને આપ નામ અને રૂપ બન્નેના પ્રકાશક તથા આધાર છો ।।૧૩।।

પ્રભો! આપની કીર્તિ પવિત્ર છે. આપ બન્ને ત્રિલોકી કે વરદાની પરમેશ્વર છો. તેથી મારી મોટી-મોટી આશા-અભિલાષાઓ આપની કૃપાથી પૂર્ણ હો ।।૧૪।।

હે પરીક્ષિત! એવી રીતે લક્ષ્મી સહિત ભગવાનની સ્તુતિ કરી ધરેલ ભોગને ત્યાંથી ખસેડી દેવને આચમન કરાવી બાકી રહેલ સેવા કરવી ।।૧૫।।

પછી ભક્તિભાવવડે મનને નમ્ર કરવું. પછી એની સ્તોત્રવડે સ્તુતિ કરવી. યજ્ઞના ઉચ્છિષ્ટને સૂંઘી ફરી ભગવાનની પૂજા કરવી ।।૧૬।।

મહાપુરુષનું ચિત્તમાં ધ્યાન કરી પતિને સાક્ષાત્ ભગવાન્ સમજી પરમ પ્રેમથી એને મનગમતી વસ્તુઓ તેની સેવામાં હાજર કરે. પતિ પણ પત્નીમાં પ્રેમ રાખી એનું મન જેમ પ્રસન્ન થાય તેમ કરે અને નાનાં-મોટાં કર્મમાં પત્નીને સાથે રાખે અને તેને મનગમતી નાની-મોટી વસ્તુઓ લાવી આપે ।।૧૭।।

હે પરીક્ષિત! પતિ-પત્નીમાંથી એક પણ કોઈ કામ કરે તો એનું ફલ બન્નેને મળે છે તેથી જો પત્ની (રજો ધર્મ આદિ સમયે) આ વ્રત કરવા અયોગ્ય હોય તો તે ખૂબ એકાગ્રતા અને સાવધાની થી પતિએ જ એનું અનુષ્ઠાન કરવું જોઈએ ।।૧૮।।

આ ભગવાન્ વિષ્ણુનું વ્રત છે. એનો નિયમ લઈ વચમાં ક્યારેક છોડી દેવું ન

જોઈએ. જે કોઈ આ વ્રત લે તે રોજ બ્રાહ્મણ તથા સૌભાગ્યવતી સ્ત્રીઓની પુષ્પ, માળા, ગન્ધ, ભોજન તથા આભૂષણ વગેરેથી સ્નેહપૂર્વક પૂજા કરી એક વર્ષ નિયમિત રહે ।।૧૯।।

દેવને એને સ્થાને પધરાવી દે, વિસર્જન કરી દે પછી નૈવેદ્ય એની પાસેથી લઈને સર્વ કામનાની પૂર્ણતા તથા આત્માની વિશુદ્ધિમાટે એનું ભક્ષણકરે ।।૨૦।।

ઉપર કહ્યા તેવા વિધિથી બાર માસ એટલે એક વર્ષ સુધી માગસરની સુદ એકમથી આરમ્ભીને કાર્તિક વદ અમાસ સુધી પતિનું વ્રત રાખી સ્ત્રી ઉદ્યાપન સમ્બન્ધી ઉપવાસ તથા પૂજન આદિ કરે ।।૨૧।।

બીજે દિવસે પ્રથમની પેઠે સ્નાન કરી કૃષ્ણની પૂજા કરી દૂધમાં રાંધેલા ઘીવાળા હવિષવડે સ્ત્રીનો પતિ બાર આહુતિનો હોમ કરે ।।૨૨।।

બ્રાહ્મણ પ્રસન્નતાથી આશિષ આપે તેનો આદર કરે. ભક્તિભાવ પૂર્વક મસ્તક નમાવી એમના ચરણોમાં પ્રણામ કરી એમની આજ્ઞા લઈ ભોજન કરે ।।૨૩।।

ત્યાર બાદ પહેલા આચાર્યને ભોજન કરાવી, પછી મૌન ધારણ કરી ભાઈ-બન્ધુઓની સાથે પોતે ભોજન કરે ત્યાર પછી હવનમાંથી બચેલી ધૃત્ત-મિશ્રિત ખીર પોતાની પત્નીને આપે. એ પ્રસાદ સ્ત્રીને સત્પુત્ર અને સૌભાગ્યનું દાન કરનાર હોય છે ।।૨૪।।

આ વ્રત વિધિ સહિત કરે તો પુરુષ ઈચ્છિત ફળને અહીં જ મેળવે છે. સ્ત્રી આ વ્રત કરવાથી સૌભાગ્ય, લક્ષ્મી, સન્તાન અને પતિ નું દીર્ઘાયુષ્ય, યશ, ઘર વગેરેને પ્રાપ્ત કરે છે ।।૨૫।।

આ વ્રતનું આચરણ કરનારી કન્યાને સમસ્ત શુભ લક્ષણવાળો પતિ મળે છે અને વિધવા આ વ્રતથી નિષ્પાપ થઈ વૈકુંઠ જાય છે. જેનાં બાળકો મરી જતાં હોય તે સ્ત્રી આના પ્રભાવથી ચિરાયુ પુત્ર પ્રાપ્ત કરે છે. ધનવતી પણ અભાગિણી સ્ત્રીને સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. કુરૂપ સ્ત્રીને શ્રેષ્ઠ રૂપ મળી જાય છે. રોગી આ વ્રતના પ્રભાવથી રોગમુક્ત થઈ જાય છે એટલું જ નહિ પણ એનું શરીર અને ઈન્દ્રિયો સુદૃઢ અને સુગઠિત બને છે. જે મનુષ્ય માંગલિક શ્રાદ્ધ કર્મમાં આનો પાઠ કરે છે એના પિતર અને દેવતાને અપાર તૃપ્તિ મળે છે ।।૨૬-૨૭।।

**તુષ્ટાઃ પ્રયચ્છન્તિ સમસ્તકામાન્ હોમાવસાને હુતભુક્ શ્રીર્હરિશ્ચ**
**રાજન્ મહન્મરુતાં જન્મ પુણ્યં દિતેર્વ્રતં ચાભિહિતં મહત્તે ।।૨૮।।**

અગ્નિ, લક્ષ્મી અને ભગવાન્ હરિ હોમ થયા પછી પ્રસન્ન થઈ વ્રતવતીની સર્વ કામનાને પૂર્ણ કરે છે. હે રાજન્! આ મરુતોનો આદરણીય જન્મ અને પવિત્ર એવું દિતિનું વ્રત તમે પૂછેલાં તે મેં તમને કહી સંભળાવ્યાં ।।૨૮।।

**ઈતિ શ્રીભાગવત ષષ્ઠસ્કન્ધમાં (ત્રીજા અર્ચન પ્રકરણનો બીજો પુંસવન વ્રતવિધિ નામનો) ''પુંસવન વ્રત ક્યારે અને કેમ કરવું એનો સવિસ્તાર વિધિ'' નામનો ઓગણીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# ષષ્ઠસ્કન્ધ સમ્પૂર્ણ

**કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારમ્પર્યયુતા ભુવિ।**
**ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ।।**

પોતાના કુટુમ્બનું પોષણ, ધન કે યશ ની કામનાથી જેઓ પુરાણની કથા કહે છે તેઓ ખેતરમાં પાણી પહોંચાડનારી નીક જેવા હોય છે. નીક વાટે પાણી મળતાં જેમ ખેતરમાં અનાજ ઉગતું હોય છે તેમ રૂપીઆ સ્વીકારીને કથા કરનારાઓના મુખે કથા સાંભળનાર શ્રોતાઓમાં ભક્તિભાવને ઠેકાણે અધોપાત કરનાર અહન્તા-મમતાજ વધે છે. ભક્તિમાર્ગીઓએ એવાના મુખે કથા ન સાંભળવી. **(શ્રીવલ્લભાચાર્ય)**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**

કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો.(શ્રીવલ્લભાચાર્ય)**


પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ માણસને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

# સપ્તમસ્કન્ધ

## ઊતિલીલા કર્મવાસના

### (દક્ષિણ શ્રીહસ્ત)

### કર્મવાસના (અધ્યાય૧૫)




**વિશેષ :** એ પ્રમાણે છઠ્ઠા સ્કન્ધમાં પુષ્ટિ કહી. દુઃખનો અભાવ અને સુખ ફળ છે. એ આ લોકનું તેમજ પરલોકનું એમ બે પ્રકારનું છે. પુષ્ટિમાં પક્ષપાત દોષ લાગે તેથી પંદર અધ્યાયથી એ મટાડવામાટે **'ઊતિલીલા'** સપ્તમ સ્કન્ધમાં કહેવામાં આવે છે. ભગવાનને કામાદિ ન હોય તેથી વિષમતા એને ન ઘટે છતાં કોઈની ઉપર અનુગ્રહ કરે અને કોઈ ઉપર ન કરે એ દોષ લાગે. એની નિવૃત્તિમાટે વાસના કહેવામાં આવે છે.

અધ્યાત્મિક આદિ ત્રણ ભેદથી કર્મ ત્રણ પ્રકારનું છે. એ પાંચ જાતનું હોવાથી તેના પંદર

ભેદ થયા. માટે **'ઊતિલીલા'** પંદર અધ્યાયથી કહેવામાં આવે છે. ભગવાન્ સૃષ્ટિના આરમ્ભમાં જે વિચાર કરે છે તે જ જીવ વાસનાવડે પામે છે. જીવને એ જ હિતાવહ છે. એટલે એ લીલામાં જીવની વાસનાથી તેમ થાય છે માટે ઈશ્વરને વિષમતાનો દોષ લાગતો નથી. આ **ઊતિલીલા**માં **અસદ્ વાસના, સદ્ વાસના અને સદસદ્ વાસના** એમ ત્રણ પ્રકરણ પાંચ-પાંચ અધ્યાયનાં છે. દૈત્યના અંશથી હિરણ્યકશિપુ અને દેવના અંશથી પ્રહ્લાદ કહ્યા છે. તેથી કર્મથી જ એમ બને છે. નારદજીમાં એ ત્રણેનો આવેશ હોવાથી એ અત્રે વક્તા છે. આ સ્કન્ધમાં શ્રોતા પણ જ્ઞાની, ભક્ત અને કર્મ કરનાર એવા યુધિષ્ઠિર છે. લૌકિક અને અલૌકિક પ્રકારે દૈત્યોનાં પાંચ કર્મ છે તેમાં લૌકિક કર્મ બે જાતનું છે. એ ભોગથી પણ કહેવાય છે. એમાં સત્ પુરુષનું ઉલ્લંઘન કરવું એ સેવાધર્મ નથી. એમ જ હોય તો જય, વિજય સનક આદિને રોકતાં વિનંતિ કરી સમજાવત. પરન્તુ દૈત્ય સ્વભાવનો ઉદ્ગમ થતાં એમણે એમ કર્યું ત્યારે સનક આદિએ એમને વૈકુંઠમાં રહેવાને લાયક નથી એમ જાણી શાપ આપ્યો. એ વાસના ત્રણ પ્રકારની સ્પષ્ટ રીતે દેખાઈ તેથી જય, વિજયને ત્રણ જન્મ લેવા પડ્યાઃલોભથી પહેલો, કામથી બીજો અને ક્રોધથી ત્રીજો. હિરણ્યકશિપુના પ્રથમ જન્મમાં લોભ વાસના ઉત્પાદક છે; તેથી જ ભગવાન્ પણ ક્રોધરૂપે પ્રકટ થયા. પ્રભુ ક્રોધાદિ દોષને સ્વીકારે ત્યારે ભક્તનો દોષ દૂર થાય. તેથી જ નૃસિંહ અવતાર થતાં દૈત્યના લોભથી વાસના નિવૃત્ત થઈ. અહીં હિરણ્યકશિપુનો અધિકાર સાબિત કરવાને એણે પોતાના કુટુમ્બને જ્ઞાનનો ઉપદેશ કર્યો એ વાત છે. એણે તપ કર્યું, બ્રહ્માજીની સ્તુતિ કરી એમની પાસેથી વરદાન મેળવ્યું એ બધાં એના અધિકાર સૂચક છે. અત્યન્ત વાસના વધવાથી ભોગમાં અતૃપ્તિ થઈ, ભાઈ (હિરણ્યાક્ષ) ના મરાવાથી હિરણ્યકશિપુને ભગવાન્ પ્રત્યે દ્વેષ થયો અને પુત્રમાં સ્નેહ થયો તે બધું વાસનાથી થયું. તો અહીં શંકા થાય કે દુષ્ટ વાસનાવાળા દૈત્યને ત્યાં જ ભક્તનું આવવું કેમ થયું? પૂર્વે કહ્યું છે કે દૈત્યને અધિકાર છે. તેથી જ જ્ઞાન અને તપ વગેરે કરવાનું કહેવામાં આવ્યું છે. તેથી તે વૈકુંઠમાં ગયો ત્યારે **''અતોહમસ્ય હૃદયં પ્રવેક્ષ્યામિ પરાક્દૃશઃ''** એ વાક્યવડે ભગવાન્ એના હૃદયમાં દાખલ થઈ ગયા. દૈત્યે ભગવાનને ન જોયા ત્યારે પાછો ફર્યો છે. એના હૃદયમાં ભગવાન્ પધાર્યા તે પુત્રરૂપે પ્રકટ થયા છે. તેથી જો શત્રુ પુત્રરૂપે આવે તો એની સાથે બાપને વેર થાય છે. આથી હિરણ્યકશિપુએ પ્રહ્લાદને મારવાના પ્રયત્ન કરી દ્વેષ પ્રકટ કર્યો છે.

**''ઔદ્ધત્યં સર્વપીડા ચ સ્વપીડાનિર્વૃત્તિઃ સદા। ભગવદ્ભક્ત પીડા ચ વાસના પંચધોદિતા।। તત્ત્વાર્થદીપ નિબન્ધ સ્કન્ધ ૭, કારિકા ૨૯''**એ શ્લોકથી દૈત્યવાસનાવડે અવિદ્યાનાં પાંચ પર્વ બતાવી પાંચ અધ્યાયમાં **'અસદ્વાસનાથી'** જે થાય તે બતાવી આપ્યું.

હવે વચલા પાંચ અધ્યાયવડે **'સદ્વાસના'** પ્રકરણ કહેવાય છે. જ્યારે દૈત્યભાવ નિવૃત્ત થાય ત્યારે બધાની મુક્તિ થાય છે. જે સર્વનો મોક્ષ કરે છે તે જ સદ્વાસના કહેવાય. દયા એ પહેલું પર્વ; મહાકૃપા એ બીજાું પર્વ; ભગવાન્ દુઃખથી ભક્તને છોડાવે એ ત્રીજાું પર્વ; જીવ ભગવત્ સન્મુખ રહે એ ચોથું પર્વ; અને કાયા, વાણી અને મનના ભાવવડે ભગવન્ નિષ્ઠિત થાય ત્યારે ભગવત્ પ્રસાદ થાય અને નિર્દુષ્ટ સર્વ સુખ એને પ્રાપ્ત થાય એ પાંચમું પર્વ. અહીં શંકા થાય કે ઊતિલીલામાં પ્રથમ સદ્વાસના કહ્યા પછી અસદ્વાસના કહેવી જોઈએ તો આમ ઊલટો ક્રમ કેમ? સમાધાન આ પ્રમાણે છેઃજ્યારે અસદ્વાસના જાય ત્યારે સદ્ વાસના થાય છે. તો અહીં આ સ્કન્ધના દશમા અધ્યાયમાં મય દૈત્ય અને ત્રિપુર આદિની કથાનું શું કારણ? કારણ એ છે કે દુષ્ટ વાસના મોહથી થાય છે. મોહનું મૂળ માયા છે. સદ્વાસનાનું મૂળ હરિ છે. એ બતાવવાને ત્રિપુર દૈત્યને ત્યાં ભગવાને જઈ રસરૂપ અમૃતનું પાન કરી દેવોની રક્ષા કરી, પ્રહ્લાદદ્વારા જ્ઞાન આપી દૈત્યોના છોકરાઓને મુક્ત કર્યા. હિરણ્યકશિપુને દેહવિયોગ કરાવી લોભથી મુક્ત કર્યો. પ્રહ્લાદને દૈહિક દુઃખથી મુક્ત કર્યો.

**''મૈવં વરો સુરાણામ્''** ઈત્યાદિ ઉપદેશ કરી અવિચારી કાર્યરૂપ બ્રહ્માજીને ક્લેશથી મુક્ત કર્યા. મહાદેવજીને ત્રિપુર હનન-વૈકલ્ય ક્લેશથી મુક્ત કર્યા. મય દૈત્ય શિવભક્ત છે તેને પણ ક્લેશ મુક્ત કર્યો. આ પ્રકરણમાં મર્યાદાપુષ્ટિ સહકારિણી છે એમ દેખાડી આપ્યું. સત્સંગથી સદ્ વાસના વધે અને દુષ્ટ સંગથી દુર્વાસના વધે છે એમ પણ આથી બતાવ્યું. અહીં બીજાું પ્રકરણ પૂરું થાય છે. ત્રીજા છેલ્લા પ્રકરણનો વિચાર આ પ્રમાણેછેઃ

**''દ્વૌ ભૂતસર્ગૌ''**એ વાક્યથી બે સર્ગ કહ્યા તેથી બે સર્ગમાં વાસના પણ બે પ્રકારની હોય. એવી વાસના સત્ અને અસત્ એવી બે પ્રકારનીછે.

હવે **'સદસદ્વાસના'શા** માટે કહેવી? કારણ મિશ્ર ભાવવાળાને બન્ને ભાવ થવા સંભવ છે તેથી એ પ્રકરણની પણ જરૂર છે. એ જ કહે છે કે એ વાસનાઓમાં શ્રવણ આદિથી સદ્વાસનાઓનું પોષણ થાય પણ એનું મૂળ અવિદ્યા છે તે પ્રાયશ્ચિત આદિથી નિવૃત્ત થતી નથી. તેથી જય, વિજય વૈકુંઠમાં પહોંચ્યા છતાં એઓને અસદ્વાસના થતાં સદતિક્રમ થયો. આ સૂક્ષ્મતા સમજવા માટે નારદજીએ કહ્યું છે :

**''કિં ભૂયઃ શ્રોતુમિચ્છસિ''** ભક્તિમાર્ગ જ એવો છે કે જેમાં દુર્વાસના ગઈ હોય તે પાછી ઉદ્ભવતી નથી. જ્ઞાન અને કર્મ વડે વાસના નિવૃત્ત થાય છે પણ પાછી ઉપમર્દક ભાવથી કાળે કરીને દુર્વાસના થાય છે.

**''કષાયપંક્તિઃ કર્માણિ''** દોષને પકવનાર કર્મો છે. પકવ થયેલ દોષો તુરત નાશ પામે

છે એ ઉપાય આ પ્રકરણમાં બતાવે છે. સાધારણ ધર્મ તથા વર્ણાશ્રમ ધર્મવડે દુર્વાસિનાનો નાશ થાય છે. બ્રહ્માંડમાં જેટલા ધર્મ વાસનાનાં પોષક છે તેની નિવૃત્તિમાટે **''સત્યં શૌચં''** વગેરે ત્રીસ ધર્મ કહેવામાં આવ્યા છે તેનાથી બધી દુર્વાસિનાઓનો નાશ થાય છે. એ બધા ધર્મ ભગવાનના છે તે જો હૃદયમાં આવે તો હૃદયમાં ભગવાનની સ્થિતિ કરાવે અને દેહાત્મભાવનું દહન કરે. તેથી એક અધ્યાયથી બ્રહ્મચારી અને વાનપ્રસ્થના ધર્મ કહ્યા, ત્રીજામાં સન્ન્યાસ ધર્મ કહ્યા. તેથી પણ ધર્મનું ફળ અર્થ અને કામ તો નથી એમ કહેવામાં આવી ગયું. એ પ્રકારે સામાન્ય અને વર્ણાશ્રમ ધર્મથી વાસનાનો ક્ષય થાય, પછી ભક્તિ થાય છે. ભક્તિનો અધિકાર વાસનાવાળાને નથી. છતાં સત્સંગ કે સંગ થી કૃષ્ણને ભજે પણ વાસનાનું મૂળ ગયેલું ન હોવાથી ભક્તિ કરતાં-કરતાં એને હરિમાં દ્વેષ થાય અથવા દુર્બુદ્ધિ થાય તો એનાથી અપરાધ થાય છે. ભક્તિ કરે છતાં એ દુષ્ટ એટલે દોષવાળો થાય છે. ત્યારે ભગવાન્ એવા ભક્તની ઉપેક્ષા કરે છે ત્યારે કાળકર્મ આદિના ઉપદ્રવથી એ દુર્વાસિનાવાળો ભક્ત દુઃખ પામે છે. ભીષ્મ, અક્રૂર વગેરે એના દૃષ્ટાન્ત છે. યુધિષ્ઠિર કૃષ્ણના ભક્ત છે તેને નારદજી કર્મનો ઉપદેશ કરે છે. એમાં કહે છે કે જીવ વિધર્મ આદિનો ત્યાગ કરી કર્મ કરે તો દુર્વાસિના મટે, જીવને બ્રહ્મભાવ થાય ત્યારે વાસના ટળે પણ ગુરુના ઉપદેશ વગેરેથી જ્ઞાન થાય ત્યારે દોષ પક્વ થઈ એનો નાશ થાય. એનો ઉપાય જ્ઞાન અને ભક્તિ બન્ને છે. તપવડે પ્રાણની વાસના, યોગવડે ઈન્દ્રિયની અને કર્મવડે શરીરની વાસના નષ્ટ થાય છે. સર્વ વર્ણવાળાએ પાંચ પ્રકારનું કર્મ કરવું પણ એમાં ભક્તિ જે અધિકાર આપે તે કોઈ આપી શક્તું નથી. અન્તઃકરણના ધર્મ ક્ષીણ થાય ત્યારે વાસના ક્ષય પામે. માટે ધર્મોનું વર્ણન કર્યું છે. સર્વનું મૂળ બ્રાહ્મણો છે. એમની કૃપાથી બધું થાય. એ બ્રાહ્મણો જ મર્યાદામાં મુખ્ય સાધનરૂપ છે તેમની સેવાથી વાસના મટે છે એમ બતાવવામાં માટે જય, વિજયને બ્રાહ્મણનો શાપ થયો અને ત્રણ જન્મે પાછા ભગવાનને પામવાનો પ્રસાદ પણ એમની પાસેથી મળ્યો. એ સ્કન્ધનો સાર છે. સર્વનું કારણ ભગવાન્ છે. એ જેમાં નિષ્ઠા કરાવે તે કરવું. એ બધી ભગવાનની લીલા છે. ભગવાન્ સ્વતન્ત્ર છે. અહીં **'ઊતિલીલા'** સમાપ્ત થાય છે. ટૂંકમાં પંદર અધ્યાયથી જીવને પોત પોતાના કર્મને અનુસારે જે વાસના થાય છે તેનું વર્ણન આ સ્કન્ધમાં કરવામાં આવે છે. એ કર્મ વાસનાનું નામ જ **'ઊતિલીલા'**. ભેદવડે એ શુભ અને અશુભ એ બે પ્રકારની છે. મોટાનો કોપ થાય તો તેથી અશુભ વાસના થાય છે. અનુગ્રહ થવાથી શુભ વાસના થાય છે. ભગવાનના દ્વારપાલ જય, વિજય વૈકુંઠમાં રહેતા હતા તેઓને ભગવદ્ ભક્ત સનક આદિકના કોપથી ભગવાન્માં અશુભ વાસના થઈ. પ્રહ્લાદ દૈત્ય હોવા છતાં તેને નારદજીના અનુગ્રહથી ભગવદ્ભક્તિરૂપ વાસના થઈ.

પોતાનો ભક્ત દ્વેષ કરતો હોય છતાં ભગવાન્ એનું રક્ષણ કરે છે. તેથી જ જય, વિજયને ત્રીજે જન્મે ભગવાને પોતાની પાસે લઈ લીધા છે. આ ઉપરથી ડાહ્યા પુરુષે મોટાનો અનુગ્રહ થાય એવો પ્રયત્ન કરવો. એટલા માટે અહીં **'ઊતિલીલા'** નું લક્ષણ કહ્યું છે તેથી અહીં દશ અધ્યાયવડે હિરણ્યકશિપુ અને પ્રહ્લાદ ને મોટાના કોપથી તથા મોટાના અનુગ્રહથી અસદ્વાસના અને સદ્વાસના કહેવામાં આવે છે. અસદ્વાસના મોટાના કોપથી થાય છે તેનું વર્ણન પાંચ અધ્યાયથી કરવામાં આવ્યું છે. હિરણ્યકશિપુને વિષ્ણુના ભક્ત પોતાના પુત્ર પ્રહ્લાદની સાથે શાપને લીધે વિરોધ થયો. પુત્રમાં વિરોધ કેમ સંભવે? કારણ એ છે કે હિરણ્યશિપુ, હિરણ્યાક્ષ પૂર્વ અવસ્થામાં ભગવાનના દ્વારપાલ, જય, વિજય હતા. એણે બ્રાહ્મણને (સનક આદિને) વૈકુંઠમાં જતા અટકાવ્યા ત્યારે એ વખતે એમણે એને ભગવદ્ ધામમાં વિષમતા કરતા જોઈને શાપ આપ્યો તમે વૈકુંઠમાં વાસ કરવાને લાયક નથી પણ પૃથ્વી ઉપર રહેવા લાયક છો; તેથી પૃથ્વીમાં જાઓ ત્યારે તેઓ પૃથ્વી ઉપર દૈત્યો થયા અને એને લીધે જ એણે ભક્તપુત્રનો પણ દ્રોહ કર્યો.

## પહેલું અસદ્વાસના પ્રકરણ

## અધ્યાય ૧

## હિરણ્યકશિપુને ભક્તપુત્રમાં વેર થવાનું કારણ

**સમઃ પ્રિયઃ સુહૃદ્બ્રહ્મન્ ભૂતાનાં ભગવાન્ સ્વયમ્ ।।**
**ઈન્દ્રસ્યાર્થે કથં દૈત્યાન્ અવધીદ્વિષમો યથા ।।૧।।**

**પરીક્ષિતે પૂછ્યું :** ભગવાન્ તો સર્વ પ્રાણીના સુહૃદ અને સર્વના પ્રિય છે. ભગવાન્ તો સ્વભાવથી જ ભેદભાવ રહિત છે તો એમણે વિષમ દષ્ટિ વાળો કરે તેમ ઈન્દ્રને માટે દૈત્યોને કેમ માર્યા? ।।૧।

હે બ્રહ્મન્! સાક્ષાત્ સ્વરૂપાનન્દરૂપ ભગવાન્ તો સ્વયં પરિપૂર્ણ કલ્યાણ સ્વરૂપ છે તેથી દેવોથી કાંઈ કામ લેવાનું નથી અને નિર્ગુણ હોવાથી દૈત્યો સાથે વેર-વિરોધ નથી તેમ ઉદ્વેગ પણ નથી ।।૨।।

હે ભગવત્ પ્રેમના સૌભાગ્યથી સમ્પન્ન મહાત્મન્! અમને સર્વને નારાયણના ગુણોના સમ્બન્ધમાં ભારે સન્દેહ ઉત્પન્ન થયો છે તે આપ જ દૂર કરવાને સમર્થ છો ।।૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે મહારાજ! તમે ભગવાનનું અદ્‌ભુત ચરિત પૂછ્યું એ બહુ જ સારું કર્યું. હું તમને નારદજી વગેરે ઋષિઓ ગાય છે તે ભગવાનની કથા શ્રીવેદવ્યાસજીને નમસ્કાર કરીને કહીશ. એમાં ભગવાનની ભક્તિને વધારનાર ભગવદ્ભક્તિનું પવિત્ર માહાત્મ્ય આવે છે. ।।૪-૫।।

(હવે પછી આપેલા મોટા કૌંસમાંના ૩ શ્લોક પ્રક્ષિપ્ત છે). જીભ મેળવીને જે કીર્તન કરવા યોગ્ય વિષ્ણુનું કીર્તન કરતો નથી તે દુર્બુદ્ધિવાળો મોક્ષરૂપી સીડી મેળવ્યા છતાં એની ઉપર ચઢી શકતો નથી ।।૧।।

એટલા માટે જેઓ ગોવિન્દનું માહાત્મ્ય જે આનન્દરસથી સુન્દર છે તે નિત્ય શ્રવણ કરી ગાય છે તેઓ નિઃસંશય કૃતાર્થ થાય છે ।।૨।।

માટે હે ધૈર્યવાન્ નૃપ શ્રેષ્ઠ! એ પવિત્ર કરનારી તથા મહાપુણ્ય આપવા વાળી અને ગોવિન્દના માહાત્મ્યથી ભરેલી કથા તમે સાંભળો ।।૩।।

કોઈને વ્યકતતાથી ન જણાય માટે અજન્મા અને નિર્ગુણ ભગવાન્ પોતાની સૃષ્ટિ કરનારી માયાના ગુણોનો સ્વીકાર કરી બાધ્ય-બાધકભાવને પ્રાપ્ત થાય છે, અર્થાત્ મરનાર અને મારનાર બન્નેનાં પરસ્પર વિરોધી રૂપો ગ્રહણ કરે છે ।।૬।।

સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણ પ્રકૃતિના છે, આત્માના નથી તે ત્રણ ગુણો પણ એકદમ વધી કે ઘટી જતા નથી ।।૭।।

ભગવાન્ સમય-સમયની ઈચ્છા પ્રમાણે ગુણોનો સ્વીકાર કરે છે, સત્ત્વ ગુણની વૃદ્ધિના સમયે દેવતા અને ઋષિઓને, રજોગુણની વૃદ્ધિના સમયે દૈત્યોને અને તમોગુણની વૃદ્ધિના સમયે યક્ષો અને રાક્ષસો ની અંદર આવિષ્ટ થઈને એઓને વધારે છે ।।૮।।

જેમ અગ્નિ એક છતાં ઉપાધિ ભેદથી ભિન્ન છે તેમ ભગવાન્ એક છતાં દેવ, અસુર અને મનુષ્ય માં ભિન્ન દેખાય છે. વિદ્વાન પુરુષો કાષ્ઠના મથનથી અગ્નિની પેઠે આ દેહમાંથી આત્માને જુદો મેળવી શકે છે ।।૯।।

જ્યારે પરમેશ્વર પોતાને માટે શરીરો ઉત્પન્ન કરવા ધારે છે ત્યારે એ પોતાની માયાથી રજોગુણની અલગ સૃષ્ટિ કરે છે. જ્યારે તે વિચિત્ર યોનિઓમાં ક્રીડા કરવાની ઈચ્છા કરે છે ત્યારે સત્ત્વગુણની સૃષ્ટિ કરે છે અને શયનની ઈચ્છા કરે છે ત્યારે એ તમોગુણને વધારે છે ।।૧૦।।

હે પરીક્ષિત! ભગવાન્ સત્ય સંકલ્પ છે. એની ઈચ્છામાં હર બ્રહ્મા આદિ પણ

મીન મેખ ન કરી શકે. તેઓ જ જગતની ઉત્પત્તિના કારણ પ્રકૃતિ અને પુરુષ ના સહકારી અને આશ્રય કાળને ઉત્પન્ન કરે છે. તેથી તે કાળને આધીન નથી પણ કાળ તેને આધીન છે. એ કાળરૂપી ઈશ્વર જ્યારે સત્ત્વગુણની વૃદ્ધિ કરે છે ત્યારે સત્ત્વમય દેવતાઓનું બળ વધારે છે અને ત્યારે જ એ પરમ તમોગુણી દૈત્યોનો સંહાર કરે છે. ખરેખર તો એ જ સમ જ છે ।।૧૧।।

હે રાજન્! આ વિષયમાં દેવર્ષિ નારદજીએ પરમ પ્રેમથી એક ઈતિહાસ કહ્યો હતો. આ સમયની વાત છે જ્યારે રાજસૂય યજ્ઞમાં તમારા દાદા યુધિષ્ઠિરે એમને એ બાબતમાં એક પ્રશ્ન પૂછ્યો હતો ।।૧૨।।

એ મહાન રાજસૂય યજ્ઞમાં રાજા યુધિષ્ઠિરે પોતાની જ આંખે એક ભારે આશ્ચર્ય જનક ઘટના જોઈ કે ચેદિરાજ શિશુપાલ બધાના દેખતાં જ ભગવાન્ શ્રીકૃષ્ણમાં સમાઈ ગયો. તેનું શ્રીકૃષ્ણ ભગવાન્‌માં સાયુજ્ય થઈ ગયું ।।૧૩।।

એ જોઈને યજ્ઞમાં પાંડુના પુત્ર રાજા યુધિષ્ઠિર વિસ્મય પામી ગયા અને ત્યાં બેઠેલા નારદમુનિને બધા મુનિઓના સાંભળતાં પૂછયું ।।૧૪।।

**યુધિષ્ઠિર બોલ્યા :** અહો! આ તો એક અદ્‌ભુત વાત કહેવાય કે શિશુપાલ શ્રીકૃષ્ણની સાથે શત્રુતા રાખતો હતો છતાં અનન્ય ભક્તને પણ દુર્લભ એવી વાસુદેવ રૂપ પરતત્ત્વની એને પ્રાપ્તિ થઈ ।।૧૫।।

હે મુને! અમને બધાને એ જાણવાની ઈચ્છા છે. ભગવાનની નિંદા કરવાથી વેન રાજાને તો ઋષિઓએ નરકમાં પહોંચાડ્યો હતો ।।૧૬।।

દમ ઘોષનો છોકરો આ પાપી શિશુપાલ અને દુર્મતિ દન્તવક્ત્ર બન્ને જ્યારથી બોલતાં શીખ્યા ત્યારથીજ અત્યાર સુધી ભગવાનની સાથે દ્વેષજ કરતા રહ્યા છે ।।૧૭।।

અવિનાશી પરબ્રહ્મ ભગવાન્ શ્રીકૃષ્ણને તેમણે અનેકવાર ગાળો દીધા કરી છે. પરન્તુ એના ફળરૂપે એમની જીભમાં કોઢ નીકળ્યો નહિ કે એને ઘોર અન્ધકારમય નરકમાં પણ જવું પડ્યું નહિ ।।૧૮।।

પરન્તુ જે ભગવાનની પ્રાપ્તિ અત્યન્ત દુર્લભ છે તેના સ્વરૂપમાં બધા લોકોનાં દેખતાં અનાયાસ જ લયને પામ્યા, એવું કેમ બન્યું? ।।૧૯।।

એ વિષયમાં વાયુમાં દીવાની જ્યોતિની માફક મારી બુદ્ધિ ભમ્યા કરે છે. હે ભગવન્! આ અત્યન્ત અદ્‌ભુત ઘટનાનું રહસ્ય મને કહો ।।૨૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : યુધિષ્ઠિરનું વચન સાંભળી સર્વ સમર્થ નારદ ઋષિ પ્રસન્ન થયા અને બધી સભા સાંભળે તેમ યુધિષ્ઠિરને કહેવા લાગ્યા ।।૨૧।।

**નારદજીએ કહ્યું** : હે યુધિષ્ઠિર! નિંદા, સ્તુતિ, સત્કાર અને તિરસ્કાર તો આ શરીરના થાય છે અને આ શરીરની કલ્પના પ્રકૃતિ અને પુરુષનો વિવેક ન હોવાથી જ થઈ છે ।।૨૨।।

જ્યારે આ શરીરને જ આત્મા માની લેવામાં આવે છે ત્યારે ''આ હું છું અને આ મારું છે'' એવી ધારણા બંધાય છે. આ જ બધા ભેદભાવનું મૂળ છે. એને લીધે જ માર અને દુર્વચનોથી દુઃખ થાય છે ।।૨૩।।

જે દેહમાં અભિમાન છે તે દેહનો વધ થતાં પ્રાણી પોતાનો વધ થયો એમ સમજે છે, પરન્તુ એવું અભિમાન ભગવાન્‌માં તો છે નહિ કારણ કે તે અદ્વિતીય અને સર્વાત્મા છે. એ જે બીજાને દંડ દે છે એ પણ એમના કલ્યાણને માટે જ, ક્રોધથી અથવા દ્વેષથી નહિ. તો પછી ભગવાનની બાબતમાં હિંસાની કલ્પના તો કરી જ કેવી રીતે શકાય? ।।૨૪।।

તેથી (ભગવાન્‌માં આમ દેહાભિમાન ન હોવાથી) ભલે તો પૂરા વેરભાવથી અથવા નિર્વૈર ભક્તિભાવથી, ભયથી, સ્નેહથી અથવા કામથી ગમે તેમ હોય, ભગવાન્‌માં પોતાનું મન પૂરેપૂરું લગાડી દેવું જોઈએ. ભગવાનની દૃષ્ટિએ આ બધા ભાવોનું મૂલ્ય એક સરખું છે ।।૨૫।।

હે યુધિષ્ઠિર! મારો તો એવો દૃઢ નિશ્ચય છે કે મનુષ્ય વેરભાવથી ભગવાન્‌માં જેટલો તન્મય થઈ જાય છે એટલો ભક્તિભાવથી થતો નથી ।।૨૬।।

ભમરી કીડાને ઉપાડી લાવી ભીંતમાંના પોતાના દરમાં પૂરી મૂકે છે. તે કીડો ઉદ્વેગ અને ફફડાટ ને લીધે ભમરીનું જ ચિન્તન કરતાં-કરતાં ભમરી જેવો જ (એક મત પ્રમાણે ભમરી જ) બની જાય છે ।।૨૭।।

આ જ વાત ભગવાન્ શ્રીકૃષ્ણના સમ્બન્ધમાં પણ એટલી જ સાચી છે. લીલાથી મનુષ્ય જણાતા એ સર્વશક્તિમાન ભગવાન્ જ છે. એની સાથે વેર કરનારા પણ એનું ચિન્તન કરતાં-કરતાં પાપ રહિત થઈ એને જ પ્રાપ્ત થઈ ગયા ।।૨૮।।

એક નહિ અનેક મનુષ્યો કામથી, દ્વેષથી, ભયથી અને સ્નેહથી પોતાના મનને ભગવાન્‌માં લગાડી દઈ એ જ રીતે ભગવાનને પ્રાપ્ત થયા જેવી રીતે ભક્તો ભક્તિથી પ્રાપ્ત થયા ।।૨૯।।

હે રાજન્! ગોપીઓ કામથી, કંસ ભયથી, શિશુપાલ, દન્તવક્ત્ર વગેરે રાજાઓ દ્વેષથી, યાદવો કુટુમ્બના સમ્બન્ધથી તમે સ્નેહથી અને અમે ભક્તિથી પોતાનું મન ભગવાન્‌માં લગાડ્યું છે ।।૩૦।।

ભક્તો સિવાય જે પાંચ પ્રકારના ભગવાનનું ચિન્તન કરનારા છે એમાંથી રાજા વેનની તો એકેયમાં ગણના ન થાય. કારણ કે તે પાપી હતો અને તેણે કોઈ પણ પ્રકારે ભગવાન્‌માં મન લગાડ્યું ન હતું. તેથી પોતાનું મન ગમે તેમ કરીને શ્રીકૃષ્ણમાં તન્મય કરી દેવુ જોઈએ ।।૩૧।।

હે પાંડવ! વળી તમારી માસીના પુત્ર શિશુપાલ અને દન્તવક્ત્ર વિષ્ણુના મુખ્ય પાર્ષદ હતા પણ બ્રાહ્મણોના શાપથી એ ભગવત્પદથી ચ્યુત થઈ (ખસી) ને અહીં આવ્યા હતા ।।૩૨।।

**યુધિષ્ઠિરે પૂછ્યું :** ભગવાનના દાસનો પરાભવ કરે એવો શાપ કેવો? અને કોનો હોય જેથી ભગવાનના ચરણમાં પહોંચેલાનો પણ સંસારમાં પાત થાય? આ વાત મને તો માનવામાં ન આવે તેવી લાગે છે ।।૩૩।।

જેને પ્રાકૃત દેહ, ઈન્દ્રિય, પ્રાણ નથી તેવા વૈકુંઠપુરમાં રહેનારાઓને અહીં પ્રાકૃત શરીરનો સમ્બન્ધ કેવી રીતે થવા પામ્યો એ આપ અવશ્ય સંભળાવો ।।૩૪।।

**નારદજીએ કહ્યું :** એક વખતે દૈવ ઈચ્છાથી બ્રહ્માજીના માનસ પુત્રે સનકાદિક ત્રણ લોકમાં ફરતા-ફરતા વિષ્ણુના લોકમાં આવ્યા ।।૩૫।।

આમ તો તેઓ પૂર્વજના પણ પૂર્વજ છે, પ્રાચીનમાં પ્રાચીન છે પણ લાગે છે એવા કે જાણે પાંચ વર્ષના બાળક હોય. વસ્ત્ર પણ પેહેરતા નથી. એમને સાધારણ બાળકો જાણી દ્વારપાલોએ દ્વાર આગળ રોકી દીધા ।।૩૬।।

બ્રાહ્મણો ગુસ્સે થયા અને દ્વારપાલોને શાપ આપ્યો:‘‘રજોગુણ અને તમોગુણ રહિત ભગવાનનાં ચરણમાં તમે રહેવાને લાયક નથી. માટે હે મૂર્ખો! તમે અહીંથી પાપમયી આસુરી યોનિમાં જલદી જાઓ’’ ।।૩૭।।

શાપ લાગતાં એ વૈકુંઠથી પડવા લાગ્યા ત્યારે બ્રાહ્મણો દયા લાવી બોલ્યા કે ફરીથી ત્રણ જન્મે તમે પાછા વૈકુંઠમાં આવી જશો ।।૩૮।।

એ જય વિજય દૈત્યદાનવના સમાજમાં સર્વ શ્રેષ્ઠ દિતિના પુત્રો રૂપે હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ થયા જેમાં હિરણ્યાક્ષ નાનો અને હિરણ્યકશિપુ મોટો હતો ।।૩૯।।

હિરણ્યકશિપુને ભગવાને નૃસિંહરૂપે પ્રકટ થઈને માર્યો અને હિરણ્યાક્ષને પૃથ્વીનો ઉદ્ધાર કરવાને ભગવાને વરાહ અવતાર ગ્રહણ કરીને માર્યો ।।૪૦।।

પોતાનો પુત્ર પ્રહ્‌લાદ ભગવત્પ્રેમી હોવાથી હિરણ્યકશિપુની ઇચ્છા એને મારી નાખવાની હતી અને એ આશય પૂરો કરવા પ્રહ્‌લાદને અનેક પ્રકારનાં દુઃખ આપવા લાગ્યો ।।૪૧।।

પરન્તુ પ્રહ્‌લાદ સર્વાત્મા ભગવાનના પરમ પ્રિય થઈ ગયા હતા, સમદર્શી બની ગયા હતા, ભગવાનના પ્રભાવથી સુરક્ષિત હતા તેથી અનેક ઉપાયો કર્યા છતાં હિરણ્યકશિપુ એને મારી નાખવામાં સફળ ન જ થયો ।।૪૨।।

એ જ બન્ને વિશ્રવા મુનિદ્વારા કેશિની (કૈકસી) ના ગર્ભથી રાક્ષસોના રૂપમાં પેદા થયા. એમનાં નામ હતા રાવણ અને કુમ્ભકર્ણ. એમના ઉત્પાતોથી તો બધા લોકો ઘણાં દુઃખી થવા લાગ્યા ।।૪૩।।

ત્યારે પણ ભગવાને રામાવતાર ધારણ કરી બ્રાહ્મણના શાપથી છોડાવવામાટે એ બન્નેને માર્યા. હે પ્રભો! તમે રામનાં આ પરાક્રમો માર્કંડેય મુનિના મુખથી સાંભળશો ।।૪૪।।

એ બન્ને જય-વિજય આ વખતે ક્ષત્રિય કુળમાં તમારી માસીના પુત્રો થયા હતા. શ્રીકૃષ્ણના ચક્રનો સ્પર્શ થઈ જવાથી તેઓ હમણાં જ પાપમુક્ત થઈ સનકાદિના શાપથી મુક્ત થઈ ગયા ।।૪૫।।

વેરભાવને લીધે નિરન્તર તેઓ ભગવાન્ શ્રીકૃષ્ણનું ચિન્તન કર્યા કરતા હતા. તે તીવ્ર તન્મયતાના ફલરૂપે તેઓ ભગવાનને પ્રાપ્ત થઈ ગયા અને ફરી એમના પાર્ષદ બની જઈ એમના જ સાન્નિધ્યમાં પહોંચી ગયા ।।૪૬।।

**વિદ્વેષો દયિતે પુત્રે કથમાસીન્મહાત્મનિ ।।**
**બ્રૂહિ મે ભગવન્ યેન પ્રહ્‌લાદસ્યાચ્યુતાત્મતા ।।૪૭।।**

**યુધિષ્ઠિરે કહ્યું :** હે ભગવન્! હિરણ્યકશિપુએ પોતાના પુત્ર પ્રહ્‌લાદ ઉપર આટલો બધો દ્વેષ કેમ કર્યો? તેમાંય વળી પ્રહ્‌લાદ તો મહાત્મા હતા! સાથે એ પણ મને બતાવો કે પ્રહ્‌લાદ કયા સાધનથી ભગવન્મય થઈ ગયા ।।૪૭।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (પહેલો અસદ્ગ્રાસના પ્રકરણનો)**
**''હિરણ્યકશિપુને ભક્તપુત્રમાં વેર થવાનું કારણ''**
**નામનો પહેલો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨

# હિરણ્યકશિપુએ હિરણ્યાક્ષના શોકથી દિતિ તથા એના પુત્રોને મુક્ત કર્યા

**વિશેષ** : આ બીજા અધ્યાયમાં પોતાના ભાઈને મારનાર વિષ્ણુનો દ્રોહ કરતો હિરણ્યકશિપુ દૈત્યોદ્વારા લોકનો નાશ કરવામાં પ્રવૃત્ત થાય છે અને ભાઈના શોકથી દુઃખી થતા પોતાના કુટુમ્બને જ્ઞાનના ઉપદેશથી શાન્ત કરે છે.

**ભ્રાતર્યેવં વિનિહતે હરિણા ક્રોડમૂર્તિના ।।**
**હિરણ્યકશિપૂ રાજન્ પર્યતપ્યદ્રુષા શુચા ।।૧।।**

**નારદજીએ કહ્યું** : હે રાજન્! વરાહરૂપ ધારણ કરનાર ભગવાને ભાઈને માર્યો તેથી હિરણ્યકશિપુ ક્રોધથી ભભૂકી ઊઠ્યો અને શોકથી પરિતાપ કરવા લાગ્યો ।।૧।।

તે ક્રોધથી કમ્પવા લાગ્યો અને દાંતોથી વારંવાર હોઠ કચરવા લાગ્યો, ક્રોધથી બળતી આંખોની આગના ધુમાડાથી ધૂંધળા આકાશ તરફ જોઈને એ કહેવા લાગ્યો ।।૨।।

એ વખતે વિકરાલ દાઢો, આગ ઓકતી ઉગ્ર દૃષ્ટિ અને ચડાવેલી ભ્રમરને લીધે એના સામું તો જોઈ શકાતું ન હતું. તે શૂળ ઉઠાવી ભરી સભામાં ત્રિમૂર્ધા, ત્ર્યક્ષ, શમ્બર, શતબાહુ, હયગ્રીવ, નમુચિ, પાક, ઈલ્વલ, વિપ્રચિત્તિ, પુલોમા, શકુન વગેરેને સમ્બોધન કરીને કહેવા લાગ્યો, ''દૈત્યો અને દાનવો! તમે બધા મારી વાત સાંભળો અને મારા હુકમ પ્રમાણે વગર વિલમ્બે તૈયારી કરો તેમાં ઢીલ ન થવી જોઈએ ।।૩-૫।।

ક્ષુદ્ર શત્રુઓએ સમાન બળવાળા વિષ્ણુની મદદ લઈ મારા ભાઈને એની પાસે મરાવ્યો છે ।।૬।।

આ વિષ્ણુ પહેલાં તો બહુ શુદ્ધ અને તટસ્થ હતો. પરન્તુ હમણાં-હમણાં માયાથી વરાહ વગેરેનું રૂપ લેવા લાગ્યો છે અને જેણે પોતાનો મૂળ સ્વભાવ છોડી દીધો છે. બાળકની માફક જે એની સેવા કરે તેનો પક્ષ લઈ લે છે. આમ એનું ચિત્ત સ્થિર નથી ।।૭।।

મારા શૂળથી એની ગરદન ઉડાવી દઈ, લોહી કાઢી એના રુધિરની ધારાથી મારા પ્રિય ભાઈ હિરણ્યાક્ષનું તર્પણ કરીશ ત્યારે મારા મનનું દુઃખ જશે ।।૮।।

કપટી હરિને માર્યો એટલે મૂળ કપાઈ જતાં વૃક્ષનાં પાંદડાં, ડાળીઓ એની મેળે સુકાઈ જાય તેમ વિષ્ણુ જેના પ્રાણરૂપ છે તેવા દેવો એની મેળે મરી જશે ।।૯।।

તેથી તમે બધા હમણાં-હમણાં બ્રાહ્મણ અને ક્ષત્રિયો થી સમૃદ્ધ પૃથ્વી ઉપર જાઓ. ત્યાં જે લોકો તપસ્યા યજ્ઞ સ્વાધ્યાય વ્રત દાન વગેરે શુભ કર્મો કરતા હોય એ બધાનેમારો ।।૧૦।।

વિષ્ણુનું મૂળ દ્વિજાતિઓના ધર્મ અને કર્મ છે; કારણ કે યજ્ઞ અને ધર્મ જ એનાં સ્વરૂપ છે. દેવતા, ઋષિ, પિતર, સમસ્ત પ્રાણી અને ધર્મનો તે જ પરમ આશ્રય છે ।।૧૧।।

જ્યાં-જ્યાં બ્રાહ્મણો, ગાયો, વેદો, વર્ણાશ્રમધર્મ અને એની ક્રિયા થતી હોય ત્યાં-ત્યાં તમે જાઓ અને તે-તે દેશમાં જઈ તે-તે દેશને બાળી નાખી ઉજ્જડ કરી દો'' ।।૧૨।।

મારફાડ તો તે દૈત્યોને સ્વભાવથી જ પ્રિય હોય છે તેથી એ સ્વામીના હુકમને આદરથી મસ્તકવડે માન આપીને પ્રજાઓનું નિકન્દન કાઢવા લાગ્યા ।।૧૩।।

શહેરો ગામડાં, નેસ, બગીચા, ખેતરો, ફરવા જવાના ઠેકાણાં, ઋષિઓના આશ્રમો, ખાણો, ખેતરો ખેડનારના નિવાસો, પર્વતની ખીણમાં રહેનારના વાસો અને અહીરોના નિવાસોને તથા વેપારના કેન્દ્ર મોટાં-મોટાં શહેરોને સળગાવી મૂક્યાં ।।૧૪।।

કેટલાક દૈત્યોએ કુહાડાથી મોટા-મોટા પુલ, ગઢ, નગરના દરવાજાને તોડી-ફોડી નાખ્યા તથા બીજાએ કુહાડીઓથી લીલાછમ ઝાડવાં કાપી નાખ્યાં. કેટલાકે વળી સળગતાં લાકડાંઓથી લોકોનાં ઘરોમાં આગ ચાંપી દીધી ।।૧૫।।

આ પ્રમાણે દૈત્યોએ નિર્દોષ પ્રજાને પીડવામાં કંઈ કસર ન રાખી. એ વખતે દેવતાઓ સ્વર્ગ છોડી દઈ છૂપા વેષમાં પૃથ્વી ઉપર ફરતા હતા ।।૧૬।।

હિરણ્યકશિપુ મરેલા ભાઈને જોઈ દુઃખી થયો અને એને અંજલિ આપી ભાઈના પુત્રોને સમજાવવા લાગ્યો ।।૧૭।।

શકુનિ, શમ્બર, ધૃષ્ટ, ભૂતસન્તાપન્, વૃક્, કાલનાભ, હરિશ્મશ્રુ અને ઉત્કચ તથા એની મા રુષાભાનુ અને એની દાદી તથા હિરણ્યાક્ષની મા દિતિ વગેરેને હિરણ્યકશિપુએ મધુર વાણીથી દેશકાળને અનુરૂપ કહ્યુંઃ ।।૧૮-૧૯।।

**હિરણ્યકશિપુ બોલ્યો** : હે વહાલી માતા! વહુ, પુત્રો, વીરનો શોક ન હોય. વીર

પુરુષો તો એવું જ ઈચ્છતા હોય છે કે લડાઈના મેદાનમાં પોતાના શત્રુની સામે લડતાં-લડતાં પોતે પ્રાણ છોડે ।।૨૦।।

હે દેવી! જેવી રીતે પરબ ઉપર ઘણા લોકો ભેગા થઈ જાય છે, પરન્તુ એમનું હળવું-મળવું થોડા સમયમાટે જ હોય છે તેવી રીતે કર્મવશાત્ (ૠણાનુબન્ધ પ્રમાણે) જીવો પણ આ દુનિયામાં ભેગા થાય છે અને છૂટા પડે છે ।।૨૧।।

વાસ્તવમાં આત્મા તો નિત્ય, અવિનાશી, શુદ્ધ, સર્વગત, સર્વજ્ઞ અને દેહ ઈન્દ્રિય આદિથી અલગ છે. તે પોતાની અવિદ્યાથીજ દેહ આદિની સૃષ્ટિ કરી ભોગોના સાધન સૂક્ષ્મ શરીરનો સ્વીકાર કરે છે ।।૨૨।।

જલ હાલતું હોય ત્યારે તેમાં જેનો પડછાયો પડેલો છે તેવાં વૃક્ષો પણ હાલતાં હોય તેવાં જણાય છે. ફેરફુદરડી ફરતી વખતે આખી પૃથ્વી ફરતી હોય તેમ જણાય છે. હે કલ્યાણી! તેવી જ રીતે વિષયોને લીધે મન ભટકવા લાગે છે અને સાચેસાચ તો નિર્વિકાર હોવા છતાં એની માફક આત્મા પણ ભટક્તો હોય તેવા જણાય છે. આત્માને સ્થૂલ અને સૂક્ષ્મ શરીરો સાથે કંઈ સમ્બન્ધ છે જ નહિ છતાં તે તેનો સમ્બન્ધી હોય તેવો જણાય છે ।।૨૩-૨૪।।

શરીર વિનાના આત્માને શરીર સમજી લેવું આ જ અજ્ઞાન છે. તેથી જ પ્રિય અથવા અપ્રિય વસ્તુઓનું મળવું કે ન મળવું થાય છે. એથી જ કર્મો સાથે સમ્બન્ધ થઈ જવાથી સંસારમાં ભટકવું પડે છે ।।૨૫।।

જન્મ, મૃત્યુ અનેક પ્રકારના શોક, અવિવેક, ચિન્તા અને વિવેકનું વિસ્મરણ બધાંનું કારણ આ અજ્ઞાન જ છે ।।૨૬।।

આ વિષયમાં મહાત્માઓ એક પ્રાચીન ઈતિહાસ કહેતા હોય છે તે ઈતિહાસ મરી ગયેલા મનુષ્યના સમ્બન્ધીઓ સાથે યમરાજને વાતચીત છે. ધ્યાનથી તમે તે સાંભળો ।।૨૭।।

ઉશીનર દેશમાં એક ખૂબ યશસ્વી રાજા હતો. એનું નામ હતું સુયજ્ઞ. લડાઈમાં શત્રુઓએ તેને મારી નાખ્યો. એ વખતે એનાં સગાં વહાલાં એને ઘેરીને બેસી ગયાં ।।૨૮।।

એનું રત્નનું કવચ છિન્ન-ભિન્ન થઈ ગયું હતું. ઘરેણાં અને માલાઓ અસ્ત-વ્યસ્ત થઈ ગઈ હતી. બાણોના મારથી હૃદય ચીરાઈ ગયું હતું. શરીર લોહીમાં લદબદ હતું. વાળ વિખરાઈ ગયા હતા. આંખો નાશ પામી ગઈ હતી. ક્રોધને લીધે એના હોઠ

દાંતોથી દબાયેલા હતા. કમલના જેવું એનું મુખ ધૂળથી ઢંકાઈ ગયું હતું અને કપાઈ ગયેલો હાથ હથિયાર સાથે લડાઈના મેદાનમાં પડ્યો હતો ।।૨૯-૩૦।।

પોતાના પતિદેવ ઉશીનર નરેશની દૈવવશ આ દશા દેખી રાણીઓને બહુ દુઃખ થયું. તેઓ ''હા નાથ! અમે અભાગણી તો વગર મોતે મરી ગઈ'' એમ માંથા કુટતી વારંવાર પોતાના સ્વામીના ચરણોમાં ઢળી પડી ।।૩૧।।

તેઓ જોરજોરથી એટલું રોવા લાગી કે એમની છાતી ઉપર થઈને પડતાં આંસુઓએ એમના પ્રિયતમનાં ચરણકમલ ભીંજવી દીધાં. એમના કેશ અને ઘરેણાં આમતેમ વિખરાઈ ગયાં. તેઓ કરુણ રુદન સાથે એવો વિલાપ કરી રહી હતી કે જે સાંભળીને મનુષ્યોના હૃદય શોકમાં ડુબાડી દે ।।૩૨।।

અરે! નિર્દય વિધાતાએ આપને અમારી આંખોથી અળગા કરી દીધા જે પ્રથમ આખા ઉશીનર દેશનું પોષણ કરનાર હતા તે જ આપ આજે બધાનો શોક વધારનાર થઈ ગયા ।।૩૩।।

હે મહીપતે! આપ કદરદાન અને પરમ સુહૃદ હતા. આપના વગર અમે કેમ જીવી શકીશું? આપ જ્યાં જાઓ ત્યાં આપના ચરણની સેવામાટે અમ દાસીઓને પાછળ-પાછળ આવવાની રજા આપો ।।૩૪।।

એમ પતિના શબને ગોદમાં લઈને વિલાપ કરતી તેઓ પોતાના મરેલા પતિની દહન ક્રિયામાટે પણ આપવા માગતી ન હતી એટલામાં સૂર્યાસ્ત થયો ।।૩૫।।

એ વખતે સદ્ગત રાજાના કુટુમ્બીજનોના શોકને સાંભળી યમરાજા પોતે બાળકનું રૂપ લઈ એમની પાસે આવી પહોચ્યાં અને તેણે તેમને કહ્યું ।।૩૬।।

**યમરાજે કહ્યું** : અહો આશ્ચર્યની વાત છે! આ લોકો તો મારાથી કયાંય મોટા અને શાણા છે, લોકોનાં જન્મમરણ રોજે-રોજ તેઓ જુએ છે છતાં આટલા મૂઢ થઈ રહ્યા છે. અરેરે! આ મનુષ્ય જ્યાંથી આવ્યો હતો ત્યાં જ ચાલ્યો ગયો. આ લોકોએ પણ એક દિવસ તો ત્યાં જ જવાનું છે તો પછી તેઓ આ નિરર્થક શોક શાને કરે છે? ।।૩૭।।

અમે પરમ ધન્ય છીએ કારણ કે અમને અમારાં માં-બાપે છોડી દીધા છતાં અમે કંઈ ચિન્તા કરતા નથી. વાઘ વગેરે અમને ખાઈ જતા નથી; તેથી ગર્ભમાં જે રક્ષા કરે છે તે જ સર્વત્ર રક્ષા કરે છે ।।૩૮।।

હે અબલાઓ! જે નિર્વિકાર ઈશ્વર પોતાની ઇચ્છાથી આ જગત્ પેદા કરે છે તે

જ રક્ષા કરે છે અને લોપ કરે છે. આ જગત્ ભગવાનની ક્રીડારૂપ છે. માત્ર તે આ ચરાચર જગતને દંડ યા પુરસ્કાર આપવા સમર્થ છે ।।૩૯।।

ભાગ્ય સવળું હોય તો રસ્તામાં પડી ગયેલી વસ્તુ જેમની તેમ અકબંધ પડી રહે છે. પણ ભાગ્ય અવળું થતાં ઘરની અંદર તિજોરીમાં રાખેલી વસ્તુ પણ ચોરાઈ જાય છે. દૈવની દયાદષ્ટિથી કંઈ પણ સહાય વિના જીવ જંગલમાં ઘણા દિવસ જીવતો રહે છે પણ દૈવ વિપરીત થતાં ઘરમાં સુરક્ષિત રહેવા છતાં તે મરણને શરણે થાય છે ।।૪૦।।

બધાં પ્રાણીઓનું મૃત્યુ પોતપોતાનાં પૂર્વજન્મોની કર્મવાસના પ્રમાણે ચોક્કસ સમયે થાય છે અને તે જ પ્રમાણે જન્મ પણ થાય છે. પણ આત્મા શરીરથી બિલકુલ જુદો છે તેથી તેમાં રહેવા છતાં એના જન્મ-મૃત્યુ આદિ ધર્મોથી એ અસ્પૃષ્ટ જ રહે છે અર્થાત્ આત્મા અલિપ્ત રહે છે ।।૪૧।।

આ શરીર પુરુષના મોહથી થાય છે. જેમ આપણે ઘરને જુદું અને માટી-પથ્થરનું બનેલું ગણીએ છીએ તેમ શરીર આત્માથી જુદું છે. જેમ જળમાંથી પરપોટો, માટીથી ઘડો અને સુવર્ણથી કુંડળ બને છે, રૂપાન્તરિત થાય છે અને નાશ પામેછે તેમ શરીર કાળે કરીને ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે ।।૪૨।।

જેવી રીતે કાષ્ઠમાં રહેલો વ્યાપક અગ્નિ તેનાથી સ્પષ્ટ રીતે જુદો છે જેવી રીતે દેહમાં રહેવા છ્તાં વાયુનો એની સાથે કંઈ સમ્બન્ધ નથી જેવી રીતે આકાશ બધી જગાએ એકસરખું હોવા છતાં કોઈના દોષગુણથી લિપ્ત થતું નથી તેવી જ રીતે સમસ્ત દેહઇન્દ્રિયોમાં રહેવાવાળો અને તેમનો આશ્રય પણ એમનાથી અલગ અને નિર્લિપ્ત છે ।।૪૩।।

જેનો તમે શોક કરો છો તે સુયજ્ઞ નામનું શરીર અહીં સૂતું છે, પરન્તુ જે સાંભળનાર અને પછી ઉત્તર આપનાર હતો તે તો પહેલાંય દેખાતો નહોતો અને હાલ પણ દેખાતો નથી તો પછી શોક કોનો? ।।૪૪।।

તમારી જો એવી માન્યતા હોય કે પ્રાણ જ બોલવાવાળો અને સાંભળવાવાળો હતો તે જતો રહ્યો તો તે માન્યતા મૂર્ખતાપૂર્ણ છે કારણ કે નિદ્રાવસ્થામાં પ્રાણ તો હોય છે પણ નથી તો તે બોલતો કે નથી સાંભળતો.) શરીરમાં બધી ઇન્દ્રિયોની પ્રવૃત્તિનું કારણ જે મહાપ્રાણ છે તે પ્રધાન હોવા છતાં બોલવા અથવા સાંભળવા વાળો નથી. કારણ કે તે જડ છે. દેહ અને ઇન્દ્રિયો દ્વારા બધા પદાર્થોને દ્રષ્ટા જે

આત્મા છે તે શરીર અને પ્રાણ બન્નેથી અલગ છે ।।૪૫।।

જો કે તે મર્યાદિત નથી, વ્યાપક છે તો પણ પંચભૂત, ઈન્દ્રિય અને મનથી યુક્ત ઉચ્ચ-નીચ દેવ, મનુષ્ય, પશુ, પક્ષી આદિ) શરીરોને ગ્રહણ કરે છે અને પોતાના વિવેકબળથી મુક્ત પણ થઈ જાય છે. વાસ્તવમાં તો એ આ બધાથી અલગ છે ।।૪૬।।

જ્યાં સુધી પાંચ પ્રાણ, પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, બુદ્ધિ અને મન આ સત્તર તત્ત્વોથી બનેલા લિંગશરીરથી યુક્ત રહે છે ત્યાં સુધી જ તે કર્મોથી બંધાએલો રહે છે અને બંધનને કારણે જ માયાથી થતા મોહ અને કલેશ એનો પીછો છોડતા જ નથી ।।૪૭।।

પ્રકૃતિના ગુણો અને તેનાથી બનેલી વસ્તુઓને સત્ય સમજવી અથવા કહેવી એ ખોટો દુરાગ્રહ છે. મનોરથના સમયે કલ્પી લીધેલી અથવા સ્વપનમાં દેખાતી વસ્તુઓની માફક ઈન્દ્રિયોદ્વારા જે કંઈ ગ્રહણ કરવામાં આવે છે તે બધું મિથ્યા છે. વ્યવહાર ક્ષણિક હોય છે, નિત્ય નથી હોતા. સ્વપનકાલ માત્ર હોયછે ।।૪૮।।

તેથી શરીર અને આત્મા નું તત્ત્વ જાણનારા પુરુષો અનિત્ય શરીરમાટે શોક કરતા નથી તેમજ નિત્ય આત્માને માટે પણ શોક કરતા નથી. પરન્તુ જ્ઞાન દઢ ન હોવાથી શોક કરવાનો જેનો સ્વભાવ છે તેનો કોઈ શોક મટાડી શકતું નથી. શોક કરવાથી એ વસ્તુમાં કાંઈ ફેરફાર થતો નથી ।।૪૯।।

ઈશ્વરે જેને પક્ષીનો કાળ બનાવ્યો છે તેવો એક પારધી વનમાં જ્યાં-ત્યાં જાળ ફેલાવી પક્ષીઓને એમાં ફસાવવાના લોભથી બેઠો હતો ।।૫૦।।

ત્યાં બે ચકલાં ફરતાં દેખાયાં તેમાં ચકલી પારધીના પ્રયત્નથી એકદમ જાળમાં આવી ગઈ ।।૫૧।।

કાલવશાત્ તે જાળના ફન્દામાં ફસાઈ ગઈ. નરપક્ષીને પોતાની માદાની આફત જોઈ બહુ દુઃખ થયું. તે બિચારો એને છોડાવી શકે એમ તો હતો નહિ; સ્નેહથી એ બિચારી માટે વિલાપ કરવા લાગ્યો ।।૫૨।।

તેણે કહ્યું કે આમ તો વિધાતા ચાહે તે કરી શકે છે, પરન્તુ એ છે બહુ નિર્દય! આ મારી સહચરી એક તો સ્ત્રી છે, બીજું મારા અભાગિયા માટે શોક કરતી અત્યન્ત દીનતાથી તરફડી રહી છે. એને મારી પાસેથી ઝૂંટવી લઈને એ શું કરશે? ।।૫૩।।

તો મને પણ આ લુબ્ધક એની ઈચ્છા હોય તો ભલે લઈ લે. હું એકલો

અર્ધાંગિની સ્ત્રી વિનાનો દીનદુઃખી જીવનને શું કરું? ।।૫૪।।

વળી જીવું તો જેને પાંખ નથી આવી તેવાં અભાગી, મા વગરના બચ્ચાંને હું કેમ પાળીપોષી શકીશ? એ બિચારાં માળામાં એની માની રાહ જોતાં હશે ।।૫૫।।

એમ સ્ત્રીના વિયોગથી આતુર થયેલો અને અશ્રુથી જેનો કંઠ રૂંધાયેલો છે તેવો એ ચકલો વિલાપ કરે છે તેટલામાં કાલની પ્રેરણાથી બાજુમાં જ છૂપાયેલા એ પારધીએ એવું બાણ માર્યું કે તે ત્યાં જ ઢળી પડ્યો ।।૫૬।।

મૂરખ રાણીઓ! તમારી પણ આ જ દશા થવાની છે. તમને તમારું મૃત્યુ તો દેખાતું નથી અને આને માટે રુદન કરી રહી છો! આ પ્રમાણે સો વરસ સુધી તમે શોકવશ છાતી કૂટતી રહો તો પણ તમે એને હવે મેળવી શકવાની નથી ।।૫૬।।

**હિરણ્યકશિપુએ કહ્યું :** એ નાનકડા બાળકની એવી જ્ઞાનપૂર્ણ વાતો સાંભળી બધાં વિસ્મિત થઈ ગયાં. ઉશીનર નરેશના સગાં સમ્બન્ધી અને સ્ત્રીઓને એ વાત સમજાઈ ગઈ કે સમસ્ત સંસાર અને એના સુખ-દુઃખ અનિત્ય અને મિથ્યા છે ।।૫૮।।

યમ એટલું વ્યાખ્યાન કરી ત્યાં જ અન્તર્ધાન થઈ ગયા અને સગાવહાલાંએ પણ સુયજ્ઞની અન્ત્યેષ્ટિ ક્રિયા કરી ।।૫૯।।

માટે તમે પણ આ પોતાનો અને આ પારકો એવો શોક ન કરો. આ સંસારમાં કોણ આત્મા અને કોણ આપણાથી ભિન્ન? કોણ પોતાનો અને કોણ પારકો? એ બધા ભેદ જીવને જ્ઞાન ન હોવાથી થાય છે. આ ભેદબુદ્ધિનું બીજું કંઈ જ કારણ નથી ।।૬૦।।

**ઈતિ દૈત્યપતેર્વાક્યં દિતિરાકર્ણ્ય સસ્નુષા।**
**પુત્રશોકં ક્ષણાત્ત્યકત્વા તત્ત્વે ચિત્તમધારયત્ ।।૬૧।।**

**નારદજી બોલ્યા :** હે યુધિષ્ઠિર! પોતાની પુત્રવધૂની સાથે દિતિએ હિરણ્યકશિપુની આ વાત સાંભળી તે જ ક્ષણે પુત્રશોક છોડી દીધો અને પોતાનું ચિત્ત પરમતત્ત્વ સ્વરૂપ પરમાત્મામાં લગાવી દીધું ।।૬૧।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં**
**(પહેલા અસદ્વાસના પ્રકરણનો બીજો)**
**''હિરણ્યકશિપુએ હિરણ્યાક્ષના શોકથી દિતિ તથા એના પુત્રોને મુક્ત કર્યા''**
**નામનો બીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૩

# તપથી પ્રસન્ન થઈ

# બ્રહ્માજીએ હિરણ્યકશિપુને આપેલાં વરદાન

**વિશેષ :** હિરણ્યકશિપુના તપથી જગતને તાપયુક્ત જોઈ બ્રહ્માજી વિસ્મય પામી એની પાસે પધાર્યા તેમની દૈત્યરાજે સ્તુતિ કરી ત્યારે બ્રહ્માજીએ પ્રસન્ન થઈ એને વરદાન આપ્યાં. એ વાત આ ત્રીજા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**હિરણ્યકશિપુ રાજન્ અજેયમજરામરમ્ ।।**
**આત્માનમપ્રતિદ્વન્દ્વમ્ એકરાજં વ્યધિત્સત ।।૧।।**

**નારદજીએ કહ્યું :** હે રાજન્! હિરણ્યકશિપુએ એવી ઇચ્છા કરી કે હું અજેય, અજર, અમર અને સંસારનો એક છત્ર સમ્રાટ થઈ જાઉં જેથી કોઈ મારી સામે ઊભું પણ ન રહી શકે ।।૧।।

એથી મન્દરાચલ પર્વતની એક ખીણમાં જઈ પગનાં અંગૂઠાથી પૃથ્વી ઉપર ઊભો રહી હાથ ઊંચા ઉઠાવી, આકાશ તરફ દૃષ્ટિ રાખી એ પરમ દારુણ તપ કરવા લાગ્યો ।।૨।।

જેમ પ્રલયકાળનો સૂર્ય કિરણોથી ચમકે તેમ તેની જટા ચમકવા લાગી. એના ભયથી છુપાઈ ફરતા દેવો પાછા પોતપોતાને સ્થાને આવી રહેવા લાગ્યા ।।૩।।

ઘણા દિવસો સુધી તપસ્યા કર્યા પછી એની તપસ્યાની આગ ધુમાડાની સાથે શિરમાંથી નીકળવા લાગી. તે ચારે તરફ ફેલાઈ ગઈ અને ઉપર, નીચે તથા આજુ-બાજુના લોકોને બાળવા લાગી ।।૪।।

એની જ્વાળાઓથી નદી અને સાગર ઉકળવા લાગ્યા. દ્વીપ અને પર્વત સહિત પૃથ્વી કમ્પવા લાગી. ગ્રહો અને તારાઓ પડવા લાગ્યા. દશે દિશાઓ બળવા લાગી ।।૫।।

હિરણ્યકશિપુની એ તપરૂપ આગની જ્વાળાથી સ્વર્ગના દેવતાઓ પણ બળવા લાગ્યા. તેઓ ગભરાઈને સ્વર્ગ છોડીને બ્રહ્મલોકમાં બ્રહ્માજી પાસે ગયા અને એમને વિનંતિ કરવા લાગ્યા ।।૬।।

''હે દેવના દેવ! જગતના પતિ, દૈત્યરાજના તપથી સન્તાપિત અમે હવે સ્વર્ગમાં રહી શકતા નથી. હે સમર્થ! હે સર્વાધિપ! આપને ઠીક લાગે તો આપની સેવા

કરનારી જનતાનું મરણ થઈ જાય એ પહેલાં જ આ જ્વાલા શાન્ત કરી દો ।।૭।।

કોઈથી ન બને એવું તપ કરવામાં એનો શો ઉદ્દેશ છે એ આપનાથી અજાણ્યું તો ન હોય તો પણ અમે નિવેદન કરીએ એ સાંભળો ।।૮।।

''બ્રહ્માજી તપ, યોગ અને સમાધિ વડે જેમ સ્થાવર જંગમને ઉત્પન્ન કરી બધા લોકોની ઉપર સત્યલોકમાં બિરાજે છે તેવી જ રીતે ઉગ્ર તપ અને યોગના પ્રભાવથી એ જ પદ અને સ્થાન પ્રાપ્ત કરી લઉં કારણ કે સમય અસીમ છે અને આત્મા નિત્ય છે. એક જન્મમાં નહિ તો અનેક જન્મો પછી એક યુગમાં નહિ તો અનેક યુગો પછી પણ મેળવી લઈશ ।।૯-૧૦।।

મારી તપસ્યાની શક્તિથી હું પાપ, પુણ્ય વગેરેના નિયમોમાં ક્રાન્તિ કરી નાખી નિયમોને બિલકુલ પલટી નાખી, આ સંસારમાં એવો પલટો લાવી દઈશ કે જેવો પહેલાં કદી થયો ન હોય. વૈષ્ણવપદ વગેરેથી તો આમેય શું થઈ શકે? કારણ કે કલ્પ ('કલ્પ' એટલે બ્રહ્માજીનો એક દિવસ જે એક હજાર ચતુર્યુગી-ચોકડીનો હોય છે. આપણાં ૪૩૨ કરોડ વર્ષ) ના અન્તે તો એ પણ કાળનો કોળિયો થઈ જાય છે'' જો કે વૈષ્ણવપદ (વિષ્ણુનું પદ વૈકુંઠ આદિ નિત્યધામ) અવિનાશી છે પરન્તુ હિરણ્યકશિપુ પોતાની આસુરી વૃત્તિને લીધે એને કલ્પને અન્તે નષ્ટ થાય એમ જ માને છે. આસુરી બુદ્ધિને બધું અવળું જ ભાસે છે ।।૧૧।।

હે ત્રિભુવનના ઈશ્વર! આવો એ દૈત્યનો આગ્રહ છે એવું અમારા સાંભળવામાં આવ્યું છે તેથી આપને ઉચિત લાગે તે કરો ।।૧૨।।

હે જગત્પતિ બ્રહ્માજી! આપનું આ સર્વશ્રેષ્ઠ પરમેષ્ઠિ પદ બ્રાહ્મણ તથા ગાયોની વૃદ્ધિ, કલ્યાણ, કુશળ અને વિજય ને માટે છે. (તેથી તે જો હિરણ્યકશિપુના હાથમાં ચાલ્યું ગયું તો સજ્જનો ઉપર સંકટોનો પહાડ તૂટી પડશે) ।।૧૩।।

હે રાજન્! દેવોએ એ પ્રમાણે વિનંતિ કરી ત્યારે ભૃગુ, દક્ષ વગેરેને સાથે લઈ ભગવાન્ બ્રહ્માજી જ્યાં દૈત્યરાજ તપ કરતો હતો ત્યાં ગયા ।।૧૪।।

ત્યાં એની ઉપર ઘાસ, રાફડા અને વાસડા ઊગી જવાથી દૈત્યરાજ જોવામાં પણ ન આવ્યો. વધારે તપાસ કરતાં જેના મેદ, માંસ, લોહી, ચામડી વગેરેને કીડીઓ ખાઈ ગઈ હતી તેવા દૈત્યેન્દ્રને બ્રહ્માજીએ જોયો ।।૧૫।।

વાદળાંથી ઢંકાયેલા સૂર્યની જેમ તે પોતાના તપવડે બધા લોકોને તપાવતા દૈત્યરાજને જોઈ, વિસ્મત થઈ, હંસ ઉપર બિરાજેલા બ્રહ્માજીએ એને હસતાં-

હસતાં કહ્યું: ।।૧૬।।

**બ્રહ્માજીએ કહ્યું :** હે કશ્યપનન્દન! તું તપથી સિદ્ધ થઈ ગયો છે માટે ઊઠ, ઊઠ; હું વરદાન આપવા આવ્યો છું તેથી તારી ઇચ્છામાં આવે તે વરદાન માગી લે ।।૧૭।।

મેં તારું અતિ અદ્‌ભુત ધૈર્ય જોયું. તારા દેહને ડાંસ ખાઈ ગયા છે; છતાં પણ તારા પ્રાણ હાડકાંને આધારે ટકી રહ્યા છે ।।૧૮।।

આવું તપ નથી તો પૂર્વે કોઈ ઋષિઓએ કર્યું કે નહિ કોઈ બીજો ભવિષ્યમાં કરી શકે કેમકે દેવનાં સો વર્ષ સુધી પાણી પીધા વગર પ્રાણને કોણ ધારણ કરી શકે? ।।૧૯।।

મોટા-મોટા ધીરપુરુષોમાટે પણ દુષ્કર તેવો તારો તપમાં નિષ્ઠારૂપ આ ઉદ્યોગ છે તેથી હે દિતિનન્દન! તેં મને જીતી લીધો છે ।।૨૦।।

હે દૈત્યશિરોમણિ! એથી પ્રસન્ન થઈ તું જે કંઈ માગે તે આપવા તૈયાર હું છું. તું મરણને આધીન છે અને હું અમર છું. તેથી તને થયેલ મારાં દર્શન નિષ્ફળ રહી શકે નહિ ।।૨૧।।

**નારદજીએ કહ્યું :** સત્ય સંકલ્પવાળા બ્રહ્માજીએ એમ કહી કીડીઓથી ખવાઈ ગયેલા દૈત્યના શરીર ઉપર પોતાના દિવ્ય અને અમોઘ પ્રતાપવાળા કમંડલનું જલ છાંટ્યું ।।૨૨।।

જેમ લાકડાના ઢગલામાંથી આગનો ભડકો થાય તેમ તે જલ છંટાતા જ વાંસ અને રાફડા ની માટીમાંથી તરત જ બેઠો થયો. એ વખતે એનું શરીર બધા અવયવોથી સમ્પન્ન અને બળવાન થઈ ગયું હતું અને મન સચેત થઈ ગયું હતું. બધાં અંગો વજ્રનાં જેવાં કઠણ અને તપાવેલાં સોના જેવા તેજસ્વી થઈ ગયાં હતાં તેવો તે બહાર દેખાવા લાગ્યો ।।૨૩।।

હંસના વાહનવાળા બ્રહ્મદેવને આકાશમાં જોઈ એમના દર્શનથી અત્યન્ત આનન્દમાં આવી જઈને પૃથ્વી પર મસ્તક ટેકાવી તેણે પ્રણામ કર્યા ।।૨૪।।

પછી દૈત્યરાજ ઊભો થઈ, બે હાથ જોડી, નમ્રતાથી દર્શન કરતો, હર્ષનાં અશ્રુથી ગદ્‌ગદકંઠે પુલકિત થઈ નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો ।।૨૫।।

**હિરણ્યકશિપુએ કહ્યું :** કલ્પના અન્તમાં આ સમસ્ત સૃષ્ટિ કાલદ્વારા પ્રેરિત તમોગુણથી ગાઢ અંધકારથી છવાઈ ગઈ હતી.એવખતે સ્વયંપ્રકાશ સ્વરૂપ આપે

પોતાના તેજથી તેને ફરી પ્રકટ કરી।૨૬।

આપ જ પોતાના ત્રિગુણામય રૂપથી એની રચના, રક્ષા અને સંહાર કરો છો. આપ રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણના આશ્રય છો. આપ જ બધાથી પર અને મહાન છો. આપને હું નમસ્કાર કરું છું ।।૨૭।।

આપજ જગતનું મૂલ કારણ છો. જ્ઞાન અને વિજ્ઞાન આપની મૂર્તિ છે. પ્રાણ, ઈન્દ્રિય, મન અનેબુદ્ધિ આદિ વિકારોદ્વારા આપે આપને પ્રકટ કર્યાછે ।।૨૮।।

આપ મુખ્ય પ્રાણ સૂત્રાત્માના રૂપથી ચરાચર જગતને પોતાના નિયન્ત્રણમા રાખો છો. આપ જ પ્રજાના રક્ષક પણ છો. હે ભગવન્! ચિત્ત, ચેતના, મન અને ઈન્દ્રિયો ના સ્વામી આપ જ છો. પંચભૂત, શબ્દ વગેરે વિષય અને તેમના સંસ્કારોના રચનાર પણ મહત્તત્ત્વના રૂપમાં આપ જ છો ।।૨૯।।

જે વેદ હોતા, અધ્વર્યુ, બ્રહ્મા અને ઉદ્ગાતા આ ઋત્વિજોથી થતા યજ્ઞનું પ્રતિપાદન કરે છે તે આપનું જ શરીર છે. એમની જ દ્વારા અગ્નિષ્ટોમ વગેરે સાત યજ્ઞોનો આપ વિસ્તાર કરો છો. આપજ બધાં પ્રાણીઓના આત્મા છો. કારણ કે આપ અનાદિ, અનન્ત, અપાર, સર્વજ્ઞ અને અન્તર્યામીછો ।।૩૦।।

આપ જ કાળ છો. આપ પ્રતિક્ષણ સાવધાન રહીને આપના ક્ષણ, લવ આદિ વિભાગોદ્વારા લોકોના આયુષ્યને ક્ષીણ (ઓછું) કરતા રહો છો અને તોય આપ નિર્વિકાર છો, કારણ કે આપ જ્ઞાનસ્વરૂપ, પરમેશ્વર, અજન્મા, મહાન અને બધાં પ્રાણીઓના જીવનદાતા અન્તરાત્મા છો ।।૩૧।।

જડ, ચેતન, કાર્ય, કારણ કોઈ વસ્તુ આપથી જુદી નથી કેમકે વિદ્યા અને કલા એ આપનાં શરીર છે. આ સુવર્ણમય બ્રહ્માંડ આપનાં ગર્ભમાં સ્થિતછે. આપ ત્રિગુણમયી માયાથી અતીત સ્વયં બ્રહ્મછો ।।૩૨।।

પ્રભુ! આ વ્યક્ત બ્રહ્માંડ આપનું સ્થૂલ શરીર છે. તેથી આપ ઈન્દ્રિય, પ્રાણ અને મનના વિષયોનો ઉપભોગ કરો છો. આમ છતાંય એ વખતે પણ આપ આપના પરમ ઐશ્વર્યમય સ્વરૂપમાં જ સ્થિત રહો છો. ખરેખર તો આપ પુરાણપુરુષ, સ્થૂલ અને સૂક્ષ્મ બન્નેથી પરબ્રહ્મસ્વરૂપ જ છો ।।૩૩।।

આપ પોતાનાં અનન્ત અને અવ્યક્ત રૂપથી સમગ્ર જગતમાં વ્યાપ્ત છો. ચેતન અને અચેતન બન્નેય આપની શક્તિઓ છે. હે ભગવન્! હું આપને નમસ્કાર કરું છું ।।૩૪।।

હે પ્રભો! આપ વરદાતાઓમાં શ્રેષ્ઠ છો. આપ મને ઈચ્છિત વરદાન આપવા માગો છો તો એવું વરદાન કૃપા કરી આપો કે આપના સરજેલા કોઈ પણ પ્રાણીથી ભલે તે મનુષ્ય હોય કે પશુ, પ્રાણી હોય કે અપ્રાણી, દેવતા હોય કે દૈત્ય અથવ નાગ વગેરે કોઈથી પણ મારું મૃત્યુ ન થાય, અંદર અથવા બહાર, દિવસે કે રાતે, આપના ઘડેલા કોઈ પણ ઘાટ સિવાય પણ કોઈ જીવથી, અસ્ત્ર-શસ્ત્રથી, પૃથ્વી યા આકાશમાં-ક્યાંય મારું મૃત્યુ ન થાય, યુદ્ધમાં કોઈ મારો સામનો ન કરી શકે. હું સમસ્ત પ્રાણીઓનો ચક્રવર્તી સમ્રાટ થાઉં ।।૩૫-૩૭।।

**સર્વેષાં લોકપાલાનાં મહિમાનં યથાऽऽત્મનઃ ।।**
**તપોયોગપ્રભાવાણાં યન્ન રિષ્યતિ કર્હિચિત્ ।।૩૮।।**

ઈન્દ્રાદિ લોકપાલોમાં જેવો આપનો મહિમા ગાજે છે તેવો જ મારો પણ મહિમા ગાજે. તપસ્વીઓ અને યોગીઓને જે અક્ષય ઐશ્વર્ય પ્રાપ્ત છે તે જ મને પણ આપો ।।૩૮।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (પહેલા અસદ્ધાસના પ્રકરણનો)**
**''તપથી પ્રસન્ન થઈ બ્રહ્માજીએ હિરણ્યકશિપુને આપેલાં વરદાન''**
**નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

આપણા માર્ગમાં ભગવત્સેવા ઘરમાં રહ્યા સિવાય સમ્ભવ નથી. ઘરમાં રહીને કરાતી સેવાના પ્રકાર સિવાય ભગવત્સેવાનો બીજો કોઈ **(જાહેરમન્દિર-હવેલીમાં)** સેવા કરવાનો પ્રકાર માર્ગમાં નથી. તેથી ભગવત્સેવા કરવામાટે અનુકુળ હોય તેવા ઘરમાં રહીને શ્રીકૃષ્ણની સેવા કરવી
**(ભક્તિવર્ધિની ટીકા, શ્રીગોકુલનાથજી)**

# અધ્યાય ૪
# વરદાન મેળવી સર્વને જીતી
# દૈત્યેન્દ્ર વિષ્ણુનો દ્રોહ કરવા લાગ્યો

**વિશેષ :** વરદાન મેળવી બધા લોકને જીતી વિષ્ણુના દ્રેષને લીધે સર્વ પ્રાણીઓને પીડા કરવાનો

દૈત્યન્દ્રે આરમ્ભ કર્યો એટલી વાત આ ચોથા અધ્યાયમાં આવે છે.

**એવં વૃતઃ શતધૃતિર્હિરણ્યકશિપોરથ ।।**
**પ્રાદાત્તત્તપસા પ્રીતો વરાંસ્તસ્ય સુદુર્લભાન્ ।।૧।।**

**નારદજીએ કહ્યું** : જ્યારે દૈત્યરાજ હિરણ્યકશિપુએ એ પ્રમાણે માગ્યું ત્યારે એના તપથી પ્રસન્ન થયેલા શતધૃતિ બ્રહ્માજીએ અત્યન્ત દુર્લભ વરદાનો એને આપી દીધાં ।।૧।।

**બ્રહ્માજીએ કહ્યું** : હે તાત! તું જે વરો માગે છે પુરુષોને માટે બહુ દુર્લભ છે; છતાં હે અંગ! એવાં દુર્લભ પણ હું તને આપું છું ।।૨।।

(નારદજી કહે છે). અમોઘ અનુગ્રહવાળા બ્રહ્માજી એટલું બોલ્યા ત્યારે દૈત્યેન્દ્રે એમની પૂજા કરી. પછી દેવો અને પ્રજાપતિઓ થી સ્તુતિ કરાયેલા બ્રહ્માજી ત્યાંથી પધાર્યા ।।૩।।

દૈત્યને ઉપર પ્રમાણેનાં વરદાન મળ્યા પછી તેનું શરીર સુવર્ણ જેવું કાન્તિમાન અને હૃષ્ટપુષ્ટ થઈ ગયું. મારા ભાઈને ભગવાને માર્યા છે એ યાદ કરી, ભગવાન્ સાથે દ્વેષ કરવા લાગ્યો ।।૪।।

સર્વ દિશાઓ, ત્રણલોક, દેવ, અસુર, નરપતિ, ગન્ધર્વ, ગરુડ અને સર્પલોકો, સિદ્ધ, ચારણ, વિદ્યાધરો, ઋષિ પિતૃઓના અધિપતિ મનુ, યક્ષો, રાક્ષસો, પિશાચો, પ્રેતો અને ભૂત ના પતિઓને તેમજ સર્વ પ્રાણીઓના રાજાઓ હતા તે સર્વને જીતી લઈ એણે પોતાને વશ કરી લીધા. અને પછી પોતે વિશ્વજિત બની એમનાં બધાં સ્થાનો તેમજ એમનાં તેજને પણ હરિ લીધાં ।।૫-૭।।

દેવના બગીચા નન્દનવનની શોભાથી સ્વર્ગ આનન્દ આપે છે તેમાં સાક્ષાત્ વિશ્વકર્માએ બનાવેલું ઈન્દ્રનું ભવન છે તે ત્રણ લોકની લક્ષ્મીનું સ્થાન છે તેવી સર્વ પ્રકારની સમૃદ્ધિયુક્ત ભવનમાં પોતે રહેવા લાગ્યો ।।૮।।

એ ઈન્દ્રભવનમાં પ્રવાળનાં પગથિયાં છે, મરકત મણિની ભૂમિ છે, સ્ફટિકની ભીંતો છે અને વૈદૂર્યમણિના સ્તમ્ભ છે ।।૯।।

એમાં રંગ-બેરંગી ચન્દરવા છે, પદ્મરાગના આસન છે, દૂધના ફીણ જેવી શય્યાઓ છે, જેના ઉપર મોતીની ઝાલરો લાગેલી છે ।।૧૦।।

સર્વાંગસુંદરી અપ્સરાઓ પોતાનાં નૂપુરોથી રૂમઝૂમ-રૂમઝૂમ કરતી રત્નજટિત ભૂમિ ઉપર આમ તેમ ટહેલતી હતી અને ક્યાંક-ક્યાંક તેમાં પોતાનું સ્વચ્છ સુંદર

દાંતવાળું મનહર મુખ જોવા લાગતી હતી ।।૧૧।।

એ મહેન્દ્રના મહેલમાં મહાબલી અને મહામનસ્વી હિરણ્યકશિપુ બધા લોકોને જીતી લઈ, બધાનો એકછત્ર સમ્રાટ બની જઈ, સ્વચ્છન્દતાપૂર્વક વિહાર કરવા લાગ્યો એનું શાસન ઘણું કડક હતું, દેવો તથા દાનવો પણ તેના ચરણોની વન્દના કરતા રહેતા હતા ।।૧૨।।

હે યુધિષ્ઠિર! તે ઉગ્ર ગન્ધવાળી મદિરા પીને નશામાં ચકચૂર રહેતો હતો એની આંખો લાલઘૂમ અને ચઢેલી જ રહેતી તપસ્યા, યોગ, શારીરિક અને માનસિક બલનો તો એ ભંડાર હતો, બ્રહ્મા, વિષ્ણુ અને શંકર સિવાય બીજા બધા દેવતા પોતાના હાથમાં ભેટ લઈ લઈને એની સેવામાં લાગ્યા રહેતા ।।૧૩।।

હે પાંડવ! પોતાના પુરુષાર્થના પ્રતાપે મહેન્દ્રાસન ઉપર બેઠેલા દૈત્યેન્દ્રને વિશ્વાવસુ, તુમ્બુરુ અને અમે (નારદ) બધા એની આગળ ગાન કરતા હતા, ગન્ધર્વો, સિદ્ધો, ઋષિઓ, વિદ્યાધરો અને અપ્સરાઓ તેની સ્તુતિ કરતાં હતાં ।।૧૪।।

મોટી દક્ષિણાવાળા યજ્ઞોવડે વર્ણાશ્રમ ધર્મનું પાલન કરવાવાળા પુરુષો દૈત્યેન્દ્રનું યજન કરવા લાગ્યા. એમાં હવિર્ભાગને તે પોતાના તેજવડે લેવા લાગ્યો ।।૧૫।।

પૃથ્વીના સાતેય ખંડોમાં તેનું અખંડ રાજ્ય હતું. બધી જગ્યાએ ખેતર ખેડયા વિના અને બી વાવ્યા વિના ધરતીથી ધાન્ય નીપજતું હતું. એને જે કંઈ જોઈએ તે આકાશમાંથી તેને મળી જતું તથા આકાશ તેને જાતજાતની આશ્ચર્યકારક વસ્તુઓ બતાવી તેનું મનોરંજન કરતું ।।૧૬।।

એ જ પ્રમાણે ખારા પાણી, સુરા, ઘૃત, શેરડીનો રસ, મીઠા પાણીના સાત સમુદ્રો અને તેઓની સ્ત્રીઓ ગંગાદિ નદીઓ પોતાના તરંગોવડે રત્નના સમૂહ આપવા લાગ્યાં ।।૧૭।।

પર્વતો પોતાની ખીણોના રૂપમાં એને માટે રમતનાં મેદાન પૂરાં પાડતાં અને વૃક્ષો બધી ઋતુઓમાં ફૂલતાં અને ફળતાં એ એકલો જ બધા લોકપાલોના વિભિન્ન ગુણોને ધારણ કરતો ।।૧૮।।

આ પ્રમાણે દિગ્વિજયી અને એક છત્ર સમ્રાટ બની જઈને પોતાના મનભાવતા વિષયોનો સ્વચ્છન્દ ઉપભોગ કરવા લાગ્યો. પરન્તુ આટલા વિષયોથી પણ એને સન્તોષ ન થઈ શકયો. કારણ કે એ જિતેન્દ્રિય ન હતો ।।૧૯।।

હે યુધિષ્ઠિર! આ રૂપમાં પણ ભગવાનનો તે જ પાર્ષદ છે જેને સનકાદિએ શાપ આપ્યો હતો. તે ઐશ્વર્યના મદથી મસ્ત થઈ રહ્યો હતો. તથા અભિમાનથી અન્ધ બની તેણે શાસ્ત્રોને છોડી દીધાં હતાં. જોતજોતામાં તેના જીવનમાં ઘણોખરો સમય વીતી ગયો ।।૨૦।।

એના ઉગ્ર શાસનથી ઉદ્વિગ્ન થયેલા લોકપાલકો સહિત લોકો બીજું કોઈ રક્ષક ન મળતાં વિષ્ણુને શરણે ગયા ।।૨૧।।

''ભગવાનના તે પરમ ધામને અમે નમસ્કાર કરીએ છીએ જ્યાં સર્વાત્મા જગદીશ્વર શ્રીહરિ નિવાસ કરે છે અને જેને પ્રાપ્ત કરી શાન્ત અને નિર્મલ સન્ન્યાસી મહાત્મા પાછા ફરતાનથી'' ।।૨૨।।

એમ કહી પ્રાણનો નિગ્રહ કરી સમાધિથી નિર્મળ બુદ્ધિવાળા સાવધાન થઈ ખાન, પાન અને નિદ્રા નો ત્યાગ કરી માત્ર વાયુનો આહાર કરી દેવો વિષ્ણુની સ્તુતિ કરવા લાગ્યા ।।૨૩।।

એમ ઉપસ્થાન કરતાં મેઘના જેવી ગમ્ભીર દિશાઓને ગજવતી અને સાધુને અભય આપનારી આકાશવાણી એક દિવસે પ્રકટ થઈ ।।૨૪।।

''હે શ્રેષ્ઠ દેવતાઓ! ડરો નહિ. તમારું કલ્યાણ હો. મારા દર્શન સર્વપ્રાણીઓનું પરમ શ્રેયઃસાધક છે ।।૨૫।।

એ અધમ દૈત્યની દુષ્ટતા મેં જાણી લીધી છે. હું એની શાન્તિ કરીશ. પણ એને માટે તમે થોડો વખત રાહ જુઓ ।।૨૬।।

કોઈ પણ પ્રાણી જ્યારે દેવ, વેદ, ગાય, બ્રાહ્મણો, ભકતો, ધર્મ અને ભગવાનનો સારી રીતે દ્વેષ કરે છે ત્યારે તે જોત-જોતામાં નાશ પામે છે ।।૨૭।।

નિર્વેર, શાન્ત, મહાત્મા એવા પોતાના પુત્ર પ્રહ્લાદનો દ્રોહ કરશે ત્યારે વરદાનથી છકી ગયેલા એવા એને હું મારીશ ।।૨૮।।

**નારદજીએ કહ્યું :** લોકગુરુ ભગવાને એમ કહ્યું ત્યારે બધા દેવો એમને પ્રણામ કરી ઉદ્વેગમુકત થઈ 'અસુર મર્યો' એમ સમજી ત્યાંથી પાછા ફર્યા ।।૨૯।।

હે યુધિષ્ઠિર! દૈત્યરાજ હિરણ્યકશિપુને અત્યન્ત વિલક્ષણ ચાર પુત્રો હતા તેમનામાં પ્રહ્લાદ આમ તો સૌથી નાના હતા પરન્તુ ગુણોમાં સૌથી મોટા હતા. તે સન્તોની સેવા કરતા ।।૩૦।।

તે બ્રાહ્મણભકત, સુંદર સ્વભાવવાળા, સત્યપ્રતિજ્ઞ અને જિતેન્દ્રિય હતા. બધાં

પ્રાણીઓની સાથે તે પોતાની જેમ જ વર્તાવ કરતા અને સર્વના એકમાત્ર પ્રિય અને સાચા હિતૈષી હતા ।।૩૧।।

દાસની પેઠે મોટાઓને પગે પડનાર દીન-હીન ઉપર પિતા જેવો પ્રેમ દાખવતા. સરખાઓ સાથે ભાઈચારો રાખતા, ગુરુજનોમાં ભગવદ્ભાવ રાખતા, વિદ્યા, વૈભવ, સૌન્દર્ય અને કુલીનતા થી સમ્પન્ન હોવા છતાં પણ અભિમાન કે દમ્ભનું એમનામાં નામ પણ ન હતું ।।૩૨।।

ભારેમાં ભારે આપાત્તિમાં તે બિલકુલ અકળાતા નહિ. લોક-પરલોકના વિષયો તેમણે દેખ્યા-સાંભળ્યા તો બહુ હતા. પરન્તુ તે તેમને નિઃસાર સમજતા. તેથી તેના મનમાં કોઈ લાલસા ઊઠતી જ નહિ. ઈન્દ્રિય, પ્રાણ, શરીર અને મન એમના વશમાં હતાં. સદા નિષ્કામ થઈ ગયા હતાં. જન્મથી અસુર હોવા છતાં આસુરી સમ્પત્તિ (કામ, લોભ, મત્સર વગેરે) નો લેશ પણ નહોતો ।।૩૩।।

જેવી રીતે ભગવાનના ગુણો અનન્ત છે તે જ પ્રમાણે પ્રહ્લાદના શ્રેષ્ઠગુણોની પણ કોઈ સીમા નથી. મહાત્માઓ સદાથી તેમનું વર્ણન કરતાં આવ્યા છે અને તેને અપનાવતા આવ્યા છે. આમ છતાં તે ગુણો આજે પણ જેમના તેમ રહેલા છે ।।૩૪।।

હે રાજન્! આમ તો દેવતા એમના દુશ્મન છે પરન્તુ છતાં ભકતોના ચરિત્ર સાંભળવામાટે જ્યારે એ લોકોની સભા ભરાય છે ત્યારે બીજા ભક્તોને પ્રહ્લાદજીની સાથે સરખાવીને તેમનું બહુમાન કરે છે તો પછી આપના જેવા ભકત એમનો આદર કરે એમાં તો શંકા શી હોય? ।।૩૫।।

એમના મહિમાનું વર્ણન કરવા અગણિત ગુણોની ગણના કરવાની જરૂર નથી. (માત્ર એક જ ગુણ ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણોમાં સ્વાભાવિક જન્મજાત પ્રેમ-એમનો મહિમા પ્રકટ કરવામાટે પૂરતો છે) ।।૩૬।।

બાળક છતાં ભગવાન્‌માં મન લાગવાથી રમકડાંને છોડી દેનાર ગ્રહગૃહીત (ગાંડો) માણસ જેમ જગતની શરમ રાખતો નથી તેમ પ્રહ્લાદ પણ શ્રીકૃષ્ણના અનુગ્રહથી ગૃહીત થતાં આ જગતના વિષયોને લોકરીતે જોતો ન હતો ।।૩૭।।

કયારેક ભગવાન્ મને છોડી ચાલ્યા ગયા એમ માની જોરજોરથી રોવા લાગ્યા. કયારેક મનમાં ને મનમાં ભગવાનને પોતાની સામે જોઈ એમને એમ લાગતું કે ભગવાન્ મને પોતાની ગોદમાં લઈ આલિંગન કરી રહ્યા છે. તેથી એમને સૂતાં-

બેસતાં, ખાતાં-પીતાં, ચાલતાં-ફરતાં અને વાતચીત કરતી વખતે એ બાબતોનું કંઈ અનુસન્ધાન જ રહેતું નહિ ।।૩૮।।

આનન્દમાં આવી જઈ ખડખડાટ હસી પડતા તો કયારેક વળી એમના ધ્યાનના દિવ્ય આનન્દનો અનુભવ કરી જોરથી ગાવા લાગતા ।।૩૯।।

કયારેક ઉત્સુકતાથી બૂમો પાડતા. કયારેક-કયારેક લોકલાજ છોડી દઈ પ્રેમમાં છકી જઈ નાચવા પણ લાગતા. કયારેક પ્રભુની લીલાના ચિન્તનમાં એટલા તલ્લીન થઈ જતાં કે એ પોતાની જાતને ભૂલી જતાં અને લીલાનું અનુકરણ કરવા લાગતા ।।૪૦।।

કયારેક અંદર જ ભગવાનના કોમલ સ્પર્શનો અનુભવ કરી આનન્દમાં ડૂબી જતા અને ચૂપચાપ શાન્ત થઈ જઈ બેસી રહેતા. એ વખતે એમનું એક એક રોમ પુલક્તિ થઈ જતું અધખૂલી આંખો અવિચલ પ્રેમ અને આનન્દનાં આંસુઓથી ભરીભરી રહેતી ।।૪૧।।

ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણકમલોની આ ભક્તિ અકિંચન ભગવત્પ્રેમી તાદશીઓના સંગથી જ પ્રાપ્ત થાય છે. એ દ્વારા તે પોતે તો પરમાનન્દમાં મગ્ન રહેતા જ હતા પણ જે બિચારાનું મન દુઃસંગને લીધે દીન-હીન થઈ રહ્યું હતું તેમને પણ વારંવાર શાન્તિ આપતા હતા ।।૪૨।।

હે યુધિષ્ઠિર! પ્રહ્લાદજી ભગવાનના પરમપ્રેમી ભકત, પરમ ભાગ્યવાન અને ઊંચી કોટિના મહાત્મા હતા. હિરણ્યકશિપુ એવા સાધુ પુત્રને પણ અપરાધી બતાડી એનું અનિષ્ટ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો ।।૪૩।।

**યુધિષ્ઠિરે પૂછ્યું :** હે સુંદર વ્રતવાળા દેવર્ષિ! શુદ્ધ અને પોતાના જ ભકત પુત્રનો હિરણ્યકશિપુએ દ્વેષ કેમ કર્યો એ હું જાણવા માગું છું ।।૪૪।।

પિતા તો સ્વાભાવિક રીતે જ પોતાના પુત્રો ઉપર પ્રેમ રાખતા હોય છે. પુત્ર જો કોઈ પ્રતિકૂલ આચારણ કરે તો તે તેને શિખામણ દેવા માટે જ ધમકાવે છે, શત્રુની માફક વેર-વિરોધ તો કરતા હોતા નથી ।।૪૫।।

**એતત્ કૌતૂહલં બ્રહ્મન્ અસ્માકં વિધમ પ્રભો ।।**
**પિતુઃ પુત્રાય યદ્ દ્વેષો મરણાય પ્રયોજિતઃ ।।૪૬।।**

વળી પ્રહ્લાદજી જેવા અનુકૂળ-સજ્જન, શુદ્ધ હૃદયવાળા અને ગુરુજનોમાં ભગવદ્ભાવ રાખનારા પુત્રનો તો કોઈ દ્વેષ કરીજ કેવી રીતે શકે? આપ બધું જાણો

છો. અમને આ જાણીને કૌતુક થાય છે કે પિતા દ્વેષને લીધે પુત્રને મારી નાખવાની હદ સુધી ગયા! કૃપા કરીને આપ મારું આ કુતૂહલ શાન્તકરો ।।૪૬।।

**ઇતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (પહેલા અસદ્વાસના પ્રકરણનો) ''વરદાન મેળવી સર્વને જીતી દૈત્યેન્દ્ર વિષ્ણુનો દ્રોહ કરવા લાગ્યો'' નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્‌ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવન સાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધોબનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૫

## દૈત્યે પુત્રને મારવાના યોજેલા ઉપાયોમાં એની નિષ્ફળતા

**વિશેષ :** ગુરુનું ભણાવેલ ભણતર છોડીને ભગવાન્ વિષ્ણુની સ્તુતિમાં આસક્તિ રાખતા પોતાના પુત્રને હિરણ્યકશિપુ મારવાના ઉપાય કરે છે પણ એને મારવામાં સફળ થતો નથી એટલી વાત આ પાંચમા અધ્યાયમાં કહેવામાં આવશે.

**પૌરોહિત્યાય ભગવાન્ વૃતઃ કાવ્યઃ કિલાસુરૈઃ।**
**શંડામર્કૌ સુતૌ તસ્ય દૈત્યરાજગૃહાન્તિકે ।।૧।।**

**નારદજીએ કહ્યું :** આસુરોએ ભગવાન્ શુક્રાચાર્યને પોતાના પુરોહિત તરીકે નીમ્યા હતા. શંડ અને અમર્ક નામના એમના બે પુત્રો હતા તે દૈત્યરાજના રાજમહેલ પાસે જ રહેતા હતા ।।૧।।

શંડ અને અમર્ક ને હિરણ્યકશિપુએ મોકલેલા પોતાના નીતિનિપુણ બાળક પ્રહ્‌લાદજીને તેમજ અસુરોને બીજા ભણાવવા યોગ્ય બાળકોને ભણાવવા સારુ રાખ્યા અને તેઓ એમને ભણાવવા લાગ્યા ।।૨।।

પ્રહ્‌લાદજી ગુરુજીએ ભણાવેલા પાઠ સાંભળી લેતા અને અક્ષરે અક્ષર યાદ કરી

તેમને સંભળાવી પણ દેતા હતા. પણ મનથી તે તેને ભણવા લાયક ગણતા નહિ. કારણ કે એ પાઠનો મૂલ આધાર પોતાના અને પારકાનો ખોટો આગ્રહહતો ।।૩।।

હે યુધિષ્ઠિર! એક વખત હિરણ્યકશિપુએ પોતાના પુત્ર પ્રહ્‌લાદજીને ગોદમાં લઈ પ્રેમપૂર્વક પૂછ્યું. ''વત્સ! બતાવ જોઈએ તને કઈ વાત સારી લાગે છે?'' ।।૪।।

**પ્રહ્‌લાદજીએ કહ્યું** : પિતાજી! સંસારનાં પ્રાણીઓ 'હું' અને 'મારું'ના ખોટા આગ્રહને પકડી રાખી કાયમને માટે અત્યન્ત બેચેન રહે છે. આવાં પ્રાણીઓ માટે હું એ જ સારી વાત સમજું છું કે તેઓ પોતાના અધઃપતનના મૂલ કારણ, ઘાસથી ઢંકાયેલા અંધારા કૂવા જેવા આ ઘરને છોડી દઈ વનમાં ચાલ્યા જાય અને ભગવાન્ શ્રીહરિનું શરણ સ્વીકારી લે ।।૫।।

**નારદજીએ કહ્યું** : શત્રુના પક્ષનું સમર્થન કરનારી પુત્રની વાણી સાંભળી દૈત્યરાજ હસ્યો અને એ બોલ્યો : શત્રુઓ (વિષ્ણુના ભક્તો)ની બુદ્ધિવડે બાળકની બુદ્ધિમાં ભેદ થાય છે ।।૬।।

એમ લાગે છે કે ગુરુજીના ઘેર વિષ્ણુના પક્ષપાતી કેટલાક બ્રાહ્મણો વેશપલટો કરીને રહે છે. બાળકની સારી રીતે સંભાળ રાખવામાં આવે જેથી હવે એની બુદ્ધિને કોઈ ભરમાવે નહિ ।।૭।।

પછી ઘેર આવેલા પ્રહ્‌લાદજીને બોલાવીને દૈત્યના પુરોહિતો એને શાન્ત કરી સુન્દર વાણીવડે પુછવા લાગ્યા ।।૮।।

હે વત્સ પ્રહ્‌લાદ! તારું કલ્યાણ હો. સાચેસાચું બતાવ. જો જે હો, ખોટું ન બોલતો. આ તારી બુદ્ધિ અવળી કેમ થઈ ગઈ? બીજા કોઈ બાળકની બુદ્ધિ તો એવી થઈ નથી ।।૯।।

હે કુલનન્દન પ્રહ્‌લાદ! અમે તારા ગુરુજન જાણવા માગીએ છીએ કે તારી બુદ્ધિ પોતાની મેળે એવી થઈ ગઈ કે કોઈએ ખરેખર તને ભરમાવી દીધો છે? ।।૧૦।।

**પ્રહ્‌લાદજીએ કહ્યું** : જે મનુષ્યોની બુદ્ધિ મોહગ્રસ્ત છે એમને જ ભગવાનની માયાથી આ ખોટો દુરાગ્રહ બંધાઈ જાય છે કે આ 'મારું' છે અને આ 'પારકું' એ માયાપતિ ભગવાનને હું નમસ્કાર કરું છું ।।૧૧।।

જ્યારે એ ભગવાનની કૃપા થાય ત્યારે ''હું જુદો છું અને આ જુદો છે'' એવી ભેદવાળી અસતી પશુબુદ્ધિ મટી જાય છે ।।૧૨।।

તે જ પરમાત્મા આ આત્મા છે. અજ્ઞાની લોકો પોતાના અને પારકાંનો ભેદ

પાડી એનું જ વર્ણન કર્યા કરે છે. તેઓ ન જાણે એ પણ બરાબર જ છે, કારણ કે એના તત્ત્વને ઓળખવું બહુ જ કઠિન છે અને બ્રહ્મા વગેરે મોટા-મોટા વેદ જાણનારા વિદ્વાનો પણ તે બાબતમાં મોહિત થઈ જાય છે. તે જ પરમાત્મા આપ લોકોના શબ્દોમાં કહું તો મારી બુદ્ધિ 'બગાડી' રહ્યા છે ।।૧૩।।

ગુરુજી! લોહચુમ્બકની પાસે લોઢું પોતાની મેળે જેમ ખેંચાઈ આવે છે તેવી જ રીતે ચક્રપાણિ ભગવાનની ઈચ્છાશક્તિથી મારું ચિત્ત પણ સંસારમાંથી અલગ થઈ તેના તરફ પરાણે ખેંચાય છે ।।૧૪।।

**નારદજીએ કહ્યું :** બ્રાહ્મણને એમ કહી પરમજ્ઞાની પ્રહ્લાદજી શાન્ત થઈ ગયા. પુરોહિત બિચારા રાજાના સેવક અને પરાધીન હતા. તેઓ ડરી ગયા. એમણે ક્રોધથી પ્રહ્લાદજીને ધમકાવ્યા અને કહ્યું: ।।૧૫।।

અરે આતો અમને અપયશ અપાવે એવો છે; માટે ચાબૂક લાવો. દૈત્યના કુળમાં આ અંગારા જેવો અને દુષ્ટ બુદ્ધિવાળો છે માટે તે તો દંડને જ યોગ્ય છે ।।૧૬।।

દિતિથી થયેલા દૈત્યરૂપ ચન્દનવનમાં આ કણ્ટકવૃક્ષ છે. દૈત્યના મૂળને ઉખેડવામાં પરશુરામ (કુહાડારૂપ) વિષ્ણુનો આ (પ્રહ્લાદ) હાથારૂપ છે ।।૧૭।।

એ પ્રમાણે બોલતો અનેક પ્રકારના ઉપાયથી ભય પમાડતો અને તિરસ્કાર કરતો એ ગુરુ પ્રહ્લાદને ધર્મ-અર્થ-કામનું પ્રતિપાદન કરતા શાસ્ત્ર ભણાવવા લાગ્યો ।।૧૮।।

ત્યાર પછી પ્રહ્લાદ જ્ઞેય ચતુષ્ટયને જાણતો થયો છે એમ જોઈ માતાએ એને સ્નાન કરાવ્યું, ઘરેણાં પહેરાવ્યાં અને એના ગુરુઓ એને રાજાનાં દર્શન કરાવવા લઈ ગયા ।।૧૯।।

પગમાં પડેલા બાળકને હિરણ્યકશિપુએ આશિષ આપી અને એને બે હાથથી ઉઠાવી આલિંગન કરી પરમ સુખનો અનુભવ કર્યો ।।૨૦।।

હે યુધિષ્ઠિર! પ્રસન્ન મુખવાળા પ્રહ્લાદને પોતાની ગોદમાં બેસાડી મસ્તક સૂંઘી, હર્ષનાં અશ્રુથી મસ્તક ઉપર સિંચન કરતો દૈત્ય આ પ્રમાણે કહેવા લાગ્યો ।।૨૧।।

**હિરણ્યકશિપુ બોલ્યો :** હે પ્રહ્લાદ! આટલા સમયમાં તું ગુરુની પાસેથી જે શીખ્યો હોય તે, હે આયુષ્મન્! મને કહે ।।૨૨।।

**પ્રહ્લાદજીએ કહ્યું :** વિષ્ણુની શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એ પ્રમાણે નવવિધ ભક્તિ કરીને પુરુષ વિષ્ણુને અર્પણ કરે તો એ ઉત્તમ ભણતર કહેવાય ।।૨૩-૨૪।।

એ સાંભળતાં જ હિરણ્યકશિપુના હોઠ ક્રોધથી ફરફરવા લાગ્યા અને એ ગુરુપુત્રને આ પ્રમાણે કહેવા લાગ્યો ।।૨૫।।

''શત્રુનો આશ્રય કરતા દુષ્ટ બ્રહ્મબંધો તેં મારો અનાદર કર્યો છે; તમે બાળકને સાર વગરનું શીખવ્યું છે ।।૨૬।।

કપટ વેશવાળા કેટલાક દુષ્ટ લોકો હોય છે તેઓ દુષ્ટતાથી મિત્રતા કરે છે. જેમ પાતકીઓનો રોગ કાળે કરીને દેખાય છે તેમ એવાઓનું કપટ પણ કાળે કરીને બહાર આવે છે'' ।।૨૭।।

**ગુરુપુત્રે કહ્યું :** હે ઈન્દ્રશત્રો! આ તમારો પુત્ર મારું કહ્યું કરતો નથી. એની આ બુદ્ધિતો નૈસર્ગિક છે. એથી આપ અમારા ઉપર ખોટો દોષારોપ ન કરો; ક્રોધ ન કરો ।।૨૮।।

**નારદજીએ કહ્યું :** ગુરુએ કહેલું સાંભળી અસુર પોતાના પુત્રને ફરી કહેવા લાગ્યો; ''જો ગુરુએ તને આવું ભણાવ્યું ન હોય તો તારી આવી અકલ્યાણી દુષ્ટ બુદ્ધિ ક્યાંથી થઈ? ।।૨૯।।

**પ્રહ્‌લાદજીએ કહ્યું :** ગૃહ જ જેનું વ્રત છે તેવા અને તેથી જ અશાન્ત ઈન્દ્રિયોને લઈને ફરીને સંસારમાં પડતા લોકોની બુદ્ધિ સ્વતઃ કે પરતઃ કૃષ્ણમાં થતી નથી. એ તો ચર્વિતનું જ ચર્વણ કરે છે ।।૩૦।।

જે લોકો ઈન્દ્રિયોથી જણાતા બ્રાહ્ય વિષયોને પરમ પ્રિય સમજી મૂર્ખતાને લીધે, અન્ધજનોની પાછળ અન્ધજનોની માફક ખાડામાં પડવામાટે ચાલ્યા જતા હોય છે અને વેદવાણીરૂપ રસ્સીના-કામ્ય કર્મોના દીર્ઘ બંધનમાં બંધાયેલા છે તેમને ખબર નથી કે આપણા સ્વાર્થ અને પરમાર્થ ભગવાન્ વિષ્ણુ જ છે એમની જ પ્રાપ્તિથી આપણને બધા પુરુષાર્થોની પ્રાપ્તિ થઈ જાય છે ।।૩૧।।

જેમની બુદ્ધિ ભગવાનના ચરણ કમલોનો સ્પર્શ કરી લે છે તેમનો જન્મ-મૃત્યુરૂપ અનર્થનો કાયમને માટે અન્ત આવી જાય છે. પરન્તુ જે લોકો નિષ્કિંચન ભગવત્પ્રેમી ભગવદીયોના ચરણોની રજમાં સ્નાન કરી લેતા નથી એમની બુદ્ધિ કામ્યકર્મોના પૂરા સેવન કરવા છતાં પણ ભગવાનના ચરણોનો સ્પર્શ કરી શક્તી નથી ।।૩૨।।

એટલું કહી પ્રહ્‌લાદજી ચુપ થઈ ગયા, હિરણ્યકશિપુએ ક્રોધવડે અન્ધ થઈ જઈ તેને પોતાની ગોદમાંથી ઉઠાવી ભૂમિ ઉપર ફેંકી દીધો ।।૩૩।।

પ્રહ્‌લાદજીની વાતને તે સહન ન કરી શક્યો. તેની આંખો ગુસ્સાને લીધે લાલ

થઈ ગઈ. તે કહેવા લાગ્યો, ''દૈત્યો! આને અહીંથી બહાર લઈ જાઓ અને હમણાં ને હમણાં મારી નાખો. એ મારી નાખવાના જ લાયક છે ।।૩૪।।

જુઓ તો ખરા, પોતાના સુહૃદ-સ્વજનોને છોડી દઈ આ નીચ દાસની જેમ તે જ વિષ્ણુના ચરણોની પૂજા કરે છે જેણે એના કાકાને મારી નાખ્યા. માનો ન માનો પણ એ રૂપે મારા ભાઈને મારનારો વિષ્ણુ જ આવી પહોંચ્યો છે ।।૩૫।।

હવે એનો વિશ્વાસ ન થાય. પાંચ વરસની ઉંમરમાં જ જેણે પોતાના સગાં મા-બાપનો, છોડ્યો છોડાય નહિ એવો વાત્સલ્યસ્નેહ છોડી દીધો એ પ્રતિકૂળ ચાલનાર વિષ્ણુનું શું સારું કરી દેશે? ।।૩૬।।

કોઈ બીજો પણ ઔષધની માફક લાભ કરે તો તે એક રીતે પુત્ર જ છે, પરન્તુ જો પોતાનો પુત્ર પણ અહિત કરવા લાગે તો રોગની જેમ તે શત્રુ છે. પોતાના શરીરના જ કોઈ એક અંગથી આખા શરીરને નુકશાન થતું હોય તો તેને કાપી નાખવું જોઈએ, કારણ કે એને કાપી નાખવાથી બાકીનું શરીર સુખરૂપ જીવી શકે છે ।।૩૭।।

આ સ્વજનનો સ્વાંગ પહેરી મારો કોઈ શત્રુ જ આવ્યો છે. જેમ યોગીની ભોગ લોલુપ ઇન્દ્રિયો તેનું અહિત કરે છે તેમ જ આ મારું અહિત કરનારો છે. તેથી તે ખાતો હોય ત્યારે, સૂતો હોય ત્યારે અથવા બેઠો હોય ત્યારે કોઈ પણ ઉપાયથી એને મારી નાખો'' ।।૩૮।।

આ પ્રમાણે આજ્ઞા મેળવી રાક્ષસો હાથમાં શૂળ લઈને મોટી દાઢોથી વિકરાળ મુખવાળા, લાલ દાઢી-મૂછવાળા, ''મારો, કાપો'' વગેરે ભયંકર શબ્દો કરતા ત્યાં ચૂપચાપ બેઠેલા પ્રહ્‌લાદને સર્વ મર્મ સ્થાનોમાં શૂળ ભોંકવા લાગ્યા ।।૩૯-૪૦।।

એ વખતે પ્રહ્‌લાદજીનું મન એ પરમાત્મામાં લાગેલું હતું જેને મન અને વાણી પહોંચી શકતાં નથી જે સર્વના આત્મા છે, સમસ્ત શક્તિઓના આધાર અને પરબ્રહ્મ છે. તેથી ભાગ્યહીનોના ભારે-ભારે પુરુષાર્થના વ્યર્થ જાય છે તેમ તેમના બધા પ્રહાર નિષ્ફળ થઈ ગયા ।।૪૧।।

હે યુધિષ્ઠિર! જ્યારે પુત્રને મારવાના પ્રયત્ન નિષ્ફળ ગયા ત્યારે દૈત્યેન્દ્રને શંકા થઈ તેથી એ આગ્રહપૂર્વક બીજા મારણ પ્રયોગ કરવા લાગ્યો ।।૪૨।।

તેણે પ્રહ્‌લાદજીને મોટા-મોટા મદોન્મત્ત હાથીઓના પગ નીચે કચડાવ્યા, ઝેરી સર્પો કરડાવવામાં આવ્યા, કૃત્યા રાક્ષસી ઉત્પન્ન કરાવી, પર્વતોના શિખર ઉપરથી ગબડાવી મૂકવામાં આવ્યા, અંધારી કોટડીમાં પૂરવામાં આવ્યા, ઝેર પાયું અને

ભોજન આપવું બંધ કરવામાં આવ્યું ।।૪૩।।

જળમાં, ઠંડીમાં, વાયુમાં, ધધકતી આગ અને સમુદ્રમાં ફરીફરીને તેને નાખવામાં આવ્યા, આંધીમાં છોડી દેવામાં આવ્યા, પર્વતો ઉપરથી ફેંકી દેવામાં આવ્યા, પરન્તુ આમાંથી કોઈ પણ ઉપાયથી તે પોતાના પુત્ર નિષ્પાપ પ્રહ્લાદજીને મારવાને સમર્થ ન થયો. ત્યારે હિરણ્યકશિપુને ઘણી ચિન્તા થઈ. તેને પ્રહ્લાદજીને મારી નાખવામાટે કોઈ ઉપાય સૂઝ્યો નહિ ।।૪૪।।

તે વિચાર કરવા લાગ્યો, ''એને મેં બહુ ખરાબ વચન કહ્યાં, મારી નાખવાને માટે ઘણા બધા ઉપાય કર્યા. પરન્તુ કોઈની સહાય વિના, પોતાના જ પ્રભાવથી મારા દ્રોહ અને દુર્વ્યવહાર થી બચતો જ ગયો ।।૪૫।।

બાલક હોવા છતાં તે સમજદાર છે અને મારી પાસે જ બેધડક રહે છે. એમાં કંઈક સામર્થ્ય તો છે જ. જેવી રીતે *શુનઃશેપ પોતાના પિતાનાં કરતૂતોથી એનો વિરોધી થઈ ગયો હતો તેમ આ પણ મારા કરેલા અપકારો ભૂલશે નહિ ।।૪૬।।

**વિશેષ :** શુનઃશેપ ભૃગુકુલમાં ઉત્પન્ન ઋચીક અજીગર્ત નામના ઋષિના વચલો પુત્ર અને વિશ્વામિત્ર ઋષિનો ભાણેજ. એના બીજા બે ભાઈઓનાં નામ શુનઃપુચ્છ અને શુનોલાંગૂલ એના બીજાં બે પૈતૃક નામ આજીગર્તિ અને સૌયવસિ છે. શુનઃશેપનો અર્થ છે કૂતરાની પૂંછડી. વિશ્વામિત્રે તેને બલિસ્તમ્ભથી છોડાવી પોતાનો પુત્ર, પ્રમુખ શિષ્ય અને જહ્નુ અને ગાધિકુલનો ઉત્તરાધિકારી બનાવ્યો અને 'દેવરાત' નામ આપ્યું. વિશેષ માટે સ્કન્ધ ૯ અને ૭ જોવાવિનન્તિ.

એ કોઈથી ડરતો નથી કે એનું મૃત્યું થતું નથી. એનો પ્રભાવ અગણિત જણાય છે. અવશ્ય એની સાથે વિરોધ કરવાથી મારું મોત આવી જાય'' ।।૪૭।।

આમ વિચાર કરતાં-કરતાં એનો ચહેરો સહેજ ઊતરી ગયો. શુક્રાચાર્યના પુત્ર શંડ અને અમર્કે જ્યારે જોયું કે હિરણ્યકશિપુ તો મોં નીચું કરીને બેઠેલા છે ત્યારેતેમણે એકાન્તમાં જઈ તેમને આ વાત કહી ।।૪૮।।

''સ્વામી! આપ એકલે હાથે જ ત્રણેય લોકને જીતી લીધા. આપની ભ્રમર ટેડી થતાં જ બધા લોકપાલ ધ્રુજી ઊઠે છે. અમારી દૃષ્ટિએ તો આપને માટે ચિન્તાનું કોઈ કારણ જ નથી. વળી બાળકના ગુણ-દોષ એ કોઈ તમારી ચિન્તાનું કારણ થઈ શકે જ નહિ ।।૪૯।।

જ્યાં સુધી અમારા પિતા શુક્રાચાર્યજી ન આવી જાય ત્યાં સુધીમાં ડરીને ક્યાંક

એ ભાગી ન જાય એટલા માટે એને વરુણના પાશથી બાંધી રાખો. મોટે ભાગે એવું બનતું હોય છે કે ઉંમર વધવાની સાથે-સાથે અને ગુરુજનોની સેવાથી બુદ્ધિ સુધરી જતી હોય છે'' ।।૫૦।।

જ્યારે ગુરુપુત્રોએ એ પ્રમાણે કહ્યું ત્યારે એને સમ્મતિ આપીને દૈત્યરાજ કહેવા લાગ્યા. આ બાળકને ગૃહસ્થાશ્રમી રાજાના ધર્મોનો ઉપદેશ કરજો ।।૫૧।।

એમ કહ્યું ત્યારે ગુરુપુત્રોએ વિનયથી નમ્રતાપૂર્વક પ્રહ્‌લાદજીને અનુક્રમે ધર્મ, અર્થ અને કામનું શિક્ષણ આપ્યું ।।૫૨।।

પરન્તુ ગુરુઓનું આ શિક્ષણ પ્રહ્‌લાદજીને ગમ્યું નહિ કારણ કે તેઓ એમને કેવળ ધર્મ, અર્થ અને કામ નું જ શિક્ષણ આપતા હતા. આ શિક્ષણ તો જેઓ રાગ-દ્વેષ વગેરે દ્વન્દ્વ અને વિષયભોગો માં રસ લેતા હોય તેમને માટે જ છે ।।૫૩।।

એક દિવસ ગુરુજી ગૃહસ્થીના કાર્યમાટે ક્યાંક બહાર ગયા હતા. રજા મળી જવાથી સરખે સરખા બાળકોએ પ્રહ્‌લાદજીને રમવામાટે બોલાવ્યા ।।૫૪।।

પ્રહ્‌લાદજી પરમ જ્ઞાની હતા. એમનો પ્રેમ જોઈ તેમણે તે બાળકોને જ અત્યન્ત મધુર વાણીથી સમ્બોધન કરી પોતાની પાસે જ બોલાવી લીધા. એમનાં જન્મ-મરણની ગતિ પ્રહ્‌લાદજીથી છાની ન હતી. તેમના ઉપર કૃપા કરી હસતા હોય તેમ તેમને ઉપદેશ કરવા લાગ્યા ।।૫૫।।

**પર્યુપાસત રાજેન્દ્ર તન્ન્યસ્તહૃદયેક્ષણાઃ ।।**
**તાનાહ કરુણો મૈત્રો મહાભાગવતોઽસુરઃ ।।૫૭।।**

હે યુધિષ્ઠિર! તે બધા હજુ બાળકો જ હતા તેથી રાગ-દ્વેષ પરાયણ વિષયી પુરુષોના ઉપદેશોથી અને ચેષ્ટાઓથી એમની બુદ્ધિ હજુ બગડી નહોતી. તેથી જ અને પ્રહ્‌લાદજી પ્રત્યે માન હોવાથી બધાએ પોતાની બાલક્રીડા છોડી દીધી અને પ્રહ્‌લાદજીની પાસે જઈ એમની ચારે તરફ બેસી ગયા અને એમના ઉપદેશમાં મન લગાડી ઘણા પ્રેમથી એકીટસે તેમની તરફ જોવા લાગ્યાં. ભગવાનના પરમ ભક્ત પ્રહ્‌લાદજીનું હૃદય એમના પ્રતિ કરુણાઅને મૈત્રી ના ભાવથી ભરાઈ આવ્યું તથા તે તેમને કહેવા લાગ્યા।૫૬-૫૭।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (પહેલા અસદ્બાસના પ્રકરણનો પ્રહ્‌લાદ અને દૈત્ય બાળકોના સંવાદરૂપ) ''દૈત્યપુત્રને મારવાના યોજેલા ઉપાયોમાં એની નિષ્ફળતા'' નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# બીજું સદ્વાસના પ્રકરણ

## અધ્યાય ૬

## પ્રહ્‌લાદજીએ દૈત્યકુમારોને આત્મધર્મનો કરેલો ઉપદેશ

**વિશેષ :** ગુરુઓ ગૃહકાર્યમાં વ્યગ્ર હતા તે સમયે પ્રહ્‌લાદજી દૈત્ય પુત્રોને કૃપા કરીને નારદજીએ કહેલા ધર્મતત્ત્વનો ઉપદેશ કરે છે. બાલકો નિરર્થક ક્રિયા અને વાણી-વિલાસમાં આયુષ્યનો વ્યય થાય છે તેને સમજતા નથી તેથી તેની ઉપર દયા લાવી પ્રહ્‌લાદજી એમને ભગવદ્ધર્મ એટલે ભક્તિમાર્ગીય ધર્મનો ઉપદેશ કરે છે, આ વાત છઠ્ઠા અધ્યાયમાં આવે છે.

**કૌમાર આચરેત્પ્રાજ્ઞો ધર્માન્ ભાગવતાનિહ ।।**
**દુર્લભં માનુષં જન્મ તદપ્યધ્રુવમર્થદમ્ ।।૧।।**

**પ્રહ્‌લાદજીએ કહ્યું :** મિત્રો આ સંસારમાં મનુષ્ય જન્મ બહુ દુર્લભ છે. એના દ્વારા અવિનાશી પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે. પરન્તુ એનો અન્ત ક્યારે આવી જાય તેની ખબર પડતી નથી. તેથી બુદ્ધિમાન પુરુષે વૃદ્ધાવસ્થા અથવા યુવાની ને ભરોસે નહિ રહેતાં બચપણમાં જ ભગવાનની પ્રાપ્તિ કરાવી આપનારા સાધનો કરી લેવા જોઈએ ।।૧।।

અહીં મનુષ્ય જન્મમાં વિષ્ણુના ચરણનો આશ્રય કરવો એ જ પુરુષનું કર્તવ્ય છે કેમકે એ સર્વ ભૂતના પ્રિય, આત્મા, સુહૃદ અને ઈશ્વર છે ।।૨।।

હે મિત્રો! ઈન્દ્રિયોથી ભોગવાતાં સુખ તો જીવ ગમે તે યોનિમાં હોય ત્યાં એને પ્રારબ્ધ પ્રમાણે એવી જ રીતે મળતાં રહે છે કે જેવી રીતે કોઈ પણ જાતનો પ્રયત્ન કર્યા વિના, નિવારણ કરવા છતાં પણ, દુઃખ મળે છે ।।૩।।

તેથી સાંસારિક સુખને માટે પ્રયત્ન કરવાની કોઈ જરૂર નથી કારણ કે પોતાની મેળે જ મળનારી વસ્તુમાટે પ્રયત્ન કરવો એ આયુષ્ય અને શક્તિનો વ્યર્થ બગાડ છે. જે લોકો તેમાં સપડાઈ જાય છે એમને ભગવાનના પરમ કલ્યાણ સ્વરૂપ ચરણકમલોની પ્રાપ્તિ નથી થતી ।।૪।।

મનુષ્યના શિર ઉપર અનેક પ્રકારના ભય સવાર થયેલા છે. તેથી આ શરીર જે ભગવત્પ્રાપ્તિ કરાવી આપવા કાર્યક્ષમ છે; જ્યાં સુધીમાં રોગગ્રસ્ત થઈ મૃત્યુનું મહેમાન બની ન જાય ત્યાં સુધીમાં બુદ્ધિમાન પુરુષે પોતાના કલ્યાણમાટે પ્રયત્ન કરી લેવો જોઈએ ।।૫।।

પુરુષનું આયુષ્ય સો વર્ષનું ગણાય તેમાંથી અરધું આયુષ્ય તો અજિતેન્દ્રિય મનુષ્યને રાતમાં તમોગુણથી નિદ્રા આવે તેમાં જ ખપી જાય છેઃએટલે કે પચાસ વર્ષ તો એને ઊંઘવામાં જાય છે. એ પચાસ વર્ષમાં તો એ કાંઈ પણ કરી શકતો નથી ॥૬॥

બચપણમાં પોતાના હિત-અહિતનું ભાન નથી હોતું; કંઈક મોટા થાય ત્યારે ખેલવા-કૂદવામાં લાગી જાય છે. આ પ્રમાણે વીસ વર્ષ તો ચાલ્યા જાય છે. જ્યારે ઘડપણ શરીરને ઘેરી લે છે ત્યારે છેવટનાં વીસ વર્ષ કંઈ કરી શકવાની શક્તિ રહેતી નથી ॥૭॥

બાકી રહી ગયું વચમાનું અલ્પ આયુષ્ય. એ વખતે તો ક્યારેક પુરી ન થનારી મોટી-મોટી કામનાઓનો જબરજસ્ત મોહ છે અને ઘરબારનીએ આસક્તિ છે જેમાં જીવ એવો તો ફસાઈ જાય છે કે એને કર્તવ્ય-અકર્તવ્યનું ભાન જ નથી રહેતું. આ પ્રમાણે રહ્યું-સહ્યું આયુષ્ય પણ ચાલ્યું જાય છે ॥૮॥

જેણે ઈન્દ્રિયોને વશ કરી નથી તેવો કયો પુરુષ દૃઢ સ્નેહપાશથી ઘરમાં બંધાયેલો આત્માને છોડાવવા સમર્થ થઈ શકે? ॥૯॥

એને અર્થની તૃષ્ણા પ્રાણથી પણ વધારે વહાલી હોય છે તે કોણ છોડી શકે છે? અર્થમાટે પ્રિય પ્રાણ આપીને પણ ચોરી કરવા નીકળેલો ચોર માથું મૂકી કામ કરે છે, લડાઈમાં સિપાઈ સેવક બની મરવાનો સંકલ્પ કરી દ્રવ્ય લેવા જાય છે, વાણિયો પૈસા પેદા કરવાને ડૂબવાનો ભય સ્વીકારીને પણ પરદેશ જાય છે ॥૧૦॥

જેણે પોતાની પ્રિયતમા પત્નીના એકાન્ત સહવાસ એની પ્રેમાળ વાતો અને મીઠી-મીઠી સલાહ ઉપર જાતને ન્યોછાવર કરી દીધી હોય છે. જે ભાઈ બંધુ અને મિત્રો ના સ્નેહપાશમાં બંધાઈ ચુક્યો છે; ભલા એ એમને શી રીતે છોડી શકે? ॥૧૧॥

સાસરે ગયેલી પ્રિય પુત્રીઓ, પુત્રો, ભાઈ-બહેનો, વૃદ્ધાવસ્થાથી દીન થઈ ગયેલાં માતા-પિતા, ઘણા બધા સુન્દર કિંમતી રાસ-રચીલાથી ભર્યું ભાદર્યું ઘર, કુલપરમ્પરાગત જીવિકાના સાધનો તથા પશુઓ અને સેવકો ના સતત સ્મરણમાં જે રમી રહ્યો છે તે ભલા તેમને કઈ રીતે છોડી શકે? ॥૧૨॥

જે જનનેન્દ્રિય અને જિહ્વાનાં સુખોને જ સર્વસ્વ માની બેઠો છે જેની ભોગવાસનાઓ ક્યારેય તૃપ્ત થતી નથી, જે લોભથી કર્મ ઉપર કર્મ કરતાં-કરતાં

રેશમના કીડાની જેમ પોતાને વધારે ને વધારે બંધનમાં જકડતો જાય છે અને જેના મોહની કોઈ મર્યાદા નથી તે તેમનાથી કઈ રીતે વિરક્ત થઈ શકે અને કેવી રીતે એમનો ત્યાગ કરી શકે? ।।૧૩।।

આ મારું ઘર છે એ ભાવમાં એ એટલો ગરકાવ થઈ જાય છે કે તેનું જ પાલન પોષણ કરવામાં પોતાનું અમૂલ્ય આયુષ્ય વેડફી નાખે છે અને એને એ પણ ખ્યાલ નથી રહેતો કે મારા જીવનનું વાસ્તવિક લક્ષ્ય ચુકાઈ જઈ રહ્યું છે. આ પ્રમાદની પણ ભલા કોઈ હદ છે? જો એ કામોમાં થોડું ઘણું સુખ મળતું હોય તો પણ કંઈક ઠીક પરન્તુ અહીં તો જ્યાં-જ્યાં તે જાય છે ત્યાં-ત્યાં દૈહિક, દૈવિક અને ભૌતિક તાપ એના હૃદયને બાળતાં જ રહે છે અને છતાં પણ તેને વૈરાગ્ય થતો જ નથી કેવી વિડમ્બના! (વિટમ્બણા!). કુટુમ્બની મમતાના ચક્કરમાં પડી એ એટલો ગાફેલ બની જાય છે એનું મન ધનના ચિન્તનમાં સદા એટલું તલ્લીન બની જાય છે કે તે બીજાના ધનની ચોરી કરવાના લૌકિક-પારલૌકિક દોષો જાણતો હોવા છતાં કામનાઓને વશ ન કરી શકવાને કારણે ભોગની લાલસાથી ચોરી કરી જ બેસે છે ।।૧૪-૧૫।।

ભાઈઓ! જે આ પ્રમાણે પોતાના કુટુમ્બનું ભરણ પોષણ કરવામાં જ લાગ્યો રહે છે ક્યારેય ભગવદ્ભજન નથી કરતો; તે વિદ્વાન હોય તો પણ તેને પ્રભુની પ્રાપ્તિ થઈ શકતી નથી. કારણ કે પોતાના-પારકાનો ભેદભાવ રહેવાથી એને પણ અજ્ઞાનીઓ સમાન જ તમઃપ્રધાન ગતિ પ્રાપ્ત થાય છે ।।૧૬।।

જે કામિનીઓના મનોરંજનનો સામાન તેમનો ક્રીડામૃગ બની રહ્યો છે અને જેના પોતાના પગોમાં સન્તાનની બેડી પડી ગઈ છે તે બિચારો ગરીબ કોઈ પણ હોય ક્યાંય પણ હોય કોઈ પણ રીતે પોતાનો ઉદ્ધાર કરી શકતો નથી ।।૧૭।।

તેથી હે ભાઈઓ! તમે વિષયી દૈત્યોનો સંગ દૂરથી જ છોડી દો અને આદિદેવ ભગવાન્ નારાયણનું શરણ ગ્રહણ કરો. કારણ કે જેઓએ સંસારની આસક્તિ છોડી દીધી છે એ મહાત્માઓના એ જ પરમ પ્રિયતમ અને પરમ ગતિ છે ।।૧૮।।

હે મિત્રો! નારાયણને પ્રસન્ન કરતાં બહુ મહેનત પણ પડતી નથી કેમકે એ સર્વભૂતના આત્મા છે તથા સર્વત્ર અહીં સિદ્ધ હોવાથી સર્વદા સાથે જ છે ।।૧૯।।

બ્રહ્માજીથી માંડી તણખલાં સુધી નાનાં-મોટાં બધાં પ્રાણીઓમાં, પંચભૂતોથી બનેલી વસ્તુઓમાં, પંચભૂતોમાં, સૂક્ષ્મ તન્માત્રાઓમાં, મહત્તત્ત્વમાં, ત્રણેય

ગુણોમાં અને ગુણોની સામ્યાવસ્થા પ્રકૃતિમાં એક જ અવિનાશી પરમાત્મા બિરાજેલા છે એ જ સમસ્ત સૌન્દર્ય, માધુર્ય અને ઐશ્વર્યો ની ખાણ છે ।।૨૦-૨૧।।

એ જ અન્તર્યામી દ્રષ્ટાના રૂપમાં છે અને તે જ દશ્ય જગતના રૂપમાં પણ છે, સર્વથા અનિર્વચનીય તથા વિકલ્પરહિત હોવા છતાં પણ દષ્ટા અને દશ્ય, વ્યાપ્ય અને વ્યાપકના રૂપમાં એ પ્રભુનું નિર્વચન કરવામાં આવે છે. વસ્તુતઃ તેમાં એક પણ વિકલ્પ નથી ।।૨૨।।

એ કેવળ અનુભવૈકવેદ્ય સ્વરૂપ છે, પરમ ઐશ્વર્યરૂપ છે અને આનન્દરૂપ છે! પરન્તુ એ માયાથી સ્વરૂપને તિરોધાન કરી ગુણસર્ગને પ્રાપ્ત થાય છે ।।૨૩।।

તેથી તમે સર્વ પ્રાણીઓ ઉપર દયા અને સૌહાર્દ રાખો, પ્રેમથી એમના ઉપર ઉપકાર કરો, અસુર ભાવને છોડી દો એનાથી જ અધોક્ષજ ભગવાન્ પ્રસન્ન છે ।।૨૪।।

આદિ નારાયણ અનન્ત ભગવાન્ પ્રસન્ન થઈ જતાં એવી કઈ વસ્તુ છે જે ન મળી શકે? લોક અને પરલોક ને માટે જે ધર્મ, અર્થ વગેરેની આવશ્યકતા બતાવવામાં આવે છે તે તો ગુણોના પરિણામથી પ્રયાસ વિના એમ જ મળવાના છે જ્યારે આપણે શ્રીભગવાનના ચરણામૃતનું સેવન કરવામાં તથા આપના નામ ગુણોનું કીર્તન કરવામાં લાગ્યા છીએ ત્યારે આપણને મોક્ષની પણ શી જરૂર છે? ।।૨૫।।

ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ એના સાધન આત્મવિદ્યા, કર્મકાંડ, તર્કશાસ્ત્ર, દંડનીતિ અને જીવિકા ના અનેક પ્રકારનાં સાધન વેદોના પ્રતિપાદ્ય વિષયો છે. એ ખરું છે પણ બધું જીવને પોતાના પરમ હિતેચ્છુ, પરમ પુરુષ ભગવાન્ શ્રીહરિને આત્મસમર્પણ કરવામાં સાધનરૂપ હોવું જોઈએ. જો એમ ન હોય તો એ બધું અસત્ય છે કેમકે પોતાના સુહૃદ ભગવાનને સ્વાત્મા અર્પણ કરવો એજ સત્ય છે, નહિ તો ''વેદ ત્રિગુણના વિષય છે એથી તું એનાથી પર ભગવાનને શરણે જા'' એમ અર્જુનને ભગવાન્ જે ઉપદેશ કરે છે તે ન કરત ।।૨૬।।

આ નિર્મલ જ્ઞાન જે મેં તમને બતાવ્યું તે બહુ જ દુર્લભ છે. પહેલાં આ જ્ઞાનનો ઉપદેશ નર નારાયણે નારદજીને કર્યો હતો. અને આ જ્ઞાન જેઓએ ભગવાનના અનન્ય પ્રેમી અને નિષ્કિંચન ભક્તોના ચરણકમલોની રજથી પોતાના શરીરને નવરાવી દીધું છે તે બધાને પ્રાપ્ત થઈ શકે છે ।।૨૭।।

આ વિજ્ઞાન સહિત જ્ઞાન વિશુદ્ધ ભાગવત ધર્મ છે. પહેલ વહેલાં આ જ્ઞાન મેં ભગવાનનાં દર્શન કરાવી દેનારા દેવર્ષિ નારદજીના મુખેથી સાંભળ્યું હતું ।।૨૮।।

**દૈત્યપુત્રો પૂછવા લાગ્યા :** હે પ્રહ્‌લાદ્! તમે અને અમે આ ગુરુના પુત્રો શંડ અને અમર્ક સિવાય બીજા ગુરુને તો ઓળખતા પણ નથી અને એ જ આપણા બધાની દેખરેખ રાખે છે ।।૨૯।।

**બાલસ્યાન્તઃપુરસ્થસ્ય મહત્સંગો દુરન્વયઃ।**
**છિન્ધિનઃ સંશયં સૌમ્ય સ્યાચ્ચેદ્વિશ્રમ્ભકારણમ્ ।।૩૦।।**

બાળકને અને જનાનામાં રહેનારને મોટા પુરુષનો સંગ થવો દુર્ઘટ છે તો પછી તમને નારદજીથી જ્ઞાન મળ્યાની વાત એમને કહેવા યોગ્ય હોય તો કહો. નારદજીએ તમને જે જ્ઞાન આપ્યું તે વાતમાં અમારો વિશ્વાસ દૃઢ થાય એ માટે, હે સૌમ્ય! એ બધી વાત કહી અમારા સન્દેહને દૂર કરો ।।૩૦।।

**ઇતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (બીજા સદ્વાસનારૂપ પ્રકરણનો પહેલો)**
**''પ્રહ્‌લાદજીએ દૈત્ય કુમારોને આત્મધર્મનો કરેલો ઉપદેશ''**
**નામનો છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી પુષ્ટિમાર્ગી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત જઈને મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર, તેમાટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર ત્રણેય પુષ્ટિમાર્ગીઓ ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

## અધ્યાય ૭

# ''મેં માતાના ગર્ભમાં નારદજી પાસેથી જ્ઞાન મેળવ્યું હતું'' એવો પ્રહ્‌લાદ કુમારોને આપેલો ઉત્તર

**વિશેષઃ** પ્રહ્‌લાદજી માતાના ગર્ભમાં હતા ત્યારે નારદજી પાસેથી આ જ્ઞાન સાંભળેલું તે સાંભળનાર દૈત્યપુત્રોને સાચું કહ્યું એનો વિશ્વાસ બેસાડવાને ''આ જ્ઞાન મેં માતાના ગર્ભમાં રહી

નારદજી પાસેથી સાંભળ્યું છે'' એમ સાતમા અધ્યાયમાં પ્રહ્લાદજી દૈત્યકુમારોને કહે છે.

**એવં દૈત્યસુતૈઃ પૃષ્ટો મહાભાગવતોઽસુરઃ ।।**
**ઉવાચ સ્મયમાનસ્તાન્ સ્મરન્ મદનુભાષિતમ્ ।।૧।।**

**નારદજી બોલ્યાઃ**હે યુધિષ્ઠિર! જ્યારે દૈત્ય બાલકોએ આ પ્રમાણે પ્રશ્ન કર્યો ત્યારે ભગવાનના પરમ પ્રેમી ભક્ત પ્રહ્લાદજીને મારી વાતનું સ્મરણ થઈ આવ્યું. સહેજ હસતાં-હસતાં તેમણે તેમને કહ્યું ।।૧।।

**પ્રહ્લાદજીએ કહ્યું**ઃઅમારા પિતા જ્યારે તપ કરવાને મન્દરાચળ તરફ ગયા ત્યારે ઈન્દ્રાદિ દેવો દાનવોની સામે યુદ્ધ કરવાનો ભારે ઉદ્યોગ કરવા લાગ્યા ।।૨।।

દૈત્યશત્રુઓ ઈન્દ્રાદિ એવું કહેવા લાગ્યા કે જેમ કીડીઓ સર્પને ખાઈ જાય તેમ લોકને દુઃખ આપનાર દૈત્યને તેનાં પાપ જ ખાઈ ગયાં છે ।।૩।।

દેવોનો અત્યન્ત પ્રબલ પ્રયાસ જોઈને દૈત્યસેનાપતિઓ દેવોથી ભય પામ્યા અને મરતા-મરતા સર્વ દિશામાં દોડવા લાગ્યા ।।૪।।

તેઓ સ્ત્રી, પુત્ર, મિત્ર, ગુરુજન, મહેલ, પશુ અને ઘરવખરી ન સંભાળતાં જલદી પોતાનો પ્રાણ બચાવવાના પ્રયત્નમાં પડ્યા ।।૫।।

જયની ઈચ્છાવાળા દેવો રાજાના મહેલનો નાશ કરવાને તૈયાર થયા. રાજા હિરણ્યકશિપુની સ્ત્રી, મારી માતાને પણ ઈન્દ્રે પકડી લીધી ।।૬।।

ભયભીત થઈ ટિટોડીના પેઠે રોતી, કકળાટ કરતી મારી માતાને સાથે લઈને એ ચાલતો થયો ત્યાં માર્ગમાં દૈવેચ્છાથી દેવર્ષિ નારદજી આવી મળ્યા ।।૭।।

એ બોલ્યાઃ''હે સુરપતે! આને લઈ જવી ઉચિત નથી કેમકે એ અપરાધી નથી. વળી એ સતી સાધ્વી પરનારી છે. હમણાંજ તેને છોડીદો'' ।।૮।।

ત્યારે ઈન્દ્રે કહ્યુંઃઆના ગર્ભમાં દેવદ્રોહી હિરણ્યકશિપુનું અત્યન્ત પ્રભાવશાળી વીર્ય છે. પ્રસૂતિ પર્યન્ત એને મારી પાસે રાખીશ, બાલક થતાં તેને મારી હું આને છોડી દઈશ ।।૯।।

**નારદજીએ કહ્યું** : એના ગર્ભમાં ભગવાનના સાક્ષાત્ પરમ પ્રેમી ભક્ત અને સેવક, અત્યન્ત બળવાન અને નિષ્પાપ મહાત્મા છે. તમારામાં એને મારવાની શક્તિ નથી ।।૧૦।।

દેવર્ષિ નારદજીની આ વાત સાંભળી મારી માતાને ઈન્દ્રે માનપૂર્વક છોડી દીધી. અને વળી એના ગર્ભમાં ભગવદ્ભક્ત છે એ ભાવથી તેમણે મારી માતાની પ્રદક્ષિણા

કરી અને પોતાના લોકમાં ચાલ્યા ગયા ।।૧૧।।

ત્યારબાદ મારી માતાને નારદજી પોતાના આશ્રમમાં લાવ્યા અને એનું સાન્ત્વન કરી કહ્યું, ''હે પુત્રી! તારો પતિ આવે ત્યાં સુધી તું અહીં જ રહે'' ।।૧૨।।

'જેવી આજ્ઞા' એમ કહી મારી માતાએ કબૂલ કર્યું અને પછી નિર્ભય થઈને જ્યાં સુધી દૈત્યેન્દ્ર ઘોર તપથી નિવૃત્ત થઈ પાછા આવે ત્યાં સુધી આશ્રમમાં રહેવાનો નિશ્ચય કર્યો ।।૧૩।।

ગર્ભનું કુશળ થાય અને ઇચ્છિત સમયે (મારા પિતાના આવ્યા બાદ) પ્રસવ થાય એ માટે ગર્ભવતી મારી માતા પરમ ભક્તિવડે ઋષિની સેવા કરવા લાગી ।।૧૪।।

દેવર્ષિ નારદજી બહુ દયાળુ અને સર્વ સમર્થ છે. તેમણે મારી માતાને ભાગવત ધર્મનું રહસ્ય અને વિશુદ્ધ જ્ઞાન બન્નેનો ઉપદેશ કર્યો! ઉપદેશ કરતી વખતે તેમની દૃષ્ટિ મારા ઉપર પણ હતી ।।૧૫।।

ઘણો સમય થઈ જવાથી અને સ્ત્રી હોવાથી પણ મારી માતાને તો એ જ્ઞાનનું સ્મરણ રહ્યું નહિ પરન્તુ દેવર્ષિની વિશેષ કૃપા હોવાથી મને એનું વિસ્મરણ થયું નહિ અને જેવું અને તેવું બધું યાદ છે ।।૧૬।।

જો તમે પણ મારા વચનમાં શ્રદ્ધા રાખો તો એ જ્ઞાન મારી મારફત મેળવી શકો છો. જેમ મને શ્રદ્ધા હતી તો ગર્ભાવસ્થામાં મળેલું જ્ઞાન સ્થિર થયું તેમ તમને પણ શ્રદ્ધા હશે તો એ જ્ઞાન સ્થિર રહશે એવું જ સ્ત્રી બાળક વગેરેનું સમજવું ।।૧૭।।

જેમ વૃક્ષને **અસ્તિ, જાયતે, વર્ધતે, વિપરિણમતે, અપક્ષીયતે, નશ્યતિ** (હોવું, જન્મ, વૃદ્ધિ, ફેરફાર, ઘસારો અને નાશ) એવા છ ભાવ ફળમાં થાય છે તેમ આત્માવાળા દેહમાં એ છ ભાવવિકાર કાળે કરીને દેખાય છે ।।૧૮।।

કેવળ આત્માને ભાવવિકાર નથી; એ તો નિત્ય, નિર્વિકાર, શુદ્ધ, એક, ક્ષેત્રજ્ઞ, આશ્રય અને નિર્વિકાર, સ્વપ્રકાશ, સર્વનું કારણ, સર્વવ્યાપક, અસંગ અને આવરણ રહિત છે ।।૧૯।।

આત્માનાં એ બાર ઉત્કૃષ્ટ લક્ષણો છે. એને મનમાં ઉતારીને દેહમાં મોહથી થયેલ ''હું અને મારું'' એવો ભાવ છોડી દો ।।૨૦।।

જેવી રીતે સુવર્ણની ખાણોમાં પથ્થરો સાથે મળેલા સુવર્ણને તેને અલગ કરવાની વિધિ જાણનાર સુવર્ણકાર એ વિધિઓથી તેને પ્રાપ્ત કરી લે છે તેવી જ રીતે અધ્યાત્મ તત્ત્વનો જાણકાર આત્મપ્રાપ્તિના ઉપાયો દ્વારા પોતાના શરીરરૂપ ક્ષેત્રમાં

સોનારૂપી બ્રહ્મપદનો સાક્ષાત્કાર કરી લે છે ।।૨૧।।

કપિલ ભગવાન્ વગેરે આચાર્યોએ મૂલ પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રા -આ આઠ તત્ત્વોને પ્રકૃતિ તરીકે ઓળખાવ્યાં છે. એમના ત્રણ ગુણ છે- સત્ત્વ, રજ અને તમ. તેમના વિકાર સોળ છે. દસ ઈન્દ્રિયો એક મન અને પંચ મહાભૂત. એ બધામાં એક પુરુષતત્ત્વ અનુગત છે ।।૨૨।।

આ બધાનો સમુદાય જ દેહ છે. એ બે પ્રકારનો છે. સ્થાવર અને જંગમ એમાં જ અન્તઃકરણ ઈન્દ્રિય વગેરે અનાત્મ વસ્તુઓને ''આ આત્મા નથી'' એ પ્રકારે છોડતાં-છોડતાં આત્માની શોધ કરવાની છે ।।૨૩।।

આત્મા બધી વસ્તુઓમાં વ્યાપીને રહેલો છે પણ તે બધાથી પૃથક્ છે. આ પ્રમાણે શુદ્ધ બુદ્ધિથી ધીરે-ધીરે સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને તેના પ્રલય વિષે વિચાર કરવો જોઈએ, ઉતાવળ ન કરવી જોઈએ ।।૨૪।।

એ વૃત્તિઓનો જે દ્વારા અનુભવ થાય છે તે જ બધાથી અતીત બધાના સાક્ષી પરમાત્માછે ।।૨૫।।

જેમ પુષ્પની સુગન્ધની એના આશ્રયરૂપ વાયુને જાણવામાં આવે છે તેમ ક્રિયાથી ઉત્પન્ન થતા ત્રિગુણાત્મક બુદ્ધિનાં પરિણામોથી પુરુષરૂપ આત્માને જાણવો ।।૨૬।।

ગુણો અને કર્મોને કારણે થતું જન્મ-મૃત્યુનું આ ચક્ર આત્માને શરીર અને પ્રકૃત્તિથી અલગ ન કરવાથીજ છે. તે અજ્ઞાન મૂલક અને મિથ્યા છે. છતાં સ્વપનની જેમ જીવને તેની પ્રતીતિ થઈ રહે છે ।।૨૭।।

તેથી તમારે સૌથી પહેલાં આ ત્રિગુણાત્મક કર્મોના બીજનો જ નાશ કરી નાખવો જોઈએ. એને જ બીજા શબ્દોમાં યોગ અથવા પરમાત્માનું મિલન કહેવામાં આવે છે ।।૨૮।।

આમ તો આ ત્રિગુણાત્મક કર્મોના બીજને જ બાળી નાખવામાટે અથવા બુદ્ધિવૃત્તિઓનો પ્રવાહ બંધ કરવામાટે હજારો સાધન છે; પરન્તુ જે ઉપાયથી અને જેવી રીતે સર્વ શક્તિમાન ભગવાનનાં સ્વાભાવિક નિષ્કામ પ્રેમ થઈ જાય તે જ ઉપાય ઉત્તમ છે ।।૨૯।।

ભક્તિપૂર્વક ગુરુની સેવા, જે કાંઈ મળે તે પ્રભુને નિવેદન કરી દેવું, ભગવત્પ્રેમી ભગવદીયોનો સંગ કરવો અને ઈશ્વરનું આરાધન કરવું ।।૩૦।।

એની કથામાં શ્રદ્ધા રાખવી, એના ગુણ અને લીલા નું કીર્તન કરવું, એના ચરણકમળનું ધ્યાન કરવું, એના સ્વરૂપનું પૂજન કરવું ।।૩૧।।

ભગવાન્ હરિ ઈશ્વર હોવાથી સર્વભૂતમાં રહે છે એમ ધારી સર્વજીવમાં ભગવાનને જાણી યથાશક્તિ એની ઈચ્છા પૂર્ણ કરીને એને હૃદયથી માન આપવું ।।૩૨।।

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આ છ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરી જે લોકો આ પ્રમાણે ભગવાનની સાધન ભક્તિનું અનુષ્ઠાન કરે છે એમને શ્રીકૃષ્ણ ભગવાનના ચરણોમાં અનન્ય પ્રેમની પ્રાપ્તિ થઈ જાય છે ।।૩૩।।

રતિવાળો ભક્ત ભગવાનની લીલાવિગ્રહ-શરીરવડે જે અતુલ્ય પરાક્રમો કરવામાં આવ્યા હોય તેને યાદ કરી અત્યન્ત હર્ષથી રોમાંચિત થાય છે એને આંખમાં પ્રેમનાં આંસુ આવે છે એ મુક્ત કંઠે ગાવા લાગે છે, શબ્દ કરે છે અને નાચવા લાગે છે।।૩૪।।

ક્યારેક તે ભૂતગ્રસ્ત પાગલની જેમ ક્યારેક હસે છે, ક્યારેક કરુણ ક્રન્દન કરવા લાગે છે, ક્યારેક ધ્યાન કરે છે તો ક્યારેક લોકોને ભગવદ્ભાવથી વન્દના કરવા લાગે છે; જ્યારે તે ભગવાન્માં જ તન્મય થઈ જાય છે, વારંવાર લાંબા શ્વાસ લે છે અને સંકોચ છોડી દે "હે હરે! હે જગત્પતિ! હે નારાયણ!" કહી કહીને પોકારવા લાગે છે ત્યારે ભક્તિયોગના મહાન ભગવદ્ભાવની જ ભાવનાં કરતાં-કરતાં તેનું હૃદય પણ તદાકાર-ભગવન્મય થઈ જાય છે. એ વખતે એના જન્મ-મૃત્યુનાં બીજોના મૂળ જ બળીને નષ્ટ થઈ જાય છે અને તે પુરુષ શ્રી ભગવાનને પ્રાપ્ત કરી લે છે ।।૩૫-૩૬।।

ભગવાનને હૃદયમાં મળવાથી રાગાદિવાળા પુરુષનો પણ સંસાર મટે છે. ડાહ્યા પુરુષો એને જ મોક્ષ સુખ કે નિર્વાણ જાણે છે. માટે તમે તમારા હૃદયમાં હૃદયના ઈશ્વર-ભગવાનનેભજો ।।૩૭।।

હે અસુર બાળકો! આકાશની પેઠે આપણા હૃદયમાં વસતા આપણા આત્માના અને સામાન્ય સર્વ પ્રાણીના મિત્ર એવા ભગવાનને ભજવામાં શો મોટો પ્રયાસ કરવાનો છે? તેથી એને જ ભજો. વિષયનું ઉત્પાદન તો તુચ્છ છે તેથી છોડો. એનાથી કંઈ જ પણ સિદ્ધ થવાનું નથી ।।૩૮।।

પૈસો, સ્ત્રી, પશુ, પુત્રાદિ, ઘર, પૃથ્વી, હાથી, ખજાના, સમૃદ્ધિ આ બધાં સાધનો ક્ષણવારમાં નાશ થાય તેવાં અને ચલિત છે તે ક્ષણભંગુર પ્રાણીનું શું ભલું કરી શકે? ।।૩૯।।

યજ્ઞોદ્વારા તમે સ્વર્ગાદિ મેળવો તો એ પણ નાશવન્ત, સાપેક્ષ-એક બીજાથી નાના-મોટા, ઊંચા-નીચા છે વળી એ પણ જોઈએ તેટલા નિર્દોષ નથી; નિર્દોષ એક માત્ર પરમાત્મા છે. તેથી પરમાત્માની પ્રાપ્તિમાટે પરમાત્માનેજ ભક્તિપૂર્વક ભજો ।।૪૦।।

તદુપરાન્ત પોતાની જાતને ખૂબ વિદ્વાન અને બુદ્ધિમાન્ માનનાર પુરુષ આ લોકમાં જે હેતુથી વારંવાર ઘણાં-ઘણાં કર્મો કરે છે તે હેતુની સિદ્ધિની વાત તો જવા દો, ઊલટું તેને તેનાથી વિપરીતજ ફળ મળે છે અને ચોક્કસ મળે છે ।।૪૧।।

કર્મ કરનારને સંકલ્પ દુઃખ દૂર કરવાનો અને સુખ પ્રાપ્ત કરવાનો હોય છે; પરન્તુ પ્રવૃત્તિથી સદા દુઃખ અને નિવૃત્તિથી સદા સુખ થાય છે ।।૪૨।।

પુરુષ જે દેહમાટે કામ કરે છે તે તો પારકો છે, ક્ષણભંગુર છે અને આવ-જા કરવાવાળો છે ।।૪૩।।

જ્યારે દેહનું જ ઠેકાણું નથી તો પછી શરીરથી જુદાં એવાં પુત્ર, સ્ત્રી, ઘર, ધન, સમ્પત્તિ, રાજ્ય, ખજાનાં, હાથી, ઘોડા, મન્ત્રી, નોકર-ચાકર, મિત્ર, ગુરુજન અને બીજા પોતાના કહેવડાવનારાની તો વાત જ શી? ।।૪૪।।

એ તુચ્છ વિષયો શરીરની સાથેજ નાશ પામે છે. એ જણાય તો છે પુરુષાર્થ જેવા પરન્તુ છે વાસ્તવમાં અનર્થરૂપ જ. આત્મા સ્વયં અનન્ત આનન્દનો મહાસાગર છે. તેને માટે આ વસ્તુઓની શી જરૂરછે ।।૪૫।।

હે અસુરો! જરાક વિચાર તો કરો જે જીવ ગર્ભાધાનથી શરૂ થઈ મૃત્યુ સુધી બધી અવસ્થાઓમાં પોતાના કર્મોને આધીન થઈ કલેશ જ ભોગવતો રહે છે તેનો આ સંસારમાં સ્વાર્થ જ શું છે? ।।૪૬।।

આ જીવ સૂક્ષ્મ શરીરને જ પોતાનો આત્મા માની તે દ્વારા અનેક પ્રકારનાં કર્મો કરે છે અને કર્મોને કારણે જ ફરી શરીર ગ્રહણ કરે છે. આ પ્રમાણે કર્મથી શરીર અને શરીરથી કર્મની પરમ્પરા ચાલ્યે જાય છે. આમ અવિવેકને લીધે થાયછે ।।૪૭।।

માટે આત્મારૂપ, દુઃખ હરનાર અને પ્રભુરૂપ, ભગવાન્, જેને ધર્મ, અર્થ અને કામ આધીન છે એવા ભગવાનને કામના છોડીને ભજો ।।૪૮।।

ભગવાન્ આત્મા સર્વ પ્રાણી માત્રના મૂળરૂપ છે તેથી જ એ અત્યન્ત પ્રિય છે. સર્વના અન્તરમાં રહી એ નિયન્ત્રણ કરે છે તેથી ઈશ્વર છે. ભૂતને પણ પોતે જ કરે છે અન્તે એમાં એ સ્વયં અન્તર્યામીપણાથી રહે છે ।।૪૯।।

દેવ, મનુષ્ય, અસુર, યક્ષ અથવા ગન્ધર્વ કોઈ હો, મોક્ષ આપનાર મુકુન્દ ભગવાનના ચરણનું ભજન કરવાથી જ એ અમારી પેઠે કલ્યાણ મેળવી શકે છે ।।૫૦।।

હે દૈત્ય બાલકો! ભગવાનને પ્રસન્ન કરવામાટે બ્રાહ્મણ, દેવતા અથવા ઋષિ હોવું, સદાચાર અથવા વિવિધ પ્રકારના જ્ઞાનથી સમ્પન્ન હોવું તથા દાન, તપ, યજ્ઞ શારીરિક અને માનસિક શૌચ અને ભારે-ભારે વ્રતોનું આચરણ પૂરતું નથી. ભગવાન્ માત્ર નિષ્કામ પ્રેમ ભક્તિથી જ પ્રસન્ન થાય છે બીજું બધું તો વિડમ્બન છે; દેખાવ માત્ર છે ।।૫૧-૫૨।।

તેથી હે દાનવો! સમસ્ત પ્રાણીઓને પોતાની સમાન જ સમજી સર્વત્ર બિરાજમાન્, સર્વાત્મા, સર્વ શક્તિમાન્ ભગવાનની ભક્તિ કરો ।।૫૩।।

દૈત્યો, યક્ષો, રાક્ષસો, સ્ત્રીઓ, શૂદ્રો, જંગલમાં રહેનારા, પક્ષી, પશુ અને બીજા ઘણા પાપી જીવો પણ ભગવદ્ભાવને પ્રાપ્ત થઈ ગયા છે ।।૫૪।।

**એતાવાનેવ લોકેઽસ્મિન્ પુંસઃ સ્વાર્થઃ પરઃ સ્મૃતઃ।**
**એકાન્તભક્તિર્ગોવિન્દે યત્ સર્વત્ર તદીક્ષણમ્ ।।૫૫।।**

આ સંસારમાં અથવા મનુષ્ય શરીરમાં જીવનો મહાનમાં મહાન પુરુષાર્થ કોઈ હોય તો તે ભગવાન્ શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ કરવી તે છે. સર્વદા, સર્વત્ર બધી વસ્તુઓમાં ભગવાનનું દર્શન કરવું એ ભક્તિનું સ્વરૂપ છે ।।૫૫।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (બીજા સદ્ભાસના પ્રકરણનો 'પ્રહ્લાદ તથા અસુર કુમારોનો સંવાદ' નામનો બીજો) ''મેં માતાના ગર્ભમાં નારદજી પાસેથી જ્ઞાન મેળવ્યું હતું એવો પ્રહ્લાદજીએ કુમારોને આપેલો ઉત્તર'' નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભાવ ગુપ્ત રહે તો જ વધે. તેથી પોતાના આશ્રમધર્મોની પછવાડે પોતાના ભગવદ્ભાવોને ગુપ્ત રાખીને ભગવત્સેવા કરવી જોઈએ. જેના હૃદયમાં પ્રભુ નથી બિરાજતા તે જ પોતાના ભાવોને ખુલ્લેઆમ પ્રદર્શિત કરતો હોય છે. જો પ્રભુ હૃદયમાં બિરાજતા હોય તો ભાવોનું ઉઘાડે છોગે પ્રદર્શન સમ્ભવ નથી.

**(શ્રીમહાપ્રભુજી, અણુભાષ્ય)**

# અધ્યાય ૮

# ભગવાન્ શ્રીનૃસિંહરૂપે પ્રકટ થયા અને હિરણ્યકશિપુને માર્યો

**વિશેષ** : હિરણ્યકશિપુ અત્યન્ત ક્રોધથી પુત્રને મારવા જતાં જ પોતે જ મર્યો. રાજાની સભામાં નૃસિંહ પ્રકટ થયા તેમની બ્રહ્માદિ દેવોએ સ્તુતિ કરી. નૃસિંહ બહારથી ક્રોધપૂર્ણ છતાં અંદરથી કૃપાપૂર્ણ હોઈને દુશ્મન (વેર) ભાવથી ભજતા દૈત્યેન્દ્રને મારી અને વિષમભાવને એમણે નિવૃત્ત કર્યો એ કથા આ અધ્યાયમાં છે.

**અથ દૈત્યસુતાઃ સર્વે શ્રુત્વા તદનુવર્ણિતમ્ ।।**
**જગૃહુર્નિરવધત્વાન્નૈવ ગુર્વનુશિક્ષિતમ્ ।।૧।।**

**નારદજીએ કહ્યું** : પ્રહ્‌લાદજીનું કહેલું સાંભળી એ દૈત્યપુત્રોએ એના કથનને નિર્દોષ જાણી એ બોધને પકડી લીધો. ગુરુએ ભણાવેલા દૂષિત જ્ઞાનની સામે પણ તેમણે જોયું નહિ ।।૧।।

આમ બધા દૈત્યકુમારોની બુદ્ધિ ભગવદ્‌ધર્મમાં નિષ્ઠાવાળી જોઈ આચાર્યપુત્ર પ્રથમ તો ભયભીત થયો પણ પછી જલદીથી રાજા પાસે જઈને પરિસ્થિતિ એણે વિસ્તારથી કહી ।।૨।।

પ્રહ્‌લાદજીની આ અપ્રિય અને અસહ્ય અનીતિ સાંભળી રાજાને અત્યન્ત ક્રોધને લીધે એના શરીરમાં કમ્પ થયો; અને એણે પોતાના પુત્રને પોતાને હાથે જ મારી નાખવાનો નિશ્ચય કર્યો ।।૩।।

પગ નીચે દબાતાં જેમ સર્પ છંછેડાય તેમ સ્વભાવથી જ નિર્દય હિરણ્યકશિપુ ફૂંફાડો મારી વિનયથી નમ્ર, ઈન્દ્રિય નિગ્રહવાળો અને હાથ જોડી સામે ઉભેલો પોતાનો પુત્ર પ્રહ્‌લાદ જે અપમાન કરવા યોગ્ય ન હોતો તેનું કઠોરવાણીવડે અપમાન કરવા લાગ્યો અને ક્રોધવાળાં કુટિલ નેત્રોથી એની તરફ જોઈ ધમકાવવા લાગ્યો ।।૪-૫।।

**હિરણ્યકશિપુ બોલ્યો** : અરે મુર્ખ! તું ઘણો ઉદ્ધત થઈ ગયો છે તું પોતે તો નીચ છે જ, હવે તું અમારા કુલના બીજા બાળકોને પણ બગાડવા બેઠો છે! તેં ઘણી જિદ્ કરી મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. આજે જ તને યમરાજને ઘેર પહોંચાડી દઈશ ।।૬।।

હું સહેજ ક્રોધ કરું છું તો ત્રણેય લોક અને લોકપાલો થરથરી જાય છે તો મૂર્ખ તું કોના બળથી નિડરની જેમ મારા હુકમ વિરુદ્ધ કામ કરે છે? ।।૭।।

**પ્રહ્‌લાદજીએ કહ્યું** : હે દૈત્યરાજ! બ્રહ્માજીથી લઈ તરણાં સુધી બધાં નાના-મોટા ચર-અચર જીવોને ભગવાને જ પોતાને વશ કરી રાખ્યા છે. મારું અને આપનું જ નહિ પરન્તુ સંસારના સમસ્ત બલવાનોનું બલ કેવલ તે જ છે ।।૮।।

એ જ મહા પરાક્રમી, ઈશ્વર સર્વ શક્તિમાન્ કાળ છે તથા ઇન્દ્રિયબલ, મનોબલ, દેહબલ અને દેહ તથા ઇન્દ્રિયોના આશ્રયરૂપ છે. એ જ પોતાની શક્તિવડે આ જગતને સરજે છે, રક્ષણ કરે છે અને સંહાર કરે છે. પોતે ગુણના અધિપતિ છતાં નિર્ગુણ છે ।।૯।।

આપ આપનો આ આસુરભાવ છોડી દો. અવળે માર્ગે ચાલનાર અને નહિ જિતાયેલા મન સિવાય આપણો બીજો કોઈ દુશ્મન નથી. એ મનમાં બધાં પ્રત્યે સમભાવ રાખવો એ જ ભગવદ્ આરાધન છે ।।૧૦।।

જે લોકો પોતાનું સર્વસ્વ લૂંટનારા આ ઇન્દ્રિયરૂપી શત્રુઓને તો જીતતા નથી અને એમ માને છે ''મેં દશ દિશા જીતી'' તે મૂર્ખ છે. જો મનને જીતી બધા પ્રાણીમાં સમાનતા રાખે અને ''હું તથા મારું'' શા કારણથી થાય છે એ કારણને જાણે તો એવા સજ્જનને શત્રુ જ ક્યાંથી હોય? શત્રુ તો મોહ ને લીધે જ થાય છે. વિદ્વાનને મોહ ન હોવાથી શત્રુ પણ ન જ હોઈ શકે ।।૧૧।।

**હિરણ્યકશિપુએ કહ્યું** : સ્પષ્ટ રીતે તું મરવા જ તૈયાર થયો છે કેમકે તું અત્યન્ત અસમ્બદ્ધ, બોલે છે. હે મન્દબુદ્ધિ મરવાને તૈયાર થયેલા માણસની વાણી સમ્બન્ધ વિનાની હોય છે ।।૧૨।।

હે મન્દ ભાગી! તેં જગતને મારા સિવાયનો જે ઈશ્વર કહ્યો તે ક્યાં છે? ઠીક, સર્વત્ર છે એમ કહેતો હો તો આ સ્તમ્ભમાં કેમ નથી દેખાતો? ।।૧૩।।

તેથી તું અસમ્બદ્ધ પ્રલાપ કરનારો છે. તારું માથું હું શરીરથી જાુદું કરું છું. જેને તે તારો રક્ષક માન્યો છે તે હરિ ભલે આજે તારી રક્ષા કરે ।।૧૪।।

એવાં દુર્વચનોવડે એ મહાઅસુર મહાભગવદ્ભક્ત પુત્ર પ્રહ્‌લાદને દુઃખ આપતો, શ્રેષ્ઠ આસન ઉપરથી ઊઠી ખડ્ગ હાથમાં લઈ અત્યન્ત બળવાન હોવાથી ખડ્ગવડે એણે સ્તમ્ભમાં પ્રહાર કર્યો ।।૧૫।।

તે જ વખતે સ્તમ્ભમાં એક અત્યન્ત ભયંકર ધડાકો થયો. એવું લાગ્યું કે જાણે

આ બ્રહ્માંડ ફૂટી ગયું હોય. એ અવાજ જ્યારે લોકપાલોના લોકોમાં પહોંચ્યો ત્યારે તેને સાંભળી બ્રહ્મા વગેરેને એવું લાગ્યું કે એમના લોકોનો પ્રલય થઈ રહ્યો છે ।।૧૬।।

હિરણ્યકશિપુ પ્રહ્લાદજીને મારી નાખવામાટે પૂરી તાકાતથી તૂટી પડ્યો હતો, પરન્તુ દૈત્ય સેનાપતિઓને પણ ભયથી કમ્પાવી દેનારા એ અપૂર્વ અને અદ્ભુત ભયંકર કડાકાને સાંભળી તે ગભરાયેલા જેવો થઈને જોવા લાગ્યો કે આ અવાજ કરનારો કોણ છે? પરન્તુ તેને સભામાં તો કોઈ પણ દેખાયું નહિ ।।૧૭।।

એ જ વખતે પોતાના સેવક પ્રહ્લાદજી અને બ્રહ્માજી નું વચન સત્ય કરવા અને સમસ્ત પદાર્થોમાં પોતે વ્યાપીને રહેલા છે તે સિદ્ધ કરવા સભાની અંદર તે જ સ્તમ્ભમાં ઘણું જ વિચિત્ર રૂપ ધારણ કરીને ભગવાન્ નૃસિંહ રૂપે પ્રકટ થયા. તે રૂપ ન તો પૂરેપૂરું સિંહનું હતું કે ન મનુષ્યનું ।।૧૮।।

જ્યારે હિરણ્યકશિપુ ધડાકો કરનારની આમ-તેમ શોધ કરતો હતો તે જ વખતે સ્તમ્ભની અંદર નીકળતાં એ અદ્ભુત પ્રાણીને તેણે જોયું તે વિચાર કરવા લાગ્યો, ''ઓહો! આ નથી તો મનુષ્ય કે નથી પશુ; તો પછી આ નૃસિંહરૂપમાં કયું અલૌકિક પ્રાણી છે!'' ।।૧૯।।

જે વખતે હિરણ્યકશિપુ આ મુંઝવણમાં હતો એ વખતે બરાબર એની સામે જ નૃસિંહ ભગવાન્ આવીને ઊભા. એમનું સ્વરૂપ બહુ ભયાનક હતું. તપાવેલ સોનાના જેવી પીળી-પીળી ભયંકર તો આંખો હતી. બગાસું ખાવાથી ગરદનના વાળ આમતેમ વિખરાઈ ગયેલા હતા ।।૨૦।।

દાઢો ઘણી વિકરાલ હતી. તલવારની જેમ ચમકતી અને અસ્તરાની ધાર જેવી તીખી જીભ હતી. ટેડી ભ્રમરથી એમનું મુખ વધારે દારુણ લાગતું હતું. કાન નિશ્ચલ અને ટટાર હતા. ફુલેલી નાસિકા અને ખોલેલું મુખ પહાડની ગુફા જેવું અદ્ભુત લાગતું હતું. ઉઘાડેલા જડબાંઓથી તેની ભયંકરતા બહુ જ વધી પડી હતી ।।૨૧।।

વિશાલ શરીર આકાશને અડકતું હતું. ગરદન કંઈક ટૂંકી અને જાડી હતી, છાતી પહોળી અને કમર બહુજ પાતળી હતી. ચન્દ્રમાનાં કિરણો જેવા સફેદ રૂંવાડા આખા શરીર ઉપર ચમકી રહ્યાં હતાં. સેંકડો ભુજાઓ ચારે તરફ ફેલાયેલી હતી. જેમના મોટા-મોટા નખ આયુધ જેવા ધારદાર હતા ।।૨૨।।

એની પાસે જવાની પણ કોઈની હિમ્મત નહોતી. ચક્ર વગેરે પોતાની નિજ

આયુધ તથા વજ્ર આદિ અન્ય શ્રેષ્ઠ શસ્ત્રોદ્વારા તેમણે સર્વ દૈત્ય-દાનવોને નસાડી મૂક્યા. નૃસિંહના રૂપને એ દૈત્યે જોયું. ઘણું કરીને મહા માયાવાળા હરિ ભગવાને મને મારવા આ રૂપ લીધું છે. પણ એમના આ ઉદ્યમથી શું થવાનું છે? ।।૨૩।।

આ પ્રમાણે કહેતો અને સિંહના જેવી ગર્જના કરતો દૈત્યરાજ હિરણ્યકશિપુ હાથમાં ગદા લઈ નૃસિંહ ભગવાન્ ઉપર તૂટી પડ્યો. પરન્તુ જેવી રીતે પતંગિયું આગમાં પડી અદૃશ્ય થઈ જાય છે તેમજ તે દૈત્ય ભગવાનના તેજમાં પડ્યો અને એમાં અંજાઈ ગયો, અદૃષ્ટ થઈ ગયો ।।૨૪।।

પ્રકાશમાન્ ભગવાન્ પાસે આવતાં અન્ધકારરૂપ એ દૈત્ય અદૃષ્ટ થાય એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી કેમકે પ્રથમ પણ આ જગત્ તમોગુણરૂપી અન્ધકારથી ઢંકાયેલું હતું ત્યારે સ્વપ્રકાશથી એ ભગવાને અન્ધકારને દૂર કર્યો હતો. એમાંથી પાછો નીકળી મહાઅસુરે ક્રોધ યુક્ત થઈને ગદા જોરથી ફેરવી નૃસિંહ ભગવાન્ ઉપર પ્રહાર કર્યો ।।૨૫।।

જેમ ગુરુડ સર્પને પકડી લે તેમ ગદા સહિત પરાક્રમ કરતા એ દૈત્યને પકડી પાડી, ગરુડ સર્પને રમાડે તેમ, દૈત્યને પણ રમાડવા લાગ્યા ત્યારે જેમ ગમ્મત કરતા ગરુડની પકડમાંથી સાપ નીકળી જાય તેમ દૈત્ય તેમની પકડમાંથી છટકી ગયો ।।૨૬।।

હે યુધિષ્ઠિર! એ વખતે બધા લોકપાલો વાદળાંઓમાં છૂપાઈને આ યુદ્ધ જોઈ રહ્યા હતા. એમનું સ્વર્ગ તો પહેલાં જ હિરણ્યકશિપુએ ઝૂંટવી લીધું હતું જ્યારે તેઓએ જોયું કે તે ભગવાનના હાથમાંથી છટકી ગયો ત્યારે તો તેઓ વધારે ગભરાઈ ગયા, હિરણ્યકશિપુ પણ એમ માની બેઠો કે નૃસિંહે મને મારા બલવીર્યથી ડરી જઈ છોડી દીધો છે. આ વિચારથી એનો થાક પણ જતો રહ્યો અને તે ઢાલ-તલવાર લઈ ભગવાનની સામે સંગ્રામમાં આવી લાગ્યો ।।૨૭।।

તે વખતે બાજની જેમ તે ઝપાટા બંધ ઉપર-નીચે ઊછળી-કૂદી ઢાલ-તલવારના એવા દાવ બદલવા માંડ્યો કે જેથી તેના ઉપર ઘા કરવાનો મોકો જ ન મળે. ત્યારે ભગવાને ઘણે મોટે અવાજે પ્રચંડ અને ભયંકર અટ્ટહાસ્ય કર્યું જેથી હિરણ્યકશિપુની આંખો જ મીંચાઈ ગઈ. પછી સાપ જેમ ઉન્દરને પકડી લે તેમ ભગવાને તેને વેગથી પકડી લીધો. જે હિરણ્યકશિપુની ચામડી ઈન્દ્રના વજ્રના પ્રહારથી પણ ભેદાઈ નહોતી તે હવે એમના પંજામાંથી બહાર નીકળવા ઘણા જોરથી પ્રયત્ન કરતો હતો. ભગવાને તેને સભાના દરવાજા ઉપર લઈ જઈ એને પોતાની

ગોદ (ખોળા) ઉપર રાખ્યો અને રમતાં-રમતાં, ગરુડ જેમ મહાવિષધર સર્પને ચીરી નાખે તેમ પોતાના નખોથી તેને ચીરી નાખ્યો ।।૨૮-૨૯।।

નૃસિંહના નેત્ર ક્રોધથી એવાં ભયંકર થઈ ગયાં હતા કે તેમની સામે જોઈ શકાતું ન હતું એ ઉઘાડેલા મોઢાના છેડાને જીભથી ચાટતા હતા, લોહીના છાંટા મુખ અને કેશવાળીમાં પડ્યા હતા તેથી જેમ સિંહ હાથીને મારી એના આન્તરડાની માળાથી શોભે તેમ એ શોભવા લાગ્યા ।।૩૦।।

જ્યારે નૃસિંહે નખના અગ્ર ભાગથી દૈત્યના હૃદયને ચીરી નાખી એને છોડી દીધો ત્યારે હજારો દૈત્ય-દાનવ આયુધ ઉઠાવી લડવા આવ્યા. એ સમયે નખરૂપી શસ્ત્ર જેમાં છે તેવા હાથથી એમણે હજારોને મારી નાખ્યા ।।૩૧।।

એમણે કેશવાળી હલાવી તેથી મેઘો ઊંચેથી નીચે પડ્યા. એમના નેત્રના તેજ આગળ ગ્રહોનાં તેજ ઝાંખાં પડી ગયાં. એમના શ્વાસવડે સમુદ્રો ક્ષુબ્ધ થયા. એમની ગર્જનાથી ભય પામેલા દિશાઓના હાથી ચીસો પાડવા લાગ્યા ।।૩૨।।

એમની ગરદનના વાળ સાથે ટકરાઈને દેવતાઓનાં વિમાનો અસ્ત વ્યસ્ત થઈ ગયાં. સ્વર્ગ હચમચી ગયું. એમના પગના ધમકારાથી ધરતીકમ્પ થઈ ગયો. એમના વેગથી પર્વતો પડી ગયા. એમના તેજના ઝળહળાટથી આકાશ અને દિશાઓ ની શોભા ઓછી થઈ ગઈ ।।૩૩।।

નૃસિંહ ભગવાનનો સામનો કરનાર હવે કોઈ દેખાતું નહતું. છતાં એમનો ક્રોધ હજુ વધ્યે જ જતો હતો. આપ હિરણ્યકશિપુની રાજસભામાં ઊંચા સિંહાસન ઉપર જઈને બિરાજ્યા. એ વખતે એમનો અત્યન્ત તેજસ્વી અને ક્રોધ ભર્યો ચહેરો જોઈને કોઈ એમની પાસે જઈ શકયા નહિ ।।૩૪।।

જ્યારે ત્રિલોકના મસ્તકના રોગરૂપ દૈત્યેન્દ્ર ભગવાનના હાથથી મરાયો છે એવું સ્વર્ગની દેવીઓએ સાંભળ્યું ત્યારે એમનાં મુખ હર્ષથી ખીલી ઉઠ્યાં અને આકાશમાર્ગેથી એ વારંવાર પુષ્પવૃષ્ટિ કરવા લાગી ।।૩૫।।

એ સમયે દેવોનાં વિમાનોથી આકાશ ભરાઈ ગયું. દેવનાં ઢોલ અને દન્દુભિ વાગ્યાં. ગન્ધર્વો નાચવા લાગ્યા. અપ્સરાઓ ગાવા લાગી ।।૩૬।।

ત્યાં દેવો, બ્રહ્મા, ઈન્દ્ર, શિવ વગેરે દેવતા, ૠષિઓ, પિતર, સિદ્ધો, વિદ્યાધરો, મોટા સર્પો, મનુઓ, પ્રજાપતિઓ, ગન્ધર્વો, અપ્સરાઓ, ચારણો, યક્ષો, કિમ્પુરુષો, વેતાલો, સિદ્ધો અને કિન્નર લોકો આવ્યા ।।૩૮।।

સુનન્દ અને કુમુદ વગેરે વિષ્ણુના બધા પાર્ષદો શ્રીનૃસિંહજીને નજીકથી મસ્તક નમાવી હાથ જોડી જુદા-જુદા સ્તુતિ કરવા લાગ્યા ।।૩૯।।

**બ્રહ્માજીએ કહ્યું** : અનન્ત અને અપાર શક્તિવાળા, પવિત્ર કર્મ અને વિચિત્ર પરાક્રમવાળા, પોતે નિર્ગુણ છતાં ગુણોવડે જગતનાં સર્ગ, સ્થિતિ અને સંયમને લીલાવડે કરનાર અને છતાં અવ્યય એવા આપને હું નમું છું ।।૪૦।।

**શ્રીરુદ્રે કહ્યું** : આપે કોપ કરવાનો સમય તો સહસ્રયુગના અન્તમાં હોય છે, આ અસુરને માર્યો તે તો તુચ્છ હતો; આપના કોપનો વિષય નહોતો. હે ભક્તવત્સલ! એનો પુત્ર આપને શરણે આવ્યો છે તેની રક્ષા કરો. આપનો ભક્ત છે ।।૪૧।।

**ઈન્દ્રે કહ્યું** : હે પુરુષોત્તમ! અમને બચાવી આપે અમારા યજ્ઞના ભાગો સારી રીતે અમને પાછા અપાવ્યા છે. દૈત્યોથી ઘેરાયેલા સંકુચિત અમારાં હૃદયકમલને આપે વિકસાવ્યું. તે પણ આપનું નિવાસ સ્થાન છે. આજે સ્વર્ગાદિનું રાજ્ય અમને ફરી મળ્યું છે તે તો બધું કાલનો કોળિયો છે. જે આપના સેવકો છે તેમને માટે તો શું જ હિસાબ હોય? જેમને આપની સેવાની ચાહના છે તે મુક્તિનો પણ આદર નથી કરતા, પછી બીજા ભોગોની તો એને જરૂર જ શી? ।।૪૨।।

**ઋષિઓએ કહ્યું** : તપ શ્રેષ્ઠ છે એવું આપે અમને કહ્યું છે. તપવડે આદિ પુરુષ પોતાના સ્વરૂપમાંથી એ જગતને ઉત્પન્ન કરે છે. હે શરણે આવનારના પાલક! એ તપ આ દૈત્યે કુઠિત કર્યું હતું તે તપની રક્ષામાટે આપે પ્રકટ થઈ વિઘ્નને દૂર કર્યું અને તપ કરવાની પાછી આજ્ઞા કરી એવા આપને અમે નમન કરીએ છીએ ।।૪૩।।

**પિતૃઓએ કહ્યું** : અમારા પુત્રોએ શ્રદ્ધાથી કરેલ પિંડ દાનને આ દૈત્ય બળાત્કારે ખાઈ જતો હતો. જ્યારે તે પવિત્ર તીર્થમાં અથવા સંક્રાન્તિ આદિ પ્રસંગે નૈમિત્તિક તર્પણ કરતા અથવા તિલાઞ્જલિ દેતા ત્યારે એ પણ આપી જતો. એ દૈત્યના પેટને ચીરીને એમાંથી આપે મજ્જા વગેરે કાઢી તે બધું જાણે કે અમને પાછું આપી દીધું. તે ઠીક કર્યું કેમકે બધા ધર્મના રક્ષક આપજ છો; તેથી હે નૃસિંહ! આપને અમારા નમસ્કારહો ।।૪૪।।

**સિદ્ધોએ કહ્યું** : જે દુષ્ટ અમારી યોગ સિદ્ધિઓને પોતે યોગ અને તપ ના બળથી પડાવી અને અનેક પ્રકારનો ગર્વ કરતો હતો તેને આપે નખથી ફાડી નાખ્યો એ ઠીક કર્યું; તેથી હે નૃસિંહપ્રભુ! આપને અમે નમન કરીએ છીએ ।।૪૫।।

**વિદ્યાધરોએ કહ્યું** : બળ અને પરાક્રમ ના ગર્વવાળો દૈત્ય જુદી-જુદી ધારણાથી

અમે સમ્પાદન કરેલી અન્તર્ધાનાદિ વિદ્યાને અજમાવવા નહોતો દેતો તે દૈત્યને આપે યુદ્ધમાં યજ્ઞ પશુની જેમ માર્યો. લીલાથી નૃસિંહરૂપ ધારણ કરેલ આપને અમે પ્રણામ કરીએ છીએ ।।૪૬।।

**નાગોએ કહ્યું :** જે પાપીએ અમારાં રત્નો અને સ્ત્રીરત્નો બળાત્કારે લઈ લીધાં હતાં તેનું હૃદય ચીરીને એ સ્ત્રીઓને આનન્દ આપનાર આપને અમારા નમસ્કાર હો ।।૪૭।।

**મનુઓએ કહ્યું :** હે પ્રભુ! અમે આપના આજ્ઞાકારી મનુઓ છીએ. આ દૈત્યે અમારી ધર્મ મર્યાદા લોપી નાખી હતી. એ દુષ્ટને આપે મારી ઘણો ઉપકાર કર્યો. તેથી હે પ્રભો! આપના દાસરૂપ અમને આપ આજ્ઞા આપો એ પ્રમાણે અમે આપની સેવા કરીએ ।।૪૮।।

**પ્રજાપતિઓએ કહ્યું :** હે પરમેશ્વર! આપે અમને પ્રજાપતિ બનાવ્યા હતા. જે દૈત્યે અમને પ્રજાની સૃષ્ટિ કરતા અટકાવ્યા હતા તેની આપે છાતી ફાડી નાખી અને તે કાયમને માટે જમીન ઉપર સૂઈ ગયો–મરી ગયો. હે સત્ત્વમૂર્તિ! આપનું આ લોકમાં પધારવું એ જગતનું મંગળ કરનાર છે ।।૪૯।।

**ગન્ધર્વોએ કહ્યું :** હે વિભો! અમે આપની સમક્ષ નૃત્ય કરનારા, અભિનય કરનારા અને સંગીત સંભળાવનારા આપના સેવકો છીએ, આ દૈત્યે પોતાનાં શૌર્ય, શક્તિ અને પ્રભાવવડે અમને પોતાના તાબેદાર બનાવી દીધા હતા તેની આપે આ દશા કરી; તેથી જેઓ કુમાર્ગે ચાલે તેમનું ક્યાં ભલું થાય? ન જ થાય. ।।૫૦।।

**ચારણોએ કહ્યું :** હે હરે! સંસાર માંથી મુક્તિ આપનાર આપના ચરણોનો અમે આશ્રય કરીને રહ્યા છીએ. આ અસુર સાધુઓના હૃદયનો સન્તાપ હતોતેને આપે માર્યો. આપને અમે નમન કરીએ છીએ ।।૫૧।।

**યક્ષોએ કહ્યું :** સુન્દર કાર્ય કરવાથી આપના સેવકોમાં અમે મુખ્ય હતા તેઓને આ દૈત્યે પાલખી ઉપાડનાર બનાવ્યાં હતાં. એણે લોકોને દુઃખ આપ્યું તેને આપે પંચત્વને પમાડ્યો. હે નરહરિ! હે ચોવીસ તત્ત્વના નિયામક! આપને અમારાં નમનહો ।।૫૨।।

**કિંપુરુષોએ કહ્યું :** આપ મહા પુરુષ ઈશ્વર છો. આ કુપુરુષ સાધુપુરુષના ધિક્કારથી નષ્ટ થયો એ સારું થયું ।।૫૩।।

**વૈતાલિકો બોલ્યા :** સભાઓ અને સત્રોમાં તમારો નિર્મળ યશ ગાઈને અમોએ

ઘણાં પૂજા અને સત્કાર સમ્પાદન કર્યાં તેવા અમને આ દૈત્યે તાબે કર્યા. એ દુષ્ટ મર્યો તે શરીરના રોગ જેવો હતો તેને આપે માર્યો એ લોકોના સૌભાગ્યની વાત છે ।।૫૪।।

**કિન્નરોએ કહ્યું :** હે ઈશ! અમે કિન્નરો આપના સેવકો છીએ તેમને આ દૈત્યે વેઠિયા બનાવી દીધા હતા. હે હરે! આ દુષ્ટને આપે માર્યો. હે નાથ! આપ અમને આજ પ્રમાણે સુખ સમૃદ્ધિને આપતા રહો ।।૫૫।।

**અદ્યૈતદ્ધરિનરરૂપમદ્ભુતં તે દષ્ટં નઃ શરણદ સર્વલોકશર્મ।**
**સોઽયં તે વિધિકર ઈશ વિપ્રશપ્તઃ તસ્યેદં નિધનમનુગ્રહાય વિદ્મઃ ।।૫૬।।**

**વિષ્ણુપાર્ષદો બોલ્યા :** હે શરણાગત વત્સલ! હે સર્વલોકને સુખ આપનાર! સિંહ અને મનુષ્ય નું આ રૂપ અમે જોયું. જેને આપે માર્યો તે પ્રથમ આપનો સેવક હતો. બ્રાહ્મણના શાપથી એ દૈત્ય થયો તેના ઉપર આપે અનુગ્રહ કરી ઉદ્ધાર કર્યો છે એમ અમે સમજીએ છીએ ।।૫૬।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (બીજા સદ્વાસના પ્રકરણનો નૃસિંહપ્રાદુર્ભાવ નામનો ત્રીજો) ''ભગવાન્ શ્રીનૃસિંહ રૂપે પ્રકટ થયા અને એમણે હિરણ્યકશિપુને માર્યો'' નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ભગવાનના નામે ભીખ માગનારાઓ, વાંચો!!!**
**અપરાધ૩૬મો :** શ્રીઠાકોરજી (ભાગવત,શ્રીયમુનાજીનીલોટી વગેરે)ના નામે (ભેટ-સામગ્રી-પોથીસેવા કે ન્યોછાવર) માંગવું. ફળ : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. **પ્રાયશ્ચિત્ત :** જેટલું માંગ્યુંકે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણા નૈવેદ્યનું દાન કરવું.**(શ્રીહરિરાયજી)**

# અધ્યાય ૯

# પ્રહ્‌લાદજી નૃસિંહજી પાસે જઈ નમ્યા; નૃસિંહજી શાન્તથયાત્યારેએમનીસ્તુતિ કરી

**વિશેષ :** બ્રહ્માજીને નૃસિંહજી પાસે જતાં બીક લાગી તેથી પ્રહ્‌લાદજીને મોકલ્યા. તેમણે નૃસિંહજીના કોપને શાન્ત પાડ્યો ત્યારે પ્રહ્‌લાદજીએ એમની સ્તુતિ કરી. આ નૃસિંહજી ઉગ્ર છે છતાં પોતાના ભકત પાસે સરળ છે. જેમ સિંહ ઉગ્ર છે છતાં પોતાના બાળકની પાસે એ ઉગ્ર

નથી હોતો તેમ એ વાત આ અધ્યાયમાં કહેવામાં આવે છે.

**એવં સુરાદયઃ સર્વે બ્રહ્મરુદ્રપુરઃસરાઃ ।।**
**નોપૈતુમશકન્મન્યુસંરમ્ભં સુદુરાસદમ્ ।।૧।।**

**નારદજી બોલ્યા :** બ્રહ્મા, રુદ્ર વગેરે દેવો જેની પાસે જઈ શકાય નહિ તેવા અને ક્રોધના આવેશવાળા નૃસિંહજી પાસે જવાને શક્તિમાન થયા નહિ ।।૧।।

ત્યારે દેવોએ સાક્ષાત્ લક્ષ્મીજીને મોકલ્યાં, પરન્તુ કોઈ દિવસે નહિ સાંભળેલાં કે જોયેલાં અદ્ભુત રૂપથી ભય પામીને એ પણ એમની પાસે જઈ શક્યાં નહિ ।।૨।।

ત્યારે બ્રહ્માજી પાસે *ઉભેલા પ્રહ્લાદને આગળ કરીને કહેવા લાગ્યો :''હે તાત! તમે નૃસિંહજી પાસે જાઓ. એમને શાન્ત કરો કેમકે એ તમારા પિતાની ઉપર તમારા માટે આટલા બધા કુપિત થયા છે તેથી તમે જ એમને શાન્ત કરો''. ''બ્રહ્માજીના કહેવાથી મહાભગવદ્ભક્ત'' પ્રહ્લાદજીએ નજેવી આજ્ઞાથ કહી ધીમે-ધીમે પાસે ગયા અને હાથ જોડી શરીરથી પૃથ્વી ઉપર દંડવત્ પ્રણામ કર્યા ।।૩-૪।।

**વિશેષ :** પ્રહ્લાદને બ્રહ્માજીએ આગળ રાખ્યો અને બ્રહ્માજી પાછળ રહ્યા. બ્રહ્માજીએ ભગવાનના ક્રોધથી બચવા ભકત પ્રહ્લાદને ઢાલરૂપ બનાવ્યો. રજોગુણમય સંસારનાં કષ્ટો નિવારવામાં ભગવદ્ભકત ઢાલ છે. (વિશ્વનાથ ચક્રવર્તી)

પોતાનાં ચરણમાં પડેલા નાનકડા બાળકને જોઈને શ્રીનૃસિંહજી કૃપાથી આર્દ્ર થઈ ગયા. કાલરૂપી સર્પના ભયથી ત્રાસ પામેલાને અભય આપનાર એમણે શ્રીહસ્તવડે પ્રહ્લાદને ઉઠાડ્યો અને એ જ શ્રીહસ્તને એના મસ્તક ઉપર ધારણ કર્યો ।।૫।।

ભગવાનના શ્રીહસ્તના સ્પર્શથી એનાં બધાં પાપ ધોવાઈ ગયાં. એના હૃદયમાં પરમાત્માનું પ્રકટ દર્શન થયું અને એ અત્યન્ત સુખી થયો. પ્રભુના ચરણકમળને હૃદયમાં ધારણ કરતો પ્રહ્લાદ સ્પર્શ માત્રથી પુલકિત થયો હૃદયમાં પ્રેમની ધારા વહેવા લાગી. અને નેત્રોમાંથી આનન્દાશ્રુ પડવા લાગ્યાં ।।૬।।

પ્રહ્લાદજી ભાવભીનાં હૃદય અને અપલક નયનોથી ભગવાનનાં દર્શન કરી રહ્યાં હતાં. એકાગ્ર મનથી ભગવદ્ગુણોનું ચિન્તન કરતા પ્રેમ ગદ્ગદ વાણીથી સ્તુતિ કરી ।।૭।।

**પ્રહ્લાદજીએ કહ્યું :** સત્ત્વમાં નિષ્ઠાયુકત બુદ્ધિવાળા બ્રહ્માદિ દેવો, મુનિઓ અને સિદ્ધો બહુ ગુણવાળા છતાં આપનું આરાધન કરવાને સમર્થ થતા નથી તો ઘોર

અસુર જાતમાં ઉત્પન્ન થયેલો હું આપની સ્તુતિ કરવાને કેમ લાયક થઈ શકું? ।।૮।।

ધન, કુળ, રૂપ, તપ, શાસ્ત્ર શ્રવણ, ઈન્દ્રિય સામર્થ્ય, કાન્તિ, પ્રતાપ, ઉદ્યમ, બુદ્ધિ, પ્રજ્ઞા અને અષ્ટાંગ યોગ એબાર ગુણો ભગવાનને પ્રસન્ન કરાવી શકતા નથી એવું મારુંમાનવું છે કેમકે ગજેન્દ્રને તો ભગવાન્ ભક્તિવડે જ પ્રસન્ન થયાહતા ।।૯।।

આ બાર ગુણવાળા બ્રાહ્મણ હોય છતાં ભગવાનનાં ચરણકમળથી વિમુખ હોય તો એવા બ્રાહ્મણ કરતાં મન, વચન, કર્મ, ધન અને પ્રાણ ને ભગવાન્માં રાખનાર ચાંડાળ ઉત્તમ છે એમ હું માનું છું કેમકે ચાંડાળ પોતાની દીનતાથી ભગવચ્ચરણમાં રહીને કુળને પવિત્ર કરે છે ત્યારે બ્રાહ્મણ કુલાભિમાનવડે ભગવદ્વિમુખ થઈને પોતાને પણ પાવન કરી શકતો નથી ।।૧૦।।

પ્રભુ પોતાના સ્વરૂપ લાભવડે પૂર્ણ છે એ અજ્ઞાની લોક તરફથી સત્કારની ઈચ્છા કરતા નથી, છતા દયાળુ છે. એથી એના ઉપચારને સ્વીકારે છે. જેમ દર્પણમાં દેખાતા મુખને સુન્દર બનાવવું એ પોતાના મુખની સુન્દરતામાટે છે તેમ માણસ ભગવાનને જે-જે ઉપચારોથી સેવે છે તે બધા એને પોતાને માટે જ ફલિત થાય છે ।।૧૧।।

તેથી મનમાં કલેશ દૂર કરી, હું સર્વ પ્રકારે ઈશ્વરના મહિમાને ગાઉં કે જેનાથી નીચ અને માયા ના યોગથી સંસારમાં પડેલો પુરુષ પણ પવિત્ર થાય ।।૧૨।।

સત્ત્વમાં સ્થિતિ કરી રહેલા અને ભય પામતા બધા બ્રહ્માદિ દેવો આપની આજ્ઞા ઉઠાવનાર છે; અમારી પેઠે વેર કરનાર નથી. આપના રુચિર અવતારોની ક્રીડા લોકનાં કલ્યાણ સમૃદ્ધિ અને આત્મસુખ માટે છે ।।૧૩।।

માટે હે નૃસિંહ! આપે અસુરને માર્યો એ સારું કર્યું. વીંછી કે સર્પ ને મારવાને સત્પુરુષ પણ અનુમોદન આપે. આપે બધા લોકને સુખી કર્યા છે તેથી હવે આપ ક્રોધનું નિયમન કરો. લોકોને ભયથી મુક્ત થવાને આપનું સ્મરણ પુરતું છે. આવા ભયાનક રૂપની હવે જરૂર નથી ।।૧૪।।

હે અજિત! તમારાં અતિ ભયાનક મુખ, જિહ્વા, સૂર્ય સરખાં નેત્ર, ભ્રૂકુટી અને ઉગ્ર દાઢોવાળા, આન્તરડાંની માળવાળા, લોહીના છાંટણાંવાળી કેશવાળીવાળા, ઊભા કાનવાળા અને શબ્દ કરવાથી દિગ્ગજોને ભય પમાડતા અને શત્રુને ભેદનાર નખવાળા સ્વરૂપથી હું ભય પામતો નથી ।।૧૫।।

પરન્તુ, હે કૃપણવત્સલ! દુઃસહ એવા ઉગ્ર સંસારચક્રના મારથી હું ડરું છું. આપના સિવાય બધાનો નાશ કરે એવા અસુર કુળમાં કર્મોથી બંધાયેલા એવા મારા

ઉપર પ્રસન્ન થઈ સુન્દર મોક્ષરૂપ આપનાં ચરણમાં મને ક્યારે બોલાવશો? ।।૧૬।।

પ્રિયના વિયોગથી, અપ્રિયના સંયોગથી તથા શોકવડે સંસાર સકળ યોનિના જીવોને બાળે છે. એના દુ:ખને મટાડવાનો ઉપાય શોધતાં અને ઉપાય પણ દુ:ખરૂપ હોય છે. હે ભૂમન્! દેહાભિમાનવડે મૂંઝાતો હું સંસારમાં ભટકું છું તેને આપ દાસ ભાવનું દાન ક્યારે કરશો એ કહો ।।૧૭।।

હે નૃસિંહ! આપ અમારા પ્રિય, સુહૃદ અને પરમ દૈવત છો. બ્રહ્માદિથી આપની લીલારૂપી જે કથાઓ ગવાયેલી છે તે ગાઈને તથા આપના પરમ ભક્તરૂપી હંસનો સંગ કરીને, ગુણોથી મુક્ત થઈને આપની પાસે આવતાં જે-જે મુશ્કેલીઓ નડતી હોય તેને ન ગણતાં તુરત તરવાને હું તત્પર છું ।।૧૮।।

તપ્તને શાન્ત થવાના આપે જે ઉપાય બતાવ્યા છે. તે ક્ષણિક છે. વળી આપે જેની ઉપેક્ષા કરી હોય તેને માટે એ નકામા છે. હે નૃસિંહ! બાળકનું રક્ષણ કરનાર માતા-પિતા નથી કેમકે ક્યારેક માતા-પિતાથી જ બાળકનું અનિષ્ટ થઈ જાય છે. રોગીને ઔષધ બચાવનાર નથી, સમુદ્રમાં ડૂબતાને નૌકા રક્ષણ કરનાર નથી, પરન્તુ આપનો અનુગ્રહ એ જ આ સંસારને તરવાનો ઉપાય છે ।।૧૯।।

આપના અનુગ્રહથી આપનું નિત્ય દાસત્વ શ્રેષ્ઠ છે. કોઈ કદાચિત્ બીજાથી રક્ષિત જણાય તો એના પણ રક્ષક આપ જ છો કેમકે આપ સર્વરૂપ છો. જેનામાં, જે કાળે, જ્યારે, જેનાવડે, જેનું, જેનાથી, જેને માટે, જેવું આ લોકમાં માતા-પિતા કે બ્રહ્માદિથી જે કાંઈ થાય છે કે વિપરીત બને છે કે કોઈની પ્રેરણાથી થાય છે એ બધું આપનું જ સ્વરૂપ છે ।।૨૦।।

પુરુષની અનુમતિથી ગુણને પ્રેરનારી માયા કર્મમય અને બળવાળા મનને ઉત્પન્ન કરે છે. એ મન વેદમાં કહેલા કર્મ કરનાર તથા અવિદ્યાથી ષોડશ વિકારવાળું છે. આવા સંસારના ચક્રરૂપ મનને, હે અજન્મા! આપના ભક્ત સિવાય બીજો કોણ તરી શકે? ।।૨૧।।

માટે જેણે પોતાના પ્રકાશવડે નિત્ય આત્મગુણોને જીત્યા છે, બધી જીવ શક્તિઓને વશ કરનારા તથા કાળરૂપ હે ઈશ્વર! માયાએ ષોડશ આરાવાળા ચક્રમાં નાખવાથી એમાં પિલાતો હું આપને શરણે આવ્યો છું. આપ સમર્થ હોવાથી એ ચક્રથી બચાવી મને આપની પાસે લો ।।૨૨।।

હે વિભુ! સર્વ લોકપાળોનાં આયુષ્ય લક્ષ્મી અને વૈભવ જે મેં જોયાં અને જેને

મનુષ્યો ઇચ્છે છે તે વૈભવો મારા પિતાની ભ્રૂકુટી ચડવા માત્રથી નાશ પામતા જણાયા; એવા મારા પિતાને આપે દૂર કર્યો ।।૨૩।।

તેથી હું પ્રાણીઓના વૈભવના પરિણામને જાણું છુ; માટે બ્રહ્મલોક સુધીનાં આયુષ્યની, ઇન્દ્રિયોથી ભોગવાતાં સુખોની અને લક્ષ્મીની હું ઇચ્છા કરતો નથી જ તેમજ મહાપરાક્રમી આપની કાળમૂર્તિથી નાશ પામતી સિદ્ધિઓ પણ હું ઇચ્છતો નથી પણ મને તો આપ આપના દાસોની પાસે લઈ જાઓ ।।૨૪।।

કાનને સારા લાગતા મૃગતૃષ્ણા જેવા વિષયો ક્યાં? સર્વ રોગના ઘર જેવું આ શરીર ક્યાં? મનુષ્ય આ સઘળું જાણે છે છતાં દુઃખથી પ્રાપ્ત થતાં સુખોથી કામાગ્નિનું શમન કરી વિરક્ત થતો નથી ।।૨૫।।

હે ઈશ! રજોગુણથી થનારો તેમજ જે અસુરકુળમાં તમોગુણ વધારે હોય છે તેમાં ઉત્પન્ન થયેલો હું ક્યાં અને આપની કૃપા ક્યાં? આપે આપનો શ્રીહસ્ત બ્રહ્મા, રુદ્ર અને લક્ષ્મી ની ઉપર ધરેલો નહિ તે પદ્મ સરખો શ્રીહસ્ત મારા ઉપર ધર્યો એને જ હું આપનો પ્રસાદ માનું છું ।।૨૬।।

આ 'પર' અને આ 'અવર' એવી બુદ્ધિ આપને ન હોય કેમકે આપ જગતના આત્મા અને મિત્ર છો તો પણ કલ્પવૃક્ષની પેઠે આપની સેવા કરનારને એના પ્રમાણમાં ફળ મળે એમાં આપને વિષમતા નથી ।।૨૭।।

હે ભગવન્! આપે જેમ મારા ઉપર દયા કરી તે પ્રમાણે સંસારરૂપી સર્પવાળા કૂવામાં પડેલા વિષયમાં પડતા વિષયભોગની ઇચ્છાવાળા વિષયી પુરુષના પ્રસંગથી મને દેવર્ષિ નારદે પોતાનો કરીને માન્યો છે તે હું આપના સેવકની સેવાને કેમ છોડીશકું? ।।૨૮।।

હે અનન્ત! જે વખતે મારા પિતાએ અન્યાય કરવા કમર કસી હાથમાં તલવાર લઈ કહેવા લાગ્યા, જો મારા સિવાય કોઈ ઈશ્વર હોય તો તને બચાવી લે, હું તારું માથું ઉડાવી દઉં છું; એ વખતે આપે મારા પ્રાણોની રક્ષા કરી અને મારા પિતાનો વધ કર્યો, હું તો સમજું છું કે આપે આપના પ્રેમીભક્ત સનકાદિ ઋષિઓની વાણી સત્ય કરવાને માટેજ એમ કર્યું હતું ।।૨૯।।

આ સર્વ જગત્ રૂપે આપ એક જ છો કેમકે જગતના આદિ અન્તમાં જગતથી જુદા એવા આપ બાકી રહો છો. તેથી મધ્યમાં પણ આપ જ છો. આપ જ આપની માયાના ગુણોવડે આ જગતને ઉત્પન્ન કરી પછી એમાં પ્રવેશની લીલા કરો છો એથી

જુદા જણાતા છતાં આપ એક જ તે-તે રૂપે દેખાઓ છો ।।૩૦।।

હે ઈશ! આ સદ્ અને અસદ્ રૂપ જગત્ આપનું રૂપ છે, છતાં આપ એ જગતથી જુદા છો. ''આ પોતાનો અને આ પારકો'' એવી બુદ્ધિ થવી એ જ માયા. જેનાં જેમાંથી ઉત્પત્તિ, પ્રકાશ અને નાશ એ તે રૂપ ગણાય, (જેમકે પૃથ્વીમાં બીજ પૃથ્વીમય છે, પછી એમાંથી પ્રકાશરૂપ વૃક્ષ થાય છે અને પછી એનો નાશ પૃથ્વીમય થાય છે તે એક પૃથ્વીમય છે) બધું આપથી થાય છે તેથી ભગવદ્રૂપ છે ।।૩૧।।

આપ આ જગતને આત્મામાં ધારણ કરી પ્રલયના જળમાં શેષશય્યામાં પોઢો છો અને યોગવડે નેત્રો મીંચી આત્મસ્વરૂપના પ્રકાશથી નિદ્રાને જીતીને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી પર એવી ચતુર્થ અવસ્થામાં સ્થિતિ કરો છો, પરન્તુ એ સ્થિતિમાં પણ સુષુપ્તની પેઠે અજ્ઞાનનો કે જાગ્રત સ્વપ્નની પેઠે ગુણોનો સ્વીકાર કરતા નથી ।।૩૨।।

આપે આપની કાળ શક્તિવડે પ્રકૃતિના ધર્મોને પ્રેર્યા છે. તેથી આ બ્રહ્માંડ આપનું શ્રીઅંગરૂપ જ છે. પ્રલયના જળમાં અનન્તની શય્યામાંથી સમાધિ છોડીને જ્યારે આપ ઊઠ્યા ત્યારે, વડના બીજમાંથી વડ થાય તેમ, આપનાં આ નાભિકમળમાંથી મોટું બ્રહ્માંડ-કમળ થયું જે આપમાં ગુપ્ત રહેલું હતું ।।૩૩।।

એમાંથી સૂક્ષ્મદર્શી બ્રહ્માજી ઉત્પન્ન થયા. એમણે આમ તેમ જોયું તો કાંઈ પોતાનું કારણ જોયું નહિ; ત્યારે જે કમળમાં પોતે બેઠા હતા તેની નાળમાં સો વર્ષ સુધી જળમાં નીચે જતાં પણ કાંઈ જોયું નહિ કેમકે અંકુર ફૂટ્યા પછી બીજ ક્યાંથી મળે? ।।૩૪।।

એ બ્રહ્માજી અત્યન્ત વિસ્મય પામી કમળમાં બેસી તીવ્ર તપ કરવા લાગ્યા તેથી કાળે કરીને એનો ભાવ શુદ્ધ થયો ત્યારે પૃથ્વીમાં ગન્ધની પેઠે એમણે આપને ભૂમાત્મક શરીરમાં વ્યાપ્ત જોયાં ।।૩૫।।

વિરાટ પુરુષ હજારો મુખ, હજારો મસ્તક, હજારો હાથ, ઊરુ, નાસિકા, કર્ણ, નેત્ર આભરણ અને આયુધવાળા હતા. ચૌદ લોક એના જુદા-જુદા અંગોના રૂપમાં શોભતા હતા. તે ભગવાનની એક લીલામયી મૂર્તિ હતી એને જોઈને બ્રહ્માજીને ઘણો આનન્દ થયો ।।૩૬।।

એ બ્રહ્માજીમાટે હયગ્રીવ રૂપ ધરીને આપે રજસ્તમોરૂપ મહાબળવાળા મધુકૈટભ નામના દૈત્યને માર્યો અને વેદને એની પાસેથી લાવીને આપ્યા. એ સત્વરૂપ આપની

પ્રિય તનુ છે એમ વેદાદિ કહેછે ।।૩૭।।

હે મહાપુરુષ! એ પ્રમાણે આપ મનુષ્ય, પશુ, પક્ષી, ઋષિ, દેવ તથા મત્સ્ય આદિ અવતાર ધારણ કરીને વિશ્વની રક્ષા કરો છો અને જગતનો દ્વેષ કરનારા પાપી લોકોનો નાશ કરો છો. આ અવતારોદ્વારા યુગ-યુગથી ચાલ્યા આવતા ધર્મોનું પાલન કરો છો, પરન્તુ કલિયુગમાં આપ ગુપ્ત રહો છો તેથી આપ 'ત્રિયુગ'ના નામથી પ્રસિદ્ધ છો ।।૩૮।।

હે વૈકુંઠનાથ! હું પાપવડે દૂષિત થયેલો બહિર્મુખ, અસ્થિર, કામનાથી આતુર અને હર્ષ, શોક, ભય અને તૃષ્ણાથી પીડિત છું. મારું આ મન તમારી કથાવડે પ્રસન્ન થતું નથી તો હું દીન તમારી ગતિને મારા મનમાં કેવી રીતે વિચાર કરી શકું? ।।૩૯।।

હે અચ્યુત! એક તરફ તૃપ્તિ પામેલી જિહ્વા મને ખેંચે છે તો બીજી તરફ કામેચ્છાથી શિશ્ન ખેંચે છે તો ત્રીજી તરફ ત્વચા ઇન્દ્રિયના સ્પર્શસુખમાટે ખેંચે છે, પેટ આહારમાટે એક બાજુએ ખેંચે છે તો કાન સાંભળવામાટે અને ઘ્રાણેન્દ્રિય સુગન્ધમાટે ખેંચે છે; ચપળ નેત્ર સુન્દરરૂપ જોવામાટે ખેંચે છે; આ પ્રમાણે કર્મેન્દ્રિયો પોતપોતાના વિષય તરફ મને ખેંચે છે. જેમ ઘણી સ્ત્રીઓ એક ધણીને આમતેમ પોતાની તરફ ખેંચે તેમ ઇન્દ્રિયો શોક્યના પતિના જેવી મારી દશા કરે છે ।।૪૦।।

હે મહારાજ! હું જ આમ દુઃખી છું એમ નથી, સમસ્ત જનતા દુઃખી છે; આપ એની રક્ષા કરો. કર્મવડે સંસારરૂપી વૈતરણીમાં પડેલો અને અન્યાન્ય જન્મ, મરણ, અશન અને ભયથી દુઃખી થતો મનુષ્ય પોતાના સ્વાર્થને માટે વેર, લડાઈ અને મૈત્રી કરે છે તેથી હે મુક્ત પ્રભો! આવા મૂઢ મનુષ્ય ઉપર કૃપા કરીને સંસારરૂપી વૈતરણીમાંથી એને બહાર કાઢી એની રક્ષા કરો ।।૪૧।।

હે સમગ્રના પૂજ્ય ગુરુ! આપને સર્વનો ઉદ્ધાર કરતાં શો પ્રયાસ કરવો પડે તેમ છે? કેમકે એને આપ ઉત્પન્ન કરો છો અને સ્વરૂપમાં લીન કરો છો. હે આર્તબન્ધો! મૂઢ મનુષ્યના ઉપર અનુગ્રહ કરવો એમાં જ મોટાઈ સમાયેલી છે તો પછી તમારા ભક્તજનોની સેવા કરનારા અમારા જેવા લોકોનો આપ ઉદ્ધાર કરો એમાં તો નવાઈજ શી હોઈશકે? ।।૪૨।।

હે પરમાત્મન્! આપના પરાક્રમના ગાયનરૂપ આપના ગુણામૃતમાં મારું મન ડૂબેલું છે તેથી ન તરી શકાય તેવી વૈતરણીથી પણ હું દુઃખ માનતો નથી, પરન્તુ જેમનું મન તમારી કથાથી વિમુખ છે, જેઓ મિથ્યા ઇન્દ્રિયોના સુખમાટે કુટુંબનો

ભાર વહ્યા કરે છે તેવા મૂઢ લોકોનો હું શોક કરું છું ।।૪૩।।

હે દેવ! કદાચ આપ કહો કે ''તું મુક્તિ લઈ લે, બીજાને તો તત્વ જાણનાર મુનિઓ ઉપદેશ આપશે'' તો એના ઉત્તરમાં મારે એટલું જ કહેવું છે કે ઘણું કરીને તો મુનિઓ પોતાની મુક્તિ કરવાની ઈચ્છાથી વનમાં એકાન્ત દેશમાં તપશ્ચર્યા કરે છે માટે એઓ બીજાનું કાર્ય સિદ્ધ કરવામાં તત્પર નથી. હું આ કૃપણ લોકોને છોડી એકલો મુક્તિ મેળવવાની ઈચ્છા રાખતો નથી. આ ભવાટવીમાં ભટકતા લોકોને આપના સિવાય કોઈ બીજો ઉદ્ધારક હું જોતો નથી ।।૪૪।।

ગાર્હસ્થ્યમાં મૈથુનાદિ સુખ તુચ્છ હોય છે. હાથમાં ખરજ આવતાં એને ખજવાળતાં એક દુઃખ મટાડતાં બીજું દુઃખ ઉત્પન્ન થાય છે એવું એ મૈથુનસુખ છે. કૃપણો બહુ દુઃખ ભોગવે છે, છતાં સંસારના વિષયસુખથી ધરાતા નથી. આપની કૃપાવાળો કોઈક જ ધૈર્યવાળો મનુષ્ય નીકળે જે વિષયસુખને પણ ખરજની પેઠે સહન કરે ।।૪૫।।

મૌન, બ્રહ્મચર્ય, શાસ્ત્રશ્રવણ, તપસ્યા, સ્વાધ્યાય, સ્વધર્માચરણ, યુક્તિઓથી શાસ્ત્રોની વ્યાખ્યા એકાન્તનિવાસ, જપ તથા સમાધિ એ મોક્ષનાં દશ સાધન છે પણ એ સાધનો ઘણું કરીને જેની ઈન્દ્રિયો વશ નથી તેવા મનુષ્યને આજીવિકામાં ઉપયોગી થઈ પડે છે. દામ્ભિક મનુષ્યને તો એ ઉદરપોષણનું સાધન બને છે કોઈ વખત એને મોક્ષમાં ઉપયોગી થઈ શક્તાંનથી ।।૪૬।।

બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજ એમ ચાલતા પ્રવાહરૂપે કાર્ય કારણરૂપે વેદે આપના બે સ્વરૂપ પ્રકટ કરેલાં છે, વાસ્તવમાં આપ પ્રાકૃતરૂપ રહિત તે આપનાં જ રૂપ છે, આપનાથી જુદાં નથી. જેમ મથન કરવાથી લાકડામાંથી અગ્નિ બહાર આવે છે તેમ યોગી પુરુષો ભક્તિયોગની સાધનાથી આપને કાર્ય કારણ બન્નેમાં સાક્ષાત્ જોઈ શકે છે. (કાર્ય કારણભાવ આપ સિવાય બીજા પ્રધાનાદિથી થતો નથી) ।।૪૭।।

હે વ્યાપક દેવ! વાયુ, અગ્નિ, પૃથ્વી, આકાશ, જળ, શબ્દાદિ વિષયો, પ્રાણેન્દ્રિયો, મન, ચિત્ત, અહંકાર, સ્થૂળ, સૂક્ષ્મ એ સર્વ આપ છો તેમજ મન અને વચન વડે જે કંઈ નિરૂપણ કરવામાં આવ્યું છે તે બધું આપથી જુદું નથી ।।૪૮।।

આ ગુણો અને ગુણીઓ, બ્રહ્માદિ મહત્તત્વાદિ દેવતાઓ અને મનુષ્યો વગેરે આદિઅન્તવાળાં છે. હે મહાકીર્તિવાળા ઈશ્વર તેઓ આદિ અન્તરહિત આપના સ્વરૂપને જાણતા નથી. આમ વિચાર કરીને બુદ્ધિશાળી પુરુષો કેવળ આપને જ શરણે

આવી આપનું આરાધન કરે છે ।।૪૯।।

માટે હે પૂજ્યતમ! નમસ્કાર, સ્તુતિ, સર્વકર્મોનું સમર્પણ, સેવાપૂજા, ચરણકમલોનું સ્મરણ અને કથાશ્રવણ, આ છ અંગવાળી સેવા કર્યા વગર મનુષ્ય પરમહંસપ્રાપ્ત ભગવાનની ભક્તિ કેમ કરી શકે? મુક્તિ મળે નહિ અને સેવા વિના ભક્તિ કેમ સિદ્ધ થાય? આપ તો પોતાના પરમ પ્રિય ભક્તજનોનું, પરમહંસોનું સર્વસ્વ છો. તેથી મને આપની ભક્તિ આપો ।।૫૦।।

**નારદજી બોલ્યા :** આ પ્રમાણે ભક્ત પ્રહ્લાદજીએ ભક્તિથી નિર્ગુણ ભગવાનના ગુણોનું વર્ણન કર્યું તે પછી ક્રોધને નિયમમાં રાખી પ્રસન્ન થઈને નૃસિંહ ભગવાન્, પ્રણામ કરતા પ્રહ્લાદને આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૫૧।।

**શ્રીભગવાને કહ્યું :** પરમ કલ્યાણ સ્વરૂપ પ્રહ્લાદ તારું કલ્યાણ હો. દૈત્ય શ્રેષ્ઠ! હું તારાઉપર અત્યન્ત પ્રસન્ન છું, મરજીમાં આવે તે માગી લે, હું જીવોની ઈચ્છા પૂર્ણ કરનારો છું ।।૫૨।।

હે આયુષ્યમન્! જે મને પ્રસન્ન કરતો નથી તેને મારું દર્શન દુર્લભ છે. પરન્તુ મારું દર્શન થયા પછી પ્રાણી ફરી દુઃખી થતો નથી ।।૫૩।।

એથી કલ્યાણની કામનાવાળા મહાભાગ્યશાળી તથા સદ્ગુણી ધીર પુરુષો સર્વ સુખના સ્વામી એવા મને સર્વાત્મ ભાવવડે પ્રસન્ન કરે છે ।।૫૪।।

**એવં પ્રલોભ્યમાનોઽપિ વરૈર્લોકપ્રલોભનૈઃ ૠ।**
**એકાન્તિત્વાદ્ ભગવતિ નૈચ્છત્ તાનસુરોત્તમઃ ।।૫૫।।**

**નારદજી બોલ્યા :** આ પ્રમાણે લલચાવનારા વરદાનથી પ્રહ્લાદને બહુ લોભાવ્યો તો પણ એ અસુરશ્રેષ્ઠ પ્રહ્લાદ ભગવાનનો નિષ્કામ ભક્ત હોવાથી એણે વરદાન લેવાની ઈચ્છા કરી નહિ ।।૫૫।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (બીજા સદ્ગાસના પ્રકરણનો ચોથો) ''પ્રહ્લાદજી નૃસિંહજી પાસે જઈ નમ્યાં, નૃસિંહજી શાન્ત થયા ત્યારે એમની સ્તુતિ કરી'' નામનો નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

(હવેલી-મન્દિર ખોલીને ઠાકોરજીના દર્શન-મનોરથ-ભેટ-સામગ્રીના માધ્યમથી) પૈસા કમાવવા માટે સેવા કરનારનો આલોક-પરલોક સહિત સર્વનાશ થયો સમજવો. (શ્રીગુસાંઈજી, સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃતિ)

# અધ્યાય ૧૦

## શ્રીનૃહરિએ પ્રહ્લાદઉપર તથા ભગવાને ત્રિપુરને મારતા રુદ્ર ઉપર કરેલો અનુગ્રહ

**વિશેષ :** પ્રહ્લાદજી ઉપર પ્રભુએ અનુગ્રહ કર્યો અને પછી પોતે દર્શન દેતા બંધ થયા. ત્યારબાદ પ્રસંગથી ત્રિપુરાસુરને મારવામાં ભગવાને રુદ્રના ઉપર પણ અનુગ્રહ કર્યો; આટલી વાત આ દશમા અધ્યાયમાં આવે છે.

**ભક્તિયોગસ્ય તત્ સર્વમન્તરાયતયાર્ભકઃ ।।**
**મન્યમાનો હૃષીકેશં સ્મયમાન ઉવાચ હ ।।૧।।**

**નારદ બોલ્યા :** બાળક પ્રહ્લાદજીએ બધું ભક્તિયોગમાં અન્તરાયરૂપ છે એમ માન્યું તેથી એ જરા સ્મિત કરી ઇન્દ્રિયોના પ્રેરક ભગવાનને કહેવા લાગ્યા ।।૧।।

**પ્રહ્લાદજીએ કહ્યું :** હું જન્મથી જ કામાસક્ત છું તેવા મને આપ વરદાનવડે લોભાવો નહિ. હું એ ભોગાદિના સંગથી ડરું છું તેથી ઉદાસ થઈ મોક્ષની ઇચ્છાથી જ આપને શરણે આવ્યો છું ।।૨।।

હે પ્રભુ! કામના એ હૃદયની ગ્રન્થિરૂપ છે અને સંસારવૃક્ષના બીજરૂપ છે તે તરફ ભક્તને પ્રેરતા આપ સેવકનાં લક્ષણ મારામાં છે કે નહિ એની કસોટી કરવાની ઇચ્છાથી જ આપ મને વરદાન માગવા પ્રેરો છો ।।૩।।

હે જગદ્ગુરુ! પરીક્ષા સિવાય આવું કહેવામાં કોઈ કારણ દેખાતું નથી કારણ કે આપ બહુ જ દયાળુ છો. (પોતાના ભક્તોને ભોગોમાં ફસાવનાર વરદાન આપ કેવી રીતે આપી શકે?) આપની પાસે જે સેવક પોતાની કામનાઓ પૂર્ણ કરવા ચાહે છે તે સેવક નહિ પણ વાણિયો છે ।।૪।।

સ્વામીની પાસેથી આશા રાખનાર સેવક તે સેવક ન કહેવાય; ચાકર પાસેથી સેવા લઈને પછી એને દ્રવ્ય આપનાર એ સ્વામી પણ ન કહેવાય ।।૫।।

હું તો આપનો નિષ્કામ સેવક છું. આપ મારા નિરપેક્ષ સ્વામી છો. જેવી રીતે રાજા અને તેના નોકરોનો પ્રયોજનવશ સ્વામી-સેવકનો સમ્બન્ધ હોય છે તેવો આપનો અને મારો સમ્બન્ધ નથી ।।૬।।

છતાં હે વરદાતાઓના શિરોમણિ સ્વામી! જો આપ મને વરદાન આપવા માગતાજ હો તોહુંએ માગું છું કે મારા હૃદયમાં કામનાનો અંકુર ફૂટેજનહિ ।।૭।।

કારણ કે હૃદયમાં કામના ઉત્પન્ન થતાં જ ઈન્દ્રિય, મન, પ્રાણ, દેહ, ધર્મ, ધૈર્ય, બુદ્ધિ, લજ્જા, લક્ષ્મી, તેજ, સ્મૃતિ તથા સત્ય નાશ પામે છે ।।૮।।

જ્યારે મનુષ્ય મનમાં રહેલી કામના છોડે છે ત્યારે જ, હે કમલનયન! તે ભગવત્સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે ।।૯।।

હે ભગવન્! આપને નમસ્કાર હો. આપ બધાનાં હૃદયમાં બિરાજમાન, ઉદાર શિરોમણિ, સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છો. અદ્‌ભુત નૃસિંહરૂપધારી શ્રીહરિનાં ચરણોમાં પ્રણામ ।।૧૦।।

**શ્રીનૃસિંહ ભગવાને કહ્યું :** હે પ્રહ્‌લાદ! તારા જેવા અનન્ય ભક્તો આ લોક તેમજ પરલોક સમ્બન્ધી કોઈ પણ વસ્તુમાટે ક્યારેય પણ કામના કરતા નથી. તો પણ તું મારી પ્રસન્નતામાટે વધારે નહિ ફક્ત એક *મન્વન્તર સુધી દૈત્યેશ્વરના આ વૈભવનો ભોગ કર ।।૧૧।।

**વિશેષ :** એક મન્વન્તર=૭૧ ૩/૮ ચતુર્યુગી (ચોકડી)=૩૦, ૮૫, ૭૧, ૪૨૮ ૪/૭ વર્ષ થાય.

તારે મારી પ્રિય કથા સાંભળવી, સર્વના આત્મામાં રહેલા મને મનમાં રાખવો અને સર્વ ભૂતના આધિદૈવિક તેમજ ઈશ્વરરૂપ એવા મારું કર્મફળ છોડીને યજન કરવું ।।૧૨।।

ત્યારબાદ ભોગથી પુણ્યને, નિષ્કામ પુણ્ય કર્મોવડે પાપને અને સમય થયે શરીરને છોડીને સુરલોકમાં ગવાય તેવી પવિત્ર કીર્તિનો વિસ્તાર કરી તું બંધનથી મુક્ત થઈ મને પ્રાપ્ત થઈશ ।।૧૩।।

તેં કરેલી મારી આ સ્તુતિનું જે કોઈ કીર્તન કરશે અને સાથે મારું અને તારું સ્મરણ પણ કરશે તે સમય થતાં કર્મોના બંધનથી છૂટી જશે ।।૧૪।।

**પ્રહ્‌લાદજીએ કહ્યું :** આપ વરદાન આપનારાઓના સ્વામી છો. આપની પાસે હું એક વર માગું છું. હે મહેશ્વર! આપના ઐશ્વર્યરૂપ તેજને નહિ જાણનાર મારા પિતાએ આપની નિન્દા કરી અને સાક્ષાત્ સર્વલોકના ગુરુ એવા આપને ક્રોધમાં આવી ''આ મારા ભાઈને મારનાર છે'' એમ જાણી આપના ભક્ત એવા મારી સાથે વેરબુદ્ધિથી વર્તન કર્યું ।।૧૫-૧૬।।

હે દીનબન્ધુ! જો કે આપની દૃષ્ટિ પડતાં જ તે પવિત્ર થઈ ચૂક્યાં છતાં હું આપને પ્રાર્થના કરું છું કે જલદી નાશન થનારા તે દુસ્તર દોષમાંથી મુક્ત થઈ જઈ તે

પવિત્ર થઈજાય ।।૧૭।।

**શ્રીનૃસિંહ ભગવાને કહ્યું :** હે સાધો! કુળને પવિત્ર કરનાર તું એના કુળમાં જન્મ્યો છે તેથી તારા પિતા એકલા જ નહિ પણ એના આગળ-પાછળના દશ-દશ તથા તેઓ પોતે એમ એકવીસ પુરુષો પવિત્ર થયા એમ તું સમજી લે ।।૧૮।।

સમાન દષ્ટિવાળા મારા ભક્તો જ્યાં-જ્યાં શાન્ત અને શુદ્ધ આચારયુક્ત થઈને ફરે છે તે દેશ અપવિત્ર હોય તો પણ એ ભક્તોના પ્રચારથી પવિત્ર થાય છે. જો અતિઘોર વંશમાં મારો ભક્ત જન્મે તો એ વંશ પણ હલકો હોય છતાં પવિત્ર થાય છે ।।૧૯।।

હે દૈત્યેન્દ્ર! પ્રાણી માત્રમાં, નાના-મોટામાં મારો ભાવ રાખનાર અને નિઃસ્પૃહતાથી ફરતા ભક્તો કોઈની હિંસા કરતા જ નથી કેમકે એમ કરવાનું એમને પ્રયોજન નથી ।।૨૦।।

તારા પગલે ચાલનારા કેટલાક ભક્તો આ લોકમાં પણ છે, પરન્તુ એ સર્વ ભક્તોમાં તું મુખ્ય છે. એ બધા તારી ભક્તિનું અનુકરણ કરે એવા ગુણો તારામાં હોવાથી તું જ એ બધાના ઉપમાનરૂપ છે ।।૨૧।।

હે અંગ! મારા સ્પર્શથી તારો પિતા પવિત્ર થઈ ચૂક્યો છે તેની ઉત્તર ક્રિયા કર. તારા પિતા તારા જેવા પુત્રને લીધે ઉત્તમ લોકમાં જશે ।।૨૨।।

તું તારા પિતાના સ્થાન ઉપર બેસીને બ્રહ્મવાદીઓના કહ્યા પ્રમાણે મારામાં મન રાખી, ''હું જ મુખ્ય પ્રાપ્ય વસ્તુ છું'' એ નિશ્ચય કરી, હે તાત! તારે બધાં કામ કરવા ।।૨૩।।

**નારદજીએ કહ્યું :** ભગવાનની આજ્ઞાનુસાર પ્રહ્‌લાદજીએ પિતાની ઉત્તરક્રિયા કરી. પછી બ્રાહ્મણોએ એનો રાજ્યાભિષેક કર્યો. પછી એ એમની આજ્ઞા પ્રમાણે રાજ્યનું કામકાજ કરવા લાગ્યા ।।૨૪।।

પ્રસન્ન મુખવાળા શ્રીનૃસિંહજીને જોઈને દેવો અને ઋષિઓ સાથે બ્રહ્માજી પવિત્ર વાણીથી એમની સ્તુતિ કરીને કહેવાલાગ્યા।૨૫।

**બ્રહ્માજીએ કહ્યું :** હે દેવના દેવ! સર્વના અધ્યક્ષ! પ્રાણીમાત્રને ઉત્પન્ન કરનાર અને સર્વના પૂર્વજ આપે લોકોને ત્રાસ દેનાર અસુરને માર્યો એ ઘણા સૌભાગ્યની વાત છે ।।૨૬।।

એ દૈત્યે મારા ઉત્પન્ન કરેલા કોઈ પણ પ્રાણીથી તેનો વધ ન થાય એવું વરદાન

મારી પાસેથી મેળવી લીધું અને બળથી ગર્વિષ્ઠ થઈને એણે શાસ્ત્રની બધી મર્યાદાઓ છોડી દીધી ।।૨૭।।

એ પણ ઘણા સૌભાગ્યની વાત છે કે આ પુત્ર પ્રહ્લાદ એનો બાળક છતાં મોટો ભગવદ્ભક્ત થયો. એને આપે મૃત્યુના મુખમાંથી છોડાવી લીધો તેથી એ આપને શરણે આવ્યો છે ।।૨૮।।

હે ભગવન્! આપના નૃસિંહરૂપનું કોઈ ધ્યાન કરે તો મારવા આવતા મૃત્યુના ત્રાસથી પણ એ છોડાવે તેવું છે ।।૨૯।।

**શ્રીનૃસિંહજીએ કહ્યું** : હે પદ્મસમ્ભવ! અસુરોને તમારે આવું દાન ન આપવું. સ્વભાવથી જે ક્રૂર છે તેમને આપેલું વરદાન તો સાપને દૂધ પાવા જેવું છે ।।૩૦।।

**નારદજી બોલ્યા** : હે રાજન્! એમ બોલી ભગવાન્ હરિની બ્રહ્માએ પૂજા કરી કે ત્યાં જ તુરત સર્વના દેખતાં અન્તર્ધાન થઈ ગયા ।।૩૧।।

પછી મસ્તક નમાવી પ્રહ્લાદજીએ બ્રહ્માની પૂજા કરી. એણે ભગવાનની કલારૂપ બીજા દેવો તથા પ્રજાના પતિઓની સાથે શિવજીની પૂજા કરી તેમને મસ્તક નમાવી પ્રણામ કર્યા ।।૩૨।।

ત્યાં શુક્રાચાર્ય વગેરે મુનિઓની સમ્મતિથી બ્રહ્માજીએ પ્રહ્લાદજીને સમસ્ત દાનવ અને દૈત્યો ના અધિપતિ બનાવ્યા ।।૩૩।।

એ બધું થયું એને દેવોએ અભિનન્દન આપી શુભ આશીર્વાદ આપ્યા. હે રાજન્! બ્રહ્માદિ સહિત બીજા દેવોની પૂજા કર્યા પછી એ દેવો પોતપોતાના સ્થાન તરફ પધાર્યા ।।૩૪।।

એમ એ વિષ્ણુના પાર્ષદ જય અને વિજય દિતિના પુત્રરૂપે જન્મ લઈ હૃદયમાં રહેલા હરિ ભગવાનને વેરભાવથી ભજવાલાગ્યા ત્યારે ભગવાને વારાહ અને નૃસિંહરૂપ ધારણ કરી તેમનેમાર્યા ।।૩૫।।

ઋષિઓના શાપને લીધે ફરી એ બીજા જન્મમાં રાક્ષસકુળમાં કુમ્ભકર્ણ અને રાવણરૂપે જન્મ્યા ત્યારે શ્રીરામચન્દ્રજીએ માર્યા ।।૩૬।।

રામના બાણથી જેનાં હૃદ્ય ફાટી ગયાં છે તેવા એ બન્ને ભાઈઓએ યુદ્ધભૂમિમાં સૂતાં-સૂતાં રામમાં ચિત્ત રાખીને પૂર્વની જેમ દેહ છોડ્યો. આ એમના બીજા જન્મની વાત થઈ ।।૩૭।।

એ દેહને છોડીને ફરીને તેઓ આ યુગમાં શિશુપાલ અને દન્તવક્ત્ર થયા.

ભગવાન્‌માં વેરભાવ હોવાથી એ બન્ને તમારી સામે જ શ્રીકૃષ્ણમાં સમાઈ ગયા ।।૩૮।।

એ બન્ને ભગવચ્ચરણને પામ્યા એટલું જ નહિ પણ કૃષ્ણના વેરી રાજાઓ જેમણે ભગવાનની સાથે શત્રુતા કરેલી તે બધા જેમ કીડો ભમરીને યાદ કરી ભમરીરૂપ થઈ જાય છે તેમ, ભગવાનને યાદ કરતાં તદ્રૂપ થઈ જઈને પોતાનાં પૂર્વકૃત પાપોથી સદાને માટે મુક્ત થઈ ગયા ।।૩૯।।

જેમ ભગવાનના ભક્ત ભેદભાવ રહિત પરમભક્તિવડે એકરૂપ થઈ જાય છે તેમ શિશુપાલ વગેરે પણ ભગવાનના નિરન્તર વેરભાવયુક્ત અનન્ય ચિન્તનથી ભગવદ્ભાવને પ્રાપ્ત થયા ।।૪૦।।

શિશુપાલ વગેરે પણ ભગવાનનો દ્વેષ કરતા હતા છતાં એ ભગવદ્રૂપ કેમ થયા એ તમારો પ્રશ્ન હતો. મેં એનો વિસ્તારથી ઉત્તર આપી દીધો ।।૪૧।।

આ કથા બ્રાહ્મણનું સદાહિત કરનાર અને પરમાત્મા શ્રીકૃષ્ણની અવતાર કથા છે તેમાં આદિ દૈત્યો હિરણ્યાક્ષ એન હિરણ્યકશિપુનો વધ કહેવામાં આવ્યો છે ।।૪૨।।

આમાં મહાભક્ત પ્રહ્‌લાદનું અનુચરિત છે. ભક્તિ જ્ઞાન વૈરાગ્ય અને ભગવત્તત્ત્વ પણ આ આખ્યાનમાં કહેવામાં આવ્યુંછે।૪૩।

જગતનાં જન્મ, પાલન અને સ્વરૂપમાં લય જેનાથી થાય છે તેવા ભગવાનનાં ગુણકર્મોનું વર્ણન તથા દેવો અને દૈત્યો ના સ્થાનોના ફેરફાર આ બધું આ આખ્યાનમાં કહેવાયું ।।૪૪।।

જેનાથી ભગવાન્ મેળવી શકાય તેવા ભગવદ્ભક્તોના ધર્મો અને અધ્યાત્મ સમ્બન્ધમાં પણ બધી જાણવા જેવી વાતો આ આખ્યાનમાં કહેવાઈ ।।૪૫।।

આ આખ્યાન વિષ્ણુના પરાક્રમથી પૂર્ણ અને પવિત્ર છે. શ્રદ્ધાથી એનું જે કીર્તન કરે છે અને સાંભળે છે એ કર્મબંધનથી મુક્ત થાય છે ।।૪૬।।

આદિ પુરુષ એવા નૃસિંહજીની આ લીલા અને દૈત્યયૂથના પતિ હિરણ્યકશિપુનો વધ એ બે વસ્તુનો પ્રયત્નપૂર્વક મોઢેથી પાઠ કરે અને સત્પુરુષમાં શ્રેષ્ઠ દૈત્યપુત્ર પ્રહ્લાદજીના પવિત્ર અનુભવને સાંભળે તે નિર્ભય એવા ભગવાનના લોકને પામેછે ।।૪૭।।

લોકોને પવિત્ર કરનારા મુનિઓ તમારા ઘર તરફ ચોતરફથી આવે છે તેથી મનુષ્ય લોકમાં તમે મોટા ભાગ્યવાન્ છો કારણ કે તમારા ઘરમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ

પરબ્રહ્મ મનુષ્યનું રૂપ ધારણ કરીને ગુપ્ત રીતે બિરાજે છે ।।૪૮।।

એ શ્રીકૃષ્ણને તમે તમારા મામાના પુત્ર તરીકે માનો છો, પરન્તુ એ મોટાઓને શોધવા લાયક કૈવલ્ય મોક્ષરૂપ, સુખરૂપ, પ્રિય, સુહૃદ, આત્મા, પૂજ્ય અને હુકમ કરનાર છે એમ તમે જાણો ।।૪૯।।

એમનું રૂપ એવું છે કે શિવ બ્રહ્માદિ પણ પોતાની સમગ્ર બુદ્ધિથી વસ્તુરૂપે એમને સાક્ષાત્ વર્ણવી શકતા નથી. એ સ્વયં પ્રસન્ન થાય છે. અમારા જેવા તો મૌન રાખી ભક્તિ અને ઈન્દ્રિયનિગ્રહવડે એમની પૂજા કરે છે. એ ભક્તના પતિ આપ જ સ્વતઃ પ્રસન્ન હો ।।૫૦।।

હે યુધિષ્ઠિર! આ જ એક માત્ર આરાધ્ય દેવ છે. પ્રાચીન કાલમાં મહાન માયાવી મયાસુર જ્યારે રુદ્રદેવની કીર્તિમાં કલંક લગાડવા તૈયાર થયો હતો ત્યારે આ જ ભગવાન્ શ્રીકૃષ્ણે ફરી એમના યશની પ્રતિષ્ઠા અને વિસ્તાર કરેલ ।।૫૧।।

**રાજા બોલ્યા :** જગતના ઈશ શિવજીની કીર્તિને મયદાનવે કેવી રીતે નષ્ટ કરી હતી અને શ્રીકૃષ્ણ ભગવાને એની કીર્તિને કેવી રીતે વધારે હતી? એ કૃપા કરીને મને કહો ।।૫૨।।

**નારદજી બોલ્યા :** કૃષ્ણે વધારેલા દેવોએ રણસંગ્રામમાં અસુરોને હરાવ્યા ત્યારે માયાવીના આચાર્ય મયની પાસે એ બધા અસુર પહોંચી ગયા અને એની પાસે રક્ષણની માગણી કરી ।।૫૩।।

માયાવી મયે સોનાની, રૂપાની અને લોઢાની એમ ત્રણ નગરી બનાવી કેમકે એ માયામાં સમર્થ હતો. એ નગરીનો નાશ કેમ કરવો એ કોઈ જાણતું ન હતું એમ એને કોઈ જોઈ શકે તેવી નહોતી તેમજ કોઈને એની માહિતી પણ નહોતી ।।૫૪।।

એ ત્રણ નગરીમાં બેસી કોઈ જાણી ન શકે એમ છુપાઈને એ દૈત્ય સેનાપતિઓ પૂર્વ વેરનું સ્મરણ કરીને ત્રણ લોકનો નાશ કરવા લાગ્યા ।।૫૫।।

તેથી દેવપતિ ઈન્દ્ર સહિત બધા લોકપાલો અને પ્રજા શિવજી પાસે ગયા ને કહેવા લાગ્યા કે ''હે વિભો! અમે આપના છીએ, અમારું રક્ષણ કરો કેમકે ત્રિપુરમાં રહેનાર અસુરો અમારો નાશ કરી રહ્યા છે'' ।।૫૬।।

ત્યારે સમર્થ શિવજીએ દેવની વાણી સાંભળીને એમનાઉપર અનુગ્રહ કરી કહ્યું કે ભય ન પામશો.પછી એમણે ધનુષ્યમાં બાણ ચડાવી ત્રણે પુરઉપરછોડ્યું ।।૫૭।।

ત્યારે સૂર્યમંડળમાંથી નીકળતાં કિરણોની જેમ અગ્નિવર્ણવાળાં બાણ પડવા

લાગ્યાં તેનાથી પુરો ઢંકાઈ ગયા ॥૫૮॥

જેને-જેને બાણ વાગ્યાં તે બધા પ્રાણ છોડી નીચે ઢળી પડ્યા. મહામાયાવી મય ઘણા ઉપાયો જાણતો હતો તે એ દૈત્યોને ઉઠાવી લાવ્યો અને પોતે બનાવેલ અમૃતના કૂવામાં નાખી દીધા ॥૫૯॥

એ સિદ્ધ અમૃત રસનો સ્પર્શ થતાં જ એ મરેલા દૈત્યો, વજ્રસરખા દેહવાળા મોટા બળવાન્ મેઘને ફાડી વીજળી નીકળે તેમ એ અમૃતકુંડમાંથી બેઠા થઈ ગયા ॥૬૦॥

ભગવાન્ શ્રીકૃષ્ણે જોયું કે વૃષધ્વજ ભગવાન્ શિવજી તો ઉદાસ થઈ ગયા છે કેમકે પોતે એક બાણથી ઉડાવી દેવાનો સંકલ્પ કરેલો તેમાં કાંઈ બન્યું નહિ ત્યારે ભગવાન્ વિષ્ણુ ત્યાં આવી પહોંચ્યા અને મરેલા દૈત્યો પાછા પેદા ન થાય એનો ઉપાય એમણે શોધી કાઢ્યો ॥૬૧॥

બ્રહ્મા વત્સ થયા, વિષ્ણુ પોતે ગાય થયા. અને ત્રિપુરમાં આવ્યા અને લાગ મળ્યો ત્યારે જે રસના કૂવામાં અમૃત ભરેલું હતું તે પીવા લાગ્યા ॥૬૨॥

જો કે એના રખેવાળ દૈત્યો એ બન્નેને જોઈ રહ્યા હતાછતાં ભગવાનની માયાથી તેઓ એટલા બધા મોહિત થઈ ગયાહતા કે તેઓ તેમને અટકાવી ન શક્યાં. જ્યારે ઉપાયોના જાણકારોમાં શ્રેષ્ઠ માયાસુરને આ વાતની જાણ થઈ ત્યારે ભગવાનની આ લીલાને યાદ કરતાં એને કંઈ શોક ન થયો. શોક કરનારા અમૃતના રક્ષકોને તેણે કહ્યું, ''ભાઈ દેવતાં! અસુર, મનુષ્ય અથવા કોઈ પણ પ્રાણી પોતાનાં, બીજાનાં કે બન્નેનાં પ્રારબ્ધનાં વિધાનમાં ફેરફાર કરી શક્તો નથી. બનવાનું હતું તે બની ગયું. શોક કરવાથી શું સરવાનું છે?'' પછી તો ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાની શક્તિઓ દ્વારા ભગવાન્ શંકરના યુદ્ધની સામગ્રી તૈયાર કરી ॥૬૩-૬૫॥

આપે ધર્મથી રથ, જ્ઞાનથી સારથિ, વૈરાગ્યથી ધ્વજા, ઐશ્વર્યથી ઘોડા, તપસ્યાથી ધનુષ, વિદ્યાથી કવચ, ક્રિયાથી બાણ અને પોતાની બીજી શક્તિઓથી બીજી ઘણી વસ્તુઓનું નિર્માણ કર્યું ॥૬૬॥

આ સામગ્રીથી સજ્જથઈ ભગવાન્ શંકર રથ ઉપર સવાર થયા અને ધનુષ બાણ ધારણ કર્યાં. ભગવાન્ શંકરે અભિજિત મુહૂર્તમાં ધનુષ ઉપર બાણ ચડાવ્યું અને ત્રણેય દુર્ભેદ્ય વિમાનોને ભસ્મ કરી દીધાં. હે યુધિષ્ઠિર! એ જ વખતે આકાશમાં વિમાનની ભીડ થઈને વિમાનમાંથી દેવોના દુન્દુભિ વાગ્યાં ॥૬૭-૬૮॥

દેવો, ઋષિઓ, પિતૃઓ અને સિદ્ધેશો 'જય જય' ના નાદ કરતા શિવજી ઉપર પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા અને અપ્સરાઓ ગાન કરતી નાચવા લાગી ।।૬૯।।

એમ પુરનો નાશ કરનાર ભગવાન્ શિવજીએ ત્રિપુરારિ, પુરારિ વગેરે પદવીઓ પ્રાપ્ત કરી, બ્રહ્માદિ દેવોની સ્તુતિ સાંભળતા પોતાના ધામ; કૈલાસ પધાર્યા ।।૭૦।।

**એવંવિધાન્યસ્ય હરેઃ સ્વમાયયા વિડમ્બમાનસ્ય નૃલોકમાત્મનઃ ।।**
**વીર્યાણિ ગીતાન્યૃષિભિર્જગદ્‌ગુરોર્લોકાન્ પુનાનાન્યપરં વદામિ કિમ્।।૭૧।।**

આત્મસ્વરૂપ જગદ્‌ગુરુ ભગવાન્ શ્રીકૃષ્ણ આ પ્રમાણે પોતાની માયાથી મનુષ્યોના જેવી જણાતી જે લીલાઓ કરે છે તે અનેક લોકપાવન લીલાઓનું ગાન જ ઋષિઓ કર્યા કરે છે. હવે તમારે બીજાું શું સાંભળવું છે? ।।૭૧।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (બીજા સદ્વાસના પ્રકરણનો પાંચમો) ''શ્રીનૃહરિએ પ્રહ્‌લાદ ઉપર તથા ભગવાને ત્રિપુરને મારતા રુદ્રઉપર કરેલો અનુગ્રહ'' નામનો દશમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**
પારસમણિને વાટકે (=ભાગવત), ભટજી (કથાકાર) માગે ભીખ
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સે'જ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!!

# ત્રીજાું સદસદ્વાસના પ્રકરણ

## અધ્યાય ૧૧

## વર્ણધર્મો તથા સ્ત્રીઓના ધર્મ

**વિશેષ :** પ્રથમ દશ અધ્યાયવડે જ્ઞાન અને ભક્તિયોગ કહ્યો, હવે પાંચ અધ્યાયથી કર્મયોગ કહેવાય છે. તેમાં પ્રથમ મનુષ્યના ''સાધારણ ધર્મ'' કહેવામાં આવે છે. વિશેષે કરીને વર્ણાશ્રમધર્મ તેમજ સ્ત્રીઓના ધર્મ પણ આ અધ્યાયમાં કહેવામાં આવે છે.

**શ્રુત્વેહિતં સાધુસભાસભાજિતં મહત્તમાગ્રણ્ય ઉરુક્રમાત્મનઃ ।।**
**યુધિષ્ઠિરો દૈત્યપતેર્મુદા યુતઃ પપ્રચ્છ ભૂયસ્તનયં સ્વયંભુવઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : મોટાઓમાં મુખ્ય અને ભગવદ્રૂપ પ્રહ્લાદજીનું ચરિત્ર ભગવદ્ભકતોની સભામાં સન્માનિત છે, તે સાંભળીને યુધિષ્ઠિર બોલ્યાઃહે ભગવાન્! વર્ણ અને આશ્રમના આચારવાળો સનાતન ધર્મ સાંભળવાની ઈચ્છા રાખું છું કે જે ધર્મવડે મનુષ્ય પરમ પુરુષને મેળવે છે ।।૧-૨।।

આપ સાક્ષાત્ બ્રહ્માજીના પુત્ર છો એટલું જ નહિ, પરન્તુ બધા પુત્રોમાં તપ, યોગ અને સમાધિ વડે શ્રેષ્ઠ છો ।।૩।।

નારાયણ પરાયણ બ્રાહ્મણો ગુહ્ય ધર્મ જાણે છે એટલું જ નહિ પણ જેઓ તમારા જેવા દયાળુ, શાન્ત અને સજ્જન હોય છે તેઓ જેવા ધર્મો જાણે છે તેવા બીજા જાણતા હોતા નથી ।।૪।।

**નારદજીએ કહ્યું** :ભગવાન્ અજન્મા નારાયણને નમન કરી નારાયણના મુખથી સાંભળેલા ધર્મ લોકહિતને માટે હું કહીશ ।।૫।।।।

એ ભગવાન્ પોતાના અંશ નરની સાથે દક્ષની પુત્રી મૂર્તિમાં ધર્મથી પ્રકટ થઈને લોકના કલ્યાણને માટે બદરિકાશ્રમમાં તપ કરી રહ્યા છે ।।૬।।

હે યુધિષ્ઠિર! સર્વ વેદ સ્વરૂપ ભગવાન્ શ્રીહરિ એમનું તત્ત્વ જાણનારા મહર્ષિઓની સ્મૃતિઓ અને જેનાથી આત્મગ્લાનિ વિના આત્મપ્રસાદની પ્રાપ્તિ થાય તે કર્મ, ધર્મનું મૂલ છે ।।૭।।

*સત્ય, દયા, તપ, શૌચ, તિતિક્ષા (યોગ્ય અયોગ્યનો વિવેક), શમ, દમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, આર્જવ (સરલતા), સન્તોષ, સર્વ પ્રાણીમા સમભાવ, મહાત્માઓની સેવા, ધીરે-ધીરે સાંસારિક ભોગોની ચેષ્ટાથી નિવૃત્તિ, મનુષ્યના અભિમાન પૂર્ણ પ્રયત્નોનું ફલ ઊલટું આવે છે એવોવિચાર, મિથ્યા ભાષણ ન કરવું એ મૌન, આત્મા દેહાદિથી જાુદો છે એવું સતત ભાન, અન્નમાંથી બીજાં પ્રાણીઓ માટે યથાયોગ્ય ભાગ કાઢવો એમનામાં ખાસ કરીને મનુષ્યોમાં પોતાના આત્મા તથા ઈષ્ટદેવનો ભાવ, ભગવાન્ શ્રીકૃષ્ણનાં નામ, લીલા, ગુણ વગેરેનું શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, પૂજા, નમસ્કાર, દાસ્ય, સખ્ય તથા આત્મનિવેદન આ ત્રીસ ધર્મ એ સર્વ મનુષ્યનો પરમ ધર્મ છે; એના પાલનથી સર્વાત્મા પ્રભુ પ્રસન્ન થાય છે ।।૮-૧૨।।

**વિશેષ** : પ્રાણીઓનું હિત કરવું એ સત્ય, સ્વાર્થ છોડી પર દુઃખ દૂર કરવાની ઈચ્છાનું નામ દયા, વ્રતાદિ કરવાં એ તપ. સ્નાનાદિ બાહ્ય અને નિષ્કામત્વાદિ આન્તરશૌચ. ઠંડી, તાપ, વૃષ્ટિ

વગેરે સહન કરવું એનું નામ તિતિક્ષા. આન્તર ઇન્દ્રિયનો નિગ્રહ દમ, બહારની ઇન્દ્રિયનો નિગ્રહ શમ. લોભને છોડવો એત્યાગ.

હે ધર્મરાજ! જેમના વંશમાં અખંડરૂપથી સંસ્કાર થતા આવ્યા છે અને જેમને બ્રહ્માજીએ સંસ્કારને યોગ્ય સ્વીકાર કર્યા છે તેમને *દ્વિજ કહેવામાં આવે છે. જન્મ અને કર્મ થી શુદ્ધ દ્વિજોને માટે યજ્ઞ, અધ્યયન, દાન અને બ્રહ્મચર્ય વગેરે આશ્રમોના વિશેષ કર્મોનું વિધાન છે ।।૧૩।।

**વિશેષ :** સૃષ્ટિનાં આરમ્ભમાં બ્રહ્માજીએ જેને છન્દોથી ઉત્પન્ન કર્યા તેજ 'દ્વિજ' કહેવાય, બીજા ન કહેવાય, નહિ તો વિવાહસંસ્કાર શૂદ્રને પણ થાય છે તેથી એ દ્વિજ ગણાય. પણ એમ નથી તેથી **"અજો ય જગાદ"** એમ ક્હ્યું છે. **"તથા ચ શ્રુતિઃ, ગાયત્ર્યા બ્રહ્માણમસૃજત્ ત્રિષ્ઠુભા રાજન્યં જગત્યા વૈશ્યં, ન કેનચિચ્છૂદ્રમિતિ"** તેથી શૂદ્રને દ્વિજત્વ સમ્ભવતું નથી.

અધ્યયન (વિદ્યા ભણવી), અધ્યાપન (વિદ્યા ભણાવવી), દાન લેવું, દાન દેવું અને યજ્ઞ કરવા, કરાવવા-આ *છ કર્મ બ્રાહ્મણનાં છે. ક્ષત્રિયોએ દાન ન લેવું જોઈએ. પ્રજાની રક્ષા કરનાર ક્ષત્રિયનો જીવન નિર્વાહ બ્રાહ્મણ સિવાય બીજા બધા પાસેથી યથાયોગ્ય કર તથા દંડ આદિ દ્વારા થાય છે ।।૧૪।।

**વિશેષ :** ભણવું ભણાવવું, દાન દેવું લેવું, યજ્ઞ કરવો કરાવવો એ છ કર્મ બ્રાહ્મણનાં. અધ્યયન કરવું કરાવવું એ ક્ષત્રિય વૈશ્ય અને બ્રાહ્મણને સમાન છે. બીજાં ચાર એ ફક્ત બ્રાહ્મણને આજીવિકામાટે છે. ક્ષત્રિયોને બ્રાહ્મણ સિવાયના લોકો પાસેથી કર લેવો જકાત લેવી એ આજીવિકાનું સાધન છે. વૈશ્યે કૃષિ ગોરક્ષા વાણિજ્યાદિથી આજીવિકા ચલાવવી.

વૈશ્યે સદા બ્રાહ્મણ વંશના અનુયાયી રહી ગોરક્ષા, ખેતી અને વ્યાપાર દ્વારા પોતાનો નિર્વાહ ચલાવવો જોઈએ. શૂદ્રનો ધર્મ દ્વિજાતિઓની સેવા છે એની જીવિકાનો પ્રબન્ધ એનો માલિક છે ।।૧૫।।

બ્રાહ્મણમાટે જીવનનિર્વાહના સાધન ચાર પ્રકારનાં છેઃ*વાર્તા, શાલીન, યાયાવર અને શિલોઞ્છન. એમાં દરેક પાછળની વૃત્તિ દરેક આગલી કરતાં શ્રેષ્ઠ છે ।।૧૬।।

**વિશેષ : વાર્તા :** યજ્ઞ, અધ્યાપન વગેરે કરાવી ધન લેવું. **શાલીન :** વગર માગ્યે જે કંઈ મળી જાય તેનાથી નિર્વાહ કરવો. **યાયાવર :** રોજ ધાન્ય વગેરે માગી લાવવું. **શિલોઞ્છ :** ખેડૂત ખેતરમાંનો પાક લણી ઘરે લઈ જતો હોય ત્યારે પૃથ્વી ઉપર જે કણ પડ્યા રહી જાય છે તે શિલ અને બજારમાં પડેલા દાણાંને **'ઉછ'** કહે છે. આ શિલ અને ઉછ ને વીણીને પોતાનો

નિર્વાહ કરવો એ શિલોંછ વૃત્તિ છે.

નીચેનાં વણનો પુરુષ આપત્તિ કાલ સિવાય ઉપલા વર્ણની વૃત્તિ ન કરે. ક્ષત્રિય દાન લેવા સિવાય બ્રાહ્મણની બાકી પાંચેય વૃત્તિઓનું અવલમ્બન લઈ શકે છે. આપત્તિકાલમાં બધા બધી વૃત્તિનો સ્વીકાર કરી શકે છે ।।૧૭।।

ઋત, અમૃત, મૃત અને પ્રમૃત તથા સત્ય-અનૃતથી જીવિકા કરવી પણ શ્વાનવૃત્તિથી કોઈ દિવસ જીવિકા કરવી નહિ ।।૧૮।।

ખેતરમાં ઉપાડતાં વધેલા કે અનાજની દુકાન પાસે પડેલા કણ વીણી શિલોઞ્છ વૃત્તિ કરવી એ **'ઋત'** કહેવાય; વગર માગ્યું મળે એ શાલીન **'અમૃત'** કહેવાય; નિરન્તર માગ્યા કરવું અર્થાત્ યાયાવર એ **'મૃત'** કહેવાય; ખેતી વગેરેથી નિર્વાહ કરવો એ **'પ્રમૃત'** કહેવાય ।।૧૯।।

સત્ય અને અનૃત બન્ને જેમાં હોય તે **'વાણિજ્ય'** કહેવાય;આપણાથી નીચા વર્ણની નોકરી કરવી એ **'શ્વાનવૃત્તિ'** કહેવાય; બ્રાહ્મણ અને ક્ષત્રિય એ **'શ્વાનવૃત્તિને'** પ્રયત્નપૂર્વક છોડે કેમકે એ નિન્દ્ય છે. બ્રાહ્મણ સર્વ વેદમય છે જ્યારે ક્ષત્રિય (રાજા) સર્વ દેવમય છે ।।૨૦।।

શમ, દમ, તપ, શૌચ, સન્તોષ, ક્ષમા, સરલતા, જ્ઞાન, દયા, ભગવત્પરાયણતા અને સત્ય- આ બ્રાહ્મણનાં લક્ષણો છે ।।૨૧।।

યુદ્ધમાં ઉત્સાહ, વીરતા, ધૈર્ય, તેજસ્વિતા, ત્યાગ, મનોજય, ક્ષમા, બ્રાહ્મણો પ્રત્યે ભક્તિભાવ, અનુગ્રહ અને પ્રજા રક્ષણ આ ક્ષત્રિયનાં લક્ષણોછે ।।૨૨।।

દેવતા, ગુરુ અને ભગવાનના પ્રત્યે ભક્તિ, અર્થ, ધર્મ અને કામ આ ત્રણેય પુરુષાર્થોની રક્ષા કરવી, આસ્તિકતા, ઉદ્યોગશીલતા અને વ્યાવહારિક નિપુણતા એ વૈશ્યનાં લક્ષણ છે ।।૨૩।।

નમન કરવું, પવિત્રતા રાખવી, નિષ્કપટ રીતે માલિકની સેવા કરવી, મન્ત્ર વગરનો યાગ કરવો, ચોરી ન કરવી, સત્ય બોલવું, ગાય-બ્રાહ્મણની રક્ષા કરવી એ શૂદ્રોનાં લક્ષણ છે ।।૨૪।।

પતિને અનુકૂળ રહેવું, પતિએ કહેલા વ્રતને પાળવું, એની સેવા કરવી, પતિના સગાને અનુકૂળ રહેવું એ સ્ત્રીના મુખ્ય ધર્મ છે ।।૨૫।।

ઘરમાં બુહારી કરવી, એને લીપવું, ઘરના ઉપકરણને સાફ કરવાં, પોતે પણ સ્નાનાદિ શુદ્ધિ કરી વસ્ત્રાલંકારથી સૌભાગ્ય ચિહ્નયુકત રહેવું ।।૨૬।।

પતિની નાની-મોટી ઈચ્છાઓને સમયાનુસાર પૂર્ણ કરે. વિનય, ઈન્દ્રિય સંયમ, સત્ય અને પ્રિયવાકય થી પતિવ્રતા સ્ત્રીએ પ્રેમથી પતિની સેવા કરવી ।।૨૭।।
સન્તોષ રાખે, લોભ ન રાખે, ચતુરાઈ રાખી ધર્મને સમજી પ્રિય અને સત્ય ભાષણ કરે , પોતાના કાર્યમાં ગાફેલ ન રહે, પવિત્રતા રાખે, સ્નેહ રાખે, પતિ પતિત ન થાય ત્યાં સુધી છોડી ન દે. (પતિત થયેલ પતિને છોડી દે) ।।૨૮।।

લક્ષ્મીજીની પેઠે જે સ્ત્રી પોતાના પતિને ભગવદ્ભાવથી ભજે તે સ્ત્રી જેમ લક્ષ્મી વિષ્ણુ સાથે રહે છે તેમ, પોતાના પતિરૂપ ભગવાન્ સાથે ભગવાનના લોકમાં રહી આનન્દ કરેછે ।।૨૯।।

સંકર જાતિમાં એના કુળની વૃત્તિ હોય તો તે પ્રમાણે વર્તવું પણ ચોરી કે પાપ ન કરવાં. અન્ત્યજ ધોબી, નાઈ વગેરેએ એના કુળની વૃત્તિ કરવી ।।૩૦।।

હે રાજન્! મનુષ્યને સત્ત્વાદિ સ્વભાવથી જે-જે ધર્મ યુગયુગમાં કહ્યાં છે તે પ્રાયઃ આ લોક અને પરલોકમાં એનું શ્રેય કરનાર છે એમ વેદ જાણનાર કહે છે ।।૩૧।।

સત્ત્વાદિ સ્વભાવવડે માણસ પોતાની સ્વભાવિક આજીવિકા પ્રમાણે ચાલી સ્વધર્મનું પાલન કરે તો એ મનુષ્ય કાળે કરીને ગુણાતીત થઈ જાય છે ।।૩૨।।

હે મહારાજ! જેવી રીતે વારંવાર ખેતરમાં બી વાવવાથી ખેતર સ્વયં શક્તિહીન થઈ જાય છે અને એમાં અંકુર ઊગવાં બંધ થઈ જાય છે ત્યાં સુધી કે તેમાં વાવેલું બી પણ નાશ પામે છે એ જ પ્રમાણે આ ચિત્ત જે વાસનાઓનો ભંડાર છે, વિષયોનું અત્યન્ત સેવન કરવાથી સ્વયં જ કંટાળી જાય છે. પરન્તુ આમ થોડા ભોગોથી થતું નથી. જેવી રીતે એક એક ટીપું ઘી નાખવાથી આગ ઓલવાતી નથી પણ એકી સાથે ઘણું ઘી પડી જાય તો તે ઓલવાઈ જાય છે ।।૩૩-૩૪।।

**યસ્ય યલ્લક્ષણં પ્રોક્તં પુંસો વર્ણાભિવ્યઞ્જકમ્ ।।**
**યદન્યત્રાપિ દશ્યેત તત્ તેનૈવ વિનિર્દિશેત્ ।।૩૫।।**

જે પુરુષના વર્ણ બતાવનારાં જે લક્ષણ કહ્યાં છે તે જો બીજા વર્ણના માણસમાં પણ દેખાય તો તેને પણ તે જ વર્ણનો સમજવો જોઈએ ।।૩૫।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (ત્રીજા સદસદ્ભાસના પ્રકરણનો પહેલો)**
**''વર્ણધર્મો તથા સ્ત્રીઓના ધર્મ''**
**નામનો અગિયારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૨

## બ્રહ્મચારી તથા વાનપ્રસ્થોના ધર્મ

**વિશેષ :** બ્રહ્મચારી અને વાનપ્રસ્થના ધર્મ અને ચાર આશ્રમના સાધારણ કેટલાક ધર્મ આ બારમા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**બ્રહ્મચારી ગુરુકુલે વસન્દાન્તો ગુરોર્હિતમ્ ।।**
**આચરન્દાસવન્નીચો ગુરૌ સુદઢસૌહૃદઃ ।।૧।।**

**નારદજી કહે છે :** હે ધર્મરાજ! ગુરુકુલમાં રહેતા બ્રહ્મચારીએ ઈન્દ્રિયનો સંયમ કરી રહેવું, ગુરુનું હિત કરવું, દાસની પેઠે ગુરુ પાસે વર્તવું, ને દઢ સ્નેહ રાખવો ।।૧।।

સાયંકાલ અને પ્રાતઃકાલ ગુરુ, અગ્નિ, સૂર્ય દેવાધિદેવ પુરુષોત્તમની ઉપાસના કરે, એકાગ્રતાથી અને મૌન રાખી ગાયત્રીના જપ સાથે બન્ને સમય સન્ધ્યા કરે ।।૨।।

ગુરુજી બોલાવે ત્યારે એમની પાસેથી શિસ્તપૂર્વક વેદાધ્યયન કરવું. પાઠના પ્રારમ્ભ અને અન્તમાં ગુરુના ચરણમાં મસ્તક નમાવી પ્રણામ કરવા ।।૩।।

શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મેખલા, મૃગચર્મ, વસ્ત્ર, જટા, દંડ, કમંડલુ અને ઉપવીત ધારણ કરે અને હાથમાં દર્ભરાખે ।।૪।।

સાંજ સવાર ભિક્ષામાટે ફરે. જે ભિક્ષા આપે તે ગુરુને આપી દે. એમની આજ્ઞા મળ્યેથી ભોજન કરે. જો આજ્ઞા ન કરે તો ઉપવાસ કરી લે ।।૫।।

પોતાનું ચારિત્ર્ય રાખે, થોડું ખાય. પોતાના કામો કુશળતાથી કરે. શ્રદ્ધા રાખે. ઈન્દ્રિયો કાબૂમાં રાખે, સ્ત્રી અને સ્ત્રીઓને વશ રહેનારાઓની સાથે ખપ પૂરતો જ વ્યવહાર કરે ।।૬।।

જે ગૃહસ્થ નથી અને બ્રહ્મચર્યનું વ્રત જેણે લીધું છે તેણે સ્ત્રીસમ્બન્ધી તમામ ચર્ચાથી દૂર રહેવું. ઈન્દ્રિયો બહુ બલવાન છે. પ્રયત્નપૂર્વક સાધન કરનારાઓના મનને પણ તે ક્ષુબ્ધ કરી ખેંચી લે છે ।।૭।।

યુવાન બ્રહ્મચારીએ યુવતી ગુરુપત્નીઓ પાસે કેશ ઓળાવવા, શરીરે મર્દન કરાવવું, સ્નાન કરાવવું, ઉબટન લગાવડાવવું વગેરે કાર્ય ન કરાવવાં ।।૮।।

સ્ત્રીઓ આગ સમાન છે અને પુરુષ ઘીના ઘડા જેવો છે. એકાન્તમાં પોતાની પુત્રી સાથે પણ ન રહેવું જોઈએ. બીજા સમયમાં પણ સર્વ સમક્ષમાં કાર્યમાત્ર જેટલો

જ વ્યવહાર રાખવો ।।૯।।

જ્યાં સુધી આ જીવ આત્મસાક્ષાત્કાર દ્વારા આ દેહ અને ઈન્દ્રિયોને પ્રતીતિમાત્ર નિશ્ચય કરીને સ્વતન્ત્ર નથી થઈ જતો ત્યાં સુધી ''હું પુરુષ છું અને આ સ્ત્રી છે'' આ દ્વૈત નથી મટતું અને ત્યાં સુધી એ પણ નક્કી છે કે એવા પુરુષો જો સ્ત્રીના સંસર્ગમાં રહેશે તો તેમની તેમાં ભોગ્ય બુદ્ધિ થઈ જ જશે ।।૧૦।।

આ બધા શીલ રક્ષા વગેરે ગુણ ગૃહસ્થ અને સન્ન્યાસીને પણ એટલા જ લાગુ પડે છે. ગૃહસ્થને માટે ગુરુકુલમાં રહીને ગુરુસેવા કરવી કે નહિ એ તેની ઈચ્છાનો વિષય છે કારણ કે ઋતુગમનને કારણે તેને ત્યાંથી અલગ પણ થવું પડે છે ।।૧૧।।

જે બ્રહ્મચર્યનું વ્રત લે તે આંખ ન આંજે, તેલ ન લગાવે તેમજ ઉબટન પણ ન વાપરે. સ્ત્રીને કે એના ચિત્રને જોવું નહિ. માંસ અને મદ્યની પોતાના ઉપર છાયા પણ ન પડવા દે, ફૂલોના હાર, અત્તર, ફૂલેલ, ચન્દન અને આભૂષણોનો ત્યાગ કરવો ।।૧૨।।

આ પ્રમાણે ગુરુકુલમાં નિવાસ કરી દ્વિજાતિએ પોતાની શક્તિ અને આવશ્યકતા અનુસાર વેદ, તેનાં અંગ, શિક્ષા, કલ્પ આદિ અને ઉપનિષદોનું અધ્યયન તથા જ્ઞાન પ્રાપ્તિ કરવું જોઈએ. ।।૧૩।।

એનો અર્થ સમજ્યા પછી જો શક્તિ હોય તો ગુરુની આજ્ઞા પ્રમાણે ગુરુને ઈચ્છિત દક્ષિણા આપી પોતાને ઘેર જવું અથવા વનમાં જવું અથવા સન્ન્યાસી થવું અથવા નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરી ગુરુને ત્યાં જ રહેવું ।।૧૪।।

જો કે ભગવાન્ સ્વરૂપથી સર્વત્ર એકરસ સ્થિત છે તેથી તેમનો કયાંય પ્રવેશ કરવો અથવા બહાર નીકળી જવું શકય નથી છતાં પણ અગ્નિ, ગુરુ, આત્મા અને સમસ્ત પ્રાણીઓમાં પોતાના આશ્રિત જીવોની સાથે તે વિશેષ રૂપે બિરાજમાન છે. સદા તેવી દૃષ્ટિ રાખી પ્રભુનું ચિન્તન કરવું ।।૧૫।।

બ્રહ્મચારી વાનપ્રસ્થ સન્ન્યાસી અને ગૃહસ્થ ઉપર પ્રમાણે વર્તન કરે તો તે વિજ્ઞાન સમ્પન્ન થઈ પરબ્રહ્મને મેળવે છે ।।૧૬।।

હવે હું તમને મુનિઓએ માન્ય કરેલા વાનપ્રસ્થના નિયમ કહું છું. એ નિયમોનું પાલન કરવાથી મુનિ વિના મહેનતે મહર્લોકમાં પહોંચે છે ।।૧૭।।

વાનપ્રસ્થ આશ્રમીએ હળ ચલાવીને ઉત્પન્ન કરાતાં અનાજ જેવા કે ચોખા, ઘઉં વગેરે ખાવાં નહિ. હળ ચલાવ્યા વગર પણ અસમયમાં પાકેલું હોય તો તે પણ ન

ખાવું, અગ્નિથી રાંધેલું અથવા કાચું અન્ન પણ ન ખાય. માત્ર સૂર્યના તાપથી પાકેલાં કન્દ, મૂલ, ફલ આદિનું સેવનકરે ।।૧૮।।

જંગલોમાં પોતાની મેળે ઉત્પન્ન થયેલાં ધાન્યથી નિત્યનૈમિત્તિક ચરુ અને પુરોડાશનું હવન કરે જ્યારે નવાં-નવાં અન્ન, ફલ, ફૂલ આદિ મળતાં થાય ત્યારે પહેલાં એકત્રિત કરેલા અન્નનો ત્યાગ કરી દે ।।૧૯।।

ઘર પર્ણકૂટિ અથવા પહાડની ગુફાનો આશ્રય પણ તે અગ્નિહોત્રના અગ્નિને જાળવી રાખવા પૂરતોજ લે, સ્વયં ઠંડી, વાયુ, અગ્નિ, વરસાદ અને સૂર્યનો તાપ વગેરે સહનકરે ।।૨૦।।

શિર પર જટા, રોમ, દાઢી, મૂછ, નખ વગેરે વધવા દેવાં. શરીરના મેલને પણ રહેવા દેવો. દંડ, કમંડલુ, મૃગચર્મ, વલ્કલ, વસ્ત્ર અને અગ્નિહોત્રની સામગ્રી પોતાની પાસે રાખે ।।૨૧।।

આવી રીતે બાર, આઠ, ચાર, બે કે એક વર્ષ વનમાં ફરવું; વધારે પડતી ઉગ્ર તપસ્યાના કલેશથી બુદ્ધિ બગડી ન જાય તેનું વિચારવાન્ પુરુષે ધ્યાન રાખવું ।।૨૨।।

જ્યારે વૃદ્ધાવસ્થાથી કે રોગથી પોતાનાં કર્મ કરવાને અશકત થાય અને વેદાન્ત વિચાર કરવાનું પણ સામર્થ્ય ન રહે ત્યારે અનશન આદિ વ્રત કરે ।।૨૩।।

પછી અગ્નિને આત્મામાં દાખલ કરી ''હું ને મારું'' એ ભાવો છોડી દઈ જે જેમાંથી થયું હોય તેનો તેના કારણમાં લય કરે ।।૨૪।।

જિતેન્દ્રિય પુરુષ પોતાના શરીરના છિદ્રના આકાશનો આકાશમાં, પ્રાણોનો વાયુમાં, ગરમીનો અગ્નિમાં, રક્ત, કફ, પરુ આદિ જલતત્ત્વોનો જલમાં અને અસ્થિ (હાડકાં) આદિ કઠણ વસ્તુઓનો (પૃથ્વીનો) પૃથ્વીમાં લય કરે ।।૨૫।।

વાણી તથા એના કર્મરૂપ બોલવાનો અગ્નિમાં, હાથ તથા કર્મશિલ્પનો ઈન્દ્રમાં, પગનો તથા એના કર્મરૂપ ગતિનો વિષ્ણુમાં, ઉપસ્થ તથા એના કર્મ રતિનો પ્રજાપતિમાં લય કરવો ।।૨૬।।

પાયુ તથા એના કર્મ મળત્યાગનો મૃત્યુમાં, કર્ણેન્દ્રિય તથા એના કર્મ શબ્દોનો દિશામાં ત્વચા તથા એના કર્મ સ્પર્શનો વાયુમાં લય કરવો ।।૨૭।।

હે રાજન્! નેત્ર તથા એના કર્મ રૂપનો તેજમાં, જિહ્વા તથા વરુણનો રસરૂપ જલમાં, ઘ્રાણેન્દ્રિય અને એના વિષયોનો ગન્ધવાળી પૃથ્વીમાં લય કરવો ।।૨૮।।

મન તથા મનોરથો નો ચન્દ્રમામાં, સમજમાં આવતા પદાર્થો સહિત બુદ્ધિનો બ્રહ્મામાં તથા અહન્તા અને મમતારૂપ ક્રિયા કરનાર અહંકારને તેના કર્મોની સાથે રુદ્રમાં લીન કરી દે. આ જ પ્રમાણે ચેતના સહિત ચિત્તને ક્ષેત્રજ્ઞ (જીવ)માં અને ગુણોને લીધે વિકારી જેવા જણાતા જીવને પરબ્રહ્મમાં લીન કરીદે ।।૨૯।।

પૃથ્વીનો જલમાં, જલનો તેજમાં, તેજનો વાયુમા, વાયુનો આકાશમાં, આકાશનો અહંકારમાં, અહંકારનો મહત્તત્ત્વમાં, મહત્તત્ત્વનો પ્રકૃતિમાં અને પ્રકૃતિનો અવિનાશી પરમાત્મામાં લય કરવો ।।૩૦।।

**ઇત્યક્ષરતયાઽઽત્માનં ચિન્માત્રમવશેષિતમ્ ।।**
**જ્ઞાત્વાદ્વયોઽથ વિરમેદ્ દગ્ધયોનિરિવાનલઃ ।।૩૧।।**

આ પ્રમાણે અવિનાશી પરમાત્માના રૂપમાં બાકી બચેલ જે ચિદ્વસ્તુ છે તે આત્મા છે તે હું છું-એમ જાણી અદ્વિતીય ભાવમાં સ્થિતિ કરવી જેવી રીતે પોતાનો આશ્રય કાષ્ઠ વગેરે ભસ્મ થઈ જતાં અગ્નિ શાન્ત થઈજઈ પોતાના સ્વરૂપમાં સ્થિત થઈ જાયછે ।।૩૧।।

**ઇતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (ત્રીજા સદસદ્વાસના પ્રકરણનો બીજો) ''બ્રહ્મચારી તથા વાનપ્રસ્થોના ધર્મ'' નામનો બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આપણે પુષ્ટિભક્તિને લજાવીએ છીએ જો:**
-અન્યના સેવ્યસ્વરૂપના સેવા-મનોરથોમાટે ભેટ-સામગ્રી આપીએ છીએ
-(હવેલી-મન્દિર વગેરેમાંથી)દેવદ્રવ્યનો પ્રસાદ લઈએ છીએ
-પ્રભુસેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી સ્વીકારીએ છીએ

# અધ્યાય ૧૩
# સન્ન્યાસીના તથા સિદ્ધ પુરુષોના ધર્મ

**વિશેષ :** યતિના તથા સિદ્ધ લોકોના ધર્મ કહેવા ઉપરાન્ત અવધૂતનો ઇતિહાસ આપીને સિદ્ધની અવસ્થાનું વર્ણન આ તેરમા અધ્યાયમાં આવે છે.

**કલ્પસ્ત્વેવં પરિત્યજ્ય દેહમાત્રાવશેષિતઃ ।।**

**ગ્રામૈકરાત્રવિધિના નિરપેક્ષશ્ચરેન્ મહીમ્ ।।૧।।**

**નારદજી બોલ્યા** : હે ધર્મરાજ! વાનપ્રસ્થીમાં જો બ્રહ્મ વિષે વિચાર કરવાનું સામર્થ્ય હોય તો શરીર સિવાય તમામ વસ્તુને છોડી દઈને તે સન્ન્યાસ લઈ લે તથા કોઈ પણ વ્યક્તિ, વસ્તુ, સ્થાન અને સમયની અપેક્ષા રાખ્યા વિના એક ગામમાં એક જ રાત રહેવાનો નિયમ કરી પૃથ્વી પર ફર્યા કરે ।।૧।।

જો એ કપડું પહેરવાનો વિચાર રાખે તો ગુહ્યભાગને ઢાંકવા પૂરતું જ રાખે; દંડ તથા બીજા સન્ન્યાસનાં ચિહ્ન તરીકે વપરાતા પદાર્થો સિવાય છોડેલી વસ્તુમાંથી કોઈ પણ વસ્તુનો આપત્તિના સમય વગર સંગ્રહ કરવો નહિ ।।૨।।

પોતાના આત્માની સાથે રમતો કોઈના આશ્રય વગરના સર્વ પ્રાણીનો મિત્ર થઈને શાન્ત તથા ભગવત્પરાયણ થઈને એ એકલો ફર્યા કરે ।।૩।।

કાર્યકારણથી પર એવા આત્માને વિશે આ જગતને જાુએ કાર્યકારણાત્મક આ જગતમાં પરમાત્માને સર્વત્ર જાુએ ।।૪।।

સાંજ સવાર આત્માનું અનુસન્ધાન કરી પોતાની ગતિનો વિચાર કરે અને બંધ તથા મોક્ષ બન્ને કેવલ માયા છે, વસ્તુતઃ કંઈ નથી એમ સમજે ।।૫।।

મૃત્યુ નિશ્ચિત છે તેને વખાણે નહિ, જીવન અસ્થિર છે તેને પણ વખાણે કે નિંદે નહિ પરન્તુજે કાળથી પ્રાણીનાં જન્મ-મરણ થાય છે તેની પ્રતીક્ષા કરે ।।૬।।

અસત્ શાસ્ત્રમાં આસકત થાય નહિ કોઈ પણ ધંધાથી જીવિકા ચલાવે નહિ, વાદ-વિવાદમાં તર્ક કરે નહિ અને આગ્રહથીકોઈ પણ પક્ષ લઈને લડે નહિ ।।૭।।

ઘણા શિષ્યો કરે નહિ, બહુ ગ્રન્થનો અભ્યાસ ન કરે, ગ્રન્થોની વ્યાખ્યા કરી તેનો વિસ્તાર ન કરે, આશ્રમ બાંધી એનો માલિક ન બને કેમકે એમ કરતાં કોઈનું ભલું-બૂરું કરવાનો પ્રસંગ આવેછે ।।૮।।

જો શાન્ત, સમદર્શી અને મહાત્મા સન્ન્યાસીને આશ્રમના ધર્મોની ઈચ્છા હોય તો એ આશ્રમ રાખે અને ઈચ્છા ન હોય તો છોડે; એમ કરવામાં એને કોઈ વાંધો નથી ।।૯।।

એની પાસે કોઈ આશ્રમનાં ચિહ્ન ન હોય પણ આત્માનુસન્ધાનમાં મનને વશ રાખીને વ્યાખ્યાનમાં સમર્થ છતાં પોતે ઉન્મત્ત અને બાળક ની પેઠે જ્ઞાની હોવા છતાં પોતાને મૂંગા જેવો દેખાડી, લોકમાં છૂપો ફર્યા કરે ।।૧૦।।

આ વિષયમાં લોકો પ્રહ્લાદ તથા દત્તાત્રેય મુનિના સંવાદવાળો એક જૂનો

ઈતિહાસ ઉદાહરણ તરીકે કહે છે ।।૧૧।।

સહ્યાદ્રિના શિખર નજીક કાવેરીના તીરે પૃથ્વી ઉપર એ મુનિ સૂતા હતા. એમના શરીરે રજ લાગી હતી. પોતાનું આત્મતેજ મલિનતાથી છુપાઈ ગયું હતું ।।૧૨।।

લોકતત્ત્વ જાણવાની ઈચ્છાથી ફરતા ભગવાનના કૃપાપાત્ર પ્રહ્લાદજી અમાત્યો સાથે એ જગ્યા ઉપર આવ્યા ।।૧૩।।

વર્ણ કે આશ્રમના ચિહ્ન ઉપરથી કે એનાં કર્મ અને વાણી થી કોઈ એમને જાણી શકે એમ ન હોવાથી ''આ અમુક છે'' એમ લોકો કહી શકે એમ ન હતું ।।૧૪।।

ભગવાનના પરમ પ્રેમી ભકત પ્રહ્લાદજીએ એમની વિધિપૂર્વક પૂજા કરી, મસ્તકવડે એમના ચરણોનો સ્પર્શ કરી જાણવાની ઈચ્છાથી મહાભગવદ્ભકત અસુર પ્રહ્લાદજી એમને પૂછવા લાગ્યા ।।૧૫।।

''હે ભગવન્! આપનું શરીર ઉદ્યોગી અને ભોગી પુરુષોના જેવું હૃષ્ટપુષ્ટ છે. સંસારનો નિયમ છે કે પૈસો તો ઉદ્યોગવાળાને મળે છે. પૈસાવાળો ભોગ ભોગવી શકે છે અને એવા ભોગ ભોગવનારનું શરીર સ્થૂળ હોય છે ।।૧૬।।

આપ તો સૂતા રહ્યા છો તેથી ઉદ્યોગ વગરના દેખાઓ છે. આપને દ્રવ્ય ન હોય તો ભોગ કયાંથી જ હોય? અને જો આપ ભોગી ન હો તો આ આપનો દેહ સ્થૂળ છે તે કેમ સમ્ભવે? આ બાબતમાં મને સંદેહ છે. એને ઉત્તર આપવાનું આપને યોગ્ય લાગે તો, હે બ્રહ્મન્! આપ આપો ।।૧૭।।

આપ વિદ્વાન્ છો, સમર્થ છો, ચતુર છો. આપની વાતો ઘણી વિચિત્ર અને પ્રિય લાગે એવી હોય છે, લોકો કર્મ કરે છે તેને જોવા છતાં આપ કાંઈ ન કરતાં સૂતા છો તેથી હું આ પૂછું છું'' ।।૧૮।।

**નારદજી બોલ્યા** : એમ જ્યારે દૈત્યરાજ પ્રહ્લાદજીએ મુનિને પૂછ્યું ત્યારે એમની અમૃતરૂપ વાણીને વશ થઈ એમણે જરા મન્દહાસ્ય કર્યું અને એમને ઉત્તર આપવો શરૂ કર્યો ।।૧૯।।

**દત્તાત્રેયજીએ કહ્યું** : હે દૈત્યરાજ! બધા શ્રેષ્ઠ પુરુષો તમારું સન્માન કરે છે. મનુષ્યોની કર્મોની પ્રવૃત્તિ અને નિવૃત્તિ નું શું ફળ મળે છે. તે વાત તમે તમારી જ્ઞાન દૃષ્ટિથી જાણો જ છો ।।૨૦।।

તમારી અનન્ય ભક્તિને લીધે તમારા હૃદયમાં નારાયણ ભગવાન્ સદા બિરાજે છે, ભગવાન્ હરિ શુદ્ધ ભકિતવડે જેમ સૂર્ય અન્ધકારને મટાડે તેમ તમારા હૃદયમાં

બિરાજી તમારા હૃદયના અજ્ઞાનને દૂર કરતાં રહે છે ।।૨૧।।

તો પણ તમે મને પૂછો છો તો મેં જેવું જાણ્યું છે તેવું જણાવું છું એનું કારણ એટલું જ છે કે આત્મ શુદ્ધિની ઈચ્છાવાળાને માટે પણ તમે સન્માનને પાત્ર છો. એવા તમારા જેવાની સાથેની વાતથી મોટો લાભ મળે છે ।।૨૨।।

તમે મને પૂછ્યું કે લોક પ્રવૃત્તિ કરે છે ત્યારે હું કેમ સૂતો છું. એના ઉત્તરમાં કહેવાનું કે સંસારને ચલાવનારી તૃષ્ણા છે તે ઈચ્છાનુસાર ભોગો મળવા છતાં પૂર્ણ થતી નથી. એ તૃષ્ણાએ મને પણ પ્રવૃત્તિ કરાવેલી; અને ઘણા જન્માદિ પણ લેવડાવ્યા ।।૨૩।।

કર્મોનો ભમાવ્યો અનેક યોનિમાં ભમતો-ભમતો હું આ મનુષ્ય યોનિમાં મારા કર્મોથી આવી પહોંચ્યો. એમાં પણ કર્મોના પ્રભાવથી મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો. જો એ જન્મમાં પુણ્ય કરે તો સ્વર્ગ, નિષ્કામ ધર્મ કરે તો જ્ઞાનાદિ દ્વારા મોક્ષ, ને અધર્મ કરે તો પશુયોનિ પ્રાપ્ત થાય; અને બીજા પ્રકારના કર્મ કરે તો ફરી મનુષ્ય યોનિ મળે એવા આ લોકમાં હું આવ્યોછું ।।૨૪।।

આ મનુષ્યજન્મમાં પણ સ્ત્રી-પુરુષ સુખ મેળવવાનો ને દુઃખ ટાળવાનો યત્ન કરે છે છતાં એમાં વિપરીત ફળ મળે છે એવું જોઈને હું કાર્યથી નિવૃત્ત થયો છું ।।૨૫।।

સુખ એ આત્માનું સ્વરૂપજ છે. સમસ્ત ચેષ્ટાઓની નિવૃત્તિ થતાં એ સુખ સ્વતઃ પ્રકાશ પામે છે. તેથી તમામ ભોગોને મનોરાજ્ય માની હું જાતે નિવૃત્ત થઈ પ્રારબ્ધ ભોગવતો ઉદ્યોગ છોડી સૂતોછું ।।૨૬।।

એ આત્મારૂપ સાક્ષાત્ પુરુષ પોતાને માટે પોતાની પાસે જ રહેલ છે. એને ભૂલીને પુરુષ અસત્ય એવા દ્વૈતભાવમાં વિચિત્ર અને ઘોર સંસારને પ્રાપ્ત થાય છે ।।૨૭।।

જેમ પાણી પીવાની ઈચ્છાવાળો પુરુષ જળની શોધ કરવા જાય અને શેવાળથી ઢંકાયેલા જળને છોડીને ઝાંઝવાંનાં જળ તરફ દોડે તો એનાથી એને તૃપ્તિ થતી નથી તેમ પોતાની પાસે રહેલા આત્માને સુખરૂપ નહિ જાણી સુખની શોધ કરે તેને એ સુખ મળતું નથી પણ ક્લેશ થાય છે ।।૨૮।।

દેહાદિ બધું આપણે અધીન નથી પણ દૈવાધીન છે. દેહવડે સુખને શોધનારના વારંવાર આરંભેલા પ્રયત્નો નિષ્ફળ જાય છે ।।૨૯।।

સુધી કદાચ માણસને પ્રયત્નથી ધન કે સુખ મળે તો પણ એનાથી એને શો લાભ થાય? ।।૩૦।।

જેનું મન વશ નથી, જે લોભિયો છે કોઈ પૈસા લઈ જશે એવી શંકાથી નિદ્રાનો ત્યાગ કરનાર છે, સર્વથી શંકાશીલ છે તેવા પુરુષને પૈસાથી ક્લેશ વિના બીજો લાભ શો છે? ।।૩૧।।

પૈસાવાળાને ''રાજા તો મારા પૈસા લઈ નહિ લે?'' એવી શંકાથી રાજાનો ભય રહે છે; ''હાથી, ઘોડા વેગરેના નિર્વાહમાં પૈસા ખવાઈ તો નહિ જાય?'' એમ એને પશુથી ભય રહે છે; ''પક્ષી ખેતરમાં પાકને ખાઈ તો નહિ જાય?'' એમ એને પક્ષીનો ભય રહે છે; ''હમેશાં પૈસો ભોગમાં વપરાશે તો કાળે કરીન નાશ પામશે'' એમ કાળથી ભય રહે છે; ''કોઈને આપેલું ધન ભુલાઈ જશે કે ભોગમાં વ્યય થઈ જશે તો ધન નહીં રહે'' એવો પોતાની જાતનો પણ ભય રહે છે; અર્થવાળાને પ્રાણ જવાનો પણ ભય રહે છે ।।૩૨।।

શોક, મોહ, ભય, ક્રોધ, રાગ, નપુંસકપણું, શ્રમ વગેરેનું મૂળ પ્રાણ અને અર્થ છે. પ્રાણવાળા અને પૈસાવાળા ને શોકાદિ થાય છે માટે ડાહ્યો પુરુષ પ્રાણ અને અર્થ ની સ્પૃહા છોડી દે ।।૩૩।।

આ લોકમાં મને મધમાખી અને અજગર એ બે ગુરુ મળ્યા; તે બન્નેથી મેં વૈરાગ્ય અને સન્તોષ મેળવ્યાં ।।૩૪।।

એમાં સર્વ કામના પ્રત્યે વૈરાગ્ય હું મધમાખી પાસેથી શીખ્યો. મધમાખીનું દ્રવ્ય મધ છે. તે મધ, મધમાખીને ઉડાડીને બીજો જ લઈ જાય છે તેમ ધનવાળાને મારી એનું ધન બીજો લઈ જાય છે ।।૩૫।।

અજગર કાંઈ પણ ધંધો નથી કરતો, જે કાંઈ મળે એનાથી સન્તોષ પામે છે તેમ હું પણ કાંઈ ન કરતાં જે મને મળે તેમાં સન્તોષ માનું છું. જો કાંઈ ન મળે તો હું અજગરની જેમ ઘણા વખત સુધી ધૈર્ય ધારણ કરી સૂતો રહું છું ।।૩૬।।

કોઈ વાર બહુ, કોઈ વાર થોડું, કયારેક સ્વાદિષ્ટ તો કયારેક નીરસ-બેસ્વાદ અન્ન હું જમું છું. કયારેક ઘણા પૌષ્ટિક ગુણવાળું તો કયારેક એવા ગુણ વગરનું જમું છું ।।૩૭।।

કવચિત્ શ્રદ્ધાથી આપેલું, તો કવચિત્ માન વગર મેળવેલું, કવચિત્ દિવસે, તો કવચિત્ રાત્રે અને કવચિત્ દૈવઇચ્છાથી મળે ત્યારે લઉં છું ।।૩૮।।

મને મારા પ્રારબ્ધ ભોગમાં જ સન્તોષ છે; તેથી કયારેક રેશમી વસ્ત્ર, સુતરાઉ, મૃગચર્મ, ચીથરાં, ઝાડની છાલ, જે કાંઈ આવી મળે તે પહેરી લઉં છું ।।૩૯।।

કયારેક પૃથ્વી ઉપર ઘાસ, પાંદડાં, પથ્થર કે રાખના ઢગલા ઉપર પડ્યો રહું છું તો કયારેક બીજાની ઈચ્છાથી મોટા મહેલમાં પલંગ ઉપર મોટી તળાઈ ઉપર સૂઈ લઉં છું ।।૪૦।।

હે દૈત્યરાજ! કવચિત્ સ્નાન અને ચન્દન વગેરેનું લેપન કરું છું. સુન્દર વસ્ત્ર, માળા અને ઘરેણાં પહેરી રથ હાથી ઘોડા ઉપર સવારી કરું છું. કયારેક ભૂતની પેઠે નાગો ફરુંછું ।।૪૧।।

સ્વાભાવથી જે વિષયતાવાળા લોકને હું નિન્દતો નથી તેમ વખાણતો પણ નથી પણ એ બધું પરમાત્માની સાથે ઐક્ય થાય અને તેઓનું કલ્યાણ થાય એમ ઈચ્છું છું ।।૪૨।।

સત્યનું અનુસન્ધાન કરનારો મનુષ્ય નાના પ્રકારના પદાર્થ અને તેમના ભેદ-વિભેદ દેખાઈ રહ્યા છે તેમનો મનની વૃત્તિમાં હોમ કરી દે ચિત્તવૃત્તિનો હોમ આ પદાર્થના સમ્બન્ધમાં વિવિધ ભ્રમ ઉત્પન્ન કરવાવાળા મનમાં કરી દે. મનનો હોમ સાત્ત્વિક અહંકારમાં કરી દે અને સાત્ત્વિક અહંકારનો હોમ મહત્તત્ત્વદ્વારા માયામાં કરી દે. આ પ્રમાણે આ બધા ભેદ-વિભેદ અને એમનું કારણ માયા જ છે એવો નિશ્ચય કરી એ માયાને આત્માનુભૂતિમાં સ્વાહા કરી દે. આ પ્રમાણે આત્મ સાક્ષાત્કારદ્વારા આત્મસ્વરૂપમાં સ્થિતિ કરી નિષ્ક્રિય અને ઉપરત થઈ જાય ।।૪૩-૪૪।।

લોકશાસ્ત્રથી જુદું એવું આ મારું વ્રત ઘણું ગુપ્ત હતું છતાં ભગવત્પરાયણ એવા તમે પૂછયું તેથી મેં કહ્યું ।।૪૫।।

**ધર્મં પારમહંસ્યં વૈ મુનેઃ શ્રુત્વા સુરેશ્વરઃ ।।**
**પૂજયિત્વા તતઃ પ્રીત આમન્ત્ર્ય પ્રયયૌ ગૃહમ્ ।।૪૬।।**

**નારદજીએ કહ્યું :** અસુરેશ્વર! પરમ હંસોના ધર્મને દત્તાત્રેય મુનિ પાસેથી સાંભળીને પ્રસન્ન થયા પછી એમની પૂજા કરીને એમની વિદાય લઈને પ્રહ્લાદજી પોતાના ઘર તરફ ગયા ।।૪૬।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (ત્રીજા સદસદ્વાસના પ્રકરણનો ત્રીજો) ''સન્ન્યાસીના તથા સિદ્ધ પુરુષોના ધર્મો'' નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૪
## ગૃહસ્થોને મોક્ષ આપનાર ધર્મોનું વર્ણન

**વિશેષ** : દેશ અને કાલ ના ભેદથી કરે તો વિશેષ મોક્ષને આપનારા ગૃહસ્થોના ધર્મ છે તે આ ચૌદમા અધ્યાયમાં કહેવામાં આવ્યા છે.

**ગૃહસ્થ એતાં પદવીં વિધિના યેન ચાઞ્જસા ।।**
**યાતિ દેવઋષે બ્રૂહિ માદશો ગૃહમૂઢધીઃ ।।૧।।**

**યુધિષ્ઠિરે કહ્યું** : હે દેવર્ષિ! મારા જેવો મૂઢબુદ્ધિવાળો ગૃહસ્થાશ્રમી ગૃહમાં જ હોય તે મોક્ષની પદવીને જલદી પ્રાપ્ત કરી શકે એવો રસ્તો બતાવો ।।૧।।

**નારદજી બોલ્યા** : હે રાજન્! ગૃહસ્થ ઘરમાં રહેતો હોય છતાં ગૃહસ્થનાં કર્મ કરતો એ કર્મનાં ફળને એ વાસુદેવ ભગવાન્માં અર્પણ કરી મહામુનિઓની સેવા કરે ।।૨।।

નિરન્તર ભગવાનની કથારૂપી અમૃતને સાંભળે. એમાં શ્રદ્ધા રાખી વિરક્ત પુરુષોની સાથે રહે ।।૩।।

જેમ સ્વપ્નમાંથી જાગ્યા પછી અને એ મિથ્યા સમજી સ્વપનમાં જોયેલી વસ્તુમાંથી મમતા છોડી દે છે તેમ સત્સંગ કરતો-કરતો ધીરે-ધીરે શરીર, સ્રી, પુત્રાદિને અન્તે છોડવા પડશે જ એમ જાણી એમાંની આસક્તિ સ્વયં છોડી દે।।૪।।

બુદ્ધિમાન્ પુરુષ શરીર તથા ઘરનો જેટલો ઉપયોગ હોય તેટલો જ કરે; ગૃહાદિમાં વૈરાગ્ય રાખ્યા છતાં રાગી પુરુષની પેઠે ઘરના કામમાં પુરુષાર્થ બતાવે।।૫।।

જ્ઞાતિજનો, પિતૃ આદિ મોટાઓ, પુત્ર આદિ નાનાઓ, ભાઈઓ, મિત્રો અને બીજાઓ જે-જે કહે તથા ઈચ્છા કરે તેમાં પોતે મમતા ન રાખતાં બધાને અનુમોદન આપે ।।૬।।

બધાને અનુમોદન આપતાં વિત્તનાશનો ભય ન રાખવો કેમકે વૃષ્ટિથી થતાં ધાન્ય, પૃથ્વીમાંથી થતાં સુવર્ણ આદિ તથા અકસ્માત્ મળેલા ધનના, સર્વના કર્તા ભગવાન્ જ છે એમ જાણી મળે તેનો ઉપયોગ કરે. જેટલું દેહોપયોગી હોય તેટલામાં સ્વત્વ સ્વીકારે ।।૭।।

દૈવ ઈચ્છાથી વધારે મળે તો પણ એમાં અભિમાન ન રાખે. માણસે પોતાના પેટમાં ભરી શકાય તેટલામાં સ્વત્વ રાખવું એનાથી વધારેમાં અભિમાન કરે તે ચોર દંડને લાયક છે એમ જાણવું ।।૮।।

તેથી હરિણ, ઊંટ, ગધેડો, વાંદરો, ઉંદર, સર્પ, પક્ષી અને માખી વગેરેને પોતાના પુત્ર જેવાં ગણે કારણ કે જે ઉપર ગણાવ્યાં તેમાં અને પુત્રાદિકમાં શો ફેર છે? કાંઈપણ નથી ।।૯।।

દેશ કાળ અને ભગવદિચ્છા ને યોગ્ય જે મળે તે વડે ગૃહસ્થ, અતિ કષ્ટ ન પડે તેમ, ધર્મ, અર્થ અને કામનું સેવન કરે ।।૧૦।।

પોતાને જે ભોગ્ય છે તેમાંથી કૂતરાં અને પતિત તથા ચાંડાલ વગેરેનો ભાગ પાડે. બીજાું તો શું પણ જેમાં લોકોની *અહન્તા દઢ હોય છે તેવી પોતાની સ્ત્રીને પણ અતિથિની સેવા કરવાને મોકલે. (સ્ત્રીને યથાયોગ્ય સેવા કરવાને કહેલું તેથી અહીં અનિષ્ટ વ્યવહારનો સમ્બન્ધ ન સમજવો) ।।૧૧।।

**વિશેષ : ''સ આત્માનં દ્વેધાપાતયત્ પતિશ્ચ પત્ની ચાભવતામ્''** પહેલાં પુરુષાકાર આત્મા એક જ હતો. તેણે રમણ કરવાની ઈચ્છા કરી. જે રીતે પરસ્પર આલિંગિત સ્ત્રી પુરુષ હોય છે તેવું જ એનું પરિણામ આવ્યું; તેણે આ પોતાના દેહનાં બે ભાગ કરી નાખ્યા તેથી પતિ અને પત્ની થયાં તેથી આ શરીર **'અર્ધબૃગલ'** ના સમાન છે, દ્વિદલ કઠોળ ચણા વગેરેની બે ફાડની જેમ પુરુષ અને સ્ત્રી છે એક ફાડ (દલ) પુરુષ અને બીજી ફાડ સ્ત્રી. **'બૃગલ'**=દ્વિદલ કઠોળ **''બૃહદારણ્યક ઉપ. અ. ૧, બ્રા. ૪''** તેથી મૂળમાં **''નૃણામૈક્યભ્રમો યતઃ''** એમ કહ્યું છે.

જે સ્ત્રીને માટે માણસ પોતાના પ્રાણ આપી દે, મોટાઓને તેમજ પિતા વગેરને માટે તે સ્ત્રીમાં જેણે સ્વત્વ છોડ્યું તે અજિત ભગવાન્ પણ જીતી જાય છે ।।૧૨।।

અન્તે કૃમિ, વિષ્ઠા કે ભસ્મરૂપ થનારો દેહ કયાં અને દેહને માટે પ્રિય લાગતી સ્ત્રી કયાં અને આકાશની પેઠે વ્યાપક આત્મા કયાં એમઆત્મ અનાત્મ નો વિચાર કરી સ્ત્રી દેહાદિનો આગ્રહ છોડે ।।૧૩।।

યજ્ઞના ઉચ્છિષ્ટ, સિદ્ધ અન્નથી દેહ નિર્વાહ કરે. દેહને અનુપયોગી હોય તેમાં સ્વત્વ છોડે તો મોટાઓની ગતિને પ્રાપ્ત થાય ।।૧૪।।

વર્ણાશ્રમ વિહિત પોતાની વૃત્તિથી પ્રાપ્ત થયેલા દ્રવ્યથી દેવ, ઋષિ, પિતૃ, મનુષ્ય અને ભૂત તથા પોતાના આત્માનું પૂજન કરે. આમ કરવું એ એક જ પરમેશ્વરની ભિન્ન-ભિન્ન રૂપમાં આરાધના છે ।।૧૫।।

જો પોતાનો અધિકાર હોય અને યજ્ઞને લાયક સમ્પત્તિ હોય તો મોટા-મોટા યજ્ઞ યા અગ્નિહોત્ર આદિ દ્વારા ભગવાનની આરાધના કરે ।।૧૬।।

બ્રાહ્મણના મુખમાં હોમવાથી આ ભગવાન્ જેવા પ્રસન્ન થાય છે તેવા સર્વ

યજ્ઞના ભોકતા ભગવાન્ અગ્નિરૂપ મુખમાં હવિષના હોમવાથી પ્રસન્ન થતા નથી ।।૧૭।।

માટે બ્રાહ્મણ દેવ અને મનુષ્ય જેને જે લાયક હોય એવી રીતે તેનું યજન કરે. એમ કરવાથી અન્તર્યામી ભગવાન્ પ્રસન્ન થાય છે ।।૧૮।।

ભાદરવા માસના કૃષ્ણ પક્ષમાં દ્વિજ, દ્રવ્યની અનુકૂળતા પ્રમાણે માતા-પિતાનું શ્રાદ્ધ કરે, પૈસાની સગવડ હોય તો પિતાના સમ્બન્ધીઓ, પિતામહ, માતામહ આદિનાં પણ શ્રાદ્ધકરે ।।૧૯।।

એ સિવાય અયન (કર્ક અને મકર સંક્રાન્તિ), વિષુવ (તુલા અને મેષ સંક્રાન્તિ) વ્યતીપાત; દિનક્ષય, ચન્દ્રગ્રહણ યા સૂર્યગ્રહણ સમયે, દ્વાદશીના દિવસે, શ્રવણ, ધનિષ્ઠા અને અનુરાધા નક્ષત્રોમાં, વૈશાખ શુકલ તૃતીયા (અક્ષય તૃતીયા) કાર્તિક સુદિ નવમી (અક્ષય નવમી), માગશર, પોષ, માઘ અને ફાગણ આ ચાર મહિનાઓની અંધારી આઠમ, માઘ સુદિ સાતમ, માઘની મઘા નક્ષત્રવાળી પૂર્ણિમા અને પ્રત્યેક મહિનાની એ પૂર્ણિમા જે પોતાની માસ-નક્ષત્ર, ચિત્રા, વિશાખા, જયેષ્ઠા આદિ યુકત હોય ભલે ચન્દ્રમા પૂર્ણ હોય કે અપૂર્ણ; દ્વાદશીનું અનુરાધા, શ્રવણ, ઉત્તરાફાલ્ગુન, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદાની સાથે યોગ, એકાદશી તિથિનો ત્રણેય ઉત્તરા નક્ષત્રોથી યોગ અથવા જન્મનક્ષત્ર અથવા શ્રવણનક્ષત્ર નો યોગ, આ બધા દિવસો પિતૃગણોનું શ્રાદ્ધ કરવામાટે યોગ્ય અને શ્રેષ્ઠ છે. આ યોગ ફકત શ્રાદ્ધને માટે જ નહિ પણ બધાં પુણ્યકર્મોને માટે ઉપયોગી છે. એ કલ્યાણના સાધનમાટે ઉપયોગી અને શુભની અભિવૃદ્ધિ કરનારા છે. આ અવસરો ઉપર પૂરી શક્તિથી શુભકર્મ કરવાં જોઈએ. એમાંજ જીવનની સફલતા છે ।।૨૦-૨૪।।

ઉપર કહ્યા તે યોગોમાં સ્નાન, જપ, હોમ, વ્રતો, દેવ બ્રાહ્મણનું પૂજન, પિતૃ, દેવ, મનુષ્ય, ભૂત વગેરેને અપાય તેનું ફળ અક્ષય થઈ જાય છે ।।૨૫।।

હે યુધિષ્ઠિર! એ પ્રમાણે સ્ત્રીના પુંસવન આદિ, સન્તાનના જાતકર્મ આદિ તથા પોતાના યજ્ઞ દીક્ષા વગેરે સંસ્કારો વખતે, શબ દાહને દિવસે અથવા વાર્ષિક શ્રાદ્ધના નિમિત્તે અથવા બીજા માંગલિક કર્મોમાં દાન આદિ શુભ કર્મ કરવાં જોઈએ ।।૨૬।।

હવે હું એ સ્થાનોનું વર્ણન કરું છું જે ધર્મ આદિ કલ્યાણની પ્રાપ્તિ કરાવનારા છે. સૌથી પવિત્ર દેશ એ છે જ્યાં સત્પાત્ર મળી જાય ।।૨૭।।

જેમાં આ બધું ચર-અચર જગત્ સ્થિત છે તે ભગવાનની પ્રતિમા જે દેશમાં

બિરાજતી હોય, જ્યાં તપ, વિદ્યા અને દયા વગેરે ગુણો યુકત બ્રાહ્મણોના પરિવાર નિવાસ કરતા હોય, જ્યાં-જ્યાં ભગવાનની પૂજાનો પ્રવાહ ચાલુ રહેતો હોય (દા.ત. પાંડુરંગ શ્રીવિટ્ઠલનાથજી, શ્રીરંગજી, દ્વારિકાજી, જગન્નાથપુરી) અને પુરાણોમાં પ્રસિદ્ધ શ્રીયમુનાજી, શ્રીગંગાજી આદિ નદીઓ વહેતી હોય તે બધાં સ્થાન પરમ કલ્યાણકારક છે ।।૨૮-૨૯।।

પુષ્કર આદિ તળાવો, ભગવદ્ભકત રહ્યા હોય તેવાં ક્ષેત્ર, કુરુક્ષેત્ર, ગયા, પ્રયાગ, પુલહાશ્રમ (શાલગ્રામ ક્ષેત્ર) અને જ્યાં-જ્યાં ભગવાનના અર્ચાવતાર છે એ બધા જ દેશ અત્યન્ત પવિત્રછે ।।૩૦।।

નૈમિષારણ્ય, ફલ્ગુનદી, સેતુબન્ધ રામેશ્વર, પ્રભાસ, દ્વારકા, કાશી, મથુરા, પમ્પાસર, બિન્દુ સરોવર એ દેશ પવિત્ર ગણાય ।।૩૧।।

નારાયણનો આશ્રમ, બદરિકાશ્રમ, અલકનન્દા, ચિત્રકૂટ આદિ સીતા અને રામના આશ્રમો, મહેન્દ્ર, મલય વગેરે મોટા પર્વતો એ બધા ભગવાનની મૂર્તિથી પૂજાયેલા પવિત્ર દેશો છે ।।૩૨।।

શ્રેયની ઇચ્છાવાળો એ દેશોનું વારંવાર સેવન કરે. એ દેશોમાં જે ધર્મો કરે છે તેનું હજારોગણું વિશિષ્ટ ફલ મળેછે ।।૩૩।।

હે ધરાધીશ! પાત્રને જાણનારમાં શ્રેષ્ઠ વિદ્વાનોએ એકમાત્ર ભગવાનને સત્પાત્ર કહ્યા છે. આ ચર અને અચર જગત બધું જ ભગવન્મય છે ।।૩૪।।

જ્યાં બ્રહ્મા અને એમના પુત્રો, દેવો, ઋષિઓ વગેરે હતા ત્યાં પણ પ્રથમ પૂજાને લાયક કોણ એનો વિચાર તમારા પિતામહને યજ્ઞમાં થયો હતો ત્યારે શ્રીકૃષ્ણ પ્રથમ પૂજાને લાયક ઠર્યા હતા ।।૩૫।।

જીવોથી ભરેલા બ્રહ્માંડ કોશરૂપ વૃક્ષનું મૂળ ભગવાન્ છે. એ ભગવાન્રૂપી મૂળનું સિંચન કરવાથી પત્ર પુષ્પ ફળરૂપ સર્વ પ્રાણીને તૃપ્તિ થાય છે ।।૩૬।।

એમણે મનુષ્ય, પશુ-પક્ષી, ઋષિ અને દેવતા આદિનાં શરીર રૂપ પુરોની રચના કરી છે. તથા તેજ આ પુરોમાં જીવ રૂપથી શયન પણ કરે છે. તેથી જ આપનું એક નામ **'પુરુષ'** પણ છે ।।૩૭।।

હે યુધિષ્ઠિર! એકરસ રહેવા છતાં પણ ભગવાન્ આ મનુષ્ય આદિ શરીરોમાં તેમની વિભિન્નતાને લીધે ન્યૂનાધિક રૂપથી પ્રકાશમાન છે. તેથી પશુ-પક્ષી આદિ શરીરો કરતાં મનુષ્ય જ શ્રેષ્ઠ પાત્ર છે અને મનુષ્યોમાં પણ જેમાં ભગવાનના અંશ

તપ, યોગ વગેરે જેટલા અધિક હોય તે એટલોજ શ્રેષ્ઠ છે ।।૩૮।।

પ્રથમ ભગવાનનું મનુષ્યમાં પૂજન થતું પણ ત્રેતાયુગથી લોકમાં પરસ્પર અવજ્ઞા જોવામાં આવી તેથી મૂર્તિમાં શ્રદ્ધાથી કેટલાક પૂજા કરવા લાગ્યા ।।૩૯।।

પરન્તુ જો એ મૂર્તિમાં શ્રદ્ધાથી કેટલાક પૂજા કરે અને બીજાનો દ્વેષ કરે તો એ ઉપાસનાનું ફળ એને મળતું નથી ।।૪૦।।

હે રાજન્! પુરુષોમાં પણ બ્રાહ્મણને ખાસ સુપાત્ર જાણવો કેમકે એ તપ વિદ્યા અને સન્તોષઆદિ ગુણોથી ભગવાનના વેદરૂપ શરીરને ધારણ કરે છે ।।૪૧।।

**નન્વસ્ય બ્રાહ્મણા રાજન્ કૃષ્ણસ્ય જગદાત્મનઃ।**
**અનન્તઃ પાદરજસા ત્રિલોકીં દૈવતં મહત્ ।।૪૨।।**

હે મહારાજ! અમારી અને તમારી તો વાત જ શી, આ જે સર્વાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ છે એમના પણ ઈષ્ટદેવ બ્રાહ્મણ જ છે. કારણ કે એમના ચરણોની રજથી ત્રણેય લોક પવિત્ર થતા રહે છે ।।૪૨।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (ત્રીજા સદસદ્વાસના પ્રકરણનો ચોથો) ‘‘ગૃહસ્થોને મોક્ષ આપનાર ધર્મોનું વર્ણન’’ નામનો ચૌદમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઓ ભાઈ રે! તેં ભાગવત ભણીને શું કીધું?**
મારે જંતુ(શ્રોતા) અહિ(નાગ=કથાકાર) મણિ (ભાગવત)અજવાળે,
ત્યમ તેં ઉદર પોખી લીધું!!
પારસમણિનું પાત્ર (ભાગવત) પાણિમાં ઘેર-ઘેર ભિક્ષા માંગે!
જ્યાં લગી વસ્તુનું જ્ઞાન ના ત્યાં લગી દુઃખ-દારિદ્રય ના ભાંગે

# અધ્યાય ૧૫

## વર્ણાશ્રમના સારરૂપ ધર્મોનો સંગ્રહ તથા મોક્ષનું લક્ષણ

**વિશેષ :** સર્વ વર્ણ અને આશ્રમના ધર્મોનો સારરૂપ સંગ્રહ તથા મોક્ષનું લક્ષણ આ પંદરમાં અધ્યાયમાં કહેવામાં આવે છે.

**કર્મનિષ્ઠા દ્વિજાઃ કેચિત્ તપોનિષ્ઠા નૃપાપરે ।।**

**સ્વાધ્યાયેઽન્યે પ્રવચને યે કેચિજજ્ઞાનયોગયોઃ ।।૧।।**

**નારદજી બોલ્યા :** હે યુધિષ્ઠિર! કેટલાક બ્રાહ્મણોની નિષ્ઠા કર્મમાં, કેટલાકની તપસ્યામાં, કેટલાકની વેદોના સ્વાધ્યાય અને પ્રવચન માં કેટલાકની આત્મજ્ઞાન મેળવવામાં તથા કેટલાકની યોગમાં હોય છે ।।૧।।

કર્મનું અક્ષય ફળ પ્રાપ્ત કરવા ગૃહસ્થે શ્રાદ્ધ અને દેવપૂજાના પ્રસંગે જ્ઞાનનિષ્ઠ પુરુષને જ શ્રાદ્ધ નિમિત્તનું દાન કરવું. જ્ઞાનનિષ્ઠ બ્રાહ્મણ ન મળે તો યોગી, પ્રવચન કરનાર વગેરેને યથાયોગ્ય અને યથાક્રમ આપવું જોઈએ ।।૨।।

શ્રાદ્ધમાં બે બ્રાહ્મણ વિશ્વદેવના અને ત્રણ પિતૃના, અથવા તો દેવપિતૃ બન્નેમાં એક-એક બ્રાહ્મણને ભોજન કરાવવું. અત્યન્ત ધનવાન હોવા છતાં શ્રાદ્ધ કર્મમાં બહુ વિસ્તાર ન કરવો ।।૩।।

દેશ કાળને યોગ્ય શ્રાદ્ધ, દ્રવ્ય, પાત્ર, પૂજા, સાધન વગેરે વધારવાથી અને સ્વજનને આપવાથી બરાબર થઈ શકતાં નથી; (જેમકે જમાઈને કહ્યું તો એના ભાઈને કહેવું જોઈએ; વિદ્વાનને કહ્યું તો બીજાને કેમ છોડાય? આમ વિસ્તાર વધતાં શ્રાદ્ધનું સ્વરૂપ નષ્ટ થઈ જાય) ।।૪।।

યોગ્ય દેશ અને કાળ કહ્યા છે તેમાં મુનિનાં અન્ન સામા વગેરે ભગવાનને ધરીને શાસ્ત્રોક્ત વિધિથી સુપાત્રને ભોજન કરાવે તો એનું ફળ અક્ષય્ય થાય છે અને કામનાને પૂર્ણ કરે છે ।।૫।।

દેવો, ઋષિઓ, પિતૃઓ, પ્રાણીઓ, પોતે અને પોતાનાં સગાં એ બધાંને અન્ન વહેંચી આપવું અને એ બધાને ભવગદ્રૂપ જ જાણવાં ।।૬।।

ધર્મનું તત્ત્વ જાણનારે શ્રાદ્ધમાં બ્રાહ્મણને માંસ જમાડવું નહિ તેમજ પોતે પણ ખાવું નહિ. પિતૃઓ ઋષિમુનિઓને યોગ્ય હવિષ્યાન્નથી જેવા પ્રસન્ન થાય છે તેવા પશુ હિંસાથી પ્રસન્ન થતા નથી ।।૭।।

સદ્ધર્મને ઈચ્છનાર પુરુષ મન, કર્મ અને વચનથી કોઈ પણ પ્રાણીને કોઈ પ્રકારનું કષ્ટ ન પહોંચાડે એના જેવો કોઈ બીજો ધર્મ નથી ।।૮।।

કેટલાક જ્ઞાની પુરુષો યજ્ઞના ખરા સ્વરૂપને સમજીને કર્મમય યજ્ઞોનો આત્મ સંયમમાં પ્રજ્વલિત અગ્નિમાં હોમ કરી દે છે. કર્મો પરમાત્માના સ્વરૂપમાં અન્તરાયરૂપ હોવાથી તેઓ એનો ત્યાગ કરે છે કેમકે એ સ્વર્ગાદિ ફળની ઈચ્છા રાખતા નથી ।।૯।।

પશુ પુરોડાશ આદિ દ્રવ્યથી યજ્ઞ કરનારને જોઈને પ્રાણી ભય પામે છે કેમકે એ સમજે છે કે પ્રાણને પોષનાર આ યજમાન નિર્દય થઈને સ્વર્ગની લાલચે મન મારશે ।।૧૦।।

માટે ધર્મને જાણનાર દૈવેચ્છાથી મળેલ મુનિને અન્નવડે સન્તુષ્ટ કરી હંમેશાં નિત્ય નૈમિત્તિક કર્મ કર્યા કરે ।।૧૧।।

અધર્મરૂપી વૃક્ષને વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા અને છલ એવી પાંચ શાખાઓ છે. ધર્મને જાણનારે એ પાંચનો અધર્મના જેમ જ ત્યાગ કરી ધર્માચરણ કરવું ।।૧૨।।

જે કાર્યને ધર્મબુદ્ધિથી કરવા છતાં પોતાના ધર્મને બાધ આવે તે **વિધર્મ**; ક્ષત્રિયને કહેવામાં આવેલો ધર્મ બ્રાહ્મણને **પરધર્મ**; બીજાને છેતરવા પાખંડથી કરેલો ધર્મ **ઉપધર્મ અથવા ઉપમા** છે. શાસ્ત્રના વચનોનાં બીજા જ પ્રકારનો અર્થ કરી કરેલો ધર્મ **છલ** છે ।।૧૩।।

શાસ્ત્રે ન કહ્યું હોય છતાં પોતાનું મનમાન્યું કરવું એ ધર્માભાસ; આ પાંચ અધર્મના ભેદ દુઃખકારક છે. સાચો ધર્મ કોને શાન્તિ ન આપે? ।।૧૪।।

નિર્ધન મનુષ્ય હોય છતાં પોતાની આજીવિકા કે તીર્થાદિ માટે ધર્મ કરી દ્રવ્ય મેળવવાની ઇચ્છા ન રાખે. નિવૃત્તિવાળા પુરુષને અજગરની પેઠે નિવૃત્તિથી બધું મળી રહે છે ।।૧૫।।

સન્તોષી અને નિવૃત્તિવાળા ને જે સુખ મળે છે તેવું સુખ ધનની ઇચ્છાથી દિશાઓમાં દોડનારને મળતું નથી ।।૧૬।।

જેમ પગમાં જોડા પહેનારને કાંટા કાંકરાનું દુઃખ થતું નથી તેમ સન્તોષીને સર્વ દિશાઓ સુખમય હોય છે ।।૧૭।।

સન્તોષી માણસ જલ માત્રથી પણ ચલાવી લે છે જ્યારે તૃષ્ણાવાળો માણસ જિહ્વા અને ઉપસ્થને પોષવામાં દીન બની કૂતરા જેવું આચરણ કરેછે ।।૧૮।।

ઇન્દ્રિયની લાલસાને લીધે અસન્તોષી બ્રાહ્મણનાં તેજ, વિદ્યા, તપ અને યશ સ્રવી જાય છે. એનાથી જ્ઞાન પણ નષ્ટ થાય છે ।।૧૯।।

ભૂખ અને તરસ મટી જતાં ખાવાપીવાની કામનાનો અન્ત આવી જાય છે. ક્રોધ પણ પોતાનું કામ પૂરું કરી શાન્ત થઈ જાય છે. પરન્તુ મનુષ્ય પૃથ્વીની તમામ દિશાઓને જીતી લે અને ભોગવી લે તો પણ લોભનો અન્ત આવતો નથી ।।૨૦।।

હે રાજન્! બહુ જાણનાર અને સંશય ટાળનાર મોટા પંડિતો પણ અસન્તોષથી પતિત થઈ જાય છે અને નીચે પડે છે ।।૨૧।।

કામના થાય એવા સંકલ્પનો ત્યાગ કરી કામને, કામનાના ત્યાગથી ક્રોધને, ધનને અનર્થરૂપ જાણી લોભને તથા તત્ત્વનો વિચાર કરી ભયને જીતવો ।।૨૨।।

શોક અને મોહ ને આત્મવિદ્યાવડે જીતવાં; મોટાની સેવા કરીને દમ્ભને જીતવો, મૌનવડે યોગનાં વિઘ્નોને જીતવાં; કાયાની ચેષ્ટાને રોકીને હિંસાને જીતવી ।।૨૩।।

આધિભૌતિક દુઃખને દયાથી, આધિદૈવિક દુઃખને મનની સમાધિથી, આધ્યાત્મિક દુઃખને પ્રાણાયામાદિથી અને સાત્ત્વિક પદાર્થોના સેવનથી નિદ્રાને જીતવી ।।૨૪।।

સત્ત્વગુણવડે રજોગુણ તથા તમોગુણને જીતવો, શાન્તિવડે સત્ત્વગુણને જીતવો; ઉપર જીતવાના જે બધા ઉપાય કહેવામાં આવ્યા છે તે બધા એક ગુરુભક્તિ માત્રથી સાધક આ બધા દોષો ઉપર સુગમતાથી વિજય પ્રાપ્ત કરી શકે છે ।।૨૫।।

હૃદયમાં જ્ઞાનનો દીપક પ્રગટાવનાર ગુરુદેવ સાક્ષાત્ ભગવાન્જ છે. જે પુરુષ એને મનુષ્ય સમજે છેતેનું બધું શાસ્ત્ર શ્રવણ હાથીના સ્નાનની જેમ વ્યર્થછે ।।૨૬।।

શ્રીકૃષ્ણ પ્રકૃતિ અને પુરુષ ના સાક્ષાત્ ઈશ્વર છે. યોગેશ્વરો પણ સમાધિવડે એને જ શોધે છે. એવી જ રીતે ગુરુ પણ સાક્ષાત્ પરબ્રહ્મ હોવા છતાં લોકો એને માણસ જેવા માને છે ।।૨૭।।

શાસ્ત્રોમાં જેટલી પણ નિયમ સમ્બન્ધી આજ્ઞાઓ છે તેમનું એક માત્ર તાત્પર્ય એ જ છે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આ છ શત્રુઓ ઉપર વિજય મેળવી શકાય, અથવા પાંચ ઈન્દ્રિયો અને મન એ છ વશ થઈ જાય. આમ થવા છતાં જો એ નિયમોદ્વારા ભગવાનનું ધ્યાન, ચિન્તન, સ્મરણ ન થઈ શકે તો એને કેવળ શ્રમરૂપ જ સમજવો ।।૨૮।।

જેમ ખેતી વગેરે ઉદ્યમો યોગના ફળરૂપ મોક્ષને અપાવવાને સમર્થ નથી પણ એથી જીવન નિર્વાહ થાય છે તેમ વાવ, કૂવા, ધર્મશાળા બંધાવવી વગેરે ધર્મો સંસાર આપનાર છે, મોક્ષ આપવા સમર્થ નથી ।।૨૯।।

જે મનુષ્યને પોતાનું ચિત્ત વશ કરવું હોય તેણે આસક્તિ અને પરિગ્રહનો ત્યાગ કરી સન્ન્યાસ ગ્રહણ કરવો. એકાન્તમાં એકલો જ રહે અને ભિક્ષાવૃત્તિથી માત્ર

શરીર નિર્વાહ કરવા પૂરતું સ્વલ્પ આહાર કરે ।।૩૦।।

હે રાજન્! સરખી અને પવિત્ર જગ્યામાં પોતાનું આસન બિછાવી એની ઉપર સુખથી સરખી રીતે સ્થિરતાથી બેસી ૐકારનો જપ કરવો ।।૩૧।।

પછી પૂરક, કુમ્ભક અને રેચક વડે પ્રાણ અને અપાન ને પણ રોકવા અને પોતાના નાકના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ રાખી મન કામનાને છોડે ત્યાં સુધી એમ કરવું ।।૩૨।।

કામને વશ થયેલું મન જે-જે વિષયોને છોડે તેમાંથી એને અલગ કરી ડાહ્યા પુરુષે એને હૃદયમાં રોકવું ।।૩૩।।

એવો અભ્યાસ કરતાં-કરતાં થોડા જ વખતમાં યતિનું મન વિષય ન મળવાથી જેમ કાષ્ઠ ન મળતાં અગ્નિ શાન્ત થાય તેમ, શાન્ત થઈ જાય છે ।।૩૪।।

જ્યારે મન કામાદિથી વીંધાતું નથી અને એની બધી વૃત્તિઓ શાન્ત થઈ જાય છે ત્યારે એને બ્રહ્મ સુખનો સ્પર્શ થવાથી કોઈ કાળે એ ચિત્ત એમાંથી ઉખડતું નથી ।।૩૫।।

ધર્મ, અર્થ અને કામને વધારનાર ઘરમાંથી નીકળીને સન્ન્યાસી થયા પછી જો એ કામાદિનું સેવન કરે તોએ નિર્લજ્જઅને ઉલ્ટી-ઓકેલું ખાનારો છે ।।૩૬।।

પોતાનો દેહ મરણધર્મવાળો છે કૃમિ, વિષ્ટા અને ભસ્મરૂપે પરિણમે તેવો છે એવું જાણ્યા છતાં જે બીજા માણસો પાસે ફરી એ જ દેહની સ્તુતિ કરાવે છે તે અતિ દુષ્ટ છે એમ જાણવું ।।૩૭।।

ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં જો ગૃહસ્થ તેનાં કર્તવ્ય છોડી દે, બ્રહ્મચર્યાવસ્થામાં હોવા છતાં બ્રહ્મચારી પોતાની અવસ્થામાં વ્રત છોડે, તપસ્વી થઈને ગામમાં વસે અને સન્ન્યાસી થઈને ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિ રાખે તો એ ચારે આશ્રમવાળામાં અધમ ગણાય છે; એ તો કેવળ આશ્રમનો ડોળ કરનાર કહેવાય. એવાને માયામાં મોહિત થયેલો છે એમ જાણી દયા લાવી એની ઉપેક્ષા કરવી ।।૩૮-૩૯।।

જ્ઞાનવડે અન્તઃકરણને શુદ્ધ કરીને ભગવાનના સ્વરૂપને જાણી લે તો પછી કઈ ઈચ્છાથી કે કયા કારણથી એ દેહને પોષણ આપે? દેહને બહુ માન ન જ આપવું ।।૪૦।।

ઉપનિષદોમાં કહ્યું છે કે આ શરીર રથ છે, ઈન્દ્રિયો ઘોડા છે, ઈન્દ્રિયોનો સ્વામી

મન લગામ છે, શબ્દાદિ વિષયો રથને ચાલવાના માર્ગો છે, બુદ્ધિ સારથિ છે અને ચિત્ત જ ભગવાન્દ્વારા નિર્મિત મોટી રસ્સી (બંધન) છે ।।૪૧।।

દશા પ્રાણ ધરી છે, અધર્મ અને ધર્મ બે પૈડાં છે અને એમનો અભિમાની જીવ રથી છે, ૐકાર જ એ રથીનું ધનુષ છે, શુદ્ધ જીવાત્મા બાણ છે અને પરમાત્મા લક્ષ્ય છે. (આ ૐકારદ્વારા અન્તરાત્માને પરમાત્મામાં લીન કરી દેવો જોઈએ) ।।૪૨।।

રાગ, દ્વેષ, લોભ, શોક, મોહ, ભય, મદ, માન, અપમાન, બીજાના ગુણોમાં દોષ જોવા, છલ, કપટ, હિંસા, બીજાની ઉન્નતિ જોઈ દુઃખી થવું, તૃષ્ણા, પ્રમાદ, ભૂખ અને નિદ્રા આ બધા અને એવા જ બીજા જીવોના ઘણા-ઘણા *શત્રુઓ છે. એમાં રજોગુણ અને તમોગુણપ્રધાન વૃત્તિઓ વિશેષ પ્રમાણમાં છે. કયાંક-કયાંક કોઈ-કોઈ સત્ત્વગુણપ્રધાન પણ હોય છે ।।૪૩-૪૪।।

**વિશેષ :** સાધક કોઈ વાર તમોગુણ આવે અને એ કોઈને શાપાદિ આપે અથવા રજોગુણ વધતાં એ કોઈ વિષયમાં બંધાય તો એ એના માર્ગમાં વિઘ્નરૂપ થાય છે. તેમજ સત્ત્વગુણ વધતાં પરોપકાર આદિ કરવાનું મન કરે તો એ પોતાનું લક્ષ્ય ચૂકે છે તેથી તે-તે પ્રકૃતિઓને શત્રુરૂપ કહી છે.

જ્યાં સુધી ઈન્દ્રિયાદિ સામાનથી ભરેલો આ કાયારૂપી રથ પોતાને વશ હોય છે ત્યાં સુધી ભગવાનનો આશ્રય કરી ગુરુની સેવાથી સિદ્ધ કરેલી જ્ઞાનરૂપી તલવારથી કામાદિ શત્રુઓનો નાશ કરવો અને શાન્ત થઈ સ્વસ્વરૂપાનન્દથી પ્રસન્ન થઈ દેહાદિ સામગ્રીનો ત્યાગ કરવો ।।૪૫।।

અચ્યુતનો આશ્રય કર્યા વગર ઈન્દ્રિયોરૂપી બહિર્મુખ ઘોડા તથા બુદ્ધિરૂપી સારથિ ગાંડા બનીને વિમાર્ગે લઈ જાય છે અને વિષયરૂપી લુટારા એ રથને મૃત્યુના ભયવાળા ગાઢ અન્ધકારવાળા સંસારરૂપી મોટા કૂવામાં ફેંકી દે છે ।।૪૬।।

વેદે પ્રવૃત્તિ અને નિવૃત્તિ વાળાં બે પ્રકારનાં કર્મો કહ્યાં છે તેમાં પ્રવૃત્તિવાળાં કર્મ કરતાં મનુષ્ય જન્મમરણને પામે છે અને નિવૃત્તિવાળાં કર્મ કરવાથી મોક્ષને પ્રાપ્ત કરે છે ।।૪૭।।

હિંસાવાળાં શ્યેનયાગાદિ, દ્રવ્યમય કામનાવાળાં જેવા કે અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુયાગ અને સોમયજ્ઞ, વૈશ્વદેવ, બલિહરણ આદિ દ્રવ્યથી થતાં કર્મ 'ઈષ્ટ' કહેવાય છે. દેવમન્દિર, બાગબગીચા, કૂવા વગેરે બંધાવવા 'પૂર્તકર્મ' કહેવાય છે. આ બધાં પ્રવૃત્તિપરક કર્મ છે અને તે સકામભાવથી કરવામાં આવ્યાં હોય

ત્યારે અશાન્તિનું કારણ બને છે ।।૪૮-૪૯।।

પ્રવૃત્તિપરાયણ પુરુષ મર્યા પછી ચરુ, પુરોડાશાદિ યજ્ઞસમ્બન્ધી દ્રવ્યોના સૂક્ષ્મભાગથી બનેલું શરીર ધારણ કરી ધૂમાભિમાની દેવતાઓની પાસે જાય છે. પછી ક્રમશઃ રાત્રિ, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયન ના અભિમાની દેવતાઓની પાસે જઈ ચન્દ્રલોકમાં પહોંચે છે. ભોગ સમાપ્ત થતાં ત્યાંથી અમાવાસ્યાના ચન્દ્રમાની જેમ ક્ષીણ થઈ વૃષ્ટિદ્વારા ક્રમશઃ ઔષધિ, લતા, અન્ન અને વીર્ય ના રૂપમાં પરિણત થઈ પિતૃયાન માર્ગથી ફરી સંસારમાં જ જન્મ લે છે ।।૫૦-૫૧।।

હે યુધિષ્ઠિર! ગર્ભાધાનથી લઈને અન્ત્યેષ્ટિ પર્યન્ત સમ્પૂર્ણ સંસ્કાર જેના થાય છે તે 'દ્વિજ' કહેવાય છે. (એમાંથી કેટલાક પૂર્વોક્ત પ્રવૃત્તિમાર્ગનું અને કેટલાક હવે કહેવાનારા નિવૃત્તિમાર્ગનું અનુષ્ઠાન કરે છે) નિવૃત્તિ પરાયણ પુરુષ ઈષ્ટ, પૂર્ત વગેરે કર્મોથી થતા સમસ્ત યજ્ઞોને વિષયોનું જ્ઞાન કરાવનાર ઈન્દ્રિયોમાં હવન કરી દે છે ।।૫૨।।

એ ઈન્દ્રિયોને સંકલ્પ વિકલ્પવાળા મનમાં હોમે છે, વૈકારિક મનને પરા વાણીમાં હોમે છે, પરા વાણીને અક્ષર સમુદાયમાં, અક્ષર સમુદાયને ૐકારમાં, ૐકારને બિન્દુમાં, બિન્દુને નાદમાં, નાદને સૂત્રાત્મારૂપ પ્રાણમાં અને પ્રાણને પરબ્રહ્મમાં હોમે છે ।।૫૩।।

આ પ્રમાણે નિવૃત્તિ નિષ્ઠજ્ઞાની પુરુષ પ્રથમ અગ્નિ દેવતા પાસે જાય છે ત્યાંથી દિવસાભિમાનિની દેવતા પાસે, ત્યાંથી શુકલપક્ષાભિમાનિની દેવતા પાસે, ત્યાંથી ઉત્તરાભિમાનિની દેવતા પાસે અને ત્યાંથી બ્રહ્માજી પાસે જાય છે; ત્યાં બ્રહ્મ લોકના ભોગ ભોગવે છે. એ સ્થૂળ શરીરના અભિમાનવાળો અને વિશ્વનામધારી હોય છે. એ પોતાના શરીરને સૂક્ષ્મ ઉપાધિમાં હોમે છે અને તૈજસ નામવાળો થાય છે. પછી એ સૂક્ષ્મ શરીરનો કારણ શરીરમાં લય કરે છે અને એમાં લય કરીને કારણોપાધિવાળો પ્રાજ્ઞ થાય છે. પછી કારણ શરીરને વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ શરીરમાં વ્યાપક એવા સાક્ષી સ્વરૂપમાં લય કરીને ચતુર્થ થાય છે, અર્થાત્ દશ્ય પદાર્થોનો લોપ થતાં શુદ્ધ આત્મા રહે છે ।।૫૪।।

વૈદિક લોકો આ માર્ગને 'દેવયાન' કહે છે. પરમાત્માની ઉપાસના કરનાર ક્રમશઃ અર્ચિરાદિ માર્ગવડે શાન્તિ મેળવે છે અને પરમાત્મામાં સ્થિતિ કરે છે. આવો માણસ પાછો આ સંસારમાં આવતો નથી ।।૫૫।।

વેદે કહેલાં આ પિતૃયાન અને દેવયાન માર્ગને શાસ્ત્ર દૃષ્ટિથી જાણી લે તે આ લોકમાં રહેતો હોય છતાં મોહ પામતો નથી ।।૫૬।।

આ શરીરની પહેલાં, શરીરની પછી, બહાર, અંદર, ઉત્કૃષ્ટ, અપકૃષ્ટ, જાણવાનું સાધન, જાણવાનો પદાર્થ, તમસ અને પ્રકાશ એ બધું આ ભગવાન્ પોતે છે ।।૫૭।।

*ભગવાન્ બધું છે. એના અવતારોમાં આપણા જેવા શ્રીઅંગ એને પણ જોવામાં આવે છે. ભગવાન્માં દેહ, ઇન્દ્રિય વગેરે દેખાતું યથાર્થ નથી પણ આભાસ માત્ર છે ।।૫૮।।

**વિશેષ** : અબાધિત એ શ્લોકની ઘણી ટીકાઓમાં જુદાં-જુદા અર્થ આપેલાં છે. કોઈ એને 'આભાસ' તર્કથી વિરુદ્ધ હોવા છતાં વસ્તુરૂપે ઇન્દ્રિયના વિષયરૂપે દેખાય છે તેથી એ મિથ્યા છે એવો અર્થ કરે છે. આ ચાર શ્લોકમાં સર્વનું મિથ્યાત્વ બતાવ્યું છે તે નારદજીએ યુધિષ્ઠિરને વૈરાગ્ય થવા માટે કહ્યું છે. યુધિષ્ઠિરનો અધિકાર ઉત્તમ નથી. તેથી જો એને બધું મિથ્યા કહે તો એમાંથી એની મમતા છૂટી વૈરાગ્ય થાય. વસ્તુતઃ તો જે બધું દેખાય છે તે મિથ્યા નથી પણ ભગવદ્રૂપ છે. પંચમ સ્કન્ધમાં જડભરતે ''અયં જનો નામ'' ઇત્યાદિ શ્લોકમાં નાસ્તિકનો પરમાણુ પુંજવાદ રહૂગણને બતાવ્યો છે તે પણ વૈરાગ્યમાટે છે. આ વાત વિસ્તારથી જાણવી હોય તો અણુભાષ્યનાં પ્રકાશ અને રશ્મિ માં એનો વિસ્તાર છે. (જાુઓ વ્યાસસૂત્ર દ્વિતીયાધ્યાય દ્વિતીયપાદનો નાસતો દષ્ટત્વાત્ એ સૂત્રનો પ્રકાશ અને એનાં રશ્મિજી)

આ ભગવદ્ વિગ્રહમાં પાંચ ભૌતિકની છાયા નથી. જેમ એક વૃક્ષને ખેંચવાથી વન ખેંચાતું નથી તેમ દેહમાં એક અવયવને ખેંચવાથી અવયવીનું કર્ષણ થાય છે પણ તેથી સંઘાતભાવ ઘટતો નથી. એમાં વિકાર પણ સમ્ભવતો નથી. પરિણામ તો પ્રાકૃતનાં સમ્ભવે, ભગવાન્ તો અપ્રાકૃત છે ।।૫૯।।

સચ્ચિદાનન્દ વિગ્રહમાં ધાતુઓનો સમ્ભવ પણ નથી. ધારણ કરે તે 'ધાતુ' કહેવાય. એ ધાતુઓ મહાભૂત સૂક્ષ્મરૂપ શબ્દાદિ વિષયો વિના રહે નહિ. શબ્દાદિ અવયવ છે, આકાશાદિ અવયવી છે. એ ન હોવાથી અવયવો પણ ન જ હોય તેથી જ દેખાય છે તે મિથ્યા છે ।।૬૦।।

જેમ સ્વપન માત્ર સ્થિતિમાં યોગ્ય છે, યાણ એમાંથી જાગ્યા ત્યારે બધું ખોટું છે તેમ જેને અવિદ્યા ગઈ તેને અવિદ્યા, વિધિ અને નિષેધ એ બધું ખોટું છે. એ ન ગઈ હોય ત્યાં સુધી બધું સાચું છે. *એવી રીતે વિધિ નિષેધની વ્યવસ્થા છે ।।૬૧।।

**વિશેષ** : જાગ્રદાદિ ત્રણ અવસ્થા ન લે તો વસ્તુભેદબુદ્ધિ એક સ્વપ્ન, કર્મભેદબુદ્ધિ બીજું સ્વપન અને આ મેં કરેલા કર્મનો હું જ એકલો ભોગ કરું. મેં જ કર્મવડે આ ફળ મેળવ્યું છે એ જાતનો ત્રીજો ભેદ; એ ત્રણે ભેદને છોડી દે.

વિચારશીલ પુરુષ સ્વાનુભૂતિથી આત્માના ત્રણ પ્રકારનાં અદ્વૈતનો સાક્ષાત્કાર કરે છે. તે જાગ્રત, સ્વપન, સુષુપ્તિ અને દ્દષ્ટા, દર્શન તથા દશ્યના ભેદરૂપ સ્વપનને મિટાવી દે છે. આ અદ્વૈત ત્રણ પ્રકારનાં છેઃ ભાવાદ્વૈત, ક્રિયાદ્વૈત અને દ્રવ્યાદ્વૈત. (વસ્તુ-ભેદબુદ્ધિ એક સ્વપન, કર્મ-ભેદબુદ્ધિ બીજું સ્વપન, કર્મનો હું જ કર્તા છું અને મેં મારા કર્મવડે ફળ મેળવ્યું; એવી કર્તૃકર્મબુદ્ધિ એ ત્રીજું સ્વપન આ ત્રણે ભેદ છોડી દે) ।।૬૨।।

જેવી રીતે વસ્ત્ર સૂતર રૂપ જ હોય છે તેવી જ રીતે કાર્ય પણ કારણ માત્ર જ છે કારણ કે ભેદ તો ખરેખર છે જ નહિ. આ પ્રમાણે બધાની એકતાનો વિચાર ભાવાદ્વૈત છે ।।૬૩।।

યુધિષ્ઠિર, મન, વાણી અને શરીરથી થતા બધાં કર્મ સ્વયં પરબ્રહ્મ પરમાત્મામાં જ થઈ રહ્યાં છે તેમાં જ અધ્યસ્ત છે એ ભાવથી બધાં કર્મોને સમર્પણ કરી દેવાં એ નક્રિયાદ્વૈતથ છે ।।૬૪।।

આત્મા, સ્ત્રી, પુત્ર વગેરે અને બધાં દેહધારી મનુષ્યોના દેહ પંચમહાભૂતનિર્મિત છે તેથી એ એક જ છે. ભોકતા પરમાત્મા પણ એક છે. એના અર્થ અને કામ પણ એક જ હોય એમ વિચારવું એ દ્રવ્યાદ્વૈત કહેવાય ।।૬૫।।

જેને, જેમાં, જેનાવડે, જેનાથી જે કર્મ કરવાનું વિધાન અથવા ન કરવાનું કહ્યું તેણે તે પ્રમાણે અનાપત્તિના સમયમાં કરવું; એ કર્મ બીજાએ ન કરવું ।।૬૬।।

હે રાજન્! ઉપર કહ્યાં તે તથા બીજા નહિ કહેલાં વેદોક્ત કર્મવડે શ્રીકૃષ્ણમાં ભક્તિવાળો થઈને માણસ ઘરમાં રહ્યા છતાં ઉત્તમ ગતિને પામે છે ।।૬૭।।

હે નરદેવ! શ્રીકૃષ્ણના આશ્રયથી તમે ન તરી શકાય તેવી આપત્તિ તરી ગયા. વળી તમે જે શ્રીકૃષ્ણના ચરણારવિન્દની સેવા કરીને યજ્ઞ કર્યા તે જ શ્રીકૃષ્ણની ભક્તિ કરો અને સંસાર પણ એની કૃપાથી તરી જાઓ ।।૬૮।।

હું પહેલાના જન્મમાં આ પહેલાંના મહાકલ્પમાં ગન્ધર્વોનો માનીતો ઉપબર્હણ નામનો ગન્ધર્વ હતો ।।૬૯।।

રૂપ, સુકુમારતા, મધુરતા, સુગન્ધયુકત અને પ્રિય દર્શન તેમ જ, સ્ત્રીને અત્યન્ત

પ્રિય હોવાથી અત્યન્ત લમ્પટ હતો ।।૭૦।।

એક વખતે દેવના યજ્ઞમાં બધા ગન્ધર્વોને ભગવાનનાં ગીત ગાવામાટે નિમન્ત્રણ હતું તેમાં પ્રજાપતિઓની સાથે હું પણ ભગવદ્ગુણ ગાતો-ગાતો ત્યાં ગયો. મારી સાથે સ્ત્રીઓ હતી તેનાથી વીંટાઈને હું ગાતો હતો તેમાં પ્રજાપતિઓએ પોતાનું અપમાન માન્યું અને મને શાપ દીધો. એઓ બોલ્યો : ‘‘તે અમારું અપમાન કર્યું છે તેથી તું શોભા વગરનો નિર્દ્રવ્ય થા અને શુદ્રપણાને પ્રાપ્ત થા’’ ।।૭૧-૭૨।।

એટલું કહેતાં જ મારો દાસીમાં જન્મ થયો. એ શૂદ્રજીવનમાં પણ બ્રહ્મવાદી બ્રાહ્મણોની મેં સેવા કરી તેથી એમના સત્સંગથી હું પાછો બ્રહ્માજીનો પુત્ર થયો ।।૭૩।।

ધર્મવડે આગળ વધતો સન્ન્યાસની પદવીને પામે એવો અને પાપને નાશ કરનાર ગૃહસ્થનો ધર્મ મેં તમને કહ્યો ।।૭૪।।

આ લોકમાં તમે બડભાગી છો કેમકે તમારા ઘરમાં સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા મનુષ્યનું રૂપ ધારણ કરી ગુપ્ત રીતે બિરાજી રહ્યા છે. તેથી જ સમ્પૂર્ણ જગતને પવિત્ર કરી દેનારા ઋષિમુનિઓ ફરી ફરી એમનાં દર્શન કરવા દશેય દિશામાંથી તમારી પાસે આવ્યા કરે છે ।।૭૫।।

મોટાઓએ શોધવા યોગ્ય કેવળ સુખરૂપ, મોક્ષસુખના અનુભવરૂપ, એ કૃષ્ણ જે તમારા પ્રિય સુહૃદ મામાના પુત્ર અને તમારી આજ્ઞાને ઉઠાવનાર છે તે જ આત્મા, પૂજ્ય અને ગુરુ છે ।।૭૬।।

એના સાક્ષાત્ સ્વરૂપને બ્રહ્માદિ દેવો બુદ્ધિવડે ખરેખરી રીતે વર્ણન કરી શકતા નથી. મૌનથી, ભક્તિથી અને શાન્તિથી જેની પૂજા થઈ શકે છે તેવા ભકતના પતિ આ શ્રીકૃષ્ણ પ્રસન્ન હો ।।૭૭।।

**શ્રીશુકદેવજી કહે છે** : દેવર્ષિ નારદનું પ્રવચન સાંભળી યુધિષ્ઠિર રાજા અત્યન્ત પ્રસન્ન થયા અને પ્રેમથી વિહ્વલ બની તેણે શ્રીકૃષ્ણની અને નારદજીની પૂજા કરી ।।૭૮।।

દેવર્ષિ નારદજી! ભગવાન્ શ્રીકૃષ્ણ અને રાજા યુધિષ્ઠિરની વિદાય લઈ અને તેમની દ્વારા સત્કાર પામી ત્યાંથી પધાર્યા. ભગવાન્ શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે એ સાંભળી યુધિષ્ઠિરના આશ્ચર્યની કોઈ સીમા જ ન રહી ।।૭૯।।

**ઈતિ દાક્ષાયણીનાં તે પૃથગ્વંશાઃ પ્રકીર્તિતાઃ ।।**

**દેવાસુરમનુષ્યાદ્યા લોકા યત્ર ચરાચરાઃ ।।૮૦।।**

હે પરીક્ષિત! એ પ્રમાણે દક્ષની પુત્રીઓના દેવ, અસુર, મનુષ્ય વગેરે જુદાં-જુદાં વંશો મેં તમને કહ્યા. એ જ વંશોમાં સ્થાવર જંગમ જગત આખાની સૃષ્ટિ થઈ છે ।।૮૦।।

**ઈતિ શ્રીભાગવત સપ્તમસ્કન્ધમાં (ત્રીજા સદસદ્ભાસના નામના ત્રીજા પ્રકરણનો પાંચમો) ''વર્ણાશ્રમના સારરૂપ ધર્મનો સંગ્રહ તથા મોક્ષનું લક્ષણ'' નામનો પંદરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# સપ્તમસ્કન્ધ સમ્પૂર્ણ

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્ ।**
**વૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ ।।**


પ્રાણ કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. **(શ્રીવલ્લભાચાર્ય)**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે વૈષ્ણવો પાસેથી ભેટ-સામગ્રી પડાવનાર અધમ લોકોને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

# અષ્ટમ સ્કન્ધ—મન્વન્તર લીલા

## સદ્ધર્મ નિરૂપણ (જમણું સ્તન)

## અધ્યાય ૨૪




**વિશેષ :** સપ્તમ સ્કન્ધમાં ત્રણ પ્રકરણોથી કર્મની વાસના કહી. આ અષ્ટમ સ્કન્ધમાં સદ્ધર્મ કહેવાય છે.

**'મન્વન્તર'** એટલે સદ્ધર્મ. જે ધર્મો દેહાદિથી થાય છે તે પ્રાકૃત ધર્મો છે. ભક્તિ એ તો જીવધર્મ છે. સદ્ધર્મના ૨૪ ભેદ છે, પ્રકૃતિના ભેદ પણ ૨૪ છે. તેથી સદ્ધર્મના શ્રવણથી પ્રાકૃત દોષ નિવૃત્ત થાય છે. પ્રાકૃત વાસનાઓ પણ ૨૪ પ્રકારની છે તે ૨૪ પ્રકારના સદ્ધર્મના શ્રવણ (ઉત્તમ ભક્તિ) થી નિવૃત્ત થાય એ કહેવાનું તાત્પર્ય છે. પૂર્વમીમાંસાના બાર અધ્યાય છે તેમાં પ્રથમ છ અધ્યાયમાં ઉપદેશ છે અને બીજા છ માં અતિદેશ ધર્મ છે; અર્થાત્ પ્રથમમાં પ્રકૃતિયોગો છે અને બીજામા વિકૃતિયોગો છે. એવી જ રીતે શ્રીભાગવતના બાર સ્કન્ધમાં પ્રથમના છ સ્કન્ધમાં ઉપદેશ છે અને સાતથી બાર સુધીમાં અતિદેશ અને એ બન્ને ધર્મોના પ્રવૃત્તિ નિવૃત્તિ વડે બે પ્રકાર હોવાથી ૨૪ ભેદ થાય. આ અષ્ટમ સ્કન્ધના ૨૪ અધ્યાયની સંખ્યાનું તાત્પર્ય છે.

શ્રીઆચાર્યચર દ્વિ, સુબોધિનીમાં ૨૪ અધ્યાયનું તાત્પર્ય આ પ્રમાણે કહે છે : સદ્ધર્મ ત્રણ પ્રકારના છે : કાયા, વાચા અને મન વડે. કાયાથી દશ પ્રકારના, વાચાથી દશ પ્રકારના અને મનથી ચાર પ્રકારના. સર્વેન્દ્રિયોવડે સદ્ધર્મનું આચરણ થવું જોઈએ.

સપ્તમ સ્કન્ધમાં કર્મવાસનાઓ જીવમાં રહેલી કહી છે. એ વાસનાઓ સદ્ધર્મના આચરણથી નષ્ટ થાય છે. તેથી **"મન્વન્તરાણિ સદ્ધર્મઃ"** એ ઊતિ-કર્મવાસનાઓ છે તેનો વ્યુત્ક્રમથી નિર્દેશ કર્યો છે. કર્મજન્ય વાસના પ્રાકૃત હોય છે તેથી એનો નાશ થાય ત્યારે ભગવદ્ભક્તિનો જીવને અધિકાર થાય છે તેથી ઊતિલીલા પછી સદ્ધર્મની આવશ્યકતા સિદ્ધ થાય છે. એ ધર્મો તામસ, સાત્ત્વિક, રાજસ અને નિર્ગુણ એમ ચાર પ્રકારના છે.

આ સ્કન્ધમાં ચાર પ્રકરણ છે. ધર્મનો વિષય ભગવાન્ છે. એ ચતુર્મૂર્તિ હોવાથી ચાર અધ્યાયનું પ્રથમ પ્રકરણ છે. એ ચાર પ્રકરણના અધ્યાયનો ક્રમ આ પ્રમાણે ૪।૧૦।૯।૧ સંખ્યાનો છે. ત્રણ પ્રકરણ સગુણ છે જ્યારે એક નિર્ગુણ છે. નિર્ગુણ ધર્મને કહેનાર ભગવાન્ મત્સ્ય એ સર્વ ગુણાવતારના રહસ્યને જાણનાર છે તેથી ૨૪મા અધ્યાયમાં મત્સ્યપ્રાદુર્ભાવ છે. મનુ, તેના પુત્રો, ઋષિઓ, દેવો, ઇન્દ્ર અને ભગવદવતાર એ છ મન્વન્તર કહેવાય છે. ભગવાન્ પોતાનાં છ રૂપ સદ્ધર્મને પ્રવર્તાવે છે. મનુ ચૌદ છે : પહેલા મનુએ ઉપનિષદર્થ વિચાર્યો, બીજાએ બ્રહ્મચર્ય પાળ્યું, ત્રીજાએ સત્યની રક્ષા કરી, ચોથોએ વેદાભ્યાસ કર્યો, પાંચમાએ વ્રત સહ ભગવત્સેવા કરી, છઠ્ઠાએ ભગવદ્ભકતો તથા દેવોની સેવા કરી, સાતમાએ વૈષ્ણવ વ્રત કર્યાં જેમાં એકાદશી મુખ્ય છે, આઠમાએ પુષ્ટિમાર્ગીય ધર્મ કહ્યા, નવમાએ યજ્ઞાદિ ધર્મો કહ્યા, દશમાએ લોકો સુખી થાય એવા લોકરક્ષક ધર્મ કહ્યા. અગિયારમાએ સ્મૃતિના ધર્મ કહ્યા, બારમાએ વૈરાગ્યના કર્મ કહ્યા, તેરમાએ ઉપાસ્ય દેવોના પોષક ધર્મ કહ્યા અને ચૌદમાંએ મનુષ્યને ધર્મપૂર્વક ભોગ્ય ધર્મ કહ્યા. આ ચૌદ ધર્મોનું દોહન કરી એમાંથી મુખ્ય ત્રણ ધર્મ અંશી કહેવાય છે.

આપત્તિ વખતે પ્રભુને શરણે જવું એ એક ધર્મ. તે ધર્મ પહેલાથી તે ચોથા અધ્યાય સુધીમાં ગજેન્દ્રમોક્ષના પ્રસંગથી કહેવામાં આવે છે તેથી ચાર અધ્યાયનું પહેલું પ્રકરણ સમજવું. હરિસ્મરણના ચાર અધ્યાય કહેવાનું તાત્પર્ય એ છે કે ભગવાન્ વાસુદેવ ચતુર્મૂર્તિ છે. ભગવાનની સ્મૃતિથી ધર્મો સિદ્ધ થાય છે તેમાં પણ ધર્મ બાદ એ થતાં ક્લેશ થાય છે એ બતાવવા માટે ઇન્દ્રદ્યુમ્નની કથા કહી છે.

ઇન્દ્રદ્યુમ્ન રાજા પૂજામાં હતો તેનું ધ્યાન બહાર નહોતું એટલામાં અગત્સ્ય પધાર્યા. ઇન્દ્રદ્યુમ્ન સમાધિમાં હોવાથી એને બોલાવ્યા નહિ છતાં મુનિએ પોતાનું અપમાન થયેલું માન્યું

પણ રાજા તો સમાધિસ્થ હોવાથી બ્રાહ્મણનું અપમાન કરવાનો તેનો ઇરાદો નહોતો તેથી એ અગસ્ત્યના શાપથી હાથી થયો તો પણ ઉપાસનાના પ્રભાવથી ગજત્વમાં એને ભગવત્સ્મૃતિ ન ગઈ. અગસ્ત્ય શિવભકત હતા. શિવભકતને ભૃગુનો શાપ હતો તેથી એણે ભકતને ભગવાન્ મેળવતાં વિલમ્બ કરાવ્યો. ખરી રીતે કહીએ તો **''આસક્તૌ ભગવાનેવ શાપં દાપયતિ કવચિત્ અહંકારેથવા લોકે તન્માર્ગસ્થાપનાય હિ''** એ ન્યાયથી ભગવાન્ જ વિચારે તે થાય તેથી ઇન્દ્રદ્યુમ્નને શાપ પણ ભગવદિચ્છાથી જ થયો એમ સમજવું. ધર્મમર્યાદામાં સ્થાપનામાટે જ શાપ અપાયો છે. જીવ ભગવદીય છતાં એ ભગવાનના ઉદ્દેશથી પણ બીજો માર્ગ સ્વીકારે તો એને ભગવાન્ એ માર્ગે જતો અટકાવી પોતે ધારે તે માર્ગે અને ફળ સુધી પહોંચાડે ત્યારે ભગવાન્ ભક્તિથી પ્રસન્ન થાય છે. ઇન્દ્રદ્યુમ્ન વિષ્ણુ વ્રતમાં તત્પર હતો. એ જો નિષ્કામ હોત તો એને વિઘ્ન ન આવત પણ એનું વ્રત સકામ હોઈને એને તામસ યોનિમાં ઊતરવું પડ્યું તેથી એ નિઃસાધન થયો. પૂર્વજન્મનું સ્મરણ રહેતાં અને ભગવદ્ભક્તિ થઈ તેથી એનો પ્રભુએ મોક્ષ કર્યો. **''ભક્ત્યા તુતોષ ભગવાન્ ગજયૂથપાય'' ''તુષ્ટે ચ તત્ર કિમલભ્યમનન્ત આદ્યે''** ઇત્યાદિ વાકયોથી ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે ભકતને ફળમાં કાંઈ બાકી રહેતું નથી. સકામતા ગયા પછી ભકત નિર્ગુણ થાય તેને ભક્તિ કરતાં વિઘ્ન આવે તો ભગવાન્ એને આપાત્તિમાંથી બચાવે છે. આ ગજના દષ્ટાન્તથી બરાબર સિદ્ધ થાય છે. અમ્બરીષ અને દુર્વાસા ના પ્રસંગથી પણ ભગવાન્ ભક્તની રક્ષામાં તત્પર હોવાનું સ્પષ્ટ પ્રતીત થાય છે. વર્ણનમાં હાથીને જે જાતની સમ્પત્તિ જોઈએ તેવી વર્ણવી. હાથી-હાથણીઓથી આવૃત થઈને ફરે છે તેનાથી એને કામ સિદ્ધ થઈ જાય છે. પણ એ કામ લૌકિક છે તેથી એને એ કામનું ફળ કલેશમાં પરિણમ્યું ત્યારે એણે પ્રાર્થનામાં **''પ્રપદ્યે અવતું''** શબ્દો કહ્યા તેથી ભગવત શરણાગતિની મુખ્ય કામના એણે પ્રકટ કરી અને ભગવાનનું શરણ સ્વીકારી પોતાનું કષ્ટ નિવેદન કર્યું. ભગવાને પણ એનું કલ્યાણ કર્યું. અહીં આપત્તિમાં **''હરિ સ્મરણ''** નામનું **પ્રથમ પ્રકરણ** ચાર અધ્યાયનું પૂર્ણ થયું. હવે પછી દશ અધ્યાયથી બીજાું પ્રકરણ કહેવાય છે.

બીજા પ્રકરણમાં સમ્પત્તિ હોય તો દાન કરવું એ 'ધર્મ' કહેવામાં આવ્યો છે. દાનના ત્રણ પ્રકાર છેઃરાજસ, તામસ અને સાત્ત્વિક; અને એક ભેદ ગુણાતીતનો છે : એમ કુલ્લે દશ પ્રકારના ભેદ છે. એટલા માટે આ પ્રકરણમાં દશ અધ્યાય છે. ત્રણ-ત્રણ અધ્યાયથી દાનનો હેતુ, એનું સ્વરૂપ અને એનું ફળ કહે છે. એના દેનાર કેવળ ભગવાન્ છે. એ એક પ્રકારના હોઈને એ દશ સંખ્યા થઈ એ દશ અધ્યાયની સંખ્યાને કહેનાર છે એમ સમજવું. ભગવાન્ સાત્ત્વિક, દેવ અસુર રાજસ અને શિવજી તામસ એ ત્રણ દેવ જીવના દોષને દૂર કરે ત્યારે દાન

થઈ શકે છે તેથી પ્રથમ દાનનું કારણ કહે છે : કૃષ્ણ દેવોને પ્રેરણા કરે, દેવો મનને પ્રેરણા કરે, શિવજી મનના દોષ લોભને દૂર કરે ત્યારે જીવ પોતે દાન દેવાને તૈયાર થાય છે. આ પ્રકારનો સૂક્ષ્મ વિચાર કરતાં સર્વ લીલા ભગવાન્ જ કરે છે પણ એ લીલામાં સર્વ દેવોનો ભગવાન્ ઉપયોગ કરે છે. હવે દાન એ શું છે? દાન શેનું કરવાનું હોય? આ જાણવાની પણ જરૂર છે. દેય વસ્તુમાં દેવોથી જીવ અભય થાય તે દેવ ઉત્તમોત્તમ ગણાય. ચક્રવર્તી રાજા હોય પણ એને અભય ન મળ્યું તો એનો જન્મ વૃથા છે. તેથી ભયમુક્તિ એ મુખ્ય દાન છે. ભયમાં મોટો ભય કાળનો છે. એ કાળના ભયથી મુકત કરનાર અમૃત છે. અમૃત આપ્યું તેને અભય આપ્યું ગણાય. અમૃત સર્વ દાનમાં શ્રેષ્ઠ છે તેને માટે સમુદ્રમથનાદિ ક્લેશનો દેવાસુરે અનુભવ કર્યો. જેને મેળવતાં જેટલો ક્લેશ તેટલો એનાથી આનન્દ. અમૃત કલેશનો અનુભવ દેવોને પ્રથમ થયો. ભગવાનનું પણ સ્થાન નિશ્ચિત હોય તો એ અર્થરૂપ ગણાય તેથી પાંચમા મનુ રૈવતને જ્ઞાન પ્રાપ્ત થયું અને ચાક્ષુષ મનુ વૈરાગ્યના અધિકારી થયા. દુર્વાસાના શાપથી દેવો લક્ષ્મી રહિત થયા ત્યારે બધા મળી બ્રહ્માજીને લઈ ભગવાન્ પાસે ગયા. બ્રહ્માજીએ સ્તુતિ કરી ત્યારે ભગવાને અસુરો સાથે સન્ધિ કરવાનું કહ્યું. ભગવાનની ઈચ્છાથી દેવો દૈત્યોને મળ્યા તેમને અમૃતમાટે ક્ષીરસાગરને મથન કરવાનું કહેતાં એઓના ધ્યાનમાં એ આવ્યું. બન્ને મળીને ક્ષીરસાગરમાં સર્વ ઔષધિઓ પધરાવી, મન્દરાચળને રવાઈ બનાવી દેવો અને અસુરો સંકેત કરી મથન કરવા લાગ્યા તેમાંથી પ્રથમ વિષ નીકળ્યું, વિષ તામસ હોઈને લોકરક્ષાર્થે શિવજીએ એનું પાન કર્યું. લોકહિતાવહ કર્મ હોવાથી એ સાત્ત્વિક છે. એમ ત્રણ ગુણોનો વિચાર સર્વત્ર અનુસ્યૂત સમજવો. હવે બીજા ત્રણ અધ્યાયથી અમૃતના સ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે. સદ્ધર્મમાં સર્વત્ર હરિ સાધક છે અને દેવો સાધન છે. અમૃત ફળ છે અને વિષ બાધક છે. એ કાલકૂટની ઉત્પત્તિ પ્રથમ જન્મમાં મધુકૈટભ નામના દૈત્યરૂપે થઈ હતી. ભગવાને એને માર્યો ત્યારે એનું ચૈતન્ય સમુદ્રમાં અન્તર્હિત થયું હતું. સમુદ્રના અગ્નિથી એ વિષરૂપે બહાર આવ્યું. એમાં મધુકૈટભ દૈત્યનો આસુર ભાવ છે. એ ચેતન પણ છે તેથી જ્યાં સુધી કાલકૂટની મુક્તિ ન થાય ત્યાં સુધી એ વિષ લોકને દુઃખ આપ્યા જ કરે. તેથી સમુદ્રમથનદ્વારા જ્યારે એ કાલકૂટ બહાર આવ્યું ત્યારે એ લોકનો પ્રલય કરવા લાગ્યું. લોકો શિવજીને શરણે ગયા. શિવજીના ઉદરમાં મુક્તો વસે છે. તેથી લોકના દુઃખને જોઈને એ કાલકૂટની સદાને માટે મુક્તિ કરવા અને એનું પાન કરવા મહાદેવજીએ પાર્વતીની રજા લીધી. પાર્વતી મહાદેવજીના પ્રભાવને જાણતાં હતાં. એમણે અનુમતિ આપી ત્યારે શિવજીએ વિષપાન કર્યું તેથી એની મુક્તિ થઈ. હવે અમૃત રૂપનું વર્ણન કરે છે. એની ઉત્પત્તિ, એનું દાન અને પેટમાં ગયા પછી એ અનર્થ ન કરે એ એનું ફળ

એ ત્રણ વાત ત્રણ અધ્યાયથી કહે છે. બ્રહ્મ સત્, ચિત અને આનન્દ એ ત્રણ ધર્મવાળું છે. અમૃત, અભય, બ્રહ્મ વગેરે એનાં જ નામ છે. સદંશથી હવિર્ધાની વગેરે સમુદ્રમાંથી નીકળ્યાનું કહ્યું છે. એ યજ્ઞમાં જોઈતી ચીજો આપી અગ્નિના દ્વારા મોક્ષમાં સાધન રૂપ થાય છે. સદાનન્દની મુખ્ય શક્તિ રમા છે; અમૃત એ ચિદાનન્દ છે જે જીવને માટે છે; જ્યારે સદાનન્દ શક્તિ સ્વતન્ત્ર છે તેનો ભાગ ન પડે પણ એ જેને પસંદ કરે તે એને ભોગવે તેથી અહીં રમા એટલે લક્ષ્મીજી નીકળ્યાં ત્યારે એમને એક જણે ન રાખ્યાં પણ એમનો સ્વયંવર થયો. એ લક્ષ્મી બ્રહ્માનન્દરૂપ છે. તેના ભોક્તા કેવળ ભગવાન્ છે, બીજો કોઈ નહિ; તેથી લક્ષ્મીજીએ ભગવાન્ સિવાય બધા દોષવાળા છે એમ કહ્યું. એ આધિદૈવિક લક્ષ્મી ભગવાનને સ્વયંવરી. આધ્યાત્મિક અમૃત છે. ધેનુ વગેરે આધિભૌતિક છે. ધન્વન્તરિ સમુદ્રમાંથી પ્રકટ્યા તે અમૃતનો કુમ્ભ હાથમાં લાવ્યા. તેને વગર પૂછયે અસુરો લઈ ગયા; એનું કારણ શું? અમૃત સમુદ્રમાંથી નીકળે તેનો ખરો હકદાર સમુદ્ર થાય તેથી બીજાને એ આપી શકે જો ભગવાન્ એ આપે તો. જેમ રસોઈ કરનારને પીરસવાના ફળ રૂપ અતિથિસત્કારનું ફળ મળતું નથી તેમ એ અમૃત બીજાની સત્તાનું હોવાથી ભગવાન આપે તો પણ એણે આપ્યું ન ગણાય. ભગવાને એ આપ્યું નથી એવું જો દેવોના મનમાં થાય તો ભગવાનનો ઉપકાર તેમના હૃદયમાં ન રહે. દેવોના દુર્ભાવને જાણી અમૃત પોતાનું અભય રૂપ શ્રેષ્ઠ ફળ તેમને આપે. એ બધું ન થાય અને અમૃત ભગવાનની કૃપાથી જ મળે એવો દેવોના મનમાં નિશ્ચય કરાવવામાટે અસુરો અમૃતના કળશને હરી ગયા. ભગવાન્ યુક્તિવડે એને તેમની પાસેથી ન છોડાવે ત્યાં સુધી દેવોને એ ન જ મળે. તેથી ભગવાને મોહિનીરૂપ ધારણ કર્યું અને એનાવડે દૈત્યોને મોહમાં મગ્ન કરીને દેવોને એ અમૃત આપ્યું. એટલે ભગવાનનો એમાં અસાધારણ ઉપકાર દેવ ઉપર થયો. ભગવાન્ સમુદ્રના જમાઈ થાય તેથી પણ ભગવાન્ સમુદ્રની સત્તાથી પણ અમૃત આપવાને યોગ્ય જ છે. એ અમૃત પીવાનો અધિકાર દેવોનો હતો તેથી ભગવાને એ દેવોને આપ્યું. તેમ જ વારુણી મદિરા સમુદ્રમાંથી નીકળી તે ભગવાને દૈત્યોને આપી કારણ કે એમાં એનો અધિકાર મુખ્ય હતો. આથી એ સિદ્ધ થયું કે દાન અધિકાર પ્રમાણે થાય. રાહુ દેવની પંક્તિમાં બેસીને અમૃતપાન કરી ગયો. ભગવાને એનું માથું ઉડાવી દીધું. એ માત્ર એટલો જ મસ્તકરૂપે અમર થયો. એને બ્રહ્માજીએ ગ્રહ બનાવ્યો. અમૃતપાનથી એ દેવપંક્તિમાં આવ્યો. અમૃત સુખરૂપ છે પણ એ ભગવાન્ આપે તો જ. અમૃત ક્ષયિષ્ણુ ન હોય તો જ સુખરૂપ થાય છે. એ અક્ષયરૂપ અમૃત કર્ણદ્વારા હૃદયમાં જાય અને હૃદયથી બહાર પ્રકટ થાય ત્યારે અક્ષય થાય છે. ભગવાનના ગુણને ભકતદ્વારા શ્રવણ કરી એને હૃદયમાં દાખલ કરે અને હૃદયના તાપથી એ ભગવાન્ હૃદયથી બહાર પ્રકટી

દર્શન દે ત્યારે એ દર્શન કરનાર જીવ ભગવાનની લીલામાં પ્રવેશ કરે છે. દેવોને આપેલ અમૃતનું પાન કર્યા પછી એ ગર્વ કરાવે અને ભગવાનને ભુલાવે તો તેથી દેવલોકથી પાત થાય છે માટે ભક્તને માટે તો શ્રવણામૃત જ શ્રેષ્ઠ છે. દેવોને અમૃત મળ્યા પછી એ હારી ન જવા જોઈએ. હારે તો અમૃતનું ફળ મળ્યું ન ગણાય. તેથી બલિરાજા આ મન્વન્તરમાં દેવોને જીતી ન શક્યો. આ પ્રમાણે દશ અધ્યાયથી સમ્પત્તિમાં દાન કરવાની વાત કહેવામાં આવી.

હવે નવ અધ્યાયથી **'સ્વોકતનિર્વહણ'** નામનું **'ત્રીજું પ્રકરણ'** કહેવામાં આવે છે પોતે બોલેલું પાળવું એ ત્રીજા ધર્મ છે. આ પ્રકરણનો અર્થ પણ એ જ છે. સમ્પત્તિ હોય તો આપવું એ પક્ષ તો પ્રથમ કહ્યો પરન્તુ એવો પણ પક્ષ છે કે ગમે તે સ્થિતિમાં પણ માણસ જો ચિત્ત સ્થિર હોય તો દાન આપી શકે. આ ધર્મનો પ્રવર્તક બલિરાજા છે. તેમાં એક અધ્યાયથી દાતા અને દાન નું સામર્થ્ય બતાવે છે. ભગવાને યાચના કરી એ ત્રણ અધ્યાયથી કહેવામાં આવ્યું. એક અધ્યાયથી ભગવાને વામનરૂપવડે યાચના કરી એ કહેવામાં આવ્યું. એક અધ્યાયથી બલિરાજાએ દાન આપ્યું એ વાત કહી. એ દાન પૂર્ણ ન અપાયાથી એને પ્રતિબંધ થયાનું એક અધ્યાયથી કહ્યું. એક અધ્યાયથી પ્રતિજ્ઞાપૂર્ણ થતાં ભગવાન્ એને વર આપે છે એમ કહ્યું. એક અધ્યાયથી એને સુતળમાં સ્થાપિત કર્યો. આમ નવ અધ્યાયથી સાધન ફળ સહિત **'સત્યવાકયરૂપ'**સદ્ધર્મ કહ્યો. દાન કરનાર બલિ રાજસ છે. દાન બીજાનું અનિષ્ટ કરનાર હોઈને તામસ છે. અવતાર કપટવાળો હોઈને તામસ છે. યાચના રાજસ છે; વચન કહ્યાં તે તામસ, આમ છ અધ્યાય થયા. દાન સાત્ત્વિક, પ્રતિબન્ધ તામસ, કીર્તિનમાટે સાહસ એ રાજસ ભાવ છે. સમજીને દાન કરે તો સુખ થાય, વગર સમજ્યે દાન કરે તો દુઃખ થાય એ દાન કરનારે સમજવાનું છે. એકને બધું આપવું એ શ્રેષ્ઠ છે. એ બલિએ કર્યુ તે 'સદ્ધર્મ' કહેવાય. આત્મનિવેદન એ મુખ્ય દાન છે. એનો નિર્વાહક પ્રભુ છે. લક્ષ્મીનું દાન મધ્યમ છે. આપત્તિ હોય તો શરણે જવું એ એનાથી પણ ઊતરતું છે. એમ સદ્ધર્મનો નિર્ધાર કરી આપણી સર્વ વસ્તુ જે શ્રેષ્ઠ હોય તે ભગવાને અર્પણ કરવી. પ્રભુની ઈચ્છાથી એ ભકતને પણ આપી શકાય. ''આ કૃષ્ણનું છે તે હું એને આપું છું'' એમ કહી આત્મા સહિત સર્વ કૃષ્ણને અર્પણ કરવું એ ત્રીજા પ્રકરણનો સાર છે. ભગવાન્ પોતાના જીવને જે આજ્ઞા કરે તે પ્રમાણે દેહાભિમાન છોડી કરવું એને અનુમોદન આપવું એ આ પ્રકરણમાં સ્પષ્ટ બતાવ્યું છે. ઉપર કહેલાં ત્રણે પ્રકરણોનો અર્થ ભગવાન્ મત્સ્ય જાણે છે, બીજો કોઈ જાણતો નથી. સપ્ત મનુને માટે મત્સ્યાવતાર થયો છે. સદ્ધર્મના આદર અને આચાર થી જ વાસનાનો ક્ષય થાય છે. વાસના દૂર કરવાનો બીજો કોઈ ઉપાય જ નથી એ બતાવવાને મત્સ્યાવતાર છે તેથી એમણે

વેદનો ઉદ્ધાર કર્યો છે. આ પ્રમાણે ભગવાને બતાવેલા સદ્ધર્મનું આચરણ કરે તો બધી વાસના નષ્ટ થાય એ કહેવાનો સાર છે. એ આ સ્કન્ધના છેલ્લા ૨૪મા અધ્યાયમાં બતાવ્યું છે. આ ચોથું નિર્ગુણ પ્રકરણ એક અધ્યાયનું મળી ૨૪ અધ્યાયનો સ્કન્ધ પૂર્ણ થયો.

# પહેલું હરિસ્મરણ પ્રકરણ

## અધ્યાય ૧

## સ્વાયમ્ભુવ વગેરે ચાર મનુની કથા

**સ્વાયંભુવસ્યેહ ગુરો વંશોઽયં વિસ્તરાચ્છ્રુતઃ ।।**
**યત્ર વિશ્વસૃજાં સર્ગો મનૂનન્યાન્વદસ્વ નઃ ।।૧।।**

**રાજાએ પૂછ્યું :** હે ગુરો! આપે જે સ્વાયમ્ભુવ મનુનો વંશ વિસ્તારથી કહ્યો તે મેં સાંભળ્યો જેમાં મરીચિ આદિ પ્રજાપતિઓથી મનુની કન્યાઓમાં પુત્રો થયેલા. હવે બીજા મનુઓના વંશની કથા અમને કહો ।।૧।।

જ્યાં-જ્યાં ભગવાનનો જન્મ થયો હોય તેમજ જ્ઞાની મહાત્મા પુરુષોએ એવા મહાન ભગવાનનાં કર્મ ગાયાં હોય તે સાંભળવાને અમે તત્પર હોવાથી અમને આપ એ ભગવચ્ચરિત્રો કહો ।।૨।।

હે બ્રહ્મન્! વિશ્વભાવન ભગવાને વીતેલાં મન્વન્તરોમાં જે-જે લીલાઓ કરી છે વર્તમાન મન્વન્તરોમાં જે કરી રહ્યા છે અને આગામી મન્વન્તરોમાં જે કરશે તે બધું અમને શ્રવણ કરાવો ।।૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** આ કલ્પના સ્વાયમ્ભુવ વગેરે છ મન્વન્તર વીતી ગયા. એમાંથી પહેલાં મન્વન્તરનું વર્ણન મેં કરી દીધું; એમાં જ દેવતા વગેરેની ઉત્પત્તિ થઈ હતી ।।૪।।

એ સ્વાયમ્ભુવ મનુની પુત્રી આકૂતિ અને દેવહૂતિ નામની બે પુત્રીઓમાં ધર્મજ્ઞાનનો ઉપદેશ કરવામાટે ભગવાન્ એના પુત્ર થયા છે. આકૂતિમાં યજ્ઞમૂર્તિ થયા તેમણે ધર્મનો ઉપદેશ કર્યો અને દેવહૂતિમાં કપિલદેવજી થયા જેમણે સાંખ્ય જ્ઞાનનો ઉપદેશ કર્યો ।।૫।।

(તૃતીય સ્કન્ધમાં)ભગવાન્ કપિલનું આખ્યાન તમને પહેલાં કહ્યું. હે કુરુદ્વહ! હવે ભગવાન્ યજ્ઞપુરુષે શું ચરિત્ર કર્યું એ હું તમને કહીશ ।।૬।।

શતરૂપાના પતિ સ્વાયમ્ભુવ મનુએ કામભોગથી વૈરાગ્ય પામીને રાજ્યાસનનો ત્યાગ કર્યો અને પોતાની સ્ત્રીને સાથે લઈને વનમાં તપશ્ચર્યા કરવામાટે ગયા ।।૭।।

એક પગથી પૃથ્વીનો સ્પર્શ કરીને સુનન્દા નામની નદીના કિનારા ઉપર સો વર્ષ સુધી ઘોર તપ કર્યું. તપ કરતી વખતે તે રોજ આ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરતા ।।૮।।

**મનુજી કહેતા :** વિશ્વને જે ચેતન આપે છે પણ વિશ્વ જેને ચેતન આપી શકતું નથી, આ વિશ્વ ઊંઘે છે ત્યારે પણ જે જાગે છે અને જેને આ જગત્ જાણતું નથી પણ જે જગતને જાણે છે તે જ પરમાત્મા છે ।।૯।।

આ જગતમાં જે કાંઈ સ્થાવર જંગમ પદાર્થ છે તે બધું પરમાત્માના આવેશથી સત્તા અને ચેતના વાળું છે તેથી એણે આપેલી વસ્તુને પ્રસાદના ભાવથી ગ્રહણ કરી એનાથી નિર્વાહ કરે, કોઈના ધનની સ્પૃહા કરે નહિ ।।૧૦।।

જે આપણને જાુએ છે પણ જેને આપણે જોઈ શકતા નથી અને જેનું જ્ઞાન કોઈ પ્રકારે નાશ પામતું નથી તે પ્રાણીમાત્રના આધારરૂપ છે તે દેવરૂપ અસંગ પુરુષનું બધા આરાધન કરો, ભજન કરો ।।૧૧।।

જેને આદિ, અન્ત કે મધ્ય નથી, જેને સ્વ કે પર નથી, અન્દર કે બહાર એવો ભેદ નથી, પરન્તુ વિશ્વના આદિ, અન્ત અને મધ્ય, અન્દર અને બહાર, સ્વ અને પર વગેરે ભેદ જેનાથી થાય છે તે સત્યરૂપ બ્રહ્મ પૂર્ણરૂપે છે ।।૧૨।।

વિશ્વ જેનું શરીર છે, જેનાં બહુ નામ છે, જેની સર્વની ઉપર સત્તા છે, જે સત્યસ્વરૂપ છે, જે સ્વયમ્પ્રકાશરૂપ છે, જે અજન્મા અને અનાદિ છે તે જ સર્વભવનસમર્થ આત્મશક્તિવડે આ જગતના જન્મ આદિને ધારણ કરે છે અને વિદ્યાવડે માયા શક્તિને દૂર કરી નિશ્ચેષ્ટ રહે છે ।।૧૩।।

તેથી જ ઋષિમુનિઓ નૈષ્કર્મ્યસ્થિતિ અર્થાત્ બ્રહ્મ સાથે એકતા પ્રાપ્ત કરવામાટે પહેલાં કર્મયોગનું અનુષ્ઠાન કરે છે. ઘણું કરીને કર્મ કરનારો પુરુષ જ અન્તમાં નિષ્ક્રિય બની જઈ કર્મોનાં બંધનમાંથી મુકત થઈ શકે છે ।।૧૪।।

આમ તો ભગવાન્ પણ કર્મ કરે છે છતાં એ એમાં બંધાતા નથી કેમકે એ આત્માના લાભથી પૂર્ણકામ છે. ભગવાનને જેઓ અનુસરે તેઓ પણ સંસારનાં બંધનમાં બંધાતા નથી ।।૧૫।।

ભગવાન્ કર્મની ચેષ્ટા કરે છે છતાં પોતાના સ્વરૂપને જાણનાર હોવાથી નિરભિમાન છે, નિરભિલાષ છે; અને કોઈ પ્રેરણા કરી શકતો નથી. એ પોતે જે કરે છે તે લોકને

શીખવવામાટે કરે છે. પોતાના માર્ગને છોડતા નથી. એવા સમગ્ર ધર્મના પોષક પ્રભુને હું શરણે જાઉં છું ।।૧૬।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : સ્વાયમ્ભુવ મનુ એ પ્રમાણે સમાધિમાં મન્ત્રમય ઉપનિષદ્ સ્વરૂપ શ્રુતિનો પાઠ કરી રહ્યા હતા. એ જોઈને અસુરો અને રાક્ષસો ભૂખના માર્યા એમને ખાવામાટે એનાઉપરતૂટીપડ્યા ।।૧૭।।

ખાવાના નિશ્ચયવાળા અસુરોને જોઈને યામ નામના પોતાના પુત્રો દેવો એ જ વખતે થયા તેઓની સાથે ત્યાં સર્વત્ર ફરતા યજ્ઞ ભગવાન્ આવ્યા અને અસુરોને મારીને સ્વર્ગનું રાજ્ય કરવા લાગ્યા ।।૧૮।।

અગ્નિના પુત્ર સ્વારોચિષ એ બીજા મનુ થયા. દ્યુમાન, સુષેણ, રોચિષ્માન વગેરે એના પુત્રો થયા ।।૧૯।।

એના વખતમાં રોચન નામના ઈન્દ્ર હતા. તુષિત દેવ થયા, ઊર્જસ્તમ્ભ આદિ બ્રહ્મને કહેનાર સાત ઋષિઓ હતા ।।૨૦।।

એ મન્વન્તરમાં વેદશિરા ઋષિની તુષિતા નામની પત્નીમાં વિભુ નામે અવતાર ભગવાને લીધો. તે અત્યન્ત પ્રસિદ્ધ થયા ।।૨૧।।

અઠયાસી હજાર મુનિઓ જે વ્રત ધારણ કરનાર હતા તે બધા બ્રહ્મચારી એવા વિભુના વ્રતનું અનુશીલન કરવા લાગ્યા ।।૨૨।।

પ્રિયવ્રતનો ઉત્તમ નામનો પુત્ર એ ત્રીજો મનુ થયો. હે નૃપ! પવન, સૃંજય અને યજ્ઞ, હોતા વગેરે એના પુત્રો થયા ।।૨૩।।

વસિષ્ઠના પ્રમદ આદિ સાત પુત્રો એ મન્વન્તરમાં ઋષિઓ થયા. સત્ય, વેદશ્રુત અને ભદ્ર આદિ દેવો થયા. અને સત્યજિત્ નામના ઈન્દ્ર થયા ।।૨૪।।

એ સમયે ધર્મની સૂનૃતા નામની સ્ત્રીમાં સત્યવ્રત આદિ દેવની સાથે ભગવાન્ સત્યસેન નામે પુરુષોત્તમ થયા ।।૨૫।।

તેણે સત્યજિત્ નામના ઈન્દ્રની સાથે મૈત્રી કરી ખોટું બોલનાર તથા આચરણ કરનાર, ભૂતનો દ્રોહ કરનાર એવા યક્ષ રાક્ષસોને માર્યા ।।૨૬।।

ઉત્તમનો ભાઈ તામસ તે ચોથો મનુ થયો. પૃથુ, ખ્યાતિ, નર, કેતુ વગેરે એના દશ પુત્રો થયા ।।૨૭।।

સત્યક, હરિ, વીર વગેરે દેવો થયા. ત્રિશિખ નામના ઈન્દ્ર થયા. એ તામસ મન્વન્તરમાં જ્યોતિર્ધામ આદિ સપ્તર્ષિ થયા ।।૨૮।।

હે રાજન્! વિધૃતિના પુત્રો વૈધૃતિઓ નામના બીજા પણ દેવો થયા. કાલે કરીને નાશ પામેલા વેદને પોતાના તેજવડે ધારણ કર્યા તેથી એ 'વૈધૃતિ' કહેવાયા ।।૨૯।।

આ મન્વન્તરમાં હરિમેધાની ઋષિની હરિણી નામની સ્ત્રીમાં હરિ નામના ભગવાનનો અવતાર થયો તે હરિ ભગવાને, ઝૂડ નામના જલચરે ગજેન્દ્રને તળાવમાં પકડ્યો હતો તે ઝૂડના મુખથી ગજેન્દ્રને છોડાવ્યો હતો ।।૩૦।।

**રાજા પરીક્ષિતે પૂછ્યું :** હે બાદરાયણિ! હરિ ભગવાને ઝૂડના મોઢામાંથી ગજેન્દ્રને છોડાવ્યો એ કથા આપની પાસેથી અમે સાંભળવાની ઈચ્છા રાખીએ છીએ ।।૩૧।।

જ્યાં-જ્યાં ઉત્તમ કીર્તિવાળા ભગવાનનું ગાન થાય છે ત્યાં-ત્યાં એ ભગવાનની કથામાં મોટું પુણ્ય રહેલું હોય છે. એ પુણ્ય ધન આપનાર છે, કલ્યાણ કરનાર છે અને માંગલિક છે ।।૩૨।।

**પરીક્ષિતૈવં સ તુ બાદરાયણિઃ પ્રાયોપવિષ્ટેન કથાસુ ચોદિતઃ ।।**
**ઉવાચ વિપ્રાઃ પ્રતિનન્દ્ય પાર્થિવં મુદા મુનીનાં સદસિ સ્મ શૃણ્વતામ્ ।।૩૩।।**

સૂત પૌરાણિકે શૌનિકાદિકને કહ્યું:હે શૌનકાદિ ઋષિઓ! રાજા પરીક્ષિત આમરણ અનશન કરી કથા સાંભળવામાટે જ બેઠા હતા. તેમણે જ્યારે શ્રીશુકદેવજી મહારાજને આ પ્રમાણે કથા કહેવામાટે પ્રેરણા કરી ત્યારે તેમને ઘણો આનન્દ થયો અને પ્રેમથી પરીક્ષિતનું અભિનન્દન કરી મુનિઓની ભરી સભામાં કહેવા લાગ્યા ।।૩૩।।

**ઇતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (પહેલાં હરિસ્મરણ નામના પ્રકરણનો) ''સ્વાયમ્ભુવ વગેરે ચાર મનુની કથા''નામનો પહેલો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
ભગવત્કથા એ તો દિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં.

## અધ્યાય ૨

## ગજેન્દ્રને જલમાં ઝૂડે પકડ્યો ત્યારે એ ભગવાનને શરણે ગયો

**વિશેષ :** ચોથા મન્વન્તરમાં ગજેન્દ્રમોક્ષની કથા છે તે બીજા અધ્યાયથી ત્રણ અધ્યાયો કહેવામાં આવે છે. ગજેન્દ્ર હાથણીઓ સાથે ક્રીડા કરતો જળ પીવા તળાવમાં આવે છે ત્યાં

દૈવયોગે ઝૂડ એના પગને પકડે છે ત્યારે ગજેન્દ્ર ભગવાનને યાદ કરે છે એટલી વાત આ બીજા અધ્યાયમાં આવે છે.

**આસીદ્ ગિરિવરો રાજન્ ત્રિકૂટ ઈતિ વિશ્રુતઃ ।।**
**ક્ષીરોદેનાવૃતઃ શ્રીમાન્યોજનાયુતમુચ્છ્રિતઃ ।।૧।।**

શ્રીશુકદેવજી બોલ્યાઃત્રિકૂટ નામનો એક શોભાયમાન પ્રસિદ્ધ પર્વતશ્રેષ્ઠ છે જેને ફરતો ક્ષીરસાગર છે; એ દશ હજાર યોજન ઊંચો છે ।।૧।।

એની લંબાઈ અને પહોળાઈ પણ ચોતરફ એટલી જ હતી. એને ત્રણ શિખરો છે જેમાં એક રૂપાનું, બીજું લોઢાનું અને ત્રીજું સોનાનું છે. એને પણ ચોતરફ સમુદ્ર હોવાથી એમાં એના કિરણ પડે છે તેથી સમુદ્ર, આકાશ અને દિશાઓની શોભામાં વધારો થાય છે ।।૨।।

દિશાઓને બીજી ધાતુઓ તથા રત્નો થી પ્રકાશ આપતો અને અનેક પ્રકારનાં વૃક્ષો લતાઓ ગુચ્છો તથા જળઝરણાંના ખડખડાટ વડે એ શોભી રહ્યોછે ।।૩।।

ચારે તરફ જળના તરંગોથી ધોવાતા હોવાથી એના પર્વતો સ્વચ્છ દેખાય છે. તેઓ લીલાવર્ણવાળા મરતકમણિના પ્રભાવથી પૃથ્વીને શ્યામતા આપે છે ।।૪।।

એ પર્વતની કન્દરાઓમાં નાગ, કિન્નરો, અપ્સરાઓ, ગન્ધર્વો, વિદ્યાધરો, સિદ્ધો, ચારણો વગેરે ક્રીડા કરે છે ।।૫।।

કન્દરામાં સિદ્ધચરણો જે ગાન કરે છે તેના નાદને સાંભળીને અસહન શક્તિવાળા સિંહો બીજા સિંહની ગર્જનાની કલ્પના કરીને સાચી ગર્જનાકરેછે ।।૬।।

એની તળેટીમાં અનેક પ્રકારનાં અરણ્યપશુઓનો સમુદાય વસે છે. ત્યાંનાં વિચિત્ર વૃક્ષો ઉપર સુન્દર કંઠવાળાં દેવોના બગીચાનાં પક્ષીઓ મધુર કંઠે કલરવ કરી રહ્યા છે ।।૭।।

નદીઓ, તળાવો વગેરે સ્વચ્છ જળાશયોમાં કાંઠા પણ છે તેમાંથી પવન તથા જળ પણ સુગન્ધવાળું થાય છે ।।૮।।

એ પર્વતની તળેટીમાં ભગવત્પ્રેમી મહાત્મા વરુણનું ઋતુમાન નામનું ઉપવન આવેલું છે. તેમાં દેવાંગનાઓ ક્રીડા કરે છે ।।૯।।

તેમાં ચોતરફ દિવ્ય વૃક્ષો શોભે છે જેમાં ફળો અને ફૂલો સદા પુષ્કળ પ્રમાણમાં હોય છે. તે ઉદ્યાનમાં મન્દાર, પારિજાત, ગુલાબ, અશોક, ચમ્પો, જાતજાતના આમ્બા, રાયણ, ફણસ, બીજા આમ્બાની જાતનાં આમળાં, સોપારી, નાળિયેર,

ખજૂર, બીજોરાં, મહુડાં, સાજડ, તાડ, તમાલ, આસોંદ, અર્જુન, અરીઠાં, ઉમ્બરા, પીપર, વડ, ખાખરો, ચન્દન, લીમડા, કોવિદાર, સરલ દેવદાર, દ્રાક્ષ, શેરડી, કેળ, જામ્બુ, બોર, રુદ્રાક્ષ, હરડાં, બહેડાં, આમળાં, બીલી, કોઠ, જમ્બીર, ભિલામા વગેરે ઝૂમી રહ્યાંછે. એક મોટા સરોવરમાં સોનેરી કમળોની શોભા ખૂબછે ।।૧૦-૧૪।।

કુમુદ, ઉત્પલ, કહ્લાર, શતપત્ર વગેરેની અનોખી શોભાથી એ સુન્દર દેખાય છે. મદોન્મત્ત ભમરા ગુઞ્જારવ કરે છે. મધુર કંઠવાળાં પક્ષીઓ ત્યાં કલરવ કરી રહ્યાં હોય છે ।।૧૫।।

એમાં હંસ, કારંડવ વગેરે ઘણાં પક્ષી છે. ચકવા, સારસ, જલકૂકડી, બપૈયા વગેરેના મધુર સ્વરથી એ ગાજી રહેલું છે ।।૧૬।।

મચ્છ, કાચબા વગેરેના ફેરવાથી પદ્મનો પરાગ પાણી ઉપર ફેલાઈ જાય છે. કદમ્બ, વેતસ, નલ અને નીપ વગેરે વૃક્ષોથી તે ઘેરાયેલું છે ।।૧૭।।

કુન્દ, કુરબક, અશોક, શિરીષ, મલ્લિકા, ઈંગુદ, કુબ્જક, સ્વર્ણયૂથી તેમ જ નાગ, પુન્નાગ અને જૂઈનાં વૃક્ષથી શોભે છે ।।૧૮।।

જૂઈ, માલતી અને શતપત્ર કમળ, માધવી, મોગરો અને નિત્યનાં તથા ઋતુવિકાસી પુષ્પોનાં વૃક્ષોથી એ જલાશય શોભાયમાન હતું ।।૧૯।।

એક દિવસે પર્વતમાં વનમાં હાથણીઓની સાથે ફરતો એના યૂથનો નાયક હાથી કાંટાવાળાં ઝાડોનો તથા શબ્દ કરતા વેણુવાળા વિશાળ પ્રદેશને નુકશાન કરતો-કરતો ત્યાં એ તળાવે આવ્યો ।।૨૦।।

એ હાથીની ગન્ધ માત્રથી સિંહો, હાથીઓ, વાઘો, ગેંડાઓ, શરભ અને ચમરી ગાય તથા મોટા સર્પો, પશુઓ વગેરે ભયથી પલાયન કરી જતા ।।૨૧।।

દીપડા, સૂવર, પાડા, રોઝ, વાંદરાં અને બીજાં નાનાં પ્રાણીઓ જેવાં કે હરણ, સસલાં વગેરે એ હાથીના અનુગ્રહથી વગર બીકે ત્યાં ફર્યા કરતા હતા ।।૨૨।।

મધ્યાહ્નના સૂર્યના તાપથી એ હાથી તપી ગયો હતો. એની સાથે હાથીઓ તથા હાથણીઓ હતી, મદ જરતાં નાનાં બચ્ચાં પણ સાથે હતાં. એની સાથે ચાલતો પોતાના ગૌરવથી પર્વતને કમ્પાવતો અને મદની ઉપર તૂટી પડતા ભમરોઓથી સેવાયેલો એ હાથી ત્યાં તળાવે આવ્યો ।।૨૩।।

કમળના રેણુથી વ્યાપ્ત થયેલ પવનને દૂરથી સૂંઘતો-સૂંઘતો મદમાં નેત્રને ચપલ કરતો એ હાથી, પોતાનાં ગોઠિયાં, તૃષાથી પીડાતાં બીજાં હાથી-હાથણીઓ ની સાથે

સરોવર પાસે જલદી આવી પહોંચ્યો ।।૨૪।।

એણે એ તળાવમાં પ્રવેશ કર્યો અને સોનાના કમળની રજથી સુગન્ધવાળું અમૃત સરખું જળ પૂર્ણ તૃપ્તિથી એણે પીધું. પછી પોતાની સૂંઢમાં જળ ભરી પોતાના શરીરને સિંચન કરીને એ પોતે પોતાનો તાપ તથા થાક ઉતારીને તૈયાર થઈ ગયો।।૨૫।।

પછી જેમ કોઈ ગૃહસ્થ પોતાની સાથે આવેલાંનો સત્કાર કરે તેમ તે પોતાની સૂંઢમાં જળ ભરીને બચ્ચાંઓને અને હાથણીઓને સ્નાન કરાવવા લાગ્યો તથા તેમને જળ પાવા લાગ્યો. હાથીનાં બચ્ચાંને તેમજ હાથણીઓને જળ છાંટવા લાગ્યો એમાં ભગવાનની માયાવડે મોહિત તે બિચારાને આવી પડનારા દુઃખનો ખ્યાલ સુદ્ધાં ન આવ્યો ।।૨૬।।

હાથી હાથણીઓને જળ સિંચન કરતો હતો એટલામાં પ્રારબ્ધે પ્રેરેલો ઝૂડ નામનો મહા બળવાન જળચર પ્રાણી જળમાં રહેલો હતો તેણે પાણીને ડોળતા હાથીની ઉપર કોપ કર્યો અને એને પગમાંથી પકડ્યો. અકસ્માત આવી પડેલી આફતમાંથી ઊગરવા બળવાન ગજેન્દ્રે ખૂબ પ્રયત્ન કર્યો પરન્તુ છોડાવી શકયો નહિ ।।૨૭।।

જ્યારે હાથણીઓએ જાણ્યું કે કોઈ બળવાન જાનવર હાથીને જળમાં ખેંચી જાય છે ત્યારે બિચારી ગરીબડી બની ગઈ અને આક્રોશ કરવા લાગી. એની પાછળ આવનારા બીજા હાથીઓએ મહેનત કરી છતાં જ્યારે એ યૂથપતિને છોડાવી શકયા નહિ ત્યારે દીન બની ગયા ।।૨૮।।

હે મહીપતે! હવે ગ્રાહ અને ગજેન્દ્ર નું યુદ્ધ ચાલ્યું. ગ્રાહ અન્દર લઈ જાય અને હાથી એને બહાર ખેંચી કાઢે. એમ કરતાં-કરતાં એક હજાર વર્ષ થઈ ગયાં તો પણ એ એક બીજા થાકયા નહિ. આ જોઈને દેવોને પણ આશ્ચર્ય થયું ।।૨૯।।

એમ યુદ્ધ ઘણા કાળ સુધી ચાલવાથી ગજેન્દ્રનું મનનું, શરીરનું અને ઇન્દ્રિયોનું બળ ક્ષીણ થયું અને ગ્રાહ તો જલચર હોવાથી તેના બળમાં વધારો થયો તેથી એ ગજેન્દ્રને જળમાં વધારે જોરથી ખેંચવા લાગ્યો ।।૩૦।।

જ્યારે ગજેન્દ્ર દુઃખ પામવા લાગ્યો અને પ્રાણસંકટને પહોંચી વળવાને સમર્થ ન થયો. ગ્રાહથી પોતાને કેમ છુટવું એમ ધ્યાન કરવા લાગ્યો ત્યારે એને બુદ્ધિમાં આ પ્રમાણે સ્ફૂરણા થઈ ।।૩૧।।

''અરે! મને દુઃખી જોઈને આ હાથીઓ જે મારા સગા છે તેમણે મને છોડાવવાનો પ્રયત્ન કર્યો પણ એ છોડાવી શકયા નહિ તો આ હાથણીઓ મને કયાંથી બચાવી

શકે? તેથી બધાનું અવલમ્બન છોડી વિધિના બંધનથી બંધાયેલો એવો હું જે બધા (બ્રહ્માદિ) ને રક્ષણ કરનાર છે તેને શરણે જાઉં ।।૩૨।।

**યઃ કશ્ચનેશો વલિનોઽન્તકોરગાત્ પ્રચંડવેગાદભિધાવતો ભૃશમ્।**
**ભીતં પ્રપન્નં પરિપાતિ યદ્ભયાન્ મૃત્યુઃ પ્રધાવત્યરણં તમીમહિ ।।૩૩।।**

એ સર્વનો ઈશ્વર છે. બળવાન કાળરૂપી સર્પ જે સર્વની પાછળ અત્યન્ત વેગથી દોડે છે તેના ભયથી જેઓ ઈશ્વરને શરણે આવે છે તેને એ છોડાવે છે. કાળરૂપી મૃત્યુ પણ જેનાથી ભય પામે છે તેવા ઈશ્વરને રક્ષક જાણી એને શરણે જઈએ'' ।।૩૩।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં(પહેલા હરિસ્મરણ નામના પ્રકરણમાં)**
**''ગજેન્દ્રને જલમાં ઝૂડે પકડ્યો ત્યારે એ ભગવાનને શરણે ગયો''**
**નામનો બીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઈદં નામાત્મકં ભગવતો રૂપં તત્ સ્વવિક્રેતરી વિક્રયાતિરિક્તં ફલં ન પ્રયચ્છતિ**
ભગવાનના નામાત્મકસ્વરૂપ ભાગવતને(કથાદક્ષિણા, પોથીભેટ વગેરે રીતે) જે વેચે છે તેને તેના વેચાણના બદલામાં મળતાં દાન-દક્ષિણાથી વધુ બીજું કંઈ પણ આધ્યાત્મિક કે આધિદૈવિક ફળ મળતું નથી. **(શ્રીમહાપ્રભુજી)**

## અધ્યાય ૩
## ગજેન્દ્રે સ્તુતિ કરી ત્યારે
## પ્રભુએ એનો અને ગ્રાહનો કરેલો ઉદ્ધાર

**વિશેષ :** ગજેન્દ્રની સ્તુતિ સાંભળી ભગવાન્ ત્યાં પધાર્યા અને ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો તથા ગ્રાહનો દેવલ મુનિના શાપથી ઉદ્ધાર કર્યો એ વાત આ ત્રીજા અધ્યાયમાં આવશે.

**એવં વ્યવસિતો બુદ્ધ્યા સમાધાય મનો હૃદિ ।।**
**જજાપ પરમં જાપ્યં પ્રાગ્જન્મન્યનુશિક્ષિતમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે ગજેન્દ્રે બુદ્ધિથી નિશ્ચય કરીને મનને હૃદયમાં સ્થિર કર્યું અને પૂર્વ જન્મમાં શીખેલ શ્રેષ્ઠ સ્તોત્રના જપ દ્વારા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો. ।।૧।।

**ગજેન્દ્ર બોલ્યો :** આ જગત્ જેનાવડે ચેતનાત્મક થાય છે તે ભગવાનને હું નમું છું. એ જ પુરુષરૂપ છે. બીજરૂપ છે અને પરેશ છે; એ ભગવાનનું અમે ધ્યાન કરીએ છીએ ।।૨।।

જેમાં આ જગત્ રહે છે, જેનાથી આ જગત્ થાય છે, જે કારણવડે આ થાય છે અને જે રૂપ આ બધું છે, જે આ અને બીજાથી જુદાં છે તે સ્વતન્ત્ર ભગવાનને હું શરણે જાઉં છું ।।૩।।

જે પોતાની ઇચ્છાશક્તિવડે કવચિત્ નામરૂપે પ્રકટ થતું તો કવચિત્ નામરૂપના ભેદ વગર સ્વરૂપમાં રહેતું તેવા કાર્ય કારણાત્મક જગતને જે નિત્યજ્ઞાનવડે સાક્ષીરૂપે જાુએ છે. તે બધાનું મૂલ છે અને પોતાનું મૂલ પણ તે જ છે. કોઈ બીજાું તેમનું મૂલ નથી. તે જ સમસ્ત કાર્ય અને કારણ થી અતીત પ્રભુ મારી રક્ષા કરે ।।૪।।

બધા લોક એના પાલકો અને એ લોકના કારણરૂપ ભૂતો કાળે કરીને નાશ પામે છે ત્યારે કેવળ ગહન અને ગમ્ભીર અન્ધકાર રહે છે. એ અન્ધકારથી પણ પર બિરાજનાર સમર્થ ભગવાન્ મારા રક્ષક હો ।।૫।।

જેની લીલાઓના રહસ્યને દેવો કે ઋષિઓ પણ જાણતા નથી તો જીવ તો એની પાસે જવાને કે તેનું વર્ણન કરવાને કેમ લાયક થઈ શકે? જેમ નવા વેશ કરનાર નટને કોઈ જાણી શકતું નથી તેમ જેનું દુઃખે કરીને પણ ન જણાય તેવું ચરિત્ર છે તે મારું રક્ષણ કરો ।।૬।।

જેમના પરમ મંગલમય સ્વરૂપનાં દર્શન કરવામાટે મહાત્મા લોકો સંસારની સમસ્ત આસક્તિઓનો પરિત્યાગ કરી દે છે અને વનમાં જઈને અખંડ બ્રહ્મચર્ય વગેરે અલૌકિક વ્રતોનું પાલન કરે છે તથા પોતાના આત્માને બધાના હૃદયમાં બિરાજમાન્ જોઈને સ્વાભાવિક રીતે જ બધાનું હિત કરે છે તે જ મુનિઓના સર્વસ્વ ભગવાન્ મારા સહાયક છે તે જ મારી ગતિ છે ।।૭।।

જેને જન્મ કે કર્મ નથી, નામ કે રૂપ નથી, ગુણ કે દોષ નથી, છતાં એ લોકની સૃષ્ટિ અને સંહાર કરવામાટે નામ-રૂપ, જન્મ-કર્મ અને ગુણ-દોષ પોતાની માયા શક્તિવડે સમયને અનુસરીને સ્વીકારે છે ।।૮।।

એ અનન્ત શક્તિવાળા પરમેશ્વર રૂપરહિત છે, બહુ રૂપવાળા છે એમનાં કર્મ અત્યન્ત આશ્ચર્યમય છે એમને મારા નમસ્કાર હો ।।૯।।

આત્મપ્રકાશરૂપ, સાક્ષીરૂપ, પરમાત્મરૂપ અને વાણી, મન અને ચિત્ત થી સુદૂર

એવા પ્રભુને મારા નમસ્કાર હો ।।૧૦।।

વિવેકી પુરુષ કર્મ-સન્ન્યાસ અથવા કર્મ-સમર્પણ દ્વારા પોતાનું અન્તઃકરણ શુદ્ધ કરીને જેમને પ્રાપ્ત કરે છે તથા જે સ્વયં તો નિત્ય મુકત, પરમાનન્દ અને જ્ઞાન સ્વરૂપ છે જ પણ બીજાને કૈવલ્ય મુક્તિ દેવાનું સામર્થ્ય પણ કેવલ એમનામાં જ છે એવા પ્રભુને હું નમસ્કાર કરું છું ।।૧૧।।

જે સત્ત્વ, રજ, તમ આ ત્રણ ગુણોનો ધર્મ સ્વીકાર કરી ક્રમશઃ શાન્ત, ઘોર અને મૂઢ અવસ્થા પણ ધારણ કરે છે એ ભેદ રહિત, સમભાવથી સ્થિત, જ્ઞાનધન પ્રભુને મારા નમસ્કાર હો ।।૧૨।।

હે પ્રભુ! આપ ક્ષેત્રજ્ઞ છો, સર્વના અધ્યક્ષ છો, સાક્ષી છો, પુરુષ અને જીવના પણ મૂળરૂપ છો, મૂળ પ્રકૃતિરૂપ પણ છો તેવા આપને મારાં નમન હો ।।૧૩।।

આપ સર્વ ઈન્દ્રિય ગુણના દૃષ્ટા છો, સમસ્ત પ્રતીતિના આધાર છો. અસત્ અહંકારાદિવડે છાયારૂપે દેખાઓ છો અને સત્પદાર્થના આભાસરૂપે દેખાઓ છો તેવા આપને મારા નમસ્કાર હો ।।૧૪।।

આપ બધાનું મૂલ કારણ છો, આપનું કારણ કોઈ નથી. અને આપ કારણ સ્વરૂપ હોવા છતાં આપમાં વિકાર યા પરિણામ થતું નથી તેથી આપ અનોખું કારણ છો, જેમ બધા નદી-ઝરણાં આદિનો પરમ આશ્રય સમુદ્ર છે તેમજ આપ સમસ્ત વેદ અને શાસ્ત્રોનું પરમ તાત્પર્ય છો. આપ મોક્ષસ્વરૂપ છો અને સમસ્ત ભકત આપનું જ શરણ સ્વીકારે છે. તેથી આપને હું નમસ્કાર કરું છું ।।૧૫।।

જેમ યજ્ઞના કાષ્ઠ અરણિમાં અગ્નિ ગુપ્ત રહે છે તેમજ આપે આપના જ્ઞાનને ગુણોની માયાથી ઢાંકી રાખ્યું છે. ગુણોમાં ક્ષોભ થતાં એ દ્વારા વિવિધ પ્રકારની સૃષ્ટિ રચવાનો આપ સંકલ્પ કરો છો. જે લોકો કર્મ-સન્ન્યાસ અથવા કર્મ-સમર્પણ દ્વારા આત્મતત્ત્વની ભાવના કરી વેદશાસ્ત્રોથી પર થઈ જાય છે એમના આત્માના રૂપમાં આપ સ્વયં જ પ્રકાશિત થઈ જાઓ છો. આપને હું નમસ્કાર કરું છું ।।૧૬।।

જેમ કોઈ દયાળુ પુરુષ જાળમાં સપડાયેલા પશુની જાળ કાપી નાખે તેવી જ રીતે આપ મારા જેવા શરણાગતોની ફાંસી કાપી નાખો છો. આપ નિત્ય મુકત છો, અત્યન્ત કરુણામય છો અને ભકતોનું કલ્યાણ કરવામાં આપ કયારેય આળસ કરતા નથી. બધાં પ્રાણીઓના હૃદયમાં પોતાના અંશદ્વારા અન્તરાત્માના રૂપમાં આપ પ્રાપ્ત થતા રહો છો. આપ સર્વ ઐશ્વર્યોથી પૂર્ણ અને અનન્ત છો. આપને હું

નમસ્કાર કરું છું ।।૧૭।।

દેહ, પુત્ર, ગુરુજન, ગૃહ, ધન, સ્વજન વગેરેમાં જેઓ આસક્ત છે તેમને એ ભગવાનની પ્રાપ્તિ અત્યન્ત કઠિન છે કારણ કે તે પોતે તો ગુણોની આસક્તિથી રહિત છે. જીવન્મુકત પુરુષો એને પોતાના હૃદયમાં ભાવનાથી ધારણ કરી શકે છે; તેવા જ્ઞાનરૂપ ઈશ્વરને મારા નમસ્કાર હો ।।૧૮।।

ચતુર્વર્ગની ઈચ્છાવાળા એમનું ભજન કરી ઈચ્છિત ગતિ મેળવી શકે છે એટલું જ નહિ પણ એ ભજનાર ભક્તિવડે નિત્ય દેહને પણ પ્રાપ્ત કરે છે. વળી અન્ય ઈચ્છિત પદાર્થો પણ ભગવાન્ એને આપે છે તેવા અત્યન્ત દયાળુ મારો મોક્ષકરો ।।૧૯।।

ભગવાનને શરણે જઈ જેઓ એક એને જ ભજનારા છે તેઓ ભગવાન્ પાસેથી કાંઈ પણ લેવાની ઈચ્છા કરતા નથી, પરન્તુ એમના અતિ અદ્ભુત ચરિત્રનું ગાન કરતા આનન્દ સમુદ્રમાં મગ્ન રહે છે; તેવા ભગવાનની હું સ્તુતિ કરું છું ।।૨૦।।

એ જ અક્ષર બ્રહ્મરૂપ તેમજ પર બ્રહ્મરૂપ છે. એ સ્પષ્ટ જણાતા નથી છતાં માણસ આધ્યાત્મિક યોગવડે એમની પાસે જઈ શકે છે. એ ઈન્દ્રિયની વૃત્તિથી ગ્રહણ થઈ શકતા નથી, અતિસૂક્ષ્મ છતાં પરિપૂર્ણ છે, આદિ અને અન્ત રહિત છે તેવા ભગવાનની હું સ્તુતિ કરું છું ।।૨૧।।

એમની તુચ્છ કલાથી અનેક નામ અને રૂપ ના ભેદભાવથી યુકત બ્રહ્માદિ દેવ, વેદ અને સ્થાવર જંગમ લોકો ઉત્પન્ન થયાછે ।।૨૨।।

જેમ અગ્નિમાંથી જ્વાળા નીકળે અને એમાં સમાય, જેમ સૂર્યમાંથી કિરણો બહાર પડે અને એમાં જ લય પામે તેમ બુદ્ધિ, મન, ઈન્દ્રિય અને દેહ આદિનો પ્રવાહ ભગવાન્માંથી પેદા થાય છે અને ભગવાન્માં જ પાછો સમાપ્ત થાય છે તે ભગવાન્ સર્વોત્કર્ષવડે શોભો ।।૨૩।।

જે ભગવાન્ દેવ, અસુર, મનુષ્ય, પશુ, સ્ત્રી, નપુંસક, પુરુષ, જીવ વગેરે નથી, જે ગુણ કે કર્મ નથી, જે સત્ કે અસત્ નથી; બધું નિષેધ કરતાં જે રહે તે એ પોતે છે. એ જ સર્વનો આશ્રય છે. તે ભગવાનનો જય હો ।।૨૪।।

હું ગ્રાહથી મુકત થઈને જીવવાની ઈચ્છા કરતો નથી; અન્દર અને બહારથી અજ્ઞાનવડે આચ્છાદિત આ હાથીના શરીરથી મારે શું કરવાનું છે? પરન્તુ કાળે કરીને પણ જેનો નાશ નથી તેવા આત્માને ઢાંકનાર આવરણથી છૂટવાની ઈચ્છા કરું છું ।।૨૫।।

વિપત્તિના વાદળમાં ઘેરાયેલો હું એ પરબ્રહ્મ પરમાત્માને શરણે છું જે વિશ્વરહિત

હોવા છતાં વિશ્વના ઘડનારા અને વિશ્વરૂપ છે. સાથે-સાથે જે વિશ્વના અન્તરાત્માના રૂપમાં વિશ્વરૂપ સામગ્રીની સાથે ક્રીડા પણ કરતા રહે છે. એ અજન્મા પરમપદ સ્વરૂપ બ્રહ્મને હું નમસ્કાર કરું છું ।।૨૬।।

જેણે યોગવડે કર્મનો પરિપાક કર્યો હોય, જે યોગવડે યોગીઓ પોતાના હૃદયમાં ભાવનાથી જેને જોઈ શકે છે તેવા યોગીના નિયન્તાને હું નમું છું ।।૨૭।।

અસહ્ય જેનો વેગ છે તેવી ત્રણ શક્તિઓ વિશિષ્ટ બુદ્ધિના બધા ગુણયુકત, શરણાગતરક્ષક, અચિંત્ય શક્તિવાળા, ક્ષુદ્ર ઈંદ્રિયસુખ માગનારને અગમ્ય તેવા ભગવાનને હું અનેકવાર નમું છું ।।૨૮।।

એમની માયાશક્તિવડે અહંકાર થતાં માણસ સર્વમાં વ્યાપી રહેલા પોતાના આત્માને જોઈ શકતો નથી જેનું એવું અનન્ત માહાત્મ્ય છે તેવા ભગવાનને હું શરણે જાઉં છું ।।૨૯।।

શ્રીશુકદેવજી બોલ્યાઃએવી રીતે ગજેન્દ્રે કોઈના વિશેષ નામ વગરનું ભગવાનનું વર્ણન કર્યું ત્યારે બ્રહ્મા આદિ દેવો નાના પ્રકારના રાજસ આદિ ભાવના અભિમાનવાળા હોવાથી ત્યાં ગયા નહિ પણ હરિ ભગવાન્ સર્વાત્મા અને સર્વ દેવસ્વરૂપ હોવાથી ત્યાં પ્રકટ થઈ ગયા ।।૩૦।।

જગતના આધારરૂપ ભગવાને ગજેન્દ્રને અત્યન્ત પીડાતો જોયો એણે કરેલી સ્તુતિ સાંભળી અને પછી વેદમય ગરુડ ઉપર બિરાજેલા અને દેવતાઓ જેમની સ્તુતિ કરતા હતા તેવા ચક્રધારી ભગવાન્ જ્યાં ગજેન્દ્ર હતો ત્યાં જલદી આવી પહોંચ્યા ।।૩૧।।

હાથીને તો મહા બળવાન ઝૂડે પાણીમાં પકડી રાખ્યો હતો તેથી એ અત્યન્ત દુઃખી હતો. એણે હાથમાં ચક્ર ધારણ કરેલા હરિ ભગવાનને ગરુડ ઉપર બિરાજેલા જોયા એટલે પોતાની સૂંઢમાં એક કમળ લઈ એણે ઉપર ઉઠાવ્યું અને દીન આર્તિપૂર્વક બોલ્યો ''નારાયણ! અખિલગુરો! ભગવાન્ આપને હું નમુંછું'' ।।૩૨।।

**તં વીક્ષ્ય પીડિતમજઃ સહસાવતીર્ય સગ્રાહમાશુ સરસઃ કૃપયોજ્જહાર ।।**
**ગ્રાહાદ્ વિપાટિતમુખાદરિણાગજેન્દ્રં સમ્પશ્યતાં હરિરમૂમુચદુચ્છ્રિયાણામ્ ।।૩૩।।**

અજન્મા ભગવાને એને દુઃખી જોઈને કૃપા કરી તળાવમાંથી ગ્રાહ સાથે ગજેન્દ્રને બહાર ખેંચી કાઢ્યો અને ચક્રવડે દેવોના દેખતાં ગ્રાહના મોઢાને ચીરીને હાથીને ગ્રાહથી છૂટો કર્યો ।।૩૩।।

**ઇતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (પહેલાં હરિસ્મરણ નામના પ્રકરણનો) ''ગજેન્દ્રે સ્તુતિ કરી ત્યારે પ્રભુએ એનો અને ગ્રાહનો કરેલો ઉદ્ધાર'' નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો.(શ્રીવલ્લભાચાર્ય)**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ માણસને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

## અધ્યાય ૪

## ગજેન્દ્ર અને ગ્રાહ નો પૂર્વજન્મ

**વિશેષ :** ગજેન્દ્ર અને ગ્રાહ એ બે માંથી ગ્રાહ તો ગન્ધર્વ હતો તેને દેવલના શાપથી ગ્રાહ થવું પડ્યું હતું તે ગ્રાહના શરીરથી મુકત થઈ નહૂહૂથ નામનો ગન્ધર્વ થઈ ગયો. ગજેન્દ્રને ભગવાને પોતાના પાર્ષદ બનાવ્યો. તેને પ્રભુએ પોતાનું સ્થાન આપ્યું એ વાત આ ચોથા અધ્યાયમાં કહેવાય છે.

**તદા દેવર્ષિગન્ધર્વા બ્રહ્મેશાનપુરોગમાઃ ।।**
**મુમુચુઃ કુસુમાસારં શંસન્તઃ કર્મ તદ્ધરેઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જ્યારે ભગવાન્ હરિએ ગજેન્દ્રને ઝૂડના મોઢામાંથી છોડાવ્યો ત્યારે બ્રહ્મા અને શિવજી સાથે બધા દેવો ભગવાન્ હરિના કર્મની પ્રશંસા કરતા એમની ઉપર પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા ।।૧।।

દેવનાં દુન્દુભિ વાગ્યાં, ગન્ધર્વો નાચવા અને ગાવા લાગ્યા અને ઋષિઓ ચારણો અને સિદ્ધ લોકો પુરુષોત્તમની સ્તુતિ કરવા લાગ્યા ।।૨।।

ગજેન્દ્રને પગથી પકડનાર ગ્રાહે તરત જ આશ્ચર્યકારક રૂપધારણ કર્યું. દેવલના શાપથી મુકત થયેલો એ અસલ 'હૂહૂ' નામનો ગન્ધર્વ હતો તે પાછો પૂર્વરૂપને પ્રાપ્ત થઈ ગયો ।।૩।।

એ હૂહૂ ગન્ધર્વ ઉત્તમ કીર્તિવાળા, અવિકૃત સ્વરૂપવાળા, યશના ધામરૂપ અને કીર્તન કરવા યોગ્ય જેના ગુણ અને સુન્દર કથાઓ છે તેવા ભગવાનને મસ્તકવડે પ્રણામ કરીને ભગવાનના ગુણ ગાવા લાગ્યો ।।૪।।

ત્યારે પ્રભુએ એની ઉપર દયા કરી તેથી એ બધા દોષોથી મુકત થયો. ભગવાનની પરિક્રમા કરી તેમને પ્રણામ કરી બધા લોકોના દેખતાં એ પોતાના ગન્ધર્વલોકમાં ગયો ।।૫।।

ગજેન્દ્ર પણ ભગવાનનો સ્પર્શ થતાં જ અજ્ઞાનના બંધનમાંથી મુકત થઈ ગયો. તેને ભગવાનનું જ રૂપ પ્રાપ્ત થઈ ગયું. તે પીતામ્બરધારી અને ચતુર્ભુજ બની ગયો ।।૬।।

પૂર્વ જન્મમાં ગજેન્દ્ર દ્રવિડોમાં ઉત્તમ પાણ્ડ્ય દેશનો રાજા હતો અને ઈન્દ્રદ્યુમ્ન એનું નામ હતું. એ વિષ્ણુના વ્રતમાં પરાયણ એન અત્યન્ત યશસ્વી હતો ।।૭।।

એકવાર રાજા ઈન્દ્રદ્યુમ્ન રાજપાટ છોડી મલય પર્વત ઉપર રહેવા લાગ્યા હતા. એમણે જટાઓ વધારી તપસ્વીનો વેશ ધારણ કરી લીધો. એક દિવસ સ્નાન કર્યા બાદ પૂજા વખતે મનને એકાગ્ર કરી અને મૌન ધારણ કરી તે સર્વ શક્તિમાન ભગવાનની આરાધના કરી રહ્યા હતા ।।૮।।

તે વખતે દૈવયોગથી મહાયશસ્વી અગસ્ત્ય મુનિ પોતાના શિષ્યો સાથે એમના આશ્રમમાં આવી પહોંચ્યા ત્યારે રાજા ઈન્દ્રદ્યુમ્ન તો સમાધિમાં ચૂપચાપ ભગવદ્ આરાધન કરતા હતા. એમનાથી ઋષિનો સત્કાર થયો નહિ તેથી ઋષિ ગુસ્સે થઈ ગયા ।।૯।।

એ કહેવા લાગ્યા કે ''આ ઈન્દ્રદ્યુમ્ન રાજા બુદ્ધિહીન છે, દુષ્ટ છે અને બ્રાહ્મણનું અપમાન કરનાર છે. હું અહીં આવ્યો તો પણ મારી સામે જોતો નથી તેથી એ અભિમાની છે. એ હાથી જેવો જડ હોવાથી અન્ધતમમાં જાય, અર્થાત્ જેમાં જ્ઞાન નથી તેવો હાથી થઈ જાય'' એવો શાપ અગત્સ્યે આપ્યો ।।૧૦।।

**શ્રીશુકદેવજીએ રાજા પરીક્ષિતને કહ્યું :** હે રાજન્ એમ બોલીને શાપ અને વરદાન દેવા સમર્થ અગત્સ્ય શિષ્યોની સાથે ત્યાંથી રવાના થઈ ગયા ત્યારે રાજાએ પણ ધાર્યું કે ''મારું પ્રારબ્ધ જ આવું હતું; જે થયું તે ઠીક થયું'' ।।૧૧।।

ત્યાં તો એને આત્માની વિસ્મૃતિ કરાવનાર હાથીનો દેહ પ્રાપ્ત થઈ ગયો. પરન્તુ ભગવાનની ભક્તિનો પ્રભાવજ એવો છે કે હાથીના દેહમાં પણ એને ભગવાનની

સ્મૃતિ થઈને જ રહી ।।૧૨।।

ઉપર કહ્યા પ્રમાણે કમલનાભ ભગવાને ગજેન્દ્રનો ઉદ્ધાર કરી તેને પોતાનો પાર્ષદ બનાવી એને પોતાની સાથે લઈને ગરુડ ઉપર બિરાજ્યા. ગન્ધર્વો સિદ્ધો અને દેવો તેમની આ અદ્ભુત લીલાનું ગાન કરવા લાગ્યા, ભગવાન્ તેની સાથે સ્વભવને પધાર્યા ।।૧૩।।

કુરુવંશ શિરોમણિ પરીક્ષિત! મેં ભગવાન્ શ્રીકૃષ્ણનો મહિમા તથા ગજેન્દ્રના ઉદ્ધારની કથા તમને સંભળાવી. આ પ્રસંગ શ્રોતાઓના કલિમલ અને ખરાબ સ્વપ્ન મટાડી દેનારો તથા યશ, ઉન્નતિ અને સ્વર્ગ અપાવનારો છે ।।૧૪।।

તેથીજ શ્રેયની કામનાવાળા દ્વિજો સવારમાં ઊઠી, પવિત્ર થઈ, દુઃસ્વપ્ન આદિની શાન્તિને માટે ગજેન્દ્રમોક્ષનો પાઠ કરે છે ।।૧૫।।

હે કુરુસત્તમ! ગજેન્દ્રની સ્તુતિથી પ્રસન્ન થઈ સર્વવ્યાપક તથા સર્વભૂત સ્વરૂપ શ્રીહરિ ભગવાને ગજેન્દ્રને બધાના સાંભળતા કહ્યું હતું ।।૧૬।।

**શ્રીભગવાને કહ્યું :** જે લોકો રાતના છેલ્લા પહોરે ઊઠી ઇન્દ્રિયનિગ્રહપૂર્વક એકાગ્ર ચિત્તથી મારું, તારું તથા આ સરોવર, પર્વત અને કન્દરા, વન, નેતર, કીચક અને વાંસની ઝાડીઓ, અહીંના દિવ્ય વૃક્ષ તથા પર્વત શિખર, મારા, શિવજી અને બ્રહ્માજીનાં નિવાસસ્થાન, મારું પ્રિય ધામ ક્ષીરસાગર, પ્રકાશમય શ્વેતદ્વીપ, શ્રીવત્સ, કૌસ્તુભ મણિ, વનમાલા, મારી કૌમોદકી ગદા, સુદર્શન ચક્ર, પાંચજન્ય શંખ, પક્ષીરાજ ગરુડ, મારા સૂક્ષ્મકલા સ્વરૂપ શેષજી, મારા આશ્રયમાં લક્ષ્મીદેવી, બ્રહ્માજી, દેવર્ષિ નારદ, શિવજી તથા ભક્તરાજ પ્રહ્લાદ, મત્સ્ય, કૂર્મ, વરાહ આદિ અવતારોએ કરેલાં મારાં અનન્ત પુણ્યમય ચરિત્રો, સૂર્ય, ચન્દ્રમા, અગ્નિ, ૐકાર, સત્ય, મૂલપ્રકૃતિ, ગાય, બ્રાહ્મણ, અવિનાશી સનાતન ધર્મ, સોમ, કશ્યપ અને ધર્મની પત્ની દક્ષકન્યાઓ, ગંગા, સરસ્વતી, અલકનન્દા, યમુના, ઐરાવત હાથી, ધ્રુવ, સાત બ્રહ્મર્ષિ અને પવિત્રકીર્તિ (જનક વિદેહી, યુધિષ્ઠિર, નલ વગેરે) મહાપુરુષોનું સ્મરણ કરે છે તે સમસ્ત પાપોથી છૂટી જાય છે; કારણ કે આ બધાંય મારાં જ રૂપ છે ।।૧૭ થી ૨૪।।

પ્રિય ગજેન્દ્ર! જે લોકો બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જઈ તેં કરેલી મારી સ્તુતિથી મારું સ્તવન કરશે તેમને હું તેમના મૃત્યુ વખતે નિર્મલ બુદ્ધિનું દાન કરીશ ।।૨૫।।

**ઈત્યાદિશ્ય હૃષીકેશઃ પ્રધ્માય જલજોત્તમમ્ ।।**
**હર્ષયન્વિબુધાનીકમારુરોહ ખગાધિપમ્ ।।૨૬।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ઇન્દ્રિયના પ્રેરક ભગવાન્ એમ કહીને શંખનો નાદ કરી દેવતાઓને આનન્દિત કરતા ગરુડ ઉપર સવાર થઈ પધાર્યા ।।૨૬।।

**ઇતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (પહેલાં હરિસ્મરણ નામનો પ્રકરણનો) ''ગજેન્દ્ર અને ગ્રાહ નો પૂર્વ જન્મ'' નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**

કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

# બીજું દાન-દાતા પ્રકરણ

## અધ્યાય ૫

## રૈવત અને ચાક્ષુષ મન્વન્તરની કથા

**વિશેષ :** અહીંથી બીજું 'દાન દાતા'એ નામનું પ્રકરણ ૧૦ અધ્યાયનું શરૂ થાય છે. હવે પછી આઠ અધ્યાયથી સમુદ્રમાંથી અમૃત મેળવ્યું એ આખ્યાન કહેવામાં આવે છે જ્યાં ભગવાને પોતાના અંગીકૃતનો પક્ષપાત કરી સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. આ પાંચમા અધ્યાયમાં પાંચમા છઠ્ઠા મન્વન્તરની કથા કહેવામાં આવે છે. જ્યારે બ્રાહ્મણ (દુર્વાસા) ના શાપથી દેવો લક્ષ્મી વગરના થયા ત્યારે તેઓ ભગવાનની સ્તુતિ કરે છે એ પણ આ અધ્યાયમાં કહેછે.

**રાજન્નુદિતમેતત્ તે હરેઃ કર્માઘનાશનમ્ ।।**
**ગજેન્દ્રમોક્ષણં પુણ્યં રૈવતં ત્વન્તરં શૃણુ ।।૧।।**

**શ્રીશુક દેવજીએ કહ્યું :** હે રાજન્! પાપને દૂર કરનારી ગજેન્દ્રમોક્ષની પવિત્ર લીલા મેં તમને કહી. હવે પવિત્ર રૈવત મનુનો સમય કહું છું તે સાંભળો ।।૧।।

ચોથા મનુ તામસનો સગો ભાઈ રૈવત પાંચમો મનુ થયો. તેને અર્જુન, બલિ, વિન્ધ્ય વગેરે પુત્રો થયા જેમાં અર્જુન મુખ્ય હતો ।।૨।।

એ મન્વન્તરમાં વિભુ નામે ઇન્દ્ર થયા; ભૂતરય વગેરે દેવો થયા; હિરણ્યરોમા, વેદશિરા અને ઊર્ધ્વબાહુ વગેરે સપ્તર્ષિ થયા ।।૩।।

તેમાં શુભ્ર ઋષિની પત્નીનું નામ વિકુંઠા હતું. તેમના ગર્ભથી વૈકુંઠ નામના શ્રેષ્ઠ દેવતાઓની સાથે પોતાના અંશથી સ્વયં ભગવાને વૈકુંઠ નામનો અવતાર ધારણ કર્યો ।।૪।।

એ વૈકુંઠ ભગવાને લોકો જેને નમન કરે છે તેવો વૈકુંઠ નામનો લોક લક્ષ્મીજીની પ્રાર્થનાથી એની કામના પૂર્ણ કરવામાટે બનાવ્યો ।।૫।।

એ વૈકુંઠનાથનો પ્રતાપ તો (ત્રીજા સ્કન્ધમાં) કહેવામાં આવ્યો છે. એમના ગુણ એટલા બધા છે કે જે કોઈ પૃથ્વીના રેણુને ગણી શકે તે જ ભગવાનના ગુણને કહી શકે. એમ બધા ગુણ કહેવાને સમર્થ નથી ।।૬।।

છઠ્ઠા મનુ ચક્ષુના પુત્ર ચાક્ષુષ થયા, તે ચાક્ષુષના પૂરુ, પુરુષ, સુદ્યુમ્ન વગેરે અનેક પુત્રો થયા ।।૭।।

મન્ત્રદ્રુમ નામના ઈન્દ્ર થયા, આપ્ય આદિ દેવગણ થયા, હવિષ્માન અને વીરક આદિ સાત ઋષિઓ થયા ।।૮।।

જગત્પતિ ભગવાને ત્યારે પણ વૈરાજથી સમ્ભૂતિ નામની સ્ત્રીમાં અજિત નામના ભગવાન્ થયા, તે જગતના રક્ષક થયા ।।૯।।

એ ભગવાને સમુદ્રનું મન્થન કરી દેવોને માટે અમૃત ઉત્પન્ન કર્યું. એ અજિત ભગવાને કૂર્મનું રૂપ ધરીને જલમાં ફરતા મન્દરાચલ પર્વતને પોતાની પીઠ ઉપર ધારણ કર્યો ।।૧૦।।

**રાજાએ પૂછ્યું :** હે બ્રહ્મન્! ભગવાને ક્ષીર સાગરનું મથન કર્યું તે જે કારણથી કર્યું જેને માટે કર્યું અને જળચર રૂપ ધરી મન્દરને શા માટે ઉઠાવ્યો એ વાત જેવી બની હોય તેવી જ કહો ।।૧૧।।

એકલા દેવોને જ અમૃત કેમ મળ્યું? બીજું ત્યાં શું-શું બન્યું? એ ભગવાનની લીલા અત્યન્ત અદ્ભુત હોવાથી આપ મને કહો ।।૧૨।।

મારું મન અત્યન્ત તાપયુકત થયું છે છતાં આપ ભગવાનનો મહિમા સારી રીતે કહો છો તેનાથી મને તૃપ્તિ થતી નથી ।।૧૩।।

**સૂતજી બોલ્યા :** એ પ્રમાણે વ્યાસજીના પુત્ર શ્રીશુકદેવજીને રાજા પરીક્ષિતે પૂછયું ત્યારે હે દ્વિજો! રાજાના પ્રશ્નનું અભિનન્દન કરી શ્રીશુકદેવજીએ ભગવાનનાં પરાક્રમ કહેવાનો આરમ્ભ કર્યો ।।૧૪।।

શ્રીશુકદેવજી બોલ્યાઃજ્યારે યુદ્ધમાં દેવો અસુરનાં તીક્ષ્ણ બાણોવડે ઘવાયા અને

એમાંયે કેટલાક પ્રાણ છોડીને પડ્યા, જ્યારે *દુર્વાસાના શાપથી ત્રણ લોક લક્ષ્મી રહિત થઈ ગયા અને યજ્ઞાદિ ક્રિયાઓ નાશ પામી ગઈ અને જ્યારે ઈન્દ્ર વગેરે દેવોને આની ખબર પડી ત્યારે એઓએ સાથે મળી વિચાર કર્યો કે આપણે આવા કેમ થઈ ગયા? પણ એઓ સ્વતઃ એનું કારણ જાણી શકયા નહિ ।।૧૫ થી ૧૭।।

**વિશેષ** : ઈન્દ્ર ઐરાવત ઉપર બેસી આવતો હતો તેને દુર્વાસા સામા મળ્યા ત્યારે દુર્વાસાએ પ્રસન્નતાથી પોતાની પ્રસાદી માળા ઈન્દ્રને આપી. ઈન્દ્રે લક્ષ્મીના મદથી એ દુર્વાસાની પહેરેલી માળાને પોતે નહિ પહેરતાં ઐરાવતના કુમ્ભસ્થળ ઉપર ધરી, ઐરાવતે તે માળા લઈ પોતાના પગતળે કચરી નાખી. એ જોઈ દુર્વાસા ગુસ્સે થયા અને લક્ષ્મી રહિત થવાનો શાપ આપ્યો તેથી ઈન્દ્રે ત્રિલોકનું રાજ્ય ગુમાવ્યું.

ત્યારે બધાં દેવો મળી મેરું પર્વતની ઉપર જ્યાં બ્રહ્માની પુરી છે ત્યાં બ્રહ્મસભામાં આ વાતનો નિર્ણય કરવાને ગયા. બ્રહ્માજીને દેવોએ પોતાની વિકટ પરિસ્થિતિનું વિગતવાર વર્ણનકર્યું ।।૧૮।।

બ્રહ્માજીએ સ્વયં જોયું કે ઈન્દ્ર, વાયુ આદિ દેવતા શ્રીહીન અને શક્તિ હીન થઈ ગયા છે. લોકોની પરિસ્થિતિ સાવ બે હાલ, સંકટગ્રસ્ત થઈ રહી છે જ્યારે એથી ઊલટું અસુરો ફૂલીફાલી રહ્યા છે ।।૧૯।।

એમણે સમાધિ કરી એકાગ્ર મનથી પરમ પુરુષનું સ્મરણ કર્યું અને પ્રફુલ્લ વદનથી સમર્થ બ્રહ્માજી દેવોને કહેવા લાગ્યા ।।૨૦।।

હું બ્રહ્મા, શિવજી તમે ઈન્દ્રાદિ બીજા દેવો, મનુષ્ય, પશુ, વૃક્ષો અને સ્વેદજ બધાં જેનાથી ઊતરી આવેલ છીએ તે આપણે બધાં ભગવાનને રક્ષણને માટે પ્રાર્થના કરીએ ।।૨૧।।

એમને કોઈ મારવા યોગ્ય નથી અને કોઈ બચાવવાનો નથી કે કોઈ ઉપેક્ષણીય નથી કે કોઈ આદરણીય નથી તો પણ એ લોકની ઉત્પત્તિ રક્ષા અને નિયન્ત્રણને ને માટે કાલે કરી રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણ નો સ્વીકાર કરે છે ।।૨૨।।

અત્યારે ભગવાન્ સત્ત્વગુણને સેવે છે અને મનુષ્યનું પાલન કરવાનો એમનો વિચાર છે તેથી આપણે બધાં જગતના ગુરુ ભગવાનને શરણે જઈએ. એમને દેવો પ્રિય હોવાથી એ તમારું રક્ષણ કરશે ।।૨૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે શત્રુના નાશ કરનાર રાજા પરીક્ષિત! દેવોને એમ કહીને બ્રહ્માજી વગેરે તમસથી પર એવું જે સાક્ષાત્ ભગવાન્ અજિતનું સ્થાન છે ત્યાં

પહોંચ્યા ।।૨૪।।

ત્યાં જોયા તો નહિ પણ પૂર્વે સાંભળેલ હોવાથી સાવધાન થઈ દૈવી વાણીવડે એ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા ।।૨૫।।

**બ્રહ્માજી બોલ્યા** : આપ વિકાર રહિત છો, સત્ય છો, અનન્ત સ્વરૂપ છો, સર્વના હૃદયમાં રહેનાર આદિ પુરુષ છો, ઉપાદિમુકત છો, તર્કમાં ન આવો તેવા છો, મન જ્યાં-જ્યાં જાય છે ત્યાં-ત્યાં આપ પહેલેથી જ વિદ્યમાન રહો છો. વાણી આપનું નિરૂપણ કરી શકતી નથી. દેવોમાં આપ જ શ્રેષ્ઠ-વરણ કરવા લાયક છો. આપને અમે નમન કરીએ છીએ ।।૨૬।।

આપ પ્રાણ, મન, બુદ્ધિ અને અહંકાર ના જ્ઞાતા છો. ઈન્દ્રિયો અને તેમના વિષયો બન્ને આપ દ્વારા જ પ્રકાશિત થાય છે, અજ્ઞાન આપનો સ્પર્શ કરી શકતું નથી. પ્રકૃતિના વિકારરૂપ મરનારું-જીવનારું શરીર આપને નથી. જીવના બન્ને પક્ષ-વિદ્યા અને અવિદ્યા આપમાં બિલકુલ નથી. આપ અવિનાશી આનન્દ સ્વરૂપ છો. સત્યુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં તો આપ પ્રકટરૂપથી જ બિરાજમાન રહો છો. અમે બધા આપને શરણે આવ્યા છીએ ।।૨૭।।

જીવને દેહાદિરૂપ જે ચક્ર (રથનું પૈડું) છે તે ફર્યા કરે છે. એ ચક્ર મનોમય છે. દશ ઈન્દ્રિયો અને પાંચ પ્રાણ એમ પન્દર એમાં આરા છે. સત્ત્વ, રજ, તમ રૂપી ત્રણ ગુણ એની નાભિ છે જે વીજળીની પેઠે જલદી ચાલે છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર આઠ પાટા છે. સ્વયં માયા એનું સંચાલન કરે છે અને તેની ઝડપ વીજળીથી પણ વધારે છે. એ ચક્રની ધરી સ્વયં પરમાત્મા છે તેજ એક માત્ર સત્ય છે. એ પ્રભુને હું શરણે જાઉં છું ।।૨૮।।

આપ જ્ઞાન સ્વરૂપ છો. અજ્ઞાનથી પર હોવાથી આપ દેખાતા નથી કે સ્પષ્ટ થતા નથી. કાળ કે દેશ વડે આપનો પરિચ્છેદ થતો નથી. આપ ભકતની રક્ષા કરવાને ગરુડ ઉપર સવાર થઈને પાસે આવો છો, અથવા તો જીવના નિયમનમાટે આપ એની સાથે અન્તર્યામીરૂપે હમેશાં બિરાજો છો. વિચારશીલ પુરુષો ભક્તિયોગથી એમની જે આરાધના કરે છે. એવા આપને મારા નમસ્કાર હો ।।૨૯।।

જેની માયાવડે લોકો મોહ પામી પોતાના લક્ષ્યને ચૂકી જાય છે. તે માયાનો કોઈ પાર પામી શકતું નથી. તે માયા અને તેના ગુણોને જેણે વશ કરી જે સર્વ પ્રાણીમાં સમાનરૂપે વિચરણ કરતાં રહે છે. જીવ પોતાના સાધન બલથી નહિ પણ એમની

કૃપાથી જ એમને પ્રાપ્ત કરી શકે છે. અમે એમના ચરણોમાં નમસ્કાર કરીએ છીએ ।।૩૦।।

જેના પરમ પ્રિય સત્ત્વ શરીરથી અમે દેવરૂપે અને ઋષિરૂપે થયા છીએ એમ છતાં જેનાં સત્તા અને પ્રકાશ થી પ્રકટ એવા નિરુપાધિક સ્વરૂપને એમ જાણી શકતાં નથી તો અસુરો કે જે રજતમઃપ્રધાન છે તે તો શી રીતે જાણી શકે? ।।૩૧।।

આ પૃથ્વી કે જેમાં જરાયુજ વગેરે જીવની ચાર પ્રકારની સૃષ્ટિ થાય છે તે તેના ચરણરૂપ છે. મહાપુરુષ સ્વતન્ત્ર છે. એ મહા વૈભવવાળા છે, બ્રહ્મરૂપ છે એવા તે મારા ઉપર પ્રસન્ન હો ।।૩૨।।

જેનાવડે લોકો અને લોકપાળો જીવે છે અને વૃદ્ધિ પામે છે તેવું ઉદાર શક્તિશાળી જળ જેનું રેતોરૂપ છે તે મહાવિભૂતિ પ્રભુ મારી ઉપર પ્રસન્ન થાઓ ।।૩૩।।

શ્રુતિઓ કહે છે કે ચન્દ્રમાં એ પ્રભુનું મન છે. આ ચન્દ્રમા તમામ દેવતાઓનું અન્ન, બલ અને આયુ છે. તે જ વૃક્ષોના સમ્રાટ્ અને પ્રજાની વૃદ્ધિના કરણહાર છે. એવા મનનો સ્વીકાર કરનારા પરમ ઐશ્વર્યવાન પ્રભુ અમારા ઉપર પ્રસન્ન હો।।૩૪।।

અગ્નિ પ્રભુનું મુખ છે તેની ઉત્પત્તિ જ એટલામાટે થઈ છે કે વેદના યજ્ઞયાગાદિ કર્મકાંડ પૂર્ણરૂપથી થઈ શકે. આ અગ્નિ જ શરીરની અન્દર જઠરાગ્નિ રૂપથી અને સમુદ્રની અન્દર વડવાનલ રૂપથી રહી એમાં રહેનારા અન્ન, જલ આદિ ધાતુઓનું પાચન કરતો રહે છે અને સમસ્ત દ્રવ્યોની ઉત્પત્તિ પણ તેનાથી જ થઈ છે. એવા પરમ ઐશ્વર્યશાલી ભગવાન્ અમારા ઉપર પ્રસન્ન હો ।।૩૫।।

જે દ્વારા જીવ દેવયાન માર્ગથી બ્રહ્મલોકમાં જાય છે. જે વેદોની સાક્ષાત્ મૂર્તિ અને ભગવાનનું ધ્યાન કરવા યોગ્ય ધામ છે જે પુણ્યશ્લોક સ્વરૂપ હોવાથી મુક્તિનું દ્વાર અને અમૃતમય છે અને કાળરૂપ હોવાને કારણે મૃત્યુ પણ છે. એવા, સૂર્ય જેમનાં નેત્ર છે તે પરમ ઐશ્વર્ય શાલી ભગવાન્ અમારા ઉપર પ્રસન્ન હો ।।૩૬।।

જેના પ્રાણમાંથી સ્થાવર જંગમનો પ્રાણવાયુ થાય છે, જેના મનનું બળ સહ થાય, જેની ઈન્દ્રિયનું બળ ઓજ થાય છે, જેના શરીરનું સામર્થ્ય બલ છે એવા પાંચ પ્રકારનો પ્રાણ છે, જેમ સાર્વભૌમ રાજાને સેવકો સેવે તેમ, અમે એ પ્રાણની સેવા કરીએ છીએ. એવા પ્રાણને ધારણ કરનાર પ્રભુ પ્રસન્નહો ।।૩૭।।

જેના કાનોથી દિશાઓ, હૃદયથી ઈન્દ્રિયગોલક અને નાભિથી આ આકાશ ઉત્પન્ન થયું છે, જે પાંચ પ્રાણવાયુ (પ્રાણ, અપાન, ઉદાન, સમાન અને વ્યાન) દશેય

ઇન્દ્રિયો, મન, પાંચેય અસુ (નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય) તેમજ શરીરના આશ્રય છે તે પરમ ઐશ્વર્યશાલી ભગવાન્ અમારા ઉપર પ્રસન્ન હો ।।૩૮।।

જેના બળથી ઇન્દ્ર, જેની પ્રસન્નતાથી દેવો, જેના ક્રોધથી શિવ, જેની બુદ્ધિથી બ્રહ્મા, જેની ઇન્દ્રિયોથી વેદના, જેના ગાયત્રી આદિ છન્દો અને ઋષિઓ અને ઉપસ્થી પ્રજાપતિ થયા છે તે મહાવિભૂતિ અમારા ઉપર પ્રસન્ન હો ।।૩૯।।

જેના વક્ષઃસ્થળથી લક્ષ્મી, છાયાથી પિતૃઓ, સ્તનથી ધર્મ, પીઠથી અધર્મ, મસ્તકથી આકાશ અને જેના વિહારથી અપ્સરાઓ પ્રકટ થઈ તે મહાવૈભવશાળી ભગવાન્ અમારાઉપર પ્રસન્નથાઓ।૪૦।

જેના મુખથી બ્રાહ્મણ અને અત્યન્ત રહસ્યમય વેદ, ભુજાથી ક્ષત્રિયો અને બળ, સાથળમાંથી વૈશ્ય અને વ્યવહાર દક્ષતા અને ચરણમાંથી વેદબાહ્ય શૂદ્ર અને સેવાવૃત્તિ ઉત્પન્ન થયાં છે તે મહાવૈભવવાળાં ભગવાન્ અમારા ઉપર પ્રસન્ન હો।।૪૧।।

જેના અધરથી લોભ, ઉપલા હોઠથી પ્રીતિ, નાસિકાથી કાન્તિ, સ્પર્શથી પશુઓનો પ્રિય કામ થયો, ભ્રૂકુટિથી યમ અને પાંપણથી કાળની ઉત્પત્તિ થઈ છે તે પ્રભુ અમારા ઉપર પ્રસન્ન હો ।।૪૨।।

પંચભૂતો, કાળ, કર્મ, સત્ત્વ, આદિગુણો અને જે કંઈ વિવેકી પુરુષોદ્વારા બાધિત કરવા યોગ્ય નિર્વચનીય અથવા અનિર્વચનીય વિશેષ પદાર્થ છે તે બધા ભગવાનની યોગમાયાથી જ થાય છે એમ શાસ્ત્ર કહે છે તેવા મહાવૈભવવાળા ભગવાન્ અમને પ્રસન્ન હો ।।૪૩।।

જેની સર્વ પ્રવૃત્તિ કરનાર શક્તિઓ શાન્ત થઈ છે તેવા સ્વાતન્ત્ર્યના લાભથી પૂર્ણ, અનવધિ આનન્દના અનુભવવડે પૂર્ણકામ અને માયાના ગુણોથી દૂર રહેતા, વાયુના જેવા સદા અસંગ પ્રભુને મારા પ્રણામ હો ।।૪૪।।

આપ અમને આપનું સ્વરૂપ બતાવો જેને અમે અમારી ઇન્દ્રિયોથી જોઈ શકીએ કેમકે અમે આપને શરણે થયા છીએ. આપનું મન્દસ્મિતયુકત મુખકમલ જોવાની ઇચ્છાવાળા અમે છીએ ।।૪૫।।

હે પ્રભો! સમય-સમય ઉપર આપ સ્વેચ્છારૂપ ધારણ કરી કોઈથી ન થાય તેવાં અમારાં કાર્ય કરો છો ।।૪૬।।

વિષયમાં દુઃખી થતા મનુષ્યનાં કર્મોમાં કષ્ટ ઘણું અને ફળ ઓછું હોય છે, પરન્તુ જે કર્મ આપને સમર્પિત કરવામાં આવે છે તે કરતી વખતે પણ પરમ સુખ

પ્રાપ્ત થાય છે તે સ્વયં ફલરૂપછે ।।૪૭।।

ભગવાને સમર્પણ કરવામાં આવેલ નાનામાં નાનું દેખાવ માત્ર અથવા કહેવા માત્રનું કર્મ પણ ક્યારેય નકામું જતું નથી કારણ કે ભગવાન્ જીવના પરમ હિતૈષી, પરમ પ્રિયતમ-અરે તેના આત્મા જ છે ।।૪૮।।

જેમ વૃક્ષના મૂળમાં જળ સિંચવામાં આવે તો તે મોટામાં મોટી અને નાનામાં નાની ડાળીઓને સિચવા બરાબર છે તેમજ સર્વાત્મા ભગવાનની આરાધના સમ્પૂર્ણ પ્રાણીઓની અને પોતાની પણ આરાધના છે ।।૪૯।।

**નમસ્તુભ્યમનન્તાય દુર્વિતર્ક્યાત્મકર્મણે।**
**નિર્ગુણાય ગુણેશાય સત્ત્વસ્થાય ચ સામ્પ્રતમ્ ।।૫૦।।**

જે ત્રણેય કાલમાં અને એથી પણ પર એકરસ છે, જેની લીલાઓમાં રહસ્ય તર્કવિતર્કથી પર છે, જે ગુણોથી પર હોવા છતાં ગુણોના સ્વામી છે તથા જેમણે અત્યારે સત્ત્વગુણ સ્વીકાર્યો છે એવા આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ ।।૫૦।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (બીજા દાન-દાતા પ્રકરણનો પહેલો) ''રૈવત અને ચાક્ષુષ મન્વન્તરની કથા'' નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ.**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત જઈને મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર, તેમાટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(?) ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

## અધ્યાય ૬

## દેવો તથા દૈત્યોએ અમૃત મેળવવા સમુદ્રમથન કર્યું

**વિશેષ :** ભગવાન્ પ્રકટ થતાં દેવોએ ફરીથી એમની સ્તુતિ કરી. અમૃત મથનમાટે ભગવાન્ સાથે વિચાર કરી અસુરોને એ કાર્યમાં ભાગ આપવાનું કરી દેવો અમૃતમાટે મોટો ઉદ્યોગ કરવા

લાગ્યા એટલી વાત આ છઠ્ઠા અધ્યાયમાં આવે છે.

**એવં સ્તુતઃ સુરગણૈઃ ભગવાન્ હરિરીશ્વરઃ ।।**
**તેષામાવિરભૂત્સાક્ષાત્ સહસ્રાર્કોદયદ્યુતિઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે જ્યારે દેવોએ સ્તુતિ કરી ત્યારે છ ઐશ્વર્યયુકત ભગવાન્, જે ભકતના દુઃખનું હરણ કરનાર છે તથા સર્વને વશ રાખનાર હજાર સૂર્યના તેજવાળા છે તે, પ્રકટ થયા ।।૧।।

એ ભગવાનના તેજવડે દેવોની આંખો અંજાઈ ગઈ. એઓ આકાશ, દિશાઓ, પૃથ્વી કે પોતાના શરીરને પણ દેખી શકયા નહિ તો પ્રભુને તો કયાંથી દેખી શકે? ।।૨।।

સ્વચ્છ મરકતમણિ જેવી, શ્યામ કમળના ગર્ભ જેવી, શ્વેતરક્ત નેત્રવાળા તપેલા સુવર્ણ જેવી, શુદ્ધ રેશમી વસ્ત્રથી શોભતી, પ્રસન્ન અને સુન્દર અંગવાળી, સુન્દર મુખવાળી, સુન્દર ભ્રૂકુટીવાળી, મોટા મણિના કિરીટવાળી, બે બાજૂબંધથી શોભિત, કાનના આભરણથી કપોલની શોભામાં વધારો કરતા મુખકમળવાળી, કટિમેખલા, કડાં, હાર અને નેપૂરથી શોભાયમાન, કંઠમાં મણિથી શોભિત વનમાલાથી વિરાજિત, મૂર્તિમાન, સુદર્શનાદિ, આયુધથી સેવાયેલી ભગવન્મૂર્તિનાં દર્શન કરીને દેવમાં શ્રેષ્ઠ એવા બ્રહ્માજી, શિવજી તથા સર્વ અન્ય દેવોની સાથે સર્વ અંગને પૃથ્વી ઉપર નમાવીને એ પરમ પુરુષની સ્તુતિ કરવા લાગ્યા ।।૩-૭।।

**બ્રહ્માજીએ કહ્યું :** આપનાં જન્મ, સ્થિતિ વગેરે કયારે પણ ન જ હોય, આપ પ્રાકૃત ગુણથી પર છો, વળી આપ અપાર મોક્ષ સુખના સમુદ્ર છો છતાં સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છો તેવા અગણિત તેજવાળા મહાપ્રતાપી આપને અમારા નમસ્કાર હો ।।૮।।

હે પુરુષશ્રેષ્ઠ! શ્રેયની ઈચ્છાવાળા લોકો વૈદિક તેમજ નારદ પંચરાત્ર વગેરેમાં કહેલ તાન્ત્રિક ઉપાયોવડે આ તમારા રૂપનું આરાધન કરે છે તેથી આપનું રૂપ અનાદિ છે, અત્યારે જ નવું પ્રકટ થયું નથી. આપ વિશ્વમૂર્તિ છો તેથી ત્રણ લોકની સાથે અમને પણ અમે આપના સ્વરૂપમાં નિશ્ચય પૂર્વક જોઈ શકીએ છીએ ।।૯।।

આપ સ્વતન્ત્ર હોવાથી આપને વિશે આ જગતપ્રથમ હતું, મધ્યમાં છે અને અન્તમાં પણ એ લીન થઈજશે તેથી ઘડા અને માટીની પેઠે આપ જગતના આદિ અને અન્ત માં છો; આપ પ્રકૃતિ-પુરુષથી પરછો ।।૧૦।।

આપનો આશ્રય કરી રહેલી આપની માયાવડે આ જગતને બનાવી એમાં આપ

અન્તર્યામી રૂપથી બિરાજો છો. તેથી જ વિવેકી અને શાસ્ત્રજ્ઞ પુરુષ ખૂબ સાવધાનીથી પોતાના મનને એકાગ્ર કરી, આ ગુણો–વિષયો ખૂબ હોવા છતાં પણ આપના નિર્ગુણ સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે ।।૧૧।।

જેવી રીતે યુક્તિથી માણસ કાષ્ઠમાંથી અગ્નિને, ગાયમાંથી ઘીને, પૃથ્વીમાંથી અન્નને, પૃથ્વીમાંથી જળને અને ઉદ્યોગથી આજીવિકા મેળવે છે તેમ ભક્તિયોગ, જ્ઞાનયોગ આદિ દ્વારા આપને આ વિષયોમાં જ પ્રાપ્ત કરી લે છે અને પોતાના અનુભવ પ્રમાણે આપનું વર્ણન પણ કરે છે ।।૧૨।।

હે કમલનાભ! હે નાથ! દાવાગ્નિથી દાઝી ગયેલા હાથીઓ ગંગાના જળમાં ડૂબકી મારી શાન્તિ અનુભવે તેમ આપ પ્રકટ થયા તેથી આપના સ્વરૂપનાં દર્શન કરી ઘણા દિવસની અમારી ઈચ્છા પૂર્ણ થતાં અમે ઘણા સુખી થયા છીએ ।।૧૩।।

અમે બધા લોકપાળો જેને માટે આપની પાસે આવ્યા છીએ એ વસ્તુ લોકની અન્દર અને બહાર રહેનાર આપના જાણવામાં છે એથી બધાના સાક્ષી અને સર્વના અન્તરમાં રહેનાર એવા આપને અમારે શી વિનન્તિ કરવી પડે? માટે આપ અમને જે આજ્ઞા કરો તે કરવાને અમે આપની પાસે આવ્યા છીએ ।।૧૪।।

હું, શિવજી, દેવો, દક્ષ વગેરે, અગ્નિની ચિનગારી જેમ જાુદી દેખાય તેમ, આપથી જાુદા દેખાઈએ છીએ પણ અમારું શ્રેય શેમાં છે એ અમે જાણતા નથી; તેથી જે કર્તવ્ય હોય એનો વિચાર કરી અમને આજ્ઞા કરો ।।૧૫।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : જ્યારે બ્રહ્માજીએ આમ કહ્યું ત્યારે એમના અભિપ્રાયને જાણીને, બધી ઈન્દ્રિયોની વૃત્તિને રોકી હાથ જોડી પાસે ઊભેલા દેવોને મેઘ સરખી ગમ્ભીર વાણીવડે ભગવાન્ કહેવા લાગ્યા ।।૧૬।।

જો કે દેવોનું કામ કરવાને ભગવાન્ એકલા સમર્થ હતા છતાં સમુદ્રમથનાદિ લીલાવડે વિહાર કરવાની ઈચ્છાથી પ્રભુ દેવોને આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૧૭।।

**શ્રીભગવાને કહ્યું** : હે બ્રહ્મન્! હે શમ્ભો! હે દેવો! હું કહું છું એ સાવધાન થઈને સાંભળો અને પછી એ પ્રમાણે તમે કરો; એનાથી તમારું ભલું થશે ।।૧૮।।

અત્યારે અસુરો ઉપર કાળની કૃપા છે તેથી તમારા અભ્યુદય અને ઉન્નતિનો સમય ન આવે ત્યાં સુધી તમે દૈત્યો અને દાનવોની પાસે જઈ તેમની સાથે સન્ધિ કરી લો ।।૧૯।।

કોઈ મહાન કાર્ય કરવું હોય ત્યારે શત્રુ આગળ પણ મૈત્રીનો હાથ લંબાવવો પડે

છે; એ વગર અર્થ સરતો નથી. સર્પ કરંડિયામાં પૂરાયો પૂરાયો હોય તો ઉંદર સાથે પણ મૈત્રી બાંધી એની મારફત કરંડિયો તોડાવી એને ખાઈને બહાર નીકળે તેમ તમારે પણ તમારું કાર્ય થતાં સુધી સન્ધિ કરવી યોગ્ય છે ।।૨૦।।

વિલમ્બ ન કરતાં અમૃત ઉત્પન્ન કરવામાટે યત્ન કરો. અમૃત પીવાથી મરણના મુખમાં પડેલો માણસ પણ અમર થઈ જાય છે ।।૨૧।।

પહેલાં ક્ષીરસાગરમાં બધી જાતનાં ઘાસ, તણખલાં, લતાઓ અને ઔષધિઓ નાખો. પછી તમે મન્દરાચલને રવૈયો અને વાસુકિ નાગનું નેતરું બનાવી, મારી સહાયથી સમુદ્રનું મથન કરો. અત્યારે આળસ અને પ્રમાદ કરવાનો સમય નથી. હે દેવતાઓ! વિશ્વાસ રાખો, દૈત્યોને માત્ર કામ અને કલેશ મળશે, પરન્તુ ફળ માત્ર તમને જ મળશે ।।૨૨-૨૩।।

હે દેવતાઓ! અસુર લોકો તમારી પાસે જે-જે માગણી મૂકે તે બધી તમે સ્વીકારી લેજો. શાન્તિથી બધાં કામ થતાં હોયછે ક્રોધ કરવાથી કંઈ થતુંનથી ।।૨૪।।

સમુદ્રમાંથી પહેલાં કાલકૂટ ઝેર નીકળશે એથી ડરશો નહિ અને કોઈ પણ વસ્તુમાટે કયારેય પણ લોભ ન કરવો. પહેલા તો કોઈ ચીજમાટે કામના જ ન કરવી જોઈએ પરન્તુ જો કામના હોય અને તે પૂરી ન થાય તો ક્રોધ ન કરવો જોઈએ ।।૨૫।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે રાજન્! દેવતાઓને આમ આજ્ઞા કરી શ્રીપુરુષોત્તમ ભગવાન્ એમની વચ્ચે જ અન્તર્ધાન થઈ ગયા. એ સર્વ શક્તિમાન અને પરમ સ્વતન્ત્ર છે એમની લીલાનું રહસ્ય કોણ સમજે? ।।૨૬।।

ત્યાર પછી બ્રહ્મા અને શિવ ભગવાનને નમસ્કાર કરી પોતપોતાને સ્થાને ગયા અને ઈન્દ્રાદિ દેવો બલિ રાજા પાસે ગયા(કેમકે એ હમણાં ત્રણ લોકને જીતીને સ્વર્ગનું રાજ્ય કરતો હતો) ।।૨૭।।

લડવાનાં સાધન વગરના દેવો બલિ પાસે આવ્યા તેને અસુર સેનાના આગેવાનો રોકવા લાગ્યા. એ બન્નેને કલહ કરતા જોઈ બલિરાજા પોતાના દૂતોને એની સાથે લડતા અટકાવી બોલ્યા કે ‘‘દેવો લડાઈ કરવા આવ્યા નથી; એઓ કાંઈ દુઃખી હોવાથી આવ્યા છે;’’ એમ સન્ધિ વિગ્રહના સમયને જાણનાર એમણે દેવોને પોતાની પાસે આવવા દીધા ।।૨૮।।

સર્વને જીતીને જ્યાં પરમ લક્ષ્મીથી શોભાયમાન બલિ રાજા અનેક દૈત્યોના રક્ષણ વચ્ચે બેઠેલા છે ત્યાં દેવો જઈ પહોંચ્યા ।।૨૯।।

બુદ્ધિશાળી ઈન્દ્ર સુન્દર વાણીવડે શ્રીપુરુષોત્તમે શીખવ્યું હતું તે પ્રમાણે કહેવા લાગ્યો ।।૩૦।।

એટલે જે અસુરાધિપો જેવા કે શમ્બર, અરિષ્ટનેમિ, ત્રિપુર વગેરે હતા તેઓને પણ એનું કહેવું પસન્દ પડતાં બન્ને વચ્ચે સન્ધિ થઈ, પરસ્પર કરાર થયા ।।૩૧।।

પરસ્પર મિત્રતા બંધાઈ અને હે પરન્તપ! અમૃતને માટે બન્નેએ મળીને યત્ન કરવાનો આરમ્ભ પણ કરી દીધો ।।૩૨।।

બન્નેએ મળીને દુર્મદ થઈને બળવડે મન્દરાચળને ઉખેડ્યો અને મોટા શબ્દ કરતા-કરતા એ મોટા બાહુવાળા દેવદૈત્યોએ પર્વતને સમુદ્રના કાંઠો ઉપર લાવવાને ઉઠાવ્યો ।।૩૩।।

બલિ અને ઈન્દ્ર આદિ બહુ લાંબેથી એ પર્વતને લાવતાં એના અતિભારથી થાકી ગયા અને અસમર્થ થતાં મન્દર પર્વતને માર્ગમાં છોડી દીધો ।।૩૪।।

તેઓએ એ સોનાના મન્દર પર્વતને મૂક્યો તેવો એ પડ્યો અને કેટલાક દેવ તથા દૈત્યો એની નીચે પિસાઈ ગયા ।।૩૫।।

જ્યારે કેટલાકનો ઉત્સાહ ભાંગી ગયો અને કેટલાકનાં બાહુ, ડોક વગેરે ભાંગી ગયાં ત્યારે ગરુડધ્વજ ભગવાન્ ત્યાં પધાર્યા ।।૩૬।।

પર્વતની નીચે કચરાયેલા દેવદૈત્યોને જોઈને પોતાની અમૃત દષ્ટિથી દેવોને જીવતા કર્યા અને આરોગ્યવાળા પણ કર્યા ।।૩૭।।

પછી પર્વતને એક હાથવડે રમત માત્રમાં ઉઠાવી ગરુડ ઉપર મૂકી પોતે સવાર થઈ દેવો અને દૈત્યો સાથે સમુદ્ર તીરે આવ્યા ।।૩૮।।

**અવરોપ્ય ગિરિં સ્કન્ધાત્ સુપર્ણઃ પતતાં વરઃ ।।**
**યયૌ જલાન્ત ઉત્સૃજ્ય હરિણા સ વિસર્જિતઃ ।।૩૯।।**

પક્ષીરાજ ગરુડજીએ પર્વતને સમુદ્રના તટે ઉતારી દીધો પછી ભગવાને તેને વિદાય આપવાથી ગરુડજી ત્યાંથી ચાલ્યા ગયા. (કારણ કે હવે વાસુકિ નાગનું કામ છે અને ગરુડજી હોય ત્યાં નાગ ન આવે, આવે તો ગરુડજી તેને ખાઈ જાય) ।।૩૯।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (બીજા દાન દાતા પ્રકરણનો બીજો)**
**''દેવો તથા દૈત્યોએ અમૃત મેળવવા સમુદ્રમથન કર્યું''**
**નામનો છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૭

## સમુદ્રને મથતાં વિષ નીકળ્યું તે કૃપા કરી રુદ્રે પીધું

**વિશેષ :** સમુદ્રને મથતાં ઝેર નીકળ્યું ત્યારે બધા શિવજીની સ્તુતિ કરવા લાગ્યા; રુદ્રને દયા આવી અને એમણે ઝેર પીધું; એ વાત આ સાતમા અધ્યાયમાં આવે છે.

**તે નાગારાજમામન્ત્ર્ય ફલભાગેન વાસુકિમ્ ।।**
**પરિવીય ગિરૌ તસ્મિન્ નેત્રમબ્ધિં મુદાન્વિતાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ દેવ દૈત્યોએ સમુદ્રમાંથી નીકળનાર અમૃતમાં વાસુકિનો પણ ભાગ ઠરાવ્યો અને એને ત્યાં લાવ્યા. તેમણે વાસુકિના દેહનું નેતરું બનાવ્યું અને એનાથી પર્વતને વીંટીને આનન્દયુકત થઈને સમુદ્રમથન કરવા લાગ્યા ।।૧।।

હે કુરુદ્વહ! પૂરી તૈયારી સાથે બન્ને અમૃતને માટે યત્ન કરવા લાગ્યા. પહેલાં-પહેલાં અજિત ભગવાને વાસુકિનું મુખ પકડયું તેથી દેવો પણ મુખ તરફ ગયા ।।૨।।

પરન્તુ ભગવાને વાસુકિનું મુખ પકડયું એ દૈત્યોના સેનાપતિઓને ન ગમ્યું. તેઓ કહેવા લાગ્યા કે સર્પનું પુચ્છ અમંગળ હોવાથી અમે એ નહિ પકડીએ ।।૩।।

અમે વેદપાઠ કરનારા અને એનું શ્રવણ કરનારા અલૌકિક સમ્પત્તિવાળા છીએ એટલું જ નહિ. પણ જન્મ અને કર્મ વડે પ્રસિદ્ધિને પામેલા છીએ તો પૂંછને કેમ પકડીએ? એવું બોલી એઓ ચૂપ રહ્યા ।।૪।।

એ જોઈને પુરુષોત્તમે જરા મન્દહાસ્ય કરીને સર્પના મુખને છોડી દીધું અને દેવોને સાથે લઈ પુચ્છ પકડી ખેંચવા લાગ્યા. આમ પોતપોતાને ક્યાં રહી શ્રમ કરવો એ કશ્યપના પુત્રો દેવ દૈત્યોએ નિશ્ચય કરી લીધો ।।૫।।

પરમ યત્નવડે અમૃતને માટે સમુદ્રનું મથન કરતાં આધાર નહિ હોવાથી મન્દરાચળ પર્વત જળમાં નીચે ઊતરવા લાગ્યો ।।૬।।

હે પાણ્ડુનન્દન! બલવાળા દેવ દૈત્યોએ મન્દરને પકડ્યો પણ અતુલ ભારને લીધે એ હાથમાં ન રહ્યો. જ્યારે બળવાન દૈવે એઓનો પુરુષાર્થ નષ્ટ કરી દીધો ત્યારે બધાનાં મન ખેદ પામ્યાં અને એઓની મુખકાન્તિ મલિન થઈ ગઈ ।।૭।।

વિધ્ન કરનાર દૈવે આ વિધ્ન કર્યું છે એમ જાણી સત્ય સંકલ્પવાળા અને અનન્ત શક્તિવાળા ભગવાને મોટા કચ્છપ શરીરને ગ્રહણ કર્યું અને જળમાં પ્રવેશ કરી મન્દરાચળને ઉઠાવી લીધો ।।૮।।

કુલાચળ એવા મન્દરને ઉપર આવેલો જોઈ દેવ અને અસુરો ફરી મથવા લાગ્યા. લાખ યોજનના વિસ્તારવાળો એ મન્દર પર્વત પૃષ્ઠ ઉપર જાણે મોટો બેટ હોય તેવો દેખાતો હતો તેને કચ્છપ ભગવાને ઉઠાવ્યો ।।૯।।

હે અંગ! દેવ-દૈત્યો વડે ફરતો મન્દરાચળ પૃષ્ઠ ઉપર આમતેમ આવર્તન કરતો હતો છતાં કચ્છપ ભગવાન્ એને જાણે કોઈ પીઠને ખંજવાળતું હોય એમ માનવા લાગ્યા ।।૧૦।।

સાથે-સાથે સમુદ્રમથન સમ્પન્ન કરવામાટે ભગવાને અસુરોની શક્તિ અને બલને વધારવા તેમનામાં અસુરરૂપથી પ્રવેશ કર્યો; તેવી જ રીતે દેવતાઓને ઉત્સાહિત કરવા તેમનામાં દેવરૂપથી અને વાસુકિ નાગમાં નિદ્રાના રૂપથી પ્રવેશ કર્યો. ભગવાન્ એવા અકલિત બળવાળા હોવાથી ભગવાનનું માહાત્મ્ય સિદ્ધ થાય છે ।।૧૧।।

બીજી બાજુ પર્વતની ઉપર બીજા પર્વત સમાન બની સહસ્ર બાહુ ભગવાન પોતાના હાથોથી તેને દબાવી સ્થિત થઈ ગયા. એ વખતે આકાશમાં બ્રહ્મા, શંકર, ઈન્દ્ર આદિ તેમની સ્તુતિ તથા તેમના ઉપર પુષ્પની વર્ષા કરવા લાગ્યો ।।૧૨।।

આ પ્રમાણે ભગવાને પર્વતની ઉપર તેને દબાવી રાખનારના રૂપમાં, નીચે તેના આધાર કાચબાના રૂપમાં, દેવતા અને અસુરો ના શરીરમાં એમની શક્તિના રૂપમાં, દઢતાના રૂપમાં અને નેતરું બનેલા વાસુકિ નાગમાં નિદ્રાના રૂપમાં જેથી એને કષ્ટ ન થાય; પ્રવેશ કરી ચારે તરફથી બધાને બળવાળા બનાવી દીધા. હવે તેઓ પોતાના બલના મદથી ઉત્પન્ન થઈ. મન્દરાચળદ્વારા ભારે ધૂમધામથી સમુદ્રમથન કરવા લાગ્યા. તે વખતે સમુદ્ર અને તેમાં રહેનારાં મગર, માછલાં વગેરે જીવો અકળાઈ ઉઠ્યાં.।।૧૩।।

વાસુકિનાં હજાર મોઢાં, હજાર આંખો અને એમાંથી નીકળતા શ્વાસ, ધૂમ વગેરેથી જેઓનાં તેજ હણાઈ ગયાં છે તેવા પૌલોમ, કાલેય, બલિ અને ઈલ્વલ દાવાનળથી બળેલા સરળના વૃક્ષ જેવા કાળા મોઢાવાળા થઈ ગયા ।।૧૪।।

દેવોને વાસુકિના શ્વાસનો સંસર્ગ થતાં એઓની કાન્તિ ઓછી થઈ ગઈ અને એમનાં વસ્ત્ર, માળાઓ અને કપડાં ધુમાડાવાળાં થઈ ગયાં. ભગવાનની આજ્ઞા ઉઠાવનાર મેઘોએ વૃષ્ટિ કરી તેથી એઓને શાન્તિ થઈ તેમજ સમુદ્રના તરંગને લાગીને આવતા પવનને પણ એઓને આરામ આપ્યો ।।૧૫।।

દેવો અને અસુરો ના અધિપોએ મથન કર્યું છતાં અમૃત નીકળ્યું નહિ ત્યારે અજિત ભગવાન્ પોતે મથન કરવા લાગ્યાં ।।૧૬।।

મેઘના સરખા શ્યામ વર્ણવાળા, સુવર્ણ સરખા વસ્ત્રની પરિધિવાળા કાનમાં વીજળીના જેવા કુંડળવાળા, મસ્તક ઉપર વિખરાયેલા કેશવાળા તથા જય કરનાર બાહુવડે સર્પને પકડી મથન કરતા ભગવાન્ બીજા પર્વત જેવા શોભાયમાન દેખાવા લાગ્યા ।।૧૭।।

જેમાં માછલાં ભમી રહ્યાં છે, જેમાં મગર, કાચબા, 'તિમિ'નામનાં લાંબા માછલાં અને ઝૂડ વગેરે આકુળ-વ્યાકુળ ફરે છે તેવા મથાતા સમુદ્રથી પ્રથમ તો 'હાલાહલ' નામનું ઝેર નીકળ્યું ।।૧૮।।

એ ઝેર એવું તો ઉગ્ર હતું કે એનો બીજો નમૂનો ન મળે. આમ તેમ ફરતું ઝેર અસહ્ય છે એવું જણાતાં એના ભયથી બધી પ્રજા અને એના પાલકો પલાયન કરવા લાગ્યા અને સદાશિવને શરણે ગયા ।।૧૯।।

ત્રિલોકના કુશળમાટે દેવી પાર્વતી સાથે શિવ કૈલાસ પર્વતમાં બેઠેલા મોક્ષ સારુ તપશ્ચર્યા કરે છે તેમની પાસે જઈને બધા પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા ।।૨૦।।

પ્રજાપતિઓ બોલ્યાઃહે દેવના દેવ મહાદેવ! આપ પ્રાણી માત્રનું કલ્યાણ કરનાર અને ભૂત માત્રના આત્મા છો. અમે ત્રણ લોકને ભસ્મ કરનાર આ ઝેરથી ભયભીત થઈ ગયા છીએ તેમની આપ રક્ષા કરો ।।૨૧।।

આ સમ્પૂર્ણ જગતના બંધ-મોક્ષમાટે આપ એકલા સમર્થ છો, વળી શરણાગતના દુઃખને મટાડનાર છો એટલું જ નહિ પણ સર્વના મોટા ગુરુ હોવાથી ડાહ્યા માણસો આપની પૂજા કરે છે ।।૨૨।।

હે બ્રહ્મન્ આપ સ્વપ્રકાશ છો. ત્રણ ગુણવાળી આપની શક્તિવડે આપ આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરો છો ત્યારે આપ બ્રહ્મા વિષ્ણુ અને શિવ એવાં નામ ધારણ કરો છો ।।૨૩।।

આપ પરમ ગુહ્ય બ્રહ્મ છો, કાર્ય કારણરૂપ છો. દેવ, મનુષ્ય, પશુ વગેરે ભાવોના ઉત્પાદક છો. આપ જ જગતના ઈશ્વર અને નાનાવિધ શક્તિવડે આપ જ સર્વના આત્મારૂપ છો ।।૨૪।।

આપ સમસ્ત વેદનું કારણ એટલે કે સિદ્ધજ્ઞાનવાળા છો, આપ જ જગતનું આદિકરણ મહત્તત્ત્વ અને ત્રિવિધ અહંકાર છો. વળી આપ જ પ્રાણ, ઇન્દ્રિય, પંચ મહાભૂત તથા શબ્દ વગેરે વિષયોના ભિન્ન-ભિન્ન સ્વભાવ અને તેમનું મૂલ કારણ છો. આપ સ્વયં જ પ્રાણીઓની વૃદ્ધિ અને હ્રાસ (નાશ) કરનારા કાળ છો, એમનું

કલ્યાણ કરનારા યજ્ઞ છો અને વળી સત્ય અને મધુર વાણી છો. ધર્મ પણ આપનું જ સ્વરૂપ છે, ''અ, ઉ, મ્'' આ ત્રણ અક્ષરો યુકત ૐકાર આપનું જ સ્વરૂપ છે અથવા ત્રિગુણાત્મિકા પ્રકૃતિ છો એમ વેદવાદીઓ કહે છે ।।૨૫।।

અખિલ દેવના આત્મારૂપ અગ્નિ આપનું મુખ છે. હે ત્રણેય લોકોની ઉન્નતિ કરનાર શંકર, પૃથ્વી આપનું ચરણકમળ છે. આપ અખિલ દેવસ્વરૂપ છો. આ કાળની આપની ગતિ છે, દિશાઓ કર્ણ છે, વરુણ જિહ્વા છે ।।૨૬।।

આકાશ નાભિ છે, વાયુ શ્વાસ છે, સૂર્ય નેત્ર છે, જળ વીર્ય છે, આપનો અહંકાર નીચે-ઊંચે બધા જીવોનો આશ્રય છે. ચન્દ્ર મન છે અને સ્વર્ગ પ્રભુનું મસ્તક છે ।।૨૭।।

હે વેદરૂપ પ્રભુ! સમુદ્ર આપનું પેટ છે, પર્વતો અસ્થિ છે, વૃક્ષ, ઔષધિ અને વીરુદ્ધ આપની રોમાવલી છે, ગાયત્રી આદિ સાત છન્દ આપની સાત ધાતુ છે, સર્વ પ્રકારના ધર્મ આપનું હૃદય છે ।।૨૮।।

હે સ્વામી! સદ્યોજાતાદિ પાંચ ઉપનિષદ્ જ આપના તત્પુરુષ, અઘોર, સદ્યોજાત, વામદેવ અને ઈશાન નામનાં પાંચ મુખ છે. એમના જ પરિચ્છેદથી આડત્રીસ કલાત્મક મન્ત્ર નીકળ્યા છે. આપ જ્યારે સમસ્ત પ્રપંચથી ઉપરત થઈ જઈ પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરી લો છો ત્યારે તે જ સ્થિતિનું નામ નશિવથ બને છે. વાસ્તવમાં એ જ સ્વયં પ્રકાશ પરમાર્થ તત્ત્વ છે ।।૨૯।।

અધર્મની દમ્ભ, લોભ આદિ ઊર્મિઓમાં આપની છાયા છે. જેનાથી વિવિધ પ્રકારની સૃષ્ટિ થાય છે. સત્ત્વ, રજ અને તમ તે આપનાં ત્રણ નેત્ર છે. હે દેવ! ગાયત્રી વગેરે છન્દપ્રચુર વેદ આપની ઈક્ષા (જ્ઞાન) છે. આપ સાંખ્યરૂપ અને શાસ્ત્રના કર્તા હોવાથી આપનું જ્ઞાન તે જ વેદ છે ।।૩૦।।

હે ગિરિત્ર! (કૈલાસને તારનારા) આપનું સ્વયં જ્યોતિ સ્વરૂપ સર્વ લોકપાલ, બ્રહ્મા અને વૈકુંઠ તથા ઈન્દ્ર પણ જાણી શકતા નથી. જ્યાં સત્ત્વાદિ ત્રણ ગુણ પહોંચતા નથી તેવા ભેદભાવ રહિત પરબ્રહ્મ એ આપ છો ।।૩૧।।

આપે કામદેવ, દક્ષનો યજ્ઞ, ત્રિપુરાસુર અને કાલકૂટ વિષ (જેને આપ હમણાં જ અવશ્ય પી જશો) અને અનેક જીવદ્રોહી અસુરોને નષ્ટ કરી નાખ્યાં છે. પરન્તુ આમ કહેવાથી આપની કંઈ સ્તુતિ થઈ જતી નથી. કારણ કે પ્રલય વખતે આપે ઘડેલું આ વિશ્વ આપના જ નેત્રથી નીકળેલી આગની ચિનગારી અને જ્વાળાઓ થી

ભસ્મ થઈ જાય છે અને આપ એવા તો ધ્યાનમગ્ન રહો છો કે આપને એનો પત્તો પણ લાગતો નથી ।।૩૨।।

આત્મામાં રમણ કરનાર જીવન્મુકત પુરુષો આપના ચરણાદ્વન્દ્વનું હૃદયમાં ધ્યાન કરે છે તથા સ્વયં નિરન્તર જ્ઞાન અને તપસ્યા માં જ લીન રહો છો. છતાં સતીની સાથે રહેતા જોઈને જે આપને આસકત તથા શ્મશાનવાસી જોઈને આપને નિષ્ઠુર અથવા ઉગ્ર કહે છે તે મૂર્ખ આપની લીલાઓનું રહસ્ય ભલા શું જાણે? એમનું નામ કહેવું નિર્લજ્જતાથી ભરેલું છે ।।૩૩।।

આપ કાર્ય કારણથી પર છો. આપના સ્વરૂપને જાણવાને કોઈ બ્રહ્માદિ પણ સમર્થ થતા નથી તો પછી એની સૃષ્ટિમાં અનેક રીતે પાછળ એઓની પરમ્પરામાં પેદા થયેલા તેવા અમે તો આપનું સ્વરૂપ કયાંથી જાણીએ? તથાપિ આપની સ્તુતિ કરી અમે માત્ર અમારી શક્તિનું દર્શન કરાવીએ છીએ એમ ગણાય ।।૩૪।।

હે મહેશ્વર! અમે આપના આ સ્વરૂપ સિવાય બીજાું કાંઈ જાણતા નથી. અસ્પષ્ટ કર્મવાળું આપનું સ્વરૂપ લોકના કલ્યાણ માટે જ છે એમ અમે માનીએ છીએ ।।૩૫।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રકારે દેવોની આપત્તિ જોઈને શિવજી અત્યન્ત દુઃખી થયા અને સર્વભૂતના અકારણ મિત્ર શિવજી પોતાની પ્રિયા સતીને કહેવા લાગ્યા ।।૩૬।।

**શિવજી બોલ્યા :** હે ભવાની! ઘણા ખેદની વાત છે કે સમુદ્રમાંથી નીકળેલ ઝેરથી પ્રજાનો નાશ થાય છે એ જાુઓ. પોતાનો પ્રાણ બચાવવા માટે આ બિચારી પ્રજા મારે શરણે આવી છે તેનું ભલું મારે કરવું જ રહ્યું. જેમનામાં શક્તિ સામર્થ્ય છે તેમના જીવનની સફલતા એમાં જ છે કે તેઓ દીન દુઃખીઓની રક્ષા કરે ।।૩૭-૩૮।।

પ્રાણીઓ દેવમાયામાં મોહિત થઈને પરસ્પર વેર બાંધીને લડવા માંડે છે જ્યારે સજ્જન પુરુષો પોતાના પ્રાણ આપીને પણ બીજાની રક્ષા કરે છે ।।૩૯।।

હે ભદ્રે! જો કોઈ પુરુષની ઉપર કૃપા કરે તો સર્વાત્મા હરિ તેના ઉપર પ્રસન્ન થાય છે. ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે સ્થાવર જંગમ જગતની સાથે હું પણ એના ઉપર પ્રસન્ન થાઉં છું. તેથી હું આ ઝેરનું પાન કરું જેથી મારી પ્રજાનું કલ્યાણ થાય ।।૪૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** વિશ્વનું ભલું કરતા શિવજી એવી રીતે પાર્વતીની સમ્મતિ લઈને ઝેર પીવાને તૈયાર થઈ ગયા ત્યારે એમના પ્રભાવને જાણનાર પાર્વતી પણ

એમને અભિનન્દન આપવા લાગ્યાં ।।૪૧।।

ભગવાન્ શંકર બહુ દયાળુ છે. તેમની જ શક્તિથી સમસ્ત પ્રાણી જીવિત રહે છે. તેમણે એ તીક્ષ્ણ હાલાહલ વિષને પોતાની હથેલીમાં લીધું અને ભક્ષણ કરી ગયા ।।૪૨।।

તે વિષ જલનું પાપ-મલ હતું. તેણે શંકર ઉપર પણ પોતાનો પ્રભાવ દેખાડી દીધો. તેથી એમનો કંઠ નીલો પડી ગયો પણ એ તો પ્રજાનું કલ્યાણ કરનારા શંકરમાટે ભૂષણરૂપ થઈ ગયું (અને તેમનું એક નવું જ નામ નીલકંઠ પડ્યું) ।।૪૩।।

પરોપકારી સજ્જનો પ્રાયઃ પ્રજાનું દુઃખ ટાળવાને માટે સ્વયં દુઃખ સહન કર્યા કરે છે.આ દુઃખ પરંતુ દુઃખ નથી, આ તો બધાના હૃદયમાં બિરાજમાન ભગવાનની પરમ આરાધનાછે ।।૪૪।।

દેવના દેવ શિવજીનું આ લોકોપકારક કર્મ સાંભળી બધી પ્રજા, દક્ષ કન્યા સતી, બ્રહ્માજી અને ભગવાન્ વિષ્ણુ પણ એમની પ્રશંસા કરવા લાગ્યા ।।૪૫।।

**પ્રસ્કન્નં પિબતઃ પાણેર્યત્કિઞ્ચિજ્જગૃહુઃ સ્મ તત્ ।।**
**વૃશ્ચિકાહિવિષૌષધ્યો દન્દશૂકાશ્ચ યેઽપરે ।।૪૬।।**

પીતાં-પીતાં એમના હાથમાંથી થોડુંક ઝેર પડી ગયું તે ઝેર વીંછી, સર્પ, ઝેરી ઔષધિઓ તથા અન્ય ઝેરી પ્રાણીઓએ લઈ લીધું ।।૪૬।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (બીજા દાનદાતા નામના પ્રકરણનો ત્રીજો)**
**''સમુદ્રને મથતાં વિષ નીકળ્યું તે કૃપા કરી રુદ્રે પીધું''**
**નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૮

## સમુદ્રમથન થતાં એમાંથી અનેક રત્ન નીકળ્યાં

**પીતે ગરે વૃષાંકેણ પ્રીતાસ્તેઽમરદાનવાઃ ।।**
**મમન્થુસ્તરસા સિન્ધું હવિર્ધાની તતોભવત્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : જ્યારે શિવજીએ વિષપાન કર્યું ત્યારે દેવો અને દૈત્યો પ્રસન્ન થયા અને ફરી નવા ઉત્સાહથી મથન કરવા લાગ્યા. તેમાંથી યજ્ઞના હવિષને

પેદા કરનારી કામધેનુ પ્રકટ થઈ ।।૧।।

હે રાજન્! યજ્ઞ બ્રહ્મલોક પ્રાપ્ત કરી આપનાર છે. ઘી વગેરે પદાર્થો યજ્ઞોમાં કામ લાગે છે. એવી ગાયને વેદના જાણનાર ઋષિઓએ રાખી ।।૨।।

ત્યારબાદ ફરી મથન કરતાં એમાંથી ચન્દ્ર જેવો શ્વેત ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો નીકળ્યો તેને બલિરાજા ઇચ્છવા લાગ્યા. ભગવાને પ્રથમથી ઇન્દ્રને લોભ ન કરવાનું કહી રાખ્યું હતું તેથી એ કાંઈ બોલ્યા નહિ ।।૩।।

ત્યારબાદ જેને ચારે દાંત બહાર દેખાતાં હતાં તેવો ચાર શિખરથી શોભતો ઉજ્જવલ વર્ણ કૈલાસ પર્વત જેવો દેખાતો ઐરાવત નામનો હાથી સમુદ્રમાંથી નીકળ્યો ।।૪।।

ત્યાર પછી કૌસ્તુભ નામનું પદ્મરાગ રત્ન સમુદ્ર મથતાં નીકળ્યું. આભૂષણ તરીકે છાતી ઉપર ધારણ કરવાને માટે અજિત ભગવાને ઇચ્છા વ્યકત કરી ।।૫।।

પછી મથન કરતાં દેવલોકના ભૂષણરૂપ 'પારિજાત' નામનું કલ્પવૃક્ષ નીકળ્યું. જેમ તમે લોકોના મનોરથને હંમેશાં પૂર્ણ કરો છો તેમ એ કલ્પવૃક્ષ પણ યાચકોના મનોરથને હંમેશાં પૂર્ણ કરે છે ।।૬।।

ત્યારબાદ અપ્સરાઓ પ્રકટ થઈ. એમણે સુન્દર વસ્ત્રો તથા ગળામાં સુવર્ણના હાર પહેરેલા હતા. તેઓ પોતાની સુન્દર ચાલ અને વિલાસભરી દૃષ્ટિથી દેવતાઓને સુખ પહોંચાડનારી થઈ ।।૭।।

ત્યારબાદ શોભાની મૂર્તિ સ્વયં ભગવતી લક્ષ્મીદેવી પ્રકટ થયા. તે ભગવાનની નિત્યશક્તિ છે. 'સુદામ' નામના પર્વતથી પ્રકટ થતી વીજળીના પેઠે એ પોતાની કાન્તિવડે બધી દિશાઓને રંગવા લાગ્યાં ।।૮।।

એમના સૌન્દર્ય, ઔદાર્ય, યૌવન, રૂપ-રંગ અને મહિમાથી બધાના ચિત્ત હરાઈ ગયાં. દેવતા, અસુર, મનુષ્ય બધાને મનમાં વસી ગયું કે એ અમને જ મળે ।।૯।।

સ્વયં ઇન્દ્રે એમને મોટું વિચિત્ર આસન આપ્યું, સાક્ષાત્ શરીરધારિણી મોટી નદીઓ સોનાના ઘડાઓમાં જળ લઈને આવી, પૃથ્વીએ અભિષેક સમયે કામ લાગતી ઔષધિઓ લાવીને આપી, ગાયોએ પંચગવ્ય લાવી આપ્યું, વસન્તઋતુએ ચૈત્ર, વૈશાખમાં થતાં ફળફૂલ હાજર કરી દીધાં, ઋષિલોકોએ આ સામગ્રીથી વિધિવત્ અભિષેક કરાવ્યો, ગન્ધર્વોએ મંગળ ગાન કર્યું, નર્તકીઓ નાચતી-નાચતી ગાવા લાગી. મેઘાએ મૃદંગ, ડમરૂ, ઢોલ, નગારાં, ગોમુખ, શંખ, વેણુ અને વીણા જોર-

જોરથી વગાડ્યાં ।।૧૦-૧૩।।

ત્યારે ભગવતી લક્ષ્મીદેવી હાથમાં કમળ લઈ સિંહાસન ઉપર બિરાજમાન થઈ ગયાં. દિશાના હાથીઓએ જલથી ભરેલા પૂર્ણ કળશો સૂંઢમાં લઈ એ કળશોવડે બ્રાહ્મણોના સૂક્તોના પાઠ સાથે તેમનો અભિષેક કર્યો ।।૧૪।।

સમુદ્રે પીળાં રેશમી વસ્ત્ર એમને પહેરવામાટે આપ્યાં. વરુણે એવી વૈજયન્તીમાલા અર્પણ કરી કે જેની મધુમય સુગન્ધથી ભમરા મત્ત થઈ રહ્યાહતા ।।૧૫।।

પ્રજાપતિ વિશ્વકર્માએ ચિત્ર-વિચિત્ર આભૂષણ, સરસ્વતીએ મોતીઓના હાર, બ્રહ્માજીએ કમળ અને નાગોએ બે કુંડલ સમર્પણ કર્યાં ।।૧૬।।

બ્રાહ્મણોએ સ્વસ્તિવાચન કર્યા પછી પોતાના હાથમાં કમલની માળા લઈ લક્ષ્મીજી સર્વગુણ સમ્પન્ન પુરુષના ગળામાં પહેરાવવા નીકળ્યાં. માળાની આસ-પાસ તેની સુગન્ધથી મતવાલા થયેલા ભમરાઓ ગુઞ્જારવ કરી રહ્યા હતા. એ વખતે લક્ષ્મીજીના મુખની શોભા અવર્ણનીય થઈ રહી હતી. સુન્દર કપોલો ઉપર કુંડલ ઝળકી રહ્યા હતા અને પોતે કંઈક લજ્જાયુક્ત મન્દ-મન્દ હાસ્ય વેરી રહ્યાં હતાં ।।૧૭।।

તેમની કમર બહુ પાતળી હતી. બન્ને સ્તનો એકબીજાનો અડકેલાં અને સુન્દર હતાં. એના ઉપર ચન્દન અને કેસરનો લેપ કરેલ હતો. જ્યારે તે આમતેમ ચાલતાં ત્યારે ઝાંઝરનો મધુર ઝંકાર થતો હતો એવું લાગતું હતું કે જાણે કોઈ સોનાની લતા આમ-તેમ ફરતી હોય ।।૧૮।।

તેમની ઈચ્છા હતી કે મને કોઈ નિર્દોષ અને સમસ્ત ઉત્તમ ગુણોથી નિત્યયુક્ત અવિનાશી પુરુષ મળી જાય તો હું તેને મારો આશ્રય બનાવું, તેને વરું. પરન્તુ ગન્ધર્વ, યક્ષ, અસુર, સિદ્ધ, ચારણ, દેવતા આદિમાં કોઈ પણ એવો પુરુષ એમને ન મળ્યો ।।૧૯।।

(મનમાં વિચારવા લાગ્યાં કે) કોઈ તપસ્વી તો છે, પરન્તુ તેમણે ક્રોધ ઉપર વિજય મેળવ્યો[1] નથી. કેટલાકમાં જ્ઞાન[2] છે પરન્તુ તેઓ પૂરા અનાસકત નથી. કોઈ-કોઈ વળી મહાન તો છે પરન્તુ તેઓ કામને જીતી શકયા[3] નથી. કેટલાકમાં ઐશ્વર્ય બહુ છે પણ એ ઐશ્વર્ય કામનું શું જ્યારે તેમને વારેવારે બીજાનો આશ્રય લેવો પડે છે ।।૨૦।।

**વિશેષ** : ૧. બદરિકાશ્રમમાં તપ કરતાં બે ઋષિ નર નારાયણ સિવાય એવો કોઈ તપસ્વી નથી જેણે કોઈને ને કોઈને શાપ ન આપ્યો હોય! પણ એ બે તો અહીં આવે જ શાના? દુર્વાસા વગેરે

તપસ્વી છતાં અત્યન્ત ક્રોધી એટલે તે તપનો દુરુપયોગ કરનાર કહેવાય.

૨.બૃહસ્પતિ, શુક્રાચાર્ય આદિ સર્વજ્ઞ છે પરન્તુ એમના જ્ઞાનનો ઉપયોગ લોકના ઉત્કર્ષમાં હોઈ એ ભગવદ્ગામી ન હોવાથી એનું જ્ઞાન નકામું. બ્રહ્મજ્ઞાની મુનિઓમાં અનાસક્તિ નથી. વશિષ્ઠજીએ નિમિને શાપ આપ્યો. ઈન્દ્રના કહેવાથી બૃહસ્પતિજીએ મરુતનો ત્યાગ કરી દીધો, દક્ષિણા મળી એટલે ઔચિત્યને દૂર મૂક્યું.

૩.બ્રહ્મા, સોમ વગેરે મોટા છે પરન્તુ કામ હેતુ હોવાથી એ પણ યોગ્ય ન ગણાય. ગૃહિણીને સદાચારી પતિ જ ગમતો હોય છે.

કેટલાકમાં ધર્મનું-આચરણ છે પરન્તુ પ્રાણીઓ પ્રત્યે પ્રેમનો[૧] પૂરો વર્તાવ તેઓ કરતા નથી. ત્યાગ[૨] તો છે પણ કોરો ત્યાગ તો મુક્તિનું કારણ નથી. કોઈ-કોઈમાં વીરતા[૩] તો અવશ્ય છે પણ તેઓય કાળના ચક્રમાંથી (મૃત્યુથી) બચે તેમ નથી. અવશ્ય કેટલાક મહાત્માઓમાં[૪] વિષયાસક્તિ નથી પરન્તુ તેઓ તો વળી નિરન્તર અદ્વૈત સમાધિમાં જ લીન રહે છે ।।૨૧।।

**વિશેષ** : ૧. ધર્મ ધારણ કરતાં છતાં પરશુરામ વગેરેમાં ભૂત સૌહૃદનો અભાવ છે તેથી મા, ભાઈ વગેરે ઉપર પણ પિતાની આજ્ઞાથી શસ્ત્ર ચલાવ્યું એવો ક્રૂર વરવાને યોગ્ય ન હોઈ શકે.

૨.શિબિ, નૃગરાજા વગેરેનો ત્યાગ હોવો છતાં સ્વર્ગની કામના હોવાથી તે ત્યાગથી મુક્તિ ન મળે માટે નકામો

૩.બલવાન પતિ સ્ત્રીને ગમે એ ખરું પણ ઘરમાં પત્નીને સમય આપે તેના કરતાં યુદ્ધના મેદાનને વધારે આપે. વળી ગમે ત્યારે વીર ગતિને પામી જાય એટલે સૌભાગ્ય અખંડ ન રહે તેથી તે વરવા લાયક નથી.

૪.આ મહાત્મા સનત્કુમાર આદિ મારા ઝાંઝરનો ઝંકાર અને કંકણનો ખણખણાટ જાણે કે સાંભળતાય ન હોય તેમ નાસિકાના અગ્રભાગ ઉપર ચોંટાડેલી નજર જ ખસેડતા નથી. સરસ-રસિક પુરુષ જ સ્ત્રીઓને તો ગમે.

કોઈ-કોઈ ઋષિએ (લોમશ, માર્કણ્ડેય) આયુષ્ય તો બહુ જ લાંબુ પ્રાપ્ત કરી લીધું છે પણ એમનું વર્તન સ્ત્રીઓમાટે મનપસન્દ નથી. કોઈનું વર્તન સરસ છે તો તેમના આયુષ્યનું કંઈ ઠેકાણું નથી. કોઈમાં આ બન્ને બાબતો છે તો તેમનો વેષ જ અમંગલ* છે. રહ્યા એક ભગવાન્ વિષ્ણુ તેમનામાં બધાય મંગલમય ગુણ નિત્ય નિવાસ કરે છે પણ તેઓ મને ચાહતા જ નથી ।।૨૨।।

**વિશેષ** : શિવજી મંગળ કરનાર અને સ્ત્રીને અનુકૂળ છતાં સ્મશાનમાં ક્રીડા કરનાર હોવાથી

વરવાને લાયક ન ગણાય.

આ પ્રમાણે વિચારી અન્તે શ્રીલક્ષ્મીજીએ પોતાના મનના માન્યા ભગવાન્ ઉપર જ પોતાની પસન્દગી ઉતારી. કારણ કે એમનામાં બધા સદ્‌ગુણો નિત્ય નિવાસ કરે છે. પ્રાકૃત ગુણ એમનો સ્પર્શ નથી કરી શકતા અને અણિમા આદિ સમસ્ત ગુણ એમની કામના કર્યા કરે છે પણ તે કોઈની પરવા કરતા નથી. ખરું પૂછો તો લક્ષ્મીજીના એકમાત્ર આશ્રય ભગવાન્ જ છે. તેથી જ તેમને જ વર્યાં ।।૨૩।।

જેની આસપાસ મદોન્મત્ત ભમરાઓ ગુઞ્જારવ કરી રહ્યા છે તેવી સુન્દર તાજાં કમળની માલા ભગવાનના ગળામાં પહેરાવીને ત્યાં એ ભગવાનના હૃદયમાં પોતાનું સ્થાન નક્કી કરી લજ્જા અને હાસ્ય થી વિકસિત નેત્રવડે એમની સમીપમાં જઈ ઊભાં રહ્યાં ।।૨૪।।

જગત્પિતા ભગવાને જગજ્જનની સમસ્ત સમ્પત્તિની અધિષ્ઠાતૃ-દેવતા શ્રીલક્ષ્મીજીને પોતાના વક્ષઃસ્થલ ઉપર જ સર્વદા નિવાસ કરવા સ્થાન આપ્યું. લક્ષ્મીજીએ ત્યાં જ બિરાજી પોતાની દયામયી દૃષ્ટિથી ત્રણેય લોક, લોકપતિ અને પોતાની વહાલી પ્રજાની અભિવૃદ્ધિ કરી ।।૨૫।।

તે વખતે શંખ, તૂરી, મૃદંગો વગેરે વાદ્યો વાગવા લાગ્યાં. ગન્ધર્વો અપ્સરાઓ સાથે નાચવા-ગાવા લાગ્યા. તેથી મોટો શબ્દ સંભળાવા લાગ્યો ।।૨૬।।

બ્રહ્મા, શિવ, અંગિરા વગેરે દેવો વિષ્ણુનું યથાર્થ પ્રતિપાદન કરતા મન્ત્રોવડે સ્તુતિ કરતા પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા ।।૨૭।।

જ્યારે પ્રજાપતિ અને પ્રજાઓની સાથે લક્ષ્મીજીએ દેવો તરફ દૃષ્ટિ કરી ત્યારે એમાં શીલ આદિ ગુણોનો તેમ જ સમ્પત્તિનો નિવાસ થતાં તેઓ પરમ સુખી થયા ।।૨૮।।

અહીં લક્ષ્મીજીએ દૈત્ય દાનવોની ઉપેક્ષા કરી દીધી તેથી એ નિર્બલ, લોભી, ઉદ્યોગ રહિત અને નિર્લજ્જ થઈ ગયા ।।૨૯।।

હવે સમુદ્ર મથન કરતાં કમળના સરખાં નેત્રવાળી વારુણી દેવી કન્યારૂપે તેમાંથી નીકળી તેને ભગવાનની સમ્મતિ લઈને અસુરો લઈ ગયા ।।૩૦।।

અમૃતને માટે દેવતા અને અસુરો ફરી સમુદ્રનું મથન કરવા લાગ્યા ત્યારે એમાંથી એક અલૌકિક પુરુષ પ્રકટ થયો ।।૩૧।।

એને લાંબા અને જાડા હાથ હતા. એનો કંઠ શંખના જેવો હતો. એનાં નેત્ર

શ્વેતરકત હતાં. એનો વર્ણ શ્યામ હતો. એ તરુણ, પુષ્પમાળાધારી અને સર્વાભરણથી સજ્જ થયેલો હતો ।।૩૨।।

એની છાતી મોટી હતી. એણે પીળાં વસ્ત્ર પહેર્યા હતાં, કુંડલો બહુ શુદ્ધ હતાં. એના વાળ સુંવાળા હતા અને એ સિંહના સરખો પરાક્રમવાળો દેખાતો હતો ।।૩૩।।

એણે હાથે કંગન પહેરેલાં હતાં તેથી એ શોભતો હતો. અમૃતપૂર્ણ કળશ હાથમાં ધારણ કરનાર એ સાક્ષાત્ વિષ્ણુના અંશાવતાર હતા ।।૩૪।।

આયુર્વેદના પ્રવર્તક યજ્ઞભોકતા તેમનું નામ ધન્વન્તરિ હતું. બધાં અસુરોએ, પોતાના હાથમાં અમૃત કળશ ધારણ કરેલા એમને જોયા ।।૩૫।।

સર્વ વસ્તુના લોભવાળા એ દૈત્યો અમૃતકળશ ઉઠાવી ચાલતા થયા ત્યારે દેવો દુઃખી થયા અને શ્રીહરિને શરણે ગયા. ભગવાને દેવોની દીનતા જોઈ કહ્યું કે ''તમે દુઃખ ન લગાડો'' હું મારી માયાવડે દૈત્યોને પરસ્પર લડાવી સ્ત્રીના મોહમાં નાખી તમારું કામ સિદ્ધ કરી આપીશ ।।૩૬-૩૭।।

એ દેવ અને અસુર ને માંહોમાંહે મોટો કલેશ થયો કેમકે એક વસ્તુમાં બન્નેને સરખી તૃષ્ણા હતી; તેથી ''હું પ્રથમ લઉં તું પછી'' એમ એઓ એક બીજાને કહેવા લાગ્યા ।।૩૮।।

''સત્ર નામના યજ્ઞમાં બધાને સરખું ફળ મળે છે. દેવો પણ તમારી બરાબર મહેનત કરનાર છે તેથી તમારા જેટલા ભાગના હકદાર છે'' એમ ભગવાને ચાલતો આવેલો ધર્મ સમજાવ્યો ।।૩૯।।

દૈત્યોમાં પરસ્પર કેટલાકને મત્સર થયો તેથી જે મોટા હતા તે લઈ ગયા ત્યારે જેઓ ગરીબો હતા તેઓ એઓને મારીને તો લઈ શકે નહિ તેથી એની અદેખાઈ કરતા ''તમે અમૃતને ન લઈ જાઓ'' એમ કહેવા લાગ્યા ।।૪૦।।

સર્વ ઉપાય જાણનાર વિષ્ણુએ કોઈની ઉપમા ન આપી શકાય તેવું પરમ અદ્ભુત સ્ત્રીનું રૂપ ધારણ કર્યું ।।૪૧।।

જોવા લાયક, કાળા કમળ સરખી શ્યામ, સર્વ અવયવના સૌષ્ઠવવાળી, કાનમાં સરખાં ઘરેણાંવાળી, સુન્દર કપોલ તથા ઉન્નત નાકવાળી- ।।૪૨।।

નવીન યૌવનથી સુન્દર દેખાતી, ઊંચાં સ્તનના ભાગથી દુર્બળ ઉદરવાળી, મુખની સુગન્ધમાં બહુ ભમતા અને શબ્દ કરતા ભમરોઓથી નેત્ર વ્યાકુળ થયાં છે તેવા નેત્રવાળી- ।।૪૩।।

પોતાના કેશપાશમાં ફૂલેલી માલતીની માળા ધારણ કરતી, ડોકમાં સુન્દર કંઠાભરણ યુકત, સુન્દર ભુજામાં બાજૂબંધની શોભાથી શોભતી- ।।૪૪।।

શુદ્ધ વસ્ત્રથી ઢંકેલા નિતમ્બથી શોભિત કટિમેખલાયુકત, પ્રકૃષ્ટ વિલાસવડે ચાલતાં ચરણમાં ધરેલ નૂપુરવડે શબ્દાયમાન- ।।૪૫।।

**સવ્રીડસ્મિતવિક્ષિપ્ત-ભ્રૂવિલાસાવલોકનૈઃ ।।**
**દૈત્યયૂથપચેતઃસુ કામમુદીપયન્ મુહુઃ ।।૪૬।।**

લજ્જાસહિત સ્મિતવડે ફેંકેલ કટાક્ષપૂર્વક જોવાથી જેણે દૈત્યની સેનાના નાયકના મનમાં કામ ઉત્પન્ન કર્યો છે તેવી ભગવાનની મોહિનીરૂપ-સ્ત્રીરૂપ આકૃતિ પ્રકટ થઈ ।।૪૬।।

**ઈતિ શ્રીભાગવત્ અષ્ટમ સ્કન્ધમાં (બીજા દાનદાતા નામના પ્રકરણનો ચોથો) ''સમુદ્ર મથન થતાં એમાંથી અનેક રત્ન નીકળ્યાં'' નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**
''પારસમણિ (ભાગવત)ને વાટકે, ભટજી (કથાકાર) માગે ભીખ''
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સેથજ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયારામ)**

## અધ્યાય ૯

# ભગવાને મોહિની સ્વરૂપે દૈત્યો પાસેથી અમૃત પડાવી લઈ દેવોને પિવરાવ્યું

**વિશેષ :** દૈત્યો મોહિનીને જોઈ મોહિત થયા અને એને અમૃતનું પાત્ર આપ્યું ત્યારે મોહિનીએ એ બધાને છેતરીને ફકત દેવોનેજ અમૃત આપ્યું આટલી વાત આ નવમા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**તેઽન્યોન્યતોઽસુરાઃ પાત્રં હરન્તસ્ત્યક્તસૌહૃદાઃ ।।**
**ક્ષિપન્તો દસ્યુધર્માણઃ આયાન્તીં દદૃશુઃ સ્ત્રિયમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : એ અસુરો ભલમનસાઈ છોડી એક બીજાની પાસેથી પાત્ર લઈ જતા ચોરના ધર્મને પ્રકટ કરતા હતા તેવામાં તેમણે એક સ્ત્રીને આવતી જોઈ ।।૧।।

અહો! ''આનું રૂપ કેવું છે! એનું તેજ કેવું છે! આનું નવું વય કેવું છે!'' એમ બોલતા કામબળથી એની તરફ દોડી પહોંચીને એને પૂછવા લાગ્યા ।।૨।।

''હે કમળપત્ર સરખાં નેત્રવાળી! તું કોણ છે? શું કરવાની ઈચ્છા કરે છે? અમારાં મનને વલોવનારી તું કોની સ્ત્રી છે? એ હે વામોરુ! તું અમને કહે ।।૩।।

અથવા તો અમે ''તું કોની સ્ત્રી છે'' એમ કહ્યું એ ખોટું કહ્યું કેમકે તું કોઈ દેવ, દૈત્ય, સિદ્ધ, ગન્ધર્વ, ચારણના સ્પર્શવાળી હોય એમ જણાતું નથી. જ્યાં લોકના ઈશને સ્પર્શનો સમ્ભવ નથી ત્યાં મનુષ્ય તો તારો સ્પર્શ કયાંથી જ કરી શકે? ।।૪।।

હે સુન્દરી! બ્રહ્માજીએ દયા આવવાથી મનુષ્યને સર્વ ઈન્દ્રિયો તથા મનને તૃપ્ત કરવા બ્રહ્માજીએ જ તને અહીં મોકલી હોય એમ અમારું માનવું છે ।।૫।।

માટે હે માનવાળી! અમે બધા એક વસ્તુમાં સ્પર્ધાવાળા જ્ઞાતિજનો છીએ તેઓને પરસ્પર વેર બંધાયું છે તે અમને હે સુમધ્યમે! તું સુખી કર ।।૬।।

અમે બધા મહર્ષિ કશ્યપના પુત્રો છીએ તેથી પરસ્પર સગા ભાઈઓ છીએ, અમે અમૃતને માટે ભારે પુરુષાર્થ કર્યો છે. તો અમારો ઝઘડો ન થાય તેવી રીતે આ અમૃત ન્યાયને નજરમાં રાખી નિષ્પક્ષપણે અમને તું વહેંચી આપ'' ।।૭।।

એમ માયાવડે સ્ત્રીરૂપ ધારણ કરનાર ભગવાનને દૈત્યોએ પ્રાર્થના કરી ત્યારે ભગવાન્ સુન્દર કટાક્ષથી જોઈ જરા હસ્યા અને કહેવા લાગ્યા ।।૮।।

**શ્રીભગવાન્ બોલ્યા** : હે કશ્યપના પુત્રો! હું પુંશ્ચલી છું તેમાં કેમ વિશ્વાસ રાખો છો? ડાહ્યો માણસ કોઈ દિવસ કામિનીમાં વિશ્વાસ રાખે નહિ એ ચોક્કસ છે ।।૯।।

હે દૈત્યો! સ્વચ્છન્દી સ્ત્રીઓ અને ફાડી ખાનાર પ્રાણીઓની મિત્રતા જ ખોટી ગણાય કેમકે એ બન્ને તો નવા-નવા શિકારની શોધમાં ફરે છે તેથી તમારે સ્ત્રીમાં વિશ્વાસ કરવો જોઈએ નહિ ।।૧૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એમ એ સ્ત્રીએ મશ્કરી કરી ત્યાં તો અસુરોને એમાં વધારે વિશ્વાસ આવ્યો અને ભાવથી ગમ્ભીરપણે હસીને અમૃતનું પાત્ર મોહિનીને આપી દીધું ।।૧૧।।

ભગવાને એ પાત્ર પોતાના હાથમાં લીધું અને જરા મન્દ હાસ્ય કરી મીઠી વાણીથી બોલ્યા : ''હું જે કરું તે બધું તમને કબૂલ હોય, પછી એ સારું હોય કે નહિ, હું ન્યાય કરું કે અન્યાય કરું તે બધું તમને મંજૂર હોય તો જ હું આ અમૃત તમને વહેંચી આપું'' ।।૧૨।।

હરિનું એવું કથન સાંભળી મોટા-મોટા અસુરો એમના વાકયના મર્મને જાણ્યા વિના ''તમારી ઈચ્છા પ્રમાણે તમે આપો તે અમને મંજૂર છે'' એમ સમ્મત થયા ।।૧૩।।

ત્યારે હરિની આજ્ઞાથી એ બધાએ એક દિવસ ઉપવાસ કર્યો. પછી તેમણે સ્નાન કર્યું, અગ્નિમાં હોમ કર્યો, ગાય અને બ્રાહ્મણ તથા સમસ્ત પ્રાણીઓને ઘાસ-ચારો, અન્ન-ધન આદિનું યથાયોગ્ય દાન આપ્યું. તે બ્રાહ્મણોને બોલાવી સ્વસ્તિવાચન કરાવ્યું ।।૧૪।।

પછી મનગમતાં નવીન વસ્ત્ર ધારણ કરી પૂર્વ તરફ આગલા છેડાવાળા દર્ભોની ઉપર એ સર્વે અલંકૃત બેસી ગયા ।।૧૫।।

ધૂપ, દીપ અને માળાઓથી શણગારેલા ભવ્ય ભવનમાં પૂર્વ તરફ મોઢાં રાખી દેવો અને દૈત્યો બેઠા. હે રાજન્! મોહિની હાથમાં અમૃત કળશ લઈ સભા-મંડપમાં આવી. એના સાથળ, સુન્દર, ગોળ, ચઢ-ઉતરના સમાન, ટચલી આંગળીના મૂળથી મણિબંધ સુધીના હાથના જેવા હતાં. એના પગમાં સુવર્ણના ઝાંઝર અવ્યકત શબ્દ કરતાં હતાં. એના સ્તન ઘટ્ટ હતાં. લક્ષ્મીની સાહેલી જેવી જ્યારે એ કનકનાં કુંડળોવાળી, સુન્દર કાન, નાસિકા, ગાલ અને મુખ ની સુન્દરતાને ધારણ કરતી, જેનાં સ્તનો ઉપરથી કપડું જરા ખસી જતું હતું તેવી સ્થિતિમાં કંઈક અધિક હાસ્ય સહિત ભાવસૂચક કટાક્ષ કરતી પોતાના હાથમાં કળશ લઈને આવી ત્યારે દેવો અને અસુરો બધા એમાં મોહ પામી ગયા ।।૧૬-૧૮।।

ભગવાને જોયું કે જન્મથી જ ક્રૂર સ્વભાવના અસુરોને અમૃત આપવું એ તો સર્પને અમર કરવા જેવું થાય એ યોગ્ય નથી એમ ધારી એમણે તેમને અમૃત ન આપ્યું ।।૧૯।।

એ માટે જગતના પતિ ભગવાને દેવોની અને અસુરોની એક-એક જાુદી પંક્તિ કરાવી, દેવોને દેવોની અને અસુરોને અસુરોની પંક્તિમાં બેસાડ્યાં ।।૨૦।।

હાથમાં અમૃતનો કળશ લઈ બહુ માનવાળા શબ્દોવડે દૈત્યોને બનાવી દૂર બેઠેલા

દેવોને મૃત્યુ અને વૃદ્ધાવસ્થા દૂર કરનારી સુધા પિવડાવી ।।૨૧।।

હે નૃપ! અસુરોએ પ્રતિજ્ઞા કરેલી તેનું પાલન કરવું જોઈએ તેથી એ દેવને સુધા આપી તો પણ કાંઈ બોલ્યા નહિ તેઓ પ્રેમમાં પડી ગયા હતા અને સ્ત્રી સાથે ઝઘડો કરવો એ શૂરવીરમાટે નિન્દ્યકર્મ ગણાય તેથી પણ તેઓ ચૂપ રહ્યા ।।૨૨।।

એ મોહિનીના રૂપમાં અસુરોને અત્યન્ત પ્રેમ થયો હતો પણ એમ કરતાં પ્રણયનો ભંગ થાય તેથી તેઓ ડરી ગયા. વળી મોહિનીએ કહ્યું કે ''દેવો ધીરજ વગરના છે તો એઓને પ્રથમ પીવા દો; તમે ધૈર્યવાળા છો એટલે ક્ષણવાર પછી લેજો'' એમ બહુ માનથી કહેવામાં આવતાં એઓ બંધાઈ ગયા અને એને અપ્રિય લાગે તેવું કાંઈ પણ તેઓ બોલી શકયા નહિ ।।૨૩।।

એ સમયે દેવોના રૂપમાં સજ્જ થઈ દેવસભામાં ચન્દ્ર અને સૂર્ય ની વચ્ચે રાહુ અમૃત પીવા લાગ્યો તેને ચન્દ્ર-સૂર્યે ભગવાનને બતાવ્યો ।।૨૪।।

હરિએ અમૃત પીતા રાહુના માથાને અસ્ત્રા જેવી તીખી ધારવાળા ચક્રથી ઉડાવી દીધું. એના ધડમાં અમૃતનો અંશ પહોંચે એ પહેલાં તો એનું ધડ માથાથી જાુદું થઈ ગયુ ।।૨૫।।

એના મુખમાં અમૃત આવ્યું તેથી એ અમર થઈ ગયું. બ્રહ્માજીએ તેને નવ ગ્રહ માંહેનો એક ગ્રહ બનાવ્યો, જે પર્વને (પૂર્ણિમા અને અમાવાસ્યા ને) દિવસે વેરબુદ્ધિથી ચન્દ્ર-સૂર્ય ઉપર આક્રમણ કર્યા કરે છે ।।૨૬।।

જ્યારે દેવતાઓએ અમૃત પી લીધું ત્યારે સમસ્ત લોકોનું ભલું કરનાર ભગવાને દૈત્યોના દેખતાં જ પોતાનું મોહિની રૂપ છોડી અસલ સ્વરૂપનો સ્વીકાર કર્યો ।।૨૭।।

અમૃતમન્થનમાં દેવ અને દૈત્યો નું દેશકાળ, પદાર્થ, પરિશ્રમ અને વિચાર બધું જ સરખું જ હતું તો પણ તેઓને ફળ મળવામાં તફાવત રહ્યો એનું કારણ એટલું જ કે દેવોએ ભગવાનના ચરણનો આશ્રય કર્યો તેથી તેઓને શ્રમ વિના અમૃતરૂપ ફળ મળ્યું, જ્યારે દૈત્યોએ ભગવાનનો આશ્રય ન કર્યો પણ પોતાના બળને ભરોસે રહ્યા તેથી તેઓને ફળ ન મળ્યું. તેઓને શ્રમનો પાર ન હોતો પણ ફળ દેનાર કોણ છે એનું જ્ઞાન ન હોવાથી એ ફળથી વંચિત રહ્યા ।।૨૮।।

**યદ્યુજ્યતેઽસુવસુકર્મમનોવચોભિર્દેહાત્મજાદિષુ નૃભિસ્તદસત્ પૃથક્ત્વાત્ ।।**
**તૈરેવ સદ્ભવતિ યત્ક્રિયતેઽપૃથક્ત્વાત્સર્વસ્ય તદ્ ભવતિ મૂલનિષેચનં યત્ ।।૨૯।।**

મનુષ્યો પોતાના દેહ તથા પુત્રાદિને માટે પ્રાણ, ધન, વાણી, કર્મ અને મન વડે

જે કાંઈ કરે છે તે ભેદબુદ્ધિથી કરે છે તેથી એનું ફળ તેમને મળતું નથી અને વૃથા જાય છે. પરન્તુ જો તેઓ જે કાંઈ કરે એ અભેદ બુદ્ધિથી કરી ભગવદર્પણ કરે તો એનું ફળ જલદી મળે. જેમ વૃક્ષના મૂળમાં જળ સિંચન કરે તો થડ, ડાળીઓ અને પાન બધાને પાણી પહોંચી જાય તેવી જ રીતે ભગવાનને માટે કર્મ કરવાથી તે બધાને માટે થઈ જાય છે ।।૨૯।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (બીજા દાન-દાતા પ્રકરણનો પાંચમો) ''ભગવાને મોહિની સ્વરૂપે દૈત્યો પાસેથી અમૃત પડાવી લઈ દેવોને પિવડાવ્યું'' નામનો નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**સાધનાને ક્યારે પણ ધર્મપ્રચાર, પ્રદર્શન કે કમાઈ નું સાધન બનાવી ન શકાય.**
સાધના હંમેશા વ્યક્તિગતપણે અને એકાન્તમાં જ થઈ શકે.
ભગવત્સેવા એ ગુરુ અને શિષ્ય બન્નેની ભક્તિમયી સાધના છે. પોતાના ઘરના એકાન્તમાં જ ભગવત્સેવા ગુરુ તેમજ શિષ્યે કરવી જોઈએ. હવેલી-મન્દિરમાં દર્શન-મનોરથના માધ્યમથી જેમ સેવાને સાર્વજનિક બનાવી ન શકાય તેમ દર્શન-ભેટને પણ ભક્તિસાધના કહી ન શકાય.

## અધ્યાય ૧૦

## યુદ્ધમાં અસુરની માયાથી દેવો મૂંઝાતાં ભગવાન્ પ્રકટ થયા

**વિશેષ :** દૈત્યો દેવોનો ઉત્કર્ષ જોઈ શકયા નહિ તેથી દેવો સાથે તેમણે યુદ્ધ આદર્યું. દેવો દૈત્યોની માયાથી મૂંઝાયા ત્યારે દેવોની પાસે ભગવાન્ પ્રગટ થયા; એ વાત આ અધ્યાયમાં કહેવામાં આવી છે. અભકતને ભગવાન્‌માં મમતા હોતી નથી એ ભકતનો દ્વેષ કરે છે પણ તેથી તેની જ પ્રાણહાનિ થાય છે એ અહીં આ અધ્યાયમાં કહેવાનું છે.

**ઈતિ દાનવદૈતેયા નાવિન્દન્નમૃતં નૃપ ।।**
**યુક્તાઃ કર્મણિ યત્તાશ્ચ વાસુદેવપરાંગમુખાઃ ।।૧।।**

શ્રીશુકદેવજી બોલ્યાઃહે નૃપ! દાનવો અને દૈત્યો એ બહુ સાવધાનીથી સમુદ્રમથનનો પુરુષાર્થ કર્યો છતાં ભગવાનથી વિમુખ હોવાથી અમૃત મેળવી શકયા નહિ ।।૧।।

હે રાજન્! ભગવાને દેવોને અમૃત મેળવી આપ્યું અને તેમને પાયું કેમકે એ દેવો

ભગવત્પક્ષપાતી છે. હવે કાર્ય સિદ્ધ થયું છે એમ જાણી બધાના દેખતાં ભગવાન્ ગરુડ ઉપર બિરાજી ત્યાંથી પધાર્યા ।।૨।।

દૈત્યોએ શત્રુઓની સમૃદ્ધિ જોઈ પણ એનાથી એ સહન થઈ શક્યું નહિ તેથી શસ્ત્ર ઉઠાવ્યાં અને તેઓએ દેવો ઉપર હુમલો કર્યો ।।૩।।

આ બાજુ નારાયણના ચરણના આશ્રયવાળા દેવો અમૃતપાન કરી બળવાન બનેલા હતા તેથી તેઓએ શસ્ત્રથી સજ્જ થઈને દૈત્યોનો બરાબર મુકાબલો કર્યો ।।૪।।

દેવો અને અસુરો ની વચ્ચે ક્ષીરસાગરના તટ ઉપર અત્યન્ત ભયંકર અને રુવાડાં ઊભાં કરે તેવો ભીષણ સંગ્રામ જામ્યો. દેવો અને દૈત્યો નું આ યુદ્ધ જ 'દૈવાસુર સંગ્રામ'ના નામથી ઓળખાય છે ।।૫।।

ક્રોધે ભરાયેલા શત્રુઓ સામ સામે આવી જઈને તલવાર, બાણ વગેરે અનેક પ્રકારનાં આયુધો યુદ્ધમાં મારવા લાગ્યા ।।૬।।

શંખ, મૃદંગ, ભેરી, તુરી, ડમરુ વગેરે વાજિન્ત્રોનો તેમજ હાથી, ઘોડા, રથ, પાયદળ વગેરેનો કોલાહલ ત્યાં થવા લાગ્યો ।।૭।।

એ લડાઈમાં રથીઓ-રથીઓની સામે, પાયદળ-પાયદળની સામે, ઘોડેસવાર-ઘોડેસવારની સામે અને હાથીવાળા-હાથીવાળાઓની સામે જોડાયા ।।૮।।

કેટલાક ઊંટ, હાથી, ગધેડા, ગૌરમૃગ, રીંછ, વાઘ અને સિંહ ઉપર સવાર થઈને લડવા આવ્યા ।।૯।।

કેટલાક જળચર પ્રાણી તિમિંગલ નામના મગર ઉપર બેઠા. કેટલાક શરભ ઉપર તો કેટલાક પાડાઓ ઉપર સવાર થયા. કેટલાક ગેંડા, બળદ, રોઝ અને જંગલી સાંઢ ઉપર બેસી લડવા આવ્યા ।।૧૦।।

કેટલાક શિયાળવી, ઉન્દર, કાકીડા, સસલા, માણસો, બોકડા તથા કાળિયાર મૃગ ઉપર બેસીને લડવા આવ્યા તો કેટલાક હંસ ઉપર અને બીજા સૂવર ઉપર સવાર થઈ લડવા આવ્યા ।।૧૧।।

આમ કેટલાય દૈત્યો જળચર અને સ્થળચર પ્રાણીઓ તેમ જ ભયંકર શરીરવાળાં પ્રાણીઓની ઉપર સવાર થઈને બન્ને સેનાઓમાં આગળ-આગળ ઘૂસી ગયા ।।૧૨।।

હે પરિક્ષત! તે વખતે રંગબેરંગી પતાકાઓ, સ્ફટિક મણિના જેવા શ્વેત નિર્મલ છત્રો, રત્નજટિત દંડવાળા બહુમૂલ્ય પંખાઓ, મોરપંખા, ચામર, પવનથી ઊડતા દુપટ્ટા, પાઘડી, કલંગી, કવચ, આભૂષણ તથા સૂર્યના કિરણોથી ચકચકતાં ઊજળાં

શસ્ત્રો તેમજ વીરોની હરોળોને લીધે દેવતા અને દૈત્યો ની સેના એવી શોભાયમાન થઈ રહી હતી કે જાણે જલજન્તુઓથી ભરેલા બે મહાસાગર હિલોળે ચડ્યા હોય ।।૧૩-૧૫।।

યુદ્ધમાં અસુરોની સેનાના ઉપરી બલિરાજા હતા તે મયદાનવે બનાવેલા વૈહાયસ નામના વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. તે વિમાન સુકાનીની જ્યાં જવાની ઈચ્છા થતી ત્યાં ચાલ્યું જતું ।।૧૬।।

યુદ્ધની બધી જ સામગ્રીઓ એમાં સુસજ્જિત હતી. હે પરીક્ષિત! એ એટલું આશ્ચર્યમય હતું કે કયારેક તે દેખાતું તો કયારેક અદ્રશ્ય થઈ જતું તે અત્યારે કયાં છે તે વાતનું અનુમાન પણ કરી શકાતું નહિ તો પછી તેને ચોક્કસ પણે બતાવી તો કયાંથી શકાય? ।।૧૭।।

એ શ્રેષ્ઠ વિમાન ઉપર રાજા બલિ સવાર હતા. બધા મોટા-મોટા સેનાપતિઓ એની ચોતરફ ગોઠવાઈ ગયા હતા તેના મસ્તક ઉપર છત્ર હતું અને સેવકો ઉત્તમ ચામર ઢોળી રહ્યા હતા. એ વખતે બલિ રાજા જાણે ઉદયાચલ ઉપર ચન્દ્રમાં હોય તેવા શોભતા હતા ।।૧૮।।

એ અસુર ટુકડીઓના ઉપરી પોતપોતાના વાહન સાથે હતા. તેમાં નમુચિ, શમ્બર, બાણ, વિપ્રચિત્તિ, અયોમુખ, દ્વિમૂર્ધા, કાલનાભ, હેતિ, પ્રહેતિ, ઈલ્વલ, શકુનિ, ભૂતસન્તાપ, વજ્રદંષ્ટ્ર, વિરોચન, હયગ્રીવ, શંકુશિરા, કપિલ, મેઘદુન્દુભિ, તારક, ચક્રાક્ષ, શુમ્ભ, નિશુમ્ભ, જમ્ભ, ઉત્કલ, અરિષ્ટ, અરિષ્ટનેમિ, ત્રિપુરાધિપતિ મય, બીજા પૌલોમ, કાલેય અને નિવાતકવચ વગેરે હતા ।।૧૯-૨૨।।

લાભથી વિમુખ રહેલા અને પહેલાં દેવોને જીતનારા છતાં અત્યારે કષ્ટ ભોગવતા બધા જ સિંહના જેવો શબ્દ કરતા મોટા શંખ ફૂંકવા લાગ્યા ત્યારે શત્રુને બળથી ગર્વિત જોઈને ઈન્દ્રને બહુ ગુસ્સો થયો ।।૨૩-૨૪।।

જેમાંથી નદીઓ અને નાના ઝરણાં વહે છે તેવા ઉદય પર્વત ઉપર જેમ સૂર્ય આરોહણ કરે તેમ ઈન્દ્ર મદ ઝરતા ઐરાવત ઉપર ચઢીને શોભવા લાગ્યો ।।૨૫।।

અનેક વિધ વાહનો, ધ્વજો અને આયુધવાળા દેવો, લોકપાળો, પોતપોતાના ગણ સાથે વાયુ અગ્નિ વરુણ વગેરે પણ જોડાઈગયા ।।૨૬।।

બન્ને સેનાના યોદ્ધા એક બીજાને ભેદતા પરસ્પર મર્મભેદી આક્ષેપ કરતા, લડવામાટે એકબીજાને પોતાની તરફ બોલાવતા, બાહુયુદ્ધ કરવા લાગ્યા ।।૨૭।।

બલિ ઈન્દ્ર સાથે, કાર્તિક સ્વામી તારક દૈત્ય સાથે, વરુણ હેતિ સાથે તો મિત્રદેવ પ્રહેતિ સાથે લડવા લાગ્યા ।।૨૮।।

યમરાજ કાળનાભ સાથે, વિશ્વકર્મા મયની સાથે, શમ્બર ત્વષ્ટાની સાથે, વિરોચન સવિતાની સાથે લડવા લાગ્યા ।।૨૯।।

અપરાજિતની સાથે નમુચિ, વૃષપર્વાની સાથે અશ્વિનીકુમારો, બાણ વગેરે બલિના સો પુત્ર સાથે સૂર્ય લડવા લાગ્યા ।।૩૦।।

રાહુની સાથે ચન્દ્રમા અને પુલોમાની સાથે વાયુનું યુદ્ધ થયું. ભદ્રકાલી દેવીની નિશુમ્ભ અને શુમ્ભ ની સાથે લડાઈ થઈ ।।૩૧।।

શંકર જમ્ભાસુર સાથે, મહિષાસુર સાથે અગ્નિ અને હે અરિન્દમ! વાતાપિ તથા ઈલ્વલ બ્રહ્માના પુત્રો મરીચિ વગેરે સાથે લડ્યા ।।૩૨।।

દુર્મર્ષ કામદેવની સાથે, ઉત્કલ માતૃગણોની સાથે, શુક્રાચાર્ય બૃહસ્પતિની સાથે અને નરકાસુર શનૈશ્વરની સાથે લડ્યા ।।૩૩।।

નિવાત કવચો મરુદ્ગણો સાથે તેમજ કાલેયો વસુગણ સાથે, પૌલોમોની વિશ્વેદેવગણ સાથે તથા ક્રોધવશો રુદ્રગણની સાથે લડ્યા ।।૩૪।।

આ પ્રમાણે અસુર અને દેવતા રણભૂમિ ઉપર દ્વન્દ્વયુદ્ધ તથા સામૂહિક આક્રમણદ્વારા એકબીજાની સામ-સામે આવી જઈ પરસ્પર વિજયની ઈચ્છાથી ઉત્સાહપૂર્વક તીક્ષ્ણ બાણ, તલવાર અને ભાલાઓ થી પ્રહાર કરવા લાગ્યા, યુદ્ધમાં અવનવી યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવાતી હતી ।।૩૫।।

ભુંશુંડિ, ચક્ર, ગદા, ઋષ્ટિ, પટ્ટિશ, શક્તિ, ઉલ્મુક, પ્રાસ, પરશુ તલવાર, ભાલા, મુદ્ગર, પરિઘ, ગોફણ વગેરે આયુધોનાં સાધનોથી તેઓ એકબીજાનાં માથાં ઉડાવી દેવા લાગ્યા ।।૩૬।।

એ વખતે પોતાના અસવારોની સાથે હાથી, ઘોડા, રથ આદિ અનેક પ્રકારનાં વાહન અને પાયદળ સેના છિન્ન-ભિન્ન થઈ જવા લાગી. કોઈના હાથ, કોઈની જાંઘ, કોઈની ગરદન અને કોઈના પગ કપાઈ ગયા તો કોઈ કોઈની ધજા, ધનુષ, કવચ અને આભૂષણના ટુકડે ટુકડા થઈ ગયાં ।।૩૭।।

એમના પગના ધબકારાથી તથા રથના પૈડાના ઘરઘરાટથી પૃથ્વી ખોદાઈ ગઈ તે વખતે રણભૂમિ ઉપરથી ધૂળની ડમરી એવી તો ઉડી કે તેનાથી દિશાઓ, આકાશ અને સૂર્ય પણ ઢંકાઈ ગયાં પણ જોતજોતામાં તો લોહીની ધારાઓથી ભૂમિ તરબોળ

થઈ ગઈ અને ધૂળનું કયાંય નામનિશાન પણ રહ્યુંનહિ ।।૩૮।।

લડાઈનું મેદાન કપાયેલાં માથાથી ભરાઈ ગયું, કેટલાકના મુગટ અને કુંડલ ઊડી ગયાં હતાં તો કેટલાકની આંખોમાં ક્રોધની મુદ્રા પ્રકટ થતી હતી, કોઈએ વળી પોતાના દાંતોથી હોઠ દબાવી રાખ્યા હતા. કેટલાયની આભૂષણો અને શસ્ત્રોથી સુસજ્જલાંબી-લાંબી ભુજાઓ કપાઈ જઈ જુદી પડી હતી, આમ રણભૂમિ ઘણી જ ભીષણ દેખાતી હતી ।।૩૯।।

ત્યાં ઘણેરાં ધડ પોતાના કપાયેલાં માથામાંના નેત્રોથી જોઈ હાથોમાં હથિયાર ઉઠાવી વીરો તરફ દોડવા અને ઊછળવા લાગ્યા ।।૪૦।।

રાજા બલિએ દસ બાણ ઈન્દ્ર ઉપર, ત્રણ એના વાહન ઐરાવત ઉપર, ચાર ઐરાવતના ચાર ચરણ-રક્ષકો ઉપર અને એક મુખ્ય મહાવત ઉપર આમ કુલ અઢાર બાણ છોડ્યા ।।૪૧।।

ઈન્દ્રે એ છૂટેલાં બાણ પોતાની તરફ ધસી આવતાં જોઈ તત્કાળ ચેતીને એ બધાંની પોતાની પાસે પહોંચે તે પહેલાં જ એને એટલાંજ તીક્ષ્ણ ભાલાવડે હસતાં-હસતાં છેદીનાખ્યાં ।।૪૨।।

ઈન્દ્રની એવી પ્રશંસનીય ચપળતા જોઈને બલિએ ક્રોધ કરી હાથમાં ભારે ઉલ્કા[1] જેવી આગ ઓકતી શક્તિ[2] લીધી, જેને ઈન્દ્રે બલિના હાથમાંથી છૂટ્યા પહેલાં જ ઉડાવી દીધી ।।૪૩।।

**વિશેષ** : ૧. ઉલ્કા=ખરતો તારો; આકાશમાં લાગેલો અગ્નિ. ૨. શક્તિ=એક પ્રકારનું હથિયાર.

ત્યારબાદ બલિએ એક પછી એક શૂલ, પ્રાસ, તોમર અને શક્તિ ઉઠાવી. પરન્તુ તે જે-જે શસ્ત્ર હાથમાં લેતા તેના ઈન્દ્ર ટુકડે-ટુકડા કરી નાખતાં. આ હસ્ત કૌશલથી ઈન્દ્રનું ઐશ્વર્ય વધારે જણાયું ।।૪૪।।

હે પરીક્ષિત! ત્યારે તો ઈન્દ્રથી ગભરાઈ જઈને બલિ અન્તર્ધાન થઈ ગયા. પછી તેમણે આસુરી માયાની સૃષ્ટિ કરી. તત્ક્ષણ દેવતાઓની સેના ઉપર એક પર્વત પ્રકટ થયો ।।૪૫।।

એ પર્વતના દાવાગ્નિથી ભડભડતાં વૃક્ષ અને છીણી જેવા તીક્ષ્ણ ધારવાળાં શિખરો ઉપરથી ધારદાર શિલાઓ પડવા લાગી. આથી દેવતાઓની સેના ચૂર્ણ થઈ જવા લાગી ।।૪૬।।

અને ત્યારબાદ મોટા-મોટા સાપ, નાગ, વીંછી અને બીજાં ઝેરી પ્રાણીઓ

કરડવા લાગ્યા. સિંહ, વાઘ અને સૂવર દેવ-સેનાના મોટા-મોટા હાથીઓને ફાડી ખાવા લાગ્યા ।।૪૭।।

હે પરીક્ષિત! સેંકડો નગ્ન રાક્ષસીઓ અને રાક્ષસો, હાથોમાં શૂલ લઈને ત્યાં પ્રકટ થઈ ગયાં અને ''મારી નાખો, કાપી નાખો'' એમ બૂમો પાડવા લાગ્યાં ।।૪૮।।

થોડી જ ક્ષણોમાં આકાશમાં વાદળોની ઘનઘોર ઘટા ચડી આવી. એમના આપસમાં ટકરાવાથી ઘણો ઘેરો અને કઠોર ગડગડાટ થવા લાગ્યો, વીજળી ચમકવા લાગી અને આન્ધી ચડી આવવાથી વાદળાં અંગારા વરસવા લાગ્યાં ।।૪૯।।

દૈત્યરાજ બલિએ ઉત્પન્ન કરેલો તે અગ્નિ, વાયુને સારથિ બનાવીને સાંવર્તક એટલે પ્રલયના અગ્નિ જેવો ભયાનક થયો અને દેવની સેનાને બાળવા લાગ્યા ।।૫૦।।

પછી સમુદ્ર મર્યાદા છોડી ચોતરફ ફરી વળ્યો અને પ્રચંડ વાયુવડે ઉછળતા પાણીના તરંગોથી ભયાનક બન્યો ।।૫૧।।

મહામાયાવી દૈત્યોનું કામ કોઈ જાણી શકતું નથી તેવી ભીષણ દૈત્યોની માયાથી દેવોની સેનાના યોદ્ધાઓ દુઃખી થઈગયા।૫૨।

હે રાજન્! એ માયાને દૂર કરવાનો કોઈ ઉપાય ઈન્દ્ર આદિના જાણવામાં આવ્યો નહિ ત્યારે એમણે ભગવાનનું ધ્યાન કર્યું કે તરત જ પ્રભુ પ્રકટ થયા કેમકે એ વિશ્વના રક્ષક છે તેથી સ્મરણ માત્રથી રક્ષા માટે એમણે પ્રકટ થવું જોઈએ ।।૫૩।।

એ ભગવાને ગરુડની કાન્ધ ઉપર પોતાનું ચરણકમળ ધારણ કર્યું હતું એમણે પીતામ્બર પહેર્યું હતું અને એમનાં લોચન કમળની પાન્દડી જેવાં સુન્દર હતાં એમણે પોતાની આઠ ભુજામાં આઠ આયુધ ધારણ કર્યાં હતાં, કૌસ્તુભ માળાથી તેઓ શોભતા હતા, અમૂલ્ય કિરીટ પોતાને મસ્તકે શોભી રહેલો હતો તેવા ભગવાન્ ત્યાં પ્રકટ થયા ।।૫૪।।

ભગવાન્ પ્રકટ થયા કે તરત જ ભગવાનના મહિમાવડે જ અસુરનાં કપટ કર્મોથી પાથરેલી માયા, જેમ માણસ જાગે એની સાથે સ્વપનનો વ્યાપાર બંધ થઈ જાય તેમ નાશ પામી. જ્યાં ભગવાનનું સ્મરણ પણ વિપત્તિ ને છોડાવનાર છે તો જ્યાં સાક્ષાત્ ભગવત્પ્રાદુર્ભાવ થાય ત્યાં માયા એકદમ અદશ્ય થાય એમાં શું આશ્ચર્ય? ।।૫૫।।

સંગ્રામમાં ગરુડ ઉપર બિરાજેલા ભગવાનને જોઈને કાળનિમેએ ગરુડ ઉપર શૂળ

ફેંક્યું જે ગરુડના મસ્તક ઉપર પડ્યું ન પડ્યું એટલામાં તો ભગવાને એ શૂળને પકડી એના વડે વાહન સહિત કાળનેમિને માર્યો ।।૫૬।।

**માલી સુમાલ્યતિબલૌ યુધિ પેતતુર્યચ્ચક્રેણ કૃત્તશિરસાવથ માલ્યવાંસ્તમ્ ।।**
**આહત્ય તિગ્મગદયા હનદંડજેન્દ્રં તાવચ્છિરોડચ્છિનદરેર્નદતોહરિણાડડ્યઃ ।।૫૭।।**

ચક્રે જેના માથાં કાપી નાખ્યાં છે તેવા માલી અને સુમાલી અતિ બળવાન છતાં યુદ્ધભૂમિ ઉપર પડ્યાં. શુક્રાચાર્યે એને જીવતા કર્યા કે તરત જ માલ્યવાને તીક્ષ્ણ ગદાવડે ગરુડના ઉપર પ્રહાર કર્યો અને નાદ કરવા ગયો એટલામાં તો ભગવાને ચક્રવડે માલ્યવાનનું માથું ઉડાવી દીધું ।।૫૭।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (બીજા દાન-દાતા પ્રકરણનો છઠ્ઠો)**
**''યુદ્ધમાં અસુરની માયાથી દેવો મૂંઝાતાં ભગવાન્ પ્રકટ થયા''**
**નામનો દશમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધોબનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૧૧

## દેવોને નારદજીએ લડતા બંધ કર્યા
## દેવો અને અસુરો પોતપોતાના સ્થાનમાં ગયા

**વિશેષ** : આ અગિયારમાં અધ્યાયમાં, નારદજીએ ત્યાં આવી દેવોએ દૈત્યોને માર્યા એ બાબતમાં દૈત્યોને સમજાવ્યાં અને લડાઈ બંધ કરાવી. શુક્રાચાર્યે મરેલા અસુરોને સજીવન કર્યા એટલી વાત કહેવામાં આવે છે.

**અથો સુરાઃ પ્રત્યુપલબ્ધચેતસઃ પરસ્ય પુંસઃ પરમાનુકમ્પયા ।।**
**જઘ્નુર્ભૃશં શક્રસમીરણાદયઃ તાંસ્તાન્ રણે યૈરભિસંહતાઃ પુરા ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : દેવો પરમ પુરુષની કૃપાવડે સચેત થયા. તેમનામાં નવું

શૌર્ય પ્રકટયું. જે-જે રણમાં સામે થયા તેઓને ઈન્દ્ર, વાયુ વગેરેએ ખૂબ માર્યા ।।૧।।

બલિરાજાની સામે પરમ ઐશ્વર્યશાલી ઈન્દ્રે લડતાં-લડતાં જ્યારે વજ્ર તૈયાર કર્યું ત્યારે પ્રજામાં હાહાકાર મચી ગયો ।।૨।।

સમ્પત્તિમાં સારી પેઠે મુગ્ધ બનેલા બલિનો તુચ્છકાર કરીને મનસ્વી ઈન્દ્ર હાથમાં વજ્ર લઈ પાસે ઊભેલો હતો. એ બોલ્યો : ''હે મૂઢ! જેમ કોઈ ધૂર્ત નટ બાલકોની આંખો બાંધી એનું ધન હરિ લે તેમ શું અમને માયાના ઈશ્વરને માયાવડે જીતવાની ઇચ્છા કરે છે? ।।૩-૪।।

જે નીચે રહ્યા છતાં માયાવડે સ્વર્ગમાં જવાની ઇચ્છા કરે છે અને જે એને ઉલ્લંઘન કરવાની ઇચ્છા કરે છે તેવા મૂર્ખોને પ્રથમ તેઓ જે સ્થાને હતા તેનાથી પણ હું નીચે ફેંકી દઉં છું ।।૫।।

હે મન્દાત્મન્! શતધારવાળા વજ્રવડે તારા દુષ્ટ માયાવાળા મસ્તકને ઉડાવી દઉં છું. તારી જ્ઞાતિની સાથે જો તારાથી બની શકે તો તું એનાથી બચાવ કરી લે'' ।।૬।।

**બલિએ કહ્યું** : કાળ શક્તિથી પ્રેરિત લોકો સંગ્રામમાં કર્મ પ્રમાણે યુદ્ધ કરે છે એમાં કોઈને કીર્તિ મળે છે, કોઈની જીત થાય છે, કોઈ મરી જાય છે તો કોઈ હારે છે ।।૭।।

ડાહ્યા માણસો આ યુદ્ધને કાળના કોયડારૂપ ગણે છે તેનાથી એ ખુશી થતો નથી કે શોક કરતો નથી, આમ છતાં તમે મને જ કાંઈ કહો છો તે ઉપરથી તમે આ વિષયમાં અજ્ઞાન હો એમ સ્પષ્ટ દેખાય છે ।।૮।।

ઉપર જણાવ્યું તેમ અમે તો જય પરાજ્યમાં અમારા આત્માને સાધન માનતા હોઈને તમારી મર્મભેદક વાણીને ગ્રહણ કરી શકતા નથી કેમકે તમે પોતે જ સાધુ શોચ્ય છો. સારા પુરુષો તો તમારી મૂર્ખતા જોઈને તમારો શોક કરે છે તો પછી જ્યાં તમારી વાણી પણ શોચ્ય જ હોય તેને કેમ ગ્રહણ કરીએ? ।।૯।।

**શ્રીશુકદેવજી કહે છે** : એ પ્રમાણે ઈન્દ્રનો તિરસ્કાર કરી બલિરાજા વીરને મર્દન કરનાર હોવાથી એણે કાન સુધી પોતાના બાણને ખેંચી ઈન્દ્રને માર્યું ।।૧૦।।

એ પ્રમાણે જો કે સાચું બોલનાર બલિએ ઈન્દ્રનો તિરસ્કાર કર્યો પણ જેમ હાથી અંકુશને સહન ન કરે તેમ ઈન્દ્રે એને સહન ન કર્યું ।।૧૧।।

જેવું શત્રુઘાતી ઈન્દ્રે એની ઉપર વજ્ર છોડ્યું કે એનાથી, જેમ પાંખ ટૂટવાથી

પર્વત પડે તેમ, વાહન સહિત બલિ પૃથ્વી ઉપર પડ્યો ।।૧૨।।

બલિનો એક બહુ જ હિતેચ્છુ અને ઘનિષ્ઠ મિત્ર જમ્ભાસુર હતો તે મિત્રના પડી જવા છતાં એને મારવાનો બદલો લેવા તે ઈન્દ્રની સામે લડવા આવ્યો ।।૧૩।।

એ મહાબળવાળા જમ્ભે સિંહના જેવી ગર્જના કરી ગદા ઉઠાવી પાસે આવીને ઈન્દ્રના ગળાના હાડકા પાસે મારી અને એના હાથીને પણ ગદાવડે માર્યો ।।૧૪।।

ગદાના પ્રહારથી ઐરાવત અત્યન્ત વિહ્‌વલ થયો, બે ગોઠણથી એ પૃથ્વી ઉપર બેસી ગયો અને તેને મૂર્ચ્છા આવી ગઈ ।।૧૫।।

ત્યાં તો ઈન્દ્રનો સારથિ નમાતલિથ હજાર ઘોડાવાળો રથ લઈ હાજર થયો અને સમર્થ ઈન્દ્ર ઐરાવતને છોડી એ રથમાં સવાર થયો ।।૧૬।।

દાનવ શ્રેષ્ઠ જમ્ભે માતલિની સમયસૂચકતાની ભારે પ્રશંસા કરી અને હસતાં-હસતાં તેના ઉપર એક ચમકતું ત્રિશૂળ ચલાવ્યું ।।૧૭।।

માતલિએ ધૈર્યથી આ પીડા સહન કરી લીધી. ઈન્દ્રને જમ્ભ ઉપર ક્રોધ આવ્યો અને વજ્રવડે એનું માથું ઉડાવી દીધું ।।૧૮।।

જમ્ભના ભાઈ-બંધુઓ બલ, પાક અને નમુચિએ નારદમુનિના મુખથી જમ્ભ મરાયાની વાત સાંભળી તેઓ ત્યાં આવ્યા ।।૧૯।।

એ અસુરો કઠોર વચનોથી ઈન્દ્રને મર્મમાં આઘાત કરવા લાગ્યા અને જેમ મેઘ ધારાઓ વડે પર્વત ઉપર વર્ષે તેમ ઈન્દ્ર ઉપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા ।।૨૦।।

બલે ઈન્દ્રના હજાર ઘોડાને હજાર બાણથી અને વધારાની બાણવડે ઈન્દ્રને હલકા હાસ્રી આક્રાન્ત કર્યો ।।૨૧।।

પાકે સો બાણથી સારથિને હણ્યો, રથના જુદાં-જુદાં અવયવોમાં એકવીસ બાણો ચડાવીને છોડ્યાં, જે સંગ્રામમાં અત્યન્ત આશ્ચર્યરૂપ ગણાયું ।।૨૨।।

નમુચિએ સોનાનાં છેડાવાળાં મોટાં પન્દર બાણ છોડ્યાં તે જળવાળા મેઘો ગાજે તેમ ગાજવા લાગ્યા ।।૨૩।।

જેમ વર્ષાકાળના સૂર્યને મેઘો ઢાંકી દે તેમ અસુરોએ બાણનાં સમુદાયથી ઈન્દ્રને, ઈન્દ્રના રથ અને ઘોડાઓને ચાર તરફથી ઢાંકી દીધા ।।૨૪।।

ઈન્દ્રને ન જોવાથી દેવતા અને તેમના અનુચરો અત્યન્ત વિહ્‌વળ બની ગયા અને બૂમો પાડવા લાગ્યા. એક તો શત્રુઓએ તેમને હરાવી દીધા હતા અને બીજું

તેમનો સેનાપતિ કોઈ ન રહ્યો. એ વખતે મધદરિયે વહાણ તૂટી જતાં જેવી વ્યાપારીઓની સ્થિતિ થાય તેવી તેમની થઈ ।।૨૫।।

એટલામાં જ ઈન્દ્ર પોતાના ઘોડા, રથ અને સારથિ સાથે શરપંજરમાંથી બહાર નીકળી આવ્યાં. જેમ રાત ગયા પછી સવાર થતાં સૂર્ય દિશા, આકાશ અને પૃથ્વી ને પોતાના તેજવડે પ્રકાશિત કરતો શોભે તેમ ઈન્દ્ર પોતાના તેજવડે બધી દિશા, આકાશ અને પૃથ્વી ને પ્રકાશતા શોભવા લાગ્યા ।।૨૬।।

દેવેન્દ્ર પોતાની સેના શત્રુઓથી હણાયેલી જોઈ ત્યારે દુશ્મનને મારવાને વજ્ર ધારણ કરનાર ઈન્દ્રે પોતાના વજ્રને હાથમાં લીધું અને આઠ ધારવાળું એ વજ્રબળ અને પાકનાં માથાંમાં બધાનાં દેખાતાં માર્યું ત્યારે અસુરો ભય પામ્યાં ।।૨૭-૨૮।।

એનાથી બન્ને દૈત્યો મર્યા છે એવું જ્યારે નમુચિએ સાંભળ્યું ત્યારે એ શોક અને ક્રોધ વડે વ્યાપ્ત થયો અને ઈન્દ્રને મારવા માટે, હે નૃપતે! મહાન ઉદ્યમ કરવા લાગ્યો ।।૨૯।।

એણે સુન્દર લોહના બનેલા અને જેના સોનાનાં ઘરેણાં છે તેવા શૂળને પ્રણામ કર્યા અને ક્રોધ કરીને ''તુ મૂઓ છે'' એમ બોલી ઈન્દ્રનું અપમાન કરી ઈન્દ્ર સામે દોડ્યો અને સિંહનાદ કરી એણે ઈન્દ્રને શૂળ માર્યું ।।૩૦।।

સુસવાટા મારતું પોતાની ઉપર ધસી આવતાં ત્રિશૂલના ઈન્દ્રે પોતાનાં બાણોથી આકાશમાં જ હજારો ટુકડા કરી નાખ્યા અને ત્યારબાદ તેના માથાને પણ ઉડાવી દેવા ભારે ક્રોધ કરી તેની ગરદન ઉપર વજ્રમાર્યું ।।૩૧।।

જો કે ઈન્દ્રે આવું યશસ્વી વજ્ર જોરથી માર્યું તો પણ એ વજ્ર એની ચામડીને પણ ભેદી શક્યું નહિ. જે વજ્રવડે અતિ પરાક્રમવાળા માર્યો તે વજ્રનો આ નમુચિની ત્વચાએ તિરસ્કાર કરી નાખ્યો ।।૩૨।।

જ્યારે એમાં વજ્ર નિષ્ફળ ગયું ત્યારે ઈન્દ્રને શત્રુની બીક લાગી. એ કહેવા લાગ્યો કે નસ્રલોકને મોહ કરે એવું આ દૈવયોગથી શું બન્યું? ।।૩૩।।

પહેલાંના યુગમાં જ્યારે પર્વતો પાંખોથી ઊડી લોકોઉપર પડીને લોકોનો નાશ કરતા હતા ત્યારે આ જ વજ્રવડે મેં એ પર્વતોની પાંખો ઉડાવી દીધીહતી ।।૩૪।।

ત્વષ્ટાના તપના સારરૂપ વૃત્રને મેં આ જ વજ્રવડે માર્યો તેમજ જેની બીજાં અસ્રોથી ચામડી પણ ન ભેદાય તેવા બીજા મહા બળવાળા અસુરોને મારા વજ્રવડે

માર્યા છે ।।૩૫।।

તે જ વજ્રને મેં આ એક નાના અસુર ઉપર છોડ્યું તો એમાં એનું કામ કરી શક્યું નહિ; તેથી જો કે એ વજ્ર બ્રહ્મતેજરૂપ છે છતાં એનું સામર્થ્ય જતાં એ લાકડી જેવું થઈ ગયું કેમકે ધાર્યું કામ કરવાનું સામર્થ્ય એનામાં દેખાતું નથીથથ ।।૩૬।।

એવી રીતે જ્યારે ઈન્દ્રે ખેદ કર્યો ત્યારે આકાશ વાણી થઈઃસ્રસ્રઆ દાનવ કોઈ સૂકી વસ્તુથી કે ભીની વસ્તુથી મરશે નહિ ।।૩૭।।

આ નમુચિ દાનવ સૂકાથી કે લીલાથી મૃત્યુ નહિ પામે; સૂકાથી કે ભીનાથી એ ન મરે એવું મારો વેર છે તેથી હે ઈન્દ્ર! એ શત્રુનો વધ થાય તેવો બીજો કોઈ ઉપાય શોધી કાઢો ।।૩૮।।

જ્યારે ઈન્દ્રે આવી આકાશ વાણી સાંભળી ત્યારે એના મનનું સમાધાન થયું અને ધ્યાન કરતા સમાધિમાં એને સૂઝીઅને આવ્યું કે સૂકું નહિ અને ભીનું નહિ એવું તો ફીણ ગણાય ।।૩૯।।

તેથી ઈન્દ્રે સમુદ્ર ફીણથી નમુચિનું મસ્તક ઉડાવી દીધું ત્યારે મુનિગણો સ્તુતિ કરવા લાગ્યા અને દેવોએ એના ઉપર પુષ્પની વૃષ્ટિ કરી ।।૪૦।।

ગન્ધર્વ શિરોમણિ એવા વિશ્વાવસુ અને પરાવસુ ગાન કરવા લાગ્યા; દેવનાં દુન્દુભિ વાગી ઊઠ્યા અને નર્તકીઓ હર્ષમાં આવી નાચવા લાગી ।।૪૧।।

એ જ પ્રમાણે બીજા દેવો વાયુ, અગ્નિ વગેરે જેમ સિંહ મૃગને મારે તેમ પોતાના શસ્ત્ર સમુદાયવડે શત્રુને મારી નાખવા લાગ્યા ।।૪૨।।

દાનવોનો સર્વ નાશ થતો જોઈને બ્રહ્માજીએ નારદજીને મોકલ્યા અને એમણે દેવોને લડાઈ કરતા બંધ પાડયા ।।૪૩।।

**નારદજીએ કહ્યું :** તમે નારાયણની ભુજાનો આશ્રય કર્યો તેથી તમને અમૃત પ્રાપ્ત થયું છે, લક્ષ્મીથી વૃદ્ધિને પામ્યા છો તો હવે તમારે લડાઈ ન કરતાં શાન્ત થવું જોઈએ ।।૪૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** મુનિના વચનને માન આપી ક્રોધને નિયમમાં રાખી, જેનાં સ્તુતિગાન અનુચરો કરી રહ્યા છે તેવા બધા દેવો પોતાના સ્વર્ગ લોકમાં ગયા ।।૪૫।।

અસુરો પૈકી જેઓ યુદ્ધમાં બચી ગયા હતા તેઓ નારદજીની સમ્મતિથી વજ્રથી હણાયેલા બલિને લઈને અસ્તાચલ તરફ ગયા ।।૪૬।।

ત્યાં શુક્રાચાર્યજીએ પોતાની સંજીવની વિદ્યાથી, જેમનાં ગરદન વગેરે અંગ સાબૂત અને અકબંધ હતા તેમને જીવતા કરી દીધા ।।૪૭।।

**બલિશ્ચોશનસા સ્પૃષ્ટઃ પ્રત્યાપન્નેન્દ્રિયસ્મૃતિઃ ।।**
**પરાજિતોઽપિ નાખિદ્યલ્લોકતત્ત્વવિચક્ષણઃ ।।૪૮।।**

શુક્રાચાર્યજીનો સ્પર્શ થતાં જ બલિની ઈન્દ્રિયોમાં ચેતના અને મનમાં સ્મરણ શક્તિત આવી ગઈ. બલિ સમજતા હતા કે સંસારમાં જીવન-મૃત્યુ જય-પરાજય વગેરે આવ્યા જ કરે છે. તેથી હારી જવા છતાં તેમને કંઈ જ ખેદ થયો નહિ ।।૪૮।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં(બીજા દાન-દાતા પ્રકરણનો સાતમો) ''દેવોને નારદજીએ લડતા બંધ કર્યા, દેવો અને અસુરો પોતાના સ્થાનમાં ગયા'' નામનો ૧૧મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્।વૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા**
**અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. (શ્રીવલ્લભાચાર્ય)**
પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ લોકોને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

## અધ્યાય ૧૨

## ભગવાનના મોહિની રૂપને જોઈ શિવજી મોહ પામ્યા

**વિશેષ :** શિવજી ભગવાનનો મોહિનીરૂપનો વિલાસ જોવાને ઉત્કઠિત થયા. પછી એથી ભગવાને એ રૂપ શિવજીને બતાવ્યું એ જોઈ શિવજી મુગ્ધ બન્યા ત્યારે ભગવાને એમને ફરી શાન્ત કર્યા; તો પછી ભગવાનની માયામાં અસુરો મોહ પામ્યા એ વાત કોઈ મોટી ન ગણાય એવું બતાવવાને શિવજીનો મોહ આ અધ્યાયમાં કહ્યો છે.

**વૃષધ્વજો નિશમ્યૈવં યોષિદ્રૂપેણ દાનવાન્ ।।**
**મોહયિત્વા સુરગણાન્ હરિઃ સોમમપાયયત્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાને સ્ત્રીરૂપ ધરીને દાનવોને મોહિત કરી સુરગણોને કેવી રીતે અમૃત પાયું હતું એ વાત શિવજીએ સાંભળી ।।૧।।

ત્યારે નન્દી ઉપર બેસી પાર્વતી સાથે બધા ભૂતગણને સાથે લઈ શિવજી, જ્યાં મધુસૂદન ભગવાન્ બિરાજતા હતા ત્યાં એમનાં દર્શનમાટે રવાના થયા ।।૨।।

ભગવાન્ શ્રીહરિએ પાર્વતી સાથે શિવજીનું આદરપૂર્વક સ્વાગત કર્યું ત્યારે શિવજી સારી રીતે બેઠા, ભગવાનનું પૂજન કર્યું અને કાંઈક હસીને ભગવાનને કહેવા લાગ્યા ।।૩।।

**શ્રીમહાદેવજીએ કહ્યું :** હે સમસ્ત દેવોના આરાધ્ય દેવ! આપ વિશ્વવ્યાપી, જગદીશ્વર અને જગત્સ્વરૂપ છો. તમામ ચરાચર પદાર્થોનું મૂલ કારણ ઈશ્વર અને આત્મા પણ આપ જ છો ।।૪।।

આ જગતનાં આદિ, મધ્ય અને અન્ત આપથી જ થાય છે છતાં આપ અવ્યય હોઈને આપને આદિ, મધ્ય અને અન્ત નથી; આપના અવિનાશી સ્વરૂપમાં દ્રષ્ટા, દશ્ય, ભોકતા અને ભોગ્યનો ભેદભાવ નથી. વાસ્તવમાં આપ સત્ય ચિન્માત્ર બ્રહ્મ જ છો ।।૫।।

શ્રેયને ઈચ્છનાર ભકતો આ લોક પરલોકનો સંગ છોડીને કાંઈ પણ કામના ન કરતાં આપના ચરણાવિન્દને ભજે છે ।।૬।।

આપ પૂર્ણ બ્રહ્મ છો, અમૃત સ્વરૂપ છો, પ્રાકૃત ગુણરહિત છો, શોકની છાયાથી પણ દૂર સ્વયં પરિપૂર્ણ બ્રહ્મ છો, આનન્દ માત્ર કર પાદમુખોદરાદિ છો, આપ નિર્વિકાર છો. આપથી ભિન્ન કંઈ જ નથી, પરન્તુ આપ બધાથી ભિન્ન છો, આપ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય નું પરમ કારણ છો. અને આપની અપેક્ષા છે પરન્તુ આપને કોઈની અપેક્ષા નથી, કેવળ ભકતની ઉપર કૃપા કરવામાટે આપનું ઐશ્વર્ય છે ।।૭।।

હે મારા સ્વામી! કાર્ય અને કારણ, દ્વૈત અને અદ્વૈત જે કંઈ છે તે બધું એકમાત્ર આપ જ છો-જેમ આભૂષણોનું સોનું અને સોનાનો ટુકડો એ બન્ને એક જ સ્વરૂપ છે. લોકોએ આપનું ખરૂં સ્વરૂપ ન જાણવાને લીધે જ આપમાં નાના પ્રકારના ભેદભાવ અને વિકલ્પોની કલ્પના કરી રાખી છે. આ જ કારણથી આપમાં કોઈ પણ પ્રકારની ઉપાધિ (ગુણધર્મ) ન હોવા છતાં ગુણોને લઈને ભેદ મનાય છે ।।૮।।

કેટલાક આપને બ્રહ્મરૂપે જાણે છે તો કેટલાક ધર્મરૂપ માને છે તે વળી કેટલાક

કાર્યકારણ રૂપથી પર એવા પુરુષરૂપે માને છે. કેટલાક આપને વિમલા, ઉત્કર્ષિણી, જ્ઞાના, ક્રિયા, યોગા, પ્રહતી, સત્યા, ઈશાના અને અનુગ્રહા આ નવ શક્તિઓથી યુકત માને છે તે યોગીઓ આપને કલેશ-કર્મ આદિ બંધનથી રહિત, પૂર્વજોના પણ પૂર્વજ, સ્વતન્ત્ર, અવિનાશી અને મહાપુરુષ માને છે, છતાં આપ નિર્વિકાર છો ।।૯।।

એક પર આયુષ્યવાળો એવો હું તેમ જ મરીચિ વગેરે મુનિઓ પણ સાત્ત્વિક સૃષ્ટિથી ઉત્પન્ન થયેલી જેની કૃતિરૂપ વિશ્વને જાણી શક્તા નથી તો હે ઈશ! જેનાં ચિત્ત ભગવાનની માયાવડે હરાઈ ગયા છે તેવા અને હંમેશાં અકુશળ કાર્ય કરનાર તેવા દૈત્યો અને મનુષ્યો તો કયાંથી જ જાણી શકે? ।।૧૦।।

જ્ઞાનસ્વરૂપ હોવાથી આપ સર્વના આત્મા છો. એને લીધે આપે રચેલા આ જગતનાં ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય ને, પ્રાણીઓની જુદી-જુદી ચેષ્ટાઓને તથા જગતના બંધ અને મોક્ષને આપ જાણો છો. વાયુની પેઠે સ્થાવર-જંગમમાં તથા આકાશમાં આપ અદશ્ય છતાં વ્યાપીને રહ્યા છો ।।૧૧।।

ગુણોનો સ્વીકાર કરી અનેક લીલાઓ કરતા આપના બીજા અવતારોનાં મેં દર્શન કર્યા છે. આપે જે મોહિની સ્વરૂપ ધારણ કરેલું તે સ્વરૂપનાં દર્શન કરવાની હવે હું ઈચ્છા રાખું છું ।।૧૨।।

જે મોહિની સ્વરૂપવડે આપે દૈત્યોને મોહ કર્યો અને દેવોને અમૃતપાન કરાવ્યું તે સ્વરૂપને જોવાનું કૌતુહલ થતાં અમે બધાં આપની પાસે આવ્યા છીએ ।।૧૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** જ્યારે ભગવાન્ શૂલપાણિએ એ પ્રમાણે વિષ્ણુની પ્રાર્થના કરી ત્યારે ભાવગમ્ભીર થઈ પ્રભુ જરા હસીને શિવજીને કહેવા લાગ્યા ।।૧૪।।

**શ્રીભગવાને કહ્યું :** મેં જોયું કે દેવોએ મહેનત કરી હતી છતાં અમૃત તો દૈત્યો લઈ ગયાં ત્યારે મેં દૈત્યોને કુતૂહલ કરવા માટે સ્ત્રીરૂપ ધારણ કર્યું ।।૧૫।।

હે દેવશિરોમણિ! તમે જે મોહિનીરૂપ જોવાની ઈચ્છા કરો છો તે હું તમને બતાવીશ. મારું એ મોહિનીરૂપ કામી પુરુષોમાટેજ આદરણીય છે કારણ કે તે કામને ઉત્પન્ન કરનારુંછે ।।૧૬।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એમ કહેતાં-કહેતાં ભગવાન્ ત્યાં જ અન્તર્ધાન થઈ ગયા. શંકર પાર્વતી સાથે ચોતરફ નજર દોડાવતા ત્યાં જ બેસી રહ્યા ।।૧૭।।

એટલામાં તો શિવજીએ ત્યાં વિચિત્ર રંગબેરંગી પુષ્પોવાળું, નવ પલ્લવવાળાં

વૃક્ષોથી ભરપૂર વન જોયું. એ ઉપવનમાં ગેંદ ઉછાળતી એક સુન્દરી સ્ત્રીને એમણે જોઈ. સુન્દરીએ વસ્ત્રાચ્છાદિત નિતમ્બ ઉપર સોનાની કટિમેખલા પહેરી હતી ।।૧૮।।

દડાને ઊંચે-નીચે ઉડાવતી એ પોતાના શરીરને પણ સાથે ઊંચે-નીચે હલાવતી હતી. ચાલતાં ઉત્તમ હારના ભારવડે જાણે કટિનો ભાગ જ હોય તેમ દેખાવ કરી એ પદ પલ્લવને બીજે ઠેકાણે ધારણ કરી રહી હતી ।।૧૯।।

દિશામાં ઉડતા દડાની ચપળતાથી એની આંખની તારાઓ આમ-તેમ ફરતી હોવાથી એનાં નેત્ર પણ ચપળ અને મોટાં દેખાતાં હતાં. કાનમાં પહેરેલાં ચળકતાં કુંડળોવડે એના કપોળ અને કાળાકેશ એના મુખને શોભા આપી રહ્યા હતા ।।૨૦।।

નીચેનું વસ્ત્ર શિથિલ થતાં, કેશપાશ નરમ પડતાં, કેળના ગર્ભ જેવા હાથવડે દડાને ઉડાવતી મોહિની માયાવડે જગતને ફસાવવા લાગી ।।૨૧।।

એવી રીતે દડો ઉછાળતી એ કાંઈક શરમ અને કાંઈક મન્દ હાસ્યપૂર્વક શિવજી તરફ જોવાથી મોહિત થયેલા શિવજી પોતાના ગણને પણ જોવા સમર્થ ન થયા ।।૨૨।।

એ મોહિનીના હાથમાંથી દડો છેટો પડયો તેને લેવા જતી મોહિનીની પાછળ શિવજી દોડયા. શિવજી એની સામે જુએ છે તેટલામાં તો વાયુએ એનું સૂત્ર સહિત (નાડીવાળું) બારીક વસ્ત્ર ઉડાવી દીધું ।।૨૩।।

નિરાવરણ, સુન્દર કટાક્ષવાળી, મનને રમાડનારી, વક્ર દષ્ટિવડે શિવજી પ્રત્યે જોતી એ મોહિનીમાં શિવજીનું મન લાગ્યું ।।૨૪।।

મોહિનીમાં મન લાગતાં એમનું જ્ઞાન ચલિત થયું અને સ્વર ઉદ્દીપ્ત થતાં શિવજી વિહ્વલ બની ગયા અને પાર્વતીના જોતજોતામાં જ લાજ છોડી શિવજી એની નજીક ગયા ।।૨૫।।

પોતાની પાસે શિવજીને આવતા જોઈને મોહિની વસ્ત્રરહિત હોવાથી શરમાઈ ગઈ અને વૃક્ષોમાં સન્તાવા લાગી અને હસતાં-હસતાં આમ-તેમ દોડવા લાગી ।।૨૬।।

શિવજી પણ કામને વશ થઈ ગયા. જેમ હાથણીમાં આંધળો બનેલો હાથી એની પાછળ પડે તેમ શિવજી કે જેમની ઈન્દ્રિયો ક્ષુબ્ધ થઈ છે તે મોહિનીની પાછળ પડયા ।।૨૭।।

એટલું જ નહિ પણ એ મોહિની ઈચ્છતી ન હોતી એમ છતાં એની પાછળ પડી

એને પકડી એનો અમ્બોડો પકડીને બે ભુજાથી આલિંગન કરવા લાગ્યા ।।૨૮।।

આમ-તેમ ફરતી હાથણીને હાથી પકડે તેમ આમ-તેમ ફરતી મોહિનીને પકડતાં એના માથાના વાળ ચોતરફ ફેલાઈ ગયા ।।૨૯।।

એટલામાં શિવજીના હાથમાંથી પોતાના દેહને છોડાવીને મોટા નિતમ્બવાળી એ દેવની માયા એકદમ દોડવા લાગી ।।૩૦।।

એ વિષ્ણુ અદ્‌ભુત કર્મવાળા હોવાથી અત્યારે સ્રીરૂપે ફરવા લાગ્યા; એની પાછળ પોતાના વૈરી કામે જેમને જીતી લીધા છે તેવા રુદ્ર તે જે રસ્તે ગઈ તે રસ્તે ચાલવા લાગ્યા ।।૩૧।।

ગાયની પાછળ દોડતા આખલાનું વીર્ય જેમ ટપકી જાય તેમ પાછળ દોડતા શિવજીનું વીર્ય પણ અમોઘ હોવા છતાં સ્ખલિત થયું ।।૩૨।।

હે મહીપતે! જ્યાં-જ્યાં શિવજીનું વીર્ય પડ્યું ત્યાં-ત્યાં સોના ચાન્દીની ખાણો થઈ ગઈ ।।૩૩।।

હે પરિક્ષિત! નદીઓ તેળાવો, પર્વતો, વનો અને ઉપવનો જ્યાં-જ્યાં હતાં ત્યાં સર્વત્ર મોહિનીની પાછળ દોડતા શિવજી દેખાયા ।।૩૪।।

જ્યારે રેતઃપાત થયો ત્યારે ‘‘દેવની માયાએ મારા આત્માને જડ બનાવી દીધો છે’’ એવું જોઈ એ કામથી નિવૃત્ત થયા ।।૩૫।।

એ જગદાત્મા ભગવાનનું માહાત્મ્ય કોઈ જાણી શકતું નથી. એના માહાત્મ્યને જાણીને આ સ્રીરૂપે ભગવાને દાનવને વંચિત કર્યા હતા એમાં એમને કાંઈ આશ્ચર્ય લાગ્યું નહિ ।।૩૬।।

જ્યારે શિવજીને ધૃષ્ટ અને લાજ વગરના જોયા ત્યારે મધુસૂદન ભગવાને પરમ પ્રસન્ન થઈને પોતાનું પુરુષ સ્વરૂપ ફરી ધારણ કર્યું ।।૩૭।।

**શ્રીભગવાને કહ્યું :** હે વિબુધ શ્રેષ્ઠ! મેં મારા મોહિનીરૂપવડે તમને મોહિત કર્યા છતાં હે અંગ! તમે તમારી મેળે જ તમારા સ્વરૂપને પ્રાપ્ત થયા છો એ ઘણું સારું થયું ।।૩૮।।

મારી માયા, જે અજિતેન્દ્રિયથી દુસ્ત્યજ છે તેમાં જો જીવ એક વાર ફસાયો તો પછી એ કામ, ક્રોધ આદિ અનેક ભાવોને પામે છે એમાં તમારા સિવાય બીજો કોઈ પોતાની મેળે પાછો બહાર નીકળી ન જ શકે ।।૩૯।।

એ ત્રણ ગુણવાળી મારી માયા કાળે કરીને પણ તમારો પરાજય કરી શકશે

નહિ।।૪૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** શ્રીવત્સાંક ભગવાને એ પ્રમાણે શિવજીનો સત્કાર કર્યો ત્યારે શિવજી ભગવાનની આજ્ઞા માગી પરિક્રમા કરી પોતાના ગણ સાથે કૈલાસ પધાર્યા ।।૪૧।।

હે ભારત! એમણે વખાણ કરતા ઋષિમુખ્યોની સમક્ષ પાર્વતીને આત્માના અંશભૂત એ ભગવાનની માયાની વાત કહી ।।૪૨।।

એમણે કહ્યું : ''હું શિવજી વિદ્યાનો અધિપતિ છું છતાં પર દૈવત એવા અજન્મા પુરુષની માયાથી મોહિત થઈ ગયો તે માયાને તમે પણ જોઈ'' ।।૪૩।।

અનેક વર્ષ તપ કરીને તપોયોગથી હું વિરત થયેલો છું તેવા મને ઉપાસ્ય વસ્તુ શું છે એવું તમે પૂછેલું તે આ જ સાક્ષાત્ પુરાણ પુરુષ, જ્યાં કાળ પ્રવેશ કરી શકતો નથી છતાં કાળ વગેરેને જાણે છે તે સર્વોપાસ્ય છે ।।૪૪।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે તાત! મેં તમને શાંર્ગ નામનું ધનુષ ધારણ કરતા વિષ્ણુ ભગવાનની ઐશ્વર્યપૂર્ણ લીલા કહી. એ ભગવાને સમુદ્રનું મથન કરતી વખતે મન્દરાચળને પોતાની પીઠ ઉપર ધારણ કર્યો હતો ।।૪૫।।

ભગવાનના ગુણનું વર્ણન કરવું તે સમસ્ત સંસાર પરીભ્રમણને દૂર કરનાર છે તેથી આ ક્ષીરસમુદ્રમથનનું વર્ણન જે કોઈ વારંવાર સાંભળશે કે સંભળાવશે તેનો ઉદ્યોગ, કયારેય પણ અને કયાંય પણ નિષ્ફળ નથી થતો, કારણ કે પવિત્ર કીર્તિ ભગવાનના ગુણ અને લીલાઓનું ગાન, સંસારના સમસ્ત કલેશ અને પરિશ્રમને મટાડી દેનારો છે ।।૪૬।।

**અસદવિષયમંઘ્રિં ભાવગમ્યં પ્રપન્નાનમૃતમમરવર્યાનાશયત્સિન્ધુમથ્યમ્ ।।**
**કપટયુવતિવેષો મોહયન્ યઃ સુરારીંસ્ તમહમુપસૃતાનાં કામપૂરં નતોઽસ્મિ ।।૪૭।।**

જે ભગવાને કપટથી સ્ત્રીવેશ ધારણ કર્યો, દૈત્યોને મોહમાં નાખ્યા અને દુષ્ટોને દુર્લભ છતાં ભક્તિથી પ્રાપ્ત થતા ભગવાનના ચરણને શરણે રહેનાર ઉત્તમ દેવોને સમુદ્રથી નીકળષલું અમૃત પાયું હતું તે શરણાગતની સમસ્ત કામનાઓને પૂરનાર ભગવાનને હું નમન કરું છું ।।૪૭।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં(બીજા દાન દાતા નામના પ્રકરણનો આઠમો)**
**''ભગવાનના મોહિનીરૂપને જોઈ શિવજી મોહ પામ્યા''**
**નામનો બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૩
## છેલ્લા સાત મન્વન્તરોની કથા

વિશેષઃ આ અધ્યાયમાં પછીના સાત મન્વન્તરોની કથા છે.

**મનુર્વિવસ્વતઃ પુત્રઃ શ્રાદ્ધદેવ ઈતિ શ્રુતઃ ।।**
**સપ્તમો વર્તમાનો યસ્તદપત્યાનિ મે શૃણુ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પરીક્ષિત! સૂર્યના પુત્ર યશસ્વી શ્રાદ્ધદેવ જ સાતમા મનુ છે. આ ચાલુ મન્વન્તર જે એમનો કાર્યકાલ છે. તેમના વંશનું હવે હું વર્ણન કરું છું તે સાંભળો ।।૧।।

વૈશ્વસ્વત મનુના દસ પુત્ર છે : ઈક્ષ્વાક, નભગ, ધૃષ્ટ, શર્યાતિ, નરિષ્યન્ત, નાભાગ અને સાતમો દિષ્ટ, કરૂષ, પૃષધ્ર અને દશમો વસુમાન ।।૨-૩।।

હે પરીક્ષિત! આદિત્ય, વસુ, રુદ્રો, વિશ્વેદેવ, મરુદ્ગણ, અશ્વિનીકુમાર, ઋભુ આ દેવતાઓના પ્રધાન ગણ છે અને પુરન્દર તેમના ઈન્દ્ર છે ।।૪।।

કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ એ સપ્તર્ષિઓ છે ।।૫।।

આ મન્વન્તરમાં પણ કશ્યપની પત્ની અદિતિના ગર્ભથી આદિત્યોના નાના ભાઈ વામનના રૂપમાં વિષ્ણુનો અવતાર થયો હતો ।।૬।।

મેં તમને સંક્ષેપમાં સાત મન્વન્તર કહી બતાવ્યા. હવે થનારા વિષ્ણુની શક્તિવાળા એટલે વિષ્ણુના અવતારવાળા સાત મન્વન્તરોને કહું છું ।।૭।।

વિશ્વકર્માને બે પુત્રીઓ હતી : સંજ્ઞા અને છાયા. એ બન્ને વિવસ્વાનની સ્ત્રીઓ હતી, હે રાજન્! આ વાત મેં પ્રથમ (છઠ્ઠા સ્કન્ધમાં) તમને કહી હતી ।।૮।।

કેટલાકનું કહેવું એવું છે કે એને ત્રીજી વડવા* નામની સ્ત્રી હતી. યમ, યમી અને શ્રાદ્ધદેવ એ સંજ્ઞાની પ્રજા હતી. હવે છાયાની પ્રજા કહું છું તે સાંભળો ।।૯।।

**વિશેષ** : કેટલાકનો મત એવો છે, પરન્તુ એટલે આ ટીકાકારનો મત તો સંજ્ઞા એ જ વડવા છે એવો છે એના સમર્થનમાં એઓ **''સૈવ ભૂત્વાથ વડવા નાસત્યૌ સુષુવે ભુવિ''** વાક્ય ટાંકે છે.

સાવર્ણિ પુત્ર અને તપતી કન્યા તે સંવરણની સ્ત્રી. એને ત્રીજો શનૈશ્વર પુત્ર થયો. વડવાના બે અશ્વિનીકુમાર થયા ।।૧૦।।

હે રાજન્! આઠમા મન્વન્તરમાં સાવર્ણિ મનુ થશે; નિર્મોક, વિરજસ્ક વગેરે એના પુત્રો થશે ।।૧૧।।

એ સમયે સુતપા, વિરજ અને અમૃતપ્રભ નામના દેવગણ થશે એને વિરોચનનો પુત્ર બલિ ઈન્દ્ર થશે ।।૧૨।।

જે બલિરાજા પાસે વિષ્ણુએ આવી ત્રણ પગલાં પૃથ્વી માગી તેને તે આપવાથી સિદ્ધ કરેલ ઈન્દ્રપદને છોડીને બલિરાજા મુક્તિને પ્રાપ્ત થશે ।।૧૩।।

જે બલિને ભગવાને બાંધ્યો તેના ઉપર પ્રસન્ન થતાં એને સ્વર્ગથી પણ અધિક સુતળમાં સ્વતન્ત્ર શોભે તેમ રાખ્યો છે ।।૧૪।।

ગાલવ, દીપ્તિમાન્, પરશુરામ, દ્રોણના પુત્ર અશ્વત્થામા, કૃપાચાર્ય, ઋષ્યશૃંગ અને અમારા પિતા ભગવાન્ બાદરાયણ ।।૧૫।।

એ સાત ઋષિઓ અત્યારે તો યોગબલવડે પોતપોતાના આશ્રયમાં રહે છે તેઓ આઠમા મન્વન્તરમાં સપ્તર્ષિઓ થશે ।।૧૬।।

દેવગુહ્યથી સરસ્વતી નામની એની સ્ત્રીમાં સાર્વભૌમ નામનો ભગવાનનો સમર્થ અવતાર થશે. તે પુરન્દર પાસેથી સ્વર્ગનું રાજ્ય છીનવી લઈને બલિરાજાને આપી દેશે ।।૧૭।।

હે પરીક્ષિત! દક્ષસાવર્ણિ નામના વરુણના પુત્ર નવમા મનુ થશે. તેને ભૂતકેતુ અને દીપ્તકેતુ નામના બે પુત્રો થશે ।।૧૮।।

પાર, મરીચિગર્ભ વગેરે દેવગણ થશે અને અદ્‌ભુત નામના ઈન્દ્ર થશે. એ મન્વન્તરમાં દ્યુતિમાન્ આદિ સપ્તર્ષિ થશે ।।૧૯।।

આયુષ્યમાનની પત્ની અમ્બુધારાના ગર્ભથી ઋષભ નામનો ભગવાનનો કલા અવતાર થશે, અદ્‌ભુત નામના ઈન્દ્ર એમણે જ આપેલ ત્રણ લોકનું રાજ્ય ભોગવશે ।।૨૦।।

ઉપશ્લોકનો પુત્ર બ્રહ્મસાવર્ણિ તે મોટો દશમો મનુ અને ભૂરિષેણ વગેરે એના પુત્રો અને હવિષ્માન વગેરે ઋષિઓ થશે ।।૨૧।।

હવિષ્માન, સુકૃતિ, સત્ય, જય, મૂર્તિ વગેરે એ વખતે ઋષિઓ, સુવાસન, વિરુદ્ધ વગેરે દેવો અને શમ્ભુ નામના ઈન્દ્ર થશે ।।૨૨।।

વિશ્વસૃજના ઘરમાં એની ભાર્યા વિષુચિના ગર્ભથી સમર્થ વિશ્વક્સેનના રૂપમાં અંશાવતાર લઈ તે શમ્ભુ નામના ઈન્દ્રની મિત્રતા કરશે ।।૨૩।।

અત્યન્ત સંયમી ધર્મસાવર્ણિ અગિયારમા મનુ થશે. સત્ય, ધર્મ આદિ એના દશ પુત્રો થશે ।।૨૪।।

વિહંગમ, કામગમ અને નિર્વાણરુચિ વગેરે દેવો થશે એમના વૈધૃત નામના ઈન્દ્ર અને અરુણ આદિ સાત ઋષિઓ થશે ।।૨૫।।

આર્યકનો પુત્ર ધર્મસેતુ વિધૃતામાં ભગવાનનો અવતાર થશે અને ત્રણ લોકની રક્ષા કરશે ।।૨૬।।

રુદ્રસાવર્ણિ નામના બારમાં મનુ થશે. હે રાજન્! દેવવાન, ઉપદેવ અને દેવશ્રેષ્ઠ વગેરે એમના પુત્રો થશે ।।૨૭।।

એ મન્વન્તરમાં ઋતધામા નામના ઈન્દ્ર થશે, હરિત વગેરે દેવો થશે તેપોમૂર્તિ અને આગ્નીધ્રક વગેરે સપ્તર્ષિઓ થશે ।।૨૮।।

સત્યસહાની પત્ની સૂનૃતામાં સ્વધામા નામના ભગવાનનો અંશાવતાર થશે તે મન્વન્તરનું પાલન કરશે ।।૨૯।।

દેવ સાવર્ણિ નામના મોટા મનવાળા તેરમા મનુ થશે. ચિત્રસેન વિચિત્ર વગેરે દેવસાવર્ણિના પુત્રો થશે ।।૩૦।।

સુકર્મ, સુત્રામ આદિ દેવગણ થશે. દિવસ્પતિ નામના ઈન્દ્ર થશે અને નિર્મોક અને તત્ત્વદર્શાદિ સપ્ત ઋષિઓ થશે ।।૩૧।।

દેવહોત્રની સ્ત્રી બૃહતીમાં ભગવાનના અંશાવતાર થશે, યોગેશ્વર એમનું નામ થશે; દિવસ્પતિ નામના ઈન્દ્રના એ સહાયક થશે ।।૩૨।।

ચૌદમા ઈન્દ્રસાવર્ણિ નામના મનુ થશે. ઉરગમ્ભીરબુદ્ધિ વગેરે એમના પુત્રો થશે ।।૩૩।।

તે વખતે પવિત્ર ચાક્ષુષ વગેરે દેવો થશે અને શુચિ નામના ઈન્દ્ર થશે. અગ્નિ, બાહુ, શુચિ, શુદ્ધ અને માગધ વગેરે સપ્તર્ષિ થશે ।।૩૪।।

તે વખતે સત્રાયણની પત્ની વિતાનાના ગર્ભથી બૃહદ્ભાનુના રૂપમાં ભગવાન્ અવતાર લેશે અને કર્મકાંડનો વિસ્તાર કરશે ।।૩૫।।

**રાજન્ ચતુર્દશૈતાનિ ત્રિકાલાનુગતાનિ તે ।।**
**પ્રોક્તાન્યેભિર્મિતઃ કલ્પો યુગસાહસ્રપર્યયઃ ।।૩૬।।**

હે રાજન્! ત્રણ કાળમાં થતા મન્વન્તરોમાં થઈ ગયેલા, ચાલતા અને થનાર મળીને ચૌદ મન્વન્તર મેં તમને કહી બતાવ્યા. એ બધાનો જેટલો સમય થાય તે બ્રહ્માજીનો એક કલ્પ એટલે એક દિવસ થાય. એમાં ચાર યુગ એકહજાર વાર બદલી જાય છે ।।૩૬।।

**ઇતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (બીજા દાન દાતા પ્રકરણનો નવમો) ''છેલ્લા સાત મન્વન્તરોની કથા'' નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિર માંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધો બનાવી બેઠેલા અધમ લોકો તો 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૧૪

## મનુઓના કર્તવ્યનું કથન

**વિશેષ :** ભગવાનને વશ રહેનાર ૧૪ મનુઓનાં જુદાં-જુદાં કર્મોનું જુદી-જુદી રીતે આ ૧૪મા અધ્યાયમાં વર્ણન કરવામાં આવે છે.

**મન્વન્તરેષુ ભગવન્ યથા મન્વાદયસ્ત્વિમે ।।**
**યસ્મિન્ કર્મણિ યે યેન નિયુક્તાસ્તદ્ વદસ્વ મે ।।૧।।**

**રાજાએ પૂછ્યું :** હે ભગવન્! આપે જેનું હમણાં વર્ણન કર્યું. તે મનુ, મનુ પુત્ર, સપ્તર્ષિ વગેરે પોતપોતાના મન્વન્તરમાં કોના દ્વારા નિમાય છે, કયું-કયું કામ કરે છે અને કેવી રીતે કરે છે તે આપ કૃપા કરીને મને કહો ।।૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે મહિપતે! મનુઓ, મનુપુત્રો, મુનિઓ, દેવો, ઈન્દ્ર વગેરે બધાને ભગવદવતાર હોય તે નિયોગ કરી ચલાવે છે ।।૨।।

હે રાજન્! ભગવાનના જે યજ્ઞ પુરુષ આદિ અવતાર કહ્યા તેની આજ્ઞાથી મનુ આદિ જગત યાત્રાને ચલાવે છે એટલે એમના કહેવા પ્રમાણે જગતનું પાલન-પોષણકરેછે ।।૩।।

જ્યારે ચાર યુગનો અન્ત આવે ત્યારે કાળે કરીને વેદ બધા નષ્ટ થાય છે તે સમયે ઋષિ લોકો તપશ્ચર્યાવડે એ વેદનો સાક્ષાત્કાર કરી શકે છે, કારણ કે વેદોથી જ સનાતન ધર્મની રક્ષા થાય છે ।।૪।।

ઈન્દ્રની પ્રેરણાથી ચાર પગવાળા એ ધર્મને મનુઓ તે-તે કાલે પૃથ્વીમાં ફેરવે છે. ધર્મ સંચાલક મનુઓ એ ધર્મનો પ્રચાર કરે છે ।।૫।।

પ્રજાનું પાલન કરે છે, દેવો યજ્ઞભાગીઓની સાથે એના કર્મનો ભોગવનાર થાય છે ।।૬।।

ઈન્દ્ર ભગવાને આપેલી ત્રણ લોકની અતુલ સમ્પત્તિને ભોગવતા પ્રજાનું પાલન કરે છે. સંસારમાં યથેષ્ટ વરસાદ મોકલવાનો અધિકાર પણ એમનો છે ।।૭।।

ભગવાન્ યુગે-યુગે સનક, કપિલ આદિ સિદ્ધોનું રૂપ ધારણ કરી જ્ઞાનનો, યાજ્ઞવલ્ક્ય આદિ ઋષિઓનું રૂપ ધારણ કરી કર્મનો અને દત્તાત્રેય આદિ યેગેશ્વરોના રૂપમાં યોગનો ઉપદેશ આપે છે ।।૮।।

ભગવાન્ મરીચિ આદિ પ્રજાપતિઓના રૂપમાં સૃષ્ટિનો વિસ્તાર કરે છે, સમ્રાટના રૂપમાં લુટારાઓનો વધ કરે છે અને ઠંડી, ગરમી વગેરે અલગ-અલગ ગુણો ધારણ કરી કાળરૂપથી બધાને સંહાર તરફ લઈ જાય છે ।।૯।।

નામ અને રૂપ ની માયાથી પ્રાણીઓની બુદ્ધિ વિમૂઢ થઈ રહી છે તેથી તેઓ અનેક પ્રકારનાં દર્શન શાસ્ત્રોદ્વારા મહિમા તો ભગવાનનો જ ગાય છે પરન્તુ તેમનું સાચું સ્વરૂપ તેઓ જાણી શકતા નથી ।।૧૦।।

**એતત્ કલ્પવિકલ્પસ્ય પ્રમાણં પરિકીર્તિતમ્ ।।**
**યત્ર મન્વન્તરાણ્યાહુઃચતુર્દશ પુરાવિદઃ ।।૧૧।।**

હે પરીક્ષિત! આ પ્રમાણે મેં તમને મહાકલ્પ અને અવાન્તર કલ્પનું પરિમાણ સંભળાવી દીધું. પુરાણતત્ત્વના વિદ્વાનોએ દરેક અવાન્તર કલ્પમાં ચૌદ મન્વન્તર બતાવ્યા છે ।।૧૧।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (બીજા દાન દાતા પ્રકરણનો દસમો) ''મનુઓના કર્તવ્યનું કથન'' નામનો ચૌદમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્, વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ ।।
**પ્રાણ કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. —શ્રીવલ્લભાચાર્ય)**

# ત્રીજું સ્વોક્તનિર્વાહ પ્રકરણ

## અધ્યાય ૧૫

## ભૃગુઓની કૃપાથી બલિએ દેવો પાસેથી સ્વર્ગ મેળવ્યું

**વિશેષ :** આચાર્યોએ બલિને વિશ્વજિત યાગથી યજન કરાવ્યું તેના પ્રતાપે તેણે સ્વર્ગ જીતી લીધું અને દેવો એના ભયથી છુપાઈ ગયા એટલી વાત આ અધ્યાયમાં છે. આ નવ અધ્યાયના ત્રીજા પ્રકરણમાં વામનજીનું ચરિત્ર કહેવાય છે. છળથી બલિનો નિગ્રહ કરી એના ઉપર વામન ભગવાને મહાન અનુગ્રહ કર્યો એ વાત આ પ્રકરણમાં કહે છે.

**બલેઃ પદત્રયં ભૂમેઃ કસ્માદ્ધરિરયાચત ।।**
**ભૂત્વેશ્વરઃ કૃ પણવલ્લબ્ધાર્થોઽપિ બબન્ધ તમ્ ।।૧।।**

**પરીક્ષિત બોલ્યા :** હે ભગવન્! શ્રીહરિ સ્વયં સર્વના સ્વામી છે છતાં આપે દીનહીનની જેમ રાજા બલિ પાસે ત્રણ પગલાં પૃથ્વી કેમ માગી? તથા જે કંઈ માગ્યું તે મળી ગયું છતાં આપે બલિને કેમ બાન્ધ્યો? ।।૧।।

મારા મનમાં એ વાતનું ભારે કુતૂહલ છે કે પોતે પરિપૂર્ણ યજ્ઞેશ્વર ભગવાન્ દ્વારા યાચના અને નિરપરાધનું બંધન-એ બન્ને બાબત કેમ બની? એ જાણવાની મને ઈચ્છા થાય એ અયોગ્ય ન ગણાય ।।૨।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! જ્યારે ઈન્દ્રે બલિ રાજાને હરાવી એની સમ્પત્તિ છીનવી લીધી અને એના પ્રાણ પણ લઈ લીધા તેરે ભૃગુનન્દન શુક્રાચાર્યજીએ તેને પોતાની સંજીવની વિદ્યાથી જીવતા કરી દીધા. તેથી શુક્રાચાર્યજીના શિષ્ય મહાત્મા બલિએ પોતાનું સર્વસ્વ એમના ચરણોમાં ધરી દીધું અને તે તન-મનથી ગુરુજીની સાથે ભૃગુવંશી બ્રાહ્મણોની સેવા કરવા લાગ્યા ।।૩।।

આથી પ્રભાવશાલી ભૃગુવંશીબ્રાહ્મણો એના ઉપર બહુ પ્રસન્ન થયા. તેમણે સ્વર્ગ ઉપર વિજય મેળવવાની ઈચ્છાવાળા બલિનો મહાભિષેકની વિધિથી અભિષેક કરી એની પાસે વિશ્વજિત નામનો યજ્ઞકરાવ્યો ।।૪।।

યજ્ઞની વિધિથી હવિષ્યદ્વારા જ્યારે અગ્નિદેવતાની પૂજા કરવામાં આવી ત્યારે યજ્ઞકુંડમાંથી સોનાનાં પતરાંથી મઢેલો એક અત્યન્ત સુન્દર રથ નીકળ્યો. પછી ઈન્દ્રના ઘોડા જેવા લીલા રંગના ઘોડા તથા સિંહના ચિહ્નવાળી રથ ઉપર ફરકાવવાની ધજાનીકળી ।।૫।।

સાથે-સાથે સોનાના પતરાથી મઢેલું ધનુષ, કદી ખાલી ન થાય તેવાં બે અક્ષય ભાથાં અને દિવ્ય કવચ પણ પ્રકટ થયાં. દાદા પ્રહ્લાદજીએ એને એક એવી માળા આપી જેનાં ફૂલ કદી કરમાતાં નહોતાં. શુક્રાચાર્યજીએ એક શંખ આપ્યો ।।૬।।

એવી રીતે લડાઈનો સાજ બ્રાહ્મણોની કૃપાથી સમ્પાદન કર્યેથી બ્રાહ્મણોએ સ્વસ્તિવાચન કરાવ્યું ત્યારે બલિએ બ્રાહ્મણોની પ્રદક્ષિણા કરી એમને પ્રણામ કર્યા અને પછી પ્રહ્લાદજી સાથે વાત-ચીત કરી એમને પણ નમન કર્યું ।।૭।।

પછી ભૃગુવંશી બ્રાહ્મણોએ આપેલ રથ ઉપર તે સવાર થયા. મહારથી રાજા બલિએ કવચ ધારણ કરી ધનુષ, તલવાર, ભાથાં આદિ શસ્ત્ર ધારણ કરી લીધાં અને દાદાએ આપેલી સુન્દર માલા પહેરી લીધી ।।૮।।

એની ભુજાઓમાં સોનાના બાજુબંધ અને કાનોમાં મકરાકૃત કુંડલ ઝગમગતાં હતાં. તેથી રથઉપર બેઠેલા તે જાણે કે અગ્નિકુંડમાં અગ્નિ પ્રજ્વલિત થઈ રહ્યો હોય એવા શોભતાહતા ।।૯।।

એની સાથે એના જેવા ઐશ્વર્ય, બળ અને વિભૂતિવાળા દૈત્યના સેનાપતિ પોતપોતાની સેના લઈ જોડાઈ ગયા. એવું લાગતું હતું કે તે જાણે કે પોતાની ક્રોધભરી પ્રજ્વલિત આંખોથી બધી દિશાઓને અને ક્ષિતિજને બાળી નાખશે ।।૧૦।।

અસુરની મોટી સેનાને લઈને આકાશ-પાતાળને હલાવતો એ સમૃદ્ધિવાળી ઈન્દ્રપુરી ઉપર સેનાને લઈને ગયો ।।૧૧।।

એ ઈન્દ્રપુરી ઉપવન અને બગીચાથી રમણીય છે. નન્દનવન વગેરે સમૃદ્ધિવાળા બગીચા છે તેમાં પક્ષીઓનાં જોડાં કૂજન કરે છે અને મદોન્મત્ત ભમરા ગુંજારવ કરી રહ્યા છે ।।૧૨।।

નવપલ્લવ ફળ અને પુષ્પ ના મોટા ભારથી દેવવૃક્ષોની શાખાઓ જ્યાં શોભી રહી છે તેવી તળાવડીઓ જેમાં હંસ, સારસ, ચકલા અને કારંડવ (બતક) નાં જૂથ રમી રહ્યાં છે તેમાં દેવોવડે સેવાયેલી દેવાંગનાઓ ક્રીડા કરી રહી છે ।।૧૩।।

એની ચોતરફ ખાઈ જેવી દેખાતી આકાશગંગા આવેલી છે અને એ અગ્નિના સરખા કિલ્લા ઉપરની ઊંચી અટારીઓવડે શોભે છે ।।૧૪।।

જ્યાં દ્વારનાં કમાડ સોનાના પાટલાનાં છે, દરવાજા સ્ફટિક મણિના છે એમાં અલગ-અલગ મોટા-મોટા રાજમાર્ગ છે. એ અમરાવતી નગરી વિશ્વકર્માએ નિર્માણ કરેલી છે ।।૧૫।।

સભા, ચોક અને શેરીઓ થી દશકોટિ વિમાનથી શોભાવાળી અને મણિના ચોક તથા હીરા તેમજ પ્રવાળની વેદીઓવાળી એ અમરાવતીને એણે જોઈ ।।૧૬।।

એમાં સ્થિર આયુવાળી સોળ વર્ષની, સ્વચ્છ કપડાંવાળી રૂપાળી સ્ત્રીઓ, જેમ શિખાથી અગ્નિ શોભે તેમ, શોભે છે ।।૧૭।।

દેવની સ્ત્રીઓના કેશથી જે માળાઓ પડી જાય છે તેના સુગન્ધને લઈ વાયુ ત્યાંના માર્ગોમાં સુગન્ધવાળો થઈ વહી રહ્યો છે ।।૧૮।।

સોનાના સળિયાવાળી બારીઓમાંથી અગરુથી કાંઈક સફેદ થયેલો ધુમાડો નીકળે છે તેનાથી માર્ગ ધોળા બની જાય છે; તે જ માર્ગથી દેવાંગનાઓ આવ-જાવ કરે છે ।।૧૯।।

મોતીવાળા ચન્દ્રવાથી, મણિવાળી ધ્વજાઓથી અનેક પ્રકારની પતાકાવાળા ઘર ઉપરના જરૂખાઓથી એ ખીચોખીચ છે. જેમાં મોર, કબૂતર, ભમરા વગેરે નાદ કરી રહ્યા છે તેવા વિમાનોમાં બેઠેલી સ્ત્રીઓના ગાનથી ત્યાં મંગળ વર્તી રહ્યું છે ।।૨૦।।

મૃદંગ, શંખ, નગારાં, ઢોલ, તાલ સહિત બીન, બંસી, મંજીરા અને ઋષ્ટિ વાગી રહ્યા છે. ગન્ધર્વો વાજાંઓના સાથમાં ગાન કર્યા કરે છે અને અપ્સરાઓ નાચ્યા કરે છે. આથી અમરાવતી એટલી સુન્દર લાગે છે કે તેણે પોતાની છટાથી છટાની અધિષ્ઠાત્રી દેવીને પણ જીતી લીધી હોય! ।।૨૧।।

એ નગરીને અધર્મી, દુષ્ટ, જીવોનો દ્રોહ કરનાર, શઠ, માની, કામી, લોભી વગેરે જોઈ શકતા નથી. જેઓ આટલા દોષથી મુકત હોય તેઓ જ ત્યાં જઈ શકે છે ।।૨૨।।

બલિરાજાએ એ અમરાવતી નગરીને બહારથી અને ચારે તરફથી પોતાની સેનાવડે ઘેરી લીધી; ત્યાં જઈ એણે આચાર્યે આપેલો ઈન્દ્રની સ્ત્રીઓને ભય કરનાર શંખ ફૂંકયો. તે શંખનો ઘોર અવાજ સર્વત્ર ફેલાઈ ગયો ।।૨૩।।

બલિરાજાના આ ઉદ્યમને ઈન્દ્ર જાણી ગયો અને એ બધા દેવોની સાથે પોતાના ગુરુ બૃહસ્પતિની પાસે આવી કહેવા લાગ્યો ।।૨૪।।

''હે ભગવન્! આ પણા પૂર્વ શત્રુ બલિરાજાએ આ પણને હરાવવા આ મોટો ઉદ્યમ કર્યો છે. આ સહન ન થઈ શકે તેવી વસ્તુ છે. કોની મદદથી બલિરાજા આ કરવાને સમર્થ થયો છે?'' ।।૨૫।।

અત્યારે એનું તેજ એવું છે કે જે કોઈ પણ સહન કરી શકે નહિ. જાણે મુખથી

એ બધાને પાન કરી જતો હોય, દશે દિશાને ચાટતો હોય, આંખોવડે દશે દિશાને બાળતો હોય એવો દેખાય છે અને પ્રલયકાળના અગ્નિ જેવો એ તૈયાર થઈને આવ્યોછે ।।૨૬।।

મારો શત્રુ પાસે પણ ન જઈ શકાય તેવો તેજસ્વી કેમ થઈ ગયો? એમાં પણ આટલું બધું ઈન્દ્રિયનું બળ, મનનો ઉત્સાહ અને શરીરનું બળ કયાંથી આવી ગયું કે જેથી આટલી ભારે તૈયારી કરી ચઢાઈ કરી તે સમજાવો ।।૨૭।।

**દેવગુરુ બૃહસ્પતિએ કહ્યું :** હે મઘવન્! શત્રુની આબાદીનું કારણ હું જાણું છું. બ્રહ્મને જાણનાર ભૃગુઓએ પોતાના શિષ્યમાં બધું તેજ એકઠું કર્યું છે ।।૨૮।।

ભગવાન્ સિવાય તમે કે તમારા જેવો કોઈ, જેમ માણસ યમરાજની પાસે જઈ શકે નહિ તેમ, આની સામે કોઈ થઈ શકે તેમ નથી ।।૨૯।।

તેથી તમે લોકો સ્વર્ગ છોડી કયાંક છુપાઈ જાઓ અને તમારા શત્રુનું ભાગ્ય પલટાય એ સમયની રાહ જાુઓ ।।૩૦।।

આ બલિ બ્રાહ્મણના બળથી આગળ વધે છે. એની પાસે અત્યારે જોઈએ તેટલું બળ છે. જ્યારે બલિ બ્રાહ્મણોનું અપમાન કરશે ત્યારે એ બધી સમ્પત્તિ સાથે નાશ પામશે ।।૩૧।।

એમ ગુરુએ વિચાર કરી સિદ્ધ કર્યું. એ સાંભળી ગુરુએ બતાવ્યા પ્રમાણે ઈચ્છા પ્રમાણે રૂપ કરી સ્વર્ગ છોડી બધા દેવો ચાલ્યા ગયા ।।૩૨।।

જ્યારે દેવો સન્તાઈ ગયા ત્યારે બલિરાજાએ એ પુરીનો કબજો લીધો અને એમાં રહી એણે ત્રણલોકને વશ કર્યા ।।૩૩।।

એ પ્રમાણે વિશ્વને જીતનાર પોતાનો શિષ્ય બલિ પોતાના સ્થાનમાં સ્થિર થાય એ માટે શિષ્ય ઉપર કૃપા કરનાર ભૃગુવંશીઓએ તેની પાસે સો અશ્વમેઘ યજ્ઞ કરાવ્યા ।।૩૪।।

એ યજ્ઞના પ્રતાપે ચન્દ્રમાની પેઠે એ બલિ ત્રણ લોકમાં પ્રખ્યાત એવી કીર્તિને ફેલાવતો શોભવા લાગ્યો ।।૩૫।।

**બુભુજે ચ શ્રિયં સ્વૃદ્ધાં દ્વિજદેવોપલમ્ભિતામ્।**
**કૃતકૃત્યમિવાત્માનં મન્યમાનો મહામનાઃ ।।૩૬।।**

બ્રાહ્મણ દેવતાઓની કૃપાથી પ્રાપ્ત થયેલ સમૃદ્ધ રાજ્ય-લક્ષ્મીનો એ ખૂબ ઉદારતાથી ઉપભોગ કરવા લાગ્યો અને પોતાને કૃતકૃત્ય જેવો માનવા લાગ્યો ।।૩૬।।

ઇતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (ત્રીજા સ્વોકત નિર્વાહ પ્રકરણનો પહેલો)
''ભૃગુઓની કૃપાથી બલિએ દેવો પાસેથી સ્વર્ગ મેળવ્યું''
નામનો પન્દરમોઅધ્યાય સમ્પૂર્ણ થયો.

''પારસમણિ (ભાગવત)ને વાટકે, ભટજી (કથાકાર) માગે ભીખ''
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સેથજ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! (દયારામ)

## અધ્યાય ૧૬

## અદિતિને દુઃખી જોઈ એનું દુઃખ મટાડવા કશ્યપે એને પયોવ્રતનો ઉપદેશ કર્યો

**વિશેષ :** પુત્રના નાશથી શોક કરતી અદિતિને એના પતિ કશ્યપે જોઈ ત્યારે અદિતિએ પતિની પ્રાર્થના કરતાં કશ્યપે એને પયોવ્રત કરવાનું કહ્યું એટલી વાત આ અધ્યાયમાં આવે છે.

**એવં પુત્રેષુ નષ્ટેષુ દેવમાતાદિતિસ્તદા ।।**
**હૃતે ત્રિવિષ્ટપે દૈત્યૈઃ પર્યતપ્યદનાથવત્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** દેવની માતા અદિતિએ એ પ્રમાણે પુત્રોનો નાશ થતો જોયો. દૈત્યો સ્વર્ગ જીતી ગયા છે એવું જ્યારે એણે જાણ્યું ત્યારે અનાથની પેઠે એ શોક કરવા લાગી ।।૧।।

ઘણા કાળે સમાધિથી વિરામ પામી એક દિવસ કશ્યપ એમના આશ્રમમાં આવ્યા તે તો આશ્રમ ઉત્સવ અને આનન્દ વગરનો જોવામાં આવ્યો ।।૨।।

હે પરીક્ષિત! પોતાનું સ્વાગત થયા પછી ઋષિએ જ્યારે આસનનો સ્વીકાર કર્યો ત્યારે કહેવા લાગ્યા; ।।૩।।

હે ભદ્રે! હાલમાં લોકમાં બ્રાહ્મણોનું, ધર્મનું અને પોતાની મરજી પ્રમાણે ચાલતા મૃત્યુને વશ થનાર લોકનું અકુશળ તો નથી ને? ।।૪।।

હે પ્રિયે! તમારું ઘર કે જેમાં ધર્મ-અર્થ-કામનો યોગ સિદ્ધ થાય છે તે કુશળ તો છે ને? ।।૫।।

ઘરના કામમાં આસક્ત હોવાથી કોઈ અતિથિ આવીને વગર પૂજાએ પાછો તો ચાલ્યો ગયો નથી? ।।૬।।

અથવા તો જે ઘરમાંથી અતિથિ પૂજા સત્કાર વગરનો પાછો જાય છે તે ઘર તો શિયાળના ઘર જેવું ગણાય ।।૭।।

હે સતી! ઘરમાંથી હું ચાલ્યો ગયો તેથી તારું મન ઉદ્વિગ્ન થતાં, હે ભદ્રે! હવિષથી સમયસર અગ્નિને તૃપ્ત કરવામાં ભૂલ તો કરી નથી ને? ।।૮।।

જેની પૂજા કરવાથી ગૃહસ્થ બધા કામને આપનાર લોકમાં પહોંચે છે તે અગ્નિ અને બ્રાહ્મણ, ભગવાન્ સર્વાત્માના મુખરૂપ છે ।।૯।।

હે મનસ્વિની! તારા બધા પુત્રો કુશળ તો છે ને? તારા લક્ષણ ઉપરથી તારો આત્મા સ્વસ્થ હોય એવું જણાતું નથી તેથી આવી રીતે પૂછવાનું પ્રાપ્ત થાય છે ।।૧૦।।

**અદિતિએ કહ્યું :** હે બ્રહ્મન્!બ્રાહ્મણ, ગાય, ધર્મ અને આપની આ દાસી બધાં કુશળ છે. હે સ્વામી! આ ગૃહસ્થાશ્રમ જ ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામ ની સાધનામાં પરમ સહાયકછે ।।૧૧।।

અગ્નિ, અતિથિ, સેવક, ભિક્ષુક અને બીજી ઈચ્છા કરવાવાળા, હે બ્રહ્મન્! હું આપનું ધ્યાન કરું છું તેટલા માત્રથી સન્તુષ્ટ થાય છે; એનો અપરાધ મને પડતો નથી ।।૧૨।।

આપ મારી પ્રજાના પાલક છો, મને આવા ધર્મોનો ઉપદેશ કરો છો તેથી મારા મનનો કયો મનોરથ પૂર્ણ ન થાય? ।।૧૩।।

હે મારીચ! આ સાત્ત્વિક, રાજસ અને તામસ પ્રજા તમારાં મન અને શરીરથી ઉત્પન્ન થઈ છે. આપ એ બધાની ઉપર સમાન દષ્ટિ રાખો છો તો પણ એ બધામાં જે પોતાનો ભક્ત હોય તેને જ આપ ભજો છો ।।૧૪।।

હે મારીચ! આ સાત્ત્વિક, રાજસ અને તામસ પ્રજા તમારાં મન અને શરીરથી ઉત્પન્ન થઈ છે. આપ એ બધાની ઉપર સમાન દષ્ટિ રાખો છો તો પણ એ બધામાં જે પોતાનો ભક્ત હોય તેને જ આપ ભજો છો ।।૧૪।।

માટે હે ઈશ! હું આપનું ભજન કરનાર છું. મારાં સ્થાન અને લક્ષ્મી શત્રુએ લઈ લીધાં છે. એ બાબતમાં સુન્દર વ્રતવાળાં એવાં આપ મારું શ્રેય થાય એવો વિચાર કરો કેમકે આપ સમર્થ છો ।।૧૫।।

શત્રુએ મને મારા સ્થાનથી કાઢી મૂકી છે તેથી હું દુઃખ સાગરમાં ડૂબી ગઈ છું. એ શત્રુઓ પ્રબળ થયા છે. એઓએ મારાં ઐશ્વર્ય, લક્ષ્મી, યશ અને સ્થાનને હરણ કર્યા છે ।।૧૬।।

હે સાધો! હે કલ્યાણ કરનારમાં શ્રેષ્ઠ! આપ એવું કોઈ ચિન્તન કરો, જેનાથી મારા પુત્રોને લક્ષ્મી વગેરે પાછાં મળે ।।૧૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** જ્યારે અદિતિએ એ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે જરા મન્દ હાસ્ય કરતા કશ્યપ એને કહેવા લાગ્યાઃ''અહો! વિષ્ણુની માયાનું બળ તો જાુઓ; એમની માયાવડે આ જગત્ સ્નેહપાશથી સર્વત્ર બંધાયેલું છે ।।૧૮।।

અનાત્મ અને પૃથ્વી આદિથી બનેલો દેહ કયાં અને પ્રકૃતિથી પર એવો આત્મા કયાં? પતિ દીકરા વગેરે કોણ કોનાં છે? છતાં એમાં બંધન થાય તો એનું કારણ મોહ જ છે ।।૧૯।।

અવિદ્યાને મટાડનાર, પ્રાણીમાત્રના હૃદયાકાશમાં રહેનાર અને જગતના ગુરુ વાસુદેવ ભગવાનનું તું ભજન કર ।।૨૦।।

ગરીબ ઉપર દયા કરનાર અને દુઃખને હરનાર એ હરિ તારી કામના પૂર્ણ કરશે. ભગવાનને પ્રસન્ન કરાવનાર એના જેવો બીજો કોઈ ઉપાય નથી એવી મારી બુદ્ધિ છે ।।૨૧।।

**અદિતિએ પૂછ્યું :** હે બ્રહ્મન્! મારે જગતના પતિ ભગવાનનું આરાધન કેવી રીતે કરવું જેથી તે સત્યસંકલ્પ ભગવાન્ મારો મનોરથ સફળ કરે? ।।૨૨।।

હે દ્વિજ શ્રેષ્ઠ! એમને પ્રસન્ન કરવાનો વિધિ આપ મને બતાવો. હું મારા પુત્રો સાથે બહુ દુઃખી છું. મારા ઉપર ભગવાન્ જલદી પ્રસન્ન થાય એવો ઉપાય મને કહો ।।૨૩।।

**કશ્યપજીએ કહ્યું :** મને જ્યારે સન્તાનની કામના થઈ ત્યારે બ્રહ્માજીને પૂછવા જતાં એમણે મને જે ઉપાય બતાવેલો તે વ્રત કેશવને પ્રસન્ન કરનાર હોવાથી હું તને કહીશ ।।૨૪।।

ફાગણ માસના શુકલ પક્ષ-સુદ (અજવાળિયાં) માં બાર દિવસ સુધી ફકત દૂધ પીને રહેવું અને પરમ ભક્તિથી ભગવાન્ કમલનયનની પૂજા કરવી એ 'પયોવ્રત' નામનું વ્રત છે ।।૨૫।।

વરાહે (સૂવરે-ભૂંડે-ડૂક્કરે) ખોદેલી માટીવડે શરીર મર્દન કરીને નહાવું. એ બધું

અમાવાસ્યાને દિવસે કરવું. નદીમાં જઈ આ મન્ત્ર બોલીને ઉપર બતાવેલી માટી શરીરે લગાડીને સ્નાન કરવું ।।૨૬।।

"હે દેવી! સ્થાનની શોધ કરતા આદિ વરાહે રસાતલથી તમને અહીં લાવી રાખ્યાં છે તે તમે મારા પાપનો નાશ કરો" ।।૨૭।।

પછી પોતાનાં નિત્ય અને નૈમિત્તિક કર્મોથી પરવારી એકાગ્રચિત્તથી મૂર્તિ, વેદી, સૂર્ય, જલ, અગ્નિ અને ગુરુદેવ ના રૂપમાં ભગવાનની પૂજા કરવી ।।૨૮।।

(અને આ પ્રમાણે સ્તુતિ કરવી) "હે પ્રભુ! આપ સર્વશક્તિમાન છો. અન્તર્યામી અને આરાધના કરવા યોગ્ય છો. બધાં પ્રાણી આપમાં અને આપ બધા પ્રાણીઓમાં નિવાસ કરો છો તેથી જ આપને વાસુદેવ કહે છે, આપ સમસ્ત ચરાચર જગત અને તેના કારણના પણ સાક્ષી છો. હે ભગવન્! આપને મારા નમસ્કાર હો ।।૨૯।।

આપ અવ્યક્ત, સૂક્ષ્મ, પ્રધાન પુરુષરૂપ અને ચોવીશ ગુણને જાણનાર અને ગુણની સંખ્યા કરનારા સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક છો. આપને મારા નમસ્કાર હો ।।૩૦।।

આપ તે જ યજ્ઞ છો જેના પ્રાયણીય અને ઉદનીય આ બે કર્મ મસ્તક છે. પ્રાતઃ મધ્યાહ્ન અને તૃતીય આ ત્રણ સવન જ ત્રણ પાદ છે. ચારેય વેદ ચાર શિંગડા છે. ગાયત્રી આદિ સાત છન્દ જ સાત હાથ છે. આ ધર્મમય વૃષભરૂપ યજ્ઞનું વેદોએ પ્રતિપાદન કર્યું છે અને એનો આત્મા સ્વયં આપ છો એવા આપને મારા નમસ્કાર હો ।।૩૧।।

આપ જ લોક કલ્યાણકારી શિવ અને આપ જ પ્રલય કરનારા રુદ્ર છો અને શક્તિને ધારણ કરનાર, સર્વ વિદ્યાના અધિપતિ અને ભૂતોના અધિપતિને મારા નમસ્કાર હો ।।૩૨।।

આપ જ બધાના પ્રાણ અને આપ જ આ જગતનું સ્વરૂપ પણ છો. આપ યોગનું કારણ તો છો જ, સ્વયં યોગ અને તેથી મળતું ઐશ્વર્ય પણ આપ જ છો. હે હિરણ્યગર્ભ! આપને મારાં નમસ્કાર હો ।।૩૩।।

આપ જ આદિ દેવ છો. સર્વના સાક્ષી છો. આપ જ નર-નારાયણ ઋષિના રૂપમાં પ્રકટ સ્વયં ભગવાન્ છો, આપને મારા નમસ્કાર હો ।।૩૪।।

આપનું શરીર મરકત મણિના જેવું શ્યામ છે. સમસ્ત સમ્પત્તિ અને સૌન્દર્યની દેવી લક્ષ્મીજી પોતાની મેળે આવે છે તેવા પીતામ્બરધારી કેશવ (બ્રહ્માજી તથા શંકર ને પણ મોક્ષ આપનાર)! આપને મારા વારંવાર નમસ્કાર હો ।।૩૫।।

હે વરણીય! હે વરદાતામાં શ્રેષ્ઠ! આપ પુરુષોને સર્વ ઇચ્છિત પદાર્થના દાતા છો તેથી જ કલ્યાણમાટે ધીર પુરુષો આપના ચરણની રજને આરાધે છે ।।૩૬।।

જેમના ચરણ કમલોની સુગન્ધ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી સમસ્ત દેવતા તથા સ્વયં લક્ષ્મીજી સેવા કરે છે. તેવા ભગવાન્ મને પ્રસન્ન હો'' ।।૩૭।।

ભગવાને હષીકેશનું આવાહ્ન પહેલાં જ કરી લેવું. પછી આ મન્ત્રોથી પાદ્ય, આચમન આદિ સહિત શ્રદ્ધાપૂર્વક મન લગાવી પૂજા કરવી ।।૩૮।।

ગન્ધ, માલા વગેરેથી પૂજા કરી દૂધથી સ્નાન કરાવવું, પછી વસ્ત્ર, જનોઈ, આભરણ, પગ, ધોવાનું જળ અને સ્નાનનું જળ આપી ગન્ધ, ધૂપ વગરે અર્પણ કરવું અને દ્વાદશાક્ષર મન્ત્રથી પૂજા કરવી ।।૩૯।।

શક્તિ હોય તો દૂધપાક અથવા ભાતમાં ઘી અને ગોળ નાંખી નૈવેદ્ય ધરવું અને તેનો જ દ્વાદશાક્ષર મન્ત્રથી અગ્નિમાં હવન કરવો ।।૪૦।।

ભગવાનને ધરાવેલું નૈવેદ્ય ભગવદ્ભકતને આપવું અથવા પોતે લેવું, પછી આચમન કરાવી બીજી પૂજા કરી તામ્બૂલ ધરવું ।।૪૧।।

એકસો આઠવાર મન્ત્રનો જપ કરવો. સ્તોત્રોવડે પ્રભુની સ્તુતિ કરવી. પ્રભુની પરિક્રમા કરી પ્રેમ અને આનન્દપૂર્વક દંડવત્પ્રણામ કરવા ।।૪૨।।

એનું જે શેષ નિર્માલ્ય હોય તે મસ્તકે ચઢાવી દેવનું વિસર્જન કરવું. જ્યારે યોગ્ય લાગે ત્યારે વધારે બ્રાહ્મણને દૂધપાકથી જમાડવા ।।૪૩।।

બ્રાહ્મણની આજ્ઞા માગી એ આજ્ઞા કરે ત્યારે બાકી રહેલું હોય તેમાંથી પોતે ઈષ્ટજન સહિત ભોજન કરવું ।।૪૪।।

રાત્રિમાં સ્વયં બ્રહ્મચર્ય રાખવું. બીજે દિવસે પ્રથમ સ્નાન કરી, ઉપર કહ્યું તે પ્રમાણે મનને સારી પેઠે કબજામાં રાખીને જલથી દેવને નવડાવવા. એમ વ્રત સમાપ્ત થાય ત્યાં સુધી કરવું ।।૪૫।।

વિષ્ણુની પૂજામાં આદર રાખવો. પોતે માત્ર દૂધ ઉપર રહીને પૂર્વે કહ્યું તેમ રોજ હોમ કરવો અને બ્રાહ્મણોને પણ ભોજન કરાવવું ।।૪૬।।

એમ બાર દિવસ સુધી દરરોજ કરવું; એ પ્રમાણે કરે તે પયોવ્રત કહેવાય છે. એમાં ભગવાનની આરાધના કરવી, હોમ કરવો અને બ્રાહ્મણોને તૃપ્ત કરવા. આ પ્રમાણે ફાગણ સુદિ પડવાથી માંડી તેરસ સુધી કરવું. એટલા દિવસ બ્રહ્મચર્ય પાળવું, પૃથ્વી ઉપર સૂવું અને હંમેશાં ત્રણેવાર સ્નાન કરવું ।।૪૭-૪૮।।

ખોટું બોલવું નહિ, પાપીઓની સાથે વાત ન કરવી. પાપની વાત ન કરવી. નાના-મોટા તમામ ભોગોનો ત્યાગ કરી દેવો. કોઈ પણ પ્રાણીને કોઈ પણ રીતે કષ્ટ ન પહોંચાડે. ભગવાનની આરાધનામાં લાગ્યા જ રહેવું ।।૪૯।।

ત્રયોદશીને દિવસે પંચામૃતથી વિષ્ણુની પૂજા કરવી. એ પણ વિધિમાં નિપુણ હોય તેવા બ્રાહ્મણોને બોલાવી શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે કરવી ।।૫૦।।

પૂજા મોટા પાયા ઉપર કરવી, પૈસાનો લોભ કરવો નહિ; દૂધમાં ખીર રાંધી વિષ્ણુ ભગવાનને ઉદ્દેશીને સારી રીતે મનને સ્થિર રાખીને હોમ કરવો ।।૫૧।।

અત્યન્ત એકાગ્ર ચિત્તથી પુરુષે દૂધપાક વગેરે ભગવાન્ પ્રસન્ન થાય તેવા ગુણવાળા સ્વાદિષ્ટ નૈવેદ્ય ધરવા ।।૫૨।।

જ્ઞાનસમ્પન્ન આચાર્યને વસ્ત્ર, આભુષણ અને ગાય વગેરે આપી પ્રસન્ન કરવા. તેવી જ રીતે બીજા બ્રાહ્મણોનું ઋત્વિક તરીકે વરણ કર્યું હોય તો એને પણ પ્રસન્ન કરવા. એ જ ભગવાનનું મુખ્ય આરાધન છે ।।૫૩।।

હે શુચિસ્મિતે! આચાર્ય તથા ઋત્વિજો ને શુદ્ધ, સાત્ત્વિક અને ગુણયુકત ભોજન કરાવવું. બીજા બ્રાહ્મણો તથા અતિથિઓ ને પણ પોતાની શક્તિ પ્રમાણે જમાડવા ।।૫૪।।

આચાર્ય તથા ઋત્વિક વગેરેને એના અધિકાર અને આપણી શક્તિ પ્રમાણે દક્ષિણા આપવી. ત્યાં આવેલા માણસોમાં ચંડાલ પર્યતને અન્નાદિ ભોજન આપી પ્રસન્ન કરવા ।।૫૫।।

બધાં ભોજન કરે તેમાં ગરીબ, આંધળાં અને કૃપણ જે કોઈ આવે તેને ભોજન કરાવવું. એજ વિષ્ણુની પ્રસન્નતાનું સમ્પાદકછે એમજાણી ગરીબોનેપણ જમાડયા પછી પોતાના બાંધવોની સાથે ભોજનકરવું।૫૬।

હંમેશાં ભગવાનનું પૂજન કરવું તેમાં નાચવું, ગાવું, બજાવવું, સ્તુતિ કરવી, બ્રાહ્મણોદ્વારા સ્વસ્તિ વાચન કરવું અને હંમેશાં એમની પૂજા કરવી તથા કથા સાંભળવી. આ નિત્ય કર્તવ્ય છે ।।૫૭।।

આનું નામ પયોવ્રત. આથી પરમ પુરુષ ભગવાન્ પ્રસન્ન થાય છે. જે બ્રહ્માજીએ મને કહ્યું હતું તે મેં તને કહ્યું ।।૫૮।।

હે દેવી! તું ભાગ્યશાળી છે. તારી ઇન્દ્રિયો વશ રાખી શુદ્ધભાવ અને શ્રદ્ધાપૂર્ણ ચિત્તથી આ વ્રતનું સારી રીતે આચરણ કર અને આ દ્વારા અવિનાશી ભગવાનની

આરાધના કર ।।૫૯।।

હે કલ્યાણી! આ વ્રત ભગવાનને સન્તુષ્ટ કરનારું છે તેથી તેનું નામ ‘સર્વયજ્ઞ’ અને ‘સર્વવ્રત’ છે. આ સમસ્ત તપસ્યાઓનો સાર અને મુખ્ય દાન છે ।।૬૦।।

જેનાથી ઈન્દ્રિયથી પર એવા ભગવાન્ પ્રસન્ન થાય તે જ નિયમ તે જ ઉત્તમ યજ્ઞ તે જ વાસ્તવિક તપ, દાન, વ્રત અને યજ્ઞ કહેવાય ।।૬૧।।

**તસ્માદેતદ્વ્રતં ભદ્રે પ્રયતા શ્રદ્ધયા ચર।**
**ભગવાન્પરિતુષ્ટસ્તે વરાનાશુ વિધાસ્યતિ ।।૬૨।।**

માટે હે ભદ્રે! તું આ વ્રત સંયમપૂર્વક-શ્રદ્ધાપૂર્વક કર. એ વ્રત કરવાથી ભગવાન્ પ્રસન્ન થશે અને તને ઈચ્છિત વરનું તરત જ દાન કરશે ।।૬૨।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (ત્રીજા સ્વોકતનિર્વાહ પ્રકરણનો બીજો) ‘‘અદિતિને દુઃખી જોઈ એનું દુઃખ મટાડવા કશ્યપે પયોવ્રતનો ઉપદેશ કર્યો’’ નામનો સોળમો અધ્યાય સમ્પૂર્ણ.**

**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. (શ્રીવલ્લભાચાર્ય)**
પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ લોકોને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

## અધ્યાય ૧૭

## અદિતિના ગર્ભમાં વામન ભગવાન્ પધાર્યા

**વિશેષ :** આ પયોવ્રત કરવાથી અદિતિની કામના પૂર્ણ કરવામાટે ભગવાન્ પોતે અદિતિના પુત્ર થયા એ વાત આ અધ્યાયમાં કહેવામાં આવે છે.

**ઈત્યુક્તા સાદિતી રાજન્સ્વભર્ત્રા કશ્યપેન વૈ ।।**
**અન્વતિષ્ઠદ્ વ્રતમિદં દ્વાદશાહમતન્દ્રિતા ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** પોતાના પતિ કશ્યપે એ પ્રમાણે કહ્યું ત્યારે હે રાજન્!

અદિતિએ સાવધાન થઈને બાર દિવસનું પયોવ્રત કર્યું ।।૧।।

એણે બુદ્ધિને સારથિ બનાવ્યો, ઈન્દ્રિયરૂપ દુષ્ટ અશ્વની લગામ હાથમાં લીધી અને એકનિષ્ઠ બુદ્ધિથી એ મહાપુરુષ ઈશ્વરનું ચિન્તન કરવા લાગી ।।૨।।

એણે એકાગ્ર ચિત્તવડે અખિલના આત્મા વાસુદેવ ભગવાન્‌માં પોતાના મનને સ્થિર કરીને પયોવ્રત કર્યું ।।૩।।

એમ કરતાં ભગવાન્ આદિપુરુષ પીતામ્બર ધારણ કરી ચાર બાહુમાં શંખ, ચક્ર, ગદા તથા પદ્મ સહિત તેની સમક્ષ પ્રકટ થયા ।।૪।।

પોતાનાં નેત્રોની સમક્ષ ભગવાનને એકાએક પ્રકટ થયેલા જોઈ અદિતિ આદરપૂર્વક ઊભી થઈ ગઈ અને પ્રેમથી વિહ્‌વલ થઈ જઈ એણે શરીરવડે આપને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ।।૫।।

પ્રણામ કરી હાથ જોડીને ભગવાનની સ્તુતિ કરવાને તૈયાર થઈ છતાં આનન્દનાં અશ્રુવડે નેત્ર ભરાઈ જતાં એ સ્તુતિ પણ કરી શકી નહિ તેથી ચૂપ ઊભી રહી. ભગવાનનાં દર્શન થતાં અત્યન્ત આનન્દથી એ પુલકિત થઈ ગઈ અને એના શરીરને કમ્પ થઈ ગયો ।।૬।।

હે કુરૂદ્વહ! એ અદિતિ દેવી પછી પ્રસન્ન થઈને ગદ્‌ગદ કંઠે ધીમે-ધીમે ભગવાનની સ્તુતિ કરવા લાગી એટલું જ નહિ પણ લક્ષ્મીપતિ, જગતના પતિ અને યજ્ઞપતિ એવા ભગવાનને નેત્રવડે પાન કરતી હોય એમ એ અધિક દર્શન કરવા લાગી ।।૭।।

**અદિતિ બોલી** : હે ઈશ્વર! આપ યજ્ઞના સ્વામી છો અને સ્વયં યજ્ઞ પણ આપ જ છો, હે અચ્યુત! આપના ચરણકમલોનો આશ્રય કરી લોકો ભવ સાગરને તરી જાય છે. આપના યશકીર્તનનું શ્રવણ પણ સંસારમાંથી તારનારું છે. આપનાં નામોના શ્રવણ માત્રથી જ આનન્દ-મંગળ થઈ જાય છે. હે આદિપુરુષ! જે આપને શરણે આવી જાય છે એની બધી જ વિપત્તિઓનો આપ નાશ કરી દો છો. હે ભગવન્! આપ દીન-હીનના સ્વામી છો. આપ અમારું કલ્યાણ કરો ।।૮।।

આપ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છો. અને વિશ્વરૂપ પણ આપ જ છો. અનન્ત હોવા છતાં ઈચ્છાવડે આપ અનેક શક્તિ અને ગુણોનો સ્વીકાર કરી લો છો. આપ સદા આપના સ્વરૂપમાં જ સ્થિતિ કરીને બિરાજો છો. નિત્ય વધતા પૂર્ણ જ્ઞાનથી આપ હૃદયના અન્ધકારનો નાશ કરી દો છો એવા હે ભગવન્! આપને મારાં નમસ્કાર હો ।।૯।।

હે અનન્ત! પરમ આયુષ, સુન્દર શરીર, જેની જોડી ન મળે તેવી લક્ષ્મી, સ્વર્ગ, પૃથ્વી અને રસાતળ, સકળ યોગના ગુણો, ધર્મ, અર્થ, કામ અને જ્ઞાન એ બધું પ્રસન્ન થયેલા એવા આપથી જ પ્રાપ્ત થાય છે તો પછી શત્રુને જીતવો એ શું આપની પાસે માગણી કરવા યોગ્ય વસ્તુ છે? એ તો આપના તરફથી વગર માગ્યે મળી શકે એમ છે ।।૧૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જ્યારે અદિતિએ કમળનેત્ર ભગવાનની એ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે સમસ્ત પ્રાણીઓના હૃદયમાં બિરાજી તેમના અભિપ્રાયને જાણનાર ભગવાને, હે ભારત! આ પ્રમાણે કહ્યું ।।૧૧।।

**શ્રીભગવાને કહ્યું :** હે દેવમાતા અદિતિ! ઘણા દિવસનું તમારું હાર્દ મેં જાણી લીધું છે; તે એ છે કે તમારા શત્રુઓએ તમારું સ્થાન લઈ એણે તમારી લક્ષ્મી લઈ લીધી છે અને તમને સ્વર્ગથી દૂર કર્યા છે ।।૧૨।।

દુષ્ટ મદવાળા અસુરોએ જે લક્ષ્મી જીતી લીધી છે તે તમારા પુત્રો પાછી મેળવે અને તમે બધાં પાછાં સ્વર્ગમાં સાથે રહો એવી તમે ઈચ્છા રાખો છો ।।૧૩।।

જેમાં ઈન્દ્ર સૌથી મોટો છે તેવા તમારા દેવપુત્રો સંગ્રામમાં અસુરોને મારે તેઓની સ્ત્રીઓ પતિના શબને લઈ રુદન કરે અને દુઃખી થાય એવું જોવા તમે ઈચ્છો છો ।।૧૪।।

અને તમારા પુત્રો લક્ષ્મીને પાછી સમ્પાદન કરીને સારી સમૃદ્ધિવાળા થાય એટલું જ નહિ પણ સ્વર્ગમાં બેસીને ક્રીડા કરે એ જોવાને તમે ઈચ્છોછો ।।૧૫।।

ઘણું કરીને અસુરોના નાયકો એવા બ્રાહ્મણોને ઈશ્વર અનુકૂળ છે અને અસુરો એમની રક્ષાથી સુખ ભોગવે છે તેથી હાલમાં લડવાથી તમે તેઓને પહોંચી શકશો નહિ. જ્યાં સુધી કાળની અનુકૂળતા ન હોય ત્યાં સુધી પરાક્રમ કરવાથી સુખ મળતું નથી ।।૧૬।।

તો પણ હે દેવી! તમે મને વ્રતના આચરણથી સન્તોષ આપ્યો છે તેથી એનો ઉપાય મારે શોધ્યે જ છૂટકો છે કેમકે જે મારી સેવા કરે છે તેને એ સેવા એની શ્રદ્ધાને અનુકૂળ હોય એવું ફળ આપે છે એ કદાપિ વ્યર્થ જતી નથી ।।૧૭।।

તમે તમારા પુત્રોની રક્ષાને માટે જ વિધિપૂર્વક પયોવ્રતથી મારી પૂજા અને સ્તુતિ કર્યા છે. તેથી હું અંશરૂપથી કશ્યપના વીર્યમાં પ્રવેશ કરી તમારો પુત્ર બનીશ અને તમારાં સન્તાનોની રક્ષા કરીશ ।।૧૮।।

હે ભદ્રે! તમે નિર્દોષ એવા તમારા માટે પતિને ભજો, ભક્તિવડે પતિમાં મારી ભાવના કરો; હું સર્વમાં તે-તે રૂપે રહું છું ।।૧૯।।

તમારે આ વાત બીજા કોઈને કહેવી નહિ. દેવગુહ્ય બાબત બહુ છાની રહે તો જ સિદ્ધિ મળે છે ।।૨૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એવું બોલી ભગવાન્ ત્યાં જ અન્તર્ધાન થઈ ગયા. પોતાના ગર્ભથી ભગવાનનો જન્મ થવો એ વાત દુર્લભ ગણાય છતાં ''ભગવાન્ પધારશે'' એમ જાણી અદિતિ ખુશી થયાં ।।૨૧।।

એમણે પોતાના આત્માને કૃતકૃત્ય માન્યો અને પતિની સેવા કરવા લાગ્યાં. બધી વાત કશ્યપ સમાધિમાં જાણી ગયા ।।૨૨।।

ભગવાને પોતાના આત્મામાં પ્રવેશ કર્યો છે એ પોતે પોતાના સફળ જ્ઞાનનેત્રથી સમાધિમાં જોઈ શકયા. એમણે સમાધિ કરી અદિતિમાં સ્વવીર્યને સ્થાપન કર્યું. હે રાજન્! જેમ સર્વત્ર એવો સમાન વાયુ લાકડાનું પરસ્પર ઘર્ષણ થતાં અગ્નિને જન્મ આપે તેમ ભગવાન્ સર્વત્ર સમાન છતાં અસુરનો નાશ કરનાર વામન ભગવાન્ કશ્યપદ્વારા અદિતિના ગર્ભમાં પધાર્યા ।।૨૩।।

અદિતિના ગર્ભમાં સનાતન ભગવાન્ પધાર્યા છે એ વાતને જાણીને બ્રહ્માજી ભગવાનનાં રહસ્યમય નામોથી એમની સ્તુતિ કરવા લાગ્યા ।।૨૪।।

**ત્વં વૈ પ્રજાનાં સ્થિરજંગમાનાં પ્રજાપતીનામસિ સમ્ભવિષ્ણુઃ ।।**
**દિવૌકસાં દેવ દિવશ્ચ્યુતાનાં પરાયણં નૌરિવ મજ્જતોઽપ્સુ ।।૨૮।।**

**બ્રહ્માજીએ કહ્યું** : મોટાઓએ જેમના ગુણ ગાયા છે તેવા હે ભગવન્! મોટા પરાક્રમવાળા આપને મારાં નમસ્કાર હો. બ્રાહ્મણનું હિત કરનાર દેવરૂપ, ત્રણ ગુણવાળા આપને મારાં નમન હો. વ્યાપક વિષ્ણુરૂપે આપ પૃશ્નિના ગર્ભમાં આવેલા છો, વેદના ગર્ભરૂપે આપ ત્રણ લોકની ઉપર રહો છો, ત્રણ લોક આપની મધ્યમાં રહે છે, પશુજીવોમાં આપ અન્તર્યામીરૂપે વાસ કરી રહેલા છો તેવા આપને મારાં નમસ્કાર હો. આપ આ જગતનાં આદિ, મધ્ય અને અન્ત માં રહો છો કેમકે આપ અનન્ત શક્તિઓના પતિ પુરુષરૂપ છો. જેમ પાણીનો મોટો પ્રવાહ અન્દર પડેલા તૃણને ખેંચે છે તેમ આપ કાળરૂપે આ જગતને ખેંચીને ચાલો છો. આપ સ્થાવર અને જંગમ, પ્રજા તેમજ એના પાલકના ઉત્પાદક છો. જેમ નાવ જળમાં ડૂબતાને બચાવે છે તેમ દેવો જે સ્વર્ગથી ભ્રષ્ટ થયા છે તેઓને આપનો જ આશ્રય છે; તો આપ અવતાર

ધારણ કરી એઓને પુનઃ પોતના સ્થાન ઉપર સ્થાપન કરો ।।૨૫-૨૮।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (ત્રીજા સ્વોક્ત નિર્વાહ પ્રકરણનો ત્રીજો) ''અદિતિના ગર્ભમાં ભગવાન્ પધાર્યા'' નામનો સત્તરમો અધ્યાય સમ્પૂર્ણ.**

**ભગવાનના નામે ભીખ માગનારાઓ, વાંચો!!!**

**અપરાધ ૩૬મો :** શ્રીઠાકોરજી (ભાગવત,શ્રીયમુનાજીનીલોટી વગેરે)ના નામે (ભેટ-સામગ્રી-પોથીસેવા કે ન્યોછાવર) માંગવું. **ફળ :** સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. **પ્રાયશ્ચિત્ત :** જેટલું માંગ્યુંકે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણા નૈવેદ્યનું દાન કરવું. **(શ્રીહરિરાયજી)**

## અધ્યાય ૧૮

## વામન ભગવાન્ પ્રકટ થઈ બલિના યજ્ઞમાં પધાર્યા

**વિશેષ :** જ્યારે કશ્યપથી અદિતિમાં વામન ભગવાનનું પ્રાકટ્ય થયું ત્યારે એમની સર્વ લોકોએ સ્તુતિ કરી. ભગવાન્ પ્રકટ થઈને બલિના યજ્ઞમાં પધાર્યા. ત્યાં બલિએ એમનો સત્કાર કર્યો અને ઈચ્છા હોય તે માગો એમ બલિએ કહ્યું; આટલી વાત આ અઢારમાં અધ્યાયમાં આવે છે.

**ઈત્થં વિરિંચસ્તુતકર્મવીર્યઃ પ્રાદુર્બભૂવામૃતભૂરદિત્યામ્ ।।**

**ચતુર્ભુજઃ શંખગદાબ્જચક્રઃ પિશંગવાસા નલિનાયતેક્ષણઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એ પ્રમાણે બ્રહ્માજીએ જેનાં કર્મો અને પ્રતાપ નું વર્ણન કર્યું છે શંખ, ચક્ર, ગદા, પદ્મરૂપી આયુધોને પોતાના શ્રીહસ્તમાં ધારણ કરનાર ચતુર્ભુજ ભગવાન્, જે મૃત્યુ જન્મ રહિત છે તે, સ્વયં અદિતિની સામે પ્રકટ થયા. કમલનાં જેવાં કોમલ, વિશાલ અને સહેજ લાલ નેત્રો હતાં. શ્રીઅંગ ઉપર પીતામ્બર ધારણ કર્યું હતું ।।૧।।

એમની કાન્તિ શ્યામ અને શુદ્ધ હતી, મકરાકૃત કુંડલોની કાન્તિથી શ્રીમુખકમળ શોભી રહ્યું હતું એમના વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન હતું, શ્રીહસ્ત ઉપર એમણે કડાં અને બાજૂબંધ પહેર્યા હતાં, શ્રીમસ્તક ઉપર કિરીટ શોભી રહ્યો હતો, કટિમાં સુવર્ણનો કન્દોરો અને ચરણારવિન્દમાં સુન્દર નૂપુર ઝગમગી રહ્યાં હતાં ।।૨।।

કંઠમાં શ્રીચરણ સુધી લાંબી વનમાળા લટકી રહી હતી અને એ ઉપર ભમરાઓનો

સમૂહ ગુઞ્જારવ કરી રહ્યો હતો. ભગવાન્ પોતાની કાન્તિવડે પ્રજાપતિ કશ્યપજીના ઘરના અન્ધકારને દૂર કરી રહ્યા હતા, વળી પોતે શ્રીકંઠમાં કૌસ્તુભ મણિને ધારણ કરી રહ્યા હતા ।।૩।।

જ્યારે શ્રીવામનજીનું પ્રાકટ્ય થયું ત્યારે દિશાઓ નિર્મલ થઈ ગઈ, જળાશય સ્વચ્છ થઈ ગયાં, પ્રજાનાં હૃદયમાં આનન્દનો સાગર ઉછાળા મારવા લાગ્યો. બધી ઋતુઓ પોતપોતાના ગુણને એકીસાથે પ્રકટ કરવા લાગી. સ્વર્ગ, અન્તરિક્ષ, પૃથ્વી, દેવો, ગાયો, બ્રાહ્મણો અને પર્વતો હર્ષિત થયાં ।।૪।।

ભાદ્રપદ શુકલ દ્વાદશીએ શ્રવણ નક્ષત્રમાં મધ્યાહ્ન કાળે શ્રવણ યોગમાં અને અભિજિત મુહૂર્તમાં ભગવાન્ પ્રકટ થયા. બધાં નક્ષત્ર અને તારાઓ ભગવાનના જન્મને મંગલમય સૂચિત કરી રહ્યા હતા ।।૫।।

હે પરીક્ષિત! જે તિથિએ ભગવાનનો જન્મ થયો હતો તેને ''વિજયા દ્વાદશી'' કહેવાય છે. જન્મ સમયે સૂર્ય આકાશના મધ્યભાગમાં સ્થિત હતાં ।।૬।।

ભગવાનના અવતાર સમયે શંખ, દુન્દુભિ, મૃદંગ, પણવ, આનક વગેરે અનેક પ્રકારનાં બીજાં વાજિન્ત્રો અને તુરી વગેરે વાગ્યાં એનો મોટો ઘોષ થયો ।।૭।।

અપ્સરાઓ પ્રસન્ન થઈ નાચવા લાગી. શ્રેષ્ઠ ગન્ધર્વો ગાવા લાગ્યા. મુનિ, દેવો, મનુઓ, અગ્નિઓ અને પિતૃઓ સ્તુતિ કરવા લાગ્યા ।।૮।।

સિદ્ધલોકો, વિદ્યાધરો, કિમ્પુરુષો, કિન્નરો, ચારણો, યક્ષો, રાક્ષસો, પક્ષી, મુખ્ય-મુખ્ય નાગગણ અને દેવતાઓ ના સેવકો નાચવા, ગાવા તથા ઘણી-ઘણી પ્રશંસા કરવા લાગ્યા તથા તેમણે અદિતિના આશ્રમને ફૂલોના વરસાદથી ઢાંકી દીધો ।।૯-૧૦।।

પોતાના ગર્ભથી પધારેલા પરમ પુરુષ પરમાત્માને જોઈ અદિતિ વિસ્મય પામ્યાં અને બહુ જ પ્રસન્ન થયાં. પ્રજાપતિ કશ્યપજી પોતાની યોગમાયાવડે દેહને ધારણ કરતા ભગવાનને જોઈને વિસ્મય પામ્યા અને 'જ્ય હો! જ્ય હો!' એમ કહેવા લાગ્યા ।।૧૧।।

જેનું ચૈતન્ય વ્યકત નથી તેવું ભગવત્સ્વરૂપ વિભૂષણ અને આયુધોવડે શોભતું હતું. ભગવાને જે વપુ સ્વીકાર્યું હતું તે શ્રીઅંગથી જ દિવ્ય ગતિથી એટલે જેમ અદ્‌ભુત નટ એક રૂપમાંથી બીજાું રૂપ કરી નાખે તેમ, ભગવાને બધાના દેખતાં એ જ રૂપને બટુ વામન બ્રહ્મચારી રૂપમાં ફેરવી નાખી સર્વને બતાવ્યું ।।૧૨।।

એ નાનું વામન-બ્રહ્મચારીનું રૂપ જોઈને મોટા ઋષિઓ આનન્દ પામ્યા. પ્રજાપતિ કશ્યપને આગળ કરીને એ બધા બટુ વામન-બ્રહ્મચારીના જાતકર્માદિ સંસ્કાર કરાવવા લાગ્યા ।।૧૩।।

જ્યારે એમને યજ્ઞોપવીત આપ્યું ત્યારે સૂર્યે ગાયત્રીનો ઉપદેશ કર્યો, બૃહસ્પતિજીએ જનોઈ આપી અને કશ્યપે કટિમેખલા આપી ।।૧૪।।

પૃથ્વીએ કાળિયાર મૃગનું ચર્મ, વનસ્પતિના પતિ ચન્દ્રે દંડ આપ્યો. માતા અદિતિએ કૌપીન અને કટિવસ્ત્ર તથા આકાશના અભિમાની દેવતાએ છત્ર આપ્યું ।।૧૫।।

અવિનાશી પ્રભુને બ્રહ્માજીએ કમંડલ, સપ્તર્ષિઓએ દર્ભ આપ્યા અને હે મહારાજ! અવ્યય ભગવાનને સરસ્વતીએ રુદ્રાક્ષની માળા આપી ।।૧૬।।

કુબેરે એમને ભિક્ષાપાત્ર આપ્યું અને ઉમા સતી અમ્બિકાએ સાક્ષાત્ ભિક્ષા આપી ।।૧૭।।

બ્રહ્મર્ષિઓથી ભરેલી સભામાં પોતાના બ્રહ્મતેજવડે શ્રેષ્ઠ બટુ ભગવાન્ સર્વથી વિશેષ કાન્તિથી શોભવા લાગ્યા ।।૧૮।।

કશ્યપે પ્રકટ થયેલ અગ્નિનું આવાહ્ન કરી એને સરખો કર્યો અને એની પૂજા કરી સમિધવડે હોમ કર્યો ।।૧૯।।

ભૃગુઓના તેજથી વૃદ્ધિ પામેલો બલિ અશ્વમેધદ્વારા હરિનું ભજન કરે છે એમ સાંભળી પગલે-પગલે પૃથ્વીને નમાવતા એ વામનજી સર્વબળથી પૂર્ણ થઈને ત્યાં પધાર્યા ।।૨૦।।

નર્મદાના ઉત્તર કિનારા ઉપર ભૃગુકચ્છ (ભંચ) નામનું સ્થાન છે ત્યાં ભૃગુઓ યજ્ઞ કરાવતા હતા ત્યાં, સમીપમાં ઊગતા સૂર્યને જુએ તેમ, સમીપમાં પધારતા વામનજીને ભૃગુઓએ જોયા ।।૨૧।।

હે રાજન્! વામનજી ત્યાં પધારતાં ઋત્વિજો, યજમાન, સદસ્યો વગેરે બધા જ વામજીના તેજ આગળ નિસ્તેજ થઈ ગયા અને તેમને એમ લાગ્યું કે આ યજ્ઞને જોવામાટે શું સૂર્ય આવે છે કે અગ્નિ આવે છે કે સનત્કુમાર આવે છે! ।।૨૨।।

એવી રીતે પોતાના શિષ્યો સાથે ભૃગુના પુત્ર શુક્રાચાર્યજી વગેરે અનેક પ્રકારે કલ્પના કરતા હતા ત્યાં તો દંડયુકત, છત્ર અને જળપૂર્ણ કમંડલને ધારણ કરતા વામનજી અશ્વમેધ યજ્ઞના મંડપની ભૂમિ ઉપર આવી પહોંચ્યા ।।૨૩।।

એમણે મુંજની મેખલા પહેરી હતી અને જનોઈની પેઠે મૃગચર્મ ધારણ કર્યું હતું. માયાવડે મનુષ્યબાળક જેવા દેખાતા વામનજી જટાધારી અને વિપ્રરૂપ હરિ ત્યાં પધાર્યા ।।૨૪।।

જેવો વામનજીએ ત્યાં પ્રવેશ કર્યો કે શિષ્ય સહિત ભૃગુઓ અને એના આરાધ્ય અગ્નિઓ એમના તેજથી પરાભૂત થઈ એમનો સત્કાર કરવા લાગ્યા ।।૨૫।।

એમનું દર્શનીય અને મનોહર સૌષ્ઠવવાળું સ્વરૂપ જોઈ યજમાનનો આનન્દ થયો અને એણે એમને બેસવાને આસન આપ્યું ।।૨૬।।

બલિ રાજાએ એમનું વાણીથી સ્વાગત કર્યું એમનાં ચરણ ધોઈને આસક્તિ રહિત મહાપુરુષોના મનને પણ ભાવતા ભગવાનનું અર્ચન કર્યું ।।૨૭।।

એ ચરણક્ષાલનનું જળ લોકના પાપને ટાળનારું તેમ જ સુમંગળ છે એમ જાણી એના માહાત્મ્યને જાણનાર બલિએ એને પોતાના મસ્તક ઉપર ધારણ કર્યું, જેને દેવના ભગવાન્ શિવજી કે જેમના મુકુટમાં ચન્દ્ર વાસ કરે છે તેમણે પરમ ભક્તિવડે પોતાના મસ્તક ઉપર ધારણ કર્યું હતું ।।૨૮।।

**બલિરાજાએ કહ્યું :** હે બ્રાહ્મણ કુમાર! આપ ભલે પધાર્યા. આપને હું નમસ્કાર કરું છું. આજ્ઞા કરો. હું આપની શી સેવા કરું? આર્ય! એવું લાગે છે કે મોટા-મોટા બ્રહ્મર્ષિઓની તપસ્યા જ સાક્ષાત્ મૂર્તિમાન થઈને મારી સામે આવી છે ।।૨૯।।

આજે આપનાં પવિત્ર પગલાં અમારા ઘરોમાં થવાથી મારા પિતૃ તૃપ્ત થઈ ગયા. આજ મારો વંશ પવિત્ર થઈ ગયો. આજે મારો આ યજ્ઞ સફલ થઈ ગયો ।।૩૦।।

હે બ્રાહ્મણ કુમાર! આપના ચરણ પખાળવાથી મારાં બધાંય પાપ નાશ પામ્યાં છે અને વિધિપૂર્વક યજ્ઞ કરવાથી, અગ્નિમાં આહુતિ આપવાથી જે ફળ મળત તે અનાયાસ જ મળી ગયું. આપના આ ચરણો અને એના પ્રક્ષાલનથી પૃથ્વી પવિત્ર થઈ ગઈ ।।૩૧।।

**યદ્ યદ્ બટો વાઞ્છસિ તત્પ્રતીચ્છ મે ત્વામર્થિનં વિપ્રસુતાનુતર્કયે ।૧।**
**ગાં કાંચનં ગુણવદ્ ધામ મૃષ્ટં તથાન્નપેયમુત વા વિપ્ર કન્યામ્।**
**ગ્રામાન્ સમૃદ્ધાન્તુરગાન્ ગજાન્ વા રથાંસ્તથાર્હત્તમ સમ્પ્રતીચ્છ ।।૩૨।।**

હે બ્રાહ્મણ કુમાર! એવું લાગે છે કે આપને કંઈક જોઈએ છે. પરમ પૂજ્ય બ્રહ્મચારીજી! ઘર, પવિત્ર અન્ન, પીવાની વસ્તુ, વિવાહમાટે બ્રાહ્મણની આપને જે જોઈએ-ગાય, સોનું, ભર્યું ભાદર્યું, (સુસજ્જિત) કન્યા, સમ્પત્તિઓથી છલકાતાં

ગામ, ઘોડા, હાથી, રથ એ બધું જ આપ મારી પાસે માગવાની કૃપા કરો ।।૩૨।।

**ઇતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (ત્રીજા સ્વોક્તનિર્વાહ પ્રકરણનો ચોથો)**
**''વામન ભગવાન્ પ્રકટ થઈ બલિના યજ્ઞમાં પધાર્યા''**
**નામનો અઢારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આપણે પુષ્ટિભક્તિને લજાવીએ છીએ જોઈ**
અન્યના સેવ્યસ્વરૂપના સેવા-મનોરથોમાટે ભેટ-સામગ્રી આપીએ છીએ
(હવેલી-મન્દિર વગેરેમાંથી) દેવદ્રવ્યનો પ્રસાદ લઈએ છીએ
પ્રભુસેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી સ્વીકારીએ છીએ

# અધ્યાય ૧૯

# વામનજીની માગણી બલિએ સ્વીકારી

**વિશેષ :** ભગવાને ત્રણ પગલાં પૃથ્વી બલિ પાસે માગીઃ બલિ આપવા કબૂલ થયો એ વાત જાણી શુક્રાચાર્ય ''આ તારા શત્રુ અને દેવના પક્ષપાતી ભગવાન્ છે એ ત્રણ પદમાં તારું સર્વ લઈ લેશે માટે વચન જાય પણ એ દાન ન આપવું એમ સમજાવે છે; એટલી વાત આ ઓગણીસમાં અધ્યાયમાં કહેવામાં આવે છે.

**ઇતિ વૈરોચનેર્વાક્યં ધર્મયુક્તં સસૂનૃતમ્ ।।**
**નિશમ્ય ભગવાન્ પ્રીતઃ પ્રતિનન્દ્યેદમબ્રવીત્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એ પ્રમાણે વિરોચનના પુત્ર બલિરાજા ધર્મભાવથી ભરેલાં, સત્ય અને મધુર વચનો સાંભળી ભગવાન્ વામનજી પ્રસન્ન થયા અને એનાં વખાણ કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૧।।

**શ્રીભગવાને કહ્યું :** હે રાજન્! આપે જે કંઈ કહ્યું તે આપની કુલ પરમ્પરાને અનુરૂપ, ધર્મયુકત, યશને વધારનારું અને અત્યન્ત મધુર છે. કેમ ન હોય? પરલોક હિતકારી ધર્મની બાબતમાં આપ ભૃગુપુત્ર શુક્રાચાર્યજીને પરમ પ્રમાણ માનો છો. તદુપરાન્ત પોતાના કુલવૃદ્ધ પિતામહ પરમ શાન્ત પ્રહ્લાદજીની આજ્ઞા પણ એટલી જ અદબપૂર્વક માનો છો ।।૨।।

આપની કુલપરમ્પરામાં કોઈ ધૈર્યહીન અથવા કૃપણ પુરુષ કયારેય થયો જ નથી.

એવો પણ કોઈ નથી થયો જેણે બ્રાહ્મણને ક્યારેય દાન ન આપ્યું હોય અથવા જેણે એકવાર કોઈને કંઈ આપવાની પ્રતિજ્ઞા કરી હોય અને પછી ફરી ગયો હોય ।।૩।।

દાન આપવાનો સમય આવે કે યુદ્ધનો સમય આવે ત્યારે પાછી પાની કરે તેવો કોઈ તમારા કુળવાળો નથી તેમજ ''હું પરાધીન છું'' એવું કહેનાર પણ તમારા કુળમાં કોઈ જન્મ્યો નથી. જેમ આકાશમાં ચન્દ્ર શોભે તેમ તમારા કુળમાં સ્વચ્છ યશવાળા પ્રહ્‌લાદજી શોભી રહ્યા છે ।।૪।।

આપના કુળમાં જ હિરણ્યાક્ષ થયો હતો અને દિગ્વિજય કરવા એ એકલો ગદા લઈને આખી પૃથ્વીમાં ફર્યો પણ એને સામે લડનાર કોઈ મળ્યો નહિ ।।૫।।

પૃથ્વીનો ઉદ્ધાર કરવા જ્યારે વિષ્ણુ ગયા ત્યારે ત્યાં હિરણ્યાક્ષ એને યુદ્ધ કરવા મળ્યો. જો કે એને ભગવાને જીત્યો ખરો પણ એના પરાક્રમનું સ્મરણ કરતાં વિષ્ણુ પણ ''હું બહુ બળવાન છું'' એવું માનતા ન હતા ।।૬।।

ભગવાને હિરણ્યાક્ષને માર્યો એમ જ્યારે હિરણ્યકશિપુએ સાંભળ્યું ત્યારે પોતાના ભાઈના વધ કરનારને મારવા એ ક્રોધે ભરાયો અને ભગવાન્ પાસે એમના નિવાસ સ્થાને (વૈકુંઠમાં) પહોંચી ગયો ।।૭।।

કાળની પેઠે હાથમાં શૂળ લઈને એને આવતો જોઈ માયાવીમાં શ્રેષ્ઠ એવા વિષ્ણુ કાળને જાણનાર હોવાથી વિચારમાં પડી ગયા અને કહેવા લાગ્યા કે ''જ્યાં-જ્યાં હું જઈશ ત્યાં-ત્યાં, જેમ કાળ મનુષ્યને પહોંચે તેમ, આ મને આવી પહોંચશે માટે લાવ, હું એના હૃદયમાં જ પેસી જાઉં, જેથી એ બહાર જોનાર હોઈ અન્દર રહેલા મને જોઈ શકે નહિ'' હે અસુરશ્રેષ્ઠ! એમ નિશ્ચય કરી દોડતા આવતા શત્રુના શરીરમાં વિષ્ણુ શ્વાસવાયુમાં દેહને મેળવીને પ્રાણવાયુના છિદ્રને માર્ગે દયા કરીને હૃદયમાં પેસી ગયા ।।૮ થી ૧૦।।

જ્યારે એણે ભગવદ્ધામમાં ભગવાનને જોયા નહિ ત્યારે એ દૈત્ય મોટી ગર્જના કરવા લાગ્યો અને પૃથ્વી, સ્વર્ગ, દિશાઓ, આકાશ, પાતાલ અને સમુદ્રમાં શોધ કરતાં પણ એ વિષ્ણુને જોઈ શક્યો નહિ ત્યારે એ બોલ્યો કે ''મેં આખું જગત જોયું પણ મારા ભાઈને મારનાર ન મળ્યો એટલે જ્યાંથી પુરુષ પાછો આવી શકતો નથી ત્યાં એ પહોંચ્યો લાગે છે'' ।।૧૧-૧૨।।

હવે એની સામે વેર ચાલુ રાખવાનું કોઈ કારણ નથી. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો અને હું પણાથી વધેલો ક્રોધ મનુષ્યને મૃત્યુ સુધી જતો નથી. જ્યાં સુધી એને જ્ઞાન

થયું નથી ત્યાં સુધી જાય તો એ કાયર નિર્માલ્ય ગણાય છે ।।૧૩।।

વળી પ્રહ્લાદના પુત્ર અને આપના પિતા વિરોચને બ્રાહ્મણનો વેશ કરી આવેલા દેવોનું કપટ પોતે જાણતા હતા છતાં બ્રાહ્મણમાં ભક્તિ હોઈને તેમના માગવાથી પોતાનું આયુષ્ય આપી દીધું ।।૧૪।।

આપ પણ એ જ ધર્મનું આચરણ કરો છો, જેનું શુક્રાચાર્ય વગેરે ગૃહસ્થ બ્રાહ્મણ, આપના પૂર્વજ પ્રહ્લાદ અને યશસ્વી વીરોએ કર્યું છે ।।૧૫।।

તમે વરદાન આપનારમાં શ્રેષ્ઠ છો તેથી મારા પગલાથી મપાય તેવાં ત્રણ પગલાં જેટલી થોડી પૃથ્વીની હું તમારી પાસે યાચના કરું છું. જો તમે મને ઈચ્છિત આપવાને તૈયાર હો તો એટલી જમીન તમારી પાસેથી લેવાને હું ઈચ્છું છું ।।૧૬।।

આપ તો જગતના સ્વામી અને મહાન દાતા છો છતાં હું આપની પાસેથી વધારે લેવા નથી માગતો. હે રાજન્! વિદ્વાન માણસ જેટલું જરૂરી હોય તેટલું જ દાન લે તો તે-તે પ્રતિગ્રહથી થતા પાપથી બચી જાય છે ।।૧૭।।

**બલિ રાજાએ કહ્યું** : હે બ્રાહ્મણ કુમાર! આપની વાતો તો વૃદ્ધોના મુખમાં શોભે એવી છે પરન્તુ આપની બુદ્ધિ હજુ બાળકની બુદ્ધિ જેવી જ છે. હજુ આપ છો પણ બાળક જ ને! અને તેથી પોતાના લાભ-હાનિનો ખ્યાલ ન જ હોય ।।૧૮।।

હું ત્રણેય લોકનો એક માત્ર અધિપતિ છું અને ખંડના ખંડ આપી શકું તેમ છું. મને જે પોતાની વાણીથી પ્રસન્ન કરી લે અને મારી પાસે માત્ર ત્રણ ડગલાં ભૂમિ માગે તે પણ બુદ્ધિમાન કહી શકાય નહિ ।।૧૯।।

મારી પાસે પુરુષ એક વખત માગે તેને ફરીને બીજાની પાસે માગણી કરવાની ન હોય. માટે હે બટુક! આપના કુળની આજીવિકા ચાલે તેટલી જમીન-જાગીર આપ મારી પાસેથી માગી લો ।।૨૦।।

**શ્રીભગવાને કહ્યું** : હે નૃપ! આ ત્રિલોકીમાં પ્રીતિ કરાવનારા જેટલા વિષયો છે તે અજિતેન્દ્રિયને સન્તોષ આપવાને સમર્થ થતા નથી. ત્રણ ડગલાં પૃથ્વીથી સન્તુષ્ટ ન થયો તેને નવ ખંડવાળો આખો દ્વીપ આપો તો પણ એ સન્તુષ્ટ નહિ થાય; એવે વખતે એને શ્રેષ્ઠ સાત દ્વીપ મેળવવાની ઈચ્છા થશે ।।૨૧-૨૨।।

મેં સાંભળ્યું છે કે પૃથુ, ગય આદિ રાજાઓ સાતેય દ્વીપોના અધિપતિ હતા; પરન્તુ એટલું ધન અને ભોગ ની સામગ્રી મળવા છતાં તેઓ તૃષ્ણાનો પાર પામી

શક્યા નહોતા ।।૨૩।।

માટે ભગવદિચ્છાથી જે મળે તેમાં જ સન્તોષ માને એ જ સુખમાં રહી શકે છે. જેને મન વશ નથી તેવા અસન્તોષીને ત્રણ લોકનું રાજ્ય મળે તો પણ એટલાથી એને સન્તોષ થતો નથી તે પછી એને સુખ તો ક્યાંથી જ મળે? એથી એટલું મળતાં પણ એ દુઃખી રહે છે ।।૨૪।।

ધન અને ભોગમાં સન્તોષ ન હોવો એ જ જીવના જન્મ-મૃત્યુના ચક્કરમાં પડવાનું કારણ છે. જે મળ્યું તેમાં સન્તોષ માનનાર જ મુક્તિને મેળવી શકે છે ।।૨૫।।

દૈવેચ્છાથી જે કંઈ મળ્યું એમાં સન્તોષ માનનાર બ્રાહ્મણનું તેજ વધે છે. અસન્તોષથી તો જલથી જેમ અગ્નિ બુઝાઈ જાય તેમ અસન્તોષથી બ્રહ્મતેજ નાશ પામે છે માટે હું તો, જો કે તમે વરદાન આપનારમાં ઉત્તમ છો છતાં તમારી પાસેથી, ત્રણ પગલાં પૃથ્વી જ માગું છું. એટલાથી જ હું સિદ્ધ થઈ જઈશ કેમકે દ્રવ્ય તો માત્ર પ્રયોજન પૂરતું જ હોવું જોઈએ ।।૨૬-૨૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** જ્યારે બટુકે એ પ્રમાણે કહ્યું ત્યારે બલિ હસી પડ્યા અને તેમણે કહ્યું ''જેવી તમારી ઈચ્છા! તમારે એટલું જ પૂરતું હોય તો એટલું લો'' એમ બોલી એણે વામનજીને પૃથ્વી આપવા સંકલ્પ કરવામાટે જળપાત્ર લીધું ।।૨૮।।

વામનજીને પૃથ્વી આપવાના નિશ્ચય ઉપર રાજા બલિ આવ્યા છે એમ જાણી વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા શુક્રાચાર્યજી પોતાના શિષ્ય બલિ રાજાને વિષ્ણુની શી ઈચ્છા છે એ કહેવા લાગ્યા ।।૨૯।।

**શુક્રચાર્યજી બોલ્યા :** હે વિરોચન કુમાર! આ સાક્ષાત્ ભગવાન્ નિર્વિકાર વિષ્ણુ છે. એ દેવોનું કાર્ય સિદ્ધ કરવાને અદિતિની પ્રાર્થનાથી કશ્યપને ઘેર પ્રકટ થયા છે ।।૩૦।।

વસ્તુને જાણ્યા વગર આપવાને તમે કબૂલ થયા છો એ તમે ઠીક કર્યું નથી. આને આપવાથી દૈત્યોને મોટો અન્યાય મળશે ।।૩૧।।

આ હરિ ભગવાન્ માયાવડે છોકરા જેવા દેખાય છે. એ તારું સ્થાન ઐશ્વર્ય, લક્ષ્મી, તેજ અને યશ બધું જ તારી પાસેથી લઈને ઈન્દ્રને આપશે ।।૩૨।।

આ પોતાની કાયાને વિશ્વરૂપ બનાવશે અને ત્રણ પગલાંથી ત્રણ લોકને લઈ લેશે. આમ થશે તો વિષ્ણુને સર્વસ્વ આપી દઈને હે મૂઢ! તું કેવીરીતે પોષણ કરીશ?

આ વાત વિચારવા જેવીછે ।।૩૩।।

એ પોતાના એક પગલાથી આખી પૃથ્વી લઈ લેશે, બીજા પગલાથી સ્વર્ગને અને કાયાવડે આકાશને લઈ લેશે તે પછી ત્રીજાું પગલું દેવાનું તારી પાસે શું રહેશે, જેથી એને આપી તું તારી પ્રતિજ્ઞા પૂર્ણ કરી શકે? ।।૩૪।।

જો તું નહિ આપી શકે તો કબૂલેલ નહિ આપવાથી તારી સ્થિતિ નરકમાં થશે કેમકે સંકલ્પિત વસ્તુ તું આપી શકયો નહિ હોય ।।૩૫।।

જે દાન દેતાં પોતાની આજીવિકાને હાનિ પહોંચે તેવું દાન લોકમાં વખણાતું નથી. લોકમાં પણ જેને પોતાનું પેટ ભરવાની શક્તિ હોય છે તેને માટે દાન, યજ્ઞ, તપ અને પરોપકારનાં કાર્યો વગેરે કરવાની શાસ્ત્રોની આજ્ઞા છે ।।૩૬।।

ધર્મને માટે, યશને માટે, અર્થને માટે, કામને માટે અને પોતાના માણસોને માટે એમ દ્રવ્યના પાંચ ભાગ પાડી જો માણસ ભોગવે તો એ આ લોક તેમજ પરલોકમાં સુખી ગણાય છે ।।૩૭।।

જ્યારે વૃત્તિમાં સંકટ આવે ત્યારે ખોટું બોલવાનું પણ શાસ્ત્રમાં કહ્યું છે. વેદ જાણનારાઓએ સત્ય અને અનૃતનો નિર્ણય કર્યો છે. ૐ એટલે 'હા' કહેવી, સ્વીકારવું એ સત્ય, નકાર કહેવો, 'ના' પાડવી એ અસત્ય-અનૃત. [૧]અહીં સત્યની સ્તુતિ કરી છે અને અનૃતની નિન્દા કરી છે. પછી **''પરાગ્વા રિક્તમક્ષરમ્''**[૨] મન્ત્રથી સત્યમાં દોષ કહ્યો અને અનૃતમાં ગુણ કહ્યો છે. પછી **''તસ્માત્ કાલએવ દદ્યાત્ કાલે ન દદ્યાત્ તત્સત્યાનૃતે મિથુનીકરોતિ''** એ સત્ય પણ થોડુંક ખોટું ન હોય તો સિદ્ધ થતું નથી. કહે છે કે સત્ય એ પુષ્પફળ છે અને અનૃત એ દેહનું મૂળ છે કારણ કે સત્ય એટલે દેહનો નિર્વાહ થાય છે. દેહ હોય તો વાણી બોલી શકાય તેથી અનૃત એ દેહવૃક્ષ છે અને સત્ય બોલવું એ દેહમાંથી નીકળેલી વાણીરૂપ પુષ્પ છે. જો દેહરૂપી વૃક્ષ પડી જાય તો સત્યરૂપી વાણી તો એમાંથી ઉદ્ભવેલી હોવાથી નષ્ટ થાય જ કારણ દેહનું મૂળ તો અસત્ય છે ।।૩૮-૩૯।।

**વિશેષ** : ૧. આ વિષયમાં પ્રસ્તુત શ્રુતિ છે :**''સત્યમોમિતિ યત્પ્રોકતં યન્ને ત્યાહાનૃતં હિ તત્''** કોઈને કંઈ આપવા સમ્મત થવું તે સત્ય અને આપવાની ના પાડવી તે અસત્ય (અનૃત).

૨. અહીં પ્રસ્તુત શ્રુતિ છે :**''પરાગ્ રિક્તમપૂર્ણં વા અક્ષરં યત્ તદોમિતિ''** ''હા! હું આપીશ'' આ વાક્ય જ ધનને દૂર કરી દેનારું છે તેથી તેનો ઉચ્ચાર જ અપૂર્ણ અર્થાત્

ધનવિહોણો બનાવી દેનાર છે'' જે આમ કહે છે તેનું ધન ચાલ્યું જાયછે.

માટે જેમ વૃક્ષ ઊખડી જાય તો પત્ર-પુષ્પ સુકાઈ જાય તેમ અનૃત ગયું એટલે દેહ ગયો અને દેહ ગયો એટલે સત્ય પણ ગયું જ; તેથી ખોટું બોલે તે દેહને પ્રકટ કરે છે. તેથી સંકટમાં અનૃતવડે આત્માને બચાવવો ।।૪૦।।

તેથી 'ૐ' એ અક્ષર પરાક્-બહાર લઈ જનાર અર્થ છે, ખાલી અર્થ છે, અપૂર્ણતા કરનાર એ અક્ષર છે જેથી માગનારને ૐ કહી કબૂલ કરે છે તેના ઘરમાંથી પ્રતિશ્રુત અર્થ ચાલ્યો જાય છે એટલે અંશે એ ખાલી થાય છે. ભિક્ષુકને બધું આપવાનું કહેનાર પોતાના દેહની કામના પૂર્ણ કરવાને સમર્થ થતો નથી ।।૪૧।।

વળી નથી એમ કહેનારનું એ વચન પૂર્ણ છે, આત્માની પ્રત્યે બીજાના અર્થને ખેંચનાર છે; પરન્તુ એ બધામાં નકાર કહેનારની કીર્તિ નષ્ટ થાય છે. પરન્તુ એમાં એ જીવતે મરેલા જેવો છે. એથી સર્વમાં ના ન કહેવી પણ સંકટમાં ના કહેવાને વાન્ધો નથી ।।૪૨।।

**સ્ત્રીષુ નર્મવિવાહે ચ વૃત્ત્યર્થે પ્રાણસંકટે ।।**
**ગોબ્રાહ્મણાર્થે હિંસાયાં નાનૃતં સ્યાજ્જુગુપ્સિતમ્ ।।૪૩।।**

સ્ત્રીઓની પાસે, વિવાહમાં, મશ્કરીમાં, પોતાની આજીવિકા નષ્ટ થતી હોય તેવા વખતમાં, પ્રાણ બચાવવાનો સમય હોય ત્યારે, ગાય અને બ્રાહ્મણની કયાંય હિંસા થતી હોય તેવા સમયમાં, ખોટું બોલવું એ નિન્દ્ય ગણાતું નથી ।।૪૩।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (ત્રીજા સ્વોક્ત નિર્વાહ પ્રકરણમાં પાંચમો)**
**''વામનજીની માગણી બલિએ સ્વીકારી''**
**નામનો ઓગણીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા**
**અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો.(શ્રીવલ્લભાચાર્ય)**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ માણસને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

# અધ્યાય ૨૦

# વામનજીનું સ્વરૂપ મોટું થયું

**વિશેષ :** ભગવાન્ કપટ કરીને મારી પાસે માગવા આવ્યા છે પણ મેં કબૂલ કર્યું એ આપ્યા વગર કેમ ચાલે એમ ભીતિ લાગવાથી બલિ રાજાએ ત્રણ પગલાં પૃથ્વી આપી કે ભગવાન્ વધવા લાગ્યાઃ એ વાત આ વીસમા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**બલિ રેવં ગૃહપતિઃ કુલાચાર્યેણ ભાષિતઃ ।।**
**તૂષ્ણીં ભૂત્વા ક્ષણં રાજન્ ઉવાચાવહિતો ગુરુમ્ ।।૧।।**

**શ્રીશુક બોલ્યા :** જ્યારે કુલાચાર્ય શુક્રાચાર્યે કહ્યું કે આ વિષ્ણુ છે અને એને આપવામાં અનર્થ થશે ત્યારે એ સાંભળી આદર્શ ગૃહસ્થ બલિરાજાક્ષણભરચૂપ થઈગયાઅનેપછી સાવધાન થઈ ગુરુને કહેવાલાગ્યા ।।૧।।

**બલિરાજાએ કહ્યું :** હે ભગવન્! આપે ગૃહસ્થનો ધર્મ સમજાવ્યો એ બરાબર છે. એ ધર્મ અનુસાર અર્થ, કામ, યશ અને પોતાની આજીવિકાને કશી પણ અડચણ આવવી જોઈએ નહિ ।।૨।।

પરન્તુ હે ગુરુદેવ! હું પ્રહ્લાદજીનો પૌત્ર છું અને આપવાની પ્રતિજ્ઞા એકવાર કરી ચૂક્યો છું તેથી હું ધનના લોભથી ઠગની જેમ આ બ્રાહ્મણને શી રીતે કહું કે ''હું તમને નહિ આપું'' ।।૩।।

આ પૃથ્વીએ કહ્યું છે કે અસત્યથી મોટો બીજો કોઈ અધર્મ નથી. હું બધાનો ભાર સહન કરી શકું છું પણ ખોટું બોલવાનો ભાર મારાથી સહન થઈ શક્તો નથી।।૪।।

હું નરકથી, દરિદ્રતાથી, દુઃખના સમુદ્રથી, મારા રાજ્યના નાશથી અને મૃત્યુથી ડરતો નથી પણ બ્રાહ્મણ આગળ આપવાની પ્રતિજ્ઞા કરી પછી એને ન આપીને વિશ્વાસઘાત કરવાથી ડરુંછું ।।૫।।

મરનારની સાથે ધન જતું નથી, ધન તો એને છોડીને અહીં જ રહે છે. એવા ધનને આપણા હાથે જ કોઈને આપી દઈએ તો એમાં શું ખોટું? થોડું આપીએ અને થોડું રાખીએ એવું કરવાથી પણ જો બ્રાહ્મણ પ્રસન્ન ન થાય તો આપ્યાનું ફળ કંઈ નહિ માટે આપવું તો એ પ્રસન્ન થાય તેટલું આપવું. સજ્જનો તો જે પ્રાણ છોડી શકાતો નથી તેવો પ્રાણ આપીને પણ પ્રાણીનું ભલું કરે છે. દધીચિ મુનિ, શિબિ રાજા વગેરેએ પોતાના પ્રાણ આપીને પણ પ્રાણીઓનું ભલું કર્યું છે તો પછી પૃથ્વી વગેરેના

દાનમાં વિચાર વળી શું કરવાનો? ।।૬-૭।।

રણમાંથી પાછા નહિ ફરતાં દૈત્યેન્દ્રોએ આ પૃથ્વી ભોગવી. ભલે એ ભોગકાળ ચાલ્યો ગયો હોય પણ હજુ એની કીર્તિ તો અમર છે; માટે આપણે પણ કીર્તિનું સ્થાન કરવું. આપણો પણ ભોગકાળ નષ્ટ થશે ।।૮।।

હે વિપ્રર્ષે! પ્રાણ આપનાર અને એમાંથી પાછા ન આવનાર યોદ્ધા સુલભ છે પણ પાત્ર આવે તેને માટે શ્રદ્ધાથી ધન આપનાર મળવા દુર્લભ છે ।।૯।।

દયાવાળા અને ઉદાર પુરુષની કુપાત્ર યાચકની કામના પૂર્ણ કરતાં કદાચ દરિદ્રતા આવે તો એ પણ ઠીક ગણાય ત્યારે આપણા જેવા વેદને જાણનાર બ્રાહ્મણને આપતાં કદાચ દરિદ્રતા આવે તો કેમ ઠીક ન ગણાય? માટે આ બ્રાહ્મણને એની ઈચ્છાનુસાર આપવા હું તૈયાર છું ।।૧૦।।

હે મુને! વેદવિધિમાં નિપુણ એવા આપ યજ્ઞ, યાગ આદિ વડે આદરપૂર્વક જેનું આરાધન કરો છો તે આ વિષ્ણુ હોય કે શત્રુ હોય એમને એમણે માગ્યું છે એ પ્રમાણે પૃથ્વી આપીશ ।।૧૧।।

એમ કરતાં આ વિષ્ણુ કદાચ મને નિરપરાધીને બાંધીને કેદ કરશે તો પણ બ્રાહ્મણનું જ શરીર ધારણ કરીને આવેલા શત્રુને બ્રાહ્મણના અપમાનના ભયથી હું મારીશ નહિ. આ વિષ્ણુ ઉત્તમ કીર્તિવાળા છે. એ જો પોતાની કીર્તિનો ત્યાગ ન કરે તો કાન્તો એ મને મારીને પૃથ્વી લઈ લે. એ જો વિષ્ણુ ન હોય તો એ મારા હાથથી મરત. જો હું મરત તો એ પૃથ્વીનો રાજા થાત અને હું એને મારત તો રાજ્યની સત્તા મારી રહેત ।।૧૨-૧૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જ્યારે શુક્રાચાર્યજીએ જોયું કે મારો આ શિષ્ય ગુરુ પ્રત્યે અશ્રદ્ધાળુ છે તથા મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી રહ્યો છે ત્યારે દૈવની પ્રેરણાથી તેમને રાજા બલિને શાપ આપી દીધો, જો કે એકવચની અને ઉદાર હોવાને લીધે શાપને યોગ્ય ન હતા ।।૧૪।।

''તું અભિમાનથી મારા વચનની ઉપેક્ષા કરે છે, વળી અજ્ઞાની છતાં તારા મનથી તું પોતાને બહુ મોટો પંડિત માની બેઠો છે, વળી તે મારી આજ્ઞાનો ભંગ કર્યો છે, આથી તું તરત જ રાજ્યલક્ષ્મીથી ભ્રષ્ટ થઈશ'' ।।૧૫।।

જો કે શુક્રાચાર્યે આ પ્રમાણે બલિ રાજાને શાપ આપ્યો તો પણ એ અતિ ઉદાર હોવાથી સત્યથી ચલિત થયા નહિ. એમણે વામનજીની પૂજા કરી અને એના હાથમાં

જલ લઈ પૃથ્વી દાનનો સંકલ્પ કર્યો ।।૧૬।।

મોતીનાં આભરણ પહેરીને તથા જાળીવાળાં કપડાંનો પડદો રાખીને બલિ રાજાની સ્ત્રી ત્યાં આવી અને પગ ધોવામાટે જળથી ભરેલી સોનાની ઝારી લાવી ।।૧૭।।

બલિએ એમનાં બન્ને ચરણ પખાળ્યાં અને જગતને પવિત્ર કરનાર એ ચરણક્ષાલનનું જળ પોતાના મસ્તક ઉપર ચડાવ્યું ।।૧૮।।

ત્યારે આકાશમાં દેવો, સિદ્ધો, વિદ્યાધરો અને ચારણોએ બલિરાજાના એ કર્મનાં તથા એની સરળતાનાં વખાણ કર્યા અને હર્ષમાં આવી તેઓ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા ।।૧૯।।

એકી સાથે હજારોની સંખ્યામાં દેવોનાં દુન્દુભિ વારંવાર વાગવા લાગ્યાં. ગન્ધર્વો, કિંપુરુષો અને કિન્નરો ગાવા લાગ્યા, ''અહો ધન્ય છે! આ ઉદાર શિરોમણિ બલિએ એવું કામ કરી બતાવ્યું જે બીજાને માટે અત્યન્ત કઠિન છે. જુઓ તો ખરા એમણે જાણીબૂજીને પોતાના શત્રુને ત્રણેય લોકોનું દાન કરી દીધું'' એમ કહી દેવોએ એની વાહવાહ કરી ।।૨૦।।

અનન્ત એવા ભગવાન્ હરિનું એ ત્રિગુણાત્મક વામનરૂપ વધવા લાગ્યું. એ એટલે સુધી વધ્યું કે પૃથ્વી, આકાશ, દિશાઓ, સ્વર્ગ, પાતાલ, સમુદ્ર, પશુ, પક્ષી, મનુષ્ય, દેવ, ઋષિ-બધા જ એ સ્વરૂપમાં સમાઈ ગયા ।।૨૧।।

ઋત્વિજ, આચાર્ય અને સદસ્ય સાથે બલિરાજાએ સમસ્ત ઐશ્વર્યોના એકમાત્ર સ્વામી ભગવાનના એ ત્રિગુણાત્મક શરીરમાં પાંચ ભૂતો, ઈન્દ્રિયો એનાં વિષયો, અન્તઃકરણ અને જીવો સાથે આ સમ્પૂર્ણ ત્રિગુણમય વિશ્વને જોયું ।।૨૨।।

ત્યારબાદ પરમૈશ્વર્યવાળી સેનાવાળા બલિરાજાએ ભગવાનના ચરણતલમાં પાતાળ, બે ચરણમાં પૃથ્વી, જંઘામાં પર્વતો, ગોઠણમાં પક્ષીઓ અને બે સાથળમાં મરુદ્ગણો જોયા ।।૨૩।।

વસ્ત્રમાં સંધ્યાકાળ, ગુહ્યભાગમાં પ્રજાપતિઓ, જઘનમાં દૈત્યો, નાભિમાં આકાશ, ઉદરમાં સાત સમુદ્રો અને ભગવાન્ ઉરુક્રમની છાતીમાં નક્ષત્ર પંક્તિ જોઈ ।।૨૪।।

હે રાજન્! હૃદયમાં ધર્મ, સ્તન ભાગમાં ઋતુ (મધુર અને સત્ય વાણી), મનમાં ચન્દ્ર, વક્ષઃસ્થળમાં હાથમાં કમળવાળાં લક્ષ્મીજી, કંઠમાં સામગાન તથા સમ્પૂર્ણ શબ્દ સમૂહ જોયા ।।૨૫।।

હાથમાં ઈન્દ્રાદિ દેવો, કાનમાં દિશાઓ મસ્તકમાં સ્વર્ગલોક, કેશમાં મેઘો, નાસિકામાં

વાયુ, નેત્રમાં સૂર્ય, મુખમાં અગ્નિ ।।૨૬।।

વાણીમાં વેદો, જીભમાં વરુણ, ભ્રૂકુટીમાં વિધિ-નિષેધ, પાંપણોમાં રાત-દિવસ, લલાટમાં ક્રોધ, નીચલા હોઠમાં લોભ ।।૨૭।।

સ્પર્શમાં કામ, વીર્યમાં જળ, પીઠમાં અધર્મ, પગની ગતિમાં યજ્ઞ, છાયામાં મૃત્યુ, હાસ્યમાં માયા, રોમમાં સર્વ જાતની ઔષધિઓ ।।૨૮।।

નાડીમાં નદીઓ, નખમાં શિલાઓ, બુદ્ધિમાં બ્રહ્મા, દેવ તથા ઋષિઓ જોયા. એ જ પ્રમાણે વીરવર બલીએ ભગવાનની ઇન્દ્રિયો અને શરીરમાં બધાં ચરાચર પ્રાણીઓનાં દર્શન કર્યાં ।।૨૯।।

હે રાજન્! સર્વાત્મા ભગવાન્માં આ સર્વ જગતને જોઈને સર્વ અસુરો ભયભીત થઈ ગયાં. એ જ વખતે અસહ્ય તેજવાળું સુદર્શન ચક્ર અને મેઘના જેવું ગમ્ભીર ટંકાર કરતું શાંર્ગ નામનું ધનુષ્ય જોયું ।।૩૦।।

વાદળના જેવો ગમ્ભીર શબ્દ કરતો પાંચજન્ય શંખ, અત્યન્ત વેગવાળી કૌમોદકી ગદા, સો ચન્દ્રાકાર ચિહ્નવાળી ઢાલ, વિદ્યાધર નામની તલવાર, અક્ષય બાણવાળા બે ઉત્તમ ભાથા વગેરે જોયા ।।૩૧।।

ભગવાનની સભામાં બેસનારા પાર્ષદો સુનન્દ મુખ્ય છે. તેઓ લોકપાલોની સાથે ભગવાનની સેવાકરવા માટે ઉપસ્થિત થઈ ગયા. એ સમયે દેદીપ્યમાન કિરીટ, બાજૂબંધ, મચ્છાકૃતિ કુંડલ, શ્રીવત્સ, કૌસ્તુભ, રત્નયુકત મેખલા અને વસ્ત્રોથી ભગવાન્ શોભી રહ્યા છે ।।૩૨।।

**પદં દ્વિતીય ક્રમતસ્રિવિષ્ટપં ન વૈ તૃતીયાય તદીયમણ્વપિ ।।**
**ઉરુક્રમસ્યાંઘ્રિરુપર્યુ પર્યથો મહર્જનાભ્યાં તપસઃ પરં ગતઃ ।।૩૪।।**

જેની આસપાસ ભમરાઓ ગુંજી રહ્યા છે તેવી પાંચ પ્રકારના ફૂલોની બનેલી વનમાલાવડે ભગવાન્ શોભે છે. એણે એક પગલાથી બલિની બધી ભૂમિને, શરીરથી આકાશને અને ભુજાઓથી દિશાઓને અને બીજા પગલામાં સ્વર્ગને લઈ લીધું ત્યારે ત્રીજું પગલું મૂકવામાટે બલિની જરા જેટલી કોઈ ચીજ બચી નહિ. ઉરુક્રમ ભગવાનનો આ બીજો ચરણ ઉપર ચઢતાં મહર્લોક, જનલોક અને તપલોકથી પણ ઉપર સત્યલોકમાં પહોંચી ગયો ।।૩૩-૩૪।।

**ઇતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (ત્રીજા સ્વોકત નિર્વાહ પ્રકરણમાં છઠ્ઠો) ''વામનજીનું સ્વરૂપ મોટું થયું'' નામનો વીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨૧

# સંકલ્પ પ્રમાણે પૃથ્વી બલિરાજા ન આપી શક્યા તેથી ભગવાને એને બાંધ્યા

**વિશેષ** : પૂરાં ત્રણ પગલાં પૃથ્વી ન આપી શકયો એવા બહાનાંથી ભગવાને બલિરાજાને બાંધ્યો. એમાં વિષ્ણુને એનો ઉત્કર્ષ પ્રસિદ્ધ કરવો એ જ ઉદ્દેશ છે. આ કથા આ અધ્યાયમાંછે.

**સત્યં સમીક્ષ્યાબ્જભવો નખેન્દુભિર્હતસ્વધામદ્યુતિરાવૃતોઽભ્યગાત્ ।।**
**મરીચિમિશ્રા ઋષયો બૃહદ્વ્રતાઃ સનન્દનાદ્યા નરદેવ યોગિનઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે નરદેવ! મરીચિ વગેરે મુનિઓ, બ્રહ્મચર્ય રાખનાર સનન્દ આદિ સિદ્ધો તથા યોગીઓની સાથે બ્રહ્માજી એ ભગવાનના નખની કાન્તિવડે પોતાની સ્થાનની કાન્તિને હણતી સત્યલોક સુધી આવેલ જોઈને ત્યાં આવી પહોંચ્યા ।।૧।।

વેદો, ઉપવેદો, નિયમો, યમો, તર્ક, ઈતિહાસ, વેદનાં છ અંગો, પુરાણો, સંહિતાએ-જે બ્રહ્મલોકમા, મૂર્તિમાન થઈને નિવાસ કરે છે-તથા જેમણે યોગરૂપ વાયુથી જ્ઞાનાગ્નિને પ્રજ્વલિત કરી કર્મફલને ભસ્મ કરી નાખ્યાં છે તે મહાત્મા, બધાએ ભગવાનના ચરણને વન્દન કર્યું. કર્મથી ન મળી શકે તેવા બ્રહ્મલોકમાં જેના સ્મરણના પ્રતાપથી જઈ શકાય તેવો એ ચરણનો પ્રતાપ છે અને આ બધા એ પ્રતાપથી જ ત્યાં પહોંચ્યા છે ।।૨।।

ભગવાન્ બ્રહ્માજીની કીર્તિ બહુ પવિત્ર છે. પોતે ભગવાનના નાભિકમલમાંથી ઉત્પન્ન થયા છે. સ્વાગત કર્યા પછી તેમણે સ્વયં વિશ્વરૂપ ભગવાનના ઉપર આવેલા ચરણનું પૂજન કર્યું અને ચરણક્ષાલનનું જળ મસ્તક ઉપર ચઢાવ્યું તેર બાદ એ બ્રહ્માજી ભગવાનની ભક્તિપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા ।।૩।।

હે રાજન્! એ બ્રહ્માના કમંડલનું જળ ભગવાનના ચરણને ધોઈને નીચે આવ્યું. આકાશમાં આવતાં એ દેવોની નદી ગંગા થઈ. ભગવાનની શુદ્ધ કીર્તિ જેમ પવિત્ર કરે તેમ એ આકાશગંગા ત્રણ લોકને પવિત્ર કરનારી થઈ ।।૪।।

વામનજીએ જેમની વિભૂતિઓને સૂક્ષ્મ કરી નાખી છે તેવા બ્રહ્માદિ લોકપતિઓ પોતાના શિષ્યો સાથે વામનજી પાસે આવી ભેટ કરવા લાગ્યા ।।૫।।

કોઈ જળ લાવ્યા, કોઈ પૂજાની સામગ્રી લાવ્યા, કોઈ માળા લાવ્યા તે કોઈ વિલેપનમાટે ચન્દન લાવ્યા તે કોઈ ધૂપ, દીપ, શેકેલી ડાંગર, ચોખા, ફળ, અંકુર વગેરે

લાવ્યા ॥૬॥

પરાક્રમના મહિમાથી ભરેલાં સ્તોત્રોવડે તેમજ જયનાદવડે તેઓ સ્તુતિ કરવા લાગ્યા. કોઈ નાચવા લાગ્યા તો કોઈ ગીત ગાવા લાગ્યા તે કોઈ શંખ અને નોબત વગાડવા લાગ્યા ॥૭॥

જામ્બવાન રીંછ તો ભેરીનો શબ્દ કરવા લાગ્યો. જેનો વેગ મનના જેટલો હતો તેવા શબ્દથી એણે દશે દિશામાં વિજયનો જયઘોષ કર્યો ॥૮॥

આમ દીક્ષિત એવા બલિ રાજાની સર્વ પૃથ્વી ત્રણ પગલાંના બહાનાંથી ભગવાને લઈ લીધી તેથી અસુરો અત્યન્ત ક્રોધવાળા થઈને પોતાના સ્વામી બલિને કહેવા લાગ્યા ॥૯॥

**દૈત્યોએ કહ્યું :** ''અરે આ અધમ બ્રાહ્મણ નથી. પરન્તુ માયાવીઓનો શ્રેષ્ઠ એવો વિષ્ણુ છે. બ્રાહ્મણના રૂપમાં એ ગુપ્ત છે. દેવનું કામ કરીને એ તેઓની ઈચ્છા પૂરી કરે છે ॥૧૦॥

બટુકરૂપે શત્રુ થઈ એ માગવા આવ્યો અને તમે યજ્ઞમાં રાજની સત્તા મૂકી એટલામાં તો એ બટુકે આપણું બધું જ હરી લીધું ॥૧૧॥

સત્યવ્રતવાળા અને દીક્ષા લેનારે બહુધા બ્રાહ્મણનું હિત કરવું, દયા રાખવી અને ખોટું ન બોલવું એ વાત ખરી ॥૧૨॥

છતાં જો અમે એને મારીએ તો અમે અમારા સ્વામીની સેવા કરેલી ગણાશે અને એને મારવાનું ધર્મરૂપ ગણાશે'' એમ કહી બલિના નોકરોએ હથિયાર લીધાં ॥૧૩॥

એઓ શૂળ, પટ્ટિશ વગેરે હાથમાં લઈ ક્રોધ કરીને વામનજીને મારવાને દોડયા, પરન્તુ હે રાજન્! એવું થાય એ બલિની ઈચ્છા ન હતી ॥૧૪॥

દૈત્ય સેનાપતિઓને વામનજી ઉપર ચઢાઈ કરતા જોઈ વિષ્ણુના અનુચરો હસીને એને રોકવા લાગ્યા ॥૧૫॥

નન્દ, સુનન્દ, જય, વિજય, પ્રબળ, બળ, કુમુદ, કુમુદાક્ષ, વિશ્વક્સેન, ગરુડ, જયન્ત, શ્રુતદેવ, પુષ્પદન્ત અને સાત્વત એ બધા દશ-દશ હજાર હાથીના બળવાળા હતા તેઓએ અસુરની સેનાને ખૂબ મારી ॥૧૬-૧૭॥

ભગવાનના પાર્ષદો પોતાની સેનાને મારે છે એ જોઈને તથા શુક્રાચાર્યને શાપ થયો છે એનો વિચાર કરીને ક્રોધવાળા અસુરોને સમજાવી બલિએ લડાઈ બંધ કરાવી॥૧૮॥

"હે વિપ્રચિત્તે! હે રાહો! હે નેમે! તમે મારું વચન સાંભળો! આ કાળ આપણને અનુકૂળ નથી માટે તમે લડાઈ કરો નહિ પણ લડાઈ બંધ કરો ।।૧૯।।

દૈત્યો! જે કાળ સમસ્ત પ્રાણીઓને સુખ અને દુઃખ આપવાનું સામર્થ્ય ધરાવે છે. તેને કોઈ પુરુષ પોતાના પ્રયત્નોથી દબાવી દેવા માગે તો તે તેની શક્તિની બહારની વાત છે ।।૨૦।।

જે કાળ પહેલાં આપણો ઉદય કરનાર હતો ત્યારે એ દેવોનો નાશ કરનાર હતો તે જ કાળ આજે આપણાથી પ્રતિકૂળ ચાલે છે અને દેવોને અનુકૂળ છે ।।૨૧।।

બળવડે, મન્ત્રીઓવડે, બુદ્ધિવડે, મન્ત્રોવડે, સામ આદિ ઉપાયોવડે પણ પુરુષ એ કાળને અનુકૂળ કરવાને સમર્થ નથી ।।૨૨।।

તમે ઘણીવાર વિષ્ણુના અનુચરોને હરાવ્યા છે એ જ કાળ દૈવ બળથી અત્યારે યુદ્ધમાં આપણને હરાવી ગર્જના કરેછે ।।૨૩।।

જ્યારે દૈવ પ્રસન્ન થશે ત્યારે આપણે દેવોને હરાવીશું; માટે અર્થ અપાવે એવા કાળની આપણે હાલમાં વાટ જુઓ" ।।૨૪।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : જ્યારે દૈત્યોના સેનાપતિઓએ પોતાના સ્વામીનું કહેવું સાંભળ્યું ત્યારે તેઓ વિષ્ણુના પાર્ષદોથી હારી જઈને હે રાજન્! રસાતળમાં ચાલ્યા ગયા ।।૨૫।।

ગરુડ ભગવાનની ઈચ્છાને જાણી ગયા. જ્યારે સોમ કાઢવાનો દિવસ હતો તે યજ્ઞના દિવસે એમણે બલિરાજાને વરુણના પાશવડે બાંધી દીધા ।।૨૬।।

સર્વશક્તિમાન ભગવાને જ્યારે અસુરરાજને બંધાવી દીધો ત્યારે આકાશ, પાતળ અને સર્વ દિશાઓમાં હાહાકાર મચીગયો ।।૨૭।।

વરુણના પાશથી બંધાયેલા, સ્થિર બુદ્ધિવાળા અને જેની સમ્પત્તિ નાશ પામી હતી તેવા બલિને, હે નૃપ! વામનજી ભગવાને કહ્યુંઃ ।।૨૮।।

"હે અસુર! તેં મને ત્રણ પગલાં પૃથ્વી આપી છે તેમાંથી તારી સત્તાની બધી જમીન મેં મારાં બે પગલાંથી લઈ લીધી છે માટે હવે ત્રીજા પગલાની સગવડ કર ।।૨૯।।

જ્યાંસુધી પોતાના કિરણથી સૂર્ય તપે છે, ચન્દ્ર ચાન્દરડાં સાથે પ્રકાશે છે, જેટલામાં વરસાદ વર્ષે છે તેટલી તારી પૃથ્વી છે ।।૩૦।।

એમાં એક પગલાંથી મેં આખો ભૂલોક રોક્યો, બીજા પગલાંથી સ્વર્ગ લોકને તારા

દેખતાં મેં મારા શરીરથી રોકયોછે ।।૩૧।।

જો સંકલ્પ કરીને તું પૂરું નહિ આપી શકે તો તારે નરકમાં વાસ કરવો પડશે. તારા ગુરુએ તને અનુમોદન આપ્યું છે તે પ્રમાણે તું નરકમાં પ્રવેશ કર'' ।।૩૨।।

માગનારને આપવાનું કહી પછી આપતો નથી પણ એને છેતરે છે તેના મનોરથો પડી ભાંગે તો સ્વર્ગતો એને કયાંથી જ મળે? એથી સ્વર્ગ પણ એનાથી દૂર રહે છે અને એ નીચે (નરકમાં) પડે છે ।।૩૩।।

**વિપ્રલબ્ધો દદામીતિ ત્વયાહં ચાઢ્યમાનિના ।।**
**તદ્ વ્યલીકફલં ભુંક્ષ્વ નિરયં કતિચિત્ સમાઃ ।।૩૪।।**

તેં તારી શાહુકારીમાં 'હું આપીશ' એમ કહી મને છેતર્યો એ ખોટું બોલવાનું ફળ નરકમાં તને મળશે. કેટલાંક વર્ષ એ નરકનો તું અનુભવ કર ।।૩૪।।

**ઇતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (ત્રીજા 'સ્વોક્તનિર્વાહ' નામના પ્રકરણનો સાતમો) ''સંકલ્પ પ્રમાણે પૃથ્વી બલિરાજા ન આપી શકયો તેથી ભગવાને એને બાંધ્યો'' નામનો એકવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**લોભી ગુરુ લાલચી ચેલાઓ ચેતો!**
(શરણાગતિ-સેવારૂપી) સાધના શરૂ કરવાની તત્પરતા જાણ્યા વિના ગમેતેને દીક્ષા આપનાર ગુરુ અયોગ્યને દીક્ષા આપવાના પાપે પોતાનો, દીક્ષા લેનારનો તેમજ સમ્પ્રદાયનો પણ વિનાશ નોંતરે છે.

# અધ્યાય ૨૨

# ભગવાન્ બલિઉપર પ્રસન્ન થયા એને સુતળમાં મોકલ્યો અને પોતે એના દ્વારપાળ થયા

**વિશેષ :** વામનજી બલિ ઉપર પ્રસન્ન થયા એને સુતળમાં મોકલ્યો એને અનેક વરદાન આપ્યાં એટલું છતાં એ ઓછું જણાતાં ભગવાન્ સ્વયં એના દ્વારપાળ થયા. જેણે શરીર, ધન, નિર્મળ, અચળ ભક્તિ ઈશ્વરમાં અર્પણ કરેલ છે તે બલિ રાજાએ ભગવાનને છેતર્યા છે કેમકે એટલું કર્યું એના બદલામાં ભગવાને પોતાનું સ્વરૂપ બલિને આપી દીધું; આ હકીકત આ અધ્યાયમાં આવશે.

**એવં વિપ્રકૃતો રાજન્ બલિર્ભગવતાસુરઃ ।।**
**વિદ્યમાનોઽપ્યભિન્નાત્મા પ્રત્યાહાવિક્લવં વચઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે રાજન્! ભગવાને એ પ્રમાણે બલિનું અનિષ્ટ કર્યું અને એમ કરીને એની ભક્તિમાં ભેદ પાડવાનો પ્રયત્ન કર્યો તો પણ અખંડિત રહ્યો. એ બેધડક રહી ભગવાનને કહેવા લાગ્યો ।।૧।।

''હે દેવશ્રેષ્ઠ! હે ઉત્તમ કીર્તિવાળા! આપ મારા વાક્યને ખોટું માનતા નહિ. એ વચન તમને છેતરનારું ન થાય તેમ હું એને ખરું પાડું છું આપ ત્રીજું પગલું મારા મસ્તક ઉપર ધરો'' ।।૨।।

હું મારા સ્થાનથી પડું, નરકમાં જાઉં, દોરડાથી બંધાઉં કે નાશ ન પામે તેવા અપાર દુઃખમાં આવી પડું પણ તેથી હું ડરતો નથી; હું તો આ ખરાબ છે એવા અસાધુવાદથી (અપકીર્તિથી) ડરું છું ।।૩।।

લાયકમાં લાયક પુરુષ મને જે દંડ આપે તેને હું શ્રેષ્ઠ ગણું છું કેમકે એવો દંડ તો માતા, પિતા, ભાઈ કે મિત્રો પણ આપી શક્યા નથી ।।૪।।

ખરેખર તમે અમારા જેવા અસુરોના પરોક્ષ ગુરુ છો કેમકે અનેક મદમાં આન્ધળા થયેલા છીએ તેઓને મોટાઈથી પાડી આપે અમારી આંખો ઉઘાડી છે ।।૫।।

આપની સાથે વેર બાંધીને એકલા યોગીઓ જ જે સિદ્ધિને મેળવી શકે તેવી સિદ્ધિઓ કેટલાક દૈત્યો મેળવી શકયા છે ।।૬।।

અદ્ભુત કર્મવાળા એવા આપે મને કેદ કરી વરુણનાપાશથી બાંધ્યો છે એમાં હું કાંઈ દુઃખ કે શરમ જેવું માનતોનથી।૭।।

મારા પિતામહ પ્રહ્‌લાદ આપના ભક્ત છે. એમની સાધુતા સુપ્રસિદ્ધ છે. એમને આપના શત્રુ અને એના પિતા હિરણ્યકશિપુએ અનેક પ્રકારનાં વિચિત્ર દુઃખ આપ્યાં તો પણ એમણે પણ આપને જ પુરુષાર્થ રૂપ માન્યાં. એણે આપના ચરણ સિવાય બીજું કાંઈ સ્વીકાર્યું નહિ ।।૮।।

આ શરીર અન્તે જીવથી છૂટું પડનાર છે. વળી સ્વજન નામના ચોર આપણી દોલતને હરી લેનારા છે. સ્ત્રી તો અહન્તા-મમતાના કારણ રૂપ છે. ઘર આયુષ્યને નાશ કરવાનું સાધન છે. આમ દેહ, પુત્ર, સ્ત્રી, ઘર વગેરે કોઈ જીવનું ભલું કરનાર નથી ।।૯।।

આવો નિશ્ચય કરીને મારા પિતામહ, ભક્તશ્રેષ્ઠ, અગાધ જ્ઞાનવાળા, સંસારથી

ગભરાયેલા પ્રહ્‌લાદજી જો કે આપ દૈત્યકુળના નાશક હતા છતાં નિર્ભય એવા આપના નિત્ય પુરુષાર્થરૂપ ચરણને પ્રાપ્ત થયા ।।૧૦।।

મારા પિતામહની પેઠે મારા શત્રુરૂપ આપની પાસે દૈવવડે પહોંચ્યો છું. આપે મારી લક્ષ્મી છોડાવી છે. જીવ આજીવિત કાલની સમીપમાં પહોંચી જાય ત્યાં સુધી એ લક્ષ્મી હું કાળની નજીકમાં આવ્યો છું એવું જ્ઞાન સુદ્ધાં થવા દેતી નથી. લક્ષ્મીના મદથી એ એમ જ માને છે કે હું મારવાનો જ નથી. તેથી એ જતા આયુષને જોઈ શકતા નથી. આપે મને એ લક્ષ્મીથી છૂટો કર્યો એમાં હું આપનો અનુગ્રહ માનું છું ।।૧૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે કુલશ્રેષ્ઠ! બલિ રાજા આ પ્રમાણે બોલી જ રહ્યા હતા તેટલામાં પૂર્ણિમાનો ચન્દ્ર ઊગે તેમ ભગવાનના ભકત પ્રહ્‌લાદ ત્યાં આવી પહોંચ્યા ।।૧૨।।

એમનું શરીર દિવ્ય સૌન્દર્યવડે શોભતું હતું. એમનાં નેત્રકમળ સરખાં હતાં. એમણે શુદ્ધ પીતામ્બર ધારણ કર્યું હતું. અંજનના જેવી કાન્તિવાળા એમના લાંબા બાહુ ગોઠણ સુધી પહોંચતા હતા. એમને ત્યાં પધારેલા જોઈ બલિના નેત્રમાં અશ્રુબિન્દુ આવી ગયાં અને એ નીચું મુખ રાખી કાંઈક શરમાયો અને બંધનમાં હોવાથી પહેલાના જેવી બીજી પૂજા તો એ ન કરી શક્યો પણ એણે કેવળ પોતાનું મસ્તક નમાવ્યું ।।૧૩-૧૪।।

પ્રહ્‌લાદજીએ સુનન્દ, નન્દ આદિ પાર્ષદો થી સેવાતા ભગવાન્ વામનજીનાં દર્શન કર્યાં કે તરતજ મોટા મનવાળા થઈ રોમ પુલકથી આકુળ થઈ પૃથ્વીઉપર મસ્તક નમાવી દંડવત્ પ્રણામકર્યા ।।૧૫।।

**પ્રહ્‌લાદજી બોલ્યા :** આપે જ આ બલિને ત્રણ લોકનું રાજ્ય આપ્યું હતું તે આપે આજે પાછું લઈ લીધું એ પણ સારું કર્યું. લક્ષ્મી આત્માને મોહ પમાડનારી છે તેનાથી એને છૂટો કર્યો તેથી આપે એના ઉપર મોટો અનુગ્રહ કર્યો છે એમ હું માનું છું ।।૧૬।।

વિદ્વાન પણ લક્ષ્મીથી મોહ પામે છે તે પછી લક્ષ્મી હોય ત્યાં કયો પુરુષ આત્માના સ્વરૂપને સમજી શકે? માટે મારા પૌત્ર ઉપર અનુગ્રહ કરનાર, જગતના ઈશ્વર અને અખિલ લોકના સાક્ષી આપ શ્રીનારાયણ ભગવાનને મારા નમસ્કાર હો ।।૧૭।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ત્યાર પછી બે હાથ જોડીને ઊભેલા પ્રહ્‌લાદનાં સાંભળતાં મધુસૂદન ભગવાનને ભગવાન્ બ્રહ્માજી કંઈક કહેવા માગતા હતા ।।૧૮।।

પરન્તુ એટલામાં જ પોતાના પતિને બંધાયેલા જોઈને બલિની સ્ત્રી વિન્ધ્યાવલી ભયભીત બની ગઈ અને બે હાથ જોડીને નીચું મુખ રાખી ભગવાનને નમન કરી કહેવા લાગી ।।૧૯।।

**વિન્ધ્યાવલીએ કહ્યું :** હે પ્રભો! આ ત્રણ લોકની રચના આપે આપની ક્રીડામાટે જ કરી છે. તેમાં કુબુદ્ધિવાળા બીજા લોકો પોતાની સત્તા દાખલ કરવા જાય છે તેથી જ વસ્તુ પોતાની નહિ છતાં એમાં પોતાનો હક્ક કરે છે. એવા લોકો લાજ વગરના હોય એમ જણાય છે. વળી અમે આ વસ્તુના માલિક છીએ એવું અભિમાન તમે જ કરાવો છો તેથી એ પોતનાથી કોઈ મોટો છે એવું જોતા નથી. એવું તો અહીં કાંઈ જ નથી. જગતના કર્તા અને સંહર્તા આપ જ છો. તેથી એ આપને કાંઈ આપવાને સમર્થ નથી પણ આપની વસ્તુમાં મમતા કરી કાંઈ આપને હાનિ પહોંચાડે તે હાનિ પણ આપને થતી નથી. (તેથી જ બલિ રાજાએ ત્રણ લોકમાં અભિમાન કર્યું હવે એણે આત્મનિવેદન કર્યું છે તો એના ઉપર અનુગ્રહ કરો. આત્મનિવેદકને બન્ધન ન ઘટે) ।।૨૦।।

**બ્રહ્માજીએ કહ્યું :** હે પ્રાણિમાત્રને ઉત્પન્ન કરનાર! હે પ્રાણિઓ ઉપર સત્તા ચલાવનાર! દેવના દેવ, જગદ્રૂપ, આનું સર્વસ્વ આપે લીધું તેથી એ હવે બંધનને લાયક નથી એથી તેને છોડી દો ।।૨૧।।

આણે પોતાની સમ્પૂર્ણ ભૂમિ અને પુણ્ય કર્મથી ઉપાર્જિત સ્વર્ગ આદિ લોક, પોતાનું સર્વસ્વ તથા આત્મા સુદ્ધાં આપને સમર્પિત કરી દીધાં છે અને આમ કરતી વખતે એની બુદ્ધિ સ્થિર રહી છે, ધૈર્યથી ડગ્યો નથી ।।૨૨।।

જે માણસ જલવડે કે ધરોનાં અંકુરથી આપની પૂજા કરે છે તેને પણ આપ ઉત્તમ ગતિનું દાન કરો છો તે આ બલિએ તો આપને ત્રણ લોક આપી દીધા તેને દુઃખ કેમ થવું જોઈએ? ।।૨૩।।

**શ્રીવામનજીએ કહ્યું :** હે બ્રહ્મન્! હું જેની ઉપર અનુગ્રહ કરું છું તેનું દ્રવ્ય ખેંચી લઉં છું. જે પૈસાના મદથી લોકાભિમાની તથા અનમ્ર થઈ જાય છે તે લોકનું તેમ જ મારું અપમાન કરે છે ।।૨૪।।

જીવ પોતાનાં કર્મોવડે આ સંસારમાં ફરતો અનેક પ્રકારના દેહને બદલે છે અને પરાધીન થઈને પોતાની મરજી પ્રમાણે શરીર લઈ શકતો નથી પણ પોતાનાં કર્મોવડે

જ પુરુષ શરીરમાં આવે છે ।।૨૫।।

એમાં ઉત્તમ કુળમાં જન્મ, ઉત્તમ કર્મ, સુન્દર રૂપ, વિદ્યા, ધન અને ઐશ્વર્ય હોવા છતાં જો એને ગર્વ ન થાય તો મારો એની ઉપર અનુગ્રહ છે એમ સમજવું ।।૨૬।।

ઉપર ગણાવ્યાં એ જન્મ-કર્મ આદિ, અભિમાન અને જડતા ઉત્પન્ન કરે છે. એ બધાં શ્રેયના પ્રતિબન્ધક છે. પરન્તુ એમાં મારા ભકતને મોહ થતો નથી તેથી હું એને સમ્પત્તિ વગેરે આપું છું પણ અભકતનો તો એ નાશ કરે છે તેથી એની સમ્પત્તિ હરી લઉં છું ।।૨૭।।

આ બલિ દૈત્ય અને દાનવો નો અગ્રેસર થશે, બન્ને કુલોની કીર્તિને વધારશે. તેણે અજેય માયાને જીતી લીધી છે. તેથી જ એ આટલા દુઃખમાં પણ મોહ પામ્યો નહિ ।।૨૮।।

પૈસા ગયા, સ્થાનભ્રષ્ટ થયો, શત્રુએ કેદ કર્યો, જ્ઞાતિએ છોડી મૂકયો અને એને બહુ દુઃખ આપ્યું, ગુરુએ તિરસ્કાર કર્યો, શાપ આપ્યો, છતાં એણે પોતાનું સત્ય છોડ્યું નહિ. મેં કપટવડે એને ધર્મ કહ્યો પણ એણે પોતાની સાચી વાત છોડી નહિ ।।૨૯-૩૦।।

તેથી હું એને દેવોને પણ ન મળે તેવું સ્થાન આપું છું. આ બલિ રાજા સાવર્ણિ મન્વન્તરમાં મારો પરમ ભકત ઈન્દ્ર થશે ।।૩૧।।

ત્યાં સુધી વિશ્વકર્માએ બનાવેલા સુતળ લોકમાં એ રહેશે. ત્યાં મન કે શરીરનું દુઃખ હોતું નથી; આળસ, થાક, બહારના તથા અન્દરના શત્રુઓથી પરાજય અને કોઈ પ્રકારના વિઘ્નો ત્યાં રહેનારાને સતાવતાં નથી કારણ કે તેમના ઉપર મારી કૃપા દૃષ્ટિ કાયમ છે ।।૩૨।।

(બલિને સમ્બોધન કરીને) હે મહારાજ ઈન્દ્રસેન! તું જા તેરું કલ્યાણ થાઓ. સ્વર્ગના લોકો પણ એ સુતળની પ્રાર્થના કરે છે પણ તેમને એ મળતું નથી. ત્યાં તારા કુટુમ્બ સહિત જઈને રહે ।।૩૩।।

મોટા-મોટા લોકપાલ પણ તારો પરાભવ નહિ કરી શકે તો બીજા તો શું જ કરી શકે? તારા હુકમનું અતિક્રમણ કરનારને મારું ચક્ર મારી નાખશે ।।૩૪।।

હું તારા નોકરો અને તારા પરિકર સહિત તારી રક્ષા કરીશ. હે વીર! તું ત્યાં મને તારી પાસે જ જોઈ શકીશ ।।૩૫।।

**તત્ર દાનવદૈત્યાનાં સંગાત્ તે ભાવ આસુરઃ ।।**
**દુષ્ટ્વા મદનુભાવં વૈ સદ્યઃ કુંઠો વિનંક્ષ્યતિ ।।૩૬।।**

ત્યાં રહેતા દૈત્યો અને દાનવો ના સંગવડે તારો આસુરભાવ મારા પ્રતાપના દર્શન માત્રથી ઓછો થતો-થતો ધીમેથી નાશ પામશે ।।૩૬।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (ત્રીજા સ્વોકત નિર્વાહ પ્રકરણનો આઠમો) ''ભગવાન્ બલિ ઉપર પ્રસન્ન થયા એને સુતળમાં મોકલ્યો અને પોતે એના દ્વારપાળ થયા'' નામનો બાવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઈદં નામાત્મકં ભગવતો રૂપં તત્ સ્વવિક્રેતરી વિક્રયાતિરિક્તં ફલં ન પ્રયચ્છતિ**
ભગવાનના નામાત્મક સ્વરૂપ ભાગવતને (કથાની દક્ષિણા, પોથીભેટ વગેરે રીતે) વેચનારને તે વેચાણના બદલામાં મળતાં દાન-દક્ષિણાથી વધુ બીજું કંઈ પણ ફળ આપતું નથી. **(શ્રીમહાપ્રભુજી)**

## અધ્યાય ૨૩

## બલિરાજા સુતળમાં ગયા

**વિશેષ :** બલિરાજા પોતાના પિતામહ પ્રહ્લાદજીની સાથે સુતળમાં ગયા ત્યારે વામન ભગવાન્ સ્વર્ગ પધાર્યા. પ્રથમની જેમ ઈન્દ્રને અભિનન્દન આપ્યું એટલી વાત આ અધ્યાયમાં આવે છે.

**ઈત્યુકતવન્તં પુરુષં પુરાતનં મહાનુભાવોઽખિલસાધુસમ્મતઃ ।।**
**બદ્ધાંજલિર્બાષ્પકલાકુલેક્ષણો ભક્ત્યુદ્ગલો ગદ્ગદયા ગિરાબ્રવીત્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** મોટા અનુભવવાળા અને ભક્તોમાં માનવાયોગ્ય બલિરાજાએ હાથ જોડ્યા અને ભક્તિથી ઉત્કંઠિત થઈ નેત્રમાં અશ્રુકલાથી આકુળ રીતે જોતો ગદ્ગદવાણી વડે બોલતો આ પ્રમાણે પુરાણ પુરુષ ભગવાનને કહેવા લાગ્યો ।।૧।।

**બલિ બોલ્યો :** અહો! મેં તો આપને પ્રણામ કરવાનો માત્ર યત્ન જ કર્યો છે તે પણ એ ભક્તના ઈચ્છિત અર્થને આપનાર થયો. આપનો જે અનુગ્રહ લોકપાલો અને દેવો સમ્પાદન કરી શકયા નથી તે પ્રસાદ આપે મારા જેવા નીચ એવા અસુર ઉપર કરી બતાવ્યો છે ।।૨।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! આટલું કહેતાં માત્રમાં તો વરુણનો પાશ બલિને છોડીને ચાલ્યો ગયો અને તે બંધનમુકત થઈ ગયા ત્યારે તેમણે ભગવાન્ બ્રહ્માજી અને શંકરને પ્રણામ કર્યા અને ત્યાર બાદ પ્રસન્નતાપૂર્વક અસુરો સાથે તેણે સુતલ લોક તરફ પ્રયાણ કર્યું ।।૩।।

એવી રીતે ભગવાને સ્વર્ગનું રાજ્ય લઈને ઈન્દ્રને આપ્યું, અદિતિની કામના પૂરી કરી અને સ્વયં ઉપેન્દ્ર બની સમગ્ર જગતનું શાસન કરવા લાગ્યા ।।૪।।

પોતાના પૌત્ર બલિ ઉપર પ્રભુની કૃપા થઈ છે અને એ બંધનમુકત થયો છે એવું સાંભળી **પ્રહ્‌લાદજી**ભક્તિમાં લીન થઈ ગયા અને આ પ્રમાણે **કહેવા લાગ્યાઃ** ।।૫।।

''જેને ચરણે આખું જગત પડે છે તેવા આપ અમારા જેવા અસુરના કિલ્લાના રક્ષક બન્યા; આવી કૃપા તો આપે બ્રહ્માજી, શિવજી કે લક્ષ્મીજી ઉપર પણ કરી જણાતી નથી તે બીજા ઉપર તો કયાંથી જ કરી હોય? ।।૬।।

હે શરણદાતા! આપના ચરણારવિન્દને સેવવાથી બ્રહ્માદિ દેવો આપના વૈભવને ભોગવે છે; પરન્તુ અમે તો કુમતિવાળા છીએ; અસુરની યોનિમાં જન્મ્યા છીએ, છતાં આપે અમને આપની કૃપાદષ્ટિના પાત્ર કેમ બનાવ્યા એનો વિચાર કરતાં જીવમાટે અશકય એવી આપની કૃપાનું જ એ ફળ છે એવું નિશ્ચિત થાય છે ।।૭।।

અમિત યોગમાયાના બળવડે અનાયાસથી આપ સૃષ્ટિને ઉપયોગી સર્વજ્ઞાદિ ગુણોથી યુકત અને વિષમતા નિર્ધુણતા રહિત છો, છતાં આપ ભકતના કલ્પતરુના જેમ મનોરથોને પૂરો છો તો પણ એમાં કલ્પતરુનો દોષ નથી. આપની લીલા વિચિત્ર છે,નિર્દોષ છે.આપ ભકતકામપૂરક હોવા છતાં વિષમ સ્વભાવના નથી ।।૮।।

**શ્રીભગવાન્ બોલ્યા :** વત્સ પ્રહ્‌લાદ! તમારું કુશળ હો. હવે તમે પણ સુતળલોકમાં જાઓ. ત્યાં તમારા પૌત્ર અને જ્ઞાતિજનની સાથે આનન્દ કરો અને જ્ઞાતિને પણ સુખ આપો'' ।।૯।।

ત્યાં તમે નિત્ય ગદા ધારણ કરીને બિરાજનાર મારા સ્વરૂપનાં દર્શન કરશો. મારાં દર્શનના પરમાનન્દમાં મગ્ન રહેવાને લીધે તમારાં સમ્પૂર્ણ કર્મબંધનનો નાશ થઈ જશે ।।૧૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! પ્રહ્‌લાદજીએ હાથ જોડ્યા અને ભગવાનની આજ્ઞા માથે ચડાવીને ''જેવી આપની આજ્ઞા'' એમ કહીને અસુરસેનાના પતિ એવા એમણે પ્રણામ કર્યા અને એમના કહેવાથી બલિ રાજાની સાથે સુતળમાં ગયાં ।।૧૧-૧૨।।

હે રાજન્! ત્યારે બ્રહ્મવાદીઓની સભામાં ઋત્વિજોની સાથે બેઠેલા શુક્રાચાર્યજીને ભગવાને પોતાની નજીક બોલાવ્યા અને એમને કહ્યું :''હે બ્રહ્મન્! આપના શિષ્યના યજ્ઞમાં જે કાંઈ રહી ગયું હોય તે પૂરું કરો. જે કાંઈ કર્મમાં રહી ગયું હોય તેને બાહ્મણની દૃષ્ટિ માત્રથી પૂર્ણતા મળે છે. સર્વ કોઈ અનુષ્ઠાનથી પૂર્ણતા મેળવી શકે છે, પણ બ્રાહ્મણની દૃષ્ટિ એવી છે કે જેની ઉપર એ પડે તેના સ્વરૂપ કેવળ દૃષ્ટિ માત્રથી સિદ્ધ કરી આપે છે'' ।।૧૩-૧૪।।

**શુક્રાચાર્યજી બોલ્યા :** હે ભગવન્! જેણે પોતાનાં સમસ્ત કર્મ સમર્પિત કરી દરેક પ્રકારે યજ્ઞેશ્વર, યજ્ઞપુરુષ આપની પૂજા કરી છે તેવા બલિ રાજાના કર્મમાં કોઈ ત્રુટિ, વિષમતા કેવી રીતે રહી શકે? ।।૧૫।।

કારણ કે મન્ત્રોની, અનુષ્ઠાનપદ્ધતિની, દેશ, કાલ, પાત્ર અને વસ્તુની બધીય ભૂલો આપના નામના સંકીર્તનમાત્રથી સુધરી જાય છે. આપનું નામ બધીજ ત્રુટિઓને પૂર્ણ કરી દે છે ।।૧૬।।

તો પણ હે અનન્ત! આપની આજ્ઞા પ્રમાણે હું કરીશ. મનુષ્યમાટે સૌથી મોટું શક્તિશાળી કલ્યાણસાધન એ જ છે કે તે આપની આજ્ઞાનું પાલન કરે ।।૧૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે ભગવાનની આજ્ઞા લઈને શુક્રાચાર્યે બલિ રાજાના યજ્ઞમાં જે કંઈ અધૂરું હતું તે બ્રહ્મર્ષિઓની સહાયતાથી પૂર્ણ કર્યું ।।૧૮।।

એવી રીતે વામનજીએ બલિ રાજા પાસેથી પૃથ્વીની ભિક્ષા માગીને, સ્વર્ગનું રાજ્ય વગેરે જે શત્રુઓ લઈ ગયા હતા તે લઈ પોતાના મોટાભાઈ ઈન્દ્ર (મહેન્દ્ર) ને આપ્યું ।।૧૯।।

ત્યાર પછી પ્રજાપતિઓના પતિ બ્રહ્માજીએ દેવર્ષિ, પિતૃ, મનુ વગેરે રાજાઓ, દક્ષ, ભૃગુ, અંગિરા વગેરે ઋષિઓ અને સનત્કુમારો, શિવજી એ બધાની સાથે મળીને કશ્યપ અને અદિતિને પ્રસન્ન કરવામાટે તથા સર્વ પ્રાણીઓની આબાદીમાટે સમસ્ત લોક અને લોકપાલો ના સ્વામીરૂપે વામન ભગવાનનો અભિષેક કરી દીધો।।૨૦-૨૧।।

વેદના, સર્વ દેવના, ધર્મના, યશના અને લક્ષ્મીના પતિ પણ વામનજીને માન્યા; તથા મંગળ વ્રત, સ્વર્ગ અને મોક્ષ ના પણ ઉપેન્દ્ર ભગવાનને પતિ બનાવ્યાં. હે રાજન્! ત્યારે પ્રાણી માત્ર બહુ રાજી થયાં ।।૨૨-૨૩।।

ઈન્દ્રે વામનજીનો સત્કાર કર્યો અને બ્રહ્માજીની અનુમતિથી લોકપાલોની સાથે ઈન્દ્ર વિમાનને માર્ગે વામનજીને સૌથી આગળ બિરાજાવી સ્વર્ગમાં પધરાવી ગયા

।।૨૪।।

ઈન્દ્રને એક તો ત્રણ ભુવનનું રાજ્ય મળ્યું અને બીજાું વામન ભગવાન્ (ઉપેન્દ્ર) ના ભુજથી રક્ષણ પણ મળ્યું તેથી એ ભયમુકત થયા અને પરમ શોભા અને લક્ષ્મી વડે આનન્દ કરવા લાગ્યા ।।૨૫।।

હે નૃપ! બ્રહ્મા, શિવજી, સનત્કુમારો, ભૃગુ વગેરે મુનિઓ, પિતૃઓ, બધા ભૂતો, સિદ્ધો, બીજા બધા જે વિમાનમાં આવેલા તે ભગવાન્ વામનના અત્યન્ત મહાન અને અદ્‌ભુત ચરિત્રનું ગાન કરતા-કરતા પોત પોતાના લોકમાં ગયા અને બધાએ અદિતિની ભારે પ્રશંસા કરી ।।૨૬-૨૭।।

હે કુળનન્દન! મેં તમને શ્રોતાઓના બધાં પાપને દૂર કરનાર ઉરુક્રમ ભગવાનની આ બધી લીલા કહી સંભળાવી ।।૨૮।।

આ પૃથ્વીના પરમાણુને ગણી શકાય તો ભગવાનના ચરિત્રનો પાર પામી શકાય. એ પુરુષના મહિમાના પારને પામેલો હોય તેવો મનુષ્ય હજાુ થયો નથી એમ મન્ત્રને જોનાર વસિષ્ઠાદિ ઋષિઓ કહે છે ।।૨૯।।

દેવોના આરાધ્યદેવ ભગવાન્ અદ્‌ભુતકર્મવાળાછે. તેમનું ચરિત્ર સાંભળનાર પુરુષ પરમ ગતિપામેછે ।।૩૦।।

**ક્રિયમાણે કર્મણીદં દૈવે પિત્ર્યેથ માનુષે ।।**
**યત્ર યત્રાનુકીર્ત્યેત તત્તેષાં સુકૃતં વિદુઃ ।।૩૧।।**

જ્યારે દેવ સમ્બન્ધી, પિતૃ સમ્બન્ધી કે મનુષ્ય સમ્બન્ધી કર્મ થતું હોય ત્યારે જો આ કથાનું કીર્તન કરવામાં આવે તો એ કાર્ય સફલતાપૂર્વક સિદ્ધ થાય છે એવો મોટા-મોટા મહાત્માઓનો અનુભવ છે ।।૩૧।।

**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં(ત્રીજા સ્વોકત નિર્વાહ પ્રકરણનો નવમો) ''બલિરાજા સુતળમાં ગયા'' નામનો ત્રેવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

(ફંડફાળા-મૃતકોદ્ધાર-આજીવિકા વગેરે) કોઈ પણ પ્રકારના (લૌકિક-પારલૌકિક સ્વાર્થ-પરાર્થ)હેતુ વિના ભક્તિભાવથી આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો. દક્ષિણા લઈને કથા કરનારના મનોભાવ ગટરના પાણી જેવા ગંધારા જાણી તેનો સંગ છોડવો.

# ચોથું મત્સ્યાવતાર પ્રકરણ
# અધ્યાય ૨૪
# ભગવાને મત્સ્યનું રૂપ ધરી સત્યવ્રતની રક્ષા કરી

**વિશેષ :** ભગવાન્ મત્સ્યાવતારના પ્રસંગની કથા આ અધ્યાયમાં કહેવામાં આવે છે. એમણે મહાસમુદ્રમાં સત્યવ્રતની રક્ષા કરી એ આ લીલામાં કહેવાનું છે. નાના-નાના રૂપમાં મોટું-મોટું રૂપ દેખાડતા ભગવાન્ મત્સ્ય વામનજીનું અનુકરણ કરે છે. રાજા જેમ-જેમ પૂછે છે તેમ-તેમ ભગવાન્ સ્વરૂપ વિસ્તારતા જાય છે.

**ભગવન્ શ્રોતુમિચ્છામિ હરેરદ્ભુતકર્મણઃ ।।**
**અવતારકથામાદ્યાં માયામત્સ્યવિડમ્બનમ્ ।।૧।।**

**રાજાએ પૂછ્યું :** હે ભગવન્! અદ્ભુત કર્મ કરનાર ભગવાને કપટવડે એકવાર મત્સ્યનું અનુકરણ કર્યું, ભગવાનના એ પહેલા અવતારની કથા સાંભળવાની મારી ઇચ્છા છે ।।૧।।

એક તો મત્સ્યની યોનિ તો લોકમાં નિન્દ્ય છે અને કેવળ બીજું તમોગુણી અને અસહ્ય પરતન્ત્રતાથી યુકત પણ છે એવું રૂપ સર્વશક્તિમાન્ સાક્ષાત્ ભગવાને કેમ ધારણ કર્યું? ।।૨।।

હે ભગવન્! મહાત્માઓના કીર્તનીય ભગવાનનું ચરિત્ર સર્વને સુખ કરનાર છે તે એ બધી લીલા જે પ્રમાણે કરી હોય તે યથાર્થ (અથથી ઇતિ) અમને કૃપા કરીને કહો ।।૩।।

**સૂતજી બોલ્યા :** હે શૌનકાદિ ઋષિઓ! જ્યારે પરીક્ષિતે શ્રીશુકદેવજીને એમ પૂછ્યું ત્યારે ભગવાને મત્સ્યરૂપ ધરી જે કર્યું હતું તે ચરિત્ર કહેવાનો તેમણે આરમ્ભ કર્યો ।।૪।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે પરીક્ષિત! આમ તો ભગવાન્ બધાના એકમાત્ર પ્રભુ છે છતાં ગાય, બ્રાહ્મણ, દેવતા, ભકત, વેદ, ધર્મ અને અર્થની રક્ષા કરવામાટે શરીર ધારણ કર્યા કરે છે ।।૫।।

તે સર્વ શક્તિમાન પ્રભુ વાયુની માફક, નાના-મોટાં કે ઉંચા-નીચા થઈ જતા નથી કારણ કે તે તો વાસ્તવમાં સમસ્ત પ્રાકૃત ગુણોથી રહિત-નિર્ગુણ છે ।।૬।।

કાળે કરીને બ્રહ્માજીને ઊંઘવાની ઇચ્છા થઈ અને નિદ્રા આવી ત્યારે બળવાન હયગ્રીવ નામનો દાનવ બ્રહ્માના મુખમાંથી નીકળેલા વેદને ચોરી ગયો ।।૮।।

સર્વ શક્તિમાન ભગવાન્ શ્રીહરિ એ દાનવેન્દ્રની ચોરી જાણી ગયા. તેથી એમણે મત્સ્યાવતાર લીધો ।।૯।।

હે પરીક્ષિત! એ સમયે 'સત્યવ્રત'નામના ભારે ઉદારઅને ભગવત્પરાયણ રાજર્ષિ કેવળ જલ પીને તપસ્યા કરી રહ્યાહતા ।।૧૦।।

તે આ મહાકલ્પમાં સૂર્યનો પુત્ર હતો તેનું શ્રાદ્ધદેવ નામ હતું. ભગવાને એને મનુનો અધિકાર આપ્યો હતો ।।૧૧।।

એ સત્યવ્રત એક વખત કૃતમાલા નદીના જળમાં તર્પણ કરતા હતા ત્યારે એના બે હાથની અંજલિમાં એક માછલી આવી ગઈ ।।૧૨।।

હે ભારત! પોતાની અંજલિમાં આવેલી માછલીને દ્રવીડ દેશના રાજા સત્યવ્રતે નદીના જળમાં ફરી નાખી દીધી ।।૧૩।।

ત્યારે એ માછલી અત્યન્ત દયાળુ સત્યવ્રતને કહે :''તમે દયાળુ છો. અમે જ્ઞાતિને મારી ખાનાર છીએ. તમે મને મારી નાત સાથે મૂકો છો એ મને ખાઈ જશે તેથી આ નદીના જળમાં પડતાં મને મોટો ભય લાગે છે. આપ દીનવત્સલ છો''।।૧૪।।

એ મત્સ્યના રૂપમાં ભગવાન્ જ હતા. પોતાની ઉપર અનુગ્રહ કરવાને સ્વયં ભગવાને મત્સ્યરૂપ લીધું છે એની સત્યવ્રતને ખબર પડી નહિ તેથી એમણે એ માછલીનું રક્ષણ કરવાનો સંકલ્પ કર્યો ।।૧૫।।

એ માછલીનું અત્યન્ત દીનતાભર્યું વાકય સાંભળીને સત્યવ્રતને દયા આવી અને એને પોતાના લોટાના જળમાં લઈને એ આશ્રમે લઈ આવ્યા ।।૧૬।।

એ માછલી તો એક રાતમાં કમંડલું જેવડી થઈ ગઈ અને કયાંય જગ્યા ખાલી ન જોઈ ત્યારે રાજાને કહેવા લાગી :''એ તમારા કમંડલુંમાં હું બહુ દુઃખથી રહી, પણ હવે એમાં રહી શકીશ નહિ માટે મારે માટે કોઈ મોટું વિશાળ સ્થાન શોધી કાઢો જ્યાં હું સુખે રહી શકું'' ।।૧૭-૧૮।।

રાજાએ એને કમંડલુમાંથી બહાર કાઢી વધારે જળવાળી કોઠીમાં મૂકી તેતો એ બે ઘડીમાં ત્રણ હાથ લાંબી થઈ ગઈ ।।૧૯।।

અને એ બોલી : ''આ જગ્યા મારે માટે પૂરતી નથી. હે રાજન્! હું આમાં સુખથી રહી શકું નહિ તેથી તમારે શરણે આવેલી મને કોઈ વધારે મોટું સ્થાન રહેવાને આપો'' ।।૨૦।।

હે રાજન્! કોઠીમાં હતી તેમાંથી કાઢી એને સરોવરના જળમાં ફેંકી તે તો એ

મત્સ્ય આખા સરોવરને ફરી વળે એવો મોટો થઈ ગયો ।।૨૧।।

''આ જળ મારા સુખરૂપ નથી તેથી જળ સુકાઈ ન જાય તેવા કોઈ મોટા જળાશયમાં મારી રક્ષાનો વિચાર કરી મને એમાં છોડો'' ।।૨૨।।

એમ કહેતાં એને જુદાં-જુદાં જળાશયોમાં નાખવામાં આવ્યો. જે જળાશયમાં એને નાખ્યો તે જળાશય જેવડો તે થઈ ગયો તેથી અન્તે એને સમુદ્રમાં ફેંકવો પડયો ।।૨૩।।

જ્યારે મત્સ્યને સમુદ્રમાં મૂકયો ત્યારે એ બોલ્યોઃ''હે રાજન્! મને અહીં અતિબળવાળા મગર વગેરે ખાઈ જશે માટે હે વીર! તમારે મને અહીં છોડવો ન જોઈએ'' ।।૨૪।।

મત્સ્ય ભગવાનની સુન્દર વાણી સાંભળી રાજા મુગ્ધ થઈ જઈ બોલ્યાઃ''મત્સ્યરૂપવડે મને મોહિત કરનાર આપ કોણ છો? ।।૨૫।।

અમે આવડું જળચર પ્રાણી કદી દીઠું નથી કે સાંભળ્યું નથી. આપે એક જ દિવસમાં તો સો યોજન લાંબા તળાવને ઘેરી લીધું ।।૨૬।।

માટે આપ તો સાક્ષાત્ સર્વ શક્તિમાન, સર્વાન્તર્યામી, અવિનાશી શ્રીહરિ જ છો, પરન્તુ જીવો ઉપર અનુગ્રહ કરવાને જળચર રૂપ ધારણ કર્યું છે ।।૨૭।।

હે પુરુષોત્તમ! આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ના સ્વામી છો. આપને હું નમસ્કાર કરું છું. હે પ્રભો! એમ શરણાગત ભકતોમાટે આપ જ આત્મા અને આશ્રય છો ।।૨૮।।

જો કે આપના બધા લીલા-અવતાર પ્રાણીઓના કલ્યાણમાટે જ હોય છે તો પણ હું એ જાણવા ઈચ્છું છું કે આપે આ રૂપ કયા ચોક્કસ હેતુમાટે ધારણ કર્યું છે ।।૨૯।।

હે કમલનયન પ્રભો! જેવી રીતે દેહ વગેરે અનાત્મ વસ્તુઓમાં મમતાનું અભિમાન કરનાર સંસારી પુરુષોનો આશ્રય વ્યર્થ હોય છે તેવી રીતે આપના ચરણોનો આશ્રય તો વ્યર્થ થઈ નથી શકતો કારણ કે આપ બધાના નિઃસ્વાર્થ પ્રેમી, પરમ પ્રિયતમ અને આત્મા છો આપે અત્યારે જે રૂપ ધારણ કરીને અમને દર્શન આપ્યાં છે તે અદ્‌ભુત છે ।।૩૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે પરીક્ષિત! ભગવાન્ પોતાના અનન્ય પ્રેમી ભકતો ઉપર ખૂબ પ્રેમ રાખે છે. જ્યારે જગત્પતિ મત્સ્ય ભગવાને પોતાના પ્રિય ભકત

રાજર્ષિ સત્યવ્રતની આ પ્રાર્થના સાંભળી ત્યારે તેનું પ્રિય અને હિત કરવાને માટે, સાથે કલ્પના અંતે થતા પ્રલય સમયના સમુદ્રના વિહાર કરવામાટે તેનેકહ્યું: ।।૩૧।।

**શ્રીભગવાને કહ્યું** : હે અરિન્દમ! આજથી ગણતાં સાતમે દિવસે પ્રલયના સમુદ્રમાં ભુર્, ભુવર્ અને સ્વર્ એ ત્રણ લોક જળમાં ડૂબી જશે ત્યારે મારી પ્રેરણાથી એક વિશાળ નાવ તારી પાસે આવી લાગશે. તું બધી ઔષધિઓ અને નાનાં-મોટા બીજને લઈ સપ્તર્ષિઓને સાથે સર્વ સત્ત્વજીવોને પણ સાથે લઈને એ નાવમાં ચઢી બેસજે અને ઋષિના તેજવડે તું એ નાવમાં એકલો ફરજે. જ્યારે નાવ વાયુને લીધે ડોલવા માંડે ત્યારે આ જ રૂપમાં ત્યાં હું આવી જઈશ અને તું એને મારા શિંગડાં સાથે વાસુકિ નાગનું દોરડું કરી એનાથી બાંધી દેજે ।।૩૨-૩૬।।

હું ઋષિઓની સાથે તારી નાવને મોટા સમુદ્રમાં લઈ જઈશ અને જ્યાં સુધી બ્રહ્માની રાત્રિ રહેશે અને એમની ઊંઘ નહિ જાય ત્યાં સુધી હે પ્રભો! હું સમુદ્રમાં સફર કરીશ ।।૩૭।।

મારા અનુગ્રહથી જે પરબ્રહ્મરૂપ મારું માહાત્મ્ય છે તેને તું જાણીશ. પણ એ સારી રીતે પ્રશ્ન કરવાથી અને હૃદયારૂઢ થવાથી જણાશે'' ।।૩૮।।

એ પ્રમાણે રાજાને આજ્ઞા કરીને પ્રભુ અન્તર્ધાન થઈ ગયા. હૃષીકેશ ભગવાને જે સમયની વાટ જોવાની આજ્ઞા કરી હતી તે સમયની રાજા વાટ જોતા રહ્યા ।।૩૯।।

દર્ભોનો અગ્રભાગ પૂર્વ તરફ રાખીને રાજર્ષિ સત્યવ્રત એના ઉપર પૂર્વોત્તર મુખથી બેસી ગયા અને મત્સ્યરૂપી ભગવાનના ચરણનું સ્મરણ કરવા લાગ્યા ।।૪૦।।

એટલામાં સમુદ્રમાં મોટાં મોજાં આવવા લાગ્યાં તેથી સમુદ્ર વધ્યો અને પૃથ્વી જળમાં ઢંકાવા લાગી ।।૪૧।।

ભગવાનની આજ્ઞાનું સ્મરણ કર્યું અને રાજાએ નાવ આવતી જોઈ. નાવ જોઈને ઋષિઓ વગેરેને લઈ એમાં રાજા પણ ગોઠવાઈ ગયા ।।૪૨।।

મુનિઓએ પ્રસન્ન થઈને રાજાને કેશવનું ધ્યાન કરવાનું કહ્યું. એમણે કહ્યું કે ''આપણે બેઠા છીએ તેમને સંકટથી બચાવી સુખને આપનાર એ કેશવ છે. એનું ધ્યાન ધરવું એ આપણું કર્તવ્ય છે'' ।।૪૩।।

જ્યારે રાજાએ ભગવાનનું ધ્યાન ધર્યું ત્યારે મત્સ્યના રૂપમાં ભગવાન્ મહાસમુદ્રમાં પ્રકટ થયા. એમને એક શિંગડું હતું. ભગવાન્ મત્સ્ય સુવર્ણમય અને દશ લાખ યોજન લાંબા દેખાયા ।।૪૪।।

ભગવાને પ્રથમ આજ્ઞા કરી હતી તે પ્રમાણે રાજાએ નાવને એ ભગવાનના શિંગડામાં વાસુકિરૂપી દોરડાથી બાંધી અને પછી મત્સ્ય ભગવાનની પોતે સ્તુતિ કરવા લાગ્યા ।।૪૫।।

**સત્યવ્રત બોલ્યા :** લોકોનું જ્ઞાન અનાદિ અવિદ્યાવડે નાશ પામ્યું છે. તેઓ અજ્ઞાનથી ઉત્પન્ન થતા આ સંસારમાં જન્મ-મરણરૂપ ક્લેશથી હેરાન-હેરાન થયા કરે છે, પરન્તુ જ્યારે દૈવથી તેઓ ભગવાનના અનુગ્રહ અને આશ્રય ને પ્રાપ્ત થાય છે ત્યારે એને મુક્તિ મળી શકે છે. તે મુક્તિદાતા આપ અમારા પરમ ગુરુ છો।।૪૬।।

અજ્ઞાની મનુષ્ય પોતાના કર્મથી બંધાયેલો હોય છે. સુખની ઈચ્છાથી એ દુઃખ ભોગવીને પણ કર્મ કરે છે, પરન્તુ એ ભગવાનની સેવારૂપી સુખની બુદ્ધિને દૂર કરે છે. હે ભગવન્! અમારા હૃદયમાં રહેલી દેહાભિમાનની ગ્રન્થિને અમારા ગુરુ થઈને કાપી નાખો ।।૪૭।।

સોનું અગ્નિના યોગથી પોતાનામાં રહેલા દોષને છોડી દે છે તેમ પુરુષ પણ ભગવત્સેવાથી મનના મેલરૂપ અજ્ઞાનને છોડીને સ્વસ્વરૂપમાં શોભે છે. છ વિકાર રહિત એવા એ અવિનાશી ઈશ્વર અમારા ગુરુના પણ ગુરુ હો ।।૪૮।।

બીજા દેવો, ગુરુઓ અને સર્વ લોકો મળીને પણ ભગવાનની કૃપાના દશ હજારમાં ભાગ જેટલો કૃપાનો એક અંશ પણ નિરપેક્ષ રીતે કરી શકતા નથી તે ભગવાનના શરણને હું પ્રાપ્ત થયો છું ।।૪૯।।

જેમ આંખ વિનાનો માણસ આંધળાને દોરે તે પ્રમાણે મૂર્ખ ગુરુ અને અજ્ઞાની ચેલાનો સમ્બન્ધ હોય છે. જેમ આંધળો નિયત સ્થાન પર પહોંચાડી શકતો નથી તેમ મૂર્ખ ગુરુ અજ્ઞાનીનું શ્રેય કરી શકતો નથી; તેથી સૂર્ય ચન્દ્ર જેમનાં નેત્ર છે તેવા સ્વયં પ્રકાશરૂપ આપને ગુરુ કરી આપનાં સ્વરૂપને જાણવાની ઈચ્છાથી આપને શરણે આવ્યા છીએ ।।૫૦।।

જો માણસ સદ્‌ગુરુને છોડી પ્રાકૃતની સેવા કરે તો એને મોક્ષ સિદ્ધ થતો નથી. માણસ બીજા માણસને પોતાની બુદ્ધિ પ્રમાણે ઉપદેશ આપે છે. પોતે વિષયી હોય તો બીજાને પણ એ પોતાના જેવો કરી દે છે તેથી એ નરકમાં જાય છે, પરન્તુ આપ તો અવિનાશી ફળ આપનાર, સ્વરૂપના ભેદને મટાડનાર જ્ઞાનને આપો છો તેથી એના વડે માણસ ભગવાનના ધામમાં જઈ પહાંચે છે ।।૫૧।।

તમે સર્વ લોકના મિત્ર છો, પ્રીતિપાત્ર છો એના ઈશ્વર છો, આત્મા છો, ગુરુ

છો, જ્ઞાનરૂપ અને ઈચ્છિત સિદ્ધિરૂપ છો. આમ છતાં જેની બુદ્ધિ આંધળી છે તેવો લોક કામનામાં બંધાય છે અને સર્વના હૃદયમાં બિરાજતા આપને જોઈ શકતો નથી ।।૫૨।।

દેવમાં શ્રેષ્ઠ અને વરણીય એવા ઈશ્વરરૂપ આપ અમને ઉપદેશ કરશો એ હેતુથી હું આપને શરણે આવ્યો છું તે સત્ય અર્થથી પ્રકાશતાં વચનોવડે અમારા હૃદયમાં પ્રકાશ કરો'' ।।૫૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** જ્યારે રાજા સત્યવ્રતે આ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે પ્રલયના સમુદ્રમાં વિહાર કરતા મત્સ્યરૂપી ભગવાન્ આદિ પુરુષે તેને આત્મતત્ત્વનો ઉપદેશ કર્યો ।।૫૪।।

એમણે રાજર્ષિ સત્યવ્રતને દિવ્ય મત્સ્ય પુરાણ સમગ્ર કહી બતાવ્યું જેમાં સાંખ્યયોગ અને કર્મયોગ વગેરેનું વર્ણન આવે છે એટલું જ નહિ, પણ જેમાં પોતાની રહસ્ય કથા પણ આવી જાય છે ।।૫૫।।

એવી રીતે ઋષિઓની સાથે નાવમાં બેઠેલા સત્યવ્રતને સન્દેહ રહિત સનાતન બ્રહ્મરૂપ આત્માના સ્વરૂપનો ઉપદેશ કર્યો ।।૫૬।।

જ્યારે પ્રલયનો અન્ત આવ્યો* ત્યારે આ જગતના આરમ્ભમાં બ્રહ્માજી જાગ્યા ત્યારે વેદોને જે હયગ્રીવ ચોરી ગયો હતો તે હયગ્રીવને મારીને એની પાસેથી વેદ લઈને મત્સ્ય ભગવાને બ્રહ્માજીને પાછા સોંપ્યા ।।૫૭।।

**વિશેષ :** આ મત્સ્યાવતાર સમયના પ્રલયને કોઈ ટીકાકાર માયિક પ્રલય છે એમ કહે છે, પણ ખરી રીતે એ નૈમિત્તિક પ્રલય છે. બ્રહ્માનો દિવસ પૂરો થાય અને રાત્રિ આવે ત્યારે રાત્રે બ્રહ્માજી નિદ્રા લે તેટલો સમય પ્રલય રહે તે નૈમિત્તિક પ્રલય કહેવાય. એને માટે પ્રમાણ જોઈએ તો **''કાલેનાગતનિદ્રસ્ય ધાતુઃ શિશયિષોર્બલી।''** ૮।૨૪।૮ **''યાવદ્બ્રાહ્મી નિશા વિભો''** ઈત્યાદિ વાક્યોથી એ નૈમિત્તિક પ્રલય છે એમ સ્પષ્ટ સમજાય છે. ત્યાં વરસાદનું વર્ણન નથી એમ પણ ન કહેવાય **''વર્ષદ્ભિર્મહામેઘૈઃ''** **''સમુદ્રઃ પ્લાવયન્ મહીમ્''** એ વાક્યો વરસાદની સાબિતી આપનારાં છે. કદાચ એવી શંકા અત્રે કોઈ કરે કે પ્રથમ સ્કન્ધમાં **''ચાક્ષુષોદધિસં પ્લવે''** એ વાક્ય છે તેથી એ છઠ્ઠો મન્વન્તર છે તેમાં પ્રલયનો સમ્ભવ નથી એ શંકાને પણ સ્થાન નથી કેમકે મનુઓનો કોઈ નિયત ક્રમ નથી તેથી ચાક્ષુષ પણ અન્તિમ આવે એ સમ્ભવ છે અને એમ હોય તો ચાક્ષુષમાં પણ પ્રલય સમ્ભવે. હવે કોઈ એ શંકા કરે કે પ્રલય થાય ત્યારે પૃથ્વી, ઔષધિ વગેરે પ્રલયથી બચે નહિ કેમકે ત્રણ લોકનો લય થાય એમ

કહેલ છે. એના ઉત્તરમાં કહેવાનું કે ભગવાનની ઈચ્છા સર્વત્ર બળવાન છે તેથી ભગવાન્ જેને બચાવે તે પ્રલયથી પણ બચી શકે.

હવે દ્વાદશસ્કન્ધમાં માર્કણ્ડેય મુનિને માયિક પ્રલય ભગવાને બતાવ્યો હતો તેવો જ આ પ્રલયને માયિક માનો એમ કોઈ કહે એના ઉત્તરમાં કહેવાનું કે ત્યાં તો મૂળ ભાગવત્માં જ માર્કણ્ડેયે આપની માયા જોવા ઉત્કંઠા કરી છે એને ભગવાને પણ એમની મરજી પ્રમાણે માયા બતાવી છે. અહીં એ પ્રમાણે માયિક પ્રલય માનવા જોઈએ તો ઉપર લખ્યાં બધાં પ્રમાણોનો થતો વિરોધ આવે. તેથી મત્સ્યાવતાર સમયે બ્રહ્માજીની રાત્રિએ થતો નિમિત્ત પ્રલય છે એ વાત સિદ્ધ થાય છે. (બાલપ્રબોધિની)

મત્સ્ય ભગવાનનો કૃપાપાત્ર એ સત્યવ્રત રાજા જ્ઞાન અને વિજ્ઞાનયુકત થઈને આ કલ્પમાં એની કૃપાવડે વૈવસ્વત મનુ થયા ।।૫૮।।

રાજર્ષિ સત્યવ્રત અને પોતાની યોગમાયાથી મત્સ્યરૂપ ધરનાર ભગવાનનો આ સંવાદ અને શ્રેષ્ઠ આખ્યાનને સાંભળવા માત્રથી માણસ બધાં પાપથી મુકત થઈ જાય છે ।।૫૯।।

આ ભગવદ્ અવતારનું જે માણસ હંમેશાં કીર્તન કરે છે તેના સર્વ સંકલ્પો સિદ્ધ થાય છે અને એ પરમ ગતિને પ્રાપ્ત થાય છે ।।૬૦।।

**પ્રલયપયસિ ધાતુઃ સુપ્તશકતેર્મુખેભ્યઃ શ્રુતિગણમુપનીતં પ્રત્યુપાદત્ત હત્વ ।।**
**દિતિજમકથયદ્ યો બ્રહ્મ સત્યવ્રતાનાં તમહમખિલહેતું જિહ્મમીનં નતોઽસ્મિ ।।૬૧।।**

પ્રલયના જળમાં બ્રહ્માજીની સર્જન કરવાની બધી શક્તિઓ લુપ્ત થઈ ગઈ હતી એ વખતે એમના મુખમાંથી નીકળેલી શ્રુતિઓ 'હયગ્રીવ' નામનો દાનવ ચોરી ગયો હતો ત્યારે દાનવને મારી સર્વ શ્રુતિઓ બ્રહ્માજીને પાછી આપી અને વેદોના સારરૂપ મત્સ્ય પુરાણરૂપ બ્રહ્મનું દાન બ્રાહ્મણો તેમજ સત્યવ્રતને જેમણે કર્યું હતું તે સમસ્ત જગતના કારણરૂપ લીલાથી મત્સ્ય રૂપ ધરનાર ભગવાનને હું નમું છું ।।૬૧।।


**ઈતિ શ્રીભાગવત અષ્ટમસ્કન્ધમાં (ચોથા મત્સ્યાવતારરૂપ નિર્ગુણ પ્રકરણનો પહેલો-એક જ) ''ભગવાને મત્સ્યનું રૂપ ધરી સત્યવ્રતની રક્ષા કરી'' નામનો ચોવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અષ્ટમસ્કન્ધ સમ્પૂર્ણ

# નવમસ્કન્ધ


## ઈશાનુકથા

### અધ્યાય ૨૪




## પ્રકરણવિભાગાનુસાર સ્કન્ધ ૯

## ઈશાનુકથા



**વિશેષ :** આઠમા સ્કન્ધમાં ચોવીસ અધ્યાયથી સદ્ધર્મ કહેવામા આવ્યો. દુષ્ટ વાસના દૂર થાય ત્યારે સદ્ધર્મનો વિચાર આવે છે. સદ્ધર્મનું આચરણ કરવાથી શુભ વાસનાઓ એટલે કે કૃષ્ણ મારા સ્વામી છે એવી સ્ફૂર્તિ થાય છે. **''વૈષ્ણવત્વં હિ સહજમ્''** એ ન્યાય છે. જ્યારે ભક્તોનો સ્વભાવ જ એવો થાય ત્યારે એને ભક્તિ થાય છે. કૃપાના બે ભેદ છેઃઅધિક અને સામાન્ય. જો પ્રભુની કૃપા અધિક હોય તો એ જીવને ભક્તિનું દાન કરે, જો સામાન્ય હોય તો મોક્ષનું દાન કરે. આ નવમા સ્કન્ધમાં પણ ૨૪ અધ્યાય છે તેમાં ભક્તિનું પ્રતિપાદન છે. ઈશ એટલે ભગવાન્, ભગવાનની પાછળ (અનુ) પાછળ ચાલનાર ભક્ત; એવા ભક્તોની કથા તે **'ઈશાનુકથા'**. જો ભગવાન્માં તાપ રાખીને સેવા કરે તો એના લૌકિક ભાવમાં પણ કૃષ્ણ પ્રવેશ કરે અને લૌકિક ભાવને અલૌકિક બનાવી દે. અધ્યાય સંખ્યાનું તાત્પર્ય પણ એ શબ્દોમાંથી જ નીકળે છે. ભગવાન્ હરિ છે. પુરુષાર્થ બે જાતના છે : દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ. હરિ એટલે દુઃખને હરનાર અને સુખને આપનાર; તેમાં દુઃખ સત્ત્વાદિ ગુણજન્ય હોવાથી ગુણના અવાન્તર નવ ભેદ છે; અને એક પ્રકાર નિર્ગુણનો છે; એમ કુલ દશ ભેદ થયા. વળી એ દશ ભેદવાળા જીવોને જ્ઞાન, કર્મ અને ભક્તિ એમ ત્રણ ભાવથી જોડીએ તો તેર ભેદ થાય; તે એ તેર વેદનો દુઃખને મટાડવામાં વિનિયોગ થાય છે. હવે સુખની પ્રાપ્તિમાટે દશ ઈન્દ્રિયો તથા એક ભગવાન્ એમ અગિયારની અનુકૂળતાએ સુખપ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે પ્રભુના ચોવીશ ગુણો આ નવમસ્કન્ધમાં ચોવીશ અધ્યાયથી થાય છે. અથવા સૂર્ય બાર છે તેથી બાર અધ્યાયથી સૂર્યવંશ વર્ણવ્યો છે અને બાર અધ્યાયથી ચન્દ્રવંશનું વર્ણન કરવામાં આવ્યું છે. આમ ચોવીશ અધ્યાય કહ્યા છે.

અહીં જે ભક્તિ કહી છે તે મરણ પછી મોક્ષ આપનારી છે. જીવતાં સુધી ભગવાનની સાથે રહી લીલાનો આસ્વાદ લેવાનો છે. જ્યારે સાક્ષાત્ રમાપતિ ભૂતળમાં પધાર્યા ત્યારે સ્વરૂપવડે જીવ યશોગાનથી મુક્તિ મેળવે છે. એમાં અહીં સૂર્યવંશથી મર્યાદા અને ચન્દ્રવંશ થી પુષ્ટિલીલા બતાવી છે. પ્રથમ સૂર્યવંશના રાજાઓનું વર્ણન નવ અધ્યાયથી છે. એ રાજાઓ ઉત્તમ, મધ્યમ અને પ્રથમ એવા ભેદથી ત્રણ પ્રકારના છે એનું ત્રણ-ત્રણ અધ્યાયથી વર્ણન આપ્યું છે. જેમ-જેમ ભક્ત દોષરહિત અને શુદ્ધ થાય તેમ-તેમ એનો પ્રતાપ અધિક. એમાં ઉત્તમ કક્ષાના રાજાઓમાં સર્વને મુક્તિ આપવાનું સામર્થ્ય હોય છે; મધ્યમ કક્ષાવાળા રાજાઓ લોક અને વેદ નાં સાધનો દ્વારા મુક્તિનો પ્રયત્ન કરનારા છે અને પ્રથમ કક્ષાવાળા જ્ઞાન અને વૈરાગ્યવાળા છે. સુદ્યુમ્ન, કવિ, શર્યાતિ વગેરે પ્રથમ કક્ષાના છે, નાભાગ, અમ્બરીષ શશાદ વગેરે મધ્યમ કક્ષાના છે અને હરિશ્ચન્દ્ર, સગર, ભગીરથ વગેરે ઉત્તમ કક્ષાના છે. પ્રથમ

અધ્યાયમાં સુદ્યુમ્નની કથા આવે છે તેમાં સ્ત્રીભાવ અને પુરુષભાવ બન્ને છે. બ્રાહ્મણોથી સ્ત્રીત્વ થયું, વિષ્ણુના અનુગ્રહથી પુંસ્ત્વ થયું અને શિવજીએ બન્ને ભાવો સાથે રાખ્યા. એવડે એને વૈરાગ્ય થયું. એ સ્ત્રીત્વ અને પુંસ્ત્વ થી વંશકર્તા થયો; બ્રહ્માજીના મનથી મરીચિ અને મરીચિના પુત્ર કશ્યપ થયા. એમની પત્ની દક્ષપુત્રી અદિતિથી વિવસ્વાન (સૂર્ય)નો જન્મ થયો. વિવસ્વાનની સંજ્ઞા નામની પત્નીથી શ્રાદ્ધદેવ મનુનો જન્મ થયો. શ્રાદ્ધદેવની પત્ની શ્રદ્ધાથી દશ પુત્રો થયા. એમનાં નામ હતાં : ઈક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, કરૂષ, નરિષ્યન્ત, પૃષધ્ર, નાભાગ અને કવિ. પૃષધ્ર શાપ થવાથી હીન થયો. એ જ્ઞાનનો અવતાર હતો. કવિ વૈરાગ્યરૂપ છે, કરૂષ કીર્તિરૂપ છે, ધૃષ્ટ વીર્યરૂપ છે, નૃગ શ્રીરૂપ છે અને નરિષ્યન્ત ઐશ્વર્યરૂપ છે. મરુત્ત ધર્મરૂપ છે એ બધા રાજસ રાજાઓ છે. શર્યાતિ સાત્ત્વિક છે; એ યજ્ઞપ્રર્વતક અને કામપૂરક પણ છે, બ્રહ્માદિના અનુગ્રહવાળો તથા ભગવદ્ભાવવાળો છે. આ પ્રથમ કક્ષાના રાજાઓ છે. અહીં પહેલું અવાન્તર પ્રકરણ પૂર્ણ થાય છે. જો ભક્તિ પોતાનો પ્રભાવ ન બતાવે તો એ ફળરૂપ નહિ પણ ધર્મરૂપ ભક્તિ કહેવાય, જે વળી દેવપ્રસાદ, દેવકૃતત્વ અને દેવપોષણ એવા ત્રણ પ્રકારની છે. એમાં નાભાગ શિવને સન્તોષ આપનાર મન્ત્રદ્રષ્ટા છે. અમ્બરીષ ભગવાનના જેવો જ છે. અક્ષરથી ઉત્તમ કૃષ્ણ છે. એ અમ્બરીષ અક્ષરની વીર્યને હરાવનાર છે. બ્રાહ્મણનો શાપ પણ એને કાંઈ કરી શક્યો નહિ 'અનશન' એ વિષ્ણુને પ્રસન્ન કરનાર વ્રત છે. એમાં એકાદશી મુખ્ય છે. જળપાન કરવું એ જમવા બરાબર તેમજ ન જમવા જેવું પણ ગણાય. એણે બ્રાહ્મણને જમાડ્યા પહેલાં જળપાન કર્યું તેથી એ મધ્યમ કક્ષામાં મુકાયો. બ્રાહ્મણનો શાપ પણ એનો પરાભવ કરી શક્યો નહિ શિવજીનું આધિભૌતિકરૂપ આદિ ત્રણરૂપ છે. દુર્વાસા આધિભૌતિકરૂપ છે. ભગવાનનું સુદર્શન ચક્ર એ શિવજીનું આધ્યાત્મિકરૂપ છે. અને સાક્ષાત્ શંકર તે આધિદૈવિક રૂપ છે. તે તો ભગવાનને વશ છે. દુર્વાસાને બ્રહ્માએ શાપમુક્ત ન કર્યા એનું કારણ એટલું જ કે અમ્બરીષે બ્રાહ્મણોની આજ્ઞાથી જળપાન કર્યુ હતું એટલે બ્રહ્માની સમ્મતિ એમાં આવી ગઈ. શિવ ભગવાનના ભક્ત હોવાથી ભગવાનની ઈચ્છા વિરુદ્ધ ન કરે. ભગવાને એને ના કહી એનું કારણ એ છે કે ભગવાનને પ્રિય એવું એકાદશી વ્રત અમ્બરીષે કર્યું હતું. તેથી ભગવાન્ એની ઉપર પ્રસન્ન હતા. દુર્વાસાને બ્રાહ્મણપણાનો ગર્વ હતો. એક વખતે દુર્વાસાને એના સસરા ગાલવ મુનિ સાથે લડાઈ થઈ અને ગાલવે દુર્વાસાને શાપ આપ્યો કે એક વખત એવો પણ આવશે કે તમારા ગર્વનો નાશ થઈ જશે. એ એમનો ગર્વ છોડાવવો હતો તેથી પણ ભગવાને એમને અમ્બરીષ પાસે મોકલ્યા. બ્રહ્મભાવ કરતાં ભક્તિભાવ ઉત્તમ છે. એમ દેખાડવાનો હેતુ પણ આ આખ્યાનનો છે. એવી રીતે બીજું અવાન્તર પ્રકરણ પૂરું થયું.

ઉત્તમ પ્રકરણમાં પ્રથમ હરિશ્ચન્દ્ર છે. એની ભક્તિ શ્રેષ્ઠ છે એમ કહેવામાટે એનો બાપ ત્રિશંકુ ચાંડાલ હતો એમ કહ્યું છે. કોઈ પૂર્વ દોષથી ચાંડાલપણું આવી પડ્યું હતું. એ હરિશ્ચન્દ્રને ત્રણ ઋણ ઉતારવાની ઈચ્છા થઈ. પુત્રપ્રાપ્તિથી પિતૃઋણથી મુક્ત થવું; એમ કરવાને એણે વરુણ સાથે શરત કરી પુત્ર મેળવ્યો. પણ ભગવાન્ ભક્તને જે આપે તે એણે ભગવાનને જ અર્પણ કરવું જોઈએ એવો ભક્તધર્મ છે. જ્યારે વરુણ દૈત્યોનો રાજા છે. છતાં ભક્ત પુત્રને એ મારી શક્યો નહિ એણે યજ્ઞપશુ તરીકે પુત્ર ખરીદી લીધો તેની પણ ભગવાને રક્ષા કરી. આમાં અભક્તનું હૃદય ક્રૂર હોય છે એ બતાવ્યું છે. સગર રાજા સર્વમાં શ્રેષ્ઠ છે તેના પુત્રોએ સાગર બનાવ્યો છે. તેઓને શ્રેષ્ઠ એટલામાટે ગણવામાં આવ્યા છે કે તેઓએ સાગર બનાવવા રૂપી એક કાયમી લોકોપયોગી કાર્ય કરી બતાવ્યું. એના અંશુમાન, દિલીપ વગેરે થયા તે એના વંશની શુદ્ધિ બતાવનાર થયા. ભગીરથ ગંગાને પૃથ્વી ઉપર લાવ્યા. ગંગાના સ્વરૂપનું વર્ણન પ્રથમ સ્કન્ધમાં કહ્યું છે. ખટ્વાંગ સુધી રાજાઓની કથા કહેવામાં આવી છે. અહીં અવાન્તર ત્રીજું પ્રકરણ પૂરું થયું. ઈશકથા એટલે ભગવાનની કથા. એમાં શ્રીરામચન્દ્રનું પ્રાકટ્ય ત્રણ અધ્યાયથી કહે છે. ત્રીજા અધ્યાયમાં વંશ વર્ણન છે તે પણ ભગવાન્ અને ભક્ત માં ભેદ નથી એમ બતાવવામાટે ઈશકથા નિર્વાહક (નિર્વાહ કરનાર) છે અને ઈશાનુકથા નિર્વાહ્ય છે ઈશાનુકથાનો નિર્વાહ ઈશકથા કરે છે. અવાન્તર ચાર પ્રકરણની સૂચના પણ કરવામાં આવી છે.

બીજું મહાપ્રકરણ અહીંથી શરૂ થાય છે. તેમાં ચન્દ્રવંશ અગિયાર અધ્યાયથી કહેવામાં આવે છે. અત્રિના નેત્રથી ચન્દ્રની ઉત્પત્તિ કરી, આમ તો ચન્દ્રમાં પુષ્ટિમાર્ગીય છે. પણ વિષમતા એનામાં એ આવી ગઈ હતી કે પોતાની બધી પત્નીઓ ઉપર સરખો પ્રેમ રાખવાને બદલે રોહિણી પ્રત્યે તેને પક્ષપાત હતો અને અમાવાસ્યા તથા પૂર્ણિમા નામની પત્નીઓ ઉપર પ્રેમ ન હતો તે વિષમતાને લીધે ચન્દ્રમામાં કલંક છે. પણ આ તો તેનો આગન્તુક (કાયમી નહિ) દોષ છે; વાસ્તવિક સ્વરૂપ તો યજ્ઞરૂપ અને જ્ઞાનરૂપ છે અને તેથી જ તેના કુલમાં બુધ વગેરે મહાનુભાવો થયા છે. અહીં પણ ભક્તના નવ ભેદ કહ્યા છે. એના નવ અધ્યાય અને બે અધ્યાયથી પરશુરામનું ચરિત્ર કહેવામાં આવ્યું છે. એમ અગિયાર અધ્યાયમાં ઈશકથા અને ઈશાનુકથાનું વર્ણન છે. આમાં ચાર અવાન્તર પ્રકરણ છે તે પણ પૂર્વવત્ સમજી લેવાં. બૃહસ્પતિની સ્ત્રી તારા લક્ષ્મીનો અંશ છે, ચન્દ્ર નારાયણનો અંશ છે. એનાથી અત્યન્ત તેજસ્વી બુધ ઉત્પન્ન થયા તેથી જ બૃહસ્પતિએ એ બાળકની ઈચ્છા કરી, નહિ તો બીજાથી સ્વસ્ત્રીમાં થયેલા ગર્ભની ઈચ્છા બૃહસ્પતિ જેવા જ્ઞાની ન કરે તેમજ બધા દેવોએ એ ચન્દ્રનો પુત્ર છે એમ સમ્મતિ આપી તેને સોંપાવ્યો તે બ્રહ્માદિ એને ન સોંપાવે. બુધથી ઈલામાં પુરૂરવા

નામનો પુત્ર થયો. નારાયણના શ્રીઅંગમાંથી ભક્તિરૂપ ઉર્વશી સ્ત્રી શક્તિ પ્રકટ થઈ તેને મિત્રાવરુણનો શાપ થયો તેથી એ મનુષ્યલોકમાં આવી અને તેણે પુરૂરવા સાથે શરતી સહવાસ સ્વીકાર્યો. એને છ સન્તાન થયા તે ઐશ્વર્ય આદિ છ ગુણયુક્ત થયાં. પુરૂરવાની આસક્તિ ઉર્વશીમાં હોવાથી એ એના લોકમાં જશે. એકાદશમાં એની મુક્તિ પણ કહી છે. વૈરાગ્ય થયા પછી વેદનો વિસ્તાર પણ એ જ કરશે. એ ચન્દ્રવંશમાં પ્રથમ થયા. ગાધિ રાજા સુધી એનો વંશ છે. પુષ્ટિમાં યદુનો વંશ થયો. એણે બ્રાહ્મણો જે દૈત્યોમાં જન્મ્યા હતા તેને માર્યા. બ્રાહ્મણોમાં મન્ત્ર છે, ગાયમાં હવિષ છે, પરશુરામ યજ્ઞરૂપ ભગવદ્ અવતાર છે. જ્યારે સહસ્રાર્જુન બળાત્કારે જ જમદગ્નિની ગાયને લઈ ગયો ત્યારે પરશુરામે એને *માર્યો પરશુરામ મૂળ તો ક્ષત્રિય પણ એની માની પ્રાર્થનાથી ચરુ બદલવાના કારણે એ બ્રાહ્મણ થયા. જ્યારે સહસ્રાર્જુનના પુત્રો જમદગ્નિનું માથું કાપી ગયા. ત્યારે પરશુરામે એકવીસવાર પૃથ્વી નિઃક્ષત્રિય કરી. પરશુરામની મા ભક્તિરૂપા છે. એ જળ ભરવા ગઈ ત્યાં પદ્મમાલી ચિત્રરથ ગન્ધર્વને જોતા વાર લાગી તેથી જમદગ્નિએ પરશુરામને તેની માતાને મારી નાખવા હુકમ કર્યો. મુનિના તપોબળને જાણનાર પરશુરામે પોતાની માને મારી નાખી. મુનિ પ્રસન્ન થતાં એને જીવતી કરી. એ વાત મૂળમાં છે. એમાં રેણુકા દોષયુક્ત નથી. કારણ કે તે આધિદૈવિક ભક્તિરૂપ છે અને ચિત્રરથ ગન્ધર્વ ભગવાનની વિભૂતિ છે. **"ગન્ધર્વાણાં ચિત્રરથઃ સિદ્ધાનાં કપિલો મુનિઃ"** (ગીતા ૧૦।૨૬). "સોમઃ પ્રથમો વિવિદે ગન્ધર્વો વિવિદ ઉત્તરઃ" એ મન્ત્રમાં સોમ, ગન્ધર્વ વગેરે કન્યાને પ્રથમ ભોગવે છે ત્યાર બાદ એને લૌકિક પતિનો સમ્પર્ક થાય છે. જો રેણુકા દોષયુક્ત હોય તો એમાં ભગવદવતાર પરશુરામનું પ્રાકટ્ય ન સમ્ભવે. ક્ષત્રિયભાવમાં ક્રોધ મુખ્ય છે. પરશુરામમાં તે પ્રધાનપણે હતો તેથી એ ક્ષત્રિયમાં ગણાય છે. એ ક્ષત્રિયપણું ભાઈ, મા વગેરેને મારવાથી એણે પ્રકટ દેખાડી આપ્યું છે. રાવણને કેદમાં નાખનાર સહસ્રાર્જુનને સ્વયં એકાકી મારે તે એમનો વીર્યોત્કર્ષ લોકોત્તર છે એમ ગણાય. આ જ કથાનું તાત્પર્ય છે. એ પછી મથુરામાં શૂરસેન ભક્ત થયા તેની કથા છે. ભક્ત બે પ્રકારના થાય છેઃ કેટલાક વૈદિક અને કેટલાક ભોગતત્પર. પુરૂરવા, અલર્ક વગેરે વૈદિકો છે. નહુષ, યયાતિ, પુરુ વગેરે ભોગતત્પર છે. એ રાજાઓ મધ્યમ કક્ષાના છે. ભક્ત રન્તિદેવ, યદુ વગેરે ઉત્તમ કક્ષામાં છે. એમનાં પરાક્રમ કહ્યા પછી સાક્ષાત્ ભગવાનના પ્રાકટ્યની વાત આવે છે. અહીં નવ સ્કન્ધ પૂરા થયા છે. અવાન્તર ચાર પ્રકરણ સાથે બીજું મહાપ્રકરણ અહીં પૂરું થાય છે.

(*શ્રીપરશુરામજીના દાદા ઋચીક ઋષિ અને દાદી સત્યવતી. સત્યવતી ગાધિ રાજાની પુત્રી ક્ષત્રિય કન્યા હતી. એકવાર ઋચીક ઋષિ પાસે એની પત્ની અને સાસુ બન્નેએ પુત્ર

પ્રાપ્તિમાટે પ્રાર્થના કરી. ઋચીક ઋષિએ બન્નેમાટે અલગ-અલગ મન્ત્રોથી ચરુ પકાવ્યા અને સ્નાન કરવા ચાલ્યા ગયા. સત્યવતીની માતાએ વિચાર્યુ કે ઋષિએ પોતાની પત્નીમાટે શ્રેષ્ઠ ચરુ પકાવ્યો હશે માટે તે ચરુ સત્યવતી પાસે માગી લીધો. સત્યવતીએ પોતાનો ચરુ તો માતાને આપી દીધો અને માતાનો ચરુ પોતે ખાધો. ઋચીક ઋષિને ખબર પડતાં સત્યવતીને કહ્યું:''ગજબ થઈ ગયો. હવે તારો પુત્ર તો લોકોને દંડ દેનારો ક્રૂર પ્રકૃતિનો થશે અને તારો ભાઈ થશે બ્રહ્મવેત્તા''. સત્યવતીએ અનુનય-વિનય કર્યો ત્યારે ઋષિએ પ્રસન્ન થઈ કહ્યું કે ''ઠીક છે, પુત્રને બદલે પૌત્ર એવો ઘોર પ્રકૃતિનો થશે''. એ પૌત્ર તે ભગવાન્ પરશુરામ જમદગ્નિના પુત્ર).

## પ્રથમ સૂર્યવંશ પ્રકરણ

## અધ્યાય ૧

## ઈલા અને બુધ થી પુરૂરવાની ઉત્પત્તિ

**મન્વન્તરાણિ સર્વાણિ ત્વયોક્તાનિ શ્રુતાનિ મે ।।**
**વીર્યાણ્યનન્તવીર્યસ્ય હરેસ્તત્ર કૃતાનિ ચ ।।૧।।**

**રાજાએ પૂછ્યું** : આપે બધા મન્વન્તર કહ્યા તેમાં અનન્ત પરાક્રમવાળા હરિએ જ પરાક્રમો કર્યા તે મેં સાંભળ્યાં ।।૧।।

દ્રવિડદેશમાં સત્યવ્રત નામનો રાજર્ષિ હતો તેણે ગયા કલ્પમાં ભગવાનની સેવા કરીને જ્ઞાન મેળવ્યું હતું ।।૨।।

પછી એ જ આ કલ્પમાં વૈવસ્વત મનુ થયા એ પણમેં આપની પાસે સાંભળ્યું. એના પુત્રો ઈક્ષ્વાકુ વગેરે રાજાઓ થયા ।।૩।।

હે બ્રહ્મન્! હવે કૃપા કરી એમના વંશ અને વંશમાં થનારા રાજાઓના ચરિત્રનું વર્ણન કરો. હે મહાભાગ! અમારા હૃદયમાં કથા સાંભળવાની ઉત્સુકતા કાયમ રહ્યા જ કરે છે ।।૪।।

વૈવસ્વત મનુના વંશમાં જે થઈ ગયા, જે થશે અને હાલમાં જે છે તે બધા જ પવિત્ર કીર્તિવાળા પુરુષોનાં પરાક્રમનું આપ વર્ણન કરો ।।૫।।

**સૂતજી બોલ્યા** : હે શૌનકાદિ ઋષિઓ! જ્યારે રાજા પરીક્ષિતે એવી રીતે બ્રહ્મવાદીઓની સભામાં પૂછ્યું ત્યારે ધર્મના પરમ મર્મજ્ઞ શુકદેવજીએ કહ્યું ।।૬।।

શ્રીશુકદેવજીએ કહ્યું: હે પરીક્ષિત! હું તમને સંક્ષેપમાં મનુનો વંશ કહું છું એ સાંભળો. વિસ્તારથી તો સેંકડો વર્ષે પણ એ ન કહી શકાય ॥૭॥

નાનાં-મોટાં પ્રાણીઓના આત્મા એ જ પરમ પુરુષ છે. કલ્પના અન્તમાં એ એકલા હતા. આ વિશ્વમાં બીજું કાંઈ ન હતું ॥૮॥

એની નાભિમાંથી સુવર્ણમય કમળકોશ પ્રકટ થયો. તેમાં ચાર મુખવાળા બ્રહ્માજી થયા ॥૯॥

બ્રહ્માજીના મનથી મરીચિ થયા અને એના કશ્યપ થયા. એ કશ્યપને દક્ષની પુત્રી અદિતિમાં વિવસ્વાન (સૂર્ય) નામના પુત્ર થયા ॥૧૦॥

હે ભરતવંશોદ્ભવ! સંજ્ઞા નામની સૂર્યની સ્ત્રીમાં શ્રાદ્ધદેવ નામના મનુ થયા. તે ઉદાર મનવાળાં શ્રાદ્ધદેવને શ્રદ્ધાનામની સ્ત્રી હતી. તેનાથી ઈક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરૂષ, નરિષ્યન્ત, નભગ, પૃષધ્ર અને કવિ એ નામના દશ પુત્રો થયા ॥૧૧-૧૨॥

વૈવસ્વત મનુને પ્રથમ પ્રજા ન હતી તેથી વસિષ્ઠે એને પ્રજા થાય એવા ઉદ્દેશથી મિત્રાવરુણનો યજ્ઞ કરાવ્યો ॥૧૩॥

યજ્ઞના આરમ્ભમાં માત્ર દૂધ પીને રહેનારી વૈવસ્વત મનુની ધર્મપત્ની શ્રદ્ધાએ પોતાના હોતા પાસે જઈને પ્રણામ પૂર્વક યાચના કરી કે મને કન્યા જ થાય ॥૧૪॥

ત્યારે અધ્વર્યુની પ્રેરણાથી હોતા બનેલા બ્રાહ્મણે શ્રદ્ધાની વિનન્તિ યાદ કરી એકાગ્ર ચિત્તથી વષટ્કારનો ઉચ્ચાર કરી યજ્ઞકુંડમાં આહુતિ આપી ॥૧૫॥

જ્યારે પોતાના વિપરીત કર્મથી યજ્ઞના ફલસ્વરૂપ પુત્રને બદલે ઈલા નામની કન્યા થઈ ત્યારે એને જોઈને શ્રાદ્ધદેવ મનુ અતિ પ્રસન્ન ન થયા અને ગુરુ વસિષ્ઠને તેણે કહ્યું: ॥૧૬॥

હે ભગવન્! આપ તો બ્રહ્મવાદી છો, આપે કરાવેલા કર્મનું આવું વિપરીત ફલ કેમ આવ્યું? વૈદિક કર્મનું આવું વિપરીત ફલ તો ક્યારેય ન થવું જોઈએ ॥૧૭॥

(જો આવું જ થાય તો લોકોને વૈદિક કર્મમાંથી વિશ્વાસ જતો રહે. જો એમ થાય તો એઓ વૈદિક કર્મ ન કરે અને સન્માર્ગનો નાશ થઈ જાય; માટે એમ ન થવું જોઈએ). તમે બધા મન્ત્રને જાણનાર તો છો જ તેપથી પાપને બાળી નાખીને શુદ્ધ થયા છો તો દેવોમાં અસત્યની પ્રાપ્તિની જેમ તમારા સંકલ્પથી ઊલટું ફળ કેમ થયું? ॥૧૮॥

શ્રાદ્ધદેવનું આવું વચન સાંભળીને આમાં હોતાનો સંકલ્પ કન્યાનો હતો તેથી તે

કન્યા થઈ છે એ વાત અમારા વૃદ્ધ પ્રપિતાહ વસિષ્ઠ જાણી ગયા. તેથી તેમણે વૈવસ્વત મનુને કહ્યુંઃ ।।૧૯।।

''તમારો પુત્રનો સંકલ્પ હતો અને કન્યા થઈ એ ઊલટું ફળ હોતાના વિપરીત સંકલ્પથી થયું છે પણ મારા તપના બળથી તમને હું શ્રેષ્ઠ પુત્ર આપીશ'' ।।૨૦।।

હે રાજન્! એમ કહીને ઈલા સ્ત્રીમાંથી પુરુષ થઈ જાય એટલામાટે પરમ યશસ્વી ભગવાન્ વસિષ્ઠે આદિપુરુષ ભગવાનની સ્તુતિ કરી ।।૨૧।।

પ્રભુ વસિષ્ઠ ઉપર પ્રસન્ન થયા અને એને ઈચ્છિત વરદાન આપ્યું. જેના પ્રભાવથી ઈલા જે સ્ત્રી હતી તેજ સુદ્યુમ્ન નામનો શ્રેષ્ઠ પુત્ર બની ગયો ।।૨૨।।

હે મહારાજ! એક દિવસ એ સુદ્યુમ્ન વનમાં શિકાર કરવામાટે કેટલાક મિત્રોની સાથે સુન્દર ધનુષ અને અતિ અદ્‌ભુત બાણ હાથમાં લઈ સિન્ધુદેશમાં જન્મેલા ઘોડા ઉપર ચઢી કવચ પહેરી ઉત્તર દિશામાં મૃગોનો પીછો કરતાં-કરતાં બહુ દૂર નીકળી ગયો ।।૨૩-૨૪।।

અન્તમાં સુદ્યુમ્ન મેરુ પર્વતની તળેટીમાં આવેલ એક વનમાં જઈ પહોંચ્યા. તે વનમાં ભગવાન્ શંકર-પાર્વતીની સાથે વિહાર કર્યા કરે છે ।।૨૫।।

હે નૃપ! એ સુદ્યુમ્ન શત્રુનો સંહાર કરે એવો પરાક્રમી હતો છતાં એણે એ વનમાં પ્રવેશ કર્યો કે તરત તેણે જોયું કે હું સ્ત્રી બની ગયો છું અને ઘોડો ઘોડી થઈ ગયો છે ।।૨૬।।

સાથે એની પાછળ ચાલનાર એના બધા સેવકોને પણ જણાયું કે પોતાની જાત પુરુષની બદલાઈ જઈ સ્ત્રીની થઈ ગઈ છે તેથી એક બીજાને જોતાં બધા સ્ત્રી બની ગયા છે એ જાણી એમને દુઃખ થયું ।।૨૭।।

**રાજાએ પૂછ્યું :** અહીં પ્રવેશમાત્રથી પુરુષ સ્ત્રી થઈ જાય એમ થવાનું કારણ કહો અને એમ કરનાર કોણ હતું એનો હે ભગવાન્! મને ઉત્તર આપો એ જાણવાની મને બહુ ઉત્સુકતા છે ।।૨૮।।

**શ્રીશુકદેવજી બોલ્યાઃ** એક દિવસે વ્રતવાળા ઋષિ લોકો શિવજીના દર્શને દિશાઓ દીપાવતા ત્યાં આગળ આવેલા તેઓને જોઈ પાર્વતી દેવીએ વસ્ત્ર નહિ પહેરેલાં હોય તેથી એ શરમાઈ ગયાં અને મહાદેવજીના ખોળામાંથી ઊઠીને પોતાનાં વસ્ત્ર ધારણ કરવા લાગ્યાં ।।૨૯-૩૦।।

દર્શન કરવા આવેલા મુનિઓએ શિવ પાર્વતીનું રમણ જોઈ વિચાર કર્યો કે આ

દર્શનનો સમય નથી માટે આપણે આ વખતે આવ્યા એ ઉચિત ન થયું. એવો વિચાર કરી એઓ ત્યાંથી પાછા ફર્યા અને સીધા બદરિકાશ્રમ તરફ ગયા, જ્યાં નર-નારાયણનો આશ્રમ છે ।।૩૧।।

પાર્વતીની ઈચ્છાને જાણી એને વિશેષ લાજ ન આવે એમાટે શિવજીએ તે સમયથી આ આશ્રમમાં જે પ્રવેશ કરે તે સ્ત્રી થાય, પછી તે મનુષ્ય, પશુ કે પક્ષી ગમે તે હો તે પુલ્લિંગવાળો હોય છતાં સ્ત્રીલિંગ થાય એવો પ્રબંધ કરીદીધો ।।૩૨।।

ત્યારથી પુરુષ માત્ર એ વન છોડીને મુસાફરી કરે છે. હવે સુદ્યુમ્ન અને એના મિત્રો જે સ્ત્રીઓ થઈ ગયા તે અનુચરી સ્ત્રીઓ પોતાની સાથે એક વનમાંથી બીજા વનમાં ફરવા લાગી ।।૩૩।।

સ્ત્રીત્વની લજ્જાથી એ ઘર તરફ ગઈ નહિ. એક વખતે આશ્રમની નજીક ઉત્તમ પ્રમદાને એની સ્ત્રી પરિકર સાથે ફરતી જોઈને શક્તિશાળી બુધને થયું કે મને એ મળે ।।૩૪।।

સુન્દર ભ્રુકુટીવાળી ઈલા પણ બુધને જોઈને કામુકી થઈ ગઈ. આ તો ચન્દ્રનો પુત્ર છે, પતિ આવો સુન્દર જોઈએ એવું એને પણ મનમાં થયું તેથી એ બન્નેએ ગાન્ધર્વ વિવાહ કર્યો અને એને બુધથી પુરૂરવા નામનો પુત્ર થયો ।।૩૫।।

એવી રીતે મનુનો સુદ્યુમ્ન નામનો પુત્ર સ્ત્રી થયો તેણે પોતાના કુળગુરુ વસિષ્ઠને સંભાર્યા. એમ સાંભળવામાં છે ।।૩૬।।

ત્યાં આવી વસિષ્ઠે યજમાનની આવી દશા જોઈ ફરી સ્ત્રીરૂપમાં જોતાં એને દયા આવી તેથી એ બાબતનું દુઃખ થયું અને કૃપા કરીને એને પાછું પુંસ્ત્વ પ્રાપ્ત થાય એમાટે વસિષ્ઠ શિવજીની આરાધના કરવા લાગ્યા ।।૩૭।।

શિવજી વસિષ્ઠ ઉપર પ્રસન્ન થયા. એનું પ્રિય કરવાને માટે પ્રથમ પોતે જ બોલ્યા છે તે પણ સાચું રહે અને વસિષ્ટના યજમાનનું પણ શ્રેય થાય એમ વિચાર કરીને શિવજીએ આ પ્રમાણે કહ્યું: ।।૩૮।।

"તમે પુત્ર તરીકે સ્વીકારેલો સુદ્યુમ્ન એક માસ સ્ત્રી અને એક માસ પુરુષ રહેશે. એવી વ્યવસ્થાથી સુદ્યુમ્ન આ પૃથ્વીને ભોગવી શકશે તેમજ રક્ષા કરી શકશે ।।૩૯।।

આચાર્ય વસિષ્ઠના અનુગ્રહથી વ્યવસ્થાપૂર્વક મનમાન્યું પુરુષત્વ મેળવીને સુદ્યુમ્ન રાજ્ય કરવા લાગ્યો પણ એને પ્રજાએ વખાણ્યો નહિ કેમકે એ એક માસ તો પુરુષ હોય ત્યારે રક્ષા કરે પણ બીજે માસે સ્ત્રી થાય ત્યારે સ્ત્રીધર્મો પ્રકટ દેખાય તેથી

લોકોએ એને પસંદ ન કર્યો ।।૪૦।।

એને ઉત્કલ, ગય અને વિમલ નામના ત્રણ પુત્ર થયા તે ધર્મમાં પ્રીતિવાળા હતા અને દક્ષિણ દેશના રાજાઓ થયા ।।૪૧।।

**તતઃ પરિણતે કાલે પ્રતિષ્ઠાનપતિઃ પ્રભુઃ ।।**
**પુરૂરવસ ઉત્સૃજ્ય ગાં પુત્રાય ગતો વનમ્ ।।૪૨।।**

ઘણા સમય પછી પ્રતિષ્ઠાન (પેઠણ) નગરીના અધિપતિ સુદ્યુમ્ન વૃદ્ધ થયા ત્યારે એમણે પૃથ્વીનું રાજ્ય પોતાના પુત્ર પુરૂરવાને (સુદ્યુમ્નનો દેહ સ્ત્રીનો હતો ત્યારે બુધથી થયેલ પુત્ર તે પુરૂરવા.) આપ્યું અને પોતે તપશ્ચર્યા કરવા વનમાં ગયા ।।૪૨।।

**ઈતિ શ્રીભાગવત *નવમસ્કન્ધમાં (ઉપક્રમમાં ચન્દ્રવંશના આરમ્ભરૂપ)**
**''ઈલા અને બુધ થી પુરૂરવાની ઉત્પતિ'' નામનો પહેલો અધ્યાય સમ્પૂર્ણ.**

**વિશેષઃ** સૂર્યવંશ ૧૩ અધ્યાયમાં અને ચન્દ્રવંશ ૧૧ અધ્યાયમાં એમ ચોવીસ અધ્યાય કહ્યો છે, નિબન્ધમાં બાર-બાર અધ્યાયનાં બે પ્રકરણ ગણવામાં આવ્યાં છે. તેમાં પ્રથમ અધ્યાય ચન્દ્રવંશમાં ગણ્યો છે કેમકે એમાં બુધથી પુરૂરવા થયા અને એ ચન્દ્રવંશના છે. અત્રિ-ચન્દ્ર-બુધ અને પુરૂરવા એ ક્રમથી ચન્દ્રવંશીઓ થયા છે. તેથી અહીં આ અધ્યાયમાં સૂર્યવંશ નામનું પ્રથમ પ્રકરણ સમાપ્તિમાં લખ્યું નથી.

**જો કોઈ પૈસા કમાવામાટે સેવા-કથા કરે તો તેની કેવી ગતિ થાય?**
(પ્રભુસેવા-મનોરથ માટે ભેટ-સામગ્રી સ્વીકારે) તેનો સર્વનાશ થાય. શાસ્ત્રનિષિદ્ધ આચરણ કરવાને કારણે આવા અધમ માણસનો કેવલ આ લોકજ નહીં પરન્તુ પરલોક પણ નાશ પામે છે. **(શ્રીગુસાંઈજી)**

## અધ્યાય ૨

## સૂર્યવંશના રાજાઓનું વર્ણન

**વિશેષ :** આ બીજા અધ્યાયમાં પૃષધ્ર અને કવિનું ચરિત્ર ભગવદ્ભક્તને પણ વખાણવા લાયક કહેવાશે. અને પછી કરૂષ વગેરેના વંશને પણ આ અધ્યાયમાં કહેવામાં આવશે.

**એવં ગતેઽથ સુદ્યુમ્ને મનુર્વૈવસ્વતઃ સુતે ।।**
**પુત્રકામસ્તપસ્તેપે યમુનાયાં શતં સમાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જ્યારે સુદ્યુમ્ન વનમાં ગયા ત્યારે વૈવસ્વત મનુએ

પુત્રની કામનાથી યમુનાજીના કાંઠા ઉપર સો વર્ષ સુધી તપ કર્યુ ।।૧।।

પ્રજાને માટે મનુએ હરિ ભગવાનનું યજન કર્યું તેનાથી એને ઇક્ષ્વાકુ વગેરે પોતાના જેવા જ દશ પુત્રો થયા ।।૨।।

ગુરુ-વસિષ્ઠજીએ મનુના પુત્ર પૃષધ્રને ગાયની સેવામાં રાખ્યો. તે હાથમાં તલવાર લઈ જાગતો રાત્રિએ વાઘ આદિથી ગાયની રક્ષા કરતો ।।૩।।

એક દિવસે રાત્રિમાં વરસાદ થયો ત્યારે એક વાઘ ગામના ખીરકમાં આવી ગયો. તેથી ગાયો ભય પામી વ્રજમાં દોડવા લાગી ।।૪।।

એમાંથી એક ગાયને વાઘે પકડી. ગાય ઊંચેથી શબ્દ કરવા લાગી. એ ગાયનું બરાડવું સાંભળી પૃષધ્ર વાઘ પાછળ દોડ્યો ।।૫।।

અંધારી રાતમાં વાઘ જાણીને એણે અંધારામાં ગાયને તલવાર મારી તેથી ગાયનું માથું નીચે પડી ગયું ।।૬।।

વાઘનો પણ કાન કપાઈ ગયો. એને પણ ડર લાગ્યો તેથી એ લોહી ટપકતો વનમાં ચાલ્યો ગયો. શત્રુને મારનાર પૃષધ્ર તો એમ જ સમજતો હતો કે મેં વાઘ માર્યો છે પણ અજવાળું થતાં જોયું તો મરેલી ગાય જોવામાં આવી તેથી એ મનમાં દુઃખી થયો ।।૭-૮।।

જો કે પૃષધ્રે જાણીને અપરાધ કર્યો ન હતો છતાં કુલપુરોહિત વશિષ્ઠજીએ તેને શાપ આપ્યો : ''તું આ કર્મથી ક્ષત્રિય નહિ રહે, જા, શૂદ્ર થઈજા'' ।।૯।।

એ શાપનો પૃષધ્રે સ્વીકાર કર્યો અને ત્યારથી એણે મુનિઓને પ્રિય એવું ભગવદ્ભજનરૂપી વ્રત બ્રહ્મચર્ય પૂર્વક રાખ્યું ।।૧૦।।

સર્વ પ્રાણીમાં સમદષ્ટિ રાખવાથી તથા પર અને પરમ શુદ્ધ એવા વાસુદેવ ભગવાનની ભક્તિ કરવાથી એ એમાં એકચિત્ત થઈ ગયો. એણે સંગ છોડી દીધો, ચિત્તને શાન્ત કરી દીધું અને પ્રભુ ઇચ્છાથી જે કાંઈ મળે તેનાથી એ દેહનો નિર્વાહ કરવા લાગ્યો ।।૧૧-૧૨।।

જ્ઞાનવડે તૃપ્ત થઈ ચિત્તને આત્મામાં સ્થિર કરી સમાધિસ્થ થઈ જાણે જડ હોય, આંધળો હોય અને બહેરો હોય એમ આત્માને બતાવતો એ પૃથ્વીમાં ફરવા લાગ્યો ।।૧૩।।

આ દશામાં એ વનમાં ગયો તો વનમાં બળતા અગ્નિને જોઈને એમાં બળી ગયો અને પરબ્રહ્મને પ્રાપ્ત થયો ।।૧૪।।

નાનો ભાઈ કવિ હતો તે પણ વિષયની ઇચ્છા રાખતો ન હતો. એ બન્ધુની સાથે રાજ્યને પણ છોડી દઈને ચિત્તમાં પુરુષને પધરાવી કિશોર વયમાં જ વનમાં ગયો અને ત્યાં ભજન કરીને પરમાત્માને પ્રાપ્ત થયો ।।૧૫।।

કરૂષ નામના મનુપુત્રથી કારૂષ નામના ક્ષત્રિયો થયા. તેઓ ખૂબ જ બ્રાહ્મણ ભક્ત અને ધર્મપ્રેમી થઈ ઉત્તર દેશોના રક્ષક થયા ।।૧૬।।

ધૃષ્ટ નામના મનુપુત્રથી ધાર્ષ્ટ નામનું ક્ષત્રિય કુળ થયું અન્તે તેઓ પૃથ્વી ઉપર આ શરીરથી જ બ્રાહ્મણ બની ગયા. મનુના પુત્ર નૃગનો પુત્ર સુમતિ તેનો ભૂતજ્યોતિ અને એનો વસુ થયો ।।૧૭।।

વસુનો પુત્ર પ્રતીક થયો એનો ઓઘવાન એનો પુત્ર પણ ઓઘવાન અને એની ઓઘવતી નામે એક પુત્રી પણ હતી જેને સુદર્શન પરણ્યા ।।૧૮।।

હવે મનુના પુત્ર નરિષ્યન્તને ચિત્રસેન પુત્ર થયો. એને ઋક્ષ નામનો પુત્ર થયો. એનો પુત્ર મીઢ્વાન થયો એનો કૂર્ચ અને એનો ઇન્દ્રસેન થયો ।।૧૯।।

ઇન્દ્રસેનનો પુત્ર વીતિહોત્ર હતો તેને સત્યશ્રવા નામનો પુત્ર થયો. એનો ઉરુશ્રવા થયો. ઉરુશ્રવાનો દેવદત્ત નામનો પુત્ર થયો ।।૨૦।।

એ દેવદત્તને ત્યાં ભગવાન્ અગ્નિનો અવતાર અગ્નિવેશ્ય પુત્ર થયો. એ મોટો ઋષિ થયો. આગળ ઉપર એ જ કાનીન અને મહર્ષિ જાતૂકર્ણ્યના નામથી પ્રખ્યાત થયા ।।૨૧।।

એ અગ્નિવેશ્યથી હે નૃપ! અગ્નિવેશ્યાયન નામનું બ્રાહ્મણકુલ થયું, આ પ્રમાણે નરિષ્યન્તના વંશનું મેં વર્ણન કર્યું. હવે દિષ્ટનો વંશ સાંભળો ।।૨૨।।

દિષ્ટના પુત્રનું નામ હતું નાભાગ જેનું વર્ણન હું આગળ કરવાનો છું તે નાભાગથી આ નાભાગ જુદા. તે પોતાના કર્મને લીધે વૈશ્ય થઈ ગયો. એનો પુત્ર ભલન્દન થયો અને ભલન્દનો વત્સપ્રીતિ થયો ।।૨૩।।

વત્સપ્રીતિનો પુત્ર પ્રાંશુ થયો તેનો પ્રમતિ નામનો પુત્ર થયો. પ્રમતિનો ખનિત્ર થયો તેનો ચાક્ષુષ અને એનો વિવિંશતિ નામનો પુત્ર થયો ।।૨૪।।

હે મહારાજા પરીક્ષિત! વિવિંશતિનો રમ્ભ અને એનો ખનિનેત્ર બન્ને પરમ ધાર્મિક થયા. એનો કરન્ધમ થયો ।।૨૫।।

કરન્ધમનો અવીક્ષિત થયો એનો ચક્રવર્તી મરુત્ત થયો. અંગિરાના પુત્ર મહાયોગી સંવર્તે એનો યજ્ઞ કરાવ્યો હતો ।।૨૬।।

રુત્તના યજ્ઞ જેવો કોઈનો યજ્ઞ થયો નથી. એના યજ્ઞમાં નાના-મોટા બધા પાત્રો સુન્દર અને સોનાનાં હતાં ।।૨૭।।

એ મરુત્તના યજ્ઞમાં સોમપાન કરી ઈન્દ્ર મતવાલા થઈ ગયેલા અને બ્રાહ્મણો દક્ષિણાથી ધરાઈ ગયા હતા. મરુત્તો એ યજ્ઞમાં પીરસવામાં રોકાયા હતા અને વિશ્વદેવ સભાસદ હતા ।।૨૮।।

એ મરુત્તને દમ નામનો પુત્ર હતો તેનો પુત્ર રાજ્યવર્ધન થયો તેનો સુધૃતિ થયો અને એનો પુત્ર નર હતો ।।૨૯।।

એ નરનો પુત્ર કેવલ હતો એનો બન્ધુમાન અને તેનો વેગવાન હતો. એનો પુત્ર બન્ધુ થયો. એનો તૃણબિન્દુ પૃથ્વીનો પતિ થયો ।।૩૦।।

આદર્શ ગુણોના ભંડાર તૃણબિન્દુની પાસે, અલમ્બુષા નામની શ્રેષ્ઠ અપ્સરા આશ્રયમાટે આવી તેને એણે રાખી તેનાથી એને ઘણાય પુત્રો અને ઈડવિડા નામની એક કન્યા થઈ ।।૩૧।।

એ ઈડવિડા કન્યાને વિશ્રવા નામનો પુલસ્ત્યનો પુત્ર પરણ્યો તેનાથી એને કુબેર નામનો પુત્ર થયો. એ કુબેર ધનદ થયો. એણે યોગેશ્વર એવા પોતાના પિતા વિશ્રવા પાસેથી પરમ શ્રેષ્ઠ અન્તર્ધાનવિદ્યા સમ્પાદન કરેલી તેથી એ સૂક્ષ્મ બુદ્ધિવાળો થયો. હવે તૃણબિન્દુને વિશાલ, શૂન્યબન્ધુ અને ધૂમ્રકેતુ નામના પુત્રો થયા ।।૩૨।।

વંશને કરનાર વિશાલ નામના રાજાએ વૈશાલી નામની પુરી કરી ।।૩૩।।

એ વિશાલનો હેમચન્દ્ર, તેનો ધૂમ્રાક્ષ, તેનો સંયમ, સંયમના બે પુત્ર થયા- કૃશાશ્વ અને દેવજ ।।૩૪।।

કૃશાશ્વનો પુત્ર સોમદત્ત થયો. એણે અશ્વમેધયજ્ઞો દ્વારા યજ્ઞપતિ ભગવાનની આરાધના કરી અને યોગેશ્વર ભક્તોનો આશ્રય કરી ઉત્તમ ગતિ પ્રાપ્તકરી ।।૩૫।।

**સૌમદત્તિસ્તુ સુમતિસ્તત્સુતો જનમેજયઃ ।।**
**એતે વૈશાલભૂપાલાસ્તૃણબિન્દોર્યશોધરાઃ ।।૩૬।।**

સોમદત્તનો પુત્ર સુમતિ તેનો જનમેજય થયો. આ બધા તૃણબિન્દુના યશને વધારનાર વિશાલના વંશના રાજાઓ થયા ।।૩૬।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (પહેલાં પ્રકરણ સૂર્યવંશનો પહેલો)**
**''સૂર્યવંશના રાજાઓનું વર્ણન'' નામનો**
**બીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૩

# શર્યાતિની કન્યા તથા પુત્ર અને રેવત રાજાની કન્યા રેવતીની કથા

**વિશેષ :** મનુના પુત્ર શર્યાતિની કન્યાનું વૃત્તાન્ત તથા એના પુત્રનો વંશ આ ત્રીજા અધ્યાયમાં કહેવાશે; તેમજ રેવત રાજાની રેવતી કન્યાના સગપણની વાત પણ આ અધ્યાયમાં કહેવામાં આવશે.

**શર્યાતિર્માનવો રાજા બ્રહ્મિષ્ઠઃ સ બભૂવ હ ।।**
**યો વા અંગિરસાં સત્રે દ્વિતીયમહ ઊચિવાન્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** મનુનો પુત્ર રાજા શર્યાતિ વેદોના નિષ્ઠાવાન વિદ્વાન હતા તેણે અંગિરા ગોત્રના ઋષિઓના યજ્ઞમાં બીજા દિવસનું કર્મ બતાવ્યું હતું ।।૧।।

એને સુન્દર નેત્રવાળી સુકન્યા નામની પુત્રી હતી. એનાં નેત્ર કમળ જેવાં હતાં તેથી એ સુકન્યાના નામે પ્રસિદ્ધ હતી. એક દિવસ એને સાથે લઈ શર્યાતિ રાજા વનમાં ચ્યવન ઋષિના આશ્રમે ગયા ।।૨।।

સખીઓ સાથે સુકન્યા વનમાં ફરી વૃક્ષોનું સૌંદર્ય નિહાળતી હતી તેવામાં એક રાફડાના ઊંડાણમાંથી પતંગિયાની જેમ બે જ્યોત છેદમાંથી દેખાઈ ।।૩।।

દેવની પ્રેરણાથી બાળાએ શોધક બુદ્ધિથી એ પ્રકાશક જ્યોતિને કાંટાવડે વીંધ્યાં તે તો તેમાંથી બહુ લોહી પડવા લાગ્યું ।।૪।।

એ જ સમયે સેનાના માણસોનાં ઝાડો પેશાબ બંધ થઈ ગયા. શર્યાતિને એની જાણ થતાં ખૂબ આશ્ચર્ય થયું અને કહેવા લાગ્યાઃ ।।૫।।

''અરે! આપણે અહીં ચ્યવનના આશ્રમમાં રહ્યા છીએ. તમારામાંથી કોઈએ ચ્યવન મુનિનું કાંઈ અનિષ્ટ તો કર્યું નથીને? મને તો સ્પષ્ટ લાગે છે કે આપણામાંથી કોઈએ ને કોઈએ આ આશ્રમમાં અનર્થ કર્યો હોવો જ જોઈએ'' ।।૬।।

ત્યારે ડરતાં-ડરતાં સુકન્યાએ પિતાને કહ્યું : આ રાફડામાં બે જોત દેખાતી હતી તેને મેં અજાણતાં કાંટાથી વીંધી છે. એટલું તો મારાથી થઈ ગયું છે ।।૭।।

પુત્રીનું કહેવું સાંભળી શર્યાતિ ધ્રુજી ઉઠ્યા. પછી રાફડામાં રહેલા મુનિ પાસે જઈને તેમની ધીરે-ધીરે સ્તુતિ કરી તેમને પ્રસન્ન કર્યા ।।૮।।

મુનિના અભિપ્રાયને જાણીને શર્યાતિએ સુકન્યાને મુનિની સેવામાં આપી દીધી

ત્યારે સેના ઉપર સંકટ આવ્યું હતું તે દૂર થયું. પછી રાજા શર્યાતિ ચ્યવનની રજા લઈ એમના મનનું સમાધાન કરી પોતાના નગરમાં આવ્યા ।।૯।।

અત્યન્ત ક્રોધી ચ્યવનમુનિ સુકન્યાના પતિ થયા. મુનિના ચિત્તને સુકન્યા જાણી ગઈ અને સાવધાન થઈ એની મરજી પ્રમાણે સેવા કરી ચ્યવન મુનિને પ્રસન્ન કરવા લાગી ।।૧૦।।

થોડા સમય બાદ બે અશ્વિનીકુમારો ચ્યવન મુનિના આશ્રમે આવી ચડ્યા. મુનિએ એમના સ્વાગત-સત્કાર કરી અને બોલ્યા : આપ સમર્થ છો તો મારું યૌવન ગયું છે તે પાછુંઆપો ।।૧૧।।

જો મારી યુવાઅવસ્થા પાછી મને લાવી આપો તો તમને યજ્ઞમાં સોમપાન કરવાનું મળતું નથી તે હું તમને સોમથી ભરેલું સોમપાત્ર અપાવું તે ઉવમ મદવાળી સ્ત્રી પણ સ્પૃહા કરે એવું મારું રૂપ અને યૌવન આપ કરી આપો'' ।।૧૨।।

વૈદ્યશિરોમણિ અશ્વિનીકુમારોએ શરત કબૂલ કરી અને આજ્ઞા કરી કે ''ઠીક, હવે આપ સિદ્ધ પુરુષે બનાવેલા આ જલના કુંડમાં ડૂબકી મારો'' ।।૧૩।।

આવો હુકમ સાંભળી વૃદ્ધાવસ્થાને લીધે જેનો દેહ થાકી ગયેલો છે, નાડીનાં દોરડાં ચામડીમાં વ્યાપ્ત થવાથી જેનામાં શિથિલતા આવી ગઈ છે અને જેની ચામડીમાં વળ પડી ગયા છે તથા જેના માથાના વાળ ધોળા થઈ ગયા છે તેવા એ ચ્યવન મુનિને અશ્વિનીકુમારોએ હ્રદમાં ઉતાર્યા અને એઓ પોતે પણ જળાશયમાં નહાવા માટે પડ્યા ।।૧૪।।

તરત જ રૂપયૌવનમાં એક સરખાં, સ્ત્રીઓને વહાલા લાગે તેવા, કંઠમાં કમળની માલા ધારણ કરેલા, કાનમાં કુંડળો ધારણ કરેલા તેમજ અંગે સુન્દર વસ્ત્ર ધારણ કરેલા ત્રણ પુરુષો જળમાંથી બહાર આવી ઊભા રહ્યા ।।૧૫।।

પરમ સાધ્વી સુન્દરી સુકન્યાએ એમને સૂર્ય જેવા તેજસ્વી અને સમાનરૂપવાળા જોયા તેથી એમાં પોતાનો પતિ કોણ હતો એ જાણી શકી નહિ. એ જાણવામાટે એ અશ્વિનીકુમારોને શરણે ગઈ. તે પતિવ્રતા સ્ત્રીએ અશ્વિનીકુમારોને જ કહ્યું કે ''મારો પતિ મને આપો'' ।।૧૬।।

સુકન્યાના પતિવ્રત્યથી પ્રસન્ન થયેલા અશ્વિનીકુમારોએ એનો પતિ બતાવ્યો અને પછી ચ્યવનની રજા લઈને વિમાનદ્વારા તેઓ સ્વર્ગ તરફ ગયા ।।૧૭।।

કોઈ સમયે યજ્ઞ કરવાની ઈચ્છા થતાં સુકન્યાના પિતા શર્યાતિ ચ્યવનમુનિ પાસે

આવ્યા ત્યાં પોતાની પુત્રીને જોઈ પણ જે વૃદ્ધ મુનિને પોતે કન્યાદાન આપી ગયા હતા તે બુઢ્ઢાને એની પાસે ન જોતાં એની પાસે સૂર્ય સમાન એક તેજસ્વી યુવાન પુરુષને જોયો. તેથી એને કન્યાના શીલમાં શંકા આવી ।।૧૮।।

સુકન્યા આવી, પિતાના ચરણમાં નમન કર્યું તો પણ શર્યાતિએ એને આશીર્વાદ ન આપતાં કાંઈક અપ્રસન્ન હૃદયથી કન્યાને કહ્યું : ।।૧૯।।

''હે અસતી! તારી શું કરવાની ઈચ્છા છે? તેં મારો આપેલો પતિ છોડી દીધો. એ પતિ તો ઘડપણથી ઘેરાયેલો હતો તેથી એ તને ગમ્યો નહીં હોય એટલે રસ્તે ચાલતા મનગમતા યારને પકડી લઈ એની સાથે તું પતિનો વ્યવહાર રાખીને બેઠી છે ।।૨૦।।

હે સત્કુળમાં જન્મ લેનાર! તારી બુદ્ધિ આમ કેમ ફરી ગઈ? એવું કરવું એ કુલીન કન્યાને દૂષણરૂપ ગણાય. તેં લાજ છોડી દીધી અને યારને રાખી લીધો અને આમ કરીને તું પિતા અને શ્વશુર બન્નેના કુળને નરકમાં ખેંચી રહી છે ।।૨૧।।

એવી રીતે બોલતા પિતા સામે પવિત્રહાસ્ય કરી સુકન્યા બોલી''હે પિતાજી! તમે મને જે બુઢ્ઢાને પરણાવી હતી તે જ આ ચ્યવનમુનિ તમારા જમાઈ છે ।।૨૨।।

એટલું કહી એમની વૃદ્ધાવસ્થા કેવી રીતે ગઈ અને યૌવન શી રીતે મળ્યું એ બધી હકીક્ત એને કહી સંભળાવી ત્યારે શર્યાતિને બહુ આશ્ચર્ય થયું અને પોતાની પુત્રીને ખૂબ પ્રેમપૂર્વક એ ભેટ્યો ।।૨૩।।

ચ્યવન મુનિ શર્યાતિ પાસે સોમયજ્ઞ કરાવવા તૈયાર થયા. એમણે એ યાગમાં પોતાના તેજના પ્રભાવવડે જેને કોઈ દિવસ સોમનો ભાગ યજ્ઞમાં મળતો નહતો તેવા અશ્વિનીકુમારને સોમમાં ભાગ કાઢ્યો અને એના નામનિર્દેશથી સોમની આહુતિ ચ્યવને અશ્વિનીકુમારને આપી ।।૨૪-૨૫।।

ચ્યવને અશ્વિનીકુમારને નહીં મળતો લાભ આપ્યો તેથી ઈન્દ્રે ચ્યવનઉપર કોપ કર્યો અને યજ્ઞ કરનાર શર્યાતિને મારવા માટે વજ્ર ઉઠાવ્યું ત્યારે ચ્યવને વજ્ર સહિત ઈન્દ્રનો હાથ થોભાવી દીધો ।।૨૬।।

વૈદ્ય હોવાથી સોમ લેવાને અયોગ્ય છે એવું બધા દેવો ગણતા હતા પણ એનો ભાગ યજ્ઞમાં ચ્યવને શરૂ કર્યો ત્યારથી દેવો અશ્વિનીકુમારનો ભાગ આપવાને કબૂલ થયા. શર્યાતિ અને ઉત્તાનબર્હિ, આનર્ત અને ભૂરિષેણ નામના ત્રણ પુત્ર હતા. આનર્તનો પુત્ર રેવત થયો ।।૨૭।।

એણે સમુદ્રની અન્દર કુશસ્થલી (જેને હાલમાં દ્વારકા કહે છે.) નામની નગરી વસાવી હતી અને તેમાંજ રહીને તે આનર્ત (આનર્ત એ ઓખા મંડળનું નામ છે)વગેરે દેશોનું રાજ્ય કરતાહતા ।।૨૮।।

એને સો શ્રેષ્ઠ પુત્ર હતા જેમાં કકુદ્મી સૌથી મોટા હતા. પોતાની કન્યા રેવતી કોને આપવી એની સલાહ લેવામાટે રેવતરાજા રેવતીને લઈને બ્રહ્માજી પાસે ગયા હતા કેમકે એ વખતે ત્યાં જવામાં આવા લોકોમાટે પ્રતિબન્ધ ન હતો ।।૨૯।।

ત્યાં એ વખતે સંગીત સમારોહ ચાલુ હોવાથી પૂછવાનો વખત મળ્યો નહીં તેથી ગાન થયું ત્યાં સુધી તે થોડી ક્ષણ ઊભા રહ્યા. એટલામાં તો ગાન પૂરું થયું પછી એમણે બ્રહ્માજીને નમન કર્યું ત્યારે બ્રહ્માજીએ આટલે દૂર આવવાનું કારણ પૂછ્યું ।।૩૦।।

બ્રહ્માજીએ રેવતી કોને આપવી એ સમ્બન્ધમાં એના પિતા રેવતનો અભિપ્રાય જાણ્યો અને હસવા લાગ્યા ।।૩૧।।

હે રાજા! તમે જેને તમારી કન્યા આપવાનો વિચાર કરો છો તે બધાને કાળ ખાઈ ગયો. એના પુત્રો અને પૌત્રો પણ હાલમાં નથી. એના પુત્રો તો શું પણ એના ગોત્રને પણ અત્યારે લોકમાં કોઈ જાણતું નથી ।।૩૨।।

કેમકે તમે અહીં આવી ગાયન સાંભળ્યું એટલામાં ચાર યુગ સત્તાવીસ વખત ચાલ્યા ગયા; માટે હવે તમે પૃથ્વી ઉપર જાઓ અને દેવના દેવ, ભગવાનના અંશરૂપ બળદેવજીને તમારી કન્યા રેવતી આપજો કેમકે એ મહાબળવાન અને મનુષ્યમાં રત્ન જેવા છે. તમારું કન્યારત્ન પણ એને યોગ્ય છે; તો એ કાર્ય જલદી કરો. પૃથ્વીનો ભાર ઉતારવાને માટે ભગવાન્ પોતેપોતાના અંશ બળદેવજી સાથે પૃથ્વી ઉપર અવતર્યા છે. એનાં શ્રવણ-કીર્તન પણ પવિત્ર કરનાર છે માટે એ બળદેવજીને તમે રેવતી પરણાવી દો ।।૩૩-૩૪।।

જ્યારે બ્રહ્માજીએ એ પ્રમાણે કહ્યું ત્યારે રેવત રાજા બ્રહ્માજીને પ્રણામ કરી એમની રજા લઈ પાછા ફર્યા તે્યાં તો શત્રુના ત્રાસથી એના ભાઈઓ નગરને મૂકીને ચાલ્યા ગયા હતા. રેવત રાજાએ નગરમાં આવ્યા ।।૩૫।।

**સુતાં દત્ત્વાનવદ્યાંગી બલાય બલશાલિને ।।**
**બદર્યાખ્યં ગતો રાજા તપ્તું નારાયણાશ્રમમ્ ।।૩૬।।**

પોતાની પુત્રી રેવતી સમ્પૂર્ણ શોભાવળી હતી તેને બળવાળા બળદેવજીને આપી

રાજા રેવત પોતે તપશ્ચર્યા કરવા નારાયણના બદરિકાશ્રમમાં ગયા ।।૩૬।।

**ઈતિશ્રીભાગવત નવમસ્કન્ધમાં(પહેલાં સૂર્યવંશ પ્રકરણનો બીજો) ''શર્યાતિની કન્યા તથા પુત્ર અને રેવત રાજાની કન્યા રેવતીની કથા'' નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**
કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

## અધ્યાય ૪

## નાભાગ તથા અમ્બરીષ રાજાનું ચરિત્ર

**વિશેષઃ** મનુના પુત્રના પુત્ર નાભાગ અને એના પુત્ર અમ્બરીષ એની કથા આ ચોથા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**નાભાગો નભગાપત્યં યં તતં ભ્રાતરઃ કવિમ્ ।।**
**યવિષ્ઠં વ્યભજન્ દાયં બ્રહ્મચારિણમાગતમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : મનુના પુત્ર નભગને નાભાગ નામનો પુત્ર થયો. એ બધાથી નાનો હતો. એ બ્રહ્મચર્ય રાખી ગુરુકુળમાં રહેતો હતો ત્યારે બીજા ભાઈઓએ પિતાનું ધન વેંચી લીધું. નાભાગ વિદ્વાન થઈ આવ્યો અને એણે ભાઈઓ પાસે પોતાનો ભાગ માગ્યો ત્યારે ''આ પિતા તારા ભાગમાટે રાખ્યા છે'' એમ ભાઈઓએ કહ્યું. ''ભાગ પડ્યા ત્યારે તો તું અમને યાદ ન આવ્યો પણ હવે આ પિતા છે એનો ભાગ પડ્યો નથી તેથી એને તું ભાગમાં રાખી લે'' ।।૧।।

ત્યારે ''હે પિતાજી! ભાઈઓ મને ભાગમાં તમને સોંપે છે તો એ વાત તમે કબૂલો છો?'' એમ પૂછતાં એમણે કહ્યુ : ''તારા ભાઈ તને છેતરે છે. એ કહે એનો તારે વિશ્વાસ કરવો નહિ. કેમકે સમ્પત્તિનો ભાગ થાય એમ મારો ભાગ થઈ શકે નહિ માટે હું ભાગમાં ઉપયુક્ત સાધન તરીકે ગણાઉં નહિ'' ।।૨।।

**ત્યારે નાભાગે કહ્યું :** ''જો તમે ભાગરૂપ ન ગણાઓ તો મારે આજીવિકા શાથી ચલાવવી?'' ત્યારે નભગે કહ્યું કે ''અહીં નજીકમાં બુદ્ધિમાન આંગિરસ ગોત્રના બ્રાહ્મણો યજ્ઞ કરે છે. તે યજ્ઞ બાર દિવસનો છે; તેમાં છઠ્ઠા દિવસનું કર્મ બેવાર આવે છે. એ કર્મમાં સુક્તવિશેષમાં એ વિદ્વાન બ્રાહ્મણો મૂંઝાઈ જાય છે. એ સૂક્ત તું જાણે છે તેથી એ વિદ્વાન બ્રાહ્મણોને એ બે સૂક્ત તું બતાવ એટલે એ યજ્ઞ સમાપ્ત કરી સ્વર્ગમાં જશે; એમનું જે બાકી રહેલું ધન હશે તે તને આપી દેશે માટે તું યજ્ઞમાં જા'' એમ પિતાની આજ્ઞા થતાં નાભાગ ત્યાં ગયો અને બે સૂક્ત બતાવ્યાં ત્યારે એ બ્રાહ્મણો પણ યજ્ઞ કરતાં બાકી રહેલું ધન નાભાગને લેવાનું કહી સ્વર્ગમાં ગયા ।।૩-૫।।

નાભાગ જ્યાં એ ધન લેવા જાય છે ત્યાં એક કાળા રંગનો પુરુષ ઉત્તર દિશા તરફથી આવી બોલ્યો કે યજ્ઞમાં વધેલું ધન તો મારું છે; તું ક્યાં લેવા તૈયાર થયો છે? ।।૬।।

**મનુના પૌત્ર નાભાગે કહ્યું :** ''મેં સૂક્ત બતાવ્યાં તેથી ઋષિલોકો સ્વર્ગમાં ગયા ત્યારે મને પોતાનું ધન આપી ગયા છે માટે આ ધન મારું છે'' રુદ્રે કહ્યું:''આપણા કલહમાં તારા પિતા કહે એ આપણે બન્નેને મંજૂર છે''. નાભાગે હા કહીને એ એના પિતાને પૂછવા ગયો ।।૭।।

**પિતાએ કહ્યું :** ''એકવાર દક્ષપ્રજાપતિના યજ્ઞમાં ઋષિલોકો એવો નિર્ણય લઈ ચૂક્યા છે કે યજ્ઞભૂમિમાં જે કાંઈ બચે તે બધું રુદ્ર દેવનો હિસ્સો થાય. તેથી એ ધન ઉપર તો શ્રીમહાદેવજીનો હક્ક છે તેથી એમને લેવા દે'' ।।૮।।

**નાભાગે જઈને રુદ્રને કહ્યું :** ''મારા પિતાને મેં પૂછ્યું તો ''એ ધન તમારું છે'' એમ કહે છે તેથી મેં એમાં મમતા કરી એ મારો અપરાધ આપ ક્ષમા કરો''. એમ કહી રુદ્રને નાભાગે પ્રણામ કર્યા ।।૯।।

**ત્યારે રુદ્રે કહ્યું :** ''તારા પિતાએ ધર્મયુક્ત કહ્યું તેથી મન્ત્રદ્રષ્ટા એવા તને હું બ્રહ્મનું જ્ઞાન જે સનાતન છે તે આપું છું ।।૧૦।।

વળી આ યજ્ઞમાં બાકી રહેલું ધન મારું છે છતાં હું ખુશીથી તને આપું છું. તું મારી આજ્ઞાથી લે એનાથી તારી જીવિકા ચાલશે. એટલું કહી સત્યભાષણથી પ્રસન્ન થયેલા ભગવાન્ રુદ્ર અન્તર્ધાન થઈગયા ।।૧૧।।

આ કથાને જે સવાર-સાંજ યાદ કરે તે પણ વિદ્વાન અને મન્ત્રને જાણનાર થાય

એટલું જ નહિ પણ પરમાત્માના સ્વરૂપને એ જાણે અને આ સંસારમાં પાછો આવે નહિ ।।૧૨।।

નાભાગના પુત્ર અમ્બરીષ થયા. એ મોટા ભગવદ્ભક્ત હતા. જે દુર્વાસાના શાપથી ઈન્દ્ર ભિખારી થઈ ગયો હતો. તેનો શાપ અમ્બરીષને કાંઈ પણ ન કરી શક્યો; અમ્બરીષ રાજા એવો કૃતાર્થ થયો ।।૧૩।।

**રાજાએ કહ્યું :** હે ભગવન્! જેની ઉપર અપ્રતિહત એવા બ્રહ્મદંડની પણ કાંઈ અસર થઈ નહિ તેવા એ અમ્બરીષરાજાનું ચરિત્ર સાંભળવાની મને ઈચ્છા થાય છે ।।૧૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** અમ્બરીષ સાત દ્વીપવાળી પૃથ્વીનો રાજા, અવિકૃત લક્ષ્મીવાળો અને અતુલ બળવાળો થયો ।।૧૫।।

માણસને એના જેવો વૈભવ દુર્લભ ગણાય છતાં અમ્બરીષ તો એને સ્વપન જેવો ગણવા લાગ્યો, કારણ કે એ જાણતો હતો કે વૈભવનું ફળ તો નરક છે અને તેથી એ એમાં મોહ પામ્યો નહિ ।।૧૬।।

એ વાસુદેવ ભગવાન્ અને એના ભક્તોમાં પરમ ભાવવાળો હતો તેથી એ આ વિશ્વને માટીના ઢેફા જેવું ગણતો હતો ।।૧૭।।

એનું મન કૃષ્ણના ચરણકમળમાં જ હતું એની વાણી વૈકુંઠ ભગવાનના ગુણ ગાવામાં જ ઉપયોગી હતી એના બે હાથ ભગવાનના મન્દિરને સાફ કરવામાં ઉપયોગમાં આવતા હતાઅને ભગવાનની ઉત્તમ કથા સાંભળવામાં એના કાનનો ઉપયોગ હતો ।।૧૮।।

મોક્ષદાતા ભગવાન્ મુકુન્દની મૂર્તિને અને બિરાજવાના મન્દિરને નીરખવામાં જ એના નેત્રનો વ્યાપાર હતો. ભગવદ્ભક્તનો સ્પર્શ કરવામાં સકળ અંગમાં વ્યાપી રહેલી ચામડી ઉપયોગમાં હતી; ભગવાનના ચરણકમળ સુંગવામાં તેમજ ચરણની તુલસી સુંગવામાં નાકનો વિનિયોગ હતો તથા પ્રભુને ધરવામાં આવેલા મહાપ્રસાદમાં એની જીભનો વ્યાપાર હતો ।।૧૯।।

ભગવાનના મન્દિરે જવામાં એ એના પગનો ઉપયોગ કરતો અને ઈન્દ્રિયના નિયામક ભગવાનને નમન કરવામાં એ એના મસ્તકનો ઉપયોગ કરતો; જો કે કામનો ઉપયોગ દાસત્વમાં છે છતાં કામ પૂર્ણ કરવાના ઉદ્દેશથી નહિ પણ ભગવદ્ભુક્ત પદાર્થને માથે ચઢાવવાના કાર્યમાં ઉપયોગ થઈ શકે એમાટે એ ચન્દન, માળા વગેરે

કરતો ।।૨૦।।

એવી રીતે પોતે જે-જે કર્મ કરતા તે બધુંજ ભગવાન્‌માં અર્પણ કરતા. એમ કરતાં એને ભગવાન્‌માં સર્વાત્મભાવ થઈગયો અને ભગવદ્ભક્ત બ્રાહ્મણોની આજ્ઞાથી પૃથ્વીનું રાજ્ય કરતા હતા ।।૨૧।।

એણે યજ્ઞના અધીશ્વર વિષ્ણુ ભગવાનની પ્રીતિને અર્થે જે મોટી સમૃદ્ધિ અને દક્ષિણાને અવકાશ હોય છે તેવો અશ્વમેધ યજ્ઞ કર્યો. એમાં વસિષ્ઠ આદિ મુનિઓ ઋત્વિક હતા. સરસ્વતીના પ્રવાહની અભિમુખમાં જ્યાંથી મારવાડ દેશની શરૂઆત થાય છે ત્યાં એણે આ યજ્ઞ કર્યો અને એ દ્વારા યજ્ઞાધીશ્વરને પ્રસન્ન કર્યા ।।૨૨।।

એ અમ્બરીષના યજ્ઞમાં ઋત્વિક્ અને સદસ્યો દેવ જેવા દેખાતા હતા એમનાં રૂપ દેવ જેવાં હતાં એમની આંખમાં એઓ નિમેષ વગરના હતા અને એમણે સારાં વસ્ત્રાભૂષણ પહેર્યા હતાં ।।૨૩।।

દેવોને પ્રિય એવા સ્વર્ગની અમ્બરીષની પ્રજાએ કદી ઈચ્છા કરી ન હતી કેમકે સ્વર્ગમાં તો કેવળ ભોગ છે અને અહીં તો ઉત્તમ કીર્તિવાળા ભગવાનનું ચરિત્ર શ્રવણ કરવાનો તથા કીર્તન કરવાનો લાભ મળે તે છોડી સ્વર્ગમાં જવાની કોણ ઈચ્છા કરે? ।।૨૪।।

ભગવાને જેને પોતાના માન્યા છે તેવા ભગવદ્ભક્તો સ્વર્ગાદિકના ભોગવી લાલચથી લલચાવી શકાતા નથી, કારણ કે એઓ તો ભગવાનને પોતાના હૃદયમાં જોઈને આનન્દ પામે છે. એમને અણિમાદિ સિદ્ધિઓ પણ આનન્દ આપી શકતી નથી તો કર્મથી મળતો સ્વર્ગ એમને ન ગમે એમાં તો શું કહેવુંવારું? ।।૨૫।।

ભક્તિ અને તપરૂપ સ્વધર્મવડે ભગવાનને પ્રસન્ન કરતા એ અમ્બરીષ રાજાએ ધીમે-ધીમે બધી આસક્તિઓને છોડી દીધી ।।૨૬।।

ઘર, સ્ત્રી, પુત્ર, બન્ધુજન, મોટા હાથીઓ, રથો, ઘોડા, પાયદળની ચતુરંગિણી સેના, અક્ષય રત્ન, આભૂષણો અને હથિયાર તથા અખૂટ ખજાનાઓ વિષે તેમનો દૃઢ નિશ્ચય હતો કે આ બધુંજ અસત્ય છે ।।૨૭।।

**વિશેષઃ** ''જેનાથી અમૃત ન મળે તેને હું શું કરું'' એમ ઉપનિષદ્‌માં મૈત્રેયીએ કહ્યું છે. અમ્બરીષને પણ એ બધાં સુખ આપનાર ન થયા.

ભગવાને એ અમ્બરીષને શત્રુને ભય કરે તેવું ચક્ર આપ્યું હતું. કેમકે એ એકાન્ત

ભક્ત હતો. શત્રુનું ધ્યાન રાખવા જતાં ભગવાન્‌માંથી ચિત્તને ચલિત કરવાનું ભક્તને પોસાય નહિ એટલામાટે ભગવાને એની ભક્તિથી પ્રસન્ન થઈ એની રક્ષામાટે ચક્ર આપ્યુંહતું ।।૨૮।।

વીર અમ્બરીષની રાણી પણ એના જેવી જ ધર્મિષ્ઠ, સંસારથી વિરક્ત અને ભગવદ્ભક્ત હતી. એકવાર એમણે પત્ની સાથે ભગવાન્ શ્રીકૃષ્ણની આરાધના કરવામાટે એક વર્ષ સુધી દ્વાદશી પ્રધાન એકાદશીનું વ્રત કરવાનો નિયમ લીધો ।।૨૯।।

વ્રત પૂરું થતાં કાર્તિક માસમાં એમણે ત્રણ દિવસ-રાતના ઉપવાસ કર્યા અને એક દિવસે યમુનાજીમાં સ્નાન કરી મધુવનમાં ભગવાન્ શ્રીકૃષ્ણની પૂજા કરી ।।૩૦।।

એમણે પહેલાં જલની ધારાથી અભિષેક કરી વસ્ત્ર વગેરેથી કેશવની પૂજા કરી ગન્ધમાલ્ય, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરે ધર્યા ।।૩૧।।

એમણે ભગવાનનું ભક્તિપૂર્વક પૂજન કર્યું તથા મોટા ભાગ્યવાળા બ્રાહ્મણોને પણ ભક્તિથી પૂજ્યા ।।૩૨।।

એમણે સોનાના શિંગડાવાળી તથા રૂપાની ખરીવાળી તથા સુન્દર વસ્ત્રવાળી દૂઝતી રૂપાળી વાછડાવાળી સાઠ કરોડ ગાયોનું દોહનનાં સાધનો સાથે દાન કર્યું એ પણ ગાયની સેવા કરે તેવા યોગ્ય બ્રાહ્મણોને એ ગાયો આપી તથા છ પ્રકારના રસવાળું અન્ન બ્રાહ્મણોને જમાડ્યું ।।૩૩-૩૪।।

બ્રાહ્મણોનો મનોરથ પૂરો થતાં એમણે એમને પારણાં કરવાની (જમવાની) આજ્ઞા આપી અને એ જમવાની તૈયારીમાં હતા તેવામાં તો ભગવાન્ દુર્વાસા મુનિ અતિથિ તરીકે ત્યાં આવ્યા ।।૩૫।।

એમને જોતાં જ રાજાએ ઊભા થઈ એમનું પૂજન કર્યું, આસન આપી એમના ચરણમાં માથું નમાવી નમસ્કાર કર્યા અને ભોજન કરવાની વિનન્તિ કરી ।।૩૬।।

દુર્વાસાએ રાજાની માગણી સ્વીકારી અને પોતાનું નિત્ય કર્મ કરવાને યમુના તટે ગયા અને ત્યાં બ્રહ્મનું ધ્યાન કરતાં-કરતાં યમુનાજીના પવિત્ર જલમાં સ્નાન કરવા લાગ્યા ।।૩૭।।

એ સમયે દ્વાદશી માત્ર એક ઘડી બાકી રહી હતી (અને અમ્બરીષે એમાં જ પારણાં કરવાં જોઈએ) તેથી ધર્મજ્ઞ અમ્બરીષે ધર્મસંકટ આવી પડતાં બ્રાહ્મણોને

પણ બોલાવ્યા ।।૩૮।।

પોતાની મુશ્કેલીની વાત કરી કે ''દુર્વાસા જમવાના છે, જો એમના પહેલાં પારણું કરવામાં આવે તો દોષ લાગે અને એક ઘડી વીતી જાય અને પારણામાં દ્વાદશી ન મળે તો વ્રત ખંડિત થાય તેથી બન્ને વાતમાં બાધ ન આવે અને અધર્મ ન થાય એવો કોઈ રસ્તો બતાવો, જે કરવાથી મારા ઘરમાં નિમન્ત્રિત બ્રાહ્મણને જમાડીને જમું અને મારું વ્રત પણ ખંડિત થાય નહિ'' ।।૩૯।।

**વિચાર કરીને રાજાએ કહ્યું** : ''કેવળ જળથી પારણું કરું તો ચાલે? હે બ્રાહ્મણ દેવતાઓ જળનું ભક્ષણ કરવું એ ખાધું પણ કહેવાય એટલે એકાદશીનાં પારણાં કર્યા કહેવાય અને નિમન્ત્રિત બ્રાહ્મણને જમાડ્યા વગર જમવું નહિ એ વાતને પણ પુષ્ટિ મળે. જો આમ થાય તો મારું સંકટ પણ દૂર થાય'' ।।૪૦।।

બ્રાહ્મણોની સમ્મતિ મળતાં ભગવાનનું ચિન્તન કરી રાજાએ એમ કર્યું અને મુનિની વાટ જોઈને બેઠા ।।૪૧।।

દુર્વાસા યમુનાજી ઉપરથી નિત્યનિયમ કરી આવ્યા. રાજાએ કહ્યું :''બહુ જલદી પધાર્યા?'' પણ એ રાજાએ જળથી પારણું કર્યું એ મુનિ બુદ્ધિથી જાણી ગયા ।।૪૨।।

ક્રોધથી એમનું શરીર કંપવા લાગ્યું અને એમણે ભ્રમર ચડાવી. એમાં વળી એ ભૂખ્યા હતા એટલે ક્રોધ વધી ગયો તેથી એ હાથમાં જળ લઈ બોલ્યા : ।।૪૩।।

''આ અમ્બરીષ લક્ષ્મીના મદમાં ગાંડો બની ગયો છે એટલું જ નહિ પણ ક્રૂર બન્યો છે. એ ભક્ત નથી છતાં ''હું જ ભક્ત છું'' એમ માને છે. એણે ધર્મનો લોપ કર્યો એ જુઓ. હું એને ઘેર અતિથિ આવ્યો, મને એણે ભોજનનું નિમન્ત્રણ કર્યું, છતાં એણે મને તો ભોજન આપ્યું નહિ અને પોતે ખાઈ લીધું. એનું ફળ હું એને હમણાં ને હમણાં દેખાડું છું'' ।।૪૪-૪૫।।

એમ બોલી ક્રોધમાં સળગતા દુર્વાસાએ પોતાની જટાને ઉખેડીને અમ્બરીષને મારવાને એમાંથી એક કૃત્યા (મારનારી શક્તિ) ઉત્પન્ન કરી, જે પ્રલયકાળના અગ્નિ જેવી ભયંકર હતી ।।૪૬।।

હાથમાં તલવાર લઈ એ કૃત્યાદેવી પગવડે પૃથ્વીને ડોલાવતી અમ્બરીષની સામે આવી પણ અમ્બરીષ એને જોઈને એક પગ પણ ચલિત થયો નહિ એ ત્યાં જ અડગ ઊભા રહ્યા ।।૪૭।।

ક્રોધે ભરાયેલો સર્પ અગ્નિમાં પડે અને જેમ બળી મરે તેમ ભગવાને અમ્બરીષની રક્ષામાટે પ્રથમથી જ જે ચક્ર આપ્યું હતું તેણે એ કૃત્યાને સળગાવી દીધી ।।૪૮।।

પોતે ઊભી કરેલી કૃત્યા બળી ગઈ ત્યારે દુર્વાસાએ જાણ્યું કે મારો પ્રયાસ વ્યર્થ ગયો. એટલામાં તો એ ચક્ર એમની પાછળ પડ્યું તેથી મુનિ પોતાના પ્રાણ બચાવવા દશેય દિશાઓમાં દોડવા લાગ્યા ।।૪૯।।

ઊંચા-ઊંચા ભડકાવાળો દાવાનળ જેમ સર્પની પાછળ પડે તેમ એની પાછળ ભગવાનનું ચક્ર પડ્યું, પોતાની પાછળ ચક્ર પડેલું છે જાણી દુર્વાસા મેરુપર્વતની ગુફામાં પેસી જવા એ દિશામાં દોડ્યા ।।૫૦।।

દિશાઓ, આકાશ, પૃથ્વી, અતલ, વિતલ વગેરે નીચેના પાતાળો, સમુદ્રો, લોકપાલ તથા તેમનાદ્વારા સુરક્ષિત લોક અને સ્વર્ગ સુધી જ્યાં-જ્યાં એ ગયા ત્યાં-ત્યાં એ ચક્ર પાછળ આવતું દેખાવા લાગ્યું ।।૫૧।।

જ્યારે એમને કોઈ રક્ષા કરનાર મળ્યો નહિ ત્યારે તો એ ચિત્તમાં વધારે ત્રાસી ઊઠ્યા અને રક્ષા કરનારની શોધમાં પડ્યા અને દેવશિરોમણિ બ્રહ્માજી પાસે જઈ ''બ્રહ્માજી! આપ સ્વયમ્ભૂ છો. ભગવાનના આ અજિત તેજોમય ચક્રથી કૃપા કરી મને બચાવો'' એમ કહ્યું ।।૫૨।।

**બ્રહ્માજીએ કહ્યું** : ''બે પરાર્ધને અન્તે જ્યારે સૃષ્ટિની રચનાનો અન્ત આવશે ત્યારે મારા બ્રહ્મલોક સહિત આખું વિશ્વ કાલાત્મા ભગવાનની ભ્રૂકુટિ માત્રથી બળી જશે એવા ભગવાનના ચક્રથી હું તારી રક્ષા કરવાને સમર્થ નથી ।।૫૩।।

હું, શિવજી, દક્ષ વગેરે, મરીચિ આદિ પ્રજાપતિઓ એકાદશ રુદ્ર વગેરે ભૂતેશ, દેવેશ એ બધા અમે જેમની આજ્ઞા મસ્તક પર ચઢાવી એમણે બાંધેલા નિયમ પ્રમાણે લોકનું હિત કરીએ છીએ'' (તેના ભક્તના દ્રોહીને બચાવવા અમે સમર્થ નથી) ।।૫૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : વિષ્ણુના ચક્રથી તાપ પામેલા દુર્વાસાને બ્રહ્માજીએ એ પ્રમાણે જવાબ આપી મોકલ્યા ત્યારે દુર્વાસા કૈલાસવાસી શિવજી પાસે જઈ ''ચક્રથી મારી રક્ષા કરો'' એમ કહીને ઊભા રહ્યા ।।૫૫।।

**શિવજી બોલ્યા** : ''હે તાત! એ સમર્થ વિષ્ણુ બહુ મોટા છે. અમે બ્રહ્મા તથા બીજા જીવો એમની ઇચ્છા પ્રમાણે ઉત્પન્ન થતાં અને સમાપ્ત થતાં હજારો

બ્રહ્માંડોમાં ફરીએ છીએ તે એના ચક્રને શાન્ત કરવાને સમર્થ નથી ।।૫૬।।

હું, સનત્કુમાર, નારદ, ભગવાન્ બ્રહ્મા, કપિલ, અપાન્તરતમ, દેવલ, ધર્મ, આસુરિ, મરિચિ વગેરે સિદ્ધના ઈશ્વરો જે પારને પામેલા ગણાય છે છતાં જે એમની માયામાં વીંટાયેલા છે તે અમે એમની માયાના પારને પામતા નથી ।।૫૭-૫૮।।

એ વિશ્વેશ્વરનું આ અસહ્ય શસ્ત્ર છે. માટે જેનું એ શસ્ત્ર છે તે હરિને તમે શરણે જાઓ. એ જ તમારું મંગલ કરશે'' ।।૫૯।।

ત્યાંથી પણ નિરાશ થઈ દુર્વાસા ભગવાનના પરમ ધામ વૈકુંઠમાં ગયા કે જ્યાં લક્ષ્મીની સાથે ભગવાન્ સ્વયં બિરાજે છે ।।૬૦।।

ભગવાનના શસ્ત્રના તાપથી બળતા દુર્વાસા ધ્રૂજતા કંપતા ભગવાનના ચરણમાં પડી ગયા : ''હે અચ્યુત! અનન્ત પુરુષને પામવા યોગ્ય પ્રભુ! હે વિશ્વરક્ષક! હું અપરાધી છું છતાં મને બચાવો ।।૬૧।।

મેં તમારો પ્રતાપ જાણ્યો નહિ અને તમારા પ્રીતિપાત્ર ભક્તનો મેં અપરાધ કર્યો. હે વિધાતા! એ મારા અપરાધની નિવૃત્તિ આપ કરો. આપનું નામ લેવા માત્રથી નરકનો જીવ પણ બચે છે તોહુંતો આપના ચરણમાં પડ્યો છું તેથી મારી રક્ષા કરો'' ।।૬૨।।

**શ્રીભગવાને કહ્યું** : હું ભક્તને અધીન છું. હે બ્રાહ્મણ! એની પાસે હું સ્વતન્ત્ર નથી. સાધુ ભક્ત પુરુષો મારા હૃદયને કબજે કરી બેઠા છે. હું પણ ભક્તને જોઈને પ્રસન્ન થાઉં છું. સત્પુરુષ એવા મારા ભક્ત વિના હું મારા આત્માને પણ ઈચ્છતો નથી તેમજ મારાથી અભિન્ન એવી લક્ષ્મી કે જેને મારા સિવાય બીજું કોઈ નથી તેને પણ હું મારા ભક્તની અપેક્ષાએ ગૌણ ગણું છું કેમકે જે સ્ત્રી, ઘર, પુત્ર, મિત્ર, પ્રાણ, ધન આ લોક તથા પરલોક ને છોડીને મારા રક્ષણ નીચે આવ્યા હોય તેઓને હું કેમ છોડી શકું? તેઓએ મારામાં પોતાના હૃદયને બાંધી દીધું હોય છે, જગત્ પ્રત્યે સમાન દષ્ટિથી જોનારા હોય છે તેથી જેમ સારી સ્ત્રી સારા પતિને વશ કરે તેમ એ ભક્તોએ મને પ્રેમવડે વશ કરી લીધો છે. એમને સાલોક્યાદિ ચાર પ્રકારની *મુક્તિ આપવામાં આવે છે છતાં તેઓ મારા સિવાય એને પણ ઈચ્છતા નથી. તેઓ કેવળ સેવાથી જ કૃતાર્થ છે, પૂર્ણ છે તે એ કાળથી નાશ પામતાં સ્વર્ગ આદિની તો ઈચ્છા જ કેમ કરે? ભક્તો મારું હૃદય છે. ભક્તોનું હૃદય હું છું. મારા વગર એ કાંઈ જાણતા નથી. એના વગર હું બીજું કાંઈ પણ જાણતો નથી. તેથી મારાથી તમારી રક્ષા તો ન

થઈ શકે પણ હું તમને ઉપાય બતાવું તે હે વિપ્ર! તમે સાંભળો, જ્યાંથી તમને આ દુઃખ થયું છે તેની પાસે જ તમે પહોંચી જાઓ. ભગવદ્ભક્ત ઉપર જે પોતાનું તેજ અજમાવે તે અજમાવનારનું જ અનિષ્ટ કરે છે. બ્રાહ્મણને તપ અને વિદ્યા એ બે શ્રેય કરનાર છે પણ જો એ દુષ્ટની પાસે હોય તો એ તપ અને વિદ્યા તે દુષ્ટનું અનિષ્ટ કરે છે ।।૬૩-૭૦।।

**વિશેષ :** ૧. સાલોક્ય=ભગવાનના લોક (વૈકુંઠ)માં વાસ. ૨. સાર્ષ્ટિ=ભગવાનના ઐશ્વર્ય જેવું ઐશ્વર્ય. ૩. સામીપ્ય ભગવાનની સમીપમાં સ્થિતિ. સાલોક્ય કરતાં આ કંઈક વિશેષછે. ૪. સારૂપ્ય=ભગવાનના જેવા ચતુર્ભુજ રૂપની પ્રાપ્તિ. શ્રીભાગવત ૩।૨૯।૧૩માં પાંચમી મુક્તિ ઐક્ય-સાયુજ્યનો ઉલ્લેખ પણ છે

**બ્રહ્મંસ્તદ્ ગચ્છ ભદ્રં તે નાભાગતનયં નૃપમ્ ।।**
**ક્ષમાપય મહાભાગં તતઃ શાન્તિર્ભવિષ્યતિ ।।૭૧।।**

માટે હે બ્રહ્મન્! તમે નાભાગના પુત્ર અમ્બરીષ પાસે જાઓ; એનાથી જ તમને આ ઉપદ્રવ મટશે અને શાન્તિ થશે ।।૭૧।।

**ઇતિ શ્રીભાગવત નવમ સ્કન્ધમાં (પહેલા સૂર્યવંશ નામના *પ્રકરણનો ત્રીજો) ''નાભાગ તથા અમ્બરીષ રાજાનું ચરિત્ર'' નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**વિશેષઃ** આ સૂર્યવંશના વર્ણન નામના મહાપ્રકરણમાં ચાર અવાન્તર પ્રકરણ ત્રણ-ત્રણ અધ્યાયનાં છે તેમાં પ્રથમ, મધ્યમ અને ઉત્તમ એવા ભક્તના ત્રણ ભેદ અને ભગવદ્અવતારરૂપ ચોથો ભેદ એમ બાર અધ્યાય છે. તેમાં પ્રથમ અવાન્તર પ્રકરણ ત્રણ અધ્યાયનું અહીં પૂર્ણ થયું.

**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. (શ્રીવલ્લભાચાર્ય)**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ લોકોને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

## અધ્યાય ૫

# અમ્બરીષે ચક્રને સ્તુતિવડે શાન્ત કરી દુર્વાસાને પ્રાણસંકટથી બચાવ્યા

**વિશેષ :** અમ્બરીષ રાજાએ પ્રયત્નપૂર્વક ચક્રની સ્તુતિ કરી અને દુર્વાસાને પ્રાણસંકટથી બચાવ્યા એટલી વાત આ પાંચમા અધ્યાયમાં આવે છે.

**એવં ભગવતાઽઽદિષ્ટો દુર્વાસાશ્ચક્રતાપિતઃ ।।**
**અમ્બરીષમુપાવૃત્ય તત્પાદૌ દુઃખિતોઽગ્રહીત્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જ્યારે ભગવાને એ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે ચક્રના તેજથી દુઃખ ભોગવતા દુર્વાસા અમ્બરીષ પાસે પાછા આવ્યા અને દુઃખિત હોવાથી એના પગ પકડી લીધા ।।૧।।

દુર્વાસાની આ ચેષ્ટા જોઈને તથા પોતાના પગમાં પડેલા જોઈ અમ્બરીષ શરમાઈ ગયા; એમનું દુઃખ જોઈને પોતે દુઃખી થયા અને એ દુઃખથી દુર્વાસાને છોડાવવામાટે સુદર્શન ચક્રની સ્તુતિ કરવા લાગ્યા ।।૨।।

**અમ્બરીષે કહ્યું :** હે સુદર્શન! ભગવાન્ સૂર્યરૂપ, સોમરૂપ, અગ્નિરૂપ, જ્યોતિરૂપ, જળરૂપ, પૃથ્વીરૂપ, આકાશરૂપ, વાયુરૂપ, વિષય અને ઈન્દ્રિયરૂપ પણ તમે છો. તમને મારા નમસ્કાર હો. હે સહસ્ર! ધારવાળા અને ભગવાનને પ્રિય, હે સર્વાસ્ત્રનાશક! હે પૃથ્વીપતે! આ બ્રાહ્મણનું કુશળ કરો. મંગળરૂપ એવા આપ એમના રક્ષક થાઓ. આપ ધર્મરૂપ, ૧ ઋતરૂપ, ૨ સત્યરૂપ, યજ્ઞરૂપ અને યજ્ઞનો ભોગ કરનાર છો. આપ જ સર્વના આત્મા થઈ લોકના પાલક છો. પરમેશ્વરનું પરમ તેજ આપ છો. હે સુનાભ! અખિલ ધર્મની મર્યાદાઓના રક્ષક, અધર્મશીલ અસુરોના ધૂમકેતુરૂપ, ત્રણ લોકની રક્ષા કરવામાં શુદ્ધ તેજસ્વીરૂપ, મનના જેવા વેગવાળા અને અદ્ભુત કર્મવાળા આપને હું નમસ્કાર કરું છું. આપે આપના તેજવડે ભક્તોની આંખ આડે આવે તેવા અજ્ઞાનને ધર્મવડે દૂર કર્યું છે, મહાત્માઓને જ્ઞાનરૂપ પ્રકાશનું દાન કર્યું છે. હે વાણીના પતિ! આપનો મહિમા કોઈથી જાણ્યો જાય તેવો નથી, અપાર છે. આ ઉચ્ચ-નીચ કાર્યકારણાત્મક જગત્ આપનું સ્વરૂપ છે; આપનાથી જાદું નથી. હે અજિત! જ્યારે નિર્લેપ ભગવાન્ આપને આજ્ઞા કરે છે ત્યારે આપ અસુરની સેનામાં પેસી એનાં બાહુ, પેટ, જાંઘ, પગ અને ગળાં વગેરે કાપતા યુદ્ધમાં

અત્યન્ત શોભો છો ।।૩-૮।।

**વિશેષ :** ૧.ઋત="ઇતં ચ સૂનૃતા વાણી" (ભાગ.૧૧।૧૯।૩૮) સત્ય અને મધુર વાણી. ૨.**સત્ય="સત્યં ચ સમદર્શનમ્"** (ત્યાંજ૧૧।૧૯।૩૭) સમદર્શન અર્થાત્ સર્વત્ર સમસ્વરૂપ, સત્યસ્વરૂપ પરમાત્માનું દર્શન.

ગદાધર ભગવાને વિશ્વમાં ભક્તની રક્ષામાટે અને દુષ્ટ બળને મારવામાટે આપને આજ્ઞા કરેલી છે કેમકે આપ બધાના બળને સહન કરી એનો પરાજય કરવામાં સમર્થ છો. તો અમારા કુળના ભાગ્યનો ઉદય કરવામાટે આ બ્રાહ્મણની રક્ષા કરો. એમ કરશો તો આપે અમારા ઉપર કૃપા કરી એમ અમે જાણીશું ।।૯।।

જો એમ નહિ થાય અને બ્રાહ્મણનું અનિષ્ટ થશે તો લોકમાં અમારું અપયશ, કુળનાશ અને નરકપાતરૂપ અનિષ્ટ થશે. તેથી બ્રાહ્મણની રક્ષા કરો, જેથી અમારા કુળનું શ્રેય થાય. જો અમે બ્રાહ્મણને કંઇ દાન આપ્યું હોય, યજ્ઞ કર્યો હોય, સ્વધર્મ કર્યો હોય અને અમારું કુળ બ્રાહ્મણને દેવની પેઠે પૂજતું આવ્યું હોય તે આ બ્રાહ્મણ દુઃખમુક્ત હો ।।૧૦।।

ભગવાન્ સમસ્ત ગુણોના એકમાત્ર આશ્રય છે. જો મેં સર્વ પ્રાણીમાં ભગવદ્દભાવના રાખી હોય અને એ સર્વાત્મભાવથી ભગવાન્ મારી ઉપર પ્રસન્ન થયા હોય તો આ બ્રાહ્મણ સુદર્શનના દુઃખથી મુક્ત થાઓ ।।૧૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** અમ્બરીષ રાજાની સ્તુતિને ધ્યાનમાં લઈ બ્રાહ્મણને ચારે તરફથી બાળતું સુદર્શન નામનું વિષ્ણુનું સુદર્શન ચક્ર શાન્ત થઈ ગયું ।।૧૨।।

ચક્રનાં તાપથી દુર્વાસા મુક્ત થઈ ગયા અને એમનું ચિત્ત સ્વસ્થ થઈ ગયું અને હવે એ રાજાને પરમ આશિષ આપતાં એમની પ્રશંસા કરવા લાગ્યા ।।૧૩।।

**દુર્વાસાએ કહ્યું :** "અહો! આજે મેં ભગવાનના પ્રેમી ભક્તોની મોટાઈ જોઈ. હે રાજા! મેં આપનો અપરાધ કર્યો તો પણ આપ મારી મંગળ કામના જ કરો છો. એ જ ભક્તનો મહિમા કહેવાય. પરકાર્ય સાધનાર સાધુને કાંઈ દુષ્કર નથી. એવું કશું નથી જે મહાત્મા પુરુષો છોડી ન શકે, કારણ કે એમણે તો ભક્તને પૂજ્ય અને શ્રેષ્ઠ એવા ભગવાનને પોતાના હૃદયમાં સારી રીતે ધારણ કર્યા હોય છે. જેનું મંગલમય નામ માત્ર સાંભળવાથી પુરુષ નિર્મલ થઈ જાય છે તેવા તીર્થપાદ ભગવાનના જે દાસ બને છે તેનેમાટે કયું કર્તવ્ય કરવાનું બાકી રહી જાય છે? એવાને ભગવાન્ સિવાય કોઈની કામના રહેતી નથી. હે રાજન્! દયાળુ એવા આપે મારા ઉપર કૃપા કરી આપે મારા

દોષને જોયો નહિ અને મારા પ્રાણ બચાવ્યા'' ।।૧૪-૧૭।।

અમ્બરીષ રાજા દુર્વાસાના આવવાની પ્રતીક્ષા કરતા હતા, જમ્યા પણ ન હતા; એમણે મુનિના ચરણમાં પડી એમને મનાવ્યા અને જમાડ્યા ।।૧૮।।

એમણે આદરપૂર્વક લાવેલા અને સર્વ મનોરથ પૂર્ણ કરે તેવા છ પ્રકારના ભોજનથી એમનો સત્કાર કર્યો. ભોજન કરી મુનિ તૃપ્ત થયા અને આદરપૂર્વક રાજાને જમવાની આજ્ઞાઆપી ।।૧૯।।

''ભગવાન્‌માં તમારી બુદ્ધિ સ્થિર છે તેમારાં દર્શન, સ્પર્શ અને આતિથ્ય સત્કારથી હું પ્રસન્ન થયો છું એટલું જ નહિ પણ મારા પ્રાણ તમે બચાવ્યા તેથી હું તમારી કૃપાને પાત્ર પણ થયો છું ।।૨૦।।

સ્વર્ગની દેવાંગનાઓ આપના આ ઉજ્વલ ચરિત્રનું ગાન કરશે. આ પૃથ્વી પણ આપની પરમ પુણ્યમયી કીર્તિનું સંકીર્તન કરતી રહેશે'' ।।૨૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** પ્રસન્ન થયેલા દુર્વાસાએ એ પ્રમાણે અમ્બરીષ રાજાના ગુણોની પ્રશંસા કરી તેમની રજા લઈ, જે કેવલ નિષ્કામ કર્મથીજ પ્રાપ્ત થાય છે તે બ્રહ્મલોકમાં આકાશમાર્ગે ગયા ।।૨૨।।

દુર્વાસા સ્નાન કરવા ગયા ત્યાંથી આવ્યા એમણે કૃત્યા ઉત્પન્ન કરી, સુદર્શને કૃત્યાનો નાશ કર્યો એ દુર્વાસાની પાછળ પડ્યું ત્યાંથી પાછા ફર્યા અને રાજાએ એમને બચાવ્યા આ બધા કાર્યમાં એક વર્ષ વીતી ગયું; ત્યાં સુધી રાજા તેમના આવવાની આશામાંને આશામાં માત્ર જલ પીને જ રહ્યા ।।૨૩।।

બ્રાહ્મણના જમ્યા પછી વધેલું ઉત્તમ અન્ન વિશેષ પવિત્ર ગણાય છે. દુર્વાસાના ગયા પછી અમ્બરીષ રાજાએ એ પવિત્ર અન્નનો આહાર કર્યો અને માનવા લાગ્યા કે દુર્વાસા મુનિને સુદર્શનથી દુઃખ થયું અને પોતે પણ ત્યાં સુધી શાન્તિ રાખી એ બધાનું કારણ ભગવાનનો પ્રતાપ છે ।।૨૪।।

એવા અનેક ગુણવાળા એ રાજા જેને સ્મૃતિમાં પરમાત્મા કહે છે, ઉપનિષદમાં બ્રહ્મ કહે છે અને પુરાણમાં વાસુદેવ ભગવાન્ કહે છે તેમાં સર્વ ક્રિયાના સમર્પણરૂપ ભક્તિ કરતાં-કરતાં બ્રહ્મલોક સુધીના ભોગોને નરકતુલ્ય ગણવા લાગ્યા ।।૨૫।।

ત્યાર પછી રાજા અમ્બરીષે પોતાના જેવા સ્વભાવ અને ગુણવાળા પુત્રોને રાજપાટ સોંપી દીધું અને ઘણી ધીરતાથી વનમાં વાસુદેવ ભગવાન્‌માં મન લગાવી ગુણોના પ્રવાહરૂપ સંસારથી મુક્ત થઈ ગયા ।।૨૬।।

**ઈત્યેતત્ પુણ્યમાખ્યાનમમ્બરીષસ્ય ભૂપતેઃ।**
**સંકીર્તયન્નનુધ્યાયન્ ભક્તો ભગવતો ભવેત્ ।।૨૭।।**

રાજા અમ્બરીષના આ પવિત્ર આખ્યાનનું જે કીર્તન અને સ્મરણ કરે તે ભગવાનનો ભક્ત બની જાય છે ।।૨૭।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (પહેલા પ્રકરણ સૂર્યવંશ વર્ણનમાં અવાન્તર મધ્યમ પ્રકરણનો પહેલો અને સ્કન્ધનો) ''અમ્બરીષે ચક્રને સ્તુતિવડે શાન્ત કરી દુર્વાસાને પ્રાણસંકટમાંથી બચાવ્યા'' નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**તમારું વાંચન ક્યાંક એકડા વગરના મીંડા જેવું તો નથી!!!**
સત્સંગ-મંડળમાં હોય, ભગવદ્વાર્તામાં હોય કે વ્યક્તિગત હોય
ષોડશગ્રન્થ વિનાનું વાંચન એકડા વગરના મીંડા સમાન જાણવું

## અધ્યાય ૬

## ઈક્ષ્વાકુ રાજાનો વંશ અને સૌભરિનું આખ્યાન

**વિશેષ :** મનુના પુત્ર ઈક્ષ્વાકુનો વંશ, માન્ધાતા સુધીના રાજાઓનાં ચરિત્રો તથા સૌભરિ મુનિનું આખ્યાન પણ છઠ્ઠા અધ્યાયમાં કહેવામાં આવશે.

**વિરૂપઃ કેતુમાઞ્છમ્ભુરમ્બરીષસુતાસ્ત્રયઃ ।।**
**વિરૂપાત્ પૃષદશ્વોભૂત્ તત્સુતસ્તુ રથીતરઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** અમ્બરીષ રાજાને વિરૂપ, કેતુમાન અને શમ્ભુ નામના ત્રણ પુત્ર હતા. વિરૂપથી પૃષદશ્વ થયો તેનો રથીતર થયો ।।૧।।

રથીતરને સન્તાન ન હતું. એણે સન્તાન થવામાટે અંગિરાને પ્રાર્થના કરી. એ અંગિરાએ રથીતરની સ્ત્રીમાં બ્રહ્મ તેજથી સમ્પન્ન કેટલાય પુત્રો ઉત્પન્ન કર્યા ।।૨।।

જો કે એ રથીતરની પત્નીથી થયા પણ અંગિરાથી થયા તેથી એ અંગિરસ કહેવાયા. એ રથીતરની બીજી સ્ત્રીઓના પુત્રો કરતાં બ્રાહ્મણોત્પન્ન હોવાથી આંગિરસો શ્રેષ્ઠ કહેવાયા. એ ક્ષત્રત્વયુક્ત બ્રાહ્મણો થયા ।।૩।।

(મનુના દશ પુત્રોમાં પૃષધ્ર અને કવિ સંસારમાં વિરક્ત હોવાથી વંશ પ્રવર્ત્તક ન

થયા. કરૂષ આદિ સાતના વંશ તારતમ્યથી કહ્યા) એક વાર મનુને છીંક આવતાં નાકમાંથી ઈક્ષ્વાકુ નામના પુત્ર થયા. પહેલા દશ પુત્રો શ્રદ્ધા નામની સ્ત્રીમાં થયા તે સામાન્ય રીતે કહ્યું છે. આ ઈક્ષ્વાકુને સો પુત્ર થયા જેમાં વિકુક્ષિ, નિમિ અને દંડક એ ત્રણ મોટા હતા ।।૪।।

ઈક્ષ્વાકુના એ સો પુત્રમાંથી પચીશ પુત્રો આર્યાવર્તના પૂર્વભાગમાં સમુદ્ર સુધીની પૃથ્વીના રાજા થયા, પચીશ આર્યાવર્તના પશ્ચિમ સમુદ્ર સુધી રાજા થયા અને ઉપર્યુક્ત ત્રણ આર્યાવર્તના મધ્ય ભાગના રાજા થયા અને અને બાકીના સુડતાલીસ દક્ષિણ વગેરે પ્રાન્તોના અધિપતિ થયા ।।૫।।

એક વાર અષ્ટકાશ્રાદ્ધમાટે માંસ જોઈતું હતું તે લાવી આપવાને ઈક્ષ્વાકુએ વિકુક્ષિને આજ્ઞા કરી : ''હે વિકુક્ષિ! તું જલદી જા; શ્રાદ્ધને લાયક પવિત્ર પશુઓનું માંસ લાવ'' ।।૬।।

પિતાની આજ્ઞા પ્રમાણે એ વનમાં ગયો. મૃગોને શ્રાદ્ધ લાયક જોઈ તેણે માર્યા. પણ એટલામાં એ થાકી ગયો અને ક્ષુધિત પણ થયો એમાં એને સ્મૃતિ ન રહી કે આ દ્રવ્ય શ્રાદ્ધમાટે છે; તેથી એમાંથી એક સસલાને લઈ પોતે ખાઈ ગયો ।।૭।।

બીજું બધું લાવી પોતાના પિતાને બતાવ્યું. ઈક્ષ્વાકુએ વસિષ્ઠને કહ્યું કે ''શ્રાદ્ધમાટે માંસ આપ્યું છે તેને જલ છાંટી લઈ લો''. વસિષ્ઠે જોતાં જ કહ્યું કે આ માંસ શ્રાદ્ધના ઉપયોગમાં નહિ આવે ।।૮।।

કેમકે આ માંસ ખાધા પછી બાકી રહેલ માંસ પૈકીનું છે. પુત્રે શ્રાદ્ધને માટે મંગાવેલ માંસ પોતે ખાધા પછી આપ્યું છે એમ જ્યારે ઈક્ષ્વાકુએ જાણ્યું ત્યારે ન કરવાનું કામ કર્યું તેથી ક્રોધ કરીને રાજાએ પુત્રને દેશપાર કર્યો ।।૯।।

પછી ઈક્ષ્વાકુ તો વસિષ્ઠની સાથે તત્ત્વવિચાર કરતાં અને યોગ કરતાં કલેવરને છોડી પરમાત્માને પ્રાપ્ત થયા ।।૧૦।।

જ્યારે પિતા ગુજરી ગયા ત્યારે વિકુક્ષિ રાજધાનીમાં પાછો આવીને પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. એણે ભારે-ભારે યજ્ઞોથી વિષ્ણુનું આરાધન કર્યુ અને એ 'શશાદ' નામથી પ્રસિદ્ધ થયો ।।૧૧।।

એનો પુત્ર પુરંજય તે ઈન્દ્રવાહ તથા કકુત્સ્થના નામથી પણ ઓળખાતો હતો. જે કર્મો કરવાથી એનાં એ નામ પડ્યાં હતાં તે સાંભળો ।।૧૨।।

સત્યયુગના અન્તમાં દેવતાઓને દાનવો સાથે ઘોર સંગ્રામ થયો હતો. ત્યારે

દૈત્યોએ દેવોને હરાવેલા તે વખતે ઈન્દ્ર આદિ દેવોએ વીર પુરંજયને મદદમાટે મિત્ર બનાવ્યો ।।૧૩।।

**પુરંજયે કહ્યું :** ''જો મને ઈન્દ્ર પોતાની કાંધ ઉપર બેસાડી લઈ જાય તો હું દાનવોનો પરાજય કરી એને સ્વર્ગનું રાજ્ય અપાવું''. ઈન્દ્રને એ વાતની લજ્જા આવી તેથી એમ કરવા ના પાડી પરન્તુ વિશ્વાત્મા ભગવાન્ વિષ્ણુએ એમ કરીને પણ સ્વાર્થસિદ્ધ કરવા સમજાવ્યો અને ઈન્દ્ર મોટો આખલો થયો ।।૧૪।।

હથિયાર વગેરે યુદ્ધની સામગ્રી સાથે દિવ્ય ધનુષ તથા તીક્ષ્ણ બાણ લઈ પુરંજય તૈયાર થયો અને ઈન્દ્રની કાંધ ઉપર બેઠો ।।૧૫।।

વિષ્ણુએ એને પોતાના તેજવડે પ્રબળ કર્યો અને દેવોને લઈને એ પશ્ચિમ દિશામાં દૈત્યના નગર ઉપર જઈ ચઢ્યો અને એને ચોતરફથી ઘેરી લીધું ।।૧૬।।

ત્યાં દૈત્યો અને દેવો વચ્ચે રુવાડાં ઊભાં કરે તેવું ભારે મોટું યુદ્ધ થયું તેમાં ભાલાવડે દૈત્યોને મારી એને યમરાજ પાસે પહોંચાડી દીધા ।।૧૭।।

પુરંજયનાં બાણ એવાં પડવા લાગ્યાં કે જાણે પ્રલયનો ઘોર અગ્નિ પ્રકટ્યો. આવી સ્થિતિમાં દૈત્યો રણાંગણ છોડીને ભયથી દોડી ગયા અને પોતાના ઘર આગળ પહોંચી ગયા ।।૧૮।।

પુરંજયે એમનું નગર, ધન અને ઐશ્વર્ય બધું જીતી લઈ ઈન્દ્રને આપી દીધું. તેથી જ એ રાજર્ષિને પુર જીતવાને કારણે 'પુરંજય', ઈન્દ્રને વાહન બનાવવાને કારણે 'ઈન્દ્રવાહ' અને બળદની કકુદ્(ખૂંધ) ઉપર બેસવાને કારણે 'કકુત્સ્થ' કહેવામાં આવે છે. (ખૂંધને સંસ્કૃતમાં 'કકુદ્' કહે છે જેના ઉપરથી નામ કકુત્સ્થ પડ્યું) ।।૧૯।।

પુરંજયનો પુત્ર અનેના થયો, તેનો પૃથુ થયો, તેનો વિશ્વરન્ધિ થયો, તેનો ચન્દ્ર થયો, તેનો યુવનાશ્વ થયો ।।૨૦।।

યુવનાશ્વનો શાબસ્ત થયો જેણે શાબસ્તી પુરી વસાવી. એનો બૃહદશ્વ થયો; તેનો કુવલયાશ્વ થયો ।।૨૧।।

એ કુવલયાશ્વ બહુ બળવાન હતો. ઉત્તંક નામના ઋષિને પ્રસન્ન કરવાને તેણે પોતાના એકવીસ હજાર પુત્રોને સાથે લઈને ધુન્ધુ નામના દૈત્યને માર્યો ।।૨૨।।

એ ઉપરથી એનું નામ 'ધુન્ધુમાર' એવું પણ પ્રસિદ્ધ થયું. એના બધા પુત્રો ધુન્ધુના મુખમાંથી જે અગ્નિ નીકળતો હતો તેનાથી બળી ગયા હતા, માત્ર દઢાશ્વ

કપિલાશ્વ અને ભદ્રાશ્વએ ત્રણ જ એમાંથી બચવા પામ્યા હતા ॥૨૩॥

હે ભારત! દઢાશ્વનો પુત્ર હર્યશ્વ થયો, તેનો નિકુમ્ભ થયો, તેનો બર્હણાશ્વ થયો, તેનો કૃશાશ્વ થયો, તેનો સેનજિત્ થયો અને એનો યુવાનાશ્વ થયો. તેને સો સ્ત્રીઓ હતી, છતાં એને પ્રજા ન થઈ તેથી એને વૈરાગ્ય આવ્યો અને રાજ્ય છોડી સો સ્ત્રીઓ સાથે એ વનમાં ચાલ્યો ગયો; ॥૨૪-૨૫॥

ત્યારે ઋષિઓએ એની ઉપર કૃપા કરી. બ્રાહ્મણોએ એની પાસે એકાગ્રચિત્તવડે ઈન્દ્રદેવતાનો યજ્ઞ કરાવ્યો ॥૨૬॥

તેમાં એક વખત રાત્રે રાજા યુવનાશ્વને બહુ તૃષા લાગી તેથી એ યજ્ઞ શાળામાં ગયો. ત્યાં બ્રાહ્મણો તો સૂતા હતા. ત્યારે જળ મળવાનો બીજો કોઈ ઉપાય ન જોતાં બ્રાહ્મણોએ યજમાન પત્નીમાટે જે જળ અભિમન્ત્રિત કરી રાખ્યું હતું તે જ જળ તે પી ગયો ॥૨૭॥

બ્રાહ્મણો જાગ્યા અને જુએ તો અભિમન્ત્રિત જળ ન મળે. જળનો કળશ ખાલી જોઈને તેઓ પૂછવા લાગ્યા કે ''આ કામ કોનું છે? પુત્ર ઉત્પન્ન કરાવનારું જળ કોણ પી ગયું?'' ॥૨૮॥

ભગવાનની પ્રેરણાથી રાજાએ એ જળ પીધું છે એવું જાણી બ્રાહ્મણોએ ઈશ્વરને નમસ્કાર કરી કહ્યું, ''ધન્ય છે! ભગવાનનું બલ એ જ સાંચુ બલ છે'' ॥૨૯॥

જ્યારે પ્રસવનો સમય આવ્યો ત્યારે રાજાના પેટની જમણી બાજૂને ફાડી એમાંથી ચક્રવર્તી પુત્ર જન્મ્યો ॥૩૦॥

હવે જ્યારે બ્રાહ્મણો ''એ યુવનાશ્વનો પુત્ર કોને ધાવશે? એ ભૂખથી રુદન કરે છે''. એમ બોલવા લાગ્યા ત્યારે ઈન્દ્ર બોલ્યો કે **માં ધાતા** એ મને ધાવશે. હે વત્સ! તું રુદન ન કર'' એમ બોલી ઈન્દ્રે અમૃત સ્ત્રવનારી પોતાની તર્જની આંગળી એ બાળકના મોંમાં આપી ॥૩૧॥

બ્રાહ્મણો અને દેવો ની કૃપાથી એનો પિતા યુવનાશ્વ પણ મર્યો નહિ અને અન્તે એ વનમાં જ તપ કરી સિદ્ધિને પામ્યો ॥૩૨॥

હે પરીક્ષિત! ઈન્દ્રે યુવનાશ્વના એ પુત્રનું નામ ત્રસદ્દસ્યુ રાખ્યું કારણ કે રાવણ વગેરે (દસ્યુ=એ નામના રાક્ષસો. લૂંટારા, ડાકુ વગેરે અસામાજિક તત્ત્વો.) દસ્યુ પણ એનાથી ઉદ્વિગ્ન અને ભયભીત રહેતા ॥૩૩॥

યુવનાશ્વનો પુત્ર માન્ધાતા ચક્રવર્તી રાજા થયો. એણે ભગવાનના તેજથી તેજસ્વી બની સાત દ્વીપવાળી પૃથ્વીનું શાસન એકલે હાથે કર્યુ ।।૩૪।।

એ માધાતાએ બહુ દક્ષિણાવાળા યજ્ઞોથી સર્વદેવમય વિષ્ણુરૂપ, ઈન્દ્રિયથી પર ભગવાનનું આરાધન કર્યુ ।।૩૫।।

દ્રવ્ય, પુરોડાશ, મન્ત્રવેદનો ભાગ, કર્મમાં પ્રેરનાર વેદભાગરૂપ વિધિ, યજ્ઞ, યજમાન, કર્તા, યજ્ઞ કરાવનાર, બ્રાહ્મણો, ઋત્વિજ એના ફળરૂપ ધર્મ, દેશ અને કાળ એ બધું જ નહિ પણ આ વિશ્વ જે ભગવદ્રૂપ છે તેનું યજન કર્યું ।।૩૬।।

જ્યાંથી સૂર્ય ઊગે છે, જ્યાં સૂર્ય આથમે છે તે બધી પૃથ્વી યુવનાશ્વના પુત્ર માન્ધાતાના અધિકારમાં હતી ।।૩૭।।

શશબિન્દુની કન્યા બિન્દુમતીથી માન્ધાતાને પુરુકુત્સ, અમ્બરીષ (આ બીજા અમ્બરીષ છે) અને મુચુકુન્દ એ ત્રણ પુત્રો થયા તેમાં મુચુકુન્દ ભક્તિયોગમાં નિષ્ઠાવાળો હતો, માન્ધાતાને ચાર કન્યાઓ થઈ તે પુરુકુત્સાદિ ભાઈઓની બહેનો થાય તે બધી સૌભરિ નામના મુનિને પરણી ।।૩૮।।

પરમ તપસ્વી સૌભરિજી એકવાર યમુનાના જળમાં તપશ્ચર્યા કરતા હતા તે સમયે એક મત્સ્યરાજને પોતાની પત્નીઓ સાથે વિહાર કરતો જોયો ।।૩૯।।

તેથી એને પણ એ સુખની ઈચ્છા થઈ. તેણે રાજા માન્ધાતા પાસે આવી એક કન્યાની માગણી કરી. રાજાએ કહ્યું : ''બ્રહ્મન્! આ કન્યાનો હું સ્વયંવર કરવાનો છું ત્યાં આપ પધારો. જો કન્યા આપને પસંદ કરી લે તો ખુશીથી કન્યાને આપ લઈ જાઓ'' ।।૪૦।।

સૌભરિએ વિચાર કર્યો કે ''હું સ્ત્રીઓને અપ્રિય એવો બુઢ્ઢો છું તેથી પણ સ્ત્રી ઈચ્છે નહિ. ચામડી ઢીલી થઈ ગઈ છે. વાળ સફેદ થઈ ગયા છે. રાજાએ એ જાણીને જ મને કન્યાના સ્વયમ્યવરની વાત કહી છે પણ હું મારા શરીરને એવું તો સુન્દર બનાવું કે એ સુન્દરતાની સ્પૃહા દેવસ્ત્રીઓ પણ કરે તો મનુષ્યસ્ત્રીનું તો શું કહેવું?'' ।।૪૧-૪૨।।

(એમ વિચાર કરી મુનિએ પોતાનું રૂપ અદ્દ્ભુત બનાવ્યું) અને પોતે કન્યાના નિવાસ સ્થળ તરફ ગયા. મોટી સમૃદ્ધિવાળા એ સ્થળમાં પહોંચતાં જ પચાસ કન્યાઓએ એમને પતિરૂપે સ્વીકારી લીધા ।।૪૩।।

એ કન્યાઓને પરસ્પર પ્રેમ હતો તે નષ્ટ થયો અને અંદર પરસ્પર ઝઘડો કરવા

લાગી અને એક બીજીને કહેવા લાગી કે ''આ પતિ મારે લાયક છે માટે હું વરું તું એને લાયક નથી'' ।।૪૪।।

ઋગ્વેદી સૌભરિએ એ બધીયનું પાણિગ્રહણ કરી લીધું. પોતાની અથાહ તપસ્યાના પ્રભાવથી કીમતી રાચરચીલાથી સજ્જ અનેક ઉપવનો અને નિર્મલ જલથી ભરેલાં સરોવરોવાળા અને સુગંધી ફૂલોના બગીચાથી ઘેરાયેલા મહેલોમાં બહુમૂલ્ય પલંગો, આસન, વસ્ત્ર, જર-ઝવેરાત, સ્નાન, અનુલેખન, સ્વાદિષ્ટ ભોજન અને પુષ્પમાલાઓ સાથે પોતાની પત્નીઓની સાથે વિહાર કરવા લાગ્યા. સુન્દર-સુન્દર વસ્ત્ર આભૂષણ ધારણ કરેલા સ્ત્રી-પુરુષો એમની સેવામાં તૈયાર રહેતા, ક્યાંય પક્ષી કલરવ કરતાં હોય તો ક્યાંય ભમરાઓ ગુંજારવ કરતા હોય અને ક્યાંય ભાટચરણ એમની બિરદાવલી ગાતા હોય તેવા વનમાં એ વિહાર કરવા લાગ્યા ।।૪૫-૪૬।।

સાત દ્વીપની સાર્વભૌમ સમ્પત્તિને ભોગવનાર માન્ધાતા એ મુનિના ગૃહસ્થીના સુખને જોઈને વિસ્મય પામ્યો અને પોતાને જે લક્ષ્મીનો અહંકાર હતો તે એણે છોડી દીધો ।।૪૭।।

જેમ ઘી થોડું-થોડું પડે તો અગ્નિ તૃપ્ત થતો નથી તેમ સૌભરિ એવા સમૃદ્ધ ઘરમાં વિલાસ કરતા હતા અને અનેક પ્રકારનાં સુખ ભોગવતા હતા છતાં એમને સન્તોષ થયો નહિ ।।૪૮।।

એક દિવસ એ સૌભરિને વિચાર આવ્યો કે ''હું ભગવદ્ભજન કરતો હતો ત્યારે મેં જળમાં મત્સ્યમૈથુન જોયું અને મારી આ સ્થિતિ થઈ અને અહો! હું મારા આત્માને ક્યાંથી ક્યાં લઈ ગયો! ।।૪૯।।

હું તપ કરનારો સાધુ, વ્રતનું પાલન કરનારો તેવો હું તેનો આ નાશ થઈ રહ્યો છે એ તો જુઓ. મેં જળમાં મત્સ્યનો સંગ જોયો એટલા જ છિદ્રથી ઘણા કાળ સુધી તપશ્ચર્યાથી હૃદયમાં એકત્ર કરેલા ભગવત્સ્વરૂપને હું ખોઈ બેઠો ।।૫૦।।

માટે મોક્ષની ઈચ્છા કરનારે સ્ત્રીજીવનનો સંગ કરવો નહિ તથા ઈન્દ્રિયોને એક ક્ષણ પણ બહિર્મુખ થવા દેવી નહિ પણ એને વશ રાખવી અને એકલા રહેવું અને એકાન્તમાં બેસી દેશકાલ પરિચ્છેદ રહિત થઈ સર્વશક્તિમાન ઈશ્વરમાં જ મન લગાવી દેવું. જો સંગ કરવો જ પડે તો ભગવાનના અનન્યપ્રેમી નિષ્ઠાવાન ભગવાનને હૃદયમાં ધારણ કરનાર ભક્તોનો સંગ કરે ।।૫૧।।

પ્રથમ હું એક તપશ્ચર્યા કરનાર હતો. મેં મત્સ્યનો સંગ માત્ર જળમાં જોયો

એટલા દુઃસંગથી હું પચાસ સ્ત્રીવાળો થયો. એમાં એકને સો-સો પુત્ર થતાં પાંચ હજારરૂપે થયો. માયાના ગુણવડે મારી બુદ્ધિ નષ્ટ થતાં મને વિષયમાં અર્થભાવ થયો.હવે એ સ્ત્રી-પુરુષોના મનોરથનોના અન્તને હું પામી શકું એમ નથી ।।૫૨।।

આ પ્રમાણે વિચાર કરતા કેટલોક સમય તો એ ઘરમાં જ રહ્યા પછી વિરક્ત થઈ જઈ એમણે સન્ન્યાસ લઈ લીધો અને વનમાં ચાલ્યા ગયા. પોતાના પતિને જ સર્વસ્વ માનનારી એમની પત્નીઓએ પણ એમની સાથે વનવાસ કર્યો ।।૫૩।।

ભગવાન્‌માં મન સ્થિર કરી ત્યાં એમણે ઘોર તપ કર્યુ. જેનાથી દેહાદિની શુદ્ધિ થાય તેવું તપ કરતાં-કરતાં એમણે અગ્નિની સાથે આત્માને જોડી દીધો ।।૫૪।।

**તાઃ સ્વપત્યુર્મહારાજ નિરીક્ષ્યાધ્યાત્મિકીં ગતિમ્ ।।**
**અન્વીયુસ્તત્પ્રભાવેણ અગ્નિં શાન્તમિવાર્ચિષઃ ।।૫૫।।**

હે મહારાજ! પોતાના પતિ સૌભરિ ભગવાન્‌માં મળી ગયા એ જોઈ અગ્નિની પાછળ જેમ જવાળા શાન્ત થાય તેમ એમની સ્ત્રીઓ પણ મુનિના પ્રભાવવડે પતિની ગતિને પામી મુક્ત થઈ ।।૫૫।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (સૂર્યવંશના વર્ણનરૂપ પહેલા પ્રકરણનો પાંચમો તથા અવાન્તર મધ્યમ પ્રકરણનો બીજો અને સ્કન્ધનો) ''ઈક્ષ્વાકુ રાજાનો વંશે સૌભરિ નું આખ્યાન'' નામનો છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

(હવેલી-મન્દિર ખોલીને ઠાકોરજીના દર્શન-મનોરથ-ભેટ-સામગ્રીના માધ્યમથી) પૈસા કમાવવા માટે સેવા કરનારનો આલોક-પરલોક સહિત સર્વનાશ થયો સમજવો. (શ્રીગુસાંઈજી, સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃતિ)

## અધ્યાય ૭
## માન્ધાતાના વંશમાં થયેલ હરિશ્ચન્દ્રની કથા

**વિશેષ :** માન્ધાતાના વંશમાં મહાશસ્વી હરિશ્ચન્દ્ર રાજા થયા તેણે નરમેઘ યજ્ઞ કર્યો હતો એ વાત આ સાતમા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**માન્ધાતુઃ પુત્રપ્રવરો યોऽમ્બરીષઃ પ્રકીર્તિતઃ ।।**
**પિતામહેન પ્રવૃતો યૌવનાશ્વશ્ચ તત્સુતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યુંઃ** હે પરીક્ષિત! હું આગળ વર્ણન કરી ગયો કે માન્ધાતાના પુત્રોમાં અમ્બરીષ સર્વશ્રેષ્ઠ હતા. એના દાદા યુવનાશ્વે એનો પુત્ર રૂપે સ્વીકાર કર્યો. એનો પુત્ર થયો યૌવનાશ્વ અને યૌવનાશ્વનો હારિત થયો. માન્ધાતાના વંશમાં આ ત્રણ અવાન્તર ગોત્રોના પ્રવર્તક થયા ।।૧।।

નર્મદા નામે નાગકન્યા હતી તે એના ભાઈઓએ પુરુકુત્સને આપી. પછી નાગરાજ વાસુકિની આજ્ઞાથી નર્મદા પુરુકુત્સને રસાતળમાં લઈ ગઈ ।।૨।।

ત્યાં વિષ્ણુની શક્તિથી સમ્પન્ન એણે જે ગન્ધર્વો સર્પોને મારવા આવેલા તેઓને મારી હરાવ્યા. એ ઉપરથી પ્રસન્ન થઈ સર્પોએ એવું વરદાન આપ્યું કે ''તમે રસાતળમાં આવી અમને ગન્ધર્વોથી બચાવ્યા તેથી જેઓ આ આખ્યાનનું સ્મરણ કરશે તેઓને સર્પથી ભય નહિ થાય'' ।।૩।।

રાજા પુરુકુત્સનો પુત્ર ત્રસદ્દસ્યુ થયો જે અનરણ્યનો પિતા થયો. એનો પુત્ર હર્યશ્વ થયો તેનો અરુણ થયો. અરુણથી ત્રિબન્ધન થયો ।।૪।।

ત્રિબન્ધના પુત્ર સત્યવ્રત થયા. આ જ સત્યવ્રત ત્રિશંકુના નામથી વિખ્યાત થયા. જો કે *ત્રિશંકુ પોતાના પિતા તથા ગુરુ (વશિષ્ઠ) ના શાપથી ચાંડાલ થઈ ગયા હતા, પરન્તુ વિશ્વામિત્રના પ્રભાવથી તે આ જ શરીરથી સ્વર્ગમાં ચાલ્યા ગયા. દેવોએ ત્રિશંકુને સ્વર્ગમાં આવતા અટકાવ્યા અને તે ઊંધે માથે પડી ગયા પરન્તુ વિશ્વામિત્રે એને પોતાના તપના બલથી આકાશમાં જ સ્થિર કરી દીધા. એ અત્યારે પણ આકાશમાં તારા રૂપે દેખાય છે ।।૫-૬।।

**વિશેષ :** ત્રણ શંકુ એટલે દોષ જેને હોય તે ત્રિશંકુ કહેવાય છે. એ દોષ હરિવંશમાં આ પ્રમાણે કહ્યા છેઃ**''પિતુશ્ચા પરિતોષેણ ગુરોર્દોગ્ધ્રીવધેન ચ, અપ્રોક્ષિતોપયોગાચ્ચ ત્રિવિધસ્તે વ્યતિક્રમઃ''** (પિતાનો અસન્તોષ, દૂઝતી ગાયનો વધ અને છાંટ્યા વિનાની વસ્તુનો ઉપયોગ).

ત્રિશંકુના પુત્ર હરિશ્ચન્દ્રને માટે *વિશ્વામિત્ર અને વસિષ્ઠ ને ઘણાં વર્ષ સુધી પક્ષી થઈને યુદ્ધ કરવું પડ્યું ।।૭।।

**વિશેષ :** વિશ્વામિત્રે રાજસૂય યજ્ઞ કર્યો તેમાં વસિષ્ઠ આચાર્ય થયાં અને રાજસૂયની દક્ષિણાના મિષથી એમણે વિશ્વામિત્રનું સર્વસ્વ લઈ લીધું. આ વાતની વિશ્વામિત્રને ખબર પડી ત્યારે વિશ્વામિત્રે એમને શાપ આપ્યો કે ''તું બગલી થા''. ત્યારે વસિષ્ઠે શાપ આપ્યો કે ''તું બગલો થા''. એ બન્ને બગલા-બગલીનું ઘણાં વર્ષ સુધી યુદ્ધ થયું એ કથા પુરાણાન્તરમાં છે.

એ હરિશ્ચન્દ્રને પ્રજા ન હતી તેથી દુઃખી હતો. નારદજીના કહેવાથી એ વરુણ પાસે ગયો અને કહ્યું કે ''પ્રભો! મને પુત્ર થાય એવી કૃપા કરો ।।૮।।

જો મારે વીરપુત્ર થશે તો એ જ પુત્રથી હું આપનું યજન કરીશ'' ત્યારે વરુણે વરદાન આપ્યું કે ''જો મારું પૂજન કરીશ તો તારે ત્યાં પુત્ર થશે'' એનાથી હરિશ્ચન્દ્રને રોહિત નામે પુત્ર થયો ।।૯।।

પુત્ર થતાં જ વરુણે કહ્યું : ''તારે પુત્ર થયો છે માટે એને લઈને મારો યજ્ઞ કર''. ત્યારે હરિશ્ચન્દ્ર કહ્યું : ''દશ દિવસ થઈ જાય તો આ પુત્ર યાગને લાયક થાય માટે દશ દિવસનો થવા દો'' ।।૧૦।।

દશ દિવસ બાદ વરુણે પાછા આવી કહ્યું : ''હવે મારો યજ્ઞ કર''. ત્યારે હરિશ્ચન્દ્ર બોલ્યા : ''આપના યજ્ઞ પશુને દાંત ફૂટી આવે ત્યારે તે યજ્ઞના ઉપયોગમાં આવે'' ।।૧૧।।

જ્યારે દાંત આવી ગયા ત્યારે વરુણે આવી કહ્યું:''દાંત તો ઉગી ગયા છે, હવે યજ્ઞ કર''. ત્યારે હરિશ્ચન્દ્રે કહ્યું:''જ્યારે આ દૂધિયા દાંત પડી જશે ત્યારે એ યજ્ઞને લાયક પવિત્ર થાય'' ।।૧૨।।

દાંત પડ્યા ત્યારે વરુણે યજ્ઞ કરવાનું કહેતાં ફરીને દાંત આવે ત્યારે યજ્ઞ પશુ પવિત્ર થાય એમ હરિશ્ચન્દ્રે કહ્યું ।।૧૩।।

ફરીને દાંત આવ્યા ત્યારે વરુણે આવી કહ્યું, ''હવે મારો યજ્ઞ કરો'' એ જ વાત કહી ત્યારે હરિશ્ચન્દ્રે કહ્યું : ''ક્ષત્રિય યજ્ઞ પશુ (રાજાનો છોકરો)કવચ પહેરે અને લડાઈમાં જાય એવો થાય ત્યારે યજ્ઞને લાયક પવિત્ર થાય'' ।।૧૪।।

એવી રીતે સ્નેહમાં બંધાઈ પુત્રના ઉપર પ્રેમને લીધે હરિશ્ચન્દ્ર કંઈને કંઈ બહાનું કાઢી વરુણને આગળ ઉપર યજ્ઞ કરવાની આશા આપતો ગયો ।।૧૫।।

પિતાને પોતાનો નરમેધ કરવાની ઈચ્છા છે એવું રોહિત જાણી ગયો ત્યારે ''મને યજ્ઞમાં હોમી દેશે'' એવા ભયથી હાથમાં ધનુષ લઈને એ અરણ્યમાં ચાલ્યો ગયો ।।૧૬।।

(પુત્ર વનમાં જતો રહ્યો છે તેથી હવે હરિશ્ચન્દ્ર યજ્ઞ નહિ કરે એમ જાણી) વરુણે હરિશ્ચન્દ્રના પેટમાં જલોદરના રોગરૂપે આક્રમણ કર્યું છે એ વાતની રોહિતને વનમાં ખબર પડી તેથી એ ગામમાં આવવા નીકળ્યો ત્યારે ઈન્દ્રે એને અટકાવ્યો ।।૧૭।।

એને ઈન્દ્રે કહ્યું : (હે વત્સ રોહિત! યજ્ઞપશુ બની મરી જવા કરતાં) ''પૃથ્વીમાં ફરવું એ શ્રેષ્ઠ છે. ફરવામાં તીર્થો-ક્ષેત્રો આવે અને એમાં એની સેવા મળે'' આમ ઈન્દ્રના કહેવાથી રોહિત વનમાં જ એક વર્ષ વધારે રહ્યો ।।૧૮।।

એવી જ રીતે બીજે વર્ષે ઈન્દ્ર વૃદ્ધ બ્રાહ્મણ થઈ આવ્યો અને એણે ગામમાં નહિ જવાનો ઉપદેશ કર્યો. એવી રીતે ત્રીજે, ચોથે અને પાંચમે વર્ષે પણ નગરમાં નહિ જવાની જ એણે વાત કરી ।।૧૯।।

આ પ્રમાણે છ વર્ષ સુધી રોહિત વનમાં જ રહ્યો. સાતમે વર્ષે જ્યારે તે પોતાના શહેર તરફ જવા લાગ્યો ત્યારે તેણે અજીગર્ત પાસે એના વચલા પુત્ર શુનઃશેપને કિમ્મત આપી ખરીદી લીધો અને તેને યજ્ઞપશુ બનાવવામાટે પોતાના પિતાને સોંપી એમના ચરણોમાં પ્રણામ કર્યા. ત્યારે પરમ યશસ્વી અને શ્રેષ્ઠ ચરિત્રવાળા રાજા હરિશ્ચન્દ્રે જલોદર રોગથી છૂટી જઈ પુરુષમેધ યજ્ઞદ્વારા વરુણ વગેરે દેવતાઓનું યજન કર્યુ. એ યજ્ઞમાં વિશ્વામિત્ર હોતા, પરમ સંયમી જમદગ્નિ અધ્વર્યુ, વસિષ્ઠજી બ્રહ્મા બન્યા અને અયાસ્ય મુનિ સામગાન કરવાવાળા ઉદ્ગાતા બન્યા. એ વખતે ઈન્દ્રે પ્રસન્ન થઈ હરિશ્ચન્દ્રને સોનાનો એક રથ આપ્યો ।।૨૦-૨૩।।

**હિત્વા તાં સ્વેન ભાવેન નિર્વાણસુખસંવિદા ।।**
**અનિર્દેશ્યાપ્રતર્ક્યેણ તસ્થૌ વિધ્વસ્તબન્ધનઃ ।।૨૭।।**

શુનઃશેપનું માહાત્મ્ય આગળ કહેવાશે. પોતાની પત્ની સાથે સત્યવાદી હરિશ્ચન્દ્રની સત્યમાં દૃઢતા પૂર્વક સ્થિતિ જોઈને વિશ્વામિત્ર અત્યન્ત પ્રસન્ન થયા તેથી એમણે એને અવિનાશી ભગવદ્જ્ઞાન આપ્યું. એ જ્ઞાનવડે મનને પૃથ્વીમાં, પૃથ્વીને જળમાં, જળને તેજમાં, તેજને વાયુમાં અને વાયુને આકાશમાં, આકાશને અહંકારમાં, અહંકારને મહત્તત્ત્વમાં લીન કર્યુ અને એમાંથી વિષયાકારને છોડી ચિદાત્મક ભગવદંશરૂપ આત્માનું ધ્યાન કરીને એણે ધ્યાનથી જ્ઞાનાંશવિદ્યાવડે વિવિક્ત આત્મામાં જોડી અજ્ઞાનને ભસ્મીભૂત કર્યુ અને ધ્યાનાત્મક ચિત્તવૃત્તિને છોડી દઈ બન્ધમુક્ત થયો અને એવી રીતે દેહાધ્યાસથી મુક્ત થઈને અચિન્ત્ય એવા પરમાર્થરૂપ નિજસ્વરૂપમાં સ્થિત થયો, જીવન મુક્તરૂપ બની ગયો ।।૨૪- ।।૨૭।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (સૂર્યવંશરૂપ પહેલા પ્રકરણનો છઠ્ઠો, અવાન્તર મધ્યમપ્રકરણનો *ત્રીજો) ''માન્ધાતાના વંશમાં થયેલ હરિશ્ચન્દ્રની કથા''નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**વિશેષ:** પ્રથમ, મધ્યમ અને ઉત્તમ નામનાં અવાન્તર ત્રણ પ્રકરણોમાં ઈશાનુકથા એટલે ભક્તની કથા કહેવામાં આવી. આ છેલ્લું ઈશકથાનું પ્રકરણ છે તેમાં એકેક અધ્યાયથી રામના જન્મ અને ચરિત છે અને ત્રીજામાં કુશનો જન્મ વગેરે છે તે પણ ગંગામાં પડેલા જલની જેમ રામચરિતમાં જ ગણાય છે.

**સાવધાન! સાવધાન!! સાવધાન!!!**
ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન
પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે

## અધ્યાય ૮

## સગરના સાઠ હજાર પુત્રોનો કપિલની કોપદૃષ્ટિથી થયેલો નાશ

**વિશેષ :** રોહિતના વંશમાં સગર નામે મોટો રાજા થયો. તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો તેમાં તેના સાઠ હજાર પુત્રો કપિલના કોપાગ્નિથી બળી ગયા. એ વાત આ અધ્યાયમાં આવે છે.

**હરિતો રોહિતસુતશ્ચમ્પસ્તસ્માદ્વિનિર્મિતા ।।**
**ચમ્પાપુરી સુદેવોઽતો વિજયો યસ્ય ચાત્મજઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** રોહિતનો પુત્ર હરિત થયો. હરિતનો ચમ્પ થયો. તેણે જ ચમ્પાપુરી વસાવી. ચમ્પનો પુત્ર સુદેવ અને સુદેવનો વિજય થયો ।।૧।।

વિજયનો ભરુક થયો, ભરુકનો વૃક અને વૃકનો બાહુદ થયો. એના શત્રુએ બાહુકનું બધુ જ રાજ્ય લઈ લીધું ત્યારે પત્ની સાથે એ વનમાં ચાલ્યો ગયો ।।૨।।

બાહુક વૃદ્ધ થયો અને મરણ પામ્યો ત્યારે એની સ્ત્રી સતી થવા તૈયાર થઈ એવામાં એના ગર્ભમાં પુત્ર છે એમ જાણી મહર્ષિ ઔર્વે એને મરવા દીધી નહિ ।।૩।।

આ સ્ત્રીના ઉદરમાં ગર્ભ છે એમ એની શોકોએ જાણ્યું ત્યારે એનો ઉત્કર્ષ સહન ન થઈ શકવાથી રાણીને અનાજની સાથે ગર (વિષ) આપી દીધું પરન્તુ ગર્ભઉપર એ વિષની કંઈ અસર થઈ નહિ પણ એ ગર (વિષ)ને સાથે લઈનેજ એક બાળકનો જન્મ થયો. ગરની સાથે જનમવાને કારણે તે 'સગર' કહેવાયા. સગર બહુજ યશસ્વી રાજા થયા ।।૪।।

સગર ચક્રવર્તી સમ્રાટ હતાં એમના જ પુત્રોએ પૃથ્વી ખોદીને સાગર બનાવી દીધો હતો. ઔર્વ ગુરુની આજ્ઞા માની એ સગરે તાલજંઘ, યવન, શક, હૈહય, બર્બર જાતિના લોકોનો વધ ન કર્યો પણ તેમને વિરૂપ બનાવી દીધા. એમાંથી કેટલાકનાં માથાં મૂંડાવી નાખ્યાં, કેટલાકનાં દાઢી મૂછ વધારાવ્યાં, કેટલાકના વાળ છૂટા મુકાવ્યાં તો કેટલાકના અર્ધા માથાં બોડાવ્યાં ।।૫-૬।।

કેટલાકને સગરે વસ્ત્ર ઓઢવાનો જ હુકમ કર્યો, પહેરવાનો નહિ. કેટલાકને માત્ર લંગોટી જ પહેરવાનું કહ્યું, ઓઢવાનું કંઈ નહિ. ત્યાર બાદ ઔર્વ ઋષિના ઉપદેશ પ્રમાણે રાજા સગરે અશ્વમેધ યજ્ઞદ્વારા સમ્પૂર્ણ વેદ અને દેવતામય, આત્માસ્વરૂપ સર્વશક્તિમાન ભગવાનની આરાધના કરી. તેના યજ્ઞમાં જે ઘોડાને છૂટો મૂકવામાં આવ્યો હતો તેને ઈન્દ્ર ચોરી ગયા ।।૭-૮।।

સગરને સુમતિ અને કેશિની નામની બે સ્ત્રીઓ હતી તેમાંથી સુમતિને સાઠ હજાર છોકરા હતા તે જાતિ અભિમાનવાળા હતા. પિતાની આજ્ઞાથી એઓ ઘોડાની શોધમાં નીકળ્યા. એઓ એ ચોતરફ પૃથ્વીને ખોદી નાખી ।।૯।।

પૂર્વ ઉત્તર દિશામાં કપિલનો આશ્રમ હતો તેની નજીકમાં તેમણે એ ઘોડો જોયો. એને જોતાં જ એઓ બોલ્યા કે ''આંખ મીંચીને બેઠેલા આ ચોરે જ આપણો ઘોડો ચોરેલો છે ।।૧૦।।

આને મારે એ પાપી છે'' એમ બોલતા સાઠ હજાર આયુધ ઉઠાવીને મુનિ ઉપર તૂટી પડ્યા. ત્યારે સમાધિમાંથી નિવૃત્ત થઈને મુનિએ આંખ ખોલી ।।૧૧।।

મુનિએ આંખ ખોલતાં સગરના પુત્રોનાં શરીરમાંથી અગ્નિ પ્રકટ્યો અને એ અગ્નિવડે ક્ષણવારમાં બધા ભસ્મ થઈ ગયા. ખરેખર ઈન્દ્રે એમની બુદ્ધિ હરી લીધી હતી જેથી મોટાનો અપરાધ એઓએ કર્યો ।।૧૨।।

મુનિના કોપથી એ બળી મર્યા એ ઠીક તો નથી જ, પરન્તુ એ સગરપુત્રો મોટાનું અપમાન કરનારા હોવાથી તેઓ પોતાના અપરાધથી જ મર્યા એમ કહેવું ઠીક છે. (જેમ આકાશમાં રજ નથી છતાં આકાશ રજવાળું કહેવાય છે; તેમ જગતને પવિત્ર કરનાર કપિલદેવજી સત્ત્વમૂર્તિ છે તેમાં તમોગુણની સમ્ભાવના અજ્ઞો જ કરે; વસ્તુતઃ રાજપુત્રો પોતાના અપરાધથી જ નષ્ટ થયા છે) ।।૧૩।।

જેમણે સંસારસમુદ્ર તરવામાટે સાંખ્યશાસ્ત્રરૂપ દઢ નૌકા કરી તેમનો મુમુક્ષુ આશ્રય કરે તો દુરત્યય મૃત્યુના માર્ગરૂપ સંસારને પેલે પાર પહોંચે એવા વિદ્વાન જ

નહિ પણ સાક્ષાત્ પરમાત્મારૂપ કપિલદેવજીમાં શત્રુ, મિત્ર વગેરે ભેદબુદ્ધિની સમ્ભાવના જ કેમ કરી શકાય? ।।૧૪।।

સગરની બીજી સ્ત્રી કેશિનીનો પુત્ર અસમંજસ હતો તેનો પુત્ર અંશુમાન થયો. એ પોતાના પિતામહનું શ્રેય થાય એમ ઇચ્છતો હતો ।।૧૫।।

અસમંજસ પોતાને કોઈ સારો કહે એવું ઇચ્છતો ન હતો. એ યોગી હતો તેથી એવી રીતે જાણી જોઈને કરતો હતો. એને પૂર્વજન્મની જાણ હતી. પૂર્વજન્મમાં કોઈ દુઃસંગ થવાથી એ યોગભ્રષ્ટ થયો હતો અને રાજાને ત્યાં જન્મ્યો હતો તેથી લોકસંગથી ડરીને કોઈ એની પાસે ન આવે એવું ચરિત્ર દેખાડતો હતો ।।૧૬।।

એ લોકમાં નિન્દા થાય એવાં કામ કરતો; જ્ઞાતિજનોનું પણ બૂરું કરતો; રમતાં બાળકને લઈ સરયૂ નદીમાં ફેંકી આવતો. એવી રીતે એણે લોકોને ઉદ્વિગ્ન બનાવી દીધા હતા ।।૧૭।।

એનું એવું આચરણ જોઈ એના પિતાએ પણ એમાં સ્નેહ છોડી દીધો. પિતાએ એનો ત્યાગ કર્યો ત્યારે એણે જેટલાં બાળકોને સરયૂમાં ફેંકી દીધેલાં તે બધાને જીવતાં બનાવી સૌને સોંપી દીધાં અને પોતે ત્યાંથી ચાલતો થયો ।।૧૮।।

મરેલાં બાળકો ફરી આવેલાં જોઈ અયોધ્યાવાસીઓ વિસ્મય પામ્યા. રાજાને પણ પાછળથી પસ્તાવો થયો ।।૧૯।।

રાજાએ અંશુમાનને ઘોડાની શોધમાં મોકલ્યો. કાકાએ ખોદેલ પૃથ્વીને માર્ગે તપાસ કરતો-કરતો એ ચાલતો હતો ત્યાં તો એણે એમના શરીરના મોટા રાખના ઢગલાની પાસે ઘોડાને જોયો ।।૨૦।।

ત્યાં બેઠેલા ભગવદ્રૂપ કપિલ મુનિને જોઈને તેણે પ્રણામ કર્યા અને એકાગ્ર મન કરી હાથ જોડીને એ મુનિની સ્તુતિ કરવા લાગ્યો ।।૨૧।।

**અંશુમાન બોલ્યો :** બ્રહ્માજી પણ સમાધિ અને યુક્તિવડે આપને પરમાત્મારૂપે જોઈ શકતા નથી. બ્રહ્માજી કે જેમણે મન, શરીર અને બુદ્ધિ વડે દેવ મનુષ્ય અને પશુ-પક્ષી વગેરે બનાવ્યાં છે તે જો આપના સ્વરૂપને ન જાણે તો એમનાથી પછીના અને એમણે આપેલી બુદ્ધિવાળા એવા અમે આપના સ્વરૂપને ક્યાંથી જાણી શકીએ? ।।૨૨।।

સંસારના દેહધારી સત્ત્વ, રજસ અને તમસ પ્રધાનવાળા છે તે પણ આપને સારી રીતે જાણી શકતા નથી. તેઓ જાગ્રત તથા સ્વપન અવસ્થામાં ગુણમય પદાર્થો

વિષયોને જુએ છે અને સુષુપ્તિમાં માત્ર અજ્ઞાનને જુએ છે કારણ કે તેઓ ભગવાનની માયાવડે મોહિત થયેલા છે. તેઓ બહિર્મુખ હોવાથી બહારની વસ્તુઓને તો જુએ છે પણ પોતાના જ હૃદયમાં સ્થિત આપને જોઈ શકતા નથી ।।૨૩।।

જેમણે પોતાના આત્મસ્વરૂપના અનુભવથી માયાના ગુણોથી થતા ભેદભાવને ફેંકી દીધા છે અને એના કારણરૂપ અજ્ઞાનનો નાશ કરી ચૂક્યા છે તેવા સનકાદિ આપના સ્વરૂપનું ચિન્તન કર્યા કરે છે. તેવા જ્ઞાનઘન અને એકરસ આપના સ્વરૂપને હું મૂઢ કેમ ચિન્તન કરી શકું? ।।૨૪।।

હે પ્રશાન્ત! માયા એના ગુણ અને ગુણોને લીધે થતાં કર્મ અને કર્મોના સંસ્કારથી નીપજતું લિંગ શરીર આપને છે જ નહિ, આપનું નામ કે આપનું રૂપ નથી, આપમાં કાર્ય નથી કારણ નથી આપ સનાતન આત્મા છો. જ્ઞાનનો ઉપદેશ આપવાને માટે જ આપે આ શરીર ધારણ કર્યું છે એવા આપને નમસ્કાર કરીએ છીએ ।।૨૫।।

કામ એટલે ભોગની ઈચ્છા, લોભ એટલે મળે તેટલાથી અસન્તોષ, મોહ એટલે અવિવેક, ઈર્ષા એટલે બીજાના સુખને જોઈને સહન ન કરવું એ, આ ચાર દોષથી લોકોનાં ચિત્ત ફરી ગયાં છે તેથી પ્રકૃતિના કાર્યરૂપ લોકમાં (ઘરમાં) પરમાર્થ બુદ્ધિથી એ ભટકે છે, ફરી-ફરી ગૃહસ્થ થતાં ભટકે છે એનો અન્ત આવતો નથી ।।૨૬।।

હે સર્વ પ્રાણીના આત્મા! હે ભગવન્! કાળ, કર્મ અને અન્તઃકરણ ના મૂળરૂપ અમારા બધા કુળનું મોહબન્ધન છૂટવું મુશ્કેલ છે. આપે કૃપા કરીને દર્શન આપ્યું છે તેનાથી એ બન્ધન આજે છૂટ્યું ।।૨૭।।

**શ્રીશુકદેવજી કહ્યું :** એ પ્રમાણે જ્યારે પોતાના માહાત્મ્યને પોતે સાંભળ્યું ત્યારે મુનિ બુદ્ધિવડે અનુગ્રહ કરી, હે રાજન્! એ અંશુમાનને કહેવા લાગ્યા ।।૨૮।।

**શ્રીભગવાને કહ્યું :** હે વત્સ! તમારા પિતામહના યજ્ઞના પશુરૂપ આ ઘોડો તમે લઈ જાઓ. આ તમારા પિતૃઓ ભસ્મ થઈ ગયા છે તેમનો ઉદ્ધાર માત્ર ગંગાજલથી જ થશે, બીજો કોઈ ઉપાય નથી ।।૨૯।।

અંશુમાને ખૂબ દીનતાથી એમને પ્રસન્ન કરી એમની પરિક્રમા કરી અને ઘોડો લઈ આવ્યા. સગરે એ યજ્ઞ પશુદ્વારા યજ્ઞની બાકી રહેલી ક્રિયા પૂરી કરી ।।૩૦।।

**રાજ્યમંશુમતિ ન્યસ્ય નિઃસ્પૃહો મુક્તબન્ધનઃ ।।**
**ઔર્વોપદિષ્ટમાર્ગેણ લેભે ગતિમનુત્તમામ્ ।।૩૧।।**

રાજ્ય અંશુમાનને સોંપી સગર રાજા પોતે વિષયોથી નિઃસ્પૃહ અને બન્ધનમુક્ત થઈ ગયા. એ મહર્ષિ ઔર્વે બતાવેલ માર્ગેથી ઉત્તમ ગતિને પામ્યા ।।૩૧।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (પહેલાં સૂર્યવંશ નામના પ્રકરણનો સાતમો, અવાન્તર ત્રીજા પ્રકરણનો પહેલો) ''સગરના સાઠ હજાર પુત્રોનો કપિલની કોપદૃષ્ટિથી થયેલો નાશ'' નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
ભગવત્કથાએદિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં

## અધ્યાય ૯

## ગંગાજીનું પૃથ્વી ઉપર આગમન

**વિશેષ :** આ નવમા અધ્યાયમાં અંશુમાનનો વંશ, ગંગાજીનું પૃથ્વી ઉપર પધારવું તથા સુદાસ વગેરે રાજાઓનાં આખ્યાન કહેવામાંઆવશે.

**અંશુમાંશ્ચ તપસ્તેપે ગંગાનયનકામ્યયા ।।**
**કાલં મહાન્તં નાશકનોત્ ततः કાલેન સંસ્થિતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યાઃ** ગંગાજીને લાવવાની ઈચ્છાથી અંશુમાને તપશ્ચર્યા કરી. તપ કરતાં ઘણો સમય ગયો તો પણ ગંગાજીને લાવવાને એ સમર્થ ન થયો અને કાળે કરીને એ પહોંચી ગયો ।।૧।।

એનો પુત્ર દિલીપ થયો તેણે પણ એવી જ રીતે તપસ્યા કરી તો પણ તે ગંગાજી લાવી શક્યો નહિ. સમય થતાં એનું પણ મૃત્યુ થયું. એનો પુત્ર ભગીરથ થયો તેણે ગંગાજીને ભૂતળ ઉપર લાવવાને મહાન તપ કર્યુ ।।૨।।

ભગવતી ગંગાજીએ પ્રસન્ન થઈ તેને દર્શન આપ્યા અને કહ્યું ''હું તને વરદાન આપવાને આવી છું'' ત્યારે ભગીરથે બહુ જ નમ્રતાથી પોતાનો અભિપ્રાય ગંગાજીને કહી સંભળાવ્યો. એણે કહ્યું : ''મારા પૂર્વજો કપિલના શાપથી ભસ્મ થઈ

ગયા છે તેઓનો ઉદ્ધાર કરવા આપ ભૂતળ ઉપર પધારો'' ।।૩।।

**ત્યારે ગંગાજીએ કહ્યું :** ''હું પૃથ્વી ઉપર તો આવું પણ મારા વેગને ધારણ કરનાર કોઈ હોવું જોઈએ જો મને રોકનાર કોઈ ન મળે તો હે રાજન્! હું પૃથ્વીને ભેદીને રસાતળમાં પહોંચી જઈશ ।।૪।।

વળી એક બીજી વાત પણ છે. હું પૃથ્વી ઉપર આવીશ ત્યારે માણસો પોતાનાં પાપ મારામાં મૂકી જશે તે બધાં પાપને મારે કયાં મૂકવાં? માટે હે રાજન્! તમારે એ બાબત પણ વિચારવાની છે'' ।।૫।।

**ભગીરથે કહ્યું :** ''હે માતા! જેમણે લોક-પરલોક, ધન, સમ્પત્તિ અને સ્ત્રી, પુત્ર ની કામનાનો ત્યાગ કર્યો છે જે સંસારની અહન્તા-મમતાને છોડી દઈ શાન્ત થઈ ગયા છે જે ભગવદ્ શાસ્ત્ર પરાયણ છે અને લોકોને પવિત્ર કરવાવાળા પરોપકારી સજ્જન છે તેઓ પોતાના અંગસ્પર્શથી તમારાં પાપોનો નાશ કરી દેશે. કારણ કે એમનાં હૈયામાં અઘરૂપ અઘાસુરને મારનારા હરિ સદા નિવાસ કરે છે ।।૬।।

વળી તમે વેગ ધરવાનું કહ્યું તો શિવજી આપના વેગને ધારણ કરશે કેમકે એ પ્રાણી માત્રના આત્મા છે. જેમ આખી સાડી તાણા-વાણામાં ઓતપ્રોત છે તેમ આ આખું વિશ્વ શિવજીમાં ઓતપ્રોત છે. એ બધાનું ભલું કરનાર છે. એ તમને રસાતળમાં જવા દેશે નહિ ।।૭।।

ગંગાજી એમ કહી ભગીરથ રાજાએ તપવડે શિવજીને સન્તુષ્ટ કર્યા. શિવજી થોડાજ સમયમાં પ્રસન્ન થઈ ગયા ।।૮।।

સર્વ લોકનું હિત કરનાર એવું રાજાનું કથન શિવજીએ 'તથાસ્તુ' કહી કબૂલી લીધું અને ભગવાનના ચરણના સ્પર્શથી પવિત્ર થયેલાં ગંગાજીને શિવે *સાવધાનતાથી ધારણ કર્યા ।।૯।।

**વિશેષ :** મૂળ શ્લોક ૯।૯।૯ માં **દધારાવહિતો ગંગામ્** એમ કહ્યું છે ત્યાં''સાવધાનતાથી શિવજીએ ગંગાને ધારણ કરી'' એમાં એ સમજવાનું છે કે ભગવચ્ચરણોદકને શિવજી પોતાના શરીર ઉપરથી જવા દે તો એ સ્નાનજલવત્ ઉચ્છિષ્ટ થઈ જાય. માટે એમ ન થાય તેમ ધ્યાન દઈ, કોઈ બીજાની મહાન વસ્તુ પોતાના ઉપયોગમાં ન લેતાં માથા ઉપર સંભાળીને લે તેમ ગંગાજીને શિવજીએ ધારણ કરેલાં છે; એટલે ગંગાજલ અતિ પવિત્ર ગણાય છે. ગોદાવરી શિવનિર્માલ્યરૂપ થયેલ તે પુનઃ વરાહતીર્થમાં વરાહજીનો સમ્બન્ધ થતાં દોષમુક્ત થયાં છે; આ વાત ગોદાવરી-માહાત્મ્યમાં સ્પષ્ટ છે.

જ્યાં પોતાના પિતૃઓના દેહ ભસ્મ થઈને પડેલા હતા ત્યાં ત્રિભુવનને પવિત્ર કરનાર ગંગાજીને લઈને રાજર્ષિ ભગીરથ આગળ ચાલ્યા ।।૧૦।।

રાજા પોતાનો વાયુવેગવાળો રથ આગળ ચલાવતો જતો હતો અને એની પાછળ ગંગાજીનો પ્રવાહ ચાલતો હતો. એવી રીતે દેશને પવિત્ર કરવા ગંગાજી જ્યાં સગરના પુત્રોના દેહ પડ્યા હતા ત્યાં પહોંચ્યા ।।૧૧।।

જે ગંગાના સ્પર્શ માત્રથી બ્રહ્મદંડથી મરેલા સગરના પુત્રો ભસ્મ માત્ર હતા તેઓને ગંગાજલનો સમ્બન્ધ થતાં એ સ્વર્ગમાં ગયા ।।૧૨।।

હે પરીક્ષિત! જ્યારે ગંગાજલનો શરીરની રાખ સાથે સ્પર્શ થઈ જવાથી સગરના પુત્રોને સ્વર્ગ મળી ગયું તો જેઓ શ્રદ્ધાપૂર્વક નિયમ થઈ શ્રીગંગાજીનું સેવન કરે એની બાબતમાં તો કહેવાનું જ શું હોય? ।।૧૩।।

સંસારને મટાડનાર અનન્ત ભગવાનના ચરણકમળમાંથી નીકળેલી ગંગાજી જીવને સ્વર્ગમાં પહોંચાડે એ કાંઈ એનું આશ્ચર્યજનક માહાત્મ્ય નથી ।।૧૪।।

કેમકે જો પવિત્ર મુનિજનો શ્રદ્ધાવડે પોતાના મનને એમાં રાખે તો નિમેષ માત્રથી કોઈ રીતે ન છૂટી શકે તેવા ત્રિગુણાત્મક સંસારને છોડીને એમનું મન તત્કાલ ભગવદ્ભાવને પામી મુક્ત થાય છે ।।૧૫।।

ભગીરથનો પુત્ર શ્રુત થયો તેનો નાભ થયો, આ નાભ પૂર્વોક્ત નાભથી ભિન્ન છે. નાભનો સિન્ધુદ્વીપ થયો અને એનો અયુતાયુ થયો ।।૧૬।।

એ અયુતાયુનો ૠતુપર્ણ થયો. તે નળરાજાનો મિત્ર હતો. એણે નળરાજા પાસેથી અશ્વવિદ્યા શીખી અને પોતે નળને પાસા ફેંકવાની વિદ્યા શીખવી. દ્યૂત શાસ્ત્રમાં પાસા નખાય છે એ દ્યૂતશાસ્ત્ર એણે નળને આપ્યું. એ ૠતુપર્ણનો સર્વકામ પુત્ર થયો ।।૧૭।।

તેનો સુદાસ થયો. એ મદયન્તીનો પતિ હતો જેને કલ્માષપાદ તથા મિત્રસહ એવા નામથી પણ કવચિત્ લોકો જાણે છે. વસિષ્ઠના શાપથી એ રાક્ષસ થયો અને પોતાના કર્મવડે અપુત્ર રહ્યો ।।૧૮।।

રાજાએ પૂછ્યું : એ મહાત્મા સૌદાસને ગુરુનો શાપ કેમ થયો? જો એમાં કાંઈ ગુપ્ત બાબત ન હોય તો એ વાત જાણવાની મારી ઈચ્છા છે ।।૧૯।।

શ્રીશુકદેવજીએ કહ્યું : સૌદાસ મૃગયા રમવા ગયેલો ત્યાં એણે કોઈ એક રાક્ષસને માર્યો. એણે એના ભાઈને જીવતો રાખેલો તેથી જીવતો રહેલો ભાઈ પોતાના મરેલા

ભાઈનું વેર લેવાને રાજાને ત્યાં ગયો અને મરેલા ભાઈનો બદલો લેવા સારું રાજાને ત્યાં રસોઈયા તરીકે નોકર રહ્યો. એક દિવસ રાજાએ ગુરુ વસિષ્ઠને જમવાનું કહેડાવ્યું હતું તેમને રસોઈ કરનાર રાક્ષસે માણસનું માંસ રાંધીને પીરસી દીધું ।।૨૦-૨૧।।

ગુરુએ પીરસતાં જોઈ લીધું કે આ માંસ ખાવાને લાયક નથી તેથી તરત ક્રોધ કરી વસિષ્ઠે રાજાને શાપ આપ્યો કે ''તું રાક્ષસ થઈશ. કેમકે રાક્ષસો માણસના માંસનો ઉપયોગ કરે તે, તેં મારે માટે કર્યો; માટે તુંજ રાક્ષસ થઈને તેમ કર ।।૨૨।।

રાજાએ તપાસ કરી તો રસોઈ કરનાર રાક્ષસનું આ કામ છે એમ કહી વસિષ્ઠને વીનવ્યા ત્યારે એમણે બાર વર્ષ સુધી રાક્ષસ રહેવાનો અવધિ બતાવ્યો. સૌદાસ પણ ગુરુને શાપ આપવાને તૈયાર થઈ ગયો ।।૨૩।।

પરન્તુ મદયન્તીએ સૌદાસને તેમ કરતાં અટકાવ્યો ત્યારે એ સૌદાસે દિશા, આકાશ, પૃથ્વી વગેરે બધું જ જીવમય જોયું તેથી હાથમાં લીધેલ જળ ઉગ્ર હોવાથી કોઈ પ્રાણી ઉપર ન નાખતાં એ જળ પોતાના પગ ઉપર જ નાંખ્યું તેથી એને પગ ઉપર કાળો ડાઘ પડી ગયો તેથી તે 'કલ્માષપાદ' પણ કહેવાયો. રાક્ષસ થયા પછી કાળા ડાઘાવાળા પગે એ વનમાં ફરતો હતો ત્યાં એણે કોઈ બ્રાહ્મણ સ્ત્રી-પુરુષને મૈથુન કરતા જોયાં ।।૨૪-૨૫।।

એ ભૂખ્યો તો હતો તેથી મૈથુન કરતાં સ્ત્રી-પુરુષમાંથી પુરુષને ખાવામાટે ઉઠાવ્યો ત્યારે એની સ્ત્રી કે જેનો કામ પૂર્ણ થયો ન હતો તેણે કહ્યું ''રાજન્! આપ રાક્ષસ નથી. આપ તો ઈક્ષ્વાકુના વંશના વીર મહારથી છો, મદયન્તીના પતિ છો. આપને આ અધર્મ કરવો ઘટે નહિ. મને સન્તાનની કામના છે અને આ બ્રાહ્મણની કામના પણઅધૂરીછે તેથી આપ મને મારો પતિ કૃપા કરીનેઆપીદો ।।૨૬-૨૭।।

આ મનુષ્યનો દેહ સર્વ પુરુષાર્થને આપનાર છે. મનુષ્યમાં પણ બ્રાહ્મણનો વધ તે સર્વ પુરુષાર્થને બરાબર છે ।।૨૮।।

વળી આ બ્રાહ્મણ તો તપસ્વી, વિદ્વાન, સારા સ્વભાવવાળો છે, મહાપુરુષરૂપ ઈશ્વરનું આરાધન કરનાર છે. જે બ્રહ્મ સર્વભૂતના આત્મારૂપે સર્વમાં છે, જે ગુણોવડે ભૂતમાં રહે છે તે બ્રહ્મનું આ આરાધન કરવાની ઈચ્છાવાળો હોવાથી બ્રહ્મર્ષિ છે અને તમે રાજર્ષિ છો; તો હે ધર્મજ્ઞ! જેમ બાપનો વધ દીકરો ન કરે તેમ તમે એનો વધ કરી શકો નહિ ।।૨૯-૩૦।।

એ સજ્જન છે, નિષ્પાપ છે, ભણેલો છે, વેદનો અર્થ કહેવામાં સમર્થ છે તેથી

જેમ ગાયને મારવામાં કોઈ સમ્મત થાય નહિ તેમ આ મારા પતિને મારવામાં તમે કેમ સમ્મત થઈ શકો? તમે તો સત્પુરુષમાં માન્ય છો'' ।।૩૧।।

આટલું કહેવા છતાં પણ એ નિવૃત્ત થયો નહિ ત્યારે બ્રાહ્મણી બોલી કે ''જો તારે આનું ભક્ષણ કરવાની ઈચ્છા હોય તો મને પ્રથમ ખાઈ જા કારણ કે હું પતિ વિના એક ક્ષણ પણ જીવી શકીશ નહિ. એ મરે તો હું મરી ગયેલા જેવી જ છું'' ।।૩૨।।

એમ દયા આવે એવું બોલતી અનાથની જેમ એ ઊભી રહી એટલામાં તો સૌદાસ જે શાપથી મોહિત થયો હતો તે વાઘની પેઠે બ્રાહ્મણને ખાવા લાગ્યો ।।૩૩।।

એમ ગર્ભાધાન કરતા પતિને ખવાતો જોઈને એનો શોક કરતી બ્રાહ્મણીએ રાજા ઉપર કોપ કરીને એને શાપ આપ્યો; ।।૩૪।।

''હે પાપ! જ્યારે હું કામથી પીડિત હતી તે સમયે તેં મારા પતિને ખાધો તેથી હે અકૃતપ્રજ્ઞ! દુષ્ટ તારું મૃત્યું પણ ગર્ભાધાન કરતી વખતે થશે'' ।।૩૫।।

એમ મિત્રસહ–સૌદાસને શાપ આપી પતિલોકમાં જવાને તૈયાર થયેલી બ્રાહ્મણી પતિનાં હાડકાંને સળગેલા અગ્નિમાં નાખીને સ્વામીની સાથે બળી મરી અને પોતાના પતિદેવને જે ગતિ મળી હતી તે ગતિ તેણે પ્રાપ્ત કરી ।।૩૬।।

સૌદાસ બાર વર્ષ પર્યન્ત રાક્ષસ રહ્યા પછી શાપમુક્ત થઈને મૈથુન કરવાને તૈયાર થયો ત્યારે મહિષીએ એને બ્રાહ્મણીનો શાપ થયો છે એની યાદ અપાવી મૈથુન કરતાં અટકાવ્યો ।।૩૭।।

એ દિવસથી એણે સ્ત્રીસુખ બિલકુલ છોડી દીધું તેથી એને પોતાના કર્મવશાત્ પ્રજા ન થઈ એટલે વસિષ્ઠને તેણે અનુજ્ઞા આપી તેથી વસિષ્ઠે મદયન્તીને ગર્ભાધાન કરાવ્યું ।।૩૮।।

એ ગર્ભ સાત વર્ષ સુધી એના પેટમાં રહ્યો. પરન્તુ બાળક જન્મ્યું નહિ ત્યારે વસિષ્ઠે એના પેટમાં અશ્મ (પથ્થર) મારી પેટ ફોડી ગર્ભને બહાર કાઢ્યો તેથી 'એ અશ્મક' કહેવાયો ।।૩૯।।

અશ્મકનો પુત્ર મૂલક થયો. જ્યારે પરશુરામજી પૃથ્વીને ક્ષત્રિય હીન કરી રહ્યા હતા ત્યારે સ્ત્રીઓએ એને છુપાવી રાખ્યો હતો. તેથી જ તેનું એક નામ 'નારી કવચ' પણ થયું. એ મૂલક એટલામાટે કહેવાય છે કે તે પૃથ્વી ક્ષત્રિયહીન થઈ જતાં એ વંશનું તે મૂલ (પ્રવર્તક) બન્યો ।।૪૦।।

એ મૂલકથી દશરથ થયા, તેના પુત્ર ઐડવિડ થયા. એના વિશ્વસહ અને એના ખટ્વાંગ ચક્રવર્તી થયા ।।૪૧।।

દેવોએ એની પાસે આવી રક્ષણની પ્રાર્થના કરી ત્યારે એણે દૈત્યોને માર્યા હતા. એ રણમાં કોઈથી ન જિતાય તેવા હતા. દેવતાઓ પાસે એને ખબર પડી કે ''મારું જીવન ફક્ત બે ઘડી છે'' ત્યારે પોતાની રાજધાનીમાં પાછા આવીને એણે પોતાનું મન ભગવાન્‌માં લગાવી દીધું ।।૪૨।।

''અમારા કુળના દૈવતરૂપ બ્રાહ્મણનું કુળ છે. એનાથી અમારા પ્રાણ પણ અમને વહાલા નથી, પુત્ર વહાલા નથી, લક્ષ્મી વહાલી નથી, રાજ્ય, સ્ત્રી, પૃથ્વી વગેરે કશું જ બ્રાહ્મણથી વહાલું નથી ।।૪૩।।

નાનપણમાં પણ મારી બુદ્ધિ અધર્મમાં પડી નથી. વળી હું ભગવાન્ સિવાય કોઈ વસ્તુને ઉત્તમ માનતો નથી ।।૪૪।।

દેવોએ મને ઇચ્છિત વર માગવાનું કહ્યું હતું, પરન્તુ હું પ્રાણી માત્રના સુખની ઇચ્છાવાળો છું, મારા એકલાના સુખમાટે વરદાન માગતો નથી ।।૪૫।।

દેવોના મન અને ઇન્દ્રિયો વિષયોમાં ભટકતાં રહે છે તે પોતાના હૃદયમાં બિરાજતા પ્રિય આત્માને મેળવી શકતા નથી તો રાજસ તામસ ભાવવાળા મનુષ્યો તો ભગવાનને ક્યાંથી મેળવી શકે જ? ।।૪૬।।

આ શબ્દ આદિ વિષયો જલદી નાશ પામે તેવા છે એનો સંગ છોડી અને ભગવદ્ ભક્તિવડે આત્મામાં રહેલા ભગવાનને હું શરણે જાઉં છું'' ।।૪૭।।

એમ અન્તર્યામીએ ખેંચેલી બુદ્ધિથી નિશ્ચય કરીને અજ્ઞાન આદિ બીજા ભાવોને છોડીને એ ભગવદ્ભાવને પામી ગયો ।।૪૮।।

**યત્-તદ્ બ્રહ્મ પરં સૂક્ષ્મમશૂન્યં શૂન્યકલ્પિતમ્ ।।**
**ભગવાન્ વાસુદેવેતિ યં ગૃણન્તિ હિ સાત્વતાઃ ।।૪૯।।**

ખટ્વાંગ રાજાએ જે પરબ્રહ્મ છે, સૂક્ષ્મ છે, અશૂન્ય છે, છતાં શૂન્ય તરીકે કલ્પના કરવામાં આવે છે જેને ભગવદ્ભક્તો ભગવાન્ અને વાસુદેવ એવા નામથી બોલે છે તે ભાવનો સર્વમાંથી મન છોડી આશ્રય કર્યો ।।૪૯।।

**ઇતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (પહેલાં સૂર્યવંશ પ્રકરણનો આઠમો, ત્રીજા અવાન્તર પ્રકરણનો બીજો) ''ગંગાજીનું પૃથ્વીઉપર આગમન'' નામનો નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૦

## શ્રીરામચન્દ્રજીનું પ્રાકટ્ય અને એમનું ચરિત્ર

**વિશેષઃ** આ અધ્યાયમાં ખટ્વાંગ રાજાનો વંશ તથા એના વંશમાં અવતાર લેનાર શ્રીરામચન્દ્રજીનું રાવણના વધથી લઈને અયોધ્યા પધાર્યા ત્યાં સુધીનું ચરિત્ર કહેવામાં આવે છે.

**ખટ્વાંગાદ્ દીર્ઘબાહુશ્ચ રઘુસ્તસ્માત્ પૃથુશ્રવાઃ ।।**
**અજસ્તતો મહારાજસ્તસ્માદ્ દશરથોઽભવત્ ।।૧।।**

શ્રીશુકદેવજી બોલ્યાઃ ખટ્વાંગ રાજાના પુત્ર દીર્ઘબાહુ અને દીર્ઘબાહુના પૃથુશ્રવા એટલે પરમ યશસ્વી રઘુ થયા. એના અજ અને એના પુત્ર મહારાજા દશરથ થયા ।।૧।।

એ દશરથને ત્યાં દેવોએ ભગવાનને પ્રાર્થના કરી ત્યારે લોકનાં દુઃખ ટાળવાને સાક્ષાત્ બ્રહ્મ પોતાના સ્વરૂપના વિભાગવડે ચાર સ્વરૂપે પ્રકટ થયા તે રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન એ નામથી પ્રસિદ્ધ થયા ।।૨।।

સીતાપતિ રામનું ચરિત્ર તત્ત્વદર્શી વાલ્મીકિ વગેરે મુનિઓએ વર્ણવ્યું છે. તે-તેં પોતે ઘણી વાર સાંભળ્યું પણ છે ।।૩।।

એ રામચન્દ્રજીએ પિતાના વચનને સત્ય કરવામાટે રાજપાટ છોડી દીધું. સીતાજીના હાથનો સ્પર્શ પણ ન સહી શકે તેવા, માર્ગે ચાલતાં જેમના શ્રમને લક્ષ્મક્ષ, હનુમાન કે સુગ્રીવે મટાડ્યો છે તેવા કોમળ ચરણવડે વનમાં ફરીને એમણે કેટલાક દિવસ નિર્ગમન કર્યા. (રાવણની બહેન) શૂર્પણખાએ કામબુદ્ધિ દેખાડી તેથી લક્ષ્મણજીએ એનાં નાક-કાન કાપ્યાં તેથી શૂર્પણખા એના ભાઈ રાવણ પાસે પહોંચી અને સીતાના રૂપના વખાણ કરતાં રાવણ સીતાને ઉપાડી ગયો. એ સીતાના વિયોગથી રામે ક્રોધવડે ભ્રૂકુટી ચડાવી તેથી સમુદ્ર પણ ભયભીત થઈ ગયો, જેની ઉપર એમણે પૂલ બાંધ્યો. એવા દુષ્ટ રાક્ષસોના જંગલને લંકામાં જઈ દાવાગ્નિની જેમ બાળી નાખ્યું. એ કોશલ દેશના રાજા શ્રીરામ અમારા રક્ષક હો ।।૪।।

જેમણે વિશ્વામિત્રના યજ્ઞમાં રાક્ષસોમાં વખણાતા એવા બળવાન મારીચ વગેરે રાક્ષસોને લક્ષ્મણના દેખતાં માર્યા હતા; ।।૫।।

સીતાના સ્વયમ્વરમાં જે રામચન્દ્રજીએ લોકમાં વીરપુરુષની ગણનામાં આવે તેવા શૂરાઓની સભામાં ત્રણસો માણસો ઉપાડી શકે તેવા શિવજીના ધનુષ્યને

હાથમાં ઉઠાવીને હે રાજન્! હાથી જેમ શેરડીના સાંઠાને ભાંગે તેમ ખેંચી વચમાંથી ભાંગી નાખ્યું હતું ।।૬।।

રૂપ, ગુણ અને સ્વભાવથી અનુકૂળ એવાં સીતા નામનાં લક્ષ્મીને ધનુષ ઉઠાવવારૂપી પણને પૂર્ણ કરી મેળવી જેમણે એમનો સત્કાર કર્યો હતો તથા માર્ગમાં આવતાં જેમણે ક્ષત્રનો અન્ત કરનાર પૃથ્વી એકવીસ વાર રાજબીજ વગરની કરનાર એવા પરશુરામના વધેલા ગર્વને છોડાવ્યો હતો ।।૭।।

જેણે સત્યરૂપી દોરડાથી બંધાયેલા તથા સ્ત્રીને અધીન થયેલ પોતાના પિતાનું વચન સત્ય કરવામાટે રાજ્યલક્ષ્મીનો ત્યાગ કર્યો હતો તેમજ પ્રેમવાળા સ્નેહીઓનો ત્યાગ કર્યો હતો; તથા સર્વ સંગ છોડી સ્ત્રીની સાથે વનવાસ કર્યો હતો ।।૮।।

જેમણે કામના વિકારવાળી રાવણની બહેન શૂર્પણખાને વિરૂપ બનાવી હતી અને એના ભાઈ ખર, ત્રિશિર અને દૂષણ ને ચૌદ હજારની રાક્ષસ સેના સમેત એકલાએ અસહ્ય અને કોઈ જીતી ન શકે તેવું ધનુષ હાથમાં લઈને માર્યા હતા એટલું જ નહિ પણ વનમાં ફરતાં-ફરતાં કેટલાંય વર્ષ ગાળ્યાં હતાં ।।૯।।

શૂર્પણખાએ સીતાના રૂપ, ગુણ, સૌન્દર્ય વગેરેનાં વખાણ કરતાં રાવણે સીતાને હરી લાવવાનો મનોરથ કર્યો અને તેથી મારીચને સોનાના જેવી આકૃતિવાળો અદ્ભુત સોનેરી હરણ બનાવી પર્ણકુટી પાસે મોકલ્યો. આશ્રમ પાસેથી નીકળતાં સીતાને એનું ચર્મ જોવાની ઈચ્છા છતાં જેમ વીરભદ્રે દક્ષ પ્રજાપતિનું માથું ઉડાવી દીધું હતું તેમ એ રામે મારીચને મારી નાખ્યો હતો ।।૧૦।।

રામ લક્ષ્મણની ગેરહાજરીમાં રાક્ષસાધમ રાવણ, જેમ વાઘ-બકરીને ઉઠાવી જાય તેમ, *સીતાને ઉઠાવી ગયો ત્યારે સ્ત્રીના સોબતીની આવી દશા થાય છે એમ જાણે જગતને બતાવતા હોય તેમ સીતાના વિયોગથી દીનની પેઠે રામ પોતાના ભાઈ લક્ષ્મણ સાથે વનમાં ફરતા રહ્યા ।।૧૧।।

**વિશેષ :** એક વખત સીતાજી બાલ્યભાવથી મેના-પોપટને પકડીને રમતાં હતાં. એમાં મેનાને પૂરી રાખી તેથી એના પ્રાણ ચાલ્યા ગયા તેથી ખોટું લાગ્યું અને એણે શાપ આપ્યો કે ''તેં અમો દમ્પતીને વિયોગ કરાવ્યો તેથી તમો દમ્પતીને પણ વિયોગ થશે''. એટલું કહ્યા પછી જ્યારે એ મરી ગયો ત્યારે એ અયોધ્યામાં ધોબી થયો અને પોતાની સ્ત્રીને કહ્યું કે ''તું પરગૃહમાં રહી આવી તેથી તારો સ્વીકાર હું ન કરું. પરગૃહમાં ગયેલી સ્ત્રીઓ સ્વીકાર તો સ્ત્રી-લોભી રામ કરે''. આ વચન

રામચન્દ્રજીનાં સાંભળવામાં આવતાં એમણે સીતાનો ત્યાગ કર્યો છે એ પણ રામની લીલા છે. આ વાત રામાશ્વમેધમાં કહી છે. લક્ષ્મણજીના ત્યાગની વાત પણ એ જ પ્રમાણે લીલારૂપ સમજવી.

સીતાને છોડાવવા જતાં જટાયુ નામનો ગીધ રાવણને હાથે મરાયેલો તેની ઊર્ધ્વગમનની ક્રિયા પુત્રવત્ કરી. કબન્ધ પોતાને મોઢામાં લેવાને આવેલો તેને માર્યો. વાલીને મારી સુગ્રીવ વગેરે વાનરો સાથે મિત્રતા બાંધીને એની મારફતે સીતાની શોધ કરાવી. જેના ચરણની સેવા બ્રહ્માજી અને શિવજી વગેરે કરે છે તે શ્રીરામ એવી રીતે મનુષ્યનાટ્ય કરતા-કરતા સમુદ્રના કિનારા ઉપર વાનરસેના સહિત પધાર્યા ।।૧૨।।

ત્રણ દિવસ સમુદ્રના કિનારા ઉપર બેઠા છતાં સમુદ્ર કાંઈ બોલ્યો નહિ ત્યારે શ્રીરામચન્દ્રે ભ્રૂકુટી ચઢાવી ક્રોધ દેખાડી સમુદ્ર તરફ કટાક્ષ કર્યો ત્યારે સમુદ્રમાં રહેલાં મગર, માછલાં, સર્પ વગેરે આમ-તેમ તરફડવા લાગ્યાં અને સમુદ્ર બીક લાગવાથી ગર્જના કરતો બંધ થઈ ગયો અને માણસનું રૂપ ધારણ કરી પૂજા સાધન અને ઘણી ભેટ માથા ઉપર લઈને શ્રીરામચન્દ્રના ચરણનાં શરણમાં આવી આ પ્રમાણે કહેવા લાગ્યો ।।૧૩।।

હે ભૂમન્! જગતના મૂળ પુરુષ, સર્વની પૂર્વે પુરુષરૂપે પ્રકટ થયેલ એવા આપને મૂર્ખબુદ્ધિવાળા એવા અમે જાણી શક્યા નહિ. આપના જ સત્ત્વભાગથી દેવો, રજોગુણના અંશથી પ્રજાપતિઓ અને તમોગુણથી ભૂતના પતિ રુદ્ર વગેરે થાય છે તે ત્રણે ગુણના નિયામક આપ છો ।।૧૪।।

હે વીર શિરોમણિ! આપ પ્રસન્નતા પૂર્વક મારા ઉપરથી પસાર થાઓ અને વિશ્રવસ મુનિના મળરૂપ રાવણને મારી આપનાં વીરપત્ની સીતાને મેળવો. મારી ઉપર પૂલ બાંધો. એનાથી આપનો યશ વધશે. દિગ્વિજય કરનાર રાજાઓ એ સેતુ ઉપર આવી આપનું યશોગાન કરશે ।।૧૫।।

વાનરના હાથમાં ચલિત થતાં વૃક્ષો સાથે નાના-મોટા જે પર્વતો આવ્યા તેને સમુદ્રમાં નાખી સમુદ્ર ઉપર પાળ બાંધી સૈન્ય સાથે સુગ્રીવ, નીલ, હનુમાન વગેરેને સાથે રાખી વિભીષણે જે માર્ગ બતાવ્યો તે માર્ગે પૂર્વે હનુમાને બાળેલી લંકામાં શ્રીરામચન્દ્રજી દાખલ થયા. જ્યારે શ્રીરામચન્દ્રજી વાનર સેના સહિત લંકામાં પેઠા ત્યારે રમત-ગમતનાં ઠેકાણાં, અનાજ ભરવાના કોઠાર, ખજાનાનાં મકાન, ગામના દરવાજા, સભાસ્થાનો, ઘરની અગાસીઓ, ઓરડીઓ, કબૂતરખાનાં વગેરે સર્વ

સ્થળો વાનરોથી ભરાઈ ગયાં અને જેમ હાથીઓની ભીડથી નદી ભરાઈ ગઈ હોય તેવી લંકા દેખાવા લાગી ।।૧૬-૧૭।।

આ જોઈને રાવણના જાણવામાં આવ્યું કે વાનરો લંકાનો નાશ કરે છે ત્યારે એણે નિકુમ્ભ, કુમ્ભ, ધૂમ્રાક્ષ, દુર્મુખ, સુરાન્તક, નરાન્તક, પ્રહસ્ત, અતિકાય, વિકમ્પન વગેરે પોતાના બધા અનુચરો, પુત્ર મેઘનાદ અને અન્તે ભાઈ કુમ્ભકર્ણને પણ રામની સામે લડવાને રણસંગ્રામમાં મોકલ્યાં ।।૧૮।।

તલવાર, ત્રિશૂળ, ધનુષ, પ્રાસ, ઋષ્ટિ, શક્તિ, બાણ, ભાલાં, ખડ્ગ આદિ શસ્ત્ર-અસ્ત્રથી સુરક્ષિત અને પાસે પણ ન જઈ શકાય તેવી રાક્ષસ સેનાની સામે સુગ્રીવ, લક્ષ્મણ, હનુમાન, ગન્ધમાદન, નીલ, અંગદ, જામ્બવાન અને પનસ વગેરે વીરોને સાથે લઈ શ્રીરામચન્દ્રજીએ રાક્ષસોની સેના સાથે લડવા તૈયાર થયા ।।૧૯।।

શ્રીરામચન્દ્રજીની સેનાના નાયકો, હાથી, પાયદળ, રથ અને ઘોડા ઉપર ઝાડો, પર્વતો, ગદાઓ બાણો વગેરે લઈને, સીતાના સ્પર્શથી જેનું મંગળ નષ્ટ થયું છે તેવા રાવણની સેનાના માણસોની સાથે યુદ્ધ કરવા લાગ્યા ।।૨૦।।

પોતાની સેનાનો નાશ થતો જોઈ રાવણે ક્રોધ કર્યો અને પુષ્પક વિમાનમાં બેસી જ્યાં શ્રીરામચન્દ્રજી બિરાજતા હતા ત્યાં આવ્યો અને ત્યાં સ્વર્ગીય અને અતિ દેદીપ્યમાન લડાયક રથ લઈને ઈન્દ્રનો સારથિ માતલિ આવેલો હતો તેના ઉપર તીક્ષ્ણ બાણો ફેક્યાં ।।૨૧।।

**એને રામે કહ્યું :** ''હે રાક્ષસના મળતુલ્ય! કૂતરાની પેઠે અમારી ગેરહાજરીમાં તું અમારી સ્ત્રીને લઈ ગયો એ કાર્ય તેં લાજ છોડીને કર્યું છે. અધર્મ કરનારને જેમ કાળ ફળ આપે છે તેમ હું તને તારા કામનું ખરાબ ફળ આજે આપું છું. જેમ કોઈ કાળનું ઉલ્લંઘન કરી શકતું નથી તેમ મને પણ તું જીતી શકે એમ નથી'' ।।૨૨।।

એમ વાણીથી એનો તિરસ્કાર કરી ધનુષમાં બાણ સાંધી એ બાણ એના ઉપર છોડ્યું. એ બાણ વજ્રની પેઠે એની છાતીને ફાડી અંદર પેસી ગયું. એનાથી દસે મોઢામાંથી રુધિર વહેલા લાગ્યું અને જેમ સુકૃતથી સ્વર્ગમાં ગયેલો જીવ પુણ્ય સમાપ્ત થતાં પૃથ્વીમાં પડે તેમ એ રાવણ વિમાનમાંથી નીચે પડ્યો ત્યારે લોકોમાં હાહાકાર થઈ ગયો ।।૨૩।।

રાવણના મરાયાથી લંકામાંથી મન્દોદરીની સાથે કેટલીક યાતુધાનીઓ નીકળી અને જ્યાં રાવણનું મડદું પડ્યું હતું ત્યાં આવી રોવા લાગી ।।૨૪।।

ત્યાં આવી પોતાના પતિઓને લક્ષ્મણના બાણથી મરેલા જોઈ તેઓએ આલિંગન કર્યું અને પોતાના હાથે માથાં છાતી કૂટી દુઃખથી દીન બની સુન્દર સ્વર કાઢી રોવા લાગી : ।।૨૫।।

''હે નાથ! અમે બધાં લંકાવાસી મરી ગયા છીએ. લોકોને રડાવનાર રાવણશત્રુ દુઃખ દે છે તેવી લંકા તમારા વગર કોની પાસે પોતાનું દુઃખ રોશે? એની રક્ષા કોણ કરશે? આપ કામને અધીન થયા તેથી આ થનાર વસ્તુને જાણી નહિ અને સીતાના તેજના પ્રતાપને જાણી શક્યા નહિ અને તેથી તમારી આ દશા થઈ. હે કુળનન્દન! અમને અને લંકાને તમે ધણી વગરના કર્યા અને તમારા દેહને ગીધનું અન્ન બનાવ્યો, આત્માને નરકને માટે તૈયાર કર્યા'' ।।૨૬-૨૮।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** રામચન્દ્રજીની આજ્ઞાથી વિભીષણે પોતાના કુટુમ્બની પિતૃમેધની વિધિથી ઉત્તરક્રિયા કરી ।।૨૯।।

ત્યાર બાદ શ્રીરામચન્દ્રજીએ અશોકવનના આશ્રમમાં શિંશપાના વૃક્ષ મૂળમાં વિરહના રોગથી જેમનું શરીર કૃશ થઈ ગયેલું છે તેવાં સીતાજીને બેઠેલાં જોયાં ।।૩૦।।

શ્રીરામનું દર્શન થતાં જ જેમનું મુખકમળ પ્રફુલ્લ બન્યું છે તેવાં રામનાં પ્રિયતમા સીતાજીને જોઈ રામને એમની ઉપર દયા આવી ।।૩૧।।

સીતાજીને ત્યાંથી પુષ્પક વિમાનમાં બેસાર્યા, લક્ષ્મણ, સુગ્રીવ તથા હનુમાન ની સાથે વિભીષણ પાસે આવ્યા અને રાક્ષસના સ્વામી રાવણની લંકામાં એને ગાદી ઉપર બેસાડ્યા અને કલ્પ સુધી આયુષ્ય આપી પોતાના વનવાસનો ચૌદ વર્ષનો નિયમ પૂરો થયો હોવાથી પોતે અયોધ્યા તરફ આવ્યા ।।૩૨।।

ઈન્દ્ર આદિ દેવ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરતા હતા અને માર્ગમાં બ્રહ્મા આદિ જેમનાં પરાક્રમોની સ્તુતિ કરતા હતા તેવા રામ અયોધ્યા પધાર્યા ।।૩૩।।

પોતાનો ભાઈ ભરત પોતાની ગેરહાજરીમાં ગોમૂત્રમાં પકવેલા જવની કાંજીનું ભોજન કરે છે તથા ઝાડની છાલનાં વસ્ત્ર પહેરે છે તથા પૃથ્વી ઉપર દર્ભ પાથરી સૂએ છે તથા જટા વધારી છે ત્યારે એની દશાનું સ્મરણ કરી પરમ કરુણાશીલ ભગવાનનું હૃદય ભરાઈ આવ્યું. જ્યારે ભરતજીએ ખબર પડી કે મારા મોટા ભાઈ ભગવાન્ શ્રીરામજી આવી રહ્યા છે ત્યારે તે નાગરિકો, મન્ત્રીઓ અને પુરોહિતો ને સાથે લઈ અને ભગવાનની પાદુકાઓ સિરપર પધરાવી તેમનું સામૈયું કરવા રવાના થયા. જ્યારે

ભરતજી પોતાના રહેવાના સ્થાન નન્દીગ્રામથી નીકળ્યા ત્યારે આમ જનતા એમની સાથે મંગલગાન કરતી, ગાતી, વાજાં વગાડતી, વેદવાદી બ્રાહ્મણો વારંવાર વેદમન્ત્રોનો ઉચ્ચાર કરવા લાગ્યા અને એનો ઘોષ ચોતરફ ગુંજી ઊઠ્યો. સોનેરી બુટ્ટીદાર ધ્વજાઓ લહેરાવા લાગી. સોનેથી મઢેલા રથ જેના ઉપર રંગબેરંગી ધ્વજાઓ ફરકતી હતી, સોનાના સાજથી સજ્જસુન્દર ઘોડા અને સોનાનાં કવચ પહેરેલાં સૈનિકો એમની સાથે ચાલવા લાગ્યા. સાજન મહાજન, શ્રેષ્ઠ વારાંગનાઓ, પાયદળ અને મહારાજાને યોગ્ય નાની-મોટી તમામ વસ્તુઓ સાથે ચાલતી હતી. ભગવાનને જોતાં જ પ્રેમના પૂરથી ભરતજીનું હૃદય ગદ્‌ગદ થઈ ગયું, નેત્રોમાં આંસુ છલકાઈ આવ્યાં એ ભગવાનનાં ચરણોમાં પડ્યા ।।૩૪-૩૯।।

એમણે પ્રભુ આગળ એમની પાદુકાઓ રાખી અને હાથ જોડી ઊભા રહ્યા. આંખોમાંથી આંસુની ધારા વહી રહી છે. ભગવાને બન્ને હાથોથી પકડી ઘણી વાર સુધી ભરતજીને હૃદય સરસા દાબ્યા અને પરસ્પર નેત્રના જળથી એક બીજાને ભીંજવ્યાં ।।૪૦।।

પછી રામે સીતા અને લક્ષ્મણ ને સાથે લઈ જેઓ બ્રાહ્મણમાં પ્રખ્યાત હતા તેમને પોતે નમસ્કાર કર્યા અને પ્રજાએ રામને નમસ્કાર કર્યા ।।૪૧।।

એ વખતે ઉત્તરકોસલ દેશમાં રહેતી સમસ્ત પ્રજા પોતાના સ્વામી ભગવાનને ઘણા દિવસે આવેલા જોઈ પોતાના ખેસ-દુપટ્ટા હલાવી-હલાવી પુષ્પોની વૃષ્ટિ કરતી આનન્દમાં આવી જઈ નાચવા લાગી ।।૪૨।।

પછી ભરતજીએ પાદુકા લીધી, સુગ્રીવે પંખો અને વિભીષણે શ્રેષ્ઠ ચામર લીધાં, સફેદ છત્ર હનુમાને લીધું ।।૪૩।।

ભાથા સાથે ધનુષ શત્રુઘ્ને લીધું. તીર્થોનાં જલથી ભરેલું કમંડળ સીતાજીએ ઉઠાવ્યું. અંગદે સોનાની તરવાર ઊઠાવી અને હે નૃપ! ઢાલ જામ્બવાને લીધી ।।૪૪।।

રામચન્દ્રજી સ્ત્રીઓની સાથે પુષ્પક વિમાનમાં બિરાજ્યા ત્યારે જેમ ગ્રહોની સાથે ચન્દ્ર શોભે તેમ એ શોભવા લાગ્યા. બન્દીજનો સ્તુતિ કરવા લાગ્યા ।।૪૫।।

ભાઈઓનાં અભિનન્દન સ્વીકારી એમણે ઉત્સવયુક્ત પુરીમાં પ્રવેશ કર્યો. પહેલાં એ રાજભવનમાં ગયા ત્યાં પોતાની માતાઓ, મોટેરાઓ, મિત્રો, નાનાઓએ એમનો સત્કાર કરતાં રામે તેમનો પણ યથાયોગ્ય સત્કાર કર્યો. સીતાજી અને

લક્ષ્મણજી પણ એ જ પ્રમાણે બધાને યથાયોગ્ય રીતે મળ્યા ।।૪૬-૪૭।।

એ વખતે જેવી રીતે મૃતક શરીરમાં પ્રાણોનો સંચાર થઈ જાય તેમજ માતાઓ પોતાના પુત્રોના આગમનથી હર્ષિત થઈ ગઈ. એમણે એમને પોતાની ગોદમાં બેસાડી લીધા અને આંસુઓથી એમને અભિષેક કર્યો. એ વખતે એમનો શોક મટી ગયો ।।૪૮।।

પછી વસિષ્ઠજીએ બીજા ગુરુજનોની સાથે વિધિપૂર્વક ભગવાનની જટા ઉતરાવી અને બૃહસ્પતિજીએ જેવી રીતે ઈન્દ્રનો અભિષેક કર્યો હતો તેવી જ રીતે ચારેય સમુદ્રોના જલ આદિથી એમનો અભિષેક કર્યો ।।૪૯।।

એવી રીતે શિરઃસ્નાન કરી સુન્દર વસ્ત્રો તથા આભૂષણો વગેરે ધારણ કર્યા. પોતાના ભાઈઓ તથા સીતાજીએ પણ સુન્દર વસ્ત્ર-અલંકાર ધારણ કર્યા તેમની સાથે શ્રીરામચન્દ્રજી અત્યન્ત શોભાયમાન થયા ।।૫૦।।

પછી ભરતે પ્રણામ કરી તેમને પ્રસન્ન કરી આગ્રહ કર્યો ત્યારે શ્રીરામે રાજ્યાસનનો સ્વીકાર કર્યો ।।૫૧।।

સ્વધર્મમાં નિષ્ઠાવાળી પ્રજા પોતપોતાના વર્ણ અને આશ્રમ ના ધર્મો પાળવા લાગી. પ્રજા રામને પિતા તુલ્ય માનતી હતી તો રામ એને પોતાની સન્તતિ તુલ્ય ગણી એની રક્ષા કરતા હતા ।।૫૨।।

ત્રેતાયુગ હતો છતાં સત્યયુગના જેવા ધર્મ થયા એટલે કે ધર્મ સમ્પૂર્ણ અંશે પ્રવર્ત્યો. જ્યારે ધર્મને જાણનાર અને સર્વ ભૂતને સુખ આપનાર રામ રાજા થયા ત્યારે કાળ સર્વાંશે ધર્મને અનુકૂળ થયો ।।૫૩।।

હે પરીક્ષિત! રામના રાજ્યમાં વનો, નદીઓ, પર્વતો, દેશો, દ્વીપો અને સમુદ્રો બધાં કામધેનુની જેમ લોકોની બધી કામના પૂર્ણ કરનાર થયાં ।।૫૪।।

મનની પીડા, શરીરની પીડા, વૃદ્ધાવસ્થા, મનોવ્યથા, શોક, મોહ, ભય, શ્રમ વગેરે રામના રાજ્યમાં લોકોને કશું થતું નહિ તેમજ લોકોને ભૂતલ ઉપર રહેવાની ઈચ્છા હોય તો ત્યાં સુધી મૃત્યુ પણ થતું નહિ ।।૫૫।।

એક સ્ત્રીવ્રત પાળતા, રાજર્ષિના ચરિત્રને દેખાડતા, પવિત્રતાથી રહેતા રામ પોતે ગૃહસ્થના ધર્મને પાળતા હતા અને પ્રજાને એના ધર્મ પળાવતા હતા ।।૫૬।।

**પ્રેમ્ણાનુવૃત્ત્યા શીલેન પ્રશ્રયાવનતા સતી ।।**
**ધિયા હ્રિયા ચ ભાવજ્ઞા ભર્તુઃ સીતાહરન્મનઃ ।।૫૭।।**

પ્રેમવડે, આજ્ઞાકારીપણાવડે, સ્વભાવવડે, વિનયની નમ્રતાવડે, બુદ્ધિવડે, લજ્જાવડે અને હૃદયના ભાવવડે સીતાજીએ પણ પોતાના પતિના મનને પોતાની તરફ વાળી લીધું હતું ।।૫૭।।

**ઇતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (પહેલા સૂર્યવંશ પ્રકરણનો નવમો અને અવાન્તર ઉત્તમ પ્રકરનો ત્રીજો) ''શ્રીરામચન્દ્રજીનું પ્રાકટ્ય અને એમનું ચરિત્ર'' નામનો દશમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**... ... શ્રીભાગવતમાદરાત્‌પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમદમ્ભતઃ।।**
પ્રયત્ન પૂર્વક જાતેજ, કોઈ પણ લૌકિક (પૈસા-ટકા કમાવવા, ફંડ-ફાળા)-
પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર, પિતૃદોષનું નિવારણ) હેતુ કે ઢોંગ વિના
આદર પૂર્વક શ્રીભાગવતનોનો પાઠ કરવો જોઈએ **(શ્રીવલ્લભાચાર્ય)**

## અધ્યાય ૧૧
## શ્રીરામે સર્વસ્વ-દક્ષિણાવાળો યજ્ઞ કર્યો

**વિશેષઃ** ભરત આદિ ભાઈઓ સાથે રામે અયોધ્યામાં રહીને ત્યાં યજ્ઞ વગેરે કર્યા એ વાત આ અગિયારમાં અધ્યાયમાં કહેવામાં આવે છે.

**ભગવાનાત્મનાऽऽત્માનં રામ ઉત્તમકલ્પકૈઃ ।।**
**સર્વદેવમયં દેવમીજ આચાર્યવાન્ મખૈઃ ।।૧।।**

શ્રીશુકદેવજીએ કહ્યુંઃ ગુરુ વસિષ્ઠજીને પોતાના આચાર્ય બનાવી સર્વદેવમય પોતાના આત્મારૂપ ભગવાનને રામે પોતાના આત્માવડે ઉત્તમ સાધન-સામગ્રીવાળા યજ્ઞોથી આરાધ્યા ।।૧।।

હોતાને પૂર્વ દિશા આપી, બ્રહ્માને દક્ષિણ દિશા આપી, અધ્વર્યુને પશ્ચિમ દિશા આપી અને સામવેદનો ઉચ્ચાર કરતા ઉદ્‌ગાતાને ઉત્તર દિશા આપી ।।૨।।

એની વચમાં જેટલી પૃથ્વી બચી તે આચાર્યને આપી દીધી. શ્રીરામચન્દ્રજીનો દૃઢનિશ્ચય હતો કે નિઃસ્પૃહ બ્રાહ્મણજ આ પૃથ્વીના એકમાત્ર અધિકારી છે ।।૩।।

તેથી બધી પૃથ્વી બ્રાહ્મણોને આપી દીધી. પોતે વસ્ત્ર, અલંકાર જે કાંઈ શરીર ઉપર ધારણ કર્યુ હતું તે સિવાયનું જે કાંઈ હતું તે બધું જ બ્રાહ્મણોને આપી દીધું. એ

જ પ્રમાણે રાણી જનકતનયા-સીતાજી પણ માત્ર કંઠમાં મંગળસૂત્ર અને વસ્ત્રયુક્ત રહ્યાં ।।૪।।

જ્યારે આચાર્ય વગેરે બ્રાહ્મણોએ જોયું કે શ્રીરામ તો બ્રાહ્મણોનેજ પોતાના ઈષ્ટદેવ માને છે ત્યારે એમનું હૃદય પ્રેમથી ભીનું થઈ ગયું. એમણે પ્રસન્ન થઈ આખી પૃથ્વી ભગવાનને પાછી આપી અને કહ્યું ।।૫।।

હે પરમેશ્વર! આપ ત્રણેય ભુવનના એકમાત્ર સ્વામી છો. આપ તો અમારા હૃદયમાં બિરાજી પોતાની જ્યોતિથી અજ્ઞાન-અન્ધકારનો નાશ કરી રહ્યા છો. આ સ્થિતિમાં ભલા, આપે અમને આપવામાં શું બાકી રાખ્યું છે? ।।૬।।

આપનું જ્ઞાન અનન્ત છે. પવિત્ર કીર્તિવાળાઓમાં આપ સર્વશ્રેષ્ઠ છો. જે કોઈને કોઈ પ્રકારનો ક્લેશ નથી પહોંચાડતા તેવા મહાત્માઓને આપે આપના ચરણકમલ આપી દીધાં છે. આવું હોવા છતાં આપ બ્રાહ્મણોને પોતાના ઈષ્ટદેવ માનો છો. હે ભગવન્! આપના આવા રામરૂપને અમે નમસ્કાર કરીએ છીએ ।।૭।।

એકવાર પ્રજાની સ્થિતિ જાણવામાટે ભગવાન્ રાતે વેશપલટો કરી કોઈને જણાવ્યા વિના ફરતા હતા. એ વખતે એમણે કોઈ ધોબીને પોતાની પત્નીને આ પ્રમાણે કહેતાં સાંભળ્યો ।।૮।।

તું અસતી અને દોષવાળી છે, વળી તું પારકા ઘરમાં રહીને આવી છે તેવી સ્ત્રીને તો સ્ત્રીલોભી રામે સીતાને રાખી તેવોજ હોય તે રાખે. તું એવી છે માટે હું તને ઘરમાં નહિ રાખું ।।૯।।

બહુ મોઢે બોલતા અને કોઈ રીતે ન સમજાવી શકાય તેવા આ લોકવાદથી શ્રીરામ ભય પામ્યા. એમણે સીતાને વનમાં છોડી દીધાં. સીતા વાલ્મીકિ મુનિના આશ્રમમાં જઈ રહ્યાં ।।૧૦।।

સીતા જ્યારે વનમાં ગયાં ત્યારે સગર્ભા હતાં. સમય થતાં એમણે કુશ અને લવ નામના બે પુત્રને જન્મ આપ્યો. મુનિ વાલ્મીકિએ એમના જાતકર્મ આદિ સંસ્કાર કર્યા ।।૧૧।।

લક્ષ્મણજીને અંગદ અને ચિત્રકેતુ નામના બે પુત્રો થયા. હે મહીપતે! ભરતને પણ તક્ષ અને પુષ્કલ તેમજ શત્રુઘ્નને સુબાહુ અને શ્રુતસેન નામના બે પુત્રો થયા ।।૧૨।।

ભરતજીએ દિગ્વિજયમાં કરોડો ગન્ધર્વને જીત્યા તથા એમનું બધું ધન લાવીને

રાજા શ્રીરામચન્દ્રજીને નિવેદન કર્યું ।।૧૩।।

શત્રુઘ્નજીએ મધુવનમાં મધુના પુત્ર લવણ નામના રાક્ષસને માર્યો અને ત્યાં મથુરા નામની પુરી વસાવી ।।૧૪।।

સ્વામીએ વનમાં મોકલી આપેલી સીતાએ બે પુત્રને મુનિની પાસે રાખ્યા અને પોતે રામના ચરણનું ધ્યાન કરતાં પૃથ્વીમાં સમાઈ ગઈ ।।૧૫।।

આ સાંભળી શ્રીરામને ઘણો શોક થયો તે બુદ્ધિથી રોક્યો. આમ છતાં સીતાના ગુણોને સંભારતા એનો શોક શ્રીરામથી રોકી શકાયો નહિ અને એ શોકને રોકવાને સમર્થ થયા નહિ ।।૧૬।।

હે પરીક્ષિત! સ્ત્રી-પુરુષનો પ્રસંગ સમર્થ પુરુષોને પણ આવી રીતે ત્રાસ આપનાર થાય છે તો પછી જાડી બુદ્ધિવાળાને દુઃખ દે એમાં શું કહેવું? ।।૧૭।।

સીતાજી ગયા પછી રામે બ્રહ્મચર્ય રાખ્યું અને ૧૩,૦૦૦ વર્ષ સુધી અખંડ અગ્નિહોત્રનો હોમ કર્યો ।।૧૮।।

*દંડકારણ્યના કાંટાથી વીંધાયેલા પોતાનાં ચરણકમળને પોતાને સ્મરનારના હૃદયમાં ધારણ કરી શ્રીરામચન્દ્રજી પ્રકાશાત્મક એવા પોતાના વૈકુંઠધામમાં પધાર્યા ।।૧૯।।

**વિશેષઃ** ચૌદ વર્ષના વનવાસ દરમિયાન શ્રીરામચન્દ્રજી નાગા ચરણે જ રહ્યા છે. કમલ કરતાંય કોમલ ચરણારવિન્દમાં કેટલાય કાંટા-કાંકરા વગેરે ખૂંચી ગયા હશે! પણ ઠેઠ સુધી એ કાંટા-કાકંરાને ચરણમાંથી પોતે કાઢી દૂર કર્યા નથી અને સ્વધામગમન કર્યું ત્યારે પણ કાંટા-કાંકરાઓ વાળા ચરણ સાથે ગમન કર્યુ! એક વખત ચરણનો આશ્રય કરેલ હોય તેને પોતે દૂર કરે તો શરણાગત વત્સલનું બિરુદ લાજે! માટે તો શ્રીરામ-રાજ્યાભિષેક વખતે બધા દેવો સ્તુતિ કરે છે તેમાં બ્રહ્માજી તો એ કાંટાળાં કંજ-કમલનો યાદ કરી તેમને શરણે જાય છે. **''ધ્વજ કુલિસ અંકુસ કંજ જુત બન ફિરત કણ્ટક કિન લહે, પદ કંજ દ્વન્દ મુકુન્દ રામ રમેસ નિત્ય ભજામહે''.** જે ચરણોમાં ધ્વજા, વજ્ર, અંકુશ અને કમલનાં ચિહ્ન છે, જે ચરણકમલમાં વનમાં ફરતી વખતે કાંટા ભોંકાઈ જવાથી કપાશી થઈ ગઈ છે, હે મુકુન્દ! હે રામ! હે રમાપતિ! અમે આપનાં એ જ બન્ને ચરણકમલોને ભજતા રહીએ છીએ. (**કિન** : કણી, કપાશી) ઉત્તરકાંડ, શ્રીરામચરિતમાનસ.

શ્રીરઘુનાયકે શસ્ત્રસમુદાયવડે રાક્ષસોને માર્યા, સમુદ્રને બાંધ્યો એ કાંઈ એમની કીર્તિ વધારનાર નથી કેમકે એઓ તો સાક્ષાત્ ભગવાન્ છે. દેવોની પ્રાર્થનાથી પોતે

ભૂતલ ઉપર આવ્યા અને મનુષ્યનાટ્ય બતાવવામાટે શત્રુને મારવામાં એમણે વાનરોની સહાયતા લીધી, પરન્તુ પોતે કર્તું, અકર્તું અને અન્યથાકર્તું સમર્થ હોવાથી એમને સહાયતાની કાંઈ જરૂર ન હતી. છતાં એમ કરીને પોતે લોકના જેવી લીલા બતાવી છે ।।૨૦।।

દિશાઓના હાથીના કાનમાં અલંકારરૂપ પહોંચતો, શાસ્ત્રથી અવિરુદ્ધ, પાપને દૂર કરનાર એવો એ શ્રીરામચન્દ્રજીનો પવિત્ર યશ માર્કણ્ડેય આદિ મુનિઓ રાજાની સભામાં અદ્યાપિ પણ ગાય છે; જેમના ચરણકમળને ઈન્દ્ર, કુબેર વગેરે પોતાના મુકુટવડે સેવે છે તેવા શ્રીરામચન્દ્ર ભગવાનનો અમે આશ્રય કરીએ છીએ ।।૨૧।।

જ્યાં મોટો યોગી લોકો યોગપ્રભાવથી જઈ શકે ત્યાં જેઓએ શ્રીરામચન્દ્રજીને જોયા કે તેમનો સ્પર્શ કર્યો કે તેમને અનુસર્યા તેવા સઘળા કોસલ દેશના રહેનારાઓ શ્રીરામચન્દ્રજીનાં દર્શન આદિથી પહોંચ્યા ।।૨૨।।

જે પુરુષ પોતાના કાનોથી ભગવાન્ શ્રીરામનું ચરિત્ર સાંભળે છે તેને સરલતા, કોમલતા આદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. હે પરીક્ષિત! એટલું જ નહિ. એ સમસ્ત કર્મબન્ધનોથી મુક્ત થઈ જાયછે ।।૨૩।।

**પરીક્ષિતરાજાએ પૂછ્યું :** ભગવાન્ શ્રીરામચન્દ્રજી પોતાનાભાઈઓ સાથે કેવો વર્તાવ રાખતા હતા? ભાઈઓ, પ્રજાજનતથા અયોધ્યા - વાસીઓ શ્રીરામચન્દ્રજી સાથે કેવો વ્યવહાર રાખતાહતા? ।।૨૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** ત્રિભુવનપતિ શ્રીરામે દિગ્વજય કરવાને ભાઈઓને દિશા જીતવામાટે મોકલ્યા અને પોતે પોતાની પ્રજાને દર્શન આપતાં સેવકો સાથે અયોધ્યાયની રક્ષા કરી ।।૨૫।।

એ વખતે અયોધ્યાપુરીના રસ્તાઓ સુગંધી જળથી છંટાયા હતા, હાથીના મદનાં બિન્દુ પણ માર્ગમાં પડતા હતાં અને પોતાના સ્વામીના આગમનથી જાણે નગરી મસ્ત બની હોય તેવી સમૃદ્ધિવાળી બનીહતી ।।૨૬।।

વળી અયોધ્યાપૂરીનાં મહેલો, દરવાજા, સભાગૃહો, વિહાર, દેવગૃહો વગેરે ઉપર સુવર્ણ કળશ ઝગમગી રહ્યા હતા અને ઠેકઠેકાણે પતાકાઓ રાખી શૃંગાર યુક્ત બનાવવામાં આવી હતી ।।૨૭।।

પુષ્પયુક્ત સોપારીના પાનથી, કેળના સ્તમ્ભથી તથા એના ફળોથી એ શોભી રહી હતી. કેટલીક જગ્યાએ વસ્ત્રોના શૃંગાર કરવામાં આવ્યા હતા તો કેટલીક

જગ્યાએ આરસા બાંધેલા હતા; ક્યાંક પુષ્પ માળાઓની શોભા હતી તો ક્વચિત્ બારીક વસ્ત્રની આશ્ચર્ય પમાડે તેવી પતાકાઓથી આખી પુરી શોભાયમાન બની રહી હતી ।।૨૮।।

નાગરિકો હાથમાં ભેટો લઈ શ્રીરામના દર્શનાર્થે આવતા અને એમને પ્રાર્થના કરતા, ''દેવ! પહેલાં આપે જ વરાહ અવતારમાં પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો તેમ હમણાં પણ આપ જ એનું પાલન કરો'' એવી આશિષો કહેતા ।।૨૯।।

ઘણા કાળ પછી શ્રીરામચન્દ્ર ફરી નગરીમાં પધાર્યા હતા તેથી શ્રીરામચન્દ્રનાં દર્શન કરવાને પ્રજાજનો, પુરુષો અને સ્ત્રીઓ ઘરના ઉપરના ભાગમાં ચડી અતૃપ્ત નેત્રથી દર્શન કરતાં ભગવાનને પુષ્પથી વધાવવા લાગ્યાં ।।૩૦।।

પોતાની પૂર્વે થઈ ગયેલા રાજાઓએ જે રાજભવન ભોગવેલું તથા જેમાં અસંખ્ય ખજાના અને મોટી કીમતનાં રાચરચીલાં ગોઠવવામાં આવેલા હતાં તેવાં પ્રવાળના ઉમરા, બારણાં તેમજ વૈદુર્યમણિના સ્તમ્ભની પક્તિઓથી, મરકતમણિની બેઠકોથી, સ્ફટિક મણિથી ભીતોથી જે શોભાયમાન હતું તેમાં શ્રીરામ ગયા ।।૩૧-૩૨।।

એમાં વિચિત્ર માળાવાળી ધજાઓ, વસ્ત્રો, મણિઓ અને અંશુક બારીક વસ્ત્રો અને ચૈતન્ય જેવા પ્રકાશવાળાં મુક્તાફળ વગેરેથી મડિત અને મનને ખેંચીલે તેવાં અનેક પ્રકારના ભોગસાધનોથી શણગારેલાં ઘર હતાં ।।૩૩।।

એમાં ધૂપ, દીવા તથા સુગંધી ફૂલોની શોભા થઈ રહી હતી. દેવ જેવા પુરુષો એનીશોભામાંવૃદ્ધિ કરી રહ્યા હતા. તેનાથી રાજભવન શોભાયમાનહતું ।।૩૪।।

એમાં આત્મારામ જિતેન્દ્રિય પુરુષોના પણ શિરોમણિ ભગવાન્ રામચન્દ્રજી સ્નેહવાળાં અને પ્રેમાળ પત્ની સીતા દેવીની સાથે વિહાર કરી રહ્યા હતા ।।૩૫।।

**બુભુજે ચ યથાકાલં કામાન્ ધર્મમપીડયન્ ।।**
**વર્ષપૂગાન્ બહૂન્ નૃણામભિધ્યાતાઙ્ઘ્રિપલ્લવઃ ।।૩૬।।**

જગત્ જેમના ચરણ-કમળનું ધ્યાન કરે છે તેવા શ્રીરામચન્દ્રજી ધર્મનો બાધ ન આવે તેમ સમયે-સમયે કામાદિનો હજારો વર્ષ પર્યન્ત ત્યાં રહી ભોગવવા લાગ્યા ।।૩૬।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (સૂર્યવંશ નામના પહેલા પ્રકરણનો દશમો, અવાન્તર ચોથાનો પહેલો) ''શ્રીરામે સર્વસ્વ દક્ષિણાવાળો યજ્ઞ કર્યો'' નામનો અગિયારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૨

## કુશનો વંશ અને ઈક્ષ્વાકુના પુત્ર શશાદનો વંશ

**વિશેષ :** આ બારમાં અધ્યાયમાં રામના પુત્ર કુશનો વંશ કહીને ઈક્ષ્વાકુના પુત્ર શશાદનો વંશ સમ્પૂર્ણ કહેવાશે.

**કુશસ્ય ચાતિથિસ્તસ્માન્નિષધસ્તત્સુતો નભઃ ।।**
**પુંડરીકોઽથ તત્પુત્રઃ ક્ષેમધન્વાભવત્તતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** કુશનો પુત્ર અતિથિ થયો, અતિથિનો નિષધ થયો, નિષધનો નભ થયો, નભનો પુંડરીક થયો અને પુંડરીકનો ક્ષેમધન્વા પુત્ર થયો ।।૧।।

ક્ષેમધન્વાનો દેવાનીક, દેવાનીકનો અનીહ, અનીહનો પારિયાત્ર, પારિયાત્રનો બલ, બલનો સ્થલ અને સ્થલનો વજ્રનાભ પુત્ર થયો. એ સૂર્યના અંશથી ઉત્પન્ન થયો હતો ।।૨।।

વજ્રનાભનો ખગણ, ખગણનો વિધૃતિ, તેનો હિરણ્યનાભ, જે જૈમિનિનો શિષ્ય થઈને યોગાચાર્યની પદવીથી પ્રસિદ્ધ થયો ।।૩।।

એ હિરણ્યનાભ પાસેથી કોસલ દેશવાસી યાજ્ઞવલ્ક્ય અધ્યાત્મયોગ ભણ્યા હતા, જે અધ્યાત્મવિદ્યા મોટો અભ્યુદય કરનારી છે તથા હૃદયની ચિદ-ચિદ્ ગ્રન્થિને છેદનારી છે ।।૪।।

હિરણ્યનાભનો પુષ્ય થયો. પુષ્યનો ધ્રુવસન્ધિ થયો, તેનો સુદર્શન થયો, સુદર્શનનો અગ્નિવર્ણ થયો, અગ્નિવર્ણનો શીઘ્ર અને શીઘ્રનો પુત્ર મરુ થયો ।।૫।।

મરુ યોગવડે સિદ્ધ થયો હતો અને કલાપ ગ્રામમાં આજ દિવસ સુધી રહે છે. કલિના અન્તમાં સૂર્યવંશ નષ્ટ થતાં તેને એ પાછો ચલાવશે ।।૬।।

મરુનો પ્રસુશ્રુત અને એનો સન્ધિ થયો સન્ધિનો અમર્ષણ થયો, તેનો મહસ્વાન થયો અને એનો વિશ્વસાહ્વ થયો ।।૭।।

એનો પ્રસેનજિત્ થયો, પ્રસેનજિત્નો તક્ષક થયો, તેનો બૃહદબલ થયો. આ જ બૃહદ્બલને તમારા પિતા અભિમન્યુએ યુદ્ધમાં માર્યો હતો ।।૮।।

ઈક્ષ્વાકુ વંશના આટલા રાજાઓ થઈ ગયા છે. હવે જે થવાના છે તેને કહું છું એ સાંભળો. બૃહદબલનો પુત્ર બૃહદ્રણથશે ।।૯।।

**વિશેષ :** દ્વાપરયુગના અન્ત સુધીના સૂર્યવંશના રાજાઓનો વંશ કહીને હવે તે પછીના વંશનું

વર્ણન કરે છે તેમાં ''થશે'' એમ ભવિષ્ય સૂચન તે સમયમાટેનું છે વર્તમાન સમયમાં તો તે થઈ ગયેલા રાજાઓ છે.

બૃહદ્રણનો ઉરુક્રિય અને ઉરુક્રિયનો વત્સવૃદ્ધ નામનો પુત્ર થશે. એનો પ્રતિવ્યોમ અને એનો ભાનુ થશે. ભાનુનો પુત્ર દિવાક થશે જે ઈન્દ્રનો સેનાપતિ થશે ।।૧૦।।

એનો સહદેવ, તેનો બૃહદશ્વ, તેનો ભાનુમાન, ભાનુમાનનો પ્રતીકાશ્વ, તેનો સુપ્રતીક થશે ।।૧૧।।

સુપ્રતીકનો મરુદેવ થશે. મરુદેવનો સુનક્ષત્ર અને સુનક્ષત્રનો પુત્ર પુષ્કર થશે, એનો અન્તરિક્ષ, તેનો સુતપા અને એનો અમિત્રજિત્ થશે ।।૧૨।।

એનો બૃહદ્રાજ, તેનો બર્હિ, બર્હિનો કૃતંજય પુત્ર થશે. એનો રણંજય અને એનો સંજય થશે ।।૧૩।।

એનો શાક્ય, શાક્યનો શુદ્ધોદ નામનો પુત્ર થશે. એનો પુત્ર લાંગલ થશે. એનો પ્રસેનજિત્, તેનો ક્ષુદ્રક થશે ।।૧૪।।

તેનો રણક, તેનો સુરથ, તેનો સુમિત્ર થશે, જે એના વંશનો છેલ્લો પુરુષ ગણાશે. એટલા બૃહદ્બલ રાજાના વંશના પ્રજાઓ થશે ।।૧૫।।

**ઈક્ષ્વાકુણામયં વંશઃ સુમિત્રાન્તો ભવિષ્યતિ ।।**
**યતસ્તં પ્રાપ્ય રાજાનં સંસ્થાં પ્રાપ્સ્યતિ વૈ કલૌ ।।૧૬।।**

ઈક્ષ્વાકુના આ વંશમાં સુમિત્ર છેલ્લો થશે કેમકે એના ગયા પછી કલિયુગ આવતાં ઈક્ષ્વાકુ વંશનો અન્ત થશે ।।૧૬।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (પહેલાં સૂર્યવંશ પ્રકરણનો અગિયારમો તથા અવાન્તર ચોથા પ્રકરણનો બીજો) ''કુશનો વંશ અને ઈક્ષ્વાકુના પુત્ર શશાદનો વંશ'' નામનો બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં
તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત જઈને
મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર, તેમાટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ
તેવી ભાગવત વાંચનાર કથાકાર ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(?)
ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

# અધ્યાય ૧૩
## નિમિરાજોનો વંશ જેમાં જનક વગેરે જ્ઞાની થયા

**વિશેષ :** જનક વગેરે બ્રહ્મજ્ઞો જેના કુળમાં થયા છે તેવા નિમિ રાજાનો વંશ આ અધ્યાયમાં કહેવામાં આવે છે.

**નિમિરિક્ષ્વાકુતનયો વસિષ્ઠમવૃતર્ત્વિજમ્ ।।**
**આરભ્ય સત્રં સોઽપ્યાહ શક્રેણ પ્રાગ્વૃતોઽસ્મિ ભોઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ઈક્ષ્વાકુના પુત્ર નિમિ હતા. એમણે યજ્ઞનો આરમ્ભ કરી મહર્ષિ વસિષ્ઠની ઋત્વિજ તરીકે પસંદગી કરી વસિષ્ઠજીએ કહ્યું, ''હે રાજન્! ઈન્દ્રે પોતાના યજ્ઞમાટે પહેલાં જ મારી પસંદગી કરી લીધી છે ।।૧।।

તેથી એનો યજ્ઞ સમાપ્ત કરાવી તમારી પાસે આવીશ; ત્યાં સુધી તમે વાટ જુઓ''. ત્યારે નિમિ કાંઈ બોલ્યા નહિ અને વસિષ્ઠ ઈન્દ્રનો યજ્ઞ કરાવવા ગયા અને એમણે એનો યજ્ઞ કરાવ્યો ।।૨।।

નિમિ પોતે આત્મ-અનાત્મના વિવેકને જાણનાર હતા તેથી આયુષ્યને અનિત્ય માની જ્યાં સુધી ગુરુ વસિષ્ઠજી ન આવે ત્યાં સુધીના સમયમાટે એની વાટ ન જોતાં એમણે બીજા ઋત્વિજો દ્વારા યજ્ઞ શરૂ કર્યો ।।૩।।

ઈન્દ્રનો યજ્ઞ કરાવી વસિષ્ઠજી આવ્યા અને જોયું તો નિમિનો યજ્ઞ શરૂ થઈ ગયો હતો. શિષ્યે પોતાની આજ્ઞા ન માની તેથી ક્રોધ કરી એ બોલ્યા કે ''તું પોતે પંડિત છે એમ માને છે અને મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે'' માટે તારો દેહ પડો ।।૪।।

એ ઉપરથી નિમિએ ગુરુને સામે શાપ આપ્યો કે ''તમે ધર્મ જાણ્યા વગર લોભથી મને શાપ આપો છો તેથી તમારો દેહ પણ પડો કેમકે તમે અધર્મ કરો છો'' ।।૫।।

એમ કહી પોતે આત્મવિદ્યામાં કુશળ હોવાથી નિમિએ દેહનો ત્યાગ કર્યો. અને વસિષ્ઠે પોતાનો દેહ છોડ્યો. પછી ઉર્વશીના દર્શનથી મિત્રાવરુણનું વીર્ય ફલિત થયું હતું તે ઘડામાં નાખ્યું તેમાંથી વાલ્મીકિ અને વસિષ્ઠ થયા. આ કથા પ્રમાણે વસિષ્ઠ કુમ્ભથી ઉત્પન્ન થયા ।।૬।।

નિમિનો દેહ મુનિઓએ સુગંધી વસ્તુમાં રાખ્યો અને યજ્ઞ સમાપ્ત કર્યો ત્યારે ત્યાં જે દેવો આવ્યા હતા તેઓને વિનન્તિ કરી કે ।।૭।।

''જો તમે યજ્ઞથી પ્રસન્ન થયા હો તો નિમિરાજાનો દેહ જીવતો થાઓ''. દેવોએ

દેહને જીવતો કર્યો, પરન્તુ નિમિએ ક્હયું કે ''મને દેહનું બન્ધન જોઈએ નહિ. જે મુનિઓ વિયોગ થશે એવા ભયથી ડરીને દેહના યોગને ઈચ્છતા નથી તેઓ તો સંસાર દુઃખને દૂર કરનાર ભગવાનના ચરણ કમળને ભજે છે તેથી હું દેહને ધારણ કરવાને ઈચ્છતો નથી જેમકે દેહવાળાને દુઃખ, શોક અને ભય વગેરે થાય છે. વળી જળમાં જ્યાં માછલું જાય ત્યાં એનું મૃત્યુ થાય છે તેમે સર્વત્ર દેહવાળાને મૃત્યુ અવશ્ય થશે જ. તેથી પણ હું જીવવાને ઈચ્છતો નથી'' ।।૮-૧૦।।

જ્યારે નિમિએ એવું કહ્યું ત્યારે દેવો બોલ્યાઃ''હે નિમિ! તમે દેહને ન રાખો પણ લોકના નેત્રમાં પલકરૂપે રહો''. એ નિમિ લોકના નેત્રમાં રહી આંખ ઉઘાડતાં-મીંચતાં બધાના જાણવામાં આવે છે ।।૧૧।।

રાજા વગર લોકને ભય થશે એમ માની ઋષિઓએ નિમિના દેહનું મંથન કર્યુ તેમાંથી કુમાર થયો ।।૧૨।।

એનો જન્મ થતાં એ 'જનક' એવા નામથી અને વિદેહથી (વિદેહ=૧.મૃતદેહ ૨. માતાના દેહ વગર.) થયો તેથી 'વૈદેહ' એવા નામથી પ્રસિદ્ધ ગયો. વળી એ દેહનું મંથન કરવાથી થયો માટે 'મૈથિલ' પણ કહેવાતો એણે 'મિથિલા'નામની નગરી વસાવી ।।૧૩।।

એ જનકનો પુત્ર ઉદાવસુ થયો, ઉદાવસુનો નન્દિવર્ધન થયો, તેનો સુકેતુ થયો અને સુકેતુનો, હે મહિપતે! દેવરાત પુત્ર થયો ।।૧૪।।

એનો બૃહદ્રથ થયો, બૃહદ્રથનો મહાવીર્ય, મહાવીર્યનો સુધૃતિ, સુધૃતિનો ધૃષ્ટકેતુ, તેનો હર્યશ્વ અને હર્યશ્વનો મરુ થયો ।।૧૫।।

મરુનો પ્રતીપક થયો, તેનો કૃતિરથ થયો. તેનો દેવમીઢ, એનો વિશ્રુત, તે વિશ્રુતનો મહાધૃતિ પુત્ર થયો ।।૧૬।।

એ મહાધૃતિનો કૃતિરાત થયો, તેનો મહારોમા થયો, તેનો સ્વર્ણરોમા થયો અને એનો હ્રસ્વરોમાં થયો ।।૧૭।।

આ જ હ્રસ્વરોમાના પુત્ર મહારાજ સીરધ્વજ હતા. તે જ્યારે યજ્ઞને માટે ધરતી ખેડતા હતા ત્યારે તેના સીર (હળ) ના અગ્રભાગથી સીતાજીની ઉત્પત્તિ થઈ. આથી એનું નામ સીરધ્વજ પડ્યું ।।૧૮।।

સીરધ્વજના પુત્ર કુશધ્વજ થયા, તેના ધર્મધ્વજ થયા, ધર્મધ્વજના કૃતધ્વજ અને મિતધ્વજ નામના બે પુત્ર થયા ।।૧૯।।

કૃતધ્વજથી કેશિધ્વજ નામના પુત્ર થયા અને મિત્રધ્વજથી ખાડિક્ય નામના પુત્ર થયા. કેશિધ્વજ બ્રહ્મવિદ્યામાં કુશળ હતા ।।૨૦।।

ખાડિક્ય કર્મકાંડના મર્મજ્ઞ હતા. તે કેશિધ્વજની બીકથી ઘરમાંથી નીકળી ચાલ્યા ગયા. કેશિધ્વજના ભાનુમાન થયા ભાનુમાનના શતદ્યુમ્ન થયા ।।૨૧।।

એના શુચિ થયા. શુચિના સનદ્વાજ થયા, સનદ્વાજના ઊધ્વર્કેતુ થયા, તેના અજ થયા અને અજના પુરુજિત્ થયા ।।૨૨।।

એના અરિષ્ટનેમિ, અરિષ્ટનેમિના શ્રુતાયુ, શ્રુતાયુના સુપાર્શ્વક, તેના ચિત્રરથ, તેના ક્ષેમપિ પુત્ર થયા. જે મિથિલાના રાજા થયા ।।૨૩।।

એ ક્ષેમધિનો સમરથ, તેના સત્યરથ થયા, તેના ઉપગુરુ, ઉપગુરુના ઉપગુપ્ત થયા. તે અગ્નિનો અંશ હતા ।।૨૪।।

ઉપગુપ્તના વસ્વનન્ત, વસ્વનન્તના યુયુધ, તેના સુભાષણ, સુભાષણના શ્રુત, શ્રુતના જય અને જયના વિજય થયા. વિજયના પુત્ર ઋક્ત થયા ।।૨૫।।

એ ઋક્તના પુત્ર શુનક થયા, તેના વીતહવ્ય થયા. તેના ધૃતિ, ધૃતિના બહુલાશ્વ અને બહુલાશ્વના કૃતિ થયા અને એના મહાવશી થયા ।।૨૬।।

**એતે વૈ મિથિલા રાજન્નાત્મવિદ્યાવિશારદાઃ ।।**
**યોગેશ્વરપ્રસાદેન દ્વન્દ્વૈર્મુક્તા ગૃહેષ્વપિ ।।૨૭।।**

હે પરીક્ષિત! આ મિથિલના વંશમાં જન્મેલા બધા રાજાઓ 'મૈથિલ' કહેવાય છે. એ બધાય આત્મજ્ઞાનથી સમ્પન્ન અને ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં સુખ-દુઃખ આદિ દ્વન્દ્વોથી મુક્ત હતા કારણ કે યાજ્ઞવલ્ક્ય વગેરે મોટા-મોટા યોગેશ્વરોની એમના ઉપર મહાન કૃપા હતી ।।૨૭।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (પહેલા સૂર્યવંશ નામના પ્રકરણનો બારમો, અવાન્તર ચોથો પ્રકરણનો ત્રીજો) ''નિમિ રાજાનો વંશ જેમાં જનક વગેરે બ્રહ્મજ્ઞાની થયા'' નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## પ્રથમ મહાપ્રકરણ સમ્પૂર્ણ

દક્ષિણા સ્વીકારીને, ફંડ-ફાળા માટે કે મૃતકના ઉદ્ધાર અર્થે યોજાતી ભાગવતકથાના આયોજનની ગુરુએ આજ્ઞા આપવી કે તેમાં હાજરી આપવી તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

# બીજું ચન્દ્રવંશ પ્રકરણ

## અધ્યાય ૧૪

## પુરૂરવા રાજા ઉર્વશીમાં આસક્ત થઈ ગન્ધર્વલોકમાં ગયા

**વિશેષઃ** ૧. એમ તેર અધ્યાયથી સૂર્યવંશ કહ્યો. હવે ૧૧ અધ્યાયથી સોમ (ચન્દ્ર)વંશ કહે છે. તેમાં આ ચૌદમાં અધ્યાયમાં બૃહસ્પતિની સ્ત્રી તારામાં ચન્દ્રથી બુધ થયા અને બુધથી ઈલામાં પુરૂરવા નામે પુત્ર થયા એ કથા આ સ્કન્ધના પ્રથમ અધ્યાયમાં આવી જાય છે અને પુરૂરવાની વાત અહીં કહેવામાં આવે છે.

૨.અહીં પ્રકરણ વિભાગમાં સૂર્યવંશના ૧૩ અધ્યાય અને ચન્દ્રવંશના અગિયાર અધ્યાય કહ્યા છે પણ નવમસ્કન્ધના પ્રથમ અધ્યાયમાં ચન્દ્રવંશ સિવાય બીજી કથા નથી તેથી એ અધ્યાયને નિબન્ધમાં સૂર્યવંશમાં ગણ્યો નથી. એ કારણથી બન્ને પ્રકરણ બાર-બાર અધ્યાયનાં રાખવામાં આવ્યાં છે. પ્રથમ સૂર્યવંશના બાર અધ્યાયમાં અવાન્તર ચાર પ્રકરણ આવ્યાં તેવાં જ અવાન્તર ચાર પ્રકરણ ચન્દ્રવંશમાં પણ ત્રણ-ત્રણ અધ્યાયમાં આવશે. પ્રથમ, મધ્યમ અને ઉત્તમ ભક્તના ત્રણ પ્રકરણ અને ત્રણ અધ્યાયથી ભગવત્ પ્રાકટ્ય એટલે ઈશ અને ઈશાનુકથા બન્નેનું વર્ણન વંશોમાં તુલ્ય છે.

**અથાતઃ શ્રૂયતાં રાજન્ વંશઃ સોમસ્ય પાવનઃ ।।**
**યસ્મિન્નૈલાદયો ભૂપાઃ કીર્ત્યન્તે પુણ્યકીર્તયઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** (સૂર્યવંશ કહેવાયો) હવે પવિત્ર કરનાર ચન્દ્રવંશ કહેવાશે એ તમે સાંભળો. હે રાજન્! એમાં પવિત્ર યશવાળા પુરૂરવા વગેરે રાજાઓ થયા છે ।।૧।।

હજાર મસ્તકવાળા વિરાટ પુરુષ નારાયણના નાભિ-સરોવરના કમલથી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ. તેનાથી પિતાના જેવા પરાક્રમવાળા અત્રિ નામના પુત્ર થયા ।।૨।।

એની બે આંખોથી અમૃતમય પુત્ર ચન્દ્રમાનો જન્મ થયો. બ્રહ્માજીએ એને બ્રાહ્મણ, નક્ષત્રગણ અને ઔષધિ નો અધિપતિ બનાવી દીધો ।।૩।।

એ સોમે (ચન્દ્રે) ત્રણ લોકને જીતીને રાજસૂય યજ્ઞ કર્યો આથી એનો ઘમંડ વધી ગયો અને બૃહસ્પતિની સ્ત્રી તારાનું બળાત્કારે હરણ કર્યુ ।।૪।।

દેવગુરુ બૃહસ્પતિજીએ પોતાની સ્ત્રી પાછી માગી પણ એ એને આપી નહિ.

અનેક વખત એમાટે યાચના કરી પણ મતવાલા ચન્દ્રે એ ન આપી ત્યારે એ સ્ત્રીને લીધે દેવ અને દૈત્ય ની વચ્ચે મોટી લડાઈ થઈ ।।૫।।

બૃહસ્પતિજીની સાથે શુક્રાચાર્યજીને દ્વેષ હતો તેથી શુક્રાચાર્યજીએ તેમજ સર્વ અસુરોએ ચન્દ્રનો પક્ષ કર્યો, પરન્તુ બૃહસ્પતિજી પોતાના વિદ્યાગુરુ અંગિરાજીના પુત્ર થાય તેથી શિવજી પોતાના ગણથી વીંટાઈને ગુરુના પક્ષમાં રહ્યા ।।૬।।

બધા દેવોની સાથે ઈન્દ્ર પણ ગુરુના પક્ષમાં લડવા તૈયાર થયો. એમ તારાના નિમિત્તે દેવ-દૈત્યનો મોટો વિનાશ થયો ।।૭।।

બૃહસ્પતિજીના પિતા અંગિરાએ આ બધી વાત બ્રહ્માજીને નિવેદન કરી ત્યારે બ્રહ્માજીએ ચન્દ્ર (સોમ) નો તિરસ્કાર કરી તારાને એની પાસેથી લઈ લીધી અને એના સ્વામી બૃહસ્પતિજીને સ્વાધીન કરી; પણ તપાસ કરતાં બૃહસ્પતિજીને માલૂમ પડ્યું કે તારા સગર્ભા છે ।।૮।।

''હે દુષ્ટા! મારા ક્ષેત્રમાં બીજાએ ગર્ભને સ્થાપિત કર્યો હોય તે તું છોડી દે. હે સતી! હું પુત્રની ઈચ્છાવાળો છું. તું સ્ત્રી છે માટે તને હું ભસ્મ કરતો નથી'' ।।૯।।

જ્યારે તારાએ સોનાની કાન્તિવાળા એ કુમારને ગર્ભમાંથી દૂર કર્યો ત્યારે ચન્દ્ર અને બૃહસ્પતિજી બન્નેને એ બાળક ગમ્યો તેથી એ પુત્રની ઈચ્છા કરી ।।૧૦।।

''મારો પુત્ર છે, તારો નથી'' એમ પરસ્પર એઓ વિવાદ કરવા લાગ્યા ત્યારે દેવો, ઋષિઓ વગેરે તારાને પૂછવા લાગ્યા કે ''આ પુત્ર તને કોનાથી થયો છે?'' શરમને લીધે જ્યારે તારા એનો કાંઈ પણ જવાબ આપી શકી નહિ ।।૧૧।।

ત્યારે ખોટી લજ્જાથી કોપ કરી કુમાર બોલ્યોઃ''ઓ દુષ્ટ વર્તનવાળી! તેં જેનાથી ખોટું કામ કર્યું હોય તેનું નામ લઈ દે; મને ખરું કહે, ગર્ભ કોનાથી રહ્યો છે'' ।।૧૨।।

બ્રહ્માજી શરમવાળી તારાને એકાન્તમાં લઈ ગયા ત્યાં એને શાન્ત કરી એને ખોટું ન લાગે એમ પૂછતાં એણે ધીમેથી કહ્યું કે ''ગર્ભ સોમ (ચન્દ્ર) થી રહ્યો છે'' ત્યારે એ પુત્રને સોમ લઈ ગયો ।।૧૩।।

એનું બ્રહ્માજીએ બુધ નામ પાડ્યું. પુત્ર મળતાં ચન્દ્ર ખુશી થયો ।।૧૪।।

એ બુધને ઈલાથી પુરૂરવા નામનો પુત્ર ઉત્પન્ન થયો, જે હકીકત આગળ કહેવામાં આવી ગઈ છે. એક દિવસ ઈન્દ્રની સભામાં દેવર્ષિ નારદજી એ પુરૂરવાનાં રૂપ, ગુણ, ઉદારતા, સ્વભાવ, ધન-સમ્પત્તિ અને પરાક્રમ નું ગાન કરી રહ્યા હતા તે સાંભળી ઉર્વશીના હ્રદયમાં કામભાવ થયો અને એનાથી પીડિત થઈ તે દેવાંગના

પુરૂરવાની પાસે ચાલી આવી ।।૧૫-૧૬।।

સ્વર્ગમાં રહેનારી ઉર્વશી મનુષ્ય લોકમાં કેમ આવી? એને મિત્રાવરુણને શાપ હતો તેથી એ મનુષ્યલોકમાં આવી. આવીને મનુષ્યમાં શ્રેષ્ઠ અને જાણે કામદેવ પોતે જ મનુષ્ય લોકમાં પુરૂરવારૂપે આવ્યો હોય એમ લાગતાં એને ધીરજ રહી નહિ, ઉર્વશી રાજાની પાસે આવી ।।૧૭।।

એને જોતાં જ રાજાનાં નેત્ર હર્ષથી પ્રફુલ્લિત થઈ ગયાં, શરીરમાં રોમાંચ થયો અને સ્નિગ્ધ વાણીથી તેણે દેવીને કહ્યું ।।૧૮।।

**રાજા પુરૂરવાએ કહ્યું :** ''હે સુન્દરી! તમારું સ્વાગત કરું છું. બેસો, હું તમારી શી સેવા કરું? તમે મારી સાથે વિહાર કરો અને આપણા બન્નેનો આ વિહાર અનન્ત કાળ સુધી ચાલતો રહે'' ।।૧૯।।

**ઉર્વશી બોલી :** ''હે સુન્દર! તમારામાં કોનાં મન અને આંખ ન ઠરે? તમારા વક્ષઃસ્થળની સામે આવનારને રમવાની ઉત્કટ ઈચ્છા થતાં એનાં વિવેકધૈર્યાદિ છૂટી જાય છે ।।૨૦।।

હે રાજન્! આ ઘેટાની જોડી મેં પુત્રરૂપે પાળી છે; હું તમારી પાસે એને મારી થાપણ તરીકે રાખું છું. તમે એની રક્ષા કરો. એ ઘેટાની જોડીને તમે સાચવશો ત્યાં સુધી હું તમારી સાથે રમી શકીશ. જે રૂપ ઉદારતા આદિ ગુણોથી વખણાતો હોય તે જ સ્રીઓનો પતિ થઈ શકે અને તેવાની સાથે રમણ કરે ।।૨૧।।

મારે ખોરાકમાં ઘી જોઈશે. વળી હું મૈથુનના સમય સિવાયના કાળમાં તમને વસ્ત્ર વગરના ન જોઉં''. એણે આ ત્રણ શરતો સંભળાવી જે પુરૂરવાએ કબૂલ કરી : ।।૨૨।।

''તમારું રૂપ તથા તમારી ચતુરાઈ મનુષ્યલોકને મોહ પમાડે એવાં છે. તમે સાક્ષાત્ દેવી છો અને કૃપા કરીને પોતાની ઈચ્છાથી આવ્યાં છો; તો તમને કયો મનુષ્ય ન સેવે વારું?'' ।।૨૩।।

એ ઉર્વશી પુરૂરવા સાથે વિહાર કરવા લાગી. પુરૂરવા પણ જ્યાં દેવો વિહાર કરે છે તેવાં ચૈત્રરથ, નન્દનવન વગેરે સ્થાનોમાં દેવોને લાયક ભોગવડે ઉર્વશીની સાથે ઈચ્છા પ્રમાણે વિહાર કરવા લાગ્યો ।।૨૪।।

ઉર્વશી પદ્મતન્તુ (કમલ કેસર) ના ગન્ધ જેવા ગન્ધવાળી હતી. એની સાથે રમતાં એના મુખની સુગન્ધિના લોભમાં પડતાં ઘણો સમય ચાલ્યો ગયો ।।૨૫।।

સ્વર્ગની સભામાં ઉર્વશી નહિ દેખાતાં ઇન્દ્રે કહ્યું કે ''ઉર્વશી વગર મારી સભા શોભતી નથી'' તેથી એને શોધવાને એણે ગન્ધર્વોને પૃથ્વી ઉપર મોકલ્યા ।।૨૬।।

મધરાતે ઘોર અન્ધકારમાં ગન્ધર્વોએ આવી ઉર્વશીએ રાજાને જે બે ઘેટા સોપ્યાં હતાં તે ઉઠાવી ચાલતા થયા ।।૨૭।।

જયારે ગન્ધર્વો ઘેટા લઈને ચાલ્યા ત્યારે એ શબ્દ કરવા લાગ્યા. એ શબ્દ સાંભળી ઉર્વશી બોલી : ''નપુંસક છતાં પોતાને વીર પુરુષ માનનાર આ પુરૂરવાએ મને મારી નાખી. મેં જાણ્યું હતું કે મારા પુત્ર ઘેટાઓને આ રાજા સાચવશે તેથી જ મેં એને સોપ્યા હતા પણ એ એને સંભાળી શક્યો નહિ. ચોર લોકો મારા પુત્રને લઈ ગયા છે તેથી હવે હું જીવતે મૃતવત્ થઈ ગઈ છું. જેનો વિશ્વાસ કરતાં ચોર મારા છોકરાને લઈ ગયા તેથી મારો પણ નાશ થયો. જે રાજા રાતમાં સ્ત્રીની પેઠે ભયમુક્ત ફરે છે અને દિવસે પુરુષની પેઠે વ્યવહાર કરે છે તેવાનો મેં આશ્રમ કર્યો'' ।।૨૮-૨૯।।

એ પ્રમાણે ઉર્વશીની વાણીરૂપી બાણથી વીંધાયેલો પુરૂરવા હાથમાં તરવાર લઈ, અંકુશ લાગવાથી ખિજાયેલા અને ક્રોધે ભરાયેલા હાથીની જેમ કપડાં પહેર્યા વગર નગ્નદેહે રાતમાં ગન્ધર્વોની પાછળ પડ્યો ।।૩૦।।

ગન્ધર્વોએ રાજાને પાછળ આવતો જોઈ ઘેટાઓને રસ્તામાં પડતાં મૂકી દીધાં ત્યારે વીજળી જેવો ઝબકારો અંધારામાં થયો. એ વીજળીના ઝબકારામાં ઉર્વશીએ ઘેટાઓને લાવતા પુરુરવાને વસ્ત્રહીન અવસ્થામાં આવતો જોયો ।।૩૧।।

(શરતનો ભંગ થતાં ઉર્વશી બિછાનામાંથી ચાલી ગઈ). ઉર્વશીને શયનમાં ન જોતાં રાજા ઉદાસ થઈ ગયો અને એનામાં એનું ચિત્ત લાગેલું હોવાથી ગાંડો બની શોક કરવા લાગ્યો અને ગાંડાની પેઠે પૃથ્વીમાં ભટકવા લાગ્યો ।।૩૨।।

એક દિવસ રાજાએ ઉર્વશીને કુરુક્ષેત્રમાં પ્રફુલ્લિત મુખવાળી એની પાંચ સખીઓ સાથે જોઈ ત્યારે સારી વાણીવડે કહેવા લાગ્યોઃ ।।૩૩।।

''હે પ્રિયે! ઊભી રહે, ઊભી રહે! હે નિષ્ઠુર! ભોગવડે તૃપ્ત કર્યા વગર તું મને છોડી જાય એ યોગ્ય નથી; માટે તું ઊભી રહે. આપણે બન્ને વાતો કરીએ. હે દેવી! મારો દેહ અહીં જ પડશે કેમકે તેં એને આકર્ષિત કર્યો છે. જો તું કૃપા નહિ કરે તો આ શરીરને વાઘ અને સિંહ વગેરે ખાઈ જશે'' ।।૩૪-૩૫।।

**ઉર્વશી બોલી :** ''તમે પુરુષ છો તમારે આમ મરવું ઘટે નહિ. તમારા શરીરને નારડાં અને ગિધડાં ખાઈ ન શકે. જેમ ફાડી ખાનાર જનાવરનું હૃદય ક્રૂર હોવાથી

મિત્રતા સમ્ભવે નહિ તેમ સ્ત્રીની મિત્રતા પણ હોય જ નહિ. સ્ત્રીઓને દયા ન હોય. એ ક્રૂર હોય છે. એમના ક્રોધનો પાર હોતો નથી. તેઓ માફ કરી શકતી નથી. જોખમ ખેડવું એને વહાલું હોય છે. થોડા સ્વાર્થને માટે એ વિશ્વાસવાળા ભાઈ કે પતિને પણ મારે તો પછી બીજાને મારે એમાં તો કહેવું શું! ।।૩૬-૩૭।।

એમના હૃદયમાં મિત્રતા તો હોતી જ નથી. મૂર્ખોમાં ખોટો વિશ્વાસ ઉત્પન્ન કરી પછી એના સ્નેહને એ છોડી દે છે અને પુરુષને દેખીને ચલાયમાન થતી એ નવા-નવા પુરુષને ઈચ્છે છે અને મનમાં આવે એમ વર્તે છે ।।૩૮।।

તો પછી તમે ધીરજ ધરો. તમે રાજ રાજેશ્વર છો, ગભરાઓ નહિ. દરેક વર્ષને અન્તે એક રાત તમે મારી સાથે રહેશો ત્યારે તમારે બીજાં પણ સન્તાન થશે'' ।।૩૯।।

ઉર્વશીને સગર્ભા જોઈ પુરૂરવા પોતાની રાજધાનીમાં પાછા આવ્યા. વર્ષ પુરું થતાં પાછા એ કુરુક્ષેત્રમાં ગયા ત્યાં સુધીમાં ઉર્વશી એક વીરપુત્રની માતા થઈ ચૂકી હતી ।।૪૦।।

અને આનન્દમાં આવી એની સાથે એ એક રાત્રિ રહ્યા. વિરહમાં આતુર અને કૃપણ એવા રાજા પ્રતિ ઉર્વશી બોલી : ।।૪૧।।

''મારા વિના તમને ન જ ચાલે તો આ ગન્ધર્વોને સ્તુતિ વગેરેથી પ્રસન્ન કરો. જો એની દયા થાય તો તમે મને મેળવી શકો''. પુરૂરવાએ એ ગન્ધર્વોની સ્તુતિ કરી. ગન્ધર્વો પ્રસન્ન થયા. હે રાજન્! એમણે રાજાને એક અગ્નિની થાળી આપી. (ગન્ધર્વોએ તો અગ્નિની થાળી એટલા માટે આપી કે જો રાજા એ અગ્નિવડે યજ્ઞ કરે તો એને ઉર્વશીના લોકની પ્રાપ્તિ થાય, પરન્તુ) રાજાએ તો એ થાળીને જ ઉર્વશી માની લીધી અને એની સાથે વનવનમાં ઘૂમ્યા ।।૪૨।।

ત્યાં તો આ ઉર્વશી નથી પણ અગ્નિની થાળી છે એમ જાણીને થાળીને વનમાં છોડી દીધી અને એ આવ્યો રોજ રાત્રે એ એનું ધ્યાન કરતો. એમ કરતાં-કરતાં ત્રેતાયુગ આવ્યો ત્યારે એના હૃદયમાથી વેદત્રયી ઉત્પન્ન થઈ ।।૪૩।।

જ્યારે પ્રથમ એક વેદ હતા તેના ત્રણ થયા અને કર્મને બતાવનાર થયા ત્યારે એને જ્ઞાન થયું કે ''મારે ગન્ધર્વોએ જે થાળી અગ્નિની આપી હતી તેનો ઉપયોગ ઉર્વશીના લોકમાટે કરવાનો છે'' એવું જ્ઞાન થતાં તો એણે જે વનમાં જે સ્થળે એ થાળી છોડી હતી ત્યાં એ આવ્યો ત્યાં તો એણે ખીજડાના ઝાડની અંદર પીપળો

ઊગેલો જોયો તેથી આમાં અગ્નિ છે એમ જાણી એણે પીપળાના કાષ્ઠની બે અરણી કરી. આ બધું એણે ઉર્વશીના લોકની કામનાથી કર્યું ।।૪૪।।

એણે ઉર્વશીનું મન્ત્રથી ધ્યાન કર્યું. એમાં ઉપલી અને નીચલી અરણીરૂપ ઉર્વશી છે અને પોતે વચમાં છે એવી ગર્ભગ્રહણની ભાવના કરી અને એનું મથન કર્યુ. મથન કરતાં-કરતાં એમાંથી અગ્નિ થયો તે આહવનીય ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ એવા ત્રણ ભેદવાળો થયો તેને રાજાએ પોતાના પુત્ર તરીકેમાન્યો ।।૪૫-૪૬।।

પછી સર્વ દેવરૂપ ઇન્દ્રિયથી પર એવા ભગવાન્ હરિનો યજ્ઞ એણે ઉર્વશીનો લોક મેળવવાની કામનાથી કર્યો ।।૪૭।।

હે પરીક્ષિત! ત્રેતા યુગની પહેલાં સત્યયુગમાં એકમાત્ર પ્રણવ (ૐકાર) જ વેદ હતો. બધાં વેદશાસ્ત્રો એમાં જ અન્તર્ગત હતાં. દેવતા એક માત્ર નારાયણ હતા. બીજું કોઈ હતું નહિ અગ્નિ પણ ત્રણ ન હતા. કેવલ એક જ હતો અને વર્ણ પણ કેવલ એક 'હંસ' જ હતો ।।૪૮।।

**પુરૂરવસ એવાસીત્ ત્રયી ત્રેતામુખે નૃપ ।।**
**અગ્નિના પ્રજયા રાજા લોકં ગાન્ધર્વમેયિવાન્ ।।૪૯।।**

હે પરીક્ષિત! ત્રેતાની શરૂઆતમાં પુરૂરવાથી જ વેદ ત્રણ થયા અને અગ્નિ પણ ત્રણ થયા. રાજા પુરૂરવાએ અગ્નિને સન્તાન રૂપે સ્વીકારી ગન્ધર્વલોકની પ્રાપ્તિ કરી ।।૪૯।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (બીજા ચન્દ્રવંશ મહાપ્રકરણનો તથા અવાન્તર પહેલા પ્રકરણનો પહેલો અને સ્કન્ધનો) ''પુરૂરવા રાજા ઉર્વશીમાં આસક્ત થઈ ગન્ધર્વ લોકમાં ગયા'' નામનો ચૌદમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૧૫

## ગાધિરાજાના દૌહિત્રને ત્યાં પરશુરામનો જન્મ

**વિશેષ :** પુરૂરવાના પુત્રના વંશમાં ગાધિ રાજા થયા. તેની પુત્રીના પુત્રને ત્યાં ભગવાનના અવતારરૂપ પરશુરામ થયા જેનું ચરિત્ર આ પંદરમાં અધ્યાયમાં કહેવાય છે.

**ઐલસ્ય ચોર્વશીગર્ભાત્ ષડાસન્નાત્મજા નૃપ ।।**

**આયુઃ શ્રુતાયુઃ સત્યાયૂ રયોઽથ વિજયો જયઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે રાજન્! પુરૂરવાને ઉર્વશીના ગર્ભથી આયુ, શ્રુતાયુ, સત્યાયુ, રય, વિજય અને જય એ છ પુત્રો થયા ।।૧।।

શ્રુતાયુનો પુત્ર વસુમાન થયો, સત્યાયુનો શ્રુતંજય થયો, રયનો એક થયો (અથવા 'શ્રુત' પાઠ હોય તો શ્રુત અને એક એમ બે પુત્રો થયા) અને જયનો અમિત થયો ।।૨।।

વિજયનો ભીમ, ભીમનો કાંચન અને એનો હોત્ર થયો. હોત્રનો જહ્નુ થયો. આ જહ્નુ ગંગાજીને પોતાની અંજલિમાં લઈને પી ગયા હતા. જહ્નૂનો પુરુ થયો. પુરુનો બલાક અને બલાકનો અજક થયો ।।૩।।

એનો કુશ, કુશના ચાર પુત્રો હતા કુશામ્બુ તનય, વસુ અને કુશનાભ ।।૪।।

એ કુશામ્બુનો ગાધિ નામનો પુત્ર થયો. ગાધિને સત્યવતી નામની કન્યા હતી. ઋચીક નામના ઋષિએ એ કન્યાની માગણી કરી. ઋચીકને એ કન્યા આપવી યોગ્ય નથી એમ લાગવાથી ગાધિએ (યુક્તિથી) ઉત્તર આપ્યોઃ ।।૫।।

''તમે ચન્દ્રના જેવા શ્વેત તેજસ્વી અને એક કાને શ્યામ એવા એક હજાર ઘોડા કન્યાને બદલે, આપો. અમે તો કન્યાને બદલે કાંઈક લેનાર કુશિકો છીએ ।।૬।।

જ્યારે ગાધિ રાજાએ એ પ્રમાણે કહ્યું ત્યારે એના મનનો આશય જાણીને ઋચીક વરુણની પાસે ગયા અને એના માગ્યા પ્રમાણે વરુણ પાસેથી ઘોડા લઈ ગાધિને આપી એ સુન્દરી સત્યવતીને પરણ્યા ।।૭।।

કેમકે સત્યવતી સુન્દર મુખવાળી હતી. એક વાર એવું બન્યું કે સત્યવતી અને એની મા જે ગાધિની સ્ત્રી અને ઋચીક મુનિની સાસુ થાય તે બન્નેએ ઋચીક મુનિ પાસે પુત્ર પ્રાપ્તિને માટે પ્રાર્થના કરી ત્યારે ઋચીક મુનિએ બન્નેમાટે અલગ-અલગ મન્ત્રવડે ચરુ પકાવી પોતે સ્નાન કરવા ગયા ।।૮।।

એટલામાં સત્યવતીને માટે તૈયાર કરેલો ચરુ શ્રેષ્ઠ હશે એમ જાણી એની માએ એ સત્યવતી પાસે માગ્યો ત્યારે સત્યવતીએ પોતાનો ચરુ શ્રેષ્ઠ જાણી પોતાની માને આપ્યો અને માતાને માટે તૈયાર કરેલો ચરુ પોતે લીધો ।।૯।।

આ વાત મુનિના જાણવામાં આવતાં મુનિ બોલ્યા : ''તમે ચરુનો અદલો-બદલો કર્યો એ બહુ ખોટું કર્યું. કેમકે તારો ભાઈ બ્રહ્મ જાણનારમાં શ્રેષ્ઠ થશે પણ તારો પુત્ર ઘોર અને દંડ આપનાર થશે'' ।।૧૦।।

સત્યવતીએ ઋચીકને આજીજી કરી ત્યારે કહ્યુંકે ''પુત્ર નહિ તો પૌત્ર એવો ભયાનક દંડ ધરનાર થશે''. એથી સત્યવતીના જમદગ્નિ થયા તે શાન્ત થયા ।।૧૧।।

એ સત્યવતી સમસ્ત લોકોને પવિત્ર કરનારી મહાપવિત્ર કૌશિકી નદી થઈ ગઈ. જમદગ્નિ રેણુ ઋષિનાં પુત્રી રેણુકાને પરણ્યા ।।૧૨।।

જમદગ્નિથી રેણુકામાં વસુમાન વગેરે અનેક પુત્રો થયા તેમાં સૌથી નાના પરશુરામજી થયા. એમનો યશ સમ્પૂર્ણ જગતમાં પ્રસિદ્ધ છે ।।૧૩।।

લોકો એને ભગવાન્ વાસુદેવનો અંશ કહે છે. એણે સહસ્રાર્જુન વગેરેના કુલનો અન્ત આણ્યો એટલું જ નહિ પણ એણે આ પૃથ્વીને એકવીસ વાર ક્ષત્રિય વગરની કરી દીધી ।।૧૪।।

ક્ષત્રિયો દોષવાળા થવાથી પૃથ્વીને ભારરૂપ હતા તેઓને રામે થોડા અપરાધને લીધે પણ મારી નાખ્યા કેમકે એ લોકો બ્રાહ્મણનું અહિત કરનાર હતા. વળી, રજોગુણ તથા તમો ગુણથી વ્યાપ્ત હોવાથી પણ એમણે તેઓનો નાશ કર્યો ।।૧૫।।

રાજાએ પૂછ્યુંએ ક્ષત્રિયો અન્તઃકરણને નિયમમાં રાખનાર હતા તો પણ એમણે ભગવાનનો શો અપરાધ કર્યો હતો જેથી ભગવાનને વારંવાર ક્ષત્રિયકુળનો નાશ કરવો પડ્યો? ।।૧૬।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હૈહય કુળનો અર્જુન નામે ક્ષત્રિયશ્રેષ્ઠ હતો તેણે ભગવાનના અંશરૂપ દત્ત ભગવાનનું આરાધન કર્યુ ।।૧૭।।

ત્યારે દત્તે પ્રસન્ન થઈ એને એક હજાર હાથ આપ્યા; કોઈ પણ શત્રુ પાસે આવી શકે નહિ એવું તેજ આપ્યું; ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ થાય નહિ એવાં શક્તિ ઐશ્વર્ય તેજ વીર્ય બળ વગેરે બધું આપ્યું, યોગેશ્વરપણું આપ્યું; એમાંયે અણિમાં આદિ સિદ્ધિઓ આપી. એનાથી અર્જુન, જેમ લોકમાં પવન ફરે તેમ, ઈચ્છા પ્રમાણે ફરવા લાગ્યો ।।૧૮-૧૯।।

એકવાર એ સુન્દર સ્ત્રીઓની સાથે નર્મદાના જળમાં મદોન્મત્ત થઈ વિહાર કરી રહ્યો હતો. વૈજયન્તી માળાને ધારણ કરી હતી. પોતાના હજાર હાથવડે નર્મદાના જળને પણ તેણે રોકી દીધું ।।૨૦।।

એટલામાં વિજય કરવા નીકળેલો રાવણ માહિષ્મતીની પાસે પડાવ નાખી પડ્યો હતો અને દેવપૂજા કરતો હતો ત્યાં તો નર્મદામાં જળ રોકાવવાથી વધવા માંડ્યાં તેથી

રાવણનો મુકામ જળમાં ડૂબવા લાગ્યો. રાવણથી એ સહન થઈ શક્યું નહિ ।।૨૧।।

રાવણ અર્જુન પાસે આવ્યો ત્યાં તો સ્ત્રીઓનાં દેખતાં અર્જુને એને પકડી લીધો અને માહિષ્મતી નામની પોતાની નગરીમાં એને કેદ કર્યો. પછી ઘણા લાંબા સમયે વાંદરાની જેમ એને છોડી મૂક્યો ।।૨૨।।

એક દિવસ આવો પરાક્રમી સહસ્રાર્જુન મૃગયા કરતો ગાઢ વનમાં જઈ ચડ્યો ત્યાં દૈવેચ્છાથી જમદગ્નિનો આશ્રમ એના જોવામાં આવ્યો. એ આશ્રમમાં આવ્યો ।।૨૩।।

પરમ તપસ્વી જમદગ્નિ મુનિની પાસે એક ગાય હતી તેને લીધે એ તપોધન મુનિએ રાજા, મન્ત્રીઓ, સૈન્ય અને એમનાં વાહન બધાંનો સત્કાર કર્યો ।।૨૪।।

મુનિએ સૌનો સત્કાર કર્યો તો પણ એને કોઈ ચીજ ઓછી ન પડી. ''કામધેનુ ગાયને લીધે આમ થયું અને મારે સર્વ સમૃદ્ધિ છે પણ આવી કામધેનુ ગાય નથી'' એથી જો કે મુનિએ રાજાનો ઘણો સત્કાર કર્યો છતાં એનાથી રાજા પ્રસન્ન ન થયો અને રાજાને એ કામધેનુને લઈ જવાનો વિચાર થયો; ।।૨૫।।

તેથી પોતાના બળવડે ઋષિ પાસેથી એ ગાય ઉઠાવી જવામાટે રાજાએ પોતાના માણસોને હુકમ કર્યો. એના માણસોએ આક્રોશ કરતી ગાય અને એના વાછરડાને જબરીથી ઉપાડી માહિષ્મતીમાં પહોંચાડ્યાં ।।૨૬।।

રાજા અને એના માણસો ગાયને બળાત્કારથી લઈ ગયા ત્યાર પછી પરશુરામજી આશ્રમમાં આવ્યા અને રાજાએ જે દુષ્ટતા કરી હતી તે સાંભળીને જેવો છંછેડેલો નાગ ક્રોધ કરે તેવો ક્રોધ રામે કર્યો ।।૨૭।।

એમણે પોતાનો ભયાનક (પરશુ) કુહાડો હાથમાં લીધો અને ઢાલ, ભાથા, ધનુષ વગેરે સહિત જેમ સિંહ હાથીની પાછળ પડે તેમ જતા અર્જુનની પાછળ દોડ્યા ।।૨૮।।

જેમણે વસ્ત્રને ઠેકાણે કાળું મૃગચર્મ ધારણ કર્યું હતું જેમની જટા સૂર્યનાં કિરણોની જેમ પ્રકાશ કરતી હતી અને જે ધનુષબાણ, પરશુ વગેરે આયુધોથી સજ્જ થયેલા હતા તેવા ભૃગુકુળ શ્રેષ્ઠ પરશુરામને માહિષ્મતીમાં પેસતા અર્જુને જોયા ।।૨૯।।

એમને એકલાને હઠાવવામાટે હાથી, ઘોડા, પ્યાદા તથા ખડ્ગ, બાણ, શક્તિ વગેરે આયુધવાળી સત્તર અક્ષૌહિણી સેના મોકલી તે બધી સોનાનો રામે એકલે હાથે

નાશ કર્યો ।।૩૦।।

મન અને વાયુ ની ઝડપથી રામ પોતાનો (પરશુ) કુહાડો ફેરવતા જતા હતા અને શત્રુના સૈન્યનો નાશ કર્યે જ જતા હતા. જ્યાં કુહાડો ફરતો ત્યાં કોઈના હાથ, કોઈની ડોક, કોઈના સારથિ, કોઈના ઘોડા કપાઈ-કપાઈને નીચે પડતા હતા ।।૩૧।।

ત્યાં રણભૂમિમાં રુધિરના ઢગલા થઈ એનો કીચ થયો. બધું સૈન્ય છિન્ન-ભિન્ન થઈ ગયું. કોઈની ઢાલ, ધનુષ, કોઈની ધજાઓ પડેલી જોઈ અર્જુનને ક્રોધ થયો અને જાતે ચડી આવ્યો ।।૩૨।।

અર્જુનના હજાર હાથથી પાંચસો ધનુષ ચાલવા માંડ્યાં. એમાંથી એક સાથે બાણ છૂટવા માંડ્યાં તે રામ ઉપર જવા લાગ્યા. રામ તો એક જ ધનુષ અને બાણવડે એ પાંચસોને ઉડાવી દેવા લાગ્યા ।।૩૩।।

એમાં ન ફાવ્યો ત્યારે સંગ્રામમાં પર્વતો અને વૃક્ષો ઉઠાવી એમની ઉપર ફેંકવા એ રણભૂમિમાં આવ્યો. જેમ હજાર ફણવાળા શેષની ફણાઓને કાપે તેમ રામે અર્જુનના હજાર હાથને પોતાના કુહાડાવડે બળાત્કારે કાપવા માંડ્યાં ।।૩૪।।

એના હજાર હાથ કપાઈ ગયા પછી એનું માથું જે પર્વતના શિખર જેવું બાકી રહ્યું તેને પણ કુહાડાથી ઉડાવી દીધું ત્યારે એના દસ હજાર છોકરા રણસંગ્રામમાં પરશુરામ લડતા હતા ત્યાંથી ભયના માર્યા નાસી ગયા ।।૩૫।।

શત્રુના વીરને મારનાર પરશુરામે અત્યન્ત ખેદ પામેલી ગાયને વાછડા સહિત લાવી આશ્રમમાં પિતા પાસે રજુ કરી ।।૩૬।।

માહિષ્મતીમાં સહસ્રાર્જુને તથા પોતે જે કંઈ કર્યુ હતું તેની બધી વાત એમણે પોતાના ભાઈઓ તથા પિતાને કહી બતાવી એ સાંભળી જમદગ્નિ બોલ્યાઃ ।।૩૭।।

''રામ, રામ, મહાબાહો! તમે પાપ કર્યું કેમકે તમે સર્વ દેવમય નરદેવને વ્યર્થ જ માર્યો. એને મારવો જોઈએ નહિ ।।૩૮।।

આપણે બ્રાહ્મણો છીએ. હે તાત! ક્ષમાથી જ આપણે પૂજવાને યોગ્ય થયા છીએ. બીજું તો શું પણ બ્રહ્માજી પણ ક્ષમાના બલને પ્રતાપે બ્રહ્મપદને પામ્યા છે ।।૩૯।।

સૂર્યની કાન્તિ શોભે તેમ બ્રાહ્મણનું તેજ પણ ક્ષમા ગુણથી શોભે છે. ક્ષમા કરનારને ભગવાન્ હરિ જલદી પ્રસન્ન થાય છે ।।૪૦।।

**રાજ્ઞો મૂર્ધાવષિક્તસ્ય વધો બ્રહ્મવધાદ્ ગુરુઃ।**
**તીર્થસંસેવયા ચાંહો જહ્યંગાચ્યુતચેતનઃ ।।૪૧।।**

હે અંગ! જેનો રાજ્યાભિષેક થયો હોય તેવા રાજાને મારવો એ બ્રાહ્મણને મારવા કરતાં પણ વિશેષ છે. માટે આ દોષથી તારે છૂટવું જોઈએ. એનેમાટે તું ભગવાનને ચિત્તમાં રાખી તીર્થોનું સેવન કર જેનાથી રાજવધનું પાપ ધોવાઈ જાય'' ।।૪૧।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (ત્રીજા ચન્દ્રવંશ પ્રકરણનો તથા અવાન્તર પ્રકરણનો બીજો) ''ગાધિરાજાના દૌહિત્રને ત્યાં પરશુરામનો જન્મ થયો'' નામનો પંદરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**સાધનાને ક્યારે પણ ધર્મપ્રચાર, પ્રદર્શન કે કમાઈ નું સાધન બનાવી ન શકાય.**
સાધના હંમેશા વ્યક્તિગતપણે અને એકાન્તમાં જ થઈ શકે.
ભગવત્સેવા એ ગુરુ અને શિષ્ય બન્નેની ભક્તિમયી સાધના છે. પોતાના ઘરના એકાન્તમાં જ ભગવત્સેવા ગુરુ તેમજ શિષ્યે કરવી જોઈએ. હવેલી-મન્દિરમાં દર્શન-મનોરથના માધ્યમથી તેને સાર્વજનિક બનાવી ન શકાય.

## અધ્યાય ૧૬

## પરશુરામે ક્ષત્રિયોને મારી યજ્ઞ કર્યો

**વિશેષ :** સોળમા અધ્યાયમાં પરશુરામ ક્ષત્રિયોનો વધ કરશે, યજ્ઞ કરશે અને આ જ અધ્યાયમાં વિશ્વામિત્રના વંશની કથા પણ કહેવામાં આવશે.

**પિત્રોપશિક્ષિતો રામસ્તથેતિ કુરુનન્દન ।।**
**સંવત્સરં તીર્થયાત્રાં ચરિત્વાઽઽશ્રમમાવ્રજત્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે કુરુનન્દન! પિતા જમદગ્નિએ ઉપદેશ કર્યો તેનો સ્વીકાર કરી એક વર્ષ સુધી તીર્થ કરી પરશુરામનાં પોતાના આશ્રમમાં આવ્યા ।।૧।।

એક વાર પરશુરામના માતા રેણુકા ગંગા કિનારે ગયાં હતાં ત્યાં ગન્ધર્વનો રાજા ચિત્રરથ કમલોની માલા પહેરી અપ્સરાઓ સાથે જલક્રીડા કરતો હતો તેને જોયો ।।૨।।

રેણુકા ગંગામાં જલ ભરવા ગયેલાં પણ ત્યાં એને ક્રીડા કરતો જોઈને કાંઈક ચિત્રરથની ક્રીડા જોવાની સ્પૃહાથી એને સ્મરણમાં હોમનો સમય થઈ ગયો છે એવું જતું રહ્યું ।।૩।।

હવનનો સમય વીતી ગયો છે તેથી મુનિ શાપ દેશે એવી બીકથી જલદી આવી ઘડો મહર્ષિની સામે મૂકી હાથ જોડીને ઊભી રહી ।।૪।।

મુનિ યોગ પ્રભાવથી સ્ત્રીના *માનસિક વ્યભિચારને જાણીને ક્રોધે ભરાયા અને બોલ્યાઃ''હે પુત્રો! આ તમારી પાપી માતાને મારો'' એવું કહ્યું છતાં કોઈએ માતાને મારી નહિ ।।૫।।

**વિશેષ :** કન્યાને પ્રથમ સોમ અને પછી ગન્ધર્વ ભોગવે છે, ત્રીજો લૌકિક પતિ થાય છે એમ **સોમઃ પ્રથમો વિવિદે ગન્ધર્વો વિવિદ ઉત્તરઃ** એવી શ્રુતિ છે તેથી ચિત્રરથમાં સ્પૃહા થતાં રેણુકાને વ્યભિચાર નથી થતો તેથીજ મુનિએ એને ફરી જીવતી કરી છે.

તેથી પરશુરામને હુકમ કર્યો કે ''આ તારા ભાઈઓ સહિત તારી માતાને મારી નાખ''. ત્યારે મુનિનાં તપ અને સમાધિના પ્રતાપને જાણનાર પરશુરામે માતા સહિત ભાઈઓને મારી નાખ્યા ।।૬।।

પરશુરામનાં આ કાર્યથી સત્યવતી નન્દન મહર્ષિ જમદગ્નિ ઘણા જ પ્રસન્ન થયા અને કહ્યું, ''હે પુત્ર! તારી જે ઇચ્છા હોય તે વરદાન માગી લે''. પરશુરામે કહ્યું, ''પિતાજી! મારાં માતા અને બધા ભાઈઓજીવતા થઈ જાય તથા એમને એ યાદ ન રહે કે મેં એમને મારી નાખ્યાં હતાં'' ।।૭।।

પરશુરામે આટલું કહેતાં જ જેવી રીતે કોઈ સૂઈને ઊઠે તેમ બધાં અનાયાસ જ સકુશળ બેઠા થઈ ગયાં,પરશુરામે પોતાના પિતાજીનું તપોબલ જાણીનેજ તો પોતાના સુહૃદોનો વધ કર્યોહતો ।।૮।।

સહસ્રાર્જુનના છોકરાઓ પોતાના પિતાને પરશુરામે માર્યા એ યાદ કરીને પરશુરામને પહોંચી શકે એમ નથી એમ જાણી દુઃખી હતા એમને કયાંય પણ સુખ હતું નહિ ।।૯।।

એક દિવસ પરશુરામ પોતાના ભાઈઓની સાથે આશ્રમની બહાર ગયેલા છે એમ જાણી બાપને માર્યાનું વેર લેવાનો આ મોકો ઠીક છે. એમ જાણી એ હૈહયાર્જુનના છોકરાઓ એ આશ્રમમાં આવ્યા તો ત્યાં અગ્નિશાળામાં ઉત્તમશ્લોક ભગવાન્‌માં ચિત્ત એકત્ર કરી પરશુરામના પિતા જમદગ્નિ બેઠેલા છે અને બહારની

કોઈ સૂધ-બૂધ નથી એવું જોઈ એમને મારવાનો પાપી નિશ્ચય કરી આવેલા એ ક્ષત્રિયોએ જમદગ્નિને મારી નાખ્યા ।।૧૦-૧૧।।

પરશુરામની માતાએ પતિના પ્રાણ બચાવવા દીનતા પૂર્વક માગણી કરી, પરન્તુ એ નીચ અને ક્રૂર ક્ષત્રિયો તો બળાત્કારે જમદગ્નિનું માથું કાપી એને લઈ ચાલતા થયા ।।૧૨।।

સતી રેણુકા દુઃખ અને શોક થી વ્યાકુળ થઈ ગઈ. એ પોતાને હાથે પોતાની છાતી તથા માથું ફૂટતી જોરજોરથી રોવા લાગી, ''હે પરશુરામ! હે પરશુરામ! જલ્દી આવો'' ।।૧૩।।

પોતાની માતનું કરુણક્રન્દન સાંભળી રામ દૂર હતા ત્યાંથી જલદી ત્યાં આવ્યા. આશ્રમમાં આવી એમણે જોયું તો પિતાને કોઈએ મારી નાખ્યા છે ।।૧૪।।

પિતાને મરેલા જોઈ દુઃખ થયું. શત્રુએ એમને માર્યા એનો ક્રોધ થયો અને શોકને લીધે એ મૂંઝાઈ ગયા. ''હા તાત! સાધો, ધર્મિષ્ઠ'' એવા સમ્બોધનોથી બોલાવતા, ''આપ અમને છોડી સ્વર્ગમાં ગયા'' એમ કહેવા લાગ્યા ।।૧૫।।

એ પ્રમાણે વિલાપ કરતા પિતાનો દેહ ભાઈઓને સોંપી ક્ષત્રિય જાતિનો પૃથ્વીમાંથી નાશ કરી નાખવાનો પરશુરામજીએ સંકલ્પ કર્યો અને પછી કુહાડો લઈ એ માહિષ્મતી નગરી ગયા ।।૧૬।।

હે પરીક્ષિત! પરશુરામે માહિષ્મતી નગરીમાં જઈ સહસ્રબાહુ અર્જુનના (દસ હજારેય) પુત્રોનાં માથાંથી નગરની વચ્ચોવચ્ચ એક બહુ જ મોટો પર્વત ખડો કરી દીધો. એ નગરની શોભા તો બ્રહ્મઘાતી (બ્રાહ્મણ હત્યારા) નીચ ક્ષત્રિયોને લીધે નાશ પામી ગઈ હતી ।।૧૭।।

એમનાં લોહીથી એક મોટી ભયંકર નદી વહી નીકળી જેને જોઈને બ્રાહ્મણોના દ્રોહીઓનું હૃદય ભયથી કમ્પી ઊઠ્યું હતું. ભગવાને જોયું કે અત્યારના ક્ષત્રિયો અત્યાચારી થઈ ગયા છે. તેથી હે રાજન્! તેમણે પોતાના પિતાના વધને નિમિત્ત બનાવી પૃથ્વીને એકવીસ વાર ક્ષત્રિય હીન બનાવી દીધી અને કુરુક્ષેત્રના સમમ્ત પંચકમાં એવાં *પાંચ તળાવ બનાવી દીધાં જે લોહીના જલથી ભર્યા હતાં ।।૧૮-૧૯।।

**વિશેષ :** મહાભારતમાં પાંચ તળાવ કર્યાનું કહેવાયું છે તેથી અહીં **શોણિતોદાન્ હ્રદાન્ નૃપ।** પાઠ લઈ અર્થ કર્યો છે. નવમો ઉલ્લેખ છે તે બીજા કલ્પની કથા છે.

પરશુરામજીએ દર્ભ લાવી પોતાના પિતાનું મસ્તક તેના ધડ સાથે સાંધી દીધું

અને યજ્ઞોદ્વારા સર્વ દેવમય આત્મસ્વરૂપ ભગવાનનું યજન કર્યુ ।।૨૦।।

હોતાને દક્ષિણામાં પૂર્વ દિશા, બ્રહ્માને દક્ષિણ દિશા, અધ્વર્યુને પશ્ચિમ દિશા અને ઉદ્‌ગાતાને ઉત્તર દિશા આપી દીધી ।।૨૧।।

આ જ પ્રમાણે બીજાઓને અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન વગેરે ખૂણા આપ્યા. કશ્યપજીને મધ્યભાગ આપ્યો. આર્યાવર્ત ઉપદ્રષ્ટાને આપ્યો અને આપતાં બાકી રહ્યું એ બધું સદસ્યોને આપ્યું ।।૨૨।।

પછી બ્રહ્મનદી સરસ્વતીમાં યજ્ઞાન્ત (અવભૃથ) સ્નાન કરી સમગ્ર પાપથી મુક્ત થઈ. મેઘથી રહિત સ્વચ્છ આકાશમાં સૂર્ય શોભે તેમ, શોભવા લાગ્યા ।।૨૩।।

જમદગ્નિ પોતે ચૈતન્ય દેહને ધારણ કરી સાત ઋષિઓની અંદર એક ઋષિ તરીકે એના મંડળમાં રહ્યાં ।।૨૪।।

કમળ સરખા નેત્રવાળા પરશુરામજી પણ આગામી મન્વન્તરમાં સપ્તર્ષિઓના મંડળમાં રહી વેદોનો વિસ્તાર કરશે ।।૨૫।।

દંડ કરવાનું છોડી દઈ આજ પણ પરશુરામજી મહેન્દ્રપર્વતમાં શાન્તજીવન ગાળે છે અને સિદ્ધ-ગન્ધર્વ-ચારણ એમના યશનું ગાન કર્યા કરે છે ।।૨૬।।

એવી રીતે ભૃગુકુળમાં વિશ્વાત્મા ભગવાને પધારીને પૃથ્વીના ભારરૂપ ઘણા રાજાઓને ઘણીવાર મારી પૃથ્વીનો ભાર ઓછો કર્યો ।।૨૭।।

ગાધિ રાજાને પ્રજ્વલિત અગ્નિ જેવો એક પુત્ર થયો તેણે તપવડે ક્ષત્રિયત્વનો ત્યાગ કરી બ્રહ્મતેજ પ્રાપ્ત કરી લીધું ।।૨૮।।

હે નૃપ! એ વિશ્વામિત્રના સો પુત્રો હતા તેમાં મધ્યમ પુત્રનું નામ મધુચ્છન્દા હતું તેથી બધા પુત્રો મધુચ્છન્દસ કહેવાયા ।।૨૯।।

આપણે પૂર્વે કહી ગયા કે શુનઃશેપનું માહાત્મ્ય આગળ કહેવાશે. એ કહેવામાટે આપણે વિશ્વામિત્રનું ચરિત્ર અહીં કહેવું રહ્યું. શુનઃશેપ ભૃગુવંશનો હતો. એને વિશ્વામિત્રે પુત્ર કર્યો હતો અને દેવરાત એનું નામ રાખ્યું હતું. વિશ્વામિત્રે પોતાના સો પુત્રોને બોલાવી એમને કહ્યું કે ''આ તમારો મોટો ભાઈ છે એમ તમે મારી આજ્ઞાથી માનો'' ।।૩૦।।

આ એ જ પ્રસિદ્ધ ભૃગુવંશી શુનઃશેપ હતો જે હરિશ્ચન્દ્રના યજ્ઞમાં યજ્ઞપશુના રૂપમાં ખરીદી લાવવામાં આવ્યો હતો. વિશ્વામિત્રજીએ પ્રજાપતિ વરુણ આદિ દેવતાઓની સ્તુતિ કરીને એને પાશબન્ધનમાંથી છોડાવી લીધો હતો. દેવતાઓના

યજ્ઞમાં આ જ શુનઃશેપ દેવતાઓદ્વારા વિશ્વામિત્રજીને આપવામાં આવ્યો હતો. તેથી ''દેવૈઃ રાતઃ'' આ વ્યુત્પત્તિ પ્રમાણે ગાધિવંશમાં આ તપસ્વી દેવરાતના નામથી વિખ્યાત થયો ।।૩૧-૩૨।।

વિશ્વામિત્રજીના પુત્રોમાં જે મોટા હતા એમણે શુનઃશેપને મોટા ભાઈ માનવાની વાત ઠીક ન લાગી. એથી વિશ્વામિત્રજીએ ક્રોધ કરી તેમને શાપ આપી દીધો કે ''દુષ્ટો! તમે બધા મ્લેચ્છ થઈ જાઓ'' ।।૩૩।।

મધુચ્છન્દા અને એનાથી નાના પચાસ પુત્રોએ કહ્યું કે ''આપ અમને શુનઃશેપને મોટા ભાઈ માનવાની આજ્ઞા કરો છો એ અમારે મંજૂર છે. આપની આજ્ઞાને અમે માથે ચઢાવીએ છીએ'' ।।૩૪।।

એમ કહી મન્ત્રદ્રષ્ટા દેવરાતને એમણે કહ્યું કે ''તમે અમારા મોટા ભાઈ છો, અમે બધા તમારા અનુયાયી નાના ભાઈઓ છીએ. ત્યારે વિશ્વામિત્રજીએ પોતાના એ આજ્ઞાકારી પુત્રોને કહ્યું : ''તમે વીરપુત્રોવાળા થશો કેમકે તમે મારું કહ્યું માનીને મારું માન રાખ્યું છે. તમે મને વીરપુત્રવાળો કર્યો ।।૩૫।।

હે કુશિકો! આ દેવરાતને તમે અનુસરજો'' આ વિશ્વામિત્રજીને ઉપર ગણાવ્યા તે ઉપરાન્ત પણ અષ્ટક, હારીત, જય, ક્રતુમાન વગેરે બીજા પુત્રો પણ હતા ।।૩૬।।

**એવં કૌશિકગોત્રં તુ વૈશ્વામિત્રૈઃ પૃથગ્વિધમ્ ।।**
**પ્રવરાન્તરમાપન્નં તદ્ધિ ચૈવં પ્રકલ્પિતમ્ ।।૩૭।।**

આ પ્રમાણે વિશ્વામિત્રજીનાં સન્તાનોથી કૌશિકગોત્રમાં અનેક ભેદ થઈ ગયા અને દેવરાતને મોટા ભાઈ માનવાને લીધે તેનું પ્રવર જ બીજું થઈ ગયું ।।૩૭।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (બીજા ચન્દ્રવંશ પ્રકરણના અવાન્તર પ્રથમ પ્રકરણનો ત્રીજો) ''પરશુરામે ક્ષત્રિયોને મારી યજ્ઞ કર્યો'' નામનો સોળમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

બ્રહ્મસમ્બન્ધ લેનારાઓ! સાવધાન!!!
સમર્પિત જીવન જીવવાની દીક્ષા લીધા બાદ અસમર્પિત જીવનારાનું દાસત્વ ખંડિત થઈ જાય છે (સિદ્ધાંતરહસ્ય)
અને તે 'અસિપત્ર' નામના નરકમાં જાય છે. **(શ્રીહરિરાયચરણ)**

# અધ્યાય ૧૭

## પુરૂરવાના પુત્ર આયુનો વંશ

**વિશેષ :** એમ પુરૂરવાના પાંચ પુત્રોનો વંશ કહ્યો; હવે પછી આયુના વંશનું વર્ણન આ સત્તરમા અધ્યાયમાં કરવામાં આવે છે. પૂર્વે પાંચનો વંશ સૂક્ષ્મ રીતે કહ્યો. આયુના વંશમાં શ્રીકૃષ્ણ થશે માટે એનો વંશ વિસ્તારથી કહેવાય છે.

**યઃ પુરૂરવસઃ પુત્ર આયુસ્તસ્યાભવન્ સુતાઃ ।।**
**નહુષઃ ક્ષત્રવૃદ્ધશ્ચ રજી રમ્ભશ્ચ વીર્યવાન્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** પુરૂરવાના પુત્ર આયુના નહુષ, ક્ષત્રવૃદ્ધ, રજિ, શક્તિશાળી રમ્ભ અને અનેના નામના પાંચ પુત્રો થયા ।।૧।।

હે રાજેન્દ્ર! એમાં ક્ષત્રવૃદ્ધના વંશને તમે પ્રથમ સાંભળો. ક્ષત્રવૃદ્ધનો સુહોત્ર, તેના કાશ્ય, કુશ અને ગૃત્સમદ એ નામના ત્રણ પુત્રો થયા. તેમાં ગૃત્સમદનો શુનક થયો જેના ઋગ્વેદી શૌનકમુનિ થયા તે પ્રવર (શ્રેષ્ઠ) ગણાયા ।।૨-૩।।

કાશ્યનો કાશિ થયો, તેનો રાષ્ટ્ર થયો, તેનો દીર્ઘતમા તેના ધન્વન્તરિ થયા. આ જ આયુર્વેદના પ્રવર્તક છે ।।૪।।

એ યજ્ઞભાગના ભોક્તા અને વાસુદેવના અંશ છે. એમને માત્ર યાદ કરવાથી બધી જાતના રોગની પીડા દૂર થાય છે. એના પુત્ર કેતુમાન થયા અને એનો ભીમરથ થયો ।।૫।।

ભીમરથનો દીવોદાસ, તે જ દીવોદાસ દ્યુમાન, પ્રતર્દન, શત્રુજિત્ અને ઋતધ્વજ એવા નામથી પણ પ્રસિદ્ધ થયો વળી એને 'કુવલયાશ્વ' પણ કહેવામાં આવતો. દ્યુમાનથી અલર્ક વગેરે થયા ।।૬।।

એ યુવાન અલર્કે સાઠ હજાર વર્ષ પર્યન્ત રાજ્ય કર્યુ એટલું કોઈ યુવાને ભોગવ્યું નથી ।।૭।।

અલર્કનો સન્તતિ થયો તેનો સુનીથ, સુનીથનો સુકેતન, સુકેતનનો ધર્મકેતુ અને ધર્મકેતુનો સત્યકેતુ થયો ।।૮।।

સત્યકેતુનો ધૃષ્ટકેતુ, ધૃષ્ટકેતુનો સુકુમાર થયો તે રાજા થયો. સુકુમારનો વીતિહોત્ર, તેનો ભર્ગ અને હે નૃપ! ભર્ગનો ભાર્ગભૂમિ થયો ।।૯।।

એ બધા ક્ષત્રવૃદ્ધના વંશમાં કાશિના વંશના રાજાઓ કહ્યા. રમ્ભનો પુત્ર રસભ

અને તેનો ગમ્ભીર થયો ગમ્ભીરનો અક્રિય થયો ।।૧૦।।

અક્રિયની પત્નીથી બ્રાહ્મણવંશ ચાલ્યો. હવે અનેનાનો વંશ સાંભળો. અનેનાનો પુત્ર શુદ્ધ થયો, શુદ્ધનો શુચિ, શુચિનો ત્રિકકુદ અને ત્રિકકુદનો ધર્મસારથિ થયો।।૧૧।।

ધર્મસારથિના પુત્ર શાન્તરય હતા. શાન્તરય આત્મજ્ઞાની હોવાથી કૃતકૃત્ય હતા એમને સન્તાનની જરૂર ન હતી. હે પરીક્ષિત! આયુના પુત્ર રજિના અત્યન્ત તેજસ્વી પાંચ સો પુત્ર હતા ।।૧૨।।

દેવોએ પ્રાર્થના કરતાં દેવોની સાથે રહી એમણે દૈત્યોને મારી હઠાવ્યા અને સ્વર્ગને જીતીને ઈન્દ્રને સોંપી દીધું. પણ ઈન્દ્રને પ્રહ્લાદ વગેરે શત્રુનો ભય રહેતો હતો તેથી ઈન્દ્રે સ્વર્ગ ફરી રજિને સોંપી દીધું અને એમનાં ચરણ પકડી એમને જ પોતાની રક્ષાનો ભાર પણ સોંપી દીધો. જ્યારે રજિનું મૃત્યુ થયું ત્યારે ઈન્દ્રે માગ્યું તો પણ તેને તેનું સ્વર્ગ રજિના પુત્રોએ પાછું ન આપ્યું. તેઓ જાતે યજ્ઞોનો ભાગ લેવા લાગ્યા! ત્યારે ગુરુ બૃહસ્પતિજીએ ઈન્દ્રની પ્રાર્થનાથી અભિચાર વિધિથી હવન કર્યો. તેથી તેઓ ધર્મના માર્ગથી ભ્રષ્ટ થઈ ગયા. ત્યારે ઈન્દ્રે સહેલાઈથી રજિના બધા પુત્રોને મારી નાખ્યા. એમાંથી કોઈ બાકી રહ્યો નહિ. ક્ષત્રવૃદ્ધના પૌત્ર કુશનો પુત્ર પ્રતિ થયો. તેનો સંજય અને સંજયથી જયનો જન્મ થયો ।।૧૩-૧૬।।

જયનો કૃત થયો, એ કૃતનો હર્યવન અને હર્યવનનો સહદેવ થયો; તેનો હીન હીનનો જયસેન ।।૧૭।।

**સંકૃતિસ્તસ્ય ચ જયઃ ક્ષત્રધર્મા મહારથઃ ।।**
**ક્ષત્રવૃદ્ધાન્વયા ભૂપાઃ શ્રૃણુ વંશં ચ નાહુષાત્ ।।૧૮।।**

જયસેનનો સંકૃતિ, સંકૃતિનો વીર શિરોમણિ મહારથી જય થયો. ક્ષત્રવૃદ્ધના વંશમાં આટલા જ રાજા થયા. હવે નહુષનો વંશ કહું છું તે સાંભળો ।।૧૮।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (ચન્દ્રવંશ નામના બીજા પ્રકરણનો ચોથો અને અવાન્તર મધ્યમ પ્રકરણનો પહેલો) ''પુરૂરવાના પુત્ર આયુનો વંશ'' નામનો સત્તરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઓ ભાઈ રે! ભાગવત ભણીને શું કીધું?**
પારસમણિનું પાત્ર (ભાગવત) પાણિમાં ઘેર-ઘેર ભિક્ષા માંગે!
જ્યાં લગી વસ્તુનું જ્ઞાન ના ત્યાં લગી દુઃખ-દારિદ્રય ના ભાંગે

# અધ્યાય ૧૮

## યયાતિ રાજાનું ચરિત્ર

**વિશેષ :** નહુષનો પુત્ર યયાતિ રાજાનું પરમ અદ્‌ભુત ચરિત્ર (એ ક્ષત્રિય છે છતાં એને બ્રાહ્મણ કન્યા કેમ મળી એ અદ્‌ભુત વાત) આ અઢારમા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**યતિર્યયાતિઃ સંયાતિરાયતિર્વિયતિઃ કૃતિઃ ।।**
**ષડિમે નહુષસ્યાસન્નિન્દ્રિયાણીવ દેહિનામ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** મનુષ્યને જેમ પાંચ ઈન્દ્રિયો હોય અને છઠ્ઠું મન હોય, તેમ નહુષ રાજાને યતિ, યયાતિ, સંયાતિ, આયતિ, વિયતિ અને કૃતિ એમ છ પુત્ર હતા ।।૧।।

રાજ્યનું પરિણામ નરક છે એમ મોટો પુત્ર યતિ તો જાણતો હતો તેથી પિતાએ રાજ્ય આપવા માંડ્યું તો પણ એણે એ લીધું નહિ કારણ કે રાજ્યના મદમાં આસક્ત થયેલો પુરુષ પોતાના સ્વરૂપને ભૂલી જાય છે તેથી એ નરક મળે તેવાં પાપ કરે છે ।।૨।।

જ્યારે નહુષે ઈન્દ્રાણી ઉપર ખોટી દૃષ્ટિ કરી અને બ્રાહ્મણોની પાલખીમાં બેસી એ ઈન્દ્રાણી પાસે જવા લાગ્યો ત્યારે બ્રાહ્મણોએ એને અજગર થા એવો શાપ આપ્યો. એ સમયે નહુષની રાજગાદી ઉપર એનો બીજો પુત્ર યયાતિ બેઠો ।।૩।।

એણે પોતાના નાના ચાર ભાઈઓને ચાર દિશાઓનું રાજ્ય આપ્યું. યયાતિ શુક્રાચાર્યની કન્યા દેવયાની અને વૃષપર્વાની કન્યા શર્મિષ્ઠાને પરણ્યો અને પૃથ્વીનું રક્ષણ કરવા લાગ્યો ।।૪।।

**રાજાએ પૂછ્યું :** ભગવાન્ શુક્રાચાર્ય તો બ્રહ્મર્ષિ છે અને યયાતિ ક્ષત્રિય છે. તોએબન્નેનોપરસ્પરવિવાહ કેમ થઈ શકે? એ તો પ્રતિલોમ લગ્ન કહેવાય ! ।।૫।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક દિવસ દાનવરાજ વૃષપર્વાની શર્મિષ્ઠા નામની માનિની કન્યા પોતાની હજારો સખીઓ અને શુક્રાચાર્યની પુત્રી દેવયાની સાથે ફરવા ગઈ તેઓ બધી નગરની પાસેના બગીચામાં ફરતી હતી તેમાં પુષ્પનાં પુષ્કળ ઝાડો હતાં અને ભમરાઓનાં યૂથ અવ્યક્ત મધુર શબ્દ કરી રહ્યાં હતાં. એટલામાં એમણે ત્યાં એક જળાશય જોયું ।।૬-૭।।

તેથી એ કમળનયનાઓ તીર ઉપર વસ્ત્રો રાખી એમાં નહાવા ઊતરી પરસ્પર

પાણી ઉરાડતી જલક્રીડા કરવા લાગી ।।૮।।

તે જ વખતે પાર્વતીજીની સાથે પોઠિયા ઉપર બેસીને ત્યાંથી શિવજીને નીકળેલા જોઈ બધી કન્યાઓ શરમાઈ ગઈ અને ઝટઝટ તળાવમાંથી બહાર નીકળી પોત-પોતાના વસ્ત્રો પહેરવા લાગી ।।૯।।

અજાણતાં શર્મિષ્ઠાએ દેવયાનીનાં વસ્ત્રો પોતાનાં છે એમ ધારી પહેરી લીધાં. તેથી દેવયાનીને રીસ ચડી અને એ આ પ્રમાણે બોલીઃ''અહો! આ દાસીનું અયોગ્ય કર્મ તો જુઓ. આ શર્મિષ્ઠાએ અમારે પહેરવાનાં વસ્ત્ર હતાં તે જેમ યજ્ઞમાં કૂતરી હવિષ ખાઈ જાય તેમ, પોતે પહેરી લીધાં છે. જેણે તપવડે આ જગતને ઉત્પન્ન કર્યું છે જે પરમાત્માના મુખરૂપ છે જે પરબ્રહ્મરૂપ જ્યોતિને પોતાના હૃદયમાં ધારણ કરે છે, જેણે જગતને માટે કલ્યાણનો વેદમાર્ગ ખુલ્લો કરી બતાવ્યો છે, જેને સ્વર્ગાદિ, પાતાલાદિના લોકપાલો નમન કરે છે, વિશ્વાત્મા અને પવિત્ર એવા લક્ષ્મીપતિ પણ જેનું આરાધન કરે છે તેવા મારા પિતા કે જે ભૃગુના કુળના છે અને જેમનો શર્મિષ્ઠાનો પિતા શિષ્ય છે એ શિષ્યની અસતી પુત્રી શર્મિષ્ઠાએ જેમ કોઈ શૂદ્ર વેદવાણીને ધારણ કરે તેમ, મારે પહેરવાનું વસ્ત્ર પહેર્યું'' ।।૧૦-૧૪।।

જ્યારે દેવયાનીએ શર્મિષ્ઠાને એ પ્રમાણે ગાળો દીધી ત્યારે શર્મિષ્ઠાએ પ્રથમ તો ક્રોધથી નાગણી પેઠે ફૂંફાડા માર્યા અને પછી દાંતને કચકચાવી ગુરુપુત્રીને ઉત્તર આપ્યોઃ''હે ભિક્ષુકી! તું પોતાનું સ્વરૂપ જાણ્યા વિના આત્મશ્લાઘા કરે છે. જેમ કાગડાં કૂતરાં કોઈ ગૃહસ્થના ઘર આગળ ભૂખ શમાવવામાટે ફરે તેમ તમે અમારા ઘરમાં ભોજનમાટે ફરો છો કે નહિ?'' ।।૧૫-૧૬।।

એવાં કઠોર વચનવડે શર્મિષ્ઠાએ ગુરુપુત્રીનો તિરસ્કાર કર્યો ત્યારે ક્રોધમાં આવી જવાથી એનું પહેરેલું વસ્ત્ર હતું તે એણે ખેંચી લીધું અને એને એક કૂવામાં ફેંકી દીધી ।।૧૭।।

(એને કૂવામાં ફેંકી) શર્મિષ્ઠા ઘેર ચાલી ગઈ. સંયોગવશાત્ રાજા યયાતિ શિકાર કરતા ત્યાં આવી ચડ્યા. તરસ લાગતાં જલમાટે કૂવા પાસે તે ગયા તો કૂવામાં તેણે દેવયાનીને જોઈ લીધી ।।૧૮।।

દેવયાનીને વસ્ત્ર વગરની કરી કૂવામાં ફેંકી હતી તેને નિરાવરણ રૂપમાં જોઈ રાજાએ પોતાની પાસે રાખવાનું વસ્ત્ર એ બાઈ તરફ ફેંક્યું અને દયા આવતાં રાજાએ એને હાથ પકડીને કૂવાની બહાર કાઢી ।।૧૯।।

શુક્રાચાર્યની પુત્રી દેવયાનીએ રાજાને પ્રેમ ભરી વાણીમાં કહ્યું:"હે રાજન્! આપે આજે મારો હાથ પકડ્યો છે. હે શત્રુના નગરને જીતનાર! હવે મારો પાણિગ્રહણ કરનાર કોઈ બીજો નહિ થાય એમ હું ધારું છું. ભગવાને જ તમારી સાથે આ મારો સમ્બન્ધ કરાવ્યો છે. હે વીર! આ મનુષ્યકૃત સમ્બન્ધ ન સમજો કેમકે હું કાંઈ તમને શોધવા આવી નહોતી; હું તો કૂવામાં પડેલી હતી ત્યાં આવી આપે મારો હાથ ઝાલી મને કૂવામાંથી બહાર કાઢી તેથી આપના દર્શનમાં મને દૈવી સંકેત જણાય છે ।।૨૦-૨૧।।

હે વીરશ્રેષ્ઠ! પહેલાં મેં બૃહસ્પતિના પુત્ર કચને શાપ આપી દીધો હતો તેના જવાબમાં તેણે પણ મને શાપ આપી *દીધો આ જ કારણથી કોઈ બ્રાહ્મણ મને પરણી શકે એમ નથી ।।૨૨।।

**વિશેષઃ** ૧. દેવના ગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ શુક્રાચાર્ય પાસે મૃતસંજીવની વિદ્યા શીખવા ગયો ત્યાં એમના ઘરમાં રહેતાં દેવયાનીને કચનો પરિચય થયો. દેવયાની કચના રૂપગુણમાં મોહિત થઈ અને પોતાને વરવાની માગણી કરી કચે ગુરુપુત્રી હોવાથી એના પાણિગ્રહણનો સ્વીકાર ન કર્યો ત્યારે દેવયાનીએ એને વિદ્યા વિફલ જવારૂપ શાપ આપ્યો. કચે એની સામે શાપ આપ્યો કે બ્રાહ્મણ તારો પતિ નહિ થાય.(મહાભારત)

દેવો, દાનવો વચ્ચે વારંવાર યુદ્ધ ફાટી નીકળતાં ત્યારે દાનવોના ગુરુ શુક્રાચાર્યજી પોતાની અમૃત સંજીવની વિદ્યાના પ્રભાવથી દાનવ અને દૈત્યો જે યુદ્ધમાં મૃત્યુ પામતા તેમને ફરી જીવતા કરતા. આ વિદ્યા દેવોના ગુરુ બૃહસ્પતિજી જાણતા નહોતા. એટલે દેવતાપક્ષે જાનહાનિ થતી તે પૂરી શકાતી નહિ. એટલે બૃહસ્પતિજીએ પોતાના પુત્ર કચને શુક્રાચાર્યજીને ત્યાં અમૃત સંજીવનીવિદ્યા ભણવા મોકલ્યો. કચ વિદ્યા ભણવા ગયો. વિદ્યાભ્યાસ દરમિયાન શુક્રાચાર્યની પુત્રી દેવયાની કચ પ્રત્યે આકર્ષાઈ. આ બાજુ દાનવોએ જોયું કે જો કચ આ વિદ્યા ભણી જશે તો દેવતાઓ જાણી જશે અને મરાયેલા દેવતાઓને કચ જીવતા કરી દેશે એટલે ષડ્યન્ત્ર રચી તેઓએ કચને મારી નાખી કૂવામાં ફેંકી દીધો. શુક્રચાર્યે દેવયાનીને જમી લેવાનું કહેતાં દેવયાનીએ કચની રાહ જોવાનું કહ્યું. કચને આવતાં મોડું થયું, શુક્રાચાર્યે સમાધિમાં જોયું તો કચને તો મારી નાખવામાં આવ્યો હતો. દેવયાનીના કહેવાથી તેને કૂવામાંથી કઢાવી જીવતો કર્યો. ઘેર લાવ્યા. દૈત્યોને આ ખબર પડતાં તેમણે બીજે દિવસે કચને મારી નાખી તેના શબને બાળી નાખી તેની ભસ્મ શુક્રાચાર્યજીને સુરા સાથે ભેળવી પાઈ દીધી. તે દિવસે પણ કચ ન આવતાં દેવયાનીએ કચને હોય ત્યાંથી લાવવા પોતાના પિતાને કહ્યું. શુક્રાચાર્યે ધ્યાનમાં જોયું તો કચ તો પોતાના

પેટમાં છે. સંજીવની વિદ્યાથી તેને સજીવન કરી પૂછ્યું કે પેટમાં તું ક્યાંથી? કચે વિગતે વાત કરી. હવે કચને શુક્રાચાર્યજી પોતાનું પેટ ચીરાવી બહાર કાઢે તો પોતે મરી જાય ત્યારે તેમને જીવતા કોણ કરે? એટલે કચ પોતાને બહાર નીકળી જીવતાં કરે એ શરતે શુક્રાચાર્યજીએ કચને અમૃત સંજીવનીવિદ્યા ભણાવી. શુક્રચાર્યજીનું પેટ ચીરાયું અને પહોંચી ગયા. કચ બહાર આવ્યો તેણે તેમને સજીવન કર્યા. આમ કચે વિદ્યાભ્યાસ પૂરો કરી વિદાય માગી. દેવયાની કહે કે મારી સાથે લગ્ન કરે તો વિદાય મળે. કચ જવાબ આપે છે :

**યત્રોષિતં વિશાલાક્ષિ ત્વયા ચન્દ્રનિભાનને ।**
**તત્રાહમુષિતો ભદ્રે કુક્ષૌ કાવ્યસ્ય ભામિનિ ।।**

શુક્રાચાર્યજીની જે કૂખમાં તું રહી હતી તે જ કૂખમાં હું રહ્યો છું તેથી આપણે ભાઈ બહેન થઈએ માટે તું અસ્વીકાર્ય છો. આમ દેવયાનીની દરખાસ્ત ન સ્વીકારવાનું બીજું કારણ બન્ને એક જ ઉદરમાં રહ્યાં તે છે. (મત્સ્ય પુરાણ)

આ વાત શાસ્ત્ર વિરુદ્ધ હોવાથી યયાતિને રુચિ તો નહિ પણ દૈવે સમ્બન્ધ કરાવી આપ્યો તેથી અને એમાં મન લાગવાથી યયાતિએ એના વચનનો સ્વીકાર કર્યો ।।૨૩।।

વીર યયાતિ રાજાના ગયા પછી દેવયાની રોતી-રોતી શુક્રાચાર્ય પાસે ગઈ અને જે વાત બની હતી તે બધી કહી બતાવી તથા શર્મિષ્ઠાએ જે કહ્યું હતું અને કર્યુ હતું તે પણ કહી દીધું ।।૨૪।।

જ્યારે ભગવાન્ શુક્રાચાર્યે એ સાંભળ્યું ત્યારે એમનું મન પણ અત્યન્ત બગડી ગયું. એ ગુરુપણાની નિન્દા કરવા લાગ્યા. એમને થયું કે આના કરતાં તો કબૂતરની માફક ખેતર અથવા બજારમાં વેરાયેલા અન્નના દાણા વીણીને પેટ ભરવું સારું. તે પોતાની પુત્રીને સાથે લઈને ગામમાંથી નીકળી ગયા ।।૨૫।।

ગુરુજી શુક્રાચાર્ય ગામ છોડી ચાલ્યા ગયા છે એ બાબતની વૃષપર્વાને ખબર પડી ત્યારે ''એ દેવોને જિતાડશે'' એમ જાણી શુક્રચાર્યને એ રસ્તામાં મળ્યા અને એમના ચરણમાં માથું નમાવ્યું ત્યારે અર્ધક્ષણ ક્રોધ કરનાર શુક્રચાર્ય વૃષપર્વાને બોલ્યાઃ''આ દેવયાની જેમ કહે તેમ તું કરે તો એ તારા નગરમાં આવે તો મારાથી પણ અવાય. એને છોડીને હું તારા નગરમાં આવી શકીશ નહિ'' ।।૨૬-૨૭।।

દેવયાની જે કહે તે કરવાનું રાજાએ કબૂલ્યું ત્યારે દેવયાનીએ કહ્યું કે ''મારા પિતા મને જ્યાં પરણાવશે ત્યાં હું જઉં ત્યારે તમારી પુત્રી શર્મિષ્ઠા એની સખીઓ

મારી દાસી થઈને મારી સાથે આવે'' ।।૨૮।।

શર્મિષ્ઠાએ આ શરતનો વિચાર કર્યો. પોતાના કુટુમ્બને દુઃખ ન થાય એવી ઇચ્છાથી એણે દેવયાનીની સાથે દાસી થઈને એની પાછળ જવાનું કબૂલ્યું અને પોતાની હજાર સખીઓ સાથે દેવયાનીની દાસી થઈ સેવા કરવા લાગી ।।૨૯।।

શુક્રાચાર્યે દેવયાની યયાતિને આપી. શર્મિષ્ઠાને પણ દાસી તરીકે આપી અને રાજાને કહ્યું:''હે રાજન્! આ શર્મિષ્ઠાને તમારી શય્યા ઉપર ક્યારેય આવવા દેવી નહિ'' ।।૩૦।।

શર્મિષ્ઠાએ દેવયાનીને પ્રજાવાળી જોઈને એક સમયે ઋતુકાળમાં યયાતિને મળી પ્રજામાટે માગણી કરી ।।૩૧।।

જ્યારે વૃષપર્વાની પુત્રીએ પ્રજાને માટે માગણી કરી ત્યારે યયાતિ પણ ધર્મને જાણનાર હોવાથી એણે ધર્મનો વિચાર કર્યો એટલું જ નહિ પણ સાથે-સાથે શુક્રચાર્યે એમ કરવાની ના પાડી છે એનો પણ વિચાર કર્યો. પરન્તુ દૈવની જ એવી ઇચ્છા હશે તેથી એનો *ઋતુકાળમાં સંગ થયો. આમાં રાજાની કામના ન હતી માત્ર ધર્મરક્ષાનો ઉદ્દેશ હતો ।।૩૨।।

**વિશેષ : ''ઋતૌ સકામાગમનં ધર્મ:''** એ વાક્ય અનુસાર. દૈવ=શ્રીકૃષ્ણની ઇચ્છા **''કૃષ્ણેચ્છા દિષ્ટમત્રેતિ પૌરવાન્વયશુદ્ધયે''** (નિબન્ધ કારિકા ૧૬૧ સ્કન્ધ ૯). વર્ષ પ્રમાણ કલ્પ=બ્રહ્માજીનો એક દિવસ=૧૦૦૦ ચતુર્યુગી. એક ચતુર્યુગીમાં દેવનાં ૪૩,૨૦,૦૦૦ વર્ષ એટલે પૃથ્વી ઉપરના મનુષ્યનાં ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ અર્થાત્ ૪ અબજ ૩૨ કરોડ વર્ષ થાય.

એ યયાતિથી દેવયાનીને યદુ અને તુર્વસુ બે પુત્ર થયા; દ્રુહ્યું, અનુ અને પૂરુ એ ત્રણ પુત્રો વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાને થયા ।।૩૩।।

શર્મિષ્ઠાને પણ પોતાના સ્વામીનો જ ગર્ભ રહ્યો છે એ વાત દેવયાનીના જાણવામાં આવતાં એને અત્યન્ત ક્રોધ થયો અને એ પોતાના પિતાને ત્યાં ચાલી ગઈ ।।૩૪।।

કામી એવો યયાતિ રાજા વચનવડે એનું સાંત્વન કરતો એની પાછળ ગયો એના પગમાં મસ્તક નમાવ્યું તો પણ એ દેવયાનીને પ્રસન્ન કરી શક્યો નહિ ।।૩૫।।

શુક્રાચાર્યે યયાતિ ઉપર ક્રોધ કર્યો અને ''હે સ્ત્રીકામ! હે જૂઠા પુરુષ! મનુષ્યને વિરૂપ કરનાર વૃદ્ધાવસ્થાને તું પ્રાપ્ત થશે'' એવો એને શાપ આપ્યો ।।૩૬।।

**યયાતિ બોલ્યો :** ''હે બ્રહ્મન્! તમારી પુત્રીમાં કામ પૂર્ણ થયો નથી, હું એમાં અતૃપ્ત છું'' ત્યારે શુક્રાચાર્યે કહ્યું કે ''તમે તમારી વૃદ્ધાવસ્થા કોઈ બીજાને આપી એનું યૌવન લેશો તો ચાલશે'' ।।૩૭।।

એવી રીતે શાપની વ્યવસ્થા થતાં યયાતિએ મોટા પુત્ર યદુને પૂછ્યું:''હે યદો! હે તાત! માતામહે આપેલી વૃદ્ધાવસ્થાને તું લે તારું યૌવન એને બદલે તું મને આપ કેમકે હું હજું કામથી તૃપ્ત થયો નથી તેથી તારા યૌવનથી કેટલાંક વર્ષ હું આનન્દ ભોગવીશ'' ।।૩૮-૩૯।।

**યદુ બોલ્યા :** ''હું તમે આપેલી જરાવડે જીવવાને રાજી નથી કેમકે ગ્રામ્ય સુખને જાણ્યા વગર માણસ તૃષ્ણા રહિત થઈ શકતો નથી'' ।।૪૦।।

યદુએ એવો જવાબ આપ્યો ત્યારે યયાતિએ તુર્વસુ, દ્રુહ્યુ અને અનુને બોલાવી જરાવડે યૌવનના બદલાની માગણી કરી. એ બધા અનિત્યમાં નિત્ય બુદ્ધિવાળા હોવાથી એમણે એ વાતનો નિષેધ કર્યો ।।૪૧।।

ત્યારે પુરુ જે સર્વથી નાનો હતો છતાં ગુણમાં મોટો હતો તેને પૂછ્યું:''હે વત્સ! તારા મોટા ભાઈઓની જેમ તારે મારી વાત ટાળવી ન જોઈએ'' ।।૪૨।।

**ત્યારે પુરુ બોલ્યો :** હે નરેન્દ્ર! પિતા દેહને આપે છે જેનાથી પુરુષ પરમાત્માને મેળવી શકે છે. એવા પિતાના ઉપકારનો બદલો કોણ આપી શકે? ।।૪૩।।

એની કૃપાથી આ લોક અને પરલોક ને પુત્ર સાધી શકે છે. ઉત્તમ પુત્ર હોય તે તો પિતાના મનમાં હોય તે જાણી લઈ એ પ્રમાણે કરે; કહેલું કરે તે તો મધ્યમ કહેવાય અને શ્રદ્ધા વગર કરે તે પુત્ર અધમ કહેવાય અને જે કોઈ રીતે પણ પિતાની આજ્ઞાનું પાલન ન કરે તેને તો પુત્ર કહેવો જ ભૂલ છે. તે તો પિતાનું મળમૂત્ર જ છે'' ।।૪૪।।

એમ બોલી પ્રસન્નતાપૂર્વક પુરુએ પિતાની વૃદ્ધાવસ્થા લઈ લીધી. હે રાજન્! એ યયાતિ પણ પુરુનું યૌવન લઈ પહેલાંની જેમ વિષયભોગ કરવા લાગ્યા ।।૪૫।।

સાત દ્વીપવાળી પૃથ્વીનો પતિ યયાતિ પિતાની પેઠે પ્રજાનું પાલન કરતો અને ઈન્દ્રિયોને દૃઢ રાખતો જેમ યોગ્ય લાગે તેમ વિષયને ભોગવવા લાગ્યો ।।૪૬।।

દેવયાની હંમેશાં મન વાણી દેહ અને સુંદર વસ્તુવડે પ્રિયતમની પ્રેયસી બની એકાન્તમાં રહી એની પ્રીતિ વધારવા લાગી ।।૪૭।।

એ રાજાએ મોટી દક્ષિણાવાળા યજ્ઞોવડે સર્વવેદમય દેવોને અને સર્વદેવમય યજ્ઞરૂપ હરિને આરાધનથી પ્રસન્ન કર્યા ।।૪૮।।

**એવં વર્ષસહસ્રાણિ મનઃષષ્ઠૈર્મનઃસુખમ્ ।।**
**વિદધાનોઽપિ નાતૃપ્યત્ સાર્વભૌમઃ કદિન્દ્રિયૈઃ ।।૫૧।।**

ભગવાને આ વિશ્વને વ્યવહારદશામાં ભેદવાળું દેખાડ્યું છે. પણ સુષુપ્તિમાં એવું દેખાતું નથી. જેમ આકાશમાં મેઘ દેખાય છે તેમ ભગવાન્માં આ અનેક ભેદવાળું જગત્ દેખાય છે. જેમ વાદળાંથી આકાશને આવરણ થતું નથી તેમ આત્માને વ્યાવહારિક ભેદથી વિકાર થતો નથી. સ્વપનમાં જેમ માયા અને મનોરથવડે ક્ષણિક વસ્તુ દેખાય પણ ક્ષણાન્તર એ મૂળરૂપમાં રહેતી નથી તેવો આ વ્યાવહારિક પ્રપંચ છે. એવું ભગવાનનું સ્વરૂપ છે. એ જ વાસુદેવને હૃદયમાં રાખી સર્વ કામના છોડી સૂક્ષ્મરૂપે સર્વના હૃદયમાં રહેનાર નારાયણનું એણે ભજન કર્યું. એવી રીતે મનની સાથે કુત્સિત એવી છ ઇન્દ્રિયોદ્વારા મનને સુખ કરતો ચક્રવર્તી યયાતિ હજારો વર્ષ સુધી ભોગ ભોગવ્યા છતાં ભોગથી તૃપ્ત ન થયો ।।૪૯-૫૧।।

**ઇતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (બીજા ચન્દ્રવંશ નામના પ્રકરણમાં પાંચમો,આવાન્તર મધ્યમ પ્રકરણનો બીજો) ''યયાતિ રાજાનું ચરિત્ર'' નામનો અઢારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધો બનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૧૯

# યયાતિ વિરક્ત થઈ વનમાં ગયા ત્યાં એમની મુક્તિ થઈ

**વિશેષ :** આ ઓગણીસમાં અધ્યાયમાં યયાતિ રાજાને ભોગ ભોગવતાં પ્રભુકૃપાથી વૈરાગ્ય થયો અને સ્રી સાથે વનમાં ગયા ત્યાં એની મુક્તિ થઈ એ વાત કહેવામાં આવે છે.

**સ ઇત્થમાચરન્ કામાન્ સ્રૈણોઽપહ્નવમાત્મનઃ ।।**
**બુદ્ધ્વા પ્રિયાયૈ નિર્વિણ્ણો ગાથામેતામગાયત ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! રાજા યયાતિ આ પ્રમાણે સ્રીને વશ થઈ

જઈ વિષયોનો ઉપભોગ કરતા રહ્યા. એક દિવસ જ્યારે તેની પોતાના અધઃપતન ઉપર નજર ગઈ ત્યારે તેને ખૂબ વૈરાગ્ય થયો અને તેણે પોતાની પ્રિયતમા દેવયાનીને આ ગાથા ગાઈ ।।૧।।

''હે ભૃગુનન્દિની! તું આ ગાથા સાંભળ, પૃથ્વીના મારા જ જેવા વિષયીનો આ સાચકલો ઇતિહાસ છે. એવા જ ગ્રામવાસી વિષયી પુરુષો વિષે વનવાસી જિતેન્દ્રિય પુરુષો દુઃખની સાથે વિચાર કર્યા કરતા રહે છે કે આમનું કલ્યાણ કેમ થશે? ।।૨।।

વનમાં એક *બકરો હતો તે પોતે-પોતાનું પ્રિય કરવાને ફરતો હતો એટલામાં ફરતાં-ફરતાં એણે કર્મને વશ થયેલી અને કૂવામાં પડેલી એક બકરી જોઈ ।।૩।।

**વિશેષ :** આ બકરાની વાત કહી છે તે યયાતિ અને દેવયાનીના ચરિત્રને બરોબર લાગુ થાય છે. યયાતિએ વૈરાગ્ય થતાં પોતે પશુપણું કર્યું એનું જ્ઞાન થયું અને ભોગથી વિરક્ત થયા.

એ કામી બકરો કૂવામાં પડેલી એ બકરીને એમાંથી કાઢવામાટે યત્ન કરવા લાવ્યો. એણે શિંગડાથી કૂવાના કાંઠાને ખોદી બકરી બહાર આવે એવો રસ્તો બનાવી આપ્યો ।।૪।।

કૂવામાંથી સુન્દર નિતમ્બવાળી એ બકરી બહાર નીકળી અને કૂવામાંથી બહાર નીકળવામાં મદદ કરનાર એ બકરાની કામના કરવા લાગી. એક બકરીએ એનો સ્વીકાર કર્યો છે એવું જાણવામાં આવતાં ઘણી બકરીઓને એને વરવાની ઇચ્છા થઈ કેમકે એ જાડો, દાઢી મૂછવાળો, સેચન કરનાર અને ભોગચતુર હતો ।।૫।।

એ બકરાએ બધી બકરીઓના કામને પૂર્ણ કર્યો અને એની સાથેના કામમાં ગૂંચવાઈ ગયો અને પોતાના સ્વરૂપનું પણ ભાન ન રહ્યું ।।૬।।

જ્યારે એ બકરો બીજી બકરીનો ભોગ કરવા લાગ્યો ત્યારે કૂવામાંથી કાઢેલી બકરીને એ ઠીક લાગ્યું નહિ ।।૭।।

એ સુહૃદ્રૂપ શત્રુને કામભોગ કરે એવા છતાં ક્ષણિક મિત્રતા રાખનાર અને ઇન્દ્રિયોને આરામ આપનાર એવા બકરાને છોડી એ બકરી પોતાના પિતાની પાસે ગઈ ।।૮।।

એ બકરો પણ સ્ત્રીને વશ હતો તેથી બકરા જેવો અવાજ કરતો પાછળ ગયો. દીન થઈને માર્ગમાં એણે અનુનય કર્યો પણ એને પ્રસન્ન કરવામાં એ સમર્થ થયો નહિ ।।૯।।

એ બકરી જ્યાં ગઈ ત્યાં એનો માલિક હતો. ક્રોધમાં એણે આ બકરાના લટકતા

વૃષણને કાપી નાખ્યા. પછી એને લાગ્યું કે આમ કર્યુ એમાં તો આપણને જ નુકશાન છે. પણ એનો માલિક સાંધવાના કામમાં હોશિયાર હતો તેથી કાપેલા વૃષણને એ દ્વિજે પાછો સાંધી દીધો ।।૧૦।।

જ્યારે વૃષણનો સાંધો મળી ગયો ત્યારે બકરો કૂવાવાળી બકરીને લઈને પાછો પોતાને સ્થાને આવ્યો અને ભોગ ભોગવવા લાગ્યો. એ આજ સુધી એમાં તૃપ્ત થયો જ નથી ।।૧૧।।

હે સુભ્રુ! એ બકરાની પેઠે હું પણ તારા પ્રેમમાં બંધાઈ ગયો છું અને તારી માયાના મોહમાં પડીને મારા આત્માને ભૂલી ગયો ।।૧૨।।

પૃથ્વીમાં જેટલાં ડાંગર જવ સોનું પશુઓ સ્ત્રીઓ વગેરે છે તે કામથી હણાયેલા પુરુષના મનને તૃપ્ત કરી શકતાંનથી ।।૧૩।।

કોઈ દિવસ પણ કામ ભોગ કરવાથી શાન્ત થતો નથી; ઘી નાંખવાથી અગ્નિ વધે તેમ ફરી વધતો જ જાય છે ।।૧૪।।

‘‘જ્યારે સર્વભૂતમાં આ સારું અને આ ખોટું એવો વિષમ ભાવ જતો રહે અને સર્વ સમતા થાય ત્યારે એ પુરુષને સર્વ દિશા સુખરૂપ થાય છે ।।૧૫।।

દુર્મતિવાળાને દુઃખથી પણ ન છૂટી શકે તેવી તૃષ્ણા હોય છે. માણસ બુઢ્ઢો થાય ત્યારે તૃષ્ણા બુઢ્ઢી થતી નથી. એવી તૃષ્ણા દુઃખના સમુદાયરૂપ છે. માટે જે કોઈ સુખની ઈચ્છા રાખતો હોય તેણે પ્રથમ તૃષ્ણાને છોડવી રહી ।।૧૬।।

માતા, બહેન અને દીકરી ની સાથે પણ એકાન્તમાં બહુ નજીક બેસવું નહિ. ઈન્દ્રિયોનો સમુદાય બહુ બળવાન હોય છે તે વિદ્વાનને ખેંચી ઉન્માર્ગે લઈ જાય છે, સગાં-સમ્બન્ધીના વિવેકને ભુલાવી દે છે. જો એ વિદ્વાનની આવી દશા કરે તો પછી સાધારણ માણસની તો વાત જ શી કરવી? માટે સગાંથી પણ સંભાળીને ચાલવું ।।૧૭।।

વિષયો ભોગવતાં-ભોગવતાં મને પૂરાં હજાર વર્ષ થઈ ગયાં છતાં વખતોવખત મને વિષયમાં તૃષ્ણા થયા કરે છે ।।૧૮।।

માટે એ તૃષ્ણાને છોડી, મનને બ્રહ્મમાં સ્થિર કરી, સુખ-દુઃખ, ટાઢ-તડકો, સારું-બૂરું વગેરે દ્વન્દ્વોથી અને અહંકારથી મુક્ત થઈ મૃગની સાથે હવે હું વનમાં ફરીશ ।।૧૯।।

જે જોવામાં કે સાંભળવામાં આવે તે બધાને ખોટું જાણવું તેનું ધ્યાન કરવું નહિ તેનો ભોગ પણ કરવો નહિ. એ વિષયોથી જ સંસાર થાય છે અને સંસારમાં મોહ

થતાં આત્માનો નાશ થાય છે એમ નક્કી જાણવું એને છોડે તો જ પરમાત્મામાં નિષ્ઠાવાળો થઈ શકે'' ।।૨૦।।

એવી રીતે કહી નહુષ રાજાના પુત્ર યયાતિએ પુત્રને યૌવન પાછું આપ્યું અને એની પાસેથી પોતાની વૃદ્ધાવસ્થા પાછી લઈને સ્પૃહા રહિત થઈ ગયો ।।૨૧।।

દ્રુહ્યુંને અગ્નિકોણનો રાજા બનાવ્યો, યદુને દક્ષિણ દિશાનો રાજા બનાવ્યો, તુર્વસુને પશ્ચિમ દિશાનો રાજા બનાવ્યો, અનુને ઉત્તર દિશાનું રાજ્ય આપ્યું ।।૨૨।।

પૂરુને બાકીની બધી પૃથ્વીનો રાજા કર્યો. એમ જો કે બીજા પુત્રો પુરુથી મોટા હતા છતાં બધાને પૂરુની આજ્ઞામાં રાખીને યયાતિ વનમાં ગયો ।।૨૩।।

જેમ પાંખ આવતાં પંખી જન્મથી સેવેલા માળાને છોડી દે છે તેમ હજારો વર્ષ ભોગવેલા વિષયોને યયાતિએ ક્ષણવારમાં છોડી દીધા ।।૨૪।।

સર્વ સંગ છોડીને યયાતિ આત્માનો અનુભવ કરવા લાગ્યો. એનાથી ગુણનાં કાર્ય છૂટી ગયાં. પછી પર અને શુદ્ધ એવા વાસુદેવરૂપ બ્રહ્મમાં ભગવદ્ભક્તને ગતિ થાય છે તેવી મુક્તિરૂપ ગતિને પ્રાપ્ત થયો ।।૨૫।।

સ્ત્રી પુરુષ સ્નેહમાં ગાંડા બને છે એવી પરિહાસ રૂપે પતિ એ કહેલી ગાથા સાંભળી વૈરાગ્ય થયો ।।૨૬।।

જેમ પરબમાં જળ પીવાને માણસો ભેગા થાય અને પોતપોતાનાં કામમાટે છૂટાં પડે તેમ ભાઈ, માતા, પિતા, પતિ, દીકરા બધાં ઈશ્વર-ઈચ્છાથી ભેગાં થાય છે અને એની ઈચ્છાથી છૂટાં પડે છે એમ એ માનવા લાગી ।।૨૭।।

બધું સ્વપનના જેવું માની એણે સર્વનો ત્યાગ કર્યો અને શ્રીકૃષ્ણમાં મન રાખીને દેવયાનીએ પોતાના શરીરને છોડી દીધું ।।૨૮।।

**નમસ્તુભ્યં ભગવતે વાસુદેવાય વેધસે ।।**
**સર્વભૂતાધિવાસાય શાન્તાય બૃહતે નમઃ ।।૨૯।।**

ઐશ્વર્યાદિ છ ધર્મોથી પૂર્ણ એવા આપને હું નમસ્કાર કરું છું. જગતના બનાવનાર, સર્વ ભૂતના અન્તરાત્મા હોવા છતાં શાંત બ્રહ્મરૂપ એવા વાસુદેવ ભગવાનને મારા નમસ્કાર હો ।।૨૯।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (ચન્દ્રવંશ નામના બીજા પ્રકરણનો છઠ્ઠો, અવાન્તર મધ્યમ પ્રકરણનો ત્રીજો) ''યયાતિ વિરક્ત થઈ વનમાં ગયા ત્યાં એમની મુક્તિ થઈ'' નામનો ઓગણીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨૦

## પૂરુના વંશમાં દુષ્યન્ત તથા ભરત મોટા રાજા થયા

**વિશેષ :** પૂરુના વંશમાં દુષ્યન્ત અને એના પુત્ર ભરતનું ચરિત્ર આ વીસમા અધ્યાયમાં કહેવાનું છે કેમકે એ બધા રાજાઓ મહાત્માઓ થયા છે.

**પૂરોર્વંશં પ્રવક્ષ્યામિ યત્ર જાતોઽસિ ભારત ।।**
**યત્ર રાજર્ષયો વંશ્યા બ્રહ્મવંશ્યાશ્ચ જજ્ઞિરે ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** જેમાંથી ભારતવંશનો ઉદ્‌ભવ થયો તેવા પૂરુવંશને હવે હું કહું છું. તમે પણ એમાં જ જન્મ્યા છો. એ વંશમાં ઘણા રાજર્ષિ અને બ્રહ્મર્ષિઓ એટલે કે ક્ષત્રિયો અને બ્રાહ્મણો જન્મ્યા છે ।।૧।।

પૂરુનો પુત્ર જન્મેજય થયો તેનો પ્રચિન્વાન, તેનો પ્રવીર, પ્રવીરનો નમસ્યુ અને નમસ્યુનો ચારુપદ થયો ।।૨।।

ચારુપદનો સુદ્યુ, સુદ્યુનો બહુગવ, બહુગવનો સંયાતિ, સંયાતિનો અહંયાતિ અને અહંયાતિનો રૌદ્રાશ્વ નામનો પુત્ર થયો ।।૩।।

એ રૌદ્રાશ્વનો ઘૃતાચી નામની અપ્સરાથી, મુખ્ય પ્રાણથી જેમ દશ ઇન્દ્રિયો થાય તેમ, ઋક્ષેયુ, કુક્ષેયુ, સ્થણ્ડિલેયુ, કૃતેયુ, જલેયુ, સન્તતેયુ, ધર્મેયુ, સત્યેયુ, વ્રતેયુ અને દશમો વનેયુ થયા વનેયુ બધાથી નાનો પુત્ર હતો ।।૪-૫।।

ઋક્ષેયુનો રન્તિભાર નામનો પુત્ર થયો. હે નૃપ! રન્તિભારના સુમતિ, ધ્રુવ અને અપ્રતિરથ નામના ત્રણ પુત્ર થયા અને અપ્રતિરથનો કણ્વ થયો ।।૬।।

કણ્વનો મેધાતિથિ, મેધાતિથિથી પ્રસ્કણ્વ વગેરે બ્રાહ્મણો થયા. સુમતિનો રૈભ્ય થયો અને આ જ રૈભ્યનો પુત્ર દુષ્યન્ત થયો ।।૭।।

એ દુષ્યન્ત મૃગયા કરવા વનમાં ગયો હતો. ત્યાં એ કણ્વના આશ્રમે જઈ ચડ્યો ।।૮।।

એમાં દાખલ થતાં ત્યાં જ એણે પોતાની કાન્તિવડે આશ્રમને શોભાવતી જાણે દેવની માયા હોય તેવી, સ્ત્રીને જોઈને એ મોહિત થયો. કેટલાક શૂરવીર સાથે કન્યા પાસે જઈને દુષ્યન્ત એ વરારોહાની સાથે બોલ્યો ।।૯।।

એ એના દર્શનથી આનન્દ પામ્યો અને દર્શન માત્રથી એનો પરિશ્રમ જતો રહ્યો. કામથી જરા ઉષ્ણ થઈને મન્દ હાસ્યવડે મીઠી વાણીથી એ આ પ્રમાણે કહેવા લાગ્યોઃ ।।૧૦।।

''હે કમળની પાંખડી જેવાં નેત્રવાળી! તું કોણ છે? હે હૃદયંગમે! તું કોની પુત્રી છે? આ નિર્જન વનમાં શું કરવાની ઈચ્છાથી તું આવી છે? હે સુમધ્યમે! હું સ્પષ્ટપણે જોઈ શકું છું કે તું કોઈ રાજાની કન્યા છે કેમકે પૂરુવંશના રાજાઓનું ચિત્ત અધર્મમાં રમે નહિ. જો તું ઈતર વર્ણની હોય તો મારું મન તારામાં કામવાળું થાય નહિ. જો એ થયું છે તો તું રાજપુત્રી હોવી જોઈએ એમાં સન્દેહ નથી'' ।।૧૧-૧૨।।

**શકુન્તલા બોલી :** ''હું વિશ્વામિત્ર અને મેનકાથી ઉત્પન્ન થયેલી પુત્રી છું. મેનકાએ મને વનમાં છોડી દીધી એ વાત ભગવાન્ કણ્વ જાણે છે. હે વીર! આપની હું શું સેવા કરું? ।।૧૩।।

હે કમલનયન! આવો, બેસો અને અમારું સ્વાગત સ્વીકારો. આ સામો આરોગો અને આપને ગમે તો અહીં રહો'' ।।૧૪।।

આ પ્રમાણે શકુન્તલાએ કહ્યું ત્યારે દુષ્યન્ત બોલ્યા:''હે સુન્દરી! તમે કુશિકના વંશનાં છો તેથી તમે અતિથિ સત્કાર કરો એ યોગ્ય જ છે. કારણ કે રાજકન્યાઓ પોતે જ પોતાને યોગ્ય વર પસન્દ કરી લેતી હોય છે ।।૧૫।।

શકુન્તલાએ એના કથનનો સ્વીકાર કર્યો ત્યારે રાજા દુષ્યન્ત શકુન્તલાને ધર્મની મર્યાદાને સાચવીને પરણ્યા. દેશ કાળના વિભાગને જાણનાર રાજાએ એની સાથે ગાન્ધર્વવિધિથી લગ્ન કર્યુ કેમકે ક્ષત્રિયને માટે એ વિવાહ વખણાયેલો છે ।।૧૬।।

અમોઘ વીર્યવાળા રાજર્ષિએ એમાં પોતાનું વીર્ય ધારણ કર્યું અને બીજે દિવસે એ પોતાને ઘેર ગયો. શકુન્તલાને ગર્ભના દિવસો પૂરા થતાં પુત્રનો પ્રસવ થયો ।।૧૭।।

કણ્વે વનમાં એ કુમારની જાતકર્મ આદિ ક્રિયાઓ કરી. એ બાળક તો મોટો થતાં સિંહને પકડી એને બાંધી એની સાથે રમત કરવા લાગ્યો ।।૧૮।।

ભગવદંશ દુષ્યન્તથી ઉત્પન્ન થયેલા એ પરાક્રમી પુત્રને લઈ પ્રમદાઓમાં શ્રેષ્ઠ એવી શકુન્તલા પોતાના પતિ દુષ્યન્ત પાસે આવી ।।૧૯।।

જ્યારે રાજાએ પુત્રને તેમજ સ્ત્રીને નિર્દોષ છતાં સ્વીકાર્યો નહિ ત્યારે બધાં લોકો સાંભળે તેમ આકાશમાંથી અશરીરવાણી થઈ ।।૨૦।।

''માતા તો પુત્રને ધારણ કરનાર માત્ર ધમણ જેવી છે. વાસ્તવમાં પુત્ર પિતાનો જ છે કારણ કે પિતા જ પુત્રના રૂપમાં ઉત્પન્ન થાય છે. તેથી હે દુષ્યન્ત! શકુન્તલાનો તિરસ્કાર ન કરો, પોતાના પુત્રનું ભરણ-પોષણ કરો ।।૨૧।।

રેત ધારણ કરનાર જ પુત્રનો હકદાર થાય છે. એ પુત્ર પુંનામના નરકથી પિતાનું રક્ષણ કરે છે. તમે જ આ શકુન્તલામાં ગર્ભાધાન કરનાર છો. શકુન્તલા જે કહે છે તે જ ખરું છે ।।૨૨।।

ત્યારે દુષ્યન્તે પુત્રને રાખ્યો. એ ભરત નામે રાજા થયો. પિતા પરલોક ગયા પછી ભરત પણ ચક્રવર્તી રાજા થયો. એ ભગવાનના અંશરૂપ હતો. આજ પણ પૃથ્વી ઉપર તેનો મહિમા ગવાઈ રહ્યો છે ।।૨૩।।

એ ભરત રાજાને જમણા હાથમાં ચક્રનું ચિહ્ન હતું અને ચરણોમાં કમળની કળીનું ચિહ્ન હતું. મહાભિષેકની વિધિથી રાજાધિરાજના પદ ઉપર તેનો અભિષેક થયો. તે બહુ જ શક્તિશાળી રાજા હતો ।।૨૪।।

એ ભરત રાજાએ ભગવાનની આરાધના અર્થે મમતાના પુત્ર દીર્ઘ તમા નામના મુનિને બોલાવી એને પુરોહિત બનાવ્યા અને એમનીદ્વારા ગંગા સાગરથી ગંગોત્રી સુધીના ગંગાના કિનારા ઉપર પંચાવન અશ્વમેધ યજ્ઞ કર્યો. પ્રયાગથી યમનોત્રી સુધીના યમુના નદીના કિનારા ઉપર એણે ૭૮ પવિત્ર ઘોડા બાંધ્યા અને ઘણા પૈસા આપીને એટલા બીજા અશ્વમેધ યજ્ઞ પણ એણે કર્યા ।।૨૫।।

દુષ્યન્તના પુત્ર ભરત રાજાએ જે ઉત્તમ ગુણવાળી જમીન ઉપર યજ્ઞ ચેતવ્યો હતો તે જગ્યા ઉપર હજારો બ્રાહ્મણોને બે-બે કરી ગાયો વહેંચી હતી ।।૨૬।।

એણે તેત્રીસસો ઘોડાઓને બાંધી એટલા અશ્વમેધ કર્યા. એમ કરીને બીજા રાજાઓને વિસ્મય પમાડ્યા. માયાના વૈભવવાળાઓમાં શ્રેષ્ઠ એવા ભરત રાજા માયાને તરી ગયા ।।૨૭।।

યજ્ઞનું એક કર્મ 'મષ્ણાર' માં ધોળા દાતવાળા અને સોનાના આભરણથી શણગારેલા કાળા મૃગ જાતિના ૧૪ લાખ હાથીનું એણે દાન આપ્યું ।।૨૮।।

જેમ હાથીથી સ્વર્ગમાં પહોંચી શકાતું નથી તેમ ભરતનાં પહેલાંનાં કે એની પછીના રાજાઓ કે વર્તમાન રાજાઓ એના કર્મનું અનુકરણ કરવાને શક્તિમાન નથી ।।૨૯।।

કિરાત, હૂણ, યવન, અન્ધ્ર, કંક, ખશ અને શકના વંશના રાજાઓ બ્રાહ્મણને માનનારા ન હોવાથી મ્લેચ્છ હતા તે બધાને દિગ્વિજય વખતે મારી નાખ્યા ।।૩૦।।

વળી ભળવાન દૈત્યો પણ દેવોને જીતીને રસાતળમાં દેવની સ્ત્રીઓને લઈને ચાલ્યા ગયા હતા તે બધાને મારી દેવની સ્ત્રીઓને ભરતે પાછી લાવી દેવોને આપી.

જે બીજા પ્રાણીઓ પણ એની સાથે ગયા હતા તે પ્રાણીઓને પણ પાછા લાવી દેવોને આપ્યા ॥૩૧॥

ભરતના શાસનકાળમાં પૃથ્વી અને આકાશ પ્રજાના સર્વ મનોરથ પૂર્ણ કરતાં હતાં. પૃથ્વી ઉપર એની આજ્ઞા ૨૭,૦૦૦ વર્ષ સુધી અવિચ્છિન્ન ચાલી ॥૩૨॥

ત્યાર પછી એને ત્રિલોકનું ચક્રવર્તિ રાજ્ય, ઐશ્વર્ય, એની લક્ષ્મી, અપ્રતિહત આજ્ઞા અને પ્રાણ વગેરે ભગવત્પ્રાપ્તિમાં પ્રતિબન્ધક લાગ્યાં તેથી એને છોડી એણે વૈરાગ્યનો આશ્રય કર્યો અને વનમાં જઈ ભક્તિવડે ભગવાનને પ્રાપ્ત કર્યા ॥૩૩॥

હે પરીક્ષિત! વિદર્ભરાજની ત્રણ કન્યાઓ સમ્રાટ ભરતની પત્નીઓ હતી. તેમને પુત્રો થયા હતા પણ એ મારે લાયક નથી એમ જ્યારે એણે કહ્યું ત્યારે રાજા અમારો ત્યાગ કરશે એ ભયથી રાણીઓએ પુત્રોને મારી નાખ્યા તેથી ભરતનો વંશ ન રહ્યો ॥૩૪॥

જ્યારે ભરતનો વંશ વિચ્છિન્ન થયો ત્યારે એણે પુત્રમાટે મરુત્સ્તોમ નામનો યજ્ઞ કર્યો તેમાં દેવો પ્રસન્ન થયા અને એને ભરદ્વાજ નામનો પુત્ર આપ્યો ॥૩૫॥

ભરદ્વાજની ઉત્પતિનો પ્રસંગ આ પ્રમાણે છે : બૃહસ્પતિના ભાઈ ઉતથ્યની સ્ત્રી મમતા સગર્ભા હતી છતાં એ ચોરીથી મૈથુન કરવા પ્રવૃત્ત થયા. મમતાના પેટમાં ગર્ભ રહેવાની જગ્યા નહોતી તેથી ઉદરસ્થ (દીર્ઘતમાએ) ગર્ભે બૃહસ્પતિના વીર્યને ધારણ કરવાની ના કહી ત્યારે બૃહસ્પતિએ ક્રોધ કરી ''તું આંધળો થા'' એવો શાપ આપ્યો અને બળાત્કારે મમતામાં વીર્યસેચન કર્યું ॥૩૬॥

બૃહસ્પતિના શાપથી ગર્ભમાં રહેલો દીર્ઘતમા આંધળો થયો. બૃહસ્પતિના વીર્યને ગર્ભસ્થ દીર્ઘતમાએ પાટુ મારી તેથી એ બહાર પડ્યું. તત્કાળ એ વીર્યમાંથી કુમાર થયો. મમતાને બીજા વીર્યથી ઉત્પન્ન થયેલો છોકરો રાખવાનું મન થયું નહિ. કેમકે પતિને ખબર પડે તો એનો ત્યાગ કરે; ત્યારે દેવોએ એ બન્નેનું નામ લઈ એ પ્રમાણે શ્લોક કહ્યો ॥૩૭॥

''હે મૂઢ! હે બૃહસ્પતે! તમો બન્નેથી આ થયો માટે **દ્વાજ** કહેવાય. એનું **ભર**-પોષણ કરો''. મમતાએ એ ન સ્વીકાર્યું ત્યારે બૃહસ્પતિએ પણ એનું રક્ષણ કર્યું નહિ; બન્ને એને મૂકીને ચાલ્યાં ગયાં અને વારંવાર **'ભર-દ્વાજ'** એમ કહ્યું તેથી એનું નામ 'ભરદ્વાજ' પડ્યું ॥૩૮॥

**ચોદ્યમાના સુરૈરેવં મત્વા વિતથમાત્મજમ્ ॥**

**વ્યસૃજન્ મરુતોઽબિભ્રન્ દત્તોઽયં વિતથેન્વયે ।।૩૯।।**

દેવતાઓએ આ પ્રમાણે નામની વ્યુત્પત્તિ કરી બતાવી. તો પણ મમતા એમ જ સમજી કે મારે આ પુત્ર **વિતથ** અર્થાત્ અન્યાયથી (વ્યભિચારથી) થયો છે. તેથી તેણે તે બાળકને ત્યાગ કરી દીધો. મરુદ્ગણોએ એનું પાલન કર્યુ અને જ્યારે રાજા ભરતનો વંશ નાશ થયો ત્યારે તેને લાવી ભરતને આપી દીધો. આ જ વિતથ (ભરદ્વાજ) ભરતનો દત્તક પુત્ર થયો ।।૩૯।।

**ઇતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (ત્રીજા ચન્દ્રવંશ નામના પ્રકરણનો સાતમો અને અવાન્તર ત્રીજા ઉત્તમ પ્રકરણનો પહેલો) ''પૂરુના વંશમાં દુષ્યન્ત તથા ભરત મોટા રાજા થયા'' નામનો વીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?
''પારસમણિ (ભાગવત)ને વાટકે, ભટજી (કથાકાર) માગે ભીખ''
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સે'જ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયારામ)**

# અધ્યાય ૨૧

## રન્તિદેવ રાજાનું આખ્યાન

**વિશેષ:** ભરતના વંશમાં ઉત્પન્ન થયેલ રન્તિદેવ રાજાએ ભગવાનને પ્રસન્ન કરે એવું વ્રત કર્યું એ વાત આ એકવીસમાં અધ્યાયમાં આવે છે.

**વિતથસ્ય સુતો મન્યુર્બૃહત્ક્ષત્રો જયસ્તતઃ ।।**
**મહાવીર્યો નરો ગર્ગઃ સંસ્કૃતિસ્તુ નરાત્મજઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** વિતથ (ભરદ્વાજ) નો પુત્ર મન્યુ થયો. મન્યુને બૃહત્ક્ષત્ર, જય, મહાવીર્ય, નર અને ગર્ભ એમ પાંચ પુત્ર થયા. નરનો પુત્ર સંકૃતિ થયો ।।૧।।

હે પાણ્ડુનન્દન! એ સંકૃતિને ગુરુ અને રન્તિદેવ નામના બે પુત્રો થયા. તેમાં રન્તિદેવનો યશ આ લોકમાં તેમજ સ્વર્ગ આદિમાં ગવાય છે ।।૨।।

એને દ્રવ્ય ખલાસ થયું હતું. જે કાંઈ મળતું તે બીજાને આપી દેતો, પોતે નિષ્કિંચન અને ભુભુક્ષિત હતો અને કુટુમ્બવાળો હોવાથી દુઃખી હતો ।।૩।।

એ રન્તિદેવને ૪૮ દિવસ તો પાણી વગર વીતી ગયા ત્યારે ૪૯ દિવસે એને યદચ્છાથી દૂધમાં બનાવેલી યવની ખીર અને પાણી એ બે ચીજ આવી મળી ।।૪।।

એનું કુટુમ્બ ખૂબ દુઃખી હતું. એમનાં શરીર ભૂખ અને તૃષાથી કમ્પતાં હતાં. રન્તિદેવ ભોજન કરવાનો વિચાર કરે છે એટલામાં તો કોઈ બ્રાહ્મણ અતિથિ એને ઘેર આવી ચડ્યો ।।૫।।

રન્તિદેવે એનો સત્કાર કર્યો અને જે અન્ન એને મળ્યું હતું તેમાંથી શ્રદ્ધાપૂર્વક એનો ભાગ કાઢી આપ્યો કેમકે સર્વત્ર એ જીવમાત્રમાં ભગવાનને દેખતો હતો; તેથી એણે બ્રાહ્મણને ભોજન આપ્યું અને બ્રાહ્મણ દેવતાં ભોજન કરીને ચાલ્યા ગયા ।।૬।।

બ્રાહ્મણના ગયા પછી જે રહ્યું હતું તે ખાવાનો વિચાર કરે છે એટલામાં હે મહીપતે! કોઈ શૂદ્ર અતિથિ આવ્યો એને પણ ભગવાનનું સ્મરણ કરી રાખેલ હતું તેમાંથી એણે ખવડાવી દીધું ।।૭।।

ખાઈ પીને શૂદ્ર ગયો. ત્યાં તો બીજો અતિથિ કૂતરાઓને સાથે લઈ આવ્યો અને બોલ્યોઃ''હે રાજન્! હું કૂતરાઓની સાથે બહુ ભૂખ્યો છું માટે મને અને કૂતરાઓને કંઈક અન્ન આપો'' ।।૮।।

રન્તિદેવે એનો આદર કર્યો જે બાકી અન્ન બચ્યું હતું તે બધું માનપૂર્વક એને આપી અને એના કૂતરાઓને પણ નમસ્કાર કર્યા ।।૯।।

હવે એની પાસે માત્ર જલ બાકી રહ્યું હતું તે પણ એક જણને પૂરું થાય તેટલું જ હતું. એ બધામાં વહેંચી લઈ પીવાનો વિચાર કરે છે ત્યાં નીચ જાતનો માણસ આવી બોલ્યો : ''હું અશુભ અને નીચ છું. મને જલ આપો'' ।।૧૦।।

એની વાણી ઉપરથી એ ઘણો તૃષિત હોય એમ જણાતું હતું. તૃષાને લીધે એને બોલવામાં શ્રમ પડતો હતો. એના હીન વચનને સાંભળીને રન્તિદેવને બહુ દુઃખ થયું એને પ્રથમ તો અમૃત સરખા વચનથી કહેવા લાગ્યો ।।૧૧।।

એના મોંમાંથી અત્યન્ત દયાળુનું વચન નીકળ્યું :''હું અણિમા આદિ આઠ સિદ્ધિઓને કે મોક્ષને ઈચ્છતો નથી પણ મારી તો ઈચ્છા એવી છે કે બધા દુઃખીના હૃદયમાં રહી એના દુઃખનો ભોગ હું કરું અને એ બધા દુઃખરહિત થઈ શાન્ત રહે

।।૧૨।।

અતિ દીન અને જીવવાની ઈચ્છાવાળા અતિથિને હું જળ આપું અને એનાવડે મારી ક્ષુધાનો અને તૃષાનો શ્રમ અને શરીરનો શ્રમ, દૈન્ય, શોક, ખેદ, મોહ વગેરે જતાં રહે'' ।।૧૩।।

એમ બોલી જળ હતું તે પણ પિપાસાથી મરતા પુલકશને રાજાએ આપી દીધું કેમકે સ્વભાવથી જ રન્તિદેવ ધીરજવાળો અને દયાળુ હતો ।।૧૪।।

એ સમયે ભગવાનની સ્વેચ્છાથી પોતે સર્વત્ર વ્યાપક હોવાથી વરને ઈચ્છા રાખનાર લોકોને વરદાન આપનારા બ્રહ્મા, વિષ્ણુ, શિવ વગેરે દેવો ત્યાં પ્રકટ થયા. પ્રથમ અતિથિ, શૂદ્ર, ચાંડાલ વગેરે દેખાયા તે પણ માયિક હતા. એમ દેવમાયાને પોતે જાણી ગયા ।।૧૫।।

રન્તિદેવે એમને નમસ્કાર કર્યા અને પોતે નિઃસંગ અને નિઃસ્પૃહ રહ્યા. પોતે વાસુદેવ ભગવાન્‌માં ભક્તિવાળા હોવાથી એમને ભક્તિપૂર્વક નમન કર્યુ ।।૧૬।।

ભગવાન્ સિવાય બીજું જેને કાંઈ ઈચ્છિત નથી તેવા રન્તિદેવનું તો એક ભગવન્નિષ્ઠ જ ચિત્ત હતું તેથી એને ત્રિગુણાત્મક માયા સ્વપનની પેઠે દેખાવી બંધ થઈ ।।૧૭।।

એ રન્તિદેવના સંગના પ્રતાપે કેટલાય એને અનુસરનારા પણ નારાયણ-પરાયણ યોગીઓ થઈ ગયા ।।૧૮।।

મન્યુ પુત્ર ગર્ગનો પુત્ર શિનિ થયો, શિનિનો પુત્ર ગાર્ગ્ય થયો. જો કે ગાર્ગ્ય ક્ષત્રિય હતો છતાં એનાથી બ્રાહ્મણવંશ ચાલ્યો. મહાવીર્યનો દુરિતક્ષય નામનો પુત્ર થયો. તેના ત્રય્યારુણી, કવિ અને પુષ્કરારુણિ નામના ત્રણ પુત્રો થયા ।।૧૯।।

એ ક્ષત્રિયપણામાંથી બ્રહ્માણપણાને પામ્યા. વિતથના બીજા પુત્ર બૃહત્ક્ષત્રનો પુત્ર હસ્તી થયો જેણે હસ્તિનાપુર વસાવ્યું ।।૨૦।।

એ હસ્તીને અજમીઢ, દ્વિમીઢ અને પુરુમીઢ નામના ત્રણ પુત્ર થયા. અજમીઢના પુત્રોમાં પ્રિયમેધ વગેરે બ્રાહ્મણો થયા ।।૨૧।।

આ જ અજમીઢના એક પુત્રનું નામ બૃહદિષુ હતું, બૃહદિષુનો બૃહદ્ધનુ, બૃહદ્ધનુનો બૃહત્કાય અને એનો જયદ્રથ થયો ।।૨૨।।

જયદ્રથનો પુત્ર વિશદ અને વિશદનો સેનજિત્ થયો. સેનજિત્‌ના ચાર પુત્ર થયા રુચિરાશ્વ, દઢહનુ, કાશ્ય અને વત્સ ।।૨૩।।

રુચિરાશ્વનો પુત્ર પાર અને પારનો પૃથુસેન હતો. પારના બીજા પુત્રનું નામ નીપ હતું. એને સો પુત્ર હતા ।।૨૪।।

આ જ નીપે (છાયા) *શુકની કન્યા કૃત્વી સાથે લગ્ન કર્યું હતું. તેનાથી બ્રહ્મદત્ત નામનો પુત્ર થયો. બ્રહ્મદત્ત મહાન યોગી હતો તેણે પોતાની પત્ની (ગો) સરસ્વતીના ગર્ભથી વિષ્વક્સેન નામનો પુત્ર ઉત્પન્ન કર્યો ।।૨૫।।

**વિશેષ :** વ્યાસજીના પુત્ર મહાયોગી શુક થયા તે તો જન્મ્યા અને ચાલતા થઈ ગયા એમ પ્રથમ સ્કન્ધમાં વર્ણન છે પણ હરિવંશમાં શુકનો જન્મ આમ કહ્યો છે. વ્યાસજીથી અરણી નામની સ્ત્રીમાં શુક ઉત્પન્ન થયા અને એ અરણીમાં કૃષ્ણ, ગૌરપ્રભ, ભૂરિસુત અને અજ નામના પુત્રોને અને કીર્તિમતી નામની કન્યા, (તે બ્રહ્મદત્તની માતા અને અણુહની મહિષી થશે) તેને ઉત્પન્ન કર્યા. અહીં શુકદેવજીને આવો સંસાર ન સમ્ભવે પણ વ્યાસજીને બહુ વિરહ થયો ત્યારે છાયા શુક મૂકીને પોતે ચાલ્યા ગયા હોય અને એ છાયાનો આ વંશ સમ્ભવે. કેટલાક એ અરણીના પુત્ર શુકથી જુદો જ શુક, ભાગવતની કથા પરીક્ષિતને સંભળાવનાર છે એમ કહે છે. બીજા ટીકાકારો પુરાણાન્તરની કથા જુદી રીતે લખે છે.

એ વિષ્વક્સેને જૈગીષવ્ય નામના મુનિના ઉપદેશથી યોગશાસ્ત્ર કર્યું હતું. એનો ઉદક્સ્વન અને ઉદક્સ્વનનો ભલ્લાદ નામનો પુત્ર થયો. આ બધા ગણાવ્યા તે બધા બૃહદિષુના વંશના રાજાઓ થયા ।।૨૬।।

દ્વિમીઢનો પુત્ર યવીનર, યવીનરનો કૃતિમાન, કૃતિમાનનો સત્યધૃતિ, સત્યધૃતિનો દઢનેમિ અને દઢનેમિનો સુપાર્શ્વ થયો ।।૨૭।।

સુપાર્શ્વનો સુમતિ, સુમતિનો સન્નતિમાન અને તેનો કૃતિ થયો તેણે હિરણ્યનાભ પાસેથી યોગવિદ્યા પ્રાપ્ત કરી હતી અને 'પ્રાચ્યસામ' નામની ઋચાઓની છ સંહિતાઓ કહી હતી. એનો પુત્ર નીપ થયો. એને ઉગ્રાયુધ નામનો પ્રસિદ્ધ પુત્ર થયો. ઉગ્રાયુધનો ક્ષેમ્ય, તેનો સુવીર અને સુવીરનો રિપુંજય થયો ।।૨૮-૨૯।।

એને બહુરથ નામનો પુત્ર થયો. આ અજમીઢ અને દ્વિમીઢના વંશ કહ્યા. દ્વિમીઢના ભાઈ પુરુમીઢને પ્રજા ન હતી. અજમીઢના વંશમાં પ્રિયમીઢ વગેરે કેટલાક બ્રાહ્મણો થયા, બૃહદિષુ વગેરે ક્ષત્રિયો થયા. અજમીઢને નલિની નામની સ્ત્રીથી નીલ નામનો પુત્ર થયો તે નીલનો શાન્તિ થયો ।।૩૦।।

શાન્તિનો સુશાન્તિ, સુશાન્તિનો પુરુજ થયો, તેનો અર્ક થયો, તેનો ભર્મ્યાશ્વ

થયો; તેને મુદ્ગલ, યવીનર, બૃહદિષુ, કામ્પિલ્ય અને સંજય નામના પાંચ પુત્રો થયા ।।૩૧।।

એ ભર્મ્યાશ્વે કહ્યું, ''આ મારા પુત્રો પાંચ દેશો (શબ્દાદિ વિષયો) નું શાસન કરવા સમર્થ (**પંચ અલમ્**) છે''. તેથી તે પંચાલ નામથી પ્રસિદ્ધ થયા. આમાં મુદ્ગલથી મૌદગલ્ય નામના બ્રાહ્મણ ગૌત્રની પ્રવૃત્તિ થઈ ।।૩૨-૩૩।।

ભર્મ્યાશ્વના પુત્ર મુદ્ગલને મિથુન થયું તેમાં પુરુષ દિવોદાસ અને કન્યા અહલ્યા થઈ. એ અહલ્યા ગૌતમને આપી. ગૌતમનો શતાનન્દ નામનો પુત્ર થયો ।।૩૪।।

શતાનન્દનો પુત્ર સત્યધૃતિ થયો, તે ધનુર્વિદ્યામાં અત્યન્ત નિપુણ હતો. એનો પુત્ર શરદ્વાન થયો. એકવાર ઉર્વશીને જોઈને શરદ્વાનનું વીર્ય મુંજના થૂમડા ઉપર સ્ત્રવી પડ્યું તેથી એક શુભ લક્ષણવાળા પુત્ર અને પુત્રીનો જન્મ થયો ।।૩૫।।

**તદ્ દૃષ્ટ્વા કૃપયાગૃહ્ણાચ્છન્તનુર્મૃગયાં ચરન્ ।।**
**કૃપઃ કુમારઃ કન્યા ચ દ્રોણપત્ન્યભવત્ કૃપી ।।૩૬।।**

શન્તનું રાજા મૃગયા કરવા વનમાં આવેલા તેણે એ કન્યા અને કુમારને જોયાં; એને પોતે દયાવશ પોતાને ઘેર લઈ ગયા એમાં કુમાર હતો તે કૃપાચાર્ય થયો અને કન્યા હતી તે દ્રોણાચાર્યની સ્ત્રી કૃપી થઈ ।।૩૬।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (બીજા ચન્દ્રવંશ નામના પ્રકરણનો આઠમો અને અવાન્તર ઉત્તર પ્રકરણનો બીજો) ''રન્તિદેવ રાજાનું આખ્યાન'' નામનો એકવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
ભગવત્કથાએદિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં

## અધ્યાય ૨૨

## અજમીઢ રાજાના વંશનું વર્ણન

**વિશેષ :** જેના વંશમાં અર્જુન, દુર્યોધન, જરાસંઘ વગેરે રાજાઓ થયા છે તે અજમીઢ રાજાનો વંશ આ બાવીસમા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**મિત્રેયુશ્ચ દિવોદાસાચ્ચ્યવનસ્તત્સુતો નૃપ ।।**
**સુદાસઃ સહદેવોઽથ સોમકો જન્તુજન્મકૃત્ ।।૧।।**

**શ્રીશુકદેવજી કહ્યું :** મુદ્ગલના વંશમાં થયેલા દિવોદાસનો પુત્ર મિત્રેયુ થયો. હે નૃપ! એને ચ્યવન, સુદાસ, સહદેવ અને સોમક એ ચાર પુત્રો થયા. સોમકને સો પુત્રો હતા. એમાં સૌથી મોટો જન્તુ અને સૌથી નાનો પૃષત હતો. પૃષતના પુત્ર દ્રુપદ હતા, દ્રુપદને દ્રૌપદી નામની પુત્રી અને ધૃષ્ટદ્યુમ્ન વગેરે પુત્રો થયા ।।૧-૨।।

ધૃષ્ટદ્યુમ્નનો ધૃષ્ટકેતુ થયો. આ બધા જ ભર્મ્યાશ્વ વંશમાં જન્મેલા અને એ 'પાંચાલ' કહેવાયા. અજમીઢના બીજા પુત્ર ઋક્ષને સંવરણ નામનો પુત્ર થયો ।।૩।।

સંવરણનો વિવાહ સૂર્યની કન્યા તપતી સાથે થયો. એના જ ગર્ભથી કુરુક્ષેત્રના સ્વામી કુરુનો જન્મ થયો. એ કુરુના પરીક્ષિત, સુન્ધત્વા, જહ્નુ અને નિષધાશ્વ નામના ચાર પુત્ર થયા ।।૪।।

સુધન્વાનો સુહોત્ર, એનો ચ્યવન, એનો કૃતી એનો ઉપરિચર વસુ અને ઉપરિચર વસુના બૃહદ્રથ જેમાં મુખ્ય છે એવા પુત્રો થયા ।।૫।।

એમાં કુશામ્બ, મત્સ્ય, પ્રત્યગ્ર, ચેદિપ વગેરે ચેદિ દેશના રાજા થયા. બૃહદ્રથથી કુશાગ્ર થયો અને એનો ઋષભ થયો ।।૬।।

એનો સત્યહિત થયો. એનો પુષ્પવાન અને પુષ્પવાનનો જહુ નામે પુત્ર થયો. બૃહસ્થને બીજી સ્ત્રીથી એક શરીરના બે ટુકડા જન્મ્યા ।।૭।।

એને માતાએ બહાર ફેંકાવી દીધા. ત્યારે 'જરા' નામની રાક્ષસીએ જીવતો થઈ જા, જીવતો થઈ જા એમ કહી રમતાં-રમતાં એ બન્ને ટુકડાને જોડી દીધા. તેજ જોડેલો બાળક જરાસંધ થયો ।।૮।।

એનો પુત્ર સહદેવ થયો એનો સોમાપિ અને સોમાપિનો શ્રુતશ્રવા થયો. કુરુના જયેષ્ઠ પુત્ર પરીક્ષિતને પુત્ર ન હતો. કુરુના પુત્ર જહ્નુનો પુત્ર સુરથ થયો ।।૯।।

સુરથનો વિદૂરથ થયો, તેનો સાર્વભૌમ થયો. એનો જયસેન અને જયસેનનો રાધિક થયો. રાધિકનો પુત્ર અયુત થયો ।।૧૦।।

એ અયુતનો ક્રોધન થયો, તેનો દેવાતિથિ થયો. તેનો ઋષ્ય થયો, તેનો દિલીપ થયો, તેનો પ્રતીપ નામે પુત્ર થયો ।।૧૧।।

એ પ્રતીપને દેવાપિ, શન્તનુ અને બાહ્લીક નામના ત્રણ પુત્રો થયા, તેમાં દેવાપિ પિતાનું રાજ્ય છોડી વનમાં ચાલ્યો ગયો ।।૧૨।।

ત્યારે તેનાથી નાનો શન્તનું રાજા થયો, તે પૂર્વે મહાભિષ નામે પ્રસિદ્ધ હતો. એ જેને હાથ લગાડે તે જુનું મટી નવું થઈ જાય, વૃદ્ધ હોય તો યુવાન થઈ જાય એટલું જ નહિ પણ આરોગ્ય અને સુખ પણ એના સ્પર્શમાત્રથી થતું માટે તે 'શન્તનુ' (**શં** એટલે સુખ, **તનુ** એટલે શરીર, આકાર વગેરે) એ નામથી ઓળખાતો હતો. જ્યારે એના રાજ્યમાં બાર વર્ષ સુધી વરસાદ ન પડ્યો ત્યારે એનું કારણ બ્રાહ્મણોને પૂછતાં એમણે કહ્યું કે ''રાજ્યનો હક તમારા મોટા ભાઈનો છે, તે વનમાં ગયો અને તમે ગાદી પર છો તેથી તમે *પરિવેત્તા થયા, આને લઈને વરસાદ થતો નથી. જો નગર અને દેશની ઉન્નતિ કરવાં હોય તો મોટા ભાઈને રાજ્ય આપો ।।૧૩-૧૫।।

**વિશેષ : ''દારાગ્નિહોત્રસંયોગ કુરુતે યોગ્રજે સ્થિતે, પરિવેત્તા સ વિજ્ઞેયઃ પરિવિત્તિસ્તુ પૂર્વજઃ''** જે પુરુષ પોતાનો મોટો ભાઈ હોવા છતાં એની પહેલાં જ વિવાહ અને અગ્નિહોત્રનો સંયોગ કરે છે તેને પરિવેત્તા જાણવો અને એનો મોટો ભાઈ 'પરિવિત્તિ' કહેવાય છે.

જ્યારે બ્રાહ્મણોએ એમ કહ્યું ત્યારે શન્તનું મોટા ભાઈ દેવાપિને મળ્યા અને ''તમે રાજ્ય કરો'' એમ કહ્યું. ત્યારે દેવાપિએ વેદવાક્યોનો અનાદર કર્યો. હવે શન્તનુના કારભારી અશ્મરાત વગેરેએ વિચાર્યું કે ''જો એ વેદની નિન્દા પાખંડ વગેરે કરે તો જ એ પતિત થાય અને તો જ શન્તનુનો રાજ્યનો હક થાય અને વરસાદ વરસે''. તેથી એ વનમાં ગયા અને એની પાસે બ્રાહ્મણોને એની દ્વારા જ પાખંડ શીખવી એને વેદવિમુખ કર્યો ।।૧૬।।

ત્યારે વરસાદ વરસ્યો. દેવાપિ યોગ કરી કલાપ ગ્રામમાં રહ્યો. જ્યારે કલિયુગના અન્તમાં સોમવંશ નાશ પામશે ત્યારે સત્યયુગની શરૂઆતમાં પૃથ્વી ઉપર સોમવંશને એ ફરી સ્થાપન કરશે. શન્તનુના નાના ભાઈ બાહ્લીકથી સોમદત્ત થયો. સોમદત્તને ભૂરિ, ભૂરિશ્રવા અને શલ નામે ત્રણ પુત્રો થયાં ।।૧૭-૧૮।।

(બ્રાહ્મણના શાપથી ગંગાજીને મનુષ્યપણું પ્રાપ્ત થયું) ગંગાજી ભૂલોકમાં આવ્યાં. એનો સ્વયમ્વર થયો ત્યાં શન્તનું ગયા તે શન્તનુને ગંગાજી પરણ્યાં. એનાથી નૈષ્ઠિક બ્રહ્મચારી ભીષ્મ નામના પુત્ર થયા. એ અન્તઃકરણને જીતનાર, સર્વ જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ, મોટા ભગવદ્ભક્ત અને આત્મજ્ઞાની થયા ।।૧૯।।

તે જગતના સમસ્ત વીરોના અગ્રગણ્ય નેતા હતા, બીજાની તો વાત જ શું પણ તેમણે પોતાના ગુરુ ભગવાન્ પરશુરામજીને પણ યુદ્ધમાં સન્તુષ્ટ કરી દીધા હતા. શન્તનુંદ્વારા દાશરાજની *કન્યાના ગર્ભથી બે પુત્રો થયા-ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય.

ચિત્રાંગદને ચિત્રાંગદ નામના ગન્ધર્વે મારી નાખ્યો. આ જ દાશરાજની કન્યા સત્યવતીથી પરાશરજીથી મારા પિતા, ભગવાનના કલાવતાર સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસજી અવતર્યા. એમણે વેદોની રક્ષા કરી, હે પરીક્ષિત! મેં એમની પાસેથી જ આ શ્રીમદ્ ભાગવત પુરાણનું અધ્યયન કર્યું હતું. આ પુરાણ પરમ ગોપનીય અત્યન્ત રહસ્યમય છે. તેથી જ મારા પિતાશ્રી ભગવાન્ વ્યાસજીએ પોતાના પૈલ વગેરે શિષ્યોને આનું અધ્યયન ન કરાવ્યું, મને જ એનો યોગ્ય અધિકારી સમજવામાં આવ્યો! એક તો હું એમનો પુત્ર હતો અને બીજું શાન્તિ વગેરે ગુણ મારામાં વિશેષ હતા. શન્તનુના બીજા પુત્ર વિચિત્રવીર્યે કાશિરાજની કન્યા અમ્બિકા અને અમ્બાલિકા સાથે લગ્ન કર્યું હતું. આ બન્નેને ભીષ્મજી સ્વયમ્વરથી બલપૂર્વક લઈ આવ્યા હતા. વિચિત્રવીર્ય પોતાની બન્ને પત્નીઓમાં એટલા આસક્ત થઈ ગયા કે તેને ક્ષય થઈ ગયો અને તેનું મૃત્યું થયું ।।૨૦-૨૪।।

**વિશેષઃ** આ કન્યા વાસ્તવમાં ઉપરિચર વસુના વીર્યથી માછલીના ગર્ભથી ઉત્પન્ન થઈ હતી. પણ દાશ (ખલાસી) દ્વારા તેનું પાલન થયેલ હોવાથી તે દાશકન્યા કહેવાઈ. (દાશ = માછીમાર, ખારવો)

એ નિઃસન્તાન ગુજરી ગયો. એની માતા સત્યવતીએ પોતાના પુત્ર વ્યાસને નિઃસન્તાન ભાઈ વિચિત્રવીર્યની સ્ત્રીઓમાં પુત્ર ઉત્પન્ન કરવાની આજ્ઞા કરતાં અમ્બિકાથી ધૃતરાષ્ટ્ર અને અમ્બાલિકાથી પાંડુ બે પુત્રો ઉત્પન્ન કર્યા અને તેની દાસીથી ત્રીજા પુત્ર વિદુરજી થયા ।।૨૫।।

ધૃતરાષ્ટ્રને ગાન્ધારીથી સો પુત્રો થયા તેમાં દુર્યોધન સૌથી મોટો હતો અને દુઃશલા નામની કન્યા થઈ ।।૨૬।।

પાંડુની પત્ની કુન્તી હતી. કિન્દમના શાપથી પાંડુ સ્ત્રી સહવાસ કરી શકતા ન હોતા. તેથી તેની પત્ની કુન્તીના ગર્ભથી ધર્મ, વાયુ અને ઈન્દ્રદ્વારા ક્રમશઃ યુધિષ્ઠિર, ભીમસેન અને અર્જુન નામના ત્રણ પુત્રો ઉત્પન્ન થયા. આ ત્રણે-ત્રણ મહારથીઓ હતા ।।૨૭।।

પાંડુની માદ્રી નામની બીજી સ્ત્રીમાં અશ્વિનીકુમારોથી નકુલ અને સહદેવ નામે બે પુત્રો થયાં. દ્રૌપદીને પાંચ પાંડવોથી પાંચ પુત્રો થયા તે તમારા કાકા થાય ।।૨૮।।

યુધિષ્ઠિરથી દ્રૌપદીમાં પ્રતિવિન્ધ્ય થયો, ભીમથી શ્રુતસેન થયો, અર્જુનથી શ્રુતિકીર્તિ થયો, નકુલથી શતાનીક થયો, હે રાજન્! સહદેવથી શ્રુતકર્મા થયો ।।૨૯।।

યુધિષ્ઠિરથી પૌરવીમાં દેવક થયો. ભીમસેનને હિડમ્બાથી ઘટોત્કચ થયો ।।૩૦।।

એને કાલી નામની બીજી સ્રીથી સર્વગત નામનો પુત્ર થયો. પર્વતની વિજ્યા નામની પુત્રીમાં સહદેવથી સુહોત્ર નામે પુત્ર થયો ।।૩૧।।

નકુલે કરેણુમતીમાં નરમિત્ર ઉત્પન્ન કર્યો, અર્જુને ઉલૂપી નામની નાગકન્યામાં ઈરાવાન નામના પુત્રને અને મણિપૂરના રાજાની પુત્રીમાં બભ્રુવાહનને ઉત્પન્ન કર્યા. એ બભ્રુવાહન અર્જુનનો પુત્ર હોવા છતાં એના નાનાનો જ પુત્ર ગણાયો. કેમકે મણિપુરના રાજાએ કન્યા આપી ત્યારે એવી શરત કરેલી કે એનો પુત્ર પોતે રાખશે ।।૩૨।।

અર્જુનથી સુભદ્રામાં તારા પિતા અભિમન્યુ થયા. એ અભિમન્યુએ બધા અતિરથીઓને જીતી લીધા હતા. અભિમન્યુથી ઉત્તરામાં તમે થયા છો ।।૩૩।।

કુરુઓ બહુ ઓછા થઈ ગયા ત્યારે ત્યાં તમે ઉત્તરાના ગર્ભમાં હતા તેના ઉપર અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર મૂકેલું છતાં તમે કૃષ્ણના પ્રતાપે મૃત્યુમાંથી બચ્યા ।।૩૪।।

હે તાત! તમને ચાર પુત્રો થયા. જનમેજય, શ્રુતસેન, ભીમસેન અને પરાક્રમી ઉગ્રસેન ।।૩૫।।

તમને તક્ષક નાગ કરડશે અને તમારું એને લીધે મૃત્યુ થશે એ વાત જનમેજયના જાણવામાં આવતાં એ ક્રોધે ભરાઈ એ સર્પયાગના અગ્નિમાં સર્પોને હોમી દેશે ।।૩૬।।

કાવષેય તુરને પુરોહિત કરીને તે અશ્વમેધનો ઘોડો છોડી બધા રાજાઓને જીતીને ભગવાનનું અશ્વમેધયાગવડે યજન કરશે ।।૩૭।।

એ જનમેજયનો પુત્ર શતાનીક થશે તે યાજ્ઞવલ્ક્યની પાસેથી વેદત્રયી ભણીને, શૌનક પાસેથી અસ્ત્રજ્ઞાન અને કર્મજ્ઞાન સમ્પાદન કરશે. (અસ્ત્રજ્ઞાન કૃપાચાર્ય પાસેથી મેળવશે એમ વિષ્ણુ પુરાણમાં કહેવામાં આવ્યું છે) ।।૩૮।।

એ શતાનીકનો પુત્ર સહસ્રાનીક, તેનો અશ્વમેધજ થશે. એનો અસીમકૃષ્ણ અને એનો નેમિચક્ર થશે ।।૩૯।।

જ્યારે ગંગાનદી હસ્તિનાપુરને તાણી જશે ત્યારે એ કૌશમ્બીમાં જઈને સુખપૂર્વક રહેશે. નેમિચક્રનો પુત્ર ચિત્રરથ અને ચિત્રરથનો કવિરથ થશે ।।૪૦।।

કવિરથનો પુત્ર વૃષ્ટિમાન, તેનો સુષેણ, તેનો સુનીથ, તેનો નૃચક્ષુ, તેનો સુખીનલ, તેનો પરિપ્લવ, તેનો મેધાવી, મેધાવીનો સુનય, તેનો નૃપંજય,

નૃપંજયનો દુર્વ, દુર્વનો તિમિ નામનો પુત્ર થશે ।।૪૧-૪૨।।

તિમિનો બૃહદ્રથ, તેનો સુદાસ, તેનો શતાનીક, શતાનીકનો દુર્દમન, તેનો વહીનર, તેનો દંડપાણિ, દંડપાણિનો નિમિ, નિમિનો ક્ષેમક પુત્ર થશે. આ પ્રમાણે મેં તમને બ્રાહ્મણ અને ક્ષત્રિય બન્નેને ઉત્પન્ન કરનાર ચન્દ્રવંશનું વર્ણન સંભળાવ્યું. મોટા-મોટા દેવતાઓ અને ઋષિઓ આ વંશનું બહુમાન કરે છે ।।૪૩-૪૪।।

આ વંશ કલિયુગમાં રાજા ક્ષેમક સુધી જ ચાલશે. બાદ તે સમાપ્ત થઈ જશે. હવે હું ભવિષ્યમાં થનારા મગધ દેશના રાજાઓના વંશ કહું છું ।।૪૫।।

જરાસંધના પુત્ર સહદેવનો પુત્ર માર્જારિ થશે. (સોમાપિ પણ એનું બીજું નામ છે જે પ્રથમ કહેવામાં આવ્યો છે). એનો પુત્ર શ્રુતશ્રવા, તેનો અયુતાયુ, અયુતાયુનો નિરમિત્ર થશે ।।૪૬।।

એનો સુનક્ષત્ર, સુનક્ષત્રનો બૃહસેન, તેનો કર્મજિત્, તેનો સૂતંજય, તેનો વિપ્ર અને એનો શુચિ થશે ।।૪૭।।

શુચિનો ક્ષેમ થશે. તેનો સુવ્રત, સુવ્રતનો ધર્મસૂત્ર અને એનો શમ થશે. એનો દ્યુમસેન, તેનો સુમતિ અને સુમતિનો સુબલ થશે ।।૪૮।।

**સુનીથઃ સત્યજિદથ વિશ્વજિદ્ યદ્ રિપુંજયઃ ।।**
**બાર્હદ્રથાશ્ચ ભૂપાલા ભાવ્યા સાહસ્રવત્સરમ્ ।।૪૯।।**

એનો સુનીથ તેનો સત્યજિત્, તેનાથી વિશ્વજિત્ પુત્ર થશે. એનો રિપુંજય પુત્ર થશે. આ બધા બૃહદ્રથના વંશના (હવે પછીના રાજાઓ થશે તે દ્વાદશસ્કન્ધમાં કહેવામાં આવશે.) રાજાઓ એક હજાર વર્ષ સુધીમાં થશે ।।૪૯।।

**ઈતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (ચન્દ્રવંશ નામના બીજા મહાપ્રકરણના અવાન્તર ઉત્તમ પ્રકરણનો ત્રીજો) ''અજમીઢ રાજાના વંશનું વર્ણન'' નામનો બાવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવાનના નામાત્મક સ્વરૂપ ભાગવત કથાને (કથાની દક્ષિણા, પોથીભેટ વગેરે રીતે) વેચનારને તે વેચાણના બદલામાં મળતાં દાન-દક્ષિણાથી વધુ બીજું કંઈ પણ ફળ આપતું નથી. **(શ્રીમહાપ્રભુજી)**

# અધ્યાય ૨૩

# યયાતિના ત્રણ પુત્રોનો વંશ

**વિશેષ :** અનુ, દ્રુહ્યું અને તુર્વસુ એ યયાતિના પુત્રોનો વંશ ક્રમવડે અહીં કહેવામાં આવે છે. યદુનો વંશ કહેતાં છેલ્લો જ્યામઘ થશે ત્યાં સુધીની વાત આ ત્રેવીસમા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**અનોઃ સભાનરશ્ચક્ષુઃ પરોક્ષશ્ચ સુતાસ્ત્રયઃ ।।**
**સભાનરાત્ કાલનરઃ સૃંજયસ્તત્સુતસ્તતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** યયાતિના પુત્ર અનુને સભાનર, ચક્ષુ અને પરોક્ષ નામના ત્રણ પુત્રો થયા. સભાનરનો કાલાનર અને કાલનરનો સૃંજય પુત્ર થયો ।।૧।।

એ સૃંજયનો જનમેજન થયો, તેનો મહાશીલ, મહાશીલનો મહામના, મહામનાના ઉશીનર અને તિતિક્ષુ એ નામે બે પુત્રો થયા ।।૨।।

ઉશીનરના શિબિ, વન, શમિ અને દક્ષ એ નામના ચાર પુત્રો થયા. શિબિના વૃષાદર્ભ, સુવીર, મદ્ર અને કેક્ય નામના ચાર પુત્રો થયા ।।૩।।

ઉશીનરના ભાઈ તિતિક્ષુનો એક જ રુશદ્રથ થયો. એનો પુત્ર હેમ થયો, તેનો સુતપા થયો અને સુતપાનો પુત્ર બલિ થયો ।।૪।।

એ બલિરાજાની સ્ત્રીમાં દીર્ઘતમા મુનિથી અંગ, બંગ, કલિંગ, સુહ્ય, પુંડ્ર અને આન્ધ્ર નામના રાજાઓ થયા ।।૫।।

એ અંગ આદિ છ રાજાઓએ પૂર્વ તરફ પોતાના નામના છ દેશ વસાવ્યા. એ રાજાઓનાં નામ ઉપરથી એ દેશોનાં નામ પડ્યાં. અંગનો ખનપાન નામનો પુત્ર થયો તેનાથી દિવિરથથયો ।।૬।।

તેનો પુત્ર ધર્મરથ થયો, તેનો ચિત્રરથ થયો તેને પ્રજા ન થઈ. એ જ ચિત્રરથં રોમપાદના નામથી પ્રસિદ્ધ થયો. એ રોમપાદને પ્રજા ન હોવાથી એને એના મિત્ર દશરથ રાજાએ પોતાની શાન્તા નામની કન્યા ગોદ આપી દીધી. એણે શાન્તાને પોતાની પુત્રી તરીકે રાખી. એ શાન્તાને ઋષ્યશૃંગ મુનિ પરણ્યા જે વિભાંડક મુનિથી હરિણીથી ઉત્પન્ન થયા હતા. જ્યારે રોમપાદના દેશમાં ઘણા સમય સુધી વૃષ્ટિ થઈ નહિ ત્યારે ગણિકાઓ પોતાના નૃત્ય, સંગીત, વાદ્ય, હાવ-ભાવ, આલિંગન અને અનેક પ્રકારની ભેટો આપી ઋષ્યશૃંગને મોહિત કરી ત્યાં લઈ આવી. એના આવતાં

જ વર્ષા થઈ ।।૭-૯।।

એણે રાજા પાસે મરુત્ નામના દેવની ઈષ્ટિ કરાવી અને નિઃસન્તાન રાજા રોમપાદને પ્રજા થઈ. તેમજ એના મિત્ર દશરથને પ્રજા નહોતી તે જ્યારે શાન્તા નામની પોતાની કન્યા દશરથે ઋષ્યશૃંગને આપી ત્યારે તેથી પ્રસન્ન થઈ ઋષ્યશૃંગે દશરથને પણ પ્રજામાટે ઈષ્ટિ કરાવી તે ઈષ્ટિના પ્રભાવથી દશરથ રાજા ઉત્તમ પ્રજાવાળા થયા. રોમપાદનો ચતુરંગ નામનો પુત્ર થયો. તેનો પુત્ર પૃથુલાક્ષ થયો ।।૧૦।।

એ પૃથુલાક્ષના બૃહદ્રથ, બૃહત્કમાં અને બૃહદ્ભાનુ એમ ત્રણ પુત્રો થયા, તેમાં પ્રથમ બૃહદ્રથને બૃહન્મના અને બૃહન્મનાનો જયદ્રથ થયો ।।૧૧।।

જયદ્રથને સમ્ભૂતિ નામની સ્ત્રીથી વિજય નામનો પુત્ર થયો, તેનો ધૃતિ થયો, તેનો ધૃતવ્રત થયો, તેનો સત્કર્મા થયો અને સત્કર્માનો અધિરથ થયો ।।૧૨।।

કુન્તીએ કન્યાવસ્થામાં સૂર્યનું આવાહન કર્યું તેથી એણે એને પુત્ર આપ્યો એ પોતે કુમારીકા હોવાથી ઘરમાં પુત્રપાલન કરી શકાય નહિ તેથી પેટીમાં ભરી ગંગામાં એ પુત્ર તરતો મૂકી દીધો. એ વખતે અધિરથ રાજા ગંગાજી ઉપર ફરવા આવેલો. પુત્રની ઈચ્છાવાળો હોવાથી પાણીમાં તરતી આવતી એ પેટીમાં પુત્ર હતો તે એણે લઈ લીધો. એ પુત્ર 'કર્ણ' નામથી પ્રસિદ્ધ થયો. અધિરથ એનો પાલક પિતા થયો ।।૧૩।।

એ કર્ણ રાજાનો પુત્ર વૃષસેન થયો. હવે યયાતિના ત્રીજા પુત્ર દ્રુહ્યુનો વંશ કહેવામાં આવે છે. દ્રુહ્યુંનો બભ્રુ થયો અને એનો સેતુ થયો ।।૧૪।।

સેતુનો આરબ્ધ થયો, તેનો ગાન્ધાર, તેનો ધર્મ, ધર્મનો ધૃત, ધૃતનો દુર્મના, તેનો પ્રચેતા. પ્રચેતાને પ્રાચેતસ નામના સો પુત્ર થયા ।।૧૫।।

તે બધા ઉત્તર દિશામાં મ્લેચ્છોના અધિપતિઓ થયા. (હવે યયાતિના બીજા પુત્ર તુર્વસુનો વંશ કહે છે :) તુર્વસુનો પુત્ર વહ્નિ થયો, તેનો ભર્ગ, ભર્ગનો ભાનુમાન, ભાનુમાનનો ત્રિભાનુ, તેનો ઉદાર બુદ્ધિવાળો કરન્ધમ નામનો પુત્ર થયો. તેનો મરુત થયો. તેને પુત્ર ન હતો. તેથી એણે પુરુવંશના દુષ્યન્ત રાજાને પુત્ર તરીકે સ્વીકાર્યો ।।૧૬-૧૭।।

પરન્તુ દુષ્યન્ત રાજ્યની કામનાથી પુરુના વંશમાં પાછો ગયો. હે નરશ્રેષ્ઠ! હવે હું યયાતિ રાજાના મોટા પુત્ર યદુનો વંશ કહું છું ।।૧૮।।

એ યદુનો મહાપવિત્ર વંશ સાંભળનારના બધાં જ પાપનો નાશ કરે છે. જે મનુષ્ય આ યદુના વંશને સાંભળશે તે બધાં પાપથી મુક્ત થઈ જશે ।।૧૯।।

આ વંશમાં સ્વયં ભગવાન્ પરબ્રહ્મ શ્રીકૃષ્ણે મનુષ્યના જેવા રૂપમાં અવતાર લીધો હતો. યદુને ચાર પુત્રો હતાઃસહસ્રજિત, કોષ્ઠા, નલ અને રિપુ સહસ્રજિતથી શતજિતનો જન્મ થયો. શતજિતના ત્રણ પુત્રો હતાઃ મહાહય, વેણુહય અને હૈહય ।।૨૦-૨૧।।

એમાં હૈહયનો પુત્ર ધર્મ થયો. ધર્મનો નેત્ર થયો. એ કુન્તિનો પિતા હતો. એ કુન્તિનો સોહજિ, તેનો મહિષ્માન્ અને એનો ભદ્રસેન થયો ।।૨૨।।

ભદ્રસેનના બે પુત્રો હતા દુર્મદ અને ધનક. ધનકને ચાર પુત્રો હતા-કૃતવીર્ય, કૃતાગ્નિ, કૃતવમાં અને કૃતૌજા ।।૨૩।।

કૃતવીર્યનો અર્જુન નામનો પુત્ર થયો. એ સાત દ્વીપનો ચક્રવર્તી સમ્રાટ થયો. એણે ભગવદ્ અવતાર દત્તાત્રેય પાસેથી યોગવિદ્યા અને અણિમા લઘિમા વગેરે યોગ-સિદ્ધિઓ મેળવી હતી ।।૨૪।।

એમાં સન્દેહ નથી કે યજ્ઞ, દાન, તપ, યોગ, શાસ્ત્રશ્રવણ, પરાક્રમ અને વિજયમાં કોઈ આ સહસ્રાર્જુનની બરોબરી કરી શકે એવો થશે નહિ ।।૨૫।।

સહસ્રાર્જુન એવો હતો કે એનું પરાક્રમ કદીયે નષ્ટ થયું નહોતું. એના સ્મરણથી ગયેલું દ્રવ્ય પણ પાછું મળે એવો એના નામનો પ્રતાપ હતો. એ દત્ત ભગવાનનો ભક્ત હતો. પરાક્રમમાં એને કોઈ પણ પહોંચી શકે એમ નથી. એવા અર્જુનને પંચાશી હજાર વર્ષ સુધી છ ઇન્દ્રિયોના ભોગ ભોગવ્યા ।।૨૬।।

એને એક હજાર પુત્રો હતા તે બધા પરશુરામ સાથે લડાઈમાં ગયા તેમાંથી પાંચ જીવતા બાકી રહ્યા, બીજા તમામ મરી ગયા. એ બચેલા પાંચ પુત્રો જયધ્વજ, શૂરસેન, વૃષભ, મધુ અને ઊર્જિત હતા ।।૨૭।।

જયધ્વજને તાલજંઘ નામનો પુત્ર થયો. તાલજંઘને સો પુત્રો થયા. તે બધા તાલજંઘ નામના ક્ષત્રિયો કહેવાયા જેને ઔર્વ મુનિના તેજથી સગર રાજાએ મારી નાખ્યા હતા ।।૨૮।।

એ સો પુત્રોમાં વીતિહોત્ર સૌથી મોટો હતો. એનો પુત્ર મધુ થયો. એ મધુના સો પુત્રોમાં વૃષ્ણિ સૌથી મોટો હતો ।।૨૯।।

હે પરીક્ષિત! આ જ મધુ, વૃષ્ણિ અને યદુને કારણે આ વંશ માધવ, વાર્ષ્ણેય

અને યાદવના ત્રણ નામથી પ્રસિદ્ધ થયો. યદુનન્દન કોષ્ટુના પુત્રનું નામ વૃજિનવાન હતું ।।૩૦।।

વૃજિનવાનનો શ્વાહિ થયો. તેનો રુશેકુ, તેનો ચિત્રરથ થયો, તેનો શશબિન્દુ થયો જે મોટો યોગી હતો. એ પણ મોટા ભોગવાળો અને ગુણોવડે મહાન થયો ।।૩૧।।

એ *ચૌદ મહારત્નવાળો અને અજેય થયો અને મહાન યશસ્વી હતો. શશબિન્દુને દશ હજાર સ્ત્રીઓ હતી ।।૩૨।।

**વિશેષ :** માર્કંડેય પુરાણમાં ચૌદ રત્નો આ પ્રમાણે ગણાવ્યાં છે. જે ઉત્તમ હોય તે રત્ન કહેવાય છે : ૧. હાથી. ૨. ઘોડા, ૩. રથ, ૪. સ્ત્રી, ૫. બાણ, ૬. ભંડાર (ખજાનો), ૭. માલા, ૮. વસ્ત્ર, ૯. વૃક્ષ, ૧૦. શક્તિ, ૧૧. પાશ, ૧૨. મણિ, ૧૩. છત્ર, ૧૪. વિમાન.

તે પૈકી એક-એકથી એને લાખ-લાખ પુત્રો થયા તેથી તે દશ હજાર લાખ (એકસો કરોડ-અબજ) પુત્રવાળો હતો. એમાં છ પુત્રો મુખ્ય હતા. જેમાં પૃથુશ્રવાનો પુત્ર ધર્મ થયો ।।૩૩।।

એનો ઉશના થયો, તેણે સો અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. એનો પુત્ર રુચક થયો. એના પાંચ પુત્રોને હું કહું એ સાંભળો ।।૩૪।।

પુરુજિત્, રુકમ, રુકમેષુ, પૃથુ અને જયામઘ એ પાંચ પુત્રો થયા એમાં જયામઘને સન્તાન નહોતું તેથી એ બીજી સ્ત્રી કરવાનો હતો પણ એની પ્રથમ સ્ત્રી શૈબ્યાથી ભય પામીને એણે બીજી સ્ત્રીનું નામ સુદ્ધાં ન લીધું ।।૩૫।।

એક દિવસ શત્રુને જીતીને જયામઘ શત્રુના ઘરની ભોજ્યા નામની એક કન્યાને રથમાં પોતાની સાથે બેસારીને લાવતો હતો ત્યાં શૈબ્યા એને જોતાં ક્રોધે ભરાઈને પોતાના પતિને બોલીઃ ।।૩૬।।

''હે કપટી! આ રથમાં મારી બેઠક ઉપર બેઠેલી સ્ત્રી કોણ છે?'' ત્યારે રાજા બીકથી બોલ્યો કે ''આ તો તારા દીકરાની વહુ છે'' ત્યારે શૌબ્યાએ એ ઉત્તર સાંભળી મન્દ હસતા પાછો પ્રશ્ન કર્યોઃ ।।૩૭।।

''હું વન્ધ્યા છું, મારી બીજી સોક્ય પણ નથી તો પછી મારા દીકરાની વહુ એ કેમ સમ્ભવે?'' ત્યારે જયામઘ બોલ્યો : ''હે રાણી! તમને પુત્ર થશે તેને આ કન્યા ઉપયોગી થશે'' ।।૩૮।।

**શૈબ્યા ગર્ભમધાત્ કાલે કુમારં સુષુવે શુભમ્ ।।**
**સ વિદર્ભ ઈતિ પ્રોક્ત ઉપયેમે સ્નુષાં સતીમ્ ।।૩૯।।**

એમ કહ્યું ત્યારે શૈબ્યા કાંઈ બોલી નહિ. રાજા જયામઘના કથનને વિશ્વેદેવોએ અને પિતૃઓએ અનુમોદન આપ્યું. તેથી સમય ઉપર શૈબ્યાને ગર્ભ રહ્યો અને એણે સુન્દર કુમારને જન્મ આપ્યો. એ વિદર્ભ નામે થયો. રાજાએ એને પેલી કન્યા પરણાવી એટલે એ સતી જયામઘ રાજા અને શૈબ્યાની પુત્રવધૂ થઈ ।।૩૯।।

**ઈતિ શ્રીભાગવત નવમ સ્કન્ધમાં (બીજા ચન્દ્રવંશ પ્રકરણનો દશમો અને અવાન્તર ચોથા નિર્ગુણ પ્રકરણનો પહેલો અધ્યાય) ''યયાતિના ત્રણ પુત્રોનો વંશ'' નામનો ત્રેવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાના શ્રોતા-આયોજકો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
(ફંડફાળા-મૃતકોદ્ધાર-આજીવિકા વગેરે) કોઈ પણ પ્રકારના (લૌકિક-પારલૌકિક સ્વાર્થ-પરાર્થ)હેતુ વિના ભક્તિભાવથી આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો. દક્ષિણા લઈને કથા કરનારના મનોભાવ ગટરના પાણી જેવા ગંધારા જાણી તેનો સંગ છોડવો.

## અધ્યાય ૨૪

## વિદર્ભના વંશનું રામકૃષ્ણાવધિ વર્ણન

**વિશેષ :** વિદર્ભના ત્રણ પુત્રોમાંથી થયેલા અનેક વંશો કહેવાય છે તેમાં છેલ્લે રામ અને કૃષ્ણ ના પ્રાર્દુભાવની વાત આવે છે. આટલી ચોવીસમાં અધ્યાયમાં કથા કહી છે.

**તસ્યાં વિદર્ભોऽજનયત્ પુત્રૌ નામ્ના કુશક્રથૌ ।।**
**તૃતીયં રોમપાદં ચ વિદર્ભકુલનન્દનમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે પરીક્ષિત! એ વિદર્ભને ભોજ્યાથી કુશ, ક્રથ અને રોમપાદ એમ ત્રણ વિદર્ભના કુળને આનન્દ આપનાર કહેવાય છે ।।૧।।

રોમપાદનો બભ્રુ થયો, બભ્રુનો કૃતિ, કૃતિનો ઉશિક, ઉશિકનો ચેદિ થયો. હે રાજન! આ ચેદિના વંશમાં જ દમઘોષ, શિશુપાલ વગેરે રાજાઓ થયા ।।૨।।

વિદર્ભનો બીજો પુત્ર ક્રથ હતો તેનો પુત્ર કુન્તિ થયો, કૃન્તિનો ધૃષ્ટિ થયો તેનો નિવૃત્તિ, નિવૃત્તિનો દશાર્હ અને દશાર્હનો વ્યોમ થયો ।।૩।।

વ્યોમનો પુત્ર જીમૂત થયો. તેનો વિકૃત્તિ, તેનો ભીમરથ, તેનો નવરથ અને

નવરથનો દશરથ થયો ।।૪।।

દશરથનો શકુનિ, તેનો કરમ્ભિ તેનો દેવરાત નામે પુત્ર થયો, તેનો દેવક્ષત્ર, તેનો મધુ, તેનો કુરુવશ અને એનો અનુ થયો ।।૫।।

અનુનો પુરુહોત્ર, તેનો આયુ, તેનો સાત્વત થયો. તેને ૭ પુત્રો થયા ભજમાન, ભજિ, દિવ્ય, વૃષ્ણિ, દેવાવૃધ,અન્ધક,મહાભોજ. ભજમાનને એક સ્ત્રીમાં નિમ્લોચિ, કિંકિણ અને ધૃષ્ટિ નામના ૩ પુત્ર થયા ।।૬-૭।।

હે પ્રભો! બીજી સ્ત્રીથી શતાજિત્, સહસ્રજિત્ અને અયુતાજિત્ નામના ત્રણ પુત્ર થયા ।।૮।।

સાત્વતના દેવાવૃધનો બભ્રુ નામે પુત્ર થયો. એ પિતા-પુત્ર જેનેમાટે લોકો એમ કહેતા હતા કે આપણે દૂર રહી સાંભળીએ તેમજ નજીક રહી જોઈએ તો એવાને એવા. એમ એને લોકદ્વારા જેવા દૂરથી સાંભળેલ તેવા જ લોકોએ પાસે આવીને જોયા ।।૯।।

બભ્રુ મનુષ્યોમાં શ્રેષ્ઠ છે જ્યારે દેવાવૃધ તો દેવની તુલ્ય છે. એ બભ્રુ અને દેવાવૃધને લીધે એના વંશના છ હજાર અને તોત્તેર રાજાઓ મોક્ષને પામ્યા ।।૧૦।।

મહાભોજ પણ અત્યન્ત ધર્માત્મા થયો. એ સાત્વતનો પુત્ર હતો. એના જ વંશના રાજાઓ 'ભોજ' એવા નામથી પ્રસિદ્ધ થયા ।।૧૧।।

હે પરન્તપ! વૃષ્ણિને, સુમિત્ર અને સુધાજિત્‌ના શિનિ અને અનમિત્ર એમ બે પુત્ર થયા. અનમિત્રનો નિમ્ન થયો ।।૧૨।।

એ નિમ્નના સત્રાજિત્ અને પ્રસેન એ નામે બે દીકરા થયો. અનમિત્રની બીજી સ્ત્રીમાં બીજો શિનિ દિકરો થયો. એ શિનિનો સત્યક થયો ।।૧૩।।

એનો યુયુધાન થયો. જે સાત્યકિ નામથી પ્રસિદ્ધ થયો. તેનો જય, જયનો કુણિ, કુણિનો યુગન્ધર થયો. અનમિત્રનો ત્રીજો દીકરો વૃષ્ણિ હતો ।।૧૪।।

વૃષ્ણિના શ્વફલ્ક અને ચિત્રરથ નામના પુત્રો થયા. શ્વફલ્કને ગાન્દિની નામની સ્ત્રીથી અક્રૂર ઉપરાન્ત બીજા બાર પુત્રો થયા. એ બારે પ્રખ્યાત થયા ।।૧૫।।

અક્રૂરના બાર ભાઈ : આસંગ સારમેય મૃદુર મૃદુવિદ્ ગિરિ ધર્મવૃદ્ધ યુકર્મા ક્ષત્રોપેક્ષ અરિમર્દન શત્રુઘ્ન ગન્ધમાદન અને પ્રતિબાહુ નામે હતા. તેમને સુચીરા નામની એક બહેન પણ હતી. અક્રૂરને બે પુત્રો હતા ।।૧૬-૧૭।।

એનાં નામ દેવવાન અને ઉપદેવ હતાં. શ્વફલ્કના ભાઈ ચિત્રરથને પૃથુ, વિદૂરથ

વગેરે ઘણા પુત્રો હતા જે વૃષ્ણિ વંશીઓમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે ।।૧૮।।

સાત્વતના પુત્ર અન્ધકના કુકુર, ભજમાન, શુચિ અને કમ્બલબર્હિ નામના ચાર પુત્રો થયા. તેમાં કુકુરનો પુત્ર વહ્નિ થયો. તેનો વિલોમા, તેનો કપોતરોમા, તેનો અનુ થયો. તુમ્બુરુ ગન્ધર્વની સાથે અનુને ગાઢ મિત્રતા હતી. એ અનુનો અન્ધક થયો, તેનો દુન્દુભિ થયો, તેનો અરિદ્યોત, તેનો પુનર્વસુ થયો ।।૧૯-૨૦।।

એને આહુક પુત્ર થયો અને આહુકી કન્યા થઈ. આહુકના બે પુત્ર દેવક અને ઉગ્રસેન હતા. દેવકને ચાર પુત્રો થયાઃ ।।૨૧।।

દેવવાન, ઉપદેવ, સુદેવ અને દેવવર્ધન. એ ચાર ભાઈને સાત બહેનો પણ હતી, હે રાજન્! તેમાં ધૃતદેવા સૌથી મોટી હતી ।।૨૨।।

એની નાની બહેનો શાન્તિદેવા, ઉપદેવા શ્રીદેવા, દેવરક્ષિતા, સહદેવા અને દેવકી એ સાતે કન્યાઓને વસુદેવજી પરણ્યા ।।૨૩।।

કંસ, સુનામા, ન્યગ્રોધ, કંક, શંકુ, સુહૂ, રાષ્ટ્રપાલ, સૃષ્ટિ અને તૃષ્ટિમાન એ ઉગ્રસેનના નવ પુત્રો થયા ।।૨૪।।

કંસા, કંસવતી, કંકા, શૂરભૂ અનેરાષ્ટ્રપાલિકાએ પાંચ ઉગ્રસેનની કન્યાઓની કન્યાઓ હતી. તે વાસુદેવના નાનાભાઈ દેવભાગ વગેરેની સાથે પરણી હતી ।।૨૫।।

અન્ધકના ચાર પુત્રોમાં પ્રથમ પુત્ર કુકુરનો વંશ કહ્યો, હવે બીજા પુત્ર ભજમાનનો વંશ કહેવાય છે. ભજમાનનો પુત્ર વિદૂરથ થયો. તેનો શૂર થયો, તેનો શિનિ થયો, તેનો સ્વયમ્ભોજ થયો અને સ્વયમ્ભોજનો હ્રદીક નામનો પુત્ર થયો ।।૨૬।।

હૃદીકના દેવબાહુ, શતધનુ અને કૃતવર્મા એમ ત્રણ પુત્ર થયા. દેવમીઢના પુત્ર શૂરને મારિષા નામની સ્ત્રી હતી. તેનાથી શૂરને દશ દીકરા થયા તે બધા પવિત્ર હતા. વસુદેવ દેવભાગ દેવશ્રવસ આનક સૃંજય શ્યામક કંક શમીક વત્સક અને વૃક એ એમનાં નામ હતાં. જ્યારે વસુદેવજીનો જન્મ થયો ત્યારે દેવનાં આનક અને દુન્દુભિ આપમેળે વાગ્યાં હતાં ।।૨૭-૨૯।।

તેનાથી વસુદેવજીનું 'આનક-દુન્દુભિ' નામ પણ પડ્યું. વસુદેવજીને ત્યાં ભગવાન્ પુત્રરૂપે પધારવાના હતા તેથી જ વસુદેવજીના જન્મકાળે નગારાં વાગ્યાં હતાં. પૃથા, શ્રુતદેવા, શ્રુતકીર્તિ, શ્રુતશ્રવા અને રાજાધિદેવી એ પાંચ વસુદેવજીની બહેનો અને શૂરની પુત્રીઓ હતી. શૂરસેને પોતાની પુત્રી પૃથાને એનો મિત્ર

કુન્તિભોજ જે અપુત્ર હતો તેને પુત્રી તરીકે આપી હતી ।।૩૦-૩૧।।

જ્યારે પૃથા કુંવારી હતી ત્યારે એના પિતાને ત્યાં દુર્વાસા મુનિ આવેલા. પૃથાએ એને સેવાથી પ્રસન્ન કર્યા ત્યારે દુર્વાસાએ દેવને બોલાવી આપનારી વિદ્યા પૃથાને શીખવી. એ વિદ્યાનું પારખું કરવાની ઇચ્છાથી પૃથાએ પરમ પવિત્ર ભગવાન્ સૂર્યનું આવાહન કર્યું ।।૩૨।।

ત્યારે ભગવાન્ સૂર્ય તત્કાળ ત્યાં આવીને ઉભા રહ્યા. એને જોઈને પૃથાના મનમાં ખૂબ આશ્ચર્ય થયું : ''હે દેવ! મેં તો માત્ર મન્ત્ર ખરો છે કે કેમ એ જાણવાની ઇચ્છાથી આપને બોલાવ્યા. મેં એ જોઈ લીધું. હવે આપ સ્વસ્થાનમાં પધારો. વગર કામે મેં આપને બોલાવ્યા એ માટે મને ક્ષમા કરો ।।૩૩।।

જ્યારે આમ પૃથાએ સૂર્યને કહ્યું ત્યારે સૂર્ય બોલ્યા : ''હે દેવી! મારું આવવું વ્યર્થ ન હોય; તેથી હું તારામાં ગર્ભ ધારણ કરી તને પુત્ર આપીને જઈશ. હે સુમધ્યમે! હું તારામાં ગર્ભ એવી રીતે ધારણ કરીશ કે તારી યોનિને કોઈ પ્રકારનો દોષ લાગશે નહિ તારા કન્યાપણાનો વિઘાત નહિ થાય'' ।।૩૪।।

એમ કહી એનામાં ગર્ભ રાખી સૂર્ય સ્વર્ગમાં ગયા. તુરત જ બીજા સૂર્ય જેવો કુમાર પેદા થયો ।।૩૫।।

લોકનિન્દાના ભયથી પૃથાએ એ કુમારને ગંગાનદીના જળમાં દુઃખી મનથી છોડી દીધો. એ પૃથાને તમારા પ્રપિતામહ સત્ય પરાક્રમવાળા પાણ્ડુરાજા પરણ્યા ।।૩૬।।

કરુષ દેશનો અધિપતિ વૃદ્ધશર્મા પૃથાની નાની બહેન શ્રુતદેવાને પરણ્યો, જેને એનાથી દંતવક્ત્ર થયો. સનકાદિના શાપથી દન્તવક્ત્રરૂપે વિજયનો આ ત્રીજો જન્મ થયો ।।૩૭।।

કેક્ય દેશનો રાજા ધૃષ્ટકેતુ શ્રુતકીર્તિને પરણ્યો તેનાથી એને સન્તર્દન વગેરે પાંચ પુત્રો થયા તે 'કૈક્ય' કહેવાયા ।।૩૮।।

અવન્તીના જયસેને રાજાધિદેવીથી વિન્દ અને અનુવિન્દ ઉત્પન્ન કર્યા. ચેદિ દેશનો રાજા દમઘોષ શ્રુતશ્રવા નામની શૂરની કન્યાને પરણ્યો ।।૩૯।।

તેનો શિશુપાલ થયો. એના જન્મની વાત પ્રથમ (સાતમા સ્કન્ધમાં) કહેવામાં આવી છે. એ પ્રમાણે વસુદેવની બહેનોનો વંશ કહેવાયો, હવે વસુદેવના ભાઈ દેવભાગનો વંશ આવે છે. દેવભાગને કંસા નામની સ્ત્રી હતી તેનાથી એને ચિત્રકેતુ અને બૃહદબલ થયા ।।૪૦।।

દેવશ્રવાને કંસવતીથી સુવીર અને ઈષુમાન બે પુત્રો થયા. કંકાથી આનકને સત્યજિત્ અને પુરુજિત્ બે પુત્રો થયા ।।૪૧।।

સંજયે પોતાની રાષ્ટ્રપાલી નામની પત્નીથી વૃષ અને દુર્મર્ષણ આદિ કંઈક પુત્રો ઉત્પન્ન કર્યા. શ્યામકે શૂરભૂમિમાં હરિકેશ અને હિરણ્યાક્ષ નામના બે પુત્રો ઉત્પન્ન કર્યા ।।૪૨।।

વત્સકે મિશ્રકેશી અપ્સરાથી વૃક વગેરે કેટલાય પુત્રો ઉત્પન્ન કર્યા. વૃકે દુર્વાક્ષીથી તક્ષ, પુષ્કર અને શાલ વગેરે પુત્રો ઉત્પન્ન કર્યા ।।૪૩।।

શમીકે સુદામિની નામની સ્ત્રીથી સુમિત્ર, અર્જુનપાલ વગેરે પુત્રોને ઉત્પન્ન કર્યા. કંકે કર્ણિકાથી ઋતધામ અને જય એ બે પુત્રોને ઉત્પન્ન કર્યા ।।૪૪।।

પૌરવી, રોહિણી, ભદ્રા, મદિરા, રોચના, ઈલા, દેવકી વગેરે વસુદેવની ઘણી સ્ત્રીઓ હતી તેમાં દેવકીજી મુખ્ય હતાં ।।૪૫।।

વસુદેવને રોહિણીજીથી બલરામ, ગદ, સારણ, દુર્મદ, વિપુલ, ધ્રુવ, કૃત વગેરે પુત્રો થયા ।।૪૬।।

વસુદેવને પૌરવીથી ભૂત, સુભદ્ર, ભદ્રવાહ, દુર્મદ, ભદ્ર વગેરે બાર પુત્રો થયા ।।૪૭।।

નન્દ, ઉપનન્દ, કૃતક, શૂર વગેરે મદિરાના પુત્રો થયા. કૌસલ્યાએ એક જ વંશ-ઉજાગર પુત્ર ઉત્પન્ન કર્યો હતો. એનું નામ કેશી હતું ।।૪૮।।

રોચનામાં હસ્ત, હેમાંગદ વગેરે પુત્રો થયા. ઈલામાં ઉરુવલ્ક આદિ થયા જે યાદવોમાં શ્રેષ્ઠ હતા ।।૪૯।।

ધૃતદેવાથી વસુદેવજીને વિપૃષ્ટ નામનો એક પુત્ર થયો. હે રાજન્! શાન્તિદેવાના શ્રમ, પ્રતિશ્રુત વગેરે અનેક પુત્રો થયા ।।૫૦।।

કલ્પવર્ષ વગેરે દશ રાજા ઉપદેવાના પુત્રો થયા અને શ્રીદેવાથી વસુ, હંસ, સુવંશ વગેરે છ પુત્રો થયા ।।૫૧।।

દેવરક્ષિતાથી ગદ વગેરે નવ પુત્ર થયા. સહદેવામાં વસુદેવે આઠ પુત્રોનું આધાન કર્યું તેમાં પુરુવિશ્રુત મુખ્ય છે. જેમ સાક્ષાત્ ધર્મ આઠ વસુને પેદા કરે તેમ વસુદેવે આઠ પુત્ર સહદેવાથી ઉત્પન્ન કર્યા. વસુદેવે દેવકીમાં આઠ પુત્રોને જન્મ આપ્યો ।।૫૨-૫૩।।

કીર્તિમાન, સુષેણ, ઉદાર બુદ્ધિવાળા ભદ્રસેન, ઋજુ, સમ્મર્દન, ભદ્ર, સંકર્ષણ

જે સાક્ષાત્ શેષ રૂપ છે ।।૫૪।।

તેમાં આઠમા સાક્ષાત્ હરિ પોતે છે. વસુદેવને દેવકીથી સુભદ્રા નામની કન્યા થઈ તે તમારા પિતાની માતા અને અર્જુનની સ્ત્રી અને મોટા ભાગ્યવાળી શ્રીકૃષ્ણની બહેન થઈ ।।૫૫।।

જ્યારે-જ્યારે પૃથ્વી ઉપર ધર્મનો નાશ અને પાપનો વધારો થાય ત્યારે-ત્યારે ભગવાન્ હરિ પોતાના આત્માને ઉત્પન્ન કરે છે. હે મહીપતે! આ ભગવાનને પોતાની માયા સિવાય અહીં આવવાનું કે કાંઈ કર્મ કરવાનું કારણ નથી કેમકે એ સર્વથી પર, સર્વના દ્રષ્ટા અને સર્વના આત્મા છે. એની માયાની ચેષ્ટા એ જ પુરુષનાં જન્મ, સ્થિતિ અને લયનું કારણ થાય છે; એનો અનુગ્રહ જ જન્માદિની નિવૃત્તિનું અને આત્મશ્રેયનું કારણ છે ।।૫૬-૫૮।।

રાજાનાં ચિહ્ન ધારણ કરી અસુરો અક્ષૌહિણીના પતિઓ થઈને પૃથ્વીઉપર ભાર કરતા હતા તેનો ભાર ઉતારવામાટે ભગવાનનું પૃથ્વીઉપર આવવુંથયું ।।૫૯।।

મધુદૈત્યને મારનાર ભગવાન્ શ્રીકૃષ્ણે દેવના દેવથી પણ ન થઈ શકે તેવાં અસંખ્ય કર્મ સંકર્ષણની સાથે કર્યા ।।૬૦।।

કલિયુગમાં થનાર લોકોનાં દુઃખને મટાડવામાટે એમણે ભક્તો ઉપર અનુગ્રહ કર્યો અને એમ કરી પવિત્ર, શોક દુઃખ અને અજ્ઞાન દૂર કરે તેવા પોતાના યશને એમણે પૃથ્વી ઉપર વિસ્તાર્યો, જે ગાવાથી કલિના જીવો કૃતાર્થ થશે ।।૬૧।।

એ યશ સત્પુરુષોના કાનને અમૃતરૂપ છે. એ યશરૂપ તીર્થમાં જો એક વખત કાન રૂપી અંજલિથી આચમન કર્યું તો ભલેને સત્પુરુષોથી ગવાયેલો એ યશ કાનથી થોડોક સાંભળવામાં આવે તો પણ એનાથી કર્મની બધી વાસનાઓ છૂટી જાય છે ।।૬૨।।

ભોજ વૃષ્ણિ અન્ધક મધુ શૂરસેન દશાર્હ કુરુ સંજય અને પાંડવો જેના વખાણ કરે તેવી એ ભગવાનની લીલા છે ।।૬૩।।

સ્નેહયુક્ત સ્મિતવાળા અવલોકનવડે, ઉદાર વાક્યોવડે, પરાક્રમથી ભરેલી લીલાઓવડે અને સર્વાંગસુન્દર સ્વરૂપવડે ભગવાન્ મનુષ્ય લોકને રમાડવા લાગ્યા ।।૬૪।।

ભગવાનનું શ્રીમુખ મકરાકૃત કુંડળોથી તથા સુન્દર નાકથી શોભતું હતું. એ કપોલથી સુન્દર દેખાતું હતું, વિલાસથી ભરેલું એમનું હાસ્ય હતું અને નિત્ય ઉત્સવવાળું એ હતું તેને જોઈને સ્ત્રી-પુરુષો આનન્દિત થાય છે એમના દર્શનથી

તૃપ્ત થાય છે એટલું જ નહિ પણ ભગવાનના દર્શનમાં નિમેષ માત્ર અન્તરાયરૂપ થવાથી દર્શન કરનાર સ્ત્રી-પુરુષો ગુસ્સે થાય છે ।।૬૫।।

ભગવાન્ પોતે સ્વસ્વરૂપે પ્રગટ્યા, પિતાના ઘરમાંથી વ્રજમાં ગયા ત્યાં એમણે વ્રજવાસીઓની સમૃદ્ધિ વધારી જેટલા દૈત્યો શત્રુપણે આવ્યા તેઓને માર્યા પછી એ ત્યાંથી મથુરા પધાર્યા અને હજારો સ્ત્રીઓ પરણ્યા તેમાં ઘણા પુત્ર ઉત્પન્ન કર્યા. પોતાની આજ્ઞારૂપ વેદને લોકમાં પ્રસિદ્ધ કરતા ભગવાને યજ્ઞોવડે પોતાના સ્વરૂપનું જ પોતે યજન કર્યું ।।૬૬।।

**પૃથ્વ્યાઃ સ વૈ ગુરુભરં ક્ષપયન્ કુરૂણામન્તઃસમુત્થકલિના યુધિ ભૂપચમ્વઃ ।।**
**દૃષ્ટ્યા વિધૂય વિજયે જયમુદ્વિઘોષ્ય પ્રોચ્યોદ્ધવાય ચ પરં સમગાત્ સ્વધામ ।।૬૭।।**

કૌરવમાં પરસ્પર દ્વેષ કરાવ્યો. કલેશને નિમિત્ત કરીને પૃથ્વીનો મોટો ભાર દૂર કર્યો. યુદ્ધમાં રાજાઓની સેનાઓને કેવળ દૃષ્ટિવડે નિઃસત્ત્વ બનાવી દીધી અને અર્જુનની જીવ બોલાવી, ઉદ્ધવજીને પરમતત્ત્વનો ઉપદેશ આપ્યો, સ્વસ્વરૂપે શ્રીકૃષ્ણ સ્વધામમાં પદાર્યા. સંક્ષેપમાં શ્રીકૃષ્ણ કેવી રીતે પધાર્યા એનું આ પવિત્ર ચરિત્ર કહી બતાવ્યું ।।૬૭।।

**ઇતિ શ્રીભાગવત નવમસ્કન્ધમાં (બીજા ચન્દ્રવંશ પ્રકરણનો અગિયારમો અને અવાન્તર નિર્ગુણ પ્રકરણનો બીજો) ''વિદર્ભના વંશનું રામકૃષ્ણાવધિ વર્ણન'' નામનો ચોવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# નવમસ્કન્ધ સમ્પૂર્ણ

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્। વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ।।**

**''પ્રાણ કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો'' —શ્રીવલ્લભાચાર્ય.**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ માણસને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

# દશમસ્કન્ધ પૂર્વાર્ધ

## નિરોધલીલા(હૃદય)

### પ્રથમ જન્મપ્રકરણ

### અધ્યાય ૧

### શ્રીકૃષ્ણના પ્રાકટ્યનું કારણ

**વિશેષ :** ચોવીશ અધ્યાયથી અત્યન્ત દુર્લભ એવી ભક્તિ કહી. આ દશમસ્કન્ધના ત્રણ ક્ષેપક અધ્યાય બાદ કરતાં ૮૭ અધ્યાય છે. ત્રણ ક્ષેપકને જો ગણીએ તો નેવું અધ્યાય થાય. આ દશમ સ્કન્ધનો અર્થ નિરોધ થાય કે આશ્રય થાય એ વિષયમાં કેટલાકને મોટો સંદેહ છે. એ નિવૃત્ત કરવામાટે દશમાર્થ વગેરેનો અહીં વિચાર થાય છે. દ્વિતીય સ્કન્ધમાં નવ લક્ષણથી લક્ષ્ય આશ્રય છે એમ કહ્યું છે તેથી આ સ્કન્ધનો આશ્રયરૂપ અર્થ થવો જોઈએ. પણ જ્યારે તૃતીયસ્કન્ધથી સર્ગાદિના ક્રમનો વિચાર કરીએ તો આ આઠમી લીલા એટલે નિરોધલીલારૂપ સ્કન્ધાર્થ થાય એ સન્દેહ છે. કોઈ એમ કહે કે શબ્દ ક્રમથી અર્થક્રમ બળવાન છે એ ન્યાયથી લીલાનો ક્રમ અહીં નહિ લેતાં આશ્રય જ લેવો જોઈએ, કેમકે અહીં શ્રવણ કર્તવ્ય છે તે તો આશ્રયાર્થ લેવાથી સિદ્ધ થાય છે. એના ઉત્તરમાં કહેવાનું કે સાપેક્ષ રૂપનું પહેલેથી નિરૂપણ કરાય નહિ. આશ્રય તો નવલક્ષણસાપેક્ષ છે તેથી એને પહેલાંથી કહી દો તો આગળ મુક્તિ વગેરે બે લીલાઓની જરૂર નહિ રહે, એટલું જ નહિ, પણ પૂર્વસ્કન્ધ કારણ અને ઉત્તર સ્કન્ધ એનું કાર્ય એમ ચાલ્યો આવતો કાર્યકારણભાવ નષ્ટ થશે. અને કૃષ્ણરૂપ અર્થને લઈને તમે આ સ્કન્ધને આશ્રય માનશો તો શ્રીકૃષ્ણનું વર્ણન તો એકાદશસ્કન્ધમાં પણ છે તેથી તે તમારું લક્ષણ અતિવ્યાપ્ત થશે. સ્કન્ધાર્થ 'નિરોધ' માનો તો કાર્યકારણક્રમનો નિર્વાહ થશે અને અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ નહિ આવે. હવે કેટલાક વાદીઓ દશમાર્થ 'નિરોધ' છે એમ તો સ્વીકારે છે, પણ એ પ્રલયરૂપ નિરોધ માને છે. અને કહે છે કે અહીં પૃથ્વીનો ભાર ઉતારવા દુષ્ટ રાજાઓને મારવારૂપ પ્રલય, 'નિરોધ'શબ્દથી કહેવાનો નથી, કેમકે એમ માનીએ તો જન્મ પ્રકરણ અને ગુણ પ્રકરણ માં દુષ્ટ શાસનનું વર્ણન નથી તેમાં લક્ષણની અવ્યાપ્તિ થાય અને એકાદશમાં એની અતિવ્યાપ્તિ થાય. આશ્રયલીલા એક અગિયારમી લીલા થઈ જાય, માટે એમ

માનવું વાજબી નથી. વળી પૃથાએ સ્તુતિમાં **"તથા પરમહંસાનાં"** ઈત્યાદિથી જે ભગવાનને પધારવાનું કારણ બતાવ્યું છે તે વાક્યનો વિરોધ આવે, કાર્યકારણભાવનો પણ વિરોધ આવે, તેથી પ્રલયરૂપ નિરોધ અહીં મન્તવ્ય નથી, પણ દ્વિતીય સ્કન્ધમાં **"નિરોધોસ્યાનુશયનમ્"** એમાં શક્તિઓના શયન પછી જે ભગવાનનું અનુશયન તે જ 'નિરોધ', આ દશમસ્કન્ધનો અર્થ છે એમ માનવું ઉચિત અને સપ્રમાણ છે. નિરોધનો યૌગિક અર્થ જ અહીં ભક્તોએ સ્વીકાર્યો છે. પૂર્વે જે ભક્તો બતાવ્યા છે તેનો નિરોધ કર્તવ્ય છે એ ભક્તોનો કરણગ્રામ (ઇન્દ્રિયો) કૃષ્ણમાં રોકાય ત્યારે એ મુક્ત થાય. ભક્તિને શોધવામાટે એનો પ્રપંચ નિવૃત્ત કરાવવો છે. જ્યારે પ્રપંચવિસ્મૃતિ થાય ત્યારે કૃષ્ણાસક્તિ થાય, તે નિરોધથી જ એમ થઈ શકે. આ બધી વાત **"શય્યાસનાટનાલાપ"** એ શ્લોકમાં સ્ફુટ બતાવી છે. તેથી જ કૃષ્ણે નટની જેમ રૂપાન્તરનો સ્વીકાર કરી સ્વીય ત્રિવિધ ભક્તનો પ્રપંચથી ઉદ્ધાર કર્યો છે. અહીં 'જન્મ' શબ્દથી ક્રીડાયુક્ત હરિની સમુદાયશક્તિથી લીલા કહેવાની છે, તેથી જન્મપ્રકરણમાં લક્ષણ અવ્યાપ્ત નથી થતું. અહીં સ્કન્ધાર્થનો વિચાર પૂરો કરી હવે પ્રકરણાર્થ કહેવાનો આરમ્ભ કરે છે.

આ દશમસ્કન્ધમાં જન્મ, તામસ, રાજસ, સાત્વિક અને ગુણ એ નામનાં પાંચ પ્રકરણ કહેવાય છે, તેમાં જન્મ પ્રકરણ ચાર અધ્યાયથી કહેવાય છે, તામસ પ્રકરણ અઠ્ઠાવીસ અધ્યાયથી, રાજસ પણ એટલા જ (અઠ્ઠાવીસ) અધ્યાયથી અને ૨૧ અધ્યાયથી સાત્વિક પ્રકરણ કહે છે, કેમકે સાત્વિકોને પ્રમાણની અપેક્ષા હોતી નથી, તેથી એમાં પ્રમાણના સાત અધ્યાય ઓછા છે, ગુણપ્રકરણના છ અધ્યાય છે, એટલે દશમસ્કન્ધના ૮૭ અધ્યાય છે. જન્મ-પ્રકરણમાં ચાર અધ્યાય છે તેમાં ચતુર્મૂર્તિ ભગવાન્નો જન્મ કહ્યો છે.

પ્રથમ અધ્યાયમાં વસુદેવજીના હૃદયમાં વાસુદેવ પ્રકટ થયા અને દેવકીજીનો કંસથી બચાવ કર્યો. કાળથી ભગવાન્ સિવાય કોઈ બચાવી ન શકે. બીજા અધ્યાયમાં દૈત્યનો વધ કરવા સંકર્ષણ પધાર્યા. તૃતીય અધ્યાયમાં દેવકીજીમાં પ્રદ્યુમ્નજી (વ્યૂહરૂપ) પધાર્યા. અને ચોથામાં ચતુર્થ અનિરુદ્ધનું પ્રાકટ્ય છે તે ધર્મની રક્ષા કરનાર છે. ભગવાન્ કોઈથી બંધાતા નથી, પણ એ સર્વને મુક્તિ આપે છે. વસુદેવથી ધ્યાનદ્વારા દેવકીમાં ત્યાં મથુરામાં પ્રાકટ્ય અને ત્યાંથી શ્રીગોકુલ પધાર્યા એમ પ્રથમ ચાર અધ્યાયથી ચતુર્મૂર્તિનું પ્રાકટ્ય છે એમાં અવાન્તર પ્રકરણ બે છે. રૂપાન્તરનો સ્વીકાર ત્રીજા અધ્યાયમાં અને નટભાવનો સ્વીકાર ચોથા અધ્યાયમાં છે. ભક્તનું દુઃખ ભગવત્પ્રાકટ્યમાં હેતુ છે એ પ્રથમાધ્યાયાર્થ છે. ભૂમિ, માતા તથા ભગવાન્ના બીજા પ્રિય ભક્તોને કંસાદિથી, કાલાદિથી અને (અનુસન્ધાન પૃષ્ઠ સંખ્યા ૪....... ☛)

## ૧. જન્મપ્રકરણ અ. ૪

| | | | | |
|---|---|---|---|---|
| વ્યૂહપ્રાકટ્ય | -વાસુદેવ | સંકર્ષણ | પ્રદ્યુમ્ન | અનિરુદ્ધ |
| વિષય : | હેતુતા | ઉદ્યમ | રૂપાન્તરસ્વીકાર | માયાથીનાટ્ય |
| | અ.૧ | અ.૨ | અ.૩ | અ.૪ |

## ૨. તામસ પ્રકરણ અ. ૨૮

| | | | | |
|---|---|---|---|---|
| પ્રમાણ અ.૭ | પ્રક્ષિપ્તઅ.૩ | પ્રમેયઅ.૭ | સાધનઅ.૭ | ફળઅ.૭ |
| અ.૫-૧૧ | અ.૧૨-૧૪ | અ.૧૫-૨૧ | અ.૨૨-૨૮ | અ.૨૯-૩૫ |
| અ.૬ધર્મ+અ.૧ધર્મી | શ્રીવલ્લભમતાનુસારી | અ.૬ધર્મ+અ.૧ધર્મી | અ.૬ધર્મ+અ.૧ધર્મી | અ.૬ધર્મ+અ.૧ધર્મી |

## ૩. રાજસ પ્રકરણ અ. ૨૮

| | | | |
|---|---|---|---|
| પ્રમાણ અ.૭ | પ્રમેય અ.૭ | સાધન અ.૭ | ફળ અ.૭ |
| અ.૬ધર્મ+અ.૧ધર્મી | અ.૬ધર્મ+અ.૧ધર્મી | અ.૬ધર્મ+અ.૧ધર્મી | અ.૬ધર્મ+અ.૧ધર્મી |
| અ.૩૬-૪૨ | અ.૪૩-૪૯ | અ.૫૦-૫૬ | અ.૫૭-૬૩ |

## ૪. સાત્વિક પ્રકરણ અ. ૨૧

| | | |
|---|---|---|
| પ્રમેય અ. ૭ | સાધન અ. ૭ | ફળ અ. ૭ |
| અ.૬ધર્મ+અ.૧ધર્મી | અ.૬ધર્મ+અ.૧ધર્મી | અ.૬ધર્મ+અ.૧ધર્મી |
| અ.૪૬-૭૦ | અ.૭૧-૭૭ | અ.૭૮-૮૪ |

**વિશેષ :** ૧. સાત્વિક પ્રકરણમાં પ્રમાણ પ્રકરણ નથી. કારણ કે સાત્ત્વિકોને પ્રમાણજ્ઞાન સ્વાભાવિક જ હોય છે. આથી સાત્ત્વિકોનો નિરોધ પ્રમેય, સાધન અને ફળ દ્વારા થયો છે તેથી સાત્ત્વિક પ્રકરણના ૨૧ અધ્યાય છે.

૨. તામસ, રાજસ અને સાત્ત્વિક એ ત્રણેય પ્રકરણના પેટા પ્રમાણ પ્રમેય આદિ પ્રકરણોના સાત-સાત અધ્યાયો છે. તેમાંના પ્રથમના ૬ અધ્યાયો ૧. ઐશ્વર્ય ૨. વીર્ય ૩.યશ ૪. શ્રી ૫. જ્ઞાન ૬. વૈરાગ્ય એ ભગવદ્ધર્મના અધ્યાયો છે અને દરેકમાં સાતમો અધ્યાય ધર્મીરૂપે સ્વયં ભગવાનનો છે.

### ૫. શ્રીકૃષ્ણનું સ્વરૂપદ્યોતક ગુણ પ્રકરણ અ. ૬

| ઐશ્વર્ય | વીર્ય | યશ | શ્રી | જ્ઞાન | વૈરાગ્ય |
|---|---|---|---|---|---|
| અ.૮૫ | અ.૮૬ | અ.૮૭ | અ.૮૮ | અ.૮૯ | અ.૮૯ |

**વિશેષ :** આ છેલ્લા પાંચમા પ્રકરણમાં ધર્મી પોતે જ ભગવાન્ હોવાથી તેમના છ ધર્મોરૂપ સ્વયં શ્રીકૃષ્ણ પરાત્પર છે તેમ દર્શાવવા છ અધ્યાયો છે. આમ ૯૦ માંથી ૧૨-૧૩-૧૪ એ ત્રણ અધ્યાયો બાદ કરતાં દશમસ્કન્ધના ૮૭ અધ્યાય પૂર્ણ થાય છે.

**(પૃષ્ઠ ૨થી ચાલુ)**

અજ્ઞાનથી એમ ત્રણ પ્રકારે દુઃખ થયું છે તે ભગવાન્ વિના કોઈથી નિવૃત્ત થાય એમ ન હોવાથી ભગવાન્ના અવતારમાં એ દુઃખ હેતુરૂપ છે.

હવે તામસ ભક્તોનો નિરોધ કરવામાટે ૨૮ અધ્યાયથી તામસ પ્રકરણ કહે છે. તેમાં પ્રમાણ, પ્રમેય સાધન અને ફલ એ નામનાં ચાર અવાન્તર પ્રકરણ છે. એ દરેક પ્રકરણ સાત-સાત અધ્યાયથી કહે છે. છ ધર્મ અને એક ધર્મી મળીને સાત થાય એ સાત અધ્યાયના અર્થ છે. અહીં વ્યૂહાદિની લીલા નથી, કેવળ પુરુષોત્તમની લીલા છે એ બતાવવામાટે સાત અધ્યાયથી ધર્મવિશિષ્ટ ધર્મી અધ્યાયાર્થરૂપે કહેવામાં આવે છે. એમાં પહેલા સાત અધ્યાય પ્રમાણના છે, કેમકે ભગવચ્ચરિત્રમાં પ્રમાણની અપેક્ષા તામસ ભક્તોને ઈષ્ટ છે. એમાં પણ પુરુષ ભક્તોને પ્રમાણનિષ્ઠા છે જ્યારે સ્ત્રીઓને પ્રમેયમાં નિષ્ઠા છે, તેથી બીજા સાત અધ્યાયથી પ્રમેયલીલા

કહી છે. સાધન પ્રક્રિયા પણ સાત અધ્યાયથી કહી છે તેનું ફલ સ્ત્રીઓમાં પ્રતિષ્ઠિત છે. તેથી ફલ પ્રકરણ સાત અધ્યાયથી કહ્યું છે. ભગવાન્ અન્યત્ર પધારે ત્યારે ઉત્સવ ત્યાં થાય એમ બતાવવામાટે પ્રથમ અધ્યાયમાં ઉત્સવ કહ્યો છે એમાં પ્રથમ ભગવાન્‌નો ઐશ્વર્યભાવ કહ્યો છે, બીજા અધ્યાયમાં પૂતનામારણથી ભગવાનનું વીર્ય બતાવ્યું છે. શકટભંજનથી યશ કહ્યો. શકટ તામસ, તૃણાવર્ત રાજસ, અને પુત્રભાવથી લાલન એ સાત્વિક છે. નામલીલામાં શ્રી છે, બંધન લીલામાં જ્ઞાન, અને યમલાર્જુનમુક્તિમાં વૈરાગ્ય. છેલ્લો અધ્યાય ધર્મિવર્ણન પર છે. આમ સાત અધ્યાયના અર્થ દરેક અવાન્તર પ્રકરણના સમજવા. પ્રથમથી ભગવન્માર્ગમાં બાધક ઘણાં છે; દ્વિતીયમાં એમાંથી મુક્ત ભગવાન્ જ કરી શકે; ભગવાન્ સર્વ અર્થ સિદ્ધ કરનાર છે એ ત્રીજાથી કહ્યું; ચોથામાં ભક્તિને આપનાર ભગવાન્ છે એ કહ્યું; પાંચમાંથી ભગવાન્‌ની ભક્તવશ્યતા બતાવી; ભગવાને સર્વનો ઉદ્ધાર કરવાનો યત્ન કર્યો તે જ સર્વદોષને દૂર કરનાર છે એ વાત છઠ્ઠા અધ્યાયથી કહી; અને સાતમામાં ધર્મી પરમાનન્દ આપનાર છે એમ કહ્યું. ત્યાં આ પ્રમાણ પ્રકરણ પૂરું થયું. પ્રમાણબળના આશ્રયથી ગોકુલસ્થ ભક્તોને ભગવાન્‌માં આસક્તિ અને પ્રપંચવિસ્મૃતિ થઈ એ વાત કહી ભગવાન્‌માં અજ્ઞાન અને નંદસૂનુરૂપ અન્યથાજ્ઞાન થવાથી તે-તે લીલાના કર્તાપણાનો ભગવાન્‌માં આરોપ કર્યો છે, તેથી ઉત્સવાધ્યાયથી લઈને કૃષ્ણમાં સ્નેહ કરાવનાર સાત અધ્યાયથી પ્રમાણલીલા કહી. હવે પ્રમેયથી કૃષ્ણાસક્તિની વાત કહે છે. પહેલામાં સ્નેહ કહ્યો, હવે આ પ્રકરણમાં આસક્તિ કહે છે. આગામી પ્રકરણમાં વ્યસન આવશે, તે પછી ફલ, એમ ચાર પ્રકારે નિરોધ સિદ્ધ થશે. ભગવાન્‌ના રૂપના સૌન્દર્યમાં ભક્તની આસક્તિ કાલિયમર્દનરૂપ ક્રિયાવડે અને **''કૃષ્ણ હૃદાદ્ વિનિષ્ક્રાન્તં''** ઈત્યાદિ છ શ્લોકથી અભીષ્ટ દાનવડે બતાવી છે; એમ સ્ત્રીઓ, બાળકો અને ગાયોની ભગવાન્‌માં દઢાસક્તિ ત્રણ અધ્યાયથી કહી. રૂપનો અનુભવ સ્ત્રીઓ કરી શકે તેથી પ્રથમમાં ગોપીઓનાં મન **''પીત્વા મુકુન્દ''** એ શ્લોકથી ભગવાન્‌માં હોવાનું કહ્યું અને છેલ્લા વેણુગીતના અધ્યાયમાં એના નયનનો વિનિયોગ ભગવાન્‌માં કહ્યો તે પણ ભગવાને કરાવ્યો ત્યારે થયો. હવે પછી શારીર અનુભવ ભગવાન્ ફલ પ્રકરણમાં કરાવશે. બળદેવજીમાં આવેશ બતાવવામાટે ભગવાને ભગવદીયોના ધર્મો કહ્યા અને બળદેવજીની સ્તુતિ પણ કરી પોતાના ધર્મો એમાં બતાવ્યા અને લોકને પ્રતીતિ થાય માટે ધેનુકનો વધ પણ એના હાથથી કરાવ્યો. ભક્તોની આસક્તિની પરીક્ષા કાલિયના પ્રસંગથી કરી. કેવળ સ્નેહથી આટલું ભગવાન્‌માં એમને હેત નથી, પણ ભગવાને એને અનેક પ્રસંગે જીવદાન કર્યું છે તેથી પણ સ્નેહાધિક્ય છે એમ બતાવવામાટે દાવાનલથી એઓને છોડાવ્યાનો પ્રસંગ કહ્યો. જીવનદાતામાં આસક્તિ થવી યોગ્ય

છે. પંદરમાં અધ્યાયમાં પ્રલમ્બનો વધ કહ્યો. વર્ષા, શરદ વગેરેના વર્ણનથી કાલાદિકૃત દુઃખોનો અભાવ કહ્યો. આ પ્રકરણમાં પણ ઐશ્વર્ય, વીર્ય, વગેરે અધ્યાયાર્થક્રમ તો પ્રથમ પ્રકરણવત્ સમજી લેવો. ધર્મિરૂપવડે વેણુનાદ કરી એ આસક્તિને દઢ કરી. એમ સાત અધ્યાયથી તામસ પ્રકરણનું બીજું અવાન્તર પ્રમેય પ્રકરણ પૂરું થયું.

હવે સાત અધ્યાયથી સાધન પ્રકરણ કહે છે; તેથી ભગવાન્‌માં ભક્તને વ્યસન થાય છે. 'વ્યસન' એટલે જેના વગર જીવન ન થઈ શકે તેવું વ્યસન ભક્તોને કાયાવડે થાય માટે આમાં કાયિક વ્યાપાર હોવાથી આ પ્રકરણને 'સાધન પ્રકરણ' કહે છે. દૈહિક સકલ ભાવો અને પોતાનામાં રહેલી દેહસમ્બન્ધી લાજ વગેરેને છોડી ભગવાન્‌ને માટે જે કરવામાં આવે, તે પછી લૌકિક કે વૈદિક હોય, તે કરનાર 'વ્યસની' કહેવાય તેથી પ્રથમાધ્યાયમાં કુમારીઓએ વ્રત કર્યું તેમાં લૌકિક ભાવને છોડીને ભગવાને જે કાંઈ કહ્યું તે દેહાદિ ધર્મને પ્રતિકૂળ હતું છતાં કર્યું. સમ્બન્ધીને મત્સર ન થવા માટે ગોપોને ત્યાં ભગવાને સાથે લીધા અને સર્વ વૃક્ષોની પ્રશંસા કરી એનાથી બાળકો સિદ્ધ થયા. ગોપબાલકો બધું કરવાને સમર્થ હતા છતાં ક્ષુધાનિવૃત્તિને માટે પ્રભુ પાસે પ્રાર્થના કરી તેથી એને પ્રભુમાં વ્યસન છે એમ બતાવ્યું; કુમારીઓ અને બાળકો એ બન્નેના ભોગ ભગવદ્ધીન કહ્યા એ વ્યસનના ખ્યાપક છે. પ્રથમ લૌકિક છે, બીજા વૈદિક છે. હરિની પ્રીતિને માટે લૌકિક અથવા વૈદિક ઉપાય કરનાર વ્યસની કહ્યા છે. આ ગોકુલસ્થ સર્વ તામસ છે એમ બતાવવામાટે યજ્ઞપત્નીઓ તથા એઓના પતિઓની વાત કહી છે. આ સાધન પ્રકરણ હોવાથી યજ્ઞપત્નીઓ ઘેર પાછી ગઈ. એના પતિઓ પણ ન આવ્યા. સ્ત્રીઓની સાથે એના પતિઓને પણ ફળનો ભાગ (વૈદિક કર્મમાં પતિને સ્વર્ગ મળે તેની સાથે એના પુત્રાદિને પણ સ્વર્ગ મળે છે, તેમ પુષ્ટિમાં સ્ત્રીને ભજનાનન્દ મળે તો એના પતિને પણ એ સ્ત્રીદ્વારા એનો અનુભવ થાય. એ ન્યાયથી ઋષિ લોકોની સ્ત્રીઓએ ભગવાન્‌ની સેવા કરી તેના ફળનો ભાગ) એના પતિઓને પણ મળશે એમ સિદ્ધ થયું. નિર્દોષ અન્નનું ભોજન કરવું. પ્રેમપૂર્વક આપે તે જ નિર્દોષ કહેવાય અથવા વનસ્પતિઓ વૈષ્ણવ છે તે આપે તે નિર્દોષ ગણાય. આ બે અધ્યાયથી કુમારિકાઓનું વ્રત કહ્યું. ભગવત્પરાયણ જીવે પોતાની વૃત્તિ ભગવાન્‌ની ઈચ્છાને અધીન રહીને કરવી. પ્રથમાધ્યાયમાં કુમારીઓને વરદાન આપ્યું. એ અધ્યાયમાં ઐશ્વર્ય સ્પષ્ટ છે. બીજા અધ્યાયમાં માહાત્મ્યનો બોધ છે તેમાં વીર્ય સ્પષ્ટ છે. બાકીના ચાર અધ્યાયનો અર્થ કહે છે કે કર્મ વૈદિક અને લૌકિક ભેદવડે બે પ્રકારનું છે. વૈદિકમાં સ્ત્રીઓને શ્રદ્ધા ન હોવાથી કામહેતુક લૌકિક કર્મનું વર્ણન કરી ચૂક્યા; હવે ફલ આપનાર હોય છતાં એ કર્મનું ફલ ભગવાન્ ન આપે તો એ ન લેવું જોઈએ, એ બતાવવાને ચાર અધ્યાય કહે છે. એમાં પહેલા અધ્યાયમાં

''કર્મ કરવાનું કારણ શું'' એ ભગવાને પૂછ્યું. નન્દરાયજીએ ઉત્તર આપ્યો. તેમાં ''ઇન્દ્રાદિ ફલ દેનાર નથી'' એમ સિદ્ધ કર્યું. ગોવર્ધનને ઊઠાવી ઇન્દ્રાદિને નિરભિમાન કર્યા, એ કર્મનું તાત્પર્ય બતાવી અન્યાશ્રય છોડાવી ભગવાને બધાને સ્વપરાયણ કર્યા. અવૈષ્ણવ વ્રત પણ ભગવદિચ્છા જાણીને કરવાં એમ બતાવવા નન્દરાયજીની એકાદશીનું વ્રત કહ્યું. પછી એમને વૈકુંઠ બતાવ્યું એ એનું ફલ ગણાય; પણ જેનો લીલામાં પ્રવેશ કરાવવાનો પ્રભુનો વિચાર છે તેને તો વૈકુંઠદર્શન અવાન્તર ફલ છે. અવાન્તર ફલ મળતાં વિશ્વાસ દૃઢ થાય અને તેથી મુખ્ય ફલમાં અશ્રદ્ધા ન થાય.

અહીં સાધનપ્રકરણનો સાર કહે છે કે કૃષ્ણના વચન પ્રમાણે ચાલવું, માયાનો મોહ ન રાખવો. વૃક્ષની જેમ સ્થિતિ કરવી એટલે સર્વ પરાર્થ કરવું. શુદ્ધ અન્નથી નિર્વાહ કરવો. ભગવાન્‌ની ઇચ્છા હોય તો માહાત્મ્યજ્ઞાનપૂર્વક દાન કરવું. એની ઇચ્છા ન હોય તો યાગ વ્રત વગેરે ન કરવાં. ઇચ્છા જણાય તો યાગવ્રતાદિ કરવાં. સ્વેચ્છાપૂર્તિમાટે પણ એમની ઇચ્છા જણાય તો કર્મ કરવું. ભગવત્પરાયણ થઈને હંમેશાં રહેવું. આ પુષ્ટિમાર્ગીય જીવને કરવાનાં સાધનોને સંગ્રહ છે. અહીં સાધન પ્રકરણ પૂરું થયું.

સાધન પછી ફલ પ્રકરણ સાત અધ્યાયથી કહે છે. એ તામસોનું ફલ સમજવું. સર્વ ફલ કૃષ્ણાત્મક છે; એ સિવાય કાંઈ ફલ નથી. એમાં પ્રથમ અધ્યાયમાં ઐશ્વર્ય છે. ભગવાને પ્રથમ નાદ કરી બોલાવ્યાં તેને વાક્યવડે પાછાં ઘેર જવાનો ઉપદેશ કરે છે; પણ ફલમાં વાક્ય ન કરે તો ચાલે, તેથી એ ભકતો પોતાને ઘેર ન ગયાં ત્યારે ભગવાન્ એની સાથે રમ્યા. એમ કરતાં ભકતોને ગર્વ થયો ત્યારે ભગવાન્ અન્તર્ધાન થયા. આ જ ભગવાન્‌નો ઉત્તમોત્તમ માર્ગ કહેવાય કે બહાર કે અન્દરથી ભગવાન્‌નો જો સમ્બન્ધ થાય તો એને ભગવાન્ પોતાનો કરી લે, એને સંસારમાં પટકે નહિ. બીજા અધ્યાયમાં પરોક્ષ રહીને એની પ્રીતિને વધારી તેથી એમાં વીર્ય કહેવાયું. ભગવાને વચન કહ્યાં તેથી ત્રીજામાં યશ કહેવાયું. ચોથામાં શ્રીનું નિરૂપણ છે. તેમાં ભગવાન્‌નું પ્રાકટ્ય છે. પછી સ્વરૂપથી ભગવાને એ ભકતો સાથે રાસક્રીડા કરી. શંખચૂડની કથામાં એ ભકતોને એટલો પણ ભેદ હતો તેથી એઓને રમણમાં વિઘ્ન આવ્યું. ભગવાને શંખચૂડને મારી એના માથાનો મણિ લઈ બળદેવજીને આપ્યો એમાં વૈરાગ્ય છે. જ્ઞાનમાં પરોક્ષ રીતે ગુણગાન કહ્યું. એમ રાત્રિ અને દિવસ, સંયોગ અને વિયોગ, જ્ઞાન અને ભક્તિ ચક્રની પેઠે થયા જ કરે છે. અહીં તામસ પ્રકરણ સમ્પૂર્ણ થયું. (રાજસ પ્રકરણનો પ્રકરણાર્થ આગળ અધ્યાય ૩૯ માં આવશે)

૨. નિરોધલીલાની વ્યાખ્યાનો આરમ્ભ કરતાં શ્રીઆચાર્યચરણ મંગલાચરણ કરે છે કેઃ

**નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્।**
**લક્ષ્મી સહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્।।**

લીલારૂપ ક્ષીરસાગરમાં હૃદયરૂપ શેષ ઉપર પોઢતા અને અસંખ્ય લક્ષ્મીઓ અનેક લીલાથી જેની સેવા કરી રહી છે તેવા કૃષ્ણચન્દ્રને હું નમન કરું છું.

આ નિરોધલીલાર્થક દશમસ્કન્ધમાં ચાર અધ્યાયનું પ્રથમ જન્મ પ્રકરણ છે, બીજું સાત-સાત અધ્યાયના એકેક અવાન્તર પ્રકરણવાળું એટલે પ્રમાણ, પ્રમેય, સાધન, અને ફલ એવા ચાર ભાગમાં વહેંચાયેલું તામસ પ્રકરણ ૨૮ અધ્યાયનું, તેટલા અધ્યાય અને ઉપર બતાવ્યાં અવાન્તર પ્રકરણવાળું રાજસ પ્રકરણ, તેમ જ સાત્વિકોને પ્રમાણની અપેક્ષા ન હોવાથી એ સાત અધ્યાયનાં ત્રણ પ્રકરણવાળું ૨૧ અધ્યાયનું સાત્વિક પ્રકરણ, તથા છેલ્લું ભગવાન્‌ના છ ગુણ એક-એક અધ્યાયથી કહેલા તેથી એ છ અધ્યાયનું ગુણ પ્રકરણ, એ પાંચ પ્રકરણવાળા દશમસ્કન્ધમાં નિરોધરૂપ ભગવાન્ પંચાત્મા છે તેને પોતાના હૃદયમાં બિરાજવાની વિનન્તિ કરતા આચાર્યજી કહે છે કેઃ

**ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।**
**ષડ્ભિર્વિરાજતે યો સૌ, પંચધા હૃદયે મમ।।**

''ચારથી, ચારથી, ચારથી, ત્રણથી અને છથી પાંચ પ્રકારે જે દશમસ્કન્ધમાં વિરાજે છે તે મારા હૃદયમાં હો'' એમ બે શ્લોકથી મંગલાચરણ કરીને પ્રસ્તુત ગ્રન્થનો આરમ્ભ કરતાં કહે છે કે દશમના સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થનો અહીં વિચાર થાય છે. એમાં ભગવાન્ નવ લક્ષણોથી જણાય છે તે કૃષ્ણનું અહીં નિરૂપણ હોવાથી આ દશમસ્કન્ધને આશ્રયલીલાને કહેનાર કહેવો કે સર્ગાદિલીલા ક્રમથી ચાલતી આવે છે તે પ્રમાણે ગણતાં તેને નિરોધલીલાને કહેનાર ગણવો એમ અહીં શંકાને અવકાશ છે. ત્યાં કોઈનું કહેવું એમ છે કે જે લીલાનો નિર્ધારક હોય તે 'અર્થ' કહેવાય, ક્રમ તો દુર્બલ ગણાય છે. પૂર્વમીમાંસામાં **''અગ્નિહોત્રં જુહોતિ''** એમ કહીને પછી **''યવાગું પચતિ''** એવો પાઠક્રમ છે. ત્યાં 'યવાગુ' સિદ્ધ થયા પહેલાં હોમ ન થઈ શકે તેથી પાઠક્રમ કરતાં 'અર્થ' ક્રમ બળવાન છે એમ સિદ્ધ કર્યું છે, તેમ અહીં પણ સર્ગ વિસર્ગાદિ ક્રમની વિવક્ષા ન કરતાં આશ્રયરૂપ સ્કન્ધાર્થ લેવો, કારણ કે આપણે દશ લીલાનું શ્રવણ કર્તવ્ય છે તે તો આગળ-પાછળ પણ થઈ શકે છે. જો આ સ્કન્ધનો અર્થ 'નિરોધ' કરો તો એ તો પ્રલય એ નિરોધ હોવાથી એવી વાત અહીં નથી. એ નિરોધ તો (ચાર પ્રકારનો પ્રલય) દ્વાદશ સ્કન્ધમાં કહ્યો છે, દશમ સ્કન્ધમાં એનો નિર્દેશ દેખાતો નથી. અહીં તો કૃષ્ણની

શુદ્ધલીલા છે તેથી એ પ્રલય કરતાં મોટી લીલા ગણાય; તેથી અહીં આશ્રયલીલા સ્કન્ધાર્થરૂપ છે, એમ કોઈ કહે તો એના ઉત્તરમાં કહેવાનું કે અહીં આશ્રયલીલા સમ્ભવે નહિ, કેમકે આશ્રય તો નવલક્ષણ સાપેક્ષ છે અને અહીં તો સાત લક્ષણ થયાં અને સ્કન્ધમાં અષ્ટમ 'નિરોધ' કહેવાનો છે. આશ્રય તો નવ લક્ષણસાપેક્ષ હોવાથી અહીં આશ્રયલીલા કહી ન શકાય. એનું કારણ એ જ કે અહીં જો તમે આશ્રયલીલા લો તો આશ્રય સિદ્ધ થયા પછી આગળ એકાદશ અને દ્વાદશ સ્કન્ધની લીલાનો કાંઈ ઉપયોગ ન રહ્યો, તેથી એ બે લીલા વ્યર્થ થશે, એટલું જ નહિ, પણ અશરીર વિષ્ણુ પુરુષ શરીર સ્વીકારે તે સર્ગ, પુરુષથી બ્રહ્માદિની ઉત્પત્તિ વિસર્ગ, ઉત્પન્નને મર્યાદામાં સ્થાપન કરવાં તે સ્થાન, સ્થિતિની અભિવૃદ્ધિ, પોષણ, એમ પ્રથમ લીલા કારણ અને ઉત્તર લીલા એનું કાર્ય એમ કાર્યકારણભાવ જે અત્યાર સુધી ચાલ્યો આવે છે તેનો લોપ થશે. વળી તમે એમ કહો કે અહીં કૃષ્ણનું વર્ણન છે તેથી એ જ આશ્રય છે; તો કૃષ્ણ તો એકાદશસ્કન્ધમાં પણ છે તેથી તમારું લક્ષણ ત્યાં અતિવ્યાપ્ત થશે. અને અમારા મત પ્રમાણે અહીં દશમસ્કન્ધને નિરોધલીલારૂપે સ્વીકારો તો અધિકારથી લઈને જે ક્રમ ચાલ્યો આવે છે તે ક્રમને છોડવો પડતો નથી, કેમકે નિરોધનો અર્થ ''ભગવાનૂની પ્રપંચરૂપે ક્રીડા'' એટલો જ થાય છે, તેથી એનો કેટલાક ટીકાકારો ભગવાન્ સૂતા પછી એમાં જીવનો લય એને નિરોધ કહે છે અહીં સમ્ભવતો નથી. અહીં તો ''ભગવાનની સ્વશક્તિઓને લીલાનુકૂળ કરી એની સાથે ક્રીડા'' એટલો જ અર્થ થાય છે; તેથી જ દ્વિતીયસ્કન્ધમાં **''શક્તિઃ શાયયિત્વા''** એમ કહી શયનને જાગ્રદાદિ ભેદથી ત્રણ પ્રકારનું કહી એની ૭૨ નાડીરૂપ શક્તિઓ અને ભગવાનની બાર શક્તિઓ મળી ૮૭ની સંખ્યા થાય તે દશમસ્કન્ધના અધ્યાયની સંખ્યા થાય એટલે આ પ્રમાણે અર્થ કરવો જ યોગ્ય છે. તમે જે ધર્મગ્લાનિ નિમિત્ત દુષ્ટ રાજાઓને ભગવાને માર્યા એને 'નિરોધ' કહો છો તે નિરોધ દશમસ્કન્ધનો અર્થ નથી, પણ એ તો દશ લીલાથી જુદું જ સંકર્ષણ વ્યૂહનું કાર્ય છે, કેમકે દુષ્ટ રાજાને માર્યા એના પ્રલયરૂપ નિરોધ કહો તો એવા નિરોધનું લક્ષણ દશમસ્કન્ધના પ્રથમના જન્મપ્રકરણમાં અવ્યાપ્ત થશે. વળી એકાદશ સ્કન્ધમાં એ લક્ષણ અતિવ્યાપ્ત થશે. વળી એને નિરોધ કહેશો તો તમારા મત પ્રમાણે એક લીલા વધારે ગણવી પડશે; નવ લક્ષણને બદલે તમારે દશ લક્ષણ કરવા પડશે. વળી ભગવાન્ દુષ્ટને મારવામાટે અહીં પધારે છે એમ કહેશો તો પૃથાની સ્તુતિમાં તથા **''પરમહંસાનાં મુનીનામમલાત્મનામ્। ભક્તિયોગવિધાનાર્થં''** એમ કહ્યું છે એનો વિરોધ થશે, પૂર્વોત્તર સ્કન્ધનો કારણકાર્યભાવ નષ્ટ થશે, **'નવલક્ષણલક્ષ્ય'** એવી દ્વિતીયસ્કન્ધમાં કરેલી પ્રતિજ્ઞાનો ભંગ થશે. તમે અહીં કદાચ કહો કે **'ભૂમિર્દપ્તનૃપવ્યાજ'** એ શ્લોકમાં પૃથ્વી દુષ્ટ

રાજાઓથી ત્રાસીને બ્રહ્માજીને શરણે ગઈ. એનો જવાબ એટલો જ કે ભૂમિ ભક્ત છે અને એનો ભાર ભગવાન્‌ના પધારવા વિના ઉતરે નહિ તેથી ભગવાન્ પરમાનન્દરૂપે પ્રકટી પૃથ્વીને રાજાઓએ આપેલો ક્લેશ ભગવાને નિવૃત્ત કર્યો એટલા માટે પૃથ્વીને બ્રહ્માજીની મારફતે ભગવાન્‌ને પધારવાને વિનન્તિ કરવી પડી છે. એણે રાજાને મારવામાટે પ્રાર્થના કરી નથી, તેથી જ બ્રહ્મા, રુદ્ર વગેરે દેવોને પૃથ્વી ભક્ત હોવાથી એને આગળ કરી ભગવાન્ પાસે જવું પડ્યું હતું; તેથી જ ભગવાને પ્રકટ થઈ ભક્તોના પ્રપંચને ભુલાવ્યો છે. જ્યાં સુધી બહારનો અગ્નિ લાકડાને બહારથી તપાવી અન્દરના અગ્નિને ચેતાવે નહિ ત્યાં સુધી લાકડામાં રહેલો અગ્નિ કાષ્ઠને બાળવાને સમર્થ થતો નથી, તેમ સર્વભૂતમાં વિરાજમાન ભગવાન્ સ્વયં બહાર પ્રકટ થઈ એ મનુષ્યના હૃદયમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી અન્તર્યામીરૂપે રહેલ ભગવાન્ એ જીવના દેહેન્દ્રિય પ્રાણાન્તઃકરણનો લય કરી શકે નહિ; માટે ભક્તના પ્રપંચને ભુલાવવાને સારુ ભગવાન્‌નું પ્રાકટ્ય છે. અહીં એવી પણ શંકા કોઈ કરે કે ભગવાને વસુદેવને ચતુર્ભુજરૂપથી દર્શન આપ્યાં અને કંસની ભીતિ દેવકીજીને લાગી તેથી ભગવાને રૂપાન્તર કર્યું ત્યારે પૂર્વરૂપે જ બધું કરી લેવાનું સામર્થ્ય તો ભગવાન્‌માં હોવું જોઈએ છતાં એમ કરવાનું કારણ શું? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે ભગવાન્‌ને તો ભક્તમાં લીલા કરવી છે; એ તો સ્વયં પ્રાકૃત જેવા દેખાય તો એની પાસે જીવ આવી શકે, તેથી સાત્વિકાદિ ત્રિવિધ જીવના સમાગમમાં આવી એનો પ્રપંચ ભુલાવી ભગવાને એઓનો ઉદ્ધાર કર્યો તેથીજ નટવલ્લીલા કરી.

આ દશમસ્કન્ધમાં પાંચ પ્રકરણ છે તેમાં પ્રથમ ચાર અધ્યાયનું જન્મપ્રકરણ છે. એમાં ભગવાન્‌ને પધારવાનો હેતુ, એને માટે ઉદ્યોગ, રૂપાન્તરસ્વીકાર, કપટ માનુષ ભાવ એ ચાર અધ્યાયાર્થ છે. એટલાથી એ પ્રકરણ પૂરું થાય છે. બીજું તામસ પ્રકરણ છે તેના ૨૮ અધ્યાય છે. તેમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એ ચાર સાત-સાત અધ્યાયનાં અવાન્તર પ્રકરણ છે. એ સાત અધ્યાય હોવાના કારણમાં ભગવાન્‌ના છ ધર્મ અને ધર્મીનો અધ્યાય એક એ મળી સાત અધ્યાય થયા. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મો અને તદ્વિશિષ્ટ ધર્મી એ સાતમો એ પ્રમાણરૂપે, પ્રમેયરૂપે, સાધનરૂપે અને ફળરૂપે સ્વયં થાય છે એમ બતાવવાને માટે તામસ પ્રકરણના ૨૮ અધ્યાય છે. એ લીલાવડે વ્રજમાં રહેલા તામસ ભાવવાળા ભક્તોનો ઉદ્ધાર કર્યો. એ જ અવાન્તર પ્રકરણો અને એ જ અધ્યાયાર્થો સાથે ૨૮ અધ્યાયનું ત્રીજું રાજસ પ્રકરણ આવે છે. ચોથું ૨૧ અધ્યાયનું સાત્વિક પ્રકરણ છે તેમાં સાત્વિકોને પ્રમાણની જરૂર ન હોવાથી સાત અધ્યાય ઓછા છે. એના વડે મથુરાસ્થ તથા દ્વારકાસ્થ ભક્તોના પ્રપંચની નિવૃત્તિ કરી છે. છેલ્લા પ્રકરણમાં ષડૈશ્વર્ય પૂર્ણ કૃષ્ણ જ

પ્રતિપાદ્ય છે એમ બતાવવામાટે છ અધ્યાયનું ગુણ પ્રકરણ છે. એમાં ભગવાન્‌ના ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણોની લીલા કહી છે.

પ્રથમ પ્રકરણમાં ભગવાન્ ચતુર્મૂર્તિનો જન્મ કહ્યો છે, તેથી એના અધ્યાય પણ ચાર જ કહ્યા છે. ચારરૂપે પ્રકટ થઈ શું કર્યું એ વાત તો એ લીલા વખતે કહેવામાં આવશે. જન્મપ્રકરણના ચાર અધ્યાયમાં પ્રથમાધ્યાયનો અર્થ ભક્તદુઃખ એ ભગવાન્‌ના પ્રાકટ્યમાં કારણ છે. દ્વિતીય અધ્યાયનો અર્થ ભગવાન્‌નો ઉદ્યમ છે. રૂપાન્તરનો સ્વીકાર એ ત્રીજા અધ્યાયનો અર્થ છે. માયાનું કાર્ય કાપટ્ય ચોથા અધ્યાયનો અર્થ છે. ચાર અધ્યાયમાં પહેલા અધ્યાયમાં પ્રદ્યુમ્ન, દ્વિતીયાધ્યાયમાં અનિરુદ્ધ, તૃતીયાધ્યાયમાં વાસુદેવ અને ચોથા અધ્યાયમાં સંકર્ષણનું પ્રાકટ્ય છે. (નિબન્ધમાં ક્રમ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ, એમ છે, પણ એ અહીં ગ્રાહ્ય નથી.) ભગવદવતારમાં ત્રણ પ્રકારનું દુઃખ કારણ છે તેનું તાત્પર્ય કહે છે કે સત્વાદિ ત્રણ ગુણો જ ભક્તને દુઃખ આપનાર છે. કંસથી અને અજ્ઞાનથી એ દુઃખ થાય છે. દ્વાપર અને કલિયુગ ની સન્ધિરૂપ કાલ છે. તત્કૃત દુઃખ ભૂમિને થયું. કંસથી દેવકીજીને દુઃખ થયું. એ ભગવાન્ દૂર કરે તો જ દૂર થઈ શકે એમ છે. અહીં **''દેહં માનુષમાશ્રિત્ય''** એ શ્લોકથી પ્રશ્નો કર્યા તેને દશમ અને એકાદશસ્કન્ધ એ બન્નેની સાથે સમ્બન્ધ છે, તેથી આ જન્મપ્રકરણમાં અવાન્તર ચાર પ્રકરણ છેઃ પ્રશ્નપ્રકરણ, ભૂમિપ્રકરણ, માતૃપ્રકરણ અને બીજું (અન્ય) પ્રકરણ એ જ વાત નિબન્ધમાં **''પ્રશ્નેન સહિતાઃ પૂર્વં ચતસ્રઃ પ્રક્રિયા મતાઃ''** એ શ્લોકથી કહી છે. તેમાં ૧૦ શ્લોકથી ભૂમિનું સાન્ત્વન વાણીથી, ઉપાયવડે ૩૫ શ્લોકથી દેવકીજીનું સાન્ત્વન અને ૮ શ્લોકથી બીજાં બધાનું સાન્ત્વન છે. પ્રશ્નમાં પ્રથમ નવમસ્કન્ધનો અનુવાદ અને શુકદેવજીની સ્તુતિ કરી એ પરીક્ષિત ભક્ત છે એમ બતાવે છે. પરીક્ષિતનું ભક્તત્વ વ્યક્ત ન થાય તો શુકદેવજી અતિગુપ્ત એવી લીલા એને સંભળાવે નહિ. પ્રશ્ન કર્યો છે તેમાં પોતે ભગવાન્‌ના સ્વરૂપને જેવી રીતે જાણવું જોઈએ તેવી રીતે જાણે છે. તેથી અજ્ઞાન કે અન્યથાજ્ઞાન થવાનો સમ્ભવ નથી, એમ કહી પોતાનો ભગવલ્લીલા-શ્રવણનો અધિકાર સૂચિત કર્યો છે. વળી આ દુઃસહ ભૂખ મને બાધા નથી કરતી, કેમકે તમારી કથારૂપ અમૃતનું હું પાન કરું છું. તેનાથી મારું જીવન ચાલે છે એ કહેવું શુકદેવજીની દયા ઉત્પન્ન કરનારું છે. એમ બાર શ્લોકથી પ્રશ્ન કર્યો છે તેની સંખ્યાનું તાત્પર્ય ભગવાન્‌ના ગુણ છ છે તેમ લોકના દોષ પણ છ છે એ બન્ને અસાધારણ છે તેથી બારથી પ્રશ્ન કહ્યો છે.

**કથિતો વંશવિસ્તારો ભવતા સોમસૂર્યયોઃ ।।**
**રાજ્ઞાં ચોભયવંશ્યાનાં ચરિત્રં પરમાદ્ભુતમ્ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** આપે ચન્દ્ર અને સૂર્ય ના વંશ અને એમાં ઉત્પન્ન થયેલ રાજાઓનાં પરમ અદ્ભુત ચરિત્ર એ બધું કહ્યું ।।૧।।

ધર્મશીલ[૧] એવા યદુરાજાનું ચરિત્ર તો આપે નવમસ્કન્ધમાં કહ્યું છે. તેના વંશમાં [૨]અંશવડે પધારેલા વિષ્ણુનું ચરિત્ર આપ કહો ।।૨।।

વિશેષઃ ૧. પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર યદુને 'ધર્મશીલ' એવું વિશેષણ કેમ આપ્યું એના ઉત્તરમાં કહેવાનું કે પિતૃશબ્દની શક્તિ તો ઈશ્વરમાં છે, લૌકિક પિતામાં ગૌણીવૃત્તિ છે, તે યદુ જો પિતાની આજ્ઞા માની એની વૃદ્ધાવસ્થાને સ્વીકારે અને પોતાનું યૌવન પિતાને આપે તો જીવનું સહજ દાસ્ય હોય ને ભગવાન્‌ની સેવા કરવી એ વૃદ્ધાવસ્થામાં બને નહિ તો પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું પડે, તેથી મુખ્ય પિતાની સેવામાટે ગૌણ પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર યદુને 'ધર્મશીલ' કહ્યો છે. વળી પુત્રની વયનો ઉપયોગ એની માતાના ભોગમાં કરવો પણ અનુચિત ગણાય, તેથી પણ એની આજ્ઞાનો સ્વીકાર ન કર્યો છતાં તે ધર્મશીલ છે એમ શુકદેવજીએ કહ્યું.

૨. 'વિષ્ણુ' એટલે વ્યાપક, સર્વમાં વ્યાપીને રહેનાર છતાં માયાવડે આચ્છાદિત તેથી એને કોઈ જાણી ન શકે. એમનું વસુદેવજીના ગૃહકોણમાં પ્રાકટ્ય એટલે એ દેશમાંથી એટલી માયાને દૂર કરવાથી એનું દર્શન થાય. એ વિચારથી અહીં 'અંશ' શબ્દ કહ્યો છે; એનાથી કૃષ્ણ અંશાવતાર છે એમ સમજવાનું નથી. પૂર્વે પ્રથમસ્કન્ધમાં કહેલા **''કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્''** એ વાક્યની એકવાક્યતા પણ ઉપર પ્રમાણે અર્થ કરવાથી થઈ શકે.

પ્રાણિમાત્રના હૃદયમાં ભાવનીયાકૃતિ ભગવાન્ યદુના વંશમાં આવ્યા અને એ વિશ્વાત્માએ જ ચરિત્ર કર્યાં તે સવિસ્તર અમને કહો ।।૩।।

કેમકે ભગવાન્‌ના ચરિત્રને તો જેની તૃષ્ણા નિવૃત્ત થઈ હોય તે જ ગાઈ શકે છે. એ ચરિત્ર સંસારનિવૃત્તિમાં ઔષધરૂપ છે, છતાં કાન અને મન ને પ્રીતિ કરાવનાર છે. ભગવાન્‌ના ગુણ ભક્તો ગાય એના અનુવાદરૂપ આવા ચરિત્રને સાંભળતાં કોને અભાવો થાય?* કોઈને પણ એ ભગવાન્‌ના ગુણ સાંભળતાં અભાવો (ઉદાસીનતા) આવે નહિ, પણ જે પશુઘ્ન હોય એને એનાથી અભાવો થાય ।।૪।।

**વિશેષ :** ભગવદ્ગુણો એના સ્વરૂપથી, ફલથી, ઉત્તમ વિષયને લઈને તેમજ મહાપુરુષના સમ્બન્ધને લઈને ભગવાન્‌ને પ્રાપ્ત કરાવનાર છે એ ગુણ ગાવા એ મુક્તનું કર્તવ્ય છે, મુમુક્ષુ લોકોના સંસારને છોડાવનાર છે. આમાં ચરિત્રરૂપ વિષય નિન્દ્ય નથી, પણ સ્તુત્ય છે તેથી આવા ગુણગાન તરફ જેને અભાવો દેખાય તે ભગવન્માર્ગથી પડી જાય છે. અથવા વિરક્ત

પુરુષ આ ગુણગાન કરવાને માટે યત્ન કરે એવો અર્થ 'યતેત્' એવો પાઠ હોય તો કરવાનો છે. એ લોકોને ભગવદ્ગુણગાનમાં અરુચિ કેમ થાય છે એવા સન્દેહના ઉત્તરમાં કહેવાનું કે આત્મઘાતી, કર્મજડ, નિન્દિત કામ કરનાર એ ત્રણ સિવાયનો બીજો એ ગુણગાનમાં વિરક્ત થતો નથી. થાય છે તો એ ત્રણમાંથી એક હોવો જોઈએ. એમાં પણ પશુ જીવ અને સ્ત્રી જીવ સહજ ગુણગાન વિરોધી છે તેને બાદ કરવા. એ પશુત્વ સ્ત્રીત્વ જીવનિષ્ઠ સમજવાં, દેહનિષ્ઠ નહિ, **''સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેપિ યાન્તિ પરાં ગતિમ્''** વાક્યથી સ્ત્રીઓ ભગવાન્નાં ભજનમાં અધિકારી છે, પણ સ્ત્રીજીવ જ વિમુખ છે.

જેમ સમુદ્રમાં તિમિંગલ છે તેમ દેવોને જીતનાર ભીષ્માદિ અતિરથોરૂપ તિમિંગલવાળા કૌરવના સૈન્યરૂપ દુર્લઘ્ય સાગરને* અમારા પિતામહો ભગવાન્‌ને નાવ બનાવીને એમનો આશ્રય લઈને એને વત્સપદ જેટલો બનાવી પોતે તરી ગયા ।।૫।।
**વિશેષ :** અહીં કૌરવસૈન્યને સાગર કહ્યો, એટલે સમુદ્રનો અન્ત ન હોય તે, તે ક્ષણમાં વત્સપદ થઈ ગયો એ સંશય છે. વળી વત્સપદ તરવાની જરૂર ન હોય, પણ એનું તો ઉલ્લંઘન કરી શકાય છતાં તરી ગયા એ બાબત સન્દેહ થાય! એના ઉત્તરમાં કહેવાનું કે એ પિતામહોએ ભગવાન્રૂપી નાવનો આશ્રય કર્યો, તેથી નાની હોડી તો થોડાને બચાવવામાટે હોય, તેથી ભગવાને પણ પાંડવોને જ બચાવ્યા. બીજાને બચાવવાનો અભિપ્રાય ભગવાન્નો હોત તો ત્યાં નાવને માટે બીજો શબ્દ શુકદેવજી કહેત. પાંડવો ભક્ત હતા છતાં એમને પોતાને સ્વયં બચાવ કરવાનું સામર્થ્ય છે એવું અભિમાન હતું તેથી ઉત્તરાની તરફ અને પાંડવો તરફ અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર છોડ્યાં ત્યારે ભગવાન્ની સમક્ષ પાંડવો પોતાનો બચાવ કરવામાટે શસ્ત્રો લઈ તૈયાર થઈ ગયા. એને સ્વાભિમાન ન હોત તો ઉત્તરાની જેમ શરણે આવત અને ભગવાન્થી રક્ષણની પ્રાર્થના કરત. પણ એમ એમણે નથી કર્યું. તેથી ભક્ત થઈ અભિમાન કરે તે નાનામાં નાનો થઈ જાય, તેમ એઓ કીડી જેવા ક્ષુદ્ર થઈ ગયા. કીડી તો વત્સપદમાં પણ ડૂબી જાય, માટે ભગવાને એની વત્સપદથી પણ રક્ષા કરી પાર ઉતાર્યા. ભગવાન્ કૃપા કરે તો સમુદ્ર પણ વત્સપદ જેવો થઈ જાય, કેમકે એની અચિન્ત્ય-અનન્ત શક્તિ છે તેથી એમ થવામાં કાંઈ આશ્ચર્ય જેવું નથી.

કૌરવ-પાંડવોના વંશના બીજરૂપ મારું અંગ મારી માતાના ઉદરમાં ગર્ભરૂપે હતું તેનો નાશ કરવા અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્ર છોડ્યું ત્યારે મારી માતા ભગવાન્‌ને શરણ ગઈ. ભગવાને મારી માતાના ઉદરમાં પ્રવેશ કરી હાથમાં ચક્ર ધરી મારી રક્ષા કરી તે સમયે ભગવાન્ મારા જાણવામાં આવ્યા; એમ મેં ભગવાન્નું માહાત્મ્ય ગર્ભમાં જ

અનુભવ્યું છે તેથી આપના કથનમાં મને વિશ્વાસ છે ।।૬।।

(આટલી વાત કરી પરીક્ષિતે પોતાનો શ્રવણાધિકાર બતાવ્યો. હવે પાછા ચરિત્રને પૂછે છે) પુરુષ અને કાળ રૂપથી મનુષ્યના હૃદયમાં અને બહાર રહીને મૃત્યુ અને અમૃત ને આપનાર તેમજ માયાવડે મનુષ્ય જેવા ભાસતા ભગવાન્‌ના ચરિત્રને હે વિદ્વન્! આપ કહો ।।૭।।

આપે રોહિણીનો પુત્ર રામ કહ્યો, જેનું 'સંકર્ષણ'બીજું નામ છે, તેને દેહાન્તર વગર દેવકીના ગર્ભમાં આવવાનો પ્રસંગ કેમ બન્યો, એક જ ગર્ભ બે સ્ત્રીઓના ઉદરમાં એકી વખતે કેમ રહી શકે, એ સન્દેહ થવાથી પ્રશ્ન ઉત્પન્ન થાય છે ।।૮।।

મોક્ષ આપનાર ભગવાન્ પિતાના ઘરથી વ્રજમાં પધાર્યા ત્યાં નન્દરાયજી વગેરેને પિતારૂપ માની વાસ કેમ કર્યો? ભગવદવતાર તો સત્પુરુષના રક્ષણમાટે હોય તેથી એ 'સાત્વતપતિ' કહેવાય છે, એમને અન્યત્ર જવાનું શું પ્રયોજન હોઈ શકે? ।।૯।।

ભગવાને વ્રજમાં રહીને અને મથુરામાં રહીને શાં કાર્ય કર્યાં? વળી મામાને માર્યો એ પણ અનુચિત ગણાય; એવું કાર્ય ભગવાન્‌ને કેમ કરવું પડ્યું? વ્રજ તથા મથુરા માં કોનો-કોનો ઉદ્ધાર કર્યો? કંસની પણ શી વ્યવસ્થા થઈ? (એ પણ આ પ્રશ્નમાં આવી જાય છે) ।।૧૦।।

મનુષ્યદેહનો સ્વીકાર કરી ભગવાન્ યાદવો સાથે દ્વારકામાં કેટલા વર્ષ બિરાજ્યા? એમને કેટલી સ્ત્રીઓ હતી? કેમકે આપ સમર્થ હોવાથી બહુ સ્ત્રીઓનો સમ્ભવ હોવાથી મારો પ્રશ્ન છે ।।૧૧।।

એ પ્રશ્નોમાં પૂછવામાં આવ્યું એ અને બીજું પણ કૃષ્ણનું ચરિત્ર આપ મને કહેવાને યોગ્ય છે, કેમકે એ સાંભળવામાં મારી શ્રદ્ધા છે; તેથી શ્રદ્ધાળુને વિસ્તારથી કહો ।।૧૨।।

જલ પણ છોડીને હું બેઠો છું; અને ભૂખ કે તૃષા બાધા કરતી નથી એનું કારણ હું તો એ જ જાણું છું કે આપના મુખકમળથી સ્રવતા કથારૂપ અમૃતનું હું પાન કરું એ જ મને ભૂખ તરસથી મુક્ત કરે છે; તેથી આપ મને કથામૃતથી તૃપ્ત કરો ।।૧૩।।

**સૂતજીએ કહ્યું** : હે ભૃગુનન્દન! આવા વિષ્ણુએ રક્ષા કરાયેલા પરીક્ષિત રાજાના સુન્દર સંવાદને સાંભળી ભગવાન્‌ને હૃદયમાં ધારણ કરતા મહાભાગવત વ્યાસજીના પુત્ર શુકદેવજી કૃષ્ણચરિત્ર વખાણીને ભગવલ્લીલા કહેવાને તૈયાર થઈ ગયા ।।૧૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે રાજર્ષિ સત્તમ! તારી વાસુદેવ ભગવાન્‌ની કથામાં

સ્થિર રુચિ આ વખતે થઈ એ તારી બુદ્ધિનો નિશ્ચય ઉત્તમોત્તમ ગણાય ।।૧૫।।

જેમ ગંગાજલ ત્રિલોકીને પવિત્ર કરે છે તેમ વાસુદેવની કથાનો પ્રશ્ન, કહેનાર પૂછનાર અને સાંભળનાર એ ત્રણેને પવિત્ર કરે છે ।।૧૬।।

(ભગવાને *અવતાર લેવાનું પ્રયોજન જાણવામાટે પૃથ્વીના દુઃખની વાત કહે છે) દુષ્ટ રાજાઓની હજારો સેનાથી ભૂમિ ભારાક્રાન્ત થતાં એ બ્રહ્માજીની પાસે પોતાના દુઃખને કહેવામાટે ગઈ. બ્રહ્માજી પાસે જઈને એણે રક્ષણની પ્રાર્થના કરી ।।૧૭।।

**વિશેષ** : કૃષ્ણને અવતાર લેવાનું પ્રયોજન ભક્તના દુઃખને દૂર કરવું એ જ છે. ભક્તિરૂપ ભૂમિને અત્યારે દુઃખ છે. માતા દેવકીજીને કંસે કેદ કર્યાં છે તેથી એ દુઃખી છે તેમ જ બીજા ભક્તો પણ દુઃખી છે. એ ત્રણ પ્રકારના ભક્તોને દુઃખી જોઈ એનાં દુઃખને દૂર કરવામાટે ભગવાન્‌નું અત્રે આગમન છે. મોટું દુઃખ આવે તે ભગવાન્ વિના બીજાથી દૂર ન કરી શકાય; ત્યારે ભગવાન્ પધારે છે, એવી ભગવાન્‌ને ભૂતલ ઉપર પધારવાની મર્યાદા છે. જે ભક્તો શાસ્ત્રના અધિકાર રહિત છે, સ્ત્રીઓ, શૂદ્રો, અને સ્વધર્મચ્યુત દ્વિજો જેમનો ઉદ્ધાર કરવાને શાસ્ત્ર સમર્થ નથી તેના ઉદ્ધારક શ્રીકૃષ્ણ છે. એમાં વિશેષ કરીને સ્ત્રીના ઉદ્ધારક તો કૃષ્ણ જ છે. જેનો યોગાદિ શાસ્ત્ર નિરોધ કરી શકે છે તેવાઓને તો કૃષ્ણનો ઉપયોગ ઉપાસનાદિમાં જ્ઞાનીને ચિત્તશુદ્ધિમાં જ હોય છે. આનો મુખ્ય ઉદ્ધારક તો યોગ છે; કૃષ્ણ તો એના છેડે રહેલા છે માટે ગૌણ છે. એ યોગીઓનો નિરોધ પણ જ્ઞાનરૂપ છે અને સંસાર દુઃખરૂપ છે. જ્ઞાનવડે એ દુઃખ દૂર કરવું એટલો જ એમનો નિરોધ છે. ભક્તનો એનાથી વિલક્ષણ નિરોધ છે. ભક્તનો સંસાર પણ સુખરૂપ છે. જ્ઞાનીઓને સંસાર અવિદ્યારૂપ છે. એઓ સાધનબળવાળા છે ત્યારે ભક્તો નિઃસાધન છે. જ્ઞાનીને સંસારનિવૃત્તિ ફલ છે, ભક્તને ભગવત્પ્રાપ્તિ ફલ છે. જ્ઞાનીઓને સંસારની નિવૃત્તિ ઈષ્ટ છે તો ભક્તોને સંસારના દુઃખની નિવૃત્તિ ઈષ્ટ છે એમ કહીએ તો બન્નેમાં વિરોધ નથી. ભગવાને સ્વયં પ્રકટ થઈ ભક્તનો નિરોધ કર્યો એટલે દશમસ્કન્ધ નિરોધલીલારૂપ છે એમ પણ કહી શકાય. એમ ન કરે અને અમ્બરીષની પેઠે પૃથ્વી ઉપર પધાર્યા વગર ભક્તનું દુઃખ મટાડે તો એ લીલાનો ઈશાનુકથામાં અન્તર્ભાવ થાય, નહિ કે નિરોધમાં; તેથી અહીં ભક્તનિરોધાર્થ ભગવત્પ્રાકટ્ય પ્રથમ પ્રકરણમાં છે. અવતાર પણ નિરોધાર્થ થયો અને અવતારનું અંગ ભક્તદુઃખ છે, તેથી પૃથ્વી તથા માતાને ધૈર્યને માટે સાન્ત્વન કર્યું છે. સાન્ત્વન ન કરે તો એ જીવે નહિ અને એ ન હોય તો ભગવાન્‌નું પધારવું પણ અત્રે ન સમ્ભવે. નારદજી કંસ પાસે જઈને **''નન્દાદ્યા યે વ્રજે ગોપાઃ''** એ બધું કહી આવ્યા ત્યારે કંસે ગાયો, બ્રાહ્મણો વગેરેને મારવાનો દૂતોને હુકમ કર્યો. એ ભક્તદુઃખથી

ભગવાન્નો પ્રાદુર્ભાવ થયો છે. વળી આકાશવાણીરૂપ દેવતા જ્યારે એનો ઉદ્ધાર કરવા સમર્થ ન થઈ ત્યારે એણે આકાશવાણીરૂપે કંસને ભયભીત કર્યો. એ પણ ભગવાન્ પ્રકટ થઈ સર્વને મુક્ત કરે એવા આશયથી આકાશવાણી થઈ છે. અત્રે સોળ શ્લોક પૂરા થયા. દશ શ્લોકથી પૃથ્વીનું સાન્ત્વન છે. પછીના ૩૫ શ્લોકમાં દેવકીના દુઃખનો સમાવેશ થાય છે. એમાં પૃથ્વીનું વાણીથી સાન્ત્વન છે, જ્યારે દેવકીના દુઃખનું ઉપાયથી સાન્ત્વન કર્યું છે. પછીના આઠ શ્લોકથી નારદજીએ ભગવાન્ મથુરામાં પ્રકટી ગોકુળ પધાર્યા છે અને યાદવો બધા દેવો છે એમ કંસને કહ્યું ત્યારે દેવકી વસુદેવને કેદ કરીને એના બધા પુત્રોને એ મારે છે એ દુઃખ ભગવત્પ્રાકટ્યના હેતુરૂપ છે, તેથી આ અધ્યાયમાં ૬૯ શ્લોકોનો ક્રમ સિદ્ધ થઈ ગયો તેમજ આ અધ્યાય ભગવત્પ્રાકટ્યના હેતુરૂપ છે તે હેતુતા પણ આ પ્રમાણે સ્પષ્ટ થઈ ગઈ.

એ પૃથ્વીએ ગાયનું સ્વરૂપ ધારણ કરી અત્યન્ત દયા આવે એવો દેખાવ કરી રોતી-રોતી સમર્થ એવા બ્રહ્માજીની પાસે જઈને પોતાનું દુઃખ બ્રહ્માજીને કહી સંભળાવ્યું ।।૧૮।।

બ્રહ્માજીએ પૃથ્વીનું કહેવું બરાબર સાંભળ્યું, પછી પૃથ્વીરૂપી ગાયને આગળ કરી શિવજી તથા દેવો ને સાથે લઈ બ્રહ્માજી ક્ષીરસાગરના તીર ઉપર ગયા ।।૧૯।।

ત્યાં જઈ સમાધિ કરી યજ્ઞફલના ભોક્તા, દેવનાદેવ, જગતના નાથ ભગવાન્નું ઉપસ્થાન પુરુષસૂક્તવડે કર્યું ।।૨૦।।

બ્રહ્માજી સમાધિમાં ભગવાન્નું કહેલું સાંભળી ગયા અને દેવોને ઉદ્દેશીને કહેવા લાગ્યા : ''હે દેવતાઓ! ભગવાને જે કહ્યું તે મારાદ્વારા તમે સાંભળી લો અને એ પ્રમાણે તમે વર્તન કરો; એમાં વિલમ્બ ન થવો જોઈએ ।।૨૧।।

ભગવાને પૃથ્વીનું દુઃખ આપણી વિનન્તિ પહેલાં જ જાણી લીધું છે. ઈશ્વરના ઈશ્વર ભગવાન્ પોતાની કાળશક્તિવડે પૃથ્વીનો ભાર દૂર કરે તેટલા વખતને માટે તમે દેવો બધા યાદવકુલમાં અવતાર ધારણ કરો ।।૨૨।।

સાક્ષાત્ પરમપુરુષ ભગવાન્ વસુદેવને ત્યાં પ્રકટ થશે. સેવા કરવામાટે સમુદ્રમાંથી જે અપ્સરાઓ નીકળી છે અને હાલ સ્વર્ગમાં રહે છે તે યોગ્ય સ્થાનમાં અવતાર ધારણ કરો ।।૨૩।।

વાસુદેવની કલારૂપ *અનન્તશેષ જે સહસ્રમુખવાળા છે, જે પોતાના સ્વરૂપવડે શોભનાર છે તે ભગવાન્નું પ્રિય કરવાને માટે પ્રથમથી પ્રકટ થશે ।।૨૪।।

**વિશેષ :** સાત્વિક કલ્પમાં જે હરિ ભગવાન્ જળમાં શયન કરે છે તે વાસુદેવ ભગવાન્ જાણવા.

એનો અંશ એ અનન્ત કહેવાય છે. એ કાલાત્મા છે તેમજ પૃથ્વીનો ભાર ઉતારવાને સમર્થ છે. એ અનન્ત ઉપર શયન કરનાર ભગવાન્‌નો એમાં આવેશ થાય ત્યારે એ પૃથ્વીનો ભાર ઉતારી શકે, તેથી ભગવાન્‌નું અનુશયન બળભદ્ર વ્યૂહથી છે, સાક્ષાત્ ભગવાન્‌નું એ કાર્ય નથી. બળદેવ અને કૃષ્ણ નું સ્વરૂપ આવિષ્ટ અને આવેશીરૂપે એક જ છે છતાં લોકો એને બે જુદાં રૂપવાળા ગણે છે. દેવકીજીમાં સંકર્ષણની ઉત્પત્તિ છે, વાસુદેવની નહિ, તેથી ગર્ભનું કર્ષણ થયું તેથી ભગવાન્‌માં હીનતા સમ્ભવતી નથી. દેવકીજીના ગર્ભમાં સંકર્ષણાત્મક ગર્ભ રહ્યો એનું માયાએ કર્ષણ કર્યું. અને રોહિણીજીના ગર્ભમાં એને માયા લઈ ગઈ તેથી રોહિણીને ગર્ભ અકસ્માત્ ક્યાંથી રહ્યો એ શંકાને પણ અવકાશ રહેતો નથી, કેમકે ભગવાન્‌ની માયા એમ કરવાને સમર્થ છે.

વિષ્ણુની છ ગુણવાળી જે માયા છે, જેણે આખા જગત્‌ને મોહમાં નાખ્યું છે તેને ભગવાને આજ્ઞા કરી છે, તે પણ સ્વાંશવડે ઉત્પન્ન થશે'' ।।૨૫।।

પ્રજાપતિના નિયન્તા બ્રહ્મા એ પ્રમાણે દેવને આજ્ઞા કરી વાણીવડે પૃથ્વીને આશ્વાસન આપી પોતે પોતાના ઉત્તમ સ્થાનમાં ગયા ।।૨૬।।

(અહીં પૃથ્વીનું સમાધાન પૂરું થયું, હવે દેવકીના લગ્નની વાત કહેતાં એના દુઃખનું કારણ કહે છે) 'શૂરસેન'નામનો યાદવશ્રેષ્ઠ *મથુરાપુરીમાં રહી માથુરદેશ તથા શૂરસેનદેશ એ બન્ને દેશોનું રાજ્ય ભોગવતો હતો; એનો મોટો ભાઈ તો માહિષ્મતીમાં રાજ્ય કરતો હતો. (અહીં શૂરસેન રાજાનું વર્ણન કરવાનું તાત્પર્ય વ્યકત પણ કહ્યું છે) ।।૨૭।।

**વિશેષ** : અહીં તો દેવકીજીને દુઃખ થયું એટલું કહેવાનું છે. ત્યાં શૂરસેનની રાજધાની મથુરા હતી વગેરે વાતો કહી છે. તે કહેવાનું તાત્પર્ય એટલું જ કે જેમ વસુદેવજી પ્રકટ્યા ત્યારે આનક અને દુન્દુભિ વાગ્યાં તેથી એનો સર્વોત્કર્ષ કહેવાયું તેમ અહીં દેવકીજીનું સર્વોત્કર્ષ કહેવાનો છે. સર્વોત્કર્ષ છતાં એમાંથી દુઃખ થાય તો એ દુઃખ ભગવાન્ સિવાય કોઈ દૂર ન કરી શકે. ભગવાન્ પણ થોડું નિમિત્ત કરી એને દૂર કરે એવો ભક્તિમાર્ગનો સિદ્ધાન્ત છે. એ ઉત્કર્ષ સાત પ્રકારે અહીં કહ્યો છે. **''શૂરસેનો યદુપતિઃ''** એ શ્લોકથી દેશથી ઉત્કર્ષ કહ્યો. **'રાજધાની'** એ શ્લોકથી કાલથી ઉત્કર્ષ કહ્યો. **''તસ્યાં તુ''** એ શ્લોકથી અવસ્થાથી ઉત્કર્ષ કહ્યો. **''દેવક્યા સૂર્યયા''** એ અર્ધશ્લોકથી સ્વતઃ ઉત્કર્ષ કહ્યો. **'ચતુઃશતં'** શ્લોકથી દ્રવ્યનો ઉત્કર્ષ કહ્યો. **'શંખતુર્ય'** ઇત્યાદિથી માનનો ઉત્કર્ષ કહ્યો. **'ઉગ્રસેનસુતઃ'** શ્લોકથી અન્યતઃ ઉત્કર્ષ કહ્યો. આમ સર્વતઃ ઉત્કર્ષ છતાં આકાશવાણીને નિમિત્ત કરીને દેવકીજીને દુઃખ થયું ત્યારે એના પતિ

વસુદેવે એ દુઃખ દૂર કરવાનો યત્ન કર્યો તે નવ શ્લોકથી અત્રે કહેવાશે.

સર્વ યાદવકુલના રાજાઓની એ રાજધાની હતી જ્યાં મથુરામાં ભગવાન્ નિત્ય *વિરાજે છે ।।૨૮।।

**વિશેષ** : સર્વ તત્વમાં ભગવાન્ વિરાજે છે તેથી પૃથ્વીમાં પણ ભગવાન્ નિત્ય વિરાજે છે તે ક્વચિત્ દેખાય છે. એ નિત્ય વિરાજવાનું સ્થાન પૃથ્વીમાં મથુરા છે. ત્યાં રહી ભગવાન્ સર્વનું હિત કરે છે, એટલું જ નહિ, પણ સર્વના દુઃખને દૂર કરે છે. ત્યાં મથુરામાં જ જ્યારે દેવકીને દુઃખ થયું ત્યારે તો મર્યાદામાર્ગમાં જે દુઃખ દૂર કરવાના ઉપાય કહ્યા છે તે વ્યર્થ થયા, એમ બતાવવામાટે અહીં મથુરામાં જ આકાશવાણીવડે દેવકીને દુઃખ થયાની વાત કહી છે. શ્રીરંગાદિ ક્ષેત્રમાં પણ ભગવાન્ નિત્ય સન્નિહિત છે, છતાં અહીં મથુરામાં ભગવાને પોતાના નિત્યસત્વને તિરોહિત કર્યું તેથી દેવકીને દુઃખ થયું. ભક્તના દુઃખને દૂર કરવામાટે જ ભગવાન્ પ્રકટે. એ પ્રસંગ ન આવે તો ભગવાન્ ભૂતળ ઉપર પધારે નહિ તેથી ત્યાં સ્વસાન્નિધ્ય દૂર કરી ભક્તને દુઃખનો માર્ગ ખુલ્લો કરી આપ્યો અને એ નિમિત્તે સ્વયં પ્રકટ્યા. આથી દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર અને કર્મ એ છ ધર્માંગોમાંથી પણ સ્વસત્તા ભગવાને ખેંચી લીધી. ક્વચિત્શાલિગ્રામાદિમાં સ્વસત્તા સ્થાપી પણ છે.

એ મથુરામાં એક સમયે વસુદેવનાં લગ્ન થયાં ત્યારે નવોઢા દેવકીની સાથે વસુદેવ પોતાને ઘેર જવાને સારું રથમાં બેઠા ।।૨૯।।

ઉગ્રસેનનો પુત્ર કંસ પોતાની બહેન દેવકીને સારું લાગે એટલામાટે પોતે એનો રથ હાંકવામાટે ઘોડાની લગામ હાથમાં લઈ બીજા પણ સોનાથી શણગારેલા અનેક રથો સાથે નીકળ્યો ।।૩૦।।

દેવકીના પિતા દેવક રાજાએ દેવકીને પતિને ઘેર મોકલી ત્યારે દીકરી ઉપર વાત્સલ્ય હોવાથી કરિયાવરમાં સોનાથી શણગારેલા ૪૦૦ હાથી, પન્દર હજાર ઘોડા, ૧૮૦૦ રથો, સુકુમાર અંગવાળી ૨૦૦ દાસીઓ એને આપી. રાજાઓની કન્યાઓને કરિયાવરમાં ચતુરંગિણી સેના આપવાનો રિવાજ હતો તેથી વધૂ-વરને સન્તોષ આપવામાટે એ બધું આપ્યું ।।૩૧-૩૨।।

શંખ, મૃદંગ, તુરી, નગારાં વગેરે વાજિન્ત્રો વરવધૂના મંગળને માટે એ વખતે વગડાવ્યાં ।।૩૩।।

એમ શકુન જોઈ ચાલ્યા. રસ્તામાં કંસ પોતાની બહેન દેવકીનો રથ હાંકતો હતો તેટલામાં આકાશવાણી થઈ : ''હે મૂર્ખ! તું જેને લઈને ચાલ્યો છે તે બાઈનો અષ્ટમ

ગર્ભ તને મારશે'' ।।૩૪।।

એ વાણી સાંભળતાં જ ભોજના કુળના મળરૂપ એ કંસ, કાલનેમિના આવેશવાળો છે તે દુષ્ટતા દેખાડતો બહેનને મારવાને હાથમાં તલવાર ઉગામી, એટલું જ નહિ, પણ દેવકીને કેશથી પકડીને મારવાની તૈયારી કરી. (અહીં એને **'સખલ'** કહ્યો છે તે કાલનેમિ નામનો દૈત્ય એને શરીરમાં પ્રકટ્યો એટલે બહેનને મારવાનો તેનો વિચાર થયો, એ **'સખલ'** શબ્દનો ભાવાર્થ છે) ।।૩૫।।

આમ લાજ વગરનો તેમજ ઘાત કરવામાં દયા વગરનો નિર્દય કંસ જ્યારે આવું નિન્દ્ય કામ કરવામાં તત્પર થયો ત્યારે વસુદેવજી સ્વયં શૂરવીર છે છતાં સહાય વગરના છે અને કંસના બળને એજાણેછેતેથી એને સમજાવવાના પ્રયત્ન કરતાં કંસને કહેવા લાગ્યા ।।૩૬।।

**વસુદેવજી બોલ્યા :** શૂરવીર લોકોમાં તમારા ગુણોનાં વખાણ થાય છે. ભોજકુળના યશને તમે વધારનાર છો. આપ વિવાહમાં બહેનને, તે પણ નાની બહેન અને સ્ત્રી તેને કેમ મારી શકો? શૂરા લોકો પોતાની બહેન-દીકરીને બચાવતાં પોતાના પ્રાણ આપી દે છે તો તમે તમારે હાથે બહેનને મારશો? ।।૩૭।।

તમે કહો છો કેઃ''આના ગર્ભથી મારું મૃત્યુ થાય માટે મારે મારવી પડે છે'' તો ત્યાં કહેવાનું કે મૃત્યુ તો નિત્ય છે. હે વીર! જન્મવાળાને દેહની સાથે જ મૃત્યુ પેદા થાય છે, એ આજ થાય કે સો વર્ષે થાય, પણ એ તો નિશ્ચય થવાનું જ ।।૩૮।।

મનુષ્યનો દેહ જ્યારે પંચત્વને પામે છે ત્યારે એ દેહમાં રહેનાર જીવ પોતાનાં કર્મોને અનુસારે બીજા દેહમાં પ્રવેશ કરીને વર્તમાન દેહને છોડે છે ।।૩૯।।

જેમ ખડમાકડી એક પગથી ઘાસને પકડી બીજા પગને છોડે છે તેમ જીવ પણ પોતાના કર્મથી મળેલા આગામી દેહને પકડી ચાલતા દેહને છોડે છે. જેવાં પોતાનાં કર્મ તેને અનુકૂળ દેવ, પશુ, મનુષ્ય વગેરેનો એ દેહ મળે જ ।।૪૦।।

જેની બુદ્ધિ એમ વિષયમાં પરિનિષ્ઠિત થઈ જાય છે ત્યારે એ વિષયને જીવ સ્વપ્નમાં જુએ છે. તેમ જ 'દષ્ટ' એટલે પ્રત્યક્ષ, 'શ્રુત' એટલે શાસ્ત્રવડે રાજાદિ કે ઈન્દ્રાદિ દેહનું મનથી ચિન્તન કરતો સ્વપ્નમાં ''હું રાજા છું, ઈન્દ્ર છું'' એમ માને છે તે વખતે એને પોતાના શરીરની સ્મૃતિ રહેતી નથી ।।૪૧।।

વળી ઉત્પત્તિ અને મરણ એ દેહનો ધર્મ છે, આત્માનો ધર્મ નથી. આત્મા એઓના અધ્યાસથી ઉત્પન્ન થાય છે અને મરે છે. (એ વાત કહે છે કે) કાળ, કર્મ

કે સ્વભાવ ની પ્રેરણાથી મન મોહવડે ઉત્તમ વિષયને જોતું જાય છે તેને બીજો વિષય મળતાં પૂર્વને છોડતું જાય છે. જીવ પણ એ મનની પાછળ તે-તે રૂપ થતો એ મનની સાથે તે-તે દેહમાં જાય છે તેથી મન જેની ભાવના કરે તે દેહ જીવને મળે, જેને મન છોડી દે તે દેહને જીવ છોડે છે. વિષય તો સર્વત્ર એ જ છે, પણ મનને જેમાં મોહ થાય તે ઉત્તમ અને જેનો મોહ દૂર થાય તે મનને ત્યાજ્ય, એટલે અધ્યાસથી જીવ પણ ગ્રાહ્ય-અગ્રાહ્ય એને અનુસરીને કરે, તેથી બીજા દેહને માટે પ્રયાસની જરૂર નથી તેમ આ દેહને બચાવવા આ તમારી બહેનને મારવાની જરૂર નથી ।।૪૨।।

(મનને અનુસરીને દેહને અનુસરવામાં મોહ જ કારણ છે એ પ્રતિબિમ્બ ન્યાયથી બતાવે છે) પાણીના ભરેલા કૂંડામાં સૂર્યનું તેજ પડે છે તે કૂંડાના જલને વાયુ ચલાવે ત્યારે તેમાં પડેલ સૂર્ય પ્રતિબિમ્બ ચલિત થતું દેખાય છે, પણ આકાશમાં રહેલ સૂર્યબિમ્બમાં એ વાયુની ક્રિયા વિકૃતિ ઉત્પન્ન કરી શકતી નથી, છતાં અજ્ઞ લોક સૂર્યને ચલાયમાન જુએ છે; તેમ પોતાના મોહથી બનેલા અને આત્મપણે સ્વીકાર કરેલા દેહ, ઈન્દ્રિય, અન્તઃકરણમાં આ જીવ જો કે સ્વયં બ્રહ્માંશ છે છતાં રાગવશ થઈને અન્તઃકરણ દેહાદિરૂપે પોતાને સમજીને એના કરેલા દોષને સ્વીકારી મોહને પામે છે. જીવને દેહ સમ્બન્ધ તો ભ્રમથી થયો છે તેથી દેહને ઉદ્દેશીને આત્માનો અપકાર ન કરવો જોઈએ ।।૪૩।।

(એમ તત્વનું નિરૂપણ કરી દેહમાં રાગ હોવાથી આત્માનો અપકાર ન કરવાનું કહ્યું તે લોકમાં પણ એમ જ માન્યતા છે એમ કહી આને મારવાથી પણ તમને ભય થશે એમ બતાવતાં કહે છે કે) દેહ કાંઈ આત્મા નથી, તેથી દેહને માટે કોઈની સાથે વૈર ન કરવું. આત્માના ક્ષેમની ઈચ્છાવાળો કોઈનો દ્રોહ ન કરે, કેમકે દ્રોહ કરનારને બીજાથી ભય થાય છે, આપણે બીજાનું શુભ થાય એમ ઈચ્છીએ તો આપણા ભલાનું કોઈ ચિન્તન કરે. આપણે કોઈને મારવાનો વિચાર કરીએ તો એ આપણે માટે એવો જ વિચાર કરે ।।૪૪।।

(ઉપરની વાત તત્વવિચારથી કહી) હવે લોકદષ્ટિથી જોઈએ તો પણ આ તમારી બહેન તમારે હાથે ન મરવી જોઈએ, કેમકે આ તમારી નાની બહેન છે. આઠ વર્ષની ઉંમરની છે માટે લાડ કરવાને લાયક છે. આ કાષ્ઠપૂતળી જેવી કોઈ જાતના ચાતુર્ય રહિત છે, વળી એણે લગ્નનો વેશ પહેર્યો છે, તમે તો દીનવત્સલ છો, તેથી બહેનનું

દૈન્ય જોઈને પણ એને તમારે મારવી ન જોઈએ ।।૪૫।।

(આ પ્રમાણે શાસ્ત્રના દષ્ટાન્તથી સમજાવતાં છતાં એ તો મારવાના નિશ્ચયમાંથી ખસ્યો નહિ એ કહે છે) એ પ્રમાણે *સામાદિ ઉપાયો વડે સમજાવતાં છતાં હે કૌરવ્ય! નિર્દય દૈત્યરૂપ એ કંસ રાક્ષસોને અનુસરનાર હોવાથી મારતાં અટક્યો નહિ ।।૪૬।।

**વિશેષ** : સામ, દામ, દંડ અને ભેદ આ ચાર પ્રકારની સમજાવટ શાસ્ત્રોમાં દર્શાવી છે.

વસુદેવજીએ જોયું કે કંસના આ દેવકીને મારવાનો જ નિશ્ચય છે. ત્યારે આ સમયે જે કરવું યોગ્ય હતું તે કરવાનો એણે નિશ્ચય કર્યો ।।૪૭।।

બુદ્ધિશાળી પુરુષે જ્યાં સુધી પોતાની બુદ્ધિ ચાલે ત્યાં સુધી મૃત્યુને ખસેડવું જોઈએ. અને એમ કરતાં પણ જો મૃત્યુ ન ખસે તો એમાં મનુષ્યનો દોષ ગણાતો નથી ।।૪૮।।

આકાશવાણીએ દેવકીનો અષ્ટમ ગર્ભ મારશે એમ કહ્યું છે, દેવકી મારશે, એમ તો આકાશવાણી કહેતી નથી; માટે આના પુત્રાદિ જે થાય એ કંસને આપવાની શરતે આ બિચારીને હું છોડાવું. એ જો છૂટે ને એમાં પુત્રો થાય ત્યાં તો આ કાલ નહિ મરે જ એ કોણ કહી શકે? ।।૪૯।।

(આના પુત્રથી જ એનું મૃત્યુ હોય તો આ દેવકીને જીવવું જ જોઈએ અને એ કંસે અથવા આ પ્રાપ્ત થયેલ મૃત્યુએ મરવું જ જોઈએ. અથવા સો મૃત્યુ છે એમાં એક મૃત્યુ અપ્રતિહત છે ત્યારે બીજાં મૃત્યુઓ મરે છે. તેથી જો આ સમયે આવેલું મૃત્યુ મરે તો કાલાન્તરમાં આવનાર મૃત્યુનો પ્રતીકાર પછી થઈ રહેશે. આકાશવાણીએ આઠમો ગર્ભ કહ્યો એ વાક્ય મિથ્યા ન થાય તો દેવકીનું મૃત્યુ ન થવું જોઈએ. એજ કહે છે કે) ભગવાન્‌ને શું કર્તવ્ય છે એ કોઈ જાણી શકતું નથી. તેથી અત્યારે જેને માથે મોત આવીને ઊભું છે તે ન મરે અને જે મૃત્યુ કરવાનું અભિમાન કરનાર છે તેજ મરે એવો વિપર્યય પણ સમ્ભવે છે ।।૫૦।।

(આ વાત જો કે ઠીક છે, પણ પુત્રરત્નો કાલને મારવાને આપવાં એ કરતાં પુત્રો ન થાય એ જ ઠીક કહેવાય અથવા આપણા હાથથી એવું કાર્ય ન થાય એ જ ઠીક એમ કહે, ત્યાં કહેવાનું કે) અગ્નિને કાષ્ઠનો યોગ થવો કે વિયોગ થવો એમાં અદષ્ટ જ નિમિત્ત છે તેમ જીવને શરીરનો સંયોગ અને વિયોગ થવો એનું કારણ દુઃખથી પણ ન જાણી શકાય એવું છે તેથી આગળ ઉપર ગમે તે થાય. પણ અત્યારે તો આ દેવકીનો બચાવ થતો હોય તો ગમે તે શરતે એનો પ્રાણ બચાવવો એ સમયોચિત વાતછે ।।૫૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : વસુદેવજીએ પોતાની બુદ્ધિ ચાલી ત્યાં સુધી ખૂબ

વિચાર કરીને કંસનાં બહુ માનપૂર્વક વખાણ કર્યાં, એની પ્રાર્થના કરી, હાથ જોડ્યા, વગેરે એની પૂજા પણ વસુદેવજીએ કરી ।।૫૨।।

કંસ તો ઘાતક અને લાજ વગરનો છે. વસુદેવજીએ પોતાના મનમાં ઘણુ દુઃખ છે તે દબાવી એની તરફ મન્દહાસ્ય કરી કહેવાનો આરમ્ભ કર્યોઃ ।।૫૩।।

''હે સૌમ્ય! જે આકાશવાણી સાંભળવાથી તમે આને મારવા તૈયાર થયા છો તે આકાશવાણીએ ''આ દેવકી તમને મારશે'' એમ તો કહ્યું નથી એટલે દેવકીથી તમને ભય ન હોવો જોઈએ. તમને ભય છે તે તો આના આઠમા ગર્ભથી છે, છતાં એને જેટલા *પુત્રો થાય તે થતાંની સાથે હું તમને અર્પણ કરું એટલે તમને એ બાળકો અનુકૂળ જ રહેશે, કેમકે એ બાળક તમને જ પિતા તરીકે પૂજનાર થશે. એટલે જો મારી વિનન્તિ ધ્યાનમાં આવે તો તમારો ભય દૂર થાય તેમ તમારી બહેન પણ મૃત્યુથી બચે'' ।।૫૪।।

**વિશેષ : ''પુત્રાન્ સમર્પયિષ્યે ન તુ ભગવાન્''** એવા ભાવથી વસુદેવજીએ કહ્યું કે આ દેવકીથી જ જન્મેલા પુત્રો તને સોંપીશ પરન્તુ ભગવાન્ પ્રકટ થશે તો તને સોંપીશ નહિ.

(આ પ્રમાણે વસુદેવજીનું કથન કંસના ધ્યાનમાં આવ્યુ ત્યારે એમ કરવાને કંસ કબૂલ થયો. એ કહે છે કે) કંસ વસુદેવજીના વચનના ભાવને જાણી ગયો અને બહેનને મારતો બંધ થયો. વસુદેવજીએ ત્યારે કંસનાં ઘણાં વખાણ કર્યાં અને બન્ને પોતાના ઘર તરફ ગયા ।।૫૫।।

(આમ દેવકીજી મૃત્યુથી બચવા પામ્યાં એ ભગવાને જ બચાવ્યાં એમ બતાવતાં છ શ્લોકથી કહે છે કે) ઘેર ગયા પછી દેવકીજીને આઠ વર્ષમાં આઠ પુત્રો થયા, કેમકે દેવકીજી સર્વ દેવતારૂપ છે. એને એક કન્યા થઈ તે પણ પ્રથમ વર્ષથી એક-એક પ્રજાક્રમે થઈ તે આઠ વર્ષમાં આઠ પુત્ર અને *એક કન્યા થયાં ।।૫૬।।

**વિશેષ :** દેવકીજીને કન્યા પ્રકટ થાય તેવી ઈચ્છા થઈ. તે નવમી કન્યા સુભદ્રા હતી. (પ્રકાશ. ગો. શ્રીપુરુષોત્તમજી)

જેમ દેવકીએ પુત્રોને જન્મ આપ્યા તેમ વસુદેવજીએ પોતે કંસ સાથે શરત કરી છે તે પ્રમાણે એ પુત્રો કંસને મારવાને આપવામાટે તૈયાર થયા. વસુદેવજી પોતે કરાર પાળ્યો છે એમ બતાવવામાટે, પોતાને કોઈ પોતાના વચનથી ખસ્યા એમ ન કહે એટલામાટે, મનમાં અત્યન્ત દુઃખી થતા એ કીર્તિમન્તને લઈને કંસને આપવામાટે ગયા ।।૫૭।।

સાધુપુરુષને કાંઈ દુઃસહ ન હોય, તેમજ વિદ્વાનને કાંઈ અપેક્ષિત ન હોય, કદર્યને કાંઈ ન કરાય એવું ન હોય અને ધીરજવાળાને કાંઈ દુઃખથી છોડવાનું ન હોય ।।૫૮।।

જ્યારે કંસને ખાતરી થઈ કે પુત્ર જેવી વસ્તુ આપતાં પણ વસુદેવજીને દુઃખ ન થયું ત્યારે તો વસુદેવજીને પુત્ર અને હું બન્ને બરોબર છીએ, વળી પોતે બોલ્યા એનું પાલન આવી રીતે પુત્રને મારવામાટે પણ આપીને કર્યું, એ બન્ને બાબતનો વિચાર કરી કંસ વસુદેવજી ઉપર પ્રસન્ન થયો. હે રાજન્! કંસ હસીને વસુદેવજીને કહેવા લાગ્યોઃ ।।૫૯।।

''આ તમારો *કુમાર ભલે ઘેર પાછો જાય, કેમકે આ તો તમારો પ્રથમ પુત્ર છે. મારું મૃત્યુ તો તમારા આઠમા ગર્ભથી થવાનો આકાશવાણીએ વિધિ બતાવ્યો છે'' ।।૬૦।।

**વિશેષ : ''અનેન પંચવાર્ષિકો નીત ઇતિ જ્ઞાયતે ષષ્ઠશ્ચોદરસ્થઃ''** આ શ્લોકમાં આપેલા 'કુમાર' શબ્દથી આ બાલક પાંચ વર્ષનો હતો, એમ જણાય છે. શ્રીદેવકીજીના ઉદરમાં છઠ્ઠો ગર્ભ હતો, ત્યારે શ્રીવસુદેવજી પ્રથમ બાલકને કંસ પાસે લાવ્યા. (શ્રીસુબોધિનીજી)

''જો તમે પ્રસન્ન થઈને મારી સાથે આ કુમારને ઘેર મોકલતા હો તો હું લઈ જાઉં'' એમ કહી વસુદેવજી પુત્રને ઘેર લઈ આવ્યા, પણ એના વાક્યમાં વસુદેવજીને વિશ્વાસ ન થયો કે આ પુત્રને હવે તે નહિ જ મારે, કેમકે એ કંસ દુષ્ટ છે અને બીજા ભમાવે તો તુરતમાં ભમી જાય તેવો છે, એક નિષ્ઠાવાળો નથી ।।૬૧।।

બન્યું પણ તેમજ વસુદેવજીને કંસે કહ્યું એમાં દેવનુંહિત ન હોવાથી દેવનું ગુપ્ત હિત કરનાર નારદજી ત્યાં આવી કંસને કહેવા લાગ્યા કે વ્રજમાં નન્દરાયજી વગેરે ગોપો તથા એઓની સ્ત્રીઓ, યાદવોમાં વસુદેવજી વગેરે તથા એમની સ્ત્રીઓ, હે ભારત! સર્વ ઉભય પક્ષમાં જન્મેલા દેવો છે, એટલુંજ નહિ, પણ તમારા સગા અને સમ્બન્ધીઓ પણ બધા દેવો છે ।।૬૨-૬૩।।

તમારી પાસે નોકરી કરનારમાં પણ અક્રૂર વગેરે દેવો જ છે'' આ બધું નારદજીએ એકાન્તમાં કંસને કહ્યું કે :''દેવો બધા મળીને દૈત્યોને મારવાનો નિશ્ચય કરીને યાદવોમાં અને વ્રજવાસીઓમાં અવતર્યા છે'' ।।૬૪।।

ઋષિ નારદજી એટલી વાત કહીને રવાના થયા કે કંસે ''યાદવો તો મારા શત્રુ દેવો છે'' એમ જાણ્યું અને ''દેવકીજીના ગર્ભમાં વિષ્ણુ મને મારવાને આવશે'' એ પણ

જાણી લીધું ।।૬૫।।

ત્યારે દેવકીજી અને વસુદેવજી ને કેદખાનામાં પૂર્યાં અને એના પુત્રોને ઉત્પત્તિના ક્રમવડે ''દરેક અંકને પ્રથમ માની ગણીએ તો દરેક આઠમો બાલક થાય, એ આઠમો વિષ્ણુ હોય'' એવી શંકાથી બધાને મારી નાખ્યા ।।૬૬।।

પોતાના પ્રાણને પોષણ કરનાર રાજાઓ ઘણું કરીને માતા, પિતા, ભાઈ, સર્વ સગા-સમ્બન્ધી, મિત્રો વગેરેને મારે છે, કેમકે એઓને લાભ મોટો હોય છે તેથી જ્યાં મને મારશે એવી એને શંકા થઈ એ ગમે તો એનો નજીકનો સમ્બન્ધી હોય એને એ મારતાં વાર લગાડતા નથી ।।૬૭।।

પહેલાં વિષ્ણુએ મહા અસુર કાલનેમિ નામના દૈત્યને મારેલો તે કાલનેમિ અહીં મારામાં પ્રવિષ્ટ થયો છે એમ કંસ જાણે છે તેથી એ યાદવોને દેવરૂપ જાણી એની સાથે યુદ્ધ કરવા લાગ્યો ।।૬૮।।

**ઉગ્રસેનં ચ પિતરં યદુભોજાઽન્ધકાધિપમ્ ।।**
**સ્વયં નિગૃહ્ય બુભુજે શૂરસેનાન્મહાબલઃ ।।૬૯।।**

યદુ તથા ભોજકુળ નો પતિ ઉગ્રસેન જે કંસનો બાપ થાય તેને રાજગાદી ઉપરથી ઉતારી કેદ કર્યો અને મહાબળવાળો હોવાથી શૂરસેન દેશનો પોતે રાજા થઈને એ દેશને ભોગવવા લાગ્યો ।।૬૯।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (પહેલા જન્મપ્રકરણમાં ભગવાન્‌ના જન્મના હેતુરૂપ) ''શ્રીકૃષ્ણના પ્રાકટ્યનું કારણ'' નામનો પહેલો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
ભગવત્કથાએદિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં

## અધ્યાય ૨

## ભૂતળ ઉપર પધારવાનો શ્રીકૃષ્ણે કરેલો ઉદ્યમ

**વિશેષ :** આ બીજા અધ્યાયમાં ભૂતળ ઉપર પધારતાં શ્રીકૃષ્ણે જે પોતાને પધારતાં પહેલાં

કરવું જોઈએ તે કરવાને માટે પોતાની માયાને આજ્ઞા કરી છે. એ કૃષ્ણનો 'ઉદ્યમ' કહેવાય. એ અહીં બીજા અધ્યાયનો અર્થ છે. કહેવાનું કારણ એટલું જ કે સાધારણ ભગવદ્ અવતારોની અપેક્ષાએ આ અવતાર મોટો એટલે મુખ્ય છે. ભક્તનું દુઃખ મટાડવામાં ક્ષણ વિલમ્બને પણ એ સહન કરી શક્તા નથી. માયાને બ્રહ્માદિ પણ આજ્ઞા ન કરી શકે તેને આજ્ઞા કરી તેથી વસુદેવજીના હૃદયમાં પધારતાં એ કોઈ પાસે ન આવી શકે એવા બન્યા તેથી અને દેવકીજીને જોતાં "મને મારનાર આના ઉદરમાં આવ્યો છે" એમ કૃષ્ણનું જ્ઞાન કંસને થયું છતાં દેવકીજીને એ કાંઈ કરી શક્યો નહિ તેથી આ અવતારની મોટાઈ સિદ્ધ થાય છે. ભક્તને અત્યન્ત દુઃખ થાય ત્યારે જ ભગવાન્ પધારે એવો નિયમ છે, એ બતાવવામાટે પ્રથમથી દૈત્યોની વાત કરી છે. ભગવાન્‌ને જલદી પધારવાનું છે એ બતાવવામાટે દેવકીજીના ગર્ભને રોહિણીમાં ફેરવ્યાની કથા છે. **"આહૈષ મે પ્રાણહરો હરિર્ગુહાં ધ્રુવં શ્રિતઃ"** એમ કંસનું કથન છે તેથી અને બ્રહ્માજી વગેરેએ ભગવાન્‌ની પ્રાકટ્ય સમયે સ્તુતિ કરી તેથી પણ આ પુરુષોત્તમ પધાર્યા છે એમ સિદ્ધ થાય છે. બ્રહ્માદિ સ્તુતિ ન કરે તો પુરુષોત્તમ પધાર્યા એમ લોકોને કેમ જાણવામાં આવે?

**પ્રલમ્બબકચાણૂરતૃણાવર્તમહાઽશનૈઃ ।।**
**મુષ્ટિકાઽરિષ્ટદ્વિવિદપૂતનાકેશિધેનુકૈઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : પ્રલમ્બ, બક, ચાણૂર, તૃણાવર્ત, મુષ્ટિક, અરિષ્ટ, દ્વિવિદ, પૂતના, કેશી અને ધેનુક એ બધા જુદાં-જુદાં રૂપ લઈ યાદવોનો સંહાર કરવા તૈયાર થયા. એમાં પ્રલમ્બ દૈત્યના વેશમાં છે, બક પક્ષીરૂપ, ચાણૂર મલ્લરૂપ, તૃણાવર્ત વંટોળિયારૂપ, મુષ્ટિક મલ્લરૂપ, અરિષ્ટ બળદરૂપ, દ્વિવિદ મર્કટરૂપ, પૂતના રાક્ષસરૂપિણી, કેશી અશ્વરૂપ અને ધેનુક ગધેડો છે. એ મોટી ભૂખવાળા ઝાઝું ખાવાવાળા છે. (કેટલાક "મહાશન એટલે અઘાસુર" એમ પણ કહે છે) ।।૧।।

એ ગણાવ્યા એના ઉપરાંત કેટલાક આસુરાવેશી રાજાઓ બાણાસુર, ભૌમાસુર, વગેરેને પોતાના પક્ષમાં લઈ, જરાસંધ પોતાનો શ્વશુર છે તેનો આશ્રય કરી કંસ યાદવોનો નાશ કરવા લાગ્યો ।।૨।।

કુરુદેશ (હસ્તિનાપુરની પાસેનો દેશ), પાંચાળદેશ અને કૈકય દેશ (ચિત્રકૂટની પાસેનો દેશ), શાલ્વ (પશ્ચિમદેશ), નિષધ (ઉત્તર પ્રદેશ), વિદર્ભ (તેની દક્ષિણનો દેશ), વિદેહ (ઉત્તર પ્રદેશ) અને કોશલ (અયોધ્યાની પાસેનો દેશ), આ બધા દેશોમાં અત્યન્ત પીડા પામતા યાદવો ચાલ્યા ગયા ।।૩।।

જે ત્યાંથી બહાર જઈ ન શક્યા તે કંસના સેવક બનીને અક્રૂર વગેરે રહ્યા. જ્યારે દેવકીજીના છ બાળકને બોલાવીને ઉગ્રસેનના પુત્ર કંસે મારી નાખ્યા ।।૪।।

ત્યારે ભગવાન્‌નો આવેશાવતાર, જેને લોક 'અનન્ત' કહે છે તે દેવકીજીના ગર્ભમાં પધાર્યા. એ દેવકીજીને આનન્દ અને દુઃખ આપનાર થયા. છ બાળક નષ્ટ થયા પછી બાળકનું ગર્ભમાં પધારવું જાણી હર્ષ થયો અને એની પણ કંસ પ્રથમના પુત્રોની કરી તેવી દશા કરશે એવો વિચાર આવતાં એ દુઃખનું કારણ થયા ।।૫।।

ભગવાન્ જેના રક્ષક છે તેવા યાદવોને કંસ જ્યારે બહુ દુઃખ દે છે એ વાત ભગવાને જાણી ત્યારે ભગવાને પોતાની યોગમાયાને હુકમ કર્યો કેઃ''હે કલ્યાણી દેવી! ગોપ (ગોપી) અને ગાયોથી શોભાયમાન વ્રજમાં તું જા ।।૬।।

ત્યાં નન્દરાયજીના ગોકુલમાં વસુદેવજીની સ્ત્રી રોહિણી રહે છે, બીજા પણ યાદવો એની સ્ત્રીઓ વગેરે કંસના દુઃખથી ભાગી છૂટેલાં ગુપ્ત પ્રદેશમાં રહે છે ।।૭।।

એમાં દેવકીજીના ઉદરમાં જે શેષ નામનું મારું તેજોરૂપ ધામ (સ્થાન અક્ષરરૂપ) છે તેને ત્યાંથી ખેંચી રોહિણીના ગર્ભમાં સ્થાપન કર. એમ કરતાં એના નાશની શંકા તો નથીજ, કેમકે એ ગર્ભ મારા ધામરૂપ છે; તું મારી યોગરૂપ માયાછે ।।૮।।

(હવે પુરુષોત્તમ યોગમાયાને કહે છે કે) હે શુભસ્વરૂપે! તું ગર્ભનું કર્ષણ કરી રોહિણીમાં દાખલ કરે ત્યારે હું મારા (પુરુષોત્તમના) *અંશ(વાસુદેવાદિ ચાર ભાગ) વડે ચાર પ્રકારે કાર્ય કરવાને દેવકીનો પુત્ર થઈશ અને તું નન્દરાણી યશોદાજીમાં થશે ।।૯।।

**વિશેષ** : ભગવાન્‌ને કેવળ કંસને મારવામાટે પધારવાનું નથી, પણ ભક્તને સુખ આપવામાટે છે. એ સુખના પ્રકાર અનેક છે. કેવળ અંશરૂપે તો એનાથી સર્વ ભક્તના સર્વ ફળને એ આપી ન શકે તેથી પુરુષોત્તમને તો પધારવું જરૂર જોઈએ. તેથી વિભાગ સહિત પધારે છે. એ ચાર પ્રકારના વ્યૂહ ચાર જાતનાં કાર્ય કરવા અવશ્ય જોઈએ, તેથી ચાર પ્રકાર છતાં **'ભાગેન'** એમ એકવચન કહ્યું છે **''યુવાં વૈ''** એ શ્લોકથી પૃષ્ણિ સુતપાએ પુત્રની કામના કરી છે એને માટે **'પ્રદ્યુમ્ન'**ની જરૂર છે, કેમકે એ વંશ સમ્પાદક છે. પૃથ્વી પોતાનો ભાર ઉતારવાને માટે વીનવે છે તેથી **''યદા યદા''** શ્લોકમાં કહ્યા પ્રમાણે ધર્મરક્ષામાટે **'અનિરુદ્ધજીની'** જરૂર છે. અજ્ઞાનનો લય કરવામાટે **'સંકર્ષણ'** તો જોઈએ જ, તો મોક્ષ વાસુદેવજી આપી શકે તેથી એને પણ પધારવું જોઈએ, એ બધો વિચાર કરી ભગવાને **'અંશભાગેન'** એવા શબ્દો સ્વ આજ્ઞામાં કહ્યા છે. એમાં વાસુદેવાદિને પુત્રપણું નથી તેમ પુરુષોત્તમ પણ કોઈના પુત્ર નથી, પણ લોકને ભ્રમથી ભગવાન્ વસુદેવના પુત્ર છે એવો ભ્રમ થાય છે એ ભગવાન્‌ની ઈચ્છાથી થાય છે તેથી

જ પરશુરામ બ્રાહ્મણ હતા છતાં દુષ્ટને મારવામાટે ક્ષત્રિયત્વને પ્રકટ કરતા તેમ પુરુષોત્તમ પણ તે-તે કાર્ય તે-તે વ્યૂહદ્વારા કરી સ્વયં પૂર્ણ કેવળ નિઃસાધન ભક્તોના મનોરથને પૂર્ણ કરેછે.

તું સર્વની કામના પૂર્ણ કરનારી હોવાથી મનુષ્યો ધૂપ, ઉપહાર અને બલિવડે તારી પૂજા કરશે તું તેના કામને પૂર્ણ કરીશ ।।૧૦।।

દુર્ગા, ભદ્રકાલી, વિજ્યા, વૈષ્ણવી, કુમુદા, ચંડિકા, કૃષ્ણા, માધવી, કન્યકા, માયા, નારાયણી, ઈશાની, શારદા અને અમ્બિકા એવાં તારાં નામ લોકો પાડશે અને તે-તે સ્થાનમાં તને સ્થાપન કરી તારી પૂજા કરશે ।।૧૧-૧૨।।

તું દેવકીજીના ગર્ભનું કર્ષણ કરીશ તેથી એ 'સંકર્ષણ' એવા નામથી પ્રસિદ્ધિને પામશે. લોકને રંજન કરશે એથી એને લોકો 'રામ' કહેશે, અને અત્યન્ત બળવાળા હોવાથી એને 'બલભદ્ર' પણ કહેશે'' ।।૧૩।।

જ્યારે આ પ્રમાણે ભગવાને આજ્ઞા કરી ત્યારે યોગમાયાએ સ્વીકારી. ''જેમ આપ કહેશો તેમ કરવાને હું તૈયાર છું'' એમ કહી પૃથ્વી ઉપર જઈ એણે આજ્ઞાનુસાર કાર્ય કર્યું ।।૧૪।।

માયાએ સ્વકાર્ય કર્યું ત્યારે લોકો દેવકીજીને ગર્ભપાત થયો એવી વાતો કરવા લાગ્યા ।।૧૫।।

વિશ્વાત્મા ભગવાન્ ભક્તને અભય આપનાર અંશભાગવડે વસુદેવજીના *મનમાં પધાર્યા ।।૧૬।।

**વિશેષ** : અહીં ભગવાન્ના પધારવામાં નિષેકનો સમ્ભવ નથી ત્યારે પહેલાં વસુદેવજીના મનમાં અને પછી દેવકીજીમાં પધારવાનું કહે છે એનો ભાવાર્થ આ પ્રમાણે છે. અહીં નૃસિંહ કે હંસ ના જેવું પ્રાકટ્ય ભગવાન્નું નથી, પરન્તુ યદુવંશના સમ્બન્ધવાળું શૂરના પૌત્ર અને વસુદેવજીના પુત્રરૂપે ભગવાન્ પ્રકટ્યાનું કહેવું છે. લોકમાં શરીરને જ પુત્ર કહે છે અને એ શરીર નિષેકથી જ બન્ધાય છે, તેથી ઉત્પન્ન થયો એમ કહેવાય છે. પરન્તુ અહીં તો જીવની ઉત્પત્તિ નથી, પણ ભગવાન્નું પ્રાકટ્ય કહેવાનું છે. એ પ્રાકટ્ય ભગવાન્ જ્યાં દર્શન આપે ત્યાં થાય તેથી પ્રથમ વસુદેવજીના મનમાં પ્રકટ થયા એ અયોગોલકમાં (લોખંડના ગોળામાં) અગ્નિની જેમ થયા. પછી વૈધદીક્ષા (વેદ વાક્યમાં જણાવેલ મન્ત્રનો ઉપદેશ કરતા ગુરુ દેવતાનું પોતાનામાં આવાહ્ન કરે છે અને પછી તેનું શિષ્યમાં સ્થાપન કરે છે તે) ન્યાયથી દેવકીજીના હૃદયમાં ભગવાન્ને પધરાવ્યા ત્યારે કંસ **''ન પુરેયમીદશી''** એમ કહ્યું. કેટલાક **'અંશ'** એટલે નારાયણ અને **'ભાગ'** એટલે **'કેશરૂપ'**એમ કહે છે. પુરુષોત્તમ તો નન્દરાયજીને ઘેર માયાની સાથે પધાર્યા

છે. જો એમ ત્યાં પ્રભુપ્રાકટ્ય ન હોય તો **'દેવકીજઠરભૂ:'** કહ્યું એમ **''તવ સુતઃ''** એમ ગોપીઓ ન કહે, વળી **''તન્માતરૌ નિજસુતૌ''** એમ શુકદેવજી ન કહે, અને શુકદેવજીએ કહ્યું છે એ વાક્યનો વિરોધ આવે. માયાવડે રૂપાન્તર થયું છે એ માયાના નિરૂપણ વખતે ચોથા અધ્યાયમાં માયાની ઉત્પત્તિ કહી છે, તેથી જ નન્દરાયજીના મહોત્સવમાં શુકદેવજી **''નન્દસ્ત્વાત્મજ ઉત્પન્ને''** એમ કહે છે. આ બધાં વાક્ય ચરિતાર્થ તો નન્દરાયજી અને વસુદેવજી બન્નેને ત્યાં ભગવત્પ્રાકટ્ય થવાનું કબૂલ કરીએ તો જ થઈ શકે, માટે 'શ્રુતાર્થાપત્તિથી' બન્ને સ્થાને પુરુષોત્તમ-પ્રાકટ્ય છે એમ અવશ્ય માનવું જોઈએ. પરન્તુ અહીં તો વસુદેવજી આવી પોતાના પુત્રને મૂકી એને બદલે માયાને લઈ ગયા એમ વાત છે. એ પણ ઠીક છે, કેમકે નન્દરાયજીને ત્યાં જે પુરુષોત્તમ માયાની સાથે પ્રકટ્યા તે **''સર્વતઃ પાણિપાદાન્ત''** હોઈને વસુદેવજીના ઘરમાં પણ એની સ્થિતિ માની શકાય. તેથી જ ચતુર્ભુજરૂપ જોઈને દેવકીજી ઉદ્વિગ્ન થયાં ત્યારે **''બભૂવ પ્રાકૃતઃ શિશુઃ''**એ વાક્યથી પુરુષોત્તમ તો ત્યાં સ્પષ્ટ થાય છે. એમાં વ્યૂહનું કાર્ય પણ પૂતનામોક્ષ દૈત્યમારણાદિ હોવાથી એ સ્વરૂપમાં વ્યૂહરૂપને પણ ગુપ્ત રાખ્યા છે. તેથી જ મુક્તિદાન, ભૂભારહરણ, વંશના સમ્બન્ધયુક્ત પ્રાકટ્ય, પિતાદિને સુખદાન, વેદમાર્ગરક્ષા, નારદશાપવિમોચન, દ્વિજસન્માન વગેરે કાર્યો જે વ્યૂહદ્વારા જ થઈ શકે એવાં છે તે પણ આગળ તે-તે પ્રસંગે સ્પષ્ટ થશે. આ ઉપર કહ્યા પ્રમાણે ભગવત્પ્રાકટ્યને માનીએ ત્યારે જ બધી ભગવલ્લીલા સમ્ભવે એમ માનવામાં પ્રમાણ જોઈએ તો શ્રુતાર્થાપત્તિ જ મુખ્ય છે.

આ દેવોની સ્તુતિમાં કાલાત્મા ભગવાન્ પ્રકટ્યા છે તેમની દેવો સ્તુતિ કરે છે, કેમકે એઓને દૈત્યોનો નાશ ઈષ્ટ છે. એમાં કાળ માસાત્મક ત્રીશ દિવસનો છે તેમાં પન્દર દિવસ દેવોના અને પન્દર દૈત્યોના છે, તેથી દેવોના પક્ષપાતી કાલની સ્તુતિ અહીં દેવોએ કરી છે; તેથી જ આ સ્તુતિના પન્દર શ્લોક છે. ધ્રુવા સોળમી છે. એ કલા ભક્તપક્ષપાતિની છે, તેથી તિથિવૃદ્ધિમાં સોળ દિવસ પણ થઈ જાય. એક શ્લોકથી બ્રહ્માજીએ દેવકીજીની સ્તુતિ કરી છે, તેથી દેવોએ પંચદશાત્મા કાલ પ્રકટ્યો છે એમ જાણ્યું. એ બધાનો હિતકારી છે છતાં દેવોએ સ્વહિતકારીની સ્તુતિ કરી છે. એ હિત ચાર પ્રકારનું છેઃલોકકૃત, સ્મૃતિકૃત, વેદકૃત અને ભગવન્માર્ગકૃત. એ દરેકના પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ એવા ચાર ભેદથી સોળ થાય, એ સોળ શ્લોકના અર્થ છે. એમાં પ્રથમ ચાર શ્લોકથી પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ થી લોકકૃત 'દેવપક્ષપાત' કહેવામાં આવે છે. લોકમાં પ્રમાણ સત્ય છે, દેખાતું જગત્ લોકમાં પ્રમેય છે, ગુણાભિમાની દેવો લોકમાં સાધન છે અને કુશળ એ લોકનું ફળ છે. એવું જ દૈત્યનું પણ

ચાતુર્વિધ્ય છે તે તો અત્રે કહેવાનું નથી, અહીં તો પક્ષપાતી સ્તુતિ છે તેથી દેવહિતકૃત્ ચતુર્વિધ લોકપક્ષપાતી પ્રમાણાદિ કહેવાનો અભિપ્રાય છે. એમાં લોકમાં દેવો સત્યના પક્ષપાતી છે, જ્યારે દૈત્યો અસત્યના પક્ષપાતી છે, તેથી સ્તુતિમાં દેવોએ કહ્યું કે આપ અમારું હિત સાધવા સત્યસ્વરૂપે પ્રકટ્યા છો, તે સત્યરૂપ આપને અમે શરણે આવ્યા છીએ

જ્યારે વસુદેવજીમાં ભગવદ્ આવેશ થયો ત્યારે એ, કોઈ પણ પાસે ન આવી શકે તેવા તેજસ્વી થયા તો પછી કોઈ એમનું અપમાન તો ક્યાંથી જ કરી શકે? લોકોને એની પાસે જતાં પણ મનમાં ડર લાગે એવા થયા. (લોકો એમની સામું જોઈ ન શકે કે પાસે જઈ ન શકે એવા, લોકોને લાગ્યા) ।।૧૭।।

જેમ પૂર્વ દિશા આનન્દ આપનાર ચન્દ્રને ધારણ કરે તેમ જગતનું મંગળ કરનાર અચ્યુત ભગવાન્નું સર્વાત્મરૂપ છતાં આત્મરૂપ તેજ, વસુદેવજીના મનમાં આવ્યું હતું તેને વૈધદીક્ષાથી વસુદેવજીએ દેવકીજીમાં સ્થાપન કર્યું અને દેવકીજીએ હૃદયમાં ધર્યું ।।૧૮।।

સર્વ જગત્ જેનામાં રહે છે તેવા ભગવાન્ને દેવકીજીએ ધારણ કર્યા છતાં અગ્નિની જ્યોતિ જેમ ચારે કોરથી બંધ કરવાથી શોભતી નથી, જેમ જ્ઞાની હોવા છતાં બીજો જાણશે તો મારા જેવો થઈ જશે એવી બીકથી વિદ્યાને યોગ્ય અધિકારીને ન આપનાર 'જ્ઞાનખલ' કહેવાય છે અને તેની તે વિદ્યા શોભતી નથી, તેમ કંસના કેદખાનામાં પુરાયેલાં દેવકીજીની ભગવાન્ના પધારવાથી પણ જોઈએ તેવી શોભા થઈ નહિ ।।૧૯।।

દેવકીજીનું તેજ એવું જણાતું હતું કે એમની હૃદયગુહામાં ભગવાન્ અજિત પધાર્યા છે એમ સર્વ કોઈને જણાઈ આવે. વળી પોતાની કાન્તિથી જે ઘરમાં બેઠાં છે તેને પવિત્ર સ્મિતવડે પ્રકાશયુક્ત કરી આપતાં દેવકીજીને કંસે જ્યારે જોયાં ત્યારે કંસ બોલ્યો કે ''હું દેવકીને ઘણા દિવસથી જોતો આવ્યો છું, પણ એનું આવું તેજ મેં ક્યારે પણ જોયું નથી, માટે મારા પ્રાણને હરનાર હરિ આ વખતે જરૂર એની હૃદયગુહામાં આવ્યો છે, કેમકે હું એને પ્રથમ કરતાં જુદી રીતે જાઉં છું ।।૨૦।।

આ સમયે મારે બચવામાટે શું કરવું જોઈએ? જો કાંઈ ન કરું તો-તો મારા પ્રાણને હરિ ભગવાન્ લઈ લેશે; માટે જલદી કાંઈક બચાવ શોધવો જોઈએ. પરન્તુ ભગવાન્ મને મારવામાટે જ આવતો હોય તો કાંઈ એ કામ કર્યા વગર રહે જ નહિ, તેથી એ મને જરૂર મારશે. (કોઈ એમ કહે કે તારું જીવન વિદ્યમાન હશે તો ભગવાન્

આવશે તો પણ તને નહિ મારે જીવન જ ખલાસ થવાનું હશે તો એ ન પધારે તો પણ તારે મરવું પ્રાપ્ત થાય; માટે આ દેવકીજીને મારવાનો દ્રોહ તો તારે કરવો ન જોઈએ! એના ઉત્તરમાં કહે છે કે) જીવવાને માટે બને તેટલો ઉપાય કરવો જ જોઈએ, કેમકે દીવામાં તેલ વગેરે હોય છતાં પવનથી બચાવીએ તો દીવો પ્રકાશ આપી શકે; માટે આ દેવકીને મારું તો મારો પ્રાણ બચે. પણ એમ કરું તો એક તો નાની બહેન સ્ત્રીજાતિ છે જેની રક્ષાનેમાટે શૂરવીરો પોતાનાં માથાં આપી એને બચાવે છે, તેને મારવી એ શૂરાને અપકીર્તિ કરનાર હોઈને યોગ્ય ન ગણાય, વળી ગર્ભવતી હોવાથી એ પ્રાણીઓના પ્રાણને અને આયુષ્યનું પોષણ કરનારી છે તેને મારવાથી આપણું આયુષ્ય નાશ પામે. બહેન તો લક્ષ્મીનું સ્વરૂપ ગણાય તેને મારું લક્ષ્મીનો નાશ થાય. એમ બહેનને મારવામાં ત્રણ દોષ હોવાથી તેને મારવી ઉચિતનથી ।।૨૧।।

જે અત્યન્ત ક્રૂરતાથી જીવે છે તેને જીવતો મરેલો સમજવો. જ્યારે તેનો દેહ પડે ત્યારે લોકો એને શાપ આપે છે કે મરનાર અત્યન્ત ક્રૂર હતો. તે મર્યો પણ ઘોર નરકમાં જશે; એમાં પણ દેહાભિમાનીઓને જે ઘોર નરક મળે છે તેમાં અવશ્ય આ ક્રૂર જશે ।।૨૨।।

એવો વિચાર આવતાં બહેનને મારવાનો ભયંકર વિચાર બંધ પડ્યો અને મનમાં કહેવા લાગ્યોકે આ બહેનનો બાળક આવશે ત્યારે એને મનમાં આવે તેમ કરવાને હું સમર્થ છું, તેથી ભગવાન્‌ને વૈરભાવથીયાદ કરતોકંસ એને પ્રકટ થવાનીપ્રતીક્ષા કરવાલાગ્યો ।।૨૩।।

બેસતાં, સૂતાં, ઊભો થતાં, ભોજન કરતાં, ફરતાં, જળ પીતાં, ઇન્દ્રિયોના સ્વામી ભગવાન્‌નું ચિન્તન કરતો-કરતો કંસ સમગ્ર જગતને પોતે ભગવન્મય જોવાલાગ્યો ।।૨૪।।

નારદ આદિ મુનિઓ અને અનુચર સહિત દેવોની સાથે બ્રહ્માજી અને શિવજી કંસના કેદખાનામાં આવ્યા ને અનુકૂળ વાણીવડે કામને પૂર્ણ કરનાર ભગવાન્‌ની તેઓસ્તુતિકરવા લાગ્યા ।।૨૫।।

**દેવો બોલ્યા :** આપ *સત્યવ્રતવાળા છો, સત્ય જ ઉત્કૃષ્ટ જેને છે તેવા છો, ત્રણે કાળમાં કે ત્રણે લોકમાં ત્રણ અવસ્થામાં સત્ય છો, સત્યના સત્યમાં રહેનાર છો, ૠત અને સત્ય નેત્રવાળા એવા સત્યરૂપ આપને અમો શરણે આવ્યા છીએ ।।૨૬।।

**વિશેષ** : વેદમાં **''સત્યં પરં પરં સત્યં''** એ મન્ત્રમાં પાંચ પ્રકારનું સત્ય કહ્યું છે. **''પ્રાજાપત્યો હારુણિઃ''** ત્યાં પણ સત્યની પ્રશંસા છે. સર્વોત્કૃષ્ટ તે સત્ય અને સત્ય તે પર એમ પરની અને સત્યની એક્તા કહી છે. વ્રત પણ લોકમાં ઉત્કૃષ્ટ ગણાય છે. ભગવાનનું વ્રત સત્ય છે. સત્ય, તપ, દમ, શમ, દાન, ધર્મ, પ્રજનન, અગ્નિ, અગ્નિહોત્ર, યજ્ઞ, મૌન અને સન્ન્યાસ બાર પ્રકારનું સત્યલોકમાં છે તે પણ ભગવાનનું જ સત્ય છે. ભગવાનને જો કોઈ નિયમન કરનાર હોય તો એ સત્ય જ છે, તેથી સત્યને માટે પોતે વચન પાળવાને પધાર્યા છે. સત્યનું કારણ ભગવાન્ છે. ''કાલે આપીશ એમ'' કહ્યું એનું પાલન પણ આપ જ કરાવે છે, સત્યના રક્ષક પણ ભગવાન્ છે તે સત્યમાં રહી સત્યનું પાલન કરે છે, તેથી **''નિહિતં ચ સત્યે''** એમ કહ્યું છે. સત્યનો અન્તર્ભાવ પણ સત્યમાં છે. **''પુર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે''** ની જેમ સત્ય સ્વાધિદૈવિક સત્ય ભગવાન્‌માં લીન થાય છે. આવા સત્યના અનેક ભેદ શ્રીસુબોધિનીજી, ટિપ્પણીજી, પ્રકાશ, લેખ, યોજના વગેરે ગ્રન્થોમાં લખ્યા છે તે બધાને અત્રે દર્શાવતાં વિસ્તાર થઈ જાય માટે મૂળમાં જે નિર્દેશ કર્યો છે તેમાંથી સાર માત્ર અત્રે આપ્યો છે. વિશેષ જિજ્ઞાસુએ શ્રીસુબોધિનીજીમાં બધા લેખ પ્રકટ થયા છે તેમાંથી જોઈ લેવા વિનન્તિ છે.

આ જગત્ વૃક્ષાત્મક છે તેનું મૂળ ભગવાન્ છે. સુખ અને દુઃખ એ એનાં ફળ છે. અથવા સ્વર્ગ-નરક એ બે ફલ લોકમાં ગણાય છે. ત્રણ ગુણ એ મૂળ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રપંચવૃક્ષના રસ છે. પાંચ કર્મેન્દ્રિયજન્ય પાંચ પ્રકારની કૃતિ એના પ્રકાર છે. છ જ્ઞાનેન્દ્રિય એનો આત્મા છે, કેમકે વિજ્ઞાનમયને આત્મા કહ્યો છે. સાત ધાતુ છાલરૂપ છે. અષ્ટધા પ્રકૃતિ એ એની શાખાઓ છે. નવ છિદ્રો એનાં બીજ છે. દશ પ્રાણ એનાં પત્ર છે. એની ઉપર જીવ અને અન્તર્યામી નામના બે પક્ષીઓ બેસે છે તેવું પ્રપંચાત્મા આદિવૃક્ષ આપનું કાર્ય સ્વરૂપ છે.।।૨૭।।

આ સત્યરૂપ જગતના આપજ ઉત્પત્તિસ્થાન છો, આપજ લયનું સ્થાન છો, અને પાલન કરનાર પણ આપજ છો. એનેવિદ્વાનો જુદી-જુદી રીતે નથી જોતા, પણ આપની માયામાં મોહ પામેલા ભેદભાવથી જુએ છે ।।૨૮।।

(અહીંલોક પ્રમાણાદિપૂરું થયું, અહીંથીસ્માર્ત પ્રમાણાદિ કહે છે)ચરાચર લોકના કુશળને માટે આપ જ્ઞાન સ્વરૂપ છતાં જુદા-જુદા અવતારોને ધારણ કરો છો. આપ સત્વથી રૂપોને સ્વીકારો છો તેથી એ સત્પુરુષોનું હિત કરો છો અને વારંવાર દુષ્ટોનો નાશ કરો છો ।।૨૯।।

હે કમલ નયન! આપ સમગ્ર જીવના આધાર છો તેનું જે સમાધિ કરી હૃદયમાં ધ્યાન કરે છે તે મોટાઓએ કરેલા આપના ચરણરૂપ વહાણનો આશ્રય કરી પોતે સંસારરૂપ સમુદ્રને ગોવત્સપદ જેવો કરી તરી જાય છે ।।૩૦।।

(ઉપર સ્માર્ત પ્રમાણ કહ્યું. હવે સ્માર્ત પ્રમેય કહે છે. એમાં સમ્પ્રદાય અને મોક્ષ એ પ્રમેય છે. એમાં સમ્પ્રદાય સાધન અને મોક્ષ ફલ છે. એ બન્ને અહીં યોગથી સિદ્ધ થાય છે)હે પરમ પ્રકાશસ્વરૂપ પ્રભુ! સંસારસમુદ્ર બહુ ભયંકર છે. તેને સમ્પ્રદાયપ્રવર્તકો પોતે તરીજાય છે અને એ સમ્પ્રદાયરૂપ નાવને અહીં બીજાના તરણને માટે છોડી જાય છે, કારણ કે એમના હૃદયમાં અત્યન્ત સૌહાર્દ છે. આપ સત્પુરુષનીઉપર અનુગ્રહવાળા છો તેથી જે જીવો સત્પુરુષદ્વારા આપને શરણે આવે છે અને આપના શરણનો આશ્રય કરે છે તેમને આપ સંસાર સમુદ્રને સામે પાર પહોંચાડી દો છો ।।૩૧।।

(આ શ્લોકથી પ્રમેય કહી હવે સાધન કહે છે કે, મહાપુરુષનો ઉપદેશ સાધન છે. એ કહે છે કે) હે કમલનેત્ર! કેટલાક પોતાના મનમાં મુક્તપણાનું અભિમાન રાખનાર છે, પણ આપના સ્વરૂપમાં ભાવ ન હોવાથી એની બુદ્ધિ શુદ્ધ હોતી નથી. એ કષ્ટથી પરમપદ સુધી પહોંચે છે, પણ આપના ચરણનો અનાદર કરવાથી ઊંચે ચડ્યા છતાં અવલમ્બનના અભાવે એ નીચે પડે છે ।।૩૨।।

હે માધવ! આપનો આશ્રય કરનાર એવી રીતે પડતા નથી એનું કારણ એ જ કે તેમણે આપની સાથે સૌહાર્દ કર્યું છે, એથી આપ તેમના રક્ષક બનો છો ત્યારે બધેથી નિર્ભય થઈ વિઘ્ન કરનારના મસ્તક ઉપર પગ મૂકી હે પ્રભો! આપના સેવકો ફર્યા કરે છે ।।૩૩।।

(એમ સ્મૃતિમાર્ગથી દેવપક્ષપાતિત્વનું વર્ણન કરીને હવે વેદમાર્ગથી ભગવાન્ દેવનો પક્ષ કરનાર છે એમ ચાર શ્લોકથી કહે છે. એમ લોકમાં અને સ્મૃતિમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ થી ભગવાન્ પક્ષપાતી હોવાનું કહ્યું છે તે જ ક્રમ અત્રે પણ ગ્રાહ્ય છે તેમ સ્માર્તમાર્ગથી દેવોના ભગવાન્ પક્ષપાતી છે એ વાત દેવોએ સ્તુતિમાં બતાવી, હવે *વેદમાર્ગથી પણ ભગવાન્ અમારા પક્ષમાં છે એમ દેવો સ્તુતિમાં કહે છે કે) મનુષ્યના કલ્યાણને સમીપમાં લાવી આપનાર આપ શ્રીઅંગને ધારણ કરો છો, જે શ્રીઅંગનો આશ્રય કરી મનુષ્યો વૈદિક ક્રિયા, યોગ, તપ અને સમાધિ વડે આપની સેવા કરે છે ।।૩૪।।

**વિશેષ** : વેદમાં બે પ્રકારના ધર્મના માર્ગ છેઃએક પ્રવૃત્તિમાર્ગ અને બીજો નિવૃત્તિમાર્ગ. એ દરેક માર્ગ અધિકારના ભેદવડે બે પ્રકારનો થાય છે. એમાં પ્રવૃત્તિમાર્ગમાં વેદનો અર્થ જાણો અને

એમાં કહેલાં કર્મ કરવાં, બ્રહ્મચારી અર્થ જાણવાનો અધિકારી છે જ્યારે ગૃહસ્થ યજ્ઞાનુષ્ઠાનનો અધિકારી છે. આ વાત પ્રવૃત્તિમાર્ગની થઈ, હવે નિવૃત્તિ માર્ગમાં સંસારથી નિવૃત્ત થઈને તપશ્ચર્યા કરવી એ વાનપ્રસ્થને અધિકાર બતાવે છે. આત્મામાં સ્થિતિ કરવી એ સન્ન્યાસીના અધિકારની વાત છે. ઉપર કહ્યા પ્રમાણે વૈદિક રીતે ચાર આશ્રમનું કર્તવ્ય છે, તે દૈવાંશ જીવોને સમાન છે. સાત્વિકમૂર્તિ ભગવાન્ સ્વસત્વ પ્રકટ કરીને સાત્વિકોને તે-તે ધર્મમાં પ્રવૃત્ત કરે છે, એનાથી વિપરીત રાજસ તામસને એ ધર્મોથી નિવૃત્ત કરે છે એમ માનવું જોઈએ. એમ ન માનીએ તો કેટલાક શાસ્ત્રાનુસારે અધ્યયન વગેરે કરે છે જ્યારે બીજાઓ શાસ્ત્રાનુસાર એ કરવાથી વિમુખ રહે છે એમ થવું ન જોઈએ, પણ એમ જોવામાં આવે છે, માટે એના પ્રવર્તક નિવર્તક ભગવાન્ છે એમ સિદ્ધ હોય છે. જગતમાં વૈદિક ધર્મમાં ભગવાન્ રક્ષક હોય તો જ એ ધર્મ લોકમાં પ્રવર્તી શકે, તેથી ભગવાનને ધર્મરક્ષણાર્થ સત્વાવતારની જરૂર છે. જ્યારે ભગવાન્ પ્રકટ થઈને સત્વગુણને પ્રવૃત્ત કરે ત્યારે આશ્રમીઓ વેદાધ્યયન ક્રિયાનુષ્ઠાન તપ સમાધિ વગેરે કરે છે. તે-તે આશ્રમધર્મોથી શુદ્ધ જીવ જ ભગવાનની સેવાનો અધિકારી છે, નહિ કે અશુદ્ધ કર્મ કરનાર. જો કોઈ ફલ આપનાર ન હોય તો એકે કરેલ કર્મનું ફલ ન જોતાં બીજો તે કર્મ કરવાને લલચાતો નથી. ત્યાં કોઈ કહે કે અદષ્ટ કે ભૂતસંસ્કારદ્વારા ફલ મળી શકે! ત્યાં કહેવાનું કે જ્યારે પ્રથમ શરીરથી આત્માને જુદો જાણે ત્યારે કર્તૃસમાનાધિકરણ અદષ્ટ ઉત્પન્ન થાય, દેહાન્તર પ્રાપ્ય ફલમાં ભૂતસંસ્કાર કહી શકાય; એ બન્ને તો અહીં નહિ હોવાથી ભગવાન્ ફલદાતા અવશ્ય અપેક્ષણીય છે. એ ભગવાન્ ફલનું ઉપાયન કરે છે એટલે સમીપમાં લાવી આપે છે. એ ધર્મ ભગવદ્ભજનમાં કરણ કે સહાયક ન થાય તો એ ફલ ક્ષયિષ્ણુ હોય, તો પ્રથમ કહ્યા દોષની નિવૃત્તિ ન હોય. તેથી વૈદિકમાર્ગમાં પણ સર્વ ધર્મના પ્રવર્તક ભગવાન્ છે તે દેવોને વૈદિક ક્રિયાદ્વારા પોષણ આપે છે. તેથી દેવોના (અમારા) કાર્યને સિદ્ધ કરવા ભગવાન્ ભૂતળ ઉપર પધારે છે એમ ધારી સ્વપક્ષપાતિત્વથી સ્તુતિ કરે છે. ત્યાં શંકા હોય કે બ્રહ્મચારી અને ગૃહસ્થ ને જ્ઞાન ન હોવાથી એને માટે સત્વમૂર્તિ ભલે અપેક્ષિત હોય, પણ તપસ્વી સન્ન્યાસીને આત્મજ્ઞાન હોવાથી એને સાક્ષાત્ ભગવત્સ્વરૂપની અપેક્ષા નથી! આ શંકાના ઉત્તરમાં આગામી શ્લોક કહેવામાં આવે છે.

હે ધાત! અજ્ઞાનરૂપી ભેદને દૂર કરનાર વિજ્ઞાન, આપના સ્વરૂપપ્રાકટ્ય સિવાય ન જ થઈ શકે. બુદ્ધિ વગેરે ગુણના પ્રકાશવડે તો માત્ર આપનું અનુમાન થઈ શકે છે. પણ જેના સમ્બન્ધી ગુણ પ્રકાશે છે અથવા જેનાવડે ગુણ પ્રકાશે છે તે આપનું સ્વરૂપ છે, એ તો આપ અહીં પધારીને જીવ ઉપરકૃપા કરો ત્યારે જ બને. માટે

પ્રકાશને માટે શુદ્ધ સત્વને આપે ધારણકરવું જ જોઈએ ।।૩૫।।

આપનાં નામ અને રૂપ; ગુણ, કર્મ અને જન્મ ઉપરથી પડ્યાં નથી, પણ આપ તો ગુણાદિના સાક્ષી અને મન અને વાણી થી જેના માર્ગનું માત્ર અનુમાન થઈ શકે તેવા છો, તેમનામાં ગુણ કર્મ કેમ સમ્ભવે? તથાપિ[૧] વૈદિક[૨] તાન્ત્રિક ક્રિયામાં આપના નામની પ્રતીતિ થાય છે ।।૩૬।।

**વિશેષ :** ૧. હવે વૈદિક માર્ગના સાધનમાં પણ ભગવાન્ જ સાધન છે એમ સ્તુતિ કરતા દેવો કહે છે કે આપનાં ગુણ કર્મ અને જન્મ વડે આપનાં નામ-રૂપ થયાં છે એમ નથી પણ આપ તો સર્વના સાક્ષી અને સર્વ કર્મના અધ્યક્ષ છો. આપનાં ગુણકર્મ છે જ નહિ, પરન્તુ સત્તારૂપ ક્રિયાશક્તિ કે જે સત્તા આપનો ધર્મ છે તે ક્રિયાશક્તિરૂપે આપના આવિર્ભાવને લોકો 'કર્મ' કહે છે અને આનન્દરૂપે આવિર્ભાવને લોકો 'જન્મ' કહે છે. એનાથી જ આપનાં નામ અને રૂપ કહેવાય છે. જો એમ ન માનીએ અને જીવવત્ પ્રાકૃત નામ-રૂપ ભગવાનનાં છે એમ માનીએ તો એ નામ અને રૂપ થી કોઈ પ્રકારનો પુરુષાર્થ સિદ્ધ ન થાય. શાસ્ત્રમાં સાધનત્વથી એનું નિરૂપણ ન થવું જોઈએ. જે કર્મમાં નામ અને રૂપ ફળ આપનાર ન હોય તે કર્મના અધ્યક્ષ ભગવાન્ ન થાય ત્યાં સુધી કર્મનું ફલ કોણ આપે? વળી સગુણ તો મન અને વચન માં સમાઈ જાય તેથી એ ફળ આપે તો પણ માનસિક કે વાચિક જ આપે, પરન્તુ આત્મરૂપ કે ભગવદ્રૂપ ફળ એ ન આપી શકે, કારણ કે એ પ્રાકૃત છે. **"યતો વાચઃ" "પરાચિ ખાનિ"** વગેરે શ્રુતિઓ મન અને વાણી થી ન જાણી શકાય તેવું ભગવત્તત્વ છે એમ કહે છે. ત્યાં કોઈ કહે કે ભગવાનને તો નામ-રૂપ નથી એમ માનો! ત્યાં કહેવાનું કે નામ-રૂપ ક્રિયામાં પ્રતીત થાય છે તેથી નથી એમ તો ન કહેવાય, વળી ફલ સાધક છે તેથી પ્રાકૃતન કહેવાય. માટે એ આનન્દમય છે એમ અન્યથાનુપપત્તિથીસિદ્ધ થાય છે.

૨. તન્ત્રશાસ્ત્રમાં પણ નામ-રૂપ જોવામાં આવે છે. વેદમાં તો નામ-રૂપની પ્રતીતિ સ્પષ્ટ જોવામાં આવે છે. **"વિષ્ણોર્નુ કં વીર્યાણિ", "તદસ્ય પ્રિયમ્", "ઈદં વિષ્ણુર્ વિચક્રમે", 'પ્રતિદ્વિષ્ણુ'** એ મન્ત્રોમાં નામ-રૂપ સ્પષ્ટપણે કહે છે. **"ષડક્ષરમન્ત્ર, રામમન્ત્ર"** વગેરે પણ સ્પષ્ટ છે. **"યસ્યૈ દેવતાયૈ હવિર્ગૃહીતં સ્યાત્તાં મનસા ધ્યાયેત્ વષટ્ કરિષ્યન્"** ઈત્યાદિ શ્રુતિમાં દેવના ધ્યાન વગેરેનું પણ વિધાન જોવામાં આવે છે. જો નામ-રૂપ ન હોય તો ધ્યાન અને મન્ત્ર નું વિધાન વેદ ન કરે એ યુક્તિ બતાવનાર આ શ્લોકમાં 'હિ' શબ્દ કહ્યો છે. તેથી નામ-રૂપ પ્રાકૃત નહિ પણ આનન્દમય છે. અને સર્વ પુરુષાર્થ સાધી આપનાર છે તે જ વૈદિકમાર્ગમાં સાધનરૂપ છે. એમ દેવોએ સાધનરૂપ ભગવાનની

સ્વપક્ષપાતિત્વથી સ્તુતિ કરી, હવે વૈદિક સિદ્ધાન્તથી ફલરૂપ પણ કૃષ્ણ આપજ છો એમ દેવો સ્વસ્તુતિમાં સિદ્ધવત્ આગામી શ્લોકથી કહે છે.

આપનાં મંગળરૂપ નામ અને સ્વરૂપ ને બીજો બોલતો હોય ત્યારે સાંભળે, બીજો સંભળાવનાર ન મળતાં પોતે ઉચ્ચારણ કરે, અથવા કોઈ ન હોય ત્યારે સ્મરણ કરે કે મનથી ચિન્તન કરે અને લોક વેદ સમ્બન્ધી કાર્ય કરતાં આપના સ્વરૂપમાં ચિત્તને પરોવે તે આ સંસારમાં* ફરી આવતો નથી ।।૩૭।।

**વિશેષ** : વૈદિક સાંગ સિદ્ધ થાય તેનું ફલ અવશ્ય મળે છે. અચ્યુતના સ્મરણથી ક્રિયાની ન્યૂનતા પૂર્ણ થાય છે તે 'ફલ' એટલે મોક્ષ. આ વાત નિબન્ધમાં 'સ્વર્ગ' પદના વિચારવડે કહી છે. અહીં સ્મરણ અને ચિન્તન બે કહ્યા છે તેનું લક્ષણ એ જ કે સપ્રયત્ન ચિત્તનો વ્યાપાર તે 'ચિન્તન' અને અપ્રયત્ન ચિત્તનો વ્યાપાર તે 'સ્મરણ' સમજવું. ભગવત્સ્મરણ કરવાથી ક્રિયા પૂર્ણ થાય છે, એટલું જ નહિ, પણ ચિત્તમાં ભગવાન્ પધારે છે. ત્યારે 'ક્રિયા' એટલે કર્મ કરવાથી ક્રિયાવિષ્ટ વિષ્ણુ થયા અને સ્મરણચિન્તનમાં આવતા જ્ઞાન અને વિષ્ણુરૂપ થયું. જ્યારે ક્રિયા અને જ્ઞાન બન્ને વિષ્ણુરૂપ બન્યાં ત્યારે એનો મોક્ષ નિશ્ચય થાય જ. એમાં કોઈ પ્રકારે સન્દેહ ન કરવો.

(એમ વૈદિક પ્રકારથી ભગવાન્ સ્વપક્ષપાતી છે એમ કહીને સ્વસિદ્ધાન્ત અનુસાર પણ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળરૂપ ભગવાન્ અમારા પક્ષપાતી છે એમ દેવો ચાર શ્લોકથી કહે છે) હે હરિ! આપના ચરણરૂપ પૃથ્વીનો ભાર આપે આ લોકમાં પધારીને ઉતાર્યો એ અમારું મોટું ભાગ્ય એમ અમે જાણીએ છીએ. વળી આપનાં ધ્વજ, વજ્ર, અંકુશના ચિહ્નથી શોભતાં એવા પૃથ્વી ઉપર પડેલા ચરણારવિન્દને અમે જોઈશું એ પણ અમો અમારું અહોભાગ્ય સમજીએ છીએ. સ્વર્ગમાં પણ આપ પધારી અદિતિનાં કુંડળ વગેરે આપશો, ઈન્દ્રના શત્રુને સંહારી એને સુખી કરશો, તેથી અમો બધા સ્વર્ગને પણ આપની કૃપાથી અંકિત જોઈશું, એ પણ અમે અમારું સૌભાગ્ય જ સમજીએ છીએ. (દર્શનની પ્રાર્થના એ પ્રમાણરૂપ ગણાય તેથી આ શ્લોકમાં સ્વસિદ્ધાન્તાનુસારી પ્રમાણરૂપ ભગવાનની સ્તુતિ કરી) ।।૩૮।।

હે ઈશ! આપનો જન્મ ન હોય તેથી આપ અભવ છો, છતાં આપને અહીં પધારવું થયું એનું કારણ તો અમે આપના વિનોદ સિવાય બીજું કાંઈ કહી શકતા નથી, કેમકે જન્મ, સ્થિતિ અને નિરોધ એ ત્રણ જીવને દેહાધ્યાસથી થાય છે તેમાં પણ આપના આશ્રયની જરૂર છે. (અથવા જીવને સ્વતઃ જન્મ સમ્ભવે નહિ, માટે આપ

પધારો ત્યારે આપના આધાર અને સમવાયિત્વથી જીવનાં દેહાદિ થાય છે, ઉત્પત્તિમાં આધાર અને સમવાય ની અપેક્ષા રહે છે. આપ જો પધારો તો જગતનું અનાદિત્વ નષ્ટ થાય. તેથી ભગવાનનો લીલાવડે પ્રાદુર્ભાવ થાય છે એ જ સ્વસિદ્ધાન્તમાં પ્રમેયરૂપલીલા પ્રાકટ્ય હોવાથી આ શ્લોકમાં પ્રમેયરૂપ ભગવાનની દેવોએ સ્તુતિ કરી) ।।૩૯।।

(હવે સાધનરૂપની સ્તુતિ કરતાં કહે છે કે) **મત્સ્ય, હયગ્રીવ, કચ્છપ, નૃસિંહ, વરાહ, હંસ, રામ, પરશુરામ અને વામન અવતાર ધારણ કરીને જ ત્રણ લોકને આપ બચાવો છો તો હાલમાં પણ પૃથ્વી ઉપર દુષ્ટ રાજાઓનો ભાર થયો છે તેથી આપ *અવતાર ધરી પૃથ્વી ઉપર પધારી એના ભારને હે યદૂત્તમ! આપ દૂર કરો, એ માટે અમે આપને નમન જ કરીએ છીએ** ।।૪૦।।

**વિશેષ :** ભગવાનના અનેક અવતાર પૃથ્વી ઉપર થાય છે. તેમાં કેટલાક ૨૪ને મુખ્ય માને છે. જ્યારે બીજાઓ દશાવતારને પ્રાધાન્ય આપે છે; અહીં તો શ્રીકૃષ્ણ સર્વાવતારના અવતારી છે, તેમાં દશાવતારે જે કાર્યો કર્યાં તે બધાં આ કૃષ્ણે એક અવતારથી કર્યાં છે. એ જ કહે છે કે ભગવાનનાં દશ રૂપ જીવના સર્વ પુરુષાર્થને સિદ્ધ કરનારાં છે. પૃથ્વીના ભારરૂપ રાજાને મારવામાટે ભગવાનનો અહીં પ્રાદુર્ભાવ થાય છે ત્યારે તો ભગવાનને એ રાજાઓ સાથે યુદ્ધ કરવું જોઈએ, પણ ભક્તને તો ભગવાન્‌માં સ્નેહભાવ વિશેષ હોવાથી ભગવાનને દૈત્ય સાથે લડતાં એ ભક્તો જોઈ ન શકે, તેથી જ દેવકીજીએ સ્તુતિમાં કહ્યું કે ''આ રૂપ આપ લોકમાં પ્રકટ ન કરો, આપ મારે ત્યાં પ્રકટ થયા એમ જો કંસ જાણશે તો એ મારવા આવશે'' એમ કહેવામાં દેવકીજીના મનમાં ભગવાનનું માહાત્મ્યજ્ઞાન નથી જણાતું, પણ એને તો પ્રભુમાં સ્નેહાતિશય જણાય છે. તેમજ બ્રહ્માજી વગેરે માહાત્મ્ય જ્ઞાનવાળા છે છતાં એઓને પણ ભગવાન્‌માં સ્નેહ છે તેથી એઓ વિનન્તિ કરે છે કે જ્યાં સુધી મારપીટ વગર પૃથ્વીનું દુઃખ મટે ત્યાં સુધી હિંસામાં પ્રવૃત્તિ ન કરાય તો ઠીક. ઐશ્વર્યાદિ પ્રકટ કરવાં ન પડે, મોટાં યુદ્ધો ઉપસ્થિત ન થાય, અને કાર્ય સિદ્ધ થાય, એવો રસ્તો જડે ત્યાં સુધી રૌદ્ર પ્રયોગો ઉપસ્થિત ન કરવા. ભગવાનને પ્રલયમાંથી સત્યવ્રતાદિની રક્ષા કરવી હતી, એ રક્ષા જો પુરુષાદિ શરીરથી કરે તો લોકરીતિથી મગર વગેરેનો જળમાં ભય થાય છે એ જાણી ભક્તને સ્નેહને લીધે દુઃખ થાય. એ દુઃખ ભક્તને ન થાય તે માટે ભગવાને નિન્દ્ય એવું મત્સ્યનું શરીર સ્વીકારી સત્યવ્રતની રક્ષા કરી, તેમ આ અવતારમાં સ્વયં ગોપાત્મજપણું સ્વીકારીને પણ ભક્તરક્ષા કરી દુષ્ટદમન કર્યું છે. અહીં પણ ઐશ્વર્ય વિરુદ્ધ બ્રાહ્મણનો વેશ કરી ભીમાદિ સાથે જરાસન્ધ પાસે જઈને પ્રાર્થના કરી, દ્વન્દ્વયુદ્ધરૂપ ભિક્ષા માગી એને માર્યો, પણ પોતે સમર્થ છતાં એને માર્યો

નહિ. હયગ્રીવ ભગવાન્ બ્રહ્માજીના નેત્રથી પ્રકટ્યા તેમણે અસુરને મારી વેદની રક્ષા કરી તેમ અહીં પણ ભગવાને રાજસૂય યજ્ઞમાં બ્રાહ્મણોની સેવા કરી. **''કૃષ્ણઃ પાદાવનેજને''** એ વાક્યથી મર્યાદાનું સ્થાપન કરી વેદથી વિરુદ્ધ બોલતા શિશુપાલને મારશે. કચ્છપ ભગવાને મન્દરને પીઠ ઉપર ઉઠાવ્યો એમાં એને આનન્દ હતો, દુઃખ ન હતું, એ મૂળમાં જ કહ્યું છે, તેમ અહીં ભગવાને કવચિત્ યુદ્ધ કર્યું હશે તો વીર્યથી થતા બાહુની ખંજવાળ શાન્ત કરવામાટે જ, નહિ કે એને શત્રુને મારવાની જરૂર છે; શત્રુઓનો તો **'બલભીમપાર્થવ્યાજેન'** એ વાક્યથી બીજાઓદ્વારા જ પરાજય કરાવ્યો છે. તેથી ભગવાને જ્યાં યુદ્ધ કર્યું છે ત્યાં ક્રીડાને માટે મૃગયાની જેમ યુદ્ધ કર્યું છે. તેથી જ **''વિક્રીડિતં તજ્જગદીશયોઃ પરમ્''** એમ ઘોર યુદ્ધ પણ આપને મન ક્રીડા જ છે. જેમ અમૃતદાનમાટે મન્દરપર્વતને ભગવાને ધારણ કર્યો તેમ અહીં પણ અધરામૃત આપવાને માટે ગોવર્ધનને આપે ઉઠાવ્યો છે; એમ કરીને ભક્તની રક્ષા પણ કરી છે. નૃસિંહજીએ તો પોતાના પૂર્વજન્મના ભક્ત અને આ જન્મમાં ભક્ત પ્રહ્લાદજીના પિતા હિરણ્યકશિપુને પોતાના ભક્તને બચાવવામાટે માર્યો, તેથી એમ સૂચવ્યું કે ભગવાન્ લક્ષ્મી વગેરેથી પણ અગમ્ય છે જ્યારે ભક્તમાત્રથી ગમ્ય છે. આ અવતારમાં પણ પાંડવને બચાવવામાટે આસુરાવેશી ભીષ્માદિને તેમ જ કંસાદિને પણ માર્યા. પાર્થોના વનવાસમાં દુર્વાસા આવ્યા ત્યારે બ્રાહ્મણના શાપથી એઓને બચાવવામાટે ભગવાને બચેલા શાકપત્રનો ઉપભોગ કરીને બધાનું સમાધાન કરી આપ્યું. વરાહ ભગવાને જેની રક્ષા કરવી છે તેની રક્ષામાં પ્રવૃત્ત થતાં એટલો પક્ષપાત કર્યો કે નાસિકા ઇન્દ્રિયથી પ્રકટ થઈને એ પૃથ્વીની રક્ષા કરી, પણ નૃસિંહજીની જેમ અકસ્માત્ પ્રકટ ન થયા, તેમ પાંડવની રક્ષાને માટે આવેલા અને પાંડવમાત્રના ગુણને ગ્રહણ કરતાં વિદુરને ત્યાં ભગવાન્ ઉતર્યા, પણ દુર્યોધનને ત્યાં ઉતર્યા નહિ, તેમ અહીં વ્રજભક્તોનો ઉદ્ધાર કરવામાટે કેવલ નન્દરાયજીને ત્યાં પધારીને ભક્તનો ઉદ્ધાર કર્યો તેમ જ રુક્મિનો ઉદ્ધાર કર્યો ત્યારે, જેમ વરાહે રસ્તામાં હિરણ્યાક્ષને માર્યો તેમ, રસ્તામાં વિઘ્ન કરવા આવેલ રુક્મિના **'વપન'**રૂપ એનો ઘાત કર્યો, નહિ કે દેહઘાત કર્યો; દેહઘાત તો બલદેવજીદ્વારા આગળ થશે. હંસ ભગવાને બ્રહ્માજીને તત્વોપદેશ કર્યો, બ્રહ્માજીનો ખેદ મટાડ્યો, તેમ ગુરુવધથી વિમુખ થયેલ અર્જુનને તત્વોપદેશ આપી ચિન્તા અને વિષાદ થી મુક્ત કર્યો. આમ જો ભગવાન્ ન કરે તો પૃથ્વીનો ભાર ઉતારવા ભગવાન્ પધાર્યા છે એ કાર્ય થઈ ન શકે. રામચન્દ્રજીએ તો ડૂબવાનું સાધન-પથ્થરોને જળ ઉપર તરાવ્યા અને એક ભક્તને માટે અનેક દૈત્યને માર્યા, તેમ અહીં એકલી પૃથ્વીને સુખી કરવામાટે અનેક દૈત્યાંશોને માર્યા. દ્વેષાદિ ભાવ પણ જો ભગવાન્માં હોય તો એ તારક થાય છે, એવું પણ કંસ, શિશુપાલ વગેરેના પ્રસંગથી

જણાવ્યું. પરશુરામ બ્રાહ્મણ છતાં ઘોર ક્ષાત્રવૃત્તિનો સ્વીકાર કરી અનેક ક્ષત્રિયોને મારનાર થયા, તેમ અહીં ભગવાન્ સર્વ સમ છતાં અનેક દૈત્યઘાતક થયા. વામનજીએ માતાની પ્રાર્થનાથી પ્રકટ થઈ બ્રહ્માદિથી ન થઈ શકે તેવું ત્રિભુવનહરણનું કાર્ય વાણી માત્રથી કરી આપ્યું; અહીં એવું અદ્‌ભુત કાર્ય વૃકાસુરને મારી શિવજીનો બચાવ કરતાં ભગવાને કરી બતાવ્યું છે. બલદેવજીની લીલા તો સાથે જ છે. તેથી દશાવતારનાં કાર્ય પણ આ અવતારી શ્રીકૃષ્ણે કર્યાં છે. એ બધું દેવો જાણતા હોઈને એમની સ્તુતિ એમણે કરી છે.

પ્રથમ નવ ભગવદ્ અવતાર કહ્યા તેમ આ દશમો અવતાર છે, તેમાં મત્સ્ય, અશ્વ અને કચ્છપ એ ત્રણ જલથી ઉત્પન્ન થયેલ છે; નૃસિંહ, વરાહ, અને હંસ એ ત્રણ અવતાર વનથી ઉત્પન્ન થયા છે; રાજન્ય, વિપ્ર અને વિબુધ એ લોકજ અવતારો છે; ઘોડાનો અવતાર હયગ્રીવ છે તે જલજ, એટલા માટે કે **"અપ્સુ યોનિરશ્વઃ"** એમ શ્રુતિ કહે છે. વરાહ ઈન્દ્રિયોત્પન્ન છતાં બહાર વાયુના સ્થાનરૂપ હોવાથી એને આરણ્યક કહ્યો છે; રાજન્યાવતાર શ્રીરામચન્દ્રજી, બ્રાહ્મણાવતાર પરશુરામ, અને દેવાવતાર અદિતિના પુત્ર વામનજી, ત્રણ ભેદ કહેવાનું કારણ એમાં ભાવ ભેદ છે. માછલા કરતાં ઘોડો શ્રેષ્ઠ, ઘોડાથી કાચબો શ્રેષ્ઠ છે, નૃસિંહથી વરાહ શ્રેષ્ઠ, તેનાથી જ્ઞાન દેનાર હંસ શ્રેષ્ઠ છે, ક્ષત્રિયથી બ્રાહ્મણ ઉત્તમ, તેનાથી દેવ ઉત્તમ, એમ ત્રણ ત્રિકથી દશ ભેદ કહ્યા. રાજસાદિ નિર્ગુણ પર્યન્ત દશ ભાવ થાય છે. (શ્રીસુબોધિનીજી)

(દેવકીજીને સમ્બોધન કરીને) હે માતાજી! સાક્ષાત્ પરમ પુરુષ ભગવાન્ આપના ઉદરમાં પધાર્યા એ પણ અમારું કલ્યાણ કરવાને માટે પધારે છે એ અમારું ભાગ્ય સમજીએ છીએ. હવે કંસ તો મરણોન્મુખ છે એમ તમારે સમજવું. અને એ ભોજપતિ કંસથી ભય રાખવાનું તમારે હવે કંઈ કારણ નથી, કારણ કે તમારો પુત્ર તમારો એકલાનો જ રક્ષક નહિ, કિન્તુ એ સર્વ યાદવોનો રક્ષક થશે. વિશેષ કહીએ તો નિઃસાધન માત્રનો એ રક્ષક છે ।।૪૧।।

**ઈત્યભિષ્ટૂય પુરુષં, યદ્રૂપમનિદં યથા રૂ।**
**બ્રહ્મેશાનૌ પુરોધાય દેવાઃ પ્રતિયયુર્દિવમ્ ।।૪૨।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : જેવું સ્તુતિમાં દેવોએ રૂપ કહ્યું છે તેવું ભગવાનનું રૂપ છે, પણ એટલું જ છે એમ તો ન કહેવાય, કેમકે દૈત્યોને પણ ભગવાન્ મોક્ષાદિ દાન કરે છે, તેથી દેવોએ પાક્ષિક સ્તુતિ કરીને પુરુષનું આરાધન કર્યું, ત્યાંથી બ્રહ્મા અને શિવજી ને આગળ કરીને દેવો પોત-પોતાના સ્વર્ગમાં ગયા ।।૪૨।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (પહેલાં જન્મ પ્રકરણનો ભગવાનના**

**જન્મનો ઉદ્યોગ)''ભૂતળઉપર પધારવાનો શ્રીકૃષ્ણે કરેલો ઉદ્યમ'' નામનો બીજો અધ્યાયસમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**
કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

# અધ્યાય ૩

## શ્રીકૃષ્ણે કરેલો રૂપાન્તરનો સ્વીકાર

**વિશેષઃ** ભગવાનનો આવિર્ભાવ, વસુદેવજીએ કરેલું સ્વરૂપનું વર્ણન, વસુદેવજીએ કરેલ સ્તવન, દેવકીજીની સ્તુતિ, સાન્ત્વન, મથુરાથી શ્રીગોકુલમાં ભગવાનનું ગમન, એ છ અર્થ આ તૃતીયાધ્યાયમાં કહેવાના છે તેથી આ અધ્યાયનો અર્થ ''રૂપાન્તરનો સ્વીકાર'' એવો કરવામાં આવ્યો છે. અહીં પ્રકટ થયેલ ષડ્ગુણયુક્ત છે તેથી આ અધ્યાયમાં જન્મ વગેરે છ પ્રકાર બતાવવામાં આવ્યા છે. એમાં છ પ્રકારમાં શ્લોકની સંખ્યા કહે છે કે જન્મનું વર્ણન આઠ શ્લોકથી છે, સ્વરૂપવર્ણનના શ્લોક ચાર છે, વસુદેવસ્તુતિના દશ શ્લોક છે, આઠ શ્લોકથી દેવકીજીની સ્તુતિ છે, ચૌદ શ્લોકથી ભગવાને વસુદેવ-દેવકીજીનું સાન્ત્વન કર્યું અને આઠ શ્લોકથી મથુરાથી ગોકુલ પધાર્યાનું વર્ણન છે; ભગવદ્ ઐશ્વર્ય આઠ પ્રકારનું છે અને અર્ધ માત્રાથી હરિનું પરત્વ તથા ઐશ્વર્યનું બોધન કર્યું છે, તેથી સાડા આઠ શ્લોકથી જન્મનું વર્ણન આપ્યું છે. કાળ એ ભગવાનનો અધિકારી છે. ભગવાને એને અનન્ત ગુણ આપ્યા છે. જ્યારે ભગવાન્ ભૂતળ ઉપર પધારે ત્યારે કાળ સર્વ ગુણોને પ્રકટ કરે છે. એ કાળના ગુણ બીજાને તો ખંડશઃ ફળ આપે છે. જ્યારે મૂલ સ્વરૂપ પધારે છે ત્યારે કાળે પોતાને આપેલ ગુણો તે પ્રભુની પાસે બતાવવા જોઈએ, તેથી સર્વગુણયુક્ત કાળ અહીં કહ્યો છે. દેશ પણ ઉપર, નીચે અને ચોતરફ એમ ત્રણ પ્રકારનો છે. એણે પણ સ્વગુણ પ્રકટ કર્યા છે. એ દેશમાં રહેનારે પણ પોતાના ગુણ ભગવત્પ્રાદુર્ભાવ સમયે પ્રકટ કર્યા છે, કેમકે જેણે આપ્યું છે એ આવે ત્યારે તે વસ્તુ એને ન બતાવીએ તો દોષ પ્રાપ્ત થાય. એ દોષ ન લાગે એટલામાટે સ્વસ્વગુણ નિવેદકો

એ થયા છે. આ પ્રમાણે સાડા આઠ શ્લોકથી ભગવાન્ પ્રકટ થયા ત્યારે દેશ, કાળ વગેરેના ગુણોનું જે વર્ણન આપ્યું છે તેનું તાત્પર્ય કહેવાયું. હવે રૂપાન્તર સ્વીકારને કહે છે. એમાં પ્રથમ રૂપનું વર્ણન કરે તો રૂપાન્તરનો બોધ થાય, તે સમયે અધિકારી કાળ વગેરે સ્વગુણ પ્રકટ ન કરે તો ભગવાનનું પધારવું સાધારણ મનુષ્યના જન્મ જેવું ગણાય; તેથી કાળાદિ ગુણોનું વર્ણન કરે છે.

**અથ સર્વગુણોપેતઃ કાલઃ પરમશોભનઃ ।।**
**યર્હ્યેવાઽજનજન્મર્ક્ષં શાન્તર્ક્ષગ્રહતારકમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** બ્રહ્માજી વગેરે દેવો કૃષ્ણ ભગવાનની સ્તુતિ કરીને ગયા પછી પરમ શોભા આપનાર સમય આવ્યો. જ્યારે ભગવાન્ અજન્માના જન્મનું નક્ષત્ર પણ આવ્યું ત્યારે ગ્રહ, તારા, ચાંદરડા, વગેરે શાંત થયાં, એવો સર્વ ગુણપ્રકાશક કાળ પ્રકટ થયો ।।૧।।

દિશાઓ પ્રસન્નતાવાળી દેખવામાં આવી. નિર્મળ નક્ષત્રોદયવાળું આકાશ થયું. શહેર, ગામડાં, ગાયોને રહેવાના વ્રજો અને રત્નની ખાણોવાળા પ્રદેશમાં પૃથ્વી ઉપર સર્વત્ર મંગળ વર્તાવ દેખાયો ।।૨।।

નદીઓ નિર્મળ જળને વહન કરનારી થઈ. મોટા જલના હ્રદોમાં કમળની શોભા પ્રકટ થઈ. જેમાં પક્ષીગણો ગાજી રહ્યા છે તેવાં વૃક્ષના સ્તબકોવાળી વન પંક્તિઓ થઈ ।।૩।।

જેનો સ્પર્શ સુખકર જણાય તેવો, પવિત્ર સુગન્ધવાળો અને અતિ પવિત્ર પવન ચાલવા લાગ્યો. બ્રાહ્મણો અગ્નિને આરાધે છે તે અગ્નિઓ શાન્ત રીતે પ્રદીપ્ત થયા ।।૪।।

અસુરો જેમનો દ્વેષ કરે છે તેવા સાધુ પુરુષનાં મન એ સમયે એટલે જ્યારે અજન ભગવાનને પધારવાનો સમય થયો ત્યારે પ્રસન્ન થયાં. દેવનાં દુન્દુભિ એ સમયે વાગવા લાગ્યાં ।।૫।।

કિન્નર અને ગન્ધર્વો ગાવા લાગ્યા. સિદ્ધ-ચારણો એ સમયે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. વિદ્યાધરો અપ્સરાઓ સાથે આનન્દમાં આવીને નાચવા લાગ્યા ।।૬।।

દેવો અને મુનિઓ આનન્દ દેખાડતા પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. સાગરની ગર્જનાની પાછળ મેઘોએ પણ મન્દ-મન્દ ગર્જના ભગવત્પ્રાદુર્ભાવસમયે કરી ।।૭।।

જ્યારે અર્ધરાત્રિનો સમય થયો, અન્ધકાર કાંઈક ઓછો થયો, ત્યારે સર્વ દેવમય

દેવકીજી જે વિષ્ણુરૂપિણી છે તેનામાં સર્વના હૃદયમાં વાસ કરતા વ્યાપક વિષ્ણુ, *જેમ પૂર્વદિશામાં પૂર્ણ ચન્દ્ર પ્રકટે તેમ, પ્રકટ થયા ।।૮।।

**વિશેષ** : નિશીથ સમયે અન્ધકાર ચાલ્યો ગયો ત્યારે અવિદ્યાને દૂર કરનાર ભગવાન્ પ્રકટ થયા. અહીં કાળના પ્રાકટ્યમાં નિમિત્ત પણ ભગવાન્ છે. જો એમ ન હોય તો બીજો પણ એ સમયે જન્મે, એ ભગવાન્ જેવો થાય. એમ નથી થતું તેથી ભગવાનના ગુણ અને ભૌતિક ગુણ ના પ્રાકટ્યમાં નિમિત્ત ભગવાન્ જ છે. અહીં ભગવાનના ત્રણ અવતાર કહ્યા છેઃસર્વ ધર્મના રક્ષક અનિરુદ્ધ, સર્વને અજ્ઞાનનિવૃત્તિદ્વારા મુક્તિ આપનાર સંકર્ષણ, દેવકીજીમાં પ્રદ્યુમ્ન અને નન્દરાયજીને ઘેર વાસુદેવ એમ સર્વરૂપથી પ્રાકટ્ય છે. દેવનો સમુદાય એ દેવકી. સમ્પૂર્ણ સત્વ સર્વ દેવનિષ્ઠ હોય એ સર્વ દેવરૂપ દેવકી એટલે 'સમ્પૂર્ણ સત્વ' એમાં ભગવાન્ પ્રકટે એ સમ્પૂર્ણ સત્વને ભગવાન્ આધારત્વે કરીને નિમિત્ત કરે છે, જેમ અગ્નિને આધારત્વે નિમિત્ત અરણિ થાય છે. એમાં મથન સ્થાનીય કાંઈક જોઈએ તેથી દેવકીને વિષ્ણુરૂપિણી કહી છે. એ વિષ્ણુરૂપ એમાં રહ્યું છે એ જ ભગવાન્ પોતે એમાંથી પ્રકટ થાય છે, એટલે પ્રસૂતિવાન્ વગેરે કાંઈ પ્રયત્ન એમાં અપેક્ષિત નથી. ભગવાન્ જ સર્વાન્તર્યામી સર્વનિયામક છે, જે સર્વના હૃદયમાં રહે છે તેમણે સર્વ જીવ કૃતાર્થ થાય એટલામાટે વેદને બનાવ્યા છે. એ પોતે જ હાલમાં પધાર્યા છે, એટલે અત્યારે ભગવાન્ સ્વરૂપથી ઉદ્ધારક હોવાથી વેદનો ઉપયોગ વિશેષ નથી. સમ્પૂર્ણ આનન્દમય પ્રકટ્યા એ બતાવવામાટે પૂર્વ દિશામાં ચન્દ્ર પ્રકટે છે એનું દૃષ્ટાન્ત આપ્યું છે. તેથી જેમ ચન્દ્રને પૂર્વ દિશા માર્ગમાં નિમિત્ત છે, જન્મમાં પૂર્વ દિશામાં સમ્બન્ધ નથી, તેમ અહીં પણ પૂર્ણ ભગવદ્ અવતાર કૃષ્ણ છે. જેમ પૂર્ણચન્દ્રના પ્રાકટ્યનું સ્થાન પૂર્વ દિશા છે તેમ વસુદેવજીને અઢાર સ્ત્રીઓ છે છતાં પૂર્ણ પુરુષોત્તમના પ્રાકટ્યના આધારરૂપ દેવકીજી છે. શ્રુતિરૂપ અગ્નિકુમારરૂપ દાસીઓની સર્વ પ્રકારે રક્ષા કરવાને માટે કાંઈક ભક્તદુઃખ આદિને નિમિત્ત કરીને અમારા સ્વામી પુરુષોત્તમ પ્રકટ થયા છે, તેથી ઉપનિષદ્રૂપ વાણીમાં ભગવાન્ **''યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ'', ''અદશ્યમગ્રાહ્યમ્'', ''ન તત્ર સૂર્યો ભાતિ'', ''ન ચક્ષુષા દશ્યને નોત વાચા''** ઈત્યાદિ શ્રુતિમાં ભગવાન્ ઈન્દ્રિયોથી અનુભવ ન થઈ શકે તેવા છે એનો વિરોધ નથી, કેમકે એ જ શ્રુતિ **''કશ્ચિદ્ ધીરઃ પ્રત્યગાત્માનમૈક્ષત્'' ''તતસ્તુ તં પશ્યતે નિષ્કલં ધ્યાયમાનઃ''** ઈત્યાદિમાં કૃપા કરે તો દર્શન પણ દે તેથી જીવસાધનથી ગમ્ય નથી. આ મારું રૂપ જોઈ શકે એવી ભગવાન્ ઈચ્છા કરે તો જીવ જોઈ શકે છે.

(પ્રકટ્યા તેવા ભગવાનના સ્વરૂપનું વર્ણન ઐશ્વર્યથી કહેવામાં આવ્યું એટલે આ શ્લોકમાં

વીર્યથી એનું વર્ણન શ્રીશુકદેવજી કરે છે. ભગવાનની મુખ્ય દશ લીલાઓ છે તે દશ સ્વરૂપલક્ષણો કહે છે.) **'તં'** એ પ્રસિદ્ધ ''લોક વેદમાં હું પ્રસિદ્ધ પુરુષોત્તમ છું'' એમ ગીતામાં કહ્યું છે તે પ્રકટ્યા. એ પોતે પ્રકટ્યા પરન્તુ એ **'અદ્ભુત'** છે. લોક વેદમાં આજ સુધી આનન્દ પ્રકટ્યાનું જાણવામાં ન હતું તેનું પ્રાકટ્ય થયું એ જ 'અદ્ભુત' વિશેષણથી કહ્યું છે. 'અદ્ભુત' એટલે એનાં દર્શન કરો તો જ એ અનુભવમાં આવે. એ વાણીથી કહી શકાય એમ નથી, તેથી વીર્ય કહ્યું. વળી એ બાલક છે. (ગોપ) બાલકને પણ જેનાથી સુખ થાય તેવા અથવા બ્રહ્મા જેના પુત્ર છે તેવા અથવા બલના સમ્બન્ધીઓમાં મુખ્ય એવા બાલક છે. તેથી યશ કહ્યો. એ **'અમ્બુજેક્ષણ'** એટલે કમળ સરખા નેત્રવાળા છે. તેથી શ્રીનું નિરૂપણ થયું. એના અનેક અર્થ શ્રીસુબોધિનીજીમાં કહ્યા છે. **'ચતુર્ભુજ'** એટલે બમણી ક્રિયાશક્તિવાળા ભગવાનનું પ્રાકટ્ય થયું છે. (ચાર પ્રકારનાં કાર્ય કરવામાટે ભગવાન્ ભૂતળ ઉપર પધારે છે. એ ચાર કાર્ય કરવામાટે ચાર ભૂજા બતાવે છે. અથવા ભક્તને ચાર પુરુષાર્થનું દાન કરવા પધાર્યા છે એમ બતાવનાર ભગવાનની ચાર ભુજા છે. ભગવાન્ લૌકિક અને અલૌકિક એમ બેવડા પુરુષ છે એમ *ચાર ભુજાથી સિદ્ધ થાય છે. શંખ, પદ્મ, ગદા, ચક્ર વગેરે આયુધો ઊંચાં કરીને શ્રીહસ્તમાં ધર્યાં છે. એનાથી જ્ઞાન ભક્તિ વગેરે કહ્યાં. શંખ, ગદા વગેરે આયુધથી વૈરાગ્ય કહ્યું. આમ ષડ્ગુણ વિશિષ્ટ ભગવાન્ પ્રકટ્યા. ઉપર લૌકિક ઐશ્વર્યાદિ છ ગુણ કહ્યા, હવે વૈદિક ઐશ્વર્યાદિ છ ગુણવિશિષ્ટનું વર્ણન કરે છે).

**'શ્રીવત્સ'** ના ચિહ્નવાળા છે. શ્રીવત્સ લક્ષ્મીને રહેવાનું સ્થાન છે. એ લક્ષ્મી બ્રહ્માનન્દરૂપ છે. સર્વ વેદ પ્રતિપાદ્ય છે. એ જ બ્રહ્મનું અસાધારણ લક્ષણ છે, તેથી જ સર્વાધારવાળા ભૃગુના પગનું ચિહ્ન ભગવાને રાખ્યું છે. આ વિશેષણથી ઐશ્વર્ય કહ્યું. કોઈ એક અવસ્થામાં રહેલ બ્રહ્મ 'જીવ' કહેવાય છે. એ બધા જીવને પોતે કંઠમાં કૌસ્તુભના મિષથી રાખે છે. 'કૌસ્તુભ' એ સર્વ જીવના તત્વનું સ્વરૂપ છે. **''ચૈત્યસ્ય તત્વમમલં મણિમસ્ય કંઠે''** એ મૂળ શ્લોકથી જ જીવાત્મક કૌસ્તુભ કહ્યો છે. એને કંઠમાં ધારણ કરવાથી જીવને ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ ના સ્થાનની વચ્ચે કંઠ છે એમાં એને ધારણ કરે છે. તેથી વીર્ય કહ્યું. ભગવાન્ અને જીવ એ બન્નેનું વર્ણન આપીને હવે એ જીવને આવરણ કરનારી માયાનું વર્ણન આપે છે, કે ભગવાનને પીળું અમ્બર છે. એ માયારૂપ છે; તેથી યશ કહ્યો. જળથી ભરેલ મેઘના જેવા સુન્દર છે. મેઘ જેમ સર્વ તાપનાશક છે તેમ ભગવાન્ પૃથ્વી, સ્વર્ગ, ધર્મ, ભક્ત વગેરેનું અનિષ્ટ નિવૃત્ત કરે છે. આ વિશેષણથી શ્રીગુણ કહ્યો ।।૯।।

**વિશેષ :** ભગવાનને ચાર ભુજા છે તેમાં અતિ સંકટમાં પણ ભગવાનની બે ભુજા દૈત્યની ઘાતક છે કે જ્યારે બે ભુજા ભક્તની રક્ષા કરનારી છે. લોકમાં મારતી વખતે રક્ષણ થતું નથી, પણ ભગવાન્ મારતી વખતે પણ રક્ષણ કરી શકે છે. પરીક્ષિતના લૌકિક બીજાંશનો નાશ કર્યો ત્યારે એના ભક્તત્વની રક્ષા કરી તે એકી સાથે કરી, તે રીતે 'ચતુર્ભુજ' કહીને હવે કહે છે કે વેદોક્ત જ્ઞાન કર્મવિષયક, બ્રહ્મવિષયક, આત્મવિષયક, પરમાત્મવિષયક; ભક્તિ પણ સગુણા, નિર્ગુણા, સાધનરૂપા, ફળરૂપા, એમ જ્ઞાનભક્તિના ચાર-ચાર ભેદને અધિકાર પ્રમાણે આપનાર એ ચાર ભુજા છે.

ભગવાન્ આયુધને ધારણ કરે છે એનાથી એના મધુસૂદન, માધવ, નારાયણ, એવા ચોવીસ ભેદ પડે છે. વૈષ્ણવશાસ્ત્રમાં એ ભેદ પ્રસિદ્ધ છે. એમાં ભગવત્પ્રાકટ્ય સમયે ભગવાન્ ચાર ભુજામાં ક્રમવડે શંખ, પદ્મ, ગદા, ચક્ર, ધારણ કરે તો મધુસૂદન કહેવાય. જમણા શ્રીહસ્તમાં ગદા, ચક્ર અને ડાબા શ્રીહસ્તમાં કમળ, શંખને ધારણ કરે તો માધવ કહેવાય છે; ઇત્યાદિ ભેદ જાણવા.

કમળની સુગન્ધથી લોભાઈને ભ્રમરો કમળ ઉપર આવે છે તેમ ભગવાનના શ્રીમુખને જોવાને માટે શાસ્ત્રને જાણનાર જીવો ભગવાનના મુખકમલને જોવામાટે આવે છે. એ મુનિઓને વેદ, સાંખ્ય અને યોગ એ શાસ્ત્રો શોભા આપે છે. વેદરૂપ કિરીટ છે અને સાંખ્ય-યોગરૂપ કુંડળ છે. એ વેદ બે કાંડવાળો છે. યોગ પણ સાધન અને ફલરૂપે બે પ્રકારનો છે. સાંખ્ય સન્ન્યાસ અને જ્ઞાન ના ભેદથી બે પ્રકારનું છે. એમ છ શાસ્ત્રો કહ્યાં તેના હજારો ભેદ થયા છે. એ છ શાસ્ત્રથી ષટ્પદ-ભમરા અહીં ભગવાનના મુખકમળ ઉપર આવીને એના સુગન્ધને લે છે. આ કહેવાનું તાત્પર્ય એ જ કે વેદ, સાંખ્ય અને યોગ નું તાત્પર્ય પણ ભગવન્મુખરૂપ ભક્તિમાં છે. તેથી એની કાન્તિનો પરિષ્વંગ કરી કુન્તલરૂપ ભક્તો મુખનિરીક્ષણરૂપ ભક્તિ કરે છે. જ્ઞાન કહ્યું, હવે ક્રિયા કહે છે કે કર્મ અનન્ત છે છતાં કાંચી, અંગદ અને કંકણ એ ત્રણ કહ્યાં છે. તેથી ત્રિવિધ કર્મ કહ્યાં છે. લોકમાં કાંચી (કિંકિણી-કન્દોરો) સદામ (દોરાવાળો) હોય ત્યારે અહીં એ ઉદ્દામ (દોરા વગરનો) છે. હિંસાપ્રચુર ક્રિયા વૈદિક છે છતાં એ લોકને અનુસરતી નથી. પૃથ્વી ઉપર અવિદ્યાવાળાનો જ કર્મમાં અધિકાર છે, તેથી માયારૂપ પીતામ્બર ઉપર કાંચી છે એમ કહ્યું છે. એ કર્મો લૌકિક નથી તેથી એને ઉદ્દામ કહ્યાં છે. અંગદ (બાજુબન્ધ) રાજસ, કાંચી, તામસ, કંકણ સાત્વિક છે. આદિ શબ્દથી વીંટી વગેરે સમજવાં. એ સર્વ આભરણોવડે અર્થાત્ એ વૈદિક ત્રિવિધ કર્મવડે ભગવાન્ શોભે છે. ''વેદ, રામાયણ, પુરાણ અને ભારતના આદિ, અન્ત અને મધ્યમાં સર્વત્ર હરિ ભગવાનનું ગાન

સંભળાય છે'' આ પુષ્કર પ્રાદુર્ભાવની સમાપ્તિમાં 'હરિવંશ પુરાણ' માં શ્લોક છે તેને શ્રીઆચાર્યચરણે શ્રીસુબોધિનીજીમાં લીધો છે તેનો અર્થ લેખકાર એવો કરે છે કે વેદાદિ ચાર શાસ્ત્રના આદિ, મધ્ય અને અન્ત એમ ત્રણ ભેદ ગણતાં બારની સંખ્યા થાય તે અહીં બાર શ્લોક સ્તુતિના છે, તેથી સર્વત્ર ગવાતા ભગવાનનું જ અહીં વસુદેવજીએ બાર શ્લોકથી ગાન કર્યું છે.

અહીં બાર શ્લોકથી વસુદેવ-દેવકીજીની સ્તુતિ છે તેનું તાત્પર્ય કારિકાવડે કહે છે. ભગવાન્ દ્વાદશાત્મા છે. એમાં નવ પ્રકાર વૈદિક છે જ્યારે ત્રણ પ્રકાર લૌકિક છે. નવ પ્રકારમાં પાંચ પ્રકારના હરિ છે તે પ્રકાર:અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય, અને સોમ એ પાંચ પ્રકાર યજ્ઞાત્માના છે તે વેદે કહેલા છે તેમ જ ચતુર્મૂર્તિ એ અહીં પ્રકટ્યા છે એમ શ્રીભાગવત્ કહે છે. ભાગવત્ તન્ત્ર છે તે વેદરૂપ છે, વેદથી ભિન્ન નથી, માટે વૈદિક રીતે નવધા વૈદિક પ્રકારથી નવ શ્લોકથી વસુદેવજીએ સ્તુતિ કરી છે. દેવકીજીની સ્તુતિ ત્રણ શ્લોકથી લૌકિક સ્તુતિ છે. લોકમાં સ્મૃતિ મુખ્ય છે. લોકે કહેલ-ભગવદ્વ્યતિરિક્તે કહેલ તે લૌકિક કહેવાય તે ઋષિ પ્રણીત સ્મૃતિ કહેવાય છે. એક શ્લોકથી વસુદેવજીની પ્રાર્થના છે જ્યારે બે શ્લોકથી દેવકીજીની પ્રાર્થના છે તેને સાથે ગણતાં વસુદેવજીની દશ શ્લોકથી સ્તુતિ અને દેવકીજીની પાંચ શ્લોકથી સ્તુતિ છે. શાસ્ત્રથી જે ભગવાન્ જાણ્યા હતા તેને પ્રતીતિવડે દૃઢ કર્યા છે. પરબ્રહ્મ ભગવાન્ લૌકિક ચક્ષુઓથી જોઈ શકાતા નથી, પણ **''જનો માં પશ્યતુ''** એમ ઈચ્છા કરે તો ભગવાનનાં દર્શન ભગવદિચ્છાથી જીવ કરી શકે છે. તેથી એમાં અજ્ઞાન કે અન્યથા જ્ઞાનને અહીં અવકાશ નથી. તેમ ભગવચ્ચાક્ષુષ જ્ઞાનમાં કાંઈ બાધક પણ નથી. તેથી જ વસુદેવજીએ વિદિતોસિ એમ પ્રત્યક્ષ દર્શન કરીને મધ્યમ પુરુષનો પ્રયોગ કર્યો છે. અહીં ભગવાન્ દર્શન દે છે છતાં એનું બ્રહ્મત્વ એવું ને એવું જ રહે છે. **''કશ્ચિદ્ ધીરઃ અદશ્યમગ્રાહ્યમ્''** ઈત્યાદિ શ્રુતિઓનો વિરોધ નથી, પણ વિરુદ્ધ ધર્માશ્રયી ભગવાન્માં એ બધું સમ્ભવે છે. (સુબોધિનીજી)

હવે જ્ઞાન અને વૈરાગ્ય એ બે ગુણના વર્ણનથી સર્વશાસ્ત્રરૂપ ભગવદ્ આભરણનું વર્ણન કરે છે. મોટા મૂલ્યવાળા વૈડૂર્યમણિ ખચિત કિરીટ અને કુંડલ ની કાન્તિ કુન્તલ (કેશ-વાળ) માં પડે છે તેથી હજારો કુન્તલો એ કાન્તિથી મિશ્રિત થઈને શોભે છે. એથી જ્ઞાન કહ્યું. કાંચી, અંગદઅને કંકણ વડે શોભતા કહ્યા તેથી વૈરાગ્ય કહ્યું. એમ દશ વિશેષણવાળા ભગવાનને વસુદેવજીએ જોયા ।।૧૦।।

ભગવાન્નાં દર્શન કરતાંની સાથે, હરિ ભગવાન્ મારાપુત્રરૂપે પધાર્યા જાણી

વસુદેવજી પ્રફુલ્લિત નેત્રવાળા થયાઅને વિસ્મિત પણ થયા.એસમયે ગોદાન આપવાં જોઈએ તેથીકૃષ્ણાવતાર થયો જાણી આનન્દમાં આવી દશ હજાર ગાયો બ્રાહ્મણને આપવાનો સંકલ્પ કર્યો ।।૧૧।।

કૃતાર્થ બુદ્ધિવાળા વસુદેવજી હાથ જોડી શરીરને નમાવીઆપરમપુરુષ ભગવાન્ પ્રકટ્યા છે જેનાપ્રકાશથી સૂતિકાગૃહ પ્રકાશયુક્ત થયું અને એના પ્રભાવને જાણી ભય છોડી હે ભારત!એની સ્તુતિ કરવા લાગ્યા ।।૧૨।।

**વસુદેવજી બોલ્યા** : આપ પ્રકૃતિથી પર પુરુષ છો, કેવળ આનન્દસ્વરૂપ છો, સર્વની બુદ્ધિના દ્રષ્ટા છો, તેમને મેં સાક્ષાત્ કર્યા છે ।।૧૩।।

જેનો મેં સાક્ષાત્કાર કર્યો તે જ આપના આધિદૈવિક સ્વભાવ વડે ત્રિગુણાત્મક જગતને ઉત્પન્ન કરી એમાં પ્રવેશ કરતા નથી છતાં એમાં પ્રવિષ્ટ થતા હો એમ દેખાઓ છો, કેમકે બીજાને માટે જગત્ કરો તો એમાં આપ પ્રવેશ કરો એમ સમ્ભવે પણ આપ જ જગતરૂપે થાઓ તે એમાં આપને પ્રવેશવાની જરૂર ન હોય, તેથી પ્રવેશ કરતા હો એમ દેખાઓ છો. (એમ **'ઈવ'** શબ્દનો પ્રયોગ કર્યો છે.) ।।૧૪।।

જેમ આ આપના સ્વરૂપમાં અવિકૃત ભાવો છે તે ભાવો વિકારવાળા ભાવથી જુદા છે, છતાં સાથે મળીને રૂપરસાદિ કાર્ય કરવામાં સમર્થ થઈને વિરાટના દેહ સ્વરાજને ઉત્પન્ન કરે છે, કેમકે આધિદૈવિકની સહાયતા વિના કેવળ આધિભૌતિકો કાંઈ પણ કરવાને સમર્થ થતા નથી, તેથી ભગવત્સ્વરૂપમાં જે મેં જોયું તે સર્વ આધિદૈવિક જોયું. તેથી જ શ્રુતિ પણ **''ચક્ષુષઃ ચક્ષુઃ શ્રોત્રસ્ય શ્રોત્રં મનસઃ મનઃ''** એમ કહે છે એ પણ યુક્ત છે ।।૧૫।।

એ બધાં તત્વ એકઠાં થઈ કાર્યને ઉત્પન્ન કરે છે અને એમાં એ કાર્ય થયા પછી પેઠા હોય એમ દેખાય છે, કેમકે એ કાર્યમાં કારણરૂપે રહે છે એટલે એ એમાં પેઠા થયા એમ તો કહી શકાય જ નહિ ।।૧૬।।

એમ બુદ્ધિથી અનુમિત છે લક્ષણ જેનું એવા ગ્રાહ્ય ગુણોથી આપ સ્વરૂપથી પ્રતીત થાઓ છો છતાં એ ઈન્દ્રિયનાં ગુણોથી આપ ગ્રહણ થઈ શકતા નથી. વળી આપને કોઈ આવરક ન હોવાથી આની બહાર અને આની અન્દર એવો વ્યવહાર આપને વિશે થતો નથી, કેમકે આપ સર્વરૂપ સર્વના આત્મા અને જગદ્રૂપ છો ।।૧૭।।

જે માણસ ભગવાન્નું સ્વરૂપ જે આત્મારૂપે અનુભવાય છે તેને પોતાની આંખે

જુએ છે, એવા જ ભગવાન્ છે એમ માને છે, તે ભગવાન્‌ના ખરા સ્વરૂપને જાણી શક્તો નથી, માટે એ અજ્ઞાની કહેવાય. આનન્દઘન સ્વરૂપમાં કરામ્બુજ, પાદામ્બુજ વગેરે ભેદ જોનાર કેવળ અનુવાદક છે, કેમકે **"સ યથા સૈન્ધવઘનોન્તરોબાહ્યઃ કૃત્સ્નો રસઘનઃ એવં વારેયમાત્માનન્તરોબાહ્યઃ કૃત્સ્નઃ પ્રજ્ઞાનઘનઃ", "અસંગોહ્યયં પુરુષઃ"** એ શ્રુતિના વિચાર વખતે છોડેલ ભેદને એ પાછો સ્વીકારે છે તેથી એ અજ્ઞાની છે, કેમકે ભગવદ્રૂપમાં સ્વગત ભેદનો અસમ્ભવ છે ।।૧૮।।

આપને વિશે વિકાર નથી, ચેષ્ટા નથી છતાં આપનાથી આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે, પરન્તુ આપ ઈશ્વર હોવાથી એમ થાય તો એમાં વિરોધ નથી. આપના આધારથી ગુણોમાં એનો આરોપ થાય છે ।।૧૯।।

આ ત્રણ લોકના પાલનમાટે પોતાની શક્તિરૂપ માયાવડે આપ શ્વેતવર્ણ ધારણ કરો છો, ઉત્પત્તિમાટે રજોગુણથી લાલ રંગ સ્વીકારો છો, અને લોકના પ્રલયમાટે તમોગુણવડે શ્યામ વર્ણ અંકીકાર કરો છો ।।૨૦।।

હે અખિલેશ્વર! હે વિભો! આપે આ લોકનું રક્ષણ કરવાની ઈચ્છાથી મારે ઘેર અવતાર ગ્રહણ કર્યો છે તેથી, રાજા એવું તો નામમાત્ર છે; ખરું જોતાં એ અસુર સેનાઓના નાયકો છે તેમને આપ મારીને પૃથ્વીનો ભાર ઉતારશો ।।૨૧।।

આ દુષ્ટ કંસે આપનું પધારવું અમારે ત્યાં થશે એમ આકાશવાણીથી જાણીને આપના છ ભાઈઓને મારી નાખ્યા છે. હે સુરના ઈશ્વર! એ કંસને એના નોકરો જ્યારે અમારે ત્યાં આપનો જન્મ થયાનું કહેશે ત્યારે એ સાંભળીને હથિયાર ઉગામીને એ અહીં આવી પહોંચશે ।।૨૨।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : પોતાના પુત્રમાં પુરુષોત્તમ ભગવાન્‌નાં લક્ષણ જોયાં ત્યારે દેવકીજી સુન્દર સ્મિત કરીને કંસથી ડરતાં-ડરતાં એની સ્તુતિ કરવા લાગ્યા ।।૨૩।।

**શ્રીદેવકીજી બોલ્યાં** : આ આપનું રૂપ છે જેને અવ્યક્ત, આદ્ય, બ્રહ્મ, સ્વયંપ્રકાશ, નિર્ગુણ, નિર્વિકાર, સત્તામાત્ર, નિર્વિશેષ અને ચેષ્ટારહિત એવા નવ પ્રકારથી કહે છે. એ આપ મારા અન્તઃકરણના પ્રકાશક છો ।।૨૪।।

બ્રહ્માનું બે પરાર્ધ આયુષ્ય છે તે પૂરું થતાં લોક નાશ થાય ત્યારે મહાભૂત અહંકારમાં લીન થાય છે અને કાળના વેગથી વ્યક્ત દેખાતા પદાર્થ અવ્યક્ત પ્રધાનમાં પ્રવેશે છે. ત્યારે આપ એક બાકી શેષ રહો છો તેથી આપનું 'શેષ'નામ છે ।।૨૫।।

પ્રકૃતિના એક માત્ર સહાયક પ્રભો! નિમેષથીવર્ષ સુધીનો મોટો કાળ એ આપનીચેષ્ટાછે. એ જગતની ચેષ્ટાનું કારણ થાય છે તેવા સર્વશક્તિમાન અને કલ્યાણના ધામરૂપ આપના શરણને હું પ્રાપ્તથાઉં છું ।।૨૬।।

મૃત્યુરૂપ સર્પથી ભય પામેલા મનુષ્ય સર્વ લોકમાં ફરે છે, પણ એના ભયને દૂર કરનાર કોઈ મળતો નથી, તે પ્રભુ ઈચ્છાથી જ્યારે આપના ચરણમાં આવે છે ત્યારે નિર્ભય થઈ સ્વસ્થ થાય છે, કારણ કે મૃત્યુ પણ અહીં આવી શકતું નથી, પણ દૂર જ રહે છે ।।૨૭।।

દાસના ત્રાસને આપ દૂર કરનાર છો, તેથી ઉગ્રસેનના પુત્ર ક્રૂર કંસથી અમે ભય પામી રહ્યાં છીએ તેના ભયથી અમને આપ બચાવો. ભક્તના ધ્યાનના સ્થાનરૂપ આ આપનું પુરુષરૂપ કેવળ માંસ મજ્જા ઉપર જ દૃષ્ટિ રાખનાર દેહાભિમાની સામે પ્રકટ ન કરો ।।૨૮।।

હે મધુસૂદન! આ પાપરૂપ કંસ આપનો જન્મ થયો છે એવું ન જાણે એમ કરો. મારી બુદ્ધિ ધીરજ રહિત થઈ છે અને કંસને લઈને એ આપને શું કરશે એની મને ચિન્તા થાય છે ।।૨૯।।

હે વિશ્વાત્મન્! આ અલૌકિક આપનું રૂપ કે જે ચાર ભુજામાં શંખ, ચક્ર, ગદા, પદ્મ થી શોભિત છે તેનું સાધારણ લોક દર્શન ન કરી શકે એવો બન્દોબસ્ત આપ કરો ।।૩૦।।

આપ સૃષ્ટિના આરમ્ભમાં ચૌદ લોકાત્મક આ વિશ્વને આપના વિરાટ શરીરવડે સાવકાશ ધારણ કરો છો એ જ આપ મારા ગર્ભમાં પધાર્યા, આ આપે મનુષ્યલોકનું મોટું અનુકરણ કરી બતાવ્યું તેથી મને આશ્ચર્ય થાય છે ।।૩૧।।

**શ્રીભગવાન્ બોલ્યા** : હે સતિ! તમે બ્રહ્માના પ્રથમ કલ્પમાં પૃશ્નિ હતાં ત્યારે આ (વસુદેવજી) સુતપા નામે પ્રજાપતિ હતા. તેણે કામ, ક્રોધ વગેરે છોડ્યા હતા તેથી દોષ રહિત હતા ।।૩૨।।

તમને બન્નેને બ્રહ્માજીએ પ્રજાની સૃષ્ટિ કરવાને યોજ્યાં ત્યારે તમે ઈન્દ્રિય સમૂહને સંયમમાં રાખીને પરમ તપ કર્યું ।।૩૩।।

વૃષ્ટિ, વાયુ, ઠંડી, ગરમી વગેરે કાલગુણોને સહન કરતાં શ્વાસ રોકીને મનના મેલને ધોઈ નાખ્યા ।।૩૪।।

ખરી પડેલાં પાન્દડાં અને વાયુ નો આહાર કર્યો. મારાથી કામની ઈચ્છા રાખીને

મારું આરાધન તમે કર્યું ।।૩૫।।

પરમ દુર્લભ તપ કરતાં તમે દેવોનાં બાર હજાર વર્ષો સુધી મારું આરાધન કર્યું અને એટલો વખત તમે મારામાં મન રાખ્યું ।।૩૬।।

ત્યારે હું મારા આ સ્વરૂપથી તમને પ્રસન્ન થયો. હે અનઘે! તમે તપ ભક્તિ અને શ્રદ્ધા વડે આ સ્વરૂપને જ હૃદયમાં ભાવનાથી ભાવિત કર્યું હતું ।।૩૭।।

વર આપનારમાં રાજારૂપ હું તમારી પાસે તમને વર આપવામાટે પ્રકટ થયો અને 'વર માંગો' એમ મેં કહ્યું ત્યારે તમે ''તમારા જેવો પુત્ર થાય'' એમ વર માગ્યો ।।૩૮।।

તમે સ્ત્રી-પુરુષ પ્રજા વિનાનાં હતાં, ગ્રામ્ય ભોગ ભોગવ્યા ન હતા, તેથી મારી માયાથી મોહિત થઈને મારી પાસેથી મોક્ષ ન માગ્યો ।।૩૯।।

હું જ્યારે તમારી પાસેથી ગયો ત્યારે તમને મારા જેવો પુત્ર થવાનો વર મેં આપેલો હતો તેથી તમારો મનોરથ પૂર્ણ થતાં તમે ગ્રામ્ય ભોગો ભોગવવા લાગ્યાં ।।૪૦।।

શીલ, ઔદાર્ય અને ગુણોમાં મારા જેવો બીજો કોઈ લોકમાં ન મળતાં હું જ તમારો પુત્ર થયો ત્યારે લોકમાં મારું 'પૃશ્નિગર્ભ' એવું નામ થયું ।।૪૧।।

એ જ તમે બન્ને બીજે જન્મે અદિતિ અને કશ્યપ થયાં ત્યારે હું 'ઉપેન્દ્ર' નામ ધરીને તમારે ત્યાં પ્રકટ્યો. મેં મારું સ્વરૂપ નાનું દેખાડ્યું તેથી મારું 'વામન' એવું નામ પડ્યું ।।૪૨।।

ત્રીજા તમારા વસુદેવ દેવકીરૂપ જન્મમાં હે સતી! મેં મારું વચન સત્ય કરવામાટે આ સ્વરૂપ તમને ત્રીજીવાર બતાવ્યું ।।૪૩।।

પૂર્વ જન્મનું સ્મરણ કરાવવાને માટે મેં આ રૂપ તમને બતાવ્યું. જો એમ ન કરું તો મર્ત્ય શરીરવાળાને મારા સ્વરૂપનું જ્ઞાન ન થઈ શકે ।।૪૪।।

તમે બન્ને મારામાં *પુત્રભાવ અને વારંવાર બ્રહ્મભાવ રાખીને ચિન્તન કરશો. જ્યારે તમને મારામાં સ્નેહ થશે ત્યારે એનાથી તમે પરમ ગતિને પામશો ।।૪૫।।

**વિશેષ :** વસુદેવજીને માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહ થશે. જો જ્ઞાનને ભક્તિનું અંગ ન કહે તો જ્ઞાનને સ્વાતન્ત્ર્ય થાય અને તેથી વાક્યભેદ થાય, માટે અહીં જ્ઞાનને સ્નેહનું અંગ કહેવામાં આવ્યું છે. તેથી પૂર્વ સ્કન્ધમાં ઉત્પત્તિથી જ ભક્તોનાં સ્વરૂપ કહ્યાં તેમ પ્રેમ, જ્ઞાન અને નિરોધ વગેરે આ સ્કન્ધમાં કહેવામાં આવે છે. તેથી ગોપીજનોને પણ જ્ઞાનોપદેશ ભક્તિના અંગ તરીકે કહ્યો છે.

વસુદેવ-દેવકીજીને ભગવદ્અવતારની પહેલા દુઃખ થયું એનું કારણ નીચે પ્રમાણે છેઃભગવાને કહ્યું કે **"મત્તઃ કામનાભીપ્સન્તૌ"** એ વાક્યથી એમણે પ્રથમથી કામના કરી ભગવાન્નું આરાધન કર્યું, પણ ભગવાન્નું આરાધન વૃથા ન જાય માટે ભગવાને દર્શન આપ્યાં, તેમના દર્શનથી એવા પુત્રની ઈચ્છા કરી પણ સ્નેહાર્તિથી ભગવત્પ્રાકટ્યનો વર ન માગ્યો, એ પણ **"વરં મત્સદશં"** ઈત્યાદિથી કહ્યું ભગવત્પ્રાપ્તિ થયાનો વર મળ્યા પછી પણ ગ્રામ્ય ભોગ ભોગવ્યા, તેમાં પણ ભગવત્સદશ કોઈ ન હોઈને એમની ઈચ્છા પૂર્ણ કરવા ભગવાન્ને પધારવું પડ્યું તેથી કંસકૃત ક્લેશ એમને થયો. પુત્રમાં આગ્રહ રાખ્યો તેથી કીર્તિમાન વગેરે પુત્રોનો નાશ થયો. ભગવત્સદશનો આગ્રહ કર્યો તેથી છ ગુણવાળા ભગવાન્ હોઈને છ પુત્રોનો નાશ થયો. આ બધું મર્યાદારક્ષાર્થ પ્રભુએ કર્યું. પુત્રપણાથી પ્રકટ થવાનો હેતુ તપ છે. હવે ભગવલ્લીલારસનું સાધન શોધવું જોઈએ માટે ભગવાને એને પોતાના વિયોગનું દાન કર્યું, કેમકે એ ભક્તિમાર્ગીય સાધન છે. જ્યારે પ્રભુએ વિયોગ કરાવ્યો ત્યારે એને ભગવાન્માં ભાવનો પ્રવાહ ચાલુ થયો. મારા પુત્રને આટલા દિવસ થયા, આમ કરતા હશે, આટલા માસના મારા પુત્ર થયા, આટલા વર્ષના થયા, બન્ને ભાઈઓ મળીને આવી લીલા કરતા હશે, બલદેવજી સહિત ભગવાન્ આનન્દમાં હશે, અમને ક્યારે દર્શન દેશે, એમ એમને દર્શનની આર્તિ થવા લાગી; દર્શન થવા લાગ્યાં, વસુદેવજી અને દેવકીજી આપસમાં પોતાના પુત્રો વિષે ચર્ચા કરતાં તેથી સર્વ ઈન્દ્રિયોની વૃત્તિઓ ભગવાન્માં લાગી ગઈ; વિયોગ તાપવાળા હૃદયમાં દર્શનાદિ થવાથી જીવન ટકી રહ્યું. એ અગિયાર ઈન્દ્રિયોની વૃત્તિઓ પુત્રરૂપ પ્રભુમાં લાગી તેથી ભગવાન્ એકાદશ વર્ષ સુધી ગોકુલમાં બિરાજ્યા. તેથી જ ભગવાને તમે મને પુત્રભાવે અને બ્રહ્મભાવે ભજશો એમ વરદાન આપ્યું; તેથી જ વસુદેવ-દેવકીજીનો એવો ભાવ થયો. તેથી જ માહાત્મ્ય જ્ઞાનયુક્ત સ્નેહ થતાં કંસને માર્યા પછી ભગવાન્ એમની પાસે આવ્યા ત્યારે પુત્રભાવ છતાં એમને હૃદયમાં ચાંપીને મળી ન શક્યા; એનું કારણ એ જ છે કે એ વખતે લૌકિક ભાવ કરતાં અલૌકિકભાવ વિશેષાંશમાં પ્રકટ્યો તેથી સ્નેહ કરતાં માહાત્મ્ય વધી જતાં મળી શક્યા નહિં. (શ્રીસુબોધિનીજી)

**શ્રીશુકદેવજી બોલ્યાઃ** એટલું કહી *ભગવાન્ મૌન રહ્યા અને પોતાની આત્મમાયાવડે માતા-પિતાના દેખતાં તરત સામાન્ય બાળક બની ગયા ।।૪૬।।

**વિશેષ :** અહીં ભગવાને બીજા રૂપનો સ્વીકાર કર્યો છે એ જ આ અધ્યાયનો અર્થ છે. અહીં રૂપાન્તર આત્મમાયાવડે આપે સ્વીકાર્યું છે. જેમ રૂપ પ્રાકૃત સ્વીકાર્યું તેમ જ્ઞાન પણ પ્રાકૃત સ્વીકાર્યું છે. એમ કરે જ રૂપાન્તરસ્વીકાર શોભે. ત્યારે તો ભગવાન્ પ્રાકૃત જેવા થઈ જશે એમ

શંકા થાય, એના ઉત્તરમાં કહે છે કે એ ભગવાન્ છે. સર્વભવન-સામર્થ્યરૂપ પોતાની માયાવડે એવો દેખાવ માત્ર ભગવાને સ્વેચ્છાથી સ્વીકાર્યો છે. તેથી જ્યારે જ્ઞાનનો ઉપયોગ હશે તેવા (ભીષ્મમુક્તિ અને અર્જુન ને ઉપદેશના) પ્રસંગે પોતાનું જ્ઞાન પણ બતાવશે. આત્મમાયાનો સ્વીકાર કર્યો કે તરત જ લૌકિક બાળકને જેમ નાળ વગેરે લાગેલું હોય અને જન્મે છે તેવું રૂપ થઈ ગયું. માતા-પિતાના દેખતાં જ રૂપાન્તર થયું એ નટ કરતાં વિશેષ વાત થઈ. નટને રૂપ બદલવા પરોક્ષતાની અપેક્ષા રહે છે તેવું અહીં નથી. અહીં માયાને 'આત્મમાયા' કહી તેથી એમ સમજવાનું છે કે જેમ આત્મા અવિકૃત, નિત્ય-શુદ્ધ છે તેમ માયા પણ તેવી છે. એ નિત્યાદિ ગુણવાળી લીલાની બતાવનારી છે, નહિં કે ન જ હોય તેવા પદાર્થને બતાવે છે એવા સંસારના કારણરૂપ માયા તો જુદી જ છે. એ માયા જીવને પોતાનું સ્વરૂપ ભુલાવી પ્રપંચમાં વિષયાસક્તિને ઉત્પન્ન કરે છે, તેમ આત્મમાયા પણ ભક્તને સ્વ સ્વરૂપનું વિસ્મરણ કરાવી ભગવાન્‌માં આસક્તિ કરાવે છે. એટલો ધર્મ સમાન હોઈને માયા શબ્દથી એનો વ્યવહાર થાય છે. ખરી રીતે તો જેમ બીજા લીલોપયોગી ગોપી-ગોપ વગેરે છે તેવી જ આ પણ લીલાપરિકરરૂપ છે. આનન્દરૂપ છે તેથી એને શ્રીશુકદેવજી 'આત્મમાયા' એમ વિશિષ્ટતાથી બતાવે છે. આવું જો આત્મશબ્દથી તાત્પર્ય ન નીકળે તો પૂર્વમાં ભગવચ્છબ્દ તો છે તેથી આત્મપદ કહેવું વ્યર્થ થાય. તેથી જ અહીં ભગવાને વસુદેવ-દેવકીજીનો પિતૃત્વે લીલામાં સ્વીકાર કર્યો છે તેથી એમને એવું જ્ઞાન થયું એમ ન માનીએ તો નિષેકાદિના અભાવમાં પુત્રત્વાદિ જ્ઞાન ન જ થવું જોઈએ, તેથી જ મૂળમાં **''આત્મમાયયા પિત્રોઃ''** એમ કહ્યું છે. હવે બીજી શંકા એવી છે કે ભગવાને પ્રથમ કહ્યું કે **''એતદ્ વાં દર્શિતં રૂપં''** તમને મેં આ રૂપ બતાવ્યું. વળી આગળ કહે છે કે **''નાન્યથા મદ્ભવં જ્ઞાનં''** તેથી ભગવાન્‌નું દર્શન તે ન કરાવે ત્યાં સુધી ન થવું જોઈએ તો એમને આ રૂપ કેમ દેખાવું જોઈએ? એ શંકાના ઉત્તરમાં **''આત્મમાયયા સમ્પશ્યતોઃ''** એમ મૂળમાં કહ્યું છે. તેથી જ એ શંકાને સ્થાન રહેતું નથી. ચક્ષુઃસામર્થ્યથી ભગવાન્‌નું રૂપ જીવ ન જોઈ શકે પણ કૃપાથી બતાવે તો જોઈ શકે, તેથી વસુદેવ પુત્રત્વે ભગવાન્‌ને જાણી શક્યા. કેમકે ભગવાન્‌ને પુત્રત્વ બતાવીને લીલા કરવી ઈષ્ટ છે. વસ્તુતઃ ભગવાન્ પ્રાકૃત બાળક જેવા થયા તો પણ ષડ્‌ગુણૈશ્ચર્યયુક્ત પરમ કાષ્ઠાપન્ન શુદ્ધબ્રહ્મરૂપ આપ છે. જેમ **''તત્રાભવદ્‌ભગવાન્ વ્યાસપુત્રઃ''** એ જગ્યાએ 'ભૂ' ધાતુનો અર્થ ઉત્પત્તિ નથી તેમ અહીં **'બભૂવ'** એ ક્રિયાનો અર્થ ઉત્પત્તિરૂપ નથી, અલૌકિકત્વે જ્ઞાન ન હોઈને પરોક્ષતા સ્વીકારી પરોક્ષ ભૂતકાળનો પ્રયોગ કર્યો છે, ઈત્યાદિ અનેક શંકા સમાધાનનો શ્રીવિઠ્ઠલનાથ દીક્ષિતજી (શ્રીગુંસાઈજી) એ સ્વકૃત ટિપ્પણીમાં વિચાર કર્યો છે.

વિશેષ જિજ્ઞાસુએ એ ગ્રન્થ જોઈને જિજ્ઞાસા પૂર્ણ કરવા વિનન્તિ છે.

હવે ભગવાન્‌ની પ્રેરણાથી વસુદેવજીએ સૂતિકાઘરમાંથી પોતાના પુત્રને પધરાવી બહાર નીકળવાની ઈચ્છા કરી, બરાબર તે જ સમયે નન્દરાયજીનાં પત્ની યશોદાજીમાં *યોગમાયા પ્રકટી, જે ભગવાન્‌ની શક્તિ હોવાથી ભગવાન્‌ની જેમજ જન્મરહિતછે ।।૪૭।।

**વિશેષ :** યોગમાયાનું પ્રાકટ્ય ભગવાન્‌ના પ્રાકટ્ય પછી એક મુહૂર્તે થયું છે એ સમયે રોહિણી નક્ષત્ર હતું એટલે રોહિણી અષ્ટમીના અન્તમાં દાખલ થઈ નવમી સમગ્રમાં રહી છે. તેથી શુદ્ધ અષ્ટમીમાં ભગવત્પ્રાકટ્ય છે. શુદ્ધ નવમીમાં માયા જન્મી છે તેથી નન્દરાયજીને ત્યાં ઉત્સવ શુદ્ધ નવમીમાં થયો છે. તેથી જ વ્રતમાં અષ્ટમી સપ્તમીના વેધવાળી ન લેવી, કેમકે પ્રભુના જન્મ વખતે શુદ્ધ અષ્ટમી હતી. અષ્ટમી નવમી યુક્ત લેવી, પણ સપ્તમીવાળી અષ્ટમી વ્રતમાં ગ્રહણ કરવી નહિં. **''નવમ્યાં યોગનિદ્રાયા જન્માષ્ટમ્યાં હરેરતઃ। નવમીસહિતોપોષ્યા રોહિણી બુધસંયુતા''** એવું ભવિષ્યોત્તરનું વાક્ય છે તેથી રોહિણીને કૃત્તિકાનો વેધ હોય તો એ નક્ષત્રને કાંઈ ક્ષતિ નથી. પણ શ્રીરામાનુજ સમ્પ્રદાયમાં કૃત્તિકાના વેધવાળી રોહિણીનો સ્વીકાર કરતા નથી એનું કારણ તો એઓ જાણે. સપ્તમીનો વેધ તો ન જ લઈ શકાય, કેમકે **''અષ્ટમી સપ્તમીવિદ્ધા હન્તિ પુણ્યં પુરાકૃતમ્। બ્રહ્મહત્યા ફલં દદ્યાદ્ધરિવૈમુખ્યકારણાત્''** એવં ગૌતમીય તન્ત્રનું વચન છે. **''સઋક્ષાપિ ન કર્તવ્યા સપ્તમી સંયુતાષ્ટમી। અવિદ્ધાયાં સઋક્ષાયાં જાતો દેવકીનન્દનઃ''** એવું બ્રહ્મવૈવર્તપુરાણનું વાક્ય છે. તેથી સપ્તમીનો વેધ વ્રતમાં ત્યાજ્ય જ છે.

તે યોગમાયાએ દ્વારપાલ અને પુરવાસીઓ ની સમસ્ત ઈન્દ્રિયોની વૃત્તિઓની ચેતના હરી લીધી. તેઓ બધા જ અચેત થઈ ઊંઘી ગયા, કેદખાનાના બધા દરવાજા બંધ હતા, એને મોટા-મોટા કમાડ, લોખંડની સાંકળો અને તાળાં લાગેલાં હતાં. બહાર નીકળવું બહુ જ કઠિન હતું, પરન્તુ વસુદેવજી ભગવાન્ શ્રીકૃષ્ણને ગોદમાં પધરાવી જેવા એમની પાસે પહોંચ્યા કે તરતજ, જેમ સૂર્યનો ઉદય થતાંજ અન્ધકાર દૂર થઈ જાય છે તેમ, બધા દરવાજા આપોઆપ ખુલી ગયા. એ વખતે વાદળો મંદ-મંદ ગર્જતા ઝરમર-ઝરમર વરસી રહ્યાં હતાં. તેથી શેષજી પોતાની ફણાઓથી જલને રોકતા વસુદેવજીની પાછળ-પાછળ ચાલવા લાગ્યા ।।૪૮-૪૯।।

એ દિવસોમાં (ઈન્દ્રની પ્રેરણાથી) વરસાદ વારંવાર વરસતો હતો, તેથી યમુનાજી ભરપૂર હતા. તેમનો પ્રવાહ ઉંડો અને તેજ (ગમ્ભીર)હતો. મોજાંઓની

ભરમારને લીધે જલ ઉપર પાર વગરનાં ફીણ થઈ ગયા હતાં. સેંકડો ભયાનક ઘૂમરીઓ પડી રહી હતી. જેવી રીતે સીતાપતિ શ્રીરામને સમુદ્રે માર્ગ આપી દીધો હતો તેવી રીતે યમુનાજીએ ભગવાન્‌ને માર્ગ આપીદીધો ।।૫૦।।

વસુદેવજી નન્દરાયજીના ગોકુલમાં ગયા ત્યાં તો બધા ગોપોને નિદ્રામાં ઊંઘતા જોયા. વસુદેવજી પોતાના બાળકને યશોદાજીના શયનમાં પધરાવી, યશોદાજીને કન્યા જન્મી હતી તેને લઈને ફરી પોતાના ઘર તરફ આવ્યા ।।૫૧।।

ઘરમાં આવી દેવકીજીના શયનમાં યશોદાજીની કન્યાને મૂકીને પોતાના પગમાં લોખંડની બેડીઓ પહેરી લઈ પ્રથમ હતા તેવી સ્થિતિમાં વસુદેવજી થઈ ગયા।।૫૨।।

**યશોદા નન્દપત્ની ચ જાતં પરમબુધ્યત ।।**
**ન તલ્લિંગં પરિશ્રાન્તા નિદ્રયાપગતસ્મૃતિઃ ।।૫૩।।**

નન્દરાયજીનાં પત્ની યશોદાજીએ પોતાને પ્રસવ થયો એમ તો જાણ્યું, પણ પુત્ર થયો કે પુત્રી થઈ એ તો નિદ્રામાં હતાં તેથી નક્કી કરી ન શક્યાં, કેમકે પ્રસવની પ્રથમ વેદના થઈ અને પછી પ્રસવ થયો ત્યારે પીડા નિવૃત્ત થતાં નિદ્રા આવી ગઈ તેથી પુત્ર કે પુત્રીનો એ જ વખતે નિર્ણય કરવો જોઈએ એ કરી શક્યાં નહિ ।।૫૩।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (પહેલા જન્મપ્રકરણમાં ભગવાન્‌નું મુનષ્યનાટ્ય)''શ્રીકૃષ્ણે કરેલો રૂપાન્તરનો સ્વીકાર'' નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્‌ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધો બનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૪
## માયાનું કાર્ય, ધર્મનો નાશ, અને ભક્તને દુઃખ

**વિશેષ :** આ ચોથા અધ્યાયમાં માયાનું કાર્ય કહેવામાં આવે છે. ભક્તને દુઃખ આપવું એ માયાનું કાર્ય થયું તેને નિમિત્ત કરી ભગવાન્ એની રક્ષામાટે પ્રયત્ન કરશે. માયાએ રુદન કર્યું તેથી

ગૃહપાલો જાગ્યા અને તેઓએ કંસને ચેતાવ્યો. એ બન્ને જ્ઞાપન વસુદેવ આદિને દુઃખ આપનાર જ્યારે કંસ આદિને સુખ આપનાર થયાં. જ્યારે માયાએ કંસને કહ્યું કે તારો શત્રુ કોઈ જગ્યાએ પ્રકટ થઈ ચૂક્યો છે ત્યારે કંસે મન્ત્રીઓને એ વાત જણાવી તે પણ દુઃખ આપનાર થઈ. માયા એ રીતે સ્પષ્ટ ન કરે તો કંસે ગાય, બ્રાહ્મણ, બાળક વગેરેને મારવાની આજ્ઞા કરી તે ન કરે. એટલે ધર્મને પીડા ન કરે તો અનિરુદ્ધનું ધર્મરક્ષાને માટે ચતુર્થ અધ્યાયમાં પ્રાકટ્ય ન થઈ શકે. તામસ રાજાના રાજ્યમાં કરેલો ધર્મ પણ તામસ થાય છે, તેથી પૂર્વ ધર્મનો નાશ થવો જોઈએ. એ દેશમાં બ્રાહ્મણો, યજ્ઞ, પશુ વગેરેપણ કાલાનુકૂલ તામસ હોવાથી એનો નાશ થયા પછી જે ધર્મ થશે તે સાત્વિકથશે.

ઉપર પ્રમાણે કંસનું જ્ઞાન નિત્ય-અનિત્ય વસ્તુ વિવેકરૂપ છે. તેનો અનુવાદ કરી પોતાના શુદ્ધ બ્રહ્મરૂપ જ્ઞાનનો એ કંસને વસુદેવ ઉપદેશ કરે છે એમાં કૃપા જ કારણ છે. શોક ઐશ્વર્યનો બાધક છે. ભગવાન્ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ છે તે જ બધું કરે છે એવું જ્ઞાન જીવને હોય તો શોક ન કરે. ભગવદ્‌ભક્તનું અપેક્ષિત બીજો કોઈ બગાડી ન શકે તેથી શોક ન થવો જોઈએ; પણ એ ભગવદ્-ઐશ્વર્યને ભૂલ્યો તેથી શોકરૂપ દોષ તેનામાં આવ્યો, તેમ હર્ષ પણ ન થવો જોઈએ, કેમકે ભગવાન્‌ના વીર્યરૂપ કાલને જાણે તો મળ્યું તેમાં હર્ષ ન થાય, કાલગ્રસ્ત મળે છે તે કાળ ભગવાન્‌ના વીર્યરૂપ છે તેને નથી જાણતો. યશને જાણે તો જીવ ભય ન કરે. ભય તો અયુક્તથી થાય. ભગવદ્-યશ અયુક્ત નહિ કરે એટલે યશરૂપ ભગવદ્ ધર્મમાં વિશ્વાસ હોય તો ભય ન થાય. ભગવાન્‌ના શ્રીગુણને જાણે તો જીવને લોભ ન થાય, તેને ન જાણે ત્યારે જ લોભ થાય છે. સ્ત્રીમાટે થતો દ્વેષ પણ શ્રીના અજ્ઞાનથી થાય છે. ભગવાન્‌ના જ્ઞાન-ગુણને જાણે તો મોહ ન થાય. ભગવાન્‌ના વૈરાગ્ય-ગુણને જાણે તો મદ ન થાય. જ્યારે વૈરાગ્ય ન હોય ત્યારે તો મદમાં ઉન્મત્ત થાય છે. ભગવાન્‌ના છ ગુણને ભૂલીને છ દોષને જીવ લઈ બેઠો છે તેથી એક બીજાને મારતાં પણ માણસો જોતા નથી. જો મારનાર તો એક જ છે એવું જ્ઞાન હોય તો પરસ્પર મારવાનું મન ન થાય. જ્યારે બધું ભગવાન્ છે ત્યારે વધ્ય-ઘાતકભાવ કેમ સમ્ભવે? એ શંકાના ઉત્તરમાં કહે છે કે વધ્ય-ઘાતકભાવ ધર્મોવડે એના બાધક ધર્મ પ્રકટ થાય છે ત્યારે બાધ્ય ધર્મો તિરોહિત થાય છે. જેમ એક વસ્ત્રમાં ધોળો રંગ છે, જ્યારે લાલ રંગમાં એને રંગશો ત્યારે શ્વેતરૂપ દૂર થશે તેમાં વસ્ત્રને કાંઈ નથી, તેમ ધર્મથી બાધ્યબાધકતા થાય તેમાં ધર્મીમાં કાંઈ ફેરફાર થતો નથી, જે વસ્તુ ઉત્પન્ન થાય છે તેનો બાધ થાય છે. તેમાં પણ બલવત્તર નિયામિકા છે, જેનો નાશ કરવાને જે ભાવમાં ભગવાન્ પ્રવેશ કરે છે તે ભાવ નાશ પામે છે, તેમાં તમે બધા કરણરૂપ છો. કર્તુરૂપ નથી તેથી કરણને

ઠપકો દેવાય નહિ તેમ એની સ્તુતિ પણ કરાય નહિ. ભગવાન્ કરણ સમ્બન્ધ થઈને કર્તા થાય છે તે જ્યારે જુદો જણાય, કરણ એનાથી જુદું જણાય તો ભેદબુદ્ધિ થાય છે, પણ સર્વમાં ભગવાન્ પ્રવેશીને કાર્ય કરે છે એવો ભાવ થતો નથી. તે અજ્ઞાનથી હું મારું છું, તે મરે છે એમ માને છે. મારા પુત્રોને તો ભગવાને માર્યા છે તે તને પણ મારશે એનો મારે શોક ન કરવો. જેમ મારા છોકરા મર્યા તેમ હું મરીશ. તેમ તારે પણ શોક ન કરવો, એમ વસુદેવજીનું કહેવાનું તાત્પર્યછે.

**બહિરન્તઃ પુરદ્વારઃ સર્વાઃ પૂર્વવદાવૃતાઃ ।।**
**તતો બાલધ્વનિં શ્રુત્વા ગૃહપાલાઃ સમુત્થિતાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવત્કાર્યથી વિપરીત માયાકાર્ય હોવાથી જ્યારે માયા અન્દર આવી ત્યારે જેમ પ્રથમ હતાં તેમ જ દરવાજાનાં દ્વાર વગેરે બંધ થઈ ગયાં, એટલામાં બાલક જન્મ્યાનો ધ્વનિ સાંભળી ગૃહરક્ષકો જાગી ગયા ।।૧।।

એ રક્ષકો તરત કંસ પાસે ગયા, જે ઉદ્વિગ્ન થઈને દેવકીજીને પ્રસવ થવાની પ્રતીક્ષા કરતો હતો તેને દેવકીજીને બાળક જન્મ્યાની વાત કહી ।।૨।।

''એ તો મારો કાળ આવ્યો'' એમ બોલી તરત શય્યામાંથી ઊઠ્યો. તે જેના વાળ વિખરાઈ ગયા છે એવો રસ્તામાં ઠોકર ખાતો-ખાતો જલદી સૂતિકાગૃહ તરફ આવ્યો ।।૩।।

એને દયા ઉત્પન્ન થાય એમ દેવકીજી દુઃખી થતાં હોય તેમ બોલ્યાંઃહે કલ્યાણ! આ તારા પુત્રની વધૂ થશે, વળી આ સ્ત્રી છે, એવાં અનેક કારણોથી આ કન્યાને તું મારવાને યોગ્ય નથી ।।૪।।

હે ભાઈ! અગ્નિના જેવા તેજસ્વી મારા ઘણા બાળકો તેં માર્યા છે. તે ભગવદિચ્છા એમ હશે ને માર્યા, પણ આ એક છોકરી તો તું મને પાછી આપ ।।૫।।

હે પ્રભો! (સમર્થ ભાઈ) હું તારી નાની બહેન છું. મારા બધા છોકરા મરી ગયા છે. હે અંગ! હું હવે મન્દ થઈ ગઈ છું. આમારી છેલ્લી પ્રજા તો તું મને આપી દે ।।૬।।

છોકરીને આલિંગન કરીને ગરીબ બનીને રડતાં-રડતાં છોકરીને જીવતી રાખવાની દેવકીજીએ પ્રાર્થના કરી તો પણ એનો તિરસ્કાર કરીને એ દુષ્ટે એના હાથમાંથી બલાત્કારે છોકરીને લઈ લીધી ।।૭।।

તરતની જન્મેલી બાળાને પગથી પકડી બહેનની પુત્રી છે છતાં એ સમ્બન્ધ

એનો સ્વાર્થને લઈને ભુલાઈ ગયો અને શિલા ઉપર જેમ કપડું પછાડે તેમ, એને પછાડી ।।૮।।

એ વિષ્ણુની નાની બહેન, દેવી એના હાથમાંથી ઉડીને આકાશમાં ચાલી ગઈ અને આયુધ યુક્ત આઠ મોટા-મોટા હાથવાળી આકાશમાં દેખાવા લાગી ।।૯।।

દિવ્યમાળા, વસ્ત્ર, ચન્દન આદિ લેપન પદાર્થોવડે રત્નનાં આભરણોથી ભૂષિત ધનુષ, શૂળ, બાણ, ઢાલ, તલવાર, શંખ, ચક્ર અને ગદા એ આઠ હાથમાં ધારણ કરનારી દેખાઈ ।।૧૦।।

સિદ્ધ, ચારણ, અપ્સરાઓ, ગન્ધર્વો, કિન્નર અને નાગગણ હાથમાં બલિ અને ભેટ લઈને જેની સ્તુતિ કરી રહ્યા છે તેવી એ દેવી બોલી ।।૧૧।।

**દેવીએ કહ્યું** : હે મૂર્ખ! પૂર્વ જન્મનો તારો શત્રુ તને મારવાને માટે ક્યાંક જન્મી ચૂક્યો છે. હવે તું વ્યર્થ નિર્દોષ બાળકોને મારવાનું બંધ કર ।।૧૨।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : ભગવતી દેવી કંસને એમ કહીને અન્તર્ધાન થઈ ગઈ, પૃથ્વીમાં બહુ નામવડે બહુ સ્થાનમાં પ્રસિદ્ધ થઈ ।।૧૩।।

જ્યારે દેવીએ ''તારો શત્રુ પ્રકટ થયો છે'' એમ કહ્યું ત્યારે એ સાંભળીને કંસ દેવકી અને વસુદેવ ને કેદમાંથી છોડીને વિનયથી કહેવા લાગ્યો ।।૧૪।।

**કંસ બોલ્યો** : ''હે બહેન! હે બનેવી! હું પાપી છું કેમકે તમારાં ઘણા બાળકો, રાક્ષસ આવી માણસને મારીને ખાઈ જાય તેમ, મેં મારી નાખ્યા ।।૧૫।।

મેં દયા છોડી, નાત-જાત છોડી, બન્ધુભાવ છોડ્યો, એવો હું ખળ (દુષ્ટ) થયો તે શ્વાસ લેતો હોવા છતાં મરેલ જેવો હું જીવું છું તે મરીને કેવા લોકમાં જઈશ? ।।૧૬।।

હું કહું છું કે કેવળ માણસ જ ખોટું બોલે છે એમ નથી, પણ દૈવ પણ ખોટું બોલે છે, જે દૈવવાણી ઉપર વિશ્વાસ રાખી મેં પાપીએ બહેનનાં નાનાં બાળકોને મારી નાખ્યાં ।।૧૭।।

હે મહાભાગો! પોતાના કર્મ ભોગવતાં એ તમારાં બાળકોનો તમે શોક ન કરો. જીવો સદા એક જગ્યાએ નથી રહેતા. પણ એ દૈવને અધીન થઈને રહે છે. ત્યારે પણ શત્રુ, મિત્ર, ઉદાસીન ભાવથી રહે છે ।।૧૮।।

પૃથ્વી ઉપર પ્રાણીઓ વગેરે ઉત્પન્ન થઈને એમાં પાછા લીન થાય છે એમાં પૃથ્વીને કાંઈ વિકાર થતો નથી, તેમ શરીર થાય અને જાય એમાં આત્માને કાંઈ વિકાર

થતો નથી ।।૧૯।।

જે એમ જાણતો નથી તેને જ ભેદ દેખાય છે ત્યારે એનાથી એને દેહને આત્મબુદ્ધિ થાય છે. તેથી જ દેહના યોગ અને વિયોગ થતાં સંસારની નિવૃત્ત થતી નથી ।।૨૦।।

તેથી હે ભદ્રે! મેં તારા પુત્રો માર્યા છે છતાં એનો શોક તું ન કર, કેમકે સૌ પોત-પોતાના કર્મવડે સુખ-દુઃખ ભોગવે છે ।।૨૧।।

જ્યાં સુધી ''હું મર્યો, મેં માર્યો'' એમ અજ્ઞાનથી આત્માને માને છે ત્યાં સુધી એનો અભિમાની અજ્ઞ બાધ્ય-બાધક ભાવને પામે છે ।।૨૨।।

મારી દુષ્ટતાને આપ ક્ષમા કરો, કેમકે ભગવદ્‌ભક્ત દીન ઉપર દયા રાખનાર હોય છે. એમ બોલી કંસે રુદન કરતાં-કરતાં બહેનના પગ પકડી લીધા ।।૨૩।।

થાંભલામાં જડેલી સાંકળો વસુદેવ-દેવકીજીને પહેરાવી હતી તે સાંકળો કંસે ખોલાવી નાખી. કન્યાની વાણી થઈ કે તારો શત્રુ પ્રકટ થઈ ચૂક્યો છે. એ વાક્યમાં વિશ્વાસ રાખી બહેન-બનેવી એને નિર્દોષ જણાયાં તેથી એ તેમના પ્રત્યે અનેક પ્રકારે સ્નેહ દેખાડવા લાગ્યો ।।૨૪।।

ભાઈને પશ્ચાત્તાપ કરતો જોઈને દેવકીજીએ પોતાનો રોષ છોડી દીધો. વસુદેવજી પણ એની તરફ પ્રસન્નતા દેખાડતા હસીને કંસને નીચે પ્રમાણે કહેવા લાગ્યા ।।૨૫।।

**વસુદેવજી બોલ્યા :** હે મહારાજ! માણસને અજ્ઞાનથી હું પદ આવે છે એમ જે આપનું કથન છે, વળી આ પોતાનું અને પરાયું એવો ભેદ પણ અહંકારથી થાય છે એમ આપે કહ્યું એ ઠીક જ છે. જો અજ્ઞાનને લઈને અન્યથા જ્ઞાનરૂપ અહંકાર ન હોય તો એને સર્વ બ્રહ્મરૂપ દેખાય એટલે ભેદદષ્ટિ થાય જ નહિ ।।૨૬।।

આ ભેદદષ્ટિ થઈ જતાંતો તે શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ અને મદથી અન્ધ બની જાય છે. પછીતો એમને એ વાતનું પણ ભાન જ નથી રહેતું કે બધાના પ્રેરક ભગવાન્ જ એક ભાવથી બીજા ભાવનો, એક વસ્તુથી બીજી વસ્તુનો નાશ કરાવી રહ્યાં છે ।।૨૭।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એપ્રમાણે વસુદેવજીએ કંસને સાચો ઉપદેશ આપ્યો. કંસે પ્રસન્ન થયેલાંવસુદેવ-દેવકીજીની રજા માગીઅને તે પોતાના મહેલમાં ગયો ।।૨૮।।

એ રાત્રિ ગઈ અને બીજો દિવસ થયો ત્યારે કંસે પોતાના મન્ત્રીઓને બોલાવી રાતના યોગમાયાએ જે વાત કરી હતી તે બધી હકીકત તેમને કહી સંભળાવી ।।૨૯।।

પોતાના સ્વામીનું કહેવું સાંભળીને દેવના શત્રુઓ-કંસના મન્ત્રીઓએ વિચાર્યું કે આ દેવોને દમન કરવાનો મોકો ઠીક મળ્યો છે. એમ મનમાં વિચારી ''દસ દિવસની અન્દરના અને એની ઉપરનાં જેટલાં બાળક હોય તેને મારી નાખીએ. તે પણ આજે જ મારી નાખીએ'' એવો મારવાનો હુકમ એઓએ કંસ પાસેથી મેળવ્યો, પણ કંસનું મૃત્યુ કેમ દૂર થાય, એ ખ્યાલ એમના મનમાં ન આવ્યો. કેમકે એ બધા તામસ છે. એમણે બધાં બાળકોને મારવાનો વિચાર કર્યો એમાં પોતાનાં બાળકો મરશે એનો વિચાર પણ એઓએ ન કર્યો ।।૩૦-૩૧।।

વળી દેવો આપણને શું કરી શકશે. કેમકે તેઓ રણમાં આવી શકે તેવા નથી. તેઓ તો ભીરુ છે. આપના ધનુષના ટંકારથી હંમેશા ચિન્તાતુર રહે છે ।।૩૨।।

આપ જ્યારે બાણનો સમૂહ એમના પર ફેંકો છો ત્યારે તેમને ચારે બાજુ બાણો વાગતાં રણ છોડી જીવવાની ઈચ્છાથી આમ-તેમ ભાગી જાય છે ।।૩૩।।

કેટલાક દેવો ભયથી હથિયાર છોડી દઈને આપના શરણમાં આવી જાય છે. કેટલાક કચ્છ શિખા વગેરે છોડીને ''આપથી ડરીએ છીએ'' એમ કહી શરણે આવે છે ।।૩૪।।

શસ્ત્ર-અસ્ત્રને ભૂલી ગયો હોય, રથ વગરનો હોય, ભયથી પગમાં પડતો હોય, અન્યાસક્ત હોય, વિમુખ હોય, ધનુષ ભાંગી ગયું હોય અને યુદ્ધ કરવાને રાજી ન હોય તેવાઓને આપ મારતા નથી ।।૩૫।।

જ્યાં સુધી લડાઈ ન થઈ હોય ત્યાં સુધી બડાઈ કરનારા, શાન્તિના વખતમાં શૂરતા બતાવનારા દેવોથી શું થઈ શકવાનું? વળી એકાન્તવાસ કરનાર હરિ અને વનમાં રહેનાર શિવ પણ આપણને શું કરી શકે? ।।૩૬।।

ઈન્દ્ર તો અલ્પ પરાક્રમવાળો છે. બ્રહ્મા તો તપસ્વી છે તે આપની સાથે લડી શકે એવો નથી; તોપણ દેવો આપણા શત્રુ હોવાથી શત્રુની ઉપેક્ષા ન કરવી એમ અમારું માનવું છે ।।૩૭।।

તેથી એનાં મૂળને ઉખેડી નાખવામાં આપના અનુયાયી અમો હાજર છીએ તેઓને આપ આજ્ઞા કરો. જેમ માણસના શરીરમાં રોગ હોય, તેની ઉપેક્ષા કરે તો કાળે કરીને એ રોગ વધી જાય અને શરીરમાં મૂળ દૃઢ કરી બેસે ત્યારે એને દવા પણ

લાગુ ન પડે. વળી ઇન્દ્રિયોનો સમુદાય પણ એની ઉપર દાબ ન રાખીએ તો સ્વચ્છન્દ રીતે ફરી જીવને માર્ગભ્રષ્ટ કરે છે, તેમ શત્રુનું બળ પણ વધી જાય તો એ જીતી ન શકાય ।।૩૮-૩૯।।

દેવતાઓનું મૂળ વિષ્ણુ છે. જ્યાં સનાતન ધર્મ છે ત્યાં તે રહે છે. સનાતન ધર્મનાં મૂળ વેદ, ગાય, બ્રાહ્મણ, તપ અને દક્ષિણાસહિત યજ્ઞો છે ।।૪૦।।

તેથી હે રાજન્! વેદને જાણનાર, તપ કરનાર યજ્ઞશીલ બ્રાહ્મણો અને યજ્ઞનેમાટે હવિષને આપનાર ગાયોને અમે જડમૂળથી મારી નાખીશું ।।૪૧।।

બ્રાહ્મણ, ગાય, વેદ, *તપ, સત્ય, ઇન્દ્રિયનિગ્રહ, શમ (મનનો નિગ્રહ), શ્રદ્ધા, દયા, તિતિક્ષા અને યજ્ઞ એ ભગવાન્‌નાં શરીર છે ।।૪૨।।

**વિશેષ** : ૧. તપ, ૨. સત્ય, ૩. દમ અને ૪. શમ એ ચાર આશ્રમના ચાર ધર્મ છે. તપ શરીરનો ધર્મ, સત્ય વાણીનો ધર્મ, દમ ઇન્દ્રિય ધર્મ અને શમ (મનનો નિગ્રહ) અન્તઃકરણનો ધર્મ છે. વિપ્ર, ગાય, વેદ, તપ, સત્ય, દમ, શમ, શ્રદ્ધા, દયા, તિતિક્ષા એ દશવિધ દશાવતારના ધર્મ છે. એ દશ પ્રકારનું ભગવાન્‌નું શરીર છે.

એ વિષ્ણુ બધા દેવોનો અધ્યક્ષ છે, અસુરોનો શત્રુ છે, એ ગુફામાં કે હૃદયમાં રહે છે, તેજ બ્રહ્માદિ દેવોનું ઉત્પત્તિ અને પોષણ નું સ્થાન છે, એટલે બધાના મૂળરૂપ એજ છે ।।૪૩।।

ઋષિઓને મારવા એટલે કે સર્વ ધર્મનો નાશ કરવો એ જ વિષ્ણુના વધનો ઉપાય છે. એમ દુષ્ટ બુદ્ધિવાળા કંસે દુષ્ટ મન્ત્રીઓ સાથે વિચાર કર્યો. કાલપાશથી બંધાયેલા અસુરાવેશી કંસે બ્રાહ્મણ આદિના અને ધર્મના નાશને પોતાનો હિતાવહ માન્યો ।।૪૪।।

હિંસા પ્રેમી ઇચ્છિતરૂપ ધરનાર દાનવોને સાધુ, ધર્મ, બ્રાહ્મણ આદિના નાશમાં નિયુક્ત કરીને કંસે પોતાના મહેલમાં પ્રવેશ કર્યો ।।૪૫।।

એ અસુરોનો સ્વભાવ રજોગુણી હતો. તેમાંય તમોગુણને લીધે ઉચિત-અનુચિતનો વિવેક જતો રહ્યો. એમનું મૃત્યુ નજીકમાં આવી રહ્યું હતું તેથી જ તેમણે સન્તોનો દ્વેષ કર્યો ।।૪૬।।

**આયુઃ શ્રિયં યશો ધર્મં લોકનાશિષ એવ ચ ।।**
**હન્તિ શ્રેયાંસિ સર્વાણિ પુંસો મહદતિક્રમઃ ।।૪૭।।**

મહાન પુરુષો(ભગવદીયો)નો અનાદર જો પુરુષ કરે છે, તેનું એ કુકર્મ એના

આયુષ્ય, લક્ષ્મી, કીર્તિ, ધર્મ, આલોક, પરલોક, વિષય ભોગ અને બધાં જ કલ્યાણનાં સાધનોનો નાશ કરી દે છે. ('મહત્' એટલે મહાન. મહાનપણું અથવા મહત્તા ભગવાન્ના સમ્બન્ધથી જ હોય છે નહિ તો વળી ચોખાની અણી(આર) જેટલા જીવની મોટાઈ કેવી?) ।।૪૭।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (પહેલાં જન્મ પ્રકરણનો માયાનાં કાર્ય કપટ રૂપ અર્થવાળો) ''માયાનું કાર્ય, ધર્મનો નાશ અને ભક્તને દુઃખ તેને બતાવે છે'' નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો**

## ચાર અધ્યાયનું જન્મ પ્રકરણ પૂરું થયું.

ફંડ-ફાળા માટે કે મૃતકના ઉદ્ધાર અર્થે ભાગવતકથાના
આયોજનની ગુરુએ આજ્ઞા આપવી તેમજ તેમાં હાજરી આપવી
તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

## અધ્યાય ૫

## નન્દરાયજીએ શ્રીકૃષ્ણપ્રાકટ્ય નિમિત્તે ઉત્સવ કર્યો

### બીજા તામસ પ્રકરણના અન્તર્ગત પહેલા પ્રમાણ પ્રકરણનો પહેલો અધ્યાય અને સળંગ પાંચમો અધ્યાય

વિશેષઃ એમ ચાર અધ્યાયથી વિષ્ણુનો જન્મ કહેવામાં આવ્યો. હેતુ, ઉદ્યમ, સ્વીકાર અને કાપટ્ય એવા રાજસાદિ ગુણોથી કહ્યો. હવે તામસ, રાજસ અને સાત્વિક એમ ત્રણ પ્રકરણના ૨૮+૨૮+૨૧=૭૭ (સીત્તોતેર) અધ્યાયથી ભગવાન્ની લીલાનું વર્ણન કહેવાય છે. ભગવાન્ના છ ધર્મ અને એક ધર્મી એમ સાતરૂપ એકાદશ ઈન્દ્રિયથી લીલા કરે ત્યારે એના (૧૧×૭) ૭૭ અધ્યાય થાય. એમાં ભગવાન્નાં ત્રિવિધ કૃત્ય ત્રણ પ્રકારના જીવોના ઉદ્ધારનેમાટે છે. તત્વનો અતિક્રમ કરે ત્યારે તામસ અને રાજસ ભક્તોનો નિરોધ થાય અને કાલાતિક્રમ કરે ત્યારે સાત્વિક ભક્તનો નિરોધ થાય. તેથી ૨૮ અધ્યાય તામસ પ્રકરણનાં અને ૨૮ અધ્યાય રાજસ પ્રકરણના છે. ૧૨ માસ, ૫ ઋતુ, ૩ લોક, ૧ સૂર્ય એમ ૨૧ ભેદ કાળના હોઈને કાળ ૨૧ કહેવાય છે, તેથી ૨૧ અધ્યાય સાત્વિક પ્રકરણના છે. લૌકિક ભાવમાં જ્યારે ભગવાન્ પ્રવેશ કરે છે ત્યારે, જેમ લાકડામાં અગ્નિનો પ્રવેશ થવાથી લાકડું નિવૃત્ત થાય

છે તેમ, ભગવાન્ જીવમાં પ્રવેશ જે ભાવથી કરે તે જીવમાં તે ભાવ નિવૃત્ત થાય છે. સ્વભાવ બીજી કઈ રીતે બદલાવી શકાતો નથી, માટે સાત્વિક, રાજસ, તામસ ત્રણ પ્રકારના જીવોમાં ભગવાને ત્રણ પ્રકારની કૃતિ કરી. તામસ જીવોમાં લૌકિક મુખ્ય છે. કામાન્ત એમની કૃતિ હોય છે. કામથી ઉત્પન્ન થાય તેમાં જ એની પ્રીતિ થાય છે, તેથી પ્રથમ તામસ પ્રકરણનું નિરૂપણ કર્યું છે. બાલ લીલા, મધ્ય લીલા, પ્રૌઢ લીલા, અને કામ લીલા એ ચાર લીલા લોકમાં સુખ આપનાર છે. ભગવાન્નું એક કાર્ય અનેક અર્થને સિદ્ધ કરનાર થાય છે, તેથી એક જ લીલા ભક્તના પ્રપંચને ભુલાવી પ્રભુમાં આસક્તિ કરાવે છે તે અહીં બતાવે છે. જે લીલાવડે ત્રિવિધ ભક્તો પ્રપંચને યાદ ન કરે અને કૃષ્ણમાં સારી રીતે આસક્તિ બતાવે એ ભગવત્કાર્ય છે. એમાં આ તામસ પ્રમાણ પ્રકરણમાં બાલલીલા સાત પ્રકારની કહેવામાં આવે છે. જેઓ બાલભાવમાં આસક્ત હોય તેમનો બાલલીલામાં નિરોધ થાય. જે ઉત્સવના આવેશવાળા હોય તેમને એ લીલાથી નિરોધ થાય. આશ્ચર્યરસમાં આસક્તિવાળા હોય, અલૌકિક ભાવમાં આસક્ત હોય, (માખણચોરીમાં જણાતા) ઉપદ્રવમાં આસક્તિવાળા હોય, સ્ત્રી સ્વભાવમાં આસક્ત હોય, લૌકિક તત્વમાં રત હોય અને સર્વ ઉદ્યોગમાં રત હોય તેમનો આ પ્રમાણ પ્રકરણમાં 'નિરોધ' કહેવામાં આવે છે. ક્રમથી અધ્યાયમાં તે-તે લીલામાં આસક્તિવાળા ભક્તો કહ્યા છે. એમાં આ પાંચમા અધ્યાયમાં નન્દરાયજીને ત્યાં કૃષ્ણનો જન્મ ઉત્સવ થયો તે વાત કહે છે. એ ઉત્સવમાં પોતાનું આવશ્યક કર્તવ્ય રાજાને કર આપવા જવાનું છે તેને છોડીને ગોપ-ગોપી વગેરે આવ્યાં છે અને ઉત્સવમાં આનન્દ પ્રાપ્ત કર્યો છે. ત્યાં તેઓ ભેટ વગેરે લઈને આવ્યાં છે. વસુદેવજી પોતાનો પુત્ર અહીં મૂકી ગયા છે તેમાં આ મારો પુત્ર છે એવું અન્યથા જ્ઞાન નન્દરાયજીને છે એની એને ખબર પડે તો ઉત્સવમાં આનન્દ ન આવે એમ કહેવું છે. તેથી જ ઉત્સવ કરીને એ મથુરા ગયા છે ત્યાં વસુદેવજીની સાથેની વાતમાં પણ એ ભેદ ખુલ્લો થયો નથી.

**નન્દસ્ત્વામજ ઉત્પન્ને જાતાऽऽહ્‌લાદો મહામનાઃ ।।**
**આહૂય વિપ્રાન્ વેદજ્ઞાન્ સ્નાતઃ શુચિરલંકૃતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : પોતાને ત્યાં પુત્ર ઉત્પન્ન થયો છે એમ નન્દરાયજીએ જાણ્યું ત્યારે એમને ઘણો આનન્દ થયો અને મોટા મનવાળા થઈને એમણે વેદ જાણનાર બ્રાહ્મણોને બોલાવી સ્વયં સ્નાન કરી પવિત્ર થઈ અલંકાર પહેરી બ્રાહ્મણો પાસે **'સ્વસ્તિવાચન'**પૂર્વક પુત્રનું (પુરોહિતની શાખાને અનુકૂલ) જાતકર્મ કરાવી બ્રાહ્મણોદ્વારા વિધિવત્ પિતૃ અને દેવ નું પૂજન કરાવ્યું ।।૧-૨।।

એ વખતે વસ્ત્રો અને આભૂષણો થી સજ્જિત બે *લાખ ગાયોનું બ્રાહ્મણોને દાન કર્યું. રત્નો, સોના અને વસ્ત્રો થી ઢાંકેલા તલના સાત પર્વતો દાનમાં આપ્યા ।।૩।।

**વિશેષ** : દાનમાં જે બે લાખ ગાયો આપવામાં આવી તેમાંની દરેકનાં શિંગડાં સોનેથી અને ખરીઓ ચાંદીથી મઢવામાં આવી હતી. દરેકને રેશમી વસ્ત્ર ઓઢાડવામાં આવ્યું હતું અને દરેકની સાથે એક બોઘરણું અને એક નોઝણું પણ ખરું. અહીં શંકા થાય કે બે લાખ ગાયોને આવી રીતે સજાવવામાં સમય કેટલો થાય? સોનું, ચાંદી વગેરે કેટલાં જોઈએ? એનું સમાધાન એ છે કે એક ગાયને આ રીતે શૃંગારી એટલે તે સમય, દ્રવ્ય અને ક્રિયા બધી ગાયોમાં વ્યાપી ગયાં અર્થાત્ એક ગાયનો શૃંગાર કરવામાં જેટલો સમય લાગે તેટલા જ સમયમાં બે લાખ ગાયોનો શૃંગાર થઈ ગયો. એ કેવી રીતે શક્ય છે? તો તેનું સમાધાન છે કોટિબ્રહ્માંડના નાયક લક્ષ્મીપતિ ભગવાન્‌નું સાન્નિધ્ય! ઘરમાં એક સ્વીચ દબાવીએ તો એક દીવો થાય, પાવર હાઉસમાં એક સ્વીચ દાબતાં આખું શહેર ઝળાંહળાં થઈ જાય અને લાખ-લાખ દીવા પ્રકટે! અહીં શંકા થાય કે આટલું બધું દાન? એનું સમાધાન એ છે કે પુત્રના જન્મ વખતે પિતાની પાસે જે સમ્પત્તિ હોય તેનો છત્રીસો (૩,૬૦૦) મો ભાગ દાનમાં આપે ત્યારે બાકીના દ્રવ્યની શુદ્ધિ થાય. આ હિસાબે નન્દરાયજી પાસે ૨,૦૦,૦૦૦ (બે લાખ)×૩,૬૦૦= ૭૨,૦૦,૦૦,૦૦૦ (બોતેર કરોડ) ગાયો હતી.

પુત્ર જન્મ વખતે સ્નાનાદિથી નહિ પણ સમયથી વંશની શુદ્ધિ થાય છે; સ્નાનથી સમ્પૂર્ણ દેહની, શૌચથી દેહના એક ભાગની, જાતકર્મ વગેરે સંસ્કારોથી વૈદિક કર્મમાટે દેહ શુદ્ધ થાય છે; યાગથી પ્રભુ પ્રસન્ન થાય છે; દાનથી દ્રવ્યો શુદ્ધ થાય છે (માટે જ ગાયોની શુદ્ધિ અર્થે બે લાખ ગાયોનું દાન), દ્રવ્યનો સંકોચ હોય તો સન્તોષથી શુદ્ધિ થાય છે અને જીવની આત્મવિદ્યાથી શુદ્ધિ થાય છે ।।૪।।

(વિદ્યાવન્તોનો પ્રથમ સત્કાર કર્યાનું કહે છે.) બ્રાહ્મણોએ વેદો અને પુરોણોમાંથી સુમંગળ વાણીનો ઘોષ કર્યો. સૂત, માગધ, બંદીજનોએ પણ આશિષ આપતી વાણીનો ઉદ્દ્ઘોષ કર્યો. ગાયકોએ ગાન કર્યું. ભેરીઅને દુન્દુભિ વગેરે મંગલ વાદ્ય પણ વારંવાર વાગવા લાગ્યાં ।।૫।।

વ્રજમાં સર્વત્ર, ઘર, આંગણા, રસ્તા વગેરે સાફ કરી એને જલથી છાંટી દીધાં અને વિચિત્ર રંગની ધ્વજા, પતાકા, માલા, પલ્લવનાં-વસ્ત્રોનાં તોરણ વગેરેથી ગૃહાદિનો શણગાર લોકોએ કર્યો ।।૬।।

ગાયો, વૃષ (ખૂંટિયા-બૈલ) અને વાછરડાંને હળદર અને તેલ ચોળી તેમ જ ગેરુ વગેરે અનેક પ્રકારની ધાતુઓથી રંગીને એને મોરપીછનાં આભરણ વસ્ત્રો તથા સોનાની સાંકળોથી શણગાર્યા ।।૭।।

ઘણાં કીમતી વસ્ત્રો, મહામૂલ્ય આભરણો, પાઘડી અંગરખાં વગેરે પહેરી હાથમાં ભેટ લઈ હે રાજન્! બધા ગોપો નન્દરાયજીને ત્યાં આવ્યા ।।૮।।

યશોદાજીને ત્યાં પુત્રનું પ્રાકટ્ય (ભગવત્-પ્રાકટ્ય) થયું છે તે જાણી ગોપીઓને પણ ખૂબ આનન્દ થયો. તેમણે સુન્દર-સુન્દર વસ્ત્રો, આભૂષણો, અંજન, આદિથી પોતાના આત્માનો શૃંગાર કર્યો ।।૯।।

નવીન કેસરનાં તંતુને પીસીને તિલક વગેરેથી મુખકમલને શોભાવી મોટા નિતમ્બ અને ચલાયમાન કુચયુક્ત ચાલવડે પણ જલદી હાથમાં ભેટ લઈ ભગવત્સન્મુખ આવ્યાં ।।૧૦।।

કાનોમાં સુન્દર ઉજ્જવલ મણિવાળાં કુંડળ, સુવર્ણ કંઠાભરણ અને જાતજાતનાં સુન્દર રંગબેરંગી વસ્ત્ર પહેરીને ગોપીજનો આવે છે ત્યારે તેમના કેશપાશમાં ગૂંથેલાં પુષ્પ રસ્તામાં ખરી પડતાં, પુષ્પોની માર્ગમાં વૃષ્ટિ થતી હોય એમ દેખાય છે. હાથમાં બંગડીઓની અને કાનમાં લટકતાં કુંડળ તથા હૃદયમાં સુવર્ણના હારની શોભાવાળાં શ્રીગોપીજનો નન્દાલયમાં આવ્યાં ત્યારે એમની શોભા અને માર્ગ ની શોભા વિલક્ષણ દેખાઈ ।।૧૧।।

બાલકનાં દર્શન કરી ''લાંબા સમય સુધી અમારું પાલન અને રક્ષણ કરો'' એવી એને આશિષ આપી ગોપીજનો (હળદર-ચૂનો) હરિદ્રા, તેલ અને જલ નું મિશ્રણ કરી એકબીજા ઉપર છાંટી, અજન્મા ભગવાન્‌નું ઉચ્ચ સ્વરે ગાન કરવા લાગ્યા. *(હળદર અને ચૂનો મેળવવાથી લાલરંગ થાય છે અને તેમાં તેલ ભળે ત્યારે લાલાશ લાંબો સમય રહે છે; અને તેમાં પાણી ભળવાથી તે ખૂબ ફેલાય છે. ભગવાન્ અને ગોપી ના સંયોગથી થયેલો પ્રેમ-લાલ રંગ, તેલ-સ્નેહવાળો થવાથી કદાપિ તૂટશે નહિ તેથી એ પ્રમાણે મેળવણી કરી છે) ।।૧૨।।

**વિશેષ** : ગન્ધ, રૂપ, સ્પર્શ અને કટાક્ષ તથા ભ્રમર ના જેવાં (વક્ર) વચન એ ચાર વિષય તો ગોપીઓના જણાવવાથી ભગવાન્ જાણશે. હવે રસ વિષય જે બાકી રહ્યો તે ભગવાન્ સ્વયં જાણશે. (તેનું પાન કરશે.)

શ્રીકૃષ્ણ વિશ્વના ઈશ્વર છે તે વ્રજમાં નન્દરાયજીને ત્યાં પધાર્યા ત્યારે

નન્દમહોત્સવ થયો; મહોત્સવમાં વિચિત્ર વાજિન્ત્ર વાગ્યાં ।।૧૩।।

ગોપો હર્ષમાં આવી જઈ દહીં, દૂધ, ઘી અને જલ એકબીજા ઉપર ઉડાડવા લાગ્યા તથા માખણ એકબીજા ઉપર ફેંકવા લાગ્યા ।।૧૪।।

ઉદાર હૃદયવાળા નન્દરાયજીએ તેમને તથા સૂત, માગધ, બન્દીજનો અને બીજા વિદ્યાવન્તો (ગવૈયા, વૈદ્યો, જ્યોતિષીઓ, શુકન જોનારા) ને વસ્ત્રો, અલંકારો અને ગોધન આપ્યાં ।।૧૫।।

જેણે-જેણે જે-જે માગ્યું તેને-તેને અત્યન્ત ઉદાર નન્દરાયજીએ પોતાના પુત્રના અભ્યુદયને માટે તથા ભગવાન્ વિષ્ણુની પ્રીતિનેમાટે યથાયોગ્ય આપ્યું ।।૧૬।।

બડભાગી રોહિણીજીને પ્રસન્ન થઈને નન્દરાયજીએ વસ્ત્રાભરણ આપ્યાં ત્યારે એ દિવ્યવસ્ત્રો, આભરણો, માળાઓ વડે શૃંગાર કરી આમ-તેમ ફરવા લાગ્યાં ।।૧૭।।

હે નૃપ! નન્દરાયજીને ત્યાં ભગવાન્ પધાર્યા ત્યારથી આખું વ્રજ સર્વસમૃદ્ધિવાળું થયું, કેમકે ભગવાન્નો ત્યાં નિવાસ થયો તેથી નન્દરાયજીનું વ્રજ લક્ષ્મીજીનું ક્રીડાસ્થાન બન્યું; માટે નન્દરાયજીએ એટલાં અપાર ધન આપ્યાં તો પણ એમની સમૃદ્ધિ ઓછી ન થતાં વધવા જ લાગી. (તું પોતે રાજા છે એટલે જાણે છે કે રાજાનો જ્યાં મુકામ હોય તે સ્થળ રાજધાની બની જાય છે. તેમ ભગવાન્ પધારવાથી વ્રજ વૈકુંઠ બની ગયું) ।।૧૮।।

હે કુરૂદ્વહ! કંસને વાર્ષિક કર આપવાને નન્દરાયજીને મથુરા જવાનું થયું ત્યારે ગોકુલની રક્ષાનેમાટે ગોપોને નિયુક્ત કરીને નન્દબાવા મથુરા ગયા ।।૧૯।।

વસુદેવજીએ જાણ્યું કે નન્દરાયજી અહીં આવ્યા છે અને રાજાને કર ભરી પોતાને ઉતારે ગયા છે ત્યારે એ મળવામાટે એમને ઉતારે આવ્યા ।।૨૦।।

વસુદેવજીને આવતા જોઈને, પ્રાણ આવતાં દેહ ઉભો થાય તેમ, નન્દરાયજી ઉભા થઈ ગયા; પ્રસન્ન થઈ પોતના સૌથી પ્રિય (વસુદેવજી) ને પ્રેમમાં વિહ્વલ થઈને બન્ને હાથથી ભેટ્યા ।।૨૧।।

વસુદેવજીની નન્દરાયજીએ પૂજા કરી; એકબીજાએ કુશળ પ્રશ્ન પૂછ્યા, આસન લીધું. પછી પોતાના બન્ને પુત્રો નન્દરાયજીને ત્યાં છે તેમાં વસુદેવજીનું મન લાગેલું છે તેથી નન્દરાયજીને આ પ્રમાણે વસુદેવજી કહેવા લાગ્યા, હે વૈશ્યોના પતિ

(રાજા)! ।।૨૨।।

**વસુદેવજીએ કહ્યું :** ''હે ભાઈ! તમે પ્રજા વગરના જ વૃદ્ધ થઈ ગયા. પ્રજા થવાની આશા પણ તમે છોડી દીધી ત્યારે તમારે ત્યાં હમણાં પ્રજા થઈ એ સૌભાગ્યની વાત છે ।।૨૩।।

આ સંસાર ચક્રમાં ફરતાં તમને આ બીજો જન્મ થયો, કેમકે પ્રિયનું દર્શન તો દુર્લભ છે. તમે મને મળ્યા એ પણ બહુ સારું થયું કેમકે પ્રિયનો સંગ દુર્લભ કહેવાય છે. (કંસરૂપી મૃત્યુ અમારી પાસે છે તેથી પ્રિયનો સંગ દુર્લભ છે એવો એમના સ્વાગતનો ભાવ છે) ।।૨૪।।

નદીના પ્રબલ પ્રવાહમાં પડેલા નાના વહાણને જેમ પ્રવાહ એક ઠેકાણે રહેવા દેતો નથી તેમ વિચિત્ર કર્મવાળા સુહૃદો એકત્ર રહી શકતા નથી ।।૨૫।।

આજ-કાલ જે મહાવનમાં ભાઈ, બન્ધુ અને સ્વજનો સાથે તમે રહો છો, ત્યાં જલ, ઘાસ અને લતા તો પૂરતા પ્રમાણમાં છે ને? તે વન પશુઓમાટે અનુકૂળ અને બધી જાતના રોગોથી મુક્ત છે ને? ।।૨૬।।

હે ભાઈ! મારો પુત્ર એની માતા (રોહિણી) સાથે તમારે ત્યાં છે તે તો તમને પિતા ગણે છે; તમે સ્ત્રી-પુરુષ એને લાડ લડાવો છો. એ મારો પુત્ર કુશળ છે ને? ।।૨૭।।

પુરુષને ધર્મ, અર્થ અને કામ ભોગવવાનું શાસ્ત્રમાં કહ્યું છે; પણ એ ત્રિવર્ગ જો સુહૃદો સુખી હોય તો ઠીક લાગે છે, કેમકે એનાથી જ ધર્મ, અર્થ, કામ નો અનુભવ થાય છે; પણ જો સુહૃદો દુઃખી હોય તો એ ત્રિવર્ગ પુરુષાર્થ રૂપ સિદ્ધ થતો નથી. એકલો માણસ તો મોક્ષ સિદ્ધ કરી શકે છે, ત્રિવર્ગની સિદ્ધિ તો સુહૃદોની સહાયતાથી મળે છે'' ।।૨૮।।

**નન્દરાયજીએ કહ્યું :** ''અહો! તમારા દેવકીજીથી ઉત્પન્ન થયેલા ઘણા પુત્રોને કંસે મારી નાખ્યા, છેવટ એક કન્યા બાકી રહી હતી તે સશરીરે આકાશમાં ચાલી ગઈ, તેથી ભાગ્યનો દોષ પણ ખરો, કેમકે એને કંસે મારી નહિ તો એ સ્વયં દેવતા હોવાથી ચાલી ગઈ ।।૨૯।।

એમાં તો કોઈ શંકા જ નથી કે પ્રાણીઓનાં સુખ અને દુઃખ ભાગ્ય ઉપર જ આધાર રાખે છે, ભાગ્ય જ એક માત્ર આશ્રય છે. જીવનના સુખ-દુખનું કારણ ભાગ્ય જ છે એમ જે જાણી લે છે, તે-તે (સુખ-દુઃખ) ના પ્રાપ્ત થવાથી મોહિત

થતો નથી'' ।।૩૦।।

**વસુદેવજી બોલ્યા :** આપણે મળ્યા, તમે રાજાને કર પણ ભરી દીધો છે, તેથી હવે તમારે ઝાઝા દિવસ અહીં રહેવું ન જોઈએ, કેમકે ગોકુલમાં ઉત્પાતો છે. (સાંભળવામાં તો એમ છે કે કંસના આખા રાજ્યમાં ઉત્પાત છે, પણ આપણે તો ગોકુળનો વિચાર કરવાનો છે તેથી ગોકુળમાં ઉત્પાત છે એમ કહ્યું છે) ।।૩૧।।

**ઇતિ નન્દાદયો ગોપાઃ પ્રોક્તાસ્તે શૌરિણા યયુઃ ।।**
**અનોભિરનડુદ્યુક્તૈસ્તમનુજ્ઞાપ્ય ગોકુલમ્ ।।૩૨।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** વસુદેવજીએ એ પ્રમાણે નન્દરાયજી વગેરે ગોપોને કહ્યું ત્યારે એ વસુદેવજી પાસેથી રજા લઈ બળદો જોડીને ગાડાંમાં *ગોકુલ ગયા ।।૩૨।।

**વિશેષ :** તામસના પ્રભુ ભગવાન્ જ્ઞાનવડે ગોકુલના ઈશ્વર થયા અને કર્મવડે ગોપ, ગોપી અને ગાયોનું હિત કરનાર થયા તેને હું નમું છું. એમ શ્રીઆચાર્યચરણ તામસના પ્રભુને નમન કરે છે. (કારિકાર્થ)

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા પ્રકરણનો ઐશ્વર્યરૂપ નન્દમહોત્સવ નામનો પ્રથમ અધ્યાય અને ચાલુ) ''નન્દરાયજીએ શ્રીકૃષ્ણપ્રાકટ્ય નિમિત્તે ઉત્સવ કર્યો'' નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**સાધનાને ક્યારે પણ ધર્મપ્રચાર, પ્રદર્શન કે કમાઈ નું સાધન બનાવી ન શકાય.**
સાધના હંમેશા વ્યક્તિગતપણે અને એકાન્તમાં જ થઈ શકે.
ભગવત્સેવા એ ગુરુ અને શિષ્ય બન્નેની ભક્તિમયી સાધના છે. પોતાના ઘરના એકાન્તમાં જ ભગવત્સેવા ગુરુ તેમજ શિષ્યે કરવી જોઈએ. હવેલી-મન્દિરમાં દર્શન-મનોરથના માધ્યમથી તેને સાર્વજનિક બનાવી ન શકાય.

## અધ્યાય ૬
## શ્રીકૃષ્ણે પૂતનાનો મોક્ષ કર્યો

### બીજા તામસ પ્રકરણના અન્તર્ગત પહેલા પ્રમાણ પ્રકરણનો બીજો અને સળંગ છઠો અધ્યાય

**વિશેષ :** તામસ પ્રકરણના અવાન્તર પ્રકરણ ચાર છે તેનાં નામ:પ્રમાણ, પ્રમેય, સાધન અને

ફલ છે, તેમાં પ્રથમ પ્રમાણ પ્રકરણ સાત અધ્યાયનું છે. તેમાં સાત અધ્યાયના અર્થ ક્રમે કરીને ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મી છે. તેનો આ બીજો વીર્ય-અધ્યાય છે. એમાં ભગવાને અવસ્થા અને સાધન વિપરીત પૂતનાનો નાશ કર્યો એ વીર્ય છે. શાસ્ત્રમાં ભગવાનનું અદ્દ્ભુત ચરિત્ર છે એમ કહે છે તેવું ચરિત્ર ભગવાને ભૂતળ ઉપર પધારી પૂતનાના ધાવણરૂપ પ્રાણનું પાન કરીને બતાવ્યું છે તે આ છઠ્ઠા અધ્યાયમાં કહેવામાં આવે છે. ભગવાન્ એક કર્મ કરે છે તે બહુ અર્થને સિદ્ધ કરનાર થાય છે તેથી ભગવાને પૂતનારૂપ દુષ્ટ રાક્ષસીનો વધ કર્યો તેની સાથે જ તેણે જે બાળકો માર્યા હતા તેમની રક્ષા કરી એટલે કે તેમને કૃતાર્થ કર્યા અને બીજાઓનું રક્ષણ કર્યું કારણ કે તેને ન મારી હોત તો તે બીજાં અનેક બાળકોને મારી નાખત. આ બીજો અધ્યાય ભગવદ્ વીર્ય નિરૂપક છે. ભગવાને માયાદ્વારા એ દુઃખ જેને કરાવ્યું છે તે દુઃખથી ભગવાન્ તેને છોડાવે છે તેથી એમનો ભગવાન્‌માં નિરોધ થાય છે; માટે ભગવાને દુઃખ આપ્યું એવું દૂષણ ભગવાન્‌ને લગાડી ન શકાય. બાહ્ય અને આન્તર એમ બે પ્રકારનો ભય ભગવાન્ સ્વવીર્યથી નિવૃત્ત કરશે. તેમાં આન્તર ભય શબ્દથી (''ગોકુલમાં ઉત્પાતો છે'' એમ વસુદેવજીએ કહેલા શબ્દોથી) ઉત્પન્ન થયો છે, પૂતનાકૃત ભય એ બહારનો ભય છે.

**નન્દઃ પથિ વચઃ શૌરેર્ન મૃષેતિ વિચિન્તયન્ ।।**
**હરિં જગામ શરણમુત્પાતાઽઽગમશકિતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : માર્ગમાં નન્દરાયજીએ વિચારકર્યો કેવસુદેવજીનું વચન ખોટુંહોયનહિ;તેથીગોકુલમાં ઉત્પાતનો સમ્ભવ જાણીનન્દરાયજીભગવાન્‌ને શરણે ગયા ।।૧।।

બાળકોનો નાશ કરવામાટે કંસે પૂતના નામની ઘોર રાક્ષસીને મોકલી. તે શહેરો, ગામડાં, વ્રજ વગેરેમાં બાળકોને મારતી ફરે છે ।।૨।।

સ્વધર્મમાં અથવા રક્ષણના કર્મમાં ભક્તના પતિ ભગવાન્‌ની શ્રવણાદિ નવ અથવા છ ભક્તિ ન થતી હોય ત્યાં રાક્ષસીઓ આવે છે ।।૩।।

આકાશમાં ઇચ્છા પ્રમાણે ફરનારી માયાથી પોતાનું સ્ત્રીનું રૂપ કરી પૂતના એક *દિવસ નન્દરાયજીના ગોકુલમાં આવી ।।૪।।

**વિશેષ** : પૂતના આવી ત્યારે નન્દરાયજી, (જે વિશુદ્ધ સત્વનું સ્વરૂપ છે) અને ગાયો બેઉ હાજર ન હતાં. નન્દરાયજી મથુરા ગયા હતા અને ગાયો વનમાં ચરવા ગઈ હતી. ભાદરવા (ગુજરાતી શ્રાવણ) વદિ ૧૪, આશ્લેષા નક્ષત્રમાં, ભગવાન્‌ની છઠ્ઠીને દિવસે પૂતના આવી હતી. પૂતનાના આવવાથી થયેલ તથા ત્યારબાદ એક પછી એક ઉત્પાત થતાં, છઠ્ઠીની વિધિ

રહી ગયેલી તે પાછળથી બીજે વર્ષે શ્રાવણ વદિ સાતમના દિવસે થઈ.

જેના કેશમાં મોગરાનાં પુષ્પ ગૂંથ્યા છે, નિતમ્બ અને સ્તન મોટાં હોવાથી પાતળી કેડને કષ્ટ થાય છે. સુન્દર વસ્ત્ર ધારણ કર્યા છે. કર્ણભૂષણના ઝૂલવાથી એની ક્રાન્તિ કેશ અને કપોલ ઉપર પડવાથી તેના મુખની શોભામાં વધારો થાય છે ।।૫।।

સુન્દર મન્દ હાસ્યપૂર્વક કટાક્ષથી જુએ છે. તેથી વ્રજવાસીઓના મનને હરી લેતી પૂતના હાથમાં કમળ ફેરવતી આવે છે તેથી સાક્ષાત્ લક્ષ્મીજી પોતાનાં પતિનું દર્શન કરવા આવી છે એમ જ બધા માનવા લાગ્યા ।।૬।।

બાળકોને શોધતી અને પકડતી પૂતના દૈવેચ્છાથી નન્દરાયજીના ઘરમાં આવી પહોંચી ત્યાં ભસ્મ (રાખ) માંભારેલા અગ્નિ જેવા, દુષ્ટોના કાળ, પોતાનાસહજ તેજને ઢાંકીને બિરાજતાબાળકને પલંગ ઉપર જોયો ।।૭।।

સ્થાવર અને જંગમ ના આત્મા ભગવાને નેત્ર બંધ કરી દીધાં છે છતાં આ પૂતના બાળકને મારનાર અને ગ્રહરૂપ છે એમ આપ જાણી ગયા, ત્યાં તો જેમ કોઈ, સર્પને દોરડું માની ઉપાડે તેમ કાળના પણ કાળ ભગવાન્ અનન્તને, પૂતનાએ પોતાની ગોદમાં લીધા ।।૮।।

મખમલના મ્યાનમાં છુપાયેલી તીક્ષ્ણ ધારવાળી તલવારની માફક પૂતનાનું હૃદય બહુ જ કુટિલ-નિર્દય હતું એટલું જ નહિ પણ તેની ચેષ્ટાઓ પણ અત્યન્ત કુટિલ હતી. દેખાવમાં પરમ સુન્દરી હતી તેથી માતાઓ (રોહિણીજી તથા યશોદાજી) એની પ્રભા-કાન્તિથી અંજાઈ ગયાં તેથી તેમણે પૂતનાને રોકી નહિ પણ તેને જોતાં જ રહ્યાં ।।૯।।

દુઃખથી પણ પાચન ન થાય, એવું જ નહિ પણ અત્યન્ત ક્રૂર દૂધવાળું, જેનો શરીરને સમ્બન્ધ થાય તો પણ અનિષ્ટ કરે એવું પોતાનું સ્તન ખોળામાં લીધેલા ભગવાન્‌ને મોઢામાં આપ્યું. પ્રભુ બાળક છે છતાં એ સ્તનને બન્ને શ્રીહસ્તથી પકડી ખૂબ પીડા થાય તેમ દાબી, રોષ કરી એના પ્રાણની સાથે એના દૂધનું પાન કરી ગયા ।।૧૦।।

એ પૂતના તો ''છોડ! છોડ! ઘણું થયું'' એમ બોલવા લાગી. એને જીવના બધા મર્મસ્થાનોમાં પીડા ઊપડી એટલું જ નહિ પણ આંખો ફરી ગઈ અને ફાટી રહી, હાથ-પગ પછાડવા લાગી, શરીરમાં સ્વેદ થઈ ગયો અને રુદન કરવા લાગી ।।૧૧।।

એનો અવાજ એવો મોટો થયો કે તેથી પર્વત સહિત પૃથ્વી, નક્ષત્ર આદિ સહિત આકાશ, રસાતળ વગેરે કમ્પવા લાગ્યાં અને લોકો તો વજ્ર પડવાની શંકાથી પૃથ્વીઉપર પડીગયા ।।૧૨।।

હે રાજન્! આ પ્રમાણે રાક્ષસી *પૂતનાનાં સ્તનોમાં એટલી પીડા થઈ કે તે પોતાને છુપાવી ન શકી, રાક્ષસી રૂપમાં પ્રકટ થઈ ગઈ. એના પ્રાણ નીકળી ગયા, મોઢું ફાટી ગયું, વાળ વિખરાઈ ગયા, હાથ-પગ પહોળા થઈ ગયા. જેવી રીતે ઈન્દ્રના વજ્રથી ઘાયલ થઈ વૃત્રાસુર પડી ગયો હતો તેમ બહાર વ્રજમાં જઈ પડી ।।૧૩।।

**વિશેષ** : પૂતના વ્રજની અવિદ્યા છે. અવિદ્યા પાંચ પ્રકારની છે : ૧. સ્વરૂપનું અજ્ઞાન ૨.દેહાધ્યાસ ૩. ઈન્દ્રિયાધ્યાસ ૪. પ્રાણાધ્યાસ અને ૫. અન્તઃકરણાધ્યાસ. પૂતનાએ માતાઓને તેમના સ્વરૂપનું વિસ્મરણ કરાવ્યું. પૂતના મરી ત્યારે તેમને જણાયું કે પૂતનાને અહીં આવવા દીધી એ જ આપણી મોટી ભૂલ હતી. રક્ષણ કરવા ગોપો રાખેલા તેમને પૂતનાના રૂપમાં મોહ થવાથી પોતાનું સ્વરૂપ ભૂલી ગયા. સ્ત્રીરૂપમાં મોહ થવાથી તેમણે પૂતનાને રોકી નહિ તે દેહાધ્યાસ. એવી રીતે મન સૌન્દર્યથી અને નાક મોગરાના ફૂલની સુગન્ધથી લોભાયાં તે ઈન્દ્રિયાધ્યાસ. પૂતના પડતાં બાલકના પ્રાણના રક્ષણનો વિચાર કર્યા વિના પોતાના પ્રાણ બચાવ્યા પોતે જમીન ઉપર સૂઈ ગયા તે પ્રાણાધ્યાસ. ગોપીઓના અન્તઃકરણમાં ભગવાન્‌નો સમ્બન્ધ હતો તેનું જ તેમને અહીં (પૂતનામાં) પણ સ્કુરણ થયું (તેથી તેને લક્ષ્મી માની) અને રોકી નહિ તેનું કારણ તેમના અન્તઃકરણાધ્યાસ. પૂતના મર્યા પછી બધાંને પસ્તાવો થયો કે આપણે પ્રભુના રક્ષણમાં બહુ ગાફેલ રહ્યાં. હવે બિલકુલ ગાફેલ નહિ રહેતાં, ભગવાન્‌નાં રક્ષણમાં અત્યન્ત સાવધાન રહેવું એવું જ્ઞાન તેમને થયું તેથી શ્રીમદાચાર્ય ચરણે આજ્ઞા કરી છેઃ **"અવિદ્યા પૂતના નષ્ટા ગન્ધમાત્રાવશેષિતા"** પૂતનાને મારી ભગવાને વ્રજની અવિદ્યાનો નાશ કર્યો પણ તેની ગન્ધ તો (સેવામાં ઉપયોગી હોય તેટલો સંસાર, તેટલી અહન્તા-મમતા) રહેવા દીધી. શ્લોક ૪૧માં આવે છે તેમ, પૂતનાને અગ્નિદાહ કર્યો ત્યારે તેમાંથી અગરની સુગન્ધ નીકળી તે વ્રજવાસીઓએ લીધી. શબમાંથી સુગન્ધ નીકળી તે ભગવાન્‌ના સમ્બન્ધનો પ્રભાવ. બધા વ્રજવાસીઓએ એ સુગન્ધ લીધી એટલે તેમનામાં ભગવાન્‌નાં પ્રભાવે પ્રવેશ કર્યો અને તેમનો પ્રપંચ મટાડ્યો. ભક્તોની અવિદ્યાનો નાશ પણ ભગવાન્ કરે ત્યારેજ થાય છે.

હે રાજેન્દ્ર! પડતાં-પડતાં પણ એના દેહે છ ગાઉની અન્દરના વૃક્ષોને જમીનદોસ્ત કરી દીધાં એ મોટું આશ્ચર્ય થયું ।।૧૪।।

પૂતનાનું શરીર અત્યન્ત ભયંકર હતું. તેનું મોઢું હળના જેવો ધારદાર અને ભયંકર હતું. તેનાં નસકોરાં પહાડની ગુફા જેવાં ઊંડાં હતાં અને સ્તનો પહાડ ઉપરથી પડેલી મોટી શિલાઓ જેવાં હતાં. લાંબા લાલ વાળ ચારે તરફ વિખરાયેલા હતા ।।૧૫।।

આંખો જળ વિનાના અન્ધારા ઊંડા કૂવા જેવી હતી, નિતમ્બ નદીના કાંઠા જેવા ભયંકર હતા, ભુજા, જાંઘ, અને પગ નદી ઉપર બાંધેલા પુલ જેવા અને પેટ સૂકાઈ ગયેલ સરોવર જેવું લાગતું હતું ।।૧૬।।

પૂતનાના એ શરીરને જોઈ બધા ગોપ-ગોપીઓ ત્રાસ પામ્યાં. તેની ભયંકર ચિચિયારી સાંભળી તેમનાં હૃદય, કાન અને મસ્તક તો પહેલાં જ જાણે કે ફાટી રહ્યા હતાં ।।૧૭।।

એ પૂતનાની છાતી ઉપર બાળક શ્રીકૃષ્ણ નિર્ભય થઈને ખેલતા હતા તેને ગોપીઓએ જ્યારે જોયા કે તરત જ તેઓ ત્યાં દોડીને પહોંચ્યા અને જલદીથી એમને ઊઠાવી લીધા ।।૧૮।।

પછી તો એ ગોપીઓ, યશોદાજી અને રોહિણીજી ની સાથે મળી સર્વ પ્રકારે ગાયની પૂછ વગેરે ફેરવી બાળકની રક્ષા કરવા લાગ્યા ।।૧૯।।

પ્રથમ તો ગો-મૂત્રથી સ્નાન કરાવ્યું, પછી ગાયની રજ બાળકને આખે શરીરે લગાવી અને **'કેશવ'** વગેરે નામ લઈ બાળકનાં દ્વાદશ અંગમાં ગોબર લગાવી રક્ષા કરી ।।૨૦।।

ગોપીઓએ જળથી આચમન કર્યું અને બાળકનાં અંગોમાં તથા હાથમાં બીજમન્ત્રવડે ન્યાસ કરી દેવતાને પોતાના સ્વરૂપમાં ધારણ કરી ભગવાન્‌માં સ્થાપન કર્યું જેથી આધિદૈવિક દોષ નિવૃત્ત થાય ।।૨૧।।

તેઓ કહેવા લાગીઃ **'અજ'** ચરણની રક્ષા કરે, **'અણિમાન'** ઢીંચણોની (ઘૂંટણની નીચેના ભાગની) રક્ષા કરો, **'યજ્ઞ'** ભગવાન્ સાથળની રક્ષા કરે, **'અચ્યુત'** કમરની રક્ષા કરે, **'હયગ્રીવ'** પેટની રક્ષા કરે, હૃદયની રક્ષા **'કેશવ'** ભગવાન્ કરે, **'ઈશ'** વક્ષઃસ્થળ (છાતી)ની રક્ષા કરે, સૂર્યમાં બિરાજતા નારાયણસ્વરૂપ **'ઈન'**ભગવાન્ કંઠની રક્ષા કરે, **'વિષ્ણુ'** ભુજાની રક્ષા કરે, શંખધારી **'ઉરુક્રમ'** મુખની અને **'ઈશ્વર'** મસ્તકની રક્ષાકરે ।।૨૨।।

**'ચક્રી'** (ચક્રધારી ભગવાન્ સુદર્શન ચક્ર સાથે) આગળના ભાગમાં રક્ષક હો,

ગદાધારી **'હરિ'** પાછળના ભાગમાં રક્ષક હો, એ બાળકનાં ઉત્તર દક્ષિણ બે પડખાંની **'મધુસૂદન'** અને **'અજન'** ધનુષ અને તલવાર લઈને રક્ષા કરે. ચારે ખૂણામાં **'ઉરુગાય'** ભગવાન્ રક્ષક હો. **'ઉપેન્દ્ર'** અને **'ગરુડ'** ઉપર રક્ષા કરે, **'હલધર'** પૃથ્વીઉપર રક્ષા કરો, પરમ **'પુરુષ'** સર્વ તરફ રક્ષાકરે ।।૨૩।।

**'હૃષીકેશ'** ભગવાન્ ઈન્દ્રિયોની રક્ષા કરે, **'નારાયણ'** પ્રાણને બચાવે, **'શ્વેતદ્વીપના અધિપતિ'** ચિત્તની રક્ષા કરે, **'યોગેશ્વર'** મનની રક્ષા કરે ।।૨૪।।

**'પૃશ્નિગર્ભ'** આપની બુદ્ધિની, **'પર ભગવાન્'** આત્મા (અહંકાર)ની રક્ષા કરે, ક્રીડા કરતાં **'ગોવિન્દ'** અને શયન કરતાં **'માધવ'** રક્ષા કરે ।।૨૫।।

ચાલતાં **'વૈકુંઠ'** ભગવાન્ રક્ષા કરે, બેસતાં **'શ્રીપતિ'** રક્ષે, **'યજ્ઞભુક્'** ભોજન કરતી વખતે રક્ષા કરે, કેમકે યજ્ઞભોક્તા સર્વ ગ્રહને ભય કરનાર છે તે રક્ષા કરવામાં સમર્થ છે ।।૨૬।।

ડાકણો, યાતુધાની (રાક્ષસી) ઓ, કૂષ્માંડો અને બાળગ્રહો, ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, રાક્ષસ, 'વિનાયક' એટલે વિઘ્ન કરનાર ।।૨૭।।

કોટરા, રેવતી, જ્યેષ્ઠા, પૂતના, સોળ, માતૃકા વગેરે સ્ત્રીઓ, ઉન્માદ, અપસ્માર વગેરે રોગ પણ છે અને વિઘ્નકર વ્યક્તિ પણ છે. તેઓ દેહ, પ્રાણ અને ઈન્દ્રિયો ને પીડા પહોંચાડેછે ।।૨૮।।

સ્વપ્નમાં દેખાતા ઉત્પાતો, વૃદ્ધ અને બાળક થઈને રહેતા ગ્રહો એ બધા આપ વિષ્ણુના નામમાત્ર ઉચ્ચારતા ભય પામે છે તે બધા નાશ પામો ।।૨૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ પ્રેમથી બંધાયેલી ગોપીઓએ જેની રક્ષા કરી છે તેવા પોતાના પુત્રને સ્તનપાન કરાવી શ્રીયશોદાજીએ પલનામાં પોઢાડ્યા ।।૩૦।।

એટલામાં નન્દરાયજી વગેરે ગોપો મથુરા ગયા હતા તે ત્યાંથી વ્રજમાં આવ્યા, ત્યાં પૂતનાના દેહને જોઈ અત્યન્ત વિસ્મય પામ્યા ।।૩૧।।

વસુદેવજી મથુરામાં બોલ્યા હતા કે ગોકુળમાં ઉત્પાત છે તે જ ઉત્પાત અહીં આપણે જોયો માટે વસુદેવજી જે પહેલાં ક્ષત્રિય હતા તે હવે ઋષિ અથવા યોગેશ થયા છે એમ હું તો માનું છું ।।૩૨।।

એ વ્રજવાસીઓએ પૂતનાના શરીરના ટુકડા કર્યા તેને દૂર-દૂર લઈ જઈ તે અવયવોને કાષ્ટમાં લપેટી બાળી મૂક્યા ।।૩૪।।

ભગવાન્ શ્રીકૃષ્ણે પૂતનાનું સ્તનપાન કરતાં તેના પ્રાણ હર્યા, જેથી એનાં બધાં

જ પાપ તત્કાલ બળીને ભસ્મ થઈ ગયાં હતાં. તેનો દેહ જ્યારે બળવા લાગ્યો ત્યારે તેમાંથી અગરની સુગન્ધવાળો ધુમાડો નીકળ્યો અને ઊંચે ગયો ।।૩૪।।

લોકનાં બાળકોનો નાશ કરનારી, લોહીને પીનારી રાક્ષસી પૂતનાએ ભગવાન્‌ને મારવામાટે સ્તન આપ્યું હતું તો પણ એ સદ્‌ગતિને પામી ।।૩૫।।*

**વિશેષ** : ૩૫ થી ૪૦ શ્લોકને શ્રીઆચાર્યચરણે ક્ષેપક અને વિગીત ગણ્યા છે; એના ઉપર આપશ્રીએ ટીકા કરી નથી.

તો પછી જે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણને શ્રદ્ધા અને ભક્તિ થી માતાની જેમ પ્રેમપૂર્વક પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુ અને તેમને પ્રિય લાગતી વસ્તુ સમર્પે છે એમની બાબતમાં તો કહેવું જ શું? ।।૩૬।।

બધા લોકો બ્રહ્માજી, શંકર આદિ દેવતાઓના ચરણકમલમાં વન્દન કરે છે. એ જ બ્રહ્મા, શંકર વગેરે દેવતાઓ ભગવાન્‌ના ચરણકમલને વન્દન કરે છે. એ ચરણકમલ ભક્તોના હૃદયમાં બિરાજે છે. તે જ ચરણકમલોથી ભગવાને પૂતનાનું શરીર દબાવી તેનું સ્તનપાન કર્યુ હતું ।।૩૭।।

તે યાતુધાની પૂતના જનનીની ઉત્તમ ગતિ સ્વર્ગને પામી, કેમકે એના સ્તનનું પાન શ્રીકૃષ્ણ ભગવાને કર્યું હતું, તો ગાયો અને માતાઓ જેનું દૂધ ભગવાને પીધું છે તેમની ઉત્તમ ગતિ થાય એમાં શું કહેવું? ।।૩૮।।

પુત્રના સ્નેહથી જેનાં સ્તનમાંથી દૂધ ચાલ્યાં જાય છે તે દૂધ ભગવાને જેના ધરાઈ-ધરાઈને પીધાં છે તેમને તો કૃષ્ણ કૈવલ્યાદિ આશિષને આપનાર થાય છે ।।૩૯।।

નિરન્તર કૃષ્ણમાં પુત્રબુદ્ધિ કરનારી માતાઓને અજ્ઞાનથી ઉત્પન્ન થતો સંસાર, હે રાજન્! ન કલ્પી શકાય ।।૪૦।।

નન્દરાયજીની સાથે આવનારા તથા ગાયો ચરાવવા ગયેલા વ્રજવાસીઓના નાકમાં જ્યારે ચિતાના ધુમાડાની સુગન્ધ ગઈ ત્યારે, ''આ શુ છે? ક્યાંથી આ સુગન્ધ આવે છે?'' એમ કહેતા-કહેતા વ્રજમાં આવ્યા ।।૪૧।।

ત્યાં ગોપોએ પૂતના નન્દાલયમાં આવી ત્યાંથી એના અગ્નિદાહ પર્યન્તની વાત કહી બતાવી ત્યારે પૂતનાનું મરણ અને એના હાથમાંથી બાળક કુશળતાપૂર્વક બચી ગયા એ જાણી વ્રજવાસીઓ અત્યન્ત વિસ્મય પામ્યા ।।૪૨।।

અત્યન્ત ઉદાર બુદ્ધિવાળા બહારથી આવેલા નન્દરાયજીએ પોતાના પુત્રને

પૂતનાથી બચ્યા જાણી એને ગોદમાં તેડી લીધા અને વારંવાર એના મસ્તકને સૂંઘી, હે પરીક્ષિત! તેઓ પરમાનન્દને પ્રાપ્ત થયા ।।૪૩।।

**ય એતત્ પૂતનામોક્ષં કૃષ્ણસ્યાઽઽર્ભકમદ્ભુતમ્ ।।**
**શૃણુયાચ્છ્રદ્ધયા મર્ત્યો ગોવિન્દે લભતે ગતિમ્ ।।૪૪।।**

આ પૂતના મોક્ષરૂપ કૃષ્ણની અદ્ભુત બાળલીલા શ્રદ્ધાથી (સત્ય જાણીને) જે સાંભળે તે માણસને ગોવિન્દમાં ગતિ અથવા રતિ પ્રાપ્ત થાય છે ।।૪૪।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા-પ્રકરણનો વીર્ય નામનો બીજો અને ચાલુ) ''શ્રીકૃષ્ણે પૂતનાનો મોક્ષ કર્યો'' નામનો છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધોબનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૭

# શકટોત્ક્ષેપ, તૃણાવર્ત વધ અને મુખમાં વિશ્વદર્શનથી ભગવદ્યશનું વર્ણન

### બીજા તામસ પ્રકરણના અન્તર્ગત પ્રથમ પ્રમાણ પ્રકરણનો ત્રીજો અને સળંગ સાતમો અધ્યાય

**વિશેષ :** પૂતનાના પ્રાણનું ભગવાને પાન કર્યું તે સ્વયં સર્વૈશ્ચર્યસમ્પન્ન છે એમ બતાવવામાટે કર્યું. એ ચરિત્ર લોકમાં કોઈ જીવથી ન થઈ શકે તેથી એ ચરિત્ર અલૌકિક કર્યું તેનું વર્ણન ગયા છઠ્ઠા અધ્યાયમાં કરી ગયા. એનાથી પણ અલૌકિક અને ભગવાન્માં વિશેષ આસક્તિ કરાવનાર શકટોત્પાટનાદિ ત્રણ પ્રકારનું ચરિત્ર આ સાતમા અધ્યાયમાં કહેવામાં આવે છે. કર્મ પાંચ પ્રકારનું છે તેમાંથી 'ઉત્ક્ષેપણ' એટલે ગાડાને ઊંચે ફેંકવાનું, 'અવક્ષેપણ' એટલે તૃણાવર્તને

નીચે પછાડવાનું અને 'પ્રસારણ' એટલે બગાસું ખાવાની લીલામાં મુખને પહોળું કરવાનું છે. એ ત્રણ કર્મ અહીં કહે છે તે રાજસ, તામસ અને સાત્વિકના નિરોધને માટે કહ્યું છે. ચિત્ત સૂતેલું હતું તેને આ લીલા કરી જાગ્રત કર્યું તે દ્વારા ભક્તના લૌકિકને છોડાવ્યું અને સ્વરૂપમાં આસક્તિ કરવાને માટે ભગવાને ભક્તને દુઃખ ઉત્પન્ન કર્યું છે. જો ભગવદ્ યશ સર્વત્ર વ્યાપે તો જ એ યશવાળા પ્રભુમાં જીવની આસક્તિ થાય. આ અધ્યાયમાં યશોદાજી અને નન્દરાયજી નો પ્રપંચ દૂર કરવાનું વર્ણન આવે છે. યશોદાનન્દનો નિરોધ મુખ્ય અને બીજા ગોપો તથા અન્ય દેહધારીઓનો નિરોધ ગૌણરૂપે થશે. એમાં પણ પ્રથમ ગોપીનો નિરોધ કર્તવ્ય હોવાથી યશોદાજીની આસક્તિ આ અધ્યાયમાં કહેવામાં આવે છે.

ભગવાન્નું બધું ચરિત્ર હિતકર છે, એમાં પણ ગુણ કરનારું ચરિત્ર એનાથી વધારે છે તેના કરતાં પણ સ્નેહ ઉત્પન્ન કરનાર ચરિત્ર ઉત્તમ છે, તેથી એવું ચરિત્ર કહેવું, એમ અહીં કહેવાનું તાત્પર્ય છે

**યેન યેનાઽવતારેણ ભગવાન્ હરિરીશ્વરઃ ।।**
**કરોતિ કર્ણરસ્યાનિ ચરિતાનિ ચ નઃ પ્રભો ।।૧।।**

**રાજા પરીક્ષિતે પૂછ્યું :** હે પ્રભો! સર્વ શક્તિમાન (છ ગુણયુક્ત) ભગવાન્ ભક્તનાં દુઃખને દૂર કરનાર, કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ એવા શ્રીહરિ અનેક અવતાર ધારણ કરી બહુ સુન્દર અને સાંભળવામાં મધુર લીલાઓ કરે છે. તે બધી અમારાં હૃદયને બહુ પ્રિય લાગે છે ।।૧।।

જે સાંભળતાં ભગવાન્ના ચરિત્ર સમ્બન્ધી અણગમો (અરતિ=પ્રેમ ન હોય તે) દૂર થાય, તૃષ્ણા મટે, પુરુષનું અન્તઃકરણ જે સાંભળતાં પવિત્ર થાય અને ભગવદ્ ભક્તમાં સખ્ય થાય તે જ ચરિત્ર આપને યોગ્ય લાગે તો મનોહર થાય તેમ કહો ।।૨।।

બીજું પણ કૃષ્ણનું બાળચરિત્ર જે મનુષ્યરૂપ સ્વીકારી એ જાતનો (બાળકપણાનો) અનુરોધ કરી કર્યું હોય તે ચરિત્ર પણ કહો ।।૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક વખતે ભગવાન્ના જન્મનું નક્ષત્ર આવ્યું ત્યારે **'ઔત્થાનિક'** (બાળકને બહાર પધરાવવાનું ચાર માસ થાય ત્યારે થાય છે તે) કર્મ કર્યું. પ્રસ્તાવમાં ઘણી સ્ત્રીઓની હાજરીમાં વાજાં, ગીત અને બ્રાહ્મણોદ્વારા વેદમન્ત્રોના ઉચ્ચાર સાથે સતી યશોદાજીએ પોતાના પુત્રને પ્રથમ તો કલશસ્થાપન પૂર્વક મન્ત્રથી સ્નાન વગેરે કરાવ્યું. (એ પતિની આજ્ઞાથી કર્યું છે એમ કહેવામાટે

એમને સતી કહ્યાં છે) ।।૪।।

ભગવાન્‌ને સુગન્ધી જલથી સ્નાન કરાવી, વસ્ત્રાભરણ આદિ ધરાવી, તિલક કરી નન્દરાણીએ બ્રાહ્મણોદ્વારા સ્વસ્તિવાચન કરાવી એ બ્રાહ્મણોની પૂજા કરી એમને અન્ન, ઘી, વસ્ત્રો, માળા અને બીજી ઈચ્છિત વસ્તુની સાથે ગાયો આપી, ત્યાં બાળકની આંખમાં નિદ્રા દેખાતાં એને ધીમેથી શયન કરાવ્યું ।।૫।।

ઉત્સવના આવેશમાં તે અભિમાની થયાં અને કેવળ લૌકિક તત્પર થઈને વ્રજજનોની પૂજા કરવા લાગ્યા. એમાં શ્યામસુન્દરને ભૂખ લાગવાથી રોવા લાગ્યા. તેમનું રુદન સાંભળવામાં ન જ આવ્યું ત્યારે સ્તનપાનની ઈચ્છાવાળા બાળક રોતાં-રોતાં પોતાના ચરણ ઉછાળવા લાગ્યા ।।૬।।

શ્રીબાલકૃષ્ણ એક ગાડાની નીચે પોઢ્યા છે. એમનાં ચરણ હજુ તો લાલ-લાલ કૂમ્પળો જેવા અત્યન્ત કોમળ અને નાનાં હતાં, પરન્તુ તેનાથી વિશાળ ગાડું ઊંધું થઈ ગયું. તેના ઉપર રાખેલી દૂધ, દહીં વગેરે અનેક રસથી ભરેલી મટકીઓ તથા કૂપો ભાંગી ગયા. પૈડાં અને ધરી અસ્ત-વ્યસ્ત થઈ ગયા અને ઊંધ તૂટી ગઈ. (ભગવાન્ જાણે કે યશોદાજીને કહે છે કે જો મારામાં મન રાખવામાં ન આવે, મને ભૂલીને તમે બીજાં લૌકિક કાર્યો કરો તો તમારો કરેલો, છાંયડો પણ મારે નથી જોઈતો) ।।૭।।

ઔત્થાનિક કર્મમાં આવેલાં ગોપીજનો, યશોદાજી, રોહિણીજી, નન્દબાબા અને ગોપો આ વિચિત્ર ઘટના જોઈ ગભરાઈ ગયાં અને આપસ-આપસમાં કહેવા લાગ્યાં ''અરે આ શું થઈ ગયું? આ ગાડું પોતાની મેળે શી રીતે ઊંધું થઈ ગયું?'' ।।૮।।

ગોપ-ગોપી જ્યારે એનું કારણ જાણી ન શક્યાં ત્યારે ત્યાં ફરતાં બાળકોએ કહ્યું કે ''રુદન કરતાં આ બાળકે જ પોતાના પગની ઠોકરથી ગાડાને ઊંધું કરી દીધું છે, જે અમોએ પ્રત્યક્ષ જોયું છે. એમાં કોઈ શંકા નથી ।।૯।।

પરન્તુ બાળકોના બોલવામાં એ ગોપોને વિશ્વાસ ન આવ્યો, કેમકે બાળકોનું બોલવું પ્રામાણિક ન ગણાય એમ એમને લાગ્યું, વળી આ બાળકમાં અતુલ બળ છે એ વાત પણ ગોપો જાણતા ન હતા ।।૧૦।।

યશોદાજીને તો ગ્રહની શંકા થઈ તેથી રોતા બાળકને લઈને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી, સૂક્તનો પાઠ કરાવી, બાળકને સ્તનપાન કરાવવા લાગ્યાં ।।૧૧।।

ગાડું છિન્ન-ભિન્ન થયું હતું તેને બળવાન ગોપોએ ફરી સીધું કરી દીધું. તેના

ઉપર પહેલાંની જેમ બધી સામગ્રી રાખી દીધી. એની પૂજા કરવામાટે એમાં દેવનું આવાહ્‌ન કરીને બ્રાહ્મણોએ દહીં, અક્ષત, કુશ અને જળવડે હોમપૂર્વક ગાડાનું પૂજન કર્યું ।।૧૨।।

નિર્દોષ ઉપર દોષ લગાવવો એ 'અસૂયા' દોષ છે, મિથ્યા બોલવું એ 'અનૃત' દોષ કહેવાય, 'દમ્ભ' પોતાને શ્રેષ્ઠ બતાવવાની ચેષ્ટા કરવી, એ ત્રણ દોષ થયા. હિંસા, માન અને ઈર્ષ્યા એ ત્રણ બીજા દોષો મળી છ દોષ જે બ્રાહ્મણમાં ન હોય તેનો આશીર્વાદ નિષ્ફળ જતો નથી, કેમકે સત્ય તો એના સ્વરૂપમાં રહ્યું છે, તેથી એ સફળ વાણીવાળા હોવાથી બાળકને એમની પાસે લાવીને સામ, ઋક્ અને યજુર્વેદ ના મન્ત્રોવડે પવિત્ર ઔષધિવાળા જળથી ઉત્તમ બ્રાહ્મણોએ અભિષેક કર્યો ।।૧૩-૧૪।।

નન્દજીએ સ્વસ્તિવાચન કરાવી સાવધાન થઈ બ્રાહ્મણોને બહુ ગુણવાળું અન્ન આપ્યું ।।૧૫।।

નન્દજીએ બ્રાહ્મણોને નિરોગી, બહુ દૂધ દેનારી, વસ્ત્રો, પુષ્પોની માળાઓ અને સુવર્ણની માળાથી સજ્જિત ગાયો પોતાના પુત્રની ઉન્નતિમાટે આપી. ત્યાર પછી બ્રાહ્મણોએ બાળકને આશિષ આપ્યા ।।૧૬।।

**વિશેષ** : માત્ર મોઢેથી જ આશિષ આપી એમ નહિ પણ આશિષમાં ઉચ્ચારેલું બધું જ આપ્યું.

મન્ત્રને જાણનારા અને સત્કર્મ કરનારા બ્રાહ્મણોએ જે આશીર્વાદ આપ્યા હોય તે કોઈ દિવસ નિષ્ફળ થતા નથી, એ તો પ્રથમ છ દોષરહિત બ્રાહ્મણ હોય એ ભગવાન્ જેવો છે તેનો આશીર્વાદ ખોટો નથી પડતો એમ કહ્યું છે તેથી જ સિદ્ધ થયું છે ।।૧૭।।

*એક દિવસ સતી યશોદાજી પુત્રને ગોદમાં લઈ લાડ કરતાં હતાં ત્યાં તો, પર્વતનો સમુદાય જેમ શરીર ઉપર સહન ન થાય તેમ, બાળકમાં ભાર વધી ગયો તેને સહન કરી શક્યાં નહિ ।।૧૮।।

**વિશેષ** : તૃણાવર્તનો પ્રસંગ અહીંથી આવ્યો તેની અવતરણિકા કરે છે. વાચિક અને કાયિક નિરોધનું કરણ કહ્યું, હવે માનસિક કહે છે. એમ જો ન કહે તો નન્દરાયજી, યશોદાજી વગેરે સર્વ અજ્ઞાનથી કરે છે એમ સિદ્ધ થાય. લૌકિક ભાવથી પણ જ્યાં સુધી કૃષ્ણમાં મન એકતાન હોય ત્યાં સુધી ભગવાન્ પોતે નવું કામ કરતા નથી. એક વર્ષ થાય ત્યારે પુનઃ જન્માદિ ધર્મો માનવામાં આવે છે. તેથી એક વર્ષ ભગવાન્‌ને થયું ત્યારે તૃણાવર્તના વધની લીલા ભગવાને

કરી. ભગવાન્‌નો દેહ પ્રાકૃત છે એવી બુદ્ધિ ન રહે તો તે ભગવાન્‌ના ભક્તોની દેહમતિ (દેહ જ આત્મા છે એવી મતિ) પોતાની જાતની હોવાથી મટાડે છે. અઢાર વિદ્યાઓમાં પણ ભગવાન્‌ને દેહ નથી એમ બતાવવા એક જ સમયે ભારે હોવાપણું અને હલકા હોવાપણું (એવા બે પરસ્પર વિરોધી ધર્મો) આ તૃણાવર્તના વધની લીલામાં કહેવામાં આવશે. પૂતનાને ભગવાને મારી ત્યારથી કંસ જાણે છે કે મારો શત્રુ જગદ્વન્દ્ય ભગવાન્ કૃષ્ણ ગોકુલમાં છે અને એ મને મારનાર છે. એ કૃષ્ણને મથુરા લાવવામાટે તૃણાવર્તને કંસે ગોકુલ મોકલ્યો. તૃણાવર્ત, બકાસુર અને કેશી એ ત્રણ મોટા બળવાન છે. તેમાં પણ તૃણાવર્ત વધારે મોટો છે. એ જગત્ આખાને તૃણની જેમ ફેંકી દે એવો છે તેથી કંસે પહેલા તૃણાવર્તને ગોકુલ મોકલ્યો છે

યશોદાજીએ બાળકને પૃથ્વી ઉપર પધરાવ્યા અને ભાર લાગવાથી વિસ્મય પામ્યાં; કોટિ બ્રહ્માંડના નાયક મહાપુરુષનું ધ્યાન કરી વ્યવહારના કાર્યમાં લાગી ગયા ।।૧૯।।

તૃણાવર્ત નામના દૈત્ય કંસનો ચાકર હતો. તેને કંસે ગોકુલ મોકલ્યો. તેણે વંટોળિયાનું રૂપ લીધું અને બેઠેલા બાળક શ્રીકૃષ્ણને વંટોળિયાના પવનમાં ઊંચે આકાશમાં ઉપાડી ગયો ।।૨૦।।

તેણે આખા ગોકુલને ધૂળથી ઢાંકી દીધું અને લોકોની જોવાની શક્તિ હરી લીધી. *તેના અત્યન્ત ભયંકર અવાજથી દશે દિશાઓ કમ્પી ઉઠી ।।૨૧।।

**વિશેષ** : ૧. ભગવાન્‌નાં દર્શનની એ વખતે અયોગ્યતા થઈ ગઈ ૨. તેથી ભગવાન્‌ને કોઈ જોઈ શક્યું નહિ ૩. સર્વને ભગવાન્‌નું અજ્ઞાન થયું ૪. યશોદાજીનો સ્નેહ અને ૫. ગોપીઓનો સ્નેહ દ્ર એ પાંચ પર્વ અવિદ્યાના છે તેથી લૌકિક બુદ્ધિથી એમ થયું.

બે ઘડી સુધી તો ગાયોને રહેવાના સ્થાનને રજવડે થયેલા અન્ધકારથી ભરી દીધું. ઘરનું કામ કરીને યશોદાજી પુત્રને જ્યાં પૃથ્વી ઉપર પધરાવ્યા હતા ત્યાં આવીને જુએ તો ત્યાં એમને જોયા નહિ ।।૨૨।।

કોઈ બીજાને તો ન જોયા, પણ પોતાનો દેહ પણ એ વંટોળિયામાં જોવામાં ન આવ્યો, કેમકે તૃણાવર્તે એટલી રેતી ઉડાડી કે બધાની આંખો બંધ થઈ ગઈ ।।૨૩।।

એમ તીક્ષ્ણ પવનના વંટોળિયાએ ઉડાડેલ ધૂળના વરસાદમાં પોતાના પુત્રના પગનાં ચિહ્ન પણ માતા યશોદાજીએ પૃથ્વી ઉપર ન જોયાં ત્યારે અત્યન્ત કરુણ રીતે રોવા લાગ્યાં અને ગૂમ થઈ ગયેલ છે વાછડું જેનું એવી ગાયની જેમ પૃથ્વી ઉપર પડી ગયાં અને એનું સ્મરણ કરીને શોક કરવા મંડ્યા ।।૨૪।।

જ્યારે ગોપીઓએ યશોદાજીને રોતાં સાંભળ્યાં ત્યારે એમના પોતાના દેહને પણ અત્યન્ત તાપ થયો અને આંખનાં આંસુથી એમનાં મોઢાં પણ ભરાઈ ગયાં અને નન્દલાલ ન મળ્યા તેથી રોવા લાગ્યાં. તેટલામાં પવનનો વેગ ઓછો થઈ ગયો અને ધૂળ ઊડતી બંધ પડી ।।૨૫।।

વંટોળિયાનું રૂપ ધરનાર તૃણાવર્તનો વેગ શાન્ત થયો એનું કારણ એ જ કે એ કૃષ્ણને આકાશમાં લઈ ગયો, પણ કૃષ્ણમાં એટલું વજન વધ્યું કે એમને ઉઠાવી ન શક્યો ।।૨૬।।

એને કૃષ્ણ બહુ ભારે લાગ્યા; ત્યારે એને એ પથ્થર જેવા લાગ્યા, પરન્તુ આ અદ્ભુત બાળકે તો તેનં ગળું એટલા જોરથી પકડ્યું કે તે તેમને પોતાનાથી અલગ કરી શક્યો નહિ. અર્થાત્ છોડાવી શક્યો નહિ ।।૨૭।।

ભગવાને તૃણાવર્તનું ગળું એવું પકડ્યું કે એનાથી એની ચેષ્ટા બંધ થઈ ગઈ, એનાં નેત્ર બહાર નીકળી પડ્યાં, શબ્દ અસ્પષ્ટ થઈ ગયો અને પ્રાણ ઊડી ગયા, એટલે બાળકની સાથે પૃથ્વી ઉપર પડી ગયો ।।૨૮।।

એ આકાશમાંથી શિલા ઉપર પડ્યો તેથી એના સર્વ અવયવ છિન્ન-ભિન્ન થઈ ગયા અને રુદ્રના બાણથી વીંધાયેલા ત્રિપુરાસુરના પુર જેવો ભયંકર દેખાવા લાગ્યો, ત્યાં તો રડતી સ્ત્રીઓ બધી ભેગી થઈને જોવા આવી ।।૨૯।।

ગોપીજનોએ કૃષ્ણ તૃણાવર્તના હૃદય ઉપર બિરાજતા હતા તેમને લઈને શ્રીયશોદાજીને આપ્યા. રાક્ષસ લઈ ગયો એમાંથી કુશળ રહ્યા, વળી પુરુષને ખાનાર તૃણાવર્ત લઈ ગયો તેના મુખમાંથી બચવા પામ્યા અને આકાશમાંથી નીચે આવતાં પણ કાંઈ ઈજા ન થઈ એનાથી બધાં વિસ્મય પામ્યાં ।।૩૦।।

ગોપીઓ અને નન્દરાયજી વગેરે મોટા ગોપો બાળકને પ્રાપ્ત કરીને અત્યન્ત આનન્દ પામ્યા ।।૩૧।।

જેમણે આશિષો આપેલી છે તેવા દોષરહિત તેઓએ એક સ્થળે ભેગા થઈ આના ઉપાયનો વિચાર કરવા માંડ્યો ।।૩૨।।

તેઓ કહેવા લાગ્યાઃ‘‘ઓહો! આ તો ઘણા આશ્ચર્યની વાત છે, જુઓ તો ખરા આ કેવી અદ્ભુત ઘટના બની ગઈ. આ બાળકને રાક્ષસે મૃત્યુના મુખમાં જ ધકેલી દીધો હતો પરન્તુ તે તો ક્ષેમકુશળ આવી ગયો અને તે હત્યારો, પાપી એના પાપે જ મર્યો. સાચી વસ્તુ તો એ છે કે સાધુપુરુષ પોતાની સમતાથી જ બધા

ભયોથી બચી જાય છે ।।૩૩।।

આપણે પૂર્વજન્મમાં શું તપ કર્યું હશે, ભગવાન્‌નું પૂજન કર્યું હશે, વાવ, કૂવા વગેરે પૂર્ત લોકોને માટે કરાવ્યાં હશે. યજ્ઞાદિ કર્યા હશે, દાન આપ્યું હશે અથવા પ્રાણિમાત્ર ઉપર સૌહાર્દ રાખ્યું હશે કે જેથી ગયેલો બાળક ફરીથી પોતાનાં સ્વજનોને જગતમાં પ્રસિદ્ધ કરતો આપણી વચ્ચે આવી પહોંચ્યો ।।૩૪।।

નન્દરાયજી મહાવનમાં ઘણા અદ્‌ભુત બનાવ બનતા જોઈને વસુદેવજીએ ગોકુલમાં જે ઉત્પાત થવાનું કહ્યું હતું તેને આશ્ચર્યપૂર્વક માનવા લાગ્યા ।।૩૫।।

(પાંચ ઉપાખ્યાનમાં પ્રથમ એક તૃણાવર્તનું ઉપાખ્યાન કહ્યું, હવે *બીજું કહે છે) એક દિવસ સ્નેહવડે ભીંજાયેલા સ્તનવાળા યશોદાજી પોતાના પુત્રને ગોદમાં લઈને પોતાના પુત્રને પીવડાવવા લાગ્યાં ।।૩૬।।

**વિશેષ** : યશોદાજીને લૌકિક ભાવ દઢ હોવાને કારણે પ્રથમ પૂર્ણ સ્નેહ થયો, પછી જ્ઞાન થયું અને પછીથી વિસ્મય થયો.

જ્યારે બાળકે સ્તનપાન કરી લીધું ત્યારે માતાએ પોતાના બાળકના સ્મિતવાળા મુખ તરફ જોયું. હે રાજન્! બાળકને લાડ કરતાં મુખ તરફ જોયું ત્યાં બાળકને બગાસું આવ્યું અને માતાએ બાળકના મુખમાં નીચે પ્રમાણે જોયું ।।૩૭।।

આકાશ, સ્વર્ગ, પૃથ્વી, જ્યોતિશ્ચક્ર, દિશાઓ, સૂર્ય, ચન્દ્ર, અગ્નિ, વાયુ, સમુદ્ર, દ્વીપો, પર્વતો, નદીઓ, વનો, ભૂતો અને બીજા સ્થાવર જંગમ પદાર્થ વગેરેને મુખમાં જોયા ।।૩૮।।

**સા વીક્ષ્ય વિશ્વં સહસા રાજન્ સઞ્જાતવેપથુઃ ।।**
**સમ્મીલ્ય મૃગશાવાડક્ષી નેત્રે આસીત્સુવિસ્મિતા ।।૩૯।।**

યશોદાજીએ આખા વિશ્વને એકાએક જોયું ત્યારે હે રાજન્! એ યશોદાજીને કમ્પ થઈ આવ્યો; એ વખતે મૃગના બચ્ચાનાં નેત્ર જેવા નેત્રવાળાં યશોદાજીએ આંખો *મીંચી દીધી અને તે બહુ વિસ્મય પામ્યાં ।।૩૯।।

**વિશેષ** : આ વિષયમાં શ્રીઆચાર્યચરણ લખે છે કે શ્રીયશોદાજીનો હજુ અધિકાર થયો નથી. એ લેખની ટિપ્પણીમાં કહે છે કે માતાને પુત્ર ઉપર સ્નેહ પુત્રપણાથી હોય છે. સ્નેહ તો લૌકિક છે. પરન્તુ ઉત્કટ સ્નેહ છે તેટલો અંશ સ્નેહમાં અલૌકિક છે. જ્યારે પોતાના પુત્રમાં માણસને અદ્‌ભુતપણું દેખાય ત્યારે એને એમાં સ્નેહ હોવાથી આમ કેમ દેખાય છે એ વિચારમાં ભય લાગે છે, કેમકે એને ભગવદ્‌ભાવ તો નથી. ભય જો વિશેષ હોય તો પ્રાણ પણ બચે નહિ તેથી

ક્રમે-ક્રમે થોડો-થોડો પોતાનો અલૌકિક અંશ બતાવે તો ભય પણ ઓછો લાગે અને એ વડે પ્રાણની સ્થિતિ પણ રહી શકે અને ક્રમશઃ જ્ઞાન થાય, માટે હમણાં એને પુત્રમાં ભગવદ્જ્ઞાન થયું નથી તેથી ધૈર્ય પણ નથી ત્યારે એનો અધિકાર નથી, તેથી શ્રીમુખમાં વિશ્વરૂપ દર્શન કરાવ્યું તે તરત બન્ધ કરી દીધું અને વિસ્મયરસ જ ઉત્પન્ન કર્યો, તેથી 'સુવિસ્મિતા' એવું યશોદાજીનું વિશેષણ છેલ્લે કહ્યું છે.

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા-પ્રકરણનો યશ નામનો ત્રીજો અને ચાલુ) ''શકટોત્ક્ષેપ, તૃણાવર્ત વધ અને મુખમાં વિશ્વદર્શનથી ભગવાન્‌ના યશનું વર્ણન'' નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

(હવેલી-મન્દિર ખોલીને ઠાકોરજીના દર્શન-મનોરથ-ભેટ-સામગ્રીના માધ્યમથી) પૈસા કમાવવા માટે સેવા કરનારનો આલોક-પરલોક સહિત સર્વનાશ થયો સમજવો. (શ્રીગુસાંઈજી, સિદ્ધાન્તમુક્તાવલીની વિવૃતિ)

## અધ્યાય ૮

## ગર્ગાચાર્યે નામકરણ કર્યું એમાં શ્રીગુણ કહ્યો

### બીજા તામસ પ્રકરણના અન્તર્ગત પહેલા પ્રમાણ પ્રકરણનો ચોથો અધ્યાય અને સળંગ આઠમો અધ્યાય.

**વિશેષ** : અન્તઃકરણ સર્વના નિરોધનું મૂળ છે. જેના શ્રવણથી અન્તઃકરણ શુદ્ધ થાય તેનું આઠમા અધ્યાયમાં વર્ણન કરાય છે. પ્રથમ ભગવાન્‌નાં નામ શુદ્ધ કરનાર છે, પછી રૂપ અનેક પ્રકારનાં છે તેનાથી શુદ્ધિ થાય છે. જ્ઞાન, ભક્તિ અને ભાગ્ય એ પાંચ પદાર્થ સત્વને શુદ્ધ કરનાર છે. પરન્તુ એ નામનો સંસ્કાર થયા પછી એ શોધક થાય છે. તેથી આ અધ્યાયમાં નામસંસ્કાર કહેવાય છે. આમાં સ્વેચ્છાથી આનન્દ-ભાવવાળું રૂપ આપે સ્વીકાર્યું છે. અન્યની ઈચ્છાથી કરેલાં ભગવાન્‌નાં ચરિત્રોને સાંભળવાનું ફલ જુદું છે. ભગવાન્‌ના માહાત્મય જ્ઞાનપૂર્વક થયેલું જ્ઞાન અહીં પ્રત્યક્ષ શુદ્ધ કરનારું છે. પ્રભુનું અલૌકિક સ્વરૂપ જાણવામાં આવતાં એમાં સ્નેહ થાય છે. એ સ્નેહ થવામાં મોટા પુરુષોની કૃપા જ કારણ છે. જો પ્રથમ નામ હૃદયમાં

આવી જાય તો આગળ કહ્યું તે બધું (નામ, રૂપ, જ્ઞાન, ભક્તિ અને ભાગ્ય) સિદ્ધ થાય છે, પણ એ નામનાં બે અંગ છેઃએક તો એ નામ ગુરુદ્વારા મળવું જોઈએ, બીજું દુઃસંગને છોડવો જોઈએ. એ બે હોય તો જ નામ ફલિતથાય.

**ગર્ગઃ પુરોહિતો રાજન્ યદૂનાં સુમહાતપાઃ ।।**
**વ્રજં જગામ નન્દસ્ય વસુદેવપ્રચોદિતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે રાજન્! સારી રીતે મહાતપ કરનાર ગર્ગાચાર્ય યાદવોના પુરોહિત હતા તેમને વસુદેવજીએ પ્રેરણા કરી તેથી એ નન્દરાયજીના વ્રજમાં આવ્યા ।।૧।।

એમનાં દર્શન કરી નન્દરાયજી પરમ પ્રસન્ન થયા અને આવ્યાત્યારે સામે ઉભારહી હાથ જોડી દંડવત્ પ્રણામ કરી ભગવદબુદ્ધિથીએમનું પૂજનકર્યું ।।૨।।

સારી રીતે એ બેઠા, નન્દરાયજીની પૂજાનો સ્વીકાર કર્યો. મધુર વાણીથી નન્દરાયજી મુનિને પ્રસન્ન કરી બોલ્યા કે :''હે બ્રહ્મન્! આપ તો પૂર્ણ કામ છો તો આપની સેવા અમે શું કરી શકીએ? ।।૩।।

મહાપુરુષનું ફરવું એ ગૃહસ્થાશ્રમીઓના શ્રેયને માટે હોય છે, નહિ તો દીનચિત્તવાળા માણસોનું શ્રેય થવું અશક્ય થાય, કેમકે એ પુરુષો ઐશ્વર્યાદિ ધર્મવાળા હોય છે તેમને જો કૃપાન કરવીહોય તો બીજામાટે ક્યાંય પણ જવાની એમને જરૂર રહેતી નથી ।।૪।।

આપે જ્યોતિષશાસ્ત્ર રચ્યું છે જેનાવડે ભૂત અને ભવિષ્ય નું જ્ઞાન પુરુષને થાય છે ।।૫।।

આપ બ્રહ્મને જાણનારાઓમાં ઉત્તમ છો તેથી મારા આ બે પુત્રોના નામકરણ આદિ સંસ્કાર આપ જ કૃપા કરીને કરી આપો, કેમકે બ્રાહ્મણ જન્મથી જ મનુષ્યના ગુરુ છે ।।૬।।

**ગર્ગાચાર્ય બોલ્યા** : હું યદુઓનો ગુરુ છું, વળી એના ગુરુ તરીકે પૃથ્વીમાં સર્વત્ર હું પ્રસિદ્ધ છું તેથી જો હું તમારા પુત્રોના સંસ્કાર કરાવું તો કંસ એ પુત્રો દેવકીજીના છે એમ જાણી જાય ।।૭।।

વળી પાપી કંસ તમારે અને વસુદેવજી ને મિત્રતા છે એમ જાણે છે, દેવકીજીનો આઠમો ગર્ભ સ્ત્રી હોઈ શકે નહિ એ વાત પણ એ જાણે છે ।।૮।।

એમ વિચારતાં દેવકીજીની પુત્રીએ જ કહ્યું કે તારો શત્રુ તો બીજે જન્મી ચૂક્યો

છે તે ધ્યાનમાં લઈ આ પુત્ર વસુદેવજીનો છે, તમારો નથી, એ બાબતમાં કંસને પછી કંઈ જ શંકા ન રહે, પરિણામે જો કંસ એને મારે તો આપણે માટે મહાન અનર્થ થાય ।।૯।।

**શ્રીનન્દરાયજી બોલ્યા** : મારી ગાયોના વ્રજમાં, મારા ગોપો પણ ન જાણે એવી ગુપ્ત જગ્યાએ, સ્વસ્તિવાચનપૂર્વક દ્વિજાતિ સંસ્કાર આપ કરો ।।૧૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : ગર્ગાચાર્યજી તો નામકરણ સંસ્કાર કરવા ઈચ્છતા જ હતા. જ્યારે નન્દબાબાએ તેમને આ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે તેમણે ગુપ્ત રહીને એકાન્તમાં છાનામાના બન્ને બાળકોના નામકરણનો સંસ્કાર કરાવ્યો ।।૧૧।।

**ગર્ગાચાર્ય બોલ્યા** : આ નિશ્ચય રોહિણીજીના પુત્ર પોતાના ગુણોથી સગાં-સમ્બન્ધી, મિત્રોને આનન્દ આપશે તેથી એનું **'રામ'** એવું નામ થશે, વળી એમાં બળ વધારે છે તેથી **'બલ'** એવાનામથી પણ લોકો એની સાથે વ્યવહાર કરશે ।।૧૨।।

યાદવોથી એ જુદા નહિ હોવાથી **'સંકર્ષણ'** એવું એનું નામ રહેશે ।।૧૩।।

આ તમારા નાના પુત્ર દરેક યુગમાં જન્મ લે છે તેમાં સફેદ, લાલ અને પીળો એ ત્રણ વર્ણવાળા થાય છે. આ વખતે તે કૃષ્ણવર્ણ થયા છે તેથી એ **'કૃષ્ણ'** કહેવાશે ।।૧૪।।

આ તમારા પુત્ર પ્રથમ વસુદેવજીના પુત્ર ક્યારેક થયા છે તેથી એ વાતને જાણનારા એને **'વાસુદેવ'** પણ કહે છે ।।૧૫।।

ગુણ અને કર્મ ને લઈને તમારા પુત્રનાં અનન્ત નામ છે એ કેવલ હું જ જાણું છું, પણ સંસારના સાધારણ *લોકો એટલાં નામ નથી જાણતા ।।૧૬।।

**વિશેષ** : જન્મ લેવાના સ્વભાવવાળા એ 'જન' કહેવાય. તેથી જ એ નામને જાણી શક્તા નથી. અહીં વિચાર એવો છે કે ક્રિયા તો અનિત્ય છે અને રૂપ પણ કાલવડે ક્ષણ-ક્ષણમાં બદલાતું જાય છે. એ ક્રિયા અને રૂપ ઊપરથી નામ પડ્યું તેનો પરમાં સમ્બન્ધ થઈ શક્તો નથી તેથી એ નામ વાચક જ થતું નથી. એનો વાચ્ય અર્થ પણ એમાં ન હોય તેવાં નિરર્થક નામ ફળતાં નથી. સ્વરૂપના જ્ઞાન વગર કેવલ મુખવડે ઉચ્ચારિત નામરૂપનાં સમ્બન્ધનો અભાવ હોવાથી 'અગ્નિ'શબ્દનો ઉચ્ચાર કરતાં મોઢું બળતું નથી તેમ એવાં રૂપ ક્રિયાના અનુસન્ધાન વિનાનાં કેવળ નામ લેવાથી પ્રપંચનિવૃત્તિ થતી નથી. નામનો અર્થ ઉચ્ચારણ કરનારની પાસે બીજાને નમાવે છે તેથી 'નામ' કહેવાય છે. એ નામનાં પણ રૂપ છે. જેમ ભગવદ્રૂપ પ્રાકૃત

તુલ્ય દેખાય છે તેમ નામ પણ ગ્રાહકદોષવશાત્ લૌકિક વર્ણયુક્ત પ્રતીત થાય છે. વસ્તુતઃ એ અખંડ છે તેને યથાર્થ જાણી તત્વનો ઉદ્‌બોધ કરી ઉચ્ચારેલાં નામ સર્વ પુરુષાર્થને ફલિત કરે છે. લોકવત્ ઉચ્ચારનારને નથી ફલતાં એમાં નામનો દોષ નથી, પણ ઉચ્ચારનારના ભાવમાં દોષ છે.

ગોપો અને ગોકુલ ને આનન્દ આપનાર આ તમારો પુત્ર તમારું શ્રેય કરશે. આ તમારા પુત્રવડે તમે બધી મુશ્કેલીઓને સહેલાઈથી તરી જશો ।।૧૭।।

હે વ્રજપતે! આ તમારા પુત્રે પ્રાચીન સમયમાં અરાજક્તાના સમયમાં કોઈ રક્ષક નહિ હોવાથી શત્રુથી પીડાતા સાધુ લોકોની રક્ષા કરી એમને બળવાન બનાવ્યા તેથી એ સાધુઓ શત્રુને જીતી ગયા હતા ।।૧૮।।

વિષ્ણુના પક્ષવાળાને અસુરો કાંઈ ન કરી શકે તેમ આમાં પ્રીતિ કરનાર મહાભાગ્યવાળા ભક્તોને (અન્દરના કે બહારના) શત્રુઓ પરાભવ નહિ કરી શકે ।।૧૯।।

તેથી હે **નન્દજી**! તમારો પુત્ર ગુણોમાં, સમ્પત્તિમાં, સૌદર્યમાં, કીર્તિ અને પ્રભાવ માં સાક્ષાત્ ભગવાન્ નારાયણ સમાન છે. ખૂબ સાવધાન અને તત્પર થઈને આનું રક્ષણ કરજો ।।૨૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એ પ્રમાણે આત્મારૂપ ભગવાન્‌નું સ્વરૂપ નન્દરાયજીને બતાવીને ગર્ગાચાર્ય પોતાના ઘર તરફ ગયા ત્યારે આનન્દ પામેલાનન્દરાયજીએ પોતાના આત્માને આશિષવડે પૂર્ણ માન્યો ।।૨૧।।

(એમ નામચરિત્ર કહેવું સમાપ્ત કરી હવે રૂપચરિત્ર કહેવામાટે પ્રથમ ભગવદ્‌ગતિનું[1] વર્ણન કરે છે) થોડો કાળ ગયો ત્યાં રામ અને કૃષ્ણ બે હાથ અને બે ઘૂંટણ[2] વડે ભાખોડિયાં ભરતા વિહાર કરવા લાગ્યા ।।૨૨।।

**વિશેષ** : ૧. એક ચાલતું અને બીજું ગતિ વિશેષવાળું એમ ભૂમિ ઉપર બે રૂપ છે. એક રૂપ યશોદાજીમાં રહ્યું તે મળી ઉપવિષ્ટ ત્રણ રૂપ થયાં. એમાં ઉત્થિતતા સ્વતઃ, કથંચિત્ અને સર્વથા એમ ત્રણ ભેદ છે. ત્યાર પછી બાળકોની સાથે મુગ્ધલીલા, ધૌર્ત્ય અને ધાષ્ટર્ય લીલાનાં બે રૂપ બતાવ્યાં. સાત્વિકાદિ ભેદવાળી એ લીલા તે-તે જીવોને નિરોધ કરાવનારી છે. તે-તે જીવના ધાષ્ટર્ય, ધૌર્ત્યાદિભાવને દૂર કરાવનારી એ લીલા છે, પણ ખરી રીતે તો યશોદાજીને માટે એ બધીલીલાઓ છે તેના પ્રસંગથી અન્યનો નિરોધ કરનારી છે. જ્યારે ગોપીઓ ગૃહકાર્યમાં વ્યગ્ર હોય ત્યારે પ્રભુની દશધા લીલા દશ પ્રકારના ભાવવાળાના નિરોધમાટે કરી પ્રભુ

એના દોષને દૂર કરે છે.

૨. ભગવાનનું ઘૂંટણથી ગમન દૈત્યોના મર્દનને માટે છે. દૈત્યનો પતિ બલિ છે છતાં એ નિવારણ કરતો નથી; સ્વતઃ નિવારણ ન કરી શકે.

બન્ને ભાઈ પોતાના નાના-નાના ચરણોને ગોકુલના કીચડમાં ઘસડતા-ઘસડતા ચાલતા. તે વખતે એમના નૂપુર અને કંદોરાની ઘૂઘરીઓનો નાનો-મોટો અવાજ થતો. આ મીઠો ઝણકાર ક્યાંથી આવે છે એ નક્કી કરવા તેઓ થંભીજાય છે. એ ધ્વનિ સાંભળી રાજી થાય છે. ક્યારેક કોઈ વ્યક્તિને જતી જુએ તો વિચારે કે આ ભક્ત મને શોધવા જઈ રહ્યો છે એટલે એની પાછળ-પાછળ જતા, પછી જ્યારે આગળનીવ્યક્તિ પાછળ જુએ ત્યારે જાણે કેઆ તો કોઈ બીજું છે તે સમયે લોકનું અનુકરણ કરી ભય પામી કાંઈ સમજતાન હોય એવો દેખાવ કરી યશોદાજીઅનેરોહિણીજી પાસે ચાલ્યા જાયછે ।।૨૩।।

એનાં માતાજી યશોદાજી અને રોહિણીજીને પુત્રમાં સ્નેહ વિશેષ હોવાથી તેમની ઉત્કંઠાયુક્ત સ્નેહથી સ્તુતિ કરે છે. તેમના સ્તનમાંથી દૂધ સ્રવે છે. એ કાદવરૂપી અંગરાગથી શોભતા પોતાના પુત્રને બે હાથથી ગોદમાં લઈ આલિંગન કરી સ્તનદાન કરે છે; સ્તનપાન કરતાબાળકનું મુખ જુએ છે; મુગ્ધ સ્મિત અને નાના-નાના સુન્દર દાંતવાળું મુખ જોઈને અત્યન્ત આનન્દ પામે છે ।।૨૪।।

જ્યારે રામ અને શ્યામ બન્ને થોડા વધારે મોટા થયા ત્યારે વ્રજમાં ઘરની બહાર એવી એવી બાલલીલાઓ કરવા લાગ્યા જેને ગોપીઓ જોઈ જ રહેતી. જ્યારે બન્ને બેઠેલાં વાછડાંની પૂંછડીઓ પકડી લેતા અને વાછડાં ડરીને આમ-તેમ ભાગતાં ત્યારે તેઓ વળી વધારે જોરથી પૂંછડી પકડી લેતા અને વાછડાં તેમને ઢસડતાં દોડવા લાગતાં. ગોપીઓ ઘરનું કામકાજ છોડી દઈ આ બધું જોઈ રહેતી અને હસતાં-હસતાં તેમને પકડી લેતી ।।૨૫।।

શિંગડાંવાળાં પ્રાણી ગાયો, દાઢવાળાં વાંદરાં, તલવાર વગેરે હથિયાર, જલ-કૂવા વગેરે, પક્ષીઓ અને કાંટા વગેરેમાં ક્રીડા કરતા પોતના પુત્રોને અટકાવવામાંપોતાના પુત્રો અતિ ચપલ હોવાથી એની માતાઓને ઘરનાં કામ કરવાનો વખત નથી મળતો તેથી તેમનું મન વ્યગ્ર રહેતું ।।૨૬।।

હે રાજર્ષિ! થોડા સમયમાં રામ અને કૃષ્ણ ગાયોના વ્રજમાં ઢીંચણો ઘસડ્યા વિના ચરણથી ફરવા લાગ્યા ।।૨૭।।

ત્યાર પછી તો ભગવાન્ કૃષ્ણ પોતાનામિત્ર વ્રજબાળકોની સાથે બલદેવજી સહિત વ્રજસ્ત્રીઓને આનન્દ આપતા ક્રીડા કરવા લાગ્યા ।।૨૮।।

ગોપીઓ કૃષ્ણની કુમારલીલાની ચપલતાને જોઈને એમનાં માતાજી યશોદાજી પાસે આવી એના પોતાના સાંભળતાં માતાને આપ્રમાણે કહેવા લાગ્યાં ।।૨૮અ।।

**શ્રીગોપીજનો બોલ્યાં:** યશોદાજી, આ તમારા કુમાર સમય વગર વાછડાં છોડી મૂકે છે. જો એને ઠપકો આપીએ તો એ ખડખડાટ હસવા લાગે છે. પોતાની મેળે લઈને સારી વસ્તુ આરોગી જાય છે. ઉંચે રાખી હોય તો એવી ચીજ મેળવવાના ઉપાય કરે છે. માંકડાંને ખવરાવી દે છે. બાળકોને વહેંચી આપે છે. જો પાત્રમાં પદાર્થ ન હોય તો એ પાત્રને ફોડીનાંખે છે. એ ન આરોગે તો પણ પાત્રને તોડી દે છે. કાંઈ ન મળે તો ઘરધણી ઉપર ગુસ્સે થઈ ઘરમાં સૂતેલાં બાલકોને રોવરાવી ચાલતા થાય છે. આમ ગોપીજનોએ શ્રીયશોદાજી પાસે કૃષ્ણના ઉપદ્રવની વાત કરી ।।૨૯।।

હાથ ન પહોંચે ત્યાં પાટલા, ઊખડી વગેરે ઉપર ચડી એ પદાર્થને મેળવે છે. શીકામાં શું છે એનું એને જ્ઞાન હોવાથી એ પાત્રમાં છેદ કરીને દૂધ વગેરે લઈ લે છે. પ્રવાહી ન હોય તેવી વસ્તુ મેળવવાના ઉપાય જાણતા હોઈને એવાને માટે બીજી યુક્તિ કરી એ મેળવે છે. અન્ધારામાં રાખેલી વસ્તુ હોય તેને પોતાના સ્વરૂપના પ્રકાશથી, પહેરેલા આભરણોના મણિના પ્રકાશથી અને પદાર્થને જ પ્રકાશક બનાવીને એ લઈ લે છે. આ બાબત જ્યારે ગોપીઓ પોતાના ગૃહકૃત્યમાં ગૂંથાયેલી હોય તે જાણી ન શકે એવા સમયે ચોરીનું કાર્ય કરે છે ।।૩૦।।

હે સુન્દરી! એવાં-એવાં અનેક ધૃષ્ટતાનાં કામ તમારા કુમાર કરે છે. જ્યાં દેવનું દેહરીમાં પૂજન થાય ત્યાં અથવા ગાયોના દૂધ દોહવાના પાત્રમાં મૂત્ર વગેરે કરી ઉપદ્રવ કરે છે. આપણે એને એવાં કામ કરતાં જોઈ એની પાસે આવીએ તો તે ડાહ્યા થઈ સર્વ અંગ અવયવને ઠીક-ઠીક રાખી બેસી જાય છે. ભગવાન્નાંભયવાળાં નેત્રને જોવા આવેલી ગોપીઓએ જ્યારે યશોદાજી પાસે એમના પુત્રના કૃત્યને માટે ફરિયાદ કરી ત્યારે યશોદાજી હસી પડ્યાં, પણ પુત્રને *ઠપકો આપવા તૈયાર ન થયાં ।।૩૧।।

**વિશેષ :** આ ભગવાન્ની ધૌર્ત્ય, ધાષ્ટર્ય લીલાથી યશોદાજીને સ્વવિષયક અધ્યાસ છૂટી ગયો તેથી ભગવાન્ની નિન્દા સહન થઈ પણ એ સમ્બન્ધે ભગવાન્ને ઠપકો આપી ન શક્યાં. હવે એને ભગાવાન્ અમારા જેવા છે એ સમાન વિષયક અધ્યાસ છોડાવવાને માટે ભગવાન્ બીજી

લીલા કરે છે તે મૃદ્‌ભક્ષણ લીલાનો પ્રસંગ હવે આવે છે. મતલબમાં લૌકિક છોડાવી સ્વરૂપમાં સર્વેન્દ્રિયને નિરોધ કરવામાટે પ્રભુનો પ્રયત્ન એ જ પુષ્ટિ સમજવી

એક વખત રામ વગેરે ગોપના બાળકો ક્રીડા કરતા હતા. તેમણે કૃષ્ણે *માટી ખાધી એવી વાત યશોદાજીને કહી ।।૩૨।।

**વિશેષ** : અહીં અન્તઃકરણનું શોધક જ્ઞાન કહેવું છે તે અન્તઃકરણ દશ ઇન્દ્રિય અને એક મનરૂપ હોઈને અહીં અગિયાર શ્લોક કહ્યા છે. ૧. બાળકોના અજ્ઞાનથી ભગવાન્‌માં સમજાયેલો માટી ખાધી છે તે દોષ ૨. દોષ નિવૃત્તિને માટે યત્ન, ૩. યશોદાજીનું વાક્ય ૪. ભગવાન્‌નો ઉત્તર ૫. દોષ નથી એમ પ્રત્યક્ષ કરાવવું ૬. પહેલાંના (ઉત્પન્ન થયેલ ભગવાન્‌માં દોષદષ્ટિના) જ્ઞાનને મટાડનાર (ખોટું પાડનાર) જ્ઞાન કરાવ્યું ૭. આ ઉત્કૃષ્ટ જ્ઞાન છે એમ બતાવવામાટે વિષયનું વર્ણન કર્યું ૮. એનાથી યશોદાજીને ભય થયો ૯. તેની નિવૃત્તિમાટે પૂર્વપક્ષની યુક્તિઓ કહી ૧૦. પછી સિદ્ધાન્ત સમજી તેમાં સ્થિરતા થઈ ૧૧. અને ભય પામીને યશોદાજી ભગવાન્‌ને શરણ થયાં, એ ક્રમથી (૩૨ થી ૪૨) અગિયાર શ્લોક કહેવાનું તાત્પર્ય છે. એ લીલાથી યશોદાજીનાં અન્તઃકરણની શુદ્ધિ ભગવાને કરી છે.

પુત્રનું હિત કરનારાં યશોદાજીએ શ્રીકૃષ્ણનો હાથ પકડી લીધો. એ વખતે બીકને લીધે શ્રીકૃષ્ણનાં નેત્રો વિહ્‌વલ (ચકિત) થઈ રહ્યાં હતાં, તે સમયમાં યશોદાજી પુત્રને ધમકાવીને કહેવા લાગ્યાં ।।૩૩।।

**યશોદાજી બોલ્યા** : હે અસંયમી અન્તઃકરરવાળા! તેં એકાન્તમાં માટી કેમ ખાધી? તારી સાથે રમનાર ગોપો અને તારો મોટોભાઈ પણ કહે છે કે તેં માટી ખાધી છે ।।૩૪।।

**શ્રીકૃષ્ણ બોલ્યા** : હે અમ્બ (માં)! મેં માટી ખાધી નથી અને માટી ખાવાનું કહેનાર બધા ખોટું બોલનાર છે. તમને મારા વચનમાં વિશ્વાસ ન હોય તો મારા મોઢામાં જુઓ ।।૩૫।।

''જો એમ જ છે તો મોઢું ખોલ'' આમ જ્યારે યશોદાજીએ કહ્યું ત્યારે અનન્ત ઐશ્વર્યયુક્ત અને માત્ર લીલામાટે જ મનુષ્ય બાળક બનેલા શ્રીકૃષ્ણે મુખ ખોલ્યું ।।૩૬।।

યશોદાજીએ કૃષ્ણના મુખમાં આખું વિશ્વ જોયું જેમાં સ્થાવર તથા જંગમ જગત્, પર્વતો, દ્વીપો, સમુદ્રો, સહિત પૃથ્વીના ગોળો, વાયુ, અગ્નિ, ચન્દ્ર, તારા સહિત બધું જોયું ।।૩૭।।

જ્યોતિશ્ચક્ર, જલ, તેજ, પવન, આકાશ, સાત્વિક ઈન્દ્રિયો, મન, વિષયો અને સત્વાદિ ત્રણ ગુણોને શ્રીમુખમાં યશોદાજીએ જોયાં ।।૩૮।।

જીવ, કાલ, સ્વભાવ, કર્મ, આશય અને લિંગ-શરીરના ભેદની સાથે આ જગત્‌ને શ્રીકૃષ્ણના મુખમાં યશોદાજીએ વિચિત્ર રીતે જોયું તેથી એમને ભય લાગ્યો તેમ જ વ્રજને અને પોતાને જોઈને એમને શંકા થઈ ।।૩૯।।

''શું મને આ સ્વપ્ન તો ન હોય કે એ દેવની માયા તો ન હોય! અથવા મને કાંઈ મોહ તો થયો ન ગણાય! અથવા મારા આ પુત્રનો જન્મસિદ્ધ આ આત્મયોગ એટલે એનું એવી જાતનું ઐશ્વર્ય જ છે?'' એમ અનેક પક્ષને અન્તે પુત્રના જન્મસિદ્ધ ઐશ્વર્યને પૂતના-શકટાદિના મારણથી સિદ્ધ કર્યું ।।૪૦।।

''હવે જે યથાર્થ રીતે સમજી કે જોઈ શકાતું નથી, ચિત્ત, મન, કર્મ અને વાણી જેમાં કાંઈ નક્કી કરી શક્તી નથી, એ કોના આશ્રયથી, કોનાથી પ્રતીત થાય છે જે જાણી શકાતું નથી, માટે જે હોય તેના ચરણારવિન્દને હું પ્રણામ કરું છું ।।૪૧।।

હું યશોદા, મારા આ પતિ નન્દગોપ, આ કૃષ્ણ મારો કુમાર, હું વ્રજના રાજાની રાણી, એના ધનનું રક્ષણ કરનારી સતી છું, ગોપ, ગોપીઓ અને ગોધન મારાં છે, જેમની માયાથી મારી આવી કુમતિ થઈ તે ભગવાન્ મારો આશ્રય થાઓ'' ।।૪૨।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એમ જ્યારે યશોદાજી ભગવાન્‌નું તત્વ જાણી ગયાં ત્યારે સમર્થ ઈશ્વરે પુત્રમાં સ્નેહ કરાવનારી વિષ્ણુ સમ્બન્ધી માયાનો વિસ્તાર કરી દીધો ।।૪૩।।

કે તરત જ આજાણાતું બંધ થયું અને યશોદાજી એ વાતની સ્મૃતિપણ ચૂકી ગયાં. પુત્રને ગોદમાં લઈ સ્નેહને લઈને હૃદય આર્દ્ર થઈ ગયું અને પ્રથમ હતાં તેવાંજ થઈગયાં ।।૪૪।।

ત્રણ વેદો, ઉપનિષદો, સાંખ્ય અને યોગ તથા વૈષ્ણવ તન્ત્રો જેમના માહાત્મ્યનું ગાન કરે છે તેવા ઈશ્વરને પોતાના પુત્ર છે એમ યશોદાજી માનવા લાગ્યા ।।૪૫।।

**પરીક્ષિત રાજાએ કહ્યું** : હે બ્રહ્મન્! નન્દરાયજીએ મહાન અભ્યુદય કરાવનારું એવું શું શ્રેય કર્યું હતું? યશોદાજીએ પણ શું શ્રેય કરેલું કે જેનું સ્તનપાન ભગવાને કર્યું? ।।૪૬।।

(વસુદેવ-દેવકીજી) જે એમનાં ખરાં માતા-પિતા છે તેમણે એ ભગવાન્‌ની

બાલલીલાનો આનન્દ ન લીધો. એમાં પણ એમની લીલા શ્રવણ માત્રથીપણ હિતાવહ છે, જેનું આજ સુધી કવિઓ ગાન કરે છે, જે લીલા ગાનારના પાપને દૂર કરનારી છે ।।૪૭।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે પરીક્ષિત! નન્દરાયજી પૂર્વ જન્મમાં એક શ્રેષ્ઠ 'વસુ' હતા. એમનું નામ 'દ્રોણ' અને એમની પત્નીનું નામ 'ધરા' હતું. તેમણે બ્રહ્માજીની આજ્ઞાઓનું પાલન કરવાની ઈચ્છાથી એમને કહ્યું ।।૪૮।।

**દ્રોણે કહ્યું :** જ્યારે અમે પૃથ્વી ઉપર જન્મ લઈએ ત્યારે જગદીશ્વર શ્રીકૃષ્ણ ભગવાન્‌માં અમને ભક્તિ થાય તે ભક્તિ સર્વોત્કૃષ્ટ થાય, જેનાથી મનુષ્યો દુર્ગતિને તરી જાય એવી કૃપા કરો ।।૪૯।।

એમ વિનન્તિ કરી ત્યારે બ્રહ્માજીએ કહ્યું:''તેમ જ થશે'' ત્યારે દ્રોણ હતા એ વ્રજમાં મોટા યશવાળાં નન્દરાયજી થયા અને ધરા હતાં એ યશોદાજી થયાં ।।૫૦।।

બ્રહ્માજીની આજ્ઞા હતી તેથી જ પુત્રરૂપ જનાર્દન ભગવાન્‌માં એમની દૃઢ ભક્તિ થઈ. હે ભારત! ગોપ અને ગોપી ને પ્રીતિ હતી છતાં આ સ્ત્રી-પુરુષને સત્સંગ વિના જ એ પુત્રરૂપ ભગવાન્‌માં એવી પ્રીતિ થઈ કે તેવી બીજાને ન થઈ ।।૫૧।।

**કૃષ્ણો બ્રહ્મણ આદેશં સત્યં કર્તું વ્રજે વિભુઃ।**
**સહરામો વસંશ્ચક્રે તેષાં પ્રીતિં સ્વલીલયા ।।૫૨।।**

શ્રીકૃષ્ણ પણ બ્રહ્માજીની વાત સત્ય કરવાનેમાટે પોતે સમર્થ છે છતાં વ્રજમાં બલદેવજીનીસાથે રહીને પોતાની બાલલીલાથી વ્રજવાસીઓને આનન્દ આપવા લાગ્યા ।।૫૨।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા-પ્રકરણને શ્રીગુણને કહેનાર ચોથો અને ચાલુ) ''ગર્ગાચાર્યે નામકરણ કર્યું'' એમાં શ્રીગુણ કહ્યો નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**

''પારસમણિ (ભગવત્કથા)ને વાટકે, ભટજી (કથાકાર) માગે ભીખ''
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સે'જ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયારામ)**

# અધ્યાય ૯

## યશોદાજીને ભગવાને સ્વરૂપ જ્ઞાન કરાવ્યું

### બીજા તામસ પ્રકરણના અન્તર્ગત પહેલા પ્રમાણ પ્રકરણનો પાંચમો અને સળંગ નવમો અધ્યાય.

**વિશેષ** : ''શાસ્ત્રોમાં ભગવાનનું સ્વરૂપ જણાવેલું છે'' એમ જાણીને ભગવાન્‌માં નિશ્ચલ ભક્તિ થાય એટલામાટે આ નવમા અધ્યાયમાં પ્રભુનું પરમ અદ્ભુત ચરિત્ર કહેવામાં આવે છે. ભગવાન્‌નું સ્વરૂપ અને એમનું કૃપાલુપણું જરૂર જાણવું જોઈએ તેથી અહીં દયા સાથે જ્ઞાન નું નિરૂપણ થાય છે. જો ભક્તનો નિરોધ ભગવાન્‌માં થાય, ભગવાન્‌નો નિરોધ ભક્તમાં થાયતો એ બન્નેનો મેળ મળવાથી નિરોધ દૃઢ થાય, અન્યથા ન થાય. જ્ઞાન, વૈરાગ્ય અને રૂપ વડે ભગવાન્ વશ થાય છે. માટે ત્રણ અધ્યાયમાં જીવને અધીન લીલા કહી છે. જીવને ભગવાન્ અધીન થાય એ જીવનો મોટો પુરુષાર્થ કહેવાય. દ્વાદશ અંગનો અતિક્રમ કરીને એટલે મર્યાદાનો ત્યાગ કરીને ભગવાન્ છ ગુણવડે વશ થાય છે અને લોકની પાંચ પર્વવાળી અવિદ્યાનો નાશ કરે છે. માટે ભગવાન્‌નો વિચાર અહીં પાંચ (શ્લોક) થી કર્યો છે. પ્રથમ યશોદાજીનું અતિ પૌરુષ કાર્ય સિદ્ધ થયું એમ કહેવાને માટે દશ શ્લોક કહે છે એનું કારણ દશ પ્રકારની ભક્તિ કરે ત્યારે પ્રભુ મળી શકે છે અથવા નવવિધ સાધનભક્તિ અને એક પ્રકારની પ્રેમલક્ષણાથી ભગવાન્ મળે છે. બે શ્લોકથી પુત્રને વશ કરવાનો ઉદ્યમ કરે છે. બે કાંડ વેદના છે તેથી બે શ્લોક કહ્યા. તેનાથી વશ નથી થતા ત્યારે છ શ્લોકથી છ ગુણરૂપ છે તેનાથી વશ થાય છે. પાંચ શ્લોકથી અવિદ્યાનોબાધ કરે છે. (કારિકા)

યશોદાજીનો સંસાર છોડાવે છે તો પણ એ મોહિત થઈને સંસારને પકડે છે. ફરી ભગવદ્‌ગુણગાનમાં એનો કાળ વ્યતીત થાય છે. બે શ્લોકથી એને શ્રમ થયાની વાત છે. તેથી ભગવાને રવાઈ પકડી મથનનો નિષેધ કર્યો અને ભક્તિના સારરૂપ નવનીત આરોગ્યા એમ તેનો નિરોધ કર્યો છતાં એ સમજ્યાં નહિ ત્યારે પ્રભુએ એની ઉપર કોપ કર્યો. લોકદષ્ટિથી તેના ધૌર્ત્યને જોઈને પ્રસન્ન થયાં. લોકદષ્ટિથી જોયું માટે પ્રભુને ત્યાં જોયા નહિ. માતાના દોષ મટાડવા ભગવાન્ નીકળ્યા ત્યારે માતાને એની પાછળ જતાં શ્રમ થયો. પૂર્ણ તપ થયું ત્યારે પ્રભુ યશોદાજીને મળ્યા એમ દશ શ્લોક થયા. અહીં પરોક્ષવાદ ભગવાન્‌ને પ્રિય છે એ માટે પરોક્ષ કથન છે. જીવ સ્વતઃ આસક્તિ કરે તો કૃષ્ણ દૂર જાય છે ત્યારે જ જીવને નિરોધ દૃઢ થાય છે, બીજી રીતે થતો નથી. આ એક નિર્ણીત વાત છે. (કારિકા)

**એકદા ગૃહદાસીષુ, યશોદા નન્દગેહિની ।।**
**કર્માન્તરનિયુક્તાસુ, નિર્મમન્થ સ્વયં દધિ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : એક દિવસ ઘરની દાસીઓ બીજાં આવશ્યક કામમાં રોકાયેલી હતી તે સમયે નન્દરાણી પોતે દધિમથનની ક્રિયા કરવાં લાગ્યાં ।।૧।।

દધિનું મથન કરતાં પોતાના બાળકે ચરિત્રો જે-જે વખતે જેવાં-જેવાં કર્યાં છે તેનું સ્મરણ કરતાં યશોદાજી ગાન કરતાં જાય છે ।।૨।।

તેમણે સ્થૂલ કટિતટ ઉપર દોરી (કન્દોરા) થી બાંધી રેશમી ચણિયો પહેર્યો હતો. એમનાં કમ્પતા સ્તનોમાંથી પુત્ર સ્નેહને લીધે દૂધ સ્રવી રહ્યું હતું. નેતરું ખેંચતાં રહેવાથી હાથ કંઈક થાકી ગયા હતા. હાથમાં કંગન અને કાનો નાં કુંડળ હાલી રહ્યાં હતાં. મોઢા ઉપર પસીનાનાં બિન્દુઓ ઝલકી રહ્યાં હતાં. વેણીમાં ગૂંથેલાં માલતીનાં ફૂલો નીચે પડી રહ્યાં હતાં. સુન્દર ભ્રૂકુટિવાળાં યશોદાજી આ પ્રમાણે દધિમથન કરી રહ્યાં હતાં ।।૩।।

ભગવાન્ ભૂખ લાગતાં મથન કરતાં માતાની પાસે સ્તનપાનમાટે આવ્યા અને માતાની પ્રીતિ વધારતા રવાઈને પકડી એ કાર્ય છોડી દેવાનો સંકેત કર્યો ।।૪।।

સ્નેહથી સ્રવતાં સ્તનનું પાન કરાવતાં ગોદમાં બિરાજતા પુત્રના સ્મિતયુત મુખને માતાએ જોયું. એટલામાં અગ્નિ ઉપર મૂકેલું દૂધ ઉભરાતું જોઈ એ ઉતારવામાટે બાળકને અતૃપ્ત મૂકી માતા એકદમ ચાલ્યાં ગયાં ।।૫।।

ત્યારે પ્રભુને કોપ થયો. લાલ અધર ફરકવા લાગ્યો તેને દાંત નીચે દાબી (કૂટવાના-વાટવાના) પથરાથી ગોળીને ફોડી ખોટું-ખોટું રડવા લાગ્યા અને એકાન્તમાં જઈને માખણનું આપે ભક્ષણકર્યું ।।૬।।

ઉભરાતું દૂધ નીચે ઉતારી યશોદાજી મથનસ્થાનમાં આવીને જુએ છે તો ગોળી ભાંગેલી જોઈ આ પુત્રનું કર્મ જાણી હસ્યાં અને જુએ તો પોતાના પુત્રને જોયા નહિ ।।૭।।

આમ-તેમ નજર કરતાં જણાયું કે શ્રીકૃષ્ણ એક ઊંધા ખાંડણિયા ઉપર ઉભા છે અને આગલા દિવસનું શીકામાંનું માખણ લઈ વાન્દરાઓને ખવરાવી રહ્યા છે, એમને એ ડર પણ છે કે ક્યાંક મારી ચોરી પકડાઈ જશે, તેથી કાન માંડી તાકતા જાય છે. આ જોઈ યશોદાજી ધીરેથી તેની પાસેગયાં ।।૮।।

માતાને હાથમાં લાકડી લઈ આવતાં જોઈ ઊખળી ઉપરથી ભય પામ્યા હોય

તેમ જલદી કૂદીને દોડ્યા. જેને તપથી પ્રેરિત યોગીઓનાં શુદ્ધ થયેલાં મન પણ પહોંચી શક્તાં નથી તે ભગવાન્‌ને પકડવામાટે ગોપી પાછળ દોડ્યાં ।।૯।।

માતાજી પાછળ ચાલતાં મોટા નિતમ્બના ભારથી ચાલી શક્તાં નથી, ઉતાવળથી ચાલે છે ત્યાં કેશમાંથી પુષ્પો ખરી પડે છે. એમ ચાલી યશોદાજીએ પોતે એને પકડી લીધા(આલિંગન કર્યું) ।।૧૦।।

શ્રીકૃષ્ણનો હાથ પકડી તે તેમને ડરાવવા-ધમકાવવા લાગ્યાં. એ વખતે શ્રીકૃષ્ણની ઝાંખી અત્યન્ત વિલક્ષણ થઈ રહી હતી. (ઈશ્વર અપરાધ કરતા જ નથી પણ માતાની દૃષ્ટિએ) અપરાધ તો કર્યો જ હતો, તેથી રુદન કરતા અને હાથવડે આંખો ચોળી રહ્યા હતા, તેથી મુખ ઉપર આંજણ રેલાઈ ગયું હતું. (યશોદાજીએ નીચે ચરણમાં દૃષ્ટિ ન કરી, કરી હોત તો ભક્તિ ઉત્પન્ન થાત, પણ ઉપર નજર કરી તો) તેનાં નેત્રો ભયથી વિહ્‌વલ થઈ રહ્યાં હતાં ।।૧૧।।

બાળક ઉપર વાત્સલ્ય ભાવ આવતાં ''મારો પુત્ર લાકડીથી ભય પામે છે'' એમ જાણી યશોદાજીએ લાકડી છોડી દીધી અને એમના પરાક્રમને નહિ જાણતાં માતાએ એમને દોરડાવડે બાંધવાની ઈચ્છા કરી ।।૧૨।।

જેને અન્દર કે બહાર એવો ભેદ નથી, પૂર્વ કે અપર ભેદ નથી, જગતની પૂર્વ, અપર, બહાર અને અન્દર છે એને જગદ્રૂપ પણ આપ છે ।।૧૩।।

જે સર્વની બહાર છે તેને પોતાનો પુત્ર માની ઈન્દ્રિયથી અગોચરને મનુષ્યના જેવા માની એમને ઊખળી સાથે પ્રાકૃતની જેમ બાંધ્યા ।।૧૪।।

પોતાના અપરાધી પુત્રને બાંધવાનો પ્રયત્ન કર્યો, પરન્તુ દોરડાના બે છેડા મેળવે ત્યાં બે આંગળ ઓછું પડે, ત્યારે યશોદાજીએ બીજું દોરડું સાંધ્યું ।।૧૫।।

એ બન્ને જોડતાં પણ એટલું જ અધૂરું રહ્યું, ત્યારે એને બીજું દોરડું જોડ્યું ।।૧૬।।

એમ જેટલાં ઘરમાં દોરડાં હતાં તે બધાં જોડી દીધાં, છતાં બે આંગળ ઘટ્યું. ગોપીઓ ત્યાં ઉભી-ઉભી જોઈને હસવા લાગી ત્યારે યશોદાજી પણ હસી પડ્યા અને વિસ્મય પામ્યાં ।।૧૭।।

માતાજીને એટલો શ્રમ થયોકે મુખ ઉપર સ્વેદનાં બુંદ આવી ગયાં, કેશપાશમાંથી માળા પડી ગઈ, ત્યારે કૃષ્ણે માતાને થાકી ગયેલાં જોઈને એની ઉપર કૃપા કરી અને સ્વયં બંધાઈ ગયા ।।૧૮।।

હે રાજા પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણ પરમ સ્વતન્ત્ર છે. બ્રહ્મા, ઈન્દ્ર વગેરે સાથે આ સમ્પૂર્ણ જગત્ એમને વશ છે. છતાં આ પ્રમાણે બંધાઈ જઈને સંસારને એ વાત બતાવી દીધી કે હું મારા પ્રેમી ભક્તોને વશ છું ।।૧૯।।

ગોપી યશોદાજીએ મુક્તિદાતા મુકુન્દની જે અસાધારણ કૃપા પ્રાપ્ત કરી તે કૃપા (ભગવાન્નાં) પુત્ર હોવા છતાં બ્રહ્માજીએ, પૌત્ર હોવા છતાં મહાદેવજીએ અને જગજ્જનની, બ્રહ્માનન્દ સ્વરૂપ, નિરન્તર ચરણસેવા પરાયણ લક્ષ્મીજી ભાર્યા હોવા છતાં પણ પ્રાપ્ત કરી શક્યાં નહિ ।।૨૦।।

આ ગોપીકાનન્દ ભગવાન્ અહીં ભક્તિવાળાઓને માટે જેટલા સુલભ છે તેટલા દેહાભિમાની કર્મકાંડી અને તપસ્વીઓને તથા આત્મા (સ્વરૂપ) રૂપી નાવવાળા જ્ઞાનીઓને માટે સુલભ નથી. (માત્ર બાહ્ય સેવા કરતા હોય તે ભક્ત કહી શકાય, ભક્તિમાન ન કહી શકાય. ભક્તિ હોવી એ પ્રભુ પ્રાપ્તિમાં અનિવાર્ય છે) ।।૨૧।।

પછી તો નન્દરાણી યશોદાજી તો ઘરકામમાં ગૂંથાયાં. ભગવાન્ શ્રીકૃષ્ણે તે બન્ને અર્જુન* વૃક્ષોને મુક્તિદાન કરવાનું વિચાર્યું જે પહેલાં યક્ષરાજ કુબેરના પુત્રો હતા ।।૨૨।।

**વિશેષ :** 'અર્જુન' એટલે 'સખિ' નામનું વૃક્ષ. અર્જુન ભગવાન્ના સખા હતા એટલે સખિ વૃક્ષ અર્જુન તરીકે ઓળખાતું. તેને જોઈ અર્જુન યાદ આવ્યા એટલે કૃપા થઈ.

**પુરા નારદશાપેન, વૃક્ષતાં પ્રાપિતૌ મદાત્ ।।**
**નલકૂબરમણિગ્રીવાવિતિ ખ્યાતૌ શ્રિયાઽન્વિતૌ ।।૨૩।।**

એમનાં નામ નલકૂબેર અને મણિગ્રીવ હતાં. એમની પાસે ધન, ઐશ્વર્ય અને સૌન્દર્યની પૂર્ણતા હતી. એમનો ઘમંડ જોઈને દેવર્ષિ નારદજીએતેમનેશાપ આપ્યો અને તે (વ્રજમાં) વૃક્ષ થઈ ગયા હતા ।।૨૩।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા-પ્રકરણનો જ્ઞાનરૂપ પાંચમો અધ્યાય અને ચાલુ) ''યશોદાજીને ભગવાને સ્વરૂપ જ્ઞાન કરાવ્યું'' નામનો નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**સાવધાન! સાવધાન!! સાવધાન!!!**
ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે

# અધ્યાય ૧૦

## નારદજીના શાપરૂપ ભગવદ્ વૈરાગ્ય નિરૂપણ

### બીજા તામસ પ્રકરણના અન્તર્ગત

### પહેલા પ્રમાણ પ્રકરણનો છઠ્ઠો અને સળંગ દસમો અધ્યાય.

**વિશેષ** : એમ નવમાં આધ્યાયમાં અતિ દુર્લભ એવી ભક્તિ કહી, આ દશમા અધ્યાયમાં કૃષ્ણસેવકના સખ્યનું કારણ કહ્યું છે. આ અધ્યાયમાં વૈરાગ્ય ધર્મી વર્ણવાય છે. એ છ ગુણવાળો છે. એટલે એ ભગવદ્રૂપ છે તેથી છ ગુણવાળો કહ્યો છે. અવિનાશી વૈરાગ્ય તો ભગવાન્‌ના વાક્યથી જ થાય છે અને એ જ વિશેષ વાક્ય કહેવાય છે કે જે કોઈ રીતે નિવૃત્ત ન થાય. એ વાક્ય પણ શાપરૂપ હોય તે પણ ભક્તનું વાક્ય હોય. તેથી વૈરાગ્ય કહેવામાટે નારદજીનો શાપ નલકૂબેર મણિગ્રીવને થયાનું કથન છે એ મોક્ષ સુધી શાપ કહ્યો છે. એમાં છ ગુણનો 'વિભાગ' કહે છે. શાપનો ઉદ્યમ, શાપનું કારણ, કૃપાથી થયેલો શાપ, વાક્યનું ફલ, જલદી કરેલી સ્તુતિ અને અનુગ્રહ તે છ થી, બારથી, ત્રણ શ્લોકથી, છથી દશથી, પાંચ શ્લોકથી એમ છ અર્થ આ અધ્યાયમાં કહેવામાં આવે છે. આ અપૂર્વ વાત હોવાથી સાંભળવાની ઈચ્છા થતાં પરીક્ષિતે પ્રશ્ન કર્યો છે. એ પણ ધનમદથી શાપિત થયો છે તેથી એની મુક્તિ જાણવાનું એનું મન છે. (કારિકા)

પ્રથમ છ શ્લોકથી શાપનો ઉદ્યમ છે તેમાં દરેક શ્લોકનો અર્થ કહે છે. ઉન્માદ, પ્રમાદ, નિન્દિત આચરણ, મોટાઓની પાસે ધૃષ્ટતાસિદ્ધિને માટે એમ કરવું એ પણ ધાષ્ટર્ય બે ભાઈનું જ છે, સમુદાયનું નથી એટલાથી શાપનો ઉદ્યમ કહ્યો છે. (કારિકા)

**કથ્યતાં ભગવન્નેતત્ તયોઃ શાપસ્ય કારણમ્ ।।**
**યત્ તદ્ વિગર્હિતં કર્મ યેન વા દેવર્ષેસ્તમઃ ।।૧।।**

**પરીક્ષિત રાજાએ કહ્યું** : હે ભગવાન્! એ બન્ને ભાઈને નારદજીએ શા માટે શાપ આપ્યો? વળી એ પણ કહો કે એવું એનું શું નિન્દ્ય કર્મ હતું કે જેથી દેવર્ષિ નારદજીને ક્રોધ થયો ।।૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એ રુદ્રના અનુચર અત્યન્ત ગર્વવાળા હતા, કારણ કે એ ધનદ (કુબેર) ના પુત્ર હતા. એ કૈલાસના સુન્દર ઉપવનમાં જ્યાં ગંગા નદી છે તેમાં મદાન્ધ થઈને ક્રીડા કરતા હતા ।।૨।।

વારુણી મદિરા પીવાથી મદમાં લોચન ઘેરાઈ ગયાં છે તેવા, જેની પાછળ

સ્ત્રીઓ ગાન કરે છે તેવા પુષ્પિત વનમાં ફરવા લાગ્યા ।।૩।।

કમળની પંક્તિથી શોભતી ગંગાની અન્દર પેસીને, હાથીઓ હાથણીઓ સાથે ક્રીડા કરે તેમ, સ્ત્રીઓ સાથે ક્રીડા કરવા લાગ્યા ।।૪।।

હે કૌરવ! ત્યાં ભગવાન્ દેવર્ષિ નારદજી દૈવ ઇચ્છાથી આવી પહોંચ્યા. કુબેરપુત્રોને નારદજીએ જોયા અને બન્નેને મદમાં છકેલા જાણ્યા ।।૫।।

જે સ્ત્રીઓ હતી તે તો વસ્ત્ર વગરની જલવિહાર કરતી હતી તે, ''મુનિ શાપ આપશે'' એવા ભયથી નારદજીને જોઈને શરમાઈ ગઈ અને તેઓએ જલદી વસ્ત્રો પહેરી લીધાં, પણ નલકૂબેર અને મણિગ્રીવ તો વિવસ્ત્ર (નગ્ન) હતા. તો પણ તેમણે નારદજી આવ્યા છતાં કપડાં પહેર્યા નહિ ।।૬।।

મદિરામાં મત્ત બનેલા, લક્ષ્મીના મદથી અન્ધ બનેલા, કુબેરના પુત્રોને જોઈને એમની ઉપર અનુગ્રહ કરી શાપ આપતા નારદજી આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૭।।

**શ્રીનારદજી બોલ્યા :** જે લોકો પોતાના પ્રિય વિષયોનું સેવન કરે છે, તેમની બુદ્ધિનો સૌથી વધારે નાશ કરનાર (શ્રીમદ) ધનસમ્પત્તિનો નશો છે. હિંસા વગેરે રજોગુણી કર્મ તથા કુલિનતા વગેરેનું અભિમાન પણ તેનાથી વધારે બુદ્ધિ ભ્રષ્ટ કરનાર નથી કારણ કે ધનના મદની સાથે સ્ત્રી, જુગાર અને શરાબ પણ હોયજ છે ।।૮।।

મદવાળો માણસ મનને વશ રાખી શક્તો નથી તેથી પશુની હિંસા કરે છે અને આ દેહ કોઈ દિવસ વૃદ્ધ નહિ થાય કે એનો પાત પણ નહિ થાય એમ ધારી, બીજા જીવને મારી પોતાના શરીરનું પોષણ કરે છે ।।૯।।

જે શરીરને 'ભૂદેવ', 'નરદેવ', 'દેવ' વગેરે નામથી ઓળખવામાં આવે છે તે શરીરની કૃમિ, વિષ્ઠા અને ભસ્મ એવી સંજ્ઞાઓ થાય છે. એને માટે મનુષ્ય ભૂતનો દ્રોહ કરી પોતાનો શો સ્વાર્થ કરે છે? ભૂત દ્રોહથી તો નરકની પ્રાપ્તિ થાય છે ।।૧૦।।

આ દેહ કોની સમ્પત્તિ? અન્ન આપીને પાલન કરનારની છે? કે ગર્ભાધાન કરાવનાર પિતાની કે નવ માસ પેટમાં રાખનાર માતાની છે? અથવા માતાને જન્મ આપનાર **'નાના'** ની છે? આ દેહ, જે બળવાન પુરુષ એની પાસે જબરદસ્તીથી કામ કરાવી લે તેનો છે કે પૈસા આપી ખરીદી લેનારનો છે? ચિતાની જે ધધકતી આગમાં દેહ બળી જશે તે અગ્નિનો છે કે કુતરા-શિયાળ જેને ચૂંથી-પીંખીને ખાઈ જવાની રાહ જોઈને બેઠાં છે તેમનો છે? એ વાત વિચારવા જેવી છે ।।૧૧।।

એવો સર્વસાધારણ દેહ છે જેનાં ઉત્પત્તિ અને નાશ ને કોઈ જાણી શકતું નથી, તેને પોતાને અધીન માની ક્યો ડાહ્યો પુરુષ એને માટે હિંસા કરે? કેવળ દુષ્ટ હોય તે જ એવું કામ કરે ।।૧૨।।

જે દુષ્ટ પુરુષો લક્ષ્મીના મદથી અન્ધ થઈ રહ્યા છે તેમની આંખોમાં પ્રકાશ લાવવામાટે દરિદ્રતા જ સૌથી ઉત્તમ અંજન છે કારણ કે દરિદ્ર એ જોઈ શકે છે કે બીજા પ્રાણીઓ પણ મારા જ જેવાં છે ।।૧૩।।

જે માણસને કાંટો વાગ્યો હોય તે જેમ બીજાને એવી પીડા ન થાય એમ ઈચ્છે છે, કેમકે એ પોતાને દુઃખ થયું તેવું જ બીજાને દુઃખ થાય છે એમ જાણી એ બીજાને દુઃખ થવાનું ઈચ્છતો નથી, પરન્તુ જેને ક્યારેય કાંટો વાગ્યો જ નથી, તે તેની પીડાનું અનુમાન કરી શકતો નથી ।।૧૪।।

દરિદ્રને ગર્વ તો થતો નથી, કોઈ જાતનો મદ પણ હોતો નથી, દૈવઈચ્છાથી કષ્ટ પામે છે તે જ એનેમાટે પરમ તપ રૂપ થાય છે ।।૧૫।।

નિત્ય ભૂખ વેઠે છે તેથી શરીરે દુર્બલ રહે છે. દરિદ્ર અવસ્થાથી નિત્ય અન્નને ઈચ્છ્યા કરે છે. તેથી ઈન્દ્રિયો જલદી સુકાઈ જાય છે. એનાથી હિંસા થઈ જ શકતી નથી ।।૧૬।।

સમાન ભાવવાળા ભક્તો દરિદ્રને જ મળે છે. સત્પુરુષથી એની સર્વ તૃષ્ણા નિવૃત્ત થાય છે તેથી જ એ જલદી શુદ્ધ થઈ જાય છે ।।૧૭।।

મુકુન્દના ચરણની ઈચ્છાવાળા સાધુપુરુષો સમાન ભાવવાળા હોય છે. એ ધનના મદવાળાની ઉપેક્ષા કરે છે. કેમકે ધનિકો અસત્ અને અસદાશ્રયવાળા હોય છે. એનાથી ભક્તને કાંઈ સાધવાનું હોતું નથી તેથી એ એની ઉપેક્ષા કરે છે. જ્યારે એ દરિદ્રીને જઈને મળે છે, ત્યારે એનો ઉપદેશાદિથી શાન્ત કરે છે. કેમકે એ દીનવત્સલ હોય છે ।।૧૮।।

માટે હું વારુણી મદિરાથી ગાંડા બનેલા, લક્ષ્મીના મદમાં અન્ધ થયેલા, સ્ત્રીમાં આસક્તિવાળા અને ઈન્દ્રિયલોલુપ, આ ધનદના પુત્રોનું અજ્ઞાન મટાડી દઈશ ।।૧૯।।

આ લોકપાલના (દોષનો અનુવાદ, શાપ અને પ્રસાદ એ ક્રમથી ત્રણ અર્થ કહ્યા છે.) પુત્ર થઈને અજ્ઞાનમાં ડૂબી ગયા છે, જે અત્યન્ત દુષ્ટ મદવાળા થઈ પોતે વસ્ત્રરહિત છે એટલું પણ એ જાણી શક્તા નથી ।।૨૦।।

તેથી એ સ્થાવરતાને પ્રાપ્ત થાઓ, કેમકે ફરી આવી દશા એની ન થાય એમાં પણ મારી પ્રસન્નતાથી એને પોતાના આત્માનું સ્મરણ રહે એવો એની ઉપર મારો અનુગ્રહ છે ।।૨૧।।

દેવોનાં સો વર્ષ જશે ત્યારે એઓને ભગવાન્ વાસુદેવનાં દર્શન થશે, તેમની કૃપાથી એ પાછા પોતાના લોકમાં આવી ભગવાન્‌ની ભક્તિવાળા થશે ।।૨૨।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** નારદજી એમ બોલી નારાયણના આશ્રમમાં ગયા. નલકૂબર અને મણિગ્રીવ વ્રજમાં યમલાર્જુન ('યમલ' એટલે જોડકું- બે; મૂળ એક અને ઉપરથી બે જુદા અર્જુન નામના વૃક્ષ. સાથે ઉત્પન્ન થયેલા માટે યમલાર્જુન નામે પ્રસિદ્ધ છે.) થયા ।।૨૩।।

ભગવદ્ભક્ત નારદજીના વચનને સત્ય કરવામાટે ધીમે-ધીમે ભગવાન્ જ્યાં યમલાર્જુન હતા ત્યાં પધાર્યા ।।૨૪।।

"દેવર્ષિ મને ઘણા પ્રિય છે તેથી એ મહાત્માએ જ કહ્યું છે તે હું સિદ્ધ કરીશ. કેમકે, આ નલકૂબર અને મણિગ્રીવ પણ ભક્ત કુબેરના પુત્રો છે" ।।૨૫।।

એમ વિચાર કરી કૃષ્ણ બન્ને વૃક્ષની અન્દર ગયા. જેવા પોતે વચ્ચે ગયા કે ઊખળી હતી એ આડી થઈ ગઈ ।।૨૬।।

જેના ઉદર ઉપર દોરડું બાંધેલું છે તેવા બાળકે અનુકૂળ રીતે ઊખળીને ખેંચતાં વૃક્ષના અન્દરના મૂળના બન્ધન છૂટી ગયાં. એને ભગવાને ખેંચ્યુ ત્યારે થડ, પાન અને શાખાઓ (ભીમ કે હનુમાન જેવા) મહાન પરાક્રમી પુરુષો હલાવે અને જેવા કમ્પ થાય તેવા કમ્પથી હચમચી ઉઠ્યાં અને તે વૃક્ષો ભયંકર શબ્દ સાથે મૂળમાંથી ઊખડી પડ્યાં ।।૨૭।।

ત્યાં એમાંથી પોતાની શોભાવડે દિશાને પ્રકાશતા, વૃક્ષમાંથી અગ્નિ નીકળ્યો હોય તેમ બે સિદ્ધો નીકળી ભગવાન્‌ની પાસે હાજર થયા. અખિલ લોકના નાથ શ્રીકૃષ્ણને મસ્તકથી પ્રણામકરી રજોગુણરહિત થઈ હાથ જોડી આ પ્રમાણે સ્તુતિ કરવાલાગ્યા ।।૨૮।।

***નલકુબર અને મણિગ્રીવ બોલ્યા:** હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મહાયોગિન્! આપ આદ્ય છો, પરમ પુરુષ છો. વ્યક્ત વિશ્વરૂપ અને અવ્યક્ત બ્રહ્મરૂપ પણ આપનું જ રૂપ છે ।।૨૯।।

**વિશેષ :** પ્રાણ દશ છે તેથી દશ શ્લોકથી નલકૂબર મણિગ્રીવે ભગવાન્‌ની સ્તુતિ કરી છે. તે

સ્તુતિમાં જ્ઞાન અને વૈરાગ્ય નો સારી રીતે નિર્ણય કહ્યો છે. આપ પ્રથમ મૂળરૂપ હતા, પછી જગદ્રૂપ અને મધ્યરૂપ થયા. એ ત્રણ પ્રકારે જ્ઞાનરૂપ કહ્યા. માહાત્મ્ય બતાવવામાટે દુર્જ્ઞેયત્વ પણ કહ્યું છે. સર્વરૂપ છતાં સર્વનું ગ્રહણ કરતાં આપનું ગ્રહણ થતું નથી, તેથી એ આધ્યાત્મિક કે ભૌતિક નહિ પણ આધિદૈવિક છે. અને સર્વરૂપ થાય છે, તેનાથી બે (આધિભૌતિક અને આધ્યાત્મિક) થાય છે. એક તો સર્વત્વ અને બીજું કર્તૃત્વ એનાથી જ્ઞાન અને ભક્તિ થાય છે. તેથી પ્રથમ જ્ઞાન કહ્યું અને પછી ઉત્તમ ભક્તિ કહે છે. આનાથી જ વૈરાગ્યનું નિરૂપણ થાય છે. જો એ વૈરાગ્ય જ્ઞાન ઉત્પન્ન ન કરે તો બધું છોડી દેવું, નહિ તો નાશ થાય છે. ભક્તિને માટે જે જ્ઞાન થાય તે છઠ્ઠા શ્લોકમાં કહ્યું છે. અન્યથાભાવની શંકા મટાડવામાટે ભગવાન્‌ને પરમ પુરુષ કહ્યા છે. ભગવાન્‌ને નમન કરી જવાની પ્રાર્થના કરી, તે ભક્તને અયોગ્ય ગણાય, એમ જો શંકા થાય, તો એમની ભક્તિ છ ગુણવાળી છે તે ભક્તની સાથે રહીને કરવી. તે ભક્તિ પરોક્ષમાં સિદ્ધ થાય છે. ગુપ્તરસ ત્યારે ઉદ્‌બુદ્ધ થઈ રસરૂપ થાય છે. એકમાં ગુણ પ્રધાન ભાવ વિરુદ્ધ ગણાય, તેથી ભગવાન્ સ્વયં એને માટે ઉદ્યુક્ત થયા. પોતાના રસભાગને માટે કે બીજાના રસને માટે એનો નિર્ણય કરવાનો છે. તેઓ ભગવાન્‌ને ઊખળીથી છોડે તે શક્ય ન હતું. (કારિકા)

આપ જ પ્રાણિમાત્રના દેહ, પ્રાણ, અન્તઃકરણ, ઈન્દ્રિય અને ઈશ્વરરૂપ છો. આપ જ કાળરૂપ છો. વ્યાપક છો. કોઈ દિવસ વિકૃતિ ન થાય તેવા નિયામક પણ આપ જ છો ।।૩૦।।

(એમ મૂળરૂપ અને જગદ્રૂપની સ્તુતિ કરી. હવે મધ્યરૂપની સ્તુતિ કરે છે) આપ મહત્તત્વ, સૂક્ષ્મ પ્રકૃતિ અને રજોગુણ, તમોગુણ અને સત્વગુણની સમાનાવસ્થારૂપ પ્રકૃતિ પણ આપજ છો. આપજ પુરુષરૂપ, સાક્ષીરૂપ અને સર્વ ક્ષેત્રના વિકારને જાણનાર છો ।।૩૧।।

વૃત્તિઓથી ગ્રહણ કરાતા પ્રકૃતિના ગુણો અને વિકારો દ્વારા આપ ગ્રહણ થઈ શકાતા નથી. સ્થૂલ અને સૂક્ષ્મ શરીરના આવરણથી ઢંકાયેલો એવો ક્યો પુરુષ છે જે આપને જાણી શકે? કારણ કે આપ તો એ શરીરોની પહેલાં પણ વિદ્યમાન્ હતા ।।૩૨।।

એ ભગવદ્રૂપ શુદ્ધસત્વમાં પ્રકટ થતાં વાસુદેવ સર્વને કરનાર અને પોતે પ્રકાશ કરેલા ગુણોવડે જેનો પ્રકાશ ઢંકાયેલો છે તેવા બ્રહ્મરૂપ આપને અમારા નમસ્કાર હો ।।૩૩।।

આપને પ્રાકૃત શરીર નથી, છતાંય જ્યારે આપ એવાં પરાક્રમ પ્રકટ કરો છો, જે સાધારણ શરીરધારીઓમાટે શક્ય નથી અને જેનાથી ચડિયાતા તો શું જેની બરાબરી પણ કોઈ કરી શકે નહિ ત્યારે તે દ્વારા તે શરીરોમાં આપનાં અવતારોની જાણ થાય છે ।।૩૪।।

ઉપર કહ્યા પ્રમાણેના રૂપવાળા આપ, લોકનાં ઉત્પત્તિ અને અભ્યુદય ને હમણાં લોકમનોરથ પૂર્ણ કરવામાટે અંશ (જીવરૂપે) અને ભાગ (તેના ભોગ્ય પદાર્થ) વડે આપ પ્રકટ થયા છો ।।૩૫।।

હે પરમકલ્યાણ, વિશ્વમંગળ, વાસુદેવ! શાન્તઅને યદુઓ નાપતિ! આપને અમારાનમસ્કારહો! ।।૩૬।।

હે ભૂમન્! આપના દાસના દાસ અમોને જવાની આજ્ઞા આપો. આપનું દર્શન અમોને નારદઋષિના અનુગ્રહને લઈને થયું ।।૩૭।।

(આ પ્રમાણે જવાની રજા માગી. ત્યાં ગયા પછી આપની ભક્તિ અમને થાય એવી પ્રાર્થના કરતા કહે છે કે) અમારી વાણી[1] આપના ગુણાનુવાદમાં ઉપયુક્ત થાય, આપની કથામાં અમારા કાનનો વિનિયોગ થાય, હાથનો તથા પગનો આપની સેવામાં ઉપયોગ થાય, અમારા મનનો આપના ચરણારવિન્દની સ્મૃતિમાં ઉપયોગ થાય, હે જગતના નિવાસ! આપને પ્રણામ કરવામાં અમારા મસ્તકનો અને આપના શ્રીઅંગરૂપ ભક્તોનાં[2] દર્શનમાં અમારાં નેત્રનો ઉપયોગ થાય, એવી આપ કૃપા કરો ।।૩૮।।

**વિશેષ** : ૧. વાણી, બે કાન, બે હાથ, ચિત્ત, માથું, બે આંખો, આ છ ભગવત્કાર્યમાં આસક્ત થાય તો જીવ કૃતાર્થ થાય.વાણી કીર્તનમાં, કાન કથા શ્રવણમાં,ચિત્ત સ્મરણમાં, હાથ સેવામાં,મસ્તક નમનમાંઅને નેત્ર પ્રકટ થયેલ ભગવાન્નાં દર્શનમાં ઉપયુક્ત થાય તોકૃતાર્થ થવાય, તેથીનલકૂબરે એટલી પ્રાર્થના ઉપરના શ્લોકમાં કરી છે. માટે ભગવાને એને વરદાનદ્વારા ભક્તિઆપી.

૨.ભગવાન્ના સાક્ષાત્ દર્શનની પ્રાર્થના કરે તો ઉદ્ધતાઈ (અવિવેક) થાય માટે તે ન કરતાં ભગવદીયોનાં દર્શનની પ્રાર્થના કરી છે

**શ્રીશુકદેવજી બોલ્યા** : એમ ભગવાન્ ગોકુલેશ્વરનું એ બન્નેએ કીર્તન કર્યું ત્યારે માતાએ દોરડાથી ઊખડી સાથે બાંધ્યા છે તેવા ભગવાને ગુહ્યકોને કહ્યું ।।૩૯।।

**શ્રીભગવાને કહ્યું** : લક્ષ્મીના મદથી અન્ધ બનેલા તમો બન્ને ઉપર દયાળુ

નારદઋષિએ શાપ આપી તમારું ઐશ્વર્ય નષ્ટ કર્યું અને અનુગ્રહ કર્યો એ વાત મારા જાણવામાં છે ।।૪૦।।

જેમ સૂર્યોદય થતાં મનુષ્યોનાં નેત્રો આગળ અન્ધકાર ટકી શક્તો નથી તેમ જ, જેમની બુદ્ધિ સમદર્શિની છે અને હૃદય મને સમર્પણ કર્યું છે તેવા ભગવદીયોના દર્શનથી બન્ધન રહેતું નથી ।।૪૧।।

માટે હે નલકૂબર! મહાભાગ્યશાળી! તમે ઘેર જાઓ. મારામાં તમને ઈચ્છિત પ્રેમ થયો છે. તમે શ્રવણ આદિ માગ્યું તે તો સહજ બનશે, કેમકે આ તમારો છેલ્લો જન્મ છે ।।૪૨।।

**ઈત્યુક્તૌ તં પરિક્રમ્ય પ્રણમ્ય ચ પુનઃ પુનઃ ।।**
**બદ્ધોલૂખલમામન્ત્ય જગ્મતુર્દિશમુત્તરામ્ ।।૪૩।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એમ ભગવાને કહ્યું ત્યારે ઊખળીએ બાંધેલા પ્રભુની પરિક્રમા કરી, તેમને વારંવાર પ્રણામ કરી એમની આજ્ઞા માગી બન્ને ઉત્તર દિશા તરફ ગયા ।।૪૩।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા-પ્રકરણનો વૈરાગ્ય નામનો છઠ્ઠો અધ્યાય તથા ચાલુ) ''નારદજીના શાપરૂપ ભગવદ્ વૈરાગ્ય નિરૂપણ'' નામનો દશમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૧૧

## ધર્મિસ્વરૂપે શ્રીનન્દરાયજીના નિરોધનું નિરૂપણ

### બીજા તામસ પ્રકરણના અન્તર્ગત પહેલા પ્રમાણ પ્રકરણનો સાતમો અને સળંગ અગ્યારમો અધ્યાય.

**વિશેષ** : ગોકુલમાં સર્વભાવથી નિરોધનું વર્ણન કરવાનું છે. સ્ત્રીઓનો તે નિરોધ કહેલો છે. નન્દરાયજીની પ્રધાનતાથી પુરુષોનો નિરોધ પણ કહ્યો. આ અગિયારમા અધ્યાયમાં નન્દરાયજીની પૂર્વાવસ્થા બધી છોડાવીને તેમને શ્રીકૃષ્ણમાં ભાવ થયો એ વાત કહેવામાં આવે છે. પ્રથમ તો ભગવાન્‌ને ઊખળીથી છૂટા કર્યા. એની મુગ્ધલીલા કહી અને ગોકુલથી વૃન્દાવનમાં

પધરાવ્યા. ત્યાં લીલા કરી. વત્સ અને બક ને માર્યા અને નન્દરાયજી વગેરેને ભગવત્વેન જ્ઞાન થયું તે અનુક્રમે ૬-૩-૧૬-૪-૬-૯-૫ શ્લોકથી કહે છે. આ અધ્યાયમાં સપ્તાર્થ કહી ધર્મી અને ધર્મવડે ભગવદ્રૂપ અર્થ કહ્યો છે. ભગવાન્ પોતાના રસભોગમાટે જે નિરોધ કરે છે તે ભગવાન્ જ છે, ભગવદ્રૂપ છે. બીજી બધી એ સિવાયની વસ્તુમાં વૈરાગ્ય રાખવું. વૃન્દાવનમાં ભગવાન્‌ની પ્રસન્નતા સિવાય જવાનું કારણ નથી. એમ બતાવવામાટે લીલોપયોગી વૃન્દાવનસ્થ પદાર્થોમાં ભગવાન્‌ની પ્રીતિનું કથન છે. વત્સાસુરને મારી વત્સચારણ દોષને મટાડ્યો ગોવાળિયાના દોષ મટાડવામાટે બકાસુરને માર્યો છે. દુષ્ટના ઉપદ્રવથી સ્થાન ત્યાગ નથી કર્યો, પણ એમાં પ્રભુ ઇચ્છા જ કારણ છે. તેથી જ ગોપોની સભામાં મહાવન છોડવાનો અને વૃન્દાવન આવવાનો વિચાર અને આનન્દનું નિરૂપણ કર્યું છે. એ આનન્દમાટે જ ભગવાન્‌નો બાલભાવ સમ્ભવે છે. તે બાલભાવનું કાર્ય સિદ્ધ થયું એટલે બૃહદ્વનનો ત્યાગ કર્યો છે. એનું વર્ણન અહીં આપ્યું છે.

**ગોપા નન્દાદયઃ શ્રુત્વા દ્રુમયોઃ પતતો રવમ્ ।।**
**તત્રાજગ્મુઃ કુરુશ્રેષ્ઠ નિર્ધાતભયશઙ્કિતાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** નન્દરાયજી વગેરે ગોપોએ પડતાં બે વૃક્ષોનો શબ્દ સાંભળ્યો અને હે કુરુશ્રેષ્ઠ! વીજળી પડ્યાની શંકાથી બધા ત્યાં આવી પહોંચ્યા ।।૧।।

ત્યાં તો યમલાર્જુનને ભૂમિ ઉપર પડેલાં જોયાં. એ પડવાનું દેખીતું કારણ એમના જાણવામાં ન આવ્યું તેથી એ બધાં ભ્રમમાં પડી ગયા ।।૨।।

ઊખળીને ખેંચતા અને દોરડાથી બંધાયેલા બાળકને બે વૃક્ષોની વચ્ચે જોયા તો પણ ''આ કોનું કર્મ છે? કોઈ ઉત્પાત ન થયો હોય! આ બાળક અહીં ક્યાંથી?'' એમ જાણીને બધા ભય પામવા લાગ્યા ।।૩।।

ભગવાન્ સિવાય ત્યાં કોઈ નથી અને એમણે આ વૃક્ષો પાડ્યાં એમ તો એને જ્ઞાન ન થયું કેમકે ભગવાન્‌ને એ બાળક માને છે, વળી એ બંધાયેલ છે તેથી એ શંકાનો અન્ત ન આવતાં એ બધા વિચારમાં પડી ગયા. ત્યાં બાળકો ફરતાં હતાં તેમણે કહ્યુંઃ''આ બાળક ઊખળી ખેંચતાં અહીં આવ્યો. બન્ને વૃક્ષની વચ્ચે એ ઊખળી આડી થઈ ગઈ. તેને કૃષ્ણે ખેંચી તેથી વૃક્ષ પડી ગયાં અને તરત અમે બે પુરુષોને જોયા'' ।।૪।।

પણ એ તો સમ્ભવે નહિ એવું અનુમાન કરી બાળકના વાક્યને માનવાને તૈયાર

ન થયા. કેટલાક સન્દેહ લાવીને બોલ્યા કે ''આવાં મોટાં વૃક્ષોને બાળક પાડી નાખે એ ન માનવા જેવી વાત છે'' ।।૫।।

દોરડે ઊખડી સાથે બાંધેલા પોતાના બાળકને જોઈ, નન્દરાયજી હસી પડ્યા અને એને બાંધેલાં બધાં દોરડાઓ છોડી નાખ્યાં ।।૬।।

સર્વશક્તિમાન્ ભગવાન્ ક્યારેક-ક્યારેક ગોપીઓના ફોસલાવવાથી સાધારણ બાળકોની જેમ નાચવા લાગતા, ક્યારેક ભોળાભાલા અબુધ બાળકની જેમ ગાવા લાગતા, જાણે કે એમના હાથની કઠપૂતળીની જેમ સર્વથા એમને અધીન બની ગયા હતા ।।૭।।

ક્યારેક એમની આજ્ઞાથી બાજઠ લઈ આવતા, તો ક્યારેક તોલવાનાં કાટલાં લાવી આપતા. ક્યારેક ખડાઉ લઈ આવતા, તો ક્યારેક પોતાના પ્રેમી ભક્તોને આનન્દિત કરવા પહેલવાન્‌ની જેમ બાહુક્ષેપ કરવા લાગતા ।।૮।।

આ પ્રમાણે સર્વશક્તિમાન્ ભગવાન્ પોતાની બાળલીલાઓથી વ્રજવાસીઓને આનન્દિત કરતા અને સંસારમાં જે લોકો એમનારહસ્યના જાણકાર છેતેમને એમ બતાવે છે કે હું મારા ભક્તોને અધીન છું ।।૯।।

*એ મહાવનમાં ઘણા ઉત્પાત થવા લાગ્યા એ જાણીને ગોપોમાં વૃદ્ધ નન્દરાયજી વગેરે ભેગા મળીને ''અહીં ઉત્પાત બહુ થાય છે, તો આપણા વ્રજની રક્ષાનેમાટે શું કરવું?'' એ અંગે વિચાર કરવા લાગ્યા ।।૧૦।।

**વિશેષ :** અહીંથી દશ શ્લોકો ફલ વેચનારીની કથાને ક્ષેપક ગણી શ્રીઆચાર્યચરણે એનું વ્યાખ્યાન કર્યું નથી તેથી અમે પણ એનું ભાષાન્તર કર્યું નથી તેથી આ અધ્યાયના ક્ષેપકને બાદ કરતાં કુલ ઓગણપચાસ શ્લોક છે.

પ્રથમ વિચારનેમાટે ઉદ્યોગ[1] કર્યો એમાં ઉપનન્દ નામના ગોપ ઉમરમાં અને જ્ઞાનમાં શ્રેષ્ઠ હતા. દેશ, કાલ અને અર્થ ના તત્વને જાણનાર અને રામ-કૃષ્ણનું પ્રિય કરનાર હતા. તેમણે પહેલાં કહ્યું કે ગોકુલનું હિત ઈચ્છનાર આપણે અહીંથી બીજે સ્થળે જવું જોઈએ, કેમકે અહીં પ્રજાનો નાશ કરનાર ઉત્પાતો[2] થયા જ કરે છે ।।૧૧-૧૨।।

**વિશેષ :** ૧. પ્રથમ જવાનો ઉદ્યોગ, મુખ્ય ઉપનન્દની પ્રાપ્તિ થયા પછી વિચાર કર્યો એ ત્રણ શ્લોકથી કહે છે. આ સ્થાનને છોડવામાટે વૃન્દાવનના ગુણ કહ્યા. શ્રીકૃષ્ણની આજ્ઞાથી વૃન્દાવન જવાનો વિચાર કર્યો તેથી એને કાલની અપેક્ષા ન રહી, નહિ તો બ્રાહ્મણની પાસે મુહૂર્ત

જોવરાવત. પાંચ શ્લોકથી ત્યાં જવાનું થયું. ભગવાન્ વૃન્દાવન જોઈને પ્રસન્ન થયા. સોળ શ્લોકથી ભગવાન્ વૃન્દાવનમાં પધાર્યાનું વર્ણન છે તેથી એ સોળ કળાયુક્ત વૃન્દાવનમાં બિરાજે છે એમ સમજવું (કારિકા)

૨. અલૌકિક અનિષ્ટનું કારણ અને સર્વનો નાશ કરે તે ઉત્પાત કહેવાય. ડાહ્યા પુરુષોએ મહા ઉત્પાત તેને જાણવો કે જે થતાં તે સ્થાન તજવા યોગ્ય થાય છે. (કારિકા)

બાળકને મારવાને રાક્ષસી આવી તેનાથી ભગવાને બાળકને બચાવ્યો. હરિની કૃપાથી વળી ગાડું ઊંધું વળ્યું એ પણ ઉપર ન પડ્યું એ બહુ સારું થયું ।।૧૩।।

વંટોળિયો આવ્યો તેણે તો બાળકને ઘણે ઊંચે ઉડાવ્યો એટલું જ નહિ, પણ મોટા ભયમાં મૂક્યા, કેમકે એ દૈત્ય શિલા ઉપર પડ્યો ત્યાં બાળક નીચે ન આવતાં એની ઉપર આવી ગયો તેથી દેવોના ઈશ્વરે (ભગવાન્‌ના ભક્તોએ) જ એને સર્વ તરફથી બચાવ્યો ।।૧૪।।

વળી આ બે વૃક્ષ પડ્યાં તેની વચ્ચે બાળક હતો તો પણ એને અથવા બીજા કોઈને પણ ઈજા ન થઈ, એ પણ ભગવાને બચાવ્યા એમ જ ગણાય ।।૧૫।।

દેવોએ ત્રણવાર રક્ષણ કર્યું. જ્યાં સુધીમાં ઉત્પાતથી થતું મૃત્યુ જેવું અનિષ્ટ વ્રજનો વિનાશ ન કરે એ પહેલાં આપણે અહીંથી બાળકોને અને અનુજીવીઓને લઈને અન્યત્ર જતાં રહેવું જોઈએ ।।૧૬।।

અહીં વૃન્દાવન નામનું વન છે. તે પશુઓમાટે હિતાવહ છે. એમાં પવિત્ર પર્વત છે. લતાઓ, ઘાસ વગેરે પણ એમાં પુષ્કળ છે. ગોપ, ગોપી અને ગાયો ને સેવન કરવા લાયક એ નવું વન છે ।।૧૭।।

આજે જ આપણે ત્યાં જઈએ; માટે વિલમ્બ ન કરો અને ગાડાં જોડો. જો તમને ઠીક લાગે તો આપણા એક માત્ર ધન ગાયોને આગળ રવાના કરીએ ।।૧૮।।

એ સાંભળીને બધા ગોપો એકમત થઈને 'સારું, સારું' એમ કહેવા લાગ્યા; પોત-પોતાની ગાયોના ધણોને એકત્ર કરી ગાડાંમાં બધો સરસામાન નાખી રવાના થયા ।।૧૯।।

વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓ ને ગાડાંમાં બેસાડી તેમ જ બધો ઉપયુક્ત ગૃહનો સામાન ગાડામાં ગોઠવી ગોપો તૈયાર થઈ કવચ, ધનુષ વગેરેથી સજ્જ થયા ।।૨૦।।

ગોધનને આગળ કરી શિંગ અને તુરી જોર-જોરથી વગાડતા પુરોહિતો સાથે આગળ ચાલ્યા ।।૨૧।।

ગોપીજનો પોત-પોતાના વક્ષઃસ્થલ ઉપર તાજું કેસર લગાવી, સુન્દર-સુન્દર વસ્ત્રો પહેરી, ગળામાં સોનાના હાર પહેરી રથોમાં બેઠાં હતાં અને અત્યન્ત આનન્દથી ભગવાન્ શ્રીકૃષ્ણની લીલાનાં ગીત ગાતાં જતાં હતાં ।।૨૨।।

યશોદાજી અને રોહિણીજી બન્ને એક ગાડામાં બિરાજ્યાં, શ્રીકૃષ્ણ અને રામ સાથે બિરાજ્યા તેથી એ શોભવા લાગ્યાં અને એમની વાત સાંભળવામાં એ બન્ને ઉત્સુક હતાં ।।૨૩।।

સર્વકાલમાં સુખ કરનાર વૃન્દાવનમાં પ્રવેશ કરીને ત્યાંગાડાને અર્ધચન્દ્રાકારમાં રાખી એની અંદર પોતાને રહેવાનુંરાખ્યું ।।૨૪।।

વૃન્દાવન, ગોવર્ધન અને યમુનાજી ના પુલિનોને જોઈને હે રાજન્! રામ તથા કૃષ્ણ ને એમાં ઉત્તમ પ્રીતિ થઈ ।।૨૫।।

એમ બાલચેષ્ટાવડે વ્રજવાસીઓને સુન્દર બોબડી-તોતડી વાણીવડે પ્રીતિ કરાવતા રામ-કૃષ્ણ થોડા સમયમાં વાછડાં ચારવા લાગ્યા ।।૨૬।।

નજીકની જમીનમાં ગોવાળના છોકરાઓની સાથે વાછડાં ચારવા નીકળે ત્યારે અનેક પ્રકારનાં રમત-ગમતના સાધન (ફેરવવાનું ચક્ર, દાડિયો, રમકડાનો રથ, વાજિંત્રો) સાથે લઈ જતા ।।૨૭।।

ક્યારેક વેણુ વગાડે છે, તો ક્યારેક ગોફણથી ઢેફાં વગેરે ફેંકે છે. ક્વચિત્ ઘૂઘરીવાળા ચરણોવડે નૃત્ય કરે છે, ક્યાંક બનાવટી ગાયો અને ખૂંટિયાથી રમે છે ।।૨૮।।

આખલા બની ગર્જના કરતા પરસ્પર યુદ્ધ કરે છે. પ્રાકૃતની પેઠે પ્રાણીઓના અવાજનું અનુકરણ કરતા ફરતા હતા ।।૨૯।।

એક વખત પોતાના મિત્રોની સાથે શ્રીયુમનાજીના તીર ઉપર શ્રીકૃષ્ણ અને બલદેવ વત્સ ચારતા હતા, ત્યારે તેમને મારવાને માટે એક ક્રૂર દૈત્ય આવ્યો ।।૩૦।।

તેણે વાછડાનું રૂપ ધર્યું હતું. વાછડાનાં યૂથમાં ભગવાન્‌ને જોઈને એ યૂથમાં ભળી ગયો. તેને ભગવાને બળદેવજીને બતાવ્યો અને ધીમેથી જાણે કાંઈ ન જાણતા હોય એવો દેખાવ કરી તેને પકડ્યો ।।૩૧।।

પછી એને પૂંછડા સાથે પાછલા બે પગથી પકડીને આકાશમાં ફેરવી કોઠાના ઝાડના મૂળમાં ફેંક્યો. ત્યાં એ અદ્ધરજ મરીગયો ।।૩૨।।

મહાકાય રાક્ષસે પડતાં-પડતાં કોઠાના ફળો સહિત વૃક્ષને પણ જમીનદોસ્ત

કર્યું. એને જોઈ બાળકોને વિસ્મય થયું અને ભગવાન્‌ના કર્મને બહુ વખાણવા લાગ્યા, ''સારું થયું, સારું થયું'' એમ કહેવા લાગ્યા ।।૩૩।।

દેવો પ્રસન્ન થઈને પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. વ્રજમાં વત્સાસુરના મૃત્યુને સાંભળી ગોપીઓ પણ વિસ્મય પામી ।।૩૪।।

રામ-કૃષ્ણ સર્વ લોકના એક માત્ર પાલક છતાં વત્સના પાલક થઈને સવારમાં ઘેરથી કલેવો (ભોજન) કરી નીકળે છે. તે ગાયોનાં વાછડાંને ચારતા વનમાં ફરે છે ।।૩૫।।

એક દિવસ પોત-પોતાનાં વાછડાંના ઝુંડના ઝુંડને ચારતા એને જળ પાવાનેમાટે જળાશય પાસે ગયા. વાછડાંઓને જળ પાઈને પોતે પણ જળપાન કર્યું ।।૩૬।।

ત્યાં બાળકોએ જળાશયમાં એક મોટું પ્રાણી ઉભેલું જોયું. વજ્રથી પર્વતનો એક ભાગ જુદો પડી ગયો હોય તેમ પર્વતના શિખર જેવા પ્રાણીને જોઈ ગોવાળિયા ત્રાસ પામ્યા ।।૩૭।।

બગલાનું રૂપ ધારણ કરનાર એ બકાસુર હતો. તે બાળકો જળ પીતાં હતાં ત્યાં એકદમ આવી તીખી ચાંચવડે શ્રીકૃષ્ણને ગળી ગયો. કેમકે તે ઘણો બલવાળો હતો ।।૩૮।।

શ્રીકૃષ્ણને બગલો ગળી ગયો ત્યારે રામ વગેરે બાળકો પ્રાણ વગરના દેહ જેવા બની ગયા અથવા પ્રાણ વગરની ઈન્દ્રિયો જેમ ચેતન વગરની દેખાય તેવા બેભાન થઈ ગયા ।।૩૯।।

ભગવાન્‌ને બકાસુર ગળી તો ગયો પણ એને તાળવામાં જેમ અગ્નિ લાગ્યો હોય તેવો દાહ થયો, કેમકે ભગવાન્ તો જગદ્ગુરુ બ્રહ્માજીના પણ પિતા એટલે એનાથી કેમ ગળી શકાય? એમને બકાસુરે તરત મોઢામાંથી બહાર કાઢી નાખ્યા. ભગવાન્ અક્ષત બહાર પધાર્યા અને તરત *બગલો પણ એમને ચાંચથી પ્રહાર કરવાને તૈયાર થયો ।।૪૦।।

**વિશેષ :** બકાસુર દમ્ભરૂપ છે. લોભ અને અનૃત રૂપ એની બે ચાંચ છે. એ બે ચાંચને જુદી કરી ત્યારે દમ્ભનું સ્વરૂપ જે વસ્તુથી બન્યું હતું તે સામગ્રી જતાં, એ દમ્ભ નષ્ટ થયો.

એ જેવો ચાંચ મારવા આવ્યો કે તરત જ કંસના મિત્ર બકાસુરને બે હાથથી બે ચાંચ પકડીને ભક્તવત્સલ ભગવાને બાળકોની સામે જ ઘાસના તણખલાંને ચીરી

નાંખે તેમ ચીરી નાખ્યો. આથી દેવતાઓને ખૂબ આનન્દ થયો ।।૪૧।।

દેવલોકમાં રહેનારા દેવો નંદનવનની અંદર ઉત્પન્ન થયેલીમલ્લિકા વગેરેનાં પુષ્પોવડે બકાસુરના વેરી ભગવાનને તે વખતે વધાવવા લાગ્યા, નગારાં,શંખ વગેરેના ધ્વનિ કરવા લાગ્યા, ભગવાન્‌ની સ્તુતિ કરવા લાગ્યા ત્યારે ગોપના પુત્રો એ જોઈ વિસ્મયપામ્યા ।।૪૨।।

જ્યારે બલરામ વગેરે બાળકોએ જોયું કે શ્રીકૃષ્ણ બગલાના મુખમાંથી મુક્ત થઈને તેમની પાસે આવી ગયા છે ત્યારે તેમને એટલો બધો આનન્દ થયો કે જાણે પ્રાણોના આવવાથી ઇન્દ્રિયો સચેત અને આનન્દિત થઈ ગઈ હોય! બધાએ ભગવાન્‌ને અલગ-અલગ આલિંગન કર્યું. પછી પોત-પોતાનાં વાછડાં લઈ બધા વ્રજમાં આવ્યા અને ત્યાં તેમણે પોત-પોતાના ઘરનાં માણસો આગળ આ લીલાનું વર્ણન કર્યું ।।૪૩।।

એ સાંભળી ગોપો અને ગોપીઓ વિસ્મય પામ્યાં. પુનર્જીવન પ્રાપ્ત કર્યું હોય તેવા શ્રીકૃષ્ણને અતૃપ્ત નેત્રોવડે આદરપૂર્વક પ્રેમવડે જોવા લાગ્યા ।।૪૪।।

તેઓ એક બીજાને કહેવા લાગ્યા "અહો! આ કેટલા આશ્ચર્યની વાત છે? આ બાળકને કેટલીય વાર મૃત્યુના મુખમાં જવું પડ્યું પરન્તુ જેમણે એનું અનિષ્ટ કરવા વિચાર્યું, તેમનું જ અનિષ્ટ થયું કારણ કે તેમણે પહેલાં જ બીજાનું અનિષ્ટ કર્યું હતું ।।૪૫।।

છતાં એવા ભયંકર દૈત્યો પણ આ બાળકને કાંઈ અનિષ્ટ કરી શક્તા નથી. તેઓ મારી નાખવાની ઇચ્છાથી આવે છે પણ પતંગિયાં અગ્નિમાં પડી નાશ પામે તેમ અહીં આવી બધા મરી જાય છે ।।૪૬।।

અહો! બ્રહ્મને જાણનાર ગર્ગાચાર્યની વાણી કોઈ દિવસ ખોટી ન જ થાય. ગર્ગાચાર્યે જે પ્રમાણે કહ્યું હતું તે જ બધું આપણે અનુભવીએ છીએ ।।૪૭।।

એ પ્રમાણે નન્દરાયજી વગેરે ગોપો શ્રીકૃષ્ણ અને બલરામ ની કથા કર્યા કરતા. તેઓ તેમાં એટલા તન્મય રહેતા કે તેમને સંસારની વિટમ્બણાઓની કંઈ ખબર જ પડતી નહિ ।।૪૮।।

**એવં વિહારૈઃ કૌમારૈઃ કૌમારં જહતુર્વ્રજે।**
**નિલાયનૈઃ સેતુબન્ધૈર્મર્કટોત્પ્લવનાદિભિઃ ।।૪૯।।**

આ પ્રમાણે શ્યામ અને રામ ક્યારેક સન્તાકૂકડી રમતા, તો ક્યારેક પૂલ બાંધતા.

ક્યારેક વાનરોની માફક કૂદાકૂદ કરતા તો ક્યારેક દેડકા-દાવ રમતા. આ પ્રમાણે કૌમાર અવસ્થાના વિહાર કરી પોતાની કુમાર અવસ્થા વ્રજમાં તજી(સ્થાપી) ।।૪૯।।

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા-પ્રકરણનો ધર્મીરૂપ સાતમો અધ્યાય અને ચાલુ) ''ધર્મિસ્વરૂપે શ્રીનન્દરાયજીના નિરોધનું નિરૂપણ'' નામનો અગિયારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઓ ભાઈ રે! તેં ભાગવત ભણીને શું કીધું?**
મારે જંતુ (શ્રોતા) અહિ (નાગ=કથાકાર) મણિ (ભાગવત)અજવાળે,
ત્યમ તેં ઉદર પોખી લીધું!!
પારસમણિનું પાત્ર (ભાગવત) પાણિમાં ઘેર-ઘેર ભિક્ષા માંગે!
જ્યાં લગી વસ્તુનું જ્ઞાન ના ત્યાં લગી દુઃખ-દારિદ્રય ના ભાંગે

# અધ્યાય ૧૨
# શ્રીકૃષ્ણે કરેલો અઘાસુરનો વધ

## પ્રક્ષિપ્ત અધ્યાય ૧

## બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ પ્રકરણના અન્તર્ગત પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાયમાંનો પહેલો અને સળંગ બારમો અધ્યાય

**વિશેષ :** ભગવાન્‌ની દરેક કથા શ્રવણ કરવી અથવા કહેવી એવો કેટલાકનો આગ્રહ હોય છે તેથી ભગવાન્‌ની અલૌકિક કથામાં બીજા પુરાણમાં કહેલી કથાને પણ જોડી દીધી. આધુનિક લોકો આ ત્રણ અધ્યાય ભાગવત્‌ના છે એમ કહે છે. શબ્દ, અર્થ અને સંગતિ નો આમાં સ્પષ્ટ વિરોધ દેખાય છે, પણ લોકમાં એ પ્રસિદ્ધિને પામી ગઈ છે તેથી અહીં શ્રીઆચાર્યચરણે એનો પણ સંક્ષિપ્ત અર્થ કહ્યો છે. **''કૌમારં જહતુઃ''** અને **''તતશ્ચ પૌગંડવયઃ''** એ સન્દર્ભ છે તેની વચ્ચે આ કથા છે. **''એવં વિહારૈઃ પછી તતશ્ચ પૌગંડવયઃ''** એમ વક્તાએ કહ્યું હોય એમ જણાતું નથી. જો એમ કહેવાનો વિચાર વક્તાનો હોય તો આ ત્રણ અધ્યાયની સમાપ્તિ પછી જ **'કૌમાર'** ત્યાગની વાત તે ''પૌગણ્ડે પરિકીર્તિતમ્'' એ વાક્યથી પૂર્વાધ્યાયમાં એ પ્રાપ્ત છે. પછી **''પૌગંડવયઃ શ્રિતૌ''** ઇત્યાદિ કથન પણ પૂર્વાપર વિરુદ્ધ છે, અર્થ વગરનું

થાય છે. પ્રક્ષિપ્ત ત્રીજા અધ્યાયના અન્તમાં **"એવં વિહારૈઃ કૌમારૈઃ"** એ શ્લોક આધુનિક કોઈ પુસ્તકમાં લખ્યો જણાય છે. ભગવત્પ્રિયાઓએ લીલાનું અનુકરણ કર્યું તેમાં આ લીલાઓનું અનુકરણ કર્યું જણાતું નથી. તૃતીય સ્કન્ધમાં ઉદ્ધવજીએ, દ્વાદશ સ્કન્ધમાં સૂતજીએ આ કથા કહી નથી. **"ન ભારતી મેંગ મૃષોપલભ્યતે ન વૈ ક્વચિન્મે મનસો મૃષાગતિઃ। ન મે હૃષીકાણિ પતન્ત્યસત્પથે"** એ બ્રહ્માજીના વાક્યોનો આ કથાથી વિરોધ આવે છે. આ ઈશ્વર છે. એમ જે જાણતો હોય તે જ જો ઈશ્વરની પરીક્ષા કરવા જાય તો તે મોટા અનર્થ રૂપ થાય છે. વળી **"ભવાન્ કલ્પવિકલ્પેષુ ન વિમુહ્યતિ કર્હિચિત્"** એ ભગવાન્નાં વાક્યોનો પણ આ કથાથી વિરોધ થાય છે. **"તોકેન જીવહરણમ્"** ઈત્યાદિ કહેનારને સદા ઈશ્વરપણાથી જાણનારને ભગવલ્લીલામાં એવું ધાષ્ટર્ય ન જ સમ્ભવે તેથી આ ત્રણ અધ્યાય બીજા પુરાણના છે છતાં કોઈને એ કથા ઠીક લાગતાં શ્રીભાગવત્માં લખી દીધી છે તેથી એ ભાગવત્માં વંચાવા લાગી, પણ ઉપર બતાવેલાં કારણોનો વિચાર કરતાં એ પ્રક્ષિપ્ત છે એમ વિચારશીલને જણાયા વગર નહિ રહે. શ્રીઆચાર્યચરણે તો આ અધ્યાયો પ્રસિદ્ધ હોવાથી જ એનું વ્યાખ્યાન કર્યું છે, તેથી એ કથા શ્રીભાગવત્ની છે એમ સિદ્ધ થતું નથી. આ ત્રણ અધ્યાયમાં આ પ્રથમ અધ્યાયમાં વિસ્તારથી બાળલીલા, અઘાસુરને માર્યો અને એની મુક્તિ કરી એટલી વાત આવે છે. એટલે યુક્તિવડે ગોપો અઘાસુરથી મુક્ત થયા એ વાત છે (જીજ્ઞાસુને પ્રકાશ, યોજના વગેરે વાંચવા વિનન્તિ છે).

**ક્વચિદ્ વનાશાય મનો દધદ્ વ્રજાત્ પ્રાતઃ સમુત્થાય વયસ્યવત્સપાન્ ।।**
**પ્રબોધયન્ શૃંગરવેણ ચારુણા વિનિર્ગતો વત્સપુરઃસરો હરિઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** કોઈક દિવસ વનમાં ભોજન કરવાનું મન કરીને સવારમાં ઊઠી, મિત્રો અને વાછડાં ને શિંગડાના શબ્દવડે જગાડી ભગવાન્ વાછડાંને આગળ કરીને વ્રજમાંથી વનમાં જવાને નીકળ્યા ।।૧।।

સ્નેહવાળા હજારો બાળકો ભગવાન્ની સાથે પોતાના સારાં શીકાં, શૃંગ, વેણુ વગેરે સાથે હજારો વાછડાં લઈને એઓને આગળ કરી આનન્દથી બહાર નીકળ્યા ।।૨।।

કૃષ્ણનાં અસંખ્ય વાછડાં છે. તેમની સાથે પોતાનાં વાછડાંને ભેગાં કરી તેને ચારતા જાય છે અને બાળલીલાવડે તે-તે સ્થળે બાળકો ગમ્મત કરતા ચાલે છે ।।૩।।

એ બધાં ઘેરથી નીકળ્યા ત્યારે કાચ, ગુઞ્જા, મણિ અને સોનાથી ભૂષિત થયા

છે છતાં વનમાં ચાલ્યા ત્યારે ફલ, કોમલપત્ર, ફૂલના ગુચ્છ, પુષ્પ, મોરપીછ અને ગૈરિક વગેરે ધાતુઓ થી પોતાને શણગાર્યા ।।૪।।

કોઈ બાળક બીજા બાળકનું શીકું, તો કોઈ બીજાની લાકડી કે વાંસળી સન્તાડતા. જ્યારે એ વસ્તુના માલિકને ખબર પડતી ત્યારે તે લેવાવાળો કોઈ બીજાની પાસે દૂર ફેંકી દેતો, બીજો ત્રીજાની પાસે, ત્રીજો વળી ચોથાની પાસે. પછી તેઓ હસતા અને વસ્તુ માલિકને પાછી આપી દેતા ।।૫।।

જો વનની શોભાને નિરખતા કૃષ્ણ દૂર નીકળી ગયા હોય તો ''હું પહેલો પહોંચું, હું પહેલો પહોંચું'' એમ કહી બધા દોડે છે. એમ ભગવત્સ્પર્શ કરવાને મિષે રમત કરે છે ।।૬।।

એમાં કેટલાક વેણુ બજાવે છે, કેટલાક શિંગડાં ફૂંકે છે, કેટલાક ભ્રમરની સાથે ગણગણે છે, ત્યારે કેટલાક કોકિલાની સાથે કૂંજન કરે છે ।।૭।।

કેટલાક પક્ષીની છાયા દોડે છે તેની સાથે દોડે છે. કેટલાક હંસની સાથે ચાલે છે. કેટલાક બગલાની પાસે આંખો બંધ કરી બગલાની જેમ બેસી જાય છે. કેટલાક મયૂરની સાથે-સાથે પોતે પણ નાચ કરવા લાગે છે ।।૮।।

કોઈ-કોઈ વાન્દરાનાં પૂચ્છ તાણે છે, તો કેટલાક વાન્દરાઓનાં બચ્ચાંને પકડી ઝાડ ઉપર ચડી જાય છે. એની સામે દાંતિયા કરે છે અને વૃક્ષો ઉપર કૂદકા મારે છે ।।૯।।

કેટલાક દેડકાની જેમ કૂદકા મારી ચાલે છે. કેટલાક નદી અને ઝરણાંમાં ડૂબકી મારે છે. કેટલાક પોતાની છાયાને કાચ, પાણી વગેરેમાં જોઈ એને હસે છે, તો કેટલાક પોતે બોલેલા શબ્દોના પડઘાને શાપ આપે છે (અપશબ્દો કહે છે) ।।૧૦।।

ભગવાન્ શ્રીકૃષ્ણ જ્ઞાની સન્તોનેમાટે સ્વયં બ્રહ્માનન્દનો મૂર્તિમાન્ અનુભવ છે. દાસ્યભાવયુક્ત ભક્તોનેમાટે એમના આરાધ્ય (સેવ્ય) દેવ, પરમ ઐશ્વર્યશાલી પરમેશ્વર છે અને માયામોહિત પ્રાકૃત પુરુષોમાટે માત્ર એક મનુષ્ય બાળક છે. એ જ ભગવાન્‌ની સાથે તે મહાન પુણ્યશાળી ગ્વાલબાલ જાત-જાતની રમતો રમી રહ્યાં છે ।।૧૧।।

ઘણા જન્મો સુધી શ્રમ અને કષ્ટ સહન કરી જેમણે પોતાની ઇન્દ્રિયો અને અન્તઃકરણને વશ કરી લીધાં છે, તે યોગીઓને માટે પણ ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણકમલોની રજ અપ્રાપ્ય છે. એ જ ભગવાન્ જાતે જે વ્રજવાસી ગ્વાલબાલોની

આંખોની સામે બિરાજી સદા ખેલ ખેલે છે એમના સૌભાગ્યના મહિમાનું શું વર્ણન કરવું? ।।૧૨।।

બાળકોની સુખરૂપ ક્રીડાને જોઈ એ સહન ન થતાં અઘાસુર નામનો દૈત્ય ત્યાં વિઘ્ન કરવામાટે આવ્યો. જીવવાની ઈચ્છાવાળા અમૃતપાન કરનારા દેવો પણ અઘાસુર અમને મારી નાખશે એવા ભયથી આ અઘાસુર ક્યારે મરે એની રાહ જોયા કરતાહતા ।।૧૩।।

એ કંસની આજ્ઞાથી આવ્યો છે, તે પૂતના અને બકાસુરનો ભાઈ થાય છે. એણે જ્યારે ગોપ બાળકોની સાથે કૃષ્ણને જોયા ત્યારે તેણે વિચાર કર્યો ''આતો મારા ભાઈ અને બહેન ને મારનાર છે, માટે હું એને એના ભાઈની સાથેમારીશ ।।૧૪।।

એણે જ્યારે મારા સુહૃદોને તિલાંજલિ (તિલાંજલિ=તિલોદક=મૃત્યુ પામેલાંને અર્પાતાં તલ અને પાણી.) લેતા કરી દીધા ત્યારે વ્રજવાસીના આ બાળકોને હું મારીશ ત્યારે એ બધા વ્રજવાસી મરી ગયા સમજવા, કેમકે પ્રાણ ગયા પછી શરીર રહે તે કાંઈ અપકાર ન કરી શકે. તો વ્રજવાસીઓના પ્રાણરૂપ આ રામ-કૃષ્ણને હું મારીશ તો એ બધા મરી જશે'' ।।૧૫।।

એમ વિચાર કરી મોટું ચાર ગાઉ લાંબા પર્વતના જેવું સ્થૂલ, પર્વતની ગુફા જેવા મોઢાવાળું અજગરનું શરીર ધારણ કરી રસ્તામાં એ દુષ્ટ દૈત્ય એમને ગળી જવાના વિચારથી સૂઈ ગયો ।।૧૬।।

પૃથ્વી ઉપર તો નીચેનો હોઠ રહ્યો, ઉપરનો હોઠ આકાશમાં મેઘ સાથે મેળવી દીધો છે. બે ગુફા જેવા મોઢાનાં બે જડબાં દેખાય છે. પર્વતના શિખર જેવી એના દાંતની પંક્તિ જણાય છે. મુખની અન્દર ઘોર અન્ધકાર હતો. મોટો પહોળો રસ્તો હોય તેવી એની જિહ્વા દેખાય છે. તીખા પવન જેવો શ્વાસ છે, વનના અગ્નિ જેવાં નેત્રો ચમકી રહ્યાં છે ।।૧૭।।

બાળકોએ એવા અઘાસુરને જોયો તો પણ એ ભય ન પામ્યા, પણ એને વૃન્દાવનની શોભા ગણવા લાગ્યા. એને અજગર મુખ વિકાસીને બેઠો હોય એમ રમત કરતા ઉત્પ્રેક્ષાથી વર્ણવવા લાગ્યા ।।૧૮।।

એક બાળકે કહ્યું : ''હે મિત્રો! બોલો, આ કપટી કોઈ પ્રાણી જેવું આપણી આગળ બેસી રહ્યું છે તે આપણને ગળી જવામાટે, સર્પ જેમ મુખ ફાડીને બેસે તેમ, બેઠેલું જણાય છે કે નહિ?'' ।।૧૯।।

બીજાએ કહ્યું, ''ખરી રીતે એવું જ દેખાય છે. જુઓ, ઉપરનાં ભાગમાં સૂર્યનો પ્રકાશ પડતાં મેઘ લાલ દેખાય છે તે, પ્રાણીના ઉપલા જડબા જેવો દેખાય છે અને નીચેની પૃથ્વી નીચેના જડબા (દાઢીની બાજુનો ભાગ 'હનુ' શબ્દથી ઓળખાય છે જેને 'જડબું' પણ કહે છે.) જેવી દેખાય છે. ઉપરનો સૂર્યનો પ્રકાશ નીચે જતાં એનો અરુણ વર્ણ મુખની અન્દરનો ભાગ હોય તેમ આપણે માની શકીએ'' ।।૨૦।।

ત્રીજાએ કહ્યું : ''ડાબી જમણી ગુફાઓ મુખના બે છેડાની હરિફાઈ કરે છે. વસ્તુતઃ પર્વતની ગુફા જ આપણને એના મુખના છેડા હોય એમ દેખાય છે. મોટા પર્વતના શિખરની હાર જાણે એ પ્રાણીની દાઢો હોય એવી દેખાય છે'' ।।૨૧।।

ચોથાએ કહ્યું : ''યોજન પહોળો આ રસ્તો છે તે આપણને એ પ્રાણીની જીભ જેવો દેખાય છે. એ પર્વતનાં શિખરોની વચમાં જણાતું અન્ધારું, એના મોઢાની અન્દરનો ભાગ હોય એમ દેખાય છે'' ।।૨૨।।

કોઈ બીજા ગ્વાલબાલે કહ્યું : ''પર્વતમાં દાવાગ્નિ થાય ત્યારે અનેક પ્રાણી એમાં બળે એનો ઊનો પવન માંસની ગન્ધવાળો આવે, તેમ આના મુખમાંથી એણે ખાધેલાં પ્રાણી ઉદરમાં પાકતાં હોય એવો માંસની ગન્ધવાળો ઊનો પવન આવે છે તે, એનો શ્વાસ આપણે ઠરાવીએ તો ખોટું ન ગણાય ।।૨૩।।

આ પ્રાણી ત્યારે આપણને ગળી જશે શું? જો એમ કરશે તો એ પણ કૃષ્ણવડે બક મર્યો તેમ મરશે'' એમ વાતો કરતા, ભગવાન્નું સુન્દર મુખ જોતા એક બીજાના હાથમાં તાલીઓ મારતા ચાલ્યા ।।૨૪।।

એમ બાળકો સાચી વાતનું ખોટાની પેઠે વર્ણન કરે છે. ભગવાન્ તો સર્વના હૃદયમાં બિરાજતા હોવાથી ''આ રાક્ષસ છે'' એમ જાણી ગયા. એમ ભગવાન્ વિચાર કરે છે કે આ ખરી વાતને ખોટી રીતે વર્ણવે છે માટે ''એ સર્પ છે, તે તરફ ન જશો'' એમ કહેવા તૈયાર થાય છે તેટલામાં બધા ગોવાળિયા એ અઘાસુરના મુખમાં દાખલ થયા, વાછડાં પણ દાખલ થયાં. એના મોઢામાં જતાં જ વાછડાં અને ગ્વાલો તો મરી ગયા ।।૨૫।।

પણ બકના અરિ ભગવાન્ હજુ બહાર છે ત્યાં સુધી એણે મોઢું બંધ કર્યું નથી અને મોઢું બંધ ન કરે ત્યાં સુધી વાછડાં અને ગોવાળિયાના શરીરનો ઉપમર્દ ન થાય. અને ઉપમર્દ ન થાય ત્યાં સુધી એ જઠરાગ્નિથી જીર્ણ ન થાય, તેથી બકને મારનારની વાટ જોઈ પોતાના પ્રિય મર્યા છે તેને યાદ કરતો ''એ અન્દર આવે તો

મોઢું બંધ કરું'' એવા વિચારથી એણે મુખમાં ગયાં તેને કાંઈ કર્યું નહિ ।।૨૬।।

બધાંને અભયદાન કરનાર શ્રીકૃષ્ણ જેને પોતાના સિવાય કોઈ રક્ષક નથી તેવાં ગોપ અને વત્સોને પોતાના હાથથી દૂર ગયેલ અને મૃત્યુરૂપ અઘાસુરના કોળિયારૂપ થઈ ગયેલ જાણી અત્યન્ત દયા લાવી, દૈવની આ વિચિત્ર લીલાથી પ્રભુ વિસ્મય પામ્યા ।।૨૭।।

ભગવાને વિચાર કર્યો ''હવે મારે શું કરવું? આસત્પુરુષો મરે નહિ અને આખલ જીવે નહિ એવું કેમ થાય? એનો ક્ષણમાંવિચાર કરીસર્વજ્ઞ ભગવાન્ પણ એ સર્પના મુખમાં પેઠા ।।૨૮।।

ત્યારે મેઘમાં છુપાયેલા દેવો હાહાકાર કરવાલાગ્યા, અઘાસુરના બાંધવો કંસના પક્ષના દૈત્યો રાજીથયા ।।૨૯।।

કૃષ્ણ તો અન્દર જઈ, બાળકો અને વાછડાંને ચૂર્ણ કરવાનો અઘાસુર પ્રયત્ન કરે એ પહેલાં પોતે એના ગળામાં જઈ સ્વરૂપને વધારવા લાગ્યા ।।૩૦।।

ભગવાને અઘાસુરના ગળામાં પોતાનું સ્વરૂપ એટલું મોટું કર્યું કે એનો શ્વાસ લેવાનો માર્ગ બંધ થઈ ગયો, નેત્રના ડોળા બહાર નીકળી ગયા, આમ-તેમ આળોટવા લાગ્યો. રોકાયેલો શ્વાસ આખા શરીરમાં ભરાઈ ગયો અને અન્તે એના પ્રાણ બ્રહ્મરન્ધ્રને ફોડી નીકળી ગયા ।।૩૧।।

તે જ માર્ગથી પ્રાણોની સાથે તેની બધી ઈન્દ્રિયો પણ બહાર નીકળી આવી. એ જ વખતે ભગવાન્ મુકુન્દે પોતાની અમૃતમય દૃષ્ટિથી મરી ગયેલા વાછડાં અને ગ્વાલ બાળકોને જીવતાં કરી દીધાં અને બધાંને સાથે લઈ ભગવાન્ એના મુખમાંથી બહાર પધાર્યા ।।૩૨।।

એના સ્થૂલ શરીરમાંથી મહાન અદ્ભુત જ્યોતિ નીકળી. તે દશે દિશામાં પ્રકાશતી આકાશમાં રહી. જેવા ભગવાન્ એના મુખમાંથી બહાર નીકળ્યા કે તરત એમનામાં બધા દેવોના દેખતાં પ્રવેશ કરી ગઈ ।।૩૩।।

પોતાને માટે ભગવાને અઘાસુરને માર્યો જાણી દેવોએ ભગવાન્‌ની પૂજા કરી. દેવોએ પુષ્પથી, અપ્સરાઓએ નૃત્યથી, સારું ગાનારાઓએ ગાનવડે, વાજાં વગાડનારાઓએ વાદ્યવિશેષથી, બ્રાહ્મણોએ સ્તુતિવડે અને વૈષ્ણવ સમુદાયે જયજયકાર બોલાવીને ભગવાન્‌ની પૂજા કરી ।।૩૪।।

તે અદ્ભુત સ્તુતિઓ, સુન્દર વાજિન્ત્રો, મંગલમય ગીતો, જયજયકાર અને

આનન્દ ઉત્સવોનો મંગલધ્વનિ બ્રહ્મલોકની પાસે પહોંચી ગયો. બ્રહ્માજી આ ધ્વનિ સાંભળીને એકદમ ત્યાં આવ્યા. અને ભગવાન્ શ્રીકૃષ્ણનો આ મહિમા જોઈ વિસ્મયપામ્યા ।।૩૫।।

હે રાજન્! એ અજગરનું ચામડું ત્યાં જ સૂકાઈ ગયું. તે વૃન્દાવનમાં વ્રજવાસીઓને ઘણા કાળ સુધી ક્રીડા કરવાની (રમવાની) ગુફા થઈ પડી ।।૩૬।।

ભગવાને પોતાના ગ્વાલ-બાલોને મૃત્યુના મુખમાંથી બચાવ્યા હતા અને અઘાસુરને મુક્તિનું દાન કર્યું હતું તે લીલા ભગવાને કુમાર અવસ્થામાં એટલે પાંચમાં વર્ષમા કરી હતીપરન્તુ ગ્વાલ-બાલોએ આ લીલા પૌગંડ અવસ્થા અર્થાત્ છઠ્ઠા વર્ષમાં જોઈઅને અત્યન્ત આશ્ચર્યચકિત થઈ વ્રજમાં તેનું વર્ણન કર્યું ।।૩૭।।

પાપી અઘાસુર પણ ભગવાન્‌ના સ્પર્થથી પાપથી મુક્ત થઈને અસન્તને દુર્લભ ભગવત્સારૂપ્યને પ્રાપ્ત થયો. મનુષ્યના બાળકનું નાટ્ય કરવા છતાં પર (બ્રહ્માદિ) અને અવર (આપણા જેવા) ના બનાવનાર, બ્રહ્માજીના પણ નિયન્તા અને કર્તા ભગવાન્‌નું અઘાસુરના મોક્ષરૂપ ચરિત્ર તે કાંઈ આશ્ચર્ય કરનાર નથી ।।૩૮।।

જેની માનસી મૂર્તિ એકવાર હૃદયમાં ધારણ કરી તો એ ધારણ કરનારને ભગવદ્‌ભક્તના જેવી ગતિને આપે છે તો એ નિત્ય આત્મસુખરૂપ અને માયાને છોડીને સાક્ષાત્ સ્વરૂપ ધારીને પધારે તેને હૃદયમાં ધરનારને પ્રભુ ઉત્તમ ગતિ આપે એમાં તો કહેવું જ શું? ।।૩૯।।

**સૂતજી બોલ્યા :** હે બ્રાહ્મણો! એ પ્રકારે પરીક્ષિત રાજા પોતાના રક્ષક શ્રીકૃષ્ણનું એવું વિચિત્ર ચરિત્ર શ્રવણ કરીને એમાં એમનું ચિત્ત ચોંટવાથી એ જ ચરિત્ર ફરી શુકદેવજીને પૂછવા લાગ્યા ।।૪૦।।

**રાજા બોલ્યા :** હે બ્રહ્મન્! કુમાર અવસ્થામાં ભગવાને કરેલ ચરિત્ર બાળકોએ પૌગંડ અવસ્થામાં જાણ્યું, એ તો જ્યારે ચરિત્ર થાય ત્યારે જણાવું જોઈએ છતાં કૌમારચરિત્ર પૌગંડમાં (એક વર્ષ પછી) કેમ જણાયું? ।।૪૧।।

હે ગુરુ! મહાયોગી! મને એ વાત જાણવાની બહુ આતુરતા છે તો આપ એ કહો. એમાં કાંઈ ભગવાન્‌ની માયા હોવી જોઈએ; બીજી કોઈ રીતે આ શક્ય ન બને ।।૪૨।।

હે ગુરુદેવ! જો કે ક્ષત્રિય ઉચિત ધર્મ બ્રાહ્મણ-સેવાથી વિમુખ હોવાથી હું અપરાધી નામમાત્રથી ક્ષત્રિય છું, તો પણ મારું અહોભાગ્ય છે કે આપના

મુખારવિન્દથી નિરન્તર સ્રવતા પરમ પવિત્ર મધુમય શ્રીકૃષ્ણલીલામૃતનું વારંવાર પાન હું કરી રહ્યો છું ।।૪૩।।

**ઈત્થં સ્મ પૃષ્ટઃ સ તુ બાદરાયણિઃ સંસ્મારિતાનન્તહૃતાખિલેન્દ્રિયઃ ।।**
**કૃચ્છ્રાત્પુનર્લબ્ધબહિર્દૃશિઃ શનૈઃ પ્રત્યાહ તં ભાગવતોત્તમોત્તમમ્ ।।૪૪।।**

**સૂતજી બોલ્યા :** એમ જ્યારે વ્યાસજીના પુત્ર શ્રીશુકદેવજીને પૂછ્યું ત્યારે એમને ભગવાનનું સ્મરણ થતાં એમની બધી ઈન્દ્રિયો ભગવાનમાં પહોંચી ગઈ. મહામહેનતે એમને બહારનું જ્ઞાન થતાં ભગવદ્ ભક્તોમાં શ્રેષ્ઠમાં પણ શ્રેષ્ઠ પરીક્ષિતને ધીમેથી એમણે કથા કહેવાનો પ્રારમ્ભ કર્યો ।।૪૪।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ–પેટા–પ્રકરણના અન્તમાં ક્ષેપક–પ્રક્ષિપ્ત–અધ્યાય ત્રણમાંથી પ્રથમ અધ્યાય અને ચાલુ) ''શ્રીકૃષ્ણે કરેલો અઘાસુરનો વધ'' નામનો બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ભગવાનના નામે ભીખ માગનારાઓ, વાંચો!!!**
**અપરાધ૩૬મો :** શ્રીઠાકોરજી(ભાગવત,શ્રીયમુનાજીનીલોટી વગેરે)ના નામે (ભેટ-સામગ્રી-પોથીસેવા કે ન્યોછાવર) માંગવું. **ફળ :** સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે.
**પ્રાયશ્ચિત્ત :** જેટલું માંગ્યુંકે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણા નૈવેદ્યનું દાન કરવું. **(શ્રીહરિરાયજી)**

# અધ્યાય ૧૩

## બ્રહ્માજીએવાછડાંહર્યાંઅને શ્રીકૃષ્ણની સ્તુતિ કરી

### પ્રક્ષિપ્ત અધ્યાય ૨

**બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ પ્રકરણામાં પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાયો માંનો બીજો પ્રક્ષિપ્ત અધ્યાય અને સળંગ તેરમો અધ્યાય.**

**સાધુ પૃષ્ટં મહાભાગ ત્વયા ભાગવતોત્તમ ।।**
**યન્નૂતનયસીશસ્ય શૃણ્વન્નપિ કથાં મુહુઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે મહાભાગ! (મહાભાગ=ભગવાન્‌ના ચરિત્રમાં જ જેની બુદ્ધિ સ્થિર હોય તે.) તમે સારો પ્રશ્ન કર્યો, કેમકે તમે ભક્તોમાં શ્રેષ્ઠ છો. આમ તો તમને વારંવાર ભગવાન્‌ની લીલા-કથાઓ સાંભળવા મળે છે છતાં એ વિષયમાં પ્રશ્ન કરીને તમે તેને વધારે સરસ અને નવીન બનાવી દો છો ।।૧।।

ભક્તિમાન સત્પુરુષોનો આ સ્વભાવ હોય છે કે એમનાં દ્રવ્ય, વાણી, કાન અને મન પણ ભગવત્પરાયણ હોય છે. એ ભગવાન્‌ની વાતને નવી જેવી હંમેશા સાંભળે છે. જેમ લમ્પટ પુરુષોને સ્ત્રીઓની વાર્તા ક્ષણે-ક્ષણે નવીન લાગે છે, એને સાંભળે છે, બીજાને કહે છે, એની ભાવના કરે છે પણ ફરક એટલો છે કે એ અસાધુવાર્તા છે જ્યારે આ સાધુવાર્તાછે ।।૨।।

હે રાજન્! સાવધાન થઈને સાંભળ; હું ભગવાન્‌નું ગુહ્યચરિત્ર કહું છું. પ્રિય શિષ્યને ગુરુઓ રહસ્યમય વાતો પણ કહે છે ।।૩।।

ભગવાને વાછડાં અને એના પાલક ગોપ બાળકોને અઘાસુરના મુખમાંથી બચાવ્યા પછી એમને શ્રીયુમનાજીના કાંઠા ઉપર લાવી ભગવાન્ એમને આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૪।।

**શ્રીભગવાન્ બોલ્યા** : અહો!આ કાંઠો (પુલિન) બહુ સુન્દર છે.આપણી ક્રીડાને લાયક સમ્પત્તિરૂપ કોમળઅને સ્વચ્છ રેતી છે. વિકસતાં કમળોની સુગન્ધથી ખેંચાઈને આવતા ભમરા તેમ જ બીજાં પક્ષીઓની ધ્વનિના પડઘાથી શોભાયમાન વૃક્ષોથીઆ કાંઠો વ્યાપ્ત છે ।।૫।।

દિવસ ઘણો ચડી ગયો છે, ભૂખપણ લાગી છે, તો અહીંજ આપણે ભોજન કરીએ. એટલો વખત વાછડાં સમીપમાં જળ પીએ અને ઘાસમાં ધીરે-ધીરે ચરે ।।૬।।

ગ્વાલ-બાલોએ એકી સ્વરે કહ્યું ‘‘બરાબર છે, બરાબર છે’’ પછી વાછડાંને જળ પાઈને લીલા ઘાસ ઉપર એમને છોડી મૂકી ગોપબાળકો પોત-પોતાનાં શીકાં નીચે મૂકી ભગવાન્‌ની સાથે આનન્દથી ભોજન કરવા લાગ્યા ।।૭।।

જેમ કમલની કર્ણિકાની ચારે તરફ કમળની પાંખડીઓ શોભે છે તેમ ભગવાન્‌ને વચમાં પધરાવી બધા મંડલોની પક્તિઓ કરી એમની સન્મુખતા રહે તેમ, ચોતરફ બેસી ગયા. બધાં બાળકોનાં મુખ સુન્દર હતાં અને નેત્રો આનન્દથી પ્રફુલ્લિત હતાં ।।૮।।

કેટલાકે પોતાની ખાવાની ચીજ પુષ્પ ઉપર લીધી, કેટલાકે કમળદળ ઉપર લીધી, કેટલાકે પલ્લવને પાત્ર બનાવ્યું, કેટલાકે ફળોને, કેટલાકે ઝાડની છાલને, કેટલાકે શીકાંને પાત્ર બનાવ્યું, કેટલાકે પથ્થર ઉપર રાખ્યું, એમ મનમાં આવે તેને ભોજનપાત્રો કલ્પી એના ઉપર ખાવાનું લઈ ભોજન કરવા લાગ્યા ।।૯।।

પરસ્પર ભોજ્યમાં પોત-પોતાની રુચિ બતાવતા જાય છે, હસે છે અને હસાવે છે; પહેલો ભાગ ભગવાન્‌નો તેમને આપી ભગવાન્‌ની કૃપાથી અક્ષય અન્નવાળા થઈ પ્રભુ સાથે તેઓ ભોજન કરતા હતા ।।૧૦।।

(સાક્ષાત્ છાક આરોગતા ભગવાન્‌ના ધ્યાન કરવા યોગ્ય સ્વરૂપનું હવે નિરૂપણ કરે છે) ભગવાન્ જો કે યજ્ઞભોક્તા છે, પરન્તુ હાલ તો બાળકના જેવી કેલિ કરે છે. તેથી પોતે વેણુને કમરની ફેંટમાં ખોસી છે, શિંગડું અને લાકડી કાખમાં દાબ્યાં છે, ડાબા હાથમાં ધૃતમિશ્રિત દહીં ભાતનો કોળિયો રાખ્યો છે. સન્ધાણાને આંગળીઓ વચ્ચે રાખ્યાં છે. બધા ગોપબાલકોની વચમાં રહીને ચારે તરફ મંડળાકારે રહેલા બાળકોને વિનોદયુક્ત વચનોથી હસાવતા જાય છે. સ્વર્ગલોકના દેવો વિમાનમાંથી જોઈ રહ્યા છે, એમ ભગવાન્ ભોજન કરે છે ।।૧૧।।

હે ભારત ! ગોપબાળકો ભગવાન્‌માં મન રાખીને ભોજન કરવા લાગ્યા ત્યાં વાછડાં ઘાસના લોભમાં પડી દૂર વનમાં ચાલ્યાં ગયાં ।।૧૨।।

એમને ન જોયાં તેથી ગોપબાલકોને ભય ઉત્પન્ન થયો ત્યારે ભયને પણ ભયંકર શ્રીકૃષ્ણે એમને કહ્યું કે મિત્રો, તમે જમવું ન છોડો; વાછડાંને હું હમણા અહીં લાવું છું ।।૧૩।।

એમ કહી પર્વતોની ગુફા, કુઞ્જો અને ઘાટા વનમાં પોતાનાં વાછડાંને શોધતા ભગવાન્ હાથમાં ભોજનનો કોળિયો લઈને ફર્યા ।।૧૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : આ બધું ચાલે છે તે દરમિયાન બ્રહ્માજી ત્યાં આવ્યા અને મનુષ્ય બાળક દેખાતા ભગવાન્‌નો સુન્દર મહિમા (અઘાસુર ચરણમાં પ્રવેશ કરી ગયો એ) જોઈને બીજી રીતે ભગવાન્‌નો મનોહર મહિમા જોવાની ઈચ્છાથી, પહેલાં તો વાછડાંને અને ભગવાન્ શ્રીકૃષ્ણ ચાલ્યા ગયા ત્યારે ગ્વાલ-બાલોને પણ, બીજે સ્થાને લઈ જઈ ત્યાં રાખી દીધાં. અને પોતે અન્તર્ધાન થઈ ગયા. અને ભગવાન્ હવે શું કરે છે તે આકાશમાં રહીને જોવા લાગ્યા. પ્રથમ અઘાસુરના મોક્ષથી બ્રહ્માજીને વિસ્મય તો થયો જ હતો તેથી એમણે શ્રીકૃષ્ણનો વિશેષ મહિમા જોવામાટે આ કાર્ય

કર્યું ।।૧૫।।

શ્રીકૃષ્ણે ત્યાં વાછડાંને તે ક્યાંય જોયા નહિ, ત્યારે પાછા શ્રીયમુનાજીના કાંઠા ઉપર પધાર્યા. ત્યાં ગોપબાળકોને પણ ન જોયા, ત્યારે આપે વિચાર કર્યો કે એ ગોપકુમારો પણ વાછડાંની શોધમાં ગયા હશે, એમ ધારી વનમાં ફરીફરીને ભગવાને બન્નેને ખૂબ શોધ્યા ।।૧૬।।

જંગલમાં ક્યાંય પણ વત્સો અને ગોપબાલો ન જોયા ત્યારે સર્વજ્ઞ ભગવાન્ શ્રીકૃષ્ણ આ ગોપબાલ અને વાછડાં ને છુપાવવાનું કામ બ્રહ્માજીએ કર્યું છે એમ તત્કાલ જાણી ગયા ।।૧૭।।

પછી એ વત્સો અને ગોપબાલોની માતાઓને અને બ્રહ્માજીને રાજી કરવામાટે વિશ્વના કર્તા શ્રીકૃષ્ણ પોતે જ વાછડાં અને ગોપબાળકો બની ગયા, કેમકે પ્રભુ કર્તુમ્-અકર્તુમ્-અન્યથાકર્તુમ્ સમર્થ એવા ઈશ્વર છે ।।૧૮।।

તે બાલકો અને વાછડાંઓ ની જેટલી સંખ્યા હતી, જેવાં વાછડાં નાનાં-મોટાં શરીરવાળાં હતાં, જેવા એમના હાથ, પગ વગેરે અવયવો હતા, જેટલાં અને જેવાં એમનાં લાકડી, શિંગડું, વેણુ દલ અને શીકાં હતાં, જેટલાં અને જેવાં એમનાં વસ્ત્ર, ઘરેણાં વગેરે હતાં, જેવા એમના સ્વભાવ, ગુણો, નામ, આકૃતિ, ઉંમર અને વિહાર હતા તે રૂપ પોતે સ્વરૂપથી **''સર્વં વિષ્ણુમયં જગત્''** એ વાણીને સત્ય કરવામાટે પોતે અજન્મા છે છતાં સર્વરૂપ થઈ ગયા ।।૧૯।।

સર્વાત્મા ભગવાન્ ગાયના વાછડાંરૂપ થઈ ગયા. ગોવાળિયા થઈ વાછડાંને હાંકી એમની સાથે આત્મારૂપે ક્રીડા કરતા સર્વાત્મા ભગવાને વ્રજમાં પ્રવેશ કર્યો ।।૨૦।।

હે રાજન્! તે-તે વાછડાંને જુદાં લઈ, તે-તે ગોષ્ઠમાં દાખલ કરી, તે-તે રૂપ પોતે થઈને, તે-તે રૂપે પોત-પોતાના ઘરમાં પ્રવેશ કર્યો ।।૨૧।।

એ બાળકોની માતાઓ વેણુનો શબ્દ સાંભળતાં જ ઉભાં થઈ ગયાં અને પાસે ઉભેલા પોતાના પુત્રોને બાહુથી આલિંગન કરીને સુખી થયાં. ત્યારબાદ સ્નેહથી, સુધાથી પણ મધુર અને આસવથી પણ માદક દૂધને સ્રવતાં સ્તનનું પરબ્રહ્મને પોતાના પુત્ર જાણીને પાન કરાવ્યું ।।૨૨।।

પછી એમને ઉબટનો લગાવી નવરાવ્યા. પછી ચન્દન, અત્તર વગેરે લગાવી અલંકાર, રક્ષા, તિલક, વગેરે કરી ભોજન આપ્યું અને લાડ કર્યાં; બાળકોએ પોતાના આચરણથી ખુશ કર્યાં. સાયંકાલે પણ માતાઓ એ પ્રમાણે સેવા કરે છે. એમ કરતાં

જેટલો વખત લાગે તેટલો કાળ સૂર્ય સ્થિર રહે છે તેથી એ લોકોના કાર્યમાં વિલમ્બ આદિ થતો નથી, કારણ કે એ લક્ષ્મીપતિ છે તેથી કાલસમ્પત્તિ પણ એમને વશ છે ।।૨૩।।

ગાયો જ્યારે ગોષ્ઠમાં આવી ત્યારે જલદીથી હુંકાર ઘોષ કરી પોતાનાં વત્સને બોલાવ્યાં અને વત્સો આવ્યાં કે પોત-પોતાના વત્સને ધવરાવવા લાગી; વારંવાર એને ચાટતી જાય છે. એના આઉમાંથી દૂધ તો પ્રવાહરૂપે ચાલ્યું જ જાય છે ।।૨૪।।

ગાયો અને ગોપીઓ ના પ્રથમના બાળકમાં માતૃભાવ હતો તેવો જ રહ્યો, પણ આ ભગવદ્રૂપ બાળક અને તદ્રૂપ વત્સમાં સ્નેહની વૃદ્ધિ જોવામાં આવી. છોકરાઓને અને વાછડાંને એમની માતામાં જેવો ભાવ હતો તેવો જ આમાં પણ થયો, પણ પ્રથમનામાં ખરો ભાવ હતો અને ભગવાન્ બાળક થયા ત્યારે એ ભાવ માયાથી થયો છે, એટલો એમાં ફરક છે ।।૨૫।।

એ વ્રજવાસીઓને પોતાના પુત્રમાં સ્નેહની વેલ એક વર્ષ સુધી વધતી જ ચાલી. એ બેહદ વધી ગઈ. જેવી પ્રીતિ પહેલાં શ્રીકૃષ્ણમાં હતી તેવી હમણાં પોતાના પુત્રોમાં થઈ ગઈ અને શ્રીકૃષ્ણમાં તો પૂર્વે હતી તેવી જ રહી ।।૨૬।।

ભગવાન્ પોતાના આત્માને વત્સરૂપ અને પાલકરૂપ બનાવી વત્સ અને પાલક પોતે બન્યા; ગોષ્ઠ અને વન માં એમ બે જગ્યાએ પોતે સ્વરૂપથી જ એક વર્ષ સુધી ક્રીડા કરી ।।૨૭।।

વર્ષમાં પાંચ છ દિવસ ઓછા હતા ત્યારે એક દિવસ વાછડાંને ચારતા રામની સાથે શ્રીકૃષ્ણ વનમાં પધાર્યા ।।૨૮।।

ગાયો ગોવર્ધન ઉપર દૂર ચરતી હતી. તેઓએ પોતાનાં વાછડાંને ઘણે દૂર વ્રજની પાસે ચરતાં જોયા ।।૨૯।।

વાછડાંઓને જોતાં જ ગાયોના વાત્સલ્ય-સ્નેહમાં ઉભરો આવ્યો. તેઓ સૂધ-બૂધ ખોઈ બેઠી અને ગ્વાલોના રોકવાની કંઈ પરવા ન કરતાં, જે માર્ગથી ગોવાળો ન જઈ શકે તે માર્ગથી ભાંભરતી ખૂબ ઝડપથી દોડી. દોડી એ વખતે એમના આઉમાંથી દૂધ ઝરે જતું હતું અને એમની ગરદન સંકોચાઈને શરીરને મળી ગઈ હતી. તેઓ પૂંછ અને માથાં ઊંચા કરી ઘણી ઝડપથી દોડતી હતી તેથી એમ લાગતું હતું કે એમને બે જ પગ છે ।।૩૦।।

વાછડાંને મળીને જેમણે ધાવવાનું છોડી દીધું હતું તેવા વાછળાંને પણ

ધવરાવવા લાગી. એનાં અંગોને જાણે કે ગળીજતીન હોય તેમ ચાટતી પોતાના આઉમાંથી સ્રવતું દૂધ પાવા લાગી ।।૩૧।।

ગોવાળિયાઓએ એ ગાયોને રોકવાનો પ્રયાસ કર્યો. પણ તે ન રોકાઈ ત્યારે હવે શું કરવું એ કાંઈ સૂઝ્યું નહિ તેથી એમને લજ્જા આવી. ગાયો ઉપર ક્રોધ પણ થયો. તેઓ વગર રસ્તે ચાલતાં રસ્તામાં ઘણો શ્રમ સહન કરીને પણ ગાયો પાસે આવ્યાં, ત્યાં ગાયો અને વાછડાં ની સાથે પોતાના બાળકોને ગોવાળિયાઓએ જોયા ।।૩૨।।

ક્લેશ, કોપ, લજ્જા, મૂઢતા અને મહેનત એ પાંચ ક્લેશવાળા છતાં પોતાની ગાયો ચાલી ગઈ છતાં પોતાના પુત્રોને જોઈને ગોપો બધું ભૂલી ગયા અને બાળકોને હાથથી ઉઠાવી એમને આલિંગન કરી એમનાં મસ્તક સૂંઘીને પરમ આનન્દને પ્રાપ્તથયા ।।૩૩।।

એ સમયે વૃદ્ધ ગોપો પણ બાળકોને ભેટીને ઘણા આનન્દમાં આવી ગયા. બાળકોથી છૂટા પડતાં એમને ઘણું દુઃખ થયું અને એ યાદ કરતાં નેત્રમાં આંસુ આવી ગયાં ।।૩૪।।

જેમણે સ્તનપાન કરવું છોડી દીધું છે તેવા બાળકો ઉપર ક્ષણ-ક્ષણ પ્રત્યે વ્રજવાસીઓનો પ્રેમ વધતો જતો જોઈને એનું કોઈ કારણ ન સમજાતાં બલદેવજી વિચારમાં પડી ગયા ।।૩૫।।

આ કેવી અદ્‌ભુત વાત છે કે સર્વના આત્મા વાસુદેવ હોવા છતાં મારા સહિત વ્રજના બાલકો પ્રત્યે પ્રેમ અપૂર્વ રીતે વધી રહ્યો છે ।।૩૬।।

જો તે કોઈ માયા છે તો એ કેવી અને ક્યાંથી આવી? એ માયા દેવની, મનુષ્યની કે આસુર છે? અથવા તો મારા સ્વામીનીજ એ માયા જણાય છે, બીજી ન હોય. કેમકે એ મને પણ મોહ કરાવે છે. બીજીનો મોહ મને સંભવે નહિ ।।૩૭।।

એમ બલભદ્રે વિચાર કર્યો. વત્સો અને પોતાના મિત્ર બાળકો જ્ઞાનદષ્ટિથી એમને વૈકુંઠરૂપ દેખાયા ।।૩૮।।

ભગવાન્‌ને કહે છે કે આપનાથી જુદા આ બાળકો દેવો છે છતાં અત્યારે એવા દેખાતા નથી. તેમ જ આ વત્સો ઋષિ રૂપે વેદના અર્થરૂપ દૂધને પીનાર છે છતાં એવા દેખાતા નથી, પણ આપ જ સર્વરૂપે દેખાઓ છો તો 'વેદ' એટલે શ્રુતિના અભાવમાં આ જુદાઈ ક્યાંથી આવી? શ્રુતિ તો જ્યારે અભેદભાવ થાય છે ત્યારે બ્રહ્મરૂપ દેખાવાનું કહે છે, અને અહીં તો એ ભાવ વિના જ બ્રહ્મભાવ સર્વત્ર દેખાયો, એનું

કારણ આપ બતાવો. ત્યારે ભગવાને પોતે જ સર્વરૂપ થવાનું કારણ કહ્યું એટલે બલદેવજી એ વાત જાણી શક્યા ।।૩૯।।

એક વર્ષ સુધી સર્વરૂપ ધરી ભગવાને ક્રીડા કરી તે સમય બ્રહ્માજીને તો એક ત્રુટિ (ચપટી વગાડવામાં લાગતો સમય.) જેટલો થયો, તેટલા વખતમાં બ્રહ્માજી ત્યાં આવીને જુએ છે તો ભગવાન્ સર્વરૂપ થઈને, પ્રથમ ક્રીડા કરતા હતા તેમ જ કરતા એમણે બધાને જોયા ।।૪૦।।

એમણે વિચાર કર્યો કે ગોકુલમાંથી જેટલાં વાછડાં અને બાળકો હું લઈ ગયો છું તેઓને તો મેં માયાલોકમાં સુવાડી દીધાં છે તે હજુ સૂતા જ છે અને હજુ સુધી તે તો મારી માયામાંથી ઉઠ્યા જ નથી ।।૪૧।।

અહીં આ બીજાં દેખાય છે તે ક્યાંનાં છે? આ તો મારી માયામાં રહેનારથી જુદાં જ જણાય છે. તેઓ તો આખું વર્ષ વિષ્ણુની સાથે ક્રીડા કરે છે, તેથી જુદાં જ જણાય છે ।।૪૨।।

એમ બ્રહ્માજીએ સારી રીતે ધ્યાન કર્યું ત્યાં તો સાચાં ક્યાં અને પાછળથી બનાવેલાં ક્યાં એનો નિર્ણય એમનાથી થઈ શક્યો નહિ ।।૪૩।।

વિશ્વને મોહ કરનાર વિષ્ણુને મોહ કરવા જતાં બ્રહ્માજી પોતે જ મોહમાં પડી ગયા, એ પણ પોતાની માયાથી જ પોતાને મોહ થયો ।।૪૪।।

અન્ધારી રાતમાં ઝાકળ દેખાય નહિ, સૂર્યના તેજમાં પતંગિયું દેખાય નહિ, તેમ જ્યારે પામર પુરુષ મહાપુરુષો ઉપર પોતાની માયાનો પ્રયોગ કરે છે ત્યારે તે એમનું તો કંઈ બગાડી શક્તો નથી, પોતાનો જ પ્રભાવ ખોઈ બેસે છે ।।૪૫।।

એમ વિચારમાં પડેલા બ્રહ્માજીને ભગવાને પોતાનું સ્વરૂપ બતાવ્યું કે જેટલા બાળકો હતા તે બધાને બ્રહ્માજી મેઘ સરખા શ્યામ જોવા લાગ્યા. ભગવદ્રૂપે બધા બ્રહ્માજીના જોવામાં આવ્યા; પીળાં પીતામ્બર પહેરેલા દેખાયા ।।૪૬।।

બધાને ચાર ભુજાઓ, તેમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલા દેખાયા. દરેકને મસ્તક ઉપર કિરીટ, કાનમાં કુંડળ, ગળામાં હાર અને પુષ્પની માળાવાળા બ્રહ્માજીએ જોયા ।।૪૭।।

એટલું જ નહિ, પણ શ્રીવત્સ જે ભગવાનનું અસાધારણ ચિહ્ન કહેવાય છે તે પણ સર્વના હૃદયમાં જોવામાં આવ્યું. બાજુબંધ, હાથમાં પહેરવાનાં રત્ન, શંખના જેવા કંકણ જેમણે હાથમાં ધારણ કર્યાં છે; નૂપુર, કડાં, કન્દોરા અને વીંટીઓથી

બધા શૃંગારેલા છે તેઓને બ્રહ્માજીએ જોયા ।।૪૮।।

નખથી શિખા સુધીમાં સમ્પૂર્ણ શોભાવાળા છે, નવી તુલસીની માળાઓ મોટા પુણ્યશાળીઓએ કોમળ તુલસીમાંથી તાજી બનાવેલી સર્વ શરીરમાં ધરાવી છે ।।૪૯।।

રજોગુણ અને સત્વગુણ થી ઉત્પત્તિ અને પાલન ભગવાન્ કરે છે તેમ અહીં રજઃ અને સત્વરૂપ ચાંદની જેવા મન્દહાસોવડે, અરુણ જેવાં કટાક્ષવિલોકનોવડે પોતાનાં ભક્તના મનોરથોને ઉત્પન્ન કરતા અને એનું પાલન કરતા જણાયા ।।૫૦।।

પોતાના જ જેવા બ્રહ્માથી લઈને ઘાસના તણખલા સુધી જે ચરાચર જગત્ છે તેના આધિદૈવિક રૂપથી તે સ્વરૂપો, સેવાયેલ દેખાયા છે. કોઈ નૃત્યથી તો કોઈ ગીતથી જુદી-જુદી રીતે સેવા કરી રહ્યા હતા ।।૫૧।।

અણિમા[1] વગેરે આઠ ઐશ્વર્ય અને અજા[2] વગેરે વિભૂતિ જેની સેવામાં હાજર રહે છે, મહદ્ વગેરે ચોવીશ તત્વો જે સ્વરૂપોની સેવા કરી રહ્યાં છે ।।૫૨।।

**વિશેષ** : ૧. અણિમાદિ આઠ સિદ્ધિઓ માહાત્મ્યરૂપ ગણાય છે, એટલે સિદ્ધિવાળાનો લોકમાં મોટો મહિમા પ્રસિદ્ધ થાયછે.

૨. અજા વગેરે વિભૂતિમાં પોતે ગમે તે વખતે ગમે તે રૂપ લઈ શકે, બીજાનું રૂપ બતાવી શકે, એવી શક્તિ 'અજા' કહેવાય છે.

એટલું જ નહિ પણ કાલ સ્વભાવ કર્મ કામ ગુણ વગેરે પોતાના મહિમાથી બીજાના માહાત્મ્યને દૂર કરીદે એવા છે તે પણ પ્રભુની સેવામાટે મૂર્તિ ધારણ કરીને સેવા કરતા દેખાયા ।।૫૩।।

સત્ય, જ્ઞાન, અનન્ત અને આનન્દમાત્ર રસાત્મક સ્વરૂપ, ઉપનિષદ્ના જ્ઞાનવાળા પણ જેના મહિમાને જાણી શક્તા નથી તેવા ભગવદ્રૂપ બ્રહ્માજીએ બધાને જોયા ।।૫૪।।

એમ જેની કાન્તિથી સ્થાવર-જંગમ બધું પ્રકાશે છે તે એક છે એમ બ્રહ્માજી જાણે છે છતાં અત્યારે ઈચ્છાથી બધાને પરમાત્મારૂપે બ્રહ્માજીએ એક વખત જોયા ।।૫૫।।

અત્યન્ત સન્તોષથી દષ્ટિ પાછી ફેરવી ત્યારે એમની અગિયારે ઈન્દ્રિયો સ્તબ્ધ થઈ ગઈ. જેમ ગામદેવીને બધા લોકો પૂજે છે, પણ એની પાસે લાકડાની

એની મૂર્તિ બનાવીને મૂકી હોય તો એને કોઈ પૂજે નહિ તેમ, ભગવાન્‌ની પાસે કાષ્ઠ-પૂતળી જેવા બ્રહ્માજી નિષ્પ્રભ થઈ ગયા ।।૫૬।।

ત્યારે ભગવાને પોતાનું સ્વરૂપ બતાવવાનું બંધ કર્યું. (એ જ કહે છે કે)જ્યારે બ્રહ્માજી દર્શન કરવામાં અશક્ત થયા, એટલું જ નહિ, પણ મોહમાં પડી ગયા, ત્યારે ભગવાને પોતાની માયારૂપી ચાદર એમની ઉપર બિછાવી દીધી જેનાથી બ્રહ્માજીને દર્શન થતું બંધ થયું. ભગવાન્‌નું સ્વરૂપ માયાથી પર હોઈને કેવળ સ્વસંવેદ્ય છે. શ્રુતિ વગેરે માહાત્મ્યને **'અતન્નિરસન'** થી ''આ નહિ, આ નહિ'' એમ નિષેધ મુખથી કહે છે, પણ આવુંજ બ્રહ્મ છે એમ કહી શકતી નથી. એવા ભગવાન્‌ની પરીક્ષા કરવા જતાં બ્રહ્માજીને મોહ અને ક્લેશ થયો એ યોગ્ય જ થયું ।।૫૭।।

બ્રહ્માજીને મૂર્છા થઈ તેમાંથી કેટલીક વારે, જેમ મૃત્યુથી બચી માણસ ઉભો થાય તેમ, બ્રહ્માજી મહામહેનતે આંખ ખોલીને જુએ છે તો આ જગતને એમણે જોયું ।।૫૮।।

જલદીથી ચારે બાજુ જોયું તો બધી દિશાઓ જોઈ. લોકોનું જીવન ચલાવનાર એનક વૃક્ષોથી શોભનાર સર્વત્ર સમતાથી પ્રીતિ કરતું વૃન્દાવન બ્રહ્માજીના જોવામાં આવ્યું ।।૫૯।।

ત્યાં વૈરભાવ ન હોવાથી મનુષ્યો, મૃગો વગેરે સાથે જ રહે છે. ભગવાન્‌નો નિવાસ ત્યાં હોવાથી જેને રોગ (દ્વેષ), તૃષ્ણા, કામ, ક્રોધ વગેરે ન હોવાથી એ બધાં મિત્રતાના સમ્બન્ધથી એક બીજાના ભયને છોડીને સર્વ સાથે વસાવાવાળાં બ્રહ્માજીના જોવામાં આવ્યાં ।।૬૦।।

એ વૃન્દાવનમાં સ્વયં અદ્વય બ્રહ્મ છતાં, પરમપુરુષ છતાં, ફલઆદિના નિયામક છતાં, ગોપાલના બાલકનું સ્વરૂપ બતાવતા, પોતાના મિત્રો અને વાછડાંને શોધતા, એક વર્ષથી પોતાના શ્રીહસ્તમાં દહીં-ભાતનો કોળીયો રહ્યો છે તેવા પરમાત્માનાં બ્રહ્માજીને દર્શન થયાં ।।૬૧।।

બ્રહ્માજી જલદી પોતાના વિમાનમાંથી ઉતરી ગયા. સોનાની છડી જેમ જમીન ઉપર પડે તેમ ભગવાન્‌ને શરીરવડે દંડવત્પ્રણામ કર્યા; ચારે મુકુટના છેડાથી પ્રભુના બે ચરણનો સ્પર્શ કરી હર્ષના આંસુવડે ભગવાન્‌ના ચરણનો અભિષેક કર્યો ।।૬૨।।

પહેલાં ભગવાન્‌નું માહાત્મ્ય નજરે જોયું છે તેનું સ્મરણ કરી વારંવાર ઊઠી-ઊઠીને પાછા શ્રીકૃષ્ણના ચરણમાં પડવા લાગ્યા ।।૬૩।।

**શનૈરથોત્થાય વિમૃજ્ય લોચને મુકુન્દમુદ્વીક્ષ્ય વિનમ્રકન્ધરઃ ।।**
**કૃતાંજલિઃ પ્રશ્રયવાન્ સમાહિતઃ સવેપથુર્ગદ્ગદયૈલતેલયા ।।૬૪।।**

ધીમેથી ચરણારવિન્દમાંથી ઉઠીને નેત્રને સાફ કરી ડોકને નમાવી પ્રભુનાં દર્શન કરી હાથ જોડી વિનય રાખી ચિત્ત એકાગ્ર કરી ધ્રૂજતા-ધ્રૂજતા ગદ્ગદ વાણીવડે બ્રહ્માજી સ્તુતિ કરવા લાગ્યા ।।૬૪।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા પ્રકરણના અન્તમાં ક્ષેપક-પ્રક્ષિપ્ત-અધ્યાય ત્રણમાંથી બીજો અધ્યાય અને ચાલુ) ''બ્રહ્માજીએ વાછડાં હર્યા અને શ્રીકૃષ્ણની સ્તુતિ કરી'' નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

તમારું વાંચન ક્યાંક એકડા વગરના મીંડા જેવું તો નથી!!!
સત્સંગ-મંડળમાં હોય, ભગવદ્વાર્તામાં હોય કે વ્યક્તિગત હોય
ષોડશગ્રન્થ વિનાનું વાંચન એકડા વગરના મીંડા સમાન જાણવું

# અધ્યાય ૧૪

## બ્રહ્માજીએ ભગવાન્‌ની કરેલી સ્તુતિ

### પ્રક્ષિપ્ત અધ્યાય ૩

### બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ પ્રકરણમાં પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાયોમાંનો ત્રીજો પ્રક્ષિપ્ત અધ્યાય અને સળંગ ચૌદમો અધ્યાય

**વિશેષ** : લૌકિક પ્રાકૃતભાવમાં જેને ભાવ છે તે જ ભક્તિવાળો કહેવાય. લૌકિક પ્રાકૃતને હીન જાણી અન્યથા વર્તે તે ભક્તિમાર્ગમાં અધમ છે. તેથી બ્રહ્માજીએ નન્દરાયજીના પુત્રને ઈશ્વરત્વથી દંડવત્પ્રણામ કર્યા. એ ભગવાન્ લોકમાં આવી જે સ્વીકારે તેનાથી એ પોતાના સ્વરૂપમાં નિરોધ કરાવે તે જ ભક્તોને પ્રમાણરૂપ છે, કેમકે ભક્તોનો અધિકાર જ્ઞાનીઓથી જુદો છે(કારિકાર્થ).

**નૌમીડ્ય તેઽભ્રવપુષે તડિદમ્બરાય ગુઞ્જાવતંસપરિપિચ્છલસન્મુખાય ।।**
**વન્યસ્રજે કવલવેત્રવિષાણવેણુલક્ષ્મશ્રિયે મૃદુપદે પશુપાંગજાય ।।૧।।**

**બ્રહ્માજીએ સ્તુતિ કરી :** ''હે પ્રભો! એક માત્ર આપ જ સ્તુતિ કરવા યોગ્ય છો, તેથી હું આપની સ્તુતિ કરું છું. આપનું શરીર વર્ષાઋતુના મેઘના જેવું શ્યામલ છે, તેના ઉપર વીજળી જેવું પીતામ્બર શોભી રહ્યું છે, આપના ગળામાં ગુઞ્જા (લાલ ચણોઠી) ની માલા અને મસ્તક ઉપર મોરનાં પીંછાઓનો મુગટ શોભી રહ્યો છે. આ બધાની કાન્તિથી આપના મુખ ઉપર અનોખી છટાની ઝાંખી થાય છે. વક્ષઃસ્થલ ઉપર લટકતી વનમાલા અને નાનકડી હથેલી ઉપર દહીંભાતનો ગ્રાસ (કોળિયો), બગલમાં છડી (વેત્ર) અને શિંગ તથા કમર ની ફેંટમાં આપની ઓળખાણ આપનારી બંસી શોભી રહી છે. કમલથી પણ કોમળ આપના ચરણ છે. આવો ગોપબાલકનો સુમધુર વેષ ધારણ કર્યો છે તેવા પ્રભુની હું સ્તુતિ કરું છું અને નમસ્કાર કરું છું (મારે માટે તો આ સ્વરૂપ જ ફલરૂપ છે. શાસ્ત્રોમાં વર્ણવેલાં બ્રહ્મને હું ઓળખતો નથી. બસ, હું તો આ ચરણો ઉપર જ ન્યોછાવર છું) ।।૧।।

હે દેવ! તે સ્વરૂપ પંચમહાભૂતનું બનેલું નથી પણ આપે આપની ઈચ્છાથી જ મારા ઉપર કૃપા કરવા તે ધારણ કર્યું છે. શરીરધારી દેખાતી આપની મૂર્તિનો મહિમા હું જ આન્તર મનવડે નથી જાણતો અને હું ન જાણું તો બીજો અનુભવૈકવેદ્ય સ્વરૂપના મહિમાને ક્યાંથી જાણી શકે? ।।૨।।

જ્ઞાનને માટે પ્રયત્ન કરવાનું આપ કહો તો એ જ્ઞાન જીવ અને ઈશ્વર સમ્બન્ધી એમ બે પ્રકારનું છે તેમાં જીવસ્વરૂપનું જ્ઞાન આપ કરાવો ત્યારે થાય અને ઈશ્વરસમ્બન્ધી જ્ઞાન તો કોઈને થતું નથી. ભગવાન્‌ને ઉપર ઉપરથી જાણ્યા તેથી એમને જાણ્યા છે એમ ન કહી શકાય. ભક્તિથી જ્ઞાન થાય તે પણ એમનામાં પ્રવેશોપયોગી જ્ઞાન માત્ર થાય છે. તેથી જ્ઞાનનેમાટે શ્રમ કરવો છોડી દઈને દ્વારકા વગેરે સ્થાન કે જ્યાં દેશ દોષ લાગતો નથી ત્યાં બેસીને સત્પુરુષોએ કહેલી આપની કથા શરીર, વાણી અને મનને તેને અનુકૂલ કરી જે શ્રવણ કરે છે તે પ્રથમ તો પ્રસિદ્ધ થાય છે અને પછી આપ અજિત છો છતાં એ ઘણું કરીને *આપને જીતી લે છે ।।૩।।

**વિશેષ :** આ એક માર્ગ એવો છે કે જેમાં એક ઠેકાણે રહેવાથી જીવિકામાં ખામી આવતી નથી. સત્પુરુષો ભગવાન્‌ની આજ્ઞાથી સર્વત્ર ફર્યા કરે છે તેને એ જ કર્તવ્ય છે કે એ જ્યાં રહે ત્યાં ભગવદ્‌ગુણગાન કરે તે અનાયાસે આપણા કાન ઉપર આવે છે. પરન્તુ કાયા, વાણી અને મન થી એ વાર્તા નમનીય હોવી જોઈએ. એ વાર્તામાં કહ્યું હોય તેને અનુસરીને કાયા, વાણી અને મનને રાખવા જોઈએ, પણ એનાથી વિરુદ્ધ વર્તવું ન જોઈએ; આટલું જ આ માર્ગમાં કર્તવ્ય

છે. સાધનમાં જીવન છે અર્થાત્ માત્ર જીવતા હોવું એ જ સાધન છે, બીજું કાંઈ કર્તવ્ય નથી. આ પ્રમાણે કરે તો બ્રહ્માજી કહે છે કે હવે પછી થનાર જીવોનો નિસ્તાર થાય. મારે માટે તો જે સ્વરૂપનાં દર્શન હું કરી રહ્યો છું તે જ સ્વરૂપ નિસ્તારક છે.

હે વિભો! આપની ભક્તિ બધી જાતના કલ્યાણનું મૂળ છે. જે લોકો તેને છોડી માત્ર જ્ઞાનની પ્રાપ્તિમાટે મહેનત કરે છે અને દુઃખ ભોગવે છે, તેમને તો ફળરૂપે કેવળ ક્લેશ જ પ્રાપ્ત થાય છે. બીજું કંઈ ફળ (સુખ) પ્રાપ્ત થતું નથી. જેવી રીતે ચોખા કાઢી લીધા પછી બાકી રહેલા જાડાં ફોતરાં (ભૂસું) ખાંડનારને મહેનત-દુઃખ સિવાય બીજો કોઈ લાભ પ્રાપ્ત થતો નથી અર્થાત્ ચોખા પણ મળતા નથી ।।૪।।

હે વ્યાપક! હે અચ્યુત! પહેલાં પણ ઘણા યોગીઓ આપનામાં સર્વ કર્મોના ફળને સમર્પણ કરવારૂપ કર્મથી અથવા સેવા-કથાથી પ્રાપ્ત થયેલભક્તિથીઆપના સ્વરૂપને જાણીને અનાયાસે પરમગતિને પામ્યા છે ।।૫।।

છતાં પણ હે ભૂમન્! આપ ગુણાતીતનો મહિમા શુદ્ધ અન્તઃકરણવાળા જ જાણી શકે છે, કેમકે આપ વિકારરહિત સ્વાનુભવરૂપ અનન્યબોધ્ય સ્વરૂપવાળા છો તેથી મલિન અન્તઃકરણવાળા આપના મહિમાને જાણી શક્તા નથી ।।૬।।

આપ લોકહિતાર્થ અવતાર ધરી સર્વ ગુણને સ્વીકારો છો ત્યારે આપના ગુણ અનન્ત હોઈ કોઈ તે ગણી શકતું નથી. બહુ સમર્થ લોકોએ કાળે કરીને પૃથ્વીના પરમાણુ ગણ્યા હશે, આકાશમાં હિમવર્ષાના કણ ગણ્યા હશે, જ્યોતિશ્ચક્રમાં તારાઓ ગણ્યા હશે પણ આપના ગુણોને કોઈ ગણી શક્યો નથી ।।૭।।

તેથી જે પુરુષ ક્ષણે-ક્ષણે આતુરતાપૂર્વક આપની કૃપાની જ રાહ જોતો રહે છે અને પ્રારબ્ધ પ્રમાણે જે કાંઈ સુખ-દુઃખ આવે તે નિર્વિકાર મનથી ભોગવી લે છે તથા જે પ્રેમપૂર્ણ હૃદય, ગદ્ગદ વાણી અને પુલકિત શરીરથી પોતાની જાતને આપના ચરણોમાં સમર્પિત કરતો રહે છે તે જેવી રીતે પુત્ર પિતાની સમ્પત્તિનો માલિક બને છે તેમ મુક્તિનો અધિકારી બની જાય છે ।।૮।।

હે ઈશ! મારી દુષ્ટતા તો આપ જુઓ કે અનન્ત અને અનાદિ, પૂર્વ-ઉત્તર-અવધિ રહિત, માયાવીમાં પણ માયા ફેલાવનાર એવા આપનો વૈભવ જોવાને માટે મારી માયા મેં આપના ઉપર ફેલાવી, પણ અગ્નિની પાસે એની એક ચિનગારીનો જેમ હિસાબ નથી તેમ, આપને મારી માયા શું કરી શકે? હું આપની પાસે શું હિસાબમાં? ।।૯।।

માટે હે અચ્યુત! રજોગુણથી જન્મેલો હું આપને જાણતો ન હોત અને હું જ ઈશ છું એમ મેં માની લીધું. તે મારો અપરાધ આપ ક્ષમા કરો. મારો જન્મ નથી તેથી હું 'અજ' છું એવો મને ગર્વ થયો. એનાથી મારું જ્ઞાન માર્યું ગયું તેથી મેં અપરાધ કર્યો, પણ ''આ બ્રહ્મા મારાવડે નાથવાળો છે, માટે દયા કરવા લાયક છે'' એમ જાણી આપ મને મારા દોષની માફી આપો ।।૧૦।।

પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જલ, ભૂમિ એવા આઠ આવરણયુક્ત આ બ્રહ્માંડરૂપ ઘડામાં સાતવેંતના શરીરવાળો હું ક્યાં અને જાળિયાના તેજમાં પરમાણું ઊડે છે તેવાં અનેક બ્રહ્માંડો જેના રોમકૂપમાં ઊડે છે તેવા આપની મોટાઈ ક્યાં? માટે મારો અપરાધ આપે ધ્યાનમાં લેવા યોગ્ય નથી ।।૧૧।।

હે અધોક્ષજ! માતાના ગર્ભમાં બાળક હોય તે પગ ઊંચો કરે અને માતાને દુઃખ થાય તેથી માતાએ ગર્ભસ્થ બાળક ઉપર કોપ કરતી નથી કે એનો અપરાધ માનતી નથી, તો જેને ભાવ અને અભાવ શબ્દથી કહેવાય છે તેવું જગત આપના ઉદરમાં શું નથી? તેથી એ સર્વમાં હું આવ્યો અને મારો અપરાધ પણ એ બાળકના જેવો તે આપે વિચારવા યોગ્યનથી ।।૧૨।।

શ્રુતિઓ કહે છે કે જે વખતે ત્રણેય લોક પ્રલયકાલીન જળમાં ડૂબેલા હતા, તે વખતે તે જળમાં બિરાજતા શ્રીનારાયણના નાભિકમલમાંથી બ્રહ્માનો જન્મ થયો. એમનું એ કહેવું કોઈરીતે અસત્ય થઈ શક્તું નથી. પણ આપથી હું થયો એ વાત, હે ઈશ્વર! તેથી મિથ્યા ઠરતી નથી ।।૧૩।।

આપ સર્વલોકના અધીશ્વર આત્મા અને સાક્ષી છો તેથી આપ *નારાયણ છો. ''નરથી ઉત્પન્ન થયેલ જળ જેનું સ્થાન છે'' એવી 'નારાયણ'ની વ્યુત્પત્તિ કરે છે તે નારાયણ આપનો અવતાર છે. એ જળનું આધારપણું સત્ય નથી, પણ આપની માયા છે ।।૧૪।।

**વિશેષ :** **''નારં જીવસમૂહઃ તદ્ અયનં યસ્ય''** એવો અર્થ કરીએ તો સર્વના આત્મા છો તેથી નારાયણ છો. આત્મા સર્વ ભૂતમાં રહે છે. **''અહમાત્મા ગુડાકેશ સર્વભૂતાશયસ્થિતઃ''** એ એમાં પ્રમાણ છે. **''નારમયતે પ્રેરયતિ ઈતિ નારાયણઃ''** આ પક્ષમાં 'પ્રેરક' એટલે એ જીવસમૂહ ઉપર સત્તા ચલાવનાર હોવાથી આપ નારાયણ છો. **''નરાજ્ જાતાનિ તત્વાનિ નારાણીતિ વિદુર્બુધાઃ, તેષામ્ અધીશ્વરઃ સાક્ષાત્ નારાયણ ઈતિ સ્મૃતઃ''** એ વાક્ય અહીં પ્રમાણરૂપ છે. **''નારં જીવસમૂહમ્ અયતે**

**જાનાતીતિ નારાયણઃ''** એ અર્થમાં આપ અખિલ લોકના સાક્ષી હોવાથી નારાયણ છો. અહીં શંકા કરે કે એ નારાયણ કહેવાનું અત્રે તાત્પર્ય નથી, પણ **''આપો નરા ઈતિ પ્રોક્તા આપો વૈ નરસૂનવઃ, અયનં તસ્ય તાઃ પૂર્વં તેન નારાયણઃ સ્મૃતઃ''**. 'નર' એટલે જળથી ઉત્પન્ન થયેલ, જળમાં સ્થાન હોવાથી **નારાયણ** છે એવો અર્થ અહીં ઈષ્ટ છે. એમ કહે તો કહે છે કે નરથી થયેલ જળમાં રહેનાર નારાયણ એ આપનો અવતાર છે, કેમકે આપ પુરુષરૂપ છો. **''પુરુષો હ વૈ નારાયણઃ અકામયત''** એમ શ્રુતિ કહે છે. **''વિષ્ણોસ્તુ ત્રીણિ રૂપાણિ પુરુષાખ્યાન્યથો વિદુઃ, પ્રથમં મહતઃ સ્રષ્ટ્ર દ્વિતીયં ત્વંડસંશ્રિતમ્, તૃતીયં સર્વભૂતસ્થં તાનિ જ્ઞાત્વા વિમુચ્યતે''** એવું વાક્ય છે. ખરી રીતે નારાયણની આવી વ્યુત્પત્તિ કરવી યોગ્ય નથી, કેમકે જળ સ્થિતિપ્રદર્શનાર્થ છે, તેથી જળપ્રદર્શન એ આપની માયા છે.

એ જળમાં રહેલું આપનું રૂપ સાચું હોય તો એ મેં કેમ જોયું નહિ અને એ જ વખતે હૃદયમાં જળ ન હતું તો પણ આપનું સ્વરૂપ ત્યાં મેં સારી રીતે કેમ જોયું? તેથી જળમાં સ્થિતિ નારાયણ શબ્દની પ્રવૃત્તિમાં પ્રયોજિકા નથી. હું જો જળમાં રહેનારનો પુત્ર હોઉં તો પિતાનું રૂપ પુત્ર પ્રત્યક્ષ જોઈ શકે, માટે એ મેં જોયું નહિ, તેથી એ નારાયણ નહિ, પણ આપજ નારાયણ છો. સર્વ જગતના આધાર આપ છો ।।૧૫।।

હે માયાનો નાશ કરનાર પ્રભુ! આ અવતારમાં બહાર દેખાતો પ્રપંચ સર્વ આપના ઉદરમાં બતાવીને એને માયિકપણું છે એમ તો આપે માતા યશોદાજીને શ્રીમુખમાં બ્રહ્માંડ બતાવી સિદ્ધ કરી આપ્યું છે. માતાને બતાવ્યો એ પ્રપંચ આપના સ્વરૂપમાં હોવાથી સાચો છે, એમ પણ સિદ્ધ થયું; એટલે ભગવાન્‌ના સ્વરૂપની માયિક્તા પણ એનાથી દૂર થઈ ગઈ. આપ જેના આધાર નથી તે માયિક છે ।।૧૬।।

નારાયણના ઉદરમાં આત્માસહિત જે જગત્ દેખાય છે તે જગત્ આપના આત્મામાં આપે માતાને બતાવ્યું તેથી પણ આપ જ નારાયણ છો. એમાં જે ભેદ, ઉલટી પ્રતીતિ, પરિચ્છેદ વગેરે દેખાય છે તે આપની માયાથી દેખાય છે ।।૧૭।।

આપના વિના પ્રપંચની જુદી રીતે સત્તા નથી એમ બતાવવામાટે મને આજે આપે માયા બતાવી. ભગવાન્ વિનાનું જગત્ છે એમ કહેનારને ભ્રાન્તિ છે એમ આજે આપે બતાવી આપ્યું, કારણ કે સર્વરૂપ આજે આપ જ થયા છો. જ્યારે મેં વાછડાં અને બાળકને હર્યાં ત્યારે એ વત્સરૂપ અને બાળકરૂપ આપ થયા. ત્યાર પછી

સર્વ બ્રહ્માંડરૂપ પણ આપ દેખાયા. પછી બધા ચતુર્ભુજ રૂપે દેખાયા એ પણ બ્રહ્માદિતૃણસ્તમ્બથી સેવાતા દેખાયા; તે-તે જગતરૂપ આપ થયા; તેથી આપ જ અદ્વય બ્રહ્મરૂપ છો. સર્વરૂપે થાઓ અને એકરૂપે થાઓ એમાં બીજી કોઈ વસ્તુ નથી તેથી આપ જ નારાયણ છો ।।૧૮।।

આપ સ્વામી અને હું સેવક છું, તેથી એકવાર મારો અપરાધ ક્ષમા કરો. (એમ કહેવામાટે દશ શ્લોકથી તત્વનું વર્ણન કરે છે કે) આપના માર્ગને ન જાણે પણ કેવળ તત્વને જાણનાર છે એ અનાત્મા દેહમાં આત્મા છે એમ કહે છે એમ કેમ સમ્ભવે? (ત્યાં કહે છે કે) જેમ જગતનું વિધાન કરનાર આપ છો છતાં વિષ્ણુમાં રક્ષકત્વનો આરોપ કરે છે, આ શિવજીમાં સંહારનો આરોપ માત્ર છે; ખરી રીતે તો ''જન્માદ્યસ્ય યતઃ'', ''યતો વા ઇમાનિ'' ઇત્યાદિ શ્રુતિથી સર્વ આપ છો એમ એ માયામાં મોહિત થઈને તત્વમાં આપનો આરોપ કરી તત્વમાં કર્તૃત્વ માને છે એને પણ આપના ચરણની કૃપાથીજ તત્વથી ખરું રૂપ જણાય છે ।।૧૯।।

દેવોમાં વામનરૂપે, ઋષિમાં પરશુરામરૂપે, મનુષ્યમાં રામરૂપે, પશુમાં વરાહરૂપે, જળ-જન્તુમાં મત્સ્ય-કચ્છપ રૂપે, આપ અજન્મા છતાં જન્મ લો છો; એ સત્પુરુષના અનુગ્રહમાટે અને દુષ્ટના દુર્મદનો નાશ કરવામાટે જન્મ ગ્રહણ કરો છો ।।૨૦।।

હે ભૂમન્! હે ભગવન્! હે પરમાત્મન્! હે યોગેશ્વર! તત્વ તો ભગવાન્ અને ભગવલ્લીલા છે. એ આપની લીલાને ત્રણ લોકમાં કોણ જાણી શકે એમ છે કે કઈ જગ્યાએ, કેવી રીતે, ક્યા પ્રકારે આપ શું કરવાના છો? કારણ કે આપ યોગમાયાનો વિસ્તાર કરીને ક્રીડા કરો છો ।।૨૧।।

એમ દેહમાં આત્મભાવને આપ દૂર કરાવો તેમ જ પ્રપંચનું મિથ્યાપણું અને આપનાથી એ જુદો છે છતાં એનું મિથ્યાપણું આપ છોડાવો ત્યારે તેની સત્યતા સ્ફુરે છે. (એ વાત કહે છે કે) આ બધું જગત્ બહિર્મુખના સ્વરૂપ જેવું છે. બહિર્મુખ સન્માર્ગનો પ્રતિબન્ધક છે, એમાં મમતા રાખે તો ભગવાન્થી વિમુખ કરે, તેમ આ પ્રપંચ સ્વરૂપથી પણ ઉદય-અસ્તમય છે. સ્વપ્ન જેવો છે એ જ્ઞાનનો પ્રતિબન્ધક છે. સ્વપ્નમાં બુદ્ધિનો અસ્ત થાય છે. વળી ક્લેશરૂપ પણ પ્રપંચ છે, તેથી બહુ દુઃખરૂપ કહ્યો છે. પરન્તુ એ આપને માટે સત્ જેવો દેખાય છે. જેમ સત્ નારદાદિ છે, તેમ ઘટાદિ પદાર્થ પણ આપની સેવાને માટે સત્ છે. આપ નિત્ય સુખબોધ તનુ

અને અનન્ત છો તેથી દુઃખરૂપ છતાં આપના સમ્બન્ધથી સુખરૂપ, અસ્તધીષણ છતાં આપ બોધતનુ હોવાથી જ્ઞાનરૂપ, અનિત્ય છતાં આપ અનંત હોવાથી નિત્યરૂપ છો, તેથી સર્વ જગત્ આપના સમ્બંધથી સારું, નહિ તો વિપરીત છે ।।૨૨।।

(જગતનું તત્વ કહી હવે ભગવત્તત્વ કહે છે કે) આપ એક છો, સજાતીય વિજાતીય સ્વગતભેદ શૂન્ય છો, પછી આપ 'આત્મા' એટલે જીવરૂપ, અન્તર્યામીરૂપ, વિભૂતિરૂપ એમ ત્રણ પ્રકારે થાઓ છો. અથવા બ્રહ્મવાદમાં એકરૂપે, યોગમાં આત્મારૂપે, સાંખ્યમાં પુરુષરૂપે, વૈષ્ણવશાસ્ત્રમાં પુરાણરૂપે, પાશુપાતમાં સત્યરૂપે, **"સચ્ચ ત્યચ્ચ"** એ ભેદ લઈએ તો જગતરૂપે, એમ પાંચ મતમાં પાંચ પ્રકારે જણાઓ છો. આપ સત્ય, સ્વપ્રકાશ, અનન્ત, આદ્ય અને નિત્ય એમ પ્રપંચરૂપ છતાં એના અસત્ય આદ્યન્ત અનિત્યાદિ દોષ આપનામાં નથી. પ્રપંચ આપના રૂપથી થાય માટે એમાં પણ નથી. (હવે ભગવાન્નાં બીજાં રૂપ કહે છે) શબ્દ બ્રહ્મરૂપ અક્ષરબ્રહ્મરૂપ પ્રકૃતિપુરુષ કારણરૂપ તેથી જ્ઞાનનો વિષય પણ આપ થઈ શકો છો. મોક્ષરૂપ આપ છો, કેમકે **અજસ્રસુખ** છો. સુષુપ્તિમાં સુખ અજ્ઞાનયુક્ત છે તેની નિવૃત્તિમાટે આપ નિરન્જન છો, અવિદ્યાના સમ્બન્ધરહિત છો. (એમ સોળ વિશેષણથી સોળ કળાયુક્ત નારાયણ આપ છો, એમ સિદ્ધ કર્યું) ।।૨૩।।

આ પ્રકારનું આપનું સ્વરૂપ જે સકળ આત્માનું પણ આત્મરૂપ છે. હું જ ભગવાન્ છું એમાં ગુરુ સૂર્યરૂપ, જ્ઞાન સાધનરૂપ અને ઉપનિષદ્ નેત્રરૂપ થઈને "હું બ્રહ્મ છું" એમ જાણે છે. ભવરૂપ અનૃતના સાગરને તરે છે, પણ સર્વ બ્રહ્મ છે એમ જાણે તો-તો સર્વને તરે; અને હું બ્રહ્મ છું એમ જાણે એને તો જે પોતાના મોહથી હું અને મારું એમ કહી જે ખોટો સંસાર કર્યો તે તરવો ભારે થઈ પડે છે. (તેથી મૂળમાં તરન્તીવ એમ ત્યાં ઈવ શબ્દ કહ્યો છે) કેમકે દોષનો આધાર દેહ તે એનાથી તરાતો નથી. "અહં બ્રહ્માસ્મિ" કહેનારનો અન્તર્દોષ નિવૃત્ત થાય છે, પણ દેહ, ઈન્દ્રિય અને વિષય ના દોષો નિવૃત્ત થતા નથી. તેથી 'અનૃતાંબુધિ' તર્યો તો પણ ન તર્યા જેવો થાય છે ।।૨૪।।

ઉપર કહ્યા તે આત્માને જ આત્મરૂપે માને છે એના ભ્રમથી બીજું બધું એણે કલ્પિત કર્યું છે તેમાં કેવળ આત્માને જાણે એટલા અંશમાં એને એક્તા થાય, પણ બીજું પોતે કૃતિથી સિદ્ધ કર્યું છે તેનો લય થતો નથી. (એમ દષ્ટાન્ત કહે છે કે) દોરડામાં સર્પ દેખાય તેને કોઈ દોરડાનું જ્ઞાન કરાવે તો આ સર્પનું શરીર નથી એમ તો

જ્ઞાન થાય, પણ આ દોરડું છે એની નિવૃત્તિ થતી નથી, તેમ સ્વબુદ્ધિકલ્પિતનો નાશ થાય પણ જગતનો નાશ ન થાય. એમ પોતે કરેલનો પણ નાશ ન થાય. બુદ્ધિકલ્પિત દોરડામાં સર્પ હતો એ **''નાયં સર્પઃ''** (આ સર્પ નથી) તેમ તો જ્ઞાન થયું, પણ સર્પ ખરો છે એનો તો ભય એને જતો જ નથી. તેથી અજ્ઞાનથી માન્યું હોય એ નિવૃત્ત થાય છે. બીજાનો નાશ થતો નથી. તેનાથી માત્ર 'હું', 'મારું' અભિમાન જ દૂર થાય છે, બીજા કોઈ પદાર્થનો નાશ થતો નથી ।।૨૫।।

ખરી રીતે જોઈએ તો ''હું મુક્ત છું, બ્રહ્મ છું'' એ પણ એક અજ્ઞાનનું જ કાર્ય છે, કેમકે સૂતેલો માણસ સ્વપ્નમાં ઊઠીને ભોજન કરતો હોય તે કહે કે ''મેં ઊઠીને ભોજન કર્યું'' એ અજ્ઞાન જ છે; ખરી રીતે તે ઉઠ્યો જ નથી; તેમ ભગવત્ શક્તિરૂપ અજ્ઞાનની નિવૃત્તિ ન થાય ત્યાં સુધી એનો પરમાર્થથી મોક્ષ પણ સમ્ભવે નહિ, કેમકે આપ **ઋતજ્ઞભાવ** (સત્યજ્ઞાન) રૂપ છો. મોક્ષ તો ઋતજ્ઞાનરૂપ છે, **અનૃતજ્ઞાનરૂપ** નથી. (ભગવાન્‌ની જ્ઞાન શક્તિથી મોક્ષ થાય છે એમ એકાદશમાં ભગવાન્ કહે છે) ભગવાન્ નિત્ય ચિદાનન્દરૂપ છે; એમાં અજ્ઞાનકૃત પ્રપંચ અને એના જ્ઞાનનો અભાવ હોવાથી જીવના અજ્ઞાનકૃત જ્ઞાનથી એ ભગવાન્‌માં એનું સાયુજ્ય કેમ સમ્ભવે? તેથી જ આપ **કેવલ** છો એમ કહ્યું છે. વળી એ પર પણ છે, નિયામક છે, જીવ નિયમ્ય છે. નિયમ્ય નિયામકની આજ્ઞા વિના એમાં દાખલ થઈ શકે નહિ તેથી જીવને બ્રહ્મ કહેનારનો મોક્ષ થતો નથી. (એમાં દૃષ્ટાન્ત કહે છે કે) રાત અને દિવસ એ સૂર્યની અપેક્ષાએ કહેવાય છે. જો એમ ન માનો તો આંખ મીંચો એટલે રાત અને આંખ ખોલો ત્યારે દિવસ થઈ જાય. પણ એમ થતું નથી. માટે ખંડાદ્વૈતજ્ઞાનીઓની ''અમે બ્રહ્મરૂપ છીએ'' એ ભ્રાન્તિ છે ।।૨૬।।

આપ કૃષ્ણરૂપ પરમાત્મા છો, તેમને તો એ આત્માથી જુદા માને છે અને ભાવનાથી હૃદયમાં સ્ફુરતા સાંખ્યાદિમાં કહેલા આત્માને પરમાત્મા માની સન્યાસ ગ્રહણ કરી બહાર શોધવા નીકળે છે એ અજ્ઞજનોની અજ્ઞાનતા જ છે ।।૨૭।।

હે અનન્ત! અન્તઃકરણમાં, હૃદયાકાશમાં જે આપને શોધે છે તે સારા છે, કેમકે એ **એતત્** ને છોડે છે. **તત્** ભગવચ્ચિન્તન, એ જેમાં ન હોય તેવાં સાધનને છોડનાર એ **'અતત્યજ'** કહેવાય છે. ભગવાન્‌ના ચિન્તનથી વિરુદ્ધ હોય તેને છોડનાર સત્પુરુષ કહેવાય. જો સર્પ જગતમાં હોય જ નહિ તો પાસે પડેલા દોરડાંને કોઈ સર્પ જાણે ખરો? માટે ભ્રમથી જણાતા ભાવને છોડી હૃદયમાં વિદ્યમાન

ભગવાન્‌ની ભાવના કરવી એ કહેવાનો તાત્પર્યનો અર્થ છે ।।૨૮।।

જો કે ભગવાન્‌ની અન્તઃકરણમાં એમ ભાવના કરવી યોગ્ય છે, પણ ભજનમાર્ગ અને ભગવત્ શાસ્ત્ર વગર કેવળ ચિન્તન ભગવાન્‌ના પ્રાદુર્ભાવમાં સમર્થ થતું નથી (એથી કહે છે કે) હે દેવ! તમારા બેઉ ચરણની કૃપાના લેશવડે અનુગ્રહવાળો જ આપના મહિમાને જાણી શકે છે. એ કૃપા સિવાયનો એક જણ ઘણા કાળ સુધી ચિન્તન કરે તો પણ આપના મહિમાને જાણી શકતો નથી ।।૨૯।।

તેથી ભગવન્માર્ગવડે ભગવાન્ સેવવા જોઈએ. તેથી જ મારો ભગવદ્ ભક્તોમાં જન્મ થાઓ એવી બ્રહ્માજી પ્રાર્થના કરે છે. મારો જન્મ આ ગોકુળમાં અથવા અન્યત્ર કેવળ માણસમાં જ નહિ પણ પશુમાં પણ ભલે થાય, એને હું મોટા ભાગ્યવાળો સમજીશ, જે જન્મવડે હું પણ આપની સેવા કરવામાં એક થઈને આપના ચરણપલ્લવને સેવું. જો સજાતીયમાં જન્મ થાય તો સેવા થઈ શકે. ભક્ત વિજાતીયની સાથે બેસી ભજન કરતા નથી ।।૩૦।।

(એમ પોતે પ્રાર્થના કરી ગોકુળવાસીના ભાગ્યનું અભિનન્દન કરે છે) અહો! આ વ્રજની ગાયો અને રમણીઓ ને ધન્ય છે કે જેઓનું સ્તનપાન આપે વત્સરૂપે અને ગોપબાલકરૂપે કર્યું છે. આપને તૃપ્ત કરવાને આજસુધી યજ્ઞો પણ સમર્થ થઈ શક્યા નથી એવા આપને ગાયો અને વ્રજ રમણીઓએ દૂધ આપી તૃપ્ત કર્યા એ માટે એમને ધન્યવાદ ઘટે છે ।।૩૧।।

નન્દરાયજી, ગોપો અને વ્રજવાસીઓ ના ભાગ્યને ધન્ય છે. હકીકતમાં તેઓનું અહોભાગ્ય છે કારણ કે પરમાનન્દસ્વરૂપ, સનાતન, પૂર્ણ બ્રહ્મ પોતે એમના મિત્ર થયા ।।૩૨।।

હે અચ્યુત! આ વ્રજવાસીઓના સૌભાગ્યનો મહિમા તો અલગ રહ્યો, મન વગેરે અગિયાર ઈન્દ્રિયોના અધિષ્ઠાતૃ દેવતાઓના રૂપમાં રહેનારા મહાદેવ આદિ અમે દેવો ખૂબ જ ભાગ્યશાળી છીએ, કારણ કે આ વ્રજવાસીઓના મન વગેરે અગિયાર ઈન્દ્રિયોને પ્યાલા બનાવી અમે આપના ચરણકમલોના અમૃતથી પણ મીઠા, મદિરાથી પણ માદક મધુર મકરંદ રસનું પાન કરતા રહીએ છીએ. જ્યારે તેનું એક-એક ઈન્દ્રિયથી પાન કરી અમે ધન્ય-ધન્ય થઈ રહ્યા છીએ તો બધી જ ઈન્દ્રિયોથી તેનું સેવન કરનારા વ્રજવાસીઓના સૌભાગ્યની તો વાતો જ શી કરવી? ।।૩૩।।

આ ગોકુલમાં નિરર્થક (કોઈ મામૂલી) જન્મ થાય તો પણ મોટું ભાગ્ય સમજવું, કેમકે આપના ચરણની રજનો એના ઉપર અભિષેક થાય. વળી આ ગોકુલવાસીઓનું જીવન સમગ્ર ભગવદ્રૂપ છે, ભગવદર્થ છે, સાક્ષાત્પરમ્પરાવડે તાત્પર્ય ભગવાન્માં છે. એનાં ચરણરજ પણ ભાગ્યરૂપ જ છે. ભગવાન્ના ચરણની રજ અનાદિકાલથી આજ સુધી શ્રુતિઓ શોધતી જ રહી છે પણ તેને પ્રાપ્ત કરી શકી નથી. **''બ્રહ્મ પુચ્છં પ્રતિષ્ઠા, તદ્વિષ્ણોઃ પરમં પદમ્''** એમ પદની પ્રશંસા કરે છે. એને ચરણરજ પ્રાપ્ત થઈ ગઈ હોત તો એને લઈને કૃતાર્થ થઈ જાત, પછી એ પ્રશંસા કરવાનું પ્રયોજન રહેતું નથી ।।૩૪।।

આ વ્રજવાસીઓને, હે દેવ! આપ શું ફળ આપશો, એનો અમારા ચિત્તમાં વિચાર આવતાં આપ વિશ્વના ફલરૂપ છો તેમનાથી બીજે અમારું ચિત્ત જતાં મૂંઝાય છે. જે પૂતના યશોદાજીનો વેષ માત્ર લઈને માતા સ્વરૂપે આપને દ્વેષભાવથી આવીને મળી તેને અને બક, અઘાસુર, વગેરે એના ભાઈ સુદ્ધાંને આપે આપના સ્વરૂપનું દાન કર્યું, તો પછી જેમણે ઘર, પૈસા, સુહૃદ, પ્રિય પદાર્થો, દેહ, પુત્ર, ઈન્દ્રિયો, અન્તઃકરણ વગેરે આપને અર્પણ કર્યાં છે તેમને આપ શું ફળ આપશો? ।।૩૫।।

(કદાચ ભગવાન્ કહે છે કે પૂતનાને મારીને મુક્ત કરી ત્યારે ભક્તોને જીવતા મુક્ત કરીશ, તો ત્યાં કહે છે કે) હે સચ્ચિદાનન્દ સ્વરૂપ શ્યામસુન્દર! જ્યાં સુધી જીવો આપના સેવક થઈ જતા નથી ત્યાં સુધી જ રાગ, દ્વેષ વગેરે ચોર થઈ વિવેક, ધૈર્યને ચોરી જાય છે; ત્યાં સુધી જ ઘર કેદખાનું થઈ બન્ધનકારક બને છે; ત્યાં સુધી જ પુત્ર વગેરેમાં મોહ પગમાંની બેડીની ગરજ સારે છે. (જે ત્રણેય સેવોપયોગી અને શાસ્ત્રોની દૃષ્ટિએ પણ અભિલાષા કરવા જેવાં થઈ જાય છે) ।।૩૬।।

હે પ્રભો! શરણાગત જનતાના આનન્દ સમુદાયને વધારવામાટે આપ સ્વયં નિષ્પ્રપંચ છો છતાં પ્રપંચનું અનુકરણ કરો છો ।।૩૭।।

(આનંદસંદોહની વૃદ્ધિ તો જ્ઞાનથી પણ પ્રભુ કરી શકે તો પ્રપંચનું અનુકરણ કરવાની ભગવાન્ને શી જરૂર હોય એવી શંકાના ઉત્તરમાં કહે છે કે) જ્ઞાનની વાત તો જ્ઞાનીઓ જાણે. ખરી રીતે તો જ્ઞાન સ્વપ્નબોધકરૂપ છે માટે એ ભ્રાન્ત છે. (વાદી શંકા કરે કે એમ તમને લાગતું હોય તો જ્ઞાનમતને તમારે દૂષણ આપવું જોઈએ, પણ વગર દૂષણે એની અવજ્ઞા ન કરવી જોઈએ. ત્યાં કહે છે કે) મારે વધારે બોલીને અહીં કાંઈ કરવાની જરૂર નથી; થોડી વાતમાં જ કહું છું. આપનું સ્વરૂપ મન, વાણી અને શરીરથી ન કહી

શકાય તેમ આપનો વૈભવ પણ મન અને વાણી નો વિષય નથી. અથવા વાણી, મન અને શરીર નો વૈભવ બીજે કામ આપે છે પણ આપને જાણવાને અસમર્થ છે ।।૩૮।।

હે શ્યામસુન્દર! આપ જ જગતના નાથ છો પણ આપે મને સોંપેલ જગતનો અધિકાર સચવાય માટે મને (ગોપ બાળકો વગેરેને લઈ આવવાની) રજા આપો. આપ બધું જાણો છો કેમકે આપ સર્વજ્ઞ છો ।।૩૯।।

હે કૃષ્ણ! વૃષ્ણિકુળરૂપ કમળના વિકાસક સૂર્યરૂપ, પૃથ્વી-દેવ-બ્રાહ્મણ-પશુરૂપ, સમુદ્રને ચન્દ્રની પેઠે વધારનાર, પાખંડરૂપ અન્ધકારને દૂર કરવામાં અગ્નિરૂપ અને પૃથ્વીમાં રાક્ષસરૂપે અવતરેલા ક્ષત્રિયોનો નાશ કરવામાટે અવતાર ધરનાર, આપ સૂર્યથી લઈને સર્વને પૂજ્ય હોવાથી હું આપને મારા સમગ્ર જીવન પર્યન્ત, (મહાકલ્પ પર્યન્ત) નમસ્કાર કરતો રહું'' ।।૪૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ભૂમા ભગવાન્‌ની એ પ્રકારે સ્તુતિ કરી ત્રણ પરિક્રમા કરી, પોતાને ઇચ્છિત ભગવાન્‌ને નમસ્કાર કરી જગતના બનાવનાર બ્રહ્માજી પોતાના ધામ તરફ ગયા ।।૪૧।।

બ્રહ્માજી ઘેર જઈ ગોપબાળકો અને વાછડાંને લાવે તે પહેલાં જ એ બાળક અને વાછડાંને ભગવાન્ પાછા કાંઠા ઉપર લાવ્યા, એ પણ પ્રથમ જેમ લાવ્યા હતા અને જે સ્થાને રહેલા મિત્રો બેઠેલા હતા તે જ કાંઠા ઉપર પહોંચાડ્યા અને પહેલાં જેમ બેઠા હતા તે જ પ્રમાણે ગોઠવી દીધા ।।૪૨।।

વત્સો અને બાળકો ને પોતાના પ્રાણેશનો વિયોગ એક વર્ષથી થયો છે તેનો વિયોગ ક્ષણભરનો હોય છતાં કોટિકલ્પ જેવો થવો જોઈએ, છતાં અહીં તો બધા કૃષ્ણની માયામાં મોહિત થયેલા હોવાથી તે સમય અડધી ક્ષણ જેટલો જ લાગ્યો ।।૪૩।।

જગતનાં બધા જીવો તે જ માયાથી મોહિત થઈ જઈ શાસ્ત્ર અને આચાર્યો ના વારંવાર સમજાવવા છતાં પોતાના આત્માને નિરન્તર ભૂલેલા છે, વાસ્તવમાં તે માયાની શક્તિ જ એવી છે જેનાથી મોહિત થઈને જીવો, અહીં શું શું નથી ભૂલી જતાં? ।।૪૪।।

બાળકોએ મિત્ર શ્રીકૃષ્ણને કહ્યું કે આપ બહુ જલદી આવી પહોંચ્યા એ ઘણું સારું થયું. અમે આપના ગયા પછી એક કોળિયો પણ ખાધો નથી. આપ સારી રીતે

આવી અમારી સાથે બેસો એટલે આપણે સાથે જ આનન્દથી ભોજન કરીએ ।।૪૫।।

ત્યારે ઇન્દ્રિયોના નિયામક ભગવાન્ જરા હસીને બાળકો સાથે ભોજન કરી પેલું અજગરનું ચર્મ સુકાઈ ગયું હતું તે ગોપબાળકોને બતાવતા વનમાંથી વ્રજમાં પધાર્યા ।।૪૬।।

શ્રીકૃષ્ણના મસ્તક ઉપર મોરપીંછનો મનોહર મુગટ શોભે છે, વાંકડિયા કેશમાં સુન્દર-સુન્દર મઘમઘતાં પુષ્પો ગૂંથેલાં છે. વનની રંગીન ધાતુઓથી શ્યામશરીર પર ચિત્રકારી કરેલી છે. ખભે નોઝણું નાખેલું છે. ચાલતાં-ચાલતાં રસ્તામાં ક્યારેક વેણુ, ક્યારેક પિપૂડી તો ક્યારેક શીંગ વગાડી વાદ્યોત્સવમાં મગ્ન થઈ રહ્યા છે. પાછળ ગ્વાલબાલો એમની લોકપાવન કીર્તિનું ગાન કરતા જઈ રહ્યા છે. ક્યારેક વાછડાંઓને ડચકારે છે, માર્ગની બન્ને બાજુએ ગોપીજનો ઊભાં છે, જ્યારે તે ક્યારેક તિરછી આંખોથી તેમની નજરમાં નજર મિલાવી દે છે ત્યારે ગોપીઓ આનંદમુગ્ધ બની જાય છે. આ પ્રમાણે શ્રીકૃષ્ણે વ્રજમાં પ્રવેશ કર્યો ।।૪૭।।

''આ યશોદાનન્દજીના પુત્રે આજે ગોચારણ કરતાં વનમાં મોટા અજગરને માર્યો અને અમારા બધાની રક્ષા કરી'' આમ બાળકોએ વ્રજમાં કહ્યું ।।૪૮।।

**રાજા પરીક્ષિતે પૂછ્યું** : હે બ્રહ્મન્! કૃષ્ણ તો પરાયા પુત્ર હતા તો એ કૃષ્ણમાં આટલો બધો પ્રેમ ગોપ-ગોપીઓને કેમ થયો કે જેટલો પ્રેમ પોતાના શરીરથી પેદા થયેલ બાળકો ઉપર પણ પહેલાં ન હતો? તે કહો ।।૪૯।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે રાજન્! સર્વપ્રાણીને સ્નેહ તો પોતાના આત્મામાં જ હોય છે. આત્માથી જુદો, છોકરાં, પૈસા વગેરેમાં સ્નેહ દેખાય છે તે આત્માને લઈને દેખાય છે ।।૫૦।।

માટે હે રાજેન્દ્ર! પ્રાણધારી મનુષ્યને પોત-પોતાના દેહ ઉપર સ્નેહ હોય છે તેવો મમતાના વિષય પુત્ર, ધન, ઘર વગેરેમાં નથી હોતો ।।૫૧।।

હે નૃપશ્રેષ્ઠ! દેહને જ આત્મા માનનારને પણ જેવો દેહ પ્રિય લાગે છે તેવા પ્રિય, દેહના સમ્બન્ધી જણાતા નથી ।।૫૨।।

માણસ આત્માનું સ્વરૂપ જુદું જાણતો થાય અને દેહને આત્માનો સમ્બન્ધી એટલે ''આ દેહ મારો છે'' એમ જાણતો હોય તો અને દેહમાં પ્રીતિ આત્મા જેટલી નહિ રહી શકે, કારણ કે દેહ તો જીર્ણ થાય છે તો પણ એને જીવવાની ઘણી મોટી

આશા રહે છે ।।૫૩।।

માટે બધા દેહધારીઓને પોતાનો આત્મા જ સૌથી વહાલો છે એને માટે જ આ સ્થાવર અને જંગમ બધું જગત્ પ્રિય હોય છે ।।૫૪।।

આ શ્રીકૃષ્ણને તું સર્વ આત્માઓનો આત્મા જાણ. એ જગતનું હિત કરવામાટે દેહ ધારણ કરનારના જેવા અહીં અત્યારે માયાથી દેખાય છે ।।૫૫।।

શ્રીકૃષ્ણને જાણનારને તો સ્થાવાર-જંગમ સર્વ ભગવદ્રૂપ જ દેખાય છે.ભગવાન્ સિવાય બીજી કોઈ વસ્તુજ નથી. જગત્ એ શ્રીકૃષ્ણનું બીજું રૂપ છે ।।૫૬।।

બધી વસ્તુઓનું અન્તિમ રૂપ પોતાના કારણમાં રહેલું હોય છે. તે કારણના પણ પરમ કારણ શ્રીકૃષ્ણ છે. પછી ભગવાન્ જેમાં ન હોય તેવી કઈ વસ્તુ કહી શકાય? ।।૫૭।।

જેમણે પુણ્યકીર્તિ મુરારિના પાદ-પલ્લવની નૌકાનો દૃઢ આશ્રય લીધો છે જે મહાન પદ (મોટું સ્થાન) છે, એમને માટે આ ભવસાગર વાછડાની ખરીથી પડતા ખાડા જેવડો છે. એમને પરમપદ (વૈકુંઠ)ની પ્રાપ્તિ થઈ જાય છે અન વિપત્તિઓનું નિવાસસ્થાન (આ સંસાર) તેમને માટે રહેતો નથી ।।૫૮।।

હે રાજા પરીક્ષિત! તમે જે પૂછ્યું હતું કે ભગવાને કુમાર અવસ્થામાં કરેલ ચરિત્ર ભક્તોએ પૌગંડમાં કેમ ગાયું, એનું રહસ્ય મેં તમને કહી બતાવ્યું ।।૫૯।।

ભગવાનનું પોતાના સુહૃદો સાથે વનમાં જવું, ત્યાં અઘાસુરને મારવો, લીલા તૃણ ઉપર બેસીને ભોજન કરવું, અલૌકિક રૂપ બતાવવું અને બ્રહ્માજીની મહાન સ્તુતિને જે સાંભળે અથવા કહે છે તે માણસ સર્વ પુરુષાર્થને પ્રાપ્ત કરે છે ।।૬૦।।

**એવં વિહારૈઃ કૌમારૈઃ કૌમારં જહતુર્વ્રજે ।।**
**નિલાયનૈઃ સેતુબન્ધૈર્મર્કટોત્પ્લવનાદિભિઃ ।।૬૧।।**

આ પ્રમાણે શ્યામ અને રામ ક્યારેક સન્તાકૂકડી રમતા, તો ક્યારેક પુલ બાંધતા. ક્યારેક વાનરો (માંકડાં) ની માફક કૂદા-કૂદ કરતા તો ક્યારેક દેડકા-દાવ રમતા. આ પ્રમાણે કૌમાર (કુમાર અને કુમારીઓની) અવસ્થાના વિહાર કરી પોતાની કુમાર અવસ્થા વ્રજમાં તજી (=સ્થાપી) ।।૬૧।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (બીજા તામસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા પ્રકરણના અન્તમાં પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાયમાંનો છેલ્લો ત્રીજો**

**અને ચાલુ)* ''બ્રહ્માજીએ ભગવાન્‌ની કરેલી સ્તુતિ''**
**નામનો ચૌદમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**વિશેષ :** શ્રીઆચાર્યચરણે દશમસ્કન્ધના ૮૭ અધ્યાય માન્યા છે. તેથી આ ત્રણ વધારાના અધ્યાયના અંક ક્ષેપક તરીકે જુદા પણ લખ્યા છે.

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્ાવૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
ભાગવતનો પાઠ પ્રયત્ન પૂર્વક કૃષ્ણભક્તિ સિવાય અન્ય કોઈપણહેતુ વિનાજ કરવો જોઈએ. પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

# અધ્યાય ૧૫

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૧૨

# શ્રીબળદેવજીએ ધેનુકને માર્યો

### બીજા તામસ પ્રકરણના બીજા પેટા પ્રકરણઃ પ્રમેય પ્રકરણનો અધ્યાય ૧

**વિશેષઃ** પૂર્વ પ્રમાણ પ્રકરણમાં યશોદા નન્દનો નિરોધ સારી રીતે કહ્યો. આ બીજા પ્રમેય પ્રકરણમાં ગોપાલ અને એમની સ્ત્રીઓનો નિરોધ કહેવાય છે. આ નિરોધ એ મધ્યમ નિરોધ છે. આથી સારી રીતે તેમનો નિરોધ તામસ સાધન પ્રકરણ (ક્ષેપક ગણતાં અધ્યાય ૨૨ થી ૨૮ અથવા ક્ષેપક ન ગણતાં અધ્યાય ૧૯ થી ૨૫) માં કહેવામાં આવશે. આ પ્રકરણમાં ભગવાને દુષ્ટનો નિગ્રહ કરતા પાંચ પ્રકારે પોતાનો પ્રભાવ બતાવ્યો છે. પૂર્વ પ્રકરણમાં આધિભૌતિકી અવિદ્યા દૂર કરી, આ પ્રકરણમાં આધ્યાત્મિકી અવિદ્યાનો નાશ ભગવાન્‌ને કરવાનો છે, તેથી આધ્યાત્મિક અવિદ્યા જતી રહે તેવી કૃતિ ભગવાન્ પહેલા પાંચ અધ્યાયમાં કરે છે. પછીના બે અધ્યાયમાં સ્નેહનું આધિક્ય સિદ્ધ કર્યુ છે. મધ્યમનિરોધ સ્નેહપર્યન્ત જ ગણાય છે. તેથી છેલ્લે વેણુગીતમાં સ્નેહના અન્તમાં આસક્તિ કહેવામાં આવી છે તે જ મધ્યમનિરોધનું ફળ એટલે અવાન્તર ફળ છે. ત્રણ ક્ષેપકને ન ગણીએ તો આ બારમો અધ્યાય છે તેમાં દેહના અધ્યાસરૂપ 'ધેનુક' નામનો દૈત્ય છે, તેનો ભગવાન્ આ અધ્યાયમાં વધ કરશે. પછીના અધ્યાયમાં કાલિયદમન આવશે. કાલિય ઇન્દ્રિયાધ્યાસરૂપ છે અને વિષયો એનું વિષ

છે. એ વિષથી સર્વનો નાશ થાય તેથી ગોપો, ગાયો વગેરે વિષ સમ્બન્ધથી મરી ગયાં એમ કહ્યું છે. એમાંથી એમને ભગવાને જીવતાં કર્યાં અને જ્ઞાનપૂર્ણ અલૌકિક દેહની પ્રાપ્તિ કરાવી.

**તતશ્ચ પૌગંડવયઃ શ્રિતૌ વ્રજે બભૂવતુસ્તૌ પશુપાલસમ્મતૌ ।।**
**ગાશ્ચારયન્તૌ સખિભિઃ સમં પદૈર્વૃન્દાવનં પુણ્યમતીવ ચક્રતુઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : એ બન્ને ભાઈઓ કુમાર અવસ્થાને વ્રજમાં છોડીને વૃન્દાવનમાં પધાર્યા ત્યારે પૌગંડ વય (છ વર્ષથી નવ વર્ષ સમ્પૂર્ણ થાય ત્યાં સુધી 'પૌગંડ વય' કહેવાય.) આપે અંગીકાર કરી, તે સમયે ગાયોને ચરાવવા યોગ્ય થયા. પોતાના મિત્રોની સાથે ગાયોને ચારતા વૃન્દાવનને પોતાના ચરણારવિન્દથી અત્યન્ત પવિત્ર કરવા લાગ્યા ।।૧।।

લક્ષ્મીજીના પતિ શ્રીકૃષ્ણ પોતાના યશનું ગાન કરતા ગોપોની સાથે બળદેવજીને લઈ પશુઓને આગળ કરી પશુને હિતકારી અને કુસુમના ભંડારરૂપ વૃન્દાવનમાં વિહાર કરવાની ઈચ્છાથી પધાર્યા ।।૨।।

ભ્રમરના મધુર ગુઞ્જારવથી, પક્ષીઓના મનોહર કલરવથી અને મૃગોથી પૂર્ણ મોટાના મન જેવા સ્વચ્છ જળાશયવાળા, કમળના સુગન્ધયુક્ત વાયુવાળા વૃન્દાવનને જોઈને ભગવાને રમણ કરવાની ઈચ્છા કરી ।।૩।।

પુરુષોત્તમ ભગવાને જોયું કે મોટાં-મોટાં વૃક્ષો ફલ અને ફૂલો ના ઘણા ભારથી ઝૂકી પોતાની ડાળીઓ અને નૂતન કૂંપણોની લાલિમાથી એમના ચરણોનો સ્પર્શ કરી રહ્યાં છે, ત્યારે તેમણે ઘણા આનન્દપૂર્વક મન્દ-મન્દ હસતાં પોતાના મોટાભાઈ બળદેવજીને કહ્યું ।।૪।।

**શ્રીભગવાન્ બોલ્યા** : હે દેવવર! આ વૃક્ષોને તામસ ભાવે વૃક્ષનો જન્મ મળ્યો છે તે પોતાના તામસ ભાવ (અજ્ઞાન) ને દૂર કરાવવા સ્વમસ્તકને નમાવી ફૂલ, ફળ વગેરે ભેટ ધરીને દેવોએ પૂજેલ આપના ચરણારવિન્દને નમન કરે છે ।।૫।।

આ ભ્રમરો અખિલ લોકને પવિત્ર કરનાર આદિપુરુષ *આપનો યશ ગાતાં-ગાતાં આપના માર્ગને અનુસરે છે. ઘણું કરીને આ ભ્રમરો આપના ભક્તો મુનિઓ છે તે પક્ષીરૂપ સ્વીકારી ગૂઢ રીતે વનમાં પણ પવિત્ર પોતાના આત્મા અને દેવરૂપ આપને છોડતા નથી ।।૬।।

**વિશેષ** : અહીંથી દશ શ્લોકથી ભગવાન્ વૃન્દાવન પ્રવેશ કરી વૃન્દાવનના અને એમાં રહેલ વૃક્ષ, પશુ, પક્ષી વગેરેના ગુણો બળદેવજીને બતાવે છે. ભગવાન્ એના ગુણો જાણે છે અને

બળદેવજીમાં એ સમજવાનું સામર્થ્ય છે એમાં જો દોષ હોય તો એમાં પ્રભુ ક્રીડા કરે નહિ. તેથી એમના ગુણો કહે છે. ત્યાર બાદ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચાર પુરુષાર્થ વૃક્ષના સ્વરૂપમાં બતાવી દશ લીલા ભગવાને કરી એ વાત અહીં કહેવામાં આવે છે. એમ એ લીલા બતાવીને ગોપોને સંસ્કાર કર્યો તેથી એમનો અધિકાર ભગવાન્‌ની સાથે ખેલવાનો થયો. (વિશેષમાટે શ્રીસુબોધિનીજી વાંચવા વિનન્તિછે.)

હે સ્તુત્ય! આપ ઘરે પધાર્યા તેથી આ મયૂરો આપને નૃત્ય બતાવે છે. આ હરિણીઓ ગોપીઓની જેમ સ્નેહવાળી દષ્ટિદ્વારા આપને પ્રિયાઓની યાદ અપાવી આપની સેવા કરે છે. આ કોકિલાઓના ગણ મધુરવાણી બોલી આદર આપે છે, તેથી આ વનમાં રહેનાર છતાં આતિથ્ય સત્કાર કરી સત્પુરુષના ધર્મને બજાવે છે. આવ્યાનું*આતિથ્ય કરવું એ સત્પુરુષનો સ્વભાવ હોય છે ।।૭।।

**વિશેષ** : અતિથિ ઘેર પધારે ત્યારે અત્યન્ત સન્તોષ થવો જોઈએ. પોતાની પ્રિય વસ્તુ એને ધરવી જોઈએ. સુન્દર વાણીવડે પરમ સ્તુતિ કરવી એ સત્પુરુષનો સ્વભાવ હોય છે. **''તૃણાનિ ભૂમિરુદકં વાક્ ચતુર્થી ચ સૂનૃતા। એતાન્યપિ સતાં ગેહે નોચ્છિદ્યન્તે કદાચન''** મનુસ્મૃતિ અધ્યાય ૩ શ્લોક ૧૦૧ (આસન, જમીન, પાણી અને સારી વાણી આ ચાર વસ્તુ સત્પુરુષોનાં ઘરમાં કદી ખૂટતી નથી) એ સામાન્ય ઉપચાર છે.

આપના ચરણના સ્પર્શથી આ પૃથ્વી, ઘાસ, લતાઓ વગેરે ધન્ય છે. વૃક્ષો અને લતા ઓ આપના શ્રીહસ્તના સ્પર્શથી કૃતાર્થ છે. નદીઓ, પર્વતો, પક્ષીઓ, પશુઓ વગેરે આપના દયાપૂર્વક અવલોકન્‌થી ધન્ય છે. આપની બે ભુજાઓની અન્દર આવવાથી ગોપીઓ પણ ધન્ય છે કે જે ભુજાઓની સ્પૃહા લક્ષ્મી કરી રહી છે ।।૮।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : આવી શોભાવાળા વૃન્દાવનમાં પ્રસન્ન મનવડે પશુને ચારતાં, ગોવર્ધનનાં શિખરોમાં, નદીઓના કિનારાઓમાં બલદેવજીની સાથે શ્રીકૃષ્ણે રમણ કર્યું ।।૯।।

મદાન્ધ ભ્રમરો ક્વચિત્ ગાય છે તેની સાથે ભગવાન્ ગાવા લાગે છે. ગોપો ભગવચ્ચરિત્રનું ગાન કરે છે, મિત્રો અને બળદેવજી ભગવાન્‌ની પાછળ-પાછળ જાય છે ।।૧૦।।

કોઈક જગ્યાએ અવ્યક્ત મધુર સ્વરવાળા હંસના કૂજિતનું અનુકરણ કરે છે. કોઈક જગ્યાએ મયૂર નાચે છે તેને જોઈ પોતે પણ મયૂરના નૃત્ય કરતાં સુન્દર નૃત્ય કરીને મયૂરને હાંસીપાત્ર બનાવે છે, (બધાને હસાવે છે) ।।૧૧।।

ગાયો અને ગોપાલો ના મનને પ્રિય લાગે એવી રીતે પ્રીતિથી મેઘના સરખી ગમ્ભીર વાણીવડે દૂર ગયેલાં પશુઓને ક્યારેક એમનાં *નામ લઈને બોલાવે છે ।।૧૨।।

**વિશેષ :** આ શ્લોક ચોથા મોક્ષ પુરુષાર્થનું વર્ણન છે. ભગવત્સાયુજ્ય અને મુક્તિ, ભગવાન્ આપે તો જ મળી શકે છે. સર્વ શાસ્ત્રમાં કહેલાં સાધન ભક્ત કરે ત્યારે એ સાધનો ભગવાન્માં સમ્બદ્ધ થાય છે એટલે એ ભગવાન્માં પ્રતિફલિત થાય છે; એ સાધનને ભગવાન્ કરે છે ત્યારે એ સાધનનું સાધ્ય સિદ્ધ કરે છે આ વાત સિદ્ધાન્ત રૂપ છે. **''યદનુસ્મર્યતે કાલે સ્વબુદ્ધ્યાભદ્રરન્ધના યેનોપશાન્તિર્ભૂતાનાં''** એ શ્લોકમાં આ વિષયનું વિશેષ વિવેચન છે. માટે ભગવન્નામનું કીર્તન ભક્ત કરે તે ભગવાન્ને પોતાનું નામ લેવડાવવામાટે કરે. જ્યારે એ નામ ભગવાન્ લે ત્યારે એ નામ એનું સિદ્ધ થાય છે. તેથી ભગવાન્ દૂર રહેલ ગાયોને નામ લઈ બોલાવે છે. તેથી એનાં સાધ્યોને ભગવાન્ સિદ્ધ કરે છે.

ક્યારેક ચકોર, ક્રૌંચ, ચક્રવાક, ભારદ્વાજ અને મોર ના અવાજનું ભગવાન્ અનુકરણ કરે છે તો ક્યારેક વળી વાઘઅને સિંહ થી જાણે ભય પામ્યા હોય તેમ ભયનું અનુકરણ કરે છે ।।૧૩।।

ક્વચિત્ ક્રીડા કરતાં બહુ થાકી જાય છે ત્યારે ગોપના ખોળામાં માથું રાખી તેની સાથળનું ઓસીકું કરીને બળદેવજી પોઢે છે ત્યારે શ્રીકૃષ્ણ તેમના ચરણ વગેરે દબાવે છે. એમ કરી તેમના શ્રમને નિવૃત્ત કરે છે ।।૧૪।।

ક્યાંક શ્રીકૃષ્ણ અને બળદેવજી મળીને ગાય છે, ક્યાંક યુદ્ધ કરે છે અને ક્યાંક બડાઈ કરે છે. (એટલે કાયા, વાણી અને મનનું યુદ્ધ થયું) ગોપાલોના હાથ પકડી હસે છે અને તેમની પ્રશંસા કરે છે ।।૧૫।।

ક્યાંક બાહુયુદ્ધથી થાકી જાય છે ત્યારે પલ્લવની શય્યા બનાવી ગોપની ગોદમાં શ્રીમસ્તક રાખી એના ઓસીકાથી વૃક્ષના મૂળનો આશ્રય લઈને શયન કરે છે ।।૧૬।।

કેટલાક મહાત્મા શ્રીકૃષ્ણના ચરણને ચાંપે છે. કેટલાક જે (ગ્વાલો-ગોપો) પાપરહિત છે તે તો પંખો લઈને ભગવાન્ને પવન નાખે છે ।।૧૭।।

બીજા (ગ્વાલો-ગોપો) એ મહાત્માના મનને સુન્દર લાગે અને એમને લાયક હોય એવું ધીરે-ધીરે ગાન કરે છે. ત્યારે સ્નેહથી એમની બુદ્ધિ આર્દ્ર થઈ જાય છે. જેમ ભીંજેલું વસ્ત્ર કોરાને લાગે તો એને પણ ભીનુ કરે છે તેમ જેની બુદ્ધિ આર્દ્ર છે તેના ગુણગાનને શ્રવણ કરનાર પણ આર્દ્ર થઈ જાય છે. (તેથી 'શનૈઃ' પદ કહ્યું છે,

અહીં સુધી જ ભગવાન્‌માં ભક્તોનો સ્નેહ ઉત્પન્ન થાય ત્યાં સુધી જ ભગવાન્‌ની લીલા કહેલી છે) ।।૧૮।।

જેનું જ્ઞાન નિગૂઢ છે તેવા ભગવાન્ પોતાની સ્વાધીન માયાવડે ગોપાત્મજપણું બતાવતા અથવા ગોપાત્મજ કહાવીને એને હસતા એવા શ્રીકૃષ્ણ સાક્ષાત્ લક્ષ્મીજી જેના ચરણની સેવા કરે છે તેવા ઈશ્વર થઈને પણ ગ્રામ્ય રસાનુભવાર્થ ચેષ્ટા કરે છે. (''**લોકવત્ તુ લીલાકૈવલ્યમ્** એ ન્યાયને સિદ્ધ કરે છે'') ।।૧૯।।

(અહીં સુધી ગોપોની અલૌકિક ભાવની સિદ્ધિમાટે લીલા બતાવીને એના દોષ દૂર કરવાને માટે ધેનુકના વધની લીલા કહેવાનો આરમ્ભ કરે છે કે) રામ-કૃષ્ણનો મિત્ર એક શ્રીદામા નામે ગોપાલ છે તે અગ્રણી થયો અને સુબલ, સ્તોક, કૃષ્ણ, સ્તોકકૃષ્ણ વગેરે ગોપો એને અનુસર્યા. એ બધા ભગવાન્ પાસે આવી પ્રેમથી આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૨૦।।

''હે રામ! હે રામ! હે બહુ બળવાળા! હે દુષ્ટોનો નાશ કરનાર કૃષ્ણ! અહીંથી નજીક તાડોની હારોથી છલકાતું એક ભારે મોટું વન છે ।।૨૧।।

એ વનમાં તાડનાં ફળ ઘણાં પડેલાં છે, ઘણાં પડે છે. પડેલા ફળોને ત્યાંથી કોઈ લઈ જતું નથી તેથી ફળો મોજૂદ છે. પણ એક 'ધેનુક' નામનો દુષ્ટ દૈત્ય છે તેણે એને રોકી રાખ્યાં છે ।।૨૨।।

હે રામ! હે કૃષ્ણ! એ દૈત્ય બહુ બળવાળો છે અને ગધેડાના રૂપમાં રહે છે. પોતાની બરોબરી કરે એવા બળવાળા એના ઘણા જ્ઞાતિભાઈઓ અને બીજાઓથી એ વીંટાયેલો છે ।।૨૩।।

એ માણસનો જ આહાર કરે છે તેથી લોકો બહુ ભય પામે છે, તેથી એ વન સહુએ છોડી દીધું છે. હે શત્રુનાશક! માણસ તો શું પણ પશુ કે પક્ષી પણ એમાં જઈ શક્તાં નથી ।।૨૪।।

કોઈએ નહિ ખાધેલાં એવાં ફળો એમાં છે જેમાંથી બહુ સારી સુગન્ધ નીકળે છે. એને લીધે જ એ ફળની સુગન્ધને ચારે તરફ ફેલાવતો પવન આપણી પાસે પણ એની સુગન્ધને લાવે છે ।।૨૫।।

એની સુગન્ધને લીધે એ ફળમાં અમારું ચિત્ત લોભાય છે, તો હે કૃષ્ણ! એ ફળો અમને આપો. હે રામ! અમારી ખૂબ ઈચ્છા છે, જો આપને રુચે-યોગ્ય લાગે તો પધારો'' ।।૨૬।।

એવાં મિત્રોનાં વચન સાંભળી સુહૃદોનું પ્રિય કરવાની ઈચ્છાથી જરા હસીને બન્ને સમર્થ પુરુષો તાલવન તરફ મિત્રોની સાથે ગયા ।।૨૭।।

તાલવનમાં જઈને બળદેવજીએ બે હાથવડે બળપૂર્વક એક તાડના વૃક્ષને ખૂબ હલાવ્યું અને હાથીની પેઠે ઘણાં ફળ પૃથ્વી પર પાડ્યાં ।।૨૮।।

પડતાં ફળોનો શબ્દ સાંભળીને એ ગધેડો (ધેનુકાસુર) પર્વત સહિત પૃથ્વીને ધ્રૂજાવતો રામ-કૃષ્ણની પાસે દોડતો આવી પહોંચ્યો ।।૨૯।।

જલદી પાસે આવી મોઢું ફેરવી પાછલા બે પગની લાત બળદેવજીની છાતીમાં મારી પ્રદક્ષિણા કરતો ભૂંકવા લાગ્યો. ઘેર આવેલ અતિથિનો સત્કાર કરવો જોઈએ એને બદલે આ ગધેડાએ તો લાત મારી, એનું કારણ એ જ કે એ દુષ્ટ હતો ।।૩૦।।

ફરીને પાછો શિયાળની જેમ આવીને પાછો ફર્યો અને પાછલા બે પગની પાટુ બળદેવજીને ક્રોધ કરીને મારવા લાગ્યો ।।૩૧।।

બળદેવજીએ એના બન્ને પગ એક જ શ્રીહસ્તથી પકડી લીધા અને એને ફેરવીને તાડના મૂળમાં પછાડ્યો, એને ફેરવ્યો એ દરમિયાન જ એનો જીવ તો ચાલ્યો ગયો હતો ।।૩૨।।

એના પડવાના ધક્કાથી તે મોટું તાડનું વૃક્ષ- જેના ઉપરનો ભાગ બહુ વિશાળ હતો, સ્વયં કડડડ ભૂસ કરતું પડી ગયું, એની પાસેના ઝાડને પણ તેણે પાડી નાખ્યું. તેણે ત્રીજાને, ત્રીજાએ ચોથાને- આ પ્રમાણે એકબીજાને પાડતાં-પાડતાં ઘણાં તાડના વૃક્ષો જમીનદોસ્ત થઈ ગયા ।।૩૩।।

બળદેવજીમાટે તો આ એક રમત માત્ર હતી. પરન્તુ એમણે ફેંકેલા ગધેડાના શરીરની સાથે ટકરાવાથી ત્યાં બધાં જ તાડ એવાં તો હાલી ઊઠ્યાં કે જાણે વાવાઝોડાએ ખેદાન-મેદાન કરી નાખ્યાં હોય ।।૩૪।।

અનન્તરૂપ ભગવાન્ જગત્‌ના ઈશ્વર છે. જેમ કપડું તાણાવાણાથી ઓતપ્રોત છે તેમ આ વિશ્વ જેનાથી ઓતપ્રોત છે તેને માટે આ કાંઈ આશ્ચર્ય જેવું ન ગણાય ।।૩૫।।

ધેનુકને માર્યો* સાંભળી એના સગા-સમ્બન્ધી બીજા ગધેડા કૃષ્ણ રામને મારવામાટે ક્રોધ કરીને તેમની સામે થયા ।।૩૬।।

**વિશેષ** : ગધેડાનાં ચાર લક્ષણોઃ ૧. પવિત્ર જલમાં સ્નાન કર્યા પછી પણ ગધેડો રાખમાં આળોટે છે. તેમ પવિત્ર તીર્થોમાં સ્નાન કર્યા છતાં મનુષ્ય દુરાચારી બને છે. ૨. ગધેડો

ચન્દનના ભારને વહન કરે છે છતાં એ તેને ભાર માત્ર સમજે છે. ચન્દનને ઓળખતો નથી. તેમ મનુષ્ય પણ સંસારના ભાર વહન કર્યા છતાં તેના સારરૂપ ભગવાન્‌ને ઓળખતો નથી. ૩.ગધેડો કામ કર્યા છતાં કચરાના ઢગલાઓ ચાટે છે, તેમ મનુષ્ય સંસારનાં કાર્યો કરતાં-કરતાં વિષયોરૂપ કચરાનું ભક્ષણ કરે છે. ૪. ગધેડો કોઈને સન્મુખમાં મારતો નથી, પરન્તુ પાછલા પગથી લાત મારે છે, તેમ મનુષ્ય પણ પ્રત્યક્ષમાં સારું-સારું બોલે છે, પરન્તુ પાછળથી એની નિન્દા કરે છે. આવા લક્ષણવાળા બહિર્મુખ જીવને ધેનુકાસુર માનવો.

એ જેમ-જેમ આવતા ગયા તેમ-તેમ હે રાજન્! કૃષ્ણ અને રામે એમના પાછલા પગ પકડી-પકડી મોટા તાડના મૂળમાં રમત-રમતમાં જ ફેંક્યા ।।૩૭।।

જેમ મેઘથી આકાશ શોભે તેમ મરેલાં દૈત્યો, ભાંગેલી તાડની ટોચો અને એનાં ફળોથી છવાયેલી પૃથ્વીની સપાટી શોભવા લાગી ।।૩૮।।

રામ-કૃષ્ણનું આ મહાન કર્મ જોઈને દેવોએ આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ કરી તેમ જ તેઓ વાદ્ય વગાડવા લાગ્યા અને સ્તુતિ કરવા લાગ્યા ।।૩૯।।

હવે માણસોને ગધેડાનો ભય મટી ગયો તેથી તાડનાં ફળ ખાવા લાગ્યા. એ ધેનુકના વનમાં પશુઓ ઘાસ ચરવા લાગ્યાં ।।૪૦।।

કમળપત્ર જેવાં નેત્રવાળા, પવિત્ર કરનાર છે શ્રવણ અને કીર્તન જેનું તેવા, જેમનું ભક્તો અને ગોપો સ્તવન કરતા આવે છે તેવા શ્રીકૃષ્ણ બળદેવજીની સાથે વ્રજમાં પધાર્યા ।।૪૧।।

વનમાંથી ભગવાન્[૧] પધારે છે ત્યારે ગાયની ખરીથી ઉડતી રજ ભગવાન્‌નાં કુન્તલમાં[૨] લાગે છે, શિર ઉપર મયૂરપિચ્છ બાંધ્યાં છે, વનના પુષ્પથી સુન્દર દેખાય છે તેવા શ્રીમુખથી હાસ્યપૂર્વક નજર કરતા પધારે છે. વ્રજમાં આવતાં વેણું બજાવતા આવે છે. ગોપો પાછળ ચાલતા ભગવત્કીર્તિનું ગાન કરતા આવે છે, એવા શ્રીકૃષ્ણના દર્શન કરવાની ઈચ્છાવાળી દષ્ટિવાળી, ભેગી થયેલી ગોપીઓ ભગવાન્‌ની આસપાસ ફરી વળી ।।૪૨।।

**વિશેષ** : ૧. વનમાં વિહાર કરતા ભગવાને **"વૃક્ષા વૈ વૈષ્ણવાઃ"** ઈત્યાદિ વૃક્ષનું સ્વરૂપ બળદેવજીને બતાવતાં ગોપોની સંસ્કૃતિમાટે ચાર પુરુષાર્થ અને દશ રસ બતાવ્યા તે જ સંસ્કાર અને રસ ગોપીઓને પણ બતાવવા જોઈએ નહિં તો એ ભગવલ્લીલામાં અધિકૃત ન થાય. તેથી વનમાંથી ગોષ્ઠમાં આવતાં આ શ્લોકમાં વર્ણન કરેલા પોતાના રૂપમાં એ ચતુર્દશ રસ બતાવી એને પણ સંસ્કૃત કર્યા છે. વિસ્તારભયથી અહીં વિશેષ લખ્યું નથી.

૨. કેશ સદા બાંધેલા હોય છે અને અલક (કુન્તલ) સદા મુક્ત (છૂટા) હોય છે, તેથી કુન્તલ મોક્ષને સ્થાનેછે.

નેત્રરૂપ ભ્રમરવડે ગોપીઓ મુકુન્દના મુખકમળના મધુનું પાન કરે છે ત્યારે દિવસના ભગવદ્‌વિરહનો તાપ શાન્ત થઈ જાય છે. ગોપીજનો ભગવાન્‌નો લજ્જા, હાસ અને વિનયવાળા કટાક્ષથી સત્કાર કરે છે તે સ્વીકારી ભગવાન્ ગોષ્ઠમાં પધાર્યા ।।૪૩।।

એ બન્ને ભાઈઓને પુત્રવત્સલા યશોદાજી અને રોહિણીજી ઈચ્છાનુરૂપ અને કાળને અનુકૂલ આશિષ આપવા લાગ્યા ।।૪૪।।

ત્યાં ભગવાને અને બળદેવજીએ રસ્તાના શ્રમથી મુક્ત થવાને માટે મર્દન, સ્નાન વગેરે કર્યાં તેથી એમનો શ્રમ જતો રહ્યો. પછી સુન્દર વસ્ત્ર ધરાવ્યાં; દિવ્ય માળાઓ, દિવ્ય ગન્ધ વગેરેથી સુશોભિત થયા ।।૪૫।।

માતાજીએ લાડ કરતાં સુન્દર અન્નાદિ ભોજન આપ્યું તે આરોગ્યા. સુન્દર શય્યામાં સારી રીતે પ્રવેશ કરી વ્રજમાં સુખ પૂર્વક બન્ને ભાઈ પોઢ્યા ।।૪૬।।

એમ એ ભગવાન્ શ્રીકૃષ્ણ કોઈ વખત વૃન્દાવનમાં ફરતાં એક દિવસ રામને સાથે લીધા વિના બીજા મિત્રોની સાથે કાલિન્દીજી ઉપર પધાર્યા ।।૪૭।।

બધા સાથે ગયા પણ ભગવાન્ હજુ કાલિન્દીજી ઉપર પહોંચ્યા ન હતા એટલામાં ગાયો અને ગોવાળિયા ગ્રીષ્મ ઋતુના તાપથી પીડાયેલાં તરસ્યા થતાં જલદી કાલિન્દીજી ઉપર ગયાં. ત્યાં જઈ કાલિયનાગના ઝેરથી દૂષિત થયેલ જળ એ ગાયો અને ગોપોએ પીધું ।।૪૮।।

એ જળનો સ્પર્શ થતાં જ દૈવથી એમને કાંઈ ખબર ન રહી અને હે કુરુદ્વહ! એ બધાં જળના કિનારા ઉપર પ્રાણ વગરનાં થઈને પડી ગયાં ।।૪૯।।

કૃષ્ણે આવીને જોયાં ત્યાં તો મરેલાં જણાયાં, ત્યારે ભગવાને વિચાર કર્યો કે આનો નાથ તો હું છું તેથી એ મરવાં ન જોઈએ; એમ ધારી અમૃતની વર્ષા કરનાર દષ્ટિવડે ગાયો-ગોપોને જીવતાં કર્યાં ।।૫૦।।

જ્યારે તેમને ભાન આવ્યું ત્યારે પાણીને કાંઠે પડ્યાં હતાં ત્યાંથી ઉભા થઈ પરસ્પર જોતાં વિસ્મય પામ્યાં ।।૫૧।।

**અન્વમંસત તદ્ રાજન્ ગોવિન્દાનુગ્રહેક્ષિતમ્ ।।**
**પીત્વા વિષં પરેતસ્ય પુનરુત્થાનમાત્મનઃ ।।૫૨।।**

હે રાજન્! વિષ પીને મરણ પામેલાં છતાં તેઓ શ્રીકૃષ્ણના અનુગ્રહવાળી દષ્ટિથી જીવતાં થયાં એમ તેઓએ પોતે જ અનુમાન કર્યું ।।૫૨।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા-પ્રકરણનો ઐશ્વર્યરૂપ પહેલો અને ચાલુ) ''શ્રીબળદેવજીએ ધેનુકને માર્યો'' નામનો પન્દરમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૧૨ મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દીક્ષા લેવા આવનાર પુષ્ટિ જીવ છે કે નહીં તે ચકાસ્યા વિના જે આવે તેને કંઠી-બ્રહ્મસંબંધ આપનાર ગુરુ શ્રીમહાપ્રભુજીનો દ્રોહી છે, પુષ્ટિમાર્ગનો શત્રુ છે. આવા બેજવાબદારી ભર્યા આચરણથી તે પોતાનું જ સર્વનાશ નોંતરે છે.

## અધ્યાય ૧૬

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૧૩

# કાલિય નાગનું ભગવાને દમન કરી વીર્ય પ્રદર્શિત કર્યું

### બીજા તામસ પ્રકરણના પેટા પ્રકરણઃ પ્રમેયપ્રકરણનો અધ્યાય ૨

**વિશેષ** : સર્વ ગોપોની ઇન્દ્રિયો મૃત્યુરૂપ છે, તે જ ઇન્દ્રિયો વિષપૂર્ણ થઈને કાલિયના મસ્તકરૂપ થઈ છે. માટે આ સોળમાં અધ્યાયમાં કાલિયના મસ્તકરૂપ વિષવાળી ઇન્દ્રિયોનું મર્દન કહેવાનું છે. એ ઇન્દ્રિયરૂપ વિષપૂર્ણ કાલિયશિર ઉપર ભગવાન્ ભક્તિમાર્ગને અનુસારે લીલા કરે તો લોકોના ઇન્દ્રિયદોષ નષ્ટ થાય. એ ઇન્દ્રિયોનો વિસ્તાર તો કામિનીઓ છે. એ જો શ્રીકૃષ્ણને સર્વથા આધીન થાય તો ઇન્દ્રિયો પણ ભગવદ્ આજ્ઞાને વશ થાય. એ ઇન્દ્રિયો વશ થાય તો વિષય સર્વથા હરિરૂપ થાય. એટલે એ સિવાય બીજામાં એ ઇન્દ્રિય વિનિયોગ ન થાય. એમ પરીક્ષા કરી ભગવાન્ હરિ ઇન્દ્રિયોનો નિગ્રહ કરે છે. એ પરીક્ષામાટે દેવે કાલને પણ પ્રેરણા કરી. મધ્યનિરોધમાં ભક્તોની સ્વસ્વરૂપમાં આસક્તિ પણ ભગવાન્‌ને કરવાની છે તેથી પ્રથમ ભગવાને મુગ્ધભાવ બતાવ્યો છે. આ કથામાત્ર નથી એમ બતાવવા પૂર્વાધ્યાયમાં આ વાત સંક્ષેપથી કહી છે. ભગવાન્ અક્લિષ્ટકર્મા છે એમ બતાવવામાટે કાલિયદમન પણ એક લીલા છે એમ કહ્યું છે. ઉદ્યમ, અપરાધ, પરીક્ષા, કાર્ય, સ્તુતિ અને પ્રસાદ એ છ અર્થ અહીં કહ્યા છે.

**વિલોક્ય દૂષિતાં કૃષ્ણાં કૃષ્ણઃ કૃષ્ણાહિના વિભુઃ ।।**
**તસ્યા વિશુદ્ધિમન્વિચ્છન્ સર્પં તમુદવાસયત્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણે કાળીનાગે શ્રીયમુનાજીને દૂષિત કરેલાં જોયાં ત્યારે એ શ્રીયમુનાજીની શુદ્ધિ કરવામાટે એ કાલિયનાગને ભગવાને ત્યાંથી દૂર કર્યો ।।૧।।

**રાજાએ પૂછ્યું :** અગાધ જળમાં કાલિયને ભગવાને કેવી રીતે પકડી પાડ્યો. હે વિપ્ર! એ ઘણા યુગથી ત્યાં કેવી રીતે નિવાસ કરી રહ્યો હતો. એ બધી વાત કહો ।।૨।।

હે બ્રહ્મન્! ભગવાન્ વ્યાપક છે, સ્વચ્છન્દ (મનમાં આવે એમ કરનાર) છે, ગાયને પાળનાર છે, એમના ઉદાર ચરિતને સેવતાં અથવા સાંભળતાં કોણ તૃપ્ત થાય? કોઈને તૃપ્તિ ન થાય ।।૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** શ્રીયમુનાજીમાં કાલિયનો એક ધરો હતો. તેમાં ઝેરરૂપ અગ્નિથી જળ ઉકળ્યા કરતું જેથી ઉપરથી ઉડનાર પક્ષીઓ પણ એમાં પડી મરી જતાં ।।૪।।

તેના ઝેરી જલનાં ઊંચા મોજાંનો સ્પર્શ કરી તથા નાનાં-નાનાં બુંદ સાથે જ્યારે વાયુ બહાર આવતો અને કિનારા ઉપરનાં ઘાસપાન, વૃક્ષ, પશુ, પક્ષી વગેરેને સ્પર્શ કરતો ત્યારે તે, તે જ ક્ષણે મરણને શરણ થતાં ।।૫।।

એવા ઉગ્ર ઝેરના વેગવાળા કાલિયે શ્રીયુમુનાજીના જળને વિષવાળું કરી દીધું ત્યારે એવા દુષ્ટોનું દમન કરવામાટે જેનો અવતાર છે તેવા શ્રીકૃષ્ણે કિનારા ઉપરના બહુ ઊંચા કદમ્બના વૃક્ષ ઉપર ચડીને પહેલવાનની જેમ હાથ બજાવી કમર બાંધી ત્યાંથી ઝેરવાળા જળમાં ધૂનામાં કૂદકો માર્યો ।।૬।।

શ્રીયમુનાજીનું જલ સર્પના ઝેરને લીધે પહેલેથી જ ઉકળતું હતું. તેમાંય શ્રીપુરુષોત્તમ પ્રભુ કૂદ્યા તેથી ગુસ્સે થયેલા સાપના ઝેરી ઉચ્છ્વાસથી તેમાં લાલ-પીળાં ભયંકર મોજાં ઉત્પન્ન થયાં અને ધરાનું પાણી સો ધનુષ્ય (ચારસો હાથ) ફેલાઈ ગયું. આખા જગતને દોડાવનાર કાલને પણ બલનો પુરવઠો જેની પાસેથી મળે છે તે અનન્ત બલશાલીને માટે આ કંઈ આશ્ચર્ય ન કહેવાય ।।૭।।

એ કાલિયના ધરામાં મહાન મતવાલા હાથી જેવા પરાક્રમવાળા વિહાર કરનાર ભગવાન્‌ની ભુજાના પ્રહારથી જલમાં ઘૂમરીઓ ઉત્પન્ન થઈ, તેથી થતો અવાજ

કાલિયે સાંભળ્યો. આ પોતાના ઘર ઉપર આક્રમણ જાણીને તે એનાથી સહન ન થઈ શકવાથી તે રુઆબભેર પાસે આવ્યો ।।૮।।

કાલિયે જોવા લાયક, સુકુમાર અને મેઘના જેવા સુન્દર શ્યામ, શ્રીવત્સના ચિહ્નવાળા, પીતામ્બર ધારી, મન્દહાસ્યથી સુન્દર મુખવાળા, નિર્ભય થઈને ક્રીડા કરતાં, કમળના ગર્ભ(મધ્યભાગ)જેવા કોમળ ચરણવાળા ભગવાન્‌ને મર્મસ્થાનમાં દંશ કર્યો અનેપોતાના શરીરવડે ભગવાન્‌ને ઢાંકી દીધા-વીંટળાઈ ગયો ।।૯।।

એમના મિત્રો ગોપોએ ભગવાન્‌ને કાલિયના શરીરથી ઢંકાયેલા (વીંટાયેલા) અને ચેષ્ટા વગરના જોયા ત્યારે એ પોતાના પ્રિયને દુઃખી જોઈ બહુ દુઃખી થયા. જેમણે પોતાનાં દેહ, સુહૃદ, ધન, સ્ત્રી અને કામનાઓ ભગવાન્‌ને અર્પણ કરેલ છે તેવા એ મિત્રો દુઃખ, શોક અને ભય વડે મૂર્છિત બની ઢળી પડ્યા ।।૧૦।।

ગાયો, આખલાઓ અને નાના વાછડાંઓ વગેરે ભાંભરવા લાગ્યાં અને શ્રીકૃષ્ણ તરફ દૃષ્ટિ અને પ્રાણ ને રાખીને રડતાં હોય તેમ ઊભાં રહ્યાં ।।૧૧।।

એ વખતે વ્રજમાં પણ ત્રણ પ્રકારના મોટા ઉત્પાત થવા લાગ્યા. સ્વર્ગ, પૃથ્વી અને અન્તરિક્ષ (જ્યાં સૂર્ય વગેરે નક્ષત્ર ફરે છે તે પૃથ્વી અને સ્વર્ગ ની વચ્ચેનો ભાગ) માં તત્કાલ પ્રલય થાય તેવાં ભયનાં ચિહ્ન દેખાવા લાગ્યાં ।।૧૨।।

નન્દરાયજી વગેરે ગોપો આ ઉત્પાતો જોઈને અને શ્રીકૃષ્ણ, રામ વગર ગાયો ચરાવવા પધાર્યા છે એ જાણી ભય પામ્યા ।।૧૩।।

એવાં દુર્નિમિત્ત જોઈને કોઈ શ્રીકૃષ્ણમાં અતર્ક્ય અનિષ્ટની શંકા કરવા લાગ્યાં, કેમકે એ ભગવાન્‌ને સ્વપુત્ર માને છે પણ એમના ખરા સ્વરૂપને જાણતા નથી. એમાં જ જેમના પ્રાણ છે, એમાં જ જેમનું મન છે તેવા એ નન્દરાયજી વગેરે દુઃખ, શોક અને ભય થી આતુર થઈ ગયા ।।૧૪।।

હે પ્રિય પરીક્ષિત! બાળકો, વૃદ્ધો અને સ્ત્રીઓ સુદ્ધાં બધા પશુવૃત્તિવાળા થઈ જવાથી એટલે કે શરીર, વસ્ત્રોનું ભાન ભૂલી ઘરબાર જેમ-તેમ છોડી શ્રીકૃષ્ણનાં દર્શન કરવામાટે ગોકુળમાંથી અતિ દૈન્ય યુક્ત થઈને નીકળ્યાં ।।૧૫।।

પોતાના વહાલાને એમના ચરણનાં ચિહ્નોએ સૂચવેલી કેડીએ શોધતાં-શોધતાં શ્રીયમુનાજીના તટ ઉપર આવી પહોંચ્યા ।।૧૬।।

એ બધાં જ્યાં ત્યાં યવ, કમળ, અંકુશ, વજ્ર, ધ્વજ વગેરે ચિહ્નવાળા શ્રીગોકુલેશના ચરણને ગાયોનાં પગલાની વચ્ચે-વચ્ચે જોતા-જોતા જલદીથી ચાલવા

લાગ્યા ।।૧૭।।

બધાં વ્રજવાસીઓને ગભરાયેલાં જોઈને બળદેવજી હસ્યા, કારણ કે એ નાના ભાઈના પ્રભાવને જાણતા હતા, પણ કાંઈ બોલ્યા નહિ ।।૧૮।।

આવીને જુએ છે તો ધૂનાની વચમાં સર્પના શરીરથી વીંટાયેલા નિશ્ચેષ્ટ (કાંઈ પણ ચેષ્ટા ન બતાવતા) શ્રીકૃષ્ણને જોયા અને જળાશયને કાંઠે મૂઢ થઈને ઉભેલા ગોપો અને ગાયો ને આક્રન્દ કરતાં જોઈને નન્દરાયજી વગેરે અત્યન્ત દુઃખી થઈ મૂર્છા ખાઈ ઢળી પડ્યાં ।।૧૯।।

અનન્ત ભગવાન્માં પ્રેમવાળી ગોપીઓ શ્રીકૃષ્ણનો સ્નેહ, સ્મિત, દૃષ્ટિ અને વાણી યાદ કરીને અત્યારે સર્પના પાશમાં બંધાયેલા જોઈને બહુ દુઃખી થઈ તેમ જ પ્રિય વિના ત્રણ લોકને શૂન્યવત્ જોવા લાગ્યાં ।।૨૦।।

માતા યશોદાજી તો પોતાના લાડકવાયા પુત્રની પાછળ કાલિય કુંડમાં કૂદી પડવા જ જતાં હતાં પરન્તુ ગોપીઓએ એમને પકડી રાખ્યાં. એમના હૃદયમાં પણ એવી જ પીડા હતી. એમની આંખોમાંથી પણ અશ્રુધારા વહી રહી હતી. બધાંની આંખો શ્રીકૃષ્ણના મુખકમલ ઉપર મંડાયેલી હતી. જેમના શરીરમાં ચેતના હતી તે ગોપીઓ, વ્રજમોહન શ્રીકૃષ્ણની પૂતના વધ વગેરે પ્રિય ઐશ્વર્યયુક્ત લીલાઓ કહેતી-કહેતી યશોદાજીને ધીરજ આપવા લાગી. પરન્તુ મોટા ભાગની ગોપીઓ તો મરેલાની જેમ પડી જ ગઈ હતી ।।૨૧।।

શ્રીકૃષ્ણમાં જેમના પ્રાણ છે તેવા નન્દરાયજી વગેરે હૃદમાં પડવાને તૈયાર થયા ત્યારે શ્રીકૃષ્ણના પ્રતાપને જાણનારા બળદેવજીએ તેમને એમ કરતાં અટકાવ્યાં ।।૨૨।।

શ્રીકૃષ્ણ સિવાય બીજી કોઈ ગતિ નથી અથવા શ્રીકૃષ્ણ સિવાય કોઈ પતિ નથી તેવા અને સ્ત્રી, બાળક સહિત બધાં જ પોતાને માટે અત્યન્ત દુઃખ ભોગવે છે તેવા પોતાના ગોકુળને જોઈને મનુષ્યની માફક નાટક કરતાં શ્રીકૃષ્ણ મુહૂર્તમાત્ર સર્પના બન્ધનમાં રહી એ સર્પબન્ધનથી મુક્ત થયા ।।૨૩।।

(મુક્તિનો પ્રકાર બતાવે છે કે) સર્પ વીંટાયેલો હતો એ શ્રીઅંગને પોતે મોટું કર્યું ત્યારે એનું શરીર તૂટવા લાગ્યું તેથી દુઃખી થતો સર્પ ભગવાન્ને છોડી દઈ, ગુસ્સે થઈ પોતાની ફણાઓ ઊંચી કરી સામે થયો અને એના મુખમાં પાંચ છિદ્ર હતા. (બે નાસિકાનાં, બે નેત્રનાં અને એક મુખનું એ પાંચ) એમાંથી બે નાસિકામાંથી ઝેરી

વાયુ છોડવા લાગ્યો. ભાડભૂઞ્જાની તપેલી કડાઈના જેવી એની બે આંખો સ્થિર હતી અને એવી લાલચોળ થઈ રહી હતી કે જાણે ભઠ્ઠી ઉપર તપાવેલ પેણા હોય. મોઢામાંથી આગની જ્વાળાઓ નીકળી રહી હતી. સર્વત્ર અગ્નિ નીકળ્યા છતાં, સામે બિરાજતા ભગવાન્‌ના પ્રતાપથી જ તે બળ્યો નહિ (મૃત્યુ પામ્યો નહિ) અને સામે ઉભો રહ્યો ।।૨૪।।

બે જીભને મુખના બન્ને છેડા ઉપર ફેરવતો અત્યન્ત ભયંકર વિષરૂપ અગ્નિવાળી આંખો કાઢતો ભગવાન્‌ની સામે ઉભો રહ્યો ત્યારે ગરુડ જેમ પોતાનું ભક્ષ્ય જાણી એનાથી ભય રાખ્યા વગર ફરે તેમ, ભગવાન્ એના માથા ઉપર ચડવાનો અવસર જોતા ક્રીડા કરતા એની ચારે તરફ નિર્ભય થઈને ફરવા લાગ્યા. અગ્નિ જેમ કાષ્ટથી ભય ન પામે તેમ કાલિયથી ભગવાન્ ભય ન પામ્યા, પણ એના ક્રોધને જોવા છતાં પણ ક્રીડા કરવા લાગ્યા ।।૨૫।।

કાલિય પણ લડવાનો મોકો જોતો ફરવા લાગ્યો. સર્પ ચક્કરમાં ફરે ત્યારે એનું બળ ક્ષીણ થાય છે. જ્યારે એનું બળ ઓછું થયું, કેવળ ફણા ઊંચી રાખી ઉભો રહ્યો ત્યારે ભગવાન્ એની ફણાને નમાવીને તેની ઉપર ચડી ગયા. એ નાની ફણા ઉપર ચરણ ધરી મોટી ફણા ઉપર ચડતાં એના મસ્તકના રત્નની કાન્તિ ચરણારવિન્દ ઉપર પડતાં, ચરણ અત્યન્ત લાલ દેખાય છે એવા સમગ્ર કલાના ગુરુ ભગવાન્ કાલિયના મસ્તક ઉપર નૃત્ય કરવા તત્પર થયા ।।૨૬।।

ભગવાન્ નૃત્ય કરવાને તૈયાર થયા છે એમ જાણીને એ વખતે ગન્ધર્વ, સિદ્ધ, મુનિ, ચારણ અને દેવ સ્ત્રીઓ પ્રીતિથી મૃદંગ, પણવ, આનક, વગેરે જરૂરી વાદ્યો, ગીતો, પુષ્પોની ભેટો અને સ્તુતિથી સેવા કરવા તરત જ હાજર થયાં ।।૨૭।।

હે પ્રિય પરીક્ષિત! કાલિય નાગને સો મુખ્ય માથાંઓ હતાં. (ફણા છે તે બધાં એનાં માથાં કહેવાય) તેમાંથી જે-જે માથું નહોતું નમતું તેને દુષ્ટોને દંડ દેનાર ભગવાન્, ચરણના પ્રહારથી દબાવી દેવા લાગ્યા ત્યારે કાલિયનાગની જીવનશક્તિ ક્ષીણ થઈ ગઈ. તે ચક્કર-ચક્કર ફરવા લાગ્યો. તેના મુખ તથા નસકોરાં માંથી લોહી વહેવા લાગ્યું અને ઘણો દુઃખી થયો ।।૨૮।।

આંખોમાંથી ઝેર નીકળ્યા કરતું હતું અને ક્રોધથી તે જોરજોરથી ફૂંફાડા મારતો હતો. આ પ્રમાણે પોતાનાં માથામાંથી જે માથું ઊંચુ કરતો તેને નૃત્ય કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાનાં ચરણ ધરી (મારી) ને દમન કરતા હતા-નમાવી દેતા હતા. એ

વખતે ભગવાન્‌ના (પુરાણ પુરુષોત્તમના) ચરણો ઉપર લોહીનાં બુન્દ પડતાં હતાં, તેથી ગન્ધર્વ આદિ દેવો લાલ પુષ્પોથી એમની પૂજા કરી રહ્યા હોય એમ લાગતું હતું ।।૨૯।।

ભગવાને નાગની ફણા ઉપર વિચિત્ર *તાંડવ કર્યું એનાથી એનાં ફણારૂપી છત્રો જર્જરિત થઈ ગયાં. મોઢામાંથી લોહી પડવા લાગ્યું. હે નૃપ! એનાં ગાત્ર ભાંગી ગયાં ત્યારે ચરાચરના ગુરુ પુરાણ પુરુષને યાદ કરીને મનથી એ નારાયણને શરણે ગયો ।।૩૦।।

**વિશેષ :** નૃત્યના બે ભેદ છેઃલાસ્ય અને તાંડવ. લાસ્ય એ સ્ત્રીઓનું નૃત્ય છે અને તાંડવ એ પુરુષનું નૃત્ય છે. પ્રલયના સમયે શિવજી ક્રોધ કરીને તાંડવ નૃત્ય કરે છે ત્યારે સર્વનો સંહાર થાય છે. એવું ભગવાને આ સર્પની ફણા ઉપર તાંડવ નૃત્ય કર્યું તેથી એ હતપ્રાય થયો.

જેના ઉદરમાં આખું જગત્ રહેલું તેવા શ્રીકૃષ્ણના ભારથી દુઃખી થયેલ અને પેનીના મારથી ફણારૂપી છત્ર ભાંગી ગયાં છે જેનાં તેવા સર્પને જોઈને, જેના કેશ છૂટી ગયા છે અને વસ્ત્રો તથા આભૂષણો પડતાં આવે છે તેવી સર્પની સ્ત્રીઓ દુઃખી થતી ભગવાન્‌ને શરણે આવી ।।૩૧।।

એ મનથી દુઃખી થઈને બાળકોને આગળ કરી ભૂમિ ઉપર શરીરને રાખી ભૂતપતિ ભગવાન્‌ને પ્રણામ કરવા લાગી. એ બધી સતીઓ છે તે હાથ જોડી પોતાના અપરાધી સ્વામીની મુક્તિની ઈચ્છાથી શરણ આપનાર (શરણે આવેલા ઉપર દયા કરનાર) ભગવાન્‌ને શરણે ગઈ ।।૩૨।।

**નાગપત્નીઓ બોલી :** [૧]આપનો અપરાધ કરનારને આપે દંડ આપ્યો એ યોગ્ય છે કેમકે ખલનો નિગ્રહ કરવાને માટે આપનો અવતાર છે. શત્રુ અને પોતાના પુત્ર તરફ આપની સમાન દૃષ્ટિ છે; તેથી પિતા જેમ પુત્રને તેના ભલામાટે મારે તેમ આપે આને દંડ આપ્યો એનું ફળ સારું જ થશે.[૨] ।।૩૩।।

**વિશેષ** : ૧. ભગવાને દંડ આપ્યો તેને છ શ્લોકથી નાગપત્નીઓએ અનુમોદન આપ્યું, દશ શ્લોકથી પ્રભુને નમન કર્યું અને પાંચ શ્લોકથી પ્રાર્થના કરી, એમ સ્તુતિના ત્રણ ભાગ છે. સ્તુતિ બે પ્રકારના અપરાધ સહિત પાપને દૂર કરનાર છે. ભગવાન્ છ ગુણવાળા છે, દશ લીલાવાળા છે અને પાંચ પ્રકારે ભગવાન્ પતિ છે.

૨. આપે આને દંડ આપ્યો એ યોગ્ય છે. ભગવાન્ કૃપા કરે તો ઓછો દંડ કરે, મર્યાદા સ્વીકારે તો યોગ્ય દંડ કરે, ઈશ્વરત્વ સ્વીકારે તો વધારે દંડ કરે. એમાં આ દંડ મર્યાદાર્થ છે, કેમકે

એ સર્પે ઘણાને માર્યા છે. ત્યાં કોઈ શંકા કરે કે પાપ કરે તેને યમ દંડ આપે, ભગવાન્‌ને દંડ દેવાની શી જરૂર? ત્યાં કહે છે કે પાપી લોકો ઘણું જીવનાર હોય છે, તે નિરન્તર પાપ કર્યા કરે છે, યમ તો મર્યા પછી એને દંડ આપે છે, એટલો વખત ભગવાન્ એનું પાપ સહન ન કરી શકે તેથી અવતાર ધારણ કરી એને દંડ આપે છે. કોઈ શંકા કરે કે એ કશ્યપનો પુત્ર અને શેષનો ભાઈ છે તેને વળી દંડ હોય? એના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ પુત્ર અને શત્રુ ને દંડ દેવામાં ભેદ જોતા નથી. અવતાર લેનાર ભગવાન્ સમ્બન્ધની અપેક્ષા કરતા નથી. તેથી ભગવાન્ દંડ દે તેને ફળ સારું જ થાય, તેથી આના ભાગ્યનો ઉદ્દય થવાનો.

આપે આને જે દંડ આપ્યો તે યોગ્ય કર્યું કારણ કે આપ અસત્ (દુષ્ટો) ને દંડ આપો છો તેથી તેનાં બધાં પાપ નષ્ટ થઈ જાય છે. આ શરીરધારીને જે સર્પપણું તે પણ ક્રોધનું કારણ છે તેનું આપે અભિમાન છોડાવ્યું એ દંડ નહિ પણ આપનો અનુગ્રહ જ છે, એમ અમે સમજીએ છીએ* ।।૩૪।।

**વિશેષ** : આપે આને દંડ આપ્યો એ ઘણું સારું કર્યું. મહાભારતમાં દંડ જ ભગવાન્ છે એમ સિદ્ધ કર્યું છે. તેથી દંડમાં ક્લેશ થાય છે તો પણ, તપ જેમ સિદ્ધિ આપનાર છે તેમ, દંડ પણ પાપને દૂર કરનાર હોવાથી એ અનુગ્રહ જ ગણાય, કેમકે દંડ કર્યો ન હતો ત્યાં સુધી એ અસત્ હતો. હવે એ સર્પ થયો અને દંડ થતાં સર્પપણાનું અભિમાન જતાં એ સત્ થશે. માટે દંડ પરિણામે અનુગ્રહરૂપ થશે, તેથી આપે દંડ કર્યો તે અનુગ્રહને માટે જ કર્યો છે મારવાના હેતુથી કર્યો નથી.

અવશ્ય પૂર્વજન્મમાં આણે સ્વયં માનરહિત થઈ, બીજાઓને માન આપી કોઈ દિવ્ય *તપ સારી રીતે કર્યું છે અથવા બધા જીવો ઉપર દયા રાખી તેણે (ભગવત્કથાના શ્રવણ અને કીર્તનરૂપ) ભારે મોટા ધર્મનું આચરણ કર્યું છે, ત્યારે જ તો આપ તેના ઉપર સન્તુષ્ટ થયા છો, કારણ કે સર્વ જીવરૂપ આપની પ્રસન્નતાનો એ જ ઉપાય છે ।।૩૫।।

**વિશેષ** : દંડ પ્રસાદની વાત જવા દો. આના મસ્તક ઉપર નૃત્ય કર્યું એ અમને મોટું આશ્ચર્ય લાગે છે. એ શા કારણથી કર્યું એનો હેતુ અમે જાણી શકતાં નથી, કેમકે એના પૂર્વ ધર્મથી એમ કર્યું હોય એમ તો ન કહેવાય, કેમકે ધર્મ બે પ્રકારનો છેઃએક ધર્મ તો દોષ દૂર કરી વિદ્યમાન ફળને પ્રકટ કરે છે, બીજો ધર્મ દોષની ચિન્તા છોડી આગન્તુક ફળને સિદ્ધ કરે છે. ભગવાન્ તો આત્મા અને ઈશ્વર છે, જ્ઞાનપ્રસાદ અને ભક્તિપ્રસાદ રૂપ છે. તેથી પ્રથમ પક્ષમાં જે દોષો મનુષ્ય યત્નથી દૂર ન થઈ શકે તેવા હોય તેને દૂર કર્યા વગર તપથી એ દોષો જાય નહિ. જે

દોષ અહંકારરૂપ છે તે દોષ તપ કરવાથી જતો નથી, પણ વધે છે. હું તપસ્વી છું એમ ભાવ પેદા કરે છે તેથી કહ્યું કે આ અમારા પતિએ શું લોકોત્તર તપ કર્યું જેનાથી આપ પરમાત્મા પ્રસન્ન થયા? આપના સન્તોષની અન્યથા અનુપપત્તિથી એવું તપ પણ છે એમ સિદ્ધ થાય છે. એ તપ પણ સારી રીતે કર્યું હશે, નહિ તો છ ગુણવાળા ભગવાન્ પ્રસન્ન ન થાય. બીજા દોષો દૂર કરવામાં બે ધર્મની અપેક્ષા છે. પોતે નિર્માન થઈ બીજાને માન આપવું, તેથી બે અભિમાન જાય છે. એક અભિમાન સ્વતઃ થાય છે, જ્યારે બીજું અભિમાન બીજાથી થાય છે, તે બન્ને આને નથી, કેમકે એણે સ્વતઃ માન રાખ્યું નથી અને બીજો હીન હોય છતાં તેને માન આપે છે. આપણે ધર્મશાસ્ત્રના ધર્મનો વિચાર કરીએ તો તદ્દનુસારી ધર્મ તો આવું ફળ આપતો જ નથી, પણ ભગવત્ શાસ્ત્ર અનુસારી ધર્મ આવું ફળ આપી શકે. એમાં પણ એક દોષ છોડવો જોઈએ. જો એ ધર્મ દ્રવ્યમય હોય તો પર ઉપદ્રવકારી થાય, જો ક્રિયામય હોય તો સ્વ ઉપદ્રવકારી થાય. જ્ઞાનમય હોય તે પણ એવો જ સમજવો. આ જ દોષ તપમાં પણ છે, તે દોષ મટાડવામાટે એણે એવો ધર્મ કર્યો છે કે જેમાં પોતાને અને બીજાને દુઃખ થતું નથી, પણ સર્વ જન ઉપર દયા રહે છે. એવો ધર્મ તો કીર્તન વગેરે છે, કેમકે એ શ્રવણ-કીર્તનથી સર્વને જીવાડનાર અથવા સર્વ જીવરૂપ ભગવાન્ પ્રસન્ન થાય છે. તેથી સર્વનો ઉપકારક ધર્મ પ્રભુને પ્રસન્ન કરે છે એ યોગ્ય જ છે, ભગવાન્ સર્વ જીવ હોવાથી સર્પે કોઈ અપરાધ કર્યો નથી કારણ કે તેના પણ આત્મા આપ જ છો, પણ તેણે ઉત્તમ ધર્મનું આચરણ કર્યું છે જેનાથી આપ પ્રસન્ન થયા. માત્ર આશ્ચર્ય એટલું જ કે સર્પની યોનિ, સ્વભાવ અને કર્મ આપને પ્રસન્ન કરનાર નથી છતાં આપ પ્રસન્નથયા.

આપના ચરણારવિન્દની *રજને સ્પર્શ કરવાનો આપે એને અધિકાર આપ્યો. લલનારૂપ સત્વગુણના અધિષ્ઠાતા વિષ્ણુનાં પત્ની લક્ષ્મીજીએ આપના ચરણકમલની રજની પ્રાપ્તિની ઈચ્છાથી કામનાઓ ત્યજી, વ્રત ધારણ કરી લાંબા સમય સુધી તપ કર્યું તો પણ તેમને આપના ચરણની રજની પ્રાપ્તિ થઈ નહિ તો બ્રહ્મા, શિવ આદિને તો એની પ્રાપ્તિ કેમ સમ્ભવે? છતાં આપે તો આ તામસને એ અધિકાર આપ્યો એ કોનો પ્રતાપ છે એ અમે જાણી શક્તાં નથી ।।૩૬।।

**વિશેષ** : ભગવદ્ ચરણરજ ભગવદીય દેહને ઉત્પન્ન કરે છે એમ પ્રથમ કહેવામાં આવ્યું છે. એ ચરણરજનો સમ્બન્ધ આ સર્પને થયો છે તેથી એને ભગવદીય દેહ મળશે. પરન્તુ મર્યાદામાં તો જેના કોટી જન્મના ત્રિવિધ ધર્મોથી ભૂતોને સંસ્કાર થયો હોય તે જ ભગવદીય દેહને સમ્પાદન કરે છે. સાધારણ સંસ્કાર પક્ષમાં યુક્તિ ઠીક છે, પણ એનું કારણ શોધવું જોઈએ. એ ક્રિયારૂપ

તો ન હોવો જોઈએ. એ તો અધિકારીના જ ભૂતનો સંસ્કાર કરે છે, પણ કાંઈક અલૌકિક હોવું જોઈએ. એ અલૌકિક પ્રભાવને અમે જાણતા નથી કે જેણે આપની ચરણરજનો સ્પર્શ કરવાનો અધિકાર આપ્યો છે. આપની ચરણરજના અધિકારીઓ તો ગુણાતીત હોવા જોઈએ, નહિ કે સગુણ. એ સગુણ મોટા હોય તો પણ એને એ અધિકાર મળે નહિ. એમાં દષ્ટાન્ત કહે છે કે લક્ષ્મીજી સાત્વિકી છે તેમનો પણ અધિકાર નથી તો બ્રહ્મા, રુદ્ર આદિનો તો ક્યાંથી હોય? બ્રહ્માનન્દરૂપા લક્ષ્મીજીની આ વાત નથી એમ બતાવવામાટે લલના વિશેષણ આપ્યું છે. તેથી એ લક્ષ્મીજી ભગવાન્‌ની અન્તરંગ દાસીરૂપ છે તે દાસ્ય સિદ્ધિમાટે વ્રત કરે છે. એ પણ સર્વ કામનાને છોડીને વ્રત ધારણ કરીને તપ કરે છે તથાપિ એમને એ લાભ મળતો નથી. (વિશેષ જિજ્ઞાસુને શ્રીસુબોધિનીજી આદિ ગ્રન્થ જોવા વિનન્તિછે).

એ ચરણરજ કેવી છે કે જે (જીવો) તે ચરણકમલની રજને શરણે આવેલા છે તેઓ પણ સ્વર્ગની કે પૃથ્વીની, સાર્વભૌમ સત્તાની, બ્રહ્માજીના પદની કે રસાતલના આધિપત્યની, યોગિની સિદ્ધિઓની કે મોક્ષની પણ ઇચ્છા કરતા નથી તો પછી જેમને તે રજ પ્રાપ્ત થઈ ગઈ હોય તેઓ તો તેની ઇચ્છા ન કરે એમાં કહેવું શું? ।।૩૭।।

હે નાથ!આ નાગરાજ તમોગુણી યોનિમાં ઉત્પન્ન થયો છે અને બહુ જ ક્રોધી છે, છતાં તેને આપની આ પરમ પવિત્ર ચરણરજ પ્રાપ્ત થઈ,જે બીજાને માટે સર્વથા દુર્લભ છે. સંસારચક્રમાં ભટકતો જીવ જો આપના ચરણકમલની રજની ઇચ્છા માત્ર કરે તો તે સાધન વિનાનો હોય તો પણ તેને ઉત્તમ ફલ પ્રાપ્ત થઈ જાય છે.(**'યદિચ્છતઃ'** પાઠ પ્રમાણે અર્થ થયો. બીજોપાઠ **'યદચ્છતઃ'** છે. તે પ્રમાણે અર્થ : અકસ્માત કે ભગવાન્‌ની ઇચ્છાથી તે ભગવાન્‌ના ચરણારવિન્દની રજ પ્રાપ્ત થાય છે) ।।૩૮।।

(નાગપત્નીઓ પોતાના પતિને ભગવદ્ ચરણસ્પર્શ થયો તેથી સ્વભાગ્યને અભિનન્દીને એને લીધે પોતાને પણ ભગવદ્ નમન અધિકાર પ્રાપ્ત થયો જાણી નમન કરે છે. [૧]દશવિધ લીલાવિશિષ્ટ ભગવાન્‌ની એ દશ શ્લોકથી સ્તુતિ કરે છેઃ) આપ પુરુષ છો, મહાત્મા છો, પ્રાણીઓના નિવાસસ્થાનરૂપ છો એવા પરમાત્મારૂપ ભગવાન્‌ને અમો નમન કરીએ છીએ[૨] ।।૩૯।।

**વિશેષ** : ૧.ભગવાન્‌નાં દશવિધ લીલા કરનાર દશરૂપ છે. ભગવદ્ શાસ્ત્રમાં ભગવાન્‌નું એક મૂળરૂપ છે. વેદાન્ત વેદ્યરૂપ એ બીજું રૂપ છે. જગદ્રૂપ એ ત્રીજું છે. સંઘાત અને જીવરૂપ પણ

એક રૂપ છે. શાસ્ત્રમાં એક ભગવાન્ અનેકરૂપે કહ્યા છે તે પણ એકરૂપ ગણાય છે. એમ પાંચ પ્રકારે ભગવાન્નાં પ્રમેયરૂપ કહ્યાં છે. વેદના અર્થરૂપ, તન્ત્રના અર્થરૂપ, ગુણાર્થરૂપ, અન્તર્યામીરૂપ તથા અવતારરૂપ એમ પાંચ વિભાગ ગણતાં દશધા ભગવદ્રૂપનું આ સ્તુતિમાં સર્ગાદિ દશ લીલા બતાવવામાટે વર્ણન છે. પાછલાં પાંચ રૂપ તે સ્વરૂપથી કરેલી લીલાના રૂપ છે. (કારિકા)

૨. આ કોણ છે, કેટલો છે, કેવા ગુણવાળો છે એમ જાણ્યા પછી એની સ્તુતિ કરવી જોઈએ. એમાં ભગવાન્ દશ પ્રકારના છે તે દશધા લીલા કરે છે તેથી એટલા પ્રકાર છે. એમ લીલામાં જેટલા અવાન્તર પ્રકાર છે તે બધા કહે છે. એમાં આ શ્લોકથી સર્ગ લીલા કહે છે. એ કરનાર પુરુષોત્તમ છે તેમનું રૂપ પ્રથમ કહે છે અને તેમને નમન કરે છે. નાગપત્નીઓ કહે છેઃજે મૂલભૂત છે તે જ આપ છો. તેથી આપ ભગવાન્ છો તેમને અમે નમન કરીએ છીએ. આપનાં પ્રકટ અને અપ્રકટ એમ બે રૂપ છે તેથી પુરુષ અને મહાત્મા એ બે પદથી એનું નિરૂપણ કરે છે કે આપ પુરુષરૂપ અને મહાત્મારૂપ છો. મોટા 'આત્મા' એટલે આત્મા સ્મૃતિપ્રતિપાદ્ય છે. પુરુષ સાંખ્યમાં કહ્યો છે. મહાન વેદ પ્રતિપાદ્ય છે. ત્રણેને એકત્ર કરીએ તો મોટા પુરુષરૂપ આત્મા એવો અર્થ થાય. આથી સચ્ચિદાનન્દરૂપતા પણ કહેવામાં આવી. પુરુષ સદ્રૂપ છે, મહાન આનન્દરૂપ, આત્મા ચિદ્રૂપ, તે મૂળભૂત છે પંચાત્મક છે તેથી એને **'ભૂતાવાસ'** કહ્યા છે. જે મૂળભૂત છે તેમાં બધાં ભૂત રહે છે. એટલામાટે જ ભગવાને માતાને પોતાના મુખમાં જગત્ બતાવ્યું તે જો ભૂતો ભગવાન્થી જુદાં હોય તો ભગવાન્નું અસંગત્વ ભાંગી જાય તેથી ભગવાન્ ભૂતરૂપ પણ છે, પર પણ છે. જે સર્વનું પ્રશાસન કરે તે પર કહેવાય. જે પરાધીન હોય તે મૂળરૂપ ન કહેવાય તેથી **'પર'** કહ્યા અને વ્યાપક ન હોય તે પણ **'પર'** ન કહેવાય તેથી **'આત્મા'** કહ્યા. તેથી સર્ગ લીલામાં પ્રથમ ભગવાન્, પછી પુરુષ, પછી મહત્તત્વ, પછી અહંકાર, પછી ભૂત અને પછી જગત્, તે પછી પર વિરાટ નારાયણ, તેથી બ્રહ્માંડવિગ્રહ. આ શ્લોકથી ભગવાન્ની સર્ગ લીલા કહી.

**જ્ઞાન અને વિજ્ઞાન ના નિધિરૂપ આપ બ્રહ્મ છો, અનન્ત શક્તિવાળા છો, આપ ગુણ અને વિકારરહિત છો અને આપ અપ્રાકૃત સ્વરૂપ છો એવા આપને અમો *નમન કરીએ છીએ ।।૪૦।।**

**વિશેષ :** વિસર્ગ લીલા સહિત બ્રહ્મરૂપને નમન કરે છે કે આપ શાસ્ત્રીય જ્ઞાનરૂપ છો અને 'વિજ્ઞાનરૂપ' એટલે અનુભવરૂપ પણ છો; અથવા નિર્વિષયક સવિષયકરૂપ છો. આત્માભૂત ગુણભૂતના નિધિરૂપ છો. જેટલા જ્ઞાનાર્થી છે તે બધા આપથી જ કૃતાર્થ થાય છે. એમ

સાધનરૂપતા કહીને ફળરૂપતા કહે છે કે આપ બ્રહ્મરૂપ છો. ત્યાં શંકા થાય કે બ્રહ્મ ફળરૂપ અને જગત્ કર્તૃ કેમ થઈ શકે? એના ઉત્તરમાં કહે છે કે એ અનન્ત શક્તિવાળું છે, તેથી સર્વરૂપ થઈ શકે છે. ત્યાં કહે છે કે તે ગુણથી એમ કરતા હશે. એના ઉત્તરમાં એ **'અગુણ'** છે, કેમકે એ **'અવિકાર'** છે. વિકાર તો પ્રાકૃતમાં સમ્ભવે. આ તો અપ્રાકૃત છે. પ્રાકૃત હોય તે જન્માદિ વિકાર તથા દોષવાળો હોય. વિસર્ગમાં જ્ઞાન અધિકારી (બ્રહ્માજી) નું વિશેષણ છે તેથી બ્રહ્માજી જ્ઞાનપૂર્ણ છે. એમને સૃષ્ટિ ઉપયોગી અનેક પ્રકારનું જ્ઞાન છે. એમ બે વિશેષણ કહીને વિસર્ગરૂપતા કહે છે. અહીં બ્રહ્માજી ચતુર્મુખ લેવા તેથી કાર્યાત્મક જગત્ ઉત્પત્તિને માટે અનન્ત શક્તિરૂપ એમને કહ્યા. તે એમાં બંધાય નહિ એ માટે એમને **'અગુણ'** કહ્યા. દોષ એમને ન લાગવામાટે **'અવિકાર'** કહ્યા. સ્વેચ્છાથી સૃષ્ટિ કરતા નથી એમ બતાવવામાટે **'અપ્રાકૃત'** કહ્યા. આથી વિસર્ગમાં છ ગુણ જોઈએ તે કહ્યા. ત્રણ ગુણમાં ત્રણ દોષનો અભાવ કહ્યો. જ્ઞાન, મહત્વ અને સામર્થ્ય એ મળીને છ ગુણ કહ્યા.

આપ કાળરૂપ, કાળ જેની નાભિમાં છે તેવા કાળનાભ, કાળના અવયવોના સાક્ષી, વિશ્વરૂપ, એ વિશ્વને જોનાર, એના કર્તા અને એના કારણ પણ *આપ જ છો ।।૪૧।।

**વિશેષ** : હવે ત્રીજી સ્થાન (નિયમન) લીલા આ શ્લોકથી કહે છે. એ સ્થાન બે પ્રકારનું છેઃશબ્દ મર્યાદામાં **'કાલ'** નિયામક છે, જ્યારે અર્થ મર્યાદામાં **'ભૂમિ'** નિયામક છે. એ પણ કહે છે. એમાં જગતનું મૂળ કારણ કાળ છે. એ ભગવાન્‌ની ચેષ્ટારૂપ છે. ''કાળ છે નાભિમાં જેને'' એ વિશેષણથી સૃષ્ટિનું પ્રયોજન કહ્યું. મૃત્યુરૂપ કાળ પોતાના સ્થાનમાં રહે છે. નાભિ મૃત્યુનું સ્થાન છે. મૃત્યુ જેને ખાઈ જાય છે તે એને બહાર કાઢી મૂકે છે અને મૃત્યુ અન્દર પેસી જાય છે. **''મૃત્યુ નૈવેદમાવૃતમાસીત્''** એ શ્રુતિમાં એનો વિસ્તાર છે. એ કાળથી ક્રિયાશક્તિ કહી અને કાળનાભથી સૃષ્ટિનું પ્રયોજન કહ્યું. હવે સૃષ્ટિનો પ્રકાર કહે છે કે આપ કાળના અવયવોના સાક્ષી છો. કાળના અવયવ એટલે સર્વ ઉત્પત્તિનાં નિમિત્ત તેના આપ સાક્ષી છો. આથી વિશ્વસૃષ્ટિમાં પ્રભુને ક્લેશનો અભાવ કહ્યો. શબ્દમર્યાદામાં તો કાલ સૂર્ય છે. કાળનાભ શબ્દો એટલે બધા વેદો, કાલ - અવયવ સાક્ષીરૂપ બધાં કર્મો, સૂર્યનું કાળરૂપ તૃતીયસ્કન્ધ અધ્યાય ૧૧ થી ૧૩ માં વિસ્તારથી કહ્યું છે. શબ્દો માત્રાત્મક છે, તેથી કાળ છે નાભિમાં જેને, તેને સર્વથા કાલની અપેક્ષા રહે છે. **''કાલે કર્મ હિ ચોદ્યતે''** કર્મ કાળમાં કરવાનું કહેવાય છે, તેથી કાલ અવયવનાં સાક્ષી કર્મો નિત્ય હોવાથી કાલ અવયવને સાક્ષી કહ્યો. અત્યાર સુધી વિશ્વના કારણરૂપ આપ છો એમ કહ્યું હવે આપ વિશ્વરૂપ છો એમ કહે છે. આપ

વિશ્વરૂપ છો એ વિશ્વને ત્રણ પ્રકારનું કહેવામાટે પ્રથમ આધિદૈવિક રૂપને કહે છે. એ વિશ્વના આપ દ્રષ્ટા છો. આધિદૈવિક વગર એનું સ્વરૂપ સિદ્ધ ન થઈ શકે અને તેના કર્તા છો એમ કહેવાથી આધ્યાત્મિકરૂપતા કહી એ સર્વ કર્તા છે. હવે આધિભૌતિક કહે છે. એ વિશ્વના 'હેતુરૂપ' એટલે ભૂત આદિરૂપદ્ર પણ આપ છો. આથી અર્થ માર્યાદા પણ બતાવી. એ કહે છે કે વિશ્વ પોતે **'અર્થરૂપ'** છે. તે વિશ્વના ઉપદ્રષ્ટા **'મોક્ષરૂપ'** છે. એ વિશ્વનો કર્તા **'કામરૂપ'** છે, એનું કારણ **'ધર્મરૂપ'** છે એમ ચાર પુરુષાર્થરૂપ પણ આપ છો.

પંચભૂત, પાંચ વિષય, દશ ઈન્દ્રિયો, પાંચ પ્રાણો, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર રૂપ (અન્તઃકરણ) ને અને જેની પોતાના આત્માની અનુભૂતિ ત્રણ ગુણવાળા અભિમાનથી ગૂઢ છે તેવા આપને અમો નમસ્કાર કરીએ *છીએ ।।૪૨।।

**વિશેષ :** એમ વિશ્વરૂપતા કહીને વિશ્વના ભોક્તા એટલે સંઘાત અને જીવરૂપ પણ આપ છો એમ કહે છે. એનાથી પુષ્ટિલીલા કહેવાશે. એમાં પહેલાં સંઘાતનો નિર્દેશ કરે છે કે મહાભૂત, માત્રા, ઈન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આનું સમુદિત નામ સંઘાત છે તે સંઘાતરૂપ આપ છો. જીવરૂપ પણ આપ છો એમ કહેવાના માટે કહે છે કે ત્રણ ગુણના અભિમાનથી ગૂઢ છે આત્માનો અનુભવ જેનો તેવા આપ છો. આનું નામ જ પુષ્ટિ કે જે મર્યાદાની વ્યવસ્થા કર્યા વગર સ્થિતિ કરવી. આત્માનો અનુભવ થાય તો જીવભાવ ન થઈ શકે તેથી એ આત્માની અનુભૂતિને ગુણોથી ઢાંકી દે છે. તેથી સ્વરૂપ ઢંકાવાથી જીવભાવ ઉપર આવે છે. એનાથી પુષ્ટિલીલા કહી છે.

આપ અનન્તરૂપ છો, સૂક્ષ્મરૂપ છો, અવિકારી છો, અને જ્ઞાનસ્વરૂપ છો. અનેક પ્રકારનાવાદને આપ અનુસરોછો. તેમ જવાચ્ય (અર્થ)અને વાચક (શબ્દ) માં જેમની શક્તિ છેતેવા આપ છો* ।।૪૩।।

**વિશેષ :** એમ ભગવાન્ અર્થસૃષ્ટિરૂપ કહ્યા. હવે શબ્દસૃષ્ટિરૂપે આપ લીલા કરે છે એ કહે છેઃ રૂપસૃષ્ટિ કરતાં નામસૃષ્ટિ વિલક્ષણ છે. રૂપસૃષ્ટિ અન્તવાળી છે. જ્યારે નામસૃષ્ટિ અનન્ત છે. નામસૃષ્ટિ સૂક્ષ્મ છે. રૂપસૃષ્ટિ સ્થૂલ છે. રૂપસૃષ્ટિ વિકૃત છે ત્યારે કૂટસ્થ અને અવિકૃત નામસૃષ્ટિ છે. રૂપસૃષ્ટિ જડરૂપ છે. ત્યારે નામસૃષ્ટિ બોધરૂપ છે. એમ નામ અને રૂપ નું ચાર પ્રકારે વૈલક્ષણ્ય કહ્યું. ત્યાં શંકા કરે છે કે જ્યારે નામસૃષ્ટિ બોધરૂપ છે ત્યારે એમાં જગતનો લય થવાનો પ્રસંગ પણ આવે! એના ઉત્તરમાં કહે છે કે એમાં અનેક પ્રકારના વાદનો અનુરોધ હોવાથી એ પ્રસંગ નહિ આવે. સિદ્ધાન્ત, સિદ્ધાન્તાભાસ અને પાખંડરૂપ વાદો છે, તેનો શબ્દ અનુરોધ કરે છે. એ વાદો આપનું જેવું વર્ણન કરે છે તેવા ભગવાન્ થઈ જાય છે. એમ થવામાં

યુક્તિ કહે છે કે એ વાચ્યવાચક શક્તિરૂપ છે. એટલે શબ્દ અને અર્થ માં એણે પોતાની શક્તિઓ સ્થાપી છે. વાદી જેવો અર્થ કરવા ધારે તેવી શક્તિ એમાં છે તેને કાઢીને એવો અર્થ કરે છે. તેથી જ **''શક્તયો મે દુરત્યયા, વદતાં કિં નુ દુર્ઘટમ્''** ઇત્યાદિ કહ્યું છે. આ કહીને **'ઉતિ'** લીલા આમાં કહી છે. જેમકે જેવી વાસના હોય તેવા થવું એ જ **''ઊતિ ઊતયઃ કર્મવાસનાઃ''** એ એનું લક્ષણ છે.

આપ પ્રમાણરૂપ વેદોના મૂળ છો. આપ શાસ્ત્રના કહેનાર અને કવિ એટલે એ શાસ્ત્રના રસને જાણનાર છો. પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ અને વેદરૂપ પણ આપ છો. એવા આપના *સ્વરૂપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ ।।૪૪।।

**વિશેષ :** એમ સામાન્ય રીતે નામસૃષ્ટિ લીલા કહીને વિશેષ કહે છે કે વેદ વગેરે પ્રમાણ છે તેમાં પ્રમાણપણું અને આદરણીયતા છે તે આપના સ્વરૂપને કહેનાર હોવાથી અને આપની વાણીરૂપ હોવાથી છે. જો આપને કહેતા ન હોય તો એને કોઈ ગણે નહિ. નિત્ય વેદ હોય છતાં એ ભગવાન્થી જુદા હોય તો એ પ્રમાણરૂપ ન ગણાય અને નિત્ય પણ ન ગણાય, તેથી વેદની વેદતા આપનાથી, એટલે પ્રમાણના મૂળરૂપ આપ છો. તેમજ શબ્દરચના જાણનાર પણ આપ છો. તેથી શબ્દને બોલનાર, શબ્દના રસને જાણનાર અને શબ્દરૂપ આપ છો એ વાત સિદ્ધ થઈ, શબ્દના ઉપાદાન કારણરૂપ પણ આપ છો, કેમકે વેદના કારણરૂપ આપ છો. એમ કારણરૂપતા કહીને કહે છે કે વેદના આન્તરરૂપ પણ આપ છો. પ્રવૃત્તિ કરાવવી અને નિવૃત્તિ કરાવવી એ બે વેદનાં કાર્ય છે. રાગથી પ્રાપ્ત વિષયથી નિવૃત્ત કરે છે ત્યારે અપ્રાપ્ત વિષયમાં પ્રેરે છે. એમ કરીને આજ્ઞારૂપ પોતે થાય છે. વેદરૂપ કહ્યા. આ શબ્દોથી મન્વન્તરરૂપ સદ્ધર્મો (સારા પુરુષના ધર્મો) કહેલા છે. તેથી આ મન્વન્તર લીલાનું રૂપ થયું.

આપ સદાનન્દ છો. સર્વના હૃદયમાં રમનાર અથવા સર્વને રમાડનાર છો. વસુદેવજીના આપ પુત્ર છો. પ્રદ્યુમ્નરૂપ આપ છો. અનિરુદ્ધરૂપ અને ભક્તોના પતિરૂપ આપ હોઈને આપને અમો બધી નાગપત્નીઓ વારંવાર નમન કરીએ છીએ* ।।૪૫।।

**વિશેષ :** ભગવાન્ની પ્રમાણરૂપતા અને પ્રમેયરૂપતા વેદપ્રતિપાદ્ય છે એમ કહીને અનાવિર્ભૂતરૂપ કહ્યું. લોકમાં આવિર્ભૂત ચતુર્મૂર્તિ ભગવાન્નું તન્ત્રના પ્રકારથી નિરૂપણ કરે છે. કૃષ્ણ શબ્દથી સદાનન્દસ્વરૂપ કહ્યું. રામથી સંકર્ષણરૂપ કહ્યા. વસુદેવ સુત શબ્દથી વાસુદેવ કહ્યા. **'ચ'**કાર છે તેથી એને જ પ્રદ્યુમ્નરૂપતા પણ કહી. વસુદેવ શબ્દના શુદ્ધસત્વ અને વસુદેવ એવા બે અર્થ થાય છે. પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ કહેવાથી ચતુર્મૂર્તિ ભગવાન્ કહ્યા. સદાનન્દ ભગવાન્

ચતુર્મૂર્તિરૂપે જે માટે પ્રકટ થયા તે કહે છે કે એ સર્વ ભક્તના પતિ છે. એ ભક્તના પતિ અને ભક્તિના ફળરૂપ છે અને ભક્તિને પ્રવર્તાવનાર છે. આ બાબત કહેવાથી 'ઈશાનુકથા' એટલે વિષ્ણુભક્તિનું નિરૂપણ કરેલું છે.

આપ ગુણોનો પ્રકાશ કરો છો. ગુણોવડે સ્વસ્વરૂપને ઢાંકો છો. ગુણોની વૃત્તિથી જણાઓ છો ગુણોના *દ્રષ્ટા છો અને સ્વયં વેદ્ય છો ।।૪૬।।

**વિશેષ :** લોકો કહે છે કે ભગવાન્ સગુણ છે, એનો અર્થ આવો છે કે એ ગુણનો પ્રકાશ કરવામાટે ગુણોને પોતાની પાસે રાખે છે અને એને ઉત્તેજિત કરે છે. ગુણનું માહાત્મ્ય વધારવામાટે એ ગુણોવડે પોતાનું સ્વરૂપ ગુપ્ત કરી દે છે એટલે પોતાનું તેજ ગુણને આપી પોતે ગુણ પાસે દેખાતા નથી. પછી કૌતુકમાટે ગુણની વૃત્તિથી ચાક્ષુષ જ્ઞાનાદિવડે આપ દેખાય છે. તેથી સત્વ, રજ અને તમો ભાવ કહ્યા. એમ કરવાનું કારણ એ કે તે ગુણોના દ્રષ્ટા છે. એને જોઈને એનો ઉપકાર છે એમ કરવા છતાં ગુણ એ ભગવાન્નું કાંઈ અહિત કરી શકતા નથી, કારણ કે ભગવાન્ તો સ્વયં પ્રકાશ છે. એનું જ્ઞાન કોઈ પણ કરાવી શકતું નથી. તેમ કોઈ એના જ્ઞાનને છુપાવી શક્તું નથી. એ ગુણો-સચ્ચિત્ અને આનન્દના ધર્મો છે. ભગવાન્ જ પોતાના ધર્મોરૂપે પ્રકટ થઈને સગુણ કહેવાય છે. તેથી નિરોધ કહ્યો.

*આપના વિહારને કોઈ જાણી શક્તું નથી, સર્વ તત્વનું સ્વરૂપ આપનાથી જ જાણી શકાય છે. ઈન્દ્રિયોના પ્રેરક આપ છો. મનન કરનાર છો. મૌન સ્વભાવવાળા આપ છો. અમે આપને નમન કરીએ છીએ ।।૪૭।।

**વિશેષ :** એમ સગુણરૂપ કહીને જ્ઞેય (જાણવા યોગ્ય) રૂપ કહે છેઃપ્રકૃતિ પુરુષરૂપ જેનું સ્વરૂપ છે અથવા અજ્ઞાત છે વિહાર જેનો તેવા અથવા છુપા રહેવાને માટે વિહાર કરે છે. એવો કપટ માનુષભાવ કરે છે કે કોઈ એને જાણી ન શકે. એમ કરવાનું કારણ એ જ કે સર્વ તત્વોની ઉત્પત્તિ અને જ્ઞાન એનાથી જ થાય છે. જો ભગવાન્ સ્વયં અવ્યાકૃત ન થાય તો વ્યાકૃત ઉત્પન્ન ન થાય. કાર્ય કારણ કરતાં જુદી રીતે થવું જોઈએ. એમ ઉત્પત્તિપક્ષ કહીને જ્ઞપ્તિ (જ્ઞાન) પક્ષને કહે છે કે આપ ઈન્દ્રિયોના ઈશ છો. એટલે આપ જ ઈન્દ્રિયોને પ્રવર્તાવો છો તેથી આપને નમીએ છીએ. આપ ઈન્દ્રિયોને પ્રવર્તાવશો તો અવ્યાકૃતનું જ્ઞાન કેમ થશે? ત્યાં કહે છે કે આપ મુનિ છો; મનનથી એ જ્ઞાન થશે. ભગવાન્ને અવ્યાકૃત જાણવાનું સાધન પણ છે કે એ મૌનશીલ છે. **''ઉપરતાયાં વાચિ કિં જ્યોતિર્બ્રહ્મ'' ''વચસ્યુપરતે પ્રાપ્ય''** એ પણ એક ભગવાન્નું અવ્યાકૃતરૂપ છે કે જ્યાં **''યસ્યામતં તસ્ય મતં''** ઈત્યાદિ વાક્યોનો સમ્બન્ધ થાય છે. આથી મુક્તિ લીલા કહેવામાં આવી.

બ્રહ્માદિથી લઈ અમો વગેરેની ગતિને જાણનાર, *સર્વના સાક્ષી, વિશ્વરૂપ અને અવિશ્વરૂપ, એના દ્રષ્ટા તથા એના કારણરૂપ આપ જ છો, અમે આપને નમન કરીએ છીએ ।।૪૮।।

**વિશેષ** : એક ભગવાન્ શાસ્ત્રાર્થ રૂપ છે. જેનાથી પંડિતો વ્યવહાર કરે છે; એ કહે છેઃબ્રહ્માદિથી આપણા સુધીના બધાના વ્યવહારને જે જાણે છે. શાસ્ત્રથી જે જ્ઞાન થાય તે આવું થાય છે. એમ બહારના જ્ઞાનરૂપ છો અને સર્વના અધ્યક્ષ એટલે સર્વના સાક્ષી છો તેથી આપને (પ્રત્યક્ષને) નમે છે. **'તે નમઃ'** એ શબ્દથી એ જ આપ વિશ્વરૂપ અને વિશ્વથી જુદા જેમ વૃક્ષ ડાળોરૂપે હોવા છતાં ફળરૂપ પણ છે તેમ; તેથી આપને કેટલાક વિશ્વરૂપે તો કેટલાક એથી જુદા કહે છે, જ્યારે કેટલાક બન્નેરૂપ અને બીજા બન્નેથી જુદા કહે છે. વળી કેટલાક એના દ્રષ્ટા કહે છે. તેથી અવિશ્વપક્ષમાં પ્રમાણ પણ કહ્યું. વિશ્વપક્ષમાં પ્રમાણ કહે છેઃએ વિશ્વના આપ કારણરૂપ છો. કારણાત્મકતા કાર્યને હોય એ જ 'પ્રમાણ' કહેવાય. એ પ્રમાણે આ શ્લોકમાં આશ્રય લીલાનું સ્વરૂપ કહ્યું.

કાંઈ પણ આપ ચેષ્ટા કરતા નથી તો પણ આ જગતનાં જન્મ, રક્ષણ અને સંહાર ને ગુણવડે કરો છો. એ આપ કાલશક્તિથી કરો છો. જ્યારે આ કાળશક્તિને ધરો છો ત્યારે એ પ્રકૃતિના ગુણમાં ક્ષોભ કરે છે. જેમ વાયુ સિંહાસનની પૂતળીને ચલાવે છે, તેથી સર્વ કાર્ય થાય છે. તેમાં ગુણ ઉપાદાન, કાળ નિમિત્ત અને સ્વભાવ નિયામક છે. તે-તે કાર્યના સ્વભાવ એના નિયામક થાય છે. તેનો પ્રબોધ કાળ કરે છે. આપ જ એનાથી અમોઘ વિહાર કરો છો. આ બધું કરતાં આપ સન્માર્ગ અને સજ્જનોની રક્ષા કરી, તેમનું પરિપાલન કરી તેમને સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય તેનું ધ્યાન તો રાખો છોજ ।।૪૯।।

આ ત્રિલોકીમાં શાન્ત, અશાન્ત અને મૂઢ યોનિઓ આપનાં જ શરીર છે. અત્યારે સત્પુરુષના તથા ધર્મના રક્ષણનેમાટે આપ પધાર્યા છો તેથી શાન્ત શરીરો આપને પ્રિય છે. બીજાં શરીર દુઃખ દેનાર હોવાથી આપને પ્રિય નથી ।।૫૦।।

અમે આપની પ્રજા છીએ. આપે અમારો અપરાધ એક વખતને માટે ક્ષમા કરવો જોઈએ કેમકે અપરાધ કરનાર મૂઢ છે અને આપના સ્વરૂપને જાણતો નથી.તેથી હે શાન્તાત્મન્! અપરાધ અજ્ઞાનકૃત હોઈ ક્ષન્તવ્ય છે ।।૫૧।।

હે ભગવન્! કૃપા કરો. એ સર્પમાં તો કોઈ એવો ગુણ નથી જેથી એના ઉપર આપની કૃપા ઉતરે, પણ આપ ભગવાન્ છો તેથી તેના ઉપર કૃપા કરો. ગ્રહણ વખતે

સેવા ન કરતો હોય તેને પણ દાન આપવામાં આવે છે કારણ કે એ સમય જ દાન કરવા માટેનો છે. એમ સર્પમાં ભક્તિ વગેરે આપની કૃપાનાં કારણ ન હોય તો પણ તે મરવાની અણી ઉપર છે, માટે કૃપા કરો. અમો સ્ત્રીઓ છીએ. સાધુ પુરુષો હમેશાં સ્ત્રીઓ ઉપર કૂણી (દયાવાળી) નજર રાખે છે અને શોક કરે છે કે અરર! આ જીવ, જ્યાં સદા ભય અને પરાધીનતા છે, જેને માટે મુક્તિનાં દ્વાર જ બંધ છે તેવા સ્ત્રીનાં શરીરમાં કેમ આવ્યો? આપ તો સાધુઓના રક્ષક છો તો તેમને (સાધુઓને) શોક ન થાય એ માટે પતિરૂપી પ્રાણનું અમને દાન કરો ।।૫૨।।

અમે આપની દાસીઓ છીએ. તેમનું કર્તવ્યતો આપની આજ્ઞાનું પાલન છે. આપની આજ્ઞાને શ્રદ્ધાથી પાળે એ સર્વ પ્રકારના ભયથી મુક્ત થાયછે ।।૫૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એમ નાગ પત્નીઓએ ભગવાન્‌ની સ્તુતિ કરી ત્યારે ભગવાન્‌ના પાદપ્રહારથી જેનાં માથાં ભાંગી ગયા છે અને મૂર્છિત થયો છે તેવા નાગને ભગવાને ચરણથી ફેંક્યો તે એની સ્ત્રીઓ પાસે પડ્યો ।।૫૪।।

જેણે ઇન્દ્રિયો અને પ્રાણ પાછા મેળવેલા છે તે કાલિયે મહામુશ્કેલીએ શ્વાસ લેતાં દેવરૂપ થઈ બેહાથ જોડી અભય આપનારની ધીરે-ધીરે સ્તુતિ કરી ।।૫૫।।
કાલિય બોલ્યોઃઅમે જન્મથી જ બીજાને દુઃખ દઈ રાજી થનારા દુષ્ટ અને ઘણા ક્રોધી છીએ. લોકનો સ્વભાવ દુસ્ત્યજ છે કે એનો અસદ્ વસ્તુમાં આગ્રહ બંધાઈ જાય છે તે છૂટતો નથી ।।૫૬।।

હે ધાતા! આપે જ આ જગત્ બનાવ્યું છે. એનો સ્વભાવ એટલે પ્રકૃતિ ધર્મ જીવનો, 'વીર્ય' ઇન્દ્રિયોનો ધર્મ, 'ઓજ' પ્રાણનો ધર્મ, 'યોનિ' માતૃધર્મ, 'બીજ' પિતૃધર્મ, 'આશય' અન્તઃકરણ ધર્મ અને 'આકૃતિ' અનેક પ્રકારના ધર્મ આપે જ કરેલા છે ।।૫૭।।

હે ભગવન્! એમાં પણ અમે તો 'સર્પ' એટલે ઘણા ક્રોધવાળા અને મોહવાળા તે દુસ્ત્યજ આપની માયાને કેમ છોડી શકીએ? ।।૫૮।।

આપ જગતના ઈશ્વર હોવાથી અમારી યોનિનું કારણ પણ આપ જ છો; તેથી આપ નિગ્રહ કે અનુગ્રહમાંથી જે યોગ્ય લાગે તે કરો ।।૫૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એ વાત સાંભળીને કાર્યમાટે મનુષ્ય રૂપ ધારણ કરનારા ભગવાને કહ્યું, ''હે સર્પ! તારે આ શ્રીયમુનાજીમાં ન રહેવું. તારા કુટુમ્બ, સ્ત્રી, પુત્ર વગેરે સહિત અહીંથી સમુદ્રમાં જઈને રહે અને આ શ્રીયમુનાજી વિષ રહિત થઈ,

ગાયો અને મનુષ્ય ના ઉપયોગમાં આવે ।।૬૦।।

મેં તને શિક્ષા આપી તેનું જે માણસ સ્મરણ કરશે અથવા સાંજે-સવારે કીર્તન કરશે તેને તમારા લોકોનો ભય ન થાય ।।૬૧।।

મેં જે હ્રદમાં ક્રીડા કરી તેમાં સ્નાન કરી તેના જળથી જે દેવાદિનું તર્પણ કરશે, ઉપવાસ કરી મારું સ્મરણ કરતાં પૂજન-અર્ચન કરશે તે સર્વ પાપથી મુક્ત થશે ।।૬૨।।

જે ગરુડના ભયથી 'રમણક' દ્વીપને છોડીને તું અહીં આવ્યો હતો તે ગરુડ મેં તારા માથા ઉપર મારા ચરણની મહોર લગાડી છે તેથી તને ખાઈ શકશે નહિ ।।૬૩।। શ્રીશુકદેવજી બોલ્યાઃ અદ્ભુત કર્મવાળા શ્રીકૃષ્ણે સર્પને ત્યાંથી મુક્ત કર્યો ત્યારે એણે આનન્દથી અને નાગ પત્નીઓએ આદરવડે એમનું પૂજન કર્યું ।।૬૪।।

દિવ્ય વસ્ત્રો, માળાઓ, મણિઓ, બહુ કીમતી આભરણો, દિવ્ય ગંધ, બીજા અનુલેપો અને કમળની મોટી માળાઓથી પૂજા કરી ।।૬૫।।

ગરુડને ધ્વજમાં ચિહ્નતરીકે રાખનાર જગન્નાથ કૃષ્ણને પૂજાથી પ્રસન્ન કરી એમની પરિક્રમા કરી, એમની આજ્ઞા લઈ પોતાની સ્ત્રીઓ, મિત્રો અને પુત્રો સાથે સમુદ્રના દ્વીપમાં કાલિય ગયો ।।૬૬।।

**તદૈવ સામૃતજલા યમુના નિર્વિષાભવત્ ।।**
**અનુગ્રહાદ્ ભગવતઃ ક્રીડામાનુષરૂપિણઃ ।।૬૭।।**

ક્રીડાથી મનુષ્યરૂપ ધારણ કરનાર ભગવાન્‌ના અનુગ્રહથી એજ વખતે શ્રીયમુનાજી વિષરહિત અને અમૃતજેવા જળવાળાં થયા ।।૬૭।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા-પ્રકરણનો વીર્યરૂપ બીજો અને ચાલુ) ''કાલિય નાગનું ભગવાને દમન કરી વીર્ય પ્રદર્શિત કર્યું'' નામનો સોળમો (પ્રક્ષિપ્ત અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૧૩ મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પુષ્ટિમાર્ગીઓ! સાવધાન!!**

જો તમે ષોડશગ્રન્થોનો અભ્યાસ નથી કર્યો તો એક વાર બધું વાંચવું-સાંભળવું-ભટકવું છોડીને સહુથી પહેલા ષોડશગ્રન્થો ભણો.

# અધ્યાય ૧૭

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૧૪

# શ્રીકૃષ્ણે દાવાગ્નિનું પાન કરી ગાયો ગોપોનું રક્ષણ કર્યું

### બીજા તામસપ્રકરણના બીજા પેટાપ્રકરણઃ પ્રમેયપ્રકરણનો અ. ૩

**વિશેષ :** આ સત્તરમા અધ્યાયમાં કાલિયહ્રદથી ભગવાન્ પધાર્યા ત્યારે શ્રીયમુનાજીના કિનારા ઉપર જે વ્રજવાસીઓ, ગાયો વગેરે હતાં તેમને બહુ આનન્દ થયો. પછી અગ્નિથી એમની રક્ષા કરી એ આ પ્રસંગને લઈને કહે છે. ઇન્દ્રિય અને પ્રાણ નો દોષ સાથે જ દૂર કરવો જોઈએ, તેથી ઇન્દ્રિયદોષરૂપ કાલિયની કથા કહી તો પ્રાણના દોષરૂપ અગ્નિથી દાહ ન થયો તે કહેવો જ જોઈએ. આ પ્રાસંગિક કથાથી ભગવાનનું અદ્ભુત કર્મપણુ સિદ્ધ થાય છે એ કહેવાને માટે અહીં સર્વ દોષો કહેવામાં આવ્યા છે. એમ લીલા ન કરે તો ભક્તોના દોષ બીજી રીતે દૂર થઈ શકે નહિ

**નાગાલયં રમણકં કસ્માત્ તત્યાજ કાલિયઃ ।।**
**કૃતં કિં વા સુપર્ણસ્ય, તેનૈકેનાસમંજસમ્ ।।૧।।**

**રાજા બોલ્યો :** કાલિયે નાગોના નિવાસ રમણક દ્વીપને શા માટે છોડ્યો? વળી એણે એકલાએ ગરુડનું શું અનિષ્ટ કર્યું કે એને જ ગરુડનો ભય થયો? ।।૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે મહાબાહો! બધા *સર્પોએ મળી ગરુડને અમુક સર્પો દરેક માસે આપવા અને એને નિશ્ચિત વનસ્પતિની નીચે અમુક જગ્યાએ રાખવાનો નિશ્ચય કર્યો ।।૨।।

**વિશેષ :** વિનતા અને કદ્રૂ એ બે કશ્યપની સ્ત્રીઓમાંથી વિનતાના ગરુડ થયા. ત્યારે કદ્રૂમાંથી નાગ થયા. એ બન્ને માતાઓને પરસ્પર શત્રુતા હોવાથી ગરુડ બધા સર્પોને માતાની શત્રુતાને યાદ કરી મારી નાખતા, કેટલાકને પોતાની ક્ષુધા નિવૃત્તિને માટે મારતા, ત્યારે વધારે સર્પ વૃથા ન મરે એવા વિચારથી વાસુકિ વગેરેએ ગરુડને અમુક સર્પો ખાવાને માટે આપવા અને એ એક વનસ્પતિની નીચે હાજર કરવા, સમય ઉપર ગરુડ આવી એને ખાઈ ચાલ્યો જાય, તેથી બીજા સર્પો વૃથા ન મરે; મહિનામાં એક વખત એ બલિ આપતા હતા. આ ઠરાવ બ્રહ્માજીએ ગરુડ પાસે કબૂલ કરાવ્યો હતો એવી કથા છે.

મહાત્મા સુપર્ણથી પોતાનું રક્ષણ કરવામાટે દરેક અમાસે સર્પો પોતાનો ભાગ ત્યાં ધરી આવતા હતા. એમ કરવાથી બીજા સર્પો નિર્ભય રહેતા હતા ।।૩।।

પણ કાલિયને પોતાના ઝેરના પરાક્રમનો મદ હતો. એ ગરુડને કાંઈ હિસાબમાં ગણતો નહોતો અને ગરુડનો ભાગ સર્પો કાઢતા હતા એને પોતે જ ખાઈ જતો ।।૪।।

હે રાજન્! ભગવાન્‌ને પ્રિય ગરુડ તો બહુ બળવાન છે. એના સાંભળવામાં આવ્યું કે કાલિય પોતાનો ભાગ ઉડાવી જાય છે ત્યારે એ બહુ ગુસ્સે થયા અને તેને મારી નાખવા તેના ઉપર ગરુડજીએ આક્રમણ કર્યું ।।૫।।

નખના આયુધવાળા ગરુડજી આવ્યા ત્યારે અનેક માથાવાળો કાલિય પણ ફણા માંડી સામો થયો. એ દાંતરૂપી હથિયારવાળો છે. વિકરાળ જિહ્વા અને ફાડેલા ઉગ્ર ડોળાથી ગરુડજીને ડરાવતો હતો. તેણે દાંતથી તેમને દંશ કર્યો ।।૬।।

કશ્યપનન્દન ગરુડજી વિષ્ણુ ભગવાન્‌ના વાહન છે અને એમનો વેગ તથા પરાક્રમ અજોડ છે. કાલિય નાગની આ અવળચંડાઈ જોઈ એમનો ક્રોધ ખૂબ વધી ગયો અને તેમણે તેને પોતાના શરીરથી ઝટકો મારી દૂર ફેંકી દીધો અને પોતાની સોનેરી ડાબી પાંખથી કાલિય ઉપર જોરથી પ્રહાર કર્યો ।।૭।।

જ્યારે ગરુડજીએ પાંખથી માર્યો ત્યારે કાલિય વિહ્વલ બની ગયો અને ગરુડજી જ્યાં ન જઈ શકે તેવા કાલિન્દીજીના ઊંડા હૃદમાં ઘૂસી ગયો ।।૮।।

એક વખતે એવું બન્યું કે ગરુડજીએ ત્યાં એક મત્સ્યને જોયો અને એ મત્સ્ય એનું ખાદ્ય હોવાથી ઉઠાવ્યો, એટલામાં ત્યાં સૌભરિ મુનિ તપ કરતા હતા તેમણે કહ્યું કે મારા આશ્રમના જીવને તું લઈ ન જા; તો પણ ગરુડજીને ભૂખ લાગેલી તેથી મુનિનું કહેવું ન સાંભળતાં એ ખાઈ ગયા ।।૯।।

જેને લઈ ગયા એ માછલાનો રાજા હતો. એના જવાથી બધાં માછલાં દુઃખી થયાં, કેમકે એમનો રક્ષક કોઈ રહ્યો નહિ. ત્યારે સૌભરિને દયા આવી અને એમનું ભલું કરવામાટે સૌભરિ આ પ્રમાણે બોલ્યા ।।૧૦।।

''જો ગરુડ અહીં પ્રવેશ કરશે અથવા માછલાંખાશે તો એ તત્કાળ મરી જશે એ હું સાચું કહું છું'' ।।૧૧।।

એ વાત બીજા કોઈ સર્પના જાણવામાં નહતી પણ કાલિયને એ ખબર હતી તેથી એ ગરુડજીથીભય પામી અહીં ભરાઈ બેઠો હતો. તેને શ્રીકૃષ્ણે દૂર કર્યો ।।૧૨।।

આ બાજુ ભગવાન્ શ્રીકૃષ્ણ દિવ્યમાલા, ગન્ધ, વસ્ત્ર, અમૂલ્ય મણી અને સુવર્ણના આભૂષણોથી વિભૂષિત થઈ, તે હૃદમાંથી બહાર પધાર્યા ।।૧૩।।

એમને જોઈને બધા જ વ્રજવાસીઓ, પ્રાણ આવતાં જેમ ઈન્દ્રિયો સચેત થાય તેમ ઉભા થઈ ગયા. બધા ગોપોનાં હૃદય આનન્દથી નાચી ઉઠ્યાં. તેઓએ ઘણા જ પ્રેમ અને પ્રસન્નતાપૂર્વક શ્રીકૃષ્ણને આલિંગન કર્યું ।।૧૪।।

હે કૌરવ (પરીક્ષિત)! યશોદા રાણી, રોહિણીજી, નન્દરાયજી, ગોપીઓ, ગોપો અને ગાયો બધાં શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરીને સચેત થઈ ગયાં. તેમનો મનોરથ સફલ થઈ ગયો ।।૧૫।।

બળદેવજી પણ શ્રીકૃષ્ણને ભેટ્યા અને એમના પ્રતાપને જાણનાર હોવાથી હસ્યા. પુરુષો, સ્ત્રીઓ, આખલા અને વાછડાં પરમ આનન્દ પામ્યા ।।૧૬।।

વિપ્રો નન્દરાયજી પાસે આવ્યા અને સ્ત્રીઓ સહિત તે ગુરુઓએ કહ્યું, ''કાલિયે પકડેલા તમારા બાલક (અમારા) ભાગ્યથી છૂટ્યા છે ।।૧૭।।

શ્રીકૃષ્ણ સર્પથી નિર્વિઘ્ન બચી ગયા તેથી બ્રાહ્મણોને દાન આપો'' હે રાજન્! નન્દરાયજીએ પ્રસન્ન થઈને ગાયો, સોનું વગેરેનાં દાન કર્યાં ।।૧૭અ.।।

પરમ સૌભાગ્યવતી દેવી યશોદાજીએ પણ કાલના મુખમાંથી બચી ગયેલા પોતાના પુત્રને ગોદમાં લઈ હૃદય સરસો ચાંપ્યો. એમની આંખોમાંથી આનન્દનાં અશ્રૂ ટપકતાં હતાં ।।૧૮।।

બધાં વ્રજવાસીઓ અને ગાયો ભૂખ્યાં, તરસ્યાં અને મહેનતથી બહુ થાક્યાં હતાં તેથી એ રાત તોકાલિન્દીજીની પાસેના કાંઠાના વનમાં જ મુકામ કરી પસાર કરી ।।૧૯।।

તે સમયે મધ્યરાતે એકાએક જંગલમાં લાગેલો દાવાગ્નિ સૂતેલા વ્રજને ચારે તરફથી ઘેરી લઈ બાળવા લાગ્યો ।।૨૦।।

તેથી બળતા વ્રજવાસીઓ ઉઠી બહુ ગભરાઈગયા અનેકપટથી મનુષ્યવેષ ધરનાર શ્રીકૃષ્ણને શરણેગયા ।।૨૧।।

હે કૃષ્ણ! હે કૃષ્ણ! હેમહાભાગ! હે અતુલ પરાક્રમ રામ! અમે આપનાં છીએ છતાં આ ભયંકર અગ્નિ અમને બાળે છે ।।૨૨।।

કોઈ રીતે સામનોન થઈ શકે તેવા કાળરૂપ અગ્નિથી આપના ભક્તો અને મિત્રો નીરક્ષા કરો, હે પ્રભો! અમે આપનાંનિર્ભય ચરણ છોડવાને ઈચ્છતા નથી ।।૨૩।।

**ઈત્થં સ્વજનવૈકલવ્યં નિરીક્ષ્ય જગદીશ્વરઃ ।।**
**તમગ્નિમપિબચ્છીઘ્ર મનન્તોનન્તશક્તિધૃક્ ।।૨૪।।**

એમ પોતાના ભક્તોનો ગભરાટ જોઈને, અનન્ત શક્તિને ધારણ કરનાર જગદીશ્વર ભગવાન્ એ અગ્નિને તરત જ પી ગયા ।।૨૪।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા-પ્રકરણનો ભગવદ્ યશ નિરૂપક ત્રીજો અને ચાલુ) ''શ્રીકૃષ્ણે દાવાગ્નિનું પાન કરી ગાયો ગોપોનું રક્ષણ કર્યું'' નામનો સત્તરમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૧૪ મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''યસ્તુ સ્વાર્થં ભગવન્તં સેવતે સો અધમઃ ઈતિ''**
જે સ્વાર્થ (આજીવિકા,પ્રતિષ્ઠાવગરેમાટે)ભગવત્સેવા કરતો હોય
તેને અધમ (અર્ચક) જાણવો. **(શ્રીવલ્લભાચાર્ય સુબો.૨।૯।૧૯)**

## અધ્યાય ૧૮

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૧૫

# શ્રીબળદેવજીએ પ્રલમ્બ નામના દૈત્યને માર્યો

**બીજા તામસપ્રકરણના બીજા પેટાપ્રકરણઃ પ્રમેયપ્રકરણનો અધ્યાય ૪**

**વિશેષ :** આ અધ્યાયમાં પ્રલમ્બનો વધ કહ્યો છે. અહીં એનો વધ ભગવાને આવેશદ્વારા કર્યો છે. એટલે બળભદ્ર ચરિત્ર છે. વ્રજમાં અને વનમાં એમની ક્રીડા છે. એ પ્રલમ્બને મારી વ્રજવાસીઓનો મોટો અન્તઃકરણનો દોષ ભગવાને દૂર કર્યોછે.

**અથ કૃષ્ણઃ પરિવૃતો બન્ધુભિર્મુદિતાત્મભિઃ ।।**
**અનુગીયમાનો ન્યવિશદ્ વ્રજં ગોકુલમણ્ડિતમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** અત્યન્ત આનન્દમાં આવેલા બન્ધુજનો જેની પાછળ લીલાસમ્બન્ધી ગીત ગાતા ચાલે છે તેવા શ્રીકૃષ્ણ ગોકુળથી શોભાયમાન વ્રજમાં પધાર્યા ।।૧।।

એમ ગોપાળનો કપટ વેષ કરી ક્રીડા કરતા રામ-કૃષ્ણ ગોકુળને આનન્દ આપે છે એટલામાં માણસોને અત્યન્ત પ્રિય ન લાગે તેવી ગ્રીષ્મ ઋતુ આવી ।।૨।।

જ્યાં રામ સહિત શ્રીકૃષ્ણ સાક્ષાત્ બિરાજે છે તેવા વૃન્દાવનમાં તો એ ગ્રીષ્મ

પણ વસન્ત જેવી લાગી, કેમકે વૃન્દાવનની શીતલતામાં એના ઉષ્ણ ગુણ પ્રભાવ પાડી ન શક્યા ।।૩।।

તમરાંનો તીણો ઝંકાર ઝરણાંઓના ખળખળાટમાં ડૂબી (લીન થઈ) ગયો હતો. તે ઝરણાંઓમાંથી જલની ઘણી ઠંડી ફરફર ઉડી વૃક્ષોની ઉપર છંટકાવ કરી રહી હતી. આવાં વૃક્ષોના સમૂહોથી વૃન્દાવન શોભી રહ્યું હતું ।।૪।।

નદી, તળાવ અને જળ નાં ઝરણાનાં વાયુથી એમાં સન્ધ્યા સમયે ખીલનારાં (કહ્લાર), રાત્રે ખીલનારા (ઉત્પલ-કુમુદ) અને દિવસે ખીલનારાં (કંજ) કમળની રજને લાવતા વાયુથી વનમાં રહેનારાઓને વનના અગ્નિનો તાપ લાગતો નથી. તેમ જ વૃન્દાવનની જમીન હરિયાળીવાળી છે તેથી ગ્રીષ્મના સૂર્યનો તાપ પણ નથી લાગતો ।।૫।।

અગાધ જળવાળી નદીના કાંઠાનો પવન જળકણને લાવે છે તેથી જમીન ભીની રહે છે એ હેતુથી પણ વિષથી પણ તીવ્ર સૂર્યકિરણો વૃન્દાવનની જમીનના રસને સૂકવી શકતાં નથી ।।૬।।

તે વનમાં વૃક્ષોની હારમાળા ફૂલોથી લચી રહી હતી. જ્યાં જુઓ ત્યાં સુન્દરતા છલકાતી હતી. ક્યાંક રંગબીરંગી પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં, તો ક્યાંક હરણો ફાળ ભરી રહ્યાં હતાં, ક્યાંક મોર ટહુકા કરી રહ્યા હતા, તો ક્યાંક ભમરા ગુંજારવ કરી રહ્યા હતા, ક્યાંક કોયલ કૂજન કરી રહી હતી, તો ક્યાંક વળી સારસ પોતાનો આગવો આલાપ છેડી રહ્યા હતા ।।૭।।

આવું સુન્દર વન જોઈ શ્યામસુન્દર શ્રીકૃષ્ણ અને ગૌર સુન્દર બળરામજી ને તેમાં વિહાર કરવાનું મન થયું. આગળ-આગળ ગાયો ચાલી, પાછળ-પાછળ ગ્વાલબાલ અને વચમાં પોતાના મોટાભાઈ બલદેવજીની સાથે વેણુ વગાડતા શ્રીકૃષ્ણ એ વનમાં પધાર્યા ।।૮।।

એમાં દાખલ થઈ કોમળ પલ્લવ, મયૂરપિચ્છ, માળાઓ અને ગેરુ વગેરે વન ધાતુઓથી રામ-કૃષ્ણ વગેરે શૃંગાર કરી કોઈ નાચવા લાગ્યા, કોઈ યુદ્ધ કરવા લાગ્યા અને કોઈ ગાન કરવા લાગ્યા ।।૯।।

શ્રીકૃષ્ણ નૃત્ય કરતા ત્યારે કેટલાક ગાન કરતા અને કેટલાક વેણુ, હાથની તાળી અને શિંગ વગાડતા હતા, તો કેટલાક વાહ-વાહ કરતા હતા ।।૧૦।।

ગોપ જાતિથી છૂપાયેલા ગોપાલનું રૂપ ધારણ કરેલા દેવોએ હે રાજન્! જેમ નટ

બીજા નટને વખાણે તેમ ભગવાન્‌ની એ દેવોએ પ્રશંસા કરી ।।૧૧।।

જેમણે *કાકપક્ષ ધારણ કરેલા છે તેવા રામશ્યામ કોઈ સખાના બે હાથ પકડી તેને ચક્કર-ચક્કર ફેરવે છે; ક્યારેક લાંબો કૂદકો તો ક્યારેક ઊંચો કૂદકો મારે છે, ક્યારેક એક-બીજાને દૂર ફેંકી દે છે, ક્યારેક બાહુક્ષેપ કરે છે, ક્યારેક એકબીજાને ખેંચે છે, તો ક્યારેક મલ્લકુસ્તી કરે છે ।।૧૨।।

**વિશેષ** : ચૂડાકરણ (વાળ વડા કરાવવાના) સંસ્કાર કરતી વખતે બે કાન પાસે વાળની લટો રહેવા દેવામાં આવે છે તે 'કાકપક્ષ' કહેવાય છે.

ક્યારેક બીજા નાચે છે ત્યારે બન્ને ભાઈ ગાય છે અને વાજિન્ત્ર વગાડે છે. હે મહારાજ! પોતે બીજાને પણ સારું-સારું કહી વખાણે છે ।।૧૩।।

કોઈ જગ્યાએ બીલાંથી, કોઈ સ્થાને કુમ્ભફળથી, કોઈ જગ્યાએ આમળાંથી ખેલે છે. ક્વચિત્ મૂઠી ભમાવી ક્રીડા કરે છે. કોઈ જગ્યાએ આંખમીંચામણી રમે છે. કપર્દિકા, વરવર્તિકા વગેરે અનેક ક્રીડા કરે છે. ક્યાંક હરણની અને ક્વચિત્ મોરની લીલા કરીને ક્રીડા કરે છે ।।૧૪।।

કોઈવાર દેડકાંની જેમ વિવિધ રીતે કૂદકા મારતા અને ઠેકી જતા, તો કોઈ વાર અનેક રીતે મોઢાં મરડી, મચકોડી, ચાળા પાડી, હાસ્યની છોળો ઉછાળતા. ક્યારેક ગોપોની પાલખી બનાવી શ્રીકૃષ્ણ તેમાં બિરાજતા, તો ક્યારેક વળી રાજા બની શ્રીકૃષ્ણ બીજાઓને હુકમ કરતા, બાંધતા અને સજા કરતા ।।૧૫।।

આ પ્રમાણે શ્રીકૃષ્ણ અને બળદેવજી વનમાં, નદીમાં, પર્વત ઉપર, ખીણોમાં, કુંજોમાં, ગાઢ જંગલોમાં અને નાની નદીઓમાં બધી જ રમતો રમતા, જે સાધારણ બાળકો સંસારમાં રમતા હોય છે ।।૧૬।।

રામ-કૃષ્ણ એ વનમાં ગોપો સાથે ગાયો ચારે છે એટલામાં ગોપવેષધારી 'પ્રલમ્બ' નામનો દૈત્ય ભગવાન્‌ને મારવાના ઉદ્દેશથી આવી ગોવાળિયામાં ભળી ગયો ।।૧૭।।

ભગવાન્ સર્વને જોનાર છે તેથી આ દૈત્ય આવ્યો તેને જાણી તો ગયા અને એનાવધનો વિચાર કરી લીધો.એ મિત્રતા કરવા આવ્યો તેને આપે અનુમોદન આપ્યું ।।૧૮।।

સર્વ પ્રકારના ખેલોને જાણવાવાળા શ્રીકૃષ્ણેગોવાળિયાઓને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે આપણે બે ટુકડી પાડીને યોગ્ય રીતે રમીએ ।।૧૯।।

આ રમતમાં ગ્વાલબાલોએ બળરામ અને શ્રીકૃષ્ણ ને નાયક બનાવ્યા. કેટલાક શ્રીકૃષ્ણના સાથી અને કેટલાક બળરામના સાથી બનીગયા ।।૨૦।।

પછી તે લોકો અનેક રીતે એવી ઘણી રમતોરમ્યા જેમાં એક ટુકડીના ખેલાડીઓ બીજી ટુકડીના ખેલાડીઓને પોતાની પીઠ ઉપર બેસાડી એક નક્કીકરેલા સ્થાને લઈ જતા હતા. જીતનારી ટુકડીઘોડેસવાર થતી અને હારનારી ઘોડો બનતી ।।૨૧।।

એમ વહન કરે છે અને કરાવે છે, સાથે ગાયોને પણ ચારતા જાય છે, એમ રમતા-રમતા કૃષ્ણને નાયક કરીને બધા‘ભાંડીરક’નામના વડલાનીપાસે આવ્યા ।।૨૨।।

રામના પક્ષમાં શ્રીદામા,*વૃષભ વગેરે છે. તે જીત્યાત્યારે કૃષ્ણ વગેરેએ એમને પોતાની ઉપર બેસાડ્યા હતા ।।૨૩।।

**વિશેષ :** ભગવાન્ અક્લિષ્ટકર્મા છે એમ બતાવવા ક્વચિત્ સ્વહીન ભાવને પણ સ્વીકારે છે, કેમકે અત્યારે ભગવાન ધર્મોને આગળ કરીને ક્રીડા કરે છે. એમ બતાવવામાટે હીનભાવ પોતાની ક્રીડામાં બતાવ્યો છે.(બીજાને પોતાના ખભે બેસાડ્યા છે)

એમાં ભગવાન્ શ્રીકૃષ્ણે શ્રીદામાને પીઠ ઉપર બેસાડ્યો કેમકે પોતે હાર્યા હતા. ભદ્રસેને વૃષભને અને પ્રલમ્બે બળદેવજીને પોતાની પીઠ ઉપર બેસાડ્યા ।।૨૪।।

દાનવશ્રેષ્ઠ પ્રલમ્બે ‘‘આ રમતથી કૃષ્ણને તો નહિ ઉઠાવી શકાય, માટે બેમાંથી એકને આપણે ઉપાડી જઈએ તો આપણો શ્રમ સફળ થાય’’ એમ વિચારી રામને ઉઠાવ્યા અને ચાલવા લાગ્યો.જ્યાં ઉતારવાનો ઠરાવ હતો ત્યાંથી એ આગળ વધ્યો ।।૨૫।।

બળદેવજી બહુ મોટા પર્વતના જેવા ભારે હતા. તેમને ઉંચકીને પ્રલમ્બાસુર દૂર સુધી ન જઈ શક્યો, તેની ચાલ અટકી ગઈ. ત્યારે તેણે પોતાનું કુદરતી દૈત્યરૂપ ધારણ કરી લીધું. તેના કાળા શરીર ઉપર સોનાનાં ઘરેણા ચમકી રહ્યાં હતાં અને ગૌરસુન્દર બળદેવજી તેના ઉપર સવાર થયા હતા તેથી તેની એવી શોભા થઈ રહી હતી કે જાણે વીજળીવાળાં કાળાં વાદળે ચન્દ્રમાને ધારણ કર્યો હોય ।।૨૬।।

તેની આંખો ઝગમગ કરતી હતી, દાઢો ભવાં સુધી પહોંચેલી બહુ ભયંકર હતી. એના લાલ-લાલ વાળ એવા વીખરાયેલા હતા કે જાણે આગના ભડકા નીકળી રહ્યા હોય. એના હાથ અને પગ માં કડા,માથા ઉપર મુગટ અને કાનો માં કુંડલ હતાં. એમની કાન્તિથી તે અદ્ભુત લાગતો હતો. તે ભયાનક દૈત્યને ઝપાટાબંધ આકાશમાં

જતો જોઈ પહેલાં તો બળદેવજી કંઈક જાણે ગભરાઈ ગયા ।।૨૭।।

બળદેવજીને ભગવાને કહ્યું હતું તેની સ્મૃતિ આવી કે એ નિર્ભય થયા. આકાશમાર્ગે કોઈ વસ્તુને લઈ જતો હોય તેમ પોતાનું હરણ કરતા શત્રુને, જેમ ઈન્દ્ર પર્વતને વજ્ર મારે તેમ, ગુસ્સે થઈ દઢ મૂઠીથી મસ્તકમાં ઘા કર્યો ।।૨૮।।

એને મૂઠી વાગી કે એના માથાના ચૂરા ઉડી ગયા, મોઢામાંથી લોહી પડવા લાગ્યું. મૂર્છા આવવાથી મોટો શબ્દ કરતો, ઈન્દ્રના વજ્રથી જેમ પર્વત પડે તેમ, પૃથ્વી ઉપર પડ્યો. તેના પ્રાણ તો અધ્ધર-આકાશમાં જ નીકળી ગયા હતા ।।૨૯।।

પ્રલમ્બને બળદેવજીએ માર્યો એ જાણીને ગોવાળિયા બહુ વિસ્મય પામી ''સારું કર્યું, સારું કર્યું'' એમ કહેવા લાગ્યા ।।૩૦।।

બળદેવજીને આશિષ આપવા લાગ્યા, એમનાં વખાણ કરવા લાગ્યા. એમનું પૂજન કરી નવો જન્મ થયો હોય તેમ એમને પ્રેમમાં વિહ્વલ ચિત્તવાળા થઈને ભેટ્યા ।।૩૧।।

**પાપે પ્રલમ્બે નિહતે દેવાઃ પરમ નિર્વૃતાઃ ।।**
**અભ્યવર્ષન્ બલં માલ્યૈઃ શશંસુઃ સાધુ સાધ્વિતિ ।।૩૨।।**

પાપી પ્રલમ્બ મર્યો ત્યારે દેવોને બહુ આનન્દ થયો અને સાધુવાદપૂર્વક બળદેવજીની ઉપર તેમણે પુષ્પોની વૃષ્ટિ કરી ।।૩૨।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા-પ્રકરણનો શ્રીવર્ણનરૂપ ચોથો અને ચાલુ) ''શ્રીબળદેવજીએ પ્રલમ્બ નામના દૈત્યને માર્યો'' નામનો અઢારમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૧૫મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૧૯

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૧૬

# ભગવાને બીજીવાર દાવાગ્નિનું પાન કર્યું

### બીજા તામસપ્રકરણના બીજા પેટાપ્રકરણઃ પ્રમેયપ્રકરણનો અ. ૫.

**વિશેષ :** અજ્ઞાનરૂપ આત્મદોષને અગ્નિને મિષે આપ પાન કરશે તેથી સારી રીતે નિરોધ સિદ્ધ થશે. પછી દાસો આનન્દથી સ્વચ્છન્દલીલા કરશે. સ્ત્રીઓની આસક્તિ અને મનની પ્રીતિ

એનાથી થશે.

**ક્રીડાસક્તેષુ ગોપેષુ તદ્ગાવો દૂરચારિણીઃ ।।**
**સ્વૈરં ચરન્ત્યો વિવિશુસ્તૃણલોભેન ગહ્વરમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યાઃ** ગોપો ક્રીડામાં પડી ગયા ત્યારે એમની ગાયો ઘાસના લોભથી પોતાની મેળે ચાલતી-ચાલતી ગહ્વર (સઘન) વનમાં પહોંચી ગઈ ।।૧।।

*અજા, ગાયો અને મહિષી એક વનથી બીજા વનમાં જતાં 'ઇશિકા' (મુંજ) ના વનમાં ગયાં. ત્યાં દાવાગ્નિ લાગેલો હતો તેથી તાપ લાગતાં બધાં પ્રાણીઓ તરસ્યાં થયાં અને ભાંભરવા લાગ્યાં ।।૨।।

**વિશેષ** : અજા, ગાવઃ અને મહિષ્યઃ એ ત્રણેય ગાયોના જ ગુણવાચક નામ છે, 'અજા' એટલે રાજસી ગાયો, 'ગાવઃ' એટલે સાત્વિકી ગાયો અને 'મહિષ્યઃ' એટલે તામસી ગાયો અથવા ભગવાન્ વ્રજનાં તમામ પશુ-પક્ષી-મૃગાદિનું કલ્યાણ કરનારા છે, એટલે બકરી અને ભેંસો નું પણ કલ્યાણ કરે; એમાં આશ્ચર્ય નથી. (શ્રી સુબોધિનીજી) કોઈ ટીકાકારોએ ગાયોના ત્રણ ભેદો આ પ્રમાણે બતાવ્યા છેઃ

**અપ્રસૂતા હ્યજા પ્રોક્તા ગાવ એક પ્રસૂતિકાઃ ।**
**બહુપ્રસૂતા મહિષી ગાવસ્તુ ત્રિવિધા મતાઃ ।।**

અર્થાત્ વીયાયેલી ન હોય તેવી ગાયો 'અજા' કહેવાય છે, એકવાર વીયાયેલી હોય તે ગાય કહેવાય અને ઘણીવાર વીયાયેલી ગાય મહિષી કહેવાય છે.

જ્યારે શ્રીકૃષ્ણ, બળરામ અને ગ્વાલબાળકોએ જોયું કે અમારાં પશુઓનો ક્યાંય પત્તો જ નથી ત્યારે તેમને પોતાની ખેલકૂદઉપર પસ્તાવો થયો, (રમતનો આનન્દ બધો જતો રહ્યો)અને બહુ તપાસ કર્યા છતાં પોતાની ગાયોનો પત્તો ન લગાવીશક્યા ।।૩।।

વ્રજવાસીઓની આજીવિકાનું સાધન તો ગાયો જ હતી. તેઓ ન મળવાથી ગોપો ગભરાઈ ગયા. હવે તો ગાયોની ખરી અને દાંતોથી કપાયેલ ઘાસ તથા પૃથ્વી ઉપર પડેલા ખરીના ચિહ્નોથી માર્ગ શોધતા આગળ વધ્યા ।।૪।।

એમણે જોયું કે એમની ગાયો મુંજના વનમાં રસ્તો ભૂલી ભામ્ભરી રહી છે. તેમને મેળવી, તેમને પાછી વાળી. એ વખતે તેઓ એકદમ થાકી ગયા હતા અને તરસ પણ તેમને બહુ લાગી હતી ।।૫।।

તેમની આ દશા જોઈ ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાની મેઘના જેવી ગમ્ભીર વાણીથી

નામ લઈ–લઈને ગાયોને બોલાવવા લાગ્યા. ગાયો પોતાના નામનો અવાજ સાંભળી હર્ષમાં ગાંડી-ગાંડી થઈ ગઈ. તેઓ પણ જવાબમાં હુંકારો દઈ ભાંભરવા લાગી ॥૬॥

હે પરીક્ષિત! આ પ્રમાણે ભગવાન્ તે ગાયોને બોલાવી જ રહ્યા હતા કે ત્યાં તે વનમાં ચોતરફ અકસ્માત્ દાવાગ્નિ લાગ્યો જે વનવાસી જીવોનો કાળ જ હોય છે. સાથે જ જોરદાર આંધી પણ એ અગ્નિને ફેલાવામાં સહાય આપવા લાગી. તેથી ચોમેર ફેલાયેલ તે પ્રચંડ અગ્નિ તેની ભયંકર જ્વાળાઓથી સમસ્ત ચરાચર જીવોને ભસ્મસાત્ કરવા લાગ્યો. (ધૂમકેતુ=ધૂમાડો જેની ધ્વજા છે તેવો અગ્નિ) ॥૭॥

ચારે તરફથી આવતા અગ્નિને જોઈને ગોપો અને ગાયો ભય પામ્યાં. મૃત્યુના ભયવાળા માણસો (ગજેન્દ્રની) જેમ હરિને શરણે જાય તેમ બધા ગોપો રામ-કૃષ્ણને શરણે જઈને કહેવા લાગ્યાઃ ॥૮॥

''મહાન પરાક્રમવાળા હે શ્રીકૃષ્ણ! હે કૃષ્ણ! હે અનન્ત પરાક્રમવાળા રામ! દાવાગ્નિથી બળતા અમે આપને શરણે આવ્યા છીએ, અમારી આપ રક્ષા કરો ॥૯॥

હે કૃષ્ણ! આપના બન્ધુઓ આવી રીતે દુઃખી થવા ન જોઈએ (અહીં ન **'અવસાદિતુમ્'** એવો પણ પાઠ છે. તેનો અર્થ ''દુઃખ પામવા યોગ્ય નથી'') હે સર્વધર્મજ્ઞ! અમે તો આપને જ નાથ માની આપને ભરોસે રહેનાર છીએ, આપના સિવાય બીજા કોઈને રક્ષક માનનાર નથી ॥૧૦॥

**શ્રીશુકદેવજી બોલ્યા** : બન્ધુઓનાં દીન વચન સાંભળીને ભગવાન્‌હરિએકહ્યું: ભય ન પામો, આંખો બંધકરો ॥૧૧॥

એમ તેમણે આંખો મીંચી કે તરત ભગવાન્ યોગેશ્વરેતે ભયંકર અગ્નિને મુખથી પીજઈ બધાંને આપત્તિથી ઉગારીલીધા ॥૧૨॥

એમણે આંખ ઉઘાડી ત્યાં તો ભાંડીર વનમાં પોતાને જોયા. પોતાને અને ગાયોને અગ્નિથી બચી ગયેલાં જોઈ ગોપો વિસ્મય પામ્યા ॥૧૩॥

શ્રીકૃષ્ણની આ યોગ સિદ્ધિ તથા યોગમાયાના પ્રભાવને અને દાવાનલમાંથી પોતાનો બચાવ થયો તેને જોઈ તેઓ શ્રીકૃષ્ણને દેવ તરીકે માનવા લાગ્યા ॥૧૪॥

ગોપો જેમની પાછળ સ્તુતિ કરતા આવે છે તેવા, અવિદ્યાનો નાશ કરનાર શ્રીકૃષ્ણ ભગવાન્ ગાયોને આગળ કરી બળદેવજીની સાથે વેણુ વગાડતા સાયંકાળે

વ્રજમાં પધાર્યા ।।૧૫।।

**ગોપીનાં પરમાનન્દ આસીદ્ ગોવિન્દદર્શને ।।**
**ક્ષણં યુગશતમિવ યાસાં યેન વિનાભવત્ ।।૧૬।।**

અહીં વ્રજમાં ગોપીઓને શ્રીકૃષ્ણ વિના એક-એક ક્ષણ સો-સો યુગ જેવડી લાગી રહી હતી. જ્યારે શ્રીકૃષ્ણ પાછા પધાર્યા ત્યારે, તેમનાં દર્શન કરી તેઓ પરમાનન્દમાં મગ્ન થઈગયાં ।।૧૬।।

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા-પ્રકરણનો જ્ઞાનરૂપ પાંચમો અને ચાલુ) ''ભગવાને બીજીવાર દાવાગ્નિનું પાન કર્યું'' નામનો ઓગણીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૧૬ મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**જેમ મલીયાગર પોઠી લાધ્યો તે સુગંધ શું જાણે!**
જ્યાં લગી સાર ના સમજ્યો ત્યાં લગી, તું પણ તે જ પ્રમાણે (દયારામ)
ભાગવત ભણીને શું કીધું !

## અધ્યાય ૨૦

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૧૭

# વર્ષા શરદ્ વર્ણન (વૈરાગ્ય)

### બીજા તામસપ્રકરણના બીજા પેટાપ્રકરણઃ પ્રમેયપ્રકરણનો અ. ૬

**વિશેષઃ** ગોપો ઘેર આવીને સ્ત્રીઓ પાસે ભગવલ્લીલા કહે છે એનું કારણ એ ભગવદીયો છે. તેથી એમનો સંગ કરવાથી એમને બહિર્મુખતા થતી નથી; નહિ તો એ વિજાતીય હોય તો એનો ભાવ એમના સંગથી નાશ પામે. એ સ્ત્રીઓના પ્રસંગથી વૃદ્ધો પણ ભગવલ્લીલા જાણવા લાગ્યા.

**તયોસ્તદદ્ભુતં કર્મ, દાવાગ્નેર્મોક્ષમાત્મનઃ ।।**
**ગોપાઃ સ્ત્રીભ્યઃ સમાચક્ષુઃ પ્રલમ્બવધમેવ ચ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** દાવાગ્નિથી ગોપો અને ગાયો ને બચાવ્યા એ સમ્બન્ધી

રામ-કૃષ્ણનું એ અદ્દ્ભુત કર્મ તથા પ્રલમ્બનો બળદેવજીએ વધ કર્યો એ વાત ગોપોએ સ્ત્રીઓને કહી ।।૧।।

વૃદ્ધ ગોપો અને ગોપીઓ એ સાંભળી વિસ્મિત થયાં અને કૃષ્ણ-રામ વ્રજમાં પધારી આપણા જેવા દેખાય છે પણ ''એ શ્રેષ્ઠ દેવો છે'' એમ માનવા લાગ્યાં ।।૨।।

ત્યાં તો સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનારી *વર્ષાઋતુ આવી, જેમાં બધી દિશાઓ ખીલે છે, પ્રકાશમાન થાય છે અને વાદળાંઓનો ગડગડાટ હોય છે ।।૩।।

**વિશેષ** : મહારાજા પધારે ત્યારે એનો બધો પરિકર પહેલાં આવે, તેમ અહીં વર્ષાઋતુ પ્રથમ આવી. તે સર્વના શોકને મટાડી બધી વસ્તુનું પોષણ કરે છે. ભગવત્ક્રીડા સામગ્રી એકવીસ પ્રકારની છે, તેને કહે છે. **''એકવિંશો વા ઇતઃ સ્વર્ગો લોકઃ'' ''એકવિંશતિર્વા દેવલોકાઃ'' ''દ્વાદશ માસાઃ પંચર્તવઃ ત્રય ઇમે લોકા અસાવાદિત્ય એકવિંશઃ''**

જેમ અસ્પષ્ટ પ્રકાશવાળું સગુણ બ્રહ્મ દેખાય તેમ ઘાટો અને કાળો મેઘ આકાશમાં દેખાયો તેથી વીજળી અને ગડગડાટ યુક્ત *આકાશ થયું ।।૪।।

**વિશેષ** : **'કૃષ્ણ'** અને **'આકાશ'**ની એક્તા બતાવી છે. કૃષ્ણ શ્યામ છે, પીતામ્બર ધરે છે, વેણુનાદ કરે છે, તેમ કૃષ્ણમેઘમાં વિદ્યુત અને સ્તનયિત્નુ છે, તેથી **''આકાશ શરીરં બ્રહ્મ''** એ શ્રુતિનું અનુસન્ધાન થાય છે.

*સૂર્યે આઠ માસ સુધી પૃથ્વીનું જળરૂપ ધન ચૂસ્યુ હતું. તે જળને સમય આવ્યો ત્યારે પોતાનાં કિરણોદ્વારા સૂર્ય પાછું આપવા લાગ્યો ।।૫।।

**વિશેષ** : ''યાભિરાદિત્યસ્તપતિ રશ્મિભિઃ તાભિઃ પર્જન્યો વર્ષતિ'' એ શ્રુતિથી પર્જન્ય અને સૂર્ય એક છે. સૂર્યનું આધ્યાત્મિકરૂપ પર્જન્ય, આધિભૌતિકરૂપ આદિત્ય અને આધિદૈવિકરૂપ સંવત્સર છે.

મોટા વીજળીવાળા મેઘને પ્રચંડરૂપ *વાયુ જ્યારે હલાવે છે ત્યારે પ્રીતિ કરનાર અને જિવાડનાર જળરૂપ ધનને દયાળુ પુરુષની માફક તેઓએ પાછું આપ્યું ।।૬।।

**વિશેષ** : મેઘ વાયુને અધીન છે. વાયુનું કાર્ય બલનું છે. ઇન્દ્ર અધિદેવ, વાયુ અધ્યાત્મ, મેઘ અધિભૂત છે, એમ ત્રિદેવતા પક્ષમાં નિર્ણય છે. તેથી મેઘને ઇન્દ્રાદિ શબ્દથી બોલાવે છે એનો વિરોધ નથી.

જેમ કોઈ કામનાથી તપ કરતો હોય તેનો દેહ સૂકાઈ જાય, પણ જ્યારે એને ઇચ્છા પ્રમાણે ફળ મળે ત્યારે એનું શરીર પાછું પોષાય છે તેમ, ગ્રીષ્મ ઋતુના

તાપથી દુર્બળ થયેલી પૃથ્વી ઉપર વરસાદ વરસ્યો ત્યારે એ પૃથ્વી પુષ્ટ થઈ ।।૭।।

જેમ કળિયુગમાં *વેદ દેખાતા નથી, પણ પાપથી પાખંડો દેખાય છે તેમ, સાયંકાલે આકાશમાં ગ્રહો તો વાદળાંથી ઢંકાઈ ગયા અને આગિયા અન્ધારાને લીધે ચમકવા લાગ્યા ।।૮।।

**વિશેષ** : અર્થ, શબ્દ, અન્તઃ (અન્દરનું) ફલ, બહારનું ફલ અને અંગમાં રહેલું ફલ એવા ભેદથી ફલ ત્રણ પ્રકારનું ગણાય છે. જ્યારે ભગવાન્ પુષ્ટિ પ્રકટ કરે છે ત્યારે મર્યાદા શોભતી નથી, તેથી પાંચ પ્રકારના ધર્મ વર્ષામાં દેખાતા નથી એમ કહે છે. જેઓનું કાર્ય વેદોથી અણુમાત્ર પણ વિરોધી હોય તેમને પાખંડ જાણવા. તેઓ માત્ર વેષથી વૈદિક છે. તેથી ચાતુર્માસ્યમાં વેદની પ્રવૃત્તિ નથી હોતી, એની પ્રવૃત્તિ વસન્ત આદિમાં હોય છે છતાં **''ન હિ વેદાઃ''** એમ કહ્યું તો કહે છે કે ધર્મ ત્રિયુગ છે, તેને કહેનાર વેદ પણ ત્રણ યુગ સુધી જ રહે છે.

પહેલાં શાન્ત સૂતેલા *બ્રાહ્મણો ધાર્મિક ક્રિયાનો સમય વહી જતાં (મર્યાદા નષ્ટ થતાં), (શેઠ દાન વગેરે આપે છે એમ સાંભળતાં) જે તે વાણી બોલે છે તેમ મેઘની ગર્જના સાંભળતાં દેડકાઓ ડ્રાંઉં..ડ્રાંઉં કરવા લાગ્યા ।।૯।।

**વિશેષ** : ધર્મ, યજ્ઞ વગેરે વર્ષામાં થતાં નથી; એમાં તો દાન વગેરે થાય છે, તેથી વેદવાણીનો અનધ્યાય થાય ત્યારે બ્રાહ્મણો પણ દાન લેવામાટે દેડકાના જેવી વાણી કાઢે છે. **''બ્રાહ્મણાસઃ સોમિનો વાચમકૃત''** (સોમપાન કરવાને તત્પર થયેલા બ્રાહ્મણોએ પોતાને ઠીક પડે તેમ વાણી ઉચ્ચારી) ઈત્યાદિ શ્રુતિઓથી વાત સ્પષ્ટ છે.

જેમ મનને વશ ન રાખતાં એને આધીન થયેલ પુરુષનાં દેહ, શક્તિ અને અર્થ નષ્ટ થાય છે તેમ નાની નદીઓમાં જળ આવતાં તેનાં વહેણ આડે રસ્તે ગયાં અને પછી સૂકાઈ ગઈ ।।૧૦।।

મનુષ્યને રાજ્ય સમ્પત્તિ પ્રાપ્ત થાય ત્યારે યુદ્ધ સામગ્રી તેને પ્રાપ્ત થાય તેવી રીતે ભૂમિ શ્યામ રંગના ઘાસથી શ્યામ, ઈન્દ્રગોપથી લાલ અને બિલાડાના ટોપથી શ્વેત થઈ. (ઈન્દ્રગોપ રાજા, તેના ઉપર જાણે બિલાડાના ટોપનાં શ્વેત છત્ર હોય અને ઘાસનાં તણખલાંઓ તેની સેના હોય તેવી શોભા થઈ) ।।૧૧।।

ધાન્યની સમ્પત્તિથી ખેતરો ખેડૂતોને આનન્દ આપી રહ્યાં હતાં. અભિમાનવાળા આક્રમક રાજાઓ શત્રુઓ ઉપર ચડાઈ કરવા જાય છે તેમને ખેતરોમાં સસ્ય પ્રતિબન્ધક થતાં એને ખેતરો દુઃખ આપનાર થયાં કારણ કે જય તો દૈવાધીન છે તે તેઓ જાણતા નહોતા ।।૧૨।।

જેમ ભગવાન્‌ની સેવા કરવાથી ભક્ત સુન્દર રૂપ ધરે છે તેમ નવીન જળનું સેવન કરવાથી જળ અને સ્થળ માં રહેનારા *પ્રાણીઓએ સુન્દર રૂપ ધારણ કર્યું ।।૧૩।।

**વિશેષ** : ઋતુન્યાયથી વર્ણન કરી લીધું. હવે માસના હિસાબથી વર્ષાનું વર્ણન કરે છે. એટલે માસ બાર છે તેથી બાર શ્લોકથી વર્ણવે છે. એમાં જીવો, નદીઓ, પર્વતો, માર્ગો, કામિનીઓ, વિદ્યાવાન્ (ભગવદીય), મયૂર, ચન્દ્રમા, તાપસ ગૃહસ્થ, વૈદિકમાર્ગો અને રાજાઓ એ બાર માસ ભોગ્ય છે. એ ત્રણ ગુણવાળા હોઈને ત્રણ પ્રકારના છે. એ બધા વર્ષાઋતુમાં સુખ અને દુઃખ ને પ્રાપ્ત કરે છે. એમાં જેની ઉપર પ્રભુ કૃપા કરે તે પુષ્ટિમાર્ગીઓ જ વર્ષામાં સુખી થાય છે, બીજા બધા દુઃખી થાય છે. એ વાત બાર શ્લોકથી કહેવામાં આવે છે.

જેને યોગ પરિપક્વ ન થયો હોય તે ગુણવાળો યોગી કામમાં અંજાઈને દુઃખી થાય છે તેમ નદીઓ સમુદ્રને જઈને મળી ત્યારે તેમાં તરંગો ઉછળવા લાગ્યાં અને પોતે ખળભળી ઊઠ્યો ।।૧૪।।

જેમ ભગવાન્‌માંચિત્ત રાખનાર ભક્તોને દુઃખ આવે તો પણ ડરતા નથી તેમ પર્વતો ઉપર વરસાદથી ધારાઓ પડી પણ એણે એનું દુઃખ ન માન્યું અને સર્વ ધારાઓને સહનકરી ।।૧૫।।

જેનો રોજ અભ્યાસ કરવામાં ન આવે તેવી શ્રુતિઓ (વેદો સમય જતાં) નષ્ટ થાય (ભુલાઈ જાય) તેમ વર્ષામાં ઘાસ ઊગવાથી માર્ગો ઢંકાઈ ગયા અને સંસ્કારરહિત થઈ ગયા, તેથી એ ઉપર ચાલનારને સન્દેહ કરનાર થયા ।।૧૬।।

જેમ ગુણી પુરુષોમાં પણ કામિની સ્થિર થતી નથી તેમ લોકબન્ધુ મેઘમાં વીજળી સ્થિર થતી નથી. સ્ત્રીનો સ્વભાવ છે કે તે પોતાને સર્વસ્વ આપે તો તે આપનારમાં સ્થિર થાય, પણ જેને વસુધા કુટુમ્બ છે તેવા મેઘો, તે એકને આપીને બેસી ન રહે તેથી વીજળી એમાં ચંચળ બને છે. સ્ત્રીનું પણ એમ જ સમજવાનું છે ।।૧૭।।

અગુણવાન્ (નિર્ગુણ) પુરુષ પણ ત્રણ ગુણવાળા લોકમાં આવે ત્યારે એના ગુણોવડે તે શોભે છે, તેમ આકાશ ગુણવાળું છે તેમાં *મહેન્દ્રનું ધનુષ નિર્ગુણ (દોરી વગરનું) છે છતાં શોભવા લાગ્યું. સંસાર ત્રણ ગુણવાળો છે તેમાં પુરુષ અગુણ હોવા છતાં યોનિ, બીજ અને વર્ણ ધર્મ રૂપ ગુણને લઈને આવે છે ત્યારે શોભે છે, કેમકે એ ભગવદ્ ભક્ત હોવાથી એમાં સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણની સમ્ભાવના ન થઈ શકે છતાં એ જ સંસારમાં શોભે છે ।।૧૮।।

**વિશેષ :** મૂળ તો દેવોના અધિપતિ ઈન્દ્ર. વૃત્રાસુર સાથેના સંગ્રામ વખતે ઈન્દ્રે પ્રભુની સ્તુતિ કરી ત્યારે તેનામાં પ્રભુનો આવેશ થયો તેથી તે ઈન્દ્રમાંથી **'મહેન્દ્ર'** બન્યા. ભગવાન્‌નો આવેશ ઈન્દ્રમાં થયો એટલે સુદર્શનચક્રનો આવેશ ઈન્દ્રના હથિયાર વ્રજમાં થયો અને ત્યારે જ વૃત્રાસુરનો વધ થઈ શક્યો.

જેમ અહંકારથી પુરુષ શોભતો નથી તેમ ચન્દ્રમા પોતાની ચાંદનીથી મેઘને શોભા આપવા છતાં એ પોતે મેઘથી ઢંકાઈ જાય છે તેથી શોભતો નથી. અહીં અહંકાર પણ આત્મપ્રકાશથી પ્રકટ થયો છે છતાં એનાથી પુરુષને શોભા મળતી નથી ।।૧૯।।

ઘરમાં તપ્ત થયેલ હોવાથી ઘરથી કંટાળી ગયા હોય તેવા લોકો જ્યારે પોતાને ઘેર ભગવદ્‌ભક્ત આવે ત્યારે આનન્દ પામે છે, તેમ મેઘ આવ્યો ત્યારે તેના આવવાથી મયૂરો ઘણા આનન્દમાં આવીને નાચવા લાગ્યા. એ પણ ગ્રીષ્મના તાપથી કંટાળી ગયા હતા, તે તાપને મેઘ દૂર કરશે એમ જાણી તેનું સ્વાગત કર્યું ।।૨૦।।

તપસ્વીઓ કોઈ કામનાના ઉદ્દેશથી તપ કરે છે ત્યારે પહેલાં તો દૂબળા થઈ જાય છે, તપથી થાકી જાય છે, પણ એ તપશ્ચર્યાનું ફળ મળતાં યથેચ્છકામ પ્રાપ્ત થતાં સુન્દર દેખાય છે, તેમ વૃક્ષો પણ મૂળવડે પાણીને પોતાના શરીરમાં ખેંચીને પોતાના નવા રૂપને દેખાડવા લાગ્યાં ।।૨૧।।

ગૃહસ્થને કામ પૂરું થતું જ નથી કેમકે એને એક-એક વ્યવસાય મરણ સુધી રહે જ છે તેથી એમાં ન ફાવે તો પણ એનો ઉદ્યોગ છોડતા નથી, તેમ તળાવમાં પાણી વધારે આવતાં કાંઠે રહેનાર સારસ પક્ષી તળાવને છેડે પોતાનું ઘર કરે છે, ત્યાં પાણી પહોંચતા બીજે કરે છે, એમ જેટલાં ઘર કરે તેટલાં નાશ પામે છે છતાં એમાં એ રસવાળાં હોવાથી બીજે જઈને સુખ લઈ શક્તાં નથી ।।૨૨।।

પાખંડી લોકોના ખોટા વાદથી જેમ કલિયુગમાં કર્મ, જ્ઞાન, ભક્તિ વગેરેનું પ્રતિપાદન કરનારા વેદમાર્ગો ઊખડી જાય છે તેમ વર્ષા વરસવા લાગી ત્યારે ખેડૂત લોકોએ જે મર્યાદામાટે પાળો બાંધી હતી તે પ્રવાહમાં ધોવાઈ ગઈ ।।૨૩।।

બ્રાહ્મણોની પ્રેરણાથી રાજાઓ સમયે-સમયે ગરીબોને દાન કરે છે. તેમ વાયુની પ્રેરણાથીમેઘોએ પ્રાણી માત્રને અમૃતનું દાન કર્યું.(બીજા નક્ષત્રમાં જલ પડે તે તો ચાલ્યું જાય છે, પણ મઘા કે હસ્ત નક્ષત્રમાં જળ પડે છે તે'સ્થિર'કહે છે તેથી 'કાળ'

પદ બે વખત વાપર્યું છે) ।।૨૪।।

(ત્રણ લોક, બાર માસ, પાંચ ઋતુ અને સૂર્ય એમ એકવીસ પ્રકારે વર્ષાનું વર્ણન કરી હવે ભગવાન્ અને એમના છ ગુણોનું વર્ણન સાત શ્લોકથી કરે છે) જેમાં ખજૂર અને જાંબુ પાકી ગયા છે તેવા ઉત્તમ વનમાં ભગવાને બળદેવજી અને ગોપો ની સાથે રમણ કરવાને પ્રવેશ કર્યો ।।૨૫।।

મોટા આઉ (સ્તન) ના ભારથી ગાયો મંદ ગતિવાળી છે છતાં ભગવાન્ બોલાવે છે ત્યારે ભગવાન્માં પ્રીતિ હોવાથી જલદી દોડીને ભગવાન્ની પાસે એ જઈ પહોંચે છે, ત્યારે તેમના આઉમાંથી દૂધ સ્રવતું જાય છે. એ પણ સ્નેહસૂચક છે. આઉના ભારથી જલદી ન ચલાય છતાં દોડીને પહોંચવું એ પણ પ્રીતિ દર્શાવનાર છે ।।૨૬।।

ભગવાને જોયું કે વનમાં રહેનાર શીતળતા થવાથી ખુશ થયા. વૃક્ષોની પંક્તિઓમાંથી મધુધારા સ્રવવા લાગી, પર્વતમાંથી જલની ધારાઓ પડતી હતી, નજીકમાં ગુફાઓ હતી, તેથી વ્રજવાસીઓને ખાન-પાન અને સ્થાન ની સર્વ સમ્પત્તિ પ્રાપ્ત થઈ તેથી એ પણ પ્રસન્ન થયા ।।૨૭।।

ક્વચિત્ વરસાદ વર્ષે છે ત્યારે વનસ્પતિની પોલ (બખોલ) માં કે ગુફામાં પેસીને ભગવાન્ કન્દમૂળ અને ફળ આરોગી રમણ કરતા ।।૨૮।।

ઘેરથી દહીંભાત છાકમાં આવેલ તેને જળની પાસે શિલા ઉપર રાખીને ભક્ત ગોપો અને બળદેવજી ની સાથે બેસી ભગવાન્ આરોગ્યા ।।૨૯।।

વર્ષાઋતુમાં બળદ, વાછડાં અને આઉના ભારથી થાકી ગયેલી ગાયો થોડી જ વારમાં પેટ ભરીને ઘાસ ચરી લેતી અને લીલાંછમ ઘાસ ઉપર બેસીને જે આંખો બન્ધ કરી વાગોળ્યા કરતી. વર્ષાઋતુની સુન્દરતા અપાર હતી. તે બધા પ્રાણીઓને સુખી કરી રહી હતી, પોતાની શક્તિથી ખીલી ઊઠેલી વર્ષાઋતુને જોઈ ભગવાન્ બહુ પ્રસન્ન થતા અને વારંવાર તેની પ્રશંસા કરતા ।।૩૦-૩૧।।

આવી રીતે રામ અને શ્યામ તે વનમાં અને વ્રજમાં નિવાસ કરી રહ્યા હતા ત્યાં તો શરદ ઋતુ આવી ગઈ. હવે આકાશમાં વાદળ ન રહ્યાં, જલ નિર્મલ થઈ ગયું અને વાયુ બહુ ધીમી ગતિથી વાવા લાગ્યો ।।૩૨।।

જેમ યોગભ્રષ્ટોનાં ચિત્ત બગડ્યાં હોય તે ફરીને યોગસિદ્ધ કરે ત્યારે પાછાં નિર્મળ થાય છે, તેમ શરદમાં કમળ થતાં જળ સુન્દર (પહેલાં હતાં તેવાં) *નિર્મળ થયાં ।।૩૩।।

**વિશેષ :** ભગવાને જલના દોષ મટાડ્યા, જ્ઞાનીના દોષ દૂર કર્યા, કુટુમ્બીઓના દોષ છોડાવ્યા, દરિદ્રીઓના દોષો, વિરક્તના દોષો, યોગીઓના દોષો અને ગોપીઓના દોષો શરદના સમ્બન્ધથી ભગવાને છોડાવ્યા. એ દશ દોષોને નિવાર્યા અને મિત્રના દોષોને દૂર કર્યા અને સર્વને શોભાયુક્ત કર્યા. ચન્દ્ર, માનવ, ગાયો, પદ્મો (કમળ), ભૂમિ અને વર્ણોને છ ગુણથી શોભાવ્યા. શરદનું કાર્ય એટલું થયું ત્યારે ભગવાન્ એમાં રમવાનેમાટે દાખલ થયા. (કારિકા)

શ્રીકૃષ્ણ પ્રત્યેની *ભક્તિ જેમ ચારેય આશ્રમવાળાઓનાં પાપને દૂર કરે છે તેમ શરદ ઋતુએ આકાશના (મલ) વાદળોને, મહાભૂતોના સાંકર્ય (અગ્નિ અને વાયુ ના મલ) ને, ભૂમિના અને જલના કાદવ ના મલને દૂર કરી દીધો ।।૩૪।।

**વિશેષ :** ભક્તિ હૃદયાકાશમાં શોકરૂપ દોષને દૂર કરે છે. ભક્તિવાળાને નેત્રમાં જળ આવે છે એ જળના દોષને દૂર કરે છે. ત્રણ પ્રકારના જીવ એક બીજામાં મળી જાય છે તે દોષને ભક્તિ દૂર કરે છે. એના પ્રવર્તક પ્રાણ અથવા અગ્નિ છે તે એક દૂર કરે અને બીજો બાળે છે. પૃથ્વીનો મેલ, પ્રસાદ પેટમાં જવાથી દૂર થાય છે. ગૃહસ્થને ભૂતમાં મળવું પડે છે, પણ ભક્તિ કરે તે એ બધાથી જુદો પડેછે.

જેમ ઇચ્છાનો ત્યાગ કરનાર મુનિઓ પાપથી છૂટી શાન્ત થઈ શોભે છે, તેમ મેઘોએ પોતાનું સર્વસ્વ *જલ હતું તે બધુ લોકોને આપી દીધું તેથી એ સ્વચ્છ તેજવાળા દેખાવા લાગ્યા અને એને લીધે એમની શોભામાં વધારો થયો ।।૩૫।।

**વિશેષ :** માણસનું મૃત્યુ આવે ત્યારે એ કાંઈ સાથે લઈ જઈ શક્તો નથી, તેમ મેઘો પણ શરદઋતુ આવી ત્યારે જરાય જળ રાખી શક્યા નહિ. સર્વનો ત્યાગ એ જ સર્વ પ્રાયશ્ચિત્ત છે. પાપનું સ્વરૂપ કાળું છે, પુણ્યનું રૂપ સફેદ છે. મેઘનું નીલરૂપ ગયું અને શ્વેતરૂપ આવ્યું. કેવળ શ્વેતતા પુણ્યનું ફળ નથી. કેશ વગેરેમાં શ્વેતતા આવે છે તેવું એમાં મનાતું નથી. તેથી આ મેઘ તો શ્વેત થતાં એનું તેજ વધ્યું અને રમણ કરવા લાગ્યા. શ્વેત કેશમાં આ બે ન હોય. અન્તઃકરણ ચાર છે તેમાંથી ચાર દોષ જાય ત્યારે એ પ્રકાશે છે. એ સિવાય પ્રકાશ સમ્ભવે નહિ. એમાં ત્રણ ઈષણા દોષ છે. લોકોષણા ભુવન અને જન ના ભેદથી બે પ્રકારની છે. વિત્તેષણા સર્વ વિષયરૂપા છે જેને **'અર્થેષણા'** કહે છે. 'દારેષણા' પુત્રાદિ સહતિ કહેવાય છે. એ ત્રણ ઈષણાથી ધર્મ, અર્થ અને કામ કહ્યા. ત્રિવર્ગ છોડો એટલે ત્રણ ઈષણા છૂટે, ત્યારે ચિત્ત શાન્ત થાય. શાન્તિ જો કે સત્વ આદિથી થાય છે, પણ એ ગુણનો ઉપમર્દ થતાં શાન્તિનો નાશ થાય છે. તેથી સ્વરૂપથી અથવા શુદ્ધ સત્વથી શાન્તિ થાય તે નિત્ય શાન્તિ છે. તેથી **'મનસૈવૈતદાપ્તવ્યમ્'** ઇત્યાદિ શ્રુતિથી શાન્ત મનથી દર્શન થાય છે. જેનુ મન આત્મપ્રવણ

થયું છે તે મુનિઓ કહેવાય છે. એ મુક્તકિલ્બિષ ત્યારે થાય છે જ્યારે એ અહંકારને છોડે છે. આ બધા ગુણો મેઘમાં શરદથી આવે છે. તેથી **''સર્વાઃ શરત્કાવ્યકથા રસાશ્રયાઃ''** ઇત્યાદિથી આગળ કહેશે.

જ્ઞાની *પુરુષો જ્ઞાનરૂપ અમૃતને ક્યારેક આપે છે અને ક્યારેક નથી પણ આપતા, તેમ પર્વતો ક્યારેક પોતાના ઉપર વરસેલું જલ આપે છે, ક્વચિત્ નથી આપતા ।।૩૬।।

**વિશેષ** : શરદના ગુણોને કહેતા જ્ઞાનીઓનું દષ્ટાન્ત આપ્યું છે તેમાં જ્ઞાન ગુણ છે. જેનામાં સાર હોય તેમાં જ્ઞાન હોય છે. અહીં અન્તઃસારવાળા પર્વત છે. એમાં જ્ઞાનને ઠેકાણે જળ છે. એ જળ જ્ઞાનની જેમ સર્વદોષ નિવર્તક અને શુદ્ધ છે. એ પર્વતો ક્વચિત્ જ્યાં ઝરણાં હોય ત્યાં જળને આપે છે, ક્યાંક નીકળવાનો રસ્તો ન હોય ત્યાં આપતા નથી. એ પણ પોતાની અન્દર રહેલ જળને છોડે છે. વરસાદનું જળ તો ઉપરથી જ ચાલ્યું જાય છે. તેથી એની વાત અહીં નથી, માટે જળને **'શિવમ્'** વિશેષણ આપ્યું છે. શાન્ત, શીતળ અને સ્વાદવાળું પર્વતનું જળ છે. મોટાને અંદર તાપ ન હોય તેથી સૂર્યના કિરણ પણ એને ઉકાળી શકતાં નથી. એ જ્ઞાન બુદ્ધિકૃત અને સ્વાભાવિક એમ બે પ્રકારનું હોય છે. જો સ્વાભાવિક હોય તો એમાં શરદનું કાંઈ ન કહેવાય, તેથી એ જ્ઞાનમાં શરદની પ્રયોજકતા છે. જ્ઞાનરૂપ અમૃત કાળે કરીને આપે છે. એમાં કાળ અને પુરુષ બન્નેના વિચાર કરવો પડે છે. પોતે જ્ઞાનપૂર્ણ હોય છતાં દેશની અનુકૂળતા ન હોય અથવા અધિકારી પુરુષ ન હોય તો એ જ્ઞાન આપતા નથી. જ્ઞાનમાં પૂર્ણ હોય, સમ્પ્રદાયને ચલાવી શકે એમ હોય, વિમાર્ગમાં ચાલનાર ન હોય તેવાને જ્ઞાન આપે છે, નહિ તો જ્ઞાન આપતા નથી.

**વિદ્યયા સહિતો વિદ્વાન્ મ્રિયતેવાવિચારયન્।**
**ન ત્વયુક્તાય તદ્દ્યાત્ કથંચિદિતિ નિશ્ચયઃ।।**

(વિદ્વાન પુરુષે વિચાર કર્યા વિના વિદ્યા સહિત મરવું જ, પણ કોઈ રીતે અયોગ્ય (પુરુષ) ને તે આપવી જોઈએ નહિ, એવો નિશ્ચય છે) શરદ શુદ્ધિ કરનાર હોવાથી શરદને પ્રયોજકતા છે.

કુટુમ્બમાં ફસાયેલા મૂઢ માણસો ચાલ્યા જતા આયુષ્યને જાણતા નથી તેમ થોડા જલમાં રહેનાર જલચરો દર્રોજ સૂકાતા જતા પાણીને જાણતા નથી* ।।૩૭।।

**વિશેષ** : એ પ્રમાણે શરદ જ્ઞાનોપયોગી છે એમ કહ્યું. હવે એનું વૈરાગ્યમાં ઉપયોગીપણું બતાવે છે. જળને સૂકવનારી શરદ છે તેથી જળ ઓછું થાય છે. જળચરો ક્રિયાશક્તિવાળાં છે, તે

જળ સૂકાય તો મરી જાય. પણ તે જલનો પ્રવાહ ચાલતો હોય તેમાં ચાલ્યા જાય તો અગાધ જળમાં પહોંચી જાય. એમ કરે તો અને મરણનો ભય દૂર થાય. પણ એ જળમાં રહ્યા-રહ્યા જળ ઘટતું ચાલે છે તેને એમણે જાણ્યું નહિ એમાં દૃષ્ટાન્ત' કહે છે. પુરુષ આયુષ્યથી પુરુષાર્થ સિદ્ધ કરે છે. થોડું આયુષ્ય હોય તો વૃથા વ્યવસાયવાળું ઘર છોડી ભગવચ્ચરણમાં પહોંચે તો કામ સિદ્ધ થાય; પણ એમ એ કરતો નથી, તેથી એનામાં વિશેષ જ્ઞાન નથી. આયુષ્ય ક્ષીણ થવાનું જ છે તેને એ જાણતો નથી. જો જાણે તો એ આયુષ્યને નિત્ય કરી શકે. પણ એ નથી જાણતો એનાં ત્રણ કારણ છે; નર છે, મૂઢ છે અને કુટુમ્બી છે. શાસ્ત્રથી, સ્વભાવથી અને સંગથી એટલે સ્વભાવથી તે જન્મવાળો મરે એમ જાણતો નથી. શાસ્ત્રને જાણતો નથી તેથી મૂઢ છે. સંગથી કુટુમ્બમાં પડ્યો છે એમ એ જાણે છે તો પણ કુટુમ્બને છોડવા માટે રાજી નથી.

જેવી રીતે પોતાની ઇન્દ્રિયોને વશમાં રહેનાર કૃપણ અને દરિદ્ર ગૃહસ્થને જાત-જાતના તાપ સતાવતા જ રહે છે તેમ થોડા જલમાં રહેનાર પ્રાણીઓને *શરદ ઋતુના સૂર્યનાં પ્રખર કિરણોથી ખૂબ પીડા થવા લાગી ।।૩૮।।

**વિશેષ** : થોડા જલમાં રહેનાર જીવો શરદના તાપથી દુઃખી થાય છે. જ્યારે કાલ અને કર્મ માણસને પીડે નહિ ત્યારે જ અજ્ઞાન સુખ આપનારું થાય છે. શરદે મેઘોને હટાવ્યા ત્યારે સૂર્યને વ્યવધાન રહ્યું નહિ તેથી એને સખ્ત તાપ જળને સૂકવવા લાગ્યો. જળ ગરમ થયું. એમાં જળજીવો દુઃખી થયા. એમાં ચાર પ્રકારના અન્તઃકરણ દોષ ન હોય તો દુઃખ ન થાય. પણ એ દોષ છે. પ્રથમ દોષ દારિદ્રય છે. એ સર્વવિષયનાશક છે. એ અન્તર્મુખને સુખરૂપ છે, પણ બહિર્મુખને તાપ કરે છે. 'કાર્પણ્ય' એટલે લોભ પણ એને છે. દરિદ્રી પણ લોભી ન હોય તો સુખી રહે; એમાં પણ એકલો હોય તો સુખી રહે પણ આ તો કુટુમ્બી છે. એ પણ જિતેન્દ્રિય હોય તો દુઃખ ન થાય, પણ અવિજિતેન્દ્રિય છે તેથી દુઃખી થાયછે.

(અહીંથી દશ શ્લોકમાં શરદના ગુણોનું વર્ણન કરે છે) જેમ ધીર પુરુષ અનાત્મ એવા શરીર વગેરેમાં ધીમે-ધીમે હું અને મારું એવા ભાવને છોડે છે, તેમ શરદમાં ભૂમિ ઉપરથી કાદવ ધીમે-ધીમે ઓછો થવા લાગ્યો *અને લતા વગેરેમાંથી કાચાપણું ઓછું થવા લાગ્યું. (ફળ-ફૂલવાળાં થયા) ।।૩૯।।

**વિશેષ** : ધીમે-ધીમે સ્થળોએ કીચ (કાદવ) ને છોડ્યો અને લતા અને ગુલ્મોએ અપકવતા (કાચાપણુ) છોડી. તેમાં દૃષ્ટાન્તમાં અહન્તા-મમતા છે. એમાં મમતા કીચડ જેવી છે. અહન્તા અપકવતા જેવી છે. જો કે અહન્તા-મમતાને છોડાવનાર શાસ્ત્ર છે, પરન્તુ ધીરજ

વગરના સ્વાભાવિક દોષથી દુઃખી થનાર જીવ શાસ્ત્રને નહિ માનતાં ધૈર્યને જ કારણ માનીને કહે છે. મોટાઓને મમતા હોય, બીજાને અહન્તા-મમતા બન્ને હોય છે. બ્રહ્મવાદમાં અને નૈયાયિક સિદ્ધાન્તમાં અહંકાર નથી. પણ દેહ વગેરેમાં આત્મબુદ્ધિ છે. બીજાઓ આત્માધ્યાસ છે એમ કહે છે, કેટલાક તાદાત્મ્યસમ્બન્ધ માને છે, પણ એ વસ્તુ ત્યાજ્ય છે એમ તો સર્વ કહે છે. વૈદિક પક્ષમાં, પુત્રમાં અને સ્ત્રીમાં **''સ આત્માનં દ્વેધા'' ''આત્મા વૈ પુત્ર''** ઇત્યાદિ શ્રુતિથી અહન્તા છે.

જેમ અન્તઃકરણ લય અને વિક્ષેપ વિનાનું નિઃસંકલ્પ (શાન્ત) થતાં મનન પરાયણ મુનિને વેદના અર્થનું અનુસન્ધાન રહેતું નથી તેમ શરદૃઋતુ આવતાં *સમુદ્ર સ્થિર જલવાળો શાન્ત થઈ ગયો ।।૪૦।।

**વિશેષઃ** બહારના દોષને કહી અન્તર્ગત દોષનેમાટે સમુદ્રનું વર્ણન કરે છે. પૃથ્વી કરતાં જળ શ્રેષ્ઠ છે. એમાં સમુદ્ર મુખ્ય. એમાં ચાંચલ્ય દોષ છે. એમાં બીજો સમ્બન્ધ નથી. ચાંચલ્યથી શબ્દ ઉત્પન્ન થાય છે. એ બન્ને ન હોવાથી જલ સ્થિર છે. એમાં દૃષ્ટાન્ત'કહે છેઃઅન્તઃકરણ સારી રીતે શાન્ત થાય ત્યારે મુનિ મનન કરતાં શાસ્ત્રને છોડી દે છે, કેમકે પછી એને વેદની અપેક્ષા રહેતી નથી, પણ જે સાંભળ્યું છે તેનું મનન-નિદિધ્યાસન કરે છે. આગમ તો શબ્દરૂપ છે, પણ **''ચાંચલ્ય લય, વિક્ષેપ ન''** હોવાથી પદાર્થનું અનુસન્ધાન નિવૃત્ત થઈ જાય છે.

જેમ પ્રાણની સાથે જ્ઞાન ચાલ્યું જાય છે તેને યોગી પ્રાણનો સંયમ કરી જ્ઞાનને જવા નથી દેતા તેમ ખેડૂતોએ દૃઢ પાળા બાંધીને ક્યારામાં આવેલા જળને રોકી રાખ્યું* ।।૪૧।।

**વિશેષ :** ક્યારામાંથી નીકળતા જળને એના માર્ગ બંધ કરી ખેડૂતો રોકે છે. જળથી સ્થળ ભીનું રહે છે. શરદમાં વૃષ્ટિનો સમ્ભવ ઓછો હોય છે. તેથી જળ જોઈએ તે લોકો જળને મોટી પાળો બાંધી રોકે છે. જળ ન હોય તો પાક સિદ્ધ ન થાય, તેથી જળની રક્ષામાં પાળ મજબૂત જોઈએ. પ્રાણ વગેરે વાયુઓ જ્યારે બહાર નીકળે ત્યારે જ્ઞાન સાથે જ નીકળે છે, તેમ ઇન્દ્રિયો પણ પોતાના વિષયને જ્ઞાનની સાથે ગ્રહણ કરે છે. જ્ઞાન ક્રિયા ખલાસ થતાં તિરોહિત થાય છે. જ્ઞાન શાસ્ત્રથી થાય એ પ્રકટ કહેવાય છે. **''સ્રવતીન્દ્રિયલૌલ્યેન જ્ઞાનં ચૈવાવકીર્યતે''** ઇત્યાદિ વાક્યો શ્રવણમાં પ્રમાણભૂત છે. જ્ઞાનને માટે યોગશાસ્ત્રની પ્રવૃત્તિ છે. **''ઊર્ધ્વેન્દ્રિયૈસ્તુ વિક્ષેપો જ્ઞાનસ્યાધો વિનાશનમ્। નિરોધે પુંજભાવેન સ્વકાર્યં સાધયેદ્ ધ્રુવમ્''** એમ કહ્યું છે તેથી પ્રાણેન્દ્રિયનિરોધ થતાં યોગી જ્ઞાનને અટકાવે છે. સાધન

દશામાં યોગ નિત્ય છે. આસન અને પ્રાણાયામ ની સ્થિરતાથી જ્ઞાન સ્થિર થાય છે.

મુકુન્દ ભગવાન્ વ્રજસ્ત્રીઓના દેહના અભિમાનથી થયેલ દુઃખને દૂર કરે છે તેમ શરદના સૂર્યથી લોકોને થયેલા *તાપને ચન્દ્રનાં કિરણોએ દૂર કર્યો ।।૪૨।।

**વિશેષ** : શરદના સૂર્યનો તાપ તીક્ષ્ણ હોય છે. એ જ્વર ઉત્પાદક હોય છે અને તાપને મટાડે છે. એ આધ્યાત્મિક તાપ દેહાભિમાનરૂપ છે. એ દેહ વગેરેના જેણે ભગવાન્‌માં વિનિયોગ કર્યો તેને આધ્યાત્મિક તાપ ન રહ્યો. જાતિના અભિમાનને છોડાવે તે તાપનાશક કેમ કહેવાય? ત્યાં કહે છેઃભગવાન્ મુકુન્દ છે. મોક્ષદાન વખતે પૂર્વાવસ્થા છોડાવવી જોઈએ એમ એ વ્રજવાસીઓનો તાપ ન ગયો હોય તો એ મરી ગયાં હોત. ભગવાન્‌માં એને સર્વાત્મભાવ છે તેથી મોક્ષ તો એનો થવા સમ્ભવ નથી તેમ એમને તાપ પણ નથી. શરદનો તો ઉદ્દીપ્ત વિભાવમાં ઉપયોગ છે. ક્યારાના દૃષ્ટાન્તથી વાયુની અને સૂર્યચન્દ્રના દૃષ્ટાન્તથી તેજની શુદ્ધિ કહી છે.

વેદોના અર્થને સ્પષ્ટ રીતે જાણનારું સત્વગુણી મન અત્યન્ત શોભે છે તેમ જ શરદઋતુમાં રાતે વાદળ વિનાનું નિર્મલ આકાશ *તારાઓની જ્યોતિથી ઝગમગવા (શોભવા) લાગ્યું ।।૪૩।।

**વિશેષ** : શરદથી તારા ચોખ્ખા થયા તેથી આકાશ શોભવા લાગ્યું. **''માસાષ્ટકં તથાકાશે તમસ્તાપૈઃ કૃતં રજઃ, મેઘૈરપોહ્યતે સમ્યક્ અતઃ શરદિ નિર્મલાઃ, સર્વં નભો દિશશ્ચૈવ તારકાશ્ચન્દ્ર એવ ચ''**. મેઘ ગયો તે આધિભૌતિક, વિમલ તારક તે આધ્યાત્મિક, શરદ આધિદૈવિક એમ બતાવવા 'દૃષ્ટાન્ત' કહે છે. સત્વગુણયુક્ત ચિત્ત શબ્દબ્રહ્મ વેદનું જેમાં દર્શન છે એવું શોભે છે. ચિત્તમાં તમસ્, રજસ્ દોષ છે તે સત્વયુક્ત થાય ત્યારે જાય છે. ગુણ તો તત્વપદાર્થનું જ્ઞાન. એ પદાર્થો વેદ ભાવનાથી અન્તઃકરણમાં સ્ફુરે એમાં શરદનો ઉપયોગ છે. વાદળનું ન હોવું તે સત્વ છે, વિમળ સ્થાનમાં શબ્દબ્રહ્મ છે. એના અર્થના જ્ઞાનના સ્થાને તારાઓ છે. એનાથી દોષો ટાળવાના છે.

પૃથ્વીમાં યાદવોના સમૂહથી વીંટળાયેલા શ્રીકૃષ્ણ શોભે છે, તેમ નક્ષત્ર ગણથી વીંટળાયેલો પૂર્ણ (અખંડ) મંડળવાળો ચન્દ્ર આકાશમાં *શોભા આપવા લાગ્યો ।।૪૪।।

**વિશેષ** : હૃદયમાં ભગવાન્‌ની શોભા કહેવામાટે આકાશમાં ચન્દ્રની શોભા કહે છે, મહાભૂત પછી મન જ ક્રમપૂર્વક આવે. અખંડ (પૂર્ણ) મંડળવાળો ચન્દ્ર ઉડુગણ (તારા) સાથે શોભે છે. ભગવદીય ચન્દ્રનિવૃત્યર્થ 'શશી' શબ્દ કહ્યો. એ ભગવદીય ચન્દ્ર પણ ગોપીઓ જુએ તો જ

એવો શોભે. યદુપતિ શ્રીકૃષ્ણ પૃથ્વીમાં અખંડ મંડળથી શોભે છે.જો કે યદુપતિ સર્વત્ર શોભે છે, છતાં વૃષ્ણિવંશીઓના સમુદાયથી વીંટળાયેલા પૂર્ણજ અહીં શોભેછે.

*સમશીતોષ્ણવાળા વનના ફૂલની સુગન્ધવાળા વાયુનો આશ્લેષ કરીને લોકોએ તાપ છોડ્યા, પણ જેનાં ચિત્ત શ્રીકૃષ્ણે હરી લીધાં છે તેવી ગોપીઓના તાપ ગયા નહિ ।।૪૫।।

**વિશેષ** : શીત અને ઉષ્ણ સમાન છે તેને લઈને તાપ રહ્યો નહિ. વનના સમ્બન્ધથી મન્દતા અને ફૂલોના સમ્બન્ધથી સુગન્ધ પણ છે. પરન્તુ ગોપીઓનો તાપ ન ગયો એનું કારણ એનાં ચિત્ત શ્રીકૃષ્ણે હરેલા હતાં. ચિત્તમાં સુખ તો શ્રીકૃષ્ણના સમ્બન્ધમાં હોય તેટલો વખતો હોય, તેથી એ ગોપીઓને આધ્યાત્મિકી શરદ સુખરૂપ નથી, પણ આધિદૈવિકી સુખરૂપ છે.

જેવી રીતે ઈશ્વર સમ્બન્ધી ક્રિયાઓ (સેવા, સ્મરણ ઈત્યાદિ) પછી તેમનું ફલ અવશ્ય થાય છે તેવી રીતે શરદઋતુમાં ગાયો, હરિણીઓ, ચકલીઓ વગેરે પશુ-પક્ષિણીઓ અને સ્ત્રીઓ ઋતુમતી (સન્તાન ઉત્પત્તિની કામનાવાળી) થઈ ગઈ તથા સાંડ, કાળિયાર (નર-હરણ), નર-પક્ષીઓ અને પુરુષો એમનું અનુસરણ કરવા લાગ્યાં તેથી ફળવતી થઈ ગઈ ।।૪૬।।

સૂર્યના *ઊગતાં જલમાં થનાર કમળોમાં રાત્રે ખીલનારાં કુમુદ સિવાયનાં બધા કમળો ખીલી ઊઠ્યાં. રાજાથી ચોર સિવાયના લોકો નિર્ભય થાય, તેજ પ્રમાણે કુમુદનો વિકાસ ચન્દ્રથી જ થાય, સૂર્યથી ન થાય. તેથી કુમુદ સિવાયનાં બીજા કમળોનો વિકાસ કહ્યો ।।૪૭।।

**વિશેષ** : જંગમની વાત કહીને હવે સ્થાવરના ઉપર શરદની જે અસર થઈ તે કહે છે કે સૂર્ય ઊગતાં કમળો ખીલી ગયાં. કુમુદ તો ચન્દ્ર વિના ન ખીલ્યું. **'કુમુદ્ વિના'** શબ્દમાં વિભક્તિલોપ છે, નહિ તો **'કુમુદં વિના'** એવો પ્રયોગ કરવો જોઈએ, તેથી એમ કહેવામાં આવ્યું કે સાત્વિકનો અધિપતિ આવ્યો ત્યારે બધાં સાત્વિકોને સુખ થયું, બીજાને ન થયું, કેમકે એમની મુદ્ કુત્સિત (**''કુમુદ્=કુત્સિતા મુદ્**=દોષિત-દોષયુક્ત આનન્દ'') છે તેથી એનો વિકાસ ન થયો. રાજાથી સર્વ લોકો નિર્ભય થાય, પણ ચોર નિર્ભય ન થાય; એનાથી શરદમાં ચોરી પણ ન થાય એમ કહ્યું.

તે વખતે શહેરો અને ગામડાંઓ માં નવાન્નપ્રાશન અને ઈન્દ્ર સમ્બન્ધી *ઉત્સવો ઉજવવા લાગ્યા. ખેતરોમાં અનાજ પાકી ગયું અને પૃથ્વી પુરુષોત્તમની બે કલાઓ (ચિત્ અને આનન્દ)થી શોભી ઊઠી. (સત્ કલા તો પહેલેથી હતી જ) ।।૪૮।।

**વિશેષ :** લૌકિકમાં શરદનો પ્રભાવ કહીને વૈદિક કર્મમાં પણ એના આગમથી જે થયું તે વાત કહે છે. પુર સાત્વિક છે જ્યારે ગ્રામો રાજસ છે, આગ્રયણ (નવાન્નપ્રાશન) વૈદિક છે. ઈન્દ્રસમ્બન્ધી છે. તે સ્માર્ત છે. મહોત્સવો લૌકિક છે. ચકાર કહ્યો છે તેથી કુલધર્મો પણ લેવા. પુર ગ્રામને બહુવચન કહ્યું છે તેથી લૌકિક, સ્માર્ત અને વૈદિક એવા ત્રણ ધર્મો કહ્યા છે. તે બધા ધર્મોથી પૃથ્વી શોભાયમાન્ થઈ. એની આધિભૌતિકી શોભા તો પાકેલ ધાન્યથી સમૃદ્ધિવાળા કહી તેથી જ કહેવામાં આવી અને આધિદૈવિકી શોભા તો રામ-કૃષ્ણથી છે. એ પૃથ્વીનો જ ભાર ઉતારવાને આવ્યા છે. વળી ભગવાન્‌ના સમ્બન્ધવાળી પૃથ્વી છે તેથી એમના ચરણથી, એમના પ્રતાપથી અને એમની લીલાથી વધારે શોભે છે. આ વાક્યમાં પૃથ્વીનો પ્રસ્તાવ છે અને હરિ શબ્દ ભગવદ્‌વાચક કહ્યો છે તેથી એ પૃથ્વીના જ દુઃખને હરનાર એટલે હરિ છે. એ તો પુરુષોત્તમ જ છે. પૃથ્વીનો ભાર હરનાર સંકર્ષણ છે તેથી એ કલારૂપથી કેશનો અવતાર છે, અથવા હરિના કેશ એટલે ચિત્ અને આનન્દરૂપે અને સત્ તો છે જ તેથી હરિ સચ્ચિદાનન્દ સમજવા.

**વણિંમુનિનૃપસ્નાતા નિર્ગમ્યાર્થાન્ પ્રપેદિરે ।।**
**વર્ષરુદ્ધા યથા સિદ્ધાઃ સ્વપિંડાન્ કાલ આગતે ।।૪૯।।**

વર્ષો સુધી સંયમ પાળનારા સિદ્ધ પુરુષો સમય આવતાં જેમ દેવ વગેરેના દેહો પ્રાપ્ત કરે છે તેમ વણિક, મુનિ, રાજાઓ અને *સ્નાતકો જેઓ વર્ષાને લીધે એક જ સ્થાને રોકાયેલા હતા, તેઓ ત્યાંથી નીકળી પોત-પોતાના અભીષ્ટ કામકાજમાં લાગી ગયા ।।૪૯।।

**વિશેષ :** ઉપસંહાર કરતાં શરદનું સર્વસાધકપણું છેલ્લા શ્લોકથી કહે છે. તેથી વણિક (વેપારી) મુનિ અને રાજા, વૈરાગ્ય, બ્રાહ્મણો અને ક્ષત્રિયો કહ્યા. રાજા રાજ્યવૃદ્ધિને માટે બહાર નીકળેલા તે પરદેશમાં આવ્યા. તેમણે બહાર જઈને અર્થને સમ્પાદન કર્યો. અર્થ લોકમાં જે ગણાય છે તે જ લેવો, બીજો વૈદિક અને ત્રીજો સ્માર્ત લેવો. અર્થમાં પ્રધાન તમ, પછી સત્વ અને પછી રજ; આથી જે ઘરમાં રહ્યા તેને સિદ્ધિ ન મળે. સ્નાતકો તો તીર્થમાં ફરે છે તે ધર્મ, અર્થ અને કામને મેળવે છે. અથવા પ્રત્યેકને માટે ધર્મ, અર્થ અને કામ રહ્યા. તેમ સમુદાયથી પણ એ જ ત્રિવર્ગ કહ્યો. દૃષ્ટાન્તમાં વર્ષો સુધી જેમણે સંયમ રાખ્યો છે તેવા સિદ્ધ પુરુષોએ ફલ પ્રાપ્ત કર્યું. એટલે પોતે જે માગતા હતા તે કાળ આવ્યો ત્યારે મળ્યું તે ભોગવ્યું. પછી બીજો કાળ (પ્રલય) આવ્યો ત્યારે ફરીને જ દેવ વગેરે દેહોને પામે છે. પૂર્વ કાળ સાધક છે જ્યારે ઉત્તર કાળ ફળરૂપ છે. એમ લીલારહિત શરદનું વર્ણન થયું.

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા-પ્રકરણનો વૈરાગ્ય નિરૂપક છઠ્ઠો અને ચાલ) ''વર્ષા શરદ્ વર્ણન'' (વૈરાગ્ય) નામનો વીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૧૭ મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

સાધના વિનાની કોરી દીક્ષા અર્થહીન હોય છે.
સાધના ન કરી શકનાર આપો આપજ માર્ગભ્રષ્ટ થઈ જાય છે.

# અધ્યાય ૨૧

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૧૮

# ગોપીઓએ ગાયેલું વેણુગીત

### બીજા તામસપ્રકરણના બીજા પેટાપ્રકરણ:પ્રમેયપ્રકરણનો અ. ૭

**વિશેષ** : ગોપીઓને શ્રીકૃષ્ણમાં સ્નેહ તો છે જ પણ આ એકવીસમા અધ્યાયમાં તો એ સ્નેહની ઉત્તરાવસ્થારૂપ આસક્તિનું સ્પષ્ટ રીતે વર્ણન કરે છે. એ વર્ણન કરવામાં એક તો વર્ણન કરવાનું ચરિત્ર જોઈએ અને એનું વર્ણન કરનાર જોઈએ. તો અહીં ભગવાન્ દિવસે જે ચરિત્ર વનમાં કરે છે તેને ભગવાન્‌ના વિરહમાં આકુળ થયેલી ગોપીઓ વ્રજમાં પોતાના ઘરમાં બેસી જોઈ શકે છે અને પોતાની સમાન શીલ અને વ્યસન વાળી સખી પાસે એ લીલાનું વર્ણન કરે છે. એવી જ રીતે ગોપો આસક્તિભરથી રાત્રિ ચરિતને જોઈને સ્વસખા પાસે વર્ણન કરે છે. એમાં એક શ્લોકથી વૃન્દાવનમાં ભગવત્ પ્રવેશ અને બીજા શ્લોકથી વેણુનું કૂજન કરી ભગવાને ભક્તને બોધન કર્યું છે. કારણ એ જ કે જે જેના ગુણમાં આસક્તિવાળા હોય તે એના સ્વરૂપમાં પણ આસક્ત થાય છે. ગોપીજનો ભગવદ્ગુણગાન વગર રહી શકતાં નથી તેથી એને ભગવત્સ્વરૂપમાં આસક્તિ છે એમ સિદ્ધ થાય છે.

આસક્તિની પૂર્વાવસ્થા પ્રેમ છે, એ પ્રેમ જ્યારે વધે છે ત્યારે એ આસક્તિરૂપ થાય છે. એ પ્રેમ પણ કોઈ કારણને લઈને થયો હોય તો એ કારણ નાશ થતાં પ્રેમ અસ્ત થાય છે. એ પ્રેમ ઉપાધિવાળો કહેવાય. એવો ગોપીઓનો પ્રેમ નથી, પણ એ પ્રેમ હરિએ સહજ એમના હૃદયમાં ઉત્પન્ન કર્યો છે. એ ભગવત્કૃત સહજ પ્રેમ ભગવત્પ્રાપક છે. એ પ્રેમને ઉદ્બોધન

કરનાર પણ વેણુકૂજન ભગવાને જ કર્યું, માટે એ પ્રેમને વધારનાર પણ અલૌકિક છે, એટલે અહીં જે વર્ણન કરવાનું છે તે બધું લોક વિલક્ષણ છે. તેથી ગોપીઓએ આસક્તિને લીધે વિદ્યાના પાંચ પર્વરૂપ પાંચ શ્લોક જવા દઈને પછીથી વર્ણન કર્યું છે. એટલે **''બ્રહ્મ વેદ બ્રહ્મૈવ ભવતિ''** એ ન્યાયથી ભગવાન્ અને ગોપી માં સ્વરૂપ તારતમ્ય રહ્યું નથી, તેથી વિદ્યાના અન્તમાં 'ભક્તિ' એટલે સ્નેહની ઉત્તરાવસ્થા આસક્તિ છે. આસક્તિથી વર્ણન કર્યું છે તેથી જ એ ધર્મરૂપતાથી વર્ણન નથી કર્યું એમ સમજવું. કારણ કે વર્ણન 'અક્ષણ્વતાં' એ શ્લોકથી છે અને એની પહેલાં પાંચ શ્લોક છે. તે પાંચ શ્લોકમાં વિદ્યાના પાંચ પર્વનું વર્ણન આવી ગયું; એટલે વિદ્યા સુધી ધર્મ છે અને એના અન્તમાં ધર્મી રહે છે. આ વર્ણન વિદ્યાને અન્તે હોવાથી એ વર્ણન ધર્મીનું છે. તેથી ગોપીઓનું બધું સ્વરૂપસમ્બન્ધી સમજવું, એ પણ ભગવત્સ્વરૂપ હૃદયમાં આવ્યા પછી વર્ણન કર્યું છે એટલે એમાં સન્દેહ નથી.

**ઇત્થં શરત્સ્વચ્છજલં પદ્માકરસુગન્ધિના ।।**
**ન્યવિશદ્ વાયુના વાતં સગોગોપાલકોચ્યુતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** એ પ્રમાણે શરદને લઈને સ્વચ્છ જલ જેમાં થયાં છે, કમળના સમુદાય ખીલવાથી સુગન્ધવાળો પવન જેમાં ચાલી રહ્યો છે તેવા વૃન્દાવનમાં ગાયો અને ગોપાળો સાથે અચ્યુત ભગવાને ક્રીડા કરવામાટે પ્રવેશ કર્યો ।।૧।।

સુન્દર-સુન્દર ફૂલોથી ભરી-ભરી લીલીછમ વૃક્ષપક્તિઓમાં મતવાલા ભમરા ઠેક-ઠેકાણે ગુઞ્જારવ કરી રહ્યા હતા અને જાત-જાતનાં પક્ષીઓનાં ટોળાંનાં ટોળાં અલગ-અલગ કલરવ કરી રહ્યાં હતાં જેથી તે વનનાં સરોવર, નદીઓ અને પર્વતો બધાં ગુંજતા રહેતાં હતાં. મધુપતિ શ્રીકૃષ્ણે બળદેવજી અને ગ્વાલબાલોની સાથે તેમાં પ્રવેશ કર્યો અને ગાયો ચરાવતાં વેણુ વગાડવા લાગ્યા ।।૨।।

શ્રીકૃષ્ણને મળવાની તીવ્ર લાલસા જગાવનાર તે કૂજન અને વેણુગીત સાંભળીને શ્રીકૃષ્ણની પરોક્ષમાં કેટલીક ગોપીઓ પોતાની સખીઓની પાસે વર્ણન કરવા લાગી ।।૩।।

એ વર્ણન કરવાનો આરમ્ભ કરી બેઠી, પણ કૃષ્ણલીલાનું સ્મરણ થતાં સ્મરનો વેગ થવાથી ચિત્તમાં વિક્ષેપ થયો; હે રાજન્! તેથી એ વર્ણવી શકી નહિ ।।૪।।

ત્યારે ભગવાને પોતાનું સ્વરૂપ નાદબ્રહ્મદ્વારા એમના *હૃદયમાં પહોંચાડ્યું. (ધ્યાનમાં તેમને દર્શન થયાં કે) એ સ્વરૂપ મોરપિચ્છના મુકુટવાળું છે, નટ અને વર

ના જેવું શ્રીઅંગ છે. કાન ઉપર કર્ણિકારનાં પુષ્પ ધર્યાં છે. સુવર્ણ જેવું પીળું વસ્ત્ર અને વૈજયન્તી માળા શ્રીકંઠમાં ધરી છે. વેણુના છિદ્રોને અધરામૃતથી પૂરે છે. ગોપવૃન્દો જેની લોકપાવન કીર્તિ ગાતા આવે છે, એવી રીતે પોતાના ચરણથી રમ્ય દેખાતા વૃન્દાવનમાં આપ પ્રવેશ કરે છે ।।૫।।

**વિશેષ** : જ્યારે સ્મરવેગથી ગોપીઓ નાદામૃતનું વર્ણન ન કરી શકી ત્યારે સ્વયં સ્વસ્વરૂપે વેણુનાદદ્વારા એમના હૃદયમાં દાખલ થયા તે સ્વરૂપ આ છે. એમાં પ્રથમ વાક્યોનો અર્થ કહે છે, એટલે એમાં સ્વરૂપ, ગુણ અને લીલા ત્રણે આવી જાય. શ્રીમસ્તક ઉપર મોરપિચ્છનો મુકુટ છે. મોર જ્યારે કળા કરીને નૃત્ય કરે છે ત્યારે તેનાં પીછાં તેના મસ્તક ઉપર આવે છે. જ્યારે રસાવેશથી એનાથી રહ્યું ન જાય ત્યારે તે નાચે છે તેમ ભગવાન્ મોરપિચ્છનો મુકુટ ધરે છે ત્યારે રસાવિષ્ટતા બતાવે છે. જ્યારે રસાવિષ્ટ ભગવાન્ રસનો અનુભવ કરાવે તે સમયે ભક્તો એનું વર્ણન ન કરી શકે એ તો યોગ્ય જ કહેવાય. એ રસ સંયોગ અને વિપ્રયોગ એવા ભેદથી બે પ્રકારનો છે. બન્ને મળીને એક રસ કહેવાય છે. એ રસ ભગવાન્ છે, એમ કહેવામાટે એમને **'નટવરવપુ'** કહ્યા છે. **'નટ'** એટલે કેવળ રસ (વિપ્રયોગ) અને **'વર'** એટલે સંયોગરસ, ભક્ત સાથે ક્રીડા કરતા ભગવાન્. એમાં વિપ્રયોગ ધર્મી છે. અને સંયોગ ધર્મરૂપ છે. સંયોગ સાપેક્ષ છે, વિપ્રયોગ નિરપેક્ષ છે. સંયોગ પરિચ્છિન્ન છે, વિપ્રયોગ અપરિછિન્ન છે. સંયોગ સાધન છે, વિપ્રયોગ ફલ છે. ઈત્યાદિ ઉભયરૂપ શ્રીઅંગને ભક્તાર્થ ધારણ કરે છે. ધારણ કરવાનું કારણ તો એ જ કે ભગવાન્ તો હૃદયમાં પણ રહે છે, પણ જ્ઞાનીની જેમ; તેથી ભક્તને સન્તોષ નથી થતો. તેથી જ પ્રભુ **''યદ્યદ્ધિયા ત ઉરુગાય વિભાવયન્તિ''** એ ન્યાયથી રસિકનેમાટે આપ રસરૂપ ધરે છે. કાન ઉપર પીળાં કર્ણિકારનાં પુષ્પો ધર્યાં છે તેથી જે રસ કર્ણદ્વારા પેય છે તે રસ કર્ણિકાર ઉદ્દીપક હોવાથી ઉચ્છલિત થાય છે. પરન્તુ રસનું સ્વરૂપ ગુપ્ત રહે ત્યાં સુધી રસ કહેવાય અને પ્રગટ થાય તો રસાભાસ થઈ જાય તેથી રસરૂપને ગુપ્ત રાખવામાટે પીતામ્બર ધર્યું છે. એ વસ્ત્ર રસને ઢાંકનાર હોવાથી માયારૂપ છે તેથી એને સોનાના જેવું પીળું કહ્યું છે. સોનામાં કપટ છે એટલે જ્યારે પીતામ્બર સ્વરૂપની ખબર ન પડે તો એનાથી ઢંકાયેલ રસને તો કોણ જાણી શકે? તેથી ગુપ્ત રહેવાથી એના રસપણામાં ખામી નથી આવતી. એ પીતામ્બરને પણ ઢાંકી દેનારી કીર્તિરૂપ વૈજયન્તી નામની માળા પોતે ધારણ કરી છે. એ પુષ્પમયી છે તેથી અહીં બે રસ, એના ઉદ્દીપક, એના આચ્છાદક અને એના વિક્ષેપક ભાવોનું વર્ણન થઈ ગયું, એટલે અરધા શ્લોકથી રૂપ કહ્યું, હવે નામનું વર્ણન ઉત્તરાર્ધથી કરે છે : નામ વેદરૂપ છે તે અહીં વેણુનાદાત્મક છે. મર્યાદામાં અધિકાર આપનાર વેદ છે જ્યારે

પુષ્ટિમાં અધિકાર આપનાર વેણુનાદ છે. સ્વરૂપાત્મક સુધાને હૃદયમાં પહોંચાડવામાં વેણુ સાધન છે, નાદ અધિકારસમ્પાદક છે. વેણુનાં છિદ્ર સાત છે. તે વેણુ અધર ઉપર રાખેલ છે. તેમાંથી અધરસુધા નાદદ્વારા કાનવાટે ગોપીઓના હૃદયમાં આવે છે ત્યારે એને એ નાદ સ્વરૂપાત્મક હોવાથી ભગવાન્‌ની સાથે રમણનો અધિકાર આપે છે. એ સુધા ત્રણ પ્રકારની છેઃદેવભોગ્યા, ભગવદ્‌ભોગ્યા અને સર્વાભોગ્યા. 'દેવભોગ્યા' એટલે દેવોની સ્ત્રીઓના અધરમાં રહેલી, એટલે દેવો, ભગવલ્લીલામાં ગોપાદિરૂપે આવ્યા છે તેને તેમજ ગાયો, પશુ, પક્ષી, સ્થાવર આદિથી ભોગ્ય સુધા છે તે **'દેવભોગ્યા'**. બીજી સુધાનું સ્વરૂપ એવું છે કે ભગવાન્ સ્વરૂપાત્મક સુધા વેણુદ્વારા જેના કાનમાં સિંચે તે હૃદયમાં જઈને મિથો ગુણગાન રૂપે જેના અધર ઉપર થઈને એ સુધા બહાર આવે તે મુખને એ સુધા ભગવદ્‌ભોગ યોગ્ય કરે છે; એવી સુધા શ્રીગોપીજનના અધરમાં રહે છે. જેનો અધિકાર કેવળ ભગવાન્‌ને જ છે, બીજા કોઈને નથી તે **'ભગવદ્‌ભોગ્યા'** હવે ત્રીજી સુધા **'સર્વાભોગ્યા'** એટલે ઉચ્છિષ્ટથી એ સુધાનો ભોગ ન થઈ શકે, પણ કેવળ શબ્દની સાથે સુધા આવે તે કર્ણદ્વારા હૃદયમાં પ્રવેશ કરે તે સુધા અધિકાર સમ્પાદિકા છે. એ સુધા જેના હૃદયમાં જાય તેને પ્રસાદરૂપ શક્તિની સાથે સ્ત્રી દેહ આપે તેના ભોક્તા ભગવાન્ જ છે. સેવાફલ ગ્રન્થમાં ત્રણ ફલ કહ્યાં છે. લીલામાં ઉપયોગી દેહ વૈકુંઠ આદિમાં એ ફલ **'દેવભોગ્યાનું'** સાયુજ્ય ફલ **''ભગવદ્ ભોગ્યાનું''** અને અલૌકિક સામર્થ્યરૂપ ફલ **'સર્વાભોગ્યા'**નું છે. સુધાનું દાન પ્રભુ જેને કરે તેને થાય છે. ત્રીજા નમ્બરવાળા જીવો લીલા પરિકરમાં પશુ, પક્ષી, વૃક્ષ, લતા વગેરેમાં અવતાર લઈ સેવા કરે છે. બીજા નમ્બરનાને ભગવાન્‌ની નિત્ય સંયોગ, પણ એ ભગવાન્‌ને અધીન સુખવાળા રહે છે; જેવા કે **''અન્તર્ગૃહગતા ગોપીઓ''** ગોપીઓ અને ઉત્તમાધિકારી ભક્તો **''સર્વાત્મભાવના યુક્ત''** જેને ભગવાન્ સર્વ સાધનરૂપ થઈને હંમેશાં એને અનુકૂળ રહી એનું હિત ચિન્તન કરે છે, જે કેવળ **'વિપ્રયોગફલનો'** અનુભવ કરે છે, જેને સ્વરૂપની અપેક્ષા નથી. આ પુષ્ટિનું ઉત્તમોત્તમ ફલ છે. જે પરમકાષ્ઠાપન્ન વસ્તુ છે, જેને ભગવાન્‌ના બાહ્યસ્વરૂપની પણ અપેક્ષા નહિ તેને જગત્ કે જગત્‌ના વૈભવમાં વિરક્તિ હોય એમાં શું કહેવું? ત્યાં લોકવેદ સમ્બન્ધ કે એના ફલની ઉપેક્ષામાં શું કહેવું? એ ફલનો અધિકાર શ્રુતિરૂપાનો છે. એ અધિકાર આપનારી સુધા આનન્દના સારરૂપ છે, બ્રહ્માનન્દથી પણ અધિક છે. એ કોઈ દિવસ સાધનરૂપ થતી નથી, પણ એ ફલરૂપ જ છે. એને નાદની સાથે જોડીને એને ગોપીજનોના હૃદયમાં પ્રવેશ કરાવવા માટે વેણુના છિદ્રથી બહાર કાઢીને એને નાદદ્વારા પોતાના સ્વરૂપથી જુદી કરી મોકલે છે, એ વેણુનો પણ સ્પર્શ કરતી નથી. એ કાનદ્વારા હૃદયમાં જઈને

વર્ણનદ્વારા મુખથી નીકળે છે ત્યારે એ મુખને ભગવદ્‌ભોગ યોગ્ય કરે છે. જ્યાં સુધી રસના પૂરથી અપેક્ષિત અંશ પૂર્ણ ન થાય ત્યાં સુધી પણ એ ભગવદ્ભોગ યોગ્ય થઈ શક્તી નથી, માટે પરસ્પર વર્ણન કર્યું છે. વેણુમાં એક સ્વરૂપ આવ્યું તે બધા ભક્તોના કાનમાં આવ્યું. એમાં કોઈ અંશ કોઈને કાને પડ્યો, બીજો અંશ બીજાને કાને પડ્યો તેથી એ બધા ભેગા થઈ પોત-પોતાના હૃદયમાં આવેલ સ્વરૂપ બીજાને ન કહે ત્યાં સુધી પૂર્ણસ્વરૂપ હૃદયમાં પ્રકાશે નહિ, ત્યાં સુધી એ અધિકાર સમ્પાદક ન થાય; તેથી એ પરસ્પર ગુણગાન કરી પોત-પોતાની ન્યૂનતાને પૂર્ણ કરે છે, એ ગુણગાન કરવાનો તાત્પર્યાર્થ સમજવો. જેના હૃદયમાં સમ્પૂર્ણ સ્વરૂપ આવ્યું તેને નિરોધ સિદ્ધ થાય છે તેથી જ થોડો નિરોધ ગોપોનો અને ભોગ્ય ગોપી સિવાયની બીજી સ્ત્રીઓનો પણ સૂક્ષ્મ નિરોધ સમજવો. પુષ્ટિ-સૃષ્ટિમાં ઉત્પન્ન થયો તેને ભોગ એતત્પર્યવસાયી છે. એવો અધિકાર દુર્લભ છે તેથી જેનો કોઈ અંશમાં ન્યૂન નિરોધ છે તેને મુક્તિ આપી અને પાછો એનો આશ્રય સિદ્ધ કરાવે છે. એને માટે એકાદશ અને દ્વાદશ સ્કન્ધની લીલાનો ઉપયોગ છે. આ મુખ્ય ફલ બ્રહ્માનન્દભાવ થયા પછી મળે છે તેથી બ્રહ્માનન્દરૂપા લક્ષ્મી કહી છે. એ લક્ષ્મીના અંશોને તો ક્રમથી, એક વ્યવધાનથી, બે વ્યવધાનથી એમ ફલ છે, સાક્ષાત્ નથી. તેથી જ પ્રકરણના અન્તમાં સ્ત્રીઓનું નિરૂપણ હોવાથી એ સ્ત્રીભાવથી ભોગ્ય છે. તેથી શ્રીશુકદેવજીએ મુખ્ય સ્ત્રીઓને આ પ્રકરણમાં વર્ણવી છે. તેથી દંડકારણ્યવાસી ઋષિઓને પણ સ્ત્રીત્વ થયું છે, કેમકે પુરુષરૂપનો ભોગ સ્ત્રીશરીર વિના ન થઈ શકે તેથી ભગવાને ભક્તોને અધરામૃત આપી સ્વચ્છન્દ કર્યા તે ગોપો ગુણગાન કરતા આવે છે. ભગવાન્ વૃન્દાવનમાં સ્વચરણ સ્થાપન કરતા આવે છે તેથી ભક્તિનું પૃથ્વી ઉપર સ્થાપન થાય છે. આથી ભગવાન્‌નો ગૂઢ સ્ત્રીભાવ ક્વચિત્ કહ્યો છે.

વેણુ સર્વ પ્રાણીઓના મનને હરી લે છે. હે રાજન્! પ્રાણીમાત્રના મનને હરણ કરનારા ભગવાન્‌ની વેણુના રવને સાંભળતા વ્રજની બધી *સ્ત્રીઓ વર્ણન કરવાને માટે ભેગી થઈને એકબીજાને સાંભળવા સંભળાવવા લાગી ।।૬।।

**વિશેષ** : ભગવાને પ્રથમ સ્વરૂપને મુખ્ય રાખી વેણુનાદને ગૌણ કર્યો ત્યારે સાંભળનારને સ્વરૂપનો અનુભવ થયો તેથી એ વર્ણન કરી ન શક્યાં, કેમકે અનુભવ કરતી વખતે એની વાત કોઈ ન કરી શકે, પણ એ સિવાયના કાળમાં એમ બને તેથી ભગવાન્‌ને તો એ સ્વરૂપનું વર્ણન ભક્તના મુખથી કરાવવાની જરૂર છે. તેથી એમણે સ્વસ્વરૂપને ગૌણતા આપી અને જ્યારે નાદને પ્રધાનતા આપી એવો નાદ એમના કાનમાં મૂક્યો ત્યારે સ્વરૂપ ગૌણ થતાં નાદની મુખ્યતા આવતાં ગોપીજનો પોતાની સમાન શીલ વ્યસનવાળી સખીઓની પાસે એ સ્વરૂપનું વર્ણન

કરવાને શક્તિશાળી થઈ. એ જ આ શ્લોકમાં કહ્યું છે. ગોપસ્ત્રીઓને પતિઓ વનમાં ગયા પછી બીજું કાંઈ કામ ન હોય તેથી બધાં મળી જે-જે અંશ જેણે સાંભળ્યો તેનું વર્ણન તે-તે ગોપી કરવા લાગી, જેનાથી અખંડ સ્વરૂપ સર્વના હૃદયમાં સ્થિર થયું. તેથી સર્વને સમાન ફલ સિદ્ધ થયું. એ જ વર્ણન આગળ ગોપીઓ કરે છે.

***ગોપીઓ બોલી** : હે સખીઓ! પશુની પાછળ ચાલતા વ્રજેશના પુત્રનું મુખ જેણે સર્વ ઇન્દ્રિયોવડે સેવ્યું છે અથવા અનુરક્તિવાળા કટાક્ષો જેમાંથી છૂટે છે તેવા શ્રીમુખને જેણે નેત્રદ્વારા હૃદયમાં ઉતાર્યું છે તેણે જ ઇન્દ્રિયોને સફલ કરી છે અથવા નેત્રનું ફળ પ્રાપ્ત કર્યું છે, કેમકે ઇન્દ્રિયોવાળાને એ સ્વરૂપની સેવા સિવાય બીજું ફળ નથી. તેમજ નેત્રવાળાને એનાં દર્શન સિવાય બીજું ફળ હોય એમ અમો (શ્રુતિઓ) માનતાં નથી. એ જ ફળ મુખ્ય છે ।।૭।।

**વિશેષ** : ભગવાને જે સ્વરૂપ વેણુદ્વારા ગોપીઓના હૃદયમાં દાખલ કર્યું તેનું જ અનુવર્ણન તેર શ્લોકથી ગોપીઓ કરે છે. સંયોગ અને વિપ્રયોગ એવા બે રસના બે શ્લોક, એક શ્લોકથી વેણુને પૂર્યો, વૃન્દાવનમાં સ્વચ્છન્દ ચરણથી ફરવાનું વર્ણન એક શ્લોકથી કર્યું, એટલે ચાર શ્લોક તો એ વેણુગીતની પીઠિકાના થયા. ત્યાર પછીના છ શ્લોકથી વેણુનાદ ભગવદ્રૂપ છે એમ બતાવવા છ ગુણ પુષ્ટિમાર્ગીય જુદા છે તે એક-એક શ્લોકથી કહ્યા, એટલે દશ શ્લોક થયા. બે શ્લોકથી વૃન્દાવનમાં ભક્તિનું સ્થાપન કર્યું. એક શ્લોકથી મર્યાદાથી જુદી રીત કરી એનું સમાધાન કર્યું છે. એમ તેર શ્લોકથી વેણુગીત ગોપીઓએ ગાયું છે. એમાં પ્રથમ વર્ણન ન થઈ શક્યું, ત્યારે શ્રીશુકદેવજીએ વર્ણન કર્યું એ કહે છે. એમાં પ્રથમ સ્વરૂપથી રસાત્મક ભગવાન્‌ને કહે છે કે આ પોતાના હૃદયમાં જે સ્વરૂપ ભાવનાથી દેખાયું તે રૂપ ફલરૂપ છે ભગવાન્ સાથે ૧. આલાપ કરવો, મળે ત્યારે ૨. દર્શન કરવું, આશ્લેષ અથવા ૩. સેવા કરવી તેવી રીતે ૪. સ્પર્શ કરવો, ૫. અધરામૃતનું પાન કરવું ૬. ભોગ કરવો ૭. રોમાંચ થવો ૮. એનાં કૂજનને સાંભળવાં ૯. એની સુગન્ધ લેવી ૧૦. એની પાસે નિત્ય જવું, આ દશ ઇન્દ્રિયોવાળાને ફલ છે. અન્યથા એમ ન હોય તો મોક્ષ પણ વૃથા છે. ૧૧. મન સર્વ ઇન્દ્રિયોમાં અનુસ્યૂત સમજવું તેથી ભાવના કરવી એ એનું કાર્ય છે. જેમ આંખવાળાને કાયમ અન્ધારામાં રહેવાથી આંખનું ફળ મળ્યું ન ગણાય તેમ ઇન્દ્રિયોવાળાને મોક્ષ નકામો છે તેથી જ ગોપીઓએ કહ્યું કે આ જ ફલ છે, ઇન્દ્રિયોવાળાને બીજું મોક્ષ આદિ ફલરૂપ નથી. ઇન્દ્રિય રહિતને મોક્ષરૂપ ફલ ભલે હોય. અહીં વ્યવસ્થિત વિકલ્પ ઉપર બતાવ્યો છે તે યોગ્ય છે; એટલે **''આત્મલાભાન્ન પરં વિદ્યતે''** ઇત્યાદિ શ્રુતિઓ પણ સાવકાશ થઈ ગઈ. આમાં સર્વ શ્રુતિઓની સમ્મતિ બતાવવા

**'સખ્ય:'** એમ સમ્બોધન આપ્યું છે. મિત્રોની સાથે પશુને વનમાં લઈ જતા રામ-કૃષ્ણનું મુખ જેણે સેવ્યું છે અથવા જોયું છે તેણે જ ઈન્દ્રિયોનું અથવા નેત્રનું ફલ પ્રાપ્ત કર્યું છે. એમાં અગિયાર ઈન્દ્રિયથી સેવન કરનાર કરતાં કેવળ નેત્રથી જોનાર ગૌણ છે એમ બતાવવામાટે **'વા'** શબ્દ મૂક્યો છે. બળદેવજી આવેશવાળા છે તેમનું મુખારવિન્દ સ્પષ્ટ ન હોવાથી અથવા ગોપી મુખનિરૂપણ કરે છે ત્યારે બીજું મુખ એના ધ્યાનમાં ન આવતાં એક મુખ દેખાતાં **'વક્ત્રમ્'** (મુખ) નું એકવચન કહ્યું છે. વળી બલભદ્ર વ્રજેશના પુત્ર નથી, જો ભગવાન્‌ના આવેશવાળા છે એમ કહો તો આવેશ અને આવેશી તો ધર્મ-ધર્મી ભાવથી એક જ ગણાય, એવું પણ સમાધાન સમ્ભવે છે. વેણુના સેવનમાં જેને સ્વર આદિમાં પ્રીતિ છે. અથવા તો જેને ભગવાન્‌ના શ્રીમુખમાં કામ આદિ ભાવથી કટાક્ષ આદિમાં લોભ છે અને તેને લીધે જે મુખને સેવનાર છે તેમના ભાવ પણ સોપાધિ છે અને આરાધન બુદ્ધિથી કે સ્વામિપુત્ર છે એવી અનુરોધ બુદ્ધિથી સેવન કરનારની ભક્તિ પણ ગૌણ છે, એમ બતાવવામાટે પણ 'વા' શબ્દ અનાદરવાચક મૂકાયો છે. તેથી કોઈ પણ સ્વાર્થ લેશ વગર સહજ સમ્બન્ધ પ્રભુકૃત જેને છે તેનું જ સેવન તે જ ખરું સેવન છે એ જ ભગવદ્વશીકાર હેતુ છે, અન્ય તો સ્વરૂપથી જુદા ફળવાળા ભાવો છે,એમાં જ નિર્ગુણ સગુણ ભાવ પણ આવીજાયછે.

(એક શ્લોકથી સંયોગ રસરૂપનું વર્ણન કર્યું. હવે બીજાથી કેવળ રસરૂપનું વર્ણન કરે છે) આમ્રના *પલ્લવ, મયૂરનાં પિચ્છ, કુમુદ અને કમળ ની માળા અને એને શોભાવે તેવાં વસ્ત્રો તેનાથી વિચિત્ર છે વેષ જેનો તેવા બન્ને ભાઈઓ પશુપાલની ગોષ્ઠિમાં, જેમ રંગભૂમિ ઉપર નટવરો શોભે તેમ, શોભવા લાગ્યા ।।૮।।

**વિશેષ** : આમાં ગુણો અને માયા એટલે પલ્લવ, મયૂર પિચ્છ અને વસ્ત્રો વેષમાં ઉપયોગી છે, માટે રસ બતાવવામાટે ચાર વસ્તુઓ ઉપયોગી છે એમ કહે છે. રસ, રૂપ અને સુગન્ધની સ્થિતિ પ્રવાલ, પિચ્છ અને કમળ માં છે. ધર્મીના આચ્છાદનને માટે માયા પણ આમાં કહેવામાં આવી છે. વસ્તુ બતાવવામાટે પ્રથમ પલ્લવ કહ્યો છે. જ્યારે રસશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તે-તે ભાવોનું જ્ઞાન થાય ત્યારે ભાવ કલિકારૂપ થાય ને ભાવ ખીલે અને એમાંથી એને કથા વૈચિત્ય થાય તે ભાવની પુષ્પાવસ્થા. તે પુષ્પાવસ્થાવાળા ભાવમાંથી વાસ નીકળે. જ્યારે તેમાંથી વાસ આવે ત્યારે બધાના જાણવામાં આવે તો રસનું સ્વરૂપ બગડી જાય, માટે એની કોઈને ખબર ન પડે તેમ રાખવામાટે એને માયાથી આચ્છાદિત કરવો જોઈએ. એટલા માટે રસમાં પીતામ્બર ઉપયોગી છે. એક રસને ઉત્પન્ન કરવામાં આ બધું વર્ણવવાની જરૂર પડી. આ રસની મર્યાદા રસશાસ્ત્રકારોએ કહી છે. એ જ શાસ્ત્રમાં વર્ણન કરેલો રસ જ ભગવાન્‌નું રસાત્મક સ્વરૂપ છે.

જ્યારે રસાત્મા પ્રકટ થાય છે ત્યારે રસાનુભવ થાય. ત્યારે જ તે 'રસ' કહેવાય છે. (કારિકા) રસ, રૂપ અને સુગન્ધ એ ત્રણના પરસ્પર ગુણપ્રધાન ભાવવડે નવ રસ થાય છે. એમ રસનું સ્વરૂપ કહી એનાં પોષક વાદ્ય અને ગીત પણ સમાજમાં કહે છે. પશુપાલોની સભા કાંઈ ગુપ્ત નથી હોતી તેથી અહીં રસ સુલભ છે. વાદ્ય, ગીત અને નૃત્ય ત્રણે સમાન હોય તો ઉત્તમતા ગણાય. રંગ મંડપમાં નટવર ગાય છે એમ દષ્ટાન્ત છે તેથી આ ગાન કાંઈ મનમાં આવ્યું તેમ બોલાય છે એમ નથી, પણ સંગીત શાસ્ત્રના નિયમોને અનુસરીને બોલાય છે એમ સૂચવ્યું છે, કેમકે રંગમંડપમાં જે નાચવું ગાવું થાય તે શાસ્ત્રને અનુસરીને જ થાય છે આ રાજસ ભાવનું નૃત્ય કહ્યું. સાત્વિક નૃત્ય તો **''ક્વ ચ ગાયમાનૌ''** પદથી કહ્યું છે તે તો કોઈ સ્થળ વિશેષમાં હાથનો અભિનય બતાવતાં શ્રમરહિત ગાન કરે છે એ લોકપ્રસિદ્ધછે.

શ્રીપુરુષોત્તમજી મહારાજે આ શ્લોકના **'પ્રકાશ'**માં રસ શાસ્ત્રથી કેમ સિદ્ધ થાય છે તે બતાવવાનો પ્રયત્ન કર્યો છે. એ બહુ વિસ્તારપૂર્વક સમજાવ્યો છે. વિશેષ જિજ્ઞાસુએ એ ગ્રન્થમાંથી જોઈ લેવું. એ બધું સાહિત્ય મુદ્રિત થઈ ગયું છે એટલે સુલભ છે.

(એમ સંયોગ વિપ્રયોગ રસ બતાવીને એ રસની આધિદૈવિકતાનો સમ્પાદક વેણુનાદ છે તેનું વર્ણન કરે છે કે) હે ગોપીઓ! આ *વેણુ પુરુષ જાતિનો હોવા છતાં તેણે પૂર્વ જન્મમાં એવું શું પુણ્યકર્મ કર્યું હશે કે જે દામોદરના અધરમાં રહેલી ગોપી સમ્બન્ધી અધરસુધાને ભોગવે છે? જેના ભોગથી બચેલી સુધાનો ભોગ નદીઓ અને વૃક્ષો કરે છે જેથી એ નદીઓ પુલકિત થાય છે, જ્યારે વૃક્ષોને ભગવદ્ભક્તોની જેમ હર્ષાશ્રુ આવે છે ।।૯।।

**વિશેષ** : જો કે વેણુ ભોજન કરતો નથી, પણ મુખ ઉપર ધર્યો છે તેથી બીજાને માટે એ ભોજન કરતો હોય એમ લક્ષણાથી સિદ્ધ થાય છે, પુરુષને એનું ભોજન સમ્ભવે નહિ, નહિ તો ભગવાને જ એનો ભોગ કર્યો હોત. તેથી એ તો સ્ત્રી ભોગ્ય હોવાથી ગોપિકાનાં એમ સ્પષ્ટ શ્રીશુકદેવજી કહે છે. એ ભગવદ્ અધરસુધા ગોપીઓ સમ્બન્ધી છે. એ લક્ષ્મીભોગ્ય છે તેથી સમુદિત લક્ષ્મી અત્રે કહી છે. લક્ષ્મીજી સિવાય કોઈ એનો ભોગ કરી શક્તું નથી તેથી તેનો ભોક્તા પુરુષ જ ન હોય તો બીજી યોનિમાં ઉત્પન્ન થયેલ જીવ તો ક્યાંથી હોય? એમાં પણ વેણુ તો જડ છે. તેને ભોગ ન જ સમ્ભવે, પરન્તુ એનું પણ આધિદૈવિક સ્વરૂપ તો ચેતન છે તેને ભોગની સમ્ભાવના થઈ શકે એટલા માટે વિચાર કરે છે, વેદમાં એવો સિદ્ધાન્ત છે કે સર્વ સુખ ધર્મનું ફળ છે, ત્યારે વેણુ જે અધરસુધાનો ભોગ કરે છે એણે એવા ક્યા ધર્મનું આચરણ કર્યું હોય કે જેનું ફલ એ સુધા સ્વરૂપે લે છે? ધર્મો તો વેદમાં કહેલા છે તે આપણે ઉપનિષદ્રૂપ

હોઈને આપણાથી અજ્ઞાત તો ન હોવા જોઈએ. જે ધર્મોવડે આપણે પણ થયા છીએ તેમાં પણ આપણામાં સાધનનો વિરોધ નથી તેથી આપણામાં સ્ત્રીપણું છે. વેણુમાં પુંસ્ત્વ છે. (વેણુ સંસ્કૃતમાં નર જાતિનો શબ્દ છે) તેથી સન્દેહ થાય છે, તો પણ એ કર્મનું ફલ તો નથી તેથી સાધનબળનો નિશ્ચય કરીએ તો એવું ફલ એને મળવું ન જોઈએ. વેદમાં એવા ફલનું કોઈ સાધન કહેવામાં આવ્યું નથી, પણ એને ફળ મળે છે તે તો પ્રત્યક્ષ છે તેથી ફલ બળના વિચારથી સાધનનો અભાવ તો જણાતો નથી. આ કહેવાનો તાત્પર્યાર્થ એવો છે કે ભગવદ્વાણીરૂપી વેદમાં એવું સાધન નથી તો પણ જેને ભગવાન્ જ સાધનરૂપ થઈ જાય તેને ભગવાન્ એ ફલ આપી શકે; માટે ભગવાને જ આને એ ફલ આપ્યું હોય તો સમ્ભવે. આપવામાં કારણ કૃપા, એની મર્યાદામાં હીનતા છે. વળી એ દામોદરના અધરની સુધા ગોપીઓની છે. સુધાભોગ જીભવાળાથી થાય તે જીભ પણ વેણુને નથી તેથી પણ ભોગાભાવ સિદ્ધ છે. તેથી નાદનો ભોગ કરે તેમાં શંકા નથી, પણ સુધા ભોગમાં શંકા છે. પણ જો ભગવાન્ કૃપાથી આપે તો સમ્ભવે. અધર સમ્બન્ધમાં પાન સિદ્ધ છે એ અમારા અનુભવની વાત છે. આ તો અમારાથી પણ વધી જાય છે કે જેના પાનથી બચેલી સુધા વેણુ એનાં માતા-પિતાને આપે છે. નદીઓ એની માતા અને વૃક્ષો એના પિતા છે. એને અધર અમૃત મળ્યું હોય તેવા એનામાં ચિહ્ન દેખાય છે તે ઉપરથી સાબિત થાય છે, કેમકે નદીઓમાં કમળ એ એના રોમાંચરૂપ છે અને વૃક્ષમાં મધુધારા તે એના હર્ષાશ્રુરૂપ છે. તે બન્નેમાં બે ગુણ સુધાના સમ્બન્ધ વિના સમ્ભવે નહિ, માટે એને પણ વેણુના ભોગવતાં બાકી રહેલો અંશ મળ્યો લાગે છે, નહિ તો એની એવી દશા ન હોવી જોઈએ. તેથી ભગવદ્ભક્તને જેમ ભગવદ્ધર્મ હૃદયમાં આવે ત્યારે રોમાંચ અને અશ્રુ વગેરે વિકારો થાય છે તેમ આ નદીઓ અને વૃક્ષો માં પણ ભગવદ્ અધરસુધા આવવાથી એવા વિકારો થયા જણાય છે તેથી બાળકના ભોજન કરતાં બચેલું એનાં મા-બાપ સ્નેહને લઈને ખાઈ જાય છે તેમ વેણુનાં મા-બાપે એને ભોગવતાં બચેલી સુધાનો ભોગ કર્યાનું સિદ્ધ થાય છે.

હે સખી! દેવકીસુતનાં ચરણકમળથી જેને શોભા પ્રાપ્ત થઈ છે તેવું વૃન્દાવન પૃથ્વીની કીર્તિને વધારે છે. (પૃથ્વીને ધન્ય છે કે એની ઉપર વૃન્દાવન છે જેમાં ભગવાન્ સાક્ષાત્ વિહાર કરે છે) એ વૃન્દાવનમાં ગોવિન્દ નૃત્ય કરે છે તેને જોઈને પાછળથી મયૂર નાચે છે ત્યારે પર્વતના શિખરથી લઈને ભૂતલ પર્યન્તનાં સર્વ પ્રાણીઓ પોત-પોતાના વ્યાપાર છોડીને નૃત્યને લક્ષીને શાન્ત થઈને અને જોઈને *ભક્તિરસને અનુભવે છે ।।૧૦।।

**વિશેષ :** વૃન્દાવનમાં પ્રભુ વિહાર કરે છે. તેમાં ચરણનું સ્વરૂપ કહે છે કે દેવતાનાં ચરણ પણ પૃથ્વીનો સ્પર્શ કરતાં નથી તો એનાથી ઉત્તમ ભગવાન્‌નાં ચરણ તો પૃથ્વીનો સ્પર્શ કેમ જ કરે? પુરુષોત્તમના અંશ પુરુષ તેના આધિભૌતિક પદરૂપ પૃથ્વી છે, આધ્યાત્મિક ઇન્દ્રિયરૂપ પાદ છે; અને આધિદૈવિક પાદ આનન્દરૂપ છે. એને પણ પૃથ્વીનો સમ્બન્ધ નથી. પૃથ્વીમાં પણ (મધુ) દૈત્ય સમ્બન્ધિની ભૂમિ છે તેમાં પણ સ્ત્રીની ભૂમિ વૃન્દાનું વન ગણાય તેમાં ભગવાનનાં ચરણ દેખાય છે તેથી એનાં ભાગ્યનાં ગોપીઓ વખાણ કરે છે. એ ભૂમિનાં ભાગ્ય કે જેમાં ધ્વજ, વજ્ર, અંકુશ, યવ વગેરે ચરણચિહ્‌ન પ્રતિફલિત થાય છે. અમારું હૃદય પણ તત્સમાન ધર્મવાળું છે છતાં એમાં ચરણ પ્રતિફલિત નથી થતું તેથી ગોપીઓ પોતાની નિન્દા કરે છે. આ ગોપી નિર્ગુણા છે તેથી સપત્નીના ભાગ્યનું વર્ણન કરે છે. તે વૃન્દાવન વ્યાપિ વૈકુંઠમાં હોત તો ચિન્તા ન હતી, પણ એ હાલ તો પૃથ્વી ઉપર છે તેથી પૃથ્વીનાં ભાગ્ય છે. પૃથ્વીની કીર્તિને વૃન્દાવને વધારી દીધી છે. જેમ કૃપાથી દેવકીજીના પુત્ર થયા તેમ કૃપા કરી અમારા મનોરથો પણ સિદ્ધ કરશે એમ ધારી 'દેવકીસુત' કહ્યા છે. અહીં વર્ણન કરનાર સ્ત્રીઓ છે તેથી પણ એને દેવકીજીના પુત્ર કહ્યા છે. ખરી રીતે પુરુષોત્તમ સ્ત્રીની ઉપર કૃપા કરવા પૃથ્વી ઉપર પધાર્યા છે. પુષ્ટિમાર્ગમાં ચરણ પ્રધાનભૂત છે. એ ચરણ કમળ જેવાં છે. કમળ તો સ્ત્રીના હૃદયના તાપને દૂર કરે તે એના હૃદય ઉપર શોભે એમાં પણ ધ્વજ, વજ્ર, અંકુશ વગેરે ચિહ્‌નો વૃન્દાવનમાં પ્રતિફલિત થયાં છે લક્ષ્મી પણ એ કમળમાં નિવાસ કરે છે. પૃથ્વી પણ જ્યારે આર્દ્ર હોય ત્યારે જ પદનું પ્રતિફલન એમાં થાય તેથી ચરણસ્પર્શ થતાં પૃથ્વીને પણ સાત્વિકભાવથી સ્વેદ થતાં આર્દ્રતા થાય છે. તેમાં પ્રતિફલન થતાં એ પૃથ્વીને શોભારૂપ થાય છે. તેથી પૃથ્વીની કીર્તિ વૃન્દાવનથી કહી, એટલું જ નહિ, પણ એમાં ભક્તિનું સ્થાપન પણ કર્યાનું કહે છે કે જ્યારે ભગવાન્ વેણુનાદ કરે છે ત્યારે શ્યામ મેઘ ગાજતો હોય એવો શબ્દ થાય છે તેને સાંભળીને મયૂરો મદથી ગાંડા બની જાય છે. વેણુનાદ વખતે મયૂરને દેહનું વિસ્મરણ થાય છે અને નાચવા લાગે છે. એથી ભક્તિનો ઉદ્રેક કહ્યો. ભક્તને પણ ભગવાન્‌નું સ્મરણ થાય ત્યારે નાચવા લાગે છે. મયૂર જેવા ભક્તો વૃન્દાવનમાં રહે છે તેથી પણ વૃન્દાવનની શોભા છે. વૃન્દાવન પણ એવાં પ્રાણીઓનું રક્ષણ કરે છે. જ્યારે મયૂર નૃત્ય કરે છે ત્યારે ગિરિરાજમાં બીજા પ્રાણીમાત્ર શાન્ત થઈને સાંભળે છે. તેથી એક ભક્ત છે અને બીજા બધા જ્ઞાની છે. નીચે તો સર્પ રહે છે તેને જ્ઞાની કેમ કહેવાય? ત્યાં કહે છે કે જ્યારે મયૂર નાચે છે ત્યારે બધાં પ્રાણી પોતાનું સ્થાન છોડી પર્વત ઉપર જઈને જોતાં ચૂપ રહે છે તેથી બધાં જ્ઞાની છે અને ઊર્ધ્વગતિવાળાં છે.

(પ્રથમ હરિણીનાં ભાગ્યને વખાણે છે કે) આપણા કરતાં આ *હરિણીઓ

ધન્ય છે કે જેણે નવો શૃંગાર ધારણ કર્યો છે તેવા નન્દકુમારને જોવામાટે પોતાના પતિઓને સાથે લઈને જાય છે અને એના વેણુના રણકારને સાંભળીને ભગવાન્‌ની પોતાના નેત્રકમળવડે પૂજા કરે છે અને ભગવત્કૃત સત્કારને સ્વહૃદયમાં સ્થાપન કરે છે ।।૧૧।।

**વિશેષ** : કૃષ્ણમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એમ છ ભગ છે તેથી ભગવાન્ કહેવાય છે. એ એક-એક ભગ હરિણીઓ, અપ્સરાઓ, ગાયો, પક્ષીઓ, નદીઓ અને મેઘ એમ છ માં દેખાય છે. એ વાત અહીં છ શ્લોકથી કહે છે. એમાં ઐશ્વર્યનું લક્ષણ એવું છે કે જ્યારે મૂઢ પશુ જાતિ પણ પૂજા કરે ત્યારે નિરુપાધિ ઐશ્વર્ય કહેવાય છે. તે ઐશ્વર્ય હરિણીમાં દેખાયું છે. વીર્યની દેવમાં અસર થવી જોઈએ તેમાં પણ સ્ત્રીઓમાં અને એ પણ કામથી અસર થાય તો એ વીર્ય શ્રેષ્ઠ ગણાય છે. એમાં પણ પુરુષની સમક્ષમાં એ અપ્સરાઓને દેહાનુસન્ધાન રહ્યું નથી તેથી એમાં વીર્ય કહેવામાં આવ્યું. મૂઢ પશુઓને ખાનપાનમાં આસક્તિ છે. તેને છોડાવી દે અને તેને પોતાના ધર્મમાં જોડે તો યશ કહેવાય. એ ગાય અને વત્સ માં કહેવામાં આવ્યું છે. અહીં તામસ, રાજસ, સાત્વિક અને ગુણાતીત કહ્યા છે. વૃન્દાવન, મુનિઓ, પક્ષીઓ અને ગોવર્ધન એ બધા ગુણાતીત છે અને એમાં આસક્તિવાળા પણ ગુણાતીત ભાવવાળા સમજવા. ભગવાન્‌નો 'શ્રી' નામનો ગુણ પક્ષીઓમાં પ્રસિદ્ધ છે. સેવક પણ સ્વામી જેવા ગુણાતીત થઈ જાય ત્યારે શ્રીની પરાકાષ્ઠા જણાય છે. એ વાત પક્ષીઓમાં છે અને વૃન્દાવનમાં મુનિઓ જ પક્ષીરૂપે લીલામાં આવીને રહ્યા છે. સ્વભાવ બદલાઈ જાય ત્યારે જ્ઞાન થયું કહેવાય. તે અહીં નદીઓમાં પ્રવાહ ધર્મ છૂટી ગયો, વહેણ અટકી ગયું તેથી સિદ્ધ થાય છે. ભગવાન્‌નાં ચરણમાં પ્રીતિને લીધે સર્વસ્વ આપીને ભગવાન્‌ના દુઃખને પણ નિવારણ કરે તે 'વૈરાગ્ય' કહેવાય. એ કાર્ય અહીં મેઘમાં જોવામાં આવે છે. એ પણ સ્નેહથી કરે તો એ સેવકને લાયક સેવા ગણાય. (કારિકા) જ્ઞાન ક્રિયાનું વિશેષણ હોવું જોઈએ. ક્રિયાનો ઉત્કર્ષ પૂજામાં છે તે પૂજા પણ જ્ઞાન સાધનથી જ્ઞાનમય દ્રવ્યથી ભગવદ્‌વિષયક થાય તો 'ઉત્તમ' કહેવાય. એમાં સ્વજ્ઞાન અને ભગવદ્‌જ્ઞાન તે બન્ને એનું અંગ હોવું જોઈએ. આવી ક્રિયા ન હોય તો બધું વૃથા છે. મનુષ્ય સિવાયમાં પણ જો હોય તો એ ઉત્તમ સમજવું. આવો પૂર્વપક્ષ કરીને એનો ઉત્તર આપે છે. સ્ત્રીનું પ્રકરણ છે માટે હરિણની સ્ત્રીઓ ધન્ય છે. પોતાની અકૃતાર્થતા સ્ફુરતા-દીનતા થતાં ભગવાન્ કૃપા કરીને દર્શન આપે છે તેથી **'એતાઃ'** એમ કહ્યું છે. જેણે નન્દનન્દનને જોઈને, વેણુનું રણિત સાંભળીને ભગવાન્‌નું પ્રેમથી અવલોકન કર્યું તે રૂપપૂજા પોતાને વિશે ધારણ કરી. ભગવાને વિચિત્ર વેશ ધારણ કર્યો તે જોયો

અને એમના વેણુનો શબ્દ પાસે આવીને સાંભળ્યો તેનાથી દૈહિક ધર્મો-ભય-વગેરે એને બાધક ન થયા. પતિની સાથે એ ત્યાં આવી એ એના સ્વામી પણ એને રોકનાર નથી, કેમકે એ **કૃષ્ણસાર** કૃષ્ણને ફળરૂપ માનનાર છે. અમારા પતિઓ તો અમારામાં અભિમાન રાખનાર છે તેથી પણ હરિણીઓ ધન્ય છે, અમે અધન્ય છીએ. ભગવાન્‌ને સ્નેહપૂર્વક જોયા એ જ હરિણીની પૂજા તે ભગવાન્‌ને અર્પણ કરી, નેત્રો જ જ્ઞાનરૂપી સુગન્ધવાળાં, જ્ઞાન ઉત્પન્ન કરનારાં કમળો છે. તેનાથી પૂજા કરી તે સર્વોત્તમ ગણાય. ભગવાને તેની તરફ દયાવડે જોયું. પ્રાણીમાત્રનું ભગવાન્ પ્રત્યે એ જ કર્તવ્ય છે. ભક્ત પ્રત્યે ભગવાન્‌નું પણ એ જ કર્તવ્ય છે. પ્રેમપૂર્વક ભગવાન્‌ને જોવા એ જીવ કર્તવ્ય, દયાપૂર્વક ભક્તને જોવા એ ભગવત્કર્તવ્ય છે.

વનિતાના મનને આનન્દ આપે તેવા સુન્દર વેશવાળા શ્રીકૃષ્ણને જોઈને અને એના વેણુના કવણનને સાંભળીને વિમાનમાં ફરનારી દેવીઓ કામ વ્યાકુળ થતાં એનું બલ ક્ષીણ થયું તેના કેશપાશમાંથી પુષ્પ નીચે પડી ગયાં અને કપડાં ખસી ગયાં તેનું પણ એને ભાન રહ્યું નહિ અને *મોહિત થઈ ।।૧૨।।

**વિશેષ :** આ શ્લોકમાં અપ્સરાઓને વેણુનાદથી જે અસર થઈ તે કહે છે. કૃષ્ણ શબ્દ કહ્યો છે તેથી સ્ત્રીનો નિરોધ કહ્યો છે. સાક્ષાત્ આનન્દને જોઈને આનન્દના સાધનમાં રુચિ ન થાય તે સ્વાભાવિક છે. જોનાર દેવીઓ છે. તેણે ભગવાન્‌નું દર્શન દિવ્યદષ્ટિથી કર્યું છે. એ પણ સદાનન્દનું દર્શન કર્યું, કેમકે સદાનન્દ પોતાના સજાતીયના ઉદ્ધારાર્થ પધાર્યા છે એ જ 'વનિતોત્સવ' એ વિશેષણથી કહ્યું છે. વનિતાને માટે સુન્દર વેશ જેણે ધર્યો છે. ઉત્સવ અનેક હોય છે. તે-તે ઉત્સવ ઉપર તે-તે શૃંગાર ધરવાની રીતિ છે. પરન્તુ અહીં તો કેવળ વનિતાને ગમે તેવો વેશ પ્રભુએ ધર્યો છે. **''વનં યૌવનં પ્રાપ્તાઃ અથવા વનમિતાઃ એમ ઈતચ્''** પ્રત્યય કરવો. વનમાં ગયેલો પાછો સંસારમાં આવતો નથી. યૌવનમાં **''યુ મિશ્રણામિશ્રણયોઃ''** તેમાં મિશ્રણાર્થે 'વન' એવો અર્થ કરીએ તો તેમને જ ઉત્સવ થવા માટે ભગવાને વેશ ધરાવ્યો છે. સર્વ આભરણથી સજ્જ થઈને સર્વ વનિતાઓ જેમ વેશરસનો પુરુષાર્થ અનુભવમાં આવે તેમ વર્તી. આથી એમ કહેવામાં આવ્યું કે આ વખતે ભગવાન્‌નાં દર્શન કરીને જેને ઉત્સવ ન થયો તેનો જન્મ વિધવાની જેમ વૃથા ગયો. બહારનાં ઘરેણા અલંકાર છે; તેમ પ્રેમ, જ્ઞાન વગેરે આન્તર અલંકાર પણ જોઈએ. બહાર રસનો અનુભવ થાય તેમ અન્દર પણ રસાનુભવ થવો જોઈએ. ભગવાન્‌ની પાસે આવીને એમણે વેણુ-કવણિતનું શ્રવણ કર્યું. વેણુમાંથી પ્રકટ થતાં અનેક ગીતને સાંભળવાનો મનોરથ હતો. તેમાં એક જ ગીતથી મોહિત થઈ ગયાં. શૃંગારમાં સર્વરસ છે એમ નાટ્યશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. એ ગીતમાં વિચિત્રતા

કહી તેથી બધા રસોનો બોધ થાય છે. જો કે દેવીઓ મનુષ્યને પૂજવા યોગ્ય છે, વિમાનમાં ફરનાર છે, એ મનુષ્યથી ભોગ્ય નથી તેમ દુઃખ સહન કરવા લાયક પણ નથી, તો પણ સ્વર સાંભળવાથી જ એની શક્તિ નષ્ટ થઈ ગઈ. શરીર અને ઇન્દ્રિય કરતાં મન બલિષ્ઠ છે. એમાંથી કામે બધો વિવેક હરી લીધો તેથી એ પૃથ્વી ઉપર ન આવ્યાં, પગથી ન આવ્યાં કે પોતાની મેળે ભગવાન્ પાસે આવી ન શક્યાં, પણ કેવળ મોહિત થઈ ગયાં એ કેવળ મનમાં જ મોહ ન રહ્યો, પણ ઉપર નીચે બધે મોહ વ્યાપ્ત થયો તેથી કેશપાશ ચૂંથાઈ ગયો અને નીચેનું વસ્ત્ર પડી ગયું એનું પણ ભાન રહ્યું નહિ. આથી આ લોક અને પરલોક ના ફલનો ત્યાગ સૂચવ્યો. વિમાનમાં હતાં એટલે નીચે પડ્યાં નહિ. દેવયોનિ હોવાથી તેમનું મરણ ન થયું. ભગવાન્‌ના ઉપયોગનાં એ ન હોવાથી બીજાને પણ એનો ઉપયોગ ન થવા માટે આ મોહ થયો તેથી અપ્સરાનું આ ચરિત્ર રસાભાસરૂપ ગણાય. ભગવાન્‌ના વીર્ય એટલે પરાક્રમનો ધર્મ એટલો પ્રબળ કે અપ્સરાનું પણ પોતાનું મન સ્થિર રાખવાનું સામર્થ્ય ચાલ્યું ગયું અને અન્તે મોહિત થઈ ગઈ.

શ્રીકૃષ્ણના મુખથી નીકળેલ વેણુના ગીતરૂપી અમૃતને ઊંચા કાનરૂપી પડિયાથી પાન કરતી ગાયો ઊભી થઈ ગઈ. વાછડાં એની માતાનાં સ્તનપાન કરતાં હતાં તેનાં મુખ એમ જ ખુલ્લાં રહી ગયાં જેમાંથી દૂધ બહાર ચાલ્યું ગયું અને ગાયો તથા વત્સોએ ભગવાન્‌ને હૃદયમાં પધરાવવાથી એની આંખોમાં અશ્રુબિન્દુ આવી ગયાં* ।।૧૩।।

**વિશેષ :** આ શ્લોકમાં ભગવાન્‌ના વેણુનાદથી ગાયો અને વાછડાં ઉપર કેવી અસર થઈ એ કહે છે. એ યશનું લક્ષણ કહ્યું છે. તેમાં કહ્યું છે કે મૂઢને પણ પ્રત્યક્ષ આસક્તિને છોડાવી દે એ યશ કહેવાય, તો અહીં પ્રત્યક્ષ આસક્તિ પશુને ઘાસ ખાવામાં અને વત્સને દુગ્ધપાનમાં છે. તે વેણુનાદના શ્રવણથી છૂટી જાય છે તેથી યશોવર્ણન આ શ્લોકનો વિષય છે. એમાં પણ કૃષ્ણમુખ નિર્ગત વેણુગીત પીયૂષ એટલાં બધાં વિશેષણો નાદનાં છે તેથી એ વિલક્ષણ નાદ કર્યો છે એમ સ્પષ્ટ થાય છે; નહીં તો કૃષ્ણગીત એમ જ કહે. તેથી ભગવાને એવો નાદ કર્યો છે કે જે પશુ તે રસનાં જાણકાર ન ગણાય તેનાં હૃદયને પણ પોતાના સ્વરૂપમાં આસક્ત કરી શકે. કર્ણને 'પુટ' કહ્યા છે તેથી એને ઊંચા રાખ્યા છે તેથી પણ રસજ્ઞતા એમાં ઊતરી જણાય છે. પશુઓએ પણ હૃદયમાં ભગવાન્‌નો સ્પર્શ કર્યો છે એવું મૂળમાં સ્પષ્ટ છે.

હે માતાજી! ઘણું કરીને આ પક્ષીઓ વૃન્દાવનમાં દેખાય છે તે મુનિઓ છે. એમને પક્ષીઓનો જન્મ કેમ થયો હશે? પણ એ જન્મ ધન્ય છે કે જેની ક્ષણ

શ્રીકૃષ્ણમાં જ જાય છે અને એમણે ઉચ્ચારેલા વેણુગીતને સુન્દર કોમળ પ્રવાલવાળી વૃક્ષની શાખા ઉપર બેસીને બીજી વાણી બોલવી છોડીને આંખો બંધ કરીને પક્ષીઓ (મુનિઓ) સાંભળે છે તેથી *કૃતાર્થ છે ।।૧૪।।

**વિશેષ** : પક્ષીઓ પાંખ આવે ત્યારથી પોતાના મા-બાપના સંગમાં પણ રહેતા નથી તો એને બીજાનાં સંગનો સમ્ભવ ક્યાંથી હોય? તેમ એને જ્ઞાન હોતું નથી તો એમાં જ્ઞાનગુણને બેસતો કરવો અસમ્ભવિત માની કહે છે કે એ પક્ષીઓ નથી પણ એ તો મુનિગણો જે ઘણા જન્મથી ભગવાન્નું મનન કરે છે. તે ભગવાન્ વૃન્દાવનમાં વિહાર કરશે એમ સ્વધર્મથી જાણી ગયા છે તેથી પક્ષીનું રૂપ ધરીને વૃન્દાવનમાં ભગવાન્ની લીલાને પ્રત્યક્ષ કરવાને આવી રહ્યા છે. તેથી **'બત'** ખેદના અર્થમાં નહીં પણ હર્ષના અર્થમાં છે એમ કહ્યું છે. એમણે ભગવાન્ની લીલા જોવાની સારી યુક્તિ શોધી કાઢી. કૃષ્ણે વેણુનાદ નહોતો કર્યો ત્યાં સુધી રૂપનું પાન કરતા હતા, જ્યારે વેણુનાદ કર્યો ત્યારે એને પણ સાંભળ્યો. પણ એ મુનિઓ હોવાથી ભગવાન્નો સમ્બન્ધ ન હોય તેવી વાણી બોલતા નથી અને નેત્રને બંધ કરીને શ્રવણ કરે છે. મુનિઓ વેદની શાખાને ભજનારા છે તે અહીં વૃક્ષ વેદરૂપ છે તેની શાખા ઉપર બેસીને સાંભળે છે, એટલે ત્યાં તો કાલ આદિનો ભય સમ્ભવતો નથી. નાદરસનો અનુભવ હૃદયમાં કરે છે. તેથી એ નાદ અલૌકિક અને દુર્લભ છે એમ પણ સિદ્ધ થાય છે. કોઈ મારશે એવો પણ એને ભય નથી, કેમકે કોમળ પત્રના સમુદાયની વચ્ચે બેઠા છે તેને કોઈ પણ જોઈ શકતું નથી. જે ઇન્દ્રિયો અને મન ને વ્યાપારમાં યોજનાર છે તેનો એણે સંયમ કર્યો છે તેથી એના મનનો પ્રવાહ કેવળ નાદરસનો જ અનુભવ કરી રહ્યો છે, એમ સ્પષ્ટ થાય છે.

ચેતનની વાત જવા દો, જડ એવી નદીઓને પણ મુકુન્દનું વેણુગીત સાંભળવામાં આવ્યું ત્યારે એને કામ થયો તે ભમરી પડવાથી જણાયો ત્યારે એણે તરંગરૂપી ભુજાવડે ભગવચ્ચરણનું આલિંગન કર્યું તેથી એનો પ્રવાહ અટકી ગયો. એણે કમળ ભેટ કરીને મુરારિના બન્ને ચરણને તરંગથી પકડી લીધા* ।।૧૫।।

**વિશેષ** : જ્યારે મુનિઓને ભગવાને કૃતાર્થ કર્યા ત્યારે નદીઓને પોતાને પણ કૃતાર્થ થવાનો વિચાર આવ્યો. ત્યારે એણે મુનિને ફળ મળ્યાનું જાણી પોતે પણ એ ભગવાન્નું ગીત સાંભળ્યું. સાંભળતાં તેમાં આવર્ત થવા લાગ્યાં. તે નદીની મૂર્છારૂપ છે. તેનાથી એને કામ થયો એટલે વિવેક જતો રહ્યો. આથી અચેતન પ્રાયને પણ ભગવત્સમ્બન્ધની ઇચ્છા થાય છે તેથી એણે ભગવાન્ના ચરણને અડકવાને માટે તરંગરૂપી ભુજ લમ્બાવ્યો અને પોતાના હૃદયરૂપ કમળને ભેટ મૂકવામાટે લઈને એને ચરણમાં મૂકી આલિંગન કર્યું એટલે પેતાનું હૃદયકમળ આપી

ભગવચ્ચરણ કમળ લેવાનો તરંગથી પ્રયત્ન કર્યો. નદી પણ દેવતા છે તેથી તેમની સાથે બીજી કોઈ લીલા સમ્ભવતી નથી તેથી તેમની પ્રભુના ચરણોને આલિંગન કરવા જ સ્થિતિ છે.

રામ અને ગોપ ની સાથે વ્રજના પશુને ચારતા અને વેણુ વગાડતા પોતાના મિત્ર ઘનશ્યામને જોઈ શ્યામઘનને પ્રેમનોઉભરો આવતાં પોતાના શરીરથી પોતાના મિત્રને છત્રરૂપે છાયા કરી અને નાની-નાની બુંદરૂપી ફૂલો વર્ષાવી એને ગ્રીષ્મના તાપથી મુક્ત કર્યા* ।।૧૬।।

**વિશેષ** : મેઘોએ સમાનશીલતાથી ભગવાન્‌માં સખ્ય સમ્બન્ધ રાખ્યો છે તેથી 'સખ્યુ:' એવું મૂળમાં કહ્યું છે. ભગવાન્ શ્યામ છે, તાપહારક છે, જીવનદાતા છે તેવા ગુણો મેઘમાં પણ છે તેથી સમાન શીલ વ્યસન હોઈને સખ્ય છે. એણે ભગવાન્‌ને શરદના તાપમાં વનમાં ફરતા જોયા ત્યારે **''અપ્રેરિતહિતકર્તૃત્વં મિત્રત્વમ્''** એ ન્યાયથી ભગવાન્‌ની માગણી ન હતી છતાં એના ઉપર પોતાના શરીરથી છાયા કરી અને પોતાની કુસુમાવલીથી સ્વાત્મનિવેદન કર્યું; કેમકે મેઘનો આત્મા જ જળ છે.

અરી સખી! અમે તો વૃન્દાવનની આ ભીલડીઓને જ ધન્ય અને કૃતકૃત્ય માનીએ છીએ, કેમકે એમનાં હૃદય પ્રેમપૂર્ણ છે. જ્યારે તેઓ આપણા કૃષ્ણ પ્યારાનાં દર્શન કરે છે ત્યારે તેમનાં હૃદયમાં પણ એમને મળવાની તીવ્ર લાલસા જાગે છે. આપણા પ્રિયતમની પ્રેયસી ગોપીઓ પોતાના વક્ષઃસ્થલ ઉપર જે કેસર લગાવે છે તે શ્યામસુન્દરના ચરણોમાં લાગેલું હોય છે અને તેઓ જ્યારે વૃન્દાવનના ઘાસપાત ઉપર ચાલે છે ત્યારે તેને પણ લાગી જાય છે. આ સૌભાગ્યવતી ભીલડીઓ ઘાસ ઉપરથી લઈને પોતાના સ્તનો અને મુખ ઉપર ચોપડી દે છે અને તેથી તેમને સ્વરૂપાનન્દનો અનુભવ થાય છે અને હૃદયની પ્રેમપીડા શાન્ત થઈ જાય છે* ।।૧૭।।

**વિશેષઃ** વનવાસી ક્ષુદ્ર જાતિને પણ ભગવાન્‌ના ચરણને લાગેલ કુંકુમ ઘાસને લાગેલું જોઈને એમને અલૌકિક મનોરથ થયો એ મોટી વાત. તે મનોરથની સિદ્ધિને માટે તેમણે તે કુંકુમ હૃદય અને મુખ ઉપર લગાડ્યું, તેથી એ કામનાની શાન્તિ પણ એ ઉપાયથી થઈ, તેથી એ પૂર્ણા છે આપણે નહીં. વનનાં ક્ષુદ્ર પ્રાણીઓને ભગવાન્‌ના ચરણની રજનો સાક્ષાત્મસમ્બન્ધ થયો એ પ્રથમ તો આશ્ચર્ય, એમાં પણ એ ચન્દન લગાડતાં એને બ્રહ્મભાવ થાય અને લક્ષ્મીના જેવું ભાગ્ય એનું થાય એ મોટા આશ્ચર્યની વાત થઈ. એ આ શ્લોકનું તાત્પર્ય છે. ભગવાન્‌ની લીલામાં ઉચ્ચનીચનો ભેદ આપણા વિચારથી કરવો એ વૃથા કલ્પના છે. સર્વ તદ્રૂપ છે તો ત્યાં

જુદો કોણ હોઈ શકે?

હે અબલા! આ ગિરિરાજ ભગવદ્ ભક્તોમાં શ્રેષ્ઠ છે, કેમકે એ રામ-કૃષ્ણના ચરણના સ્પર્શમાત્રથી પ્રમુદિત થાય છે, એટલું જ નહીં, પણ ગાય, ગોપ સહિત રામ અને ભગવાન્‌નો જલ, ઘાસ, કન્દરા, કન્દ અને મૂળથી સત્કાર કરે* છે ।।૧૮।।

**વિશેષ :** પુલિન્દીઓની પૂર્ણતા કેમ થઈ? એવી શંકા થાય ત્યાં કહે છે કે એને ભગવદ્ ભક્તોનો સંગ થયો. તેથી સત્સંગથી એને તેવો અધિકાર મળ્યો કે જેનાં વ્રજભક્તો ગુણગાન કરે છે. એ ક્યાં સત્સંગ કરવા ગઈ? તો ત્યાં કહે છે કે ગોવર્ધન પર્વત મોટા ભગવદ્‌ભક્ત છે તેનો એ પુલિન્દીઓને સત્સંગ છે. અમે પણ જો ગોવર્ધનમાં પહોંચ્યાં હોત તો અમને પણ એ લાભ મળત. પણ એમ ન બન્યું એનો ખેદ બતાવનાર **'હન્ત'** શબ્દ કહ્યો છે. આ ગોવર્ધન ભક્તોમાં શ્રેષ્ઠ ગણાય છે. કેમકે જેને ભગવાન્‌ના ચરણનો સમ્બન્ધ થતાં રોમાંચ થતાં હોય તે ભક્ત શ્રેષ્ઠ ગણાય છે. વળી એ સાત્વિક અથવા ગુણાતીત છે. એ નિર્ધન છે છતાં પોતાને ત્યાં આવનારનું માન સાચવી, બની શકે તેટલો તેનો સત્કાર કરે છે, ભગવાન્‌ની અને એના પરિકરની સેવા કરે છે. ગાયને માટે જળ અને ઘાસ આપે છે. વર્ષા વખતે ગોપોને કન્દરામાં આરામ આપે છે. ભગવાન્ પણ એ કન્દરાનો લાભ લે છે. કન્દમૂળ ભોજનમાટે મળે છે. કન્દ શેકવાથી ભક્ષણ યોગ્ય થાય છે, ત્યારે મૂળ તો આદૂ-મૂળીની જેમ એમ જ ઉપયોગમાં આવે છે. આપણે તો ભગવાન્ આપણા ઘરમાંથી માખણ ચોરી જતા તો રાડો (બૂમો) પાડી એમની માતાને ઠપકો આપવા જતાં અને આ પર્વત તો પુલિન્દીદ્વારા પોતાનું સર્વસ્વ ભગવાન્‌ને ભેટ કરે છે તેથી એ ભક્તોમાં શ્રેષ્ઠ છે.

હે સખીઓ! ગોપોદ્વારા ગાયોને ભગવાન્ વનમાં લઈ જાય છે. ત્યાં જઈ અવ્યક્ત મધુર શબ્દવાળો વેણુનાદ કરે છે અને ગાયને દોહવામાં ઉપયોગી બે દોરડાં સાથે રાખીને ચાલે છે ત્યારે સ્થાવર ચેતન થઈ જાય અને ચેતન પ્રાણી સ્થાવર થઈ જાય છે એ વિચિત્ર લીલા* છે ।।૧૯।।

**વિશેષ :** આપણે સજાતીય અને યોગ્ય છીએ. તેના ઉપર પ્રભુ કૃપા કરતા નથી અને હરિણી, ગાય, પુલિન્દી જેવાની ઉપર કૃપા કેમ કરે છે? એવી શંકા અહીં સહજ થાય. એના ઉત્તરમાં કહેવાનું કે ભગવાન્‌નું ચરિત્ર વિપરીત છે. ભગવાન્ સ્વયં કાંઈ કરતા નથી; એ તો સાક્ષીમાત્ર રહે છે. એટલામાં ગતિવાળા સ્થગિત થઈ જાય છે અને વૃક્ષાદિમાં પુલકાદિ થાય છે એમ અમે યોગ્ય માનીએ છીએ તેની ભગવાન્‌માં અયોગ્યતા છે અને આપણે જેને અયોગ્ય ગણીએ તેની યોગ્યતા થાય છે. એનાં ત્રણ કારણો છેઃગોપોની સાથે ગાયોને વનમાં લઈ જાય છે તે

એક કારણ છે. વેણુ બજાવતા જાય છે એ બીજું કારણ છે, અને એમાં અવ્યક્ત મધુર પદ બોલે છે એ ત્રીજો હેતુ છે. ગાયોને વનમાં ફેરવે છે તેથી વનની શુદ્ધિ થઈ જાય છે. એ વનનો સમ્બન્ધ ગોપને અને ગાયને થાય છે તેથી એની પવિત્રતાનો સમ્બન્ધ પણ એને થાય છે. વેણુનાદના વૃક્ષ આદિને અનુભવ થાય છે તેથી એ ત્રણ કારણોથી આમ યોગ્યની અયોગ્યતા અને અયોગ્યની યોગ્યતા થાય છે. એમાં ભગવાન્ તો માત્ર સાક્ષીરૂપ છે. ભગવાન્ બે દોરડાં પાસે રાખે છે તેથી પણ એમને બાંધશે એવી બીકથી પોત-પોતાનો રસ જડ પણ આપી દે છે અને ચેતન પણ સ્થિર થઈ જાય છે.

**એવં વિધા ભગવતો યા વૃન્દાવનચારિણઃ ।।**
**વર્ણયન્ત્યો મિથો ગોપ્યઃ ક્રીડાસ્તન્મયતાં યયુઃ ।।૨૦।।**

આ પ્રકારની વૃન્દાવનમાં ફરતા ભગવાન્‌ની ક્રીડાનું વર્ણન કરતી ગોપીઓ ભગવન્મયી થઈ જાય છે અથવા ભગવાન્‌ની ક્રીડામયી થઈ જાય છે ।।૨૦।।

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા-પ્રકરણનો ધર્મીનો સાતમો અને ચાલુ) ''ગોપીઓએ ગાયેલું વેણુગીત'' નામનો એકવીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૧૮ મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**બીજા તામસ પ્રકરણનું બીજું પ્રમેય પ્રકરણ સમ્પૂર્ણ થયો**

**આપણે પુષ્ટિભક્તિને લજાવીએ છીએ જો**
અન્યના સેવ્યસ્વરૂપના સેવા-મનોરથોમાટે ભેટ-સામગ્રી આપીએ છીએ
(હવેલી-મન્દિર વગેરેમાંથી) દેવદ્રવ્યનો પ્રસાદ લઈએ છીએ
પ્રભુસેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી સ્વીકારીએ છીએ

## અધ્યાય ૨૨

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૧૯

# કુમારિકાઓએ કાત્યાયનીનું વ્રત કર્યું

### તામસ સાધન પ્રકરણ અધ્યાય ૧

**વિશેષ :** હવે પછીના સાત અધ્યાયવડે ઉત્તમ નિરોધ નિરૂપણ કરાય છે તે ફળ સુધી

પહોંચાડનારો નિરોધ છે. આ પ્રકરણ (તામસ સાધન) માં વિદ્યાનો નિર્ણય કહેવામાં આવે છે. અહીં *પાંચપર્વવાળી વિદ્યા કહેવામાં આવશે ત્યારે ઇન્દ્રને જોવાનો વખત આવશે ત્યાંથી લઈને ગોપોને વૈકુંઠ બતાવશે ત્યાં સુધી સાધન પ્રકરણ છે. વિદ્યામાં જ્ઞાન અને કર્મ ના પાંચ-પાંચ ભેદ છે. અહીં અવિદ્યાના કાર્યનો સમ્બન્ધ નથી. સ્ત્રી અને પુરુષો નું સાથે નિરૂપણ કર્યું છે. પ્રથમ ગોપ અને પછી ગોપીઓની કર્મજ્ઞાનાત્મિકા લોકાનુસારિણી વિદ્યા કહે છે. તેમાં આ બાવીસમા અધ્યાયમાં કુમારિકાનું વ્રત કહેવામાં આવે છે અને ભગવાન્‌ના સ્વરૂપમાં રહેલા કુમારોને જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવે છે. (કારિકા-શ્રીમહાપ્રભુજી)

*સાક્ષાત્ ભગવાન્ ન મળે તો પરમ્પરાથી પણ ભગવાન્‌ની સેવા કરવી એ પ્રથમ અધ્યાયનો અર્થ, દેહ, ઇન્દ્રિય વગેરેનો ભગવદર્થ ઉપયોગ કરવો, પોતાના સ્વાર્થમાટે ન કરવો. એ એક વિદ્યાપર્વ કહ્યું. દેહના નિર્વાહનેમાટે, ભૂખતૃષાની નિવૃત્તિને માટે આપણે તેનાં સાધનો મેળવી શકીએ એમ હોઈએ છતાં ભગવાન્‌ને એને માટે પ્રાર્થના કરવી, પણ બીજાની પાસે માંગવું નહિ એ બીજા અધ્યાયનો અર્થ છે. પ્રભુ લોકમાં અલૌકિક નથી કરતા. ભગવાન્‌માં ભાવ થવામાં પ્રભુનો અનુગ્રહ જ કારણ છે, પણ શાસ્ત્રીય સાધન નિયામક નથી એ બીજું પર્વ. બીજાનું પરમ્પરાથી ભજન થતું હોય એ છોડી દેવું, કેવલ ભગવદ્ ભજન કરવું, બીજા ધર્મો ભગવદિચ્છા જાણી છોડી દેવા એ ત્રીજી વિદ્યા, ત્રીજા અધ્યાયનો અર્થ છે. સર્વ અવસ્થામાં ભગવાન્‌ની સેવા કરવી, ભગવાન્ અકિલષ્ટકર્મા છે તે પોતાના જનની રક્ષા કરે છે જ એ ચોથું પર્વ. માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદઢ સ્નેહમાં ભક્તિની અધિકતાનું જ્ઞાન એ પાંચમી વિદ્યા એ પાંચમાં અધ્યાયનો અર્થ છે. આમ પુષ્ટિમાર્ગીય પાંચ વિદ્યા પાંચ અધ્યાયથી કહી. (શ્રીટિપ્પણીજીઃશ્રીગુસાંઈજી-શ્રીવિઠ્ઠલનાથજી)

(કાત્યાયની પૂજનના સમયે કુમારિકાઓની વય પાંચ વર્ષની હતી અને શ્રીકૃષ્ણ સાત વર્ષના હતા તેથી આ બાલલીલા હોવાથી લૌકિક દષ્ટિએ પણ આમાં કોઈ દોષ નથી)

**હેમન્તે પ્રથમે માસિ નન્દગોપકુમારિકાઃ ।।**
**ચેરુર્હવિષ્યં ભુઞ્જાનાઃ કાત્યાયન્યર્ચનવ્રતમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** નન્દરાયજીના વ્રજમાં રહેતી કુમારિકાઓએ હવિષ્યાન્ન ભોજન કરીને હેમન્ત ઋતુના પહેલા માગસર માસમાં કાત્યાયની દેવીના પૂજનરૂપી વ્રત કર્યું ।।૧।।

અરુણનો ઉદય થાય ત્યારે કાલિન્દીજીના જળમાં સ્નાન કરી જળને કિનારે દેવીની રેતીમય મૂર્તિ કરી. હે રાજન્! એમાં દેવીનું પૂજન કરવા લાગી ।।૨।।

સુગન્ધી દ્રવ્યો (ચન્દન) અને પુષ્પો, બલિ, ધૂપ અને દીપથી ઉત્તમ અને મધ્યમ પ્રકારની સર્વ સામગ્રીથી (તેમ જ) પ્રવાલ, ફળ અને ચોખાથી એ દેવીનું પૂજન કરવા લાગી ।।૩।।

''હે કાત્યાયનિ! મહાન ભાગ્યવાળી, મહાયોગિની, અધીશ્વરી હે દેવી! નન્દગોપના પુત્ર અમારા પતિ થાય એમ તું કરી દે. તને અમે નમન કરીએ છીએ'' એ મન્ત્રનો જપ કરતી કુમારિકાઓ કાત્યાયની દેવીની પૂજામાં પ્રવૃત્ત થઈ ।।૪।।

એ પ્રમાણે કૃષ્ણમય ચિત્તવાળાં કુમારિકાઓએ એક માસ સુધી વ્રત કર્યું. ''નન્દનન્દન (અમારા) પતિ થાઓ'' એ મન્ત્રથી ભદ્રકાલી (ભગવત્સમ્બન્ધ પ્રાપ્ત કરાવે તેવા કાલ) ની સારી રીતે પૂજા કરી ।।૫।।

ઉષઃકાળમાં ઊઠીને એક બીજાને બોલાવતી (કુમારિકાઓ) પરસ્પર હાથ બાંધી કૃષ્ણનું ઊંચા સ્વરથી ગાન કરતી રોજ કાલિન્દીજીમાં સ્નાન કરવા જવા લાગી ।।૬।।

એક વખત કુમારિકાઓ યમુનાજી ઉપર આવી એના તીર ઉપર હંમેશાં કરતી હતી તેમ વસ્ત્રો મૂકી કૃષ્ણનું ગાન કરતાં-કરતાં જળમાં આનન્દમાં આવી જઈને જળક્રીડા કરવા લાગી ।।૭।।

યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ એ કુમારિકાઓના અભિપ્રાયને જાણીને પોતાના મિત્રોને સાથે લઈ એના કર્મને સિદ્ધ કરવામાટે ત્યાં શ્રીયમુનાજી ઉપર પધાર્યા ।।૮।।

એના કાંઠે પડેલાં વસ્ત્રોને ઉઠાવી જલદી કદમ્બના વૃક્ષ ઉપર ચડી બાળકો હસે છે તેની સાથે પોતે પણ હસતા આ પ્રમાણે મશ્કરીમાં કહેવા લાગ્યા ।।૯।।

''અહીં આવીને, હે અબળાઓ, પોત-પોતાનાં વસ્ત્રો ઈચ્છા પ્રમાણે ગ્રહણ કરો. હું સત્ય કહું છું. હસવાની વાત ન સમજો, કેમકે તમે વ્રતથી કૃશ થયાં છો તેની સાથે મશ્કરી ન હોય ।।૧૦।।

મેં કદી પણ ખોટું કહ્યું નથી એ આ બધા બાળકો જાણે છે. હે સુમધ્યમા!(શુદ્ધ અન્તઃકરણવાળાં)એક-એક અહીં આવીને અથવા સર્વ સાથે આવીને તમારાં વસ્ત્ર લઈ જાઓ'' ।।૧૧।।

ગોપીઓ તો આ ભાષણને મશ્કરી સમજ્યાં અને પ્રેમમાં ડૂબી ગયાં, શરમાઈ ગયાં, પરસ્પર જોઈને હસવા લાગ્યાં, પણ જળમાંથી બહાર ન નીકળ્યાં ।।૧૨।।

એમ ગોવિન્દ બોલ્યા ત્યારે ભગવાન્ હસે છે એમ ધારી એમનું ચિત્ત વ્યગ્ર થયું. કંઠ સુધી જળમાં ઊભા રહ્યાં, ઠંડીને લીધે કંપવા લાગ્યાં અને બોલ્યાંઃ ।।૧૩।।

"હે અંગ! અન્યાય ન કરો. તમે નન્દરાયજીના પુત્ર છો અને અમને પ્રિય છો. વ્રજમાં આપ વખણાઓ છો એ બધું અમે જાણીએ છીએ. અમે ઠંડીમાં ધ્રુજીએ છીએ તો અમારાં વસ્ત્રો અમને આપો ।।૧૪।।

હે શ્યામસુન્દર! અમે આપની દાસીઓ છીએ. આપ જે આજ્ઞા કરો તે અમે કરીશું. હે ધર્મજ્ઞ! અમારાં વસ્ત્ર આપો, નહિ તો અમે રાજા (નન્દરાયજી) ને કહીશું ।।૧૫।।

**શ્રીભગવાન્ બોલ્યા :** "તમે જો મારી દાસી હો અને મારા કહ્યા પ્રમાણે કરવાને તૈયાર હો તો હે શુચિસ્મિતા! અહીં આવી પોત-પોતાનાં વસ્ત્ર લઈ જાઓ" ।।૧૬।।

ત્યારે તે કન્યાઓ ઠંડીથી કાંપતી પોતાના બે હાથવડે ગુહ્ય શરીરને આચ્છાદન કરતી ઠંડીથી દુર્બળ દેહવાળી જળથી બહાર નીકળી ।।૧૭।।

ભગવાને તેમને સર્વ પ્રકારે નિર્દુષ્ટ જોઈ. એના શુદ્ધભાવે ભગવાન્‌ને પ્રસન્ન કર્યા પછી પોતે એમનાં વસ્ત્રોને વૃક્ષની શાખા ઉપર રાખીને પ્રસન્ન થઈ જરા સ્મિત કરતા બોલ્યાઃ ।।૧૮।।

"તમે વ્રત ધારણ કરેલ હોવા છતાં વસ્ત્ર વગર નાહ્યાં તેમાં દેવનું અપમાન થયું છે. એ પાપને દૂર કરવામાટે બે હાથ જોડી એને મસ્તક લગાડી નમસ્કાર કરીને તમારાં વસ્ત્રો તમો ગ્રહણ કરો" ।।૧૯।।

એમ જ્યારે અચ્યુત ભગવાને કહ્યું ત્યારે વ્રજરત્નાઓએ વસ્ત્ર વગર કરેલા સ્નાનને વ્રતમાં દોષરૂપ ગણીને એ દોષને દૂર કરવા સારુ અને વ્રત પૂર્ણ થવા માટે સમગ્ર કર્મના ફળરૂપ ભગવાન્‌ને નમસ્કાર કર્યા. કારણ કે વ્રતમાં કાંઈ ભૂલ રહી ગઈ હોય તો એ ભૂલ ભગવાન્‌ને નમસ્કાર કરવાથી દૂર થઈને કર્મ સાંગ સફલ થાય છે ।।૨૦।।

એવાં નમ્રતાવાળાં કુમારિકાઓને દેવકીજીના પુત્રે જોયાં અને જોવાથી એમને દયા આવી. એનાથી પ્રસન્ન થઈને એમણે એ કુમારિકાઓનાં વસ્ત્ર આપ્યાં ।।૨૧।।

ભગવાને તેમને અત્યન્ત છેતર્યાં, એમની લજ્જા છોડાવી, એમની મશ્કરી કરી, રમકડાંની જેમ એમની દશા કરી, એમનાં વસ્ત્રો પણ લઈ લીધાં, છતાં ભગવાન્‌નાં દર્શનથી એ સુખી થયાં. એટલું કર્યા છતાં એમણે એમની અસૂયા ન કરી પણ એમણે (ભગવાને) જે-જે કહ્યું તે સ્વહિતાર્થ કહે છે એવો ભાવ થતાં એમની પ્રીતિમાં

વધારો જ થયો ।।૨૨।।

પોત-પોતાનાં વસ્ત્રો પહેરીને પ્રાણપ્રિયના સંગમમાટે તૈયાર થઈ ગયાં. ભગવાને જેમનાં ચિત્ત ખેંચી લીધાં છે તેવા કુમારિકાઓ નેત્રથી લજ્જિત થયા છતાં ત્યાંથી હાલી-ચાલી શક્યાં નહિ ।।૨૩।।

પોતાના ચરણના સ્પર્શની કામનાથી એમણે વ્રત કર્યું છે એવો એમનો સંકલ્પ ભગવાન્ સમજી ગયા અને દામોદર ભગવાન્ અબલાઓને કહેવા લાગ્યાઃ ।।૨૪।।

''હે સાધ્વીઓ! તમે જે માટે મારું અર્ચન કર્યું એ તમારો સંકલ્પ મારા જાણવામાં આવ્યો છે. મેં તમારા સંકલ્પને અનુમોદન આપ્યું છે તેથી એ તમારો સંકલ્પ સિદ્ધ થવાને યોગ્ય છે ।।૨૫।।

જેમ ભૂંજેલા કે બાફેલાં બી અંકુરિત થતાં નથી તેમ, મારામાં જેની બુદ્ધિનો આવેશ થાય છે તેનો કોઈ કામ સંસારના કામનો રહેતો નથી તે સંઘાતને ઉત્પન્ન કરતો નથી ।।૨૬।।

હે અબલાઓ! તમે સિદ્ધ થયાં છો માટે વ્રજમાં જાઓ. હે સતીઓ! જે ઉદ્દેશથી તમે વ્રત કર્યું છે તેના ફળ તરીકે આ રાત્રિઓમાં તમે મારી સાથે રમણ કરશો'' ।।૨૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ ભગવાને આજ્ઞા કરી ત્યારે કુમારિકાઓનો મનોરથ પૂર્ણ થયો. એ ભગવાન્ના ચરણકમળનું ધ્યાન કરતાં અનિચ્છાએ વ્રજમાં આવ્યાં ।।૨૮।।

દેવકીજીના પુત્ર ભગવાન્ પોતાના મોટાભાઈની સાથે ગાયોને ચારતા ગોપોને સાથે લઈને વૃન્દાવનથી દૂર ગયા ।।૨૯।।

ગ્રીષ્મ ઋતુના તીક્ષ્ણ તાપમાં પોતાની છાયાથી છત્રીરૂપી બની ગયેલાં વૃક્ષોને જોઈને વ્રજવાસીઓને ભગવાન્ એના ધર્મ કહેવા લાગ્યાઃ ।।૩૦।।

''હે સ્તોક કૃષ્ણ! હે અંસુ! હે શ્રીદામા! સુબલ, અર્જુન, વિશાલ, ઋષભ, તેજસ્વી, દેવપ્રસ્થ, વરૂથપ! (કૃષ્ણ એ અહીં કોઈ ગોપ સખાનું નામ છે) ।।૩૧।।

આ મહાભાગ્યવાળાં અને બીજાને માટે જ જેનું જીવન છે તેવાં વૃક્ષોને જુઓ. વાયુ, વર્ષા અને તડકો પોતે સહન કરી બીજાનાં વાયુ, વર્ષા અને તડકાને તેઓ દૂર કરે છે ।।૩૨।।

સર્વ પ્રાણીઓના જીવનમાં ઉપયોગી આ વૃક્ષોનું જીવન ઉત્તમ છે. સારા

માણસના ઘેરથી જેમ યાચક વિમુખ ન જાય તેમ આ વૃક્ષો પાસે જે આવે તેને એ પોતે આપે છે, પણ કોઈને નિરાશ કરતાં નથી ।।૩૩।।

પત્ર, પુષ્પ, ફલ, છાયા, મૂળ, છાલ, લાકડું, ગન્ધ, ગુંદ, ભસ્મ, અસ્થિ (અંગારા) અને શાખાઓથી બધાના કામને વૃક્ષો પૂર્ણ કરે છે ।।૩૪।।

દેહધારીને દેહ મળ્યાની સફળતા એ જ છે કે એ પ્રાણથી, અર્થથી, બુદ્ધિથી અને વાણીથી સદા બીજાનું ભલું કરે'' ।।૩૫।।

એમ કોમળ પલ્લવના અને પુષ્પના ગુચ્છો, ફળો, પુષ્પો, અને દળના સમૂહથી જેની શાખાઓ નમી ગઈ છે તેવાં વૃક્ષોની વચ્ચે થઈને ભગવાન્ શ્રીયમુનાજી તરફ પધાર્યા ।।૩૬।।

ત્યાં ગાયોને ઉજ્જવલ, શીતલ અને આરોગ્યદાયક જલનું પાન કરાવીને હે રાજા! ભગવાને પોતે અને ગોપોએ યથેચ્છ સ્વાદિષ્ટ જલનું પાન કર્યું ।।૩૭।।

**તસ્યા ઉપવને કામં ચારયન્તઃ પશૂન્ નૃપ ।।**
**કૃષ્ણરામાવુપાગમ્ય ક્ષુધાર્તા ઈદમબ્રુવન્ ।।૩૮।।**

હે નૃપ! એ શ્રીયમુનાજીના કાંઠા પાસેના વનમાં ઈચ્છા પ્રમાણે ગાયોને ચારતા ગોવાળિયા ભૂખથી દુઃખી થતાં રામ-કૃષ્ણની પાસે આવી આ પ્રમાણે બોલ્યા ।।૩૮।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ત્રીજા પ્રમાણ-પેટા-પ્રકરણનો ઐશ્વર્ય નિરૂપક પહેલો અને ચાલુ) ''કુમારિકાઓએ કાત્યાયનીનું વ્રત કર્યું'' નામનો બાવીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૧૯મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨૩

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૨૦

## ભગવાને કરેલો યજ્ઞપત્નીઓનો ઉદ્ધાર

### તામસ સાધન પ્રકરણ અધ્યાય ૨

**વિશેષ :** વૈદિક કર્મ અને જ્ઞાન આ ત્રેવીસમા અધ્યાયમાં કહે છે. એ બન્નેનો નિર્ણય પણ આ

અધ્યાયમાં કહેવામાં આવે છે. સાક્ષાત્ ભગવાનનું કથન પણ પ્રથમ તો ઠીક નથી લાગતું. પરમ્પરોક્ત ધ્યાનમાં આવે છે. બ્રાહ્મણોની સ્ત્રીઓનો ભાવ શ્રેષ્ઠ છે. તે સ્ત્રીઓદ્વારા બ્રાહ્મણોને ભગવદ્ જ્ઞાન થશે. ત્યારે એ પોતાના કાર્યનો પશ્ચાત્તાપ કરશે.

**રામ રામ મહાવીર્ય કૃષ્ણ દુષ્ટનિબર્હણ ।।**
**એષા વૈ બાધતે ક્ષુન્નઃ તચ્છાન્તિં કર્તુમર્હથઃ ।।૧।।**

**ગોપો બોલ્યા :** હે રામ! હે રામ! હે મહાવીર્ય! દુષ્ટને દૂર કરનાર હે કૃષ્ણ! આ ભૂખ અમને બાધા કરે છે તેની શાન્તિ કરવાને આપ જ યોગ્ય છો ।।૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ દેવકીસુત ભગવાન્‌ને ગોપોએ મળી વિનન્તિ કરી ત્યારે પોતાની ભક્ત એક બ્રાહ્મણ સ્ત્રીની ઉપર પ્રસન્ન થતા ભગવાન્ આ પ્રમાણે બોલ્યા।।૨।।

"બ્રહ્મને કહેનાર બ્રહ્મણો દેવોનું યજન કરે છે. સ્વર્ગની કામનાથી આંગિરસ નામનો યજ્ઞ કરે છે. તેમાં એ બેઠેલા છે. એ દેવ યજનમાં તમે જાઓ ।।૩।।

હે ગોપો! ત્યાં જઈને ભગવાન્ આર્ય બલભદ્ર અને મારું નામ દઈ "એમણે અમને મોકલ્યા છે" એમ કહી "એમની પાસે રાંધેલો ભાત માગો" ।।૪।।

એમ પ્રભુની આજ્ઞા થઈ તેને માથે ચડાવી ગોપો દેવયજનમાં પહોંચ્યા. હાથ જોડી એ બ્રાહ્મણોની સામે દંડની જેમ પૃથ્વી ઉપર પડી, નમસ્કાર કરી યાચના કરવા લાગ્યા ।।૫।।

"હે ભૂમિદેવો! અમે કૃષ્ણના આજ્ઞાધારક સેવક છીએ તે રામ (બલભદ્ર) ના મોકલવાથી અમો ગોપો આપની પાસે આવ્યા છીએ એમ જાણો. આપનું ભલું થાઓ ।।૬।।

અહીં નજીકમાં રામ અને કૃષ્ણ ગાયો ચરાવવા આવેલા છે તે ભૂખ્યા થયા છે તેથી તમારી પાસેથી રાંધેલા ભાતની ઈચ્છા રાખે છે. એ બન્નેએ તમારી પાસેથી એ લેવાને અમને મોકલ્યા છે તેથી હે દ્વિજો! જો તમારી શ્રદ્ધા હોય તો ભાત આપો. તમે ધર્મને જાણનારાઓમાં શ્રેષ્ઠ છો ।।૭।।

હે સજ્જનોમાં ઉત્તમ! દીક્ષા પહેલાં, યજ્ઞમાં પશુવધ પહેલાં અને સોત્રામણિ યજ્ઞના દિવસ પહેલાં દીક્ષા લીધેલાઓનું પણ અન્ન ખાનારને દોષ લાગતો નથી" ।।૮।।

બ્રાહ્મણોએ તો ભગવાન્‌ની યાચનાને સાંભળ્યા છતાં તેના પ્રત્યે ધ્યાન આપ્યું

નહિ; કેમકે તેઓ ક્ષુદ્ર આજ્ઞાને માટે મોટાં કર્મ કરતા હતા, મૂર્ખ હતા છતાં તેમને જ્ઞાનવૃદ્ધનો આડમ્બર હતો તેથી ''આપણે આપીએ તો કર્મભંગ થાય'' એમ ધારી આપવાનો વિચાર ન કર્યો એટલું જ નહિ પણ એ ગોપોને કાંઈ ઉત્તર પણ ન આપ્યો ।।૯।।

દેશ, કાળ, દ્રવ્ય, મન્ત્ર, તન્ત્ર, ઋત્વિજ, અગ્નિ, દેવતા, યજમાન, યજ્ઞ અને ધર્મ એ બધું જે ક્રિયારૂપ ભગવાન્‌નાં જ રૂપ છે. તે પરબ્રહ્મ સાક્ષાત્ ભગવાન્ જેનું ઇન્દ્રિયોથી જ્ઞાન નથી થઈ શક્તું તેનામાં મનુષ્ય દૃષ્ટિ કરીને એને માન્યા નહિ. તેથી એ દુષ્ટ બુદ્ધિવાળા છે. તેઓ પોતાના આત્માને પણ મરણને અધીન માને છે ।।૧૦-૧૧।।

એ લોકો ''આપીએ છીએ'' એમ ન બોલ્યા. તેમ ''અમો નહિ આપી શકીએ'' એમ પણ બોલ્યા નહિ. હે પરન્તપ! ત્યારે ઘણીવાર સુધી ઊભા રહી જવાબ ન મળ્યો તેથી નિરાશ થઈ ગોપો પાછા ભગવાન્ પાસે આવ્યા અને શ્રીકૃષ્ણ તથા રામ ને જે બન્યું તે કહી સંભળાવ્યું ।।૧૨।।

જગદીશ્વર ભગવાન્ તે સાંભળીને ખૂબ હસ્યા. લૌકિક ગતિ આવી જ હોય છે. (કોઈક વાર માગેલું મળે છે, કોઈક વાર નથી મળતું અને કોઈક વાર માગનારને ઉત્તર પણ નથી મળતો) તે ગોપોને સમજાવીને તેમને ફરીથી કહ્યું ।।૧૩।।

''તમે જઈ યજ્ઞપત્નીઓને કહો કે ''સંકર્ષણ સહિત હું (કૃષ્ણ) અહીં સમીપમાં આવ્યો છું અને અન્ન માગું છું'' એમ કહેશો તો તમને યથેચ્છ અન્ન આપશે. તેઓ મારામાં સ્નેહવાળી છે અને બુદ્ધિથી મારામાં જ રહેનારી છે. એટલે હવે તમે વિફલ નહિ થશો તેથી જાઓ'' ।।૧૪।।

પત્નીશાળામાં ગોપો પહોંચ્યા ત્યાં આભરણોથી સજ્જ થઈને યજ્ઞપત્નીઓ બેઠેલાં હતાં. તે બ્રાહ્મણોની સતીઓને ગોપો પગે લાગ્યા અને વિનયથી આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૧૫।।

''હે વિપ્ર પત્નીઓ! આપને અમે નમન કરીએ છીએ. અમારે કહેવાનું છે તે સાંભળો. અહીંથી બહુ દૂર નહિ પણ પાસે જ પધારેલા શ્રીકૃષ્ણે અમને આપની પાસે મોકલ્યા છે ।।૧૬।।

ગોપો અને રામ ની સાથે ગાયો ચારતા એ દૂર આવ્યા ત્યાં એમને ભોજનની ઇચ્છા થઈ છે તેથી એમના અનુચરો સાથે એમને યોગ્ય રીતે અન્ન આપો''

।।૧૭।।

જેનાં દર્શનની નિત્ય ઉત્કંઠા રહેતી તે શ્રીકૃષ્ણને નજીક આવ્યા જાણીને એમની કથાથી તો મન ક્યારનાં ખેંચાયા હતા એવી બ્રાહ્મણ સ્ત્રીઓ એમની પાસે જવાને ઉતાવળી થઈ ।।૧૮।।

ચાર પ્રકારનું બહુ ગુણવાળું અન્ન પાત્રોમાં લઈને જેમ નદીઓ સમુદ્ર તરફ જાય તેમ બધી પોતાના પ્રિય તરફ જવા લાગી ।।૧૯।।

પતિઓએ, ભાઈઓએ, સગાંઓએ અને પુત્રોએ તેમને રોક્યાં છતાં જે ભગવાન્‌ની કીર્તિનું ઉત્તમ પુરુષો (નારદજી, શુકદેવજી) ગાન કરે છે અને જેમના ગુણો ઘણા વખતથી શ્રવણ કરેલા તેમને વિષે જ તેઓએ પોતાની આશાઓ કેન્દ્રિત કરેલી તેથી તેઓ તો ગયાં ।।૨૦।।

અશોકના નવા પલ્લવથી શોભાયમાન યમુનાજીની પાસેનાં વનમાં ગોપો અને બળદેવજીની સાથે ફરતા શ્રીકૃષ્ણને બધી સ્ત્રીઓએ જોયા ।।૨૧।।

(એમના રૂપનું વર્ણન કરે છે) ચન્દ્રને ફરતું કૂંડાળું હોય તેમ આપ શ્યામચન્દ્ર છે. એમને સુવર્ણની મેખલા છે. વનમાલા, મોરપિચ્છ, ધાતુ અને પ્રવાલ વડે નટવેષ ધારણ કર્યો છે. સાથે ચાલનાર ગોપના ખભા ઉપર શ્રીહસ્ત ધર્યો છે, જ્યારે બીજા શ્રીહસ્તમાં કમળને ફેરવે છે. કાનમાં ફૂલ ધર્યાં તેથી અને કમળપત્રવાળા કપોલથી અને અલકથી શોભતા મુખથી મન્દહાસ્ય કરતા ભગવાન્‌ને જોયા ।।૨૨।।

જેવા બીજાના મુખથી સાંભળ્યા હતા ત્યારથી એમાં મન ખૂંચી ગયું હતું તેને જોયા. આંખોના છિદ્રથી અન્દર હૃદયમાં દાખલ કરી ત્યાં જ આલિંગન કરી હે રાજેન્દ્ર! જીવ પ્રાજ્ઞને મળીને જેમ અભિમાનને છોડે છે તેમ, ઘણા દિવસથી એમને જોયા વગરનો તાપ હતો તે દ્વિજપત્નીઓએ છોડી દીધો ।।૨૩।।

તે પ્રમાણે બધી આશા છોડીને પ્રભુનાં દર્શનમાટે આવેલ દ્વિજ પત્નીઓના હૃદયના અભિપ્રાયને જાણીને બધાંના હૃદયના ભાવને જાણનાર ભગવાન્ મુખથી ખૂબ હસીને બોલ્યા। ।।૨૪।।

‘‘હે મહાભાગ્યવતીઓ! તમે ભલે આવ્યાં. આવો, બેસો, તમારું અમે શું ભલું કરીએ? તમે મારા દર્શનાર્થ આવ્યાં એ તમને યોગ્ય જ છે ।।૨૫।।

સ્વાર્થ સમજનાર બુદ્ધિમાન્ પુરુષો કોઈ પણ ફલની આશા વિના અને વ્યવધાનરહિત મારામાં ભક્તિ કરે છે, કેમકે હું સર્વનો આત્મા અને સર્વનો પ્રિય છું

તેથી મારા સિવાય ક્યાંય પણ એમની પ્રીતિ હોતી નથી ।।૨૬।।

પ્રાણ, બુદ્ધિ, મન, પોતાનાં શરીર અથવા ધન, આત્મા, સ્ત્રી, પુત્ર, પશુ વગેરે જે કાંઈ આત્મસમ્બન્ધી છે તે બધું મારા સમ્બન્ધથી પ્રિય લાગે છે માટે મારાસિવાય બીજો (નિયમ્ય) કોણ પ્રિય હોઈ શકે? ।।૨૭।।

એ મારું દર્શન તમને થયું એટલે હવે તમારા પતિઓ જેઓ દ્વિજ અને ગૃહસ્થાશ્રમી છે તેઓ જ્યાં યજ્ઞ કરે છે ત્યાં તમે જાઓ. એ બ્રાહ્મણો તમારી સાથે રહી પોતાના યજ્ઞની સમાપ્તિ કરશે તેથી તમારી ત્યાં આવશ્યક્તા છે. તમારા વિના એમનો યજ્ઞ પૂર્ણ નહિ થાય માટે તમે જાઓ ।।૨૮।।

**પત્નીઓ બોલી :** હે વિભો (સર્વ સમર્થ)! એવું ક્રૂર વચન આપ ન બોલો અને શાસ્ત્રને સત્ય કરો. આપના ચરણમાં આવ્યો તે ફરીથી સંસારમાં ન જાય એ શાસ્ત્ર છે તે કૃતાર્થ કરો. અમે તો આપના ચરણની ઉતારી નાખેલી (પ્રસાદી) તુલસીની માળાને અમારા કેશ ઉપર રાખવાને સમસ્ત સગાંને છોડીને આપની પાસે આવ્યા છીએ ।।૨૯।।

હવે અમે અહીંથી ઘર તરફ જવાનો વિચાર કરીએ તો અમારા પતિઓ અમારો સ્વીકાર નહિ કરે, મા-બાપ નહિ રાખે, દીકરા સંભાળશે નહિ; સગાં ભાઈ, મિત્રો વગેરે તો શા માટે અમને રાખે જ? માટે અમે આપના ચરણમાં આવી પડ્યાં છીએ તેની હે અરિન્દમ! બીજી ગતિ ન થાય તેમ આપ કરો ।।૩૦।।

**શ્રીભગવાને કહ્યું :** પતિ, પિતા, ભાઈ, સુહૃદ વગેરે તમારા ઉપર દોષારોપણ નહિ કરે. લોકો તમારા કામને અનુમોદન આપશે. મારીપાસે આવેલાં તમારું દેવો પણ સન્માન કરશે ।।૩૧।।

અહીં અંગ-સંગ પ્રીતિ ઉત્પન્ન નહિ કરે, મારે વિષે સ્નેહ પણ ઉત્પન્ન નહિ કરે અને મનુષ્યોમાં પણ પ્રીતિ ઉત્પન્ન નહિ કરે; તેથી મારામાં મન લગાવવાથી તમે મને જલદી પ્રાપ્ત થશો ।।૩૨।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** યજ્ઞપત્નીઓને ભગવાને એ પ્રમાણે કહ્યું ત્યારે એ ફરીથી યજ્ઞ થતો હતો ત્યાં ગયાં. એ બ્રાહ્મણોએ પણ એ ભગવાન્ પાસે ગયાં એ બાબત કાંઈ ન બોલતાં સ્ત્રીઓની સાથે બેસી યજ્ઞ સમાપ્ત કર્યો ।।૩૩।।

એમાં એક યજ્ઞપત્નીને એના સ્વામીએ ભગવાન્ પાસે આવવા ન દીધી તે તો જેવા ભગવાન્‌ને સાંભળ્યા હતા તેવાને હૃદયમાં લઈ તેને આલિંગન કરી ભગવદ્રૂપ

બન્યાં. ત્યારે એનો કર્માનુસાર દેહ હતો તે એની મેળે પડી ગયો ।।૩૪।।

ભગવાન્ ગોવિન્દ પ્રભુએ પણ એ યજ્ઞપત્નીઓએ લાવેલ અન્ન ચાર પ્રકારનું હતું તેનાથી ગોપોને તૃપ્ત કરીને પોતે પણ એ અન્ન લીધું ।।૩૫।।

એમ લીલામાટે મનુષ્યદેહ સ્વીકારીને મનુષ્યલોકને અનુરૂપ લીલા કરતા ગાયો, ગોપો અને ગોપીઓ ને રૂપ, વાણી અને કૃતિવડે ખુશ કરતા પોતે રમણ કરવા લાગ્યા ।।૩૬।।

જ્યારે બ્રાહ્મણોને સ્મરણ આવ્યું કે ભગવાન્ અહીં પધાર્યા ત્યારે આપણને યાદ કર્યા હતા છતાં આપણે ત્યાં ન ગયા એ પોતાનો અપરાધ માનીને કહેવા લાગ્યા કે આપણે મનુષ્યલોકનું નાટ્ય કરતા વિશ્વના ઈશ્વરની આજ્ઞાનો ભંગ કર્યો એ બહુ ખોટું કર્યું; એમ બોલી પશ્ચાત્તાપ કરવા લાગ્યા ।।૩૭।।

સ્ત્રીઓની શ્રીકૃષ્ણમાં અલૌકિક ભક્તિ જોઈને અને પોતાને ભક્તિથી રહિત જાણીને પોતાના આત્માની નિન્દા કરતા તેઓ હૃદયમાં સન્તપ્ત થયા ।।૩૮।।

‘‘આપણા શુક્લ, સાવિત્ર અને યાજ્ઞિક એમ ત્રિવૃત્ જન્મને ધિક્કાર છે, ત્રણ વેદ સહિતની આપણીવિદ્યાને ધિક્કાર છે, આપણાં વૈદિક વ્રતોને ધિક્કાર છે, આપણી બહુજ્ઞતાને ધિક્કાર છે, કુલ અને ક્રિયા ની ચતુરતાને પણ ધિક્કાર છે કે આપણે અધોક્ષજ ભગવાન્‌થી વિમુખ રહ્યા ।।૩૯।।

ભગવાન્‌ની માયા યોગીઓને પણ મોહ કરનારી છે, જેથી આપણે મનુષ્યોના ગુરુ હોઈને પણ હે બ્રાહ્મણો! આપણે આપણા સ્વાર્થમાં જ મોહ પામ્યા છીએ ।।૪૦।।

અહો! જગતના ગુરુ શ્રીકૃષ્ણમાં સ્ત્રીઓને અત્યન્ત ભાવ થયો, જેથી ઘર નામના મૃત્યુના પાશને છેદી નાખ્યો, પોતાની મમતાને ગૃહ આદિમાંથી છોડી ભગવાન્‌માં સ્થાપી. (શ્લોક ૪૧ અને તેનું વ્યાખ્યાન કોઈક જ પ્રતમાં હોવાથી અહીં આપ્યો છે. આ વધારાનો હોય તેમ જણાય છે.) ।।૪૧।।

આ સ્ત્રીઓને દ્વિજાતિના સંસ્કારો (જનોઈ) થયા નથી, એમણે(વેદાધ્યયન માટે)ગુરુગૃહમાં નિવાસ કર્યો નથી, એમણે તપ કર્યું નથી,આત્માસમ્બન્ધી વિચાર કર્યો નથી, એમનામાં શૌચ નથી તેમ એ અગ્નિહોત્ર વગેરે શુભકર્મને કરનાર નથી ।।૪૨।।

તો પણ ઉત્તમ લોકોએ સ્તુત્ય એવા યોગેશ્વરના ઈશ્વર શ્રીકૃષ્ણમાં એમને દૃઢ

ભક્તિ થઈ અને આપણે ઉપર ગણાવેલા બધા સંસ્કારવાળા છતાં આપણને એમાં ભક્તિ ન થઈ ।।૪૩।।

અહો! સત્પુરુષની પરમ ગતિરૂપ ભગવાને સ્વાર્થમાં મોહિત અને ઘર ના કામમાં પાગલ બનેલા આપણને ગોપોદ્વારા યાદ કર્યા ।।૪૪।।

એ એમની આપણા ઉપર પણ કૃપા જ ગણાય નહિ તો પૂર્ણ કામ અને કૈવલ્યાદિ મોક્ષના સ્વામી ભગવાન્ સ્વયં ઈશ્વર છે તેને અમારા જેવા જે એની આજ્ઞા ઉઠાવનાર છે તેને યાદ કરવાનું બીજું શું કારણ હોઈ શકે? પણ દયાથી એમણે લોકવત્ અનુકરણ કર્યુ ।।૪૫।।

જેના ચરણસ્પર્શની આશાથી પોતાનો ચાંચલ્ય દોષ છોડી દીધો છે તેવી લક્ષ્મી બધાને છોડી જેને ભજે છે તેવા મોટા ઈશ્વર અમારા જેવા માણસની પાસે યાચના કરે તે તો મનુષ્યોને મોહ કરવામાટે જ કહેવાય ।।૪૬।।

દેશ, કાલ, જુદું-જુદું દ્રવ્ય, મન્ત્ર, તન્ત્ર, ઋત્વિજ, અગ્નિ, દેવતા, યજમાન, યજ્ઞ અને ધર્મ એ બધું ભગવદ્ રૂપ જ છે ।।૪૭।।

તે જ આ (શ્રીકૃષ્ણ) ભગવાન્, સાક્ષાત્ વિષ્ણુ છે; યોગેશ્વરોના સ્વામી છે તે યદુઓમાં પ્રકટ થયા છે એમ આપણે સાંભળ્યું છે છતાં આપણે મૂઢ હોવાથી તેમને ઓળખતા નથી ।।૪૮।।

અહો! અમે અત્યન્ત ધન્ય છીએ કે અમારા ઘરમાં આવી ભક્ત સ્ત્રીઓ છે, જેની ભક્તિને લઈને અમને ભગવાન્‌માં સદ્‌બુદ્ધિ નિશ્ચળ થઈ. (વિગીત-પ્રક્ષિપ્ત) ।।૪૯।।

એ ભગવાન્ કે જે સદાનન્દ અને અકુંઠ જ્ઞાનવાળા છે તેને અમારા નમસ્કાર હો, જેની માયામાં મોહિત થયેલ અમો કર્મમાર્ગમાં ભટક્યા કરીએ છીએ ।।૫૦।।

આ એ જ ભગવાન્ આદ્યપુરુષ છે; આપણે એની માયામાં મોહિત થયેલ અને ભગવાન્‌ના પ્રતાપને નહિ જાણનાર છીએ. એ ભગવાન્ આપણા અપરાધને ક્ષમા કરે ।।૫૧।।

**ઈતિ સ્વાઘમનુસ્મૃત્ય કૃષ્ણે તે કૃતહેલનાઃ ।।**
**દિદક્ષવો વ્રજમથ કંસાદ્ ભીતા ન ચાચલન્ ।।૫૨।।**

એમ શ્રીકૃષ્ણની જેમણે અવજ્ઞા કરી છે તેવા પોતાના પાપને યાદ કરનાર અને ભગવાન્‌નાં દર્શનની ઈચ્છાવાળા એ બ્રાહ્મણો હતા છતાં કંસની ભીતિને લઈને એ

દર્શનાર્થ વ્રજમાં ગયા નહિ ।।૫૨।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ત્રીજા સાધન-પેટા-પ્રકરણનો વીર્ય નિરૂપક બીજો અને ચાલુ) ''ભગવાને કરેલો યજ્ઞપત્નીઓનો ઉદ્ધાર'' નામનો ત્રેવીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૨૦ મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

(શરણાગતિ-સેવારૂપી) સાધના શરૂ કરવાની તત્પરતા જાણ્યા વિના ગમેતેને દીક્ષા આપનાર ગુરુ અયોગ્યને દીક્ષા આપવાના પાપે પોતાનો, દીક્ષા લેનારનો તેમજ સમ્પ્રદાયનો પણ વિનાશ નોંતરે છે.

## અધ્યાય ૨૪

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૨૧

## ભગવાને ઈન્દ્રનો યજ્ઞ ભંગ કર્યો

### તામસ સાધન પ્રકરણ અધ્યાય ૩

**વિશેષ :** આ અધ્યાયમાં ગોપોએ પોતાની મેળે માની લીધેલા કર્મને ભગવાન્ બંધ કરે છે અને એ કેવળ યુક્તિવડે જ એને હૈતુક ઠરાવે છે અને એ કર્મની જગ્યાએ વૈદિક કર્મને દાખલ કરે છે. જેમ બ્રાહ્મણોને ચેતવી એમને પોતાનું જ્ઞાન પૂર્વ અધ્યાયમાં કરાવ્યું તેમ આ અધ્યાયમાં દેવોને પણ ચેતવ્યા. મોટાને મોટી શિક્ષા એમ ઉત્તરોત્તર બતાવે છે. પ્રથમ બાવીસમાં અધ્યાયમાં સ્ત્રીઓનાં વસ્ત્ર લીધાં. ત્રેવીસમા અધ્યાયમાં બ્રાહ્મણની સ્ત્રીઓને લીધી તેમ આ ચોવીસમા અધ્યાયમાં દેવોના હવિષને ભગવાને લઈ લીધાં. તે-તે લોકોને તે-તે વસ્તુમાં મમત્વ હતું તે લઈ લેવાથી એનું એમાંથી મમત્વ દૂર કરાવ્યું. તામસ સ્ત્રીઓ અને રાજસ બ્રાહ્મણોનો ઉદ્ધાર કરી સાત્વિક દેવોનો ઉદ્ધાર આ અધ્યાયમાં યાગનો ભંગ કરી ભગવાને કર્યો છે. (કારિકા)

**ભગવાનપિ તત્રૈવ બલદેવેન સંયુતઃ ।।**
**અપશ્યન્નિવસન્ ગોપાન્ ઈન્દ્રયાગકૃતોદ્યમાન્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણ પોતે ભગવાન્ હોવા છતાં, બળદેવજીની સાથે હોવા છતાં અને પોતે ગોકુલમાં બિરાજતા હોવા છતાં ગોપોને ઈન્દ્રયાગને માટે

પ્રવૃત્તિ કરતા ભગવાને જોયા ।।૧।।

ભગવાન્ તો સર્વ જોનાર અને સર્વાત્મા હોવાથી સર્વ વાતને જાણે છે, છતાં નન્દરાયજી વગેરે વૃદ્ધ ગોપોને વિનયપૂર્વક નમન કરીને પૂછવા લાગ્યા ।।૨।।

''હે પિતાજી! તમે આ તૈયારી શાની કરી રહ્યા છો? એનું ફલ શું છે? ક્યા દેવતાના ઉદ્દ્દેશથી એ કરો છો? ક્યા પદાર્થોથી આ યજ્ઞ સિદ્ધ થાય છે? એ મને કહો ।।૩।।

એ સાંભળવાની મને તીવ્ર ઈચ્છા છે તો આપ મને એ બધી વાત કહો. જે ભગવદ્ ભક્ત હોય છે તેને કાંઈ ગુપ્ત રાખવાનું બિલકુલ હોતું નથી ।।૪।।

જેમને પોતાનું અને પરાયું એવી દૃષ્ટિ મટી ગઈ છે. અને જેમને મિત્ર, ઉદાસીન અને શત્રુ જેવું કંઈ છે જ નહિ તેમણે ઉદાસીનનો શત્રુની માફક ત્યાગ કરી દેવો અને મિત્રને પોતાનો આત્મા જ ગણવો એમ શાસ્ત્રમાં કહ્યું છે ।।૫।।

માણસ કર્મ કરે છે તે એક તો એના સ્વરૂપને સમજીને કરે છે, જ્યારે કેટલાક એના સ્વરૂપને સમજ્યા વિના પણ કર્મ કરે છે. એમાં જેવી જાણનારને સિદ્ધિ થાય તેવી નહિ જાણાનારને સિદ્ધિ મળતી નથી ।।૬।।

એમાં આપે આ ક્રિયાયોગ કેવા વિચારથી કર્યો છે? વૈદિક છે? સ્માર્ત છે? અથવા લૌકિક જ છે? એ સમજાવો. હું એનું તાત્પર્ય જાણી શકું એમ સારી રીતે મને કહો'' ।।૭।।

**નન્દરાયજી બોલ્યા :** પર્જન્ય એ ભગવાન્ ઈન્દ્ર છે. મેઘો તે પર્જન્યના શરીર છે. એ મેઘો પ્રાણીના જીવનરૂપ અને તૃપ્ત કરનાર જળને સારી રીતે વર્ષાવે છે ।।૮।।

હે તાત! એ મેઘોના પતિ ઈન્દ્ર ઈશ્વર છે અને એના રેતોરૂપી જળથી થયેલ પદાર્થોવડે યજ્ઞ કરી લોકો એની પૂજા કરે છે. એની પૂજા આપણે પણ કરીએ છીએ એને લઈને ધર્મ, અર્થ અને કામ નાં ફળ લોકો મેળવીને પોતાના દેહ આદિનો નિર્વાહ કરે છે. પુરુષના જે પુરુષાર્થ છે તે પુરુષાર્થના ફળને આપનાર પર્જન્ય છે ।।૯-૧૦।।

કુલમાં જે પારમ્પરિક ધર્મ ચાલ્યો આવતો હોય તેને કામ, લોભ, ભય કે દ્વેષ થી જે માણસ છોડી દે છે તે સારા ફલને ભોગવતો નથી, પણ એનું અનિષ્ટ થાય છે એ ચોક્કસછે ।।૧૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** નન્દરાયજી અને બીજા વ્રજવાસીઓ નાં વચનને

ભગવાને સાંભળી ઇન્દ્રને ક્રોધ કરાવતા ભગવાન્ નન્દરાયજીને કહેવા લાગ્યા ।।૧૨।।

**શ્રીભગવાન્ બોલ્યા** : કર્મથી પ્રાણી પેદા થાય છે, કર્મથી લય પામે છે, સુખ, દુઃખ, ભય અને કલ્યાણ એ બધું કર્મથી જ લોકો પ્રાપ્ત કરી શકે છે ।।૧૩।।

જીવના કર્મોનું ફલ આપનાર કોઈ ઈશ્વર હોય તો પણ તે કર્મ કરનારનેજ ફલ આપે છે. જે માણસ કર્મ કરતો(જ) નથી તેના ઉપર તે ઈશ્વરની કંઈજ સત્તા ચાલતીનથી ।।૧૪।।

એટલે કર્મમાર્ગમાં કર્મ જ ઈશ્વર છે. એનાં કર્મોને અનુસારે બધું મળી શકે છે. જ્યારે પ્રાણીમાત્ર પોત-પોતાના કર્મના ફળને ભોગવનાર છે તો પછી ઇન્દ્રને પૂજીને લોકોએ એની પાસેથી શું લેવાનું બાકી રહે છે? માણસે સ્વભાવથી જે કર્મ કર્યું તેને ઊલટું કરવાને તો ઇન્દ્ર પણ સમર્થ નથી ।।૧૫।।

માણસતો સ્વભાવને અધીન છે અને આ દેવ, આસુર, માનુષરૂપ જગત્ સ્વભાવ પ્રમાણે ચાલે છે ।।૧૬।।

અસુરો, દેવો, મનુષ્ય વગેરેના ઊંચા-નીચા દેહો પણ કર્મવડે મેળવે છે અને કર્મવડે જ એ દેહોનો ત્યાગ કરે છે; કર્મવડે જ શત્રુ, મિત્ર અને ઉદાસીનભાવને પ્રાપ્ત કરે છે; તેથી સર્વથી મોટું કર્મ છે તે જ ઈશ્વર છે એમ સમજો તો પણ કાંઈ ખોટું નથી ।।૧૭।।

તેથી માણસ સ્વભાવમાં રહીને પોતાનાં કર્મ કરતો રહે અને એ કર્મને જ પૂજે. જેનો જેવો સ્વભાવ-બ્રાહ્મણત્વ આદિ તેણે પોત-પોતાનાં કર્મ કરવાં એનાથી એને સર્વ સિદ્ધ થાય છે તેથી કર્મ જ તેને દેવતા એટલે ફલ આપનાર છે, વચમાં બીજાને રાખવાની કાંઈ જરૂર નથી ।।૧૮।।

જેમ સ્ત્રી પોતાના પતિને છોડી ઈતરને ભજે તેથી સુખ મળતું નથી તેમ એક ભાવને પ્રથમ સ્વીકારીને પછી એને છોડી બીજા ભાવને લેવા જાય છે તેને પણ સુખ મળતું નથી ।।૧૯।।

બ્રાહ્મણ વેદથી પોતાની આજીવિકા ચલાવે, ક્ષત્રિય, પૃથ્વીનું રક્ષણ કરી પોતાની વૃત્તિ કરે, વૈશ્ય વેપાર ધંધો કરી પોતાનું યોગ ક્ષેમ ચલાવે અને શુદ્ર, બ્રાહ્મણ આદિ ત્રિવર્ણની સેવા કરી દેહ નિર્વાહ કરે ।।૨૦।।

પ્રકૃતિના સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણ છે. તેમાં રજોગુણને લઈને

પારસ્પરિક સમ્બન્ધને લીધે જગત્ સર્વ નાના પ્રકારયુક્ત ઉત્પન્ન થાય છે ।।૨૨।।

એ જ રજોગુણ મેઘને પ્રેરણા કરે છે ત્યારેએ મેઘો ચારે તરફ જળને વરસાવે છે એનાથી પ્રજા પોતાની સિદ્ધિ મેળવે છે એમાં ઇન્દ્ર શું કરી દેછે? ।।૨૩।।

આપણો પોતાનો કહી શકાય એવો કોઈ દેશ નથી. આપણું શહેર નથી એમ ગામડાં કે ઘર પણ આપણા નથી; આપણે તો હે તાત! વન અને પર્વત માં રહેનાર છીએ ।।૨૪।।

માટે ઇન્દ્રની સાથે આપણે કાંઈ સમ્બન્ધ નથી, પણ આપણે તો ગાયો, બ્રાહ્મણો અને પર્વતો ના સમ્બન્ધથી સુખી છીએ તેથી ઇન્દ્રને છોડી ગાયો, બ્રાહ્મણો અને પર્વત નો યજ્ઞ કરો અને જે તૈયારી ઇન્દ્રયાગમાટે કરી છે તે પદાર્થોથી જ ગાય, બ્રાહ્મણ અને પર્વત નો યાગ કરો ।।૨૫।।

જાત-જાતનાં પકવાન્, દૂધપાક થી લઈ સૂપ સુધીના તૈયાર કરો. સઞ્જાવની, ખીર, માલપૂવા, વડાં, જલેબી વગેરે બનાવો. આજનું બધું દૂધ વાપરી નાખો અને જે ન વાપરી શકાય તે દૂધ વાછરડાંઓને આપી દો ।।૨૬।।

બ્રહ્મને જાણનાર બ્રાહ્મણોને બોલાવી સારી રીતે અગ્નિમાં હોમ કરો. અનેક પ્રકારનું અન્ન એને આપો અને દક્ષિણામાં ગાયો આપો ।।૨૭।।

બીજા ક્ષત્રિય, વૈશ્ય પછી કૂતરાં અને ચાંડાળ સુધીના બધા જીવો તેમ જ પતિત વગેરે પ્રાણીઓને એની યોગ્યતા પ્રમાણે અન્ન આપો. ગાયોને ઘાસ આપો અને બધા ભોગ્ય પદાર્થો પર્વતને ધરી દો ।।૨૮।।

સારી રીતે શૃંગાર કરી, ભોજન કરી, ચન્દન આદિથી અનુલેપન કરી સારાં વસ્ત્ર પહેરી ગાય, બ્રાહ્મણ, અગ્નિ અને ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા કરો ।।૨૯।।

મારો મત તો આ કર્મ કરવાનો છે. તમને બધાને એ ગમે તો એમ કરો. આ ગાય, બ્રાહ્મણ અને પર્વતોનો યજ્ઞ મને પણ પ્રિય છે ।।૩૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** કાલાત્મા ભગવાને ઇન્દ્રના ગર્વને ટાળવામાટે કહેલું સાંભળી નન્દરાયજી વગેરેએ શ્રીકૃષ્ણે કહ્યા પ્રમાણે કરવાનું કબૂલ કરી લીધું અને ''તમે સાચું કહો છો'' એમ બધાએ સ્વીકાર્યું ।।૩૧।।

મધુસૂદન ભગવાને જે પ્રમાણે કહ્યું હતું તેવી રીતે એ દ્રવ્યવડે જ યાગ કરવામાટે બ્રાહ્મણોને બોલાવી સ્વસ્તિવાચન કર્મ કરાવી યજ્ઞનો આરમ્ભ કરી દીધો ।।૩૨।।

પર્વતને બધું નિવેદન કરી ગાયોને આદરપૂર્વક ઘાસ આપી પોત-પોતાની

ગાયોને આગળ કરી પર્વતની પ્રદક્ષિણા કરવા લાગ્યા ।।૩૩।।

ગોપોએ ગાડાંમાં બળદોને જોડ્યા. એમાં બનીઠનીને બેઠા. ભગવદીયો અને બ્રાહ્મણો ના આશીર્વાદો લઈને ગોપીઓ ગાડાંમાં બેસીને કૃષ્ણનાં ગીત ગાવા લાગી. એમ બધાંએ પરિક્રમાકરી ।।૩૪।।

ગોપોને વિશ્વાસ બેસાડવામાટે શ્રીકૃષ્ણે તો એક બીજું જુદું રૂપ ધર્યું અને ''હું પર્વત છું'' એમ બોલતા મોટું શરીર દેખાડી એ ઘણી સામગ્રી આરોગી ગયા ।।૩૫।।

વ્રજજનોની સાથે શ્રીકૃષ્ણે પોતાના બીજા સ્વરૂપ પર્વતને પોતે નમસ્કાર કર્યા અને કહ્યું ''ઓહો! દર્શન કરો, આ શૈલ (પર્વત) ભગવાન્ છે. તેમણે સાક્ષાત્ સ્વરૂપ ધારણ કરીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે ।।૩૬।।

હે વ્રજવાસીઓ! એનું અપમાન કરનારને એ કાળરૂપી હોવાથી ગમે તેવું રૂપ ધારણ કરીને મારી નાંખે છે તેથી આપણી ગાયોના સુખનેમાટે આપણે એને નમન કરીએ'' ।।૩૭।।

**ઈત્યદ્રિ ગોદ્વિજમખં વાસુદેવપ્રણોદિતાઃ ।।**
**યથા વિધાય તે ગોપાઃ સહકૃષ્ણ વ્રજં યયુઃ ।।૩૮।।**

એમ વાસુદેવના કહેવાથી પર્વત, ગાય અને બ્રાહ્મણો નો એમના કહ્યા પ્રમાણે યજ્ઞ કરી ગોપો શ્રીકૃષ્ણને લઈ વ્રજમાં આવ્યા ।।૩૮।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ત્રીજા સાધન-પેટા-પ્રકરણનો યશ નિરૂપક ત્રીજો અને ચાલુ) ''ભગવાને ઈન્દ્રનો યજ્ઞ ભંગ કર્યો'' નામનો ચોવીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૨૧ મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૨૫

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૨૨

## ભગવાને ઈન્દ્રના માનનો ભંગ કર્યો

### તામસ સાધન પ્રકરણ અધ્યાય ચોથો

**વિશેષ :** આ હેતુ નન્દરાયજીએ દૃષ્ટાર્થફલક બતાવ્યો તેમ એની સામે ભગવાને અદૃષ્ટસાધક

કર્મ બતાવ્યું એ પણ નિશ્ચિત સાધન છે. આ હેતુથી ફળનો ભોક્તા ઈન્દ્ર થઈ પડ્યો હતો તેણે ગોપોને વિઘ્ન કર્યું. એણે વૃષ્ટિ કરી ગોપોને હેરાન કર્યા ત્યારે શ્રીકૃષ્ણે એના પ્રતીકારમાં પર્વતને ઉઠાવી ગોપોને બચાવ્યા. જેમ એણે ''અમને નહિ પૂજો તો આવી રીતે તમારું અમે અનિષ્ટ કરીશું'' એમ કરી બતાવ્યું તેમ ''ભગવાને પણ મારો આશ્રય કરશો તો હું પર્વત ઉઠાવીને પણ તમારું રક્ષણ કરીશ'' એમ દષ્ટ ફળ બતાવ્યું. વળી ભગવાન્‌ને ધર્યા વગર ખાનારની અથવા જેમાં પોતાનો હક નથી તેવું ખાનારની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે એ બતાવવામાટે ઈન્દ્ર પાસે મોહનાં વાક્ય કહેવડાવ્યાં છે. પચીસમાં અધ્યાયમાં ઈન્દ્ર વ્રજવાસીઓને પીડા કરે છે એ વાત કહે છે. શ્રીકૃષ્ણ ગોવર્ધન ઉઠાવી વ્રજનું સારી રીતે પાલન કરે છે. એટલી વાત આ અધ્યાયમાં આવે છે. પ્રથમના અધ્યાયમાં ઈન્દ્રનો યાગ બંધ કરી શ્રીગોવર્ધનનો યાગ કર્યાનું કહ્યું. તેથી ઈન્દ્રે કોપ કર્યો અને વ્રજને પીડવામાટે વૃષ્ટિ કરી એનું નિરૂપણ પ્રથમ દશ શ્લોકથી કરે છે. એમાં પ્રથમ ચાર શ્લોકથી તો ક્રોધ કર્યો, એને પીડવામાટે સાંવર્તકને હુકમ કર્યો, વાક્યો બોલ્યો, મેઘોએ સર્વનાશ કર્યો એ કહી પીડા, એનું કારણ, એનું ફળ વગેરે કહીને આ પછીના અધ્યાયમાં ભગવાન્‌ની સાથે સન્ધિ કરશે.

**ઈન્દ્રસ્તદાત્મનઃ પૂજાં વિજ્ઞાય વિહતાં નૃપ ।।**
**ગોપેભ્યઃ કૃષ્ણનાથેભ્યો નન્દાદિભ્યશ્ચુકોપ સઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે રાજન્! પોતાની પૂજાને લોપ થયો જાણી અને ગોપો તો પોતાના રક્ષક કૃષ્ણને માને છે એ વાત જાણી નન્દરાયજી વગેરેની ઉપર એ ઈન્દ્રે તો ગુસ્સો કર્યો ।।૧।।

જે મેઘો પ્રલયમાં જગત્‌નો અન્ત કરનાર સાંવર્તક નામથી પ્રસિદ્ધ છે તે સાંવર્તક મેઘોને ઈન્દ્રે ક્રોધ કરી પ્રેરણા કરી અને ''હું જ ઈશ્વર છું'' એમ ગર્વનું વાક્ય બોલ્યો ।।૨।।

**ઈન્દ્રે કહ્યું** : ''અહો! વનમાં રહેનાર ગોપોને લક્ષ્મીનો કેટલો મદ થયો છે! એ લક્ષ્મીના મદનું માહાત્મ્ય તો જુઓ કે એણે એક માણસ એવા કૃષ્ણનો આશ્રય કરીને દેવનું અપમાન કર્યું ।।૩।।

જેમ અદઢ નામમાત્રની જ નાવથી સમુદ્ર તરાય નહિ તેમ આત્મવિદ્યા વિના સંસાર સમુદ્રને તરાતો નથી; તેમ કેવળ નામમાત્રથી 'યજ્ઞ' કહેવાય એવો યજ્ઞ કરી એનાથી પણ મારો આશ્રય છોડી કેવળ કૃષ્ણના આશ્રયથી એ ભય, દુઃખ આદિથી બચી ન શકે ।।૪।।

ગોપોએ *વાચાળ, બાલિશ, સ્તબ્ધ (અભિમાની), પોતાને પંડિત માનનાર, અજ્ઞ અને મૃત્યુધર્મવાળા કૃષ્ણનો આશ્રય કરી મારું અપ્રિય કર્યું ।।૫।।

**વિશેષ** : 'વાચાળ' કહેવાથી ઐશ્વર્ય રહિત કહ્યા, કેમકે વધારે બોલવાનું ઈશ્વરને ન હોય તેથી વૈરાગ્યભાવ પણ સમજાય છે. વળી સ્વાર્થમાટે વધારે બોલનાર વૈરાગ્ય વગરના હોય છે. 'બાલિશ'થી મૂર્ખ કહ્યા એમાં જ્ઞાન ગુણનો અભાવ કહ્યો. જ્ઞાનના અભાવવાળો મૂર્ખ કહેવાય. અભિમાનીની કીર્તિ ન હોય તેથી કીર્તિનો અભાવ 'સ્તબ્ધ' કહેવાથી કહ્યો. 'અજ્ઞ'થી જ્ઞાનનો અભાવ સ્પષ્ટ છે. મનુષ્ય હોય તે વિરક્ત ન હોય. એમ છ ગુણવાળા ભગવાન્‌માં ઈન્દ્રને છ દોષની સ્ફુર્તિ થઈ તેથી એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે અથવા ઈન્દ્ર કહે છે કે ''ગોપોએ કૃષ્ણના સ્વરૂપને જાણ્યું નહિ અને મારો યાગ બંધ કર્યો'' એ ખોટું કર્યું. શ્રીકૃષ્ણનું સ્વરૂપ કેવું છે? **'વાચાળ'** એટલે જ્યાં વાણી ન પહોંચી શકે તેવું છે. એ ગોપો તો એને પોતાના મિત્ર માને છે. **'બાલિશ'** એટલે રાવણ નામના શત્રુના પક્ષમાં રહેનાર વાલિ વાનરાને સુખ આપનાર. તેને મારીને ભગવાને ભક્તને લાયક મોક્ષ આપ્યો. તેથી એવા કૃપાળ છે તે રૂપે ગોપો જાણતા નથી. વળી **'સ્તબ્ધ'** છે. **''વૃક્ષ ઈવ સ્તબ્ધો દિવિ તિષ્ઠતિ''** ઈત્યાદિ શ્રુતિમાં ભગવાન્‌ને સ્તબ્ધ કહ્યા છે. જો ભગવાન્ નમ્ર થાય તો સત્યાદિ લોક ઉપરા-ઉપર રહી ન શકે તેથી ભગવાન્ અક્કડ રહે છે. પોતે 'પંડિતમાની' એટલે વિદ્યાવાળાને માનનાર છે. 'અજ્ઞ' એટલે જેનાથી પર બીજો જાણનાર નથી તેથી સર્વજ્ઞ છે. વળી 'કૃષ્ણ' એટલે એ છ ધર્મવાળા ધર્મી સદાનન્દ પોતે છે. એ ભગવાન્‌ને મારા અપ્રિય કર્યા એટલે સર્વથી પ્રિય કરાવ્યા એના જેવું મને કોઈ પ્રિય નથી તેથી એમણે મારા ઉપર મોટો ઉપકાર કર્યો. એમ આ શ્લોકાર્થમાં સરસ્વતીનો એવો અભિપ્રાય છે.

આ ગોવાળિયા લક્ષ્મીથી ગર્વવાળા થયા છે અને કૃષ્ણથી મનમાં બહુ ફુલાઈ ગયા છે. એ બધાના લક્ષ્મીના મદને તમે ઉતારો અને એનાં પશુઓનો નાશ કરો ।।૬।।

હું ઐરાવત હાથી ઉપર ચડીને નન્દના વ્રજનો નાશ કરવાની ઈચ્છાથી મહાબળવાળા વાયુના ગણને લઈ તમારી પાછળ વ્રજમાં આવું છું'' ।।૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એમ જ્યારે ઈન્દ્રે આજ્ઞા કરી ત્યારે મેઘો બન્ધનથી મુક્ત થઈને નન્દગોકુલને પોતાની ધારાઓથી બળાત્કારે પીડવા લાગ્યા ।।૮।।

મેઘો વીજળીઓના ઝબકારા અને ગર્જનાના શબ્દ કરતા પ્રચંડ પવન સાથે જલના કરા ઝીંકવા લાગ્યા ।।૯।।

વાદળમાંથી થામ્ભલા જેવી જલની ધારાઓ છોડવા માંડ્યા. જલના ઓઘ પૃથ્વી ઉપર પડતાં એમાં ઊંચો-નીચો ભાગ દેખાતો બંધ થઈ ગયો ।।૧૦।।

અત્યન્ત વરસાદ પડવાથી અને એમાં પવનના જોરથી પશુઓ કમ્પવા લાગ્યાં, ગોપ અને ગોપીઓ શીતને લઈને દુઃખી થયાં, એનો પ્રતીકાર કરવા અસમર્થ હોવાથી તેઓ ગોવિન્દને શરણે ગયાં ।।૧૧।।

પોતાનાં મસ્તક અને અંગોથી પોતાનાં બાળકોને ઢાંકીને ધારાઓ પડવાથી પીડાતાં કાંપતાં સર્વ પ્રકારે ભગવાન્‌ના ચરણમાં આવી પહોંચ્યા ।।૧૨।।

''હે કૃષ્ણ! કૃષ્ણ! હે મહાભાગ! હે પ્રભો! આ ગોકુલના રક્ષક આપ જ છો. કોપેલા દેવથી હે ભક્તવત્સલ! આપ અમારું રક્ષણ કરવાને યોગ્ય છો'' ।।૧૩।।

કરાનો વરસાદ પડવાથી હણાતા અને તેથી ચેતન વગરના થઈ ગયેલ ગોપોને જોઈને હરિ ભગવાન્ ઈન્દ્રે કરેલા ઉપદ્રવને જાણી ગયા ।।૧૪।।

ઋતુ વગરનો આવો ભયંકર વરસાદ જોયો. તેમાં મોટા વંટોળિયા જોયા, વરસાદમાં પણ શિલાઓ પડતી જોઈ. ''અમે એનો યાગ બંધ કર્યો તેથી ઈન્દ્ર અમારો નાશ કરવા વર્ષે છે'' એમ ભગવાને જાણ્યું ।।૧૫।।

''હું આત્મયોગવડે એની સામે વ્રજનો બચાવ કરું અને લોકમાં અમે જ ઈશ્વર છીએ એમ જે મૂર્ખાઈથી માને છે તેના લક્ષ્મીના મદરૂપ અજ્ઞાનને હું દૂર કરીશ ।।૧૬।।

સાત્વિક ભાવવાળા દેવોને ઐશ્વર્યનો મદ ન થવો જોઈએ અને દુષ્ટોને એવું થાય એનો મારાથી માનભંગ થવો જોઈએ; તો જ એ શાન્ત થાય ।।૧૭।।

આ વ્રજ તો મારે શરણે આવેલ છે, મને રક્ષક માનનાર છે અને મારા કુટુમ્બ જેવું છે તેની હું આત્મયોગવડે રક્ષા કરું કેમકે શરણાગતની રક્ષા કરવી* એ મારું વ્રત છે ।।૧૮।।

**વિશેષ :** ભગવાને વિચાર કર્યોઃજેમ મેં આ વ્રજવાસીઓના જીવોનો સ્વીકાર કર્યો છે તેમ એના દેહો પણ મારે રક્ષવા જોઈએ કેમકે એની રક્ષા કરવી એ મારું વ્રત છે. એની આત્મયોગથી હું રક્ષા કરીશ. જેમ વાયુને રોકવાથી બધી ઈન્દ્રિયો ઉપદ્રવ રહિત થાય છે તેમ હું આ વ્રજવાસીઓમાં મારો આત્મા સ્થાપન કરું તેથી એ મારામાં આવી જશે; એટલે પ્રથમ મેં ઘણું ભોજન કર્યું છે તેનો પણ ઉપયોગ થઈ જશે, કેમકે મારું એવું વ્રત છે કે શરણાગતની સર્વભાવથી રક્ષા કરવી. ગીતામાં મેં કહ્યું છે કે હે કૌન્તેય! મારો ભક્ત નાશ ન પામે. હું સર્વને

અભય આપીશ. ''શરણાગત સંરક્ષા સર્વભાવેન સર્વથા, કૌન્તેય પ્રતિ જાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ'' ''સંગ્રામે ચ પ્રપન્નાનાં તવાસ્મીતિ ચ યો વદેત્, અભયં સર્વ ભૂતેભ્યો દદામ્યેતદ્ વ્રતં મમ'' ઇત્યાદિ વાક્યો એમાં પ્રમાણ છે.

એમ કહી એક શ્રીહસ્તથી, બાળક જેમ છત્રી (બિલાડીનો ટોપ) ધારણ કરે તેમ, લીલા કરતાં અનાયાસે ગોવર્ધન પર્વતને ધારણ કર્યો ।।૧૯।।

**શ્રીભગવાન્ બોલ્યા :** ''હે માતાજી! હે પિતાજી! હે વ્રજવાસીઓ! મેં તમારી રક્ષામાટે પર્વત ઉઠાવ્યો છે. તેની નીચેના ભાગમાં તમારી ગાયો અને ઘરવખરી લઈને તમને સુખ થાય તેમ તમે ઈચ્છા પ્રમાણે રહો ।।૨૦।।

હું ગોવર્ધનને હાથમાં રાખું છું. એ પડી જશે એવો ભય તમે ન રાખશો. વાયુ, વરસાદ વગેરેથી તમારું રક્ષણ મેં કર્યું છે તેથી એ ભય પણ તમારે કરવાનો નથી'' ।।૨૧।।

જ્યારે શ્રીકૃષ્ણે આ પ્રમાણે આશ્વાસન આપ્યું ત્યારે પોતાનાં ગાયો, બાલબચ્ચાં અને ઉપજીવનના સાધનસહિત પર્વતની નીચેના ભાગમાં બધા ગોપોએ પ્રવેશ કર્યો ।।૨૨।।

ક્ષુધા-તૃષાનો વિચાર ન કર્યો, પોતાના સુખની દરકાર ન કરી અને એ વ્રજવાસીઓ પ્રભુનાં દર્શન કરતા રહ્યા. એ રીતે ભગવાને સાત દિવસ સુધી ગોવર્ધનને ધારણ કરી રાખ્યો. એમાં પગને જરા પણ ચલિત ન કર્યો ।।૨૩।।

શ્રીકૃષ્ણના યોગના પ્રભાવને જાણીને ઈન્દ્ર અત્યન્ત વિસ્મયમાં પડ્યો. પોતાનો ગર્વ જતો રહ્યો, કરેલ સંકલ્પથી ભ્રષ્ટ થયો અને પોતાના મેઘોને વ્રજનો નાશ કરતા અટકાવ્યા ।।૨૪।।

ઈન્દ્રે જ્યારે મેઘોને પાછા બોલાવી લીધા ત્યારે વાદળાં દૂર થતાં સૂર્ય આકાશમાં નહોતો દેખાતો તે દેખાવા લાગ્યો, દારુણ, વાયુ અને વરસાદ હતા તે બંધ થયા. આ બધું જોઈને શ્રીગોવર્ધનને ધરનાર ભગવાને ગોપોને કહ્યુંઃ ।।૨૫।।

''હે ગોપો! હવે અહીં વર્ષા વાયુ નથી, પહેલાં જેવું થઈ ગયું છે તેથી તમે ભય છોડો અને બહાર આવો; સ્ત્રી, ગોધન અને બાળકો ને લઈને આવી જાઓ. વાયુ અને વર્ષા ગયાં છે તેની સાથે નદીઓમાં પાણી પણ ઓછાં થઈ ગયાં છે'' ।।૨૬।।

ત્યારે ગોપો પોત-પોતાના ગોધનને લઈને બહાર નીકળ્યા; સ્ત્રી, બાળકો, વૃદ્ધો અને ઘરના બીજા પરિકરને ગાડાંમાં લાદીને બધા બહાર આવ્યા ।।૨૭।।

ભગવાન્ પણ સમર્થ છે. એમણે જેમ પર્વત ઉઠાવ્યો હતો તેમ જ પાછો એ જ જગ્યાએ બધાના દેખતાં અનાયાસે સ્થાપન કરી દીધો ।।૨૮।।

ભગવાને પર્વતને મૂક્યો કે બધા પ્રેમમાં આવી જઈને જેને જેમ ફાવ્યું તેમ બધા ભગવાન્‌ને મળ્યા, ભેટ્યા. ગોપીઓએ પણ દહીં, અક્ષત અને જલ થી સ્નેહપૂર્વક અને આનન્દથી એમનું પૂજન કરી એમને શુભ આશિષો આપી પોતાનો આનન્દ પ્રદર્શિત કર્યો ।।૨૯।।

યશોદાજી, રોહિણીજી, નન્દરાયજી, બલવાનોમાં શ્રેષ્ઠ બળદેવજીએ ભગવાન્‌ને આલિંગન આપી સ્નેહમાં વિહ્વલ બની આશીર્વાદ આપ્યા ।।૩૦।।

સ્વર્ગમાં દેવોના સમૂહો, સાધ્ય, સિદ્ધ, ગન્ધર્વ, ચારણ વગેરેએ ભગવાન્‌ની સ્તુતિ કરી અને હે રાજા! પ્રસન્નતાથી તેઓ પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા ।।૩૧।।

દેવની પ્રેરણાથી શંખ અને દુન્દુભિ આકાશમાં સંભળાવા લાગ્યાં. હે રાજન્! તુમ્બુરું જેમાં મુખ્ય છે તે ગન્ધર્વો ગાન કરવા લાગ્યા ।।૩૨।।

**તતોનુરક્તૈઃ પશુપૈઃ પરિશ્રિતો રાજન્ સ ગોષ્ઠં સબલોવ્રજદ્ધરિઃ ।।**
**તથા વિધાન્યસ્ય કૃતાનિ ગોપિકા ગાયન્ત્યયુર્મુદિતા હૃદિસ્પૃશઃ ।।૩૩।।**

હે રાજન્! ત્યાર પછી સ્નેહવાળા ગોપાલો અને બળદેવજીથી વીંટળાયેલા હરિ વ્રજમાં પધાર્યા ત્યારે હૃદયને અસર કરે તેવી ભગવાન્‌ની લીલાનું ગાન કરતાં ગોપીઓ આનન્દ પામ્યાં ।।૩૩।।

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ત્રીજા સાધન-પેટા-પ્રકરણનો શ્રીનિરૂપક ચોથો અને ચાલુ) ''ભગવાને ઈન્દ્રના માનનો ભંગ કર્યો'' નામનો પચીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૨૨ મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્‌ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધો બનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

# અધ્યાય ૨૬

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૨૩

# ગોપોને ભગવાન્‌માં અજ્ઞાન-અન્યથાજ્ઞાન થયું તે દૂર થયું

### તામસ સાધન પ્રકરણ અધ્યાય પાંચમો

**વિશેષ** : આ છવ્વીસમા અધ્યાયમાં નિરુદ્ધ થયેલા વ્રજવાસીઓનાં કૃષ્ણ સમ્બન્ધી અજ્ઞાન અને અન્યથાજ્ઞાન નું સર્વાંશે નિવારણ કરવામાં આવે છે કારણ કે ગોવર્ધન પર્વતને ધારણ કરવાથી કરેલો તેમનો બધાનો નિરોધ સરખો જ છે. પહેલાં તો પ્રાકૃતનો સમ્બન્ધ ભગવાન્‌માં ન માનીએ તો વિરોધ આવે. એમ કહીને ભગવાન્ સ્વયં એવા જ પ્રકટ થયા છે એમ સિદ્ધ કરે છે. પૂર્વપક્ષ કર્યો તેમાં માહાત્મ્ય જાણવામાં આવ્યું તે જ કારણ છે. બીજાઓ કહે છે કે ગર્ગવાક્ય કારણ છે, ત્યારે એ જ ફળરૂપ છે એમ નિશ્ચય કર્યોછે.

**એવંવિધાનિ કર્માણિ ગોપાઃ કૃષ્ણસ્ય વીક્ષ્ય તે ।।**
**અતદ્વીર્યવિદઃ પ્રોચુઃ સમભ્યેત્ય સુવિસ્મિતાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : એવા પ્રકારનાં શ્રીકૃષ્ણનાં કર્મોને જોઈને એમના પરાક્રમને ન જાણનાર ગોપો અત્યન્ત વિસ્મય પામ્યા અને કહેવા લાગ્યાઃ ।।૧।।

''આ બાળક છે છતાં એનાં કામ અત્યન્ત અદ્‌ભુત છે. એણે આપણા જેવા ગામડિયાઓને ઘેર મોટાઓને નિંદવાલાયક જન્મ કેમ લીધો? ।।૨।।

પોતે સાત વર્ષનો બાળક જ છે છતાં ગજરાજ જેમ કમળને ઉઠાવે તેમ, એક શ્રીહસ્તમાં રમત કરતાં ગિરિરાજને કેવી રીતે ઉઠાવ્યો? ।।૩।।

હજુ આંખ તો બિલકુલ બંધ હતી એવો છ દિવસનો થયો ત્યાં, કાળ જેમ આયુષ્યનું પાન કરે છે અને ખબર નથી પડતી તેમ, બહુ બળવાળી પૂતનાના પ્રાણસહિત દૂધનું તેણે પાન કર્યું ।।૪।।

જેની ઉંમરની ગણતરી હજુ તો મહિનાઓમાં જ થતી હતી, (ચાર માસનો પણ નહોતો થયો) જે રડતો હતો અને ગાડાની નીચે સૂતો હતો ત્યાં ચરણ ઊંચું કર્યું તે ગાડામાં વાગ્યું એનાથી ગાડું ઊંધું પડી ગયું ।।૫।।

એક વર્ષનો થયો ત્યાં દૈત્ય એને આકાશમાં ઉપાડી ગયો. એણે દૈત્યનો કંઠ પકડ્યો તેથી તૃણાવર્ત મરી ગયો. એને બાળક કેમ મારી શકે? ।।૬।।

એક વખત તેણે માખણની ચોરી કરી ત્યારે માતાએ ઊખળીથી બાંધ્યો ત્યાં તો

એ યમલાર્જુન વૃક્ષોની વચ્ચેથી બે હાથથી ચાલ્યો અને એને પાડી નાખ્યાં ।।૭।।

રામની સાથે બાળકોથી વીંટાઈને વનમાં પશુ ચારતો હતો તેને મારવાની કામનાથી એક દૈત્ય બગલાનું રૂપ લઈને આવ્યો તેને ચાંચથી પકડી ચીરી નાંખ્યો ।।૮।।

મારવાની ઈચ્છાથી એક દૈત્ય વાછડાનું રૂપ લઈ વાછડામાં મળી ગયો તેને મારી એના વડે કોઠાં પણ રમત કરતાં પાડ્યાં ।।૯।।

પછી ગધેડાનું રૂપ ધરનાર ધેનુકાસુર અને એના બાંધવોને મારી પરિપક્વ ફળવાળું તાલવન જે ભયાનક હતું તેને સર્વને માટે નિર્ભય કર્યું ।।૧૦।।

બલવાન પ્રલમ્બ દૈત્ય આવ્યો તેને બળશાલી બલદેવજીને હાથે મરાવ્યો અને ગોપો તથા વ્રજ ની ગાયોને અરણ્યના દાવાનળથી બચાવી ।।૧૧।।

જેની દાઢમાં ભયાનક ઝેર હતું તેવા કાલિય નાગને મદરહિત કરી કાલિન્દીના હ્રદથી દમન કરીને બળાત્કારે કાઢી મૂક્યો અને યમુનાને ઝેર રહિત સુન્દર જલવાળી બનાવી ।।૧૨।।

કોઈ રીતે ન છૂટી શકે તેવો આપણા બધાનો એની ઉપર અનુરાગ છે. હે નન્દજી! તેમ તેનો પણ અમારા ઉપર સહજ જ સ્નેહ છે તે કેમ થઈ શકે? (આ પ્રેમ તો વસ્તુના સામર્થ્યથી જ થાય છે તો એ તમારો પુત્ર કેમ હોઈ શકે?) ।।૧૩।।

ક્યાં સાત વર્ષનો બાળક અને ક્યાં મોટા પર્વતને ઊંચકી રાખવો? તેથી હે વ્રજનાથ! તમારા પુત્રના સ્વરૂપમાં અમને શંકા થાય છે ।।૧૪।।

**નન્દરાયજી બોલ્યા** : હે ગોપો! આ કુમારને ઉદ્દેશીને ગર્ગાચાર્ય જે બોલ્યા છે તે મારાં વચનથી સાંભળો, જેથી તમારી શંકા દૂર થાય ।।૧૫।।

“દરેક યુગમાં અવતાર લેનાર આ તમારા પુત્રના સફેદ, લાલ, પીળો એવા ત્રણ વર્ણ કૃત (સત્ય), ત્રેતા અને દ્વાપરયુગમાં થાય છે. હાલમાં એનો કૃષ્ણ વર્ણ થયો છે તેથી એ ‘કૃષ્ણ’ કહેવાય છે ।।૧૬।।

આ તમારો પુત્ર પહેલાં કોઈક દેશ અથવા કાલમાં વસુદેવને ત્યાં જન્મ્યો હતો તેથી જેઓ એનો મર્મ જાણે છે તેઓ તેને ‘વાસુદેવ’ (ખરી રીતે તો ‘વસુ’શબ્દનો અર્થ છે ધન. ધનરૂપ દેવ તે વસુદેવ અર્થાત્ લક્ષ્મીજીના પતિ તે વાસુદેવ) લક્ષ્મીપતિ કહે છે ।।૧૭।।

તમારા પુત્રનાં નામ અને રૂપ બહુ છે તે એના ગુણો અને કર્મો ને યોગે થયેલાં

છે. એ બધાંને હું જાણું છું, લોકો જાણતા નથી ।।૧૮।।

ગોપો અને ગાયો ના કુલને આનન્દ આપનાર આ કૃષ્ણ તમારું શ્રેય કરશે. આ કૃષ્ણના પ્રભાવથી તમે સર્વ મુશ્કેલીઓને તરી જશો ।।૧૯।।

હે વ્રજપતે! ભગવદ્ભક્તોને પ્રથમ રાવણ વગેરે શત્રુઓ દુઃખ આપતા હતા અને અરાજક્તા ચાલતી હતી ત્યારે આ તમારા પુત્રે સાધુઓની શત્રુથી રક્ષા કરીઅનેએનું બળ વધાર્યું ત્યારે તેઓએ દૈત્યોને જીતી લીધા હતા. આપૃથુ વગેરેમાંસ્પષ્ટ દેખાયછે ।।૨૦।।

વિષ્ણુના પક્ષપાતીને અસુરો જીતી ન શકે તેમ જે મહાભાગ્યવાળા આમાં પ્રીતિ કરશે તેને શત્રુઓ જીતીનહિશકે ।।૨૧।।

તેથી હે નન્દ! તમારો કુમાર ગુણો, લક્ષ્મી, કીર્તિ અને પ્રતાપમાં નારાયણ સમાન છે. તેથી એ જે-જે કામ કરે તેમાં તમારે આશ્ચર્ય પામવું નહિ'' ।।૨૨।।

એમ ગર્ગે સાક્ષાત્ મને કહ્યું અને એ પોતાને ઘેર ગયા. ત્યારથી હું તો અક્લિષ્ટકર્મા કૃષ્ણને નારાયણનો અંશ માનું છું. એ કોઈ દિવસ કોઈને ક્લેશ આપે એવું કરતો નથી. (જે દુઃખી હોય તે જ ક્લિષ્ટ કર્મ કરે, જે પીડિત ન હોય તે ન કરે અને દુઃખનો અભાવ તો બ્રહ્મમાં જ સમ્ભવે) તેથી હું એને બ્રહ્મ માનું છું ।।૨૩।।

ગર્ગે ગાયેલું નન્દનું વચન સાંભળી વ્રજવાસીઓએ, અમિત તેજવાળા શ્રીકૃષ્ણના પ્રતાપને જોયો અને સાંભળ્યો છે એથી નન્દની પૂજા કરી અને શ્રીકૃષ્ણના સ્વરૂપમાં વિસ્મય પામતા હતા તેથી નિવૃત્ત થઈ આનન્દ માનવા લાગ્યા ।।૨૪।।

**દેવે વર્ષતિ યજ્ઞવિપ્લવરુષા વજ્રાશ્મપરુષાનિલૈઃ**
**સીદત્પાલપશુસ્ત્રિ આત્મશરણં દષ્ટ્વાનુકમ્પ્યુત્સ્મયન્ ।।**
**ઉત્પાટ્યૈકકરેણ શૌલમબલોલીલોચ્છિલીન્ધ્રં યથા**
**બિભ્રદ્ ગોષ્ઠમપાન્મહેન્દ્રમદભીત્પ્રીયાન્નઈન્દ્રોગવામ્ ।।૨૫।।**

પોતાના યજ્ઞનો નાશ કરવાથી કોપ કરીને ઈન્દ્રે વીજળી, તીવ્ર, વાયુ, કરાની સાથે વરસાદ વરસાવ્યો ત્યારે ગોપ, એની સ્ત્રીઓ અને પશુઓ દુઃખી થવા લાગ્યાં અને ભગવાન્‌ને શરણે આવ્યાં તેઓને જોઈને એના પોતે જ રક્ષક છે તેથી એની ઉપર દયા લાવી ઊંચેથી હસીને ગોપોને મોહ કરાવી, બાળક જેમ બિલ્લીનો ટોપ (બિલાડીની બળી, ટોપ એવા નામથી પ્રસિદ્ધ ચોમાસામાં ખરાબ પદાર્થમાંથી થાય

છે તે. એ બહુ હલકી હોય છે, દેખાવ છત્રી જેવો સારો હોય છે.) ઉપાડે તેમ, એક હાથથી ગોવર્ધનને ઉપાડી અદ્ધર રાખ્યો અને ગાયો, ગોપો અને એના પરિકરનું રક્ષણ કર્યું અને મહેન્દ્રના મદને ભાંગ્યો; એ ગોવિન્દ અમારા ઉપર પ્રસન્ન હો ।।૨૫।।

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ત્રીજા સાધન-પેટા-પ્રકરણનો જ્ઞાન નિરૂપક પાંચમો અને ચાલુ) ''ગોપોને ભગવાન્‌માં અજ્ઞાન-અન્યથા જ્ઞાન થયું તે દૂર થયું'' નામનો છવ્વીસમો (પ્રક્ષિપ્ત ૩અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ત્રેવીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આપણે પુષ્ટિમાર્ગી નથી જ જોદ્ર**

મૃતકના ઉદ્ધારાર્થે કે ફંડફાળામાટે ભાગવતકથાનું આયોજન કરીએછીએ
(ઠેરાવેલ કે ઠેરાવ્યા વિનાની)દક્ષિણા લઈને ભાગવત વાંચીએ છીએ
આવી ભાગવતકથા સાંભળવા કે આશીર્વાદ આપવા જઈએ છીએ

## અધ્યાય ૨૭

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૨૪

# ઈન્દ્રે અને સુરભિએ ભગવાન્‌નો અભિષેક કરી 'ગોવિન્દ' નામ ધરાવ્યું

### તામસ સાધન પ્રકરણ અધ્યાય ૬

**વિશેષ :** આ સત્તાવીસમાં અધ્યાયમાં સુરભિ અને ઈન્દ્રે ભગવાન્‌નો ઈન્દ્રપદ ઉપર અભિષેક કર્યો એ વાત કહેવામાં આવે છે. ઈન્દ્રે સ્તુતિ કરી ત્યારે ભગવાને એને ઉપદેશ કર્યો. કામધેનુ વગેરેએ પણ સ્તુતિ કરી. ભગવાન્‌થી જ સર્વની રક્ષા થાય છે એમ જાણે તો ઈન્દ્ર આદિને મદ ન થાય. એમ થાય તો જ ભગવત્કાર્ય સફળ થાય, અન્યથા ન થાય. આધિદૈવિક સુધીની ગોરક્ષા ભગવત્કૃતા ન થાય તો અને એ આધિદૈવિક ગૌ સુરભિ (કામધેનુ) ને ભગવાન્‌માં

દાસભાવ ન થાય તો એ ગોરક્ષા આધિદૈવિકી ન કહેવાય અને તે સુરભિ વગેરે ભગવાન્‌ને પોતાના આધિદૈવિક તરીકે ન સ્વીકારે તો આ લીલા પ્રમાણરૂપ ન ગણાય. તેથી જે કારણથી સુરભિ અભિષેક કરે છે તેને પણ સ્ફુટ રીતે સફળતા થઈ. હવે પછી ઈન્દ્રયાગ જ થશે, કેમકે હવે તો ગાય, ગોપ, ગોપી વગેરેમાં ઈન્દ્ર ભગવાન્ સ્વયં થયા છે તેથી પરમ્પરાનો પણ ગોપોએ ભંગ ન કર્યો ગણાય, કેમકે ઈન્દ્રયાગ સ્થિર થયો.

**ગોવર્ધને ધૃતે શૈલે આસારાદ્રક્ષિતે વ્રજે ।।**
**ગોલોકાદાવ્રજત્કૃષ્ણં સુરભિઃ શક્ર એવ ચ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** ગોવર્ધન પર્વતને ઉઠાવી પ્રલયના મેઘની ધારાથી વ્રજની રક્ષા કરી ત્યારે ગોલોકમાંથી સુરભિ અને સ્વર્ગથી ઈન્દ્ર એ બન્ને કૃષ્ણ પાસે આવ્યાં ।।૧।।

ઈન્દ્રે પોતે ભગવાન્‌ની અવજ્ઞા કરી છે એની શરમને લીધે ભગવાન્‌ને એકાન્તમાં મળ્યો; સૂર્યના જેવા તેજસ્વી કિરીટવડે ચરણોનો સ્પર્શ કર્યો ।।૨।।

ભગવાન્‌નો પ્રતાપ સાંભળ્યો હતો તેને નજરે જોયો અને તેથી શ્રીકૃષ્ણમાં અદ્‌ભુત તેજ જોયું ત્યારે પોતે ત્રણ લોકનો ઈશ છે એ અભિમાન જતું રહ્યું અને ઈન્દ્ર હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યો ।।૩।।

**ઈન્દ્ર બોલ્યો*** : આપનું ધામ (સ્થાન, પ્રકાશ) વિશુદ્ધ સત્વ છે, શાન્ત છે, રજોગુણ-તમોગુણ રહિત છે માયાના કાર્યરૂપ ગુણના પ્રવાહરૂપ સંસાર આપને ન હોઈ શકે, કેમકે આપ માયાથી પર છો અને સંસાર એ તો અજ્ઞાનકૃત હોવાથી સર્વજ્ઞ આપને ન સમ્ભવે ।।૪।।

**વિશેષ :** ભગવાન્‌ની ક્રિયાશક્તિ શ્રીહસ્તનો દેવતા ઈન્દ્ર છે. એ પોતાનો પુરુષાર્થ સિદ્ધ થવામાટે માધવની તેના છ ગુણવડે સ્તુતિ કરે છે. ભગવાન્‌ના છ ગુણ જ નિર્દોષ છે તેનું વર્ણન કરવામાટે કહે છેઃમેં વ્રજને દંડ દીધો તેનાથી આપને ક્રોધ તો ન જ થવો જોઈએ. પ્રથમ એનું કારણ કહે છે કે આપનું તેજ વિશુદ્ધ સત્વરૂપ છે. પરમાર્થથી (વાસ્તવિક રીતે) તો સર્વના આત્મા અને સર્વ કર્તા આપ છો, સર્વના પ્રેરક પણ આપ છો તેને ક્રોધ સમ્ભવે જ નહિ. આપ અહીં પ્રકટ્યા એ હેતુથી પણ ક્રોધ સમ્ભવતો નથી, કારણ કે રજોગુણ અને તમોગુણ ક્રોધમાં કારણ છે તે આપનામાં નથી. આપનું તેજ તો વિશુદ્ધ સત્વરૂપ છે. 'વિશુદ્ધ' એટલે રજોગુણ અને તમોગુણ વડે અસ્પૃષ્ટ એવું આપનું ધામ છે. **''સત્વં વિશુદ્ધં વસુદેવશબ્દિતમ્''** એમાં ભગવાન્ પ્રકટે છે તેથી 'વાસુદેવ' કહેવાય છે. વળી ધામને તેજ કહીએ તો પણ તેજ સાત્વિક

છે. ભગવાનૂનું તેજ સત્વ છે. આ આપનું સત્વ, શુદ્ધ સત્વથી પણ જુદું છે. એ તો જીવમાં રહે છે, તરતમ ભાવવાળું હોય છે; તેથી આ સત્વ પરમકાષ્ઠાપન્ન વસ્તુ છે. એ જ કહે છે કે એ શાન્ત છે. પરમશાન્તિ, સત્વોત્કર્ષ અને જ્ઞાન વગેરે એના ભેદ છે. એ અલ્પવિક્ષેપરૂપ છે, નહિ તો કેમ બોધ કરે, કેમ છોડી દે, કેમ ભજે? માટે શાન્તિ પરમાકાષ્ઠા છે. અજ્ઞાન પણ શાન્તિની પરાકાષ્ઠા છે એમ કોઈ કહે તો કહે છે કે એ તપોમય શાન્તિ છે. તપ જ્ઞાનાત્મક છે. સુષુપ્તિ વગેરેમાં શાન્તિ અજ્ઞાનરૂપ છે. ભગવાનૂનું જ્ઞાનમય તપ છે. **''યસ્ય જ્ઞાનમયં તપઃ''** તેથી મૂઢપણાની શાન્તિ ઉપરતિ રૂપ તે અહીં ગ્રાહ્ય નથી. તેથી **'શમ-ઉપશમે'** જે શાન્તિ આત્માની પાસે છે તે શમ અહીં લેવાનો છે. તેથી તપોમય એમ કહ્યું. ગુણનો સ્વભાવ ઉપમર્દકતાનો છે; તેથી એ સત્વગુણનો રજોગુણ આદિથી બાધ થાય તો ત્યાં કહે છે કે **'ધ્વસ્તરજસ્તમસ્કં'** લોકનાં રજોગુણ, તમોગુણ ને જે દૂર કરે તેમાં તો એ ક્યાંથી જ હોય? એ તો આધિદૈવિક હોય તે જ તેમ કરી શકે. વળી એ ગુણો પણ પ્રકૃતિના નથી, પણ અપ્રાકૃત છે. સત્, ચિત્ અને આનન્દ ના એ ધર્મ છે. એ પ્રાકૃતથી જુદા છે. એમ ન હોય તો પૃથ્વી આદિમાં ત્રણ ગુણથી મુક્ત કોઈ સત્વ નથી. એવા સત્વની અપ્રસિદ્ધિ કહી તો ગુણાવતારો પણ અપ્રાકૃત નહિ કહી શકાય. વળી સત્વને સત્વસમ્બન્ધ કેમ થાય? તેથી એ સચ્ચિદાનન્દના ધર્મો બ્રહ્મા, વિષ્ણુ, શિવ માં રહે છે. જ્યારે બ્રહ્માદિમાં ઈતર ગુણની અપેક્ષા કરે ત્યારે એ બીજાનું ભજન કરે, ત્યારે 'સત્વ' થાય. ચિત્થી રજ અને આનન્દથી તમ થાય છે. ભગવાન્ ક્યારેક વિષ્ણુનું સત્વ આધારને માટે સ્વીકારે છે. જ્યારે 'કેવળ' ન આવે ત્યારે જ એ સ્વીકારે છે. પ્રકૃતમાં પ્રભુ 'કેવળ' છે છતાં ઈન્દ્ર પોતાના ભ્રમથી ભગવાનૂને સત્વવ્યવહિત માને છે એમ ન હોય તો **''પ્રાગયં વસુદેવસ્ય કચ્ચિજ્જાતઃ''** એમ ગર્ગાચાર્ય ન કહેત, કેમકે સર્વદા વસુદેવમાં જ ઉત્પન્ન થાય છે. માટે હાલમાં કેવલ છે છતાં એને સત્વાશ્રિત છે એમ ઈન્દ્રનું કહેવું છે. પૂર્વભ્રમ (કૃષ્ણ એક મર્ત્ય ગોપ જ છે એના) કરતાં આ ભ્રમ ઉત્તમ એટલે 'કેવળ'ની હીનતા કહે છે તો પણ એને સ્તુતિ કહી છે. જો આ 'કેવળ' ન હોય તો સર્વને વૈકુંઠ લઈ જવાં એ કાર્ય બને નહિ. સત્વ તો ભગવાને આધારત્વે ગ્રહણ કર્યું છે. ક્વચિત્ વિષ્ણુમાં પણ એવું સામર્થ્ય દેખાય છે તેથી **''બ્રહ્મૈવ સગુણં બભૌ''** ઈત્યાદિમાં સગુણ વિશુદ્ધ સત્વસહિત બ્રહ્મ જેવું વિષ્ણુરૂપ હોય તેવું શોભ્યું. નહિ તો **''કૃષ્ણવદ્ બભૌ''** એમ કહેત. તેથી ઈન્દ્ર ભગવાનૂને વિષ્ણુ જાણીને સ્તુતિ કરે છે. જ્યારે એ ધામ સત્વ, રજસ્ અને તમસ્નો નાશ કરનાર છે તો માયા તો એની પાસે આવી જ ન શકે; એ જ કહે છે. **''માયામયોયં ગુણસંપ્રવાહઃ''** આ દેવ, પશુ, મનુષ્ય વગેરે ગુણપ્રવાહ માયા પ્રચુર છે, કારણ કે એનું

કારણ માયા છે. તેથી એને 'અયં' કહ્યો, નહિ તો દશ્ય કેમ થાય? તેથી બધું પ્રાકૃત છે. અપ્રાકૃત હોય તો દેખાય નહિ તેથી આ પ્રાકૃત પ્રપંચ આપના જ્ઞાનનો વિષય ન હોવાથી પ્રાકૃત દૃષ્ટિથી આણે ઉપકાર કર્યો કે અપકાર કર્યો એવું આપને ન થવું જોઈએ, કેમકે આપની દૃષ્ટિ પર હોઈને એમાં ભેદભાવને લઈને ઉપકાર-અપકાર ભાવને સ્થાન નથી. જ્યારે આપના મનને મારો અપરાધ ભાસતો નથી તો મારે મારી દૃષ્ટિથી એનીક્ષમા માગવાની પણ જરૂર નથી.

જ્યારે આપનામાં પ્રાકૃતભાવ નથી તો તત્કૃત ક્રોધ, લોભ આદિ, હે ઈશ! આપનામાં કેમ સમ્ભવે? ક્રોધ, લોભ વગેરે તમારામાં છે એમ જે માને છે તેઓ અજ્ઞાની છે; તો પણ આપ ધર્મના રક્ષણાર્થ અને ખળના નિગ્રહાર્થ *દંડને ધારણ કરો છો ।।૫।।

**વિશેષ** : આપ બીજાની વિષમબુદ્ધિના નાશક છો ત્યારે આપનામાં વિષમતા ક્યાંથી હોય? ત્યારે વિષમબુદ્ધિનાં કામ જે લોભ આદિ તે આપનામાં ક્યાંથી સમ્ભવે? એ કહે છેઃહે ઈશ! જો ક્રોધ, લોભ આદિ આપનામાં હોય તો ઈશપણું ઘટે નહિ. જો કે ઘણા દોષ નથી એમ કહેવું છે તો પણ અહીં તો ક્રોધ અને લોભ એ બેની જ વાત લઈએ. જે આપણું બૂરું કરે તેના ઉપર ક્રોધ થાય અને દ્રવ્યમાં લોભ થાય તે તો દૃષ્ટ દોષ છે, છતાં એ મૂર્ખતાનો સૂચક છે; તેથી એ આપનામાં ન સમ્ભવે. કાર્યથી કલ્પના કરે તે તો ખોટી પણ હોય. દોષથી જ કાર્ય થાય અને ગુણથી ન થાય એવો નિયમ નથી. હર્ષથી આંસુ આવે, શોકથી પણ આવે તેમ ક્રોધથી જે કામ થાય તે કામ આપ અનુગ્રહથી કરો છો તેથી આપ ધર્મરક્ષા અને ખલનિગ્રહમાટે દંડ ધારણ કરો છો; એ જ લોકમાં અને ભગવાન્‌માં તફાવત છે. લોક ક્રોધ કરે છે તેનું કાંઈ ફળ નથી હોતું. ભગવાન્ દંડ દે છે એમાં ક્રોધ આદિ નથી હોતું, પરન્તુ સર્વત્ર સાધનસ્વરૂપ છો. જો સાધનમાં ગોવર્ધન આદિને ધારણ ન કરો તો દુષ્ટો ભય ન પામે, પાખંડપ્રવૃત્તિથી ધર્મ નાશ પામે તેની રક્ષામાટે આપ દંડ આદિ ધરો છો તેથી આપ સર્વસમર્થ છો.

તમે જગતના પિતા, ગુરુ, અધીશ્વર (સ્વામી) અને દંડ આપનાર દુરત્યય કાળ છો. અમારા જેવાને જગત્‌માં ઈશ્વરતાનું અભિમાન કરનારને તેમના હિતમાટે ઈચ્છા પ્રમાણે અવતાર ધરી *દંડ આપો છો, એના માનને છેદો છો અને ક્રીડા કરો છો ।।૬।।

**વિશેષ** : બે શ્લોકથી દંડની વાત કરીએ પણ અમારા જેવાને સન્માર્ગે ચલાવવામાટે દંડ કરો છો તે શિક્ષારૂપ છે. બાપ બાળકને, રાજા પ્રજાને, ગુરુ શિષ્યને શિક્ષા કરે છે. તેથી આપ બ્રહ્મ આદિના ઈશ, હાથમાં દંડ લઈ ઊભેલા યમ પણ આપ છો, પરલોકમાં પણ આપની આજ્ઞા

અનુલ્લંઘ્ય હોત તો પણ આપના સ્વરૂપને જાણી ઉત્તમમાર્ગ ગ્રહણ કર્યો હોત એ અમારી મૂર્ખાઈને દૂર કરવાનેમાટે આપ દંડ કરો તે અનુગ્રહરૂપ છે, કેમકે તેથી અમને આપના સ્વરૂપનું જ્ઞાન થાય છે.

હું ઐશ્વર્યના મદમાં ડૂબી ગયો તેથી મેં આપનો પણ અપરાધ કર્યો તે આપનું સ્વરૂપ ન સમજવાથી કર્યો. હું મૂઢબુદ્ધિવાળો તેથી એમ થયું, એ આપ ક્ષમા કરવાને યોગ્ય છો અને એવી કૃપા કરો કે જેથી કરીને હે ઈશ્વર! ફરીથી મારી આવી દુષ્ટ બુદ્ધિ ન થાય* ।।૮।।

**વિશેષ** : ઈન્દ્ર કહે છે : મેં મારી મૂર્ખતાથી કરેલું કર્મ આપને અપરાધત્વે દેખાય એ ઠીક નહિ તેથી કહે છે કે મેં ઐશ્વર્યના મદમાં એ કામ કર્યું છે તેથી એ મૂર્ખાઈ ગણાય, અપરાધ ગણાય, કેમકે એમાં મારી બુદ્ધિ નષ્ટ થઈ હતી તેથી એમ થયું. તમારો પ્રભાવ જાણ્યો નહિ તેથી મારા ધર્મનો વિચાર ન કરતાં કેવળ આ દીન છે એમ જાણી મારા અપરાધને આપ સ્મરણમાં ન લાવશો, કેમકે આપના મનમાં અપરાધ આવશે તો આપ સત્યસંકલ્પ હોવાથી મારાથી બીજીવાર તેવો અપરાધ થશે તેથી મારા અપરાધને મનમાંથી કાઢી નાખો. તેથી મારી એ ખરાબ બુદ્ધિથી થયેલ કાર્ય વિસ્મરણ યોગ્ય છે એ જ મારી પ્રાર્થના છે.

હે અધોક્ષજ! સ્વયં ભારરૂપ અને મોટા ભારના કારણરૂપ એવા દુષ્ટ સેનાના નાયકોના નાશને માટે અને હે દેવ! આપના ચરણમાં રહેનાર ભક્તના રક્ષણને માટે આ આપનું અત્રે પધારવું થાય છે ।।૯।।

ષડ્ગુણયુક્ત, પુરુષરૂપ, મહાત્મારૂપ, વાસુદેવ, કૃષ્ણ અને ભક્તોના પતિરૂપ આપને મારા નમસ્કાર હો ।।૧૦।।

સ્વતન્ત્ર રીતે શ્રીઅંગને ધારણ કરનાર વિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ, સર્વ પ્રાણીરૂપ, સર્વના બીજરૂપ અને પ્રાણીમાત્રના આત્મા સ્વરૂપ આપને નમસ્કાર હો ।।૧૧।।

હે ભગવાન્! આપે મારો યજ્ઞ બંધ કર્યો તેથી મને અતિ ક્રોધ થયો અને અહંકારથી મેં વર્ષા, વાયુ વગેરેથી આ વ્રજનો નાશ કરવાની ચેષ્ટા કરી ।।૧૨।।

હે ઈશ! તો પણ આપે મારા ઉપર અનુગ્રહ કર્યો, મારો પ્રયત્ન વિફલ કર્યો તેથી મારો ગર્વ ચાલ્યો ગયો તથા ઈશ્વર, આત્મા અને ગુરુ એવા આપને જાણી હું શરણે આવ્યોછું ।।૧૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એમ ઈન્દ્રે ભગવાન્નું કીર્તન કર્યું ત્યારે ભગવાને મેઘના સરખી ગમ્ભીર વાણીથી ઈન્દ્રને હસીને આ પ્રમાણે કહ્યું ।।૧૪।।

**શ્રીભગવાને કહ્યું :** હે મઘવન્ (ઈન્દ્ર)! મેં તારા ઉપર દયા કરી તારો યજ્ઞ બંધ કર્યો. તું સ્વર્ગની સમ્પત્તિથી અત્યન્ત મદવાળો થયો હતો એ તારો મદ ઉતારવામાટે અને મારું અનુસ્મરણ કરાવવામાટે એ કાર્ય મારે કરવું પડ્યું છે ।।૧૫।।

ઐશ્વર્ય અને લક્ષ્મી ના મદથી આંધળો બનેલો માણસ, હું હાથમાં દંડ રાખીને ઊભો છું તેને જોતો નથી. તેથી જેના ઉપર અનુગ્રહ કરવાની હું ઈચ્છા કરું છું તેને હું સમ્પત્તિથી ભ્રષ્ટ કરું છું ।।૧૬।।

હે શક્ર (ઈન્દ્ર)! તારું કલ્યાણ થાય. તું અહીંથી તારા અધિકાર ઉપર જા અને તમે સૌ પોત-પોતાના અધિકાર પ્રમાણે મદ વિનાના થઈને (દીનતાપૂર્વક) મારી આજ્ઞાનું પાલન કરજો ।।૧૭।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હવે મોટા માનવાળી ('મોટા મનવાળી'નું તાત્પર્ય એ છે કે મારો કરેલો અભિષેક જો ભગવાન્ ન સ્વીકારે તો હું જીવીશજ નહિ.) કામધેનુએ પોતાના પરિવારને લઈને ગોપરૂપને ધરનાર ઈશ્વર સદાનન્દ શ્રીકૃષ્ણની પાસે આવીને નીચે પ્રમાણે કહ્યું ।।૧૮।।

**સુરભિ બોલી :** હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મહાયોગિન્! હે વિશ્વના આત્મા! હે વિશ્વના ઉત્પાદક! હે અચ્યુત! લોકના નાથરૂપ! આપવડે અમે સનાથ છીએ ।।૧૯।।

અમારું પરમ દૈવત આપ છો. હે જગત્પતે! આપ અમારા ઈન્દ્ર છો. આપ ગાયો, બ્રાહ્મણો, દેવો અને ભક્તો ના પાલક થાઓ ।।૨૦।।

હે વિશ્વાત્મન્! પૃથ્વીનો ભાર ઉતારવાને આપ ભૂતલ ઉપર પધાર્યા છો તેથી બ્રહ્માની આજ્ઞાથી અમે અમારા ઈન્દ્રરૂપે આપને અભિષેક કરીશુ ।।૨૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એમ શ્રીકૃષ્ણને વિનન્તિ કરી અને પોતાના દૂધથી અને ઐરાવતની સૂંઢથી લાવેલા આકાશગંગાના જલથી કામધેનુએ અભિષેક કર્યો ।।૨૨।।

ઈન્દ્રને પણ દેવમાતાઓએ પ્રેર્યો તેથી એ દેવર્ષિઓ સાથે આવી કૃષ્ણને પોતાના ઈન્દ્ર જાણી તેમનો અભિષેક કર્યો અને 'ગોવિન્દ' એવું ભગવાન્નું નામ રાખ્યું ।।૨૩।।

ત્યાં તુમ્બુરુ, નારદ આદિ ગન્ધર્વો, વિદ્યાધરો, સિદ્ધો, ચારણો વગેરે ભેગા મળીને આવ્યા અને લોકના પાપને દૂર કરનાર ભગવદ્ યશનું ગાન કરવા લાગ્યા. અપ્સરાઓ હરિ ભગવાન્ના ગાન વખતે આનન્દમાં આવી નૃત્ય કરવા લાગી

।।૨૪।।

દેવસમુદાયમાં મુખ્ય દેવો હતા તેમણે અદ્ભુત પુષ્પની વૃષ્ટિ કરી અને સ્તુતિ પણ કરી. ત્રણે લોક પરમાનંદનો અનુભવ કરતા થયા. ગાયોએ તો પૃથ્વીને પોતાના દૂધથી ભીની કરીદીધી ।।૨૫।।

નદીઓ રસના સમૂહને વહેવા લાગી, વૃક્ષો મધુ સ્રવવા લાગ્યાં, ખેડ્યા વગરની પૃથ્વી ધાન્ય આપવા લાગી અને પર્વતોએ મણિઓને પ્રકટ કર્યા ।।૨૬।।

શ્રીકૃષ્ણનો જ્યારે ઈન્દ્રપદ ઉપર અભિષેક થયો ત્યારે સ્વભાવથી ક્રૂર પ્રાણીઓ હતાં તેમણે પણ પોતાની સ્વાભાવિક શત્રુતા છોડી દીધી. હે કુરુનન્દન! એવો પ્રાણીમાત્રના હૃદયમાં ફેરફાર થઈ ગયો ।।૨૭।।

**ઈતિ ગોગોકુલપતિં ગોવિન્દમભિષિચ્ય સઃ ।।**
**અનુજ્ઞાતો યયૌ શક્રો વૃતો દેવાદિભિર્દિવમ્ ।।૨૮।।**

એમ ગાયો, ગોપો અને ગોપીઓ ના પતિ ભગવાન્‌ને પોતાના ઈન્દ્રત્વે અભિષેક કર્યો. ઈન્દ્રને ભગવાને સ્વાધિકાર ઉપર જવાની આજ્ઞા આપી તેથી દેવોને લઈને એ સ્વર્ગમાં ગયો ।।૨૮।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ત્રીજા સાધન-પેટા-પ્રકરણનો વૈરાગ્ય નિરૂપક છઠ્ઠો અને ચાલુ) ''ઈન્દ્રે અને સુરભિએ ભગવાન્‌નો અભિષેક કરી 'ગોવિન્દ' નામ ધરાવ્યું'' નામનો સત્તાવીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ચોવીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૨૮

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૨૫

# ભગવાને ગોપોને વૈકુંઠ બતાવ્યું

### તામસ સાધન પ્રકરણ અધ્યાય ૭

**વિશેષ :** આ અઠ્ઠાવીસમા અધ્યાયમાં ભગવાન્ નન્દરાયજીને વરુણના પાશથી છોડાવશે, પછી બધાને વૈકુંઠમાં લઈ જશે, એ એને ફળ આપશે. ગોપો, નન્દરાયજી વગેરેએ અભિષેક જોયો,

દેવોએ સ્તુતિ કરી એ પણ સાંભળી. દેવોત્તમતા તો એમના જાણવામાં આવી. હવે એમનું (કૃષ્ણનું) પૌરુષ જોવું જોઈએ. જો એમ ન થાય તો નન્દરાયજીનું જ્ઞાન ભગવત્પર્યવસાયી ન થાય તેથી એમને પકડાવવા જોઈએ એટલે વરુણ પણ કૃષ્ણ સેવક છે એમ એમને જ્ઞાન થશે. ભગવાન્‌નો સેવક થઈ કાલ આદિની ઉપાસના કરે તો એને કલેશ થાય છે, ત્યારે કૃષ્ણ એમને કલેશ મુક્ત કરે છે એવું જ્ઞાન નન્દરાયજીને થશે ત્યારે ભગવાન્‌ના માહાત્મ્યને એ જાણશે, ત્યારેએ ભગવાન્‌નું ચિન્તન કરશે. એમ કરતાં એમને ભગવાન્ પોતાનું સ્થાન વૈકુંઠ બતાવશે. તેથી આમાંધર્મીનું નિરૂપણછે.

**એકાદશ્યાં નિરાહારઃ સમભ્યર્ચ્ય જનાર્દનમ્ ।।**
**સ્નાતું નન્દસ્તુ કાલિન્દ્યાં દ્વાદશ્યાં જલમાવિશત્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** નન્દરાયજીએ એકાદશીનો ઉપવાસ કર્યો. અવિદ્યાને મટાડનાર ભગવાન્‌નું સારી રીતે પૂજન કર્યું અને જ્યારે દ્વાદશી આવી ત્યારે કાલિન્દીમાં સ્નાન કરવામાટે જલમાં *પ્રવેશ કર્યો ।।૧।।

**વિશેષ :** ગોપોને ભગવાન્‌નું સમ્પૂર્ણ જ્ઞાન થાય અને તેનાથી નિરોધ થાય ત્યારે એને વૈકુંઠમાં લઈ જવાય. એમાં પ્રથમ ધર્મબુદ્ધિથી મર્યાદામાં પ્રવર્તતો હોય અને સર્વથા ભગવાન્‌ને ભગવત્પણે ન માનતો હોય તેવા નન્દરાયજી જેવાને અનર્થ થાય છે એ વાત કહે છે. નન્દરાયજી વિષ્ણુવ્રત પરાયણ છે, ધર્મનિષ્ઠ છે. બીજાને તો ભગવન્માહાત્મ્યનું જ્ઞાન પણ ન થાય. એમને માહાત્મ્યજ્ઞાન કરાવવા માટે જ વરુણના સેવકે નન્દરાયજીને પકડ્યા તો પણ તરત ન છોડાવ્યા તેમ વરુણે પણ દંડ ન આપ્યો. એકાદશીનું નન્દરાયજીએ વ્રત કર્યું તેથી વૈષ્ણવ પક્ષ કર્યો, વૈદિક પક્ષને છોડ્યો. અર્ધરાત્રે દ્વાદશી આવી ત્યારે કાલિન્દીના પ્રવાહમાં જળ પ્રવેશ કર્યો. **''મુહૂર્તાર્ધાવશિષ્ટાયાં દ્વાદશ્યાં પારણં પ્રતિ। નિશીથાત્ સમ્યગુત્થાય ક્રિયાઃ કુર્યાદ્યથોચિતમ્। અગ્નિહોત્રાદિકર્માણિ તથા નૈમિત્તિકાનિ ચ। આમધ્યાહ્નાત્ ક્રિયાઃ સર્વાઃ કર્તવ્યાઃ શમ્ભુચોદનાત્''** એ પ્રમાણે વૈષ્ણવધર્મના વિશ્વાસથી સ્નાન કરવા ગયા.

રાતના બાર વાગ્યા પછીની વેળા આસુરી છે તેમાં જે સ્નાન કરે તેનું ફળ આસુરોને પહોંચે. આ આસુરી વેળાએ ન જાણીને નન્દજી નાહવા આવ્યા* તેથી વરુણનો સેવક એમને બાંધીને વરુણ પાસે લઈ ગયો ।।૨।।

**વિશેષ :** ત્યારે વરુણના સેવકે જાણ્યું કે આ નન્દરાયજી અન્યાય કરે છે કેમકે એમને વૈષ્ણવધર્મનું જ્ઞાન નથી તેથી એમને બાંધીને લઈ ગયો. એણે જાણ્યું કે આ તો આસુર સમય

છે તેમાં જે ધર્મ કરે તે અસુરને જાય છે તે વાત નન્દરાયજી જાણતા નથી અને આવ્યા તેથી એમને એ વરુણ પાસે લઈ ગયો. ખરી રીતે વરુણનો સેવક પણ જાણતો નથી તે વાત વરુણ પોતે જ કબૂલ કરશે અને કહેશે : **''અજાનતા મામકેન મૂઢેનાકાર્યવેદિના, આનીતોયં તવ પિતા તદ્‌ભવાન્ ક્ષન્તુમર્હતિ''** એમ વરુણે ક્ષમા માગી છે તેથી સિદ્ધ થાય છે.

ગોપો નન્દજીને ન જોતાં *હે કૃષ્ણ! હે રામ! એમ આક્રોશ કરવા લાગ્યા. (નન્દાલયમાં ઘેર પોઢેલા) ભગવાને જાણ્યું કે પિતાને વરુણનો સેવક લઈ ગયો તેથી હે રાજન્! તે વરુણ પાસે પહોંચ્યા કેમકે પોતાના ગોપ વગેરેનો ભય એમને મટાડવો છે તેથી એમ કર્યું. એમ કરવાને એમનામાં સામર્થ્ય પણ છે એ પણ બતાવવું છે ।।૩।।

**વિશેષ** : વરુણના સેવકે જ્યારે નન્દરાયજીને પકડ્યા ત્યારે બધા ગોપાલો એમને છોડાવવાને શ્રીકૃષ્ણને અને રામને ઉચ્ચ સ્વરે બોલાવવા લાગ્યા. નન્દરાયજી જળમાં પેઠા પણ પાછા જોવામાં ન આવ્યા ત્યારે સર્વ કાર્યમાં અને સર્વ સમયમાં બીજા કોઈ ઉપાયને નહિ જોતા ગોપો શ્રીકૃષ્ણ અને રામ ને વિનન્તિ કરે છે તેમ આ પ્રસંગે પણ એમનાં નામ લઈને ઉચ્ચ સ્વરે બોલાવવા લાગ્યા. ભગવાન્ ઘરમાં પોઢ્યા હતા. તેમણે શબ્દ સાંભળ્યો. પિતાજીને વરુણનો સેવક લઈ ગયો એ વાત જાણી ગયા અને ત્યાંથી જ પોતે વરુણની પાસે ગયા, એ પણ ઘણું કરીને કોઈને કહીને જ ગયા. ન કહે તો મોટો ભય થાય તેથી સૂચન કરી વરુણ પાસે ભગવાન્ નિરોધ કરવાને પ્રવૃત્ત થયા છે. તે ભક્તના સર્વ કર્મમાં પણ પોતે કરી દે છે, એનાં કર્મને પોતાનાં કરી લે છે, નહિ તો એ કર્મથી એ કર્મ કરનારને બંધ થાય; પણ ભગવાન્ જ્યારે એમાં પ્રવેશ કરે ત્યારે બંધની સમ્ભાવના ન રહે. તેથી પોતે પ્રવેશ કરી જીવને એ કર્મથી મુક્તિ આપે છે; એ કર્મમાં સાધનદશામાં અને ફળદશામાં પ્રભુ પ્રવેશ કરે છે. જેનું ફળ આવશ્યક છે અને પહેલાં કર્યું છે તે કર્મ (એકાદશી) તો થઈ ગયું. એમાં ભગવાન્ પ્રવેશ ન કરે એટલે ભગવાન્ વરુણ પાસે ગયા, નહિ તો ભગવાન્ એને પોતાની પાસે બોલાવત અથવા નન્દરાયજીને વરુણ લોકથી પાછા ખેંચી લેત; પરન્તુ નન્દરાયજીને પોતાનું માહાત્મ્ય બતાવવું છે તેથી પોતે જ ત્યાં પધાર્યા અને બીજા સ્વતન્ત્ર ઉપાય ન અજમાવ્યા. પ્રભુ સેવકને ત્યાં પણ કૃપા કરી જાય છે એ તમો જાણો છો એમ બતાવવા 'રાજન્' એવું સમ્બોધન આપ્યું છે. જલદી ન જાય તો ભક્તોને ભય થાય. વળી અહીં ભગવાન્ આવ્યા તે અહીંનું કાર્ય જ કરી શકે, અન્યત્ર ન જઈ શકે એમ નથી એમ બતાવવામાટે પણ વરુણલોકમાં પધાર્યા છે, જો એવું કાર્ય ન કરી શકે તો ભગવાન્ ગોપોને વૈકુંઠ પણ ન બતાવી શકે. જેમ બીજા અવતારો જે કર્મ કરવા આવ્યા હોય તે

સિવાય બીજું નથી કરતા તેવા શ્રીકૃષ્ણ નથી, પણ સમ્પૂર્ણ સામર્થ્ય સાથે પધાર્યા છે એમ બતાવવામાટે પણ કૃષ્ણ વરુણલોકમાં પધાર્યા છે.

લોકપાલ વરુણે શ્રીકૃષ્ણ પોતાને ત્યાં પધાર્યા જાણીને ઘણી ધામધૂમથી એમની પૂજા કરી એમના દર્શનથી મોટો ઉત્સવ માન્યો અને પોતે ભગવાન્‌ને *વિનન્તિ કરવા લાગ્યો ।।૪।।

**વિશેષ :** અહીં શંકા કરે છે કે ભગવાન્ પોતાના પિતાને ઉઠાવી જનારની પૂજા કેમ સ્વીકારે? કેમકે એ તો અનિષ્ટ કરનાર શત્રુ જેવો ગણાય, છતાં ભગવાને એની પૂજા કેમ લીધી? ત્યાં કહેવાનું કે ભગવાન્ ઈન્દ્રિયોના અધિષ્ઠાતા છે તેથી જો એની પૂજા ન કરે તો વરુણ પોતાના લોકનો ભોગ ભોગવી શકે નહિ કેમકે ભોગ ઈન્દ્રિયોથી ભોગવાય તેના સ્વામી તો શ્રીકૃષ્ણ છે તેથી એમની કૃપાથી ભોગ ભોગવાય છે. વળી ભક્ત ભગવાન્‌ને નિવેદન કર્યા વગર ભોગ ભોગવે તો પણ એને દોષ લાગે તેથી એને સર્વ નિવેદન કરે છે. દેવોનો પતિ ઇન્દ્ર છે તેમ દૈત્યોનો સ્વામી વરુણ છે. એની લક્ષ્મીનો ભગવાન્ અહીં જ ભોગ લઈ લે તો દૈત્યોનો નાશ ન થાય તેથી ભગવાન્ ત્યાં પધાર્યા છે. તેથી પોતાની ત્યાં પણ સત્તા સિદ્ધ કરી. જો એમ ન કરે તો બીજાની સત્તાના પદાર્થો ભગવદ્ભક્તની શુદ્ધિના કારણરૂપ થતા નથી. જીવ ત્રણ જાતના-મનુષ્ય, દેવો અને દૈત્યો. તેમાં મનુષ્યની આકૃતિ પ્રભુએ અંગીકાર કરી દેવોના અભિષેકનો સ્વીકાર કર્યો; દૈત્યોની પૂજા સ્વીકારી એટલે તે સમયમાં ભગવાને સર્વ પુષ્ટિને ઉપયોગી બનાવી દીધું. હવે વરુણની સર્વસ્વ નિવેદિકા પૂજાને કહે છે કે સર્વ દૈત્યલોકનો એ પતિ છે તેથી જેટલી એણે સમ્પત્તિથી પૂજા કરવી જોઈએ તેનાથી વધારે સમ્પત્તિવડે પૂજા કરી. કાયિકી જ કરી એમ નહિ, પણ વાચિકી સેવા પણ કરી. ભગવાન્‌ના દર્શનથી મોટો ઉત્સવ થયો તો માનસિક છે તેથી માનસિકી પૂજા પણ એણે કરી દીધી; તેથી કાયા, વાણી અને મન ની વરુણની પ્રપત્તિ બતાવી.

**વરુણે કહ્યું :** હે પ્રભો! મેં આજે જ વિશેષે કરીને દેહ ધર્યો એટલે આપનાં દર્શન થાય તો જ દેહ ધર્યો કહેવાય નહિ તો કૃમિ કીડા જેમ પ્રવાહ પાત જેવું મનાય છે. હું સમુદ્રનો પતિ છું, પણ એમાં જે છે તે રત્ન આદિ જડ હોઈને અર્થરૂપ નથી; પણ આપ મારે ત્યાં પધાર્યા એ આપ અર્થરૂપ હોવાથી મને અર્થ પણ આજે જ મળ્યો *એમ હું માનું છું કેમકે આપના ચરણને ભજનાર સંસારના પારને પામે છે એટલે મોક્ષ મેળવે છે ।।૫।।

**વિશેષ :** આજ મારો દેહ મેં ધર્યો એટલે જો કે દેવયોનિ પ્રાપ્ત થઈ તો પણ દૈત્યની ઉપર હુકમ કરવાનો અધિકાર મળ્યો છે. એના સંગથી મને ભગવત્પરતા નથી થતી તેથી મળેલી ઉત્તમયોનિ

ન મળ્યા જેવી છે. અત્યારે આપે દર્શન આપ્યું ત્યારે ફળ મળ્યું તેથી મારો દેહ મેં આજે ધર્યો એમ માન્યું છે. પુરુષાર્થ પણ આજે સિદ્ધ થયો એટલે મારામાં પુરુષાર્થ સિદ્ધ કરવાનું સાધન નથી, પણ આપ પ્રભુ સમર્થ છો તેથી સાધનરહિતના પણ પુરુષાર્થ આપે સિદ્ધ કર્યા. એમ કેમ બને? તો કહે છે કે આપના ભક્તો પણ અલૌકિક દાનમાં સમર્થ છે, તો આપની તો વાત જ શી કહેવી? જે આપના ચરણ સેવનાર છે તેને મોક્ષ મળે છે. જેમ પાદુકા ચરણમાં રહે છે તેને ચરણ સિવાય ગતિ નથી તે તો ચાલે તો પણ ચરણની શક્તિથી ચાલે છે તે જેમ વિપરીત છે તેમ મને પણ સાધનભાવ છતાં આપના સામર્થ્યથી પુરુષાર્થરૂપ આપ મળ્યા.

ઐશ્વર્યાદિ છ ગુણવાળા બ્રહ્મરૂપ પરમાત્મારૂપ એવા આપને મારા નમસ્કાર* હો કે જેમાં લોકસૃષ્ટિનો વિકલ્પ પેદા કરનારી માયા નથી ।।૬।।

**વિશેષ** : આજે મારો જન્મ સફળ થયો. સફળ જન્મવાળાનું કર્તવ્ય કહે છે કે આપને નમસ્કાર હો. જીવને નમન ન કરવું જોઈએ કેમકે એ તો આપણી તુલ્ય છે. દેહ વગેરે તેને મળે છે માટે ભગવાન્ જ નમસ્કરણીય છે. એ પણ ભગવાન્ સર્વસિદ્ધાન્ત સિદ્ધ હોય તેને નમસ્કાર કરવા. એને માટે કહે છેઃસાક્ષાત્ ભગવાન્‌ને એમાં પણ વૈષ્ણવસિદ્ધાન્તસિદ્ધ બ્રહ્મરૂપને, શ્રુતિસિદ્ધને, પરમાત્માને એટલે ગીતા આદિ સ્મૃતિ સિદ્ધને નમન હો. શ્રુતિસ્મૃતિ સિવાયના પક્ષમાં સૃષ્ટિમાં માયાનો ઉપયોગ છે. એનો કારણપણે અથવા પ્રધાનપણે ઉપયોગ છે. પાખંડમતમાં નિમિત્તપણે ઉપયોગ છે. એ માયાનો અહીં ઉપયોગ નથી એટલે માયાકૃત કામ, લોભ આદિ અહીં નથી, એટલે માયાનો સમ્બન્ધ ન હોવાથી કાંઈ કહેવાની જરૂર નથી.

મારો સેવક ધર્મનું તત્વ જાણતો નથી અને નન્દરાયજીનો આપની સાથેનો સમ્બન્ધ પણ જાણતો નથી. તે મૂઢ છે એટલે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેનું પણ તેને ભાન નથી. એ આપના પિતાને લઈ આવ્યો છે તેથી આપે મને ક્ષમા કરવી જોઈએ* ।।૭।।

**વિશેષ** : તો પણ પોતાનો અપરાધ તો કબૂલ કરવો જોઈએ તેથી કહે છે કે ધર્મતત્વને નહિ જાણનાર મારા નોકરે આપના પિતાને એટલે આપે લીલાને માટે જેમનામાં પિતૃત્વ સ્થાપ્યું છે તેમને અહીં પહોંચાડ્યા છે. તમારા પિતાનો સ્વરૂપથી ઉત્કર્ષ હોય તો એ ન લાવી શકત. આપનો સમ્બન્ધ છે તેને તો એ જાણતો ન હતો. એ આપનું સ્વરૂપ જાણે તો એમાં દૈત્યપણું ન રહે તેથી મારા હુકમમાં પણ એણે કર્તવ્ય-અકર્તવ્યનો વિચાર કરવો જોઈએ એ મૂર્ખ હોઈને એણે ન કર્યો એ મારો અપરાધ હું ગણું છું કેમકે મારા સેવકે કર્યું એ મેં કર્યું ગણાય; એની આપ ક્ષમા કરો. તમારા પિતાજી ધ્રૂજતા ઊભા છે તેમને લઈ જાઓ. ‘‘ગોવિન્દ! આપ લઈ

જાઓ'' એમ હુકમ કરે તો અપરાધી થાય માટે તે પાઠ ક્ષેપક સમજવો.

**મમાપ્યનુગ્રહં કૃષ્ણ કર્તુમર્હસ્યશેષદૃક્ ।।**
**ગોવિન્દ નીયતામેષ, પિતા તે પિતૃવત્સલ ।।૭અ।।**

હે કૃષ્ણ! હે સર્વજ્ઞ! મારા ઉપર પણ આપે તો કૃપા જ કરવી રહી. હે પિતૃવત્સલ ગોવિન્દ! આ આપના પિતાને આપ ભલે લઈ જાઓ. (૭અ) સેવક સ્વામીને હુકમ ન કરી શકે. આ એક શ્લોક ૭ અ આચાર્યચરણના મતમાં વિગીત-ક્ષેપક હોવાથી એનો અર્થ આપે નથી કર્યો.

**શ્રીશુકદેવજી બોલ્યા :** ઈશ્વરના પણ ઈશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણને એમ વરુણે પ્રસન્ન કર્યા ત્યારે બાંધવોને આનન્દ આપતા પિતાને લઈને* પોતે પોતાના સ્થાનમાં પધાર્યા ।।૮।।

**વિશેષ :** એમ જ્યારે વરુણે ભગવાન્‌ને પ્રસન્ન કર્યા ત્યારે એને કૃતાર્થ કરી ચાકરનો અપરાધ ગણી વરુણને નિરપરાધી ઠરાવી પોતે પિતાને લઈને ઘેર આવી પહોંચ્યા. ત્યાં શંકા કરે કે ભગવાન્ ઈશ્વરેશ્વર છે તેથી એમની અનુવૃત્તિ વરુણે કરવી જોઈતી હતી, છતાં એ કેમ પહોંચાડવાન આવ્યો?ત્યાં કહે છે કે ઈશ્વરની લીલા થતી હોય ત્યાં સેવકે આવવું‌ન જોઈએ તેથી એ ન આવ્યો.

નન્દરાયજીએ લોકપાલના મહાન અતીન્દ્રિય વૈભવને જોયો અને એવા મોટા વરુણની કૃષ્ણમાં ભક્તિ (દીનતા) જોઈ વિસ્મય પામી જ્ઞાતિજનોને* એ વાત કહેવા લાગ્યા ।।૯।।

**વિશેષ :** નન્દરાયજીને દૂત લઈ ગયો. તેણે નન્દરાયજીને એમ જ કેદીની જેમ બેસાડી રાખ્યા, પણ જ્યારે ભગવાન્ ત્યાં પધાર્યા ત્યારે બધું એને અતીન્દ્રિય દર્શન થયું ત્યાં સુધી એને કાંઈ દેખાયું નહિ. પોતે તો શ્રીકૃષ્ણ સાથે સાધારણ વ્યવહાર રાખે છે ત્યારે વરુણ લોકમાં તો વરુણ વગેરે, જેમ ગર્ભદાસ હોય તેમ એમને નમન કરવા લાગ્યા. બધા એ પ્રમાણે જ ભગવાન્‌ની સેવા કરતા નન્દરાયજીએ જોયા ત્યારે એમને વિસ્મય થયો તેથી ત્યાંથી આવી ઉપનન્દ વગેરે પાસે બધી વાત કહેવા લાગ્યા. ભગવાને પોતાને માટે પ્રભાવ બતાવ્યો એ વાત બીજાને કહેવી ન જોઈએ છતાં નન્દરાયજીએ કેમ કરી? એ શંકાના ઉત્તરમાં કહે છે કે નન્દજીને આશ્ચર્યરસ ઉત્પન્ન થયો અને કહેવા લાગ્યા કે ગર્ગે મને તમારો પુત્ર છે એમ કહ્યું એ મારી પાસે ખોટું કહ્યું.

હે રાજન્! એ ગોપોને મનમાં ઉત્સુકતા થઈ કે જ્યારે કૃષ્ણ ઈશ્વર છે તો એ આપણને પોતાના વૈકુંઠ નામના સૂક્ષ્મ ધામને આપણી સમક્ષ પ્રકટ કરશે? ।।૧૦।।

આવા ઈશ્વર પુત્ર છે તો એ આપણી ઉપર અનુગ્રહ કરે કે નહિ એને માટે એણે બધાને વાત કહી છે તેથી ભગવત્સ્વરૂપનો એને પૂછી નિશ્ચય કરવામાટે સર્વ ઉત્સુક થઈ ગયા અને સંકલ્પ કર્યો કે ભગવાન્ પોતાનો લોક આપણને બતાવે? કેમકે એ ઈશ્વર છે તેથી આપણી પાસે એને જોવાનું સાધન નથી તો પણ એમનામાં બતાવવાનું સામર્થ્ય છે. તે કૃપા કરે તો કાંઈ અશક્ય નથી.

આ પ્રકારે સર્વના હૃદયને જોનાર ભગવાન્ કૃષ્ણે પોતાના અંગીકૃત જીવોનો વિચાર જાણીને, પોતાને સર્વનું જ્ઞાન હોવાથી તેમના સંકલ્પની સિદ્ધિનેમાટે કૃપાપૂર્વક નીચે પ્રમાણે *વિચાર કર્યો ।।૧૧।।

**વિશેષ** : ભગવાન્ એઓના સંકલ્પ સમજી ગયા અને વિચારમાં પડ્યાઃઆમને મારો લોક જોવાનું સાધન બતાવું કે ફળ જ આપું? સાધનમાં તે અતિ ક્લેશ છે તેથી કૃપા કરવી એ જ ઉચિત સમજી એમને પોતાનો લોક કૃપા કરીને બતાવવાનો ભગવાને નિશ્ચય કર્યો.

આ લોકમાં અવિદ્યા કામ અને કર્મ વડે ઉચ્ચ-નીચ યોનિમાં ફરતો મનુષ્ય નિશ્ચય પોતાની ગતિને જાણી *શક્તો નથી ।।૧૨।।

**વિશેષ** : ભગવાને ચિન્તન કર્યું એ જ બતાવે છે કે આ લોકમાં જે જન્મે છે તે સામાન્ય રીતે પોતે ક્યાં પહોંચશે એ ગતિને જાણતો નથી. જ્યારે પોતાના કર્તવ્યને સમજે ત્યારે એ કરવાથી એના દોષ નિવૃત્ત થાય, ત્યારે ભગવાન્ કેમ મળે એના ઉપાયનું જ્ઞાન થાય. પછી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે એ કર્મનું અનુષ્ઠાન કરે ત્યારે ભગવત્સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે મારા સ્થાનનું એને દર્શન થાય. આટલા દરજ્જાને ચડવા એ તો કરોડો જન્મે પણ એ ન કરી શકે કેમકે પ્રથમાધિકારમાં જ એ અયોગ્ય છે. એ જ કહે છે કે આ અતિ તામસ લોકમાં જન્મ લેનાર (અતિ અપવિત્રમાં પેદા થયો તેથી તે) મનુષ્ય પોતાની ગતિને ન જાણી શકે એનું કારણ એ કે એને પાંચ પર્વવાળી અવિદ્યા જન્મથી લાગુ પડે છે. જીવને વીંટાઈને રહે છે. એના સમ્બન્ધથી કામ થાય છે તે કામને લઈને અનેકવિધ કર્મ કરે છે. એ કર્મોથી જન્મ લે છે એટલે મૂળમાં જ અશુદ્ધ જીવ ઉત્કૃષ્ટ ગતિને કેમ મેળવી શકે? એમાં પણ એને થોડું ઉત્તમ મળે એટલે એને લઈ ઉપર ચડવાની ઈચ્છા નથી કરતો, પણ પાછું નીચે જવાનું મન કરે છે. તેથી કારણ વિચાર કે કાર્ય વિચારથી આ જીવનો કોઈ અધિકાર જણાતો નથી.

એમ મહાકરુણાવાળા સર્વ સમર્થ ભગવાને વિચાર કરીને ગોપોને તમસ્‌ને પેલે પાર રહેલો પોતાનો *લોક બતાવ્યો ।।૧૩।।

**વિશેષ** : તેથી ગોપો જે ઈચ્છે છે તે એના સાધનથી સિદ્ધ થઈ શકે એમ નથી. એનો

અનધિકાર વિચારી પ્રમેય બળથી એને દેખાડતા વિચાર કરે છે કે જો સાધન વગર એને લોક બતાવું તો મર્યાદા ભંગ થાય અને સાધનનો આગ્રહ રાખું તો હું મહાકારુણિક કહેવાઉં છું એ ખોટું પડે; તેથી બન્ને વાક્યોને સાચા કરવાને આપ સમર્થ છે તેથી કૃપાથી પોતાનો લોક બતાવે છે. એ પણ ત્યાં જ રહીને, બીજે જઈને નહિ કેમકે જે વ્રજવાસીઓ સાક્ષાત્ ભગવાન્‌ને જુએ છે તેઓ લોકને જુએ એમાં શું આશ્ચર્ય? તમસ્‌થી પર જે વૈકુંઠ લોક છે તે એમને બતાવ્યો. **''તમ આસીત્ તમસા ગૂઢમગ્રે પ્રકેતમ્''** એ શ્રુતિપ્રતિપાદ્ય વ્યાપિવૈકુંઠને એ બધા ગોપોએ જોયું.

તે બ્રહ્મલોક સત્ય છે, જ્ઞાન છે, અનન્ત છે, જેને ઉપનિષદો 'બ્રહ્મ' કહે છે, જ્યોતિ છે, અનાદિસિદ્ધ છે અને મુનિઓ પણ મનન કરવાથી નિર્ગુણ થાય ત્યારે સાવધાન થઈનેજ તેનાં *દર્શન કરી શકે છે ।।૧૪।।

**વિશેષ :** માયાને દૂર કરી ત્યારે એ જોવામાં આવ્યું તે ધામ અક્ષરરૂપ છે, પણ જ્યારે ભગવાન્ ઈશ્વરપણાથી એમના હૃદયમાં પધાર્યા ત્યારે અક્ષર-લોકરૂપે દેખાયું. જો એમ ન થાય તો જોયું તે કૃત્રિમ થઈ જાય. સત્ય, જ્ઞાન અને અનન્તરૂપ જોયું, સ્વયંપ્રકાશ જે શ્રુતિમાં બતાવ્યું છે. સદા એક પ્રકારનું જોયું, મુનિઓ નિર્ગુણ થયા પછી જ તેને જોઈ શકે છે. અહીં અનેક શ્રુતિથી એ બ્રહ્મ સિદ્ધ છે. **''પરં જ્યોતિઃ સમ્પદ્ય'' ''અજો નિત્યઃ શાશ્વતઃ'' ''હિરણ્યમયે પરે કોશે વિરજં બ્રહ્મ નિષ્કલમ્''** એમાં વર્ણિત ગુણવાળા બ્રહ્મશબ્દવાચ્ય કૃષ્ણને જોયા, જે બ્રહ્મને પ્રથમ અક્રૂરે આંખથી જોયું હતું. જો ભગવાન્ હોય તો આપનો લોક બતાવે એવો ગોપોનો સંકલ્પ હતો. ભગવાને કહ્યું:તમને મારો લોક જોવાની ઇચ્છા હોય તો તમે કાલિન્દીમાં ડૂબકી મારશો તો દેખશો. એમણે એમ કર્યું ત્યારે ભગવદ્ વિશિષ્ટ ભગવલ્લોકને એમણે એમાં જોયો.

એ બધાને તો બ્રહ્મહ્રદમાં લઈ જઈ ડુબાડ્યા, પાછા એમણે એમાંથી એમનો ઉદ્ધાર કર્યો ત્યારે તેઓએ બ્રહ્મનો લોક જોયો, જ્યાં પહેલાં અક્રૂરને ભગવત્સ્વરૂપનું દર્શન (એમાં ઘર શૂન્ય જેવું ન જોયું, પણ એ ઘરમાં બિરાજતા શ્રીકૃષ્ણને પણ જોયા.) થયું હતું ।।૧૫।।

**નન્દાદયસ્તુ તં દૃષ્ટ્વા પરમાનન્દ નિર્વૃતાઃ ।।**
**કૃષ્ણં ચ તત્રચ્છન્દોભિઃ સ્તૂયમાનં સુવિસ્મિતાઃ ।।૧૬।।**

નન્દરાયજી વગેરેએ એ બ્રહ્મલોકને જોઈને પરમાનન્દનો અનુભવ કર્યો અને એ લોકમાં શ્રીકૃષ્ણનું વેદો સ્તવન કરી રહ્યા હતા (એને જોઈને નન્દરાયજી વગેરે

પરમાનન્દને પ્રાપ્ત થયા. એમાં પણ મધ્યમાં શ્રીકૃષ્ણને જોયા જેની વેદો સ્તુતિ કરે છે. એમને જોઈને બીજું બધું ભૂલી ગયા અને આશ્ચર્ય રસમાં મગ્ન થયા) એ જોઈને તો તેઓ અત્યન્ત વિસ્મય પામ્યાં ।।૧૬।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ત્રીજા સાધન-પેટા-પ્રકરણનો ધર્મીનો સાતમો અને ચાલુ) ''ભગવાને ગોપોને વૈકુંઠ બતાવ્યું'' નામનો અઠ્ઠાવીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતા પચીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**બીજા તામસ પ્રકરણનું ત્રીજું સાધન પ્રકરણ સમ્પૂર્ણ**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધોબનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૨૯

# તામસ ફલ પ્રકરણ

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૨૬

## ભગવાને ગોપીઓની સાથે આત્માથી ક્રીડા કરી

### તામસ ફલ પ્રકરણ અધ્યાય પહેલો(રાસપંચાધ્યાયી અધ્યાય પહેલો)

**વિશેષ :** આ ઓગણત્રીસમા અધ્યાયમાં ભગવાન્ આત્માવડે જીવને આનન્દ આપે છે. એ જીવો જો સમર્પિત આત્મા હોય તો તેમને ભજનાનન્દ મળે એનો ઉપાય આમાં કહ્યો છે. આત્મા જ્યાં સુધી પ્રપન્ન હોય ત્યાં સુધી ભગવાન્ એની સાથે ક્રીડા કરે છે. એ જ્યારે જીવના સ્વરૂપમાં દાખલ થાય ત્યારે બહાર દર્શન આપતા નથી, પણ અન્તઃકરણના સમ્બન્ધી બને છે.

સાધન પ્રકરણના અન્તમાં ગોપોને વૈકુંઠનું ભગવાને દર્શન કરાવ્યું. આ અધ્યાયમાં ગોપીઓને ફલનું દાન કર્યું એ વાત કહેવાની છે. એમાં ફલ પ્રકરણના આરમ્ભમાં

શ્રીઆચાર્યચરણ કારિકાઓ વડે ફલ પ્રકરણનું તાત્પર્ય કહે છે. પૂર્વ અધ્યાયમાં વ્રજવાસીઓને બ્રહ્મભાવ થયો એ પછી જો એમાં એ જીવો સ્થિત રહે તો એમની મુક્તિ થાય. પરન્તુ ઇન્દ્રિયવાળાને મુક્તિ થતાં એમાં ઇન્દ્રિયોનો ઉપયોગ ન હોવાથી એ વ્યર્થ જાય તેથી જેની ઉપર કૃપા કરવી છે તે જીવોનો બ્રહ્માનન્દથી ભગવાને ઉદ્ધાર કર્યો. એનું કારણ એ જ કે એમને ભજનાનન્દનો અનુભવ કરાવવો છે. એમાં જે લીલાની જરૂર છે તે આ ફલ પ્રકરણમાં કહેવામાં આવે છે. એ ભજનાનન્દ લૌકિક સ્ત્રીમાં સારી રીતે સિદ્ધ થાય છે અને સ્ત્રીદ્વારા પુરુષ (ભગવાન્) ને પણ એ ફળનો અનુભવ થાય છે. એનાથી ભજનાનન્દ લેવાની યોગ્યતા કેવળ પ્રસાદરૂપ શક્તિ સ્ત્રી છે અને એનો જેનામાં પ્રવેશ થયો હોય તેને જ એ ભજનાનન્દનો અધિકાર છે એમ પણ કહેવામાં આવ્યું. તેથી જ ભજનાનન્દ સ્ત્રીમાં સારી રીતે રહી શકે છે. પુરુષને જો એનો કાંઈ પણ લાભ મળે તો એ સ્ત્રીદ્વારા જ મળે છે, બીજી રીતે પુરુષને ભજનાનન્દનો અધિકાર નથી. એ રસરૂપ ભગવાન્‌ને અન્તરમાં ઉતારવાને માટે સ્ત્રીઓ જ સમર્થ છે. એ સ્ત્રીના ભોગ પછી ભગવાન્ એનો ભોગ કરી શકે છે. તેથી જ ભગવાન્ શ્રીકૃષ્ણ સ્ત્રીમાં નિરન્તર રાત્રિ-દિવસ રમ્યા કરે છે. એક બાહ્ય અને બીજું આન્તર એમ રમણ બે જાતનું છે. એમાં આન્તર રમણ એ પરમ ફળરૂપ છે. એ રૂપલીલા કહ્યા પછી શબ્દાત્મક લીલા આવે છે. એ નિર્દોષ લીલા છે. એ 'નામલીલા' કહેવાય છે. રૂપલીલા પાંચ પ્રકારની છે. આત્માથી, મનથી, વાણી અને પ્રાણ થી, ઇન્દ્રિયોથી અને શ્રીઅંગથી એમ પાંચ પ્રકારે ભગવાને રૂપથી લીલા કરી છે. એ પાંચ અધ્યાયમાં કહેવામાં આવી છે તેમ જ એક-એક અધ્યાયમાં પાંચ પ્રકાર જે ઉપર બતાવ્યા તે પ્રમાણે લીલા સમ્ભવે છે. એ અહીં કહેવા જતાં વિસ્તાર થાય માટે જિજ્ઞાસુએ શ્રીટિપ્પણીજીમાં એ કહેવામાં આવી છે એ જોઈને સન્તોષ મેળવવો. ઉપર કહ્યા પ્રમાણે આત્માથી શરીર સુધીનાં પાંચ સ્વરૂપ ગણાવ્યાં તે મળીને એકરૂપ કહેવાય છે. તેથી રૂપલીલા પાંચ અધ્યાયથી અને પ્રવૃત્તિ નિવૃત્તિ ભેદથી બે પ્રકારની નામલીલા છે તે બે અધ્યાયથી કહી છે. એમ આ પ્રકરણ સાત અધ્યાયનું છે.

**ભગવાનપિ તા રાત્રીઃ શરદોત્ફુલ્લમલ્લિકાઃ ।।**
**વીક્ષ્ય રન્તું મનશ્ચક્રે યોગમાયામુપાશ્રિતાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : મલ્લિકાનાં પુષ્પો જેમાં ખીલ્યાં છે તે (કાત્યાયની વ્રત પ્રસંગે વરદાન આપેલું તે) શરદની રાત્રિઓને જોઈને ભગવાને પણ યોગમાયાનો આશ્રય કરી રમણ કરવાને માટે મન કર્યું ।।૧।।

જેમ ઘણે વખતે પરદેશથી ઘેર આવેલો પ્રિય પ્રિયાના મુખને હાથ લગાડી એના

તાપને શાન્ત કરે તેમ ત્યારે નક્ષત્રોનો રાજા ચન્દ્ર પૂર્વ દિશાના મુખને પોતાનાં સુખરૂપ કિરણોથી લીંપતો અને ચર્ષણીઓના શોકને દૂર કરતો ઉદય પામ્યો ।।૨।।

લક્ષ્મીના મુખ જેવી કાન્તિવાળા અને નવીન કેસરના જેવા લાલ રંગવાળા અખંડ મંડળવાળા ચન્દ્રને અને એનાં કોમળ કિરણોથી રંગાયેલા વૃન્દાવનને જોઈને ભગવાને સુન્દર દૃષ્ટિઓના મનને હરણ કરનાર અવ્યક્ત મધુર સ્વરવડે ગાન કર્યું ।।૩।।

અનંગને વધારનાર શ્રીકૃષ્ણના તે ગીતને સાંભળીને વ્રજસ્ત્રીઓનાં મન શ્રીકૃષ્ણને વશ થઈ ગયાં અને એક બીજાને ખબર ન પડે એમ એ વ્રજસ્ત્રીઓએ શ્રીકૃષ્ણની પાસે આવવાનો ઉદ્યોગ કર્યો. જેના ચાલવાના વેગને લઈને કાનમાં કુંડળ હતાં તે ચંચળ થયાં તેવાં ગોપીજનો શ્રીકૃષ્ણની પાસે આવ્યાં ।।૪।।

કેટલાંક ગોપીજનો ગાયો દોહતાં હતાં તે દોહવાનું પડતું મૂકી ઉત્સુકતાથી પ્રભુ પાસે આવ્યા. કેટલાક દૂધ ચૂલા ઉપર ચડાવેલ તેને ઉતાર્યા વગર ગયા. બીજાં ઘઉંની ખીર કરવા દૂધ ચૂલા ઉપર મૂકેલું તેને એમ જ છોડીને ચાલી નીકળ્યાં ।।૫।।

કેટલાક પતિ વગેરેને પીરસતાં હતા તે પીરસવું છોડીને ગયાં, જ્યારે બીજાં બાળકને સ્તનપાન કરાવતાં હતા એ છોડીને ગયાં. કેટલાક પતિની સેવા કરતાં હતા તે પડતી મૂકી ચાલી નીકળ્યાં, તો બીજાં ભોજન પડતું મૂકીને ગયાં ।।૬।।

કેટલાક ઘર લીંપતાં હતા, કેટલાક સ્નાન કરતાં હતા અને કેટલાક આંખ આંજતાં હતા તે બધાં પોત-પોતાનું કામ અધૂરું મૂકીને ચાલી નીકળ્યાં. એ પણ વસ્ત્ર અને આભરણો ઉલટાં-સુલટાં પહેરી ચાલી નીકળ્યાં અને બધાં શ્રીકૃષ્ણની પાસે આવ્યાં ।।૭।।

તે ગોપીજનોને તેમના પતિએ, માતા-પિતાએ, પુત્રોએ અને સમ્બન્ધીઓએ ભગવાન્ પાસે જતાં અટકાવ્યાં છતાં પણ તેમનું અન્તઃકરણ ગોવિન્દ ભગવાને હરી લીધેલું હોવાથી અને તેઓ મોહિત થયેલાં હોવાથી પાછાં ફર્યા જ નહિ ।।૮।।

(ઉપર ગણાવેલાં દસ પ્રકારનાં ગોપીજનો ભગવાન્ પાસે પહોંચ્યાં, પણ જેમને કાળ પ્રતિબન્ધક થયો તેમને ભગવાન્‌માં સ્નેહ હતો છતાં એ ભગવાન્ પાસે પહોંચી શક્યાં નહિ, પણ એ દેહોને છોડી ભગવાન્‌માં સાયુજ્યમુક્તિને પામ્યાં એ વાત કહે છે કે) કેટલાંક ગોપીજનો ઘરમાં હતાં તેમને બહાર નીકળવાનો રસ્તો ન મળતાં નીકળી શક્યાં નહિ, ત્યારે તેમણે કૃષ્ણમાં ભાવના કરી આંખો મીંચી એનું ધ્યાન કર્યું

॥૯॥

ન સહન થાય તેવો પ્રેષ્ઠનો વિરહતાપ થયો તેથી એમનાં જન્મ-જન્માન્તરનાં અશુભ ભસ્મ થઈ ગયાં. ધ્યાનમાં હૃદયમાં પ્રાપ્ત થયેલ ભગવાન્‌ના આશ્લેષના સુખવડે જન્મ-જન્માન્તરમાં કરેલ શુભ કર્મનો ભોગ થઈ ગયો ॥૧૦॥

આ પ્રકારનાં ગોપીજનોએ જો કે ભગવાન્‌માં જાર બુદ્ધિ રાખી હતી, છતાં તે જ પરમાત્માનો તેમને સમાગમ થયો તેથી તેમનાં કર્મનાં બન્ધનો બધાં નાશ પામ્યાં અને તેમણે ગુણમય દેહનો તત્કાલ ત્યાગ કર્યો. *એ ભગવાન્‌માં જ રહી ગયાં એટલે સાયુજ્યમુક્તિને પ્રાપ્ત થયાં ॥૧૧॥

**વિશેષ** : મૂલમાં શબ્દો છે **''જહુર્ગુણમયં દેહમ્''** અન્તગૃહગતા ગોપીજનો કૃષ્ણને કાન્ત ભાવથી ભજતાં હતાં. તેમને રોકી રાખવાથી પ્રભુનો વિરહ થયો. એક ક્ષણના વિરહમાં, કરોડો વર્ષ સુધી કુમ્ભીપાક નરકમાં રહેવાથી જેટલું દુઃખ થાય તેટલું દુઃખ તેમને થયું અને તેથી તેમનાં બધાં અશુભ ભોગવાઈ ગયાં. અશુભનો નાશ થતાં પ્રભુનું ધ્યાન ધર્યું. ધ્યાનમાં પ્રભુ પધાર્યા અને આપનું આલિંગન કર્યું. આ એક ક્ષણના આલિંગનથી કરોડો વર્ષો સુધી સ્વર્ગનું સુખ ભોગવવામાં જેટલો આનન્દ આવે તેટલો આનન્દ આવ્યો. પુણ્ય અને પાપ બન્ને ભોગવાઈ જવાથી તેમના દેહ પડી ગયા અને અલૌકિક સ્વરૂપે પ્રભુ પાસે પહોંચ્યા. આ બાજુ પ્રભુની યોગમાયાએ તેમના દેહોમાં તત્કાલ બીજા જીવો દાખલ કરી દીધા એટલે લૌકિક વ્યવહાર યથાવત્ રહ્યો અને વ્રજમાં કંઈ અમંગલ થયું નહિ.

(રાજા પરીક્ષિત વિચારમાં પડી ગયા, કેમકે પ્રથમ કહ્યું છે કે આ ગોપીજનો ભગવાન્‌માં જારબુદ્ધિથી પ્રેમ રાખતાં હતાં ત્યારે ભગવાન્‌ને એમના ખરા સ્વરૂપમાં જાણ્યા વગર જો મુક્તિ થાય તો વિષયી લોકો પણ મુક્ત બની જાય અને **''ઋતે જ્ઞાનાન્ન મુક્તિઃ'' ''તમેવ વિદિત્વાતિમૃત્યુમેતિ, નાન્યઃ પન્થા વિદ્યતેયનાય''** ઈત્યાદિ શ્રુતિનો વિરોધ આવે! આ જાતની શંકા થવાથી)

**પરીક્ષિત બોલ્યા** : હે મુને! આ અન્તર્ગૃહગતા ગોપીજનો કૃષ્ણને બ્રહ્મરૂપ નહોતી જાણતી, પણ એને પોતાના કાન્તરૂપે જાણતી હતી; તો પછી ગુણબુદ્ધિવાળી ગણાય તેને ગુણનિવૃત્તિ આ સંસારનો નાશ કેમ થાય? ॥૧૨॥

**શ્રીશુકદેવજીએ કહ્યું** : પહેલાં સાતમા સ્કન્ધમાં શિશુપાલની વાત તમને કહી છે કે એ ભગવાન્‌નો દ્વેષ કરનાર હતો છતાં એ ભગવાન્‌ના ચરણને પ્રાપ્ત થયો, તો પછી આ ગોપીજનો તો ભગવાન્‌નાં પ્રિય હતાં તેમને ભગવત્પ્રાપ્તિ થાય એમાં

આશ્ચર્ય શું? ।।૧૩।।

ભગવાન્ પોતે *નિર્વિકાર છે, એ જ્ઞાનસાધ્ય પણ નથી. નિર્ગુણ છે અને ગુણના તે આત્મા પણ છે છતાં મનુષ્યના કલ્યાણને માટે હે નૃપ! ભગવાન્ સ્વરૂપ પ્રકટ કરે છે ।।૧૪।।

**વિશેષ** : પ્રાણીમાત્રના શ્રેયનેમાટે ભગવત્પ્રાકટ્ય છે. જો એમ ન હોય તો ભગવાન્નું ભૂતળ ઉપર પધારવું અસમ્ભવિત છે, કેમકે અહીં પધારવાનું બીજું અસાધારણ પ્રયોજન જણાતું નથી. પૃથ્વીનો ભાર ઉતારવો, ધર્મરક્ષા કરવી, એ કાર્ય તો બીજી રીતે પણ થઈ શકે એવાં છે. તેથી નિઃસાધનોદ્ધાર રૂપ અસાધારણ કાર્ય ભગવાન્ને અહીં પધારવામાં છે. એ બતાવવામાટે ભગવાન્નાં ચાર વિશેષણ આપ્યાં છે. પ્રથમ તો ભગવાન્ સ્વતન્ત્ર છે. કાળ કર્મ, સ્વભાવના નિયામક અને સર્વ નિરપેક્ષ છે તે અહીં શા માટે પધારે? કોઈ એમ કહે કે સ્વાર્થગમન ન સમ્ભવે, પણ પરાર્થ પધારે તો પધારી શકે! ત્યાં કહેવાનું કે એ અવ્યય છે. જે કૃતિસાધ્ય અથવા જ્ઞાનસાધ્ય હોય તે બીજાના ઉપયોગમાં આવી શકે; ભગવાન્ તો નિર્વિકાર છે; કૃતિસાધ્ય નથી, અપ્રમેય હોવાથી જ્ઞાનસાધ્ય પણ નથી, કેમકે સર્વ જ્ઞાન પ્રમેય છે. દેહ આદિથી ભજનદ્વારા ભજનીય પણ નથી, કેમકે એ નિર્ગુણ છે. ગુણ જો વિદ્યમાન હોય તો બીજાને દેખાય; જેમ ભૂખ હોય તો અન્નદાન સફલ થાય, કામ હોય તો સ્ત્રીનો ઉપયોગ થાય, ઈન્દ્રિયો હોય તો વિષય ઉપભોગ સમ્ભવે, પણ ભગવાન્ને કોઈ સેવક પૂરણીય અંશ નથી તેથી એ ભજન કરવા યોગ્ય નથી. જો લીલાને માટે એની અપેક્ષા છે એમ કહો તો તો સર્વ એનું જ છે, કારણ કે સર્વ ગુણના પણ આત્મા એ જ છે. તેથી સાધનપણે એનો કાંઈ ઉપયોગ નથી. સ્વપ્રયોજન કે પર પ્રયોજન પણ એને નથી. એ સાધન વિના જ મુક્તિ ન આપે તો એમનું પધારવું પ્રયોજન રહિત થઈ જાય.

જો કોઈ માણસ હમેશાં ભગવાન્ને *વિશે કામ, ક્રોધ, ભય, સ્નેહ, એક્તા અથવા ભક્તિ કરે તો એ માણસ ભગવન્મય થઈ જાય એ વાત નિશ્ચિત સમજવી ।।૧૫।।

**વિશેષ** : ગયા શ્લોકમાં કહ્યું તેમ સાધન નિરપેક્ષ મુક્તિ સ્વરૂપબળથી પ્રાપ્ત કરાવે છે તો ગમે તેવી રીતે ભગવાન્ના સ્વરૂપના સમ્બન્ધમાં જીવ આવે તો એ મુક્ત થાય; એટલે કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐક્ય અથવા સૌહૃદ વડે ભગવત્સમ્બન્ધ થવો જોઈએ. એમાં કામ તો સ્ત્રીમાં સમ્ભવે, ક્રોધ શત્રુમાં રહે, ભય વધ્યમાં રહે, સ્નેહ સમ્બન્ધીઓમાં હોય, એક્તા જ્ઞાનીમાં હોય અને ભક્તિ (સૌહૃદ) ભક્તમાં સમ્ભવે છે. એ બધા ઉપાયવડે ભગવત્સમ્બન્ધ થતાં જીવ કૃતાર્થ

થાય; માટે અવતારદશામાં જ્ઞાન કે ભક્તિ નો ઉપયોગ નથી પણ એનો ખરો ઉપયોગ અનવતારદશામાં હોઈ શકે. ઉપર ગણાવ્યા તે સિવાય બીજા પણ ઉપાય હોય, પણ એ ઉપાય સર્વદા કરવા જોઈએ, નહિ તો **"અન્તે યા મતિઃ સા ગતિઃ"** એ ન્યાયથી ભગવત્સમ્બન્ધ ગૌણ થઈ જાય. એટલે નિરન્તર ભગવત્સ્મરણ ન થતાં બીજાનું સ્મરણ થતાં ભગવત્સ્મરણ ભૂલાય, એમાં દેહ પડે તો બીજાનું સારૂપ્ય થાય પણ ભગવત્સાયુજ્ય ન થાય; માટે ભગવત્સ્મરણ મરણપર્યન્ત કરવું. ત્યાં કહે છે કે શરીરનો અધ્યાસ હોવાથી એને રોગ વગેરે થતાં નિત્યસ્મરણ ન બને તો કેમ થાય? એના ઉત્તરમાં કહે છેઃભગવાન્ હરિઃ છે તે ભક્તને દુઃખ થવા જ દેતા નથી, એટલે ભગવાન્‌ની ભાવના નિરન્તર રહે છે. તેથી જેમ કોઈને કામથી જોતાં દષ્ટિ કામથી રંગાઈ જાય છે તેમ ભગવાન્‌નું નિરન્તર સ્મરણ કરતાં હૃદય ભગવત્સ્વરૂપમાં રંગાઈ જાય છે, કારણ કે જીવમાં, અન્તઃકરણમાં, પ્રાણમાં, ઈન્દ્રિયોમાં, દેહમાં, વિષયોમાં અને ઘરમાં, દ્રવ્યમાં, પુત્ર વગેરેમાં હરિ જ છે, એવી ભાવના કામ, ક્રોધ વગેરે વડે કરતાં પણ પ્રપંચનો લય થઈ જાય છે. જેમ સર્વમાં આત્માને જોતાં જ્ઞાનીનો પ્રપંચ લીન થાય છે તેમ ભક્તનું પણ સમજવું.

આ વાતમાં (તમે તો ભગવાન્‌નો પ્રભાવ ગર્ભમાં હતા ત્યારે પ્રત્યક્ષ જોયો છે, અનુભવ્યો છે તેથી) તમારે તો શંકા જ કરવી નહિ, કેમકે ભગવાન્ *અજન્મા છે, ષડ્‌ગુણ સમ્પન્ન છે, યોગેશ્વરોના ઈશ્વર છે અને સદાનન્દ છે, જેનાવડે આ ગોકુલ મુક્ત થાય છે ।।૧૬।।

**વિશેષ** : તમારે અહીં અસમ્ભાવના રૂપ વિસ્મય કરવાનો નથી. ભગવાન્‌માં સર્વ સમ્ભવિત છે. જેની બુદ્ધિમાં અસમ્ભવ હોય છે તેને સર્વત્ર ભ્રમ થાય છે. એ અહીં સમ્ભવે નહિ એમ નથી, કેમકે ભગવાન્ ઐશ્વર્ય, વીર્ય વગેરે છ ધર્મ વિશિષ્ટ છે. જીવનો મોક્ષ કરવામાં જ્ઞાનનો ઉપયોગ છે એમ એ જાણશે તો એ જ્ઞાનધર્મ ભગવાન્‌માં છે તેથી પોતાનું જ્ઞાન આપીને પણ જીવનો મોક્ષ કરવાને સમર્થ છે. જેણે ભગવાન્‌નું માહાત્મ્ય ન જોયું હોય તે સન્દેહ પણ કરે. તમે તો ગર્ભમાં જ ભગવાન્‌નું માહાત્મ્ય જોયું છે તો તમને તો એમાં વિસ્મય ન થવો જોઈએ. વળી જે નિર્દોષ હોય તેમાં બધું સમ્ભવે. એમાં દોષનું મૂળ તો જન્મ છે. જેને જન્મ નહિ તેમાં દોષ પણ ન સમ્ભવે. ભગવાન્ સ્વયં અજ છે એટલે એમાં જે કહો તે સમ્ભવે છે, કેમકે એમાં દોષ નથી. બીજા તો બધા જન્મે છે. જે જન્મે તે બીજાની મુક્તિ ન કરી શકે, કેમકે એ તો જીવની તુલ્ય થયો. વળી જે સાધન કરે તે મુક્તિ મેળવે. એમાં સાધન તો સર્વથી નિવૃત્ત થયેલું મન છે. એ સર્વ વિષયથી નિવૃત્ત તો યોગમાર્ગના સાધનોવડે થઈ શકે. એ યોગમાર્ગના નિયામક તો ભગવાન્

છે. બીજાં સાધનોદ્વારા મોક્ષ થાય છે તે પણ ભગવાન્‌ની ઈચ્છાથી થાય છે કેમકે યોગ આદિ માર્ગના નિયામક ભગવાન્ છે. યોગ આદિ સાધનો પણ એના નિયમને અનુસરીને ફળમાં સહાયક થાય છે. વળી ભગવાન્ ફળરૂપ છે. જે કોઈ મુક્ત થાય તે ભગવાન્‌ની પાસે જાય છે. તેથી સાધનોથી પ્રાપ્ય પણ ભગવાન્ પોતે જ છે તે ભગવાન્ અહીં સ્વરૂપે જ સાધનરૂપ છે, કારણ કે ભગવાન્‌વડે સર્વ આ દેખાતું જગત મુક્તિને પામે છે. શ્રીશુકદેવજી ભાવનાવડે ગોકુલમાં બેઠા બોલે છે, અથવા જ્ઞાનદષ્ટિથી મુક્ત થતા ગોકુલને જોઈને બોલે છે. ભગવાન્ સાક્ષાત્ અને પરમ્પરાથી પણ સર્વને મુક્ત કરશે, એ આગળ **"સ્વમૂર્ત્યા લોકલાવણ્યનિર્મુક્ત્યા લોચનં નૃણામ્। ગીર્ભિસ્તે સ્મરતાં ચિત્તે પદૈસ્તાનીક્ષતાં ક્રિયાઃ"** ઈત્યાદિ શ્લોકથી કહેવામાં આવશે. આ શ્લોક ઉપર ઘણું સાહિત્ય છે. વિશેષ જિજ્ઞાસુને શ્રીસુબોધિનીજીમાં જોઈને સન્તોષ મેળવવા વિનન્તિ છે.

એ વ્રજાંગનાઓને પાસે આવેલાં જોઈને વક્તાઓમાં શ્રેષ્ઠ એવા ભગવાન્ સુન્દર શબ્દોવાળી વાણીથી મોહ કરતા કહેવા લાગ્યા ।।૧૭।।

**શ્રીભગવાન્ બોલ્યા :** "હે મહાભાગા! તમે ભલે આવ્યાં. હું તમારું શું પ્રિય કરું? વ્રજમાં તો સર્વ કુશળ છે? અહીં આવવાનું કારણ હોય તે મને તમે કહો ।।૧૮।।

આ ભય કરનાર રાત્રિ છે, ઘોર પ્રાણીઓ રાતમાં ફરે છે, માટે તમે વ્રજમાં પાછાં જાઓ. હે સુમધ્યમા! સ્ત્રીઓએ આવા સમયે જંગલમાં રહેવું ન જોઈએ ।।૧૯।।

તમારાં માત, પિતા, પુત્ર, ભાઈ અને પતિ તમને નહિ દેખતાં શોધવા નીકળશે માટે બન્ધુઓને ભય થાય એવું તમે ન કરો ।।૨૦।।

ચન્દ્રના કિરણોથી રંગાયેલા યમુના જળનો સ્પર્શ કરી આવતા પવનથી કમ્પાયમાન પલ્લવવાળાં વૃક્ષોથી મડિત અને ખીલેલાં કુસુમોવાળા વનને તમે જોયું ।।૨૧।।

માટે હે સતીઓ! તમે જલદી જાઓ, વાર ન લગાડો, પતિની સેવા કરો. તમારા ઘરમાં બાળકો તથા ગાયનાં વાછડાં આક્રન્દ કરે છે તેમને ધવરાવો અને ગાયોનું દોહન કરો ।।૨૨।।

(એમ બોલતાં જેમના હૃદયમાં સ્નેહ દેખાયો તેમને કહે છે કે) અથવા મારામાં સ્નેહને લઈને તમારું અન્તઃકરણ મારી પાસે આવવાને ઉત્સુક થયું અને તમે મારી પાસે આવ્યાં એ યોગ્ય જ કર્યું છે, કેમકે પ્રાણીમાત્ર મારામાં પ્રીતિ કરે છે, અથવા મારા સમ્બન્ધમાં આવનાર જીવમાત્રને મારામાં પ્રીતિ થાય છે. મારામાં માત્ર પ્રીતિ

છે, કૃતિ નથી તેથી તમે તમારા ઘેર જાઓ ।।૨૩।।

હે કલ્યાણીઓ! નિષ્કપટ ભાવથી સ્વામીની સેવા કરવી, એમના બન્ધુઓની સેવા કરવી તથા પોતાનાં બાળકોનું પોષણ કરવાનો સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે ।।૨૪।।

ખરાબ શીલવાળો, ભાગ્યહીન, વૃદ્ધ, જડ, રોગી, ધનરહિત એવો પણ પતિ આ લોક અને પરલોક ની દરકાર કરનાર સ્ત્રીએ સેવવો જ જોઈએ, પરન્તુ એ પાતકી હોય તો એની સેવા ન કરવી ।।૨૫।।

કુલીન સ્ત્રી ઉપપતિની સેવા કરે તો એને સ્વર્ગ મળતું નથી, એના યશની હાનિ થાય છે, લોક વિદ્વેષ કરે છે. એમાં ભય બહુ છે. એનાથી વિષયનું સુખ થાય તે તુચ્છ છે અને એમાં કષ્ટ વધારે છે તેમ જ સર્વત્ર તેની નિન્દા થાય છે માટે સ્ત્રીઓએ સ્વપુરુષમાં જ નિષ્ઠા રાખવી પણ અન્યત્ર વ્યભિચાર ન કરવો ।।૨૬।।

મારા ગુણના શ્રવણથી, મારું ધ્યાન, દર્શન અને કીર્તન કરવાથી મારામાં જેવો ભાવ થાય છે તેવો ભાવ પાસે રહેવાથી થતો નથી, માટે તમે ઘેર પાછાં જાઓ'' ।।૨૭।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : એવું ગોવિન્દનું વિપરીત ભાષણ સાંભળીને આવેલી ગોપીઓને ખેદ થયો, એમના સંકલ્પ નષ્ટ થયા અને તેમને અપાર ચિન્તા થઈ ।।૨૮।।

પોતાનાં મુખને નીચે નમાવી દીધાં. શોકથી ગરમ શ્વાસ લાગવાથી બિમ્બફલ જેવા હોઠ સુકાઈ ગયા. ચરણથી પૃથ્વીને ખોતરતાં આંખમાંથી કાજળવાળાં આંસુ સ્તન ઉપર પડતાં સ્તન ઉપર લગાવેલ કુમકુમ ધોવાઈ ગયું અને મહાદુઃખના ભારથી મૌન ઊભાં રહ્યાં ।।૨૯।।

ગોપીજનોનો શ્રીકૃષ્ણ ઉપર અનુરાગ તો હતો જ, શ્રીકૃષ્ણ તેમના પ્રિયતમ હતા અને તેમને પ્રાપ્ત કરવામાટે બધી જ કામનાઓને તેમણે છોડી દીધી હતી. એ જ શ્રીકૃષ્ણ જ્યારે પ્રિય કરતાં જુદું જ બોલવા લાગ્યા. ત્યારે તેમણે રુદનથી સૂઝી ગયેલાં પોતાનાં નેત્રો લૂછી નાખી, કાંઈક ક્રોધ કરીને પ્રેમવડે ગદ્‌ગદ્ કંઠવાળી વાણીથી તેઓએ કહ્યું* ।।૩૦।।

**વિશેષ** : રજોગુણ, તમોગુણ અને સત્વગુણ ના ત્રણ-ત્રણ ભેદ અને એક નિર્ગુણ એમ દશવિધ સ્ત્રીઓને ભગવાને વાણીથી ઘેર જવાનું કહેલ છે. એના ઉત્તરમાં ગોપીઓ એમને એ

દસ શ્લોકના ઉત્તર દસ શ્લોકથી આપે છે અને એક શ્લોકથી પ્રાર્થના કરે છે તે અગિયાર પ્રકારની ગોપીઓની વાણીનો ઉત્કર્ષ થાય છે; ત્યારે પ્રભુ પ્રસન્ન થઈ એમની સાથે ક્રીડા કરે છે.

હે વિભો! આપે આવું ક્રૂર ભાષણ ન કરવું જોઈએ, કારણ કે અમે વાસના સહિત સર્વ વિષયોને છોડીને આપના ચરણના મૂળ વૃન્દાવનમાં આવ્યાં છીએ. હે દુરાગ્રહવાળા! જેમ આદિ પુરુષ મુમુક્ષુઓને ભજે છે તેમ આપ અમને ભજો, પણ *અમને છોડો નહિ ।।૩૧।।

**વિશેષ :** આપ સર્વકરણ સમર્થ છો. સમર્થ જ્યારે ઊલટું બોલે ત્યારે એ ક્રૂરતા કહેવાય. એને જો દયા હોય તો એવું બોલે નહિ. વળી આપે વ્રજમાં કુશળ છે એમ અમને કહ્યું એ અમને પૂછવું ન ઘટે, કેમકે અમે સર્વ વિષયોને છોડી આપના ચરણમાં આવ્યાં છીએ તેથી **''ત્યક્તાર્થ પરિગ્રહ''** (છોડી દીધેલી વસ્તુનો સ્વીકાર) અયોગ્ય ગણાય. અમે જારબુદ્ધિથી આપની પાસે આવ્યાં નથી, પણ અગિયાર ઇન્દ્રિયોના વિષયને છોડીને આવ્યાં છીએ; એની વાસનાને પણ છોડી છે. એમ ન કરીએ તો આપના ચરણમાં આવી જ ન શકાય. વળી આપે આવવાનું કારણ કહો એમ કહ્યું એ બાબતમાં કહેવાનું કે અમોને આપ ભજો. બીજી વાત કહો એ નહિ, એમ કહો તો તે આપનો આગ્રહ ખોટો છે, કેમકે પ્રભુનું ભજન ન કરવું અને બીજું બધું કરવું એવો જીવનો આગ્રહ ખોટો છે તેવો અમને ન ભજવાનો આપને આગ્રહ છે. **''યે યથા માં પ્રપદ્યન્તે''** એ ન્યાય તો અમને આપ લાગુ કરતા નથી. એ ન્યાય સ્વીકારો તો અમારો ત્યાગ કરવાનો નથી, કેમકે અમે આપને છોડવાને ખુશી નથી. વળી અમારું ભજન વિષય જેવું નથી તેનું સ્વરૂપ અમે વિશેષ સ્પષ્ટ કરી શકતાં નથી, પણ જેમ આદિદેવ ભગવાન્ મુમુક્ષુને ભજે છે તેમ આપ અમને ભજો. પૂર્વોત્તરકાંડમાં ભજન સાર્થક છે. એમાં પણ દેવ ભજન વ્યભિચારજનક કહેવાતું નથી. પુરુષાન્તરના ભજનમાં પણ વિવાહિતા પતિ અભજનીય થતો નથી. એ વ્યભિચાર દોષથી અનંગિકાર તો કરે તેનાથી પણ અભજન તો ન થઈ શકે. લૌકિક પતિ જેમ ઇતર ભજન છોડાવી સ્વભજનમાં જોડી દે છે તેમ આપે કરવું જોઈએ. તેથી આપ અમોને ઘેર પાછાં મોકલો એ આપને ઉચિત ન ગણાય. આદિદેવ મુમુક્ષુને આત્મીયતાથી સ્વીકારે છે. એને આત્મરૂપે સ્ફુરે છે. એને આનન્દ આપે છે અને પોતાના સ્વરૂપમાં એને રાખવામાટે સ્વરૂપ પ્રકટ કરે છે. તેથી મુમુક્ષુને દેવ પોતે ભજે છે એમ કહ્યું:નહિ તો મુમુક્ષુ ભગવાન્‌ને જે ભજે છે એમ કહેવું જોઈએ. એનું ફલદ્વારા ભજન છે તેથી જીવને પૂર્વાવસ્થામાં મૂકતા નથી પણ સ્વરૂપમાં જ રાખે છે તેમ આપ અમને આપની પાસે રાખો,

ઘેર ન મોકલો. એ કહેવાનું તાત્પર્ય છે.

હે અંગ! આપ ધર્મજ્ઞ છો. આપે પતિ, પ્રજા અને સુહૃદો ની સેવા કરવી એ સ્ત્રીઓનો સ્વધર્મ છે એમ કહ્યું છે* એ બરાબર છે, પણ મનુષ્ય માત્રના અતિપ્રિય તો આપ છો, એટલું જ નહિ, પણ સર્વના આત્મા પણ આપ છો; તો પછી આપનો પૂર્વોપદેશ અમે કેવી રીતે સ્વીકારીએ? માટે એતો આપજ અમારા પ્રેષ્ઠ, બન્ધુ અને આત્મા હોવાથી અમારો આપને વિશેજ એ ભાવ છે તેને આપે સ્વીકારવો જોઈએ ।।૩૨।।

**વિશેષ :** આપે એમ કહ્યું કે સ્ત્રીઓના પતિ વગેરેની સેવા કરવી એ સ્વધર્મ છે. તે છોડવામાં એનું અનિષ્ટ છે. વળી આ ઘોર રાત્રિમાં અહીં આવવું એ ઠીક નથી. એના ઉત્તરમાં કહેવાનું કે આપે તો પતિ, પિતા, પુત્રની સેવા કરવી એ સ્ત્રી ધર્મ છે એમ કહ્યું, પરન્તુ ધર્મશાસ્ત્ર દેહને ઉદ્દેશીને રચાયું છે, જીવનો વિચાર એણે કર્યો નથી તેથી એણે આત્મધર્મ કે ભગવદ્ ધર્મનો વિચાર કર્યો નથી; તેમ આપે પણ ધર્મશાસ્ત્રનો વિચાર કરી કહ્યું, પણ અમારો વિચાર આપે કર્યો નથી. તેથી આપે કહેલાં વચનને અમો દૂષણ આપતાં નથી, પણ એનો વિચાર કરીએ છીએ. અમારો વિચાર પણ સ્ત્રીઓએ સ્વધર્મમાં રહેવું એ વાત સ્વીકારે છે. પણ તે પતિ વગેરે ધર્મના સ્વરૂપ નથી તેમ એના આધાર નથી, પણ એ ધર્મમાં નિમિત્ત છે. એ ધર્મ બે પ્રકારનો છેઃએક તો અનુષ્ઠીયમાણમાં પુત્રાદિ નિમિત્ત છે, પ્રમીયમાણમાં ગુરુ નિમિત્ત છે; તેથી એવો ઉપદેશ આપનાર ગુરુની પ્રથમ તો સેવા કરવી જોઈએ, નહિ તો એ ધર્મ હૃદયમાં આવીને સ્થિર ન થાય અને હૃદયમાં ન આવે તો એ ધર્મનું જ્ઞાન જ ન થાય, અનુષ્ઠાન તો દૂર જ રહી જાય. વળી ભગવાનનું વાક્ય અનુવાદક નથી. જો એ પહેલાં અમે એવો ધર્મ જાણ્યો હોત તો એ પ્રમાણે કરત. ગુરુની સેવા કર્યા વગર એમણે કહેલ ધર્મ હૃદયમાં આવે નહિ. જો ઉપદેશમાત્રથી હૃદયમાં ધર્મ દાખલ થાય તો આપે ઘેર જવાનું કહ્યું ત્યારે જ અમે ઘેર પહોંચ્યા હોત. તેથી આપે ઉપદેશ કર્યો છે તે ધર્મ સિદ્ધ થવા માટે પણ પ્રથમ આપની સેવા કરવી યોગ્ય છે. ઉપદેશનું સ્થાન તો એનો કર્તા હોય છે. વળી ધર્મો કેટલાક ઉત્કૃષ્ટ છે, કેટલાક સમાન છે, કેટલાક હીન છે. એમાં જેમ પતિ વગેરે સ્વસમાનની સેવા કરવાની છે તેમ જન્મ આપનાર ઈશ્વરની સેવા પણ કર્તવ્ય છે, નહિ તો નિયામક હોવાથી એની પ્રેરણા વગર કોઈ ધર્મની સ્ફૂર્તિ ન થઈ શકે. પ્રકૃતમાં આપ જ અન્તર્યામી અને ઈશ્વર છો તે આપ અમને અન્તઃકરણથી સ્વસેવામાં પ્રેરો છો અને વચનથી ગૃહગમન કહો છો, વળી ધર્મનું મૂળ ધર્મી છે તે ધર્મીનો વિરોધ ન થાય તેમ ધર્મ કર્તવ્ય છે. એમ ન હોય તો પુરુષને અનિષ્ટમાં પ્રવર્તાવનાર અનાપ્ત

થાય, માટે ધર્મશાસ્ત્રમાં શરીર પ્રિય હોવાથી શરીરનો અનુરોધ કર્યો છે. તો કોઈને શરીર પ્રિય છે, કોઈને આત્મા પ્રિય છે, કોઈને પરમાત્મા પ્રિય છે, કોઈને દેહનિર્વાહક પ્રિય છે. આપ તો સર્વના આત્મા, પ્રિય અને નિર્વાહક છો, તો કેવળ અમારા જ નહિ પણ પ્રાણીમાત્રના નિર્વાહક, આત્મા, બન્ધુ અને પ્રિય હોવાથી આપ જ અમારા સેવ્ય છો.

સ્વાર્થમાં કુશલ એવા મુમુક્ષુ લોકો નિત્ય પ્રિય અને આત્મારૂપ આપને વિશે જ પોતાની પ્રીતિને જોડે છે. દુઃખને આપનાર પતિ પુત્ર વગેરેની સેવાથી શું ફળ મળી શકે વારું? માટે હે વરદાન દેનારાઓના ઈશ્વર! અમારી આશાને આપ ન છેદો. *હે અરવિન્દનેત્ર! અમે આપની આશા ઘણા કાળથી રાખી છે તો આપ પ્રસન્ન થાઓ અને અમારી આશાને સફળ કરો ।।૩૩।।

**વિશેષ** : તમારાં માતા, પિતા, પુત્ર વગેરે તમારી વાટ જોતાં હશે એમ આપે કહ્યું, વળી બન્ધુઓને ભય થાય એવું ન કરો એમ કહ્યું એ અમે જ એવું કર્યું છે કે બીજા કોઈએ પણ એવું કર્યું છે? એમાં પણ અધમ હોય તે અનુવૃત્તિ કરે છે કે ઉત્તમ પણ કરે છે? ઉત્તમ પણ આપની સેવામાં અશક્ત હોય તે કરે છે કે સેવામાં શક્તિવાળા હોય તે કરે છે? એ બધો વિચાર અહીં કરવો જોઈએ, આ બાબતમાં મોટાઓનું ચરિત્ર નિર્ણાયક હોવાથી એ જ વાત કહે છે કે આત્માનું હિત કરનાર ડાહ્યા પુરુષો તો આપના સ્વરૂપમાં પ્રીતિ કરે છે, કેમકે એને દેહેન્દ્રિયનું હિત કરવાનું નથી. સ્નેહ હોય તો ત્યાં ક્રિયા થાય છે, ભગવાન્‌માં જ જે ઉપચાર આપણે કરીએ તે આત્મગામી થાય છે. **''તચ્ચાત્મને પ્રતિમુખસ્ય યથા મુખશ્રીઃ''** (શ્રીભાગવત ૭।૯।૧૧) માં એ વાત સ્પષ્ટ કહી છે. પ્રીતિથી સેવા થાય છે. પુત્ર આદિની સેવા જો ધર્મરૂપ હોય તો એ સેવા પુરુષાર્થરૂપ ગણાય અને આત્મગામી થવી જોઈએ, પણ એમ થતું નથી તેથી એને છોડી ભગવાન્‌ને ભજે છે તેને કુશળ કહ્યા છે. એની કુશળતા એટલી જ કે પ્રવૃત્તિ કરતાં એ નિવૃત્તિમાં નિષ્ઠાવાળા છે. ઇન્દ્રિયો આત્મગામી થાય એમાં પણ જો એ ભગવદ્ અર્થ ઉપયુક્ત થાય તો જ તેથી કેવળ નિગ્રહ કર્યા કરતાં ભગવત્ સેવામાં એને જોડવામાં આવે તો એ જલદી આત્મગામી થાય છે. એમ કરનાર લોકોને આ શ્લોકમાં કુશળ કહ્યા છે. વળી ત્વયિ (આપમાં) એ શબ્દથી ભગવદ્ વાચક એક વચન છે તેમાં પતિ, પુત્ર આદિ સર્વભાવ આવી જાય છે, એ પ્રથમ શ્લોકમાં **''પ્રેષ્ઠો ભવાન્''** ઇત્યાદિ વાક્યથી કહેવાઈ ગયું છે. આપ સ્વાત્મા એટલે સ્વરૂપભૂત છો, પણ દેહમાં અધ્યાસને લઈને એમ નથી. વળી પ્રિયની સેવા કરવી જોઈએ. એ પણ નિત્ય પ્રિય હોવો જોઈએ, એવા પ્રિય તો આપ જ છો. એમ નિત્ય પ્રિયની સેવા ન માનીએ તો જારની સેવા પણ ધર્મરૂપ થઈ જશે, જેમ જન્મ પરિચ્છેદક છે તેમ દિવસ

પણ પરિચ્છેદક છે. વળી પતિ, પુત્ર આદિ ધર્મના હેતુ નથી પણ એ તો દુઃખ આપનાર છે. ધર્મના હેતુ હોય તે દુઃખ આપનાર ન હોય. જો એમ જ હોય તો સંસાર ન થવો જોઈએ તેથી પતિ, પુત્ર આદિને ભય થાય કે એમનું ગમે તેમ થાઓ એમાં અમારે વિચાર કરવા જેવું કાંઈ નથી. પણ એક અમારી માગણી છે જેના વગર શાસ્ત્ર અને યુક્તિ એ બધું વૃથા થઈ જાય એમ છે. એ પ્રાર્થના એટલી જ છે કે આપ પ્રસન્ન થાઓ. આપની અકૃપાથી જ લોકો ભ્રાન્ત થઈને દુઃખના હેતુમાં પ્રવૃત્ત થાય છે. આપ કહો કે તમોને હું પ્રસન્ન થાઉં એવું સાધન તમે શું કર્યું છે; એવી શંકાના ઉત્તરમાં કહેવાનું કે આપ વરદાન આપનારામાં સૌથી મોટા છો. વરદાન આપનાર કોઈના સાધનનો વિચાર કરતા નથી, એ તો લોકોના ક્લેશને જોઈને દયા કરે છે. અમે પણ ક્લેશવાળાં છીએ, તો આપ કૃપા કરો. તપની પેઠે ક્લેશ પણ આપને દયા કરવાનું સાધન છે તેથી આપ અમારી આશા છોડાવશો તો પ્રાણ બચશે નહિ તેથી સ્ત્રીના હૃદયને જાણનારે કહ્યું છે કે **''આશાબન્ધો હૃદયં રુણદ્ધિ''** આપ તો દૃષ્ટિવડે પોષક છો, માટે **'અરવિન્દનેત્ર'** એવું સમ્બોધન આપ્યું છે.

આનન્દરૂપ આપે અમારું ચિત્ત સહજમાં ચોરી લીધું છે તેથી અમારાં ચિત્ત તથા હાથ પણ ઘરના કામમાં ચાલતાં નથી. આપના ચરણ પાસેથી અમારા પગ બીજે ક્યાંય ચાલવાને *અસમર્થ છે, માટે અમે વ્રજમાં કેમ જઈએ અને ત્યાં જઈને અમે શું કરી શકીએ એ આપ કહો ।।૩૪।।

**વિશેષ** : વન જોવાને આવ્યાં હતાં તે તમે જોયું, હવે ઘેર જાઓ, એમ આપે કહ્યું એ સમ્બન્ધમાં કહેવાનું કે વન જોવાનું તો ત્યારે બને કે જ્યારે ચિત્ત સ્થિર હોય. એ ચિત્તને તો આપે લઈ લીધું છે, કેમકે આપ આનન્દરૂપ છો. જ્યારે સાક્ષાત્ પરમાનન્દ મળતો હોય તો પરમ્પરાથી પાક્ષિક સાધનને કોણ ગ્રહણ કરે? તેથી ચિત્ત આપનામાં પહોંચ્યું એટલે વનમાં જવાનું તો રહ્યું, પણ ઘરમાં પણ ચિત્ત જતું નથી. એનાથી જ્ઞાનશક્તિ પણ આપે લઈ લીધી છે એમ કહેવામાં આવ્યું. વળી આપે એમ ન જાણવું કે કાંઈ બીજા કામમાટે અમે વનમાં આવ્યાં હતાં. કામમાટે તો ક્રિયાશક્તિ સારી હોય તો અવાય, પણ અમારી તો ક્રિયાશક્તિ નષ્ટ થઈ છે. એ જ કહે છે કે અમારા હાથ ઘરકામ કરવાને લાયક નથી રહ્યા. ઘરમાં જે કામ ન કરી શકે તેનાથી વનનું કામ તો ન જ બને એમાં કહેવું શું? આપની કામનાથી અમારું બળ નષ્ટ થયું છે તે આપના સમ્બન્ધથી જ બળ પ્રાપ્ત થાય, નહિ તો મૃતપ્રાય રહે. તેથી ઘેર જઈને સેવા કરવી તે પણ હાથના અભાવમાં બને એમ નથી. વળી તમે વ્રજમાં જાઓ એમ આપે કહ્યું પણ આપના ચરણથી એક પગલું પણ છેટે અમારા પગ જઈ શકે એવી સ્થિતિમાં નથી. એ પગ

પોતાને ગતિ આપનાર આપના ચરણને પહોંચ્યાં, હવે એને ગન્તવ્ય રહ્યું નહિ તેથી એની ગતિ છૂટી ગઈ. મૂળમાં પહોંચે તેની ગતિ રોકાઈ જાય, એમ ન હોય તો વૃક્ષને પણ ગતિ થવી જોઈએ. જે આપ ગાડાં વગેરેમાં બેસાડી ત્યાં મોકલો તો પણ ત્યાં જઈને કર્તવ્ય તે તો બને નહિ તેથી જવું વ્યર્થ છે. આશાભંગ થતાં શરીર શોષણ થઈ જાય, એટલે બાળકોને પોષણ કરાવવાને પણ લાયક ન રહીએ તેથી સ્તનપાન કરાવવું પણ અશક્ય છે.

હે અંગ! આપના અધરામૃતના મોટા પ્રવાહવડે અમારા કામાગ્નિનું આપ *શમન કરો, કેમકે આપે અવ્યક્ત મધુર વેણુનાદ કરીને અમારો કામ ઉદ્દ્બુદ્ધ કર્યો છે તે આપનાથી શમિત થશે. જો આપ એમ નહિ કરો તો અમે વિરહાગ્નિમાં દેહને ભસ્મ કરીને ધ્યાનવડે આપના માર્ગને અનુસરીશું, કેમકે આપ સખા છો. તેથી આપનો માર્ગ તે જ અમારે આવવાનો માર્ગ થશે ।।૩૫।।

**વિશેષ** : હે અંગ! આપનું અધરામૃત પ્રવાહરૂપે આપ વહાવી અમારા હૃદયમાં આપે જે કામ ઉત્પન્ન કર્યો છે અને જે અમને ભસ્મ કરી રહ્યો છે તે શાન્ત કરો. આપે હાસ કર્યું, ભાવવાળી દૃષ્ટિ કરી અને અવ્યક્ત મધુર શબ્દવડે એ કામ આપે જ ઉત્પન્ન કર્યો; એમાં હાસ કામજનક છે, અવલોકન એને મદદ કરનાર છે, અવ્યક્ત મધુરગીત વાયુનું કામ કરે છે તેથી એ વધે છે, એ કામાગ્નિ હૃદયમાં પ્રકટ્યો છે. ત્યાં તો ફક્ત અમૃત પહોંચી શકે. એમાં પણ એનાં પૂર હોય તો જ એની શાન્તિ થાય, થોડા અમૃતની કાંઈ અસર ન થાય. અલૌકિક અગ્નિ અલૌકિક ઉપાયથી શાન્ત થાય. કન્દર્પ મરે તો બાળે છે. એ જીવતો હોય તો અગ્નિરૂપ થતો નથી. અમૃત મળે તો જ એ જીવતો થાય. એ પણ દેવભોગ્ય સુધાથી જીવતો ન થાય. એમ થતો હોત તો એ ઘણા દિવસ પહેલાં જીવતો થયો હોત. એ કામ સૃષ્ટિના કારણરૂપ છે માટે એનો મોક્ષ તો સમ્ભવતો નથી તેથી ગુપ્ત એવા અધરામૃતથી એનું જીવન શક્ય છે. તેથી સિંચન કરવાનું કહ્યું છે, નહિ તો ઓળવવાનું કહેત. કામને જીવાડશો તો અમે જીવીશું, નહિ તો પોતે બળીશુ અને બીજાને પણ બાળીશું. જો આપ જીવાડશો નહિ તો અમે વિરહાગ્નિમાં દેહને બાળીને આપના ધ્યાનવડે આપના માર્ગ ને પહોંચી જઈશું, કેમકે આપ જીવના સખા છો તેથી આપને માર્ગે ચાલીને આપને અમે પ્રાપ્ત થઈશું.

હે કમલનયન! આપ વનમાં રહેનારા મનુષ્યો ઉપર સ્નેહ રાખો છો. આપના ચરણતલની સેવા લક્ષ્મીજીને કોઈ વખત જ મળે છે. એ ચરણને અમે જ્યારથી અડક્યાં છીએ, જ્યારથી આપે અમને રમાડ્યાં છે ત્યારથી અમે બીજાની પાસે ઊભાં *રહેવાને પણ સમર્થ નથી ।।૩૬।।

**વિશેષ :** હે અમ્બુજાક્ષ! આપ દૃષ્ટિવડે જ ભક્તના તાપને નિવૃત્ત કરનાર છો. જે વખતે આપના ચરણના પૃથ્વી ઉપર પડેલા પ્રતિફલને અમે પ્રાપ્ત કર્યા ત્યારથી અમે બાજાની પાસે ઊભા રહેવાને સમર્થ થતાં નથી. આપનો સાક્ષાત્ ચરણ સમ્બન્ધ તો દુર્લભ છે. જે રજમાં ચરણ ઊપડી આવ્યો દેખાય તે પાદતળ કહેવાય. રમા (લક્ષ્મી) પણ ચરણવડે જીવન કરે છે એ નાગપત્નીઓએ કહ્યું છે. **''તવાઘ્રિરેણુસ્પર્શાધિકારઃ યદ્વાઞ્છયા શ્રીઃ''** તેથી રમાને પણ એ ચરણનો અધિકાર છે. એને સુખ આપનાર ભગવદ્ ચરણ જ છે. અમને તો ભૂમિમાં પડેલા પગલાનો સ્પર્શ જ થયો છે, પણ લક્ષ્મીની જેમ અમને અમારા હૃદયમાં એ ચરણનો સ્પર્શ થયો નથી. અમે તો વિચાર કર્યો કે લક્ષ્મીને એ ચરણ હૃદયગામી થયું તો અમને પણ થશે. એ ચરણને લક્ષ્મીએ ચાંચલ્ય છોડી તપ કરવાથી મેળવ્યું તેમ અમે પણ ચાંચલ્ય છોડી એ ચરણનો આશ્રય કર્યો. વળી એને અરણ્યજનો પ્રિય છે એ ઉપરથી અમે બધાનો સંગ પણ છોડી દીધો. સંગનો અભાવ જ ભગવાન્‌ને પ્રસન્ન કરવાનું સાધન છે. અરણ્ય પોતે સાત્વિક છે, વિષ્ણુના સમ્બન્ધવાળું છે તેથી અમે એ ચરણનો લાભ થવા માટે સર્વ સંગ છોડીને તત્પર થયાં છીએ. બીજા પાસે ઊભાં રહેવાને સમર્થ નથી એનું કારણ તો એટલું જ કે આપના ધર્મનો પ્રવેશ અમારામાં થયો તેથી બીજા પાસે ઊભાં રહેવાને અમારામાં શક્તિ ન રહી. આપનો ધર્મ જેનામાં હોય એની પાસે અમે જઈ શકીએ, પણ આપનાથી જુદા હોય તેની પાસે અમે જઈ ન શકીએ. જે જેનો ઘાતક હોય તે તેની સામે ઊભો રહી શકે નહિ; જેમ દેહાભિમાની વાઘની પાસે ઊભો ન રહે તેમ ભગવદીય અભગવદીયની પાસે ઊભો રહી શકે નહિ. જો ઊભો રહે તો, વાઘ જેમ દેહને ખાઈ જાય તેમ, અભગવદીય ભગવદ્ ભાવનો નાશ કરી દે. જ્યાં આવો સૂક્ષ્મ વિચાર છે ત્યાં એનાં સ્થાનમાં જવું અને એનાં કામ કરવાં એ વાત તો કેમ જ બની શકે? તેથી પ્રાણીમાત્રની સ્તુતિ કરવી તે તો અલ્પ ગણાય. અમે તો લક્ષ્મીની જેમ અનન્યભાવવાળાં છીએ તેથી જેમ લક્ષ્મી સાથે આપે સર્વ પ્રકારે રમણ કર્યું તેમ અમને પણ આપ સ્વપ્ન આદિ દ્વારા સુખ આપો છો. નહિ તો જીવન ટકી ન શકે. તેથી જ અમારું એવું કથન છે કે અમે ભુક્તપૂર્વા છીએ તેથી હવે આપે અમને વ્રજમાં ન મોકલવાં જોઈએ.

લક્ષ્મી અમારી તરફ જુએ એવી ઈચ્છાથી બીજા દેવો તપશ્ચર્યા કરે છે તે લક્ષ્મીને આપે *વક્ષઃસ્થળમાં સ્થાન આપ્યું છે તો પણ તુલસીના સ્થાનરૂપ આપના ચરણમાં તે સાપત્ન્યભાવને સ્વીકારીને પણ રહેવાને ખુશી છે તેમ અમે પણ આપના
ચરણની રજને શરણે થયા છીએ, એ રજ અમને પણ પ્રાપ્ત થઈ છે તેથી અન્યને

લાયક નથી રહ્યાં ।।૩૭।।

**વિશેષ :** લક્ષ્મી કાંઈ દૈવગતિથી આપને પ્રાપ્ત નથી, પણ આપને પ્રાપ્ત કરવામાટે એણે મહાન તપ કર્યું. એ આપની સ્ત્રી જ નથી, પણ આપની ભક્ત પણ છે. એમ ન હોય તો વક્ષઃસ્થળમાં સ્વતન્ત્ર સ્થાન મળ્યું છે તેને છોડીને તુલસીની સાથે સોક્યપણું સ્વીકારીને ચરણરજની કામના ન કરે. ચરણરજ ઉપર તુલસીનો અધિકાર છે, એ પ્રથમસ્કન્ધમાં કહેવામાં આવ્યું છે. એ રજનું માહાત્મ્ય શું છે એ કહે છેઃએ ચરણ રજમાંથી ભક્તના દેહ બંધાય છે. બધા ભક્તોના દેહ ભગવચ્ચરણરજથી થયેલ હોય છે. એ ચરણમાં તુલસી ભક્તિરૂપે રહી છે. એ રજની પ્રાપ્તિ જેને થાય તે આપના સેવક થાય છે. તેથી લક્ષ્મીને અન્તઃકરણમાં સ્થાન મળ્યું છે છતાં એ ચરણમાં રહેવાને એટલામાટે ખુશી છે કે ચરણમાં કોઈ અન્યનો સમ્બન્ધ ન થાય. વક્ષઃસ્થળમાં રહેવાથી ભગવાન્ કોઈને ભેટે તો એનો સમ્પર્ક થવાનો ભય રહે. એવો લક્ષ્મીને શા માટે ભય રહે છે? ત્યાં કહે છે કે એ લક્ષ્મીને પ્રાપ્ત કરવાને માટે બ્રહ્માદિક બીજા બધા દેવો પણ તપશ્ચર્યા કરે છે કે લક્ષ્મી અમારી તરફ દૃષ્ટિ કરે. જો લક્ષ્મી દૃષ્ટિ ન કરે તો બ્રહ્માદિનો કોઈ પુરુષાર્થ સિદ્ધ ન થાય. તેથી બહુ લોકો એની કામના કરનાર હોવાથી લક્ષ્મીને ભય ઉત્પન્ન થયો કે કોઈ અતિ ઉગ્ર તપ કરે તો કોણ જાણે શું કરે! માટે પ્રભુના ચરણનું શરણ કરવું કે પછી એની તરફ જોઈ ન શકે. એ લક્ષ્મીની જેમ અમે પણ આપના ચરણમાં આવ્યા છીએ, કેમકે અમને પણ બહુ લોકો પ્રાર્થના કરનાર હતા. એમના ભયથી અમે આપના ચરણમાં આવ્યાં ત્યારે બધી બલા છૂટી છે. અમારા દેહ પણ આપના ચરણની રજના બનેલા છે. મૂળમાં ચકાર છે તેથી મહિષ્યાદિના દેહો પણ ચરણરજના છે એમ સમજવું; તેથી આપ આ વ્રજમાં અમારેમાટે પધાર્યા છો તેથી આપના સ્વરૂપને છુપાવશો એ કામ નહિ આવે, કેમકે આપ ગુપ્ત રહી શકશો જ નહિ તેથી અમને વિશેષ આગ્રહ ન કરાવો પણ જેને માટે પધાર્યા છો તે કાર્યને પ્રસિદ્ધ થઈને કરો.

તેથી, હે પાપનો નાશ કરનાર પ્રભો! આપ અમારા ઉપર પ્રસન્ન થાઓ. આપની સેવા કરવાની આશાથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને અમે આપના ચરણમૂલને પ્રાપ્ત થયાં છીએ. હે પુરુષભૂષણ! આપના સુન્દર મન્દહાસ્યયુક્ત નેત્રના કટાક્ષથી ઉત્પન્ન થયેલ તીવ્ર કામથી અમારાં અન્તઃકરણ તપી ગયાં છે માટે આપ અમને દાસ્યનું દાન કરો* ।।૩૮।।

**વિશેષ :** આ શ્લોકની પહેલાંના શ્લોકમાં ભગવાને લૌકિક પતિની સેવા કરવાનું કહ્યું હતું એનો ઉત્તર અપાઈ ગયો. આ શ્લોકથી પણ એને મળતી જ પ્રાર્થના કરે છે. જો આપની કૃપા ન હોય

તો જ લૌકિક પતિનો સમ્બન્ધ થાય. તેથી કૃપા બીજા બધાથી વધારે શક્તિશાળી હોવાથી પ્રાર્થના કરે છે કે આપ પ્રસન્ન થાઓ. આપનો પ્રસાદ થતાં સર્વ મનોરથ સિદ્ધ થશે. ત્યાં શંકા કરે છે કે તમારું અદૃષ્ટ ખરાબ કે તમે અન્યત્ર પડી ગયાં! એના ઉત્તરમાં કહે છે કે મહારાજ, આપ દુઃખ આપનાર પાપને તો દૂર કરનાર છો તેથી આપ કૃપા કરો તો ખરાબ નસીબ તો ક્યાંય ચાલ્યું જાય. વળી અમે તો આપને શરણે થયાં એટલે આપ અમારી ઉપર કૃપા કરવાને પણ યોગ્ય છો. એ કૃપા પશુપુત્રાદિ આપીને ન કરશો, કેમકે અમે તો ઘરબાર છોડીને આપની સેવા કરવાની ઈચ્છાથી આવ્યાં છીએ. તો આપના સુન્દર સ્મિતપૂર્વક નિરીક્ષણથી ઉત્પન્ન થયેલ તીવ્ર તાપને લઈને અમારો આત્મા તપી રહ્યો છે તેને અનન્તકોટિ કન્દર્પ લાવણ્યરૂપ! આપ સ્વતઃ પુરુષાર્થરૂપ દાસ્ય અમને આપો. તેથી અમે દાસ્ય માગનાર છીએ, વિવાહ કરવાની ઈચ્છાથી આવ્યાં નથી તેથી જનોઈની પણ કાંઈ જરૂર નથી.

કેશની લટોથી ઢંકાયેલું, કુંડલોથી શોભતું, જેમાં ગંડસ્થલને વિષે રસ અને અધરમાં સુધા છે અને હાસ્યસહિત અવલોકનવાળું આપનું જે શ્રીમુખ, અભયનું દાન કરનારા આપના બન્ને ભુજદંડ તથા લક્ષ્મીજી ને મુખ્ય રમણ કરવા યોગ્ય આપના વક્ષઃસ્થલને જોઈને અમે આપની *દાસીઓ જ થયાં છીએ ।।૩૯।।

**વિશેષ** : આપે આજ્ઞા કરી હતી કે **''લોકેપ્સાયાં પતિર્ન ત્યક્તવ્યઃ''** એનો ઉત્તર આપ્યો; હવે લોકમાં ત્રણ પુરુષાર્થમાં પ્રથમ તો ચાર પ્રકારનો મોક્ષ, ઈન્દ્રાદિ ઐશ્વર્ય ભાવથી સ્વર્ગપ્રાપ્તિ અને આ લોકમાં પરમ લક્ષ્મી, ત્રણે પુરુષાર્થ દાસ્યની પાસે તુચ્છ છે, કેમકે આપનું શ્રીમુખ નીરખતાં તે-તે કામનાઓ નિવૃત્ત થાય છે. તેથી ભક્તિરૂપ મુખારવિન્દની એ ત્રણ પુરુષાર્થ કરતાં શ્રેષ્ઠતા છે. એ બતાવે છેઃજો શ્રીમુખ જોવાપણું રહે તો પછી સારૂપ્ય શું કામનું? તેથી સારૂપ્યની નિરર્થકતા જાણી લેવી. બે કુંડળવડે શ્રીમુખની શોભા છે. અથવા આપનાથી શોભા પામતાં એ કુંડળો સામીપ્યને પ્રાપ્ત થયાં, એ કુંડળો પણ સાંખ્ય અને યોગરૂપ છે. ભગવત્પ્રમાણને અવલમ્બીને રહ્યાં છે, ભગવાન્‌ને અધીન એની ગતિ છે. વળી ભગવન્મુખ નિરીક્ષણ કરનાર છે તો પછી સામીપ્ય મુક્તિ શા કામની? તેથી એ પણ શ્રીમુખ પાસે નકામી છે. વળી શ્રીમુખમાં કપોલ સ્થળરૂપ છે જે સ્થળમાં રહીને અધરસુધાનું પાન થાય છે. એના કરતાં પણ ગંડસ્થળમાં સ્થિતિ ઉત્તમ છે, કેમકે ચુમ્બનાદિ તેની ઉપર થઈ શકે છે. અધરરસ અક્ષરરસથી ઉત્તમ છે. કુંડળથી શ્રીયુક્ત છે ગંડસ્થળ જેમાં એવો અર્થ કરીએ ત્યારે સામીપ્ય કરતાં ભક્તિમાં શાસ્ત્રીય રસ વિશેષ છે. ''પરસ્પરત્વદ્ગુણવાદરૂપ'' અક્ષરથી અધરમાં અધિકતા તો સ્પષ્ટ છે. વળી હાસ્યપૂર્વક અવલોકન આપ કરો છો. બ્રહ્માનન્દમાં પ્રવિષ્ટ થાય

તેને ભક્તિનો વિલાસ પ્રાપ્ત ન થાય. હાસ્ય સર્વ રસનો ઉદ્બોધક અને જ્ઞાન પણ પ્રકટ છે; અક્ષરમાં તો બન્ને અવ્યક્ત છે. જલમાં ડૂબેલાને જલપાન થાય તેવું એ છે. અનુભવરસ તો જુદાઈ હોય તો જ સમ્ભવે છે. તેથી ભક્તિરૂપ મુખ દેખાય એવું હાસ્ય જ શ્રેષ્ઠ છે. મોક્ષ ઉપયુક્ત નથી. આપની બન્ને ભુજાને જોઈને ઈન્દ્રાદિભાવની ઈચ્છા થતી નથી. સ્વર્ગમાં ઈન્દ્ર પરમકાષ્ઠાપન્ન છે, પણ એ ઈન્દ્રાદિ હંમેશ દૈત્યના ભયથી મુક્ત હોતા નથી. એને પણ અભય આપનાર આપની ભુજા છે. એ જો આપની પાસે છે તો પછી આપની પાસે રહેવું જ ઠીક છે. ઈન્દ્રાદિભાવ ભયયુક્ત હોઈને સ્વીકારવા યોગ્ય નથી. આપની ભુજામાં ક્રિયાશક્તિ છે તે કેવળ અભય આપીને બેસી રહેતી નથી, પણ યજ્ઞાદિ ક્રિયાવડે દેવોને હવિષ પણ પૂરું પાડે છે. ઈન્દ્ર પોતાનો અધિકાર પૂરો કરે તેને મુક્તિ આપવી એ પણ શ્રીભગવાન્ જ આપી શકે. ભુજને દંડ કહ્યા છે તેથી બન્ને રીતે આજ્ઞા ન ઉઠાવે તો દંડ પણ એ આપે, એમ પણ સૂચના કરી છે.

હે અંગ! આ ત્રિલોકીમાં કઈ સ્ત્રી એવી દૃઢ મનની છે કે જે આપના અવ્યક્ત મધુર પદામૃતવાળા વેણુનાદને સાંભળી મોહિત થઈને આર્યચરિતથી ચળી ન જાય? આપના ત્રણ લોકના સૌભાગ્યરૂપ સ્વરૂપનું દર્શન કરીને ગાયો, વૃષભો, પક્ષીઓ, વૃક્ષો અને મૃગો પણ *રોમાંચિત થઈ ગયાં ।।૪૦।।

**વિશેષ** : હવે આપ એમ કહો કે સ્ત્રીએ લોકવિદ્વિષ્ટ ન કરવું જોઈએ તેથી સન્માર્ગની રક્ષાને માટે બીજું કાંઈ ન કરતાં ભગવાન્નું શ્રવણ દર્શન વગેરે કરવું! તો એના ઉત્તરમાં કહેવાનું કે આપે એ ધર્મો પુરુષોને કહેવા જોઈએ, સ્ત્રીઓને એવો ઉપદેશ ન કરવો જોઈએ, કેમકે એમનાથી એ પ્રમાણે બનવું અશક્ય છે. જે સમ્ભવે નહિ તેનો ઉપદેશ આપવો વૃથા છે, કારણ કે ધર્મ સ્થાપનાર્થ આવેલ આપનું રૂપ જ ધર્મનો નાશ કરનાર છે. કારણ કે આપ અદ્ભુત-કર્મા છો જેનાથી ધર્મ સ્થાપવો જોઈએ તેનાવડે જ ધર્મનો નાશ કરો છો. જે લોકમાં સ્ત્રી શબ્દથી બોલાય છે તે પણ ત્રણ લોકમાં જેટલી સ્ત્રીઓ છે તે તો મર્યાદામાર્ગથી ચલિત થયા વગર ન જ રહે એનું કારણ એ જ કે આપ અવ્યક્ત મધુર પદ જેમાંથી નીકળે છે તેવા વેણુનો નાદ કરો છો. તેનાથી મોહમાં પડી આર્યચરિતથી ચ્યુત થઈ જાય છે. ગીત દેહમાં મોહ કરે છે. **''ગાયન્તં સ્ત્રિયઃ કામયન્તે''** એમ શ્રુતિ પણ કહે છે. સ્ત્રી એ દેહની સંજ્ઞા છે. ઈન્દ્રિયોને મોહ કરનાર વેણુ છે તે રસાત્મા છે. એમાંથી નીકળતું અમૃત પ્રાણને મોહ કરનાર છે, પદો નીકળે છે તે અન્તઃકરણને મોહ કરે છે. અવ્યક્તતા જીવને મોહ કરે છે તેથી ''સંમોહિતા'' શબ્દ લખ્યો છે. પ્રમાણ બળનો વિવેક રાખનાર 'આર્ય' કહેવાય છે. એને તો દેહ વ્યતિરિક્ત સ્વરૂપથી આવે તો પ્રમાણમાં સ્વરૂપ મુખ્ય નહિ પણ દેહ મુખ્ય છે. તેથી ઈન્દ્ર ઉપેન્દ્રમાં પણ

ભેદ સ્વીકાર્યો છે. અહીં વસ્તુવિચાર પ્રમેયબળથી કરે છે, નહિ તો વિધિ-નિષેધ વ્યર્થ થઈ જાય. એ વાત એકાદશ સ્કન્ધમાં કહેવામાં આવશે. માર્ગાન્તરવિરોધ માર્ગાન્તરમાં ઉપયોગી નથી તેથી અહીં મર્યાદાભંગ દૂષણ ન ગણાય, એ વાત અધ્યાય ૩૩ માં શ્રીશુકદેવજી પોતે જ પરીક્ષિત રાજાની શંકાનો ઉત્તર આપતાં કહેશે. આપ કેવળ નામથી મર્યાદાનો ભંગ નથી કરતા, પણ સ્વરૂપથી પણ મર્યાદાભંગ કરો છો. ત્રણ લોકમાં પણ સુભગતા જે સ્વરૂપથી પ્રાપ્ત થાય છે તેવું તો આપનું સ્વરૂપ છે. જેમ સૂર્યથી દિવસ શોભે છે, રાત્રિ ચન્દ્રથી શોભે છે તેમ ભગવાન્‌થી ત્રણ લોક શોભા આપે છે. એ પણ પ્રત્યક્ષ સિદ્ધ છે. એના અનુભવો પણ પ્રત્યક્ષ છે. એ બધાને જોવાથી અને આપનાં અમૃતસ્રાવી વાક્યોને સાંભળીને કોણ ચલિત ન થાય વારું? આ તો પ્રમાણની વાતની દુર્બલતા કહી, પણ આપ તો પ્રમેય મર્યાદાને પણ હટાવી દો છો. ગાયો પ્રમાણવાર્તાને જાણતી નથી. પશુઓ તો માતૃગમન પણ કરે છે, પક્ષીઓ સર્વભક્ષક હોય છે, વૃક્ષો સ્થાવર છે તેને બહિઃસંવેદન હોતું નથી, મૃગો સર્વતઃ ભય પામનાર છે, એ પણ આપના વેણુગીતથી મોહ પામી રસાશ્લેષ કરી પુલક ધારણ કરે છે. રસિક મનુષ્યના ધર્મને એ સ્વીકારે છે. જેનેમાટે ભગવાને એને પેદા નથી કર્યા છતાં એ કેવું કાર્ય કરે છે, તો સ્ત્રીઓ તો સ્વભાવિક કામભાવવાળી છે તે આપના શબ્દ સાંભળવાથી તેમ જ રૂપનાં દર્શનથી મર્યાદા છોડે એમાં આશ્ચર્ય જેવું કાંઈ ન ગણાય, કેમકે આપે એને તો એ કાર્યમાટે જ જગતમાં ઉત્પન્ન કરી છે.

જેમ દેવલોકના રક્ષક આદિદેવ ભગવાન્ પ્રકટ થાય છે તેમ આપ વ્રજનાં ભય તથા આર્તિ ને હરવામાટે પ્રકટ થયા છો. હે આર્તબન્ધો! આપની દાસીઓનાં તપ્ત સ્તન અને મસ્તક ઉપર આપના કરકમળને ધરો અને એ તાપને આપ દૂર કરો* ।।૪૧।।

**વિશેષ** : એમ ભગવાને કહેલાં વાક્યોનો ઉત્તર આપતાં પુષ્ટિસિદ્ધાન્ત ગોપીજનોએ બતાવ્યો એ બધું આપની કૃપાથી સિદ્ધ થાય એમ બતાવતાં કૃપાની પ્રાર્થના કરે છેઃઆપે કહ્યું અને અમે એની વિરુદ્ધ કહ્યું એ કાંઈ વિચારવાની જરૂર નથી, પણ આપનું અહીં પધારવું શા માટે થયું છે એનો વિચાર કરી આપે અમારી ઉપર કૃપા કરવી જોઈએ, કેમકે આપ વ્રજનાં આર્તિ અને ભય બન્નેને દૂર કરવાને પધાર્યા છો, નહિ તો સાક્ષાત્ પધારવાનું બીજું પ્રયોજન હોય એવું અમે જોતાં નથી. પૃથ્વીનો ભાર સંકર્ષણ વ્યૂહથી નિવૃત્ત થાય. વસુદેવાદિનું પ્રિય પ્રદ્યુમ્ન વ્યૂહથી થઈ શકે. ધર્મની રક્ષા અનિરુદ્ધ કરી શકે. તો આપ વ્રજનો ભય અને ત્યાંની આર્તિને દૂર ન કરો તો આપ તે સિવાયનું શું કાર્ય કરવા પધાર્યા છો એ બતાવો. તેથી આપ અમારા આધિને મટાડવા

પધાર્યા છો. અમને આ વખતે આધિ પણ એવો જ છે કે ક્ષણવાર ઉપેક્ષા કરો તો પ્રાણ ન રહે અને અમારા પ્રાણ ન રહે તો સર્વ વ્રજ મોટા સંકટમાં આવી પડે. આપ મર્યાદાથી જ એમ કરવા ઇચ્છતા હો, મર્યાદા છોડવાને ના કહો, તો કહે છે કે ભગવાન્, આપ સર્વને સમાન છો છતાં ઇન્દ્ર આદિને બચાવવામાટે દૈત્યોને મારી વિષમતા પણ કરો છો તેમ આપ પણ ધર્મમર્યાદા રક્ષક છો. તેથી અમારો સમ્બન્ધ કરો એવી પ્રાર્થના કોઈ મિષથી કરે છે કે પ્રથમ તો અમારાં મસ્તક ઉપર આપ શ્રીહસ્ત સ્થાપન કરો. જેનાવડે અમને અભયદાન મળે અને હૃદયનો તાપ મટાડવામાટે સ્તન ઉપર શ્રીહસ્તકમળ અમૃત સ્રવનાર છે તેને સ્થાપન કરો, જેનાવડે હૃદયનો તાપ શમી જાય. આ અમારું કથન અયોગ્ય નથી, કેમકે અમે તો આપની દાસીઓ છીએ.

**શ્રીશુકદેવજી બોલ્યા :** આ પ્રમાણે *ગોપીઓની કાકલૂદીવાળી વાણી સાંભળી યોગેશ્વરોના ઈશ્વર આત્મારામે પણ હસીને ગોપીઓ ઉપર દયા કરી તેમને રમણ કરાવ્યું ।।૪૨।।

**વિશેષ :** ભગવાન્ ષડૈશ્વર્યયુક્ત હોવાથી છ પ્રકારે હરિની લીલા કહેવામાં આવે છે. શૃંગાર સ્વરૂપથી સંયોગ અને વિપ્રયોગ એવા ભેદથી બે પ્રકારનો છે. એના અહીં બન્ને ભેદ કહેવામાં આવે છે. પ્રથમ સામાન્ય રમણ છે. વિશેષ રમણમાં કામાદિ મિશ્રિત લીલા કહેવામાં આવશે. પ્રથમ બાહ્ય રમણ કહેશે, પછી આન્તર રમણ કહેવાશે, પછી નાનાવિલાસમાં જાતસ્મરકેલી, અજાતસ્મરકેલી વગેરેની સાથે ક્રીડા કરશે. પછી વિપ્રયોગરસને આપવાના વિચારથી ભગવાન્ એ ગોપીઓને માન ઉત્પન્ન કરાવે છે. જ્યારે એમનું ભગવાન્ માન જોશે ત્યારે ભગવાન્ સ્વસ્વરૂપનું તિરોધાન કરશે, કેમકે ભગવાન્ લૌકિક નાયક નથી કે જે પ્રણિપાત કરી માન છોડાવે. ભગવાન્ તો અલૌકિક નાયક છે તે એના હૃદયમાં રહી એ હૃદયને સ્વરૂપમાં પ્રેરીને માનમોચનમાં સમર્થ છે તેથી અન્તઃપ્રવિષ્ટ થયા ત્યારે બહારથી દેખાતા બંધ થયા. તેમ ભગવાન્ કામુક નથી કે કામીના જેવી ચેષ્ટા કરે. (કારિકા)

પ્રિયનાં દર્શનથી પ્રફુલ્લિત નેત્રવાળાં (અથવા પ્રિયે ભાવથી જોયું તેથી પ્રફુલ્લિત નેત્રવાળાં) એકત્ર મળેલાં ગોપીજનોની સાથે ઉદાર ચેષ્ટા કરતા અને નક્ષત્રગણથી ચન્દ્રમા શોભે તેમ ઉદાર હાસ્યથી *કુન્દ જેવા દાન્તની કાન્તિયુક્ત ભગવાન્ તેમની સાથે શોભવા લાગ્યા ।।૪૩।।

**વિશેષ :** ભગવાને ગોપીઓનાં વિકલવતાનાં વચનો સાંભળ્યાં ત્યારે એમને દયા આવી અને એને જોઈ હસીને એમની સાથે રમ્યા. ત્યાં શંકા કરે છે કે ભગવાન્‌ને દેહ-ઇન્દ્રિય નથી તેથી રમણ કેમ સમ્ભવે? એના ઉત્તરમાં કહે છે કે એ યોગેશ્વરોના પણ ઈશ્વર છે. યોગમાં સર્વ

અણિમાદિ સિદ્ધિની સ્ફૂર્તિ થાય છે તેમ અહીં પણ સર્વેન્દ્રિયાદિ ભાવવાળું સ્વરૂપ સિદ્ધ થઈ ગયું. કામથી એમ નથી થયું. કામથી એમ થાય તો બીજ નિવૃત્તિથી કામ નિવૃત્ત થઈ જાય. પણ અહીં એવું નથી. પ્રથમ તો ભગવાને એનો ભાવ કોઈ દિવસ ઘટે નહિ એને માટે હાસ્ય કર્યું. એ ભક્તોનો ઉદ્ધાર કરવો છે, મર્યાદામાં નાખી એનો નાશ કરવો નથી, માટે એની ઉપર દયા કરી રમણ કર્યું છતાં સ્વયં તો આત્મારામ જ રહ્યા.

સેંકડો વનિતાયૂથના અધિપતિનું ગોપીઓ ગાન કરે છે, સ્વયં પણ ગાન કરે છે. વૈજયન્તી માળાને ધારણ કરી વનને શોભાવતા ભગવાન્ ફરવા લાગ્યા ।।૪૪।।

ગોપીઓની સાથે કાલિન્દીજીના તરંગથી આનન્દ આપનાર અને ઠંડી વાલુકાવાળા અને કુમુદ પુષ્પના સુગન્ધયુક્ત વાયુવાળા કાંઠા પર આવી ભગવાન્ ગોપીઓ સાથે અનેકવિધ રમણ કરવા લાગ્યા ।।૪૫।।

*હસ્ત લાંબા કરવા; આલિંગન કરવું; હાથ, વાળની લટો, જાંઘ, નીવી અને સ્તનનો સ્પર્શ કરવો; પરિહાસ વચનો બોલાવાં; અને દાંતવડે મારવું; પ્રસ્તોભન પૂર્વક જોવું અને હસવુંદ્ગ આ બધાથી વ્રજ સ્ત્રીઓના કામને વધારતા એવા ભગવાન્ ગોપીજનોને રમણ કરાવવા લાગ્યા ।।૪૬।।

**વિશેષ :**

**ક્રિયા સર્વાપિ સૈવાત્ર પરં કામો ન વિદ્યતે। તાસાં કામસ્ય સમ્પૂર્તિર્નિષ્કામેનેતિ તાસ્તથા ।।૧।।**
**કામેન પૂરિતઃ કામઃ સંસારં જનયેત્ સ્ફુટઃ। કામાભાવેન પૂર્ણસ્તુ નિષ્કામઃ સ્યાત્ ન સંશયઃ ।।૨।।**
**અતો ન કાપિ મર્યાદા ભગ્ના મોક્ષ ફલાપિ ચ। અત એતચ્છ્રુતૌ લોકો નિષ્કામઃ સર્વથા ભવેત્ ।।૩।।**
**ભગવચ્ચરિતં સર્વં યતો નિષ્કામમીર્યતે। અતઃ કામસ્ય નોદ્બોધઃ તતઃ શુકવચઃ સ્ફુટમ્ ।।૪।।**

(કારિકાર્થ) અહીંથી ભગવાન્ કામના જેવી ક્રિયા કરે છે, પણ ભગવાન્માં કામ નથી. લોકમાં સ્ત્રીને જોવાથી પુરુષમાં કામનો વિકાર થાય છે તેવો વિકૃત કામ ભગવાન્માં નથી અને ગોપીજનોના કામને પૂર્ણ કર્યો તે પણ નિષ્કામભાવથી ગોપીનો કામ પૂર્ણ થયો, માટે ગોપીઓ પણ નિષ્કામ છે. જો એમ ન હોત અને કામભાવવડે કામની પૂર્તિ થઈ હોત તો એ કામ તો સંસારને ઉત્પન્ન કરનાર થાય છે એ વાત આપણે લોકમાં પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. અહીં એવું કાંઈ નથી તેથી નિષ્કામ ભાવથી જ અહીં ગોપીઓના ભાવની શાન્તિ કરી છે. એમ કરીને ગોપીઓના કામભાવને પણ ભગવાને નિવૃત્ત કરીને એને પણ નિષ્કામ બનાવી દીધી છે તેથી મોક્ષફલક મર્યાદાનો ભંગ પણ આ ભગવદ્ રમણમાં નથી થતો. તેથી આ રાસપંચાધ્યાયીની કથા સાંભળે તો એ સાંભળનારના કામની પણ નિવૃત્તિ થાય એમ શ્રીશુકદેવજી એના શ્રવણનું

ફલ કહે છેઃ તેથી એ નિષ્કામને પણ શ્રવણ કરવા યોગ્ય ભગવદ્ ચરિત્ર છે. જો કામલીલા હોત તો શ્રીશુકદેવજી એનું વિસ્તારથી વર્ણન ન કરત અને એનું ફલ પણ **''વિક્રીડિતં વ્રજવધૂભિરિદં ચ વિષ્ણોઃ શ્રદ્ધાન્વિતોનુશૃણુયાદથ વર્ણયેદ્ યઃ। ભક્તિં પરાં ભગવતિ પ્રતિલભ્ય કામં હૃદ્રોગમાશ્વપહિનોત્યચિરેણ ધીરઃ''** આ ભગવાન્‌ની વ્રજભક્તો સાથેની ક્રીડાને સાંભળનાર ભક્ત ભગવાન્‌ની ભક્તિને પ્રાપ્ત કરે અને તત્કાળ કામરૂપી રોગને દૂર કરે એવું એનું ફળ તેઓ કહેત નહિ. માટે આ પણ ભગવાન્‌ની નિષ્કામ લીલા છે એમ સમજવું, કેમકે ભગવાન્‌નું સમગ્ર ચરિત્ર નિષ્કામ છે. તેથી આના શ્રવણથી કામનો વધારો થતો નથી પણ કામરૂપી રોગ મટે છે, એમ શ્રીશુકદેવજી સ્પષ્ટ શબ્દોમાં કહે છે તેથી ભગવાને આત્માથી જ રમણ નથી કર્યું, પણ ઉત્તરોત્તર રસ વધે એમ અનેકવિધ રમણ કર્યું છે.

આ પ્રમાણે મહાત્મા ભગવાન્ કૃષ્ણની પાસેથી ગોપીજનોએ પોતાના મનોરથો પ્રાપ્ત કર્યા તેથી તેમને અભિમાન થયું કે પૃથ્વી ઉપર તથા સ્ત્રીઓમાં અમે શ્રેષ્ઠ છીએ ।।૪૭।।

**તાસાં તત્સૌભગમદં વીક્ષ્ય માનં ચ કેશવઃ ।।**
**પ્રશમાય પ્રસાદાય તત્રૈવાન્તરધીયત ।।૪૮।।**

કેશવ ભગવાન્ એમને સૌભાગ્યનો મદ અને અભિમાન થયેલ જાણી એ મદ અને માન ને મટાડી એમના ઉપર કૃપા કરવામાટે ત્યાં જ પોતે અન્તહિર્ત થઈ ગયા ।।૪૮।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ચોથા ફલ-પેટા-પ્રકરણનો ઐશ્વર્ય નિરૂપક પહેલો અને ચાલુ) ''ભગવાને ગોપીઓની સાથે આત્માથી ક્રીડા કરી'' નામનો ઓગણત્રીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં છવ્વીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ભાગવતના ઓઠા હેઠળ ભોળા શ્રોતાઓના ખિસ્સાં ખંખેર્યા !!**
ભાગવત ભણીને શું કીધું, ઓ ભાઈ રે! તેં ભાગવત ભણીને શું કીધુ!
મારે જંતુ અહિ મણિઅજવાળે, તેમ તેં ઉદર પોખી લીધું!! **(દયારામ)**

# અધ્યાય ૩૦

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૨૭

# વિયોગમાં ગોપીઓએ ભગવાન્‌ની શોધ કરી

### તામસ ફલ પ્રકરણ અધ્યાય-૨ (રાસપંચાધ્યાયી અધ્યાય ૨)

**વિશેષ** : ભગવદ્ આનન્દ સ્થાપન કરવામાટે ભગવાને જે લીલા કરી તે પહેલા ૨૯ મા અધ્યાયમાં કહી. એ લીલા એવી કરી કે જે અન્દર પણ પ્રકટ થઈ જાય. એ માટે ભગવાન્ લીલાસહિત ગોપીના હૃદયમાં પ્રવેશ્યા. અહીં ચાર અર્થ કહેવાના છેઃરસાસક્તિ, હરિની લીલા અને ગર્વાભાવ એ ત્રણ લીલા ભગવાને આ અધ્યાયમાં કરી છે અને ગુણગાન પછીના અધ્યાયમાં કહેવામાં આવશે. એમ ચાર અર્થ કહેવાના છે. ઉદ્દેશ, લક્ષણ અને ફલ થી એ અર્થો કહે છે. આ બીજા ત્રીસમા અધ્યાયમાં લીલાવેશમાં તત્પર થઈને ગોપીઓ રસને અન્તઃકરણમાં પ્રકટ કરે છે એ વાત અહીં કહેવામાં આવે છે.

**અન્તર્હિતે ભગવતિ સહસૈવ વ્રજાંગનાઃ ।।**
**અતપ્યંસ્તમચક્ષાણાઃ કરિણ્ય ઈવ યૂથપમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : ભગવાન્ જ્યારે અન્તર્ધાન થયા* ત્યારે ગોપીઓએ ત્યાં એમને ન જોયા કે તરત, હાથણીઓ હાથીને ન જોતાં દુઃખી થાય તેમ દુઃખી થવા લાગ્યાં ।।૧।।

**વિશેષ** : ગુણ વિશિષ્ટ ભગવાન્ અન્તઃપ્રવિષ્ટ થયા ત્યારે જ્યાં સુધી અન્તર્દર્શન ન કર્યું ત્યાં સુધી તાપ પામ્યાં, કારણ કે તેઓએ ભગવાન્‌ને બહાર જોયા નહિ. તાપ સહજ હતો. તે કામકૃત હતો. તે તો દર્શન સ્પર્શ આદિ થાય તો નિવૃત્ત થાય; એ વગર તો તાપ ચાલુ જ રહે. એ સ્પર્શના અભાવથી હતો માટે હાથણીનું દૃષ્ટાન્ત આપ્યું.

(એ ભગવાન્‌ના દર્શન ન થવાથી તાપ ગોપીઓના હૃદયમાં થવા લાગ્યો એની પહેલાં તો ભગવાન્‌ની લીલા એમના હૃદયમાં દાખલ થઈ ગઈ. એ જ કહે છે કે પ્રભુની કાયિક ગતિ, સ્નેહ સંયુક્ત સ્મિત અને વિલાસયુક્ત કટાક્ષ, મનોહર વાર્તાલાપ, વિહાર અને વિલાસદ્ર આ બધાંથી આકર્ષાયેલું છે ચિત્ત જેમનું એવાં અને જેમની અન્દર ભગવાન્‌ની સ્ફૂર્તિ થઈ છે એવાં ગોપીજનો લક્ષ્મીના પતિની જુદી-જુદી *લીલાઓનું અનુકરણ કરવા લાગ્યાં ।।૨।।

**વિશેષ** : ભગવાને ગોપીઓને કાયા, વાણી અને મન થી વશ કર્યા છે. એ ભગવદ્ભાવને પ્રાપ્ત

થઈને ભગવાન્‌ની લીલા કરવા લાગ્યાં. પ્રથમ ગતિવડે કાયિક ચેષ્ટા કહી, ઇન્દ્રિય સહિત મનની ચેષ્ટા વશ કર્યાનું કહે છે. 'અનુરાગ' એટલે માનસ સ્નેહ, માનસ સ્નેહવાળું સ્મિતઃ સ્મિતનો વિલાસ ભગવાન્‌ના ભજનમાં રહેલી નિષ્ઠાનો ત્યાગ કરાવનાર છે. જો એમ ન કરે તો ગોપીને જ્ઞાન જ થાય. તેથી સ્મિતથી મોહિત કરી અન્તઃભગવત્સ્ફૂર્તિ થતાં એના ધર્મોમાં રૂઢ થયાં. વળી મનને રમાડનાર આલાપ એટલે ભગવાન્‌નાં ગુપ્ત ભાષણો ગોપીને તત્કાળ સુખ કરવામાટે બોલાયેલાં તે ત્રણે પ્રકાર ત્રિવિધ ચિત્તને ખેંચનાર ઉપાય થયા તેથી તેમને વિયોગનો તાપ ન થવા પામ્યો, પણ એ ભગવદ્ રૂપ થઈ ભગવત્ ચેષ્ટા કરવા લાગ્યાં.

ભગવાન્‌નું ચાલવું, હાસ્ય, એમનું ભાવપૂર્વક જોવું અને એમનું બોલવું એ વિષયમાં ભગવાન્‌નું સ્વરૂપ જ ગોપીજનોમાં આવી ગયું. તેથી કૃષ્ણના જેવો વિહાર અને વિલાસ કરતાં ''આ કૃષ્ણ, હું કૃષ્ણ'' એમ *તદ્રૂપતા બતાવતાં અબલા પ્રિયાઓ વ્યવહાર કરવા લાગ્યાં ।।૩।।

**વિશેષ** : ભગવત્ પ્રિયા એવાં ગોપીજનો ભગવાન્‌ના જેવી ચાલ ચાલ્યાં, ભગવાન્‌ના જેવું સ્મિત કર્યું અને ભગવાન્‌ના જેવું અવલોકન કરી એમાં જાણે ભગવાન્ જ પ્રવિષ્ટ થઈને બધું કરતા હોય એમ પ્રિયની મૂર્તિને ધારણ કરી ક્રીડા કરવા લાગ્યાં. અન્યોન્ય-અભિનિવેશ વગર ક્રીડા ન થઈ શકે, વિલાસમાં જે પોતાની દશા પ્રથમ હતી તેનાથી જુદી જાતની એની દશા થઈ ગઈ એટલે તેઓ પ્રથમ ભોગ્યા હતી તે હવે કૃષ્ણના આવેશથી ભોક્ત્રી થઈ ગઈ, અને ''આ કૃષ્ણ છે'' ''હું કૃષ્ણ છું'' એમ કહેવા લાગી. એમાં એ ખોટું બોલતી ન હતી, પણ એ આસક્તિથી તદાત્મિકા થઈ ગઈ હતી. કેવળ ધર્મી જ એમાં આવવાથી એ ધર્મીરૂપ હતાં, એટલું જ નહિ, પણ ભગવાન્‌ના ધર્મો પણ બધા એમનામાં જોવામાં આવતા હતા. તેથી જ **''કૃષ્ણ વિહાર વિભ્રમાઃ''** એમ કહ્યું છે.

(એમ ભગવાન્‌ને ન જોવાથી તાપ થયો. ભગવાન્ લીલા સહિત હૃદયમાં પધાર્યા તેથી લીલા અને ભગવાન્‌ના ઉપદેશથી સમ્બન્ધ થતાં પ્રથમ તાપ મટાડવામાટે ભગવાન્‌ની શોધ કરવા લાગ્યાં. ભગવદિચ્છાથી ત્રણેનો ઉપમર્દ થતાં પણ પરસ્પર કાર્યમાં પ્રતિબન્ધકતા ન થઈ; જ્યારે ઉપર ઉપરથી પ્રપંચ સંવેદન થયું ત્યારે પૂછવા લાગ્યાં. એ વાત કહે છે કે એ બધાં ઉચ્ચ સ્વરે *ભગવદ્ગુણ ગાવા લાગ્યા અને ઉન્મત્તની જેમ એક વનથી બીજા વનમાં શોધવા લાગ્યાં અને આકાશની પેઠે પ્રાણીમાત્રમાં અન્દર અને બહાર રહેતા ભગવાન્‌ને માટે વનસ્પતિઓને ગાંડા માણસની જેમ પૂછવા લાગ્યાંઃ ।।૪।।

**વિશેષ** : લાકડાંમાં ભીનાશથી ધૂમ (ધૂમાડો) નીકળે છે તેમ મનુષ્યના હૃદયમાં સ્નેહ થાય તો વિયોગ અવસ્થામાં એના હૃદયથી ગુણગાનાત્મક શબ્દ નીકળે છે તે બહાર અને અન્દર વ્યાપીને રહે છે. તેમાં પણ ધૂમમાં તારતમ્ય હોય તેવું તારતમ્ય રહે તેથી અહીં ધર્મી અને ધર્મ અધિક હોવાથી ગોપીઓનું જ્ઞાન એ ઉત્તમ ગણાય છે. કારણ તો એ જ કે જેમ ભગવાને ગાન કર્યું ત્યારે એ સાંભળી ગોપીઓ આવી. તેમ ગોપીઓ જ્યારે ભગવાન્‌ને ત્યાં નથી જોતી ત્યારે પોતે ગાન એટલા માટે કરે છે કે જેમ વેણુનાદને સાંભળી અમે આવ્યાં હતાં એમ અમારા શબ્દને સાંભળીને ભગવાન્ અમારી પાસે આવે. આ ગોપીઓનો ભાવ કૃત્રિમ હતો તેથી તો તેઓ પોતાની મેળે વેણુના શબ્દ સાંભળીને મળ્યાં. જ્યારે બધાં મળ્યાં ત્યારે વિશેષ જ્ઞાન થયું કે ભગવાન્ આપણી સાથે નથી, ત્યારે શોધવા લાગી એમાં પણ સર્વાત્માથી તિરોધાનસ્ફૂર્તિ નથી તેથી અનિયત વૃત્તિવાળાં થયાં એ **''ઉન્મત્તકવત્''** એ શબ્દથી કહ્યું. જેમ ઉન્મત્ત સ્વ-પર (પોતાનું અને પારકું એવો) વિવેક જાણતો નથી તેમ વસ્ત્ર ખસી જાય એનું અનુસન્ધાન રાખતો નથી તેવી ગોપીઓની અવસ્થા થવાથી એક વનથી બીજા વનમાં ગયાં એટલું જ નહિ પણ ગાંડાની જેમ બીજાને પૂછવા પણ લાગ્યાં. શ્રીશુકદેવજી અત્યારે સર્વત્ર રહેલા ભગવાન્‌ને જુએ છે. જો ભક્તિ સહિત જ્ઞાન હૃદયમાં પ્રકટ થાય તો બીજો પણ ભગવાન્‌ને જોઈ શકે છે. એવા વ્યાપક ભગવાન્‌ને પરિચ્છિન્ન માની આ ગોપીઓ પૂછવા લાગી, એ પણ આત્મામાં ન જોતાં બીજા ચેતનને ન પૂછતાં અચેતન એવાં વૃક્ષોને પૂછવા લાગી, કારણ કે વનસ્પતિઓ વૈષ્ણવરૂપ છે. **''વૈષ્ણવા વૈ વનસ્પતયઃ''** એમ શ્રુતિ કહે છે. એનો પૂછવાનો આશય તો એટલો જ કે મૂઢ હોય છતાં વૈષ્ણવો જ વિષ્ણુગતિને જાણે છે, પણ અત્યન્ત ડાહ્યો પણ જે અવૈષ્ણવ હોય તે વિષ્ણુગતિને નથી જાણતો એમ ધારી તેમણે ભગવાન્ ક્યાંછે એમ વનસ્પતિને પૂછ્યું. જ્યારે એ જવાબ નહિ આપે ત્યારે ભગવત્ સ્વરૂપનું આ વૃક્ષોને જ્ઞાન નથી એનું કારણ બતાવી એને છોડી બીજાને, ભગવદ્ગતિ જાણતા હશે એવી સમ્ભાવનાથી પૂછશે. એમ કરીપોતાની ભગવાન્‌માં આસક્તિ છે એ અન્વેષણથી સિદ્ધ કરશે. આસક્તિ વિના ભગવાન્‌નું અન્વેષણ ન કરે. આસક્તિનહોય તો એની ગેરહાજરીમાંપોતાને ઘેર પહોંચે. બીજાને પૂછીને પોતાના હૃદયની વાત પ્રકટ કરવાનું સાહસ કોઈ ન કરે. માટે અન્વેષણ એ રસાસક્તિસૂચક છે. એ કર્યાપછી ભગવલ્લીલાપ્રકટ થશે. તેથીભગવદ્રૂપ થઈ લીલા કરશે અને ગર્વનો અભાવ થશે. ત્યાં આઅધ્યાય સમ્પૂર્ણ થશે.ગુણગાન આ પછીના અધ્યાયમાં આવશે.

''હે અશ્વત્થ! (પીપળા), હે પ્લક્ષ! (પીપર), હે ન્યગ્રોધ! (વડલા), પ્રેમ, હાસ્ય અને અવલોકન વડે અમારા મનનું હરણ કરનાર તમારા સમ્બન્ધી નન્દકુમારને

તમે ક્યાંય જોયા છે? ।।૫।।

હે કુરબક! હે અશોક! હે નાગકેસર! હે પુનાંગ! અને હે ચમ્પાઓ! સ્મિત માત્રથી માનવતીઓના ગર્વને હરનાર બલરામના નાના ભાઈને તમે ક્યાંય જોયા છે? ।।૬।।

હે કલ્યાણિ તુલસિ! હે ગોવિન્દચરણપ્રિયે! અલિકુલ (ભ્રમરો) ની સાથે તને ધારણ કરનાર તેથી તને અત્યન્ત પ્રિય અચ્યુતને તેં જોયા છે? ।।૭।।

હે માલતિ! હે મલ્લિકા! હે જાઈ! હે જૂઈ! શ્રીહસ્તથી તમારો સ્પર્શ કરી તમારી પ્રીતિને વધારતા શ્રીકૃષ્ણ અહીંથી પધાર્યા તેમને તમે ક્યાંય જોયા ખરા? ।।૮।।

હે આંબા! હે રાયણ! હે પનસ! હે આશન! હે કોવિદાર! હે જાંબુડા! હે આકડા! હે બીલી! હે બકુલ! હે આંબલાઓ! હે કદમ્બ! હે નીપ! (આસોપાલવ) તથા પરોપકારનેમાટે જ જેમની ઉત્પત્તિ છે અને શ્રીયમુનાજીના તટ ઉપર આવેલાં હે અન્ય વૃક્ષો! ભગવાન્ વિના આત્માથી વચિંત થયેલ અમને શ્રીકૃષ્ણનો માર્ગ બતાવો'' ।।૯।।

એમ અતિ વિલાપ કરતાં ચાલ્યાં. તેઓને દીનતા પ્રકટ થઈ ત્યારે ભગવદ્ચરણારવિન્દ જોવામાં આવ્યાં, ત્યારે એ ચરણારવિન્દ જેમાં પ્રતિફલિત થયાં છે તે ભૂમિની સ્તુતિ કરવા લાગ્યાં કે ''હે પૃથ્વી! તેં શું તપ કર્યું કે જેથી કેશવના ચરણસ્પર્શના ઉત્સવથી રોમાંચિત શરીરવડે તું શોભે છે? (એમાં ત્રણ કારણની સમ્ભાવના કહે છેઃએ કાં તો ભગવદ્ચરણસ્પર્શથી થાય તેમને વામન ભગવાન્ના ચરણનો સમ્બન્ધ સર્વ શરીરવ્યાપી થયો એનાથી થાય અને વરાહ ભગવાને આલિંગન કર્યું તેથી થઈ શકે; એમાં ક્યા કારણથી તું પુલકિત છે એ અમને કહે'' આમ કહેવાથી પૃથ્વીને ગોપીઓએ સ્વસમાન કહી છે ।।૧૦।।

હે હરિણી! પ્રિયા સાથે મળીને આ માર્ગથી ચાલતાં તમારાં નેત્રોને શીતલ કરતા અચ્યુતને, હે સખિ! તમે જોયા કે? કેમકે કાન્તાના અંગસંગથી કુચઉપરનું કુમકુમ લાગવાથી રંગાયેલી ગોકુલપતિની કુન્દ પુષ્પની માળાની સુગન્ધ અહીં આવી રહીછે ।।૧૧।।

પોતાની ભુજા પ્રિયાજીના ખભા ઉપર રાખી બીજા શ્રીહસ્તમાં કમળ ધારણ કરતા બલરામજીના નાના ભાઈ કે જેની પાછળ તુલસીના મકરન્દના લોભી ભમરા ચાલે છે તેવા ભગવાન્ અહીંથી નીકળ્યા ત્યારે તમે કરેલા પ્રણામને પ્રેમપૂર્વક અવલોકન કરી એમણે તમને અભિનન્દન આપ્યા? ।।૧૨।।

વનસ્પતિના બાહુવડે આલિંગિત લતાઓને પૂછવું તો ન જોઈએ, પણ એમને ભગવાને પોતાની આંગળીઓનો સ્પર્શ કરાવ્યો હોવો જોઈએ જેનાવડે એ પુલકિત દેખાય છે તેથી એને પણ પૂછ્યું કે તમે અમારા ભગવાન્‌ને અહીંથી નીકળતા જોયા? ।।૧૩।।

(એમ અન્વેષણથી ગોપીઓના હૃદયમાં ભગવાન્ રસરૂપે સ્થિર થયા એ વાત કહેવામાં આવી તેથી આ અધ્યાયમાં ત્રણ અર્થ કહેવાના છે; એમાં રસાસક્તિ કહેવામાં આવી, હવે ભગવદ્‌લીલા એ દ્વિતીયાર્થ–તે ગોપીજનોના હૃદયમાં પ્રકટ થયો એ કહે છે. એ કહેતા પ્રથમનો ઉપસંહાર અને દ્વિતીયનો ઉપક્રમ કરે છે)

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ શ્રીકૃષ્ણને શોધવામાં દીન બનેલાં ગોપીજનો ઉન્મત્ત વચન બોલીને હવે તેઓ ભગવદ્ રૂપ થઈને ભગવદ્ લીલાનું *અનુકરણ કરવા લાગ્યાં ।।૧૪।।

**વિશેષ :** ભક્તિવડે અત્યન્ત મત્ત થઈ ગઈ. કેટલીક રોષને લઈને થોડી ગાંડી બની ગઈ. એમાં કોઈક દ્વેષભાવને સ્વીકારી મત્સર કરી ક્રીડા કરવા લાગી. સત્વાદિ ગુણથી નવ લીલા કરે છે તેથી શકટ આદિથી આવિષ્ટ ગોપીમાં ન્યૂનભાવ નથી કેમકે સર્વત્ર લીલામાં એને ભગવદ્‌બુદ્ધિ છે. ભગવદ્ ચરણસ્પર્શની ઈચ્છાથી પણ દૈત્ય આદિ ભાવને સ્વીકારે છે. તેમ જ ઊખળી વગેરે જડભાવ પણ એના સમ્બન્ધ અર્થે સ્વીકાર્યો છે. (કારિકા)

એમાં કોઈક પૂતના થઈ ત્યારે શ્રીકૃષ્ણ થયેલ ગોપીએ એના સ્તનનું પાન કર્યું. એક ગોપી બાળક જેવી થઈને રોવા લાગી. તે વખતે શકટ બનેલી ગોપીને એણે પગવડે મારી ।।૧૫।।

એક શ્રીકૃષ્ણના બાળક ભાવને ધરીને બેઠી તેનું બીજી દૈત્ય–ભાવવાળી ગોપીએ હરણ કર્યું. કોઈ એક સખી પોતાના નૂપુરના શબ્દની સાથે ચરણને ખેંચતી ઘૂંટણિયાભર ચાલવા લાગી ।।૧૬।।

બે સખીઓ તો શ્રીકૃષ્ણ અને રામ થઈ, જ્યારે બીજી સખીઓ ગોપ બની. એક વત્સાસુરનું અનુકરણ કરવા લાગી, બીજી સખી બકાસુર બનેલી ગોપીને મારવા લાગી ।।૧૭।।

કેટલીક ગાયરૂપ થઈ, ત્યારે બીજી ગોપરૂપ થઈ, ત્યારે શ્રીકૃષ્ણ બનેલી ગોપીએ દૂર રહેલી ગાયોને બોલાવીને વેણુનો નાદ કર્યો, ત્યારે બીજી એને ''બહુ સારું ગાયું'' એમ કહી એને ધન્યવાદ આપવા લાગી ।।૧૮।।

કોઈકના ખભા ઉપર પોતાની ભુજા રાખીને ચાલતી એવી સખી બીજીને કહે છે કે ''હું કૃષ્ણ છું, મારી લલિત એવી ગતિ (ચાલ) ને તમે જુઓ'' એમ શ્રીકૃષ્ણમાં મન રાખીને બોલી. (આમાં કાયા અને વાણી ની બે ચેષ્ટા બતાવી પૂર્વ શ્લોકમાં મનવડે ચેષ્ટા કર્યાનું કહ્યું ।।૧૯।।

(હવે બીજી રીતે ચાર પ્રકાર કહે છે)''તમે વાયુ અને વર્ષા નો ભય ન રાખશો કેમકે એનાથી તમારું રક્ષણ મેં કર્યું છે'' એમ બોલી એક હાથથી પોતાનું વસ્ત્ર ઊંચું રાખવાનો યત્ન કરતી ગિરિરાજધારણની લીલા બતાવે છે ।।૨૦।।

હે નૃપ!એક સખીની ઉપર બીજીએ આરોહણ કર્યુંઅને બોલી : ''હે દુષ્ટ સર્પ!હું ખલને દંડ આપનાર પ્રકટ થયોછું. માટે તું અહીંથી ચાલ્યો જા'' ।।૨૧।।

એમાંથી એક બોલી : ''હે ગોપો! ભયંકર દાવાનળ સળગે છે તેને જુઓ. તમે તમારાં નેત્રો જલદી બંધ કરી દો, હું તરત તમારું કલ્યાણ કરીશ'' ।।૨૨।।

બીજી સખીએ કોઈ સુન્દરીને ફૂલની માળાવડે ઊખળી સાથે બાંધી ત્યારે સુન્દર દૃષ્ટિવાળી એ ભય પામીને મોઢું છુપાવીને ભયનો દેખાવ કરવા લાગી ।।૨૩।।

(લીલાસક્તિમાં **''ઈત્યુન્મત્તવચઃ''** એ શ્લોકથી વચનનો ઉપસંહાર કર્યો ન હતો પણ પ્રશ્ન પૂછતી હતી; એ લીલાનો ઉપસંહાર કર્યો નથી તેથી હમણાં વચમાં લીલાવેશ બતાવીને એ લીલા બંધ થતાં વૃન્દાવનનાં લતા અને વૃક્ષો ને પાછી ગોપીઓ પૂછવા લાગી. એ જ કહે છેઃ)

એમ વૃન્દાવનનાં લતા અને વૃક્ષો ને પૂછતાં ગોપીજનોએ વનપ્રદેશમાં પરમાત્માનાં ચરણચિહ્ન જોયાં ।।૨૪।।

મહાત્માનન્દના પુત્રનાં આ પગલાં સ્પષ્ટ જણાય છે કેમકે એ ચરણમાં ધ્વજ, કમળ, ચક્ર, અંકુશ અને યવ વગેરેનાં ચિહ્ન સ્પષ્ટ છે ।।૨૫।।

તે-તે પગલાંને અનુસરીને અબળાઓ આગળ ચાલી ત્યાં તો કોઈ વધૂના ચરણની સાથે ભગવચ્ચરણને જોઈને દુઃખી થઈને કહેવા લાગ્યાંઃ ।।૨૬।।

''જેના ખભા ઉપર ભગવાન્‌નો બાહુ રહેલો છે તે, જેમ હાથણી હાથીની સૂંઢમાં સૂંઢ મેળવીને ચાલે તેમ ભગવાન્‌ની સાથે ચાલનારી આ કોણ છે, જેનાં પગલાં ભગવાન્‌ના ચરણની સાથે જોડાજોડ જોવામાં આવે છે? ।।૨૭।।

આ સખીએ તો ભગવાન્‌નું ખરેખર આરાધન કર્યું હોવું જોઈએ કેમકે એ ભગવાન્ એના હરિ અને કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ સમર્થ થયા છે એ આરાધન

વગર ન થાય. કેમકે જે ભગવાને એની ઉપર પ્રસન્ન થઈને અમને છોડી અને એકાન્તમાં લઈને ગોવિન્દે એને સમ્પૂર્ણ લાભ આપ્યો એવું વિશેષ કૃપા વગર ન બને'' ।।૨૮।।

(એમ સાથમાં રહેલી સખીના ભાગ્યનાં વખાણ કર્યાં, પણ એવાં વખાણ તો ગૂઢમાત્સર્યમાંપણ થાય તેથી પોતાના ભાગ્યને વખાણે છે કે)''હે સખીઓ! આગોવિન્દની ચરણરેણુ ધન્યછે કે જેને બ્રહ્મા, શિવ અને રમાદેવી પોતાના દોષોની નિવૃત્તિને માટે સ્વમસ્તક ઉપર લગાડે છે ।।૨૯।।

એ સખીનાં પગલાં અમારા મનને અત્યન્ત ખેદ કરે છે એનું કારણ એટલું જ કે સમસ્ત ગોપીજનોને ભોગ્ય એવા ભગવાન્‌નો અધર એ એકલી ભગવાન્‌ને દૂર લઈ જઈને સ્વયં ભોગવે છે ।।૩૦।।

અહીં ઘાસ આવી જવાથી એ સખીનાં પગલાં દેખાતાં નથી તેથી એના પગનાં તળિયાં બહુ કોમળ હોવાથી ઘાસમાં ધરતાં એના પગને દુ:ખ થતાં પ્રિયે એને અદ્ધર ઉઠાવી દેખાય છે ।।૩૧।।

પોતાની પ્રિયાને શણગારવામાટે પ્રિયતમે અહીં પુષ્પ વીણવાનું કાર્ય કર્યું છે, કારણ કે ફણાભર થવાથી પ્રિયનાં પગલાં આખાં દેખાતાં નથી ।।૩૨।।

કામી એવા પ્રિયે પ્રિયાજીના કેશ ગૂંથવાનું કામ અહીં કર્યું છે એના મસ્તકનો શૃંગાર કરતા ભગવાન્ અહીં કાન્તાની પાસે બિરાજ્યા હોય એમ ચોક્કસ જણાય છે ।।૩૩।।

આત્મામાં રતિ કરનાર આત્મારામ અખંડિત છે છતાં ભગવાને એની સાથે અહીં રમણ કર્યું એનું કારણ તો એ જ કે લોકમાં સ્ત્રીઓની દષ્ટતા અને કામી પુરુષોની દીનતા એને સ્પષ્ટ કરવી છે, નહિ તો અચ્યુતને એમ કરવું સમ્ભવે નહિ ।।૩૪।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એમ બતાવતાં વિકળ ચિત્તવાળાં ગોપીજનો ફરતાં હતાં. એટલામાં બધી સ્ત્રીઓને વનમાં છોડીને જે એક ગોપીની સાથે ભગવાન્ ગયા હતા તે ગોપીને એમ થયું કે બધી ગોપીઓને છોડી ભગવાન્ મારી પાછળ ફરે છે માટે હું સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ છું કેમકે બધી ભગવાન્‌ને મળવાની ઈચ્છાવાળી ગોપીઓને છોડી પ્રિય મને એકલીને ભજે છે ।।૩૫-૩૬।।

ત્યારે એ ગોપી વનપ્રદેશમાં જઈને કાંઈ ગર્વ કરીને કેશવને કહેવા લાગી કે

''(હવે) મારાથી ચાલી શકાતું નથી. માટે આપની જ્યાં ઇચ્છા હોય ત્યાં મને તેડીને લઈ ચાલો'' ।।૩૭।।

એમ પ્રિયને કહ્યું ત્યારે ભગવાને પ્રિયાને કહ્યું કે *''ખભા ઉપર બેસો'' એટલું કહીને ભગવાન્ ત્યાં દેખાયા નહિ ત્યારે તે વધૂ ત્યાં પશ્ચાત્તાપ કરવા લાગીઃ ।।૩૮।। વિશેષઃ જે ગોપીને ભગવાને સાથે લીધી હતી તેનામાં એ વખતે અભિમાનદોષ ન હતો, પણ અત્યારે એને પણ અભિમાનદોષ પ્રકટ થયો તેથી ''હું ચાલવાને અસમર્થ છું'' એમ બોલી. ભગવાને એનો ઉત્તર આપ્યો કે ''તમે સ્કન્ધારોહણ કરો'' પોતાના ખભા ઉપર પોતે ચડવું અશક્ય છે તેમ ભગવાન્ ભક્તને ઉઠાવીને લઈ જવાને અશક્ત છે. એવો ઉત્તર મળ્યો. ભગવાને એનું માન જોયું અને પોતે દર્શન આપતા બંધ થયા. આ બધું દોષનું કાર્ય સમજવું. જ્યારે એ ગોપીએ ભગવાન્‌ને પણ પોતાને ઉઠાવવાની આજ્ઞા કરી ત્યારે એ તેણે અયોગ્ય આચરણ કર્યું. એ વખતે કાળ વગેરે એ તે વધૂની બુદ્ધિનો નાશ કર્યો તેથી એ પોતે પણ પશ્ચાત્તાપ કરવા લાગી (કારિકા)

''હા નાથ! હા રમણ! હા પ્રેષ્ઠ! હે મહાભુજ! આપ ક્યાં છો? ક્યાં છો? આપની દીન દાસીને, હે સખે! સમીપમાં રાખો, દર્શન આપો'' ।।૩૯।।

પેલાં વિહ્‌વળ બનેલાં ગોપીજનો ભગવન્માર્ગને શોધતાં હતાં એટલામાં પ્રિયના વિયોગથી મોહ પામતી દુઃખિત સખી એમની નજરે પડી ।।૪૦।।

(પેલાં ગોપીજનો એમ સમજેલાં કે ''ભગવાન્ આપણને દુઃખી કરવાના કૌતુકથી અન્યત્ર ચાલ્યા ગયા છે'' પણ પોતાના દોષથી ગયાનું જ્ઞાન એમને થયું ન હતું. જો પહેલાં એમ લાગ્યું હોત કે ''અમારા દોષને લીધે ભગવાન્ દર્શન નથી દેતા તો એ દોષ દૂર કરવાનો તેઓ પ્રયત્ન કરત, પણ એવું સ્વદોષનું જ્ઞાન તો પ્રભુની કૃપાથી થાય છે, પોતાની મેળે પોતાના દોષનું જ્ઞાન થતું નથી એ બતાવવામાટે ભગવાને એક ગોપી, પોતાની સાથે લીધી તેને પાછળથી છોડી દીધી. તેને પોતાનો દોષ ભગવદ્ ઇચ્છાથી જણાતાં બધી વાત એ સખીઓ પાસે તેણે કરી બતાવી. તે સાંભળી આ ગોપીજનોને પણ ખબર પડી કે ભગવાન્ આપણા દોષથી જ દર્શન આપતા બંધ થયા છે. ભગવાન્‌ને આપણને છોડવાનું કોઈ કારણ ન હતું, પણ આપણે અભિમાન કર્યું તે જ ભગવાન્‌ના દૂર થવામાં કારણ છે. એ જ કહે છેઃ)

એ સખીનું કહેવું થયું કે મને ભગવાન્ સાથે માન થયું અને મારી દુષ્ટતાથી મેં

ભગવાન્‌નું અપમાન કર્યું એટલું કહેતાં એ ગોપીજનો પરમ વિસ્મય પામ્યાં અને નિશ્ચય કર્યો કે આપણે ભગવાન્‌ને મેળવવા અન્વેષણ આદિ ઉપાય કર્યાં તે ભગવદ્ મિલનના સાધનરૂપ નથી, પણ આપણા દોષથી ભગવાન્ પધાર્યાં છે તે દોષ છોડવાનો પ્રયત્ન કરવો જોઈએ ।।૪૧।।

(હવે ભગવદ્ પ્રસન્નતા કેમ થાય એને માટે દેહ પડતાં સુધી સાધન કરવાનો નિશ્ચય કરીને કહે છેઃ)

પછી એ ગોપીજનો જ્યાં સુધી ચન્દ્રની ચાંદની દેખાઈ ત્યાં સુધી વનના પ્રદેશમાં ફર્યાં અને જ્યાં અન્ધકાર જોયો ત્યાંથી એ પાછાં ફર્યાં કેમકે એ ભગવત્સમ્બન્ધવાળી છે તેથી જ્યાં અન્ધકાર (તમોગુણ) હોય ત્યાં જાય નહિ ।।૪૨।।

ભગવાન્‌માં જ મનવાળાં, ભગવત્સમ્બન્ધી વાત કરનારાં, ભગવાન્‌ની ક્રિયા કરનારાં અને ભગવન્મય થઈને એ ભગવાન્‌ના ગુણોને ગાવા લાગ્યાં જેમાં આત્મા, ઘર વગેરેની એમને વિસ્મૃતિ થઈ ગઈ ।।૪૩।।

**પુનઃ પુલિનમાગત્ય કાલિન્દ્યાઃ કૃષ્ણભાવનાઃ ।।**
**સમવેતા જગુઃ કૃષ્ણં તદાગમનકાંક્ષયા ।।૪૪।।**

(એમને ઘર કે પોતાના આત્માનું સ્મરણ ન થયું ત્યારે તેમણે શું કર્યું તો કહે છે કે) તે બધાં એવા ભાવવાળાં છે. એ પાછાં કાલિન્દીના *પુલિન ઉપર આવ્યાં. (એમને તો ભાન સરખું નથી તે પ્રથમ જે-જે સ્થાનમાં હતાં તે સ્થાનમાં કેમ પહોંચી શકે? એવી શંકા થાય તેના ઉત્તરમાં કહેવાનું કે) એ શ્રીકૃષ્ણની ભાવનામાં તત્પર છે તેથી શ્રીકૃષ્ણના અનુભાવથી યમુનાના કાંઠા ઉપર પહોંચ્યા એમાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો નથી. ભગવાન્ અહીં પધારે એવી ઇચ્છાથી એ બધાં મળીને ભગવદ્ ગુણગાન કરવા લાગ્યાં. એમાં પણ સદાનન્દનું ગુણગાન કર્યું ।।૪૪।।

**વિશેષ** : ભગવાન્ અમારી સાથે રતિ કરશે, પ્રથમ શ્રીયમુનાજીની કૃપાથી ભગવાને કૃપા કરી હતી તે ફરી એમની કૃપાથી અમને મળશે. એવી આશાથી ગોપીજનો યમુનાકાંઠે આવ્યાં. મળીને કીર્તન કરવાનો હેતુ તો એટલોજ કેકોના ભાગ્યથી ભગવાન્ મળે એ કહી ન શકાય તેથી બધાં મળીને ગાન કરવા લાગ્યાં. બીજું સાધન તો એમની પાસે ન હોવાથી ગાન કરવા લાગ્યાં. કેમકે દોષ મટાડવામાં ભગવદ્‌ગુણગાન જ મુખ્ય સાધન છે. દોષ મટશે તો ભગવાન્ સ્વયં ત્યાં પધારશે. શ્રીકૃષ્ણમાં આસક્તિવાળાં ગોપીજનો ગુણથી નવ પ્રકારનાં અને સ્વરૂપથી બે પ્રકારનાં

છે. એ સમુદાયથી અથવા પૃથક્તાથી જુદાં ગર્વ છોડી ગુણગાન કરવા લાગ્યાં. એમને બીજું સાધન હતું નહિ. પોતાના જીવનને માટે પણ ભગવદ્ગુણગાન એમને પ્રિય લાગ્યું. પોતાને એકલાંને મળશે એવી ખાતરી ન થતા બધાં મળીને ભગવાન્નાં વિવિધ ગુણોનું ગાન કરવા લાગ્યાં (કારિકા).

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ચોથા ફલ-પેટાપ્રકરણનો વીર્યનિરૂપક બીજો અને ચાલુ ''વિયોગમાં ગોપીઓએ ભગવાન્ની શોધ કરી''નામનો ત્રીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અ.૧૨-૧૩-૧૪ બાદ કરતાં) ૨૭મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આપણે પુષ્ટિભક્તિને લજાવીએ છીએ જો‌દ્ર**
અન્યના સેવ્યસ્વરૂપના સેવા-મનોરથોમાટે ભેટ-સામગ્રી આપીએ છીએ
(હવેલી-મન્દિર વગેરેમાંથી)દેવદ્રવ્યનો પ્રસાદ લઈએ છીએ
પ્રભુસેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી સ્વીકારીએ છીએ

## અધ્યાય ૩૧

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૨૮

# ગોપીજનોએ ગાયેલું-ગોપીગીત

### તામસ ફલ પ્રકરણ અધ્યાય ૩ (રાસપંચાધ્યાયી અધ્યાય ૩)

**વિશેષ :** આ એકત્રીસમા અધ્યાયમાં ગોપીજનો ભગવાન્નું ગાન કરે છે તેનાં બે કારણ છેઃએક તો તેમણે ભગવાન્નો અપરાધ કર્યો છે, વળી વિયોગમાં ગુણગાન વગર બીજું કોઈ જીવનનું સાધન નથી હોતું તેથી ગાન કરે છે. તેથી જેમણે ભગવાન્નો અનાદર કર્યો છે તેવાં ગોપીજનો આ અધ્યાયમાં ભગવાન્ની સ્તોત્રરૂપે પ્રાર્થના કરે છે. પોત-પોતાના અધિકારથી ગોપીજનો ઓગણીસ પ્રકારનાં છે તેથી તેઓ ઓગણીસ પ્રકારે ભગવાન્ને પ્રસન્ન કરે એવી સ્તુતિ કરવા લાગ્યાં. એમાં સ્તોત્ર ગાનારાં ગોપીજનોનો ક્રમ આ પ્રકારે જાણવોઃરાજસી, તામસી, સાત્વિકી અને નિર્ગુણઃ એમ ચાર પ્રકારનાં ગોપીજનો [1]અન્યપૂર્વા છે. તેવીજ રીતે [2]અનન્યપૂર્વાએ પણ ઉત્તમ પ્રાર્થના કરી. તેમાં બોલનારાંનો ક્રમ આ પ્રમાણે છેઃગુણાતીત, સાત્વિકી, તામસી અને

રાજસી છે. એ ચાર પ્રકારનાં ગોપીજનો કૃષ્ણની ભાવના કરીને સિદ્ધ થઈ ગયાં છે. તેમને શ્રીશુકદેવજીએ અહીં વિશેષરૂપથી કહ્યાં છે. ફરી ત્રણ અનન્યપૂર્વા જ કહેનારાં છે. તે સાત્વિકી, તામસી અને રાજસી ભાવથી વિખ્યાત થયેલાં છે. ત્યારબાદ અન્યપૂર્વા ત્રણ ગોપીજનોની ઉક્તિ છે તેનો ક્રમ પ્રથમ તામસી, બીજાં રાજસી અને ત્રીજાં સાત્વિકી એવો છે. ફરી અન્યપૂર્વા જ ત્રણ **''અટતિ યદ્ ભવાન્** એ શ્લોકથી કહે છે. એનો ક્રમ રાજસી, તામસી અને સાત્વિકી છે. અને પછી અનન્યપૂર્વા બેમાં પ્રથમ રાજસી અને બીજાં સાત્વિકી છે કેમકે એમાં તામસી નથી. એમ ૧૯ થયાં અથવા બીજો ક્રમ એવો છે કે પ્રથમ સાત શ્લોક અને છેલ્લા બે શ્લોક એમ નવ શ્લોક કુમારિકા (અનન્યપૂર્વા) ની પ્રાર્થનાના છે અને એટલા જ શ્લોક શ્રુતિરૂપા (અન્યપૂર્વા) ઓએ કહ્યા છે. એક શ્લોક નિર્ગુણાની પ્રાર્થનાનો મળીને ૧૯ શ્લોક થાય છે. એમાં છેલ્લો શ્લોક ગુણાતીતા ગોપીજનની પ્રાર્થનાનો છે. એમાં પ્રૌઢા અને કુમારિકા ની ઉક્તિમાં નવ-નવ શ્લોક આવ્યા તેથી સમસંખ્યામાં બન્નેની સ્તુતિ કહેવામાં આવી છે. તે-તે ગોપીજનોના વાક્ય અનુસાર એનો-એનો ભાવ કહ્યો છે. જો ભાવ જુદા ન હોય તો સ્તોત્રમાં અનેકપણું કહ્યું તે સમ્ભવે નહિ તેથી ભાવભેદ સિદ્ધ થાય છે. તેથી સર્વભાવાત્મા ભગવાન્ એનાથી પ્રસન્ન થાય છે.

૧. ભગવાન્ સિવાય લોકમાં લૌકિક પતિની સાથે જેનું લગ્ન થયું હોય તે અહીં **'અન્યપૂર્વા'** શબ્દથી કહેવાય છે. **''અન્યઃ પૂર્વો યસ્યાઃ સા''** ભગવાન્‌ની પહેલાં જેને બીજાની સાથે સમ્બન્ધ થયો છે એવાં અહીં શ્રુતિરૂપાઓ ગણાય છે.

૨. ભગવાન્ સિવાય જેને કોઈ પતિ નથી તે **'અનન્યપૂર્વા'** કહેવાય છે. એનો ભાવ એવો છે કે અમારા પતિ ભગવાન્ થાય. એમની સાથે પણ લગ્નસમ્બન્ધ નથી તેવાં અહીં ઋષિરૂપા ગોપીજનો છે જેને 'કુમારિકા' કહેછે.

**જયતિ તેધિકં જન્મના વ્રજઃ શ્રયત ઇન્દિરા શશ્વદત્ર હિ ।।**
**દયિત દશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ।।૧।।**

**ગોપીજનોએ કહ્યું :** ''આપના જન્મથી વ્રજનો વૈકુંઠ કરતાં પણ અધિક *ઉત્કર્ષ થયો છે, કારણ કે લક્ષ્મીજી પણ અહીં જ હમેશાં આશ્રય લે છે. હે પ્રિય! આપને માટે જ પ્રાણ ધારણ કરનારાં આપનાં જન આપને દિશાઓમાં શોધે છે તે જુઓ ।।૧।।

**વિશેષ : 'જયતિ'** શબ્દ પ્રથમ લખ્યો છે તે મંગળનો સૂચક હોવાથી આ સ્તોત્રનું ફળ શ્રેષ્ઠ થશે એમ સમજી શકાય છે. જો એમ અર્થ ન કરીએ તો પ્રથમ જ ક્રિયાપદનો પ્રયોગ ઉચિત ન

ગણાય. આપના પધારવાથી વ્રજ સર્વ કૃતાર્થ થયું. અમે વ્રજમાં રહેનાર પરમ કૃતાર્થ થયાં. અમે કૃતાર્થ થઈએ એમ યત્ન કરશો એમ બતાવવામાટે આપના અહીં પધારવાથી વ્રજનો સર્વ પ્રકારે ઉત્કર્ષ થયો છે કેમકે **'જયતિ'** શબ્દનો અર્થ સર્વથી ઉત્કૃષ્ટ સ્થિતિ એવો થાય છે. અધિક જય એટલામાટે કે આપ વૈકુંઠથી ઉતરીને બીજે ક્યાંય ન જતાં વ્રજમાં પધાર્યા. એવો જય વૈકુંઠનો પણ નથી કેમકે અહીં લીલા કરો છો તેવી લીલા વૈકુંઠમાં પણ કરતા નથી. જો કે આપનું પ્રાકટ્ય મથુરામાં થયું, પણ તેથી મથુરાને કાંઈ લાભ થયો નથી, પણ વ્રજનો જ ઉત્કર્ષ થયો છે. લોકમાં ભગવાન્‌ના જન્મથી ઉત્કર્ષ ગણાતો નથી એમ કોઈ કહે ત્યાં કહે છે કે આપના વ્રજમાં પધારવાથી લક્ષ્મી સર્વદા વ્રજમાં રહેવા લાગી. તેને લઈને વ્રજનો મહિમા વધી ગયો કેમકે વૈકુંઠમાં લક્ષ્મી ભાર્યા તરીકે રહે છે જ્યારે અહીં તો હીન ભાવને ધારણ કરીને રહી છે કેમકે અહીં એના જેવી અમો અનેક છીએ તેથી એ અહીં સાધારણ પણાથી સ્થિતિ કરે છે. લક્ષ્મી પતિના વ્રતવાળી છે. પતિવ્રતા પતિથી જુદી રહેતી નથી. પતિ જ્યારે ભક્તની ઉપર કૃપા કરવામાટે અન્યને અધીન હોય ત્યારે એની સ્ત્રીને પણ આધીન રહેવું જ પડે. તેથી આપના પધારવાથી વ્રજનો ઉત્કર્ષ લોકપ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. આપ અને લક્ષ્મી અહીં પ્રસન્ન છો; પણ આપ વ્રજમાં અમારે માટે પધાર્યા છો તેથી અમારી તરફ પણ આપે દૃષ્ટિ કરવી જોઈએ કેમકે અમે આપનાં છીએ અને આપનેમાટે જ પ્રાણ ધારણ કરનાર છીએ. એ તો દિશાઓમાં આપનાં દર્શનની લાલસાથી ભટકીએ છીએ, જ્યારે બ્રહ્મા આદિ આપનાં દર્શનનેમાટે અહીં આવી દર્શન કરી જાય છે એ અતિ અયોગ્ય ગણાય. વળી એમ કહો કે તમારામાં ભક્તિ નથી તેથી તમે જીવો છો, તો એ વિષયમાં કહેવાનું કે આપનેમાટે જ અમોએ પ્રાણને ટકાવી રાખ્યા છે. જ્યારે અમને એમ લાગશે કે આપને અમારો ઉપયોગ નથી તે વખતે જ પ્રાણ ચાલ્યા જશે. એ પ્રાણ છે ત્યાં સુધી એને આશ્વાસન આપવા માટે અમે આપની શોધમાં છીએ. જો થોડો પણ વિલમ્બ થયો તો પ્રાણ ચાલતા થશે. આપ બિરાજો અને આપના જીવ આપને માટે દિશાઓમાં શોધ કરે એ બહુ દુઃખની વાત ગણાય. જો કે ભગવાન્ દર્શન દે તેનાથી કૃતાર્થતા નથી, પણ દેખાવાથી એની કૃપા થાય તો મનોરથ સિદ્ધ થાય.

હે સુરતનાથ! શરદૃઋતુના નિર્મળ સરોવરમાં સુન્દર રીતે ઉત્પન્ન થયેલાં કમળની અન્દર રહેલી શોભાને હરનાર આપના નેત્રવડે આપ અમને પ્રહાર કરો છો તે હે વરદાન આપનાર! શું વધ ન ગણાય? અમે આપની અમૂલ્ય *દાસીઓ છીએ. આપને શરણ આવ્યો તે વધ કરવા યોગ્ય ન હોઈ શકે; તો આપ દર્શન ન આપો તેથી વધ નથી થતો શું? જેનાથી પ્રાણને બાધા થાય તે વધ જ ગણાય ।।૨।।

**વિશેષ** : અહીં 'શુલ્કદાસિકા' અને 'અશુલ્કદાસિકા' એવા બન્ને અર્થ ઘટાવ્યા છે. બ્રહ્માજીએ લોકમાં અલૌકિક કામ પ્રકટ કરવામાટે અમને શુલ્કદાસિકા તરીકે આપને આપી છે કે જે દ્વારા ભગવદીય કામ લોકમાં આવી શકે એ અર્થમાં શુલ્કદાસિકાનો અર્થ ઘટે છે. અશુલ્કદાસિકા એટલે ધર્મદાસીઓ કે જેને સેવા સિવાય બીજો ધર્મ નથી. તેમનો પણ નેત્રદ્વારા વધ કરવો એ અનુચિત ગણાય. જે સાધનથી પ્રાણને બાધા થાય તે વધનું સાધન ગણાય. આપના સુન્દર નેત્રના કટાક્ષો વિપ્રયોગમાં યાદ કરતાં એ પ્રાણને બાધા કરનાર થાય છે તો એ દ્વારા અમારા પ્રાણ જાય તો એના વધનો દોષ આપના સિવાય બીજા કોને લાગે? તેથી વધ ન થાય એવું આપે કરવું યોગ્ય છે.

હૃદયમાં એકઠો થયેલો રસ વાણીદ્વારા બહાર ન નીકળે ત્યાંસુધી પૂર્ણ રસ ન કહેવાય તેથી ગોપીજનના હૃદયમાં પૂર્ણ થયેલ રસ વાણીદ્વારા બહાર નીકળે છે. તેથી તે પૂર્ણરસા છે એમ સિદ્ધ થાય છે. (કારિકા)

(બીજી કોમળ ભાવવાળી સખીઓ કહે છે કે) ઘણીવાર સંકટમાં આપે રક્ષા કરી છે તો આ વખતે પણ કરો. (એ ગણાવે છે કે) કાલિયનાગના ઝેરવાળું શ્રીયમુનાજીનું જળ પીવાથી થયેલા મૃત્યુથી આપે અમારી *રક્ષા કરી, અઘાસુર (અજગર રૂપ) ના ઉદરમાં ગયેલાઓની રક્ષા કરી અથવા 'વ્યાલ' શબ્દથી કાલિય, સુદર્શન વગેરે સર્પોઅનેતૃણાવર્ત આદિ રાક્ષસોથી અમારી આપે રક્ષા કરીછે. ઈન્દ્રે પવન સહિત વર્ષા વરસાવી તેનાથી આપે રક્ષા કરી છે. તેમજ અગ્નિ, વીજળીથીપણ આપે રક્ષા કરી. વ્યોમાસુરથી પણ રક્ષા કરીછે તો હે ઋષભ! આપે અમારી ઘણીવાર રક્ષા કરીછે તેમઆ વખતે પણ રક્ષા કરો ।।૩।।

**વિશેષ** : કાલિય હ્રદનું જળ પીતાં વાછડાં અને ગ્વાલ-બાલ મરી ગયાં તેને જીવતાં કર્યાં. કાલિય, સુદર્શન આદિ સર્પો, તૃણાવર્ત આદિ રાક્ષસો તેનાથી આપે બચાવ્યા. ઈન્દ્રે વ્રજ ઉપર કોપ કર્યો ત્યારે વૃષ્ટિ, વાયુ, વીજળીથી રક્ષા કરી. દાવાગ્નિથી પણ આપે રક્ષા કરી છે. વ્યોમાસુરથી પણ રક્ષા કરી છે. ગોપીજનો ભગવદ્ આવેશથી સર્વજ્ઞ બન્યાં છે તેથી લીલામાં પૌર્વાપર્યનું અનુસન્ધાન ન કરતાં બધી લીલા જેમ યાદ આવે તેમ વર્ણન કરે છે. તેથી અનેક પ્રકારના ભયથી જ્યારે આપે અનેક વાર પાલન કર્યું તો આ વખતે પણ આપે જ પાલન કરવું જોઈએ, નહિ તો આટલી વાર બચાવ્યાં તે બધું વ્યર્થ થઈ જાય. અત્યાર સુધી બહારના મારનાર હતા તેનાથી આપે બચાવ્યા છે; અત્યારે તો મારક અન્દરનો છે તેથી આપે રક્ષા કરવાની છે; તેથી સર્વથા આપ જ રક્ષા વિચારો તો જ રક્ષા થઈ શકે એવું છે, બીજો

ઉપાય નથી.

આપ કેવળ યશોદાનન્દ નથી, પણ સમગ્ર દેહધારીના અન્તરાત્માને જોનાર છો.* હે સખે! જ્યારે વિશ્વની રક્ષા કરવાનેમાટે બ્રહ્માજીએ આપને પ્રાર્થના કરી ત્યારે ભક્તના કુળમાં-યાદવ કુળમાં આપ પ્રકટ થયાં છો ।।૪।।

વિશેષઃ આ વચન નિર્ગુણ ગોપીજનનું છે. એ ભગવાન્‌નું મહાનુભાવપણું જાણે છે અને તે અનુસાર કીર્તન કરી વિનન્તિ કરે છે કે જેમ જ્ઞાનીને મોક્ષ આપો છો તેમ અમને અમારે લાયકનો મોક્ષ આપો. એ ગોપીજન કહે છે કે જો ભગવાન્ નન્દરાયજીના પુત્ર હોય તો તેમને આપણે આપણા જેવા ગણી ઠપકો આપી શકીએ, પણ જ્યાં એ નન્દના નન્દન નથી તો પછી એમને ઠપકો આપવાનો આપણને અધિકાર નથી. એ કહે છે કે આપ ગોકુલપતિના પુત્ર નથી. એમ થયા હોત તો એની જેમ અમારે સ્વાધીન થાત. પણ આપ તો સર્વ પ્રાણીઓના અન્તઃકરણમાં રહીને સર્વના સાક્ષી બનો છો તેથી અમારા હૃદયના તાપને આપ જોશો તો પ્રસન્ન થશો જ. આપ અમારા પાલનમાટે પધાર્યા છો. આપને જણાશે કે આ બચશે નહિ તો આપ કૃપા કરી અમને જીવાડશો એટલે આપને કાંઈ કહેવાની જરૂર નથી. વળી આપ સ્વેચ્છાથી પધાર્યા નથી, પણ બ્રહ્માજીએ જગતની રક્ષા કરવામાટે પ્રાર્થના કરી તેથી રક્ષાને માટે આપ પધાર્યા છો. વળી આપ જીવાત્માના સખા છો તેથી પણ લોકમાં મિત્રતા બતાવવામાટે યાદવરૂપી વૈષ્ણવના કુળમાં આપે આપનું પ્રાકટ્ય દેખાડ્યું છે. આપ સખા હોવાથી ઇચ્છા પ્રમાણે પ્રેરણા કરતાં વિશેષ કાંઈ આપે કરવું જોઈએ, નહિ તો અવતાર પ્રયોજન વ્યર્થ થાય. માટે આપ પધાર્યા છો તો આત્માનું નિવેદન અમે કરીએ તેમ આપે પણ આપનું સ્વરૂપ અમને બતાવવું જોઈએ એ કાંઈ અમારે કહેવાનું નથી તેથી જેમ આપને ઉચિત લાગે તેમ કરો. આપને વિનન્તિની જરૂર ન હોય.

(બીજી એનાથી ઊંચા ભાવવાળી ગોપી ભગવત્કરનો સ્પર્શ પોતાના મસ્તકને થાય એવી પ્રાર્થના કરે છે. એનો મત એવો છે કે ભગવાન્ પણ માગ્યા વગર તો આપશે નહિ તેથી પ્રાર્થના કરે છે કે) હે વૃષ્ણિકુલ શિરોમણિ! આપનું *હસ્તકમળ, જે સંસારના ભયથી આપને શરણે આવનારને અભયદાન આપનાર છે, જે અભિલાષાઓ પૂર્ણ કરે છે અને જેણે લક્ષ્મીજીનું પાણિગ્રહણ કર્યું છે તે, હે કાન્ત! અમારા મસ્તક ઉપર પધરાવો ।।૫।।

**વિશેષ** : હે સ્વામિન્! અમારું હૃદય ફૂટી જાય છે માટે સર્વ અંગને પોષણ મળે તેવી રીતે આપ અમારા મસ્તક ઉપર આપનો શ્રીહસ્ત ધરો કેમકે હસ્ત એ કમળ છે અને કમળ શીતળ હોય છે

એમાં પણ તળાવમાં થયેલ કમળ શીતલ હોય છે. અહીં તો શ્રીહસ્ત જ સર અને સરસિજ છે તેથી એનો ઉદ્ધાર થવાથી પણ રસને ઓછો કરે એમ નથી. હે કાન્ત! આપ શ્રીહસ્ત મસ્તક ઉપર ધરી અમારી ઉપર આપની સત્તા સ્થિર કરો. એ આપનો શ્રીહસ્ત તાપ દૂર કરે છે એટલું જ નહિ પણ સર્વ કામનાઓ પૂરનાર છે. ત્યાં શંકા થાય કે ભગવાન્ પુરુષોત્તમ છે તે સ્ત્રીઓના માથા ઉપર હસ્ત કેમ ધરે? ત્યાં કહે છે કે આપના શ્રીહસ્તે લક્ષ્મીજીનું પાણિગ્રહણ કર્યું છે તો અમારા મસ્તક ઉપર હાથ ધરવામાં એમને શો વાંધો હોય? ત્યાં કહે છે કે એ તો વિવાહિતા છે, તમે તો બીજે વિવાહિતા છો તે તમારો અને લક્ષ્મીજી નો એક ન્યાય ન સમ્ભવે. ત્યાં કહે છે કે વિવાહમાં પ્રયોજક વિધિ છે તેમ શરણાગતના પાલનમાં પણ વિધિ પ્રયોજક છે. વિવાહની અપેક્ષાએ શરણાગત પાલન તો ઈશ્વર માત્રનો ધર્મ છે. એમાં પણ આ સ્ત્રીઓ સંસારના ભયથી આવી છે. સંસાર પણ સ્વભાવથી દુષ્ટ નથી, પણ અસહ્ય દુઃખનું કારણ છે; તેથી આપ જ અમારા દુઃખને દૃષ્ટ અને અદૃષ્ટ ઉપાયથી દૂર કરનારા છો.

હે વ્રજજનોની આર્તિનો નાશ કરનાર! હે સ્ત્રીઓના વીર! હે અંગીકૃત જીવોના ગર્વને મન્દ હાસ્યથી દૂર કરનાર! હે સખા! આપ આપની દાસીઓને–અમને *ભજો અને આપના મનોહર મુખકમળનાં દર્શન કરાવો ।।૬।।

**વિશેષ** : ''હે સખા!'' એમ અપ્રતારણમાટે સમ્બોધે છે. તમે એવી ધૃષ્ટતા કેમ કરો છો એમ કહે તો એના ઉત્તરમાં કહે છે કે અમે આપની દાસીઓ છીએ. **''યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્''** એવી આપની પ્રતિજ્ઞા છે. અમારું કિંકરીપણું અને આપની પ્રતિજ્ઞા પ્રસિદ્ધ છે. તેથી અમે જે ભાવથી ભજીએ છીએ તે ભાવથી આપ અમને ભજો કેમકે આપ વ્રજજનોની આર્તિને હરનાર છો. વળી સ્ત્રીઓના વીર છો. વીર હોય તે શત્રુને જડમૂળથી ઉખેડી નાખે. સ્ત્રીઓનો શત્રુ તો કામ છે. તે ગુપ્ત અંગોમાં વસે છે તેને ઉખેડવામાં આપના જેવો કોઈ નથી. તેથી સ્ત્રીઓના વીર આપ જ છો કેમકે શ્રીકૃષ્ણ વિના કોઈ એ સમ્બોધનને લાયક નથી, કારણ કે બીજા બધા અપૂર્ણકામ છે. પૂર્ણકામ હોય તે જ બીજાની કામનાને પૂર્ણ કરે. તમારા અભિમાન દોષને દૂર કરવામાટે હું તમને ભજતો નથી એમ ભગવાન્ કહે તો એના ઉત્તરમાં કહે છે કે આપ તો સ્મિત માત્રથી નિજજનોના ગર્વને મટાડનાર છો તેથી આપે દૂર રહેવું યોગ્ય નથી. નિજજનનો પણ ધર્મ જ દોષવાળો છે, પણ જીવ સ્વરૂપથી દોષવાળો નથી. સ્વરૂપથી જીવ દુષ્ટ હોય તો એને ભગવાન્ નિજમાં ન ગણે. તેથી આપ મુખકમળનું દર્શન કરાવો અને પછી જુઓ કે આપનું મુખ દેખ્યા પછી અમારામાં દોષ રહે છે કે જાય છે. એ મુખને આપ પરીક્ષા કરવા તો એકવાર બતાવો.

(એ જ અર્થને રાજસી ભાવવાળી સખી બીજી રીતે કહે છેઃ) પ્રણત જનના પાપને મટાડનાર, ગાયો વગેરે તૃણચરની પાછળ ફરનાર, લક્ષ્મીજીના નિવાસરૂપ, કાલિયની ફણા ઉપર ધરેલ આપનું ચરણકમળ અમારા કુચો ઉપર રાખીને અમારા *કામને આપ દૂર કરો ॥૭॥

**વિશેષ :** આપના ચરણને અમારા સ્તન ઉપર સ્થાપન કરો અને એનાથી હૃદયમાં રહેલા કામને દૂર કરી દો. સમુદાય અભિપ્રાયથી **'કુચેષુ'** એમ બહુવચનનો પ્રયોગ કર્યો છે અથવા અમારાં સ્તનના વિરહભાવથી ટૂકડે-ટૂકડા થઈ જાય છે તેથી બહુવચન કહ્યું છે. પ્રથમ શ્લોકમાં મસ્તક ઉપર હાથ મૂકવાની પ્રાર્થના કરી તેથી પાસે આવવાનું થશે એમ ધાર્યું. બીજા શ્લોકથી સમ્બન્ધની પ્રાર્થના કરી. તેથી સ્પર્શાદિક સિદ્ધિ પ્રાર્થી છે અને આ શ્લોકથી વિપરીત રસની પ્રાર્થના કરે છે. અથવા બંધ વિશેષમાં તિર્યક્ ભેદ છે. તેટલાથી પણ હૃદયમાં રહેલો કામ નિવૃત્ત થાય. અથવા લીલાશયનમાં બધી બાજુ રહેલાને ભગવાન્‌નો તેવો સમ્બન્ધ થાય છે. ત્યાં શંકા કરે છે કે કઠણ સ્તન ઉપર કોમળ ચરણ સ્થાપવાની પ્રાર્થના ભાવવિરુદ્ધ ગણાય! એના ઉત્તરમાં કહેવાનું કે એ ચરણ તો કાલિયના ફણા ઉપર પણ નાચીને આવ્યું છે. એના જેવાં અમારાં સ્તન ક્રૂર નથી. એ કાલિયના ફણા ઉપર ચરણ રાખી તેના દોષો દૂર કર્યા તેમ અમારા હૃદયના દોષને ચરણ સ્થાપન કરી દૂર કરો. તો પણ સ્ત્રીના હૃદય ઉપર ચરણ ધરવું અયોગ્ય ગણાય! એના ઉત્તરમાં કહે છે કે એ હૃદય તો લક્ષ્મીજીના સ્થાનરૂપ છે. લક્ષ્મીજી ત્યાં સ્પર્શને અનુભવે છે. ત્યાં કહે છે કે તમે મૂઢ છો. તમારું હિત કેમ કરાય! એના ઉત્તરમાં કહેવાનું કે આપનું ચરણ તો ગાયોની પાછળ ફરનાર છે, તો અમારા હૃદયમાં રાખવામાં શો વાંધો છે? ત્યાં કહે છે કે તમે જિતેન્દ્રિય ન હોવાથી તમને અમે ચરણસ્પર્શ નહિ કરાવીએ. એના ઉત્તરમાં કહે છે કે આપનું ચરણ પ્રણત જનના પાપને મટાડનાર છે. આપની કૃપાથી જ નમ્રનાં પાપ ઘટી જાયછે. અત્યન્ત નમ્ર હોવાથી ધર્મમાર્ગનો પરિત્યાગ કહ્યો. દેહાભિમાન હોવાથી જ્ઞાનનો સમ્ભવ નથી. પ્રણત હોવાથી અધોગતિ થવાનીનથી. તેથી ચરણવડે એનો ઉદ્ધારછે. ચરણનું ચિન્તન, આલિંગન, સ્પર્શ વગેરેથી સર્વેષ્ટ સિદ્ધિ થવીશક્ય હોઈને તેને અન્ય કાંઈ કરવાની જરૂર રહેતી નથી.

(એ જ અર્થને એનાથી ઉત્તમ સખી બીજી રીતે પ્રાર્થે છેઃ) હે કમલનયન! હે વીર! મનોહર વાક્યોવાળી અને વિદ્વાનોને આનન્દ આપનારી આપની મધુર *વાણીથી આ આજ્ઞાંકિત અને મોહ પામતી અમને દાસીઓને અધરામૃતનું પાન કરાવીને જીવાડો ॥૮॥

**વિશેષ** : પ્રથમની ગોપીએ શ્રીહસ્ત મસ્તક ઉપર ધરી ઉપકાર કરવાની વિનન્તિ કરી, બીજીએ ચરણના સમ્બન્ધથી ઉપકાર કરવાની વિનન્તિ કરી, ત્રીજી આ ગોપી મુખથી ઉપકાર કરવાની પ્રાર્થના કરે છે. પ્રથમની બધી વાત સ્પષ્ટ રીતે વાણીથી ન કહેવાય ત્યાં સુધી વક્તવ્ય રસયુક્ત થતું નથી એવી રસની મર્યાદા છે. હે સ્વામિન્! મધુરવાણીથી મોહિત થતી આ ગોપીઓને પોષણ આપો. મોહ (મૂર્છા) મરણ પહેલાંની અવસ્થા છે, તો એને મરણથી બચાવવી જોઈએ કેમકે એ આપની આજ્ઞા ઉઠાવનારી છે. ક્ષણવિલમ્બે એ મરણ-શરણ થશે તેથી અંગુલિનિર્દેશથી 'આ' કહી બતાવે છે. મોહ તો માયારૂપ છે તે આપના સચ્ચિદાનન્દરૂપથી જ નિવૃત્ત થાય. એમાં આપની વાણી આનન્દરૂપા છે. સત્ય અને પ્રિય એવું આપનું વાક્ય છે. વિદ્વાનને હર્ષ કરનારી એટલે જ્ઞાનરૂપ પણ આપની વાણી છે. મુખમાં નેત્ર છે. તેના વ્યાપાર સાથે આપ કહો એમ વિનન્તિ કરતાં કહે છે કે આપ કમળનેત્ર છો. વળી અધરામૃતથીપણ પોષણ કરો એવી વિનન્તિ કરી તેથી સર્વથા અસાધ્ય વ્યાધિમાં ગુપ્ત રસોનું પણ પાન કરાવવામાં આવે છે. 'વીર' એ સમ્બોધન છે. પૂર્વપ્રાર્થિત અર્થો સ્મરણથી મૂર્છાને વધારનારા થાય છે.

આપની કથારૂપી અમૃત સંસારથી તપેલાઓને *જીવાડનાર છે, ડાહ્યા-વિદ્વાન (જ્ઞાની) પુરુષો એની પ્રશંસા કરે છે, પાપનો નાશ કરનાર છે, શ્રવણને મંગળરૂપ છે, લક્ષ્મીને આપનાર છે, અપરિછિન્ન (જગતમાં વ્યાપીને રહેલું) છે. એ છ ધર્મવિશિષ્ટ આપની કથાને જે પૃથ્વીમાં સંભળાવે છે તે ઉદાર-બહુ મોટા દાતાઓ છે ॥૯॥

**વિશેષ** : તમે જે પ્રથમ યાચના કરી તે ભક્ત હોય તેને અપાય. તમે તો ભગવદ્વિરહમાં પણ જીવ્યાં તેથી તમારામાં સ્નેહ નથી એમ નિશ્ચય થાય છે. ભગવાન્ તો નિરપેક્ષ હોવાથી તમો જીવો કે ન જીવો એનાથી ભગવાન્‌ને કાંઈ પ્રયોજન નથી. એમને તો લક્ષ્મી સરખી કોટિશઃ દાસીઓ છે. તેથી તમે જે પ્રથમ કહ્યું છે કે ''તમારે માટે અમે પ્રાણ ધારણ કર્યા છે'' એ વાત અસંગત લાગે છે. તેથી તમારી પ્રાર્થના વ્યર્થ છે! એવી શંકા થાય એના ઉત્તરમાં કહેવાનું કે આ અમારું જીવન અમારા પ્રયત્નથી નથી થતું, પણ આપની કથા, વિરહથી અમારા પ્રાણ જવાને તૈયાર થાય છે ત્યારે તેને રોકે છે. આપની કથામાં તો જેવું સ્વરૂપમાં સામર્થ્ય છે તેવું જ સામર્થ્ય છે કેમકે આપનું સ્વરૂપ ઐશ્વર્ય આદિ છ ગુણવાળું છે તેમ કથામાં પણ ઐશ્વર્ય આદિ છ ગુણ છે. એ પણ મોક્ષ આપનારી અને પરમાનન્દ આપનારી છે. આપની કથા **અમૃત** છે; એટલે ભગવદ્રસરૂપ છે જે સર્વના મરણને નિવૃત્ત કરે તે **અમૃત** કહેવાય. તેથી એ

ભગવદ્રસરૂપ હોવાથી મોક્ષ અને પરમાનન્દ ને આપનારી છે. જેવું આપનું સ્વરૂપ છે તેવું કથાનું સ્વરૂપ થયું. હવે **ધર્મી** કહીને છ ધર્મને કહે છે કે તપ્તના જીવનરૂપ છે. સંસારમાં દુઃખી થયેલને જીવાડનારી કથા છે. અમૃત તાપને મટાડે છે. એ વાત પ્રસિદ્ધ છે. આ વિશેષણથી ભગવાન્‌નો **વૈરાગ્ય** અથવા જ્ઞાનગુણ કથામાં કહ્યો. ઉપર ઉપરથી તાપને મટાડવાપણું જળમાં પણ છે તે કરતાં આ અમૃત વિલક્ષણ છે એમ બતાવવામાટે કહે છે કે શબ્દના અર્થમાં રસનો અનુભવ કરતાં જ્ઞાનીઓ જેની સ્તુતિ કરે છે. એટલે આ પદ પણ **જ્ઞાન** કે વૈરાગ્ય બતાવનાર છે. કવિઓ પણ દેખીતી રીતે સ્ત્રીઓનાં પણ વખાણ કરે છે. તેવું કથામૃત નથી એ બતાવતાં કહે છે કે કથામૃત તો પાપને દૂર કરનાર છે. અલૌકિકને સિદ્ધ કરનાર **વીર્ય** હોય છે. એ ધર્મરૂપ હોય છે. **''ઐશ્વર્યસ્ય સમગ્રસ્ય ધર્મસ્ય યશસઃ શ્રિયઃ''** એવો પાઠ લઈએ તો આ વિશેષ ધર્મરૂપ થયું. કથા ધર્મને સિદ્ધ કરનારી અને પાપને દૂર કરનારી છે એ વાત પ્રસિદ્ધ છે. પ્રાયશ્ચિત આદિ પણ પાપ દૂર કરનાર હોય છે. કથામૃત એનાથી વિલક્ષણ છે. એમ બતાવવામાટે એ શ્રવણ કરતાં જ મંગળ આપનારી છે અને પ્રાયશ્ચિત આદિ તો ગોમયાદિ લેપનવડે અમંગળરૂપ છે, ઘોરરૂપ છે. કથા એવી નથી પણ મંગળરૂપ છે. તેથી **યશ**-કીર્તિરૂપતા કથામૃતમાં સિદ્ધ થઈ. પુત્રજન્મ આદિ સાંભળતાં આનન્દ આપનાર છે એના કરતાં કથાની વિલક્ષણતા કહેવા ફરી વિશેષણ આપે છે કે એ લક્ષ્મીને આપનારી છે. પુત્ર આદિ જન્મમાં તો લક્ષ્મીનો વ્યય થાય છે; કથામૃત તો લક્ષ્મીને પણ અપેક્ષિત છે તેથી શ્રોતા વક્તા બન્નેને **શ્રી**-લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. રાજ્ય આદિની પ્રાપ્તિ લક્ષ્મીનો લાભ આપનારી છે તેથી પણ કથાની વિલક્ષણતા કહે છે કે એ કથારૂપી અમૃત તો સર્વત્ર વ્યાપ્ત છે. રાજ્યાદિ દેશ-કાલથી પરિછિન્ન છે. એનાથી **ઐશ્વર્યાદિ** બતાવ્યું. કથામૃત તો સર્વલોકમાં વ્યાપ્ત થઈને રહ્યું છે, જેવા ભગવાન્ વ્યાપીને રહ્યા છે તેમ; તેથી સ્વરૂપથી અને ધર્મથી ભગવાન્‌ના જેવી ભગવત્કથા છે. એનાવડે અમારું જીવન થયું છે એ પણ આપે જ જીવન સમ્પાદન કર્યું ગણાય. આપનાથી પણ કથામાં વિશેષતા એ છે કે આપ સ્વરૂપથી કોઈને મારો ખરા, પરન્તુ કથા સર્વને જીવાડે જ. આપ સ્વતન્ત્ર, કથા તો અમને 'અધીન' એટલે પરતન્ત્ર. આપ તો અવતાર ધરો તે બ્રહ્માજી આદિ પ્રાર્થના કરે ત્યારે પધારો, આવીને ચાલ્યા પણ જાઓ. કથાનો તિરોભાવ કોઈ કાળે થતો નથી. માટે એવું કથામૃત પૃથ્વી ઉપર જે આપે છે તે બહુ આપનાર છે. એ બહુ દ્રવ્યના આપનાર વ્યાસ આદિ છે તે બહુ આપનાર અને મરણ આદિ ધર્મરહિત છે એટલે કેવળ ભગવદ્રૂપ છે, જનન (જન્મ) આદિ દોષરહિત છે; પરન્તુ કથારૂપી અમૃત વિરલ છે કેવળ મરણ થતું હોય તો બચાવી શકે, પરન્તુ એકત્ર થઈને રસનો સમુદાય આપનાર નથી. દ્રવરસ

અને ઘનરસમાં ફેર તેટલો આપનામાં અને કથામાં ફેર છે. જો એમ ન હોય તો બધા કથાથી જ સન્તોષ પામે. પણ વિરહ વખતે મરતાં બચાવનારી કથા છે તેથી એ ભગવદ્રૂપે સ્તુતિને પાત્ર છે. અમારું જીવન પણ આપની કથાએજ ટકાવ્યું છે.

હે પ્રિય! આપનું વિશેષ (અત્યન્ત) હસવું, પ્રેમપૂર્વક જોવું, વિહરણ કરવું, એનું ધ્યાન કરતાં એ મંગળરૂપ છે અને હૃદયને સ્પર્શ કરનાર એકાન્તની વાર્તાનું જ્ઞાન એ બધું હે કપટી! અમે યાદ કરીએ છીએ ત્યારે એ અમારા મનને ક્ષોભ કરનાર* થઈ પડે છે ।।૧૦।।

**વિશેષ** : આ બોલનારી તામસી છે. એનું કહેવું એવું છે કે કથાથી જીવન તો થઈ શકે છે, પરન્તુ જો ભગવાન્‌ના ધર્મ મનને ક્ષોભ ન કરે તો જીવન ટકવાનો સમ્ભવ ખરો. ભગવાન્‌માં જેમ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મ છે તેવા જ બીજા છ વ્યામોહક ધર્મ પણ છે. જો એ વ્યામોહક ધર્મવડે ભગવાન્ મોહ ન કરે તો એ કથાથી બધું કામ બની જાય. પણ ભગવાન્ તો માયાવડે કપટ લીલા પણ કરી જાણે છે. આ તામસીના સ્વભાવ દોષથી એ પોતાનો દોષ ભગવાન્‌માં જુએ છે. જેમ તાવવાળાને અન્ન અમૃત જેવું હોય તેમાં વિરસતા લાગે છે તે સ્વદોષથી જ છે. તેથી કહે છે કે તમારાં પ્રહસિત વગેરે અમારા મનને ક્ષોભ કરાવે છે. એક તો સ્વભાવથી અમે દુઃખી હોઈએ ત્યારે પ્રિય અમારો ત્યાગ કરી અન્ય સાથે રહે છે, પછી આવીને ઊંચેથી હાસ્ય કરે છે તેથી અમારા મનમાં અતિક્ષોભ થાય છે. વળી આપ પ્રિય છો તેથી આપનું સ્મરણ પણ અમારા ક્ષોભનું કારણ થઈ પડે છે. તેથી જેને આપનો સમ્બન્ધ નથી તેના મનમાં ક્ષોભ પણ નથી. વળી આપ જ્યારે પ્રેમથી વિશેષ દર્શન કરો છો ત્યારે અમને ક્ષોભ થાય છે. એનું સ્મરણ પણ ક્ષોભજનક એટલામાટે થાય છે કે આપ એમ જોવામાં અન્તઃકપટ રાખો છો. જો એમ ન હોય તો કાર્યમાં વિસંવાદ ન થાય. આપનું જોવું અમારા મનને ઊંચું કરી દે છે અથવા આશા ઉત્પન્ન કરે છે. એ આશા પૂર્ણ નથી થતી તેથી આપનામાં કપટની સમ્ભાવના થાય છે. આપ વેણુ વગાડતા ચાલો છો એ આપનો વિહાર પણ સ્મરણમાત્રથી ક્ષોભજનક છે. આપ રસરૂપ છો. રસ એની ખાણમાંથી બહાર નીકળે છે કે તરત વિશેષ કરીને એનું હરણ થાય છે. એટલે વેણુ વગાડતાં ત્રિભંગલલિત આદિ ભાવ સ્વરૂપથી પ્રકટ કરો છો એ પ્રથમ અમારા ધ્યાનમાં આવેલ છે તેથી એનું ધ્યાન પણ મંગળરૂપ છે. એ મંગળરૂપતા સંયોગમાં હતી, અત્યારે તો એનું સ્મરણ પણ મનને ક્ષોભ કરે છે કેમકે આપ અત્યારે દર્શન આપતા નથી. બીજું જે કપટથી કરો છો તે તો રહ્યું, મુખ્ય બાબત ગણાવી છે. એમ ચાર પ્રકાર રૂપને ઉદ્દેશીને કહ્યા અને બે પ્રકાર નામલીલામાં ક્ષોભક છે તે ગણાવે છે.

આપ જ્યારે એકાન્તમાં અમને કહો છો તે જ્ઞાનરૂપ પ્રકાર છે તે પણ શાસ્ત્રાર્થરૂપ હોય છે. એ વાણી અમારા હૃદયનો સ્પર્શ કરનારી થાય છે કેમકે એ અમને લાયકની વાત આપ અમને કહો છો તેથી અમને સુખ થાય છે, પણ જ્યારે એ સંકેત આપનો ખોટો પડે છે ત્યારે પ્રિય આપણને કહેતા હતા એ ખરા રૂપમાં નહિ પણ કપટભાવથી કહેતા હતા એમ જ્યારે અમે વચિત થઈએ ત્યારે સમજાય છે; ત્યારે અમારા મનને દુઃખ થાય છે. આ વાત અનુભવસિદ્ધ છે. એ સર્વ જાણે છે તેથી હિ શબ્દ કહ્યો છે. આમાં એકાન્તમાં વાચિક સંકેત અને હૃદયસ્પર્શી વાણી એમ બે વિભાગ લેવાના છે; ત્યારે છ ધર્મી થાય, નહિ તો પાંચ થાય. તેથી સ્પષ્ટતા કરી છે. એકાન્ત સંવિદ્માં કેવળ મોહક વાણીનો આડમ્બર હોય છે, જ્યારે હૃદયસ્પર્શી વાણીમાં સ્વાનરૂપ બંધ આદિથી રમવાની વાતો હોય છે એટલો ભેદ પણ સમજવાનો છે.

હે નાથ! આપ વ્રજમાંથી પશુને લઈને વનમાં પધારો છો ત્યારે કમળ કરતાં પણ કોમળ આપનું *ચરણકમળ કાંકરી, તૃણ અને દર્ભ આદિના અંકુરોથી પીડિત થાય છે તેથી અમારાં મનને ખેદ થાય છે ।।૧૧।।

**વિશેષ :** અમારો તો આપનામાં એવો સ્નેહ છે કે આપ અન્યત્ર પધારો ત્યાં ખેદની સમ્ભાવના પણ હોય, તો પણ અમને દુઃખ થાય છે. અમે ખરી રીતે દુઃખી હોઈએ તો પણ આપને દુઃખ થતું નથી એ ન્યાય વિરુદ્ધ ગણાય. એ કહે છે કે જ્યારે આપ વ્રજમાંથી પશુઓ ચરાવવામાટે વનમાં પધારો છો ત્યારે કમળ કરતાં પણ કોમળ આપનું ચરણ, હે નાથ! માર્ગમાં પડેલા કંકર અને દર્ભ ના અંકુરથી દુઃખી થાય છે તેથી અમારા મનને દુઃખ થાય છે. ખરી રીતે તો આપને એનો ખેદ નહિ થતો હોય, નહિ તો બીજે દિવસે આપ ન જાઓ. ખરી રીતે તો આપનું ચરણ અમારા સ્થાનથી બહાર જતું નથી, પણ આપ જ એને બળાત્કારે લઈ જાઓ છો. વળી વ્રજમાં રહેલી ગાયોને વનમાં લઈ જાઓ તેને માર્ગે ચાલતાં તો ખાવાનું મળે નહિ, માટે જ્યાં ઘાસ હોય ત્યાં અમાર્ગે પણ એને ફેરવવી પડે. પૃથ્વીની ઉપર અનુગ્રહ કરવામાટે આપ ચરણમાં પાદુકા ધરતા નથી. આપ પશુપાળ હોવાથી પશુચર્મ તો પહેરો નહિ ત્યારે કમળ કરતાં પણ કોમળ ચરણ એવા રસ્તામાં કાંકરાથી અને અંકુરથી પીડાય છે. અહીંથી વનમાં જનારની ખોટ નથી. તેઓ ગોચારણ આદિ કરી આવે છતાં આપ સ્વયં જાઓ છો એનું કારણ સમજાતું નથી. વનમાં ત્રણ જાતની ભૂમિ પર્વતરૂપ, અરણ્યરૂપ અને કચ્છરૂપ (ભીની-કાદવ-કીચડવાળી) હોય છે. તેમાં એકેકમાં એકેક લો અથવા સર્વમાં સર્વ લો. અમે તો અબળા એટલે અશક્ત તેથી ત્યાં આવી એ દુઃખનો ઉપાય ન કરી શકીએ. એને લીધે ચિન્તા થાય છે, નહિ તો ત્યાં જઈ અમારા હૃદય ઉપર એ ચરણને અમે પધરાવીએ.

હે વીર! *દિવસ પૂરો થતી વખતે (સન્ધ્યાકાળે) શ્યામ કુન્તલથી ઘેરાયેલું અને ગાયોની રજથી વ્યાપ્ત કમળના જેવા મુખને ધારણ કરતા અને વારંવાર દર્શન કરાવતા આપ અમારા મનમાં સ્મર (કામ) ને પ્રકટ કરો છો ।।૧૨।।

**વિશેષ** : એમ સાત પ્રકારે કુમારિકા કહી, ચાર પ્રકાર અન્યપૂર્વાના પણ કહ્યા. હવે ક્રમવડે છ પ્રકાર અન્યપૂર્વાના કહેવાય છે. એમાં પ્રથમ રાજસીનું વચન છે. એ બહાર જઈને જોઈ શક્તી નથી. જ્યારે સન્ધ્યા વખતે ભગવાન્ વ્રજમાં પધારે છે ત્યારે ભગવાન્‌ને જોઈને એના મનમાં કામ ઉત્પન્ન થાય છે; ત્યારે બંધ અને અમૃત ની પ્રાર્થના કરે છે. અનન્યપૂર્વાનો તો કામ નિત્ય હોવાથી એવી પ્રાર્થના કરવાની જરૂર નથી. દિવસનો ક્ષય કહ્યો તેથી દિવસમાં એને દ્વેષબુદ્ધિ છે એમ જણાય છે. સાયંકાળ રજોગુણ અને કામનો કાળ છે. ભગવાન્‌ના કુન્તલ શ્યામ છે તે ભમરાની માફક મુખને વીંટાઈને રહ્યા છે, જેમ ભમરાને કમળને વીંટાઈને રહે છે. એ મુખકમળના લાવણ્યામૃતને પીનાર છે તેથી કુન્તલાવૃત શ્રીમુખ કહ્યું છે. એને બતાવીને આપ અમારા હૃદયમાં કામને ઉત્પન્ન કરો છો. વળી ગોધનની રજવાળું આપનું શ્રીમુખ છે તેને પુનઃ-પુનઃ (ફરી-ફરી) બતાવો છો. એમ જોવું સ્વાપેક્ષાસૂચક છે. એ સ્મરજનક હોઈ શકે. નિરન્તર દર્શન કરાવો તો એમ ન થાય; તેથી કામાગ્નિને ફૂંકવા જેવું વારંવાર જોવું છે. એમ કરો છો ત્યારે એ કામને દૂર કરવામાટે યુદ્ધ અવશ્ય કરવું પડે તો આપ એ બાબતમાં વીર છો તેથી સમ્બોધનમાં 'વીર' પદનો પ્રયોગ કર્યો છે. ધનથી રજસ્વલ કહ્યું તેથી શ્રમનું સૂચન થાય છે. વનરુહ કહ્યું તેથી વનમાં ઉપભોગ્ય છે તેથી ગૃહરમણ પક્ષની નિવૃત્તિ સૂચિત થઈ. એ અવસ્થા બળાત્કારે ધારણ કરી છે, નહિ તો મુખમાર્જન કરી પધારે તો એમનાં દર્શનથી જ્ઞાન જ થાય. ધનસમ્બન્ધી રજવાળું મુખ તો કામ જ ઉત્પન્ન કરે. પાત્રમાં રહેલ અન્ય વસ્તુ અન્યને અપાય તેમ મુખને ધારણ કરી એમાં રહેલા કામને મનમાં આપ મૂકો છો એવું **બિભ્રત્** શબ્દનું તાત્પર્ય છે. આપ જ્યારે ભોગાર્થ કામ રસને અમારા મનમાં ધારણ કરો છો તો એ ભોગ આપે કરવો જોઈએ. આ કામ આપની પાસેથી આવ્યો છે તેથી બીજાથી એની શાન્તિ ન જ થઈ શકે તેથી આપે જ એ પૂરણીય હોઈને પૂરણ કરવો આવશ્યક છે.

(એનાથી ઉત્તમા અનન્યપૂર્વાની જેમ સ્તન ઉપર *ચરણ ધારણ કરવાની પ્રાર્થના કરતાં કહે છે કે) આપનું ચરણ પણ છ ગુણવાળું છે. અનન્યભાવે આપને શરણે આવાનાર જીવોની અભિલાષાએ પૂર્ણ કરનારું બ્રહ્માજીએ પૂજેલું (લક્ષ્મીજીએ અર્ચન કરેલું), પૃથ્વીને અલંકૃત કરનાર, આપત્કાલમાં (દુઃખના સમયમાં) ધ્યાન કરવા યોગ્ય, અત્યન્ત સુખરૂપ એવું આપનું ચરણકમળ, હે રમણ!

અમારાં સ્તન ઉપર અર્પણ કરો કેમકે મનની પીડા (આધિ) ને હરનાર આપ વિના બીજો કોઈ નથી ।।૧૩।।

**વિશેષ** : પહેલાં કુમારીની પ્રાર્થના હતી, અહીં અન્યપૂર્વાની પ્રાર્થના છે એટલે પુનરુક્તિ નથી, પણ ચરણનું વિશિષ્ટ માહાત્મ્ય પ્રતીત થાય છે. પહેલું દોષનિવર્તક ચરણ હતું જ્યારે આ ગુણાધાયક છે. હે રમણ! રતિ કરનાર અમારાં સ્તન ઉપર ચરણકમળ ધરો, કારણ કે આપ માનસી ચિન્તાને દૂર કરો. હૃદયના તાપ અને ચિન્તા આપે દૂર કરવાં જોઈએ. એમાં પણ દષ્ટ ઉપાયથી દૂર કરો. અમે આપનું ચરણ હૃદયમાં રાખ્યું છે તે બહાર તો નહિ આવે તેથી આપે તો ચરણ બહાર સ્થાપન કરવું. એ ચરણના પણ ભગવાન્‌ની જેમ છ ધર્મ છે. પ્રાણીને કામ પૂરક છે તેથી ઐશ્વર્ય કહ્યું. ભગવાન્‌માં રહેલો કામ સ્તબ્ધથી લઈ શકાતો નથી તેથી પ્રણામ કરનાર જ એને સમ્પાદન કરી શકે છે. (બ્રહ્માજી અથવા) પદ્મજા=લક્ષ્મીએ પૂજ્યું છે તેથી એ ચરણ લક્ષ્મીના ધર્મરૂપ છે. બ્રહ્માજીની પ્રાર્થનાથી પૃથ્વી ઉપર આવ્યું તેથી કીર્તિરૂપતા છે. ધરણીના શૃંગારરૂપ છે તેથી શ્રીરૂપતા કહી. આર્તિમાં ધ્યેય તેથી પણ શ્રીરૂપ કે કીર્તિરૂપ ગણાય. 'શન્તમ' એટલે કલ્યાણરૂપ તેથી જ્ઞાનરૂપતા અને 'ચરણપંકજ' શબ્દથી વૈરાગ્યરૂપતા 'રમણ' શબ્દથી ઈષ્ટપ્રાપકતા કહી. 'આર્તિહન્' શબ્દથી અનિષ્ટ નિવારકતા કહી અથવા લોકમાં જે પાંચ પ્રકારે ઉપકાર કરે છે તે અમારો એક જ ઉપકાર કરે એવી પ્રાર્થના કરે છે. પ્રકર્ષથી નમ્ર હોય તેના કામને દૂર કરનાર છે. ઐશ્વર્ય આદિ કામને માટે બ્રહ્માજીએ પૂજેલું ધરણી સ્ત્રી છે તે અનલંકૃત હોય તો ભોગ ન થાય; તેથી એના અલંકારમાટે સ્થાપન કરેલું, ભગવાન્ કરતાં પણ ચરણ મોટું છે, કારણ કે એ આપત્તિમાં ધ્યાન માત્રથી દુઃખ દૂર કરી મંગળ આપે છે. જેમ એ સર્વના ઉપકાર કરવામાં તત્પર છે તેમ અમારો પણ ઉપકાર એકરો.

સુરતને વધારનાર, શોકનો નાશ કરનાર, સ્વરવાળા વેણુથી ચુમ્બિત એવું, મનુષ્યમાત્રના અન્ય રાગને ભુલાવનાર, હે વીર! આપનું અધરામૃત અમને* અનધિકારી નિઃસાધન જીવોને) દાન કરો ।।૧૪।।

**વિશેષ** : આપ અમને અધરામૃત આપો. એ અધરામૃત ગુણાધાયક છે. એ ચાર ગુણવાળું છે કેમકે એમાં જ્ઞાન અને વૈરાગ્ય નથી. એમાં પ્રથમ ઐશ્વર્ય કહે છે કે એ સુરતને વધારનાર છે. ગોપીઓનો કામ પરિછિન્ન છે તે અપરિછિન્ન સાથેના કામથી ક્લિષ્ટ થાય. જેમ રસ ભૂખને ઉત્તેજન આપનાર છે તેમ આ રસ અમારા કામને વધારનાર છે; કામને પોષે છે એટલું જ નહિ, પણ અન્તઃકરણના સર્વ દોષને દૂર કરે છે તેથી શોકનો નાશ કરે છે. આથી વૈરાગ્યરૂપતા કહી અથવા જ્ઞાનરૂપતા કહી. જ્ઞાન અને વૈરાગ્ય જ શોકને દૂર કરનાર છે. સ્વરિતવેણુએ સારી

રીતે ચુમ્બન કરેલ એનાથી યશ કહ્યો. ઇતર રાગને વિસ્મરણ કરાવે તેથી શ્રીરૂપ છે; બધાને ભુલાવનારી છે. પુરુષાર્થરૂપ હોવાથી પ્રમેયબળ કહ્યું. સ્વરિતવેણુથી પ્રમાણબળ કહ્યું. સુરતવર્ધનથી સાધનબળ કહ્યું. શોકનાશક હોવાથી ફળબળ કહ્યું. જો કે એ દેવાની વસ્તુ નથી, પણ દાનશીલ હોય તે દઈ શકે તેથી પ્રાર્થના કરી છે અને સમ્બોધનમાં 'વીર' શબ્દ પણ એવી જાતનું શૌર્ય પ્રકટ કરાવવામાટે વાપરવામાં આવ્યો છે.

(એમ નિરૂપણ કરીને તામસીઓના પ્રકારને નિરૂપણ કરે છે. દેવની નિન્દા કરનારી સાત્વિક-તામસી, ભગવદ્ નિન્દા કરનારી રાજસ-તામસી અને પોતાની નિન્દા કરનારી તામસ-તામસી તેને ત્રણ શ્લોકથી કહે છે. એમાં પ્રથમ બ્રહ્માની નિન્દા કરનારી કહે છેઃ)

આપ જ્યારે દિવસે વનમાં પધારો છો ત્યારે આપનાં દર્શન નહિ થવાથી અમને એક ક્ષણ પણ યુગની બરાબર લાગે છે કેમકે એ વખતે આપનાં દર્શન થતાં નથી અને કુટિલ કુન્તલવાળું (વાંકડીયા કેશવાળું) શ્રીમુખ અમે જોઈએ છીએ ત્યારે આંખમાં પાંપણો કરનાર *બ્રહ્માજી અમને જડ લાગે છે ।।૧૫।।

**વિશેષ** : આપ દિવસે વનમાં ફરો છો, ત્યારે એક ક્ષણ અમને આપના વિયોગને લીધે યુગ જેવડી લાગે છે. જ્યારે આપનાં દર્શન થાય છે ત્યાં કુટિલ કુન્તલવાળા આપના શ્રીમુખનું દર્શન થાય છે ત્યાં અમને આંખમાં પાંપણ કરનાર બ્રહ્મા મૂર્ખ લાગે છે. કારણ કે દેવોને ભગવાનનું દર્શન તો કોઈ દિવસ થતું નથી છતાં એને પાંપણો નથી કરતો. એનું કારણ તો એ જ કે દેવો અલૌકિકને જોનાર છે. પરન્તુ દેવના અલૌકિક કરતાં હજાર ગણું અલૌકિક ભગવાનનું રૂપ અમે જોઈએ છીએ તેવા અમને બ્રહ્મા આંખ આડે પાંપણ કરીને બેઠો તેથી એણે એ અયોગ્ય કર્યું એટલે અયોગ્ય કરનાર મૂર્ખ કહેવાય તેથી અમે તેને જડ કહ્યો. દેવો ઘણો સમય જીવે છે તો અમે પણ ભગવાન્‌ને નથી જોતા ત્યારે (ત્રુટિ) ચપટી બજાવવામાં વખત લાગે તેટલો વખત વિયોગસમય યુગ જેવો થાય છે. એવા અમારે પણ ઘણા યુગ જાય છે ત્યારે ભગવાન્ દર્શન આપે છે. એ પણ ભગવાન્‌નું વનમાં જવું સાર્થક થતું હોય તો કાંઈ ચિન્તા નહિ, પણ એ તો દિવસે વનમાં ફરે છે. અરણ્યમાં કોઈ પુરુષાર્થ સિદ્ધ થતો નથી અને અમો ઘરની બહાર નીકળી શક્તાં નથી એ કહેવાથી અત્રે બ્રહ્માની નિન્દા સિદ્ધ થઈ.

(જેમનું ઉલ્લંઘન ન થઈ શકે તેવા) પતિ, પુત્ર, વંશ, ભાઈ અને સગાંઓનું ઉલ્લંઘન કરીને *હે અચ્યુત! ગતિને જાણનાર અમે આપ ગતિને જાણનારની પાસે આવ્યાં છીએ; ગતિના જાણકાર આપના ઉચ્ચ ગાનથી મોહિત થયેલી સ્ત્રીઓનો, હે કિતવ (કપટી) રાત્રિની વેળાએ (અરણ્યમાં) કોણ ત્યાગ કરે? ।।૧૬।।

**વિશેષ** : હે કામનિવૃત્તિના ભયરહિત! પતિ, પુત્ર, વંશ, ભાઈઓ એ બધાના માનનીય છે છતાં એમની અવગણના કરીને અમે આપની પાસે આવ્યાં છીએ. તમે બધાની ગતિને જાણો છો. જેની ગતિ થાય છે તેના આપનાર આપ જ છો અથવા ગતિને જાણનાર અમે છીએ કેમકે પતિ, સુત આદિના ભજન અને ભગવદ્-ભજનનું તારતમ્ય અમે જાણનાર છીએ. તમારા ઉચ્ચ ગાનથી અમને મોહ થયો છે. અમને મોહ કરાવી અરણ્યમાં લાવ્યા તો રાતના સમયે સ્ત્રીઓને જંગલમાં કોણ છોડી દે? તેથી આપને કપટી કહ્યા, અને અમે (**કિતવયોષિતઃ** સમાસ લઈને અર્થ કરતાં) કપટીના સમ્બન્ધવાળાં થયાં. કપટી હોય તે કોઈ બહાનાથી અરણ્યમાં લઈ જઈને એનું સર્વસ્વ હરી લઈને એને અરણ્યમાં જ છોડી દે છે. એના કરતાં પણ આપનું છોડવું વિલક્ષણ છે કેમકે આપે જે કાર્યમાટે અમને બોલાવ્યાં તે કાર્ય પણ આપે છોડ્યું અને અમને પણ છોડ્યાં તેથી આપનું કપટ કેવા ભાવવાળું છે તે અમે કોઈ જાણી શક્તાં નથી. આ શ્લોકમાં ભગવાન્‌ની નિન્દા સ્પષ્ટ છે.

(ઉપર બોલનારથી ઉત્તમ સખી પોતાના આત્માની જ નિન્દા કરતાં કહે છે કે) એકાન્તમાં આપના બોલેલા શબ્દોનું જ્ઞાન કામને ઉત્પન્ન કરનાર હોઈને મોહ કરનાર છે; પ્રહસનયુક્ત મુખારવિન્દ પણ મોહક છે, પ્રેમપૂર્વક જોવાનું પણ મોહક છે; વળી આપનું વિશાળ વક્ષઃસ્થળ લક્ષ્મીના નિવાસરૂપ છે તેને જોતાં પણ અતિ સ્પૃહાથી અમારું મન વારંવાર *મોહિત થઈ જાય છે ।।૧૭।।

**વિશેષ** : એકાન્તમાં કહેલી વાતોનું જ્ઞાન કરાવનાર, કામનો ઉદય કરનાર, પ્રહસન યુક્ત મુખ છે જેમાં એવું, પ્રેમપૂર્વક જોવું અને લક્ષ્મીને વિલાસ કરવા લાયક મોટા વક્ષઃસ્થળને જોઈને અમને મોહ થાય છે. એ કહેવાથી ભગવાન્‌ના રૂપના પણ છ ધર્મ કહેવામાં આવ્યાં. એકાન્તમાં જ્ઞાન જેનાથી થાય છે, કામનો ઉદય જેનાથી થાય છે, પ્રહસનવાળું અને પ્રેમપૂર્વક કટાક્ષ યુક્ત મુખ અને વિશાળ વક્ષઃસ્થળ લક્ષ્મીને રહેવામાટે છે જેમાં એવા રૂપને જોઈને વક્ષઃસ્થળમાં પોતાની સ્થિતિમાટે યશ અને શ્રીનું નિરૂપણ કર્યું. મુખમાં હસવું કહ્યું એનાથી કામ થાય. પ્રેમલક્ષણાથી એ કામ સ્થિર થાય ત્યારે સ્વયોગ્યતા થાય, ત્યારે ભોગચાતુર્ય પ્રથમ વિશેષણથી થશે અને બીજું બધું પણ થશે એમ સ્પૃહાવાળું મન મોહિત થાય છે. વારંવાર મૂર્છા થાય એવું જીવન ધિક્કારવા યોગ્ય ગણાય તેથી આ શ્લોકમાં આત્મનિન્દા થઈ.

હે અંગ! વ્રજ અને વન માં રહેનાર મનુષ્યોને આપનું વ્યક્ત સ્વરૂપ સર્વ પાપથી મુક્ત કરે છે. વળી આપનું સ્વરૂપ અખિલ વિશ્વનું મંગળ કરનાર છે તેમ જ સ્વજનના-ગોપીજનોના હૃદયના રોગોને દૂર કરનાર* આપનું સ્વરૂપ છે, તો

આપની સ્પૃહાવાળાં અમોને આપના એ સ્વરૂપનું થોડું તો દાન કરો ।।૧૮।।

**વિશેષ :** આપનું સ્વરૂપ વ્રજ અને વન માં રહેનારનાં પાપનો નાશ કરે છે. જગતમાં મંગળરૂપ છે, અમારા જ દોષ મટાડનાર છે, સર્વમાં ગુણ ધારણ કરનાર છે. તમારામાં અતિ સ્પૃહાવાળાં અમે છીએ તેથી આપ એ થોડું બતાવો, જેવી રીતે સ્વજનરૂપ ગોપીજનના કામરૂપ રોગને મટાડો તેવા રૂપમાં બતાવો. આપનું સ્વરૂપ કેટલાકનાં પાપનો નાશ કરે છે, કેટલાકને ફળ આપે છે, ત્યારે એ સ્વરૂપ અમારા હૃદયના રોગને દૂર કરનાર થાઓ.

**યત્તે સુજાતચરણામ્બુરુહં સ્તનેષુ ભીતાઃ શનૈઃ પ્રિય દધીમહિ કર્કશેષુ ।।**
**તેનાટવીમટસિ તદ્ વ્યથતે ન કિંસ્વિત્કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવદાયુષાં નઃ ।।૧૯।।**

આપનું સુન્દર *ચરણકમળ અમારાં કઠણ સ્તન ઉપર ધરતાં અમે ડરીએ છીએ તેથી બીતાં-બીતાં ધીરેથી પધરાવીએ છીએ તે જ ચરણકમળવડે આપ વનમાં ફરો છો તેથી આપને માટે જીવનાર અમારું મન હે પ્રિય! ત્યાં કંકર પથ્થરથી આપના ચરણને શું દુઃખ નહિ થતું હોય? એવો વિચાર કરતાં ભ્રાન્ત થઈ જાય છે-બુદ્ધિને ભ્રમ થાય છે ।।૧૯।।

**વિશેષ :** સારી રીતે બનેલું કમળ સુગન્ધમાં, શીતલતામાં અને રૂપમાં સુન્દર હોય છે તેવું આપનું ચરણારવિન્દ અમારા સ્તન ઉપર ધરતાં એ કઠિન હોવાથી અમે ધીરેથી ધારણ કરીએ છીએ. આપ પ્રિય છો તેથી સ્નેહથી અમે ધારણ કરીએ છીએ. એ કોમળ ચરણવડે આપ વનમાં ફરો છો. એ પોતે સુખી રહીને બીજાને દુઃખ દેતા હો તો કાંઈ વાંધો નહિ, પણ આપ ત્યાં દુઃખી થાઓ છો તેથી અમારું મન ભ્રમિત થાય છે. એમાંય અમે આપનામાટે જીવીએ છીએ તે જ્યારે આ દુઃખને યાદ કરીએ છીએ ત્યારે અમને મૂર્છા થાય છે. બહિઃસંવેદનમાં ગાન, અન્તઃસંવેદનમાં લીલાવેશ એમ જેટલો તાપ જીવથી સહન થાય તેટલો ભગવદ્ વિયોગમાં ગોપીજનોને થયો એ વાત અહીં કહેવામાં આવી.

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ચોથા ફલ-પેટા-પ્રકરણનો યશ નિરૂપક ત્રીજો અને ચાલુ) ''ગોપીજનોએ ગાયેલું-ગોપીગીત'' નામનો એકત્રીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં અઠ્યાવીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૩૨

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૨૯

# ગોપીજનોના રુદનથી ભગવાન્ ત્યાં પ્રકટ્યા

### તામસ ફલ પ્રકરણ અધ્યાય ૪ (રાસપંચાધ્યાયી અધ્યાય ૪)

**વિશેષ :** એ પ્રમાણે આ અધ્યાયમાં ગોપીજનો કોઈ ઉપાય ન સૂઝતાં શ્રીકૃષ્ણને મળવાની ઈચ્છાથી રડવા લાગ્યાં, ત્યારે તેઓને નિઃસાધન જાણી પ્રભુ પ્રસન્ન થયા એ કહેવામાં આવે છે. ત્યારે ગોપીજનો પણ ભગવાન્‌ના પ્રાદુર્ભાવથી પ્રસન્ન થઈને ભગવાન્‌ને પ્રશ્ન કરી પોતાના મનના સન્દેહને દૂર કરવામાટે ભગવાન્‌ની પાસેથી એનો નિર્ણય કરાવવા તત્પર થયાં એ કહેવાય છે. કોઈ દિવસ કોઈની સાધનસમ્પત્તિથી હરિ પ્રસન્ન થતા નથી, પણ **ભગવાન્‌ને પ્રસન્ન કરવાનું કોઈ સાધન ભક્ત પાસે હોય તો એ એક દૈન્ય જ છે.** જો પ્રભુ પ્રસન્ન થયા તો સર્વ રીતે બધાં દુઃખોનો નાશ કરે. તેથી નિર્ણયનાં વાક્ય ભગવાન્‌ના ભજનની સિદ્ધિને માટે કહેવામાં આવે છે.(કારિકા)

**ઈતિ ગોપ્યઃ પ્રગાયન્ત્યઃ પ્રલપન્ત્યશ્ચ ચિત્રધા ।।**
**રુરુદુઃ સુસ્વરં રાજન્ કૃષ્ણદર્શનલાલસાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્! પહેલાં વર્ણન કર્યું તે પ્રમાણે ગાતાં અને અનેક પ્રકારે પ્રલાપ કરતાં ગોપીજનો, શ્રીકૃષ્ણનાં દર્શનની ઈચ્છાથી ઊંચા સ્વરે રડવા લાગ્યાં ।।૧।।

એ રુદન કરતાં ગોપીજનોની વચમાંથી જ સ્મિતયુક્ત મુખવાળા, પીતામ્બરને ધરનાર, વનમાળાને ધારણ કરનાર, સાક્ષાત્ કામદેવના મનને મથનાર શૂરસેનજીના પૌત્ર શ્રીકૃષ્ણ (શૌરિ) પ્રકટ થયા ।।૨।।

એ પરમ પ્રિય પ્રભુને પધારેલા જોઈને બધાં ગોપીજનોનાં નેત્રો પ્રીતિથી પ્રફુલ્લ થઈ ગયાં અને જેમ હસ્ત વગેરે શરીરનાં અવયવો પ્રાણ આવવાથી સચેતન થાય તેમ તે બધાં ગોપીજનો એક સાથે ઊભાં થઈ ગયાં ।।૩।।

કોઈક ગોપીજને ભગવાન્‌નું હસ્તકમલ આનન્દથી પોતાની અંજલિમાં ધારણ કર્યું. કોઈક ગોપીજને ભગવાન્‌ના ચન્દનવાળા શ્રીહસ્તને પોતાના ખભા ઉપર મૂક્યો ।।૪।।

કોઈક સુકુમાર (કોમળ)ગોપીજને ભગવાન્‌ના આરોગેલા પાનની પ્રસાદી,

અંજલિવડે ગ્રહણ કરી તો કોઈક વિરહથી અત્યન્ત તપેલાં ગોપીજને ભગવાન્નું ચરણકમલ પોતાના સ્તન ઉપર ધારણ કર્યું ।।૫।।

પ્રેમના આવેશથી વિહ્વલ થયેલાં એક ગોપીજન ભવાં ચઢાવીને, દાન્તવડે હોઠ ડસીને કટાક્ષોથી પ્રહાર કરતાં હોય તેમ જોવા લાગ્યાં ।।૬।।

કોઈક બીજાં ગોપીજન ભગવાન્ના મુખારવિન્દનું અનિમિષ દષ્ટિથી–એકીટસે–પાન કરતાં હતાં તો પણ જેમ સન્તપુરુષો ભગવાન્ના ચરણના રસથી તૃપ્તિ પામતા નથી તેમ તે તૃપ્તિ પામ્યાં નહિ ।।૭।।

કોઈક ગોપીજન નેત્રદ્વારથી પ્રભુને હૃદયમાં ધારણ કરી, આંખો મીંચી દઈ, રોમાંચિત થઈ, પ્રભુને આલિંગન કરી, યોગીની માફક આનન્દમગ્ન થઈ બેઠાં ।।૮।।

હે તાત! તે બધાં ગોપીજનો ભગવદ્ દર્શનરૂપી પરમ ઉત્સવથી સુખી થયાં અને જેમ મનુષ્યો પરમાત્માને પામીને તાપથી મુક્ત થાય છે તેમ તે વિરહ તાપથી મુક્ત થયાં ।।૯।।

જેનો શોક નિવૃત્ત થયો છે તેવાં ગોપીજનોથી ભગવાન્ વીંટાઈ રહ્યા ત્યારે, પુરુષ જેમ પોતાની શક્તિથી શોભે છે તેમ, ભગવાન્ ગોપીજનોના સમુદાયની વચમાં અધિક શોભવા લાગ્યા ।।૧૦।।

જ્યાં કુન્દ અને મન્દારનાં પુષ્પો ખીલ્યાં છે, જ્યાં સુગંધવાળો પવન વહે છે અને ભ્રમરોવાળા શ્રીયમુનાજીના કાંઠા ઉપર એ બધાંને લઈ જઈને ભગવાન્ પોતે વિભુવ્યાપક થયા ।।૧૧।।

શરદ્ચન્દ્રનાં કિરણોવડે રાત્રિનો અન્ધકાર જવાથી એ તીર સુખકર દેખાતું હતું. શ્રીયમુનાજીના તરંગ (મોજાં) રૂપ હસ્તોથી પથરાયેલી કોમળ રેતીથી સુશોભિત કાંઠા ઉપર ભગવાન્ ગોપીજનોની સાથે જઈ પહોંચ્યા ।।૧૨।।

ગોપીજનોએ એ કાંઠો અને ભગવાન્ એ બન્નેની સાથે પોતે પ્રથમ સુખ પ્રાપ્ત કર્યું છે તેવો જ સમય જોઈને તેમના મનનાં દુઃખ દૂર થયાં એટલું જ નહિ, પણ શ્રુતિઓએ જેમ ભગવદ્ ગુણગાન કરીને ભગવદાનન્દ પ્રાપ્ત કર્યો હતો તેમ ગોપીજનોએ પણ ભગવદાનન્દ પ્રાપ્ત કર્યો. પછી પોતાના કુચકુંકુમથી અંકિત પોતાનાં ઉત્તરીય વસ્ત્રો (ઓઢણાં) બધાંઓએ પોતાના આત્માના બંધુ ભગવાન્ને આસનનેમાટે અર્પણ કર્યાં ।।૧૩।।

યોગેશ્વરના હૃદયમાં જેના આસનની કલ્પના થાય છે તેવા છ ગુણવાળા એ

ઈશ્વર ગોપીજનોનાં તે વસ્ત્રોરૂપી આસન ઉપર બિરાજ્યા (અને તે દ્વારા બધાં ગોપીજનોમાં બિરાજ્યા) અને ત્રણ લોકની શોભાના એક જ સ્થાનરૂપ શ્રીઅંગને ધારણ કરતાં ભગવાન્ ગોપીજનોની સભામાં તેઓએ કરેલી પૂજા સ્વીકારીને શોભવા લાગ્યા ।।૧૪।।

ગોપીજનોએ ભગવાન્‌ને પ્રસન્ન જોયા. તેઓએ પોતાના અન્તઃકરણનો દોષ દૂર કરવામાટે એ દોષ પહેલાં ભગવાન્‌માં કલ્પ્યો હતો તેને હૃદયમાંથી કાઢી નાખવા સારુ આપનામાં એ દોષ છે કે નથી એનો નિર્ણય ભગવાન્ પાસેથી કરાવવાને પૂછવા લાગ્યાં. હાસ્ય અને લીલાપૂર્વક ભ્રૂકુટી નચાવીને ગોપીજનોના હૃદયમાં અનંગને-કામને ઉદ્દીપન્ કરતા ભગવાન્‌નો સત્કાર કરીને ભગવાન્‌નાં બન્ને શ્રીચરણને પોતાના શ્રીહસ્તથી સ્પર્શ કરતાં સ્તુતિ કરીને જરાક કોપ કરીને ગોપીજનો બોલ્યા ।।૧૫।।

**ગોપીજનોએ કહ્યું :** *કેટલાક ભજનારને ભજે છે જ્યારે બીજા પોતાને નહિ ભજનારને પણ ભજે છે, જ્યારે કેટલાક તો ભજન કરે છે તેને, અને ભજન ન કરે તેને પણ ભજતા નથી એનું કારણ શું? એમાં કોણ શ્રેષ્ઠ એનો ઉત્તર સારી રીતે આપ અમને સમજાવો ।।૧૬।। (ભજનના ભેદ અને ફલ શું તે સમજાવો.)

**વિશેષ :** સાધનથી, ફલથી અને સ્વરૂપથી ત્રણ પક્ષ અહીં સન્દિગ્ધ છે. ભજન અને અભજન થી કેટલાક ભજનાર છે, કેટલાક ભજન કરનાર નથી એ બે પક્ષમાં કેટલાક તો બીજો જેમ પોતાને ભજે તેમ એની જેમ પોતે પણ એને ભજે છે. બીજો પક્ષ એથી જુદો છે તે ન ભજનારને ભજે છે. ત્રીજો પક્ષ ભજનારને ભજતો નથી, ન ભજનારને પણ ભજતો નથી. એ ત્રણમાં ભજનાર અને ન ભજનારને શું ફલ? જે ભજનારની જેમ ભજે છે તે એના કાર્યનો નાશ કરે છે કે તે ધૂર્ત છે કે તે સારા છે? જેમ કોઈને ત્યાં આપણે ગયા તો એણે આપણા પગ ધોયા, તો એ આપણે ત્યાં આવે ત્યારે આપણે પણ એના પગ ધોવા. એમ કરવાથી શું થાય? ફળનેમાટે એણે કર્યું હોય તો ફળ આપવું જોઈએ. સામા માણસે પણ એમ કરવું જોઈએ. એ નિરપેક્ષતાથી કરે એમાં તો સન્દેહ જ રહે છે. તેથી પ્રશ્ન પૂછવો પડ્યો છે. ન ભજનારને ભજવામાં ક્વચિત્ દોષ ઉત્પન્ન થાય છે. જેમ નિષ્કામને કામિની ભજે; કશ્યપ અને અદિતિ નો પ્રસંગ (શ્રીભાગવત સ્કન્ધ ૩ અધ્યાય ૧૪) દોષોત્પત્તિનું દૃષ્ટાન્ત છે. ક્વચિત્ ઉપકાર થાય છે, આગ્નીધ્ર અને પૂર્વચિત્તિ (શ્રીભાગ. સ્કન્ધ ૫ અધ્યાય ૨) એના દૃષ્ટાન્તરૂપ છે. ક્વચિત્ સ્નેહ (ઉર્વશીના ઉપાખ્યાનથી-શ્રીભાગવત્ સ્કન્ધ ૯ અ.૪) સિદ્ધ

થાય છે. ક્વચિત્ ધર્મ સિદ્ધ થાય છે; સુદર્શન અને ઓઘવતી (મહાભારત ચિત્રોપાખ્યાન) ધર્મમાં દૃષ્ટાન્તરૂપ છે. તેથી એનો એક નિશ્ચય કરી એનું શું ફલ છે એ કહો. જે નથી ભજતો તેનું શું ફળ છે, જે બન્ને પ્રકારવાળાને નથી ભજતો તે બન્ને પ્રકારવાળાને શું ફળ છે એ કહો. એણે જે ભજન કર્યું તેનો શો ઉપયોગ થયો એ સારી રીતે સમજાય એમ કહો. એ ત્રણ પ્રશ્નમાં બે ભજન કરનાર છે અને એક ભજન કરનાર નથી.

**શ્રીભગવાન્ કહે છે :** હે સખીઓ! જે પરસ્પર ભજન કરવાવાળા છે તે કેવળ સ્વાર્થ પરાયણ છે એના ભજનમાં સૌહાર્દ (સ્નેહ) કે ધર્મ જેવું કશું પણ નથી, કિન્તુ કેવળ સ્વાર્થને માટે પરસ્પર ભજન કરે છે. એમાં કાંઈ પરોપકાર આદિ* નથી ।।૧૭।।

**વિશેષ :** એમાં પ્રથમ પહેલા પ્રશ્નનો ઉત્તર ભગવાન્ આપે છે. જે પરસ્પર ભજનાર છે તે કેવળ લૌકિક સ્વાર્થ સિદ્ધ કરનાર છે. એના ઉદ્યોગમાં સ્વાર્થ માત્ર ફળ છે એ પરસ્પર ભજનાર જાણીને ભજન કરે છે. એમાં ઓછું વધારે જેમ પ્રથમ કરે તેને સામાવાળો પણ ઓછા અધિક પદાર્થથી ભજે છે. તેથી તેઓ એકબીજાને છેતરી શક્તા નથી. તેથી એમનો તો પ્રયત્ન લૌકિક ભાવને સાધવામાટે હોય છે. ત્યાં શંકા થાય કે ભજન કરનાર બન્ને બ્રાહ્મણ હોય તે પરસ્પર ભજે તો ધર્મ સિદ્ધ થાય અથવા તો સ્નેહ સિદ્ધ થાય, તો પછી તમે સ્વાર્થ અર્થે તેને કેમ ઠરાવો છો? આ શંકાના ઉત્તરમાં કહે છે કે એમાં સ્નેહ તો સમ્ભવે જ નહિ, કેમ કે સામો માણસ ભજતો નથી કે તરત એના ઉપર પહેલો ક્રોધ કરે છે. સ્નેહમાં ક્રોધ સમ્ભવે જ નહિ. હવે એમાં ધર્મ પણ નથી એ વાત સમજાવે છે કે ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે ''સહુએ મળીને ભોજન કરવું એ પિશાચ ભિક્ષા કહેવાય છે. તેમ કરવામાં ઐહિક પારલૌકિક કાંઈ ફલ નથી. પણ બીજી ગૌશાળામાં બેઠેલી ગાય વાછડું મરવાથી દુઃખી થાય છે તેમ એ પિશાચ ભિક્ષાનું ફલ ઐહિક હાનિમાં જ પરિણમે છે. એ સિવાય એમાં બીજા ફલનો સમ્ભવ નથી'' આ કથનથી સમજાય છે કે એમાં ધર્મની ગન્ધ પણ નથી. ગુરુ-શિષ્યના સમ્બન્ધમાં પણ શિષ્ય પૈસા આપે તેને ગુરુ જ્ઞાન આપે અથવા પ્રસન્નતા બતાવે એવો દૃષ્ટાર્થ હોય તો એ પણ પરસ્પર ભજન ગણાય. એમાં પણ ધર્મ કે સ્નેહ નથી એમ સમજવું. શાસ્ત્રીય ભજન કે 'મિથોભજન' પરસ્પરનું ન કહેવાય. વિદ્યાનું દાન ગુરુ કરે, જ્યારે શિષ્ય તો એને મદદ કરે છે એ પરસ્પર ભજન નથી કેમકે વિદ્યા ફલરૂપ છે તેનો શિષ્યે આપેલા દ્રવ્ય આદિથી બદલો મળતો નથી કેમકે ફલનો બદલો હોય તે આપવાનું સામર્થ્ય શિષ્યમાં ન હોવાથી એ મિથોભજન થતું નથી. જે પરસ્પર ભજનાર છે તે પ્રસિદ્ધ વાણિયા જેવા છે. એની પોતાના સ્વાર્થમાં જ દૃષ્ટિ હોય છે.

જો કે ધર્મ આદિ પણ સ્વાર્થ તો છે જ પણ એ અન્યોન્ય ભજનથી સિદ્ધ થતા નથી તેમ સૌહાર્દ પણ સામાની અપેક્ષા રાખો તો સિદ્ધ થતું નથી. જ્યાં અપેક્ષા ત્યાં સ્વાર્થ છે. એ બીજાને માટે કરે છે એવો દેખાવ થાય છે તો પણ સૂક્ષ્મ દષ્ટિથી જોતાં એમાં સ્વાર્થ સ્પષ્ટ દેખાય છે. એમ બીજાને સેવાનું દાન કરે છે તેમાં પણ જો પોતાના દુઃખની નિવૃત્તિ થાય તો એ દાન કર્યું તે પણ મિથોભજન થયું. એ લોકમાં સર્વત્ર પ્રસિદ્ધ વાત છે. એમાં પરોપકાર સર્વથા નથી કેમકે એમ કરવાથી બીજાના હૃદયમાં તરત ચિન્તા પેદા થાય છે કે એમણે મારી ઉપર ઉપકાર કર્યો તેનો બદલો મારે કેવી રીતે આપવો. નહિ આપું તો એનું ઋણ મારી ઉપર રહેશે. એવી એ ચિન્તા કરતો થઈ જાય છે અને એ ઉપકારનો બદલો પણ આપે છે એટલે મિથોભજન થઈ ગયું. તેથી એવો વ્યવહાર નામમાત્રથી ધર્મરૂપ ગણાય છે; ખરી રીતે તોએ પણ સ્વાર્થ છે; એનું અલૌકિક ફલ નથી. અહીં પ્રથમ પ્રશ્નનો ઉત્તર મળી ગયો.

(ન ભજનારને ભજનાર બે જાતના હોય છે તે હવે કહે છે કે) ન ભજનારને ભજવાવાળા *દયાળુ પુરુષો અને મા-બાપ હોય છે. એ બન્નેમાંથી એકમાં તો પૂર્ણ ધર્મ છે, હે (સુમધ્યમા) સુન્દરીઓ! બીજામાં સ્નેહ છે ।।૧૮।।

**વિશેષ** : ભજન ન કરનારનું ભજન કરવામાં લૌકિક અને વૈદિક નિમિત્ત છે. લૌકિકમાં સ્નેહ અને વૈદિકમાં વિધિ પ્રેરક છે એમાં સૌહાર્દ અને ધર્મ-કર્મથી ફલ છે. જે પહેલો છે. ન ભજનાર તેણે સમય ઉપર એનો ઉપકાર કરવો જોઈએ. જો એમ ન કરે તો એ કૃતઘ્ન થાય છે. જો એ અભજદ્ ભજનધર્મ ધર્મનું અંગ હોય તો ભજનીયે પ્રાયશ્ચિત કરવું જોઈએ કેમકે એનો જ ધર્મ ભજનદ્વારા ભજનીયમાં આવે છે. જે ધર્મમાં કર્મ અથવા દેવતા પ્રધાન હોય તે બન્ને ધર્મ અહીં લીધા નથી. એમાં પ્રતિયોગીમાં ભજનની શંકા થતી નથી. સન્દેહવાળા ધર્મનોજ નિર્ણય અહીં કરવાનો છે. જ્યાં અસમાનતા છે, જેમકે ગાયનો પંકથી ઉદ્ધાર કરવો તો એમાં ગાય એનો બદલો આપી શક્તી નથી. એ ધર્મ પણ નિઃસન્દિગ્ધ હોય તે પ્રશ્નનો વિષય થઈ શક્તો નથી. જે આધાર પ્રત્યુપકાર કરી શકે એમ છે તેનું ભજન કર્યું અને એ પાછો એનો બદલો ન વાળે ત્યાં નિરપવાદ ધર્મ અથવા સૌહાર્દ ફલ સમજવું. અધિકારીમાં એકમાં તો દયા છે અને બીજામાં દૈહિક સમ્બન્ધ છે. એ જ મૂળ **''કરુણા પિતરો યથા''** એ શબ્દોથી કહ્યું છે. એમાં **'યથા'** એ શબ્દથી અતિદેશ બીજામાં પણ કર્યો છે. જેમ સંસારમાં અતિ ક્રૂર માણસો પણ કોઈ વખતે ગરીબ ઉપર દયા કરે છે, સ્નેહીના જેવો ક્વચિત્ ભાવ બતાવે છે તેનો પણ સંગ્રહ કર્તવ્ય છે. સમ્બન્ધ તો બીજા જન્મનો પણ સમ્ભવે છે. એ ઉપમાન અને ઉપમેયમાં એક જ પ્રકારના હોવાથી એક જ નિરપવાદ ધર્મ કહ્યો છે. એ જો ઉપકાર કરે તો ધર્મનો અપવાદ થાય. એમ ન

કરે તો નિરપવાદ ધર્મ સિદ્ધ થાય. એટલે જ્યાં પ્રત્યુપકારની સમ્ભાવના નથી ત્યાં ધર્મ છે. એ જ વાત નિશ્ચિત સમજવી. તેથી કેટલાક ધર્મ કરતી વખતે જ પોતે કરે છે અથવા પોતાને એનું ફળ જોઈએ છે એવું ન બતાવતાં ભગવત્ પ્રીત્યર્થ એનો સંકલ્પ કરે છે. **ચ**કાર છે તેથી સૌહાર્દમાં પણ ધર્મ છે. **સુમધ્યમાઃ** એવું સમ્બોધન ભગવાને આ હેતુથી આપ્યું કે જે ઉત્તમ હોય છે તેને ભગવદ્ વાક્યમાં વિશ્વાસ હોય છે. તમો એવાં છો તેથી મારા કથનને તમે શ્રદ્ધાથી વિશ્વાસથી સાંભળશો, કેમકે તમે ઉત્તમ ન હોત તો તમારું આવું રૂપ ન હોત; તેથી તમો ભાગ્યશાળી હોવાથી તમને વિશ્વાસ હોયજ. (મિથોભજન=પરસ્પરનું ભજન)

(સ્વાર્થનેમાટે ભજો કે સ્નેહથી ભજો, એ બન્નેનું ભજન જે નથી કરતો, જે ધર્મથી ભજવાલાયક છે તેને પણ ભજતો નથી તેનું સ્વરૂપ હવે કહે છેઃ) કેટલાક ભજનારને પણ ભજતા નથી તો એ ન ભજનારને તો ક્યાંથી ભજે? એ ચાર પ્રકારના છેઃઆત્મારામ, આપ્તકામ, કૃતઘ્ન અને *ગુરુદ્રોહીઓ ન ભજનાર છે ।।૧૯।।

**વિશેષ** : કેટલાક મહાપુરુષો ભજન કરનારને પણ ભજતા નથી, તો ન ભજે તેને તો ક્યાંથી જ ભજશે? એ પ્રથમ ગણાવ્યા તેમ ચાર પ્રકારના છે. એમાં બે સારા છે અને બે ઠીક નથી. જે ધર્મના અધિકારી છે તે અધમ છે. લૌકિક નિમિત્તવાળા ઉત્તમ છે. એ બધામાં મળી ન જાય માટે ગણાવે છે. જે આત્મામાં રમનાર છે તે **આત્મારામ** ગણાય. બીજા તો દેહનું ભજન કરે તેને જ આ પોતાનો નથી માનતો એ દેહના ભજનને તો કેમ ગણે? પોતાના દેહને પોતે સાધનપણે પણ સ્વીકારતો નથી તેથી દેહમાં કરેલું ભજન સ્વગામી ન થતાં એણે ભજન કર્યું છે એમ પણ એ સમજતો નથી. જેને સર્વ કામનાઓ સિદ્ધ છે તે આપ્તકામ. તે બીજો ન ભજન કરનાર છે. જે ભોજન કરી રહ્યો છે તેને કહે તમે ભોજન કરો અથવા ન કરો તો તેથી એ વાક્યની પ્રવૃત્તિ પ્રથમ વાક્યમાં થતી નથી. બીજા વાક્યમાં તો એ વાક્ય અનુવાદરૂપ બોલાય છે. તેથી એ વાક્યમાં વ્યર્થ જાય છે. તેથી પ્રવૃત્ત થનારને ધર્મ થાય અથવા એનું અજ્ઞાનસિદ્ધ થાય. આ બન્ને ઉત્તમ અધિકારીની વાત થઈ. હવે બે અધમ અધિકારીની કહે છે. જે ઉપકાર કરનાર ઉપકારને જાણતા નથી તે પ્રત્યુપકાર કરવાને સામર્થ્યવાળા છે છતાં એ કરે એનો કરતા નથી અને ન કરે તેનો પણ કાંઈ કરતા નથી, કેમકે એ જાણતા નથી કે આ મારું કરે છે કે આ મારું નથી કરતો. તો આમાં ઉપકારની સમ્ભાવના કેમ થઈ શકે? એનામાં તો કેવળ અજ્ઞાન જ છે તેથી એ ભજતો નથી. જ્ઞાન હોય છતાં ન ભજે તે 'ગુરુદ્રોહી' કહેવાય. જે આપણા પુરુષાર્થને સાધવામાં મદદ કરે તે 'ગુરુ' કહેવાય. એની પૂજા કરવી જોઈએ. એને આપત્તિ આવે

અને આપણી શક્તિ હોય તો એને મદદ કરવી જોઈએ. એવા વખતે ની ઉપેક્ષા કરે તો એ ગુરુનો દ્રોહ કરનાર ઠરે. એ પ્રમાણે બધા પ્રશ્નોના ગુણદોષ કહ્યા. ગોપીજનોના હૃદયમાં ભગવાન્ આમાં ક્યા વર્ગમાં જાય છે એ જાણવાની ઈચ્છા છે. ભજન કરવાનું એમાં સામર્થ્ય છે છતાં ભજન એણે કર્યું નથી તેથી મિથોભજન અને અભજદ્ભજન પક્ષ તો આમાં સમ્ભવતો નથી. ત્યાં શંકા થાય છે કે ગોપીજન સ્નેહથી ભજન કરી શકે, ભગવાન્ તો એ સ્નેહ ચરિતાર્થ કરે, કેમકે એ તો ઈશ્વર છે તે કોઈ પક્ષમાં ન આવી શકે! એવી શંકા ન કરવી, કેમકે ગોપીજન એ તો ભોગ્ય છે. એ તો ભોગ્ય વસ્તુ અર્પણ કરવાથી ઉપક્ષીણ થઈ જાય અર્થાત્ ભગવાન્‌ના પ્રતિભજનની તેમને જરૂર નથી ત્યારે બીજું એને કાંઈ કર્તવ્ય નથી રહેતું. માટે ભગવત્ સમ્બન્ધી વિચાર કરવો બાકી રહે છે. ઈશ્વરને ફલને માટે આપણે આરાધીએ એ વિચાર જુદો છે. વ્યવહારમાં દૃષ્ટ ફલને માટે ભજન હોય તો ઈશ્વરનો પણ વિચાર કરવો જોઈએ. પહેલાં ગોપીજનો સાથે રમ્યા છે તેથી ભગવાન્ આત્મારામ નથી. એ પૂર્ણકામ પણ નથી. પ્રથમ પ્રવૃત્તિમાં તૃપ્ત હોય તો પણ અમારો ત્યાગ તો એમણે કરવો ન જોઈએ. કૃતઘ્ન પણ નથી, કેમકે એ સર્વજ્ઞ છે, ઈશ્વર છે, ફલ આપનાર છે. એ કદાચિત્ કોઈ વખતે ભૂલી જાય, એમાં શંકા થાય, એના ઉત્તરમાં ભગવાન્ પોતાનો નિર્ણય આપે છે.

હે સખીઓ! હું તો મને ભજે તેને પણ મારામાં નિરન્તર મન રહે એટલામાટે એનું ભજન કરતો નથી. પ્રથમ ધન વિનાનો હોય, પછી તેને ધન પ્રાપ્ત થાય અને એ ધનનો જ્યારે નાશ થાય ત્યારે એની ચિન્તામાં એ બધું ભૂલી જઈને એ ધનમાં જ મન રાખે, બીજું કાંઈ જાણતો નથી. તમને હું ન મળ્યો, ત્યારબાદ તમારી સાથે હું રાસ રમ્યો, હવે પાછો જુદો થયો ત્યારે તમારું મન મારા સિવાય બીજું કાંઈ યાદ ન કરે એટલા માટે હું તમારાથી પરોક્ષ રહું છું તેથી તમારું મન *મારામાં સ્થિર રહે ॥૨૦॥

**વિશેષ** : ''હું તમારો મિત્ર છું, ઈશ્વર નથી'' એમ કહેવામાટે સખ્યઃ એમ સમ્બોધન કરી ગોપીજનોને કહે છે, કેમકે ગોપીજનો એકાર્થમાં અભિનિવેશવાળાં છે. હું ભગવાન્ છું, **જીવ** નથી તેથી ઉપરના શ્લોકમાં **આત્મારામાદિ** પક્ષ કહ્યા તે મારામાં સમ્ભવિત નથી, કેમકે એ જીવધર્મો છે. હું તો રામ છું, આત્મારામ નથી તેથી મારી જુદી વ્યવસ્થા છે. હું જીવના જેવો નથી તેથી હું ભજનારને પણ ભજતો નથી. એનું કારણ બીજું છે. આ જીવોને મારામાં મન રહે એવા હેતુથી હું એને ભજતો નથી. ભગવાન્‌ને કોઈ જીવનો ઉપયોગ નથી. જીવને તો ફળરૂપ ભગવાન્ છે તેથી ભગવાન્ સર્વને ઉપયોગી છે. તેથી એ ભગવાન્‌નું ભજન કરવું એ જ

જીવને ઈષ્ટ છે અને ઈષ્ટનું સાધન છે. જો હું સાધનરૂપે તમારામાં પ્રવેશ કરું તો તમારું ભજન કર્યું તે બધું વૃથા જાય. (હું તમારા કામને પૂર્ણ કરું એટલે તમારા સુખના સાધનરૂપ થાઉં તો તમારે મારામાં કામ ન રહે, એટલે તમે ભજન ન કરો; પણ તમને તો હું ઈષ્ટ છું તેથી તમારા ઈષ્ટનું હું સાધન થઈ શક્તો નથી) ભગવાન્‌નો ચાર પ્રકારે ઉપયોગ થાય. ભગવાન્ ભોગ્ય થાય, ભોક્તા પણ થાય. ભોગ્ય પક્ષમાં કામનાપૂરકપણે સ્વતન્ત્રપણે એમ બે પક્ષ છે. ભોક્તાપક્ષમાં ભક્તિથી અને ભક્તદત્ત પદાર્થ સ્વીકારથી ભોક્તા થાઉં છું. એમાં પ્રથમ પક્ષમાં તમારું ભજન નષ્ટ થાય કેમકે તમારો કામના પૂરકપણે ભોગ્ય થાઉં તો એ ક્ષણિક ફળરૂપ થાઉં. સ્વાતન્ત્ર્યથી ભોગ્ય થાઉં તો ગોપીજનોએ અતિ ભજન કરવું જોઈએ તે ગોપીજનોથી બને એમ નથી. એ સામર્થ્ય એમાં થવા માટે હું ભજતો નથી. ભોક્તા થાઉં તો હું વિષયરૂપે ભોક્તા થતો નથી. માટે ભોક્તા થાઉં તો મારે ભજન ન જ કરવું જોઈએ. આ સિદ્ધાન્ત થોડામાં કહી દીધો છે. એમાં દષ્ટાન્ત કહે છે કે પહેલાં નિર્ધન હોય, પછી ધન મળે તે જો નાશ પામે તો એની ચિન્તામાં વ્યાપ્ત થઈને બીજું કાંઈ એ જાણી ન શકે, એ વાત લોકમાં પ્રસિદ્ધ છે. એમ ગોપીજનોને ભગવાન્ પ્રથમ નહોતા મળ્યા. જ્યારે મળ્યા ત્યારે પાછા તિરોહિત થયા, ત્યારે એ ભગવદેકચિત્ત થઈને બીજી બધી વાતને ભૂલી ગયાં. આગળ જતાં એવો નિરોધ થશે કે તેઓ પ્રપંચને પણ ભૂલી જશે.

ઉપરની વાતથી ભગવાન્‌ને જીવવત્ ભજન પ્રાપ્ત થતું નથી એ વાત સિદ્ધ કરી. હવે પ્રકૃત પ્રસંગમાં ભગવાન્ કહે છે કે હું તમારાથી ક્ષણવાર પણ દૂર ગયો નથી. તમને જે ન દેખવામાં આવ્યો એ તમારી દષ્ટિનો દોષ છે તેથી મારામાં દોષબુદ્ધિ કરવી તમને ઉચિત નથી. એ વાત આગામી શ્લોકથી કહે છે.

હે અબલાઓ! જેણે મારે માટે લોક, વેદ અને સ્વ (આત્મા) નો ત્યાગ કર્યો છે તે તમોને મેં છોડ્યાં નથી, પણ તમારું પરોક્ષ ભજન મેં કર્યું છે તેથી હે અબલાઓ! હું તમારા જોવામાં ન આવ્યો તેથી તમો મારામાં દોષારોપ ન કરો, કેમકે તમે *પ્રિયાઓ છો ।।૨૧।।

**વિશેષ** : તમે કહ્યું કે રાતમાં અરણ્યમાં સ્ત્રીઓને કોણ છોડે? એના ઉત્તરમાં કહેવાનું કે અમારે કર્તવ્ય છે, એક તો એ ભજે તેમ ન ભજવું તેથી એના મનનો પ્રવાહ અમારામાં રહે. રાત્રિમાં આવ્યાં તેની રક્ષા કરવી. એમાં એનું ભજન કરવું પડે તે વગર રક્ષા ન થઈ શકે. એ બન્ને કામ અમારા પરોક્ષ ભજનથી સિદ્ધ થયાં તેથી પરોક્ષ ભજવામાટે મેં મારા સ્વરૂપને તિરોહિત કર્યું. એનું મારે એટલા માટે ભજન કરવું જોઈએ કે એમણે મારે માટે લોક, વેદ આદિનો ત્યાગ કર્યો.

વૃથા પરિત્યાગ એનું અનિષ્ટ કરે; મોક્ષાર્થ ત્યાગ કરે તો મારે એને માટે કાંઈ કરવાનું ન રહે, પણ જ્યારે એ ત્યાગ મારે માટે કર્યો ત્યારે તો એનું બધું મારે સિદ્ધ કરવું જોઈએ. એ પણ હું મળ્યા પછી ત્યાગ કર્યો હોત તો જુદી વાત હતી, પણ મારી મળવાની આશા બાંધી જે ત્રણ લોકમાં ન છોડી શકાય તેવાં છે તેનો ત્યાગ કર્યો, ત્યારે મારે એઓનું ભજન પ્રાપ્ત થયું; કેમકે અનન્યનું પાલન કરવું એ મારું વ્રત છે. પરોક્ષ ભજન તો તમારા મનની માયામાં અનુવૃત્તિ થવામાટે કર્યું છે. હું મારું કામ કરતો-કરતો તમને દેખવામાં ન આવ્યો તેથી અભજનપક્ષ નિવૃત્ત થયો. જેનાથી અસૂયા થાય તેથી હું કૃતઘ્ન છું એવો દોષ આપશો તો એ તમને પણ દોષ લાગશે, કેમકે તમે મને છોડી શકશો નહિ.

**ન પારયેહં નિરવદ્યસંયુજાં સ્વસાધુ કૃત્યં વિબુધાયુષાપિ વઃ ।।**
**યા માભજન્ દુર્જરગેહશૃંખલાં સંવૃશ્ચ્ય તદ્ વઃ પ્રતિયાતુ સાધુના ।।૨૨।।**

તમે નિર્દોષ રીતે મારું ભજન કર્યું, એ તમારા-ઉપકાર-ભજનનો બદલો હું બ્રહ્માજીના આયુષ્યથી પણ ન આપી શકું. ન તોડી શકાય એવી ઘરરૂપ સાંકળને તોડીને તમે મારું ભજન કર્યું, એ તમારા ધર્મવડે જ તમે પોતે પ્રસન્ન થાઓ. *તમે મારી પાસેથી એનો બદલો મેળવવાની આશા ન કરો ।।૨૨।।

**વિશેષ** : હવે ભક્તિમાર્ગનો વિરોધ મટાડવા એમની સ્તુતિ કરે છે કે તમારું ભજન નિર્દુષ્ટ છે. બ્રહ્માના આયુષ્યવડે પણ તમારા કરેલા ઉપકારનો પ્રત્યુપકાર હું ન કરી શકું, કેમકે ભજન એ વાત જુદી અને ઉપકાર એ વાત પણ જુદી છે. તેથી જ્યાં સ્નેહ હોય ત્યાં ઉપકાર ન હોય, કેમકે તમારું ભજન નિષ્કપટ હતું, જ્યારે અમારું ભજન સકપટ હતું. થોડા સાચા જલની બરોબરી ઘણું મૃગજળ પણ ન કરી શકે, કેમકે થોડું જળ સાચું છે ત્યારે ઘણું મૃગજળ ભ્રાન્તિથી દેખાય છે. તેમ ખરું ભજન તો બ્રહ્મથી બને નહિ, કારણ એ કે ભજન એ જીવનો ધર્મ છે. કોઈ રીતે ન તૂટે તેવી ઘરરૂપ બેડી તોડી નાખી તમે મારું ભજન કર્યું, એમ અલૌકિક કરનારનું ભજન તે તમારું સારું કૃત્ય છે એ કરીને જ તમે પ્રસન્ન થાઓ. જેમ ભગવદ્ ભક્તો મોટું કામ કરીને પોતે જ ખુશી થાય છે, પણ પ્રત્યુપકારની આશા કરતા નથી. આગળ પણ તમે ખુશી હો તો ભજન કરો, ન હો તો મરજી પ્રમાણે વર્તો. મારામાં તમારા જેવું ભજન કરવાનું સામર્થ્ય નથી, કેમકે એવું ભજન જીવનો ધર્મ છે. મારામાં જીવભાવ નથી તેથી એવું ભજન મારાથી બનશે નહિ. હું ઈશ્વર છું એમ તમે જાણો.

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ચોથા ફલ-પેટાપ્રકરણનો શ્રીનિરૂપક ચોથો અને ચાલુ) ‘‘ગોપીજનોના રુદનથી**

ભગવાન્ ત્યાં પ્રકટ્યા''નામનો બત્રીસમો(પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ઓગણત્રીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.

**ભગવાનના નામે ભીખ માગનારાઓ, વાંચો!!!**

**અપરાધ૩૬મો** : શ્રીઠાકોરજી (ભાગવત,શ્રીયમુનાજીનીલોટીવગેરે)ના નામે (ભેટ-સામગ્રી-પોથીસેવા કે ન્યોછાવર) માંગવું.

**ફળ** : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. **પ્રાયશ્ચિત્ત** : જેટલું માંગ્યુંકે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણા નૈવેદ્યનું દાન કરવું. **(શ્રીહરિરાયજી)**

# અધ્યાય ૩૩

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૩૦

## ભગવાને ગોપીજનો સાથે કરેલી રાસલીલા

### તામસ ફલ પ્રકરણ અધ્યાય પાંચમો(રાસપંચાધ્યાયી અધ્યાય ૫)

**વિશેષ** : આ તેત્રીસમાં અધ્યાયમાં ભગવાન્ ગોપીજનોની ઉપર પ્રસન્ન થયા અને પોતાનો આનન્દ આપવા માટે ભગવાને ગોપીજનોની સાથે ઈન્દ્ર આદિ દેવોને પણ દુર્લભ એવી કામલીલા કરી એ કહેવામાં આવે છે. આ ભગવત્કામચેષ્ટા સર્વોપકારિણી છે એમ બતાવવામાટે શ્રીશુકદેવજીએ છેલ્લે એના શ્રવણનું ફલ લખ્યું છે કે આ ભગવાન્‌ની કામલીલા સાંભળનારના હૃદયનો રોગ (કામ) નિવૃત્ત થાય છે. ભગવાન્‌માં લૌકિક દૃષ્ટિ હોય તો? ત્યાં સિદ્ધાન્ત કહે છે કે રસાત્મક કામ અત્યન્ત ગૂઢ છે તેને બતાવવામાટે કામશાસ્ત્ર અને નાટ્યશાસ્ત્ર વાત્સ્યાયન અને ભરતે કર્યાં છે. તેથી ભગવાન્ અહીં નૃત્ય કરે છે તથા ગોપીજનોને નૃત્ય કરાવે છે. સર્વાંગમાં રહેલો કામ નૃત્યથી પ્રગટ થાય છે. જળ અને વાયુ શ્રમ અને શીત માં ઉપયુક્ત છે. આ લોકમાં ઉત્તમમાં ઉત્તમ આધિદૈવિક કામસુખ તો શ્રીકૃષ્ણ જ ભોગવે છે. બીજો કોઈ એનો ભોક્તા નથી.

**ઈત્થં ભગવતો ગોપ્યઃ શ્રુત્વા વાચઃ સુપેશલાઃ ।।**
**જહુર્વિરહજં તાપં તદંગોપચિતાશિષઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : આ પ્રમાણે ભગવાન્‌ની અતિ મનોહર વાણી સાંભળીને

ગોપીજનોએ વિરહનો તાપ છોડી દીધો, એટલું જ નહિ, પણ એમનાં શ્રીઅંગનાં દર્શન માત્રથી પોતાના શરીરમાંથી દૂબળાપણું વગેરે ભાવ ચાલ્યા ગયા, એમનાં અંગ પ્રફુલ્લિત થઈ ગયાં ।।૧।।

પ્રભુને અનુકૂળ થયેલાં સ્ત્રીરત્નો પ્રસન્ન થયાં. તેમની સાથે મળીને ગોવિન્દ ભગવાને રાસક્રીડા કરવાનો ઉપક્રમ કર્યો ।।૨।।

ગોપીજનોના મંડળથી શોભાયમાન રાસનો ઉત્સવ યોગેશ્વર કૃષ્ણે શરૂ કર્યો તેમાં બે-બે ગોપીજનોની વચ્ચે ભગવાન્ રહ્યા અને પોતાની ભુજાઓ બન્નેના સ્કન્ધ ઉપર રાખી જેથી સ્ત્રીઓ પોતાની પાસે જ ભગવાન્ છે એમ માનવા લાગી ।।૩।।

ઉત્કંઠાથી જેઓનાં ચિત્ત ચોરાઈ ગયાં છે તેવી સ્ત્રીઓની સાથે દેવો વિમાનમાં બેસીને રાસ જોવાને આવ્યા. તેમનાં હજારો વિમાનોથી આકાશ ભરાઈ ગયું ।।૪।।

ત્યાં તો સ્વર્ગમાં નગારાં આપોઆપ ગડગડી ઊઠ્યાં. પોતાની સ્ત્રીઓની સાથે ગન્ધર્વપતિઓ પવિત્ર ગાન કરવા લાગ્યા અને પુષ્પોની વૃષ્ટિ થઈ ।।૫।।

કૃષ્ણની સાથે રમતી સ્ત્રીઓની બંગડીઓના, નેપુરના અને ઘૂઘરીઓના (કિંકિણીઓના) શબ્દ સંભળાવા લાગ્યા. રાસમંડળમાં એ બધાનો મળીને મોટો શબ્દ થયો ।।૬।।

ત્યાં એ ગોપીજનોની સાથે સુવર્ણના (હેમના) મણિઓની વચ્ચે મહામરકત મણિ શોભે તેમ દેવકીજીના સુત ભગવાન્ શોભવા લાગ્યા ।।૭।।

અનેક પ્રકારે *પગને ઉપાડીને ધરવાથી, હાથ હલાવવાથી, કેડને વાળવાથી, સ્મિત સહિત ભ્રૂકુટિના વિલાસથી, ચલિત થતા સ્તન ઉપરના વસ્ત્રથી અને ગાલ ઉપર પ્રકાશ કરતાં હાલતાં (ચલિત) કુંડળથી રાસમાં ફરતાં ગોપીજનોના મુખ ઉપર પસીનો આવી જાય છે, કેશપાશ છૂટી જાય છે. એમ મેઘમાં વીજળી શોભે તેમ કૃષ્ણવધૂઓ રાસમાં ભગવાન્‌ની સાથે શોભા આપે છે અને ગાન કરતાં જાય છે ।।૮।।

**વિશેષ** : રાસની પૂર્વપીઠિકા કહે છે. પગને રાસ વખતે કેમ મૂકવો એ બતાવ્યું. તેથી ચરણના ભેદ સર્વ કહ્યા. ભુજાને ચલાવવામાં બધા હસ્તકભેદ આવી ગયા. એક અવયવ ચલિત થાય તેની સાથે બીજા અવયવો જેમ યોગ્ય લાગે તેમ જ રહે એમ સમજવું. મન્દહાસ્ય સહિત સર્વ કટાક્ષો અને ભ્રૂભેદ તે-તે રસ હૃદયમાં પ્રકટ થાય છે તેને અનુકૂળ વર્તે છે. કટિનો ઉપરનો ભાગ વક્ર થાય ત્યારે કટિનો જુદો ભેદ દેખાય છે. રસાભિનિવેશમાં એ ગોપીજનોનાં સર્વ અંગ ભ્રમણ

થતાં એમાં રહેલો રસ ભેળો થાય છે, ચલિત કુચ ઉપર વસ્ત્રો કમ્પે છે તેનાથી કમ્પન કહ્યાં. કપોલ ઉપર લટકતાં કુંડળોથી શિરોભેદ કહ્યા છે. શિરોભેદ કહેલા છે તેમાં કુંડળચલન કહેવામાં આવ્યું. શ્યામ કમળ ઉપર વીજળીની જેમ પ્રકાશપડે છે તે વાત કહેવામાટે કહ્યું છે, ત્યારે અન્દર રહેલો રસ બહાર પ્રકટ થાય છે. તે સ્વેદરૂપે બહાર આવે છે. કેશપાશ અને કાંચી (કન્દોરો) ની ગ્રન્થિ ખૂલી જાય છે. જ્યારે શરીરનો રસ એકઠો થયો ત્યારે શરીર સૂક્ષ્મ થતાં એમ થાય છે. એ કૃષ્ણવધૂઓ છે એટલે સદાનન્દનો ઉપભોગ કરનારી છે. તેથી ઉપભોગ ક્રિયાસાધ્ય હોવાથી એમાં શ્રમ થવો યોગ્ય છે. એને આન્તર સન્તોષ થતાં ગાવા લાગી ત્યારે અત્યન્ત શોભાવાળી થઈ. જેમ વાદળોના સમૂહમાં (મેઘચક્રમાં) વિદ્યુત શોભે તેમ બધાએ ગોપીજનોને જોયાં એટલે લોકો જોઈને પણ કાંઈ નિર્ણય ઉપર આવી ન શક્યાં.

ગોપીજનોનું જીવન ભગવાન્‌ની રતિ છે, પ્રેમ છે. તેઓ શ્રીકૃષ્ણ સાથે નાચતાં-નાચતાં લોકોને આનન્દ આપે તેવા ઊંચા સ્વરથી રાગરાગિણીયુક્ત ગાન કરવા લાગ્યાં* જેનાથી આ બધું જગત્ આજ પણ ગૂંજી રહ્યું છે ।।૯।।

**વિશેષ** : ગાઢ નૃત્ય કહ્યું. હવે મધ્ય નૃત્ય કહે છે. નાચ કરીને પછી ગાન કરવા લાગી, કેમકે તેઓનો કંઠ રંજક છે. રતિ જ જેને પ્રિય છે. ગાન અને નૃત્ય થી વ્યામોહ થાય એ વાત પ્રસિદ્ધ છે. પહેલાં નૃત્ય કરવાથી શ્રમિત હતાં તે ફરી નૃત્યમાં કેમ તત્પર થયાં? એનું કારણ તો એ જ કે એ શ્રીકૃષ્ણના સમ્પર્કથી આનન્દમાં આવી ગયાં. જેનાં ગીતથી જગત્ વ્યાપી ગયું તેણે ગાન કર્યું એ સર્વ જગતમાં વ્યાપીને જગતને રસવાળું બનાવી દીધું. એ લોકમાં રસ પ્રકટ કરવામાટે કર્યું; એને અમૃતરૂપ કરવામાટે ભગવાને પણ નાદ પૂર્યો તેથી એ પૂર્ણ થયું.

કોઈક ગોપીજને મુકુન્દની સાથે સ્વરજાતિથી જુદી રીતે ઊંચેથી રાગ ઉઠાવ્યો* ત્યારે ભગવાને ''વાહ વાહ, સારું ગાયું'' એમ બોલીને એનો સત્કાર કર્યો. બીજાં કોઈ ગોપીજને તે ઊંચા સ્વરને સ્થાયી સ્વરમાં મેળવ્યો એને બહુમાન આપ્યું ।।૧૦।।

**વિશેષ** : કોઈ ગોપીજને ભગવાન્‌માં પોતાનો સ્વર અને જાતિ મિશ્ર ન થાય એમ ગાયું. તે સારી રીતે ભગવદ્‌ભાવને પહોંચી હતી. ભગવાને મોક્ષ આપવામાટે ઉપનિષદ્‌માં પોતાનો નાદ પૂર્યો એ બન્નેનો એક નાદ થયો. ઉપનિષદ્‌માં બે કાર્ય મોક્ષમાં ઉપયોગી છેઃએક તો જીવને શરીરથી જુદો કરવો, બીજું એને બ્રહ્મમાં પહોંચાડવો એ બે કાર્ય છે. અહીં શ્રુતિરૂપાઓ ઉપનિષદ્ છે તેટલામાટે લોકમાં ઉપનિષદનો ઉપયોગ છે, સ્વર ષડ્જ વગેરે છે, મયૂર ષડ્જ સ્વર બોલે છે. બીજા મનુષ્ય પક્ષીઓ જીવો પણ ષડ્જ બોલે છે. એની અન્દર સૂક્ષ્મ જાતિના

ભેદ છે તે ક્રમપુરઃસર રસ પ્રકટ થાય તેમ બોલાય તો એ સ્વર જાતિ અમિશ્રિત ગણાય છે. એ ભગવાન્‌થી જ શક્ય છે. બીજો કોઈ જીવ એમ ન કરી શકે. એ કાર્ય જ્યારે ગોપીજને કરી બતાવ્યું ત્યારે ભગવાને તેના વખાણ કર્યાં. ભગવાન્ પ્રસન્ન થયાં પણ એને આશ્ચર્ય ન થયું; બીજા તો એ ગાનના સ્વરૂપને જ જાણતા નથી તો જાતિભેદને તો ક્યાંથી જ જાણે? ભગવાન્‌ની ઈચ્છા પ્રમાણે ગાયું તેથી ભગવાન્‌ની પ્રીતિ એની ઉપર થઈને એ નાદને ધ્રુવનાદમાં (સ્થાયી સ્વરમાં) મેળવી દીધો. સ્થાયી નાદ એ 'ધ્રુવનાદ' કહેવાય. **"યત્રોપવિશતે રાગઃ સ્વરઃ સ્થાયી સ કથ્યતે"** એમ જ્યારે ધ્રુવમાં ગોપીજને નાદને મેળવ્યો ત્યારે ભગવાને એને બહુમાન આપ્યું. આ શ્લોકમાં ભગવાન્‌નાં ઐશ્વર્ય અને વીર્યગુણ કહેવામાં આવ્યા. બીજા ચાર ગુણ આની પછીના શ્લોકમાં ક્રમે કરીને કહેવામાં આવે છે.

(કીર્તિ તો ભગવાન્‌નું જ અવલમ્બન કરે તેથી હવે પછીનાં બે ગોપીજનોની શરીરચેષ્ટાનું વર્ણન કરે છે કે) કોઈ ગોપીજન રાસ કરતાં બહુ થાકી ગયા ત્યારે પાસે રહેલા ગદાધારી ભગવાન્‌ના સ્કન્ધને પોતાની ભુજાથી પકડી લીધો* જેમ વેલી વૃક્ષને વીંટાઈ રહે તેમ ભગવાન્‌ના કંઠમાં બાહુ લપેટી લટકી રહી, ત્યારે કેશપાશમાં મલ્લિકાની માળા બાંધી હતી તે શિથિલ થઈ ગઈ ।।૧૧।।

**વિશેષ** : રાસમાં શ્રાન્ત થયેલી ગોપીએ પોતાની બાજુમાં રહેલા ભગવાન્‌નો કંઠ પોતાના બાહુવડે ગ્રહણ કર્યો, કેમકે ભગવાન્‌ને હાથમાં ગદા ધારણ કરવાનો અભ્યાસ છે તેથી તેટલો ભાર ગ્રહણ કરે તો પણ આપ સ્થિર રહેવાને સમર્થ છે. જો ગોપી એમ ન કરે અને અધિક પ્રયત્ન કરે તો રાસ વિચ્છિન્ન થઈ જાય. રસ વિશેષ થવાથી પરિશ્રમ પ્રકટ દેખાયો છે.

તે જ સમયે બીજી સખી પોતાના એક ખભા ઉપર આવેલ ચન્દનની સુગંધવાળો ભગવાન્‌નો *બાહુ જે સ્વભાવથી કમળ કરતાં વધારે સુગંધવાળો છે તેને સૂંઘીને રોમાચિત થઈ ગઈ અને એ બાહુને એણે ચુમ્બન કર્યું ।।૧૨।।

**વિશેષ**: ઉત્પલ કરતાં પણ અધિક કોમળ અને સુગંધવાળા અને ચન્દનથી ચર્ચિત એવા ભગવાન્‌ના બાહુને એક ગોપીજને સૂંઘ્યો ત્યારે એની સુગન્ધ અન્તઃકરણમાં પહોંચી એટલે આખા શરીરમાં આનન્દ વ્યાપી ગયો. એ રોમકૂપદ્વારા બહાર નીકળ્યો તેણે એ બાહુને જ ત્યારે ચુમ્બન કર્યું. રૂપ અને સ્પર્શ તો એને પ્રથમ પ્રાપ્ત જ હતાં અને આ વખતે ગન્ધ અને રસ નો અનુભવ કરી રહ્યા છે. આમ કહેવાથી બન્ને બાજુનાં ગોપીજનોનો ભગવાન્‌માં વિનિયોગ કહેવામાં આવ્યો. સદાનન્દ હોવાથી સર્વત્ર ભગવાન્‌માં રસ તુલ્ય છે. ઉત્પલનો વિકાસ રાત્રિએ થાય છે તે સ્ત્રીઓને પ્રિય હોય છે. ભુજ ચન્દન લિપ્ત હોવાથી આઘ્રાણ કરે છે એમ નથી

પણ એમાં સહજ સુગન્ધ છે. એને અનુભવીઓ જાણી શકે છે. ચન્દનલેપ વિવેક–ધૈર્ય નાશાર્થ છે. અન્તઃપ્રવેશ એ આ ગોપીજનમાં વિશેષતા છે. આ શ્રીરૂપા કહી.

(કોઈ ગોપીજન ભગવાને ગ્રહણ કરેલા તામ્બૂલને જ્ઞાનની જેમ ગ્રહણ કરવા લાગ્યા એ વાત કહે છે કે) કોઈએ તો નૃત્યથી ચલિત થતાં કુંડળની કાન્તિથી શોભા આપતા કપોલ (ગાલ) ને ભગવત્કપોલ સાથે જોડતાં ભગવાને તેને *ચર્વિત તામ્બૂલનું દાન કર્યું ।।૧૩।।

**વિશેષ** : કોઈ ગોપીજનને ભગવાને પોતાના મુખમાંથી ચર્વિત તામ્બૂલ આપ્યું એમ કરી આ ગોપીજનને જ્ઞાન આપ્યું તેથી આ ગોપીજન ભગવદ્ વિપ્રયોગમાં સર્વને ઉપદેશ આપનાર થશે. નૃત્યમાં ક્રિયા શક્તિ રહી છે. કુંડળમાં જ્ઞાનશક્તિ છે. ક્રિયાનો વિક્ષેપ એટલે અભ્યાસ અથવા સાધન, એની કાન્તિ એટલે અનુભવ, એના વડે શોભતી ભક્તિ એટલે ભગવત્પ્રેમમાં બન્ધાયેલ ગોપીજન ભગવાન્‌માં રત થાય છે. ભગવાન્ એમાં આસક્ત છે. એમાં પણ ગંડ એ સાધ્યરૂપ ભક્તિ છે. એ કુંડળની શોભા પ્રત્યે મૂળ જે સ્વામિની સ્નેહરૂપ ભગવાન્‌નો કપોલ તેને વારંવાર સમ્પર્ક કરે છે. એટલે ભગવાન્ સ્વામિનીજીના કપોલની શોભા જોઈને એને પોતાનો ગાલ (ગંડ) વારંવાર લગાવે છે. એનું નામ તામ્બૂલ તેથી જ તામ્બૂલ અને જ્ઞાન ની સમાનતા કહી છે.

(બીજાં ગોપીજને તો જ્ઞાનમાં સહાયક વૈરાગ્ય છે તેને માટે અચ્છિદ્ર એવો ભગવાન્‌નો હાથ પોતાના હૃદય ઉપર સ્થાપન કરવા લાગ્યાં, એ જ કહે છે કે) કોઈ ગોપીજન નૃત્ય કરે છે* અને ગાય છે ત્યારે એના નૂપુર અને કટિમેખલાનું કૂજન થાય છે. એ જ્યારે એમ કરતાં થાકી ગયાં ત્યારે ભગવાન્ નજીક હતા તેમના કરકમળને પોતાનાં સ્તન ઉપર સુખ થાય તેવી રીતે પધરાવ્યું ।।૧૪।।

**વિશેષ** : નાચવામાં જેમ બીજાના હાથમાં પોતાનો હાથ આપવામાં આવે છે તેમ અહીં ભગવાન્‌નો હાથ ગોપીજને પોતાનાં સ્તન ઉપર પધરાવ્યો છે. શબ્દનું જ્ઞાન અને એનું અનુષ્ઠાન આ ગોપીજનમાં છે તેથી નૃત્યગાન કહ્યું છે. ઉપર ગાન અને અભિનય છે. નીચે પગમાં નૃત્ય છે તેથી નૂપુર અને મેખલા નો શબ્દ થાય છે તે ભાવને ઉદ્દીપ્ત કરે છે. તેથી આ ગોપીજનની બધી ક્રિયાશક્તિ સફલ બતાવી છે. એક બાજુ ઉપર ભગવાન્ છે. તેમની ક્રિયાશક્તિને પોતે શ્રાન્ત થવાથી પોતાનાં સ્તન ઉપર સ્થાપન કરે છે, જેનાથી પોતાનો તાપ દૂર થાય. કમળ તાપહારક છે અને ભગવત્કર એટલે કલ્યાણરૂપ પણ છે, કેમકે ભગવાન્ આનન્દરૂપ છે.

(એમ ભગવાન્‌ના ષડ્‌ગુણરૂપ છ ગોપીજનનું વર્ણન કરીને સર્વની સાથેની ભગવાન્‌ની સાધારણ લીલાનું વર્ણન કરે છે કે) લક્ષ્મીના એકાન્તપ્રિય એવા અચ્યુત *ભગવાન્ પોતાના કાન્ત છે તેને પ્રાપ્ત કરવાથી ગોપીજનોના કંઠને બે શ્રીહસ્તથી ભગવાને ગ્રહણ કર્યા છે એવા ગોપીજનો ગાન કરતાં-કરતાં તે ભગવાન્‌ની સાથે વિહાર કરવા લાગ્યા ।।૧૫।।

**વિશેષ** : અચ્યુતદ્ગકાન્ત તો ભગવાન્ કહેવાય; અન્તઃ અને બહાર નિત્યાનન્દ તો એ જ છે. તેથી જ સર્વ સ્ત્રીમૂળરૂપ લક્ષ્મીના વલ્લભ છે. તેને પ્રાપ્ત કરીને ગોપીજનો વિહાર કરવા લાગ્યા. પરમાનન્દના અનુભવમાં તો ક્રિયા નિવૃત્ત થવી જોઈએ તો આ ગોપીજનમાં ક્રિયા સમ્ભવે? એવી શંકા દૂર કરવામાટે કહે છે કે ભગવાન્‌ના બે શ્રીહસ્તવડે જેના કંઠ ગ્રહણ કરાયા છે એટલે એ સમયે ક્રિયાશક્તિ ભગવદીય છે. એની પોતાની ક્રિયા નથી. ભગવાને કંઠમાં ક્રિયાશક્તિ સ્થાપન કરી છે. તેથી ગાન ક્રિયા બન્ને સમ્ભવે છે. આ ક્રિયાશક્તિરૂપ ગોપીજનો છે. તેની સ્વતન્ત્રતા કહેવામાં આવી છે.

(હવે પછી રાધા દામોદરની પેઠે ભગવાન્ અને ગોપી બન્નેનું નૃત્ય કહે છે.) *કાન ઉપર કમળ ધર્યાં છે, અલકો મુખારવિન્દના રસના સ્વાદને લેનાર છે, કપોલ ઉપર ઘામ (તાપ) થી પસીનાનાં ટીપાં આવતાં મુખની શોભામાં વધારો થાય છે તેવા શૃંગારવાળી, કેશપાશમાં બાંધેલી જેની માળાઓ છૂટી જાય છે તેવાં ગોપીજનો કંકણ અને નૂપુરના શબ્દરૂપી વાજિન્ત્રોવડે અને ભમરાઓ જેમાં ગાન કરનાર છે તેવી રાસગોષ્ઠિમાં ભગવાન્‌ની સાથે નૃત્ય કરતાં હતાં ।।૧૬।।

**વિશેષ** : પૂર્વ રાસ જેવો આ રાસ નથી, પણ પૂર્વ કરતાં આમાં વૈલક્ષણ્ય છે, કેમકે આ રાસમાં પ્રત્યેકને રસ ઉત્પન્ન થાય છે. એ ગોષ્ઠિમાત્ર કહી છે. પૂર્વમાં સમુદાય નૃત્ય છે ત્યારે આ રાસમાં પ્રત્યેક વ્યક્તિથી નૃત્ય છે. એક સ્વામિની અને એક ભગવાન્ એવું આ નૃત્ય છે. તેથી "રાધા દામોદરવત્" આ નૃત્ય કહેવાય છે. પૂર્વે સમુદાયનૃત્ય થયા પછી એક ગોપીજનને સાથે લઈ એમને એકલાંને રસાનુભવ કરાવ્યો, જ્યારે બીજાં બધાંને વિપ્રયોગ હતો તેમ અહીં નથી, પણ પ્રત્યેકની સાથે પર્યાયવડે રાસ રમશે. એટલે પ્રત્યેકને ફલ સિદ્ધ છે, એ અહીં વિશેષ છે. અહીં ભ્રમર ગાયક છે. જ્યારે કંકણ (વલય) નૂપુરના શબ્દ વાદ્યનું કાર્ય કરે છે. અત્યન્ત નૃત્ય કરતાં કેશપાશમાં બાંધેલી માળાઓ સરકી જાય છે. નૃત્યના આરમ્ભમાં એની શોભાનું વર્ણન કરે છે. જો પૂર્વ નૃત્યથી શ્રાન્ત હોય તો શોભા મારી જાય; એવું અહીં નથી એમ બતાવવામાટે શોભાનું સ્વરૂપ બતાવે છે. કાન ઉપર પુષ્પો રાખ્યાં છે તે નાચ કરતાં છતાં કાન ઉપરથી પડી

જતાં નથી તેથી નૃત્યનું ચાતુર્ય સિદ્ધ થાય છે. અલકો ભ્રમરની જેમ વદનામૃતનું પાન કરનાર છે. એ ભ્રમરને રસપાનનું સ્થાન મુખ છે. કપોલમાં સ્વેદબિન્દુ મોતીના જેવી શોભા આપે છે; જાણે મોતી જડેલાં કપોલ હોય એમ દેખાય છે! પણ એ શ્રમથી સ્વેદ નથી, કિન્તુ રસાનુભવજન્ય છે. ભગવાન્ વડે જ એને આ સુખ છે. એના સાધનથી નથી, કેમકે એ ગોપીજનો એટલે ચાતુર્યાનભિજ્ઞ છે. એ જેમ ભગવાન્ નાચે છે. તેથી એમની સાથે નૃત્ય કરે છે.

ભગવાન્ રમાપતિ છે છતાં વ્રજસુન્દરીઓની સાથે બાળક પોતાના પ્રતિબિમ્બની સાથે રમે તેમ આલિંગન, કરસ્પર્શ સ્નેહપૂર્વક જોવું, નિર્મર્યાદ (ઉદ્દામ) વિલાસ અને હાસ્ય કરીને રમણ કર્યું* ।।૧૭।।

**વિશેષ** : અહીં ભગવાને સર્વભાવથી રમણ કર્યું અને એમને રસોદ્ગમ થયો. ત્યાં એક શંકા ઉપસ્થિત થાય છે કે રમણ અને રસોદ્ગમ તે તો તુલ્યતામાં સમ્ભવે. **ન તત્સમશ્ચાપ્યધિકઃ કુતઃ પુનઃ** ઇત્યાદિ શ્રુતિ તો ભગવાન્‌ની બરોબર કોઈ નથી એમ કહે છે તો પછી પ્રાકૃતની સાથે એનું પ્રથમ તો રમણ જ ન સમ્ભવે અને કદાચ માનો કે રમણ થયું તો એમાં રસ પ્રકટ ન થવો જોઈએ! એવી આ શંકાને શ્રીઆચાર્યચરણ **નનુ પ્રાકૃતીષુ** ઇત્યાદિથી ઉપસ્થિત કરી એનું સમાધાન કરે છે કે એ **રમેશ** છે એટલે રમાની સાથે તો ભગવાન્‌ની તુલ્યતા છે. એ રમા ભગવાન્‌ની આજ્ઞાથી સર્વ ગોપીજનોમાં પ્રવિષ્ટ થઈ છે, કેમકે એ વ્રજની સુન્દરીઓ છે તેથી ભગવાન્‌ની સાથે રમણાર્હ અને રસાર્હ છે. ત્યાં બીજી શંકા થાય કે ભગવાન્ આત્માથી રમનાર છે, લક્ષ્મી તો બ્રહ્માનન્દરૂપા છે તેથી એની સાથે રમવામાં ભગવાન્‌ની આત્મારામતા જતી નથી પણ ગોપીજનો તો બ્રહ્માનન્દરૂપ નથી. તેમની સાથે રમવામાં ભગવાન્‌ના આત્મારામપણામાં બાધ કેમ ન થાય? એ શંકાના ઉત્તરમાં કહે છે કે જેમ બાળક પોતાના પ્રતિબિમ્બ સાથે રમે છે તેમ ભગવાન્ ગોપીજનોમાં પોતાનું સ્વરૂપ મૂકી રમ્યા છે તેથી આત્મારામપણાની ક્ષતિ નથી. બાળક જેમ દર્પણને આગળ કરી એમાં પોતાનું મુખ જોઈને એની સાથે રમે છે, એ પણ અયોગ્ય ગણાય, એમ શંકા થાય; એને માટે કહે છે કે જેમ ભગવાન્ નિર્ધર્મક છે છતાં બાલલીલાનો અંગીકાર કરી બાળક બને છે તેમ અહીં ભગવાન્ આવી પણ લીલા કરે, કેમકે એ ઈશ્વર છે.

એમ સર્વ ભાવથી ભગવદ્ ધર્મનો આવેશ થતાં એમને દેહનું વિસ્મરણ થયું. ભગવદ્ અંગના સંગથી જેમની ઇન્દ્રિયો વ્યગ્ર બની છે તેવાં ગોપીજનો પોતાના કેશપાશને, પહેરેલાં વસ્ત્રને કે કંચુકીને પોતાનાં સ્થાને બરાબર રાખી શક્યાં નહિ. હે

કુરૂદ્વહ! એ વ્રજની સ્ત્રીઓએ પહેરેલાં માળા અને આભરણો પણ શરીર ઉપરથી ખસી ગયાં ।।૧૮।।

શ્રીકૃષ્ણની વિશેષ ક્રીડાને જોઈને આકાશમાં ફરનારા દેવોની સ્ત્રીઓ મોહ પામી અને કામથી પીડિત થઈ; લૌકિક ચન્દ્ર પણ નક્ષત્ર (ગણ) સહિત વિસ્મિત થયો ।।૧૯।।

એમ કર્યા પછી વ્રતચર્યા વખતે પ્રત્યેક ગોપીજનને ભગવાને વરદાન આપ્યું છે તેથી જેટલાં ગોપીજનો હતાં તેટલાં પોતાના સ્વરૂપ પ્રકટ કરીને પોતે આત્મારામ હોવા છતાં લીલાથી તેમની સાથે રમણ કર્યું ।।૨૦।।

હે અંગ! અતિ વિહારથી થાકી ગયેલાં ગોપીજનોનાં મુખ દયાળુ ભગવાને પોતાના સુખ આપનાર હસ્તવડે પ્રેમથી લૂછ્યાં ।।૨૧।।

ભગવાન્‌ના ઉજ્જવલ સુવર્ણના કુંડળો અને કેશની કાન્તિથી સુન્દર બનેલા કુન્તલોની શોભાથી અને અમૃતમય હાસ્યસહિત નિરીક્ષણથી ગોપીજનોએ ભગવાન્‌માં મોટું માન ધારણ કર્યું અને તેથી (તે દોષ દૂર કરવા) ભગવાન્‌ના નખના સ્પર્શથી આનન્દ પામી ભગવાન્‌ની (પાપને દૂર કરનારી જ નહિ પણ) મંગલકારક લીલાઓનું ગાન કરવા લાગ્યાં ।।૨૨।।

ગોપીજનોના કુચકુંકુમવડે ભગવાને ધારણ કરેલી વનમાલા રંગાઈ ગઈ છે. હાથણીઓની સાથે હાથી નાહવાને નદીમાં પ્રવેશ કરે અને પાળાઓને તોડી નાખે તેમ અંગ-સંગથી ચોળાઈ ગયેલ માળાના સુગન્ધના લોભથી ગાયક ભ્રમરો જેમની પાછળ ચાલ્યા આવે છે તેવા ભગવાન્ એ ગોપીજનોના શ્રમને નિવૃત્ત કરવાના હેતુથી એમની સાથે શ્રીયમુનાજીના જળમાં નાહવાને પધાર્યા; ત્યાં કોઈ પણ મર્યાદાનો વિચાર ન કરતાં જળક્રીડા કરવા લાગ્યા ।।૨૩।।

જળમાં અત્યન્ત હાસ્ય કરતી યુવતીઓ ભગવાન્‌ને પ્રેમથી જુએ છે, એમને ચારે તરફથી જળ છાંટે છે઼અભિષેક કરવા લાગ્યાં. હે રાજન્! વિમાનમાં બેઠેલા દેવો કુસુમને વર્ષાવતા દર્શન કરે છે઼અભિનન્દન આપવા લાગ્યા. તેવા ભગવાને આત્મારામ રહીને પોતે ગજેન્દ્રની લીલાનો સ્વીકાર કરીને રમણ કર્યું ।।૨૪।।

પછી શ્રીયમુનાજીની પાસેના વનમાં જ્યાં જળ અને સ્થળ માં રહેલા પુષ્પના સુગન્ધયુક્ત પવનવાળા પ્રદેશમાં ભમરા અને પ્રમદા ના ગણથી વીંટાયેલા, હાથણીઓથી વીંટાયેલા મદ ઝરતાં હાથીની જેમ, ભગવાન્ ફરવા લાગ્યાં ।।૨૫।।

એમ સત્ય કામવાળાં ગોપીજનોની સાથે જે અબળાગણો પ્રસન્નતાથી અનુસરે છે તેવા અને બીજને પોતાને વિશે રોકી રાખનાર ભગવાન્ શરદ્નું વર્ણન કરનાર કાવ્યની કથાના રસનો આશ્રય કરનારી ચન્દ્રકિરણથી શોભા આપનારી રાત્રિઓને સેવવા લાગ્યા ।।૨૬।।

**પરીક્ષિત રાજાએ પૂછ્યું :** ધર્મનું સારી રીતે સ્થાપન કરવા અને અધર્મનો નાશ કરવામાટે ભગવાન્ જગતના ઈશ્વર બલદેવજી સાથે પ્રકટ થયા છે ।।૨૭।।

તે ધર્મરૂપી મર્યાદાના બાંધનાર, કહેનાર અને એને ચારે તરફથી બચાવનાર છે, હે બ્રહ્મન્! એ ભગવાને ધર્મવિરુદ્ધ પરસ્ત્રીનો સંગ કેમ કર્યો? એ તો ધર્મના રક્ષક છે તેથી બીજો કોઈ એવું કરતો હોય તો એને એમ કરવા ન દે એને બદલે પોતે એવું કામ કેમ કર્યું? ।।૨૮।।

પૂર્ણકામ યાદવના પતિએ નિન્દ્ય કામ કેમ કર્યું એનો કાંઈ અભિપ્રાય જુદો હોવો જોઈએ, કેમકે ધર્મવિરુદ્ધ તો આપે કર્યું ન જ હોય. તેથી મારો સન્દેહ છે તે આપ સદાચારવાળા (સુવ્રત) હોવાથી દૂર કરો ।।૨૯।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** સૂર્ય, અગ્નિ વગેરે ઈશ્વર (સમર્થ) ક્યારેક-ક્યારેક ધર્મનું ઉલ્લંઘન અને સાહસનું કામ કરતા જોવામાં આવે છે. પરન્તુ તે કામોથી તે તેજસ્વી પુરુષોને કોઈ દોષ લાગતો નથી. જુઓ, અગ્નિ સર્વનું ભક્ષણ કરી જાય છે પણ તે પદાર્થોના દોષ તેને લાગતા નથી ।।૩૦।।

જે માણસમાં આવું સામર્થ્ય નથી અથવા જે ઈશ્વર નથી તેણે મનથી પણ કોઈ દિવસ આવી વાત વિચારવી નહિ, શરીરથી કરવાની વાત તો દૂર રહી. આવું કાર્ય મૂર્ખતાવશ બીજો કોઈ જો કરે તો તેનો નાશ થાય છે. ભગવાન્ શંકરે સમુદ્રના હલાહલ વિષનું પાન કર્યું હતું. બીજો કોઈ કરે તો તે બળીને ખાક થઈ જાય. અર્થાત્ તેનો વિનાશ થાય. (સમર્થને એવું કામ શોભા આપે છે. મહાદેવજી વિષપાનથી **નીલકંઠ** કહેવાયા અને શ્રીકૃષ્ણ રાસક્રીડાથી **શ્રીગોપીજનવલ્લભ** કહેવાયા) ।।૩૧।।

ઐશ્વર્યવાળા પુરુષો(શ્રીકૃષ્ણ, શંકર વગેરે)નું વચન સત્યહોય છે. તેમ જ ક્યારેક તેમનું આચરણ પણ સત્ય હોય છે. (**''રામસ્ય ચરિતં ગ્રાહ્યં કૃષ્ણસ્ય વચનં તથા''** શ્રીરામના ચરિત્રનું અનુકરણ અને શ્રીકૃષ્ણનાં વચનોનું પાલન કરવું હિતાવહ છે-બ્રહ્મવૈવર્ત પુરાણ) બુદ્ધિમાન પુરુષે તેમના સ્વચ્છન્દ આચરણનું અનુકરણ કરવું

નહિ ।।૩૨।।

હે રાજન્! અહંકાર વિનાના તે ઐશ્વર્યવાળા પુરુષોને શુભ કર્મ કરવામાં એમનો કોઈ સાંસારિક સ્વાર્થ નથી હોતો અને અશુભ કર્મ કરવામાં કોઈ અનર્થ (નુકસાન કે ગેરલાભ) નથી હોતો. (તેઓ સ્વાર્થ અને અનર્થથી પર હોય છે.) ।।૩૩।।

તો પછી સર્વ પ્રાણી જેવાં કે પશુ-પક્ષી, મનુષ્ય અને દેવો ની ઉપર સત્તા ચલાવનાર ઈશ્વરને પોતાના સેવકોએ કરેલ પુણ્ય અને પાપનો સમ્બન્ધ શી રીતે થાય? ।।૩૪।।

જેના ચરણકમળના પરાગ રૂપી ભક્તોની સેવા કરવાથી તૃપ્ત થયેલ, યોગના પ્રભાવથી બધા કર્મબન્ધોને છોડનાર યોગીઓ અને મુનિઓ પણ કાંઈ બન્ધન વગર સ્વચ્છન્દ ફર્યા કરે તો પછી સ્વેચ્છાથી સ્વરૂપ ધરીને ભૂતળ ઉપર આવનાર ભગવાન્‌ને બન્ધન કેમ ઘટી શકે? ન જ સમ્ભવે ।।૩૫।।

ગોપીજનો, એમના પતિઓ તેમ જ સર્વ દેહધારી જીવના હૃદયમાં બિરાજતા ભગવાન્ બહાર પ્રકટ થઈને ક્રીડા કરે છે, ત્યારે નટની પેઠે પુરુષ શરીર સ્વીકારે છે. ખરી રીતે તો એ મનુષ્ય નથી. દોષ તો મનુષ્યને લાગે. શાસ્ત્ર તો મનુષ્ય અધિકારક છે, ઈશ્વર અધિકારક નથી. તેથી ઈશ્વરથી કરાયેલા ગુણદોષ એમને લાગતા નથી ।।૩૬।।

ભક્તોના ઉપર કૃપા કરવાનેમાટે મનુષ્ય દેહ ધારણ કરીને ભગવાને એવી ક્રીડા કરી કે જેનું શ્રવણ કરવાથી માણસ ભગવાન્‌માં લીન થઈ જાય ।।૩૭।।

ભગવાન્‌ની માયાથી મોહિત થયેલા વ્રજવાસીઓએ પોત-પોતાની સ્ત્રીઓ પોતાની પાસે જ છે એમ માની કૃષ્ણ ઉપર ઈર્ષ્યા-દોષારોપ કર્યો નહિ ।।૩૮।।

અરુણોદય સારી રીતે થયો ત્યારે ભગવાન્ વાસુદેવના અનુમોદનથી ગોપીજનો અનિચ્છા છતાં, ભગવાન્ અત્યન્ત પ્રિય હોવા છતાં, એમને છોડીને પોતાને ઘેર ગયાં ।।૩૯।।

**વિક્રીડિતં વ્રજવધૂભિરિદં ચ વિષ્ણોઃ શ્રદ્ધાન્વિતોનુશૃણુયાદથ વર્ણયેદ્ યઃ ।।**
**ભક્તિં પરાં ભગવતિ પ્રતિલભ્ય કામં હૃદ્રોગમાશ્વપહિનોત્યચિરેણ ધીરઃ ।।૪૦।।**

વ્રજવધૂઓ સાથેનું વિષ્ણુનું વિવિધ ક્રીડન અહીં વર્ણવ્યું છે તે શ્રદ્ધાયુક્ત થઈને સાંભળે અથવા વર્ણન કરે તો એ સાંભળનાર અને કહેનારને ભગવાન્‌માં એમ ભક્તિ થાય છે અને એ હૃદયના રોગરૂપ કામને સદાનેમાટે હૃદયમાંથી દૂર કરી તે સત્વરે ધીર

બને છે ।।૪૦।।

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ચોથા ફલ-પેટા-પ્રકરણનો ધર્મીનો પાંચમો અને ચાલુ) ''ભગવાને ગોપીજનો સાથે કરેલી રાસલીલા''નામનો તેત્રીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ત્રીસમો)**

**રાસપંચાધ્યાયીનો છેલ્લો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દીક્ષા લેવા આવનાર પુષ્ટિ જીવ છે કે નહીં તે ચકાસ્યા વિના જે આવે તેને કંઠી-બ્રહ્મસમ્બન્ધ આપનાર ગુરુ શ્રીમહાપ્રભુજીનો દ્રોહી છે, પુષ્ટિમાર્ગનો શત્રુ છે. આવા બેજવાબદારી ભર્યા આચરણથી તે પોતાનું જ સર્વનાશ નોંતરે છે.

## અધ્યાય ૩૪

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૩૧

## ભગવાને કરેલો શંખચૂડનો વધ

### તામસ ફલ પ્રકરણ અધ્યાય ૬

વિશેષઃ રૂપપ્રપંચથી પાંચ પ્રકારે રસનું વર્ણન પાંચ અધ્યાયથી કહેવામાં આવ્યું, નામલીલાના પ્રકારથી રસનું વર્ણન હવે કરવામાં આવે છે. એમાં તાત્પર્ય એવું છે કે ભગવાન્ જેનો ઉદ્ધાર કરવા આવ્યા છે તેવા ભક્તો જો અન્યાશ્રય કરે તો એ દુઃખી થાય છે અને એને જો ભગવાન્ એ દુઃખથી છોડાવે તો જ છૂટે છે. બીજો કોઈ એની રક્ષા કરી શક્તો નથી. ચોત્રીસમા અધ્યાયમાં સર્વભાવથી નિવૃત્ત થયેલ ગોપીજનોને પ્રમાણનો આનન્દ સિદ્ધ કરવામાટે ભગવાને ગાન કરીને રમણ કર્યું. તેમાં વેદરૂપ બલભદ્રની સાથે રહીને પ્રવૃત્તિના દોષરૂપ શંખચૂડનો હરિ ભગવાને નાશ કર્યો એમ સ્પષ્ટતાથી આ અધ્યાયમાં કહેવામાં આવે છે.

**એકદા દેવયાત્રાયાં ગોપાલા જાતકૌતુકાઃ ।।**
**અનોભિરનડુદ્યુક્તૈઃ પ્રયયુસ્તેમ્બિકાવનમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** એકવાર નન્દરાયજી વગેરે ગોપોએ શિવરાત્રિના અવસર ઉપર ઘણી જ ઉત્સુકતા, કુતૂહલ અને આનન્દપૂર્વક ગાડાને બળદો જોડ્યા અને

તેમાં બેસીને બધા અમ્બિકા વનમાં ગયા ।।૧।।

હે રાજન્! ગોપાલોએ ત્યાં સરસ્વતીમાં સ્નાન કરી પશુપતિ દેવ શિવજીનું અને અમ્બિકાનું ભક્તિથી પૂજનના પ્રકારવડે અર્ચન કર્યું ।।૨।।

ત્યાં ગાયો, સોનું, વસ્ત્રો, મધ અને મધુર અન્ન વગેરે પદાર્થો દેવની પ્રસન્નતામાટે બ્રાહ્મણોને દાનમાં આપ્યાં ।।૩।।

મહાભાગ્યવાન્ નન્દ, સુનન્દ વગેરે ગોપો સરસ્વતી નદીના તીર ઉપર જળપાન કરી વ્રતને ધારણ કરી આખી રાત્રિ ત્યાં રહ્યાં ।।૪।।

કોઈક મોટો અજગર એ વનમાં ઘણા દિવસથી ભૂખ્યો હતો તે દૈવની ઈચ્છાથી ત્યાં આવ્યો અને સૂતેલા નન્દરાયજીને ગળવા લાગ્યો ।।૫।।

અજગરના પેટમાં નન્દરાયજી જવા લાગ્યા ત્યારે ''હે કૃષ્ણ! કૃષ્ણ! આ મોટો સર્પ મને ગળી જાય છે, હે તાત! હું તમારે શરણે આવ્યો છું મને આ સર્પથી છોડાવો'' એમ બોલતા બૂમો પાડવા લાગ્યા ।।૬।।

એમનું આક્રન્દ સાંભળીને ગોવાળિયા તુરત ઊભા થઈ ગયા; જુએ ત્યાં તો નન્દરાયજીને અજગર ગળે ઉતારતો જાય છે. ગોપાળો ગભરાયા અને એ સર્પને સળગતાં લાકડાંથી મારવા લાગ્યા ।।૭।।

તે સળગતાં લાકડાંથી બળતો સર્પ નન્દરાયજીને ગળતો અટક્યો નહિ ત્યારે સાત્વતોના પતિ ભગવાને આવીને એને પોતાના ચરણથી તે અજગરને સ્પર્શ કર્યો ।।૮।।

ભગવાન્‌ના શ્રીવાળા ચરણનો સમ્બન્ધ થતાં એ સર્પના બધાં પાપ ભસ્મ થઈ ગયાં, સર્પનું શરીર પણ એણે છોડી દીધું અને વિદ્યાધરનું સ્વરૂપ એને પ્રાપ્ત થઈ ગયું ।।૯।।

તેજસ્વી શરીરવાળા, સુવર્ણની માળાવાળા અને ભગવાન્‌ને પ્રણામ કરીને સામે ઊભા રહેનાર વિદ્યાધરને ઈન્દ્રિયોના અધિષ્ઠાતા ભગવાને પૂછ્યુંઃ ।।૧૦।।

''પરમ શોભાથી પ્રકાશતા તમે કોણ છો? તમારું અદ્‌ભુત દર્શન જોતાં આવી નિન્દિત યોનિ તમને આ વનમાં કેમ પ્રાપ્ત થઈ? તેથી કોઈનો શાપ થયો હોય એમ અમારું ધારવું છે'' ।।૧૧।।

સર્પે (અજગરના શરીરમાંથી નીકળેલા પુરુષે) કહ્યું : હું સુદર્શન નામથી પ્રસિદ્ધ વિદ્યાધર છું. લક્ષ્મી અને સ્વરૂપની સમૃદ્ધિ થી દિશાઓમાં હું વિમાનમાં બેસીને ફરી

રહ્યો હતો ।।૧૨।।

મને રૂપનો ગર્વ હતો. તેથી અંગિરા (અંગિરસ) ગોત્રના કદ્રૂપા ઋષિઓને હું હસ્યો અને એમણે મને આ સર્પની યોનિમાં દાખલ કરી દીધો. એમને મેં વક્રોક્તિથી સતાવ્યા ત્યારે એમણે મને અજગર બનાવ્યો. એ મારા પાપથી જ હું એવી યોનિને પ્રાપ્ત થયો હતો ।।૧૩।।

(એમ અપરાધથી શાપ થયો એ વાત કહીને પોતાની વૈષ્ણવતા સિદ્ધ કરવામાટે નિર્મત્સરતાને દેખાડતો કહે છે કે)

એ દયાળુ ઋષિઓએ મારા ઉપર કૃપા કરવામાટે જ મને શાપ આપ્યો, કારણ કે ત્રણેય લોકને ઉપદેશ કરનાર ગુરુએ (સાક્ષાત્ ભગવાને) સ્વયં પોતાના ચરણથી મારો સ્પર્શ કર્યો અને મારાં પાપનો તત્કાળ નાશ થઈ ગયો ।।૧૪।।

સંસારના ભયવાળા આપને શરણે આવે ત્યારે એનો ભય જાય છે. એવા આપના ચરણસ્પર્શથી, હે પાપને દૂર કરનાર પ્રભુ! શાપ મુક્ત થયેલ હું આપની રજા માગું છું ।।૧૫।।

હે મહાયોગિન્! હે મહાપુરુષ! હે સત્પતે! હે સર્વ લોકના ઈશ્વર! હે દેવ! આપ મને જવાની આજ્ઞા આપો ।।૧૬।।

હે અચ્યુત! આપના દર્શનથી હું તરત બ્રાહ્મણોના શાપમાંથી મુક્ત થયો એમાં આશ્ચર્ય નથી. જેનું નામ ઉચ્ચારવા માત્રથી સાંભળનારને, પોતાને અને બીજા બધાને તત્કાળ પવિત્ર કરે છે તે જ ભગવાન્‌ના ચરણનો મને સ્પર્શ થયો તો પછી મારો નિસ્તાર થાય એમાં શું કહેવું? ।।૧૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : આ પ્રમાણે સુદર્શને દાશાર્હ ભગવાન્ શ્રીકૃષ્ણને વિનન્તિ કરી તેમની પરિક્રમા કરી અને તેમને પ્રણામ કર્યા. પછી તેમની આજ્ઞા લઈ તે પોતાના લોક-સ્વર્ગમાં ચાલ્યો ગયો અને નન્દરાયજી ભારે સંકટમાંથી મુક્ત થયા ।।૧૮।।

હે રાજન્! જ્યારે વ્રજવાસીઓએ ભગવાન્ શ્રીકૃષ્ણનો આ અદ્દ્ભુત પ્રભાવ જોયો ત્યારે તેમને અત્યન્ત આશ્ચર્ય થયું. તે લોકોએ એ ક્ષેત્રમાં જે નિયમો લીધા હતા તે પૂર્ણ કરી તેઓ ઘણા આદર અને પ્રેમ થી શ્રીકૃષ્ણની તે લીલાનું ગાન કરતા-કરતા ફરી વ્રજમાં પાછા ગયા ।।૧૯।।

(એમ અન્ય ભજન નિવૃત્તિને માટે ભગવાન્‌નો પ્રતાપ કહીને શબ્દબ્રહ્મનો

આનન્દ ગોપીજનોદ્વારા સર્વમાં પૂરવામાટે ગોપીજનોની શબ્દ બ્રહ્મરૂપ બલભદ્રજીની સાથે પણ ક્રીડા થઈ એ વાત ૧૩ શ્લોકથી કહે છે)

એક વખત ગોવિન્દ ભગવાન્ અને અદ્ભુત પરાક્રમવાળા રામ રાત્રે ગાયો અને વ્રજસ્ત્રીઓ ની સાથે વનમાં વિહાર કરી રહ્યા હતા ।।૨૦।।

બન્ને ભાઈએ શૃંગાર, ચન્દનાદિ લેપ, નિર્મળ વસ્ત્ર અને માળાઓ ધારણ કર્યાં હતાં. ગોપીજનો અત્યન્ત પ્રેમ અને આનન્દ થી લલિત સ્વરમાં તેમના જ ગુણોનું ગાન કરી રહ્યાં હતાં ।।૨૧।।

હમણાં જ સાંજ થઈ હતી. આકાશમાં ચન્દ્ર અને તારા ઊગી આવ્યા હતા અને ચાંદની ચમકી રહી હતી. મલ્લિકાની સુન્દર ગન્ધથી મત્ત થઈ ભમરા આમ-તેમ ગુઞ્જારવ કરતા હતા અને જલાશયમાં ખીલેલી કુમુદિનીનો સુગન્ધયુક્ત મન્દ-મન્દ વાયુ વાતો હતો. એ વખતે એમનું સન્માન કરતા ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલરામજીએ એકીસાથે રાગ આલાપ્યો. એમનો રાગ આરોહ-અવરોહ સ્વરોના ચઢાવ-ઉતારથી ખૂબ જ સુન્દર લાગી રહ્યો હતો. તે સમ્પૂર્ણ જગતના સમસ્ત પ્રાણીઓનાં મન અને કાન ને આનન્દથી ભરી દેવાવાળા હતા ।।૨૨-૨૩।।

ગોપીજનો એ ગીતને સાંભળી, હે રાજન્! મૂર્છિત થઈ ગયાં. એ શરીર ઉપરથી સરી પડતાં કપડાંને, પોતાની જાતને અને કેશપાશથી છૂટી જતી માળાને પણ ન જાણી શક્યાં ।।૨૪।।

મનમાં આવે તેવી રીતે ઉન્મત્ત મનુષ્યની જેમ બન્ને રામ-કૃષ્ણ ગાન અને વિશેષ ક્રીડા કરતા હતા ત્યારે શંખચૂડ નામનો* કુબેરનો નોકર ત્યાં આવ્યો ।।૨૫।।

**વિશેષ** : પ્રમાણ બળવાળા માર્ગમાં દૈત્યનો ઉપદ્રવ થાય એમ બતાવવામાટે એ લીલામાં વિઘ્ન આવ્યું એ કહે છે. એક વખતે કુબેરનો નોકર શંખચૂડ એ સ્ત્રીઓનું હરણ કરવા આવ્યો. એના માથામાં શંખ નામનો નિધિ રહે છે. તેથી કુબેરના પુત્ર જેવા ધનમાં મત્ત હતા અને સ્ત્રીઓમાં આસક્ત હતા તેથી નારદજીએ શાપ આપ્યો હતો તેમાં નારદજીનો દોષ ન હતો તેમ આ શંખચૂડને જોઈને ભગવાન્‌ને તેને મારી નાખવાનો વિચાર આવ્યો. ધન હોય ત્યાં સ્ત્રીઓ હોવી જ જોઈએ. એમ શંખચૂડ જે પાખંડનું સ્વરૂપ છે તે માને છે. શંખચૂડ આ શ્રુતિઓને લઈને એમને લૌકિક બનાવી દેવા આવ્યો, પણ ભગવાને એમની રક્ષા કરી.

હે રાજન્! બલદેવજી અને ભગવાન્ જોતા હતા એવામાં જ તે બન્ને જેના નાથ છે અને આક્રન્દ કરતા તે સ્ત્રીવર્ગને એ શંખચૂડ તો કાલની જેમ નિઃશંક થઈ એ

બધાંને લઈને ઉત્તર દિશામાં ચાલતો થયો ।।૨૬।।

ચોરો શબ્દ કરતી ગાયોને ઉપાડી જાય તેમ પોતાના રક્ષક એવા રામ અને કૃષ્ણ ને ''હે રામ! હે કૃષ્ણ!'' એમ સમ્બોધી ઊંચેથી ભયસૂચક શબ્દ કરતાં ગોપીજનોને લઈ જતાં શંખચૂડની પાછળ બન્ને ભાઈ દોડ્યા ।।૨૭।।

''ભય ન રાખો'' એમ બોલતા હાથમાં શાલનાં વૃક્ષ અને મારવામાટે હથિયારરૂપે લઈ લીધાં અને જલદીથી દોડી એ અધમ ગુહ્યક પાસે પહોંચી ગયા ।।૨૮।।

શંખચૂડ તો પાસે આવતા રામ-કૃષ્ણને કાળ અને મૃત્યુ જેવા જોઈ ભયથી ઉદ્વેગ કરતો સ્ત્રીઓને છોડી પોતાના જીવને બચાવવાને એ મૂર્ખ જલદી દોડ્યો ।।૨૯।।

ત્યારે સ્ત્રીઓની *રક્ષામાટે બલદેવજીને ત્યાં છોડીને ગોવિન્દ શંકચૂડની પાછળ પડ્યા. જ્યાં-જ્યાં એ ગયો ત્યાં એની પાછળ કૃષ્ણ એના માથાનો મણિ લઈ લેવા દોડવા લાગ્યા ।।૩૦।।

**વિશેષ :** એ સ્ત્રીઓની રક્ષા કરવી એ ભગવાન્‌ની ફરજ હતી, કેમકે એ ગાય, ગોપી અને ગોપ ના ઈન્દ્ર થયા છે તેથી રક્ષા ન કરે તો 'ગોવિન્દ' ન કહેવાય. રક્ષા તો મૂળમાંથી દોષ જાય તો જ થાય. એ એને મારવાથી જ મૂળથી નષ્ટ થાય. એને માટે ભગવાન્‌ને દોડવું પડ્યું. જો એને દૂરથી મારે તો મારી શકે; પણ એમ કરે તો એ શંખચૂડને બીજા યક્ષો ઉઠાવી જાય અને એના મસ્તકનો નિધિ લેવો છે તે હાથમાં ન આવી શકે. મણિ હોય ત્યાં સુધી એના ઉપર શસ્ત્ર ચાલે નહિ તેથી પોતે જ પધાર્યા છે. સ્ત્રીઓની રક્ષા કરવા બલદેવજીને રાખ્યા, કેમકે એઓને બચાવે નહિ તો બીજા યક્ષો એ સ્ત્રીઓને લઈ જઈ મારી નાખે. સ્ત્રીઓની રક્ષા કરવી જ જોઈએ. બલદેવજી સર્વ રીતે એની રક્ષા કરવાને સમર્થ છે તેથી સ્ત્રીઓની રક્ષા કરવામાં એમને યોજ્યા.

હે અંગ! એ દુષ્ટ ગુહ્યકની નજીકમાં આવી સમર્થ કૃષ્ણે એના માથામાં મૂઠી મારી એના વડે મસ્તકના મણિની સાથે *માથું ઉડાવી દીધું ।।૩૧।।

**વિશેષ :** પલાયિતનો વધ ન કરવો જોઈએ એ ભગવાને કેમ કર્યો? ત્યાં કહે છે કે એ દુષ્ટ છે. વેદત્રયીના દ્વેષીને મારવા જ જોઈએ. વળી સ્ત્રીઓનો હરનાર હોવાથી એને મારવો જ જોઈએ, કેમકે એ આતતાયી થયો. તેને વગર વિચારે મારવો જ જોઈએ **આતતાયિનમાયાન્તં હન્યાદેવાવિચારયન્** એમ ધર્મશાસ્ત્ર જ કહે છે. ભગવાન્ મણિ રાખે તો એને મુક્તિ આપવી જોઈએ. એ ન આપવા માટે એ મર્યાદાનું ફલ વેદરૂપ રામને આપવા માટે મણિ લાવીને

બલદેવજીને આપ્યો. તેથી એમ પણ બતાવ્યું કે પ્રમાણને માટે જે કાંઈ થાય છે તે એના અધિષ્ઠાતાને મળવું જોઈએ. આ લીલામાં પ્રમાણબળ મુખ્ય છે, અહીં પ્રમેયની કોઈ પણ વાત નથી.

**શંખચૂડં નિહત્યૈવં મણિમાદાય ભાસ્વરમ્ ।।**
**અગ્રજાયાદદાત્ પ્રીત્યા, પશ્યન્તીનાં ચ યોષિતામ્ ।।૩૨।।**

આ પ્રમાણે ભગવાને શંખચૂડને મારીને એનો બહુ પ્રકાશવાળો મણિ લઈ ભગવાન્ બલદેવજીની પાસે આવ્યા અને બધાં ગોપીજનોનાં દેખતાં પોતાના મોટાભાઈને એ મણિ પ્રીતિથી આપ્યો ।।૩૨।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ચોથા ફલ-પેટા પ્રકરણનો વૈરાગ્ય નિરૂપક છઠ્ઠો) ''ભગવાને કરેલો શંખચૂડ વધ'' નામનો ચોત્રીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪. બાદ કરતાં એકત્રિસમો) નામલીલાનો પહેલો અધ્યાય સમ્પૂર્ણ થયો**

ફંડ-ફાળામાટે, આજીવિકામાટે દક્ષિણા લઈને કે મૃતક ના ઉદ્ધારાર્થે ભાગવતકથા કરવી, બેસાડવી કે સાંભળવી એ પુષ્ટિમાર્ગમાં ઘોર પાપ છે.

# અધ્યાય ૩૫

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૩૨

## ગોપીજનોએ ગાયેલું-યુગલગીત

### તામસ ફલ પ્રકરણ અધ્યાય ૭

**વિશેષ :** પાંત્રીસમા અધ્યાયમાં હરિ ભગવાન્ ગોપીજનોના હૃદયમાં પોતાનો આનન્દ પૂરે છે, જેનાથી એ પૂર્ણાનન્દ કહેવાય છે. ભગવાન્ શ્રવણદ્વારા અન્તઃકરણમાં પ્રવેશ કરીને એ મુખથી વર્ણન કરતી વખતે બીજાના કાનમાં આવે છે. ત્યારે એ ભગવાન્ હૃદયમાં સારી રીતે સ્થિર થાય છે. અહીં (નાદાત્મક) શબ્દ અને (નાદમાં વર્ણવેલા ભગવાનરૂપી) અર્થ એ બન્નેની મુખ્યતા કહેવામાટે બબ્બે (યુગ્મ) શ્લોકથી ગોપીજનો વર્ણન કરે છે. ભગવાન્ બાર માસમાં જે-જે લીલા કરે છે તે અહીં કહેવાની છે તેથી અહીં બાર યુગલો (જોડિયા શ્લોક) કહેવામાં

આવ્યા છે. પહેલા શ્લોકથી આરમ્ભ કહ્યો, છેલ્લા શ્લોકથી ફલ કહ્યું તે બે શ્લોકનું પણ એક યુગલદ્વારા અધિક માસની લીલા સમજવી. એટલે આ અધ્યાયમાં ૨૬ શ્લોકથી તેર યુગલોમાં ગોપીજનોએ ભગવદ્ગુણનું વિપ્રયોગના તાપથી જીવન નિર્વાહ માટે ગાન કર્યું છે.

**ગોપ્યઃ કૃષ્ણે વનં યાતે તમનુદ્રુતચેતસઃ ।।**
**કૃષ્ણલીલાઃ પ્રગાયન્ત્યો નિન્યુર્દુઃખેન વાસરાન્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણ[૧] જ્યારે વનમાં પધાર્યા ત્યારે ગોપીજનોનાં મન તો એમની પાછળ ચાલ્યાં ગયાં જેથી તેમણે શ્રીકૃષ્ણની લીલાને ગાઈને દુઃખવડે દિવસોનું નિર્ગમન[૨] કર્યું ।।૧।।

**વિશેષ :** ૧. સદાનન્દ વનમાં પધારતા એમના વિયોગથી ચિત્ત દ્રવરૂપ થઈને પાછળ ચાલી નીકળે છે તે શ્રીકૃષ્ણની લીલાને પકડે છે તેથી તેઓ લીલાનું ગાન કરે છે. જેવું સદાનન્દ સ્વરૂપ છે તેવી એની લીલા પણ છે એમ બતાવવામાટે ફરી 'કૃષ્ણ' પદનો પ્રયોગ કર્યો છે, અહીં ''એની લીલા'' એમ કહેવાથી પણ વાક્ય રચનામાં બાધ નથી આવતો, પણ સામંજસ્ય રહે છે.

૨. ભગવાન્ હરિની સર્વોત્તમ લીલા આ અધ્યાયમાં કહેવાની છે. એમાં પ્રથમ શ્લોકમાં લીલાના કારણભૂત વેણુનાદનું વર્ણન આપવામાં આવે છે. આ બધું યુગલમાં એમ સમજવું. એમાં એ વેણુનાદનો અનુભવ કરનાર પ્રથમ યુગલથી છેલ્લે સુધી કોણ છે એ બતાવે છે. દેવસ્ત્રીઓ, ગાયો, નદીઓ, વૃક્ષો, લતાઓ, પક્ષીઓ, મેઘો, બ્રહ્માજી વગેરે, ગોપીજનો, હરિણીઓ, દેવગન્ધર્વો બે પ્રકારે બે યુગલમાં વર્ણવેલા હરિ, એટલા વેણુવાદનના ઉત્તર શ્લોકમાં કહેવામાં આવે છે. તેઓને વેણુની અસર થઈ એ યુગલના બીજા શ્લોકમાં કહ્યું છે. ભગવાન્ જાણે છે જ, ભગવાન્ હરિ જ જાણે છે, એમ બતાવવામાટે અન્તમાં બે વાર ભગવાન્ની લીલા કહી છે. એમાં બુદ્ધિને સ્થિર કરવી. એમાં નાદનો પ્રતાપ પહેલાં સ્ત્રીમાં જણાયો છે. એમ બતાવવામાટે પ્રથમ યુગલમાં દેવસ્ત્રીઓને વેણુનાદથી ચિત્તવિકાર થયો એનું વર્ણન કર્યું છે. એ દેવસ્ત્રીઓ, ગાયો અને નદીઓ એ ત્રણ સ્ત્રીઓમાં કહ્યા પછી પુરુષોમાં બ્રહ્માજીને જે થયું તે નાદકાર્ય કહ્યું છે. બ્રહ્માજી, ગોપીજન અને હરિણી એ ત્રણ પ્રકારનાં છે. બાકીના દેવો છૂટા-છૂટા કહેવાયા છે. એ બધા વસ્તુ સામર્થ્યયુક્ત છતાં નાદને સર્વ રીતે જાણી શક્યા નથી. એમ અહીં વેણુ દ્વાદશ પ્રકારે ફલિત થાય છે એ આ અધ્યાયનું તાત્પર્ય છે એનો વિસ્તાર શ્લોકથી જાણવો. (કારિકા)

(આ ફલ પ્રકરણમાં સ્ત્રીનું પ્રાધાન્ય છે તો વેણુવાદનમાં પણ એ નાદનો

અનુભવ સ્ત્રીને પ્રથમ થાય છે એમ બતાવવામાટે પ્રથમ સ્ત્રીના મનમાં જે થયું તે કહે છે) હે ગોપીજનો! *ડાબા બાહુ ઉપર ડાબો કપોલ (ગાલ) ધરીને નાચતી ભ્રમરવાળા મુખારવિન્દમાં અધર ઉપર વેણુને રાખી કોમળ આંગળીઓવડે વેણુના છિદ્રને પૂરતા મુકુન્દ ભગવાન્ જ્યારે વેણુ વગાડે છે ।।૨।।

ત્યારે સિદ્ધોની સાથે વિમાનમાં બેઠેલી તેમની સ્ત્રીઓ તે *વેણુનાદને ધારણ કરીને પ્રથમ લજ્જિત થાય છે, કામના બાણને ચિત્ત અર્પણ કરી દે છે. ચિત્ત વિકારયુક્ત થઈ જતાં કટિવસ્ત્રની ગ્રન્થી ખૂલી જાય છે એનું એમને ભાન રહેતું નથી ।।૩।।

**વિશેષ :** મુકુન્દ-મોક્ષ આપનાર ભગવાન્ અધર ઉપર વેણુ રાખીને એને વગાડે છે તે જ વખતે વિમાનમાં બેસનાર દેવની સ્ત્રીઓ વિકાર પામે છે. એ વેણુનાદ બે બાજુ, સામે, ઉપર અને નીચે એમ પાંચ પ્રકારે થાય છે. એ વેણુને એ તરફ ધારણ કરવાથી એ નાદ પ્રકટ થાય છે. સ્ત્રીઓને કામનો ઉદ્બોધ કરવો હોય તો ડાબી બાજુ વેણુ ધારણ કરાય છે. સ્ત્રી-પુરુષ બન્નેને કામોદ્બોધક કરનાર દક્ષિણ પરાવૃત્ત વેણુ છે. સમતાથી સર્વ ચેતન પ્રાણીના કામનો ઉદ્બોધક છે. ઊંચે રાખવાથી દેવોને અને નીચે રાખવાથી પશુઓને કામોદ્બોધક થાય છે. એમાં અહીં દેવસ્ત્રીઓના કામને ઉદ્બુદ્ધ કરવામાટે વામ પરાવૃત્તતા કહેવાય છે. માનુષ ભાવથી દેવભાવ મોટો છે તેથી મનુષ્યકૃત નાદથી દેવસ્ત્રીઓને એમ ન થાય એમ કોઈ માને તો અહીં ભગવાન્ છે માટે એમ માનવાને કાંઈ કારણ નથી. ભગવાન્‌ની ભ્રૂકુટિનો વિલાસ તે બ્રહ્માજીનું સ્થાન છે એમ કહ્યું છે તેથી ભગવાને પોતાની ભ્રૂકુટિના વિલાસને વેણુનાદ સાથે જોડી દીધો ત્યારે દેવોને પણ એ અસર કરનાર થયો. એ જ કહે છે કે વામ બાહુ ઉપર રાખ્યો છે વામ કપોલ જેણે, ચંચળ છે ભ્રૂ જેની એવો અર્થ કરવો. અહીં એ દક્ષિણ ભ્રમર લેવી, કેમકે અભિનયમાં એમ જ થાય છે. એનું વલ્ગન એટલે ચાંચલ્ય. અધર તો પ્રથમ કહેવાયો છે જ્યારે વેણુને અધર ઉપર રાખ્યો છે તે અધર લોભાત્મક છે તે પરમાનન્દને ન આપે પણ કામને જ આપે તેથી એ વેણુને સાંભળનાર પણ વિરહ ક્લેશને ભોગવે, પણ પરમાનન્દનો એને અનુભવ ન થાય. એમાં પણ જો ક્રિયાશક્તિ પુષ્ટ થાય તો લોભીથી પણ લાભ મળે. એ તો અહીં કોમળ છે. કોમળ ક્રિયા લોભીને રીઝવી ન શકે. પ્રથમ નાદ મન્દ થવો જોઈએ. એ વેણુના છિદ્ર તે પવન જવાના માર્ગ છે તેને ખૂબ આંગળીથી દબાવે તો ઊંચા શબ્દ નીકળે; કોમળતાથી પોચી આંગળી રાખે તો મન્દ સ્વર નીકળે; મધ્યભાવમાં મધ્યસ્વર પ્રકટ થાય. એમ મુકુન્દ વેણુને વગાડે છે. એનો વિચાર એવો છે કે વેણુનાદવડે જગત્ શુદ્ધ થાય તો એને મોક્ષ આપું. એમ જગતના હિતમાટે

વેણુનાદ ભગવાન્ કરે છે છતાં જેનો મોક્ષનો અધિકાર નથી તેને તો એ નાદથી કામ જ ઉત્પન્ન થાય છે. એ કહે છે કે આકાશયાનમાં બેઠેલ દેવની સ્ત્રીઓ દેવયોનિ હોવાથી અધિકારિણી છે. સ્ત્રી છે અને ભોગ્ય છે તેથી મુક્તિને લાયક નથી. એ પોતાના પતિઓની સાથે છે. પતિઓ ભગવાન્ સિવાય બધું આપવાને સમર્થ હોવાથી સિદ્ધ કહેવાય છે. એ સ્ત્રીઓ વેણુનાદ સાંભળીને પ્રથમ વિસ્મય પામી; એનો વિચાર કરતાં એ લજ્જિત થઈ. અત્યન્ત અનુભવ કરતાં કામબાણને પોતાનો આત્મા આપીને બેસી રહી. જેમ ભીરુ માણસ લુટારાને પ્રથમથી જ પોતાનું સર્વસ્વ આપી દે છે તેમ એમણે કર્યું તેથી એ વિકૃતિને પામી જેથી એમને કપડાનું ભાન ન રહ્યું. તેથી ગોપીજનો કહે છે કે દેવીઓની એ દશા થઈ તો અમને મૂર્છા થાય એમાં શી નવાઈ? ।।૨-૩।।

હે અબલાઓ! આ એક આશ્ચર્ય શ્રવણ કરો; જેમનું હાસ્ય હારના જેવું છે, જેમના વક્ષઃસ્થળ ઉપર વીજળી સ્થિર છે તેવા નન્દકુમાર દુઃખી જનને આનન્દ આપતા જ્યારે *વેણુને વગાડે છે ।।૪।।

ત્યારે વ્રજના આખલાઓ (વૃષો), જંગલી પશુઓ અને ગાયોનાં યૂથો તરત જ વેણુ વાગતાં જ એમનાં ચિત્ત ચોરાઈ જવાથી એમણે દાંતે તોડેલું ઘાસ મુખમાં એમ જ રહી ગયું અને કાન ઊંચા કરીને નિદ્રામાં પડી ગયાં અને ચિત્રમાં આલેખ્યાં હોય તેવાં એ બધાં થઈ ગયા ।।૫।।

વિશેષઃ હે અબલા! આ આશ્ચર્ય તો સાંભળો. જ્યારે નન્દકુમાર વેણુ વગાડે છે ત્યારે વૃષો (આખલાઓ) અને ગાયોના દાંતે તોડેલા ઘાસના કોળિયા એમ જ રહી જાય છે અને જાણે ઊંઘતા હોય તેમ દેખાવા લાગ્યાં. પશુમાં કામ સજાતીયમાં જ હોય છે, ઉત્કૃષ્ટ કે અપકૃષ્ટમાં પશુને કામ થતો નથી. ખચ્ચરની તો વ્યવસ્થા જુદી જ છે. હીનમાં મોટાનું રમણ રસાભાસજનક ગણાય. તેથી આ પશુઓને સમ્ભોગરૂપ કામ અહીં લેવાનો નથી, પણ આવશ્યક ખાવાની કામના લેવાની છે. એનો પણ વેણુનાદ પ્રતિરોધ કરે છે. એ કહે છે કે જ્યાં ગાયોની પણ આવી સ્થિતિ છે ત્યાં અમારી ક્રિયા નિવૃત્ત થતી નથી એ આશ્ચર્ય જેવી વાત છે. પહેલાં કહ્યું એના કરતાં પણ આ મોટું આશ્ચર્ય છે, કેમકે દેવસ્ત્રીઓ વખતે પુરુષોત્તમમાં કામ ભાવ કરે, પણ આ પશુઓની વેણુનાદથી ક્રિયા નિવૃત્ત થાય એ તો 'કૌતુક' કહેવાય. ''હે અબલા'' એમ સમ્બોધન આપી એમ બતાવે છે કે આપણે પ્રિયની પાસે જઈ આ બધી લીલા પ્રત્યક્ષ કરી શક્તા નથી; એવું બળ આપણામાં નથી. હવે ગોપીજન વર્ણન કરે છે કે ભગવાનનું સ્વરૂપ એવું છે કે એમનું હાસ્ય હારના જેવું છે અને છાતી ઉપર વીજળી સ્થિર રહે છે. વળી

એ નન્દરાયજીના પુત્ર પણ થઈ જાય છે. આર્તજનને નર્મ એટલે આનન્દ આપનાર છે. એનું કારણ કે આ નન્દસૂનુ અહીં પ્રકટ છે. અથવા જેમ આ વર્ણન આખા વર્ષને યોગ્ય છે તેમ આખા દિવસનું પણ આ ચરિત્ર ગણાય. દિવસમાં પણ સન્ધ્યા સન્ધ્યાંશ બાદ કરતાં બાર મુહૂર્ત થાય છે તેમાં આ બીજા મુહૂર્તનું ચરિત્ર છે. એ સોમોત્પત્તિના પ્રસંગમાં કહ્યું છે. બીજાનું હાસ્ય દોરડાં જેવું હોય, જ્યારે ભગવાન્‌ના હાસ્યમાં દાંતની કાન્તિ પડે છે. એ દાંત ઉપર અધરનો પ્રકાશ પડે છે તેથી દાંતની લાલ કાન્તિ સફેદ હાસ્યની વચ્ચે પડે છે ત્યારે મોતીની માળામાં ટિંકડા લાલ હોય તેવા હારનો દેખાવ થાય છે. હાસ્યનું સ્વરૂપ માયા છે. જ્યારે એ માયામાં સ્નેહની કલારૂપ દાંતનું પ્રતિફલન થાય છે તેથી ભગવાન્ પ્રપંચમાં સ્થિર કરે છે. કેવળ પુત્રાદિ-આસક્તિને સ્થિર નથી કરતા, પણ ધનાસક્તિને પણ સ્થિર કરે છે, કેમકે એ હૃદયમાં વિદ્યુતને સ્થિર કરે છે. એમ પ્રમાણ બળને દૂર કરવામાટે બે વાત કરી, હવે પ્રમેયબળને દૂર કરવામાટે બે વાત કહે છે કે ભગવાન્ નન્દરાયજીના પુત્ર થયા. એમ પ્રમેયબળ નિરાસક એક વાત થઈ અને આર્તને સ્વયં આવીને સુખ આપે છે એ પ્રમેય એ પ્રમેયમર્યાદાનિરાસક બીજી વાત છે. મોટા આમ ન કરે છતાં કરતા જણાય છે. એ આશ્ચર્યની વાત છે. એવા ભગવાન્ વેણુ વગાડે છે ત્યારે વ્રજના સાંઢ અને ગાયો, મૃગો વગેરેનાં ચિત્ત નાદવડે હરાઈ જાય છે. એ ભગવાન્ પાસે પણ જઈ શકતાં નથી. કેવળ મોઢામાં તૃણના કવળ (કોળિયા) દાંતથી તોડેલા રહી જાય છે તે ખવાતા પણ નથી, પણ દેવસ્ત્રીઓની પેઠે તેમને મૂર્છા નથી, પણ કાન ધરીને એ નાદનો અનુભવ કરે છે. જાણે ઊંઘતા હોય, ચિત્રમાં ઉતારેલા હોય તેવા થઈ જાય છે. દેવસ્ત્રીઓના કરતાં વેણુનાદે પશુઓમાં અધિક પ્રભાવ બતાવ્યો એ જ આશ્ચર્યરૂપ છે ।।૪-૫।।

(નદીઓની ગતિને કહે છે) હે આલિ! (સખી!) મોરપિચ્છના ગુચ્છ, ગૈરિકા (ગેરૂ) વગેરે ધાતુઓ અને કોમળપત્રોવડે મલ્લનો શૃંગાર કરતા ભગવાન્ બલદેવજી અને ગોપો ની સાથે ગાયને સારી રીતે વેણુનાદવડે *બોલાવે છે ।।૬।।

ત્યારે એના ચરણની રજને વાયુ લાવે છે તેની સ્પૃહા કરતી આપણી જેમ ઓછા પુણ્યવાળી, પ્રેમથી જેની તરંગરૂપી ભુજા કમ્પે છે, જેનાં જળ સ્થિર થઈ ગયાં છે તેવી નદીઓ પોતાની ગતિને રોકીને થમ્ભી જાય છે ।।૭।।

**વિશેષ:** નિત્યનો વેશ અને ક્રીડા સમયનો વેશ કહ્યો, હવે ભગવાન્‌નો 'લીલાવેશ' કહેવાય છે. જ્યારે નાચે છે તે સમયનો વેશ એ લીલાવેશ કહેવાય. નદીઓનો પ્રવાહ નિરન્તર ચાલ્યા કરે, ચેતનને નિદ્રા અને મૂર્છામાં ક્રિયા બંધ રહેતી દેખાય છે, પણ નદીને કોઈ સમય એવો નથી

હોતો જેમાં પ્રવાહ બંધ રહે. મોટી નદીને બન્ધ પણ બાંધી શકાય નહિ તેવી નદીનો પણ વેણુનાદે પ્રવાહ અટકાવ્યો. ભગવાન્ પોતે મલ્લ નથી, પણ એનો વેશ પહેરે છે. જે અસ્વાભાવિક હોય તે 'વિડમ્બન' કહેવાય. નટ અથવા મલ્લ જેવો વેશ નૃત્યમાં ઉપયોગી છે. નૃત્યમાં ક્રિયાશક્તિ છે તે નાદમાં આવી તેથી એણે નદીના પ્રવાહને અટકાવ્યો. એવો વેણુનાદ કર્યો ત્યારે નદીઓના પ્રવાહ ચાલતા બંધ થયા, કેમકે ભગવાન્‌ની આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન કરી શક્તું નથી, એ નદીઓનો અધિપતિ સમુદ્ર છે પણ ભગવાન્ તેમના અધિપતિ થાય એવા હેતુથી એની ચરણરજની સ્પૃહા કરે છે. વાયુ ભગવદ્ ચરણની રજને લઈ જતો હતો તેને નદીમાંથી ઠંડક લેવી હતી. એ રજ પણ ભગવાન્‌ના સમ્બન્ધને મેળવી શકે છે તેથી નદીને તો કામના જ રહી. તે કાલિન્દીજી તપશ્ચર્યાવડે પૂર્ણ કરશે. હાલમાં તો એ આપણી જેમ ઓછા પુણ્યવાળી હોવાથી તેમને રજ મળી શકી નહિ. આપણે પણ ઈચ્છારૂપ કરી શક્તાં હોત તો ગોરૂપ કે ગોપાળરૂપ કરી ભગવાન્‌ની સાથે જઈ શકત, પણ આપણાં પણ એવાં પુણ્ય નથી તેથી આપણી જેમ નદી પણ એ રજની સ્પૃહા માત્ર કરી રહી; એનું કાર્ય સિદ્ધ ન થયું. એને સાત્વિક ભાવ થયો દેખાય છે.

**સ્વેદઃ સ્તમ્ભોથ રોમાંચઃ સ્વરભંગોથ વેપથુઃ।**
**વૈવર્ણ્યમશ્રુપ્રલયઃ ઈત્યષ્ટૌ સાત્વિકાઃ મતાઃ।।**

એ જ કહે છે કે પ્રેમથી જેની ભુજા કમ્પિત થાય છે તેથી સન્તપ્ત લાગે છે. એને સ્તમ્ભ પણ જણાય છે તેથી એનાં જલ થમ્ભી ગયાં છે. એમ રાજસ ભાવના ત્રણ ભેદ કહ્યા ।।૬-૭।।

ભગવાન્‌ના અનુચર (સેવક) ગોપો જેમની કીર્તિ (વીર્ય) નું ગાન કરે છે, જે આદિ પુરુષની જેમ સ્થિર (અચલ) લક્ષ્મીવાળા છે તે ભગવાન્ વનમાં ફરતા ગોવર્ધન પર્વતના શિખર ઉપર વિષમ જમીનમાં ચરતી ગાયોને વેણુનાદ કરીને૧ જ્યારે ૨બોલાવે છે ।।૮।।

ત્યારે વનની લતાઓ અને વૃક્ષો પોતાના સ્વરૂપમાં વિષ્ણુને સાબિત કરતી પુષ્પ અને ફળ ની સમ્પત્તિથી સમ્પત્તિવાળી બને છે. ફળના ભારથી એની ડાળો નમી જાય છે, પ્રેમવડે રોમાંચિત થઈને મકરન્દ (મધુધારા) સ્રવવા લાગે છે ।।૯।।

**વિશેષ** : ૧. સત્વગુણના ભેદ કહેવામાટે ત્રણ યુગલથી ભગવાન્‌નું વર્ણન કરે છે. લતા, પક્ષીઓ અને મેઘો એ ત્રણ સાત્વિક છે. એ વેણુનાદથી ભક્તિપૂર્ણ થયાં. એમાં પ્રથમ વૃન્દાવનમાં રહેલાં લતા, વૃક્ષો વગેરે વૈષ્ણવ છે તેને વેણુનાદવડે પ્રેમરસ ઉત્પન્ન થયો. વેણુનાદ

પણ બીજા પ્રકારે ભગવાને એને માટે કર્યો છે. ભગવાન્‌નું પોતાનું પણ વર્ણન પ્રકારાન્તરથી કર્યું છે. એમાં ભક્તિને અનુસારી અને લોકવેદાનુસારી એમ બે પ્રકારે વર્ણન કરવું છે. એમાં પ્રથમ તો ભક્તિને અનુસરી વર્ણન કરે છે.

૨. સેવક એવા ગોપો ભગવત્પરાક્રમનું ગાન કરતા ભગવાન્‌ની પાછળ ચાલે છે. પુરુષોત્તમને જેમ વેદ સર્વોત્તમતાથી વર્ણવે છે, એ જગતના કર્તા છે, શાસ્ત્રાર્થરૂપ છે એમ કહી વેદ એમનાં વખાણ કરે છે. વળી એ આદિપુરુષની જેમ સ્થિર લક્ષ્મીવાળા છે, છતાં એ વનચર છે, એટલે વૃન્દાવનમાં ફરનાર છે. વનમાં વાસ સાત્વિક હોવાથી સાત્વિક ભાવથી સત્વભૂમિમાં પ્રતિષ્ઠિત થાય છે. વળી પર્વતના છેવટના ભાગમાં ફરતી એટલે વિષમ ભૂમિમાં ફરતી ગાયને સમભૂમિ ઉપર લાવવામાટે વેણુથી બોલાવે છે. લૌકિક ન હોવાથી એણે વેણુદ્વારા બોલાવે છે. લૌકિક ગોપાળો તો નામ લઈને બોલાવે છે. અહીં તો ગાયો અને ગોપાળ અલૌકિક છે તેથી વેણુ વગાડે છે ત્યારે ગાયો સમજી જાય છે અને ભગવાન્‌ની પાસે આવે છે. આગલા ચરિત્રમાં કહ્યું છે કે ભગવાન્ વેણુમાં પોતાનું સ્વરૂપ મોકલે છે તેમ ભગવાન્ વેણુદ્વારા ગાયોમાં પેસી એમને ભગવત્સમીપ જવાની પ્રેરણા કરે છે તેથી એ ગાયો દોડતી જલદી આવે છે. જો વેણુદ્વારા ભગવાન્ એમાં પધારતા ન હોય તો વૃક્ષમાં અકાલે ફલ, પુષ્પ ન આવે અને એમાંથી મધુધારા સ્રવે છે તે ન સ્રવે તેથી જ વેણુનાદનું એમને જ્ઞાન છે એ વાત સિદ્ધ થાય છે તેથી વૃક્ષો, ગાયો વગેરેમાં પણ ભગવાન્ વેણુનાદદ્વારા પ્રવેશ કરે છે. વનની લતાઓ જાણે છે કે ભગવાન્ અમારી પાસે ફરે છે. પોતાની ગાયોને બોલાવે છે તેમાં વિદ્યમાન આનન્દ એમને આપવામાટે એ લતાઓ વગર માગ્યે જ ભગવાન્‌ને અર્પણ કરી દે છે તેમ જ વૃક્ષો પણ કરે છે. જેમ ભગવદીય સ્ત્રી-પુરુષો કોઈ ભક્ત ઘેર આવે તો પ્રથમ તો આનન્દયુક્ત થાય છે, પોતાની સત્તાની વસ્તુ એને ભોગમાટે આપે છે તેમ આ વૃક્ષો પણ કરે છે. એ ધર્મ જો કે જંગમનો છે, છતાં અહીં વૃક્ષોએ ભગવાન્ પધારવાથી જંગમતા પ્રકટ કરી છે, એટલું જ નહિ, પણ એમાં આનન્દાંશ પણ અભિવ્યક્ત થયો છે તેથી એ પોતાના સ્વરૂપમાં ભગવાન્ છે એમ બતાવવા લાગ્યાં. પ્રથમ તો એમાં ક્રિયાશક્તિના આવિર્ભાવ થયો તેથી એમાં પુષ્પો અને ફલો લાગી ગયાં તે ભગવદર્થ હોવાથી સદા વધતાં જ રહે છે પણ ઘટતાં નથી. પ્રેમવડે રોમાંચિત થઈ જાય છે એ ભક્તનું લક્ષણ છે. એ વૃક્ષોમાં પ્રકટ દેખવામાં આવ્યું ત્યારે એમાં આનન્દનો પ્રવેશ થયો છે એ વાત નિઃસન્દિગ્ધ થઈ ।।૮-૯।।

પક્ષીઓમાં પણ *દર્શન કરવા લાયકમાં તિલકરૂપ એટલે અતિ સુન્દર (શ્રેષ્ઠ), વનમાળાની દિવ્ય ગન્ધવાળી તુલસીના મકરન્દથી મદવાળા બનેલા ભ્રમરોનાં કુલ

પોતાને ગમતું ગાયન કરે છે તેનો આદર કરતા ભગવાન્ જ્યારે વેણુનું કૂજન કરે છે ત્યારે તળાવમાં રહેનારાં સારસ, હંસ વગેરે પક્ષીઓ સુન્દર વેણુગીતને સાંભળવાથી એમના ચિત્તનું આકર્ષણ થતાં એમનું ચિત્ત એકાગ્ર થઈ જાય છે અને આંખો બંધ કરીને મૌન ધારણ કરી મુનિઓની જેમ પક્ષીઓ હરિને સેવે છે ।।૧૦-૧૧।।

**વિશેષ** : હવે પછી પક્ષીઓ ઉપર વેણુનાદની શી અસર થઈ એ કહેવામાં આવે છે. એ પક્ષીઓને અસર કરવામાં ઉપયોગી રૂપ અને વેણુનાદ નું વર્ણન કરે છે. જો કે પક્ષીઓ અહીં વૃન્દાવનમાં મુનિઓ છે, એને કાંઈ ગીતથી ભગવદ્ભાવ થાય છે એમ નથી પણ સ્વભાવથી જ એમને ભગવાન્‌માં ભાવ છે. તો પણ લોકબુદ્ધિથી કદાચિત્ ભાવ થાય એ શંકા ન થવા માટે ભગવાન્‌નાં સ્વરૂપ અને નાદ થી એને ભક્તિ સિદ્ધ થઈ છે એ વાત કહે છે. એમાં પ્રથમ રૂપનું વર્ણન કરે છે, **'દર્શનીયતિલકઃ'** ઇત્યાદિ શ્લોકથી.

દર્શનીયમાં 'તિલકરૂપ' એટલે અતિસુન્દર, સુન્દરતાના ભેદને જાણનાર પક્ષીઓ હોય છે. એ મનમાં રૂપ પ્રધાન હોય છે તેથી એમણે વેણુનાદ અમારું હિત કરનાર છે એમ જાણ્યું. એ નાદ પોતાના હોય તેમના અપરાધને પણ ગણતો નથી. એ કહે છેઃ

વનમાલામાં દિવ્ય ગન્ધવાળી તુલસીના મકરન્દથી ગાંડા બનેલા ભમરાઓના ઉચ્ચસ્વરના ગાનવડે ભગવાન્ ખિન્ન થતા નથી પણ એનો આદર કરે છે, તો પછી સરોવર આદિમાં રહેલા સારસ, હંસ રસિક છે, ક્ષીર-નીરના વિવેકવાળાં છે તેનો આદર કેમ ન કરે? એમનો આદર એવી રીતે કરે છે કે એમનું જેમ અભીષ્ટ થાય. વનમાલામાં રહેલા ભમરાઓને દૂર નથી કરતા, પણ એનું જેમ સારું થાય તેમ કરે છે. એમને જેમ કાંઈ ઉપદ્રવ ન થાય તેમ કરે છે. આદરથી તેમને રસપાન કરવાની છૂટ આપે છે. એમ કરીને જ્યારે વેણુનું કૂજન કરે છે ત્યારે જલવાસીઓ 'સારસ' એટલે સરસ ભક્ત તેના સમ્બન્ધીઓ ઉત્કૃષ્ટ ગતિવાળા પુરુષો કરતાં એ ભજન કરવામાં વધારે અધિકારી છે. સુન્દર ગીતથી એમનું ચિત્ત હરાઈ જાય છે. ગાન સાંભળવા માત્રથી જેનું ચિત્ત ખેંચાય તે ઉત્તમ અધિકારી ગણાય છે. એ ભજન પણ ભક્તિમાર્ગને અનુસારે કરે છે, પણ અન્તર્યામીરૂપે કે જ્ઞાનમાર્ગની રીતે ભજન નથી કરતા. એ ભગવાન્‌ની પાસે આવીને સેવા કરે છે. એ પક્ષીઓ મુનિઓ છે અને પ્રભુનાં દર્શન થશે એ ભાવથી પક્ષીરૂપે વૃન્દાવનમાં આવીને ભગવાન્‌ની સેવાની ઇચ્છા કરે છે. એમાં પણ સેવામાં ચિત્ત સ્થિર કરવું મુખ્ય છે તેથી **યતચિત્ત** થઈને વૃક્ષ ઉપર બેસે છે. જેનું વિક્ષિપ્ત ચિત્ત તે સેવા કરવાને લાયક ગણાતો નથી. બહારનો વ્યાપાર છોડે તે જ સેવામાં મુખ્ય ગણાય. એ બહારના વ્યાપારમાં આંખ અને વાણી મુખ્ય છે; એ બે ઇન્દ્રિયનો નિરોધ થાય તો ભજન

સારી રીતે બની શકે. માટે એ પક્ષીઓ મૌન ધારી આંખો બંધ કરીને કેવળ નાદામૃતનું પાન કરે છે. આ ગોપી સાત્વિકી હોવાથી પક્ષીઓના ભાગ્યની સ્તુતિ કરે છે.

અથવા આ મુનિઓ અત્યન્ત રસિક ભક્તો છે. તેઓએ વિચાર કર્યો કે મુનિરૂપે તો વૃન્દાવનમાં આપણો પ્રવેશ સમ્ભવિત નથી તેથી ગમે તે રૂપે ભગવાન્‌ની સેવા બને તે રૂપ ધારણ કરીને આપણે તો લીલાનું દર્શન અને એમાં બની શકે તેટલો આપણે હિસ્સો આપી શકીએ તેવો દેહ જોઈએ. એ વિચારથી મુનિઓ વૃન્દાવનમાં પક્ષીઓ થયા અને પોતાના વિચિત્ર શબ્દોથી ભક્ત અને ભગવાન્ ના ભાવનું ઉદ્દીપન કરાવતા પ્રકટ લીલાનાં દર્શન કરતા, વેણુનાદામૃતનું નેત્ર બંધ કરી વાક્સંયમ કરી પાન કરે છે; ઈત્યાદિ સ્વતન્ત્રલેખોમાં વર્ણન છે તે વિસ્તાર ભયથી અહીં આપ્યું નથી. જિજ્ઞાસુએ સ્વતન્ત્ર લેખ જોવા વિનન્તિછે.

હે વ્રજની દેવીઓ! બલદેવજીની સાથે કીર્તિમયી માલા અને પુષ્પો ના ગુચ્છારૂપ કર્ણાભરણના વિલાસવાળા અને આનન્દ પામેલા *ભગવાન્ જ્યારે પર્વતના શિખરો ઉપર વિશ્વને આનન્દ પમાડતા વેણુના નાદથી ભરી દે છે, ત્યારે મોટાના અપરાધથી ભયભીત થયેલા ચિત્તવાળો મેઘ પોતાના મિત્ર (ભગવાન્) ઉપર પુષ્પોની વૃષ્ટિ કરતો અને પોતાની છાયાથી છત્ર ધારણ કરતો મન્દ-મન્દ ગર્જના કરે છે ।।૧૨-૧૩।।

**વિશેષ** : હે વ્રજદેવીઓ! તમે વ્રજની દેવતાઓ છો તેથી તમને મારા વચનમાં વિશ્વાસ થશે એમ કહ્યું. જ્યારે પ્રિય વેણુરવ કરી વિશ્વને પૂર્ણ કરે છે ત્યારે મેઘ મહાપુરુષનું અપમાન થશે એવા ભયથી પોતાના મિત્ર ભગવાન્‌ની ઉપર પોતાના દેહવડે છાયા કરે છે; એ શરીરને છત્રરૂપ બનાવે છે. એમ કરીને એમાંથી નાનાં જળબુન્દ ભગવાન્‌ની ઉપર વર્ષાવે છે. આ ભગવાન્‌નો નાદ બહુ ઊંચો છે. વિશ્વનિષ્ઠ સર્વ ધર્મને દૂર કરીને પોતે પૂર્ણ થઈ જાય છે, એ ભગવાન્‌ના જેવો શ્યામ મેઘ ધૂમાદિના સમુદાયરૂપ શરીરવાળો છે. ભગવાને વિશ્વને નાદથી પૂર્ણ કરી કૃતાર્થ કર્યું ત્યારે પોતાને કાંઈ કર્તવ્ય રહેતું નથી છતાં પોતાનો જન્મ સફળ કરવામાટે ભગવાન્‌ની ઉપર વર્ષા કરે છે. જેવો વેણુનાદ કરવાથી મેઘ સેવા કરે તેવા નાદ કરતા ભગવાન્‌ને ચાર વિશેષણોવડે વર્ણવે છે, નહિ તો વિશ્વપૂર્ણતા સ્તુતિરૂપ ગણાય. એ ભગવાન્‌માં ક્રિયાશક્તિ સમ્પૂર્ણ છે એ વાત **સહબલ** વિશેષણથી સિદ્ધ થાય છે. સૃષ્ટિ રચવાની ક્રિયા કરતાં પણ આ ક્રિયા મોટી છે એમ બતાવવાને માટે પણ ઉક્ત વિશેષણ છે. વળી માળારૂપ, કર્ણાભરણ, એમાં છે વિલાસ જેનો એવી લીલા કહી. માળા કીર્તિમયી છે, કાન દિશાઓરૂપ છે તેથી દિશાઓમાં આપની કીર્તિ પહોંચી છે એવો એનો અર્થ થાય છે. એ દિશામાં પહોંચનારી કીર્તિ સર્વોત્તમ જ

હોવી જોઈએ અથવા ભગવાન્‌ની કીર્તિને કહેનાર ભાગવત્ આદિ શાસ્ત્ર સર્વ વેદમાં આભૂષણરૂપ છે. એમાં વિલાસયુક્તા કીર્તિ છે જેની, અર્થાત્ કીર્તિને ભગવાન્ આદિ પ્રતિપાદન કરે છે; એ પ્રકારે ક્રિયાનું સ્વરૂપથી અને ગુણથી માહાત્મ્ય કહ્યું. એની સહકારિણી ઇચ્છાનું માહાત્મ્ય કહે છે કે પોતે હર્ષયુક્ત થઈને બીજાને હર્ષયુક્ત કરે છે. એમ વેણુનાદના કારણરૂપ ક્રિયાનો ઉત્કર્ષ કહીને દેશથી એનો ઉત્કર્ષ કહે છે : ગિરિરાજજીનાં શિખરોમાં એ નાદ પહોંચે છે. સર્વના આધારરૂપ પૃથ્વીને જે ધારણ કરે છે તે પર્વતના પણ ઊંચા શિખરો ઉપર એ નાદ પહોંચે છે. એ વિશ્વને કેમ પૂર્ણ ન કરે? 'રવ' એટલે અનુરણન એટલે કે પડઘાને અત્યન્ત ગંભીર પૂર્ણ કરે છે અને તેથી મેઘથી પણ વિશેષ ક્રિયા કહી છે. ત્યારે મેઘ ભગવાન્‌ની ઉપર જવાથી ભગવાન્‌નો અપરાધ થશે એમ મનમાં શંકિત થતો ઉપર રહીને જુએ તો પોતાના જેવા શ્યામ અને જીવનપ્રદ ભગવાન્‌ને મિત્ર જાણીને કુસુમાવલીરૂપ સ્વબિંદુથી એમની ઉપર વર્ષવા લાગ્યો. પોતાનાં પુષ્પોથી ભગવાન્‌નો સત્કાર કર્યો, એટલું જ નહિ, પણ એમને રાજ્ય પણ આપ્યું; તેથી સ્વયં એમની ઉપર છત્રરૂપે રહી ભગવત્તાપને દૂર કર્યો, કેવળ રાજ્ય આપ્યું નહિ પણ આત્મનિવેદન પણ કર્યું, કેમકે ઉપર તાપને સ્વદેહથી રોકી ભગવાન્‌ને છાયા કરી એ આત્માનો ભગવાન્‌માં ઉપયોગ થયો.

(ત્રણ પ્રકારના ઉત્તમ અધિકારીઓનું વર્ણન કરવામાટે ભગવાન્ અને વેણુનાદ બન્નેનું વર્ણન હવે કરવામાં આવે છે. એ ત્રણ પ્રકારે ઉત્તમનું ત્રણ યુગ્મથી વર્ણન કરે છે, બ્રહ્માજી, ગોપીજનો અને અરણ્યવાસીઓને ક્રમે કરીને સન્દેહ, મોહ અને સર્વપરિત્યાગ થયો છે તે વેણુકૃત છે એ વાત કહે છે કે) અનેકવિધ ગોપોની ચાલમાં ચતુર *ભગવાન્ પોતાના વેણુમાં શાસ્ત્રમાં નહિ વર્ણન કરાયેલા ગાનના ભેદોને ઉતારે છે તે પોતે જ જાણે છે, બ્રહ્માજી આદિથી એ ભેદ અજ્ઞાત છે. એ તમારા પુત્ર બનેલા ભગવાન્ જ્યારે વેણુને અધર ઉપર રાખી, હે સતિ! એમાંથી રાગરાગણી છેડે છે ત્યારે ઇન્દ્ર, શિવજી, બ્રહ્માજી વગેરે દેવોના ઉપરી વખતો-વખત એ નાદનો વિચાર કરે છે, પણ એ કેવા પ્રકારનો છે તેનો પત્તો ન લાગવાથી કંઠ સહિત મસ્તક (ગરદન) અને ચિત્તને સારી રીતે નમાવીને મૂર્છાને પામી જાય છે. (એથી બ્રહ્માદિનો સન્દેહ કહ્યો) ।।૧૪-૧૫।।

**વિશેષ** : લોકમાં અલૌકિક પ્રકાર થાય તો એ બીજાને સન્દેહ પેદા કરે છે. એવું કોઈ ભગવાન્‌નું રૂપ નથી કે જે વેદમાં કહ્યું ન હોય. એ વેદવિદ્યાનું સ્થાન છે. એમાં બ્રહ્માજી કુશલ છે. તેમને સન્દેહ કેમ થાય? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે વેણુ સુષિરવાદ્ય છે. એના પ્રકાર શાસ્ત્રમાં

કહ્યા છે તેને બ્રહ્માજી જાણે છે; પણ જે અનેક પ્રકાર ભગવાન્ નવા કલ્પીને વેણુમાં ઉતારે છે તે તો ભગવાન્ પોતે જ એને પ્રકટ કરનાર હોવાથી શાસ્ત્રમાં એ લખાયેલા ન હોવાથી બ્રહ્માજી આદિને એ નાદમાં સન્દેહ થાય છે. તેથી નાદ બ્રહ્મ નિત્ય છે એમ પણ સિદ્ધ થયું. એ નાદમાં સાધન તો ક્રિયાશક્તિ છે તેનાથી ઉત્પન્ન નાદ અલૌકિક કેમ સમ્ભવે? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે અનેક પ્રકારના ગોપચરણમાં ભગવાન્ ચતુર છે. એ ગોપ સંચારો વેદમાં નથી. બીજા બ્રહ્માંડમાં સંચારો છે તે લોકમાં પણ પ્રસિદ્ધ નથી. એમાં પણ ભગવાન્નો અભિજ્ઞ છે તેથી જે સંચારને બ્રહ્માજી નથી જાણતા તે સંચારને ભગવાન્ કરે છે તેથી બ્રહ્માજી આદિને સન્દેહ થાય છે. ત્યાં એ શંકા થાય છે કે બ્રહ્માજીની સૃષ્ટિમાં ભગવાન્ પધારી બ્રહ્માજી ન જાણે એવું કેમ કરે? એના ઉત્તરમાં ગોપીજનો શ્રીયશોદાજીને કહે છે કે તમારા પુત્ર થયા છતાં તમારા મનમાં પણ ન આવી શકે એવું મુખમાં બ્રહ્માંડ દર્શન આદિ તમને કરાવી સન્દેહ ઉત્પન્ન કરે છે તેમ બ્રહ્માજી આદિને પણ અજ્ઞાત વાત ભગવાન્ કરે, કેમકે એ સ્વતન્ત્ર છે. એ વેણુને અધર ઉપર રાખીને એમાં સ્વર અને જાતિ નવાં પેદા કરે છે ત્યારે રાજસ આદિ ભાવવાળા દેવો એનો વિચાર કરતાં એક ચિત્તથી સાંભળતાં પણ એ રાગોનું શું સ્વરૂપ છે એને નથી જાણી શકતા ત્યારે એ જ વિચારનું કાંઈ પરિણામ ન આવવાથી મૂર્છિત થઈ જાય છે તેથી આ નાદાભાસ છે એમ પણ કોઈ ન કહી શકે, કારણ કે એ અલૌકિક રસને ઉત્પન્ન કરે છે. આભાસ વસ્તુને પ્રકટ કરવાને સમર્થ ન થઈ શકે તેથી નાદ બ્રહ્મના પારને નહિ પહોંચવાથી ઈન્દ્ર, બ્રહ્માજી, શિવજી વગેરે અતિ નિપુણ અને નાદશાસ્ત્રના કર્તા છતાં કાંઈ નિશ્ચયઉપર ન આવી શક્યા ત્યારે એ જ મોહમાં બેભાન થયા.

(બીજાની વાત જવા દઈએ તો અમને પણ એ નાદ મોહમાં નાખે છે એમ ગોપીજનો કહે છેઃ) ભગવાન્ ધ્વજ, વજ્ર, કમળના ચિહ્નવાળા પોતાના ચરણનાં દલ એટલે તળીયાંના ભાગથી અથવા આંગળીઓથી વ્રજભૂમિને ગાયની ખરી લાગવાથી દુઃખ થાય તેને મટાડતા મહાવૃષભના જેવી મન્થરગતિવડે ચાલતા વેણુનાદ કરે છે ત્યારે એના સવિલાસ ગમનને જોનાર અમને બધાંને મનમાં ભ્રાન્તિ ઉત્પન્ન થવાથી ચાલી ન શકતાં વૃક્ષની સ્થાવર દશાને ભોગવતાં મૂર્છા થવાથી વસ્ત્રને કે *કેશપાશને છૂટી જતાં સુધી અમે જાણી શકતાં નથી ।।૧૬-૧૭।।

**વિશેષ :** જ્યારે વેણુને વગાડતા ભગવાન્ ચાલે છે ત્યારે નાદ અમને સ્થાવર બનાવી દે છે, એટલું જ નહિ, પણ અમે બધાં મૂર્છાથી અમારાં વસ્ત્રો અને કેશપાશ સરકી જાય છે એ જાણી શકતા નથી. આ વેણુનાદ અમારે માટે થાય છે, એ ભગવાન્ની ચેષ્ટાથી અને અમારા

અનુભવથી અમે જાણીએ છીએ. એમાં ગોકુલવાસીને માટે જે ચેષ્ટા થાય છે તે ચેષ્ટાથી વ્યાપ્ત થઈ ગયા છે તે બીજું કામ કેમ કરી શકે? તેથી પ્રથમ તો ભગવાન્ ગોકુલનું હિત કરે છે એ કહે છે. પોતાના ચરણકમળના તળથી અથવા 'દળ' એટલે આંગળીઓથી નિરન્તર પશુની ખરી લાગવાથી વ્રજભૂમિને દુઃખ થાય છે તેને મટાડતા ચાલે છે. ધીમેથી ચાલે છે તેથી ક્ષતાંશ પાદસ્પર્શથી નિવૃત્ત થાય છે, આધ્યાત્મિકાંશ ધ્વજા આદિથી નિવૃત્ત થાય છે, તામસ ભૌતિક ધ્વજા આદિથી મટે છે, રાજસ આધ્યાત્મિક વજ્રથી, સાત્વિક આધિદૈવિક કમળના ચિહ્નથી નિવૃત્ત થઈ જાય છે. એ ધ્વજાદિ વિચિત્ર લલામ ચરણમાં દેખાય છે તેનાવડે વ્રજભૂમિનાં દુઃખ જાય છે. વ્રજમાં ભૂમિ, ગાયો અને ગોપીઓ એ ત્રણ મુખ્ય ગણાય છે. એમાં ભૂમિનાં દુઃખ વિલાસયુક્ત ગતિથી નિવૃત્ત કર્યાનું કહ્યું. ગતિ અને કૃતિ થી ગાયનાં દુઃખ નિવૃત્ત કર્યાનું કહે છે. મોટો સાંઢ હોય તે ધીમે-ધીમે ચાલે છે, એવી મન્દ ગતિથી ભગવાન્ ચાલે છે તેથી ગાયના દુઃખને દૂર કરે છે. ગોપીજનો કહે છે કે ભગવાને બીજાનાં દુઃખને મટાડ્યાં ત્યારે અમારામાં તો સ્થાવરત્વ બનાવી દીધું કેમકે વેણુનાદથી સ્વભાવતઃ કામ ઉત્પન્ન થયો, એમાં પણ વિલાસપૂર્વક જોવાથી એ કામ વધ્યો તેનાથી જડતા થઈ ગઈ ત્યારે અમે પણ વૃક્ષના જેવાં જ્યાં હતાં ત્યાંનાં ત્યાં રહી ગયાં. એનાથી પણ વિશેષતા એ થઈ કે વૃક્ષોને આન્તરજ્ઞાન છે તે પણ અમને તો ન રહ્યું, કેમકે અમને તો મૂર્છા થઈ. સ્ત્રીઓને અતિ આવશ્યક વસ્ત્ર આચ્છાદન અને કેશપાશનું જ્ઞાન જોઈએ તે બન્નેનું જ્ઞાન ન રહ્યું એ વેણુનાદનું કાર્ય થયું.

ક્વચિત્ ભગવાન્ ગાયના આધિદૈવિકરૂપ મણિઓની અથવા અમારી માલાને ધારણ કરે છે; એ મણિઓની માલાથી ગાયોને ગણે છે. પોતાને પ્રિય છે ગન્ધ જેની એવી તુલસીની માલાથી શોભે છે. કોઈ વખત પોતાના પ્રેમવાળા સેવક(અનુચર)ના ખભાઉપર શ્રીહસ્ત ધારણ કરીને ગાન કરે છે. ત્યારે વેણુના નાદથી જે શબ્દ નીકળે છે તે હરિણીઓના કાનમાં પડતાં હરિણીઓ કૃષ્ણવધૂ હોવાથી શ્રીકૃષ્ણની પાસે બેસે છે; અને કૃષ્ણસારમાં એક-બે ગુણ જ્યારે કૃષ્ણતો ગુણસમુદ્ર છે તેથી અમારી જેમ ઘરની આશા છોડી કૃષ્ણની પાછળ તેઓ ચાલતી થઈ* જાય છે અથવા પ્રભુ પરાયણ થઈ જાયછે ।।૧૮-૧૯।।

**વિશેષ :** મણિઓ ગાયનાં આધિદૈવિક સ્વરૂપ છે તેને પોતે ગળામાં ધારણ કરે છે. પોતાને એનું અભિજ્ઞાન રહેવામાટે નિરન્તર ધરે છે. પોતાની પ્રિયાઓને યાદ કરાવનાર મણિઓ છે તેનાથી કોઈ વખતે ગાયોની ગણના કરે છે. આ કથનથી એમ સિદ્ધ થયું કે એ ગાયો અને એના ધર્મ ભગવાન્માં રહ્યા છે તેથી એનો સંસાર નિવૃત્ત થઈ ગયો. એવી જ રીતે ગોપીજનો અને એના

ધર્મ ભગવાને ધારણ કર્યા એટલે એનો સંસાર પણ દૂર થયો, હરિણીનો સંસાર પણ નિવૃત્ત થયો. પશુત્વ તો ગાય અને હરણીમાં તુલ્ય છે. જ્યારે ગ્રામ્યનો ઉદ્ધાર કરે છે ત્યારે આરણ્યનો ઉદ્ધાર કરે એમાં તો શું જ કહેવું? તેથી જ હરિણીઓ કૃષ્ણપર થઈ એ યોગ્ય જ કર્યું. ભગવાન્‌ને શ્યામરૂપ પ્રિય છે, સ્ત્રીઓનો સ્પર્શ પ્રિય છે, વેણુનો શબ્દ પ્રિય છે, માખણનો રસ પ્રિય છે, તુલસીની ગન્ધ પ્રિય છે; તે-તે વસ્તુમાં રહેલી ઉત્તમતા તો કોઈ સાત્વિકને જ ભાસે છે, એ વાત અનુભવસિદ્ધ છે. જેની ગન્ધ ભગવાન્‌ને પ્રિય છે તેવી તુલસીની માળા પ્રિય ધારણ કરે છે તેથી અમે પણ પ્રભુને પ્રિય થઈશું ત્યારે અમને પણ ધારણ કરશે. અમારા ધર્મોને ધારણ કરશે એ વિચારથી કૃષ્ણસારની સ્ત્રીઓની ભગવાન્‌માં પ્રવૃત્તિ થઈ છે. કૃષ્ણસાર વેદમાં ઉપર્યુક્ત છે, ભક્તિમાર્ગમાં એની સ્ત્રીઓનો વિનિયોગ થાય એ હેતુથી હરિણીનું ભગવાન્‌ની પાછળ ચાલવું થયું છે. વળી ભગવાન્ પોતાના પ્રેમપાત્ર ગોપના ખભા ઉપર ભુજ રાખીને ગાયન કરે છે ત્યારે હરિણી વિચાર કરે છે કે સ્નેહ કરવાથી અને સેવા કરવાથી આ ગોપ ઉપર ભગવાન્ અનુગ્રહ કરે છે તેમ આપણે પણ સ્નેહથી સેવા કરીશું તો પ્રભુ આપણી ઉપર અનુગ્રહ કરશે. દેહની સ્ફૂર્તિ ન થવાથી વિજાતીયપણાથી કામભાવ થવો જોઈએ તે ન થયો. એકદમ વેણુમાંથી શબ્દ નીકળ્યો તેથી એ હરિણીઓને વશીકરણ થયું. એમણે તો જાણ્યું કે હમણાં જ આપણો ઉપયોગ થશે. પણ એ વિષયમાં વેણુનાદે એને વંચિત કર્યા તેથી એ કૃષ્ણની પાસે આવીને ઊભાં રહ્યાં. એ કૃષ્ણસારની સ્ત્રીઓ છે તે વેણુનાદથી કૃષ્ણની ગૃહિણીઓ થઈ ચિત્ત વંચિત થતાં રૂપમાં મોહિત ન થતાં શબ્દમાં મોહિત થઈ. વેણુનાદના પ્રભાવથી કૃષ્ણમાં પણ પતિબુદ્ધિ થઈ, કારણ કે કૃષ્ણસારમાં એક બે ગુણ છે ત્યારે કૃષ્ણ તો ગુણના સમુદ્ર છે તેથી જ્યાં કૃષ્ણ પધાર્યા ત્યાં હરિણીઓ ગૃહની આશાને છોડીને કૃષ્ણની પાછળ ચાલી નીકળી. (કૃષ્ણસાર=૧. કૃષ્ણ જ છે સાર જેનો તે ૨. કાળિયાર મૃગ)

હે નિષ્પાપ યશોદાજી! કુન્દની માલાવડે જેણે રમતનો વેશ ધારણ કરેલો છે અથવા શૃંગાર કર્યા છે તે ગોપ અને ગોધન ને લઈને નન્દરાયજીના પુત્ર અને તમારા વત્સ શ્રીકૃષ્ણ જ્યારે શ્રીયુમનાજી ઉપર પધારે છે ત્યારે પ્રેમપાત્રોને આનન્દ આપી ત્યાં વિહાર કરે છે તે વખતે મન્દ વાયુ અનુકૂળતાથી ચાલે છે, એમાં પણ ચન્દનની સુગન્ધવાળો ચાલે છે ત્યારે સ્તુતિ કરનાર ઉપદેવના ગણ વાજિન્ત્ર ગાન અને ભોગ સામગ્રી સાથે ત્યાં આવી વિહાર કરતા ભગવાન્‌ને ચારે તરફથી વીંટાઈને ઊભા રહે છે. ભગવાન્‌ને અનુકૂળ પડે તેમ વગાડવાનું, ગાવાનું અને *નાચવાનું કરે છે ।।૨૦-૨૧।।

**વિશેષ** : જ્યારે ભગવાન્ શ્રીયમુનાજીમાં વિહાર કરે છે ત્યારે પણ એની પહેલાં અને પછી

વેણુનાદ કરે છે તેમાં વિશેષ પ્રકાર ન હોવાથી પ્રતિપદોક્ત કહેવામાં આવ્યો નથી પણ એનું પ્રકરણ ચાલે છે તેથી કોઈ વર્ણન કરનાર એને છોડીને બીજી લીલાનું વર્ણન ન કરે; તેથી જ્યારે ભગવાન્ વેણુનાદ કરે છે ત્યારે ઉપદેવના ગણ ત્યાં-ત્યાં આવીને ભગવાન્‌ની ચારે બાજુ પર હાજર થઈ જાય છે. આ સમય ગ્રીષ્મનો છે તેથી ગાય, ગોપાળ વગેરેની સ્થિતિ જળની પાસે હોય. ત્યાં ભગવાન્ ગોપો સાથે જળમાં સ્નાન કરે છે, એમાં જળક્રીડા પણ કરે છે, ગાયોને નવરાવે છે, ઉદ્વેગ દૂર કરવા વેણુનાદ કરે છે. એ વખતે કુન્દનાં પુષ્પની માળામાંથી બધાં આભરણ બનાવી ભગવાન્ ધરાવે છે. એ વેશ આશ્ચર્ય કરાવે તેવો અદ્ભુત બને છે. જેનાં દર્શનથી હાસ્યરસ ઉત્પન્ન થાય તેવી પ્રાકૃત લીલા કરવાનું કારણ તો નન્દરાયજીના પુત્ર થઈને લોકલીલા બતાવી તેમ ગોપવત્ આચરણ બતાવીને પણ પ્રાકૃતતા લીલા અર્થે સ્વીકારે છે. એ જેમ તમારા વત્સ થયા ત્યારે તમે ગાયરૂપ થયાં, કારણ કે એના ગુપ્તરસને તમે જાણો નહિ માટે પશુ; તેથી જ તમે એમને ઊખળી સાથે બાંધ્યા. જો તમને કોઈ રીતે એમના સ્વરૂપનું જ્ઞાન હોત તો એમ ન કરત. આગલા વિશેષણ સાથે ભગવાન્‌માં પૂર્ણ ગુણ પ્રકટ છે એમ બતાવ્યું છે. જે ભગવાન્ સાથે સ્નેહ કરનાર છે તેનો સ્નેહ પ્રતિહત ન થાય. એમ આપ લીલા કરે છે તે અહીં નૃત્ય, વેણુવાદન અને જલક્રીડા એ ત્રણ ક્રીડાઓ છે. એમ લીલાભેદ ન હોય તો ત્યાં વાદ્યાદિનો ઉપયોગ ન થાય. વિદ્યાવાળાને વશ કરવા જોઈએ. એમાં વિદ્યાને ઉત્પન્ન કરનાર વાયુ છે, દેવો વિદ્યાના આધાર છે. એમાં પણ આ ઉપદેવા બહાર વિદ્યા પ્રકટ કરનાર છે. એ બન્દીઓમાં વિશેષ ભાવ છે તે કહે છે કે પ્રથમ તો મન્દવાયુ છે, એ કિનારાની નજીક છે અને હિતાવહ છે તેથી એમાં શીતળતા પણ છે. ચન્દનના સમ્પર્કથી શીતળ, મન્દ અને સુગન્ધ વાયુ ચાલે છે તે વાયુ ભગવાને લગાવેલા મલયચન્દનયુક્ત હોવાથી જેના હૃદયમાં એ વાયુ જાય તેને ભગવદીય બનાવે છે. એ ત્રણ પ્રકારનો વાયુ પોતાના ગુણોથી ભગવાન્‌નું સન્માન કરે છે, એટલે ભગવાન્‌ને વશ થઈ ઈચ્છાનુસાર સેવા કરે છે. ઉપદેવ ગણો એટલે ગન્ધર્વો, બંદીઓ કીર્તિને વખાણનારા તે જ ગાયન કરનાર છે, બીજા ભગવદીયો છે. એ ગાયન વગેરેનું કાર્ય પવનને અધીન હોવાથી એનું વચમાં વર્ણન કર્યું તેથી અહીં એ ગન્ધર્વ અને બન્દીઓએ ભગવાન્‌ની સમયોચિત સેવા કરી ભગવદ્ અપેક્ષા પૂર્ણ કરી એ એમાં વિશિષ્ટતા છે. અહીં તામસ, રાજસ અને સાત્વિક ભાવ તો લીલામાં અનુસ્યૂત ચાલ્યો આવે છે તે અહીં પણ સમજવો. ગાયક, વાદક અને પૂજક એ ત્રણની લીલામાં અપેક્ષા હતી તે એમણે પૂર્ણ કરી ।।૨૦-૨૧।।

(અહીં બે યુગલમાં કેવળ ભગવાન્‌ની લીલા કહી છે) વ્રજની ગાયો ઉપર

વત્સલતાવાળા ગોવર્ધન્‌ને ધારણ કરનાર અત્યન્ત નિપુણ અને બહુજ્ઞ પુરુષો પણ માર્ગમાં જેમને નમસ્કાર કરે છે અને અનુચરો જેમની કીર્તિનું ગાન કરે છે તેવા ભગવાન્ સાયંકાલે વેણુ વગાડતા ગાયોને લઈને આવે છે ત્યારે ગાયની ખુર-રજથી જેમની માળા વ્યાપ્ત થઈ જાય છે, પોતે શ્રમની કાન્તિવડે પણ ગોપીજનોના નેત્રને ઉત્સવ કરાવતા દેવકીજીના જઠરથી ઉત્પન્ન થતાં ચન્દ્રરૂપ ભગવાન્ પોતાના મિત્રોના મનોરથો *પૂર્ણ કરવા પધારે છે ।।૨૨-૨૩।।

**વિશેષ :** ભગવાન્ ગાયોને ગોષ્ઠમાં લાવે છે તે ગાયો ઉપર એમની કૃપા બતાવવામાટે લાવે છે. એમ ન કરે તો એક લીલામાં પડતી ગાયો એનું અનુસન્ધાન કરતાં મુક્ત થઈ જાય. એમ ગોપીજનોની ઉપર પણ કૃપા કરીને પધારે છે, નહિ તો તેઓ પણ મુક્ત થઈ જાય. પણ તેમને ભજનાનન્દનો અનુભવ કરાવવામાટે પધારે છે. એનું કારણ એ કે ભગવાન્ ગોવર્ધનને ધારણ કરે છે. જો ભજનાનન્દ ન આપે તો ગોવર્ધન્‌ને ધારણ ન કરે. ગોવર્ધનનું ધારણ ભગવાને કર્યું એ એમનું માહાત્મ્ય સર્વજનપ્રસિદ્ધ છે. એ એટલા ઉપરથી સિદ્ધ થાય છે કે ગોવર્ધન્‌ને ઉઠાવ્યા પછી વ્રજના વૃદ્ધ પુરુષો પણ ભગવાન્ રસ્તામાં મળે તો એમને દંડવત્ પ્રણામ કરે છે. એટલે એમનામાં તેમની ગોપબાળક બુદ્ધિ નથી, પણ ભગવદ્‌બુદ્ધિ છે. તેથી જ તેઓ પ્રણામ કરે છે. જ્યારે બધી ગાયોને લઈને સાંજે વ્રજમાં પધારે છે ત્યારે ગોપો કીર્તિનું ગાન કરતા પાછળ ચાલે છે. રાત્રિમાં ગોપો ઘરમાં રહી કીર્તિનું ગાન કરે છે, જ્યારે દિવસના ઘરમાં બેઠાં ગોપીઓ વનમાં કરેલી ભગવદ્‌લીલા જોઈને એનું વર્ણન કરે છે. જો એમ સર્વની ભગવત્ નિષ્ઠા ન હોય તો સર્વનો નિરોધ ન થાય. એ નિરોધ કરવાનું સ્વયં ભગવાન્ જાણે છે તેથી એ સ્વયં કરે છે. પોતે શ્રમની કાન્તિથી વ્રજસ્થની દૃષ્ટિને ઉત્સવયુક્ત કરે છે. અહીં ભગવાન્‌ને શ્રમ થાય છે એવો સિદ્ધાન્ત છે. મર્યાદામાર્ગમાં ભગવાન્‌ને શ્રમ થતો નથી તેથી એમને શ્રમ અપહારક ઉપચારો અપેક્ષિત નથી. **''ભર્તા સન્'' ''એકો દેવો'' ''યદા ભારં તન્દ્રયતે''** ઇત્યાદિ શ્રુતિઓથી ભગવાન્ વિરુદ્ધ ધર્માશ્રય છે તેથી શ્રમ નથી એમ કહેવું પણ અયોગ્ય તો નથી. એ શ્રમને જોઈને ખુશ એટલામાટે થાય છે કે જો શ્રમ ન થાય તો ભગવાન્ જલદી વનમાં પધારે. શ્રમયુક્ત હોય તો વધારે વાર અમારી પાસે રહે તો આનન્દ વિશેષ થાય એવા વિચારો એમને ઉત્પન્ન થાય છે, નહિ તો સ્ત્રીઓ પુરુષને શ્રમિત જોઈને નિરુત્સાહ થવી જોઈએ. રસ્તામાં વાયુથી રજ ઊડે છે એમાં ગાયની ખરીઓથી રજ ઊંચી ચડે છે તેને વાયુ બીજે લઈ જાય છે. એ માલા ઉપર સ્થિર થઈ જાય છે. એમાં ગાયો ધર્મરૂપ, રજ અર્થરૂપ અને વ્યાપ્તિ કામરૂપ છે. સર્વ સમ્બન્ધીઓને આશિષો આપવાને પધારે છે અને

ગોપીજનોદ્વારા સર્વમાં આનન્દનો પ્રવેશ કરાવે છે તેથી ભગવાન્‌ને પ્રત્યક્ષ કરતા ગોપીજન **'એષઃ'** આ ભગવાન્ આવે છે એમ કહે છે. **''દેવકીજઠરભુરુડુરાજઃ''** એવું ભગવાન્‌નું વિશેષણ છે તેથી દેવકી અદિતિ છે. અન્તરિક્ષ પણ એજ છે. એ આકાશરૂપ પણ છે. એમાં ચન્દ્રનો ઉદય જરૂરનો છે. એમાં લૌકિકતાપને લૌકિક ચન્દ્ર દૂર કરે છે. આ કૃષ્ણચન્દ્ર વિરહતાપને દૂર કરનાર છે એ અલૌકિક ચન્દ્રની વિશિષ્ટતા છે.

(એમ ભગવાન્‌ની સાધારણ લીલા કહીને વેણુદ્વારા ગોપીજનો ભગવાને જે લીલા કરી તે લીલાનું આ છેલ્લા યુગલથી વર્ણન કરે છેઃ) મદથી જેમનાં નેત્ર ઘેનવાળાં (ઘેરાયેલાં) છે અને પોતાના મિત્રોને થોડું માન આપનાર, વનમાળાને ધારણ કરનાર, બોર જેવા શ્વેત અને પીળા રંગના કપોલવાળા અથવા સહેજ લાલ મુખને કનકના કુંડળથી શોભાવતા, યાદવપતિ, મદોન્મત્ત હાથીના જેવો વિહાર કરનાર આ કૃષ્ણચન્દ્ર વ્રજની ગાયોને દિવસના અન્ત વિનાના તાપને દૂર કરતા, રાત્રિના પતિની પેઠે હસતે *મુખે પાસે પધારે છે ।।૨૪-૨૫।।

**વિશેષઃ** યદુપતિ હર્ષયુક્ત વદને આવે છે. અહીં પ્રથમ લીલા કહી છે. આ ગોપીજન કહે છે તે બધી લીલા ભગવાને અમારે માટે કરી છે તેથી એનું દશ પ્રકારે વર્ણન કરે છે. એમાં ભગવાન્‌નાં દશ વિશેષણ છે. ભગવાન્ તો યુગલમાં એક જ છે તેથી એમાં વિભાગની જરૂર નથી. સર્વત્ર રજોગુણ મુખ્ય છે તે અમોને ફલિત થયો છે. એ વાત કહે છે કે ભગવાન્‌નાં નેત્ર મદવડે ઘૂર્ણાયમાન (ઘેનવાળાં) છે. અહીં મદ તો પોતાના આનન્દથી પૂર્ણ છે. એનો આનન્દ જ્ઞાનમાર્ગમાં પણ છે તેની નિવૃત્તિમાટે લોચનમાં એ ધર્મ કહ્યો. જ્ઞાનીઓને નેત્રમાં ઘેન ન હોય તેથી આ ભક્તિનું ઘેન ભગવાન્‌ના નેત્રમાં જણાય છે. સ્વરૂપમાં રહે એટલામાટે પૂર્ણ છે છતાં થોડું માન આપનાર છે. સન્માન થોડું કરે છે તેથી ભક્તો સ્વગમ્યતાને તો જાણે છે અથવા રજોગુણ પ્રકટ કરી અભિમાન આપે છે અથવા અભિમાનને દૂર કરે છે એવો અર્થ પણ થાય છે. એ ત્રણે પક્ષમાં અલ્પતા છે. ભગવાન્ પૂર્ણ છે તેને તમારી સાથે એમ કરવાનું શું કારણ? એમ કહે તો એના ઉત્તરમાં કહેવાનું કે એ બધા સુહૃદોને માન આપનાર છે. તે પોતાના સુહૃદોનું કાર્ય કરવામાટે એમ કરે છે. મોટા હોય તેણે પણ મિત્રનું કાર્ય તો કરવું જ જોઈએ. વળી એ કીર્તિમયી વનમાલાને ધારણ કરે છે. **'બદર'** શબ્દ અહીં બોરડીના ફળનો વાચક છે. એના ધર્મ ક્ષણ-ક્ષણમાં બદલાતા જાય છે. એની ઉપર તાપ પડે છે ત્યારે એની કાન્તિ ફરે છે. એમાં પણ અર્ધપક્વ પાણ્ડુ વર્ણ થઈ જાય છે, પૂરાં પાકે ત્યારે લાલ થાય છે. તેથી ભગવાન્‌નું મુખ બોર સરખું પાણ્ડું કહ્યું. તેથી એ અર્ધપક્વ છે. આગળ સમ્પૂર્ણ પક્વ થશે ત્યારે રક્ત થશે.

તેથી જ એ અયારે **ઈષત્** થોડીક માનદ છે, પછી પૂર્ણ માનદ થશે. એ ભગવાન્ મૃદુગંડવાળા છે. એ ગંડ (ગાલ) ઉપર કનક કુંડળની શોભાથી બીજો રંગ દેખાય છે. ભગવદ્ વર્ણ શ્યામમાં પીતવર્ણનું પ્રતિબિમ્બ પડે તેની શોભા ઓર જ થાય છે. તેથી ઉત્કૃષ્ટ પરમાનન્દ છે; છતાં અમારે માટે તો એ કામરસ આપનાર જ છે. તેથી જ વનમાંથી એમનું વ્રજમાં પધારવું થયું છે. જો એ ઉદ્દેશ ભગવાન્‌નો ન હોય તો અમને ઉદ્દેશીને શિરોભેદ કર્યા તે ભગવાન્ ન કરત. એ ભગવાન્ યાદવપતિ છે. બહુ સ્ત્રીવાળા યાદવો પ્રસિદ્ધ છે. એ પણ **'દ્વિરદરાજવિહાર'** છે. અમર્યાદ ક્રીડા કરનાર હાથીના જેવો ભગવાન્‌નો વિહાર છે. એ પ્રથમ તો અમારા દિવસનો તાપ મટાડશે તેથી એમને **'યામિનીપતિ'** કહ્યા છે. ચન્દ્રમા દિવસે તાપથી ક્લિષ્ટ થયેલાંનો તાપ ઉદય માત્રથી દૂર કરે છે. એ પ્રથમ તો અમારા તાપને દૂર કરશે, પછી પ્રસન્ન થઈને પાછા આવશે. એ બધા ભાવો ગોપીજનોને હિતકારી હોવાથી પૂર્વે સાધારણ તાપની વાત કહી. છેલ્લે વ્રજની ગાયોના દિવસના તાપને પણ દૂર કરશે ।।૨૪-૨૫।।

**એવં વ્રજસ્ત્રિયો રાજન્ કૃષ્ણલીલાનુગાયતીઃ ।।**
**રેમિરેહઃસુ તચ્ચિત્તાસ્તન્મનસ્કા મહોદયાઃ ।।૨૬।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે રાજન્! આ પ્રમાણે શ્રીકૃષ્ણની લીલાનું અનુક્રમે ગાન કરતી, એમાં જ્ઞાન પ્રધાન ચિત્ત રાખતી, એમાં જ કર્મપ્રધાન મનને પરોવતી મોટા ભાગ્યવાળી વ્રજની સ્ત્રીઓ દિવસોએ આનન્દ કરતી હતી ।।૨૬।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (બીજા તામસ પ્રકરણના ચોથા ફલ-પેટા પ્રકરણનો જ્ઞાન નિરૂપક સાતમો) ''ગોપીજનોએ ગાયેલું યુગલ ગીત''નામનો પાંત્રીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં બત્રીસમો) નામલીલાનો બીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## બીજા તામસ પ્રકરણનું ચોથું ફલ પ્રકરણ સમ્પૂર્ણ
## બીજું તામસ પ્રકરણ સમ્પૂર્ણ

સાવધાન! સાવધાન!! સાવધાન!!!
ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન
પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે

# અધ્યાય ૩૬[1]

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૩૩

# અક્રૂરજીનું ગોકુલમાં જવું

## પ્રકરણ ૩: રાજસ પ્રકરણ[2]

### રાજસપ્રકરણનું અવાન્તર પહેલું પ્રમાણ પ્રકરણ અ.૧

**વિશેષ** : ૧. આ છત્રીસમા અધ્યાયમાં અરિષ્ટનો વધ કહેવાશે. નારદજી કંસ પાસે આવીને ''શ્રીગોકુલમાં બિરાજતા ભગવાન્ તને મારનારા છે'' એમ કહે છે. કંસ વિચાર કરીને ધનુર્યાગનિમિત્તે એમને બોલાવવાને અક્રૂરજીને હુકમ કરશે. ૧૬ શ્લોકથી એ વાત આવશે. દોઢ શ્લોકથી નારદજી કહેશે અને ૨૩ શ્લોકથી બીજી વાતો આ અધ્યાયમાં કહેશે.

૨. હવે રાજસ્ પ્રકરણ પૂર્વ જેમ ૨૮ અધ્યાયથી કહે છે. તેમાં પણ અવાન્તર ચાર પ્રકરણો જાણવાં. રાજસમાં યાદવો મુખ્ય છે. એમાં પ્રથમ પ્રમાણ પ્રકરણ છે. એના સાત અધ્યાયના અર્થ, ક્રમથી ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મી; એમાં નારદજી, અક્રૂરજી, નન્દજી, વિદૂરજી, ગોપીજનો, અક્રૂરજીને દર્શન આપનાર હરિ અને કુબ્જા એ બધાં પ્રમાણભૂત છે. રાજસ પ્રકરણમાં ભગવાન્ સગુણ છે, વ્યૂહ વિશિષ્ટ છે. એમનાથી રાજસ ભક્તોને ભગવાન્માં સ્નેહ સિદ્ધ થયો છે. નારદજીએ કંસને કહ્યું : ''કૃષ્ણ વસુદેવના પુત્ર છે'' અક્રૂરજીએ એને પુષ્ટિ આપી. આ પ્રકરણમાં પણ પ્રમાણથી સ્નેહ, પ્રમેયથી આસક્તિ, સાધનથી વ્યસન અને ફળ એમ પૂર્વ જેમ ક્રમ સમજી લેવો. ભગવાન્ જ્યારે તામસ ભક્તોના ભાવને લઈને ત્યાંથી મથુરા પધાર્યા ત્યારે ગોકુલસ્થ ભક્તો પણ રાજસ થયાં. એ જ પાછાં સાત્વિક થઈને નિર્ગુણ થશે ત્યારે મુક્તિ થશે. નારદજી ભગવાન્ પાસે આવ્યા અને એમની પાસે વિનન્તિ કરી એ પ્રદ્યુમ્ન વ્યૂહાત્મા છે. નારદજીનો મધ્યમાધિકાર હોવાથી એ પુરુષોત્તમનો ભાવ ન જાણી શક્યા. આકાશવાણીથી વસુદેવ દેવકીજીએ પોતાના ઘેર પ્રભુ પધાર્યા એમ જાણી સ્તુતિ કરી ત્યારે ભગવાને ત્યાંથી ગોકુળ પધારવાની ઈચ્છા બતાવી તેમ અહીં નારદજીએ કંસને ''ભગવાન્-વસુદેવસુત'' છે એમ કહ્યું ત્યારે અક્રૂરજી આવી ભગવાનને મથુરા પધરાવી ગયા. વસુદેવ દેવકીજીને કારાગારમાં જવું પડ્યું. પ્રથમ માયાવડે મુક્ત થયા હતા તેમ અહીં કારાગારમાંથી વસુદેવ દેવકીજીને શ્રીકૃષ્ણ છોડાવશે. આમાં નારદજીનો અધિકાર જ એવો હોવાથી એમનો અપરાધ ન ગણાય, તો પણ ભગવાન્ નારદજીના કાર્યથી પ્રસન્ન તો ન જ થાય. કંસ આદિ રાજસ છે તે બુદ્ધિથી કાર્ય કરનાર છે. એણે તામસ કેશીને વ્રજમાં મોકલ્યો.

મથુરામાં તામસનો વધ ન થવો જોઈએ તેથી એ ગોકુલમાં મર્યો. અરિષ્ટ પણ ગોકુલમાં મર્યો. એવા દૈત્યોને ભગવાન્ મારે નહિ તો ગોકુલસ્થ ભક્તોનું જીવન ન રહે. વ્યોમાસુરને પણ ત્યાં જ માર્યો છે. એમ ઐશ્વર્ય અને વીર્યરૂપ બે અધ્યાયનો અર્થ કહ્યો. અક્રૂરજી સ્વયં સાત્વિક છે છતાં રાજસ-તામસ દોષથી એ કંસની સેવા કરે છે. એના રાજસ તામસ દોષ ગયા ત્યારે એ ભગવાન્‌ની પાસે આવ્યા. અક્રૂરજી ભગવત્ શાસ્ત્રને જાણનાર છે તેથી એમણે સન્દિગ્ધ અર્થ કહ્યો. ભક્ત જ્યારે સ્વદોષ છોડી ભગવત્સન્મુખ થાય ત્યારે ભગવાન્ એની ઉપર પ્રસન્ન થાય છે. તેથી અક્રૂરજીને ત્રણે માર્ગમાં નિષ્ઠા થઈ. શ્રીકૃષ્ણનું માહાત્મ્ય જાણવું એ ભક્તિમાર્ગમાં ઉપયુક્ત છે.

અહીં ત્રીજો અધ્યાય યશોરૂપ પૂરો થયો. એ અક્રૂરજીમાં ત્રણ માર્ગની નિષ્ઠા હોવાથી નન્દરાયજી, બલદેવજી અને ભગવાન્ એ ત્રણે એમના ઉપર પ્રસન્ન થયા. ભગવાન્ ગોકુલ છોડી પધારે તે શ્રીશુકદેવજીને ઈષ્ટ ન હોવાથી ગોપીજનોનાં વાક્યથી જ શ્રીકૃષ્ણ પધારવાનું એમણે કહ્યું છે. ગોપીજનોએ અરિષ્ટ આદિના પ્રતિબન્ધને દૂર કરનાર શ્રીકૃષ્ણને કાયિક વ્યાપારથી ન રોક્યા. પણ વાક્યનો વિનિયોગ કર્યો કેમકે એ ગોપીજનો પણ ઉપનિષદ્ રૂપા હોવાથી વાણીરૂપ જ છે. અહીં ચોથો અધ્યાય-શ્રીરૂપ પૂર્ણ થયો. અક્રૂરજીને બ્રહ્મહ્રદમાં ભગવાને દર્શન આપ્યાં. જો એમ ભગવાન્ ન કરે તો એ ભગવાન્‌નો સંગ છોડે નહિ. ભગવાને સ્વમાહાત્મ્ય અક્રૂરજીને બતાવ્યું તેથી એમણે સ્તુતિ કરી, કર્તાપણાનું અભિમાન છોડ્યું તેથી ભગવાન્‌માં એમને સ્નેહ અને ભક્તિ નો સંસ્કાર રહ્યો. અહીં પાંચમો જ્ઞાનરૂપ અધ્યાય પૂર્ણ થયો. અક્રૂરજીને ભગવાન્‌નું જ્ઞાન થયું એ વાત અહીં સ્પષ્ટ છે. વૈરાગ્યનું દર્શન અક્રૂરજીને એમને ઘેર મોકલ્યા તેથી સ્પષ્ટ થાય છે. કુબ્જાને સરલ કરી છે ત્યાં શંકા કરે છે કે રજકને તો ભગવાને માર્યો છે એ વૈરાગ્યરૂપ કેમ કહેવાય? એના ઉત્તરમાં કહેવાનું કે રજકે રામાવતારમાં પણ સીતાનો દ્વેષ કરેલો તે અહીં પાછો આવ્યા તે દૈત્યના પક્ષમાં રહેનાર છે. અન્ત્યજોમાં રજક મુખ્ય છે તેની પાસે ભગવાને યાચના કરી અને ''તારું શ્રેય થશે'' તેમ ફળનિર્દેશ કર્યો છતાં એણે વસ્ત્ર ન આપ્યાં ત્યારે એ વધને લાયક થયો. માલાકાર અને વાયક માં નટને વેશ કરી આપનાર વધારે પ્રિય થાય છે તેથી તેમની ઉપર પ્રસાદ કર્યો તેવો પ્રસાદ રજક ઉપર પણ થયો સમજવો, કેમકે એમ ભગવાન્ ન કરત તો એ ઘણા જન્મ સુધી ભગવાન્‌નો દ્વેષ કરત. એ દ્વેષ કરતો મટ્યો એ જ એને ફળ થયું. તેથી જ વૈરાગ્યરૂપ અધ્યાયમાં એને ગણ્યો છે. અહીં પ્રમાણ પ્રકરણ સમાપ્ત થયું.

પ્રમેય પ્રકરણમાં પ્રથમ મલ્લો, દેવકીજી, વસુદેવજી, યાદવો, સાન્દીપનિ ગુરુ,

નન્દરાયજી, યશોદાજી, ગોપિકા અને કુબ્જા વગેરે પ્રમેયબળને બતાવનાર વ્યક્તિઓ છે. કુવલયાપીડ, મલ્લો, કંસ અને એના આઠ ભાઈઓ એ પોતાના દોષથી મર્યા છે. ભગવદ્રૂપમાં સ્નેહ અને દ્વેષ એ બન્ને એક જ ફળ આપે છે. તારતમ્ય એટલું કે સ્નેહથી જીવતાં મુક્તિ મળે છે, જ્યારે દ્વેષ કરનારને દેહ છોડ્યા પછી મુક્તિ થાય છે. ભગવદ્ રૂપ સર્વ મોચક છે. એ રૂપનો જેને ભય છે તેને ભગવાન્ મારે છે. એનું કારણ સપ્તમ સ્કન્ધમાં **''ગોપ્યઃ કામાત્ ભયાત્ કંસો દ્વેષાચ્ચૈદ્યાદયો નૃપાઃ''** ઈત્યાદિથી કહ્યું છે. પછી સર્વના ભયને મટાડ્યો તેથી ભગવાનનું માહાત્મ્ય વધ્યું છે. જેમ સ્નેહથી આસક્તિ થાય છે તેમ ભયથી પણ થાય છે. એમાં **''કીટઃ પેશસ્કૃતા રુદ્ધઃ''** એ દૃષ્ટાન્ત છે. એમ અહીં ત્રણ અધ્યાયથી આસક્તિમાં સાધન કહ્યું. ઐશ્વર્ય, વીર્ય અને યશ તેમાં કહેવામાં આવ્યાં, હવે તામસ, રાજસ અને સાત્વિક ભક્તોના સાન્ત્વનને કહે છે. આસક્તિમાં પ્રતિબન્ધ ન થવા સારુ ભક્તનું સાન્ત્વન થવું જોઈએ; અજ્ઞાનથી અધીરાઈ થતી હોય તેને માટે સાન્ત્વન થવું જોઈએ; અજ્ઞાનથી અધીરાઈ થતી હોય તેને માટે સાન્ત્વન કરવું પડે, માટે બે અધ્યાયથી નન્દરાયજી, યશોદાજી અને ગોપીજનો નું સાન્ત્વન ઉદ્ધવજીદ્વારા કર્યું, કેમકે જ્યારે ગોકુલવાસીઓ અન્તર્મુખ હોય ત્યારે તેમને ભગવાન્ પ્રત્યક્ષ થાય છે; જ્યારે બહિર્મુખ હોય ત્યારે એ વિયોગને અનુભવે છે. એ વાતનું એમને જ્ઞાન કરાવવું એટલું જ ઉદ્ધવજીનું કર્તવ્ય છે. તામસ અવસ્થામાં વ્રજસ્થને પોતાનામાં આસક્તિ કરાવવામાટે ભગવાને ચૌર્યાદિ (ચોરી વગેરે) કર્યાં તેમ અહીં તેઓ રાજસ હોવાથી એમને સન્દેશ માત્રથી શાન્ત કરી પોતાનામાં આસક્ત કર્યાં. જીવો સ્વભાવથી દુષ્ટ છે તેથી તેમને દોષભાવ ન આવવા માટે જ્ઞાન કરાવવાની જરૂર છે. પ્રથમ એના પ્રપંચનું વિસ્મરણ થવું જોઈએ, ત્યારબાદ શ્રીકૃષ્ણમાં આસક્તિ થવી જોઈએ. ભગવાને ઉદ્ધવજીને મોકલી એમને ગુરુ કરીને વ્રજસ્થોને પ્રપંચ ભુલાવી પોતાનામાં આસક્તિ કરાવી, પણ સ્વયં ત્યાં ન પધાર્યા. કુબ્જા રાજસી છે, અક્રૂરજી, યાદવો વગેરે પણ રાજસ છે. તેથી અહીં ઉપલક્ષણ પ્રકારથી બે કહ્યા છે. કુન્તાજી, પાંડવ વગેરે સાત્વિક છે. ધૃતરાષ્ટ્રને બોધ કર્યો તે એના રાજસભાવને નિવૃત્ત કરવા કર્યો છે તેથી પ્રથમ સ્કન્ધમાં એની મુક્તિની વાત કહી છે. અહીં દશમસ્કન્ધ પૂર્વાર્ધ સમાપ્ત થાય છે. (ભગવાને જે-જે ચરિત્રો અને લીલાઓમાં અલૌકિક સામર્થ્ય દાખવ્યું છે તે બધું દશમ સ્કન્ધના પૂર્વાર્ધમાં આવે છે જ્યારે જે ચરિત્રોમાં લોકધર્મ આપે સ્વીકાર્યો છે તે દશમસ્કન્ધના ઉત્તરાર્ધમાં આવે છે.)

અઠાવીસ અધ્યાયથી તામસ પ્રકરણીય ભક્તોનો શ્રીકૃષ્ણે સ્વગુણાતીત સ્વરૂપવડે ઉદ્ધાર કર્યો એનું વર્ણન અઠાવીશ અધ્યાયથી પૂરું કર્યું; હવે વસુદેવજીનું હિત કરનાર પ્રદ્યુમ્ન ભગવાન્

છે તે રાજસ લીલાવડે રાજસભક્તોનો નિરોધ કરશે. રાજસો ભગવાન્‌ના સમ્બન્ધવાળા અને સમ્બન્ધરહિત એમ દ્વિવિધ ભક્તો છે. બન્નેનો નિરોધ સર્વાન્તમાં ફલિત થશે. આમાં પણ અઠ્ઠાવીશ અધ્યાય અને પ્રમાણ આદિ ચાર અવાન્તર પ્રકરણો સાત-સાત અધ્યાયનાં ઐશ્વર્ય આદિ છ ધર્મ અને ધર્મિરૂપ અધ્યાયાર્થવાળાં છે. આ પ્રકરણમાં પણ પ્રભુ ગુણ અને સ્વરૂપવડે લીલા કરે છે, એટલું જ નહિ, પણ બન્ધુને સુખ આપી વંશવૃદ્ધિરૂપ કાર્ય પણ કરશે. એમાં પ્રથમ પ્રમાણ પ્રકરણના સાત અધ્યાયની લીલાથી ભક્તોને સુખ કરશે અને સાત અધ્યાયથી વિવાહ વગેરે કરશે. ઉષાહરણ પર્યન્ત રાજસ પ્રકરણ રહેશે. આ પ્રમાણમાં દ્વિવિદ અને નારદજીનાં વ્યાખ્યાનો આવે છે. અક્રૂરજી ભક્તિબોધક છે, પ્રેમાર્થબોધિકા ગોપીજનો છે, જ્યારે ભગવદ્‌બોધક અક્રૂરજી છે. કંસનું કર્તવ્ય અક્રૂરજી ભગવાન્‌ને કહે છે. એમ સાત અધ્યાયથી પ્રમાણ પ્રકરણ પ્રથમ કહેવાય છે. જ્યારે લૌકિક અરિષ્ટ (અરિષ્ટ=૧. બળદની આકૃતિવાળો અસુર ૨. દુર્ભાગ્ય, અનિષ્ટ) નિવૃત્ત થાય ત્યારે કર્મની પ્રવૃત્તિ થાય તેથી અરિષ્ટ અહીં આવે છે તેને ભગવાન્ મારે એટલે કર્મમાર્ગ નિર્વિઘ્ન ફલ આપનાર થાય. આ પ્રકરણમાં રાજસોને ભગવાન્ મારશે, પ્રસંગથી બીજા પણ ઉપદ્રવ કરનાર મરશે.

**અથ તર્હ્યાગતો ગોષ્ઠમ્ અરિષ્ટો વૃષભાસુરઃ ।।**
**મહીં મહાકકુત્કાયઃ કમ્પયન્ ખુરવિક્ષતામ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : બળદના આકારનો ખરીવડે પૃથ્વીને ધ્રુજાવતો અને કમ્પાવતો મોટી ખૂંધવાળો મહાકાય અરિષ્ટાસુર નન્દરાયજીના ગોષ્ઠમાં આવ્યો ।।૧।।

પૃથ્વીને શિંગડાંથી ઉખેડતો, ગર્જના કરતો, પુચ્છને ઊંચું ઉઠાવીને પાળાઓને શિંગડાંવડે ખોદી નાશ કરતો ।।૨।।

થોડો-થોડો ઝાડો પેશાબ કરતો-કરતો, ખીલા જેવી નિર્નિમેષ આંખોવડે જોતો આવ્યો ।।૩।।

હે અંગ! જેના શબ્દવડે ભયથી ગાયો અને સ્ત્રીઓ ના ગર્ભો સમય વગર જ સ્રવી અને પડી* જાય છે, જેની ખૂંધને પર્વત જાણીને મેઘો એના ઉપર થોભી જાય છે. (તે ઉપરથી તેની મોટાઈનું પરિમાણ સમજવું) ।।૪।।

**વિશેષ** : નાના ગર્ભો સ્રવે છે, જ્યારે પક્વ ગર્ભો પડે છે. ચાર માસ સુધીના ગર્ભનો 'સ્રાવ' કહેવાય છે, જ્યારે પાંચ અને છઠ્ઠા માસના ગર્ભનો 'પાત' કહેવાય છે. **''આચતુર્થાદ્ ભવેત્ સ્રાવઃ પાતઃ પંચમ-ષષ્ઠયોઃ''**.

તે મોટા શિંગડાંવાળો અરિષ્ટ જ્યારે નન્દરાયજીના ગોષ્ઠમાં આવ્યો ત્યારે ગોપીજનો અને ગોપો એને જોઈને ત્રાસ પામ્યાં, પશુઓ ભયથી દૂર પલાયન કરવા લાગ્યાં; હે રાજન્! એ બધાં ગોકુળને છોડી ભાગવાં લાગ્યાં ।।૫।।

એ બધાં ''હે કૃષ્ણ! અમે આપને શરણે આવ્યા છીએ'' એમ બોલતાં શ્રીકૃષ્ણને શરણે ગયાં. ભગવાને એમને જોયાં અને ગોકુળ ઉપર આપત્તિ આવી એમ નજરે જોયું ।।૬।।

પછી ભગવાને એ ગોકુલવાસીઓને કહ્યું. ''તમે ભય ન પામો. હું તેનો ઉપાય કરું છું'' એમ વાણીથી સમજાવીને શાન્ત કર્યા પછી અરિષ્ટાસુર જે બળદનું રૂપ લઈને આવ્યો છે તેને કહ્યું:''હે મુર્ખ! મહાદુષ્ટ! પશુ અને ગોવાળો ને ત્રાસ આપવાથીશું થવાનું છે? ।।૭।।

તારા જેવા દુષ્ટનાં બળ અને ગર્વ નો નાશ કરનાર હું છું'' એમ પડકાર કરીને મલ્લની જેમ ભગવાને હાથમાં તાળી મારીને (ભુજા ઠોકીને) અરિષ્ટને ગુસ્સે કર્યો ।।૮।।

પોતાના મિત્રના ખભા ઉપર હાથ રાખી ભગવાન્ એની સામે ઊભા રહ્યા. અરિષ્ટ પણ ખરીથી પૃથ્વીને ખોદતો ક્રોધ કરીને પુચ્છને ઊંચું લઈ વાદળોને આમ-તેમ વિખેરી નાખતો ભગવાન્ ઉપર ત્રાટક્યો ।।૯।।

ધારદાર શિંગડાં આગળ કરી લાલ આંખો કાઢી ભગવાન્ તરફ કટાક્ષથી જોતો, ઈન્દ્રનું વજ્રઆવે તેમ ધસી આવ્યો ।।૧૦।।

ભગવાને, જેમ એક હાથી બીજા હાથીને પોતાના બળવડે પાછો હટાવી દે તેમ એનાં બે શિંગડાં પકડી અઢાર પગલાં પાછો ધકેલી દીધો ।।૧૧।।

પણ તે તરત ઊભો થઈ ગયો. તેને આખા શરીરમાં પસીનો થઈ ગયો; ક્રોધમાં મૂર્છિત થઈને શ્વાસ લેતો એ પાછો ભગવાન્ તરફ ધસ્યો ।।૧૨।।

ધસી આવતા અરિષ્ટને ભગવાને ફરી શિંગડાંવડે પકડીને ત્યાં જ પછાડ્યો. એના ઉપર પોતાનો ચરણ ધરી, જેમ ભીનું કપડું નિચોવે તેમ એના ગળાને મરડી નાખ્યું; શિંગડાં ખેંચી એનાવડે માર્યો. એ પૃથ્વી ઉપર પડ્યો ।।૧૩।।

છિદ્રોમાંથી લોહી, છાણ, પેશાબ, વગેરે ચાલવા લાગ્યાં; પગને પછાડવા લાગ્યો, આંખોની સ્થિતિ ન રહી (ઊલટી થઈ ગઈ) અને મૃત્યુ પામ્યો. દેવોએ ભગવાન્ ઉપર પુષ્પની વૃષ્ટિ કરી અને એ ભગવાન્‌ના કર્મની સ્તુતિ કરવા લાગ્યા

।।૧૪।।

એમ મોટા સાંઢને મારી નાખીને બલદેવજીને સાથે લઈ ભગવાન્ ઘર તરફ પધાર્યા ત્યારે ગોવાળિયા એમની સ્તુતિ કરવા લાગ્યા. ભગવાન્ તો ગોપીજનોનાં નેત્રને ઉત્સવ કરતા ગોષ્ઠમાં પધાર્યા ।।૧૫।।

અદ્ભુત કર્મા શ્રીકૃષ્ણે અરિષ્ટને માર્યો ત્યારે ભગવન્મય નારદજી, જે લોકોને જલદીમાં જલદી ભગવાન્નાં દર્શન કરાવતા રહે છે તે કંસ પાસે આવીને તેને કહેવા લાગ્યાઃ ।।૧૬।।

''શ્રીગોકુલમાં શ્રીકૃષ્ણ દેવકીજીના પુત્ર છે. કન્યા યશોદાજીની હતી. વસુદેવજી પોતાના પુત્ર શ્રીકૃષ્ણને ગોકુલ મૂકી આવ્યા હતા અને યશોદાજીની કન્યાને એ લેતા આવ્યા હતા. રોહિણીજીના પુત્ર રામને તમારી બીકથી વસુદેવજીએ પોતાના મિત્ર નન્દરાયજીને ત્યાં રાખ્યા છે. એ બન્નેએ તમારા માણસોને મારી નાખ્યા છે'' ।।૧૭।।

તે સાંભળીને કંસની એક-એક ઇન્દ્રિય ક્રોધથી કાંપી ઉઠી અને વસુદેવજીને મારી નાખવામાટે તીક્ષ્ણ તલવાર ઉઠાવી ।।૧૮।।

નારદજીએ તેને તેમ કરતાં અટકાવ્યો. તેને જ્યારે ખબર પડી કે પોતાનું મૃત્યુ તો વસુદેવજીના પુત્રોને હાથે છે ત્યારે વસુદેવ-દેવકીજીને હથકડી અને બેડી માં જકડી જેલમાં પૂરી દીધાં ।।૧૯।।

એટલું કહી નારદજી તો ચાલતા થયા ત્યારે કંસ કેશી દૈત્યને બોલાવીને કહેવા લાગ્યો : ''તમે ગોકુલ જાઓ અને શ્રીકૃષ્ણ બલદેવજીને મારી નાખો'' ।।૨૦।।

એમ હુકમ કરી કંસે મુષ્ટિક, ચાણૂર, શલ, તોશલ વગેરે મલ્લોને બોલાવ્યા, અમાત્યોને અને હાથીના મહાવતોને બોલાવ્યા ।।૨૧।।

અને બોલ્યોઃ''અરે મલ્લો! મહાવતો! અમાત્યો! સાંભળો; વસુદેવજીના બન્ને પુત્રો નન્દરાયજીના વ્રજમાં રહે છે ।।૨૨।।

રામ-કૃષ્ણ નામથી ત્યાં પ્રસિદ્ધ છે. એનાથી મારો કાળ થવાનો છે'' એમ આકાશવાણીએ કહ્યું છે. તેથી હે ચાણૂર! મુષ્ટિક! એ અહીં આવે ત્યારે એમની સાથે તમે મલ્લક્રીડા કરીને એમને મારી નાખજો ।।૨૩।।

મલ્લનો અખાડો તૈયાર કરાવો. એની ચારે તરફ બાંકડાં ગોઠવો. એની ઉપર શહેરના અને પરગણાના લોકોને બેસવાની ગોઠવણ કરો કે એ મંચ ઉપર બેસીને

તમારી કુસ્તી જોઈશકે ।।૨૪।।

હે મહાવત! હે ભદ્ર! એ રંગમંડપના દ્વાર આગળ તું કુવલયાપીડ નામના હાથીને તૈયાર રાખજે. એનાવડે મારા શત્રુનો નાશ કરજે ।।૨૫।।

આ જ ચતુર્દશીને દિવસે વિધિ પ્રમાણે ધનુર્યાગનો આરમ્ભ કરી દો અને એમાં ભૂતોના રાજા, કામને પૂર્ણ કરનાર શિવજીને માટે પવિત્ર પશુઓનું બલિદાન આપો'' ।।૨૬।।

હે પરીક્ષિત! કંસ તો માત્ર સ્વાર્થ સાધનનો સિદ્ધાન્ત જાણતો હતો તેથી તેણે મન્ત્રી, પહેલવાન અને મહાવતને આ પ્રમાણે આજ્ઞા આપી શ્રેષ્ઠ યદુવંશી અક્રૂરજીને બોલાવીને તેમનો હાથ પોતાના હાથમાં લઈ બોલ્યોઃ ।।૨૭।।

''હે દાનપતે! મારી મિત્રતાને આદર આપી મારા હિતનું એક કામ કરવાનું હું તમને સોપું છું, કેમકે ભોજવૃષ્ણિના કુળમાં તમારા સિવાય બીજું કોઈ મારું હિત કરનાર નથી ।।૨૮।।

જેવી રીતે(જ્યેષ્ઠ)ઈન્દ્ર સમર્થ હોવા છતાં (કનિષ્ઠઉપેન્દ્ર)વિષ્ણુનો આશ્રય કરી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરે છે તેમ હું પણ આ મહાન કાર્ય સાધવામાટે, હે મિત્ર! તમારો આશ્રય કરું છું ।।૨૯।।

તમે નન્દના વ્રજમાં જાઓ. ત્યાં વસુદેવજીના બે પુત્રો રહે છે. અહીંથી રથ લઈ જાઓ તેમાં તેમને બેસાડીને તમે જલદી અહીં લઈ આવો ।।૩૦।।

સાંભળ્યું છે કે વિષ્ણુનો આશ્રય કરનાર દેવોએ આ બન્નેથી મારું મૃત્યુ થશે એમ નક્કી કર્યું છે, તો તમે અહીંથી જઈ નન્દરાયજી અને ગોપો ભેટ લઈને આવે તેમની સાથે એમને પણ અહીં લઈ આવો ।।૩૧।।

અહીં તમે એમને લાવશો ત્યારે કાળના જેવા હાથીની પાસે હું એમને મરાવી નાખીશ. જો એનાથી બચી ગયા તો અગ્નિ જેવા મલ્લોથી હું તેમને મરાવી નાખીશ ।।૩૨।।

એમને મરાવી નાખ્યા પછી વસુદેવજી વગેરે વૃષ્ણિ, ભોજ અને દશાર્હ વંશના એમના ભાઈબંધુ શોકાકુલ થઈ જશે. પછી તેમને હું જાતે જ મારી નાખીશ ।।૩૩।।

મારો પિતા ઉગ્રસેન વૃદ્ધ થયો છે છતાં હજુ તેને રાજા થવાની ઈચ્છા છે. તેથી આમ કર્યા પછી હું તેને તેના ભાઈ દેવકને અને જે-જે મારો દ્વેષ કરે છે તે બધા મારા શત્રુઓને મારીશ ।।૩૪।।

પછી તો હે મિત્ર! આ પૃથ્વી નિષ્કણ્ટક થઈ જશે. જરાસન્ધ મારા સસરા અને દ્વિવિદ મારો પ્રિય મિત્ર છે ।।૩૫।।

શમ્બર, નરક, બાણ વગેરે મારામાં સ્નેહ રાખે છે તેમની સહાયતાથી દેવના પક્ષપાતી રાજાઓને મારીને હું પૃથ્વીનું રાજ્ય ભોગવીશ ।।૩૬।।

આ બધી વાત મારા મનમાં હતી તે મેં તમને કહી. એ જાણીને તમે જલ્દી રામ-કૃષ્ણ પાસે જઈને ધનુર્યાગના દર્શન અને મથુરા નગરીની શોભા જોવામાટે લાવો. હજુ તો તેઓ બાળકોજ છે. (એટલે એમને નવું-નવું જોવાનું મન થશેજ) ।।૩૭।।

**અક્રૂરજીએ કહ્યું** : હે રાજન્! તમારું મૃત્યુ (અનિષ્ટ) ટાળવાનેમાટે તમે જે વિચાર્યું છે તે બરાબર છે. પરન્તુ ફલ તો દૈવાધીન છે તેથી સફળતા અને નિષ્ફળતા માં સમાન બુદ્ધિ રાખવી શ્રેષ્ઠ છે ।।૩૮।।

દૈવથી જેનો નાશ થાય છે તેવા મનોરથો માણસ કર્યા કરે છે અને તેમાં હર્ષ અને શોક ને પ્રાપ્ત થાય છે; છતાં હું આપની આજ્ઞા પ્રમાણે કરવા તૈયાર છું ।।૩૯।।

**એવમાદિશ્ય ચાક્રૂરં મન્ત્રિણશ્ચ વિસૃજ્ય સઃ ।।**
**પ્રવિવેશ ગૃહં કંસસ્તથાક્રૂરઃ સ્વમાલયમ્ ।।૪૦।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : એમ અક્રૂરજીને હુકમ કરી તેમને તથા મન્ત્રીઓ ને રજા આપી કંસ પોતાના મહેલમાં ગયો અને અક્રૂરજી પોતાને ઘેર ગયા ।।૪૦।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધનો (ત્રીજા રાજસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા પ્રકરણનો ઐશ્વર્ય નિરૂપક પહેલો) ''અક્રૂરજીનું ગોકુલ જવું'' નામનો છત્રીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં તેત્રીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૩૭

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૩૪

## કેશીદૈત્ય અને વ્યોમાસુર ને ભગવાને માર્યા

### ત્રીજા રાજસ પ્રકરણનું પહેલું પ્રમાણ પ્રકરણ અધ્યાય૨

**વિશેષ** : આ સાડત્રીસમા અધ્યાયમાં કંસે તામસ કેશીને ગોકુલ મોકલ્યો. એનું કાર્ય કહેવામાં

આવે છે. નારદજી આવીને ભગવાન્‌ને મળે છે. તેમણે આપના પધારવાનું કારણ કહ્યું, હાલમાં કર્તવ્ય છે તે કહ્યું અને તેથી જે ફલ થશે તે બતાવ્યું. કેશીને તો નારદજીના કહેવાથી જ કંસે મોકલ્યો હતો તેને ભગવાને માર્યો તેથી ભગવાન્‌ને એમણે કંસને મારવાની વિનન્તિ કરી. ભક્ત ભગવાન્‌ને કહે તે જો ભગવાન્ ન કરે તો પ્રમેયની દુર્બલતા ગણાય; તેથી ભગવાન્ સિંહાવલોકન પણ કરશે. કેશી મર્યા પછી ગોપાલનું રૂપ લઈને વ્યોમાસુર આવ્યો તેને પણ ભગવાન્ જાણી ગયા અને એનો નાશ કર્યો છે. કેશીનો પ્રસંગ નવ શ્લોકથી, નારદજીનો સંવાદ ૧૬શ્લોકથી, ૮શ્લોકથી વ્યોમાસુર વધ અને વ્રજગમન એટલી વાત આ અધ્યાયમાં કહેવામાં આવશે.

**કેશી તુ કંસપ્રહિતઃ ખુરૈર્મહીં મહાહયો નિર્જરયન્ મનોજવઃ।।**
**સટાવધૂતાભ્રવિમાનસંકુલં કુર્વન્ નભો હેષિતભીષિતાખિલઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : મોટા ઘોડાના રૂપને ધરનાર, પગના ડાબલાવડે પૃથ્વીને ઉખેડતો, કેશવાળીથી આકાશનાં વાદળોને અને વિમાનોને આમ-તેમ વિખેરી નાખતો, પોતાના હણહણાટથી બધાનો ભય ઉત્પન્ન કરતો, કંસે મોકલેલ કેશી નામનો દૈત્ય ત્યાં ગોકુલમાં આવ્યો ।।૧।।

વિશાલ નેત્રવાળો, ભયંકર મુખરૂપી ગુફાવાળો, મોટા ગળાવાળો, વિશાળ મેઘ સરખા શ્યામ વર્ણવાળો, કંસનું હિત કરવાની ઈચ્છાથી દુષ્ટ ભાવનાવાળો કેશી, નન્દના વ્રજમાં આવ્યો ।।૨।।

ભગવાન્ શ્રીકૃષ્ણે જોયું કે તેની હણહણાટીથી તેમને આશ્રયે રહેતું ગોકુલ ભયભીત થઈ રહ્યું છે અને તેના પૂંછડાના વાળથી વાદળાં વિખરાઈ રહ્યાં છે તથા તે લડવાને માટે તેમને (ભગવાન્‌ને) જ શોધી રહ્યો છે ત્યારે આપ તેની સામે આવી ગયા અને સિંહની જેમ ગર્જના કરી તેને પડકાર ફેંક્યો ।।૩।।

ભગવાન્‌ને સામે આવેલા જોઈ તે વધારે ચિડાઈ ગયો અને તેમની તરફ એવી રીતે મોં પહોળું કરીને દોડ્યો કે જાણે તે આકાશને પી જશે. તેનો વેગ ઘણો પ્રચંડ હતો. તેના ઉપર વિજય મેળવવો તો કઠિન હતો જ, એને પકડી લેવો પણ સહેલું નહોતું. તેણે ભગવાન્ પાસે આવી પાછલા બે પગે લાત લગાવી ।।૪।।

ભગવાને એના બે પાછલા પગની લાતને ચુકાવી દીધી અને ક્રોધમાં એના એ બન્ને પગને પકડી તેનાથી એને ફેરવ્યો અને જેમ ગરુડ સર્પને ફેંકે તેમ તેને તિરસ્કારથી ચારસો હાથ (સો ધનુષ) દૂર ફેંકી દીધો અને પોતે હતા ત્યાં જઈ બિરાજ્યા ।।૫।।

કેશીને પછાટ લાગતાં મૂર્છા થઈ, એમાંથી શુદ્ધિમાં આવતાં તે ઉઠ્યો અને મોં ફાડી ગુસ્સાપૂર્વક શ્રીકૃષ્ણ ઉપર ત્રાટક્યો. ભગવાને પણ એ પાસે આવ્યો ત્યારે હસતા-હસતા પોતાનો ડાબો હાથ એના મુખમાં જેમ સર્પ ભોણમાં પેસે તેમ ઘુસાડી દીધો ।।૬।।

ભગવાન્‌ની ભુજાના સ્પર્શથી જેમ ધગાવેલા લોઢાને અડકવાથી થાય તેમ એના દાંત પડી ગયા. એના મુખમાં ગયેલો ભગવાન્‌નો બાહુ ઉપેક્ષા કરવાથી રોગ વધે તેમ એના ગળામાં વધવા લાગ્યો ।।૭।।

એ શ્રીકૃષ્ણનો બાહુ ગળામાં વધતાં એનો પ્રાણવાયુ ચાલતો બંધ પડ્યો, એ પગને તરફડાવા લાગ્યો, શરીરમાં પસીનો થઈ ગયો, આંખોના ડોળા ઊંધા થઈ ગયા અને લાદ કરતો પૃથ્વી ઉપર પ્રાણરહિત થઈને પડી ગયો ।।૮।।

કાકડી પાકીને ફાટી જાય તેમ એનો દેહ ફાટી ગયો. ભગવાને એને મર્યો જાણી મોંમાંથી પોતાનો શ્રીહસ્ત કાઢી લીધો. ભગવાન્‌ને વિસ્મય કે શ્રમ ન થયાં, પણ એને મારવાથી દેવો આનન્દમાં આવી ગયા અને ભગવાન્‌ને પુષ્પની વૃષ્ટિથી વધાવી સ્તુતિ કરવા લાગ્યા ।।૯।।

હે રાજન્! ભગવદ્‌ભક્તોમાં શ્રેષ્ઠ નારદજી ભગવાન્ પાસે આવ્યા અને એકાન્તમાં અક્લિષ્ટકર્મા ભગવાન્‌ને મળી આ પ્રમાણે કહેવા લાગ્યાઃ ।।૧૦।।

''હે કૃષ્ણ! હે અપરિછિન્ન સ્વરૂપ! હે યોગેશ! હે જગદીશ! હે વાસુદેવ! હે અખિલાધાર! ભક્તના પૂજ્ય! હે પ્રભો! ।।૧૧।।

લાકડામાં અગ્નિ રહે તેમ આપ સર્વના આત્મા છો, ગૂઢ રીતે બધાના હૃદયમાં નિવાસ કરો છો, એના સાક્ષી, મહાપુરુષ અને ઈશ્વર છો ।।૧૨।।

આત્માવડે જ આત્માના આશ્રયે રહી પ્રથમ માયાવડે ગુણોને ઉત્પન્ન કરો છો. આપનો સંકલ્પ સિદ્ધ હોવાથી એ ગુણોદ્વારા આ જગત્‌ને ઉત્પન્ન કરો છો, પાળો છો અને એનો સંહાર પણ આપ જ કરો છો ।।૧૩।।

તે જ આપ દૈત્યો, પ્રમથો અને રાક્ષસો જેઓ રક્ષક છતાં ભક્ષ કરનાર થયા છે અને આજ-કાલ રાજાનો વેષ ધારણ કરી બેઠા છે તેમનો વિનાશ કરવા તથા ધર્મની મર્યાદાઓની રક્ષા કરવામાટે યદુવંશમાં પધાર્યા છો ।।૧૪।।

દેવતાઓ પણ જેના હણહણાટથી ડરી જઈને સ્વર્ગ છોડીને ભાગી જતા હતા તે ઘોડાના રૂપમાં રહેલા આ કેશી દૈત્યને આપે લીલાવડે માર્યો એ ઠીક કર્યું ।।૧૫।।

હે પ્રભુ! હવે પરમ દિવસે ચાણૂર, મુષ્ટિક, કુવલયાપીડ હાથી અને ખુદ કંસને પણ આપ મારશો, એ બધું હું જોઈશ ।।૧૬।।

એ કંસને માર્યા પછી શંખાસુર (પંચજન), કાલયવન, મુર, ભૌમાસુર વગેરેને આપ મારશો; ઈન્દ્રનો પરાજય કરી આપ સ્વર્ગમાંથી પારિજાતને પૃથ્વી ઉપર લાવશો ।।૧૭।।

જેમાં પરાક્રમ જરૂરી છે તેવી વીરકન્યાઓ સાથે આપ વિવાહ કરશો. પછી હે જગત્પતે! આપ દ્વારકામાં નૃગ રાજાનો શાપથી મોક્ષ કરશો; સ્યમન્તક મણિની સાથે જામ્બુવતીને દ્વારકામાં લાવશો; ગુરુના મૃત પુત્રને પોતાના ધામમાંથી લાવી આપશો ।।૧૮-૧૯।।

પૌણ્ડ્રકને મારશો; કાશીપુરીને બાળશો; મહાયજ્ઞમાં શિશુપાલ અને ત્યારબાદ દન્તવક્રને મારશો ।।૨૦।।

આપ દ્વારકામાં બિરાજીને જે બીજાં પરાક્રમ કરશો તે કવિઓ ગાશે એને હું જોઈશ ।।૨૧।।

આપ અર્જુનના સારથિ થશો. આ જગત્નો નાશ કરતા દુષ્ટના કાલરૂપ થઈને આપ અક્ષૌહિણીઓનો નાશ કરશો એને હું જોઈશ ।।૨૨।।

વિશુદ્ધ અને વિજ્ઞાનઘન, પોતાના સ્વરૂપવડે સ્વાર્થને સમ્પૂર્ણ કરનાર, ઈચ્છાવડે ફલ આપનાર, પોતાના તેજવડે નિત્ય માયાના ગુણના પ્રવાહને નિવૃત્ત કરનાર ભગવાન્ને હું શરણે જાઉં છું ।।૨૩।।

આત્મમાયાવડે જેણે મહદાદિની કલ્પના કરી છે તેવા અને ક્રીડામાટે મનુષ્ય-વિગ્રહને સ્વીકારનાર ઈશ્વરરૂપ આપ યદુ, વૃષ્ણિ અને સાત્વત કુળના, શિરોમણિ ગણાતા પ્રસિદ્ધ શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું'' ।।૨૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** યદુપતિ શ્રીકૃષ્ણનાં દર્શનથી જેમને ઉત્સવ થયો છે તેવા નારદજી ભગવદ્ભક્તમાં મુખ્ય છે તેમણે ભગવાન્ને પ્રણામ કર્યા, એમની આજ્ઞા લઈને ત્યાંથી રવાના થયા ।।૨૫।।

ભગવાને પણ યુદ્ધમાં કેશીને માર્યો અને ગોપાલોની સાથે ગાયો ચરાવતા પોતાનાં જનના સુખને વિસ્તારતા ગોપાલોની સાથે પ્રીતિ કરવાલાગ્યા ।।૨૬।।

એક સમય તે ગ્વાલબાલો ગોવર્ધન પર્વતની ઊંચી સપાટી ઉપર ગાયો ચરાવી રહ્યા હતા. તથા કેટલાક ચોર અને કેટલાક રક્ષક બની સંતાકૂકડીની રમત રમી રહ્યા

હતા ।।૨૭।।

હે રાજન્! તેઓમાંથી કેટલાક તો ચોર અને કેટલાક રક્ષક તથા કેટલાક ઘેટાં બન્યા હતા. આ પ્રમાણે તેઓ નિર્ભય થઈ રમતમાં મશગૂલ થઈ ગયા હતા ।।૨૮।।

માયાવીઓના આચાર્ય મય નામના અસુરનો વ્યોમ નામનો પુત્ર મોટો માયાવી હતો. તે ત્યાં આવ્યો. તે ગોપાલ બની ચોર થઈને ઘેટાંરૂપ બનેલા ગોપોને ઉઠાવી દૂર લઈ જઈ એકઠા કરવા લાગ્યો ।।૨૯।।

તે મહાન અસુર ગોપોને ઉઠાવીને પર્વતની ગુફામાં રાખી અને મોટી શિલાથી ઢાંકી બીજા ગોપોને લેવા આવે; એમ કરતાં લગભગ બધા ગોવાળિયાઓને ઉપાડી ગયો, ચાર પાંચ જ બાકી રહ્યા ।।૩૦।।

ત્યારે ભગવાન્ એના દમ્ભને જાણી ગયા અને સત્પુરુષના રક્ષક શ્રીકૃષ્ણે એને ગોવાળિયાને ઉઠાવી જતાં જોયો અને સિંહ જેમ શિયાળને પકડે તેમ તેને પકડ્યો ।।૩૧।।

વ્યોમાસુર બહુ બળવાન્ હતો. તેણે પર્વત જેવડું પોતાનું અસલ સ્વરૂપ પ્રકટ કરી દીધું અને ઇચ્છ્યું કે હું મારી જાતને છોડાવી લઉં. પરન્તુ ભગવાને તેને એવી રીતે સકંજામાં લઈ લીધો હતો કે તે મરવા જેવો થઈગયો ।।૩૨।।

પછી ભગવાને પોતાના બન્ને શ્રીહસ્તોથી તેને પકડી ભૂમિઉપર પછાડ્યો અને પશુની જેમ તેનું ગળું મરડી મારી નાખ્યો. આકાશમાં દેવો ભગવાન્‌ની આ લીલા જોઈ રહ્યા હતા ।।૩૩।।

**ગુહાપિધાનં નિર્ભિદ્ય ગોપાન્ નિઃસાર્ય કૃચ્છ્રતઃ।**
**સ્તૂયમાનઃ સુરૈર્ગોપૈઃ પ્રવિવેશ સ્વગોકુલમ્ ।।૩૪।।**

ભગવાન્ શ્રીકૃષ્ણે ગુફાના દ્વાર ઉપર લાગેલાં શિલાઓનાં દ્વાર તોડીને ગ્વાલબાલોને તેમાંથી બહાર કાઢ્યા. દેવતાઓ અને ગ્વાલબાલો એમની સ્તુતિ કરવા લાગ્યા અને ભગવાન્ શ્રીકૃષ્ણ વ્રજમાં પધાર્યા ।।૩૪।।

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા પ્રકરણનો વીર્ય નિરૂપક બીજો) ''કેશી દૈત્ય અને વ્યોમાસુરને ભગવાને માર્યા'' નામનો સાડત્રીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ચોત્રીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૩૮

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૩૫

## અક્રૂરજીનું વ્રજમાં આગમન

### ત્રીજા રાજસ પ્રકરણનું પહેલું પ્રમાણ પ્રકરણ અધ્યાય૩

**વિશેષ** : આ આડત્રીસમા અધ્યાયમાં ભક્તિમાર્ગનું સ્થાપન કરવામાં આવ્યું છે. અક્રૂરજી ગોકુલ આવ્યા અને એમને ભક્તિ થઈ એ માન ફલરૂપ છે. જો સાત્વિક ભક્ત ભગવાન્‌ની સન્મુખ થાય તો એ ભક્તિવાળો થાય છે, એમ ન કરે તો એને દૈત્યના સંસર્ગવાળી ભક્તિ વધે નહિ, પણ જ્યાં હોય ત્યાં જ રહે છે. તેથી અહીં અક્રૂરજીની સ્તબ્ધ ભક્તિ ભગવાન્ સન્મુખ આવતાં ફલિત થઈ એ આ અધ્યાયમાં કથનીય વિષય છે. તેથી આચાર્યચરણે ''ભક્તિમાર્ગના સ્થાપનમાટે અક્રૂરાગમન આ અધ્યાયમાં કહેવાય છે'' એમ કહ્યું.

**અક્રૂરોપિ ચ તાં રાત્રિં મધુપુર્યાં મહામતિઃ ।।**
**ઉષિત્વા રથમાસ્થાય પ્રયયૌ નન્દગોકુલમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : મહાબુદ્ધિવાળા અક્રૂરજી પણ કંસે કહ્યા પછી એ રાત મથુરામાં રહ્યા, બીજે દિવસે સવારમાં રથમાં બેસીને તેમણે નન્દરાયજીના ગોકુલ તરફ પ્રયાણ કર્યું ।।૧।।

મહાભાગ્યવાળા અક્રૂરજી ચાલતાં-ચાલતાં માર્ગમાં કમલનયન ભગવાન્‌માં પરમ ભક્તિવાળા થઈ આ પ્રમાણે વિચારતા જાયછે ।।૨।।

''મેં એવું ક્યું શુભ કર્મ કર્યું હશે, એવું ક્યું શ્રેષ્ઠ તપ કર્યું હશે અથવા કોઈ ભગવત્પરાયણ ભક્તને ભગવાન્‌ને અર્થે સર્વે વિનિયોગ કરાવવામાટે એવું ક્યું શ્રદ્ધાપૂર્વક દાન કર્યું હશે કે આજે મને કેશવ ભગવાન્‌નાં દર્શન થશે? ।।૩।।

મોટા-મોટા ભક્તો પણ જેમના ગુણોનું ગાન જ કરતા રહે છે, પણ દર્શન કરી શક્તા નથી એ ભગવાન્‌નાં દર્શન, જેમ શૂદ્રકુલમાં જન્મેલ બાળકને માટે વેદોનો ઉચ્ચાર દુર્લભ છે તેમ મારા જેવા અતિ વિષયી માટે દુર્લભ છે ।।૪।।

પણ ના, ના, એવું નથી. ભગવાન્ અને જીવો એ કાલરૂપી નદીના બે કાંઠા છે. એ બે કાંઠાની વચ્ચે વિષય અને માયારૂપી જલનો પ્રવાહ વહે છે. એક કાંઠે ઉભેલો માણસ પ્રવાહમાં પડે તે કાલવશાત્ ક્યારેક તરી પણ જાય છે ।।૫।।

આજે મારું અમંગળ દૂર થયું, મારો જન્મ આજે સફલ થયો, કેમકે યોગીને પણ

ધ્યાન ગમ્ય એવા ભગવાન્‌ના ચરણકમળને હું નમન કરીશ ।।૬।।

આ..હા..હા! કંસે તો આજ મારા ઉપર મહાન કૃપા કરી છે. તે જ કંસના મોકલવાથી હું આ ભૂતલ ઉપર અવતરેલા સ્વયં ભગવાન્‌ના ચરણકમળોનાં દર્શન કરીશ, જેમના નખમંડલની કાન્તિનું ધ્યાન ધરીને પહેલાંના યુગોના ભગવદીયો અવિદ્યારૂપ અન્ધકાર રાશિને અર્થાત્ ન છૂટે તેવા સંસારને તરી ગયા છે ।।૭।।

જે ચરણારવિન્દને બ્રહ્માજી, શિવજી વગેરે દેવોએ, લક્ષ્મીજીએ, મુનિઓએ અને ભક્તોએ સેવેલ છે, ગોચારણમાં જતાં જેમની પાછળ ગોપો ચાલ્યા આવે છે અને જે શ્રીગોપીજનોના કુચકુંકુમથી અંકિત થયુંછે તેનાં દર્શન મને થશે એને હું મારું ભાગ્ય સમજું છું ।।૮।।

હરિણો મારી જમણી બાજુથી જાય છે એ શુકન ઉત્તમ હોવાથી હું આજે ભગવાન્‌ના સુંન્દર કપોલને નાસિકાવાળું, મન્દહાસ્યયુક્ત અવલોકન કરતાં અરુણ નેત્રો જેમાં છે એવું અને વાંકડિયા કેશોથી શોભાયમાન શ્રીમુખને જરૂર જોઈ શકીશ ।।૯।।

મનુષ્ય નાટ્ય કરતા વિષ્ણુ પૃથ્વીનો ભાર ઉતારવામાટે બ્રહ્માજી વગેરે ભક્તોની ઈચ્છાથી ભૂતળ ઉપર પધાર્યા છે. તેમના લાવણ્યના સ્થાનરૂપ શ્રીમુખનું મને આજે અવશ્ય દર્શન થશે અને આમ ઈન્દ્રિયો સાર્થક થવાથી મારો જન્મ પણ સફળ થશે ।।૧૦।।

કાર્ય કારણથી પર છતાં અહંકાર રહિત, સ્વપ્રકાશવડે જ જેમણે અજ્ઞાનજન્ય ભેદરૂપ અંધકારને દૂર કર્યો છે તેવા અને પોતાની માયાવડે જેમણે આત્માને વિશે પ્રાણ, ઈન્દ્રિયો અને બુદ્ધિ ની રચના કરી છે તેવા અને સાથે-સાથે ગોપીજનોના ઘરમાં અહર્નિશ દેખાતા ભગવાન્‌નાં આજે હું દર્શન કરીશ ।।૧૧।।

જ્યારે સમસ્ત પાપોના નાશક આપના પરમ મંગલમય ગુણ, કર્મ અને જન્મ ની લીલાઓથી યુક્ત થઈ વાણી એમનું ગાન કરે છે, ત્યારે તે ગાનથી સંસારમાં જીવનની સ્ફૂર્તિ જણાય છે, શોભાનો સંચાર થઈ જાય છે, તમામ અપવિત્રતાઓ ધોવાઈ જઈ પવિત્રતાનું સામ્રાજ્ય છવાઈ જાય છે, પરન્તુ જે વાણીથી આપના ગુણ, લીલા અને જન્મની કથાઓ નથી ગાવામાં આવતી તે તો મડદાંને જ શોભિત કરનારી છે, હોવા છતાં ન હોવા બરાબર વ્યર્થ છે. (ભગવાન્‌માં જરાપણ પ્રાકૃત ધર્મનો સમ્બન્ધ હોય તો ભગવત્કીર્તનથી કોઈનાં પણ પાપોનો નાશ ન થાય એ

ફલિતાર્થ છે) એ પ્રભુનાં હું આજે દર્શન કરીશ ।।૧૨।।

એ જ ભગવાન્ મર્યાદાના રક્ષણાર્થ સમગ્ર દેવોને સુખ આપનાર યાદવોના કુલમાં અવતાર ગ્રહણ કરી પૃથ્વી ઉપર પધાર્યા છે. પોતાના યશને વિસ્તારતા એ ઈશ્વર વ્રજમાં બિરાજે છે. જેમનો સર્વ મંગળ કરનાર યશ દેવો પણ ગાઈ રહ્યાછે ।।૧૩।।

મોટા-મોટા સન્તો અને લોકપાલોના એક માત્ર આશ્રય, ગુરુ, નેત્રવાળા અને જ્ઞાનીઓમાટે આનન્દ અને રસની અવધિ, લક્ષ્મીજીના એક માત્ર આશ્રયરૂપ ભગવાન્‌ને હું જોઈશ એટલે આજનો ઉષઃકાલ મારે માટે સુન્દર દર્શન આપનાર થયો એમ હું માનું છું ।।૧૪।।

પોતાના કલ્યાણમાટે યોગી લોકો જેમને બુદ્ધિમાં ધારણ કરે છે તેવા ઈશ્વર રામ-કૃષ્ણના ચરણારવિન્દને હું રથમાંથી કૂદી પડી નમન કરીશ. એ બન્નેની સાથે એમના મિત્રો અને વ્રજવાસીઓને પણ નમન કરીશ ।।૧૫।।

હું જ્યારે એ વિભુના ચરણમાં પડીશ ત્યારે એ કૃપા કરી મારા મસ્તક ઉપર પોતાના શ્રીહસ્તકમળને પધરાવશે, જે કરકમળ સર્વને અભય આપનાર, કાલરૂપી સર્પના વેગથી ભયભીત થયેલા શરણાગત જીવોને અભય આપનાર છે ।।૧૬।।

ભગવાન્‌ના શ્રીહસ્તકમળમાં ઈન્દ્રે સર્વસ્વ અર્પણ કર્યું તેનાથી એ ત્રણ જગતનો પતિ થયો, બલિરાજાએ ત્રણ પગલાં પૃથ્વી આપી તે પણ ત્રિલોકીનો રાજા થયો, વળી તે સુન્દર ગન્ધવાળા હસ્ત કમળે ગોપીજનોને વિહાર કરતાં થયેલ શ્રમ બિંદુને દૂર કર્યાં હતાં ।।૧૭।।

ભગવાન્ સર્વજ્ઞ હોવાથી એમના શત્રુ કંસે મને મોકલવાથી હું એમની પાસે જાઉં છું છતાં એ મારી ઉપર શત્રુબુદ્ધિ નહિ કરે; એ ભગવાન્ મારા હૃદયની અન્દર અને બહારની ચેષ્ટાને પોતે અન્તર્યામી હોવાથી નિર્મળ જ્ઞાનવડે જાણે છે ।।૧૮।।

જે ભગવાનના ચરણમાં હું પ્રાપ્ત થઈશ ત્યારે એ સ્નેહાર્દ્ર દષ્ટિથી મારી તરફ જોશે. એમની દષ્ટિ પડતાંજ હું બધાં પાપથી મુક્ત થઈશ ત્યારે મારામનની શંકાઓ નષ્ટ થતાં હું પરમ આનન્દને પામીશ ।।૧૯।।

હું એમના કુટુમ્બનો છું, એમનું અત્યન્ત હિત ચાહું છું, એમના સિવાય બીજો કોઈ મારો આરાધ્ય દેવ નથી. આમ હોવાથી પોતાની લાંબી-લાંબી ભુજાઓથી આપ પકડી મને પોતાના હૃદય સરસો લગાવી લેશે. આહા! એ વખતે મારો દેહ તો પવિત્ર થઈ જશે જ. તે બીજાઓને પણ પવિત્ર કરી દેનારો થઈ જશે અને એ જ

ક્ષણે તેનું આલિંગન પ્રાપ્ત થતાં જ મારાં કર્મબન્ધન, જેને કારણે અનાદિ કાળથી હું ભટકી રહ્યો છું, તૂટી જશે ।।૨૦।।

જ્યારે શ્રીકૃષ્ણ મારું આલિંગન કરી રહેશે અને હું હાથ જોડી, શિર ઝુકાવી આપની સામે ઉભો થઈ રહીશ ત્યારે આપ મને ''કાકા અક્રૂરજી'' આ પ્રમાણે સમ્બોધન કરીને મારું બહુમાન કરશે. કેમ ન કરે? પોતે ઉરુશ્રવા છે. (જેના ઘરમાં જે વસ્તુની છત હોય તે-તે વસ્તુ બીજાને આપે. ભગવાન્‌ની કીર્તિ-યશ ત્રણે લોકમાં વ્યાપેલી છે માટે આપ બીજાઓનું બહુમાન કરે છે) અને ત્યારે મારો જન્મ સફલ થઈ જશે. ભગવાન્ શ્રીકૃષ્ણે જેને ક્યારેય પણ અપનાવ્યા ન હોય તેના જન્મ અને જીવનને ધિક્કાર છે ।।૨૧।।

એમને કોઈ વહાલો નથી કે નથી અત્યન્ત મિત્ર; તેમ જ કોઈ અપ્રિય દ્વેષ કરવા યોગ્ય કે ઉપેક્ષણીય પણ નથી; તો પણ જેમ કલ્પવૃક્ષ પોતાની પાસે આવી યાચના કરનારાઓને એમની મોં માગી વસ્તુ આપે છે એવી જ રીતે ભગવાન્ શ્રીકૃષ્ણ પણ જે એને જે પ્રકારે ભજે છે તેને તે જ રૂપમાં ભજે છે. પ્રભુ પોતાના પ્રેમી ભક્તોઉપરજ પૂર્ણ પ્રેમ કરેછે ।।૨૨।।

વળી હું જ્યારે યદૂત્તમ મોટાભાઈ બલદેવજીને નમસ્કાર કરીશ ત્યારે એ મને મન્દહાસ્ય કરી આલિંગન કરશે, પોતાના શ્રીહસ્તથી પકડી મને ઘરમાં લઈ જશે અને ત્યાં ભોજનાદિ સત્કારથી મારો આદર કરીને પોતાના બન્ધુઓને કંસ કેવી રીતે રાખે છે તે બધી બાબત મને પૂછશે'' ।।૨૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : શ્વફલ્કના પુત્ર અક્રૂરજી હે રાજન્! માર્ગમાં એ પ્રકારે શ્રીકૃષ્ણનું ચિન્તન કરતા હતા તેટલામાં તેમનો વાયુ વેગવાળો રથ ગોકુલ પહોંચ્યો અને સૂર્ય અસ્તાચળ ઉપર પહોંચ્યો ।।૨૪।।

બધા લોકપાલોના કિરીટ જેમની ચરણરેણુની પ્રીતિથી સેવા કરે છે તેવા અને પૃથ્વીની શોભા વધારનાર ધ્વજ, વજ્ર, અંકુશ આદિ ચિહ્નોથી આ ભગવાન્‌નાં ચરણ છે એમ ખાતરી કરાવતાં ભગવાન્‌નાં પગલાં ગોષ્ઠમાં જોવામાં આવ્યા ।।૨૫।।

એ ચરણચિહ્નોનાં દર્શન કરતાં જ અક્રૂરજીના હૃદયમાં એટલો તો આનન્દ થયો કે પોતાની જાતને તે સંભાળી ન શક્યા, વિહ્વલ થઈ ગયા, પ્રેમના ઉભરાથી એમનું રોમેરોમ ખીલી ઉઠ્યું, નેત્રોમાં આંસુ છલકાયાં અને ટપટપ ટપકવા લાગ્યાં. તે રથમાંથી કૂદી પડીને રજમાં આળોટવાલાગ્યા અને કહેવા લાગ્યાઃ ''અહો! આ મારા

પ્રભુની ચરણરજ છે!'' ।।૨૬।।

કંસનો સન્દેશ મળ્યા પછી અહીં સુધી *અક્રૂરજીના ચિત્તની જેવી અવસ્થા રહી છે તે જ જીવોનાં દેહ ધારણ કરવાનો પરમ લાભ છે. તેથી જીવમાત્રનું આ જ પરમ કર્તવ્ય છે કે તે દમ્ભ, ભય અને શોક છોડી દઈ ભગવાન્ના ચરણારવિન્દના દર્શન, સ્પર્શ, ભગવદીયત્વ અને માહાત્મ્યના જ્ઞાનદ્વારા એવો ભક્તિભાવ સમ્પાદન કરે ।।૨૭।।

**વિશેષ :** અક્રૂરજીને ભગવત્સન્મુખ જતાં જે થયું તે જ મનુષ્યને કર્તવ્ય છે. તેથી જ જન્મ સફળ થાય. ઉત્પન્ન થયેલ જીવે પુરુષાર્થ કરવો જોઈએ. એ પુરુષાર્થ ભગવાન્ના થવું એમાં છે. એનો યત્ન કરવો જોઈએ. જ્ઞાન આદિ તો અવાન્તર ફળરૂપ છે. ભગવદ્ભાવ મોક્ષથી પણ વધારે છે, એ **''ભગવદીયત્વેનૈવ પરિસમાપ્તસર્વાર્થાઃ''** એ વાક્યથી કહ્યો છે. દેહને ગ્રહણમાં ક્લેશ છે. એ ક્લેશ સહ્યો અને જો પુરુષાર્થ ન થયો તો કષ્ટ સહ્યું વ્યર્થ થાય તેથી શું કર્તવ્ય છે એ કહે છે કે અક્રૂરજીએ પુરુષાર્થ કર્યો તેમ સહુએ કરવું જોઈએ. ભગવાન્ને તેડવા અક્રૂરજીને કંસે મોકલ્યા ત્યારે એમનું ચિત્ત ભગવત્પ્રવણ થયું. એનાથી તેઓ ભગવદીય થયા, માહાત્મ્યજ્ઞાન થયું અને બધા ધર્મો એમનામાં આવ્યા. પરન્તુ એમાં ત્રણ દોષ બાધક છે તે છોડવા જોઈએઃદમ્ભ, ભય અને શોક એ ત્રણ દૂર થવા જોઈએ. એ અક્રૂરજીએ છોડીને ભગવત્પ્રવણતા મેળવી છે. ભય શરીરનો ધર્મ છે, શોક અન્તઃકરણનો ધર્મ છે, દમ્ભ (કાપટ્ય) વાણીમાં છે તેને છોડી કાયા, વાણી, મન વડે ભગવત્પ્રવણ થવું જોઈએ. આ બધું કરે તો એનો જન્મ સફળ થાય.

વ્રજમાં ગયા. ત્યાં ગોદોહનના સ્થળ ઉપર એકે પીતામ્બર ધર્યાં છે ત્યારે બીજાએ નીલામ્બર ધર્યાં છે તેવા અને કમળ સરખા નેત્રવાળા શ્રીકૃષ્ણ રામ બન્ને ભાઈઓને એમણે જોયા ।।૨૮।।

બન્નેની કિશોર વય છે, એક શ્યામવર્ણ છે જ્યારે બીજા શ્વેત છે. મોટી ભુજાવાળા, સુન્દર મુખવાળા, બાળ હાથીના સરખા પરાક્રમવાળા ।।૨૯।।

ચરણોમાં ધ્વજ, વજ્ર, અંકુશ, કમળ વગેરેના ચિહ્નવાળા વ્રજને શોભિત કરતા, મન્દહાસ્યપૂર્વક કૃપાવલોક કરતા શ્રીકૃષ્ણ રામને જોયા ।।૩૦।।

ઉદાર અને રુચિકર ક્રીડા કરનાર, અનેક પ્રકારની માળા અને વનમાળાથી શોભનાર, પવિત્ર સુગન્ધી દ્રવ્યોનો અંગરાગ લગાડી હમણાં સ્નાન કરી નૂતન નિર્મલ વસ્ત્રો ધારણ કરનાર ।।૩૧।।

પ્રધાન અને આદ્ય પુરુષરૂપ, જગતના કારણરૂપ, જગતના રક્ષક, જગતની રક્ષામાટે પોતાના અંશવડે પૃથ્વી ઉપર પધારેલા બલરામ અને કેશવને જોયા ।।૩૨।।

હે રાજન્! દિશાઓને સ્વકાન્તિવડે પ્રકાશિત કરતા, સોનેથી મઢેલી મરકતમણિ અને ચાંદીના પર્વત હોય તેવા દેખાતા રામકેશવને જોઈને અક્રૂરજી રથ ઉપરથી કૂદી પડ્યા, સ્નેહમાં વિહ્વલ બની ગયા અને એમના ચરણમાં સાષ્ટાંગ લોટી પડ્યાં ।।૩૩-૩૪।।

ભગવાન્નાં દર્શનથી તેમને એટલો આનન્દ થયો કે તેમનાં નેત્રોમાં આંસુ ઊભરાયાં, આખા શરીરમાં રોમાંચ થઈ ગયો. ઉત્કંઠાથી ગળું ભરાઈ જવાથી તે બોલી પણ શક્યા નહિ ।।૩૫।।

શરણાગતવત્સલ ભગવાને એમના અભિપ્રાયને જાણી ચક્રવાળા શ્રીહસ્તથી એમને ખેંચીને ઉભા કરી પ્રેમપૂર્વક આલિંગન કર્યું ।।૩૬।।

*ત્યારબાદ જ્યારે અક્રૂરજી પરમ ઉદાર શ્રીબલરામજી સામે નમ્રતાપૂર્વક ઉભા રહ્યા ત્યારે તેમણે તેમને આલિંગન કરી હાથથી હાથ પકડી શ્રીકૃષ્ણ સાથે તેઓ તેમને ઘરમાં લઈ ગયા ।।૩૭।।

**વિશેષ** : ભક્તો ઉપર કૃપાની વર્ષા કરનાર ભગવાન્ને કાયા, વાણી અને મનપૂર્વક કોઈ પણ જીવ નમસ્કાર કરે તો તે નમસ્કાર માત્રથી ભગવાન્માં કૃપા પ્રકટ થાય છે. ભગવાન્ના ચરણકમલની રજમાં જે અક્રૂરજી આળોટ્યા છે અને તેથી ભગવદીય બન્યા છે અને જેમનો હાથ ભગવાને પકડ્યો છે તે અક્રૂરજીનો જીવ તો તે જ ક્ષણે ભગવાન્માં પ્રવેશ કરી ગયો, ભગવાન્ના શ્રીઅંગમાં ઘણા જીવો હોય છે તેમાંથી એકને અક્રૂરજીનાં શરીરમાં પ્રવેશ કરાવી દીધો. (રાસપંચાધ્યાયીમાં અન્તર્ગૃહગતાઓને થયેલું તેમ થયું)

અક્રૂરજીના કુશળ સમાચાર પૂછ્યા તેમને ઉત્તમ આસન આપ્યું, વિધિ પ્રમાણે એમના પગ ધોયા, મધુપર્કથી એમની પૂજા કરી ।।૩૮।।

એમને ગોનું નિવેદન કરી અભ્યંગાદિથી એમનો માર્ગશ્રમ દૂર કર્યો, એમનો સત્કાર કરી વિભુએ પવિત્ર બહુગુણવાળા અન્નવડે શ્રદ્ધાપૂર્વક ભોજનકરાવ્યું ।।૩૯।।

કેમકે એ વિભુ છે એટલે પરમ ધર્મને જાણનાર છે. રામે પ્રીતિથી ભોજન કરતા અક્રૂરજીને મુખવાસ (પાન, એલચી) ગન્ધ, માલ્ય વગેરે આપી અત્યન્ત પ્રસન્ન કર્યા ।।૪૦।।

સત્કારાયેલા અક્રૂરજીને નન્દરાયજીએ પૂછ્યું :''હે દાશાર્હ! કંસ જીવે છે ત્યાં સુધી કસાઈએ પાળેલાં ઘેટાંઓ જેવા બીજાનું કુશળશું પૂછી શકાય? ।।૪૧।।

આક્રન્દ કરતી પોતાની બહેનના બાળકોને પોતાના જીવનની ખાતર મારી નાખ્યા તેવા દુષ્ટ રાજાની પ્રજાનું કુશળ શું હોઈ શકે કે અમે તમને એનું કુશળ પૂછીએ?'' ।।૪૨।।

**ઇત્થં સૂનૃતયા વાચા, નન્દેન સુસભાજિતઃ।**
**અક્રૂરઃ પરિપૃષ્ટેન જહાવધ્વપરિશ્રમમ્ ।।૪૩।।**

એમ અત્યન્ત કોમળ સત્ય અને સુખ આપનારી વાણીવડે નન્દરાયજીએ એમનો સત્કાર કર્યો અને કુશળ સમાચાર પૂછ્યા તેનાથી અક્રૂરજીનો માર્ગનો શ્રમ દૂર થયો ।।૪૩।।

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા પ્રકરણનો ભગવદ્ યશ રૂપ અર્થને કહેનાર ત્રીજો) ''અક્રૂરજીનું વ્રજમાં આગમન'' નામનો આડત્રીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં પાંત્રીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''દાને હિ ન સ્વવિનિયોગઃ''**

હવેલી-મન્દિરમાં પ્રભુને ભેટ ધરેલ દ્રવ્ય-સામગ્રી **દેવદ્રવ્ય** બની જાય છે. દેવદ્રવ્યનો ઉપયોગ (પ્રસાદ સ્વરૂપે પણ) જો કરવામાં આવે તો ચોક્કસ નરકમાં પડાય. **(નવરત્ન, શ્રીપ્રભુચરણકૃત વિવૃ.પર શ્રીપુરુષોત્તમજીની વિવૃતિ)**

## અધ્યાય ૩૯

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૩૬

# ભગવાન્નું મથુરા પધારવું.

### ત્રીજા રાજસ પ્રકરણનું પહેલું પ્રમાણ પ્રકરણ અધ્યાય ૪

**વિશેષઃ** આ ઓગણચાળીસમા અધ્યાયમાં ભક્તની ઉપર કૃપા કરી ભગવાને પૂર્વસિદ્ધ અત્યાસક્તિને છોડીને પણ પોતાના રૂપનું દર્શન કરાવ્યું એ વાત કહેવામાં આવે છે. અક્રૂરજીની

સાથે સારી રીતે વાતચીત કરી ત્યાંથી મથુરા જવાનેમાટે તજવીજ કરે છે તે સમયે ગોપીજનો વિલાપ કરે છે એ વાત કહેવામાં આવે છે. મનોરથ સિદ્ધ થવા માટે ભગવાન્‌ના રૂપનું વર્ણન કરે છે, જવાનો ઉદ્યમ પણ કરે છે તેથી આવેલ અક્રૂરજી ત્યાં ન જાય તો આ બીજો છે એમ સન્દેહ થાય. એમ ન થવા માટે ચાર અર્થનું આ અધ્યાયમાં વર્ણન છે. એ ચાર અર્થ વ્રજના પુરુષાર્થરૂપ છે. એ સર્વ સિદ્ધ થયા. એનું જ્ઞાન થવાથી બીજો પણ ભગવદ્‌ભક્ત થાય એ આનું ફળ છે. પૂર્વ અધ્યાયમાં અક્રૂરજીએ જે મનોરથ કરેલ તે જો કે ભક્તને ઈષ્ટ નથી તો પણ ભક્તિમાર્ગમાં ભક્ત જે મનોરથ કરે તેને ભગવાન્ પૂર્ણ કરે એમ બતાવવામાટે ભગવાને અક્રૂરજીના એ મનોરથો સફળ કર્યા, એ વાત આ અધ્યાયના આરમ્ભથી કહેવામાં આવે છે.

**સુખોપવિષ્ટઃ પર્યંકે રામ-કૃષ્ણોરુમાનિતઃ ।।**
**લેભે મનોરથાન્ સર્વાન્ પથિ યાન્ સ ચકાર હ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** રામ-કૃષ્ણે જેને બહુ માન આપ્યું તેવા અક્રૂરજી આરામથી પલંગપર બેઠા પછી માર્ગમાં તેમણે જે-જે અભિલાષાઓ કરી હતી તે-તે બધી પૂર્ણ થઈ ।।૧।।

લક્ષ્મીજીના આધારરૂપ ભગવાન્ પ્રસન્ન થાય તેને અલભ્ય શું હોઈ શકે? તો પણ જે ભગવાન્‌માં તત્પર હોય તેવા ભક્ત તો ભગવાન્ પાસેથી કાંઈ પણ લેવાની ઈચ્છા રાખતાનથી ।।૨।।

દેવકીજીના પુત્ર ભગવાન્ શ્રીકૃષ્ણે સાંજનું ભોજન કરીને અક્રૂરજીની પાસે જઈ પોતાનાં સગાસમ્બન્ધીની સાથેના કંસના વર્તાવ અને તેના આગળના કાર્યક્રમ વિશે પૂછ્યું ।।૩।।

**ભગવાન્ બોલ્યા :** હે તાત (કાકા)! હે સૌમ્ય! તમે ભલે આવ્યા. તમારું કલ્યાણ થાઓ. મથુરામાં આપણા જ્ઞાતિજનો અને બન્ધુઓ, ભક્તો અને સમ્બન્ધીઓ પાપાચરણ અને આધિવ્યાધિથી મુક્ત છે ને? એ બધા સુખી છે કે કેમ? ।।૪।।

હે અંગ! કંસમામારૂપી રોગ વધતો જાય છે તેમાં મારે આપણા લોકોની અને એની કુશલતા પૂછવાની શી હોય વારું? ।।૫।।

અહો! અમારાં નિરપરાધ અને સદાચારી માત-પિતાને અમારા નિમિત્તે બહુ દુઃખ પડ્યું. એમના છ પુત્રો મર્યા અને એમને કેદખાનામાં નાખ્યા એનું કારણ પણ અમે જ છીએ ।।૬।।

આજે આપણા બન્ધુઓમાં મને તમારું દર્શન થયું એ મારે ઇચ્છિત હતું જ; એને હું ભાગ્યનો યોગ જ સમજું છું. હે તાત! આપનું આવવાનું કારણ અમને બતાવો ।।૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એમ જ્યારે ભગવાને પૂછ્યું ત્યારે અક્રૂરજીએ કંસનું યાદવો સાથેનું વેર અને એણે વસુદેવજીને મારી નાખવાનો કરેલો પ્રયત્ન (ઉદ્યોગ) કહી સંભળાવ્યા ।।૮।।

કંસે જે સન્દેશો કહાવ્યો હતો, જેને માટે અક્રૂરજીને ગોકુલ મોકલ્યા હતા, નારદજીએ વસુદેવજીને ત્યાં આપનું પ્રાકટ્ય થયાનું કંસને કહ્યું હતું, એ બધી વાતો અક્રૂરજીએ ભગવાન્‌ને કહી સંભળાવી ।।૯।।

કાલાત્મા કૃષ્ણ અને શત્રુ ના વીરને મારનાર બલદેવજી અક્રૂરજીનાં વચન સાંભળીને પ્રથમ તો હસ્યા. પછી રાજા કંસે પ્રકટ સન્દેશ કહેવરાવ્યો હતો એ વાત નન્દરાયજીને કહી સંભળાવી ।।૧૦।।

નન્દરાયજીએ બધા ગોપોને હુકમ કર્યો કે ''સર્વ ગોરસને સાથે લઈ લો, રાજાને ભેટ આપવાની ચીજો લઈ લો અને ગાડાં જોડીને તૈયાર થાઓ ।।૧૧।।

આવતી કાલે અહીંથી મધુપુરી જવાનું છે. રાજાને ગોરસ ભેટ કરીશું. ત્યાં એક ઘણો જ મોટો ઉત્સવ થઈ રહ્યો છે તે જોવાને માટે દેશની બધી પ્રજા ભેળી થઈ રહી છે. આપણે પણ તે જોઈશું. એમાં રાજાના નિમન્ત્રણથી આપણે જવાનું છે'' એક કોટવાલ મારફત નન્દરાયજીએ પોતાના ગોકુલમાં બધાને (ઢંઢેરો પિટાવી) જણાવી દીધું ।।૧૨।।

કાલે બધા મથુરા જશે એ વાત ગોપીજનોએ સાંભળી ત્યારે એમને બહુ દુઃખ થયું તથા રામ-કૃષ્ણને મથુરા લઈ જવાને માટે અક્રૂરજી આવ્યા છે એ ખબર એમને ત્યારે જ પડી તેથી તેમના દુઃખમાં વધારો થયો ।।૧૩।।

કેટલાંકને તેથી હૃદયમાં તાપ થતાં ઊના શ્વાસથી એમનાં મુખની કાન્તિ ઓછી થઈ ગઈ, કેટલાંકનાં દુકૂલ (ઓઢવાના બારીક વસ્ત્રો) અને વલય (કંકણ) ખસી ગયાં, કેટલાંકના કેશપાશ વીંખાઈ ગયા ।।૧૪।।

બીજાં (ગોપીજનો) તો ભગવાન્‌ના સ્વરૂપના ધ્યાનથી મનની બધી વૃત્તિઓને રોકીને બેઠાં, જેણે આ લોકને પણ ન જાણ્યો તેથી જાણે આત્મલોકમાં પહોંચી ગયા હોય, જાણે સમાધિ લાગી ગઈ હોય તેવાં થઈ ગયાં ।।૧૫।।

બીજાં કેટલાંક ગોપીજનો પ્રેમ અને સ્મિત ની સાથે ઉચ્ચારેલી અને હૃદયનો સ્પર્શ કરનારી વિચિત્ર પદવાળી ભગવાન્‌ની વાણીના સ્મરણથી મોહિત થઈ ગયાં ।।૧૬।।

ગોપીજનો મનમાં ને મનમાં ભગવાન્‌ની સુન્દર લલિત ગતિ, સ્નેહયુક્ત હાસ્યથી અવલોકન, સર્વશોકને મટાડનાર નર્મ (આનન્દ-વિનોદના) વચનો અને ઉદારતાપૂર્ણ લીલાઓનું ચિન્તન કરવા લાગ્યાં અને એમના વિરહના ભયથી વિહ્વળ થઈ ગયાં. એમનાં હૃદય અને જીવન ભગવાન્‌ને જ સમર્પિત થઈ ચૂક્યાં હતાં. એમની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. પછી બધાં સાથે મળીને કહેવા લાગ્યાં ।।૧૭-૧૮।।

**ગોપીજનોએ કહ્યું** : હે વિધાતા! તને દયા નથી. કેમકે તું જગતનાં પ્રાણીઓનો સૌહાર્દ અને પ્રેમથી સંયોગ કરાવી આપે છે; પરન્તુ હજુ એમની આશા અભિલાષાઓ પૂરી પણ થઈ હોતી નથી ત્યાં તું એમને છૂટાં પાડી દે છે તેથી તારી આ રમત નાના બાળકની ચેષ્ટા જેવી છે ।।૧૯।।

કાળા વાંકડિયા કેશવાળા, મરકત મણિજેવા સુસ્નિગ્ધ કપોલવાળા અને ઊંચી નાસિકાવાળા તથા તમામ શોકને તત્કાલ દૂર કરનાર મન્દ હાસ્યયુક્ત અધરોવાળા મુકુન્દના મુખકમલનાં દર્શન કરાવીને હવે તું એને અમારાં નેત્રથી દૂર કરે છે. એ તારું કાર્ય ઘણું જ અનુચિત છે ।।૨૦।।

(ભદ્રા નક્ષત્ર અભદ્ર કરે છે, મંગલવાર અમંગલ કરે છે તેમ અક્રૂર ક્રૂર કાર્ય કરનાર છે તે કહે છે) હે અક્રૂર તારું નામ વિપરીત અર્થવાળું છે એટલે તું જ ક્રૂર છે એ અક્રૂરરૂપે તું જ અહીં ભગવાન્‌ને લેવાને આવેલ છે, કેમકે અમારાં આ નેત્રને તું પોતે જ મુર્ખની જેમ હરી લે છે. જે તારાં આપેલ નેત્રોદ્વારા શ્યામસુન્દરના એક-એક અંગમાં તારી સૃષ્ટિનું સમ્પૂર્ણ સૌન્દર્ય અમે નિહાળતાં રહેતાં હતાં. હે વિધાતા! આ તને શોભતુંનથી ।।૨૧।।

ઓહો! આ નન્દનન્દન પણ ક્ષણિક સુખપ્રદ છે. એમનો પ્રેમ એક ક્ષણમાં જ ક્યાં ચાલ્યો ગયો? અમે તો ઘરબાર, સ્વજનસમ્બન્ધી, પતિપુત્ર વગેરે છોડીને એમના સ્મિતને વશ થઈ એમની દાસીઓ બન્યાં અને એમને માટે જ આજ અમારું હૈયું શોકાતુર થઈ રહ્યું છે ત્યારે એ અમને છોડીને મથુરા જવા તૈયાર થાય છે કેમકે એમને નવાં-નવાં પ્રિય લાગે છે તેથી જ એ પ્રીતિ કરી એનો લાભ લઈ ક્ષણમાં એની

મૈત્રી છોડી અન્યત્ર મિત્રતા કરે છે ।।૨૨।।

મથુરાની સ્ત્રીઓને મંગલ પ્રભાતવાળી આ રાત્રિ થશે. કૃષ્ણ જ્યારે મથુરામાં પ્રવેશ કરશે ત્યારે મથુરાની નાગરીઓ કટાક્ષ અને સ્મિતરૂપી જેમાં રસ છે તેવું વ્રજપતિનું શ્રીમુખ નીરખશે, નેત્રથી એમના લાવણ્યનું પાન કરશે; ।।૨૩।।

મુકુન્દ મનસ્વી છે છતાં એમનાં સુન્દર મધુર ભાષણથી એને અધીન બની જશે. હે અબલા! એ નાગરીના સલજ્જ સ્મિત અને વિલાસથી આપણને ભૂલી એની પાછળ ફરતા ભગવાન્ આપણી ગ્રામ્ય સ્ત્રીઓની પાસે પાછા શા માટે આવે? નહિ જ આવે ।।૨૪।।

આજે તો દાશાર્હ, ભોજ, અન્ધક, વૃષ્ણિ અને સાત્વતનાં નેત્રોને ગુણના આલયરૂપ અને લક્ષ્મીજીના રમણના એક સ્થાનરૂપ દેવકીસુતના શ્રીમુખને જોઈને મોટો ઉત્સવ થશે ।।૨૫।।

આવા નિર્દયનું 'અક્રૂર' નામ ન જોઈએ કેમકે એ તો અત્યન્ત ઘાતક જણાય છે, જે અત્યન્ત દુઃખિત લોકોને આશ્વાસન પણ આપ્યા વગર જ, અમારા પ્રિય તમને અમે કોઈ દિવસ ન જોઈએ તેવા બીજે જ સ્થળે લઈ જાય છે ।।૨૬।।

આ શ્રીકૃષ્ણ તો કઠિન બુદ્ધિવાળા થઈ રથમાં બિરાજે છે. એમની પાછળ આ ઉન્મત્ત ગોપો ગાડાં જોડી ચાલે છે અને વૃદ્ધો એના કાર્યની ઉપેક્ષા કરે છે, માટે દૈવ જ અત્યારે આપણી પ્રતિકૂલ ચેષ્ટા કરી રહ્યું છે એમાં કોને કહેવું? ।।૨૭।।

ચાલો આપણે જાતે જ માધવની પાસે જઈને એમને જતા અટકાવીએ; કુલના વૃદ્ધો તેમ જ બાંધવો આપણને શું કરી શકશે? આપણને તો અર્ધનિમેષ પણ મુકુન્દનો સંગ દુસ્ત્યજ છે. દૈવ આપણા સંયોગનો વિધ્વન્સ કરી રહ્યું છે તેથી આપણે અત્યારે દીન બની ગયાં છીએ. હવે આપણે મૃત્યુનો પણ ભય ક્યાં છે! ।।૨૮।।

જેમાં પ્રેમ સુન્દર સ્મિતપૂર્વક ગુપ્ત વાતો છે, લીલાયુક્ત અવલોકનપૂર્વક આલિંગન છે તેવા રાસની સભામાં જે શ્રીકૃષ્ણની સાથે રાત્રિઓ ક્ષણની માફક વિતાડી હતી, હે ગોપીજનો! તે શ્રીકૃષ્ણ વગર આપણે એમના વિરહમાં કાળ કેમ વ્યતીત કરી શકીએ? ।।૨૯।।

સાંજે દર્રોજ ગ્વાલ-બાલોથી ઘેરાયેલા બલદેવજીની સાથે વનમાં ગાયોને ચરાવી શ્રીકૃષ્ણ પધારે છે. તેમના કાળા વાંકડિયા અલક અને ગળામાંના પુષ્પહાર

ગાયોની ખરીની રજથી છવાયેલાં છે. તેઓ વેણુ વગાડતા-વગાડતા પોતાના મન્દ-મન્દ હાસ્ય અને તીરછી નજરે આપણા સામું જોઈ હૃદય વીંધી નાખે છે. તેમના વિના આપણા શા હાલ થશે? ।।૩૦।। (આમ ઠપકો આપી, પહેલાં રાસમાં રુદનથી પ્રકટ થયા હતા એટલે રુદન કરે છે)

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! ગોપીજનો વાણીથી તો આ પ્રમાણે કહી રહ્યા હતા પરન્તુ તેમનો એક-એક મનોભાવ શ્રીકૃષ્ણનો સ્પર્શ અને આલિંગન કરી રહ્યો હતો. વિરહથી વ્યાકુલ થયેલાં તેઓ લજ્જા છોડી, ''હે ગોવિન્દ! હે દામોદર! હે માધવ!'' આ પ્રમાણે મોટેથી પોકારી રુદન કરવા લાગ્યાં. (ગોવિન્દ=ગાયો અને તેમના જેવા નિઃસાધન જીવોના ઈન્દ્ર; દામોદર=ભક્તોને વશ; માધવ=લક્ષ્મીપતિ, સ્ત્રીઓ ઉપર વિશેષ કૃપા કરનાર) ।।૩૧।।

ગોપીજનો એમ રુદન કરે છે, રોતાં-રોતાં આખી રાત વીતી ગઈ. એટલામાં સૂર્યોદય થયો. અક્રૂરજી પણ સન્ધ્યા વગેરે નિત્યકર્મ કરી રથને ચલાવવા લાગ્યા ।।૩૨।।

ગોપો, નન્દરાયજી વગેરે ગાડાં લઈ એમની પાછળ ચાલ્યા. ગોરસથી ભરેલા કુમ્ભોની સાથે ભેટો આપવાની બીજી ઘણી ચીજો પણ લીધી અને ચાલતા થયા ।।૩૩।।

પ્યારા શ્રીકૃષ્ણનો સન્દેશો સાંભળવાનેમાટે ગોપીજનો પ્રેમથી પાછળ ચાલ્યા, કાંઈક સન્દેશો કહેશે એ આશાથી એમના માર્ગમાં ઉભા રહ્યાં ।।૩૪।।

પોતાના મથુરાગમનને સમયે એમને સંતાપયુક્ત જોઈને ઉત્તમ દૂત અને સન્દેશદ્વારા ''હું પાછો આવીશ'' એમ પ્રેમપૂર્વક કહેવરાવી પ્રિયે તેમને શાન્ત કર્યાં ।।૩૫।।

ગોપીજનોને જ્યાં સુધી રથની ધજા અને પૈડાંથી ઉડેલી ધૂળ દેખાતી રહી ત્યાં સુધી એમનાં શરીર ચિત્રલિખિતની જેમ ત્યાં જ એમનાં એમ નિશ્ચેષ્ટ ઉભાં રહ્યાં, પરન્તુ તેમણે તેમનાં મન તો મનમોહનની સાથે જ મોકલી દીધાં હતાં ।।૩૬।।

હજુ મનમાં આશા હતી કે કદાચ શ્રીકૃષ્ણ થોડે દૂર જઈ પાછા પધારશે. પરન્તુ જ્યારે પાછા ન જ ફર્યા ત્યારે તેઓ નિરાશ થઈ ગયાં અને પોત-પોતાને ઘેર પાછાં ફર્યાં. હે પરીક્ષિત! (ભગવાન્‌ના ગુણો ભગવદ્ રૂપ જ છે, ભગવાન્ જ છે તેથી) રાત્રિ-દિવસ તેઓ ભગવદ્ ગુણગાન કર્યા કરતાં અને આમ પોતાનો શોકસન્તાપ

હળવો કરતાં ।।૩૭।।

(જો કે ગોકુલમાં રહીને જ કંસને મારી નાખી શકાયો હોત, ગોપીજનોને, સાથે લઈ જઈ શકાયાં હોત અથવા એક સ્વરૂપથી ગોકુલમાં બિરાજી બીજા સ્વરૂપથી મથુરા જઈ શકાયું હોત છતાં ગોપીજનોને અલૌકિક સામર્થ્ય-દ્વિતીય દલ (વિપ્રયોગ) નો અનુભવ કરવાના સામર્થ્યનું દાન કરવા) ભગવાન્ તો બલદેવજી અને અક્રૂરજી ની સાથે વાયુવેગી રથમાં, પાપનાશિની કાલિન્દીજીને કાંઠે પધાર્યા ।।૩૮।।

રથમાંથી પોતે ઉતરી, વૃક્ષની પાસે બિરાજી હાથ-મુખ ધોઈ ઈન્દ્રનીલમણિ સમાન અને અમૃત જેવા મીઠા ઉજ્જવલ જલનું પાન કરી અને બલદેવજીની સાથે રથમાં બિરાજ્યાં ।।૩૯।।

અક્રૂરજી બન્ને ભાઈની રજા લઈને એમને રથ ઉપર બિરાજવાનું કહી કાલિન્દીજીના હૃદમાં આવી વિધિવત્ સ્નાન કરવા લાગ્યા ।।૪૦।।

વેદાત્મક ગાયત્રીનો જપ કરતાં અક્રૂરજીએ જળમાં ડૂબકી મારી ત્યાં તો જેમને રથ ઉપર પધરાવ્યા છે તે જ રામ-કૃષ્ણને જળમાં જોયા ।।૪૧।।

વસુદેવજીના પુત્રો અહીં જળમાં ક્યાંથી, કેમકે એ તો રથ ઉપર બેઠા છે? અહીં દેખાયા ત્યારે રથ ઉપર નહિ હોય, એ પણ મારી પાછળ સ્નાન કરવા આવ્યા હશે એમ ધારી માથું ઊંચું કરી જુએ તો ત્યાં પણ રથ ઉપર તેમને જોયા ।।૪૨।।

આ તો બહાર છે, મને એમનું જળમાં દર્શન થયું એ ભ્રમ જ હતો કે શું? ।।૪૩।।

એની તપાસ કરવામાટે ફરીને જળમાં ડૂબકી મારીને જોયું ત્યાં તો ફરીને જળમાં બન્ને ભાઈઓનાં અક્રૂરજીને દર્શન થયાં; પણ એમાં વિશેષતા એ જોવામાં આવી કે આ વખતે સિદ્ધ, સર્પો, ગન્ધર્વો, અસુરો વગેરે મસ્તક નમાવી જેમની સ્તુતિ કરે છે તેવા શેષજીને જોયા ।।૪૪।।

શેષજીને હજાર ફેણ છે અને દરેકના ઉપર મુગટ શોભે છે. તેમણે કમલની દાંડી જેવા ઉજ્જવલ શરીર ઉપર નીલામ્બર ધારણ કર્યું છે અને તેમની શોભા એવી થઈ રહી છે જાણે કે હજાર શિખરોવાળા શ્વેતગિરિ કૈલાસ શોભાયમાન હોય ।।૪૫।।

અક્રૂરજીએ જોયું કે શેષજીની ગોદમાં શ્યામ મેઘના જેવા ઘનશ્યામ બિરાજમાન છે. એમણે રેશમી પીતામ્બર ધારણ કર્યું છે. પુરુષાકાર શાન્ત (ચાર પુરુષાર્થોનું દાન કરનાર) ચતુર્ભુજ સ્વરૂપનાં નેત્ર કમલના રક્તદલના જેવાં લાલ છે ।।૪૬।।

એમનું વદન અત્યન્ત મનોહર અને પ્રસન્નતાનું સદન છે. એમનું મધુર હાસ્ય અને નમણી નજર ચિત્ત ચોરી લે છે. એમની ભ્રમર સુન્દર અને નાસિકા સહેજ ઊંચી તથા બહુ જ સુઘડ છે. સુન્દર કાન, કપોલ અને લાલ અધરોની છટા નિરાળી જ છે ।।૪૭।।

એમના બાહુ ઘૂંટણ સુધી લાંબા અને હૃષ્ટ-પુષ્ટ છે. ખભા ઊંચા અને વક્ષઃસ્થલ લક્ષ્મીજીનું આશ્રયસ્થાન છે. શંખના જેવું ચઢાવ-ઉતારવાળું સુડોળ ગળું, ગમ્ભીર (ઊંડી) નાભિ અને ત્રિવલીયુક્ત ઉદર પીપળના પાનના જેવું શોભાયમાન છે ।।૪૮।।

સ્થૂલ કટિપ્રદેશ અને નિતમ્બ, હાથીની સૂંઢના જેવી જાંઘો, સુન્દર ઘૂંટણો અને પિંડીઓ છે. ઘૂંટીઓ ઊંચી છે અને લાલ નખોમાંથી દિવ્ય જ્યોતિર્મય કિરણો ફેલાઈ રહ્યાં છે. ચરણકમલની આંગળિયો અને અંગૂઠા નવી અને કોમળ પાંખડીઓના જેવા સુશોભિત છે ।।૪૯-૫૦।।

અત્યન્ત બહુમૂલ્ય મણીઓથી જડાયેલ મુગટ, કડાં, બાજૂબન્ધ, કન્દોરો, હાર, નૂપુર અને કુંડલો તથા યજ્ઞોપવીતથી તે દિવ્ય મૂર્તિ અલંકૃત થઈ રહી છે. એક હાથમાં પદ્મ શોભી રહ્યું છે અને બાકીના ત્રણમાં શંખ, ચક્ર અને ગદા, વક્ષઃસ્થલ ઉપર શ્રીવત્સનું ચિહ્‌ન, ગળામાં કૌસ્તુભમણિ અને વનમાલા બિરાજી રહ્યાં છે ।।૫૧-૫૨।।

સુનન્દ, નન્દ વગેરે પાર્ષદો, સનકાદિ મુનિઓ, ઈન્દ્રાદિ દેવોના ઈશો, બ્રહ્મા, રુદ્ર વગેરે, મરીચિ વગેરે નવ ઉત્તમ બ્રાહ્મણો, પ્રજાપતિઓ ।।૫૩।।

પ્રહ્‌લાદ, નારદજી, ભીષ્મ વગેરે ભગવદ્ ભક્તો જેમની જુદા-જુદા ભાવવડે નિર્મળ અન્તઃકરણપૂર્વક પૂર્વસિદ્ધ વાણીવડે સ્તુતિ કરી રહ્યા છે ।।૫૪।।

શ્રી, પુષ્ટિ, ગિરા (સરસ્વતી), કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઉર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા નામની બાર શક્તિઓ મૂર્તિમાન થઈ તેમની સેવા કરી રહી છે ।।૫૫।।

આવા ભગવાન્‌ને જોઈને અક્રૂરજી પ્રસન્ન થયા, પરમ ભક્તિભાવવડે રોમાંચિત થયા, ભાવથી નેત્ર ભીનાં થઈ ગયાં ।।૫૬।।

**ગિરા ગદ્‌ગદયાસ્તૌષીત્ સત્વમાલમ્બ્ય સાત્વતઃ।**
**પ્રણમ્ય મૂર્ધ્ન્યાવહિતઃ કૃતાંજલિપુટઃ શનૈઃ ।।૫૭।।**

ગદ્ગદ વાણીવડે ધીરજ રાખી હાથ જોડી સાષ્ટાંગ પ્રણામ કરી સાવધાન થઈ નિર્ગુણ અવસ્થાનો ત્યાગ કરી, સત્વ ગુણનો આશ્રય લઈ વૈષ્ણવને ઉચિત સ્તુતિ કરવા લાગ્યા ।।૫૭।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા પ્રકરણનો શ્રીનિરૂપક ચોથો) ''ભગવાન્નું મથુરા પધારવું'' નામનો ઓગણચાલીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં છત્રીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ભગવાનના નામે ભીખ માગનારાઓ, વાંચો!!!**

**અપરાધ૩૬મો :** શ્રીઠાકોરજી (ભાગવત,શ્રીયમુનાજીનીલોટીવગેરે)ના નામે (ભેટ-સામગ્રી-પોથીસેવા કે ન્યોછાવર) માંગવું.

**ફળ :** સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. **પ્રાયશ્ચિત્ત :** જેટલું માંગ્યુંકે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણા નૈવેદ્યનું દાન કરવું. **(શ્રીહરિરાયજી)**

# અધ્યાય ૪૦

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૩૭

## અક્રૂરજીએ કરેલી ભગવાન્ની સ્તુતિ

### ત્રીજા રાજસ પ્રકરણનું પહેલું પ્રમાણ પ્રકરણ અધ્યાય ૫

**વિશેષ :** અક્રૂરજીએ જળમાં ભગવાન્નાં દર્શન કરી પ્રસન્ન થઈ એમની મનોહર સ્તુતિ કરી. એમણે ચાર પ્રકારનું માહાત્મ્ય જાણ્યું છે. તેથી સિદ્ધ થયેલ સિદ્ધાન્તને કહે છે. સ્વરૂપથી, પ્રમાણથી, યુક્તિથી, વસ્તુસ્વરૂપવડે અને અવતાર ફલવડે સર્વનો નિર્ણય અહીં કહેવાય છે. રાજસમાં આ સ્તોત્ર કરનાર અક્રૂરજી મધ્યમ કક્ષાના છે, ઉત્તમ સ્તોત્રમાં નારદજી, વસુદેવજી વગેરે વક્તા છે. જેનો-જેનો જેવો-જેવો ભાવ છે તે-તે પ્રમાણે તે સ્તુતિ કરે છે. ભગવાન્માં સર્વ યોગ્ય જ છે, કારણ કે સર્વ કાંઈ સર્વરૂપ નથી. જેથી જેટલું જ સ્વરૂપ જે સમજે તે પોતાની બુદ્ધિવડે તેટલું જ વર્ણન કરી શકે. સર્વજ્ઞ તો એક ભગવાન્ હોવાથી એ સિવાયના બધા અસર્વજ્ઞ છે.

**નતોસ્મ્યહં ત્વાખિલહેતુહેતું નારાયણં પૂરુષમાદ્યમવ્યયમ્ ।।**
**યન્નાભિજાતાદરવિન્દકોશાદ્ બ્રહ્માવિરાસીદ્ યત એષ લોકઃ ।।૧।।**

**અક્રૂરજી બોલ્યા** : હે કૃષ્ણ! આપ સર્વ કારણના કારણ છો, આદિ પુરુષ અર્થાત્ પ્રકૃતિના ભર્તા છો. અવિનાશી પુરુષોત્તમ નારાયણ છો; જેમના નાભિકમળની કળીમાંથી બ્રહ્માજી પ્રકટ્યા, જેમણે આ ચરાચર જગતની સૃષ્ટિ કરી તેવા આપને મારા નમસ્કાર હો ।।૧।।

પૃથ્વી, જલ, અગ્નિ, પવન, આકાશ, અહંકાર, મહત્તત્વ, પ્રકૃતિ, પુરુષ, મન, ઈન્દ્રિયો તેમના વિષયો તેના અધિષ્ઠાતા દેવો વગેરે જે જગતના કારણરૂપ ગણાય છે તે બધાં આપના જ અંગરૂપ છે ।।૨।।

આપ સર્વના આત્મા છો છતાં બ્રહ્માજી વગેરે આપને સર્વના આત્મા તરીકે જાણતા નથી. આપે બ્રહ્માજીનો આત્મતયા (પોતાના તરીકે) સ્વીકાર કર્યો નથી કારણ કે તેઓ સાભિમાન-અહંકારી છે, પ્રકૃતિના ગુણ રજસ્થી યુક્ત છે તેથી તેઓ પણ આપની પ્રકૃતિનું અને તેના ગુણોથી પર આપનુ સ્વરૂપ જાણતા નથી. જો બ્રહ્માજી આપના સ્વરૂપને ન જાણે તો તેમનો બનાવેલો બીજો જીવ તો ન જાણે એ સ્પષ્ટ વાત છે ।।૩।।

યોગીઓ મહાપુરુષ અને ઈશ્વર (અન્તર્બહિ ર્નિયામક સ્વરૂપ) તરીકે આપનું સાક્ષાત્ યજન કરે છે જ્યારે સ્માર્ત ધર્મપરાયણ સદાચારી સાધુપુરુષો આપ અધ્યાત્મસહિત, અધિભૂત સહિત અને અધિદૈવ સહિત છો તેમ સમજી આપનું યજન કરે છે. (અધ્યાત્મ સહિત=અન્તઃકરણમાં રહેલ 'અન્તર્યામી' અધિભૂત સહિત=ભૌતિક પદાર્થોમાં વ્યાપ્ત 'પરમાત્મા' અધિદૈવ સહિત=સૂર્ય, ચન્દ્ર, અગ્નિ વગેરેમાં સ્થિત ''ઈષ્ટ દેવતા'') ।।૪।।

કેટલાક યાજ્ઞિકો વેદવિદ્યાવડે આપને મોટા યજ્ઞોમાં અનેક પ્રકારના ઈન્દ્ર, વાયુનાં નામ લઈ આપનું જ યજન કરે છે ।।૫।।

વળી બીજા કેટલાક સર્વ કર્મનું ફલ આપના ચરણમાં સમર્પણ કરી શાન્ત થઈને જ્ઞાનયજ્ઞથી જ્ઞાન વિગ્રહરૂપ આપનું યજન કરે છે ।।૬।।

બીજા કેટલાક લોકો વિધિએ બતાવેલ સાધનોવડે પોતાના આત્માને સંસ્કૃત કરી આપ જેવા થઈને બહુમૂર્તિમાં કે એક મૂર્તિમાં આપને ભજે છે ।।૭।।

બીજાઓ તો શિવજીએ કહેલ માર્ગવડે બહુ આચાર્યોના (શૈવપાશુપતાદિ)

ભેદવડે, હે ભગવન્! આપની શિવસ્વરૂપે ઉપાસના કરે છે ।।૮।।

હે સ્વામિન્! જે લોકો બીજા દેવતાઓની ભક્તિ કરે છે અને તેમને આપથી જુદા સમજે છે તે બધા પણ હકીકતમાં આપની જ આરાધના કરે છે કારણ કે આપ જ બધા દેવસ્વરૂપ છો અને સર્વેશ્વર પણ છો ।।૯।।

હે પ્રભો! જેમ પર્વતમાંથી નદીઓ નીકળે છે અને વર્ષાના જલથી ભરાઈ ઘૂમતી-ફરતી અન્તે સમુદ્રમાં પ્રવેશ કરે છે તેવી જ રીતે બધી જાતના ઉપાસના માર્ગ અન્તે આપની જ પાસે પહોંચી જાય છે ।।૧૦।।

રજસ્, તમસ્ અને સત્વ એ આપની પ્રકૃતિના ગુણો છે તે ગુણોમાં બ્રહ્માજીથી લઈને સ્થાવર પર્યન્ત સમ્પૂર્ણ ચરાચર જીવ પરોવાયેલા છે તેથી એ 'પ્રાકૃત' કહેવાય છે ।।૧૧।।

પરન્તુ આપ સર્વસ્વરૂપ હોવા છતાં આપ એમની સાથે લિપ્ત થતા નથી. આપની દૃષ્ટિ નિર્લિપ્ત છે કારણ કે આપ બધી વૃત્તિઓના સાક્ષી છો. આ ગુણોના પ્રવાહથી થનારી સૃષ્ટિનું મૂલ અજ્ઞાન છે અને તે દેવતા, મનુષ્ય, પશુપક્ષી બધામાં વ્યાપ્ત છે પરન્તુ આપ તેનાથી અળગા છો તેથી હું આપને નમસ્કાર કરું છું ।।૧૨।।

અગ્નિ આપનું મુખ, પૃથ્વી ચરણ, સૂર્ય નેત્ર, આકાશ નાભિ, દિશાઓ કાન, સ્વર્ગ મસ્તક, દેવેન્દ્રગણ શ્રીહસ્તો, સમુદ્રો ઉદર અને વાયુ આપનાં પ્રાણ અને બળ છે ।।૧૩।।

વૃક્ષ અને ઔષધિ આપનાં રોમ, મેઘો મસ્તકના વાળ અને પર્વતો આપનાં અસ્થિ અને નખ છે, પલકોનું ખોલવું અને બંધ કરવું એ દિવસ અને રાત છે, પ્રજાપતિ આપની ગુહ્યેન્દ્રિય અને વૃષ્ટિ આપનું વીર્ય છે ।।૧૪।।

હે અવિનાશી ભગવન્! જેવી રીતે જલમાં ઘણા જલચર જીવો અને ગૂલર (ઉમ્બર)નાં ફલોમાં અનેક નાનાં-નાનાં જન્તુઓ રહેતાં હોય છે તેવીજ રીતે આપના મનોમય પુરુષ રૂપમાં અનેક પ્રકારના જીવ જન્તુઓથી ભરેલા લોક અને તેમનાલોકપાલ રચાયેલા છે. (અને છતાં જલને જલચરોનો અને ગૂલરને જન્તુઓનો ભાર જણાતો નથી તેમ આપને કંઈ જ ભાર જણાતોનથી) ।।૧૫।।

આપ ક્રીડાર્થ જે-જે રૂપોને ધારણ કરો છો તે રૂપોવડે લોકો શોકને મટાડીને આનન્દ મેળવી આપના યશનું ગાન કરેછે ।।૧૬।।

પ્રલયના સમુદ્રમાં ફરતા કારણરૂપ મત્સ્ય સ્વરૂપને નમસ્કાર હો. મધુ કૈટભ

દૈત્યને મારનાર હયગ્રીવ ભગવાન્‌ને નમન હો ।।૧૭।।

મોટું કૂર્મરૂપ ધરી પીઠ ઉપર મન્દરાચળને ધારણ કરનાર અને પૃથ્વીના ઉદ્ધારને માટે વરાહ રૂપથી વિહાર કરનાર આપને મારા નમસ્કાર હો ।।૧૮।।

ભક્ત લોકોને અભય આપવામાટે અદ્‌ભુત નરસિંહરૂપ ધારણ કરનાર અને ત્રિલોકીને ત્રણ પગલામાં માપી લેનાર વામન રૂપને મારા નમસ્કાર હો ।।૧૯।।

ગર્વિષ્ટ ક્ષત્રિયરૂપ વનના કુહાડારૂપ ભૃગુપતિ પરશુરામને નમન હો. રાવણનો અન્ત લાવનાર રઘુવર્ય રામરૂપ આપને હું નમન કરું છું ।।૨૦।।

આપ જ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધરૂપ છો. તેમ જ સમસ્ત ભક્તોના સર્વથા રક્ષક એવા આપને મારા નમસ્કાર હો ।।૨૧।।

(ભગવાન્ દરેક અવતારની ઝાંખી અક્રૂરજીને જલમાં કરાવે છે તેથી હવે થનારા અવતારોને પણ આવરી લે છે) દૈત્યો અને દાનવો ને (વેદોની નિન્દા કરી) મોહ કરાવનાર શુદ્ધ-બુદ્ધ ભગવાન્‌ને તથા સહજ દૈત્યોરૂપી મ્લેચ્છોને અને દોષિત ક્ષત્રિયોને હણનાર કલ્કિ ભગવાન્‌ને હું પ્રણામ કરું છું ।।૨૨।।

હે ભગવાન્! આ જીવલોક આપની માયાથી મોહિત થયો છે, 'હું' અને 'મારું' એવા અસત્ આગ્રહથી ઊંચી-નીચી શ્વાન વગેરેની યોનિમાં ભટક્યા કરે છે ।।૨૩।।

હું મૂર્ખ છું અને સ્વપ્ન સરખાં દેહ, પુત્ર, ઘર, પત્ની, ધન અને સ્વજનમાં સત્ય બુદ્ધિ કરી, હે વિભો! હું ભટકતો ફરું છું ।।૨૪।।

અનિત્ય, અનાત્મ અને દુઃખરૂપ પદાર્થોમાં નિત્ય, આત્મા અને સુખ બુદ્ધિ મને થાય છે તેથી હું સુખ દુઃખમાં આરામ માનનાર હોવાથી અજ્ઞાનમાં ડૂબી જવાથી મારું શું હિત છે એ જાણી શકતોનથી ।।૨૫।।

કમલપત્રો વગેરેથી ઢંકાયેલ જલને છોડી જેમ મૂર્ખ માણસ ઝાંઝવાનાં જલ પાછળ દોડે છે તેમ અન્તઃકરણમાં બિરાજતા પણ અહન્તા-મમતાથી ઢંકાયેલ પ્રભુને, ''અહં મમ'' ને દૂર નહિ કરતાં, પરમાનન્દનો અનુભવ નહિ કરતાં દુઃખાત્મક બહારના વિષયોમાટે હું પણ દોડું છું, કારણ કે હું બહિર્મુખ છું ।।૨૬।।

મનની નિયામક બુદ્ધિ છે, હવે મારું મન કામ અને કર્મ થી વિક્ષિપ્ત છે અને બુદ્ધિ વિષયપરાયણ છે. વળી મારી ઈન્દ્રિયો બળવાન અને બેકાબૂ છે તેઓ મનને બળજબરીથી આમ-તેમ લઈ જાય છે તેથી તેને હું રોકવાનો ઉત્સાહ પણ કરી શકતો નથી.(એક ચોરથી બીજા ચોરને સન્માર્ગે ન લાવી શકાય) ।।૨૭।।

સર્વથા નિઃસાધન એવો હું દીનતાપૂર્વક આપને શરણે આવ્યો છું. દુષ્ટ પુરુષોનેમાટે આવી શરણાગતિ પણ મુશ્કેલ છે તે મને પ્રાપ્ત થઈ તે, હે ઈશ! હું આપનો અનુગ્રહ જ માનું છું **જ્યારે જીવનો છેલ્લો જન્મ હોય છે ત્યારે હે કમલનાભ! તેને પુરુષનો દેહ મળે છે, ભગવદીયોની સેવા કરવામાં રુચિ થાય છે, ભગવત્સ્વરૂપને જાણવાની ઈચ્છા થાય છે અને ભગવત્ શાસ્ત્ર (શ્રીભાગવત્, શ્રીગીતાજી વગેરે) પરાયણતા થાય છે ।।૨૮।।**

વિજ્ઞાન સ્વરૂપ અને સર્વ જ્ઞાનના કારણરૂપ, પુરુષરૂપ, ઈશરૂપ અને પ્રકૃતિરૂપ છતાં અનન્ત શક્તિવાળા બ્રહ્મને મારા નમસ્કાર હો ।।૨૯।।

**નમસ્તે વાસુદેવાય સર્વભૂતક્ષયાય ચ।**
**હૃષીકેશ નમસ્તુભ્યં પ્રપન્નં પાહિ માં પ્રભો ।।૩૦।।**

વાસુદેવરૂપ, સર્વ જીવોના નિવાસરૂપ, હે ઈન્દ્રિયોના નિયામક! આપને હું નમન કરું છું, હે વિભો!હું આપને શરણે આવ્યો છું તો આપ મારી રક્ષાકરો ।।૩૦।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા પ્રકરણનો જ્ઞાનરૂપ અર્થવાળો પાંચમો) ''અક્રૂરજીએ કરેલી ભગવાન્‌ની સ્તુતિ'' નામનો ચાલીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં સાડત્રીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
દક્ષિણા લઈને કરવામાં આવતી કથા ગટરના પાણી જેવી અપવિત્ર હોય છે.

## અધ્યાય ૪૧

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૩૮

# મથુરા નગરીમાં શ્રીકૃષ્ણનો પ્રવેશ

### ત્રીજા રાજસ પ્રકરણનું પહેલું પ્રમાણ પ્રકરણ અધ્યાય૬

**વિશેષ :** અક્રૂરજી ભગવત્તત્વને જાણી ગયા એ વાત ૪૧ મા અધ્યાયમાં કહે છે. ભગવાન્‌ને

એમના ઉતારા ઉપર છોડી અક્રૂરજી ઘેર ગયા ત્યારે ભગવાન્ મથુરા જોવા નીકળ્યા. પોતાના માહાત્મ્યનું જ્ઞાન ભગવાને અક્રૂરજીને કરાવ્યું. અક્રૂરજીએ સ્નાન કરતી વખતે જલમાં જે દર્શન કર્યાં તે છુપાવ્યું હતું. તેની પરીક્ષા પણ કરી લીધી. ભગવાન્‌ના પ્રવેશ વખતે મથુરા નગરીનું વર્ણન કરે છે. ઉત્સવમાં જેવાં બધાનાં મન ભગવાને આકર્ષ્યાં હતાં તેવાં મથુરાનગરીવાળા ભક્તોનાં મનને પણ નિરુદ્ધ કર્યાં. પોતાનું માહાત્મ્ય બતાવવામાટે ભગવાને ધોબી (રંગારા) ને માર્યો, દરજી અને સુદામા માળીની ઉપર ભગવાને અનુગ્રહ કર્યો; તેમ કરી રાજસ લોકના પ્રપંચને ભુલાવ્યો. આગળ શ્રીકૃષ્ણમાં એમની આસક્તિ કહેવાશે. એનાથી સામાન્ય નિરોધ સિદ્ધ થશે.

**સ્તુવતસ્તસ્ય ભગવાન્ દર્શયિત્વા જલે વપુઃ ।।**
**ભૂયઃ સમાહરત્ કૃષ્ણો, નટો નાટ્યમિવાત્મનઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ જલમાં સ્તુતિ કરતા અક્રૂરજીને ભગવાને પોતાનાં શ્રીઅંગનાં દર્શન કરાવ્યાં અને નટ જેમ પોતાનો પાઠ પૂરો કરે તેમ, ભગવાન્ શ્રીકૃષ્ણે જળમાં થતાં પોતાનાં દર્શનને બંધ કર્યાં ।।૧।।

અક્રૂરજી પણ જળમાં દેખાતું સ્વરૂપ અન્તર્ધાન થયું જાણીને પોતે જળથી બહાર આવ્યા અને આવશ્યક કર્મ સમાપ્ત કરી વિસ્મય પામતા રથ ઉપર સવાર થઈ ગયા ।।૨।।

એમને ઈન્દ્રિયોના અધિષ્ઠાતા શ્રીકૃષ્ણે પૂછ્યું કે ''પૃથ્વી, આકાશ કે જળ માં આપે આશ્ચર્યકર કાંઈ જોયું હોય એવું તમારા રૂપ ઉપરથી અમારા જાણવામાં આવે છે. તો આપે કોઈ અદ્‌ભુતવસ્તુજોઈ કેશું?'' ।।૩।।

**અક્રૂરજીએ ભગવાન્‌ને કહ્યું :** પૃથ્વી, આકાશ કે જળમાં અને જગતમાં જેટલા અદ્‌ભુત પદાર્થ છે તેબધા આપનામાં છે કારણ કે આપ વિશ્વરૂપ છો.જ્યારે હું આપનેજ જોઈ રહ્યો છુંત્યારે એવી કઈ અદ્‌ભુત વસ્તુ રહી જાય છે કેમેં ન જોઈ હોય? એ આપકહો ।।૪।।

હે ભગવન્! જેટલી-જેટલી અદ્‌ભુત વસ્તુઓ છે, પછી તે પૃથ્વીમાં હોય કે જલ અથવા આકાશમાં હોય-બધીજ જેમાં છે તે આપને જ હું જોઈ રહ્યો છું, પછી મારેકઈ વસ્તુ જોવાની બાકી રહી?(આમાં પૂર્વ શ્લોકનો અનુવાદજ કહેવામાં આવ્યો) ।।૫।।

એમ બોલી અક્રૂરજીએ રથ ચલાવ્યો. દિવસના અસ્તનો સમય થયો ત્યારે રામ

અને શ્રીકૃષ્ણને લઈ મથુરામાં જઈ પહોંચ્યા ।।૬।।

હે રાજન્! માર્ગમાં ગ્રામલોકો ગામેગામ ભેગા થઈને આવતા તેઓ બધા વસુદેવજીના બન્ને પુત્રોને જોઈને બહુ પ્રસન્ન થતા અને તેમની તરફ લાગેલાં પોતાનાં નેત્રોને પાછાં ખેંચી શકતા નહિ ।।૭।।

ભગવાન્ પધારે છે તેટલામાં નન્દરાયજી વગેરે વ્રજવાસીઓ આગળ પહોંચ્યા હતા. તેઓ ગામની પાસેના બગીચામાં ઉતારો કરી ત્યાં એમની પ્રતીક્ષા કરી રહ્યા હતા ।।૮।।

ભગવાન્ પધારી એ બધાને મળ્યા અને જગતના ઈશ્વર કૃષ્ણ અક્રૂરજીનો હાથ પોતાના હાથમાં લઈ હસીને વિનયથી કહેવા લાગ્યાઃ ।।૯।।

''કાકા! આપ રથ લઈ પહેલાં મથુરાપુરીમાં પ્રવેશ કરી પોતાને ઘેર જાઓ. અમે તો પહેલાં અહીં ઉતરી નગરની શોભા જોવામાટે આવીશું'' ।।૧૦।।

**અક્રૂરજી બોલ્યા** : હે પ્રભો! આપ બન્ને વિના હું નગરમાં નહિ જાઉં. હે નાથ! મારો ત્યાગ આપેન કરવો જોઈએ. હેભક્તવત્સલ! હું આપનો ભક્તછું ।।૧૧।।

આપ પધારો. આપણે ચાલીએ. અમારા ઘરને હે અધોક્ષજ! આપ સનાથ કરો. હે સુહૃત્તમ! આપ, બલદેવજી અને ગોપો તથા નન્દરાયજી વગેરે બધા મારે ત્યાં મુકામ રાખો ।।૧૨।।

અમે ગૃહસ્થ છીએ. આપની ચરણરજવડે અમારાં ઘરોને પવિત્ર કરો, જેના ચરણના પ્રક્ષાલન જલવડે દેવો, અગ્નિઓ, પિતૃઓ વગેરે તૃપ્ત થાય છે ।।૧૩।।

હે પ્રભો! આપના યુગલ ચરણોને પખાળી મહાત્મા બલિરાજાએ એવો યશ પ્રાપ્ત કર્યો કે તેનું ગાન સન્તપુરુષો કરે છે. માત્ર યશ નહિ તેમણે અતુલ ઐશ્વર્ય તથા એવી ગતિ પ્રાપ્ત કરી જે આપના અનન્ય પ્રેમી ભક્તોને જ પ્રાપ્ત થાય છે ।।૧૪।।

તે આપના ચરણક્ષાલનનું જળ ત્રણ લોકને પવિત્ર કરે છે, જેને શિવજી પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે, જેના સમ્પર્કથી સગરના સાઠ હજાર પુત્રો સ્વર્ગમાં ગયા ।।૧૫।।

હે દેવના દેવ! હે જગતના નાથ! હે પવિત્ર શ્રવણ કીર્તનવાળા! હે યદૂત્તમ! હે ઉત્તમશ્લોક! હે નારાયણ! આપને મારા નમસ્કાર હો ।।૧૬।।

**શ્રીભગવાન્ બોલ્યા** : કાકા! હું બલદેવજીની સાથે આપને ઘેર આવીશ; પણ પહેલાં આ યદુવંશીઓના દ્રોહી કંસને મારી પછી બધા સ્નેહી-સ્વજનોનું પ્રિય કરીશ

॥૧૭॥

**શ્રીશુકદેવજી બોલ્યા :** અક્રૂરજીને ભગવાને એમ કહ્યું ત્યારે અક્રૂરજી કંઈક દુઃખાતા (કચવાતે) મને નગરમાં ગયા, ત્યાં કંસને ભગવાન્ પધાર્યાની ખબર કરી પોતાને ઘેર પહોંચ્યા ॥૧૮॥

જ્યારે ત્રીજો પહોર થયો ત્યારે બલદેવજી અને ગોપોને સાથે લઈને શ્રીકૃષ્ણે મથુરાનગરી જોવાની ઇચ્છાથી બધાની સાથે મથુરામાં પ્રવેશ કર્યો ॥૧૯॥

ભગવાને જોયું કે નગરના કોટમાં સ્ફટિકમણિના મુખ્ય દરવાજાઓ ઘણા ઊંચા છે. ઘરોને મોટા-મોટા બારણાંઓ છે તેમાં સોનાનાં મોટાં કમાડ લાગેલાં છે અને સોનાના જ બહારના દરવાજાઓ છે. નગરની ચારે બાજુ તામ્બા અને પિત્તળના કઠેડાઓ છે. ચારે તરફથી ખાઈ ખોદેલી હોવાથી બીજે કોઈ સ્થળેથી તેમાં પ્રવેશ કરવો બહુ મુશ્કેલ છે. ઠેક ઠેકાણે (પુષ્પ પ્રધાન) ઉદ્યાનો અને (ફલ પ્રધાન) ઉપવનો શોભી રહ્યાં છે ॥૨૦॥

શહેરની વચમાં ચોક, સુવર્ણથી સજાવેલા ધનિકોના મહેલો તેમની જ સાથે લાગેલા બગીચાઓ, કારીગરોને બેસવાનાં સ્થાન કે સભા ભવન (ટાઉન હોલ) અને આમ જનતાનાં ઘરો નગરની શોભામાં વધારો કરી રહ્યાં છે. વૈદૂર્ય, હીરા, સ્ફટિક, નીલમ, પ્રવાલ, મોતી અને પન્ના વગેરેથી જડેલા રવેસ, ચોતરા, ઝરોખા તથા ઓટલાઓ વગેરે ઝગમગી રહ્યાં છે. એમના ઉપર બેઠેલાં કબૂતરો, મોર વગેરે પક્ષીઓ જાતજાતની બોલી, બોલી રહ્યાં છે. સડકો, બજાર, ગલીઓ અને ચોકોમાં પાણી છાંટવામાં આવેલું છે. ઠેકઠેકાણે ફૂલોના ગજરા, જ્વારા, શેકેલી ડાંગર અને ચોખા વેરેલા છે ॥૨૧-૨૨॥

ઘરોના દરવાજા ઉપર જલથી ભરલા કુમ્ભ રાખ્યા છે તેને દહીં અને ચન્દન છાંટી એની પૂજા કરી છે, એને પુષ્પ ચડાવ્યાં છે, દીવાઓની પંક્તિઓ અને પલ્લવો થી એને શણગાર્યા છે, સોપારી અને કેળના સ્તમ્ભો ફલસહિત ત્યાં રોપ્યા છે, દ્વારો અને ઘરો ને શૃંગાર કર્યો છે અને નાની-નાની ઝંડીઓ ફરકી રહી છે ॥૨૩॥

હે રાજન્! વસુદેવજીના બન્ને પુત્રોએ ગોપાળોને સાથે લઈને મથુરાના રાજમાર્ગમાં પ્રવેશ કર્યો ત્યારે મથુરાની સ્ત્રીઓ એમનાં દર્શન કરવાને જલદી ઘરની અટારીઓ ઉપર ચડી ગઈ ॥૨૪॥

કેટલીક તો ઉતાવળમાં વસ્ત્રો અને આભરણો ક્યાંનાં ક્યાં પહેરીને આવી. કેટલીક બે પગ, બે હાથ, બે કાન વગેરે બબ્બે પહેરવાનાં ઘરેણાંને એકમાં જ ધરીને બીજામાં ધરવાનું છોડી દઈ ત્વરાથી આવી પહોંચી. કેટલીકે એક કપોલ ઉપર કમળપત્ર કર્યું, બીજું કરવાનો વખત ન રહ્યો તે એકથી જ ચલાવી લઈ ત્યાં આવી, શ્રવણમાં અને ચરણમાં એકમાં જ આભરણ ધરીને આવી, બીજી એક નેત્રમાં અન્જન કરીને બીજા નેત્રમાં અન્જન કર્યા વગર જ આવી ।।૨૫।।

કેટલીકને એવો ઉત્સવ થયો કે ભોજન અધૂરું છોડીને ત્યાં આવી. કેટલીક અભ્યંગ કરતી હતી તે નાહ્યા વગર એમ જ આવી. કેટલીક સૂઈ રહી હતી તેઓ કોલાહલ સાંભળતાં જ ઉભી થઈ ગઈ અને તે જ અવસ્થામાં દોડી ગઈ. કેટલીક છોકરાંની માતાઓ સ્તનપાન કરતાં પોતાનાં બાળકોને છોડીને ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન કરવા આવી ।।૨૬।।

કમલનયન ભગવાન્ શ્રીકૃષ્ણ મદોન્મત્ત ગજરાજની જેમ અત્યન્ત મસ્તીથી ચાલી રહ્યા હતા. લક્ષ્મીજીને પણ આનન્દિત કરનારા પોતાના શ્યામસુન્દર શ્રીઅંગથી મથુરાની નાગરીઓનાં નેત્રોને આપે અત્યન્ત આનન્દનું દાન કર્યું અને પોતાના વિલાસપૂર્ણ પ્રગલ્ભ હાસ્ય અને પ્રેમપૂર્ણ અવલોકનથી તેમનાં મન ચોરીલીધાં ।।૨૭।।

મથુરાની સ્ત્રીઓ ઘણા દિવસોથી ભગવાન્ શ્રીકૃષ્ણની અદ્ભુત લીલાઓ સાંભળતી રહેતી હતી. એમનાં ચિત્ત ઘણા વખતથી શ્રીકૃષ્ણ નેમાટે વ્યાકુલ થઈ રહ્યાં હતાં. આજે તેમણે તેમનાં દર્શન કર્યાં. ભગવાન્ શ્રીકૃષ્ણે પણ પોતાની પ્રેમયુક્ત દષ્ટિ અને મન્દહાસ્યની સુધાથી સિંચીને તેમનું સન્માન કર્યું. હે પરીક્ષિત! તે સ્ત્રીઓએ નેત્રોદ્વારા ભગવાન્‌ને પોતાના હૃદયમાં પધરાવીને તેમના આનન્દમય સ્વરૂપને આલિંગન કર્યું. તેમના શરીર પુલકિત થઈ ગયાં અને ઘણા દિવસોનો વિરહ-વ્યાધિ શાન્ત થયો ।।૨૮।।

મથુરાની સહજ સૌન્દર્યયુક્ત અબલાઓ પોત-પોતાના મહેલોની અટારીઓ ઉપર ચડી. બલદેવજી અને શ્રીકૃષ્ણ ઉપર પુષ્પોની વર્ષા કરવા લાગી. એ વખતે એ પ્રમદાઓનાં નેત્રો ભગવત્પ્રેમથી વિકસિત થઈ રહ્યાં હતાં એટલું જ નહિ પણ પલક પણ લાગતી નહોતી ।।૨૯।।

ઠેકઠેકાણે બ્રાહ્મણોએ દહીં, અક્ષત, જલથી ભરેલાં પાત્રો, ફૂલોના હાર, ચન્દન

અને ભેટની સામગ્રીઓથી આનન્દમગ્ન થઈ ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજીની પૂજા કરી ।।૩૦।।

**મથુરાના નગરજનો કહેવા લાગ્યા :** ''ધન્ય છે! ધન્ય છે! ગોપીજનોએ એવી તે કઈ તપશ્ચર્યા કરી હશે કે જેના ફલરૂપે તેઓ મનુષ્યમાત્રને મહોત્સવનો આનન્દ આપનાર આ બન્ને મનોહર કિશોરોનાં દર્શન કરતી રહે છે!'' (ઉત્સવ ક્યારેક જ થાય છે, મહોત્સવ તો એનાં કરતાંય દુર્લભ છે અને તેમાં પણ બધાનેમાટે મહોત્સવ અતિ દુર્લભ છે) ।।૩૧।।

આ જ વખતે શ્રીકૃષ્ણે જોયું કે એક ધોબી, જે કપડાં રંગવાનું કામ પણ કરતો હતો, એમના તરફ આવી રહ્યો છે. શ્રીકૃષ્ણે તેની પાસે ધોયેલાં ઉત્તમ વસ્ત્રો માંગ્યાં: ।।૩૨।।

''હે ભાઈ! અમને યોગ્ય હોય તેવાં વસ્ત્ર તું અમને આપ તો થોડા સમયમાં તારું પરમ કલ્યાણ થશે. એ વાત હું સાચી કહું છું, એમાં સન્દેહ ન કર'' ।।૩૩।।

સર્વ રીતે પૂર્ણ એવા ભગવાને એની પાસે વસ્ત્રની યાચના કરી ત્યારે એ તો રાજા કંસનો નોકર હતો તેથી અત્યન્ત મદોન્મત્ત હતો, એની પાસે માગતાં એ ગુસ્સે થયો, એટલું જ નહિ પણ એમની ઉપર આક્ષેપ કરી આ પ્રમાણે બોલ્યો: ।।૩૪।।

''પર્વતો અને વનમાં રહેનારા તમે હમેશાં આવાં જ કપડાં પહેરતા હશો કેમ? અથવા તમે ઉદ્ધત બની મર્યાદા છોડીને બેઠા છો કે શું? જે તમે રાજાની વસ્તુમાં ઈચ્છા રાખો છો ।।૩૫।।

હે મૂર્ખો! જલદી અહીંથી ચાલ્યા જાઓ. જો તમારે જીવવાની ઈચ્છા હોય તો આજે માગણી કરી એમ હવે પછી માગશો નહિ. રાજાના સૈનિકો એવા છે કે જે ગર્વવાળો થઈ રાજાને ન ગણે તેને એ થોડો અપરાધ કરે તો બાંધે છે,મોટા અપરાધમાં મારી નાખે છે. સાધારણમાં એને લૂંટીલે છે'' ।।૩૬।।

એમ પોતાની બડાઈ કરનાર ધોબી ઉપર દેવકીજીના પુત્ર શ્રીકૃષ્ણે ગુસ્સો કર્યો અને પોતાના હાથવડે એના માથાને શરીરથી જુદું પાડી દીધું ।।૩૭।।

આ જોઈને એ ધોબીના બધા નોકરો તો વસ્ત્રનાં પોટલાં ત્યાં જ છોડી જીવવાની ઈચ્છાથી દોડતા નાઠા ત્યારે ભગવાને એમાંથી વસ્ત્રો લીધાં ।।૩૮।।

શ્રીકૃષ્ણ અને સંકર્ષણે પોતાને ગમતાં વસ્ત્રો પહેર્યાં, બાકીનાં ગોપોને આપ્યાં અને વધ્યાં તે માર્ગમાં છોડી ચાલતાં થયા ।।૩૯।।

પોતે સર્વસમર્થ છે છતાં ક્વચિત્ બાલભાવ બતાવતા જાય છે. તેનાથી અને અનુપમ સૌન્દર્યથી પ્રસન્ન થયેલા દરજીએ નાના વર્ણવાળાં વસ્ત્રોમાંથી બન્ને ભાઈઓને યોગ્ય તેવો વેશ તૈયાર કરી આપ્યો ।।૪૦।।

જાણે ઉત્સવમાં ધોળા અને કાળા હાથી શણગારેલા હોય તેમ અનેક પ્રકારના વેશવડે રામ-કૃષ્ણ શોભવા લાગ્યા ।।૪૧।।

ભગવાન્ એ દરજી ઉપર બહુ પ્રસન્ન થયા. આપે તેને આ લોકમાં અપાર ધન સમ્પત્તિ, બલ, ઐશ્વર્ય, સ્મૃતિ, ઇન્દ્રિયોની શક્તિ અને મૃત્યુ બાદ સારૂપ્ય મુક્તિ પણ આપી દીધાં ।।૪૨।।

ત્યાંથી સુદામા નામના માળીને ઘેર પધાર્યા. રામ-કૃષ્ણને આવતા જોઈ એમને સુદામાએ ઉઠીને માન આપ્યું, પૃથ્વી ઉપર માથું ટેકવી નમન કર્યું ।।૪૩।।

પછી તેમને આસન ઉપર બિરાજમાન કરી એમના ચરણ ધોયા, હાથ ધોવડાવ્યા અને ત્યાર પછી ગ્વાલ-બાલો સહિત બધાની ફૂલોના હાર, પાન, ચન્દન વગેરે સામગ્રીઓથી વિધિપૂર્વક પૂજા કરી ।।૪૪।।

''હે પ્રભો! આજે અમારો જન્મ સાર્થક થઈ ગયો. અમારું કુળ આજે પવિત્ર થઈ ગયું; આપના અહીં પધારવાથી આજે અમે પિતૃઋણ, ઋષિઋણ અને દેવઋણમાંથી મુક્ત થઈ ગયા. તેઓ અમારા ઉપર બહુ જ સન્તુષ્ટ છે ।।૪૫।।

આપ બન્ને વિશ્વમાં પ્રસિદ્ધ છો, જગતના પરમ કારણ છો. આપ સંસારના અભ્યુદય-ઉન્નતિ અને નિઃશ્રેયસ મોક્ષને માટે જ આ પૃથ્વી ઉપર ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિ સહિત પ્રકટ થયા છો ।।૪૬।।

જગતના આત્મા અને સુહૃદ્રૂપ આપને વિષમ ભાવ કોઈમાં ન હોય. આપ સર્વમાં સમ છો અને છતાં આપને ભજનારને આપ ભજવાવાળા છો ।।૪૭।।

હું આપનો દાસ છું. આપ બન્ને મને આજ્ઞા કરો કે હું આપની શી સેવા કરું. જીવ ઉપર આપનો આ અનુગ્રહ છે કે આપ તેને આજ્ઞા આપી કોઈ કાર્યમાં નિયુક્ત કરો છો'' ।।૪૮।।

હે રાજેન્દ્ર! એમવિનન્તિ કરી સુદામાએ ભગવાન્નો અભિપ્રાય જાણી પ્રસન્ન થઈને અત્યન્ત સુગન્ધવાળાં પુષ્પની માળાઓ બનાવી ભગવાન્ને અર્પણ કરી ।।૪૯।।

એનાથી રામ-કૃષ્ણે સારી રીતે શૃંગાર કર્યા અને બન્ને પ્રસન્ન થયા. ગોપોને

પણ માળાઓ આપી ખુશ કર્યા. શરણે આવેલા, ચરણમાં દંડવત્પ્રણામ કરતા સુદામાને બન્ને ભાઈઓએ વરદાન આપ્યાં ।।૫૦।।

તેણે પણ અખિલાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણમાં અચળ ભક્તિ માગી, એમના ભક્તોની મિત્રતા માગી અને પ્રાણીમાત્ર ઉપર ઉત્કૃષ્ટ દયા માગી ।।૫૧।।

**ઈતિ તસ્મૈ વરં દત્વા શ્રિયં ચાન્વયવર્દ્ધિનીમ્ ।।**
**બલમાયુર્યશઃ કાન્તિં નિર્જગામ સહાગ્રજઃ ।।૫૨।।**

એના માગ્યા પ્રમાણે તો એને વરદાન આપ્યાં, ઉપરાન્ત એવી લક્ષ્મી આપી કે જે વંશ પરંપરાની સાથે વધતી જાય, વળી બળ, આયુષ્ય, યશ તથાકાન્તિ આપી મોટાભાઈ સાથે ત્યાંથી ભગવાન્ પધાર્યા ।।૫૨।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા પ્રકરણનો વૈરાગ્ય નિરૂપક છઠ્ઠો) ''મથુરા નગરીમાં શ્રીકૃષ્ણનો પ્રવેશ'' નામનો એકતાલીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં આડત્રીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધો બનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૪૨

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૩૯

# શ્રીકૃષ્ણે ધનુષ ભાંગ્યું અને એના રક્ષકોને માર્યા

### ત્રીજા રાજસ પ્રકરણનું પહેલું પ્રમાણ પ્રકરણ અધ્યાય ૭

**વિશેષ** : આ બેતાળીસમા અધ્યાયમાં અદ્ભુતકર્મા ભગવાને પોતાના સ્વરૂપમાં આસક્તિ કરાવવામાટે રાજસ કર્મોદ્વારા સ્વવીર્ય પ્રકટ કર્યું. એનું નિરૂપણ અહીં કરવામાં આવે છે. ભગવાન્ પ્રસન્ન થાય તો લૌકિક અલૌકિક બન્ને ફળ આપે છે, બીજો કોઈ ફળ આપવાને

સમર્થ નથી. લૌકિક અને અલૌકિક બન્ને સામર્થ્ય ભગવાન્‌માં છે તેનું લક્ષણ અહીં નિરૂપિત થાય છે. મલ્લના રંગની કથા પણ એ માટે જ છે તેથી ભગવાન્ અક્લિષ્ટકર્મા છે એમ પણ સિદ્ધ થયું. પ્રમાણનું ફલ એ છે એમ અહીં કાર્યથી બતાવ્યું છે. કુબ્જા અહીં પણ ધનુષરૂપ જ છે તે પણ વાયુથી એવી બની હતી. અધ્યાત્મા એના રુદ્ર છે, બાકીના બે આધિભૌતિક અને આધિદૈવિક ધનુષમાં છે. જે પાલન કરનાર હતું તે મારણનું સાધન થયું. કાળ પણ અસુરોનો પતિ છે. તે દુર્નિમિત્તથી વિપરિત બન્યો છે. ભગવાન્ જ્યારે પ્રતિકૂળ થાય છે ત્યારે એની બુદ્ધિ પોતાના હિતને જોઈ શક્તી નથી તેથી એ સ્વહિતથી ખસી જાય છે. (ભગવાન્ પ્રતિકૂળ હોય ત્યારે બધું પ્રતિકૂળ થાય છે) એ અહીં કહેવાનું તાત્પર્ય છે.

**અથ વ્રજન્ રાજપથેન માધવઃ સ્ત્રિયં ગૃહીતાંગવિલેપભાજનામ્ ।।**
**વિલોક્ય કુબ્જાં યુવતીં વરાનનાં પપ્રચ્છ યાન્તીં પ્રહસન્ રસપ્રદઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** ત્યારપછી માધવ રાજમાર્ગમાં જતા હતા ત્યાં એક સુન્દર મુખવાળી કૂબડી યુવતી હાથમાં ચન્દનયુક્ત પાત્રને લઈને જતી હતી. તેને જોઈને આત્મસ્વરૂપનું દાન કરનાર ભગવાન્ હસ્યા અને પૂછવા લાગ્યાઃ ।।૧।।

''હે સુન્દરી! તું કોણ છે? હે અંગને! આ ચન્દન કોનેમાટે લઈ જાય છે? એ અમને સારી રીતે કહે. આ અનુલેપન અમારા અંગને લગાડવામાટે આપીશ તો થોડા સમયમાં તારું કલ્યાણ થશે'' ।।૨।।

**સૈરન્ધ્રી બોલી :** ''હે સુન્દરવર્ય! હું કંસની દાસી છું, 'ત્રિવક્રા' મારું નામ છે, અનુલેપના કામમાં હું માન પામેલી કંસની દાસી છું. મારું બનાવેલ ચન્દન કંસને અતિ પ્રિય છે. આપ બે સિવાય તેને માટે બીજો કોણ વધારે લાયક હોઈ શકે?'' ।।૩।।

ભગવાન્‌ના સૌન્દર્ય, સુકુમારતા, રસિક્તા, હાસ્ય, પ્રેમાલાપ અને સુન્દર દૃષ્ટિથી કુબ્જાનો આત્મા ભગવાન્‌ને પરાધીન થઈ ગયો અને તેણે બન્ને ભાઈઓને તે સુન્દર અને ઘાટું ચન્દન લગાવી દીધું ।।૪।।

શ્રીકૃષ્ણના શ્યામ અને બલદેવજીના ગૌરવર્ણ થી જુદા જ (પીળા) રંગનો તે સોહામણો અંગરાગ હતો. તેનાવડે શોભાયમાન રામ-કૃષ્ણ પ્રસન્નતાપૂર્વક શોભવા લાગ્યા ।।૫।।

સુન્દર મુખવાળી કુબ્જા ઉપર ભગવાન્ પ્રસન્ન થયા. એને ત્રણ ઠેકાણે વાંક હતો તેથી એનું 'ત્રિવક્રા' નામ હતું. એને સીધી કરવાનો વિચાર એટલા માટે કર્યો કે એણે ભગવાન્‌નું ઉત્તમ સ્વરૂપ જાણી દર્શન કર્યું છે એનું પ્રત્યક્ષફળ તેને મળે ।।૬।।

ભગવાને પોતાના ચરણોથી કુબ્જાના પગનાબન્ને પંજા દબાવ્યા અને એક હાથ ઉંચો કરી ટચલી અને અનામિકા આંગળીઓ વાળીને વચલી બન્ને આંગળીઓ તેને હડપચીની નીચે રાખી, બીજો હાથ તેની પાછળ લગાડી તેના શરીરને ઉચકાવી દીધું ।।૭।।

ઉચકાતાં જ એનાં બધાં અંગ સીધાં અને સમાન થઈ ગયાં. પ્રેમ અને મુક્તિ ના દાતા ભગવાન્‌ના સ્પર્શથી તે તરત જ વિશાળ નિતમ્બ અને પીન પયોધર યુક્ત એક ઉત્તમ યુવતી બની ગઈ ।।૮।।

તે જ ક્ષણે કુબ્જા રૂપ, ગુણ અને ઉદારતા થી સમ્પન્ન થઈ ગઈ. તેના મનમાં ભગવાન્‌ને મળવાની કામના જાગી ઉઠી. તેણે શ્રીકૃષ્ણના દુપટ્ટાનો છેડો પકડી હસતાં-હસતાં કહ્યું ।।૯।।

''હે વીર! આવો; આપણે ઘેર ચાલીએ. આપને છોડવાને હું ઉત્સાહવાળી થતી નથી. તમોએ મારા ચિત્તને મથી નાખ્યું છે તો હવે, હે પુરુષશ્રેષ્ઠ! મારી ઉપર આપ કૃપા કરો'' ।।૧૦।।

એમ રામના દેખતાં સ્ત્રીએ યાચના કરી ત્યારે શ્રીકૃષ્ણ ગોપોના મુખ તરફ જોઈ હસીને કુબ્જાને કહેવા લાગ્યાઃ ।।૧૧।।

''હેસુન્દરી! તારું ઘર સંસારી લોકોમાટેપોતાની માનસિક પીડા મટાડવાનું સાધન છે. હું મારું કાર્ય પૂરું કરી જરૂર ત્યાં આવીશ. અમારા જેવા ઘરબાર વિનાના મુસાફરોમાટે તારો જ તો આશરો છે'' ।।૧૨।।

મીઠી-મીઠી વાણીવડે એને રવાના કરીને માર્ગમાં ચાલતાં, વેપારીઓએ નાના પ્રકારની ભેટો લઈ માળા, તામ્બૂલ અને ચન્દન વડે બલદેવજીની સાથે ભગવાન્‌નો સત્કાર કર્યો ।।૧૩।।

ભગવાન્‌નાં દર્શન માત્રથી સ્ત્રીઓનાં હૃદયમાં પ્રેમનો આવેગ, મિલનની આકાંક્ષા જાગી ઉઠી તે એટલે સુધી કે પોતાના દેહનું પણ ભાન રહ્યું નહિ, એમનાં વસ્ત્રો, અંબોડા અને કંગન ઢીલાં પડી ગયાં તથા ખુદ તો ચિત્રલિખિત મૂર્તિઓની માફક જેમની તેમ ઉભી રહી ગઈ ।।૧૪।।

ત્યાંથી આગળ નગરના લોકોને ધનુર્યજ્ઞનું સ્થાન પૂછતા-પૂછતા શ્રીકૃષ્ણ ધનુષના સ્થાનમાં આવ્યા. એમાં પ્રવેશ કરીને જુએ છે તો ત્યાં મોટું ઈન્દ્રના ધનુષ જેવું અદ્‌ભુત ધનુષ જોયું ।।૧૫।।

પરમ સમૃદ્ધિથી જેનું પૂજન કરેલું છે, ઘણા પુરુષો જેની રક્ષા કરી રહ્યા છે તેવા ધનુષને ઉઠાવવાની શ્રીકૃષ્ણે ઇચ્છા કરી ત્યારે ઘણા લોકોએ એ ધનુષને ન અડકવામાટે સમજાવ્યા, રોક્યા તો પણ શ્રીકૃષ્ણે તે બળાત્કારે એ ધનુષ ઉઠાવી લીધું ।।૧૬।।

ડાબા હાથથી અનાયાસે ઉઠાવી એને સજ્જ કર્યું. માણસો જુએ છે તેના દેખતાં એને ચડાવી ખેંચીને શેરડીના સાંઠાને મતવાલો હાથી સહેલાઈથી ભાંગે તેમ, એ ધનુષને શ્રીકૃષ્ણે ભાંગી નાખ્યું ।।૧૭।।

એ ધનુષ ભાંગતાં એનો મોટો શબ્દ થયો તે આકાશ- પાતાલ દિશાઓમાં ભરાઈ અને પૂરી દીધી. એ શબ્દને સાંભળી કંસને પણ ત્રાસ થયો ।।૧૮।।

એ ધનુષના હથિયારબંધ રક્ષકોદ્ગઆતતાયી અસુરો ગુસ્સે થયા અને ''આને બાંધો-પકડો'' એમ બોલતા શ્રીકૃષ્ણની ચારે તરફ ફરી વળ્યા ।।૧૯।।

એમની ખરાબ વૃત્તિને ભગવાન્ જાણી ગયા અને રામ-કૃષ્ણ એમની ઉપર ગુસ્સે થયા. ધનુષના બે ટુકડા કર્યા હતા તે બન્ને ભાઈઓએ હાથમાં લઈને એ ધનુષના રક્ષકોને માર્યા ।।૨૦।।

કંસે સેના મોકલી તેને પણ ધનુષના તે જ ટુકડાઓથી મારી નાખી અને યજ્ઞશાળાના પ્રધાન દ્વારથી બહાર આવીને પ્રસન્નતાથી નગરની શોભા જોતા ટહેલવા લાગ્યા ।।૨૧।।

આ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજી પૂરી સ્વતન્ત્રતાથી મથુરાપુરીમાં વિચરવા લાગ્યા. જ્યારે સૂર્યાસ્ત થઈ ગયો ત્યારે ગ્વાલ-બાલોથી ઘેરાયેલા બન્ને ભાઈ નગરની બહાર પોતાના ઉતારા પર, જ્યાં ગાડાં હતાં ત્યાં પાછા ફર્યા ।।૨૨।।

જ્યારે નગરવાસીઓએ બન્ને ભાઈઓના આ અદ્ભુત પરાક્રમની વાત સાંભળી અને તેમના શરીરની કાન્તિ, સાહસ અને કોટિકન્દર્પ લાવણ્ય સ્વરૂપને જોયાં ત્યારે તેમણે એ જ નિશ્ચય કર્યો કે માનો ન માનો આ બન્ને શ્રેષ્ઠ દેવો છે ।।૨૩।।

(શ્રીસુબોધિનીજી અનુસાર શ્લોક ૨૨-૨૩નો ક્રમ ફેરવ્યો છે) ત્રણે લોકના મોટા-મોટા દેવતાઓ ઇચ્છતા હતા કે (સમુદ્ર મન્થન વખતે સમુદ્રમાંથી પ્રકટ થયેલાં) લક્ષ્મીજી અમને મળે, પરન્તુ ભગવાન્‌ની સેવાને માટે આવેલાં લક્ષ્મીજીએ દેવોનો પણ પરિત્યાગ કરી દીધો અને ન ચાહવાવાળા ભગવાન્‌નું વરણ કર્યું, ભગવાન્‌ને જ સદાને માટે પોતાનું નિવાસ સ્થાન બનાવી દીધું. મથુરાનાં નગરજનો

એ જ પુરુષ ભૂષણ ભગવાન્ શ્રીકૃષ્ણના અંગે-અંગનું સૌન્દર્ય જોઈ રહ્યા છે. એમનું કેવું સૌભાગ્ય! વ્રજમાં ભગવાન્‌ના પ્રયાણ વખતે ગોપીજનોએ વિરહાતુર થઈ જઈ મથુરાવાસીઓના સમ્બન્ધમાં જે-જે વાતો કહી હતી-આશિષો આપી હતી તે બધી અક્ષરે અક્ષર સાચી પડી. ખરેખર તેઓ પરમાનન્દમાં મગ્ન થઈ ગયાં ।।૨૪।।

પછી ભગવાને હાથ-પગ ધોઈને દૂધભાત વગેરેનું ભોજન કર્યું. કંસનો શો ઈરાદો છે એ જાણી લીધું અને રાત્રિ ત્યાં સુખથી પસાર કરી ।।૨૫।।

જ્યારે કંસે સાંભળ્યું કે શ્રીકૃષ્ણ અને બલદેવજી એ ધનુષ્ય તોડી નાખ્યું, રક્ષકો તથા તેમની સહાયતાને માટે મોકલેલી સેનાનો પણ સંહાર કરી નાખ્યો અને આ બધું તેમને માટે તદ્દન રમત જેવું જ હતું-એને માટે તેમને કોઈ શ્રમ અથવા મુશ્કેલી પડી નહિ ।।૨૬।।

ત્યારે તે બહુ ડરી ગયો. (છતાં તે શરણે આવ્યો નહિ કારણ કે) તે દુર્બુદ્ધિ હતો. તેને ઘણો વખત ઊંઘ ન આવી. જાગ્રત અવસ્થા તથા સ્વપ્નમાં તેને ઘણાં અપશુકન થવા લાગ્યાં, જે એના મૃત્યુનાં સૂચક હતાં ।।૨૭।।

જાગ્રત અવસ્થામાં તેણે જોયું કે જલ અથવા દર્પણમાં શરીરનું પ્રતિબિમ્બ (શરીરનો પડછાયો) તો પડે છે, પણ મસ્તક દેખાતું નથી; આંગળી વગેરેથી પાંપણ પણ દબાવેલી ન હોવા છતાં ચન્દ્રમા, તારા અને દીપક વગેરેની જ્યોતિ એને બબ્બે દેખાય છે ।।૨૮।।

પોતાની છાયામાં છિદ્ર દેખાય છે. કાનમાં આંગળી નાખતાં સંભળાતો શરીરમાં પ્રાણચલનનો ઘૂં..ઉ..ઉ અવાજ સંભળાતો નથી. વૃક્ષોમાં સોનાનો ભાસ થાય છે, રેતી અથવા કીચડ માં પોતાનાં પગલાં દેખાતાં નથી ।।૨૯।।

સ્વપ્નમાં તે પ્રેતને આલિંગન કરે છે. સ્વપ્નમાં ગધેડે બેસતાં અને ઝેર ખાતાં પોતાને જુએ છે. જાસુદનાં પુષ્પની માળા પહેરી છે. તેલથી માલીશ કરેલ શરીરવાળો પોતે પોતાને નગ્ન જુએ છે ।।૩૦।।

એવા બીજાં પણ સ્વપ્ન એણે જોયાં. જાગ્રત અવસ્થામાં પણ એવું જ જોવા લાગ્યો અને એણે ''હું મરીશ'' એમ જાણ્યું તેથી ત્રાસ પામ્યો. એને ચિન્તાથી રાતે નિદ્રા ન આવી ।।૩૧।।

હે પરીક્ષિત! સવાર થતાં સૂર્ય જળમાંથી બહાર નીકળતાં કંસે મલ્લક્રીડાનો ઉત્સવ શરૂ કરવાનું જાહેર કર્યું ।।૩૨।।

રાજપુરુષોએ અખાડાની પૂજા કરી, ત્યાં મંચ ગોઠવેલા તેમાં પુષ્પની માળાઓ બાંધી, પતાકા તોરણો વગેરેથી પણ એને અલંકૃત કર્યા, તુરી, ભેરી વગેરે વાજાં ત્યાં વાગવાં લાગ્યાં ।।૩૩।।

એ મંચો ઉપર ગામના લોકો, નગરના લોકો, બહારગામથી આવેલા લોકોમાં બ્રાહ્મણ, ક્ષત્રિયો વગેરેના ક્રમથી બધા બેસી ગયા. રાજાઓ પણ પોત-પોતાના નિશ્ચિત સ્થાન ઉપર બેસીને જોવા લાગ્યા ।।૩૪।।

કંસ પોતાના મન્ત્રીઓની સાથે આવ્યો અને રાજાની બેઠક ઉપર બેસી ગયો. એની બાજૂમાં ખંડિયા રાજાઓ બેઠા. એની વચ્ચે પોતે બેઠો; પણ એના મનમાં ગભરાટ હતો-પ્રસન્નતા દેખાતી નહોતી ।।૩૫।।

જેવા વાજાં વાગવા લાગ્યાં કે તરતજમલ્લો તૈયાર થઈને હાથવડે તાલ દેવા લાગ્યા. તેઓ બહુગર્વ સાથે આવ્યા અને પોતાના ઉસ્તાદોને સાથે લાવ્યા ।।૩૬।।

ચાણૂર, મુષ્ટિક, કૂટ, શલ, તોશલ વગેરે મલ્લો વાજિન્ત્રના સુન્દર નાદથી પ્રોત્સાહિત થઈ અખાડામાં આવી ગોઠવાઈ ગયા ।।૩૭।।

**નન્દગોપાદયો ગોપા ભોજરાજસમાહૂતાઃ ।।**
**નિવેદિતોપાયનાસ્તે એકસ્મિન્ મંચ આવિશન્ ।।૩૮।।**

ભોજરાજ કંસે બોલાવેલા નન્દરાયજી વગેરે ગોપો લાવેલ ભેટો કંસ રાજાને નિવેદિત કરી એક મંચ ઉપર તેઓ પણ બેઠા ।।૩૮।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના પહેલા પ્રમાણ-પેટા પ્રકરણનો ધર્મિરૂપ સાતમો) ''શ્રીકૃષ્ણે ધનુષ ભાંગ્યું અને એના રક્ષકોને માર્યા'' નામનો બેતાળીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ઓગણચાલીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## ત્રીજા રાજસ પ્રકરણનું પહેલું પ્રમાણ પ્રકરણ સમ્પૂર્ણ.

**''યસ્તુ સ્વાર્થં ભગવન્તં સેવતે સો અધમઃ ઈતિ''**
જે સ્વાર્થ (આજીવિકા, પ્રતિષ્ઠાવગરે માટે) ભગવત્સેવા કરતો હોય તેને અધમ (અર્ચક) જાણવો. **(શ્રીવલ્લભાચાર્ય સુબો.૨।૯।૧૯)**

# અધ્યાય ૪૩

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૪૦

## રાજસ-પ્રમેય પ્રકરણ

## કુવલયાપીડને માર્યો અને મલ્લોની સભામાં શ્રીકૃષ્ણ પધાર્યા

### ત્રીજા રાજસ પ્રકરણનું બીજું પ્રમેય પ્રકરણ અધ્યાય ૧

**વિશેષ :** શબ્દનું બળ સમ્પૂર્ણ રીતિથી સાત અધ્યાયથી કહેવામાં આવ્યું, હવે અર્થનું બળ સાત અધ્યાયથી કહેવામાં આવે છે. અનેક ઉત્સવોથી બધા પ્રપંચને ભૂલી ગયા અને માહાત્મ્યનું જ્ઞાન થયું. આ પ્રકરણમાં ભક્તની આસક્તિ કહેવાની છે. એ રંગમાં જોનારની તથા નન્દરાયજી વગેરેની પણ આસક્તિ આ પ્રકરણમાં કહેવાની છે તે બે-બે અધ્યાયથી કહેવાની છે એમ આસક્તિ સિદ્ધ થતાં ભગવાન્‌માં એકચિત્તતા થાય છે તેથી એ એકતાનું ફલ પણ કહેવામાં આવે છે. આ તેતાળીસમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણમાં ભક્તોની આસક્તિ કહેવાની છે. ભગવાન્‌નું અતુલ સામર્થ્ય જોઈ વિસ્મિત થયેલ ભક્તોને એમાં આસક્તિ થાય છે એ વાત અહીં કહેવાની છે.

**અથ કૃષ્ણશ્ચ રામશ્ચ કૃતશૌચૌ પરન્તપ ।।**
**મલ્લદુન્દુભિનિર્ઘોષં શ્રુત્વા દ્રષ્ટુમુપેયતુઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** રામ અને કૃષ્ણ સ્નાનાદિ પ્રાતઃકર્મ કરીને તૈયાર થયા ત્યાં એમણે, હે પરન્તપ! મલ્લનાં દુંદુભિનો અવાજ સાંભળ્યો અને મલ્લક્રીડા જોવાની ઈચ્છાથી ત્યાંથી પધાર્યા ।।૧।।

ભગવાન્ શ્રીકૃષ્ણે રંગભૂમિના દરવાજે પહોંચતાં જોયું કે ત્યાં અમ્બષ્ઠ મહાવતની પ્રેરણાથી કુવલયાપીડ નામનો હાથી પોતાને મારવાને ઉભો છે ।।૨।।

ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાની કમર કસી લીધી, વાંકડીઆ વાળને સરખા કરીને મેઘના જેવી ગમ્ભીર વાણીથી મહાવતને પડકાર કરતાં કહ્યુંઃ ।।૩।।

''હે અમ્બષ્ઠ! અમ્બષ્ઠ! અમને રસ્તો આપ. માર્ગમાંથી જલદી દૂર થા, નહિ તો હાથી સાથે તને આજે જ યમદ્વારમાં પહોંચાડું છું'' ।।૪।।

એમ અમ્બષ્ઠનો તિરસ્કાર કર્યો ત્યારે તે ગુસ્સે થયો અને કાળ, મૃત્યુ અને યમ જેવા ગુસ્સે થયેલા હાથીને શ્રીકૃષ્ણ તરફ એણે પ્રેર્યો ।।૫।।

હાથી પણ એમની સામે દોડ્યો. એણે શ્રીકૃષ્ણને પોતાની સૂંઢમાં લઈ લીધા.

ભગવાન્ એની સૂંઢમાંથી છટકી અને મુક્કો મારી એના પગનીચે છુપાઈ ગયા ।।૬।।

ત્યારે હાથીને વધારે ક્રોધ થયો. એમને ન જોયા ત્યારે એ ત્યાં સૂંઘવા લાગ્યો એનાથી એ જાણી ગયો. એણે સૂંઢવડે શ્રીકૃષ્ણને પકડ્યા પણ શ્રીકૃષ્ણ બળાત્કારે ત્યાંથી છટકી ગયા ।।૭।।

ત્યારબાદ જેવી રીતે ગરુડ સાપને ખેંચે તેમ ભગવાન્ તે બલવાન હાથીનું પૂછડું પકડી અનાયાસે રમતાં-રમતાં તેને પચીસ ધનુષ (સો હાથ) પાછળ ઘસડી ગયા ।।૮।।

જેવી રીતે ઘુમરડી ફરતા વાછડાની સાથે બાલક પણ ઘુમરડી ફરે છે તેવી જ રીતે ભગવાન્ તેનું પૂછડું પકડી તેને ઘુમાવવા અને ખેલવા લાગ્યા. જ્યારે તે જમણી બાજુથી ફરી તેમને પકડવા મથતો ત્યારે પ્રભુ ડાબી બાજુ આવી જતા અને જ્યારે તે ડાબીબાજુ તરફ ઘૂમતો ત્યારે પ્રભુ જમણી બાજુ આવી જતા ।।૯।।

પછી એની સામે આવી હાથથી હાથીને મારીને દોડ્યા. એ એવી રીતે ફર્યા કે એ પડી જ જાય. તેથી એ હાથી પડી ગયો ।।૧૦।।

ભગવાન્ શ્રીકૃષ્ણે દોડતાં-દોડતાં એકવાર રમતાં-રમતાં જ પૃથ્વી ઉપર પડી જવાનો અભિનય કર્યો અને તરત ત્યાંથી ઉભા થઈ ભાગી ગયા. હાથી એ વખતે ક્રોધથી બળી રહ્યો હતો. તે સમજ્યો કે ભગવાન્ પડી ગયા. તેથી તેણે પૂરી તાકાતથી પોતાના બન્ને દન્તશૂળ ધરતી ઉપર ખૂંચાડી દીધા ।।૧૧।।

એમ જ્યારે પોતાનું પરાક્રમ વિફળ ગયું ત્યારે હાથીને ઘણો ક્રોધ થયો. એમાં વળી મહાવતે ઉશ્કેર્યો એટલે એ શ્રીકૃષ્ણ ઉપર ત્રાટક્યો ।।૧૨।।

ભગવાન્ મધુસૂદને જ્યારે તેને પોતાના ઉપર ધસી આવતો જોયો ત્યારે તેની પાસે આપ ગયા અને પોતાના એક જ હાથથી તેની સૂંઢ પકડી તેને ધરતી ઉપર પછાડ્યો ।।૧૩।।

સિંહ જેમ સહેલાઈથી હાથી ઉપર ચડી જાય તેમ ભગવાને એનું ચરણથી આક્રમણ કર્યું અને દાન્ત ખેંચી લીધા અને એનાથી જ હાથી અને એના રક્ષકોને મારી નાખ્યા ।।૧૪।।

મરી ગયેલા હાથીને ત્યાં જ છોડી દઈ ભગવાન્ શ્રીકૃષ્ણે તેનો દન્તશૂળ હાથમાં લઈને જ રંગ મંડપમાં પ્રવેશ કર્યો. એ વખતે આપની શોભા જોવા જેવી હતી. આપના ખભા ઉપર હાથીનો દાંત હથિયાર તરીકે રાખેલો હતો, શ્રીઅંગ હાથીના રક્ત

અને મદનાં બિન્દુઓથી શોભતું હતું અને મુખકમલ ઉપર પસીનાનાં બિન્દુઓ ઝળકી રહ્યાં હતાં. (ભક્તોને માટે આપ આટલી હદે પરિશ્રમ હસતે મુખે ઉઠાવે છે!) ।।૧૫।।

કેટલાક ગોપોની સાથે બલદેવજી અને જનાર્દન હાથમાં ગજદન્તરૂપ ઉત્તમ આયુધની સાથે રંગમંડપમાં પધાર્યા ।।૧૬।।

જે વખતે ભગવાન્ *શ્રીકૃષ્ણ બલદેવજીની સાથે રંગમંડપમાં પધાર્યા તે વખતે ૧. મલ્લોને વજ્રજેવા કઠોર શરીરવાળા (**રૌદ્રરસ**) ૨. સાધારણ માણસને નરરત્ન (**અદ્દ્ભુતરસ**) ૩. સ્ત્રીઓને સાક્ષાત્ કામદેવ (**શૃંગાર રસ**) ૪. ગોપોને સ્વજન (**હાસ્યરસ**) ૫. દુષ્ટ રાજાઓને દંડ દેનારા શાસક (**વીર રસ**) ૬. પોતાના પિતાને બાલક (**વાત્સલ્ય રસ**) ૭. કંસને મૃત્યુ (**ભયાનક રસ**) ૮. અજ્ઞાનીઓને વિરાટ (**બીભત્સ રસ**) ૯. યોગીજનોને પરમતત્વ (**શાન્ત રસ**) અને ૧૦.ભક્તશિરોમણિ વૃષ્ણિવંશીઓને પોતાના ઈષ્ટદેવ (**પ્રેમ-ભક્તિરસ**)જણાયા. (બધાને પોત-પોતાના ભાવ પ્રમાણે રસનો અનુભવ થયો ।।૧૭।।

**વિશેષ :** એવા વેશથી રંગમંડપમાં જવાનું પ્રયોજન કહેતાં ભગવાન્નું સ્વરૂપ બલદેવજીની સાથે બધાએ પોતાના અધિકાર પ્રમાણે જોયું; તેના-તેના હૃદયમાં તે-તે પ્રકારના ભાવ પ્રકટ થયા એ વાત કહે છે. અહીં ભગવાન્ પ્રમેયબલથી નિરોધ કરવાના છે. લોકો દશ પ્રકારના છે તેથી ભગવાન્ પણ દશ રસરૂપ થયા. જેનો જેવો ભાવ હોય તેને ભગવાન્ અનુસરતાં એનો નિરોધ થાય છે. એ સિવાય નિરોધ ન થાય, પણ સંસારમાં બંધન થાય, માટે ભગવાન્ એને પોતાને યોગ્ય લાગ્યા છે. નવ પ્રકાર ગુણના છે જ્યારે એક પ્રકાર ગુણાતીતનો છે તેથી દશ સ્વરૂપે પ્રભુ જોવામાં આવ્યા છે. શૃંગાર આદિ દશ રસ પણ એ ભાવને કહેનારા છે.

પહેલાં રાજસ ત્રણ, પછીથી તામસ ત્રણ અને છેલ્લા સાત્વિક ત્રણ ભાવને કહે છે. પહેલાં આધ્યાત્મિક અને આધિદૈવિક એ ક્રમ છે. રૌદ્ર, અદ્દ્ભુત, શૃંગાર, હાસ્ય, વીર, વાત્સલ્ય-દયા, ભયાનક, બીભત્સ, શાન્ત અને ભક્તિ એ ક્રમે દશ રસનું અત્રે કથન છે. એ બધા ભાવ બતાવવામાટે ભગવાન્ એવા થયા તેથી એમાં ગુણો જ બધા ભાવરૂપે દેખાય છે. એમાં પ્રથમ મલ્લો પોતાની સાથે લડનારની શોધમાં છે. તે ભગવાન્ને પ્રતિમલ્લ માનતા નથી પણ મલ્લથી વિલક્ષણ માને છે એમાં પણ એને સર્વથા મારક માને છે તેથી મલ્લોને વજ્ર (વીજળી પડે છે તેવા) દેખાયા એમ કહ્યું. વજ્રજેવા ભગવાન્ને જોયા તેથી મલ્લનાં મન ભગવાન્માં નિરુદ્ધ થયાં. અહીં ૧. **રૌદ્રરસ** કહ્યો. બીજા રાજસોભગવાન્ને અદ્દ્ભુત માને છે.

એ જ કહે છે કે મનુષ્યોને અદ્‌ભુત મનુષ્ય જેવા દેખાયા તેથી એમને એમાં ૨. **અદ્‌ભુત રસ** ઉત્પન્ન થતાં તેઓ એમાં નિરુદ્ધ થયા. એ અવસ્થામાં પણ સ્ત્રીઓને તો મૂર્તિમાન કામરૂપે દેખાયા. સ્ત્રીઓ કામની સેના છે તેણે પોતાના સ્વામીને કોઈ દિવસ જોયેલ નહિ, કેમકે એ સ્મર્તવ્યાત્મા છે તે આજે રૂપ પ્રકટ કરીને પધાર્યા ત્યારે ''આપણે સનાથ થયાં, હવે પછી સર્વ ઇન્દ્રિયો શરીર અને અન્તઃકરણથી તે જ સેવ્ય છે'' એવો સ્ત્રીઓને ભાવ થયો. અહીં ૩. **શૃંગાર રસ** છે. એમ જાણી એનો એ સ્વરૂપમાં નિરોધ થયો. ગોપોને સ્વકીય જણાયા, પણ પ્રભાવશાલી છે તેથી તેઓ ભગવાન્‌ના વેશને જોઈને હસ્યા તેથી તેમને ૪. **હાસ્યરસ**નો આવિર્ભાવ થયો. જેમ પોતાના સ્વકીય વેશમાં-આધ્યાત્મિકમાં આ રાજાઓ દેહરૂપ છે, ઇન્દ્રિયરૂપ આગળ કહેવાશે અને આત્મરૂપ એની પછી કહેવાશે. ઇન્દ્રિયોનું દમન કરવાનું જ હોય તેમ દુષ્ટ રાજાઓનું પણ દમન કરવાનું જ હોય તેથી રાજાઓ ઇન્દ્રિયો જેવા છે. આ દુષ્ટ તે જ કે જે વૃષ્ણિરૂપે પ્રસિદ્ધ છે. જે ભક્તિના અધિકારી છે. જે લૌકિક પામરો છે તેને બીભત્સરસમાં કહેશે. જે રાજસ રાજસો છે તે રાજસભાવ સિદ્ધિને માટે ક્ષિતિભુજ કહેવાય છે. તેઓને ભગવાન્‌ના જોઈને ૫. **વીરરસ** ઉત્પન્ન થયો, અર્થાત્ આ આપણને દંડ દેનાર છે તેવો ભાવ થયો તેથી યુદ્ધ કરવાની બુદ્ધિ થઈ પણ પ્રવૃત્તિ ન થઈ. જેમ હીન પુરુષની દષ્ટિ રાણી ઉપર પડે તો હીન પુરુષને કામ ઉત્પન્ન થાય પણ રાણીને ન થાય કારણ કે રાણી તેને પોતાનાથી હીન જાણે છે. બધે જ પોતાનાથી ઉત્તમપણાની બુદ્ધિ રસની પોષક છે. સ્ત્રીઓને સ્નેહ છે તેના કરતાં અધિક વસુદેવ-દેવકીજીને છે પણ તમ અજ્ઞાનરૂપ છે, સ્ત્રીઓમાં પ્રયોજક કામ છે અને અહીં વસુદેવ-દેવકીજીમાં તો પ્રયોજક મોહ છે. ગોપીજનોને કામથી સ્નેહ છે ત્યારે માતા-પિતાને શ્રીકૃષ્ણમાં મોહથી સ્નેહ છે. મોહાંશમાં રાજસ ભાવ છે, સ્નેહ સર્વત્ર સાત્વિક છે. લૌકિકમાં રાજસતા, નિષિદ્ધમાં તામસતા, વિહિતમાં સાત્વિકતા સર્વત્ર સ્નેહમાં સમજવાની છે. તે-તે અધિકારીઓનો એવા સ્નેહથી નિરોધ સિદ્ધ થાય છે. તેથી જ પોતાનાં માતા-પિતાને બાલક જેવા લાગ્યા તેથી એમને ૬. **દયારસ (કરુણરસ-વાત્સલ્યરસ)** ઉત્પન્ન થયો. બાલક સ્નેહમાં મુખ્ય છે. તેની ઉપર દયા જેને કરુણા કહે છે તે ઉત્પન્ન થઈ તેમને એ બાલક જોવામાં આવ્યા. જે મુક્તિના અધિકારી છે, સાત્વિક છે, અલૌકિક છે તેમને બીભત્સરસ ઉત્પન્ન થયો. જેમની જલદીમાં મુક્તિ થવાની છે તેવા ભય, બીભત્સ અને શાન્તરસના અધિકારીઓ છે. તેઓમાં દુષ્ટ કર્મ કરનાર કંસ તામસ સાત્વિક છે. દેહના અધિષ્ઠાતૃ દેવ પ્રાજ્ઞ છે તેવો એ છે. એ કહે છે કે ભોજપતિ કંસને શ્રીકૃષ્ણ મૃત્યુરૂપે દેખાયા. મૃત્યુથી મોટો કોઈ ભય નથી. નરક કરતાં પણ મૃત્યુ મોટા ભયરૂપ છે. અહીં ૭. **ભયાનક રસ**

સમજવો. ભોજનો પતિ સાત્વિકતામાટે કહ્યો. જે ભગવત્ સ્વરૂપમાં નિષ્ઠાવાળા ભક્તો છે તે રાજસ સાત્વિક છે તેમને ભગવાન્માં સ્નેહ છે તેથી એ ભગવાન્નો રુધિર અને મદના બિન્દુવાળા જોઈને એમને ૮. **બીભત્સરસ** ઉત્પન્ન થયો. પોતાનું બાલક ખરાબ પદાર્થને અડકે તો એનાં મા-બાપને એમાં બીભત્સતા લાગે છે. જો એમ ન હોય તો એને સાફ કરવા પ્રવૃત્તિ એમને ન થાય. એને ભગવાન્ની લીલાનું જ્ઞાન ન હોવાથી એ નિન્દા કરે છે. બીભત્સ રસના ઉદાહરણમાં **ઉત્કૃત્યોત્કૃત્ય કૃત્તિમ્** (માલતી માધવ અંક ૫-૧૬ લેખક ભવભૂતિ) એ શ્લોકમાં મોટાઓને બીભત્સ રસ ઉત્પન્ન થાય છે, પામરોને તો ઉત્પન્ન થતો નથી. ભૂલ્યે ચૂક્યેય ભગવાન્નું ભજન તો કરવું જ નહિ એવી જેમની બુદ્ધિ છે તેવા અત્યન્ત પામર લોકો નિરોધના આધિકારી નથી. એને શ્રીકૃષ્ણ વિરાટ જેવા દેખાયા. (**વિરાટ્ શબ્દઃ શોભાભાવવાચકઃ વિગત રાજનરૂપઃ, ન તુ પ્રસિદ્ધઃ**) 'વિરાટ્' શબ્દનો અર્થ અહીં ''જેમાં પ્રકાશ, કાન્તિ, સૌન્દર્ય કે શોભા નથી તેવું'' સમજવો, શાસ્ત્રોમાં પ્રસિદ્ધ ભગવાન્નું વિરાટ સ્વરૂપ નહિ, કારણ કે તે સ્વરૂપને જાણનારા અજ્ઞાની હોઈ શકે નહિ. યોગીઓને શ્રીકૃષ્ણ પરમ તત્વ એટલે પુરુષોત્તમ સ્વરૂપે દેખાયા. યોગ સાંખ્યમાં આત્માને પણ તત્વરૂપ માન્યો છે તેથી એને એ પરમ તત્વરૂપે દેખાયા, કેમકે એ યોગી લોકો સાત્વિક છે. યાદવો ગુણાતીત છે તેને તો શય્યા, આસન, અટન વગેરેમાં શ્રીકૃષ્ણ એમની સાથે જ રહેશે; તેણે તો શ્રેષ્ઠ દેવતા માન્યા, સ્વામી માન્યા. દાસને સ્વામી નિયામક હોય તો એ લૌકિક ગણાય તેમ અહીં નથી એમ બતાવવા દેવતા-પદનો પ્રયોગ છે. તેથી એ અલૌકિકની માન્યતાવાળાને અલૌકિકતા બતાવે છે તેથી જ 'વિદિત' એમ કહ્યુ, જો કે અહીં શાન્તરસ વિશેષતાથી બતાવ્યો નથી તો પણ એવી રીતે પ્રવેશ છે તેથી ૯. **શાન્ત** રસ પણ એમાં છે. આઠ રસના અભિપ્રાયથી પણ એમ હોવાનો સમ્ભવ છે. નિપુણો ૧૦. **ભક્તિ રસ** પણ રસ વૃષ્ટિરૂપ હોવાથી અહીં માને છે. એમ દશ રસ વિશિષ્ટ ભગવાન્ રંગમંડપમાં પધાર્યા એમ કહેવાનું તાત્પર્ય છે. વેદનો (બલદેવજીનો) સહભાવ છે નહિ તો સમાનતા કહેવી હોત તો દ્વિવચનનો પ્રયોગ શ્રીશુકદેવજી કરત. તેથી બલદેવજીનો અહીં સહભાવ હોવાથી એમની ગૌણતા છે જ્યારે શ્રીકૃષ્ણની મુખ્યતા છે અને એ જ સર્વ રસ છે એમ સિદ્ધ થયું.

હે રાજન્! આમ તો કંસ બહુ જ ધૈર્યવાન્ વીર હ્તો, છતાં તેણે જ્યારે જોયું કે આ બન્નેએ કુવલયાપીડને મારી નાખ્યો ત્યારે તે સમજી ગયો કે આમને જીતવા તો બહુ કઠણ છે. એ વખતે તે ખૂબ ગભરાઈ ગયો ।।૧૮।।

એ બન્ને ભાઈઓ રંગમંડપમાં પધાર્યા ત્યારે એમનો વિચિત્ર વેશમાલા,

આભરણ અને વસ્ત્ર એમણે ધર્યાં હતાં અને મહાભુજવાળા દેખાતા હતા ।।૧૯।।

અને પોતાનાં શ્રીઅંગની કાન્તિથી બધા જોનારના મનને ખેંચતા હતા. હે રાજન્! મંચ ઉપર બેઠેલા લોકોએ જ્યારે શ્રીકૃષ્ણ બલદેવજીને જોયા ત્યારે હર્ષ અને ઉત્કંઠા મુખ ઉપર દેખાવા લાગ્યાં અને એમને જોતાં-જોતાં નેત્ર તૃપ્ત ન થયાં ।।૨૦।।

જાણે કે તેઓ તેમને નેત્રોથી પાન કરી રહ્યાહોય, જિહ્વાથી ચાટી રહ્યા હોય, નાસિકાથી સૂંઘી રહ્યાહોય અને ભુજાઓથી પકડી આલિંગન કરી રહ્યા હોય ।।૨૧।।

એમનાં સૌન્દર્ય, ગુણ, માધુર્ય અને નિર્ભયતાએ જાણે કે પ્રેક્ષકોને એમની લીલાઓનું સ્મરણ કરાવી દીધું અને તે લોકો પરસ્પર તેમના વિશે દેખેલી અને સાંભળેલી વાતો કહેવા અને સાંભળવા લાગ્યા ।।૨૨।।

"આ બન્ને સાક્ષાત્ ભગવાન્ નારાયણના અંશ છે. આ પૃથ્વી ઉપર વસુદેવજીના ઘેર તેમણે અવતાર લીધો છે ।।૨૩।।

(શ્રીકૃષ્ણ તરફ અંગુલી નિર્દેશ કરીને) આ સાંવરા સલોના કુમાર દેવકીજીના ગર્ભથી પ્રકટ થયા કે તુરત એમને ગોકુલ લઈ જવામાં આવ્યા. એ ગુપ્ત રીતે આટલો વખત નન્દરાયજીને ત્યાં રહી મોટા થયા ।।૨૪।।

પૂતના, વંટોળિયો દાનવ તૃણાવર્ત, અર્જુનવૃક્ષો, શંખચૂડ, કેશી, ધેનુક, અને એના જેવા બીજા અરિષ્ટ, બકાસુર, વગેરેનો સંહાર આ કૃષ્ણે જ કરેલો ।।૨૫।।

આ કૃષ્ણે જ ગોપાલો સહિત ગાયોને દાવાગ્નિથી બચાવી, કાલિય સર્પનું દમન કર્યું અને ઈન્દ્રનો મદ ઉતાર્યો ।।૨૬।।

પર્વત શ્રેષ્ઠ ગોવર્ધનને સાત દિવસ સુધી એક હાથમાં આ કૃષ્ણે જ ધારણ કર્યો, તથા વાયુ, વર્ષા અને વીજળીથી ગોકુલની રક્ષા કરી ।।૨૭।।

ગોપીજનો એમના મન્દ મૃદુ હાસ્ય, મધુર દષ્ટિ અને સદા એકરસ પ્રસન્ન રહેતા મુખારવિન્દના દર્શનથી અનાયાસે અને આનન્દપૂર્વક વિવિધ તાપોથી મુક્ત થઈ જતાં હતાં ।।૨૮।।

કહે છે કે શ્રીકૃષ્ણ યદુવંશની રક્ષા કરશે. આ અલૌકિક ગુણયુક્ત અત્યન્ત વિખ્યાત વંશ એમના દ્વારા મહાન સમૃદ્ધિ, યશ અને ગૌરવ પ્રાપ્ત કરશે ।।૨૯।।

આ બીજા એ જ શ્યામસુન્દરના મોટાભાઈ શોભાનિધાન, કમલનયન શ્રીબલદેવજી છે. તેમણે પ્રલમ્બાસુર, વત્સાસુર, ધેનકાસુર વગેરેને માર્યા છે એમ

કહેવાય છે'' ।।૩૦।।

લોકો આમ વાતો કરતા હતા અને રંગમંડપમાં શરણાઈ વગેરે વાજાં વાગતાં હતાં ત્યારે ચાણૂર શ્રીકૃષ્ણ રામને સારી રીતે બોલાવીને આ વાક્ય બોલ્યોઃ ।।૩૧।।

''હે નન્દસૂનુ! હે રામ! તમે શૂરવીર લોકોમાં પંકાયેલા છો, બાહુયુદ્ધમાં તમે નિપુણ ગણાઓ છો એ વાત સાંભળી રાજાએ તમને અહીં બોલાવ્યા છે, કેમકે તમારી કુસ્તી જોવાની રાજાની ઇચ્છા છે ।।૩૨।।

મન, વચન અને કર્મ થી રાજાનું પ્રિય કરવાથી પ્રજા શ્રેય (ધન આદિ) પ્રાપ્ત કરે છે. એમ ન કરે તો એને વિપરીત ફલ થાય છે એટલે એ મુશ્કેલીમાં આવી પડે છે ।।૩૩।।

એ તો બધા જાણે છે કે ગાયો અને વાછડાં ચરાવનારા ગોવાળિયાઓ રોજ આનન્દપૂર્વક જંગલોમાં કુસ્તી કરતા રમતા રહે છે અને ગાયો ચરાવતા રહે છે ।।૩૪।।

તેથી આવો, તમે અને અમે રાજાને પ્રસન્ન કરવામાટે કુસ્તી લડીએ. એમ કરવાથી આપણા ઉપર બધાં પ્રાણીઓ પ્રસન્ન થશે, કેમકે રાજા આખી પ્રજાનું પ્રતીક છે'' ।।૩૫।।

ચાણૂરનું કથન સાંભળી ''બાહુયુદ્ધ પોતાને અભીષ્ટ છે'' એમ માની એને અભિનન્દન આપી શ્રીકૃષ્ણે દેશકાલને લાયક વચન કહ્યું: ।।૩૬।।

''તમે અને અમે બન્ને આ ભોજરાજ કંસની પ્રજા છીએ પણ અમે વનમાં રહેનાર છીએ; એનું આપણે બન્ને નિત્ય પ્રિય કરીએ તો એ આપણા ઉપર અનુગ્રહ કરે ।।૩૭।।

પરન્તુ અમે બાળક હોવાથી અમારા જેવા સમાન બળવાળા બાળક હોય તેની સાથે યુદ્ધ કરવાની ઇચ્છા રાખીએ છીએ. મલ્લની સભામાં બેસનારને અધર્મનો સમ્પર્ક ન થાય એમ લડવાને અમો તૈયાર છીએ'' ।।૩૮।।

**ચાણૂર બોલ્યો** : તમે કે બલરામ નથી બાલક કે નથી કિશોર. બલદેવજી પણ બળિયાઓમાં શ્રેષ્ઠ છે. હમણાં તમે તો હજાર હાથીના બળવાળા હાથીને રમત કરતાં મારી નાખ્યો ।।૩૯।।

**તસ્માદ્ ભવદ્ભ્યાં બલિભિર્યોદ્ધવ્યં નાનયોત્ર વૈ ।।**
**મયિ વિક્રમ વાર્ષ્ણેય બલેન સહ મુષ્ટિકઃ ।।૪૦।।**

માટે બળવાળા તમો બન્ને ભાઈઓએ અમારી સાથે કુસ્તી કરવી જ જોઈએ. એમાં અન્યાય નથી. અમારા બે માં હે કૃષ્ણ! મને તમે પરાક્રમ બતાવો અને બલદેવજીની સાથે મુષ્ટિક કુસ્તી કરો ।।૪૦।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા પ્રકરણનો ઐશ્વર્ય રૂપ પહેલો) ''કુવલયાપીડને માર્યો અને મલ્લોની સભામાં શ્રીકૃષ્ણ પધાર્યા'' નામનો તેતાળીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ચાલીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આપણે પુષ્ટિમાર્ગી નથી જ જોઈ**

મૃતકના ઉદ્ધારાર્થે કે ફંડફાળામાટે ભાગવતકથાનું આયોજન કરીએછીએ
(ઠેરાવેલ કે ઠેરાવ્યા વિનાની)દક્ષિણા લઈને ભાગવત વાંચીએ છીએ
આવી ભાગવતકથા સાંભળવા કે આશીર્વાદ આપવા જઈએ છીએ

## અધ્યાય ૪૪

### શ્રી સુબોધિનીજી અનુસાર અધ્યાય ૪૧

## શ્રીકૃષ્ણે કરેલો કંસનો વધ

### ત્રીજા રાજસ પ્રકરણનું બીજું પ્રમેય પ્રકરણ અધ્યાય ૨

**વિશેષ :** આ ૪૪ મા અધ્યાય એના ભાઈઓ વગેરે સહિત કંસનો વધ કહેવાય છે. એમ કરીને શ્રીકૃષ્ણે પોતાનાં માતા-પિતા ને સ્વસ્વરૂપમાં આસક્તિ કરાવી છે. મલ્લોના બળના ક્ષયને માટે ભગવાને લીલા કરી ત્યારે સ્ત્રીઓએ શ્રીકૃષ્ણના કૈશોર ભાવનું વર્ણન કર્યું છે તે માતા-પિતાની આસક્તિ વધારવામાટે કર્યું છે. ભક્તને વધારે વખત ક્લેશ ન કરવા મલ્લોને માર્યા છે. કંસને પણ એ જ કારણે માર્યો છે. તેથી પ્રતિબન્ધ દૂર થયો. શત્રુનો પણ મોક્ષ કર્યો એ પ્રથમના નિરોધથી વિશેષ છે. આસક્તિ નવી નથી થઈ પણ હતી તેમાં વધારો થયાનું કહ્યું છે. એ ભક્તો ત્રણ પ્રકારના છે, મલ્લો, સ્ત્રીઓ અને માતા-પિતા. વસુદેવજી ગુણાતીત છતાં અહીં સાત્વિક છે. પહેલાં નિરુદ્ધ તામસોને બે અધ્યાયથી કહે છે. કુબ્જા, અક્રૂરજી વગેરે રાજસોને બે

અધ્યાયથી કહે છે. આ અધ્યાયમાં તો ગુણાતીત માતા-પિતા ના નિરોધની વાત કહેવામાં આવે છે. એમની મુક્તિમાટે બીજાની વાતો છે.

**એવં ચર્ચિતસંકલ્પો ભગવાન્ મધુસૂદનઃ ।।**
**આસસાદાથ ચાણૂરં મુષ્ટિકં રોહિણીસુતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : મધુસૂદન ભગવાન્ એમ ચર્ચા કરીને ચાણૂરની સાથે લડવાને તૈયાર થયા અને બલદેવજી મુષ્ટિકની સાથે જોડાયા ।।૧।।

એકબીજાને જીતી લેવાની ઈચ્છાથી તેઓ હાથની સાથે હાથ અડાવી, પગની સાથે પગ ભિડાવી બલપૂર્વક પોત-પોતાની તરફ ખેંચવા લાગ્યા ।।૨।।

તેઓ પંજા (મૂઠી વાળેલ કોણી સુધીનો હાથ 'અરત્ની' કહેવાય. (અહીં બળ, શિક્ષા, કપટ અને ગુરુ નો પ્રસાદ એ ચાર મલ્લમાંથી કઢાવવામાટે ચાર શ્લોકથી નિરૂપણ કર્યું છે.)) સાથે પંજા, ઘૂંટણોની સાથે ઘૂંટણો, માથા સાથે માથું અને છાતી સાથે છાતી ભિડાવી એક બીજા ઉપર ચોટ કરવા લાગ્યા ।।૩।।

આ પ્રમાણે દાવપેચ કરતા-કરતા પોત-પોતાના જોડીદારને પકડી આમ-તેમ ઘુમાવતા, દૂર ધકેલી દેતા, જોરથી પકડી લેતા, બાઝી પડતા, ઉંચો કરી નીચે પછાડી દેતા, પોતાને છોડાવી લઈ ભાગી જતા અને ક્યારેક છોડી દઈ પાછા હટી જતા, આ પ્રમાણે એકબીજાને રોક્તા, પ્રહાર કરતા અને પોતાના પ્રતિસ્પર્ધીને પછાડી દેવાનો પ્રયત્ન કરતા. ક્યારેક કોઈ નીચે પડી જતો તો બીજો તેને ગોઠણો અને પગો વચ્ચે દબાવી ઉઠાવી લેતો, હાથોથી પકડી ઉપર લઈ જતો, ગળે બાઝી પડે તો તેને ધકેલી દેતા અને જરૂર પડે તો હાથ-પગ ભેગા કરી ગાંઠ વાળી દેતા ।।૪-૫।।

હે પરીક્ષિત! આ દંગલ જોવા આવેલી સર્વ સ્ત્રીઓએ જ્યારે બળવાળા મોટા-મોટા પહેલવાનોની સાથે નાના-નાના બલહીન બાળકોનું યુદ્ધ જોયું ત્યારે તેઓ પરસ્પર કહેવા લાગી ।।૬।।

**સ્ત્રીઓએ કહ્યું** :''અહીં રાજા કંસના સભાસદો મહાન અન્યાય અને અધર્મ કરી રહ્યા છે. કેટલા ખેદની વાત છે કે રાજાની સામે જ આ બળવાન પહેલવાનો અને નિર્બળ બાળકોના યુદ્ધનું અનુમોદન કરે છે ।।૭।।

વજ્રસાર અંગોવાળા મોટા પર્વત જેવા મલ્લો ક્યાં અને અતિ કોમળ અને કિશોરમૂર્તિ જેને યુવાવસ્થા પણ નથી આવી તેવા રામ-કૃષ્ણ ક્યાં? ।।૮।।

ધર્મના ઉલ્લંઘનનું ફળ આ સમાજને ભોગવવું પડશે. જ્યાં અધર્મ થતો હોય

ત્યાં ધર્મવાળાએ રહેવું ન જોઈએ'' ॥૯॥

બીજી સ્ત્રીઓએ કહ્યું:''જુઓ *શાસ્ત્ર કહે છે કે બુદ્ધિમાન્ પુરુષે સભાસદોના દોષો જાણીને પ્રથમ તો સભામાં જવું જ નહિ કારણ કે ત્યાં જઈ જે માણસ બોલે નહિ, વિરુદ્ધ બોલે અથવા ''હું નથી જાણતો''તેમ કહી દે તે નરકમાં જાય છે ॥૧૦॥

**વિશેષ** : મનુસ્મૃતિ-અધ્યાય ૮, શ્લોક ૧૩ **''સભાં વા ન પ્રવેષ્ટવ્યં વક્તવ્યં વા સમંજસમ્, અબ્રુવન્ વિબ્રુવન્ વાપિ નરો ભવતિ કિલ્બિષી''.**

ચારે તરફ ખેલતા શત્રુથી શ્રીકૃષ્ણના મુખ ઉપર શ્રમબિન્દુ આવી ગયાં છે છતાં કમળની કળી જેવું એમનું શ્રીમુખકમળ તો જુઓ કેવું સુન્દર દેખાય છે! (આ સ્ત્રીઓની પોતાનામાં આસક્તિ થાય અને કંસ રાજી થાય તેથી ભગવાને શ્રમિત સ્વરૂપે તેમને દર્શન આપવાની લીલા કરી છે) ॥૧૧॥

હે સખીઓ! બલદેવજીનું મુખ મુષ્ટિકના પ્રત્યે ક્રોધને લીધે ચોતરફ લાલ નેત્રોવાળું થઈ રહ્યું છે છતાં હાસ્યનો મુક્ત આવેગ કેટલો સુન્દર લાગે છે! ॥૧૨॥

હે સખી! ખરેખર વ્રજભૂમિ જ પરમ પવિત્ર અને ધન્ય છે કારણ કે ત્યાં આ પૂર્ણ પુરુષોત્તમ મનુષ્યના વેશમાં બિરાજે છે. સ્વયં ભગવાન્ શંકર અને લક્ષ્મીજી જેમના ચરણારવિન્દની સેવા કરે છે તે જ પ્રભુ ત્યાં વનનાં રંગબેરંગી પુષ્પોની માલા ધારણ કરી લે છે તથા બલદેવજી સાથે વેણુ વગાડતા, ગાયો ચરાવતા અને તરેહ-તરેહની રમતો રમતા આનન્દપૂર્વક વિચરે છે ॥૧૩॥

હે સખી! ખબર નથી પડતી કે ગોપીજનોએ એવી કેવી તપશ્ચર્યા કરી હશે જેઓ નેત્રોરૂપી દૂના (પડીઆ) ઓથી નિત્ય નિરન્તર આપ (શ્રીકૃષ્ણ) ની રૂપ-માધુરીનું પાન કરતી રહે છે. આમનું રૂપ લાવણ્યનો સાર છે. સંસારમાં અથવા તેની બહાર કોઈનું પણ રૂપ આની બરાબરી કરી શકે એમ નથી, પછી તેનાથી ચડિયાતા હોવાની તો વાત જ ક્યાં રહી? એ પણ કોઈના સંવારવા-સજાવવાથી નહિ, ઘરેણાં-કપડાં થી નહિ, પરન્તુ સ્વયંસિદ્ધ છે. આ રૂપને જોતાં-જોતાં તૃપ્તિ જ થતી નથી કારણ કે દરેક પળે તે નવું થતું જાય છે, નિત્યનૂતન છે. સમગ્ર યશ, સૌન્દર્ય અને ઐશ્વર્ય એનાં જ આશ્રિત છે. બહેનો, આપનાં દર્શન તો બીજાઓ માટે બહુ જ દુર્લભ છે તે તો ગોપીજનોના જ ભાગ્યમાં લખાયેલું છે ॥૧૪॥

હે સખી! વ્રજના ગોપીજનો ધન્ય છે, નિરન્તર શ્રીકૃષ્ણમાં જ ચિત્ત લાગેલું

રહેતું હોવાથી પ્રેમપૂર્ણ હૃદયથી, આંસુઓને લીધે ગદ્ગદ્ કંઠથી તેઓ આમની જ લીલાઓનું ગાન કરતી રહે છે. તેઓ દૂધ દોહતાં, વલોણું કરતાં, ધાન્ય ખાંડતાં, ઘર લીપતાં, બાલકોને હીંચોળતાં, રોતાં બાળકોને છાનાં રાખતાં એમને નવરાવતા-ધોવરાવતાં, ઘરોમાં ઝાડુ કાઢતાં એમ બધાંજ કામ કરતાં શ્રીકૃષ્ણના ગુણગાનમાંજ મસ્ત રહે છે ।।૧૫।।

આ શ્રીકૃષ્ણ જ્યારે પ્રાતઃકાલ ગાયોને ચરાવવામાટે વ્રજમાંથી વનમાં પધારે છે અને સાયંકાલ તેમને લઈ વ્રજમાં પાછા ફરે છે ત્યારે ઘણા જ મધુર સ્વરથી વેણુ વગાડે છે. તેની ટેર સાંભળી ગોપીજનો ઘરનું બધું કામકાજ છોડી દઈ ઝટપટ રસ્તામાં દોડી આવે છે અને શ્રીકૃષ્ણનાં મન્દ-મન્દ હાસ્ય અને દયાપૂર્ણ દષ્ટિથી યુક્ત મુખકમલ જોઈ-જોઈનિહાલ થઈ જાય છે. ખરેખર ગોપીજનોજ પરમ પુણ્યવતી છે'' ।।૧૬।।

એમ સ્ત્રીઓ બોલે છે એ સાંભળી, હે ભરતર્ષભ! ભગવાને શત્રુને મારી નાખવાનો નિશ્ચય કર્યો ।।૧૭।।

સ્ત્રીઓની આ ભયપૂર્ણ વાતો માતા-પિતા દેવકી-વસુદેવજી પણ સાંભળી રહ્યાં હતાં. તેઓ પુત્ર-સ્નેહવશાત્ શોકથી વિહ્વલ થઈ ગયાં. તેમના હૃદયમાં અત્યન્ત વ્યથા થવા લાગી, કારણ કે પોતાના પુત્રના બલવીર્યને તેઓ જાણતાં નહોતાં. (માતા-પિતા ઉપર માનસિક ત્રાસ ગુજારવા કુસ્તીના અખાડા આગળ તેમને લાવવામાં આવેલાં અને તેથી તેઓ સ્ત્રીઓની વાતચીત સાંભળી શક્યાં હતાં) ।।૮।।

ભગવાન્ શ્રીકૃષ્ણ અને તેની સાથે કુસ્તી લડતો ચાણૂર બન્ને જુદી-જુદી જાતના દાવપેચના પ્રયોગ કરતા જે રીતે લડી રહ્યા હતા તેવીજ રીતે બલદેવજી અને મુષ્ટિક પણ પરસ્પર કુસ્તી લડતાહતા ।।૧૯।।

ભગવાન્નાં વજ્રથી પણ કઠોર અંગ-પ્રત્યંગના ટકરાવાથી ચાણૂરની રગેરગ ઢીલી પડી ગઈ તેનાં ગાત્ર ભાંગી ગયાં અને તેને વારંવાર મૂર્છાનો અનુભવ થવા લાગ્યો ।।૨૦।।

હવે તે અત્યન્ત ક્રોધ કરીને બાજ પક્ષીની માફક ત્રાટક્યો અને બન્ને હાથની મૂઠીવાળી તેણે શ્રીકૃષ્ણની છાતી ઉપર પ્રહાર કર્યો ।।૨૧।।

હાથી ઉપર ફુલોની માળાથી પ્રહાર કરવામાં આવે તો હાથીને તેની ખબર પણ ન

પડે તેમ તેના પ્રહારની ભગવાન્ પર કંઈ અસર ન થઈ. આપે ચાણૂરની બન્ને ભુજાઓ પોતાના એક હસ્તમાં પકડી લીધી અને તેને અન્તરિક્ષમાં ઘણા વેગથી કેટલીય વાર ચક્કર-ચક્કર ફેરવી ધરતી ઉપર ઘા કર્યો. હે પરીક્ષિત! ચાણૂરના પ્રાણ તો ઘુમાવતી વખતે જ નીકળી ગયા હતા. તેનાં આભૂષણો, કેશ અને માલા આમ-તેમ જઈ પડ્યાં. ઈન્દ્રધ્વજ (ઈન્દ્રની પૂજાને માટે રોપવામાં આવેલ ઊંચી ધજા) ની જેમ જઈ પડ્યો ॥૨૨-૨૩॥

એ જ પ્રમાણે મુષ્ટિકે પણ પહેલાં બલદેવજીને એક ઘુમ્મો માર્યો. તેથી બળવાન બલભદ્રજીએ તેને ઘણા જોરથી એક તમાચો માર્યો. (મુષ્ટિકપર બલપૂર્વક મુષ્ટિક (તમાચો) મારી તેનું કલ્યાણ કર્યું) ॥૨૪॥

તમાચો લાગવથી તે ધ્રૂજી ઉઠ્યો અને આંધીથી ઉખડી પડેલા વૃક્ષની માફક અત્યન્ત પીડિત અને અન્તમાં પ્રાણહીન થઈ જઈ લોહીની ઉલટી કરતો જમીન ઉપર જઈ પડ્યો ॥૨૫॥

હે રાજન્! ત્યારબાદ યોદ્ધાઓમાં શ્રેષ્ઠ બલદેવજીએ પોતાની સામે આવતાં જ કૂટ નામના પહેલવાન્‌ને રમતમાં જ ડાબા હાથના મુક્કાથી ઉપેક્ષાપૂર્વક મારી નાખ્યો ॥૨૬॥

તે જ વખતે ભગવાન્ શ્રીકૃષ્ણે ચરણની ઠોકરથી શલ નામના મલ્લનું માથું ધડથી અલગ કરી દીધું અને તોશલનો એક પગ પોતાના ચરણની નીચે દબાવી, બીજો પગ શ્રીહસ્તમાં પકડી તેને ચીરી નાખી તેનાં બે ફાડિયાં કરી નાખ્યાં ॥૨૭॥

ચાણૂર, મુષ્ટિક, શલ, કૂટ, તોશલ વગેરે મરેલા જોઈ બીજા મલ્લો જીવવાની ઈચ્છાથી ત્યાંથી ભાગી છૂટ્યા ॥૨૮॥

ત્યારબાદ શ્રીકૃષ્ણ અને બલદેવજી પોતાના મિત્રોને ખેંચી-ખેંચી એમની સાથે કુસ્તી કરવા લાગ્યા અને નાચતા કૂદતા શરણાઈના સૂરની સાથે પોતાના નૂપુરોનો ધ્વનિ મિલાવી મલ્લક્રીડા કરવા લાગ્યા ॥૨૯॥

રામ-કૃષ્ણના કર્મથી લોકો આનન્દ પામ્યા. કંસ સિવાયના શ્રેષ્ઠ બ્રાહ્મણો અને સાધુ પુરુષો ''ધન્ય છે, ધન્ય છે'' એમ કહી પ્રશંસા કરવા લાગ્યા ॥૩૦॥

મુખ્ય મલ્લો મરાયા. બાકીના ભાગી છૂટ્યા ત્યારે કંસે વાજાં વાગતાં હતાં તે બંધ કરાવ્યાં અને તે આ પ્રમાણે કહેવા લાગ્યો ॥૩૧॥

**કંસે કહ્યું :** ''અરે, વસુદેવજીના આ દુષ્ટ ચરિત્રવાળા પુત્રોને નગરની બહાર

કાઢી મૂકો. ગોપોનું બધું ધન લઈ લો અને દુર્બુદ્ધિ નન્દને કેદ કરો ।।૩૨।।

અત્યન્ત દુષ્ટ વસુદેવને તો જલ્દી મારી નાખો. મારા પિતા ઉગ્રસેન પોતાના અનુગામી દેવક સહિત શત્રુના પક્ષમાં મળેલ છે. (તે બધાને મારી નાખો) ।।૩૩।।

(ભક્તોનો અપરાધ થવાનો છે એ સાંભળી) ભગવાન્ શ્રીકૃષ્ણ અવ્યય હોવા છતાં, આ પ્રમાણે કંસના (**કં પ્રતિ સઃ ન કમપીતિ કંસઃ।** તે કોનો થયો છે? કોઈનો નહિ. જે કોઈનો ન થાય તે કંસ.-શ્રીસુબોધિનીજી) બડબડાટથી અત્યન્ત ગુસ્સે થયા. આ ઉચ્ચ આસન ઉપર બેઠેલા છે માટે બબડે છે એમ માની શ્રીકૃષ્ણ જલદીથી કૂદકો મારી તેના ઊંચા મંચ ઉપર ચઢી ગયા ।।૩૪।।

કંસ પણ શૂરવીર હતો. એણે જાણ્યું, મારો કાળ આવ્યો ત્યારે એણે તરત જ આસન ઉપરથી ઉઠી ઢાલ તલવાર હાથમાં લીધી ।।૩૫।।

હાથમાં તલવાર લઈ તે ઘા કરવાનો અવસર જોતો પેંતરા બદલવા લાગ્યો. આકાશમાં ઉડતા બાજપક્ષીની જેમ ક્યારેક જમણી બાજુ જતો તો ક્યારેક ડાબી બાજુ. પરન્તુ ભગવાન્નું પ્રચંડ તેજ અત્યન્ત દુઃસહ છે. જેમ ગરુડ સાપને પકડી લે છે તેમ જ ભગવાને બલપૂર્વક તેને પકડી લીધો ।।૩૬।।

ભગવાને (કંસનો તો સ્પર્શ કર્યા વિના) તેના કેશ પકડ્યા. આથી કંસનો મુગટ પડી ગયો અને તેને ઊંચા મંચ ઉપરથી (પોતાના ચરણરજથી પવિત્ર થયેલ) અખાડામાં પછાડ્યો. પછી પરમ સ્વતન્ત્ર અને સમ્પૂર્ણ વિશ્વના આશ્રય ભગવાન્ શ્રીકૃષ્ણ તેના ઉપર સ્વયં કૂદી પડ્યા ।।૩૭।।

ભગવાન્ના કૂદતાં જ કંસ મરી ગયો. બધાના જોતાં જ ભગવાન્ શ્રીકૃષ્ણે તેના મૃતદેહને ધરતી ઉપર, જેમ સિંહ હાથીને ઘસડે તેમ ઘસડ્યો. હે નરેન્દ્ર! તે વખતે મોટો હાહાકાર મચી ગયો ।।૩૮।।

કંસ નિત્ય-નિરન્તર ભારે ગભરાટમાં શ્રીકૃષ્ણનું જ ચિન્તન કરતો રહેતો હતો. તે ખાતાં-પીતાં, ઊંઘતાં, ચાલતાં, બોલતાં, અને શ્વાસ લેતાં હર સમય પોતાની સામે હાથમાં સુદર્શનચક્રધારી શ્રીકૃષ્ણને જ જોતો રહેતો હતો. આ અખંડ ચિન્તનના ફળરૂપે-ભલે તે દ્વેષ ભાવથી જ કેમ ન કરાતું હોય-તેને ભગવાન્નાં તેજ રૂપની પ્રાપ્તિ થઈ, સારૂપ્ય મુક્તિ થઈ, જેની પ્રાપ્તિ મોટા-મોટા તપસ્વી યોગીઓને માટે પણ દુર્લભ છે ।।૩૯।।

એના આઠ નાનાભાઈ કંક, ન્યગ્રોધ વગેરે હતા તે વેર લેવાને અતિક્રોધ કરી

લડવા આવ્યા ।।૪૦।।

તેમને બલદેવજીએ વેગથી આવતા જોયા. તેમને પશુને જેમ સિંહ મારે તેમ, રામે પોતાની પાસેપરિઘ જેવો હાથીદાંત હતો તે ઊઠાવીને મારી નાખ્યા ।।૪૧।।

બ્રહ્માજી, શિવજી વગેરેએ આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ કરી, દેવોનાં દુન્દુભિ વાગ્યાં, દેવસ્ત્રીઓ નાચવા લાગી અને બીજા પ્રસન્નતાથી સ્તુતિ કરવા લાગ્યા ।।૪૨।।

એ બધાની સ્ત્રીઓ પોતાના આત્મીય સ્વજનોનાં મરણથી દુઃખિત થઈને માથાં કૂટવા લાગી. જેમની આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે તેવી સ્ત્રીઓ, હે મહારાજ! ત્યાં આવી ।।૪૩।।

વીરશય્યા ઉપર પોઢેલા પોતાના પતિઓના શરીરને આલિંગન કરીને તેઓ શોકગ્રસ્ત થઈ ગઈ અને વારંવાર આંસુ સારતી મોટે અવાજે વિલાપ કરવા લાગીઃ ।।૪૪।।

હા નાથ! હે પ્રિય! હે ધર્મજ્ઞ! હે કરુણામય! હે અનાથવત્સલ! આપના મૃત્યુથી અમારાં બધાનું મૃત્યુ થઈ ગયું. અમારા ઘર ઉજ્જડ થઈ ગયાં. અમારાં સંતાન અનાથ થઈ ગયા ।।૪૫।।

હે પુરુષશ્રેષ્ઠ! આ પુરીના આપ જ સ્વામી હતા. આપના વિરહથી તેના ઉત્સવો સમાપ્ત થઈ ગયા અને મંગલ ચિહ્ન ઊતરી ગયાં. એ અમારી જેમ જ વિધવા અને શોભાવિહોણી થઈ ગઈ ।।૪૬।।

હે સ્વામી! આપે નિરપરાધ પ્રાણીઓનો ઘોર દ્રોહ કર્યો હતો તેમને અન્યાય કર્યો હતો તેથીજઆપની આ દશા થઈ. ખરેખર, જગતના જીવોનુંજે અહિત કરે છે તેવા ક્યા પુરુષને શાન્તિ મળી શકે? ।।૪૭।।

આ ભગવાન્ શ્રીકૃષ્ણ જગત્ના સમસ્ત પ્રાણીઓની ઉત્પત્તિ-પ્રલયના આધાર છે. રક્ષક પણ તે જ છે. જે એમનું બૂરું ચાહે છે, તિરસ્કાર કરે છે તે કદી સુખી નથી થઈ શકતો ।।૪૮।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : ભગવાન્ શ્રીકૃષ્ણ જ સારા સંસારના જીવનદાતા છે. આપે રાણીઓને સાન્ત્વન આપ્યું, ધીરજ રાખવા સમજાવ્યાં; પછી લોકરીતિ પ્રમાણે મરનારનાં ક્રિયા-કર્મ થાય છે તે બધાં કરાવવાની વ્યવસ્થા કરી ।।૪૯।।

ત્યારબાદ ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજીએ જેલમાં જઈ પોતાનાં માતા-

પિતાને બંધનમાંથી છોડાવ્યાં અને મસ્તકથી* સ્પર્શ કરી એમનાં ચરણોમાં વન્દન કર્યું ।।૫૦।।

**વિશેષ** : ભગવાનનું મસ્તક સત્યલોકરૂપ છે. મસ્તકથી ચરણસ્પર્શ કરી એમ જણાવ્યું કે ''પિતાજી સત્યલોક તો આપના ચરણમાં આળોટે છે! આપનું સ્થાન સત્યલોકથી ઉપર વૈકુંઠમાં છે''

**દેવકી વસુદેવશ્ચ વિજ્ઞાય જગદીશ્વરૌ ।।**
**કૃતસંવન્દનૌ પુત્રૌ સસ્વજાતે ન શંકિતૌ ।।૫૧।।**

દેવકીજી અને વસુદેવજીએ તો અત્યારે પોતાના પુત્રોને જગતના ઈશ્વર માન્યા તેથી પુત્રોએ નમસ્કાર કર્યા તો પણ એમને ભગવાનરૂપે સ્ફૂર્તિ થતાં તેઓ પુત્રોને આલિંગન પણ કરી શક્યાં નહી ।।૫૧।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા પ્રકરણનો વીર્ય રૂપ બીજો) ''શ્રીકૃષ્ણે કરેલો કંસનો વધ'' નામનો ચુમાળીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં એક્તાળીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**

કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

# અધ્યાય ૪૫

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૪૨

## મથુરામાંશાન્તિસ્થાપીભગવાન્ગુરુનેત્યાંપધાર્યા

### ત્રીજા રાજસ પ્રકરણનું બીજું પ્રમેય પ્રકરણ અધ્યાય૩

**વિશેષ** : સાધારણ રીતે બે પ્રકારનો (ભગવાન્નો ભક્તમાં અને ભક્તનો ભગવાન્માં) નિરોધ અહીં કહેવાય છે. એ નિરોધ સર્વસમ્મત છે. પિતા, માતા, ઉગ્રસેન અને બીજાઓનો ભગવાન્માં નિરોધ તથા ભગવાન્નો એમાં નિરોધ કહેવાય છે.

**પિતરાવુપલબ્ધાર્થૌ વિદિત્વા પુરુષોત્તમઃ ।।**
**મા ભૂદિતિ નિજાં માયાં તતાન જનમોહિનીમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** માતા-પિતાને સ્વમાહાત્મ્યનું જ્ઞાન થયું એ ભગવાને જાણ્યું, પણ એ જ્ઞાન ભગવાન્‌ને ઈષ્ટ ન હોવાથી એ ન થવા માટે જનને મોહ કરનારી પોતાની માયા એમણે વિસ્તારી ।।૧।।

માતા-પિતા પાસે ભક્તોના સ્વામી ભગવાન્ પોતાના મોટાભાઈ સાથે આવી વિનયવડે નમ્ર બની, હે અમ્બે! હે તાત! એમ આદરપૂર્વક બોલ્યા ।।૨।।

**શ્રીકૃષ્ણે કહ્યું :** ''પિતાજી! માતાજી! અમે આપના પુત્રો છીએ અને આપ અમારે માટે સદા ઉત્કઠિત રહ્યા છો. છતાં પણ આપ અમારા બાલ્ય, પૌગંડ અને કિશોર અવસ્થાનું સુખ અમારા તરફથી મેળવી શક્યાં નહિ ।।૩।।

દૈવવશાત્ અમને આપની પાસે રહેવાનું સૌભાગ્ય જ પ્રાપ્ત ન થયું. તેથી જ બાળકોને માતા-પિતાના ઘરમાં રહીને લાલન-પાલનનું જે સુખ મળે છે તે અમને ન મળી શક્યું ।।૪।।

સર્વ પુરુષાર્થને આપનાર દેહ જેણે ઉત્પન્ન કર્યો તેનું જેણે પોષણ કર્યું તે બન્ને ઉત્પાદક અને પોષક માતા-પિતાની કોઈ માણસ સો વર્ષ સેવા કરે તો પણ એનો બદલો એ ન આપી શકે. એના ઋણમાંથી એ મુક્ત થઈ શક્તો નથી ।।૫।।

શરીરથી અને ધનથી પુત્ર સમર્થ હોવા છતાં માતા-પિતાને જે વૃત્તિ આપતો નથી તેના મર્યા પછી યમદૂતો એનું માંસ એને જ ખવરાવે છે ।।૬।।

માતા, વૃદ્ધ પિતા, સતી સ્ત્રી, જેને જનોઈ આપવામાં આવી નથી તેવો પુત્ર, (જનોઈ આપ્યા પછી બાલક ગુરુના આશ્રમમાં અભ્યાસમાટે જાય ત્યાં ભિક્ષાવૃત્તિથી નિર્વાહ થાય. પછી ગૃહસ્થાશ્રમ શરૂ થાય.) બ્રાહ્મણ ગુરુ (ગોર, પુરોહિત) અને શરણે આવેલાનું સમર્થ હોય છતાં જે પાલન-પોષણ ન કરે તે જીવતો હોય તોય તેને મરેલો જ સમજવો ।।૭।।

તેથી અમારા આટલા દિવસો વ્યર્થ જ ગયા કારણ કે કંસના ભયથી સદા મનમાં ઉદ્વેગ રહેતો હોવાથી અમે આપની સેવા ન કરી શક્યા ।।૮।।

હે માતા! હે પિતા! દુષ્ટ કંસે આપને આટઆટલાં કષ્ટ દીધાં પરન્તુ અમે પરાધીન હોવાથી આપની કંઈ જ સેવા ન કરી શક્યા. એ અમારા અપરાધને આપ બન્ને ક્ષમા કરો'' ।।૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** માયાવડે મનુષ્ય જેવા દેખાતા વિશ્વાત્મા હરિની વાણી સાંભળી માતા-પિતાને મોહ થયો અને આપને ગોદમાં ઉઠાવી લઈ, છાતી સરસા ચાંપી પરમ આનન્દને પ્રાપ્ત થયાં ।।૧૦।।

સ્નેહના પાશમાં બંધાઈ ગયાં, નેત્રનાં અશ્રુથી પુત્રને સિંચન કરવા લાગ્યાં અને એવાં મોહિત થયાં કે આંસુથી કંઠ રૂન્ધાઈ ગયો તેથી કાંઈ પણ બોલી શક્યા નહિ ।।૧૧।।

એમ દેવકીસુત ભગવાને માતા-પિતાને દિલાસો આપ્યો અને પોતાના માતામહ ઉગ્રસેનને યદુના રાજા બનાવ્યા ।।૧૨।।

"હે મહારાજ! અમે આપની પ્રજા છીએ. અમને આપ હુકમ કરવાને યોગ્ય છો કેમકે યયાતિના શાપથી યાદવો તો રાજ્યાસન ઉપર બેસી શકે એવું નથી; તેથી આપ જ અમારા રાજા છો" એમ ઉગ્રસેનને કહ્યું* ।।૧૩।।

**વિશેષ :** રાજા યયાતિએ યદુ પાસે યૌવન માગેલું પણ ભક્તિ જુવાનીમાં જ થઈ શકે, વૃદ્ધાવસ્થામાં નહિ એમ વિચારી યદુએ યુવાની આપવાની ના પાડી ત્યારે યયાતિએ યદુને શાપ આપ્યો કે તમને રાજ્યનો અધિકાર નહિ મળે. યદુ મહાન ભગવદ્‌ભક્ત હોવાથી રાજ્ય જતું કર્યું, પણ ભક્તિ જતી ન કરી. ભગવાન્ શ્રીકૃષ્ણ યદુની મુખ્ય શાખામાં પ્રકટ થયા છે માટે શાપને માન આપ્યું. ભોજ, કંસ, ઉગ્રસેન યદુની છેલ્લી શાખામાં જન્મ્યા છે માટે તેમણે રાજ્ય કર્યું છે.

"હું ભૃત્ય થઈને આપની સેવા કરીશ તેથી દેવો વગેરે પણ આપને ભેટ આપશે, તો માણસોના રાજાઓ કર ભરે એમાં શું આશ્ચર્ય?" ।।૧૪।।

પોતાના જ્ઞાતિજનો અને સમ્બન્ધીઓ કંસના ભયથી અન્યત્ર દિશાઓમાં ચાલ્યા ગયા હતા એવા યદુ, વૃષ્ણિ, અન્ધક, મધુ, દાશાર્હ, કુકુર વગેરેને બોલાવી નગરમાં વસાવ્યા ।।૧૫।।

વિશ્વવિધાતા શ્રીકૃષ્ણે તેમને બોલાવી તેમનો સત્કાર કરી તેમને આશ્વાસન આપ્યું. તેમને ઘરબાર છોડવાં પડેલાં તેથી તેઓ શરીરે અને પૈસે ટકે પાયમાલ થઈ ગયેલા. તેમને પોતપોતાનાં ઘરોમાં વસાવ્યા અને તેમને ધન તથા સમ્પત્તિ આપી ખૂબ સન્તુષ્ટ કર્યા ।।૧૬।।

હવે બધા યાદવો ભગવાન્ શ્રીકૃષ્ણ તથા બલદેવજી ના બાહુબલથી સુરક્ષિત હતા. એમની કૃપાથી તેમને કોઈ પ્રકારની વ્યથા નહોતી, દુઃખ નહોતું તેમના બધા

મનોરથો પૂર્ણ થઈ ગયા, દૈહિક તેમ જ માનસિક તાપ રહ્યા નહિ. હવે તેઓ પોતપોતાનાં ઘરોમાં આનન્દથી વિહાર કરવા લાગ્યા ।।૧૭।।

ભગવાન્ શ્રીકૃષ્ણનું વદન આનન્દનું સદન છે. તે નિત્ય પ્રફુલ્લિત, કદી ન કરમાય તેવું કમલ છે. તેનું સૌન્દર્ય અપાર છે. દયાયુક્ત હાસ્ય અને દૃષ્ટિ તેના ઉપર સદા નાચતાં રહે છે. યદુવંશી દિન-પ્રતિદિન તેનાં દર્શન કરી આનન્દમગ્ન રહે છે ।।૧૮।।

ભગવાન્‌ના મુખકમળની સુધાનું નેત્રવડે વારંવાર પાન કરતા વૃદ્ધો પણ યુવાન અને અતિ બળવાન થઈ ગયા ।।૧૯।।

પછી સંકર્ષણ અને ભગવાન્ નન્દરાયજીની પાસે આવીને હે રાજેન્દ્ર! એને આલિંગન કરી આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૨૦।।

**રામ-કૃષ્ણે કહ્યું :** ‘‘હે પિતાજી! આપે અને યશોદા માતાએ અત્યન્ત સ્નેહથી અમારું લાલન-પાલન કર્યું છે. માતા-પિતા પોતાના શરીરથી પણ વધારે પ્રેમ પોતાનાં સન્તાન ઉપર રાખે છે એમાં કાંઈ શંકા નથી ।।૨૧।।

પોષણ અને રક્ષણ માં અસમર્થ માતા-પિતા એ જેને છોડી દીધાં હોય તેને જે પોતાના પુત્રની પેઠે પોષે એ જ એનાં માતા અને એ જ પિતા કહેવાય ।।૨૨।।

હે તાત! આપ વ્રજમાં પધારો. અમો અહીં સુહૃદોને સુખી કરીને સ્નેહથી દુઃખી જ્ઞાતિરૂપ આપને જોવા આવીશું ।।૨૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ભગવાન્ શ્રીકૃષ્ણે નન્દરાયજી તથા બીજા વ્રજવાસીઓને આ પ્રમાણે સમજાવી ઘણા આદર સાથે વસ્ત્રો, આભૂષણો અને કાંસા-તામ્બા-પિત્તળનાં વાસણો આપી તેનો સત્કાર કર્યો ।।૨૪।।

નન્દરાયજી પ્રેમમાં વિહ્‌વલ બન્યા. બન્ને ભાઈઓને આલિંગન કર્યું અશ્રુપૂર્ણ નેત્રવાળા એ ગોપાલોની સાથે પોતાના વ્રજમાં પધાર્યા ।।૨૫।।

હે રાજન્! હવે વસુદેવજીએ ગર્ગાચાર્ય પુરોહિત અને બીજા બ્રાહ્મણોને બોલાવી પોતાના પુત્ર કૃષ્ણ બલદેવને વિધિ પ્રમાણે ક્ષત્રિયોમાં થતો યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યો ।।૨૬।।

તેમણે વિવિધ પ્રકારનાં વસ્ત્રો અને આભૂષણોથી બ્રાહ્મણોનો સત્કાર કરી તેમને ઘણી દક્ષિણા અને વાછડાંવાળી ગાયો આપી. તે બધી ગાયોનાં ગળાંમાં સોનાની માલા પહેરાવેલી હતી. બીજાં પણ ઘણાં આભૂષણો, રેશમી વસ્ત્રો અને માલાઓ

થી તેઓ વિભૂષિત હતી ।।૨૭।।

મહામતિ વસુદેવજીએ ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજી ના જન્મ-નક્ષત્ર વખતે જેટલી ગાયો મનમાં સંકલ્પ કરીને આપી હતી તે કંસે પહેલાં અન્યાયથી છીનવી લીધી હતી અને તે હવે પાછી મળતાં બ્રાહ્મણોને દાનમાં આપી ।।૨૮।।

કૃષ્ણ રામને જ્યારે સંસ્કાર થયો ત્યારે એમને દ્વિજત્વ પ્રાપ્ત થયું. એમણે યદુકુલના આચાર્ય ગર્ગાચાર્યની પાસેથી ગાયત્રીનું વ્રત ધારણ કર્યું ।।૨૯।।

સર્વ વિદ્યાના ઉત્પત્તિ સ્થાનરૂપ, સર્વજ્ઞ, જગતના ઈશ્વર છતાં મનુષ્ય ચેષ્ટાથી સ્વતઃસિદ્ધ જ્ઞાનને છુપાવતા ।।૩૦।।

ગુરુકુલમાં વાસ કરવાને ઈચ્છતા શ્રીકૃષ્ણ અને બલદેવ કાશ્ય અથવા કાશ્યપગોત્રમાં થયેલા એવા સાંદીપનિ નામના ઉજ્જયિનીમાં રહેતા ગુરુની પાસે પધાર્યા ।।૩૧।।

ત્યાં જઈ ઈન્દ્રિયોને જીતી ગુરુએ બતાવેલ રીતિ પોતે પાળતા અને બીજાને શીખવતા, દેવના જેવી ગુરુમાં ભક્તિ રાખતા, આદરથી એમની સેવા કરવા લાગ્યા ।।૩૨।।

એમનાં શુદ્ધ ભાવ અને સેવાને જોઈ બ્રાહ્મણમાં શ્રેષ્ઠ સાંદીપનિ પ્રસન્ન થયા. અને ગુરુએ છ અંગ અને ઉપનિષદ્ સાથે બધા વેદ એમને ભણાવ્યા ।।૩૩।।

ઉપરાંત મન્ત્રો અને દેવતાઓ ના જ્ઞાનસહિત ધનુર્વેદ, મનુસ્મૃતિ વગેરે ધર્મશાસ્ત્ર, સામ વગેરે ન્યાયશાસ્ત્ર (તર્કવિદ્યા), સાંખ્ય, યોગ વગેરે રૂપી આત્મવિદ્યા અને છ પ્રકારની રાજનીતિ ભણાવી. (રાજનીતિના છ પ્રકારઃસન્ધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધ અને આશ્રય) ।।૩૪।।

હે રાજન્! નરવરમાં શ્રેષ્ઠ, સર્વ વિદ્યાના પ્રવર્તક રામ-કૃષ્ણે ગુરુના એક વખત કહેવા માત્રથી એ બધું ગ્રહણ કરી લીધું ।।૩૫।।

હે રાજન્! સંયમી શિરોમણિ બન્ને ભાઈઓ ચોસઠ અહેરાત્રમાં *ચોસઠ કલા શીખી ગયા. જ્યારે શીખવાનું પૂરું થયું ત્યારે આચાર્યને ગુરુદક્ષિણાનેમાટે પ્રાર્થના કરી ।।૩૬।।

**વિશેષ : ચોસઠ કલાઓ : ૧. ગીત :** ગાયન વિદ્યા અને એના સુર-તાલના ભેદ વગેરે બધું એમાં આવી જાય. **૨. વાદ્ય :** અનેક પ્રકારનાં વાજિન્ત્ર વગાડવાની વિદ્યા. **૩. નૃત્યઃ** નાચવાનું. **૪. નાટ્ય :** અભિનયથી બતાવવાના ભાવ, જેનાથી બીજો હૃદયનો ભાવ સમજી

જાય. **૫. આલેખ્ય (ચિત્રકળા)** : લખવાના બધા ભેદ. **૬.વિશેષક છેદ્ય** : કાતરીને અનેક પ્રકારના નમૂના કરવા. **૭. તણ્ડુલ કુસુમ બલિપ્રકાર** : ચોખા અથવા પુષ્પ નાં અનેક મંડળ બનાવવાં, સાથીઆ-આરતી બનાવવાં. **૮. પુષ્પાસ્તરણ** : પુષ્પોને શય્યાની જેમ બિછાવવાં તેમ જ પુષ્પમાંથી વસ્ત્ર બનાવવા. **૯. દશનવસનાંગરાગ** : દાંત રંગવા, કપડાં રંગવા, શરીર રંગવા વેગરેની કળા. **૧૦. મણિભૂમિકા કર્મ** : ભૂમિમાં મણિઓની ગોઠવણ કરવાની વિદ્યા. **૧૧. શયનરચન** : શયનની રચનાની ગોઠવણ કરવાની વિદ્યા. **૧૨. ઉદકવાદ્ય અને ઉદકાઘાત** : પાત્રમાં જલ ભરી અને વગાડવું. જલમાં ક્ષેપ કરવો, જલને તાડન કરવું, ઊંચેથી પડવું, વગેરેની વિદ્યા. **૧૩. ચિત્રયોગ** : અનેક ચમત્કારકારક પ્રયોગ કરવા. **૧૪. માલ્યગ્રથનઃ** જુદી-જુદી રીતે માલાઓ ગૂંથવાના પ્રકાર. **૧૫. શેખરાપીડયોજન** : માથા ઉપર પહેરવાના ફૂલનાં મુકુટ, ટોપી, કિરીટ વગેરે બનાવવાં. **૧૬. નેપથ્યયોગ** : અનેક જાતના પોશાકની કલા; નટશાળા વગેરે નિર્માણના પ્રકાર. **૧૭. કર્ણપત્ર ભંગ** : કાન ઉપર રાખવાનાં ફૂલમાં વિચિત્રતા દેખાડવી; કેસર, કસ્તુરી, ચન્દન વગેરે સુગન્ધી પદાર્થોથી કર્ણો ઉપર વિચિત્ર આકૃતિઓ દોરવી. **૧૮. સુગન્ધયુક્તિ** : સુગન્ધવાળા ચન્દનને વસ્ત્રની જેમ ધરવું, સુગન્ધીનું મિશ્રણ કરવું વગેરેની વિદ્યા. **૧૯. ભૂષણયોજન** : એનક પ્રકારનાં આભરણ બનાવવા અને પહેરવાની રીતિ. **૨૦. ઐન્દ્રજાલ** : ન હોય એવી વસ્તુ માયાથી બતાવવાના પ્રયોગ કરવા. **૨૧. કૌચુમારયોગ** : એક છતાં જુદી-જુદી રીતે વેશ કરી કોઈને ખબર ન પડે એવા પ્રયોગ કરવા. **૨૨. હસ્તલાઘવ** : હાથ ચાલાકીના પ્રયોગ કરી બતાવવા. **૨૩. ચિત્ર શાકા પૂપ ભક્ષ્ય વિકાર ક્રિયા** : અનેક પ્રકારનાં શાક, પૂડલા, મિઠાઈ વગેરે ખાવાની ચીજો બનાવવાની વિદ્યા. **૨૪. પાનકરસરાગાસવયોજના** : અનેક ફલના રસના પણા એવા રસમાંથી માદક પદાર્થો બનાવવાની રીતિ. **૨૫. સૂચિ વાયક કર્મ** : શીવવાની કળા, ગૂંથણકામ. **૨૬.સૂત્રક્રીડાઃ** દોરીના સંચાલનથી પૂતળી નાચે તેવા પ્રયોગની વિદ્યા. **૨૭. વીણા ડમરુ વાદ્ય** : વીણા ડમરુ વગેરે બનાવવાની-વગાડવાની વિદ્યા. **૨૮. પ્રહેલિકા** : કૂટ વાક્યો સમજવાં, અનેકાર્થવાળાં ગદ્યપદ્યો રચવાં વગેરેની વિદ્યા. **૨૯. પ્રતિમાલા** : સર્વ વસ્તુનું અનુકરણ કરવું. **૩૦.દુર્વાચકયોગ** : ચાર અક્ષરનાં નામ લેવાં વગેરે, જેને પેદા કરતાં ઘણી મુશ્કેલી આવે. **૩૧. પુસ્તકવાચન** : જલદી વાંચતાં કેટલાક અક્ષર ન લખ્યા હોય તેને પણ બુદ્ધિથી કલ્પી વાંચી જવા એવી જાતની વિદ્યા. **૩૨.નાટકાખ્યાયિકાદર્શન** : દીવાની આગળ પડદો રાખી એ પડદામાં નાટક, આખ્યાયિકા વગેરે બતાવવાં, સિનેમા વગેરે અથવા વસ્ત્ર બનાવવાં તેમાં નાટક કે કથાની વાત સ્ફુરે એવી રચના કરવાની વિદ્યા. **૩૩.**

**કાવ્યસમસ્યપૂરણ :** કવિતામાંથી કેટલાક અક્ષર દૂર કરી બીજા અક્ષર ગોઠવવા, અર્થ એ જ રહે, સમસ્યા પૂર્ણ કરવી. **૩૪.પત્રિકાચિત્રવાચન વિકલ્પો-પટ્ટિકાવેત્રવાચન વિકલ્પ :** એવો પણ પાઠ છે. નાના પ્રકારના બોકડાના યુદ્ધના પ્રકાર અથવા નેતરને ગૂંથવાના પ્રકારો વગેરેની વિદ્યા. **૩૫.તર્કુવિદ્યા :** તાકડી (તકલી) ત્રાક રેંટિયા વગેરેથી સૂતર કાંતવાના પ્રકાર જેમાં આવે તે વિદ્યા) **તર્કકર્મ :** તર્કથી જ સર્વ પદાર્થોનું જ્ઞાન અને કૃતિ. **૩૬. તક્ષણ :** કંડારીને આકૃતિ બનાવવીદ્ન શિલ્પવિદ્યા. **૩૭. વાસ્તુવિદ્યા :** ઘર અને રાજમહેલ બનાવવાની વિદ્યા. **૩૮.રૂપરત્ન પરીક્ષા :** રૂપની અને રત્નની પરીક્ષા, **''રૂપ્ય''** પાઠ હોય તો કોરી વગેરે રૂપાનાણું પારખવાની વિદ્યા. **૩૯. ધાતુવાદ :** નાના પ્રકારની ધાતુઓ બનાવવાના પ્રકાર, સોનાં કરવાની રીતિ, ધાતુની મેળવણીથી એમાં વિશેષાધાન કરવાની રીતિ. **૪૦. મણિરાગજ્ઞાનઃ** પન્ના માણેક વગેરેમાં રંગ ચડાવવાની રીતિ. **૪૧. આકરજ્ઞાન :** સોનાની રૂપાની હીરાની ખાણો ક્યાં નીકળશે એ જોવાની રીતિ. **૪૨. વૃક્ષાર્યુવેદ :** વૃક્ષોને આરોગ્ય મળે એના રોગ દૂર થાય એમાં બીજા વૃક્ષની મેળવણી થાય, બીજ વગરનાં ફલો ઉત્પન્ન કરવાં, વગેરે ઝાડવાં ઉછેરવાની વિદ્યા. **૪૩. મેષ કુક્કુટ લાવક યુદ્ધ વિધિ :** ઘેટાં, કૂકડાં અને તેતરને લડાવવા. **૪૪. શુક સારિકા પ્રલાપ :** પોપટ અને મેના ને બોલતા શીખવવાની વિદ્યા. **૪૫. ઉત્સાદનઃ** બીજાના મનને ઉદ્વેગ કરે તેવા મન્ત્રપ્રયોગો કરવા, જેનાથી એ પોતાની બુદ્ધિનો કાબૂ ખોઈ બેસે. **૪૬. કેશમાર્જનકૌશલ :** માથું ગૂંથવાની ચતુરાઈ. **૪૭. અક્ષરમુષ્ટિકાકથન :** બીજાએ જોયેલ પદાર્થો અને મુઠ્ઠીમાં રહેલ વસ્તુ જાણી કહી દેવું. **૪૮. મ્લેચ્છિત કલિકલ્પાઃ** શત્રુ મ્લેચ્છ થઈ જાય અથવા પરસ્પર કલહ થઈ જાય એવી વિદ્યા-બીજાઓ આનો અર્થ બીજી રીતે કરે છે એમાં પાઠભેદ પણ દેખાય છે.મ્લેચ્છિત કુતર્કવિકલ્પ એમ પણ પાઠ છે. **૪૯. દેશભાષાજ્ઞાન :** અનેક દેશની ભાષા જાણવી. **૫૦. પુષ્પશકટિકાનિર્માણ :** પુષ્પમાંથી વાહન બનાવવાં, વિમાનો બનાવવાનું જ્ઞાન કરાવનારી વિદ્યા. **૫૧.યન્ત્રમાતૃકા ધારણ માતૃકા :** પ્રતિમાને ચલાવવી. કરપલ્લવી વિદ્યાથી બીજાને જ્ઞાન ન થાય તેમ સંકેત બતાવવો, શતાવધાન, અષ્ટાવધાનમાં પરભાષાને પણ ધારણ કરી એને એક સાથે બોલી દેવી વગેરે. **૫૨. માનસી કાવ્યક્રિયા :** સામા માણસના મનમાં જે હોય તે કહી બતાવવાની વિદ્યા. **૫૩. સમ્પાદ્યમ્ :** હીરા વગેરેના ભેદનના પ્રકાર જાણવાની વિદ્યા. **૫૪.અભિધાનકોશઃ** બીજાએ બોલેલું આનુપૂર્વીથી બોલી દેવું. **૫૫. છન્દોજ્ઞાન :** નાના પ્રકારની કવિતા કરવાનું જ્ઞાન અથવા પુરુષને જોઈને એના સ્વભાવને કહી દેવાનું જ્ઞાન. **૫૬.ક્રિયાવિકલ્પ :** જે વસ્તુ જે રીતે બનતી હોય તેનાથી જુદી રીતે એ બનાવી દેવાનું જ્ઞાન.

**૫૭. છલિતકયોગ :** બીજાને છળવાના ઉપાય જેમાં હોય તેવી વિદ્યા. **૫૮. વસ્ત્રગોપનઃ** વસ્ત્રને છુપાવવાની વિદ્યા અથવા સામાન્યને વિશેષરૂપમાં બતાવવાના પ્રકાર. **૫૯.દ્યુતવિશેષઃ** જુગાર રમવાનું જ્ઞાન. **૬૦. આકર્ષક્રીડા :** આકર્ષણ કરવાની વિદ્યા. **૬૧. બાલક્રીડનકઃ** બાળકોને રમત કરતાં જ્ઞાન મળે એવા પ્રકારની વિદ્યા. **૬૨. વૈનયિકી :** વિનય રાખવાની વિદ્યા. **૬૩. વૈજયિની :** વિજય મેળવવાની રીતિ બતાવનારી વિદ્યા. **૬૪. વૈતાલિકી વિદ્યાનું જ્ઞાન :** સ્તુતિ કરવાની વિદ્યાનું જ્ઞાન.

બ્રાહ્મણે એમના અદ્‌ભુત મહિમાનો વિચાર કર્યો. માણસમાં ન હોય એવી એમની બુદ્ધિ જોઈ પત્નીની સાથે વિચાર કર્યો કે આ કોઈ મહાનુભાવ છે, આની પાસેથી ગુરુદક્ષિણામાં શું માગવું? એનો વિચાર કરી પ્રભાસમાં મહાસમુદ્રમાં પોતાનો *બાળક મરી ગયેલ તેને પાછો લાવી આપવાની દક્ષિણા તરીકે માગણી કરી ।।૩૭।।

**વિશેષ :** કૃષ્ણના ગુરુનાં પત્ની એક દિવસ ગાયને દોહન કરવા બેઠાં હતાં ત્યારે કૃષ્ણ થોડે દૂર સન્ધ્યા કરતા હતા. ગુરુપત્નીએ પાત્ર નાનું પડતાં બીજું પાત્ર કૃષ્ણપાસે માગ્યું ત્યારે કૃષ્ણ જો સન્ધ્યા છોડે તો મર્યાદા લોપ થાય, ગુરુપત્નીનું વાક્ય ન માને તો એનો અપરાધ બને એ બન્નેથી છૂટવામાટે પોતે પોતાના પ્રભાવથી ત્યાં બેઠાં-બેઠાં શ્રીહસ્તને લંબાવીને પાત્ર લઈ એ ગુરુપત્નીને ત્યાં બેઠાં આપ્યું. એ જોઈ ગુરુપત્ની મનમાં વિસ્મય પામી મનમાં સમજ્યાં કે આ શિષ્ય સાધારણ માણસ નથી પણ કોઈ પ્રભાવશાળી વ્યક્તિ છે તેથી એમણે દક્ષિણાના સમયે મૃત પુત્રને માગ્યો. આ કથા બીજા પુરાણમાં છે.

કૃષ્ણ બલદેવે ગુરુજીની એ આજ્ઞાનો સ્વીકાર કરી, રથમાં સવાર થઈ પ્રભાસક્ષેત્રમાં આવ્યા. અથાક પરાક્રમવાળા તેઓ સમુદ્ર કિનારા ઉપર જઈ બેઠા, ત્યાં સમુદ્રે એમની પૂજા કરી ।।૩૮।।

**ભગવાને સમુદ્રને કહ્યું :**''અમારા ગુરુનો પુત્ર તમે મોટા મોજામાં ખેંચી લીધો હતો તે પાછો આપો'' ।।૩૯।।

**સમુદ્રે કહ્યું :** હે દેવ! મેં એને લીધો નથી, પણ પંચજન નામનો મોટો દૈત્ય મારા જલની અન્દર રહે છે તે શંખનું રૂપ ધરીને જલમાં રહ્યો છે તે આપના ગુરુપુત્રને લઈ ગયો છે. એ સાંભળી શ્રીકૃષ્ણ જળમાં પેઠા અને શંખાસુરનો સંહાર કર્યો પણ એના પેટમાં ગુરુપુત્રને ન જોયો ।।૪૦-૪૧।।

પછી એનો શરીરરૂપ શંખ હતો તેને લઈને રથ ઉપર આવ્યા. ત્યાંથી યમરાજાની પ્રિય નગર સંયમની નગરીમાં ગયા ।।૪૨।।

ત્યાં જઈ જનાર્દને શંખ ફૂંક્યો. બન્ને ભાઈઓ ત્યાં ગયા એ જાણી પ્રજાનું સંયમન કરનાર યમરાજાએ એમની ભક્તિથી મહાપૂજા કરી નમ્રતાથી સર્વભૂતના અન્તઃકરણમાં રહેનાર શ્રીકૃષ્ણને કહેવા લાગ્યાઃ''હે લીલા મનુષ્ય! હે વિષ્ણો! હું આપની શું સેવા કરું? આજ્ઞા કરો'' ।।૪૩-૪૪।।

**શ્રીભગવાન્ બોલ્યા :** અમારા ગુરુનો પુત્ર એના કર્મને લઈને તમારે ત્યાં આવ્યો છે. હે મહારાજ! મારી આજ્ઞાને માન આપી (એનાં કર્મો ઉપર ધ્યાન નહિ આપતાં) એ ગુરુપુત્ર અમને પાછો લાવી આપો ।।૪૫।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ''યમરાજે જેવી આજ્ઞા'' એમકહી ગુરુપુત્ર આપ્યો. યદૂત્તમ રામ-કૃષ્ણે એ પુત્રને ગુરુને સોંપી કહ્યું:''હવે બીજું જે જોઈએ તે માંગો'' ।।૪૬।।

**ગુરુ બોલ્યા :** હે વત્સ! તમે બન્નેએ ઘણી બધી ગુરુદક્ષિણા આપી. હવે બીજું વધારે જોઈએ પણ શું? આપના જેવા પુરુષોત્તમોના ગુરુનો ક્યો મનોરથ અપૂર્ણ રહી શકે? ।।૪૭।।

હે વીર! તમે બન્ને તમારે ઘેર જાઓ. તમારી પવિત્ર કીર્તિ થાઓ. તમોએ મારી પાસેથી ભણેલા વેદો અયાતયામ થાઓ (એટલે એ આ લોક અને પરલોક માં તાજા ભણેલા હોય તેવા જ સદા રહો; એનું ક્ષણ પણ વિસ્મરણ ન થાઓ) ।।૪૮।।

ગુરુએ એવીરીતે ઘેર જવાની રજા આપી ત્યારે વાયુના જેવા વેગવાળા મેઘના જેવા શબ્દ કરતા રથમાં સવાર થઈ, હે તાત! તેઓ પોતાની નગરી મથુરામાં પધાર્યા ।।૪૯।।

**સમનન્દન્ પ્રજાઃ સર્વા દૃષ્ટ્વા રામજનાર્દનૌ।**
**અપશ્યન્ત્યો બહ્વહાનિ નષ્ટલબ્ધધના ઈવ ।।૫૦।।**

રામ-કૃષ્ણને જોઈને પ્રજા બધી રાજી થઈ. ઘણા દિવસથી એમનાં દર્શન નહોતાં થયાં તેથી, જેમ ધન નાશ પામ્યું હોય ને પાછું મળે ત્યારે માણસ રાજી થાય તેમ, રાજી થઈ ।।૫૦।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના બીજા પ્રમેય-પેટાપ્રકરણનો યશ રૂપ ત્રીજો) ''મથુરામાં શાન્તિ સ્થાપી ભગવાન્ ગુરુને ત્યાં પધાર્યા''નામનો પીસ્તાલીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં બેતાલીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૪૬

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૪૩

# ઉદ્ધવજીએ ગોકુલ જઈ નન્દ-યશોદાજી અને ગોપીજનોનું સાન્ત્વન કર્યું

### ત્રીજા રાજસ પ્રકરણનું બીજું પ્રમેય પ્રકરણ અધ્યાય૪

**વિશેષ :** આ ૪૬મા અધ્યાયમાં ભગવાને પોતે વ્રજમાં પધારીને નન્દરાયજી યશોદાજી વગેરેનો નિરોધ કર્યો છે. એ યશોદાજી અને નન્દરાયજી ને નિરોધ કહેવાઈ ગયો છે, છતાં અહીં ફરીથી એમનો નિરોધ કહેવામાં આવે છે. આ પછીના અધ્યાયમાં ગોપીજનોને પણ નિરોધ કહે છે. તેથી જે કહ્યું છે તેનું સમર્થન થાય છે. જે તામસો હતા તેનું રાજસ્પણું પણ એટલાથી સિદ્ધ થશે અને ભગવાન્‌ની કૃપાનો અને ગોપીજનોના પ્રેમનો ઉત્કર્ષ પણ એ કહેવાથીસિદ્ધ થશે. તેથીઉદ્ધવજીને ભગવાને વ્રજમાં મોકલ્યા છે.

**વૃષ્ણીનાં પ્રવરો મન્ત્રી કૃષ્ણસ્ય દયિતઃ સખા ।।**
**શિષ્યો બૃહસ્પતેઃ સાક્ષાદુદ્ધવો બુદ્ધિસત્તમઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : વૃષ્ણિના શ્રેષ્ઠ મન્ત્રી, કૃષ્ણના પ્રિયમિત્ર, સાક્ષાત્ બૃહસ્પતિના શિષ્ય અને બુદ્ધિ માં અતિ શ્રેષ્ઠ ઉદ્ધવજી છે ।।૧।।

એ ભગવાન્‌ને અતિ પ્રિય છે, ભક્ત છે, અનન્ય છે. શરણાગતની આર્તિને હરનાર હરિ એને પોતાના હાથથી પકડી કહેવા લાગ્યાઃ ।।૨।।

હે ઉદ્ધવજી! તમે વ્રજમાં જાઓ. હે સૌમ્ય! ત્યાં અમારાં માતા-પિતા રહે છે તેમને પ્રીતિ થાય એમ કરો. ગોપીજનોને મારા વિયોગનું માનસિક દુઃખ છે તેનાથી એમને મુક્ત કરો ।।૩।।

વહાલા ઉદ્ધવ! ગોપીજનોનું મન નિત્ય નિરન્તર મારામાં જ લાગેલું રહે છે. એમના પ્રાણ એમનું જીવન એમનું સર્વસ્વ હું જ છું. તેઓ તેમના દેહને પણ મારો કરીને બેઠાં છે. તેમણે દેહના ધર્મો છોડી દીધા છે. મારું એ વ્રત છે કે જે લોકો મારે માટે લૌકિક વૈદિક ધર્મોને છોડી દે છે તેમને હું મારામાં ધારણ કરું છું તેમની સંભાળ હું રાખું છું ।।૪।।

હું તે ગોપીજનોનો પરમ પ્રિયતમ છું. મારા અહીં ચાલ્યા આવવાથી તેમનાથી હું દૂર પડી ગયો છું. તેઓ વારંવાર મારું સ્મરણ કરતાં-કરતાં મૂર્છિત થઈ જાય છે. મારા

વિરહની વ્યથાથી તેઓ વિહ્વલ થઈ રહ્યાં છે, પ્રતિક્ષણ મારેમાટે ઉત્કંઠિત રહે છે ॥૫॥

એ ગોપીજનોએ અત્યારે મહાન કષ્ટ અને યત્ન થી પોતાના પ્રાણોને જેમ-તેમ કરી ટકાવી રાખ્યા છે. મેં તેમને કહેલું કે ''હું આવીશ'' બસ આ જ એમના જીવનનો આધાર છે. ઉદ્ધવ! વધારે તો શું કહું, હું જ એમનો આત્મા છું. તેઓ નિત્ય નિરન્તર મારામાં જ તન્મય રહે છે ॥૬॥

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે રાજન્! એમ ભગવાને ઉદ્ધવજીને કહ્યું ત્યારે આદરપૂર્વક સન્દેશો લઈ પોતાના સ્વામીનું કાર્ય અવશ્ય કર્તવ્ય સમજી રથમાં બેસી ઉદ્ધવજી નન્દજીના ગોકુલ ગયા ॥૭॥

શ્રીયુત ઉદ્ધવજી સૂર્યાસ્ત વખતે નન્દજીના વ્રજમાં આવ્યા તે વખતે પશુ આવતાં હતાં તેની ખુરરજથી રથ ઢંકાઈ ગયો ॥૮॥

(વ્રજનું વર્ણન કરતાં કહે છે કે) ઋતુમતી ગાયોને માટે સાંઢો લડી રહ્યા છે તેવા મતવાલા સાંઢોથી ગાજતું, નવપ્રસૂતા આમ તેમ પોતાના વત્સમાટે દોડે છે, આઉના ભરાથી શ્રમ થાય છે છતાં પુત્ર વાત્સલ્યને લઈને દોડે છે, તેવી ગાયોથી વ્રજ શોભા આપે છે ॥૯॥

આમ તેમ ફરતાં ગાયોના ધોળાં વાછડાંથી શોભતું, ગાયોના દોહનના શબ્દો અને વેણુના શબ્દોથી શોભાયમાન, બલ અને શ્રીકૃષ્ણ ના શુભ કર્મનું ગાન કરતી, સારી રીતે શૃંગાર કરીને બેઠેલાં ગોપીજનો અને ગોપો થી સુશોભિત વ્રજને ઉદ્ધવજીએ જોયું ॥૧૦-૧૧॥

અગ્નિ, સૂર્ય, અતિથિ, ગાય, બ્રાહ્મણ, પિતૃ અને દેવો ની જેમાં ધૂપ, દીપ, પુષ્પ ની માળાવડે પૂજા થઈ રહી છે તેવા ગોપોનાં ગૃહોવડે સુન્દર દેખાતું વ્રજ ઉદ્ધવજીએ જોયું ॥૧૨॥

જ્યાં સર્વત્ર વનમાં પુષ્પો પ્રફુલ્લિત થઈ રહ્યાં છે, પક્ષીઓ અને ભ્રમરો શબ્દ કરી રહ્યા છે, હંસ બતક વગેરેથી તેમજ પદ્મના સમૂહથી શોભાયમાન વ્રજને ઉદ્ધવજીએ જોયું ॥૧૩॥

નન્દરાયજીએ શ્રીકૃષ્ણના અનુચર ઉદ્ધવજીને જોઈ એમને મળી પ્રસન્ન થઈ આલિંગન કરી તેમનું એવી રીતે સન્માન કર્યું કે સાક્ષાત્ શ્રીકૃષ્ણ પધાર્યા હોય ॥૧૪॥

સમય થયો ત્યારે ઉદ્ધવજીને ઉત્તમ અન્નનું ભોજન કરાવ્યું અને જ્યારે તેઓ આરામથી પલંગ ઉપર બેસી ગયા ત્યારે સેવકોએ તેમના પગ દબાવી, પંખો કરી તેમનો થાક દૂર કર્યો ।।૧૫।।

નન્દરાયજીએ ઉદ્ધવજીને પૂછ્યું, ''પરમ ભાગ્યવાન્ ઉદ્ધવજી! હવે અમારા મિત્ર વસુદેવજી જેલમાંથી છૂટી ગયા. તેમના આત્મીય સ્વજન તથા પુત્ર આદિ તેમની સાથે છે. અત્યારે તે બધાં કુશળ છે ને? ।।૧૬।।

પાપી કંસ એના અનુચરોની સાથે પોતાના પાપથી મર્યો એ ઘણું સારું થયું કારણ કે તે સજ્જન અને ધર્મવાળા યાદવોનો હમેશાં દ્વેષ કરતો હતો ।।૧૭।।

શ્રીકૃષ્ણ ક્યારેય અમને યાદ કરે છે? આ એમની માતા છે, સ્વજન સમ્બન્ધી છે, મિત્રો છે, ગોપો છે તેમને જ પોતાના સ્વામી અને સર્વસ્વ માનવાવાળું વ્રજ છે. આ તેમની જ ગાયો, વૃન્દાવન અને ગિરિરાજજી છે. શું તે ક્યારેય તેમને યાદ કરે છે? ।।૧૮।।

ગોવિન્દ પોતાના સ્વજનોને જોવાને એક વખત અહીં પધારશે ખરા? જો આવશે તો સુન્દર નાસિકાવાળું અને સુસ્મિત અવલોકનવાળું એમનું મુખ અમો જોઈશું ।।૧૯।।

દાવાગ્નિથી, વંટોળિયાથી, વરસાદથી, અરિષ્ટથી અને કાલિય સર્પથી શ્રીકૃષ્ણે અમારું રક્ષણ કર્યું છે. સુહૃદ અને અમારા આત્મારૂપ શ્રીકૃષ્ણે એટલાથી રક્ષા કરી છે એમ નથી, પણ જે કોઈથી દૂર ન થઈ શકે તેવાં મૃત્યુનાં અનેક નિમિત્તોથી એમણે અમને બચાવ્યા છે ।।૨૦।।

શ્રીકૃષ્ણનું લીલાયુક્ત કટાક્ષથી જોવું તેમ જ એનાં બીજાં પરાક્રમોને એના હસવાને એના ભાષણ વગેરેને યાદ કરતાં અમારી સર્વ ક્રિયાઓ શિથિલ થઈ જાય છે ।।૨૧।।

જ્યારે અમે જોઈએ છીએ કે આ તે જ નદી છે જેમાં શ્રીકૃષ્ણ જલક્રીડા કરતા હતા; એ તે જ ગિરિરાજ છે જેને તેમણે પોતાના એક હાથ ઉપર ઉઠાવી લીધો હતો; આ એ જ વનના પ્રદેશ છે જ્યાં શ્રીકૃષ્ણ ગાયો ચરાવતાં વેણુ વગાડતા હતા અને આ તે જ સ્થાન છે જ્યાં તે પોતાના સખાઓની સાથે અનેક પ્રકારની રમતો રમતા હતા અને સાથે-સાથે એ પણ જોઈએ છીએ કે હજુ તેમના ચરણચિહ્ન ભુસાયાં નથી. ત્યારે તેને જોઈ અમારું મન શ્રીકૃષ્ણમય થઈ જાય છે ।।૨૨।।

હું તો એમ માનું છું કે કોઈ મોટા દેવોના દેવ એ દેવોનાં મોટાં કાર્ય કરવાને મારે ત્યાં પધાર્યા છે. ગર્ગાચાર્યજીએ મને એમ જ કહ્યું હતું ।।૨૩।।

કંસ, ચાણૂર મલ્લ, કુવલયાપીડ હાથી એ બધા દસ હજાર હાથીના બળવાળા હતા છતાં, સિંહ પશુને રમત કરતાં મારે તેમ, ભગવાને એમને ક્રીડા કરતાં મારી નાખ્યા ।।૨૪।।

જેમ મોટો હાથી શેરડીના સાંઠાને ભાંગે તેમ ત્રણસો હાથનું અત્યન્ત કઠણ ધનુષ એક હાથથી ઉઠાવી એમણે ભાંગી નાંખ્યું. સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને એક હાથથી અદ્ધર ઉઠાવી રાખ્યો ।।૨૫।।

પ્રલમ્બ, ધેનુક, અરિષ્ટ, તૃણાવર્ત, બકાસુર વગેરે સુર-અસુરને જીતનાર, દૈત્યોને જેણે અહીં અમારી નજર સામે જ રમત કરતાં મારી નાખ્યા ।।૨૬।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** શ્રીકૃષ્ણમાં જેમને પરમ પ્રેમ છે તેવા નન્દરાયજી કૃષ્ણની લીલાને યાદ કરી કરીને જ્યારે પ્રેમમાં વિહ્વલ થઈ ગયા, દર્શનમાટે અત્યન્ત ઉત્કંઠિત થયા, ત્યારે કાંઈ પણ બોલી ન શક્યા એટલે હૃદયમાં અનુભવ કરતા બહારથી બોલતાં બંધ થઈ ગયા ।।૨૭।।

યશોદાજી પોતાના પુત્રનાં ચરિત્રોનું વર્ણન સાંભળીને આંખમાંથી આંસુ પાડવા લાગ્યાં અને પુત્રપ્રેમને પૂરને લીધે તેમનાં સ્તનમાંથી દૂધની ધારા વહી રહી હતી ।।૨૮।।

યશોદાજી અને નન્દરાયજી નો શ્રીકૃષ્ણમાં આવો પરમ-અનુરાગ જોઈને ઉદ્ધવજીને આનન્દ થયો અને એમણે નન્દરાયજીને ઉદ્દેશીને કહેવાનું શરૂ કર્યું ।।૨૯।।

**ઉદ્ધવજીએ કહ્યું :** ''હે માનદ! એમાં સન્દેહ નથી કે સમસ્ત શરીરધારીઓમાં આપ બન્ને સરાહના કરવા યોગ્ય છો, કારણ કે સમસ્ત ચરાચર જગતના રચનારા તથા તેને જ્ઞાન આપનારા નારાયણ છે તેના પ્રત્યે આપના હૃદયમાં દૃઢ અનુરાગવાળી બુદ્ધિ છે* ।।૩૦।।

**વિશેષ :** સત્કર્મથી માણસની સરાહના થાય છે. જ્ઞાનથી તેના કરતાં વધારે સરાહના થાય છે. ભક્તિથી જ્ઞાન કરતાં પણ વધારે સરાહના થાય છે. ભક્તિમાં પણ પરમ પ્રેમ સર્વોત્કૃષ્ણ (સર્વોત્તમ) છે. પ્રમાણબલ કરતાં પ્રમેય બલ અધિક છે તેથી સ્વતન્ત્ર ભક્તિ (શ્રવણ, કીર્તન વગેરે નવધા ભક્તિ) કરતાં પ્રમેય ભક્તિ (સ્વરૂપ વિષેની ભક્તિ) રસાલ છે.

આ બલદેવજી અને શ્રીકૃષ્ણ પુરાણ પુરુષ છે. તેઓ સમસ્ત સંસારના ઉપાદાન કારણ[1] અને નિમિત્ત કારણ[2] છે. ભગવાન્ શ્રીકૃષ્ણ પુરુષ છે. બલદેવજી પ્રકૃતિ રૂપ છે. એ જ બન્ને સમસ્ત શરીરોમાં પ્રવેશ કરી એમને જીવનદાન દે છે અને તેમાં તેથી અત્યન્ત વિલક્ષણ જે જ્ઞાન સ્વરૂપ જીવ છે તેનું નિયમન કરે છે ।।૩૧।।

**વિશેષ : ૧. ઉપાદાન કારણ :** જેમાંથી વસ્તુ બનાવવામાં આવે તે પદાર્થ. દા.ત. માટી એ ઘડાનું ઉપાદાન કારણ છે.

**૨. નિમિત્ત કારણ :** જેનાથી પદાર્થ બનાવવામાં આવે તે સાધન. દા.ત. કુમ્ભારનો ચાકડો, દંડ એ ઘડાનાં નિમિત્ત કારણ છે.

જે *જીવ મૃત્યુ વખતે પોતાના વિશુદ્ધ મનને એક ક્ષણમાટે પણ તેમાં લગાવી દે છે તે સમસ્ત કર્મ વાસનાઓને ધોઈ નાખે છે અને તરત જ સૂર્યના જેવો તેજસ્વી તથા બ્રહ્મમય થઈ પરમ ગતિને પ્રાપ્ત કરે છે ।।૩૨।।

**વિશેષ : ''જે જીવ'' :** જીવ બ્રાહ્મણ, ઋષિમુનિ હોવાની જરૂર નથી, **મૃત્યુ વખતે** બધી ઈન્દ્રિયો વિકળ હોય અને દેહ અશુદ્ધ હોય છતાંય, **ક્ષણમાટે જ મન ભગવાન્‌માં લગાવે–** લાંબો સમય નહિ, દેહ અને વાણી સ્વરૂપમાં લાગેલાં ન હોય તો પણ તે માનસિક ધ્યાન સર્વફલ સાધી આપે છે. ક્ષણ માત્ર મન સારી રીતે લગાડવાથી મન વિશુદ્ધ-નિષ્કામ- થઈ જાય છે. કર્મવાસનાઓને ધોઈ નાખે છે એટલે તેના બીજાત્મક સંઘાતનો નાશ થઈ જાય છે. તેથી જે પુરુષાર્થ જ્ઞાન વગેરેથી થાય છે, અને તે પણ ક્રમે-ક્રમે તે ક્ષણ માત્રના એક ધ્યાનથી જ થાય છે. (શ્રીસુબોધિનીજી)

તે ભગવાન્ જ, જે બધાના આત્મા અને પરમ ફલ છે, ભક્તોની અભિલાષાઓ પૂર્ણ કરવામાટે મનુષ્યના જેવું શરીર ગ્રહણ કરીને પ્રકટ થયા છે તેમના પ્રત્યે આપ બન્નેનો સુદૃઢ વાત્સલ્યભાવ છે તો પછી હે મહાત્માઓ! આપ બન્નેને માટે ક્યું શુભ કર્મ કરવાનું બાકી રહી જાય છે? ।।૩૩।।

અચ્યુત થોડા વખતમાં વ્રજમાં આવશે. સાત્વતના (યાદવો અને ભક્તો ના) પતિ ભગવાન્ વ્રજમાં આવી માતા-પિતાનું પ્રિય કરશે ।।૩૪।।

સર્વ ભક્તોના દ્વેષી કંસને રંગભૂમિ ઉપર મારી આપની પાસે આવી અહીં આવવાનું આપને જે વચન આપ્યું છે તે એ સત્ય કરશે ।।૩૫।।

હે મહાભાગ્યવાળા! આપ ખેદ ન કરો. જે શ્રીકૃષ્ણ પ્રાણીમાત્રના હૃદયમાં લાકડામાં અગ્નિની જેમ રહે છે તેનાં આપ સાક્ષાત્ દર્શન કરશો એટલે પરમાનન્દની

સમીપે ખેદને કાંઈ અવકાશ ન જ હોય ।।૩૬।।

એને કોઈ અપ્રિય નથી, કેમકે એને પોતાને માન નથી. એને કાંઈ ઉત્તમ અધમ નથી, કેમકે એ સર્વમાં સમદૃષ્ટિ રાખે છે; છતાં એની સમાન પણ જગતમાં કોઈ નથી ।।૩૭।।

એને કોઈ માતા, પિતા, સ્ત્રી, પુત્ર, પોતાનો, પારકો, દેહ કે જન્મ એ ભાવો જ નથી ।।૩૮।।

લોકમાં તેના સત્ (દેવ), અસત્ (મત્સ્ય કૂર્મ વગેરે તિર્યક્ પ્રાણીઓ) અને મિશ્ર (મનુષ્ય) યોનિમાં અવતાર થાય છે. પણ તે અવતાર તેના કોઈ કર્મને લીધે નથી. ક્રીડા કરવામાટે જ તે અવતાર છે. સાધુઓની રક્ષા કરવી એ તે ક્રીડા ભાવનો ઉદ્દેશ નથી હોતો પણ તે ક્રીડાભાવ સ્વયં સાધુ પુરુષોની રક્ષા કરવા સમર્થ હોય છે. (જેમ સૂર્યનો ઉદય થાય ત્યારે અન્ધકાર સ્વયં દૂર થઈ જાય છે, અન્ધકાર દૂર કરવા સૂર્યને કોઈ પ્રયત્ન નથી કરવો પડતો. મહારાજા ક્રીડા કરવા બહાર નીકળે ત્યારે ચોરનો ભય આપોઆપ નિવૃત્ત થઈ જાય છે) ।।૩૯।।

ભગવાન્ અજન્મા છે તેમાં પ્રાકૃત, સત્વ, રજ આદિમાંથી એક પણ ગુણ નથી. આ પ્રમાણે આ ગુણોથી અતીત હોવા છતાં લીલાને માટે ખેલ-ખેલમાં તે સત્વ, રજ અને તમદ્ આ ત્રણેય ગુણોનો સ્વીકાર કરી લે છે અને તે દ્વારા જગતની રચના, પાલન અને સંહાર કરે છે ।।૪૦।।

જેમ ભ્રમરિકા-દૃષ્ટિ* વાળાને પૃથ્વી ફરતી દેખાય છે તેમજ આ ચિત્તમાં કતૃત્વ આવતાં બુદ્ધિવડે આત્મા પોતાનું કર્તાપણું માને છે. ખરી રીતે આત્મા કર્તા નથી ।।૪૧।।

**વિશેષ** : જેમ બાળકો ફેર ફુદરડી ફરે છે કે માણસ જોરથી ચક્કર-ચક્કર ફરે છે તેની દૃષ્ટિ **ભ્રમરિકા** કહેવાય. તેને દૃષ્ટિથી પૃથ્વી પરની જડ વસ્તુઓ ગોળ ફરતી હોય તેમ લાગે છે. ખરેખર તે ફરતી હોતી નથી. એ વાત અહીં **'ભ્રમરિકા દૃષ્ટિ'**શબ્દથી કહી છે.

આ ભગવાન્ આપનાજ પુત્ર છે એમ આપે સમજવાનું નથી, પણ એ સર્વના આત્મા પુત્ર પિતા માતા અને ઈશ્વરછે ।।૪૨।।

જે કંઈ દેખાય છે કે સંભળાય છે-પછી તે ભૂતકાળ, વર્તમાન કે ભવિષ્ય ની સાથે સમ્બન્ધ રાખતું હોય, સ્થાવર કે જંગમ હોય, મોટું કે નાનું હોય-એવી કોઈ વસ્તુ નથી જે ભગવાન્ શ્રીકૃષ્ણથી પૃથક્ (જુદી) હોય. હકીકતમાં બધું તે જ છે તે જ

પરમાર્થ, સત્ય અને સર્વરૂપ છે. એના વગર કોઈ સત્તાવાળું છે જ નહિ* ।।૪૩।।

**વિશેષ :** ઐહિક, પારલૌકિક, પરિચ્છેદ્ય, અપરિચ્છેદ્ય, તણખલાંથી લઈ પર્વત સુધી, રેતીના કણથી માંડી બ્રહ્માંડ સુધી; મચ્છરથી લઈ બ્રહ્મા સુધી બધું ભગવાન્ જ છે. ભગવાન્ સિવાય કંઈ છે જ નહિ. તાત્પર્ય કે ભગવાન્ વિરુદ્ધ ધર્માશ્રયવાળાછે.

નન્દરાયજી અને ઉદ્ધવજી એમ વાતો કરતા હતા ત્યાં તો રાત પસાર થઈ ગઈ. હે રાજન્! સવાર થતાં ગોપીજનો ઉઠ્યાં અને દીવાઓ કર્યા, વાસ્તુની *પૂજા કરી અને તેઓ દહીંનું મથન કરવા લાગ્યાં ।।૪૪।।

**વિશેષ :** વાસ્તુપૂજાઃબ્રાહ્મમુહૂર્તમાં ઉઠી ઉમ્બરા (ઊમરા) ઉપર દીવો કરવો એ કેટલાકનો કુલધર્મ હોય છે અથવા ભગવાન્ અહીં સર્વદા બિરાજે છે એવા ભક્તિભાવથી દેહલિ માંડે છે.

દીવાના તેજથી એમણે પહેરેલા મણિઓ પ્રકાશયુક્ત થયા તેથી અને ભુજામાં કંકણોથી, મથન કરતાં દેહ ચલિત થાય ત્યારે નિતમ્બ, હાર, સ્તન, કુંડળ વગેરે હલે છે. એ કુંડળની કાન્તિ કપોલ ઉપર પડતાં એમનાં મુખ મણિની કાન્તિથી લાલ દેખાય છે ।।૪૫।।

અરવિન્દ લોચન ભગવાન્નું ઊંચે સ્વરે ગાન કરે છે તેવી વ્રજાંગનાનો ધ્વનિ આકાશમાં પહોંચે છે એમાં દધિ મથનનો શબ્દ મિશ્રિત થાય છે એ બન્ને શબ્દો દિશાઓના અમંગળને નિવૃત્ત કરે છે ।।૪૬।।

ભગવાન્ સૂર્યનો ઉદય થયો ત્યારે ગોપીજનોએ નન્દરાયજીના દ્વાર ઉપર સોનાનો રથ જોયો. એ બધાં પરસ્પર ભેગાં થઈ કહેવા લાગ્યાં કે આ રથ કોનો આવ્યો? ।।૪૭।।

કંસના અર્થને સિદ્ધ કરવાને પ્રથમ આવેલ અક્રૂર તો પાછો નથી આવ્યો, જે કમળ લોચન હરિને અહીંથી મથુરા લઈ ગયો હતો ।।૪૮।।

**કિં સાધયિષ્યત્યસ્માભિઃ ભર્તુઃ પ્રેતસ્ય નિષ્કૃતિમ્ ।।**
**ઇતિ સ્ત્રીણાં વદન્તીનામ્ ઉદ્ધવોઽગાત્ કૃતાહ્નિકઃ ।।૪૯।।**

હવે શું આપણને મથુરા લઈ જઈ પોતાના મરી ગયેલા સ્વામી કંસને (આપણા રુધિર અને માંસ થી) પિંડદાન કરશે? હવે તેનું અહીં આવવાનું બીજું શું પ્રયોજન હોઈ શકે છે? વ્રજવાસિની સ્ત્રીઓ આ પ્રમાણે આપસમાં વાત-ચીત કરી રહ્યાં હતાં ત્યાં નિત્યકર્મથી નિવૃત્ત થઈ ઉદ્ધવજી આવી પહોંચ્યા ।।૪૯।।

**ઇતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના બીજા**

**પ્રમેય-પેટા પ્રકરણનો શ્રીરૂપ ચોથો) ''ઉદ્ધવજીએ ગોકુલ જઈ નન્દ-યશોદા અને ગોપીજનોનું સાન્ત્વન કર્યું'' નામનો છેતાળીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં તેતાળીસમો) અધ્યાય પૂર્ણ થયો.**

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**
''પારસમણિ (ભાગવત)ને વાટકે, ભટજી (કથાકાર) માગે ભીખ''
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સે'જ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયારામ)**

# અધ્યાય ૪૭

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૪૪

# ઉદ્ધવજીએ ગોપીજનોને આપેલો ભગવાનનો આદેશ

### ત્રીજા રાજસ પ્રકરણનું બીજું પ્રમેય પ્રકરણ અ. ૫

**વિશેષ :** આ ૪૭ મા અધ્યાયમાં ભગવાન્ ગોપીજનોને જ્ઞાનનો સન્દેશો ઉદ્ધવજીદ્વારા મોકલી પ્રથમના કરતાં વિશેષ નિરોધ સારી રીતે સિદ્ધ કરી આપે છે. લોક રીત પ્રમાણે જ્યારે શ્રીકૃષ્ણ બહારગામ પધાર્યા, ત્યારે એમને સહવાસ તો રહ્યો નહિ તેથી જેમ લોકમાં પ્રીતિવાળાઓને સહવાસ મટે ત્યારે પ્રીતિ શિથિલ થાય છે તેવી ગોપીજનોની બાબતમાં કોઈને શંકા થાય કે એમનો ભગવાન્‌માં નિરોધ નથી થયો! એ શંકાની નિવૃત્તિને માટે ભગવાને પોતાના સેવકદ્વારા એમને જ્ઞાનરૂપ સન્દેશ કહેવરાવ્યો છે. પ્રીતિવડે પોતે એનો નિરોધ કર્યો તો પણ જ્ઞાનથી ફરી નિરોધ કર્યો એમાં તમે મારો આત્મા છો એમ આત્માપણે એમને પોતાનું ભાન કરાવ્યું, આથી સાત અર્થ કહ્યાઃવસ્તુનિશ્ચય, ઉપાલમ્ભ, વ્યાજોક્તિથી દોષો ગણાવ્યા, એ ત્રણ વાત થઈ. એમ ન કરે તો જ્ઞાનનો સન્દેશ વ્યર્થ થાય કેમકે એ જ્ઞાનાધિકારિણી નથી. ભક્તિ, સ્તુતિ, ઉપદેશ એ ત્રણ થયાં ત્યારે એના દોષ જતાં પૂર્વવત્ સ્નેહ થયો. એમાં જ્ઞાનનું ફલ એટલું જ કે ભગવાન્‌માં દોષબુદ્ધિ થતી હતી તેને જ માત્ર જ્ઞાને નિવૃત્ત કરી, એટલે તેઓ ભક્ત તો હતાં જ એનાવડે એ કૃતાર્થ થયાં. અહીં સાત અર્થ કહ્યા તે સાક્ષાત્ પુરુષોત્તમે કહ્યા છે કેમકે એ છ ધર્મ અને પોતે ધર્મી એમ સાત રૂપે ક્રીડા કરે છે તેથી એ સ્વરૂપથી જ અહીં ઉપદેશ થયો છે તે એણે કર્યો એટલે ગોપીજનો અનન્ય છે એમ સિદ્ધ થાય છે.

**તં વીક્ષ્ય કૃષ્ણાનુચરં વ્રજસ્ત્રિયઃ પ્રલમ્બબાહું નવકંજલોચનમ્ ।।**
**પીતામ્બરં પુષ્કરમાલિનં લસન્ મુખારવિન્દં મણિમૃષ્ટકુંડલમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : મોટી ભુજાવાળાં, નવાં કમળ સરખાં નેત્રવાળા, પીતામ્બર અને કમળની માળા ધારણ કરનાર, શુદ્ધ મણિ જડિત કુંડળયુક્ત મુખારવિન્દવાળા *ઉદ્ધવજી કૃષ્ણના સેવક છે એમ જાણી ગોપીજનો એમની નજીક ગયાં ।।૧।।

**વિશેષ** : ગોપીજનોએ ભગવાન્‌ની અસૂયા કરી આઠ દૃષ્ટાન્ત કહ્યાં ત્યારે એ ભગવાન્‌માં દોષ દૃષ્ટિવાળાં થયાં તેને ઉપદેશ આપવામાં શું ફળ? એ શંકાના સમાધાનમાં કહે છે કે એ ક્લેશને લઈને એ પ્રમાણે બોલે છે. એણે મોટાં કષ્ટોથી સર્વ પરિત્યાગ કર્યો. પૂર્વે જ ગોવિન્દમાં કાયા, વાણી અને મનનો વિનિયોગ કર્યો છે. એને માટે જ લૌકિક લજ્જાનો પણ ત્યાગ કર્યો છે. ઉદ્ધવજી આવ્યા તો એમની પાસે પણ પ્રિયકર્મનું જ ગાન કરે છે. તેથી એનો દોષ દૂર કરવો આવશ્યક છે. એ દોષ દૂર કરવામાટે ઉદ્ધવજીદ્વારા એમને ભગવાને ઉપદેશ આપ્યો છે.

ગોપીજનો આપસમાં કહેવા લાગ્યાં :''આ પુરુષના મુખ ઉપર પવિત્ર હાસ્ય ફરકી રહ્યું છે અને દેખાવમાં તો વળી બહુ જ સુન્દર છે; પરન્તુ આ કોણ છે? ક્યાંથી આવ્યા છો? કોના દૂત છે? તેમણે શ્રીકૃષ્ણનાં જ વસ્ત્રાભૂષણો પહેર્યાં છે'' બધાં ગોપીજનો (એ ભગવદીય છે એમ નિશ્ચય કરી) તેમનો પરિચય પ્રાપ્ત કરવામાટે અત્યન્ત ઉત્સુક થઈ પવિત્ર કીર્તિવાળા ભગવાન્ શ્રીકૃષ્ણના સેવક અને સખા ઉદ્ધવજીને ચારે તરફથી ઘેરી લીધા ।।૨।।

વિનયથી નમ્રતાવાળાં ગોપીજનોએ ''આ રમાપતિ ભગવાન્‌નો સન્દેશો લઈને આવ્યા છે'' એમ જાણી એમનો સારી રીતે સત્કાર કરી, લજ્જા અને હાસ્યયુક્ત નેત્ર તથા સારી વાણીવડે આસન ઉપર ઉદ્ધવજીને એકાન્તમાં બેસાડી પૂછવા લાગ્યાંઃ ।।૩।।

''હે ઉદ્ધવજી! અમે જાણીએ છીએ કે આપ યદુપતિના પાર્ષદ છો અને એમનાં માતા-પિતાને આશ્વાસન આપવા માટે અમારા સ્વામીના મોકલવાથી તમે અહીં આવ્યા છો ।।૪।।

એ સિવાય અમને તો હવે આ નન્દગામમાં-ગાયોને રહેવાની જગ્યામાં તેમને સ્મરણ કરવા યોગ્ય કોઈ પણ વસ્તુ જણાતી નથી. માતા-પિતા વગેરે સગાં સમ્બન્ધીઓનું સ્નેહબન્ધન તો મોટા-મોટા ઋષિ-મુનિઓ પણ મહા મુશ્કેલીએ

છોડી શકે છે ।।૫।।

દેહસમ્બન્ધ ન હોય તેવાની સાથે પ્રેમ-સમ્બન્ધનો સ્વાંગ કોઈ ને કોઈ સ્વાર્થમાટે જ હોય છે. પુરુષોનો સ્ત્રીઓની સાથે અને ભ્રમરોનો પુષ્પોની સાથેનો સમ્બન્ધ આવો જ સ્વાર્થનો પ્રેમસમ્બન્ધ હોય છે ।।૬।।

ગણિકા અર્થને માટે પુરુષ સાથે પ્રીતિ કરે છે; એ જ્યારે ધન રહિત થાય છે ત્યારે એને છોડી દે છે. પ્રજા રક્ષણને માટે રાજાની પ્રીતિ કરે છે. રાજા જ્યારે એના રક્ષણમાં અસમર્થ થાય છે ત્યારે પ્રજા એને છોડી દે છે. વિદ્યાર્થી આચાર્ય પાસે આવી વિદ્યા ભણે છે; એ ભણી રહ્યો કે આચાર્યને છોડી દે છે. ઋત્વિજને દક્ષિણા મળી એટલે યજમાનના ઘરને છોડીને ચાલ્યો જાય છે ।।૭।।

પક્ષીઓ જેમાંથી ફળ ખાલી થયાં છે તેવા ઝાડનો આશ્રય છોડી દે છે. અતિથિઓ ભોજન કર્યા પછી ભોજન કરાવનારના ઘરને છોડી દે છે. તેમ જ મૃગ વગેરે પશુઓ અરણ્યમાં રહેતા હોય તેને આગ લાગે તો એને છોડી બીજા જંગલમાં રહે છે. જાર પુરુષ ભોગ કર્યા પછી પ્રીતિ રાખનાર સ્ત્રીને પણ છોડી દે છે'' ।।૮।।

હે પરીક્ષિત! ગોપીજનોનાં મન, વાણી અને શરીર શ્રીકૃષ્ણમાં જ તલ્લીન હતાં. જ્યારે શ્રીકૃષ્ણના દૂત બની ઉદ્ધવજી વ્રજમાં આવ્યા ત્યારે તેમની સાથે આ પ્રમાણે વાતો કરતાં-કરતાં એ પણ ભૂલી ગયાં કે કઈ વાત કોની પાસે કેવી રીતે કહેવી જોઈએ. ભગવાન્ શ્રીકૃષ્ણે બાલ્યાવસ્થાથી લઈને કિશોર અવસ્થા સુધીમાં જેટલી લીલાઓ કરી હતી તે બધીને યાદ કરી કરીને ગોપીજનો તેમનું ગાન કરવા લાગ્યાં. તેઓ આત્મવિસ્મૃત થઈ જઈ સ્ત્રી-સુલભ લજ્જાને પણ ભૂલી ગયાં અને રુદન કરવાં લાગ્યાં (૯-૧૦) એક ગોપીજનને ભગવાન્ શ્રીકૃષ્ણની સંગમ લીલાનું સ્મરણ થઈ રહ્યું હતું તે જ વખતે તેમણે જોયું કે પાસે જ એક ભમરો ગણ ગણી રહ્યો છે. તેમણે માન્યું કે હું રિસાઈ છું એમ સમજી શ્રીકૃષ્ણે મનાવવામાટે દૂત મોકલ્યો છે. તે ગોપીજન ભ્રમરને આ પ્રમાણે કહેવા લાગ્યાં ।।૧૧।।

(શ્લોક ૧૨ થી ૨૧ સુધીમાં શ્રીગોપીજનોએ ભ્રમરને ઉદ્દેશીને ઉદ્ધવજી આગળ દર્શાવેલ વિરહ વ્યથાના આ ગીતને ભ્રમર ગીત કહેવામાં આવે છે. આ શ્લોકોમાં અન્યોક્તિ અલંકાર હોવાથી તેની સંગતિ ભ્રમરને અને ઉદ્ધવજીને એમ બન્નેને લાગુ પડે છે)

**ગોપીજને કહ્યું :** હે મધુપ-ભમરા! તું કપટીનો મિત્ર (કાર્ય સાધક) છે તેથી તું

પણ કપટી છે. સોક્યના કુચથી (વૃક્ષઃસ્થળ ઉપરના સ્તનના સ્પર્શથી) વનમાલા ચોળાએલી છે. તેનું પીળું કેસર (કુંકુમ) તારી દાઢી મૂછો ઉપર પણ લાગેલું છે તેવો તું અમારા ચરણનો સ્પર્શ ન કર. ખોટા પ્રણામ કરી અમારા પ્રત્યે અનુનયવિનય કરીશ નહિ. તું પોતે પણ કોઈ પુષ્પ પ્રત્યે પ્રેમ કરતો નથી પણ આમ તેમ ઉડ્યા કરે છે. તારા સ્વામી જેવો જ તું છે. (વ્રજપતિ મટીને) મધુપતિ બનેલા શ્રીકૃષ્ણ મથુરા નગરની માનિનીઓને ભલે મનાવ્યા કરે તેનો તે કુંકુમરૂપ કૃપા પ્રસાદ, જે યદુવંશીઓની સભામાં જરૂર ઉપહાસ (મશ્કરી) કરવા યોગ્ય છે તેને પોતાની જ પાસે રાખે. જેનો તું દૂત થઈને આવ્યો છે અથવા તારી મારફત તેને અહીં મોકલવાની જરૂર નથી. (તું અમોને છેતરવા આવ્યો છે, પરન્તુ અમે તને ઓળખી ગયા છીએ જેથી અમો છેતરાઈએ તેમ નથી) ।।૧૨।।

તું જે પુષ્પનો રસ લઈ એને છોડી દે છે તેમ ભગવાને પોતાની પરમ માદક અધર સુધાનું એક વખત પાન કરાવ્યું અને તરત જ અમારો ત્યાગ કરી અહીંથી પધારી ગયા. તું પાન કરીને છોડે છે જ્યારે ભગવાન્ અધર સુધાનું પાન કરાવી અમને છોડે છે એટલો બન્નેમાં તફાવત છે. બીજી બધી બાબતોમાં ભ્રમર અને તમે (કૃષ્ણ) સરખા જ છો, તો પછી ચંચલ સ્વભાવવાળા લક્ષ્મીજી એ ભગવાન્ના ચરણકમલની સેવા કેમ કરતાં હશે? અવશ્ય નારદજી જેવા ભક્તો શ્રીકૃષ્ણ સર્વ શ્રેષ્ઠ છે એમ ગાય છે તેથી તેમનું ચિત્ત એમાં લાગ્યું હશે. (સ્ત્રીઓ સ્વભાવથી ભોળી હોય છે) ।।૧૩।।

હે ષટ્ (છ) પગવાળા ભ્રમર! અમે તો ઘરબાર વિનાનાં છીએ. (પહેલાં ગોપીપતિ વ્રજપતિ હતા તે મટીને હવે) યદુપતિ બનેલા શ્રીકૃષ્ણનાં બહુ ગુણગાન (યશ) અમારી આગળ શા માટે ગાય છે? એ આજકાલનો નથી પણ જે તું ગાય છે તે યશ પુરાણો (જુનો) છે એટલે અમે બહુવાર સાંભળેલો છે. જેને સદાય વિજય વરેલો છે એ અર્જુનના સખા શ્રીકૃષ્ણની મથુરાની સખીઓની પાસે એમનાં ગુણ ગાન કર. તે નવી છે. તેમની લીલાઓ તેઓ ઓછી જાણે છે અને અત્યારે તે એમની માનીતી છે. તેમના હૃદયની પીડા તેમણે મટાડી દીધી છે. તેવાંની પાસે જઈને એ યશ તું ગાય તો તેઓ પ્રસન્ન થઈ તારું ઇચ્છિત આપશે અથવા તારું જરૂરથી કલ્યાણ કરશે. (અમે ઘરબાર વિનાની અબળાઓ તારું શું ભલું કરી શકીએ?) ।।૧૪।।

સ્વર્ગ, પૃથ્વી અને રસાતળ એ ત્રણ સ્થળમાં ભગવાન્‌ને કોઈ સ્ત્રી દુર્લભ નથી કેમકે કપટથી સુન્દર લાગે તેવું હસવું અને કટાક્ષ આદિવડે સંકેત કરવા એને આધિન સ્ત્રીઓ હોય છે. તો એ બધું ભગવાન્‌માં સિદ્ધ હોવાથી ભગવાન્‌ને કાંઈ દુર્લભ નથી. વળી સાક્ષાત્ લક્ષ્મીજી જેમનાં ચરણની ઉપાસના કરે છે. તેમની આગળ અમારો શો હિસાબ! અમે તો અતિ તુચ્છ છીએ. છતાં એ ઉત્તમ શ્લોક છે. (ઉત્તમ પુરુષો આપની કીર્તિનું ગાન કરે છે) તેથી અમો દીન છીએ તો પણ અમારો પક્ષ કરશે- અમારા ઉપર કૃપા કરશે. એમ ન કરે તો ઉત્તમ ભક્તો એમની કીર્તિનું ગાન ન કરે તેથી અમારે દૂતની કાંઈ અપેક્ષાનથી ।।૧૫।।

હે મધુકર! મુકુન્દની પાસે જઈ તેનું દૂત કાર્ય કરવા તું અહીં આવ્યો છે એ હું જાણું છું. મનમાં કપટ અને ઉપરથી વિનય એવાં સ્ત્રીઓને બનાવવાના- ભોળવવાના સુન્દર શબ્દ બોલતાં તને આવડે છે એ પણ હું જાણું છું. માટે મારા ચરણને મસ્તક લગાડવાનું છોડી દે. જે શ્રીકૃષ્ણને માટે બાળકો, પતિ, આલોક અને સ્વર્ગ વગેરે પરલોક બધું છોડ્યું એનો વિચાર ન કરતાં અમને છોડી દીધાં એવા અકૃતજ્ઞની સાથે અમારે સમાધાન કે સન્ધિ કરવાનું શું હોય? (એકવાર છેતરાયા પછી વારંવાર છેતરાયા કરવું?) ।।૧૬।।

હે મધુપ! આ લોભી શ્રીકૃષ્ણે રામાવતારમાં પારધીની જેમ છુપાઈને વાનરોના રાજા વાલીને માર્યો. (પારધી તો એમનાં કરતાં વધારે સારો; કારણ કે એ તો માંસના લોભથી મૃગને મારે છે પરન્તુ આમણે તો કોઈ પ્રયોજન વિના જ વાલીને વીંધી નાખ્યો!) શૂર્પણખા કામવશ તેમની પાસે આવી હતી પણ તેમણે પોતાની સ્ત્રી (સીતાજી) ને વશ થઈ જઈ ને બીચારીનાં નાક-કાન કાપી લીધાં અને તેને કદરૂપી બનાવી દીધી. બ્રાહ્મણને ઘેર વામન રૂપે અવતાર ધારણ કરી બલિરાજાની પૂજાનો સત્કાર કર્યો. બલિરાજાએ માગેલી વસ્તુ આપી છતાં કાગડાની જેમ તેને વરુણ પાશથી બાંધી પાતાળમાં મોકલ્યો. (જેવી રીતે કાગડો બલિ ખાઈને પણ બલિ આપનારાને પોતાના બીજા સાથીદારો સાથે મળી ઘેરી લે છે અને હેરાન કરે છે તેમ) શ્યામ શરીર એવા શ્રીકૃષ્ણની મિત્રતાથી બસ થયું અથવા મિત્રતા કરવાનું કોઈ પ્રયોજન નથી. છતાં તેમની લીલા-કથાઓ તો અમારા માટે છોડવાં મુશ્કેલ છે ।।૧૭।।

ભગવાન્ શ્રીકૃષ્ણે જે-જે લીલાઓ કરી તે-તે લીલાઓનું વર્ણન વ્યાસજી

વગેરેએ કર્યું. તે શ્રીકૃષ્ણની લીલાના કથામૃતના એક કણનો પણ કોઈ એક જ વાર આદરપૂર્વક રસાસ્વાદ કરી લે છે તેના સુખ-દુઃખ, રાગદ્વેષ વગેરે દ્વન્દ્વ ધર્મો છૂટી જાય છે તે ત્યાં સુધી કે ઘણા તો પોતાના દુઃખમય ગૃહસ્થાશ્રમને છોડી દઈ અકિંચન થઈ જાય છે, પોતાની પાસે કંઈ સંગ્રહ-પરિગ્રહ રાખતા નથી અને પરમહંસ (સન્યાસી) બની જઈ, પક્ષીઓ જેમ જ્યાં ત્યાં ચણ ચણે છે તેમ ભિક્ષા માગીને આ લોકમાં આજીવિકા ચલાવે છે. સંસારના કામના રહેતા નથી; છતાં શ્રીકૃષ્ણની લીલા-કથા છોડી શક્તા નથી. હકીકતમાં તેનો રસ એવો છે કે તેના વિના જીવન ટકી જ ન શકે તેથી તેનો ત્યાગ અમારાથી થઈ શક્તો નથી ।।૧૮।।

જેવી રીતે કૃષ્ણસાર હરણની અજ્ઞાની હરણીઓ પારધીના અત્યન્ત મધુર ગાનમાં વિશ્વાસ મૂકે છે અને તેની જાળમાં ફસાઈ મરી જાય છે તેવી જ રીતે અમે ભોળાં ગોપીજનોએ પણ શ્રીકૃષ્ણની કપટી વાણીમાં વિશ્વાસ મૂક્યો તેમને સત્ય સમાન માની બેઠાં અને તેમના નખસ્પર્શથી થનારી કામવ્યાધિનો વારંવાર અનુભવ કરીએ છીએ. તેથી શ્રીકૃષ્ણના ઉપમન્ત્રી બનેલા દૂત હે ભમરા! આ વિષયમાં તું કંઈ વધારે ન બોલ, તારે કહેવી જ હોય તો બીજી કોઈ વાત કહે ।।૧૯।।

હે પ્રિયતમના સખા! તું જઈને પાછો આવ્યો કે શું? પ્રિયતમે પોતાની પાસે બોલાવવામાટે તને મોકલ્યો છે? ભગવાન્‌નો દૂત હોવાથી તું અમારા સન્માનને પાત્ર છે, તારે જે જોઈએ તે માગી લે. હે અંગ! જેમનો સંગ છોડવો ઘણો કઠણ છે એવા શ્રીકૃષ્ણ એકલા તો કોઈ સમય રહેતા નથી; અત્યારે પણ લક્ષ્મીજી તેમના હૃદયમાં કાયમ નિવાસ કરીને રહ્યાં છે એવા શ્રીકૃષ્ણ પાસે અમને શા માટે લઈ જાય છે? (એમને અમે મળ્યા પછી અમે છોડી નહિ શકીએ અને એમના સ્વભાવ પ્રમાણે તેઓ અમને ક્યાંક છોડી દે! માટે અમોને લઈ જવાનો આગ્રહ રહેવા દે; કારણ કે અમે નિઃસાધન છીએ. વળી અન્ય સ્ત્રીઓથી કોઈ પણ સ્ત્રીને કલેશ થાય એ સ્વાભાવિક છે, અહીં રહેવામાં જ અમારું હિત છે) ।।૨૦।।

હે સૌમ્ય! હે ભ્રમર! ગુરુકુલમાંથી પાછા પધારીને આર્યપુત્ર શ્રીકૃષ્ણ મથુરામાં પ્રસન્નતામાં બિરાજે છે ને? તેઓ પિતા નન્દરાયજી અને માતા-યશોદાજીના ઘરને કે ગોવાળોને કોઈ વાર યાદ કરે છે? કોઈ વખતે તેઓ અમો ગોપીજનો તેમની દાસીઓ છીએ એવી વાત કરે છે? ખરેખર એ ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાનો અગર કરતાં પણ વધારે સુગન્ધીવાળો શ્રીહસ્ત અમારા મસ્તક ઉપર ક્યારે મુકશે? (અમો

અબુધ અબલાઓ તો એમના અન્તઃકરણને જાણવા અસમર્થ છીએ; અમે તો એમના અનુગ્રહના જ મનોરથવાળાં છીએ) ।।૨૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પરીક્ષિત! એમ બોલતાં ગોપીજનો શ્રીકૃષ્ણના દર્શનની ઈચ્છામાં આતુર થયાં. એમને શાન્ત કરતા ઉદ્ધવજી પ્રિયનો સન્દેશો સંભળાવતાં ગોપીજનોને આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૨૨।।

**ઉદ્ધવજી બોલ્યા** : અહો ગોપીજનો! તમે પૂર્ણાર્થ છો, તમે લોક પૂજ્ય છો કેમકે વાસુદેવ ભગવાન્‌માં તમારું આટલી હદ સુધી મન પહોંચ્યું છે. એ મનને તમે એમાં જ અર્પણ કરી દીધું છે, એટલે હવે તમારે કાંઈ કર્તવ્ય બાકી રહેતું નથી ।।૨૩।।

દાન, વ્રત, તપ, હોમ, જપ, વેદાભ્યાસ અને યોગ વગેરે કરવાં, એ કેવળ શ્રીકૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય એ માટે જ કરવાનાં છે ।।૨૪।।

તમે તો મુનિઓને પણ દુર્લભ એવી શ્રીકૃષ્ણમાં ભક્તિ પ્રવૃત્ત કરી દીધી છે. એ બહુ સારું થયું, એ લોકનાં અહોભાગ્ય છે કે તમારી ભક્તિને જોઈ ભગવાન્‌માં મન લગાડી શકશે ।।૨૫।।

તમે પુત્રો, પતિઓ, દેહ, સ્વજન, ઘરબાર વગેરેને છોડી કેવળ શ્રીકૃષ્ણને વર્યાં એ પણ તમારું અહોભાગ્ય એમ અમે સમજીએ છીએ કેમકે પુરુષોત્તમને વરવું એ મનુષ્ય પ્રયત્નથી તો અશક્ય છે એ તમારા માટે શક્ય બન્યું ।।૨૬।।

તમને કૃષ્ણના વિરહ થવાની સાથે એમાં સર્વાત્મભાવ થઈ ગયો તેથી તમે મોટા ભાગ્યવાળાં છો કેમકે ઈન્દ્રિયો જેને પહોંચી ન શકે એમાં તમોએ ભાવ સ્થિર કર્યો એ પણ વિરહરૂપી સાધનથી અને એ વિરહનું આપે મને દર્શન કરાવ્યું એ પણ હું આપનો અનુગ્રહ સમજું છું ।।૨૭।।

હું આપણા સ્વામીનું ગુપ્ત કાર્ય કરનાર દૂત છું. તમારા પ્રિયતમ ભગવાન્ શ્રીકૃષ્ણે તમને પરમ સુખ આપવાને માટે આ પ્રિય સન્દેશો મોકલ્યો છે. હે કલ્યાણીઓ! તે જ લઈને હું તમારી પાસે આવ્યો છું. હવે તે સાંભળો ।।૨૮।।

**શ્રીભગવાને કહ્યું છે** : હું સર્વનો આત્મા હોવાથી, ભક્તોને વશ હોવાથી, સત્ય વક્તા હોવાથી અને સ્ત્રીઓ ઉપર કૃપા કરવી એ મારો સ્વભાવ હોવાથી તમારો કદી પણ ક્યાંય પણ મારાથી વિયોગ નથી ।।૨૯।।*

**વિશેષ : ''ભવતીનાં વિયોગો મે ન હિ સર્વાત્મના ક્વચિત્''** ''વિયોગ ચાર પ્રકારે થાય. એ ચાર હેતુઓને કહેનાર અર્ધો શ્લોક લુપ્ત થયો હોય એમ લાગે છે'' એમ જણાવી એ

ખૂટતો ઉત્તરાર્ધ-**આત્મત્વાદ્ ભક્તવશ્યત્વાત્ સત્યવાક્ત્વાત્ સ્વભાવતઃ''** વાક્પતિ શ્રીવલ્લભાચાર્યજીએ પ્રકટ કર્યો છે. ગોપીજનોનો વિયોગ ભગવાન્‌ને નથી કેમકે ભગવાન્ ગોપીજનોના આત્મા છે. ભગવાન્‌નો વિયોગ ગોપીજનોને નથી કેમકે તે ભક્તોને અધીન છે.

જેવી રીતે સંસારના બધા ભૌતિક પદાર્થોમાં આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીઢએ પંચ મહાભૂત વ્યાપ્ત છે તેમાંથી જ બધી વસ્તુઓ બની છે અને તે જ તે વસ્તુઓના રૂપમાં છે તેવી જ રીતે હું મન, પ્રાણ, પંચભૂત, ઇન્દ્રિય અને તેમના વિષયોનો આશ્રય છું. તે મારામાં છે, હું તેમનામાં છું અને સાચું પૂછો તો હું જ તેમના રૂપમાં પ્રકટ થઈ રહ્યો છું ।।૩૦।।

હું જ મારી માયારૂપી કરણ (સાધન) દ્વારા ભૂત, ઇન્દ્રિય અને તેમના વિષયોના રૂપમાં થઈ જઈ તેમનો આશ્રય બની જાઉં છું તથા સ્વયં નિમિત્ત પણ બની જઈ મારી જાતને જ (આત્માવડે આત્માને) ઉત્પન્ન કરું છું, પાલન કરું છું અને એનો આત્મામાં લય પણ કરું છું ।।૩૧।।

જીવ (જેને ગોપીજનો ''હું'' માને છે) જ્ઞાનપ્રચુર છે. (કારણ કે તે સચ્ચિદાનન્દ રૂપ છે), શુદ્ધ (અવિદ્યાના સમ્બન્ધથી રહિત) છે. (જેવી રીતે તપેલી રેતીથી સૂર્ય જુદો છે તેવી રીતે) આ દેહાદિ સંઘાતથી તે જીવ જુદો છે તે ગુણોનો આશ્રય કરીને રહેતો નથી. તે સુષુપ્તિ, સ્વપ્ન અને જાગરણરૂપ માયાની ત્રણ વૃત્તિઓને લીધે દેખાય છે ।।૩૨।।

ઇન્દ્રિયોના મિથ્યા વિષયોનું ધ્યાન કરનાર મનને એ વિષયોનું ધ્યાન કરતાં રોકવું. જેમ જાગતો માણસ સ્વપ્નમાં જોયેલા વિષયોને એ ખોટા (મિથ્યા) હોવાથી તેમનું ધ્યાન કરતો નથી તેમ ખોટા વિષયોના ધ્યાનમાંથી મન અને ઇન્દ્રિયો નો નિરોધ કરવો જોઈએ અને જાણે સૂઈને ઉઠ્યો હોય તે પ્રમાણે જગતના મિથ્યા વિષયોનો ત્યાગ કરે ત્યારે તે મારું જ્ઞાન પ્રાપ્ત કરે છે. પોતાના આત્માને સંઘાતથી જુદો જાણે છે ત્યારે એને ઉપાધિ કૃત દોષો લાગતા નથી. તેથી મનને રોકવું એ જ જન્મ-મરણ રોકવાનો ઉપાય છે ।।૩૩।।

જેવી રીતે બધી નદીઓ આડી અવળી ફરી ફરીને સમુદ્રમાં જ સમાઈ જાય છે તે જ પ્રમાણે વિવેકી પુરુષોના વેદાભ્યાસ, યોગ-સાધન, સાંખ્ય (આત્મા અને અનાત્માનો વિવેક), સન્યાસ, તપ, ઇન્દ્રિયનિગ્રહ અને સત્ય આદિ સમસ્ત ધર્મો-મનનો નિરોધ કરવાનાં સાધનો જ છે ।।૩૪।।

હે ગોપીજનો! એમાં સન્દેહ નથી કે હું તમારી દષ્ટિને પ્રિય છું. પણ હું જે તમારાથી આટલે દૂર રહું છું તેનું કારણ એ છે કે તમે નિરન્તર મારું ધ્યાન ધરી શકો. શરીરથી દૂર રહેવા છતાં પણ મનથી તમે મારી સન્નિધિનો અનુભવ કરો, પોતાનું મન મારી પાસે રાખો ।।૩૫।।

કારણ કે સ્ત્રીઓ તથા બીજા પ્રેમીઓનું ચિત્ત પોતાનો પ્રિયતમ દૂર હોય ત્યારે જેટલા નિશ્ચલ ભાવથી લાગેલું રહે છે તેટલા નિશ્ચલ ભાવથી પાસે રહેનાર પ્રિયતમમાં લાગતું નથી ।।૩૬।।

બધી વૃત્તિઓ રહિત સમ્પૂર્ણ મન મારામાં લગાડી દઈ જ્યારે તમે મારું અનુસ્મરણ (સ્મરણ એ ચિત્તનો ધર્મ છે પણ અનુસ્મરણ એ આત્માનો જ ધર્મ છે.) કરશો ત્યારે જલદી સદાને માટે તમે મને પ્રાપ્ત થઈ જશો ।।૩૭।।

જે વખતે મેં આ (વૃન્દા) વનમાં શરદ પૂર્ણિમાની રાત્રિએ તમારી સાથે રાસક્રીડા કરી તે વખતે જે ગોપીજનોને તેમનાં સ્વજનોએ રોકી રાખવાથી વ્રજમાં જ રહી ગયા હતાંદ્ગ મારી સાથે રાસવિહારમાં જોડાઈ શક્યા નહોતાં તેઓ મહાભાગ્યશાળી હોવાથી મારી લીલાઓનું સ્મરણ કરવાથી જ મને પ્રાપ્ત થઈ ગયા હતાં. (તમને પણ હું અવશ્ય મળીશ. નિરાશ થવાનું કોઈ કારણ નથી) ।।૩૮।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** આ પ્રમાણે પોતાના પ્રિયતમનું કથન સાંભળીને ગોપીજનો અત્યન્ત પ્રસન્ન થયાં અને તે સન્દેશથી તેમને શ્રીકૃષ્ણના સ્વરૂપ અને લીલાઓ નું સ્મરણ થયું. તેમણે ઉત્સવ સ્વરૂપ ઉદ્ધવજીને કહ્યું ।।૩૯।।

**ગોપીજનોએ કહ્યું :** એ ઘણા સૌભાગ્ય અને આનન્દની વાત છે કે યાદવોનું અહિત કરનાર પાપી કંસ તેના પરિકર સહિત મરાયો. એ પણ ઓછા આનન્દની વાત નથી કે શ્રીકૃષ્ણના બન્ધુ-બાન્ધવો અને ગુરુજનોના બધા મનોરથો પૂર્ણ થઈ ગયા. અત્યારે અમારા પ્રિય શ્યામસુન્દર તેમની સાથે કુશળ છે? ।।૪૦।।

પણ સુશીલ ઉદ્ધવજી! આપ અમને બતાવો કે ''જે પ્રમાણે અમે અમારા પ્રેમાળ લજ્જાળુ હાસ્ય અને ઉન્મુક્ત દષ્ટિથી એમની પૂજા કરતાં હતાં અને તે પણ અમારા ઉપર જે ભાવ રાખતા હતા તે જ પ્રમાણે મથુરાની સ્ત્રીઓ સાથે પણ ગદના મોટાભાઈ શ્રીકૃષ્ણ પ્રેમ કરે છે કે નહિ?'' ।।૪૧।।

ત્યાં તો બીજા ગોપીજન બોલ્યા, ''અરે સખી! આપણા પ્યારા શ્યામસુન્દર તો પ્રેમની મોહિની કલાના નિષ્ણાન્ત છે. બધી ઉત્તમ સ્ત્રીઓ એમના ઉપર પ્રેમ

દર્શાવે છે. જો નગરની સ્ત્રીઓ એમની સાથે મીઠી-મીઠી વાતો કરે અને હાવભાવપૂર્વક તેમની તરફ જુએ તો તે એમના ઉપર કેમ પ્રસન્ન ન થાય?'' ।।૪૨।।

ત્રીજા ગોપીજને કહ્યું. ''સૌમ્ય! (સાધો!) આપ એ તો બતાવો કે પુરની સ્ત્રીઓમાં કોઈ વાત ચાલતી હોય અને અમારા વ્હાલા ગોવિન્દ નિઃસઙ્કોચ પ્રેમની વાતો કરતા હોય ત્યારે ક્યારેય પ્રસંગવશાત્ અમ ગામડિયા ગોવાલણોને યાદ કરે છે?'' ।।૪૩।।

કેટલાંક ગોપીજનોએ કહ્યું, ''હે ઉદ્ધવજી! શું શ્રીકૃષ્ણ ક્યારેય તે રાત્રિઓને યાદ કરે છે કે જેમાં કુમુદિની અને કુન્દના પુષ્પો ખીલી રહ્યાં હતાં, ચારે તરફ ચાંદની ખીલી રહી હતી અને વૃન્દાવન અત્યન્ત રમણીય થઈ રહ્યું હતું? તે રાત્રિઓમાં જ તેમણે રાસમંડલ રચી અમારી સાથે નૃત્ય કર્યું હતું. કેવી સુન્દર હતી એ રાસલીલા! એ વખતે અમારા પગનાં નૂપુર રૂપઝૂમ રૂમઝૂમ વાગી રહ્યાં હતાં. અમે બધી એમની જ લલિત લીલાઓનું ગાન કરી રહી હતી અને તે અમારી સાથે વિહાર કરી રહ્યા હતા'' ।।૪૪।।

બીજાં ગોપીજન બોલી ઉઠ્યા, ''અમે બધાં તો તેમના વિરહાગ્નિમાં બળી રહ્યાં છીએ. દેવરાજ ઈન્દ્ર જેવી રીતે જલ વરસાવી વનમાં લાગેલા દાવાનલને શાન્ત કરે છે તે પ્રમાણે દાશાર્હ શ્રીકૃષ્ણ પોતાના શ્રીઅંગના સ્પર્શથી જીવનદાન આપીને અમારું સાન્ત્વન કરવા અહીં પધારશે ખરા?'' ।।૪૫।।

ત્યાં વળી એક બીજાં ગોપીજને કહ્યું, ''અરે સખી! હવે તો તેમણે શત્રુઓને મારી નાખીને રાજ્ય મેળવી લીધું છે. (દિગ્વિજય દરમિયાન) તે અનેક રાજકુમારીઓ સાથે લગ્ન કરશે તેમની સાથે આનન્દપૂર્વક રહેશે, અનેક લોકો તેમના સુહૃદ બનશે અને પુત્રપૌત્રાદિ થશે. પછી અહીં અમ ગામડિયણો પાસે શા માટે આવે?'' ।।૪૬।।

બીજાં ગોપીજને કહ્યું, ''નહિ સખી! મહાત્મા શ્રીકૃષ્ણ તો સ્વયં લક્ષ્મીપતિ છે, એમની બધી જ કામનાઓ સ્વતઃ પૂર્ણ છે. તે *કૃતાત્મા છે આપણ વનવાસી ગ્વાલણો કે બીજી રાજકુમારીઓ સાથે એમને કોઈ પ્રયોજન નથી. આપણા વિના એમનું ક્યું કામ અટકી રહ્યું છે? ।।૪૭।।

**વિશેષ : કૃતાત્મા-કૃતાઃ સ્વાર્થમાત્માનો યેન** જેણે બધાને પોતાની ક્રીડામાટે જ ઉત્પન્ન

કર્યા છે તે **'કૃતાત્મા'** કેટલાક ટીકાકારો 'કૃતાત્મા' નો અર્થ કૃતકૃત્ય કરે છે. (શ્રીસુબોદ્દિનીજી)

વેશ્યા હોવા છતાં પિંગલાએ કેવી મઝાની વાત કરી કે સંસારમાં કોઈની પણ આશા ન રાખવી એ જ મોટામાં મોટું સુખ છે. આ વાત અમે જાણીએ છીએ છતાં પણ અમે ભગવાન્ શ્રીકૃષ્ણના પધારવાની આશા છોડી શક્તાં નથી. (પિંગલાએ કૃષ્ણની આશા રાખી, બીજા બધાની આશા છોડી. અમે કોની આશાએ કૃષ્ણની આશા છોડીએ?) ।।૪૮।।

જેની કીર્તિનું ગાન નારદજી જેવા મહાત્માઓ કરતા રહે છે એવા અમારા શ્યામસુન્દરે અમારી સાથે એકાન્તમાં જે મીઠી-મીઠી વાતો કરેલી તેનું અખંડ સ્મરણ રહે તેવો નાતો બાંધેલો તે છોડવાનો, ભૂલવાનો ઉત્સાહ પણ કોણ કરે? જુઓ ને તેમની (શ્રીકૃષ્ણની) ઈચ્છા ન હોવા છતાં સ્વયં લક્ષ્મીજી એમનું અંગ (વક્ષઃસ્થળ) એક ક્ષણવાર પણ છોડી ક્યાંય જતાં નથી ।।૪૯।।

આ એ જ નદી (યમુનાજી) છે જેમાં તે વિહાર કરતા હતા, આ એ જ પર્વત (ગોવર્ધન) છે જેના શિખર પર ચડી તે વેણુ વગાડતા હતા. વનના આ તે જ વિભાગો છે જ્યાં રાત્રે રાસલીલા કરતા હતા અને આ એ જ ગાયો છે જેમને ચરાવવાને માટે તે સવાર સાંજ જતા આવતા હતા. આ એવો જ વેણુરવ અમારા કાનમાં ગુંજી રહ્યો છે કે જેવો તે પોતાના અધર સંયોગથી છેડ્યા કરતા હતા. બલદેવજીની સાથે શ્રીકૃષ્ણે અનેક લીલાઓ કરેલી તે હે પ્રભો! તમે (ઉદ્ધવજી) ભૂલવા સમર્થ હો તો ભલે ભૂલી જાઓ, અમારાથી તો ભૂલી શકાય તેમ નથી ।।૫૦।।

અહીંનો એક-એક પ્રદેશ, એક-એક ધૂલિકણ અને અમારાં શ્રીઅંગ આપના પરમ સુન્દર ચરણ કમલોથી અંકિત છે તેમને જ્યારે અમે જોઈએ અને સાંભળીએ છીએ ત્યારે તે નન્દનન્દનને અમારા નેત્રોની સામે લાવીને મૂકી દે છે. હે ઉદ્ધવજી! અમે કોઈ પણ રીતે (મરી જઈને પણ)તેમને ભૂલી શકીએ એમનથી ।।૫૧।।

આપ (શ્રીકૃષ્ણ) ની એ (હંસ જેવી) સુન્દર ચાલ, ઉન્મુક્ત હાસ્ય, વિલાસપૂર્ણ દૃષ્ટિ અને મધઝરતી વાણી! એ બધાંએ અમારું ચિત્ત હરી લીધું છે, અમારું મન અમારું નથી રહ્યું; હવે અમે તેમને ભૂલીએ તો કેવી રીતે ભૂલીએ? ।।૫૨।।

અમારા પ્યારા શ્રીકૃષ્ણ! આપ જ અમારા જીવનના સ્વામી છો. આપ લક્ષ્મીનાથ હો તેથી શું થયું? અમારા માટે તો વ્રજનાથ જ છો. શ્યામસુન્દર! આપે

અનેક વખત અમારાં દુઃખ દૂર કર્યાં છે. હે ગોવિન્દ! આપનું આ આખું ગોકુલદ્ર જેમાં ગ્વાલબાલ, માતા-પિતા, ગાયો અને અમે ગોપીજનો બધાં આવી ગયા-તે દુઃખના અપાર સાગરમાં ડૂબી રહ્યું છે. આપ એને બચાવો, *ડૂબતાને બચાવનાર આપના વિના બીજો કોઈ નથી. વેદોને પણ આપે જ ડૂબતા બચાવ્યા હતા, તો આપ ગોકુલને પણ બચાવો. એ કામ આપ બીજાદ્વારા કરાવો તો એમાં ઉભયની ગૌણતા થશે'' ।।૫૩।।

**વિશેષ** : પહેલાં એક જ ગજેન્દ્ર એક તળાવડીમાં અર્ધો જ ડૂબેલો હતો. તેનો પણ દયાથી જો ઉદ્ધાર કર્યો તો અમારો ઉદ્ધાર કરવામાં વિલમ્બ કેમ? ઉદ્ધાર કરવામાં આપ જ સમર્થ છો. પહેલાં કચ્છપ અવતાર ધારણ કરી મન્દરાચલ પર્વતનો ઉદ્ધાર કર્યો, મત્સ્યાવતાર ધારણ કરી વેદોનો ઉદ્ધાર કર્યો તેમ અત્યારે ગોવિન્દ સ્વરૂપે અમારો દુઃખના સમુદ્રમાંથી ઉદ્ધાર કરો.

**શ્રીશુકદેવજી બોલ્યા** : ભગવાન્ શ્રીકૃષ્ણનો સન્દેશો સાંભળી ગોપીજનોની વિરહ વ્યથા દૂર થઈ ગઈ. (અત્યાર સુધી ઈન્દ્રિયોનો અધ્યાસ હોવાથી તથા દેહને જ આત્મા માનેલ હોવાથી ભગવાન્ આત્મારૂપે પ્રતીત થયા ન હતા તે હવે, ઉપદેશ પછી ઈન્દ્રિયાધ્યાસ દૂર થવાથી) ભગવાન્ તેમને આત્મારૂપે પ્રતીત થયા; એટલે પ્રેમ અને આદરપૂર્વક ઉદ્ધવજીનો સત્કાર કરવા લાગ્યાં ।।૫૪।।

ઉદ્ધવજી ગોપીજનોની વિરહ વ્યથા દૂર કરવા મહિનાઓ સુધી ગોકુલમાં રહ્યા. તે ભગવાન્ શ્રીકૃષ્ણની અનેક લીલાઓ અને પ્રસંગો શ્રવણ કરાવી-કરાવી વ્રજવાસીઓને આનન્દિત કરતા રહેતા ।।૫૫।।

નન્દરાયજીના વ્રજમાં જેટલા દિવસો ઉદ્ધવજી રહ્યા તેટલા દિવસો દરમ્યાન ભગવાન્ શ્રીકૃષ્ણની લીલાની ચર્ચા થતી હોવાને કારણે વ્રજવાસીઓને એ લાંબો સમય એક ક્ષણ જેવો લાગ્યો ।।૫૬।।

ભગવાન્‌ના પરમ પ્રેમી ભક્ત ઉદ્ધવજી ક્યારેક નદી કિનારે જતા તો ક્યારેક વનમાં, ક્યારેક શ્રીગિરિરાજજીની ઘાટીઓમાં ફરતા, તો ક્યારેક રંગબેરંગી ફૂલોથી લચેલાં વૃક્ષો જોઈ મગ્ન થઈ જતા. અહીં ભગવાન્ શ્રીકૃષ્ણે કઈ-કઈ લીલા કરી છે તે પૂછી-પૂછીને વ્રજવાસીઓને ભગવાન્ શ્રીકૃષ્ણની લીલાના સ્મરણમાં તન્મય કરી દેતા ।।૫૭।।

શ્રીકૃષ્ણના આવેશથી ગોપીજનોના દેહની વિકળતા, અન્તર્નિષ્ઠા અને ભગવદ્વિરહ જોઈ, ઉદ્ધવજી અત્યન્ત પ્રસન્ન થયા અને તેમને નમસ્કાર કરતા આ

પ્રમાણે કહેવા લાગ્યા ।।૫૮।।

**ઉદ્ધવજી બોલ્યા :** [૧]આ પૃથ્વી ઉપર જો કોઈએ દેહને ધારણ કરી જાણ્યો હોય તો એકલાં આ ગોપવધૂઓ જ દેહધારી કહી શકાય કેમકે તેઓ સર્વાત્મા ગોવિન્દમાં દૃઢ ભાવવાળાં છે, જે ભાવને સંસારથી ભય પામેલા મુનિઓ અને આપણે બધા ઈચ્છીએ છીએ, પણ હજુ પ્રાપ્ત કરી શક્યા નથી. અનન્ત ભગવાન્‌ની કથામાં જેને રસ નથી એવા બ્રહ્મજન્મથી[૨] પણ શું ફલ? કાંઈ જ નહિ ।।૫૯।।

**વિશેષ:** ૧. અહીં ઉદ્ધવજી ગોપીજનોના ચરણરેણુની અભિલાષાથી છ શ્લોક (૫૯ થી ૬૪) થી એમને નમસ્કાર કરે છે તે શ્લોકો **"ઉદ્ધવગીત"** નામથી પ્રસિદ્ધ છે. પુષ્ટિમાર્ગીય આહ્નિકમાં એ શ્લોકોને પ્રાતઃસ્મરણ રૂપે લખ્યા છે.

૨. શરીરધારી જો કોઈ કહેવાય તો એ કેવળ ગોપીજનો જ કહેવાય. જ્ઞાનીઓ, લૌકિકો અને ભક્તો એ ત્રણે શરીરધારી ન કહી શકાય. કારણ લૌકિકવાળાનું તો જીવન જ વ્યર્થ છે. દોરડેથી બંધાયેલો હોય તે દોરડાવાળો ન ગણાય. પણ બીજાને બાંધે તે દોરડાવાળો; એમ શરીરધારી પણ તે જ ગણાય કે જે શરીરનો સ્વતન્ત્ર ઉપયોગ કરી શકે. જ્ઞાનીઓને તો શરીર કેવળ જ્ઞાન થતાં સુધી જ ઉપયોગી છે; એ પણ જ્ઞાનસાધકપણે; પછી તો એને શરીર વ્યર્થ છે. એને અપેક્ષા નથી છતાં ભારની પેઠે એને સંભાળવું પડે છે. ભક્તો મૂઢપણાથી દેહને આત્મા માને છે. એમાં જ આત્મબુદ્ધિ દૃઢ હોવાથી તેમજ બહિર્મુખતાથી એ તનુરૂપ જ ગણાય, પણ તનુધારી ન ગણાય. એને પણ કાલાન્તરે સત્ફલ થઈ શકે ખરું. આપણા જેવા જેને કાંઈક જ્ઞાન પણ છે તેનો ભાવ મન્દ છે તેથી તનુભૃત તો ન કહેવાઈએ. તેથી તનુધારીમાં ઉત્કર્ષ ક્યાંય દેખાતો હોય તો એ આ ગોપીજનોમાં જ દેખાય છે. કોઈ કહે કે એવા તનુધારી લક્ષ્મીજી વગેરે છે. પૃથ્વી ઉપર પ્રહ્લાદ વગેરેનો ઉત્કર્ષ છે; તો ત્યાં કહેવાનું કે ગોપની સ્ત્રીઓમાં તો ઉત્કર્ષ મેં અહીં જ જોયો. આવી હીન જાતિમાં આવીને ભગવાન્‌માં આવો ઉત્કટ ભાવ તો ગોપવધૂ વિના અન્યત્ર સંભળાતો નથી. તેઓ તનુભૃત કહી શકાય. સ્વાધીન દેહનું ભગવાન્‌માં પરિનિષ્ઠિત થવું એ ફલ છે. એ ફળ એમણે મેળવ્યું તેથી એમનો ઉત્કર્ષ છે. અહીં શંકા થાય કે જ્ઞાનનિષ્ઠા શ્રેષ્ઠ છે. કેમકે ભગવાને પણ એને જ્ઞાનસન્દેશ કહેવરાવ્યો છે; શ્રુતિ પણ **"આત્મલાભાન્ન પરં વિદ્યતે"** એમ કહે છે. એના ઉત્તરમાં કહેવાનું કે **આત્માલાભ**વાળા પણ જે ભાવની ઈચ્છા જ કરે છે તેને પણ એ ભાવ સહજ પ્રાપ્ત થતો નથી. એ આમને પ્રાપ્ત થયો માટે બ્રહ્મભાવ કરતાં પણ કૃષ્ણભાવનો ઉત્કર્ષ છે. તેથી જ **કિં બ્રહ્મજન્મભિઃ** એમ કહ્યું. સંસારથી ભય પામેલા મુમુક્ષુઓ, મુક્તો અને ઉદ્ધવજી કહે

છેઃઆપણા જેવા ભક્તો પણ અને ચકારથી બીજા ધર્મમાર્ગવાળાઓ એ ભાવને ઇચ્છીએ છીએ; એ સમ્પાદન કરી શક્તા નથી. વિદેહ કૈવલ્ય પર્યન્ત જ્ઞાનીઓને પણ બહિઃસંવેદન હોય છે; જીવન્મુક્તને પણ એમ સંભળાય છે. પ્રહ્લાદે પણ રાજ્ય કર્યું છે તેથી એમને પણ એ કોટિમાં જ ગણવા જોઈએ. બહિઃસંવેદનમાં તો સર્વશાસ્ત્રમાં આ અવસ્થા કહેવામાં આવે છે. તેથી અવસ્થાનો વિચાર કરતાં તો આ ગોપવધૂઓને જ **તનુભૃત્** કહેવાં પડશે. ત્યાં શંકા કરે છે કે એમના કરતાં બ્રહ્મને જાણનાર વસિષ્ઠાદિ બ્રાહ્મણો શ્રેષ્ઠ કેમ ન ગણાય? એના ઉત્તરમાં કહે છે કે શુક્લ, સાવિત્ર અને યાજ્ઞિક એવા ત્રણ બ્રહ્મજન્મથી શું ફલ છે? કાંઈ નહિ કેમકે એને બહિર્નિષ્ઠામાં વેદાર્થાનુષ્ઠાન અને અન્તર્નિષ્ઠામાં બ્રહ્મચિન્તન છે તો પણ કર્મ કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે. કર્મ તો પ્રપંચ સ્વાસ્થ્ય કરાવનાર છે. ભક્તિનું એમ નથી. તેથી અનન્તની કથામાં જેને રસન આવ્યો તેવા કર્મોપયોગી બ્રહ્મજન્મથી કાંઈ ફલ નથી. અથવા જેને ભગવત્કથામાંરસ આવ્યો તેને બ્રહ્મજન્મ અપેક્ષિત નથી કેમકે એને તો સાધન દશામાંજ ફળ પ્રાપ્ત થાય છે તેથીએ જ ઉત્તમછે.

ક્યાં આ (દહીં, દૂધ વેચવાને માટે) વનમાં ફરનારી, આચાર, જ્ઞાન અને જાતિથી હીન (વ્યભિચાર દોષવાળી) ગામડાંની ગ્વાલણો અને ક્યાં ભગવાન્ શ્રીકૃષ્ણમાં આ અનન્ય પરમ પ્રેમ? ધન્ય છે! ધન્ય છે! આથી સિદ્ધ થાય છે કે જેવી રીતે કોઈ અજાણતાં પણ ઔષધરાજ અમૃત પી લે તો પણ તે અમૃતના વસ્તુ સામર્થ્યથી જ તમારા રોગોથી મુક્ત અને અમર બની જાય છે. તેવી જ રીતે, જો કોઈ ભગવાન્નું સ્વરૂપ અને માહાત્મ્ય જાણ્યા વિના* પણ તેનું ભજન કરે તોય પ્રભુ પોતાના સ્વરૂપબલથી, કૃપાથી તેનું પરમ કલ્યાણ કરી દે છે ।।૬૦।।

**વિશેષ** : એક તો આ ગોપીજનો એટલે જાતિથી હીન છે, એમાં પણ સ્ત્રીઓ યોનિથી હીન છે. સ્થાનથી હીનતા કહે છે કે એ વનમાં ફરનારી છે. સારા કુલમાં ઉત્પન્ન થઈને પછી વનમાં જાય તેની ઉત્તમતા શાસ્ત્રમાં કહી છે. એમ ન હોય તો હરિણ આદિની પણ ઉત્તમતા કહેવી પડશે. માટે **વને તુ સાત્વિકો વાસઃ** ઇત્યાદિથી વનસ્થની પ્રશંસા કરી છે. એ વનમાં રહેનારની નથી, પણ ઘર છોડનારની છે. ચરી કહેવામાં પણ સ્વાચ્છન્દ્ય છે. એ પણ સ્ત્રીઓને ન જોઈએ તેથી લોક રીતે સર્વ રીતે જેમનો અપકર્ષ છે તેમના ભાવનો વિચાર કરતાં એ સર્વોત્કર્ષ બતાવનારો છે. તેથી ખરી રીતે વિચાર કરતાં ભગવાને લોકમાં ભગવદ્ભાવ કેવો જોઈએ એ બતાવવામાટે આ ગોપીજનોને પોતે જગતમાં પ્રકટ કર્યા છે. પણ ભગવાન્ને આવતા વિલમ્બ થયો તેથી ભ્રમથી એમણે ગોપોમાં પતિબુદ્ધિ કરી, એટલો એમના ભાવમાં વ્યભિચાર થયો.

જેમ અહલ્યા ગૌતમના ભ્રમથી પ્રવૃત્ત થઈ તો પણ દોષ લાગ્યો. તે દોષ દૂર કરવો જોઈએ, પણ ત્યાં તો એમને ભગવાન્‌માં ભાવ ઉત્પન્ન થયો; જ્યારે શ્રીકૃષ્ણમાં એમને આવો ભાવ થયો ત્યારે એમને અન્ય સમ્બન્ધ નથી એમ સિદ્ધ થાય છે. જો એમનામાં વ્યભિચાર દોષની સમ્ભાવના હોય તો શ્રીકૃષ્ણમાં એમને આવો ભાવ ન થાય તેથી એમના પતિઓ **"મન્યમાનાઃ સ્વપાર્શ્વસ્થાન્ સ્વાન્ સ્વાન્ દારાન્ વ્રજૌકસઃ"** એ ન્યાયથી એમનું રમણ એ ગોપીજનોથી નથી પણ એમણે અભિમાન માત્ર કર્યું છે એમ સમજવું. ભગવદ્‌ભોગ્ય વસ્તુમાં ગોપો સ્વભોગબુદ્ધિ કરી ન શકે. એમ કરે તો એમનો નાશ થાય. કદાચ ધારો કે એમનામાં દોષ થયો હોય તો એમનો આવો ભાવ ન થાય; તેથી ભાવાન્યથાનુપપત્તિથી પણ એઓ નિર્દોષ છે, એમ સિદ્ધ થાય છે. એમનો ભાવ સદાનન્દમાં છે તેથી એ ભાવ તો નિર્દોષ છે. જો ભગવાન્‌માં ભાવ રાખતાં દોષ થતો હોય તો કોઈ ફલને માટે કાંઈ પણ કર્મ આદિ ન કરે; તેથી ભગવાન્‌માં ભાવ થાય એમાં દોષ નથી. જ્યારે પરમાનન્દ પ્રકટ થાય છે તેમાં ભાવ થાય ત્યારે એ સર્વ પુરુષાર્થને સિદ્ધ કરે છે. ઈશ્વરરૂપે જાણ્યા વગર એમાં ભાવ થાય તે સર્વ પુરુષાર્થસાધક કેમ થાય? એમાં દૃષ્ટાન્ત આપે છે કે રોગી અમૃતના ગુણને જાણતો નથી છતાં એ એનું સેવન કરે તો એ અમૃત પોતાનો ગુણ એના શરીરમાં દાખલ કરી એને અમર બનાવી દે છે. એમાં રોગીને અમૃતના જ્ઞાનની જરૂર રહેતી નથી; તેવી રીતે શ્રીકૃષ્ણ પણ ભૂતળ ઉપર પ્રકટ હોય અને એમના સ્વરૂપને નહિ જાણનારની ઉપર પણ એ કૃપા કરે તો એ એના સર્વ પુરુષાર્થને સિદ્ધ કરી આપે છે. એમાં એના સાધનની એ દરકાર કરતા નથી, પણ સ્વપ્રમેયબળને લઈને એ સર્વ સિદ્ધ કરી આપે છે. જેમ ઔષધ પેટમાં પ્રવેશ કર્યા પછી કોઈ પ્રકારની રોગીની પાસેથી મદદને ઇચ્છતું નથી, પણ સ્વયં આરોગ્ય કરવામાં સ્વસામર્થ્યવડે પ્રવર્તે છે તેમ ભગવાન્ પણ કરે છે. તેથી એવો ભાવ જ્ઞાનાદિ નિરપેક્ષ છતાં સર્વ પુરુષાર્થ સાધક થાય છે એ વાત નિઃસન્દેહ છે. અહીં એક સ્વતન્ત્ર લેખ આ શ્લોક ઉપર છે તેનું ભાષાન્તર અહીં જાણવામાટે આપીએછીએ.

પરિણીત પતિની સેવા કરવી એ વ્યભિચાર ન ગણાય કેમકે એમ હોત તો ધર્મશાસ્ત્રમાં એનું પ્રાયશ્ચિત્ત હોત; પણ એવું પ્રાયશ્ચિત્ત જોવામાં આવતું નથી. તેથી એ ધર્મ્ય છે. જો એમ ન માનીએ તો સ્ત્રી માત્રને એ દોષ પ્રાપ્ત થાય. વળી સ્વપતિથી થયેલ પુત્ર આદિ અધર્મથી ઉત્પન્ન થયેલા ગણાય અને એને અગ્નિહોત્ર આદિ ધર્મનો અધિકાર પણ ન રહે. તેથી ચતુર્વર્ગનો ઉચ્છેદ થાય અને ધર્મને કહેનાર શાસ્ત્ર પણ વ્યર્થ જાય કેમકે એને શુદ્ધ અધિકારી મળી શકતો નથી. ભગવત્પુત્રોને ઉદ્દેશીને ધર્મશાસ્ત્ર કહેવામાં આવ્યાં નથી. વળી ભગવત્પત્ની

સિવાયની સ્ત્રીને 'સતી' શબ્દથી બોલાવાય પણ નહિ. એવા શબ્દ ભાગવત આદિમાં ભગવત્પત્ની સિવાયનામાં વ્યાસજીએ પ્રયોજ્યા હોત તો એ પણ ખોટા લેખાશે! આ શંકાનો ઉત્તર આપતાં કહે છે કે વર્ણાશ્રમના ધર્મો દેહનિષ્ઠ છે તેને ઉદ્દેશીને ધર્મશાસ્ત્રની પ્રવૃત્તિ છે તેથી એ દૈહિક ધર્મને કહેનાર છે. પણ ધર્મશાસ્ત્ર ભગવદ્ ધર્મને કહેનાર નથી કેમકે ભગવદ્ ધર્મ ભિન્ન અધિકારીઓને માટે કહેવાયો છે. દેહમાં આત્માનો અધ્યાસ હોવાથી એ ધર્મશાસ્ત્રીય ધર્મોમાં 'સ્વધર્મ' શબ્દનો પ્રયોગ થાય છે. ખરી રીતે જોઈએ તો **'આત્મધર્મો'** જ સ્વધર્મ કહેવાય છે. 'સ્વ' શબ્દની શક્તિ આત્મામાં જ છે. દેહમાં નથી. (એટલે કે 'સ્વ' શબ્દનો અર્થ આત્મા જ છે, દેહ નહિ) તેથી ધર્મશાસ્ત્રીય ધર્મોનો અધિકારી અવિદ્વાન છે, જ્યારે વિદ્વાનનો ભક્તિમાં મુખ્ય અધિકાર છે. એ વાત અવતારહેતુવાદના પ્રસ્તાવમાં કહી છે ત્યાં **''તથા પરમહંસાનાં મુનીનામમલાત્મનાં ભક્તિયોગવિતાનાર્થમ્''** એમ સ્પષ્ટ કહ્યું છે. **''મુક્તોપસૃપ્યવ્યપદેશાત્''** એ વ્યાસસૂત્ર પણ એ વાતનું જ સમર્થન કરે છે. અહીં ભાગવતમાં ભક્તિમાર્ગની રીતે સર્વ અર્થનું કથન છે. એ ભગવદ્ માર્ગમાં ભગવાન્ સિવાયના અન્યનું ભજન દોષ ઉત્પન્ન કરનાર છે. આ સિદ્ધાન્ત છે. તેથી **આજ્ઞાયૈવં ગુણાન્ દોષાન્ મયાદિષ્ટાનપિ સ્વકાન્, ધર્માન્ સન્ત્યજ્ય યઃ સર્વાન્ માં ભજેત્ સ ચ સત્તમઃ।।** ઈત્યાદિ વાક્યોથી બધા ધર્મોના ત્યાગપૂર્વક ભગવદ્ભજનનું વિધાન અહીં છે. તેથી અસ્વધર્મમાં પણ સ્વધર્મ કહેવો એ કપટ છે એમ માનનાર વ્યાસજીએ ભાગવતના આરમ્ભમાં **''ધર્મઃ પ્રોજ્ઝિતકૈતવોત્ર''** એમ પ્રતિજ્ઞા કરી છે તેથી ભક્તિમાર્ગમાં વિહિત અને નિષિદ્ધ ધર્મો ધર્મશાસ્ત્રમાં ન હોય એ વાત દેખીતી જ છે કેમકે એના વિષય જુદા જ છે. ચાલતા પ્રસંગમાં કહેવાનું કે ભગવાન્ પ્રાપ્ત કરવા એ અત્યન્ત કઠિન કામ છે. સ્ત્રીઓને સ્વતન્ત્ર રહેવું પોષાય નહિ કેમકે એમનામાં રાગ વિશેષ હોય છે. તેથી એઓ સ્વતન્ત્ર થાય તો એમનો નાશ થઈ જાય, એમ ધારી ભગવાને પોતાને માટે ઉત્પન્ન કરેલ ગોપીજનોને, પોતાને આવતા વિલમ્બ થતાં એમને ધર્મમાર્ગીય બનાવી એમની રક્ષા કરી. તેથી એઓ પતિસેવા કરતાં વ્યભિચાર દોષવાળાં ન થયાં એમ તો ન કહેવાય કેમકે સહજ ભર્તાથી જુદા પુરુષનું એમણે ભજન કર્યું. તેથી મૂળમાં શુકદેવજીએ **વ્યભિચારદુષ્ટાઃ** એમ ગોપવધૂને વિશેષણ આપ્યું. તેથી જ શ્રીરુક્મિણીજીએ :

**ત્વક્શ્મશ્રુરોમનખકેશપિનદ્ધમન્તર્માંસાસ્થિરક્તકૃમિવિટ્કફપિત્તવાતમ્,**
**જીવચ્છવં ભજતિકાન્તમતિર્વિમૂઢા યાતે પદાબ્જમકરન્દમજિઘ્રતીસ્ત્રી**

(શ્રીભાગવત ૧૦।૬૦।૪૫) ઈત્યાદિ કહ્યું છે. પણ ભગવાન્ અત્યન્ત દુરાપ હોઈને બીજાના

ભજન રહિત ભગવદ્ભજન કરવું. એમ કરવાથી ભગવાન્ પ્રાપ્ત થઈ શકે. આ ભક્તિમાર્ગનો નિષ્કર્ષ છે. આ ગોપીજનો તો ભગવદર્થ જ પ્રગટ થયાં હતાં તેથી શ્રીઆચાર્યચરણે કહ્યું છે તે યોગ્ય જ છે.

અથવા ધર્મ બે પ્રકારનો છેઃઆન્તર અને બાહ્ય. એ દરેક ત્રણ પ્રકારનો છે. શાસ્ત્રોમાં કહેલો ભગવદ્વિષયક શ્રવણાદિધર્મ **અન્તરંગતમ** ધર્મ છે. યોગ આદિ સાધનદ્વારા ભગવદ્ ચિન્તન આદિ **અન્તરંગતર** ધર્મ છે. તેથી જ **"અયં હિ પરમો ધર્મો યદ્ યોગેનાત્મદર્શનમ્"** (યોગથી આત્માનું દર્શન થાય એ પરમ ધર્મ છે) એમ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં કહ્યું છે. ફલ ઉદ્દેશ વગર ઈશ્વર અર્પણ બુદ્ધિથી કરેલો યજ્ઞ આદિ ધર્મ **અન્તરંગ** ધર્મ છે. આ ત્રણ અન્તરંગ ધર્મો કહ્યા. સ્વર્ગને ઉદ્દેશીને કરાતો વર્ણાશ્રમ ધર્મ વૈદિક ધર્મ **બહિરંગ** ધર્મ કહેવાય. એનાથી તુચ્છ સ્વર્ગ આદિ જેનું ફલ છે તેવો વિવિધ સ્ત્રીપુરુષોના અધિકારને લઈને પાતિવ્રત્યાદિ અનેક દેવતાનાં વ્રતો વગેરે સ્માર્ત ધર્મ **બહિરંગતર ધર્મ કહેવાય. ઐશ્વર્ય, આરોગ્ય વગેરે જેનું ફલ છે તેવો જુદા-જુદા દેવો અને ગ્રહ આદિના પૂજનરૂપ ધર્મ તે બહિરંગતમ** ધર્મ કહેવાય છે. એમાં પૂર્વ-પૂર્વ પ્રબળ સમજવો. પૂર્વ ન બને તો પછીનો કરવો. પ્રેમ થયા પછી પોતાને વ્યસન થઈ જતાં જે શ્રવણ આદિ થાય તે ધર્મરૂપ નથી ગણાતું, કેમકે એમાં **"ચોદનાલક્ષણોર્થો ધર્મઃ"** "જેમાં વેદની પ્રેરણા હોય તે ધર્મ કહેવાય" એ લક્ષણ ઘટતું નથી. પૂર્વોક્ત પ્રવૃત્તિ નિવૃત્તિમાં એનો અધિકાર જ પ્રયોજક છે. ભગવાન્ મર્યાદા અને પુષ્ટિમાંથી જે માર્ગમાં જીવનો અંગીકાર કરે તેમાં એનો અધિકાર છે એમ જાણવું અને તે-તે શાસ્ત્ર એના ધર્મનું નિરૂપક જાણવું અને એમાં કહ્યા પ્રમાણે ન કરે તો એને દોષ લાગે. તેથી જ અર્જુનનો મર્યાદાપુષ્ટિમાં અંગીકાર હોવાથી નિષિદ્ધ ગુરુહનન આદિ ન કરવાથી ભગવાને એને દોષ લાગવાનું કહ્યું છે : **"અથ ચેત્વમહંકારાન્ન શ્રોષ્યસિ વિનંક્ષ્યસિ"** તેમ અહીં પણ સ્ત્રીરત્નોનો પુષ્ટિ પુષ્ટિમાં અંગીકાર છે, તેથી એમનો મર્યાદાધર્મમાં અધિકાર નથી; પણ ભગવાન્ સાથે એમને સમ્બન્ધ નથી છતાં એમનું ભજન એમણે કર્યું. અંગીકારમાં અધિકાર જ કારણરૂપ છે. અનધિકારીને ધર્મની સ્ફૂર્તિ નથી થતી. તેથી ભાર્યાદિક ધર્મ આમને માટે પરધર્મ છે. તેથી વિવાહિત પતિભજનને પણ શ્રીશુકદેવજીએ વ્યભિચારમાં ગણ્યું. અદિતિ આદિમાં ભગવાને માતૃત્વ સ્તાપન કર્યું તેથી એમને એવા ભાવથી પણ ફલ મળ્યું. નહિ તો લૌકિક પુત્રભાવથી ફલ ન મળવું જોઈએ, પણ એ તો ભગવાન્‌ને એ ભાવથી જ મેળવી શક્યાં.

આવા ચાર સ્વતન્ત્ર લેખો છે તે બધા અહીં આપતાં ઘણો વિસ્તાર થાય, માટે વિશેષ

જિજ્ઞાસુએ શ્રીસુબોધિનીજી સાથે એ છપાયા છે તેમાંથી જોઈ લેવા વિનન્તિ છે. અહીં તો માત્ર દિગ્દર્શનાર્થ એક આપ્યો છે.

ભગવાન્ શ્રીકૃષ્ણે રાસોત્સવ વખતે આ વ્રજાંગનાઓના કંઠને ભુજદંડવડે ગ્રહણ કરીને એમના મનોરથ પૂર્ણ કર્યા, એમને ભગવાને જે કૃપાપ્રસાદનું દાન કર્યું, તે ભગવાન્‌ની પરમ પ્રેમવતી નિત્યસંગિની લક્ષ્મીજીને પણ પ્રાપ્ત થયો નથી. કમલના જેવી સુગન્ધ અને કાન્તિ થી યુક્ત દેવાંગનાઓને પણ નથી મળ્યો. પછી બીજી સ્ત્રીઓની તો વાત જ શી?* ।।૬૧।।

**વિશેષ :** અહીં અન્યોન્યાશ્રય દોષ બતાવે છે. આવો ભાવ ભગવાન્‌માં ઉત્તમ કારણના અભાવે ન થાય. તેથી કહ્યું કે ભગવાને એમને એવા ભાવનું દાન કર્યું. ભગવાને એમને જ કેમ દાન કર્યું એમાં કારણ એ જ કે ભગવાન્‌ની ઈચ્છાને અનુકૂળ એમણે ભજન કર્યું. ત્યાં એવી ઈચ્છા કેમ કરી એ દોષ એમનો એ પ્રાપ્ત થાય છે, તેથી એનું એક સાધન નક્કી કરીને કહેવું જોઈએ, ભગવાન્‌ની ઈચ્છા કે કોઈ બીજું કારણ એમાંથી એક નક્કી કરો. જો ભગવાન્‌ની ઈચ્છા કહો તો એમાં ગોપીજનોની સ્તુતિ કરવાની જરૂર નથી. બીજું કારણ છે એમ કહો તો **''કિં બ્રહ્મજન્મભિઃ''** એ કહ્યું છે એ કહેવું ન જોઈએ. એમ અન્યોન્યાશ્રય દોષ બતાવીને એનો પરિહાર કરતાં કહે છે કે ભગવાન્‌ની ઈચ્છાથી એમને આ કૃપા પ્રાપ્ત થઈ છે. એમાં એમની સ્તુતિ તો એટલ માટે જ કે સૃષ્ટિ થઈ ત્યારથી આજ સુધીમાં આવી મોટી કૃપા આ ગોપીજનો ઉપર પ્રથમ જ થઈ તેથી એમની સ્તુતિ કરવામાં આવે છે. પ્રસાદની સમ્ભાવનાનાં સ્થાન બતાવી, એમાં આવી કૃપા નથી થઈ, એ વાત અહીં સ્પષ્ટ કરે છે કે ભગવાન્‌ને મુખ્ય કૃપાપાત્ર લક્ષ્મીજી છે. તેમની સાથે ભગવાન્ રમણ કરે છે. તો પણ આ ગોપીજનોની ઉપર કૃપા કરી તેવી કૃપા લક્ષ્મીજી ઉપર કરવામાં ન આવી. ભગવાન્ ઈન્દ્ર, ઉપેન્દ્રરૂપે થાય છે, સ્વર્ગની કમળગન્ધવાળી પદ્મિનીઓનો ઈન્દ્રાદિરૂપે ભોગ કરે છે, છતાં આવી કૃપા એમની ઉપર ન થઈ ત્યારે બીજા અવતારોના સમ્બન્ધમાં આવેલી સ્ત્રીઓ તો એવી કૃપાને ક્યાંથી મેળવી જ શકે? એ પ્રસાદ ક્યો એ બતાવે છે કે રાસના ઉત્સવમાં ભગવાન્‌ના ભુજદંડવડે જેમના કંઠનું ગ્રહણ થયું છે તેનાથી જે એમના મનના મનોરથ પૂરા થયા એ પ્રસાદ એમની ઉપર જ થયો. ભગવાન્ અવતાર ધારણ કરે તો એક રૂપ પ્રકટ કરે, પણ આને માટે તો **''કૃત્વા તાવન્તમાત્માનં યાવતીર્ગોપયોષિતઃ''** ઈત્યાદિ પ્રકારે અનેક રસમાં અભિનિવેશ કરી રમ્યા, એવું રમણ બીજે સાંભળવામાં નથી; તેથી આ પ્રસાદ તો ગોપીજનોમાં જ દેખાય છે. જો કે બીજે એનું વર્ણન નહિ હોય તો પણ એ સર્વોત્તમા છે એમ કહેવું જ પડશે; નહિ તો

ઉદ્ધવજી જેવા કે જેની ભગવાને **"નોદ્ધવોણ્વપિ મન્ન્યૂનઃ"** એવી સ્તુતિ કરી છે તે જ્યારે ગોપીજનોના ચરણરજની અભિલાષા કરે ત્યારે એમની ઉત્તમતામાં બે મત કેમ હોઈશકે?

મારા માટે તો સૌથી શ્રેષ્ઠ વાત એ જ છે કે હું આ વૃન્દાવન ધામમાં કોઈ ગુલ્મ (ઝાડી), લતા અથવા ઔષધિ-જડબુટ્ટી જ બની જાઉં. આહા! જો હું એ બની જાઉં તો મને આ વ્રજાંગનાઓની ચરણધૂલી નિરન્તર સેવન કરવાને માટે મળતી રહેશે. *એમની ચરણરજમાં સ્નાન કરી હું ધન્ય બની જઈશ. ધન્ય છે આ ગોપીજનોને! જુઓ તો ખરા, જેમને છોડવા અત્યન્ત કઠણ છે તે સ્વજન-સમ્બન્ધીઓ તથા લોક-વેદની આર્યમર્યાદાનો પરિત્યાગ કરી એમણે ભગવાન્‌ની પદવી, એમની સાથે તન્મયતા, એમનો પ્રેમ પ્રાપ્ત કરી લીધો છે. બીજાની તો વાત જ શી-ભગવાન્‌ની વાણી, એમના નિશ્વાસરૂપ સમસ્ત શ્રુતિઓ, ઉપનિષદો પણ અત્યાર સુધી ભગવાન્‌ના પરમ પ્રેમમય સ્વરૂપને શોધતી જ રહે છે, પ્રાપ્ત કરી શક્તી નથી ।।૬૨।।

**વિશેષ :** આ ગોપીજનોના દાસનો દાસ થવાને પણ હું લાયક નથી, તો એમનું દાસ્ય તો હું કેમ માગી શકું? કેમકે અયોગ્યની ઇચ્છા કરનાર પુરુષનો પાત થાય છે. માટે એમનુ ચરણરેણુને સેવનાર ગુલ્મલતા કે ઔષધિમાં હું કોઈક જગ્યાએ થાઉં, જ્યાં મને એમના ચરણની રજનો સમ્બન્ધ થાય. પ્રથમ તો જંગમ પ્રાણીમાં જન્મવાનો મારો અધિકાર નથી. એમ જો હોય તો જંગમમાં કૃતિ રહી છે તેના વડે મારે પ્રભુથી દૂર થવું પડે. વ્યવહાર યોગ્યમાં તો ગોપીજનો સાથે સમાનતાથી વ્યવહાર થાય એ પણ અયોગ્ય ગણાય. સ્થાવરમાં વૃક્ષ આદિ થાઉં તો ઘણો કાલ સ્થિતિ કરતાં ભગવાન્‌ને મળવામાં વિલમ્બ થાય; માટે જે જેના ચરણની ઇચ્છા કરે તે તેને પ્રાપ્ત (તદ્રૂપ) થાય છે અથવા એનો થાય છે તેથી થોડા આયુષ્યવાળું ચરણરજ પ્રાપ્ત કરે એવો જન્મ મને ઈષ્ટ છે. માટે ગુલ્મલતા કે ઔષધિમાં જન્મ થાય તેમાં પણ રજનો સમ્બન્ધ થાય એવા લતા આદિમાં જ, નહિ કે તુલસી, કુન્દ, જાતી વગેરેમાં. કેમકે એમાં તો હસ્તસમ્બન્ધ થાય, ભગવાન્‌ના મસ્તકનો સમ્બન્ધ થાય. એ અહીં ઈષ્ટ નથી તેથી વૃન્દાવનમાં કોઈ જગ્યાએ એવો જન્મ થાય. ત્યાં શંકા થાય કે ગોપીજનોની ચરણરજવડે તો ગોપીજનોમાં એક્તા ન થાય! એના ઉત્તરમાં કહેવાનું કે ગોપીજનોને જે ભગવદ્‌ભાવ સુલભ છે તેવો બીજાને એ ભાવ સુલભ નથી. એ ભાવ પણ મારા જેવાને તો ન જ હોઈ શકે, તેથી ગોપીજનોની મોટાઈને કહે છે : જેમણે પોતાના પતિ અને પુત્રો ને છોડ્યા, જેને છોડવાનું

ઘણું મુશ્કેલ ગણાય છે, જેમણે આર્યમાર્ગને છોડ્યો. તે પણ છોડ્યો છોડાય એવો નથી. એને છોડવાથી અપકીર્તિ થાય અને એને લઈને સ્વર્ગ આદિ ન મળે; સમ્ભાવિતને અપકીર્તિ મરણથી પણ વિશેષ ગણાય છે; એને પણ ભગવાન્‌ને માટે છોડ્યો. એમને તો સ્વજન અને આર્યમાર્ગ ભગવાન્ જ છે, અન્ય કોઈ નથી. એ ભગવાને કહેલ ધર્મ પણ છોડ્યા અને મોક્ષદાતાના માર્ગનું સેવન કર્યું. જે જેના માર્ગમાં ચાલે છે તે તેટલા અંશમાં તેની તુલ્ય ગણાય છે, તેથી આ ગોપીજનો પણ મોક્ષને આપનારાં છે. અમે પણ એમની ચરણરજ પ્રાપ્ત કરી મોક્ષ આપનાર થઈ શકીશું. તેથી ભગવાન્‌ને ભજવા કરતાં ગોપીજનોની ચરણરેણુનું સેવન અમારે માટે ઉત્તમ છે. આ તમે કહો છો એ વેદ કેમ કહેતા નથી? એ તો બ્રહ્મભાવનું પ્રતિપાદન કરે છે! ત્યાં કહેવાનું કે વેદ પણ આ ભગવાન્‌ના માર્ગની શોધમાં છે; એને એ માર્ગ મળ્યો નથી, શ્રુતિઓ એના માર્ગનો વિચાર કરે છે પણ ''આ તો આમ છે'' એમ કહી શકતી નથી, કેમકે એને કહેવામાં દષ્ટાન્ત મળતું નથી. આ વખતે જ ભગવાને ગોપીજનોને દષ્ટાન્તરૂપ કર્યા છે. શ્રુતિ ભગવાન્‌ના અભિપ્રેતાર્થને ન જાણે તેથી એની સર્વજ્ઞતા કુઠિત થતી નથી. તેથી જ **''યસ્યામતં તસ્ય મતમ્'' ''વ્યાસાદ્યૈરીશ્વરેહાજ્ઞૈઃ''** ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિઓ પણ એવું જ સમર્થન કરે છે. શ્રુતિઓને એનું વિશેષ જ્ઞાન ન થયું તેથી એને જાણવાની ઇચ્છાથી એ એની શોધ કરે છે તેમાં પણ **''વિમૃગ્યામ્''** માં વિશેષ વિચાર કરનાર 'વિ' ઉપસર્ગ મૂક્યો છે, તેમાં પણ એ જ સર્વોત્કૃષ્ટ હોવાથી એનોજ વિચાર કરવાનું એણે યોગ્ય ધાર્યું છે.

જે ભગવદ્ ચરણનું લક્ષ્મીજી નિરન્તર અર્ચન કરે છે, જેના સર્વ કામ પૂરણ થયા છે તેવા બ્રહ્માજી અને સનકાદિક યોગાભ્યાસવડે જેમનું હૃદયમાં ધ્યાન ધરી પ્રાપ્ત કરે છે, તે શ્રીકૃષ્ણના ચરણારવિન્દને રાસગોષ્ઠીમાં ગોપીજનો હૃદયમાં ધારણ કરી પોતાના તાપને નિવૃત્ત કરે છે, એટલે લક્ષ્મીજી, બ્રહ્માજી, સનકાદિ યોગીઓ જેને પૂજે છે અને હૃદયમાં જોઈ શકે તે વસ્તુ ગોપીજનોના તાપને દૂર કરવાનું સાધન થાય છે, *એટલે એમની સ્તુતિ ક્યાં સુધી કરવી? ॥૬૩॥

**વિશેષ** : લોકમાં સર્વત્ર ફલરૂપ ગણાય તે લક્ષ્મીજીએ પણ પોતાની મનોકામનાની સિદ્ધિમાટે જે ચરણનું અર્ચન કર્યું છે, પણ એનો યથેષ્ટ ઉપયોગ એ પણ કરી શકતી નથી. જેણે સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કર્યા છે, બધાં સાધન પોતાને વશ કર્યાં છે તેવા બ્રહ્માદિ પણ એનાથી ઉત્તમ ફલ સિદ્ધ કરવામાટે જે કૃષ્ણચરણને સેવે છે, તે પણ ધ્યાનવડે હૃદયમાં એ ચરણને પ્રાપ્ત કરી પૂજે છે, બહારથી તો એમને પણ તે ચરણ પ્રાપ્ત નથી જ. એવું કૃષ્ણ એટલે સદાનન્દનું ફલરૂપ, ચરણારવિન્દ રાસક્રીડા કરતાં જ્યારે ગોપીજનો થાકી જાય છે ત્યારે ભગવાન્ એમના

હૃદયમાં શાન્તિને માટે એ ચરણને પોતે સ્થાપન કરે છે. તેથી **ન્યસ્તમ્** કહ્યું છે. ભગવાન્ એમને વશ હોવાથી એમનો શ્રમ દૂર કરવામાટે પોતે પ્રવૃત્ત થાય છે અને એ ચરણવડે એમના તાપને દૂર કરે છે. તેથી, પ્રમાણથી અને પ્રમેયથી ગોપીજનો સર્વોત્કૃષ્ટ છે એટલે એમને હવે નમસ્કાર કરે છે.

(ગોપીજનોના કૃષ્ણપ્રેમથી ઉદ્ધવજી એટલા બધા પ્રભાવિત થયા કે તેમને લાગ્યું કે ગોપીજનોને નમસ્કાર કરવાનો મારો અધિકાર નથી, તેમના ચરણકમલોને પણ નમસ્કાર કરવાની યોગ્યતા નથી, અરે! તેમના ચરણકમલોનાં રજકણોને પણ નહિ, તેથી) નન્દરાયજીના વ્રજમાં વસનારાં ગોપાંગનાઓની **ચરણરેણુના એક કણને** હું વારંવાર પ્રણામ કરું છું, *તેને મસ્તક પણ ચડાવું છું. આહા! આ ગોપીજનોએ શ્રીકૃષ્ણની લીલાકથાઓ સમ્બન્ધમાં જે કાંઈ ઊંચેથી ગાન કર્યું છે તે ત્રણ લોક (સ્વર્ગ, પૃથ્વી, પાતાળ) ને પવિત્ર કરી રહ્યું છે અને સદા-સર્વદા પવિત્ર કરતું રહેશે ।।૬૪।।

**વિશેષ** : અહીં ઉદ્ધવગીત સમાપ્ત થાય છે. સાક્ષાત્ ગોપીજનોને નમન કરવાની પોતાની યોગ્યતા નથી, તેથી એમની ચરણરેણુને ફલરૂપ માનીને ઉદ્ધવજી નમન કરે છે, જેમની કથાનો શબ્દ ત્રણ લોકને પવિત્ર કરે છે તેમનાં સ્વરૂપને તો આપણે કેમ પહોંચી શકીએ? માટે ચરણરેણુને નમન કર્યું એ યોગ્ય છે.

**શ્રીશુકદેવજી બોલ્યા** : હવે ઉદ્ધવજીએ ગોપીજનો, યશોદાજી અને નન્દરાયજી પાસે મથુરા જવા માટે આજ્ઞા પ્રાપ્ત કરી. ગ્વાલ-બાલો પાસે વિદાય મેળવી ઉદ્ધવજી મથુરા જવા રથમાં સવાર થયા ।।૬૫।।

જ્યારે એમનો રથ વ્રજની બહાર નીકળ્યો ત્યારે નન્દરાયજી વગેરે ગોપગણ વિવિધ પ્રકારની ભેટની સામગ્રી લઈને એમની પાસે આવ્યા અને આંખોથી આંસુ ઢાળતા અત્યન્ત પ્રેમથી તેમણે કહ્યું ।।૬૬।।

''ઉદ્ધવજી! અમે તો એટલું જ ઇચ્છીએ છીએ કે અમારા મનની એક-એક વૃત્તિ, એક-એક સંકલ્પ શ્રીકૃષ્ણના ચરણ કમલોનો જ આશ્રય કરીને રહે. અમારી વાણી નિત્ય-નિરન્તર તેમનાં જ નામોનો ઉચ્ચાર કરતી રહે અને શરીર તેમને જ પ્રણામ કરવામાં, એમની જ આજ્ઞાનું પાલન કરવામાં અને તેમની જ સેવામાં લાગેલું રહે ।।૬૭।।

હે ઉદ્ધવજી! અમે સાચું કહી છીએ, અમને મોક્ષની ઇચ્છા બિલકુલ નથી.

ભગવાન્‌ની ઈચ્છાથી અમે અમારાં કર્મો પ્રમાણે કોઈ યોનિમાં જન્મ લઈએ, ત્યાં શુભ આચરણ કરીએ, દાન કરીએ અને તેનું ફલ અમને એ જ મળે કે અમારા પોતાના ઈશ્વર શ્રીકૃષ્ણમાં અમારો પ્રેમ ઉત્તરોત્તર વધતો રહે'' ।।૬૮।।

હે રાજન્! નન્દરાયજી વગેરે ગોપોએ શ્રીકૃષ્ણભક્તિદ્વારા ઉદ્ધવજીને પ્રાર્થના કરી અને ઉદ્ધવજી શ્રીકૃષ્ણદ્વારા સુરક્ષિત મથુરામા પાછા આવ્યા ।।૬૯।।

**કૃષ્ણાય પ્રણિપત્યાહ ભક્ત્યુદ્રેકં વ્રજૌકસામ્ ।।**
**વસુદેવાય રામાય રાજ્ઞે ચોપાયનાન્યદાત્ ।।૭૦।।**

ત્યાં પહોંચી તેમણે ભગવાન્ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને વ્રજવાસીઓની પ્રેમમયી ભક્તિનો ઉદ્રેક (અતિશયતા, ઉત્તમતા, અદષ્ટપૂર્વતા) કહી સંભળાવ્યો. પછી નન્દરાયજી અને વ્રજવાસીઓએ જે ભેટો આપી હતી તે તેમણે વસુદેવજી, બલદેવજી અને રાજા ઉગ્રસેનને અર્પણ કરી ।।૭૦।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમા (ત્રીજા રાજસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા પ્રકરણનો જ્ઞાન રૂપ પાંચમો) ''ઉદ્ધવજીએ ગોપીજનોને આપેલો ભગવાન્‌નો આદેશ'' નામનો સુડતાલીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ચુમાલીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

શું તમે પુષ્ટિમાર્ગી છો? ષોડશગ્રન્થ ભણ્યા છો?
નહીં!!! એકડાના જ્ઞાન વિના દાખલા કેમ ગણી શકશો?
ભાગવતને શ્રીમહાપ્રભુજીની દષ્ટિથી કેમ સમજી શકશો?

## અધ્યાય ૪૮

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૪૫

# ભગવાને કુબ્જા અને અક્રૂરજી ને માન આપ્યું

### ત્રીજા રાજસ પ્રકરણનું બીજું પ્રમેય પ્રકરણ અધ્યાય૬

**વિશેષ**: જેનો પ્રથમ નિરોધ કર્યો છે તેનું ઉદ્ધવજી દ્વારા સાન્ત્વન કર્યું. એનો ઉત્કર્ષ ગયા અધ્યાયમાં કહેવામાં આવ્યો, હવે બીજાનું સાન્ત્વન બે અધ્યાયથી કરવામાં આવે છે.

મથુરાવાસીઓ બધાં રાજસભાવવાળાં છે, પાંડવો સાત્વિક ભક્તો છે, તે બન્નેનું સાન્ત્વન કરવામાં આવે છે. રાજસક્રિયા વિક્ષેપવાળી હોય છે. તેથી અહીં મથુરાવાસીઓની કૃતિ માનસી છે, તેથી એને કામ આદિ દ્વારા ભગવાને શાન્ત કરી છે, એટલે કુબ્જા અને અક્રૂરજી ની જે ઇચ્છા મનમાં હતી તે ભગવાને પૂર્ણ કરી છે. ઉદ્ધવજી કરતાં અક્રૂરજી મુખ્ય છે તેથી આગળ એમને હસ્તિનાપુર મોકલવામાં આવે છે. દાસભાવમાં ઉદ્ધવજી મુખ્ય છે અને શાસ્ત્રીય રીતિએ અક્રૂરજી મુખ્ય, તેથી વિષય ભેદથી બન્નેની મુખ્યતા છે. રાજસ ભાવની મુખ્યતા બતાવવામાટે કુબ્જાનું સાન્ત્વન પ્રદ્યુમ્નરૂપે પ્રથમ કર્યું છે. અક્રૂરજીનું વાણીવડે સાન્ત્વન કર્યું છે. એમણે ભગવાન્‌ની સ્તુતિ કરી ત્યાર પછી ભગવાને એમને પાંડવોની ખબર લેવા મોકલ્યા છે. એ જ આ ૪૮ મા અધ્યાયમાં કાયાથી કુબ્જાનું અને વાણીથી અક્રૂરજીનું સાન્ત્વન કર્યાનું કહેવામાં આવ્યું છે.

**અથ વિજ્ઞાય ભગવાન્ સર્વાત્મા સર્વદર્શનઃ ।।**
**સૈરન્ધ્ર્યાઃ કામતપ્તાયાઃ પ્રિયમિચ્છન્ ગૃહં યયૌ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! ત્યારબાદ બધાના આત્મા અને બધું જ જોનાર ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાને મળવાની આકાંક્ષાથી વ્યાકુલ થઈ રહેલ સૈરન્ધ્રી (કુબ્જા) નું પ્રિય કરવાની ઇચ્છાથી (તે પોતાની પાસે આવી શકે એમ ન હોવાથી પોતે) તેને ઘેર પધાર્યા. (સૈરન્ધ્રી=રાણીવાસની દાસી. શ્રીભાગવતજીમાં તેને કુબ્જા તરીકે ઓળખાવી છે. કુબ્જ=જેને ખૂંધ નીકળેલ હોય તે. કુબ્જા=ખૂંધવાળી સ્ત્રી) ।।૧।।

તે (કુબ્જા) નું ઘર બહુમૂલ્ય સામગ્રીઓથી સમ્પન્ન હતું. તેમાં શૃંગાર રસને ઉદ્દીપન કરનારી ઘણી બધી સાધનસામગ્રી પણ હતી. મોતીની ઝાલરો અને ઠેકઠેકાણે ઝંડીઓ લાગી રહી હતી, ચન્દરવા બાંધેલા હતા, શય્યાઓ બિછાવેલી હતી અને બેસવાનેમાટે ઘણાં સુન્દર આસન હતાં, ધૂપની સુગન્ધ મહેકી રહી હતી, અગ્નિમય અને મણિમય દીપ પ્રકાશી રહ્યા હતા, ઠેકઠેકાણે ફૂલોના હાર અને ચન્દન રાખવામાં આવ્યા હતાં. (ઘરનો આટલો બધો વૈભવ ભગવાને તેને ઘેર પધારવાનો વિચાર કર્યો તેથી ભગવદિચ્છાથી જ સિદ્ધ થઈ ગયો હતો) ।।૨।।

ભગવાન્‌ને પોતાને ઘેર પધારેલા જોઈ કુબ્જા તરત જ સફાળી પોતાના આસન ઉપરથી ઉભી થઈ ગઈ અને સખીઓની સાથે આગળ આવી તેણે વિધિપૂર્વક ભગવાન્‌નું સ્વાગત કર્યું. પછી શ્રેષ્ઠ આસન વગેરે આપી વિવિધ ઉપચારોથી આપની

વિધિપૂર્વક પૂજા કરી ।।૩।।

તેવી જ રીતે કુબ્જાએ ઉદ્ધવજીની ભગવદ્ભક્ત તરીકે પૂજા કરી, પરન્તુ સન્માનને માટે તેણે આપેલ આસનનો સ્પર્શ કરી, તેઓ (ઉદ્ધવજી) ધરતી ઉપર જ બેસી ગયા. (આમ કરી પોતાના સ્વામીની સમક્ષ સેવકે આસન ઉપર ન બેસાય તે રાજધર્મ છે એમ બતાવ્યું.) ભગવાન્ શ્રીકૃષ્ણ સચ્ચિદાનન્દસ્વરૂપ હોવા છતાં લોકાચારનું અનુકરણ કરતા તરત જ તેની બહુમૂલ્ય સેજ ઉપર જઈ બિરાજ્યા।।૪।।

કુબ્જા સ્નાન, અંગરાગ, વસ્ત્રો, આભૂષણ, હાર, ગન્ધ (અત્તર વગેરે), તામ્બૂલ અને સુધાસવ આદિથી પોતાને ખૂબ સજ્જ કરી લીલામય લજ્જાયુક્ત હાસ્ય અને હાવ-ભાવ સાથે ભગવાન્ તરફ જોતી-જોતી આપની પાસે આવી ।।૫।।

કુબ્જા પ્રથમ મિલનના સઙ્કોચથી કંઈક અચકાતી હતી, ત્યારે શ્યામસુન્દર શ્રીકૃષ્ણે તેને પોતાની પાસે બોલાવી લીધી અને કંકણથી સુશોભિત હાથ પકડી પોતાની પાસે બેસાડી દીધી અને તેની સાથે ક્રીડા કરવા લાગ્યા. હે પરીક્ષિત! કુબ્જાએ ભગવાન્‌ને ચન્દન લગાવ્યું તે સિવાયનું તો તેનું પુણ્ય લેશમાત્ર જ હતું. પણ ભગવાન્ સર્વસમર્થ છે તેથી આ અનુપમ અવસર આવ્યો. (તેના કર્મ કે સાધનથી નહિ) ।।૬।।

કુબ્જા ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણને પોતાના કામ સન્તપ્ત હૃદય, વક્ષ:સ્થલ અને નેત્રો ઉપર રાખી તેની દિવ્ય સુગન્ધ લેવા લાગી અને આ પ્રમાણે તેણે પોતાના હૃદયની તમામ આધિ-વ્યાધિ શાન્ત કરી લીધી. હૃદયમાં બિરાજી રહેલ અન્તર્યામીને હવે બહાર આનન્દમૂર્તિ પ્રિયતમ શ્યામસુન્દરના રૂપમાં બન્ને ભુજાઓથી ગાઢ આલિંગન કરી કુબ્જાએ ઘણા લાંબા સમય (કરોડો જન્મો) નો ત્રિવિધ તાપ શાન્ત કર્યો ।।૭।।

હે પરીક્ષિત! કુબ્જાએ માત્ર અંગરાગ સમર્પિત કર્યો હતો. એટલાથી જ તેને એ સર્વશક્તિમાન ભગવાન્‌ની પ્રાપ્તિ થઈ, જે કૈવલ્ય મોક્ષના અધીશ્વર છે અને જેની પ્રાપ્તિ અત્યન્ત કઠિન છે. પરન્તુ તે ભાગ્યહીન તેથી આપને પ્રાપ્ત કરીને પણ ગોપીજનો જેવી અવસ્થા કે મોક્ષ માગવાને બદલે આમાગ્યું ।।૮।।

''હે પ્રિયતમ! આપ કેટલાક દિવસ અહીં બિરાજીને મારી સાથે રમણ કરો. હે કમલનયન! આપનો સંગ તો હું છોડી શકું તેમ નથી પણ આપના સંગને છોડવાનો

ઉત્સાહ પણ હું કરી શકતી નથી'' ।।૯।।

હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણ બધાનું માન રાખે છે અને સ્વયં સર્વેશ્વર છે. આપે તેને ઈચ્છિત વરદાન આપી ઉદ્ધવજીની સાથે પોતાને સર્વ સમૃદ્ધિમાન ઘરે પધાર્યા ।।૧૦।।

જેની આરાધના કરવી અને તે પણ પ્રસન્નતા પ્રાપ્ત થાય ત્યાં સુધી કરવી અત્યન્ત કઠિન છે એવા કાલ, બ્રહ્મા વગેરે સર્વેશ્વરોના નિયામકને પ્રસન્ન કરીને જે મનમાં આવે તેવું એમની પાસે માગે છે તે કુબુદ્ધિ છે, કેમકે આવા સમર્થ ઈશ્વરને પ્રસન્ન કરીને તો કૈવલ્ય મોક્ષ કે ગોપીજનના જેવો દઢ ભાવ માગવો જોઈએ. એને બદલે મનને બે ઘડી આનન્દ આપે એવું ક્ષણિક સુખ માગે તો એમાં બુદ્ધિનો લેશ નથી એમ જ નક્કી થાય છે. જેમ કોઈ મહારાજા પ્રસન્ન થયા હોય તો એ ગામ કે દેશ આપી શકે છતાં એની પાસે પોતાને માટે નહિ માગતાં પોતાના વાંદરાને ખાવામાટે ચણા માગે તેવું-કુબ્જાએ ઈશ્વરના ઈશ્વરને ચન્દન આપી પ્રસન્ન કર્યા અને એમની પાસે વાંદરા જેવા પોતાના મનને તૃપ્ત કરવામાટે ક્ષણિક કામસુખ માગ્યું. તેથી એને શ્રીશુકદેવજીએ દુર્ભગા કહી એ યોગ્યજકહ્યું ।।૧૧।।

(તે જ દિવસે) ભગવાન્ શ્રીકૃષ્ણ બલદેવજી અને ઉદ્ધવજી ને સાથે લઈને અક્રૂરજીના ભવનમાં પધાર્યા. એમાં ભગવાન્‌ને એમની પાસે કામ લેવાનું છે. વળી અક્રૂરજીએ પોતાને ઘેર પધારવાનું આમન્ત્રણ ભગવાન્‌ને આપ્યું જ છે તે નિમિત્તે તેમની અભિલાષા પૂર્ણ કરવા ભગવાન્ ત્યાં પધાર્યા ।।૧૨।।

અક્રૂરજીએ દૂરથી જ જોઈ લીધું કે અમારા પરમ બન્ધુઓ, નર (ઉદ્ધવજી), નરવર (બલદેવજી) અને નરવરથી શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ પધારી રહ્યા છે ત્યારે તેઓ તુરત ઉભા થઈ આગળ આવ્યા અને આનન્દપૂર્વક તેમનું અભિનન્દન અને આલિંગન કર્યું ।।૧૩।।

અક્રૂરજીએ ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજી ને નમસ્કાર કર્યા. ઉદ્ધવજી સાથે એ બન્ને ભાઈઓએ પણ તેમને નમસ્કાર કર્યા. જ્યારે બધા આરામથી આસનો પર બેસી ગયા ત્યારે અક્રૂરજી તેમની વિધિવત્ પૂજા કરવા લાગ્યા ।।૧૪।।

હે પરીક્ષિત! તેમણે પહેલાં ભગવાન્‌નાં ચરણ ધોઈ ચરણોદક મસ્તક ઉપર ચડાવ્યું અને પછી અનેક પ્રકારની પૂજા સામગ્રી, દિવ્ય વસ્ત્ર, ચન્દન, માલા અને શ્રેષ્ઠ આભૂષણોથી એમનું પૂજન કર્યું. મસ્તક નમાવી એમને પ્રણામ કર્યા અને

આપનાં ચરણોને પોતાની ગોદમાં લઈ દબાવવા લાગ્યા. એ વખતે તેમણે વિનયથી નમીને ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજીને કહ્યું ।।૧૫-૧૬।।

''પાપી કંસ મર્યો એ બહુ સારું થયું. એના ભાઈઓનો પણ નાશ થયો. એ પણ પાપી હતા. એ મર્યા તે પણ એઓના પાપવડે જ મર્યા. આમ કરી આપે આખા યદુકુલને કષ્ટ પામતું બચાવ્યું, એટલું જ નહિ, પણ એનો આપે ઉદ્ધાર કર્યો. એને પૂર્વે હતા તેથી વિશેષ સમૃદ્ધિવાળા કર્યા એ બહુ સારું થયું ।।૧૭।।

આપ પ્રધાન પુરુષરૂપ છો. આપ જ જગતનું કારણ છો, એટલું જ નહિ, પણ આપ જ જગન્મય છો. આપ સિવાય કારણ કાર્યરૂપ જગતમાં બીજું કાંઈ નથી. કેવલ એના ઉપાદાન અને નિમિત્તરૂપે આપ જ છો. જેમાં આપ અલ્પ સામર્થ્ય ધરો તે અપકૃષ્ટ અને વિશેષ સામર્થ્ય ધરો તે ઉત્કૃષ્ટ ગણાય; બીજો વસ્તુતઃ એમાં ભેદ નથી ।।૧૮।।

આ જગતને ઉત્પન્ન કરીને એમાં પાછળથી આપ પ્રવેશ કરો છો. સર્વ સામર્થ્યયુક્ત થઈને આપ એમાં પ્રવેશ કરો છો, તેથી શ્રુતિપ્રતિપાદિત પદાર્થ અને પ્રત્યક્ષ પદાર્થ એ બન્ને આપ જ છો ।।૧૯।।

જેવી રીતે પૃથ્વી વગેરે કારણ તત્વોથી જ તેમનાં કાર્ય સ્થાવર જંગમ શરીર બને છે; જાણે કે તે તેમાં અનુપ્રવિષ્ટ થઈ અનેક રૂપોમાં પ્રતીત થાય છે (દેખાય છે), પરન્તુ હકીકતમાં તે કારણ રૂપ જ છે, તે જ પ્રમાણ છો તો કેવલ આપ જ, પરન્તુ પોતાના કાર્યરૂપ જગતમાં સ્વેચ્છાથી અનેક રૂપોમાં દેખાઓ છો. આ પણ આપની એક લીલા જ છે ।।૨૦।।

આપ રજોગુણ, સત્વગુણ અને તમોગુણરૂપ પોતાની શક્તિઓથી ક્રમશઃ જગતની રચના, પાલન અને સંહાર કરો છો, પણ આપ તે ગુણોથી કે તેમનાદ્વારા થતાં કર્મોથી બન્ધનમાં નથી પડતા કારણ કે આપ શુદ્ધ જ્ઞાન સ્વરૂપ છો. આવી સ્થિતિમાં આપને માટે બન્ધનનું કારણ જ શું હોઈ શકે? ।।૨૧।।

પહેલાં તો જે આત્માને ઉપાધિઓ (દેહ, ઈન્દ્રિયો, અન્તઃકરણ,સ્વભાવ કર્મ અથવા કાલ) વળગેલી હોય તે આત્માનો જન્મ હોય છે. આપનામાં આ ઉપાધિઓ ન હોવાથી આપનો સાક્ષાત્ જન્મ નથી.(હા, વસુદેવ-દેવકીજીને ત્યાં નટની માફક જન્મનો પ્રકાશ કરવાનું નાટક જરૂર છે)આપમાં ભેદ (**ભેદ અથવા ભિદા**=પહેલાંના સંઘાતનો ત્યાગ કરી બીજા સંઘાતનું ગ્રહણ કરવું.)પણ નથી, અને ભેદ નથી માટે

બંધ અને મોક્ષ પણ નથી. આપમાં પોત-પોતાની ઈચ્છા અથવાઅભિપ્રાય પ્રમાણે બંધન અને મોક્ષની જે કાંઈ કલ્પના કરી લેવામાં આવે છે તેનું કારણ ભ્રાન્ત લોકોનો અવિવેક જ છે ।।૨૨।।

આપે જગતના કલ્યાણને માટે આ સનાતન વેદમાર્ગ પ્રકટ કર્યો છે. જ્યારે-જ્યારે પાખંડમાર્ગે ચાલનારા દુષ્ટ લોકો તેને બાધા કરે છે ત્યારે ત્યારે આપ શુદ્ધ સત્વમય શરીર ધારણ કરો છો ।।૨૩।।

હે પ્રભો! તે જ આપ અત્યારે પોતાના અંશ શ્રીબલદેવજીની સાથે પૃથ્વીનો ભાર દૂર કરવા અહીં વસુદેવજીને ઘરે અવતર્યા છો. આપ અસુરોના અંશથી ઉત્પન્ન નામ-માત્રના રાજાઓની સેંકડો અક્ષૌહિણી સેનાનો સંહાર કરશો અને યદુવંશના યશનો વિસ્તાર કરશો ।।૨૪।।

જેમના ચરણ પ્રક્ષાલનનું જલ (ગંગાજી) ત્રણ લોકને પવિત્ર કરે છે તેવા આપ, જેનું સ્વરૂપ ઈન્દ્રિયોથી જણાતું નથી, કેમકે એ ઈન્દ્રિયો પણ જ્યાં સુધી પહોંચી શકતી નથી, તેવા આપ આ અમારા ઘરમાં પધાર્યા તેથી એ ઘરનાં અમે મોટાં ભાગ્ય સમજીએ છીએ; કારણ કે ઘરો આજે સર્વદેવરૂપ, પિતૃદેવરૂપ અને મનુષ્યદેવરૂપ આપના ચરણથી પવિત્ર થયાં છે ।।૨૫।।

હે પ્રભો! આપ પ્રેમી ભક્તોના પરમ પ્રિયતમ, સત્યવક્તા (સત્ય પ્રતિજ્ઞાવાળા), હિતેચ્છુ અને કૃતજ્ઞ (થોડી સેવાને પણ બહુ માની લેનાર) છો. ભલા, એવો ક્યો બુદ્ધિમાન્ પુરુષ છે જે આપને છોડી કોઈ બીજાને શરણે જાય? આપ આપનું ભજન કરનાર પ્રેમી ભક્તની સમસ્ત અભિલાષાઓ પૂર્ણ કરી દો છો, તે ત્યાં સુધી કે જેની ક્યારેય ક્ષતિ અને વૃદ્ધિ થતી નથી; જે એકરસ છે. પોતાના તે સ્વરૂપનું પણ આપ દાન કરી દો છો. *વિષયભાવવાળો આપનો ભક્ત થઈ શકતો નથી તેથી એની ઈચ્છા પ્રમાણે આપ નથી કરતા એ યોગ્ય જ છે ।।૨૬।।

**વિશેષ** : પ્રાણીઓએ કરવા જેવું કંઈ હોય તો તે પ્રપત્તિ છે. ભક્તિ કરવી કઠિન છે. પ્રપત્તિ (ભગવાન્ જ મારું શરણ આશ્રય છે એવી ભાવના) થી ફલસિદ્ધિ અનાયાસે પરિશ્રમ વગર થાય છે. પોતાનો અથવા બીજાનો જે બિલકુલ દ્રોહ કરતો નથી તેવા શુદ્ધ અન્તઃકરણવાળા (સુહૃદ) ની બધી કામનાઓ ભગવાન્ પૂર્ણ કરે છે.

આજ અમારાં ભાગ્યનો ઉદય તો થયો, સાથે-સાથે આજે આપે અમારા અજ્ઞાનનો (અવિદ્યાનો) નાશ કર્યો, (**"જનામ્-અવિદ્યામ્ અર્દયતિ ઈતિ**

**જનાર્દનઃ''** જના (અવિદ્યા)નો નાશ કરે તે જનાર્દન.) તેથી જ આજે આપનાં સાક્ષાત્ દર્શન અમને થયાં, નહિ તો આપના સ્વરૂપને તો મોટા-મોટા યોગીરાજ અને દેવરાજ પણ જાણી શક્તા નથી. હે પ્રભો! અમે પુત્ર, સ્ત્રી, ધન, સ્વજન, ઘર અને દેહ વગેરેના મોહની રસ્સીથી બંધાયેલા છીએ. પણ એ આપની માયાનો જ ખેલ છે. આપ કૃપા કરી આ ગાઢ બંધનને જલદી દૂર કરો. જો હમણાં દૂર નહિ કરો તોએ બંધન દઢ થઈ જશે તો એને છેદતાં પણ એ પાછી ઉત્પન્ન થશે અથવા છેદ કરનારમાં વૈમનસ્ય ઉત્પન્ન કરશે માટે જલ્દીથી એને દૂર કરો'' ।।૨૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : આ પ્રમાણે ભક્ત અક્રૂરજીએ ભગવાન્ શ્રીકૃષ્ણની પૂજા અને સ્તુતિ કરી. ત્યારબાદ ભગવાને હાસ્ય કરતાં પોતાની મધુરવાણીથી તેમને મોહ પમાડતા હોય તેમ કહ્યું ।।૨૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : આપ અમારા ગુરુ (ભગવાન્ ખોટું બોલે નહિ. ભગવાને ધનુર્વિદ્યાનો અભ્યાસ લોકસંગ્રહાર્થે પણ બીજા કોઈ પાસેથી કર્યો હોય તેવો ઉલ્લેખ મળતો નથી. અક્રૂરજીને 'ગુરુ' કહે છે તેથી અક્રૂરજીએ ભગવાન્‌ને ધનુર્વેદ ભણાવ્યો છે એમ જણાય છે.) અને કાકા છો. અમારા વંશમાં અત્યન્ત પ્રશંસનીય તથા સદા અમારા હિતચ્છુ છો. અમે તો આપના બાળક છીએ અને સદૈવ આપની રક્ષા, પાલન અને કૃપાનાં પાત્ર છીએ ।।૨૯।।

પોતાનું પરમ કલ્યાણ ઈચ્છનાર મનુષ્યોએ આપ જેવા પરમ પૂજનીય અને મહાભાગ્યવાન સન્તોની સેવા કરવી જોઈએ. આપ જેવા સન્ત દેવતાઓથી પણ અધિક છે. કારણ કે દેવતાઓમાં તો સ્વાર્થ હોય છે, પરન્તુ સન્તોમાં સ્વાર્થ નથી હોતો ।।૩૦।।

(નિવૃત્તિમાર્ગમાં તીર્થસેવન કરવાનું કહેવાય છે. એના કરતાં પણ ભક્તોને સેવવા શ્રેષ્ઠ છે એમ કહે છે કે 'તીર્થ' એટલે જળના અભિમાનવાળી દેવતા. તે દેવતા ચેતનમયી હોય છે, કેવળ જલ તો જડ છે, તેથી જળમાત્ર તીર્થ નથી. દેવો પણ માત્ર મૃત્તિકા કે શિલામય નથી પણ ચેતનદેવ જ દેવ કહેવાય છે) એ દેવ અને તીર્થ ને એનાં સ્વરૂપને જાણીને સેવે તો ઘણે કાલે એ ફલ આપનાર થાય છે જ્યારે સાધુ (સાધુ-જ્ઞાનના ઉપદેશક, ભક્તિનો પ્રચાર કરનાર.) પુરુષોની સેવા તુરત ફલ દેનારી થાય છે. તેઓ તો દર્શન માત્રથી ફલ આપે છે ।।૩૧।।

અમારામાં આપ મોટા છો, તો આપણા સુહૃદોનું પ્રિય કરવાને આપ

હસ્તિનાપુર જાઓ. ત્યાં પાંડવો કેમ નિર્વાહ કરે છે એ જાણવાની અમારી ઈચ્છા છે. તો એ વાતને તમારા વિના બીજો જાણી નહિ શકે તેથી આપ ત્યાં પધારો ।।૩૨।।

અમે એમ સાંભળ્યું છે કે રાજા પાણ્ડુના મૃત્યુ બાદ યુધિષ્ઠિર આદિ પાંડવ પોતાની માતા કુન્તાજીની સાથે દુઃખી-દુઃખી થઈ ગયા હતા. અત્યારે રાજા ધૃતરાષ્ટ્ર તેમને પોતાની રાજધાની હસ્તિનાપુરમાં લાવ્યા છે અને ત્યાં જ રહે છે ।।૩૩।।

આપ જાણો જ છો કે અમ્બિકાનો પુત્ર-રાજા ધૃતરાષ્ટ્ર અન્ધ છે અને દીન બુદ્ધિવાળો છે. તેનો પુત્ર દુર્યોધન બહુ દુષ્ટ છે અને તેને અધીન હોવાથી તે પાંડવોની સાથે પોતાના પુત્રો જેવો સમાન વ્યવહાર કરી શક્તો નથી ।।૩૪।।

તેથી આપ ત્યાં જાઓ અને તેમની સ્થિતિ સારી છે કે બૂરી (ખરાબ) તેનો અહેવાલ મેળવો. આપ દ્વારા તેમના સમાચાર જાણી હું એવો ઉપાય કરીશ કે તેમને સુખ થાય ।।૩૫।।

**ઈત્યક્રૂરં સમાદિશ્ય ભગવાન્ હરિરીશ્વરઃ ।।**
**પસંકર્ષણોદ્ધવાભ્યાં વૈ તતઃ સ્વભવનં યયૌ ।।૩૬।।**

સર્વશક્તિમાન્ ભગવાન્ શ્રીકૃષ્ણ અક્રૂરજીને આ પ્રમાણે આદેશ આપીને બલદેવજી અને ઉદ્ધવજીની સાથે ત્યાંથી પોતાના ભવન તરફ પધાર્યા ।।૩૬।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના બીજા પ્રમેય-પેટા પ્રકરણનો વૈરાગ્ય નિરૂપક છઠ્ઠો) ''ભગવાને કુબ્જા અને અક્રૂરજીને માન આપ્યું'' નામનો અડતાલીસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં પિસ્તાલીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પ્રાણ કંઠે આવી ગયા હોય તો પણ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો, ભૂખ્યા મરી ભલે જવું.(શ્રીવલ્લભાચાર્ય)**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ માણસને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

# અધ્યાય ૪૯

## શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૪૬

# અક્રૂરજીને હસ્તિનાપુર મોકલી ભગવાને પાંડવોનું સાન્ત્વન કર્યું

## ત્રીજા રાજસ પ્રકરણનું બીજું પ્રમેય પ્રકરણ અધ્યાય ૭

**વિશેષ** : ભગવાન્ જીવના અધિકાર પ્રમાણે નિરોધ કરે છે તેથી આ ૪૯ મા અધ્યાયમાં સાત્વિક પાંડવોનું સાન્ત્વન અક્રૂરજીદ્વારા ભગવાને કર્યું એ વાત કહેવામાં આવે છે. ભગવાને મોકલેલા અક્રૂરજીએ ''ધૃતરાષ્ટ્રને ખરું જ્ઞાન કરાવીશું તો પાંડવોને દુઃખ નહિ દે'' એમ જાણી પોતે પોતાની મરજી પ્રમાણે ધૃતરાષ્ટ્રને કહ્યું. અક્રૂરજી ત્યાં ઘણા દિવસ રહ્યા, પાંડવો સાથે વિષમ વર્તન થાય છે એ બધું પોતે જાણ્યું. પાંડવોએ પણ એમને પોતાની હકીકત કહી સંભળાવી. એ બધો વિચાર પોતે કરીને એ સમ્બન્ધે જે ધૃતરાષ્ટ્રને કહેવું યોગ્ય હતું તેટલું તેમણે એને કહ્યું, કેમકે અક્રૂરજી પોતે વિચારમાં કુશળ છે. એમજો ન કરે તો ભગવાન્‌ને એમનો નિરોધ કરવો છે તે નિરોધ સિદ્ધ ન થાય,તેથી અક્રૂરજીનું કાર્ય અક્રૂરજી કરી આવ્યા પછી ભગવાન્ પોતાનું નિરોધરૂપ કર્તવ્ય કરશે એટલે ભગવાન્‌નું કર્તવ્યતો બીજા કોઈથી થઈ શકેજ નહિ એ વાતસિદ્ધ થઈ.

**સ ગત્વા હસ્તિનપુરં પૌરવેન્દ્રશ્રિયાંકિતમ્ ।।**
**દદર્શ તત્રામ્બિકેયં સભીષ્મં વિદુરં પૃથામ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : પુરુવંશના રાજાઓની લક્ષ્મીથી શોભતા હસ્તિનાપુરમાં અક્રૂરજી ગયા ત્યાં એમણે ધૃતરાષ્ટ્ર રાજાને, ભીષ્મ સહિત વિદુરજીને અને પૃથાને જોયાં ।।૧।।

શન્તનુના ભાઈ બાહ્લીક, ભૂરિશ્રવાદિ એના પુત્રો, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, દુર્યોધન, અશ્વત્થામા, પાંડવો અને બીજા સુહૃદો વગેરેને અક્રૂરજી મળ્યા, એમને બધી વાતો પૂછી અને એમણે પણ યાદવોની ખબર પૂછી તે એમને કહી ।।૨-૩।।

ધૃતરાષ્ટ્ર પાંડવોની સાથે કેવો વ્યવહાર કરે છે તે જાણવામાટે અક્રૂરજી કેટલાક મહિનાઓ સુધી ત્યાં જ રહ્યા. ધૃતરાષ્ટ્રમાં પોતાના દુષ્ટ પુત્રોની ઈચ્છાથી વિપરીત કરવાનું કંઈ પણ સાહસ, વિવેક કે ધૈર્ય હતાં નહિ. તે શકુનિ વગેરે દુષ્ટ પુરુષોની સલાહ પ્રમાણે જ કામ કરતા હતા ।।૪।।

કુન્તાજી અને વિદુરજી એ અક્રૂરજીને એ બતાવ્યું કે ધૃત્રાષ્ટ્રના પુત્રો દુર્યોધન વગેરે પાંડવોની કાન્તિ, ઓજ (ઇન્દ્રિયશક્તિ), બલ, પરાક્રમ, વિનય વગેરે સદ્ગુણો જોઈ-જોઈને બળ્યા કરે છે. જ્યારે તે જુએ છે કે પ્રજા પાંડવો પ્રત્યે જ વિશેષ પ્રેમ રાખે છે ત્યારે તો તે વિશેષ ચિડાઈ જાય છે અને પાંડવોનું અનિષ્ટ કરવા તૈયાર થાય છે. અત્યાર સુધીમાં તેમણે પાંડવો ઉપર વિષદાન વગેરે ઘણા અત્યાચાર કર્યા છે અને હજુ પણ ઘણું-ઘણું કરવા માગે છે ।।૫-૬।।

પૃથા પોતાના ભાઈ અક્રૂરજીની પાસે આવ્યાં. ભાઈને જોઈને પોતાના જન્મસ્થાનની એમને સ્મૃતિ થઈ આવી તેથી એમના નેત્રમાં આંસુ આવી ગયાં ।।૭।।

**પૃથાએ કહ્યું** : ભાઈ! અમારાં માતા-પિતા, અમારાં ભાઈ-બહેનો, ભત્રીજાઓ, કુલસ્ત્રીઓ, બહેનપણીઓ વગેરે મને કોઈ દિવસ યાદ કરે છે? ।।૮।।

ભક્તવત્સલ અને શરણે આવનારનું રક્ષણ કરનાર અમારા (ભાઈ વસુદેવજીના પુત્ર) ભત્રીજા શ્રીકૃષ્ણ અને કમલનયન બલદેવજી એમની ફોઈના પુત્રો યુધિષ્ઠિર આદિને યાદ કરે છે? ।।૯।।

શત્રુઓથી ઘેરાયેલી હું શોકથી આકુલ થઈ રહી છું. જેવી દશા વરુઓથી ઘેરાઈ ગયેલી હરિણીની હોય તેવી જ મારી દશા છે. મારાં બાળકો પિતા વગરનાં થઈ ગયાં છે. શું અમારા શ્રીકૃષ્ણ ક્યારેય અહીં આવી મને અને આ અનાથ બાળકોને સાન્ત્વન (ધીરજ) આપશે? ।।૧૦।।

(શ્રીકૃષ્ણને પોતાની સામે પધારેલા સમજી કુન્તાજી કહેવા લાગ્યાં) હે સચ્ચિદાનન્દ સ્વરૂપ શ્રીકૃષ્ણ! આપ મહાયોગી છો, વિશ્વાત્મા છો અને આપ સમગ્ર વિશ્વને અનુભવ કરાવો છો. હે ગોવિન્દ! મારાં બાળકો સાથે હું દુઃખી દુઃખી થઈ રહી છું. આપને શરણે આવી છું. મારી અને મારાં બાળકોની રક્ષા કરો ।।૧૧।।

આ સંસાર મૃત્યુમય છે અને આપનાં ચરણકમલ મોક્ષ આપવાવાળાં છે. હું જોઉં છું કે જે લોકો આ સંસારથી ગભરાયેલા છે, તેમને માટે આપનાં ચરણકમલ (અર્થાત્ ભક્તિ) સિવાય બીજું કોઈ શરણ કે સહારો નથી ।।૧૨।।

હે શ્રીકૃષ્ણ! આપ માયાના લેશથી રહિત પરમ શુદ્ધ છો. આપ સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છો. સમસ્ત સાધનો યોગો અને ઉપાયો ના આપ સ્વામી છો તથા સ્વયં યોગ પણ છો. હું આપના શરણમાં પડી છું ।।૧૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! તમારાં પિતામહી (પરદાદી) કુન્તાજી આ પ્રમાણે પોતાનાં સગાંસમ્બન્ધીઓ અને જગદીશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણનું સ્મરણ કરી અત્યન્ત દુઃખિત થઈ ઉચ્ચ સ્વરથી રડવા લાગ્યાં ।।૧૪।।

અક્રૂરજી અને વિદુરજી બન્નેય સુખ અને દુઃખ ને સમાન દષ્ટિથી જોતા હતા, પણ વિદુરજી (ધર્મનો પક્ષપાત કરનારા હતા તેથી) મહા યશસ્વી છે. બન્નેએ કુન્તાજીને તેમના પુત્રો, ધર્મ, વાયુ, વગેરેથી થયા છે તેની યાદ દેવડાવી અને તેમને સાન્ત્વન આપ્યું ।।૧૫।।

અક્રૂરજી મથુરા જતાં પહેલાં રાજા ધૃતરાષ્ટ્રની પાસે આવ્યા. અત્યાર સુધીમાં એ સ્પષ્ટ થઈ ગયું હતું કે રાજા પોતાના પુત્રોનો પક્ષપાત કરે છે અને ભત્રીજાઓ સાથે પુત્રોના જેવો વ્યવહાર નથી કરતા. (તેથી) અક્રૂરજીએ કૌરવોની ભરી સભામાં વસુદેવજી, શ્રીકૃષ્ણ વગેરેએ કહેવડાવેલો મિત્રભાવથી ભરેલો સન્દેશો કહી સંભળાવ્યો ।।૧૬।।

**અક્રૂરજી બોલ્યા** : એ! ઓ! હે વિચિત્રવીર્યના પુત્ર! કુરુઓની કીર્તિને વધારનાર! તમારા ભાઈ પાણ્ડુ પરલોક સિધાવ્યા એટલે આપને રાજાનું આ સ્થાન પ્રાપ્ત થયું છે* ।।૧૭।।

**વિશેષ** : ધૃતરાષ્ટ્ર અન્ધ છે માટે બે વખત સમ્બોધન કર્યું છેદ્ન **ભો ભો** એ! ઓ! રાષ્ટ્રને વ્યવસ્થિત રીતે ધારણ નથી કરી શક્યા તથા કૃત્રિમ પિતાના પુત્ર છે એમ બતાવવા સમ્બોધન **'ધૃતરાષ્ટ્ર'** શબ્દથી નહિ પણ **'વૈચિત્રવીર્ય'** (વિચિત્રવીર્યના પુત્ર) થી કર્યું છે. **'કીર્તિવર્ધન'** માં 'વર્ધન' નો અર્થ છેદ્ન પણ થાય છે તે પણ કટાક્ષથી સૂચન કર્યુંછે.

આપ ધર્મને સાથે રાખીને પૃથ્વીનું પાલન કરો. પોતાના સારા સ્વભાવથી પ્રજાને રાજી રાખો અને પોતાના સ્વજનોની સાથે સમાન વર્તાવ રાખો. આમ કરવાથી આપને આ લોકમાં યશ અને પરલોકમાં સદ્ગતિ પ્રાપ્ત થશે ।।૧૮।।

જો આપ એથી ઉલટું આચરણ કરશો તો આ લોકમાં આપની નિન્દા થશે અને મૃત્યુ પછી આપને નરકમાં જવું પડશે. તેથી પોતાના પુત્રો અને પાંડવોની સાથે સમાન વ્યવહાર રાખો ।।૧૯।।

આપ જાણો જ છો કે આ સંસારમાં કદી ક્યાંય કોઈ–કોઈની પણ સાથે કાયમને માટે રહી શકતું નથી. જેમની સાથે અત્યારે સંયોગ છે તેમનો એક દિવસ વિયોગ થવાનો જ. હે રાજન્! આ વાત આપણા શરીરને માટે પણ એટલી જ સાચી છે. તો

પછી સ્ત્રી, પુત્ર, ધન, વગેરેને છોડીને જવું પડશે એમાં તો કહેવું જ શું? ।।૨૦।।

જીવ એકલો જ જન્મે છે અને મૃત્યુ બાદ એકલો જ જાય છે. પોતાના પાપ-પુણ્યનું ફલ પણ એકલો જ ભોગવે છે ।।૨૧।।

જેમ જળ માછલાંને ઉપયોગી છે છતાં એને ખેડૂતો નીકદ્વારા ખેતર વગેરેમાં લઈ જાય છે ત્યારે માછલાં જલ વિના મરી જાય છે, તેમ અધર્મથી એકઠું કરેલું દ્રવ્ય આ અમારા સમ્બન્ધી છે તેને આપવું જ જોઈએ એમ વિચારી બીજાને એનાથી પોષે ત્યારે એને પેદા કરનાર તો ઓછી બુદ્ધિવાળો અધર્મનું ફળ ભોગવે છે ।।૨૨।।

અધર્મ કરીને જેનું પોષણ કરે છે તે મૂર્ખને તો એના પ્રાણ, એનું ધન અને પુત્ર વગેરે છોડી દે છે, એનું સર્વસ્વ લઈ લે છે, એમાં એનો ઉપકાર માનતા નથી. એ મરનાર પોતે એ દ્રવ્યનો સદ્વ્યય કર્યા વગર જાય છે તેથી એ અકૃતાર્થ રહે છે।।૨૩।।

એ અર્થને સમ્પાદન કરવામાં જે પાપ કરે છે તેને પોતે એકલો ભોગવે છે. પુત્ર વગેરે એને છોડી દે છે ત્યારે એણે આત્માને તો બંધનથી છોડાવ્યો નથી તેથી એ સ્વધર્મથી વિમુખ હોવાથી નરકમાં જાય છે ।।૨૪।।

હે રાજન્! તેથી આ લોકને સ્વપ્નવત્-માયાવત્ જાણીને આત્માને શરીરથી જુદો જાણી શાન્ત થઈ, હે પ્રભો! સર્વની સાથે તમે સમાનતાથી વર્તજો ।।૨૫।।

**ધૃતરાષ્ટ્રે કહ્યું** : હે દાનપતે! મનુષ્યને જેમ અમૃત મળે તો એનાવડે તે તૃપ્ત થતો નથી તેમ આપ કલ્યાણ કરનારી વાણી બોલો છો તે વાણી સાંભળતાં મને તૃપ્તિ થતી નથી ।।૨૬।।

છતાં પણ હિતેચ્છુ અક્રૂરજી! મારા ચંચલ મનમાં આપની આ સાચી સલાહ જરાય ટકતી નથી, કારણ કે મારું હૃદય પુત્રો તરફની મમતાને લીધે વિષમ થઈ ગયું છે. જેવી રીતે સુદામ (સ્ફટિક) પર્વતના શિખર ઉપર એકવાર વીજળી ઝબકે છે અને બીજી જ ક્ષણે અદૃશ્ય થઈ જાય છે, તે જ દશા આપના ઉપદેશની છે ।।૨૭।।

સર્વશક્તિમાન્ ભગવાન્ પૃથ્વીનો ભાર ઉતારવામાટે યદુકુળમાં પ્રગટ થયા છે. એવો ક્યો પુરુષ છે કે જે તેમના વિધાનમાં તલભાર પણ ફેરફાર કરી શકે? એમની ઈચ્છા હશે તેમ જ થશે ।।૨૮।।

જેના માર્ગની કોઈને ખબર નથી તેવી ભગવાન્‌ની નિજ માયાવડે ભગવાન્ આ જગતને બનાવે છે તેમાં પ્રવેશ કરી પોતે એના ગુણોનો, કર્મોનો અને એના ફલોનો વિભાગ કરે છે, એમાં વિહાર કરે છે એ અચિન્ત્ય વિહારરૂપ લીલાવડે સંસારચક્રને

ચલાવનાર પરમેશ્વરને મારા નમસ્કાર હો ।।૨૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ અક્રૂરજી રાજાના અભિપ્રાયને જાણીને સુહૃદોની રજા લઈને ફરી યદુપુરી મથુરામાં આવ્યા ।।૩૦।।

**શશંસ રામ-કૃષ્ણાભ્યાં ધૃતરાષ્ટ્રવિચેષ્ટિતમ્ ।।**
**પાંડવાન્ પ્રતિ કૌરવ્ય યદર્થં પ્રેષિતઃ સ્વયમ્ ।।૩૧।।**

હે કુરુશ્રેષ્ઠ! જેનેમાટે ભગવાને અક્રૂરજીને પાંડવો પાસે મોકલ્યા હતા તે ધૃતરાષ્ટ્રનો બધો વ્યવહાર-વર્તાવ રામ-કૃષ્ણ પાસે અક્રૂરજીએ નિવેદન કર્યો* ।।૩૧।।

**વિશેષ :** અત્યાર સુધી દશમસ્કન્ધના પૂર્વાર્ધમાં ભગવાને સાક્ષાત્ કંઈ કર્યું નથી; જે કંઈ કર્યું છે તે અન્યના અનુરોધથી કર્યું છે, તેથી ભગવાન્‌ની ભક્તવશ્યતા બતાવી. હવે ઉત્તરાર્ધમાં જે કંઈ ભગવાન્ કરશે તે પોતે સ્વતઃ કરશે. આ પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ વચ્ચેનું તારતમ્ય છે. ભક્તોની ઈચ્છા પ્રમાણેની લીલા ઓગણપચાસ અધ્યાય સુધી ચાલી એટલે દશમસ્કન્ધ પૂર્વાધમાં ઓગણપચાસ અધ્યાય છે.

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ પૂર્વાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના બીજા પ્રમેય-પેટાપ્રકરણનો ધર્મીરૂપ સાતમો) ''અક્રૂરજીને હસ્તિનાપુર મોકલી ભગવાને પાંડવોનું સાન્ત્વન કર્યું'' નામનો ઓગણપચાસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧ બાદ કરતાં છેતાળીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## ત્રીજા રાજસ પ્રકરણનું બીજું પ્રમેય પ્રકરણ સમ્પૂર્ણ

**વિશેષ :** પૂર્વાધની સમાપ્તિમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે ભક્તને વિશ્વાસ કરાવનારી, શ્રીકૃષ્ણના ચરણકમળનો આશ્રય કરાવનારી, ભગવદ્દલીલા અતિ પ્રયત્નપૂર્વક અમે પૂર્વાધમાં નિરૂપણ કરી. શ્રીઆચાર્યચરણ સર્વ પુષ્ટ હૃદય જીવોને નિવેદન કરે છે કે ભગવાન્‌માં તમને ભાવ હોય, હરિભક્તિ સહિત ભગવન્માર્ગ તમને જાણવાની ઈચ્છા હોય, તો તમે અમોએ કરેલ આ વ્યાખ્યાનો વિશેષ કરીને ચિન્તન કરજો. દશમસ્કન્ધ પૂર્વાધની વિવૃત્તિ સુન્દરરીતે નિરૂપણ કરવામાં આવી. આ સુન્દર ઉજ્જવલ પુષ્પાંજલિ શ્રીકૃષ્ણના ચરણમાં અમે અર્પણ કરીએ છીએ. (કારિકા)

# પૂર્વાધ સમાપ્ત

# દશમસ્કન્ધ-ઉત્તરાર્ધ
## નિરોધ લીલા (હૃદય)

### અધ્યાય ૫૦
### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૪૭
## ભગવાને જરાસન્ધને સત્તર વાર હરાવ્યો
### ત્રીજા રાજસ પ્રકરણનું ત્રીજું સાધન પ્રકરણ અધ્યાય ૧

**વિશેષ** : ૧. રાજસ ભક્તને ભગવાન્‌માં વ્યસન સિદ્ધ થવા માટે સાત અધ્યાયવડે રાજસના સાધનનો વિચાર કર્યો છે. લોક વ્યસન (આફત) થી ઘેરાયેલા હોય તેમને તે વ્યસન (આફત) માંથી ઉગારી લેવાથી તેમને શ્રીકૃષ્ણમાં વ્યસન થાય છે. (**વ્યસનં તદ્વિના સ્થાતુમશક્તિઃ।** જેનું વ્યસન હોય તેના વિના રહી ન શકાય) અર્થાત્ ભક્ત કૃષ્ણૈકતાન-કૃષ્ણમય-થાય છે. જરાસન્ધ અને કાળયવન તેમાં જરાસન્ધ શિવપ્રસાદ યુક્ત અને બીજી વાર બ્રાહ્મણ પ્રસાદવાળો થયો. તેથી એ એક જ દ્વિ રૂપ અને કાળયવન મળી ત્રણ થયા. એ સત્તરવાર આવ્યો ત્યારે તો કેવળ પૌરુષવડે એને પાછો કાઢ્યો. પણ જ્યારે બ્રાહ્મણોની પ્રસન્નતાથી એમના આશીર્વાદ લઈને આવ્યો ત્યારે ભગવાને પોતાના ઐશ્વર્યવડે દ્વારકા તૈયાર કરાવી યોગબળથી યાદવોને દ્વારકા પહોંચાડ્યા ત્યારે લોક વ્યસન (આપત્તિ) થી મુક્ત થયેલ યાદવો શ્રીકૃષ્ણમાં વ્યસનવાળા થયા. એમ એક અધ્યાયથી લોક વ્યસનને ઐશ્વર્યવડે દૂર કર્યું. બીજા અધ્યાયમાં આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખ દૂર કરવાનું બાકી રહ્યું છે. તેને માટે કાળયવનનો દાહ કરાવ્યો. હાલ પણ આધ્યાત્મિક અને આધિદૈવિક દોષો મથુરામાં છે તેને ત્રણ અધ્યાયથી દૂર કરશે. તેથી માગધનિવૃત્તિ પર્યન્તનું ચરિત્ર આધિદૈવિક દુઃખની નિવૃત્તિને માટે છે. રુક્મિણીજીનો પ્રસંગ આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખનો પ્રયોજક છે તેમાં સર્વ રાજાઓ સાથે વિરોધ થયો ત્યારે શ્રીકૃષ્ણ અને રામ નો વિવાહ કેમ કરીને થઈ શકે એ આધ્યાત્મિક દુઃખનો આકાર છે. એ ચિન્તાના મૂળરૂપ દૈવ ઈચ્છાના ચિન્તનને આધિદૈવિક દુઃખનો આકાર સમજવો. ત્રણ અધ્યાયથી એ દુઃખની નિવૃત્તિ કહેવાનું કારણ એટલું જ કે કાયા, વાણી અને મન થી એ ચિન્તા ત્રણ પ્રકારવાળી છે તેથી એ બધાની નિવૃત્તિ પણ ત્રણ અધ્યાયથી કરી છે. આ બીજો ભગવદ્ વીર્ય અધ્યાય કહેવામાં આવ્યો. મુચુકુન્દનો મોક્ષ ન કર્યો ત્યારે એ વીર્ય

અધ્યાય કેમ કહેવાય? એના ઉત્તરમાં કહેવાનું કે ભગવાને તેને તાત્કાલિક મોક્ષ ન આપ્યો તે મોક્ષ આપવાનું ભગવાનનું સામર્થ્ય નથી માટે ન આપ્યો એમ ન સમજવું, પણ એમાં વિલમ્બ કર્યો તે મુચુકુન્દના સુખને માટે કર્યો છે. તેથી ભગવાનના વીર્યમાં કાંઈ ન્યૂનતા આવતી નથી. ભગવાન્ તેને બળાત્કારે મુક્ત કરે તો એમાં એનું ચિત્ત સ્થિર ન થાય તેથી એને મુક્તિનું સાધન બતાવ્યું. પ્રવૃત્તિને માટે મૃગયાની વાત એને કહી છે. એનું પ્રારબ્ધ કર્મ હતું તેનો પ્રમેયબળથી નાશ ન કર્યો, પણ એનો ભોગ કરાવી એની પાસે જ નાશ કરાવ્યો. ત્યાં ભગવાન્ને એમ કરીને પોતાની લીલા સિદ્ધ કરવી છે તેથી એમ કર્યું છે. યવન પણ એમાં પ્રવેશ કરવાથી મુક્તિને પ્રાપ્ત થશે. યવને જે સ્થાનને દૂષિત કર્યું છે તેમાં નિત્ય મથુરાની સ્થિતિ ન હોય તેથી યવનને મારી એનું ધન લઈ લીધું તે જરાસન્ધની સેનાએ ઉઠાવી ઘર ભેગું કર્યું. એણે તે દુષ્ટ દ્રવ્ય લીધું તેથી જરાસન્ધ આદિની બુદ્ધિનો નાશ થયો. વળી પ્રવર્ષણ પર્વતના જીવોનો નાશ કર્યો તેથી પણ એમની બુદ્ધિનો નાશ થયો. પ્રવર્ષણ પર્વત અગિયાર યોજન (=૮૮ માઈલ=૪,૬૪,૬૪૦ ફૂટ) ઊંચો હતો. તેથી તે સદા વાદળોથી વ્યાપ્ત રહેતો એટલે સૂર્યના કિરણો તેના ઉપર પડી શકતાં નહિ. તેના ઉપર કાયમ વરસાદ વરસ્યા કરતો તેથી તેના ઉપર અગ્નિનો તો સમ્ભવ જ નહિ, આમ તે કડકડતી ઠંડીથી હેરાન-હેરાન થઈ રહ્યો હતો. તેણે ભગવાન્ને ઠંડી દૂર કરવા પ્રાર્થના કરી. તેની પ્રાર્થના સ્વીકારી તેની ઠંડી નિવારવા વરદાન આપ્યું. પ્રભુએ જરાસન્ધમાં ભ્રમ ઉત્પન્ન કર્યો કે રામ-શ્યામ પ્રવર્ષણ પર્વત ઉપર જ છે. એટલે જરાસન્ધે પર્વતની ચારે બાજુ લાકડાં વગેરે ઈન્ધન ખડકી આગ લગાવી. ભગવાન્ પર્વત ઉપર હતા ત્યાં સુધી અગ્નિ પ્રવૃત્ત થયો નહિ, થઈ શકે જ નહિ. પ્રભુ કૂદીને દૂર પધાર્યા પછી જ અગ્નિ લાગ્યો છે. બલદેવજીની સ્ત્રી 'રેવતી' નિરોધની અધિકારિણિ ન હોવાથી એની કથા નવમસ્કન્ધમાં કહી છે. લોકમાં ધર્મ અને ભોગ ની સિદ્ધિને માટે વિવાહ થાય છે. તેમાં પ્રથમ ધર્માર્થ કરવો, પછી ભોગાર્થ કરવો જોઈએ. ક્ષત્રિયને ગાન્ધર્વ અને રાક્ષસ વિવાહ ધર્મરૂપ ગણાય છે તેમાં પહેલાં પટરાણી રુક્મિણીજીમાં ગાન્ધર્વ, રાક્ષસ, અને ધર્મ્ય એ ત્રણે વિવાહ સિદ્ધ થયા છે. બ્રાહ્મણને મોકલ્યો તેથી ગાન્ધર્વ, યુદ્ધમાં હરણ કર્યું તેથી રાક્ષસ અને ભાવ પ્રદર્શિત કરી વર્યા તેથી તે ધર્મરૂપ વિવાહ થયો છે. એમાં રુક્મિણીજી લક્ષ્મીજીનું સ્વરૂપ છે. તેના પિતા વિદર્ભ દેશના અધિપતિ ભીષ્મક સમુદ્રનું સ્વરૂપ છે અને તેનો ભાઈ રુક્મી કાલકૂટ (વિષ) નું સ્વરૂપ છે. રુક્મીએ શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કર્યું તે દૈત્યનું હિત કરનાર છે. એને બલદેવજી મારશે, અત્યારે તો ભગવાને વધના વિકલ્પરૂપે (વધ સમાન) મુંડન કરી કાઢી મૂક્યો. રુક્મિણીજીએ શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી તેથી એને જીવતો છોડ્યો, નહિ તો મારવા આવે તેને

મારવામાં દોષ ન હોવાથી એને મારવો યોગ્ય હતો. બલદેવજીએ ભગવાન્‌ને ઠપકો આપ્યો તે તો એમાં અન્ય ધર્મનો પ્રવેશ થતાં લૌકિક ભાવ આવતાં એમણે ભગવાન્‌ના અભિપ્રાય જાણ્યા વગર (યશોદાજીએ શ્રીકૃષ્ણને માટી ખાધી ત્યારે આપ્યો હતો તેમ) આપ્યો છે. રુક્મિણીજીનો વિચાર એવો હતો કે તે રુક્મીને બાંધીને દ્વારકા લઈ જવો, ત્યાં એને સમજાવીને છોડી મૂકવો. એને બદલે ભગવાને રસ્તામાં જ છોડી દીધો તેથી રુક્મિણીજીને વૈમનસ્ય થયું તે બલદેવજીએ દૂર કર્યું. જો ભગવાન્ રુક્મીને દ્વારકા લઈ જાય તો રુક્મીના પક્ષના દૈત્ય રાજાઓ એનો દ્વેષ કરે તેથી એ બધાથી આખો જન્મ જુદો રહે. એ ન કરવામાટે એનું મુંડન કરી છોડી દીધો. જ્ઞાનાધ્યાયમાં મુંડન કહ્યું તે પણ યોગ્ય છે. તેથી એ મુંડન થયા પછી પોતાના ઘરમાં ન ગયો એ યોગ્ય જ કર્યું છે. ભગવાન્ દ્વારકામાં પધારીને સર્વને સુખ આપનાર થયા. એમ લોક વ્યસન (દુઃખ) થી યાદવોને મુક્ત કરી શ્રીકૃષ્ણમાં વ્યસનવાળા બનાવવામાં જે સાધન હતું તે આ પ્રકરણમાં કહેવામાં આવ્યું છે. કામવડે લોકમાં વ્યસન થાય છે કેમકે એના દેહનો નાશ થયો, ધનુષ આદિ સર્વનો નાશ થયો અને તેની ભાર્યા રતિનું હરણ થયું. અહીં તો કામદેવ પોતે જ દુઃખી થયો. કામદેવનું દેવદેહથી હરણ થયું હોત તો એનો નાશ ન થાત કારણ કે શમ્બર શિવજીનો કૃપાપાત્ર હતો. જ્યારે સર્વની મુક્તિ કરવા વાસુદેવ ભૂતલ ઉપર પધાર્યા ત્યારે માયા અને કામ લોકબંધાર્થ ઉત્પન્ન થયાં, માયામાં મોહિત થયેલો જીવ અદ્યાપિ કામ વગેરે છોડી શક્તો નથી. જ્યારે કામની ઉત્પત્તિ કૃષ્ણથી થાય ત્યારે એનું દુઃખ દૂર થાય અને એ શ્રીકૃષ્ણ સમ્બન્ધી દેહમાં આવ્યો તેથી એ લોકોને બાધક ન થયો. તેથી આ અધ્યાયમાં બધાનાં દુઃખ દૂર થયાનું લખ્યું છે તેથી આ વૈરાગ્ય ધર્મને કહેનાર અધ્યાય છે. ધર્મની કથા કહેવામાટે મણિની કથા કહે છે. લોકમાં મણિ જ વ્યસન (દુઃખ) દૂર કરે તો ભગવાન્‌ને અહીં પધારવાની જરૂર ન રહે. તેથી એમ ન થવા માટે મણિવાળાને વ્યસન (દુઃખ) પ્રાપ્ત થયાની કથા કહે છે. એ પણ જો શ્રીકૃષ્ણના વાક્ય પછી જ એને દુઃખ થાય તો જ એ દુઃખ શ્રીકૃષ્ણથી દૂર થાય તેથી શ્રીકૃષ્ણે સત્રાજિતને બોલાવીને મણિ રાજાને આપવાનું કહ્યું અને એ મણિથી હમેશાં જે ધન પેદા થશે તે રાજા તમને આપશે એમ કહ્યું, છતાં શ્રીકૃષ્ણવાક્યમાં એને વિશ્વાસ ન આવ્યો ત્યારે એને દુઃખ થયું. એ બધાનો ક્ષય થયો. સત્રાજિત સૂર્યનો ભક્ત હતો. લક્ષ્મીજી અને સરસ્વતીજી ના સાચા ભોક્તા ભગવાન્ છે. મણિ એ લક્ષ્મીજીનું સ્વરૂપ છે અને સત્રાજિતની પુત્રી સત્યભામા એ સરસ્વતીજીનું સ્વરૂપ છે. સત્રાજિત એ બન્નેનો વિનિયોગ અન્યથા કરવા માગતો હતો જે ભગવાને ન થવા દીધું. પણ ભગવાન્ અક્લિષ્ટકર્મા હોવાથી એની પાસેથી કન્યા લેતા નથી. એક દિવસ મણિ ગળામાં પહેરી સત્રાજિતનો ભાઈ પ્રસેન ઘોડે બેસી ફરવા

નીકળ્યો ત્યાં સિંહે એ પ્રસેનને તથા ઘોડાને મારી નાખ્યા; ત્યાં જામ્બુવાન રીંછ એની પાસેથી નીકળ્યો. તેણે સિંહને મારીને, મણિ ચળકતો હતો; ''બાળકો એનાથી રમશે'' એમ જાણી પોતે એને ઘેર લઈ ગયો. સત્રાજિત ભગવાન્ ઉપર આરોપ મૂક્યો કે મારા ભાઈને મારી શ્રીકૃષ્ણે એ મણિ લઈ લીધો ત્યારે એ આરોપને દૂર કરવાને ભગવાન્ એની શોધમાં નીકળ્યા અને જામ્બુવાન સાથે યુદ્ધ કર્યું. જામ્બુવાન ભગવાન્ના સ્વરૂપને જાણી ગયા અને પોતે મણિ સાથે પોતાની કન્યા આપી. તે કન્યાને ભગવાન્ પરણ્યા. મણિ સત્રાજિતને આપ્યો ત્યારે એણે ભગવાન્ ઉપર ખોટો આરોપ મૂક્યો હતો તેથી મૂંઝાયો અને ભગવાન્ પોતાને અપરાધી ન ગણે એ હેતુથી પોતે પોતાની કન્યા સત્યભામા ભગવાન્ને આપી તેની સાથે મણિ પણ આપ્યો, પણ એ મણિ સિંહનો ઉચ્છિષ્ટ હોવાથી ભગવાને સ્વીકાર્યો નહિ, પણ કન્યાનો જ સ્વીકાર કર્યો. (કારણ કે સિંહના ચર્મ-ચામડું અને નખ પવિત્ર છે, મોઢું પવિત્ર નથી. સિંહે મણિ મોઢામાં લીધેલો તેથી તે સિંહનો ઉચિછષ્ટ-એંઠો થયો) જેમ સર્વથા અપ્રપન્નને કલિ એના નાશનેમાટે ગ્રહણ કરે છે તેમ સર્વથા અન્ય હૃદયને ભગવાન્ ગ્રહણ કરતા નથી. એમ સાત અધ્યાયવડે નિરૂપણકર્યું.

હવે સાત અધ્યાયથી રાજસ ભક્તોના ફલનો વિચાર કરે છે. યાદવોમાં અક્રૂરજી મુખ્ય છે. તે પછી વિદ્યાનાં પાંચ પૂર્વરૂપ પાંચ કન્યાઓની સાથે ભગવાન્નો વિવાહ કહેવાય છે. શ્રીકૃષ્ણના સમ્બન્ધથી નાયિકા ફલરૂપા થઈ. એમને ફલરૂપ શ્રીકૃષ્ણ મળ્યા તેથી એ સર્વ દુઃખથી મુક્ત થયાં પછી આગળ સોળ કલારૂપા જેની એક-એક કલાની હજાર વૃત્તિઓ છે તે પણ સોળ હજાર નાયિકાઓ શ્રીકૃષ્ણને પ્રાપ્ત થઈ. તેમના સમ્બન્ધથી બીજા પણ અનેકને શ્રીકૃષ્ણરૂપી ફલ પ્રાપ્ત થયું છે. એ ફલ ચાર પ્રકારનું છેઃશ્રીકૃષ્ણ પ્રાપ્તિ પ્રથમ ફલ છે, શ્રીકૃષ્ણને સ્ત્રી પ્રાપ્ત થઈ છે એ બીજું ફલ છે, પછી ભગવાન્ના અંશથી પુત્રાદિ થયા તે લૌકિક વૈદિક પ્રકારથી ફલ એમનું સર્વભાવથી સિદ્ધ કરવું તે ચતુર્થ ફલ છે. જેમ લોકનો લૌકિકમાં સર્વભાવ થાય છે તેવો મહિષીઓને શ્રીકૃષ્ણમાં સર્વભાવ થયો. શ્રીકૃષ્ણ પાસે જો એમનું લૌકિક સિદ્ધ કરે તો એના સ્વપ્નાદિકમાં એ આવે. તો જેમ લૌકિકોનું પ્રપંચાદ્વૈત થાય છે તેમ આનું કૃષ્ણાદ્વૈત થાય. અર્થકામ, ધર્મકામ અને મોક્ષકામ કહ્યા. કેવલ અને અન્યસંયુક્ત પુરુષાર્થો ફલરૂપે ભગવાન્થી પ્રાપ્ત થાય છે. અક્રૂરજીને અર્થયુક્ત ધર્મ પુરુષાર્થ સિદ્ધ થયો. તેને માટે ભગવાને લોક વિલક્ષણ લીલા કરી. જેમ દુર્યોધન આદિને મારનાર પાંડવો ભગવાન્ને પ્રિય છે તેમ સત્રાજિતને મારનાર શતધન્વાદિ ભગવાન્ને પ્રિય છે તે સત્રાજિતને યુદ્ધમાં અથવા વનમાં મારવો જોઈએ. એને બદલે સ્ત્રીઓની સમક્ષ ઊંઘતાને માર્યો તેથી ભગવાને શતધન્વાને માર્યો. ફલમાં

ગુપ્તલીલા કહેલી છે તેથી ભગવાને સત્રાજિત મર્યાનું અજ્ઞાન બતાવ્યું છે. શતધન્વા ભાગ્યો ન હોત અને ભગવાન્‌ને શરણે આવ્યો હોત તો અક્રૂરજીની જેમ એને ભગવાન્ મારત નહિ. પણ મર્યાદામાં એવું ફલ ઉત્તમ ન હોવાથી એમ થયું નથી. તેથી ભગવાન્‌ના આ કાર્યમાં બલદેવજી સમ્મત થયા નહિ. અત્યારે બલદેવજીમાં ભગવદાવેશ ઓછો હોવાથી એ મિથિલા ગયા. હવે પછી બલદેવજીનો મત શ્રીકૃષ્ણથી જુદો જ રહેશે. લોકમાં પણ સેવકને એવું ફલ ગમતું નથી. તેથી શતધન્વાને માર્યા પછી ભગવાને વૃથા માર્યો એમ કહ્યું છે. અક્રૂરજી પણ કાશી તરફ ગયા. એને અર્થ સાથે ધર્મસિદ્ધિરૂપ ફલ થયું; એ ફરી દ્વારકા આવ્યા. એને માટે મણિ ભગવાન્‌ને બતાવ્યો તેથી યાદવોને એ ફલ થયું તેમ જ પાંડવોને ફલ આપવા માટે ભગવાન્ એમનું સાન્ત્વન કરવામાટે ગયા. એમને ભગવાને ત્રણ (વિશ્વકર્માએ નગર નિર્માણ કરી આપ્યું, અગ્નિએ ગાંડીવ આદિ શસ્ત્ર આપ્યાં, મય દાનવે સુધર્મા સભા આપી) વસ્તુ ગર્વ કરાવનારી આપી છે. યાદવોને 'આમુષ્મિક' ફલ સૂર્યથી મળે કેમકે એ વેદાત્મા છે. એમની સમ્મતિ બતાવવામાટે કાલિન્દીજીની પ્રાપ્તિ ભગવાન્‌ને થઈ એ કથા કહી છે, ભગવાન્ ઈન્દ્રપ્રસ્થમાં પાંડવોને સુખ થતાં સુધી રહ્યા. આત્મજ્ઞાનરૂપા કાલિન્દીજી છે. તપોરૂપા મિત્રવિન્દાજી છે. અન્તસ્તાપ અને બહિસ્તાપ રૂપ એમના ભાઈઓ છે. એમની સાથે યુદ્ધ કરી ભગવાન્ બલાત્કારે એમને લાવ્યા છે. નાગ્નજિતીજી યોગરૂપા છે; એ સિદ્ધિરૂપા હોવાથી એમને મોટા સત્કાર સાથે લાવ્યા. ભદ્રાજી નિત્ય અને અનિત્ય ના વિવેકરૂપ છે; એ સ્વયં પ્રાપ્ત થયાં. લક્ષ્મણાજી ભક્તિરૂપા છે; એમની કથા વિસ્તારથી કહી છે. એ સાત્વિકોના ફલને માટે છે. જ્યારે ઈન્દ્રિયો અને વિષયોનું અનન્તપણુ થાય ત્યારે કર્મસાધ્ય ફલમાં નિવૃત્તિ થાય છે. એ બતાવવામાટે શ્રીકૃષ્ણે સોળ હજાર સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં. નરના સુખરૂપ (ક=સુખ) નરકને મારીને એ કન્યાઓ લઈ આવ્યા. મહિષીઓની (ચિત્તની) વૃત્તિરૂપ એ છે તેથી એ કન્યાઓ સાથે લગ્ન કર્યાં. અવિદ્યાના કાર્યરૂપ મુરદૈત્ય નરકનો રક્ષક તેના પીઠ વગેરે પુત્ર પ્રાકૃત ઈન્દ્રિયો જેવા સમજવા. નરકાસુર ભગવાન્‌નો પુત્ર છે. તે ભૂમિથી ઉત્પન્ન થયો છે. ભગવાન્ સિવાય કોઈ એને મારી શકે એમ ન હતું તેથી એને ભગવાને માર્યોઃ તેમ ઐહિક સુખ દૈવાધીન છે. તે સુખ નિવારણ કરી શ્રીકૃષ્ણ ભગવાન્ ભક્તને આ લોક પરલોકનું સ્વતઃ સુખ આપે છે. તેમ બધા યાદવોના ઐહિક સુખ છોડાવી પોતે એમને સુખ આપ્યું. સાઠમા અધ્યાયમાં રુક્મિણી સાથે પરિહાસ-વિલાસ કર્યો તેમાં ભગવાન્‌નું વાચિક તિરોધાન છે. તામસ પ્રકરણની ગોપીઓમાં ભગવાને કાયિક તિરોધાન કર્યું તેમ રાજસ ભાવમાં વાચિક તિરોધાન છે. અત્યન્ત કોમળ ભક્તિ ભગવદ્ રસ ભોગવી ન શકે; એ ભક્તિને દઢ કરવામાટે સ્વરૂપ તિરોધાન, વાક્

તિરોધાન વગેરે ભગવાન્ કરે છે. એમ કરી ભક્તને સામર્થ્ય આપી એના દોષને દૂર કરી ફલ ભોગ કરાવે છે. પુત્ર, પૌત્ર આદિ સમ્પત્તિ ફલ કહ્યું છે. એમાં દૈત્યનો સમ્બન્ધ દૂર કરવામાટે બલદેવજીએ મંગળ પ્રસંગમાં રુક્‌મીને માર્યો કેમકે અધર્મરૂપ વિવાહનું પાપ રુક્‌મીમાં હતું. તેના મરણથી એ ગયું. એ પાપી મર્યો ત્યારે યાદવો બધા સુખી થયા. ઘર આગળ આવેલા શ્રીકૃષ્ણ સર્વભાવવડે ભક્તના અર્થને સિદ્ધ કરે છે એ બતાવવા ઉષાનું આખ્યાન કહ્યું છે. વૈરાગ્ય અને ધર્મી અધ્યાયથી એ કહ્યું છે. ભગવાન્ બધું જાણે છે છતાં પોતાના ધર્મોને તિરોહિત કરી રહે છે. ભક્તોનું ઉત્તમ કાર્ય હોય તો એને સિદ્ધ કરે છે, ઉષાનું રમણ જાણી રક્ષકોને દૂર કરી બાણ અનિરુદ્ધને મારવા ગયો ત્યાં નારદજીએ બાણને રોક્યો. મહાદેવજીના મત પ્રમાણે એ કામ થયું છે છતાં મહાદેવજીની સાથે ભગવાન્‌ને યુદ્ધ થયું તે મનુષ્ય નાટ્ય બતાવવા અને સર્વ દેવોને પોત-પોતાના ભક્તમાં પક્ષપાત હોય છે એ બતાવવા પૂરતું છે. તો પણ ભગવાન્ સિવાય બાણાસુરના હાથ કાપી શકે એવો કોઈ ન હતો તેથી ભગવાને એના એક હજાર હાથમાંથી નવસો છન્નુ આસુર બળરૂપી હાથ કાપી નાખ્યા. અનિરુદ્ધની કથા યાદવોને સૂચક છે. રાજસોને શ્રીકૃષ્ણથી ચતુર્ગુણ ફલ મળે છે, અહીં રાજસ ફલ પ્રકરણ પૂરું થાય છે.

**વિશેષ** : ૨. ભગવાને ભક્તના અનુરોધથી અલૌકિક પ્રકારે જે લીલા કરી તે પૂર્વાર્ધમાં કહેવામાં આવી. આ ઉત્તરાર્ધમાં પોતે લૌકિક રાજાની માફક સ્વતઃ લીલા કરી એ કહેવામાં આવે છે. ભક્તિની અપેક્ષા વગર સર્વોદ્ધારને અર્થે પ્રકટ થઈ લીલા કરી એ ભગવાન્ અહીં પ્રકટ થયા છે. તેમની લીલા અહીં વિભાગવડે કહે છે. આ નિરોધ લીલામાં ભગવાન્‌ના સંસારની પરમ્પરા કહી છે. એ લીલામાં ભગવાન્, ભગવદીય અને ભગવદ્ શાસ્ત્ર એ ત્રણ એક રૂપ છે તેથી એ વિવાહ આદિ લીલા પણ નિરોધરૂપ ગણાય છે. તેનો વિસ્તાર ચૌદ અધ્યાયથી કહે છે. એ ભગવાન્‌ના ધર્મો છે. એ જ છ ગુણયુક્ત ભગવાન્ એકવીસ અધ્યાયથી કહેવાય છે કેમકે કાલ એકવીસ પ્રકારનો છે. ભગવાન્‌ની કૃતિ અહીં પ્રમાણ છે. તેથી સાત-સાત અધ્યાય ધર્મ-ધર્મી ભેદથી કહ્યા છે. છ ગુણયુક્ત ભગવાન્ અહીં નિરૂપ્યા છે તેમાં સર્વનો સમાવેશ થાય છે. રાજસના સાધનમાં ભગવાન્‌ની કૃતિ જ સાધનરૂપ સમજવાની છે. એ જ સાધન પ્રથમ અધ્યાયમાં કહેવામાં આવે છે. વિવાહ કર્યા પછી પુત્રજન્મ પર્યન્ત એ કૃતિનું નિરૂપણ કરવામાં આવે છે. એમાં સ્થાન પણ અલૌકિક જોઈએ તેથી દ્વારકાનું નિર્માણ કર્યાનું કહ્યું છે. એમાં ઉપદ્રવ ન થાય એટલા માટે શ્રીકૃષ્ણે જરાસન્ધને પ્રવર્ષણમાં ખેંચી જઈને ભ્રમ ઉત્પન્ન કર્યો; નહિ તો એ દ્વારકા સુધી આવી ત્યાં ઉપદ્રવ કરે. પણ એ તો પ્રવર્ષણમાં **''સોપિ દગ્ધો''** ઇત્યાદિથી શત્રુ બળી ગયાનું સમજી ત્યાંથી નિવૃત્ત થયો. એ ભ્રમકાર્ય છે. એમ કરીને ભગવાને

જરાસન્ધનો નિગ્રહ કર્યો અને મુચુકુન્દ ઉપર અનુગ્રહ કર્યો એમ ન કરે તો શ્રીકૃષ્ણની લીલા લૌકિક ગણાય. ગાન્ધર્વ, રાક્ષસ અને સ્વશાખા વિહિત એમ ત્રણ વિવાહ ક્ષત્રિયને ધર્મ્ય કહ્યા છે. એમના પુત્ર પ્રદ્યુમ્નની કથા પણ કહી છે. એમ સત્યભામાના વિવાહ સુધીની કથા છે. પ્રથમ ભગવત્પ્રાકટ્યમાં વિવિધ દુઃખ કારણરૂપ કહ્યું છે. એમાંથી પૃથ્વી અને વૈષ્ણવ એ બન્નેના દુઃખ મથુરા છોડવામાં પણ કારણરૂપ છે. પ્રજાપતિ બ્રહ્માંડમાં સત્તર પ્રકારે કહ્યા છે. તેનું નિવારણ થઈ શકે છે. જરાસન્ધ પ્રજાપતિએ આપેલો છે. તેને ભગવાને સત્તરવાર હરાવી મથુરાથી દૂર કર્યો. હવે અઢારમી વાર આવે તો પ્રમાણની રક્ષામાટે ભગવાન્ એને દૂર ન કરે તેથી આ અધ્યાયમાં એક્તાલીસ શ્લોકથી એ જ વિષયની કથા કહી છે. બે શ્લોકથી એનો સત્તરવાર અતિદેશ કર્યો છે. બીજો અતિદેશ સાડા પન્દર શ્લોકથી કર્યો છે. તેમાં શિવજી વેદરૂપ છે. જેમનું જરાસન્ધે આરાધન કર્યું. શિવજી પ્રસન્ન થયા ત્યારે તેમણે બ્રાહ્મણનો આશીર્વાદ લેવા સૂચવ્યું. બ્રાહ્મણો જરાસન્ધ ઉપર પ્રસન્ન થયા. આ શિવજી અને બ્રાહ્મણો પ્રમાણરૂપ છે. તેમનાં વચન સત્ય કરવામાટે આગામી અઢારમા સંગ્રામમાં ભગવાન્ એને જિતાડશે એટલે ભગવાન્નો સર્વથા જય જ છે.

**અસ્તિઃ પ્રાપ્તિશ્ચ કંસસ્ય મહિષ્યૌ ભરતર્ષભ ।।**
**મૃતે ભર્તરિ દુઃખાર્તે ઈયતુઃ સ્મ પિતુર્ગૃહાન્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે ભરતવંશ શિરોમણિ પરીક્ષિત! કંસને બે રાણીઓ હતી-અસ્તિ અને પ્રાપ્તિ. પતિના મૃત્યુથી એમને બહુ દુઃખ થયું અને તેથી તેઓ પોતાના પિતા (જરાસન્ધ) ની રાજધાનીમાં ચાલી ગઈ ।।૧।।

મગધ દેશનો રાજા જરાસન્ધ તે અસ્તિ અને પ્રાપ્તિનો પિતા છે. તેની પાસે જઈ દુઃખયુક્ત થઈને પોતાના વૈધવ્યનું કારણ કહી સંભળાવ્યું ।।૨।।

એ વાત સાંભળતાં જરાસન્ધને શોક અને ક્રોધ પણ થયો. ત્યારથી પૃથ્વીને યાદવ રહિત કરવાને માટે તેણે ભારે તૈયારી કરી ।।૩।।

ત્રણ અક્ષૌહિણી સેના એની પોતાની હતી અને વીશ અક્ષૌહિણી બીજાની પાસેથી લઈ એણે યદુ રાજધાની મથુરાને ચોતરફથી ઘેરી લીધી ।।૪।।

ભગવાન્ શ્રીકૃષ્ણે સાગર ઉછળતો હોય તેવું જરાસન્ધનું સૈન્ય જોયું, પોતાનું નગર ઘેરાયેલું જોયું, પુરવાસીઓ અને સ્વજનો ભયમાં આવી ગયાં તેમને જોયાં, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન્, જો કે મનુષ્ય નાટ્ય કરે છે તો પણ એ સ્થળે અને એ સમયે મારે શું કરવું જોઈએ એ વિચાર કરવા લાગ્યા. તેમ જ પોતે અહીં ભૂતલ ઉપર

પધાર્યા છે એની સાર્થક્તા કેમ થાય એ બધો વિચાર કરવા લાગ્યા ।।૫-૬।।

આપે (શ્રીકૃષ્ણે) વિચાર કર્યો કે આ તો બહુ સારું થયું કે મગધરાજ જરાસન્ધે પોતાને અધીન રાજાઓની પાયદળ, ઘોડેસવાર, રથ અને હાથી ઓ સહિત કેટલીક અક્ષૌહિણી સેના ભેગી કરી છે. આ તો પૃથ્વી ઉપરનો ભાર જ ભેગો થઈને મારી પાસે આવી પહોંચ્યો છે. હું એનો નાશ કરીશ. પરન્તુ હજુ જરાસન્ધને ન મારવો જોઈએ, કારણ કે તે જીવતો હશે તો ફરી અસુરોની મોટી સેના ભેગી કરી લાવશે ।।૭-૮।।

પૃથ્વીનો ભાર ઓછો કરવો, દુષ્ટોને મારવા અને સાધુપુરુષોનું રક્ષણ કરવું એ જ મારે પૃથ્વી ઉપર આવવાનું કારણ છે ।।૯।।

સમયે-સમયે ધર્મની રક્ષા કરવા અને વધતા જતા અધર્મને રોકવામાટે હું બીજાં પણ અનેક શરીર ધારણ કરું છું ।।૧૦।।

એમ ભગવાન્ ગોવિન્દ વિચાર કરે છે ત્યાં એ વખત આકાશમાંથી સૂર્યના જેવા ચમક્તા બે રથ ઉતર્યા જેમાં કવચ, ધ્વજ વગેરે યુદ્ધની તમામ સામગ્રી તૈયાર હતી. બે સારથિઓ તેમને હાંકી રહ્યા હતા ।।૧૧।।

એ જ વખતે ભગવાન્‌નાં દિવ્ય અને સનાતન આયુધો પણ સ્વયં હાજર થઈ ગયાં. તેમને જોઈને બુદ્ધિપ્રેરક ભગવાને બલદેવજીને કહ્યું ।।૧૨।।

''પ્રભો! મોટાભાઈ! અત્યારે જે યદુવંશીઓ આપને જ પોતાના સ્વામી અને રક્ષક માને છે, જે આપથી જ સનાથ છે તેમના ઉપર બહુ મોટી વિપત્તિ આવી પડી છે. જુઓ આ આપનો રથ છે અને આપનાં પ્રિય આયુધ (હળ-મુશળ) પણ આવી પહોંચ્યા છે ।।૧૩।।

માટે આ રથમાં બેસી શત્રુઓને મારી સ્વકીય યાદવોનો દુઃખથી ઉદ્ધાર કરો. હે ઈશ! સાધુઓને સુખ આપવામાટે જ આપણું અત્રે આવવું થયું છે એ આપ જાણો જ છો ।।૧૪।।

ત્રેવીશ અક્ષૌહિણી સેના પૃથ્વીને ભારરૂપ છે. તેને આપ દૂર કરો'' એમ એકાન્તમાં વિચાર કરી કવચ ધારણ કરી બન્ને ભાઈઓ બન્ને રથમાં સવાર થઈ નગરની બહાર આવ્યા ।।૧૫।।

પોતાનાં આયુધોવડે શોભતા બન્ને ભાઈઓ થોડી સેનાને પણ સાથે લાવ્યા. દારુક સારથિવાળા ભગવાન્=હરિએ બહાર આવી શંખ ફૂંક્યો ।।૧૬।।

તેમના શંખનો ભયંકર ધ્વનિ સાંભળી શત્રુપક્ષની સેનાના વીરોનાં કાળજાં ભયથી કમ્પી ઉઠ્યાં. તેમને જોઈને મગધરાજ જરાસન્ધે કહ્યું, ''હે કૃષ્ણ! પુરુષાધમ, હું તારી સાથે યુદ્ધ નહિ કરું. તું બાળક છે. તેથી મને તારી સાથે લડતાં લજ્જા આવે છે. મામાને મારનાર છે તેથી હે મન્દ! હું તારી સાથે યુદ્ધ નહિ કરું ।।૧૭-૧૮।।

*હે રામ! તારું ધૈર્ય હોય, લડવામાં શ્રદ્ધા હોય, તો તું યુદ્ધ કર, અથવા મારા બાણથી દેહને છિન્ન-ભિન્ન કરી મને છોડી સ્વર્ગમાં જા'' ।।૧૯।।

**વિશેષ** : વાક્પતિ શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્ત પ્રમાણે સરસ્વતી-વાણી ભગવાન્‌ને ગાળ દેવામાં પ્રવૃત્ત થાય જ નહિ. જ્યાં-જ્યાં શ્રીભાગવતજીમાં આવા પ્રસંગો છે ત્યાં-ત્યાં ભગવાન્‌ની સ્તુતિ, માહાત્મ્ય, ભક્તવશ્યતા જ પ્રકટ થતા હોય છે. દા.ત. અહીં નીચે પ્રમાણેના અર્થ એ જ સાચા અર્થ છે.

**તાવાહ માગધો વીક્ષ્ય હે કૃષ્ણ પુરુષાધમ ।।૧૭।।**
**ન ત્વયા યોદ્ધુમિચ્છામિ બાલકેન વિલજ્જયા ।।**
**ગુપ્તેન હિ ત્વયા મન્દ ન યોત્સ્યે યાહિ બન્ધુહન્ ।।૧૮।।**

ઉપર-ઉપરથી દેખાતો અર્થ તો અનુવાદમાં આપ્યો છે, જે પ્રકરણ વિરુદ્ધ હોવાથી ઉપેક્ષ્ય છે. સાચો અર્થ આ પ્રમાણે છે. ભગવાન્ સચ્ચિદાનન્દ સ્વરૂપ છે તેથી ત્રણ સમ્બોધન છે. ૧.આનન્દ ૨. ચિત્ ૩. સત્. **૧. કૃષ્ણ** એટલે આનન્દ સ્વરૂપ **૨. પુરુષ** એટલે ચિત્ (જ્ઞાન) સ્વરૂપ **૩. અધમ** (અધો માતિ ઈતિ અધમઃ) જે નીચે વ્યાપીને રહે તે અર્થાત્ આ જગત્. બાલક જેના એક એક બાલ (રોમમાં) બ્રહ્મા રહેલા છે અથવા બાલકોને જેનાથી સુખ (ક) પ્રાપ્ત થાય તે. **વિલજ્જયા** લજ્જાને લીધે. ધૃષ્ટતા, ઉદ્ધતાઈ કરીને, યુદ્ધથી મરણ થતાં મોક્ષ મળશે એમ સમજી યુદ્ધ કરવું શક્ય છે પણ લોકો મશ્કરી કરશે કે આ જરાસન્ધ પોતાના સ્વામી સાથે યુદ્ધ કરે છે તેથી લોકલજ્જાથી યુદ્ધ કરવું ઉચિત નથી. **ગુપ્તેન** આપનાથી રક્ષિત. આપે જેનું રક્ષણ કરેલ હોય તેને કોણ મારી શકે? આપની સાથે યુદ્ધ કરતાં મૃત્યુ આવે તો પણ સારું, બીજાને હાથે મરવું સારું નથી. **અમન્દ**-'મા' એટલે માયા. અમઃ એટલે જ્યાં માયા નથી તે અર્થાત્ મોક્ષ. અમ (મોક્ષ) નું દાન કરે તે **અમન્દઃ। યાહિ બન્ધુહન્** બન્ધુઓને સદ્ગતિ આપનાર! મોક્ષ આપવામાટે જાઓ. (વિશેષ જિજ્ઞાસુને શ્રીસુબોધિનીજી વાંચવા વિનન્તિ છે)

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : ''હે મગધરાજ! શૂરવીર પોતાની બડાઈ ન કરે, પણ એ પોતાનું પરાક્રમ બતાવે. તું તો મરવાને તૈયાર છો. સન્નિપાતમાં બકનાર છે.

તેનાં વચન પ્રમાણરૂપ ગણાતાં નથી. જે મરવાને તૈયાર થયો હોય તે ગમે તેમ બોલે. તેથી તારાં વચનને અમે ગણતા નથી'' ।।૨૦।।

હે પરીક્ષિત! જેવી રીતે વાયુ વાદળોથી સૂર્યને અને રજકણોથી અગ્નિને ઢાંકી દેતો લાગે છે પણ હકીકતમાં તે ઢંકાતા નથી તેમનો પ્રકાશ ફરી ફેલાય જ છે તેવી જ રીતે જરાસન્ધે શ્રીકૃષ્ણ અને બલદેવજી ની સામે આવી પોતાની વિશાળ, બલવાન અને અપાર સેનાદ્વારા તેમને ચારે તરફથી ઘેરી લીધાં, ત્યાં સુધી કે તેમની સેના, રથ, ધ્વજા, ઘોડા અને સારથિઓ પણ દેખાતા બંધ થઈ ગયાં ।।૨૧।।

મથુરાપુરીની સ્ત્રીઓ પોતાના મહેલોની અટારીઓ, જરુખા અને દરવાજાઓ ઉપર ચડી યુદ્ધ જોઈ રહી હતી. જ્યારે તેમણે જોયું કે યુદ્ધભૂમિમાં ભગવાન્ શ્રીકૃષ્ણની ગરુડના ચિહ્નવાળી અને બલદેવજીની તાલના ચિહ્નવાળી ધજાવાળા રથ દેખાતા નથી ત્યારે તેઓ શોકના આવેગથી મૂર્છા પામી ।।૨૨।।

જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે જોયું શત્રુસેનાના વીર અમારી સેના ઉપર એ પ્રમાણે બાણોની વર્ષા કરી રહ્યા છે કે જાણે વાદળો પાણીનાં અગણિત બુન્દો વરસાવી રહ્યાં હોય અને અમારી સેના તેથી અત્યન્ત પીડિત-વ્યથિત થઈ રહી છે ત્યારે આપે દેવતા અને દાનવો બન્નેથી સન્માનિત પોતાના શંર્ગ (શારંગ) ધનુષનો ટંકાર કર્યો ।।૨૩।।

ત્યારબાદ ભગવાન્ ભાથામાંથી બાણો કાઢી તેમને ધનુષ ઉપર ચડાવી, ધનુષની દોરી ખેંચી બેસુમાર બાણો છોડવા લાગ્યા. એ વખતે એમનું એ ધનુષ એટલી સ્ફૂર્તિથી ઘૂમી રહ્યું હતું કે જાણે કોઈ, ઉંબાડિયું ઝપાટાબન્ધ ફેરવતો હોય! આ પ્રમાણે શ્રીકૃષ્ણ જરાસન્ધની ચતુરંગિણી સેનાનો સંહાર કરવા લાગ્યા ।।૨૪।।

આથી અનેક હાથીઓના કુમ્ભસ્થળ (સિર) ફાટી ગયાં અને તેઓ મરી જઈ ઢળી પડવા લાગ્યા. બાણોના વરસાદથી અનેક ઘોડાઓનાં સિર ધડથી અલગ પડી ગયાં. ઘોડા, ધજા, સારથિઓ અને રથીઓ નષ્ટ થઈ જવાથી ઘણાક રથ નકામા થઈ ગયા. પાયદલ સેનાની બાંહો, જાંઘ, અને માથાં વગેરે અંગ-પ્રત્યંગ કપાઈ-કપાઈને પડવા લાગ્યાં ।।૨૫।।

ભગવાન્ શ્રીકૃષ્ણે ઘણા મતવાલા શત્રુઓને મારી નાખીને તેમના અંગ-પ્રત્યંગોમાંથી નીકળેલા લોહીની સેંકડો નદીઓ વહાવી દીધી. ક્યાંય મનુષ્યો કપાઈ રહ્યાં છે તો ક્યાંય હાથી અને ઘોડા તરફડી રહ્યા છે. એ નદીઓમાં મનુષ્યોની

ભુજાઓ સર્પ જેવી દેખાતી હતી અને માથાં તો એવાં લાગતાં હતાં કે જાણે કાચબાઓની ભીડ જામી હોય. મરી ગયેલા હાથી ટાપુ (બેટ) જેવા અને ઘોડા મગર જેવા દેખાતા હતા ।।૨૬।।

હાથ અને સાથળ માછલીઓ જેવા, મનુષ્યોના કેશ સેવાળ જેવા, ધનુષ તરંગો જેવા અને અસ્ત્ર-શસ્ત્ર લતા અને ઘાસ જેવા અને ઢાલ ચક્કર ફરે છે તે પ્રવાહમાં ભયાનક ભમરી જેવી લાગતી હતી. બહુમૂલ્ય મણિઓ અને આભૂષણો પથ્થરોનાં રોડાં અને કાંકરાઓની જેમ વહી જતાં હતાં ।।૨૭।।

એ નદીઓને જોઈને કાયર પુરુષોનાં કાળજાં કમ્પી રહ્યાં હતાં અને વીરોનો આપસમાં ઉત્સાહ ખૂબ વધી રહ્યો હતો. (ભગવાન્ શ્રીકૃષ્ણના પરાક્રમનું વર્ણન કરી હવે બલદેવજીનું યુદ્ધ કહે છે) બલદેવજીનું તો અંદરનું બળ અને બહારનું તેજ અપાર છે. એમણે પણ મતવાલા શત્રુઓને મુસળથી મારી-મારી લોહીની નદીઓ વહેડાવી દીધી ।।૨૮।।

હે પરીક્ષિત! જરાસન્ધથી રક્ષાએલું લશ્કર તેના અંગો (અશ્વ, હસ્તી વગેરે) સાથે સમુદ્રના જેવું દુર્ગમ અને ભયંકર હતું. તેના રક્ષકો અને તેને મદદ કરવા આવેલા રાજાઓનો પાર નહોતો. તેને જીતવું બહુ કઠિન હતું. પરન્તુ ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજીએ તેને નષ્ટ કરી નાખ્યું. એ તો જગતના ઈશ્વર (સ્વામી) છે. એમને માટે સેનાનો નાશ કરી દેવો એ તો ક્રીડા જેવું જ થયું એનાથી એમને કાંઈ વધારે શ્રમ ન થયો ।।૨૯।।

અનન્ત ગુણવાળા ભગવાન્ પોતાની લીલાવડે જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને અન્ત કરે છે તેમને શત્રુની સેનાને કાબૂમાં લેવી કે એનો નાશ કરવો એ કાંઈ મોટી વાત નથી; તો પણ ભગવાન્ મનુષ્યનાટ્ય બતાવે છે એમાં પણ પોતાના ભક્તોનો પક્ષ કરે છે. (એમ બતાવવા ભક્તિમાર્ગનો ઉત્કર્ષ કહેવામાટે આટલું કહ્યું છે) ।।૩૦।।

મહાબળવાળો જરાસન્ધ રથરહિત થઈ ગયો. એનું સૈન્ય મરી જતાં પોતે એકલો જ બચ્યો. જેમ સિંહને સિંહ બળવડે પકડે તેમ બલદેવજીએ એને જીવતો પકડી લીધો ।।૩૧।।

જેણે ઘણા શત્રુઓને માર્યા છે તેવા જરાસન્ધને વારુણ અને માનુષપાશવડે બલદેવજી બાંધતા હતા ત્યાં શ્રીકૃષ્ણ પધાર્યા અને એ જરાસન્ધદ્વારા બીજાં કાર્ય

કરવાનાં બાકી હોવાથી બલદેવજીને બાંધતા અટકાવ્યા ।।૩૨।।

લોકના નાથ એવા રામ-કૃષ્ણે એને છૂટો કર્યો. એ જરાસન્ધ પણ વીરની ગણતરીમાં હોવાથી શત્રુએ બચાવ્યો તેથી લાજ્યો તેથી રાજ્ય ન કરતાં તપ કરવાને જંગલમાં જવાનો એ નિશ્ચય કરતો હતો ત્યાં માર્ગમાં બીજા રાજાઓ મળ્યા તેઓએ એને તપ કરવા જતાં અટકાવ્યો ।।૩૩।।

પવિત્ર અર્થ અને પદવાળાં વાક્યો તથા પ્રાકૃત ન્યાયો (જેવાં કે શ્રીકૃષ્ણ તો ભગવાન્ છે, ઈશ્વર છે તેમના હાથે હારવું એ પણ મોટું ભાગ્ય જ છે. મોટા-મોટા યોદ્ધાઓનો પણ કેટલીક વખત પરાજય થાય છે. યુદ્ધે ચડે એ હારેય ખરા વગેરે) વડે સમજાવ્યો. યદુવંશીઓથી આ તમારો પરાજય પોતાના કર્મનું બન્ધન જ સમજો ।।૩૪।।

સર્વ સેના મરી ગઈ ત્યારે બૃહદ્રથનો પુત્ર જરાસન્ધ એકલો રહ્યો. તેને ભગવાને જીવતો છોડી એની ઉપેક્ષા કરી ત્યારે એ ઉદાસ મનથી પોતાના મગધ દેશમાં ગયો ।।૩૫।।

હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણની સેના અક્ષત (સલામત) રહી અને જરાસન્ધની ત્રેવીસ અક્ષૌહિણી સેના ઉપર, જે સમુદ્ર સમાન હતી, સહેલાઈથી વિજય પ્રાપ્ત કરી લીધો. એ વખતે દેવતાઓ આપના ઉપર (નન્દનવનનાં) પુષ્પોની વર્ષા અને આપના કાર્યનું અનુમોદન (પ્રશંસા) કરી રહ્યા હતા ।।૩૬।।

મથુરાવાસીઓનાં મન ભયરહિત થયાં. સૂત, માગધ અને બન્દીજનો ભગવાન્‌ના વિજયનાં ગુણગાન કરવા લાગ્યા ।।૩૭।।

શંખ, નગારાં, ભેરી, તુરી, વીણા, વેણુ મૃદંગ વગેરે વાજાં વાગવા લાગ્યાં અને ભગવાને પુરમાં પ્રવેશ કર્યો ।।૩૮।।

નગરના માર્ગોમાં સુગન્ધી જલ છંટાયાં. લોકો આનન્દમાં આવી ગયાં. આખા નગરમાં વિજયપતાકાઓ લહેરાઈ રહી હતી. બ્રાહ્મણો વેદચ્ચાર કરી રહ્યા હતા. જ્યાં જુઓ ત્યાં આનન્દ અને ઉત્સવ પ્રકટ કરનાર તોરણો બાંધેલાં હતાં ।।૩૯।।

પુષ્પ, દહીં, ચોખા અને જવના અંકુરોવડે સ્ત્રીઓએ પુરમાં આવતા ભગવાન્‌ને વધાવ્યા. સ્નેહ, પ્રીતિ અને ઉત્કંઠા ભાવ બતાવતાં સ્ત્રીઓએ ભગવાન્‌ને બન્ધુભાવ (સ્નેહ), પુરુષભાવ (પ્રીતિ) અને કામભાવ (ઉત્કંઠા) થી નિહાળ્યા ।।૪૦।।

યુદ્ધભૂમિ ઉપરથી ભગવાન્ શ્રીકૃષ્ણને યોદ્ધાઓના આભૂષણોના રૂપમાં અપાર ધન પ્રાપ્ત થયું. તે આપે યદુવંશીઓના રાજા ઉગ્રસેનને મોકલાવ્યું કારણ કે એ દ્રવ્યની માલિકી રાજાની હોય ।।૪૧।।

હે પરીક્ષિત! આ જ *પ્રમાણે સત્તરવાર ત્રેવીશ-ત્રેવીશ અક્ષૌહિણી સેના એકઠી કરી મગધરાજ જરાસન્ધે ભગવાન્ શ્રીકૃષ્ણથી સુરક્ષિત યદુવંશીઓ સાથે યુદ્ધ કર્યું ।।૪૨।।

**વિશેષ** : જરાસન્ધ સત્તરવાર હાર્યો ત્યારે એણે તપ કરીને શિવજીને પ્રસન્ન કર્યા, ત્યારે શિવજીએ એને કહ્યું કે કૃષ્ણ બ્રાહ્મણને પૂર્ણ માન આપનાર છે માટે તું બ્રાહ્મણોનો આશીર્વાદ મેળવીને જાય તો હારે નહિ; ત્યારે એ પોતાના નગરમાં આવ્યો અને બ્રાહ્મણોને બોલાવીને પોતાના સિંહાસન ઉપર એમને બેસાડ્યા ત્યારે બ્રાહ્મણો એની ઉપર પ્રસન્ન થયા અને વરદાન આપ્યું કે **''શત્રું જેષ્યસિ અજેયશ્ચ ભવિષ્યસિ''** તું શત્રુને જીતીશ અને અજેય થઈશ. એ વાત નારદજી જાણી ગયા તેથી એમણે કાલયવનને મોકલ્યો. એણે પણ જરાસન્ધની જેમ યાદવોને દુનિયા ઉપરથી કાઢવાની પ્રતિજ્ઞા કરી હતી. એ જો પાછળ રહે તો દ્વારકા પહોંચે, માટે બન્ને એક સાથે મથુરામાં જ મળી જાય તો ઠીક એ ભગવદ્ અભિપ્રાયને જાણી નારદજી યવનને મથુરા મોકલ્યો. એ કાળયવન વૃદ્ધ ગર્ગનો પુત્ર છે. એનો બાપ મહાયવન પ્રજા વગરનો હતો. તેણે પુત્રમાટે વૃદ્ધ ગર્ગને પ્રાર્થના કરી ત્યારે વૃદ્ધ ગર્ગે એની સ્ત્રીમાં પુત્ર ઉત્પન્ન કર્યો એ વૃદ્ધ ગર્ગ કોઈ વખતે યદુસભામાં ગયેલ ત્યારે યાદવોએ તેની મશ્કરી કરેલી, ત્યારે તેણે પોતાના પુત્ર કાલયવનને યાદવોનો નાશ કરવાનું કહ્યું તેથી એને એ કર્તવ્ય હતું. એમાં નારદજીએ આ સમયે જવાનું કહ્યું તેથી તે મથુરા આવ્યો. આ બન્ને કથા અન્ય પુરાણોમાં છે.

પરન્તુ યાદવોએ ભગવાન્ શ્રીકૃષ્ણની શક્તિથી દરેક વખતે તેની બધી સેના નષ્ટ કરી દીધી. જ્યારે બધી સેના નાશ પામી જતી ત્યારે યદુવંશીઓ તેને ઉપેક્ષાપૂર્વક જવા દેતા અને તે પોતાની રાજધાનીમાં પાછો જતો ।।૪૩।।

જ્યારે અઢારમી વખતે એ લડાઈ કરવામાટે આવવાને તૈયાર થયો ત્યારે નારદજીએ કાલયવનને મથુરા ઉપર ચડાઈ લઈ જવાને પ્રેર્યો અને તે મથુરામાં દેખાયો ।।૪૪।।

યુદ્ધમાં કાલયવનની સાથે લડે તેવો વીર ત્રણ લોકમાં બીજો કોઈ નહોતો. તેણે જ્યારે નારદજી પાસેથી સાંભળ્યું કે યાદવો મારા જેટલા જ બળવાન છે અને મારો સામનો કરી શકે તેવા છે ત્યારેત્રણ કરોડ મ્લેચ્છોની સેના લઈ તેણે મથુરાને ઘેરી

લીધી ।।૪૫।।

સંકર્ષણની સહાયવાળા શ્રીકૃષ્ણ વિચારમાં પડ્યા. યવનને જોઈ ''આ જરાસન્ધ અને યવન બન્ને તરફથી યાદવો ઉપર દુઃખ આવી પડ્યું છે કેમકે મહાબળવાળા યવને તો શહેરને ઘેર્યું છે અને આજકાલમાં જરાસન્ધ પણ આવી પહોંચશે ।।૪૬-૪૭।।

આપણે આની સાથે લડીશું, દરમ્યાન જો જરાસન્ધ આવ્યો તો આપણા બન્ધુઓને એ મારી નાખશે કે પોતાના નગરમાં લઈ જઈ કેદ કરશે કેમકે એ બહુ બળવાન છે ।।૪૮।।

માટે કોઈ માણસ ન જઈ શકે એવો એક કિલ્લો આજે આપણે બનાવીએ. એમાં સ્વજનો-સમ્બન્ધીઓને પહોંચાડી દઈને કાલયવનને મરાવી નાખીશું'' ।।૪૯।।

બલદેવજી સાથે આ પ્રમાણે વિચાર કરી ભગવાન્ શ્રીકૃષ્ણે સમુદ્રની વચ્ચે પણ જલની સપાટીથી અદ્ધર અન્તરિક્ષમાં એક એવું નગર બનાવ્યું જેમાં બધી વસ્તુઓ અદ્ભુત હતી અને જેની લંબાઈ-પહોળાઈ બાર યોજન (છન્નુ માઈલ) હતી ।।૫૦।।

તે નગરની એક-એક વસ્તુમાં વિશ્વકર્માનું વિજ્ઞાન (વાસ્તુ વિજ્ઞાન) અને શિલ્પકલાની નિપુણતા જણાતી હતી. તેમાં વાસ્તુશાસ્ત્ર પ્રમાણે મોટી-મોટી સડકો, ચોક અને ગલીઓનું યથાસ્થાન બરાબર વિભાજન કરવામાં આવ્યું હતું ।।૫૧।।

તે નગર એવા સુન્દર ઉદ્યાનો (પુષ્પપ્રધાન) અને વિચિત્ર ઉપવનો (ફલપ્રધાન) વાળું હતું કે જેમાં દેવતાઓનાં વૃક્ષો (પારિજાત વગેરે) અને લતાઓ લહેરાતી હતી. ('યથાવાસ્તુ' એટલે એકવીસ-એકવીસ માળનાં) મકાનો ઉપર સોનાનાં શિખરો આકાશ સાથે વાતો કરતાં હતાં. સ્ફટિકમણિની અટારીઓ અને ઊંચા-ઊંચા દરવાજા બહુ જ સુન્દર લાગતા હતા ।।૫૨।।

અન્નનો સંગ્રહ કરવામાટે પિત્તળની કોઠીઓ અને ઘૃત દહીં વગેરે રાખવામાટે ચાંદીની કોઠીઓ હતી. ત્યાં મહેલો સોનાના હતા અને તેમના ઉપર સોનાના કલશો હતા. તેમનાં શિખરો રત્નોનાં હતાંઅને ભૂમિ મરકત (લીલમ)ની શિલાઓથી જડેલી હતી ।।૫૩।।

તે ઉપરાંન્ત તે નગરમાં વાસ્તુદેવતા (ભૂમિ) ના પતિઓ, ઈન્દ્ર વગેરે લોકપાલોનાં મન્દિરો અને છજ્જાઓ અત્યન્ત સુન્દર લાગતાં હતાં. તેમાં ચારેય વર્ણો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો) રહેતા હતા અને સૌથી વચમાં યદુદેવ શ્રીકૃષ્ણના મહેલો જગમગી રહ્યા હતા ।।૫૪।।

હે પરીક્ષિત! તે વખતે દેવરાજ ઈન્દ્રે ભગવાન્ શ્રીકૃષ્ણને માટે સુધર્મા[1] સભા તથા પારિજાત[2] વૃક્ષ મોકલી આપ્યાં. તે સભા એવી દિવ્ય હતી કે તેમાં બેઠેલા મનુષ્યને મર્ત્ય લોકના ભૂખ-તરસ વગેરે ધર્મો અડકી શક્તા નહોતા ।।૫૫।।

**વિશેષ** : ૧. સુધર્મા સભામાં બેસવા માત્રથી ધર્મ અને ધર્મફલ ની પ્રાપ્તિ થાય છે. તે નવરત્નોની બનેલી હતી. ૨. આગળ ઉપર શ્રીકૃષ્ણ પારિજાતનું ઈન્દ્રના બગીચામાંથી હરણ કરી પૃથ્વી ઉપર લઈ આવે છે તે કથા મતાન્તરભાષાની છે.

વરુણજીએ એવા અનેક શ્વેત ઘોડાઓ મોકલી આપ્યા જેમનો એક-એક કાન *શ્યામ રંગનો હતો અને જેમની ચાલ મનના જેટલી તેજ હતી. ધનપતિ કુબેરજીએ પોતાના આઠેય નિધિઓ મોકલી આપ્યા અને બીજા લોકપાલોએ પણ પોત-પોતાના ભંડારો મોકલી આપ્યા ।।૫૬।।

**વિશેષ** : આ ઘોડાઓનો એક કાન ધોળો છે, બીજો કાળો. ડાબો ધોળો કાન નિવૃત્તિ શાસ્ત્રરૂપ છે જ્યારે જમણો કાળો કાન પ્રવૃત્તિ-શાસ્ત્રરૂપ છે. પ્રવૃત્તિનાં સાધન કર્મથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. તે બન્ને દોષશંકાથી કલુષિત હોવાથી તે કર્ણ શ્યામ છે.

આધિપત્ય (અધિકાર, સત્તા વૈભવ) ઈશ્વર જ આપે ત્યારે મળે છે અને ફળે છે. ઈશ્વરને જે અર્પણ કરવામાં આવે તે અક્ષય થાય છે એટલે પોતાનું ધન અથવા અધિકાર કાયમી થાય એટલા માટે લોકપાલોએ ફરીથી તે-તે વસ્તુઓ ભગવાન્ ભૂમિઉપર પધાર્યા ત્યારે હે રાજન્! તેમને અર્પણ કરી ।।૫૭।।

**પ્રજાપાલેન રામેણ કૃષ્ણઃ સમનુમન્ત્રિતઃ ।।**
**નિર્જગામ પુરદ્વારાત્ પદ્મમાલી નિરાયુધઃ ।।૫૮।।**

ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાના બધા સ્વજન-સમ્બન્ધીઓને પોતાની અચિન્ત્ય મહાશક્તિ યોગમાયાદ્વારા પહોંચાડી દીધી. બાકીની પ્રજાની રક્ષા કરવામાટે બલદેવજીને મથુરામાં રાખ્યા અને તેમની સલાહ લઈ કમલોની માલાયુક્ત અને કોઈ પણ જાતના અસ્ત્ર-શસ્ત્ર વિના નગરીની બહાર નીકળી આવ્યા ।।૫૮।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ત્રીજા**

**સાધન-પેટા પ્રકરણનો ઐશ્વર્યરૂપ પહેલો) ''ભગવાને જરાસન્ધને સત્તરવાર હરાવ્યો'' નામનો (ઉત્તરાર્ધનો પહેલો અને ચાલુ) પચાસમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં સુડતાલીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ફંડ-ફાળા માટે કે મૃતકના ઉદ્ધાર અર્થે ભાગવતકથાના આયોજનની ગુરુએ આજ્ઞા આપવી તેમજ તેમાં હાજરી આપવી તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

## અધ્યાય ૫૧

### શ્રીસુબોધિનીજી અનુસાર અ.૪૮

# ભગવાને મુચુકુન્દ ઉપર કરેલો અનુગ્રહ

### ત્રીજા રાજસ પ્રકરણનું ત્રીજું સાધન પ્રકરણ અધ્યાય૨

**વિશેષ** : ભગવાને પૂર્વાધ્યાયમાં જરાસન્ધનો નિગ્રહ કર્યો એ કહ્યું. આ અધ્યાયમાં મુચુકુન્દ ઉપર એમના અનુગ્રહની કથા કહે છે. આ અધ્યાયમાં તામસ, રાજસ, સાત્વિક અને નિર્ગુણ એમ ચાર લીલા ભગવાન્‌ની કહી. તેમાં દુષ્ટોનો વધ, દ્વારકા નિર્માણ, યોગપ્રભાવથી ત્યાં સર્વને પહોંચાડ્યા એ ત્રણ ગુણયુક્ત લીલા પૂર્વ અધ્યાયમાં કહી જ્યારે નિર્ગુણ લીલા આ અધ્યાયમાં કહેવાય છે. એ ભગવાન્‌ની નિર્ગમલીલા છે. એમાં નિર્ગુણ સ્વરૂપ કાલયવનના વધમાં નિમિત્ત જ છે પણ સાક્ષાત્ વધકર્તા નથી. નિર્ગુણ હોય તે કર્તા ન હોઈ શકે. એમાં મુચુકુન્દને જગાડ્યો, કાળયવન મર્યો, ભગવાન્ તથા મુચુકુન્દ નો સંવાદ અને તેણે કરેલી ભગવાન્‌ની સ્તુતિ જેનું ફલ આગળ ઉપર મોક્ષ થશે તેથી આ ૫૧ મા અધ્યાયમાં નિર્ગુણ લીલાનું વર્ણન છે. ભગવાન્‌ની ક્રિયા સગુણ નિર્ગુણ ભેદથી બે પ્રકારની છે. ભગવાને તત્વરૂપ આયુધનો ત્યાગ કર્યો અને કેવળ એને મોહ કરવા કીર્તિમયી માળાને ધારણ કરીને નીકળ્યા તે નિર્ગુણતાને બતાવનાર છે. નિર્ગુણ સ્વરૂપવડે કાલયવનનો ઉદ્ધાર કર્યો એમ **''યે ચ પ્રલમ્બ-ખરદર્દુરકેશ્યરિષ્ટ-મલ્લેભકંસયવનાઃ''** ઇત્યાદિથી જણાય છે પણ એ યવનની મુક્તિ સ્વસ્વરૂપમાં નહિ પણ કાળ સ્વરૂપમાં સમજવી. કાલયવને નારદજીનો ઉપદેશ ગ્રહણ કર્યો તેથી ભગવાને એને સાક્ષાત્ દર્શન આપ્યાં છે. એ ભગવાન્‌ને અનુસર્યો તેથી એની કાળમાં મુક્તિ થઈ એ બાર શ્લોકથી કહે

છે. (કાળ દ્વાદશાત્મક બાર મહીના રૂપે-છે તેથી બાર શ્લોકથી સ્તુતિ કરી છે)

**તં વિલોક્ય વિનિષ્ક્રાન્તમ્ ઉજ્જિહાનમિવોડુપમ્ ।।**
**દર્શનીયતમં શ્યામં પીતકૌશેયવાસસમ્ ।।૧૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પ્રિય પરીક્ષિત! જે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણ મથુરાનગરીના મુખ્ય દ્વારથી નીકળ્યા ત્યારે એમ જણાતુ હતું કે જાણે પૂર્વ દિશામાં ચન્દ્રનો ઉદય થઈ રહ્યો હોય. આપનું શ્યામળું શરીર અત્યન્ત દર્શનીય હતું. તેના ઉપર રેશમી પીતામ્બરની છટા અનોખી જ હતી. વક્ષઃસ્થલ ઉપર સુવર્ણરેખાના રૂપમાં શ્રીવત્સનું ચિહ્ન શોભી રહ્યું હતું અને ગળામાં કૌસ્તુભ મણિ ઝગમગી રહ્યો હતો. ચાર લાંબી અને પુષ્ટ ભુજાઓ હતી. તાજાં ખીલેલાં કમલ જેવાં કોમલ અને લાલીયુક્ત નેત્રો હતાં. મુખકમલ ઉપર અપાર આનન્દ નાચી રહ્યો હતો. કપોલોની છટા અનૂઠી હતી. પવિત્ર સ્મિત દર્શન કરનારાઓનું ચિત્ત ચોરી લેતું હતું. કાનોમાં મકરાકૃત કુંડલ ઝલકી રહ્યાં હતાં. એમને જોઈને કાલયવને નક્કી કર્યું કે આ જ પુરુષ વાસુદેવ છે કારણ કે નારદજીએ જે-જે લક્ષણો બતાવ્યા હતાં. વક્ષઃસ્થલ ઉપર શ્રીવત્સનું ચિહ્ન, ચાર ભુજાઓ, કમલના જેવાં નેત્ર, ગળામાં વનમાલા અને સુન્દરતાની સીમા-એ બધાં આમાં મળી રહ્યાં છે. તેથી આ બીજું કોઈ હોઈ શકે નહિ. અત્યારે તે કોઈ પણ જાતના અસ્ત્ર-શસ્ત્ર વિના પગે ચાલીને આ તરફ ચાલ્યો આવે છે માટે હું પણ તેની સાથે અસ્ત્ર-શસ્ત્ર વિના જ લડીશ. (૧ થી ૫) એવો નિશ્ચય કરી જ્યારે કાલયવન ભગવાન્ શ્રીકૃષ્ણની તરફ દોડ્યો ત્યારે ભગવાન્ મુખ ફેરવી રણભૂમિ ઉપરથી ભાગી નીકળ્યા અને તે યોગીજન દુર્લભ પ્રભુને પકડવાને માટે કાલયવને તેમનો પીછો પકડ્યો ।।૬।।

રણછોડ ભગવાન્ લીલા કરતાં ભાગી રહ્યા હતા. કાલયવન ડગલે-ડગલે એમ જ સમજતો હતો કે હમણાં પકડી લઉં, હમણાં પકડી લઉં. આ પ્રમાણે ભગવાન્ તેને ઘણે દૂર એક પહાડની ગુફામાં લઈ ગયા ।।૭।।

પાછળથી કાલયવન વારંવાર ભગવાન્‌ની નિન્દા કરતો કહેવા લાગ્યો ''પરમ યશસ્વી યદુકુલમાં તું જન્મ્યો છે. આ પ્રમાણે યુદ્ધ છોડી ભાગવું તને શોભતું નથી'' પરન્તુ હજુ તેનાં પાપ બાકી હતાં તેથી તે ભગવાન્‌ને પહોંચી શક્યો નહિ ।।૮।।

એ તો બોલતો-બોલતો પાછળ પડ્યો છે એની દરકાર ન કરતાં ભગવાન્ પર્વતની ગુફામાં પેઠા. યવન પણ એમની પાછળ પર્વતની ગુફામાં પેઠો ત્યાં તો કોઈ

એક બીજા જ પુરુષને ત્યાં સૂતેલો જોયો ।।૯।।

તેને જોઈને કાલયવને વિચાર કર્યો કે ‘‘જુઓ તો ખરા! આ મને આ પ્રમાણે આટલે દૂર સુધી લઈ આવ્યો અને હવે જાણે કે કંઈ જાણતો જ નથી એવી રીતે ભલા માણસની જેમ સૂતો છે’’ એમ વિચાર કરી તે સૂતેલાને ભગવાન્ જાણી મૂઢ એવા યવને તેને પગવડે પ્રહાર કર્યો ।।૧૦।।

ઘણા વખતથી સૂતેલા તે પુરુષે મહા મહેનતે આંખો ખોલી ત્યાં તો પ્રથમ જ કાલયવનને પાસે ઉભેલો જોયો ।।૧૧।।

હે પરીક્ષિત! કાષ્ઠમાં રહેલા અગ્નિને બહારના અગ્નિનો સ્પર્શ થતા તે પ્રકટ થાય છે તેવી રીતે નિરપરાધને લાત મારી તેથી સૂતેલા પુરુષને સહેજે ક્રોધ થયો. તેની ક્રોધયુક્ત દૃષ્ટિથી કાલયવનના દેહમાં રહેલો અગ્નિ જ ભભૂકી ઉઠ્યો અને તેનાથી ક્ષણ માત્રમાં તે ભસ્મ થઈ ગયો ।।૧૨।।

**રાજા પરીક્ષિતે પૂછ્યું** : હે ભગવન્! જેની દૃષ્ટિમાત્ર પડવાથી કાલયવન બળીને ભસ્મ થઈ ગયો તે પુરુષ કોણ હતો? ક્યા વંશનો હતો? તેમ તેનું પરાક્રમ કેવું હતું અને તે કોનો પુત્ર હતો? (ઉત્તમ સ્થાન છોડી જ્યાં સિંહ વગેરેની સમ્ભાવના હોય તેવી પર્વતની) ગુફામાં જઈ તે એકલો કેમ સૂઈ રહ્યો હતો? ।।૧૩।।

**શ્રીશુકદેવજી કહ્યું** : હે પરીક્ષિત! તે ઈક્ષ્વાકુ વંશના મહારાજા માન્ધાતાના પુત્ર રાજા મુચુકુન્દ હતા. તે બ્રાહ્મણોના પરમ ભક્ત, સત્યપ્રતિજ્ઞ, સંગ્રામવિજયી અને મહાપુરુષ હતા ।।૧૪।।

એક વાર અસુરોએ ઈન્દ્રાદિ દેવોને બહુ ત્રાસ આપ્યો ત્યારે ઈન્દ્રાદિ દેવોએ મુચુકુન્દને પોતાની રક્ષા કરવાની પ્રાર્થના કરી તેથી એણે ઘણા કાલ સુધી દેવોની રક્ષા કરી ।।૧૫।।

જ્યારે ઘણા દિવસો પછી દેવતાઓને સેનાપતિ રૂપે કાર્તિકેયસ્વામી મળી ગયા ત્યારે તેઓએ રાજા મુચુકુન્દને કહ્યું ‘‘હે રાજન્! આપે અમારી રક્ષાને માટે બહુ શ્રમ અને કષ્ટ ઉઠાવ્યા છે. હવે આપ વિશ્રામ કરો ।।૧૬।।

હે વીર! તમે અમારા માટે મનુષ્ય લોક છોડ્યો, નિષ્કણ્ટક રાજ્ય છોડ્યું એટલું જ નહિ પણ અમારું રક્ષણ કરવા તમે સર્વ કામને છોડ્યા ।।૧૭।।

તમે તમારાં પુત્રો, રાણીઓ, સમ્બન્ધીઓ, મન્ત્રીઓ, કારભારીઓ અને એ વખતની પ્રજાને છોડીને અમારું રક્ષણ કર્યું તે બધાં તો કાલના પ્રવાહમાં ચાલ્યાં

ગયાં. (દેવતાઓનો એક દિવસ મનુષ્ય લોકના એક વર્ષ બરાબર છે તેથી) ।।૧૮।।

બધા બલવાનો કરતાં પણ કાલ વધારે બલવાન છે. તે સ્વયં સમર્થ અવિનાશી અને ભગવાનનું જ સ્વરૂપ છે. જેવી રીતે ગોવાળો પશુઓને પોતાને વશ રાખે છે તેવીજ રીતે તે એક જાતની ક્રીડામાં બધી પ્રજાને પોતાને વશ રાખે છે ।।૧૯।।

હે રાજન્! આપનું કલ્યાણ હો. આપની જે ઇચ્છા હોય તે અમારી પાસે માગી લો. અમે કૈવલ્ય-મોક્ષ સિવાય આપને બધુંજ આપી શકીએ છીએ, કારણ કે મોક્ષ આપવાનું સામર્થ્ય તો માત્ર અવિનાશી ભગવાન્ વિષ્ણુમાં જ છે'' ।।૨૦।।

(તે વિષ્ણુની પ્રાપ્તિ કેવી રીતે થાય એમ રાજા મુચુકુન્દે દેવોને પૂછ્યું ત્યારે દેવોએ કહ્યું કે) તે મોક્ષનું જ દાન કરવા અવતાર લેશે ત્યારે તેની સેવા અથવા આજ્ઞાપાલનથી મુક્તિ થશે. મુચુકુન્દજીએ પૂછ્યું કે ક્યારે અવતાર લેશે? દેવોએ કહ્યું કે અઠ્ઠાવીસમા દ્વાપર યુગમાં. મુચુકુન્દજીએ વિચાર કર્યો કે ત્યાં સુધી જીવીએ, શાન્ત જીવન જીવીએ તો પણ કામ અને ભૂખ, તરસ વગેરે પીડે. સમાધિમાં પણ એ જ દુઃખ. વળી સમાધિ અને સુષુપ્તિ-ગાઢનિદ્રામાં આનન્દનો અનુભવ સરખો જ છે. ફલ તો વિષ્ણુ આપે તો જ મળે, યોગ વગેરે નિરુપયોગી છે. બહુ પ્રયત્ન-સાધન કરીએ તો ક્લેશ જ હાથ લાગે. તેથી તેણે સુષુપ્તિ-ગાઢનિદ્રા-વરદાનમાં માગી. સાથે એ પણ વરદાન માગ્યું કે મને જે જગાડે તેના ઉપર મારી દૃષ્ટિ પડતાં જ તે ભસ્મ થઈ જાય. પરમ યશસ્વી રાજા મુચુકુન્દને જ્યારે દેવોએ આ પ્રમાણે વરદાન આપ્યું ત્યારે તેણે દેવોને પ્રણામ કર્યા અને (બહુ થાકી ગયેલા હોવાથી) વરદાન મળતાં તે પર્વતની ગુફામાં સૂઈ ગયા ।।૨૧।।

કાલયવન જ્યારે ભસ્મ થઈ ગયો ત્યારે ભક્તવત્સલ ભગવાને મહાબુદ્ધિમાન રાજા મુચુકુન્દને દર્શન આપ્યાં ।।૨૨।।

નવીન મેઘસરખા શ્યામ, રેશમી પીળા વસ્ત્રવાળા, વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિહ્નવાળા, સુન્દર પ્રકાશ આપતા કૌસ્તુભથી શોભતા ।।૨૩।।

ચાર ભુજાવાળા, કીર્તિરૂપી વૈજયન્તી માલાથી રુચિ ઉત્પન્ન કરતા, સુન્દર વદનથી પ્રસન્નતા બતાવતા, મકરાકૃત કુંડલવાળા ।।૨૪।।

ત્રિલોકીમાં જોવાલાયક, પ્રેમપૂર્વક સ્મિતસહિત જોનાર, સ્ત્રીઓને પ્રિય વયવાળા, મતવાલા સિંહના જેવા ઉદાર પરાક્રમવાળા ભગવાન્‌ના મુચુકુન્દે દર્શન કર્યાં ।।૨૫।।

રાજા મહાબુદ્ધિમાન છતાં ભગવદ્ તેજમાં અંજાઈ ગયો. પાસે ન જવાય તેવા તેજને જોઈને કાંઈક શંકામાં પડ્યો અને ધીરેથી પૂછવા લાગ્યો ।।૨૬।।

**રાજા મુચુકુન્દે કહ્યું** : પર્વતથી ભયંકર એવા અરણ્ય પ્રદેશમાં કમળ સરખા કોમળ ચરણવડે અત્યન્ત કણ્ટક યુક્ત જમીનમાં ફરનાર આપ કોણ છો? ।।૨૭।।

આપ શું બધા તેજસ્વીઓનું એકઠું કરેલું તેજ છો કે સાક્ષાત્ અગ્નિ છો? સૂર્ય, ચન્દ્ર કે દેવરાજ ઇન્દ્ર છો કે કોઈ બીજા લોકપાલ છો? ।।૨૮।।

જેમ દીવો પોતાના તેજવડે અંધકારને મટાડે તેમ આ ગુફાના અંધકારને પોતાની કાન્તિથી દૂર કરતા બ્રહ્મા, વિષ્ણુ, શિવના અધિષ્ઠાતા પુરુષોત્તમ છો એમ હું તો માનું છું ।।૨૯।।

હે નરશ્રેષ્ઠ! ખરી વાત સાંભળવાની ઇચ્છાવાળા અમોને આપની ઇચ્છા હોય તો આપનાં, જન્મ, કર્મ અને ગોત્ર આપ કહો ।।૩૦।।

હે પુરુષોત્તમ, અમે ઇક્ષ્વાકુના વંશના ક્ષત્રબન્ધુઓ છીએ. હે પ્રભો! હું યુવનાશ્વનન્દન માન્ધાતાનો પુત્ર છું. મુચુકુન્દ નામથી પ્રસિદ્ધ છું ।।૩૧।।

ઘણા દિવસો સુધી જાગતા રહેવાને લીધે હું થાકી ગયો હતો. નિદ્રાએ મારી સમસ્ત ઇન્દ્રિયોની શક્તિ છીનવી લીધી હતી. તેમને નકામી બનાવી દીધી હતી તેથી હું નિર્જન વનમાં યથેચ્છ સૂતો હતો તે મને કોઈએ હમણાં જ જગાડ્યો ।।૩૨।।

મને જગાડનાર પોતાના પાપે જ ભસ્મ થઈ ગયો. ત્યાર પછી તુરત જ શત્રુને મારનાર શ્રીમાને (આપે) મને દર્શન આપ્યાં ।।૩૩।।

હે મહાભાગ! આપ સમસ્ત પ્રાણીઓના માનનીય છો. આપના પરમ દિવ્ય અને અસહ્ય તેજથી મારી શક્તિ ચાલી ગઈ છે. આપના સામું બહુ વખત મારાથી જોઈ પણ શકાતું નથી ।।૩૪।।

જ્યારે રાજા મુચુકુન્દે આ પ્રમાણે કહ્યું ત્યારે સમસ્ત પ્રાણીઓના જીવનદાતા ભગવાન્ શ્રીકૃષ્ણે હસતાં-હસતાં મેઘધ્વનિના કરતાં પણ વધારે ગમ્ભીર વાણીથી કહ્યું ।।૩૫।।

**શ્રીભગવાન્ બોલ્યા** : હે પ્રિય મુચુકુન્દ! મારાં જન્મ, કર્મ અને નામ હજારો છે. હું અનન્ત છું. તેથી એ મારાથી પણ ગણી ન શકાય તેને ક્રમવડે કહેવાનું બની શકે એમ નથી. જ્યારે હું પણ ન કહી શકું તો બીજો તો ક્યાંથી કહેવાને સમર્થ થાય? ।।૩૬।।

કોઈ પુરુષ પોતાના અનેક જન્મોમાં પૃથ્વીનાં નાના-નાના ધૂળ-કણોની ગણતરી કરી નાખે પરન્તુ મારા જન્મ, ગુણો, કર્મો અને નામોની કોઈ ક્યારેય કોઈ પણ પ્રકારે ગણતરી કરી ન શકે. (કરોડો બ્રહ્માંડોમાં એક દિવસમાં કરોડો જન્મો થાય છે. તેથી તે અપાર હોવાથી ગણતરી અશક્ય છે) ।।૩૭।।

હે રાજન્! સનક સનન્દન આદિ મોટા-મોટા ઋષિઓ મારા ત્રિકાલ સિદ્ધ જન્મો અને કર્મો નું વર્ણન કરતા રહે છે પરન્તુ ક્યારેય તેમનો પાર પામતા નથી* ।।૩૮।।

**વિશેષ :** જીવ પરિચ્છિન્ન છે. તે એક વખતે એક દેશમાં એક દેહ ગ્રહણ કરે છે. ભગવાન્‌ને તો દેહ ન હોવાથી પોતાની ઈચ્છામાં આવે તેમ એકી સાથે એક જ ક્ષણે અનેક ભક્તોને અનેક પ્રકારે દર્શન આપે છે તેથી આપનાં અનેક સ્વરૂપો થાય છે. આકાશ જ ભગવાન્‌નું શરીર છે, બધે જ તેના હાથ, પગ છે. (**સર્વતઃ પાણિપાદાન્તઃ**) અનન્તમૂર્તિ છે તેથી તેનાં રૂપ પણ અનન્ત હોય તે ઉચિત છે.

હે પ્રિય મુચુકુન્દ! એવું હોવા છતાં હું મારા વર્તમાન (અત્યારના) જન્મ, કર્મ અને નામોનું વર્ણન કરું છું તે સાંભળો. પહેલાં બ્રહ્માજીએ મને ધર્મની રક્ષા અને પૃથ્વી ઉપર ભારરૂપ બનેલા અસુરોનો સંહાર કરવાનેમાટે પ્રાર્થના કરી હતી ।।૩૯।।

તે પ્રમાણે હું યાદવના કુલમાં વસુદેવજીને ત્યાં પ્રકટ થયો. વસુદેવનો પુત્ર હોવાથી મને લોકો 'વાસુદેવ' નામથી જાણે છે ।।૪૦।।

અત્યાર સુધીમાં હું કાલનેમિ અસુરનો, જે કંસના રૂપમાં જન્મ્યો હતો તથા પ્રલમ્બ વગેરે અનેક સાધુદ્રોહી અસુરોનો સંહાર કરી ચૂક્યો છું. હે રાજન્! આ કાલયવન હતો જે તમારી તીક્ષ્ણ દૃષ્ટિ (રૂપી બાણો) થી પણ મારી જ પ્રેરણાથી બળીને ભસ્મ થઈ ગયો ।।૪૧।।

તે જ હું તમારા ઉપર કૃપા કરવામાટે જ આ ગુફામાં આવ્યો છું. (કાલયવનને તો હું બીજી પણ કોઈ રીતે મારી શકત) પૂર્વ જન્મોમાં તમે મારી બહુવાર પ્રાર્થના કરેલી. (આથી એમ સૂચવ્યું કે અત્યારે તમારામાં જે સામર્થ્ય છે તે મારા પ્રતાપથી જ છે. આટલો ક્લેશ વેઠીને અહીં સુધી આવવાનું કારણ એક જ અને તે એ કે સ્વભાવથી જ) હું ભક્તવત્સલ છું ।।૪૨।।

હે રાજર્ષે! તમારી જે અભિલાષા હોય તે મારી પાસે માગી લો. હું તમારી બધી અભિલાષાઓ પૂર્ણ કરી દઈશ. જે પુરુષ મારે શરણે આવી જાય છે તેને માટે પછી

એવી કોઈ વસ્તુ નથી રહેતી જેને માટે તે શોક કરે ।।૪૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાને આ પ્રમાણે રાજા મુચુકુન્દને કહ્યું ત્યારે મુચુકુન્દને વૃદ્ધ ગર્ગનું કથન યાદ આવી ગયું કે ભગવાન્ યદુવંશમાં પ્રકટ થવાના છે. આનન્દવિભોર બની તેણે ભગવાન્‌ના ચરણોમાં પ્રણામ કર્યાં અને આ પ્રમાણે સ્તુતિ કરી ।।૪૪।।

**રાજા મુચુકુન્દે કહ્યું :** હે પ્રભો! જગતનાં બધાં પ્રાણીઓ આપની માયાથી અત્યન્ત મોહિત થઈ રહ્યાં છે. તેઓ આપથી વિમુખ થઈ આપની ભક્તિ કરવાને બદલે અનર્થમાં જ ફસાયેલાં રહે છે. તમામ દુઃખોનું જે મૂલ કારણ છે તેવા ગૃહસ્થાશ્રમની ઝંઝટોમાં જ તેઓ સુખ મેળવવામાટે પ્રયત્નો કરે છે. (પણ નદીમાં અગ્નિ મળે તો જ ગૃહોમાં સુખ મળે) આ પ્રમાણે સ્ત્રી અને પુરુષ બધાં સુખને માટે ઘરમાં આસક્ત થઈ ઠગાઈ રહ્યાં છે ।।૪૫।।

હે નિર્દોષ પ્રભુ! આ ભૂમિ અત્યન્ત પવિત્ર ભૂમિ છે. જીવ અનેક જન્મ લેતો-લેતો મહામુશ્કેલીએ ક્યારેક જ તેમાં મનુષ્યનો જન્મ પ્રાપ્ત કરે છે. એમાં પણ જેમાં એકેય અંગમાં ખોડખાંપણ ન હોય, ઈન્દ્રિયો બરાબર કામ આપતી હોય અને બુદ્ધિ તીક્ષ્ણ હોય તેવો જન્મ તો અતિ દુર્લભ છે. પરમ સૌભાગ્ય અને ભગવત્કૃપાથી જ તે અનાયાસે પ્રાપ્ત કરીને પણ જે પોતાની મતિગતિ અસત્ સંસારમાં જ લગાડી દે છે અને તુચ્છ વિષયસુખને માટે જ બધા પ્રયત્નો કરતા ગૃહસ્થાશ્રમના અન્ધકૂપમાં પડ્યા રહે છે. ભગવાન્‌ના ચરણકમલોની ભક્તિ નથી કરતા તે તો ઘાસના લોભથી અન્ધારિયા કૂવામાં જઈ પડેલ પશુ જેવા છે ।।૪૬।।

(અમે બધા તો કાળથી જિતાયેલા છીએ. એક આપના ઉપર જ કાળની સત્તા ચાલતી નથી માટે સમ્બોધન) હે અજિત પ્રભો! હું રાજા હતો, રાજ્યલક્ષ્મીના મદમાં મસ્ત હતો. આ મરી જનારા શરીરને જ હું આત્મા-પોતાનું સ્વરૂપ સમજી રહ્યો હતો અને રાજકુમાર, રાણી, ખજાનો તથા પૃથ્વી ની આસક્તિમાં જ ફસાઈ ગયો હતો તે વસ્તુઓની ચિન્તા રાત-દિન મને થયા કરતી. આ પ્રમાણે મારા જીવનનો અત્યાર સુધીનો સમય વ્યર્થ જ ગયો ।।૪૭।।

જે આ શરીર પ્રત્યક્ષ જ ઘડા[1] અને ઘરના[2] જેવું માટીનું બનેલું છે તેને જ મેં મારું સ્વરૂપ માની લીધું હતું અને વળી મારી જાતને માની બેઠો હતો 'નરદેવ'! આ પ્રમાણે મદમાં અંધ બની આપની તો કોઈ પરવા જ કરી નહિ. રથ, હાથી, ઘોડા અને

પાયદળની ચતુરંગિણી સેના તથા સેનાપતિઓથી વીંટળાયેલો હું પૃથ્વી ઉપર આમ-તેમ ઘૂમતો રહેતો ।।૪૮।।

**વિશેષ** : ૧. ઘડો જલ લાવવામાટે વપરાય છે અને તે જલ બીજે વપરાય છે. તેવી રીતે આ શરીરથી કર્મો કરવામાં આવે છે અને તે કર્મોનો વળી જ્યાં-ત્યાં વિનિયોગ થાય છે. એવા કર્મના માત્ર સાધનરૂપ શરીરને જ આત્મા ગણો એ કુમતિનું ફલ છે.

૨.ઘરમાં જેવી રીતે કોઈ રહે છે તેવી રીતે ભગવાને આ શરીરરૂપી ઘર થોડો વખતજ રહેવાને માટે બનાવેલું છે.

બીજાં બધાં કામો કરતાં આ કામ આવશ્યક છે તે મારે ચોક્કસ કરવું જોઈએ. આમ કરવું જોઈએ તેમ કરવું જોઈએ વગેરેની ચિન્તામાં પડેલ માણસ પોતાનું એક માત્ર કર્તવ્ય ભગવત્પ્રાપ્તિથી વિમુખ થઈ ગાફેલ થઈ જાય છે. સંસારમાં જકડી રાખનારા વિષયોમાટે તેની લાલસા અને લોભ વધતાં જ જાય છે. આવા ત્રણ દોષથી વ્યાપ્ત થયેલાને, ભૂખ્યો, સર્પ જેમ અસાવધાન ઉન્દરને પકડી લે છે તેવી જ રીતે આપ સાવધાનતાથી આપના કાળરૂપવડે તેને પકડી પાડો છો ।।૪૯।।

પહેલાં જે સોનાના રથ ઉપર અથવા મોટા-મોટા ગજરાજ ઉપર સવારી કરતો હતો અને નરદેવ કહેવાતો હતો તે જ આપના અબાધ કાળનો ગ્રાસ બની જતાં બહાર ફેંકી દેવામાં આવે તો સડીને ઢગલો બની જાય છે ।।૫૦।।

હે પ્રભો! જેણે બધી જ દિશાઓ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો છે અને જેની સામે લડનારો સંસારમાં કોઈ રહ્યો નથી, જે શ્રેષ્ઠ સિંહાસન ઉપર બેસે છે અને મોટા-મોટા રાજાઓ કે જે પહેલાં એના બરાબરિયા હતા હવે જેના ચરણોમાં મસ્તક નમાવે છે તે જ પુરુષ જ્યારે વિષયસુખ ભોગવવાને માટે, જે ગૃહસ્થીની એક ખાસ વસ્તુ છે, સ્ત્રીઓની પાસે જાય છે ત્યારે એમના હાથનું રમકડું તેમનું પાળેલું પશુ બની જાય છે ।।૫૧।।

રાજ્ય મળ્યા પછી વિષયભોગ કરે તે 'અધમ' કહેવાય. ઘણા લોકો વિષયભોગ છોડી દઈ ફરીથી રાજ્ય વગેરે ભોગ મેળવવાની ઈચ્છાથી જ દાન પુણ્ય કરે છે અને ''હું ફરી જન્મ લઈ સૌથી મોટો પરમ સ્વતન્ત્ર સમ્રાટ થાઉં'' એવી કામના રાખી તપસ્યામાં સારી રીતે સ્થિત થઈ શુભ કર્મો કરે છે તે વધારે અધમ કહેવાય છે. આ પ્રમાણે જેની તૃષ્ણા વધેલી છે તે કદાપિ સુખી થઈ શક્તા નથી ।।૫૨।।

પોતાના સ્વરૂપમાં એકરસ સ્થિત રહેનારા હે પ્રભુ! જીવ અનાદિકાલથી

જન્મમૃત્યુરૂપ સંસારના ચકકરમાં ભટકી રહ્યો છે. જ્યારે તેને ભ્રમણ જનિત ક્લેશ જોઈને આપની દયા તેના ઉપર થાય છે ત્યારે તેનો જન્મ યોગી કે મહાન ભગવદીય કુલમાં થાય છે ત્યારે તેને સત્સંગ પ્રાપ્ત થાય છે. (સત્સંગમાં પ્રેમ હોવો એ છેલ્લો જન્મ (ભવાપવર્ગ) ની નિશાની છે.) તે જ ક્ષણે સત્સંગ પ્રાપ્ત થાય છે તે જ ક્ષણે તેને સન્તો-ભગવદીયોની એક માત્ર ગતિરૂપ (સન્તો સાધ્ય, સાધન અને ફલ ભગવાન્‌ને જ ગણે છે) તથા કાળ, કર્મ, સ્વભાવના ઈશ એવા આપનામાં જીવની બુદ્ધિ અત્યન્ત દઢતાથી લાગી જાય છે ।।૫૩।।

હે ભગવન્! હું તો એમ સમજું છું કે આપે મારા ઉપર મહાન અનુગ્રહની વર્ષા કરી કારણ કે ભગવદ્દઈચ્છાથી, અનાયાસે જ, મારું રાજ્યનું બન્ધન છૂટી ગયું. સાધુ સ્વભાવના ચક્રવર્તી રાજાઓ પણ જ્યારે પોતાનું રાજ્ય છોડી દઈ એકાન્તમાં ભજન સાધન કરવાના ઉદ્દેશથી વનમાં જવા માગે છે ત્યારે તેના મમતા-બન્ધનથી છૂટવામાટે પ્રેમપૂર્વક આપની પ્રાર્થના કર્યા કરે છે ।।૫૪।।

હે વિભો! આપથી શું અજાણ્યું છે? હું આપનાં ચરણોની સેવા સિવાય બીજું કોઈ વરદાન નથી ચાહતો કારણ કે જેમની પાસે કંઈ જ સંગ્રહ-પરિગ્રહ નથી તેવા નિષ્કિંચન લોકો પણ માત્ર તેની જ પ્રાર્થના કર્યા કરે છે. (આપ તેમને બીજું કંઈ પણ આપો તો તે પણ તેઓ સ્વીકારતા નથી અને અસાધ્યની પ્રાર્થના કરે છે. માટે **પ્રાર્થ્યતમ** શબ્દ છે.) હે હરે! મોક્ષ આપનારા આપની આરાધના કરી એવો કોણ શ્રેષ્ઠ પુરુષ (મૂર્ખ) હશે કે જે પોતાને બંધનમાં નાખનારા સાંસારિક વિષયોનું વરદાન માગે? ।।૫૫।।

તેથી હે પ્રભો! હે સત્વગુણ, રજોગુણ અને તમોગુણની સાથે સમ્બન્ધ રાખનારી બધી જ કામનાઓને છોડી દઈ કેવલ માયાના લેશમાત્ર સમ્બન્ધથી રહિત, ગુણાતીત, ભેદરહિત ચિત્સ્વરૂપ (જ્ઞાન સ્વરૂપ), પરમ પુરુષ આપનું શરણ ગ્રહણ કરું છું ।।૫૬।।

હે ભગવન્! અનાદિ કાળથી પોતાનાં કર્મોના ફલ ભોગવતો-ભોગવતો હું દુઃખી-દુઃખી થઈ રહ્યો હતો એની દુઃખદ જ્વાલા રાત-દિવસ મને બાળી રહી હતી. મારા છ શત્રુ (પાંચ ઈન્દ્રિયો અને મન) ક્યારેય શાન્ત થતા નહોતા. તેમની વિષયોની ઈચ્છા વધતી જ જતી હતી. ક્યારેય કોઈ રીતે એક ક્ષણનેમાટે પણ મને શાન્તિ ન મળી. હે શરણ દાતા! હવે હું ભય, મૃત્યુ અને શોકરહિત એવાં આપનાં

ચરણકમલોને શરણે આવ્યો છું. અખિલ જગતના એક માત્ર સ્વામી! પરમાત્મા! કૃપા કરી શરણાગતની રક્ષા કરો ।।૫૭।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે સાર્વભૌમ! હે મહાભાગ! તમારી બુદ્ધિ શુદ્ધ અને શ્રેષ્ઠ છે. મેં વરદાનમાટે તમને કહ્યું તો પણ તમારી બુદ્ધિ કામનાઓને અધીન ન થઈ ।।૫૮।।

મેં તમને વરદાનનો લોભ કરાવ્યો તે માત્ર તમારી સાવધાનીની પરીક્ષામાટે જ હતો. મારા જે અનન્ય ભક્તો હોય છે તેમની બુદ્ધિ ક્યારેય કામનાઓથી આમ-તેમ ભટકતી નથી ।।૫૯।।

હે રાજન્! પ્રાણાયામ આદિ ઉપાયોવડે મનને રોકનાર અભક્તોને તેમની વાસનાઓ નષ્ટ થતી નથી તેથી તેમનું મન શાન્ત છતાં ક્વચિત્ વિષયોમાટે ફરી દોડા-દોડ કરે છે* ।।૬૦।।

**વિશેષ :** ભોગ અને મોક્ષ બન્ને એકી સાથે જો ક્યાંય શક્ય હોય તો તે ભગવદ્માર્ગમાં જ છે. સૌભરિ ઋષિએ દુઃસંગ ન લાગે એટલામાટે જલમાં ઉભા રહીને સાઠ હજાર વર્ષ તપ કર્યું. પણ વાસનાનો ક્ષય તપથી ન થતો હોવાથી બધું તપ વટાવી નાખી, યૌવન પ્રાપ્ત કરી માન્ધાતાની પચાસ રાજકન્યાઓ સાથે લગ્ન કર્યું. જ્યારે ભક્તિથી વાસનાનો ક્ષય થાય છે. ભગવાન્ ભક્તોની કામનાઓ તો પૂર્ણ કરે છે, સાથે-સાથે ઉપદ્રવ ન થાય તેનો પણ પ્રબન્ધ કરે છે માટે યોગ વગેરે કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે.

મારામાં મન રાખી યથેચ્છ (ભગવાન્‌ની લીલા જોતા) પૃથ્વીમાં ફર્યા કરો. તમને કોઈ દિવસ નાશ ન થાય તેવી મારામાં નિત્ય ભક્તિ થાઓ ।।૬૧।।

ક્ષાત્રધર્મમાં રહી મૃગયાદિ કરતાં તમે ઘણા જીવોની હિંસા કરેલી છે એ પાપના નિવારણમાટે મારો આશ્રય કરી તપ કરો અને મનનું નિયમન કરી એ પાપને દૂર કરો ।।૬૨।।

**જન્મન્યનન્તરે રાજન્ સર્વભૂતસુહૃત્તમઃ ।।**
**ભૂત્વા દ્વિજવરસ્ત્વં વૈ મામુપૈષ્યસિ કેવલમ્ ।।૬૩।।**

હે રાજન્! હવે પછીના જન્મમાં તમે ઉત્તમ બ્રાહ્મણ થશો અને બધાં પ્રાણીઓના સાચા હિતેચ્છુ, પરમ સુહૃદ બનશો અને ત્યારબાદ મને પુરુષોત્તમને પ્રાપ્ત કરશો ।।૬૩।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ત્રીજા**

**સાધનપેટા પ્રકરણનો વીર્યરૂપ બીજો) ''ભગવાને મુચુકુન્દ ઉપર કરેલો અનુગ્રહ'' નામનો (ઉત્તરાર્ધનો બીજો અને ચાલુ) એકાવનમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં અડતાલીસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધોબનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા લાયક પણ ન ગણાય.

# અધ્યાય ૫૨

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૪૯

## રુક્મિણીજીએ ભગવાન્‌ને લખેલો પત્ર

### ત્રીજા રાજસ પ્રકરણનું ત્રીજું સાધન પ્રકરણ અધ્યાય૩

**વિશેષ** : ભગવાને પુરુષ (મુચુકુન્દ) ઉપર અનુગ્રહ કર્યો એ વાત ગત અધ્યાયમાં કહેવામાં આવી, હવે સ્ત્રી ઉપર અનુગ્રહ કર્યાની વાત આ બાવનમા અધ્યાયમાં કહે છે. રુક્મિણીજી, જામ્બવતીજી અને સત્યભામાજી એ ત્રણની ઉપરનો અનુગ્રહ કહેવાય છે. પુરુષોત્તમે મુચુકુન્દ ઉપર અનુગ્રહ કર્યો તે કાલસાપેક્ષ કર્યો તેથી મુચુકુન્દે બાર શ્લોકથી સ્તુતિ કરી. તેરમામાં તો પ્રાર્થના કરી છે, ગાન્ધર્વવિવાહ, રાક્ષસવિવાહ, અને વૈદિકવિવાહ એમ ત્રણ પ્રકાર રુક્મિણીજીમાં સમ્ભવે છે. **''શ્રુત્વા ગુણાન્''** એ પ્રાર્થનાથી ગાન્ધર્વવિવાહ, યુદ્ધ કરી લાવ્યા તે રાક્ષસવિવાહ અને વૈદિક ધર્મ્ય 'વિવાહ' એટલે વાચિક, કાયિક અને માનસિક તેમ ત્રિવિધ એમાં આવી જાય છે. સ્ત્રીઓની મુક્તિને કહેવામાટે મુચુકુન્દના તપની કથા છે. દેવના હિતને માટે પ્રસંગથી તામસોનો વધ કહ્યો છે. ભગવાને જરાસન્ધથી પલાયન કર્યું એ પણ એક લીલા છે. શિવજીની ઉપર અનુગ્રહમાટે અને તેમનું આપેલું વરદાન સત્ય કરવા એમ કર્યું છે. સાત્વિક, તામસ અને રાજસ ઉપર ભગવાન્‌ની કૃપા છે એમ બતાવવામાટે શિવજી, લક્ષ્મીજી અને રાજાની વાત કહી છે.

**ઈત્થં સોઽનુગૃહીતોંગ કૃષ્ણેનેક્ષ્વાકુનન્દનઃ ।।**

**તં પરિક્રમ્ય સન્નમ્ય નિશ્ચક્રામ ગુહામુખાત્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પ્રિય પરીક્ષિત! એ પ્રમાણે ઈક્ષ્વાકુનન્દન મુચુકુન્દ ઉપર ભગવાન્ શ્રીકૃષ્ણે કૃપા કરી ત્યારે એ મુચુકુન્દ ભગવાન્‌ને પરિક્રમા, નમસ્કાર વગેરે કરી ગુફામાંથી બહાર આવ્યા ।।૧।।

તેમણે બહાર આવીને જોયું કે તમામ મનુષ્યો, પશુઓ, લતાઓ અને વૃક્ષ વનસ્પતિ પહેલાંના કરતાં બહુ જ નાના-નાના આકારનાં થઈ ગયાં છે તેથી કલિયુગ આવી ગયો છે એમ જાણી ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યા ।।૨।।

મહારાજ મુચુકુન્દ તપ (ઈન્દ્રિય નિગ્રહ), (ભગવાન્‌નાં વચનોમાં) શ્રદ્ધા, (વિઘ્નરૂપે સામેથી પ્રાપ્ત થયેલા વિષયોથી ન લેપાતાં) ધીર, અનાસક્તિથી યુક્ત અને શરીરની રક્ષા કરવા વિશે સંશય વિનાના થઈ ગયા. પોતાનું ચિત્ત ભગવાન્ શ્રીકૃષ્ણમાં લગાડી દઈ ગન્ધમાદન (ગરુડગંગાથી ઉત્તરમાં બદરિકાશ્રમ સુધીનો બધો ભાગ 'ગન્ધમાદન' ગણાય છે.) પર્વત ઉપર જઈ પહોંચ્યા ।।૩।।

ત્યાંથી બદરિકાશ્રમમાં આવ્યા; જ્યાં નરનારાયણનું મન્દિર છે ત્યાં સર્વ દ્વન્દ્વને સહન કરતા શાન્ત થઈ તપવડે ભગવાન્ હરિનું આરાધન કરવા લાગ્યા ।।૪।।

આ બાજુ ભગવાન્ ત્યાંથી પાછા ફર્યા અનેયવને ઘેરેલી પોતાની નગરી મથુરામાં આવ્યા.ત્યાં પડેલા મ્લેચ્છ સૈન્યને મારીને એનું ધન દ્વારકા લઈ ગયા ।।૫।।

ભગવાન્‌ના કહેવાથી પોઠિયાઓ ઉપર એ ધન દ્વારકા તરફ રવાના કરવામાં આવ્યું ત્યાં તો ત્રેવીસ અક્ષૌહિણી સેનાની સાથે જરાસન્ધ આવી પહોંચ્યો ।।૬।।

હે રાજન્! શત્રુસેનાનો પ્રબલ વેગ જોઈ ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજી મનુષ્યો જેવી લીલા કરતા હતા તેની સામેથી જલદી દોડવા લાગ્યા ।।૭।।

આપના મનમાં ભયનો લેશ પણ નહોતો. છતાં જાણે કે બહુ જ ભયભીત થઈ ગયા હોય તે પ્રમાણે નાટક કરતા તે બધું જ ધન ત્યાં જ પડતું મૂકી અનેક યોજનો સુધી પોતાના કમલદલના જેવો સુકોમલ ચરણોથી જ (પૃથ્વીને સુખ આપવા) પગપાળા ચાલી નીકળ્યા ।।૮।।

જ્યારે મહા બળવાન મગધરાજ જરાસન્ધે જોયું કે શ્રીકૃષ્ણ અને બલદેવજી તો ભાગી રહ્યા છે ત્યારે તે હસવા લાગ્યો. પોતાના રથ અને સેના ની સાથે તેણે તેમનો પીછો પકડ્યો કારણ કે તેને ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજી ના ઐશ્વર્ય, પ્રભાવ

વગેરે સામર્થ્યનું ભાન નહોતું ।।૯।।

બહુ દૂર સુધી દોડી બન્ને ભાઈઓ 'પ્રવર્ષણ'નામના ઘણા ઊંચા પર્વત ઉપર ચઢી ગયા. તે પર્વતનું નામ પ્રવર્ષણ એટલામાટે પડ્યું હતું કે ત્યાં નિત્ય વરસાદ વરસે છે* ।।૧૦।।

**વિશેષ** : 'પ્રવર્ષણ' પર્વત ઘણો ઊંચો હોવાથી સદા તેના ઉપર વાદળો હોય જ. તેથી સૂર્યના કિરણોનો તેને સમ્બન્ધ નથી. તેના ઉપર કાયમ વરસાદ વરસતો રહેતો હોવાથી ત્યાં અગ્નિનો સમ્બન્ધ શક્ય નથી. પ્રવર્ષણ પર્વતે ભગવાન્‌ને એક વખત પ્રાર્થના કરી કે મારી ઠંડી દૂર કરો. ભગવાને વરદાન આપેલું કે હું તારી ઠંડી દૂર કરીશ. આટલામાટે ભગવાન્ પર્વત ઉપર પધાર્યા. નહીંતર શત્રુથી છુપાવામાટે કોઈ ઊંચે ન ચડે. નીચે ઊભેલો માણસ પર્વત ઉપરના માણસને તો સહેલાઈથી જોઈ શકે. વળી પર્વત ઉપર ચડવાથી તો ન થાકેલો હોય તોય થાકી જાય. બન્ને ભાઈઓ પર્વત ઉપરથી કૂદી ગયાત્યાર પછીજ અગ્નિ લાગ્યો છે.

પર્વતથી આગળ કોઈનાં પગલાં દેખાતાં નહોતાં તેના ઉપરથી જરાસન્ધે એમ વિચાર્યું કે આ બન્ને પર્વત ઉપર જ છુપાઈ ગયા છે. તેથી (ભગવદ્ ઈચ્છાથી) તેણે પર્વતની ચારે તરફ લાકડાં અને ઘાસ મૂકી પર્વતને આગ લગાડી ।।૧૧।।

(પર્વતને આપેલું વરદાન પૂરું થયું એટલે) બન્ને ભાઈઓ (બળી જવાની બીકથી નહિ પણ પોતે પર્વત ઉપર હોય ત્યાં સુધી અગ્નિ પ્રદીપ્ત ન થઈ શકે એટલામાટે) ઝપાટાબંધ તળેટી જેની સળગી રહી છે તેવા, અગિયાર યોજન (૮૮માઈલ) ઊંચા પર્વત ઉપરથી (તળેટી અને જરાસન્ધ ના ઘેરાને પણ લાંઘીને) ધરતી ઉપર કૂદી આવ્યા ।।૧૨।।

અનુચર સહિત શત્રુએ એમને જોયા નહિ. એમ બન્ને ભાઈઓ, હે નૃપ! સમુદ્રથી ઘેરાયેલી પોતાની દ્વારકામાં પધાર્યા ।।૧૩।।

રામ-કૃષ્ણ પર્વતમાં બળી ગયા એમ જરાસન્ધે માન્યું અને પોતાનું મોટું સૈન્ય લઈને મગધ દેશમાં પાછો ગયો ।।૧૪।।

આનર્ત દેશના રૈવત રાજાએ પોતાની રેવતી નામની કન્યાને બ્રહ્માજીની પ્રેરણાથી બલદેવજીને આપ્યાની વાત નવમા સ્કન્ધમાં કહેવામાં આવી છે ।।૧૫।।

હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણ પણ સ્વયંવરમાં આવેલા શિશુપાલ અને તેના પક્ષપાતી શાલ્વ વગેરે રાજાઓને બલપૂર્વક હરાવી, બધાની નજર સામે જ, જેવી રીતે (માતાની આફત દૂર કરવા) ગરુડજીએ અમૃતનું હરણ કર્યું હતું તેવી જ રીતે

વિદર્ભ દેશની રાજકુમારી રુક્મિણીજીને હરી લાવ્યા અને તેની સાથે લગ્ન કરી લીધું. રુક્મિણીજી રાજા ભીષ્મકની કન્યા અને સ્વયં ભગવતી લક્ષ્મીજીનો અવતાર હતી ।।૧૬-૧૭।।

**રાજા પરીક્ષિતે પૂછ્યું** : હે ભગવન્! અમે સાંભળ્યું છે કે ભગવાન્ શ્રીકૃષ્ણે ભીષ્મકકુમારી પરમસુન્દરી રુક્મિણીજીને બલપૂર્વક હરણ કરી *રાક્ષસવિધિથી તેમની સાથે લગ્ન કર્યાં હતાં ।।૧૮।।

**વિશેષ** : ક્ષત્રિયોમાં ત્રણ પ્રકારના વિવાહ શાસ્ત્રસમ્મત છે; ગાન્ધર્વ, રાક્ષસ અને ધર્મ્ય. પહેલો વિવાહ ધર્મ્ય હોવો જોઈએ. સમાધિ ભાષાનો વિવાહ સ્વયંવરમાં થયેલ છે. અન્ય વિવાહ મતાન્તરીય છે, બીજા કલ્પની કથા છે.

જરાસન્ધ, શાલ્વ વગેરેને જીતીને ભગવાન્ કન્યાને લાવ્યા. એ અમાપ બળવાળા શ્રીકૃષ્ણના વિજયને સાંભળવાની મારી ઈચ્છા છે ।।૧૯।।

હે બ્રહ્મર્ષે! ભગવાન્ શ્રીકૃષ્ણની લીલાઓની બાબતમાં તો કહેવું જ શું? તે પોતે તો પવિત્ર છે જ, પરન્તુ તે સારા જગતનો મલ ધોઈ નાખી તેને પણ પવિત્ર કરે છે. એમાં એવી લોકોત્તર મધુરતા છે કે જેને રાત-દિન સેવન કરતા રહેવા છતાં તેમાંથી નિત્ય નવો-નવો રસ મળતો રહે છે. ભલા એવો કોણ રસિક, કોણ મર્મજ્ઞ હશે કે જે તેમને સાંભળી તૃપ્ત થઈ જાય?* ।।૨૦।।

**વિશેષ** : અહીં **'શ્રુતજ્ઞ'** અને **'રસજ્ઞ'** એમ બે પાઠ છે. કૃષ્ણ કથા ચારેય પુરુષાર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારી છે. **'પુણ્યાઃ'**-પવિત્ર-ધર્મ. **'માધ્વી'**-મધુર કામ. **''લોક મલાપહાઃ''**-લોકનો પાપરૂપ મલ દારિદ્રયની જેમ ધોઈ નાખનાર-અર્થ. **''નિત્ય નૂતનાઃ''**-નિત્ય નવીન, કાળ જેનો ગ્રાસ નથી કરી શકતો તેવી-મોક્ષ.

**શ્રીશુકદેવજીએ કહ્યું** : વિદર્ભ દેશના અધિપતિ ભીષ્મક નામના એક મહાન રાજા થઈ ગયા. તેને પાંચ પુત્રો હતા અને એક સુન્દર (મુખવાળી) કન્યા હતી ।।૨૧।।

*સૌથી મોટા પુત્રનું નામ 'રુક્મી' હતું અને તેનાથી ચાર નાના હતા જેમનાં નામ રુક્મરથ, રુક્મ બાહુ, રુક્મકેશ અને રુક્મમાલી હતાં. એમની બહેન સતી રુક્મિણીજી હતી ।।૨૨।।

**વિશેષ** : ભીષ્મક મહાદેવજીનું અને રુક્મિણીજી માયાનું સ્વરૂપ છે. તેના પાંચ ભાઈઓ અવિદ્યાના પાંચ પર્વ છે, કારણ કે અવિદ્યા એ માયાનું કાર્ય છે. 'રુક્મ'નો અર્થ સોનું છે.

પંચાત્મક સોનું કલિયુગનું નિવાસસ્થાન છે. પાંચેય ભાઈઓ તથા તેમની બહેનનાં નામોમાં 'રુક્મ' શબ્દ આવે છે.

ઘેર આવેલ બ્રાહ્મણ આદિના મુખથી મુકુન્દ ભગવાન્નાં રૂપ, પરાક્રમ, ગુણ અને વૈભવ ના પ્રભાવને સાંભળી પોતાને લાયક પતિ શ્રીકૃષ્ણ છે એમ એણે નક્કી કર્યું ।।૨૩।।

બુદ્ધિ, ઉદારતા, રૂપ, શીલ અને ગુણ વાળી રુક્મિણીજીને પોતાને લાયક જાણી શ્રીકૃષ્ણે પણ એને વરવાનો મનોરથ કર્યો ।।૨૪।।

રુક્મિણીજીના બન્ધુઓ પણ ઈચ્છા રાખતા હતા કે અમારી બહેનના વિવાહ શ્રીકૃષ્ણ સાથે જ થાય. પરન્તુ રુક્મી શ્રીકૃષ્ણ ઉપર બહુ દ્વેષ રાખતો હતો તેથી તેણે તેમને તેમ કરતાં રોકી દીધા અને શિશુપાલને જ પોતાની બહેનનેમાટે યોગ્ય વર માન્યો ।।૨૫।।

જ્યારે પરમ સુન્દરી રુક્મિણીજીને આ વાતની ખબર પડીકે મારો મોટો ભાઈ મારો વિવાહ શિશુપાલ સાથે કરવા માગે છે ત્યારે તે બહુજ ઉદાસ થઈ ગઈ. તેણે ખૂબ વિચાર કરી એક વિશ્વાસપાત્ર બ્રાહ્મણને તત્કાળ શ્રીકૃષ્ણ પાસે મોકલ્યો।।૨૬।।

બ્રાહ્મણ દ્વારકા આવ્યો. તેને દ્વારપાલોએ શ્રીકૃષ્ણ પાસે પહોંચાડ્યો. ત્યાં એણે આદિ પુરુષને સુવર્ણાસન ઉપર બિરાજેલા જોયા ।।૨૭।।

ભગવાને બ્રાહ્મણને જોયો કે તુરત પોતે બ્રાહ્મણને માન આપનાર તથા સમર્થ હોવાથી આસન ઉપરથી ઊતરી ગયા. એ સુવર્ણના આસન ઉપર બ્રાહ્મણને બેસાડી, જેમ દેવો ભગવાન્ની પૂજા કરે છે તેમ એમની પૂજા કરી ।।૨૮।।

આદર સત્કાર, કુશલ પ્રશ્ન પૂછ્યાં પછી જ્યારે બ્રાહ્મણ દેવતા ભોજનથી પરવાર્યા અને આરામ કરી લીધો ત્યારે સન્તોના પરમ આશ્રય ભગવાન્ શ્રીકૃષ્ણ તેમની પાસે ગયા અને પોતાના કોમલ કરકમલોથી તેમના પગ દબાવતા ખૂબ શાન્ત ભાવથી પૂછવા લાગ્યા ।।૨૯।।

હે *દ્વિજવર શિરોમણિ! આપને આપના પૂર્વ પુરુષોદ્વારા સ્વીકૃત ધર્મનું પાલન કરવામાં કોઈ કઠિનાઈ તો નથી પડતી ને? આપનું ચિત્ત સદા-સર્વદા સન્તુષ્ટ તો રહે છે ને? ।।૩૦।।

**વિશેષઃ** જન્મના બ્રાહ્મણો જ્ઞેયઃ સંસ્કારૈ ર્દ્વિજ ઉચ્યતે, વિદ્યયા યાતિ વિપ્રત્વં ત્રિભિઃ શ્રોત્રિય ઉચ્યતે ।। જન્મથી બ્રાહ્મણ, સંસ્કારોથી દ્વિજ, વિદ્યાથી વિપ્ર અને જ્યારે ત્રણેય હોય ત્યારે

શ્રોત્રિય થાય છે.

જે કંઈ મળે તેટલાથી જ જો બ્રાહ્મણ સન્તુષ્ટ રહે અને પોતાના ધર્મનું પાલન કરે તેમાં ચલાયમાન ન થાય, તો તે સન્તોષ જ તેની બધી કામનાઓ પૂર્ણ કરી દે છે ।।૩૧।।

કોઈને ઈન્દ્રની ગાદી મળી હોય પણ જો તેને સન્તોષ ન હોય તો તેને વારંવાર ક્લેશ ભોગવવા પડે છે; જ્યારે કોઈ સાવ ગરીબ હોય પણ જો તે સન્તુષ્ટ હોય તો તે સર્વ પ્રકારે સન્તાપ રહિત થઈ આરામથી સૂઈ રહે છે ।।૩૨।।

જે સ્વયં મળી જાય તેનાથી સન્તોષ માની લે, જે સદાચારી છે, જે સમસ્ત પ્રાણીઓના હિતેચ્છુ, અહંકાર રહિત તથા શાન્ત છે તેવા બ્રાહ્મણોને હું મસ્તક નમાવી વારંવાર પ્રણામ કરું છું ।।૩૩।।

હે બ્રાહ્મણ દેવતા! રાજા તરફથી તો આપ લોકોને બધી જાતની સુવિધા છે ને? જેના રાજ્યમાં પ્રજાનું સારી રીતે પાલન થાય છે અને પ્રજા આનન્દથી રહે છે તે રાજા મને બહુ પ્રિય છે ।।૩૪।।

આપ ક્યાંથી, ક્યા કારણસર અને કઈ અભિલાષાથી આટલો કઠિન માર્ગ કાપીને અહીં પધાર્યા છો? જો તે કહેવામાં આપને કોઈ મુશ્કેલી ન હોય તો અમને કહો. અમે આપની શી સેવા કરીએ? ।।૩૫।।

હે પરીક્ષિત! લીલાથી જ મનુષ્યરૂપ ધારણ કરવાવાળા ભગવાન્ શ્રીકૃષ્ણે જ્યારે આ પ્રમાણે બ્રાહ્મણ દેવતાને પૂછ્યું ત્યારે તેમણે બધી વાત કહી ભગવાન્‌ને રુક્મિણીજીનો સન્દેશો તેઓ કહેવા લાગ્યા ।।૩૬।।

રુક્મિણીજીએ કહ્યું છે, હે ત્રિભુવનસુન્દર! આપના ગુણો, સાંભળનારાના કાનદ્વારા હૃદયમાં પ્રવેશ કરી એકે એક અંગનો તાપ દૂર કરે છે. આપનું રૂપ-સૌન્દર્ય નેત્રવાળા જીવોના નેત્રોમાટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-ચારેય પુરુષાર્થોનું ફલ તેમજ સ્વાર્થ-પરમાર્થ બધું જ છે તે બન્ને, ગુણ અને રૂપ સાંભળીને હે અચ્યુત! મારું ચિત્ત લાજ શરમ બધું જ છોડી દઈ આપમાં જ પ્રવેશ કરી રહ્યું છે* ।।૩૭।।

**વિશેષ** : ભગવાન્ અને આપના છ ગુણો એમ સાત શ્લોકોથી પ્રાર્થના કરી છે. આત્મા તો આપનો જ છે. હવે જો ઈન્દ્રિયો, અન્તઃકરણ અથવા શરીર બીજાનાં થાય તો સર્વનાશ થઈ જાય. ઈન્દ્રિયો ભગવત્પર હોવાથી મન પણ આપમાં જ લાગ્યું છે. હવે શરીર પણ અપનાવી લેવા આ મારો પ્રયાસ છે. આપના ગુણોનું શ્રવણ માત્ર કરવાથી વિના પ્રયત્ને આપના ગુણોએ

સ્વતઃ અન્દર પ્રવેશ કરી દીધો છે.

હે મુકુન્દ! કુલ, શીલ (સ્વભાવ), સ્વરૂપ, વિદ્યા, વય, ધન અને ગ્રહ-આ સાતેય આપણા બન્નેના સમાન છે. મનુષ્ય લોકમાં જેટલાં પ્રાણીઓ છે તે બધાનું મન આપને જોઈને આનન્દિત થાય છે (એવા આપ સુન્દર છો) હવે હે નૃસિંહ! એવી કઈ કુલવતી, મહા ગુણવતી અને ધૈર્યવતી કન્યા હોય જે વિવાહ યોગ્ય સમય આવતાં આપને જ પતિરૂપમાં પસન્દ ન કરે? સૌ કોઈ વરે જ ।।૩૮।।

તેથી હે પ્રિયતમ! મેં આપને પતિરૂપે વરણ કરી લીધા છે. હું આપને આત્મસમર્પણ કરી ચૂકી છું. હે વિભુ! મારા હૃદયની વાત આપથી છાની નથી. આપ અહીં પધારી મારો આપની પત્નીના રૂપમાં સ્વીકાર કરો. હે કમલનયન! હું આપ જેવા વીરને સમર્પિત થઈ ચૂકી છું, આપની છું. હવે સિંહના ભાગને જેમ શિયાળ અડકી જાય તેમ ક્યાંક શિશુપાલ દૂરથી(અભિમાનથી) પણ મારો સ્પર્શ ન કરી જાય ।।૩૯।।

મેં વાવ, તળાવ વગેરે કરાવ્યાં હોય, યજ્ઞ કર્યા હોય, દાન આપ્યાં હોય, નિયમ પાળ્યા હોય, વ્રત કર્યાં હોય, દેવ, બ્રાહ્મણ, ગુરુ વગેરેનું પૂજન કર્યું હોય અને આ બધું ભગવાન્‌ની આરાધના કરવા, કોઈ કામનાથી નહિ પણ નિષ્કામ બુદ્ધિથી કર્યું હોય તો ગદના મોટાભાઈ શ્રીકૃષ્ણ અહીં પધારી મારો હાથ ઝાલે પણ દમઘોષનો પુત્ર શિશુપાલ વગેરે કોઈ મારા હાથનો સ્પર્શ ન કરે ।।૪૦।।

હે પ્રભુ! આપ અજિત છો. જે દિવસે મારો વિવાહ થવાનો છે તેને આગલે દિવસે પહેલાં આપ યાદવોની સેના સાથે વિદર્ભ દેશમાં આવીને જરાસન્ધ અને શિશુપાલ ના સૈન્યને મારીને બલપૂર્વક રાક્ષસવિધિથી વીરતાનું મૂલ્ય ચૂકવી મારું પાણિગ્રહણ કરો ।।૪૧।।

આપને એવી શંકા હોય કે ''તું મારા ચરણની સેવાને યોગ્ય ખરી, પરન્તુ અન્તઃપુરમાં-ભીતર રાણીવાસમાં-રહેનારી એટલે તારા બન્ધુઓને માર્યા વિના હું તને કેવી રીતે લઈ જઈ શકું?'' તો એનો ઉપાય હું આપને બતાવું છું. અમારા કુલનો એવો નિયમ છે કે વિવાહને આગલે દિવસે કુલદેવીનાં દર્શન કરવાને માટે એક મોટી શોભાયાત્રા નીકળે છે-જેમાં નવવધૂને નગરની બહાર ગૌરી (પાર્વતીજી) ના મન્દિરે દર્શન કરવા જવું પડે છે ।।૪૨।।

હે કમલનયન! ઉમાપતિ ભગવાન્ શંકર જેવા મહાપુરુષો પણ આત્મશુદ્ધિ

(તમોગુણ દૂર કરવા) માટે આપના ચરણ કમલની રજથી સ્નાન કરવાની ઝંખના કરે છે. પણ (સ્નાન થઈ શકે એટલી) આપની ચરણરજ ન મળી શકવાથી ચરણરજ મિશ્રિત જલ-ગંગાજલથી સ્નાન કરી સન્તોષ માને છે. જો મને કૃપારૂપી આપની એ ચરણરજ નહિ મળે તો વ્રતથી શરીરને સૂકવી નાખી પ્રાણ છોડી દઈશ. તેનેમાટે ભલે સેંકડો જન્મ લેવા પડે, ક્યારેક ને ક્યારેક તો આપની એ કૃપા અવશ્ય પ્રાપ્ત થશે જ. (હું પણ ત્રિગુણાત્મિકા માયા છું. તેમાં વળી રુક્મી જેવાની સાથે દુઃસંગમાં રહું છું એટલે તમોગુણ આવી ગયો છે. તે દૂર કરવાનો પ્રયત્ન ન કરવામાં આવે તો નિકૃષ્ટ જન્મ થાય) ।।૪૩।।

**ઈત્યેતે ગુહ્યસન્દેશા યદુદેવ મયાऽऽહૃતાઃ ।।**
**વિમૃશ્ય કર્તું યચ્ચાત્ર ક્રિયતાં તદનન્તરમ્ ।।૪૪।।**

**બ્રાહ્મણ દેવતાએ કહ્યું :** હે યદુદેવ! રુક્મિણીજીનો આ ગુહ્ય સન્દેશ લઈને હું આવ્યો છું તેનો આપ વિચાર કરો અને જે કર્તવ્ય હોય તે પછીથી તુરત કરો ।।૪૪।।

**ઈતિ શ્રીમદ્ભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ત્રીજા સાધન-પેટા પ્રકરણનો યશ રૂપ ત્રીજો) રુક્મિણીજીએ ભગવાન્‌ને લખેલો પત્ર નામનો (ઉત્તરાર્ધનો ત્રીજો અને ચાલુ) બાવનમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ઓગણપચાસમો) અધ્યાય સમ્પૂર્ણ.**

**તમારું વાંચન ક્યાંક એકડા વગરના મીંડા જેવું તો નથી!!!**
સત્સંગ-મંડળમાં વાંચન હોય, ભગવદ્વાર્તામાં હોય કે વ્યક્તિગત વાંચન હોય
ષોડશગ્રન્થ વિનાનું વાંચન એકડા વગરના મીંડા સમાન જાણવું

## અધ્યાય ૫૩

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૫૦

# રાજાઓને જીતી શ્રીકૃષ્ણ રુક્મિણીજીનું હરણ કરી લાવ્યા

### ત્રીજા રાજસ પ્રકરણનું ત્રીજું સાધન પ્રકરણ અધ્યાય૪

**વિશેષ :** પ્રથમથી શતાર્ધ (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય બાદ કરતાં આ અધ્યાય પચાસમો થાય)

ગણતાં ૫૩મા અધ્યાયમાં અને ઉત્તરાર્ધથી ગણતાં ચોથા અધ્યાયમાં બ્રાહ્મણે માગણી કરી તે પ્રમાણે ભગવાન્ કુંડિનપુર પધાર્યા એ વાત તથા બલાત્કારે કન્યાનું હરણ કર્યું તેનો ઉદ્યોગ વગેરે અહીં કહ્યું છે. એથી બનેનાં કાયા, વાણી અને મનનું ઐકમત્ય થયું છે.

**વૈદર્ભ્યાઃ સ તુ સન્દેશં નિશમ્ય યદુનન્દનઃ ।।**
**પ્રગૃહ્ય પાણિના પાણિં પ્રહસન્નિદમબ્રવીત્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ભગવાન્ શ્રીકૃષ્ણે વિદર્ભ રાજકુમારી રુક્મિણીજીનો આ સન્દેશ સાંભળી પોતાના હાથથી બ્રાહ્મણ દેવતાનો હાથ પકડી હસતાં-હસતાં કહ્યું ।।૧।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** જેવી રીતે વિદર્ભ રાજકુમારી મને ચાહે છે તેવી જ રીતે હું પણ એને ચાહું છું. મારું ચિત્ત તેનામાં જ લાગેલું રહે છે તેથી મને તો રાત્રે નિદ્રા પણ નથી આવતી. હું જાણું છું કે રુક્મીએ દ્વેષથી મારો વિવાહ થતો હતો તેને તોડાવ્યો છે ।।૨।।

પરન્તુ હે બ્રાહ્મણ દેવતા! દુષ્ટ રાજાઓને સંગ્રામમાં મારીને જીતીને, લાકડામાંથી અગ્નિ શિખાને લાવે તેમ હું નિર્દોષ અંગવાળી અને મારામાં પરાયણ પરમ સુન્દરી રાજકુમારીને હરી લાવીશ ।।૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** (બ્રાહ્મણ દેવતા પાસેથી) રુક્મિણીજીના વિવાહનું નક્ષત્ર જાણી લઈ, મધુસૂદન શ્રીકૃષ્ણે સારથિને આજ્ઞા કરી, ''હે દારુક! હમણાં જ રથ જલ્દી જોડી લાવો'' ।।૪।।

દારુક ભગવાન્નાં રથમાં શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક નામના ચાર ઘોડા જોડી તે લઈ આવ્યો અને હાથ જોડી ભગવાન્ની સામે ઊભો રહ્યો ।।૫।।

શૂરનન્દન શ્રીકૃષ્ણ બ્રાહ્મણ દેવતાને રથમાં બેસાડી પછી પોતે સવાર થયા અને તે પવનવેગી ઘોડાઓદ્વારા એક જ રાતમાં ઓખામંડળથી વરાડમાં જઈ પહોંચ્યા ।।૬।।

કુંડિન નરેશ મહારાજ ભીષ્મક પોતાના જ્યેષ્ઠ પુત્ર રુક્મી ઉપરના સ્નેહને લીધે પોતાની કન્યા *શિશુપાલને દેવામાટે વિવાહોત્સવની તૈયારીઓ કરાવી રહ્યા હતા ।।૭।।

**વિશેષ :** શિશુપાલ **''શિશું બાલબુદ્ધિમેવ પાલયતિ ઇતિ શિશુપાલઃ''** જે યુવાન કે પ્રૌઢ થયો હોય પણ જેનામાં બુદ્ધિ બાળકના જેટલી જ હોય, બાલબુદ્ધિને જ પમ્પાળ-

પમ્પાળ કરે તે શિશુપાલ.

નગરના રાજમાર્ગો, શેરીઓ તથા ચોકો વાળીને સાફ કરાવ્યા તેમના ઉપર ચન્દન વગેરે છંટાવ્યા, ચિત્ર-વિચિત્ર રંગબેરંગી નાની-મોટી ધજાઓ અને પતાકાઓ ફરકાવવામાં આવી અને તોરણો બાંધવામાં આવ્યાં ।।૮।।

નગરનાં સ્ત્રી-પુરુષો પુષ્પમાલા, હાર, અત્તર, ચન્દન, ઘરેણાં અને નિર્મલ વસ્ત્રોથી સજ્જ થયેલાં હતાં. ત્યાંના સુન્દર-સુન્દર ઘરોમાંથી અગરના ધૂપની સુગન્ધ ફેલાઈ રહી હતી ।।૯।।

હે પરીક્ષિત! રાજા ભીષ્મકે પિતૃઓ અને દેવતાઓ નું વિધિપૂર્વક પૂજન કરી બ્રાહ્મણોને ભોજન અને નિયમપૂર્વક સ્વસ્તિવાચન કરાવ્યાં ।।૧૦।।

પરમ સુન્દર રાજકુમારી રુક્મિણીજીને સ્નાન કરાવવામાં આવ્યું, (મુખમાં તામ્બૂલ આપી) દાંતોનો સંસ્કાર કરવામાં આવ્યો (કારણ કે શ્વેત દાંતોવાળી કન્યાને જોવી નહિ એવો કેટલેક સ્થળે દેશાચાર છે), મંગલ કૌતુક (કપોલ ઉપર હળદરથી કમલનું ચિત્ર, મંગલસૂત્ર પહેરાવવું, એક ખંડમાં કુલદેવતાની સ્થાપના) કરવામાં આવ્યાં, પાનેતર પહેરાવવામાં આવ્યું, એક વસ્ત્ર ઓઢાડવામાં આવ્યું અને ઉત્તમ આભૂષણો ધારણ કરાવવામાં આવ્યાં ।।૧૧।।

શ્રેષ્ઠ બ્રાહ્મણોએ સામવેદ, ઋગ્વેદ અને યજુર્વેદ ના મન્ત્રોથી તેની રક્ષા કરી અને અથર્વવેદના વિદ્વાન પુરોહિતે ગ્રહશાન્તિને માટે હવન કર્યો (જેઓ કન્યાનો ભગવાન્ સાથે થનારો સમ્બન્ધ છોડાવી નીચે સમ્બન્ધ કરાવવા તૈયાર થયેલા તેમના ગ્રહોની શાન્તિમાટે આ હવન છે.) ।।૧૨।।

રાજા ભીષ્મકે કુલપરમ્પરા અને શાસ્ત્રવિધિ પ્રમાણે બ્રાહ્મણોને સોના, ચાંદી, વસ્ત્રો, ગોળ મિશ્રિત તલ અને ગાયોનું દાન કર્યું ।।૧૩।।

એ જ પ્રમાણે ચેદિ દેશના રાજા *દમઘોષે પણ પોતાના પુત્ર શિશુપાલને માટે મન્ત્ર જાણનાર બ્રાહ્મણો પાસે પોતાના પુત્રના વિવાહ સમ્બન્ધી બધાં મંગલ કૃત્ય કરાવ્યાં ।।૧૪।।

**વિશેષ** : દમઘોષ : દમ=શાન્તિ; ઘોષ=અવાજ. શાન્તિ વિશે માત્ર જે અવાજ-વાતો જ-કરતો હોય તે દમઘોષ. તે પોતે શાન્ત નથી અને અશાન્તનું કરેલું સફલ થતું નથી. અથવા 'દમ' શબ્દને ઉલટાવવાથી 'મદ' શબ્દ બને. મદઘોષ એટલે 'મદ' નો માર્યો ઘોષ જ કર્યા કરે, બૂમ-બરાડા પાડ્યા કરે તે દમઘોષ

મદઝરતા હાથીઓ, સોનાથી શણગારેલ ઘોડાવાળા રથો, પાયદળ અને ઘોડાની બનેલી ચતુરંગિણી સેના સાથે તે કુડિનપુરમાં આવ્યા ।।૧૫।।

વિદર્ભ દેશના રાજા ભીષ્મકે તેનું સામૈયું કર્યું, પૂજન કર્યું અને જ્યાં જાનને ઉતારો આપવાનું પહેલેથી નક્કી કર્યું હતું તે જુદા ઘરમાં એને આનન્દથી ઉતારો આપી દીધો ।।૧૬।।

એની જાનમાં શાલ્વ, જરાસન્ધ, દન્તવક્ત્ર, વિદૂરથ અને પૌણ્ડ્રક વગેરે શિશુપાલના પક્ષના હજારો રાજાઓ આવ્યા હતા ।।૧૭।।

એ બધા રાજાઓ શ્રીકૃષ્ણ અને બલદેવજી ના વિરોધી હતા. કોઈ પણ રીતે એ કન્યાને શ્રીકૃષ્ણ લઈ ન જાય એટલામાટે બધા ભેગા થઈને શિશુપાલને એ કન્યા અપાવવાના યત્નમાં હતા. ''જો શ્રીકૃષ્ણ આવીને રામ અને યાદવો ની સહાયથી કન્યાનું હરણ કરે તો આપણે બધા મળીને એની સાથે લડીશું'' એવો નિશ્ચય કરીને એ રાજાઓ પણ પોતાનું બધું સૈન્ય, રથ, ઘોડા, હાથી વગેરે લઈને ત્યાં આવ્યા હતા ।।૧૮-૧૯।।

પ્રતિપક્ષીઓના ઉદ્યોગની ભગવાન્ બલદેવજીને ખબર પડી અને ''અહીંથી શ્રીકૃષ્ણ એકલા કન્યાનું હરણ કરવા ગયા છે તેથી ત્યાં કલહ જરૂર થશે'' એવી આશંકા થઈ ।।૨૦।।

જો કે તે શ્રીકૃષ્ણનું બલ-પરાક્રમ જાણતા હતા તો પણ ભાઈ ઉપરના સ્નેહને લઈને તેમનું હૃદય ભરાઈ આવ્યું. તે તુરત હાથી, ઘોડા, રથ અને પાયદળની ભારે મોટી ચતુરંગિણી સેના સાથે લઈ કુડિનપુર જવા ચાલી નીકળ્યા ।।૨૧।।

(આમ બધી તૈયારી થઈ જતાં, જ્યારે અત્યન્ત આકાંક્ષા થાય ત્યારે જ ભગવાન્ પધારે છે એ સિદ્ધાન્ત દર્શાવતી રુક્મિણીજીની આકાંક્ષા કહેવામાં આવે છે) આ બાજુ પરમ સુન્દરી રુક્મિણીજી ભગવાન્ શ્રીકૃષ્ણના શુભાગમનની રાહ જોઈ રહ્યા હતાં. હજુ સુધી બ્રાહ્મણ દેવતા પણ પાછા ન આવ્યા તેથી તે ભારે ચિન્તામાં પડી ગયાં અને વિચારવા લાગ્યાં ।।૨૨।।

''ઓહો! હવે મારા વિવાહને તો એક રાત જ બાકી છે. પરન્તુ મારા જીવન સર્વસ્વ કમલનયન ભગવાન્ હજુ પણ પધાર્યા નહિ તેનું શું કારણ હશે તે મન્દ ભાગ્યવાળી હું સમજી શકતી નથી. એટલું જ નહિ મારો સન્દેશો લઈ જનાર બ્રાહ્મણ દેવતા પણ હજુ સુધી પાછા આવ્યા નહિ ।।૨૩।।

ભગવાન્ શ્રીકૃષ્ણનું સ્વરૂપ પરમ શુદ્ધ છે. આપે મારામાં કંઈ ને કંઈ (ભાઈ પ્રત્યેનો મારો પક્ષપાત) દોષ જોયો હશે, ત્યારે તો મારો હાથ પકડવાને માટે મારો અંગીકાર કરવાને માટે તૈયાર થઈ એ અહીં પધારી રહ્યા નથી ।।૨૪।।

ઠીક છે, મારું ભાગ્ય જ મન્દ છે! વિધાતા અને શંકર ભગવાન્ પણ મને અનુકૂલ હોય તેમ જણાતું નથી. એ પણ સમ્ભવ છે કે રુદ્રપત્ની પર્વત રાજકુમારી (ગિરિજા) સતી પાર્વતીજી મારાથી નારાજ થયાં હોય'' ।।૨૫।।

રુક્મિણીજી એક તો મુગ્ધ હતાં. વળી તેમનું સમ્પૂર્ણ મન અને બધા મનોભાવ ભક્ત મનચોર ભગવાને ચોરી લીધા હતા. તેથી ઉપર પ્રમાણે વિચાર કરતાં-કરતાં, 'આ સમય તો શુભ છે' એમ વિચારી પોતાના આંસુભર્યા નેત્રો બંધ કરી દીધાં ।।૨૬।।

હે પરીક્ષિત! આ પ્રમાણે રુક્મિણીજી ભગવાન્ શ્રીકૃષ્ણના શુભાગમનની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. એ જ વખતે એમની ડાબી જાંઘ (સાથળ), ભુજા અને નેત્ર ફરકવાં લાગ્યાં, જે પ્રિયતમના આગમનના શુભ સમાચારની વધાઈ આપી રહ્યાં હતાં ।।૨૭।।

એટલામાં જ ભગવાન્ શ્રીકૃષ્ણે મોકલેલા બ્રાહ્મણ દેવતા પણ આવી ગયા અને તેમણે અન્તઃપુરમાં રાજકુમારી રુક્મિણીજીને ભગવદ્ ચિન્તનથી ભગવદાવિષ્ટ દેવીરૂપે જોયાં ।।૨૮।।

સતી રુક્મિણીજીએ જોયું કે બ્રાહ્મણ દેવતાનું મુખ પ્રફુલ્લિત છે. હવે તેમને કોઈ કામ બાકી રહેલું નહિ હોવાથી અવ્યગ્ર-ધીમી ગતિથી આવે છે. તે તેમને જોઈને લક્ષણોથી જ સમજી ગયાં કે ભગવાન્ શ્રીકૃષ્ણ આવી પહોંચ્યા છે. પછી હર્ષથી મન્દ હાસ્ય કરી બ્રાહ્મણ દેવતાને તેમણે પૂછ્યું ।।૨૯।।

ત્યારે બ્રાહ્મણદેવતાએ સમાચાર આપ્યા કે બલદેવજી સાથે યદુનન્દન ગામમાં પધાર્યા છે'' ભગવાન્‌ને તેની સાથે થયેલી વાત-ચીત કહી અને પરણવાનું વચન આપ્યું છે તે એ સત્ય કરશે એમ કહ્યું ।।૩૦।।

ભગવાન્‌ના શુભાગમનના સમાચાર સાંભળી રુક્મિણીજીનું હૈયું આનન્દથી નાચી ઉઠ્યું. મોક્ષ દેનાર ભગવાન્‌ને જેણે લાવી દીધા તે બ્રાહ્મણ દેવતાને તેના બદલામાં બીજું શું પ્રિય આપવું તેની સમજ ન પડવાથી તેમણે તેમને નમસ્કાર કર્યા* ।।૩૧।।

**વિશેષ :** બ્રાહ્મણ છે એટલે સહેજે જે મળે તેનાથી તેને સન્તોષ છે. બ્રહ્મચિન્તનમાં જ તેનો સમય જતો હોવાથી વૈભવ આપવાને પ્રશ્ન જ ઉપસ્થિત થતા નથી. જ્યાં બદલોવાળી ન શકાય ત્યાં નમસ્કાર એ જ ઉત્તમ બદલો છે. (અથવા) લક્ષ્મીસ્વરૂપ રુક્મિણીજીના વન્દન માત્રથી બ્રાહ્મણની તમામ અભિલાષાઓ પૂર્ણ થઈ.

પોતાની પુત્રીના લગ્નને ઉત્સુકતાથી જોવાને, રામ-કૃષ્ણ પધાર્યા છે એમ સાંભળી વાજાં, પૂજાની સામગ્રી વગેરે લઈને સામૈયું કરી ભીષ્મક રાજાએ એમનો સારી રીતે સત્કાર કર્યો ।।૩૨।।

એમને મધુપર્ક, રજરહિત શુદ્ધ વસ્ત્ર અને નાના પ્રકારની અભીષ્ટ ભેટો આપી વિધિ પ્રમાણે તેમનું પૂજન કર્યું ।।૩૩।।

ભીષ્મકજી બહુ બુદ્ધિમાન્ હતા. તેમણે ભગવાન્‌ને તેમની સેના અને સેવકો સહિત સમસ્ત સામગ્રીઓથી સજ્જ નિવાસસ્થાનમાં ઉતારો આપ્યો અને તેમનો વિધિ પ્રમાણે સત્કાર કર્યો ।।૩૪।।

ભીષ્મક રાજાએ પોતાને ત્યાં જે આવેલા હતા તેમની સેના, બલ અને અવસ્થા ના પ્રમાણમાં પોતાની સમ્પત્તિનો વિચાર કરી યથાયોગ્ય એમની કામના પૂર્ણ થાય તેવો સત્કાર કર્યો ।।૩૫।।

વિદર્ભનગરનાં વાસીઓએ શ્રીકૃષ્ણ પધાર્યા છે એમ જાણ્યું ત્યારે એ બધાં ત્યાં આવ્યાં અને એમના મુખકમળનું નેત્રરૂપી અંજલિવડે પાન કરવા લાગ્યાં ।।૩૬।।

તેઓ આપસમાં આ પ્રમાણે વાત-ચીત કરતાં હતાં ''રુક્મિણીજી આપની જ અર્ધાંગિની થવાને યોગ્ય છે અન આ પરમ પવિત્રમૂર્તિ શ્યામસુન્દર રુક્મિણીજીને જ યોગ્ય પતિ છે. બીજો કોઈ તેમની પત્ની થવાને યોગ્ય નથી. (લક્ષ્મીજી સિવાય બીજું કોઈ પણ ભગવત્પત્ની બની શકે નહિ) ।।૩૭।।

જો અમે આ જન્મમાં અથવા પૂર્વજન્મમાં કંઈ પણ સત્કર્મ કર્યું હોય તો ત્રિલોક વિધાતા ભગવાન્ અમારા ઉપર પ્રસન્ન થાઓ અને એવી કૃપા કરો કે શ્યામસુન્દર શ્રીકૃષ્ણ જ વિદર્ભ રાજકુમારી રુક્મિણીજીનું પાણિગ્રહણ કરો'' ।।૩૮।।

પ્રેમ પરવશ થઈ નગરજનો પરસ્પર આ પ્રમાણે વાત-ચીત કરી રહ્યા છે ત્યાં એ જ સમયે રુક્મિણીજી રાણીવાસમાંથી નીકળી અમ્બિકાજીના મન્દિરે જવા નીકળ્યાં. એ વખતે ઘણા સૈનિકો તેમની રક્ષા કરી રહ્યા હતા ।।૩૯।।

તે પ્રેમમૂર્તિ શ્રીકૃષ્ણચન્દ્રનાં ચરણકમલોનું ચિન્તન કરતાં ભગવતી ભવાનીના

પાદપલ્લવોનાં દર્શન કરવામાટે ચાલીને જ નીકળ્યાં ।।૪૦।।

તે પોતે મૌન હતાં અને માતાઓ તથા સાહેલીઓ તેમને ચારે તરફ વીંટળાઈ વળ્યાં હતાં. શૂરવીર કવચ અને શસ્ત્રધારી રાજસૈનિકો તેમની રક્ષા કરી રહ્યા હતા ।।૪૧।।

તે વખતે મૃદંગ, શંખ, ઢોલ, શરણાઈ અને નગારાં વગેરે વાજાં વાગી રહ્યાં હતાં. (ભવાની માટે) અનેક પ્રકારની ભેટો અને પૂજા નાં સાધનો સાથે લેવામાં આવ્યા હતા. (નિત્ય નૂતન ભગવાન્નાં દર્શન કરવા) હજારો શ્રેષ્ઠ વારાંગનાઓ પણ સાથે હતી ।।૪૨।।

ઘણી બ્રાહ્મણપત્નીઓ પુષ્પમાલા, ચન્દન વગેરે સુગન્ધ-દ્રવ્ય અને ઘરેણાં-કપડાં પહેરી સાથે-સાથે ચાલી રહી હતી. (ગવૈયા ગાતા જતા હતા, વાજાંવાળા વાજાં વગાડતા જતા હતા, (કૌસમાં આપેલ અડધા શ્લોક ઉપર શ્રીસુબોધિનીજી નથી) અને વિદ્યોપજીવી સૂત, માગધ તથા બન્દીજન રુક્મિણીજીની ચારે તરફ જયજયકાર કરતા ગાતા બજાવતા આગળ ચાલ્યા ।।૪૩।।

દેવીજીના મન્દિરે પહોંચી રુક્મિણીજીએ પોતાના કમલના જેવા સુકોમલ હાથ-પગ ધોયા, આચમન કર્યું; ત્યાર પછી અન્દર બહારથી પવિત્ર અને શાન્ત ભાવથી યુક્ત થઈ અમ્બિકા દેવીના મન્દિરમાં પ્રવેશ કર્યો ।।૪૪।।

વૃદ્ધ અને વિધિને જાણનાર બ્રાહ્મણની સ્ત્રીઓએ ભગવાન્ શંકરનાં અર્ધાંગિની ભવાનીને અને ભગવાન્ શંકરને પણ રુક્મિણીજી પાસે પ્રણામ કરાવ્યા ।।૪૫।।

(એ જ વખતે ભગવદ્ ઇચ્છાથી જ મન્ત્ર સ્ફૂરી આવ્યો) ''અમ્બિકા માતા આપના પુત્ર ગણપતિજી સાથે આપને તથા શિવજીને હું વારંવાર નમસ્કાર કરું છું. આપ સમ્મતિ આપો કે ભગવાન્ શ્રીકૃષ્ણ જ મારા પતિ થાય* ।।૪૬।।

**વિશેષ** : શ્લોક ૪૬નો બીજો ભાવઃ અમ્બિકા માતા! આપના પુત્રો ગણપતિજી વગેરે સાથે આપને તથા શિવજીને હું વારંવાર પ્રણામ કરું છું. ભગવાન્ શ્રીકૃષ્ણ જ મારા પતિ થાઓ'' શ્રીકૃષ્ણ આ અન્ય દેવતાને કરેલા નમસ્કારને અનુચિત ન ગણે તેથી ગુસ્સે ન થાય પણ તેને અનુમોદન આપે.

ત્યારબાદ રુક્મિણીજીએ જલ, ગન્ધ, અક્ષત, ધૂપ, વસ્ત્ર, પુષ્પમાલા, હાર, આભૂષણ, અનેક પ્રકારનાં નૈવેદ, ભેટ અને આરતી વગેરે સામગ્રીઓથી (શંકર-પાર્વતીની) પૂજા કરી ।।૪૭।।

પછી શેષ રહેલી તે સામગ્રીઓથી તથા લૂણ, માલપૂઆ, તામ્બૂલ (પાન), કંઠસૂત્ર, ફલ અને શેરડીથી સુહાગણ (લૂણ, માલપૂઆ, તામ્બૂલ, કંઠસૂત્ર, ફલ અને શેરડી ના ખંડદ્ધ એ છ પદાર્થ રસરૂપ ગણાય છે. તે બધા પરસ્પર સુવાસિનીઓ (સુહાગણો) આપે છે અને લે છે.) બ્રાહ્મણની સ્ત્રીઓની પણ પૂજા કરી ।।૪૮।।

ત્યારે તે સ્ત્રીઓએ મંગળ પદાર્થ આપી આશીર્વાદ આપ્યા. રુક્મિણીજીએ તેમને તથા માતા અમ્બિકાને નમસ્કાર કરી મંગળ પદાર્થો વસ્ત્રમાં બાંધી લીધાં ।।૪૯।।

પછી તેમણે મૌનવ્રત છોડ્યું અને રત્નજટિત વીંટીથી શોભતા હસ્તકમલથી એક સહેલીનો હાથ પકડી અમ્બિકાજીના મન્દિરમાંથી તે બહાર નીકળ્યાં ।।૫૦।।

હે પરીક્ષિત! રુક્મિણીજી ભગવાન્‌ની માયાની જેમ જ મોટા-મોટા ધીર-વીરોને પણ મોહિત કરી લેવાવાળાં હતાં. તેમનો કટિભાગ ઘણો જ સુન્દર અને પાતળો હતો. મુખમંડલ ઉપર કુંડલોની શોભા ઝગમગી રહી હતી. સોળ વર્ષની અવસ્થા હતી. સ્તન પ્રકટ થયાં હતાં. લટકતી વાળની લટોને લઈને તેમની દૃષ્ટિ કંઈ ચપલ થઈ રહી હતી ।।૫૧।।

તેમના હોઠો ઉપર મનોહર હાસ્ય નાચી રહ્યું હતું. એમના દાંતોની પંક્તિ હતી તો કન્દુકળીના જેવી પરમ ઉજ્વલ પરન્તુ પાકેલા બિમ્બફલ (=ઘિલોડું. પાકેલા ઘિલોડાની બે ઊભી ફાડ કરવામાં આવે તો બન્ને હોઠ જેવો આકાર થાય) જેવા લાલ હોઠોની ચમકથી એના ઉપર પણ લાલશ જણાતી હતી. ચરણનાં ઝાંઝર ચમકી રહ્યાં હતાં અને તેમાં લાગેલી ઝીણી ઘૂઘરીઓ રૂપઝૂમ-રૂમઝૂમ વાગી રહી હતી. તે પોતાના સુકુમાર ચરણકમલોથી રાજહંસની ગતિથી પેદળ જ ચાલી રહ્યાં હતાં ।।૫૨।।

તેમની અપૂર્વ છબી જોઈને ત્યાં આવેલા મોટા-મોટા યશસ્વી વીરપુરુષો બધા મોહિત થઈ ગયા. કામદેવે જ ભગવાન્‌નું કાર્ય સિદ્ધ કરવા પોતાનાં બાણોથી તેમનાં હૃદય જર્જરિત કરી દીધાં. રુક્મિણીજી આ પ્રમાણે આ ઉત્સવ-યાત્રાને બહાને મન્દ-મન્દ ગતિથી ચાલતાં ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર પોતાનું અપૂર્વ સૌન્દર્ય ન્યોછાવર કરી રહ્યાં હતાં. તેમને જોઈને મોટા-મોટા રાજાઓ અને વીરપુરુષો એટલા મોહિત અને બહોશ થઈ ગયા કે તેમના હાથમાંથી અસ્ત્ર-શસ્ત્ર નીચે પડી ગયાં અને તેઓ પોતે પણ રથ, હાથી અને ઘોડા ઉપરથી ધરતી ઉપર જઈ પડ્યા.

આ પ્રમાણે રુક્મિણીજી ભગવાન્ શ્રીકૃષ્ણના શુભાગમનની રાહ જોતાં પોતાના કમલની કળી જેવા સુકુમાર ચરણોથી ધીમે-ધીમે ચાલતાં હતાં ।।૫૩-૫૪।।

પોતાના ડાબા હાથના નખોથી મુખ ઉપર આવેલી લટો હટાવી અને ત્યાં આવેલા રાજાઓ તરફ લજ્જાયુક્ત નજરથી જોયું એ જ વખતે તેને શ્યામસુન્દર ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. રાજકુમારી રુક્મિણીજી જેવાં રથ ઉપર ચઢવા જાય છે કે તરત જ ભગવાન્ શ્રીકૃષ્ણે બધા શત્રુઓને દેખતાં તેમની ભીડમાંથી રુક્મિણીજીને ઉઠાવી લીધાં અને તે સેંકડો રાજાઓના સિર ઉપર પગ મૂકી તેમને પોતાના તે રથ ઉપર બેસાડી દીધાં જેની ધ્વજા પર ગરુડજીનું ચિહ્ન હતું. પછી તો જેવી રીતે સિંહ શિયાળની વચ્ચેથી પોતાનો ભાગ લઈ જાય તેવી જ રીતે રુક્મિણીજીને લઈ ભગવાન્ શ્રીકૃષ્ણ બલદેવજી વગેરે યદુવંશીઓની સાથે ત્યાંથી ચાલી નીકળ્યા ।।૫૫-૫૬।।

**તં માનિનઃ સ્વાભિભવં યશઃક્ષયં પરે જરાસન્ધવશા ન સેહિરે ।।**
**અહો ધિગસ્મદ્યશ આત્તધન્વનાં ગોપૈર્હતં કેસરિણા મૃગૈરિવ ।।૫૭।।**

તે વખતે જરાસન્ધને અધીન અભિમાની રાજાઓથી પોતાનો આ તિરસ્કાર અને યશનો નાશ સહન ન થયા. તે બધા ચિડાઈને કહેવા લાગ્યા, ''ઓહો! આપણને ધિક્કાર છે! આજે આપણે ધનુષ ધારણ કરીને ઊભા જ રહી ગયા અને આ ગોવાળિયાઓ, જેવી રીતે સિંહોનો ભાગ હરણ લઈ જાય તેવી જ રીતે આપણો યશ છીનવીને લઈ ગયા'' ।।૫૭।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ત્રીજા સાધન-પેટા પ્રકરણનો શ્રીરૂપ ચોથો) રાજાઓને જીતી શ્રીકૃષ્ણ રુક્મિણીજીનું હરણ કરી લાવ્યા નામનો (ઉત્તરાર્ધનો ચોથો અને ચાલુ) ૫૩મો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં પચાસમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

મારે જંતુ (શ્રોતા) અહિ (નાગ=કથાકાર) મણિ (ભાગવત)અજવાળે,
ત્યમ તેં ઉદર પોખી લીધું!! **ઓ ભાઈ રે! તેં ભાગવત ભણીને શું કીધું?**
પારસમણિનું પાત્ર (ભાગવત) પાણિમાં ઘેર-ઘેર ભિક્ષા માંગે!
જ્યાં લગી વસ્તુનું જ્ઞાન ના ત્યાં લગી દુઃખ-દારિદ્રય ના ભાંગે

## અધ્યાય ૫૪

### શ્રીસુબોધિનીજી અનુસાર અ.૫૧

## ભગવાને રુક્મિણીજી સાથે લગ્ન કર્યું

### ત્રીજા રાજસ પ્રકરણનું ત્રીજું સાધન પ્રકરણ અધ્યાય૫

**વિશેષ :** જ્યાં સુધી પોતાના લોકોનું ચિત્ત તે-તે ભાવથી નિવૃત્ત ન થાય ત્યાં સુધી એ વિષયને ભગવાન્ ગ્રહણ ન કરે તેથી વિધિ પ્રમાણે વિવાહ કરવામાટે અન્ય વિષયને દૂર કરવા જોઈએ, માટે અહીં જરાસન્ધ આદિ સાથે યુદ્ધ કર્યું, રુકૂમીનું મુંડન કર્યું અને રુક્મિણીજીના અજ્ઞાનને દૂર કરીને એમને એ દોષથી મુક્ત કર્યાં. સ્વકીય ઉદાસીન હોય તે શત્રુ ગણાય, પોતાનો આત્મા પણ ભગવત્કૃતિને અનુમોદન ન આપે તો એ આત્મા શત્રુ ગણાય. એ ઉદાસીનતાને દૂર કરવામાટે ભગવાને યુદ્ધ કરી બધાને સ્વનિષ્ઠ કર્યા. આ પાંચમા અધ્યાયમાં રુક્મિણીજીના દોષોને દૂર કરી સ્વભાવવડે એને સ્વનિષ્ઠ કરીને ભગવાને વિવાહ કર્યો એ વાત કહે છે. (કારિકા)

**ઈતિ સર્વે સુસંરબ્ધા વાહાનારુહ્ય દંશિતાઃ ।।**
**સ્વૈઃ સ્વૈર્બલૈઃ પરિક્રાન્તા અન્વીયુર્ધૃતકાર્મુકાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** એમ ક્રોધયુક્ત જરાસન્ધ આદિ રાજાઓ પોત-પોતાના વાહનમાં બેસી, કવચ વગેરે ધારણ કરી, પોત-પોતાની સેનાને સાથે લઈ, હાથમાં ધનુષ લઈ ભગવાન્‌ની પાછળ દોડ્યા ।।૧।।

હે રાજન્! જ્યારે યદુવંશીઓના સેનાપતિઓએ જોયું કે શત્રુદલ અમારા ઉપર ચઢી આવી રહ્યું છે ત્યારે તેમણે પણ પોત-પોતાના ધનુષનો ટંકાર કર્યો અને પાછા ફરી દઢતાથી તેમનો સામનો કર્યો ।।૨।।

જરાસન્ધની સેનાના લોકો કોઈ ઘોડા ઉપર, કોઈ હાથી ઉપર તો કોઈ રથ ઉપર ચઢેલા હતા. તે બધા ધનુર્વેદના સારા મર્મજ્ઞ હતા. જેવી રીતે ઘનઘોર વાદળો પહાડો ઉપર મુસળધાર પાણી વરસાવે તેવી રીતે તેઓ યદુવંશીઓ ઉપર બાણોની વર્ષા કરવા લાગ્યા ।।૩।।

શુદ્ધ અન્તઃકરણવાળાં પરમ સુન્દરી રુક્મિણીજીએ જોયું કે તેમના પતિ શ્રીકૃષ્ણની સેના બાણવર્ષાથી ઢંકાઈ ગઈ છે, ત્યારે તેમણે લજ્જાસહિત ભયભીત નેત્રોથી ભગવાન્ શ્રીકૃષ્ણના મુખ તરફ જોયું ।।૪।।

**શ્રીકૃષ્ણે કહ્યું :** ''હે વામલોચને! ભય ન રાખો. તમારા સૈનિકો હમણાં જ

શત્રુના સૈન્યનો નાશ કરશે'' ।।૫।।

શત્રુના એ પરાક્રમને ગદ, સંકર્ષણ વગેરે યદુવીરો સહન ન કરી શક્યા અને હાથી, ઘોડા, રથ વગેરેનો બાણથી નાશ કરવા લાગ્યા ।।૬।।

તેમનાં બાણોથી રથ, ઘોડા અને હાથી ઉપર બેઠેલા વિપક્ષી વીરોનાં કુંડલ, કિરીટ અને પાઘડીઓથી સુશોભિત કરોડો માથાં, તલવાર, ગદા અને ધનુષયુક્ત હાથ, પહોંચા, સાથળો અને પગ કપાઈ-કપાઈને પૃથ્વી ઉપર પડવા લાગ્યાં. તે જ પ્રમાણે ઘોડા, ખચ્ચર, હાથી, ઊંટ, ગધેડાં અને મનુષ્યોનાં માથાં પણ કપાઈ-કપાઈને જમીન ઉપર પડવા લાગ્યાં ।।૭-૮।।

અન્તે વિજયની આકાંક્ષાવાળા યદુવંશીઓએ શત્રુઓની સેના છિન્ન-ભિન્ન કરી નાખી. તેથી જરાસન્ધ વગેરે બધા રાજાઓ યુદ્ધમાં પીઠ દેખાડી પલાયન કરવા લાગ્યા ।।૯।।

આ બાજુ શિશુપાલ પોતાની ભાવિ પત્નીનું હરણ થવાથી મરવા જેવો થઈ ગયો હતો. તેના હૃદયમાં ઉત્સાહ કે તેના શરીર ઉપર કાન્તિ નહોતી. તેનું મોં સુકાઈ રહ્યું હતું. જરાસન્ધ તેની પાસે જઈ કહેવા લાગ્યો : ।।૧૦।।

''હે પુરુષસિંહ! તમે મનમાં કાંઈ દુઃખ ન કરશો. મનુષ્યનું સર્વદા પ્રિય જ થાય એવું પણ નથી કે સર્વદા અપ્રિય થાય એવો પણ નિયમ નથી. તેથી આપણે હાર્યા એ વાતને ભૂલી જવી જોઈએ ।।૧૧।।

માયાવી કાષ્ઠની પૂતળીને નચાવે છે તેવી જ રીતે આ જીવ પણ ભગવદ્દિચ્છાને આધીન રહી સુખ- દુઃખના સમ્બન્ધમાં યથાશક્તિ ચેષ્ટા કરતો રહે છે ।।૧૨।।

શ્રીકૃષ્ણે મને ત્રેવીસ અક્ષૌહિણી સેનાઓ સહિત સત્તર વાર હરાવ્યો પણ છેલ્લે મેં અઢારમી વાર તેના ઉપર વિજય મેળવ્યો ।।૧૩।।

તો પણ આ વાતનો હું ક્યારેય શોક કરતો નથી કે તેનાથી હર્ષ પામતો નથી. (પોતાના બરાબરિયાથી હાર-જીત થાય તો લાગી આવે તે બરાબર છે. પણ) હું જાણું છું કે જય-પરાજય કરનાર કાળ છે. તે બધાનો અધિપતિ છે. તે શરીર આદિ સહિત છે અને શરીરદ્વારા જ તે જગતને ઉપર નીચે કરે છે. (**''દ્રવ્યયુક્તેન અને દૈવયુક્તેન''** બે પાઠ છે. **'દ્રવ્યયુક્ત'** એટલે શરીર આદિ સહિત અને **'દૈવયુક્ત'** એટલે પ્રારબ્ધ પ્રમાણે. તાત્પર્ય કે દોષ તેનો (કાળનો) પણ નથી) ।।૧૪।।

આપણે મોટા-મોટા વીર સેનાપતિઓના પણ નેતા છીએ. છતાં પણ આ

સમયે શ્રીકૃષ્ણદ્વારા સુરક્ષિત યાદવોની તુચ્છ સાધનવાળી સેનાએ આપણને હરાવ્યા એને કાળનું બલ જ સમજો ।।૧૫।।

અત્યારે કાળ શત્રુને અનુકૂળ હતો ત્યારે એણે આપણને જીત્યા; તો અનુકૂળ સમય આવશે ત્યારે આપણે પણ એને જીતીશું'' ।।૧૬।।

એમ જ્યારે મિત્રોએ સમજાવ્યો ત્યારે શિશુપાલ પોતાના માણસો સાથે પોતાને દેશ ગયો. મરતાં બાકી રહેલા રાજાઓ પણ પોતાના નગરોમાં પહોંચ્યા ।।૧૭।।

રુક્મિણીજીનો મોટો ભાઈ રુક્મી ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર બહુ દ્વેષ રાખતો હતો. તેની બહેનનું શ્રીકૃષ્ણ હરણ કરી લઈ જાય અને તેની સાથે રાક્ષસવિધિથી વિવાહ કરે તે વાત રુક્મીથી બિલકુલ સહન ન થઈ. રુક્મિ બલવાન તો હતો જ. એક અક્ષૌહિણી સેના લઈને શ્રીકૃષ્ણની પાછળ લડવા દોડ્યો ।।૧૮।।

મહાબાહુ રુક્મીએ યુદ્ધની તૈયારી કરી, ક્રોધ કરી, કવચ પહેરી, હાથમાં ધનુષ લઈ, સર્વ રાજાઓનાં સાંભળતાં એવી પ્રતિજ્ઞા કરી કે ''હું કૃષ્ણને માર્યા વગર અને રુક્મિણીને લાવ્યા વગર કુંડિનપુરમાં પ્રવેશ નહિ કરું. આ મારું વચન સત્ય સમજો. હું તમને બધાને સાચું કહું છું'' ।।૧૯-૨૦।।

આમ કહી તે રથ ઉપર સવાર થઈ ગયો અને સારથિને કહ્યું, ''જ્યાં કૃષ્ણ હોય ત્યાં જલદીમાં જલદી મારો રથ લઈ લે. આજે મારું એની સાથે જ યુદ્ધ થશે ।।૨૧।।

આજ હું મારાં તીક્ષ્ણ બાણોથી એ અત્યન્ત દુષ્ટ બુદ્ધિવાળા ગોપાલના પરાક્રમના મદને દૂર કરીશ કે જે મારી બહેનનું બલપૂર્વક હરણ કરી લઈ ગયો છે'' ।।૨૨।।*

**વિશેષ** : શ્લોક ૨૨ નો બીજો ભાવ :

**અદ્યાહં નિશિતૈર્બાણૈઃ ગોપાલસ્ય સુદુર્મતેઃ ।।**
**નેષ્યે વીર્યમદં યેન સ્વસા મે પ્રસભં હૃતા ।।૨૨।।**

**''સુદુર્મતેઃ-સુદુષ્ટેષ્વપિ મતિર્યસ્ય।''** અત્યન્ત દુષ્ટ પુરુષો ઉપર પણ જેની કૂણી નજર છે તેવા શ્રીકૃષ્ણ. **''નેષ્યે વીર્યમદં યેન''** ભગવાન્‌ને લીધે વીર્યજનિત જે મદ તેને હું ગ્રહણ કરીશ. હવે અમે ભગવાન્‌ના સમ્બન્ધી થયા છીએ એટલે વીરતામાં અમારી કોઈ બરાબરી નથી એવો ગર્વ થશે. (સરસ્વતી તેના સ્વામી શ્રીકૃષ્ણને ગાળ દેવામાં પ્રવૃત્ત થાય જ નહિ એ અધ્યાય ૫૦ શ્લોક ૧૭-૧૮ માં જોઈ ગયા છીએ)

હે પરીક્ષિત! રુક્મીની બુદ્ધિ બગડી ગઈ હતી. તે ભગવાન્‌ના તેજ પ્રભાવને

બિલકુલ જાણતો ન હતો. તેથી જ આ પ્રમાણે પોતાની બડાઈ કરતો તે એક જ રથથી શ્રીકૃષ્ણની પાસે જઈ બોલવા લાગ્યો, ''ઊભો રહે! ઊભો રહે!'' ।।૨૩।।

તેણે પોતાના ધનુષને જોરથી ખેંચી ભગવાન્ શ્રીકૃષ્ણને ત્રણ બાણ માર્યાં અને કહ્યું, ''એક ક્ષણ મારી સામે ઊભો રહે! યદુવંશીઓના કુલકલંક।''[૧] જેવી રીતે કાગડો હોમની સામગ્રી ચોરીને ઉડી જાય તેમ જ તું મારી બહેનને ચોરીને ક્યાં ભાગી જઈ રહ્યો છે? અરે મન્દ! તું ઘણો માયાવી અને કપટયુદ્ધમાં કુશળ છે. આજ હું તારા ગર્વનો નાશ કરી નાખું છું[૨] ।।૨૪-૨૫।।

**વિશેષ** : ૧. સ્તુતિ પક્ષ લઈએ ત્યારે શ્લોકનો અર્થ :

મારો ઉદ્ધાર કર્યા વિના જ રુક્મિણીજીનું હરણ કરવું અયોગ્ય છે. ત્રણ **'શર'** માર્યા. **'શર'** એટલે ૧. બાણ ૨. તર. તર એ રસને ઢાંકી દે છે. જલની તર પૃથ્વી છે, વાયુની તર (આવરણ, ઢાંકણ) અન્તરિક્ષ છે અને બ્રહ્માંડની તર સ્વર્ગ છે. ત્રણ બાણ મારી ત્રણેય લોક ભગવાન્‌ને નિવેદન કરી દીધા. હાથથી માર્યાં અર્થાત્ હાથથી નિવેદન કર્યા. **ચારે ક્ષણં તિષ્ઠ**-આપના ચરણને યોગ્ય સાત્વિક હૃદયમાં ક્ષણવાર બિરાજો. **કુલપાંસન કુલપ**-યદુકુલના પાલક. **અંસ**-ખભો, ક્રિયાશક્તિ. **ન (નયતિ)**-લઈ જનાર, પ્રાપ્ત કરાવનાર. જે કોઈ યાદવોના રક્ષકો છે તેમને વૈકુંઠની પ્રાપ્તિ કરાવે તે **કુલપાંસન** - આવા ભક્તવત્સલ અમારા હૃદયમાં પણ ક્ષણવાર બિરાજો તો અમને અને અમારા ઉપર ઉપકાર કરનારાઓને વૈકુંઠની પ્રાપ્તિ કરાવશે તેવી પ્રાર્થના છે.

૨. બ્રહ્માનન્દ જીવોની બહેન છે. તેને લઈને એટલે અમારો ઉદ્ધાર કર્યા વિના. **'મુષિત્વા'**-અમારાથી પરોક્ષ રીતે ઉપાડી જઈને. બ્રહ્માનન્દ જીવોની નિકટ જ હોવા છતાં જીવ તેને જોતો નથી. તેનો અનુભવ તો ભગવાન્ જ કરે છે. ભગવાન્ સર્વયજ્ઞભોક્તા છે અને કાગડા સિવાયનું અખિલ જગત્ હવિ છે. કાગડા સિવાયના બીજા બધા હોમ કરવાના હવિ છે. આખા જગતનો ઉદ્ધાર કરવામાટે પધારેલા આપ એક મારો ઉદ્ધાર કર્યા વિના કેમ જાઓ છો? આમ પોતાની જાત ઉપર ધિક્કાર બતાવે છે. ભગવાન્ કહે છે કે તેં જ કાગડાનું દૃષ્ટાન્ત આપ્યું અને કાગડો હવિ તરીકે ન ચાલે પછી? **''મન્દમાયિનઃ કૂટયોધિનઃ''** માયાને પ્રસંગ આવ્યે કાર્યક્ષમ નહિ કરતાં મન્દ કરી દો છો. યુદ્ધ તો દેખાડવા પૂરતું કપટથી જ કરો છો. હકીકતમાં જેને-જેને મારો છો તેને-તેને મુક્તિ જ આપો છો. આવા ભગવાન્ સામે બિરાજમાન હોય તો પ્રતિબન્ધકરૂપે આવેલો મારો મદ હું છોડી દઈશ.

જ્યાં સુધીમાં મારા બાણથી નીચે ન પડે ત્યાં સુધીમાં આ બાળકીને (કન્યાને)

છોડી દઈ ભાગી જા'' રુક્‌મીની વાત સાંભળી ભગવાન્ શ્રીકૃષ્ણ હસવા લાગ્યા. આપે તેનું ધનુષ કાપી નાખ્યું અને તેના ઉપર છ બાણ છોડ્યાં* ।।૨૬।।

**વિશેષ** : 'બાણ' એટલે ઇન્દ્રિય. બાણ દુશ્મનને મારી નાખે છે તેમ ઇન્દ્રિયો બહિર્મુખ થનારને મારી નાખે છે. જો મારી ઇન્દ્રિયો ભગવદ્ રસ ચાખી જશે તો પછી તેઓ બ્રહ્માનન્દની પણ પરવા નહિ કરે, પછી તો ભક્તિ જ કરશે, ત્યાં સુધી બ્રહ્માનન્દનું દાન કરવું. **''દારિકા મુક્તિઃ સંસારં વિદારયિષ્યતિ। દારિકા''** : સંસારનો નાશ કરી નાખે તે. મુક્તિની પ્રાર્થના તો જ્યાં સુધી ભક્તિ ન થઈ હોય ત્યાં સુધી જ કરવાની હોય. **'શયી થાઃ'** - પ્રલય વખતે આપ પોઢી જાઓ તે પહેલાં જ મુક્તિનું દાન કરો.

સાથે જ ભગવાન્ શ્રીકૃષ્ણે આઠ બાણ ચાર ઘોડાને માર્યાં, બેથી સારથિને અને ત્રણથી ધ્વજને પાડ્યો. રુક્‌મીએ પણ બીજું ધનુષ લઈ પાંચ બાણ શ્રીકૃષ્ણને માર્યા ।।૨૭।।

એણે બાણ માર્યાં ત્યારે ભગવાને એનું ધનુષ તોડી નાખ્યું. એણે બીજું ધનુષ લીધું તેને પણ અચ્યુતે ઉડાવી દીધું તેથી ત્રીજું લીધું તેને પણ ભગવાને તોડી પાડ્યું ।।૨૮।।

પરિઘ, ઢાલ, તલવાર, શૂલ, શક્તિ, તોમર વગેરે જે-જે આયુધ એણે લીધાં તેને સર્વ સમર્થ ભગવાને પ્રહાર કરતાં પહેલાં જ તોડી પાડ્યાં ।।૨૯।।

ક્રોધે ભરાઈ રુક્‌મી હાથમાં તલવાર ઉઠાવી ભગવાન્ શ્રીકૃષ્ણને મારી નાખવા રથ ઉપરથી નીચે ઉતર્યો અને પતંગિયું જેમ અગ્નિમાં પેસે તેમ તેમની સામે આવ્યો ।।૩૦।।

એ આવે છે તેટલામાં તો બાણવડે એની તલવાર અને ઢાલ ના ભગવાને તલ-તલ જેવડા ટુકડા કરી નાખ્યા અને રુક્‌મીને મારવામાટે ભગવાને તલવાર હાથમાં લીધી અને એના તરફ ઉગામી ।।૩૧।।

જ્યારે રુક્મિણીજીએ જોયું કે આ તો મારા ભાઈને હવે મારી જ નાખશે ત્યારે તે ભયથી વિહ્વળ થઈ ગયાં અને પોતાના પ્રિયતમ પતિના ચરણોમાં પડી કરુણ સ્વરમાં તેમણે કહ્યું ।।૩૨।।

''દેવતાઓના પણ આરાધ્ય દેવ! જગત્પતે! આપ યોગેશ્વર છો. આપના સ્વરૂપને કોઈ જાણી શક્તું નથી. આપ પરમ બલવાન છો પરન્તુ કલ્યાણ સ્વરૂપ પણ છો. પ્રભો! મારા ભાઈને (આજે જ લગ્નનો દિવસ, મંગલ દિવસ છે. લગ્નના

અવસર ઉપર સાળો માન્ય-આદરને પાત્ર હોય છે.) મારવો આપનેમાટે યોગ્ય કામ નથી'' ।।૩૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** રુક્મિણીજીનું એક-એક અંગ ભયથી કમ્પી રહ્યું હતું. શોકની પ્રબલતાથી મોં સુકાઈ ગયું હતું. ગળું રુન્ધાઈ ગયું હતું. આતુરતાથી કેશ વિખરાઈ ગયા હતા અને માળાઓ અસ્ત-વ્યસ્ત થઈ ગઈ હતી અને આ સ્થિતિમાં તેમણે ભગવાન્નાં ચરણકમલ પકડી લીધાં હતાં. પરમ દયાળુ ભગવાન્ તેમને ભયભીત જોઈ કરુણાથી દ્રવિત થઈ ગયા અને આપે રુક્મીને માર્યો નહિ ।।૩૪।।

છતાં પણ રુક્મીએ યાદવોનું અનિષ્ટ કરવાની ચેષ્ટા છોડી નહિ તેથી ભગવાન્ શ્રીકૃષ્ણે તેને તેના જ દુપટ્ટાથી બાંધી દીધો અને તેનાં દાઢી, મૂછ તથા કેશ કેટલેય ઠેકાણેથી મૂંડી તેને કુરૂપ બનાવી દીધો. ત્યાં તો જેવી રીતે હાથી કમલવનને કચડી નાખે તેમ યદુવંશી વીરોએ શત્રુની સેનાનો નાશકર્યો ।।૩૫।।

પછી બલદેવજી શ્રીકૃષ્ણ પાસે આવ્યા ત્યાં તો દાઢી-મૂછ વગરના, મરેલ જેવા, દુપટ્ટાથી બાંધેલા રુક્મીને તેમણે જોયો. સર્વશક્તિમાન બલદેવજીને તેના ઉપર દયા આવી અને તેને બન્ધનમુક્ત કર્યો. તેઓ શ્રીકૃષ્ણને કહેવા લાગ્યાઃ ।।૩૬।।

''હે કૃષ્ણ! તમે આ ખોટું કર્યું. આપણે માટે આ નિન્દ્ય કામ ગણાય, કેમકે સુહૃદની દાઢી મૂછ મૂંડી એને વિરૂપ બનાવવો એ એક પ્રકારનો વધ જ ગણાય'' ।।૩૭।।

ત્યાર બાદ બલદેવજીએ રુક્મિણીજીને સમ્બોધન કરી કહ્યું, ''હે સાધ્વી! તમારા ભાઈનું રૂપ વિકૃત કરી દેવામાં આવ્યું એમ વિચારીને અમારા તરફથી ખોટું ન લગાડશો, કારણ કે જીવને સુખ-દુઃખ દેનાર બીજું કોઈ નથી. તેને તો પોતાનાં જ કર્મનું ફલ ભોગવવું પડે છે'' ।।૩૮।।

હવે તેમણે શ્રીકૃષ્ણને કહ્યું, ''હે કૃષ્ણ! જો પોતાનો સગો સમ્બન્ધી વધ કરવા યોગ્ય અપરાધ કરે તો પણ પોતાના જ સમ્બન્ધીઓદ્વારા તેનો વધ થાય એ ઉચિત નથી. તેને છોડી મૂકવો જોઈએ. તે તો તેના અપરાધથી જ મરી ચૂક્યો છે. એને આપણે મારવાની જરૂર રહેતી નથી ।।૩૯।।

બ્રહ્માજીએ ક્ષત્રિયોનો ધર્મ જ એવો બનાવી દીધો છે કે સગો ભાઈ પણ પોતાના ભાઈને મારી નાખે છે. તેનાથી ભયાનક અજ્ઞાનજ પેદા થાયછે ।।૪૦।।

ભાઈ! એ ઠીક છે કે જે લોકો ધનના નશામાં અન્ધ વિવેકહીન થઈ રહ્યાં છે અને

અભિમાની છે તેઓ, રાજ્ય, પૃથ્વી, પૈસા, સ્ત્રી, માન તેજ અથવા બીજા કોઈ કારણથી પોતાન બન્ધુઓનો પણ તિરસ્કાર કરી દેતા હોય છે ।।૪૧।।

તમે રુક્મીનું મુંડન કર્યું એ તમારી વિષમ બુદ્ધિ ગણાય. દુષ્ટ હૃદયવાળાને વિષમ બુદ્ધિ થાય. તમારે વિષમ બુદ્ધિ ન રાખવી જોઈએ. અથવા દુર્હદોનું અકલ્યાણ અને સુહૃદોનું કલ્યાણ સદા માનો છો એ તમારી વિષમ બુદ્ધિ તમને અયોગ્ય છે, કેમકે સર્વસમતા તમારો (બ્રહ્મનો) મુખ્ય ધર્મ છે'' ।।૪૨।।

(આમ ભગવાન્‌ને ચાર શ્લોકથી ઠપકો આપતા પણ રુક્મિણીજીના મનને સન્તોષ ન થયો ત્યારે બલદેવજી એમને સાત શ્લોકવડે જ્ઞાનનો ઉપદેશ કરે છે) ''મનુષ્યને દેવની માયાથી ''આ મિત્ર, આ શત્રુ, આ ઉદાસીન'' એવી એવી *જાતની દેહમાં આત્મબુદ્ધિ થાય છે એ એક જાતનો એનો મોહ છે ।।૪૩।।

**વિશેષ** : સ્વરૂપના અજ્ઞાનથી ભેદ થાય છે ત્યારે શત્રુ, મિત્ર વગેરે ભાવો પેદા થાય છે એનું નિરૂપણ કરીને પાછી આત્મા એક છે એમ આત્મધર્મનું નિરૂપણ કરે છે. આત્મા સ્વપ્રકાશ અને અસંગ છે. જન્મ આદિ દોષો દેહ આદિમાં છે. તેનાથી આત્માને કોઈ જાતનો દોષ લાગતો નથી. આત્માને કોઈનો સંસર્ગ નથી એ કોઈનું ગ્રહણ કરતો નથી, છતાં એમાં સંસર્ગ વગેરે ભ્રાન્તિથી કલ્પાય છે. તેથી જ્ઞાનવડે અજ્ઞાનને દૂર કરીને એ ભ્રાન્તિને દૂર કરવી જોઈએ. તેથી જ ધર્મ-ધર્મિરૂપ ભગવાન્ સાતરૂપ છે તે ભગવદ્ જ્ઞાનને સાત શ્લોકથી કહે છે. એનાથી રુક્મિણીજીનું વૈમનસ્ય દૂર થયું, ભગવાન્‌માં દોષબુદ્ધિ હતી તે દૂર થઈ અને તેમણે બુદ્ધિથી વિક્ષિપ્ત મનનું સમાધાન કર્યું. અસુર (રુક્મી) ની હાજરીમાં જ્ઞાન ફળે નહિ પણ ભગવાન્‌ના સાન્નિધ્યથી જ્ઞાન ફળ્યું.

સમસ્ત દેહધારીઓનો આત્મા એક જ છે કારણ કે તે પરનિયન્તા છે. જેવી રીતે સોનું અને માટી એક હોવા છતાં તેના ઘડેલા આકાર ઉપરથી તે-તે નામથી વ્યવહાર થાય છે તેવી રીતે દેવ, પશુ-પક્ષી તથા મનુષ્યભાવને આત્મા પામે છે. જલ અને ઘડા વગેરે ઉપાધિઓના ભેદથી જેવી રીતે સૂર્ય, ચન્દ્રમા આદિ પ્રકાશયુક્ત પદાર્થ અને આકાશ જુદા-જુદા જણાય છે, પરન્તુ એક જ છે. તેવી જ રીતે મૂર્ખ લોકો શરીરના ભેદથી આત્માનો ભેદ માને છે ।।૪૪।।

દ્રવ્ય, પ્રાણ અને ગુણ, અધિભૂત-અધ્યાત્મ અધિદૈવરૂપ મળી આદિ અને અન્ત ધર્મવાળો દેહ થાય છે. અવિદ્યાએ આત્મામાં એની કલ્પના કરી છે. એ દેહ આત્માને જન્મમરણના ચકકરમાં લઈ જાય છે ।।૪૫।।

હે સતી! નેત્ર અને રૂપ બન્ને સૂર્યદ્વારા પ્રકાશિત થાય છે. સૂર્ય જ તેનું કારણ છે. તેથી સૂર્યની સાથે નેત્ર અને રૂપ નો ક્યારેય વિયોગ કે સંયોગ થતો નથી. (દોરડા અને સર્પ નો સંયોગ કે વિયોગ નથી. સર્પનો સહેજ પણ અંશ દોરડામાં હોતો નથી. મુખનો પ્રતિબિમ્બની સાથે કે દર્પણની સાથે કોઈ જ સમ્બન્ધ નથી) તે જ પ્રમાણે સમસ્ત સંસારની સત્તા આત્મસત્તાને લીધે જ જણાય છે. સમસ્ત સંસારનો પ્રકાશક આત્મા જ છે. પછી આત્માની સાથે અસત્ દેહનો સંયોગ કે વિયોગ હોઈ જ શી રીતે શકે? આથી દેહ આદિમાં અનાસક્તિ રાખે તો વૈરાગ્ય થાય એ આ કહેવાનું તાત્પર્ય છે ।।૪૬।।

જન્મ લેવો, રહેવું, મોટું થવું, બદલવું, ઘટવું અને મરવું આ બધા વિકાર શરીરના જ હોય છે, આત્માના નહિ. જેવી રીતે કૃષ્ણપક્ષમાં ચન્દ્રની કલાઓનો જ ક્ષય થાય છે, ચન્દ્રમાનો નહી, પરન્તુ અમાવાસ્યાને દિવસે વ્યવહારમાં લોકો ચન્દ્રમાનો ક્ષય થયો એમ કહે છે. તેવી જ રીતે જન્મ-મૃત્યુ વગેરે બધા વિકાર શરીરના જ થાય છે, પરન્તુ લોકો ભ્રમને લીધે તેને પોતાના આત્માના માની લે છે ।।૪૭।।

જેમ સૂતેલો માણસ સ્વપ્નમાં પોતાના આત્માનો, વિષયનો અને ફળનો અનુભવ કરે છે તેમ અજ્ઞાની માણસ સંસારનો અનુભવ કરે છે. એને જેમ નિદ્રા છે તેમ આને અજ્ઞાન છે. એ દૂર થતાં એને એનો સમ્બન્ધ રહેતો નથી ।।૪૮।।

તેથી હે શુચિસ્મિતે! અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અન્તઃકરણના શોકને તત્વજ્ઞાનવડે દૂર કરી તમે સ્વસ્થ થાઓ કારણ કે શોક અન્તઃકરણને સૂકવી નાખે છે, મોહિત કરી દે છે'' ।।૪૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : ભગવાન્ રામે એવીરીતે સમજાવ્યાં ત્યારે પરમ સુન્દરી રુક્મિણીજીએ વિવેકબુદ્ધિવડે વૈમનસ્ય છોડી દઈ મનનું સમાધાન કર્યું ।।૫૦।।

રુક્મીની સેના (અથવા બલ) તથા તેના તેજનો નાશ થઈ ચૂક્યો હતો. માત્ર પ્રાણ બચી રહ્યા હતા. તેના મનની બધી આશા-અભિલાષાઓ સિદ્ધ ન થઈ અને શત્રુઓએ અપમાનિત કરી તેને છોડી મૂક્યો હતો એનો વિચાર કરતો એ ઘેર ન ગયો ।।૫૧।।

તેણે પહેલાં જ પ્રતિજ્ઞા કરી હતી કે ''દુર્બુદ્ધિ કૃષ્ણને માર્યા વિના અને મારી નાની બહેનને પાછી લાવ્યા વિના હું કુડિનપુરમાં પ્રવેશ નહિ કરું'' તેથી તેણે પોતાને રહેવા માટે *ભોજકટ નામની મોટી નગરી વસાવી અને ક્રોધને લીધે ત્યાં જ રહેવા

લાગ્યો ।।૫૨।।

**વિશેષ : ભોજકટ:'ભોજ'** એટલે સ્મશાનમાં શબ ઉપરનું વસ્ત્ર લઈ લેનાર મસાણિયો. **'કટ'** એટલે શબ અથવા નનામી.

ભગવાન્ બધા રાજાઓને જીતીને ભીષ્મકની પુત્રી રુક્મિણીજીને દ્વારકામાં લાવ્યા અને હે પરીક્ષિત! એની સાથે વિધિવત્ લગ્ન કર્યાં ।।૫૩।।

હે રાજન્! એ વખતે દ્વારકામાં ઘેર-ઘેર મહાન ઉત્સવ મનાવવામાં આવ્યો, કારણ કે ત્યાંના બધા લોકોને યદુપતિ શ્રીકૃષ્ણમાં અનન્ય પ્રેમ હતો ।।૫૪।।

ત્યાંનાં બધાં સ્ત્રી-પુરુષો મણિઓનાં ચળકતાં કુંડલ પહેરી આનન્દ ઉલ્લાસયુક્ત થઈ ચિત્ર-વિચિત્ર નવીન વસ્ત્રો ધારણ કરેલ વરવધૂને અનેક ભેટની સામગ્રી ઉપહારમાં આપી ।।૫૫।।

ભગવાન્‌ના લગ્ન વખતે દ્વારકામાં સર્વત્ર ધ્વજા-પતાકા સ્વર્ગ સુધી પહોંચે એટલાં ઊંચા બન્ધાયા, અનેક પ્રકારનાં ફૂલનાં, વસ્ત્રોનાં અને રત્નોનાં તોરણ બંધાયાં, દરેક દ્વારમાં મંગલ કલશો ધરાયા, બારણે-બારણે દૂબ, ધાણી વગેરે મંગળ વસ્તુઓ રાખવામાં આવી અને અગરુના ધૂપ તથા દીવા થયા તેથી નગરી અત્યન્ત શોભવા લાગી ।।૫૬।।

મિત્ર રાજાઓ આવેલા તેના હાથીઓના મદવડે માર્ગ છંટાઈ ગયા છે. પ્રત્યેક દરવાજે કેળના સ્તમ્ભો, સોપારીનાં વૃક્ષો વગેરે રોપી શૃંગાર કર્યો છે. આથી પુરી ઘણી જ શોભાયમાન થઈ ।।૫૭।।

કુરુ, સૃંજય, કૈકય, વિદર્ભ, યદુ અને કુન્તિ દેશ ના રાજાઓ પરસ્પર વેર ભૂલી જઈ આનન્દ કરવા લાગ્યા અને આમ-તેમ સમ્ભ્રમથી દોડતા વિવાહમાં કામ કરનાર માણસો સાથે તેઓ પણ ભળી ગયા ।।૫૮।।

જ્યાં ત્યાં રુક્મિણીજીનું ભગવાને હરણ કર્યાનું રાજાઓએ સાંભળ્યું ત્યારે રાજાઓ અને એમની કન્યાઓને અત્યન્ત આશ્ચર્ય થયું ।।૫૯।।

**દ્વારકાયામભૂદ્ રાજન્ મહામોદઃ પુરૌકસામ્ ।।**
**રુક્મિણ્યા રમયોપેતં દૃષ્ટ્વા કૃષ્ણં શ્રિયઃ પતિમ્ ।।૬૦।।**

હે રાજન્! લક્ષ્મીરૂપા રુક્મિણીજીની સાથે શ્રીકૃષ્ણ વિવાહથી જોડાયા એટલે એ સાક્ષાત્ લક્ષ્મીજીના પતિ થયા. એમનાં દર્શન કરતાં દ્વારકામાં નગરવાસીઓને બહુ જ આનન્દ થયો ।।૬૦।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ત્રીજા સાધન-પેટા પ્રકરણનો જ્ઞાન નિરૂપક પાંચમો) ભગવાને રુક્મિણીજી સાથે લગ્ન કર્યું નામનો (ઉત્તરાર્ધનો પાંચમો અને ચાલુ) ૫૪મો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં એકાવનમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્‌।વૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
ભાગવતનો પાઠ પ્રયત્ન પૂર્વક કૃષ્ણભક્તિ સિવાય અન્ય કોઈ પણ હેતુ વિનાજ કરવો જોઈએ. પ્રાણ કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

## અધ્યાય ૫૫

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૫૨

# પ્રદ્યુમ્નની ઉત્પત્તિ

### ત્રીજા રાજસ પ્રકરણનું ત્રીજું સાધન પ્રકરણ અધ્યાય૬

**વિશેષ :** ભગવાને સ્ત્રીનો સ્વીકાર કર્યો એ વાત પૂર્વાધ્યાયમાં કહી, આ પંચાવનમાં અધ્યાયમાં પ્રભુએ પુત્રનો સ્વીકાર કર્યો એ વાત કહે છે. લોકમાં સ્ત્રી પુત્રના સમ્બન્ધથી સંસાર થાય છે. દુષ્ટભાવના સંસર્ગથી અહીં શ્રીકૃષ્ણે એમને છોડાવ્યા છે. શ્રીકૃષ્ણ કોઈને ક્યાંય પણ જતા અટકાવતા નથી. જેનો જે ભાગ હોય તે તેને આપે. જો પોતાનો ભાગ છોડી દે તો એ ભગવાન્ સ્વીકારે છે. તેથી પુત્રને શમ્બર લઈ ગયો તેને ત્યાં એ પુત્ર ન રહેતાં પાછો આવ્યો ત્યારે ભગવાને એને પુત્ર તરીકે સ્વીકાર્યો. કાળે પ્રદ્યુમ્નને પુત્ર નથી કર્યો. પણ પોતાની ઇચ્છાથી એ પુત્ર થયો છે એવા જીવની કામકથા અહીં કહે છે.

**કામસ્તુ વાસુદેવાંશો દગ્ધઃ પ્રાગ્ રુદ્રમન્યુના ।।**
**દેહોપપત્તયે ભૂયસ્તમેવ પ્રત્યપદ્યત ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** વાસુદેવનો અંશ કામ પ્રથમ શિવજીના ક્રોધથી બળી ગયેલો તેણે પોતાનો દેહ પાછો પ્રાપ્ત કરવાની આશાથી *વાસુદેવનો આશ્રય લીધો ।।૧।।

**વિશેષ** : કામની ઉત્પત્તિ સમ્ભવે નહિ, કેમકે કામ હોય તો સ્ત્રીમાં પ્રવૃત્તિ થાય; તેથી જગતમાં કામથી પ્રજોત્પત્તિ થાય છે તેમ કામની ઉત્પત્તિમાં કામની જરૂર નથી; તેથી કામની ઉત્પત્તિની વાત સમ્ભવે નહિ! એવી શંકાના ઉત્તરમાં કહેવાનું કે એ વાસુદેવ ભગવાન્‌નો અંશ છે. એ જીવ નથી પણ મોક્ષ આપનાર વાસુદેવથી જગતની રચના કરી ત્યારે બે અંશ સ્વરૂપમાંથી નીકળ્યા તેમાંથી એક અંશ કામ પુરુષમાં રહ્યો અને બીજો અંશ માયા સ્ત્રીમાં રહ્યો. એ બન્ને અંશે જગતને મોહ કર્યો જેથી જીવ ભગવાન્‌ની પ્રપત્તિ ન કરે. કામે તો બધાને મોહ કરતાં ભગવાન્‌ના મુખ્ય અધિકારી રુદ્રને પણ છોડ્યા નહિ. એને મોહ કરવા જતાં એ પોતાનું શરીર ખોઈ બેઠો ત્યારે ભગવાન્‌નો અવતાર થયો ન હતો. જ્યારે શ્રીકૃષ્ણ ભૂતળ ઉપર પધાર્યા ત્યારે અક્ષય દેહનેમાટે એના દ્વારા દેહ લઈને બહાર આવીશ એવા વિચારથી ભગવાન્‌માં તેણે પ્રવેશ કર્યો. એ કામ ગોપીજનોદ્વારા શ્રીકૃષ્ણમાં દાખલ થયો. એ ગોપીજનો પ્રથમ અગ્નિકુમાર પુરુષરૂપ હતી તેમાં કામ હતો; એ જ્યારે સ્ત્રી થઈ ગઈ ત્યારે એમાંથી એને નીકળવું પડ્યું તેથી એ ભગવાન્‌માં પાછો આવ્યો.

શ્રીકૃષ્ણના *વીર્યથી જેનો જન્મ છે તેવો એ કામ રુક્મિણીજીમાં જન્મ્યો. પ્રદ્યુમ્ન નામથી એની પ્રસિદ્ધિ થઈ. એ કોઈ રીતે શ્રીકૃષ્ણથી ન્યૂન ન હોતો ।।૨।।

**વિશેષઃ** ભગવાન્‌નું વીર્ય એટલે લોકમાં જેમ અન્નમય વીર્ય હોય છે તેવું વીર્ય નહિ પણ ભગવાન્‌ની ક્રિયાશક્તિ એ જ વીર્ય સમજવું. ભગવાન્‌ના સત્, ચિત્ અને આનન્દ એ ત્રણ અંશમાં સત્‌માં ક્રિયા રહે છે, ચિત્ તો કામ પોતે જ છે. તેને સત્‌ની અપેક્ષા છે, સદંશમાં નિર્ગલિતરૂપા કેવળ ક્રિયા છે. તે ભગવદ્ અંશ છે તેથી એનું પ્રદ્યુમ્ન એવું નામ થયું છે. રુક્મિણીજીનો સમ્બન્ધ હોવાથી આનન્દ અંશ પણ સિદ્ધ છે. એનું પ્રદ્યુમ્ન નામ પડ્યું. ભગવાન્‌ની ઈચ્છા ન હોય તો તેનો દેહ અક્ષય ન થાય તેથી કહ્યું કે પિતાથી કોઈ રીતે ન્યૂન નથી. તેથી ભગવત સારૂપ્યને પ્રાપ્ત થયા છે એમ કહ્યું.

નારદજીએ શમ્બરને જઈને કહ્યું : ''તારો શત્રુ શ્રીકૃષ્ણને ત્યાં પ્રકટ્યો છે. તે દસ દિવસ પહેલાં જો ન મરે તો શ્રીકૃષ્ણનો સ્પર્શ થતાં એ અવધ્ય થશે'' એ જાણી શમ્બર સ્ત્રીનું રૂપ ધારણ કરી સૂતિકા ગૃહમાંથી દસ દિવસનો થયો નહોતો ત્યાં તો તેને ઉપાડીને એણે સમુદ્રમાં ફેંકી દીધો, કેમકે એણે નારદજીના કહેવાથી એને પોતાનો શત્રુ માન્યો હતો. એને ફેંકી દઈ શમ્બર પોતાને ઘેર ગયો ।।૩।।

સમુદ્રમાં પડતાં કોઈ મત્સ્ય એને ગળી ગયો. માછીમારોએ જાળમાં માછલાં પકડ્યાં તેમાં એ મત્સ્ય શમ્બરને ત્યાં ભેટ મોકલ્યો. રસોઈ કરનારા રસોડામાં લઈ

ગયા અને એને હથિયારવડે ચીર્યો ત્યાં એના પેટમાંથી અદ્‌ભુત બાળક નીકળ્યો એને જોઈને બધા આશ્ચર્યમાં પડ્યા અને એ બાળક માયાવતીને સોંપ્યો ।।૪-૫।।

એ માયાવતીના ચિત્તમાં શંકા થઈ કે આવો તેજસ્વી બાળક મત્સ્યના ઉદરમાં કેમ સમ્ભવે! ત્યાં તો નારદજીએ આવી એ બાળકનું સ્વરૂપ એની ઉત્પત્તિ અને મત્સ્યના ઉદરમાં આવવાનું કારણ એને કહીં બતાવ્યું ।।૬।।

એ માયાવતી મોટા યશવાળી કામની સ્ત્રી રતિ હતી. પતિનો દેહ બળી ગયો હતો તે પાછો પ્રકટે એની એ પ્રતીક્ષા કરતી હતી ।।૭।।

એને શમ્બરે રસોઈ-કામમાં રાખી હતી. જ્યારે આ મત્સ્યના ઉદરથી નીકળેલ બાળક કામ છે એમ નારદજી પાસેથી તેણે જાણ્યું ત્યારે એ તો બાળક હોવાથી એના ઉપર બહુ સ્નેહ કરવા લાગી. પોતે જેની પ્રતીક્ષા કરી રહી છે તે પોતાના પતિ કામદેવ જ બાળકરૂપે પોતાની પાસે આવી ગયા જાણી, ''દેવ હોવાથી તુરત યુવાન થઈ જશે'' એમ જાણીને એ બાળક ઉપર પ્રેમ કરવા લાગી ।।૮।।

શ્રીકૃષ્ણકુમાર ભગવાન્ પ્રદ્યુમ્ન બહુ જ થોડા દિવસોમાં *યુવાન થઈ ગયા. તેમનું રૂપલાવણ્ય એટલું અદ્‌ભુત હતું કે જે સ્ત્રીઓ તેમના તરફ જોતી એમના મનમાં શૃંગાર રસનું ઉદ્દીપન થઈ જતું ।।૯।।

**વિશેષ** : સોળ વર્ષે યૌવનનો પ્રારમ્ભ થાય એ સામાન્ય નિયમ છે. એમાં કેટલાકને બાર વર્ષે તો કેટલાકને આઠ વર્ષે પણ યૌવન પ્રકટે છે. થોડા સમયમાં એટલે આઠેક વર્ષે એનામાં વિલાસ પ્રકટ થયા જે યૌવનખ્યાપક ગણાય છે. યુવતીઓનું મન જ્યારે પુરુષમાં સન્તુષ્ટ થાય છે ત્યારે સર્વજનીન યૌવન ગણાય એ સિવાય યૌવન દેખાય તે અલૌકિક સમજવું.

હે પ્રિય પરીક્ષિત! કમલદલનાં જેવા કોમલ અને વિશાલ નેત્ર, ગોઠણ સુધી લાંબી ભુજાઓ અને મનુષ્ય લોકમાં સૌથી સુન્દર શરીર! રતિ (માયાવતી) સલજ્જ હાસ્ય સહિત નયન નચાવીને તેમના તરફ જોતી અને પ્રેમ ભરી સ્ત્રી-પુરુષ સમ્બન્ધી ભાવ વ્યક્ત કરતી તેમની સેવા સુશ્રુષામાં લાગી રહેતી ।।૧૦।।

શ્રીકૃષ્ણનન્દન *ભગવાન્ પ્રદ્યુમ્ને તેના ભાવોમાં પરિવર્તન જોઈ કહ્યું ''દેવી! તમે તો મારી માતા તુલ્ય છો. તમારી બુદ્ધિ અવળી કેમ થઈ ગઈ છે? હું જોઉં છું કે તમે માતાનો ભાવ છોડી કામિનીના જેવા હાવભાવ દેખાડી રહ્યાં છો'' ।।૧૧।।

**વિશેષ** : અહીં **'ભગવાન્'** શબ્દ પ્રયોજ્યો છે તે ધર્મ પર છે. શ્રીકૃષ્ણનો પુત્ર કહ્યો તેથી સદાનન્દનો અંશ પણ સદાનન્દ હોય એમ બતાવવામાટે છે. 'માતા' એમ સમ્બોધન આપ્યું એ

તો બાલક હોવાથી એને સમ્બન્ધનું અજ્ઞાન છે તેથી એ શબ્દ વાપર્યો છે. વ્યવહારમાં પાલન કરનારી માતા કહેવાય છે. આ સમ્બોધનથી એમ પણ જણાવ્યું કે કામસહજ ધર્મ વિરોધી પણ છે. એમ ન હોય તો જેને માતા કહી તેનો સંગ ન થઈ શકે. અથવા આ લૌકિક ભાષા છે તેથી પારમાર્થિકમાં વિરોધ નથી. માતા પોતાનું અને બીજાનું માન જાળવે છે પણ વિવૃતાંગમાં માન રહી શક્તું નથી. તેથી સર્વ પ્રાણીઓને માતા રક્ષણીય છે; માટે અહીં માતૃભાવને બદલે કામિનીભાવ જોઈ પ્રદ્યુમ્નને શંકા થઈ તે યોગ્ય છે.

**રતિએ કહ્યું** : પ્રભો! આપ સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણના પુત્ર છો. શમ્બરાસુર આપને સૂતિકા ગૃહમાંથી ચોરીને લઈ ગયો હતો. આપ મારા પતિ સ્વયં કામદેવ છો અને હું આપની સદાની ધર્મપત્ની રતિ છું. આપને હજુ દસ દિવસ પણ થયા ન હતા ત્યાં આ શમ્બરે આપને દરિયામાં ફેંકી દીધા. હે પ્રભો! આપને મત્સ્ય ગળી ગયો. એ મત્સ્ય અહીં રસોડામાં આવ્યો. તેમાંથી આપ નીકળ્યા અને મને પ્રાપ્ત થયા છો ।।૧૨-૧૩।।

આ શમ્બર જિતાય નહિ તેવો, પાસે ન જઈ શકાય તેવો, સો માયાને જાણનારો આપનો શત્રુ છે. આપ મોહનાદિ માયાવડે એને મારી નાખો ।।૧૪।।

હે સ્વામી! (પોતાનું સન્તાન) આપના ગુમ થઈ જવાથી આપની માતા પુત્રસ્નેહથી વ્યાકુલ થઈ રહી છે. તે આતુર થઈ અત્યન્ત દીનતાથી રાત-દિવસ ચિન્તા કરી રહી છે. પોતાનું બચ્ચું ખોવાઈ જવાથી ટિટોડી પક્ષીની જેવી દશા થાય, વાછડું ખોવાઈ જતાં બિચારી ગાયની જેવી દશા થાય તેવી દશા આપની માતાની થઈ રહી છે ।।૧૫।।

મહાત્મા પ્રદ્યુમ્ન સાથે આટલી વાત કરી માયાવતીએ એને સર્વ માયાનો નાશ કરનારી મહામાયારૂપી વિદ્યા શીખવી ।।૧૬।।

પ્રદ્યુમ્ને શમ્બર પાસે આવી યુદ્ધની માગણી કરી, ન સહન થાય એવા એની ઉપર આક્ષેપ મૂક્યા એનો તિરસ્કાર કર્યો અને એની સાથે મોટો કજિયો કર્યો ।।૧૭।।

કટુ વચનોથી શમ્બરનો પ્રદ્યુમ્ને તિરસ્કાર કર્યો ત્યારે સર્પને જેમ કોઈ લાત મારે અને તે ખાવા દોડે તેમ, શમ્બર ક્રોધથી લાલ નેત્ર કરી હાથમાં ગદા લઈને બહાર નીકળ્યો ।।૧૮।।

તેણે પોતાની ગદા જોરથી ઘુમાવી અને મહાત્મા પ્રદ્યુમ્ન ઉપર ઝીંકી. ગદા મારતી વખતે તેણે વીજળીના ગડગડાટ કરતાં પણ વધારે ભયંકર સિંહનાદ કર્યો

॥૧૯॥

ભગવાન્ પ્રદ્યુમ્ને ભારે વેગથી પોતાના તરફ આવતી ગદાને પોતાની ગદાના પ્રહારથી પાડી દીધી અને ગુસ્સામાં ગર્જના કરી પોતાની ગદા તેના ઉપર ચલાવી ॥૨૦॥

મયદાનવે બતાવેલી માયાનો આશ્રય કરી શમ્બરાસુર આકાશમાં ચાલ્યો ગયો અને પ્રદ્યુમ્ન ઉપર અસ્ત્ર-શસ્ત્રોનો વરસાદ વર્ષાવવા લાગ્યો ॥૨૧॥

મહારથી પ્રદ્યુમ્ન ઉપર ભારે અસ્ત્રવર્ષા કરી શમ્બરાસુર જ્યારે તેને પીડા પહોંચાડવા લાગ્યો ત્યારે રુક્મિણીનન્દન પ્રદ્યુમ્ને સમસ્ત માયાઓને શાન્ત કરી (નિષ્ફળ બનાવી) દેનારી સત્વમયી મહાવિદ્યાનો પ્રયોગ કર્યો ॥૨૨॥

ત્યારે દૈત્ય યક્ષ, ગન્ધર્વ, પૈશાચ, નાગ અને રાક્ષસો વગેરેની જુદી-જુદી સેંકડો માયાઓ પ્રદ્યુમ્ન ઉપર અજમાવી પણ તે બધી માયાઓને પ્રદ્યુમ્ને ઉડાવી દીધી. (કેમકે એણે પ્રથમ બધી માયાઓનો અભ્યાસ માયાવતી પાસેથી કરી લીધો છે) ॥૨૩॥

પછી એક તીક્ષ્ણ ખડ્ગ ઉગામી શમ્બરાસુરનું કુંડલ અને કિરીટ સહિત લાલ દાઢી-મૂછવાળું માથું ધડથી ઉડાવી દીધું ॥૨૪॥

દેવતાઓ પુષ્પોની વૃષ્ટિ કરી સ્તુતિ કરવા લાગ્યા. ત્યારબાદ માયાવતી રતિ, જે આકાશમાં ચાલવાનું જાણતી હતી, પોતાના પતિ પ્રદ્યુમ્નને આકાશમાર્ગથી દ્વારકાપુરીમાં લઈ ગઈ ॥૨૫॥

જેમ વીજળી સાથે મેઘ આકાશમાર્ગે આવી પહોંચે તેમ હે રાજન્! પોતાની પત્ની સાથે પ્રદ્યુમ્ને આકાશમાર્ગે હજારો શ્રેષ્ઠ રમણીઓ યુક્ત ભગવાન્‌ના ઉત્તમ અન્તઃપુરમાં પ્રવેશ કર્યો ॥૨૬॥

અન્તઃપુરની સ્ત્રીઓએ જોયું કે પ્રદ્યુમ્નનું શરીર વર્ષાકાલીન મેઘના જેવું શ્યામ છે. તેણે રેશમી પીતામ્બર ધારણ કરેલું છે, ગોઠણ સુધી લાંબી ભુજાઓ છે, રતનાળાં નેત્ર છે અને સુન્દર મુખ ઉપર મન્દ-મન્દ હાસ્યની અનૂઠી છટા છે. મુખારવિન્દ ઉપર વાંકડિયા વાળોની શ્યામ લટો એવી રીતે શોભી રહી છે કે માનો ભમરા ખેલી રહ્યા હોય. તે બધાં તેને શ્રીકૃષ્ણ સમજીને શરમાઈ ગયાં અને ઘરોમાં જ્યાં-ત્યાં સન્તાઈ ગયાં ॥૨૭-૨૮॥

પછી ધીમે-ધીમે ઝીણવટથી જોતાં તેમને જણાયું કે બન્નેમાં થોડી વિલક્ષણતા (ફરક) તો છે જ. એટલે તેમને અત્યન્ત આનન્દ થયો, (પોતાના પુત્રને જોઈને જેવો

ભાવ થાય તેવા) પવિત્ર સ્મિત સાથે સ્ત્રીરત્નયુક્ત પ્રદ્યુમ્ન પાસે તેઓ ગયાં ।।૨૯।।

એ જ વખતે કાજળકાળાં નેત્રોવાળાં પ્રિયભાષિણી ભક્ત રુક્મિણીજી ત્યાં આવી પહોંચ્યા. આ દમ્પતીને જોતાં જ તેને પોતાના ખોવાઈ ગયેલ પુત્રની યાદ આવતાં વાત્સલ્ય સ્નેહની અધિકતાથી તેમનાં સ્તનોમાંથી દૂધ સ્રવવા લાગ્યું।।૩૦।।

રુક્મિણીજી વિચાર કરવા લાગ્યાં ''આ *નરરત્ન કોણ છે? આ કમલનયન કોનો પુત્ર છે? કઈ ભાગ્યશાળી સ્ત્રીએ તેને ગર્ભમાં ધારણ કર્યો હશે? આ કોણ સૌભાગ્યવતી પત્ની રૂપે તેને પ્રાપ્ત થઈ છે? ।।૩૧।।

**વિશેષ :** પ્રદ્યુમ્નને માટે **'નરવૈડૂર્યઃ'** શબ્દ મૂળ શ્લોકમાં છે. વૈડૂર્યમણિ શ્યામપીત હોય છે. નરના આકારનો વૈડૂર્યમણિ હોય એ પણ ચેતન હોય તો એ પ્રદ્યુમ્ન જેવો જ હોય.

મારો પણ એક નાનકડો પુત્ર ખોવાઈ ગયો હતો. કોણ જાણે કોણ એને સૂતિકાગૃહમાંથી ઉપાડી ગયું! જો એ ક્યાંય જીવતો હોય તો તેની અવસ્થા તથા રૂપ પણ આના જેવાં જ થયાં હશે ।।૩૨।।

મને તો એ વાતથી અત્યન્ત આશ્ચર્ય થાય છે કે આને ભગવાન્ શ્યામસુન્દરના જેવું રૂપ, અંગો, ચાલ, અવાજ, હાસ્ય અને દૃષ્ટિ (એ છ) ક્યાંથી પ્રાપ્ત થયાં? ।।૩૩।।

માનો ન માનો પણ આ એ જ બાળક છે જેને મેં મારા ગર્ભમાં ધારણ કર્યો હતો. કારણ કે કુદરતી રીતે જ મારા હૃદયમાં તેનેમાટે પ્રેમનો ઉભરો આવે છે અને મારી *ડાબી ભુજા ફરકી રહી છે ।।૩૪।।

**વિશેષ :** પુરુષની જમણી ભુજા અને સ્ત્રીની ડાબી ભુજા ફરકે તે કોઈ અત્યન્ત પ્રિયનું પરમ આનન્દદાયક સમાલિંગન સૂચવે છે. એવો તો પુત્રજ હોય.

જે વખતે રુક્મિણીજી આ પ્રમાણે વિચાર કરી રહ્યાં હતાં ત્યારે પવિત્ર કીર્તિ ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાનાં માતા-પિતા દેવકીજી અને વસુદેવજી ની સાથે ત્યાં પધાર્યા ।।૩૫।।

ભગવાન્ શ્રીકૃષ્ણ તો બધું જાણતા હતા પરન્તુ આપ કંઈ બોલ્યા નહિ. એટલામાં નારદજી ત્યાં આવી પહોંચ્યા અને તેમણે શમ્બરાસુરદ્વારા હરણથી માંડીને બધી હકીક્ત કહી સંભળાવી ।।૩૬।।

નારદજીદ્વારા આ મહાન આશ્ચર્યકારક ઘટના સાંભળીને ભગવાન્ શ્રીકૃષ્ણના અન્તઃપુરની સ્ત્રીઓને મહાન આશ્ચર્ય થયું અને ઘણાં વર્ષો સુધી ખોવાઈ ગયેલા

અને હવે પાછા મળેલા પ્રદ્યુમ્નને ઉમળકાથી અભિનન્દન આપવા લાગ્યાં. (સાપત્ન્ય ભાવથી કોઈએ એનો વિરોધ ન કર્યો) ।।૩૭।।

દેવકીજી, વસુદેવજી, ભગવાન્ શ્રીકૃષ્ણ, બલદેવજી અને સ્ત્રીઓએ તે નવદમ્પતીને હૃદય સરસાં ચાંપ્યાં અને તેઓ ખૂબ આનન્દિત થયાં પણ એ બધાંને જેટલો આનન્દ થયો તેથી અધિક આનન્દ એકલાં રુક્મિણીજીને તેમને ભેટવાથી થયો ।।૩૮।।

ગુમ થયેલ પ્રદ્યુમ્નને પાછો આવેલો જાણીને દ્વારકાવાસીઓ પરસ્પર કહેવા લાગ્યા, ''ઓહો! બાળક ખોવાઈ ગયો હતો તે ભાગ્ય યોગે આટલાં વર્ષે પાછો આવ્યો એ પરમ સૌભાગ્યની વાત છે'' ।।૩૯।।

**યં વૈ મુહુઃ પિતૃસરૂપનિજેશભાવાસ્તન્માતરો યદભજન્ રહ રૂઢ ભાવાઃ।**
**ચિત્રં ન તત્ ખલુ રમાસ્પદબિમ્બબિમ્બે કામે સ્મરેઽક્ષિવિષયે કિમુતાન્યનાર્યઃ ।।૪૦।।**

હે પરીક્ષિત! પ્રદ્યુમ્નનું રૂપ ભગવાન્ શ્રીકૃષ્ણને એટલું બધું મળતું આવતું હતું કે તેને જોઈને તેની માતાઓ પણ તેને પોતાના પતિદેવ શ્રીકૃષ્ણ સમજીને મધુરભાવમાં મગ્ન થઈ વારંવાર એકાન્તમાં ચાલ્યાં જતાં હતાં. શ્રીનિકેતન ભગવાન્‌ના પ્રતિબિમ્બસ્વરૂપ કામાવતાર ભગવાન્ પ્રદ્યુમ્ન પ્રત્યક્ષ નજર સામે આવતાં એમ થાય એ કોઈ આશ્ચર્યની વાત નથી. પછી તેને જોઈને બીજી સ્ત્રીઓની વિચિત્ર દશા થઈ જતી એમાં તો કહેવું જ શું? ।।૪૦।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ત્રીજા સાધન-પેટા પ્રકરણનો વૈરાગ્ય નિરૂપક છઠ્ઠો) ''પ્રદ્યુમ્નની ઉત્પત્તિ'' નામનો (ઉત્તરાર્ધનો છઠ્ઠો અને ચાલુ) પંચાવનમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં બાવનમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં
તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત જઈને
મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર, તેમાટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ
તેવી ભાગવત વાંચનાર કથાકાર ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(?)
ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

## અધ્યાય ૫૬

### શ્રીસુબોધિનીજી અનુસાર અ.૫૩

# જામ્બવતી અને સત્યભામાનીસાથેશ્રીકૃષ્ણનો વિવાહ

### ત્રીજા રાજસ પ્રકરણનું ત્રીજું સાધન પ્રકરણ અધ્યાય૭

**વિશેષ :** પોતે કામ સાથે વિવાહ કરે તો 'તામસ' કહેવાય. એવો વિવાહ આ છપ્પનમાં અધ્યાયમાં જામ્બવતીનો કહેવાશે. એના પ્રસંગથી સત્યભામાનો સાત્વિક વિવાહ કહે છે. એ બન્ને વિવાહ કલહ ઉત્પન્ન કરીને ભગવાને કરેલા. ક્લેશની નિવૃત્તિને માટે અહીં 'ચૌર્ય' કહેવાય છે. સત્રાજિતે વાચિક અભિશાપ આપ્યો ત્યારે ભગવાને ગુફામાં પ્રવેશ કરી જામ્બવાન સાથે કાયિક યુદ્ધ કર્યું. એ કાયિક અને વાચિક કાર્યના પરિણામે જામ્બવતી અને સત્યભામા પ્રાપ્ત થયાં અને અપરાધ કરનાર ભગવત્સમ્બન્ધી થયાં. જામ્બવતી, સત્યભામા અને રુક્મિણીજી એ ત્રણ ગુણરૂપ પટરાણીઓ છે. રુક્મિણીજી રજોગુણ, જામ્બવતી તમોગુણ અને સત્યભામા સત્વગુણ છે. રુક્મિણીજી અને જામ્બવતીને પરાણે ક્લેશ કરીને લાવવામાં આવ્યાં છે. માટે તેમનો વિવાહ સાત્વિક નહિ. ત્યારે પંચવિદ્યાના પર્વરૂપ પાંચ વિવાહિતાઓ છે. કૃપાથી હજારો સાથે ભગવાને વિવાહ કર્યા છે. સાત વિવાહ કામને લઈને કર્યા; એક વિધિથી કર્યો. તે બધામાં આ અધ્યાયમાં ભગવાન્‌ના બે વિવાહની વાત કહે છે.

**સત્રાજિતઃ સ્વતનયાં કૃષ્ણાય કૃતકિલ્બિષઃ ।।**
**સ્યમન્તકેન મણિના સ્વયમુદ્યમ્ય દત્તવાન્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** સત્રાજિતે શ્રીકૃષ્ણના ઉપર જુઠું કલંક લગાવ્યું હતું. તેથી તે અપરાધમાંથી છૂટવામાટે તેણે પોતે સ્યમન્તક મણિ સહિત પોતાની કન્યા સત્યભામા ભગવાન્ શ્રીકૃષ્ણને સોંપી દીધી ।।૧।।

**રાજા પરીક્ષિતે પૂછ્યું :** ''હે ભગવન્! સત્રાજિતે ભગવાન્ શ્રીકૃષ્ણનો શો અપરાધ કર્યો હતો? તેને સ્યમન્તક મણિ ક્યાંથી મળ્યો હતો? અને તેણે પોતાની *કન્યા શ્રીકૃષ્ણને કેમ આપી?'' ।।૨।।

**વિશેષ :** સત્યભામા સત્રાજિતની 'ઔરસ' કન્યા ન હતી પણ એ સૂર્યથી જ વરદાનમાં મળેલી હતી. એ સરસ્વતીના અથવા ભૂમિના અંશરૂપ હતી. તેની સાથે ભગવાને લગ્ન કર્યું તેથી તે સ્વગોત્રની કન્યા થતી નથી; તેથી વિવાહ કરવામાં કાંઈ વાંધો નથી. સત્યભામા સૂર્ય પાસેથી સત્રાજિતને મળ્યાની કથા પુરાણાન્તરમાં છે.

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે પરીક્ષિત! સત્રાજિત સૂર્યના મોટા ભક્ત હતા. તેની ભક્તિથી પ્રસન્ન થઈ (પરમ ઉદાર) સૂર્ય ભગવાન્ તેના મિત્ર બની ગયા હતા. તેમણે પ્રસન્ન થઈ તેને સ્યમન્તક મણિ આપ્યો હતો ।।૩।।

હે રાજન્! સત્રાજિતે એ મણિ કંઠમાં પહેર્યો ત્યારે એ સૂર્ય જેવો તેજસ્વી થઈ દ્વારકામાં આવ્યો ત્યારે અત્યન્ત તેજસ્વિતાને લીધે લોકો તેને ઓળખી શક્યા નહિ ।।૪।।

દૂરથી જ તેને જોઈ લોકોની આંખો તેના તેજથી અંજાઈ ગઈ. લોકો સમજ્યા કે કદાચ ભગવાન્ સૂર્ય આવી રહ્યા છે. તે લોકોએ ભગવાન્‌ની પાસે આવી આપને આ સમાચાર આપ્યા. તે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણ ચોપાટ રમતા હતા ।।૫।।

લોકોએ કહ્યું :''હે શંખ-ચક્ર-ગદાધારી નારાયણ! કમલનયન દામોદર! યદુનન્દન ગોવિન્દ! આપને નમસ્કાર હો ।।૬।।

હે જગત્પતે! જુઓ, પોતાનાં ચમકતાં કિરણોથી લોકોનાં નેત્રોને આંજી નાખતા ઉષ્ણરશ્મિ ભગવાન્ સૂર્ય આપનાં દર્શન કરવા આવી રહ્યા છે ।।૭।।

હે પ્રભો! શ્રેષ્ઠ દેવતાઓ ત્રિલોકીમાં આપની પ્રાપ્તિનો માર્ગ શોધતા રહે છે પણ તે તેમને મળતો નથી. આજ આપને યદુવંશમાં છુપાયેલા જાણી સાક્ષાત્ સૂર્યનારાયણ આપનાં દર્શન કરવા આવી રહ્યા છે'' ।।૮।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** કમળનેત્ર ભગવાન્ અજ્ઞાની પુરુષોના આ વચન સાંભળી હસ્યા અને બોલ્યા કે એ સૂર્યદેવ નથી પણ સત્રાજિત છે. એણે મણિ પહેર્યો છે તેથી પ્રકાશવાળો દેખાયછે ।।૯।।

જેમાં મંગલ કલશ ધર્યા છે, ધ્વજા પતાકા બાંધ્યા છે એવા પોતાના સમૃદ્ધ ઘરમાં સત્રાજિત આવ્યો અને એમાં બ્રાહ્મણોદ્વારા વિધિવત્ મણિની દેવમન્દિરમાં સ્થાપના કરવામાં આવી ।।૧૦।।

એ મણિ હમેશાં આઠ ભાર (પાંચ મણનો ભાર થાય તેવા આઠ ભાર એટલે ચાલીશ મણ સોનું એ મણિ હમેશાં આપતો હતો.) સોનું આપતો. દુકાળ, કોલેરા, મરકી વગેરે રોગો, બીજા આધિ-વ્યાધિઓ, અશુભ સ્વપ્નો, રાક્ષસો, પૂતના (અવિદ્યા) વગેરે મણિનું પૂજન થતું હોય ત્યાં પોતાનો પ્રભાવ ફેલાવી શકતાં નથી ।।૧૧।।

એકવાર *પ્રસંગવશ ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું, ''સત્રાજિત! તમે તમારો મણિ

રાજા ઉગ્રસેનને આપી દો'' પણ એ એટલો લોભી હતો કે ભગવાન્‌ની આજ્ઞાનું ઉલ્લંઘન થશે તેનો કંઈ વિચાર કર્યા વિના તેણે ભગવાન્‌નું કહ્યું માન્યું નહિ ।।૧૨।।

**વિશેષ** : અયોગ્ય પુરુષમાં મહાન ધર્મ યોગ્ય નથી એમ વિચારી, આ મણિથી સત્રાજિતનો નાશ થશે, પોતાની પુરીમાં તેનો નાશ થાય એ ઠીક નહીં, બીજા દેવોનું ભગવત્પુરીમાં કંઈ સામર્થ્ય ન ચાલે, બીજા દેવોની મહેરબાની પણ વ્યર્થ છે તેના બન્ને લોકની સિદ્ધિમાટે, મણિમાંથી જેટલું દ્રવ્ય ઉત્પન્ન થાયછે તેટલું દ્રવ્ય જમીન-જાગીરદ્વારા તેને પ્રાપ્તથઈરહે તેવી વ્યવસ્થાના બદલામાં સત્રાજિત મણિ ઉગ્રસેનને આપી દે એવી દરખાસ્ત પ્રસંગવશાત્ ભગવાને સત્રાજિત આગળ મૂકી.

*એક દિવસ સત્રાજિતના ભાઈ પ્રસેને તે અત્યન્ત પ્રકાશમય મણિને ગળામાં ધારણ કરી લીધો અને ઘોડા ઉપર સવાર થઈ એકલો શિકાર ખેલવા વનમાં ચાલ્યો ગયો ।।૧૩।।

**વિશેષ** : તેને સિદ્ધ અર્થ જ જોઈએ છે, મૃત્યુનું નિરાકરણ નહિ. એટલે તેણે આ વાત સૂર્યને કહી. તેનાદ્વારા ઉપદ્રવ કરાવવાની યુક્તિ રચી જેથી ફરીને મણિની માગણી કરે જ નહિ. આમ ભગવાન્‌ની આજ્ઞાનો ભંગ અને અપકાર બે દોષ થયા. પણ નુકસાન પોતાને જ થયું અને વધારામાં આજ્ઞાભંગનું ફલ-તેનું મૃત્યુ થયું. એટલું જ નહિ પણ ભગવદ્‌ભાવ રહિત મણિનું પરિણામ અનર્થમાં આવ્યું અને ભગવદ્ આજ્ઞાના ઉલ્લંઘનથી તદીયોની બુદ્ધિ જ ભ્રષ્ટ થઈ ગઈ. ભગવદ્ધર્મો ભક્તોનેજ ઉપકારક હોય છે. સૂર્યના ભક્ત સત્રાજિતેજ પહેરવાનો પૂજ્ય મણિ, અભક્ત પ્રસેને તેને સામાન્ય મણિ ગણીને કંઠમાં પહેર્યો.

ત્યાં એક કેસરી (સિંહ) મળ્યો. તેણે ઘોડાને અને પ્રસેનને મારી નાખ્યા અને તેજસ્વી મણિ લઈ ગયો. સિંહ હજુ પર્વતમાં જતો જ હતો ત્યાં જામ્બવાને એને જોયો અને મણિની ઇચ્છાથી સિંહને મારી નાખ્યો ।।૧૪।।

એ પોતાના કોતર (ગુફા) માં ગયો અને પ્રકાશમાન મણિને પોતાના કુમારને રમવા આપ્યો. સત્રાજિતે મણિ સહિત ભાઈને ન જોયો ત્યારે તેને બહુ દુઃખ થયું ।।૧૫।।

''મને ઘણું કરીને એમ લાગે છે કે શ્રીકૃષ્ણે એ મણિ મારી પાસે માગ્યો હતો, મેં એમને આપ્યો નહિ તેથી શ્રીકૃષ્ણે મારા ભાઈને મારીને એ મણિ લઈ લીધો. નહિ તો એ ક્યાં જાય?'' એમ સત્રાજિત બોલ્યો. એ વાત કર્ણોપકર્ણ બધા ગુપ્ત રીતે કહેવા લાગ્યા. એ વાત ભગવાન્ સુધી પહોંચી ।।૧૬।।

ભગવાને વિચાર કર્યો કે ''અમે મણિ લીધો નથી છતાં એણે ચોરીનો આરોપ અમારીઉપર લગાવ્યો; આ દુર્યશ દૂર થવો જોઈએ'' એમ વિચારી ભગવાન્ કેટલાક સભ્ય લોકોને સાથે લઈ પ્રસેનનો રાહ (માર્ગ) જોતા એની શોધમાં નીકળ્યા ।।૧૭।।

વનમાં કેસરી સિંહે મારેલા ઘોડા અને પ્રસેનને જોયા. એને કોઈ રીંછે પર્વતમાં માર્યો હતો તેને લોકોએ જોયો ।।૧૮।।

રીંછનું કોતર હતું ત્યાં ઘોર અંધારું છાઈ રહ્યું હતું. તેમાં ભગવાન્ પોતે એકલા જ પેઠા. સાથે માણસો હતા તેમને કોતરની બહાર બેસાડી રાખ્યા ।।૧૯।।

ભગવાન્ અંદર કોતરમાં પહોંચ્યા ત્યાં રમકડા તરીકે વપરાતા મણિને બાળકના હાથમાં જોયો. એની પાસેથી મણિ લેવાની ઈચ્છાથી ભગવાન્ બાળક પાસે જરા ઉભા રહ્યા ।।૨૦।।

ત્યાં તો બાળકને રમાડનારી ધાત્રી અજાણ્યા પુરુષને જોઈને ભય પામીને બૂમો પાડવા લાગી. એ સાંભળતાં જ પરમ બલી જામ્બવાન્ ક્રોધ કરીને ત્યાં આવી પહોંચ્યા ।।૨૧।।

જામ્બવાન્ પોતાના સ્વામી ભગવાન્‌ની સાથે એમને પ્રાકૃત માણસ જાણી યુદ્ધ કરવા લાગ્યા પણ એમના પ્રતાપને એ કાંઈ જાણી શક્યા નહિ ।।૨૨।।

જેવી રીતે માંસને માટે બે બાજ પક્ષી આપસમાં લડે છે તેવી રીતે વિજય મેળવવાની અભિલાષાવાળા ભગવાન્ શ્રીકૃષ્ણ અને જામ્બવાને આપસમાં ભયંકર યુદ્ધ મચાવી દીધું. પહેલાં તો તેમણે અસ્ત્ર-શસ્ત્રોનો પ્રહાર કર્યો, પછી શિલાઓનો, પછી તો તેઓ વૃક્ષો ઉખાડી-ઉખાડી એક બીજા ઉપર ફેંકવા લાગ્યા. અન્તમાં બન્ને વચ્ચે બાહુ યુદ્ધ થવા લાગ્યું ।।૨૩।।

હે પરીક્ષિત! વજ્ર પ્રહારના જેવી કઠોર મૂઠીઓથી પરસ્પર તેઓ અઠ્ઠાવીસ દિવસ સુધી રાત-દિન વિશ્રામ કર્યા વિના સતત લડતા રહ્યા ।।૨૪।।

અન્તે ભગવાન્ શ્રીકૃષ્ણની મૂઠીઓના પ્રહારથી જામ્બવાન્‌ના શરીરનાં બન્ધન શિથિલ થઈ ગયાં એનું બળ ઘટી ગયું (ધૈર્ય અને ઉત્સાહ જતા રહ્યાં) શરીરમાં પસીનો આવી ગયો. ત્યારે તેણે અત્યન્ત વિસ્મય (વિસ્મય એટલા માટે થયો કે જગતમાં બળમાં મારો બરોબરિયો પણ કોઈ પાક્યો નહિ તો પછી મારાથી વધારે બળવાન આ વળી કોણ?) પામીને ભગવાન્ શ્રીકૃષ્ણને કહ્યુંઃ ।।૨૫।।

હે પ્રભો!હું જાણી ગયો કે આપ જ સમસ્ત પ્રાણીઓના (કાળરૂપ) નિયન્તા,

રક્ષક, પુરાણપુરુષ, (પુરુષોત્તમ), ભગવાન્ વિષ્ણુ છો. આપ જ બધાના પ્રાણ, ઈન્દ્રિય, બલ, મનોબલ અને શરીરબલ છો ।।૨૬।।

વિશ્વને પેદા કરનાર તત્વોના આપ ઉત્પાદક છો. ઘટાદિ પદાર્થોમાં સત્સ્વરૂપે આપ છો. મહાદેવ વગેરેનો ઉપસંહાર કરનાર કાળ આપ છો. સર્વ જીવોના ફલરૂપ મોક્ષરૂપ આપ છો ।।૨૭।। (શ્લોક ૨૭ માં બે પાઠ છે : **૧. પરમાત્મા તથાત્મનામ્ ૨. પર આત્મા તથાત્મનામ્।** બીજા પાઠમાં પર એ સમ્બોધન છેઃહે અન્તર્યામી (પ્રભો)!)

હે પ્રભો! મને યાદ આવે છે આપે આપનાં નેત્રોમાં, નહિ જેવા, જરાક જ, ક્રોધના ભાવથી-વક્રદષ્ટિથી સમુદ્ર તરફ જોયું હતું. તે વખતે સમુદ્રમાંના મગરો અને મોટા-મોટા મગરમચ્છો ફફડી ઊઠ્યા હતા અને સમુદ્રે આપને માર્ગ આપી દીધો હતો. ત્યારે આપે તેના ઉપર સેતુ બાંધી પોતાના યશની સાથે-સાથે લંકાને પણ વિશ્વમાં પ્રખ્યાત કરી તેનો યશ વધાર્યો હતો. (**'ઉજ્જ્વલિતા'**-૧. લંકાની સાથે પોતાનું નામ જોડી તેનો યશ ઉજ્જ્વલ કર્યો. ૨. લંકાને બાળી.)(કારણ કે રાક્ષસોનાં બીજાં સ્થાનોને કોઈ જ જાણતું પણ નથી) આપના બાણોથી કપાઈ-કપાઈને રાક્ષસોનાં મસ્તક પૃથ્વી ઉપર પડ્યાં હતાં. (અવશ્ય આપ મારા એ જ 'રામજી' શ્રીકૃષ્ણના રૂપમાં પધાર્યા છો) ।।૨૮।।

હે મહારાજ પરીક્ષિત! જ્યારે ઋક્ષરાજ જામ્બવાને ભગવાન્ને ઓળખી લીધા ત્યારે કમલનયન શ્રીકૃષ્ણે પોતાનો પરમ કલ્યાણકારી શીતલ કર કમલ તેના શરીર ઉપર ફેરવ્યો અને પછી અકારણ કૃપાપૂર્વક પ્રેમગમ્ભીર વાણીથી પોતાના ભક્ત જામ્બવાન્જીને કહ્યું ।।૨૯-૩૦।।

''હે ઋક્ષપતિ! આ મણિ નિમિત્તે અમારા ઉપર ખોટું આળ ચડ્યું છે તે દૂર કરવામાટે અમે મણિ લેવા તમારા કોતરામાં આવ્યા છીએ'' ।।૩૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** (જામ્બવાન્જીએ વિચાર્યું કે માગેલું તો બધાય આપે. માત્ર માગેલું આપવાથી પોતાનું સેવકપણું ન ગણાય એટલે) ભગવાને જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે જામ્બવાને બહુ જ આનન્દપૂર્વક આપની પૂજા કરવામાટે પોતાની કન્યા, કુમારી જામ્બવતીજીને મણિ સાથે આપના ચરણોમાં સમર્પિત કરી લીધી ।।૩૨।।

ગુફાની બહાર જે નાગરિકો રાખવામાં આવ્યા હતા તેઓ બાર દિવસ ભગવાન્ની પ્રતીક્ષા કરી ભગવાન્ ગુફામાંથી ન આવ્યા ત્યારે દુઃખી થઈને નગરમાં

પાછા આવ્યા ।।૩૩।।

દેવકીજી, વસુદેવજી, રુક્મિણીજી અને બીજા સુહૃદો એમની વાત સાંભળી, શ્રીકૃષ્ણ ગુફામાંથી ન નીકળ્યા જાણી, ઘણાં દુઃખી થયા ।।૩૪।।

બધા દ્વારકાવાસીઓ અત્યન્ત દુઃખી થઈ સત્રાજિતને વિષે કહેવા લાગ્યા, ''આ દુરાત્મા છે તેના ભાઈ પ્રસેનની માફક એ પણ મરી જાઓ'' અને ભગવાન્ શ્રીકૃષ્ણની પ્રાપ્તિમાટે મહામાયા દુર્ગાદેવીની ઉપાસના કરવા લાગ્યા ।।૩૫।।

તેમની ઉપાસનાથી દેવીના આશીર્વાદની સાથે જેણે બધાને પ્રાણ પણ આપ્યા છે તેવા સિદ્ધાર્થ ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાની નવવધૂ જામ્બવતીજી સાથે બધાને પ્રસન્ન કરતા પ્રકટ થઈ ગયા ।।૩૬।।

ગયા હતા તે જ પાછા આવેલા ભગવાન્‌ને અને જેણે કંઠમાં મણિ પહેર્યો છે તેવી એમની પત્નીને જોઈને બધા દ્વારકાવાસીઓ પરમાનન્દમાં મગ્ન થઈ ગયા ।।૩૭।।

ઉગ્રસેન રાજાની સભામાં સત્રાજિતને બોલાવી મણિ કેમ મેળવ્યો એનો ઈતિહાસ એને સંભળાવી એનો મણિ શ્રીકૃષ્ણે એને આપી દીધો* ।।૩૮।।

**વિશેષ :** જે વસ્તુમાં બીજાની આસક્તિ હોય તે વસ્તુ ભગવાન્ બિલકુલ અંગીકાર કરતા નથી તેથી ભગવાને પોતે તે મણિ રાખ્યો નહિ. જે સમ્પૂર્ણ રીતે શરણે ન આવ્યો હોય તેનો પણ પ્રભુ અંગીકાર કરતા નથી. મહાભારતના યુદ્ધ પહેલાં દુર્યોધન સહાયની યાચના કરવામાટે દ્વારકા ભગવાન્ શ્રીકૃષ્ણની પાસે ગયો ખરો પણ શરણાગતિની ભાવના વિના. જ્યારે અર્જુન સમ્પૂર્ણ શરણાગતિની ભાવના સાથે ગયેલ. અર્જુનને ભગવાને 'પોતાના' તરીકે અપનાવ્યો જ્યારે દુર્યોધનને ભગવાને સૈન્યની સહાય કરી ખરી છતાં દુર્યોધનનો નાશ જ થયો.

મણિ તો સત્રાજિતે લઈ લીધો પણ તેને અત્યન્ત લજ્જા આવી તેથી એ મુખ નીચું કરી ગયો અને પોતાના પાપથી મનમાં પશ્ચાત્તાપ કરતો જેમ તેમ પોતાને ઘેર પહોંચ્યો ।।૩૯।।

એમાંથી વખતે મોટો કલહ પેદા થાય એવા વિચારથી એ વ્યાકુલ થયો અને પોતે શ્રીકૃષ્ણ ઉપર ખોટું દોષારોપણ કર્યું એનું ધ્યાન કરવા લાગ્યો : ''મારા પાપને હું કેમ ધોઈ નાખું અને શ્રીકૃષ્ણ મારી ઉપર પ્રસન્ન કેમ થાય'' એ વિચારમાં એ પડ્યો ।।૪૦।।

''ખરેખર હું ટૂંકી દૃષ્ટિવાળો, ક્ષુદ્ર, મૂઢ અને દ્રવ્ય નો લોભી છું. બધા માણસો

મને ગાળો દેતા બંધ કેમ થાય? મારું કલ્યાણ કેવી રીતે થાય?'' એવું એ વિચારવા લાગ્યો ।।૪૧।।

''સ્ત્રીમાં રત્નરૂપ આ મારી કન્યા સત્યભામાને અને એની સાથે આ સ્યમન્તક મણિ હું શ્રીકૃષ્ણને અર્પણ કરું. આ ઉપાય શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા બહુ સારો છે. એની શાન્તિ બીજી કોઈ રીતે થઈ શકશે નહિ'' ।।૪૨।।

એમ વિચાર કરી સત્રાજિતે પોતાની સુન્દર કન્યા અને મણિ લઈને શ્રીકૃષ્ણ પાસે જઈને એમને ભેટ તરીકે અર્પણ કર્યાં ।।૪૩।।

સત્યભામા શીલ, સ્વભાવ, સુન્દરતા, ઉદારતા વગેરે ગુણોથી સમ્પન્ન હોવાથી એની બહુ લોકોએ પહેલાં માગણી કરેલી છતાં હવે એ સત્યભામાને ભગવાન્ વિધિવત્ પરણ્યા ।।૪૪।।

**ભગવાનાહ ન મણિં પ્રતીચ્છામો વયં નૃપ ।।**
**તવાસ્તુ દેવભક્તસ્ય વયં ચ ફલભાગિનઃ ।।૪૫।।**

હે રાજા પરીક્ષિત! ભગવાને કહ્યું કે અમે સ્યમન્તક મણિ નહિ લઈએ. આપ સૂર્યના ભક્ત છો તેથી એ તમારે લાયક છે. તમારી પાસે એ રહેશે. એનું ફલ અમને પણ મળશે કેમકે સસરાના ધનનો ભોક્તા જમાઈ હોઈ શકે છે ।।૪૫।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસપ્રકરણના ત્રીજા સાધન-પેટાપ્રકરણનો ધર્મરૂપ સાતમો) ''જામ્બવતી અને સત્યભામાની સાથે શ્રીકૃષ્ણનો વિવાહ'' નામનો (ઉત્તરાર્ધનો સાતમો અને ચાલુ) છપ્પનમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ત્રેપનમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## ત્રીજા રાજસપ્રકરણનું ત્રીજું સાધનપ્રકરણ સમ્પૂર્ણ થયું

**આપણે પુષ્ટિમાર્ગી નથી જ જોદ્ર**
મૃતકના ઉદ્ધારાર્થે કે ફંડફાળામાટે ભાગવતકથાનું આયોજન કરીએછીએ
(ઠેરાવેલ કે ઠેરાવ્યા વિનાની)દક્ષિણા લઈને ભાગવત વાંચીએ છીએ
આવી ભાગવતકથા સાંભળવા કે આશીર્વાદ આપવા જઈએ છીએ

# અધ્યાય ૫૭

## શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૫૪

## રાજસ ફલ પ્રકરણ

# મણિનિમિત્તે સત્રાજિત અને શતધન્વાનો વધ

### ત્રીજા રાજસ પ્રકરણનું ચોથું ફલ પ્રકરણ અધ્યાય૧

**વિશેષ :** પ્રમાણરૂપ નિરોધ સાત અધ્યાયથી કહ્યો, પ્રમેયરૂપ નિરોધ સાત અધ્યાયથી આ પ્રકરણમાં કહે છે. શત્રુ, મિત્ર અને ઉદાસીનનું ફળ અહીં કહેવાય છે. જેમ તામસનું ફળ કામ કહ્યું તેમ અહીં રાજસનું ફળ ક્રોધ કહેશે. એમાં રાજસનો જય વિશેષરૂપમાં કહેવાશે. ભગવદ્ ધર્મવડે ભગવાન્ ધર્મીવડે, બલદેવજીથી અને યાદવોથી એમ ચાર પ્રકારે જય કહેવાશે. તે રાજસનો નિરોધ કરનાર થશે. એમાં આ સત્તાવનમાં અધ્યાયમાં સત્રાજિત, શતધન્વા અને અક્રૂરને ભગવાને જીત્યા એટલી વાત કહે છે. એટલે ભગવાન્‌ની ઈચ્છા હતી તે પ્રમાણે એનાથી કાર્ય થયું.

**વિજ્ઞાતાર્થોઽપિ ગોવિન્દો દગ્ધાનાકર્ણ્ય પાંડવાન્ ।।**
**કુન્તીં ચ કુલ્યકરણે સહરામો યયૌ કુરૂન્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાન્ શ્રીકૃષ્ણ બધી વાત જાણે છે તો પણ આપે જ્યારે સાંભળ્યું કે કુન્તાજી તથા પાંડવો લાક્ષાગૃહમાં બળ્યાં ત્યારે તે સમયનો કુલપરમ્પરોચિત વ્યવહાર કરવાને માટે બલદેવજી સાથે આપ હસ્તિનાપુર પધાર્યા ।।૧।।

ત્યાં જઈને ભીષ્મપિતામહ, કૃપાચાર્ય, વિદુરજી, ગાન્ધારી અને દ્રોણાચાર્યજીને મળી તેમની પાસે સમવેદના-સહાનુભૂતિ બતાવી અને તે લોકોને કહેવા લાગ્યા, ''અહો! આ બહુ દુઃખજનક ઘટના બની'' ।।૨।।

ભગવાન્ દ્વારકાથી પધાર્યા એ સમયનો લાભ લઈ અક્રૂર અને કૃતવર્મા શતધન્વાને મળ્યા અને હે રાજન્! એને કહ્યું, ''તું સત્રાજિત પાસેથી મણિ શા માટે છીનવી લેતો નથી? ।।૩।।

જેણે કન્યા રત્ન આપવાનું આપણને વચન આપેલું છતાં ન આપી. આપણો તિરસ્કાર કરી કૃષ્ણને આપી તો એના ભાઈ પ્રસેનની જેમ એનું મૃત્યુ પણ કેમ થવું ન જોઈએ? ।।૪।।

એમ બન્નેએ શતધન્વાની બુદ્ધિમાં ભેદ કરાવ્યો ત્યારે એ *દુષ્ટતમ પાપી તો હતો જ અને અલ્પ આયુષ્ય જેનું બાકી છે તેવા એણે મણિના લોભના કારણે જ્યાં નિરપરાધી સત્રાજિત સૂતો હતો ત્યાં જઈ એને એ પાપીએ માર્યો ।।૫।।

**વિશેષ** : દેવોમાં પણ જેમ એક કલિ અધમ છે તેમ યાદવોમાં શતધન્વા છે. તેને માટે મૂલ શ્લોકમાં **અસત્તમ**-દુષ્ટોનો શિરોમણિ શબ્દ વાપર્યો છે. અક્રૂર અસત્-દુષ્ટ છે, કૃતવર્મા-**અસત્તર**-વધારે દુષ્ટ છે. અને શતધન્વા-**અસત્તમ**-સૌથી વધારે દુષ્ટ છે.

અનાથની જેમ સ્ત્રીઓ આક્રોશ કરવા લાગી છતાં કસાઈ પશુને મારે એમ સત્રાજિતને મારી નાખી મણિ લઈ શતધન્વા ચાલતો થયો ।।૬।।

પિતાજીને મરેલા જોઈ સત્યભામા બહુ શોક કરવા લાગ્યાં અને મોહમાં પડીને ''હે તાત! હા, **હતાસ્મિ** (હાય, હું મારી ગઈ)'' વગેરે વચન બોલી વિલાપ કરવા લાગ્યાં ।।૭।।

પિતાજીના શરીરને તેલની કોઠીમાં રાખી ''શતધન્વાએ પિતાજીને માર્યા'' એમ કહેવામાટે હસ્તિનાપુરમાં પોતાના પતિ શ્રીકૃષ્ણ છે ત્યાં ગયાં. જો કે ભગવાન્ તો બધું જાણનાર છે ।।૮।।

રામ-કૃષ્ણ એમની વાત સાંભળીને, હે રાજન્! લોકને અનુસરીને ''આ મોટી આપત્તિ આવી, આથી અમને મોટું કષ્ટ થયું'' એમ કહીને નેત્રમાં અશ્રુબિન્દુ લાવી વિલાપ કરવા લાગ્યા ।।૯।।

હે પ્રિય પરીક્ષિત! ત્યાર પછી ભગવાન્ શ્રીકૃષ્ણ સત્યભામાજી અને બલદેવજી સાથે હસ્તિનાપુરથી દ્વારકા પાછા ફર્યા અને શતધન્વાને મારવાનો અને તેની પાસેથી મણિ લઈ લેવાનો ઉદ્યોગ કરવા લાગ્યા ।।૧૦।।

જ્યારે શતધન્વાને સમાચાર મળ્યા કે ભગવાન્ શ્રીકૃષ્ણ મને મારવાનો ઉદ્યોગ કરી રહ્યા છે ત્યારે તે બહુ ડરી ગયો અને પોતાના પ્રાણ બચાવવા તેણે કૃતવર્મા પાસે મદદ માગી. ત્યારે કૃતવર્માએ કહ્યું ।।૧૧।।

''ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજી સર્વ શક્તિમાન ઈશ્વર છે. (અત્યાર સુધી જેણે-જેણે તેમનો વિરોધ કર્યો છે તે દરેકને તેમણે માર્યાં છે) એમનો સામનો મારાથી ન થઈ શકે. ભલા એવો કોણ હશે કે જે એમની સાથે વેર બાંધી સકુશલ રહી શકે? ।।૧૨।।

તમે જાણો છો કે કંસ તેમની સાથે દ્વેષ કરવાને લીધે રાજ્યલક્ષ્મી ખોઈ બેઠો

અને પોતાના અનુયાયીઓની સાથે માર્યો ગયો. જરાસન્ધ જેવા શૂરવીરને પણ તેમની સામે યુદ્ધ મેદાનમાં સત્તરવાર હારી જઈ રથ વિહોણા થઈ પોતાની રાજધાનીમાં પાછા ફરવું પડ્યું હતું'' ।।૧૩।।

જ્યારે કૃતવર્માએ આ રીતે એને સહાય આપવાની ના પાડી ત્યારે શતધન્વાએ, સેનાના પૃષ્ઠરક્ષક અક્રૂરને સહાયતામાટે પ્રાર્થના કરી. તેણે પણ કહ્યું ''સર્વ શક્તિમાન ભગવાન્‌નું બલ-પૌરુષ જાણ્યા છતાં તેમની સાથે વેર-વિરોધ કોણ કરે? ।।૧૪।।

જે પોતાની માયાવડે આ જગતને ઉત્પન્ન કરે છે, પાલન કરે છે અને સ્વરૂપમાં લીન કરે છે, જેની ચેષ્ટાને બ્રહ્મા આદિ પણ એની *માયામાં મોહિત થઈને જાણી શક્તા નથી ।।૧૫।।

**વિશેષ** : માયા ૧. બધું થવાનું સામર્થ્ય ૨.અવર્ણનીય અચિન્ત્ય દેવી. એ માયાને પણ એક કરણ-સાધન તરીકે સ્વીકારી જે આ અખિલ જગતને ઉત્પન્ન કરે છે, તેનું પાલન કરે છે અને તેનો નાશ કરે છે અને તે પણ લીલાથી જાણે કે રમતા હોય તેમ. એ ભગવત્ ક્રિયા પણ કોઈ સમજી શક્તું નથી-ભગવાન્ શું કરે છે, કેમ કરે છે, આ સામર્થ્યનું સ્વરૂપ શું વગેરે તેનું કારણ એ કે તેઓ **અજા**-પ્રકૃતિથી મોહિત થઈ ગયેલા છે. જો કોઈ જાણી શક્તું હોય તો તે આત્મવંચના કેમ સ્વીકારે? પોતાની જાતને કેમ ઠગે? જો **અજા** ૧. પ્રકૃતિ ૨. બકરીથી મોહિત થઈ જાય તે **અજાઃ** (બકરા) જ હોય બધા તેમને મારે તોય પોતાની રક્ષા કરવા જ શક્તિમાન ન હોય તે સૃષ્ટિ શું રચવાના? 'અજ'નો બીજો અર્થ બ્રહ્માજી પણ થાય છે.

જ્યારે તે માત્ર સાત વર્ષની ઉંમરના હતા ત્યારે જેમ નાનો બાળક બિલાડીના *ટોપને ઉખેડી પોતાના હાથમાં લઈ લે તેમ ગોવર્ધન પર્વતને એના સ્થાનથી ઉખેડી એક હાથમાં સાત દિવસ સુધી લીલાવડે અનાયાસે ધારણ કરી રાખ્યો હતો ।।૧૬।।

**વિશેષ** : વરસાદના દિવસોમાં છત્રી જેવા, ખરાબ વસ્તુમાંથી અંકુર થાય છે. તે બહુ હલકો હોય છે તેટલા અંશમાં એ દૃષ્ટાન્ત છે. ટોપીની આકૃતિ જેવા હોવાથી એને 'ટોપ' પણ કહે છે.

ઐશ્વર્યાદિ ધર્મવાળા, સદાનન્દ, અદ્ભુત કર્મવાળા, જેનો અન્ત નથી તેવા, સર્વના આદિમાં બિરાજનાર, સર્વ જગતનાં મૂલરૂપ અને આત્મ સ્વરૂપ એવા આપને નમસ્કાર કરું છું'' ।।૧૭।।

જ્યારે આ પ્રમાણે અક્રૂરજીએ પણ સ્પષ્ટ કહ્યું અને એનું માન ન રાખ્યું ત્યારે શતધન્વા એ મણિ તેમને સોંપી એક દિવસમાં સો ગાઉ (આઠસો માઈલ) ચાલનાર ઘોડા ઉપર બેસીત્યાંથી ચાલતો થયો ।।૧૮।।

રામ અને શ્રીકૃષ્ણ પણ મોટા વેગવાળા ઘોડાઓ સાથે ગરુડના ધ્વજવાળા રથ ઉપર બેસી સસરાને મારનાર શતધન્વાની પાછળ પડ્યા ।।૧૯।।

મિથિલા નગરની પાસેના એક ઉપવનમાં એનો ઘોડો પડી ગયો. તેણે તેને ત્યાં જ છોડી દીધો; બહુ ગભરાઈ ગયેલો તે પગે દોડવા લાગ્યો. ભગવાન્ પણ ક્રોધ કરી રથને પડતો મૂકી પૈદળ જ દોડ્યા ।।૨૦।।

શતધન્વા પૈદળ ભાગી રહ્યો હતો તેથી ભગવાને પણ પૈદળ જ દોડી પોતાના તીક્ષ્ણ ધારવાળા ચક્રથી તેનું માથું કાપી નાખ્યું અને તેનાં કપડાંમાં મણિ શોધ્યો ।।૨૧।।

મણિ તો મળ્યો નહિ ત્યારે મણિ વિના શ્રીકૃષ્ણ ભાઈ પાસે આવ્યા અને બોલ્યાઃ''શતધન્વાને વૃથા માર્યો કેમકે મણિ એની પાસેથી મળ્યો નહિ'' ।।૨૨।।

**બલદેવજીએ કહ્યું :** ''એણે જરૂર કોઈની પાસે મણિ રાખ્યો હોવો જોઈએ માટે તમે દ્વારકા જઈ એની શોધ કરો ।।૨૩।।

મારા પરમ મિત્ર વિદેહને મળવામાટે હું *મિથિલા જઈશ'' હે પરીક્ષિત! એમ કહી યદુનન્દન બલદેવજી મિથિલા પધાર્યા ।।૨૪।।

**વિશેષ :** શ્રીકૃષ્ણ અને બલદેવજી પૃથ્વીનો ભાર ઉતારવા પધારેલ છે અને લોક તો દ્વિસ્વભાવ (બે સ્વભાવવાળાઃ૧.પ્રવૃત્તિ પરાયણ અને નિવૃત્તિ પરાયણ ૨.કર્મપરાયણ અને ભક્તિ પરાયણ) છે. જો બન્ને શ્રીકૃષ્ણ અને બલદેવજી એક જ પક્ષે રહે તો બીજો પક્ષ અત્યન્ત બળ જોઈને નિવૃત્ત થાય અને એને અનુકૂલ થઈને વરતે; ત્યારે તો પૃથ્વીનો ભાર એમનો એમ જ રહે. તેથી લોકને જીતવામાં બન્ને ભાઈએ વિરુદ્ધ સ્વભાવ બતાવ્યો છે. તેથી બલદેવજી વિદેહનગરમાં દુર્યોધનને ગદા શીખવવા ગયા. ભગવાન્‌ને એમણે દ્વારકા મોકલ્યા. અહીંથી બન્નેની શક્તિઓ જુદી પડી. તેણે લીલામાં એકબીજાને સમ્મતિ ન આપી તેથી જ ભગવાને કહ્યું કે **''કિન્તુ મામગ્રજઃ સમ્યક્ ન પ્રત્યેતિ મણિં પ્રતિ''** એ ઈશ્વરશક્તિ વિભક્ત થઈ એનું વચન છે. ભગવદ્‌ભક્તની બુદ્ધિમાં પણ ફેર પડ્યો તેથી અક્રૂર, ભીષ્મ વગેરે પણ ભગવાન્‌થી જુદા સ્વભાવવાળા થયા છે; નહિ તો બન્ને વિરુદ્ધ ન પડે તેથી ભગવાન્‌ને સમ્મત નથી તેમ ભગવાન્‌ના પ્રકારે જેનો નિરોધ થયો તેવા લોકો બલદેવજીને અનુકૂલ નથી. આ બે શક્તિના વિભાગથી શાસ્ત્રનો પણ વિભાગ થયો તેથી 'વિદેહ' પદ કહ્યું છે. બલદેવજીને જ્ઞાનનિષ્ઠ પ્રિય છે જ્યારે શ્રીકૃષ્ણને ભક્તિનિષ્ઠ પ્રિય છે. ક્રિયા અને જ્ઞાનશક્તિ એક બાજુ છે ત્યારે ભક્તિ અને પરમાનન્દ બીજી બાજુ છે તેથી બલદેવજીએ વિદેહને પ્રિયતમ ગણ્યા. એના

દર્શનની એમને ઉત્કંઠા થઈ. જ્ઞાનપક્ષમાં વેદમાર્ગ અત્યન્ત આદરણીય ન હોવાથી ગરુડધ્વજ રથ ભગવાને પોતે રાખ્યો. બલદેવજી તો કોઈ રથવડે કે પગે ચાલી આવ્યા એવો નિશ્ચય થાય છે. અહીં બલદેવજી નિયોગકર્તા છે તેથી એમનું ચરિત્ર પ્રથમ કહ્યું છે.

બલદેવજીને જોઈને મિથિલાના રાજા અત્યન્ત પ્રસન્ન થયા અને પૂજાનાં સાધનોથી વિધિવત્ પૂજનીય બલદેવજીનું પૂજન કર્યું ।।૨૫।।

તે પ્રસિદ્ધ મિથિલાનગરીમાં બલદેવજી કેટલાંક વર્ષ રહ્યા, છતાં પોતે વિભુ-સમર્થ હતા તેથી પરદેશમાં લાંબો સમય રહેવાથી થતો ક્લેશ તેમને થયો નહિ. (ગદા શીખવાની) યોગ્ય *ઉંમરે ધૃતરાષ્ટ્રના પુત્ર સુયોધને (દુર્યોધને) બલદેવજી પાસેથી ગદાયુદ્ધની તાલીમ લીધી ।।૨૬।।

**વિશેષ** : અત્યન્ત તરુણ અને પુષ્ટ યુવક જ ગદાયુદ્ધની તાલીમને માટે યોગ્ય ગણાયો છે. યોગ્ય ઉંમર એટલે જ્યારે ઘા જલદી રુઝાઈ જાય, પરુ ન થાય તે. શરદથી શરૂ થતા છ માસ.

મહાત્મા જનકે તેને (પણ) માન આપીને પ્રેમપૂર્વક રાખ્યો. આ બાજુ ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વારકા પધાર્યા અને પ્રિયા સત્યભામાજીને શતધન્વાના મૃત્યુના તથા તેની પાસેથી મણિ ન મળ્યો તેના સમાચાર આપ્યા. સાથે-સાથે સમર્થ પ્રભુએ સત્યભામાજીને એ વાત પણ સમજાવી કે મણિ ન મળ્યો તેમાં જ તમારું હિત (પ્રિય) છે ।।૨૭।।

ત્યાર પછી શ્રીકૃષ્ણે સર્વ સુહૃદોની સાથે પોતાના સસરા સત્રાજિતની ઉત્તર ક્રિયા વિપ્રો પાસે કરાવી જેથી મરનારનો પરલોક સુધરે ।।૨૮।।

અક્રૂર અને કૃતવર્માએ જ્યારે સાંભળ્યુ કે શ્રીકૃષ્ણે શતધન્વાને મારી નાખ્યો છે અને લોકો અક્રૂર અને કૃતવર્મા પાસે એ મણિ હોવો જોઈએ એમ કહેવા લાગ્યા ત્યારે શ્રીકૃષ્ણ અમને મારશે એવો ભય લાગતાં એ બન્ને દ્વારકા છોડીને ચાલ્યા ગયા. અક્રૂર દ્વારકાના દાનાધ્યક્ષ અને કૃતવર્મા કોટવાલ-કાયદો અને વ્યવસ્થા જાળવનાર હતા. (છતાં શ્રીકૃષ્ણનો તાપ જીરવાયો નહિ) ।।૨૯।।

હે પરીક્ષિત! કેટલાક લોકો એમ માને છે કે અક્રૂર દ્વારકાથી ચાલ્યા ગયા ત્યાર બાદ દ્વારકાવાસીઓને ઘણી જાતના અનિષ્ટો અને અરિષ્ટો (દુર્ભાગ્યો) નો સામનો કરવો પડ્યો. દૈવિક અને ભૌતિક નિમિત્તોથી વારંવાર દ્વારકાવાસીઓને શારીરિક અને માનસિક પીડાઓ વેઠવી પડી. પરન્તુ જે લોકો એવું કહે છે તે પહેલાં કહેવાઈ ગયેલી વાતોને ભૂલી જાય છે. ભલા! એ કદી સમ્ભવે ખરું કે જ્યાં ઘર કરીને ચિદભિમાનથી

(જ્ઞાનાભિમાનથી) મુનિ અક્રૂરજી રહે ત્યાં તેના નિવાસસ્થાન દ્વારકામાં કોઈ ઉપદ્રવ થાય? ।।૩૦-૩૧।।

તે વખતે નગરના વૃદ્ધ અનુભવી લોકોએ કહ્યું ''એકવાર કાશી રાજાના રાજ્યમાં વરસાદ નહોતો થતો, દુકાળ પડ્યો હતો. ત્યારે તેણે પોતાના રાજ્યમાં પ્રસંગવશ આવેલા અક્રૂરના પિતા *શ્વફલ્ક ની સાથે પોતાની પુત્રી ગાન્દિની પરણાવી દીધી એટલે એના રાજ્યમાં વરસાદ થયો. અક્રૂર પણ શ્વફલ્કના પુત્ર છે એને તેનો પ્રભાવ પણ એવો છે. તેથી જ્યાં-જ્યાં અક્રૂર રહે છે ત્યાં-ત્યાં ખૂબ વરસાદ થાય છે તથા કોઈ જાતના કષ્ટ અને મહામારી વગેરે ઉપદ્રવ નથી થતા'' તે લોકોની વાત સાંભળી ભગવાને વિચાર કર્યો કે ''આ ઉપદ્રવનું એકમાત્ર તે જ કારણ નથી'' તે જાણવા છતાં જનાર્દન ભગવાને દૂત મોકલી તેની શોધ કરાવી અને તે આવ્યા ત્યારે તેની સાથે વાતચીત કરી ।।૩૨-૩૪।।

**વિશેષ** : કાશીરાજાને ત્યાં વૃષ્ટિ ન થઈ તેથી એ દુઃખી હતો ત્યારે ત્યાં શ્વફલ્ક યદચ્છાથી આવ્યા. મહાદેવજીના કહેવાથી કાશીરાજાએ એને પોતાની ગાન્દિની નામની પુત્રી આપી ત્યારે વર્ષા થઈ. ગાન્દિનીની કથા એવી છે કે કાશી રાજાએ વર્ષ સુધી હમેશાં ગોદાન કર્યું ત્યારે એ અપુત્ર હતો તેને આ એક પુત્રી થઈ. ત્યારપછી બાર વર્ષ સુધી હમેશાં એક-એક ગાય એણે ગાન્દિનીના હાથે બ્રાહ્મણને અપાવી તેથી એનું 'ગાન્દિની' એવું નામ પ્રસિદ્ધ થયું છે. એ દમ્પતી જ્યાં જાય ત્યાં એના પુણ્ય પ્રભાવથી અરિષ્ટ, મહામારી વગેરે ન થાય. એના પ્રભાવવાળા એના પુત્ર અક્રૂરજી છે. તેનામાં એવો ગુણ છે; કેવળ સ્યમન્તક મણિના ગુણથી સર્વ ઉપદ્રવ નિવૃત્ત થાય છે એવું નથી.

ભગવાને તેનો ખૂબ સ્વાગત-સત્કાર કર્યો. ''તમે આવ્યા તે બહુ સારું થયું'' એમ કહી તેની સાથે વાતો કરી. ભગવાન્ દરેકના ચિત્તનો એક-એક સંકલ્પ જાણે છે. (તેથી જ અક્રૂરે વિચાર કર્યો કે આમનાથી કંઈ છૂપાવી શકાશે નહિ અને મણિ બતાવ્યા વિના છૂટકો નથી) ભગવાને આશ્ચર્ય અનુભવતાં અને હસીને કહ્યું ।।૩૫।।

હે દાનપતિ અક્રૂરજી! અમને પહેલેથી જ એ વાતની જાણ છે કે શતધન્વા આપની પાસે, નાશ ન થઈ શકે તેવો શ્રીમાન મણિ રાખી ગયો છે ।।૩૬।।

આપ જાણો છો કે સત્રાજિતને કોઈ પુત્ર નથી. તેથી તેની પુત્રીના પુત્રો પણ તેને પિંડ આપે, જલથી એનું તર્પણ કરે, એનું કરજ ચૂકવે ત્યારે બાકી રહેલા દ્રવ્યના

તેઓ ઉત્તરાધિકારી થાય ।।૩૭।।

આ પ્રમાણે શાસ્ત્રીય દષ્ટિથી જો કે સ્યમન્તક મણિ અમારા પુત્રોને જ મળવો જોઈએ છતાં તે મણિ ભલે આપની પાસે રહે, કારણ કે આપ અત્યન્ત વ્રતનિષ્ઠ અને પવિત્રાત્મા છો અને બીજાઓમાટે તો આ મણિ રાખવો પણ કઠિન છે. પરન્તુ અમારા ઉપર ધર્મ સંકટ એ આવ્યું છે કે અમારા મોટાભાઈ બલદેવજી મણિની બાબતમાં મારી વાતનો પૂરો વિશ્વાસ નથી કરતા ।।૩૮।।

તેથી મહાભાગ્યવાન્ અક્રૂરજી! આપ તે મણિ દેખાડી દઈને અમારા ઈષ્ટ-મિત્ર બલદેવજી, સત્યભામા અને જામ્બુવતીનો સન્દેહ દૂર કરી દો અને તેમના મનમાં શાન્તિનો સંચાર કરો. (મણિ તમારી પાસે છે એની સાબિતી તો એ વાત જ પૂરે છે કે આ જ મણિના પ્રતાપથી કાશી વગેરેમાં તમે હમણાં એવા યજ્ઞો કરી રહ્યા છો જેમાં સોનાની વેદીઓ હોય છે) (કૌંસમાંનો અડધો શ્લોક ઓગણચાલીસમાનો ઉત્તરાર્ધ વિગીત-અપ્રસ્તુત છે.) ।।૩૯।।

આ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણે તેને સાન્ત્વન દઈ સમજાવ્યા ત્યારે અક્રૂરજીએ વસ્ત્રમાં લપેટેલો સૂર્યના જેવો પ્રકાશમાન મણિ કાઢ્યો અને શ્રીકૃષ્ણને આપી દીધો ।।૪૦।।

મણિ ભગવાન્ પાસે છે એમ જેઓ કહેતા હતા તેમને એ મણિ બતાવીને પોતાની ઉપર કલંક હતું તે દૂર કરીને તે મણિ પોતાની પાસે રાખવા તથા તેને દંડ આપવા સમર્થ હોવા છતાં ભગવાને એ મણિ પાછો અક્રૂરને આપી દીધો ।।૪૧।।

**યસ્ત્વેતદ્ ભગવત ઈશ્વરસ્ય વિષ્ણોર્વીર્યાઢ્યં વૃજિનહરં સુમંગલં ચ ।।**
**આખ્યાનં પઠતિ શ્રુણોત્યનુસ્મરેદ્ વા દુષ્કીર્તિં દુરિતમપોહ્ય યાતિ શાન્તિમ્ ।।૪૨।।**

ભગવાન્ ઈશ્વર અને સર્વત્ર વ્યાપક વિષ્ણુનું આ મણિનું આખ્યાન કે જે પરાક્રમથી પૂર્ણ છે, દોષ મટાડનાર અને મંગળ કરનાર છે તેનો જે પાઠ કરે, સાંભળે કે સ્મરણ કરે તે દુર્યશ અને પાપોથી છૂટી જઈ શાન્તિ મેળવે છે ।।૪૨।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ચોથા ફલ-પેટા પ્રકરણનો ઐશ્વર્ય રૂપ પહેલો) ''મણિનિમિત્તે સત્રાજિત અને શતધન્વાનો વધ'' નામનો (ઉત્તરાર્ધનો આઠમો અને ચાલુ) ૫૭મો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ચોપનમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૫૮

## શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૫૫

# પાંચ કન્યાઓને શ્રીકૃષ્ણ પરણ્યા

### ત્રીજા રાજસ પ્રકરણનું ચોથું ફલ પ્રકરણ અધ્યાય ૨

**વિશેષ** : આ અઠ્ઠાવનમાં અધ્યાયમાં પાંચ કન્યાઓ જે વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને ભક્તિ એ વિદ્યાના પાંચ પર્વરૂપ ગણાય છે તેની સાથે ભગવાને લગ્ન કર્યું એ વાત કહે છે. રુક્મિણીજી માયારૂપ છે તેના સમ્બન્ધથી કામ, ક્રોધ અને લોભ થાય તેનું નિરાકરણ કર્યું. ભગવાન્‌ને પુત્ર આદિનો અભિલાષ ન હોય. એમ હોત તો પ્રદ્યુમ્નનો નારદજીની સમ્મતિ વિના સ્વીકાર કરત. ભગવાન્‌ને ક્રોધ હોય તો જામ્બવતીજીનો સ્વીકાર ન કરત. એમને લોભ હોત તો સ્યમન્તક પાછો ન આપત. તેથી તે ત્રણ દોષ ભગવાન્‌માં નથી એ વાત સિદ્ધ થઈ. હવે વિદ્યાનું ફલ કહે છે; તેથી ભગવાન્ નિર્દોષ અને પૂર્ણ ગુણ સિદ્ધ થશે. ઓગણ સાઈઠમાં અધ્યાયમાં ત્રિલોકીમાં જે સુખ છે તેનું દાન કરશે. સાઈઠમાં અધ્યાયમાં માયા (રુક્મિણીજી) ના દોષનું નિવારણ કરશે. આમાં પહેલા (૬૦ મા) અધ્યાયથી આન્તર દોષો અને બીજા (૬૧ મા) અધ્યાયથી રુકમીરૂપ બાહ્ય દોષને દૂર કરશે. પછીના બે અધ્યાય (૬૨-૬૩) થી સર્વના બાહ્યદોષને દૂર કરશે. ત્યાં રાજસ પ્રકરણ પૂરું થશે. વિદ્યામાં સૂર્યની મુખ્યતા છે તેથી સૂર્યની પુત્રી કાલિન્દી સાથે ભગવાન્‌નું લગ્ન કહ્યું. શત્રુનો પરાજય કરી બીજી-મિત્રવિન્દાને સમ્પાદિત કરી. કાલિન્દી જ્ઞાનરૂપા અને મિત્રવિન્દા તપોરૂપા છે. ત્રીજી સૂર્યવંશના રાજા નગ્નજિતની સત્યા નામની કન્યાને પરણ્યા તે ભક્તિરૂપા છે તેથી ત્યાં ભગવાને પોતે જઈ માગણી કરી અને એને પરણવામાં જે સાત આખલા (બળદ) રૂપ વ્યસન હતાં તેને જીતીને પરણ્યા. નિબન્ધમાં નાગ્નજિતીને યોગરૂપા અને લક્ષ્મણાને ભક્તિરૂપા કહી છે. જ્ઞાન અને ભક્તિ ની વચ્ચે મિત્રવિન્દાનો લૌકિક વિવાહ કહ્યો. તેથી જ્ઞાન અને ભક્તિ સ્વતન્ત્ર છે એક બીજાને સાપેક્ષ નથી એમ કહેવાનું તાત્પર્ય છે. ભદ્રા અને લક્ષ્મણા યોગ અને સાંખ્યરૂપ છે તેને ભગવાન્ વર્યા. એમાં યોગનું ફલ ભક્તિ અને સાંખ્યનું ફલ જ્ઞાન છે તેથી લક્ષ્મણામાટે કલેશની ભાવના રૂપ યુદ્ધ થયું. એમ પાંચ પર્વરૂપ પાંચ કન્યાઓનીસાથે છઠ્ઠા ભગવાન્ પૂર્ણરૂપે આમાં નિરૂપણ કરવામાં આવ્યા છે. એમાં પ્રથમ અધ્યાયમાં ભગવાન્ અને તત્વોનો વ્યાપાર છે તેથી ૨૯ શ્લોકથી વિવાહ કહેવામાં આવે છે એમાં ભક્તિ અને કર્મ એ જ્ઞાનનાં અંગ તરીકે કહ્યા છે. તેથી બાર શ્લોકથી ભક્તિ અને પાંચ શ્લોકથી કર્મ, પછી ભક્તદ્વારા દશ શ્લોકથી એનું ગ્રહણ કર્યું.

પ્રસંગવશાત્ ભક્તના ઉપકારની વાત પણ કહી. ભક્તના ઉદ્ધારમાટે યત્ન કરે તે જ જ્ઞાનશક્તિને ગ્રહણ કરે છે એમ બતાવવામાટે ભગવાન્ પાંડવો લાક્ષાગૃહમાં બળ્યા નથી પણ પાંચ પુત્રવાળી કોઈ ભીલડી લાક્ષાગૃહમાં બળી ગઈ તેથી લોકોએ માતા સહિત પાંડવો બળ્યાની વાત ઉડાવી હતી એ તો 'એકચક્રા'નામની નગરીમાં બ્રાહ્મણવેશથી રહે છે. એ વાતને ભગવાન્ સારી રીતે જાણે છે તેથી **'વિજ્ઞાતાર્થોપિ ગોવિન્દઃ'** એમ આ રાજસફલ પ્રકરણના પ્રથમ શ્લોકમાં કહ્યું છે.

**એકદા પાંડવાન્ દ્રષ્ટું પ્રતીતાન્ પુરુષોત્તમઃ ।।**
**ઈન્દ્રપ્રસ્થં ગતઃ શ્રીમાન્ યુયુધાનાદિભિર્વૃતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** પાંડવો લાક્ષાભવનમાં બળી ગયા નથી એ વાત હવે જાહેર થઈ ગઈ હતી. તેથી એકવાર શ્રીમાન્ શ્રીકૃષ્ણ તેમને મળવાને માટે સાત્યકિ વગેરે યદુવંશીઓની સાથે ઈન્દ્રપ્રસ્થ પધાર્યા ।।૧।।

જ્યારે પાંડવોએ જોયું કે સર્વેશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણ પધાર્યા છે ત્યારે જેમ પ્રાણનો સંચાર થતાં બધી ઈન્દ્રિયો સચેત થઈ જાય છે તેમ જ બધા એકી સાથે ઊભા થઈ ગયા ।।૨।।

વીર પાંડવોએ ભગવાન્ શ્રીકૃષ્ણનું આલિંગન કર્યું, આપના અંગસંગથી તેમના બધા પાપ-તાપ શમી ગયા. ભગવાન્‌ની પ્રેમપૂર્ણ મન્દ હાસ્યથી સુશોભિત મુખસુષમા સુન્દરતા જોઈ તેઓ આનન્દમાં મગ્ન થઈ ગયા ।।૩।।

ભગવાન્ શ્રીકૃષ્ણે યુધિષ્ઠિર અને ભીમસેન ના ચરણોમાં (મોટા હોવાથી) પ્રણામ કર્યા, અર્જુનને આલિંગન કર્યું. નકુલ અને સહદેવે (નાના હોવાથી) ભગવાન્‌ના ચરણોમાં વન્દન કર્યું ।।૪।।

જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ સિંહાસન ઉપર સ્વસ્થતાથી બિરાજમાન થઈ ગયા ત્યારે શુધ્ધ ચરિત્રવાળી પરમ સુન્દરી શ્યામ વર્ણની દ્રૌપદી, જે નવવિવાહિતા હોવાથી સહેજ શરમાતી હતી તે ધીરે-ધીરે ભગવાન્ શ્રીકૃષ્ણ પાસે આવી અને તેણે આપને પ્રણામ કર્યા ।।૫।।

જેવી રીતે ભગવાન્ શ્રીકૃષ્ણનું સન્માન કર્યું તેવી જ રીતે સાત્યકિ અને બીજાઓનું પણ ''આપ આવ્યા તે સારું કર્યું'' એમ કહી અભિનન્દન કર્યું તેઓ એક આસન ઉપર બેસી ગયા. બીજા યદુવંશીઓનો પણ યથાયોગ્ય સત્કાર કરવામાં આવ્યો અને તેઓ પણ ભગવાન્ શ્રીકૃષ્ણની ચારે તરફ બેસી ગયા ।।૬।।

ભગવાન્ કુન્તાજીની પાસે ગયા અને એમને અભિવાદન કર્યું ત્યારે હૃદયના ભાવપૂર્વક પ્રેમવાળી દષ્ટિથી એમણે ભગવાન્‌ને આલિંગન કર્યું. એ પોતાની ફોઈ થાય છે તેમને પુત્રવધૂની સાથે કુશળ સમાચાર પૂછ્યા ।।૭।।

તે વખતે પ્રેમની વિહ્વળતાથી કુન્તાજીનું ગળું રુંધાઈ ગયું, નેત્રોમાં આંસુ છલકાઈ આવ્યાં. (સ્વસ્થ હોય તેને પણ ભક્તિ વિહ્વળ બનાવી દે છે, જ્યારે કુન્તાજીને માથે તો દુઃખના ડુંગર તૂટી પડ્યા હતા તે) ભોગવેલા આપદાઓની યાદ આવી ગઈ. (છતાં આપદાઓ દૂર કરવા તે પ્રાર્થના કરતા નથી કારણ કે) ભગવાન્‌નાં તો દર્શન જ તમામ વિપત્તિઓનો નાશ કરી દેનાર છે. (પ્રેમથી અન્તઃકરણની, રુદ્ધ કંઠથી શરીરની અને અશ્રુથી ઈન્દ્રિયોની વિહ્વળતા સર્જાઈ છે) કુન્તાજીએ કહ્યુંઃ ।।૮।।

‘‘હે કૃષ્ણ! જે ક્ષણે આપે અમને પોતાના કુટુમ્બી-સમ્બન્ધી સમજીને અમારું સ્મરણ કર્યું અને અમારી કુશળતા જાણવાનેમાટે ભાઈ અક્રૂરને મોકલ્યા તે જ ક્ષણે અમારું કલ્યાણ થઈ ગયું. અમ અનાથને આપે સનાથ કરી દીધાં ।।૯।।

હું જાણું છું કે આપ સમ્પૂર્ણ જગતના પરમ હિતૈષી, સુહૃદ અને આત્મા છો. (દેહનો વિચાર કરવામાં આવે તો આપ જ વિશ્વ છો. અન્તઃકરણનો વિચાર કરવામાં આવે તો આપ બધાના સુહૃદ-મિત્ર છો અને વસ્તુનો વિચાર કરવામાં આવે તો આપ આત્મા જ છો) આ મારું છે અને આ પરાયું એવી ભ્રાન્તિ આપનામાં નથી. એમ હોવા છતાં, હે કૃષ્ણ! જેઓ આપનું અખંડ સ્મરણ કરે છે તેમના હૃદયમાંઆવી આપ બેસી જાઓ છો અને તેમની ક્લેશ પરમ્પરાને સદાનેમાટે મિટાવી દો છો’’ ।।૧૦।।

**યુધિષ્ઠિરજીએ કહ્યું** : ‘‘હે સર્વેશ્વર શ્રીકૃષ્ણ! અમને એ વાતની ખબર નથી કે અમે અમારા પૂર્વજન્મમાં અથવા આ જન્મમાં એવું તે ક્યું કલ્યાણનું સાધન કર્યું હશે? આપનાં દર્શન મોટા-મોટા યોગેશ્વરોને પણ મહા મુશ્કેલીએ પ્રાપ્ત થાય છે અને અમ કુબુદ્ધિઓને ઘર બેઠાં આપનાં દર્શન થઈ રહ્યાં છે’’ ।।૧૧।।

રાજા યુધિષ્ઠિરે આ પ્રમાણે ભગવાન્‌નું ખૂબ સન્માન કર્યું અને કેટલાક દિવસો ત્યાં જ રહેવાની પ્રાર્થના કરી. તેથી ભગવાન્ શ્રીકૃષ્ણ ઈન્દ્રપ્રસ્થનાં નરનારીઓને પોતાની રૂપમાધુરીથી નયનાનન્દનું દાન કરતાં વર્ષાઋતુના ચાર મહિના સુખપૂર્વક ત્યાં જ બિરાજ્યા ।।૧૨।।

એકવાર (શ્રાદ્ધના દિવસોમાં) વીર શિરોમણિ અર્જુન ગાંડીવ ધનુષ અને અક્ષય બાણવાળા બે ભાથા લઈ, કવચ પહેરી શ્રીકૃષ્ણની સાથે પોતાના તે રથ ઉપર સવાર થયા જેમની ધજા ઉપર હનુમાનજી બેસતા. પછી વિપક્ષી વીરોનો સંહાર કરનાર અર્જુન એક એવા ગહન વનમાં શિકાર ખેલવા ગયા જ્યાં ઘણાં સિંહ, વાઘ, સર્પ, મૃગ વગેરે ભયંકર જાનવરો રહેતાં હતાં ।।૧૩-૧૪।।

ત્યાં તેમણે ઘણા વાઘ, સૂવર, પાડા, કાળાં હરણ, શરભ, રોઝ, ગેંડા, હરિણ, સસલાં, શેઢાઈ વગેરેને બાણવડે વીંધી નાખ્યા ।।૧૫।।

કોઈ અષ્ટકાદિ શ્રાદ્ધનો સમય આવ્યો હતો તેથી એ બધાં યજ્ઞને યોગ્ય પ્રાણીઓને નોકરોએ રાજાની પાસે લાવીને એને સોંપી દીધાં, અર્જુન ખૂબ થાકી જવાથી અને તૃષા લાગવાથી શ્રીયમુનાજીને કિનારે ગયા ।।૧૬।।

ત્યાં શ્રીયમુનાજીમાં સ્નાનાદિ કરી જળપાન કર્યું તેટલામાં બન્ને મહારથીઓએ ત્યાં ફરતી સુન્દર દર્શનવાળી એક કન્યાને જોઈ ।।૧૭।।

એ સુન્દરી સુન્દર દાંત અને મુખવાળી હતી. તેને જોઈને શ્રીકૃષ્ણના મોકલવાથી અર્જુન એ ઉત્તમ પ્રમદાની પાસે ગયા અને એને પૂછવા લાગ્યાઃ ।।૧૮।।

''હે સુન્દરી! તમે કોણ છો? કોનાં પુત્રી છો? ક્યાંથી આવ્યાં છો અને શું કરવા માગો છો? હું માનું છું કે તમે પોતાને યોગ્ય પતિની ઈચ્છા રાખી રહ્યાં છો. હે કલ્યાણી! જે તમારો અભિપ્રાય હોય તે કહો'' ।।૧૯।।

**કાલિન્દીજી બોલ્યા** : હું સૂર્યદેવની પુત્રી છું, પતિની ઈચ્છાવાળી છું પણ એ પતિ બીજો નહિ પણ વરદાન આપનાર અને વરવાને યોગ્ય વિષ્ણુ મારા પતિ થાય એમ હું ઈચ્છું છું. એને માટે એ પતિ થાય ત્યાં સુધી કઠોર તપ કરી રહીછું ।।૨૦।।

હે વીર અર્જુન! શ્રીવત્સના ચિહ્નવાળા વિષ્ણુ વિના બીજાને હું વરનાર નથી. અનાથોના એક માત્ર નાથ, મોક્ષ આપનાર એ ભગવાન્ મારા ઉપર પ્રસન્ન થાઓ ।।૨૧।।

મારું નામ કાલિન્દી છે. શ્રીયુમનાજીના જળમાં મારા પિતા સૂર્યે મારે માટે એક ભવન બનાવડાવી આપ્યું છે. તેમાં હું રહું છું. જ્યાં સુધી ભગવાન્‌નાં દર્શન નહિ થાય ત્યાં સુધી હું ત્યાં જ રહીશ* ।।૨૨।।

**વિશેષ : ''કાલિન્દીતિ સમાખ્યાતા વસામિ યમુના જલે।।'' ૧૦।૫૮।૨૨ નો પૂર્વાધ. શ્રીસુબોધિનીજીઃ''અનેન યમુનાયાસ્તસ્યાશ્ચ ભેદઃ પ્રદર્શિતઃ।''** ''મારું

નામ કાલિન્દી છે અને શ્રીયમુનાજીના જલમાં હું રહું છું'' એ કથનથી શ્રીયમુનાજી અને કાલિન્દીજી જુદાં છે એમ દર્શાવાયું. સૂર્ય પર્વતરૂપથી કલિન્દ પર્વતમાં પધાર્યા એટલે માતાને ઠેકાણે કલિન્દ પર્વત અને પિતા પર્વતના રૂપમાં સૂર્ય. પર્વત અચેતન હોવા છતાં હિમાલયથી પાર્વતીજીની ઉત્પત્તિ થઈ, **'અભિમાનિવ્યપદેશસ્તુ'**નદીઓ, પર્વતો વગેરેની અભિમાની દેવતા હોય છે એ ન્યાયે તેમાંથી ઉત્પત્તિ ઘટે છે.

દેવરૂપ સૂર્યે પુત્ર યમને ઉત્પન્ન કર્યા તે દોષ દૂર કરવા શ્રીયમુનાજીને ઉત્પન્ન કર્યાં.

સૂર્ય વેદાત્મક છે એમ શ્રુતિ કહે છે. એ વેદાત્મક સૂર્યમાં બિરાજતા કેયૂરધારી, મકર કુંડલધારી હિરણ્યમય પરમાત્મા રહે છે. તે રસરૂપ, સચ્ચિદાનન્દ સ્વરૂપ છે. જે રસ છે તે જ શ્રીયમુનાજી છે. તેમના ભાઈ ધર્મરાજા છે, માતા સઞ્જ્ઞા છે. કાલિન્દીજી એ ભૌતિક સૂર્યના પુત્રી છે. શ્રીયમુનાજી આધિદૈવિક સૂર્યનાં પુત્રી છે. કલિન્દ પર્વતે શ્રીયમુનાજીને પોતાના ઉપર થઈ પૃથ્વી ઉપર પધારવા વિનન્તિ કરી અને તે પ્રમાણે પધાર્યાં. તેથી શ્રીયમુનાજી કાલિન્દીજી પણ કહેવાય છે.

એણે જે કહ્યું હતું તે અર્જુને ભગવાન્ વાસુદેવને કહ્યું. આપ તો પહેલેથી જ આ બધું જાણતા હતા. એમણે એને પણ રથમાં બેસાડી અને યુધિષ્ઠિર પાસે આવ્યા ।।૨૩।।

જ્યારે પાંડવોએ પ્રાર્થના કરી ત્યારે એમને માટે વિશ્વકર્મા દેવશિલ્પીની પાસે અત્યન્ત અદ્ભુત અને વિચિત્ર નગર કરાવી આપ્યું ।।૨૪।।

ભગવાન્ આ વખતે પાંડવોને આનન્દ આપવા તથા તેમનું હિત કરવાને માટે ત્યાં ઘણા દિવસ બિરાજ્યા. એ સમય દરમ્યાન અગ્નિદેવને ખાંડવ વન આપવાને માટે આપ અર્જુનના સારથિ પણ થયા ।।૨૫।।

હે પરીક્ષિત! ખાંડવ વનનું ભોજન મળી જવાથી અગ્નિદેવ પ્રસન્ન થયા. તેમણે અર્જુનને ગાંડીવ ધનુષ, ચાર સફેદ ઘોડા, એક રથ, અક્ષય બાણવાળાં બે ભાથાં અને એક એવું કવચ આપ્યું જેને કોઈ અસ્ત્ર-શસ્ત્રધારી ભેદી ન શકે ।।૨૬।।

(ભગવાને) મય દાનવને અગ્નિમાં બળી જતો બચાવી લીધો હતો. (એટલે ઉપકાર કરવો જોઈએ. ભગવાન્ ઉપર તે સભાનો પ્રભાવ ચાલે નહિ એટલે તેને બદલે તેમના) સખા (ભગવાન્ પોતાના સખાને આપેલું પોતાને જ આપેલું છે એમ માને છે.) અર્જુનને સુધર્મા સભા આપી. તે જ સભામાં દુર્યોધનને જલને ઠેકાણે સ્થલ અને સ્થલને ઠેકાણે જલનો ભ્રમ થયો હતો ।।૨૭।।

કેટલાક સમય પછી ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનની અનુમતિ અને અન્ય સમ્બન્ધીઓનું અનુમોદન મેળવી સાત્યકિ વગેરે સાથે દ્વારકા પાછા પધાર્યા ।।૨૮।।
ત્યાં પધારીને આપે વિવાહને યોગ્ય ઋતુ અને જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે બધા ગ્રહો જેમાં અનુકૂલ હોય તેવા પ્રશંસિત પવિત્ર નક્ષત્રમાં કાલિન્દીજીનું પાણિગ્રહણ કર્યું. રુક્મિણીજી વગેરે સ્વજનોને પરમ આનન્દનું દાન કરતા આપ પરમ મંગલ-વિશિષ્ટ ફલદાયી થયા ।।૨૯।।

(બીજો વિવાહ કહે છે) અવન્તી (ઉજ્જૈન) દેશના રાજા વિન્દ અને અનુવિન્દ હતા. તેઓ દુર્યોધનને અધીન અને તેના અનુયાયી હતા. તેમનાં બહેન મિત્રવિન્દા સ્વયંવરમાં શ્રીકૃષ્ણને પોતાના પતિ બનાવવા ઇચ્છતાં હતાં. પરન્તુ વિન્દ અને અનુવિન્દે તેમને તેમ કરતાં રોકી દીધાં ।।૩૦।।

વસુદેવજીની બહેન અને શ્રીકૃષ્ણની ફોઈ રાજાધિદેવીની પુત્રી મિત્રવિન્દાને બધા રાજાઓના જોતાં હે રાજન્! શ્રીકૃષ્ણ બલાત્કારથી હરણ કરી ગયા ।।૩૧।।

(હવે ત્રીજો વિવાહ કહે છે) હે કુરુવંશજ! [1]નગ્નજિત નામના એક અતિ ધાર્મિક રાજા હતા. તેમને સત્યા નામની એક દેવી સ્વરૂપ કન્યા હતી. તે નગ્નજિતની રાજાની કન્યા[2] હોવાથી 'નાગ્નજિતી' કહેવાતી હતી ।।૩૨।।

**વિશેષ** : ૧. અહીં 'કૌરવ્ય' અને 'કૌસલ્ય'બે પાઠ છે. 'કૌસલ્ય' એટલે કોસલ દેશના અધિપતિ. કોસલની રાજધાની અયોધ્યાછે.

૨. જ્ઞાનમાં સર્વ પ્રપંચના પદાર્થો વિરુદ્ધ હોય છે જ્યારે ભક્તિમાં કેવળ પ્રકૃતિ વિરોધ કરનાર છે. એમાં સાત વ્યસન બાધક છે. તે એક રૂપથી સાત વ્યસન એક જ સમયે દૂર ન થઈ શકે તેથી સાતથ પ્રકારની સાધન ભક્તિ કહી છે. એમ ન કહીએ તો શ્રવણ, કીર્તન અને સ્મરણથી પ્રેમ પ્રકટ થતાં સાત ભક્તિની કાંઈ જરૂર રહેતી નથી. સખ્ય અને આત્મનિવેદન તો ભગવાને પોતાના ધર્મનું સ્થાપન કરવામાટે કરી છે. જ્યારે ભગવાન્ સ્વધર્મ સ્થાપન કરે ત્યારે એ ભગવદ્તુલ્ય થઈ જાય, ત્યારે વ્યસન આદિનો સમૂલ નાશ થાય. એ બતાવવામાટે ભગવાન્ અહીં પોતાનાં સાતરૂપ કરે છે. આ નાગ્નજિતી ભક્તિરૂપા છે. ભક્તિ પાખંડીઓમાં પેદા થતી નથી. તે નગ્નજિતિ રાજાને ત્યાં કન્યા રૂપે જન્મી છે. **"નગ્નાન્ વેદ રહિતાન્ જયતિ ઇતિ નગ્નજિત્!"** 'નગ્ન' એટલે કે વેદરહિત, વેદ વિરોધી, પાખંડીઓ તેમને જે જીતી લે તે નગ્નજિત્! તેની કન્યા નાગ્નજિતી પણ તેવી જ હોય. હે પરીક્ષિત! તમે પણ કુરુવંશમાં જન્મ લીધો છે તે કેવળ શત્રુને જ જીતતા નથી પણ શ્રૌત અને સ્માર્ત ધર્મનું રક્ષણ કરો છો;

તેથી જ રાજાને પણ અહીં અતિ ધાર્મિક કહ્યો છે. સ્વરૂપ, સાધન અને ફલ વડે આ ભક્તિ સત્ય છે તેથી તેનું નામ સત્યા છે. તેથી વેદવિરુદ્ધ મતમાં, કર્મહીનમાં અને અધમમાં ભક્તિ સત્ય હોતી નથી. એનો ઉત્કર્ષ સંભળાય છે તે તો અધમને પણ ભક્તિ તારે છે. એમ એનો ઉત્કર્ષ બતાવવામાટે છે. સાત વ્યસન જો બાધક ન હોય તો ભક્તિશાસ્ત્ર વ્યર્થ જ થઈ જાય. શ્રવણથી દાસ્ય સુધીની સાત ભક્તિદ્વારા વ્યસનોનું નિરાકરણ કરી દેવામાં આવે ત્યારે સખ્ય અને આત્મનિવેદન ભગવાન્ સમ્પાદન કરી આપે છે. હજારો ભક્તો અનુભાવ બતાવે છે તે ભગવાન્‌ના અંશથી એમ બાતવી શકે છે. તો પણ એ ભક્તિ સત્ય ન કહેવાય. એ સદાચાર સિદ્ધ ભક્તિ ન કહેવાય. ભગવાન્‌ના સાક્ષાત્કારની પહેલાંની જ ભક્તિની આ વ્યવસ્થા છે. જે ભક્તિ દેવતારૂપ છે તે ભગવાન્‌ના કોઈ અંશને લેનાર નથી તે કન્યારૂપા અસાધારણી છે. એ જેને પ્રાપ્ત થાય તે વેદને અનુસરનાર હોય છે. એમ અહીં પણ એ જ્યાં રહે છે તે પણ વેદાનુસારી છે. એને નાગ્નજિતી કહી છે તેથી પિતાને અનુસરનારી છે. તેથી જ ધન્યા પિતૃમુખી કન્યા એમ કહ્યું છે.

હે પરીક્ષિત! રાજાની પ્રતિજ્ઞા પ્રમાણે સાત અત્યન્ત ક્રોધી *આખલાઓ ઉપર વિજય પ્રાપ્ત ન કરી શકવાથી કોઈ રાજા તેની સાથે વિવાહ કરી શક્યો નહિ, કારણ કે તેમના શિંગડાં ભારે ધારદાર હતાં અને શઠતાની સીમા તો એ હતી કે તેઓ કોઈ પણ વીર પુરુષની ગન્ધ પણ સહન કરી શકતા ન હતા ।।૩૩।।

**વિશેષ** : સાત વૃષભ-આખલા સાત વ્યસનરૂપ છે. તેઓ ભક્તિમાં પ્રતિબન્ધ કરનારા છે. તે સાત વ્યસનનાં નામ:ભૂખ, પ્યાસ, રોગ, લોકને ઉપદ્રવ કરે એવાં બે પ્રકારનાં કર્મ (૧. નિષિદ્ધ-સુવર્ણની ચોરી વગેરે ૨. કામ્ય-હિંસા વગેરે કર્મ), જુગાર, મદ્યપાન અને સ્ત્રીસંગ. શિકાર બધા કરતા નથી હોતા તેથી તેને વ્યસનમાં ગણ્યું નથી.

દોષ જાણવા છતાં પણ જેનાથી છૂટી ન શકાય તે 'વ્યસન'. **''વિશેષેણ અસ્યન્તે દૈહિકાઃ ધર્માઃ અનેન ઈતિ વ્યસનમ્।''** દૈહિક ધર્મો જેનાથી છૂટી જાય તે વ્યસન. **''તદ્વિના સ્થાતુમશક્તિઃ વ્યસનમ્।''** જેના વિના રહી ન શકાય તે વસ્તુનું 'વ્યસન' છે એમ કહેવાય. મનમાં જાણીએ કે આ ખોટું છે છતાં છૂટે નહિ તે 'વ્યસન' કહેવાય.

એ આખલાઓને જીતે તેને જ સત્યા મળે એવી પ્રતિજ્ઞા સાંભળીને ભક્તોના પતિ ભગવાન્ મોટી સેનાની સાથે અયોધ્યા નગરીમાં આવ્યા ।।૩૪।।

કોસલ દેશના રાજા નગ્નજિતે બહુ પ્રસન્ન થઈ ઊભા થઈ જઈ આપને

ઉમળકાભેર આવકારી આસન આપી અમૂલ્ય સામગ્રીથી આપનો સત્કાર કર્યો અને કહ્યું, ''આપ પધાર્યા તે બહુ સારું થયું'' ।।૩૫।।

રાજા નગ્નજિતીની કન્યા સત્યાએ જોયું કે મારા ચિર-અભિલાષિત રમારમણ ભગવાન્ શ્રીકૃષ્ણ અહીં પધાર્યા છે ત્યારે તેણે મનોમન એ કામના કરી કે ''જો મેં ભગવાન્‌ને, ભગવાનને વશ કરનાર વ્રતો-નિયમોથી સેવ્યા હોય, તેનું જ ચિન્તન કર્યું હોય, તો આપ જ મારા પતિ થાઓ અને મારા વિશુદ્ધ મનોરથને પૂર્ણ કરો'' ।।૩૬।।

નાગ્નજિતી સત્યા મનમાં વિચાર કરવા લાગી, ''ભગવતી લક્ષ્મી, બ્રહ્મા, શંકર અને મોટા-મોટા લોકપાલ જેમના પદપંકજનો પરાગ પોતાના સિર ઉપર ધારણ કરે છે અને જે પ્રભુએ પોતે બનાવેલી મર્યાદાનું પાલન કરવામાટે જ વખતો વખત અને લીલા અવતાર ગ્રહણ કર્યા છે તે પ્રભુ મારા ક્યા ધર્મ, વ્રત કે નિયમ થી પ્રસન્ન થશે? આપ તો કેવલ પોતાની કૃપાથી જ પ્રસન્ન થઈ શકે છે'' ।।૩૭।।

રાજા નગ્નજિતે ભગવાન્ શ્રીકૃષ્ણની વિધિપૂર્વક અર્ચાપૂજા કરીને આ પ્રમાણે પ્રાર્થના કરી ''હે જગતના એક માત્ર સ્વામી! હે નારાયણ! આપ આપના સ્વરૂપભૂત આનન્દથી જ પરિપૂર્ણ છો અને હું એક અત્યન્ત તુચ્છ મનુષ્ય છું. હું આપની શી સેવા કરું?'' ।।૩૮।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : ભગવાન્ શ્રીકૃષ્ણે તેણે આપેલ આસનનો સ્વીકાર કર્યો અને હે કુરુનન્દન! મેઘના સરખી ગમ્ભીર વાણીવડે મન્દસ્મિત કરી એને કહ્યુંઃ ।।૩૯।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે નરેન્દ્ર! જે ક્ષત્રિયો પોતાના ધર્મમાં સ્થિત છે તેમણે કંઈ પણ માગવું ઉચિત નથી. ધર્મજ્ઞ વિદ્વાનોએ તેના આ કામની નિન્દા કરી છે. છતાં આપની સાથે સૌહાર્દ પ્રેમના સમ્બન્ધની સ્થાપના કરવામાટે આપની કન્યાની હું યાચના કરું છું. પણ અમે એનું શુલ્ક આપનાર નથી ।।૪૦।।

**રાજા નગ્નજિતે કહ્યું** : પ્રભો! આપ સમસ્ત ગુણોના ધામ છો, એક માત્ર આશ્રય છો. આપના વક્ષઃસ્થળ ઉપર લક્ષ્મીજી નિત્ય નિવાસ કરે છે. (બીજે તો તે માત્ર પરિભ્રમણ કરે છે) આપનાથી વધારે સારો કન્યાને માટે બીજો કોણ વર હોઈ શકે? ।।૪૧।।

હે યાદવવંશ શિરોમણિ! પરન્તુ અમે પહેલાંથી જ કન્યાના વરના બળની અને

પુરુષના પરાક્રમની પરીક્ષામાટે આ વિષયમાં એક શરત રાખી છે ।।૪૨।।

હે વીર શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ! અમારા આ સાતેય સાંઢ કોઈના કાબૂમાં ન આવનારા અને અણવીંધ્યા છે. તેમણે ઘણા રાજકુમારોના અંગ ભાંગી નાખ્યા છે અને તેમને નિરુત્સાહ કરી દીધાં છે ।।૪૩।।

હે યદુનન્દન! આપ નિગ્રહ કરી એમને નાથ ઘાલી દો તો, હે લક્ષ્મીપતે! મારી કન્યાના ઈચ્છિત વર આપ થઈ શકો ।।૪૪।।

એમ કન્યા મેળવવાના સંકેત (શરત) ને સાંભળીને સમર્થ ભગવાને કટિબદ્ધ થઈ સાત સ્વરૂપ ધારણ કરીને સાતે સાંઢને રમત કરતાં નાથી લીધા ।।૪૫।।

ભગવાન્ શ્રીકૃષ્ણે એમને દોરડાંથી બાંધ્યા એમનો ગર્વ ચાલ્યો ગયો અને એમનું પરાક્રમ નષ્ટ થઈ ગયું. જેમ બાળક લાકડાના ગોધાને દોરડું બાંધી ઢસરડે તેમ એમને રમત કરતાં ઢસડ્યા ।।૪૬।।

રાજાને એ જોઈને વિસ્મય થયો. પ્રસન્ન થઈ રાજાએ કન્યાદાન કર્યું. પોતાને લાયક કન્યાનું વિધિવત્ પાણિગ્રહણ કર્યું ।।૪૭।।

પોતાની પુત્રીને શ્રીકૃષ્ણ મનમાન્યા પતિરૂપે પ્રાપ્ત થયા તેથી રાજપત્નીઓને પરમ આનન્દ થયો અને એમણે પરમ ઉત્સવ મનાવ્યો ।।૪૮।।

શંખ, ઢોલ, નગારાં વગેરે વાજિન્ત્રો વાગવા લાગ્યાં. ગીત અને બ્રાહ્મણ ની આશિષો સંભળાવા લાગ્યાં. સ્ત્રીપુરુષો સુન્દર વસ્ત્ર અને અલંકારથી શોભાયુક્ત થઈને પરમ આનન્દયુક્ત થઈને ઉત્સવમાં ભાગ લેવા લાગ્યાં ।।૪૯।।

સમર્થ રાજા નગ્નજિતે દસ હજાર ગાયો અને ત્રણ હજાર એવી નવયુવતીઓ જેમણે સુન્દર વસ્ત્રો અને ગળામાં સોનાના હાર પહેર્યાં હતા, પહેરામણીમાં આપી. એમની સાથે નવ પ્રકારના હજારો હાથીઓ આપ્યા, હાથીથી સો ગણા રથ આપ્યા, રથથી સો ગણા ઘોડા આપ્યા અને ઘોડાથી સો ગણા માણસો એમ ચતુરંગિણી સેના આપી ।।૫૦-૫૧।।

રાજા નગ્નજિતે વરકન્યાને રથમાં બેસાડી ભારે મોટી સેના સાથે વિદાય આપી. તે વખતે વાત્સલ્ય-સ્નેહના ઉદ્રેકથી તેમનું હૃદય દ્રવિત થઈ રહ્યું હતું ।।૫૨।।

યદુવંશીઓ તથા રાજા નગ્નજિતના ગોધાઓએ પહેલાં ઘણા રાજાઓના બલપૌરુષને ધૂળમાં મેળવી દીધું હતું. જ્યારે તે રાજાઓએ આ સમાચાર સાંભળ્યા ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણનો આ વિજય તેમનાથી સહન ન થયો. તે લોકોએ

નાગ્નજિતી વિજય તેમનાથી સહન ન થયો. તે લોકોએ નાગ્નજિતી સત્યાને લઈને જતી વખતે માર્ગમાં ભગવાન્ શ્રીકૃષ્ણને ઘેરી લીધા ।।૫૩।।

તે લોકો ભારે વેગથી તેમના પર બાણોની ઝડી વરસાવવા લાગ્યા. તે વખતે પાંડવ વીર અર્જુને, વસુદેવજી વગેરેનું પ્રિય કરવા ગાંડીવ ધનુષ ધારણ કર્યું. કાળને જેમ કોઈ પ્રાણીનો કોળિયો કરવામાં ક્લેશ થતો નથી અને સિંહ જેમ નાનાં-મોટાં પ્રાણીઓને મારી નાખે છે તેમ અર્જુને સહેલાઈથી તેમને મારી નાખ્યા ।।૫૪।।

(સત્યાજી ભક્તિનું સ્વરૂપ છે. ભગવાન્ ભક્તિમાં જેવું રમણ કરે છે તેવું બીજે ક્યાંય તપ, યોગ, સાંખ્યમાં કરતા નથી એટલી સત્યાજીની વિશિષ્ટતા કહે છે) ત્યારબાદ યદુવંશ શિરોમણિ દેવકીનન્દન ભગવાન્ શ્રીકૃષ્ણ તે પહેરામણી અને સત્યાજીની સાથે દ્વારકા પધાર્યા અને ત્યાં બિરાજી ગૃહસ્થોચિત વિહાર કરવા લાગ્યા ।।૫૫।।

હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણનાં ફોઈ શ્રુતકીર્તિને કેકય દેશમાં પરણાવ્યા હતાં. તેમની કન્યાનું નામ 'ભદ્રા' હતું. (તે કેકય દેશના રાજાની પુત્રી હતાં તેથી શ્લોકમાં કૈકેયી કહ્યાં છે) તેમના ભાઈ સન્તર્દન વગેરેએ તેમને સામે ચાલીને ભગવાન્ શ્રીકૃષ્ણને આપ્યાં તેથી આપે તેનું પાણિગ્રહણ કર્યું ।।૫૬।।

(પાશ્ચાત્ય કેકય દેશની પાસે આવેલ) મદ્રપ્રદેશના રાજાની એક કન્યા લક્ષ્મણા હતી. તે અત્યન્ત સુલક્ષણા હતી. જેવી રીતે ગરુડજીએ સ્વર્ગમાંથી અમૃતનું હરણ કર્યું હતું તેવી જ રીતે ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વયંવરમાં એકલા જ તેનું હરણ કરી ગયા ।।૫૭।।

**અન્યાશ્ચૈવંવિધા ભાર્યાઃ કૃષ્ણસ્યાસન્ સહસ્રશઃ ।।**
**ભૌમં હત્વા તન્નિરોધાદાહૃતાશ્ચારુદર્શનાઃ ।।૫૮।।**

હે પરીક્ષિત! આજ પ્રમાણે શ્રીકૃષ્ણે ભૌમાસુરને મારીને તેના બન્દીગૃહમાંથી બીજી હજારો ઉત્તમ જ્ઞાનયુક્ત (ચારુદર્શનાઃ, દર્શન=૧. જ્ઞાન ૨. સૌન્દર્ય.) સુન્દરીઓને છોડાવી લાવી તેમની સાથે લગ્ન કર્યાં ।।૫૮।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ચોથા ફલ-પેટા પ્રકરણનો વીર્યરૂપ બીજો) ''પાંચ કન્યાઓને શ્રીકૃષ્ણ પરણ્યા'' નામનો (ઉત્તરાર્ધનો નવમો અને ચાલુ) અઠ્ઠાવનમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં પંચાવનમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૫૯

## શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૫૬

# ભૌમાસુરને મારી સોળ હજાર કન્યાઓને ત્યાંથી લાવી ભગવાને એમની સાથે લગ્નકર્યાં

### ત્રીજા રાજસ પ્રકરણનું ચોથું ફલ પ્રકરણ અધ્યાય૩

**વિશેષ :** બધી રાજકન્યાઓનો ઉદ્ધાર પ્રથમ સંક્ષેપથી કહેવાયો. ઓગણસાઈઠમા અધ્યાયમાં તે વિસ્તારથી બીજી ભાષામાં કહેવાય છે. જેનેમાટે ભગવાન્‌નો અવતાર ભૂતળ ઉપર થયો છે. તેનું કારણ અત્યન્ત શોધવું પડે તેમ નથી તેથી ભૌમાસુરે રાજાઓને જીતીને એમની જે કન્યાઓને કેદ કરી હતી એ ભૌમને મારી એ કન્યાઓને દ્વારકા લાવી શ્રીકૃષ્ણે એમની સાથે લગ્ન કર્યાં એ વાત કહેવામાં આવી છે.

**યથા હતો ભગવતા ભૌમો યેન ચ તાઃ સ્ત્રિયઃ ।।**
**નિરુદ્ધા એતદાચક્ષ્વ વિક્રમં શાર્ઙ્ગધન્વનઃ ।।૧।।**

**રાજા પરીક્ષિતે પૂછ્યું :** જે ભૌમાસુરે સ્ત્રીઓને બન્દીગૃહમાં પૂરી રાખી હતી તેને ભગવાન્ શ્રીકૃષ્ણે શામાટે અને કેવી રીતે માર્યો? આમ કૃપા કરી શાર્ઙ્ગ ધનુષધારી ભગવાન્‌નું પરાક્રમ અમને કહો ।।૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભૌમાસુરે ઈન્દ્રનું છત્ર, *એની માતા અદિતિનાં કુંડળ અને મેરુ પર્વત ઉપર આવેલ દેવતાઓનું મણિપર્વત નામનું સ્થાન છીનવી લીધાં હતાં. તેથી ઈન્દ્રે દ્વારકામાં આવી ભગવાન્ શ્રીકૃષ્ણને એ પદાર્થો અપાવવાની વિનન્તિ કરી. એટલે ભગવાન્ શ્રીકૃષ્ણ સત્યભામાજી સાથે ગરુડજી ઉપર સવાર થયા અને ભૌમાસુરની (કામરૂપ-પશ્ચિમ આસામની) રાજધાની પ્રાગ્જ્યોતિષપુર પધાર્યા ।।૨।।

**વિશેષ :** પહેલાં નરકાસુરે દિગ્વિજય કર્યો ત્યારે એણે ઈન્દ્રને હરાવ્યો. પોતે એને જીત્યો છે એમ બતાવવામાટે ઈન્દ્ર પાસેથી એણે ત્રણ ચીજ લીધી. તેમાં પહેલું રાજાનું ચિહ્ન છત્ર લીધું એટલે ઈન્દ્રપણું લઈ લીધું. ઈન્દ્ર અદિતિ અને કશ્યપ નો પુત્ર છે તે તો કોઈ રીતે મટી શકે એમ નથી પણ કશ્યપથી ભગવાન્ મોટા છે એમ બતાવવામાટે અદિતિ એની ઉત્પત્તિરૂપ છે તેના રૂપવિશેષના ખ્યાપક બે કુંડલ છે તે લઈને પોતાની માતા ભૂમિને આપ્યાં. વળી ત્રણ લોકનો રાજા ઈન્દ્ર ગણાય એ દૂર થવું જોઈએ એમાં એ જ્યાં રહે છે તેનો કબજો તો એની પાસે રહેવો

જોઈએ. કેમકે એ સાધારણ વાત છે તેથી પૃથ્વીનો એ રાજા નથી એમ કહેવરાવવામાટે મેરુ પર્વતમાં અમરાદ્રિસ્થાન ઈન્દ્રનું કહેવાય છે તે ભૌમે પડાવી લીધું. પાતાળનું આધિપત્ય તો ભૌમના કબજામાં છે એનું રાજ્ય તો એની પાસેથી ક્યારનું ગયું છે. સ્વર્ગ પણ લઈ લેવાનો ભૌમનો વિચાર છે. ભગવદ્ અવતારમાં પણ જેટલું કામ કરવા ભગવાન્ પધારે છે તેટલું જ કરે છે, વિશેષ કરતા નથી. વામનજી ભગવાન્ છે, ઈન્દ્રના પક્ષમાં છે પણ એ ભૌમાસુર પોતાનો પુત્ર થાય તેથી એને મારે નહિ, ભાઈ કરતાં લોકમાં પુત્ર વહાલો હોય છે. અદિતિ અને ભૂમિ બન્ને ભક્તો છે. પોતાના કરતાં માતાને પુત્રમાં પ્રીતિ વધારે હોય છે તેથી પુત્ર કુંડળ આપે તો માતા એનો નિષેધ ન કરે. વિશેષાવતારમાં બધા અવતારોનું તેજ એમાં આવી જાય છે. તેથી વામન તો ઈન્દ્રની ઉપર અત્યારે ઉદાસીન છે તેમ એ ભૌમની સાથે લડવાને પણ રાજી નથી. તેથી ઈન્દ્રે શ્રીકૃષ્ણ પાસે આવી વિનન્તિ કરી કે ભૌમાસુર મારું છત્ર અને મારી માતાનાં કુંડળ ઉઠાવી ગયો છે. એ પૃથ્વીનો પુત્ર છે; એને બીજો મારી પણ ન શકે. પ્રથમ ભગવાન્ ચાર મૂર્તિરૂપ હતા. તેમાં એક મૂર્તિ તપ કરે છે, બીજી લોક રક્ષા કરે છે, ત્રીજી ભોગવે છે, ચોથી મૂર્તિ નિદ્રા કરે છે. એ રહેંટના ઘડાઓની જેમ આવે છે, કામ કરીને ચાલતી થાય છે. એમાં જે તપ કરતી હોય તે રક્ષા કરે છે, રક્ષા કરતી હોય તે ભોગ કરે છે, ભોગ કરતી હોય તે નિદ્રા કરે છે, નિદ્રા કરતી હોય તે તપ કરે છે. ક્રિયાનો કાળ હજાર વર્ષનો ગણાય છે. એક દિવસ પૃથ્વી તપ કરતી હતી ત્યારે ભગવાન્ એની ઉપર પ્રસન્ન થયા. એમણે પૃથ્વીને કહ્યુંઃવર માંગ. એ વખતે સન્ધ્યા હતી. તેમાં એણે પુત્રની માગણી કરી તેથી નરકાસુર પુત્ર થયો. પણ સન્ધ્યા નિષેધ કાળ હોવાથી તે અસુર થયો. ત્યારે પૃથ્વીએ ભગવાન્‌ને પ્રાર્થના કરી કે એ અસુર છે પણ બીજા અસુરને આપ મારો છો તેમ આને આપે મારવો નહિ. ભગવાને જવાબ આપ્યોઃતમારી સમ્મતિ સિવાય હું મારીશ નહિ. પોતાનું નારાયણાસ્ત્ર એને આપ્યું અને કહ્યું કે આ અસ્ત્ર એ ધારણ કરશે ત્યાં સુધી મરશે નહિ. એ તો અસુર હતો તેથી એ મહાદેવજીનો ભક્ત થયો. મહાદેવજી તરફથી એને ત્રિશૂળ મળ્યું તે નારાયણાસ્ત્ર બરોબરનું છે. પોતે શિવભક્ત હોવાથી ત્રિશૂળ પોતે રાખ્યું અને નારાયણાસ્ત્ર પોતાના પુત્ર ભગદત્તને આપ્યું; તેથી એક રક્ષણ તો તેણે જ દૂર કર્યું. હવે માત્ર ભૂમિની સમ્મતિ હોય તો ભગવાન્ એને મારે. તેથી અહીંથી ચાલ્યા ત્યારે સત્યભામાજીને સાથે લઈને ચાલ્યા છે. તે **''સભાર્યો ગરુડારૂઢો''** ઈત્યાદિથી કહ્યું છે. એ સત્યભામાજી પૃથ્વીનો અવતાર છે એટલે એમની સમ્મતિથી ભૌમાસુરનો વધ કરશે. અને એણે જીતેલા રાજાઓની સોળહજાર કન્યાઓ એકત્ર કરી તે હજુ કન્યા અવસ્થામાં છે તે ભગવાન્‌નાં દર્શન કરી એમને પતિ તરીકે સ્વીકારશે ત્યારે ભગવાન્ એમને પરણશે.

પ્રાગ્જ્યોતિષપુરમાં દાખલ થવું બહુ મુશ્કેલ હતું. પહેલાં તો તેની ચારે તરફ પહાડોની કિલ્લેબન્ધી હતી; ત્યારપછી શસ્ત્ર દુર્ગ હતો. પછી પાણીથી ભરેલી ખાઈ હતી. ત્યાર પછી અગ્નિ અથવા વીજળીની કિલ્લેબન્ધી હતી. તેની અન્દર વાયુ (ગેસ) બન્ધ કરી રાખવામાં આવ્યો હતો. તેની પણ અન્દરના ભાગમાં મુર દૈત્યે નગરની ચારે બાજુ પોતાની દસ હજાર ભયંકર અને સુદઢ જાળ પાથરી દીધી હતી ।।૩।।

ગદાવડે ભગવાને પર્વતોને ભેદી નાખ્યા, બાણોવડે શસ્ત્રદુર્ગને છિન્ન-ભિન્ન કરી નાખ્યો, ચક્રવડે અગ્નિદુર્ગને, જળદુર્ગને અને વાયુદુર્ગને ભેદ્યા અને તલવારવડે મુરપાશને તોડી નાખ્યા ।।૪।।

ગદાધર ભગવાને શંખનાદ કરીને પથ્થર ફેંકવાના યન્ત્રોનો અને વીર પુરુષોની હિમ્મતનો નાશ કર્યો તથા તેનો કિલ્લો જમીનદોસ્ત કરી દીધો ।।૫।।

પ્રલય વખતે વીજળીના કડાકા સાથે વજ્રપડે અને અવાજ થાય તેના કરતાં પણ વધારે ભયંકર પાંચજન્ય શંનો નાદ સાંભળી (અવિદ્યાના પાંચ પર્વરૂપ) પાંચ માથાંવાળો 'મુર'નામનો દૈત્ય સૂતો હતો તે બેઠો થઈ ગયો ।।૬।।

તે દૈત્ય પ્રલય વખતના સૂર્ય અને અગ્નિ જેવો પ્રચંડ તેજસ્વી હતો. તે એટલો ભયંકર હતો કે તેની સામે જોવાની પણ કોઈ હિમ્મત કરતું નહોતું. તેણે ત્રિશૂળ ઉઠાવ્યું અને જેમ (ભક્ષક) ગરુડજી (ભક્ષ્ય) સાપ ઉપર તૂટી પડે તેમ ભગવાન્ ઉપર ધસી આવ્યો. એ દશ્ય એવું લાગતું હતું કે જાણે તે પોતાના પાંચેય મુખેથી ત્રિલોકીને ગળી જશે ।।૭।।

તેણે પોતાના ત્રિશૂળને જોરથી ઘુમાવી ગરુડજી (તે ભગવાન્‌ને જોઈ શક્યો નહિ કારણ કે ભગવાન્‌ને અવિદ્યા જોઈ શક્તી નથી તેથી તેણે ગરુડજી ઉપર ત્રિશૂળ ચલાવ્યું.) ઉપર ઝીંક્યું અને પછી પાંચેય મોઢેથી ઘોર સિંહનાદ કરવા લાગ્યો. તેની સિંહ ગર્જનાનો ભયંકર અવાજ પૃથ્વી, આકાશ, પાતાલ અને દસે દિશાઓમાં ફેલાઈ જઈ આખા બ્રહ્માંડમાં છવાઈ ગયો ।।૮।।

ભગવાન્ શ્રીકૃષ્ણે જોયું કે મુર દૈત્યનું ત્રિશૂળ ગરુડજીની તરફ ભારે વેગથી આવી રહ્યું છે. એટલે પોતાનું હસ્ત કૌશલ દેખાડી ફૂર્તિથી આપે બે બાણ માર્યાં જેનાથી તે ત્રિશૂળના ત્રણ ટુકડા થયા. (તેને લોકોને ડરાવનારી ગર્જના કરતો બન્ધ કરી દેવા) મુર દૈત્યના મોઢામાં પણ બાણ માર્યા. એથી તે દૈત્ય અત્યન્ત ગુસ્સે થઈ ગયો અને

તેણે ભગવાન્ ઉપર પોતાની ગદા ચલાવી ।।૯।।

પરન્તુ ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાની ગદાના પ્રહારથી મુર દૈત્યની ગદાના તે પોતાની પાસે પહોંચે તે પહેલાં જ ચૂરેચૂરા કરી નાખ્યા. હવે તે શસ્ત્રહીન થઈ જવાથી પોતાની ભુજાઓ ફેલાવી શ્રીકૃષ્ણ તરફ ધસ્યો અને આપે રમત માત્રમાં જ ચક્રથી તેનાં પાંચેય માથાં છેદી નાખ્યાં ।।૧૦।।

મસ્તક કપાતાં જ મુર દૈત્યના પ્રાણ ચાલ્યા ગયા અને ઇન્દ્ર વજ્રથી પર્વતનું શિખર કપાઈ જતાં એમ તે સમુદ્રમાં જઈ પડ્યું હોય તેમ તે જલમાં જઈ પડ્યો. મુર દૈત્યના સાત પુત્રો હતાઃ તામ્ર, અન્તરિક્ષ, શ્રવણ, વિભાવસુ, વસુ, નભસ્વાન અને સાતમો અરુણ. તેઓ પોતાના પિતાના મૃત્યુથી અત્યન્ત શોકાકુલ થઈ ગયા અને બદલો લેવાનેમાટે ક્રોધાયમાન થઈ (**અસ્ત્ર** : હાથથી ફેંકી શકાય તે. દા.ત. બાણ, ભાલું, શક્તિ, ત્રિશૂળ. **શસ્ત્ર** : હાથમાં રાખીને લડવાનું હથિયાર. દા.ત. ગદા, ખડ્ગ.) શસ્ત્ર-અસ્ત્રથી સુસજ્જિત થઈ પીઠ નામના દૈત્યને પોતાના સેનાપતિ બનાવી ભૌમાસુરની આજ્ઞાથી શ્રીકૃષ્ણ ઉપર ચઢી આવ્યા ।।૧૧-૧૨।।

તેઓએ ત્યાં આવી ભારે ક્રોધથી ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર બાણ, તલવાર, ગદા, શક્તિ, અર્ષ્ટિ અને ત્રિશૂળ-છ પ્રકારનાં શસ્ત્રોની, ભગવાન્ અજિત છે એમ જાણવા છતાં, વર્ષા કરવા લાગ્યા. ભગવાન્‌ની શક્તિ તો અમોઘ છે. આપે પોતાનાં બાણોથી તેમનાં લાખ-લાખ શસ્ત્રોના તલ-તલ જેવડા ટુકડા કરીનાખ્યા ।।૧૩।।

ભગવાન્‌ના શસ્ત્રપ્રહારથી સેનાપતિ પીઠ અને તેના સાથી દૈત્યોનાં માથાં, જાંઘ, ભુજા, પગ અને કવચ કપાઈ ગયાં અને એ બધાને ભગવાને યમદ્વારમાં પહોંચાડી દીધા જ્યારે પૃથ્વીના પુત્ર નરકાસુરે (ભૌમાસુરે) જોયું કે ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચક્ર અને બાણો થી પોતાની સેના અને સેનાપતિઓનો સંહાર થઈ ગયો ત્યારે તે કોઈથી સહન ન થાય તેવો ક્રોધ કરીને (ઐરાવતની જેમ) સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલ મદઝરતાં મદમસ્ત હાથીઓની સેના લઈ નગરમાંથી બહાર નીકળ્યો. તેણે જોયું કે ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાની પત્નીની સાથે આકાશમાં ગરુડજી ઉપર જેવી રીતે સૂર્યની ઉપર વીજળી સાથે વર્ષાકાલના શ્યામ મેઘ શોભાયમાન હોય તેમ શોભી રહ્યા છે. ભૌમાસુર પોતે ભગવાન્ ઉપર 'શતઘ્ની'નામની શક્તિ ચલાવી અને તેના બધા સૈનિકોએ પણ એકી સાથે પોત-પોતાનાં અસ્ત્ર-શસ્ત્રો છોડ્યાં ।।૧૪-૧૫।।

હવે ભગવાન્ શ્રીકૃષ્ણ પણ ચિત્ર-વિચિત્ર પાંખવાળાં તીક્ષ્ણ બાણ છોડવા લાગ્યા. આથી તે જ સમયે ભૌમાસુરના સૈનિકોની ભુજા, જાંઘ, મસ્તક અને પગ કપાઈ-કપાઈને પડવા લાગ્યાં અને ઘોડા તથા હાથીઓ પણ મરવા લાગ્યા ।।૧૬।।

હે પરીક્ષિત! ભૌમાસુરના સૈનિકોએ ભગવાન્ ઉપર જે-જે અસ્ત્ર-શસ્ત્ર ચલાવ્યાં તેમાનાં પ્રત્યેકને ભગવાને ત્રણ-ત્રણ તીક્ષ્ણ બાણોથી કાપી નાખ્યાં ।।૧૭।।

તે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણ ગરુડજી ઉપર બિરાજતા હતા અને ગરુડજી પોતાની પાંખોથી હાથીઓને મારી રહ્યા હતા. તેમની ચાંચ, પાંખ અને પંજાના મારથી હાથીઓને ભારે પીડા થઈ અને તે બધા દુઃખી થવાથી યુદ્ધભૂમિ ઉપરથી ભાગી જઈ નગરમાં ઘૂસી ગયા. હવે ત્યાં એકલો ભૌમાસુર જ લડતો રહ્યો. જ્યારે તેણે જોયું કે ગરુડજીના મારથી ત્રાસી જઈ મારી સેના ભાગી રહી છે ત્યારે તેણે પોતાની શક્તિ તે ગરુડજી ઉપર ચલાવી કે જેમણે વજ્રને પણ વિફલ બનાવી દીધું હતું* ।।૧૮-૧૯।।

**વિશેષ :** કશ્યપ ઋષિની બે પત્નીઓ કદ્રુ અને વિનતા એ એક વખત સૂર્યના ઘોડાઓની પૂંછના રંગની બાબતમાં શરત લગાવી. જે હારે તે જીતનારને ત્યાં એક હજાર વર્ષ સુધી દાસી થઈને રહે. વિનતાએ કહ્યું હતું કે પૂંછનો રંગ સફેદ છે, કદ્રુએ કહ્યું કે કાળો. હકીકતમાં સફેદ રંગ હતો પણ કદ્રુએ પોતાના પુત્રો સર્પોને કહ્યું કે તમે જાઓ અને સૂર્યના ઘોડાઓના પૂંછને વીંટાઈ જાઓ એટલે રંઘ કાળો લાગે. આમ વિનતા હારી ગઈ તેથી કદ્રુની દાસી થઈ રહી હતી. વિનતાએ મૂકેલું ઈંડું પાક્યું અને ગરુડજીનો જન્મ થયો ત્યારે તેમની માતા તો દાસી થઈ ચૂકી હતી. ગરુડજી આગળ કદ્રુએ શરત મૂકી. મને ઈન્દ્ર પાસેથી મારા પુત્રોમાટે અમૃત લાવી આપો તો તમારી માતાને છોડી મૂકું. ગરુડજી અમૃત લેવા ઈન્દ્ર પાસે ગયા. ઈન્દ્ર અને ગરુડજી વચ્ચે અમૃતમાટે યુદ્ધ થયું ત્યારે ઈન્દ્રે ગરુડજી ઉપર વજ્રચલાવ્યું પણ વજ્રની ચોટની પણ ગરુડજી ઉપર કંઈ જ અસર ન થઈ તેનો અહીં ઉલ્લેખછે.

પણ તેની ચોટથી હાથી ઉપર ફૂલની માળા ફેંકવામાં આવે અને જેવી અસર થાય તેવી અસર થઈ. (હાથીને જ્યારે અંકુશ મારવામાં આવે ત્યારે હાથી માત્ર જાગૃત થાય છે અને કાર્યક્ષમ થાય છે તેમ ગરુડજીને શૌર્યનો જુસ્સો ચડ્યો) ગરુડજી ઉપર તેનું કંઈ પરાક્રમ ન ચાલવાથી મહાદેવજી પાસેથી પ્રાપ્ત થયેલું અમોઘ ત્રિશૂળ ભગવાન્‌ને મારી નાખવા ઉપાડ્યું ।।૨૦।।

(મહાદેવજીએ આપેલ ત્રિશૂળનું માન જાળવવામાટે) ત્રિશૂળ તેના હાથમાંથી

છૂટે તે પહેલાં જ શ્રીકૃષ્ણે અસ્ત્રાના જેવી તીક્ષ્ણ ધારવાળા ચક્રથી હાથી ઉપર બેઠેલા ભૌમાસુરનું માથું કાપી નાખ્યું. (દિવ્ય અસ્ત્રનો પ્રયોગ કરતાં પહેલાં આચમન વગેરે કરવામાં આવે તો જ દેવનું સાન્નિધ્ય થાય. ભૌમ હાથી ઉપર બેઠેલો હોવાથી આચમન વગેરે કર્યું નથી) ।।૨૧।।

કુંડલ અને સુન્દર કિરીટ ધારણ કરેલું તેનું ઝગમગતું મસ્તક પૃથ્વી ઉપર પડ્યું. તે જોઈ અસુરોએ હાહાકાર કર્યો. ઋષિઓ, ''સારું થયું, સારુ થયું'' એમ કહી અને દેવતાઓ પુષ્પોની વૃષ્ટિ કરી ભગવાન્‌ની સ્તુતિ કરવા લાગ્યા ।।૨૨।।

ભૌમાસુર મર્યો ત્યારે પૃથ્વી ભગવાન્‌ની પાસે આવી[1] અને તપેલ સોના જેવાં અને રત્નના પ્રકાશવાળાં કુંડલો, છત્ર અને કૌસ્તુભમણિ એ ત્રણ વસ્તુ વૈજયન્તી[2] માળાની સાથે ભગવાન્‌ને એણે ભેટ કરી ।।૨૩।।

**વિશેષ** : ૧. પૃથ્વી ભગવાન્‌ની સ્ત્રી છે તેનો પુત્ર એને ભગવાને આપ્યો તેથી એને ભગવાન્ ઉપર રોષ થયો નહિ. ભૌમાસુરની માતા ભૂમિની અભિમાનિની દેવતા છે પણ **''શ્રિયા પુષ્ટ્યા ગિરા કાન્ત્યા''** ઈત્યાદિમાં જે ઈલાને બાર શક્તિમાં ગણાવી છે તે આધિદૈવિક પૃથ્વી છે. તે તો **સત્યભામા** છે તેથી એને સાથે લાવ્યા છે. એમાં પાંચ પ્રયોજન છે. ભગવાને સૃષ્ટિને માટે વીર્યવિભાગ કર્યો તેમાં યોનિરૂપતા બલદેવજીમાં મૂકી હતી તે શક્તિ અત્યારે સત્યભામારૂપ છે. એ સાથે આવ્યાં એટલે ભગવાન્ પૂર્ણ શક્તિયુક્ત થયા. એ એક પ્રયોજન. એનું માહાત્મ્ય દેખાડવાનું છે એ બીજું પ્રયોજન. ભૌમને મારવામાં એની સમ્મતિની જરૂર છે એ ત્રીજું પ્રયોજન. સાપત્ન્ય સહન કરાવવું છે, નહિ તો એ બીજી સ્ત્રીનું સ્વાતન્ત્ર્ય સહન ન કરી શકે એ ચોથું પ્રયોજન. પારિજાતનું હરણ કરવું એ પાંચમુ પ્રયોજન છે.

૨. વૈજયન્તી માળા ભગવાને પૃથ્વીને આપી હતી તે તેણે પાછી આપી છે. વરુણે બનાવેલું તે સમુદ્ર પાસેથી ઈન્દ્રને પ્રાપ્ત થયેલ, છત્ર એણે લીધું હતું તે પાછું આપ્યું છે. કુંડલ ભૂમિમાંથી પ્રાપ્ત થયેલ, છત્ર સ્વર્ગમાં હતું અને મણિ પાતાળથી આવેલો તે ત્રણે લોકના ઉત્કૃષ્ટ પદાર્થ ભગવાન્‌ને આપ્યા તેથી ઈશ્વરનાં ખાલી હાથે દર્શન ન કરવાં (**''રિક્તપાણિર્ન પશ્યેત્તુ રાજાનં દૈવતં ગુરુમ્''**) એ વાક્યને ભૂમિએ સફળકર્યું.

હે રાજન્! દેવશ્રેષ્ઠ બ્રહ્માદિએ જેમનું પૂજન કર્યું છે તેવા વિશ્વેશ્વરને ભક્તિમાં તત્પર એવી બુદ્ધિવડે હાથ જોડી પ્રણામ કરી પૃથ્વી સ્તુતિ કરવા લાગી ।।૨૪।।

**ભૂમિ બોલી** : હે દેવના દેવ! હે ઈશ! હે શંખ-ચક્ર-ગદાને ધારણ કરનાર! ભક્તની ઈચ્છાને અનુકૂલ રૂપ ધરનાર પરમાત્મન્! આપને મારા નમસ્કાર હો

।।૨૫।।

નાભિમાં કમળવાળાં! કમળની માલાને ધારણ કરનાર! કમળ સરખાં નેત્રોવાળા! અને કમળ સરખાં ચરણવાળા! આપને મારા નમસ્કાર હો ।।૨૬।।

છ ઐશ્વર્યવાળા, શુદ્ધ સત્વમાં પ્રકટ થનાર, સર્વમાં આત્મરૂપે સ્થિતિ કરનાર, પુરુષરૂપ, જગતના બીજરૂપ, પૂર્ણજ્ઞાનરૂપ, આપને હું પ્રણમું છું ।।૨૭।।

આપ અજ છો છતાં આ જગતના ઉત્પાદક છો. બ્રહ્મરૂપ અનન્ત શક્તિવાળા, કાર્ય કારણમાં વ્યાપ્ત થઈને રહેલ હે પરમાત્મન્! આપને મારાં નમન હો ।।૨૮।।

હે પ્રભો! આ જગતને ઉત્પન્ન કરવાની ઇચ્છા કરો છો ત્યારે આપ ઉત્કટ રજોગુણને અને લીન કરવા ધારો છો ત્યારે ઉત્કટ તમોગુણને ધારણ કરો છો. છતાં એનાથી આપ ઢંકાતા નથી. આ જગતનું પાલન કરવા હે જગત્પતે! આપ ઉત્કટ સત્વગુણને ગ્રહણ કરો છો. કાળ પ્રકૃતિ અને પુરુષ પણ આપ છો છતાં એ ત્રણેયથી પર છો ।।૨૯।।

હે ભગવન્! હું (પૃથ્વી), જલ, અગ્નિ, વાયુ, આકાશ, પંચતન્માત્રા, મન, ઇન્દ્રિયો અને તેમના અધિષ્ઠાતા દેવતાઓ, અહંકાર અને મહત્તત્વ-ક્યાં સુધી કહું, આ સમ્પૂર્ણ ચરાચર જગત્ આપના અદ્વિતીય સ્વરૂપમાં ભ્રમને લીધે જ જુદું પ્રતીત થઈ રહ્યું છે ।।૩૦।।

હે શરણાગત ભયભંજન પ્રભો! મારા પુત્ર ભૌમાસુરનો આ પુત્ર ભગદત્ત અત્યન્ત ભયભીત થઈ રહ્યો છે. હું તેને આપના ચરણકમલોના શરણમાં લઈ આવી છું. હે પ્રભો! આપ એની રક્ષા કરો અને આપ એના મસ્તક ઉપર જગતના સમસ્ત પાપ-તાપોને નષ્ટ કરી દેનાર, કરકમલ સ્થાપો જેથી એ પણ આસુર ભાવથી મુક્ત થાય ।।૩૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! ભક્તિભાવથી વિનમ્ર પૃથ્વીએ આ પ્રમાણે વાણીથી ભગવાન્‌ની સેવા (સ્તુતિ) કરી ત્યારે ભગવાને ભગદત્તને અભયદાન આપ્યું અને ભૌમાસુરના સમસ્ત સમ્પત્તિથી સમ્પન્ન મહેલમાં પ્રવેશ કર્યો ।।૩૨।।

ત્યાં જઈ ભગવાને જોયું કે ભૌમાસુરે બલપૂર્વક રાજાઓ પાસેથી સોળહજાર રાજકુમારીઓ હરણ કરી નાખી હતી* ।।૩૩।।

**વિશેષ :** આ સોળહજારની સંખ્યા પૂરી થઈ કે તરત જ ભગવાન્ અહીં પધાર્યા છે. કલા સોળ છે. એક-એક કલાની એક-એક અધિષ્ઠાત્રી દેવતા ભૂમિ ઉપર પ્રતિષ્ઠિત થયેલી છે. તેથી

ભૂમિ જ ભૂમિનો પુત્ર ભૌમાસુર હરી લાવ્યો છે. **'ષટ્સહસ્રાધિકાયુતમ્'** ''દશ હજારથી છ હજાર અધિક'' એમ બતાવે છે કે તેઓ દ્વિસ્વભાવ છે. તેમાં છ હજાર ઉત્તમ છે. તેઓ અપ્સરાઓ છે. દેવતા હોવાથી રાજકન્યાઓ રૂપે ક્રીડાર્થ જન્મી છે. તેઓએ અષ્ટાવક્ર ઋષિની પહેલાં સ્તુતિ કરી હતી અને પછી મશ્કરી કરી એમ જણાવવા દ્વિસ્વભાવત્વ કહ્યું છે. તેથી જ શરૂઆતમાં અહીં અને અન્તમાં મુશળથી શાપ થયો ત્યારે ઋષિના કોપથી દુઃખ ભોગવવું પડ્યું છે.

જ્યારે તે રાજકુમારીઓએ અન્તઃપુરમાં પધારેલા નરશ્રેષ્ઠ ભગવાન્ શ્રીકૃષ્ણને જોયા ત્યારે તેઓ મોહિત થઈ ગઈ અને દૈવ જ મેળવી આપેલ ભગવાન્નું પોતાના પરમ પ્રિયતમ પતિના રૂપમાં મનમાં ને મનમાં વરણ કરી લીધું ।।૩૪।।

તે રાજકુમારીઓએ પ્રત્યેકે અલગ-અલગ પોતાના મનમાં એજ નિશ્ચય કર્યો કે ''આ શ્રીકૃષ્ણજ મારા પતિ થાઓ. વિધાતા મારી આ અભિલાષાને પૂર્ણ કરો''આ પ્રમાણે તેઓએ પ્રેમભાવથી પોતાનું હૃદય ભગવાન્ઉપર ન્યોછાવર કરી દીધું ।।૩૫।।

ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે તે રાજકુમારીઓને સુન્દર-સુન્દર નિર્મલ વસ્ત્રાભૂષણો પહેરાવી પાલખીઓદ્વારા દ્વારવતી મોકલી દીધી અને તેમની સાથે જ રત્નાદિ સાથે મોટો ખજાનો, ઘણા રથ, ઘોડા અને વિત્ત પણ મોકલી દીધાં (દ્વારવતી-દ્વારકા એ ભગવાન્નાં સ્થાનમાં જવામાટેનું દ્વાર છે, **મહત્**-મહાન. અલ્પ પાત્ર પાસે 'મહત્' વસ્તુ રાખવામાં આવે તો ''અલ્પનું અનિષ્ટ થાય'') ।।૩૬।।

અત્યન્ત વેગવાન્ ચાર દાંતવાળા ઐરાવતના કુલમાં ઉત્પન્ન થયેલા સફેદ ચોસઠ હાથીઓને પણ કેશવ ભગવાને દ્વારકા રવાના કર્યાં ।।૩૭।।

ત્યાંથી ભગવાને સ્વર્ગમાં પધારીને અદિતિને (અદિતિનું ભોગરૂપ સ્વર્ગમાં છે અને ક્રિયારૂપ અંશથી તે દેવકીજીરૂપે પ્રકટ્યાં છે.) એનાં કુંડળ આપ્યાં. ત્યાં ઈન્દ્ર-ઈન્દ્રાણીએ પ્રિયા સહિત પધારેલા શ્રીકૃષ્ણનું પૂજન કર્યું ।।૩૮।।

ત્યાંથી પાછા ફરતી વખતે સત્યભામાજીની પ્રેરણાથી ભગવાન્ શ્રીકૃષ્ણે પારિજાતને ઉખેડી લઈ ગરુડજી ઉપર રાખી દીધું અને દેવરાજ ઈન્દ્ર તથા બધાય દેવતાઓને જીતી લઈ તેને દ્વારકામાં લઈ આવ્યા* ।।૩૯।।

**વિશેષ** : વાત-ચીત દરમ્યાન સત્યભામાજીએ ઈન્દ્રાણી પાસે પારિજાતના પુષ્પની આકાંક્ષા વ્યક્ત કરી. ઈન્દ્રાણીએ કહ્યું કે એ તો દેવોને માટે જ છે, આપ તો મનુષ્ય છો અને તેથી તે

ન આપી શકાય. બહિર્મુખ શચી (ઇન્દ્રાણી) નાં વચન સહન ન થઈ શકવાથી તેમણે પારિજાતને માટે ભગવાન્‌ને પ્રાર્થના કરી.

ભગવાને તે વૃક્ષને સત્યભામાજીના મહેલ અને બગીચા બેઉની શોભા વધે એવીરીતે બન્નેની વચમાં રોપી દીધું. પારિજાત વૃક્ષની સાથે તેની ગન્ધ અને મકરન્દ માં લમ્પટ બનેલા ભ્રમરો (**ભ્રમર** : ભ્રમ અને મર(ણ) યુક્ત હોય તે 'ભ્રમર'. સ્વર્ગમાં આમાંથી એકેય નહોતું છતાં તે છોડી અહીં આવ્યા.) સ્વર્ગથી દ્વારકા આવતા રહ્યા હતા ।।૪૦।।

હે પરીક્ષિત! જ્યારે ઇન્દ્રને પોતાનું કામ કરાવવું હતું ત્યારે તો તેણે પોતાના કિરીટવડે ભગવાન્‌નાં ચરણનો સ્પર્શ કરી આપની પાસે સહાયતાની ભિક્ષા માગી હતી. પરન્તુ જ્યારે કામ પૂરું થઈ ગયું ત્યારે તે ભગવાન્ શ્રીકૃષ્ણ સામે લડાઈ કરતાં અચકાયો નહિ. ખરેખર આ દેવતાઓ પણ અજ્ઞાની છે અને સૌથી મોટો દોષ તો તેમનામા સમ્પત્તિનો છે તેથી એને જ ધિક્કાર છે ।।૪૧।।

ત્યારબાદ ભગવાન્ શ્રીકૃષ્ણે એક જ મુહૂર્તમાં અલગ-અલગ ભવનોમાં અલગ-અલગ રૂપ ધારણ કરીને એકી સાથે બધી રાજકુમારીઓનું શાસ્ત્રોક્ત વિધિથી પાણિગ્રહણ કર્યું. સર્વ શક્તિમાન ભગવાન્‌ને માટે આમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી ।।૪૨।।

હે પરીક્ષિત! ભગવાન્‌ની પત્નીઓના અલગ-અલગ મહેલોમાં એવી દિવ્ય સામગ્રી ભરી હતી જેની બરાબરી કરનાર સ્વર્ગમાં પણ ક્યાંય કોઈ પણ સામગ્રી નથી, પછી અધિકની તો વાત જ શી? તે મહેલોમાં સ્થિર બિરાજી મતિ-ગતિથી પર લીલા કરનારા અવિનાશી ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના આત્માનન્દમાં મગ્ન રહીને લક્ષ્મીજીનાં અંશરૂપ તે પત્નીઓની સાથે બરાબર એવી રીતે વિહાર કરતા હતા જેવી રીતે કોઈ સાધારણ મનુષ્ય ઘર-ગૃહસ્થીમાં રહી શ્રૌત અને સ્માર્ત ધર્મોનું આચરણ કરતો હોય ।।૪૩।।

હે પરીક્ષિત! બ્રહ્માજી વગેરે મોટા દેવતાઓ પણ ભગવાન્‌ના વાસ્તવિક સ્વરૂપ અને આપની પ્રાપ્તિના માર્ગને જાણતા નથી. તે જ રમારમણ ભગવાન્ શ્રીકૃષ્ણને આ સ્ત્રીઓએ પતિરૂપે પ્રાપ્ત કર્યા હતા. તેથી હવે નિત્ય-નિરન્તર એમના પ્રેમ અને આનન્દ ની અભિવૃદ્ધિ થતી રહેતી હતી અને તેઓ પ્રેમપૂર્ણ હાસ્ય, મધુર દૃષ્ટિ, નિત્ય નૂતન સમાગમ, પ્રેમાલાપ તથા ભાવ વધારનારી લજ્જા સહિત સર્વ

રીતે ભગવાન્‌ની આનન્દપૂર્વક સેવા કરતાં રહેતાં હતાં ।।૪૪।।

**પ્રત્યુદ્ગમાસનવરાર્હણપાદશૌચતામ્બૂલવિશ્રમણવીજનગન્ધમાલ્યૈઃ ।।**
**કેશપ્રસારશયનસ્નપનોપહાર્યૈર્દાસીશતાઅપિ વિભોર્વિદધુઃ સ્મ દાસ્યમ્ ।।૪૫।।**

તેમાંથી બધી પત્નીઓ પાસે સેવા કરવાને માટે સેંકડો દાસીઓ હતી છતાં જ્યારે ભગવાન્ એમના મહેલમાં પધારતા ત્યારે સ્વયં સામે જઈ આદરપૂર્વક લઈ જતાં, શ્રેષ્ઠ આસન ઉપર બેસાડતાં, પછી ભગવાન્ જે આજ્ઞા કરે તે પ્રમાણે કરતાં, ચરણકમલ ધોતાં, પાન સિદ્ધ કરી આરોગાવતાં, ચરણ દબાવી શ્રમ દૂર કરતાં, પંખો કરતાં, અત્તર, ફૂલેલ, ચન્દન વગેરે લગાવતાં, ફૂલોના હાર પહેરાવતાં, કેશ સંવારતા, શયન કરાવતા, (કામ તૃપ્ત થતાં) સ્નાન કરાવતાં અને ત્યાર પછી ભોજન કરાવી પોતાને હાથે જ ભગવાન્‌ની બધી સેવા કરતા* ।।૪૫।।

**વિશેષ** : મનની બાર વૃત્તિઓ છે તે પૂર્ણ કરવા બાર ઉપચાર કહ્યા છે. કામપૂર્તિ પછી ભોજનનો ક્રમ છે, નહિ તો બન્ને વિરસ થઈ જાય. ભગવાન્ વિભુ છે, સ્વતઃ સમર્થ છે, આપને સેવાની જરૂર નથી, પણ રાણીઓને કૃતાર્થ કરવા સેવા સ્વીકારે છે.

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ચોથા ફલ-પેટા પ્રકરણનો યશરૂપ ત્રીજો) ભૌમાસુરને મારી સોળહજાર કન્યાઓને ત્યાંથી લાવી ભગવાને એમની સાથે લગ્ન કર્યાં નામનો (ઉત્તરાર્ધનો દશમો અને ચાલુ) ઓગણસાઈઠમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪-બાદ કરતાં છપ્પનમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

પ્રાણ કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. (શ્રીવલ્લભાચાર્ય)

## અધ્યાય ૬૦

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૫૭

## રુક્મિણીજીની સાથે ભગવાને કરેલો પરિહાસ

### ત્રીજા રાજસ પ્રકરણનું ચોથું ફલ પ્રકરણ અધ્યાયજ

**વિશેષ** : તામસ પ્રકરણમાં ભગવાન્‌નો કાયિક તિરોભાવ કહ્યો છે તેમ આ સાઈઠમાં અધ્યાયમાં

રુક્મિણીજીમાં ભગવાન્નો વાચિક તિરોભાવ કહેવાય છે. એ ન કહે તો કેવળ લૌકિક સમ્બન્ધ ગણાય. સર્વથા જે સેવા કરે છે તેની ભગવાન્ પરીક્ષા પણ કરે છે. જેમ પ્રાણ હોય તો શરીર રહે, નહિ તો ન રહે તેમ સેવા હોય તો ભક્તનો દેહ રહે, સેવા છૂટતાં પ્રાણને બાધા થાય. એ ભક્તનું લક્ષણ અહીં રુક્મિણીજીમાં પ્રત્યક્ષ થાય છે. ભગવાને એમનું સાન્ત્વન શ્રીઅંગથી કર્યું. તેમ જો શરીરથી સમ્બન્ધ ન કરે તો એમના પ્રાણ ન રહે એ ભયથી એમ કર્યું છે. દોષ નથી એમ બતાવવાને વાક્ય કહ્યાં ત્યારે એનો લક્ષ્મીજીએ ઉત્તર આપ્યો. એનાથી તેમાં ઈર્ષ્યા, માત્સર્ય વગેરે નથી એમ સિદ્ધ થયું. એમનામાં દોષ ન હોવાનું તો ભગવાન્ના વાક્યનો વિરોધ ન કરવા એમણે વર્ણન કર્યુ તેથી પણ સ્પષ્ટ થાય છે. એમને કોઈ રીતે ભ્રમ નથી માટે એમણે ભગવાન્પણાથી ભગવાન્નાં વાક્યનો અર્થ કર્યો. પ્રમાણમાં શબ્દ અને અર્થ નો વિરોધ થાય જ, લક્ષણા તો મુખ્ય અર્થનો બાધ થાય તો જ થઈ શકે તેથી ભગવાન્નું વાક્ય દુર્જ્ઞેય છે. એ વાક્યને જે જાણે તેને મોહ થતો નથી.

આ પહેલાનાં અધ્યાયમાં મહિષીઓએ ભગવાન્ની પૂજા કરી એમ એના છેલ્લા શ્લોકમાં કહ્યું. એ સ્ત્રીઓ હૃદયના ભાવથી સ્વરૂપજ્ઞાનપૂર્વક સેવા કરે છે કે કામોપાધિક સેવા કરે છે એની પરીક્ષા કરવી જોઈએ તેથી મુખ્ય મહિષીના પ્રસંગમાં પરીક્ષણાર્થ ભગવાન્ વાક્ય કહે છે. પૂર્વે સેવાનાં દ્વાદશ અંગ બતાવ્યાં છે તેમાં પહેલા છ ઉપચાર પૂર્વાધ્યાયમાં કહેવાયા એટલે પછીના છ ઉપચારમાં પ્રથમ પંખો છે તે રુક્મિણીજી **"વ્યજનેન સખીજનૈઃ"** એમ મૂળમાં કહ્યા પ્રમાણે પંખો નાખવાનું કાર્ય કરે છે. તેમાં ભગવાન્ વાણીદ્વારા એમના હૃદયમાંથી તિરોહિત થતાં મહિષી મૂર્છિત થાય છે. એ એમના ભાવની પરીક્ષાને માટે ભગવાને કર્યું છે. પછી સાન્ત્વન કર્યું ત્યારે રુક્મિણીજી ભગવાન્નાં વાક્યોના ક્રમવડે ઉત્તર આપે છે.

**કર્હિચિત્ સુખમાસીનં સ્વતલ્પસ્થં જગદ્ગુરુમ્ ।।**
**પતિં પર્યચરદ્ ભૈષ્મી વ્યજનેન સખીજનૈઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું** : ભગવાન્ શ્રીકૃષ્ણ એક વખત રાજદરબારમાંથી ઉઠી ભીષ્મનન્દિની રુક્મિણીજીના મહેલમાં રાતે પધાર્યા. (સેવાના પ્રત્યુદ્ગમ વગેરે છ ઉપચાર પતી ગયા પછી) પોતાની સખીઓની સાથે રુક્મિણીજી કરિયાવરમાં મળેલ પલંગ ઉપર આરામથી બિરાજતા જગદ્ગુરુ શ્રીકૃષ્ણની પંખાની સેવા કરી રહ્યા હતા ।।૧।।

હે પરીક્ષિત! જે સર્વશક્તિમાન્ ભગવાન્ લીલાવડે જ આ જગતની રચના, રક્ષા અને પ્રલય કરે છે તે જ અજન્મા પ્રભુ પોતાની બનાવેલી ધર્મમર્યાદાઓની રક્ષા

કરવામાટે યદુવંશીઓમાં પ્રકટ થયાં છે ।।૨।।

રુક્મિણીજીનો મહેલ અત્યન્ત સુન્દર હતો. તેમાં એવાં-એવાં ચન્દરવા બાંધવામાં આવ્યા હતા જેમાં મોતીઓની ઝાલર લટકી રહી હતી. મણિમય દીપક ઝગમગી રહ્યા હતા ।।૩।।

મલ્લિકા અને ચમેલી નાં ફૂલ અને હાર મહેકી રહ્યા હતા. ફૂલો ઉપર ભમરાનાં ઝુંડના ઝુંડ ગુઞ્જારવ કરી રહ્યાં હતાં. સુન્દર ઝરૂખાની જાળીમાંથી ચન્દ્રમાનાં શુભ્ર (વિમલ) કિરણો મહેલની અન્દર પથરાઈ રહ્યાં હતાં ।।૪।।

ઉદ્યાનમાં પારિજાતના ઉપવનની સુગન્ધવાળો મન્દ શીતલ વાયુ વાઈ રહ્યો હતો. ઝરૂખાની જાળીઓમાંથી અગરના ધૂપનો ધુમાડો બહાર નીકળી રહ્યો હતો ।।૫।।

આવા મહેલમાં દૂધના ફીણ જેવા કોમળ અને ઉજ્જવલ બિછાનાવાળા સુન્દર પલંગ ઉપર ભગવાન્ શ્રીકૃષ્ણ આનન્દપૂર્વક બિરાજમાન હતા અને રુક્મિણીજી ત્રણ લોકના સ્વામીને પતિરૂપમાં પ્રાપ્ત કરી આપની સેવા કરી રહ્યાં હતાં ।।૬।।

રુક્મિણીજીએ રત્નોની દાંડીવાળો ચમ્મર સખીના હાથમાંથી લઈ લીધો અને લક્ષ્મીસ્વરૂપ રુક્મિણીજી પોતે પાસે જઈ ભગવાન્‌ને ચમ્મર ઢોળવા લાગ્યા ।।૭।।

તેમના કરકમલોમાં જડાઉ વીંટીઓ, કંકણ અને ચમ્મર શોભી રહ્યાં હતાં. ચરણોમાં મણિજટિત ઝાંઝર રૂમઝૂમ-રૂમઝૂમ કરી રહ્યાં હતાં. વસ્ત્રના છેડાથી આચ્છાદિત સ્તનોના કુંકુમને લીધે લાલ દેખાતા હારના પ્રકાશથી શોભતાં હતાં. કટિ ઉપર બહુમૂલ્ય કટિ મેખલા ધારણ કરી હતી. આ પ્રમાણે તેઓ ભગવાન્‌ની પાસે ઊભાં રહી આપની સેવામાં સંલગ્ન હતાં ।।૮।।

રુક્મિણીજીના વાંકડિયા કેશની લટો, કાનોના કુંડલ અને ગળાના હાર અત્યન્ત શોભતા હતા. તેમના મુખકમલનો મલકાટ અમૃતવર્ષા કરી રહ્યો હતો. એ રુક્મિણીજી અલૌકિક રૂપલાવણ્યાવતી લક્ષ્મીજી જ તો છે. તેમણે જ્યારે જોયું કે ભગવાને લીલામાટે મનુષ્યના જેવું શરીર ગ્રહણ કર્યું છે ત્યારે તેમણે તેને અનુરૂપ રૂપ પ્રકટ કરી દીધું. ભગવાન્ શ્રીકૃષ્ણ એ જોઈને અત્યન્ત પ્રસન્ન થયા કે રુક્મિણીજી મારે પરાયણ જ છે, મારી અનન્ય પ્રિયા છે, ત્યારે આપે પ્રેમપૂર્વક તેમને હસતાં-હસતાં કહ્યું ।।૯।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે રાજકુમારી! જેમની પાસે લોકપાલોના જેવું

ઐશ્વર્ય અને સમ્પત્તિ છે, જે મોટા મહાનુભાવ અને શ્રીમન્ત છે તથા સુન્દરતા, ઉદારતા અને બળમાં બહુ ચડિયાતા છે એવા મોટા-મોટા નરપતિઓ તમારી સાથે વિવાહ કરવા માગતા હતા ।।૧૦।।

તમારા પિતા તથા ભાઈ પણ તેમની સાથે જ તમારો વિવાહ કરવા માગતા હતા તે ત્યાં સુધી કે તેમણે વાગ્દાન પણ કરી દીધું હતું. શિશુપાલ વગેરે મોટા-મોટા વીરોને, જે કામોન્મત્ત થઈ તમારા જાચક બની રહ્યા હતા, તમે તેમને છોડીને મારા જેવી વ્યક્તિનો જે કોઈ રીતે તમારી સમાન નથી, પોતાના પતિ તરીકે સ્વીકાર કર્યો તમે આમ કેમ કર્યું? ।।૧૧।।

હે સુન્દરી! જરાસન્ધ વગેરે રાજાઓથી ડરી જઈને અમે સમુદ્રને શરણે આવીને વસ્યા છીએ. મોટા-મોટા બલવાનોની સાથે વેર બાંધ્યું છે અને રાજસિંહાસનના અધિકારથી પણ અમે પ્રાયઃ વંચિત જ છીએ* ।।૧૨।।

**વિશેષ** : શ્રીકૃષ્ણના પૂર્વજ યયાતિએ પોતાના પુત્ર યદુ પાસે યયાતિને બુઢાપો લઈ પોતાની જુવાની આપવા કહ્યું. ભક્તિ જુવાનીમાં જ થઈ શકે, ઘડપણમાં નહિ માટે યદુએ ના પાડી. યયાતિએ યદુ અને તેના વંશજોને રાજ્યાધિકારથી વંચિત કર્યા. (ભાગ. પુરા.૯।૧૮)

હે સુન્દરી! અમારી નીતિ-રીતિ માર્ગની લોકોને ખબર નથી. અમે લૌકિક વ્યવહારનું પણ મોટે ભાગે પાલન નથી કરતા. લોકમાં રહેવા છતાં, લોકમાં ન રહેતા હોય તેવાનો માર્ગ ખેડનારા છીએ; અનુનય-વિનયથી સ્ત્રીઓને રીઝવતા પણ નથી. અમારા જેવા પુરુષોના આશ્રય કરનારી સ્ત્રીઓ પ્રાયઃ (પ્રાયઃ (મોટાભાગે) એટલામાટે કહ્યું કે તે સ્ત્રીઓ પણ તત્પ્રવણ અને તેવી જ હોય તો દુઃખી થતી નથી. એટલે કે સુખી થાય છે.) દુઃખી થાય છે ।।૧૩।।

(જેને કોઈ ન ભજે તેને જે ભજે તે દુઃખી થાય છે તે વધારે સ્પષ્ટ કરતાં કહે છે કે) અમે તો સદાના અકિંચન છીએ. ન તો અમારી પાસે ક્યારેય કંઈ હતું કે ન હશે. એવા જ અકિંચન લોકો અમને વહાલા છે અને અમે પણ તેમને વહાલા છીએ. હે સુન્દરી! ધનવાન લોકો તેથી જ તો પ્રાયઃ (ઘણું કરીને) અમને ભજતા નથી, અમારા ઉપર પ્રેમ કરતા નથી. (પ્રાયઃ એટલામાટે કે અમ્બરીષ રાજા જેવા કોઈ વિરલાઓ ધનવાન હોવા છતાં અમને ભજે છે) ।।૧૪।।

જેમનાં ધર્મ, ધન, જન્મ (મૂલમાં 'જન્મ' અને 'ભવ' શબ્દો છે. જન્મ-ઉંમર. વર ચોવીસ વર્ષનો, કન્યા સોળ વર્ષની એ સમાન જન્મ, 'ભવ' એટલે એક

જ દેશમાં જન્મ અથવા સરખી સમૃદ્ધિ.) ઐશ્વર્ય, સૌન્દર્ય અને સમૃદ્ધિ એ છ સમાન હોય તેમની સાથે જ વિવાહ અને મિત્રતા નો સમ્બન્ધ કરવો જોઈએ. જે પોતાનાથી ઉત્તમ કે અધમ હોય તેમની સાથે ન કરવો જોઈએ ।।૧૫।।

હે વિદર્ભ રાજકુમારી! તમે તમારી અદૂરદર્શિતા (ટૂંકી દષ્ટિ) ને કારણે આ વાતોનો વિચાર ન કર્યો અને જાણ્યા બૂજ્યા વિના (નારદજી વગેરે) ભિક્ષુકોને મોઢે મારી જૂઠી પ્રશંસા સાંભળી મને ગુણહીનને પસન્દ કરી લીધો ।।૧૬।।

એ ભૂલ સુધારવાને માટે તમે[૧] તમને અનુરૂપ[૨] કોઈ શ્રેષ્ઠ ક્ષત્રિયને વરણ કરી લો જેથી કરી તમારી આ લોક અને પરલોકની બધી આશા-અભિલાષાઓ પૂરી થઈ શકે ।।૧૭।।

**વિશેષ** : ૧. 'તમે' એટલે માયારૂપ. માયાનો અર્થ કપટ પણ થાય છે. કપટ સંસારી બહિર્મુખ આગળ જ ચાલે, બ્રહ્મ પાસે ન ચાલે.

૨. "તમને અનુરૂપ" એટલે સંસારમાં રચ્યો-પચ્યો રહેનારો. સ્ત્રીઓમાં સંસારિક આસક્તિ જ હોય છે તેથી સ્ત્રીઓની મુક્તિ થતી નથી એવી શાસ્ત્ર મર્યાદા છે. તેમને પતિનું સાયુજ્ય મળે છે.

હે વામોરુ! (સુન્દરી) શિશુપાલ, શાલ્વ, જરાસન્ધ, દન્તવક્ત્ર અને તમારો મોટો ભાઈ રુક્મી-એ બધા રાજાઓ મારો દ્વેષ કરનાર છે તેથી મારા શત્રુઓ છે ।।૧૮।।

એ પરાક્રમના મદમાં આંધળા બનેલા અને ગર્વવાળા હતા. તેમના ગર્વને તોડવામાટે અને હે કલ્યાણી! દુષ્ટોના તેજનો નાશ કરવામાટે એમને જીતીને હું તમને લાવ્યો છું ।।૧૯।।

એક વાત ચોક્કસ છે કે અમે ઉદાસીન છીએ. અમે સ્ત્રી, સન્તાન અને ધનની કામના રાખતા નથી. નિષ્ક્રિય અને દેહગેહ ના સમ્બન્ધ વિનાની દીપશિખાના જેવા સાક્ષીમાત્ર છીએ. અમે અમારા આત્માના સાક્ષાત્કારથી જ પૂર્ણકામ છીએ, કૃતકૃત્ય છીએ. (દીવો પેટાવવામાં આવે તો તેને પોતાને કોઈ અપેક્ષા નથી પણ તે જે સ્થાનમાં હોય તે સ્થાનને પ્રકાશયુક્ત કરે છે એમ અમારું સમજવું) ।।૨૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : એમ એક ક્ષણ પણ ભગવાન્‌થી છૂટાં નહિ પડેલ અને તેથી ભગવાન્‌ની બધી રાણીઓમાં પોતે સૌથી અધિક પ્રિય છે એમ માનતાં રુક્મિણીજીને એટલું કહી એમના ગર્વનો નાશ કરનાર ભગવાન્ બોલતા બંધ થયા ।।૨૧।।

હે પરીક્ષિત! જ્યારે દેવી રુક્મિણીજીએ પોતાનાં પરમ પ્રિયતમ પતિ ત્રિલોકેશ્વર ભગવાન્‌ની આ અપ્રિય વાણી સાંભળી, જે પહેલાં કદી સાંભળી નહોતી, ત્યારે તે અત્યન્ત ભયભીત થઈ ગયાં. તેમનું હૃદય ધડકવા લાગ્યું અને રોતાં-રોતાં ચિન્તાના અગાધ સમુદ્રમાં ગરકાવ થઈ ગયાં ।।૨૨।।

તે પોતાના અત્યન્ત કોમલ તેમજ સુલક્ષણ ચરણના નખોની લાલાશથી સહેજ લાલ દેખાતાં ચરણોથી ધરતી ખોતરવા લાગ્યાં. (આથી ધરતીમાં સમાઈ જવાનો ભાવ સૂચિત થાય છે) અંજનયુક્ત કાળાં-કાળાં આંસુ કેસરથી રંગેલ વક્ષઃસ્થલને ધોવા લાગ્યાં. મુખ નીચે ઝૂકી ગયું. અત્યન્ત દુઃખને લીધે તેમની વાણી કુંઠિત થઈ ગઈ. (આંસુ પડવાથી આંખમાંથી અંજન નીકળી ગયું તેમ હૃદયના દોષો પણ-અહીં અહંકાર; બહાર ફેંકાઈ ગયો) ।।૨૩।।

અત્યન્ત વ્યથા, ભય અને શોક ને લીધે વિચાર શક્તિ ચાલી ગઈ; વિયોગની સમ્ભાવનાથી તે તત્ક્ષણ એટલાં દૂબળાં થઈ ગયાં કે કાંડામાંથી કંગન સરકી જઈને નીચે ફેંકાઈ ગયા. હાથમાંથી ચમ્મર પડી ગયું. બુદ્ધિની વિકલતાને લીધે તે એકાએક અચેત થઈ ગયાં, કેશ વીખરાઈ ગયા અને પવનના ઝપાટાથી કેળ પડી જાય તેમ તે ધરતી ઉપર પડી ગયાં ।।૨૪।।

ભગવાન્ શ્રીકૃષ્ણે જોયું કે પોતાની પ્રિયા રુક્મિણીજી હાસ્યની પ્રૌઢિ (**પ્રૌઢિઃ** જેમાં પહેલાં પૂર્વ પક્ષ કરવામાં આવે અને પછી સિદ્ધાન્તનું નિરૂપણ થાય તેવી ચર્ચા **પ્રૌઢતા**.) નથી સમજી શક્યાં અને પ્રેમપાશની દૃઢતાને લીધે તેમની આ દશા થઈ રહી છે. સ્વભાવથી જ પરમ કારુણિક, સ્ત્રીઓનાં હિતને માટે જ પ્રકટ થયેલા શ્રીકૃષ્ણનું હૃદય તેમના પ્રત્યે કરુણાથી ભરાઈ ગયું ।।૨૫।।

ચતુર્ભુજ ભગવાન્ શ્રીકૃષ્ણ એ જ વખતે પલંગ ઉપરથી નીચે ઉતરી ગયા અને બે હસ્તથી રુક્મિણીજીને ઉઠાવી લીધાં, બે હસ્તથી છૂટી ગયેલા કેશને સંવારી, શીતલ અમૃતસ્રાવી જમણા હસ્તકમલથી મુખને લૂછી નાખ્યું ।।૨૬।।

ભગવાને તેના નેત્રનાં આંસુ તથા શોકનાં આંસુઓથી ભીંજાયેલાં સ્તનોને *લૂછી નાખી. પોતાના ઉપર અનન્ય પ્રેમભાવ રાખવાવાળાં તે સતી રુક્મિણીજીને ભગવાને ભુજાવડે આલિંગન કર્યું ।।૨૭।।

**વિશેષ : પ્રસૃજ્ય :** આંસુ લૂછી નાખી આંસુથી રેલાયેલું આંજણ આખા ચહેરા ઉપર લપેડી દીધું. (અને આ રીતે પોતાના પ્રેમની પ્રતીતિ કરાવી આપી)

ભગવાન્ શ્રીકૃષ્ણ મનાવવાની કળામાં બહુ કુશળ અને ભગવદ્ વાક્યોમાં અડગ વિશ્વાસ રાખનારા સન્તોના એક માત્ર આશ્રય છે. જ્યારે આપે જોયું કે હાસ્યની પ્રૌઢિને નહિ સમજવાથી રુક્મિણીજીની બુદ્ધિ ચક્કરમાં પડી ગઈ છે, ચિત્ત ભ્રમિત થઈ ગયું છે તે અત્યન્ત દીન થઈ ગયાં છે ત્યારે આ અવસ્થાને અયોગ્યતેવી દુઃખિત પ્રિયા રુક્મિણીજીને સમજાવવા લાગ્યા ।।૨૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** ''હે વૈદર્ભી! ખોટું ન લગાડશો. મારા ઉપર ગુસ્સો ન કરશો. હું જાણું છું કે તમે મારાં અનન્ય ભક્ત છો, મને જ પરાયણ છો. હે અંગના! તમારી પ્રેમભરી વાતો સાંભળવામાટે જ મેં આ પરિહાસ કર્યો હતો ।।૨૯।।

હું જોવા માગતો હતો કે મારા આમ કહેવાથી તમારા લાલ હોઠ પ્રેમ અને ક્રોધ થી કેવી રીતે ફરકે છે, તમારા કટાક્ષપૂર્વક જોવાથી નેત્રો કેવાં લાલ થઈ જાય છે અને ભ્રમર ચઢી જવાથી તમારું મુખ કેવું સુન્દર લાગે છે ।।૩૦।।

હે પ્રિયતમા! સુન્દરી! ગૃહસ્થાશ્રમમાં રહેનારા લોકોને માટે જ ઉત્તમ લાભ છે કે (ત્રણ યામની રાત્રિમાંથી) એક યામ (ત્રણ કલાક) પોતાની ધર્મપત્નીની સાથે પરિહાસ (મશ્કરી) માં આનન્દપૂર્વક ગાળવામાં આવે'' ।।૩૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે રાજન્! એ વૈદર્ભીને ભગવાને એમ કહી શાન્ત કર્યાં ત્યારે એમને લાગ્યું કે આ તો ભગવાન્ પરિહાસમાં મને કહે છે તેથી પહેલાં પ્રિય મારો ત્યાગ કરશે કે શું એવો એમને ભય હતો તે દૂર થઈ ગયો ।।૩૨।।

પુરુષોત્તમ પ્રભુના શ્રીમુખને લજ્જા, હાસ અને સ્નેહ વાળા કટાક્ષવડે જોતાં હે ભારત! રુક્મિણીજી પોતાના પ્રિયને આ પ્રમાણે કહેવા લાગ્યાં ।।૩૩।।

**રુક્મિણીજીએ કહ્યું :** હે અરવિન્દલોચન! ''તમને અમે લાયક નથીતો અસમાન એવા અમને તમે કેમ વર્યા?'' એમ આપે કહ્યું એ ઠીક કહ્યું કેમકે ત્રણ લોકના અધીશ અને પોતાના પૂર્ણાનન્દમાં આસક્ત ભગવાન્ ક્યાં અને ગુણ છે સ્વરૂપ જેનું તેવી અને મૂર્ખો જેના ચરણને ગ્રહણ કરે છે તેવી હું ક્યાં? તેથી હું આપને લાયક નથી છતાં આપે કૃપા કરી મને સ્વીકારી છે તેથી આપનું કહેવું હું યથાર્થ સમજું છું ।।૩૪।।

હે ભગવાન્! આપે ''અમે રાજાઓના ભયથી સમુદ્રને શરણે આવ્યા છીએ'' એમ કહ્યું એ યોગ્ય છે કેમકે રજોગુણના ધર્મરૂપ રાજસ રાજાઓ નિરન્તર પ્રકૃતિ (માયા) ના જ સ્વભાવવાળા હોય છે. એ ગુણરૂપ રાજાઓથી આપ ભય માની

સમુદ્ર જે ચૈતન્યઘન છે એટલું જ નહિ; પણ એ મુદ્રા (ઢાંકણ) સહિત છે તેથી ત્યાં ગુણ આવી ન શકે તેની પણ અન્દર આત્મારૂપે આપ રહો છો. આપે કહ્યું ''રાજાઓ નિત્ય અમારો દ્વેષ કરે છે'' એ ઠીક છે કેમકે રાજાઓ કુત્સિત વિષયમાં લમ્પટ છે તેમની સામે આપ સદા યુદ્ધમેદાને ઊતરેલા જ છો. આપે કહ્યું ''અમે રાજ્યાસનનો ત્યાગ કર્યો છે'' એ તો આપના સેવકો પણ રાજપદને તેના ઉપર બેસનારને અન્ધ કરી દે છે તેથી તેને ઠોકરે મારી છોડી દે છે તો આપ છોડી દો એમાં શું આશ્ચર્ય? ।।૩૫।।

આપે કહ્યું કે ''અમારો માર્ગ સ્પષ્ટ નથી અને અમે લૌકિક પુરુષો જેવું આચરણ પણ નથી કરતા'' આ સમ્પૂર્ણ સત્ય છે કારણ કે આપના ચરણના ઉપાસક જ્ઞાનીઓ તેથીય આગળ જઈએ તો, આપના ચરણકમલના ઉપાસક ભક્તો એમાંય વળી ચરણકમલના મકરન્દના સેવનારા ભક્તિરસના અભિજ્ઞ તે ભક્તિરસ બીજો લઈ જશે એવા ડરથી બહારથી વિપરીત આચરણ કરે છે એટલે તેમનો પણ માર્ગ સ્પષ્ટ નથી. આ માર્ગ જ એવો છે કે તેની અસ્પષ્ટતા દોષરૂપ નથી ગુણરૂપ છે. વિષયોમાં આસક્ત, નર આકારના, પૂંછ અને શિંગડાં વિનાના પશુએ તે માર્ગ સમજી શકતા નથી. હે અનન્ત! આપના માર્ગે ચાલનારાઓની ચેષ્ટાઓ પ્રાયઃ અલૌકિક હોય છે તો સમસ્ત શક્તિઓ અને ઐશ્વર્યો ના આશ્રયરૂપ આપની ચેષ્ટાઓ અલૌકિક હોય તેમાં તો કહેવું જ શું? ।।૩૬।।

આપે કહ્યું ''અમે નિષ્કિંચન છીએ તથા અમે નિષ્કિંચનના પ્રિય છીએ અને એ અમને પ્રિય છે. ધનમદથી આંધળા લોકો ઘણું કરીને અમને ભજતા નથી'' આપની અકિંચનતા દરિદ્રતા નથી. તેનો અર્થ એ છે કે આપના સિવાય (આ જગતમાં) બીજું કંઈ જ ન હોવાને લીધે આપ જ બધું છો. આપની પાસે રાખવાને માટે કંઈ જ નથી. પરન્તુ જે બ્રહ્માજી વગેરેની પૂજા બધા લોકો કરે છે, જેને ભેટ ધરે છે તે દેવો જ આપની પૂજા કર્યા કરે છે. આપ તેમને પ્રિય છો અને તેઓ આપને પ્રિય છે. જે લોકો પોતાની ધનાઢ્યતાના અભિમાનથી અન્ધ થઈ ગયા છે અને ઈન્દ્રિયોને તૃપ્ત કરવામાં જ લાગ્યા રહે છે તેઓ નથી તો આપનું ભજન કરતા કે નથી તો એમ જાણતા હોતા કે આપ મૃત્યુના રૂપમાં એમના સિરપર સવાર થયેલા છો ।।૩૭।।

''સાત બાબત સમાન હોય તેની સાથે વિવાહ તથા મૈત્રી શોભે'' એવી આપની વાત પણ વાજબી છે, કારણ કે જગતમાં જીવનેમાટે જેટલા ઈચ્છવા જેવા પદાર્થ

(સર્વ પુરુષાર્થરૂપ અને ફલરૂપ) છે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-આ તો આપના આનન્દ સ્વરૂપમાં જ છે. (જેવી રીતે ગંગાજીમાં જળ છે છતાં પણ જળ કરતાં ગંગાજી મહાન છે) આપ સમસ્ત વૃત્તિઓ, પ્રવૃત્તિઓ, સાધનો, સિદ્ધિઓ અને સાધ્યો ના ફલસ્વરૂપ છો તેથી જ વિચારશીલ મતિમાન પુરુષો આપને પ્રાપ્ત કરવાની ઇચ્છા થતાં જ સમસ્ત કર્તવ્યોને છોડી દઈને આપને ભજે એ યોગ્ય છે. જેવી રીતે સર્વ ક્લેશ રહિત પરસ્પર ખૂબ પ્રેમ કરનારાં સ્ત્રી અને પુરુષ મળે તો તેમનો સમાજ રસજનક થાય છે તેવી રીતે હે વિભો! ઉપર કહેલા મતિમાન પુરુષો અને આપનો સમાજ રસજનક થાય છે. પણ રતિને માટે દામ્પત્યથી જોડાયેલાં સ્ત્રીપુરુષ બેમાંથી એક સુખી હોય અને એક રોગથી દુઃખી હોય તો તેમનો સમાજ રસજનક થતો નથી. તેમને આપનો સમ્બન્ધ થવો પણ યોગ્ય નથી ।।૩૮।।

''મને ભિક્ષુકોએ આપની પ્રશંસા કરી છે'' એમ આપે કહ્યું તે બરાબર છે. પરન્તું ક્યા ભિક્ષુકોએ? તે પરમ શાન્ત, પરમહંસ, કોઈ પણ ફલની આકાંક્ષા વગરના મહાત્માઓએ આપના મહિમા અને પ્રભાવ નું વર્ણન કર્યું છે, જેમણે અપરાધીમાં અપરાધી વ્યક્તિને પણ દંડ ન દેવાનો નિશ્ચય કરી લીધો છે. મેં અદૂરદર્શિતાથી નહિ પણ એ વાતને સમજીને જ આપનું વરણ કર્યું છે કે આપ આખા જગતના આત્મા છો અને આપના પ્રેમીઓ (ભક્તો) ને પોતાના આત્માનું પણ દાન કરી દો છો. હું (લક્ષ્મી) જાણી બૂજીને બ્રહ્માજી, દેવરાજ ઈન્દ્ર વગેરેને છોડીને આપને એટલામાટે વરી છું (સમુદ્રમન્થન વખતે લક્ષ્મીજી સમુદ્રમાંથી પ્રકટ થયાં અને તે વખતે સ્વયંવરમાં બ્રહ્માજી, ઈન્દ્ર વગેરેનો ત્યાગ કરી વિષ્ણુને વર્યાં તે પ્રસંગનું અનુસન્ધાન કરવું.) કે આપની ભ્રૂકુટિના ઈશારાથી ઉત્પન્ન થતો કાલ પોતાના સપાટાથી તેમની આશા-અભિલાષાઓ નષ્ટ કરે છે તો પછી બીજાની-શિશુપાલ, જરાસન્ધ, દન્તવક્ત્ર વગેરેની તો વાત જ શી? ।।૩૯।।

હે સર્વેશ્વર આર્યપુત્ર! ''આપ રાજાઓથી ભયભીત થઈ જઈને સમુદ્રમાં જઈ વસ્યા છો'' એ આપની વાત કોઈ રીતે યુક્તિસંગત નથી; કારણ કે આપે માત્ર આપના શાર્ંગધનુષના ટંકારથી મારા વિવાહ વખતે આવેલા બધા રાજાઓને મારી હઠાવીને આપના ચરણોમાં સમર્પિત મને (આપની દાસીને), જેમ સિંહ પોતાની ગર્જનાથી વનપશુઓને ભગાડી મૂકી પોતાનો ભાગ લઈ લે છે તેમ, હરણ કરીને લઈ ગયા ।।૪૦।।

આપે કહ્યું ''જેનો માર્ગ સ્પષ્ટ નથી તેને પરણનારી સ્ત્રી દુઃખી થાય છે, ''એ વાત ઠીક છે. પણ આપનો તો રાજમાર્ગ છે; એ માર્ગે તો રાજાઓના શિરોમણિ અંગ, પૃથુ, ભરત, યયાતિ તથા ગય વગેરે રાજાઓ આપનું ભજન કરવાની ઈચ્છાથી પોતાનું ચક્રવર્તી રાજ્ય છોડી વનમાં ગયા છે. અને આ લોકમાં આપનો આશ્રય નહિ કરનાર રાજ્ય કરીને શું સુખી થાય છે? તેમ જેણે રાજ્ય છોડી વનમાં આપનું આરાધન કર્યું તે શું પરિણામે દુઃખી થાય છે? તે જ આપને પ્રાપ્ત થાય છે પણ અહીં રાજ્ય કરનાર જ આપના આશ્રય વગર સંસારને પામે છે ।।૪૧।।

આપે કહ્યું ''બીજા કોઈ ઉત્તમ ક્ષત્રિયને વરો'' હે ભગવન્! આપ સમસ્ત ગુણોના એક માત્ર આશ્રય છો. મોટા-મોટા સન્ત પુરુષો આપના ચરણકમલની સુગન્ધના વખાણ કરતા રહે છે તેનો આશ્રય લેવા માત્રથી પ્રાણી માત્રને મોક્ષ સુધીનું બધું સુખ મળી રહે છે. લક્ષ્મીજી સર્વદા ચરણકમલમાં જ નિવાસ કરે છે. પછી આપ જ બતાવો કે પોતાના સ્વાર્થ અને પરમાર્થ ને સારી રીતે સમજનારી એવી કઈ સ્ત્રી હોય કે જેને એકવાર તે ચરણકમલોની સુગન્ધ સૂંઘવા મળી જાય અને પછી તેને અવગણી એવા લોકોનું વરણ કરે છે જે સદા જન્મ, રોગ, જરા, મૃત્યુ વગેરે ભયોથી યુક્ત હોય? અથવા કોઈ પણ બીજાને ન ભજે ।।૪૨।।

હે પ્રભુ! આપ સમસ્ત જગતના એક માત્ર સ્વામી છો. (તેથી હીનમાં હીન જીવને પણ પોતાની શક્તિ પ્રમાણે આપની સેવા કરવાનો અધિકાર છે) આપ બધાના આત્મા છો અને આ લોકમાં (સ્વર્ગાદિ) પરલોકનાં સુખ અને પરલોકમાં આ લોકનાં સુખ જીવોની કામનાઓ પૂર્ણ કરીને આપો છો. હું આપને અનુરૂપ કદાચ ન હોઉં પણ આપ તો મને અનુરૂપ છો જ એમ સમજીને જ મેં આપનું વરણ કર્યું છે. મારે મારાં કર્મો અનુસાર જુદી-જુદી યોનિઓમાં ભટકવું પડે તેની મને પરવા નથી. મારી એક માત્ર અભિલાષા એ જ છે કે હું સદા આપનું ભજન કરવાવાળાનો મિથ્યા ભ્રમ દૂર કરી દેનાર મોક્ષને આપનારું તથા તેમને આપના સ્વરૂપ સુદ્ધાનું દાન કરી દેનાર આપ પરમેશ્વરના ચરણનાં શરણમાં રહું. (પ્રાર્થના કરવામાં ન આવે, ભગવાન્ ન આપે તો પણ મોક્ષ સામેથી ભગવદ્ભક્ત પાસે આવે છે) ।।૪૩।।

હે અચ્યુત! હે *અરિસૂદન! ગધેડાની જેમ ઘરનો ભાર ઊંચકનારા, બળદોની જેમ ઘરનાં કામોમાં જોડાયેલા, કૂતરાની જેમ તિરસ્કાર સહન કરીને તથા માલિક સૂતો હોય ત્યારે જાગીને ઘરની ચોકી કરનારા, બિલાડીની જેમ ચાટી ખાનારા અને

હિંસા કરનારદ્ધ આ ચાર પ્રકારના સ્ત્રીની સેવા કરનારા ચાકર જેવા શિશુપાલ વગેરે રાજાઓ, જેમનું વરણ કરી લેવાનું આપે સૂચન કર્યું એ જ દુર્ભાગ્યવાળી સ્ત્રીના પતિ હો કે જેના કર્ણમૂલમાં ભગવાન્ શંકર, બ્રહ્માજી વગેરે દેવેશ્વરોની સભામાં ગવાતી રહેતી આપની લીલા કથાએ પ્રવેશ ન કર્યો હોય ।।૪૪।।

**વિશેષ** : ભગવાન્‌ને માટે સમ્બોધન **'અરિકર્ષણ'** વાપર્યું છે. **''વિષં યાન્તિ ઇતિ વિષયાઃ અરયઃ તાન્ કર્ષતે।''** વિષયરૂપી અરિ (દુશ્મન) નો નાશ કરનાર ભગવાન્. **'યુષ્મત્કથાઃ।'** સમાસથી જ્યાં કથા હોય ત્યાં ભગવાન્ હોય જ એવો સહભાવ કહ્યો. **કથા** : બહુવચનથી એમ બતાવ્યું કે ભગવાન્ એકરૂપ છે, કથાઓ બહુરૂપ છે. અર્થાત્ ભગવાન્ કરતાં ભગવત્કથા અતિ બલવાન છે.

હે નાથ! જે સ્ત્રીને ક્યારેય આપના ચરણારવિન્દના મકરન્દની સુગન્ધ સૂંઘવા નથી મળી તે મૂર્ખ જ ચામડી, દાઢી, મૂછ તથા વાળ અને નખ વડે ઉપરથી મઢેલા અને અન્દરના ભાગમાં માંસ, હાડકાં, લોહી, કીડા, મલમૂત્ર, કફ, પિત્ત અને વાયુ થી ભરેલા એવા મુડદા સરખા પુરુષને પોતાનો ધણી માની સેવે છે* ।।૪૫।।

**વિશેષ** : શબનું આલિંગન કરવામાં કંઈ ભોગ નથી. શબને આલિંગન કરવાનું સ્વપ્નું પણ આવે તો પણ તે સ્વપ્નું મોત નીપજાવે છે. મનુષ્યમાં પ્રાણ છે એટલો જ મનુષ્ય અને શબમાં તફાવત છે. જે કમલની સુગન્ધ સૂંઘે છે તેને શબની ગન્ધથી ઊબકો આવે છે. બેઉ ગન્ધના તફાવતની જેને ખબર જ ન પડતી હોય તેવા કાગડા વગેરેને શબની ગન્ધથી ઘૃણા થતી નથી. 'સ્ત્રી' શબ્દ વાપર્યો છે તે 'પતિવ્રતા' ને લાગુ નથી પડતો. તે તો પતિનું ભગવદ્બુદ્ધિથી સેવન કરે છે,વિષયની આશાથીનહિ.

હે કમલનયન! આપ આત્મારામ છો. હું સુન્દરી અથવા ગુણવતી છું એ વાત તરફ આપની દૃષ્ટિ જતી નથી. તેથી આપ ઉદાસીન રહો એ સ્વાભાવિક છે. છતાં આપનાં ચરણમાં મારો અનુરાગ (પ્રેમ) હો એ જ મારી અભિલાષા છે. જ્યારે આપ આ જગતની વૃદ્ધિને માટે ઉત્કટ રજોગુણનો સ્વીકાર કરો છો ત્યારે આપ મારી તરફ (કામદષ્ટિથી) જુઓ છો. તે જ વખતે અમારી આખી સ્ત્રી જાતિ ઉપર આપની મહાન કૃપા ઉતરે છે ।।૪૬।।

હે મધુસૂદન ભગવાન્! આપનું વચન હું સત્ય માનું છું કેમકે એક પુરુષદ્વારા જિતાયેલી કન્યા પણ કાશીરાજની કન્યા અમ્બાની જેમ ક્વચિત્ પર પુરુષમાં પ્રીતિ કરે છે* ।।૪૭।।

**વિશેષ :** મહાભારતમાં ઉદ્યોગ પર્વમાં પ્રસંગ આવે છે કે કાશીરાજને ત્રણ કન્યા હતી-અમ્બા, અમ્બિકા અને અમ્બાલિકા. તેમનો સ્વયંવર રચવામાં આવ્યો. ભીષ્મ એ સ્વયંવરમાં આવી ત્રણેય કન્યાઓને વિચિત્રવીર્યને પરણાવવામાટે હરણ કરી ગયા. અમ્બાએ જાહેર કર્યું કે હું તો મનથી શાલ્વ રાજાને વરી ચૂકી છું. સત્યવતીની સલાહથી ભીષ્મે અમ્બાને શાલ્વ પાસે પહોંચતી કરી. બીજાને ત્યાં રહી આવેલ હોવાથી શાલ્વે તેનો સ્વીકાર ન કર્યો. અમ્બાએ પોતાને પરણવા ભીષ્મને વિનન્તિ કરી પણ તે તો નૈષ્ઠિક બ્રહ્મચારી હતા એટલે સ્વીકાર ન કર્યો. પિતાને ત્યાં નહિ જતાં તેણે એક ઋષિના આશ્રમમાં રહી તપ કરવા સંકલ્પ કર્યો. અમ્બાના માતામહ ત્યાં આવી ચડ્યા. તે અમ્બાને લઈ પરશુરામજી પાસે ગયા અને હકીકત જણાવી. પરશુરામજીએ ભીષ્મને અમ્બાની સાથે લગ્ન કરવા સમજાવ્યા. ભીષ્મ ન માન્યા. બન્ને વચ્ચે યુદ્ધ થયું. ગંગા અને જમદગ્નિ એ વચ્ચે પડી યુદ્ધ અટકાવ્યું. ભીષ્મ પોતાની માતા ગંગાને તથા ગુરુ પરશુરામજીને વન્દન કરી પોતાને સ્થાને ગયા. પરશુરામજી પણ દૈવ બળવાન્ છે એમ અમ્બાને સમજાવી પોતાને આશ્રમે પધાર્યા. અમ્બાએ ભીષ્મ ઉપર વેર લેવા ઘોર તપ કર્યું. રુદ્ર પ્રસન્ન થયા અને કહ્યું કે આવતે જન્મે તું દ્રુપદ રાજાને ત્યાં કન્યા તરીકે જન્મીશ. નામ શિખંડીની પડશે. દૈવવશાત્ તું સ્ત્રીમાંથી પુરુષ થઈ જઈશ ત્યારે નામ શિખંડી પડશે. ભીષ્મ સ્ત્રીઓ ઉપર શસ્ત્રો ચલાવતા નહિ અને શિખંડી પહેલાં સ્ત્રી હતી તેની પણ તેને ખબર હતી એટલે શિખંડી સામે શસ્ત્ર ચલાવે નહિ. આનો લાભ લઈ મહાભારતના યુદ્ધમાં અપરાજિત ભીષ્મની સામે શિખંડી આવ્યો કે તરત જ ભીષ્મે શસ્ત્રો મૂકી દીધાં. શિખંડીએ બાણ ચલાવી તેમને યુદ્ધમાં વીરગતિ આપી. (મહાભારત ઉદ્યોગપર્વ અધ્યાય ૧૭૩ થી ૧૮૭)

કુલટા (પુંશ્ચલી) સ્ત્રીનું મન તો વિવાહ થઈ ગયા પછી પણ નવા પુરુષ તરફ ખેંચાતું રહેતું હોય છે. બુદ્ધિમાન પુરુષ એવી સ્ત્રીનું ધારણ-પોષણ ન કરે. એવી સ્ત્રીને પોષનાર બન્ને લોકથી ભ્રષ્ટ થાય છે ।।૪૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** ''હે સાધ્વી! રાજકુમારી! આ જ વાતો સાંભળાવામાટે તો મેં હસતાં-હસતાં વાંકાં વચન કહી તમારી છલના (વંચના) કરી તમને છેતર્યાં હતાં. મારા કહેલાં વચનોના તમે ઉત્તર આપ્યા તે બધા યોગ્ય છે, સત્ય છે ।।૪૯।।

હે માનિની! તમે મારાં અનન્ય ભક્ત છો. મારા ઉપર તમારો અનન્ય પ્રેમ છે. તમે મારી પાસે જે-જે અભિલાષાઓ કરો છો તે તો સદા સર્વદા તમને પ્રાપ્ત જ છે. એક બીજી પણ વાત છે કે મારી પાસેથી કરેલી અભિલાષાઓ સાંસારિક કામનાની

જેમ બન્ધનમાં નાખનારી નથી હોતી, પરન્તુ હે કલ્યાણી! તે સમસ્ત કામનાઓથી મુક્તિ-નિષ્કામ કરી દે છે ।।૫૦।।

હે પુણ્યમયી પ્રિયે! મેં તમારો પતિપ્રેમ અને પાતિવ્રત્ય પણ સારી રીતે જોઈ લીધાં. હું સીધી-ટેડી વાત કહી-કહી તમને ડગાવી દેવા માગતો હતો પરન્તુ તમારી બુદ્ધિ મારામાંથી લેશ પણ ચલિત ન થઈ તેમ જ એ ઘટી પણ નહિ ।।૫૧।।

હે પ્રિય! હું મોક્ષદાતા છું. લોકોને સંસાર સાગરની પેલે પાર લઈ જાઉં છું. જે સકામ પુરુષ તપસ્યા કરીને અને સ્ત્રીઓ વ્રતો કરીને દામ્પત્ય જીવનના વિષય સુખોને માટે મારી ભક્તિ કરે છે તે મારી માયાથી મોહિત છે. (કારણ કે શીતળતાની પ્રાપ્તિમાટે અગ્નિનું સેવન કરવું વૃથા છે) ।।૫૨।।

હે માનિની! હું મોક્ષ તથા સમ્પૂર્ણ સમ્પત્તિઓનો આશ્રય છું, અધીશ્વર છું. મને પરમાત્માને પ્રાપ્ત કરીને પણ જે લોકો માત્ર વિષયસુખની અને ઐહિક સાધનસમ્પત્તિની જ અભિલાષા રાખે છે. મારી ભક્તિ નથી કરતા તે ભારે મન્દભાગી છે, કારણ કે વિષયસુખ તો નરકમાં અને નરક જેવી જ સૂકર-કૂકર જેવી અધમ યોનિઓમાં પણ પ્રાપ્ત થઈ રહે છે. પરન્તુ તે લોકોનું મન તો વિષયોમાં જ લાગ્યું રહે છે તેથી તેમને નરકમાં જવું પણ સારું લાગે છે. નરક તો સુલભ છે. ક્લેશ વગર જે મળી જતું હેય તેને માટે ક્લેશ ભોગવવો તે મન્દભાગ્ય નહિ તો બીજું શું? ।।૫૩।।

હે ગૃહેશ્વરી! તમે અત્યાર સુધી સંસાર બન્ધનથી છોડાવી દેનારી મારી નિરન્તર સેવા કરી છે તે બહુ આનન્દની વાતછે. રુક્મી વગેરે દુષ્ટોએ કરેલા ઉત્પાત જોતાં તો તે વધારે કઠિન હતી. જે સ્ત્રીઓનાં ચિત્ત દૂષિત કામનાઓથી ભરેલાં છે અને જે પોતાના પ્રાણોનું પોષણ કરવામાંજ રચીપચી રહે છે અને નરકની સેવિકાઓ છે તેઓ માટે તો વળી વધારે કઠણછે ।।૫૪।।

હે માનિની! મને મારા ઘરમાં તમારા જેટલો પ્રેમ કરનારી ભાર્યા બીજી કોઈ દેખાતી નથી કેમકે તમે તમારા વિવાહમાં આવેલા રાજાઓની પરવા કર્યા વિના મને જોયો પણ નહોતો છતાં માત્ર મારી ઉત્તમ કીર્તિ સાંભળી ગુપ્ત સન્દેશ સાથે બ્રાહ્મણને મારી પાસે મોકલી તમે મને વરવાનો આગ્રહ બતાવ્યો હતો ।।૫૫।।

તમારું હરણ કરતી વખતે મેં તમારા ભાઈને જીતી લઈ તેને વિરૂપ કરી દીધો હતો અને અનિરુદ્ધના વિવાહ ઉત્સવમાં ચોપાટ રમતી વખતે બલદેવજીએ તો તેને મારી

જ નાખ્યો. પરન્તુ અમારા વિયોગના ભયથી તમે આ બધું દુઃખ સહન કરી લીધું. તેમ એ સમ્બન્ધી કંઈ પણ કહ્યું નહિ તેથી તમે અમને જીતી લીધા છે ।।પ૬।।

તમે મને પ્રાપ્ત કરવા દૂતદ્વારા પોતાનો ગુપ્ત સન્દેશો મોકલ્યો હતો. પરન્તુ જ્યારે તમે મારા આવી પહોંચવામાં કંઈક વિલમ્બ થતો જોયો ત્યારે તમને આ આખું જગત્ સૂનું જણાવા લાગ્યું. તે વખતે તમે તમારું આ સર્વાંગ સુન્દર શરીર બીજા કોઈને યોગ્ય નથી એમ સમજી તેનો ત્યાગ કરી દેવાનો સંકલ્પ કરી લીધો હતો. તમારો આ પ્રેમભાવ તમારામાં જ રહો. તમારા આ અદ્વિતીય પ્રેમનું હું અભિનન્દન કરું છું. તેનો બદલો તો હું ચૂકવી શકું એમ નથી. હું તમારો ઋણી છું ।।પ૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! દેવકીનન્દન ભગવાન્ શ્રીકૃષ્ણ આત્મારામ છે. તે જ્યારે મનુષ્યોના જેવી લીલા કરી રહ્યા છે ત્યારે તેમાં દામ્પત્ય પ્રેમને વધારનારા વિનોદભર્યા વાર્તાલાપ પણ કરે છે અને આ પ્રમાણે લક્ષ્મીરૂપિણી રુક્મિણીજીની સાથે વિહાર કરે છે ।।પ૮।।

**તથાન્યાસામપિ વિભુર્ગૃહેષુ ગૃહવાનિવ ।।**
**આસ્થિતો ગૃહમેધીયાન્ ધર્માન્ લોકગુરુર્હરિઃ ।।પ૯।।**

ભગવાન્ શ્રીકૃષ્ણ સમસ્ત જગતને શિક્ષા દેવાવાળા અને સર્વવ્યાપક છે. તેઓ આ પ્રમાણે બીજી પત્નીઓના મહેલોમાં પણ તે-તે પત્નીઓ જોગ વિનોદ કરતા, ગૃહસ્થોની જેમ રહેતા અને ગૃહસ્થોચિત ધર્મનું પાલન કરતા હતા ।।પ૯।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ચોથા ફલ-પેટા પ્રકરણનો શ્રીરૂપ ચોથો) ''રુક્મિણીજીની સાથે ભગવાને કરેલો પરિહાસ'' નામનો (ઉત્તરાર્ધનો ૧૧મો અને ચાલુ)૬૦મો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં પ૭મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

પોતાના કુટુંબનું પોષણ, ધન કે યશ ની કામનાથી જેઓ પુરાણની કથા કહે છે તેમને ખેતરમાં પાણી પહોંચાડનારી નીક જેવા જાણવા. નીક વાટે પાણી મળતાં જેમ ખેતરમાં અનાજ ઉગતું હોય છે તેમ દક્ષિણા સ્વીકારીને કથા કરનારાઓના મુખે કથા સાંભળનાર શ્રોતાઓમાં ભક્તિભાવને ઠેકાણે અધોપાત કરનાર અહંતા-મમતાજ વધે છે. ભક્તિમાર્ગીઓએ એવાના મુખે કથા ન સાંભળવી-**શ્રીવલ્લભાચાર્ય.**

# અધ્યાય ૬૧

## શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૫૮

# અનિરુદ્ધના લગ્નમાં બલદેવજીએ રુક્મીને માર્યો

### ત્રીજા રાજસ પ્રકરણનું ચોથું ફલ પ્રકરણ અધ્યાય ૫

**વિશેષ :** ભગવાન્ પુત્રપૌત્રાદિયુક્ત દ્વારકામાં બિરાજ્યા એ પ્રસંગથી રુક્મીનો વધ આ એકસઠમાં અધ્યાયમાં કહેવાય છે. ભગવાન્ લોકમાં કેવળ ક્રીડા કરવા આવ્યા નથી પણ સર્વનો ઉદ્ધાર કરવા આવ્યા છે તેથી વિવાહમાં પણ રુક્મીને માર્યો છે. કલિયુગમાં શુદ્ધ ક્ષત્રિય રાખવાનો ભગવદ્ અભિપ્રાય ન હોવાથી આ પાપવિવાહ કર્યો તેનું ફલ પણ રુક્મીના વધથી બતાવ્યું. દેવકીજીને પ્રસન્ન કરવાને માટે ભગવાનને વંશ રાખવો છે. એ ભગવાનના વખતમાં ધર્મ બરાબર હતો એમ કહેવાને અને શ્રુતિમાં દશ પુત્રો સ્ત્રીમાં ઉત્પન્ન કરવાની વાત છે તેને સફલ કરવાને ભગવાનને બધી સ્ત્રીઓમાં દશ-દશ પુત્રો થયા. ભગવાન્ સિવાય બીજાથી લોકમાં એ કામ થઈ શકે નહિ તેથી અહીં ભગવાનનું સ્મરણ પણ લોકવેદને આગળ કરીને કહ્યું છે એ વાત અહીં કહેવાય છે.

**ઐકૈકશસ્તાઃ કૃષ્ણસ્ય પુત્રાન્ દશ દશાબલાઃ ।।**
**અજીજનન્નનવમાન્ પિતુઃ સર્વાત્મસમ્પદા ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણની દરેક પત્નીએ *દસ-દસ પુત્રોને જન્મ આપ્યો. તેઓ શરીર, ઇન્દ્રિય, રૂપ, ગુણ, બલ વગેરેમાં તેમના પિતા ભગવાન્ શ્રીકૃષ્ણથી કોઈ રીતે ન્યૂન નહોતા ।।૧।।

**વિશેષ : ''દશાસ્યાં પુત્રાના ધેહિ''** ''આ (પત્ની) માં દસ પુત્રો ઉત્પન્ન કર'' (એમ ઋગ્વેદ ૮।૩।૨૮।૫) માં કહ્યું છે. અસમર્થ ભલે વૈદિક આજ્ઞાનું પાલન ન કરે, સમર્થ હોય તે તો અવશ્ય કરે; માટે દસ-દસ વધારેય નહિ અને ઓછાય નહિ-પુત્રો થયા છે.

રાજકુમારીઓ જોતી કે ભગવાન્ શ્રીકૃષ્ણ અમારા મહેલથી બહાર જતા નથી, નિરન્તર અમારી પાસે જ બિરાજમાન હોય છે. તેથી તેઓ એમ સમજતી કે હું જ શ્રીકૃષ્ણને સૌથી વધારે વહાલી છું. હે પરીક્ષિત! સાચું પૂછો તો તેઓ પોતાના પતિ શ્રીકૃષ્ણનું તત્વ અને અભિપ્રાય જાણતી નહોતી ।।૨।।

તે સુન્દરીઓ પોતાના આત્માનન્દમાં એકરસ સ્થિત ભગવાન્ શ્રીકૃષ્ણના કમલકલી જેવા મુખ, વિશાલ (લાંબા) બાહુ, કર્ણસ્પર્શી (દીર્ઘ) નેત્ર, પ્રેમભર્યા

હાસ્ય, રસમયી દૃષ્ટિ અને મધુર વાણી (એ છ ધર્મો) થી પોતે જ મોહિત રહેતી હતી. તેઓ પોતાના વિલાસોથી ભગવાનના મનને જીતવાને સમર્થ ન થઈ એટલે ભગવાન્ એમને વશ ન થયા ।।૩।।

ભગવાન્ શ્રીકૃષ્ણની પત્નીઓ સોળહજાર અને આઠ હતી. તેમનું ભગવાન્ તરફ ગર્વપૂર્વક જોવું. ક્ષણવાર જોઈ નજર હટાવી લેવી, ભગવાનનો ભાવ (મનોધર્મ) પોતામાં આસક્ત થાય તેવું કામશાસ્ત્ર સિદ્ધ ભ્રૂમંડલ રચવું, સુરતોદ્‌બોધક ગુહ્ય વાર્તાલાપ (અને તે પણ પત્નીઓ હોવાથી યથેચ્છ, નિઃસંકોચ અને પ્રતિબન્ધની બીક વિના), મનોહર ભ્રમરના ઈશારાથી કામકલાના ભાવો સહિત પ્રેમનાં બાણ ચલાવવાં વગેરે કોઈ પણ પ્રકારે કપટ ધર્મોથી પણ ભગવાનના મન અને ઈન્દ્રિયો માં ચંચલતા ઉત્પન્ન કરી શક્તાં નહિ ।।૪।।

બ્રહ્મા વગેરે મોટા-મોટા દેવતા પણ ભગવાનના વાસ્તવિક સ્વરૂપને અથવા આપની પ્રાપ્તિના માર્ગને જાણતા નથી. તે જ રમારમણ ભગવાન્ શ્રીકૃષ્ણને તે સ્ત્રીઓએ પતિ સ્વરૂપે પ્રાપ્ત કર્યા હતા. હવે નિત્ય નિરન્તર એમના પ્રેમ અને આનન્દ ની અભિવૃદ્ધિ થતી રહેતી હતી અને તેઓ પ્રેમપૂર્ણ હાસ્ય, મધુર દૃષ્ટિ, નવસમાગમની લાલસા વગેરેથી ભગવાનની સેવા કરતી રહેતી હતી ।।૫।।

તેમાંથી દરેક પત્ની સાથે સેવા કરવામાટે સેંકડો દાસીઓ હતી છતાં પણ જ્યારે તેના મહેલમાં ભગવાન્ પધારતા ત્યારે તે પોતે ઊભાં થઈ જઈ આદરપૂર્વક આપનું સ્વાગત કરતાં, શ્રેષ્ઠ આસન ઉપર બિરાજમાન કરતાં, ઉત્તમ સામગ્રીઓથી આપની પૂજા કરતાં, ચરણકમલ પખાળતાં, તામ્બૂલ આરોગાવતાં, ચરણ દાબી શ્રમ દૂર કરતાં, પંખો કરતાં, અત્તર વગેરે લગાડતાં, ફૂલોના હાર પહેરાવતાં (કેશ સંવારતા) પોઢાડતાં, સ્નાન કરાવતાં અને અનેક પ્રકારનું ભોજન કરાવી પોતાને હાથેજ ભગવાનની (બાર ઉપચારથી) સેવા કરતાં ।।૬।।

હે પરીક્ષિત! પહેલાં કહ્યું છે કે ભગવાન્ શ્રીકૃષ્ણની દરેક પત્નીને દસ-દસ પુત્રો થયા હતા. તે રાણીઓમાં આઠ પટરાણીઓ હતી. તારા હિતની ખાતર હવે તેમના પ્રદ્યુમ્ન વગેરે પુત્રોનું વર્ણન કરું છું* ।।૭।।

**વિશેષ** : કેટલીક વખત પૂછવામાં આવે છે કે શ્રીમદ્ ભાગવતમાં આવી લાંબી વંશાવળી શા માટે કહેવામાં આવે છે? મહાનુભાવોનું કહેવું છે કે વંશાવળી શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવામાં આવે તો શ્રોતાનો વંશ આગળ ચાલે.

રુક્મિણીજીને દસ પુત્રો થયા હતાઃપ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, સુદેષ્ણ, પરાક્રમી ચારુદેહ, સુચારુ, ચારુગુપ્ત, ભદ્રચારુ, ચારુચન્દ્ર, વિચારુ અને દસમા ચારુ.તેબધા પોતાના પિતા શ્રીકૃષ્ણ સમાન પરાક્રમવાળાહતા ।।૮-૯।।

ભાનુ, સુભાનુ, સ્વર્ભાનુ, પ્રભાનુ, ભાનુમાન, ચન્દ્રભાનુ, બૃહદ્‌ભાનુ અને આઠમો અતિભાનુ ।।૧૦।।

શ્રીભાનુ અને પ્રતિભાનુ એ સત્યભામાના દસ પુત્રો થયા. સામ્બ, સુમિત્ર, પુરુજિત, શતજિત, સહસ્રજિત ।।૧૧।।

વિજય, ચિત્રકેતુ, વસુમાન, દ્રવિડ અને ક્રતુ એ જામ્બવતીના દસ પુત્રો પિતાને સમ્મત હતા ।।૧૨।।

વીર, ચન્દ્ર, અશ્વસેન, ચિત્રગુ, વેગવાન્, વૃષ, આમ, શંકુ, વસુ અને તેજસ્વી કુન્તિ એ નાગ્નજિતીના પુત્ર થયા ।।૧૩।।

શ્રુત, કવિ, વૃષ, વીર, સુબાહુ, એકલો શત્રુને મારનાર ભદ્ર, શાન્તિ, દર્શ, પૂર્ણમાસ અને સૌથી નાનો સોમક એ દસ કાલિન્દીજીના પુત્ર થયા ।।૧૪।।

સુઘોષ, ગાત્રવાન્, સિંહ, બલ, પ્રબલ, ઊર્ધ્વગ, મહાશક્તિ, સહ, ઓજ અને અપરાજિત એ દશ માદ્રીના પુત્ર થયા ।।૧૫।।

વૃક, હર્ષ, અનિલ, ગૃધ્ર, વર્ધન, અન્નાદ, મહાશ, પાવન, વહ્નિ અને ક્ષુધિ એ મિત્રવિન્દાના દસ પુત્ર થયા ।।૧૬।।

સંગ્રામજિત, બૃહત્સેન, શૂર, પ્રહરણ, અરિજિત, જય, સુભદ્ર, વામ, આયુ અને સત્યક એ દશ ભદ્રાના પુત્ર થયા ।।૧૭।।

ભગવાનની સોળ હજાર સ્ત્રીઓમાં મુખ્ય રોહિણીજીના દીપ્તિમાન, તામ્રપત્ર વગેરે પુત્રો થયા[1] પ્રદ્યુમ્નના માયાવતી, રતિ ઉપરાન્ત ભોજકટ-નગર નિવાસી રુક્મીની પુત્રી રુક્મવતી સાથે પણ વિવાહ થયો હતો. તેના ગર્ભથી મહાબળવાન્ અનિરુદ્ધનો જન્મ થયો[2] ।।૧૮।।

**વિશેષ** : ૧. રોહિણીજીના જ્યેષ્ઠ પુત્ર દીપ્તિમાન આઠ પટરાણીઓના પુત્રો જેવા જ હતા. આઠ પટરાણીઓનાં એંસી અને દીપ્તિમાન મળી એકાસી પુત્રો એકાસી ભક્તિપ્રકાર ભગવાને પ્રકટ કર્યા છે.

૨. મામાની પુરી ભોજકટમાં કેટલોક વખત પ્રદ્યુમ્નજી રહ્યા હતા. ત્યાંજ મામા રુક્મીની પુત્રી રુક્મવતીની સાથે લગ્ન કર્યાં અને ત્યાંજ અનિરુદ્ધનો જન્મથયો.

હે રાજન્! શ્રીકૃષ્ણના પુત્રોની માતાઓ જ (ભગવાનના બધા પુત્રોની ભગવાનની બધી સ્ત્રીઓ સગી માતા-જનની જેવી જ હતી. એકે એક સ્ત્રી બધી રાણીઓના પુત્રોને પોતાના જ પુત્રો ગણતી.) સોળહજારથી વધારે હતી. તેથી તેમના પુત્ર-પૌત્રોની સંખ્યા તો કરોડો સુધી પહોંચી ગઈ ।।૧૯।।

**રાજાએ પૂછ્યું** : રુક્મીએ શત્રુના પુત્રને કન્યા કેમ આપી, કેમકે એનો તો શ્રીકૃષ્ણે યુદ્ધમાં તિરસ્કાર કર્યો હતો અને શ્રીકૃષ્ણને મારવામાટે કોઈ નિમિત્ત જ શોધી રહ્યો હતો. એ બન્ને શત્રુને પરસ્પર વિવાહ સમ્બન્ધ કેમ થયો એ વાત, હે વિદ્વન્! આપ કહો ।।૨૦।।

આપથી કોઈ વાત છૂપી નથી, કારણ કે યોગીજનો ભૂત, ભવિષ્ય અને વર્તમાન ની બધી વાતો સારી રીતે જાણે છે. ઇન્દ્રિયોથી દૂર હોય, બહુ દૂર હોય અથવા વચમાં કોઈ વસ્તુનું આવરણ હોય તેવી બાબતો પણ તેમનાથી છૂપી નથી હોતી ।।૨૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : જો કે ભગવાન્ શ્રીકૃષ્ણદ્વારા અપમાનિત થવાને લીધે રુક્મીની હૃદયનો ક્રોધાગ્નિ શાન્ત થયો નહોતો, હજુ પણ ધુંધવાઈ રહ્યો હતો, છતાં પોતાની બહેન રુક્મિણીને રાજી કરવા તેણે પોતાના ભાણેજ પ્રદ્યુમ્નને પોતાની પુત્રી પરણાવી દીધી ।।૨૨।।

હે પરીક્ષિત! પ્રદ્યુમ્ન મૂર્તિમાન કામદેવ હતા. તેમના સૌન્દર્ય અને ગુણો ઉપર વારી જઈ રુક્મવતીએ સ્વયંવરમાં તેમને જ વરમાળા પહેરાવી દીધી. પ્રદ્યુમ્નજીએ યુદ્ધમાં એકલે હાથે ત્યાં એકઠા થયેલા રાજાઓને જીતી લીધા અને રુક્મવતીનું હરણ કરી લાવ્યા ।।૨૩।।

કૃતવર્માનો પુત્ર બલી રુક્મિણીજીની વિશાળ નેત્રવાળી ચારુમતી નામની સુન્દર કન્યાને પરણ્યો ।।૨૪।।

રુક્મી ભગવાન્થી બદ્ધવૈર હતો છતાં બહેનને સારું લગાડવા પોતાની પૌત્રી રોચનાનો વિવાહ રુક્મિણીજીના પૌત્ર પોતાના દોહિત્ર અનિરુદ્ધ સાથે કરી દીધો. એ સમ્બન્ધમાં અધર્મ છે એમ એ જાણતો હતો છતાં બહેન ભાઈના સ્નેહનિર્વાહને માટે ધર્મ-અધર્મનો વિચાર ન કરતાં એણે આપી ।।૨૫।।

હે રાજન્! એ વિવાહમાં રુક્મિણીજી, બલદેવજી, ભગવાન્, સામ્બ, પ્રદ્યુમ્ન વગેરે ભોજકટપુર ગયા ।।૨૬।।

એ વિવાહ પૂરો થયો ત્યારે કલિંગ દેશનો રાજા જેઓમાં મુખ્ય છે તેવા બધા

ગુમાની રાજાઓએ રુક્મીને કહ્યું:''તમે બલદેવજીને પાસાની રમત રમાડો અને એમને જીતો ।।૨૭।।

હે રાજન્! બલદેવજીને પાસા ફેંકતાં તો આવડતા નથી પરન્તુ તેમને રમતનું ભારે વ્યસન છે'' એમ તે લોકોના બહેકાવવાથી રુક્મીએ બલદેવજીને બોલાવ્યા અને તે તેમની સાથે ચોપાટ રમવા લાગ્યો ।।૨૮।।

બલદેવજીએ પહેલાં સો, પછી હજાર, ત્યાર પછી દસહજાર મહોરોના દાવ લગાવ્યા તે રુક્મી જીતી ગયો. રુક્મીની જીત થવાથી કલિંગ દેશનો રાજા દાંત દેખાડી હસ્યો. બલદેવજીથી તે હાંસી સહન ન થઈ ।।૨૯।।

ત્યારે રુક્મીએ એક લાખ મહોરોનો દાવ લગાવ્યો તે બલદેવજી જીત્યા, ત્યારે કપટથી રુક્મીએ કહ્યું :''એ તો હું જીત્યો છું'' ।।૩૦।।

પૂર્ણિમાને દિવસે સમુદ્રમાં ભરતી આવે તેમ *શ્રીમાન્ બલદેવજી ક્રોધથી લાલચોળ થઈ ગયા. એમનાં નેત્રો જન્મથી અને સ્વભાવથી જ લાલ તો હતાં જ અને વધારામાં અત્યન્ત ક્રોધથી વધારે લાલ થઈ ગયાં. હવે તેમણે દશ કરોડ મહોરો દાવમાં લગાવી ।।૩૧।।

**વિશેષ** : 'શ્રીમાન્' શબ્દ બલદેવજીમાટે એટલા માટે વાપર્યો છે કે હારી જવાથી દાવની રકમ ચૂકવવાની ત્રેવડ નહોતી એમ નહોતું કારણ કે તે સદા 'શ્રીમાન્' પૂર્ણ ધન છે.

રામ એ જીત્યા છતાં છલ કરીને 'હું જીત્યો' એમ રુક્મીએ કહ્યું. ''આ જોનારાઓ તમે બોલો, હું જીત્યો કે નહિ'' એમ એ બોલ્યો. બીજાઓ બોલે એ પહેલાં આકાશવાણી થઈ કે ''ધર્મથી બલદેવજી જીત્યા છે; વચનથી રુક્મી 'હું જીત્યો' એમ કહે છે એ ખોટું છે'' ।।૩૨-૩૩।।

એ વાણીનો અનાદર કરી દુષ્ટ રાજાઓની પ્રેરણાથી એ બલદેવજીને કહેવા લગ્યોઃ ।।૩૪।।

''તમે ચોપાટ રમવામાં ચતુર નથી. તમે તો ગોવાળ છો. વનમાં ફરવું એ તમારો વિષય છે. પાસાની રમતો અને બાણની રમતો તો રાજાઓ રમી જાણે, તમારા જેવા ન રમી જાણે'' ।।૩૫।।

રુક્મીએ એમ તિરસ્કાર કર્યો અને બીજાઓ હસ્યા ત્યારે બલદેવજીને ક્રોધ ચડ્યો. હે રાજન્! પરિઘ ઉપાડીને માંગલિક સભામાં જ રુક્મીને મારી નાખ્યો ।।૩૬।।

પહેલાં કલિંગરાજ દાંત દેખાડી હસ્યો હતો તે ત્યાંથી ભાગ્યો. પરન્તુ બલદેવજીએ દસ પગલામાં જ તેને પકડી પાડ્યો અને ગુસ્સામાં તેના દાંત પાડી નાખ્યા ।।૩૭।।

બલદેવજીએ પોતાના પરિઘથી બીજા રાજાઓના પણ બાહુ, સાથળ, માથાં વગેરે કાપી નાખ્યાં. લોહી લુહાણ થઈ તેઓ ભયભીત થઈ ભાગી ગયા ।।૩૮।।

હે પરીક્ષિત! બલદેવજીના આ કાર્યનું ભગવાન્ સમર્થન કરે તો રુક્મિણીજી નારાજ થાય અને રુક્મીના વધને વખોડી કાઢે તોબલદેવજી રુષ્ટ થાય એમવિચારી ભગવાન્ શ્રીકૃષ્ણ આ અંગે કાંઈ બોલ્યા નહિ ।।૩૯।।

**તતોऽનિરુદ્ધં સહ સૂર્યયા વરં રથં સમારોપ્ય યયુઃ કુશસ્થલીમ્ ।।**
**રામાદયો ભોજકટાદ્ દશાર્હાઃ સિદ્ધખિલાર્થા મધુસૂદનાશ્રયાઃ ।।૪૦।।**

ત્યારબાદ અનિરુદ્ધજીનો વિવાહ અને શત્રુનો વધ બન્ને પ્રયોજન સિદ્ધ થઈ જવાથી ભગવાનના આશ્રિત બલદેવજી આદિ યદુવંશીઓ નવોઢા રોચનાની સાથે અનિરુદ્ધજીને શ્રેષ્ઠ રથ ઉપર બેસાડી ભોજકટ નગરથી દ્વારકાપુરી આવ્યા ।।૪૦।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ચોથા ફલ-પેટા પ્રકરણનો જ્ઞાનરૂપ પાંચમો) ''અનિરુદ્ધના લગ્નમાં બલદેવજીએ રુક્મીને માર્યો'' નામનો (ઉત્તરાર્ધનો બારમો અને ચાલુ) ૬૧મો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૫૮મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૬૨

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૫૯

# બાણાસુરની પુત્રી ઉષાનો અનિરુદ્ધની સાથે સમ્બન્ધ

### ત્રીજા રાજસ પ્રકરણનું ચોથું ફલ પ્રકરણ અધ્યાય૬

**વિશેષ** : ૧. રાજસના ફલરૂપ નિરોધમાં દેવોનો વિજય સ્પષ્ટ કહેવાય છે, કારણ કે એનો નિરોધ થાય ત્યારે એ કોઈની પણ સમ્ભાવના કરતા નથી. એ નિરોધનું કારણ ૬૨ મા અધ્યાયમાં કહેવાય છે. આ અધ્યાયમાં અનિરુદ્ધનો પ્રસંગ છે અને ધર્મને સિદ્ધ કરનાર અનિરુદ્ધ છે તે સર્વથા ઉપકારી છે. ધર્મ રાજસમાં સફલ થાય છે. અનિરુદ્ધનો નિરોધ કરવો

છે પણ એનો તો કોઈ બીજાએ નિરોધ કર્યો છે. ધર્મમૂલક સર્વ દેવો છે. અનિરુદ્ધના રોધથી સર્વનો નિરોધ સિદ્ધ થશે. બાણે પોતાના ઘરમાં અનિરુદ્ધજીને કેદ કર્યા છે તેને ભગવાન્ છોડાવશે ત્યારે એ ભગવાન્‌માં નિરુદ્ધ થશે. ભક્તની ઈન્દ્રિયોના દેવો અત્યારે અનિરુદ્ધમૂલક છે. કેમકે અનિરુદ્ધ મનના અધિદેવછે.

૨. માણસને સ્વપ્નમાં પણ જો સ્ત્રીનો પ્રસંગ થાય તો એનાથી એને બન્ધન થાય છે તો પછી સાક્ષાત્ સ્ત્રીનો પ્રસંગ થાય અને એ બીજાના જાણવામાં આવે તેને બન્ધન થાય એમાં તો કહેવું જ શું? (કારિકા)

***શ્રીશુક ઉવાચ**

**બાણઃ પુત્રશતજ્યેષ્ઠો બલેરાસીન્મહાત્મનઃ ।।**

**સહસ્રબાહુર્વાદ્યેન તાંડવેડતોષયન્મૃડમ્ ।।૧।।**

**વિશેષ :** અહીં શુક-પરીક્ષિત સંવાદમાં એક બે શ્લોકો ઓછા વધારે જોવામાં આવે છે. અહીં શ્રીસુબોધિનીજીને અનુકૂલ પાઠ રાખ્યો છે.

**શ્રીશુકદેવજીએ કહ્યું :** મહાત્મા બલિરાજાને એક સો પુત્રો હતા. તેમાં બાણાસુર સૌથી મોટો હતો. (મહાદેવજીની કૃપાથી) તેને એક હજાર હાથ હતા. એક વખત શંકર તાંડવ[૧] નૃત્ય કરી રહ્યા હતા ત્યારે હજાર હાથોથી અનેક પ્રકારનાં વાદ્યો વગાડી તેણે શંકર ભગવાનને પ્રસન્ન કરી દીધા[૨] ।।૧।।

**વિશેષ :** ૧. તાંડવ નૃત્યમાં નર્તકનો ઉત્સાહ વધારવામાટે અનેક પ્રકારનાં વાદ્યો વાગે એ જરૂરી હોય છે. વગાડનારા જુદા-જુદા હોય તો બેસૂરાપણું થાય એક જ હોય તો તેથી નર્તકને સન્તોષ થાય છે.

૨. ભગવાન્ વામનજીએ બલિને બાંધ્યા હતા. બલિ તો મહાત્મા હતા એટલે એ તો ભગવાનનો અપકાર કરવાનો વિચાર પણ ન કરે. હવે બાણાસુર ભગવાનને તો કંઈ કરી શકે નહિ એટલે બદલો લેવા ભગવાનના અંશ અનિરુદ્ધજીને તેણે બાંધ્યા અને સન્તોષ અનુભવ્યો. આ બધું કહેવા બાણાસુરનો પરિચય બલિના જ્યેષ્ઠ પુત્ર તરીકે આપવામાં આવ્યો છે.

સર્વ નિયામક શંકર શરણે આવેલના દુઃખનિવારક અને ભક્તવત્સલ છે. તેમણે બાણાસુરને કહ્યું, ''તારી જે ઈચ્છા હોય તે તું મારી પાસે માગી લે'' બાણાસુરે કહ્યું ''હે ભગવન્! આપ અહીં (મારી રાજધાની શોણિતપુરમાં) જ કાયમમાટે રહો અને મારા નગરની રક્ષા કરતા રહો'' ।।૨।।

એક દિવસ બલ-પૌરુષના ઘમંડમાં ઉન્મત્ત બનેલા બાણાસુરે પોતાના સૂર્ય

જેવા કિરીટવડે મહાદેવજીના ચરણકમલનો સ્પર્શ કરી એમની પાસે આવીને કહ્યું: ।।૩।।

''હે મહાદેવજી! આપને હું નમું છું, કેમકે આપ લોકના ગુરુ અને ઈશ્વર છો અને અપૂર્ણ કામનાવાળા માણસના કામપૂરક કલ્પવૃક્ષ છો ।।૪।।

આપે મને હજાર હાથ આપ્યા પણ એ તો મને ભારરૂપ થઈ પડ્યા છે, કેમકે આપના સિવાય મારી સાથે લડવામાં મારો બરાબરિયો યોદ્ધો હું ત્રણ લોકમાં કોઈને જોતો નથી ।।૫।।

હે આદિદેવ! એકવાર મારી ભુજાઓમાં લડવાને માટે એટલી ખંજવાળ ઊપડી કે હું દિશાઓના હાથીઓની પાસે ગયો પરન્તુ તેઓ પણ ડરના માર્યા નાસી છૂટ્યા. તે વખતે માર્ગમાં મારી ભુજાઓથી મેં ઘણાય પહાડોને ચૂર્ણ કરી નાખ્યા'' ।।૬।।

આ સાંભળી ભગવાન્ શંકર ક્રોધમાં કહ્યું :''અરે મૂઢ! જે વકતે તારી *ધ્વજા તૂટીને પડી જશે તે વખતે મારા જેવા જ યોદ્ધા સાથે તારું યુદ્ધ થશે અને તે યુદ્ધ તારા ઘમંડના ચૂરેચૂરા કરી નાખશે'' ।।૭।।

**વિશેષ** : ધ્વજાનો દંડ વંશ (વાંસ) નો બનેલો હોય. વંશ કન્યાદ્વારા ચાલે. વંશ તૂટી જશે એટલે કન્યા દૂષિત થશે એવો ધ્વનિ છે. **જારોપભુક્ત** કન્યા **'ભગ્નકેતુ'** કહેવાય છે.

હે પરીક્ષિત! બાણાસુરની બુદ્ધિ એટલી બધી બગડી ગઈ હતી કે ભગવાન્ શંકરની વાત સાંભળી તેને ઘણો હર્ષ થયો અને તે પોતાને ઘેર પાછો ગયો. હવે તે મૂર્ખ, ભગવાન્ શંકરની આજ્ઞા પ્રમાણે તે યુદ્ધની રાહ જોવા લાગ્યો જેમાં તેના બલ-પરાક્રમનો નાશ થવાનો હતો ।।૮।।

હે પરીક્ષિત! બાણાસુરને એક કન્યા હતી. તેનું નામ *ઉષા હતું. હજુ તે કુંવારી જ હતી. એક દિવસ સ્વપ્નમાં તેણે જોયું કે ''પરમ સુન્દર અનિરુદ્ધજીની સાથે મારો સમાગમ થઈ રહ્યો છે'' આશ્ચર્યની વાત તો એ હતી કે તેણે અનિરુદ્ધજીને ન તો ક્યારેય જોયા હતા કે ન સાંભળ્યા હતા ।।૯।।

**વિશેષ** : ઉષાએ પતિને માટે પાર્વતીજીનું આરાધન કર્યું ત્યારે પાવર્તીજીએ પ્રસન્ન થઈને એને કહ્યું કે આજે રાતમાં જે તારા સ્વપ્નમાં તને ભજશે તે તારો પતિ થશે. તેથી એને સ્વપ્નમાં અનિરુદ્ધજીનો સંગ થયો અને એ જ એના પતિ થયા. આ વાત પુરાણાન્તરમાં પ્રસિદ્ધ છે.

જ્યારે સ્વપ્નમાંથી તે જાગી ત્યારે એ કાન્તને તો તેણે જોયો નહિ, સખીઓની વચ્ચેથી ઊઠી પણ બધીને જોઈને શરમાઈ ગઈ અને વિહ્વલ થઈ ગઈ; ''હે કાન્ત!

તમે ક્યાં છો?'' એમ બોલવા લાગી ।।૧૦।।

(પાર્વતીજીએ પહેલેથી જ ચિત્રલેખા નામની એક યોગિનીને તેની સખીરૂપે મેળવી આપી હતી) 'કુમ્ભાંડ'નામે બાણનો એક મન્ત્રી હતો અને ચિત્રલેખા નામની કન્યા ઉષાની સખી હતી; એને આશ્ચર્ય થયું તેથી એ ઉષાને પૂછવા લાગીઃ ।।૧૧।।

''હે સુન્દરી! રાજકુમારી! તું કાન્તને શોધે છે પણ તારો શો મનોરથ છે એ તો કહે, કેમકે હજુ તારો વિવાહ તો થયો નથી એ હું જાણું છું'' ।।૧૨।।

**ઉષાએ કહ્યું :** ''વર્ણે શ્યામ, કમળ સરખાં નેત્રવાળો, પીતામ્બરધારી, લાંબી ભુજાઓવાળો અને સ્ત્રીઓના હૃદયને ગમે તેવો શ્રેષ્ઠ પુરુષ મેં સ્વપ્નમાં જોયો ।।૧૩।।

તેણે પહેલાં તો મને પોતાના અધરના મધુનું પાન કરાવ્યું, પરન્તુ હું હજુ ધરાઈને પી લઉં તે પહેલાં તો દુઃખના દરિયામાં મને ધકેલી મૂકી, ખબર નહિ ક્યાં તે ચાલ્યો ગયો. હું તો તલસતી જ રહી ગઈ. તે જ પ્રાણવલ્લભને હે સખી! હું શોધી રહી છું'' ।।૧૪।।

**ચિત્રલેખા બોલી :** ''હે સખી! જો તારો ચિત્તચોર ત્રિલોકીમાં ક્યાંય પણ હશે અને તેને જો તું ઓળખી શકીશ તો હું તારી વિરહ વ્યથા અવશ્ય શાન્ત કરી દઈશ. હું ચિત્રો બનાવું છું, તું તારા ચિત્તચોર પ્રાણવલ્લભને ઓળખી કાઢી બતાવી દેજે. પછી તે ગમે ત્યાં હશે તો પણ હું તેને તારી પાસે લાવી દઈશ'' ।।૧૫।।

આમ કહી ચિત્રલેખાએ અનેક દેવો, ગન્ધર્વો, સિદ્ધ, ચારણ, પન્નગ, દૈત્ય, વિદ્યાધર, યક્ષ અને મનુષ્યો નાં ચિત્રો બનાવી દીધાં. મનુષ્યોમાં તેણે વૃષ્ણિવંશી વસુદેવજીના પિતા શૂરસેન, સ્વયં વસુદેવજી, બલદેવજી અને ભગવાન્ શ્રીકૃષ્ણ વગેરેનાં ચિત્ર બનાવ્યાં. પ્રદ્યુમ્નજીનું ચિત્ર જોતાં જ તે શરમાઈ ગઈ ।।૧૬-૧૭।।

હે રાજન્! જ્યારે તેણે અનિરુદ્ધજીનું ચિત્ર દોર્યું ત્યારે તો લજ્જાને લીધે એનું માથું ઝૂકી ગયું. પછી મન્દ-મન્દ હસતાં તેણે કહ્યું, ''મારા પ્રાણ વલ્લભ આ જ છે, આ જ છે'' ।।૧૮।।

ચિત્રલેખા યોગિની છે તેણે શ્રીકૃષ્ણના આ પૌત્ર છે એમ જાણી લીધું અને શ્રીકૃષ્ણદ્વારા રક્ષાયેલી દ્વારકામાં આકાશમાર્ગે પહોંચી ।।૧૯।।

ત્યાં પોતાના પલંગમાં સૂતેલા પ્રદ્યુમ્નજીના પુત્ર અનિરુદ્ધજીને યોગવિદ્યાથી

ઉઠાવી શોણિતપુર આવી સખીને એના પ્રિયતમનાં દર્શન કરાવી દીધાં ।।૨૦।।

પોતાના પરમ સુન્દર પ્રાણવલ્લભ મળી જવાથી આનન્દની અધિકતાથી તેનું મુખકમલ પ્રફુલ્લિત થઈ ગયું અને તે અનિરુદ્ધજીની સાથે પોતાના મહેલમાં વિહાર કરવા લાગી. હે પરીક્ષિત! તેનું અન્તઃપુર એટલું સુરક્ષિત હતું કે તેને કોઈ પુરુષ જોઈ પણ શક્તો નહોતો ।।૨૧।।

તે કીંમતી વસ્ત્રો, ઘરેણાં, પુષ્પોના હાર, અત્તર-ફૂલેલ, ધૂપ, આરતી, આસન, માદક અને રુચિ ઉત્પન્ન કરે તેવાં પેય (કેસર કસ્તુરીવાળું દૂધ, શરબત વગેરે), ભોજન, ભક્ષ્ય (ચાવવી ન પડે તેવી ઓગાળી જવાની વસ્તુઓ), મનોહર વાણી અને સેવા-શુશ્રૂષાથી અનિરુદ્ધનો બહુ પ્રેમપૂર્વક સત્કાર કરતી ।।૨૨।।

જેનો નિત્ય સ્નેહ વધતો જાય છે તેવી એ ઉષાની સાથે ગુપ્ત રહેતાં ઘણો સમય ચાલ્યો ગયો એની અનિરુદ્ધજીને ખબર ન પડી, કેમકે એમની ઈન્દ્રિયોને તો ઉષાએ વશ કરી લીધીહતી ।।૨૩।।

જ્યારે કન્યાનું વ્રત (કુંવારાપણું) ભાંગી ગયું અને યદુવીર એને ભોગવવા લાગ્યો ત્યારે ઉષાનો કાંઈક પીતવર્ણ થઈ ગયો (જે ગર્ભધારણનો સૂચક હતો)અનેએના પ્રકટ અવયવો ઉપરથીએને કોઈ પુરુષનો સંસર્ગ થયો છે એવું સ્પષ્ટ અનુમાન કરીને એના રક્ષકોએ પોતાના બચાવને માટે રાજા પાસે જઈને રાજાને કહ્યું : ''હે રાજન્! તમારી કન્યાનું ચરિત્ર કન્યાને દૂષણ આપે તેવું છે એમ અમારું માનવું છે જે તમારા કુળને કલંકરૂપ ગણાય'' ।।૨૪-૨૫।।

હે પ્રભો! એમાં તો સન્દેહ નથી કે અમે રાત-દિન ખડેપગે કોઈ જાતની ગફલત વિના મહેલને પહેરો ભરતા રહીએ છીએ. આપની કન્યાને બહારના પુરુષો તો જોઈ પણ શક્તા નથી છતાં એ દૂષિત શી રીતે થઈ ગઈ તેનું કારણ અમને સમજાતું નથી ।।૨૬।।

રક્ષકો પાસે કન્યાના ચરિત્ર દૂષિત થયાના સમાચાર સાંભળી બાણાસુરને અત્યન્ત દુઃખ થયું. તત્કાલ તે ઉષાના મહેલે પહોંચી ગયો તો એણે યદુવંશના એક મહાશૂરવીર અનિરુદ્ધજીને એની પાસે જોયા ।।૨૭।।

અનિરુદ્ધજી સ્વયં કામાવતાર પ્રદ્યુમ્નજીના પુત્ર હતા. ત્રણ ભુવનમાં એમના જેવો સુન્દર બીજો કોઈ નહોતો. સાંવલું-સલૂણું શરીર અને તેના ઉપર લહરાતું પીતામ્બર, કમલદલના જેવી વિશાલ કોમલ આંખો, લાંબી ભુજાઓ, કપોલો ઉપર

વાંકડિયા કેશોની લટો અને કુંડલોની ઝગમગતી જ્યોત, હોઠો ઉપર મન્દ હાસ્ય અને પ્રેમભરી દૃષ્ટિથી મુખની છટા અનૂઠી થઈ રહી હતી ।।૨૮।।

તે વખતે અનિરુદ્ધજી પોતાની અત્યન્ત કામુક પ્રિયતમા ઉષાની સાથે ચોપાટ રમી રહ્યા હતા. તેમના ગળામાં વસન્તી મલ્લિકાનો હાર શોભી રહ્યો હતો. તે હારમાં ઉષાના અંગ-સંગથી તેના વક્ષઃસ્થળ ઉપરનું કેસર લાગેલું હતું. પોતે ત્યાં જવાં છતાં સામે જેમના તેમ નિર્ભય રીતે બેસી રહેલ અનિરુદ્ધજીને જોઈ બાણાસુર આશ્ચર્યચકિત થઈ ગયો ।।૨૯।।

જ્યારે અનિરુદ્ધજીએ જોયું કે બાણાસુર ઘણા આક્રમણકારી શસ્ત્રાસ્ત્રથી સુસજ્જિત વીર સૈનિકોની સાથે મહેલમાં ઘૂસી આવ્યો છે ત્યારે તેમને મારવામાટે તેઓ લોખંડનો એક ભયંકર પરિઘ લઈ, જાણે કે કાલદંડ લઈ સાક્ષાત્ યમ ઊભા હોય તેમ, સાવધાન થઈ ગયા ।।૩૦।।

બાણાસુરની સાથે આવેલા સૈનિકો તેમને પકડી લેવાને માટે જેમ-જેમ તેમની નજીક આવતા જતા તેમ-તેમ તેમને સૂવરના ટોળાનો નાયક જેમ કુતરાઓને દૂર લઈ જાય તેમ દૂર લઈ ગયા. અનિરુદ્ધજીના પ્રહારથી તે સૈનિકોનાં માથાં, ભુજા, જાંઘ વગેરે અંગો ભાંગી તૂટીને ભુક્કો થઈ ગયાં અને તેઓ મહેલમાંથી ભાગી છૂટ્યા ।।૩૧।।

**તં નાગપાશૈર્બલિનન્દનો બલીઘ્નન્તં સ્વસૈન્યં કુપિતો બબન્ધ હ ।।**
**ઉષા ભૃશં શોકવિષાદવિહ્વલાબદ્ધં નિયમ્યાશ્રુકલાક્ષ્યરૌદિષીત્ ।।૩૨।।**

ત્યારે બલિના પુત્ર બળવાન બાણાસુરે પોતાની સેનાનો સંહાર થતો જોઈને ક્રોધ કરીને નાગપાશવડે એમને બાંધી લીધા. ઉષાએ જ્યારે સાંભળ્યું કે તેના પ્રીતમને તો બાંધી લીધા છે ત્યારે તે અત્યન્ત શોક અને વિષાદથી વિહ્વળ થઈ ગઈ અને તેનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી ।।૩૨।।

**ઈતિ શ્રીભાગવત્ દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ચોથા ફલ-પેટા પ્રકરણનો વૈરાગ્ય રૂપ છઠ્ઠો) ''બાણાસુરની પુત્રી ઉષાનો અનિરુદ્ધની સાથે સમ્બન્ધ'' નામનો (ઉત્તરાર્ધનો તેરમો અને ચાલુ) બાસઠમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ઓગણસાઈઠમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૬૩

## શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૬૦

# બાણાસુરને હરાવીને ભગવાન્ ઉષા-અનિરુદ્ધને દ્વારકા લાવ્યા

### ત્રીજા રાજસ પ્રકરણનું ચોથું ફલ પ્રકરણ અધ્યાય ૭

**વિશેષ :** ભગવાને શિવ વગેરેને જીત્યા એ વાત ત્રેસઠમા અધ્યાયમાં કહેવામાં આવે છે. આ ફલ પ્રકરણમાં રાજસ નિરોધનું કામ સમ્પૂર્ણ કહેવામાં આવશે. અત્યાર સુધી બધેય ભગવાનની ભક્તવત્સલતા તો જોઈ પણ ભક્તને માટે બીજા દેવોની સાથે ભગવાનનો વિરોધ ક્યાંય જોવામાં આવ્યો નથી. તેથી ભક્તને બીજા દેવથી પોતાના નાશની શંકા થાય. ભગવાને શિવજીને હરાવી સિદ્ધ કર્યું કે ભક્તને કોઈ દેવ પણ દુ:ખ દઈ શકે એમ નથી. ભગવાન્ સર્વજ્ઞ છે તો ચાર મહિના કેમ વિચાર ન કર્યો? ત્યાં કહે છે કે ભગવાન્ અક્લિષ્ટકર્મા છે. એ બીજાના કહ્યા વગર સ્વતઃ ઉપેક્ષા કરે છે. પ્રદ્યુમ્નની ખાતરી આપનાર નારદજી હતા. તેમ અનિરુદ્ધજીમાં પણ એ જ છે. સર્વ ભાવથી લડવામાટે જ્વરનું ઉપાખ્યાન કહ્યું છે. તામસ જ્વર અહીં જ ઉત્પન્ન થયો તેની સામે વૈષ્ણવ જ્વર થયો. શીત ઉષ્ણ જ્વર પહેલાં ઉત્પન્ન થયેલ પણ મળેલ નહિ તેને ભગવાને અહીં ભેગા કર્યા.

**અપશ્યતાં અનિરુદ્ધં તદ્બન્ધૂનાં ચ ભારત ।।**
**ચત્વારો વાર્ષિકા માસા વ્યતીયુરનુશોચતામ્ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે ભારત! અનિરુદ્ધને નહિ જોતાં એના બન્ધુઓ શોક કરવા લાગ્યા અને એમ કરતાં વર્ષાઋતુના ચાર માસ નીકળી ગયા ।।૧।।

એક દિવસ નારદજીએ આવી અનિરુદ્ધજીનું શોણિતપુર જવું, ત્યાં ઉષા સાથેનો સહવાસ, બાણાસુરના સૈનિકોને હરાવવા અને પછી તેનું નાગપાશમાં બંધાવું; આ બધી વાત સંભળાવી. આથી યદુવંશીઓએ શોણિતપુર ઉપર ચઢાઈ કરી. (શોણિતપુરના અધિષ્ઠાતા દેવ શંકર છે તેના રક્ષણની જવાબદારી પોતે પોતાના ઉપર રાખી છે તેની તેમણે કંઈ ચિન્તા કરી નહિ કારણ તેઓ વળી શ્રીકૃષ્ણને જ પોતાના આરાધ્ય દેવ માનવાવાળા હતા અને એટલે તેમની શક્તિમાં પૂર્ણ શ્રદ્ધા હતી) ।।૨।।

હવે શ્રીકૃષ્ણ અને બલદેવજી ની સાથે તેમના અનુયાયીઓ બધા યદુવંશીઓ પ્રદ્યુમ્ન, યુયુધાન, ગદ, સામ્બ, સારણ, નન્દ, ઉપનન્દ, ભદ્ર વગેરેએ બાર

અક્ષૌહિણી સેનાની સાથે વ્યૂહ બનાવી યાદવોએ બાણાસુરના નગરને ચારે તરફથી ઘેરો ઘાલ્યો ।।૩-૪।।

શોણિતપુરનાં પરાં, બગીચા, કિલ્લા, માઢ, દરવાજા વગેરે તૂટી-ફૂટી રહ્યાં છે એ જ્યારે બાણાસુરે જોયું ત્યારે ક્રોધે ભરાઈ તે પણ બાર અક્ષૌહિણી સેના લઈ લડવાને સામે આવ્યો ।।૫।।

બાણાસુરના પક્ષે સાક્ષાત્ ભગવાન્ શંકર પોતાના વૃદ્ધ પોઠિયા ઉપર સવાર થઈ દેવતાઓના સેનાપતિ પોતાના પુત્ર કાર્તિકેય અને ગણોની સાથે રણભૂમિમાં પધાર્યા અને તેમણે શ્રીકૃષ્ણ તથા બલદેવજી સાથે યુદ્ધ કર્યું ।।૬।।

હે રાજન્! તે યુદ્ધ એટલું બધું અદ્‌ભુત અને ભયંકર હતું કે તે જોવાથી તો ઠીક પણ તેનું વૃત્તાન્ત સાંભળવાથી પણ રુંવાટાં ઊભાં થઈ જાય. ભગવાન્ શ્રીકૃષ્ણની સાથે શંકરજીનું અને પ્રદ્યુમ્નજી સાથે કાર્તિક સ્વામીનું યુદ્ધ થયું ।।૭।।

કુભાંડ અને કૂપકર્ણ ની સાથે બલદેવજીનું યુદ્ધ થયું. બાણાસુરના પુત્રની સાથ સામ્બ લડ્યો. બાણાસુરની સાથે સાત્યકિ (યુયુધાન) નું યુદ્ધ થયું ।।૮।।

બ્રહ્માજી વગેરે મોટા-મોટા દેવો, ઈન્દ્ર વગેરે સુરપતિઓ, સનક વગેરે મુનિઓ, કપિલજી વગેરે સિદ્ધ પુરુષો, ગન્ધર્વો, અપ્સરાઓ અને યક્ષો વિમાનોમાં બેસી યુદ્ધ જોવા આવ્યા ।।૯।।

ભૂત, પ્રમથ, ગુહ્યક વગેરે શિવના સેવકોને, ડાકિની, યાતુધાન, વિનાયક સહિત વેતાળને, ભૂત, માતરો, પિશાચો, કૂષ્માંડો, બ્રહ્મરાક્ષસોને ભગવાને શાંર્ગ ધનુષમાંથી તીક્ષ્ણ છેડાવાળાં બાણ છોડી હાંકી કાઢ્યાં ।।૧૦-૧૧।।

પિનાકપાણિ શિવજીએ પોતાના પિનાક નામના ધનુષથી ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર જાતજાતનાં અગણિત અસ્ત્રો છોડ્યાં પણ ભગવાન્ શ્રીકૃષ્ણે જરાય વિસ્મય પામ્યા વિના તેમનાં વિરોધી અસ્ત્રોથી તેમને વિફલ બનાવી દીધાં ।।૧૨।।

બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્ર, વાયવ્યાસ્ત્ર સામે પાર્વતાસ્ત્ર, આગ્નેયાસ્ત્ર સામે પાર્જન્યાસ્ત્ર, પાશુપતાસ્ત્ર સામે નારાયણાસ્ત્ર પ્રતિકારને માટે પ્રયોજ્યું ।।૧૩।।

જ્યારે મહાદેવજીનાં અસ્ત્ર-શસ્ત્રોનો જથ્થો પૂરો થઈ ગયો ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે જૃમ્ભણાસ્ત્રથી (જેનાથી માણસને બગાસાં ઉપર બગાસાં આવવા લાગે છે) મહાદેવજીને મોહિત કરી દીધા. તે યુદ્ધ કરતા બંધ થઈ ગયા અને બગાસાં ખાવા લાગ્યા. હવે ભગવાન્ શ્રીકૃષ્ણ તલવાર, ગદા અને બાણો થી બાણાસુરની સેનાનો

સંહાર કરવા લાગ્યા ।।૧૪।।

આ બાજુ પ્રદ્યુમ્નજીએ બાણોના મારાથી કાર્તિક સ્વામી (સ્કન્દ) ને ઘાયલ કરી દીધા. તેમના અંગે-અંગમાંથી લોહીની ધારા ચાલી નીકળી તેથી પોતાના વાહન મયૂરદ્વારા રણભૂમિ છોડી બહાર જતા રહ્યા ।।૧૫।।

બલદેવજીના મુશળના મારથી કૂમ્ભાંડ અને કૂપકર્ણ પડ્યા. આ પ્રમાણે પોતાના સેનાપતિઓને હણાયેલા જોઈને બાણાસુરની આખી સેના ચોતરફ છિન્ન-ભિન્ન થઈ ગઈ ।।૧૬।।

પોતાના સૈન્યમાં નાસભાગ થતી જોઈ બાણાસુર બહુ ગુસ્સે થયો અને સાત્યકિને છોડી શ્રીકૃષ્ણ સામે લડવા આવ્યો ।।૧૭।।

પાંચસો ધનુષને એક વખતે ખેંચી રણમાં દુષ્ટ મદવાળાં બાણાસુરે એક-એક ધનુષમાંથી બે-બે બાણ એમ એક હજાર બાણ એકી સાથે છોડ્યાં ।।૧૮।।

ભગવાન્ હરિએ એક જ બાણથી એકી સાથે તેનાં હજાર બાણ તોડી નાખી સારથિ, રથ અને ઘોડા છેદી નાખ્યા. (છતાં પણ બાણાસુર યુદ્ધ કરતો બન્ધ ન થયો ત્યારે) આપે ભય ઉપજાવવા શંખનાદ કર્યો ।।૧૯।।

ત્યારે બાણાસુરની ઉપાસ્ય માતા કોટરા (**કોટરા** : આ કોટરા ગણમાતા છે. બાણાસુરની જનેતાનું નામ 'અશના' છે. બલિની બીજી પત્ની વિન્ધ્યાચલી છે. **''કોટરા રેવતી જ્યેષ્ઠા પૂતના માતૃકાદયઃ।''** શ્રીભાગવત ૧૦।૬।૨૮ માં ગણાવેલ ગણમાતાઓમાંની આ છે.) પોતાના ઉપાસક પુત્રના પ્રાણોની રક્ષા કરવામાટે વચ્ચે આવી છૂટા કેશ મૂકી નગ્ન થઈને ઊભી રહી ।।૨૦।।

નગ્ન અને પ્રકટ સ્તનવાળી સ્ત્રી સામું જોવાની શાસ્ત્રમાં મના કરવામાં આવી છે તેથી રખેને ક્યાંક તેના ઉપર દૃષ્ટિ પડી જાય એટલે મુખ ફેરવી જઈને બીજી તરફ ભગવાન્ જોવા લાગ્યા. એ સમયનો લાભ લઈ રથ અને ધનુષ રહિત થયેલો બાણાસુર પોતાના નગરમાં પહોંચ્યો ।।૨૧।।

આ બાજુ જ્યારે શિવજીના ભૂતગણ ભાગી ગયા ત્યારે તેમણે છોડેલો ત્રણ માથાં અને પગવાળો માહેશ્વર *જ્વર દસે દિશાઓને બાળતો હોય તેમ ભગવાન્ શ્રીકૃષ્ણ તરફ દોડ્યો ।।૨૨।।

**વિશેષ :** ''મહારાજ! હું આપના સ્વરૂપને, આપના બલને અને આપના કાર્યને જાણું છું પણ આપે મારી રક્ષા કરવી જ જોઈએ'' એ મતલબની સ્તુતિ જ્વરે કરી છે. એમાં પ્રથમ સ્વરૂપને

કહે છે, બાકી બે રહ્યા તે અનુક્રમે કહેશે. (કારિકા)

ભગવાન્ શ્રીકૃષ્ણે તેને પોતાની તરફ આવતો જોઈ તેનો મુકાબલો કરવામાટે પોતાનો જ્વર છોડ્યો. એટલે વૈષ્ણવ અને માહેશ્વર જ્વર આપસમાં લડવા લાગ્યા ।।૨૩।।

અન્તમાં વૈષ્ણવ (વિષ્ણુના) જ્વરના તેજથી માહેશ્વર (મહેશ-શંકર નો) જ્વર પીડિત થઈ બહુ રુદન કરવા લાગ્યો અને અત્યન્ત ભયભીત થઈ ગયો. જ્યારે તેને બીજે ક્યાંયથી રક્ષણ ન મળ્યું ત્યારે તે અત્યન્ત નમ્રતાથી હાથ જોડી શરણમાં લેવાને માટે ભગવાન્ શ્રીકૃષ્ણની હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યો ।।૨૪।।

**જ્વરે કહ્યું** : હે પ્રભો! આપની શક્તિઓ અનન્ત છે. આપ બ્રહ્માજી વગેરે ઈશ્વરોના પણ નિયન્તા છો. આપ સર્વના આત્મા છો. આપ પ્રકૃતિ વગેરેના સમ્બન્ધ વિનાના અવિકારી અને જ્ઞાન સ્વરૂપ છો. વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર નું કારણ આપ જ છો. આપ લોક-વેદ સિદ્ધ છો. જગત્કર્તૃત્વ, જગતનું નિર્વાહકત્વ, સેતુત્વ, ધારકત્વ, પ્રશાન્તત્વ વગેરે બ્રહ્મનાં લક્ષણો આપમાં જ છે. બ્રહ્મ સ્વરૂપ આપને હું નમસ્કાર કરું છું ।।૨૫।।

(સર્વનું કારણ) કાલ, દૈવ (પ્રારબ્ધ), તત્વો, શરીર, સર્વનો હેતુ (પ્રાણ), (તેનો પણ સ્વામી) આત્મા, અહંકાર, તેનો (દેવ, તિર્યન્ક્, મનુષ્યાદિરૂપ) સંઘાત અને પછી બીજમાંથી અંકુર થાય અને અંકુરમાંથી બીજ થાય તેમ સંઘાતથી શરીર અને શરીર થી સંઘાતરૂપી અનાદિસિદ્ધ પ્રવાહ-આ બધું આપની માયા છે. આપ માયાના નિષેધની પરમ સીમા છો. આપને હું શરણે આવ્યો છું ।।૨૬।।

આપ લીલાવડે અનેક પ્રકારના અવતાર ધારણ કરી દેવ, સાધુ અને લોકમર્યાદા નું રક્ષણ કરો છો અને હિંસાથી વર્તન કરતા ઉન્માર્ગે ચાલનારને હણો છો. આપનો આ અવતાર પૃથ્વીનો ભાર ઉતારવામાટે છે ।।૨૭।।

હે પ્રભો! આપના (બહારથી શાન્ત છતાં અન્દરથી) અતિ દુઃસહ ઉગ્ર તેજરૂપી જ્વરથી અત્યન્ત સન્તપ્ત થઈ રહ્યો છું. (અગ્નિ અગ્નિથી દાઝે નહિ એ ન્યાયે તાવને તાવ ન આવે પણ છતાં હું સન્તપ્ત થઈ રહ્યો છું) હે ભગવન્! દેહધારી જીવો જ્યાં સુધી આશાની જાળમાં ફસાઈ રહી આપના ચરણકમલોનું શરણ નથી લઈ લેતા ત્યાં સુધી જ તાપ-સન્તાપ તેમને સતાવે છે* ।।૨૮।।

**વિશેષ** : આથી એમ પણ કહેવાયું કે તાપની નિવૃત્તિ ભગવદ્ ચરણના શરણ સિવાય બીજા

કોઈ પ્રકારે થતી નથી. જ્ઞાનથી તાપ નિવૃત્તિ થાય છે એ વાત સાચી પણ તેનું પણ કારણ ચરણમૂલનો આશ્રય જ છે. તો પછી જ્ઞાનરૂપી અન્તર્ગડુ (રસોળી) નું શું કામ છે? આમ જ્ઞાન કરતાં ભક્તિની ઉત્તમતાસિદ્ધ થઈ.

**ભગવાન્ બોલ્યા :** ''હે ત્રિશિર! (કફ, વાત અને પિત્ત એ તાવનાં ત્રણ મસ્તક છે.) હું તારી ઉપર પ્રસન્ન છું. મારા જ્વરથી તને ભય નહિ થાય. આપણા આ સંવાદનું સંસારમાં જે કોઈ સ્મરણ કરશે તેને તારાથી ભય નહિ થાય'' ।।૨૯।।

એમ ભગવાને કહ્યું ત્યારે અચ્યુતને નમસ્કાર કરી માહેશ્વર જ્વર ચાલ્યો ગયો; એટલામાં બાણાસુર રથમાં બેસી જનાર્દન સાથે યુદ્ધ કરવા આવી પહોંચ્યો ।।૩૦।।

બાણાસુરે પોતાના હજાર હાથોમાં જાતજાતનાં હથિયારો (તો) ધારણ કર્યાં હતાં. તેણે સુદર્શન ચક્રધારી ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર બાણો છોડ્યાં (ય ખરાં). પણ હે પરીક્ષિત! હકીકતમાં તેને ક્રોધ થયો નહોતો. (કારણ કે ભગવાને પહેલાં તેના પ્રાણોની રક્ષા કરેલી) ।।૩૧।।

જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે જોયું કે બાણાસુરે તો બાણોની ઝડી લગાવી દીધી છે ત્યારે છરાના જેવી તીણી ધારવાળા ચક્રથી, જેમ કોઈ વૃક્ષની નાની-નાની ડાળીઓ કાપી રહ્યો હોય તેમ તેની ભુજાઓ કાપી નાખવા લાગ્યા ।।૩૨।।

જ્યારે ભક્તવત્સલ ભગવાન્ શંકરે જોયું કે બાણાસુરની ભુજાઓ કપાઈ રહી છે ત્યારે તે સુદર્શન ચક્રધારી ભગવાન્ શ્રીકૃષ્ણની પાસે આવ્યા અને સ્તુતિ કરવા લાગ્યા ।।૩૩।।*

**વિશેષ :** જેવા ભગવાન્ છે તેવા રૂપમાં તો એ યોગવડે મેળવી શકાય છે. અત્યારે દેખાતા ભગવાન્ શાસ્ત્રથી સંગત થતા નથી એમ બતાવવા ભૂમિ વગેરે એના અંગ છે એમ બતાવ્યું છે. એ અંગો પણ ભગવદ્ લોકમાં જુદા રૂપે દેખાય છે. જેમકે રોમ, નખ આદિ મનુષ્યની મરેલી ત્વચા ગણાય છે તેમ ભગવાન્‌માં એવી કોઈ વસ્તુ નથી પણ એ પણ અંગરૂપ ગણાય છે. ભગવાન્ અમારે માટે ભૂતલ ઉપર પધાર્યા છે (શિવજી વેદરૂપ છે અને ભગવાન્ વૈદિક ધર્મનું પાલન કરવા પધાર્યા છે) તેથી એમની સ્તુતિ કરી. આપ તો નિર્દોષ અને પૂર્ણગુણ છે છતાં અમને એ દર્શન આપે છે. પણ જેનો જેવો અધિકાર તે પ્રમાણે દર્શન આપે એનું કારણ એ પોતે જ છે. પોતાના અજ્ઞાનથી અન્તરાય થાય છે તે અન્તરાયને આપ મટાડો ત્યારે આપનું દર્શન થાય. શ્રીકૃષ્ણની ઈચ્છાથી સર્વની બુદ્ધિ વિપરીત થઈ જાય છે. નહિ તો વિવેકી પુરુષો ધન, પુત્ર આદિમાં મોહ કેમ પામે? તેથી પહેલાંના અપરાધોની ક્ષમા સર્વનિયન્તા શ્રીહરિમાં

નિત્ય (સિદ્ધ) છે, છતાં જે લોકો શ્રીહરિની ભક્તિ નથી કરતા તેમનું જીવન વ્યર્થ છે. તેથી ભગવાનની ભક્તિ કરવી તે કર્તવ્ય છે, કારણ કે બાણાસુર પણ ભક્તિ કરે છે. (ભગવાન્ આવા ભક્તવત્સલ અને મહોદાર હોવા છતાં) પ્રાકૃત લોકો ભક્તિ નથી કરતા તેમાં તેમનું દુર્ભાગ્ય જ કારણ છે. અમે તો લોકરીતિથી જ આપની ઉત્તમતા સિદ્ધ થાય તે માટે યુદ્ધમાટે આવ્યા છીએ પણ અમે ભક્ત છીએ એમાં સંશય નથી. પ્રકટ પ્રકારથી 'શરણાગતિ' કહેવાય છે. તેવાનું જેનાથી હિત થાય તે કરવા માટેની પ્રાર્થના છે.

**શંકર ભગવાને કહ્યું :** હે પ્રભો! વેદમન્ત્રોમાં તાત્પર્યરૂપથી છુપાયેલ પરમ જ્યોતિ સ્વરૂપ પરબ્રહ્મ નિશ્ચય આપ જ છો. આપના સ્વરૂપને ગૂઢ જાણીને પહેલાં તો જિજ્ઞાસુઓ પોતાના હૃદયોને શુદ્ધ કરે છે. પછી જેમ ઘડામાં આકાશ છે પણ તે અપ્રકટ છે તેમ શૂન્યવત્ ભાસતા આપના સ્વરૂપને સર્વવ્યાપી અને નિર્વિકારી તરીકે સર્વત્ર જુએ છે ।।૩૪।।

આકાશ આપની નાભિ છે. અગ્નિમુખ અને જલ વીર્ય છે. સ્વર્ગ આપનું મસ્તક છે. દિશાઓ કાન અને પૃથ્વી ચરણ છે. ચન્દ્ર આપનું મન અને સૂર્ય નેત્ર છે. અહંકાર હૃદય છે. સમુદ્ર આપનું પેટ અને ઈન્દ્ર ભુજા છે ।।૩૫।।

વૃક્ષો અને ઔષધિઓ આપનાં રોમ છે. મેઘ આપના કેશ છે. વિરચિ (બ્રહ્મા) બુદ્ધિ છે. પ્રજાપતિ (બ્રહ્મા) આપની ગુહ્યેન્દ્રિય છે. ધર્મ આપનું હૃદય છે. આ પ્રમાણે સમસ્ત લોક અને લોકાન્તરો ની સાથે જેના શરીરની તુલના કરવામાં આવે છે તે પરમ પુરુષ આપ જ છો ।।૩૬।।

હે અખંડ જ્યોતિસ્વરૂપ પરમાત્મા! આપનો આ અવતાર ધર્મની રક્ષા અને ખલ પુરુષોને દંડ આપવામાટે થયો છે. અમે બધા (દેવો) પણ આપના પ્રભાવથી જ પ્રભાવિત થઈ સાતે ભુવનોનું પાલન કરીએ છીએ ।।૩૭।।

આપ એક અને અદ્વિતીય આદિપુરુષ છો. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ માં અનુગત અને તેમનાથી પર તુરીય તત્વ પણ આપ જ છો અર્થાત્ આપ સમાધિગમ્ય છો. આપની દૃષ્ટિ આપમાં જ રહેલી છે અર્થાત્ આપ આત્માનુભવથી જ તુષ્ટ છો. મોક્ષના કારણરૂપ છો. આપ બધાંનું કારણ છો પણ આપનું કારણ કોઈ નથી. (જેવી રીતે હરડેમાં છ રસ છે છતાં તે સ્વાદમાં નીરસ લાગે છે તેવી રીતે) આપ ત્રણે ગુણોની વિભિન્ન વિષમતાઓને પ્રકાશિત કરવામાટે પોતાની માયાથી દેવતા, પશુપક્ષી, મનુષ્ય વગેરે શરીરો પ્રમાણે જુદા-જુદા રૂપોમાં દેખાઓ છો*

।।૩૮।।

**વિશેષ :** ચિન્તામણિ જેનું આપણે ચિન્તન કરીએ તે આપે છે છતાં ચિન્તામણિમાં કોઈ વિકાર થતો નથી. વળી ચિન્તામણિએ નિર્માણ કરેલા પદાર્થોની ફલદાતા તરીકે ઉપાસના કરવામાં આવતી નથી. ફલદાતા તરીકે તો ચિન્તામણિની જ ઉપાસના કરવામાં આવે છે.

સાકરને લીમડો માનીને ખાવામાં આવે તો પણ તે મોઢું કડવું નથી કરી દેતી. સાકર એ સાકર જ છે અને તે મોઢું મીઠું કરે જ કરે.

બીજ એક જ હોય છે પણ તેમાંથી પત્રો, કાષ્ઠ, ગુન્દ, પુષ્પો અને ફલો થાય છે. છતાં બીજમાંથી વૃક્ષ થયા પછી બીજનો તો નાશ થઈ જાય છે પણ ભગવાન્ તો અખંડ જ રહે છે. (શ્રીસુબોધિનીજી)

વાદળાંઓને સૂર્ય ઉત્પન્ન કરે છે પણ તે જ વાદળાં સૂર્યને ઢાંકી દે છે. તેમ જગતને આપ ઉત્પન્ન કરો છો પણ તે જ જગત્ આપને ઢાંકી દે છે. જેમ સૂર્ય તે વાદળાંઓને તેમણે કરેલી વૃષ્ટિને અને તેમની નીચે રહેલા પૃથ્વી ઉપરના પદાર્થોને, પોતે અદષ્ટ હોવા છતાં પ્રકાશિત કરે છે. તેમ સર્વના કારણરૂપ આપ સર્વત્ર સર્વ વસ્તુને પ્રકાશિત કરો છો. આપ સૂર્યના જેવા સ્વયં પ્રકાશ છો પરન્તુ ગુણોદ્વારા જાણે કે ઢંકાઈ જાઓ છો અને સમસ્ત ગુણોને તથા ગુણાભિમાની જીવોને પ્રકાશિત કરો છો. હકીકતમાં તો આપ અનન્ત છો ।।૩૯।।

વિષયો દુઃખદાયી છે એમ જાણવા છતાં જે વિવેકી પુરુષો પણ પુત્ર, સ્ત્રી, ગૃહ વગેરેમાં આસક્ત થાય છે તેમની બુદ્ધિ આપની કોઈ અદ્ભુત માયાથી જ મોહિત થયેલી છે. તેથી પુત્ર વગેરેમાં આસક્ત હોવાથી (ભરતજીની આસક્તિ હરણમાં હતી તો તેમનો જન્મ હરણને ત્યાં થયો તેમ) તેઓ પુત્ર, સ્ત્રી વગેરેને ત્યાં જ જન્મે છે અને મરે છે અને આમ દુઃખના અગાધ સાગરમાં ડૂબકાં ખાધા કરે છે ।।૪૦।।

વિવેક ઈન્દ્રિયાદિ યુક્ત શરીર આપ મનુષ્યને કૃપા કરીને આપો છો પણ તે ઈન્દ્રિયોને આધીન હોવાથી, આપના ચરણારવિન્દમાં આસક્તિ રાખવી જોઈએ છતાં આદર પણ રાખતો નથી. આવો પોતાની જાતને છેતરનારો પુરુષ શોચનીય છે ।।૪૧।।

હે પ્રભો! આપ સમસ્ત પ્રાણીઓના આત્મા, *પ્રિય અને (અવળે રસ્તે ચાલનારને દંડ દેનારા સમર્થ) ઈશ્વર છો. મનુષ્ય પોતે મૃત્યુનો કોળિયો છે અને છતાં તે આપને છોડી દઈ અનાત્મ, અપ્રિય અને અનીશ્વર (તુચ્છ) વિષયોમાં

સુખબુદ્ધિ કરી તેમની પાછળ પડે છે તે એટલો મૂર્ખ છે કે તે અમૃત છોડી ઝેર પી રહ્યો છે ।।૪૨।।

**વિશેષ :** બેતાલીસમાં શ્લોકમાં 'પ્રિય' શબ્દ છે. તેતાલીસમા શ્લોકમાં 'પ્રેષ્ઠ' (પ્રિયતમ-સૌથી વધારે પ્રિય) શબ્દ છે. એ એમ બતાવે છે કે જેનામાં ભગવત્પ્રેમ અત્યન્ત ઉત્કટ હોય તેનાં અન્ય સાધન સમ્પન્ન થઈ ચૂક્યાં.

હું, બ્રહ્માજી, બધા દેવતાઓ અને વિશુદ્ધ હૃદયવાળા ઋષિમુનિઓ આપને સર્વથા સર્વાત્મભાવથી શરણાગત છીએ કારણ કે આપ જ અમારા આત્મા, પ્રિયતમ અને ઈશ્વર છો ।।૪૩।।

આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય નાં કારણરૂપ છો. આપ બધામાં સમાન, પરમ શાન્ત, બધાના મિત્ર, આત્મા અને ઈષ્ટદેવ છો. આપ એક છો. (અર્થાત્ આપના સિવાય બીજું કંઈ છે જ નહિ, આપનો બરોબરિયો કોઈ નથી અને આપને માટે કોઈ પરાયો નથી) આપ જગતના આધાર તથા અધિષ્ઠાન (નિવાસ) છો. હે પ્રભો! અમે બધા સંસારથી મુક્ત થવાને માટે શરણાગતિપૂર્વક આપનું ભજન કરીએ છીએ ।।૪૪।।

હે દેવ! આ બાણાસુર મારો પ્રિય ભક્ત છે. મેં તેને અભયદાન આપ્યુ છે. એ આપની કૃપાથી મેં કર્યુ છે. તેથી એને અભય થાઓ. મારી વિનન્તિથી પણ આપ દૈત્યપતિના ઉપર પ્રસન્ન થાઓ ।।૪૫।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** આપ તો અમારા સ્વકીયછો અને સ્વકીયને ગમે તે કરવું જોઈએ. એટલે આપની વાત માની હું તેને નિર્ભય કરી દઉં છું. તેના સમ્બન્ધ પહેલાંજે આપની *ઈચ્છા હતી તેપ્રમાણે મેં તેની ભુજાઓ કાપી નાખી તેનું જ અનુમોદન કર્યુંછે ।।૪૬।।

**વિશેષ :** ભગવાનની ઈચ્છા એ જ કૃતિ હોય છે. ક્રિયા તો માત્ર તેનું અનુમોદન જ હોય છે. જેવી રીતે ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને મહાભારતનું યુદ્ધ કરવા સમજાવતાં આજ્ઞા કરે છે કે **દ્રોણં ચ ભીષ્મં ચ જયદ્રથં ચ** (ગીતા અધ્યાય ૧૧ શ્લોક-૩૪) દ્રોણ, ભીષ્મ વગેરેને તો મેં મારી જ નાખ્યા છે. તું તો નિમિત્તમાત્ર થા, અર્થાત્ આપે તેમના મૃત્યુની ઈચ્છા કરી ત્યારે જ તેઓ મરી ચૂકેલા. પછીની ક્રિયાતો ભગવદ્દઈચ્છાનું અનુમોદન જ છે.

હું જાણું છું કે બાણાસુર દૈત્યરાજ બલિ રાજાનો પુત્ર છે. તેથી હું પણ તેનો વધ કરી શકું એમ નથી કારણ કે હું પ્રહ્લાદજીને વરદાન દઈ ચૂક્યો છું કે તમારા વંશમાં

જન્મેલા કોઈ પણ દૈત્યનો હું વધ નહિ કરું ।।૪૭।।

(વામન ભગવાનના પ્રસંગમાં પ્રહ્લાદજીએ તો એક બલિના પ્રાણોની રક્ષા કરવા જ પ્રાર્થના કરેલી પણ ભગવાનની ભક્તવશ્યતા એવી કે પ્રહ્લાદજીને વરદાન આપી દીધું, ''તારા વંશમાં જન્મેલ કોઈ પણ દૈત્યનો હું વધ નહિ કરું!થ) (પ્રહ્લાદજીના પુત્ર વિરોચન. વિરોચનના પુત્ર બલિ. બલિના પુત્ર બાણાસુર).

તેના ગર્વને દૂર કરવામાટે જ મેં એની ભુજાઓ કાપી નાખી છે. તેની બહુ મોટી સેના પૃથ્વી ઉપર બોજારૂપ થઈ પડી હતી તેથી જ મેં તેનો સંહાર કરી નાખ્યો છે ।।૪૮।।

હવે તેની ચાર ભુજાઓ બચી રહી છે. તે અજર અમર રહેશે. આ બાણાસુર આપના પાર્ષદોમાં મુખ્ય થશે. હવે તેને કોઈ તરફથી કોઈ પણ પ્રકારનો ભય નથી ।।૪૯।।

શ્રીકૃષ્ણ પાસે આ પ્રમાણે અભયદાન પ્રાપ્ત કરી બાણાસુરે દંડવત્ પ્રણામ કર્યા અને અનિરુદ્ધજીને પોતાની પુત્રી ઉષાની સાથે રથમાં બેસાડી ભગવાનની પાસે લઈ આવ્યો ।।૫૦।।

ત્યારબાદ ભગવાન્ શ્રીકૃષ્ણે મહાદેવજીની સમ્મતિથી (**'રુદ્રાનુમોદિતઃ' અને 'કૃષ્ણોનુમોદિતઃ'** બે પાઠ છે. બન્નેનો અર્થ સરખો જ છે) વસ્ત્રો અને અલંકારો થી વિભૂષિત ઉષા અને અનિરુદ્ધજી ને એક અક્ષૌહિણી સેના સાથે આગળ કરી દ્વારકામાટે પ્રસ્થાન કર્યું ।।૫૧।।

આ બાજુ જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણ વગેરેના પધારવાના સમાચાર દ્વારકમાં પહોંચ્યા ત્યારે નગરનો ખૂણે-ખૂણો ધજાઓ અને તોરણો થી સજાવવામાં આવ્યો. મોટી-મોટી સડકો અને ચોકો ને ચન્દનમિશ્રિત જલથી છાંટી દેવામાં આવ્યા. નગરજનો, બન્ધુ, બાન્ધવો અને બ્રાહ્મણોએ આગળ પડી ભારે ધામધૂમથી ભગવાનનું સ્વાગત કર્યું. તે વખતે શંખ, નગારાં અને ઢોલો નો તુમુલ અવાજ થઈ રહ્યો હતો. આ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાની રાજધાનીમાં પ્રવેશ કર્યો ।।૫૨।।

**ય એતત્ કૃષ્ણવિજયં શંકરેણ ચ સંયુગમ્ ।।**
**સંસ્મરેત્ પ્રાતરુત્થાય ન તસ્ય સ્યાત્ પરાજયઃ ।।૫૩।।**

હે પરીક્ષિત! જે પુરુષ શંકરની સાથે ભગવાન્ શ્રીકૃષ્ણના યુદ્ધ અને આપના વિજયની કથાનું પ્રાતઃકાલમાં ઊઠીને સ્મરણ કરશે તેનો (ઇન્દ્રિયો અને

અન્તઃકરણદ્વારા કદી) પરાજય નહિ થાય ।।૫૩।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ત્રીજા રાજસ પ્રકરણના ચોથા ફલ-પેટા પ્રકરણનો ધર્મીરૂપ સાતમો) ''બાણાસુરને હરાવીને ભગવાન્ ઉષા-અનિરુદ્ધને દ્વારકા લાવ્યા'' નામનો (ઉત્તરાર્ધનો ચૌદમો અને ચાલુ) ૬૩મો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૬૦મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## ત્રીજા રાજસ પ્રકરણનું ચોથું ફલ પ્રકરણ સમ્પૂર્ણ

## ત્રીજું રાજસ પ્રકરણ સમ્પૂર્ણ

(શરણાગતિ-સેવારૂપી) સાધના શરૂ કરવાની તત્પરતા જાણ્યા વિના ગમે તેને દીક્ષા આપનાર ગુરુ અયોગ્યને દીક્ષા આપવાના પાપે પોતાનો, દીક્ષા લેનારનો તેમજ સમ્પ્રદાયનો પણ વિનાશ નોંતરે છે.

## અધ્યાય ૬૪

### શ્રીસુબોધિનીજી અનુસાર અધ્યાય ૬૧

## પ્રકરણ ૪-સાત્વિક પ્રકરણ - નૃગનું આખ્યાન

### પહેલું પ્રમેય પ્રકરણ અધ્યાય પહેલો

**વિશેષ** : ૧.પૂર્વે અઠ્ઠાવીશ અધ્યાયથી રાજસ પ્રકરણ કહ્યું. હવે સાત્વિક પ્રકરણ એકવીસ અધ્યાયથી કહે છે. તે સાત્વિક પ્રક્રિયા વસુદેવજીના યજ્ઞમાં પૂર્ણ થશે. તામસ પ્રકરણની લીલા શ્રવણ કરવાથી તામસ અહંકારના કાર્યરૂપ દેહની શુદ્ધિ થાય છે તેમ રાજસ લીલાના શ્રવણથી રાજસ અહંકારના કાર્યભૂત ઈન્દ્રિયોની શુદ્ધિ થાય છે તેથી શ્રીઆચાર્યચરણે **'ઈન્દ્રિયશોધિકા'** એમ રાજસલીલાનું વિશેષણ કહ્યું છે. તામસોનો દઢ આગ્રહ હોય તેનો નિરોધ કરતાં વિશેષ શ્રમ થાય તેટલો રાજસોનો આગ્રહ ન હોય તેથી **'નાતિયત્ના'** કહી છે. સાત્વિક પ્રક્રિયા ચાર પ્રકાર કહે છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ છ-છ અધ્યાયથી કહ્યા છે, જ્યારે મોક્ષ ત્રણ અધ્યાયથી કહ્યો છે. પ્રમેય, સાધન અને ફલ વડે અર્થ, ધર્મ અને કામ કહ્યા છે. ધર્મી પ્રકરણમાં ત્રિવિધ મોક્ષ કહ્યો છે. પ્રકીર્ણ આખ્યાનવાળી આ પ્રક્રિયા છે. અહીં ક્રમની

વિવક્ષા નથી તેથી નૃગનું આખ્યાન પ્રથમ કહ્યું છે. પણ પહેલાં ધર્મ કહ્યો. પછી ગોપીજનોની કથાથી કામ કહ્યો. નૃગ પ્રમાણમાં શ્રદ્ધાવાળો છે, ગોપીજનો વેદાત્મક બલદેવજીના રમણથી પ્રમાણ પુષ્ટ છે, પૌણ્ડ્રક મહાદેવજીના વરથી પુષ્ટ છે. એ ત્રણ પ્રમાણ પોષિત છે. દ્વિવિદ, લક્ષ્મણા અને નારદજી એ ત્રણનો મોક્ષ કહ્યો છે. દ્વિવિદ રામભક્ત છે. તેને **'યે ચ પ્રલમ્બ'** ઈત્યાદિમાં ગણ્યો છે. ભગવદ્ આવેશદ્વારા બલદેવજીએ હસ્તિનાપુરને ઊંધું કર્યું ત્યારે કૌરવોને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થયું કે જેથી લક્ષ્મણાનો મોક્ષ થયો. નારદજીને ભગવાનની બહુ સ્ત્રીઓના રમણમાં સન્દેહ પડ્યો. તેમનું એ અજ્ઞાન દૂર કરી ભગવદ્ ધર્મના જ્ઞાનરૂપ મોક્ષ કર્યો. પછી છ અધ્યાયથી ધર્મ કહ્યો. તેમાં એકથી સાધારણ અને પાંચથી ધર્મ કહ્યો. નૃગે દાનમાં યોજેલો અર્થ અનર્થરૂપ થયો તેને ભગવાને અર્થરૂપ વિશેષ કર્યો. ભગવાનને ભજતાં સ્વરૂપ સિવાય બીજી કામના કરે તો ભગવાન્ વિરુદ્ધ થઈ જાય છે અને પશુ-પુત્રાદિ આપે છે. ફલની કામના છોડીને ભજે તો ફલરૂપે પોતે પ્રકટ થાય છે. એમાં પણ બ્રાહ્મણનો પૈસો ન લેવો એ નૃગના આખ્યાનથી સમજાવ્યું છે. એણે બ્રાહ્મણનો પૈસો આપ્યો તેથી કાકીડો (કાચંડો) થવું પડ્યું. તેમાંથી ભગવાને છોડાવ્યો એ વાત ચોસઠમાં અધ્યાયમાં કહે છે, કેમકે યાદવો રાજસ છે. તેમને ઉપદેશ આપશે ત્યારે તેઓ સાત્વિક થશે. અહીં ઉદ્ધારક અનિરુદ્ધજી છે.

૨. નૃગના મોક્ષથી વસુદેવજીના યજ્ઞ સુધી સાત્વિક પ્રકરણ છે. સાત્વિકોને પ્રમાણની અપેક્ષા હોતી નથી તેથી આમાં સાત-સાત અધ્યાયના પ્રમેય, સાધન અને ફલ નામનાં ત્રણ પ્રકરણ છે. એમાં રાજસો, તામસો કેમ આવ્યા એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે એમને સ્નેહ અને આસક્તિ હતાં તે વ્યસનથી શુદ્ધ થયાં ત્યારે એમનો વિક્ષેપ દોષ દૂર થયો. તેમને સંસ્કાર થયો અને પ્રભુની કૃપા થઈ એટલે તેમનો ઉદ્ધાર પણ થયો. તેથી આ પ્રકરણમાં બધાના દોષની નિવૃત્તિ કહેવાની છે. નૃગ રાજા પહેલાંનો ભક્ત અને સાત્વિક હતો. તેણે અતિદાન કર્યું તેથી એ દુઃખી થયો. તેનો શ્રીકૃષ્ણે મોક્ષ કર્યો એમ કેટલાક કહે છે. આજ્ઞાના અભાવમાં એને દોષ લાગ્યો એમ કેટલાક કહે છે. ભગવાનની ઈચ્છા ન હતી અને એણે ગાયો આપી તેથી એમ થયાનું કેટલાક કહે છે. હું દાન આપનાર છું એવું અભિમાન એને થયું એ દોષ છે. ખરી રીતે જોતાં વિચાર કર્યા વગર ધર્મમાં અત્યન્ત આગ્રહ એ એનો દોષ હતો. તેથી તેને કાકીડો (કાચંડો) થવું પડ્યું. શ્રીકૃષ્ણ સિવાય કોઈમાં અત્યન્ત આગ્રહ ન રાખવો, કેમકે ભક્તિમાર્ગમાં એવાને પણ શ્રીકૃષ્ણ મુક્તિ આપી શકે છે. એ પાછો આવો આગ્રહ ન કરે એને માટે સર્વને મારવા લાયક કાકીડાનો દેહ ભગવાને એને આપ્યો. જેમ એણે એક બ્રાહ્મણનો ક્ષોભ કર્યો તેમ કર્મમાં જેટલા જોડાયાં હોય તેમને એ કર્મ ક્લેશ આપનાર થાય છે. તેથી બીજામાં વ્યસન રાખનાર,

ધર્મ કરતાં પણ દુઃખ પામે છે. માટે શ્રીકૃષ્ણનું ભજન કરવું. અસંખ્ય ગાયો આપી **''બ્રહ્મણ્યસ્ય વદાન્યસ્ય તવ દાસસ્ય''** એ વાક્યથી તામસ આદિ ત્રણ ભેદ કહ્યા છે. તેથી તામસ ધર્મમાં તો ફલ ભ્રમ સિવાય બીજું કાંઈ નથી તેથી ધર્મનો નિર્ધાર કરવો. જેમાં દોષ ન લાગે તેવો ધર્મ કરવો, નહિ તો ગુણ હોય તો પણ એ દોષરૂપ થાય છે. આ અધ્યાયમાં ઐશ્વર્ય કાર્ય સ્પષ્ટ છે.

બીજા અધ્યાયનો વિચાર કરતાં ચાર અધ્યાયમાં ચાર પુરુષાર્થ સિદ્ધ ન થયા તે ભગવાને કરી આપ્યા એ કહે છે કે ધર્મમાર્ગમાં બ્રાહ્મણનું અપમાન ન કરવું. મુખ્ય ધર્મમાં તો પ્રાણીનો દ્રોહ ન કરવો. અર્થમાં બન્ધુનો ક્ષોભ ન કરવો. કામમાં આત્માનો ક્ષોભ ન કરવો. મોક્ષમાં ઈશ્વરનો અપરાધ ન કરવો. એ વાત ચાર અધ્યાયથી કહે છે; જેમ નૃગનો ધર્મ સિદ્ધ ન થયો. એણે બ્રાહ્મણનો અપરાધ કર્યો. યમુનાજીએ પ્રભુના ભાઈને ક્ષોભ કર્યો. તેમનો ભગવત્સમ્બન્ધરૂપ અર્થ સિદ્ધ ન થયો. પૌણ્ડ્રકે ભગવાનનો અપરાધ કર્યો. તેનો કામ સિદ્ધ ન થયો. દ્વિવિદનો મોક્ષ સિદ્ધ ન થયો, કારણ કે એણે એના મૂળનો વિરોધ કર્યો. અનિરુદ્ધજી ધર્મરક્ષક છે. દુષ્ટને માર્યા વિના સદ્ રક્ષણ ન થાય તેથી બલદેવજીનું પણ એમાં કાર્ય છે. તેથી આમાં બલદેવજીનું ચરિત્ર છે. તે યોગ્ય જ છે. તેમ જ આ અધ્યાયનો અર્થ વીર્ય છે એ વીર્યનું કાર્ય બલદેવજીએ યમુનાકર્ષણ કરીને બતાવ્યું છે. પછી લૌકિક ગોપીજનોની સાથે બલદેવજીની ક્રીડા છે. એ ગોપીજનો **''બ્રહ્મણા શપ્તા વાગ્ ગોપીઃ''** એમ તૃતીયસ્કન્ધમાં બ્રહ્માજીએ કામથી શાપ આપ્યો તેથી એ ગોપીજનો થયાં અને કામથી શ્રીકૃષ્ણને મળ્યાં તેથી **''ગોપ્યઃ કામાત્''** એમ કહ્યું છે તે આ ગોપીજનો સમજવાં. તેઓ બલદેવજીના સંગથી સાત્વિક થયાં. એમણે શ્રીકૃષ્ણમાં દોષભાવ કર્યો તે દોષ એમનો દૂર થયો. વરુણે વારુણીની ધારા કરી, કાન્તિએ પોશાક આપ્યો. શ્રીયમુનાજીને ભગવત્પ્રતિબન્ધ નિવૃત્ત થયો. એ ભગવદાવિષ્ટ બલભદ્રના વીર્યનું કાર્ય સમજવું.

ત્રીજા અધ્યાયના વિચારમાં પૌણ્ડ્રકનો કામ સિદ્ધ ન થયો એ વાત આવે છે. એમાં શ્રીકૃષ્ણમાં જેને માન હોય તેનો કામ સિદ્ધ થાય. એણે તો ભગવાન્ સાથે માત્સર્ય કર્યું તેથી એ પોતાના મિત્ર સાથે નષ્ટ થયો પણ ભગવાને પ્રમેય બળવડે એ દોષ મટાડી એને મુક્તિ આપી તેથી યશ આ અધ્યાયમાં કહ્યો. દેવોએ સહાય કરવી તો ભગવાનની આજ્ઞાથી કરવી. એમ ન કરે તો તીર્થ, દેવ, ક્ષેત્ર વગેરેમાં ભક્તિ કાંઈ કામ કરતી નથી. તેથી કાશી દહનનો પ્રસંગ અહીં કહ્યો છે. મહાદેવજીનું પણ એમાં કાંઈ ચાલ્યું નહિ. જ્યાં ભગવાન્ પ્રકટ હોય ત્યાં બીજાં રૂપ કાંઈ કરી ન શકે. દ્વિવિદનો વધ ચોથા અધ્યાયમાં કહ્યો છે. એના દોષની નિવૃત્તિ પ્રમેય બળથી કરી. એમાં

શ્રીકાર્ય તો એ જ કે ભગવાને સ્ત્રીઓ સાથે ક્રીડા કરી તેથી એ અધ્યાયાર્થ છે.

પાંચમા અધ્યાયમાં કૌરવોને ભગવાન્ વગેરેમાં દ્વેષ થયો તેથી એ ત્યાજ્ય છે. એ અહીં એના સંગ્રહરૂપ દૂષણ નથી. પાંડવો પણ કૌરવોમાં મળેલ છે તેઓના દ્વેષ દૂર કરવા જોઈએ. એ જ્ઞાનનું કાર્ય છે તેથી એ જ્ઞાનાધ્યાયછે.

છઠ્ઠામાં ભગવાનની પાસે નારદજી આવ્યા. ભગવાનનું ગાર્હસ્થ વૈરાગ્યથી છે એમ એમને લાગ્યું. લોકોને એવી રીતે ગાર્હસ્થ કરવાનું શીખવવામાટે શ્રીકૃષ્ણનું ગાર્હસ્થ છે. તેથી નારદજીનું અજ્ઞાન ગયું. નિર્લેપતાવડે ગૃહસ્થાશ્રમ કર્તવ્ય છે એમ એ સમજ્યા.

સાતમા અધ્યાયમાં સ્ત્રીઓ વિઘ્ન કરતા કૂકડા વગેરેને શાપ આપે છે. એ સ્ત્રીઓના દ્વેષોને ભગવાન્ ધર્માચરણથી દૂર કરે છે. આગળ રાજસભામાં ઉદ્ધવજીને પ્રશ્ન કરે છે. યાદવો જરાસન્ધને જીતવાની ઇચ્છા કરે એ દ્વેષનું નિવારણ કરીને ભક્ત યુધિષ્ઠિરનો પક્ષપાત કરે છે. એ ધર્મિકાર્ય છે. અહીં પ્રમેય પ્રકરણ સમાપ્ત થાય છે.

સાધન પ્રકરણમાં કહેવાનું કે પોતાનું સામર્થ્ય હોય છતાં ભગવાનની આજ્ઞાથી જો સાધન કરે તો એમાં ભગવાન્ પધારી સહાય કરે. સાધનમાં સર્વથા નીતિનો આશ્રય કરવો એ જણાવવામાટે ભગવાન્ બધું જાણે છે છતાં ઉદ્ધવજીનો મત લે છે. જીવથી જેટલું બને તે જ ઉદ્ધવજી કહે છે. તેથી જ ભગવાન્ પણ સૈન્ય સાથે ઇન્દ્રપ્રસ્થ ગયા. આમાં ઐશ્વર્યલીલા કહેવામાં આવી.

બીજા અધ્યાયમાં ભક્તને સહાય કરવા ભગવાન્ ક્વચિત્ એકલાપણ કાર્ય કરે છે તેથી પોતાનું સામર્થ્ય ભીમમાં મૂકી જરાસન્ધને જીત્યો એ વીર્યનુંકાર્યકહ્યું.

ત્રીજા અધ્યાયમાં યજ્ઞ કર્યો એમાં યશ સ્પષ્ટ છે. એમાં દૈત્યની પાસે દેવો એકલા નિઃશંક આવી ન શકે તેથી દૈત્યોને પ્રકટ કરવાને જ્યારે ભગવાનનું પૂજન કર્યું ત્યારે શિશુપાલે દૈત્યનું સ્વરૂપ પ્રકટ કર્યું. એને ભગવાને માર્યો તેથી દેવો નિઃશંક એમાં આવ્યા. એમાં દૈત્યના હિતૈષી દુર્યોધન વગેરેનો માનભંગ થયો. તેથી તો બલદેવજી યુધિષ્ઠિરના યજ્ઞમાં આવ્યા ન હતા, પ્રદ્યુમ્ન વગેરે આવ્યા હતા. પછીથી બલદેવજી આવ્યા પણ શ્રીકૃષ્ણની હાજરીમાં કાંઈ બોલી શક્યા નથી. જો ભગવાન્ હાજર ન હોત તો બધા પાંડવોને બલદેવજી મારી નાખત. પરન્તુ એ વાત શ્રીકૃષ્ણ જાણતા હતા તેથી ત્યાં હાજર રહ્યા હતા અને પાંડવોના હૃદયમાં બલદેવજીની પ્રાર્થના કરવાની પ્રેરણા કરી. મહાદેવજીનો અધિદેવ કાલ શાલ્વમાં આવ્યો ને એણે દ્વારકામાં અતિ દુઃખ આપ્યું. એણે સત્તાવીસ દિવસ યુદ્ધ કર્યું તેથી ભગવાનની આજ્ઞા વગર કાંઈ ન કરવું એમ બતાવ્યું, કારણ કે બલદેવજીને ત્યાં રક્ષામાટે રાખ્યા હતા તે આજ્ઞા વગર ઇન્દ્રપ્રસ્થ

આવ્યા તેથી આ દુઃખ થયું. એમાં પ્રદ્યુમ્નનો પરાજય થયો તે ભગવાનની ઉપેક્ષાથી થયો એટલે એ વૈરાગ્ય અધ્યાય છે. વળી લૌકિક વૈદિક બધું ભગવદ્ આજ્ઞા હોય તો કરવું, નહિ તો ભગવદ્ભજન કરવું એ જ ભગવત્ પ્રાપ્તિનું સાધન છે એમ બતાવવામાટે મહાદેવજીના વરથી શાલ્વને સૌભ વિમાન મળ્યું એ પ્રસંગમાં મતાન્તર સિદ્ધ એવી ભગવાનને મોહ થયાની લીલા ભગવાને દેખાડી છે. તે માયિક વસુદેવજીનું ભગવાનની સમક્ષ મસ્તક કાપે છે ત્યારે ભગવાને **''કથં રામમસમ્ભ્રાન્તં''** એ શ્લોકથી પોતે મોહ બતાવ્યો છે એ મોહ અહીં સમ્ભવે નહિ પણ કોઈ કલ્પમાં ભગવાને મહાદેવજીને એવો વર આપ્યો હોય તે અંશાવતારમાં સમ્ભવે; તેથી ભગવદ્ભક્તને વધારેલી વિદ્યાવડે અવિદ્યાનિવૃત્તિપૂર્વક અનન્ત ઐશ્વર્યનો લાભ થાય ત્યારે શોક મોહથી નિવૃત્ત થઈ નિર્ગુણ શ્રીકૃષ્ણ સ્વરૂપને ભજે. એ ધર્મિ-સ્વરૂપ હોવાથી આ ધર્મીના વર્ણનનો અધ્યાય થયો.

યોગી લોકો પણ નિર્ગુણ સ્વરૂપને જાણી શકતા નથી તેથી **''વિદૂરકાષ્ઠાય મુહુઃ કુયોગિનામ્''** એમ કહ્યું છે. શ્રીશુકદેવજીએ ભગવન્મોહનો પ્રસંગ પૂર્વપક્ષ તરીકે કહ્યો છે. કેટલાક આ કથાને પ્રક્ષિપ્ત ગણે છે. પાંડવો અને યાદવો ને કાળથી જ્યારે અત્યન્ત તાપ થયો ત્યારે ભગવાને એમને એ દુઃખથી મુક્ત કર્યાં. એમ ન કરે તો ફળમાં સ્વાદ ન આવે. મોહલીલા મહાદેવજીની પ્રસન્નતામાટે ભગવાને કોઈ કલ્પમાં કરી હોય તેથી સ્મૃતિ યોગ જ ધર્મથી આવતાં કોઈએ અહીં એનું વર્ણન કર્યું હોય પણ શ્રીશુકદેવજી, ભક્તિયોગવાળાને શ્રીકૃષ્ણમાં મોહ થાય એ વાત માનવાને તૈયાર નથી. જેને શ્રીકૃષ્ણમાં દોષભાવ હોય તેવા યોગીને એવું સ્મરણ થાય, પરન્તુ શુદ્ધ યોગવાળાને એવું સ્મરણ થાય જ નહિ; તેથી મૂલ શ્રીકૃષ્ણમાં મોહનો સમ્ભવ નથી એ સિદ્ધાન્ત જાણવો.

ફલ પ્રકરણમાં શિવના ભક્ત શાલ્વનો, સ્વભક્ત દન્તવક્ત્રનો અને વિદૂરથનો વધ કર્યાનું કહેવાય છે. ફલની પહેલાં દોષનો નાશ કરવો જોઈએ. એનાથી યાદવનાં સર્વ દુઃખો જતાં એ શ્રીકૃષ્ણને ફલરૂપે સ્વીકારશે. પછી બલદેવજી તીર્થયાત્રાના મિષથી જશે. એ વર્ણાશ્રમના ધર્મોમાં જ્યાં દોષ કર્યા હશે તે દોષોનો નાશ કરી ધર્મનું સ્થાપન કરશે. ભગવાન્ તો પાંડવોના દોષોનો નાશ કરશે. કાળના દોષથી મુનિઓએ અધમ વક્તાની પાસેથી શ્રવણ કર્યું તેથી ધર્મને માટે રામે સૂતજીને માર્યા. મુનિઓના સત્રને પૂર્ણ કરવા એના પુત્રને એને સ્થાને બેસાડ્યો એમાં ભાગવતનું શ્રવણ પૂરું કરવાનું હતું. એમ ન કરે તો શ્રીશુકદેવજીનું કહેલ ભાગવત હૃદયમાં પ્રવેશે નહિ. બલ્વલનો વધ કરી ઋષિઓના દોષને દૂર કર્યા. બલ્વલ, દોષો અને સૂતજી ત્રણને બલદેવજીએ નિવૃત્ત કર્યા, જ્ઞાનનો ઉપદેશ કર્યો અને તીર્થમાં ફર્યા. તીર્થ, જ્ઞાન અને યજ્ઞ થી

શુદ્ધિ થાય છે. આગળ મોહ ન થવામાટે ઋષિઓને ત્રણ પ્રકારે શુદ્ધ કર્યા તેથી પહેલામાં ધર્મિલીલા અને બીજામાં જ્ઞાનલીલા કહી. ત્રણ અધ્યાયથી તામસ આદિ ત્રણે પ્રકરણમાં કહેલ ભક્તોના સર્વ દોષનો નાશ કરીને એને ફળ મળ્યાની વાત કહે છે. 'સુદામા'નામના એક બ્રાહ્મણ હતા. ('સુદામા' નામ શ્રીમદ્ ભાગવતમાં આવતું નથી, બીજા પુરાણમાં છે) તેઓ ગામમાં રહેતા હતા તેમની ભાર્યા-બ્રાહ્મણીમાં ઋષિના ધર્મો ન હતા અને ઘરમાં દારિદ્રય તો હતું જ. (જો કે શ્રીભાગવત ૧૦।૮૦।૧૯ માં તેમને માટે 'વિપ્રર્ષિ' (વિપ્ર+ઋષિ) શબ્દ વાપર્યો છે. છતાં તત્વાર્થદીપ નિબન્ધમાં કારિકા ૩૮૦ માં તેમને માટે **''અર્ધ ચ ઋષિ સમ્મતઃ''** કહ્યું છે. અર્થાત્) સુદામાજી અડધા ઋષિ હતા એ ગૃહસ્થ હતા. એમની સ્ત્રીને લક્ષ્મીની ઇચ્છા હતી. એ સ્ત્રીને માટે શ્રીકૃષ્ણે એને ધન આપ્યું તેથી એણે ભક્તનો સંગ કર્યો. જેમ ભગવાન્ પૂર્ણકામ છે તેમ ભક્તને પણ કામના છોડીને પૂર્ણકામ થઈને રહેવું એમ એનાથી બતાવ્યું. એમ રહે તો તેના પરલોકનો નાશ ન થાય. સુદામાજીને ભગવાને અલૌકિક આપ્યું તેથી એમના પરલોકને એ બાધક ન થયું. પોતે સમક્ષમાં કાંઈ આપ્યું નહિ તો પણ સુદામાજીએ એમનામાં ભાવને શિથિલ ન કર્યો એ વાત માર્ગમાં જતાં તેમણે કહી છે. એમણે સમૃદ્ધિ ભોગવી તે પણ ભક્તિમાર્ગની રીતે નિરભિમાનથી ભોગવી તેથી એમનામાં ઋષિપણું, ધનીપણું, ભક્તપણું, દારિદ્રય વગેરે વિરુદ્ધ ધર્મો રાખ્યા. બે અને ત્રણ અધ્યાયથી દુઃખનો અભાવ, સુખ અને શ્રીકૃષ્ણરૂપતા એ ત્રણ ફલ કહ્યાં. સર્વને વાઞ્છિતાકાર શ્રીકૃષ્ણ સ્ત્રીઓને અત્યન્ત પ્રિય છે. દેવ, ઋષિ અને પિતૃઓ ને આપવાનાં ફલ પણ શ્રીકૃષ્ણ આપે છે. એ સમયના સર્વ જીવો, શ્રીકૃષ્ણના દર્શન કરીને શુદ્ધ સાત્વિક થઈ એમાં નિરુદ્ધ થતા તે બધાને ભગવાન્ ફલરૂપ થયા. અન્તે ગોપીજનો શુદ્ધ સત્વને માટે કહ્યાં છે. એમનો સર્વ ભાવથી નિરોધ કહ્યો છે. સંસાર અને ભગવાન્ એ વિરુદ્ધ વસ્તુ છે. બન્નેથી જે સુખ થાય તે ગોપીજનોને પુષ્ટિવડે થયું છે જેવી એમની પ્રાર્થના હતી તેવું સુખ ભગવાને કૃપા કરીને આપ્યું. તેથી ભગવાને એકાદશ સ્કન્ધ (૨૦।૩૧) માં **''ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદિહ''** એમ કહ્યું છે. જેને ભગવાન્‌માં રુચિ થાય તેને લૌકિક-વૈદિકમાં અરુચિ થાય; ત્યારે તો ''મારું આ કર્તવ્ય છે'' એમ જાણી શ્રવણાદિ કરે, કામાદિની નિન્દા કરતો જાય એને ભોગવતો જાય; શ્રવણાદિ નવની આવૃત્તિ કરે ત્યારે એવા હૃદયમાં ભગવાન્ પધારે; ત્યાં એના હૃદયમાં કામના નષ્ટ થાય ત્યારે એને ફળ મળ્યું ગણાય. એવા ભક્તને સાધનરૂપ જ્ઞાનવૈરાગ્યની જરૂર રહેતી નથી. ત્યારે એને સર્વાત્મભાવ થાય. સર્વાત્મભાવથી ભજન કરતાં જેને પ્રભુનો સાક્ષાત્કાર થાય તેને સર્વસિદ્ધ થાય છે. એ ગોપીજનોને કોષધ્વંસ કહ્યો છે તેથી વિદેહકૈવલ્ય ઈષ્ટ નથી પણ નિરોધ જ ઈષ્ટ

છે એમ બતાવવામાટે જીવતાંની સ્થિતિ બતાવી છે. એ **'આહુશ્ચ તે'** ત્યાંથી લઈ ''તતઃ કામૈઃ પૂર્યમાણઃ'' ત્યાં સુધી. એમનો કામ ભગવાન્‌માંથી નથી ગયો એ વાત બીજાને ઉપકારક થાય તેથી બીજાની પાસે કહી છે. ભગવાનની સ્ત્રીઓએ ભગવાન્‌માં પ્રેમ બતાવ્યો છે. દ્રૌપદીએ એ વાત પૂછી છે, ત્યારે પતિ તરીકે નહિ પણ બધાંઓએ સ્વપતિને ભગવાન્ તરીકે સ્વીકાર્યા છે. વળી એમનું દાસ્ય માગ્યું પણ દામ્પત્ય માગ્યું નથી. એ સાંભળીને બીજાનો પણ મહિષીના જેવો ભાવ થશે. એમ લૌકિકનો ઉદ્ધાર કરી ઋષિઓનો ઉદ્ધાર કરવાને એમની સ્તુતિ ભગવાને કરી ત્યારે એમણે એનાથી વિપરીત ભાવથી ભગવાનની સ્તુતિ કરી છે. એ ભગવાનના સાન્નિધ્યથી એમની બુદ્ધિમાં ફેરફાર થયો. યાદવોના નિરોધમાટે વસુદેવજીનો પ્રશ્ન છે. પછી યજ્ઞને માટે ઉદ્યોગ કર્યો. મુનિઓને પણ સન્દેહ થયો. નારદજીએ સન્દેહ નિવૃત્ત કર્યો તેથી યજ્ઞ કર્યો. લૌકિક વૈદિક બન્ને ભક્તિમાં ઉપયોગી થયાં તેથી સર્વ ફળનું ફળ ભગવાન્ થયા. આથી સાત્વિકનો નિરોધ કહ્યો. અહીં સાત્વિક ફલ પ્રકરણ પૂર્ણ થાય છે.

**એકદોપવનં રાજન્ જગ્મુર્યદુકુમારકાઃ ।।**
**વિહર્તું સામ્બપ્રદ્યુમ્નચારુભાનુગદાદયઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્! એક દિવસ સામ્બ, પ્રદ્યુમ્ન, ચારુ, ભાનુ, ગદ વગેરે યાદવકુમારો વિહાર કરવાને માટે નજીકના વનમાં ગયા ।।૧।।

ત્યાં એ બાળકોએ ઘણો વખત ક્રીડા કરી. બધાને જલ પીવાની ઇચ્છા થઈ એટલે જલની શોધમાં નીકળ્યા. ત્યાં જળ વગરના કૂવામાં એક મોટા અદ્‌ભુત વિચિત્ર પ્રાણીને તે યાદવ કુમારોએ જોયું ।।૨।।

પર્વત જેટલો મોટો કાકીડો જોઈ તેઓ વિસ્મય પામ્યા ।।૩।।

ચામડાનાં દોરડાં બાંધી એને ઉપર લાવવાનો યત્ન કર્યો પણ એમાં એ ફાવ્યા નહિ ત્યારે ચિત્તના ઉલ્લાસથી એમણે શ્રીકૃષ્ણને જઈને કહ્યું ।।૪।।

વિશ્વના પોષક કમલનેત્ર ભગવાન્ ત્યાં પધાર્યા અને એને જોયો અને વામ બાહુથી લીલાવડે અનાયાસે ભગવાને એને બહાર કાઢ્યો ।।૫।।

જેવો ભગવાનના હાથનો સ્પર્શ થયો કે તુરત એણે કાકીંડાનો દેહ છોડી દીધો, સ્વર્ગના લોકને પણ અદ્‌ભુત લાગે તેવા ઘરેણાં, વસ્ત્રો, ફૂલની માળાઓ વગેરેથી શૃંગારયુક્ત, તપેલ સોના જેવી કાન્તિવાળો એ થઈ ગયો ।।૬।।

અને એ ભગવાનની પાસે આવીને ઊભો રહ્યો. પોતે બધું જાણે છે છતાં મુકુન્દ ભગવાને દેહ છૂટતાં બીજો દેહ સુન્દર થવાનું કારણ એને પૂછ્યું, કેમકે લોકોને એનું

કારણ બતાવવું છે તે એના મુખથી કહેવરાવે તો લોકો માને તેથી એમ કર્યું. ''હે મહાભાગ! તું કોણ છે? સુન્દર રૂપવાળા તને અમે તો ઉત્તમ દેવ માનીએ છીએ ।।૭।।

હે સુભદ્ર! તારા ક્યા કર્મે આ દશાએ તને પહોંચાડ્યો એ જાણવાની ઈચ્છાવાળા અમો છીએ. જો તું અમને એનું કારણ કહેવાને ઈચ્છતો હોય તો કહે, અથવા અમને એ સાંભળવાનું યોગ્ય જાણતો હોય તો કહે'' ।।૮।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! જ્યારે અનન્તમૂર્તિ એવા ભગવાન્ શ્રીકૃષ્ણે *રાજા (નૃગ) ને આ પ્રમાણે પૂછ્યું ત્યારે તેમણે પોતાના સૂર્ય સમાન દેદીપ્યમાન મુગટવડે ભગવાનને પ્રણામ કર્યા અને તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૯।।

**વિશેષ** : ભગવાન્ના કરકમલોનો સ્પર્શ થતાં જ તેનું કાચંડામાંથી પહેલાં હતું તેવું જ રાજાનું રૂપ થઈ ગયું. 'રાજા' શબ્દ શ્રીશુકદેવજીએ એટલામાટે વાપર્યો છે કે જેવી રીતે રાજ્યમદથી તેં બ્રાહ્મણનો અતિક્રમ કર્યો હતો તેવી જ રીતે તેણે પણ કર્યો. **નૃગઃ નૄન્ કીર્તિદ્વારા ગચ્છતીતિ।** કીર્તિદ્વારા મનુષ્યો પાસે જાય તે.

**રાજા નૃગ બોલ્યા** : હે પ્રભો! હું મહારાજ ઈક્ષ્વાકુનો પુત્ર નૃગ છું. જ્યારે પણ કોઈએ આપની આગળ દાનીઓની ગણતરી કરી હશે ત્યારે મારું નામ જો આપના કર્ણમાં પડ્યું હશે તો હું પ્રસિદ્ધ ખરો. (દાની-વિધિપૂર્વક દાન આપે તે. દાતા-વિધિની અપેક્ષા વિના દાન આપે તે) ।।૧૦।।

હે પ્રભો! આપ સમસ્ત પ્રાણીઓના અન્તઃકરણના સાક્ષી છો. ભૂત અને ભવિષ્ય નું વ્યવધાન (પડદો) પણ આપના અખંડ જ્ઞાનમાં કોઈ જાતની બાધા પહોંચાડી શક્તું નથી. તેથી આપથી છૂપું છે શું? છતાં આપની આજ્ઞાનું પાલન કરવા હું કહું છું ।।૧૧।।

પૃથ્વીમાં ધૂળનાં જેટલા રજકણો છે, આકાશમાં જેટલા તારા છે અને વરસાદમાં જેટલી જલની ધારાઓ પડે છે તેટલી ગાયો મેં દાનમાં આપી હતી* ।।૧૨।।

**વિશેષ** : ગાયોની સંખ્યા આમ બતાવવાનું કારણ એ છે કે સંખ્યા બતાવવા સંખ્યાવાચક અંક તો પરાર્ધ (એકડા ઉપર સત્તર મીંડા) સુધી જ છે. વળી ત્રણ કહેવાનું તાત્પર્ય એ છે કે રજકણ ઉપાદાન કારણ (તામસ) છે, તારાઓ પ્રકાશક (સાત્વિક) છે અને વર્ષાધારા પોષક (રાજસ) છે. 'અસંખ્યાત' શબ્દ વાપરવાથી અલ્પપ્રીતીતિ થાય.

તે ગાયો દુધાળ (ખૂબ દૂધ દેનારી) પહેલવેતરી, સોજી (મારકણી નહિ), ઊડીને આંખે વળગે એવી રૂપાળી, ગુણિયલ[1] અને (ઘણીખરી) કપિલા[2] હતી. તે બધી મેં ન્યાયના ધનથી મેળવી હતી. તે દરેકની સાથે એક-એક વાછડું હતું. તેમના શિંગ સોનેથી અને ખરીઓ ચાંદીથી મઢાવ્યાં હતાં, ઉપરાન્ત તે દરેકને વસ્ત્ર, હાર અને ઘરેણાં થી શણગારવામાં આવી હતી. આવી ગાયો મેં દાનમાં આપી હતી. (શાસ્ત્રોમાં દાન આપવામાટે નક્કી કરેલ પ્રકારની ગાયો અને શાસ્ત્રવિધિપૂર્વક મેં આપી હતી) ।।૧૩।।

**વિશેષ** : ૧. **'ગુણોનન્નાઃ'** સદ્ગુણોવાળી, ગુણિયલ. દૂધ આરોગ્ય આપનારું અને ઘણા ઘીવાળું હોવું એ દૂધના ગુણોછે.

૨. **કપિલા** ગાય શાસ્ત્રોમાં દાન આપવામાટે શ્રેષ્ઠ મનાયેલી છે. નકપિલાથ એટલે જેના આખા શરીરનો એક જ રંગ હોય તેવી પણ મુખ્યત્વે સફેદ.

હે ભગવન્! યુવાવસ્થાથી સમ્પન્ન શ્રેષ્ઠ બ્રાહ્મણકુમારો જે ઇન્દ્રિયનિગ્રહી, પોત-પોતાની વિદ્યાશાખામાં નિષ્ણાત, વેદ-વેદાર્થને જાણનારા, નિર્લોભી, પરોપકારી, વિદ્યાવન્ત, સદાચારી, કષ્ટમાં પડેલાં કુટુમ્બવાળા, સત્ય છતાં મધુરવાણીના વ્રતધારી હોય તેમને વસ્ત્રાભૂષણોથી શણગારતો અને તે ગાયોનું દાન કરતો ।।૧૪।।

આ પ્રમાણે ગાયો, ભૂમિ, ઘર, ઘોડા, હાથી, દાસી સહિત કન્યાઓ, તલ, ચાંદી, શય્યા, વસ્ત્રો, નવરત્નો, રથ અને ગૃહ ઉપયોગી પદાર્થોનાં મેં દાન કર્યાં, યજ્ઞવડે યજન કર્યું, કૂવા, બગીચા વગેરે પણ બનાવડાવ્યા ।।૧૫।।

એક દિવસ કોઈ અપ્રતિગ્રહી (રાજાનું દાન ન લેનાર) સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણની એક ગાય ભૂલી પડી અને મારી (રાજાની) ગાયોમાં ભળી ગઈ. મને એ વાતની ખબર ન હતી. તેથી મેં અજાણતાં તે ગાય બીજા કોઈ બ્રાહ્મણને દાનમાં આપી દીધી ।।૧૬।।

જ્યારે તે બ્રાહ્મણ તે ગાયને લઈને ચાલ્યો ત્યારે તો તે ગાયના મૂળ માલિકે (તેને જોઈને) કહ્યું, ''આ ગાય મારી છે'' દાન લઈ જનારા બ્રાહ્મણે કહ્યું, ''આ ગાય તો મારી છે, કારણ કે રાજા નૃગે મને એનું દાન કરેલું છે'' ।।૧૭।।

તે બન્ને બ્રાહ્મણ પરસ્પર ઝઘડતા પોત-પોતાની વાતની ખાત્રી કરવામાટે મારી પાસે આવ્યા. એકે કહ્યું ''આ ગાય હમણાં જ આપે મને દાનમાં આપી છે''

જ્યારે બીજાએ કહ્યું, ''જો એ વાત સાચી હોય તો આપે મારી ગાય ચોરી લીધી છે'' હે ભગવન્! એ બન્ને બ્રાહ્મણોની વાત સાંભળી મારું ચિત્ત ભ્રમિત થઈ ગયું ।।૧૮।।

હું ધર્મસંકટમાં પડ્યો. બન્નેને મેં વિનયપૂર્વક સમજાવા માંડ્યા કે હું તમારી ગાયના બદલામાં એક લાખ ગાય આપું એ પણ સાધારણ નહિ, ઉત્તમ ગાયો આપું અને તમે આ ગાય મને આપી દો ।।૧૯।।

હું આપ લોકોનો દાસ છું. મારાથી અજાણતાં આ અપરાધ થઈ ગયો છે. મારા ઉપર આપ કૃપા કરો અને મને આ ઘોર કષ્ટમાંથી અને ઘોર નરકમાં પડતાં ઉગારી લો ।।૨૦।।

''હે રાજન્! હું આના બદલામાં કંઈ નહિ લઉં, મારે તો એ ગાય જ જોઈએ'' કહી ગાયનો મૂળ માલિક ચાલ્યો ગયો. ''આપ એના બદલામાં એક લાખ જ નહિ, વધારાની દસહજાર ગાયો આપો તો પણ હું લેવાનો નથી'' એમ કહી બીજો બ્રાહ્મણ પણ ચાલ્યો ગયો (ગાયના વિક્રય અને પ્રતિગ્રહ બન્નેનો શાસ્ત્રમાં નિષેધ છે) ।।૨૧।।

(બે બ્રાહ્મણોને ક્ષોભ પમાડવાથી તથા ગાય પડાવી લેવાથી રાજા નૃગનું આયુષ્ય ક્ષીણ થઈ ગયું અને યમરાજ દંડ દેવા પ્રવૃત્ત થયા) એ દરમ્યાન, હે દેવાધિદેવ જગદીશ્વર! યમના દૂતો મને યમપુરીમાં લઈ ગયા ।।૨૨।।

ત્યાં યમરાજે મને પૂછ્યું, ''હે રાજન્! પહેલાં તમે તમારા પાપનું ફલ ભોગવવા માગો છો કે પુણ્યનું? તમારા દાન અને ધર્મ ના ફલરૂપ તમને અનન્ત યશ અને તેજસ્વી લોકની પ્રાપ્તિ થવાની છે''* ।।૨૩।।

**વિશેષ** : આ શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી નીચેની એક સુન્દર કહાની ટાંકે છેઃએક વંચકની ગાય મરવા પડી. ગાય મરી ગયા પછી તેનો નિકાલ કરવાના પણ જેની પાસે પૈસા નથી તેવા એક બ્રાહ્મણને કપટથી બોલાવી તેને એ વંચકે ગોદાન કર્યું. દાન પછી ત્રણ મુહૂર્ત (એક સો ચુમાલીસ મિનિટ) માં ગાય મરી ગઈ. દાન લેનાર બ્રાહ્મણે પોતાનું વસ્ત્ર ચાંડાલોને આપી ગાયને ખસેડાવી. આમ બ્રાહ્મણને છેતરી તે ધૂર્ત પણ મરી ગયો. યમરાજે તેને તેના જીવનનાં જમા ઉધાર પાસાં કહી બતાવ્યા. જમા પાસામાં એક મરવા પડેલી ગાયનું દાન જ બતાવ્યું. તેને પૂછ્યું કે પહેલાં તારે પુણ્યનું ફલ ભોગવવું છે કે પાપનું? ત્યાં પણ કુટિલતા કરી કે મારા પુણ્યનું ફલ શું મળશે? ત્યારે યમરાજાએ કહ્યું કે દાન આપ્યા પછી ગાય જેટલો વખત જીવી તેટલો વખત તે ગાય કામધેનુ સ્વરૂપે તારા કહ્યામાં રહેશે. તે ધૂર્તે કહ્યું કે પહેલાં મારે મારા

પુણ્યનું ફલ ભોગવવું છે. તે વંચકે કામધેનુને કહ્યું, ''તું વાઘ થઈ જા અને યમને ખાઈ જા'' વાઘ યમરાજ ઉપર છાપો મારવા જાય છે ત્યાં તો યમ ભાગ્યા અને વિષ્ણુને શરણે ગયા. કામધેનુદ્વારા આ પણ પાછળ ત્યાં પહોંચ્યો. તેણે વિષ્ણુ ભગવાનનાં સાક્ષાત્ દર્શન થયાં અને મોક્ષ મળી ગયો. આવાં ગોદાનનું પણ અનન્ત ફલ હોય તો પછી વિધિપૂર્વક દાન અપાયેલીના ફલની તો વાત જ શી કરવી?

આ શ્લોકમાં નીચે મુજબ પાઠો છે : ૧. **યશો લોકશ્ચ ભાસ્વરઃ।** આ પાઠ શ્રીમદ્દાચાર્યચરણે શ્રીસુબોધિનીજીમાં સ્વીકાર્યો છે. **૨. પશ્યે લોકસ્ય ભાસ્વરઃ।** શ્રીસુબોધિનીજીમાં મૂલમાં છપાયેલો પાઠ. **૩.પશ્યે લોકસ્ય ભાસ્વતઃ।** અન્ય ટીકાકાર સમ્મત અર્થમાં ખાસ કંઈ ફેર પડતો નથી.

હે ભગવન્! ત્યારે મેં યમરાજને કહ્યું, ''હે દેવ! પહેલાં હું મારાં પાપનું ફલ ભોગવી લેવા માગું છું'' (નૃગે કરેલા બ્રાહ્મણના અતિક્રમથી યમરાજ ગુસ્સે તો થયેલા જ હતા) એટલે તત્કાલ હુકમ છોડ્યો ''(આ લોકમાંથી પૃથ્વી લોક ઉપર) પડ'' પડતાં-પડતાં તો, હે પ્રભો! મેં જોયું કે હું કાચંડો થઈ ગયો છું* ।।૨૪।।

**વિશેષ** : અહીં શંકા થાય કે આટલું દાન આપનાર, યજ્ઞ કરનારની આવી દશા કેમ? તો તેનો ખુલાસો એ છે કે બધાય ગુણોને ધોઈ નાખનારો એક મહાન દોષ તેનામાં હતો અને તે હતો **'બહિર્મુખતા'** એટલે તો **'પ્રભો'** સમ્બોધન વાપરી એમ કહે છે કે આવા કર્મમાંથી ઉદ્ધાર કરવા, છુટકારો કરવા, આપ જ પ્રભુ-સમર્થ છો. જીવને તો ગ્રહણ પરિત્યાગનું જ જ્ઞાન નથી તો મોચનનું જ્ઞાન ક્યાંથી હોય? આવી અટપટી બાબતોમાં તો **ભગવાન્ જ શરણ છે.**

હે કેશવ! બ્રાહ્મણનું હિત કરનાર અને દાની એવા આપના આ દાસને પૂર્વ જન્મનું સ્મરણ અદ્યાપિ ગયું નથી, કેમકે હું આપના દર્શનનો અભિલાષી છું. જે ભગવાનના ધર્મોની પ્રતીક્ષા કરે છે તેને બીજા ધર્મ બાધક થતા નથી ।।૨૫।।

હે વિભો! વેદે કહેલ જ્ઞાનથી શુદ્ધ હૃદયવાળા યોગી લોકો હૃદયમાં જેમનું માત્ર ધ્યાન જ કરી શકે છે, પ્રત્યક્ષ દર્શન કરી શકતા નથી તે પરમાત્માને મેં મારાં નેત્રોથી જોયા. હે ઈન્દ્રિયાતીત *પરાત્મા! અનેક વ્યસનોમાં જેની બુદ્ધિ અન્ધ થઈ રહી છે તેવા મને સાક્ષાત્ દર્શન થયાં એનું કારણ તો એટલું જ કે ભગવાન્ જેનો મોક્ષ કરવા ધારે તેને અહીં આ જન્મમાં જ દર્શન આપે છે. તેથી મોક્ષમાં સાધન ફલોન્મુખ થતાં આપે મને દર્શન આપ્યાં ।।૨૬।।

**વિશેષ** : દેહની અન્દર આત્મા રહેલો છે અને આત્માની પણ અન્દર આપ બિરાજો છો. તેવા

પરાત્માનાં દર્શન દેહની પણ બહાર કેવી રીતે થયાં એ આશ્ચર્ય છે.

હે દેવોના દેવ! હે જગતના નાથ! હે સત્પુરુષોના ઈન્દ્ર! હે અક્ષરથી પર પૂર્ણ પુરુષોત્તમ! હે નારાયણ! હે ઇન્દ્રિયોના અધિષ્ઠાતા! હે પવિત્રકીર્તે! હે અચ્યુત! હે અવ્યય! ।।૨૭।।

હે વિભો! દેવગતિને પામતા મને આપ જવાની આજ્ઞા આપો. હે કૃષ્ણ! હું જ્યાં હોઉં ત્યાં મારું ચિત્ત આપના ચરણમાં રહે એટલું ઇચ્છું છું ।।૨૮।।

હે સર્વભાવસ્વરૂપ બ્રહ્મરૂપ છતાં અનન્ત શક્તિવાળા, સદાનન્દ, વાસુદેવ! યોગોના પતિરૂપ! આપને મારા નમસ્કારહો ।।૨૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એમ બોલી ભગવાનને પરિક્રમા કરી, પોતાના મુકુટવડે ચરણનો સ્પર્શ કરી, ભગવાનની આજ્ઞા લઈ બધા લોકોના દેખતાં, ઉત્તમ વિમાનમાં એ સવાર થયો. (પરિક્રમા અને નમસ્કાર સર્વ કાર્ય સિદ્ધ કરી દે છે) ।।૩૦।।

ભગવાન્ દેવકીજીના પુત્ર શ્રીકૃષ્ણ પોતાના પુત્ર, પૌત્ર આદિને અને બીજા રાજાઓને શિક્ષા આપવામાટે પોતે ધર્માત્મા અને બ્રાહ્મણ માં દેવબુદ્ધિવાળા હોવાથી કહેવા લાગ્યાઃ ।।૩૧।।

અરેરે! (બાળક સર્પ પાસે જાય અને મા-બાપની, જેમ અરેરાટી છૂટી જાય તેમ ભગવાન્ આ શ્લોકમાં ખેદ પ્રકટ કરે છે. એ બત (અરે રે)નો ભાવ છે.) જે અગ્નિ બધું બાળીને ભસ્મ કરી નાખે છે તે અગ્નિ પણ બ્રાહ્મણોનું થોડામાં થોડું ધન પણ પડાવી લઈને પચાવી શક્તો નથી. જ્ઞાનરૂપી તેજથી સમ્પન્ન બ્રાહ્મણ પણ બ્રાહ્મણનું ધન નથી પચાવી શક્તો તો પછી જે રાજાઓ (પોતાના ક્ષાત્ર ધર્મ છોડી ભગવદ્ધર્મ) ઐશ્વર્યનું અભિમાન રાખતા ફરે છે તેઓ (પર ધર્મ નિષ્ઠ હોવાથી), બ્રાહ્મણનું ધન કેવી રીતે પચાવી શકવાના હતા? ।।૩૨।।

(સમુદ્રમન્થન વખતે નીકળેલાં) હળાહળ વિષ (ઝેર)ને હું વિષ નથી માનતો, કેમકે (તે શંકર પી ગયા એટલે) તેનો તો ઉપાય થઈ ગયો. સાચું પૂછો તો બ્રાહ્મણોનું ધન જ સાચું વિષ છે. તેને પચાવી લેવામાટે પૃથ્વીમાં કોઈ ઔષધ કે શાસ્ત્રમાં કોઈ ઉપાય નથી ।।૩૩।।

વિષ તો જે ખાય તેને મારે, અગ્નિ જલથી શાન્ત થઈ જાય પણ બ્રાહ્મણના ધનરૂપ અરણિથી ઉત્પન્ન થયેલ અગ્નિ તો કુળને સમૂળું બાળી નાખે છે ।।૩૪।।

બ્રાહ્મણનું ધન તેની પૂરેપૂરી *હાર્દિક સમ્મતિ લીધા વિના જો વાપરવામાં આવે

તો તે વાપરનાર, (બ્રાહ્મણને મનથી આપવાનું કહ્યું હોય અને એ ન અપાય અને પોતાના ઉપયોગમાં લે તો) તેના પુત્રો અને પૌત્રો આ ત્રણ પેઢીઓનું નિકન્દન કાઢી નાખે છે; પરન્તુ પરાણે બળપૂર્વક તેનો ઉપભોગ કરવામાં આવે તો-તો પહેલાં (બાપદાદા) ની દસ પેઢી, પછી (પુત્ર, પૌત્ર વગેરે) ની દસ પેઢી અને પોતે; એમ એકવીસ પેઢી નષ્ટ થઈ (નરકમાં) જાય છે ।।૩૫।।

**વિશેષ : દુરનુજ્ઞાતમ્!** ઉપર-ઉપરથી વાણીથી જ જેની અનુમતિ આપવામાં આવી હોય તેવું. જેવી રીતે જંગલમાં કોઈ ડાકુ પિસ્તોલની અણીએ બધા દાગીના ઉતરાવે. **પ્રસહ્ય અને બલાત્**માં સૂક્ષ્મ ભેદ છે, જો કે વ્યવહારમાં 'બળજબરીથી' એવો બેઉનો અર્થ કેટલીક વખતે કરાતો જોવામાં આવે છે. **પ્રસહ્ય :** સુરુચિના ભંગપૂર્વક અતિક્રમ કરી. અહીં સલામતીની ખાતર વસ્તુનો માલિક સામે બળનો પ્રયોગ કરતો નથી. **બલાત્ :** માલિક સામનો કરે છે પણ તેના ઉપર બળ વાપરી વસ્તુ પડાવી લેવામાં આવે છે.

જે મૂર્ખ રાજાઓ બ્રાહ્મણના ધનને-જે નરકમાં જવાનો રાજમાર્ગ છે. બિનહાનિકારક માની હડપ કરી લે છે. તેઓ રાજલક્ષ્મીના (મદમાં) અન્ધ બનીને પોતાના નરકપાતને જોઈ શકતા નથી ।।૩૬।।

જે ઉદાર અને બહોળા કુટુમ્બવાળા બ્રાહ્મણોની આજીવિકા આંચકી લેવામાં આવે છે તેમના રુદનનાં આંસુનાં બુન્દોથી ધરતીનાં જેટલાં રજકણો ભીંજાય છે. તેટલાં વર્ષો સુધી બ્રાહ્મણનું ધન છીનવી લેનાર તે ઉચ્છૃંખલ રાજા અને તેના વંશજોને કુમ્ભીપાક નરકમાં યાતના ભોગવવી પડે છે ।।૩૭-૩૮।।

જે મનુષ્ય પોતે અથવા બીજાએ આપેલ બ્રાહ્મણોની આજીવિકાનું સાધન છીનવી લે છે તેને સાઠ હજાર વર્ષ સુધી વિષ્ઠા (નરક) નો કીડો થવું પડે છે ।।૩૯।।

તેથી હું તો એ જ ઈચ્છું છું કે બ્રાહ્મણોનું ધન ક્યારેય ભૂલથી પણ મારી રાજ તિજોરીમાં ન આવે, કારણ કે જે રાજાઓ બ્રાહ્મણોનાં ધનની ઈચ્છા પણ કરે છે તેને છીનવી લેવાની વાત તો અલગ રહી તેઓ આ જન્મમાં અલ્પાયુ, દૈવવશાત્ મોત ન આવે તો શત્રુઓથી પરાજિત અને રાજ્યભ્રષ્ટ થઈ જાય છે અને મૃત્યુ પછી બીજાને કષ્ટ દેનાર સર્પ જ થાય છે ।।૪૦।।

તેથી મારા વહાલા પુત્રો અને પૌત્રો! બ્રાહ્મણ અપરાધ કરે તો પણ તેનો દ્રોહ કદી કરવો જ નહિ. તેઓ શાપ આપે તો પણ એમને હંમેશા નમસ્કાર જ કરજો ।।૪૧।।

જેમ હું ત્રણે કાળમાં સાવધાન થઈ બ્રાહ્મણોને નમસ્કાર કરું છું તેમ તમે પણ કર્યા કરો. મારી આ આજ્ઞાનું જે ઉલ્લંઘન કરશે તેને હું ક્ષમા નહિ કરું, દંડ દઈશ ।।૪૨।।

અજાણતાં બ્રાહ્મણની ગાય નૃગના લેવામાં આવી તો પણ એનો અધઃપાત થયો તેમ બ્રાહ્મણનું દ્રવ્ય લે તેનો અધઃપાત થાય છે ।।૪૩।।

**એવં વિશ્રાવ્ય ભગવાન્ મુકુન્દો દ્વારકૌકસઃ ।।**
**પાવનઃ સર્વલોકાનાં વિવેશ નિજમન્દિરમ્ ।।૪૪।।**

હે પરીક્ષિત! સમસ્ત લોકોને પવિત્ર કરનારા મુકુન્દ ભગવાન્ દ્વારકાવાસીઓને આ પ્રમાણે ઉપદેશ આપી પોતાના મન્દિરમાં પધાર્યા ।।૪૪।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના પહેલા પ્રમેય-પેટા પ્રકરણનો ઐશ્વર્ય રૂપ પહેલો) ''નૃગનું આખ્યાનપથ નામનો (ઉત્તરાર્ધનો પન્દરમો અને ચાલુ) ચોસઠમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં એકસઠમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત જઈને મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર, તેમાટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(?) ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

## અધ્યાય ૬૫

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૬૨

# બલદેવજીનું ગોકુલમાં પધારવું

### ચોથા સાત્વિક પ્રકરણનું પહેલું પ્રમેય પ્રકરણ અધ્યાય૨

**વિશેષ :** સામાન્ય રોધ એક અધ્યાયથી કહ્યો. વિશેષ રોધમાં જે તામસ ભાવનામાંથી રાજસ ભાવવાળા થયા છે તેનો અહીં સાત્વિક ભાવ કહેવાય છે. એ સાત્વિકો સકામ હતા તેમનો

ભગવાન્ બલદેવજીદ્વારા આ પાંસઠમાં અધ્યાયમાં નિરોધ કરશે ત્યારે એ સ્વરૂપભૂત થશે એટલે એને સાયુજ્ય આપશે. અહીં બલદેવજી તામસ રાજસ સાત્વિક ના માનખંડક છે એમ કહે છે. પ્રસંગથી કાશીનું દહન કર્યું તે પ્રસંગ પણ છે. પછી સ્ત્રીઓનો ભગવાન્ સ્વયં નિરોધ કરશે. સાત-સાત અધ્યાયનાં ત્રણ પ્રકારના છેલ્લા ત્રણેના ધર્મિ અધ્યાયો છેલ્લે કહેવામાં આવે છે. એમ પ્રમેયમાં પ્રમેય બળથી નિરોધ પાંચ પ્રકારે કહેવામાં આવે છે. આમાં સંકર્ષણ અને અનિરુદ્ધ એ બન્ને વ્યૂહનું કાર્ય પ્રકટ છે. પ્રથમ અધ્યાયમાં સામાન્ય નિરોધ કહ્યો છે તેને ગણીએ તો નિરોધના પ્રકાર છ થાય છે. પ્રથમ ભગવાન્‌માં સાધન-ફલભાવ બન્ને હતા. હવે સાધનરૂપ બલદેવજીને જુદા કર્યા ત્યારે પોતે ફલરૂપે રહ્યા. એ કુરુક્ષેત્રના પ્રસંગમાં નિરોધ કરશે.

**બલભદ્રઃ કુરુશ્રેષ્ઠ ભગવાન્ રથમાસ્થિતઃ ।।**
**સુહૃદ્દિદક્ષુરુત્કંઠઃ પ્રયયૌ નન્દગોકુલમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! ભગવાન્ બલદેવજી સુહૃદોને જોવાની ઉત્કંઠાથી રથમાં બેસી નન્દરાયજીના ગોકુલમાં પધાર્યા ।।૧।।

અહીં એમને માટે વ્રજવાસી ગોપો અને ગોપીજનો પણ ઘણા દિવસોથી ઉત્કંઠિત હતાં. તેમને મળી બધાંએ તેમને છાતી સરસા લગાવ્યા. બલદેવજીએ માતા યશોદાજી અને નન્દરાયજી ને પ્રણામ કર્યા. તેઓએ પણ આશીર્વાદ દઈ તેનું અભિનંદન કર્યું ।।૨।।

તેમણે કહ્યું, ''હે બલદેવજી! આપ જગદીશ્વર છો; આપના નાના ભાઈ શ્રીકૃષ્ણની સાથે સર્વદા અમારી રક્ષા કરતા રહો'' પછી તેમને ગોદમાં બેસાડી, આલિંગન કરી પોતાના પ્રેમાશ્રુઓથી તેમનાં બધાં અંગોને ભીંજવી દીધાં ।।૩।।

ત્યાર પછી વડીલ ગોપોને (ગોત્રના ઉચ્ચાર સહિતની) વિધિપૂર્વક બલદેવજીએ અને નાના-નાના ગોપોએ બલદેવજીને નમસ્કાર કર્યા. તે પોતાની ઉંમર, મિત્રતા અને સંબંધ પ્રમાણે બધાંને મળ્યા ।।૪।।

ગ્વાલબાલોની પાસે જઈ તેમણે નાની ઉંમરના ગોપોના હાથ પોતાના હાથમાં લીધા, સરખી ઉંમરના મિત્રોની સાથે હસ્યા અને મુરબ્બીઓને નમસ્કાર કર્યા. ત્યારબાદ જ્યારે બલદેવજીનો થાક ઊતરી ગયો અને તેઓ આરામથી બેસી ગયા ત્યારે બધા ગોવાળો તેમની પાસે આવ્યા. આ ગોપાલોએ કમલનયન[1] શ્રીકૃષ્ણમાં જ બધી જ લૌકિક, વૈદિક સિદ્ધિઓ સ્થાપિત કરી દીધી હતી. બલદેવજીએ જ્યારે

તેમને અને તેમના કુટુમ્બીજનો વિષે કુશળ સમાચાર પૂછ્યા[૨] ત્યારે તેઓએ પ્રેમ ગદ્‌ગદ વાણીથી તેમને પ્રશ્ન પૂછ્યા ।।૫-૬।।

**વિશેષ** : ૧. શ્રીકૃષ્ણ ભગવાન્‌ને માટે સમસ્ત ભોગ, સ્વર્ગ અને મોક્ષ સુદ્ધાં છોડી દીધાં હતાં કારણ કે આપ **''કમલપત્રાક્ષ''** કમલના પત્ર જેવા નેત્રોવાળા હતા અર્થાત્ આપ પોતાની દષ્ટિથી જ સર્વ તાપનો નાશ કરી નાખી મોહ ઉપજાવે છે.

૨. **''બ્રાહ્મણં કુશલં પૃચ્છેત્ ક્ષત્રબન્ધુમનામયમ્, વૈશ્યં ક્ષેમં સમાગમ્ય શૂદ્રં ચારોગ્યમેવ ચ'' (મનુસ્મૃતિ)**

હે બલદેવજી! વસુદેવજી વગેરે અમારાં સગાં સમ્બન્ધીઓ કુશળ છે ને? હવે આપ સ્ત્રી-પુત્રવાળા થયા તે અમને યાદ કરો છો ખરા? ।।૭।।

પાપી કંસને આપ લોકોએ મારી નાખ્યો અને તમારા સુહૃદ-સમ્બન્ધીઓને ભારે આફતમાંથી ઉગારી લીધાં તે ઘણા આનન્દની વાત છે. એ પણ ઓછા આનન્દની વાત નથી કે આપ લોકોએ બીજા પણ ઘણા શત્રુઓ (કાલયવન વગેરે) ને મારી નાખ્યા કે જીતી લીધા અને હવે અત્યન્ત સુરક્ષિત દ્વારકામાં જઈને નિવાસ કર્યો ।।૮।।

હે પરીક્ષિત! ભગવાન્ બલદેવજીનાં દર્શનથી અને એમની પ્રેમભરી દષ્ટિથી જેમનો સત્કાર થયો છે તેવાં ગોપીજનો હસતાં-હસતાં પૂછવા લાગ્યાં, ''હે બલદેવજી! નગર નારીઓના પ્રાણપ્રીતમ શ્રીકૃષ્ણ હવે પ્રસન્નતામાં બિરાજે છે ને? ।।૯।।

આપ (શ્રીકૃષ્ણ) ને ક્યારેય પોતાના બન્ધુ અને માતા-પિતા ની યાદ આવે છે ખરી? પોતાની માતાના દર્શનને માટે એક વખત પણ અહીં પધારશે ખરા? મહાબાહુ શ્રીકૃષ્ણ અમે તેમની ઈચ્છા પ્રમાણે કરેલી *સેવાને ક્યારેય યાદ કરે છે ખરા? ।।૧૦।।

**વિશેષ** : અપેક્ષિત હોય તે 'સેવા' કહેવાય અને સેવ્યની ઈચ્છાનુસાર કરાયેલી સેવા 'અનુસેવાથ' કહેવાય. એટલું સેવા અને અનુસેવા વચ્ચે તારતમ્ય છે.

આપ જાણો છો કે સ્વજનો અને સમ્બન્ધીઓ ને છોડવાં બહુ જ કઠિન છે. છતાં પણ અમે એમને માટે માતા-પિતા, બન્ધુ, જ્ઞાતિજનો, પુત્રો અને બહેનો ને પણ છોડી દીધાં. પરન્તુ હે પ્રભો! તે તો તુરત અમારા સૌહાર્દ અને પ્રેમ ના બન્ધનને પણ છોડીને ચાલ્યા ગયા. અમ લોકોને બિલકુલ છોડી દીધાં. (અમે ધાર્યું

હોત તો આપને રોકી શક્યા હોત પણ) આપે કહેલું કે **''ન પારયેહં નિરવદ્ય સંયુજા સ્વસાધુકૃત્યં વિબુધાયુષાપિ વઃ''** (૧૦।૩૨।૨૨) ''હું બ્રહ્માજીના આયુષ સુધી, અનન્ત કાલ સુધી, તમારા પ્રેમ, સેવા અને ત્યાગ નો બદલો ચૂકવવા માગું તો પણ ચૂકવી શકું નહિ'' આપનાં આવાં મધુર વચનોમાં એવી કઈ સ્ત્રી હોય કે જે વિશ્વાસ ન મૂકે? એ તો કપટ રહિત હોવાથી ભગવાન્‌ના કથનમાં વિશ્વાસ રાખે જ તેમને પણ ભગવાને છોડી દીધાં'' ।।૧૧-૧૨।।

એક ગોપીજને કહ્યું, ''હે બલદેવજી! અમે તો ગામડાંની ગમાર ગોવાલણો રહી તેથી તેમની વાતોથી ભોળવાઈ ગઈ. પરન્તુ નગરની સ્ત્રીઓ તો ભારે ચતુર હોય છે. ભલા જેમના જીવો-ભગવદીયો; લોકમાં અને વેદમાં નિષ્ઠા રાખતા નથી તેવા કૃતઘ્ન શ્રીકૃષ્ણની વાતોમાં તે સ્ત્રીઓ કેમ ફસાઈ ગઈ હશે? તેમને તો શ્રીકૃષ્ણ મૂરખ નહિ બનાવી શક્યા હોય?'' ત્યાં તો બીજાં ગોપીજને કહ્યું, ''નહિ સખી! શ્રીકૃષ્ણ બનાવટ કરવાની કળામાં બહુ કુશળ છે. એવી તો રંગબેરંગી મીઠી-મીઠી વાતો કરતાં એમને આવડે છે કે ન પૂછો વાત. આપનું સુન્દર હાસ્ય અને પ્રેમભરી દષ્ટિથી નગરની નારીઓ પણ પ્રેમના આવેગી વ્યાકુળ થઈ જતી હશે અને આપની વાતોમાં આવી જઈ પોતાની જાતને ન્યોછાવર કરી દેતી હશે(જેમ તાવનો દરદી વૈદ્યના વાક્યમાં શ્રદ્ધા રાખી કડવાં ઔષધ ખાય છે તેમ) ।।૧૩।।

ત્યાં વળી એક ગોપીજને કહ્યું, હે ગોપીજનો! એમની કથાથી આપણે શું? માટે બીજી વાત કહો. જો તેમનો સમય આપણા વિના પસાર થાય છે તો આપણો પણ (સમય) તેમની જ જેમ પસાર થઈ જ જશે ।।૧૪।।

હવે ભગવાન્ શ્રીકૃષ્ણનું હાસ્ય, પ્રેમભરી વાતો, મધુર દષ્ટિ, અનૂઠી ચાલ અને પ્રેમાલિંગન વગેરેનું સ્મરણ કરતા તેઓ મૂર્છિત થઈ ગયાં ।।૧૫।।

અનેક પ્રકારના સમાધાનમાં કુશળ સંકર્ષણે શ્રીકૃષ્ણના હૃદયસ્પર્શી સન્દેશાવડે તેમને બહુ વાતો કરી સમજાવી તેમનું સાન્ત્વન કર્યું ।।૧૬।।

રાતના વખતે ગોપીજનોની સાથે ક્રીડા કરતા બલદેવજી વસન્તના ચૈત્ર અને વૈશાખ બે માસ ત્યાં રહ્યા ।।૧૭।।

પૂર્ણ ચન્દ્રકલાથી શોભાયમાન કુમુદસમ્બન્ધી નદીના વાયુવાળા શ્રીયમુનાજીના ઉપવનમાં સ્ત્રીગણોથી વીંટાઈને પવનનું સેવન કરતા એ બલદેવજી ગોપીજનો સાથે રમણ કરવા લાગ્યા ।।૧૮।।

વરુણે મોકલેલી વારુણી વૃક્ષમાંથી ઝરે છે તે આખા વનને પોતાની ગન્ધથી સુવાસિત કરે છે ।।૧૯।।

એ ગન્ધને વાયુ લાવ્યો તેને સૂંઘી બલદેવજી ત્યાં ગયા અને એ વારુણીને સ્ત્રીઓની સાથે પોતે પણ પીધી ।।૨૦।।

તે વખતે ગોપીજનો બલદેવજીની ચારે બાજુ તેમના ચરિત્રોનું ગાન કરી રહ્યાં હતાં અને તેઓ મદમાં ગાંડા બની વનમાં ફરતા હતા. તેમના નેત્રો આનન્દમદથી વિહ્વલ થઈ રહ્યાંહતાં ।।૨૧।।

ગળામાં પુષ્પોનો હાર શોભી રહ્યો હતો. વૈજયન્તી માલા ધારણ કરી આનન્દમાં ઉન્મત્ત થઈ રહ્યા હતા. એમના એક કાનમાં *કુંડલ ચળકી રહ્યું હતું. મુખારવિન્દ ઉપરના મલકાટની શોભા અનોખી હતી. તેના ઉપર પસીનાનાં બિન્દુ હિમકણના જેવા જણાતાં હતાં ।।૨૨।।

**વિશેષ : એક કુંડલઃ।** બલદેવજી હમેશાં એક જ કુંડલ ધારણ કરે છે, બે નહિ. સંકર્ષણજીનું તે અસાધારણ ચિહ્ન છે. સંકર્ષણજી વેદનું સ્વરૂપ છે. સાંખ્ય શાસ્ત્રમાં આત્મા અને અનાત્મા નો વિવેક દર્શાવવામાં આવ્યો છે. વેદના સિદ્ધાન્ત મુજબ બધું જ આત્મ સ્વરૂપ છે એટલે સાંખ્ય શાસ્ત્રનો આત્મા-અનાત્માનો વિવેક શ્રીસંકર્ષણજીને મંજૂર નથી માટે યોગરૂપી એક જ કુંડલ તેઓ ધારણ કરે છે.

વારુણીનું પાન કરીને જે સ્થળે બલદેવજી હતાં ત્યાં જલ વિહારમાટે શ્રીયમુનાજીને બોલવ્યા. જે સ્થળે ભગવાને નદીઓને સ્થાપી છે તે સ્થાનનો નદીઓ ત્યાગ કરે તો મર્યાદાનો ભંગ થાય. તેથી શ્રીયમુનાજીએ વિચાર્યું કે એ તો નશામાં છે એટલે શ્રીયમુનાજી આવ્યાં નહિ તેમની આજ્ઞા ન માની. ત્યારે (બલદેવજીએ માન્યું કે ઈશ્વર ઈશિતવ્યની પાસે ન જાય પણ ઈશિતવ્યે ઈશ્વરની પાસે જવું જોઈએ) બલદેવજીએ પોતાના હળની અણીથી તેમને ખેંચ્યાં ।।૨૩।।

અને કહ્યું, ''હે *પાપિણી યમુને! હું બોલાવું છું છતાં તું મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી અહીં નથી આવતી, મારોતિરસ્કાર કરી રહી છે!હમણાં જમારા હળની અણીથી તારા સેંકડો ટૂકડા કરી નાખું છું'' ।।૨૪।।

**વિશેષ :** અહીં બલદેવજીના રાસમાં યમુનાજીને બોલાવ્યાં અને તેમને બલદેવજીએ 'પાપે' એવું વિશેષણ આપ્યું છે. ત્યાં લોકોને શંકા પડે તેથી કહેવાનું કે ભગવાન્‌ની ક્રીડામાં જ અથવા નિર્ગુણ પુરુષોત્તમની લીલામાં જ યમુનાજી સ્વયં હોય છે. અહીં એમનો પ્રાદુર્ભાવ નથી, માત્ર

નદીનો ઉપયોગ છે તેથી એને બોલાવી તે આવી. એણે માફી માગી ત્યારે બલદેવજીએ એને મુક્ત કરી છે. યમુનાષ્ટકની ટીકામાં શ્રીપુરુષોત્તમજી આ વિષયને લઈને વિશેષ નિર્ણય કરે છે. વિશેષ જિજ્ઞાસુએ એ જોવા વિનન્તિ છે. આ ગોપીજનો જુદાં છે તેનો નિર્ણય એ શ્લોકનાં શ્રીસુબોધિનીજી વાંચીને કરવો. બલદેવજીદ્વારા એગોપીજનોની શુદ્ધિ ભગવાને કરીછે.

જ્યારે બલદેવજીએ શ્રીયમુનાજીનો આમ તિરસ્કાર કર્યો ત્યારે આશ્ચર્ય પામ્યાં અને ભયભીત થઈ ગયાં અને બલદેવજીનાં ચરણોમાં નમસ્કાર કરી પ્રાર્થના કરવા લાગ્યા ।।૨૫।।

હે રામ! રામ! મહાબાહો! હે જગત્પતે! આપનું પરાક્રમ હું ભૂલી ગઈ હતી. હવે હું જાણી ગઈ કે આપના અંશ શેષજીની ફેણના એક ભાગ ઉપર જ આખી પૃથ્વી રાઈના દાણાની જેમ આપે ધારણ કરી રાખી છે ।।૨૬।।

હે ભગવન્! (આપમાં શ્રીકૃષ્ણનો આવેશ હોવાથી) આપના ભગવાન્ જેવા સામર્થ્યને, આપના વાસ્તવિક સ્વરૂપને, ન જાણતી હોવાને લીધે જ મારાથી આ અપરાધ થઈ ગયો છે. હે વિશ્વાત્મા ભક્તવત્સલ! હું આપને શરણે આવી છું. મારો અપરાધ ક્ષમા કરો અને મને છોડી દો ।।૨૭।।

એમ યાચના કરી ત્યારે બલદેવજીએ એમને છોડી દીધાં અને પોતે સ્ત્રીઓની સાથે જલક્રીડા કરવાને, જેમ હાથણી સાથે ગજરાજ વિહાર કરે તેમ, ઊતર્યા ।।૨૮।।

ઈચ્છાપૂર્વક વિહાર કરીને બહાર નીકળેલા બલદેવજીને કાન્તિ નામની ભગવાન્‌ની ચોથી શક્તિએ બે શ્યામ વસ્ત્રો, બહુ કીમતી આભરણો અને સુન્દર માળા ભેટ આપી ।।૨૯।।

બે શ્યામ વસ્ત્રો પહેર્યા, સોનાની માળા પહેરી ચન્દનનો લેપ કર્યો તેથી, ઈન્દ્રનો શ્વેતવર્ણ ઐરાવત હાથી શોભે તેમ બલદેવજી શોભવા લાગ્યા ।।૩૦।।

હે પરીક્ષિત! યમુનાજી આજે પણ બલદેવજીએ હળની અણીથી જે માર્ગે ખેંચ્યાં હતાં તે જ માર્ગે વહે છે અને જાણે કે અનન્ત શક્તિ બલદેવજીના પરાક્રમનું ગાન કરી રહ્યાંછે ।।૩૧।।

**એવં સર્વા નિશા યાતા એકેવ ચરતો વ્રજે ।।**
**રામસ્યાક્ષિપ્તચિત્તસ્ય માધુર્યૈર્વ્રજયોષિતામ્ ।।૩૨।।**

બલદેવજીનું ચિત્ત વ્રજવાસિની ગોપીજનોના માધુર્યથી એવું મુગ્ધ થઈ ગયું કે તેમને સમયનું કંઈ ધ્યાન જ ન રહ્યું. કેટલી બધી રાત્રિઓ એક જ રાત્રિની જેમ

પસાર થઈ ગઈ. આ પ્રમાણે બલદેવજી વ્રજમાં વિહાર કરતા રહ્યા ।।૩૨।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણ પહેલા પ્રમેય-પેટા પ્રકરણનો વીર્યરૂપ બીજો) ''બલદેવજીનું ગોકુલ પધારવું'' નામનો (ઉત્તરાર્ધનો સોળમો અને ચાલુ) પાંસઠમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં બાસઠમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**

''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''

ભગવત્કથાએદિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં

## અધ્યાય ૬૬

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૬૩

# ભગવાને મિથ્યા વાસુદેવને માર્યો અને કાશીને બાળી

### ચોથા સાત્વિક પ્રકરણનું પહેલું પ્રમેય પ્રકરણ અધ્યાય૩

**વિશેષઃ** કામની વાત પૂર્ણ કરી. હવે ક્રોધની વાત કહે છે. એમ કરીને કંસ વગેરેનો મોક્ષ કર્યો તેમ અહીં, દુષ્ટોનો ભગવાન્ મોક્ષ કરે છે. બાણાસુરના પ્રસંગમાં ભગવાને એનું સ્થાન બતાવ્યું તેના સહાયક મહાદેવજી ઉપર દયા કરી એના મદદ કરનાર રુદ્ર ગણને જીવાડ્યા અને માત્ર એનો ગર્વ દૂર કર્યો. અહીં તેથી વિપરીત છે, કેમકે ત્યાં તો ભગવાને પ્રહ્‌લાદને વચન આપેલ કે હું તારા વંશનો નાશ નહિ કરું તેથી ત્યાં સર્વને બચાવ્યાં, અહીં ભગવાને સર્વનો નાશ કર્યો. લૌકિકવડે પણ કામમાં પ્રવૃત્ત થાય. જેમ ગોપીજનો બલદેવજી સાથે કામમાં પ્રવૃત્ત થયાં તેવાનો પણ ભગવાન્ મોક્ષ કરે છે તેમ અહીં મૂર્ખાઓએ ''તું વાસુદેવ છો'' એમ કહેવાથી પૌણ્ડ્રકને ભગવાન્ ઉપર ક્રોધ થયો અને પોતે જ એક ભગવાન્ છે એમ ધારીને ભગવાન્‌ને ભગવદ્‌ચિહ્‌ન છોડવાનું કહેણ મોકલ્યું અને એમ ન થાય તો લડવા આવવાનું નિમન્ત્રણ કર્યું. ભગવાન્ તો અક્લિષ્ટકર્મા છે. એ કોઈના કહ્યા વગર તો લડવા જાય નહિ તેથી એણે કહેવરાવ્યું ત્યારે ત્યાં પધાર્યા. એના તથા એના આધારરૂપ કાશીનો અને એના મિત્ર કાશીરાજનો તથા એની સેના વગેરેનો ભગવાને નાશ કર્યો. એ આ છાસઠમા અધ્યાયમાં કહેવાનું છે. એમ કરીને ભગવાને

એનો પોતાના સ્વરૂપમાં નિરોધ કર્યો, કેમકે પહેલાં એ ભક્ત હતો એના પિતાનું નામ વસુદેવ હતું એટલે એને લોકો 'વાસુદેવ' કહેતા હતા. વાસુદેવનું શાસ્ત્રમાં વર્ણન સાંભળી એણે એવો વેશ કર્યો તેથી એ મોક્ષને લાયકનો તો હતો, ભગવાન્‌ની ઈચ્છાથી એને ''હું વાસુદેવ છું'' એમ બુદ્ધિ થઈ. શાસ્ત્રમાં **''એકમેવાદ્વિતીયં બ્રહ્મ''** જાણી પોતે પણ એક જ હોવો જોઈએ એથી તેનાથી ભગવાન્‌નો ઉત્કર્ષ સહન ન થતાં એણે દૂત મોકલ્યો ત્યારે ભગવાને એને ત્યાં જઈને બ્રહ્મ એક જ છે સિદ્ધ કરી બતાવ્યું

**નન્દ વ્રજં ગતે રામે કરૂષાધિપતિર્નૃપ ।।**
**વાસુદેવોઽહમિત્યજ્ઞો દૂતં કૃષ્ણાય પ્રાહિણોત્ ।।૧।।**

**શ્રીશકદેવજીએ કહ્યું :** જ્યારે બલદેવજી નન્દરાયજીના વ્રજમાં પધાર્યા હતા ત્યારે હે પરીક્ષિત! 'કરૂષ' દેશના રાજાએ ''વાસુદેવ હું છું'' એમ અજ્ઞાનથી જણાવી પોતાના એક દૂતને શ્રીકૃષ્ણ પાસે મોકલ્યો ।।૧।।

એને બધા મૂર્ખોએ ''વાસુદેવ તમેજ છો, તમે પૃથ્વીઉપર અવતાર ધર્યો છે તેથી જગતના પતિ તમેજ છો'' એમ કહી બનાવ્યો ત્યારે એ બન્યો અને પોતાને અચ્યુત માનવા લાગ્યો ।।૨।।

જેમ બાળકો રમતમાં કોઈને રાજા કરે અને એ મુખ્ય રાજાને દૂત મોકલે તેમ પોતે મન્દમતિ અને અજ્ઞાની હોવાથી એણે જેનો માર્ગ કોઈથી જણાતો નથી તેવા ભગવાન્ શ્રીકૃષ્ણ પાસે દ્વારકામાં દૂત મોકલ્યો ।।૩।।

દૂત દ્વારકા આવ્યો ત્યાં કમલલોચન ભગવાન્‌શ્રીકૃષ્ણ સભામાં બિરાજમાન હતા તેમને રાજાનો સન્દેશ કહ્યો ।।૪।।

''વાસુદેવ એક માત્ર હું જ છું, બીજો કોઈ નહિ. પ્રાણીઓ ઉપર કૃપા કરવાને માટે મેં જ અવતાર લીધો છે. તમે ખોટી રીતે પોતાનું નામ વાસુદેવ રાખી લીધું છે, હવે તે છોડી દો ।।૫।।

હે યદુવંશી! તમે મૂર્ખતાને લીધે મારાં ચિહ્નો ધારણ કરી લીધાં છે. તે છોડી દઈ મારે શરણે આવો અને મારી વાત જો તમારે ન સ્વીકારવી હોય તો મારી સાથે યુદ્ધ કરો''* ।।૬।।

**વિશેષ : ''યાનિ ત્વસ્મચ્ચિહ્નાનિ મૌઢ્યાદ્ બિભર્ષિ સાત્વત, ત્યક્ત્વૈહિ માં ત્વં શરણં નો ચેદ્ દેહિ મમાહવમ્''**. ભગવાનનો આવિર્ભાવ મનુષ્ય તરીકે થાય ત્યારે જીવો આપને ઓળખી ન શકે. પોતાની પિછાન જીવોને કરાવવામાટે ભગવાન્ જીવોની મૂઢતાને લીધે

શંખ, ચક્ર વગેરે ધારણ કરે છે.

**'સાત્વત'**નો અર્થ વૈષ્ણવ પણ થાય છે. શંખ, ચક્ર વગેરેની મુદ્રા વૈષ્ણવો ધારણ કરે જ છે. આપ પણ ધારણ કરો છો તે ઉચિત જ છે. **''મામેહિ તતઃ શરણં શરણમાર્ગં દેહિ નો ચેન્મમ વં આહ વદ ઇતિ અન્વયઃ''** મારી પાસે પધારો, પછી મને શરણમાર્ગનું દાન કરો. શરણમાર્ગનું દાન ન કરવું હોય તો એમ કહો કે હું તને મોક્ષ આપીશ. **''ત્યક્તવૈહિ=ત્યક્ત્વા+આ+એહિ। આ સમન્તાત્ ત્વં મામેહિ પ્રાપ્નુહિ''** ચારે બાજુથી, પૂરેપૂરી રીતે તમે મારી પાસે એટલા નિકટ પધારોકે મને (વ) સાયુજ્ય પ્રાપ્ત થઈ જાય. સામેથી ચાલીને આવીને ઉદ્ધાર કરવો એ કૃપાનું કાર્ય છે.

**શ્રીશુકદેવજીએ કહ્યુંઃ** મન્દમતિવાળા *પૌણ્ડ્રકની આ આત્મપ્રશંસા સાંભળીને ઉગ્રસેન વગેરે સભામાં રહેલા બધાને હસવું આવ્યું ।।૭।।

**વિશેષ** : પૌણ્ડ્રકનામથી જ તેની હીનતા કહેવાઈ જાય છે. **પુણ્ડ્ર** અત્યન્ત નીચ કોટિની ચાંડાલની જાતિ છે. તે ભાવથી ઉત્પન્ન થયેલ તે **પૌણ્ડ્ર** 'ક' પ્રત્યયનો અર્થ કુત્સિત-ખરાબ થાય છે. અધમ સ્વભાવવાળી જાતિમાં ઉત્પન્ન થયેલ વ્યક્તિ પણ અધમ જ હોય.

એમ હસી રહ્યા પછી ભગવાન્ બોલ્યા : ''તું એમ તારાં વખાણ કરે છે તો હું, હે મૂઢ! મારાં ચિહ્ન છોડી દઈશ ।।૮।।

હે મૂર્ખ! કંક, ગીધ અને બગલા થી વીંટાઈને જ્યારે તું રણમાં પડીશ ત્યારે તારું મુખ ઢંકાઈ જશે અને તું કૂતરાને શરણ જઈશ'' ।।૯।।

ભગવાન્‌નો આ તિરસ્કાર પૂર્ણ જવાબ લઈ પૌણ્ડ્રકનો દૂત પોતાના સ્વામીની પાસે ગયો અને તેને કહી સંભળાવ્યો. આ બાજુ ભગવાન્ શ્રીકૃષ્ણ પણ રથ ઉપર સવાર થઈ કાશી પાસે ગયા* (કારણ કે તે દિવસોમાં તે 'કરૂષ'નો રાજા પોતાના મિત્ર કાશીરાજની પાસે કાશીમાં જ રહેતો હતો) ।।૧૦।।

**વિશેષ** : તામસ સ્થાનમાં ભગવાન્‌નો એકદમ આવિર્ભાવ થતો નથી. કાશીમાં સ્વયં પધાર્યા નથી. જો પધારે તો કાશી શિવપુરી મટી જઈને વિષ્ણુપુરી-મથુરા કે દ્વારકા થઈ જાય.

પૌણ્ડ્રક પણ ભગવાન્‌નો ઉદ્યોગ જોઈને (સન્દેશ જાણીને) મોટા રથમાં બેસી, બે અક્ષૌહિણી સેના લઈને લડવામાટે તરત જ નગરની બહાર આવ્યો ।।૧૧।।

હે રાજન્! એનો મિત્ર કાશીરાજ પણ ત્રણ અક્ષૌહિણી સેના લઈ એની સહાયતાને માટે લડવા તૈયાર થઈ તેની પાછળ-પાછળ આવ્યો ત્યારે શ્રીહરિએ પૌણ્ડ્રકને જોયો ।।૧૨।।

તેણે કુદરતી સહજ ભુજાઓમાં શંખ અને ચક્ર ધારણ કર્યાં હતાં, ગદા અને શાંર્ગ ધનુષ કૃત્રિમ ભુજાઓમાં, તલવાર, શ્રીવત્સચિહ્‌ન અને વક્ષઃસ્થળ ઉપર બનાવટી કૌસ્તુભ મણિ અને વનમાલા પણ ધારણ કર્યા હતાં ।।૧૩।।

તેણે રેશમી પીળાં વસ્ત્ર પહેર્યા હતાં અને રથની ધજા ઉપર (કાષ્ઠનું) ગરુડનું ચિહ્‌ન લગાવ્યું હતું. તેના મસ્તક ઉપર અમૂલ્ય મુગટ હતો અને કાનોમાં મકરાકૃત કુંડલ ઝગમગી રહ્યાં હતાં ।।૧૪।।

તેનો આ આખોય સ્વાંગ બનાવટી હતો, જાણે કે કોઈ અભિનેતા રંગમંચ ઉપર અભિનય કરવા આવ્યો હોય. તેની વેશભૂષા પોતાનાં જેવાં જ જોઈ ભગવાન્ શ્રીકૃષ્ણ બહુ હસ્યા ।।૧૫।।

હવે શત્રુઓએ ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર ત્રિશૂલ, ગદા, મુદ્‌ગર, શક્તિ, ઋષ્ટિ, પ્રાસ, તોમર, તલવાર, પટ્ટિશ અને બાણ-દશ પ્રકારનાં શસ્ત્રાસ્ત્રોથી પ્રહાર કર્યો ।।૧૬।।

પ્રલય વખતે જેવી રીતે અગ્નિ બધી જાતનાં પ્રાણીઓને બાળી નાખે છે તેવી જ રીતે ભગવાન્ શ્રીકૃષ્ણે પણ ગદા-તલવાર-ચક્ર અને બાણોથી પૌણ્ડ્રક અને કાશીરાજના હાથી-રથ-ઘોડા અને પાયદળ ની સેનાનો નાશ કર્યો ।।૧૭।।

તે રણભૂમિ ભગવાન્‌ના ચક્રથી ટુકડે-ટુકડા થઈ ગયેલ રથ, ઘોડા, હાથી, મનુષ્ય, ગધેડાં અને ઊંટોથી છવાઈ ગઈ. એ વખતે એવું લાગતું હતું કે જાણે કે ભૂતનાથ શંકરની ભયંકર ક્રીડાસ્થલી હોય.તેનેજોઈ જોઈને શૂરવીરોનો ઉત્સાહ ઘણો વધી રહ્યો હતો ।।૧૮।।

હવે ભગવાન્ શ્રીકૃષ્ણે પૌણ્ડ્રકને કહ્યું, ''અરે પૌણ્ડ્રક! તેં દૂતદ્વારા કહેવડાવ્યું હતું કે મારાં અસ્ત્ર-શસ્ત્રાદિ ચિહ્‌ન છોડી દે તે હું તારા ઉપર છોડી રહ્યો છું ।।૧૯।।

તેં મારું નામ ખોટી રીતે ધારણ કરી રાખ્યું છે. તેથી હે મૂર્ખ! હવે હું તારાં એ નામો પણ છોડાવીને જ જમ્પીશ. જો હું તારી સાથે યુદ્ધ નહિ કરી શકું તો તારે શરણે આવીશ'' ।।૨૦।।

ભગવાન્ શ્રીકૃષ્ણે આ પ્રમાણે પૌણ્ડ્રકને તિરસ્કાર કરી પોતાનાં તીક્ષ્ણ બાણોથી તેના રથને તોડી નાખ્યો અને ઇન્દ્રે પોતાના વજ્રથી પર્વતોની પાંખો કાપી નાખી હતી તેમ પોતાના સુદર્શન ચક્રથી તેનું માથું ઉતારી લીધું ।।૨૧।।

તેવી જ રીતે કાશીરાજનો વચનથી તિરસ્કાર કરી તેને પણ રથ વગરનો કરી

નાખી ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાનાં બાણોથી કાશીરાજનું માથું પણ ધડથી અદ્ધર ઉડાવી, જેવી રીતે વાયુ કમલની કળીને ઉડાવી લઈ જાય તેમ, કાશીપુરીમાં નાખી દીધું. (આ રીતે જાણે કે ભગવાને મસ્તકરૂપી કમલથી શંકરજીનું સન્માન કર્યું) ।।૨૨।।

આ પ્રમાણે પોતાના પ્રત્યે ઈર્ષ્યા રાખનાર પૌણ્ડ્રક તથા તેના મિત્ર કાશીરાજને મારી નાખી ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાની રાજધાની દ્વારકામાં પાછા પધાર્યા. તે વખતે સિદ્ધગણ ભગવાન્‌ની અમૃતમયી કથાનું ગાન કરી રહ્યા હતા ।।૨૩।।

હે પરીક્ષિત! ગમે તે ભાવથી હોય પણ પૌણ્ડ્રક ભગવાન્‌ના રૂપનું સદા ચિન્તન કરતો રહેતો હતો. તેથી તેનાં બધાં બન્ધન કપાઈ ગયા. તે ભગવાન્‌નો બનાવટી વેષ તો ધારણ કરી રાખતો જ હતો તેથી વારંવાર તેનું જ સ્મરણ થવાને લીધે તે ભગવાન્‌ના સારૂપ્યને જ પ્રાપ્ત થયો ।।૨૪।।

અહીં કાશીમાં રાજમહેલના દરવાજા આગળ કુંડલયુક્ત એક માથું પડેલું જોઈને લોકો જાત-જાતના સન્દેહ કરવા લાગ્યા કે ''આ કોનું માથું છે? તે અહીં ક્યાંથી આવ્યું?'' ।।૨૫।।

આ તો કાશીના રાજાનું જ માથું છે એમ નક્કી થતાં એની રાણીઓ, રાજકુમારો, રાજપરિવારના લોકો તથા પ્રજાજનો રોતાં-રોતાં વિલાપ કરવા લાગ્યાં, ''હા નાથ! હા રાજન્! અમારો તો સર્વનાશ થઈ ગયો'' ।।૨૬।।

કાશીરાજનો 'સુદક્ષિણ'નામે પુત્ર હતો. તેણે પોતાના પિતાના અન્ત્યેષ્ટિ સંસ્કાર કરી મનોમન નિશ્ચય કર્યો કે મારા પિતાના હણનારને મારીને જ હું મારા પિતાના ઋણમાંથી મુક્ત થઈ શકીશ. આખરે પોતાના કુલપુરોહિતો અને આચાર્યો ની સાથે ચિત્તની અત્યન્ત એકાગ્રતા પૂર્વક ભગવાન્ શંકરની આરાધના કરવા લાગ્યો ।।૨૭-૨૮।।

*અવિમુક્ત ક્ષેત્ર(કાશી)માં તેની આરાધનાથી પ્રસન્ન થઈ ભગવાન્ શંકરે તેને વરદાન માગવાનું કહ્યું. સુદક્ષિણે એ અભીષ્ટ વરદાન માગ્યું કે મને મારા પિતૃઘાતીના વધનો ઉપાયબતાવો ।।૨૯।।

**વિશેષ** : પહેલાં બ્રહ્માજીને પાંચ મસ્તક હતાં. ચારે મુખો વેદોચ્ચાર કરી રહ્યાં હતાં જ્યારે પાંચમું ભૂંકતું હતું. એક વખત મહાદેવજી સત્સંગમાટે આવ્યા. મહાદેવજીએ બ્રહ્માજીને ભગવત્કથા શ્રવણ કરાવવા વિનન્તિ કરી. બ્રહ્માજીએ પાંચેય મુખે કહેવા માંડ્યું. મહાદેવજીથી ભગવદ્યશના શ્રવણમાં આ વિક્ષેપ સહન ન થયો. અનામિકાથી પાંચમું ભૂંકતું મસ્તક છેદી

નાખ્યું. મહાદેવજીને બ્રહ્મહત્યા લાગી. કપાલ (છેદાયેલું માથું) શંકરની પાછળ પડ્યું. શંકર બદરીનાથ ભગવાન્ પાસે દોડતા-દોડતા ગયા અને બ્રહ્મવધથી કેમ છૂટકારો થાય એ પૂછ્યું. ભગવાને કહ્યું, ''આપ સ્વસ્થાને પધારો, જ્યાં આ કપાલ પડે ત્યાંથી આગળ જવું નહિ, ત્યાં જ સ્થિર થઈ જવું'' કાશીમાં કપાલ પડ્યું. ત્યારથી મહાદેવજી તે સ્થાન (કાશી) ને છોડ્યું નથી. ૨૯ માં શ્લોકમાં **''પ્રીતોવિમુક્તે''** પ્રયોગ છે. **''ન વિમુક્તમ્ ઈતિ અવિમુક્તમ્''** છોડેલું નહિ તે ત્યાં કાશીમાં મહાદેવજી નિત્ય બિરાજે છે અને તે પણ પ્રસન્નતામાં. વળી શ્લોકમાં મહાદેવજીને માટે **'ભગવાન્'** શબ્દ છે. તામસ કલ્પોમાં મહાદેવજી જ ભગવાન્ હોય છે કારણ કે તે વખતે તેઓ સૃષ્ટિનું સર્જન કરે છે. **'ભગવાન્'** શબ્દ ભાગવતજીમાં શુકદેવજી, વ્યાસજી, નારદજી વગેરે માટે વપરાયેલ છે. તેનો અર્થ અલૌકિક દિવ્ય શક્તિ અને જ્ઞાનથી સમ્પન્ન

**ભગવાન્ શંકરે કહ્યું :** ''તમે બ્રાહ્મણોની સાથે મળી યજ્ઞના દેવતા ઋત્વિજોના સમ્બન્ધી દક્ષિણાગ્નિની અભિચાર વિધિથી આરાધના કરો. તેથી તે અગ્નિ પ્રથમગણોની સાથે પ્રગટ થઈ, જે બ્રાહ્મણોનો ભક્ત ન હોય તેવા ઉપર પ્રયોગ કરશો તો તે તમારો સંકલ્પ સિદ્ધ કરશે'' ભગવાન્ શંકરની એવી આજ્ઞા થતાં સુદક્ષિણે અનુષ્ઠાન માટેના નિયમો લીધા અને તે ભગવાન્ શ્રીકૃષ્ણને માટે અભિચાર (મારણનું પુરશ્ચરણ) કરવા લાગ્યો ।।૩૦-૩૧।।

અભિચાર પૂર્ણ થતાં જ યજ્ઞકુંડમાંથી અત્યન્ત ભીષણ અગ્નિ મૂર્તિમાન્ થઈ પ્રગટ થયો. તેના કેશ અને દાઢીમૂછ તપાવેલા તામ્બાના જેવા લાલ-લાલ હતા. આંખોમાંથી અંગારા વરસી રહ્યા હતા ।।૩૨।।

ઉગ્ર દાઢો અને દંડ જેવી ભ્રૂકુટીને લીધે તેના મુખમાંથી ક્રૂરતા ટપકી રહી હતી. તે પોતાની જીભથી મોંના બન્ને છેડા ચાટી રહ્યો હતો. તે વસ્ત્ર વગરનો અને હાથમાંના ત્રિશૂળને ફેરવતો હતો. તેમાંથી અગ્નિની ઝાળ નીકળી રહી હતી ।।૩૩।।

તાડના જેવડા પગવડે પૃથ્વીને કમ્પાવતો, દિશાઓને બાળતો, ભૂતોને સાથે લઈને એ અગ્નિ દ્વારકા તરફ દોડ્યો ।।૩૪।।

દ્વારકાના લોકો આ અભિચારના અગ્નિને આવતો જોઈને, વનમાં રહીને બળતાં પશુઓ ત્રાસ પામે તેમ, બધા ત્રાસ પામ્યા ।।૩૫।।

સભામાં પાસાની રમત રમતા ત્રણ લોકના ઈશને અગ્નિથી દ્વારકા બળે છે તો આપ રક્ષા કરો, રક્ષા કરો એમ ભયથી આતુર થઈ બધા લોકો કહેવા લાગ્યા ।।૩૬।।

શરણાગતવત્સલ ભગવાને જોયું કે અમારા સ્વજન ભયભીત થઈ ગયા છે અને પોકારી-પોકારી વિકલતાભર્યા સ્વરથી અમારી પ્રાર્થના કરી રહ્યા છે. ત્યારે આપે હસીને કહ્યું : ''ભય ન પામો હું તમારી રક્ષા કરીશ'' ।।૩૭।।

હે પરીક્ષિત! ભગવાન્ બધાંની અન્દર-બહારની વાત જાણે છે. આપ જાણી ગયા કે આ કાશીથી આવેલી માહેશ્વરી કૃત્યા છે. આપે તેનો પ્રતીકાર કરવા પોતાની પાસે જ બિરાજમાન સુદર્શન ચક્રને આજ્ઞા કરી ।।૩૮।।

કરોડો સૂર્યની કાન્તિવાળું, પ્રલયના અગ્નિ જેવા તેજવાળું, પોતાના તેજથી આકાશ, પાતાળ અને દિશાઓ ને પીડા કરતું એ સુદર્શન ચક્ર એ કૃત્યાની પાછળ પડ્યું ।।૩૯।।

એ કૃત્યાનો અગ્નિ તો ભગવાન્‌ના ચક્રના તેજ પાસે પાછો હઠતો પાછો કાશી જઈ સુદક્ષિણ, ૠત્વિજો અને બીજા બધા જે અભિચારમાં હતા તેઓને બાળવા લાગ્યો. પોતાનું બાણ પોતાને વાગે તો એમાં કોઈને દોષ ન દેવાય તેમ એ અભિચાર કરનારાઓએ એ અગ્નિ પેદા કર્યો તેનાથી એ બળ્યા એમાં કોઈને એનો દોષ ન લાગ્યો ।।૪૦।।

એની પાછળ કાશી પહોંચેલા સુદર્શન ચક્રે પણ મોટી-મોટી અટારીઓ, સભાગૃહ, બજારો, દરવાજાઓ, પ્રાચીર (રાંગ), ખજાના, હાથી, ઘોડા અને રથ અને અન્ન ભંડારો વગેરેને બાળી ભસ્મ કર્યા ।।૪૧।।

ભગવાન્ શ્રીકૃષ્ણના સુદર્શનચક્રે આખી કાશી (વારાણસી) ને બાળીને ભસ્મ કરી નાખી અને તે પરમાનન્દમયી લીલા કરવાવાળા ભગવાન્ શ્રીકૃષ્ણની પાસે પાછું આવી ગયું ।।૪૨।।

**ય એતચ્છ્રાવયેન્મર્ત્ય ઉત્તમશ્લોકવિક્રમમ્ ।।**
**સમાહિતો વા શૃણુયાત્ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।।૪૩।।**

જે માણસ આ ઉત્તમ શ્લોક ભગવાન્‌ના પરાક્રમવાળી આ કથાને સંભળાવે અથવા ચિત્ત સ્થિર રાખીને સાંભળે તે સર્વ પાપથી મુક્ત થાય છે ।।૪૩।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના પહેલા પ્રમેય-પેટા પ્રકરણનો યશરૂપ ત્રીજો) ''ભગવાને મિથ્યા વાસુદેવને માર્યો અને કાશીને બાળી'' નામનો (ઉત્તરાર્ધનો સત્તરમો અને ચાલુ) છાસઠમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ત્રેસઠમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૬૭

## શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૬૪

## બલદેવજીએ દ્વિવિદ વાનરને માર્યો

### ચોથા સાત્વિક પ્રકરણનું પહેલું પ્રમેય પ્રકરણ અધ્યાય૪

વિશેષઃ બલદેવજી ગેરહાજર હતા. તેમાં પૌણ્ડ્રકે પોતાની બડાઈ કરી હતી એમ લોકો કહેવા લાગ્યા તેથી બલદેવજીમાં પરાક્રમ વિશેષ છે પણ બળ ભગવાનનું જ છે. એમનું કર્યું હજુ સમાપ્ત થયું નથી. તેથી એમનાં વધારે ચરિત્ર જાણવાની ઈચ્છા, રાજાએ પ્રશ્ન કરીને બતાવી છે. આ સડસઠમા અધ્યાયમાં દ્વિવિદનો 'વધ' કહે છે. ગોપિકાઓની જેમ અહીં પણ સ્ત્રીઓનું માહાત્મ્ય બતાવવાનું છે. એમ ન કરે તો બલદેવજીદ્વારા નિરોધ કરવાનો છે તે સ્ત્રીઓનો નિરોધ ન થાય. તો પછી ભગવાન્ પ્રકટ થયાં ત્યારે શક્તિનો વિભાગ કર્યો છે તે વ્યર્થ જાય. કેટલીક શક્તિઓ પોતાના સ્વરૂપમાંથી બલદેવજીમાં ધરી છે તેટલું કાર્ય એમનાદ્વારા ભગવાન્‌ને કરાવવું છે. આથી એમ સમજવું કે જેના આવેશનું ચરિત્ર અદ્‌ભુત છે તો એ ભગવાન્ સાક્ષાત્ શું ન કરી શકે? એથી ભગવાન્‌નું માહાત્મ્ય સિદ્ધ થાય છે. એ જ બલદેવજી લક્ષ્મણાના સ્વયંવર પ્રસંગમાં સર્વ જાણી શકે એવું ચરિત્ર કરશે.

**ભૂયોઽહં શ્રોતુમિચ્છામિ રામસ્યાદ્‌ભુતકર્મણઃ ।।**
**અનન્તસ્યાપ્રમેયસ્ય યદન્યત્ કૃતવાન્ પ્રભુઃ ।।૧।।**

**રાજાએ પૂછ્યું :** અનન્તરૂપ અને જેની સ્વતઃ કલ્પના ન થઈ શકે તેવા અદ્‌ભુત પરાક્રમવાળા બલદેવજીએ જે કાંઈ બીજું ચરિત્ર કર્યું હોય તે હું સાંભળવાની ઈચ્છા રાખું છું ।।૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** નરકાસુરનો મિત્ર *સ્રદ્વિવિદથ નામનો કોઈ એક વાનર હતો. તે રામાવતારમાં સુગ્રીવનો પ્રધાન હતો અને મૈન્દનો ભાઈ હતો. તે બહુ પરાક્રમવાળો હતો ।।૨।।

**વિશેષ : ''દ્વિવિદઃ દ્વિધા વિત્ જ્ઞાનં યસ્ય ઈતિ દ્વિઃસ્વભાવોયમ્''** રામાવતારમાં એ ભક્ત હતો, અત્યારે વેરી બન્યો એ એનો દ્વિઃસ્વભાવ. અત્યાર સુધી તેની ઉપેક્ષા એટલામાટે કરી કે ભગવાને જ એને વાનર-અર્ધનર બનાવ્યો છે, તો તેને શું મારવો?

પોતાના મિત્ર નરકાસુરને માર્યો એનો બદલો લેવામાટે તે વાનરે દેશનો નાશ કરવાનો

આરમ્ભ કર્યો. શહેરો, ખાણો, નેસ વગેરેમાં આગ લગાડી એને બાળી નાખવા લાગ્યો ।।૩।।

કોઈ ઠેકાણે મોટા પર્વતોને ઉખાડી એ દેશમાં વસ્તા લોકો ઉપર નાખી એમને તારાજ કરવા લાગ્યો. એમાં પણ એના મિત્રને મારનાર ભગવાન્ શ્રીકૃષ્ણ જ્યાં બિરાજે છે તેવા આનર્ત (કાઠિયાવાડ) દેશનો તો એ વિશેષ નાશ કરવા લાગ્યો ।।૪।।

ક્યારેક સમુદ્રમાં જઈ બે હાથવડે એનું જળ ઉડાડે અને કાંઠાના પ્રદેશને જળમાં ડુબાડી દે. એ દસહજાર હાથીના બળવાળો હતો તેથી એમ કરી શક્તો હતો ।।૫।।

એ દુષ્ટ એટલેથી ન અટકતાં મુખ્ય ઋષિઓના આશ્રમોમાં જઈને વૃક્ષોને ભાંગી નાખતો, વૈદિક અગ્નિકુંડોમાં મલમૂત્ર નાખી એને અભડાવી દઈ પોતાની દુષ્ટતા સિધ્ધ કરતો હતો ।।૬।।

ભમરી કીડાને ઉપાડી જઈ પોતાના દરમાં પૂરી દે છે. કીડો બીકમાં ભમરીનું જ સ્મરણ કરે છે. તે અખંડ સ્મરણના પ્રતાપે તે કીડો, કીડો મટી જઈ ભમરી બની જાય છે. તેવી રીતે તે મદોન્મત્ત વાનર સ્ત્રીઓ અને પુરુષો ને ઉપાડી જઈ પહાડોની ઘાટી અને ગુફાઓ માં પૂરી, મોટી-મોટી શિલાઓશંકેનાં મોઢાં બંધ કરી દેતો. આમ તે એટલામાટે કરતો હતો કે વિશ્વ ભગવદાત્મક મટી જાય અને કીડાની માફક તેનું સ્મરણ કરી તદાત્મક (દ્વિવિદાત્મક-દુષ્ટ) બની જાય ।।૭।।

આ પ્રમાણે દેશવાસીઓને તો તે હેરાન કરતો જ હતો, કુલીન સ્ત્રીઓને પણ તે દૂષિત કરી દેતો હતો (તેણે બધાના બધા વિષયો છોડાવ્યા હતા તેમાં વળી) એક દિવસ રૈવતક પર્વત ઉપરથી અત્યન્ત મધુર ગીત સાંભળી, (હું છું ને વળી મારી ઉપસ્થિતિમાં ગાવાની કોણ હિમ્મત કરે છે એમ વિચારી) તે (બંધ કરાવવા) રૈવતક પર્વત ઉપર ગયો ।।૮।।

ત્યાં તેણે જોયું કે યદુવંશ શિરોમણિ બલદેવજી સુન્દર યુવતીઓના મંડળમાં બિરાજમાન્ છે. તેમનું એકેએક અંગ સુન્દર અને દર્શનીય છે અને વક્ષઃસ્થલ ઉપર કમલની માલા લટકી રહી છે ।।૯।।

તે મધુપાન કરી મધુર સંગીત ગાઈ રહ્યાં હતાં અને તેમનાં નેત્રો આનન્દના ઉન્માદથી વિહ્વળ થઈ રહ્યાં હતાં. તેમનું શરીર એવું શોભી રહ્યું હતું કે જાણે કોઈ મદઝરતો ગજરાજ હોય ।।૧૦।।

તે દુષ્ટ વાનર વૃક્ષોની શાખા ઉપર ચડી જતો અને વૃક્ષોને હચમચાવી મૂકતો. ક્યારેક સ્ત્રીઓની સામે આવી ગુપ્ત અંગ બતાવતો, કિકિયારી કરતો ।।૧૧।।

યુવતી સ્ત્રીઓ જાતિથી, સ્વભાવથી અને વયથી જ ચંચલ અને હાસ-પરિહાસમાં રુચિ રાખનારી હોય છે. બલદેવજીની સ્ત્રીઓ તો વાનરની ધૃષ્ટતા જોઈ હસવા લાગી ।।૧૨।।

હવે તે વાનર ભગવાન્ બલદેવજીની સામે જ તે સ્ત્રીઓની અવગણના કરવા લાગ્યો. ક્યારેક તેમને પોતાની ગુદા દેખાડતો, તો ક્યારેક ભવાં નચાવતો તો વળી ક્યારેક ચિચિયારી કરી મોઢું મરડતો, ઘૂરકતો ।।૧૩।।

વીર શિરોમણિ બલદેવજી તેની આ ચેષ્ટા જોઈ ગુસ્સે થઈ ગયા. તેમણે તેના ઉપર પથ્થરનો એક ટૂકડો ફેંક્યો. પરન્તુ દ્વિવિદે પોતાની જાતને આઘા ખસી જઈ બચાવી લીધી અને ઝપટ મારીને તેણે મધુકલશ ઉઠાવી લીધો અને બલદેવજીનો અનાદર કરવા લાગ્યો. તે ધૂર્તે મધુકલશને તો ફોડી નાખ્યો એટલું જ નહિ, જલક્રીડા કરીને બદલવાનાં કાંઠે મૂકેલાં વસ્ત્રો પણ ફાડી નાખ્યાં. આ ઓછું હોય તેમ તેણે ઉદ્ધતાઈથી બાહુવડે તાલ દઈ બલદેવજીને મલ્લયુદ્ધને માટે પડકાર ફેંક્યો ।।૧૪-૧૫।।

હે પરીક્ષિત! જ્યારે આ પ્રમાણે બલવાન્ અને મદોન્મત્ત દ્વિવિદ બલદેવજીનો ઘોર તિરસ્કાર કરવા લાગ્યો ત્યારે તેમણે તેનો અવિનય જોઈ તથા તેનાદ્વારા થતી પ્રદેશોની પાયમાલીનો વિચાર કરી તે શત્રુને મારી નાખવાની ઇચ્છાથી ક્રોધપૂર્વક પોતાના હળ અને મુશળ ઉઠાવ્યાં. દ્વિવિદ પણ ભારે બળવાન્ હતો. તેણે પોતાના એક જ હાથથી સાગનું ઝાડ મૂળમાંથી ઉખેડી નાખ્યું અને ભારે વેગથી દોડીને બલદેવજીના મસ્તકમાં માર્યું. ભગવાન્ બલદેવજી પર્વતની જેમ અડગ ઊભા રહ્યા. તેમણે તે વૃક્ષને પોતાના હાથથી સિર સુધી પહોંચતાં પહેલાં જ પકડી લીધું અને પોતાના 'સુનન્દ' નામના મુશળથી તેના ઉપર પ્રહાર કર્યો. મુશળ વાગવાથી દ્વિવિદનું માથું ફાટી ગયું અને તેમાંથી લોહીની ધારા વહેવા લાગી. તે વખતે એવી શોભા થઈ કે જાણે કોઈ પર્વત ઉપરથી ગેરુનું ઝરણું વહી રહ્યું હોય. પરન્તુ દ્વિવિદે પોતાનું મસ્તક ફાટી જવાની જરાય પરવા ન કરી. તેણે આંખના પલકારામાં એક બીજું ઝાડ ઉખેડ્યું તેનાં પાંદડાં તોડી નાખી તેને પાંદડાં વિનાનું બનાવી દીધું. એકદમ ગુસ્સે થઈ ઝાડને છેડેથી પકડી થડ બલદેવજીને વાગે તેમ જોરથી પ્રહાર કર્યો. બલદેવજીએ તેના સેંકડો ટુકડા કરી નાખ્યા. ત્યાર પછી દ્વિવિદે ત્રીજું ઝાડ ચલાવ્યું, પરન્તુ બલદેવજીએ

તેને પણ શતધા છિન્ન-ભિન્ન કરી નાખ્યું ।।૧૬-૨૧।।

આ પ્રમાણે તે તેમની સાથે યુદ્ધ કરતો રહ્યો. વૃક્ષ તૂટી જતાં બીજું ઉખેડતો અને તેનાથી પ્રહાર કરવાની ચેષ્ટા કરતો. આ પ્રમાણે બધી તરફથી વૃક્ષો ઉખેડી લડતાં-લડતાં તેણે આખાય વનને વૃક્ષહીન કરી દીધું, વનમાં એકપણ વૃક્ષ રહેવા પામ્યું નહિ ।।૨૨।।

વૃક્ષ ન રહ્યાં ત્યારે ખૂબ જ ખિજાઈને બલદેવજી પર પથ્થરોની વર્ષા કરવા લાગ્યો. પરન્તુ ભગવાન્ બલદેવજીએ પોતાના મુશળથી તે બધા પર્વતો (પથ્થરો) નું ચૂર્ણ કરી નાખ્યું ।।૨૩।।

છેવટે દ્વિવિદે પોતાના તાલના જેવા દીર્ઘ, સ્થૂલ અને કઠોર બાહુની મુઠ્ઠી વાળી બલદેવજીની છાતીમાં મારી ।।૨૪।।

હવે યદુવંશ શિરોમણિ બલદેવજીએ હળ અને મુશળ છોડી દઈ, ક્રોધ કરી બન્ને હાથોથી તેના ગળાની હાંસડી ઉપર પ્રહાર કર્યો. તેથી તે વાનર મોઢામાંથી લોહી કાઢતો ધરતીઉપર જઈ પડ્યો ।।૨૫।।

હે કુરુશાર્દૂલ! આંધી આવતાં જેમ જલમાં વહાણ ડગમગવા લાગે તેમ જ તેના પડવાથી મોટાં વૃક્ષો અને શિખરો સહિત આખો પર્વત ધ્રૂજી ઊઠ્યો ।।૨૬।।

ત્યારે આકાશમાં દેવતાઓ ''જય હો, જય હો!'' સિદ્ધ લોકો ''નમો નમઃ'' અને મોટા-મોટા ઋષિમુનિઓ ''સાધુ સાધુ'' (બહુ સારું થયું, બહુ સારું થયું) શબ્દના પોકાર કરવા અને બલદેવજી પર પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા ।।૨૭।।

**એવં નિહત્ય દ્વિવિદં જગદ્વ્યતિકરાવહમ્ ।।**
**સંસ્તૂયમાનો ભગવાન્ જનૈઃ સ્વપુરમાવિશત્ ।।૨૮।।**

હે પરીક્ષિત! દ્વિવિદે જગતમાં ભારે ઉપદ્રવ મચાવી દીધો હતો. તેથી ભગવાન્ બલદેવજીએ તેને આ પ્રમાણે મારી નાખ્યો અને પછી તેઓ દ્વારકામાં આવ્યા. એ વખતે પુરજન-પરિજન ભગવાન્ બલદેવજીની સ્તુતિ કરતા હતા ।।૨૮।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના પહેલા પ્રમેય-પેટા પ્રકરણનો શ્રીરૂપ ચોથો) ''બલદેવજીએ દ્વિવિદ વાનરને માર્યો'' નામનો (ઉત્તરાર્ધનો અઢારમો અને ચાલુ) સડસઠમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ચોસઠમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૬૮

## શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૬૫

# બલદેવજી કૌરવોને જીતી લક્ષ્મણા અને સામ્બને લાવ્યા

### ચોથા સાત્વિક પ્રકરણનું પહેલું પ્રમેય પ્રકરણ અધ્યાય ૫

**વિશેષ :** અતિ અલૌકિક અને આશ્ચર્ય કરનાર લોકથી ન થઈ શકે તેવું બલદેવજીનું ચરિત્ર આ અડસઠમાં અધ્યાયમાં કહેવાય છે. એમ બલદેવજી અને શ્રીકૃષ્ણ નાં ત્રણ-ત્રણ ચરિત્ર કહ્યાં એટલે ષડ્ગુણ ભગવાન્નું એ ચરિત્ર થઈ ગયું. બલદેવજીમાં ધર્મ સિદ્ધ થયો, શ્રીકૃષ્ણમાં કામ સિદ્ધ થયો અને અદ્વિતીય હરિત્વ તો ફલથી શ્રીકૃષ્ણમાં સિદ્ધ થયું. જગતના દોષની નિવૃત્તિ બલદેવજીમાં સિદ્ધ થઈ. તે નિવૃત્તિમાં પોતે સાધન થયા. અલૌકિક સાધન બલદેવજી અને અલૌકિક ફળ શ્રીકૃષ્ણ છે. અહીં અવાન્તર ભેદના ધર્મીઓ જુદા કહ્યા છે. શ્રીયમુનાજીના કાંઠે અને પર્વત ઉપર જે કર્યું તે કહેવામાં આવ્યું. આ અધ્યાયમાં ગંગાજીનાં કાંઠે આવેલા શહેરમાં જે પરાક્રમ બલદેવજીએ કર્યું તે સ્પષ્ટતાથી બતાવે છે. લક્ષ્મણાના હરણથી સામ્બને કૌરવોએ બાંધ્યો હતો તેને બલદેવજીએ છોડાવ્યો અને તેમણે શત્રુઓનો નિગ્રહ કર્યો એ વાત અહીં સ્પષ્ટ થાય છે. પૂર્વ ચરિત્ર દુષ્ટ નિવારણ રૂપ છે જ્યારે આ ચરિત્ર શિષ્ટ શિક્ષારૂપ છે.

**દુર્યોધનસુતાં રાજન્ લક્ષ્મણાં સમિતિંજય ।।**
**સ્વયંવરસ્થામહરત્ સામ્બો જામ્બવતીસુતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજા પરીક્ષિત! જામ્બવતીનન્દન સામ્બ એકલા જ ભારે મોટા-મોટા વીરો ઉપર વિજય પ્રાપ્ત કરનારા હતા. તે સ્વયંવરમાં સ્થિત દુર્યોધનની કન્યા લક્ષ્મણાનું હરણ કરી લાવ્યા ।।૧।।

કૌરવો ગુસ્સે થઈને બોલ્યા કે ''આ છોકરો દુર્વિનીત(ઉદ્ધત) છે તેણે અમને તો ગણ્યા પણ નહિ. અમારી કન્યા એને ઇચ્છતી નથી છતાં બળાત્કારે એણે અમારી કન્યાનું હરણકર્યું ।।૨।।

આ દુર્વિનીતને બાંધો. વૃષ્ણિઓ આપણી કૃપાથી આપેલી ભૂમિને ભોગવનાર છે તે આપણને શું કરવાના હતા? ।।૩।।

પોતાના છોકરાને કેદ કરેલો સાંભળીને જો તેઓ અહીં આવશે તો અહીં એમનો ગર્વ નષ્ટ થઈ જશે એટલે જેમ પ્રાણાયામ કરવાથી પ્રાણ ઠેકાણે આવી જાય છે તેમ તેઓ પણ શાન્ત થઈ જશે'' ।।૪।।

આમ વિચાર કરી કર્ણ, શલ્ય, ભૂરિશ્રવાનો ભાઈ ભૂરિ, યજ્ઞકેતુ અને દુર્યોધન વગેરે વીરોએ કુરુવંશના વડીલોની સમ્મતિ લઈને સામ્બને પકડી લેવાની તૈયારી કરી ।।૫।।

જ્યારે મહારથી સામ્બે જોયું કે ધૃતરાષ્ટ્રના પુત્રો મારો પીછો કરી રહ્યા છે ત્યારે તે સુન્દર ધનુષ લઈ સિંહની જેમ એકલો જ મક્કમ થઈને સામે ઊભો રહી ગયો ।।૬।।

કર્ણને પોતાનો અગ્રણી બનાવી કૌરવવીર ધનુષ ચડાવી સામ્બની પાસે આવી પહોંચ્યા અને ક્રોધે ભરાઈ તેને પકડી લેવાની ઈચ્છાથી 'ઊભો રહે' એમ બોલતા તેના ઉપર બાણોની વર્ષા કરવા લાગ્યા ।।૭।।

હે પરીક્ષિત! યદુનન્દન સામ્બ અચિન્ત્ય ભગવાન્ શ્રીકૃષ્ણના પુત્ર હતા. જેના પિતા બીજાઓ માટે અચિન્ત્ય હોય તે પોતે ચિન્તા કેમ કરે? શિયાળવાં વગેરે પામર પશુઓ સિંહને પીડા પહોંચાડે તો સિંહ જેમ તેની કંઈ પરવા ન કરે તેમ કૌરવોએ તેને વીંધી નાખ્યો ખરો પણ તેણે તેની કંઈ જ પરવા કરી નહિ ।।૮।।

સામ્બે પોતાના સુન્દર ધનુષનો ટંકાર કરી કર્ણ વગેરે વીરો ઉપર, જે અલગ-અલગ રથમાં સવાર હતા, છ-છ બાણોથી એકી સાથે અલગ-અલગ પ્રહાર કર્યા ।।૯।।

તેમાંથી ચાર-ચાર બાણ તેમના ચાર-ચાર ઘોડાઓ ઉપર એક-એક એમના સારથિઓ ઉપર અને એક-એક તે મહાન ધનુર્ધર રથી વીરો ઉપર છોડ્યાં. સામ્બના આ અદ્દ્ભુત હસ્ત લાઘવને જોઈને વિપક્ષીવીરો પણ મુક્ત કંઠથી તેની પ્રશંસા કરવા લાગ્યા ।।૧૦।।

(આ પ્રશંસાએજ એનું પતન નોતર્યું તેના બન્ધનનું નિમિત્ત બની, કારણ કે તે ફુલાઈ ગયો અને બ્રહ્માસ્ત્ર વગેરેથી પ્રતિકાર ન કર્યો)ત્યારબાદ તે છ વીરોએ સાથે મળી સામ્બને રથ વગરનો કરી દીધો. ચાર વીરોએ એક-એક બાણથી તેના ચાર ઘોડાઓને મારી નાખ્યા. એકે સારથિને માર્યો અને છઠ્ઠાએ તેનું ધનુષ કાપી નાખ્યું ।।૧૧।।

આ પ્રમાણે કૌરવોએ યુદ્ધમાં ભારે કઠિનાઈથી સામ્બને રથહીન કરી બાંધી લીધો. ત્યારબાદ તેઓ તેને તથા પોતાની કન્યા લક્ષ્મણાને લઈ જીત મનાવતા હસ્તિનાપુર આવ્યા ।।૧૨।।

હે રાજન્! નારદજીએ આવી એ વાત યાદવોની સભામાં કહી ત્યારે ક્રોધ કરીને ઉગ્રસેનની આજ્ઞાથી યાદવો કૌરવોની ઉપર ચડાઈ કરવાની તૈયારી કરવા લાગ્યા ।।૧૩।।

યાદવવીરો કવચ પહેરીને તૈયાર થઈ ગયા હતા. તેમને બલદેવજીએ સમજાવીને શાન્ત કર્યા. એ બલદેવજી કલહરૂપ મેલને દૂર કરનાર છે તેથી યાદવ કૌરવોનો કલહ થાય એમ ઈચ્છતા ન હતા ।।૧૪।।

સૂર્યના સરખા તેજસ્વી રથમાં બેસી બ્રાહ્મણો અને કુલવૃદ્ધો ને સાથે લઈ ચન્દ્ર જેમ ગ્રહોની સાથે શોભે તેમ શોભતા બલદેવજી હસ્તિનાપુર પધાર્યા ।।૧૫।।

બહારના ઉપવનમાં ( ''દુશ્મનના શહેરમાં પ્રવેશ ન કરવો'' એમ નીતિશાસ્ત્ર કહે છે.) એમણે મુકામ કર્યો અને ધૃતરાષ્ટ્રને ખબર આપવામાટે ઉદ્ધવજીને નગરમાં મોકલ્યા ।।૧૬।।

ઉદ્ધવજી ત્યાં ગયા અને ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ, બાહ્લીક, દુર્યોધન વગેરેને યથાયોગ્ય વિધિવત્ નમન કરી બલદેવજીના પધારવાના સમાચાર આપ્યા ।।૧૭।।

પોતાના અત્યન્ત પ્રિય (બલદેવજી દુર્યોધનના સસરા અને ગુરુ હતા.) સુહૃદ બલદેવજીને આવ્યા સાંભળીને બધા પ્રસન્ન થયા; ઉદ્ધવજીનો સત્કાર કરી હાથમાં મંગળ વસ્તુઓ લઈને એ બધા બલદેવજી પાસે આવ્યા ।।૧૮।।

પછી પોત-પોતાની અવસ્થા અને સમ્બન્ધ પ્રમાણે બધા લોકો બલદેવજીને મળ્યા. તેમના સત્કારને માટે ગાય અર્પણ કરી અને અર્ઘ્ય પ્રદાન કર્યું. જે લોકો ભગવાન્ બલદેવજીનો પ્રભાવ જાણતા હતા તેમણે મસ્તક નમાવી તેમને પ્રણામ કર્યા ।।૧૯।।

ત્યારબાદ તે લોકોએ પરસ્પર કુશળમંગળ અને આરોગ્ય ના ખબર-અન્તર પૂછ્યાં અને બધા ભાઈબન્ધુ ક્ષેમ કુશળ છે એ સાંભળી બલદેવજીએ ઘણી ધીરતા અને ગમ્ભીરતાપૂર્વકકહ્યું ।।૨૦।।

''ઉગ્રસેન રાજા તમને આજ્ઞા કરે છે એ પ્રભુ છે. એમની આજ્ઞાને તમે ચિત્તને સ્થિર કરી સાંભળો અને જલદી એમના વચનનો અમલ કરો ।।૨૧।।

તમે અનેકે ભેગા થઈને અધર્મવડે અમારા પુત્ર સામ્બને જીતીને બાંધ્યો છે તે આપણો બાન્ધવ સમ્બન્ધ જાળવવાને હું સહન કરું છું'' ।।૨૨।।

વીર્ય, શૌર્ય અને બળ થી ઉત્તમ અને પોતાની શક્તિને લાયક બલદેવજીનું વચન

સાંભળી કુરુઓ ગુસ્સે થયા અને કહેવા લાગ્યા ।।૨૩।।

**કુરુઓ બોલ્યા :** "અહો!કાલની ગતિ વિચિત્ર છે. આએક આશ્ચર્ય જેવીવાત સાંભળી કેઆ ખાસડું મુકુટે સેવાયેલા મસ્તક ઉપર ચઢવાની ઈચ્છા કરેછે ।।૨૪।।

આ યદુવંશીઓની સાથે જેમ-તેમ કરીને અમે લોકોએ વિવાહસમ્બન્ધ[૧] કરી લીધો. તેઓ અમારી સાથે સૂવા-બેસવા અને એક પંગતમાં ખાવા લાગ્યા. અમે લોકોએ જ એમને રાજસિંહાસન આપી રાજા બનાવ્યા અને અમારી બરાબર બનાવ્યા[૨] ।।૨૫।।

**વિશેષ :** ૧. વસુદેવજીના પિતા શૂરસેનજીની સૌથી મોટી પુત્રી 'પૃથા' હતી. શૂરસેનજીના એક યાદવ મિત્ર રાજા કુન્તિભોજને કંઈ સન્તાન ન હોવાથી શૂરસેનજીએ પોતાની કન્યા પૃથા કુન્તિભોજને ગોદ આપી. પૃથા હવે રાજા કુન્તિભોજની દત્તક પુત્રી થવાથી કુન્તી કહેવાઈ. આ પૃથા રાજા પાણ્ડુને પરણ્યાં તે લગ્નસમ્બન્ધનો અહીં ઉલ્લેખ છે (ભાગ.સ્ક.૯।૨૪।૩૧ વાંચવા વિનન્તિછે)

૨. રાજા યયાતિએ પોતાનું રાજ્ય પોતાના સૌથી મોટા પુત્ર યદુને નહિ આપતાં પુરુને આપ્યું હતું. ઉપરાન્ત યદુને રાજ્યાસનથી વંચિત રહેવાનો શાપ પણ આપ્યો હતો. (યયાતિ રાજાનું ચરિત્ર શ્રીભાગ. સ્ક.૯।૧૮-૧૯)

આ યદુવંશીઓ (આજુબાજુ) ચમ્મર, પંખા, (આગળ) શંખ, (પાછળ) શ્વેત છત્ર, (ઉપર) મુગટ, (નીચે) આસન અને (નિદ્રાવસ્થામાં) રાજોચિત શય્યાદ્ધ આ સાત રાજચિહ્નો અમારી ઉપેક્ષાને લીધે ભોગવે છે ।।૨૬।।

જેમ સર્પને અમૃત આપવું તે આપનારનું અનિષ્ટ કરનાર છે તેમ યાદવોને રાજાનાં લક્ષણ આજ સુધી ભોગવવા દીધાં તે હવે બંધ કરો કેમકે એ તો લજ્જારહિત છે અને અમારી કૃપાથી રાજ કરે છે છતાં અમારી ઉપર હુકમ કરવા તૈયાર થયા છે ।।૨૭।।

ભીષ્મ, દ્રોણ, અને અર્જુન વગેરે જ્યાં સુધી રાજા તરીકે ન કબૂલ કરે ત્યાં સુધી ઈન્દ્ર હોય તો પણ, જેમ સિંહે પકડેલું નાનું ઘેટું કોઈ છોડાવી શકતું નથી તેમ એ પણ કેમ રાજ્ય કરી શકે?" ।।૨૮।।

હે ભરતર્ષભ! જન્મ, બન્ધુ અને લક્ષ્મી થી જેઓનો મદ વધી ગયો છે તેવા કૌરવો ઉપર કહેલાં વચન બલદેવજીને સંભળાવીને પોતાના નગરમાં ગયા ।।૨૯।।

સમર્થ બલદેવજીએ કૌરવોની દુષ્ટતાનો પરિચય કર્યો અને એમનાં વાક્ય

સાંભળ્યા ત્યારે એમને અત્યન્ત ક્રોધ ઉત્પન્ન થયો એટલું જ નહિ પણ કોઈ એમની સામે જોઈ ન શકે તેવું રૂપ થયું અને એ અચ્યુત બલદેવજી ત્યારે મોટેથી હસીને આ પ્રમાણે બોલ્યાઃ ।।૩૦।।

અનેક પ્રકારના મદમાં છકેલા દુષ્ટ પુરુષો શાન્તિને ઇચ્છતા નથી. જેમ પશુ તોફાન ઉપર ચડ્યું હોય તેને લાકડીથી પ્રહાર કરીએ તો જ એ શાન્ત થાય તેમ આવા દુષ્ટોને મારીને શાન્ત કરવા જોઈએ એ જ એમનો દંડ છે ।।૩૧।।

યાદવો બધા ક્રોધ કરતા હતા. શ્રીકૃષ્ણને પણ ક્રોધ આવ્યો તે બધાને મેં શાન્ત કર્યા અને એમને પરસ્પર કલેશ ન થાય એ હેતુથી બધાને શાન્ત રાખવા હું એકલો અહીં આવ્યો ।।૩૨।।

મન્દબુદ્ધિવાળા, કલહ પ્રિય અને ખલ એવા કૌરવોએ મારો અનાદર કરી પોતે મોટા માનવાળા બનીને મને ખરાબ વચન સાંભળાવ્યાં ।।૩૩।।

ભોજ, વૃષ્ણિ અને અન્ધક ના રાજા ઉગ્રસેન છે, ઇન્દ્રાદિ લોકપાલો જેમની આજ્ઞામાં વર્તે છે તે શું સમર્થ નથી? ।।૩૪।।

જેઓ સુધર્મા સભામાં બેસનાર છે, જેમને ઘેર પારિજાત નામનું કલ્પવૃક્ષ જે દેવને ત્યાં જ હોય તેને તેઓ સ્વર્ગમાંથી લાવીને પોતાના ઉપયોગમાં લે છે તેઓ રાજગાદીને શું લાયક નથી? ।।૩૫।।

જેમના ચરણની ઉપાસના સાક્ષાત્ લક્ષ્મીજી કરે છે તેવા લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ રાજાનાં ચિહ્ન ધરવાને યોગ્ય નથી એમ તેઓ કહે છે એ ખરું છે? ।।૩૬।।

દશ દિશાના પતિઓ પોતાના ઉત્તમ મુકુટોવડે જેમના ચરણની રજને મસ્તક ઉપર ચડાવે છે, જેમના ચરણની રજના સમ્બન્ધને લઈ ગંગાજી અખિલ લોકને પવિત્ર કરે છે, જેમની એક કલાવડે બ્રહ્માજી, શિવજી અને હું (બલદેવજી) જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારને એમની આજ્ઞા પ્રમાણે કરીએ છીએ, સાક્ષાત્ લક્ષ્મીજી જેમની સેવા કરે છે તેમને રાજ્યાસન શા હિસાબમાં છે? ।।૩૭।।

કુરુએ આપેલ પૃથ્વીનો એક ભાગ વૃષ્ણિઓ ભોગવે છે. પોતે કુરુઓ મસ્તક બની અમને યાદવોને ખાસડું ગણે છે ।।૩૮।।

અહો! ઐશ્વર્યના મદમાં આવેલા આ કૌરવો ગાંડા જેવા થઈ ગયા છે. તેમની વાતો અસમ્બદ્ધ છે. મારા જેવો પુરુષ તેમની આવી રૂક્ષ વાણીને કેવી રીતે સહન કરી શકે? ।।૩૯।।

''આજે તો હું પૃથ્વીને કૌરવ વિનાની જ કરી નાખીશ'' એમ બોલી ક્રોધ કરી ત્રણ લોકને બાળતા હોય તેવા થઈ હળ હાથમાં લઈને બલદેવજી ઊભા થઈ ગયા. (પ્રલય વખતે સંકર્ષણ આ જ પ્રમાણે ઊભા થાય છે) ।।૪૦।।

તેમણે તેના છેડાથી ખોદી નાખીને હસ્તિનાપુરને ઉખાડી નાખ્યું અને તેને ડુબાડી દેવાને માટે અત્યન્ત ક્રોધપૂર્વક ગંગાજી તરફ ખેંચવા લાગ્યા ।।૪૧।।

હળથી ખેંચાવાથી જલમાં કોઈ વહાણ ડગમગી રહ્યું હોય તેમ હસ્તિનાપુર ડોલવા લાગ્યું, જ્યારે કૌરવોએ જોયું કે અમારું નગર તો ગંગાજીમાં પડી જવાની તૈયારીમાં છે ત્યારે તેઓ ગભરાઈ ગયા ।।૪૨।।

(તરત જ) તે લોકોએ લક્ષ્મણાસાથે સામ્બને આગળ કર્યા અને પોતાના પ્રાણોની રક્ષામાટે કુટુમ્બની સાથે હાથ જોડી સર્વ શક્તિમાન્ તે બલદેવજીને શરણે ગયા ।।૪૩।।

અને કહેવા લાગ્યા ''હે લોકાભિરામ! હે બલદેવજી! આપ અખિલ જગતના આધાર છો. અમે આપનો પ્રભાવ જાણતા નહોતા. અમે અવિચારી છીએ એટલું જ નહિ પણ દુષ્ટ બુદ્ધિવાળા છીએ. અમારો અપરાધ ક્ષમા કરો ।।૪૪।।

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ના કરનાર આપ કેવળ એક જ છો હે સર્વશક્તિમાન્ પ્રભો! વ્યાસજી વગેરે મોટા ઋષિમુનિઓ કહે છે કે લોક તો આપની ક્રીડાનાં સાધન (રમકડા) જેવો છે ।।૪૫।।

હે અનન્ત! (પચાસ કરોડ યોજન વિસ્તારવાળા) આ ભૂમંડલને આપ હે સહસ્રમૂર્ધન્! આપના મસ્તક ઉપર લીલાવડે ધારણ કરી રહ્યા છો. જ્યારે પ્રલયનો સમય આવે છે ત્યારે આપ સમગ્ર જગતને પોતાની અન્દર લીન કરી દો છો અને એકલા શેષ ઉપર પોઢો છો ત્યારે આપ જ બાકી રહો છો તેથી આપનું નામ 'શેષ' છે ।।૪૬।।

હે ભગવન્! આપે જગતની સ્થિતિ અને પાલન ને માટે વિશુદ્ધ સત્વમય શરીર ગ્રહણ કર્યું છે. આપનો આ ક્રોધ દ્વેષ અથવા મત્સર ને (મત્સર=બીજાનો ઉત્કર્ષ સહન ન થઈ શકવો.) લીધે નથી. બધાં પ્રાણીઓને (જે આપનાં બાળકો છે તેમને) શિક્ષા (શિક્ષણ) આપવાને માટે જ છે. એમ ન કરો તો જગતની મર્યાદાઓ તૂટી જાય ।।૪૭।।

સમસ્ત શક્તિઓને ધારણ કરનારા સર્વ પ્રાણીસ્વરૂપ અવિનાશી ભગવન્!

આપને અમે નમસ્કાર કરીએ છીએ. સમસ્ત વિશ્વના રચયિતા દેવ! અમે આપને વારંવાર નમસ્કાર કરીએ છીએ. અમે આપને શરણે આવ્યા છીએ'' ।।૪૮।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** કૌરવોને પહેલાં જે ગર્વ હતો તે ચાલ્યો ગયો એટલું જ નહિ પણ એમના ભયવડે ધ્રૂજતા શરણે આવેલા કૌરવોએ બલદેવજીને સ્તુતિવડે પ્રસન્ન કર્યા. એમનો ગર્વ નાશ થયેલો જોઈને બલદેવજી પ્રસન્ન થયા અને ''તમે ભય ન કરો'' એમ તેમને અભયદાન આપ્યું ।।૪૯।।

પુત્રી ઉપર વાત્સલ્યભાવ રાખનાર દુર્યોધને પુત્રીને દાયજામાં સાઠ વર્ષની ઉંમરના બારસો હાથી તેમ જ એક લાખ વીશ હજાર ઘોડા આપ્યા ।।૫૦।।

સૂર્યના જેવા તેજસ્વી છ હજાર સોનાના રથ આપ્યા. કંઠાભરણવાળી હજાર દાસીઓ આપી ।।૫૧।।

યદુવંશ શિરોમણિ ભગવાન્ બલદેવજીએ આ બધી પહેરામણીનો સ્વીકાર કર્યો અને નવદમ્પતી લક્ષ્મણા અને સામ્બ ની સાથે કૌરવોના અભિનન્દનનો સ્વીકાર કરી દ્વારકા પ્રતિ પ્રયાણ કર્યું ।।૫૨।।

બલદેવજી દ્વારકાપુરી પહોંચ્યા અને સમાચાર જાણવાને ઉત્સુક સગાં-સમ્બન્ધીઓને મળ્યા. તેમણે યદુવંશીઓની સભામાં કૌરવોનાં વચનો તથા હસ્તિનાપુરમાં પોતે જે-જે કાર્ય કર્યું હતું તે બધું કહી સંભળાવ્યું ।।૫૩।।

**અદ્યાપિ ચ પુરં હ્યેતત્ સૂચયદ્ રામવિક્રમમ્ ।।**
**સમુન્નતં દક્ષિણતો ગંગાયામનુદશ્યતે ।।૫૪।।**

હે પરીક્ષિત! આ હસ્તિનાપુર આજે પણ* દક્ષિણની તરફ ઊંચું અને ગંગાજીની તરફ કંઈક નીચું દેખાય છે અને આ પ્રમાણે ભગવાન્ બલદેવજીના પરાક્રમને સૂચવે છે ।।૫૪।।

**વિશેષ : અદ્યાપિઃ** આજે પણ એટલે જ્યારે શ્રીશુકદેવજી પરીક્ષિતને શ્રીમદ્ ભાગવતની કથા સંભળાવી રહ્યા છે ત્યારે, ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વધામમાં પધાર્યા પછી કલિયુગનાં ત્રીસ વર્ષથી કંઈક વધારે સમય ગયો ત્યારે આ પહેલી સપ્તાહ થયેલી. ત્યારપછી તો હસ્તિનાપુર ગંગાજીમાં તણાઈ ગયેલું અને કંઈક આસમાની સુલતાની આવી ગઈ. આ વાત **''ગજાહ્વયે હૃતે નદ્યા કૌશામ્બ્યાં સાધુ વત્સ્યતિ''** (શ્રીભાગવત ૯।૨૨।૪૦) માં સ્પષ્ટ કહેવામાં આવી છે. એટલે અત્યારે આપણને ભાગવતમાં કહેલ પ્રકારથી ઉલટું દેખાતું હોય તો પણ શંકા ન કરવી.

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ચોથો સાત્વિક પ્રકરણના પહેલા**

**પ્રમેય-પેટા પ્રકરણનો જ્ઞાનરૂપ પાંચમો) ''બલદેવજી કૌરવોને જીતી લક્ષ્મણા અને સામ્બ ને લાવ્યા'' નામનો (ઉત્તરાર્ધનો ઓગણીસમો અને ચાલુ) અડસઠમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં પાંસઠમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**તમારું વાંચન ક્યાંક એકડા વગરના મીંડા જેવું તો નથી!!!**
સત્સંગ-મંડળમાં હોય, ભગવદ્વાર્તામાં હોય કે વ્યક્તિગત હોય
ષોડશગ્રન્થ વિનાનું વાંચન એકડા વગરના મીંડા સમાન જાણવું

## અધ્યાય ૬૯

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૬૬

# શ્રીકૃષ્ણના ગાર્હસ્થ્યને નારદજીએ જોયું

### ચોથા સાત્વિક પ્રકરણનું પહેલું પ્રમેય પ્રકરણ અધ્યાય ૬

**વિશેષ :** સાત્વિક ભક્તોના નિરોધમાં નારદજી મુખ્ય છે. તેમને પૂર્વ બુદ્ધિનું નિવારણ એટલે કે પ્રપંચ વિસ્મૃતિ થવી જોઈએ કારણ કે ભક્તિમાર્ગને અનુસરવું એ આમાં મુખ્ય છે. આ ઓગણ્યોસિત્તેરમા અધ્યાયમાં નારદજીએ શ્રીકૃષ્ણ અને એમનાં ચરિત્રો જોયાં. તેમનું ગાર્હસ્થ્ય અલૌકિક છે એમ બતાવવામાટે ભગવાને આ રૂપો એમને બતાવ્યાં છે. સામ્બ હસ્તિનાપુરમાં કેદ થયો એ કહેવાને નારદજી આવેલા ત્યારે ભગવાન્ નરકાસુરને મારીને સોળ હજાર સ્ત્રીઓ લાવ્યા અને એમની સાથે લગ્ન કર્યાં એ જાણી એમને સન્દેહ થયો એમની ભ્રાન્તિ દૂર કરવામાટે ભગવાને દરેક પટરાણીના મહેલમાં પોતે એની સાથે દર્શન આપ્યાં ત્યારે નારદજીને સંશય દૂર થયો અને એમનો નિરોધ સિદ્ધ થયો.

**નરકં નિહતં શ્રુત્વા તથોદ્વાહં ચ યોષિતામ્ ।।**
**કૃષ્ણેનૈકેન બહ્વીનાં તદ્ દિદૃક્ષુઃ સ્મ નારદઃ ।।૧।।**

શ્રીશુકદેવજી બોલ્યાઃ નરકાસુરને મારીને એકલા શ્રીકૃષ્ણે ઘણી રાજકુમારીઓ સાથે લગ્ન કર્યાં એમ જ્યારે નારદજીએ સાંભળ્યું ત્યારે તેમના મનમાં ભગવાન્નો ગૃહસ્થાશ્રમ જોવાની તીવ્ર અભિલાષા થઈ ।।૧।।

તે વિચારવા લાગ્યા કે એક જ શરીરવડે જુદા-જુદા ઘરમાં રહેલી સોળ હજાર રાજકુમારીઓને એક જ વખતે ભગવાન્ પરણ્યા એ ઘણા આશ્ચર્યની વાત કહેવાય ।।૨।।

દેવર્ષિ નારદજી આ ઉત્સુક્તાથી પ્રેરાઈને ભગવાન્‌ની લીલાનાં દર્શન કરવા દ્વારકા આવી પહોંચ્યા. ત્યાં પુષ્પોથી લચી પડેલાં ઉપવનોમાં ક્રીડા સ્થાનો હતાં. અનેક પક્ષીઓ અને ભમરાઓ તે ક્રીડાસ્થાનોમાં ગાન કરી રહ્યાં હતાં ।।૩।।

નિર્મલ જલથી ભરેલાં સરોવરોમાં ઈન્દીવર (આસમાની), અમ્ભોજ (લાલ) અને કહ્લાર (સફેદ) રંગનાં જાતજાતનાં કમલ ખીલેલાં હતાં. કુમુદ (પોયણું, રાત્રિકમલ) અને ઉત્પલ (નવજાત કમલ) નો તો કોઈ પાર ન હતો. તેમાં હંસ અને સારસ કલરવ કરી રહ્યાં હતાં ।।૪।।

દ્વારકાપુરીમાં સ્ફટિકમણિ અને ચાંદીના નવ લાખ મહેલો હતા. તે ભોંયતળિયામાં જડેલ મહા મરકતમણિ (પન્ના) ની પ્રભાથી ઝગમગી રહ્યા હતા અને તેમાં સોના તથા હીરાની ઘણી વસ્તુઓ શોભાયમાન હતી ।।૫।।

તેના રાજમાર્ગ, ગલીઓ, ચોક અને બજાર અત્યન્ત સુન્દર હતાં. કોઠાર, ભોજનાલય, સભાસ્થાન અને દેવમન્દિરોને લીધે તેનું સૌન્દર્ય ઘણું વધારે ચમકી ઊઠતું હતું. ત્યાંની સડકો, ચોકો, ગલીઓ અને દરવાજાઓ ઉપર છંટકાવ કરવામાં આવ્યો હતો. નાની-નાની પતાકાઓ અને મોટા-મોટા ધ્વજો ઠેક-ઠેકાણે લહેરાઈ રહ્યા હતા. જેને લીધે સૂર્યનો તડકો તો રસ્તાઓ ઉપર આવી શક્તો જ નહોતો ।।૬।।

તે દ્વારકાના નિર્માણમાટે ઈન્દ્ર વગેરે લોકપાલોએ પરમ્પરા પ્રાપ્ત પોતાનાં ઉત્તમ રત્નો અર્પણ કર્યાં હતાં. અને વિશ્વકર્માએ પોતાની તમામ કુશલતા અને કારીગીરી કામે લગાડી ભગવાન્ શ્રીહરિનો રાણીવાસ નિર્માણ કર્યો હતો. લક્ષ્મીજી તો ત્યાં અવતીર્ણ સ્વરૂપે નહિ પણ મૂળરૂપે જ બિરાજતાં હતાં ।।૭।।

તે રાણીવાસમાં ભગવાન્‌ની રાણીઓના સોળ હજાર મહેલો શોભતા હતા. તે મહેલો એવા તો અદ્‌ભુત હતા કે જે મહેલની પાસે કોઈ જાય તે જ મહેલ બીજા બધા મહેલો કરતાં ઉત્તમ લાગે. આમાંથી એક આલીશાન ભવનમાં દેવર્ષિ નારદજીએ પ્રવેશકર્યો ।।૮।।

તે મહેલમાં પ્રવાલના થાંભલા, વૈદૂર્યના ઉત્તમ-ઉત્તમ પાટડાઓ અને ઈન્દ્ર

નીલમણિની દિવાલો ઝગમગી રહી હતી અને ભોંયતળિયામાં ઈન્દ્ર નીલમણિની એવી લાદી બેસાડેલી હતી જેની ચમક કોઈ રીતે ક્યારેય ઓછી ન થાય ।।૯।।

તેમાં મોતીની ઝાલરોવાળા વિશ્વકર્માએ બનાવેલા ચન્દરવા હતા. હાથીદાન્તના બનેલાં આસન અને પલંગોમાં ઉત્તમ-ઉત્તમ મણિઓ જડેલા હતા ।।૧૦।।

સુન્દર વસ્ત્રોથી સુસજ્જિત દાસીઓએ ગળામાં સોનાના હાર પહેર્યાં હતાં. ઘણા બધા સેવકો પણ જામા (અંગરખા), પાઘડી અને સુન્દર-સુન્દર વસ્ત્રો અને કાનોમાં જડાઉ કુંડલ ધારણ કરી પોત-પોતાના કામમાં લાગેલા હતા અને મહેલની શોભામાં વધારો કરી રહ્યા હતા ।।૧૧।।

અનેક રત્નદીપ પોતાના ઝગમગાટથી તેના અન્દરનો અન્ધકાર દૂર કરી રહ્યા હતા. અગરના ધૂપને લીધે ઝરોખામાંથી ધુમાડો નીકળી રહ્યો હતો. તેને જોઈ રંગબેરંગી મણિમય ઝરૂખા ઉપર બેઠેલા મોર વાદળોના ભ્રમથી કેકારવ કરતા-કરતા નાચી ઊઠતાહતા ।।૧૨।।

દેવર્ષિ નારદજીએ જોયું કે ભગવાન્ શ્રીકૃષ્ણ તે મહેલમાં સ્વામિનીજીની સાથે બિરાજમાન્ છે. જો કે તે મહેલમાં સ્વામિનીજી જેવાં જ ગુણ, રૂપ, તારુણ્ય અને વસ્ત્રાભૂષણયુક્ત હજારો દાસીઓ હર સમય હાજર રહેતી હતી તો પણ સ્વામિનીજી પોતાના હાથે ભગવાન્‌ને સોનાની દાંડીવાળો ચામર ઢોળી રહ્યાંહતાં ।।૧૩।।

નારદજીને જોતાં જ સમસ્ત ધર્મધારીઓમાં શ્રેષ્ઠ ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વામિનીજીના પલંગ ઉપરથી એકદમ ઊભા થઈ ગયા. આપે નારદજીના યુગલ ચરણોમાં મુકુટયુક્ત મસ્તકથી પ્રણામ કર્યા અને હાથ જોડી તેમને પોતાના આસન ઉપર બેસાડ્યા. (આવનારને પોતાના આસન ઉપર બેસાડવાએ તેમનું મોટામાં મોટું સન્માન-પૂજા છે. તેમને પોતાના આસન ઉપર ન બેસાડી દે તો ભગવાન્ અને બીજા માં ફરક શો?) ।।૧૪।।

હે પરીક્ષિત! એ તો શંકા વગરની વાત છે કે ભગવાન્ શ્રીકૃષ્ણ ચરાચર જગતના પરમ *ગુરુ છે અને આપના ચરણોનું જલ-ગંગાજલ સમગ્ર જગતને પવિત્ર કરવાવાળું છે કારણ કે ગંગાજલમાં બધાં સાડાત્રણ કરોડ તીર્થો રહેલાં છે. છતાં પણ આપ અત્યન્ત ભક્તવત્સલ, સન્તોના પરમ આદર્શ, તેમના સ્વામી છે. આપનું એક અસાધારણ નામ બ્રહ્મણ્ય દેવ પણ છે. આપ બ્રાહ્મણોને જ પોતાના આરાધ્ય

દેવ માને છે. આપનું આ નામ આપના ગુણને અનુરૂપ અને ઉચિત જ છે. એટલે તો ભગવાન્ શ્રીકૃષ્ણે જાતે જ નારદજીના ચરણ ધોયા અને તેનું ચરણામૃત પોતાના શ્રીમસ્તક પર ધારણ કર્યું ।।૧૫।।

**વિશેષ : 'ગુરુતરઃ'** 'તર' પ્રત્યયનો ભાવ એ છે કે આપ શાસ્ત્રપ્રણેતા, ઉપદેશક, પ્રેરક અને ઉપદેશરૂપ છે. ભગવાનનું નામ ભગવત્સ્વરૂપ જ છે.

નરશિરોમણિ નરના સખા સર્વદર્શી પુરાણ પુરુષ ભગવાન્ નારાયણે શાસ્ત્રોક્ત વિધિથી દેવર્ષિ શિરોમણિ ભગવાન્ નારદજીની પૂજા કરી. ત્યાર પછી અમૃત જેવી મીઠી વાણીથી પણ થોડા શબ્દોમાં એમનું સ્વાગત કર્યું અને પછી કહ્યું : ''ઓહો નારદજી! પ્રભો! આપ તો સ્વયં સમગ્ર જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, યશ, શ્રી અને ઐશ્વર્ય થી પૂર્ણ છો. આપની હું શી સેવા કરું?'' ।।૧૬।।

**નારદજી બોલ્યા :** હે ભગવન્! આપ સમસ્ત લોકોના એક માત્ર સ્વામી છો. આપ આપના ભક્તો ઉપર પ્રેમ કરો છો અને દુષ્ટોને દંડ આપો છો એ આપને માટે કંઈ નવી વાત નથી. હે પરમ યશસ્વી પ્રભો! આપે જગતની સ્થિતિ અને રક્ષા દ્વારા સમસ્ત જીવોનું કલ્યાણ કરવાને માટે સ્વેચ્છાથી અવતાર ગ્રહણ કર્યો છે. આ વાત અમે માત્ર તર્કથી નહિ પણ અનુભવ અને શ્રુતિ ને આધારે જાણીએ છીએ ।।૧૭।।

આજ મારાં અહોભાગ્ય છે કે આપનાં ચરણારવિન્દનાં દર્શન થયાં. આપનાં આ ચરણકમલ મનુષ્ય માત્રને મોક્ષ આપવા સમર્થ છે. જેમનું જ્ઞાનપૂર્ણ છે એવા બ્રહ્માજી, શંકર વગેરે પોતાના હૃદયમાં તેમનું ચિન્તન કરતા રહે છે. (પણ તેમને ચરણ કમલોનાં સાક્ષાત્ દર્શન થતાં નથી) વાસ્તવમાં તો તે શ્રીચરણ જ સંસારરૂપી કૂવામાં પડેલા લોકોને બહાર નીકળવાને માટે અવલમ્બન છે. આપ એવી કૃપા કરો કે આ જે ચરણકમલ મેં જોયું તેનું મને અખંડ સ્મરણ રહે. (તેટલું થાય તો બીજું કંઈ કરવાનું બાકી રહેતું નથી. ચરણકમલ પ્રાપ્ત પણ થાય તો પણ તેની સ્મૃતિ રહેવામાં ઘણા વિઘ્ન આવે છે એટલે સ્મૃતિ અખંડ રહેશે એવો વિશ્વાસ પડતો નથી) ।।૧૮।।

હે પરીક્ષિત! ત્યારબાદ દેવર્ષિ નારદજી યોગેશ્વરોના પણ ઈશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણની યોગમાયાનું રહસ્ય જાણવાને માટે આપની બીજી પત્નીના મહેલમાં ગયા* ।।૧૯।।

**વિશેષ :** યોગની ગતિ જ અકળ છે તો યોગને વશ કરનાર યોગેશ્વરની ગતિ તો અકળ હોય

તેમાં કહેવું જ શું? શ્રીકૃષ્ણ યોગેશ્વરોના પણ ઈશ્વર છે તેમની પણ યોગમાયાનું રહસ્ય જાણવાની ઈચ્છા. એ યોગમાયાનો વૈભવ તો ભગવાન્ પણ જાણતા નથી એવો અપાર છે. ભગવાન્ શ્રીકૃષ્ણ પહેલા મહેલમાં બિરાજતા હતા એટલે બીજા મહેલમાં રાણી એકલાં જ હશે એવી નારદજીની સમજ છે.

ત્યાં તેમણે જોયું કે ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાની પ્રાણપ્રિયા તથા ઉદ્ધવજીની સાથે ચોપાટ રમી રહ્યા છે. ત્યાં પણ ભગવાને ઊભા થઈ જઈ તેમનું સ્વાગત કર્યું આસન ઉપર બેસાડ્યા અને વિવિધ સામગ્રીઓથી પરમ ભક્તિભાવપૂર્વક તેમની અર્ચા-પૂજા કરી ।।૨૦।।

ત્યારબાદ જાણે કંઈ જાણતા ન હોય તેમ ભગવાને નારદજીને પૂછ્યું, ''આપ અહીં ક્યારે પધાર્યા? આપ તો પરિપૂર્ણ છો અને અમે તો અપૂર્ણ છીએ. એવી સ્થિતિમાં અમે આપની શી સેવા કરી શકીએ? ।।૨૧।।

છતાં પણ હે બ્રહ્મન્!* આપ કંઈને કંઈ આજ્ઞા કરી આ જન્મ સફલ કરો. નારદજી આ બધું જોઈ અને સાંભળીને વિસ્મિત થઈ રહ્યા હતા. તે ત્યાંથી ઊઠી ચુપચાપ બીજા મહેલમાં ગયા ।।૨૨।।

**વિશેષ :** બ્રહ્મન્=બ્રાહ્મણ, બ્રહ્મ.

બ્રૂહિ-યાચના કરો, કહો. બ્રાહ્મણ યાચના કરે એ ઉચિત છે. આ મારો જન્મ (અવતાર) ભક્તોના ઉદ્ધારમાટે છે. ભક્તોમાં તમે (નારદજી) મુખ્ય છો. એટલે પોતાની જાતને પૂર્ણ કરી જન્મ સફળ કરી લો. ''આ સાચું ન હોઈ શકે, ભગવાન્ મને છેતરે છે'' એમ વિચારી ઊઠીને તરત જ નારદજી બીજે ગયા.

ત્યાં પણ નારદજીએ જોયું કે ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાનાં નાનાં બાળકોને લાડ લડાવી રહ્યા હતા. ત્યાંથી વળી બીજા મહેલમાં ગયા તો ત્યાં ભગવાન્ શ્રીકૃષ્ણ સ્નાનની તૈયારી કરી રહ્યા હતા ।।૨૩।।

કોઈ મહેલમાં 'આહવનીય'નામના અગ્નિમાં હોમ કરતા, ક્યાંક પાંચ મહાયજ્ઞ કરતા, ક્યાંક બ્રાહ્મણોને ભોજન કરાવતા, ક્યાંક બ્રાહ્મણોને ભોજન કરાવતાં બાકી રહેલ અન્નમાંથી ભોજન કરતા ભગવાન્‌ને નારદજીએ જોયા ।।૨૪।।

ક્યાંક સન્ધ્યોપાસના કરતા, ક્યાંક વાણીનો સંયમ કરી ગાયત્રીનો જપ કરતા, ક્યાંક ઢાલ તલવાર લઈ એને કેમ ચલાવવી એનો શાસ્ત્રોક્ત પ્રયોગ કરતા જોયા ।।૨૫।।

ક્યાંક ઘોડા, હાથી અને રથ માં સવાર થઈ ફરતા જોયા. ક્યાંક પલંગમાં પોઢતા અને ક્યાંક બન્દીજનની સ્તુતિને સાંભળતા ભગવાન્‌ને જોયા ।।૨૬।।

કોઈ મહેલમાં ઉદ્ધવજી વગેરે મન્ત્રીઓની સાથે કોઈ ગમ્ભીર વિષય ઉપર વિચાર-વિમર્શ કરી રહ્યા છે, તો ક્યાંક વળી ઉત્તમોત્તમ વારાંગનાઓથી વીંટળાઈને જલક્રીડા કરી રહ્યા છે ।।૨૭।।

ક્યાંક શ્રેષ્ઠ બ્રાહ્મણોને વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત ગાયોનું દાન કરી રહ્યા છે, ક્યાંક ઈતિહાસ અને પુરાણો નું તો ક્યાંક વળી મંગલકારક ભગવદ્ ગુણોનું શ્રવણ કરી રહ્યા છે ।।૨૮।।

ક્યાંક કોઈ પત્નીના મહેલમાં પોતાની પ્રાણપ્રિયાની સાથે હાસ્યવિનોદ કરી રહ્યા છે, તો ક્યાંક ધર્મનું સેવન કરી રહ્યા છે. ક્યાંક અર્થનું સેવન કરી રહ્યા છે. ધનસંગ્રહ અને ધનવૃદ્ધિ ના કાર્યમાં લાગેલા છે, તો ક્યાંક ધર્માનુકૂલ ગૃહસ્થોચિત વિષયોનો ઉપભોગ કરી રહ્યા છે ।।૨૯।।

ક્યાંક એકાન્તમાં બિરાજી પ્રકૃતિથી અતીત પુરાણ પુરુષનું ધ્યાન કરી રહ્યા છે, તો ક્યાંક ગુરુજનો, વડીલોને ઈચ્છિત ભોગ-સામગ્રી સમર્પિત કરી તેમની સેવા કરી રહ્યા છે ।।૩૦।।

દેવર્ષિ નારદજીએ જોયું કે ભગવાન્ શ્રીકૃષ્ણ કોઈની સાથે યુદ્ધની વાત કરી રહ્યા છે. કોઈની સાથે સન્ધિ કરી રહ્યા છે. ક્યાંક બલદેવજીની સાથે સત્પુરુષોના કલ્યાણ અને ભવિષ્ય માં ઉત્પન્ન થનારા કલિયુગના જીવોના કલ્યાણ વિશે વિચાર કરી રહ્યા છે ।।૩૧।।

ક્યાંક યોગ્ય સમયે પુત્રો અને કન્યાઓ ના એમને અનુરૂપ પત્નીઓ અને વરોની સાથે ધામધૂમથી વિધિપૂર્વક વિવાહ કરી રહ્યા છે ।।૩૨।।

ક્યાંક ઘરેથી કન્યાઓને વિદાય કરી રહ્યા છે, તો ક્યાંક કન્યાઓને બોલાવવાની તૈયારીમાં લાગેલા છે. યોગેશ્વરેશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણના આ અભૂતપૂર્વ વિરાટ ઉત્સવોને જોઈને એમાં ગૂંથાયેલા સૌ લોકોને વિસ્મયમાં લીન કરતા ભગવાન્‌ને નારદજીએ જોયા ।।૩૩।।

ક્યાંક મોટા-મોટાં યજ્ઞોદ્વારા ભગવત્કલાયુક્ત ભગવદાવેશયુક્ત દેવતાઓનું યજન કરી રહ્યા છે અને ક્યાંક વળી કૂવા, બગીચા, મન્દિરો વગેરે બનાવડાવી ઈષ્ટાપૂર્ત ધર્મનું આચરણ કરી રહ્યા છે ।।૩૪।।

ક્યાંક શ્રેષ્ઠ યાદવોની સાથે સમુદ્રમાંથી નીકળેલ ઘોડા ઉપર સવાર થઈ મૃગયા કરી રહ્યા છે અને તેમાં શ્રાદ્ધ વગેરેને માટે મેધ્ય (પવિત્ર) પશુઓનો જ વધ કરી રહ્યા છે ।।૩૫।।

અને ક્યાંક વળી પ્રજામાં અને અન્તઃપુર ના મહેલોમાં વેશપલટો કરીને ગુપ્તરૂપથી બધાનો અભિપ્રાય જાણવામાટે ફરી રહ્યા છે ।।૩૬।।

આ પ્રમાણે મનુષ્યના જેવી લીલા કરતા હૃષીકેશ ભગવાન્ શ્રીકૃષ્ણની યોગમાયાનો પ્રભાવ જોઈ નારદજીએ હસતાં-હસતાં કહ્યું ।।૩૭।।

''હે યોગેશ્વરાત્મા! આપની યોગમાયા બ્રહ્માજી વગેરે મોટા-મોટા યોગીઓને માટે પણ અગમ્ય છે. પરન્તુ આપના ચરણકમલની સેવાના પ્રતાપથી આજે અમે જાણી ।।૩૮।।

ચૌદે ભુવન આપના સુયશથી પરિપૂર્ણ થઈ રહ્યાં છે. હવે મને આજ્ઞા આપો કે હું આપની ત્રિભુવનપાવની લીલાનું ગાન કરતો-કરતો તે લોકોમાં ફરતો રહું'' ।।૩૯।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : ''હે બ્રહ્મન્! હું જ ધર્મનો ઉપદેશક, પાલન કરવાવાળો અને તેનું આચરણ કરતા લોકોનો અનુમોદન કર્તા પણ છું. આથી સંસારને ધર્મની શિક્ષા આપવાનેમાટે જ હું આ પ્રકારના ધર્મોનું આચરણ કરું છું. (મારી લીલાનું તત્વ તું ન જાણી શક્યો તેથી) હે પુત્ર! તું ખેદ ન કર'' ।।૪૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : આ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણ ગૃહસ્થોને પવિત્ર કરનારા શ્રેષ્ઠ ધર્મોનું આચરણ કરી રહ્યા હતા. જો કે શ્રીકૃષ્ણ એક જ છે છતાં દેવર્ષિ નારદજીએ એમને એમની પ્રત્યેક પત્નીના મહેલમાં અલગ-અલગ જોયા ।।૪૧।।

ભગવાન્ શ્રીકૃષ્ણની શક્તિ અનન્ત છે. એમની યોગમાયાનો પરમ પ્રભાવ વારંવાર જોઈને દેવર્ષિ નારદજીને અત્યન્ત વિસ્મય તો થયો જ પણ ફરી-ફરીને તે જોવામાટે ઉત્સુક્તા પણ થઈ ।।૪૨।।

દ્વારકામાં ભગવાન્ શ્રીકૃષ્ણ ગૃહસ્થની જેમ એવું આચરણ કરતા હતા કે જાણે ધર્મ, અર્થ અને કામ રૂપ પુરુષાર્થોમાં આપની ભારે શ્રદ્ધા હોય. ભગવાન્ શ્રીકૃષ્ણે નારદજીનું બ્રાહ્મણ બુદ્ધિથી અને ઋષિ બુદ્ધિથી સન્માન કરીને ભોજન કરાવીને સન્તુષ્ટ કર્યા અને નારદજી પ્રભુનું સ્મરણ કરતા - કરતા ત્યાંથી વિદાય થયા ।।૪૩।।

હે રાજન્! ભગવાન્ નારાયણ સમસ્ત જગતના કલ્યાણને માટે બધી સાત્વિક

શક્તિઓનો સંગ્રહ કરે છે અને આ પ્રમાણે મનુષ્યના જેવી લીલા કરે છે. નારદજીએ નક્કી કર્યું કે દ્વારકાપુરીમાં સોળ હજાર પત્નીઓ પોતાની લજ્જાયુક્ત અને પ્રેમપૂર્ણ દૃષ્ટિ તથા મન્દ-મન્દ હાસ્યથી જે શ્રીકૃષ્ણની સેવા કરતી હતી તે ભગવાન નારાયણ જ છે ।।૪૪।।

**યાનીહ વિશ્વવિલયોદ્ભવવૃત્તિહેતુઃ કર્માણ્યનન્યવિષયાણિ હરિશ્ચકાર ।।**
**યસ્ત્વંગ ગાયતિ શૃણોત્યનુમોદતે વા ભક્તિં લભેત ભગવત્યપવર્ગમાર્ગે ।।૪૫।।**

ભગવાન્ શ્રીકૃષ્ણે જે લીલાઓ કરી છે તે બીજું કોઈ કરી શકે નહિ. હે પરીક્ષિત! તે શ્રીકૃષ્ણ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ના પરમ કારણ છે. જે આપની લીલાઓનું ગાન, શ્રવણ અને ગાન શ્રવણ કરવાવાળાનું અનુમોદન કરે છે તેને મોક્ષના માર્ગસ્વરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રેમમયી ભક્તિ પ્રાપ્ત થઈ જાય છે ।।૪૫।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના પહેલા પ્રમેય-પેટા પ્રકરણનો વૈરાગ્ય રૂપ છઠ્ઠો) ''શ્રીકૃષ્ણના ગાર્હસ્થ્યને નારદજીએ જોયું'' નામનો (ઉત્તરાર્ધનો વીસમો અને ચાલુ) ૬૯મો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં છાસઠમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''શ્રીભાગવતમ્ આદરાત્, પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમ્ અદમ્ભતઃ''**
(ફંડફાળા-મૃતકોદ્ધાર-આજીવિકા વગેરે) કોઈ પણ પ્રકારના
(લૌકિક-પારલૌકિક સ્વાર્થ-પરાર્થ) હેતુ વિના ભક્તિભાવથી
આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો.

## અધ્યાય ૭૦

### શ્રીસુબોધિનીજી અનુસાર અ.૬૭

# સવારથી રાત સુધીની ભગવાન્‌ની દિનચર્યા

### ચોથા સાત્વિક પ્રકરણનું પહેલું પ્રમેય પ્રકરણ અધ્યાય ૭

**વિશેષ** : સાત્વિક ભક્તોના નિરોધમાં પ્રમેય બલવડે પ્રથમ છ અધ્યાયથી સર્વનો નિરોધ કર્યો છે તેમનો સાધનવડે હવે છ અધ્યાયથી નિરોધ કરે છે. આમાં ભગવાન્‌નો ધર્મ બે પ્રકારે કહ્યો

છે. તેમાં આ અધ્યાયમાં ભગવત્કૃત ધર્મ કહેવામાં આવે છે. તેનાવડે લોક ભગવત્પ્રવણ થાય. તે-તે ભેદવડે ભગવાન્ની 'દિનચર્યા' કહેવામાં આવે છે. એનાથી શુદ્ધ ચિત્તવાળા રાજાઓ સાત્વિક થઈને ભગવાન્ના ચરણનું શરણ ગ્રહણ કરશે એ અહીં કહેવાનું પ્રયોજન છે. એમ ન માનીએ તો આ દિનચર્યા ધર્મના પ્રયોજન રહિત થઈ જાય. ભગવાન્નું સભામાં જવું એ ક્ષત્રિયધર્મનું સૂચક છે, જે ક્ષતથી રક્ષા કરે તે ક્ષત્રિય કહેવાય. અહીં અરુણોદયથી રાત્રિ પર્યન્ત જે કાર્યો હંમેશાં ભગવાન્ કરે છે તે કહેછે.

**અથોષસ્યુપવૃત્તાયાં કુક્કુટાન્ કૂજતોઽશપન્ ।।**
**ગૃહીતકંઠ્યઃ પતિભિર્માધવ્યો વિરહાતુરાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! જ્યારે અરુણોદય થવા લાગતો અને કૂકડા બોલવા લાગતા ત્યારે શ્રીકૃષ્ણની તે પત્નીઓ, જેમના કંઠમાં શ્રીકૃષ્ણે પોતાની ભુજા મૂકી રાખેલી હતી, હવે વિયોગ થશે એવી શંકાથી, કૂકડાઓને શાપ દેવા લાગી ।।૧।।

એ વખતે પારિજાતની સુગન્ધથી સુવાસિત વાયુ વાવા લાગતો. અહીં ભમરાઓ ગાન કરે છે તેથી જેઓની નિદ્રા જતી રહી છે તેવા પક્ષીઓ બન્દીજનોની માફક ભગવાન્ શ્રીકૃષ્ણને જગાડવામાટે મધુર સ્વરથી કલરવ કરવા લાગતા ।।૨।।

બ્રાહ્મ મુહૂર્ત સર્વ પુરુષાર્થ સાધી આપનાર હોવાથી અત્યન્ત સુન્દર અને પવિત્ર છે પણ છતાં રુક્મિણીજી, પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણના ભુજપાશમાં બંધાયેલ હોવા છતાં, આલિંગન છૂટી જશે એવી શંકાથી તે પવિત્ર બ્રાહ્મમુહૂર્તને પણ અસહ્ય સમજતાં હતાં ।।૩।।

ભગવાન્ શ્રીકૃષ્ણ રોજ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જતાં અને આચમન કરતા. (એ વખતે પણ) આપની બધી ઇન્દ્રિયો પ્રસન્ન હોય. (જે સર્વ અંગોમાં શુદ્ધ સત્વગુણનો આવિર્ભાવ બતાવે છે) ત્યારબાદ તમસ્થી પર, માયાતીત પોતાના આત્મસ્વરૂપનું ધ્યાન કરતા ।।૪।।

[૧]તે ષડ્ગુણયુક્ત આત્મસ્વરૂપ બ્રહ્મ જ છે એમ દર્શાવવા સાત વિશેષણો વાપર્યાં છે. તે એક છે અર્થાત્ બીજા કોઈની સહાય વિના સ્વયં ઐશ્વર્યયુક્ત ઈશ્વર છે. સ્વયં જ્યોતિ (સ્વપ્રકાશ) છે, અર્થાત્ સૂર્ય, ચન્દ્રમા વગેરે નેત્ર ઇન્દ્રિયદ્વારા પ્રકાશિત થાય છે અને નેત્ર ઇન્દ્રિય સૂર્ય, ચન્દ્રમા વગેરે દ્વારા પ્રકાશિત થાય છે તેવી રીતે આ આત્મસ્વરૂપને પ્રકાશિત કરનાર બીજું કોઈ નથી. તે સ્વયં પ્રકાશ છે; તેનું કારણ એ છે કે પોતાના સ્વરૂપમાં જ સદા સર્વદા અને કાલની સીમાથી પર હોવા

છતાં એક રસ સ્થિત રહેવાને લીધે અવિદ્યા એનો સ્પર્શ નથી કરી શકતી. તેથી જ પ્રકાશ્ય-પ્રકાશક ભાવ તેમાં નથી. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશની કારણરૂપ બ્રહ્મશક્તિ, વિષ્ણુશક્તિ અને રુદ્રશક્તિદ્વારા માત્ર એ વાતનું જ અનુમાન થઈ શકે છે કે તે સ્વરૂપ એકરસ સત્તારૂપ અને આનન્દરૂપ છે. તેને જ સમજાવવાને માટે 'બ્રહ્મ' નામથી ઓળખવામાં આવે છે. ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રતિદિન પોતાના આ જ સ્વરૂપનું ધ્યાન કરતા[૨] ॥૫॥

**વિશેષઃ** ૧. આ શ્લોકમાં ઘણું જાણવા જેવું છે. ૧. બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી જવું. ૨. જલનું આચમન કરી ભગવત્સ્વરૂપનું ધ્યાન કરવું. ૩. આ ધ્યાનથી અન્તઃશુદ્ધિ થાય છે. ૪. અન્તઃશુદ્ધિ કર્યા પછી બાહ્યશુદ્ધિ કરવી. ૫. સ્નાન પણ બે કરવાનો વિધિ છે. ૬. પહેલા સ્નાનથી શૌચ અને ૭. બીજા સ્નાનથી સેવા વગેરે. ૮. બીજા સ્નાન પછીનું ધ્યાન એ કર્મનું અંગ છે. ૯. કાલથી પણ પર તમસ્ છે અને ૧૦. તમસ્થી પણ પર ભગવાન્ બિરાજે છે. ૧૧. સત્વગુણ ભગવાન્નું બહિરાવરણ છે. ૧૨. સત્વગુણનું આવરણ તમસ્ છે.

૨.''એકં સ્વયંજ્યોતિરનન્યમવ્યયં સ્વસંસ્થયા નિત્યનિવૃત્તકલ્મષમ્, બ્રહ્માખ્ય-મસ્યોદ્ભવ-નાશહેતુભિઃ સ્વશક્તિભિર્ લક્ષિતભાવનિર્વૃતિમ્ ॥૫॥

**૧.એકમ્**-ઐશ્વર્ય **૨.સ્વયંજ્યોતિઃ**-વીર્ય **૩.અનન્યમ્**-કીર્તિ **૪.અવ્યયમ્**-લક્ષ્મી (શ્રી) **૫.બ્રહ્માખ્યમ્**-વૈરાગ્ય ૬.**સ્વસંસ્થયા નિત્યનિવૃત્તકલ્મષમ્**-જ્ઞાન ૭.**''અસ્યોદ્ભવનાશહેતુભિઃ સ્વશક્તિભિર્ લક્ષિતભાવનિર્વૃતિમ્''** ધર્મી આમ ભગવાન્ પ્રપંચકર્તા છે અને પ્રપંચ રહિત છે, વિરુદ્ધધર્માશ્રયી છે.

(ત્યાર પછી રાતે પહેરેલાં વસ્ત્રોનો ત્યાગ કરી) બે સ્વચ્છ વસ્ત્રો પહેરી, (મસ્તક ઉપરથી જલ પસાર થઈ જાય તેવી રીતે ગોમતીજી નદી વગેરેમાં ડૂબકી મારીને) યથા વિધિ સ્નાન કરી, યથા વિધિ બે પવિત્ર વસ્ત્રો પહેરી, તિલક અને આવશ્યક ભૂષણો ધારણ કરતા. પછી મૌન ધારણ કરી સન્ધ્યા, અગ્નિહોત્ર અને ગાયત્રી મન્ત્રનો જપ કરતા* ॥૬॥

**વિશેષ :** આ શ્લોકમાં શાસ્ત્રવિધિનું આપ કેવા આગ્રહપૂર્વક પાલન કરતા તે બતાવ્યું છે. કેટલાંક તારણો આ પ્રમાણે છે : ૧. અરુણોદય પહેલાં ધ્યાન ૨. અરુણોદય વખતે સ્નાન ૩. પછી અર્ઘ્ય સુધીની સન્ધ્યા ૪. અગ્નિહોત્ર ૫. સૂર્યોદય સુધી ગાયત્રીનો જપ.

સ્નાન પણ રાતે પહેરેલાં વસ્ત્રો બદલાવી, બે સ્વચ્છ વસ્ત્રો પહેરી ઉપરથી પાણી ફરી વળે એવી રીતે પાણીમાં ડૂબકી મારી કરવું, **''ન તૂદ્ધૃતજલૈઃ''** કૂવા વગેરેમાંથી ભરેલ પાણીથી

નહિ. તિલક ધારણ કરવું, **વાગ્યતઃ** મૌન રહીને જપ કરવો. સ્નાન કરીને પણ બે વસ્ત્રો ધારણ કરવાં.

ત્યાર પછી સૂર્યોદય વખતે આપ સૂર્યોપસ્થાન કરતા અને પોતાની જ કલારૂપ દેવતા, ઋષિ-પિતરોનું[1] તર્પણ કરતા. પછી કુલના મોટેરાઓતથાબ્રાહ્મણોનું વિધિપૂર્વક નિષ્કામભાવે અર્ચન[2] કરતા ।।૭।।

**વિશેષ** : ૧. જેવી રીતે અવયવોના પોષણ-પુષ્ટિમાટે અવયવી (મનુષ્ય) યત્ન કરે છે તેવું દેવતા, ઋષિ અને પિતરો નું આ તર્પણ છે, ઉપાયસ્વરૂપે નથી.

૨. અર્ચન-ચન્દન લગાડવું, પુષ્પો, અત્તર આપવું વગેરે.

ત્યારપછી શ્રીકૃષ્ણ દુધાળી (દૂઝણી), પહેલવેતરી, વાછડાંવાળી, સોજી (સીધી-શાન્ત) ગાયોનું દાન કરતા. તે વખતે તેમને સુન્દર વસ્ત્ર અને મોતીઓની માલા પહેરાવી દેવામાં આવતી તેમના શિંગડાં સોનેથી અને ખરી ચાન્દીથી મઢી દેવામાં આવતાં. આપ બ્રાહ્મણોને વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત કરી રેશમી વસ્ત્ર, મૃગચર્મ અને તલની સાથે દરેક મહેલમાં દરરોજ ગોષ્ઠ ભર ગાયોનું દાન કરતા ।।૮-૯।।

**વિશેષ** : સ્નાનની જેમ ગોદાન નિત્ય કરવાનું કર્મ છે. દ્વારકામાં કોઈ દુર્ભાગી માણસ જ નહોતું. નવમા શ્લોકમાં **"બદ્ધં બદ્ધં દિને દિને"** પ્રમાણિક પાઠ છે; **"બદ્ધં બદ્ધં દિને દિને"** એ બીજા કેટલાક ટીકાકારોએ સ્વીકારેલ પાઠ છે. **'બદ્ધં બદ્ધમ્'** વૈદિક શબ્દ છે. તે અહીં અપ્રસ્તુત છે. વેદમાં વપરાયેલ **બદ્ધ** શબ્દ પણ **બદ્ધ** શબ્દનો અર્થ પણ બદ્ધ (ગોષ્ઠ, ગાયોનો વાડો) જ છે. કોઈ ટીકાકાર **બદ્ધ** પાઠ સ્વીકારી તેનો અર્થ તેર હજાર ચોરાસી કરે છે. તેને વિષે શ્રીભગાવતના નવમા સ્કન્ધમાં વિચાર કરવામાં આવ્યો છે અને તે અપ્રમાણ છે તેમ સિદ્ધ કરવામાં આવ્યું છે. નવમા સ્કન્ધના વીસમા અધ્યાયમાં છવીસમો શ્લોકઃ

**ભરતસ્ય હિ દૌષ્યન્તેરગ્નિઃ સાચીગુણે ચિતઃ ।।**
**સહસ્રં બદ્વશો યસ્મિન્ બ્રાહ્મણા ગા વિભેજિરે।।**

દુષ્યન્તકુમાર ભરતનું યજ્ઞીય અગ્નિસ્થાપન અત્યન્ત ઉત્તમ ગુણવાળા સ્થાનમાં કરવામાં આવ્યું હતું. ત્યાં ભરતે એટલી ગાયોનું દાન કર્યું હતું કે એક હજાર બ્રાહ્મણોમાંથી પ્રત્યેક બ્રાહ્મણને એક-એક બદ્ધ ગાયો મળી હતી. તેથી 'બદ્ધ' શબ્દ ગોષ્ઠનો સમાનાર્થક છે. અહીં કોઈ ચોક્કસ સંખ્યાનો ઉપયોગ કે ઔચિત્યનથી.

**કરબદ્ધ પ્રાર્થના** : શ્રીમદ્ભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કરવાને માટે જ જેમનું પ્રાકટ્ય છે તે

વાક્પતિ શ્રીવલ્લભાધીશ આ નવમા શ્લોકમાં આવતા **''બદ્ધં બદ્ધં દિને દિને''** ઉપરના શ્રીસુબોધિનીજીમાં લખે છે કે **''ચતુરશીત્યગ્રસહસ્રાણિ ત્રયોદશેતિ કેચિત્। તન્નવમે વિચારિતં નિરાકૃતં ચ''** અર્થ-કોઈ ટીકાકાર (શ્રીધર સ્વામી વગેરે) 'બદ્ધ'નો અર્થ ૧૦૮૪ કરે છે. તેનો વિચાર અને તેનું નિરાકરણ નવમા સ્કન્ધમાં જ કરી દેવામાં આવ્યું છે. આ ઉપરથી ચોક્કસ ફલિત થાય છે કે આપે (શ્રીવલ્લભાધીશે) નવમા સ્કન્ધ ઉપર શ્રીસુબોધિનીજી લખ્યાં છે. તો આજે પણ જો વિદ્યાપ્રેમી સંશોધકો, જિજ્ઞાસુઓ તપાસ કરે તો શ્રીમહાપ્રભુજીનું ઘણું અપ્રકટ સાહિત્ય બાકીનાં સુબોધિનીજી સાથે મળી આવે-સમ્પાદક.

ત્યાર પછી પોતાની વિભૂતિરૂપ ગાય, બ્રાહ્મણ દેવતા, કુલના મોટેરાઓ, ગુરુજન, તેમના શિષ્ય-પ્રશિષ્યો, સમસ્ત પ્રાણીઓને નમસ્કાર (જેમ પોતાના પગ ધોવાથી કંઈ હીનતા થઈ જતી નથી તેવી રીતે આ નમસ્કારથી કંઈ હીનતા થતી નથી.) કરી ગાય, સોનું વગેરે માંગલિક પદાર્થોનો સ્પર્શ કરતા ।।૧૦।।

હે પરીક્ષિત! જો કે ભગવાન્‌ના શ્રીઅંગનું સહજ સૌન્દર્ય જ મનુષ્યલોકના ભૂષણરૂપ છે. (એટલે એમને પોતાને માટે વસ્ત્ર અલંકાર વગેરેની જરૂર નથી પણ લોકો લૌકિક ઉત્કર્ષની અપેક્ષા રાખતા હોય છે તેથી જગતને સુશોભિત કરવામાટે) પોતે જામો, પાઘ, દુપટ્ટો વગેરે વસ્ત્રો તથા પોતાનાં અસાધારણ આભૂષણો, કૌસ્તુભ મણિ, મકરાકૃતકુંડલ વગેરે ધારણ કરતા અને દિવ્ય સુગન્ધવાળા અંગરાગથી પોતાને વિભૂષિત કરતા ।।૧૧।।

ત્યારબાદ આપ ઘી અને દર્પણ માં પોતાનું મુખારવિન્દ જોતા; ગાય, સાંઢ, બ્રાહ્મણ અને (મન્દિરમાં બિરાજમાન્) દેવોનાં દર્શન કરતા. પછી પુરવાસી તથા અન્તઃપુરના ચારેય વર્ણોના લોકોની અભિલાષાઓ પૂરી કરાવતા. રાણીવાસની સ્ત્રીઓની ઈચ્છાઓ પૂર્ણ કરી તેમને સન્તુષ્ટ કરતા અને તેમને પ્રસન્ન જોઈ પોતે બહુ જ આનન્દિત થતા ।।૧૨।।

પુષ્પમાલા, તામ્બૂલ, ચન્દન, અંગરાગ વગેરે બ્રાહ્મણોને, પછી સ્વજનસમ્બન્ધીઓને, મન્ત્રીઓ અને રાણીઓને આપી પછી પોતે તેનો ઉપયોગ કરતા. ત્યારપછી બીજા તે વસ્તુઓ વાપરતા ।।૧૩।।

ભગવાન્ આ બધું નિત્ય કાર્ય પૂર્ણ કરે તે દરમિયાન દારુક નામનો સારથિ સુગ્રીવ વગેરે ઘોડાઓ જેને જોડ્યા છે તે અત્યન્ત અદ્‌ભુત રથ લઈ આવતો અને પ્રણામ કરી ભગવાન્‌ની સામે ઊભો રહેતો ।।૧૪।।

પછી ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના હાથથી સારથિનો હાથ પકડી, સાત્યકિ અને ઉદ્ધવજી ની સાથે, જેમ ભુવનભાસ્કર સૂર્ય ઉદયાચલ પર્વતઉપર આરૂઢ થાય તેમ, રથમાં સવારથતા ।।૧૫।।

તે વખતે રાણીવાસની સ્ત્રીઓ લજ્જા અને પ્રેમપૂર્ણ દૃષ્ટિપૂર્વક આપને જોતી રહેતી અને આપને મહા કષ્ટપૂર્વક વિદાય આપતી. ભગવાન્ હસીને તેમનું ચિત્ત ચોરી લઈ મહેલમાંથી બહાર પધારતા ।।૧૬।।

હે પરીક્ષિત! ત્યારબાદ ભગવાન્ શ્રીકૃષ્ણ બધા યદુવંશીઓની સાથે 'સુધર્મા' નામની સભામાં પ્રવેશ કરતા. તે સભાનો એવો પ્રભાવ છે કે જે લોકો તે સભામાં બેસે છે તેમને (''ક્ષુત્-પિપાસે શોકમોહૌ જરામૃત્યૂ ષડૂમર્યઃ'') ભૂખ, તરસ, શોક, મોહ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એ છ ઊર્મિઓ-પીડી શકતી નથી ।।૧૭।।

આ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણ બધી રાણીઓની અલગ-અલગ વિદાય લઈ એક જ સ્વરૂપથી સુધર્મા સભામાં પ્રવેશ કરતા અને ત્યાં જઈ શ્રેષ્ઠ સિંહાસન ઉપર બિરાજતા. આપની નિજી અસાધારણ અંગકાન્તિથી દિશાઓ પ્રકાશિત થતી રહેતી. તે વખતે યદુવંશી વીરોની વચ્ચે યદુવંશશિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણ, *સ્વર્ગમાં તારાઓથી વીંટાયેલા ચન્દ્રદેવ જેમ શોભે તેવા શોભતા ।।૧૮।।

**વિશેષ** : મૂલમાં દિવિ-દ્યૌ (સ્ત્રી.) સ્વર્ગનું સપ્તમી એક વચન છે. એટલે આકાશમાં જ્યોતિશ્ચક્રમાંના આધિભૌતિક ચન્દ્રની વાત નથી. સ્વર્ગમાંના દેવસ્વરૂપ ચન્દ્રની વાત છે.

સભામાં વિદૂષકો વિભિન્ન પ્રકારના હાસ્યવિનોદથી, નટાચાર્ય અભિનયથી અને નર્તકીઓ કલાપૂર્ણ નૃત્યથી અલગ-અલગ પોતાની મંડળીઓ સાથે ભગવાન્‌ની સેવા કરતી ।।૧૯।।

તે વખતે મૃદંગ, વીણા, પખાવજ, બાંસુરી, ઝાંઝ અને શંખ વાગવા લાગતાં અને સૂત, માગધ તથા બન્દીજનો નાચતા, ગાતા અને ભગવાન્‌ની સ્તુતિ કરતા ।।૨૦।।

કેટલાક વ્યાખ્યાન વિશારદ બ્રાહ્મણો ત્યાં બેસી વેદમન્ત્રોની વ્યાખ્યા કરતા તો કેટલાક પ્રાચીન કાળના પવિત્ર યશવાળા (ઈક્ષ્વાકુ વગેરે) રાજાઓનાં ચરિત્રોની કથા કહેતા. (સભામાં ધર્મવાર્તા જ થતી, બીજી કોઈ વાત નહિ) ।।૨૧।।

એક દિવસ દ્વારકાપુરીમાં રાજસભાને દ્વારે એક અપરિચિત મનુષ્ય આવ્યો. દ્વારપાલોએ ભગવાન્‌ને તેના આવ્યાના સમાચાર આપ્યા. તેને અન્દર લાવવાની

આજ્ઞા મળતાં સભાભવનમાં તેને દાખલ થવા દેવામાં આવ્યો ।।૨૨।।

કાલ, કર્મ, સ્વભાવ, અદષ્ટ વગેરેના નિયામક ભગવાન્ શ્રીકૃષ્ણને હાથ જોડીને દૂતે નમસ્કાર કર્યા. જરાસન્ધના દિગ્વિજય વખતે જે રાજાઓ એને પૂર્ણ રીતે તાબે થયા નહોતા તેઓને જરાસન્ધે બલપૂર્વક પર્વતોની અન્દર કેદ કર્યા હતા. તે વીસ હજાર (અને આઠસો) રાજાઓનું કેદી બનવાનું દુઃખ દૂતે ભગવાન્ શ્રીકૃષ્ણને જણાવ્યું. (અહીં વીસ હજારનો સહસ્રાન્ત આંકડો આશરે બતાવ્યો છે. આગળ અધ્યાય તોતેરના પહેલા શ્લોકમાં ચોક્કસ આંકડો વીસ હજાર આઠસોનો આવે છે)* ।।૨૩-૨૪।।

**વિશેષ : ૨૦,૮૦૦**નું રહસ્યઃદસ ઇન્દ્રિયો અને ચાર અન્તઃકરણ મળી ચૌદ સ્થાન **અહન્તા**ના એવા જ ચૌદ સ્થાન **મમતા**નાં દરેક ઇન્દ્રિયની વૃત્તિઓ હજાર અને દરેક અન્તઃકરણની વૃત્તિઓ એક સો. ૧૦ ઇન્દ્રિયોની વૃત્તિઓ ૧૦,૦૦૦ + ૪ અન્તઃકરણની વૃત્તિઓ ૪૦૦= ૧૦,૪૦૦. અહન્તા અને મમતા દરેકનાં ૧૦,૪૦૦ સ્થાન મળી કુલ ૨૦,૮૦૦ થયાં. અર્થાત્ કેદનું કારણ અભિમાન હતું.

''હે સચ્ચિદાનન્દ સ્વરૂપ શ્રીકૃષ્ણ! આપ મન અને વાણી થી અગોચર છો. જે આપને શરણે આવે છે તેના સમસ્ત ભય આપ નષ્ટ કરી દો છો. હે પ્રભો! અમારી ભેદબુદ્ધિ નષ્ટ થઈ નથી. (સમસ્ત ભયોથી નિવૃત્તિ શક્ય હોય ત્યાં કોઈ એક જ ભયમાંથી નિવૃત્તિ માગે નહિ. અમને જરાસન્ધનો એટલો ભય નથી જેટલો) અમને જન્મ-મૃત્યુરૂપ સંસારના ચક્કરનો ભય છે. તે ભયથી મુક્ત થવા અમે આપને શરણે આવ્યા છીએ ।।૨૫।।

હે ભગવન્! મોટા ભાગના લોકો એવાં નિષિદ્ધ કર્મોમાં ફસાયેલા રહે છે કે આપે બતાવેલા પરમ કલ્યાણકારી કર્મ આપની ભક્તિ, શ્રવણથી વિમુખ થઈ ગયા છે પરન્તુ આપ બહુ બલવાન્ છો. આપ કાલરૂપે સદા સર્વદા સાવધાન રહી તેમનાં જીવનની આશા જ મહાન વ્યાધિ વગેરે દ્વારા મૂળમાંથી ઉખેડી નાખો છો. અમે આપના આ અતિ સાવધાન કાલસ્વરૂપને (અમારા પહેલાંના અપરાધ ક્ષમા કરાવવા) નમસ્કાર કરીએ છીએ ।।૨૬।।

આપ જગદીશ્વર છો. આપે આપની કલા (સહાયકો, જ્ઞાન, બલ) સાથે જગતમાં સન્તોની રક્ષા કરવા અને દુષ્ટોને દંડ કરવા અવતાર લીધો છે. તો પછી હે પ્રભો! જરાસન્ધ વગેરે કોઈ બીજા રાજાઓ આપની ઇચ્છા અને આજ્ઞાની વિરુદ્ધ

જઈને અમને કેવી રીતે કષ્ટ આપી રહ્યા છે એ વાત અમને સમજમાં નથી આવતી. જો એમ કહેવામાં આવે કે જરાસન્ધ અમને કષ્ટ નથી દેતો તેના રૂપમાં તેને નિમિત્ત બનાવી અમારાં અશુભ કર્મ જ અમને દુઃખ આપી રહ્યાં છે તો એ પણ બરાબર નથી, કારણ કે જ્યારે અમે લોકો આપના પોતાના છીએ ત્યારે અમારાં દુષ્કર્મ અમને ફલ આપવામાં કેવી રીતે સમર્થ થઈ શકે? તેથી આપ કૃપા કરી અવશ્ય અમને આ ક્લેશથી મુક્ત કરો-છોડાવો ।।૨૭।।

હે પ્રભો! અમે જાણીએ છીએ કે રાજાનું સુખ સ્વપ્નના સુખ જેવું અત્યન્ત તુચ્છ અને અસત્ છે. સાથે-સાથે તે સુખને ભોગવનાર આ શરીર પણ મૃતક સમાન છે અને તેની પાછળ સર્વદા સેંકડો પ્રકારના ભય વળગેલા જ છે. પરન્તુ અમે તો તે દ્વારા જ જગતના ભારને ઉઠાવીએ છીએ. તેથી જ અમે અન્તઃકરણના નિષ્કામભાવ અને નિરસંકલ્પ સ્થિતિથી પ્રાપ્ત થનાર આત્મસુખનો પરિત્યાગ કરી દીધો છે. ખરેખર અમે અત્યન્ત અજ્ઞાની છીએ અને આપની માયાની જાળમાં ફસાઈ જઈ પાર વગરના ક્લેશ ભોગવી રહ્યા છીએ ।।૨૮।।

હે ભગવન્! આપનાં ચરણકમલ શરણાગત પુરુષોના સમસ્ત શોક અને મોહ ને નષ્ટ કરનારાં છે. તેથી આપ જ જરાસન્ધરૂપ કર્મોના બન્ધનમાંથી અમને છોડાવો. હે પ્રભો! એ મગધરાજ એકલો જ દસ હજાર હાથીઓનું બળ ધરાવે છે અને અમને તો સિંહ જેમ ઘેટાંઓને પોતાના ભક્ષણમાટે જ પકડે છે તેમ પ્રમથનાથ-શિવજીના યજ્ઞમાં હોમવામાટે જ કેદ કર્યા છે ।।૨૯।।

આપે અઢાર વખત જરાસન્ધ સાથે યુદ્ધ કર્યું, આપે (ભક્ષણને માટે કાલશક્તિરૂપી) સુદર્શન ચક્ર ધારણ કરી તેનું માનમર્દન કરી છોડી મૂક્યો. અમે જાણીએ છીએ કે આપની શક્તિ અનન્ત છે, આપનું બલ-પૌરુષ અનન્ત છે. છતાં મનુષ્યોના જેવું આચરણ કરતા આપે એક વખત હારવાનો અભિનય કર્યો. પરન્તુ તેથી જ તેનો ગર્વ વધી ગયો છે. અમે આપના ભક્ત છીએ, આપની પ્રજા છીએ તે જાણીને હવે તે અમને વિશેષ પીડે છે. હે અજિત! હવે આપ (અમારું પાલન કરી) આપનું નામ અજિત છે તે સિદ્ધ કરો'' ।।૩૦।।

**દૂતે કહ્યું** : ''હે ભગવન્! જરાસન્ધે કેદ કરેલ રાજાઓએ આ પ્રમાણે આપને પ્રાર્થના કરી છે. તેઓ આપના ચરણકમલોને શરણે આવ્યા છે અને આપનાં દર્શન કરવા ઇચ્છે છે. આપ કૃપા કરી તે દીન દુઃખીઓનું કલ્યાણ કરો'' ।।૩૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! રાજાઓને દૂત આ પ્રમાણે કહી રહ્યો હતો ત્યાં તો પરમ તેજસ્વી દેવર્ષિ નારદજી ત્યાં પ્રગટ થયા. (તપને લઈને) તેમની સોનેરી જટા ચમકી રહી હતી. તેમને જોઈને એમ જ લાગતું હતું કે જાણે સાક્ષાત્ સૂર્યનો જ ઉદય થઈ ગયો હોય ।।૩૨।।

બ્રહ્માજી વગેરે સમસ્ત લોકપાલોના એક માત્ર સ્વામી ભગવાન્ શ્રીકૃષ્ણ તેમને જોતાં જ સભાસદો અને સેવકો ની સાથે આનન્દિત થઈ ઊભા થઈ ગયા અને મસ્તક નમાવીને તેમને (લોક શિક્ષાને માટે) વન્દન કર્યું ।।૩૩।।

જ્યારે દેવર્ષિ નારદજી આસનનો સ્વીકાર કરી બેસી ગયા ત્યારે ભગવાને તેમની વિધિપૂર્વક પૂજા કરી અને પોતાની શ્રદ્ધાથી તેમને સન્તુષ્ટ કરી મધુર વાણીથી કહ્યુંઃ ।।૩૪।।

''હે દેવર્ષે! અત્યારે ત્રણે લોકમાં કુશલ-મંગલ તો છે ને? આપ ત્રણેય લોકમાં ફરતા રહો છો તેથી અમને એક મોટો લાભ છે કે ત્રણ લોકના બધા સમાચાર મળે છે (દેવર્ષિ નારદજી ભગવાન્‌ની ઈચ્છાશક્તિનું આધિભૌતિક રૂપ છે. ભગવાન્ જે કંઈ ઈચ્છે છે અને કરે છે તે બધું નારદજી જાણે છે.) ।।૩૫।।

ઈશ્વરે બનાવેલા આ ત્રણેય લોકમાં એવી કોઈ વાત નથી કે જે આપ ન જાણતા હો. તેથી અમે આપની પાસે એ જાણવા માગીએ છીએ કે યુધિષ્ઠિર વગેરે પાંડવોને અત્યારે શું કરવાની ઈચ્છા છે?'' ।।૩૬।।

**દેવર્ષિ નારદજીએ કહ્યું :** હે વિભુ! જીવને મોહ પમાડી, હે માયાપતિ! આપ વિશ્વની ઉત્પત્તિ (સ્થિતિ અને પ્રલય) કરો છો. મોટા-મોટા માયાવી બ્રહ્માજી વગેરે પણ આપની માયાનો પાર પામી શક્તા નથી. હે પ્રભો! આપ બધાના ઘટઘટમાં આપની અસાધારણ અચિન્ત્ય શક્તિઓથી વ્યાપ્ત રહો છો. ગરમ જળમાં અગ્નિનો પ્રતાપ હોવા છતાં અગ્નિ તો ગુપ્ત છે તેમ આપ આપનો પ્રભાવ ગુપ્ત રાખો છો, મેં આપની માયા એક વાર નહિં અનેકવાર જોઈ તેથી આપ અજાણ્યા બની પાંડવોના સમાચાર મને પૂછો છો તેથી મને નવાઈ નથી લાગતી ।।૩૭।।

હે ભગવન્! આપ આપની માયાથી જ આ જગતની રચના અને સંહાર કરો છો અને આની માયાના પ્રભાવથી જ જે વસ્તુ છે જ નહિ તે છે તેમ નિશ્ચય કરી લેવામાં આવે છે. આપ ક્યારે શું કરવા માગો છો તે ચોક્કસપણે કોણ સમજી શકે છે? આપનું સ્વરૂપ સર્વથા અચિન્તનીય છે, સર્વ વિલક્ષણ છે. હું તો આપને નમસ્કાર કરું

છું ।।૩૮।।

શરીર અને તેની સાથે સમ્બન્ધ રાખનારી વાસનાઓમાં ફસાઈ જઈ જીવ જન્મ-મૃત્યુના ચક્કરમાં ભટકતો રહે છે અને તે આ શરીરથી હું કેમ છૂટી શકીશ તે જાણતો નથી. તેના જ હિતને માટે આપ નાના પ્રકારનાં લીલાસ્વરૂપ ધારણ કરી આપના પવિત્ર યશનો દીવો પ્રગટાવો છો જેની સહાયથી તે આ અનર્થકારી શરીરથી છૂટી શકે તેથી હું આપને શરણે આવ્યો છું ।।૩૯।।

હે પ્રભો! આપ સ્વયં પરબ્રહ્મ છો છતાં મનુષ્યોની જેવી લીલાનું નાટ્ય કરતા હો તેમ મને પૂછો છો તેથી આપની ફોઈના દીકરા અને આપના પ્રેમી ભક્ત રાજા યુધિષ્ઠિર શું કરવા માગે છે તે હું આપને સંભળાવું છું ।।૪૦।।

નિયત સમયે નિયત સાધન સમ્પત્તિની ઉપસ્થિતિ બ્રહ્માજીને જ હોય છે. તેવી સમ્પત્તિ વિના ભગવાન્‌ની સર્વભાવથી સેવા ન થઈ શકે. યુધિષ્ઠિર રાજા હોવાથી માનસી સેવામાં તેનો અધિકાર નથી. તેથી તે શ્રેષ્ઠ રાજસૂય યજ્ઞદ્વારા આપની પ્રાપ્તિમાટે આપની આરાધના કરવા માગે છે. પૂજામાં પૂજ્યનું અનુમોદન આવશ્યક છે તો આપ તેની આ અભિલાષાનું અનુમોદન કરવા કૃપા કરો ।।૪૧।।

તે શ્રેષ્ઠ યજ્ઞમાં આપનાં દર્શન કરવાની ઈચ્છાથી મોટા-મોટા દેવતાઓ તથા યશસ્વી રાજાઓ આવશે ।।૪૨।।

હે પ્રભો! આપ સ્વયં વિજ્ઞાનાનન્દઘન છો. આપના શ્રવણ, કીર્તન અને ધ્યાન કરવા માત્રથી જ ચાંડાળ પણ પવિત્ર થઈ જાય છે. તો પછી આપનાં દર્શન અને સ્પર્શ કરે તેની બાબતમાં તો કહેવાનું જ શું હોય? ।।૪૩।।

હે ત્રિભુવનમંગલ! જેવી રીતે આપના ચરણામૃતની ધારા સ્વર્ગમાં મન્દાકિની, પાતાલમાં ભોગવતી અને મર્ત્યલોક (પૃથ્વી) માં ગંગાજીના નામથી પ્રવાહિત થઈ આખા વિશ્વને પવિત્ર કરી રહી છે તેવી રીતે આપની નિર્મલ કીર્તિ સમસ્ત દિશાઓમાં છવાઈ રહી છે, તથા સ્વર્ગ, પૃથ્વી અને પાતાલમાં વ્યાપ્ત થઈ રહી છે'' ।।૪૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! સભામાં જેટલા યદુવંશી બેઠા હતા તે બધા પહેલાં જરાસન્ધ ઉપર ચડાઈ કરી તેને જીતી લેવો જોઈએ તેવા મતના હતા. તેથી તેમને નારદજીની વાત પસન્દ ન આવી. ત્યારે બ્રહ્માજી તથા શિવજી ના પણ નિયામક તેમ જ સુખદાતા શ્રીકૃષ્ણે સહેજ હસી અત્યન્ત મધુર વાણીથી (પોતાના

સર્વસ્વીકાર્ય બધા જેમનું માન રાખે તેવા-અન્તરંગ) મન્ત્રી ઉદ્ધવજીને કહ્યું।।૪૫।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે ઉદ્ધવજી! તમે અમારા હિતૈષી સુહૃદ અને શુભ સમ્મતિ આપનારા છો. વળી કોઈ પણ કાર્યનું શું પરિણામ આવે તે તમે જાણો છો. તેથી અમે તમને અમારું ઉત્તમ નેત્ર માનીએ છીએ. તો તમે જ બતાવો કે આ બાબતમાં અમારે શું કરવું જોઈએ. તમારામાં અમને શ્રદ્ધા છે. તેથી અમે તમારી સલાહ પ્રમાણે જ કામ કરીશું ।।૪૬।।

**ઈત્યુપામન્ત્રિતો ભર્ત્રા સર્વજ્ઞેનાપિ મુગ્ધવત્ ।।**
**નિદેશં શિરસાऽऽધાય, ઉદ્ધવઃ પ્રત્યભાષત ।।૪૭।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** જ્યારે ઉદ્ધવજીએ જોયું કે મારા ભર્તા ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વજ્ઞ હોવા છતાં કંઈ જાણતા ન હોય તેવાની માફક સલાહ પૂછી રહ્યા છે ત્યારે આજ્ઞા માથે ચડાવી તે બોલ્યા ।।૪૭।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ચોથો સાત્વિક પ્રકરણના પહેલા પ્રમેય પ્રકરણનો ધર્મી રૂપ સાતમો) ''સવારથી રાત સુધીની ભગવાન્‌ની દિનચર્યા'' નામનો (ઉત્તરાર્ધનો એકવીસમો અને ચાલુ) સિત્તેરમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં સડસઠમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## ચોથા સાત્વિક પ્રકરણનું પહેલું પ્રમેય પ્રકરણ સમ્પૂર્ણ

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્।વૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા**
**અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. (શ્રીવલ્લભાચાર્ય)**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ લોકોને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

# અધ્યાય ૭૧

## શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૬૮

## સાત્વિક સાધન પ્રકરણ

# ભગવાન્ ઈન્દ્રપ્રસ્થ પધાર્યા

### ચોથા સાત્વિક પ્રકરણનું બીજું સાધન પ્રકરણ અધ્યાય ૧

**વિશેષ :** ઈકોતેરમાં અધ્યાયમાં ધર્મની રક્ષાને માટે ભગવાન્ ઈન્દ્રપ્રસ્થ પધારે છે તેમાં સર્વની સમ્મતિ લઈને પધારવાથી એની જે શોભા આવી તેનું નિરૂપણ કર્યું છે. ભગવાનની એક જ ક્રિયા ઘણા અર્થોને સિદ્ધ કરનારી હોય છે. તેથી પ્રથમ યુધિષ્ઠિરની પાસે જવાને તૈયાર થાય છે. એટલે સુહૃત્કાર્યમાં ભક્તરક્ષણ એ દ્વારા એમાં જ આવી જશે. તેથી ભક્તરક્ષણ ભગવાનનું મુખ્ય કાર્ય થશે તેથી નારદજી અને દૂત એ બન્નેના કથન અવિરોધથી સિદ્ધ થશે.

**ઈત્યુદીરિતમાકર્ણ્ય દેવર્ષેરુદ્ધવોઽબ્રવીત્ ।।**
**સભ્યાનાં મતમાજ્ઞાય કૃષ્ણસ્ય ચ મહામતિઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણનાં વચન સાંભળી મહામતિ ઉદ્ધવજીએ દેવર્ષિ નારદજી, સભાસદો અને ભગવાન્ શ્રીકૃષ્ણ ના મત ઉપર વિચાર કર્યો અને પછી તે કહેવા લાગ્યા ।।૧।।

**ઉદ્ધવજીએ કહ્યું :** હે ભગવન્! દેવર્ષિ નારદજીએ આપને એમ સલાહ આપી કે ફોઈયાત ભાઈ પાંડવોના રાજસૂય યજ્ઞમાં હાજરી આપી એમની સહાયતા કરવી જોઈએ. એમનું આ કહેવું ઠીક છે અને સાથે શરણાગતોની રક્ષા કરવી જોઈએ એ પણ બરાબર છે ।।૨।।

હે પ્રભો! જ્યારે આપણે એ દૃષ્ટિથી વિચાર કરીએ કે રાજસૂય યજ્ઞ તે જ કરી શકે કે જે દશે દિશાઓ ઉપર વિજય પ્રાપ્ત કરી લે, ત્યારે આપણે કોઈ પણ જાતની શંકા વિના એ નિર્ણય કરી શકીએ છીએ કે પાંડવોનો યજ્ઞ અને શરણાગતોની રક્ષા; એ બન્ને કામોને માટે જરાસન્ધને જીતવો જરૂરી છે ।।૩।।

હે પ્રભો! માત્ર જરાસન્ધને જીતી લેવાથી આપણને ઘણું ધન* પ્રાપ્ત થશે અને હે ગોવિન્દ! રાજાઓને બન્ધનમાંથી મુક્ત કરાવનાર આપને યશ પણ પ્રાપ્ત થશે ।।૪।।

**વિશેષ :** કાલયવન ઉપરના જયથી ભગવાનને પ્રાપ્ત થયેલું ધન બધું ય જરાસન્ધ લઈ ગયેલો

તે મળી જશે. વળી જે રાજાઓને જરાસન્ધે કેદ કરેલા તેમનું ધન પણ તે લઈ ગયેલો. તે ધન પણ જરાસન્ધને હરાવવાથી મળી રહે અને તે ધન મુક્ત કરાયેલ રાજઓનું પોષણ કરવામાં આવે.

જરાસન્ધનો મુકાબલો યાદવોમાંથી કોઈ કરી શકે એમ નથી. બીજા બધા બળવાન યોદ્ધાઓને તે એકલો પૂરો પડે તેવો તે બલવન્ત છે કારણ કે તેનામાં દસ હજાર હાથીઓનું બળ છે. તેની સામે થનાર જો કોઈ હોય તો તે ભીમસેન જ છે કારણ કે તે પણ એટલા જ બળવાન છે ।।૫।।

દ્વન્દ્વયુદ્ધમાં એક જ વીર તેને જીતી લે એ સૌથી ઉત્તમ છે. સેંકડો અક્ષૌહિણી સેના લઈને તે જ્યારે યુદ્ધમેદાનમાં સામે આવે ત્યારે તેને જીતવો શક્ય નથી. જરાસન્ધ બહુ જ મોટો બ્રાહ્મણ ભક્ત છે. બ્રાહ્મણ એની પાસે ગમે તે વસ્તુની માગણી કરે તે તેને આપી દે છે ।।૬।।

તેથી ભીમસેન (યજ્ઞોપવીત, બે વસ્ત્રો, તિલક વગેરે સાથે) બ્રાહ્મણનો વેશ લઈને જાય અને તેની પાસે દ્વન્દ્વયુદ્ધની ભિક્ષા માગે. આપની હાજરીમાં ભીમસેન અને જરાસન્ધનું દ્વન્દ્વયુદ્ધ થાય તો ભીમસેન તેને અવશ્ય મારી નાખી શકશે ।।૭।।

હે પ્રભો! આપ સર્વશક્તિમાન્, રૂપરહિત, કાલસ્વરૂપ છો. વિશ્વની સૃષ્ટિ અને પ્રલય આપની શક્તિથી જ થાય છે. બ્રહ્માજી અને શંકર તો (તલવાર વગેરેની જેમ) તેમાં નિમિત્ત માત્ર જ છે. (તેવી જ રીતે જરાસન્ધનો વધ તો આપની શક્તિથી જ થશે. ભીમસેન તો માત્ર તેમાં નિમિત્ત બનશે) ।।૮।।

આપનો યશ તો ત્રણ લોકમાં ફેલાયેલો જ છે. જ્યારે આપે હિરણ્યકશિપુને માર્યો અને દેવોને છોડાવ્યાં ત્યારે દેવોની સ્ત્રીઓ પોતાના શત્રુનો નાશ થયો અને પોતે શત્રુના ભયમાંથી મુક્ત થઈ તેથી આપના યશનું ગાન કરે છે. કુંજર પતિ (ગજેન્દ્ર) ની સ્ત્રીઓ પણ નક્ર (મગર) ને મારવાથી અને ગજેન્દ્રરૂપ એમના પતિને આપે મુક્ત કરવાથી આપના યશનું ગાન કરે છે. સીતાજી પોતાના શત્રુ રાવણને મારવાથી આપનો યશ ગાય છે. શંખચૂડને મારવાથી ગોપીજનો આપના યશનું ગાન ગાય છે. આપે કંસને માર્યો અને આપના માતા-પિતા દેવકીજી અને વસુદેવજી ને કેદમાંથી છોડાવ્યા તેથી આપના યશનું ગાન કરે છે. મુનિઓ અને અમે આપના શરણાગત આપના યશનું ગાન કરીએ છીએ. તેવી રીતે આપ જરાસન્ધનો વધ કરી નાખશો ત્યારે કેદમાં પડેલા રાજાઓની રાણીઓ પોતાના મહેલોમાં આપની

આ વિશુદ્ધ લીલાનું ગાન કરશે કે આપે એમના શત્રુનો નાશ કરી દીધો અને એમના પ્રાણપતિઓને છોડાવ્યા ।।૯।।

તેથી હે કૃષ્ણ! (ઉદ્ધવજીને બોલતાં-બોલતાં આવેશ આવી જવાથી, પ્રમાદથી અથવા પાપક્ષયનેમાટે તેમનાથી માત્ર 'કૃષ્ણ' શબ્દનો પ્રયોગ થઈ ગયો છે.) જરાસન્ધનો વધ જ ઘણાં પ્રયોજન (ભક્તિમાર્ગની સિદ્ધિ, શરણાગતોની રક્ષા, યજ્ઞ, કીર્તિ, વેરની વસૂલાત, પૃથ્વી ઉપરનો ભાર હળવો કરવો વગેરે) સિદ્ધ કરશે. (ઘણાનો દ્રોહ કરેલો હોવાથી) જરાસન્ધે કરેલાં કર્મોનો વિપાક આવી લાગ્યો છે. (પાપ પૂર્ણ ભરાઈ ગયું છે.) આપ પણ અત્યારે રાજસૂય યજ્ઞ થાય તે પસંદ કરો છો તેથી પહેલાં આપ ત્યાં પધારો ।।૧૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્!* ઉદ્ધવજીની સલાહ દરેક રીતે હિતકર અને યોગ્ય હતી. દેવર્ષિ નારદજી, યદુવંશના મોટેરાઓ અને સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણે તેનું સમર્થન કર્યું ।।૧૧।।

**વિશેષ:** કપટ વિના દૈત્યનો વધ થઈ શક્તો ન હોવાથીઆવે પ્રસંગે કપટ કરવામાં દોષ નથી એમ જણાવવા તથા રાજાનો ધર્મ પણ તેવો જછે એમ બતાવવા 'રાજન્' સમ્બોધન વાપર્યુંછે.

ભગવાન્ શ્રીકૃષ્ણે વસુદેવજી વગેરે વડીલોની અનુમતિ લઈ દારુક, જૈત્ર વગેરે સેવકોને ઈન્દ્રપ્રસ્થ જવામાટે તૈયારી કરવાની આજ્ઞા આપી ।।૧૨।।

હે શત્રુને હણનાર! પછી ભગવાન્ શ્રીકૃષ્ણે યદુરાજ ઉગ્રસેન તથા બલદેવજીની આજ્ઞા લઈ, રાણીઓ સાથે પુત્રો અને તેમના સામાનને આગળ રવાના કરી, દારુક સારથિએ લાવેલ ગરુડધ્વજ રથમાં પોતે સવાર થયા ।।૧૩।।

પછી રથો, હાથીઓ, સૈનિકો, અશ્વોના સમૂહો અને એના નાયકો સહિત શત્રુને ભય કરનારી ચતુરંગિણી પોતાની સેનાથી વીંટાઈ મૃદંગ, ભેરી, નગારાં, શંખ અને નરસિંગા વાગતાં તેમના અવાજના દિશાઓમાં પડતા પડઘા સાથે ભગવાન્ નગર બહાર પધાર્યા ।।૧૪।।

સતી શિરોમણિ રુક્મિણીજી વગેરે હજારો રાણીઓ પોતાનાં સન્તાનો સાથે સુન્દર વસ્ત્રાભૂષણ, ચન્દન, અંગરાગ અને પુષ્પોના હાર વગેરેથી સુશોભિત મ્યાના, રથો અને સોનાની પાલખીઓમાં બેસી પોતાના પતિદેવ શ્રીકૃષ્ણની પાછળ-પાછળ રવાના થયાં. હાથમાં ઢાલ તલવાર લઈ પાયદળ સિપાહીઓ તેમની રક્ષા કરતા ચાલી રહ્યા હતા ।।૧૫।।

તે જ પ્રમાણે અનુચરોની સ્ત્રીઓ અને વારાંગનાઓ પણ સુન્દર શૃંગાર કરી ઝૂરૂપડીઓ, જાતજાતના તમ્બુઓ, કનાતો, ધાબળાઓ અને પાથરવા ઓઢવાની સામગ્રીઓ, બળદો, પાડાઓ, ગધેડાંઓ અને ખચ્ચરો ઉપર લાદી પોતે પાલખી, ઊંટ, ગાડાં અને હાથણીઓ ઉપર સવાર થઈને (શ્રીકૃષ્ણની પાછળ જ નહિ પણ) પોતાની અનુકૂળતા પ્રમાણે ચાલવા લાગ્યાં ।।૧૬।।

જેમ મગરમચ્છો અને મોજાંઓ ખળભળી ઊઠે ત્યારે સમુદ્ર શોભી ઊઠે તેમ મોટી ધજાઓ, છત્રો, ચામરો, ઉત્તમ આયુધો, આભરણો, કિરીટો, બખ્તરો અને એની ઉપર દિવસે પડતાં સૂર્યના કિરણોથી મોટા ઘોંઘાટથી સેના શોભવા લાગી ।।૧૭।।

દેવર્ષિ નારદજી ભગવાન્ શ્રીકૃષ્ણથી સન્માનિત થઈ આપ (શ્રીકૃષ્ણ) ના નિશ્ચયને સાંભળી બહુ પ્રસન્ન થયા. ભગવાનનાં દર્શનથી તેમનું હૃદય અને બધી ઇન્દ્રિયો પરમાનન્દમાં મગ્ન થઈ ગઈ. વિદાય થતી વખતે ભગવાન્ શ્રીકૃષ્ણે તેમનું અનેક પ્રકારની સામગ્રીઓથી પૂજન કર્યું, દેવર્ષિ નારદજીએ આપને મનોમન પ્રણામ કર્યા અને પ્રભુના દિવ્ય સ્વરૂપને હૃદયમાં ધારણ કરી આકાશ માર્ગે પ્રસ્થાન કર્યું ।।૧૮।।

ત્યાર પછી ભગવાન્ શ્રીકૃષ્ણે જરાસન્ધના કેદી રાજાઓના દૂતને પોતાની મધુર વાણીથી પ્રસન્ન કરતાં કહ્યું "હે દૂત! તમે તમારા રાજાઓને જઈને કહેજો કે તમે ભય ન કરશો. તમારું કલ્યાણ થશે. હું જરાસન્ધને મરાવી નાખીશ" ।।૧૯।।

ભગવાનની એવી આજ્ઞા મળતાં તે દૂત ગિરિવ્રજ ચાલ્યો ગયો અને રાજાઓને ભગવાન્ શ્રીકૃષ્ણનો સન્દેશો સંભળાવ્યો તે રાજાઓ પણ કારાગારથી છૂટવામાટે જલદીમાં જલદી ભગવાનનાં શુભ દર્શનની રાહ જોવા લાગ્યા ।।૨૦।।

ભગવાન્ શ્રીકૃષ્ણ હવે ઓખામંડળ, સોરઠ, મારવાડ, કુરુક્ષેત્ર અને વચ્ચે-વચ્ચે આવતા પર્વત, નદીઓ, નગર, ગામડાંઓ, અહીરોના નેસડાઓ તથા ખાણોને પસાર કરતા આગળ વધવા લાગ્યા ।।૨૧।।

ભગવાન્ મુકુન્દ માર્ગમાં દષદ્વતી અને સરસ્વતી નદી પાર કરી, પાંચાલ અને મત્સ્ય દેશોમાં થઈ, ઇન્દ્રપ્રસ્થ જઈ પહોંચ્યા ।।૨૨।।

મનુષ્ય માત્રને શ્રીકૃષ્ણનાં દર્શન અત્યન્ત દુર્લભ છે. જ્યારે અજાતશત્રુ મહારાજા યુધિષ્ઠિરને એ સમાચાર મળ્યા કે શ્રીકૃષ્ણ પધાર્યા છે, ત્યારે તેમનું

રોમેરોમ આનન્દથી ખીલી ઊઠ્યું. પોતાના આચાર્યો અને સમ્બન્ધીઓની સાથે ભગવાનનું સ્વાગત કરવામાટે તેઓ નગરથી બહાર આવ્યા ॥૨૩॥

મંગલગીતો ગવાવા લાગ્યાં, વાજાં વાગવા લાગ્યાં અને બ્રાહ્મણો ઊંચા સ્વરે વેદમંત્રોનો ઉચ્ચાર કરવા લાગ્યા. બહાર નીકળેલ પ્રાણ જેમ અનાયાસેજ પ્રાણની પાસે જાય તેમતેઓ (યુધિષ્ઠિર) હૃષીકેશ(બુદ્ધિપ્રેરક)શ્રીકૃષ્ણની પાસે આદરયુક્ત આવ્યા ॥૨૪॥

ભગવાન્ શ્રીકૃષ્ણને જોઈ રાજા યુધિષ્ઠિરનું હૃદય અતિશય સ્નેહથી ભરાઈ આવ્યું. પ્રિયતમ ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન કરવાનું સૌભાગ્ય ઘણા દિવસે પ્રાપ્ત થયું હતું તેથી તે (અન્તરના આનન્દથી બાહ્ય ભાન ભૂલી જઈ) ભગવાન્ શ્રીકૃષ્ણને વારંવાર હૃદય સરસા ચાંપવા લાગ્યા ॥૨૫॥

ભગવાન્ શ્રીકૃષ્ણનું શ્રીઅંગ લક્ષ્મીજીનું પવિત્ર નિવાસસ્થાન છે. રાજા યુધિષ્ઠિર પોતાની બન્ને ભુજાઓથી તેનું આલિંગન કરી સમસ્ત પાપ-તાપથી મુક્ત થઈ ગયા અને પરમાનન્દના સમુદ્રમાં ડૂબી ગયા. તેમનાં નેત્રોમાં આંસુ છલકાઈ આવ્યાં, અંગે-અંગ પુલકિત થઈ ગયું અને તેમને આ વિશ્વપ્રપંચના ભ્રમનું લેશ માત્ર ભાન રહ્યું નહિ ॥૨૬॥

પ્રેમના વેગથી જેમની ઈન્દ્રિયો આકુળ થઈ છે તેવા ભીમ હસીને મામાના પુત્રને આલિંગન કરી સુખી થયા. નકુલ, સહદેવ અને અર્જુન એ ત્રણ જણ નેત્રમાં આનન્દનાં અશ્રુવાળા થઈ પોતાના પરમ સુહૃદ અચ્યુત ભગવાનને હર્ષથી ભેટ્યા ॥૨૭॥

(એમ પ્રેમથી કર્યું તે કહ્યું હવે અજુર્ન વગેરેએ લૌકિકની રીતે કરવું જોઈએ એ કહે છે) ભગવાને ભીમ યુધિષ્ઠિર વગેરેને નમસ્કાર કર્યા, અર્જુન સમાન વયસ્ક છે તેણે ભગવાનને આલિંગન કર્યું; નકુલ, સહદેવે ભગવાનને વન્દન કર્યું. ભગવાને બ્રાહ્મણોને નમસ્કાર કર્યા. વૃદ્ધોને જેની જેવી યોગ્યતા હતી તેમ નમસ્કાર વગેરે કર્યા ॥૨૮॥

કુરુ, સૃંજય અને કેકય દેશના નરપતિઓએ ભગવાન્ શ્રીકૃષ્ણનું સન્માન કર્યું અને ભગવાન્ શ્રીકૃષ્ણે પણ તેમનો યથોચિત સત્કાર કર્યો. સૂત, માગધ, બન્દીજન અને બ્રાહ્મણો ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા તથા ગન્ધર્વ, નટ, વિદૂષક વગેરે મૃદંગ, શંખ, નગારાં, વીણા અને ઢોલ બજાવી-બજાવી કમલનયન શ્રીકૃષ્ણને

પ્રસન્ન કરવા લાગ્યા. જ્ઞાનીઓએ ભગવાનની સ્તુતિ કરી, ભક્તોએ નૃત્ય કર્યું અને કર્મમાર્ગીઓએ સામ ગાન કર્યું ।।૨૯-૩૦।।

એવી રીતે (નળરાજા, યુધિષ્ઠિર વગેરે) પુણ્યશ્લોક પુરુષોના મુગટમણિ શ્રીકૃષ્ણે પોતાના સુહૃદ-સ્વજનોની સાથે દરેક પ્રકારે સુસજ્જિત ઈન્દ્રપ્રસ્થ નગરમાં પ્રવેશ કર્યો. તે વખતે બધા લોકો ભગવાન્ શ્રીકૃષ્ણની સ્તુતિ-પ્રશંસા કરતા જતા હતા ।।૩૧।।

ઈન્દ્રપ્રસ્થ નગરની સડકો અને ગલીઓમાં મતવાલા હાથીઓના મદમિશ્રિત સુગન્ધી જલથી છંટકાવ કરવામાં આવ્યો હતો. ઠેકઠેકાણે રંગબેરંગી ધ્વજાઓ બાંધી હતી. સુવર્ણના તોરણો અને જલપૂર્ણ કુમ્ભો શોભી રહ્યા હતા. નગરનાં નર-નારીઓ નાહી-ધોઈ નવાં વસ્ત્રો, આભૂષણ પુષ્પોના હાર, અત્તર-ફૂલેલ આદિથી સજ્જ થઈ ફરતાં હતાં ।।૩૨।।

જે મહેલમાંના દરેક ભવનમાં દીવાઓ પ્રગટાવવામાં આવ્યા હતા, પુષ્પનાં મંડળો ગોઠવવામાં આવ્યાં હતાં, તેના જાળિયામાંથી બહાર નીકળતા ધૂપને લીધે તે મઘમઘી રહ્યું હતું, પતાકાઓ લહરાઈ રહી હતી, શિખરો ઉપર સોનાના કળશો અને ચાંદીના શિખરો હતાં તે યુધિષ્ઠિરનો મહેલ ભગવાને જોયો ।।૩૩।।

જ્યારે યુવતીઓએ સાંભળ્યું કે માનવ નેત્રોના પાનપાત્ર અર્થાત્ અત્યન્ત દર્શનીય ભગવાન્ શ્રીકૃષ્ણ રાજમાર્ગ ઉપર આવી રહ્યા છે ત્યારે તેમના દર્શનની ઉત્સુક્તાના આવેગથી તેમના અમ્બોડા અને સાડીઓની ગાંઠો ઢીલી થઈ ગઈ. તેમણે ઘરનું કામકાજ તો છોડી દીધું એટલું જ નહિ પણ શય્યામાં સૂતેલા પોતાના પતિને પણ છોડીને ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન કરવા રાજમાર્ગ ઉપર દોડી ગઈ ।।૩૪।।

સડક ઉપર હાથી, ઘોડા, રથ અને પાયદળ સેનાની ઠઠ જામી હતી. તે સ્ત્રીઓએ અટારી ઉપર જઈ રાણીઓ સાથે ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં, આપના ઉપર પુષ્પોની વર્ષા કરી, મનોમય આલિંગન કર્યું અને પ્રેમપૂર્ણ મન્દ સ્મિત અને દૃષ્ટિથી આપનું સ્વાગત કર્યું ।।૩૫।।

ઠેકઠેકાણે ઘણા વેપારીઓ અને કળા-કારીગરી ઉપર જીવન ચલાવનારા નગરજનોએ ચન્દન, પુષ્પ વગેરે માંગલિક વસ્તુઓથી શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા-અર્ચા કરી સ્વાગત કર્યું. શ્રીકૃષ્ણે તેનો સ્વીકાર કરતાં તેમની સામે દૃષ્ટિ કરી તેથી

તેઓ તત્કાલ નિષ્પાપ બની ગયા ।।૩૬।।

ચન્દ્રમાની સાથે બિરાજમાન તારાઓ સમાન રાજમાર્ગ ઉપર શ્રીકૃષ્ણને તેમની રાણીઓ સાથે જોઈને નગરની સ્ત્રીઓ આપસમાં કહેવા લાગી, ''આપણું લોકમાં એવું ક્યું પુણ્ય હશે કે જેથી પુરુષ શિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના ઉદાર હાસ્યસહિત દષ્ટિની કલા-ઘણી નિપુણતાથી એટલે પોતાના સર્વસ્વથી આપણાં નેત્રોને પરમ આનન્દ આપે છે'' ।।૩૭।।

રાણીવાસની સ્ત્રીઓ ભગવાન્ શ્રીકૃષ્ણને જોઈ આનન્દમગ્ન થઈ ગઈ. તેમણે પોતાના પ્રેમવિહ્વલ અને આનન્દથી ખીલી ઊઠેલાં નેત્રોથી ભગવાનનું સ્વાગત કર્યું અને શ્રીકૃષ્ણ તેમના સ્વાગત સત્કારનો સ્વીકાર કરતા રાજમહેલમાં પધાર્યા ।।૩૮।।

જ્યારે કુન્તાજીએ પોતાના ત્રિભુવનપતિ ભત્રીજા શ્રીકૃષ્ણને જોયા ત્યારે પ્રેમથી તેમનું હૃદય ભરાઈ આવ્યું. પલંગ ઉપરથી ઊઠી પોતાની પુત્રવધૂ દ્રૌપદી સાથે તેઓ આગળ આવ્યાં અને (જાતિ, દેહ અને ઉંમર ભૂલી જઈ) ભગવાન્ શ્રીકૃષ્ણને હૃદય સરસા લગાવ્યા ।।૩૯।।

દેવદેવેશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણને રાજમહેલમાં પધરાવી રાજા યુધિષ્ઠિર આનન્દ અને આદર ના ઉદ્રેકથી આત્મ વિસ્મૃત થઈ ગયા, દેહાનુસન્ધાન ભૂલી ગયા. એ વાતનું પણ એમને ભાન ન રહ્યું કે ભગવાનની પૂજા ક્યા ક્રમથી કરવી જોઈએ ।।૪૦।।

ફોઈના જનાનામાં વૃદ્ધ સ્ત્રીઓને શ્રીકૃષ્ણે નમસ્કાર કર્યા, દ્રૌપદી અને સુભદ્રાએ શ્રીકૃષ્ણને નમન કર્યું ।।૪૧।।

પોતાનાં સાસુ કુન્તાજીની પ્રેરણાથી દ્રૌપદીએ રુક્મિણી, જામ્બુવતી, સત્યભામા, ભદ્રા, કાલિન્દી, મિત્રવિન્દા, લક્ષ્મણા અને સાધ્વી સત્યા વગેરે ભગવાનની અષ્ટ પટરાણીઓ તથા ત્યાં આવેલી શ્રીકૃષ્ણની બીજી રાણીઓ અને પ્રદ્યુમ્ન વગેરેની રાણીઓનો વસ્ત્ર, માળા, ઘરેણાં વગેરેથી યથાયોગ્ય સત્કાર કર્યો ।।૪૨-૪૩।।

ધર્મરાજ યુધિષ્ઠિરે ભગવાન્ શ્રીકૃષ્ણને આપની સેના, સેવકો, મન્ત્રીઓ અને પત્નીઓ સહિત એવા સ્થાનમાં મુકામ આપ્યો જ્યાં તેમને નિત્ય નવી-નવી સુખની સામગ્રી પ્રાપ્ત થતી રહે. (ખરી રીતે તો સુખ સ્વરૂપ અનન્દઘન ભગવાનને પોતાને ત્યાં પધરાવી યુધિષ્ઠિર પોતે જ સુખી-નિહાલ થઈ ગયા) ।।૪૪।।

અર્જુનને સાથે રાખી ભગવાને ખાંડવવન અગ્નિને ભક્ષણમાટે આપ્યું. તે એના ભક્ષણથી તૃપ્ત થયો. મયદાનવને અગ્નિથી બચાવ્યો. તેણે રાજાને દિવ્ય સભા આપી. એ બધું કાર્ય ભગવાને ત્યાં રહ્યા ત્યારે કર્યું ।।૪૫।।

**ઉવાસ કતિચિન્માસાન્ રાજ્ઞઃ પ્રિયચિકીર્ષયા ।।**
**વિહરન્ રથમારુહ્ય ફાલ્ગુનેન ભટૈર્વૃતઃ ।।૪૬।।**

રથમાં બેસી વિહાર કરતા ભગવાને ત્યાંના લોકોને સુખ આપ્યું, અર્જુન અને બીજા યોદ્ધાઓની સાથે ફર્યા, રાજાનું પ્રિય કરવાની ઈચ્છાથી ત્યાં કેટલાક માસ બિરાજ્યા ।।૪૬।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધ ઉત્તરાર્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના બીજા સાધન પ્રકરણના ઐશ્વર્ય રૂપ પહેલો) ''ભગવાન્ ઈન્દ્રપ્રસ્થ પધાર્યા'' નામનો (ઉત્તરાર્ધનો બાવીસમો અને ચાલુ) ઈકોતેરમો(પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં અડસઠમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

આપણા માર્ગમાં ભગવત્સેવા ઘરમાં રહ્યા સિવાય સમ્ભવ નથી.
ઘરમાં રહીને કરાતી સેવાના પ્રકાર સિવાય ભગવત્સેવાનો બીજોકોઈ
(જાહેરમન્દિર-હવેલીમાં)સેવા કરવાનો પ્રકાર માર્ગમાં નથી.તેથી ભગવત્સેવા
કરવામાટે અનુકુળ હોય તેવા ઘરમાં રહીને શ્રીકૃષ્ણની સેવા કરવી
**(ભક્તિવર્ધિની ટીકા, શ્રીગોકુલનાથજી)**

# અધ્યાય ૭૨

### શ્રીસુબોધિનીજી અનુસાર અ.૬૯

## ભગવાને જરાસન્ધને ભીમદ્વારા માર્યો

### ચોથા સાત્વિક પ્રકરણનું બીજું સાધન પ્રકરણ અધ્યાય૨

**વિશેષ :** સગુણ સાત્વિકોનો નિરોધ કહ્યો. આ વખત એમનાં દુઃખ દૂર કરવાનો છે. આ બોતેરમા અધ્યાયમાં જરાસન્ધનો વધ કહેવાશે. એ બધા ક્લેશને મટાડશે ત્યારે બધા સાત્વિકો સુખી થશે. અહીં સાત્વિકોમાં રાજાઓ, યાદવો અને પાંડવો એ ત્રણ ભેદ છે. એમાં બેને તો- રાજાઓને કેદખાનામાંથી તથા શંકરના યજ્ઞમાં થનારા વધમાંથી છૂટવામાટે અને યાદવોને

જરાસન્ધ સામે જૂનું વેર હોવાથી જરાસન્ધનો વધ ઇચ્છિત છે પણ ભક્તો અને કર્મઠો ને એનો વધ ઇષ્ટ થાય તો પાંડવોનું ઇચ્છિત પૂરું કરવાને જરાસન્ધનો વધ યોગ્ય ગણાય. એમાં યજ્ઞમાટે તો બ્રાહ્મણને મારવાનું પણ વેદ કહે છે તો અહીં યજ્ઞનેમાટે જરાસન્ધને મારવા એ કાર્ય પાંડવોને દોષરૂપ નથી. એ તો ક્ષત્રિય છે, ભગવાન્થી વિમુખ છે, માત્ર બ્રાહ્મણનું હિત કરનાર છે તો પણ યજ્ઞાર્થ મારીએ તો બ્રાહ્મણો પણ તેમાં અનુકૂળ થશે.

**એકદા તુ સભામધ્યે આસ્થિતો મુનિભિર્વૃતઃ ।।**
**બ્રાહ્મણૈઃ ક્ષત્રિયૈર્વૈશ્યૈર્ભ્રાતૃભિશ્ચ યુધિષ્ઠિરઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : એક વખતે મુનિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને પોતાના ભાઈઓની સાથે યુધિષ્ઠિર રાજા સભામાં બેઠેલા હતા ।।૧।।

ત્યાં આચાર્યો, કુલવૃદ્ધો, જ્ઞાતિ, સમ્બન્ધી અને બાન્ધવો એ બધા સાંભળે તેમ રાજા આ પ્રમાણે બોલ્યા ।।૨।।

**ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું** : ''હે ગોવિન્દ! સર્વશ્રેષ્ઠ રાજસૂય યજ્ઞદ્વારા હું આપનું તથા આપની પરમ પાવન વિભૂતિસ્વરૂપ દેવતાઓનું યજન કરવા ચાહું છું.હેપ્રભો! આપ કૃપા કરી મારો આ સંકલ્પ સિદ્ધ કરો ।।૩।।

હે કમલનાભ પ્રભો! આપનાં ચરણકમલની પાદુકાઓ સમસ્ત અમંગલોનો નાશ કરનારી છે. જે લોકો નિરન્તર તેમની સેવા કરે છે, ધ્યાન અને સ્તુતિ કરે છે તે લોકો જ ખરી રીતે પવિત્રાત્મા છે. તેઓ જન્મમૃત્યુના ચક્કરમાંથી છુટકારો મેળવી લે છે અને જો તેઓ સાંસારિક વિષયોની ઇચ્છા કરે તો તેમને તેની પણ પ્રાપ્તિ થઈ જાય છે. પરન્તુ જેઓ આપના ચરણકમલોનું શરણ ગ્રહણ નથી કરતા તેમને મુક્તિ અને સાંસારિક ભોગો પણ મળતા નથી ।।૪।।

હે દેવતાઓના પણ આરાધ્ય દેવ! મારી એવી ઇચ્છા છે કે સંસારી લોકો આપના ચરણકમલની સેવાનો પ્રભાવ નજરે નિહાળે. હે પ્રભો! કુરુવંશી અને સૃંજયવંશી નરપતિઓમાં જે (પાંડવ વગેરે) લોકો આપની સેવા કરે છે અને (શિશુપાલ, દુર્યોધન, જરાસન્ધ વગેરે) જે આપની સેવા નથી કરતા તેમનાં ફલમાંનું અન્તર (અન્તર=તફાવત, તારતમ્ય. સેવકોને કીર્તિ, ધન, ધર્મ પ્રાપ્ત થાય છે અને વિમુખોને મરણ, માનભંગ ઠગાવું વગેરે) આપ જગતને બતાવવાની કૃપા કરો ।।૫।।

હે પ્રભો! આપ બધાના આત્મા, સમદર્શી અને સ્વયં આત્માનન્દનો અનુભવ કરનાર છો, સ્વયં બ્રહ્મ છો. આપમાં ''આ હું છું અને આ બીજો, આ મારું છે અને

આ પારકું'' આ પ્રકારનો ભેદભાવ નથી. છતાં જેમ કલ્પવૃક્ષનો આશ્રય લેનારને તેની ભાવના પ્રમાણે ફલ મળે છે તેમ જે લોકો આપની સેવા કરે છે તેમને પણ તેમની ભાવના પ્રમાણે જ ફલ મળે છે. તે ફલમાં જે ન્યૂનાધિક્તા હોય છે તે સેવાને અનુરૂપ જ હોય છે. તેથી આપને વિષમતા કે નિર્દયતા નો દોષ લાગતો નથી'' ।।૬।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** ''હે શત્રુ વિજયી ધર્મરાજ! આપનો નિશ્ચય સુન્દર છે. રાજસૂય યજ્ઞ કરવાથી આપની મંગલમય કીર્તિનો વિસ્તાર સમસ્ત લોકોમાં થશે ।।૭।।

હે રાજન્! આપનો આ મહાયજ્ઞ ઋષિઓ, પિતરો, દેવતાઓ, સગાસમ્બન્ધીઓ, અમે, કાલ તેમજ સમસ્ત પ્રાણીઓની મનપસન્દ વાત છે ।।૮।।

પૃથ્વી ઉપરના બધા રાજાઓને જીતી લઈ, આખી પૃથ્વીને પોતાને વશ કરી યજ્ઞને માટે આવશ્યક સમ્પૂર્ણ સામગ્રી તૈયાર કરીને, જેમ મૂર્તિમાંથી દેવને હૃદયમાં પધરાવે છે તેમ, તમે યજ્ઞદેવને અહીં પધરાવો ।।૯।।

હે મહારાજ! આપના ચારેય ભાઈઓ વાયુ, ઈન્દ્ર વગેરે લોકપાલોના અંશથી જન્મેલા છે. તે બધા મોટા શૂરવીર છે. આપ તો *જિતેન્દ્રિય છો જ. આપ લોકોએ પોતાના સદ્ગુણોથી મને વશ કરી લીધો છે. જે લોકોએ પોતાની ઇન્દ્રિયોઅનેમન ને વશ નથી કર્યા તેઓ મને વશ નથી કરી શક્તા ।।૧૦।।

**વિશેષ :** સર્વ શૃંગારથી સજ્જ થયેલ સ્ત્રી એક શયનમાં પુરુષની સાથે પૂર્ણ એક વરસ સુધી શયન કરે, પુરુષ પણ પોતે પુષ્ટ હોય, યુવાન હોય, કામભોગમાં તત્પર હોય છતાં મનથી પણ એ સ્ત્રીની ઈચ્છા ન કરે એનો સ્પર્શ પણ એને શિલાના સ્પર્શ જેવો લાગે, આવું એક વર્ષનું વ્રત તે 'અસિધારાવ્રત' કહેવાય. એ કરવાથી ભગવાન્ પ્રસન્ન થાય છે. યુધિષ્ઠિરને આ વ્રતથી જ ભગવાન્ વશ જણાય છે.

આ લોકમાં મોટામાં મોટા દેવ પણ તેજ, યશ, લક્ષ્મી અને ઐશ્વર્ય દ્વારા હુંજ જેનો સ્વામીછું તેવા મારા અનન્ય ભક્તનો પરાભવ કે તિરસ્કારનથી કરી શક્તા તોપછી કોઈ રાજા એનોપરાભવકેતિરસ્કાર કરી શકે તેનીતોસમ્ભાવનાજ ક્યાંથીહોય? ।।૧૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભગવાનની વાત સાંભળી યુધિષ્ઠિરનું હૃદય

આનન્દમગ્ન થઈ ગયું. તેમનું મુખકમલ પ્રફુલ્લિત થઈ ગયું. હવે તેમણે ભાઈઓને દિગ્વિજય કરવાની આજ્ઞા કરી. ભગવાન્ શ્રીકૃષ્ણે પાંડવોમાં પોતાના સ્પર્શમાત્રથી પોતાની શક્તિનો સંચાર કરી તેમને અત્યન્ત પ્રભાવશાળી બનાવી દીધા હતા ।।૧૨।।

ધર્મરાજ યુધિષ્ઠિરે સંજયવંશી વીરોની સાથે સહદેવને દક્ષિણ દિશામાં દિગ્વિજય કરવા મોકલ્યા. નકુલને મત્સ્ય દેશના વીરોની સાથે પશ્ચિમમાં. અર્જુનને કેકય દેશના વીરોની સાથે ઉત્તરમાં અને ભીમસેનને મદ્ર દેશના વીરોની સાથે પૂર્વદિશમાં દિગ્વિજય કરવાની આજ્ઞા આપી ।।૧૩।।

હે પરીક્ષિત! તે વીરોએ પોતાના બલપૌરુષથી દશે દિશાઓના રાજાઓને જીતી લીધા અને યજ્ઞ કરવાને તૈયાર થયેલ મહારાજ યુધિષ્ઠિરને પુષ્કળ ધન લાવી આપ્યું ।।૧૪।।

જ્યારે મહારાજ યુધિષ્ઠિરે સાંભળ્યું કે હજુ સુધી જરાસન્ધ જિતાયો નથી ત્યારે તે વિચારમાં પડી ગયા. તે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણે તેમને ઉદ્ધવજીએ પહેલાં જે બતાવ્યો હતો તે ઉપાય બતાવ્યો ।।૧૫।।

ત્યારબાદ ભીમસેન, અર્જુન અને ભગવાન્ શ્રીકૃષ્ણ બ્રાહ્મણનો વેશ ધારણ કરી ગિરિવ્રજ ગયા, જ્યાં જરાસન્ધની રાજધાની હતી ।।૧૬।।

રાજા જરાસન્ધ બ્રાહ્મણોનો ભક્ત તથા ગૃહસ્થોચિત ધર્મોનું પાલન કરવાવાળો હતો. ત્રણેય ક્ષત્રિય બ્રાહ્મણનો વેશ ધારણ કરી અતિથિ-અભ્યાગતોના સત્કાર કરવાને સમયે જરાસન્ધની પાસે ગયા અને તેની પાસે આ પ્રમાણે યાચના કરી ।।૧૭।।

''હે રાજન્! આપનું કલ્યાણ હો! અમે ત્રણેય આપના અતિથિ છીએ અને ઘણે દૂરથી આવ્યા છીએ. અમે અહીં ખાસ પ્રયોજનમાટે આવ્યા છીએ તેથી જે કંઈ આપની પાસે અમે માગીએ તે આપ અમને આપો ।।૧૮।।

સહનશીલ પુરુષોને શું અસહ્ય હોય? દુષ્ટ પુરુષો શુંનકરી શકે? ઉદાર પુરુષો શું ન આપી શકે? અને સમદર્શી પુરુષોમાટે પારકું કોણ છે? કેમકે એને તો બધા આત્મરૂપ હોય છે ।।૧૯।।

પોતે સ્વયં સમર્થ હોવા છતાં જે પુરુષ આ અનિત્ય શરીરથી સત્પુરુષને વર્ણન કરવા લાયક નિત્યયશને મેળવતો નથી તે આ લોકમાં નિન્દવા લાયક અને પરલોકમાં

હીન શરીર મળવાથી શોક કરવા લાયક થાય છે ।।૨૦।।

*હરિશ્ચન્દ્ર, રન્તિદેવ, ઉંછવૃત્તિ, શિબિ, બલિ, વ્યાધ, કપોત અને એવા ઘણા લોકો અતિથિઓને પોતાનું સર્વસ્વ આપીને આ નાશવાન્ શરીરદ્વારા અવિનાશી પદને પ્રાપ્ત કરી ચૂક્યા છે. તેથી આપ પણ અમને નિરાશ નહીં જ કરો'' ।।૨૧।।

**વિશેષ :** હરિશ્ચન્દ્ર સર્વસ્વ આપી ચાંડાળ થયો, રન્તિદેવ તૃષાથી મરતો હતો છતાં અન્ત્યજને જલ આપીને પોતે પ્રાણસંકટ વેઠ્યું. ઉંછવૃત્તિ પોતે ભૂખે મરતો હતો છતાં અનાજ બીજાને આપ્યું. શિબિએ કપોતને બચાવવા પોતાનું માંસ બાજપક્ષીને આપ્યું હતું. બલિરાજા વિષ્ણુને સર્વસ્વ આપીને પોતે સુતળમાં ગયા. વ્યાધ બ્રાહ્મણની રક્ષા કરવા ગયો. તેનું વાઘ ભક્ષણ કરી ગયો. કબૂતરને ત્યાં ચોર પરોણો આવ્યો. તેને જમાડવામાં પોતે પોતાનો દેહ અગ્નિમાં મૂકી એને આપી દીધો. આ બધાં દૃષ્ટાન્તો શ્રીમદ્ભાગવત, પંચતન્ત્ર અને મહાભારતમાં છે.

**શ્રીશુકદેવજી બોલ્યા :** (મેઘના જેવો ગમ્ભીર) સ્વર અને (ઘૂંટણ સુધીના લાંબા બાહુવાળી) આકૃતિ ઉપરથી તથા ધનુષની પણછ વારંવાર ઘસાવાથી કાંડાં ઉપર પડેલા આંકાના ચિહ્નો જોઈને જરાસન્ધે ઓળખી કાઢ્યા કે આ બ્રાહ્મણો નથી પણ ક્ષત્રિયો છે અને પહેલાં એમને કોઈ જગ્યાએ જોયા છે ।।૨૨।।

પછી મનમાં ને મનમાં વિચાર કર્યો કે આ લોકો ક્ષત્રિય હોવા છતાં (મારા ભયથી) બ્રાહ્મણનો વેશ લઈને આવ્યા છે. જ્યારે તેઓ ભિક્ષા માગવાની હદ સુધી જવા તૈયાર થયા છે ત્યારે તેઓ જે માગે તે હું તેમને આપીશ. યાચના કરવામાં આવે તો મારો અત્યન્ત વ્હાલો અને દુસ્ત્યજ દેહ પણ આપવામાં હું આનાકાની નહીં કરું ।।૨૩।।

વિષ્ણુ ભગવાને બ્રાહ્મણનો વેશ ધારણ કરી બલિરાજાનું ધન, ઐશ્વર્ય વગેરે બધું છીનવી લીધું છતાં બલિની પવિત્ર કીર્તિ ચારે તરફ ફેલાયેલી છે અને આજે પણ લોકો ઘણા જ આદરપૂર્વક તેનું ગાન કરે છે ।।૨૪।।

એ વાત તો નક્કી છે કે વિષ્ણુ ભગવાને દેવરાજ ઈન્દ્રની રાજલક્ષ્મી બલિ પાસેથી હરી લઈ તેને પાછી આપી દેવામાટે જ બ્રાહ્મણનું વામનરૂપ ધારણ કર્યું હતું. દૈત્યરાજ બલિને આ વાતની ખબર પણ પડી ગઈ હતી અને શુક્રાચાર્યજીએ તેને તેમ કરતાં રોક્યો પણ ખરો; પણ તેણે તો પૃથ્વીનું દાન કરી જ દીધું ।।૨૫।।

મારો તો એ પાકો નિશ્ચય છે કે આ શરીર નાશવન્ત છે. આ શરીરથી જે વિપુલ યશ નથી કમાતો અને જે ક્ષત્રિય બ્રાહ્મણને માટે જ જીવન ધારણ નથી કરતો તેનું

તો જીવવું જ વ્યર્થ છે ॥૨૬॥

હે પરીક્ષિત! ખરેખર જરાસન્ધની બુદ્ધિ ઘણી ઉદાર હતી. અને ભીમસેનને કહ્યું, ''હે બ્રાહ્મણો! આપ લોક તમારી ઈચ્છા હોય તે માગો. આપ (બ્રાહ્મણો) ને જોઈએ તો હું મારું માથું આપવાને પણ તૈયાર છું'' ॥૨૭॥

**ભગવાન્ શ્રીકૃષ્ણ બોલ્યા** : હે રાજન્! તમે આપવાને તૈયાર હો તો અમને દ્વન્દ્વયુદ્ધ આપો. અમે રાજાઓ યુદ્ધ માગવાને આવ્યા છીએ; અમે અન્ન માગનાર બ્રાહ્મણો નથી ॥૨૮॥

આ પૃથાનો પુત્ર ભીમસેન છે. આ તેનો ભાઈ અર્જુન છે. એ બન્નેના મામાનો પુત્ર અને તમારો શત્રુ હું કૃષ્ણ છું એમ જાણી લો ॥૨૯॥

જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે આ પ્રમાણે પોતાનો પરિચય આપ્યો ત્યારે *મગધરાજ જરાસન્ધ ખડખડાટ હસી પડ્યો અને ક્રોધ કરીને બોલ્યો, અરે મૂર્ખાઓ! જો તમારે યુદ્ધ જ જોઈતું હોય તો લ્યો હું તમારી પ્રાર્થના સ્વીકારું છું ॥૩૦॥

**વિશેષ** : ભગવાનને જોઈને તેને ભગવાનના સ્વરૂપ સામર્થ્યથી ભક્તિ કેમ ઉત્પન્ન ન થઈ? તિરસ્કાર કેમ કર્યો? તેનું સમાધાન એ છે કે તે માગધ-મગધ દેશનો રાજા હતો અનેમગધ દેશ આસુરી છે. ભક્તિ ઉત્પન્ન થવામાં દેશ, સ્થળ પણ ભાગ ભજવેછે.

પરન્તુ કૃષ્ણ! તું તો ઘણો *બીકણ છે. યુદ્ધમાં તું ગભરાઈ જાય છે. (નીતિ તો એમ કહે છે કે આપત્તિમાં પણ સ્વદેશ છોડવો ન જોઈએ પણ) તેં તો મારા ડરથી પોતાની નગરી મથુરા પણ છોડી દીધી અને સમુદ્રમાં શરણ લીધું છે તેથી હું તારી સાથે તો નહીં લડું ॥૩૧॥

**વિશેષઃ ''ન ત્વયાऽભીરુણા યોત્સ્યે!''** ભગવાનને ગાળ દેવામાં કદાપિ સરસ્વતી પ્રવૃત્ત ન થાય. એટલે સાચો અર્થ એ છે કે આપ તો સદા **અભીરુ** અર્થાત્ બીકણ નહીં પણ નીડર છો. આપની સાથે લડવાનું મારું ગજું ક્યાંથી હોય? હા, બીકણ હોવાનું ક્યારેક નાટક કરો છો તે તો લીલામાટેજ.

આ અર્જુન યોદ્ધોછે ખરો પણ ઉંમરમાં તે મારાથી નાનો છે. બીજું તે ખાસ બળવાન્ પણ નથી તેથી તે પણ મારો બરોબરિયો વીર ન કહેવાય. એની સાથે પણ હું નહીં લડું. બાકી રહ્યો ભીમસેન. એ મારા જેટલો બળવાન તેમ જ મારો બરોબરિયો છે* ॥૩૨॥

**વિશેષ :** ખરી રીતે તો નરનારાયણ (અર્જુન અને કૃષ્ણ) નો ત્યાગ કરી પોતે કાલની કન્યા, જરાનો પુત્ર હોવાથી મુખ્ય પ્રાણ (ભીમ) ને જ પોતાની સમાન માને છે. 'જરા' નામની રાક્ષસીએ જરાસન્ધને જીવતો કર્યો હતો. (મહાભારત સભાપર્વ અ. ૧૭-૧૮)

એમ કહી જરાસન્ધે ભીમસેનને એક ભારે મોટી ગદા આપી અને પોતે બીજી ગદા લઈ (ઘરમાં ઘરના માલિકનું બળ વધારે હોય માટે તે છોડી) નગરની બહાર નીકળ્યો ।।૩૩।।

હવે બન્ને રણોન્મત્ત વીરો અખાડામાં સામસામે આવી ગયા અને પોતાની વજ્ર જેવી કઠોર ગદાઓથી એક બીજા ઉપર પ્રહાર કરવા લાગ્યા ।।૩૪।।

તેઓ જમણા-ડાબા જાતજાતનાં પેંતરા બદલતા હતા ત્યારે જાણે કે બે શ્રેષ્ઠ નટ રંગમંચ ઉપર યુદ્ધનો અભિનય કરી રહ્યા હોય તેવા શોભાયમાન થઈ રહ્યા હતા ।।૩૫।।

હે પરીક્ષિત! જ્યારે એકની ગદા બીજાની ગદા સાથે ટકરાતી ત્યારે એમ લાગતું હતું કે જાણે યુદ્ધ કરતા બે હાથીઓના દાંત આપસમાં અથડાઈ ટકરાતા હોય અથવા વીજળીના કડાકા થતા હોય ।।૩૬।।

જ્યારે બે હાથી ક્રોધે ભરાઈ લડવા લાગે છે અને આકડાના વૃક્ષની ડાળીઓ તોડી-તોડી એક બીજા ઉપર ફેંકે છે ત્યારે એક બીજાની ચોટથી તે ડાળીઓના ચૂરેચૂરા થઈ જાય છે તેવી જ રીતે જ્યારે જરાસન્ધ અને ભીમસેન ભારે વેગથી ગદા ચલાવી-ચલાવી એક બીજાના ખભા, કમર, પગ, હાથ, સાથળ અને ગળાની હાંસડી ઉપર પ્રહાર કરવા લાગ્યા ત્યારે તેમની ગદાઓના તેમનાં અંગો સાથે ટકરાઈ-ટકરાઈને ભૂકે-ભૂકા ઊડી ગયા. (તેમનાં શરીર ગદા કરતાં વધારે કઠોર હતાં) ।।૩૭।।

એવી રીતે જ્યારે બેઉ ગદાઓનો ભૂકો થઈ ગયો ત્યારે બન્ને વીર ક્રોધે ભરાઈને લોઢા જેવા પોતાના કઠોર મુક્કાઓથી પ્રહાર કરવા લાગ્યા. પ્રહાર કરતાં તે બેઉનો અવાજ બે હાથીઓની ગર્જના જેવો થયો અને મુષ્ટિ-મૂઠી મારવાથી થયેલો અવાજ વીજળીના પડવા સાથેના વજ્રથી પણ કઠોર થયો ।।૩૮।।

હે રાજન્! જરાસન્ધ અને ભીમસેન બન્નેના ગદાયુદ્ધમાં તાલીમ, બલ અને પરાક્રમ સરખાં હતાં. આ પ્રમાણે સતત લડવા છતાં બેમાંથી કોઈનો વેગ ઓછો થયો નહીં. તેથી ન તો કોઈની જીત થઈ કે ન તો હાર થઈ* ।।૩૯।।

**વિશેષ :** આ પછી ૩૯-૪૦ એ બે શ્લોકની વચ્ચે **''એકદા માતુલેયમ્''** એ શ્લોક કેટલીક

પ્રાચીન પ્રતોમાં છે પણ શ્રીસુબોધિનીજીમાં એ ન હોવાથી અહીં લીધો નથી. એનો અર્થ આ છે. હે રાજન્! અઠ્ઠાવીસમે દિવસે ભીમસેને પોતાના મામાના પુત્ર શ્રીકૃષ્ણને વિનન્તિ કરી કે ''હે માધવ! યુદ્ધમાં જરાસન્ધને જીતવાનું મારામાં સામર્થ્ય નથી'' ।।૩૯ અ.।।

ભગવાન્ શ્રીકૃષ્ણ જરાસન્ધના જન્મ અને મૃત્યુ નું રહસ્ય જાણતા હતા અને એ પણ જાણતા હતા કે 'જરા'નામની રાક્ષસીએ જરાસન્ધના શરીરનાં બે ફાડિયાંને જોડીને તેને જીવનદાન દીધું છે. તેથી આપે ભીમસેનના શરીરમાં પોતાની કાલશક્તિ મૂકી (કારણ કે કાલની કન્યા જરા કરતાં કાલશક્તિ વધારે બળવાન્ છે.) અને જરાસન્ધના વધનો વિચાર કર્યો ।।૪૦।।

હે પરીક્ષિત! ભગવાનનું જ્ઞાન અબાધ છે, આપનો નિર્ણય કદી ખોટો હોતો નથી. હવે આપે તેના મૃત્યુનો ઉપાય જાણી લઈ એક વૃક્ષની ડાળીને બરાબર વચમાંથી ચીરી નાખી અને જરાસન્ધને પણ તેમ ચીરી નાખવા ભીમસેનને ઈશારો કર્યો ।।૪૧।।

વીર શિરોમણિ અને પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ ભીમસેન ભગવાન્ શ્રીકૃષ્ણનો અભિપ્રાય સમજી ગયા અને જરાસન્ધના પગ પકડી તેને ધરતી ઉપર પછાડી દીધો ।।૪૨।।

પછી તેના એક પગને પોતાના પગની નીચે દબાવ્યો અને બીજાને પોતાના બન્ને હાથોથી પકડી લીધો. ત્યાર પછી ભીમસેને તેને, જેવી રીતે ગજરાજ વૃક્ષની ડાળીને ચીરી નાખે તેમ ગુદાએથી ચીરી નાખ્યો ।।૪૩।।

લોકોએ જોયું કે જરાસન્ધના શરીરનાં બે ઊભાં ફાડિયાં થઈ ગયાં છે અને આ પ્રમાણે તેના એક-એક પગ, જાંઘ, વૃષણ, કમર, પીઠ, સ્તન, ખભો, ભુજા, નેત્ર, ભવું અને કાન અલગ-અલગ થઈ ગયાં છે ।।૪૪।।

મગધેશ્વર મર્યો ત્યારે મોટો હાહાકાર થયો. અર્જુન અને શ્રીકૃષ્ણ ભીમને શાબાશી આપી એને આલિંગન કરવા લાગ્યા* ।।૪૫।।

**વિશેષ** : ભગવાને ભીમની પ્રશંસા કરી તેને આલિંગન કર્યું. પ્રશંસાથી ગર્વ થાય છે અને ગર્વથી તેજ જતું રહે છે. ભગવાને ભીમનું આલિંગન કરી તેનામાં મૂકેલી પોતાની શક્તિ પાછી ખેંચી લીધી.

**સહદેવં તત્તનયં ભગવાન્ ભૂતભાવનઃ।**
**અભ્યષિંચદમેયાત્મા મગધાનાં પતિં પ્રભુઃ।**

**મોચયામાસ રાજન્યાન્ સંરુદ્ધા માગધેન યે ।।૪૬।।**

પ્રાણીમાત્રનું પાલન કરનાર, જેના અભિપ્રાયની કોઈને ખબર પડતી નથી તેવા સર્વશક્તિમાન ભગવાને જરાસન્ધના પુત્ર સહદેવનો જરાસન્ધની ગાદી ઉપર અભિષેક કર્યો એને મગધનો રાજા બનાવ્યો અને માગધે જે રાજાઓને કેદ કર્યા હતા તેમને કારાવાસમાંથી મુક્ત કરાવ્યા ।।૪૬।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના બીજા સાધન-પેટા પ્રકરણનો વીર્યરૂપ બીજો) ''ભગવાને જરાસન્ધનો ભીમદ્વારા માર્યો''નામનો (ઉત્તરાર્ધનો ત્રેવીસમો અને ચાલુ) બોતેરમો (પ્રક્ષિપ્તત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ઓગણ્યોસિત્તેરમો) અધ્યાય સમ્પૂર્ણ.**

**દાને હિ ન સ્વવિનિયોગઃ**

પ્રભુને દાન-ભેટસ્વરૂપે અર્પણ કરેલ વસ્તુ દેવદ્રવ્ય બની જાયછે. દેવદ્રવ્યનો ઉપયોગ (પ્રસાદ સ્વરૂપે પણ) પોતાનાથી કરી શકાતો નથી. પરન્તુ પોતાના માથે બિરાજતા પ્રભુની સેવામાં સમર્પિત કરાતી વસ્તુદેવદ્રવ્ય બનતી નથી તેથી મહાપ્રસાદ તરીકે પોતાના ઉપયોગમાં લઈ શકાય છે.

**(નવરત્ન, શ્રીપ્રભુચરણકૃત વિવૃ.પર શ્રીપુરુષોત્તમજીની વિવૃતિ)**

# અધ્યાય ૭૩

### શ્રીસુબોધિનીજી અનુસાર અ.૭૦

## ભગવાને રાજાઓને મુક્ત કરી એમને ઉપદેશ આપ્યો

### ચોથા સાત્વિક પ્રકરણનું બીજું સાધન પ્રકરણ અધ્યાય૩

**વિશેષ :** આ તોતેરમા અધ્યાયમાં જે રાજાઓને કેદમાંથી છોડ્યા તેમને ભગવાને જ્ઞાન આપીને એમનું અજ્ઞાન દૂર કર્યું અને એમને એવો ઉપદેશ કર્યો કે પ્રયત્ન વિના પ્રાપ્ત થતા પદાર્થોથી સમૃદ્ધિ પ્રાપ્ત કરવી. પોતાના ધર્મથી તેઓ પુષ્ટ ન થાય તો તેમનો નિરોધ કરવો નિરર્થક થાય તેથી ભગવાને એમનો નિરોધ સાર્થક કરવા એમને જ્ઞાન અને રાજ્ય આપ્યાં. તેઓ રાજના

મદમાં અન્ધ બની ભગવાનને ન ભૂલે એ માટે જ્ઞાનનું દાન કર્યું.

**અયુતે દ્વે શતાન્યષ્ટૌ લીલયા યુધિ નિર્જિતાઃ ।।**
**તે નિર્ગતા ગિરિદ્રોણ્યાં મલિના મલવાસસઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! જરાસન્ધે અનાયાસે જ વીસ હજાર *આઠસો રાજાઓને જીતી લઈ પહાડોની ઘાટીઓમાં એક કિલ્લામાં કેદ કરી રાખ્યા હતા. ભગવાન્ શ્રીકૃષ્ણે તેમને છોડી મૂકતાં તેઓ જ્યારે તેમાંથી બહાર નીકળ્યા ત્યારે તેમનાં શરીર અને કપડાં મેલાં હતાં ।।૧।।

**વિશેષ** : જરાસન્ધની યોજના એવી હતી કે કેદ કરવામાં આવેલા રાજાઓની સંખ્યા પૂરી એકવીસ હજાર થાય કે તરત જ પ્રમથનાથ (શિવજી) નો યજ્ઞ કરી તે નરમેધ યજ્ઞમાં એકવીસેય હજાર રાજાઓને હોમી દેવા. પણ દામોદર લીલા (શ્રીભાગવત ૧૦।૯।૧૫, ૧૬) જેમ શ્રીકૃષ્ણને બાંધવામાટે દોરડું બે આંગળ ઘટ્યું હતું બાંધવામાં આવનાર ભગવાન્ શ્રીકૃષ્ણ ઈશ્વર હતા તેમનો કુદરતી ગુણ ઈશ્વરત્વ અને બાંધનાર યશોદાજીનો કુદરતી ગુણ દાસત્વ પ્રતિબન્ધક હોવાથી દોરડું બે આંગળ ઘટ્યું હતું અહીં કેદ કરવામાં આવેલા રાજાઓનો ધર્મ ભગવદીયપણું અને કેદ કરનાર જરાસન્ધનો ધર્મ આસુરત્વ-આ ઉભયનિષ્ઠ બન્નેમાં રહેલ; બે ધર્મો પ્રતિબન્ધક થયા તેથી રાજાઓની સંખ્યા બસો ઓછી જ રહેતી આવી; અસુરે કરવા ધારેલ પ્રમથનાથના યજ્ઞમાં ભગવદીયો-ભગવાનના થઈ ચૂકેલા જીવો હણી શકાય જ નહિ. તે સંખ્યા પૂરી થયા પહેલાં ભગવાને એમને મુક્તિ આપી. એ રાજાઓ સગુણ છે. તેમાંથી નિર્ગુણ થવામાટે નવ શ્લોકથી સ્તુતિ કરે છે, જેથી તે ગુણથી પર એટલે નિર્ગુણ થાય. પ્રથમ શ્લોકમાં પ્રાર્થના, બીજામાં મત્સરનો અભાવ, ત્રીજામાં રાજ્ય ગયું એનું અનુમોદન, ચોથામાં યુક્તિ, પાંચમામાં પોતાના દોષનું કથન, છઠ્ઠામાં સ્વભાગ્ય-અભિનન્દન, સાતમામાં પ્રાર્થના, આઠમામાં પોતાનો અધિકાર, નવમાંથી ભગવાનનો ઉપદેશ-આ શ્લોકોનો ક્રમ સમજવો.

તેઓ ભૂખથી દૂબળા થઈ ગયા હતા અને તેમનાં મોં સુકાઈ ગયા હતાં. જેલમાં બન્દી રહેવાને લીધે તેમનાં શરીરનું એકે એક અંગ ઢીલું પડી ગયું હતું. ત્યાંથી નીકળતાં જ રાજાઓએ જોયું કે સામે ભગવાન્ શ્રીકૃષ્ણ ઊભા છે. વર્ષાઋતુના મેઘના જેવું એમનું સાંવલું સલૂણું શરીર છે અને તેના ઉપર પીળા રંગનું રેશમી વસ્ત્ર ફરફરી રહ્યું છે ।।૨।।

ચાર ભુજાઓછે જેમાં ગદા, શંખ, ચક્ર અને કમલ શોભી રહ્યાંછે. વક્ષઃસ્થલ ઉપર સોનેરી રેખા-શ્રીવત્સનું ચિહ્ન છેઅને કમલના અન્દરના ભાગ જેવાં કોમલ

રતનાળાં નેત્ર છે. સુન્દર વદન પ્રસન્નતાનું સદનછે. કાનોમાં મકરાકૃતિ કુંડલ ઝગમગી રહ્યાંછે. સુન્દર મુગટ,મોતીઓનો હાર,કડાં,કન્દોરા અને બાજુબન્ધ પોત-પોતાને સ્થાને શોભી રહ્યાંછે ।।૩-૪।।

ગળામાં કૌસ્તુભ મણિ ઝગમગી રહ્યો છે અને વનમાલા લટકી રહી છે. ભગવાન્ શ્રીકૃષ્ણને જોઈ એ રાજાઓની એવી સ્થિતિ થઈ ગઈ જાણે કે બન્ને નેત્રોથી તેઓ (બાળક જેમ બેઉ હાથે ભોજન કરે તેમ) આપને પી રહ્યા છે. જીભથી ચાટી રહ્યા છે, નાસિકાથી સૂંઘી રહ્યા છે અને બાહુઓથી આલિંગન કરી રહ્યા છે. એમનાં તમામ પાપ તો ભગવાનનાં દર્શનથી જ નાશ પામી ગયા હતાં. તેમણે ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણો ઉપર પોતાનાં મસ્તક મૂકી પ્રણામ કર્યા ।।૫-૬।।

શ્રીકૃષ્ણના દર્શનનો આનન્દ એટલો બધો આવ્યો કે તેઓ કેદનાં દુઃખોને ભૂલી ગયા અને એ રાજાઓ હાથ જોડી વાણીવડે ઈન્દ્રિયોના નિયામક ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા ।।૭।।

**રાજાઓએ કહ્યું :** ‘‘હે દેવોના દેવો (કાલ વગેરે) ના નિયામક! હે શરણાગતોના તમામ દુઃખ દૂર કરનાર નિર્વિકાર શ્રીકૃષ્ણ! અમે આપને નમસ્કાર કરીએ છીએ. આપે અમને જરાસન્ધના કારાગારમાંથી તો છોડાવી જ દીધા, હવે આ જન્મ-મૃત્યુરૂપ ઘોર સંસારચક્રમાંથી પણ છોડાવી દો, કારણ કે અમે સંસારમાં દુઃખનો કટુ અનુભવ કરી તેનાથી કંટાળી ગયા છીએ અને આપને શરણે આવ્યા છીએ. હે પ્રભો! આપ અમારી રક્ષા કરો ।।૮।।

હે મધુસૂદન! સ્વામી! જરાસન્ધે અમને આપની પ્રાપ્તિ કરાવી આપી તે તેણે અમારા ઉપર મહાન ઉપકાર જ કર્યો છે એટલે અમે જરાસન્ધનો દોષ જોતા નથી. હે ભગવન્! અમે અમારી જાતને રાજા કહેવડાવનારાની રાજ્યલક્ષ્મી ચાલી ગઈ એ તો આપનો અનુગ્રહ જ માનીએ છીએ. અમારું ઈષ્ટસાધક રાજ્ય દૂર થઈ ગયું. તેની ખોટ આપ જ અમને સાલવા નહિ જ દો કારણ કે આપ વિભુ-સમર્થ છો ।।૯।।

રાજા, ‘‘હું ઈશ્વર-શક્તિશાળી છું, ફાવે તેમ કરીશ એવા’’ ઐશ્વર્યના મદથી મત્ત થઈ પોતાનું કલ્યાણ-ધર્મ વગેરે નથી જાણી શક્તો કે નથી પ્રાપ્ત કરી શક્તો. સમ્પત્તિથી ધર્મ થઈ શકે છે એ વાત સાચી પણ જો તે સમ્પત્તિ સમૂલ હોય, ધર્મ મૂલક હોય તો. સમ્પત્તિ ધર્મમૂલક ન હોય, અધર્મથી તે પ્રાપ્ત કરેલી હોય તો તે થોડા જ સમયમાં નાશ પામે છે. પણ આપની માયાથી મોહિત થઈ ગયેલ રાજા સમ્પત્તિને

નિત્ય અને અચલ માને છે ।।૧૦।।

જેવી રીતે વિવેક શૂન્ય સાર અને અસાર નો ભેદ ન સમજનારા લોકો મૃગતૃષ્ણાના જલને જ જલાશય માની લે છે તેવી જ રીતે આપના ચરણારવિન્દમાં જેમની લય નથી લાગતી તેઓ આ રોજ પરિવર્તન પામતી રંગ બદલતી માયાને જ સત્ય વસ્તુ માની લે છે ।।૧૧।।

પહેલાં અમે લક્ષ્મી ના મદથી આન્ધળા બની જઈ આ પૃથ્વીને જીતી લેવાની ઈચ્છાથી એક બીજાની સ્પર્ધા કરતા હતા, હે પ્રભો! મૃત્યુરૂપમાં આગળ ઊભેલા આપની અવગણના કરી તેમની પ્રજાનો નિર્દયતાપૂર્વક નાશ અને અમારી પ્રજાનો ખોટો દંડ વગેરે કરી તેમને ત્રાસ આપી રહ્યા હતા ।।૧૨।।

હે સચ્ચિદાનન્દ સ્વરૂપ શ્રીકૃષ્ણ! (જેને છેતરીને તેનાથી બચવા બીજે સ્થળે ભાગી જઈ ન શકાય તેવો) કાલનો વેગ ગમ્ભીર છે. જેનો સામનો ન થઈ શકે અને જે ટાળ્યો ટાળી ન શકાય તેવો તે બળવાન છે. કેમ ન હોય? એ કાળ પણ આપનું શરીર જ છે. અત્યારે તેણે અમને શ્રીહીન-નિર્ધન કરી દીધા છે. આપની કૃપાથી અમારો ઘમંડ દૂર થઈ ગયો. હવે અમે આપના *ચરણકમલોનું સ્મરણ કરીએ છીએ ।।૧૩।।

**વિશેષ** : જિજ્ઞાસા અને આર્તિ એ ભક્તના અધિકારસૂચક બે ધર્મ રાજાઓમાં ભગવાને જોયા ત્યારે સાત્વિકનું મુખ્ય શાસ્ત્ર ભગવાનના છ ગુણ પ્રતિપાદક છે તે એમને કહ્યું. એમાં પોતાના છ ગુણો જે સર્વત્ર દુર્લભ છે તે કહ્યા તેનો આ પ્રમાણે ક્રમ સમજવો; પહેલામાં ભક્તિનું દાન, બુદ્ધિની પ્રશંસા, રાજ્યમાં દોષ, તેની ઉપર કૃપા કરી, ત્રણ ઋણથી મુક્તિ અને વૈરાગ્ય એ છ ગુણ છ શ્લોકથી કહ્યા તેનાથી ભક્તને ભગવાનની પ્રાપ્તિ થાય છે. જરાસન્ધથી રાજાઓનાં શરીરોને છોડાવીને હવે એમના આત્માને સંસારથી મુક્ત કરવાને માટે ભગવાન્ કહે છે.

(જેને તાવ આવ્યો હોય તેને જ ભોજન નુકસાન કરનારું હોય છે તેવી રીતે દોષવાળાઓને જ રાજ્ય અનર્થના કારણરૂપ છે. અત્યારે દોષ દૂર થઈ ગયેલા હોવાથી આનન્દથી રાજ કરો એમ કોઈ કહે તો કહે છે કે) હે વિભો! આ શરીર રોજ-રોજ ક્ષીણ થતું જ રહે છે. રોગોની તો એ જન્મભૂમિ જ છે. હવે અમને આ શરીરથી ભોગવી શકાય તેવા રાજ્યની અભિલાષા નથી કારણ કે અમે જાણી ગયા છીએ કે તે મૃગતૃષ્ણાના જલના જેવું બિલકુલ મિથ્યા છે. એટલું જ નહિ, મૃત્યુ પછી મળનારા કર્મના ફલ સ્વર્ગ વગેરે લોકની પણ ઈચ્છા નથી, કારણ કે અમે જાણીએ છીએ કે તે

નિસ્સાર (સ્પર્ધા અને અસૂયાવાળા) છે. માત્ર સાંભળવામાં જ આકર્ષક લાગે છે ।।૧૪।।

અમારે સંસારની કોઈપણ યોનિમાં ભલે જન્મ લેવો પડે પણ આપ હવે કૃપા કરીને એવો ઉપાય બતાવો કે આપના ચરણકમલોનું સ્મરણ કદીયે ન ભુલાય, અખંડ સ્મરણ થયાકરે ।।૧૫।।

(ભગવાનને આદર પૂર્વક માત્ર નમસ્કાર કરવામાં આવે તો તેનાથી બધાં કાર્યોની સિદ્ધિ થઈ જાય છે તેમ જણાવવા ભગવાનના છ ગુણ જણાવવા છ નામો વાપરી નમસ્કાર કરે છે) પ્રણામ કરનારાઓના સમસ્ત ક્લેશનો નાશ કરનાર (વીર્ય), શ્રીકૃષ્ણ (વૈરાગ્ય), વાસુદેવ (જ્ઞાન), હરિ (શ્રી), પરમાત્મા (યશ), ગોવિન્દ (ઐશ્વર્ય), ને વારંવાર નમસ્કાર છે'' ।।૧૬।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! જેલમાંથી છોડાવાયેલા રાજાઓએ જ્યારે આ પ્રમાણે કરુણાવરુણાલય ભગવાન્ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી ત્યારે શરણાગતરક્ષક (શરણે આવેલાની રક્ષા કરવી એ જેનો સહજ સ્વભાવ છે તેવા) પ્રભુએ અત્યન્ત મધુરવાણીથી તેમને કહ્યું ।।૧૭।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** ''હે નરપતિઓ! તમે જેવી ઈચ્છા પ્રગટ કરી છે તે પ્રમાણે આજથી તમારી મારામાં સુહૃદ ભક્તિ ચોક્કસ થશે. એ જાણી લો કે હું બધાનો આત્મા અને સ્વામી છું ।।૧૮।।

તમે જે નિશ્ચય કર્યો છે તે ખરેખર તમારામાટે મહાન સૌભાગ્ય અને આનન્દની વાત છે. તમે મને જે કંઈ કહ્યું છે તે બિલકુલ સાચું છે, કારણ કે હું જોઉં છું કે ધનસમ્પત્તિ અને ઐશ્વર્ય ના મદથી મત્ત થઈ ગયેલા ઘણા લોકો ઉચ્છૃંખલ અને મતવાલા થઈ જાય છે ।।૧૯।।

હૈહય(સહસ્રાર્જુન), યયાતિના પિતા નહુષ, વેન, રાવણ, નરકાસુર તથા હિરણ્યકશિપુ વગેરે બીજા, (નહુષ વગેરે) દેવો, (હિરણ્યકશિપુ વગેરે) દૈત્યો અને (સહસ્રાર્જુન વગેરે) નરપતિઓને તેમના (રાજ્ય)લક્ષ્મીના મદ અને સ્થાન (શરીર) થી ભ્રષ્ટ કરાવવામાં આવ્યા છે(અર્થાત્ રાજ્ય અને દેહ બન્ને તેમને છોડવાં પડ્યા છે)* ।।૨૦।।

**વિશેષ :** સહસ્રાર્જુનનો મદ પરશુરામજીએ, નહુષનો ઈન્દ્રાણીએ, વેનનો બ્રાહ્મણોએ, રાવણનો શ્રીરામે, નરકાસુરનો મેં (ભગવાન્ શ્રીકૃષ્ણે) અને હિરણ્યકશિપુનો શ્રીનરસિંહ

ભગવાને દૂર કર્યોહતો.

તમે આટલી વાત સમજી લો કે દેહ, રાજ્ય વગેરે પેદા થાય છે તેથી તેમનો નાશ પણ ચોક્કસ થવાનો છે. તેથી તેમની આળપમ્પાળ કર્યા વિના, તેમની રક્ષાને માટે બહુ પ્રયત્ન કર્યા વિના, તેમાં વૈરાગ્ય રાખી, યજ્ઞોદ્વારા મારું યજન કરો અને ધર્મપૂર્વક પ્રજાની રક્ષા કરો ।।૨૧।।

તમે તમારી વંશ પરમ્પરાની રક્ષાને માટે, ભોગને માટે નહિ, સન્તાન ઉત્પન્ન કરો અને પ્રારબ્ધ પ્રમાણે સુખ અને દુઃખ, લાભ અને હાનિ જે-જે આવી મળે તેનું સમાન ભાવથી મારો પ્રસાદ સમજી સેવન કરો અને પોતાનું ચિત્ત મારામાં રાખી, જીવન વિતાવો ।।૨૨।।

અને દેહ, ઘર ધન અને સગાં સમ્બન્ધીઓ પ્રત્યે ઉદાસીન રહી (અર્થાત્ તેમનામાં રાગદ્વેષ રાખ્યા વિના) આત્મામાં જ રમણ કરો અને ભગવદ્વ્રતોનું પાલન કરતા રહો. તમારું મન તમે મારામાં સારી રીતે લગાડી અન્તમાં તમે લોકો મને બ્રહ્મસ્વરૂપને જ પ્રાપ્ત થશો'' ।।૨૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** ભક્તોને સુખ આપવામાટે જ જેમણે અવતાર લીધો છે તેવા સદાનન્દ શ્રીકૃષ્ણે રાજાઓને તે પ્રમાણે આજ્ઞા આપી તે રાજાઓનો શ્રમ દૂર કરવા નવરાવવા પુરુષોને નીમ્યા અને શૃંગાર કરવા સ્ત્રીઓને મોકલી ।।૨૪।।

હે પરીક્ષિત! જરાસન્ધના પુત્ર સહદેવદ્વારા એમને, રાજાને યોગ્ય વસ્ત્રો, આભૂષણો, માલા, ચન્દન વગેરે અપાવી એમનું ખૂબ સન્માન કરાવ્યું ।।૨૫।।

પછી તેમને સુન્દર ભોજન કરાવી, સાંજે ફરીથી સ્નાન કરાવરાવી, વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત કરાવી, રાજાને યોગ્ય વિવિધ નૃત્યગીત વગેરેથી તેમનું મનોરંજન કરાવી તામ્બૂલ વગેરેથી તેમનું સન્માન કર્યું ।।૨૬।।

હવે ભગવાન્ શ્રીકૃષ્ણે સ્વયં તેમનું મધુર ભાષણ વગેરેથી સન્માન કર્યું એટલે વરસાદથી ધૂલિ કણો દૂર થઈ જતાં ગ્રહો વરસાદ પછી જેમ વધારે પ્રકાશે છે તેમ રાજાઓ, ક્લેશ ભોગવ્યા પછી પાપોનો નાશ થઈ જવાથી, વધારે તેજસ્વી થયા ।।૨૭।।

પછી ભગવાન્ શ્રીકૃષ્ણે તેમને સુવર્ણ અને મણિઓ થી ભૂષિત અને ઉત્તમ અશ્વોયુક્ત રથોમાં બેસાડ્યા, તેમને મધુર વાણીથી તૃપ્ત કર્યા અને પોત-પોતાને દેશ પહોંચાડ્યા ।।૨૮।।

આ પ્રમાણે મહાત્માઓના *શિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણે તે રાજાઓને મહાન કષ્ટમાંથી છોડાવ્યા. હવે તેઓ જગત્પતિ ભગવાન્ શ્રીકૃષ્ણના ગુણ, ઉપકાર, સન્માન, અપૂર્વ ઉદારતા વગેરેનું ચિન્તન કરતા-કરતા પોતપોતાની રાજધાનીઓમાંગયા ।।૨૯।।

**વિશેષઃ સુમહાત્મનાઃ** મહાત્મા-(ઉદાર) પોતે ઉપકાર કરે છે એવું સામી વ્યક્તિ (દુશ્મન) ને જણાવા ન દે તે મહાત્મા. સુમહાત્મા-કોઈની પ્રેરણા કે માગણી વિના સ્વતઃ દુશ્મનને સર્વનું દાન કરે અને ઉપકારનો ભાર જણાવા ન દે તે સુમહાત્મા.

ત્યાં જઈ તે રાજાઓએ પોત-પોતાની પ્રજાને પરમ પુરુષ ભગવાન્ શ્રીકૃષ્ણની અદ્‌ભુત કૃપા અને લીલા કહી સંભળાવી અને પછી બહુ જ સાવધાનીથી ભગવાનની આજ્ઞા પ્રમાણે પોતે રાજ્ય કરવા તથા જીવન વ્યતીત કરવા લાગ્યા ।।૩૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પરીક્ષિત! આ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણે ભીમસેનદ્વારા જરાસન્ધનો વધ કરાવી, ભીમસેન અને અર્જુન ની સાથે જરાસન્ધનન્દન સહદેવથી સન્માનિત થઈ આપ *ખાંડવપ્રસ્થ જવા રવાના થયા. ઈન્દ્રપ્રસ્થની પાસે પહોંચ્યા ત્યારે તે વિજયી વીરોએ પોત-પોતાના શંખો વગાડ્યા, જેથી તેમના ઈષ્ટમિત્રોને સુખ અને દુશ્મનોને ભારે દુઃખ થયું ।।૩૧-૩૨।।

**વિશેષ** : ખાંડવ વનને બાળ્યા પછી ભગવાને ઈન્દ્રપ્રસ્થની પાસે અદ્‌ભુત સામગ્રી અને સુખ સગવડોનાં સાધનોથી સજ્જ ખાંડવપ્રસ્થ નામના નગરની રચના કરેલી.

ઈન્દ્રપ્રસ્થના નાગરિકોનાં મન એ શંખધ્વનિને સાંભળી પ્રફુલ્લિત થયાં. તેમણે સમજી લીધું કે જરાસન્ધ હણાયો અને હવે યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ કરવાનો સંકલ્પ એક રીતે પૂરો થઈ ગયો ।।૩૩।।

ભીમસેન, અર્જુન અને ભગવાન્ શ્રીકૃષ્ણે રાજા યુધિષ્ઠિરને વન્દન કર્યું અને જરાસન્ધના વધના પ્રસંગમાં જેણે જે કાર્ય કર્યું હતું તે બધું કહી સંભળાવ્યું ।।૩૪।।

**નિશમ્ય ધર્મરાજસ્તત્ કેશવેનાનુકમ્પિતમ્ ।।**
**આનન્દાશ્રુકણાન્ મુંચન્ પ્રેમ્ણાનોવાચ કિંચન ।।૩૫।।**

ધર્મરાજ યુધિષ્ઠિર ભગવાન્ શ્રીકૃષ્ણના આ પરમ અનુગ્રહની વાત સાંભળી પ્રેમ પરવશ થઈ ગયા. એમની આંખોમાંથી આનન્દના આંસુ ટપકવા લાગ્યાં અને (પ્રશંસા અભિનન્દનના શબ્દો સહિત) કંઈ પણ બોલી શક્યા નહિ ।।૩૫।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના બીજા સાધન-**

**પેટા પ્રકરણનો યશ રૂપ ત્રીજો) ''ભગવાને રાજાઓને મુક્ત કરી એમને ઉપદેશ આપ્યો'' નામનો (ઉત્તરાર્ધનો ચોવીસમો અને ચાલુ) તોતેરમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં સિત્તેરમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને પોતાનો ધંધો બનાવી બેઠેલા 'ભક્તિ'શબ્દનો ઉચ્ચાર કરવા પણ લાયક નથી.

## અધ્યાય ૭૪

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૭૧

# યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં શિશુપાલનો વધ

### ચોથા સાત્વિક પ્રકરણનું બીજું સાધન પ્રકરણ અધ્યાય૪

**વિશેષ :** પ્રતિબન્ધથી મુક્ત થયા અને પ્રેમથી ગદ્ગદ્ કંઠ થયા એવા અને ભગવાન્‌માં નિરુદ્ધ થયેલ રાજા યુધિષ્ઠિરનો ધર્મ આ ચુમોતેરમા અધ્યાયમાં કહેવાય છે. આ ધર્મમાં આધિદૈવિક યજ્ઞરૂપ શ્રીકૃષ્ણનું પૂજન થશે તેમાં બાધારૂપ શિશુપાલને ભગવાન્ મારશે. રાજાઓને ભગવાને છોડાવ્યા છે તે બધા યજ્ઞમાં સેવા કરવાને તત્પર છે. માગધ બ્રહ્મણ્ય હતો તેથી બ્રાહ્મણોમાં અહીં સંશય થાય તેથી બધા મુનિનાં નામ લઈને એમનો ઉલ્લેખ કર્યો છે તેનાથી આધિદૈવિક યજ્ઞ-ભગવત્પૂજાની સર્વ રીતે સર્વથી ઉત્કર્ષ અહીં કહેવામાં આવે છે. આધ્યાત્મિક યજ્ઞ તો તેનો શેષ છે કેમકે આધ્યાત્મિક યજ્ઞ તો તેની આગળ ગૌણ છે. કારણ કે મુખ્ય પ્રયોજનવાળો બીજો (આધિદૈવિક યજ્ઞ) છે. રાજા ભક્ત થયા તેથી પ્રથમ ભગવાનને આજ્ઞા કરેલી એને માટે પહેલા પાંચ શ્લોકથી ક્ષમા માગે છે.

**એવં યુધિષ્ઠિરો રાજા જરાસન્ધવધં વિભોઃ ।।**
**કૃષ્ણસ્ય ચાનુભાવં તં શ્રુત્વા પ્રીતસ્તમબ્રવીત્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** સમર્થ શ્રીકૃષ્ણના પ્રતાપથી જરાસન્ધને ભીમે માર્યો એ

વાતને જાણીને શ્રીકૃષ્ણના પ્રતાપનો અનુભવ કરી પ્રસન્ન થયેલ યુધિષ્ઠિર રાજા ભગવાનને વિનન્તિ કરવા લાગ્યા ।।૧।।

**યુધિષ્ઠિરે કહ્યું :** ત્રિલોકીના બ્રહ્મા, શંકર, વેદમાં કહેલા ઋષિઓ જેવા ઉપદેશકો, ઈન્દ્ર વગેરે, સહિત સર્વ લોકપાલો આપની આજ્ઞા મેળવવાને માટે તલસતા રહે છે અને જો મળી જાય તો ભારે શ્રદ્ધાથી તેનો અમલ કરે છે ।।૨।।

અમે તો અત્યન્ત દીન છીએ, પરન્તુ પોતાની જાતને ભૂપતિ અને નરપતિ માનીએ છીએ. આવી સ્થિતિમાં અમો તો દંડને પાત્ર છીએ, પરન્તુ આપ અમારી આજ્ઞા સ્વીકાર કરો છો અને તેનું પાલન કરો છો. સર્વ શક્તિમાન પુરુષોત્તમ હોવાછતાં આપ ભક્તો ઉપર કૃપા કરવા કમલનયન દષ્ટિથી જ તેમને પુષ્ટ કરનાર થયા તે મનુષ્ય લીલાનો અભિનય માત્ર છે ।।૩।।

જેવી રીતે ઉદય અને અસ્ત ને લીધે સૂર્યના તેજમાં વધારો કે ઘટાડો થતો નથી તેવીજ રીતે કોઈ પણ પ્રકારના કર્મોથી આપની વૃદ્ધિ કે ક્ષય(હ્રાસ) થતાં નથી કારણ કે આપ સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદથી રહિત સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છો ।।૪।।

હે અજિત ભગવાન્! ''આ હું છું અને આ મારું છે અને આ તું છે અને આ તારું છે'' આવા પ્રકારની વિકારવાળી ભેદબુદ્ધિ તો પશુઓને હોય છે. ત્રણ પ્રકારના અદ્વૈતવાળા (''ત્રણ પ્રકારનું અદ્વૈત- ભાવનું અદ્વૈત, ક્રિયાનું અદ્વૈત અને દ્રવ્યનું અદ્વૈત'' શ્રીભાગ.૭।૧૫।૬૨) આપના ભક્તોમારૂપણ અભિમાન હોતું નથી કારણ કેઆપના ભક્તો આપ રૂપ જ છે. દુનિયામાં જે કંઈ બડપ્પન (મોટાઈ)છે તે લક્ષ્મીને લીધે જ છે અને તે લક્ષ્મીનાતો આપ નાથ છો તોપછી આપમાંતો પશુના જેવી વિકારવાળી ભેદબુદ્ધિ હોય જ ક્યાંથી? (તેથી આપ લીલાપૂર્વકજ બધું કરો છો) ।।૫।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** આ પ્રમાણે કહી ધર્મરાજ યુધિષ્ઠિરે ભગવાન્ શ્રીકૃષ્ણની અનુમતિથી યજ્ઞમાટે યોગ્ય સમય આવ્યો ત્યારે યજ્ઞનાં કર્મોમાં નિપુણ વેદવાદી બ્રાહ્મણોનું ઋત્વિજ, આચાર્ય વગેરેના રૂપમાં વરણ કર્યું ।।૬।।

શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસદેવ, ભરદ્વાજ, સુમન્તુ, ગૌતમ, અસિત, વસિષ્ઠ, ચ્યવન, કણ્વ, મૈત્રેય, કવષ, ત્રિત ।।૭।।

વિશ્વામિત્ર, વામદેવ, સુમતિ, જૈમિનિ, ક્રતુ, પૈલ, પરાશર, ગર્ગ અને વૈશમ્પાયન ।।૮।।

અથર્વા, કશ્યપ, ધૌમ્ય પરશુરામ, શુક્રાચાર્ય, આસુરિ, વીતિહોત્ર, મધુચ્છન્દા, વીરસેન, અકૃતવ્રણ ।।૯।।

તેમ જ બીજા પણ દ્રોણ, ભીષ્મ, કૃપાચાર્ય વગેરે બાન્ધવો, ગુરુઓ તથા મિત્રો ને બોલાવ્યા. તેમાં ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રો સાથે આવ્યા અને અતિ બુદ્ધિશાળી વિદુરજી પણ યજ્ઞમાં આવ્યા ।।૧૦।।

હે નૃપ! યજ્ઞના દર્શનની ઇચ્છાવાળા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો, રાજાઓ અને તેમની રાણીઓ વગેરે એ યજ્ઞમાં આવ્યાં ।।૧૧।।

પછી દેવ યજનની ભૂમિને સોનાના હળવડે બ્રાહ્મણોએ ખેડી તેમજ વેદમાં કહેલા વિધિ પ્રમાણે રાજાને બ્રાહ્મણોએ યજ્ઞની દીક્ષા આપી ।।૧૨।।

પહેલાં વરુણના યજ્ઞમાં બનેલાં હતાં તેવાં યજ્ઞસાધન સોનાનાં બનાવ્યાં. ઇન્દ્ર, બ્રહ્મા, શિવ વગેરે પોત-પોતાના ગણો સહિત એ યજ્ઞમાં આવ્યા ।।૧૩।।

સિદ્ધ, ગન્ધર્વ, ચારણો, વિદ્યાધરો, નાગ, મુનિઓ, યક્ષ, રાક્ષસો, ગરુડજી વગેરે પક્ષીઓ તેમજ કિન્નરો, ચારણ વગેરે બધાં આવ્યાં ।।૧૪।।

બોલાવેલા રાજાઓ અને રાજપત્નીઓ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં એમના નિમન્ત્રણને માન આપી આવ્યાં ।।૧૫।।

લેશમાત્ર આશ્ચર્ય પામ્યા વિના બધાએ એ વાતનો સ્વીકાર કરી લીધો કે રાજસૂય યજ્ઞ યુધિષ્ઠિરને માટે યોગ્ય જ છે, કારણ કે ભગવાન્ શ્રીકૃષ્ણના ભક્તને માટે આમ કરવું એ કંઈ બહુ મોટી વાત નથી. જેવી રીતે પ્રાચીન સમયમાં દેવતાઓએ વરુણ પાસે યજ્ઞ કરાવ્યો હતો તેવી જ રીતે દેવતાઓ સમાન તેજસ્વી યાજકોએ ધર્મરાજ યુધિષ્ઠિર પાસે વિધિપૂર્વક યજ્ઞ કરાવ્યો ।।૧૬।।

સોમલતાનો રસ કાઢવાને દિવસે મહારાજ યુધિષ્ઠિરે પોતાના પરમ ભાગ્યવાન યાજકો અને યજ્ઞકર્મ ની ભૂલચૂક નિરીક્ષણ કરવાવાળા સદસ્પતિઓ (સભાસદો) નું ઘણી સાવધાનીથી વિધિપૂર્વક પૂજન કર્યું ।।૧૭।।

હવે સભાસદો એ વિષય ઉપર વિચાર કરવા લાગ્યા કે સદસ્યોમાં-અગ્રપૂજા સૌથી પહેલાં કોની પૂજા થવી જોઈએ. જેટલી મતિ તેટલા મત. તેથી સર્વાનુમતે તેનો નિર્ણય ન થઈ શક્યો. એવી સ્થિતિમાં *સહદેવે કહ્યું ।।૧૮।।

**વિશેષ :** સહદેવ ભગવાનની જ્ઞાનકલાનો અવતાર, સર્વજ્ઞ, ભવિષ્યનાં બાર વર્ષોમાં થનારું બધું જાણતા હતા પણ પૂછ્યા વિના કંઈ કહેતા નહિ. અહીં થઈ રહેલા વિચાર વિમર્શમાં તો

અગ્રપૂજાનો પ્રશ્ન બધાને પુછાયેલો જ છે એટલે ભગવત્પ્રેરણાથી તે બોલ્યા.

"ભગવાન્ શ્રીકૃષ્ણ (કાલને ઠગીને કાલના ઘરમાં આવી ભરાયેલા વૈષ્ણવોને, લઈ જવા પધારેલા છે કારણ કે આપ) વૈષ્ણવોના પતિ છે. આપ જ સદસ્યોમાં સર્વશ્રેષ્ઠ અને અગ્રપૂજા ને લાયક છે કારણ કે આપ જ સર્વ દેવતાઓના રૂપમાં છે. વળી દેશ, કાલ, ધન વગેરે જેટલી વસ્તુઓ છે તે બધાના રૂપમાં પણ આપ જ છે ।।૧૯।।

આ આખું વિશ્વ શ્રીકૃષ્ણનું જ રૂપ છે. સમસ્ત યજ્ઞ પણ શ્રીકૃષ્ણ સ્વરૂપ જ છે. ભગવાન્ શ્રીકૃષ્ણ જ અગ્નિ, આહુતિ અને મન્ત્રો ના રૂપમાં છે. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ બન્ને પણ શ્રીકૃષ્ણની પ્રાપ્તિમાટે જ છે ।।૨૦।।

હે સભાસદો! હું ક્યાં સુધી વર્ણન કરું? ભગવાન્ શ્રીકૃષ્ણ તે એક (રસ) અને અદ્વિતીય બ્રહ્મ છે જેમાં સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદ નામમાત્રનો પણ નથી. આ આખુંય જગત્ તેનું જ સ્વરૂપ છે* તે પોતાના સ્વરૂપમાં જ સ્થિત અને જન્મ અસ્તિત્વ, વૃદ્ધિ વગેરે છ વિકારોથી રહિત છે. આપ આપના આત્મસ્વરૂપ સંકલ્પથી જ જગતની સૃષ્ટિ, પાલન અને સંહાર કરે છે ।।૨૧।।

**વિશેષ : "એતદાત્મ્યમિદં જગત્"** તે બીજા હશે એવી શંકા થાય તેથી 'આ' એમ કહેલું છે. મહાભારતના વન પર્વમાં દુર્વાસા મુનિએ પણ નિર્ણય કર્યો છે કે "આ જગતના આ (શ્રીકૃષ્ણ) આત્મા છે" એમ ન હોત તો શ્રીકૃષ્ણે ભાજીનું માત્ર એક પાન આરોગવાથી દુર્વાસા અને તેના દસ હજાર શિષ્યો ધરાઈ કેમ જાત? ।।૩૧૨।।*

* ।।૩૧૧।।**દુર્વાસાનો પ્રસંગ :** જ્યારે પાંડવો દ્રૌપદીની સાથે કામ્યક વનમાં રહેતા હતા ત્યારે, પાંડવોનું અનિષ્ટ કરવાની દાનતથી, દુર્યોધનને ત્યાં આવેલા દુર્વાસા ઋષિને તેણે અતિથિ સત્કારથી ખૂબ પ્રસન્ન કરી દીધા. દુર્વાસાએ દુર્યોધનને વરદાન માગવાનું કહ્યું. દુર્યોધને વરદાન માગ્યું કે જેવી રીતે મારું આપે કલ્યાણ કર્યું તેવી જ રીતે પાંડવોને ત્યાં પધારી તેમનું કલ્યાણ કરો. દુર્વાસાને આ ગમ્યું તો નહિ પણ વરદાન આપી ચૂક્યા હતા એટલે કામ્યક વનમાં ગયા પણતે એવા વખતે કે દ્રૌપદી સાથે પાંડવો ભોજન કરી આરામ કરી રહ્યા હતા. યુધિષ્ઠિરે અતિથિ સત્કારમાટે સૂર્યદેવની પાસે એક એવું પાત્ર પ્રાપ્ત કર્યું હતું કે તેમાં રાંધેલ થોડા અન્નથી પણ ગમે તેટલા મહેમાન આવ્યા હોય તેમને ભોજન કરાવી શકાય. પણ શરત એ હતી કે જ્યાં સુધી દ્રૌપદી ભોજન ન કરી લેતી ત્યાં સુધી જ તે ચમત્કાર રહેતો. યુધિષ્ઠિરે ઋષિને શિષ્યમંડલી સાથે ભોજન કરવા કહ્યું. ઋષિ શિષ્યો સાથે સ્નાનાદિ નિત્યકાર્યથી નિવૃત્ત થવામાટે ગંગાતટ પર ગયા. દુર્વાસાની સાથે દસ હજાર શિષ્યોનું એક વિશ્વ વિદ્યાલય કાયમ રહેતું હતું.

ધર્મરાજે એ બધાને ભોજનને માટે નિમન્ત્રણ તો આપ્યું અને ઋષિએ તેનો સ્વીકાર પણ કર્યો પણ કોઈએ એ વાતનો વિચાર ન કર્યો કે દ્રૌપદીએ તો ભોજન કરી લીધું છે તેથી સૂર્યે આપેલ પાત્રથી એમના ભોજનની વ્યવસ્થા અશક્ય હતી. દ્રૌપદી ભારે ચિન્તામાં પડી ગઈ. વિચાર કર્યો કે ઋષિને ભોજન કર્યા વિના જવું પડશે તો શાપ દીધા વિના એ જશે નહિ. બીજો કોઈ ઉપાય નહિ સૂઝતાં દ્રૌપદીએ ભક્ત ભયભંજન ભગવાન્ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું અને આ આફતમાંથી ઉગારી લેવા વિશ્વાસપૂર્ણ આર્ત પ્રાર્થના કરતા અન્તમાં કહ્યું, ''આપે જેવી રીતે રાજસભામાં દુઃશાસનના અત્યાચારથી મારી લાજની રક્ષા કરી તેવી રીતે ફરી લાજ જવા બેઠી છે તો કૃપા કરી રક્ષા કરો'' (મહાભારત વન પર્વ ૨૬૩-૧૬)

**દુઃશાસનાદહં પૂર્વં સભાયાં મોચિતા યથા ।**
**તથૈવ સંકટાદસ્માન્ મામુદ્ધર્તુમિહાર્હસિ।।**

શ્રીકૃષ્ણ તો સદા સર્વત્ર નિવાસ કરે છે અને ઘટઘટની જાણવાવાળા છે, આપ તત્કાલ ત્યાં આવી પહોંચ્યા. આપને જોઈને દ્રૌપદીના ખોળિયામાં પ્રાણ પાછા આવ્યા, ડૂબતાને માનો હોડી મળી ગઈ. દ્રૌપદીએ બધી વાત ટૂંકમાં કહી, શ્રીકૃષ્ણે અધીરતા બતાવતા કહ્યું, ''બીજી બધી વાત તો પછી થશે. હું બહુ દૂરથી આવ્યો છું તેથી થાક પુષ્કળ લાગ્યો છે અને થાક કરતાંય ભૂખ વધારે લાગી છે એટલે પહેલાં તો મને કંઈક ખાવામાટે આપ'' દ્રૌપદીના શરીરમાંથી તો શરમને લીધે માનો લોહી ઊડી ગયું! ખચકાતાં-ખચકાતાં તેણે કહ્યું, ''પ્રભો! હું હમણાં જ ખાઈને ઊઠી છું. હવે તો ભોજન પાત્રમાં કંઈ બચ્યું નથી'' શ્રીકૃષ્ણે કહ્યું, ''જરા તારું પાત્ર મને બતાવ તો ખરી'' દ્રૌપદી તે લઈ આવી. પાત્રના ગળામાં ભાજીનું એક પત્તું ચોટ્યું હતું. તે ભગવાને મુખમાં મૂકી કહ્યું, ''આ ભાજીના પત્તાથી સમ્પૂર્ણ જગતના આત્મા યજ્ઞભોક્તા પરમેશ્વર તૃપ્ત થઈ જાય'' પછી શ્રીકૃષ્ણે સહદેવને કહ્યું ''જાઓ મુનીશ્વરોને ભોજનને માટે બોલાવી લાવો'' સહદેવ ગંગાતટ ઉપર જઈને જુએ તો કોઈ મળે જ નહિ. વાત એમ બની કે જે ક્ષણે શ્રીકૃષ્ણે શાકનું પત્તું મુખમાં મૂકી સંકલ્પ કર્યો તે વખતે મુનીશ્વરો જલમાં ઊભા-ઊભા અઘમર્ષણ કરી રહ્યા હતા. તેમને અકસ્માત એવો અનુભવ થયો કે તેમનું પેટ ગળા સુધી અન્નથી ભરાઈ ગયું હોય. તેઓ એકબીજાના મોં સામું જોવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ''હવે આપણે ત્યાં જઈશું ખાઈશું? દુર્વાસા ચુપચાપ જવામાં જ શ્રેય સમજ્યા કારણ કે તે જાણતા હતા કે પાંડવો ભગવદ્‌ભક્ત છે અને અમ્બરીષને ત્યાં તેમના ઉપર જે વીત્યું હતું ત્યારબાદ તેમને ભગવદ્‌ભક્તોનો ભારે ભય લાગતો હતો. બધા ચુપચાપ ચાલ્યા ગયા. સહદેવે આવી વાત કરી. આ પ્રમાણે દ્રૌપદીની શ્રીકૃષ્ણ ભક્તિથી એક ભારે આફત ટળી ગઈ. ભગવાને

પોતાની શરણાગતવત્સલતાનો પરિચય આપ્યો.

આખું જગત શ્રીકૃષ્ણના અનુગ્રહથી અનેક પ્રકારના કર્મોનું અનુષ્ઠાન કરતું ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ પુરુષાર્થો પ્રાપ્ત કરે છે ।।૨૨।।

તેથી (શ્રીકૃષ્ણ સાક્ષાત્ પૂર્ણ બ્રહ્મ હોવાથી) સૌથી મહાન ભગવાન્ શ્રીકૃષ્ણની જ અગ્રપૂજા થવી જોઈએ. એમની પૂજા કરવાથી સમસ્ત પ્રાણીઓની તથા આપણી પોતાની પણ પૂજા થઈ જાય છે ।।૨૩।।

જે પોતે કરેલ દાનનું અનન્તગણું ફળ મેળવવા માગતો હોય તે સર્વ પ્રાણી સ્વરૂપ અને આત્મસ્વરૂપ, ભેદભાવ રહિત, પરમ *શાન્ત અને પરિપૂર્ણ ભગવાન્ શ્રીકૃષ્ણને જ દાન કરે'' ।।૨૪।।

**વિશેષ** : કદીયે જેને ક્રોધ ન આવે તે **શાન્ત** લોભનો લેશ પણ જેને ન હોય તે પૂર્ણ આથી એમ કહેવાયું કે ભગવાન્ શ્રીકૃષ્ણ નિર્દોષ અને સર્વગુણ સમ્પન્ન છે.

હે પરીક્ષિત! સહદેવ ભગવાનનો મહિમા અને આપના પ્રભાવને જાણતા હતા. એટલું કહી તે ચુપ થઈ ગયા. તે વખતે ધર્મરાજ યુધિષ્ઠિરની યજ્ઞ સભામાં જેટલા સત્પુરુષો હાજર હતા તે બધાએ એકી અવાજે ''બરાબર, બરાબર'' કહી સહદેવની વાતનું સમર્થન કર્યું ।।૨૫।।

ધર્મરાજ યુધિષ્ઠિર બ્રાહ્મણોની આ આજ્ઞા સાંભળી તથા સભાસદોનો અભિપ્રાય જાણી પ્રસન્ન અને પ્રેમોદ્રેકથી વિહ્વલ થઈ ગયા અને તેમણે શ્રીકૃષ્ણની અગ્રપૂજા કરી. (પ્રસન્નતા થઈ તે અન્તઃકરણથી પૂજા, પ્રેમવિહ્વળતા થઈ તે ઇન્દ્રિયોથી પૂજા થઈ અને શરીરથી પૂજા તો કરી જ) ।।૨૬।।

એમનાં ચરણનું ક્ષાલન કર્યું. તે જલ લોકને પવિત્ર કરનાર હોવાથી પોતાની સ્ત્રી, પોતાના ભાઈઓ, અમાત્યો અને કુટુમ્બની સાથે એમણે મસ્તક ઉપર ચડાવ્યું ।।૨૭।।

પીળાં રેશમી વસ્ત્રો, અમૂલ્ય ઘરેણાં વગેરેથી એમનું સારી રીતે પૂજન કરતાં પ્રેમમાં તે એવા વિહ્વલ બની ગયા કે તેથી એમનાં નેત્રમાં આંસુ આવવાથી ભગવાનનાં દર્શન સારી રીતે કરવાને પણ સમર્થ ન થયા ।।૨૮।।

એમ પૂજાયેલા શ્રીકૃષ્ણને બધા માણસો હાથ જોડી ''નમો નમઃ, જય હો, જય હો'' ના શબ્દોચ્ચાર સાથે આપને નમસ્કાર કરવા લાગ્યા અને એમની ઉપર સ્વયં પુષ્પની વૃષ્ટિ થવા લાગી ।।૨૯।।

હે પરીક્ષિત! પોતાના આસન ઉપર બેઠેલો દમઘોષનો *પુત્ર શિશુપાલ આ બધું જોઈ સાંભળી રહ્યો હતો. ભગવાન્ શ્રીકૃષ્ણના ગુણો સાંભળી તેને ક્રોધ આવ્યો અને તે આસન ઉપરથી ઊભો થઈ ગયો. ભરી સભામાં તે હાથ ઊંચો કરી ભારે અસહિષ્ણુતા પણ નિર્ભયતાપૂર્વક ભગવાન્ સાંભળે તેમ અત્યન્ત કઠોર વચન કહેવા લાગ્યો ।।૩૦।।

**વિશેષ : ''દમઘોષસુતઃવિપરીતમદસ્ય દુષ્ટમદસ્ય યો ઘોષઃ સર્વલોકેષુ બમ્બારવઃ તદાત્મકો દમઘોષઃ''** દમઘોષમાંના 'દમ' શબ્દને ઉલટાવવાથી 'મદ' શબ્દ થાય. તેથી 'દમ' એટલે ઉલટાવેલો-દુષ્ટ મદ. **ઘોષ**-બૂમ બરાડા. ભગવાને પોતાના ગુણો પ્રગટ કર્યાં ત્યારે સિંહાસનમાં ભગવાનનો ગુણ પ્રગટ થયો એટલે ત્યાંથી ઉઠાડી મૂકવામાં આવ્યો તેવી વાસ્તવિક સ્થિતિ છે. શ્રીકૃષ્ણ પ્રત્યેના દ્વેષને લીધે તેને સભામાં બેસવાનો અધિકાર ન રહ્યો.

''સભાસદો! કાલ જ ઈશ્વર છે એવું શ્રુતિઓનું કહેવું સર્વથા સત્ય છે. લાખ ચેષ્ટા કરવા છતાં તે (કાલ) પોતાનું કામ કરાવી જ લે છે એનું પ્રત્યક્ષ પ્રમાણ અમે જોઈ લીધું કે અહીં બાળકની અને મૂર્ખની વાતથી મોટા-મોટા વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધની બુદ્ધિ પણ અવળે માર્ગે દોરવાઈ ગઈ છે* ।।૩૧।।

**વિશેષ** : આ પ્રસંગમાં શ્લોકોનો ઉપરથી જણાતો અર્થ ભગવાનની નિન્દા કરનારો છે, સાચો અર્થ સ્તુતિ કરે છે. **શિશુપાલ-શિશુ,**બાળક. **''પલસમૂહઃ પાલઃ''** : માંસનો ઢગલો. એમ 'શિશુપાલ' નામનો અર્થ 'માંસનો ઢગલો' થાય છે, પરન્તુ તેમાં ધર્મના કારણરૂપ ઈન્દ્રિયોનો સમૂહ અથવા જીવ કોઈ પણ રહેલ નથી તેથી તે રાક્ષસોને જ યોગ્ય છે.

પણ હું માનું છું કે આપ લોકો અગ્રપૂજાનેમાટે યોગ્યપાત્રનો નિર્ણય કરવામાં સર્વથા સમર્થ છો. તેથી હે સભાસદો! આપ લોક ''કૃષ્ણ જ અગ્રપૂજાને માટે લાયક છે એ બાલક સહદેવની દરખાસ્ત અયોગ્ય માની ન માનશો* ।।૩૨।।

**વિશેષ** : શ્લોકમાં **''કૃષ્ણો યત્સમ્મતોર્હણે''** શબ્દો છે. ઉપર-ઉપરથી જણાતો અર્થ ભાષાન્તરમાં લખ્યો છે. શ્રીમહાપ્રભુજીને અભિપ્રેત અર્થ આ પ્રમાણે છેઃ''બાળકનું વચન જેને લીધે કૃષ્ણને પૂજનની સમીપ રહેવા દીધો તે ન સ્વીકારો'' દુષ્ટના મુખમાંથી નીકળેલો 'કૃષ્ણ' શબ્દ મલિનપણાના સમ્બન્ધને લીધે મલિનને જ દર્શાવે છે. તેથી મલિનપણાના સમ્બન્ધને લીધે તેવો (મલિન) શિશુપાલ જ છે. તેવાને ''જે કારણથી પૂજનની સમીપમાં **સમ્મતઃ** ''ભલે રહે' એમ રહેવા દીધો છે'' તે વચન ન સ્વીકારો. **'કૃષ્ણ'** ના કાળું, મલિન, દુષ્ટ વગેરે પણ અર્થો થાય છે એટલે આ શ્લોકમાં **'કૃષ્ણ'** શબ્દ મલિન, દુષ્ટના અર્થમાં શિશુપાલને માટે

વપરાયો છે.

અહીં મોટા-મોટા તપસ્વી વિદ્વાન્, વ્રતધારી, જ્ઞાનદ્વારા પોતાના સમસ્ત પાપ-તાપોને શાન્ત કરી દેનારા, પરમ જ્ઞાની, પરમર્ષિ, બ્રહ્મનિષ્ઠ વગેરે હાજર છે જેમની પૂજા મોટા-મોટા લોકપાલો કરે છે ।।૩૩।।

યજ્ઞની ભૂલચૂક બતાવવાવાળા તે સદસ્પતિઓને છોડી દઈ આ કુલકલંક ગોવાળિયો અગ્રપૂજાનો અધિકારી કેવી રીતે થઈ શકે? કાગડો વળી ક્યાંય યજ્ઞના પુરોડાશનો અધિકારી હોઈ શકે ખરો?* ।।૩૪।।

**વિશેષ** : શ્લોક ૩૪નાં વિશેષણો ખરી રીતે શિશુપાલ પોતાને માટે જ વાપરે છે અને ત્યારે અર્થ નીચે પ્રમાણે થાય છેઃ **ગોપાલઃ** : ઈન્દ્રિયોને લાડ લડાવનાર=ઈન્દ્રિયલોલુપ. ગો=ઈન્દ્રિય, **કુલપાંસનઃ** (ચૈદ્ય)=કુલને બટ્ટો લગાડનાર. **''યથા કાકઃ અથવા યથાકાકઃ''** એમાં બીજો પાઠ લઈએ ત્યારે થતો અર્થ; **કમ્**=સુખ; **અકમ્**=દુઃખ; એટલે **ક+અક=કાક=સુખ-દુઃખ. અકાક**=સુખ કે દુઃખ જેને છે જ નહિ તે, સુખ-દુઃખ રહિત શ્રીશુકદેવજી જેવા તે જેમ પુરોડાશ (યજ્ઞમાં અપાતા બલિ) ને પાત્ર નથી અર્થાત્ કર્મમાર્ગમાટે યોગ્ય નથી તેમ હું પણ પૂજન (સમીપે રહેવા) યોગ્ય નથી.

આપ જાણો છો કે યયાતિએ આના વંશને શાપ આપ્યો છે તેથી સત્પુરુષોએ તેના વંશનો જ બહિષ્કાર કરી નાખ્યો છે. એ બધા કાયમ વ્યર્થ મધુપાનમાં આસક્ત રહ્યા કરે છે, પછી એ અગ્રપૂજાને લાયક કેમ હોઈ શકે?* ।।૩૫।।

**વિશેષ** : પાંડવોના વડવા પુરુ, યયાતિના પાંચમા પુત્ર હતા. ભોગને માટે યયાતિએ પુરુનું યૌવન લીધેલું. તે દોષનો સમ્બન્ધ પરમ્પરાથી પાંડવોને પણ છે જ તેથી પાંડવોના ઘરમાં ભગવાન્ પૂજન કેમ સ્વીકારે? આ દોષ આખા કુલનો છે તેથી યયાતિના વંશમાં ઉત્પન્ન થયેલો (હું) પૂજનની સમીપ રહેવા શી રીતે યોગ્ય ગણાઉં? શિશુપાલ પણ યયાતિના વંશમાં જન્મેલ છે. (શ્રીભાગ. ૯।૨૩-૨૪)

નથી તો તેનો કોઈ વર્ણ, આશ્રમ કે કુલ. સમસ્ત ધર્મોથી તે બહિષ્કૃત છે. વેદ અને લોકમર્યાદાઓને તોડી સ્વચ્છન્દ રીતે વર્તનાર છે. તેનામાં કોઈ ગુણ પણ નથી. આવી સ્થિતિમાં તેની અગ્રપૂજા શી રીતે થઈ શકે?* ।।૩૬।।

**વિશેષ** : વર્ણ આશ્રમ અને કુલરૂપ ભગવાન્ જ છે. તે ભગવાન્‌થી શિશુપાલ દૂર રહેતો હોવાથી તે (શિશુપાલ) જ વર્ણ આશ્રમ અને કુલ ની બહાર છે, ભ્રષ્ટ છે. ભગવાન્‌થી વિમુખ હોવાથી તે શિશુપાલ સર્વ ધર્મોથી બહિષ્કૃત છે. **''સ્વૈરવર્તી=સ્વૈઃ અવર્તી''** એટલે બન્ધુઓ સાથે

સારું વર્તન નહિ રાખનારો શિશુપાલ છે નહિ તો તે ભગવાન્‌માં સ્નેહ જ કરત. તપ વગેરે ગુણોથી પણ હીન શિશુપાલ પૂજનની સમીપ રહેવાને ક્યાંથી યોગ્ય હોય?

આ બધા બ્રહ્મર્ષિઓદ્વારા સેવિત દેશો છોડી બ્રહ્મ તેજ વિનાના (વેદ ચર્ચા રહિત) સમુદ્રમાં કિલ્લો બનાવી તેમાં રહી શત્રુ થઈ પ્રજાને ત્રાસ આપે છે* ।।૩૭।।

**વિશેષ** : શિશુપાલ કહે છે કે આ અમે વિદ્યા વગેરે પ્રાપ્ત કરવા બ્રહ્મર્ષિઓએ સેવેલા કુરુક્ષેત્ર વગેરે દેશોમાં નહિ રહેતા, બ્રહ્મ તેજ વિનાના, **સમુદ્ર**-મુદ્રાવાળા પાખંડનો આશ્રય કરી ડાકુ થઈ પ્રજાને પીડીએ છીએ. અથવા ભગવાનની સન્નિધિને લઈને ઋષિઓની સ્તુતિ કરે છે. આ ઋષિઓ બ્રહ્મર્ષિઓએ સેવેલા, જ્ઞાન, કર્મ વગેરે વાળા દેશોનો ત્યાગ કરીને બ્રહ્મનું પણ **વર્ચઃ** તેજ છે જેમનાથી તેવા **સમુદ્ર** મુદ્રાવાળા હસ્તમાં ચક્રવાળા ભગવાનરૂપી દુર્ગનો આશ્રય કરીને **અદસ્યવઃ** થઈને એટલે ઇન્દ્રિયો વગેરેદ્વારા કોઈની પણ વસ્તુ ગ્રહણ નહિ કરતાં. (પ્રજાઃ) 'પ્ર' બલત્કારથી, 'જાઃ' ઉત્પન્ન થયેલી ઇન્દ્રિયોની સર્વથી બલવાન્ વૃત્તિઓને રોકી રાખે છે એમ ભગવાનના આશ્રયને લીધે જ તમે કૃતાર્થ છો. એવી તેમની સ્તુતિ કરેલી છે. સમુદ્ર ખાડો હોવાથી શાપ પામેલો છે અથવા ''સમુદ્રનો કાંઠો ચન્દ્રભાગા...દેશોને શૂદ્રો ભોગવશે'' (શ્રીભા.૧૨।૧।૩૯ એ વાક્ય પ્રમાણે) બ્રહ્મ તેજ વિનાના લોકો ત્યાં રહેતા હોવાથી સમુદ્રનું અબ્રહ્મવર્ચસ્ત્વ થયેલું છે.

હે પરીક્ષિત! જેનું મંગળ પૂર્ણ થયું છે તેવા શિશુપાલે બીજી પણ ઘણી અમંગળ વાતો કહી. પરન્તુ સિંહ જેવી રીતે શિયાળની બૂમો ઉપર લક્ષ આપતો નથી તેમ ભગવાન્ શ્રીકૃષ્ણે તેની વાતોનો કંઈ જવાબ ન આપ્યો ।।૩૮।।

પરન્તુ સભાસદોમાટે ભગવાનની નિન્દા સાંભળવી અસહ્ય થઈ પડી. તેમાંથી કેટલાય પોત-પોતાના કાન બંધ કરી ક્રોધમાં શિશુપાલને ગાળો દેતા-દેતા ત્યાંથી ચાલ્યા ગયા ।।૩૯।।

ભગવાનની અથવા તત્પર ભક્તની નિન્દા સાંભળીને જે ત્યાંથી ચાલ્યો ન જાય તે પોતાનાં શુભ કર્મોથી ભ્રષ્ટ થઈ જાય છે અને તેની અધોગતિ થાય છે. (આ વિધાન નિર્બળ, અશક્ત લોકોમાટે છે. સમર્થ હોય તેણે તો નિન્દા કરનારની જીભ ખેંચી કાઢી તેને મારી નાખવો જોઈએ. જુઓઃભા. ૪।૪।૧૭) ।।૪૦।।

ત્યારે પાણ્ડુના પુત્રો, મત્સ્ય, કેકય, સૃંજય વગેરે વંશના રાજાઓ ગુસ્સે થઈને શિશુપાલને મારવામાટે હથિયાર ઉગામી ઉભા થઈ ગયા ।।૪૧।।

ત્યારે હે ભારત! શિશુપાલ જરાય ગભરાયા વિના શ્રીકૃષ્ણનો પક્ષ કરનાર

રાજાઓનો તિરસ્કાર કરતો એ સભામાં જ પોતે સાવધાન થઈ હાથમાં ઢાલ તલવાર લઈ એમને મારવાને તૈયાર થઈ ગયો ।।૪૨।।

એટલામાં ભગવાન્ ઊભા થયા અને સ્વકીયોને લડતા બંધ કરી ક્રોધ કરી અસ્ત્રાના જેવી તીખી ધારવાળા સુદર્શન ચક્રવડે સામે મારવા આવતા શિશુપાલનું મસ્તક છેદી નાખ્યું ।।૪૩।।

શિશુપાલ મરાયો ત્યારે સભામાં મોટી ધાન્ધલ મચી ગઈ. તેના અનુયાયી એના પક્ષના રાજાઓ જીવવાની ઈચ્છાથી આડા આવળા ભાગી છૂટ્યા ।।૪૪।।

આકાશમાંથી પડેલ ઉલ્કા જેમ પૃથ્વીમાં સમાઈ જાય તેમ શિશુપાલના શરીરમાંથી નીકળેલું તેજ સર્વ લોકોના દેખતાં વાસુદેવ ભગવાન્‌માં દાખલ થઈ ગયું ।।૪૫।।

પોતે ભગવદ્ભક્ત હતો છતાં બ્રાહ્મણના શાપથી વૈરભાવવડે ભગવાનની શત્રુતા કરતો હિરણ્યકશિપુ, રાવણ અને શિશુપાલ રૂપે વૈરબુદ્ધિથી પણ એમાં સતત ભાવ રાખતો હતો તે ભગવાનને પ્રાપ્ત થયો. તેથી ભાવ જ મૃત્યુ પછી થનારી ગતિનું કારણ છે. જે માણસ જે વસ્તુને નિરન્તર યાદ કરે તે-તે રૂપ તે થાય છે તેમ, આ શિશુપાલે પણ ભગવાનને ત્રણ જન્મ સુધી નિરન્તર યાદ કર્યા તેથી એ ભગવદ્રૂપ થઈ સાયુજ્યને પામ્યો ।।૪૬।।

સદસ્ય સાથે ઋત્વિજોને મોટી દક્ષિણાઓ આપી બધાની વિધિવત્ પૂજા કર્યા પછી ભારતવર્ષમાં એકજ રાજા બનેલા યુધિષ્ઠિરે યજ્ઞાન્ત અવભૃથ સ્નાન કર્યું ।।૪૭।।

રાજાનો યજ્ઞ સિદ્ધ કરાવી યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ કેટલાક માસ સુધી સુહૃદોના આગ્રહથી ત્યાં બિરાજ્યા ।।૪૮।।

પછી પણ રાજાની ઈચ્છા નહોતી છતાં પોતાને દેશ જવાની એની પાસેથી રજા લઈ અમાત્યો અને રાણીઓ સહિત દેવકીજીના પુત્ર ઈન્દ્રપ્રસ્થથી પોતાના નગર દ્વારકામાં આવ્યા ।।૪૯।।

હે પરીક્ષિત! હું આ ઉપાખ્યાન તમને બહુ વિસ્તારથી (ત્રીજા અને સાતમા સ્કન્ધોમાં) સંભળાવી ચૂક્યો છું કે વૈકુંઠમાં રહેનાર જય અને વિજય ને સનકાદિ ઋષિઓના શાપથી વારંવાર જન્મ લેવો પડ્યો હતો ।।૫૦।।

રાજસૂયના અવભૃથ નામના સ્નાન કર્યા પછી રાજા યુધિષ્ઠિર, બ્રાહ્મણો અને

ક્ષત્રિયો ની સભામાં બેઠા ત્યારે, દેવોની સભામાં ઈન્દ્ર શોભે તેમ, શોભવા લાગ્યા ।।૫૧।।

દેવો, મનુષ્યો અને બીજા આકાશચારીઓ નું રાજાએ યથા યોગ્ય સન્માન કર્યું ત્યારે એ લોકો શ્રીકૃષ્ણનાં અને યજ્ઞનાં વખાણ કરતા પોત-પોતાના લોકમાં ચાલ્યા ગયા ।।૫૨।।

પાપી! કુરુના કુળના રોગરૂપ, કળિયુગના અવતાર એવા દુર્યોધન સિવાય બીજા બધા પાંડવોની ઉજ્જવલ લક્ષ્મીને જોઈને પ્રસન્ન થયા પણ દુર્યોધનથી એ ભવ્ય લક્ષ્મી જોઈ શકાઈ નહિ ।।૫૩।।

**ય ઈદં કીર્તયેદ્ વિષ્ણોઃ કર્મ ચૈદ્યવધાદિકમ્ ।।**
**રાજમોક્ષં વિતાનં ચ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।।૫૪।।**

આ શિશુપાલને મારવા વગેરે ભગવાન્ વિષ્ણુના કર્મને, રાજાઓના છુટકારાને અને યુધિષ્ઠિરના યજ્ઞની કથાને જે સાંભળે તેનું કીર્તન કરે તે સર્વ પાપોથી મુક્ત થાય છે ।।૫૪।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિકપ્રકરણના બીજાસાધન-પેટાપ્રકરણનો શ્રીરૂપ ચોથો) ''યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં શિશુપાલનો વધ''નામનો (ઉત્તરાર્ધનો પચીસમો અને ચાલુ) ચુમોતેરમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ઈકોતેરમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ફંડ-ફાળામાટે, આજીવિકામાટે દક્ષિણા લઈને કે મૃતકના
ઉદ્ધારાર્થે ભાગવતકથા કરવી, બેસાડવી કે સાંભળવી એ
શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ ઘોર પાપ છે

## અધ્યાય ૭૫

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૭૨

# દુર્યોધનના માનભંગનો પ્રસંગ

### ચોથા સાત્વિક પ્રકરણનું બીજું સાધન પ્રકરણ અધ્યાય૫

**વિશેષ** : રાજસૂય યજ્ઞ પૃથ્વીનો ભાર હરવામાં કારણભૂત છે એમ આ પંચોતેરમાં અધ્યાયથી

કહેવાય છે. એને માટે આ અધ્યાયમાં દુર્યોધનના માનનો ભંગ વર્ણવ્યો છે. જેમ કંસવધ વગેરે ભગવાનને ભૂતળ ઉપર પધારવાનું મુખ્ય કારણ ગણાય છે તેમ ભૂભાર હરણમાં નિમિત્તરૂપ ગણાતા રાજસૂય વગેરે પણ ભગવાનનાં મુખ્ય કાર્યમાં ગણાય છે. એ રાજસૂય જો સ્વતન્ત્ર હોય તો ભગવાન્ પધાર્યા તેમાં ગૌણતા આવે એ ભગવાનની કથામાં યોગ્ય ન ગણાય તેથી સર્વત્ર ભગવાન્ કારણ છે. એમ કહેવું જોઈએ. દુર્યોધનના અભિમાનનું કારણ લૌકિક સમ્પત્તિ છે. અહીં વધારે સમ્પત્તિ એના જોવામાં આવી તે એનાથી સહન ન થઈ. એ અધિક સમ્પત્તિ અત્રે સ્પષ્ટ છે. અહીં લૌકિકભાષા છે. ભગવાનનું અધીનપણું પ્રેમને લીધે છે, સર્વ પ્રકારે નથી. તેથી પહેલાંના વાક્યોનો અને હવે પછી કહેવાના વાક્યોનો (ભગવાનના સ્વતન્ત્રપણામાં) વિરોધ નથી.

**અજાતશત્રોસ્તાં દષ્ટ્વા રાજસૂયમહોદયામ્ ।।**
**સર્વે મુમુદિરે બ્રહ્મન્ નૃદેવા યે સમાગતાઃ ।।૧।।**

**રાજાએ પૂછ્યું :** હે બ્રહ્મન્! રાજસૂય યજ્ઞથી અજાતશત્રુ યુધિષ્ઠિર રાજાની મહાન અલૌકિક સમૃદ્ધિ થઈ હતી તે જોઈને ત્યાં આવેલા બધા પુરુષો અને દેવો ને આનન્દ થયો ।।૧।।

રાજાઓ, ઋષિઓ અને દેવતાઓ પ્રસન્ન થયા પણ દુર્યોધન પ્રસન્ન ન થયો તેમ આપની પાસેથી અમે હમણાં જ સાંભળ્યું. તો બધાજ પ્રસન્ન થયાત્યારે દુર્યોધનને અપ્રસન્ન થવાનું કારણ શું એ કહો ।।૨।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે પરીક્ષિત! તમારા દાદા યુધિષ્ઠિર મહાત્મા હતા. એમના પ્રેમબન્ધનથી બંધાઈને બધાં સગા-સમ્બન્ધીઓએ રાજસૂય યજ્ઞમાં જુદું-જુદું સેવાકાર્ય સ્વીકાર્યું હતું ।।૩।।

(જેને જે કાર્યમાં રસ હોય તેને તે કાર્ય સોંપવાથી પ્રસંગ દીપી ઊઠે) ભીમસેન (બહુ ભોજન કરનારા હોવાથી તે) ને રસોડાના અધ્યક્ષ બનાવ્યા. (કારણ કે તે રસોઈ વધારે કરાવે એટલે કોઈ વસ્તુ ખૂટી પડવાની બૂમ ન આવે) દુર્યોધનને ધનનો અધિકાર આપ્યો. (કારણ કે તેના હાથમાં પદ્મ હોવાથી જે પદાર્થને તે અડતો તો અક્ષય થઈ જતો) સહદેવ જ્ઞાની હોવાથી તેને બ્રાહ્મણો, અભ્યાગતોનું સ્વાગત કરવાનું કાર્ય સોંપ્યું. નકુલ (અશ્વિનીકુમારના પુત્ર હોવાથી પદાર્થોના ગુણદોષ જાણનાર હોવાથી) વિવિધ પ્રકારની સાધન સામગ્રી એકત્રિત કરવાનું કામ તેને સોંપ્યું ।।૪।।

અર્જુનને સત્પુરુષોની સેવાનું, ભગવાન્ શ્રીકૃષ્ણને આવેલા અતિથિઓના પગ

પખારવાનું, દેવી દ્રૌપદી (ના હાથમાં અમૃત રહેલું હોવાથી તે) ને પીરસવાનું અને દરિયાવદિલ કર્ણને દાન આપવાનું કામ સોંપવામાં આવ્યું ।।૫।।

યુયુધાન, વિકર્ણ હાર્દિક્ય, વિદુર, બાહ્લીકના પુત્ર ભૂરિશ્રવા અને સન્તર્દન વગેરે બીજા મહાયજ્ઞનાં અનેક કાર્ય કરવામાં રોકાયા હતા. એ બધા ''રાજાનું કેમ સારું થાય'' એમ ઇચ્છતા પોત-પોતાના કામમાં સાવધાનતા રાખીને કામ કરતા હતા ।।૬-૭।।

ઋત્વિજો, સદસ્યો, બહુજ્ઞાનીઓ, ઉત્તમ સ્નેહીઓ વગેરેને મધુર વાણી, દક્ષિણા વગેરેથી બહુ પ્રસન્ન કર્યા પછી અને શિશુપાલ ભગવાનના ચરણમાં પ્રવેશ કરી ગયા પછી (યમુના અથવા) ગંગાનદીમાં રાજાએ અવભૃથ સ્નાન કર્યું* ।।૮।।

**વિશેષ** : શાસ્ત્રની મર્યાદા એવી છે કે જેણે યજ્ઞની દીક્ષા લીધી હોય તેનાથી યજ્ઞભૂમિની હદની બહાર જઈ શકાય નહિ. છતાં ગંગાજલમાં સુન્દર તુલસીનાં પાન સાથે ભળેલ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમલની રજ ઘણી હોવાથી ત્યાં જવું યોગ્ય છે. તેથી ભક્તિમાર્ગને અનુસરતાં વેદનો વિરોધ થતો હોય તો બાધ નથી એમ ફલિત થાય છે.

મૃદંગ, શંખ, ઢોલ, નોબત, નગારાં, નરસિંગા વગેરે અનેક પ્રકારનાં વિચિત્ર વાદિત્ર (વાજિન્ત્ર) અવભૃથ-ઉત્સવમાં વગાડવામાં આવ્યા ।।૯।।

નર્તકીઓ આનન્દપૂર્વક નાચવા લાગી. ગવૈયાઓની મંડળીઓ ગાવા લાગી અને વીણા, બંસરી તથા ઝાંઝ-મન્જીરા વાગવા લાગ્યાં. આ બધાંનો તુમુલ ધ્વનિ આકાશમાં ગૂંજી ઊઠ્યો ।।૧૦।।

સોનાના હાર જેમણે પહેરેલા છે તેવા યદુ, સૃંજય, કમ્બોજ, કુરુ, કેકય અને કોસલ દેશના રાજાઓ રંગબેરંગી (ગરુડ વગેરેના ચિહ્નોવાળી) ધજાઓ (વિજયસૂચક શબ્દો જેમાં લખેલા છે તેવી) પતાકાઓથી યુક્ત અને ખૂબ શણગારેલા ગજરાજો, રથો, ઘોડાઓ તથા સુસજ્જિત વીર સૈનિકોની સાથે મહારાજ યુધિષ્ઠિરને આગળ કરી પૃથ્વીને કમ્પાવતા જઈ રહ્યા હતા ।।૧૧-૧૨।।

યજ્ઞના સદસ્યો, ઋત્વિજો અને શ્રેષ્ઠ બ્રાહ્મણો વેદના મન્ત્રોને ઉચ્ચ સ્વરે બોલતા આવે છે, દેવ ઋષિ, પિતૃ અને ગન્ધર્વો આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ કરતા તેમની સ્તુતિ કરી રહ્યા છે ।।૧૩।।

ઇન્દ્રપ્રસ્થના નર-નારી અત્તરફુલેલ, પુષ્પોના હાર, રંગબેરંગી વસ્ત્રો અને બહુમૂલ્ય આભૂષણો પહેરી એકબીજા ઉપર ગુલાબ જલ, તેલ, દૂધ, માખણ વગેરે

રસ નાખતા ભીંજવી દે છે એકબીજાના શરીરમાં લપેડી દે છે અને આ પ્રમાણે ક્રીડા કરતા ચાલે છે ।।૧૪।।

વારાંગનાઓ પુરુષોને તેલ, ગોરસ, સુગન્ધી જલ, હળદર, ગાઢ કેસર વગેરે ચોપડી દે છે અને પુરુષો પણ તેમને તે-તે વસ્તુઓમાં નવડાવી દે છે ।।૧૫।।

તે વખતે તે ઉત્સવ જોવાને માટે જેમ ઉત્તમ-ઉત્તમ વિમાનમાં બેસીને આકાશમાં ઘણી દેવીઓ આવી હતી તેમ જ સૈનિકોદ્વારા સુરક્ષિત ઈન્દ્રપ્રસ્થની ઘણી બધી રાજ મહિલાઓ પણ સુન્દર-સુન્દર પાલખીઓમાં બેસી આવી હતી. તેમના મામાના પુત્રો તથા તેમના મિત્રો તે રાણીઓ ઉપર જાત-જાતના રંગ છાંટી રહ્યા હતા. તેથી રાણીઓનાં મુખ લજ્જાળુ હાસ્યથી ખીલી ઊઠતાં હતાં અને તેમની ખૂબ શોભા થતી હતી (આ બધી સ્નાન વખતે જલમાં કરવાની વાત સમજવી. માર્ગમાં તે એ એમ ન કરી શકે) ।।૧૬।।

તે લોકોએ રંગ વગેરે છાંટ્યાં એટલે રાણીઓનાં વસ્ત્રો ભીંજાઈ ગયાં. આથી તેમના અંગ-પ્રત્યંગ વક્ષઃસ્થલ જાંઘ અને નાભિ (વસ્ત્રો બારીક હોવાથી) કંઈક-કંઈક દેખાઈ જતાં હતાં. તેઓ પણ પિચકારીઓમાં રંગ ભરી-ભરી પોતાના દિયર અને તેમના મિત્રો ઉપર છાંટી રહી હતી. પ્રેમ ભરી ઉત્સુક્તાને લીધે તેમના અંબોડાની ગાંઠો ઢીલી પડી ગઈ હતી અને તેમાં લગાવેલાં ફૂલો પડી જઈ રહ્યાં હતાં. તેમના આરુચિર વિહારને જોઈ મલિન અન્તઃકરણવાળાનાં ચિત્ત ચંચલ થઈ જતાં હતાં, કામ મોહિત થઈ જતાં હતાં ।।૧૭।।

ચક્રવર્તી રાજા યુધિષ્ઠિર પોતાની રાણીઓની સાથે, જેને સુન્દર ઘોડાઓ જોડેલા છે તેવા (હાથીદાન્તના) સોનાના હારથી સુસજ્જિત રથ ઉપર સવાર થયા ત્યારે એવા શોભતા હતા કે સ્વયં રાજસૂય યજ્ઞ સંયાજ વગેરે ક્રિયાઓની સાથે મૂર્તિમાન થઈ પ્રગટ થઈ ગયો હોય ।।૧૮।।

ઋત્વિજોએ પત્ની સંયાજ (એક પ્રકારનું યજ્ઞકર્મ) તથા યજ્ઞાન્તસ્નાન સમ્બન્ધી કર્મ કરાવી દ્રૌપદીની સાથે સમ્રાટ યુધિષ્ઠિરને આચમન કરાવ્યું અને ત્યારપછી ગંગાસ્નાન ।।૧૯।।

એ વખતે દેવતાઓનાં દુન્દુભિઓ સાથે મનુષ્યોનાં નગારાં વાગવા લાગ્યાં. દેવતાઓ, ઋષિ-મુનિ, પિતર અને મનુષ્યો રાજારાણીની ઉપર પુષ્પોની વર્ષા કરવા લાગ્યા ।।૨૦।।

મહારાજ યુધિષ્ઠિરે સ્નાન કરી લીધા પછી વર્ણ અને આશ્રમ ના ધર્મો પાળનારા બધા લોકોએ ગંગાજીમાં સ્નાન કર્યું કારણ કે આ સ્નાનથી મહાપાપી પણ પોતાનાં પાપોથી તત્કાલ મુક્ત થઈ જાય છે ।।૨૧।।

(નિયમ, દીક્ષા વગેરે લીધેલાં હોય ત્યારે આભૂષણો ઉતારી નાખેલાં હોય છે એટલે અત્યાર સુધી અલંકાર વિનાના) રાજા યુધિષ્ઠિરે નવી રેશમી ધોતી અને નવો દુપટ્ટો ધારણ કરી વિવિધ પ્રકારનાં આભૂષણો ધારણ કર્યા. પછી ઋત્વિજો, સદસ્યો, બ્રાહ્મણો વગેરેને વસ્ત્રાભૂષણોનું દાન કરી તેમની પૂજા કરી ।।૨૨।।

મહારાજ યુધિષ્ઠિર ભગવત્પરાયણ હતા. તેમને બધામાં ભગવાનનાં જ દર્શન થતાં. તેથી તેઓ ભાઈ-બન્ધુ, કુટુમ્બી, નરપતિ, ઈષ્ટમિત્ર, હિતૈષી અને બધા લોકોની વારંવાર પૂજા કરતા ।।૨૩।।

તે વખતે બધા લોકો જડાઉ કુંડલ, પુષ્પોની માળા, પાઘ, અંગરખા, (કેડે બાંધેલી) રેશમી વસ્ત્રની ભેટ, મણિઓના મૂલ્યવાન હાર પહેરી દેવતાઓના જેવા દીપી રહ્યા હતા. બન્ને કાનોનાં કર્ણફૂલ અને વાંકડિયા વાળની લટોથી સ્ત્રીઓનાં મુખોની શોભા અનેરી થઈ રહી હતી. વળી કટિભાગે પહેરેલા સોનાના કન્દોરા ઘણા જ શોભાયમાન લાગતા હતા ।।૨૪।।

વિદ્વાન ઋત્વિજો, બ્રહ્મવાદી સદસ્યો, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, આવેલા રાજાઓ, દેવો, ઋષિઓ, પિતૃઓ, અન્ય પ્રાણીઓ, લોકપાલો એમના સેવકો બધાની રાજાએ પૂજા કરી તેમને પ્રસન્ન કર્યા. ત્યારે હે નૃપ! એ એમની રજા માગી પોત-પોતાના સ્થાને ગયા ।।૨૫-૨૬।।

જેમ માણસ અમૃતને પીતાં-પીતાં તૃપ્ત નથી થતો તેમ હરિના દાસ રાજર્ષિ યુધિષ્ઠિરના રાજસૂયની પ્રશંસા કરતા એ લોકો તૃપ્ત થતા ન હતા ।।૨૭।।

(યજ્ઞના અવસર દરમ્યાન તો બધા પોત-પોતાની ફરજ બજાવવામાં રોકાયેલા હોય એટલે સાથે બેસવાનો સમય ન મળ્યો હોય તેથી) રાજા યુધિષ્ઠિરે મિત્રો, જમાઈઓ, કુટુમ્બીજનો અને ભગવાન્ શ્રીકૃષ્ણ ને પ્રેમપૂર્વક આગ્રહ કરી વિશેષ રોક્યા કારણ કે તેમને વિદાય આપવી અત્યન્ત વસમી લાગતી હતી ।।૨૮।।

હે રાજા! ભગવાન્ એમને પ્રસન્ન કરવાને માટે કેટલોક વખત ત્યાં બિરાજ્યા અને યદુવીરોને તથા સામ્બ વગેરેને દ્વારકા મોકલ્યા ।।૨૯।।

એમ ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજા પોતાના મનોરથરૂપ દુસ્તર મહાસાગરને

શ્રીકૃષ્ણની કૃપાથી તરી ગયા તેથી ચિન્તા રહિત થયા ।।૩૦।।

એક દિવસની વાત છે, ભગવાનના પરમ પ્રેમી ભક્ત મહારાજ યુધિષ્ઠિરના અન્તઃપુરની સ્ત્રીરૂપી અને ધનરૂપી લક્ષ્મી તથા રાજસૂય યજ્ઞદ્વારા પ્રાપ્ત થયેલ મહત્વને જોઈને દુર્યોધનનું મન ઈર્ષ્યાથી બળવા લાગ્યું ।।૩૧।।

પાંડવોને માટે ભગવાને જે મહેલો બનાવડાવ્યા હતા તેમાં નરપતિ, દૈત્યપતિ અને સુરપતિઓ ની અનુક્રમે માનુષી, માયાપ્રચુર આસુરી અને વિચિત્ર અલૌકિક અનેકવિધ સમ્પત્તિ જે સ્વયં ભગવાને આગવી સિદ્ધ કરી હતી તે શોભતી હતી. તે દ્વારા રાજરાણી દ્રૌપદી પોતાના પતિઓની સેવા કરતી હતી. ઉપરાન્ત તે સમયે ભગવાન્ શ્રીકૃષ્ણની હજારો રાણીઓ પણ ત્યાં જ નિવાસ કરતી હતી. નિતમ્બના ભારે ભારને લીધે જ્યારે તેઓ રાજભવનમાં ધીરે-ધીરે ચાલવા લાગતાં હતાં ત્યારે તેમના ઝાંઝરનો ઝણકાર ચારે તરફ ફેલાઈ જતો હતો. એમનો કટિભાગ બહુ સુન્દર હતો તથા તેમનાં વક્ષઃસ્થલ ઉપર લાગેલ કેસરની લાલિમાથી મોતીઓના સુન્દર શ્વેત હાર પણ લાલ-લાલ લાગતા હતા. કુંડલોની અને વાંકડી લટોની ચંચલતાથી તેમનાં મુખની શોભા ઘણી વધી જતી હતી. આ બધું જોઈને દુર્યોધનના હૃદયને બહુ સન્તાપ થયો. હે પરીક્ષિત! સાચું પૂછો તો દુર્યોધનનું ચિત્ત દ્રૌપદીમાં આસક્ત હતું અને તે જ તેના સન્તાપનું મુખ્ય કારણ હતું ।।૩૨-૩૩।।

એક દિવસ યુધિષ્ઠિર રાજા મયદાનવે બનાવેલી સુધર્મા સભામાં બન્ધુ, નોકરો અને પોતાના માર્ગદર્શક શ્રીકૃષ્ણની સાથે સાક્ષાત્ દેવરાજ ઈન્દ્રની જેમ સોનાના સિંહાસન ઉપર બેઠા હતા. તેમની ભોગસામગ્રી, તેમની રાજલક્ષ્મી બ્રહ્માજીના ઐશ્વર્યની બરાબરી કરે તેવી હતી. બંદીજનો તેમની સ્તુતિ કરતાહતા ।।૩૪-૫।।

તે જ વખતે અભિમાની દુર્યોધન તેના દુઃશાસન વગેરે ભાઈઓની સાથે ત્યાં આવ્યો. તેના સિર ઉપર મુગટ, ગળામાં માળા અને હાથમાં તલવાર હતી. હે પરીક્ષિત! ક્રોધવશ તે દ્વારપાલો તથા સેવકો ને ધમકાવતો-તિરસ્કાર કરતો આવતોહતો ।।૩૬।।

એ મયની સભામાં આવતાં જ્યાં સ્થળ હતું ત્યાં જળ છે એમ સમજીને એણે વસ્ત્ર ઊંચા લઈ લીધાં અને જળ હતું તેને જમીન માનીને ચાલતાં એ પડ્યો. એ મયની માયામાં મોહિત થયો તેથી એને જળ-સ્થળની ખબર ન રહી ।।૩૭।।

એ જોઈને ભીમ, બીજા રાજાઓ અને રાણીઓ વગેરે શ્રીકૃષ્ણના અનુમોદનથી

હસી પડ્યાં. હે પરીક્ષિત! યુધિષ્ઠિરે એમ કરતાં અટકાવ્યાં તોયે દુર્યોધન પડ્યો એ જોઈને ખૂબ હસ્યાં ।।૩૮।।

તેથી દુર્યોધન શરમાઈ ગયો અને તેનાં રોમ-રોમમાં ક્રોધ વ્યાપી ગયો. તે ઊંધું ઘાલી રાજાને, ''હું જાઉં છું'' એમ કહ્યા વગર ચુપચાપ સભાભવનને છોડી હસ્તિનાપુર ચાલ્યો ગયો. આ ઘટનાને જોઈને સત્પુરુષોમાં હાહાકાર મચી ગયો. (ભગવાનનું આમાં અનુમોદન છે એટલે કંઈક રહસ્ય છે ખરું એમ જાણી) રાજા યુધિષ્ઠિરનું મન પણ ખિન્ન જેવું થઈ ગયું. આ બધું બનવા છતાં ભગવાન્ શ્રીકૃષ્ણ ચુપ હતા. આપની ઈચ્છા હતી કે કોઈ રીતે પૃથ્વીનો ભાર હળવો થાય. સાચું પૂછો તો ભગવાનની જ્ઞાનદષ્ટિ આગળ તો શાનું શું પરિણામ આવી શકે તે બધું પ્રત્યક્ષ છે. (એટલે આપની દષ્ટિથી જ દુર્યોધનને આ ભ્રમ થયો હતો) ।।૩૯।।

**એતત્તેડભિહિતં રાજન્ યત્પૃષ્ટોડહમિહ ત્વયા।**
**દુર્યોધનસ્ય દૌરાત્મ્યં રાજસૂયે મહાક્રતૌ ।।૪૦।।**

હે રાજન્! રાજસૂય મહાયજ્ઞમાં દુર્યોધનની દુષ્ટતાનું કારણ તમે મને પૂછ્યું હતું તે બધું મેં તમને કહી બતાવ્યું ।।૪૦।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના બીજા સાધન-પેટા પ્રકરણનો જ્ઞાનરૂપ પાંચમો) ''દુર્યોધનના માનભંગનો પ્રસંગ'' નામનો (ઉત્તરાર્ધનો છવીસમો અને ચાલુ) પંચોતેરમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાત કરતાં બોતેરમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૭૬

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૭૩

# શાલ્વ અને પ્રદ્યુમ્નજી નું યુદ્ધ

### ચોથા સાત્વિક પ્રકરણનું બીજું સાધન પ્રકરણ અધ્યાય૬

**વિશેષ :** સાત્વિકના નિરોધનો છ અધ્યાયથી સાધનાંશ કહ્યો. હવે ફલના અંશવાળા (સાત્વિકોના) નિરોધનું તો આ અધ્યાયથી આરમ્ભી છ અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવશે. ફલમાં શત્રુનો નાશ, યશ અને અલૌકિકી સમ્પત્ તેને બે-બે અધ્યાયથી કહે છે. બન્ધુને,

બીજાને અને મિત્રોને ફલ આપવું છે તેમાં બન્ધુને શ્રીકૃષ્ણમાં સદ્‌ભાવ હોવાથી એ બીજી ઇચ્છા કરતા નથી. સાથે આવેલા અંશોને તો પૃથ્વીમાં કીર્તિ ઇચ્છિત છે. મિત્રો લક્ષ્મીથી વિમુખ થયા છે તેમને સમ્પત્તિ ઇચ્છિત છે. પરોક્ષમાં દાર (લક્ષ્મી) દર્શક મિત્ર થાય છે એમાં પહેલાં દ્વારકામાં રહેલા બન્ધુઓને કોઈ વખતે અનિવાર્ય દુઃખ આવ્યું તેને બીજા અધ્યાયથી દુઃખથી મુક્ત કરે છે. આ છોતેરમા અધ્યાયમાં યાદવોને મોટો ભય થયાનું કહેવામાં આવે છે. મહાદેવજીની આરાધના કરી પુષ્ટ બનેલા શાલ્વ વગેરેથી એ ભય થયાનું કહે છે. પ્રદ્યુમ્નજીનું કોઈ અપમાન ન કરી શકે એવા છે એમ બતાવવામાટે આ અધ્યાયમાં પ્રદ્યુમ્નજીનો મોટો જય થયો એમ કહે છે. બધાને મોટો ભય થવામાટે બીજું વર્ણન આ અધ્યાયમાં છે.

**અથાન્યદપિ કૃષ્ણસ્ય શૃણુ કર્માદ્‌ભુતં મહત્ ।।**
**ક્રીડાનરશરીરસ્ય યથા સૌભપતિર્હતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** ક્રીડાથી મનુષ્યશરીરનો ધરનાર શ્રીકૃષ્ણનું સૌભ વિમાનના પતિ શાલ્વને મારવારૂપ બીજું પણ મહાન અદ્‌ભુત કર્મ કહું છું તે સાંભળ ।।૧।।

શાલ્વ શિશુપાલનો મિત્ર હતો. તે રુક્મિણીજીના વિવાહ વખતે શિશુપાલ તરફથી જાનમાં આવ્યો હતો. તે વખતે યાદવોએ યુદ્ધમાં જરાસન્ધ વગેરેની સાથે શાલ્વને પણ જીતી લીધો હતો ।।૨।।

તે દિવસે બધા રાજાઓની સામે શાલ્વે પ્રતિજ્ઞા કરી હતી કે ''હું પૃથ્વી ઉપરથી યાદવ માત્રને નાબૂદ કરીને જ રહીશ. બધા મારું પરાક્રમ જોઈ લેજો'' ।।૩।।

એમ એ મૂર્ખ પ્રતિજ્ઞા કરીને પ્રતિદિન એક મૂઠી ધૂળ ખાવાનો નિયમ લઈને, હે નૃપ! તે તો પશુપતિ મહાદેવજીની આરાધના કરવા લાગ્યો ।।૪।।

આમ તો પાર્વતી પતિ શંકર જલદી પ્રસન્ન થઈ જાય તેવા છે છતાં શાલ્વનો ઘોર સંકલ્પ જાણી એક વર્ષ પછી પ્રસન્ન થયા અને શરણે આવેલા શાલ્વને ''વર માગ''એમ કહ્યું ।।૫।।

એણે તો દેવ અસુર મનુષ્ય ગન્ધર્વ સાપ કે રાક્ષસોથી ભેદાય નહિ તેવું, મનમાં આવે ત્યાં જનાર, વૃષ્ણિ યાદવોને ભય કરનાર વિમાનની માગણીકરી ।।૬।।

ભગવાન્ શંકરે કહ્યું, 'તથાસ્તુ' ત્યારબાદ તેમની આજ્ઞાથી શત્રુઓનાં નગરને જીતનારા મયદાનવે 'સૌભ'નામનું લોઢાનું વિમાન બનાવ્યું અને તે શાલ્વને આપી દીધું ।।૭।।

ખરેખર તો તે વિમાન ન હતું એક નગર જ હતું. તે એટલું અન્ધકારમય હતું કે તેને જોવું અથવા પકડવું કઠિન હતું. ચાલક તેને જ્યાં લઈ જવા માગે ત્યાં એની ઇચ્છા થતાંજ પહોંચી જતું. શાલ્વે તે વિમાન લઈ દ્વારકા ઉપર ચડાઈ કરી કારણકે વૃષ્ણિવંશી યાદવોનું વેર તેનાથી ભૂલ્યું ભુલાતું નહતું ।।૮।।

હે પરીક્ષિત! શાલ્વે પોતાની ભારે મોટી સેનાથી દ્વારકાને ચારે તરફથી ઘેરી લીધી અને ફલફૂલથી લચી રહેલાં ઉપવનો અને ઉદ્યાનો નો કચ્ચરઘાણ વાળી નાખવા લાગ્યો તથા નગર દ્વારો, ફાટકો, રાજમહેલો, અટારીઓ, દિવાલો અને નાગરિકોનાં વિશ્રાન્તિનાં સ્થાનોને ખેદાન-મેદાન કરી નાખવા લાગ્યો. તે શ્રેષ્ઠ વિમાનમાંથી બધાંની ઉપર તે શસ્ત્રોની વૃષ્ટિ કરવા લાગ્યો ।।૯-૧૦।।

મોટી-મોટી ચટ્ટાનો, વૃક્ષ, વજ્ર, સર્પ અને ઓલાં વરસવા લાગ્યાં. ભારે જોરની આંધી ચડી આવી અને ચારે તરફ ધૂળ જ ધૂળ છવાઈ ગઈ ।।૧૧।।

હે પરીક્ષિત! પ્રાચીન સમયમાં જેવી રીતે ત્રિપુરાસુરે આખી પૃથ્વીને પીડિત કરી દીધી હતી તેવી જ રીતે શાલ્વના વિમાને દ્વારકાપુરીને દુઃખી કરી. ત્યાંના નરનારીઓને ક્યાંય પલભર પણ શાન્તિ મળતી નહોતી ।।૧૨।।

પરમ યશસ્વી વીર ભગવાન્ પ્રદ્યુમ્નજીએ જોયું કે અમારી પ્રજા ઉપર ભારે ત્રાસ ગુજારવામાં આવી રહ્યો છે ત્યારે રથ ઉપર સવાર થઈ બધાંને ધીરજ આપતાં તેમણે કહ્યું, ''તમે ગભરાઓ નહિ'' ।।૧૩।।

સાત્યકિ, ચારુદેષ્ણ, સામ્બ, ભાઈઓ સહિત અક્રૂર, હાર્દિક્ય, ભાનુવિન્દ, ગદ, શુક, સારણ અને બીજા મોટા ધનુર્ધારીઓ, રથોની સેનાનું રક્ષણ કરનારાઓના પણ સેનાપતિઓ કવચ ધારણ કરી લઈ રથ, હાથી, અશ્વ અને સૈનિકો થી રક્ષિત થઈ બહાર નીકળ્યા ।।૧૪-૧૫।।

જેમ પ્રાચીન સમયમાં દેવોને દૈત્યો સાથે મોટું ભયંકર ંવાડાં ઊભાં કરી દે તેવું યુદ્ધ થયું હતું તેમ શાલ્વના સૈનિકો અને યાદવો વચ્ચે ંવાડાં ઊભાં કરી દે તેવું યુદ્ધ થયું ।।૧૬।।

રુક્મિણીજીના પુત્ર પ્રદ્યુમ્નજીએ એ સૌભના પતિની માયાને, રાત્રિના અન્ધારાનો સૂર્ય ક્ષણમાં દૂર કરી દે તેમ દૂર કરી દીધી ।।૧૭।।

પ્રદ્યુમ્નજીનાં બાણોમાં સોનાનાં પંખ અને લોઢાનાં ફલ (ફલ=હથિયારનું પાનું, ફળું, અણી.) લાગેલાં હતાં. તેમની ગાંઠો જણાતી ન હતી. એવા પચ્ચીસ બાણોથી

શાલ્વના સેનાપતિને ઘાયલ કરી દીધો ।।૧૮।।

મહાપરાક્રમી પ્રદ્યુમ્નજીએ સેનાપતિની સાથે જ શાલ્વને પણ સો બાણ માર્યાં, પ્રત્યેક સૈનિકને એક-એક, સારથિઓને દસ-દસ તથા વાહનોને ત્રણ-ત્રણ બાણો મારી ઘાયલ કર્યાં ।।૧૯।।

(આમ એકલાએ જ બધાની ખબર લઈ નાખી ત્યારે) મહામના પ્રદ્યુમ્નજીનું આ અત્યન્ત આશ્ચર્યકારક અને મહાન કર્મ જોઈ પોતાના તથા દુશ્મનના બધા સૈનિકો તેમની પ્રશંસા કરવા લાગ્યા ।।૨૦।।

હે પરીક્ષિત! મયદાનવે બનાવેલું તે વિમાન બહુ માયામય હતું. તે એટલું વિચિત્ર હતું કે ક્યારેક તે અનેક રૂપે દેખાતું તો ક્યારેક એક રૂપે; ક્યારેક દેખાતું તો ક્યારેક ન પણ દેખાતું. યદુવંશીઓને એ વાતની ખબર જ ન પડતી કે અત્યારે તે વિમાન ક્યાં છે? ।।૨૧।।

તે ક્યારેક પૃથ્વી ઉપર આવી જતું તો ક્યારેક આકાશમાં ઊડવા લાગતું. ક્યારેક પહાડના શિખર ઉપર ચડી જતું તો ક્યારેક પાણીમાં તરવા લાગતું. તે અલાતચક્ર (ઊંબાડિયા) ની જેમ ઘૂમતું રહેતું હતું એક ક્ષણમાટે ય ક્યાંય સ્થિર રહેતું નહોતું ।।૨૨।।

શાલ્વ તેના વિમાન અને સૈનિકો સાથે જ્યાં-જ્યાં દેખાતો *ત્યાં-ત્યાં યદુવંશી સેનાપતિઓ બાણોની ઝડી લગાવી દેતા હતા ।।૨૩।।

**વિશેષ** : મૂલ શ્લોકમાં **તતસ્તતઃ** શબ્દો છે. 'તતઃ' એટલે ત્યાંથી. એનો ભાવ એવો છે કે યાદવ સેનાપતિઓ બાણ છોડે તે તેની પાસે પહોંચે તે પહેલાં તે સ્થળેથી શાલ્વ બીજે જતો રહ્યો હોય. નહિ તો 'તત્ર-તત્ર'શબ્દો શ્લોકમાંહોત.

તેમનાં બાણ સૂર્ય અને અગ્નિ જેવા બળબળતાં તથા ઝેરી સાપના જેવા અસહ્ય હતાં. તેમનાથી શાલ્વનું નગરાકાર વિમાન અને સેના અત્યન્ત ત્રાસી ગઈ તે ત્યાં સુધી કે યદુવંશીઓનાં બાણોથી શાલ્વ પોતે મૂર્છિત થઈ ગયો ।।૨૪।।

હે પરીક્ષિત! શાલ્વના સેનાપતિઓએ પણ યદુવંશીઓ ઉપર ઢગલાબંધ શસ્ત્રોની વર્ષા કરી હતી તેથી તેઓ અત્યન્ત પીડાઈ રહ્યા હતા પરન્તુ તેઓએ પોત-પોતાનો મોરચો છોડ્યો નહિ. તેઓ સમજતા હતા કે મરીશું તો પરલોક સુધરશે, સ્વર્ગ મળશે અને જીતીશું તો આ લોકમાં કીર્તિ મળશે ।।૨૫।।

હે પરીક્ષિત! શાલ્વના મન્ત્રીનું નામ 'દ્યુમાન્' હતું, જેને પહેલાં પ્રદ્યુમ્નજીએ

પચ્ચીસ બાણ માર્યાં હતાં. તે બહુ જ બળવાન હતો. તેણે પ્રદ્યુમ્નજી ઉપર ધસી આવી પોતાની લોખંડની ગદાથી બહુ જ જોરથી પ્રહાર કર્યો અને ''હું જીતી ગયો, હું જીતી ગયો'' એમ કહી ગર્જના કરવા લાગ્યો ।।૨૬।।

હે પરીક્ષિત! (મહાદેવજીએ આપેલ વરદાનનું સન્માન કરવાના નાટકમાં) શત્રુદમન પ્રદ્યુમ્નજીના વક્ષઃસ્થલમાં ઘા પડ્યો. દારુકનો પુત્ર તેમનો રથ હાંકતો હતો. સારથિધર્મને અનુસરી તે પ્રદ્યુમ્નજીને રણભૂમિની બહાર લઈ ગયો ।।૨૭।।

એક મુહૂર્ત (અડતાલીસ મિનિટ) પછી પ્રદ્યુમ્નજીની મૂર્છા તૂટી. ત્યારે તેમણે સારથિને કહ્યું, ''સારથિ! તેં બહુ જ ખોટું કર્યું. અરરર! તેં મને રણભૂમિમાંથી પીછેહઠ કરાવી! ।।૨૮।।

સૂત! અમારા વંશના કોઈ પણ વીરે ક્યારેય પણ રણભૂમિ છોડી પીઠ બતાવી હોય તેવું કદી સાંભળવામાં આવ્યું નથી. આ કલંકની કાળી ટીલી તો માત્ર મારે કપાળે જ ચોંટી. ખરેખર સૂત! તું કાયર છે, નપુંસક છે ।।૨૯।।

બતાવ તો ખરો, હવે હું મારા બાપુજી બલરામજી અને પિતા શ્રીકૃષ્ણની પાસે જઈ શું ઉત્તર દઈશ? હવે તો બધા એમ જ કહેશે ને કે હું યુદ્ધમાંથી ભાગી ગયો! તેઓ મને પૂછશે ત્યારે હું મારા મોઢામાં શોભે તેવો ક્યો ઉત્તર દઈશ? ।।૩૦।।

મારી ભાભીઓ હસતાં-હસતાં મને પૂછશે કે ''કહો વીર! તમે નપુંસક કેમ કરતાં થઈ ગયા? બીજાએ તમને યુદ્ધમાં નીચું શી રીતે જોવડાવી દીધું? હે સારથિ! રણભૂમિમાંથી મને ભગાડી લાવી તેં અક્ષમ્ય અપરાધ કર્યો છે'' ।।૩૧।।

**સારથિએ કહ્યું :** હે આયુષ્યમન્! મેં જે કંઈ કર્યું છે તે સારથિનો ધર્મ સમજીને જ કર્યું છે. હે મારા સમર્થ સ્વામી! યુદ્ધનો એવો ધર્મ છે કે સંકટ પડ્યે સારથિ રથીની અને રથી સારથિની રક્ષા કરી લે ।।૩૨।।

**એતદ્વિદિત્વા તુ ભવાન્ મયાપોવાહિતો રણાત્ ।।**
**ઉપસ્પૃષ્ટઃ પરેણેતિ મૂર્ચ્છિતો ગદયા હતઃ ।।૩૩।।**

(ધર્મ અને કીર્તિ વચ્ચે વિરોધમાં ધર્મની રક્ષા કરવી અને કીર્તિને જતી કરવી) એ ધર્મને સમજીને જ હું આપને રણભૂમિની બહાર લાવ્યો છું. શત્રુએ આપના ઉપર ગદાનો પ્રહાર કર્યો હતો અને તેથી આપને મૂર્છા આવી ગઈ હતી. આપ ભારે સંકટમાં હતા તેથી જ મારે આમ કરવું પડ્યું ।।૩૩।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના બીજા સાધન-**

પેટા પ્રકરણનો વૈરાગ્યરૂપ છઠ્ઠો) ''શાલ્વ અને પ્રદ્યુમ્નજીનું યુદ્ધ'' નામનો (ઉત્તરાર્ધનો સત્તાવીસમો અને ચાલુ) છોતેરમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં તોતેરમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.

**કથાના શ્રોતા-આયોજકો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
**''શ્રીભાગવતમ્ આદરાત્, પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમ્ અદમ્ભતઃ''**
(ફંડફાળા-મૃતકોદ્ધાર-આજીવિકા વગેરે) કોઈ પણ પ્રકારના (લૌકિક-પારલૌકિક સ્વાર્થ-પરાર્થ) હેતુ વિના ભક્તિભાવથી આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો.

## અધ્યાય ૭૭

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૭૪

# શ્રીકૃષ્ણે કરેલો શાલ્વનો નાશ

### ચોથા સાત્વિક પ્રકરણનું બીજું સાધન પ્રકરણ અધ્યાય ૭

**વિશેષ** : સીત્તોતેરમા અધ્યાયમાં યાદવોને અતિ પીડામાં ભગવત્ સ્મરણ થતાં એ દુઃખમાંથી શ્રીકૃષ્ણે બચાવ્યા એ વાત કહે છે. દ્યુમાનનો વધ શ્રીકૃષ્ણ કરે તો એમાં પ્રદ્યુમ્નજીનો યશ વધે નહિ તેથી પ્રદ્યુમ્નજીએ એનો વધ કર્યો એ વાત પણ અહીં કહી છે. ભક્તને દુઃખ થાય એ ભગવાનને યોગ્ય ન લાગે તેથી મતાન્તરથી ભગવાન્ પોતાની અશક્તિ બતાવે છે. એ બીજાના વાક્યથી કહે છે. શ્રીશુકદેવજી આ કથા પોતે કહેતા નથી પણ કોઈ કહે છે એમ કહે છે એથી કોઈ સમયે અંશાવતાર-શ્રીકૃષ્ણની આ કથા છે એમ સમજવું કેમકે પૂર્ણ શ્રીકૃષ્ણને માયાનો મોહ થાય એમ કોઈ પણ ભક્તિમાર્ગીય ભક્ત માની શકે નહિ એ સિદ્ધાન્ત ન જાણે તે લોકોને સ્વરૂપમાં પણ ભ્રમ થાય છે. તેમ કોઈ કલ્પાન્તરમાં સૂક્ષ્મ અંશથી અવતાર લઈ કહેલ હશે. અહીં ન જણાવે તો નિરોધમાં વિરોધ આવે તેથી પરભાષા અહીં શુકે બતાવી છે. તેથી સ્કન્ધાર્થ અને શાસ્ત્રાર્થ એ બન્નેનું નિરૂપણ અત્રે કરવામાં આવ્યું છે.

**સ તૂપસ્પૃશ્ય સલિલં દંશિતો ધૃતકાર્મુકઃ ।।**
**નય માં દ્યુમતઃ પાર્શ્વં વીરસ્યેત્યાહ સારથિમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : (મૂર્છા પછી આચમન કરવું જોઈએ એટલે) પ્રદ્યુમ્નજીએ આચમન કર્યું. (પહેલાં પોતાના બલપૌરુષના અભિમાનમાં પ્રદ્યુમ્નજી

કવચ ધારણ કર્યા વિના ગયેલા તે હવે ગર્વભંગ થયો એટલે) નારાયણ કવચનો પાઠ કરી તથા લોઢાનું કવચ ધારણ કરી, ધનુષલઈ સારથિને કહ્યું, ''મને વીર દ્યુમાનની પાસે લઈ જા'' ।।૧।।

તે વખતે દ્યુમાન યાદવોની સેનનો નાશ કરી રહ્યો હતો. પ્રદ્યુમ્નજીએ તેની પાસે જઈ તેમ કરતાં તેને રોકી દીધો અને (દ્યુમાનનું પાણી માપવા જાણે કે) હસીને આઠ બાણ માર્યાં ।।૨।।

ચાર બાણોથી ચાર ઘોડા એક-એક બાણથી સારથિ, ધનુષ, ધજા અને તેનું માથું ઉડાવી દીધું ।।૩।।

આ બાજુ ગદ, સાત્યકિ, સામ્બ વગેરે યદુવંશી વીર પણ શાલ્વની સેનાનો સંહાર કરવા લાગ્યા. સૌભ વિમાન ઉપર ચડેલા સૈનિકોનાં ગળાં કપાઈ જતાં અને તે સમુદ્રમાં જઈ પડતાં ।।૪।।

આ પ્રમાણે યદુવંશી અને શાલ્વ ના સૈનિકો એકબીજા ઉપર પ્રહાર કરતા રહ્યા. ભારે ભયંકર ઘમસાણ મચી ગયું અને તે સતત સત્યાવીસ દિવસ ચાલતું રહ્યું ।।૫।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** તે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણ ધર્મરાજ યુધિષ્ઠિરના બોલાવવાથી ઈન્દ્રપ્રસ્થ ગયેલા હતા. રાજસૂય યજ્ઞ પૂરો થયો હતો અને શિશુપાલનું પણ મૃત્યુ થઈ ગયું હતું ।।૬।।

ત્યાં શ્રીકૃષ્ણે જોયું કે ભયંકર અપશુકન થઈ રહ્યા છે ત્યારે ત્યાંનું કાર્ય સમાપ્ત થતાં કુરુવૃદ્ધોની અને મુનિઓની આજ્ઞા માગી કુન્તીજી તથા એમના પુત્રોની રજા લઈને ભગવાન્ દ્વારકા તરફ રવાના થયા ।।૭।।

પોતે વિચાર કરે છે કે ''હું અહીં આવ્યો ત્યાં મોટાભાઈ પણ પાછા અહીં મને આવી મળ્યા તેથી શિશુપાલના પક્ષના રાજાઓએ જરૂર મારી નગરી ઉપર ચઢાઈ કરી હશે'' ।।૮।।

ભગવાન્ શ્રીકૃષ્ણે દ્વારકામાં પહોંચી જોયું કે ખરેખર યાદવો ઉપર આફત આવી પડી છે. ત્યારે આપે બલદેવજીને નગરની રક્ષાનું કામ સોંપીને સૌભપતિ શાલ્વને જોઈ પોતાના સારથિ દારુકને કહ્યું ।।૯।।

''હે સારથિ! મારા રથને જલદી શાલ્વ પાસે લઈ જા. આ સૌભરાટ (સૌભમાં પ્રકાશતો શાલ્વ) માયાવી છે પણ તું ડરીશ નહિ'' ।।૧૦।।

ભગવાનની એવીઆજ્ઞા મળતાં નીડર થઈને દારુક (દારુક-દારુ=લાકડું; ક=સિર,

સુખ. લાકડાં (રથ) તેની ઇચ્છાપ્રમાણે ફરતાં.) રથ ઉપર ચડી ગયોઅને તેને શાલ્વ તરફલઈ ગયો.બરાબર એ જ વખતે પોતાના અને દુશ્મન ના સૈનિકોએ જેના ધ્વજમાં ગરુડજીનું ચિહ્ન છેએવા રથને યુદ્ધભૂમિમાં પ્રવેશેલોજોયો ।।૧૧।।

હે પરીક્ષિત! અત્યાર સુધીમાં શાલ્વની લગભગ આખી સેનાનો નાશ થઈ ચૂક્યો હતો. ભગવાન્ શ્રીકૃષ્ણને જોતાં જ તેણે આપના સારથિ ઉપર એક ભારે મોટી શક્તિ ફેંકી. તે શક્તિ ઘણો ભયંકર અવાજ કરતી આકાશમાં સનસનાટ કરતી આવી રહી હતી અને મોટા ખરતા તારા જેવી લાગતી હતી. તેને સારથિ તરફ આવતી જોઈને ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાનાં બાણોથી સેંકડો ટુકડા કરી નાખ્યા ।।૧૨-૧૩।।

સૂર્ય આકાશને કિરણોથી ભેદે તેમ શાલ્વને અને આકાશમાં ભમતા સૌભને ભગવાને સોળ બાણથી વીંધી નાખ્યું ।।૧૪।।

શાંર્ગધનુષ જેમના હાથમાં છે તેવા શ્રીકૃષ્ણના ડાબા હાથમાં ધનુષ હતું તેમાં શાલ્વે બાણ મારવાથી શાંર્ગધનુષ હાથમાંથી પડી ગયું એ અદ્દ્ભુત વાત બની ।।૧૫।।

ત્યાં જોનાર પ્રાણીઓ હાહાકાર કરવા લાગ્યાં અને સૌભરાટે હું જીતી ગયો એવી મોટી ગર્જના કરીને ભગવાનને આ પ્રમાણે કહ્યુંઃ ।।૧૬।।

''હે અમૂઢ! અમારા મિત્ર અને તારા ભાઈ શિશુપાલની સ્ત્રીને તું અમારા દેખતાં લઈ ગયો અને મારા એ મિત્રને ઓચિન્તો સભામાં તેં મારી નાખ્યો ।।૧૭।।

અને તારા મનમાં તું માને છે કે મારો કોઈ પરાજય કરી શકે નહિ તો તું આજ મારી સામે ઊભો રહે તો હું મારાં તમતમતાં તીખાં બાણોથી તને ત્યાં પહોંચાડી દઈશ જ્યાંથી ફરી કોઈ પાછું આવતું નથી'' ।।૧૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણ બોલ્યા :** 'અરે મૂરખ! તું વૃથા બકવાદ કરે છે. તારી પાસે કાળ આવ્યો છે તેને તું જોતો નથી. બહાદુર પુરુષો બહુ બોલતા હોતા નથી તેઓ તો પોતાનું પરાક્રમ પ્રત્યક્ષ દેખાડે છે'' ।।૧૯।।

આ પ્રમાણે કહી ભગવાન્ શ્રીકૃષ્ણે ગુસ્સે ભરાઈ પોતાની અત્યન્ત વેગવાન્ અને ભયંકર ગદાથી શાલ્વની હાંસડી ઉપર પ્રહાર કર્યો. તેને લોહીની ઊલટી થઈ અને પોતે ધ્રૂજવા લાગ્યો (તેને લોહી ઓકતો જોઈ પોતાનું કાર્ય પૂરું થયું છે એમ માની) ગદા ભગવાનની પાસે પાછી ફરી. (હવે બીજા પ્રહારથી તો મારું મોત જ થશે એમ માની ભગવદ્રૂપ માયાની પ્રાર્થના કરવા) શાલ્વ અન્તર્ધાન થઈ ગયો. (કારણ કે હવે

મહાદેવજીએ તેનો પક્ષ છોડી દીધો હતો) ।।૨૦।।

ત્યાર બાદ બે ઘડીમાં એક માણસે ભગવાનની પાસે આવી આપને સિર ઝુકાવી પ્રણામ કર્યા અને તેણે રોતાં-રોતાં કહ્યું, ''મને આપની માતા દેવકીજીએ મોકલ્યો છે'' ।।૨૧।।

તેમણે કહ્યું છે, ''પોતાના પિતા ઉપર અત્યન્ત પ્રેમ રાખનાર મહાબાહુ શ્રીકૃષ્ણ! જેવી રીતે કસાઈ પશુને (મારી નાખવા માટે) બાંધીને લઈ જાય તેમ શાલ્વ તમારા પિતાને બાંધીને લઈ ગયો છે'' ।।૨૨।।

આ અપ્રિય સમાચાર સાંભળી ભગવાન્ શ્રીકૃષ્ણ મનુષ્ય સ્વભાવને સ્વીકારતા ઉદાસ થઈ ગયા. સાધારણ પુરુષની જેમ અત્યન્ત કરુણા અને સ્નેહ થી આપ કહેવા લાગ્યા ।।૨૩।।

''ઓહો! મારા ભાઈ બલદેવજીને તો દેવો તથા અસુરો કોઈ જીતી શકે એમ નથી. તે સદા સર્વદા સાવધાન રહે છે. શાલ્વનું બલ-પૌરુષ તો અત્યન્ત તુચ્છ છે. છતાં તેણે તેમને કેવી રીતે જીતી લીધા તથા મારા પિતાશ્રીને કેવી રીતે બાંધીને લઈ ગયો? ખરેખર, પ્રારબ્ધ બહુ જ બળવાન્ છે'' ।।૨૪।।

ભગવાન્ શ્રીકૃષ્ણ આ પ્રમાણે કહી જ રહ્યા હતા ત્યાં શાલ્વ વાસુદેવજીના જેવા એક માયા રચિત પુરુષને (આ પુરુષ શાલ્વે જે માયારૂપ ભગવાનની ઉપાસના કરેલી તે હતો.) લાવીને તેણે શ્રીકૃષ્ણને કહ્યું ।।૨૫।।

''હે બાલિશ!* જો, આ જ તને જન્મ આપનાર તારો બાપ છે, જેને માટે તું જીવી રહ્યો છે. તેને તારા દેખતાં જ હું મારીશ. તારામાં તાકાત હોય તો તેની રક્ષા કર. ।।૨૬।।

**વિશેષ** : શાલ્વ માયારૂપ ભગવાન્ હોવાથી તેની જીભની આમ બોલવાની પ્રવૃત્તિ થઈ. હકીકતમાં શ્લોકનો પાઠ આ પ્રમાણે છેઃ

**એષ તે જનિતા તાતો યદર્થમિહ જીવસિ ।।**
**વધિષ્યે વીક્ષતસ્તેઽમુમીશશ્ચેત્ પાહિ બાલિશ ।।૨૬।।**

વાસ્તવિક સ્થિતિ તો અજનિતા-જન્મ નહિ આપનાર, અતાત-પિતા નહિ તેવી છે. હકીકતમાં પૂર્ણ બ્રહ્મને ન તો કોઈ પૈદા કરી શકે કે ન તો કોઈ તેનો પિતા હોઈ શકે. બાલિશ=બાલિનોપિ શં યસ્માત્ સ બાલિશ! સુગ્રીવના ભાઈ વાલીને પણ જેની પાસેથી સુખ પ્રાપ્ત થયું તે બાલિશ. દ્વેષીઓ ઉપર સ્વયં ઉપકાર કરો છો, મારીને પણ મોક્ષ આપો છો તો

મને પણ મારી નાખીને કૃતાર્થ કરો એવી વાસ્તવમાં પ્રાર્થના જ છે.

માયાવી શાલ્વે આ પ્રમાણે ભગવાનનો તિરસ્કાર કરી માયારચિત વસુદેવજીનું મસ્તક તલવારથી ઉડાવી દીધું અને તેને લઈ આકાશમાં રહેલા પોતાના (સૌભ) વિમાનમાં જઈ બેઠો ।।૨૭।।

ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વયંસિદ્ધ જ્ઞાનસ્વરૂપ અને મહાનુભાવ છે. આપ આ ઘટના જોઈ બે ઘડીને માટે તો પોતાના સ્વજન વસુદેવજીને માટે અત્યન્ત પ્રેમ હોવાને લીધે સાધારણ મનુષ્યની માફક શોકમાં ડૂબી ગયા. પરન્તુ પછી તો આપ જાણી ગયા કે આ તો મયદાનવે શાલ્વને બતાવેલી આસુરી માયાનો જ પ્રસાર છે ।।૨૮।।

ભગવાન્ શ્રીકૃષ્ણે પ્રબુદ્ધ થઈ યુદ્ધ ભૂમિમાં જોયું તો નથી ત્યાં દૂત કે નથી પિતાનું તે શરીર; જાણે કે સ્વપ્નમાં એક દશ્ય દેખાઈ લુપ્ત થઈ ગયું હોય! બીજી બાજુ જોયું તો શાલ્વ વિમાન ઉપર ચડી આકાશમાં ફરી રહ્યો છે. એટલે આપ તેનો વધ કરવાને માટે તૈયાર થઈ ગયા. (આ પૂર્વપક્ષ કહ્યો) ।।૨૯।।

(હવે સિદ્ધાન્ત કહે છે)હે રાજર્ષિ! પૂર્વાપરનો (આગળ-પાછળનો) વિચાર ન કરનારા કોઈ-કોઈ ઋષિ આ પ્રમાણે કહે છે. અવશ્ય તેઓ એ વાતને ભૂલી જાય છે કે શ્રીકૃષ્ણની બાબતમાં આમ કહેવું તેમનાજ વચનોથી વિપરીતછે* ।।૩૦।।

**વિશેષ** : મનન કરનાર મુનિઓ કહેવાય તેમને મનનથી જ્ઞાન થાય છે પણ જ્યાં મૂળરૂપમાં વિરોધ આવે ત્યાં આર્ષ જ્ઞાન પ્રમાણરૂપ ગણાતું નથી કેમકે એનું જ્ઞાન એના ઉપજીવ્યથી વિરુદ્ધ છે તેથી એ પ્રમાણ નથી. જેમ સાંખ્યાદિ મત વેદવિરુદ્ધ અંશમાં અપ્રમાણ ગણાય છે તેમ ભગવાનની કૃપા વગર, કેવળ પ્રમેયબળ પ્રાપ્ત કર્યા વગર, આર્ષજ્ઞાન થતું નથી. તેથી જ એ ભગવાન્‌માં દોષ જોઈ શકે છે. પોતાના જન્મમાં માતાના વ્યભિચારને જોનારની જેમ એ દેખે છે. એની ઉપેક્ષા કરવી યોગ્ય છે. પ્રથમ ''કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્'' એમ કહે છે અને અહીં માયા-મોહિત કહે એ કેમ સમ્ભવે? તેથી પૂર્વાપરના અનુસન્ધાન વગર બોલે તે અપ્રમાણ જાણવું.

ક્યાં આજ્ઞાનમાંથી ઉત્પન્ન થતા શોક, મોહ, સ્નેહ અને ભય અને ક્યાં ક્ષણે-ક્ષણે જેમની દેવોએ સ્તુતિ કરી છે તે પરિપૂર્ણ ભગવાન્ શ્રીકૃષ્ણ. જેમના આત્માનુભવ, જ્ઞાન અને ઐશ્વર્ય અખડિત છે એકરસ છે! ।।૩૧।।

**વિશેષ** : જે અજ્ઞાન બાળપણમાં બધામાં હોય છે તે શ્રીકૃષ્ણમાં બાળપણમાં પણ નહોતું તો જે અવસ્થાએ સામાન્ય જીવો પણ સારું નરસું પારખી શકે તેવી પકવ બુદ્ધિ ધરાવતા હોય છે

તે અવસ્થાએ એ અજ્ઞાન શ્રીકૃષ્ણમાં સમ્ભવી જ શી રીતે શકે?

મોટા-મોટા ઋષિ મુનિઓ ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણકમલોની સેવા કરી આત્મવિદ્યા પુષ્ટ કરે છે અને તે દ્વારા ''શરીર એ જ આત્મા છે'' એવા અનાદિ અજ્ઞાનનો નાશ કરી દે છે; એટલું જ નહિ પણ અનન્ત ઐશ્વર્યયુક્ત ભગવાનને જ પ્રાપ્ત કરી લે છે. તે ઉત્તમ સત્પુરુષોની ગતિરૂપ, ફલરૂપ શ્રીકૃષ્ણમાં મોહ કેવી રીતે હોઈ શકે? ।।૩૨।।

**વિશેષ** : બ્રહ્મ જાણનારના ચરણની સેવા કરવાથી આત્મવિદ્યાની પ્રાપ્તિ થાય છે. તે આત્મવિદ્યા ભગવાનના ચરણકમલની સેવાથી પુષ્ટ થાય છે.

હવે શાલ્વ ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર ભારે ઉત્સાહ અને વેગ થી શસ્ત્રોની વર્ષા કરી રહ્યો હતો. અમોઘ પરાક્રમયુક્ત શ્રીકૃષ્ણે પણ પોતાનાં બાણોથી શાલ્વને ઘાયલ કરી દીધો અને તેના કવચ, ધનુષ તથા મસ્તક ના મણિને છિન્ન-ભિન્ન કરી નાખ્યાં. સાથે-સાથે ગદાના પ્રહારથી તેના વિમાનના પણ ટુકડે-ટુકડા કરી નાખ્યા ।।૩૩।।

(કાલસ્વરૂપ) શ્રીકૃષ્ણની (સમ્પૂર્ણ ક્રિયાશક્તિરૂપ) હસ્તથી ફેંકાયેલી ગદાથી તે વિમાન ઘૂમરી ખાતું-ખાતું સમુદ્રમાં જઈ પડ્યું ત્યાં તો તેના હજાર ટુકડા થઈ ગયા હતા. શાલ્વ ધરતી ઉપર કૂદી પડ્યો. (''આ અચ્યુત ભગવાન્ જ છે એમનાથી ભાગીને ક્યાં જવું અથવા તેમની સામે પરાક્રમ પણ શું ચાલે?'' એમ વિચારી) શાલ્વ ઉગામેલી ગદા સાથે અચ્યુત ભગવાન્ સામે સ્ફુર્તિથી દોડી આવ્યો ।।૩૪।।

દોડી આવતા શાલ્વને જોઈ આપે ભાલાથી ગદા સહિત તેનો હાથ કાપી નાખ્યો. પછી તેને મોક્ષનું દાન કરવા શ્રીકૃષ્ણ ભગવાન્ પ્રલયકાલના સૂર્ય જેવા તેજસ્વી અને અત્યન્ત અદ્‌ભુત સુદર્શન ચક્ર ધારણ કરી થોડીવાર(શાલ્વનું રક્ષણ કરનાર કોઈ હોય તો આવી જાઓ એમ જાણે કે કહેતા હોય તેમ) ઊભા રહ્યા. એ વખતે સૂર્યની સાથે ઉદયાચલ શોભતો હોય તેવા શોભી રહ્યા હતા ।।૩૫।।

જેવી રીતે ઈન્દ્રે વજ્રથી વૃત્રાસુરનું મસ્તક છેદી નાખ્યું હતું તેવી રીતે ભગવાન્ શ્રીહરિએ તે ચક્રથી, પુરરૂપી મોહ કરાવનારી માયા હતી જેની તેવા, શાલ્વનું કિરીટકુંડલયુક્ત સિર ધડથી અલગ કરી દીધું. તે વખતે શાલ્વના સૈનિકો અત્યન્ત દુઃખી થઈ 'હાય, હાય' કરવા લાગ્યા ।।૩૬।।

**નેદુર્દુન્દુભયો રાજન્ દિવિ દેવગણેરિતાઃ ।।**
**સખીનામપચિતિં કુર્વન્ દન્તવક્ત્રો રુષાભ્યગાત્ ।।૩૭।।**

હે પરીક્ષિત! (ભગવાન્ તો અક્લિષ્ટકર્મા છે. આપે શાલ્વને માર્યો નહોતો પણ) જ્યારે તે પાપી પોતાના જ પાપથી મરાયો અને તેના વિમાનના પણ ભૂકેભૂકા ઊડી ગયા ત્યારે દેવતા લોક આકાશમાં દુન્દુભિઓ વગાડવા લાગ્યા. બરાબર આ જ વખતે દન્તવક્ત્ર પોતાના મિત્ર શિશુપાલ વગેરેનો બદલો લેવામાટે અત્યન્ત ક્રોધિત થઈ આવી પહોંચ્યો ।।૩૭।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં(ચોથા સાત્વિક પ્રકરણના બીજા સાધન-પેટા પ્રકરણનો ધર્મી રૂપ સાતમો) ''શ્રીકૃષ્ણે કરેલો શાલ્વનો''નાશ નામનો(ઉત્તરાર્ધનો અઠાવીસમો અને ચાલુ)૭૭મો (પ્રક્ષિપ્ત ત્રણ ધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૭૪મો)અધ્યાયસમ્પૂર્ણથયો.**

## ચોથા સાત્વિક પ્રકરણનું બીજું સાધન પ્રકરણ સમ્પૂર્ણ

સાવધાન! સાવધાન!! સાવધાન!!!
ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન
પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે

## અધ્યાય ૭૮

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૭૫

# સાત્વિક ફલ પ્રકરણ

## દન્તવક્ત્ર તથા વિદૂરથ નો ભગવાને કરેલો ઉદ્ધાર

### ચોથા સાત્વિક પ્રકરણનું ત્રીજું ફલ પ્રકરણ અધ્યાય ૧

**વિશેષ** : બે અધ્યાયથી બલદેવજીની સત્કીર્તિ કહેવામાં આવે છે. ઋષિઓ એમની કીર્તિનાં વખાણ કરશે જેનાથી એમની કીર્તિ પૃથ્વી ઉપર સ્થિર થાય. તીર્થાભિષેકથી, યજ્ઞ કરવાથી, સ્વપ્રતાપથી અને ઉપદેશ આપવાથી કીર્તિ પ્રસરે છે. દુર્યોધનના યુદ્ધમાં પોતે મધ્યસ્થ રહ્યા. (દુર્યોધન બલદેવજીનો જમાઈ છતાં તેના પ્રત્યે પક્ષપાત ન કર્યો) તેથી એમની કીર્તિમાં વધારો થયો. રામકીર્તિના અધ્યાયમાં દન્તવક્ત્રનું કથન તો એ પણ ભગવાનનો દાસ (પાર્ષદ વિજય)

છે તેથી કર્યું છે તેથી ભગવાનના ત્રણ ભૃત્યો (સેવકો-બલદેવજી, દન્તવક્ત્ર અને વિદૂરથ) નું આ અધ્યાયમાં વર્ણન આવે છે.

**શિશુપાલસ્ય શાલ્વસ્ય પૌણ્ડ્રકસ્યાપિ દુર્મતિઃ ।।**
**પરલોકગતાનાં ચ કુર્વન્ પારોક્ષ્યસૌહૃદમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! શિશુપાલ, શાલ્વ અને પૌણ્ડ્રક ના મરાયાથી તેમની મિત્રતાનું ઋણ ચુકવવામાટે મૂર્ખ દન્તવક્ત્ર એકલોજ પગે ચાલતો યુદ્ધભૂમિમાં ધસી આવ્યો. ક્રોધથી તે બળી રહ્યો હતો. શસ્ત્ર તરીકે તેના હાથમાં એકમાત્ર ગદાહતી. પરન્તુ, હે પરીક્ષિત! લોકોએ જોયું કે તે એટલોતો શક્તિશાળી હતો કે તેના પગના ધમકારાથી પૃથ્વી ધ્રુજી રહીહતી ।।૧-૨।।

એ દન્તવક્ત્રને આવતો જોઈને ભગવાન્ હાથમાં ગદા લઈ જલદી રથમાંથી ઉતરી, કાંઠા જેમ દરિયાના ભરતી-ઓટને આગળ વધતાં રોકી દે તેમ તેને રોકી દીધો ।।૩।।

ઘમંડના નશામાં ચકચૂર કંષનરેશ દન્તવક્ત્રે ગદા ઉગામી ભગવાન્ શ્રીકૃષ્ણને કહ્યું, "ઘણા સૌભાગ્ય અને આનન્દ ની વાત છે કે આજ તું ફરી નજરે પડી ગયો* ।।૪।।

**વિશેષ** : ગદા ઉગામીને જણાવ્યું કે હું આપનો દ્વારપાલ છું, અધિકારી છું, આપ મુકુન્દ-મોક્ષ આપનાર છો એટલે મોક્ષ મેળવવાનો મારો અધિકાર છે. સ્નેહથી સાયુજ્ય પ્રાપ્ત કરવાને બદલે વેરથી પ્રાપ્ત કરવા માગે છે માટે મૂલ શ્લોકમાં તેને માટે "દુર્મદ-ઉન્મત્ત" શબ્દ વાપર્યો છે. આપનાં મને દર્શન થયાં તે મારું અહોભાગ્ય છે.

હે કૃષ્ણ! તું મારા મામાનો પુત્ર છે. તેથી તને મારવો તો ન જોઈએ; પરન્તુ એક તો તેં મારા ઘણા મિત્રોને મારી નાખ્યા છે, બીજું મને પણ તું મારી નાખવા માગે છે. તેથી હે મન્દ! આજે મારી વજ્રજેવી કઠોર ગદાથી તારા ભૂકેભૂકા ઉડાવી દઈશ* ।।૫।।

**વિશેષ : ત્વં માતુલેયો નઃ કૃષ્ણ મિત્રધ્રુંમાં જિઘાંસસિ,**
**અતસ્ત્વાં ગદયા મન્દ હનિષ્યે વજ્રકલ્પયા ।।૫।।**

શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણ ભગવાનની નિન્દા જણાવતો અર્થ તો શ્રીસુબોધિનીજીમાં કરતા જ નથી. સરસ્વતી ભગવાનની સ્તુતિ જ કરે. કૃષ્ણ એમ વહાલથી સમ્બોધન કરે છે. મને મારવા માગે છે કારણ કે હું કૃષ્ણના મિત્રોનો દ્રોહ કરું છું. હું પણ કૃષ્ણનો મિત્ર છું તેથી મને અપરાધ

વિના નહિ મારો તેથી ગદા ચલાવીને હું પહેલો અપરાધ કરું. ગદયા હનિષ્યે-'ગદા' એટલે સુષુમ્ણા નાડીદ્વારા હું આપને પ્રાપ્ત કરીશ.

હે અજ્ઞ! આમ તો તું મારો સગો છે પણ પોતાના શરીરમાં કોઈ રોગ હોય તેમ, મારો શત્રુ જ છે. હું મારા મિત્રો ઉપર બહુ પ્રેમ કરું છું તેમનું મારા ઉપર ઋણ ચડેલું છે. હવે તને મારીને જ હું તેમના ઋણમાંથી ઋણમુક્ત થઈ શકું છું* ।।૬।।

**વિશેષઃ તર્હ્યાનૃણ્યમુપૈમ્યજ્ઞ મિત્રાણાં મિત્રવત્સલઃ।**

**બન્ધુરૂપમરિં હત્વા વ્યાધિં દેહચરં યથા ।।૬।।**

**અજ્ઞ=ન વિદ્યતે જ્ઞો યસ્માત્**=જેની આગળ કોઈ જ્ઞાની નથી, સર્વજ્ઞ. હે **મિત્ર વત્સલ**-ભગવાન્ પ્રાણીમાત્રનું હિત કરનારા અને તેથી મિત્ર વત્સલ છે. **''બન્ધુરૂપમરિં હત્વા=બન્ધુરૂપો દેહ;, બન્ધોઃ રૂપમિવ રૂપં યસ્ય હિતકર્તૃત્વાત્ વસ્તુતઃ તુ અરિઃ ''સૃષ્ટ્વાસ્ય બીજમ્'' (૧૧।૯।૨૬) ઈતિ ન્યાયાત્''** બન્ધુરૂપ દેહ છે, બન્ધુના રૂપ જેવું રૂપ છે જેનું તે પણ ખરેખર તો દેહ દુશ્મનની ગરજ સારે છે કારણ કે દેહ પડે છે ત્યારે વૃક્ષની માફક ભવિષ્યના બીજા શરીરમાટે બીજ વાવી તેને માટે પણ દુઃખની વ્યવસ્થા કરતો જાય છે.

જેવી રીતે મહાવત અંકુશથી હાથીને ઘાયલ કરે છે તેવી રીતે દન્તવક્ત્રે પોતાની કડવી વાણીથી શ્રીકૃષ્ણને ચોટ મારવાની ચેષ્ટા કરી અને પછી તે આપના શ્રીમસ્તક ઉપર ભારે જોરથી ગદા મારી સિંહની જેમ ગરજી ઊઠ્યો* ।।૭।।

**વિશેષ** : મહાવત હાથીને અંકુશ ભોંકી આગળ જવા સૂચના આપે છે તેમ અહીં દન્તવક્ત્ર શ્રીકૃષ્ણને પોતાને જલદી મારી મોક્ષ આપવા પ્રેરણા કરે છે. હવે પોતાની જાતને કૃતાર્થ માની તેણે ખુશીમાં આવી જઈ ગર્જના કરી.

રણભૂમિ ઉપર ગદાની ચોટ લાગી છતાં પણ ભગવાન્ શ્રીકૃષ્ણ જરાય ચલિત ન થયા. આપે પણ પોતાની ભારે મોટી ગદા કૌમોદકી તેના વક્ષઃસ્થલ ઉપર મારી* ।।૮।।

**વિશેષ** : કૌમોદકી ગદા જેના ઉપર પડે તેનો, ગમે તેવો પાપી હોય તો પણ, મોક્ષ થાય તેવું તેનું માહાત્મ્ય છે. ગદા વક્ષઃસ્થલ ઉપર એટલામાટે મારી કે તેના જીવને દેહમાંથી બહાર નીકળતી વખતે છ ચક્ર ભેદવાનો કલેશ ન થાય. મારતાં-મારાતાંય દુશ્મન સુખપૂર્વક આસાનીથી મરે તેવી શ્રીકૃષ્ણ વ્યવસ્થા કરે છે.

ત્યારે દન્તવક્ત્રની ગાઢ વિશાળ છાતી ગદાથી ફાટી ગઈ, મોઢામાંથી લોહી વહેવા

લાગ્યું અને તે હાથ-પગ પૃથ્વી ઉપર પહોળા કરી જીવ રહિત નીચે પડ્યો ।।૯।।

જેમ શિશુપાલના મરણ વખતે ભગવાન્‌માં એનો આત્મા પેઠો હતો તેમ, હે નૃપ! આના શરીરમાંથી સૂક્ષ્મ જ્યોતિ સર્વ લોકોના દેખતાં ભગવાન્‌માં દાખલ થઈ ગઈ ।।૧૦।।

એનો ભાઈ વિદૂરથ પણ ભાઈના શોકથી અત્યન્ત વ્યાકુલ થઈ ઢાલ તલવાર લઈને ફૂંફાડા મારતો ભગવાનને મારવાની ઈચ્છાથી આવ્યો ।।૧૧।।

એ પ્રહાર કરવા આવતો હતો તેટલામાં જ તીક્ષ્ણ ધારવાળા ચક્રવડે કિરીટ કુંડળ સહિત એનું માથું ભગવાને ઉડાવી દીધું ।।૧૨।।

એમ સૌભવિમાન, શાલ્વ, દન્તવક્ત્ર એના ભાઈ વિદૂરથ અને બીજાને ભારે પડે તેવા વીરોને શ્રીકૃષ્ણે મારી નાખ્યા ત્યારે દેવો અને મનુષ્યો ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા ।।૧૩।।

મુનિ, સિદ્ધ, ગન્ધર્વ, વિદ્યાધર, વાસુકિ વગેરે મોટા સર્પો, અપ્સરાઓ, પિતૃગણો, યક્ષો, કિન્નરો તથા ચારણોએ ભગવાનના વિજયનાં ગાન કર્યાં અને પુષ્પોથી જેમને વધાવ્યા તેવા ભગવાન્ યાદવશ્રેષ્ઠોની સાથે પોતાની દ્વારકાપુરીમાં પધાર્યા. ભગવાનના પ્રવેશ વખતે નગરી ઘણી સારી રીતે સજાવવામાં આવી હતી ।।૧૪-૧૫।।

એમ યોગેશ્વર શ્રીકૃષ્ણ છ ઐશ્વર્યવાળા અને જગતના ઈશ્વર છે છતાં પશુના જેવી દષ્ટિવાળા લોકો ''ભગવાન્ કોઈ વાર જીતે છે, કોઈ વાર જરાસન્ધ વગેરેથી *હારે છે'' એમ માને છે એથી એ પશુતુલ્ય છે કેમકે ભગવાનના સામર્થ્યને એ જાણતા નથી ।।૧૬।।

**વિશેષ** : એ તો પુરુષોત્તમ હોવાથી એમને હાર જીતનો સમ્ભવ જ ન હોય. અહીં ભગવાને પોતાની ક્રિયાશક્તિનો સંકોચ કર્યો છે. પુરાણાન્તરમાં ભગવાને અહીં શસ્ત્ર ત્યાગ કર્યાનું કહ્યું છે તેથી જ પુરુષોત્તમ સહસ્રનામમાં **''વિદૂરથપ્રાણહર્તા ન્યસ્તશસ્ત્રાસ્ત્રવિગ્રહઃ''** એવું ભગવાનનું નામ શ્રીઆચાર્યજીએ કહ્યું છે.

જ્યારે કૌરવોને પાંડવોની સાથે યુદ્ધનો પ્રસંગ ઉભો થયાનું બલદેવજીએ સાંભળ્યું ત્યારે પોતે તટસ્થ હોવાથી તીર્થમાં સ્નાન કરવાને મિષે ત્યાંથી તીર્થોમાં ચાલી નીકળ્યા ।।૧૭।।

પ્રથમ પ્રભાસમાં સ્નાન કર્યું. દેવ, ઋષિ, પિતૃ, મનુષ્ય વગેરેનાં

બ્રાહ્મણભોજનદ્વારા તર્પણ કરી બ્રાહ્મણોને સાથે લઈ સરસ્વતીના કિનારા ઉપર પ્રવાહની સામે ચાલ્યા. (બ્રાહ્મણોની મન્જૂરી વિના તીર્થપૂર્તિ થતી નથી) ।।૧૮।।

પૃથૂદક, બિન્દુસર, ત્રિતકૂપ, સુદર્શન તીર્થ, વિશાલ તીર્થ, બ્રહ્મતીર્થ, ચક્રતીર્થ અને પ્રાચી સરસ્વતી વગેરે તીર્થોમાં ગયાં ।।૧૯।।

ત્યાંથી યમુનાજીના કાંઠે-કાંઠે ચાલતાં તીર્થો આવ્યાં તેમ જ ગંગાજીના પ્રવાહને કાંઠે-કાંઠે તીર્થો આવ્યાં તેમાં ફરતા-ફરતા નૈમિષ ક્ષેત્રમાં આવ્યા જ્યાં ઋષિઓ સત્સંગરૂપી મહાન સત્ર કરી રહ્યા હતા ।।૨૦।।

એક દીર્ઘ યજ્ઞના આયોજનમાટે નિયમ લઈ બેઠેલા ઋષિઓએ બલદેવજીને પધારેલા જોઈ પોત-પોતાના આસનેથી ઊભા થઈ તેમનો સ્વાગત સત્કાર કર્યો અને યથાયોગ્ય પ્રણામ આશીર્વાદની વિધિ બાદ તેમની પૂજા કરી ।।૨૧।।

તેઓ બ્રાહ્મણોની સાથે આસન ગ્રહણ કરી બેસી ગયા અને તેમની અર્ચાપૂજા થઈ ગઈ ત્યારે તેમણે જોયું કે ભગવાન્ વ્યાસજીના શિષ્યે રોમહર્ષણ વ્યાસ ગાદી ઉપર બેઠેલા છે ।।૨૨।।

બલદેવજીએ જોયું કે રોમહર્ષણજી હીન સૂત જાતિમાં જન્મેલા હોવા છતાં તે શ્રેષ્ઠ બ્રાહ્મણો કરતાં ઊંચા આસન ઉપર બેઠેલા છે અને તેઓ આવ્યા ત્યારે ઊભા થઈને સ્વાગત કરતા નથી કે હાથ જોડીને પ્રણામ પણ કરતા નથી. આથી બલદેવજીને ક્રોધ થયો* ।।૨૩।।

**વિશેષ** : બલદેવજીનો તર્ક કંઈક આ પ્રમાણે છે : ઉત્તમ બ્રાહ્મણોએ જ્યારે ઊભા થઈને પ્રણામ વગેરે કર્યા તો સૂત તો જાતિથી હીન છે, છતાં તેણે અભિવાદન ન કર્યું તેથી તેનામાં ધર્મ નથી, ધર્મનો આભાસ (દેખાવ) છે. એ ધર્માભાસ પાખંડ જ છે. પાખંડથી ક્રોધ આવ્યો. વ્રતનિયમ લીધાં હોય તેણે પણ આદરણીયને હાથ જોડી વિનય તો દાખવવો જોઈએ. વિપ્રો કરતાં તે ઊંચા આસન ઉપર બેઠેલો છે. વિપ્રો તો બધાના સુહૃધ હોવાથી તેઓ તો નભાવી લે. પોતે દંડ કરવાને અધિકારી છે એટલે ક્રોધ થયો તે ઉપપન્ન (યોગ્ય) છે.

આ પ્રતિલોમ જાતિનો સૂત બ્રાહ્મણોથી ઊંચા આસન ઉપર કેમ બેઠો છે તે પણ ધર્મરક્ષક એવા અમારી સામે બેઠો છે તે વધને લાયક છે કેમકે એ દુષ્ટ છે. એને કહેવાથી ભાન આવશે નહિ ।।૨૪।।

આ બાદરાયણ ભગવાન્ વ્યાસ ઋષિનો શિષ્ય છે. ઇતિહાસ, પુરાણો વગેરે ઘણાં શાસ્ત્રો ભણ્યો છે અને એના અભિપ્રાયોને પણ જાણનારો છે ।।૨૫।।

છતાં એ અવિનયવાળો, ઈન્દ્રિય નિગ્રહ રહિત, પોતાને વૃથા પડિત માનનાર હોવાથી, નટ જેમ બીજાને દેખાડવા ચેષ્ટા કરે છે તેમ, દેખાવ કરનાર અને અન્તઃકરણને કાબૂમાં નહિ રાખનારને વિદ્યા પ્રાપ્ત થાય તો પણ તે તેને કે બીજાને હિતકર ન થાય (શ્લોક છવ્વીસમાં સૂતમાં પાંચ દોષો કહ્યા છે. અવિદ્યાનાં પાંચ પર્વ છે. પાંચ દોષ હોવાથી સૂતને વિદ્યા ફળી નથી.) ।।૨૬।।

જે લોકો ધર્મના ચિહ્‌ન ધારણ કરે છે, પરન્તુ ધર્મનું પાલન કરતા નથી તેઓ વધારે પાપી છે અને તેઓ મારે માટે વધને યોગ્ય છે.* આ જગતમાં આ માટે જ મેં અવતાર લીધો છે ।।૨૭।।

**વિશેષ :** પરમહંસ બધાનો અતિક્રમ સહી લે તે શોભારૂપ છે પણ રાજા એ પ્રમાણે વર્તવા જાય તો સર્વનાશ થાય. નિષિદ્ધનું આચરણ કરવું એ અધર્મ છે. નિષિદ્ધના આચરણની માત્રા વધી જાય ત્યારે તે મહાપાતક બને છે તેના કરતાં પણ ધર્મધ્વજી-પાખંડી વધારે દોષપાત્ર છે.

(જેણે વ્રત-નિયમ લીધા હોય તેનાથી વધ્ય-મારી નાખવા લાયકની પણ હત્યા ન કરાય એવી શાસ્ત્ર મર્યાદા છે આથી) ભગવાન્ બલદેવજી તીર્થયાત્રાને કારણે દુષ્ટોનો પણ વધ ન કરતા છતાં આટલું કહી તેમણે પોતાના હાથમાં દર્ભની એક નાનકડી સળી લીધી અને તે સૂતજી ઉપર ફેંકી. સૂતજી તરત જ મરી ગયા. બનવાકાળ જ એવું હતું. (ભગવાન્ જે વસ્તુ હાથમાં લે તે વસ્તુમાં ભગવાનની ક્રિયાશક્તિનો આવિર્ભાવ થઈ જાય છે) ।।૨૮।।

ભગવત્કથાના શ્રવણમાં વિઘ્ન થવાથી બધા મુનિઓમાં હાહાકાર થઈ ગયો અને તેઓનાં મન ખિન્ન થઈ ગયાં. તેમણે સંકર્ષણ (બલદેવજી) ભગવાનને કહ્યું, "આપે ભારે અર્ધમ કર્યો. આપ પ્રભુ છો.(તેથી પ્રભુતા-સામર્થ્યનો પરિચય આપ્યો, જ્ઞાનનોનહિ) ।।૨૯।।

હે યદુવંશ શિરોમણિ બલદેવજી! સૂતજીને અમે જ બ્રહ્માસન આપ્યું હતું અને જ્યાં સુધી અમારું સત્ર પૂરું ન થાય તેટલા સમયમાટે એમને શારીરિક કષ્ટ રહિત (અમારું) આયુષ્ય પણ એમને આપ્યું હતું* ।।૩૦।।

**વિશેષ :** બ્રાહ્મણ સિવાય બીજાના મુખથી કથા ન સંભળાય માટે અમે તેને બ્રહ્માસન આપેલું, અર્થાત્ જ્યાં સુધી વ્યાસાસન ઉપર બેઠેલા હોય ત્યાં સુધી તે બ્રાહ્મણ જ છે અને ક્ષત્રિય આવે ત્યારે બ્રાહ્મણ ઊભો થઈ માન આપતો નથી. સત્રની સમાપ્તિ સુધી અમે અમારું આયુષ્ય પણ તેને આપેલું. તો પછી તમે કેવી રીતે જીવો છો? એનું સમાધાન એ છે કે ધર્મ વગેરેનું આચરણ

થતું હોય ત્યારે સૂર્ય તેના આયુષ્યનું હરણ કરતા નથી.

આપે અજાણતાં આ એક એવું કામ કરી નાખ્યું જે બ્રહ્મહત્યાની બરાબર છે. અમે એમ માનીએ છીએ કે આપ યોગેશ્વર છો. (કર્મથી લાગતા ગુણદોષ જીવને લાગે, યોગેશ્વર બ્રહ્મને નહિ) છતાં અમારી આપને પ્રાર્થના છે કે આપનો અવતાર લોકોને પવિત્ર કરવામાટે થયેલો છે. આપે કોઈની પણ પ્રેરણા વિના સ્વયં પોતાની ઈચ્છાથી જ આ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત લોકશિક્ષણાર્થ કરવું જોઈએ'' ।।૩૧-૩૨।।

**ભગવાન્ બલદેવજીએ કહ્યું** : ''હું લોકશિક્ષણમાટે, લોકો ઉપર અનુગ્રહ કરવામાટે આ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત અવશ્ય કરીશ તેથી તેને માટે (અનુકલ્પ નહિ પણ) પ્રથમ શ્રેણિનું જે પ્રાયશ્ચિત્ત હોય તે આપ કહો ।।૩૩।।

આપ લોક આ સૂતને લાંબુ આયુષ્ય, બલ, ઈન્દ્રિયશક્તિ વગેરે જે કંઈ આપવા માગતા હો તે મને બતાવો. હું આપને યોગબલથી બધું સિદ્ધ કરી આપીશ'' ।।૩૪।।

**ઋષિઓએ કહ્યું** : ''હે બલદેવજી! આપ એવો કોઈ ઉપાય કરો જેથી આપનું અસ્ત્ર, પરાક્રમ અને તેનું મૃત્યુ પણ વ્યર્થ ન થાય અને અમે તેને જે વરદાન આપ્યું હતું તે પણ સત્ય થઈ જાય'' ।।૩૫।।

**ભગવાન્ બલદેવજીએ કહ્યું** :''હે ઋષિઓ! વેદોનું એવું કહેવું છે કે આત્મા જ પુત્રના રૂપમાં ઉત્પન્ન થાય છે. તેથી રોમહર્ષણને સ્થાને તેનો પુત્ર આપ લોકોને પુરાણોની કથા સંભળાવશે. તેને હું મારી શક્તિથી દીર્ઘાયુ, ઈન્દ્રિયશક્તિ અને બલ આપું છું ।।૩૬।।

હે ઋષિઓ! તે ઉપરાન્ત આપ લોક બીજું જે કંઈ માગવા ઈચ્છો તે મને કહો. હું આપ લોકોની ઈચ્છા પૂર્ણ કરીશ. અજાણતાં મારાથી જે અપરાધ બની ગયો છે તેનું પ્રાયશ્ચિત પણ આપ લોકો વિચારીને કહો, કારણ કે આપ લોકો તે વિષયના વિદ્વાન છો'' ।।૩૭।।

**ઋષિઓએ કહ્યું** : ''હે બલદેવજી! ઈલ્વલનો પુત્ર બલ્વલ નામનો એક ભયંકર દાનવ છે. તે દરેક પર્વ ઉપર અહીં આવે અને અમારા આ સત્રને દૂષિત કરે છે. (પર્વ=પૂર્ણિમા અને સોમરસ કાઢવાનો દિવસ) ।।૩૮।।

હે યદુનન્દન! તે અહીં આવી પરુ, લોહી, વિષ્ઠા, મૂત્ર, શરાબ અને માંસની

વર્ષા કરવા લાગે છે. આપ તેને મારી નાખો. આ અમારી બહુ મોટી સેવા થશે ।।૩૯।।

**તતશ્ચ ભારતં વર્ષં પરીત્ય સુસમાહિતઃ ।।**
**ચરિત્વા દ્વાદશાન્માસાન્ તીર્થસ્નાયી વિશુદ્ધ્યસે ।।૪૦।।**

ત્યારબાદ આપ એકાગ્ર ચિત્તથી તીર્થોમાં સ્નાન કરતા-કરતા બાર મહિના સુધી ભાતરવર્ષની પરિક્રમા કરતા-કરતા વિચરણ કરતા રહેજો. આથી આપની શુદ્ધિ થઈ જશે'' ।।૪૦।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના ત્રીજાફલ-પેટા પ્રકરણનો ઐશ્વર્યરૂપ પહેલો) ''દન્તવક્ત્ર તથા વિદૂરથ નો ભગવાને કરેલો ઉદ્ધાર'' નામનો (ઉત્તરાર્ધનો ઓગણત્રીસમો અને ચાલુ) ઇઠ્યોતેરમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં પંચોતેરમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

તમારું વાંચન ક્યાંક એકડા વગરના મીંડા જેવું તો નથી!!!
સત્સંગ-મંડળમાં હોય, ભગવદ્વાર્તામાં હોય કે વ્યક્તિગત હોય
ષોડશગ્રન્થ વિનાનું વાંચન એકડા વગરના મીંડા સમાન જાણવું

## અધ્યાય ૭૯

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૭૬

## બલદેવજીએ કરેલો બલ્વલનો વધ

### ચોથા સાત્વિક પ્રકરણનું ત્રીજું ફલ પ્રકરણ અધ્યાય ૨

**વિશેષ :** સૂતજીને મારવાથી અપકીર્તિ થઈ ત્યારે કીર્તિ થાય એવાં કામો તીર્થયાત્રા, ભીમ અને દુર્યોધન ના, ગદાયુદ્ધની મધ્યસ્થી તથા યજ્ઞ વગેરે ધર્મો બલદેવજીએ કર્યા. એનું આ ઓગણ્યાએંશીમા અધ્યાયમાં વર્ણન કરવામાં આવે છે.

**તતઃ પર્વણ્યુપાવૃત્તે પ્રચંડઃ પાંશુવર્ષણઃ ।।**
**ભીમો વાયુરભૂદ્ રાજન્ પૂયગન્ધસ્તુ સર્વતઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** જ્યારે પૂર્ણિમાનું પર્વ આવ્યું ત્યારે ધૂળ વરસાવતી

ભયંકર આંધી ચડી આવી. હે રાજન્! એ વાયુમાં પરુની ગન્ધ સર્વત્ર ફેલાતી હતી ।।૧।।

પછી બલ્વલે ફેંકેલ મલ, મૂત્ર વગેરે અપવિત્ર પદાર્થનો વરસાદ યજ્ઞશાળામાં થયો અને એ પોતે પણ હાથમાં ત્રિશૂલ લઈને ઊભેલો જોવામાં આવ્યો ।।૨।।

તેનો દેહ રાક્ષસી વિશાળકાય હતો. એવું લાગતું હતું કે ઢગલાબંધ કાજળનો પર્વત જ હોય. તેની ચોટી અને દાઢીમૂછ તપેલા તામ્બા જેવા લાલ-લાલ હતાં. મોટી-મોટી દાઢો અને ભવાંને લીધે તેનું મોં બહુજ બિહામણું લાગતું હતું. તેને જોઈને ભગવાન્ બલદેવજીએ શત્રુ સેનાનો નાશ કરનાર મુશલનું અને દૈત્યોનું દમન કરનાર હળનું સ્મરણ કર્યું. તેમનું સ્મરણ કરતાં જ તે તરત ત્યાં આવી પહોંચ્યા ।।૩-૪।।

બલદેવજીએ આકાશમાં વિચરતા બલ્વલ દૈત્યને પોતાના હળના આગલા ભાગથી ખેંચી તે બ્રહ્મદ્રોહીના માથા ઉપર ક્રોધ કરીને એક મુશલ ભારે જોરથી માર્યું જેથી તેનું કપાળ ફાટી ગયું અને તે લોહી ઓકતો, આર્ત સ્વરથી ચીસો પાડતો, જેવી રીતે વજ્રના પ્રહારથી ગેરુ વગેરેથી રંગેલો *લાલ પર્વત પડી ગયો હોય તેવી રીતે ધરતી ઉપર પડી ગયો ।।૫-૬।।

**વિશેષ** : શ્લોક ત્રીજામાં તે મેશના જેવો કાળો છે એમ વર્ણન કર્યું છે. અહીં મુશળના મારથી લોહી પુષ્કળ નીકળતાં તેને લાલ પર્વત જેવો કહ્યો છે.

મુનિઓ બલદેવજીની સ્તુતિ કરતા સત્ય આશિષો આપવા લાગ્યા અને વૃત્રને મારીને ઈન્દ્ર આવ્યા ત્યારે દેવોએ અભિષેક કર્યો હતો તેમ બલદેવજીની ઉપર મન્ત્રાભિષેક કરવા લાગ્યા ।।૭।।

અને લક્ષ્મીના સ્થાનરૂપ અને જેમાં ગૂંથેલાં કમળ કરમાતાં નથી તેવી વૈજયન્તી માળા, બે દિવ્યવસ્ત્રો અને દિવ્ય આભૂષણ આપ્યાં ।।૮।।

એ બ્રાહ્મણોએ ત્યાંથી જવાની આજ્ઞા આપી ત્યારે એ બલદેવજી બ્રાહ્મણોની સાથે કૌશિકી નદી ઉપર આવ્યા એમાં સ્નાન કરીને જ્યાંથી સરયૂ નદી નીકળે છે તે માનસ સરોવર ઉપર ગયા ।।૯।।

સરયૂના કાંઠે-કાંઠે ચાલતાં-ચાલતાં પ્રયાગ આવ્યા. ત્યાં ત્રિવેણીમાં સ્નાન કરી દેવો, ઋષિઓ અને પિતરોનું તર્પણ કરી પુલહના આશ્રમ (હરિક્ષેત્ર) માં આવ્યા ।।૧૦।।

ત્યાંથી ગંડકી, ગોમતી (પંજાબમાં હરિક્ષેત્રની પાસે આવેલી) વિપાશા[1] નદીઓમાં સ્નાન કરી શોણ નદીના તટ ઉપર જઈ ત્યાં સ્નાન કર્યું. પછી ગયામાં[2] જઈ પિતરોનું યજન-પૂજન કર્યું. પછી ગંગાસાગર સંગમ ઉપર ગયા. ત્યાં પણ સ્નાન વગેરે તીર્થકૃત્યોથી નિવૃત્ત થઈ મહેન્દ્ર પર્વત ઉપર ગયા. ત્યાં પરશુરામજીનાં દર્શન અને અભિવાદન કર્યાં. ત્યારબાદ સપ્ત ગોદાવરી, વેણા (વિદ્યાનગર સમીપ) પમ્પા અને ભીમરથી વગેરેમાં સ્નાન કરી સ્વામી કાર્તિકના દર્શન કરવા ગયા. ત્યાંથી મહાદેવજીના નિવાસરૂપ શ્રીશૈલ પર્વત ઉપર પહોંચ્યા. ત્યાર બાદ ભગવાન્ બલદેવજીએ દ્રવિડ દેશના પરમ પુણ્યમય સ્થાન વેંકટાચલનાં[3] દર્શન કર્યાં અને ત્યાંથી તે કામાક્ષી-શિવકાંચી, વિષ્ણુકાંચી થઈને તથા શ્રેષ્ઠ નદી કાવેરીમાં સ્નાન કરી પુણ્યમય શ્રીરંગક્ષેત્રમાં પહોંચ્યા. શ્રીરંગક્ષેત્રમાં ભગવાન્ વિષ્ણુ સદા બિરાજમાન રહે છે ।।૧૧-૧૪।।

**વિશેષ** : ૧. એક બીજી વિપાશા નદી કાશ્મીરમાં પણ છે.

૨. જેના પિતા હયાત હો તેનાથી ગયા ખાસ ન જવાય. પણ યાત્રા કરવા કોઈ નીકળે અને રસ્તામાં ગયા આવે તો ત્યાં જવામાં વાંધો નહિ.

૩. વેંકટ પર્વત પોતે જ વિષ્ણુરૂપ છે.

ત્યાંથી ઋષભાદ્રિ જ્યાં ભગવાનનું ધામ છે ત્યાં ગયા. ત્યાંથી દક્ષિણ મથુરા થઈને સમુદ્રના સેતુ ઉપર ગયા કે જે મહાપાતકને દૂર કરે છે ।।૧૫।।

ત્યાં હલાયુધ બલદેવજીએ બ્રાહ્મણોને દશ હજાર ગાયોનું દાન કર્યું. પછી કૃતમાલા, તામ્રપર્ણી, મલય (કુલાચલ)* સુધી આવ્યા. ત્યાં અગસ્ત્ય બેઠા છે તેમને નમસ્કાર કર્યા ત્યારે અગસ્ત્યે આશીર્વાદ આપ્યા. એમને વન્દન કરી આજ્ઞા માગીને દક્ષિણ સમુદ્ર ઉપર જ્યાં કન્યાકુમારી ક્ષેત્ર છે ત્યાં પહોંચ્યા અને દુર્ગાદેવીનાં દર્શન કર્યાં ।।૧૬-૧૭।।

**વિશેષ** : સમગ્ર ખંડમાં આવેલા મુખ્ય સાત પર્વતો કુલપર્વત (કુલાચલ) કહેવાય છે. તે આ પ્રમાણે છેઃમહેન્દ્ર, મલય, સહ્ય, શુક્તિમાન, ઋક્ષ, વિન્ધ્ય અને પારિયાત્ર.

ત્યારબાદ તે ફાલ્ગુનતીર્થ-અનન્તશયન ક્ષેત્રમાં ગયા અને ત્યાંના સર્વશ્રેષ્ઠ પંચાપ્સરસ (પાંચ અપ્સરાઓના) તીર્થમાં સ્નાન કર્યું. ત્યાં સદા સર્વદા વિષ્ણુ ભગવાનનું સાન્નિધ્ય રહે છે. ત્યાં દશ હજાર ગાયોનું દાન કર્યું ।।૧૮।।

હવે ભગવાન્ બલદેવજી ત્યાંથી નીકળી કેરાળા અને મલબાર માં થઈ ભગવાન્

શંકરના ક્ષેત્ર ગોકર્ણ તીર્થમાં આવ્યા. ત્યાં ભગવાન્ શંકર સદા સર્વદા બિરાજમાન રહે છે ।।૧૯।।

જ્યાં વ્યાસજીએ તપ કરેલ તે 'આર્યા'નામની નદી છે ત્યાં થઈ બલદેવજી શૂર્પારિક આવ્યા. ત્યાંથી તાપી, પયોષ્ણિ અને નિર્વિન્ધ્યા માં સ્નાન કરી દંડકારણ્યમાં આવ્યા ।।૨૦।।

ત્યાંથી નર્મદા નદીમાં સ્નાન કરી માહિષ્મતી નગરીમાં આવ્યા. ત્યાંથી મનુ તીર્થમાં થઈને પ્રભાસ ક્ષેત્રમાં બલદેવજી આવ્યા ।।૨૧।।

ત્યાં બ્રાહ્મણોએ કૌરવ પાંડવના યુદ્ધની વાત કરી તે સાંભળીને બધા રાજાઓ મર્યા તેથી પૃથ્વીનો ભાર ઓછો થયો એમ બલદેવજીએ માન્યું ।।૨૨।।

એમણે એમ સાંભળ્યું કે ભીમ અને દુર્યોધન ગદાયુદ્ધ કરે છે, ત્યારે એ બન્નેને લડતા બન્ધ કરવાના ઉદ્દેશથી બલદેવજી કુરુક્ષેત્રમાં આવ્યા ।।૨૩।।

યુધિષ્ઠિર, નકુલ, સહદેવ, કૃષ્ણ વગેરે બલદેવજીને જોઈને પગે લાગ્યા. શું કહેવાને બલદેવજી અહીં આવ્યા છે એ જાણવામાટે પોતે કાંઈ પણ ન બોલતાં ઊભાં રહ્યાં ।।૨૪।।

બલદેવજીએ બન્નેને હાથમાં ગદા લઈ યુદ્ધ કરતા એકબીજાને જીતવાને માટે ક્રોધ કરતા અને અનેક પ્રકારના પેંતરા લેતા જોયા ત્યારે બલદેવજીએ એમને આ પ્રમાણે કહ્યું: ।।૨૫।।

''હે રાજા દુર્યોધન! હે ભીમસેન! તમે બન્ને વીર છો, તુલ્ય બળવાળા છો એક શિક્ષણમાં અધિક છે જ્યારે બીજામાં બળ વધારે છે ।।૨૬।।

તમે બરાબર પરાક્રમવાળા હોવાથી એકનો જય થવાનો સમ્ભવ નથી. તેમજ પરાજય પણ કોઈનો થાય એમ લાગતું નથી. તેથી તમારું લડવું ફોગટ છે. તેથી તમે લડતા બંધ રહો એમ હું ઈચ્છું છું'' ।।૨૭।।

હે રાજન્! અતિ વેર બંધાઈ જવાથી સાર્થક વાક્યોને પણ બન્નેએ સાંભળ્યાં નહિ; એક બીજાના આગળ-પાછળના બોલેલા કરેલા અપકારનું સ્મરણ કરતા રહીને ગદાયુદ્ધ ચાલુ રાખ્યું ।।૨૮।।

ભગવાન્ બલદેવજીએ નિશ્ચય કર્યો કે તેમનું પ્રારબ્ધ જ એવું હશે તેથી તે બાબતમાં વિશેષ આગ્રહ રાખ્યા વિના તે દ્વારકા પાછા ફર્યા. દ્વારકામાં ઉગ્રસેન વગેરે ગુરુજનોએ તથા બીજા સમ્બન્ધીઓએ પ્રેમ પૂર્વક સામે આવી તેમનું સ્વાગત કર્યું

।।૨૯।।

ત્યાંથી બલદેવજી ફરી નૈમિષારણ્ય ક્ષેત્રમાં ગયા. ત્યાં ઋષિઓએ બલદેવજીદ્વારા આનન્દપૂર્વક બધી જાતના યજ્ઞો *કરાવ્યા. બલદેવજીએ તમામ વેદવિરોધ, યુદ્ધને તિલાંજલી આપી દીધી હતી. હે પરીક્ષિત! સાચું પૂછોતો જેટલા યજ્ઞ છે તેબધા બલદેવજીના અંગો જ છે. એમને યજ્ઞ કરવાની જરૂર નહોતીપણ છતાં એમણે યજ્ઞો કર્યા તે લોકસંગ્રહને માટેજ ।।૩૦।।

**વિશેષ :** યજ્ઞ કરવાનો અધિકાર જેને પ્રાણીમાત્ર ઉપર દયા હોય એટલુંજ નહિ પણ પ્રાણીમાત્રની સાથે જેને મૈત્રી હોય તેનેજ હોય છે.

સમર્થ બલદેવજીએ એમને વિશુદ્ધ જ્ઞાન આપ્યું જેનાથી પોતાના આત્મામાં આ વિશ્વને અને વિશ્વમાં પોતાના આત્માને એ ઋષિઓ જોવા લાગ્યા ।।૩૧।।

પોતાની પત્ની રેવતીજી સાથે અવભૃથ સ્નાન કરી જ્ઞાતિ સમ્બન્ધીથી વીંટાઈ ચન્દ્ર પોતાની ચાન્દનીથી શોભે તેમ, બલદેવજી સારાં આભૂષણ અને વસ્ત્રોમાં શોભવા લાગ્યા ।।૩૨।।

હે પરીક્ષિત! ભગવાન્ બલદેવજી સ્વયં અનન્ત છે. એમનું સ્વરૂપ મન અને વાણી થી અગોચર છે. તેમણે લીલાને માટે જ આ મનુષ્યના જેવું શરીર ધારણ કર્યું છે. એવા બલશાલી બલદેવજીનાં આવાં ચરિત્રો તો અગણિત છે ।।૩૩।।

**શૃણ્વન્ ગૃણંશ્ચરામસ્ય કર્માણ્યદ્ભુતકર્મણઃ ।।**
**સાયં પ્રાતરનન્તસ્ય વિષ્ણોઃ સ દયિતો ભવેત્ ।।૩૪।।**

(બલદેવજીનાં ચરિત્રોનાં શ્રવણ, પાઠ વગેરેની શ્રીકૃષ્ણ ભક્તિમાં ઉપયોગિતા જણાવતાં કહે છે કે) જે પુરુષ અનન્ત, અદ્ભુત કર્મો કરનારા બલદેવજીનાં ચરિત્રોનું સાંજ સવાર શ્રવણ કરે અને (અર્થનું અનુસન્ધાન હોય કે ન હોય) પાઠ માત્ર કરે તે (આ શ્રવણ, કીર્તન વગેરે કરનાર મારા સેવકનો સેવક છે તેથી જેમ પૌત્ર કરતાં પણ પ્રપૌત્ર-પૌત્રનો પુત્ર વધારે વહાલો લાગે છે તેમ) પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનો અત્યન્ત પ્રિય થઈ જાય છે ।।૩૪।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના ત્રીજા ફલ-પેટા પ્રકરણનો વીર્યરૂપ બીજો) ''બલદેવજીએ કરેલો બલ્વલનો વધ'' નામનો (ઉત્તરાર્ધનો ત્રીસમો અને ચાલુ) ઓગણ્યાએંસીમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં છોતેરમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૮૦

## શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૭૭

# શ્રીકૃષ્ણના મિત્ર સુદામાનું આખ્યાન

### ચોથા સાત્વિક પ્રકરણનું ત્રીજું ફલ પ્રકરણ અધ્યાય ૩

**વિશેષ :** બે અધ્યાયથી ભગવાનના મિત્ર સુદામા પાસે લોકમાં પ્રસિદ્ધ લક્ષ્મીના કારણ રાજ્ય વગેરે ન હોવાથી કેવળ ભગવાન્‌થી જ પ્રાપ્ત થયેલ સમ્પત્તિનું વર્ણન કરે છે. આ ૮૦ મા અધ્યાયમાં શ્રીકૃષ્ણના મિત્ર સુદામાને સમ્પત્તિ બિલકુલ ન હતી એમ કહેવામાં આવે છે. ચતુર પરીક્ષિત રાજા બલદેવજીના ચરિત્રને સાંભળીને દિલગીર થયા તેથી ભગવાનની વિશેષ લીલા સાંભળવામાટે અહીં પ્રશ્ન કરે છે. (કારિકા)

**ભગવન્ યાનિ ચાન્યાનિ મુકુન્દસ્ય મહાત્મનઃ ।।**
**વીર્યાણ્યનન્તવીર્યસ્ય શ્રોતુમિચ્છામહે પ્રભો ।।૧।।**

**રાજા પરીક્ષિતે કહ્યું :** હે ભગવન્! મોક્ષ, મહત્તા અને સ્વ સ્વરૂપ નું દાન કરવા જ પ્રકટ થયેલ શ્રીકૃષ્ણનાં પરાક્રમો અનન્ત છે. હવે અમે આપની પ્રકટ અને અપ્રકટ ઐશ્વર્યપૂર્ણ બીજી લીલાઓ સાંભળવા ઇચ્છીએ છીએ. અમારી આ જિજ્ઞાસા પૂર્ણ કરવા સમર્થ આપ જ છો, બીજું કોઈ નહિ ।।૧।।

હે બ્રહ્મન્! આ જીવ વિષયસુખ પાછળ દોડતાં-દોડતાં દુઃખી-દુઃખી થઈ ગયો છે. વિષયો તેને બાણોની જેમ સદા ત્રાસ આપતા જ રહે છે. આવી સ્થિતિમાં એવો કોણ રસનો વિશેષજ્ઞ પુરુષ હશે જે વારંવાર પવિત્ર કીર્તિ ભગવાન્ શ્રીકૃષ્ણની શ્રેષ્ઠ મંગલમયી લીલાઓ શ્રવણ કરીને તેમનાથી વિમુખ થઈ જાય! ગુણાનુરાગી કોઈ પણ ભગવાનની કથામાં તૃપ્ત જ ન થાય ।।૨।।

જે વાણી ભગવાનના ગુણોનું ગાન કરે છે તેજ સાચી વાણી છે. તેજ હાથ સાચા હાથ છે જે ભગવાનની સેવા કરે છે. તે જ મન સાચું મન છે જે ચરાચર પ્રાણીઓમાં નિવાસ કરનારા ભગવાનનું સ્મરણ કરે છે અને તે જ કાન, કાન કહેવડાવવાને યોગ્ય છે જે કલ્યાણકારી ભગવાનની કથાઓનું શ્રવણ કરે ।।૩।।

જે ચરાચર જગતને ભગવાનનાં ચલ-અચલ સ્વરૂપ સમજીને નમસ્કાર કરે છે તે જ મસ્તક કહેવાય અને જે સર્વત્ર ભગવદ્ રૂપોનાં દર્શન કરે છે તે જ નેત્ર વાસ્તવમાં નેત્ર છે. શરીરનાં જે અંગ ભગવાન્ અને આપના ભક્તોના ચરણોદકનું સેવન કરે છે

અથવા ભગવદ્ ચરણરૂપ ગંગાજીનાં સ્નાન પાન કરે તે જ અંગ વાસ્તવિક રીતે અંગ છે, સાચું પૂછો તો તેમનું જ હોવું સફલ છે ।।૪।।

**સૂતજી કહે છે** : આ પ્રમાણે પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો ત્યારે ભગવાન્ શ્રીશુકદેવજીનું હૃદય ભગવાન્ વાસુદેવમાં તલ્લીન થઈ ગયું. તેમણે પરીક્ષિતને આ પ્રમાણે કહ્યું* ।।૫।।

**વિશેષ** : આને માટે જ ભગવાને પરીક્ષિતનું તે ગર્ભમાં હતા ત્યારે રક્ષણ કર્યું હતું. શ્રીશુકદેવજીમાટે સૂતજીએ **ભગવાન્ બાદરાયણિઃ** શબ્દો વાપર્યા છે. **"યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ"** જેને જેમાં શ્રદ્ધા હોય તે-તે રૂપ જ છે. શ્રીશુકદેવજીને ભગવાન્ શ્રીકૃષ્ણમાં અડગ શ્રદ્ધા હતી. બીજું તે તપ પરાયણ બોરડીઓના વનમાં રહેનારા વ્યાસ ભગવાનના પુત્ર હતા.

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પરીક્ષિત! એક બ્રાહ્મણ ભગવાન્ શ્રીકૃષ્ણના પરમ મિત્ર હતા. તે મહાન બ્રહ્મજ્ઞાની, વિષયોથી વિરક્ત, શાન્તચિત્ત અને જિતેન્દ્રિય હતા ।।૬।।

તે ગૃહસ્થ હતા છતાં કોઈ પ્રકારના સંગ્રહ-પરિગ્રહ કરતા નહિ. પ્રારબ્ધ અનુસાર જે કંઈ મળી આવતું તેમાં જ તે સન્તોષ માનતા. તેમનાં વસ્ત્રો તો ફાટ્યાં-તૂટ્યાં હતાં જ તેમની પત્નીનાં વસ્ત્રો પણ તેવાં જ હતાં. તે પણ પોતાના પતિની જેમ ભૂખથી દૂબળી જ થઈ ગઈ હતી* ।।૭।।

**વિશેષ** : ભગવાન્ જ ભગવાનના સખા થઈ શકે છે. ભગવાનના ઐશ્વર્ય વગેરે છ ધર્મો અને સાતમા ધર્મી પોતે છે. તેમ સુદામાજીમાં પણ સાત ધર્મો છે : **૧. બ્રાહ્મણઃ** - શ્રી (લક્ષ્મીજી બ્રહ્માનન્દરૂપ છે) **૨. બ્રહ્મવિત્તમઃ** - બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ-જ્ઞાન **૩. વિરક્તઃ** - વૈરાગ્ય **૪.પ્રશાન્તાત્મા** - ધર્મી **૫.જિતેન્દ્રિયઃ** - ઐશ્વર્ય **૬."યદચ્છયોપપન્નેન વર્તમાનઃ"**- ભગવદિચ્છાથી પ્રાપ્ત થઈ જાય તેથી સન્તુષ્ટ વીર્ય **૭. ગૃહાશ્રમી** - ગૃહસ્થ-કીર્તિ.

એક દિવસ દરિદ્રતાની પ્રતિમૂર્તિ દુઃખિની પતિવ્રતા ધ્રૂજતી-ધ્રૂજતી પોતાના પતિદેવની પાસે ગઈ અને કરમાઈ ગયેલ મોઢે કહ્યું ।।૮।।

હે બ્રહ્મન્! (ભગવાને પોતાનું સ્વરૂપ આપમાં સ્થાપ્યું છે તેથી આપ ભગવત્સ્વરૂપ છો. તેથી જ) સાક્ષાત્ લક્ષ્મીપતિ ભગવાન્ શ્રીકૃષ્ણ આપના સખા છે. શ્રીકૃષ્ણ બ્રાહ્મણોના ભક્ત, સ્વતઃ ઉદાર અને શરણે જનારને સર્વ નિઃસંકોચ આપી દે છે. (શરણે ન જાઓ અને એમને એમ પણ જાઓ તો પણ આપશે એ બીજા 'ચ' નો અર્થ છે)

પરમ ભક્તોના તો સ્વામી જ છે. (એટલે સેવકો તેમની પાસે જતાં આપને રોકી શકશે નહિ) ।।૯।।

હે મહાભાગ! એઓ સત્પુરુષના પરમ હિતૈષી છે, તો આપ કુટુમ્બી છો, ગૃહસ્થાશ્રમમાં દુઃખ ભોગવો છો તેથી આપ આપના એ મિત્રની પાસે જાઓ તો આપને બહુ દ્રવ્ય આપશે ।।૧૦।।

ભોજ, વૃષ્ણિ અને અન્ધકવંશી યાદવોના સ્વામીના રૂપમાં દ્વારકામાં બિરાજે છે. આપ એટલા ઉદાર છે કે જે આપનાં ચરણકમલનું સ્મરણ કરે તેને પોતાનો આત્માનન્દ પણ આપી દે તો પછી અર્થ કામ જે આપને બહુ પ્રિય નથી તે ભજનારને આપે એમાં તો શું જ કહેવું? કેમકે એ જગતના ગુરુ છે, હિતોપદેશ કરનાર આપણું હિત થાય તેવું જ આપે. એમનાથી અહિત કરે તેવું મળવાની શંકાને અવકાશ નથી, તો આપ એકવાર તો આપના સખાને મળો ।।૧૧।।

એમ એમની સ્ત્રીએ બહુ વાર પ્રાર્થના કરી ત્યારે વિપ્રને વિચાર આવ્યો કે ઉત્તમ પુરુષો જેમનાં ગુણગાન કરે છે તે ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન થઈ જશે એ તો જીવનનો એક અણમોલ લહાવો છે ।।૧૨।।

આવો વિચાર સુદામાના મનમાં આવતાં એમણે દ્વારકા જવાનો બુદ્ધિથી નિશ્ચય કર્યો પણ ભગવાનની પાસે ખાલી હાથે ન જવાય તેથી સ્ત્રીને કહ્યું:‘‘હે કલ્યાણિ! હું ત્યાં જાઉં પણ કાંઈ આપણા ઘરમાં આવી ચીજ છે કે જે ત્યાં ભેટતરીકે આપી શકાય? એવી વસ્તુ હોય તો લાવ એટલે હું જાઉં’’ ।।૧૩।।

પતિવ્રતાએ પતિની ઈચ્છા જાણી પડોશના બ્રાહ્મણો પાસે યાચના કરી ચાર મૂઠી પૌંવા લાવી એને એક વસ્ત્રના ટુકડામાં બાંધી ભગવાનને ભેટ ધરવામાટે તૈયાર કરીને પોતાના પતિનેઆપ્યા ।।૧૪।।

બ્રાહ્મણદેવતા સુદામાએ પોટલી લઈને ચાલ્યા. દ્વારકાને માર્ગે ચાલતાં વિચાર કરે છે કે ‘‘મને શ્રીકૃષ્ણનાં દર્શન કેમ થશે?’’ એમ ચિન્તન કરતા દ્વારકા પહોંચ્યા ।।૧૫।।

ત્રણ પહેરા અને ત્રણ દરવાજા ઓળંગી આગળ ચાલતાં જ્યાં ન પ્રવેશી શકાય તેવા અન્ધક વૃષ્ણિ વગેરે ભગવાનના ભક્તોના મહેલો આવ્યા ।।૧૬।।

તેમનીવચ્ચે ભગવાન્ શ્રીકૃષ્ણની સોળ હજાર રાણીઓના મહેલો હતા. તેમાંથી એકમાંતે બ્રાહ્મણ દેવતાએ પ્રવેશ કર્યો.(બ્રાહ્મણ જાણી કોઈએ રોક્યાનહિ) તેમહેલ

ખૂબ સજાવેલો-શણગારેલો હતો. દ્વારકામાં વૈંકુંઠનો આવેશ, સુદામાજી બ્રાહ્મણ, શ્રીકૃષ્ણ પૂર્ણ બ્રહ્મના મહેલમાંસુદામાજીએ પ્રવેશ કર્યો ત્યાં તોજાણે બ્રહ્માનન્દમાં ડૂબી ગયા હોયતેવો અનુભવ થયો ।।૧૭।।

તે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાની પ્રાણપ્રિયા (લક્ષ્મણાજી) ના પલંગ ઉપર બિરાજેલા હતા. બ્રાહ્મણ દેવતાને દૂરથી જ જોઈ આપે એકદમ ઊભા થઈ એમની પાસે જઈ અત્યન્ત આનન્દથી તેમને ભુજપાશમાં બાંધી દીધા ।।૧૮।।

હે પરીક્ષિત! કમલનયન શ્રીકૃષ્ણને પોતાના પ્રિય મિત્ર અને વિપ્રર્ષિ એવા સુદામાના અંગસ્પર્શથી એટલો બધો આનન્દ થયો કે ભગવાનનું મન જાણે કે તેમને જોવા નેત્રદ્વારા બહાર આવવાની કોશિષ કરે છે અને તેથી નેત્રોને શ્રમ થવાથી સ્વેદની જેમ જાણે કે હર્ષાશ્રુ ટપકી પડ્યાં ।।૧૯।।

એ પછી સુદામાજીને અન્દર લઈ જઈ પોતે બિરાજતા હતા તે પલંગ ઉપર બેસાડી તેમની પૂજા કરતાં પગ ધોવાનું જળ લાવી એમના પગ જાતે ધોઈને ।।૨૦।।

હે રાજન્! પોતે લોકોને પવિત્ર કરનાર છે છતાં એ બ્રાહ્મણના ચરણક્ષાલન જળને પોતાના મસ્તક ઉપર ચડાવ્યું, પછી દિવ્ય સુગન્ધવાળાં ચન્દન, અગરુ, કેસર વગેરેથી બ્રાહ્મણને અનુલેપન કર્યું ।।૨૧।।

સુગંધવાળા ધૂપ અને દિપાવલી થી તેમની આરતી ઉતારી એમનું પૂજન કરી એમને તામ્બૂલ તથા વિધિનું પરિપાલન કરવા વૃષભ અર્પણ કરી તેમનું સ્વાગત કર્યું ।।૨૨।।

બ્રાહ્મણ દેવતાએ જીર્ણ-શીર્ણ કપડાં પહેર્યાં હતાં. શરીર મલિન અને દુર્બલ હતું. શરીર ઉપર નસેનસ દેખાતી હતી. તેવા દુર્બલ બ્રાહ્મણને (લક્ષ્મીજીના આવેશયુક્ત) દેવી લક્ષ્મણાજી ચમર ઢોળવા લાગ્યાં ।।૨૩।।

પવિત્ર કીર્તિવાળા ભગવાન્ શ્રીકૃષ્ણ અતિશય પ્રેમથી આ મેલા-ઘેલા અવધૂત બ્રાહ્મણની પૂજા પોતે કરી રહ્યા છે તે જોઈને રાણીવાસની સ્ત્રીઓને અત્યન્ત આશ્ચર્ય થયું ।।૨૪।।

તેઓ આપસમાં કહેવા લાગ્યાં ''ભિખારી, નિર્ધન, નિન્દનીય અને નિસ્તેજ એવા આ અવધૂતે એવું તે ક્યું પુણ્ય આ લોકમાં કર્યું હશે કે જેથી ત્રણ લોકના ગુરુ અને લક્ષ્મીજી ના નિવાસરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વયં તેનો આદર-સત્કાર કરી રહ્યા છે! જુઓ તો ખરાં તેમણે પોતાના પલંગ ઉપર સેવા કરતાં લક્ષ્મીસ્વરૂપ

શ્રીલક્ષ્મણાજીને છોડીને આ બ્રાહ્મણને, પોતાના મોટાભાઈ બલદેવજીની જેમ છાતી સરસા ચાંપ્યા છે!'' ।।૨૫-૨૬।।

હે પ્રિય પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણ અને તે બ્રાહ્મણ બન્ને એકબીજાના હાથ પકડી પોતાના પૂર્વજીવનની એ રસમય ઘટનાઓનું સ્મરણ અને વર્ણન કરવા લાગ્યા જે ગુરુકુલમાં રહેતી વખતે બની હતી ।।૨૭।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે ધર્મના મર્મજ્ઞ બ્રાહ્મણદેવ! ગુરુદક્ષિણા આપી જ્યારે આપ ગુરુકુલથી પાછા આવ્યા ત્યારે આપે આપને અનુરૂપ સ્ત્રી સાથે લગ્ન કર્યું કે નહિ? એ વાત પ્રથમ કહો ।।૨૮।।

હું જાણું છું કે આપનું ચિત્ત ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પ્રાયઃ વિષયભોગમાં આસક્ત નથી. હે વિદ્વન્! (જ્ઞાનનો ઉદય થાય ત્યારે શરીરનો અધ્યાસ છૂટી જાય છે તેથી શરીરને પ્રિય ઘરમાં પ્રીતિ ન હોય) એ પણ હું જાણું છું કે (ગાય, ભૂમિ, સુવર્ણ વગેરે) ધનમાં પણ આપની કોઈ ખાસ પ્રીતિ નથી ।।૨૯।।

જગતમાં એવા લોકો વિરલા જ હોય છે જે નિષ્કામ થઈ ફલની આશા રાખ્યા વિના જ કર્મો કરે છે. તેઓ સ્વભાવ ઉપર વિજય મેળવવા કર્મો કરે છે. તેઓ મારી જેમ લોકશિક્ષાનેમાટે કર્મો કરી દૈવી પ્રકૃતિને છોડી દે છે ।।૩૦।।

હે બ્રાહ્મણ શિરોમણિ! શું તમને એ વખતની યાદ આવે છે જ્યારે આપણે બન્ને ગુરુકુલમાં સાથે રહેતા હતા? ખરેખર ગુરુકુલમાં જ દ્વિજાતિઓને ખરેખર જ્ઞાતવ્ય (જાણવા જેવી વસ્તુ-ઈશ્વર અને પ્રમાણો) વસ્તુનું જ્ઞાન થઈ જાય છે જે દ્વારા તે ભગવાનને પ્રાપ્ત કરી લે છે ।।૩૧।।

આ સંસારમાં આ શરીરને આપનાર પિતા પ્રથમ ગુરુ છે. ત્યારબાદ ઉપનયન સંસ્કાર કરી સત્કર્મોની શિક્ષા આપનાર બીજા ગુરુ છે. તે મારી જેમ જ પૂજ્ય છે. ત્યાર પછી જ્ઞાનનો ઉપદેશ કરી પરમાત્માને પ્રાપ્ત કરાવી આપનાર ગુરુ તો મારુંજ સ્વરૂપ છે. વર્ણાશ્રમીઓના આ ત્રણ ગુરુ હોયછે ।।૩૨।।

હે બ્રાહ્મણ દેવ! ગુરુના સ્વરૂપમાં હું જ છું. આ જગતમાં વર્ણાશ્રમીઓમાંથી જે લોકો પોતાના ગુરુદેવના ઉપદેશ પ્રમાણે અનાયાસ જ-સહજમાં ભવસાગર પાર કરી લે છે તે પોતાના સ્વાર્થ અને પરમાર્થ ના સાચા જાણકાર છે ।।૩૩।।

હે પ્રિય મિત્ર! ગુરુદેવની સેવા-શુશ્રૂષાથી હું જેટલો સન્તુષ્ટ થાઉંછું તેટલો હું(ગૃહસ્થોના ધર્મ)યાગ અને પ્રજા ઉત્પાદનથી (વાનપ્રસ્થના ધર્મ) તપથીઅને

(પરમહંસના ધર્મ) ઉપરામ-તમામ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિથીપણ એટલો સન્તુષ્ટ થતો નથી કારણ કેપ્રાણીમાત્રમાં હુંજ વસેલોછું* ।।૩૪।।

**વિશેષ** : યજ્ઞ કરવામાં હિંસા કરવી પડે છે. પ્રજોત્પત્તિમાં પણ ક્લેશ છે. તપથી શરીરને ક્લેશ થાય છે. ઉપરામ (પરમહંસના ધર્મ) માં પણ શરીર અને ઈન્દ્રિયો ને ક્લેશ આપવામાં આવે છે. આમ આ બધા ધર્મો ક્લેશ કરનારા હોવાથી હું પ્રસન્ન થતો નથી. જ્યારે ગુરુ સેવામાં ગુરુ અને શિષ્ય બન્નેને આનન્દ થાય છે તેથી હું પ્રસન્ન થાઉં છું.

આપણે ગુરુકુલમાં વસતા હતા ત્યારે ગુરુપત્નીએ આપણને લાકડાં લેવા મોકલેલા એ વાત તમને યાદ આવે છે કે? ।।૩૫।।

હે દ્વિજ! આપણે ઘોર અરણ્યમાં પહોંચેલા ત્યાં વર્ષાઋતુ નહોતી છતાં વાયુ અને વરસાદ બહુ થયો, કાનથી સહન ન થાય તેવી મેઘગર્જના થઈ હતી ।।૩૬।।

એટલામાં સૂર્ય અસ્ત થઈ ગયો, દિશાઓમાં અન્ધકાર છવાઈ ગયો. ધરતી ઉપર તો બધું એવું જળબમ્બાકાર થઈગયું કે ક્યાં નદી છે, ક્યાં ધરતી છે તેની ખબર જ પડતી નહોતી. (ગુરુના)ઘેર પાછા આવવાનો કોઈ રસ્તો સૂઝતોનહતો ।।૩૭।।

એ વરસાદ નહોતો, પ્રલયની જ નાની આવૃત્તિ હતી, નાનેરો પ્રલય જ હતો. આન્ધીના ઝપાટા અને વર્ષાના કડાકા થી આપણ ત્રણેને ભારે પીડા થઈ અને દિશાનું ભાન ન રહ્યું. આપણે ભૂખ્યા તરસ્યા અત્યન્ત વ્યાકુલ થઈ ગયા અને (છૂટા ન પડી જવાય એટલામાટે) એકબીજાના હાથ પકડી રાખી જંગલમાં આમ-તેમ ભટકતા રહ્યા ।।૩૮।।

આ બધી વાત જાણતાં સાન્દીપની ગુરુ દિવસ ઊગતાં પહેલાં જ આપણી શોધમાં નીકળી પડ્યા અને વનમાં આવ્યા. ત્યાં એમણે આપણને ઠંડીથી થરથરતા જોયા ।।૩૯।।

તે કહેવા લાગ્યા, ''હે પુત્રકો! તમે અમારે માટે બહુ દુઃખી થયા. દરેક પ્રાણીને પોતાનું શરીર સૌથી વધારે વહાલું હોય છે છતાં તમે એ શરીરની પરવા કર્યા વગર મારા કામમાટે અહીં આવ્યા ।।૪૦।।

ગુરુના ઋણથી મુક્ત થવામાટે સત્-શિષ્યોનું એટલું જ કર્તવ્ય છે કે તેઓ વિશુદ્ધ ભાવથી પોતાનું સર્વસ્વ અને શરીર પણ ગુરુદેવની સેવામાં સમર્પણ કરી દે ।।૪૧।।

હે દ્વિજ શિરોમણિઓ! હું તમારા ઉપર બહુ જ પ્રસન્ન છું. તમારી બધી ઈચ્છા-અભિલાષાઓ પૂર્ણ હો અને તમે અમારી પાસેથી જે વેદાધ્યયન કર્યું છે તે

તમને સદા કંઠસ્થ રહે તથા આ લોક અને પરલોક માં ફલસાધક થાય'' ।।૪૨।।

ગુરુકુલમાં આપણા નિવાસ દરમ્યાન આપણા જીવનમાં આવી અનેક ઘટનાઓ બની હતી. એ શંકા વગરની વાત છે કે ગુરુદેવની કૃપાથી જ મનુષ્ય પરમ શાન્તિ પ્રાપ્ત કરવા સમર્થ થાય છે ।।૪૩।।

**બ્રાહ્મણ દેવતાએ કહ્યું :** હે દેવતાઓના આરાધ્ય દેવ જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણ! હવે ભલા અમારે શું કરવાનું બાકી રહ્યું? કારણ કે સત્ય સંકલ્પ પરમાત્મા આપની સાથે અમને ગુરુકુલમાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું ।।૪૪।।

**યસ્યચ્છન્દોમયં બ્રહ્મ દેહ આવપનં વિભોઃ ।।**
**શ્રેયસાં તસ્ય ગુરુષુ વાસોઽત્યન્તવિડમ્બનમ્ ।।૪૫।।**

હે પ્રભો! છન્દોમય વેદ ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચાર પ્રકારના પુરુષાર્થોનો મૂલ સ્રોત છે; આપનો દેહ તે જ વેદસ્વરૂપ છે. તે જ આપ વેદોનો અભ્યાસ કરવામાટે ગુરુકુલમાં નિવાસ કરો તે મનુષ્ય લીલાનો અભિનય નહિ તો બીજું શું છે? ।।૪૫।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના ત્રીજા ફલ-પેટા પ્રકરણનો યશરૂપ ત્રીજો) ''શ્રીકૃષ્ણના મિત્ર સુદામાનું આખ્યાન''નામનો (ઉત્તરાર્ધનો એકત્રીસમો અને ચાલુ) એંશીમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૭૭મો) અધ્યાયસમ્પૂર્ણ થયો.**

ફંડ-ફાળામાટે, આજીવિકામાટે દક્ષિણા લઈને કે મૃતકના ઉદ્ધારાર્થે ભાગવતકથા કરવી, બેસાડવી કે સાંભળવી એ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ ઘોર પાપ છે, ગુરુદ્રોહ છે

## અધ્યાય ૮૧

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૭૮

# ભગવાને સુદામાને સમ્પત્તિ આપી

### ચોથા સાત્વિક પ્રકરણનું ત્રીજું ફલ પ્રકરણ અધ્યાય ૪

**વિશેષ :** આ એકાશીમા અધ્યાયમાં પુરુષાર્થપણાથી સુદામાએ ભગવાન્ પ્રકટ થયેલા જાણ્યા છે

તેથી ભગવાન્ પોતાનું કર્તવ્ય જાણીને એને સમ્પત્તિ આપે છે એ વાત કહેવાય છે. મર્યાદાથી પ્રેરાયેલી લક્ષ્મી અહીં સ્થિર થાય છે તેથી ભગવાન્ અહી એના પૌંવા આરોગે છે. સ્ત્રીએ ભેટ આપી છે તે આપે તો પણ તેજની હાનિ થાય તેથી ભગવાને પોતે એની સ્ત્રીએ આપેલી ભેટ લીધી અને લક્ષ્મી પણ એને લીધે એની સ્ત્રીને જ આપી. એ આપવામાટે જ પોતે એ પૌંવા આરોગ્યા. ભગવાન્ એક મૂઠી આરોગે તો આખું જગત્ તૃપ્ત થાય એ વાત પાંડવોના વનવાસ વખતે દુર્વાસા ત્યાં આવ્યા છે અને ભગવાને શાકનું પત્ર મુખમાં મૂકી સર્વને તૃપ્ત કર્યા છે ત્યાં પ્રસિદ્ધ છે. બીજી મૂઠી આરોગતાં પરલોકનું ફલ સિદ્ધ થાય છે. ત્રીજી આરોગે તો લક્ષ્મી દેવતા એને તાબે થાય અને ત્યાર પછી ચોથી મૂઠી આરોગે તો પોતાના આત્માનું દાન કરી દે એવી બુદ્ધિથી સુદામાપત્નીએ ચાર મૂઠી પૌંઆ આપેલ, ચારેય મૂઠી જો ભગવાન્ આરોગે તો તેનું પૂરેપૂરું ફલ મળે. તેથી એક જ મૂઠી ભગવાનના પેટમાં ગઈ. તેથી લક્ષ્મણાજીમાં રહેલા લક્ષ્મીજીએ નિષેધ કર્યો. (કારિકા)

**સ ઈત્થં દ્વિજમુખ્યેન સહ સંકથયન્ હરિઃ ।।**
**સર્વભૂતમનોડભિજ્ઞઃ સ્મયમાન ઉવાચ હ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** બ્રાહ્મણ દેવતા સુદામાની સાથે એમ વાતો કરતા-કરતા, સર્વ પ્રાણીના મનની વાત જાણનાર *હરિ ભગવાન્ જરા મન્દહાસ્ય કરીને બ્રાહ્મણને કહેવા લાગ્યા ।।૧।।

**વિશેષ :** જે વસ્તુની કામના કરી હોય તે નિર્દોષ હોય તો ભગવાન્ તે વસ્તુ ભક્તને આપે છે. ભગવાન્ અલૌકિક સમ્પત્તિ આપે તો એમાંથી દોષ ઉત્પન્ન ન થાય. સુદામાને કામના નથી તેથી એમને કાંઈ આપવાનું નથી. એ પોતે લક્ષ્મીમાટે આવ્યા નથી પણ સ્ત્રીએ એમને મોકલ્યા છે તેથી આ ફલ એમની સ્ત્રીને મળવું જોઈએ એમ ભગવાને વિચાર કર્યો અને સ્ત્રીએ મોકલેલી ભેટને લઈને તેમની સ્ત્રીને સમ્પત્તિ આપી છે તેથી પ્રથમ અર્ધ ઋષિ સુદામાને કહેવાથી એમની સ્ત્રીમાં એવા ધર્મ નથી એમ કહ્યું. ભગવાન્ પાસે ભક્ત સમ્પત્તિ પણ ન માગે એમ આ ઉપરથી સિદ્ધ થાય છે.

બ્રાહ્મણનું પ્રિય કરવા મન્દહાસ્ય સહિત વિનોદ કરતા તેના ઉપર પ્રેમભરી દૃષ્ટિએ જોઈ સત્પુરુષોના એક માત્ર આશ્રયરૂપ ભગવાન્ એની તરફ જોઈ બોલ્યા ।।૨।।

**શ્રીભગવાને કહ્યું :** હે બ્રહ્મન્! તમે મારે માટે ઘેરથી શી ભેટ આપવાની લાવ્યા છો? કેમકે મારો ભક્ત મને થોડું આપે તો પણ એ પ્રેમથી આપે તેથી મને એ ઘણું

લાગે છે. સ્નેહ વગરનો ઘણું આપે છતાં એનાથી મને સન્તોષ થતો નથી* ।।૩।।

**વિશેષ :** પ્રભુ પાસે અથવા યાત્રામાં જઈએ ત્યારે પ્રભુને સમર્પણ કરવાની સામગ્રી ઘેરથી જ લઈ જવી જોઈએ. શાસ્ત્રની વિધિનું પાલન કરવા રસ્તામાં ખરીદેલી કે લીધેલી વસ્તુથી પ્રભુને સન્તોષ થતો નથી. આખી દ્વારકામાં મુઠ્ઠીભર પૌંઆને જ ભગવાન્ પ્રેમોપહાર માને છે. પ્રેમ અન્તઃકરણનો ધર્મ છે. મારો (શ્રીકૃષ્ણ ભગવાનનો) આ નિયમ છે કે પ્રેમથી લાવેલું જ હૃદયથી લાવેલું હોય છે, કારણ કે હૃદય અણુમાત્ર છે અને હું હૃદયરૂપ છું અને તે રૂપે જ પૌંઆ ગ્રહણ કરું છું. એટલે અણુમાત્ર પણ લાવેલી ભેટ મારી બરાબર હોવાથી હું આરોગીશ. તે મારે માટે બહુ થઈ પડશે. અભક્તે લાવેલી ભેટ, બહારની દૃષ્ટિએ ભેટ લાગે છેપણ બહાર તો બ્રહ્માંડ છે એટલે અભક્તની ભેટ આવે ત્યારે હું પણ બ્રહ્માંડરૂપ થાઉં છું. અભક્ત એટલે લૂખો, સ્નેહ વગરનો. સ્નેહ=૧.પ્રેમ ૨.ઘી. લોકમાં પણ ઘીમાં બનાવેલ ભોજનથી સન્તોષ થાય છે, લૂખા ભોજનથીનહિ. (શ્રીસુબોધિનીજી)

પત્ર, પુષ્પ ફલ અને જલ જેમને ભક્તિથી આપવાને માટે યત્ન કરેછે. તેમ કરીને પ્રયત્ન પૂર્વક આપેછે અને સ્નેહથી આપે છેતેને હું આરોગું છું ।।૪।।*

**વિશેષ : ભક્ત્યુપહૃતમ્** - ભક્તિપૂર્વક સમર્પણ કરેલું. બજાર વગેરે સ્થાનેથી સામગ્રી લાવવામાં આવે ત્યાંથી માંડીને ભોગ ધરતાં સુધી અવિચ્છિન્ન સ્નેહ હોવો અનિવાર્ય છે. **અહમ્** - હું પુરુષોત્તમ. મારે માટે સમ્પાદન કરેલી વસ્તુ પોતાના અધિકાર પ્રમાણે ગમે ત્યાં, જંગલમાં કે પર્વતની ટોચ ઉપર પણ હું તેનું ભક્ષણ કરું છું.

ખરેખર તો બધી જ વસ્તુઓનો સમાવેશ ચારમાં જ થઈ જાય છે, દા.ત. અન્નવસ્ત્રાદિ ફલ જ છે. દૂધ, શેરડીનો રસ વગેરે જલ, તામ્બૂલ, તુલસી વગેરે પત્ર અને સુવર્ણ, રત્ન વગેરે પુષ્પ જ છે.

**પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।**

**તદહં ભક્ત્યુપહૃતમ્ અશ્નામિ પ્રયતાત્મનઃ ।।૧૦।૮૧।૪।।**

**''તદહં ભક્ત્યુપહૃતમ્''** ભગવાન્ તો સ્વસમ્બન્ધી વસ્તુનો જ અંગીકાર કરે છે, કોઈ પણ પ્રકારે પરસમ્બન્ધી વસ્તુનો અંકીકાર નથી કરતા. આમ હોવાથી, શ્રીને ભોગ ધર્યા પછી પાછળથી પણ વસ્તુ (પ્રસાદ વગેરે) આપણા ઉપયોગમાં આવશે એવું ભાન થાય તો તે વસ્તુને થોડો પણ પરસમ્બન્ધ થવાથી તે વસ્તુનો ભગવાન્ સાક્ષાત્ અંગીકાર કરતા નથી. સર્વથા (બિલકુલ) અન્યસમ્બન્ધ રહિત કેવલ ભગવત્સમ્બન્ધી અને બીજા બધાને અનુપયોગી કોઈ વસ્તુ હોય તો તે માત્ર તુલસી છે તેથી સાક્ષાત્ અંગીકાર તુલસીનો જ કરે છે. બીજી બધી

વસ્તુઓને તેવી બનાવવા તુલસીનો સમ્બન્ધ કરાવવામાં આવે છે અને ત્યારે જ ભગવાન્ તે-તે વસ્તુઓનો અંગીકાર કરે છે, સાક્ષાત્ નહિ. તેથી જ ભોગ ધરતી વખતે તુલસી સમર્પવામાં આવે છે. તુલસી સમર્પવાથી બધી વસ્તુઓ અન્યસમ્બન્ધથી રહિત થઈ જાય છે.

બ્રહ્મસમ્બન્ધ વખતે પણ આટલામાટે જ તુલસીદ્વારા સર્વ સમર્પણ કરવામાં આવે છે કારણ કે ભગવાન્ અન્ય દૃષ્ટિ રહિત સ્વકીયોનો જ અંગીકાર કરે છે. (નોટ : **'તદહં ભક્ત્યુપહૃતમ્'** ઉપર શ્રીહરિરાયજી મહાપ્રભુજીનો સ્વતન્ત્ર લેખ 'વેણુનાદ' માસિક સં.૧૯૭૮ ચૈત્ર-વૈશાખના અંકના પૃષ્ઠ ૧૫૫ ઉપર પ્રગટ થયેલ તેના આધારે)

એમ ભગવાને કહ્યું તો પણ લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણને આ કેમ અપાય એમ જાણી બ્રાહ્મણદેવતા તો શરમાઈ ગયા, નીચું જોઈ ગયા અને ચાર મૂઠી પૌંઆ લાવ્યા હતા તે આપ્યા નહિ ।।૫।।

હે રાજન્! ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રાણીમાત્રના હૃદયની બધી વાત જાણે છે. ભગવાને વિચાર્યું કે આ બ્રાહ્મણને તો તેની પત્નીએ મોકલ્યો છે તેથી આવ્યો છે, પહેલેથી જ એ મારો ભક્ત છે અને તેની ભક્તિને તેણે કદી કામનાથી અભડાવા દીધી નથી; તે નિષ્કામ ભક્ત છે તેથી તેને તો મારું સ્વરૂપ જ આપવું પડશે. મારો એ સખા છે તેથી મારું પ્રિય કરવાને માટે મારી પાસે આવ્યો છે. તેથી આના સમ્બન્ધને લીધે દેવોને પણ દુર્લભ સમ્પત્તિ (તેની પત્નીને) આપીશ ।।૬-૭।।

આ પ્રમાણે વિચાર કરી તેનાં વસ્ત્રમાંથી ચીંથરાંની એક પોટલીમાં બાંધેલા પૌંઆ, ''અરે, આ શું છે?'' એમ કહી (તેનું ધ્યાન નહોતું ત્યારે) ખેંચી લીધા ।।૮।।

અને આદરપૂર્વક કહેવા લાગ્યા, ''મિત્ર, આ તો તમે મારે માટે અત્યન્ત પ્રિય ભેટ લાવ્યા છો. આ (ભક્તિમાં ભીંજાવેલા) પૌંઆ માત્ર મને જ નહિ, સમગ્ર વિશ્વને તૃપ્ત કરી દેવા પૂરતા છે ।।૯।।

એમ બોલી એક મૂઠી એમાંથી લઈ ભગવાન્ આરોગી ગયા અને બીજી આરોગવામાટે લેવા ગયા ત્યાં (લક્ષ્મણાજી સ્વરૂપ) લક્ષ્મીજીએ ભગવાનનો હાથ પકડી લીધો કેમકે લક્ષ્મીજી તો ભગવત્પરાયણ છે તેથી પોતાની સ્થિતિ ભગવાન્ પાસે રહે એટલામાટે એમને બીજી મૂઠી લેતાં નિષેધ કરવો પડ્યો ।।૧૦।।

હે વિશ્વાત્મન્! બસ, બસ. મનુષ્યને આ લોકમાં તથા પરલોકમાં પણ સમસ્ત સમ્પત્તિઓની સમૃદ્ધિ પ્રાપ્ત કરવાને માટે આ એક મૂઠી પૌંઆ જ પૂરતા છે કારણ કે આપને માટે એટલા જ પ્રસન્નતાનું કારણ છે ।।૧૧।।

બ્રાહ્મણ એ રાત્રિ તો ત્યાં ભગવાનના મન્દિરમાં જ રહ્યા, ખાધું, પીધું અને પોતે જાણે કે સ્વર્ગમાં રહ્યા હોય એવું સુખ માણ્યું ।।૧૨।।

હે પ્રિય પરીક્ષિત! બીજે દિવસે સુદામાજીએ કહ્યું ''મિત્ર, હવે હું જાઉં છું'' ત્યારે ભગવાને કહ્યું ''ભલે પધારો'' આનન્દઘન શ્રીકૃષ્ણે સુદામાજીને માર્ગમાં એમની સાથે થોડું ચાલીને એમને રાજી કરીને વળાવ્યા અને પોતે પોતાના મહેલે પાછા પધાર્યા. પ્રભુએ સુદામાજીને પ્રત્યક્ષ કંઈ આપ્યું નહિ કારણ કે પોતે વિશ્વભાવ છે, સમગ્ર વિશ્વમાં આપનો અનુભાવ મોજૂદ છે, જે સ્થળે જે વસ્તુની જરૂર હોય તે સ્થળે તે વસ્તુ આપના પ્રતાપથી જ હાજર થઈ જાય છે તો પછી દ્વારકાથી સુદામાજી પાસે વ્યર્થ વજન શા માટે ઉંચકાવવું? ।।૧૩।।

ભગવાને સ્વયં સુદામાજીને કંઈ આપ્યું નહિ, સુદામાજીએ પોતે ભગવાનની પાસે કંઈ યાચના કરી નહિ. (ધન ન મળ્યું તેથી કંઈ જ દુઃખ ન થયું પણ બ્રાહ્મણીને જવાબ શું દઈશ એની ચિન્તા થતાં અને યાચનાને નિમિત્તે દર્શન કરવા ગયા તેથી જરા લજ્જિત પણ થયા) ભગવાનનાં દર્શન થયાં એના અલૌકિક સુખનો અનુભવ કરતા-કરતા પોતાના ઘર તરફ રવાના થયા ।।૧૪।।

સુદામાજી મનમાં વિચાર કરવા લાગ્યા ''કેટલા આનન્દ અને આશ્ચર્ય ની વાત છે? બ્રાહ્મણોને પોતાના ઈષ્ટદેવ માનનારા ભગવાન્ શ્રીકૃષ્ણની બ્રાહ્મણ ભક્તિ આજે મેં મારી નજરે જોઈ. ધન્ય છે! જેમના વક્ષઃસ્થલ ઉપર સદા સર્વદા લક્ષ્મીજી બિરાજે છે તેમણે, નજરે જોવો પણ ન ગમે તેવા અત્યન્ત દરિદ્ર મને છાતી સરસો ચાંપી આલિંગન કર્યું! ।।૧૫।।

ક્યાં હું અત્યન્ત પાપી અને દરિદ્રી અને ક્યાં લક્ષ્મીજીના એક માત્ર આશ્રય ભગવાન્ શ્રીકૃષ્ણ? પરન્તુ આપે, ''જેવો તેવો તો ય આ બ્રાહ્મણ તો છે ને?'' એમ સમજી મને પોતાની ભુજાઓમાં ભીડી લઈ આલિંગન કર્યું ।।૧૬।।

એટલું જ નહિ, આપે મને તે પલંગ ઉપર સુવડાવ્યો જેના ઉપર આપની પ્રાણપ્રિયા પોઢે છે. જાણે કે હું આપનો ભાઈ હોઉં. ક્યાં સુધી કહું? હું થાકેલો હતો તેથી સ્વયં આપની પટરાણીએ હાથમાં ચમ્મર લઈ મારી સેવા કરી! ।।૧૭।।

બધાના પૂજ્ય દેવો છે. દેવોના પણ પૂજ્ય ભગવાન્ શ્રીકૃષ્ણ છે. તેમણે જાતે પગ દબાવવા, ગીતનૃત્યથી મનોરંજન વગેરે ચોસઠ ઉપચારોથી દેવની જેમ મારી પૂજા કરી કારણ કે આપ તો વિપ્રોને જ પોતાના ઈષ્ટ દેવ માને છે ।।૧૮।।

(જગતમાં પાંચ પ્રકારનું સુખ પ્રસિદ્ધ છેઃ) સ્વર્ગ, મોક્ષ, પૃથ્વી અને રસાતલની સમ્પત્તિ તથા સમસ્ત યોગસિદ્ધિઓની પ્રાપ્તિનું મૂલ આપના ચરણોની સેવા જ છે ।।૧૯।।

ધનથી અવશ્ય મદ થાય, મદથી ભગવાનને ભૂલી જવાય. ભગવાનને ભૂલાય એટલે સર્વનાશ થાય એમ સમજીને જ દયાળુ ભગવાને મને વધારે ધન ન આપ્યું'' ।।૨૦।।

આ પ્રમાણે વિચાર કરતા-કરતા બ્રાહ્મણ દેવતા પોતાના ઘરની પાસે પહોંચ્યા. ત્યાં જુએ છે તો સૂર્ય, અગ્નિ અને ચન્દ્રમાના જેવાં તેજસ્વી વિમાનો ઘર ઉપર ઊડી રહ્યાં છે ।।૨૧।।

ઠેકઠેકાણે (ફલપ્રધાન) ઉપવનો, (પુષ્પપ્રધાન) ઉદ્યાનોમાં ઝુંડના ઝુંડ રંગબેરંગી પક્ષીઓનાં સમૂહો કલરવ કરી રહ્યાં છે. સરોવરોમાં (રાત્રે ખીલતાં) કુમુદ, દિવસે ખીલતાં અમ્ભોજ (કમળ) સન્ધ્યા વખતે ખીલતાં કલ્હાર (કમળ) અને રાત્રે વિકસતાં ઉત્પલ (નામનાં કમળ) શોભી રહ્યાં છે ।।૨૨।।

સુન્દર-સુન્દર પુરુષો અને હરિણીના જેવાં નેત્રોવાળી યુવતીઓ સારા શૃંગાર કરી આમ-તેમ ફરી રહ્યાં છે. તે સ્થાનને જોઈને બ્રાહ્મણ દેવતા વિચારવા લાગ્યા, ''આ હું શું જોઈ રહ્યો છું? આ કોનું સ્થાન હશે? હું રહેતો હતો તે જ સ્થાન જો આ હોય તો તે આવું કેમ થઈ ગયું?'' ।।૨૩।।

આ પ્રમાણે વિચાર કરે છે ત્યાં તો દેવતા જેવા તેજસ્વી સ્ત્રી પુરુષો અનેક પ્રકારનાં વાજાંની સાથે તુમુલ સ્વરથી ગાતાં-ગાતાં (અત્યાર સુધી જેમનો દેખાવ દરિદ્રી જેવો હતો પણ હવે ભાગ્ય ખૂલી જવાથી જેમનું સ્વરૂપ દેવેન્દ્ર જેવું બની ગયું છે તેવા) મહાભાગ્યશાળી બ્રાહ્મણ્ (સુદામાજી) નું સ્વાગત કરવામાટે આવી પહોંચ્યા ।।૨૪।।

(આ દરમ્યાન ત્યાં ઇન્દ્રની રાજધાની અમરાવતીનો અને તેમની પત્નીમાં ઇન્દ્રાણીનો પ્રાદુર્ભાવ થઈ ગયો હતો) પતિ દેવનું શુભ આગમન સાંભળી બ્રાહ્મણીનાં નેત્રો અતિ આનન્દથી ખીલી ઊઠ્યાં. તે એકદમ જલદી-જલદી ઘરમાંથી બહાર નીકળી, (એકાએક સર્વ આભૂષણોથી આભૂષિત અને ઐશ્વર્ય યુક્ત થઈ ગઈ તેથી) તે એવી લાગતી હતી કે જાણે મૂર્તિમતી લક્ષ્મીજી કમલ વનમાંથી પધાર્યાં હોય ।।૨૫।।

પાસે આવી પતિને જોઈને પતિવ્રતાને નેત્રમાં પ્રેમનાં આંસુ આવ્યાં તેથી આંખ

મીંચાઈ ગઈ, બુદ્ધિથી નમસ્કાર કર્યા અને મનથી પતિને આલિંગન કર્યું ।।૨૬।।

જેમણે સોનાના હાર ગળામાં પહેર્યાં છે તેવી દાસીઓની વચ્ચે વિમાનમાં બેઠેલી દેવાંગનાઓ જેવી તે અત્યન્ત શોભાયમાન અને દેદીપ્યમાન થઈ રહી હતી. તેને આ રૂપમાં જોઈ સુદામાજીને આશ્ચર્ય થયું કે કેવું અલૌકિક ચરિત્ર મારા પ્રભુનું છે! ।।૨૭।।

પોતે એને જોઈને પ્રસન્ન થયા અને એની સાથે પોતાના મન્દિરમાં આવ્યા ત્યાં તો મહેન્દ્રનું ભવન હોય તેવું હજારો મણિઓના સ્તમ્ભવાળું પોતાનું ઘર જોયું ।।૨૮।।

સુવર્ણના સાજવાળા હાથીદાન્તના બનેલા પલંગો ઉપર દૂધના ફીણ જેવા શ્વેત અને કોમલ બિછાનાં બિછાવવામાં આવ્યાં હતાં. સોનાની દાંડીવાળા ઘણા બધા ચામર યથાસ્થાન રાખેલ હતા ।।૨૯।।

સિંહાસનો સોનાનાં હતાં અને તેમના ઉપર કોમલ ગાદીઓ ગોઠવી દેવામાં આવી હતી. મોતીઓની લટીઓવાળા ચન્દરવા પણ ઝગમગી રહ્યા હતા ।।૩૦।।

ભીંતો સ્વચ્છ સ્ફટિકમણિ તથા લીલમની હતી અને રત્નનિર્મિત સ્ત્રીઓની પ્રતિમાઓના હાથમાં રત્નોના દીવાઓ પ્રકાશી રહ્યા હતા ।।૩૧।।

આ પ્રમાણે સર્વ સમ્પત્તિઓની રેલમછેલ જોઈ તથા તેનું કોઈ પ્રત્યક્ષ કારણ ન જણાતાં સાવધાન થઈ બ્રાહ્મણ દેવતા વિચાર કરવા લાગ્યા કે આટલી સમ્પત્તિ મારે ત્યાં ક્યાંથી? ।।૩૨।।

તે મનમાં ને મનમાં કહેવા લાગ્યા "ઓહો! હું જન્મથી જ ભાગ્યહીન અને દરિદ્ર છું. તો પછી મારી આ અઢળક સમ્પત્તિ-સમૃદ્ધિનું કારણ શું હોઈ શકે? ચોક્કસ, લક્ષ્મીજી જેવી જેની અનેક મહાવિભૂતિઓ છે તે યદુવંશશિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણના કૃપા કટાક્ષ સિવાય બીજું કોઈ કારણ ન હોઈ શકે* ।।૩૩।।

**વિશેષ :** અઢળક સમૃદ્ધિનાં કારણો ભગવદિચ્છા, પ્રારબ્ધ, કાલ, સાનુકૂલ ગ્રહો અને ભગવાન્ છે. કોઈ એકાએક રાતોરાત પૈસાદાર થઈ જાય તો લોકો કહે છે કે તેના ઉપર લક્ષ્મીજીની નજર પડી ગઈ હશે. લક્ષ્મીજી જેવી મહાન વિભૂતિઓ ભગવાનની અનેક છે તો આપની કૃપાદૃષ્ટિ પડી જાય તો શું બાકી રહે? માટે તે જ કારણ છે.

જેવી રીતે (વરસાદ ઉપર જ આધાર રાખનાર, બળબળતા તાપથી સન્તપ્ત ખેડૂતો રાતે ઘેર સૂતેલા હોય ત્યારે તેમનાં ખેતરોમાં) મેઘ ખૂબ વરસાદ વરસાવી દે તેવી રીતે

ભક્તોની હાલત જોઈને યદુવંશ શિરોમણિ કંઈ પણ બોલ્યા વિના તેમની ગેરહાજરીમાં યાચનારને અઢળક સમ્પત્તિ આપી દે છે. ભગવાન્ શ્રીકૃષ્ણ પોતે પૂર્ણકામ અને લક્ષ્મીપતિ હોવાથી અનન્ત ભોગ સામગ્રીઓનાં ભોક્તા છે તેમાંય વળી મારા તો એ સખા છે. (પછી મને આપવામાં કશી કચાશ રાખે ખરા?) ।।૩૪।।

મારા પ્યારા સખા શ્રીકૃષ્ણ આપે છે ઘણું પણ તેને માને છે બહુ ઓછું (કારણ કે ઓછું આપનાર જ શરમથી કહ્યા વિના ગુપ્ત રીતે આપે) અને આપના પ્રેમી ભક્તો આપને તુચ્છ વસ્તુની ભેટ કરે તો તેને તે ઘણી મોટી માની લે છે. જુઓ તો ખરા, (ઈન્દ્ર વગેરે અમૃત લાવીને આપને સમર્પણ કરે તો તે પણ આપ નથી આરોગતા જ્યારે) મેં આપેલા મુઠ્ઠીભર પૌંઆ આરોગ્યા અને તે પણ જાણે પોતાની પરમ ઈચ્છેલી વસ્તુ મળી ગઈ હોય તેમ પરમ પ્રેમથી. સ્વયં તો કોટિ બ્રહ્માંડના નાયક છે. (છતાં આપને ઈન્દ્રના અમૃત કરતાં મારા પૌંઆમાં વધારે સ્વાદ આવ્યો!) ।।૩૫।।

મને ભવોભવ ભગવાન્ શ્રીકૃષ્ણનો જ પ્રેમ, આપનું જ સખ્ય, આપની જ મિત્રતા અને આપનું જ દાસ્ય પ્રાપ્ત હો. (મારે સમ્પત્તિ જોઈતી નથી) સદા સર્વદા ગુણોના એક માત્ર નિવાસસ્થાન મહાનુભાવ ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણોમાં પ્રેમ વધતો જાય અને આપના જ પ્રેમી ભક્તોનો મને સત્સંગ પ્રાપ્ત થતો રહે* ।।૩૬।।

**વિશેષ :** આવા ભક્તવત્સલ ભગવાન્ શ્રીકૃષ્ણ સિવાય બીજું કોઈ નથી તેથી તેમની સાથે ઘણી જાતની સગાઈ હોય એમ લાગે છે. પ્રેમ (સૌહાર્દ) હૃદયનો ધર્મ છે, સખ્ય પ્રાણનો ધર્મ છે, મૈત્રી એ ઈન્દ્રિયોનો ધર્મ છે અને દાસ્ય એ દેહનો ધર્મ છે. જન્મ થાય તો વિષયાસક્તિ થાય અને તે સત્સંગથી દૂર થાય. સૌહાર્દ (પ્રેમ) હૃદયનો ધર્મ છે, સખ્ય એ પ્રાણનો ધર્મ છે અર્થાત્ ભગવાન્ મારા પ્રાણના સખા થાય તો પ્રાણ આપને જ અનુસરે. મૈત્રી એ ઈન્દ્રિયોનો ધર્મ છે. (ઈન્દ્રિયો મિત્રને રુચે તેવું જ કરતી હોય છે) દાસ્ય એ દેહનો ધર્મ છે. પ્રાણીઓનાં આ ચાર હૃદય, પ્રાણ, ઈન્દ્રિયો અને દેહ ભગવન્મય થાય તો કૃતાર્થ થવાય. વગર માગ્યે જો આટલી સમૃદ્ધિ આપી દીધી તો પછી આપના ઘેર જઈને યાચનારને આપ શું ન આપે?

અજન્મા ભગવાન્ શ્રીકૃષ્ણ સમ્પત્તિ આદિના દોષ જાણે છે. આપ જુએ છે કે બહુ ધનવાન પુરુષોનું ધન અને ઐશ્વર્ય ના મદથી પતન થઈ જાય છે તેથી આપ પોતાના અદૂરદર્શી ભક્તને બુદ્ધિનો વ્યામોહ કરનારી સમ્પત્તિ, રાજ્ય અને ઐશ્વર્ય વગેરે આપતા નથી ।।૩૭।।

હે પરીક્ષિત! પોતાની બુદ્ધિથી આ પ્રમાણે નિશ્ચય કરી તે બ્રાહ્મણ દેવતાએ,

(આ બધું બ્રાહ્મણીમાટે જ આપ્યું છે) થોડા વખત પછી વિષયો છોડવાની ઈચ્છાથી પોતાની પત્નીમાં આસક્તિ રાખ્યા વગર વિષયોનું સેવન કર્યું; અવિદ્યાને દૂર કરનાર શ્રીકૃષ્ણમાં તેમની ભક્તિ તો રોજ-રોજ વધતી જ રહી ।।૩૮।।

હે પ્રિય પરીક્ષિત! દેવતાઓના પણ આરાધ્ય દેવ ભક્તભયહારી યજ્ઞપતિ સર્વશક્તિમાન ભગવાન્ સ્વયં બ્રાહ્મણોને પોતાના પ્રભુ, ઈષ્ટદેવ માને છે. તેથી આ જગતમાં બ્રાહ્મણોથી મોટું કોઈ નથી ।।૩૯।।

આ પ્રમાણે તે બ્રાહ્મણ દેવતાને ભગવત્સાક્ષાત્કાર થયો તેથી તેમનામાં ભગવદ્દાવેશ થઈ ગયો. ભગવાનના સખા તો હતા જ. તેમણે જોયું કે ''જો કે ભગવાન્ અજિત છે, કોઈને અધીન નથી, છતાં આપ પોતાના ભક્તોને અધીન થઈ જાય છે'' હવે તે આપના ધ્યાનમાં તન્મય થઈ ગયા, ધ્યાનના વેગથી તેમની અવિદ્યાની ગાંઠો કપાઈ ગઈ. ભગવાનના ચિન્તનથી તેમણે વૈકુંઠને પ્રાપ્ત કર્યું. પછી થોડા જ વખતમાં ભગવાનને પ્રાપ્ત કરી સાયુજ્ય પામ્યા ।।૪૦।।

**એતદ્ બ્રહ્મણ્યદેવસ્ય શ્રુત્વા બ્રહ્મણ્યતાં નરઃ ।।**
**લબ્ધભાવો ભગવતિ કર્મબન્ધાદ્ વિમુચ્યતે ।।૪૧।।**

હે પરીક્ષિત! બ્રાહ્મણોને પોતાના ઈષ્ટદેવ માનનારા ભગવાન્ શ્રીકૃષ્ણની આ બ્રાહ્મણ ભક્તિને જે સાંભળે છે તેનો ભગવદ્ભાવ દૃઢ થાય છે અને તે કર્મબન્ધનથી મુક્ત થઈ જાય છે ।।૪૧।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના ત્રીજા ફલ-પેટાપ્રકરણનો શ્રીરૂપ ચોથો) ''ભગવાને સુદામાને સમ્પત્તિ આપી'' નામનો (ઉત્તરાર્ધનો બત્રીસમો અને ચાલુ)એકાશીમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૭૮મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં
તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત જઈને
મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર, તેમાટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ
તેવી ભાગવત વાંચનાર કથાકાર ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(?)
ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

# અધ્યાય ૮૨

## શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૭૯

## ભગવાનનું કુરુક્ષેત્રમાં પધારવું

### ચોથા સાત્વિક પ્રકરણનું ત્રીજું ફલ પ્રકરણ અધ્યાય ૫

**વિશેષ :** સાત્વિક પ્રકરણમાં છ અધ્યાયથી ત્રણ પ્રકારના ધર્મો-પ્રમેય, સાધન અને ફલ કહ્યા. હવે ધર્મીઓને કહે છે. એ ત્રણ અધ્યાયથી પ્રમેય, સાધન અને ફલ ના ધર્મીઓનું એક સાથે નિરૂપણ કરે છે. સાત્વિક પ્રમેયમાં જેવો ધર્મી જોઈએ તે આ બ્યાસીમા અધ્યાયમાં કહે છે. સર્વનો એ વહાલો હોય, સર્વનો સાક્ષી હોય અને સર્વનું પ્રિય અને હિત કરનાર તેને ધર્મી કહે છે. એ તીર્થમાં જ પ્રાપ્ત થઈ શકે. જ્ઞાનપૂર્ણ હોય એવો અને મોક્ષને આપનાર ગુરુ તે જ ધર્મી અહીં કહે છે. ભગવાનના ગુણોનું વર્ણન અને રસાત્મક ચરિત્રોનું શ્રવણ એ સાત્વિક ભક્તોનું એક માત્ર સાધન છે તે આગળ ચોત્રીસમા અધ્યાયમાં કહેવામાં આવ્યું છે. ત્યાર પછી ફલ સ્વરૂપ હરિ બધાંની ઈચ્છા પૂરી કરનારા છે તે કહેવામાં આવે છે. ત્યારબાદ દેશ, કાલ અને અંગ(યજ્ઞરૂપ ક્રિયાશક્તિ)નું નિરૂપણ આવે છે. આમ તામસ ભક્તોનું તામસપણું મટાડી દઈ તેમને રાજસ બનાવવામાં આવે છે અને રાજસ ભક્તોનું રાજસત્વ દૂર કરીને તેમને સાત્વિક બનાવવામાં આવે છે. બધા જ્યારે સાત્વિક થાય ત્યારે ભગવાન્ પ્રમેય થાય છે(ભગવાનને ઓળખી શકાય છે) બીજી રીતે નહિ એ વાત સ્પષ્ટ કહેવામાં આવે છે(કારિકા).

**અથૈકદા દ્વારકાયાં વસતો રામકૃષ્ણયોઃ ।।**
**સૂર્યોપરાગઃ સુમહાન્ આસીત્ કલ્પક્ષયે યથા ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** આ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજી દ્વારકામાં નિવાસ કરી રહ્યા હતા. એકવાર પ્રલય વખતે થાય તેવું સર્વ ગ્રાસ સૂર્યગ્રહણ આવ્યું ।।૧।।

હે પરીક્ષિત! લોકોને જ્યોતિષીઓદ્વારા એ ગ્રહણની ખબર પહેલેથી જ પડી ગઈ હતી તેથી ચારે તરફથી લોકો પોત-પોતાનું કલ્યાણ કરી લેવાના ઉદ્દેશથી પુણ્ય વગેરે કમાઈ લેવામાટે રાજા કુરુએ નિર્માણ કરેલ સ્યમન્તકતીર્થ કુરુક્ષેત્રમાં ગયાં ।।૨।।

સ્યમન્તપંચક એ ક્ષેત્ર છે જ્યાં શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ પરશુરામજીએ આખી પૃથ્વીને ક્ષત્રિયહીન કરી રાજાઓની રુધિરધારાથી નવ મોટા *કુંડ બનાવી દીધા હતા ।।૩।।

**વિશેષ :** પરશુરામજીએ સંકલ્પ કર્યો હતો કે અમુક સમયે બધા ક્ષત્રિયોનો હું નાશ કરીશ. ત્યારે બધા ક્ષત્રિયો કુરુક્ષેત્રમાં મરવાથી મોક્ષ મળે છે એમ વિચારી તે સમયે કુરુક્ષેત્રમાં ગયા અને ત્યાં પરશુરામજીએ તેમને હણ્યા હતા પાછળથી ઋચિક વગેરે પિતરોના આશીર્વાદથી તે રુધિરના કુંડ જળના કુંડ બનીગયાહતા.

જેવી રીતે કોઈ સાધારણ મનુષ્ય પોતાના પાપની નિવૃત્તિમાટે પ્રાયશ્ચિત કરે તેવી જ રીતે સર્વ શક્તિમાન્ ભગવાન્ પરશુરામે, પહેલાં તો કુરુક્ષેત્રમાં કરેલા વધનું પાપ કોઈને લાગતું નથી અને બીજું પરશુરામજી ભગવાન્ હતા તેથી પણ તેમને કોઈ પાપનો સમ્બન્ધ હોઈ શકે નહિ છતાં લોકમર્યાદાની રક્ષાને માટે ત્યાં યજ્ઞો કર્યા હતા ।।૪।।

એ વખતે મોટી તીર્થયાત્રામાં ભારતવર્ષની (બધાં રાજ્યોની) પ્રજા ત્યાં ભેગી થઈ હતી. તેમાં વૃષ્ણિઓ, અક્રૂર, વસુદેવ, ઉગ્રસેન વગેરે ત્યાં ગયા ।।૫।।

હે ભારત! (યાદવોને સર્વદા ભગવાનનું સાન્નિધ્ય હોવાથી) ઘરમાં જ સર્વ શ્રેયનાં સાધન હતાં. તેથી કુરુક્ષેત્ર જવાની જરૂર ન હતી પણભગવાનના સતત સહવાસને લીધે ભગવાનની અવજ્ઞા-અનાદર રૂપી પાપ સમ્ભવે છે જેનું બીજે ક્યાંય પ્રાયશ્ચિત ન હોવાથી તો પાપ દૂર કરવાને માટે ગદ, પ્રદ્યુમ્ન, સામ્બ વગેરે પણ ભરતના વંશજ કુરુએ નિર્માણ કરેલ કુરુક્ષેત્રમાં આવ્યા હતા. અનિરુદ્ધજી અને યદુવંશી સેનાપતિ કૃતવર્મા બન્ને, સુચન્દ્ર, શુક, સારણ વગેરેની સાથે નગરની રક્ષાને માટે દ્વારકામાં રોકાયા હતા. યાદવો એક તો સહજ જ તેજસ્વી હતા. ઉપરાન્ત ગળામાં સોનાની માળા દિવ્ય પુષ્પોના હાર, કીંમતિ વસ્ત્રો અને કવચોથી સુસજ્જિત હોવાને લીધે તેમની શોભા ઘણી વધી રહી હતી. તીર્થયાત્રાના માર્ગમાં તેઓ દેવતાઓના વિમાનના જેવા રથો, સમુદ્રના મોજાંઓની જેમ ચાલનારા ઘોડા, વાદળોના જેવા વિશાલકાય અને ગર્જના કરતા હાથીઓ તથા વિદ્યાધરોના જેવા મનુષ્યોદ્વારા ઉંચકાયેલી પાલખીઓ ઉપર પોતાની પત્નીઓની સાથે એવા શોભી રહ્યા હતા જાણે સ્વર્ગના દેવતાઓ યાત્રા કરી રહ્યા હોય. મહાભાગ્યવાન્ યદુવંશીઓએ કુરુક્ષેત્ર પહોંચી કામ, ક્રોધ, ભોગ વગેરેનો ત્યાગ કરી સ્નાન કર્યું સૂર્ય ગ્રહણ ગ્રસ્ત જ અસ્ત થયેલ હોવાથી બધાએ તે દિવસે ઉપવાસ કર્યો. (આ ઉપવાસ તીર્થે પહોંચીને કરવાનો ઉપવાસ નથી, કારણ કે કુરુક્ષેત્રમાં આવા ઉપવાસનો નિષેધ છે) ।।૬-૯।।

ગ્રહણ સમયે તેમણે બ્રાહ્મણોને ગોદાન કર્યું. દાનમાં આપેલી ગાયોને સુન્દર ઝૂલ ઓઢાડેલી હતી અને તેમના ગળામાં પુષ્પોની માલા તથા સોનાની સાંકળો હતી. ત્યાં એક મુખ્ય સરોવર છે અને નવ બીજા હૃદ (કુંડ) છે જે 'રામહૃદ'ને નામે ઓળખાય છે. ગ્રહણ છૂટ્યા પછી પહેલાં મુખ્ય સરોવરમાં સ્નાન કરી પછી વિધિવત્ રામહૃદમાં સ્નાન કર્યું ।।૧૦।।

''અમારી શ્રીકૃષ્ણનાં ચરણોમાં ભક્તિ હો'' એવી કામનાથી સત્પાત્ર બ્રાહ્મણોને તેમણે સુવર્ણનું દાન કર્યું (કારણ કે દાન વિનાનું તીર્થસ્થાન અપૂર્ણ છે) ભગવાન્ શ્રીકૃષ્ણને જ પોતાના ઈષ્ટદેવ માનવાવાળા યાદવોએ બ્રાહ્મણોની અનુમતિ લઈ ભોજન કર્યું. પછી ઠંડી છાયાવાળાં વૃક્ષોની નીચે પોત-પોતાની ઈચ્છા પ્રમાણે ડેરા નાખી મુકામ કર્યો. હે પરીક્ષિત! વિશ્રામ કરી લીધા પછી (ભગવાન્ ત્યાં જ બિરાજતા હોવાથી યાદવો તે સ્થળ છોડીને ક્યાંય ગયા નથી પણ) તેમણે ત્યાં તેમના મુકામ ઉપર આવેલા હિતૈષી અને સમ્બન્ધી રાજાઓને મળવું શં કર્યું ।।૧૧-૧૨।।

મત્સ્ય, ઉશીનર, કોસલ, વિદર્ભ, કુરુ, સૃંજય, કામ્બોજ, કૈકય, મદ્ર, કુન્તિ, કૌંકણ, કેરલ દેશના અને બીજા અનેક દેશોના પોતાના પક્ષના તથા શત્રુપક્ષના સેંકડો રાજાઓ આવ્યા હતા. હે રાજન્! પોતાના સુહૃદ નન્દરાયજી વગેરેની સાથે ગોપીજનો અને ગોપો ને પણ જોયા. તેઓ ઘણા કાલથી શ્રીકૃષ્ણ દર્શનની તીવ્ર ઉત્કંઠાવાળાં હતાં ।।૧૩-૧૪।।

હે પરીક્ષિત! એકબીજાનાં દર્શન, મિલન અને વાર્તાલાપ થી બધાને બહુ જ આનન્દ થયો. બધાંનાં હૃદયકમલ અને મુખકમલ ખીલી ઊઠ્યાં. બધાં એક બીજાને ભુજાઓમાં ભીડી લઈ છાતીએ લગાવતાં તેમનાં નેત્રોમાં આંસુઓની ઝડી લાગી જતી, રોમેરોમ ખીલી ઊઠતું, પ્રેમના આવેગથી વાણી બંધ થઈ જતી અને બધાંજ આનંદસમુદ્રમાં ડૂબકીઓ મારવાલાગ્યા* ।।૧૫।।

**વિશેષ :** હર્ષ થાય છે અન્દર પણ એનો વેગ એવો પ્રબળ હોય છે કે તેનો પ્રભાવ બહાર પ્રકટ થઈ જાય છે. કાયા, વાણી, મન અને બધી ઈન્દ્રિયોમાં ભાવ ઉત્પન્ન થયો છે. 'રોમાંચ' કાયિક સન્તોષ, ''ગદ્ગદ ગિરા'' વાચિક સન્તોષ અને ''આનન્દિત થયાં'' એ માનસિક સન્તોષ વ્યક્ત કરે છે.

પુરુષોની જેમ સ્ત્રીઓ પણ એક બીજાંને જોઈને પ્રેમ અને આનન્દ માં મગ્ન થઈ ગયાં. તેઓ અત્યન્ત સૌહાર્દ, મન્દ મલકાટ, પરમ પવિત્ર તીરછી દૃષ્ટિથી

જોઈ-જોઈ પરસ્પર ભેટ્યાં. ઘણા વખતે મળ્યાં હોવાથી રોતાં-રોતાં તે-તે નામોચ્ચાર પૂર્વક એક બીજાંને પોતાના ભુજપાશમાં જકડી લઈ કેસરચર્ચિત વક્ષઃસ્થલોને બીજી સ્ત્રીઓનાં વક્ષઃસ્થલો સાથે દબાવતાં અને અત્યન્ત આનન્દનો અનુભવ કરતાં નેત્રોમાંથી તે પ્રેમનાં આંસુ છલકાઈ જતાં ।।૧૬।।

અવસ્થા વગેરેમાં નાનાઓએ વૃદ્ધોને પ્રણામ કર્યા અને તેમણે તેમના પ્રણામનો સ્વીકાર કર્યો. એકબીજાનું સ્વાગત કરી, કુશલ-મંગલ વગેરે પૂછી-પૂછી તેઓ શ્રીકૃષ્ણની મધુર લીલાઓ આપસમાં કહેવા-સાંભળવા લાગ્યાં(પરમ વૈષ્ણવનું આજ લક્ષણ છે) ।।૧૭।।

હે પરીક્ષિત! કુન્તાજી (વસુદેવજી વગેરે) પોતાના ભાઈઓ, (શ્રુતદેવા વગેરે) બહેનો તેમના (બલદેવજી, શિશુપાલ વગેરે) પુત્રો, (મારિષા અને શૂરસેન) માતા-પિતા, (દેવકીજી વગેરે) ભાભીઓ અને ભગવાન્ શ્રીકૃષ્ણને જોઈ તથા તેમની સાથે વાતો કરી પોતાનાં બધાં દુઃખ ભૂલી ગયાં ।।૧૮।।

**કુન્તાજીએ** વસુદેવજીને કહ્યુંઃ હે ભાઈ! (દુષ્ટ ન પૂછે તે તો સમજાય પણ) તમે તો આર્ય છો. હું ખરેખર અભાગણી છું. મારી એક પણ અભિલાષા પૂરી ન થઈ. આપ જેવા સજ્જન શિરોમણિ ભાઈ પણ આફતને સમયે મારી ખબર ન લે, મને યાદ પણન કરે તેથી વધારે દુઃખની વાત બીજી કઈ હોઈશકે? ।।૧૯।।

હે ભાઈ! જેનું પ્રારબ્ધ પ્રતિકૂલ હોય, વિધાતા વાંકી હોય તેને સ્વજન-સમ્બન્ધી, પુત્રો, માતા-પિતા પણ ભૂલી જાય છે એમાં આપ લોકોનો કોઈ દોષ નથી ।।૨૦।।

**વસુદેવજીએ** : (નાની બહેનને સ્નેહથી) કહ્યુંઃહે અમ્બ! અમારો દોષ ન જો. મનુષ્યો તો દેવ (કાલ) નાં રમકડાં છે. આ સમ્પૂર્ણ જગત્ કાલ ભગવાનને વશ છે. તેને વશ રહી સહુ કર્મ કરે છે અને તેનું ફલ ભોગવે છે ।।૨૧।।

હે બહેન! કંસ અમારા ઉપર કાળો કેર વરતાવતો હતો તેથી અમે ચારેય દિશાઓમાં ભાગતા જ ફરતા હતા. હવે થોડા દિવસ પહેલાં જ પ્રભુકૃપાથી અમે પોતાના મૂલ સ્થાને ઠરીને સ્થિર થયાં છીએ ।।૨૨।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : ત્યાં જેટલા રાજાઓ આવ્યા હતા તે બધાનું વસુદેવજી, ઉગ્રસેનજી વગેરે યદુવંશીઓએ ખૂબ સન્માન કર્યું. ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન કરી તે બધાંને પરમ આનન્દ અને શાન્તિ થઈ ।।૨૩।।

હે પરીક્ષિત! ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય, ધૃતરાષ્ટ્ર, દુર્યોધન વગેરે પુત્રોની સાથે ગાન્ધારી, પત્નીઓની સાથે યુધિષ્ઠિર વગેરે પાંડવ, કુન્તાજી, સૃંજય, વિદુરજી, કૃપાચાર્ય, કુન્તિભોજ, વિરાટ, ભીષ્મક, મહારાજા, નગ્નજિત, પુરુજિત્, દ્રુપદ, શલ્ય, ધૃષ્ટકેતુ, કાશી નરેશ, દમઘોષ, વિશાલાક્ષ, મિથિલાનરેશ, મદ્રનરેશ, કેકયનરેશ, યુધામન્યુ, સુશર્મા, પોતાના પુત્રોની સાથે બાહ્લીક અને બીજા પણ યુધિષ્ઠિરના અનુયાયી નૃપતિ ભગવાન્ શ્રીકૃષ્ણનું પરમ સુન્દર શ્રીનિકેતન શ્રીઅંગ અને આપની પત્નીઓને જોઈ અત્યન્ત વિસ્મિત થઈ ગયા ।।૨૪-૨૭।।

હવે તેઓ બલદેવજી તથા શ્રીકૃષ્ણ પાસે સન્માન પ્રાપ્ત કરી ઘણા આનન્દથી શ્રીકૃષ્ણના અનુગ્રહયુક્ત સ્વજનો-યાદવોની પ્રશંસા કરવા લાગ્યા. (ભગવાનની પ્રશંસા તો બધા કરે પણભગવાને જેમનો પરિગ્રહ-અંગીકાર કર્યો છે તેમની પ્રશંસા કરનાર વિરલ છે) ।।૨૮।।

તેઓએ ઉગ્રસેનજીને સમ્બોધીને કહ્યું ''હે ભોજરાજ ઉગ્રસેનજી! સાચું પૂછો તો આ જગતના મનુષ્યોમાં જન્મ તમારો જ સફલ છે. ધન્ય છે, ધન્ય છે. (વૈકુંઠવાસીઓને તો દર્શન ક્યારેક થાય છે) યોગ કદાચ પરિપક્વ થાય તો ભગવાનના દર્શન એક જ વાર કરાવી શકે જ્યારે આપ તો ભગવાનનાં દર્શન નિત્ય નિરન્તર કરતા રહો છો ।।૨૯।।

વેદોએ ઘણા આદરપૂર્વક ભગવાન્ શ્રીકૃષ્ણની કીર્તિનું ગાન કર્યું છે. શ્રીકૃષ્ણની અતિ રસાલ કીર્તિ આદરપૂર્વક શ્રવણ કરવામાં આવે તો તે જગતને અત્યન્ત પવિત્ર કરી દે છે. જેમની કીર્તિ જગતને પવિત્ર કરી દે તે સાક્ષાત્ શ્રીકૃષ્ણનું શું કહેવું? વળી આપના ચરણકમલનું જલ-ગંગાજી અને આપની વાણી ગીતાજી તેમજ ભાગવતજી પણ જગતને એવી જ રીતે પાવન કરી દે છે. સમયની ઊથલ-પાથલથી પૃથ્વીનું બધું સૌભાગ્ય નાશ પામી ચૂક્યું હતું; પરન્તુ આપનાં ચરણકમલનો સ્પર્શ થતાં પૃથ્વીમાં સમગ્ર શક્તિઓનો સંચાર થઈ ગયો અને ફરી તે અમારી બધી આશા-અરમાન, ઈચ્છા-અભિલાષાઓ પૂર્ણ કરવા લાગી છે ।।૩૦।।

હે ઉગ્રસેનજી! આપ લોકોનો શ્રીકૃષ્ણની સાથે વૈવાહિક તેમ ગોત્રસમ્બન્ધ છે એટલું જ નહિ આપ હર સમય એમનાં દર્શન અને સ્પર્શ પ્રાપ્ત કરતા રહો છો. આપ શ્રીકૃણની સાથે હરો-ફરો છો, મીઠી-મીઠી વાતો કરો છો, શયન કરો છો, બેસો છો અને ખાન-પાન કરો છો. આમ તો આપ લોક ગૃહસ્થીની ઝંઝટમાં ફસાયેલા રહો

છો; જે નરકનો માર્ગ છે, પરન્તુ જે સમ્બન્ધ બીજાઓને માટે નરકમાં નાખનારો છે તે જ સમ્બન્ધ આપને માટે વિષ્ણુરૂપ થઈ રહ્યો છે, કારણ કે આપના ઘરમાં સર્વ સન્દેહોના નિવારક સાક્ષાત્ વિષ્ણુ નિવાસ કરે છે અને વિષ્ણુનાં તો દર્શન માત્રથી સ્વર્ગ અને મોક્ષ સુદ્ધાંની સ્પૃહા રહેતી નથી ।।૩૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : શ્રીકૃષ્ણની સાથે યાદવો અહીં આવ્યા છે એ વાત જાણીને નન્દરાયજી ગોપોને સાથે લઈ ગાડામાં દહીં, દૂધ વગેરે ભેટ આપવાના પદાર્થો ભરીને એમના દર્શનાર્થ ત્યાં આવ્યા ।।૩૨।।

જેમ દેહમાં પ્રાણ આવે અને દેહ ચાલે તેમ યાદવો નન્દરાયજીને જોઈને બહુ રાજી થઈ ઊભા થઈ ગયા. ઘણા દિવસે મેળાપ થયો હતો એટલે દર્શનની ઉત્કંઠા ઘણી વધી ગઈ હતી તેથી એક બીજાને ગાઢ આલિંગન કરીને મળ્યા ।।૩૩।।

વસુદેવજી નન્દરાયજીને મળીને બહુ પ્રસન્ન થયા અને અન્દરના પ્રેમથી બહાર વિહ્વલ થઈ ગયા; કંસે જે-જે દુઃખ આપ્યાં હતાં જેને લીધે પોતાને સ્વપુત્રોને નન્દરાયજીને ત્યાં રાખવા પડ્યા હતા એ બધી વાતો એક પછી એક યાદ આવીગઈ ।।૩૪।।

ભગવાન્ શ્રીકૃષ્ણ તથા બલદેવજી એ માતા યશોદાજી તથા પિતા નન્દરાયજીને ભેટીને પછી પ્રણામ કર્યા. હે પરીક્ષિત! તે વખતે પ્રેમનાં પૂરથી બન્ને ભાઈઓને ડૂમો ભરાઈ આવ્યો અને કંઈ બોલી શક્યા નહિ ।।૩૫।।

મહાભાગ્યવતી યશોદાજી તથા નન્દરાયજી એ બન્ને પુત્રોને પોતાની ગોદમાં બેસાડી દીધા અને ભુજાઓથી ગાઢ આલિંગન કર્યું. એમના હૃદયમાં ઘણા કાલનું વિયોગનું દુઃખ હતું તેથી નેત્રો સજલ થયાં, વિયોગનો શોક હળવો થયો* ।।૩૬।।

**વિશેષ** : ''જે મને જેવી રીતે ભજે છે તેને હું તેવી જ રીતે ભજુ છું'' એ ભગવદ્વાક્ય પ્રમાણે નન્દ-યશોદા સદા બાલભાવથી જ શ્રીકૃષ્ણ અને બલદેવજી ની ભાવના કરતાં એટલે અહીં બન્ને ભાઈઓએ બાલસ્વરૂપે જ ઝાંખી આપી છે. ગોદમાં બિરાજ્યા ત્યારે તેમનું મસ્તક સૂંઘી શકાય એવી રીતે ગોદમાં સમાઈ ગયાં છે.

રોહિણીજી અને દેવકીજી વ્રજેશ્વરી યશોદારાણીને ભેટી પડ્યા. યશોદાજીએ તેમની સાથે મિત્રતાનો જે વ્યવહાર કર્યો હતો તેને યાદ કરતાં બન્નેનું ગળું ભરાઈ આવ્યું. તેઓ યશોદાજીને કહેવા લાગ્યાં ।।૩૭।।

''હે વ્રજરાણીજી! હે યશોદારાણી! આપે અને વ્રજેશ્વર નન્દરાયજીએ અમારી

સાથે જે મિત્રતાનો વ્યવહાર કર્યો છે તેનો બદલો આ પૃથ્વી ઉપર સર્વથા વાળી શકાય એમ નથી. અમને ઈન્દ્રનો વૈભવ અને ઐશ્વર્ય મળે તો પણ તે ઉપકાર ભૂલી શકાય તેવો નથી. ઈન્દ્રાસન અમને મળી જાય અને એ ઈન્દ્રાસન આખું ને આખું આપને આપી દઈએ તો પણ અમે ઋણમાંથી છૂટી શકીએ નહિ. (વધુ તો શું કહું. તમામ યાદવો તમારી મૈત્રીથી ખરીદાયેલા છે) ।।૩૮।।

હે દેવી! જે વખતે બલદેવ અને શ્રીકૃષ્ણે પોતાનાં મા-બાપને જોયાં પણ નહોતાં અને એમના પિતાએ તેમને આપને ત્યાં થાપણના રૂપમાં મૂક્યા હતા તે વખતે આપ બન્નેએ એ બન્નેની, આંખની પાંપણ આંખની પૂતળીઓની જેમ રક્ષા કરે તેમ, રક્ષા કરી. આપે જ એમને ખવડાવ્યું, પિવડાવ્યું, લાડ કર્યાં, રીઝવ્યા; એમના કલ્યાણને માટે અનેક પ્રકારના ઉત્સવ મનાવ્યા. સાચું પૂછો તો એમનાં મા-બાપ જ આપ જ છો. આપની દેખરેખમાં એમને ઊની આંચ સુદ્ધાં નથી આવી. તે સર્વથા નિર્ભય રહ્યા. એવું કરવું આપ લોકોને ઉચિત જ હતું, કારણ કે સત્પુરુષોની દૃષ્ટિમાં પોતાના-પરાયાનો ભેદભાવ નથી રહેતો. તે નન્દરાણીજી! ખરેખર આપ લોક પરમ સન્ત છો'' ।।૩૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! હું કહી ગયો છું કે ગોપીજનોના પરમ પ્રીતમ જીવન-સર્વસ્વ શ્રીકૃષ્ણ જ હતા. જ્યારે શ્રીકૃષ્ણનાં દર્શન કરતાં નેત્રોની પલક લાગે છે ત્યારે તેઓ પલકના બનાવનાર બ્રહ્માજીને જ શાપ દેતાં હતાં. તે જ પ્રેમની મૂર્તિ ગોપીજનોને આજ ઘણા સમય બાદ ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. તેમના મનમાં તેને માટે કેટલી આર્તિ હતી તેનું તો અનુમાન પણ ન કરી શકાય. તેમણે નેત્રોને માર્ગે પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણને હૃદયમાં લઈ જઈ ગાઢ આલિંગન કર્યું અને તન્મય થઈ ગયાં. હે પરીક્ષિત! શું કહું? તેઓ નિત્ય નિરન્તર અભ્યાસ કરનારા યોગીઓને પણ જે દુર્લભ છે તે ભાવને પ્રાપ્ત થયાં-ભગવદ્રૂપ થઈ ગયાં ।।૪૦।।

ભગવાને ગોપીજનોને ભાવમાં મગ્ન થઈ ગયેલાં જોયાં. તેમને આપ એકાન્તમાં મળ્યા. એમને હૃદય સરસાં લગાવ્યાં, કુશળ સમાચાર પૂછ્યા અને હસતાં-હસતાં આપ કહેવા લાગ્યા ।।૪૧।।

''હે સખીઓ! અમે અમારા સ્વજન-સમ્બન્ધીઓના કાર્ય કરવામાટે ગોકુલ છોડી ચાલ્યા ગયા. ત્યાં શત્રુઓ અને તેમના પક્ષકારોનો વિનાશ કરવામાં ફસાઈ ગયા. (તેથી પાછું તમને મળવા આવી શકાયું નહિ પણચિત્ત તો તમારામાં જ હતું)

ત્યાં ઘણા દિવસો લાગી ગયા. તમે લોકો ક્યારેય અમને યાદ પણ કરો છો? ।।૪૨।।

તમારા મનમાં ક્યાંક એવી શંકા તો નથી થઈ ગઈ કે અમે અકૃતજ્ઞ છીએ અને એવું સમજી તમને અમારા તરફથી ખોટું તો નથી લાગી ગયું? કેમકે મળવું અને છૂટા પડવું એમાં માણસ સ્વતન્ત્ર નથી. પણ ભગવાન્ છૂટા પાડે ત્યારે છૂટા થવાય અને ભગવાન્ મેળાપ કરાવે ત્યારે માણસથી મળાય. ભૂતમાત્રને માટે આ નિયમ છે એમ તમે સમજો. (ગોપીજનો શ્રીકૃષ્ણને મનુષ્ય સમજે છે એવું સ્વીકારી આ કહેવામાં આવ્યું છે) ।।૪૩।।

જેવી રીતે વાયુ મેઘના સમૂહ (નિગુર્ણ) ને, ઘાસનાં તણખલાં (રાજસ) ને, (સાત્વિક) ને અને રજકણો (તામસ) ને સ્વચ્છન્દરૂપથી એકબીજા સાથે મેળવી આપે છે કે છૂટાં પાડે છે તેવી જ રીતે કાલ ભગવાન્ પણ બધાનો સંયોગ-વિયોગ પોતાની ઈચ્છા પ્રમાણે કરતા રહે છે. (આમ સંયોગ-વિયોગ કાલને આધિન હોવાથી તેમાં કોઈનો વાંક નથી) ।।૪૪।।

હે સખીઓ! એ ઘણા સૌભાગ્યની વાત છે કે તમને લોકોને મારો તે પ્રેમ પ્રાપ્ત થઈ ચૂક્યો છે જે મારી પ્રાપ્તિ કરાવી દેનારો છે, કારણ કે મારી ભક્તિ એકલી જ પ્રાણીઓને અમૃતત્વ (મોક્ષ) મેળવી આપવામાટે સમર્થ છે* ।।૪૫।।

**વિશેષ** : ભક્તિ=હૃદયના પ્રેમપૂર્વકની સેવા અથવા ''હું પહેલાં, હું પહેલાં'' એવી સેવા કરવા માટેની ઈન્દ્રિયો વચ્ચેની સ્વાભાવિક હરિફાઈ, મર્યાદામાર્ગમાં બ્રાહ્મણોનો જ મોક્ષ છે, ભક્તિમાર્ગમાં બધાંનો અધિકાર છે. જ્ઞાનમાર્ગમાં અમુક સમયે અમુક કર્મો કરવાં અનિવાર્ય છે. અન્તઃકરણની શુદ્ધિ પણ જરૂરી છે, જ્યારે ભક્તિમાર્ગમાં એવાં બન્ધન નથી.

હે (અંગના) વહાલાં ગોપીજનો! જેવી રીતે ઘટ, પટ વગેરે જેટલા પણ ભૌતિક પદાર્થો છે તેમના આદિ, અન્ત અને મધ્ય માં, બહાર અને અંદર તેમનાં મૂલ કારણ પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ તથા આકાશ જ ઓતપ્રોત થઈ રહેલાં છે. તેવી જ રીતે જેટલા પણ પદાર્થો છે તેમની પહેલાં, પછી, વચમાં, બહાર અને અન્દર કેવલ હું જ રહેલો છું ।।૪૬।।

આ જ પ્રમાણે બધાં પ્રાણીઓનાં શરીરમાં આ જ પંચમહાભૂત તેમનાં સ્વરૂપ તરીકે રહેલાં છે. (અર્થાત્ આ જગત્ પંચમહાભૂતોનું બનેલું છે) પછી બંને મારામાં રહેલાં છે પરન્તું હું બંનેથી પર અવિનાશી સત્ય છું એવો તમે અનુભવ કરો'' ।।૪૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! આ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણે

ગોપીજનોને અધ્યાત્મ જ્ઞાન (આત્મા બ્રહ્મ છે તેવા જ્ઞાન) ની શિક્ષા આપી. (તેઓ બ્રહ્મભાવને પ્રાપ્ત થઈ ચૂક્યાં હતાં છતાં) બોધ આપનાર ભગવાન્ (અથવા આપે આપેલ ઉપદેશ) નું વારંવાર સ્મરણ કરવાથી લિંગ શરીર-જીવકોશનો ત્યાગ કરી તેઓ ભગવદ્રૂપ જ થઈ ગયાં ।।૪૮।।

**આહુશ્ચ તે નલિનનાભ પદારવિન્દં યોગેશ્વરૈર્હૃદિ વિચિન્ત્યમગાધબોધૈઃ।**
**સંસારકૂપપતિતોત્તરણાવલમ્બં ગેહંજુષામપિ મનસ્યુદિયાત્ સદા નઃ ।।૪૯।।**

**શ્રીગોપીજનોએ કહ્યું :**''હે પદ્મનાભ! બહારના યોગરૂપ સાધન સમ્પન્ન પૂરા જ્ઞાની યોગેશ્વરો પોતાના હૃદયમાં આપનાં ચરણકમલોનું ચિન્તન જ કરતા રહે છે. જેમાંથી બહાર નીકળવાનો ઉપાય નથી તેવા, સંસારરૂપ કૂવાની અન્દર જે લોકો પડેલા છે તેમને માટે તેમાંથી બહાર નીકળવામાટે આપનું ચરણકમલ એક માત્ર અવલમ્બન છે. હે પ્રભો! આપ એવી કૃપા કરો કે આપનું એ ચરણકમલ અમે ઘરમાં રહીએ છતાં ઘરમાં આસક્તિ ન થાય અને અમારા હૃદયમાં તે સદા સર્વદા બિરાજમાન રહે એક ક્ષણને માટે પણ તેને ભૂલીએ નહી ।।૪૯।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના ત્રીજા ફલ-પેટા પ્રકરણનો જ્ઞાનરૂપ પાંચમો) ''ભગવાનનું કુરુક્ષેત્રમાં પધારવું'' નામનો (ઉત્તરાર્ધનો તેત્રીસમો અને ચાલુ) બ્યાશીમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ઓગણ્યાએંશીમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દીક્ષા લેવા આવનાર પુષ્ટિ જીવ છે કે નહીં તે ચકાસ્યા વિના જે આવે તેને કંઠી-બ્રહ્મસમ્બન્ધ આપનાર ગુરુ શ્રીમહાપ્રભુજીનો દ્રોહી છે, પુષ્ટિમાર્ગનો શત્રુ છે. આવા બેજવાબદારી ભર્યા આચરણથી તે પોતાનું જ સર્વનાશ નોંતરે છે.

# અધ્યાય ૮૩

### શ્રીસુબોધિનીજી અનુસાર અ.૮૦

## ભગવાને પટરાણીઓ ઉપર કરેલ અનુગ્રહ

### ચોથા સાત્વિક પ્રકરણનું ત્રીજું ફલ પ્રકરણ અધ્યાય૬

**વિશેષ :** આ ત્રેયાશીમાં અધ્યાયમાં કૌરવકુલની સ્ત્રીઓ (દ્રૌપદી વગેરે) આગળ યાદવ કુલની

સ્ત્રીઓ (રુક્મિણીજી વગેરે) બધાં જ સાધનોમાંથી ભગવત્પ્રાપ્તિનું ઉત્તમ સાધન કીર્તન છે એમ કહે છે. શ્રીકૃષ્ણનો અનુગ્રહ હોય તો જ સર્વ સાધન મળી આવે, અનુગ્રહ ન હોય તો નહિ; તેથી અહીં અનુગ્રહનું વર્ણન કરવામાં આવે છે. ભગવાન્ નિર્દોષ છે, દયાળુ છે, ભક્તવત્સલ છે એવી જીવમાં સદ્બુદ્ધિ હોય તો જ અનુગ્રહ સ્થિર રહે છે. આવી સદ્બુદ્ધિ ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન હોય તો ભગવાનના અનુગ્રહયુક્ત થાય. ભગવાનની સ્તુતિથી તે સદ્બુદ્ધિ અનુગ્રહ સ્થિર કરવા સમર્થ થાય. તેથી સિદ્ધ થાય છે કે સર્વ મહિષીઓ (પટરાણીઓ, રાધિકારાણી, ગોપીજનો) સાથેની શ્રીકૃષ્ણની લીલાઓનું શ્રવણ કરવું. મહિષીઓનું જીવનસર્વસ્વ શ્રીકૃષ્ણ જ છે કારણ કે તેઓ પણ સાત્વિક જ્ઞાન સહિત શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં થાકતાં નથી.

**તથાનુગૃહ્ય ભગવાન્ ગોપીનાં સ ગુરુર્ગતિઃ ।।**
**યુધિષ્ઠિરમથાપૃચ્છત્ સર્વાંશ્ચ સુહૃદોઽવ્યયમ્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણ જ ગોપીજનોને શિક્ષા આપનારા ગુરુ (સાધન) છે અને તે જ શ્રીકૃષ્ણ તે શિક્ષાદ્વારા પ્રાપ્ત થનારી વસ્તુ-ફલ છે. શ્રીકૃષ્ણે તેમના ઉપર અનુગ્રહ કરી, ધર્મરાજ યુધિષ્ઠિર તથા અન્ય સમસ્ત સમ્બન્ધીઓને કુશળ સમચાર પૂછ્યા ।।૧।।

ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણકમલનાં દર્શન કરવાથી જ તેમનાં તમામ અશુભ તો નષ્ટ થઈ ચૂક્યાં હતાં. હવે જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે તેમનો સત્કાર કર્યો, કુશળ સમાચાર પૂછ્યા ત્યારે અત્યન્ત આનન્દ પામી તેઓ આપને કહેવા લાગ્યા ।।૨।।

હે ભગવન્! મોટા-મોટા મહાત્માઓ મનમાં ને મનમાં આપના *ચરણારવિન્દના મકરન્દરસનું પાન કરતા રહે છે. ક્યારેક-ક્યારેક (જ્યારે મહાન ભગવદીયનાં સંગમાં રસનો આવિર્ભાવ થાય છે ત્યારે) તેમના મુખકમલમાંથી લીલા-કથાના રૂપમાં તે રસ છલકાઈ જાય છે. હે પ્રભુ! એ રસ એટલો અદ્ભુત અને દિવ્ય છે કે કોઈ પણ પ્રાણી તે પી લે તો તે જન્મ-મૃત્યુના ચક્કરમાં ધકેલી દેનારી વિસ્મૃતિ અથવા અવિદ્યાનો નાશ કરી દે છે. તે જ રસને જે લોકો પોતાના કાનરૂપી પડિયામાં ભરી ધરાઈ-ધરાઈને પીએ છે તેમનાં અમંગલની સંભાવના જ ક્યાંથી હોય? ।।૩।।

**વિશેષ** : આપનું ચરણ પણ પરમ આનન્દરૂપ છે કેમકે આપ આનન્દઘન છો. એ આપનું ચરણ ભક્તિમાર્ગને લોકમાં પ્રવૃત્ત કરે છે. વળી એ કમળરૂપ એટલે સુખસેવ્ય પણ છે. એ ચરણ કમળનો મકરન્દ એ રસ છે, ભગવાન્ રસાત્મા છે તે સર્વત્ર છે. ભક્તિમાર્ગદ્વારા લાવેલો

બ્રહ્માનન્દ જ કર્ણમાં પ્રવેશ કરે તો એ દેહધારીઓને દેહનું સ્મરણ ભુલાવી દે છે. તેથી જ તેને આસવ કહ્યો છે. એ રસ પરમાનન્દરૂપ છે અને લૌકિક કામ વગેરે દોષોનો નિવર્તક છે. એ બ્રહ્માનન્દમાં તેનાથી પણ ઉત્તમ ભક્તિરસ મળે અને કીર્તનથી તે પુષ્ટ થાય તો તો પછી પૂછવું જ શું? તેથી એ બ્રહ્માનન્દરૂપ ભગવત્સ્વરૂપ ભક્તના મુખથી નીકળે ત્યારે એ પરમકાષ્ઠાપન્ન થાય છે. ભક્તિમાર્ગનો સિદ્ધાન્ત એવો છે કે બ્રહ્માનન્દ પોતાની ઇચ્છાથી, જેમ લાંબુ વસ્ત્ર ઘડી કર્યું હોય તો નાનું દેખાય છે તેમ એ પણ ઘનીભૂત રહે છે. જેમ દહીં ઘાટું થઈ જાય છે ત્યારે થોડું દેખાય પણ એમાં જેટલો રસપડે તેટલું એ વિસ્તૃત થાય છે તેવું ભગવચ્ચરણ આનન્દઘન છે. એને ભક્તિમાર્ગવડે ગ્રહણ કરે છે ત્યારે ભક્તનાં કાયા, વાણી અને મન થી દૃઢ રીતે ગ્રહણ થાય છે ત્યારે એ સ્વયં રસાત્મા હોવાથી આનન્દને સ્રવે છે. એ ભક્તિરસ એવા નામથી બોલાય છે. એ રસ પણ શબ્દ બ્રહ્મરૂપ ભાગવત આદિથી ઉદ્ધૃત થાય છે ત્યારે ઘડાથી લાવેલ જળની પેઠે મોટાઓના મુખથી ઉચ્ચારણ થતાં કાનમાં આવી મુખથી નીકળે છે ત્યારે તે રસ ઇન્દ્રિયોના ઓઘ તથા દેહ નાં છિદ્રોદ્વારા અન્તઃકરણમાં પ્રવેશીને હૃદયરૂપી હૃદમાં ભેગો થાય છે. એ ભક્તિરસ કરતાં પણ ભક્તની ઇન્દ્રિયોથી પવિત્ર થયેલો હોવાથી છણાઈને અતિ ઉત્તમ બને છે. એમ જ્યારે વારંવાર ભગવદ્ગુણનું કીર્તન થાય છે ત્યારે ચરણારવિન્દના મકરન્દરૂપ ગૂઢ અર્થો ભક્તના મુખથી નીકળે છે. એ પણ હમેશાં નહિ પણ કોઈ વખતે ભક્તની ગોષ્ઠીમાં બેઠા હોય, ભગવાનનો પ્રસંગ ચાલતો હોય તેવખતે ભક્તિભાવમાં રસાવેશ થાય ત્યારે એવી ગૂઢ વાતો બહાર આવે છે. એ હમેશાં કહેવા સાંભળવાની ન હોય પણ રસાવેશની પરવશતામાં એ વાત બહાર આવી જાય છે. એને કાનરૂપી પડિયાદ્વારા ઊંચા પડિયામાં અદ્ધરથી ઝીલીને પર્યાપ્ત રીતે એ ગૂઢ રસનું પાન કરે છે એટલે બહાર રહેલા રસને હૃદયમાં દાખલ કરે છે ત્યારે એ રસરૂપ બને છે. આવો દુર્લભ રસ બહુપાન થાય એટલો ક્યાંથી મળે, એમ શંકા થાય ત્યાં કહે છે કે ભગવાન્ પ્રભુ છે એટલે સર્વસામર્થ્યયુક્ત છે. એવા ભગવાનના ભક્તો ભગવાનના ચરણરૂપ ભક્તિમાર્ગમાં કરોડો છે, જે અમૃતના કલશરૂપ ગણાય છે. મધમાખી તો બહુ પ્રયાસ કરીને એક રસનું બુન્દ લાવી એને ભેગું કરે છે પણ ભગવાનને તો રસના કલશરૂપ ભક્તો કોટિશઃ છે તેથી ભગવાનનો આશ્રય કરનારને એવો ઘણો રસ સહજમાં મળી શકે છે. એ રસનું પાન કરનાર ભક્તોને અશુભ હોય જ શાનું કે એનું કુશળ પૂછવું પડે? અશુભ તો ધર્મથી નિવૃત્ત થાય છે ત્યારે આનન્દઘન ભગવાન્ પ્રકટ થાય છે ત્યારે ભક્તિવડે સર્વ દોષને દૂર કરનાર ભક્તિરસ જે નિત્ય છે અને સંસારને ભુલાવનાર છે તે પ્રકટ થાય છે. એ પણ ભક્તના હૃદયમાંથી મુખદ્વારા બહાર નીકળી કર્ણદ્વારા હૃદયમાં પ્રવેશે છે ત્યારે

એ પાન કરનારને અશુભની સમ્ભાવના પણ કોઈ કરી શકતું નથી. ભક્તને દેહનું અભિમાન તો રહે છે પણ જ્યારે પ્રયત્નથી એ ભક્તિરસને ગ્રહણ કરે છે ત્યારે એને દેહનું વિસ્મરણ થાય છે ત્યારે એનું દેહાભિમાન પણ વિગલિત થાય છે. એટલે તે ભક્ત જ બ્રહ્મરૂપ થઈ જાય છે. એને કુશળ-અકુશળ વ્યવહારની સમ્ભાવના પણ ન હોય ત્યાં પ્રશ્ન પણ ન સમ્ભવે કેમકે એ તો બ્રહ્માનન્દની પૂર્વ કક્ષાની બધી વાતો છે. જેને ભગવાનનું વિસ્મરણ છે તેને દેહનો સમ્બન્ધ સમ્ભવે, ભગવદ્રસ મગ્નને દેહનું સ્મરણ કેવું? વાસો યથા પરિવૃત્તં મદિરામદાન્ધઃ એ ન્યાયથી એ સ્વરસનિમગ્ન રહે છે.

હે ભગવન્! આપ એકરસ જ્ઞાનસ્વરૂપ અને અખંડ આનન્દના સમુદ્ર છો. અન્તઃકરણની વૃત્તિઓને લીધે થતી જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ- આ ત્રણેય અવસ્થા આપના સ્વરૂપ સુધી પહોંચી જ શકતી નથી, દૂરથી જ નાશ પામે છે. આપ પરમ હંસોની ૧ એક માત્ર ગતિ ૨ છો. કાલવશાત્ વેદોનો નાશ થતાં તેમાં કહેલા ધર્મોનું રક્ષણ કરવા આપે આપની અચિન્ત્ય યોગમાયાદ્વારા મનુષ્યના જેવો દેહ ધારણ કર્યો છે. અમે ઘરબાર, દેહ (ની આસક્તિ) છોડી (ભગવદ્ભાવની પ્રાપ્તિમાટે) આપને નમન કરીએ છીએ ।।૪।।

**વિશેષ** : ૧. હંસ=જે આત્માની સ્થિતિ સંસારથી જુદી છે તે જાણી શકે અને પ્રાપ્ત કરી શકે તે. પરમહંસ=જે ભગવાનનું પદ અને જીવોની સ્થિતિના ભેદને પારખી જાણે તે. ૨.ગતિ=ગમ્ય, જાણી શકાય અથવાપ્રાપ્ત કરી શકાયતેવા.

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! જે વખતે બીજા લોકો આ પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી રહ્યા હતા તે જ વખતે યાદવ અને કૌરવ કુલની સ્ત્રીઓ એકત્ર થઈ પરસ્પર ભગવાનની ત્રિભુવન-વિખ્યાત લીલાઓનું વર્ણન કરી રહી હતી. હવે હું તમને તેમની જ વાતો કહું છું. ધ્યાન દઈ સાંભળો ।।૫।।

**દ્રૌપદીએ કહ્યું** : હે (વૈદર્ભી) રુક્મિણીજી, હે ભદ્રાજી, હે જામ્બવતીજી, હે કૌસલે (સત્યાજી), હે સત્યભામાજી, હે કાલિન્દીજી, હે શૈબ્યાજી (મિત્રવિન્દાજી), હે રોહિણીજી*, હે લક્ષ્મણાજી અને હે અન્ય શ્રીકૃષ્ણપત્નીઓ! આપ લોકો અમને તો બતાવો કે પોતાની માયાથી લોકોનું અનુકરણ કરતા સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણે આપનું પાણિગ્રહણ કેવી રીતે કર્યું ।।૬-૭।।

**વિશેષ** : સોળ હજાર રાણીઓમાં 'રોહિણી' નામનાં રાણી મુખ્ય છે. કોઈ કલ્પમાં વળી તે આઠ પટરાણીઓમાંના એક પણ હોય છે.

**રુક્મિણીજીએ કહ્યું** : હે દ્રૌપદીજી! મારા ભાઈ રુક્મીએ તો નિશ્ચય કરેલો કે મારો વિવાહ શિશુપાલની સાથે જ થાય. કન્યાદાન પહેલાં જ મારું હરણ ન થાય એટલામાટે શસ્ત્રાસ્ત્રથી બધા સુસજ્જિત હતા. પરન્તુ બકરાં અને ઘેટાંઓ ના ટોળામાંથી સિંહ જેમ પોતાનો ભાગ ઉપાડી જાય તેવી રીતે ભગવાન્ મારું હરણ કરી ગયા. એમાં નવાઈ પામવા જેવું કંઈ નથી કારણ કે જેમનો એક-એક પગપાળો સૈનિક પણ અજેય છેતેવા વીર રાજાઓના મુકુટોઉપર ભગવાનની ચરણધૂલિ શોભાયમાન હોય છે. મારી તો એટલીજ અભિલાષા છે કે ભગવાનનુંતેજ ચરણકમલ જે સાક્ષાત્ લક્ષ્મીજીનું આશ્રયસ્થાન છે તે મને જનમોજનમ પ્રાપ્ત થતું રહે, હું તેની જ સેવામાં લાગી રહું* ।।૮।।

**વિશેષ** : મૂલમાં **શ્રીનિકેતચરણઃ** પ્રયોગ છે. શબ્દાર્થ-જે (ભગવાન્) નું ચરણ લક્ષ્મીજીનો નિવાસ છે. **ભાવ** - લક્ષ્મીજીને ભગવાને પોતાના વક્ષઃસ્થલ ઉપર નિવાસ આપ્યો છે અને લક્ષ્મીજી પણ ત્યાં દક્ષિણાવર્ત સુવર્ણમય રોમરાજીના રૂપમાં બિરાજે છે, છતાં લક્ષ્મીજીનું અન્તઃકરણ ભગવાનના ચરણકમલમાં જ લાગેલું છે તેથી ભગવાનના ચરણનું શ્રીનિકેતન તરીકે ઠેકઠેકાણે વર્ણન આવે છે.

**સત્યભામાજી બોલ્યાં** : હે દ્રૌપદીજી! મારા પિતાજી પોતાના ભાઈ પ્રસેનના મૃત્યુથી બહુ દુઃખી થઈ રહ્યા હતા તેથી તેમણે તેનું કલંક ભગવાનને લગાડ્યું. આ કલંક દૂર કરવા ભગવાને ઋક્ષરાજ જામ્બવાન્ ઉપર વિજય મેળવ્યો અને તે સ્યમન્તકમણિ લાવી મારા પિતાને આપી દીધું. આથી મારા પિતાજી મિથ્યા કલંક લગાડવાથી ડરી ગયા. તેથી જો કે મારા પિતાજીએ મારું બીજાને વાગ્દાન કરી દીધું હતું તો પણ તેમણે સ્યમન્તકમણિની સાથે મને પ્રભુના ચરણોમાં સમર્પિત કરી દીધી.(જો કે એ વખતે ભગવાનની બીજી ભાર્યાઓ હતી પણ આપ 'પ્રભુ' હતા તેથી મને પરણાવી) ।।૯।।

**જામ્બવતીજીએ કહ્યું** : હે દ્રૌપદીજી! મારા પિતા જામ્બવાન્ ભગવાન્ સાથે સત્તાવીસ દિવસ લડ્યા અને પરીક્ષા પૂરી થઈ ત્યારે એમણે એમને સીતાપતિ પોતાના આત્માના નાથ અને પૂજ્ય જાણ્યાં. ત્યારે એમણે મણિની સાથે મને પણ ભગવાનને ભેટ તરીકે આપી; એમની એ પ્રકારે હું દાસી થઈ છું. સ્વતન્ત્ર હોય તે કામના કરે, હું તો દાસી છું તેથી દાસ્ય સિવાય મારે બીજી કામના ન હોય ।।૧૦।।

**કાલિન્દીજી બોલ્યાં** : હે દ્રૌપદીજી! આપના ચરણસ્પર્શની કામનાથી તપ

કરતી મને જોઈને પોતાના મિત્ર અર્જુનને મારી પાસે મોકલીને મારો અભિપ્રાય જાણી લીધો, પછી મને પોતાને ત્યાં લઈ જઈ મારું પાણિગ્રહણ કર્યું મારે કોઈ કામના નથી કારણ કે કુદરતી રીતે જ હું તેમના ઘર (મથુરા) ની સફાઈ કરનારી સાવરણી જ છું. (અથવા ગૃહદાસી થવાની મારી ઈચ્છા હતી તે પૂરી થઈ ગઈ) ।।૧૧।।

**મિત્રવિન્દાજીએ કહ્યું :** હે દ્રૌપદીજી! (હું તો પહેલેથી જ શ્રીકૃષ્ણમાં આસક્ત હતી. છતાં મારા ભાઈઓદ્વારા) મારો સ્વયંવર રચાયો હતો. ત્યાં આવી ભગવાને બધા રાજાઓને જીતી લીધા અને જેવીરીતે સિંહ કૂતરાના ટોળામાંથી પોતાનો ભાગ લઈ જાય તેવી જ રીતે આપ પોતાની શોભામયી સમૃદ્ધ દ્વારકાપુરીમાં મને લઈ આવ્યા. મારા ભાઈઓ (વિન્દ અને અનુવિન્દ) મને ભગવાન્થી છોડાવી મારો અપકાર કરવા માગતા હતા પરન્તુ આપે તેમને નીચું જોવડાવી દીધું. હું એ જ ચાહું છું કે ભવોભવ મને આપના ચરણ પખારવાનું સૌભાગ્ય મળતું રહે* ।।૧૨।।

**વિશેષ :** મિત્રવિન્દાજી ભગવાનના ફઈ રાજાધિદેવીનાં પુત્રી હતાં. ક્ષત્રિયોમાં ફઈની પુત્રી એ પોતાનો ભાગ જ ગણાય છે. ભાઈઓ બે જ, વિન્દ અને અનુવિન્દ છે પણ તેમના પક્ષકારોનો સમાવેશ કરવા 'ભ્રાતૄન્' બહુવચન વાપરવામાં આવ્યુંછે.

**સત્યાજીએ કહ્યું :** હે દ્રૌપદીજી! મારા પિતાજીએ મારા સ્વયંવરમાં આવેલા રાજાઓનાં બલ-પૌરુષની પરીક્ષા કરવાને માટે બહુ જ બલવાન અને પરાક્રમી, અણિયાળાં શિંગડાંવાળા સાત આખલા રાખ્યા હતા. તે આખલાઓએ મોટા-મોટા બહાદુર પુરુષોના દુષ્ટ મદનો ચૂરો કરી નાખ્યો હતો. જેમ નાનાં બાળકો બકરીનાં બચ્ચાંને પકડી લે તેમ ભગવાને રમતાં-રમતાં ઝપાટાબન્ધ તેમને પકડી લીધા, નાથી લીધા અને બાંધી દીધા* ।।૧૩।।

**વિશેષ :** ભૂખ, તરસ, રોગ અને બે પ્રકારનાં (સકામ અને નિષ્કામ) કર્મ, જુગાર, મદિરાપાન અને સ્ત્રીઓ એ સાત વ્યસન સ્કન્ધ ૧૦ અધ્યાય ૫૮ માં આવી ગયાં છે તે યાદ હશે. આમાંથી પહેલાં ચાર આવશ્યક છે, જ્યારે જુગાર, મદિરાપાન અને સ્ત્રીઓ-એ ત્રણ અનાવશ્યક છે. મનુસ્મૃતિ અધ્યાય ૭ માં બતાવેલાં શિકાર વગેરે દસ વ્યસનો બધાંને હોતાં નથી તેથી તે અહીં ગણવાનાં નથી. સત્યાજી (નાગ્નજિતીજી) ના પિતા રાજા નગ્નજિતે વિચાર્યું કે જે વ્યસન ગ્રસ્ત હોય તે ભોક્તા શી રીતે હોઈ શકે? 'વ્યસન' એટલે જે વસ્તુના દોષ જાણતા હોઈએ છતાં જે છોડી ન શકાય તેમાં આસક્તિ.

આ પ્રમાણે ભગવાન્ બલ પરાક્રમદ્વારા મને પ્રાપ્ત કરી ચતુરંગિણી સેના અને

દાસીઓ સાથે દ્વારકા લઈ આવ્યા. માર્ગમાં જે રાજાઓએ વિઘ્ન કરવાનો પ્રયત્ન કર્યો તેમનો સખત પરાજય કર્યો. હવે એટલી જ અભિલાષા છે કે આપનું દાસ્ય સદા મળતું રહે ।।૧૪।।

[૧]**ભદ્રાજીએ કહ્યું** : હે દ્રૌપદીજી! મારું મન મારા મામાના[૨] પુત્ર શ્રીકૃષ્ણમાં આસક્ત હતું તેથી મારા ભાઈઓએ મારું વાગ્દાન કર્યું અને મારા પિતાએ મને એક અક્ષૌહિણી સેના તથા સખીઓ સાથે આપને આપી ।।૧૫।।

**વિશેષ** : ૧. આ પટરાણીઓ સાત ગણાવી તે સાત ભક્તિરૂપ છે. અર્ચનરૂપ રુક્મિણીજી, શ્રવણરૂપા સત્યભામાજી તેથી એમાં પ્રથમ સર્વ પાપનો ક્ષય કહ્યો છે. જામ્બવતીજી એકાન્તમાં ભગવાનને આપ્યાં તેથી એ સ્મરણ ભક્તિરૂપ છે, પાદસેવન ભક્તિરૂપ કાલિન્દીજી અને મિત્રવિન્દાજી કીર્તન ભક્તિરૂપા છે. સર્વ બલવાન્ દોષોને પણ છોડીને કીર્તન કરવું. છઠ્ઠાં પટરાણી સત્યાજી દાસ્યભક્તિરૂપ છે, સાતમાં ભદ્રાજી વન્દન ભક્તિરૂપ છે અને આઠમાં લક્ષ્મણાજી સખ્ય ભક્તિરૂપ છે. એ સર્વથી શ્રેષ્ઠ છે એમ નીચેના શ્લોકથી આરમ્ભી કહેવામાં આવે છે.

૨. વસુદેવજીનાં બહેન શ્રુતકીર્તિજીનાં પુત્રી ભદ્રાજી છે.

હું મારું પરમ કલ્યાણ એમાં જ સમજું છું કે કર્મ પ્રમાણે મારે જ્યાં-જ્યાં જન્મ લેવો પડે ત્યાં બધે જ સ્થળે આપના જ ચરણકમલનો સંસ્પર્શ પ્રાપ્ત થતો રહે ।।૧૬।।

**લક્ષ્મણાજી બોલ્યાં** : હે રાણીજી! દેવર્ષિ નારદજી ભગવાનના અવતાર અને લીલાઓ નું વારંવાર ગાન કરતા રહેતા હતા. તે સાંભળીને મારું ચિત્ત પણ મુકુન્દમાં આસક્ત થઈ ગયું. હાથમાં કમલ રાખી સારી રીતે વિચાર કરી બીજા રાજાઓને છોડી ખરેખર હું આપને (શ્રીકૃષ્ણને) વરી ।।૧૭।।

હે સાધ્વી! મારા પિતા બૃહત્સેન મારા ઉપર બહુ પ્રેમ રાખતા હતા. જ્યારે તેમને મારી ઈચ્છાની ખબર પડી ત્યારે તેમણે મારી ઈચ્છા પૂરી કરવા આ ઉપાય કર્યો ।।૧૮।।

હે મહારાણી! જેવી રીતે અર્જુનની પ્રાપ્તિમાટે આપના પિતાએ સ્વયંવરમાં મત્સ્યવેધનું આયોજન કર્યું હતું તેવી જ રીતે મારા પિતાએ પણ કર્યું. આપના સ્વયંવર કરતાં મારા સ્વયંવરમાં વિશેષતા એ હતી કે મત્સ્ય બહારથી ઢંકાયેલ, માત્ર જલમાં જ તેનો પડછાયો દેખાતો હતો ।।૧૯।।

જ્યારે આ સમાચાર રાજાઓને મળ્યા ત્યારે ચારે તરફથી બધાં અસ્ત્ર-શસ્ત્રોના તત્વજ્ઞ હજારો રાજાઓ પોત-પોતાના ગુરુઓની સાથે મારા પિતાજીની રાજધાનીમાં આવવા લાગ્યા ।।૨૦।।

મારા પિતાજીએ આવેલા બધા રાજાઓનું બલ પરાક્રમ અને અવસ્થા અનુસાર સારી રીતે સ્વાગત કર્યું. તે લોકોએ મને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી સ્વયંવર સભામાં રાખેલાં ધનુષ અને બાણ ઉઠાવ્યાં ।।૨૧।।

એમાંથી કેટલાય રાજાઓ તો ધનુષને પણછ જ ન ચડાવી શક્યા. તેમણે ધનુષને જેમનું તેમ રહેવા દીધું. કેટલાકે વળી પણછ તો બાંધી પણ તેને છાતી સુધી ખેંચી તેટલામાં તો તેઓ નીચે પડી ગયા અને ઉપર ધનુષ પડવાથી ચગદાઈ મર્યા ।।૨૨।।

હે રાણીજી! બીજા વીરો જરાસન્ધ, *અમ્બષ્ઠ, શિશુપાલ, ભીમ, દુર્યોધન અને કર્ણે પણછ તો ચડાવી પણ મત્સ્ય (માછલું) ક્યાં છે તે જ તેઓ નક્કી કરી શક્યા નહિ ।।૨૩।।

**વિશેષ** : પ્રાગ્જ્યોતિષપુરનો રાજા, ભૌમાસુરનો પુત્ર ભગદત્ત. અમ્બષ્ઠ=હાથીનો મહાવત. ભગદત્ત હાથીઓનો શોખીન હતો અને ગજયુદ્ધમાં કુશળ હતો.

અર્જુને જલમાં તે માછલીનો પડછાયો જોઈ લીધો અને એ પણ જાણી લીધું કે તે માછલી ક્યાં છે. ઘણી સાવધાનીથી તેમણે બાણ છોડ્યું પણ ખરું પરન્તુ તેમનાથી લક્ષ્યવેધ થયો નહિ તેમના બાણે તેનો સ્પર્શ માત્ર કર્યો* ।।૨૪।।

**વિશેષ** : શ્રીકૃષ્ણ નારાયણનો અવતાર છે, અર્જુન નરનો, જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ બન્ને નારાયણમાં પૂર્ણ છે, જ્યારે નર (અર્જુન) માં જેવી તેવી એક-જ્ઞાનશક્તિ છે. નર અને નારાયણ માં આટલું તારતમ્ય છે.

હે રાણીજી! આ પ્રમાણે મોટા-મોટા અભિમાની રાજાઓનું માન-મર્દન થઈ ગયું. મોટા ભાગના રાજાઓએ મને મેળવવાની લાલસા અને સાથે-સાથે લક્ષ્યવેધની ચેષ્ટા જ છોડી દીધી. ત્યારે ભગવાને ધનુષ ઉઠાવી રમતાં-રમતાં જ, અનાયાસ જ તેના ઉપર દોરી ચડાવી દીધી, બાણથી સન્ધાન કર્યું અને જલમાં ફક્ત એકવાર મત્સ્યનો પડછાયો જોઈ બાણ માર્યું અને તેને નીચે પાડી દીધો. એ વખતે બરાબર બપોર થઈ રહ્યો હતો, સર્વાર્થસાધક 'અભિજિત' નામના નક્ષત્રમાં સૂર્યે પ્રવેશ કર્યો હતો ।।૨૫-૨૬।।

હે દેવી! તે વખતે સ્વર્ગ તથા પૃથ્વી ઉપર જય જયકાર થઈ રહ્યો. આકાશમાં તથા પૃથ્વી ઉપર નગારાં ગડગડી ઊઠ્યાં અને હવે દૈત્યોનો વધ હાથવેંતમાં જ છે એવા સન્તોષથી દેવતાઓ હર્ષથી વિહ્‌વલ થઈ પુષ્પોની વર્ષા કરવા લાગ્યા ।।૨૭।।

તે જ વખતે મેં સ્વયંવરના મંડપમાં પ્રવેશ કર્યો. મારા પગનાં ઝાંઝર ંમઝૂમ-ંમઝૂમ વાગી રહ્યાં હતાં. મેં નવાં ઉત્તમ બે રેશમી વસ્ત્ર ધારણ કર્યાં હતાં. મારા અમ્બોડામાં માલાઓ ગૂંથી હતી અને મોં પર લજ્જા મિશ્રિત મન્દ હાસ્ય હતું. મેં હાથમાં રત્નોનો હાર લીધો હતો, જે સુવર્ણજટિત હોવાથી વધારે ચમકી રહ્યો હતો. હે રાણીજી! એ વખતે મારું મુખ મંડલ ઘટ્ટ વાંકડિયા કેશોથી સુશોભિત થઈ રહ્યું હતું. ગાલ ઉપર કુંડલોની આભા પડવાથી એ વિશેષ શોભી રહ્યું હતું. મેં એકવાર મુખ ઊંચું કરી ચન્દ્રમાનાં કિરણો જેવી શીતલ હાસ્યરેખા અને વાંકી નજરથી ચારે તરફ બેઠેલા રાજાઓ તરફ જોયું અને હૃદયના અનુરાગથી મેં ધીમે રહીને મારી વરમાળા મુરારિ ભગવાનનાં કંઠમાં પહેરાવી દીધી ।।૨૮-૨૯।।

મેં જેવી વરમાળા પહેરાવી કે તરત જ મૃદંગ, ઢોલ, શંખ, દુન્દુભી વગેરે વાગવા લાગ્યાં, નટો અને નર્તકીઓ નાચવા લાગી અને ગાયકો ગાન કરવા લાગ્યા ।।૩૦।।

હે યાજ્ઞસેનિ! (દ્રૌપદીજી!) જ્યારે મેં આ પ્રમાણે મારા સ્વામી પ્રિયતમ ભગવાનને વરમાળા પહેરાવી દીધી, આપનું વરણ કરી લીધું ત્યારે હરીફ રાજાઓના યૂથનાં (રાજાઓનાં યૂથ-ટોળાં કહ્યાં છે. ટોળાં બકરાં, ઘેટાનાં હોય. સિંહ એકલો ફરે, ઘેટાં બકરાં ટોળામાં ફરે.) નાયકોથી તે સહન થઈ શક્યું નહિ ।।૩૧।।

તેટલામાં જેને *ઉત્તમ ચાર અશ્વો જોડેલા છે તેવા રથમાં મને બેસાડી, શ્રીહસ્તમાં શાર્ંગધનુષ લઈ, કવચ ધારણ કરી ચાર ભુજાવાળા થઈ યુદ્ધ કરવામાટે રથ ઉપર ઊભા થઈ ગયા ।।૩૨।।

**વિશેષ :** મૂલમાં **હયરત્ન ચતુષ્ટયમ્** પ્રયોગ છે. સ્યમન્તક, કૌસ્તુભ, સ્પર્શમણિ અને ચિન્તામણિ ચાર મણિ કહેલા છે. શ્રીકૃષ્ણના અશ્વો તેમના જેવા છે. યુગ ચાર છે, ભગવાન્ અહીં ચતુર્ભુજ થયા છે તેથી આપે કાલના સ્વરૂપનો સ્વીકાર કર્યો છે. કાલ એ ભગવાનની ચેષ્ટારૂપ છે.

પણ હે રાણીજી! મૃગોની વચ્ચેથી સિંહ નીકળે તેમ બધા રાજાઓ જોઈ રહ્યા. તેમની વચ્ચેથી દારુકે સોનાથી શણગારેલો રથ હાંકી મૂક્યો ।।૩૩।।

તેમાંથી કેટલાક રાજાઓ સાવધાન થઈ ધનુષો ચડાવી જેમ કૂતરા સિંહને રોકવા

જાય તેમ માર્ગમાં ભગવાનને રોકવા તેમની પાછળ દોડ્યા ।।૩૪।।

શાંર્ગ ધનુષમાંથી છૂટેલાં તીરોથી તેમના હાથ, પગ, ગરદન કપાઈ ગયાં* અને રણભૂમિમાં પડ્યા અને કેટલાક રણમેદાન છોડી પલાયન કરી ગયા ।।૩૫।।

**વિશેષ :** ભગવાન્ એક જ બાણ છોડતા તેમાંથી અનેક બાણ થતાં. બાણ વાગવાથી દુશ્મનના યોદ્ધાના શરીરના છ ટુકડા થઈ જતા-બે હાથ, બે પગ, ધડ અને માથું.

ત્યાર બાદ સૂર્ય જેમ પોતાના ધામમાં પ્રવેશ કરે તેમ યદુવંશ શિરોમણિ શ્રીકૃષ્ણે સ્વર્ગ અને પૃથ્વી માં સર્વત્ર પ્રશંસિત દ્વારકા નગરીમાં પ્રવેશ કર્યો. તે પ્રસંગે તે વિશેષરૂપથી સજાવવામાં આવી હતી. એટલી બધી ઝંડીઓ, પતાકાઓ અને તોરણો લગાવવામાં આવ્યા હતાં કે તેને લીધે સૂર્યનો પ્રકાશ ધરતી સુધી આવી શકતો નહોતો ।।૩૬।।

મારા પિતાએ હિતૈષી સુહૃદો, સગા-સમ્બન્ધીઓ અને ભાઈબાન્ધવોને કિંમતી વસ્ત્રો, આભરણો, શય્યાઓ, આસનો અને બીજી ઘરવખરીની સામગ્રી આપી સર્વનો સત્કાર કર્યો ।।૩૭।।

ભગવાન્ તો પૂર્ણ છે છતાં મારા પિતાએ ભક્તિપૂર્વક દાસીઓ, સર્વ સમ્પત્તિઓ, ચતુરંગિણી સેના, કિંમતી હથિયારો વગેરે દાયજામાં આપ્યા ।।૩૮।।

હે રાણીજી! અમે બધાંએ અમારા પૂર્વજન્મમાં સર્વ આસક્તિ છોડી ભારે તપ કર્યું હશે; ખરેખર તેથી તો આ જન્મમાં અમને આત્મારામ ભગવાન્ શ્રીકૃષ્ણના ઘરની દાસીઓ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે ।।૩૯।।

**સોળ હજાર મહિષીઓ-રાણીઓ (માં મુખ્ય રોહિણીજી) એ કહ્યું :** ભૌમાસુરે દિગ્વિજય વખતે ઘણા રાજાઓને જીતી લઈ તેમની કન્યાઓ અમ લોકોને પોતાના મહેલમાં કેદ કરી રાખી હતી. આ જાણી ભગવાને યુદ્ધમાં ભૌમાસુર તથા તેની સેનાનો સંહાર કરી નાખ્યો અને પોતે પૂર્ણકામ હોવા છતાં આપે અમને જેલમાંથી (દેહથી, ચિન્તામાંથી, સંસારમાંથી) છોડાવી અને અમારું પાણિગ્રહણ કર્યું. હે રાણીજી! અમે સદા સર્વદા આપના એ જ ચરણકમલનું ચિન્તન કરતી રહેતી હતી જે જન્મ-મૃત્યુરૂપ સંસારથી મુક્ત કરી દે છે ।।૪૦।।

હે સાધ્વિ! અમને આખી પૃથ્વી ઉપરનું રાજ્ય, આત્મારામપણું, ભોગ, બ્રહ્માંડરૂપત્વ, બ્રહ્માંડનું આધિપત્ય, મોક્ષ કે હરિનાં પદ (સાયુજ્ય) ની ઈચ્છા નથી પણ અમારે માત્ર એટલું જ જોઈએ છે કે અમને (હરિ સાથે) ભોગ પ્રાપ્ત થતો રહે

અને અમારા પ્રીતમ પ્રભુના સુકોમલ ચરણકમલોની જે શ્રીરજ લક્ષ્મીજીના વક્ષઃસ્થલ ઉપર લાગેલ કેસરની સુગન્ધથી યુક્ત હોય તે શ્રીરજ અમારા મસ્તક ઉપર ધારણ કરતી રહીએ ।।૪૧-૪૨।।

**વ્રજસ્ત્રિયો યદ્ વાંછન્તિ પુલિન્દ્યસ્તૃણવીરુધઃ ।।**
**ગાવાશ્ચારયતો ગોપાઃ પાદસ્પર્શં મહાત્મનઃ ।।૪૩।।**

(તુચ્છમાં તુચ્છ મનુષ્ય પ્રસિદ્ધ વસ્તુને છોડી જેની ઈચ્છા કરે તે વસ્તુ જ નિઃશંક સર્વોત્તમ હોય તે પ્રતિપાદન કરે છે) આવા અલૌકિક પ્રભાવવાળા ભગવાનનાં જે ચરણકમલોનો સ્પર્શ આપ ગાય ચરાવતા હોય તે વખતે ગોપ, ગોપીજનો, પુલિન્દીજીઓ (ભીલ સ્ત્રીઓ), તણખલાં અને લતાઓ કરવા માગતી હતી તેમની જ કામના અમને પણ છે. (ભગવાનના ચરણકમલની રજ નૂતન ભગવદીય શરીરનું નિર્માણ કરી દે છે અને ભગવદીય (ભગવાનના) જો થઈ જવાય તો બધા પુરુષાર્થો પ્રાપ્ત થઈ ચૂક્યા, કોઈ પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો બાકી રહેતો નથી) ।।૪૩।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના ત્રીજા ફલ-પેટાપ્રકરણનો વૈરાગ્યરૂપ છઠ્ઠો) ''ભગવાને પટરાણીઓ ઉપર કરેલ અનુગ્રહ''નામનો (ઉત્તરાર્ધનો ૩૪મો અને ચાલુ) ૮૩મો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં એંશીમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**
કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

# અધ્યાય ૮૪

### શ્રીસુબોધિનીજી અનુસાર અ.૮૧

## બાન્ધવોનું પ્રસ્થાન અને વસુદેવજીના યજ્ઞનું વર્ણન

### ચોથા સાત્વિક પ્રકરણનું ત્રીજું ફલ પ્રકરણ અધ્યાય૭

**વિશેષ :** આ ચોર્યાસીમા અધ્યાયમાં ફલનો ઉત્કર્ષ, રાજાઓનું સન્માન અને વસુદેવજીનું

ૠણથી મુક્ત થવું એ વાત કહેવામાં આવે છે એમાં સંક્ષેપમાં એ કહેવામાં આવ્યું કે ભક્તને ભગવાનના થવું એ મોટી વાત છે. ભગવાન્ પોતાના જીવનો સ્વસ્વરૂપમાં નિરોધ કરાવે છે તેમાં ફલ તો ભગવાનના થવું તે જ છે તે તો સિદ્ધ છે છતાં નિરોધ કરીને એ સિદ્ધ કર્યું એમ કહે છે. ભગવાનની લીલા અદ્ભુત છે, નિરોધ એનું ફલ છે એ ફલ તદીય થવાને માટે છે. એટલે ભગવાનની લીલા ફલરૂપ થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી.

**શ્રુત્વા પૃથા સુબલપુત્ર્યથ યાજ્ઞસેની માધવ્યથ ક્ષિતિપપત્ન્ય ઉત સ્વગોપ્યઃ।**
**કૃષ્ણેઽખિલાત્મનિ હરૌ પ્રણયાનુબન્ધં સર્વા વિસિસ્મ્યુરલમશ્રુકલાકુલાક્ષ્યઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! સર્વના આત્મા પરમાનન્દ સ્વરૂપ સર્વદોષ નિવર્તક શ્રીકૃષ્ણ ઉપર આપની પત્નીઓનો કેવો ઉત્કટ પ્રેમ છે- આ વાત કુન્તાજી, ગાન્ધારી, દ્રૌપદી, સુભદ્રા, બીજી રાજપત્નીઓ અને ભગવાનનાં અત્યન્ત વહાલાં ગોપીજનોએ પણ સાંભળી. તેમનો આવો અલૌકિક પ્રેમ જોઈને બધાં જ અત્યન્ત વિસ્મિત થઈ ગયાં. બધાની આંખોમાં પ્રેમનાં આંસુ ઊભરાઈ આવ્યાં ।।૧।।

એમ સ્ત્રીઓ સ્ત્રીઓની સાથે અને પુરુષો પુરુષોની સાથે વાતો કરતા હતા તેટલામાં ત્યાં શ્રી રામ (બલદેવજી) અને શ્રીકૃષ્ણના દર્શનની ઇચ્છાથી મુનિઓ આવ્યા ।।૨।।

તેમાં મુખ્ય આ હતા- શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ, દેવર્ષિ નારદ, ચ્યવન, દેવલ, અસિત, વિશ્વામિત્ર, શતાનન્દ, ભરદ્વાજ અને ગૌતમ ।।૩।।

શિષ્યોની સાથે ભગવાન્ પરશુરામ, ભગવાન્ વસિષ્ઠ, ગાલવ, ભૃગુ, પુલસ્ત્ય, કશ્યપ, અત્રિ, માર્કણ્ડેય, બૃહસ્પતિ ।।૪।।

દ્વિત, ત્રિત, એકત, બ્રહ્માજીના પુત્ર-પુલહ, અંગિરા, અગસ્ત્ય, યાજ્ઞવલ્ક્ય અને બીજા વામદેવ વગેરે મુનિઓ ત્યાં આવ્યા હતાં ।।૫।।

પ્રથમ બેઠેલા રાજાઓ ઊભા થઈ ગયા. તેઓએ નમસ્કાર કર્યા અને જગતને વન્દન કરવા યોગ્ય એ મુનિઓને શ્રીરામ-કૃષ્ણ અને પાંડવોએ નમસ્કાર કર્યા ।।૬।।

શ્રીરામની સાથે અચ્યુત ભગવાને એ આવેલા સર્વ મુનિઓનું સ્વાગત કર્યું, આસન આપ્યાં, ચરણ ધોવાનું જલ, પૂજાની સામગ્રી, પુષ્પ, ધૂપ, દીપ, ચન્દન વગેરેથી પૂજન કર્યું ।।૭।।

જ્યારે બધા ૠષિમુનિઓ સ્વસ્થ થઈ બેસી ગયા તે મોટી સભા શાન્ત થઈ ગઈ ત્યારે ધર્મનું રક્ષણ કરનાર વિભુ શ્રીકૃષ્ણે બધા સાંભળે તેમ કહ્યું ।।૮।।

*ભગવાન્ શ્રીકૃષ્ણ બોલ્યા : ધન્ય છે! અમારા લોકોનું જીવન સફલ થઈ ગયું, જન્મ લેવાનું પૂરેપૂરું ફલ આજ અમને મળી ગયું કારણ કેજે યોગેશ્વરોનાં દર્શન દેવતાઓને પણ દુર્લભ છે તેમનાં જ દર્શન આજે અમને પ્રાપ્ત થયાં છે ।।૯।।

**વિશેષ** : ભગવાન્ પાંચ શ્લોકથી મુનિઓની સ્તુતિ કરે છે એમાં એમના મુખથી નિર્ણય કરાવવામાટે પૂર્વ પક્ષ રીતે ભગવાન્ કહે છે.

મનુષ્યોને માત્ર દેવની મૂર્તિમાં દેવ દેખાયછે કારણકે તેમણે બહુ ઓછું તપ કરેલું હોયછે. મુનિઓનાં જે પ્રમાણે દર્શન, સ્પર્શ, કુશલ પ્રશ્ન, વિનયપૂર્વક ચરણપૂજા વગેરે થઈ શકે છેતે બધું મૂર્તિમાં સાક્ષાત્ નથી પણ ભાવથી બધું કરવું પડેછે ।।૧૦।।

ફક્ત જળમય *તીર્થો જ તીર્થો નથી કે માત્ર માટી અને પથ્થરમય દેવોની પ્રતિમાઓ જ દેવો નથી, પરન્તુ (મહાપુરુષો) ભગવદ્ભક્તો પણ તીર્થરૂપ અને દેવરૂપ છે. તીર્થો અને દેવો નું સેવન ખૂબ લાંબા સમય સુધી કરવામાં આવે ત્યારે તેઓ પવિત્ર કરે છે જ્યારે ભગવદ્ભક્તો દર્શન માત્રથી કૃતાર્થ કરી દે છે ।।૧૧।।

**વિશેષ** : જે પવિત્ર કરનાર અને સ્વચ્છ હોય તે તેવું જલ પણ છે, ભગવદીયો પણ છે. ફરક એટલો છે કે જે જ્ઞાનરૂપે શુદ્ધિ સાધુઓથી થાય છે તે જલથી થતી નથી.

અગ્નિ, સૂર્ય અને ચન્દ્ર તથા તારાઓ, ભૂમિ, જલ, (હૃદયરૂપી) આકાશ, પ્રાણાયામરૂપી વાયુ, (સરસ્વતીરૂપી) વાણી અને (યોગ વગેરેમાં પ્રસિદ્ધ) મન- આ બધાનું ભગવદબુદ્ધિથી પૂજન કરવામાં આવે તો તેઓ માત્ર પાપોનો નાશ કરે છે એટલું જ તેથી અધિક (ભેદબુદ્ધિનો નાશ) કરતાં નથી કારણ કે ઉપાસક અખંડ બ્રહ્મમાં ભેદ સ્વીકારીને જ પ્રવૃત્ત થયેલ હોય છે તે કૃતાર્થ કેવી રીતે થાય? જ્યારે વિદ્વાન્ પુરુષો તો તેમની મુહૂર્ત માત્રની સેવાથી ભેદબુદ્ધિનોજ નાશ કરી દેછે ।।૧૨।।

જે મનુષ્ય વાત, પિત્ત અને કફ-આ ત્રણ ધાતુઓના બનેલા શબ સમાન શરીરને જ આત્મા માને છે, સ્ત્રી-પુત્ર વગેરેને જ સ્વકીય (આ મારાં સ્વજન છે એમ) ગણે છે, માટી, પથ્થર, કાષ્ઠ વગેરે પૃથ્વીના વિકારોને જ ઈષ્ટદેવ માને છે તથા જે કેવલ જલને જ તીર્થ સમજે છે, જ્ઞાની મહાપુરુષોનો નહીં તે મનુષ્ય હોવા છતાં બળદ કે ગધેડા જેવો જ છે ।।૧૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણ અખંડ જ્ઞાન સમ્પન્ન છે. આપનું આ ગૂઢ ભાષણ સાંભળી બધા ઋષિમુનિ ચુપ થઈ ગયા. એમની બુદ્ધિ ચક્કરમાં પડી ગઈ તેઓ ભગવાન્ આ શું કહી રહ્યા છે તે સમજી જ ન શક્યા

।।૧૪।।

ઘણીવાર વિચાર કર્યા પછી સાક્ષાત્ ઈશ્વર હોવા છતાં સેવક ભાવ બતાવે છે એમ એમના જાણવામાં આવવાથી ''લોક સંગ્રહાર્થ ઈશ્વર પણ એમ કરે'' એમ જાણી જરા હસીને જગદ્દગુરુ શ્રીકૃષ્ણનો મુનિઓ આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૧૫।।

**મુનિઓબોલ્યા** : અમે તત્વજ્ઞાનીઓમાં ઉત્તમ અને વિશ્વનેબનાવનાર કશ્યપાદિનાપણ ઉપદેશક છીએ તોપણ આપ ગૂઢ રહીને સેવકભાવ બતાવો છો ત્યારે અમે આપની માયામાં મોહ પામીએ છીએ. અહો! ભગવાનની લીલા વિચિત્ર છે, જે જાણનારને પણ ભ્રમમાં નાખે છે ।।૧૬।।

જેમ પૃથ્વી પોતાનામાંથી ઉત્પન્ન થયેલ ઘટ, પટ વગેરે પદાર્થોવડે બહુ નામ અને રૂપવાળી એક છતાં અનેક રૂપે થાય છે તેમ આપ પણ પોતે એક છો, કાંઈ ચેષ્ટા કરતા નથી, છતાં અનેક પ્રકારે આ જગતને ઉત્પન્ન કરો છો, રક્ષણ કરો છો અને સ્વરૂપમાં લીન કરો છો, છતાં એમાં બંધાતા નથી-એના દોષથી સ્વયં દોષવાળા થતા નથી તેથી આપ લોકનું અનુકરણ કરો છો એ પણ આપનું એક ચરિત્ર છે અને એ વિચિત્ર પણ છે ।।૧૭।।

હે ભગવન્! જો કે આપ પ્રકૃતિથી પર, સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છો છતાં સમયે-સમયે ભક્તોની રક્ષા તથા દુષ્ટોનું દમન કરવામાટે વિશુદ્ધ સત્વમય શ્રીવિગ્રહ (શરીર) પ્રગટ કરો છો અને પોતાની લીલાદ્વારા સનાતન (પ્રાચીન) વૈદિકમાર્ગની રક્ષા કરો છો કારણ કે વર્ણો અને આશ્રમો ના રૂપમાં આપ જ સ્વયં પ્રગટ છો ।।૧૮।।

તપ, વેદાભ્યાસ અને સંયમને લીધે બ્રાહ્મણ જાતિ આપનું શુકલ હૃદય (અન્તરંગ શક્તિ)* છે, જેમાં પ્રગટ અને અપ્રગટ સદ્રૂપ બ્રહ્મ અને તેથી ઉત્તમ આનન્દરૂપ પુરુષોત્તમ જોવામાં આવે છે ।।૧૯।।

**વિશેષ** : ભગવાનની અંતરંગ શક્તિ-શુક્લ (શ્વેત), લોહિત (લાલ) અને કૃષ્ણ (શ્યામ) ના ભેદથી-ત્રણ પ્રકારની છે. બ્રાહ્મણો સાત્વિક હોવાથી શ્વેત, ક્ષત્રિયો રાજસ હોવાથી અને વૈશ્યો રજસપ્રધાન હોવાથી લાલ અને શૂદ્રો તામસ હોવાથી કૃષ્ણ (શ્યામ) વર્ણના ગણવામાં આવે છે. તપ વાનપ્રસ્થ આશ્રમમાં, સ્વાધ્યાય બ્રહ્મચર્ય આશ્રમમાં અને સંયમ પરમહંસની દશામાં હોય છે.

હે પરમાત્મા! હે વેદોના મૂલ કારણ! આપ તેથી જ આપના સત્ના ધામરૂપ

બ્રાહ્મણકુલનું બહુમાન કરો છો અને તેથી જ આપ બ્રાહ્મણોનું હિત કરનારાઓમાં અગ્રગણ્ય છો ।।૨૦।।

આપ સર્વ પ્રકારનાં સાધનોની ચરમ (છેવટની) સીમા છો અને સન્ત પુરુષોની એક માત્ર ગતિ (આશ્રય) છો. આપને મળીને આજ અમારો જન્મ, વિદ્યા, તપ અને જ્ઞાન* સફલ થઈ ગયાં. વાસ્તવમાં બધાંનુ પરમ ફલ આપ જ છો ।।૨૧।।

**વિશેષ : દૃશઃ**=દૃષ્ટિ, જ્ઞાન. **દૃશઃ** ને સ્થાને **અનઘ** - ''પાપ ટાળનાર'' પાઠ પણ છે. આપ પાપનો નાશ કરનાર હોવાથી (અમારાં પાપનો નાશ થઈ જવાથી) અમારા સમ્બન્ધથી આપને કંઈ હાનિ નથી.

આપ ષડ્ગુણ ઐશ્વર્ય સમ્પન્ન, સદાનન્દ, અનન્ત જ્ઞાનવન્ત પૂર્ણ પુરુષોત્તમ છો, આપે આપની અચિન્ત્ય શક્તિ યોગમાયાદ્વારા આપનો મહિમા છુપાવી રાખ્યો* છે. અમે આપને નમસ્કાર કરીએ છીએ ।।૨૨।।

**વિશેષઃ** ચેતન પુરુષને પોતાનામાટે વિષયનું આચ્છાદન કરવું સમ્ભવે નહીં તેથી એ આત્માનું આચ્છાદન બીજાને માટે જ હોઈ શકે તેથી ભગવાન્ પોતાના મહિમાનું આચ્છાદન પોતાને માટે નથી કરતા પણ બીજાને માટે કરે છે જેનાથી બીજો ભગવાનના મહિમાને ન જાણે.

આ સભામાં બેઠેલા રાજાઓ અને બીજાની વાત તો શું પણ સ્વયં આપની સાથે આહાર-વિહાર કરવાવાળા યાદવો પણ આપને સાચા સ્વરૂપમાં જાણતા નથી કારણ કે આપે આપના સ્વરૂપને- જે બધાનો આત્મા, જગતનું આદિ કારણ અને નિયન્તા છે તેને મયાના પડદાથી ઢાંકી (''ઈશ્વરાસ્તુ ગુપ્તા એવ તિષ્ઠન્તિ'' સમર્થ પુરુષો તો સન્તાતા જ રહે છે. તેમને પ્રસિદ્ધિની કંઈ પડી નથી હોતી) દીધું છે।।૨૩।।

જ્યારે મનુષ્ય સ્વપ્ન જોવા લાગે છે ત્યારે તે સ્વપ્નના મિથ્યા પદાર્થોને જ સત્ય સમજી લે છે અને નામ માત્રની ઈન્દ્રિયોથી જણાતા પોતાના સ્વપ્ન શરીરને જ વાસ્તવિક શરીર માની લે છે. તેને તેટલા વખતને માટે તે વાતની બિલકુલ ખબર જ નથી હોતી કે સ્વપ્ન શરીરથી જુદું એક જાગ્રત અવસ્થાનું શરીર પણ છે ।।૨૪।।

એ જ પ્રમાણે હે બ્રહ્મન્! નામ, માત્ર (વિષયો) અને ઈન્દ્રિયોમાંની ચેષ્ટાને લીધે માયાથી ભમતા ચિત્તવાળો આ પુરુષ (જન્મ, મરણ વગેરેથી) સ્મરણનો નાશ થઈ જવાથી (આ તે જ ભગવાન્ છે એમ) આપને જાણતો નથી* ।।૨૫।।

**વિશેષ** : જેમ સ્વપ્નમાંના દેહનો આત્મા જાગ્રત અવસ્થાનો દેહ છે તેમ જાગ્રત અવસ્થાના દેહનો આત્મા ભગવાન્ છે તેથીજ ભગવાનનું જ્ઞાન થતું નથી.

આજે અમને આપનાં તે ચરણારવિન્દના દર્શન થયાં જે સમસ્ત પાપરાશિનો નાશ કરે છે, જે ગંગાજી વગેરે તીર્થોનું ઉત્પત્તિસ્થાન છે અને સિદ્ધ પરિપક્વ યોગીઓએ જેને પોતાના હૃદયમાં ફલ સમજી ધારણ કર્યું છે. (મર્યાદાથી પણ આગળ વધેલી) આપની ઉત્કૃષ્ટ ભક્તિપૂર્વક અમે અમારા અન્તઃકરણ, જીવ અને દેહ આપને સમર્પણ કર્યાં છે. આમ (બધી ઉપાધિ આપને અર્પણ કરી દઈ) અમે આપના પદને પામીશું. આથી આપ અમ ભક્તોને આત્મસાત્ કરો, અનુગ્રહ કરી અપનાવી લો ।।૨૬।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** (સેવકો જેમને પ્રિય છે એવા ભગવાન્) દાશાર્હની એ પ્રમાણે સ્તુતિ કરી, આપની, ધૃતરાષ્ટ્રની તથા યુધિષ્ઠિરની અનુમતિ લઈ મુનિઓએ પોતાના આશ્રમે જવાનો વિચાર કર્યો ।।૨૭।।

તે જોઈને મહા યશસ્વી વસુદેવજી તેમની તરફ જઈ પ્રણામ કરી, પાસે આવીને અત્યન્ત વિનયપૂર્વક કહેવા લાગ્યા ।।૨૮।।

**વસુદેવજી બોલ્યા :** હે ઋષિમુનિઓ! આપ લોક સર્વ દેવસ્વરૂપ (''જેટલા દેવતાઓ છે તેટલા બ્રાહ્મણમાં વસેલા છે'' તેવી શ્રુતિ (વેદવચન) છે તેથી આમ કહ્યું છે.) છો. હું આપ સૌને નમસ્કાર કરું છું. આપ કૃપા કરીને મારી એક પ્રાર્થના સાંભળી લો. તે એ કે જે કર્મો કરવાથી કર્મો અને કર્મવાસનાઓનો આત્યન્તિક નાશ-મોક્ષ થઈ જાય તેનો આપ મને ઉપદેશ કરો ।।૨૯।।

**શ્રીનારદજી બોલ્યા :** હે વિપ્રો! શ્રીકૃષ્ણને (પોતાના) બાળક માનીને વસુદેવજી પોતાના કલ્યાણનું સાધન શુદ્ધ જિજ્ઞાસાથી આપણને પૂછે છે તેમાં નવાઈ પામવા જેવું પણ કંઈ નથી* ।।૩૦।।

**વિશેષ :** ''જે મને જેવી રીતે ભજે છે તેમને હું પણ તેવી જ રીતે ભજું છું'' એ ભગવાનના વાક્ય પ્રમાણે વસુદેવજી એમ માને છે કે મારાથી જ ઉત્પન્ન થયેલ મારો પુત્ર મારાથી વધારે શી રીતે જાણતો હોય? તેથી ભગવાન્ પણ તેમને બાળક જેવા જ જણાય છે.

સંસારમાં બહુ પાસે રહેવું મનુષ્યોના અનાદરનું કારણ બની રહે છે. (આપણે જોઈએ જ છીએ કે) ગંગાજીને કાંઠે રહેનારો માણસ શુદ્ધિમાટે બીજું જલ શોધે છે (ગંગાજલમાં ટોળામાં સ્નાન કરવામાં આવે એટલે લોકો વળી ઘેર જઈ ફરીથી સ્નાન કરતા હોય છે.) ।।૩૧।।

શ્રીકૃષ્ણનો અનુભવ કાલક્રમથી થનાર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થી

મટતો નથી. તે સ્વતઃ, કોઈ બીજાં કારણ (શાપ વગેરે) થી, ગુણો (રજોગુણ તમોગુણ) થી અને બીજા કોઈથી તે ક્ષીણ થતો નથી ।।૩૨।।

આપનું જ્ઞાનમય સ્વરૂપ અવિદ્યા, ક્લેશ, પુણ્ય પાપમય કર્મ, સુખદુઃખાદિ કર્મફલ, (ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ની પરમ્પરારૂપી) ગુણ પ્રવાહથી ખંડિત નથી. આપ સ્વયં અદ્વિતીય ઈશ્વર છે. જ્યારે આપ પોતાનાં સ્વરૂપને પોતાની જ વિભૂતિઓ (આનન્દમય પ્રાણ, ઈન્દ્રિય, અન્તઃકરણ, દેહ) થી ઢાંકી દે છે ત્યારે મૂર્ખ લોકો જેવી રીતે સૂર્યની આડે વાદળાં આવી જાય ત્યારે તેને ઢંકાઈ ગયેલો માને છે, ઝાકળ પડે ત્યારે નિસ્તેજ અને ગ્રહણ વખતે રાહુથી ગ્રસાયેલો માને છે તેવી રીતે ભગવાનને પણ અવિદ્યાથી ગ્રસ્ત તૃષ્ણા વગેરેથી પ્રભાહીન અને શરીરથી ઢંકાયેલા માને છે ।।૩૩।।

હે પરીક્ષિત! ત્યાર પછી ઋષિમુનિઓએ ભગવાન્ શ્રીકૃષ્ણ, બલદેવજી તથા બીજા રાજાઓનાં સાંભળતાં વસુદેવજીને સમ્બોધન કરીને કહ્યું ।।૩૪।।

કર્મોદ્વારા કર્મવાસનાઓ અને કર્મનાં ફલનો આત્યન્તિક (કાયમ માટેનો) નાશ કરવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય શ્રદ્ધાપૂર્વક યજ્ઞોના ઈશ્વર વિષ્ણુનું યજ્ઞોદ્વારા પૂજન છે ।।૩૫।।

ત્રિકાલદર્શી જ્ઞાનીઓએ શાસ્ત્રદષ્ટિથી આ જ ધનની શાન્તિનો ઉપાય, સુગમ મોક્ષ સાધન અનેચિત્તમાં આનન્દનો ઉલ્લાસ કરનારો ધર્મ બતાવ્યોછે ।।૩૬।।

ન્યાયપૂર્વક કમાયેલ ધનથી શ્રદ્ધાપૂર્વક પુરુષોત્તમ ભગવાનની આરાધના કરવી એ જ દ્વિજાતિ-બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય; ગૃહસ્થને માટે પરમ કલ્યાણનો માર્ગ છે ।।૩૭।।

વિચારવાન્ પુરુષને જો ધનની એષણા (તીવ્ર ઈચ્છા) હોય તો તેણે ધન કમાઈને યજ્ઞ અને દાન કરવાં જોઈએ. અને તેથી થતી અન્તઃકરણની શુદ્ધિદ્વારા ધનની ઈચ્છાનો ત્યાગ કરવો જોઈએ. જેને પત્ની અને પુત્ર ની ઈચ્છા હોય તેણે ગૃહસ્થાશ્રમમાં રહી ગૃહસ્થોચિત ભોગદ્વારા પત્ની અને પુત્ર ની ઈચ્છાનો અને દેવો સાથે ક્રીડા કરી સ્વર્ગ વગેરે લોકની ઈચ્છાનો ત્યાગ કરવો. ગામમાં રહી જેણે ઈચ્છાઓનો ત્યાગ કરેલો છે તે બધા ધીર પુરુષો તપોવનમાં જતા રહેતા હતા ।।૩૮।।

હે સમર્થ વસુદેવજી! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય- આ ત્રણેય; દેવતા, ઋષિ

અને પિતરો નું ઋણ લઈને જ પેદા થાય છે, યજ્ઞ કરવાથી દેવ ઋણમાંથી છુટાય છે, અધ્યયન કરવાથી ઋષિઓના ઋણમાંથી છુટાય છે અને સન્તાન ઉત્પન્ન કરવાથી પિતરોના ઋણમાંથી મુક્તિ મળે છે. આ ત્રણ ઋણમાંથી મુક્તિ મેળવ્યા વિના જે સંસારનો ત્યાગ કરે છે તેનું પતન થઈ જાય છે ।।૩૯।।

હે પરમ બુદ્ધિમાન્ વસુદેવજી! આપ અત્યાર સુધીમાં ઋષિ અને પિતરોનાં ઋણથી તો મુક્ત થઈ ગયા છો. હવે યજ્ઞોદ્વારા દેવતાઓનું ઋણ ચૂકવી દો અને ઋણમુક્ત થઈ સર્વનો ત્યાગ કરી યોગી બનો ।।૪૦।।

હે વસુદેવજી! આપે અવશ્ય પરમ ભક્તિપૂર્વક જગદીશ્વર ભગવાનની આરાધના કરી છે ત્યારે તો સ્વયં ઈશ્વર આપને ત્યાં પુત્રરૂપે પ્રકટ થયા છે ।।૪૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ઋષિમુનિઓની આ વાત સાંભળીને ઘણા ઉત્સાહી વસુદેવજીએ એમનાં ચરણોમાં મસ્તક નમાવી પ્રણામ કરી એમને પ્રસન્ન કર્યાં અને યજ્ઞને માટે ઋત્વિજોના રૂપમાં તેમનું વરણ કર્યું ।।૪૨।।

હે રાજન્! તે ઋષિઓનું વરણ કરાયું એટલે તે ઋષિઓએ તે સ્થળે ઉત્તમ *વિધિવાળા યજ્ઞોથી તે ધાર્મિક વસુદેવજીને ધર્મ પ્રમાણે યજ્ઞો કરાવ્યા ।।૪૩।।

**વિશેષ :** ઉત્તમ વિધિવાળાઃએટલે જ વિધિમાં જે વસ્તુ જેટલી વાપરવાની હોય તે જ વસ્તુ તેટલી વાપરવી. ક્યાંય અનુકલ્પનો આશ્રય લીધો ન હોતો. દાખલા તરીકે જવની જગાએ ઘઉં કે ચોખા વાપરવા તે 'અનુકલ્પ' કહેવાય.

હે પરીક્ષિત! જ્યારે વસુદેવજીએ યજ્ઞની દીક્ષા લઈ લીધી ત્યારે યદુવંશીઓએ સ્નાન કરી સુન્દર વસ્ત્રો પહેરી કમલોની માલાઓ ધારણ કરી લીધી. ત્યાં આવેલા રાજાઓ પણ વસ્ત્રાભૂષણોથી ખૂબ શોભાયમાન થયા ।।૪૪।।

તે રાજાઓની રાણીઓએ સુન્દર ચાદર ઓઢી અંગરાગ (ચન્દન) અને મંગળસૂત્ર વગેરે પહેરી લઈ શૃંગાર કર્યો અને પછી આનન્દપૂર્વક પોતાના હાથમાં ભેટ આપવાની વસ્તુઓ લઈ યજ્ઞશાળામાં (વસુદેવજીની પત્નીઓનાં દર્શન કરવા) ગઈ ।।૪૫।।

તે વખતે મૃદંગ, ઢોલ, શંખ, નોબત, નગારાં વગેરે વાજાં વાગવા લાગ્યાં. નટ અને નર્તકીઓ નાચવા લાગી. ભાટ અને ચારણો સ્તુતિ કરવા લાગ્યા. ગન્ધર્વો અને સુરીલા ગળાંવાળી ગન્ધર્વપત્નીઓ ગાન કરવા લાગી ।।૪૬।।

દશ દીશાઓમાં થાય છે તેમ વસુદેવજીએ પહેલાં તો નેત્રોમાં અંજન અને શરીરે

માખણ લગાવી દીધું; પછી તેમની દેવકીજી વગેરે અઢાર પત્નીઓ સાથે તેમને ઋત્વિજોએ મહાભિષેકની વિધિથી, પ્રાચીન સમયમાં નક્ષત્રોની સાથે ચન્દ્રમાનો જેવી રીતે અભિષેક થયો હતો તેવી જ રીતે અભિષેક કરાવ્યો ।।૪૭।।

એ યજ્ઞપત્નીઓ રેશમી વસ્ત્રો, હાથમાં કડાં, કંઠમાં હાર, પગમાં નૂપુર, કાનમાં કુંડળ વગેરેથી શૃંગાર કરી બેઠી હતી. જ્યારે વસુદેવજી કાળા મૃગચર્મથી શરીરને ઢાંકીને બેઠા હતા કેમકે દીક્ષિતને એના નિયમ પ્રમાણે વર્તવું જોઈએ ।।૪૮।।

હે મહારાજ! વૃત્રને માર્યા પછી ઈન્દ્રે યજ્ઞ કર્યો હતો ને એના યજ્ઞમાં શોભા થઈ હતી તેવી જ શોભા વસુદેવજીના યજ્ઞમાં થઈ. ઋત્વિજો તેમ જ સદસ્યો રત્નો અને રેશમી વસ્ત્રોથી શોભતા હતા ।।૪૯।।

ત્યારે બલદેવજી અને શ્રીકૃષ્ણ પોત-પોતાનાં બંધુઓ, પુત્રો અને સ્ત્રીઓ ની સાથે જીવ અને અન્તર્યામી પોતાની વિભૂતિઓ સાથે શોભે તેમ શોભવા લાગ્યા ।।૫૦।।

વસુદેવજીએ દરેક યજ્ઞમાં જ્યોતિષ્ટોમ, દર્શ, પૂર્ણમાસ વગેરે પ્રાકૃત યજ્ઞો, સૌરસત્ર વગેરે વૈકૃત યજ્ઞો અને અગ્નિહોત્ર વગેરે બીજા યજ્ઞોદ્વારા દ્રવ્ય, ક્રિયા અને તેમના જ્ઞાનના મન્ત્રોના સ્વામી વિષ્ણુ ભગવાનની આરાધના કરી ।।૫૧।।

ત્યારબાદ તેમણે ઉચિત સમયે ઋત્વિજોને વસ્ત્રો અને અલંકારો થી સુશોભિત કર્યા અને શાસ્ત્રની વિધિ પ્રમાણે ઘણી દક્ષિણા અને પ્રચુર ધનની સાથે શણગારેલી ગાયો, ભૂમિ અને સુન્દર કન્યાઓ આપી ।।૫૨।।

ત્યારબાદ મહર્ષિઓએ પત્ની સંયાજ(નામનું યજ્ઞમાં થતું કર્મ) તથા અવભૃથ(યજ્ઞને અન્તે થતું) સ્નાન કરાવી વસુદેવજીને આગળ કરી પરશુરામજીએ બનાવેલ ધરા(રામહૃદ)માં સ્નાન કર્યું ।।૫૩।।

સ્નાન કર્યા પછી વસુદેવજી તથા તેમની પત્નીઓએ પોતે પહેરેલાં તમામ વસ્ત્રો અને આભૂષણો બન્દી વગેરેને આપી દીધાં. પછી પોતે નવો શૃંગાર કરી સર્વ વર્ણોને બ્રાહ્મણોથી લઈને કૂતરા સુધીના બધા જીવોને અન્ન આપી તૃપ્ત કર્યા ।।૫૪।।

વિદર્ભ, કોસલ, કુરુ, કાશી, કેક્ય અને સૃંજય વગેરે રાજાઓ, પોતાના બાન્ધવો, સ્ત્રીઓ, છોકરાં વગેરેને વિદાયનાં રૂપમાં ઘણી ભેટો આપી તેમજ ઋત્વિજો, સદસ્યો, દેવો, મનુષ્યો, ભૂત, પિતૃ, ચારણ વગેરેનો સત્કાર કર્યો. તે બધાં

લક્ષ્મીજીના નિવાસરૂપ ભગવાનની આજ્ઞા માગી યજ્ઞનાં વખાણ કરતાં ત્યાંથી રવાના થયાં ।।૫૫-૫૬।।

હે પરીક્ષિત! તે વખતે રાજા ધૃતરાષ્ટ્ર, વિદુર, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય, કુન્તાજી, નકુલ, સહદેવ, નારદજી, ભગવાન્ વ્યાસજી તથા બીજાં સ્વજન, સમ્બન્ધી અને બાન્ધવો પોતાના હિતૈષી બન્ધુ યાદવોને છોડીને જવામાં અત્યન્ત સ્નેહાર્દ્ર ચિત્તથી યાદવોને આલિંગન કર્યું અને મહામુશ્કેલીએ જેમ-તેમ કરીને પોત-પોતાના દેશ ગયા. બીજા લોકો પણ તેમની સાથે જ ત્યાંથી રવાના થઈ ગયા ।।૫૭-૫૮।।

નન્દરાયજી અને ગોવાળિયાઓ નો તો રામ (બલદેવજી), શ્રીકૃષ્ણ અને ઉગ્રસેન આદિએ બહુ સત્કાર કર્યો અને એમને રામ-કૃષ્ણે રોક્યા ત્યારે બાંધવોના પ્રેમને લીધે એ રોકાયા ।।૫૯।।

વસુદેવજી મનોરથરૂપી મહાસમુદ્રને સર્વ રીતે તરી ગયા ત્યારે સુહૃદોથી વીંટાઈને પ્રસન્ન મનવડે નન્દરાયજી પાસે આવી એમનો હાથ પોતાના હાથમાં પકડી બોલ્યા ।।૬૦।।

**વસુદેવજી બોલ્યા :** હે ભાઈ! ભગવાને મનુષ્યોમાટે એક ભારે બન્ધન બનાવી દીધું છે. તે બન્ધનનું નામ સ્નેહ છે. હું એમ સમજું છું કે દેવો અને યોગી-યતિ પણ તેને તોડવામાં અસમર્થ છે ।।૬૧।।

આપે અમ અજ્ઞાનીઓ પ્રત્યે અનુપમ મિત્રતાનો વ્યવહાર કર્યો છે. આપના જેવા સન્તશિરોમણિઓનો તો એવો સ્વભાવ જ હોય છે. અમે તેનો બદલો કદી વાળી શકીએ તેમ નથી, આપને તેનું કોઈ ફલ આપી શકીએ તેમ નથી છતાં આપણો આ મૈત્રી સમ્બન્ધ ક્યારેય પણ તૂટનાર તો નથી જ. આપ એને સદા નિભાવતા રહેજો ।।૬૨।।

હે ભાઈ! પહેલાં તો કેદખાનામાં પૂરાયેલા હોવાથી અમે આપનું કંઈ પણ પ્રિય અને હિત ન કરી શક્યા. હવે અમારી આ દશા થઈ રહી છે કે અમે ધનસમ્પત્તિના નશામાં શ્રી મદથી અન્ધ થઈ રહ્યા છીએ. આપ અમારી સામે છો તો પણ અમે આપના તરફ જોતા નથી ।।૬૩।।

(સ્વયં સન્માન ન ચાહતાં) બીજાને સન્માન આપનાર હે માનદ! જેને પોતાનું કલ્યાણ કરી લેવું છે તેને તો રાજ્ય લક્ષ્મી ન મળે તેમાં જ તેનું ભલું છે કારણ કે

મનુષ્ય રાજ્ય લક્ષ્મીથી અન્ધ થઈ જાય છે અને પોતાના ભાઈ-બન્ધુ સ્વજનો સુદ્ધાં તરફ જોતો નથી ।।૬૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત આ પ્રમાણે કહેતાં-કહેતાં વસુદેવજીનું હૃદય પ્રેમથી ગદ્‌ગદ થઈ ગયું. તેમને નન્દરાયજીની મિત્રતા અને તેમણે કરેલા ઉપકાર યાદ આવી ગયા. હૈયું હાથ ન રહ્યું, નેત્રોમાં પ્રેમનાં આંસુ ઊભરાયાં અને રુદન કરવા લાગ્યા ।।૬૫।।

યાદવોએ સાચા દિલથી નન્દરાયજીનું સન્માન કર્યું. એટલે તેમને પ્રસન્ન કરવામાટે તથા ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજી ના પ્રેમપાશમાં બંધાઈ નન્દરાયજી ત્યાં ત્રણ મહિના રોકાયા. પછી ''આજે જજો કાલે જજો'' એમ કરતાં-કરતાં ત્રણ મહિના (બીજા) થઈ ગયા ।।૬૬।।

ત્યાર પછી (માહ માસથી અષાડ સુધી રહી) વસુદેવજી, ઉગ્રસેનજી, શ્રીકૃષ્ણ, બલદેવજી, ઉદ્ધવજી વગેરે યદુવંશીઓએ (વ્રજમાં નન્દરાયજીને ત્યાં મહિનાઓ સુધી રહેલા તેથી) અલગ-અલગ કીંમતી આભૂષણ, રેશમી વસ્ત્રો, જુદી-જુદી જાતની ઉત્તમોત્તમ સામગ્રીઓ અને ભોગો થી નન્દરાયજી, તેમના વ્રજવાસી સાથીઓ તથા બંધુ બાન્ધવોને ખૂબ રાજી કર્યાં. એમણે વિદાય આપ્યા પછી તે બધી ભેટની સામગ્રીઓ લઈ નન્દરાયજી પોતાના વ્રજમાં જવા રવાના થયા ।।૬૭-૬૮।।

(આટલા બધા સ્નેહીઓ પાસેથી આટલી બધી વસ્તુઓ નન્દરાયજી લઈને જ જાય છે કે તેમણે કંઈ આપ્યું? તેના જવાબમાં કહે છે કે) નન્દરાયજી, ગોપીજનો અને ગોપો નું મન ગોવિન્દનાં ચરણામ્બુજમાં એવી સજ્જડ રીતે જડાઈ ગયું હતું કે પ્રયત્ન કરવા છતાં તેને પાછું ત્યાંથી લઈ શક્યા નહીં. તેથી મન ત્યાં મૂકીને જ તેઓ મથુરા ગયા.(મનને નિમિત્તેજ બધું અપાય છે. નન્દરાયજી વગેરેનું મન તો ભગવાનના ચરણકમલમાં જ રહી ગયું. તેથી તેઓ મન વિહોણાજ વ્રજમાં ગયા તેથી નન્દરાયજીને જેટલી કિંમતની ભેટની સામગ્રી મળી હતી તેથી વધારે કિંમતની સામગ્રી(મન) અહીં મૂકીનેજ તેઓ વ્રજમાં ગયા) ।।૬૯।।

જ્યારે બધા બાંધવો આવ્યા હતા તે પોત-પોતાના સ્થાને જવા વિદાય થઈ ગયા ત્યારે શ્રીકૃષ્ણ જ જેમના એક માત્ર ઈષ્ટદેવ છે તેવા યાદવો ચોમાસું નજીકમાં આવતું જાણીને દ્વારકા ગયા ।।૭૦।।

**જનેભ્યઃ કથયાંચક્રુર્વસુદેવમહોત્સવમ્ ।।**

**યદાસીત્તીર્થયાત્રાયાં સુહૃત્સન્દર્શનાદિકમ્ ।।૭૧।।**

ત્યાં જઈ તેઓએ બધા લોકોને વસુદેવજીના યજ્ઞ મહોત્સવ, સ્વજન-સમ્બન્ધીઓનાં દર્શન, મિલન વગેરે તીર્થયાત્રાના પ્રસંગો કહી સંભળાવ્યા ।।૭૧।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (ચોથા સાત્વિક પ્રકરણના ત્રીજા ફલ-પેટા પ્રકરણનો ધર્મી રૂપ સાતમો) ''બાંધવોનું પ્રસ્થાન અને વસુદેવજીના યજ્ઞનું વર્ણન'' નામનો (ઉત્તરાર્ધનો પાંત્રીસમો અને ચાલુ) ચોર્યાશીમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં એક્યાશીમો) અધ્યાય સમ્પૂર્ણ.**

## ચોથા સાત્વિકપ્રકરણનું ત્રીજું ફલપ્રકરણ સમ્પૂર્ણ

**ચિતિં ચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચ। સ્પૃષ્ટ્વા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ્ ।।**
મડદા, તેને બાળવા વપરાયેલ લાકડાં, રુધિર-માંસ, મરેલા પ્રાણિઓની ખાલ કાઢીને વેચનાર તેમજ ધન કમાવવામાટે પોતાના સેવ્યસ્વરૂપની સેવા કરનાર ને અડકી જવાય તો પહેર્યા કપડે સ્નાન કરવું (દ્રવ્યશુદ્ધિ, ગો.શ્રીપુરુષોત્તમજી)

## અધ્યાય ૮૫

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૮૨

## ભગવાને દેવકીજીના મરેલા પુત્રો લાવી આપ્યા

### પ્રકરણ ૫ ગુણ પ્રકરણ અધ્યાય ૧

**વિશેષ :** ભગવાન્ કર્તા છે, સર્વમાં રહીને એને ચલાવનાર છે. એ જ અનેક રૂપ ધરે છે છતાં એનાથી જુદા રૂપે રહે છે. એમ વેદની રક્ષા કરવા સારુ ચાર રૂપે ભગવાન્ પ્રકટ થાય છે. આવું વસુદેવજીનાં કહેવાનું તાત્પર્ય છે તે અહીં કારિકાથી કહ્યું છે.

**કારિકાઓનો ભાવ :** એવી રીતે ભગવાને કરેલા સર્વના નિરોધનું વર્ણન કરવામાં આવ્યું. તે શ્રીકૃષ્ણ સર્વ તર્ક સિદ્ધ ભગવાન્ છે કે ભગવાન્ નથી? જો શ્રીકૃષ્ણ ભગવાન્ ન હોય તો તેમણે કરેલો નિરોધ નિષ્ફળ થાય. તેથી બધી રીતે શ્રીકૃષ્ણ ભગવાન્ છે એમ સિદ્ધ કરવામાં આવે છે. તેથી ભગવાન્ વ્યાસજીએ હવે આવતા છ અધ્યાય શ્રીકૃષ્ણનાં ઐશ્વર્ય વગેરે છ ગુણો પ્રસિદ્ધ થાય તે માટે રચ્યા. આ જ ખરેખર તો સંગતિ છે, જે ક્રમ લીલા થઈ તે ક્રમ

કથામાં સાચવેલો નથી. છ અધ્યાયોમાં આરમ્ભમાં પહેલા અધ્યાયમાં અનુક્રમ પ્રમાણે ઐશ્વર્યનું જ નિરૂપણ કરવું જોઈએ એવી જ સંગતિ છે. એટલે કથાના ભાવાર્થ પ્રમાણે જ કથા વર્ણવેલી છે, પરન્તુ સમયના અનુક્રમ પ્રમાણે (જેમ-જેમ લીલા થઈ તેમ-તેમ) કહેલી નથી. પંચાસીમા અધ્યાયમાં તો શ્રીકૃષ્ણના ઐશ્વર્યરૂપ ભગવદ્દ્ભાવનું નિરૂપણ કરવામાં આવે છે. આપનું ઐશ્વર્ય માતા-પિતાના હૃદયમાં સ્થિર થાય એટલામાટે ક્રિયા અને જ્ઞાન ના ભેદથી અલૌકિક અને લૌકિક ઐશ્વર્યરૂપ ભગવદ્દ્ભાવનું નિરૂપણ કરવામાં આવે છે. પહેલાં ભગવાનના પ્રભાવને લીધે આપનું ઐશ્વર્ય તેમના હૃદયમાં રહેલું જેને લીધે તે બન્નેએ ભગવાનની સ્તુતિ કરી. શ્રીકૃષ્ણનાં વાક્યથી તો તેમને નિશ્ચય થયો, કારણ કે તીર્થ અને યજ્ઞ માં સત્પુરુષોનાં વચનોથી દરેકનું અન્તઃકરણ શુદ્ધ થાય છે. પછી શ્રીકૃષ્ણના ગુણોનું જ્ઞાન પ્રાપ્ત કરવાની તેની ઇચ્છા થાય એમ કહેલું છે. તેવી જ રીતે-તીર્થ અને યજ્ઞ માં સત્પુરુષોનાં વચનથી-દેવી દેવકીજીએ ભગવાનનું ઉત્તમ માહાત્મ્ય જાણીને ઐશ્વર્યની પરીક્ષા કરવા પોતાના મૃત પુત્રોને લાવી આપવાનું કહ્યું. (કારિકા) જે અલૌકિક કરે અથવા વેદથી પણ જે અશક્ય હોય તે કરે તે ઈશ્વર. તેવા ઈશ્વરનું અહીં નિરૂપણ કરવામાં આવે છે. પોતાનું પુત્રપણુ કાયમ રાખીને શ્રીકૃષ્ણ વસુદેવજીને જ્ઞાનનો અને તે પણ અખંડ જ્ઞાનનો ઉપદેશ કરે છે તેથી તે ઈશ્વર છે એમ સિદ્ધ થાય છે. તેવી જ રીતે જન્મતાંની સાથે જ મરી ગયેલા, કાળે તદ્દન પરમાણુ જેમને બનાવી દીધા છે તેમને, કાળના માથા ઉપર પગ મૂકી પાછા તેમને તેમની યોગ્ય સ્થિતિએ પહોંચાડી પોતાના પદની પ્રાપ્તિ પણ કરાવી આપવાનું કાર્ય શ્રીકૃષ્ણે કરેલું છે તે પણ સિદ્ધ કરે છે કે શ્રીકૃષ્ણ ઈશ્વર છે. એવી રીતે વેદ અને કાળ નું ઉલ્લંઘન પુરુષોત્તમ વિના બીજા કોઈથી થઈ શકે નહિ.

**અથૈકદાઽઽત્મજૌ પ્રાપ્તૌ કૃતપાદાભિવન્દનૌ ।।**
**વસુદેવોઽભિનન્દ્યાહ પ્રીત્યા સંકર્ષણાચ્યુતૌ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક વખત વસુદેવજીની પાસે રામ (બલદેવજી) અને શ્રીકૃષ્ણ આવ્યા અને એમણે વસુદેવજીને નમન કર્યું. વસુદેવજી પોતાના પુત્રોને આવ્યા જાણી એમને અભિનન્દન આપીને પ્રીતિથી બોલ્યા ।।૧।।

પુત્રોનાં સ્વરૂપને સૂચવનારી મુનિઓની તે વાણીનું સ્મરણ કરી તેમનાં શ્રીગિરિરાજ ધારણ કર્યો વગેરે પરાક્રમોથી વિશ્વાસ જેમને થયેલો છે તેવા વસુદેવજીએ સમ્બોધન કરી (નીચે પ્રમાણે) કહ્યું, (વિદ્યાઓ અઢાર છે. તેનું નિરૂપણ કરનારા અઢાર શ્લોકોથી શરણ જવા પર્યન્ત સ્તુતિ કરે છે.) ।।૨।।

"હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મહાયોગી! હે સંકર્ષણ! હે સનાતન! આ (સમ્પૂર્ણ જગત્) ના આપ મુખ્ય પ્રધાન અને પુરુષ છો (શ્રીકૃષ્ણ પુરુષ અને બલદેવજી પ્રધાન છે એવો ભાવ છે.) એમ હું જાણું છું ।।૩।।

આ (જગત્) જેની અન્દર, જેનાથી, જેમાંથી, જેનું, જેનેમાટે, જે, જેને, જે પ્રકારે, જ્યારે થાય છે તે પ્રધાન પુરુષ અને ઈશ્વર સાક્ષાત્ ભગવાન્ આપ છો. (અર્થાત્ આ જગતના આધાર, ઘડવૈયા (નિર્માતા) અને નિર્માણ સામગ્રી પણ આપ જ છો) આ સમસ્ત જગતના સ્વામી આપ જ છો અને આપની જ ક્રીડામાટે આ જગત્ની રચના થઈ છે. આ (જગત્) જે વખતે, જે રૂપમાં જે કંઈ રહે છે, થાય છે તે બધું આપ જ છો. પ્રધાન (પ્રકૃતિ) અને પુરુષ પણ આપ છો. તે બન્નેનું કારણ ઈશ્વર એટલે કાળ પણ આપ છો અને તે બે (૧.પ્રકૃતિ અને પુરુષ ૨.કાળ) ને વશ રાખનાર પુરુષોત્તમ પણ આપ (શ્રીકૃષ્ણ) જ છો* ।।૪।।

**વિશેષ :** વ્યાકરણમાં વિભક્તિઓ આઠ છે. આઠમી વિભક્તિ સમ્બોધન વિભક્તિ (હે કૃષ્ણ!) માં સમ્બોધન જેનું કરવામાં આવ્યું હોય તે શબ્દનો વ્યાકરણની દૃષ્ટિએ બીજા કોઈ શબ્દ સાથે સમ્બન્ધ હોતો નથી. છઠ્ઠી વિભક્તિમાં એક નામનો બીજાં નામ સાથે સમ્બન્ધ હોય છે, જેમ કે "કૃષ્ણનું કીર્તન" માં કીર્તનનો સમ્બન્ધ કૃષ્ણ સાથે છે અને તે બન્ને નામ છે. બાકીની છ વિભક્તિઓમાં નામનો સમ્બન્ધ ક્રિયાપદ સાથે હોય છે. આ સમ્બન્ધ 'કારક' કહેવાય છે. આ કારક છ છે. ૧. કર્તા ૨. કર્મ ૩. કરણ (સાધન) ૪. સમ્પ્રદાન (જેને કંઈ આપવામાં આવે તે) ૫. અપાદાન (છૂટા પડવું-પાંચમી વિભક્તિનો અર્થ) અને ૬. અધિકરણ (જેમાં કંઈ રહે છે તે-સાતમી વિભક્તિનો અર્થ) આમ છ કારકો અને પ્રકાર સહિત બધી વિભક્તિઓ જેટલો અર્થ જણાવે છે તે આપ જ છો એવો ભાવ છે.

હે અધોક્ષજ (ઇન્દ્રિયાતીત) ભગવાન્! જન્મ, અસ્તિત્વ વગેરે ભાવ-વિકારોથી રહિત પરમાત્મન્! આ ચિત્ર-વિચિત્ર જગતનું નિર્માણ આપે જ કર્યું છે. (પણ બહિર્મુખ લોકો તે સમજતા નથી) અને તેમાં આપે જ આત્મારૂપથી પ્રવેશ પણ કર્યો છે, આપ પ્રાણ (ક્રિયાશક્તિ) અને જીવ (જ્ઞાનશક્તિ) ના રૂપમાં તેનું પાલન પોષણ કરી રહ્યા છો ।।૫।।

વિશ્વને ઉત્પન્ન કરનાર પ્રાણ, ઇન્દ્રિયો વગેરેમાં શક્તિ જોવામાં આવે છે તે એના પર આધિદૈવિકની શક્તિ છે પણ આધ્યાત્મિક કે આધિભૌતિકની શક્તિ નથી. જેમ આત્માનો પ્રયત્ન ઇન્દ્રિયો અને શરીર માં વ્યક્ત થાય છે, આધ્યાત્મિક

આદિની શક્તિઓ પરતન્ત્ર છે તેમ ન હોય તો એણે સર્વદા કાર્ય કરવું જ જોઈએ પણ એમ થતું નથી. પરન્તુ જ્યારે શક્તિનું આધાન ભગવાન્ કરે ત્યારે કાર્ય કરે છે, નહિ તો કરતી નથી. વળી સર્વ શક્તિઓનો આત્મા જુદો જ છે કેમકે શક્તિઓ જડ છે ત્યારે એનો આત્મા ચેતન છે. જો એમ ન હોય તો અન્ધ પુરુષને અન્તર્યામી કે જીવ કાન વગેરેમાં જોવાનું સામર્થ્ય કેમ ન મૂકે? તેથી બધી શક્તિઓને ચલાવનાર એક બીજું રૂપ છે એમ માનવું જ જોઈએ તેથી આધ્યાત્મિક આધિભૌતિક ચેષ્ટા કરે પણ એમાં કર્તૃત્વ, પ્રેરકત્વ તો પણ એટલે આધિદૈવિકનું જ છે. એની પ્રેરણા થાય ત્યારે તૃણાદિમાં પણ ચેષ્ટાભાવ દેખાય છે ।।૬।।

હે પ્રભો! ચન્દ્રમાની કાન્તિ, અગ્નિનું તેજ, સૂર્યની પ્રભા, નક્ષત્ર અને વિદ્યુત વગેરેની સ્ફુરણારૂપથી સત્તા, પર્વતોની સ્થિરતા, પૃથ્વીની સાધારણ શક્તિરૂપ વૃત્તિ અને ગન્ધરૂપ ગુણ- આ બધું વાસ્તવમાં આપ જ છો. (કારણના ગુણો કાર્યમાં આવે છે પણ જે સામર્થ્ય ધર્મીમાં ન હોય તેવું સામર્થ્ય ધર્મમાં હોય તો સમજવું કે તે કાર્યનું સામર્થ્ય ભગવાન્ છે. તેજ અને ભૂમિના ધર્મો ભગવદ્રૂપ છે એમ આ શ્લોકમાં જણાવ્યું) ।।૭।।

(બીજાં ભૂતોના ધર્મો ભગવદ્રૂપ છે એમ કહે છે) જલમાં જિવાડવાપણું અને તૃપ્તિ કરવાપણું તથા ગંગાજી વગેરેના જલમાં દેવત્વ મનાય છે તે ધર્મો ભગવાનના છે. એમ ન માનીએ તો જલ સુકાઈ જાય છે તે ન સુકાવું જોઈએ. માણસ પાણીમાં ડૂબી મરે છે ત્યાં જો જિવાડવું એ ગુણ જલનો હોય તો કોઈ પાણીમાં ડૂબી મરે નહિ. તીર્થમાં પાપ ક્ષય થાય છે તે જલનો ગુણ હોય તો સર્વના પાપનો ક્ષય થવો જોઈએ પણ જલના અનેક ભેદ છે એના અનેક ગુણ કહ્યા છે તે જલપણામાં તો સમાન થવા જોઈએ, વિષમતા તો એને ભગવત્તા હોય તો જ સમ્ભવે તેથી જલના ગુણ જણાય છે તે ગુણો આપના છે. એ જલનો મધુર ગુણ છે છતાં અનેક રસ જણાય છે તે પણ આપના ધર્મને લીધે જ સમજવું. હે ઈશ્વર! વાયુમાં ઈન્દ્રિયસામર્થ્ય, અન્તઃકરણનું સામર્થ્ય, શરીર સામર્થ્ય, તૃણાદિમાં ક્રિયા અને જંગમમાં ગતિરૂપ ધર્મો લોકમાં પ્રાણીમાં હોય તેમ દેખાય છે છતાં એ ભગવદ્ ધર્મો છે. સાક્ષાત્ વાયુ જ આપનું સ્વરૂપ છે. વાયુના હજારો ભેદ છે તે બધા આપના ધર્મ છે ।।૮।।

દિશાઓમાં અવકાશ, આકાશ વગેરે પણ આપ છો. એ દિશાઓ કે આકાશમાં જે સ્ફોટ છે તે પણ આપ જ છો, નહિ તો શબ્દમાંથી અર્થ સ્ફુટ ન થાય. (જેનાથી

અર્થ સમજાય તે સ્ફોટ કહેવાય) એના આશ્રય આપ છો. નાદ, વર્ણ અને ઓંકાર, વર્ણની આકૃતિઓ, એ વર્ણો નીકળવાનાં કંઠ, તાલુ વગેરે સ્થાનો વગેરે બધું આપ જ છો, નહિ તો એક કંઠમાંથી પવન નીકળે તેમાંથી વિવિધ જ્ઞાન કેમ સમ્ભવે? ।।૯।।

બધી ઇન્દ્રિયોમાં રહેલી ઇન્દ્રિય તો આપ છો. એ ઇન્દ્રિયોના દેવો પણ આપ જ છો. ઇન્દ્રિયનો અનુગ્રહ, અન્તઃકરણનું જ્ઞાન, જડબુદ્ધિમાં જ્ઞાન અને જીવ ને સ્મરણ થાય છે તે બધું આપ જ છો. એ સ્મૃતિ દોષને લઈને કદાચિત ઉલટી રીતે પણ સ્ફુરે છે, જેમ છીપમાં રૂપું. એવી સ્મૃતિ ભગવદ્રૂપ નથી એમ કહેવાનેમાટે **''જીવસ્યાનુસ્મૃતિઃ સતી''** એ વાક્યમાં જે સતી સ્મૃતિ છે તે જ ભગવદ્રૂપ છે ।।૧૦।।

પંચમહાભૂતોનું કારણ તામસ અહંકાર, ઇન્દ્રિયોનું કારણ રાજસ અહંકાર, સંકલ્પ વિકલ્પાત્મક મનનું અને દેવોનું કારણ સાત્વિક અહંકાર તથા મહત્તત્વાદિનું કારણ પ્રકૃતિ પણ આપ જ છો ।।૧૧।।

તે-તે ભાવો નાશ પામે છે છતાં જેનો નાશ થતો નથી તેવું આપનું સ્વરૂપ છે. જેમ ઘટ-પટ આદિ ભાવ તિરોહિત થતાં પણ ''અહીં ઘટ નથી, પટ નથી'' એ સદ્ વ્યવહાર થાય છે તે આપની સત્તાથી થાય છે ।।૧૨।।

સત્વગુણ, રજોગુણ, તમોગુણ અને એની વૃત્તિઓ તે બધાં પરબ્રહ્મ એવા આપને વિશે યોગમાયાવડે કલ્પાયેલાં છે તેથી એના આપ આધાર છો છતાં એના દોષથી આપ લિપ્ત થતા નથી. યોગવડે પણ જીવો યોગના આધારરૂપ ભગવાનનો સ્પર્શ કરી શકતા નથી એ યોગમાયાનું કાર્ય છે. જે ગુણો અને એની વૃત્તિઓને ભગવત્સમ્પર્કથી વિમુખ રાખે છે તે જ ગુણની ગુણતા છે ।।૧૩।।

આપનાથી તે-તે ભાવો જુદા કહ્યા છે તેથી એ ભાવોની સત્તાજ નથી. એ વિકારોમાં આપ પણ રહેતા નથી તેથી એ ભાવો વિદ્યમાન દશામાં બીજા સમયે વ્યવહાર માત્રજ છે ।।૧૪।।

આગુણ પ્રવાહને જેપરમાર્થ સત્ય માને છે તે અબુધ છે. જે સર્વના આત્મારૂપ ભગવાનની સૂક્ષ્મગતિને જાણતો નથી તે સ્વકર્મવશ થઈને આ સંસારમાં આવીને જન્મ-મરણ આદિ ક્લેશને ભોગવે છે ।।૧૫।।

હે પરમેશ્વર! દૈવની ગતિથી ઇન્દ્રિય આદિ સામર્થ્યયુક્ત અત્યન્ત દુર્લભ મનુષ્યજન્મ અહીં (આ અસાર સંસારમાં) પ્રાપ્ત કરી, આપની માયાથી મોહિતથઈ

પોતાનો સાચો સ્વાર્થ (ભક્તિ, જ્ઞાન) પ્રાપ્ત કરી લેવામાં જેગાફેલ રહેછે તેનો જન્મ વ્યર્થ જાયછે ।।૧૬।।

હે પ્રભો! આ (વસુદેવ નામે ઓળખાતું શરીર) હું છું એવી બુદ્ધિ હોવી (પરન્તુ હું તેમનો પણ છું એવી બુદ્ધિ ન હોવી) અને આ શરીરના સમ્બન્ધીઓ મારા પોતાના છે- આ અહન્તા અને મમતા રૂપ સ્નેહનાં બન્ધનથી આપે (મને એકલાને નહિ પણ આખા) જગતને બાંધી રાખ્યું છે ।।૧૭।।

આપ બે મારા પુત્રો નથી પરન્તુ ભૂમિના ભારરૂપ ક્ષત્રિયોનો નાશ કરવા અવતરેલા પ્રધાન અને પુરુષના ઈશ્વર, અર્થાત્ કાલ અને પુરુષોત્તમ છો. આ વાત આપે મને કહી પણ હતી ।।૧૮।।

(વિષયોના ભોગની ઈચ્છા, દેહનું અભિમાન અને પૂર્ણ પુરુષોત્તમ મારા પુત્ર છે એવો બુદ્ધિરૂપ અસાધ્ય ત્રિદોષ પોતાને લાગુ પડ્યો છે તેમ વસુદેવજી કહે છે) તેથી હે આર્ત બન્ધો! હે શરણાગત વત્સલ! હું હવે આપના ચરણકમલને શરણે આવ્યો છું, કારણ કે તે જ શરણાગતોના સંસાર ભયને મટાડનાર છે. (આપ કદાચ વિલમ્બ પણ કરો પણ આપનાં ચરણકમલ અમને અભય આપવામાં વિલમ્બ નહિ કરે) હવે ઈન્દ્રિયોનાં વિષય સુખોને હું ઈચ્છતો નથી. કાળના કોળિયારૂપ આ શરીરને જ મેં આત્મા માની લીધો અને આપને પરમેશ્વરને પુત્ર માની લીધા ।।૧૯।।

હે પ્રભો!આપે પ્રસૂતિગૃહમાં જ અમને કહ્યું હતું કે ''હું જો કે અજન્મા છું તો પણ હું પ્રત્યેક યુગમાં પોતાના ભક્તોના અને ધર્મના રક્ષણમાટે અવતાર ગ્રહણ કરું છું'' હે ભગવન્! આપ આકાશની જેમ અનેક શરીર ગ્રહણ કરો છો અને છોડો છો. વાસ્તવમાં આપ અનન્ત, એક રસ છો. આપની આશ્ચર્યમયી શક્તિ યોગમાયાનું રહસ્ય તો કોણ જાણી શકે? બહુ બહુ તો બધા આપની કીર્તિનું ગાન કરી શકે'' ।।૨૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : (એમ વસુદેવજીએ સ્તુતિ કરી અને શરણ થયા ત્યારે ભગવાને જાણ્યું કે વસુદેવજીને ખંડ જ્ઞાન તો થયું પણ એમને હવે પૂર્ણ જ્ઞાન કરાવવું જોઈએ તેથી કહે છે) ભક્તના પતિ ભગવાને ઉપરનાં પિતાનાં વચનો સાંભળીને વિનયથી નમ્ર થઈને હસીને મધુર વાણીથી એનો ઉત્તર આપવાનો આરમ્ભ કર્યો ।।૨૧।।

**શ્રીભગવાને કહ્યું** : હે પિતાજી! ''અમે આપના પુત્રો જ છીએ'' અમને ઉદ્દેશીને આપે આ બ્રહ્મ જ્ઞાનનો ઉપદેશ કર્યો છે. અમે આપની એક-એક વાતને

અર્થગમ્ભીર અને યુક્તિયુક્ત માનીએ છીએ ।।૨૨।।

હે યદુ શ્રેષ્ઠ! આપ, મોટાભાઈ રામ અને બધા દ્વારકામાં રહેનાર લોકો એટલું જ નહિ પણ ચરાચર સહિત સર્વ જગત્ પણ ભગવદ્રૂપ છે* એમ મારા માટે આપે કહ્યું તેમ સર્વમાં આપ ભગવદ્ બુદ્ધિ કરો ।।૨૩।।

**વિશેષ** : વિષ્ણુ ભગવાન્ પોતાની ઇચ્છાથી જેમ અહીં પ્રકટ થાય છે તેમ સર્વરૂપે થવાની ઇચ્છાથી એ જગતરૂપે પણ પોતે જ થાય છે તેથી સર્વત્ર ભગવદ્બુદ્ધિ કરવી એમ આ શ્લોકમાં કહેવાનું તાત્પર્ય છે.

હે પિતાજી! આત્મા તો એક જ છે. પરન્તુ તે પોતાનામાં જ ગુણોની સૃષ્ટિ કરી લે છે અને ગુણોદ્વારા બનાવવામાં આવેલ પ્રાણીઓમાં ઘણે પ્રકારે -એક હોવા છતાં અનેક, સ્વયંપ્રકાશ હોવા છતાં દશ્ય, પોતાનું જ સ્વરૂપ હોવા છતાં પોતાથી ભિન્ન, નિત્ય હોવા છતાં અનિત્ય અને નિર્ગુણ હોવા છતાં સગુણના રૂપમાં દેખાય છે ।।૨૪।।

જેવી રીતે આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વીદ્વઆ પંચમહાભૂત પોતાનાં કાર્ય ઘડો, કુંડલ વગેરેમાં પ્રગટ-અપ્રગટ, નાના-મોટા, વધારે-થોડા, એક અને અનેક હોય તેમ લાગે છે પરન્તુ વાસ્તવમાં સત્તારૂપથી તે એક જ હોય છે તેવી જ રીતે આત્મામાં પણ ઉપાધિઓના ભેદથી જ જુદાપણાંની પ્રતીતિ થાય છે. તેથી જે હું છું તે જ બધું છે. આ દષ્ટિથી આપનું કહેવું બરાબર જ છે. (એમ જ અખંડ અદ્વૈતવાદ સમજો)* ।।૨૫।।

**વિશેષ** : પંચ મહાભૂતો હાથી વગેરેના શરીરમાં વિસ્તાર પામે છે, મચ્છર વગેરેમાં નાનાં થાય છે. મોર વગેરેમાં અનેક રંગવાળાં અને કોયલ, ધાતુ વગેરેમાં એક જ રંગવાળાં થાય છે. એવી રીતે આત્માને પણ જુદાં-જુદાં ઉપાદાન (રહેવાનાં સ્થાન) પ્રાપ્ત થવાથી જુદાપણું પ્રાપ્ત થાય છે. વાસ્તવિક રીતે આત્માનું સ્વરૂપ એક જ છે. એવી જ રીતે સત્, ચિત્, આનન્દ, ઐશ્વર્ય, શ્રી વગેરે ઓછાં-વત્તાં હોવાને લીધે આત્માનું જુદાપણું ઘટે છે. આત્માના જુદાપણાને ઘટાવવામાટે આત્માના સ્વરૂપમાં ભેદ હોવાની કલ્પના કરવી બરાબરનથી.

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણનાં આ વચનો સાંભળી વસુદેવજીની ભેદબુદ્ધિ જતી રહી અને આનન્દ મગ્ન થઈ જઈ વાણીથી મૌન અને મનથી નિઃસંકલ્પ થઈ ગયા ।।૨૬।।

હે કુરુશ્રેષ્ઠ પરીક્ષિત! તે વખતે સર્વદેવમયી દેવકીજી પણ ત્યાં બેઠેલાં જ હતાં.

શ્રીકૃષ્ણ અને બલદેવજી પોતાના ગુરુના મરી ગયેલા પુત્રને યમલોકથી પાછો લાવ્યા હતા તે સાંભળીને તે પહેલાંથી જ અત્યન્ત વિસ્મય પામ્યાં હતાં ।।૨૭।।

હવે તેમને પોતાના તે પુત્રો યાદ આવી ગયા જેમને કંસે મારી નાખ્યા હતા. તેમના સ્મરણથી દેવકીજીનું હૃદય ભરાઈ આવ્યું, નેત્રોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તેમણે ઘણા જ કરુણ સ્વરે શ્રીકૃષ્ણ અને બલદેવજી ને સમ્બોધન કરીને કહ્યું ।।૨૮।।

**દેવકીજીએ કહ્યું :** હે લોકાભિરામ રામ! તમારી શક્તિ અને તમારા સ્વરૂપને મન અને વાણી સમજી શકે તેમ નથી. હે શ્રીકૃષ્ણ! તમે શંકર વગેરે યોગેશ્વરોના પણ ઈશ્વર (વશ રાખનાર) છો. હું જાણું છું કે તમે બન્ને બ્રહ્માજી વગેરે વિશ્વ રચનારાઓના પણ ઈશ્વર આદિ પુરુષ નારાયણ છો ।।૨૯।।

એ વાતની પણ મને નક્કી ખબર છે કે જે લોકોએ કલાક્રમથી પોતાનાં ધૈર્ય, સંયમ અને સત્વગુણ ખોઈ નાખ્યાં છે તથા શાસ્ત્રની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરી જે સ્વેચ્છાચારી થઈ રહ્યા છે તેવા ભૂમિને ભારરૂપ થઈ પડેલા રાજાઓનો નાશ કરવામાટેજ તમે બન્ને મારે ત્યાં અવતીર્ણ થયાછો ।।૩૦।।

હે વિશ્વાત્મન્! અક્ષર બ્રહ્મ આપનો અંશ છે. પ્રકૃતિ (માયા) અક્ષરબ્રહ્મનો અંશ છે. ગુણો પ્રકૃતિના અંશરૂપ છે અને તે ગુણોના અંશ માત્રથી ખરેખર જગતની ઉત્પત્તિ, વિકાસ (પાલન) તથા પ્રલય થાય છે. આજે હું અન્તઃકરણથી આપને શરણે આવી છું ।।૩૧।।

મેં સાંભળ્યું છે કે તમારા ગુરુ સાન્દીપનિજીના પુત્રને મરી ગયે ઘણા દિવસો થઈ ગયા હતા. તેમને ગુરુદક્ષિણા આપવાને માટે તેમની આજ્ઞા તથા પ્રેરણા થી તમે બન્નેએ તેમના પુત્રને પિતૃઓના સ્થાનમાંથી પાછો લાવી આપ્યો ।।૩૨।।

તમે બન્ને યોગેશ્વરોના પણ ઈશ્વર છો તેથી આજ મારી પણ અભિલાષા પૂરી કરો. કંસ રાજાએ મારેલા મારા છ પુત્રોને જોવાને હું આતુર છું. તે મારા પુત્રો પણ તમે મને લાવી આપો એવી મારી કામના છે ।।૩૩।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે ભારત! રામ અને શ્રીકૃષ્ણ ને માતાજીએ એવી સૂચના કરી ત્યારે એ બન્ને યોગમાયાનો આશ્રય કરી સુતલમાં જઈ પહોંચ્યા ।।૩૪।।

જ્યારે દૈત્યરાજ બલિને ખબર પડી કે જગતના આત્મા અને ઈષ્ટદેવ તથા મારા પરમ સ્વામી ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલદેવજી સુતલ લોકમાં પધાર્યા છે ત્યારે તેનું

હૃદય બન્નેનાં દર્શનનાં આનન્દમાં નિમગ્ન થઈ પવિત્ર થઈ ગયું. પોતાના કુટુમ્બ સાથે આસનથી એકદમ ઊભા થઈ જઈ તેણે ભગવાનના ચરણોમાં પ્રણામ કર્યા ।।૩૫।।

એ બન્ને ભાઈઓને ઉત્તમ આસન આપ્યાં. તેની ઉપર એ મહાત્માઓ બિરાજ્યા ત્યારે એમનાં ચરણારવિન્દનું પ્રક્ષાલન કર્યું. તે ભગવચ્ચરણોદક બ્રહ્માજીથી લઈને સર્વ જગતને પવિત્ર કરનાર હોવાથી પોતે એ જલ પરિવાર સહિત મસ્તકઉપર ધારણકર્યું ।।૩૬।।

ત્યારબાદ દૈત્યરાજ બલિએ બહુમૂલ્ય વસ્ત્રો, આભૂષણો, ચન્દન, તામ્બૂલ, દીપક, અમૃત સમાન ભોજન તથા બીજી વિવિધ સામગ્રીઓથી આપની પૂજા કરી અને પોતાના સમસ્ત પરિવાર, ધન તથા શરીર આદિને આપનાં ચરણોમાં સમર્પિત કરી દીધાં ।।૩૭।।

હે રાજન્! દૈત્યરાજ બલિએ* ભગવાનનાં ચરણકમલને (પોતાના બન્ને હાથમાં લઈ) પોતાના વક્ષઃસ્થલઅને મસ્તક ઉપરતેને વારંવાર રાખવા લાગ્યા. તેનું હૃદય પ્રેમથી વિહ્વળ થઈ ગયું.નેત્રોમાંથી આનન્દનાં આંસુ વહેવાલાગ્યાં. રોમ-રોમ ખીલી ઊઠ્યુંઅનેગદ્ગદ વાણીથીતે ભગવાનની સ્તુતિ કરવાલાગ્યા. (ઇન્દ્રિયો, દેહ અને વાણી ત્રણેયની વ્યાકુલતા આથીસૂચવેલી છે) ।।૩૮।।

**વિશેષ** : દૈત્યરાજ બલિને માટે મૂલમાં 'ઇન્દ્રસેન' શબ્દ વાપર્યો છે. ઇન્દ્રની સેના જેવી સેના છે જેની તે ઇન્દ્રસેન. ઇન્દ્ર ઉત્તમ સત્વ અંશવાળા છે. તેની ઇન્દ્રિય વગેરે સામગ્રી અત્યન્ત ભગવત્પરાયણ છે તેવી જ બલિની પણ છે.

**દૈત્યરાજ બલિએ કહ્યું** : આપ અનન્ત છો, સર્વથી મહાન છો, આપ સદાનન્દ કૃષ્ણ છો, સાંખ્ય અને યોગ ના આપ પ્રવર્તક છો, બ્રહ્મ અને પરમાત્મારૂપ આપ છો, આપને હું નમન કરું છું ।।૩૯।।

પ્રાણીઓને આપ (શબ્દ અને પરબ્રહ્મ)નાં દર્શન *દુષ્પ્રાપ્ય અને અતિ દુર્લભ છે એવા આપે રજોગુણી અને તમોગુણી અમ દૈત્યોને દર્શન આપ્યાં તેનું કારણ આપની ઇચ્છાજ છે ।।૪૦।।

**વિશેષ**: પોતાની ક્રિયા-સાધન થી મહામુશ્કેલીએ પણ ન મળી શકે તે 'દુષ્પ્રાપ્ય' અને દેવ વગેરેના વરદાનથી પણ જે ન મળી શકે તે 'દુર્લભ'

હે પ્રભો! અમે અને અમારા જ જેવા બીજા દૈત્યો, દાનવો, ગન્ધર્વો,

સિદ્ધપુરુષો, વિદ્યાધરો, ચારણ, યક્ષ, રાક્ષસ, પિશાચ, ભૂત, પ્રમથ અને તેમના નાયકો વગેરેએ પ્રેમથી આપનું ભજન કરવું તો દૂર રહ્યું, આપના ઉપર દઢ વેરભાવ રાખીએ છીએ; પરન્તુ આપનું શ્રીઅંગ સાક્ષાત્ વેદમય અને વિશુદ્ધ સત્વ સ્વરૂપ છે. તેથી અમારામાંથી ઘણાએ દઢ વેરભાવથી, કેટલાકે ભક્તિથી અને કેટલાકે કામનાથી આપનું સ્મરણ કરી તે પદને પ્રાપ્ત કર્યું છે જે આપની સમીપ રહેનારા સત્વપ્રધાન દેવતા વગેરે પણ પ્રાપ્ત કરી શક્તા નથી ।।૪૧-૪૩।।

હે યોગેશ્વરોના અધીશ્વર! મોટા-મોટા યોગેશ્વરો પણ મોટે ભાગે આપની યોગમાયા આ છે અને આવી છે તે જાણતા નથી તો પછી અમારી તો વાત જ શી કરવી? ।।૪૪।।

સર્વ પ્રકારની કામના રહિત પુરુષોએ જ શોધવા યોગ્ય હે મારા પ્રભુ! આપના ચરણારવિન્દનું સ્મરણ એ જ સાચો પ્રકાશ છે. એ સ્મરણ જે ઘરમાં થતું નથી તે ઘર, ઘર નથી પણ અન્ધારો કૂવો જ છે. તેવા અન્ધારા કૂવા જેવા મારા ઘરનો ત્યાગ કરી તે અન્ધારા કૂવામાંથી બહાર નીકળી, જેમનાં ચરણો વિશ્વનું શરણ છે તેવા સત્પુરુષોના સંગરૂપી આજીવિકા પ્રાપ્ત કરી હું (પરમ હંસની જેમ) એકલો ફર્યા કરું અને અન્તે બધાનો મિત્ર બની જાઉં તેવી કૃપા આપ મારા ઉપર કરો* ।।૪૫।।

**વિશેષ** : શ્રીભાગવત ૪।૨૯।૪૦ માં કહ્યું છે કે જ્યાં ભગવદ્ગુણોના કથન અને શ્રવણ માં તત્પર વિશુદ્ધ ચિત્તવાળા ભક્તો રહે છે તે ભક્તમંડળીમાં ચારે તરફથી મહાપુરુષોના મુખથી નીકળતી શ્રીમધુસૂદન ભગવાનના ચરિત્રરૂપ શુદ્ધ અમૃતની અનેક નદીઓ વહે છે. જે લોકો અતૃપ્ત ચિત્તથી શ્રવણમાં તત્પર પોતાના કર્ણોદ્વારા મસ્ત થઈને તે અમૃતનું પાન કરે છે તેમને ભૂખ-તરસ, ભય, શોક અને મોહ વગેરે કંઈ સતાવી શકતું નથી.

હે પ્રભો! આપ ઈશ છો, અમે જીવો ઈશિતવ્ય છીએ, અર્થાત્ આપ સ્વામી છો, અમે સેવક છીએ, આપ આજ્ઞા કરનાર છો, અમે આજ્ઞા ઉઠાવનાર છીએ. આપ અમને આજ્ઞા કરો, નિષ્પાપ કરો, ''અમારાં પાપોનો નાશ કરી દો કારણ કે જે પુરુષ શ્રદ્ધાપૂર્વક આપની આજ્ઞાનું પાલન કરે છે તે વિધિ-નિષેધનાં બન્ધનથી મુક્ત થઈ જાય છે ।।૪૬।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : ભૂતપૂર્વ બ્રહ્માજીના કલ્પમાં પ્રજાપતિ મરીચિની પત્ની ઊર્ણાના ગર્ભથી (ઇન્દ્રિયોના દેવો જેવા) છ પુત્રો થયેલા. પોતાની ઘાટીલી પુત્રી વાણી સાથે સમ્ભોગ કરવા પ્રવૃત્ત થયેલા બ્રહ્માજીને જોઈને તેઓ હસ્યા

।।૪૭।।

પરિહાસરૂપ આ અપરાધને લીધે તેમને બ્રહ્માજીએ શાપ દીધો અને તેઓ અસુર યોનિમાં હિરણ્યકશિપુના પુત્રો રૂપે ઉત્પન્ન થયા. હવે યોગમાયાએ તેમને ત્યાંથી લાવી દેવકીજીના ગર્ભમાં રાખી દીધા અને તેમનો જન્મ થતાં જ કંસે તેમને મારી નાખ્યા. હે દૈત્યરાજ! માતા દેવકીજી પોતાના તે પુત્રોને માટે અત્યન્ત શોકાતુર થઈ રહ્યાં છે અને તેઓ અત્યારે તમારી પાસે બેઠેલા છે ।।૪૮-૪૯।।

અમે અહીંથી એમને માતા દેવકીજીનો શોક દૂર કરવા લઈ જઈશું. આ જીવો શાપથી મુક્ત થશે એટલે એ સન્તાપથી મુક્ત થઈ પોતાના ઋષિલોકમાં જશે ।।૫૦।।

તેમનાં નામ છે- સ્મર, ઉદ્ગીથ, પરિષ્વંગ, પતંગ, ક્ષુદ્રભૃત્ અને ઘૃણી. આ છયે મારી કૃપાથી ફરી સદ્ગતિને પ્રાપ્ત થશે ।।૫૧।।

એમ કહી તેઓને સાથે લીધા ત્યારે ઈન્દ્રના જેવી સેનાવાળા બલિએ એમની પૂજા કરી તે સ્વીકારીને ભગવાને દ્વારકામાં આવી પોતાની માતાને એમના પુત્રો આપ્યા ।।૫૨।।

પોતાનાં બાળકોને જોઈને માતાને પુત્રમાં સ્નેહને લીધે સ્તનમાંથી દૂધ સ્રવવા લાગ્યું. તે પુત્રોને માતાએ આલિંગન કર્યું ને ખોળામાં બેસાડી એમનું મસ્તક વારંવાર સૂંઘવા લાગ્યાં ।।૫૩।।

પુત્રોના સ્પર્શના આનન્દથી તરબોળ થઈ ગયેલાં દેવકીજીએ તેમને સ્તનપાન કરાવ્યું. (સાક્ષાત્ ભગવાન્ જેમના પુત્ર થયા છે તેમને બીજા ઉપર આવો ને આટલો સ્નેહ કેમ? સમાધાન કરે છે કે) સૃષ્ટિચક્ર જેનાથી ચાલે છે તે વિષ્ણુ ભગવાનની માયાથી તે મોહિત થઈ રહ્યાં હતાં ।।૫૪।।

હે પરીક્ષિત! દેવકીજીનાં સ્તનોનું દૂધ સાક્ષાત્ અમૃત હતું. તે બાલકોએ શ્રીકૃષ્ણને પાન કરતાં બચેલું તે જ અમૃતમય દૂધ પીધું. તે દૂધ પીવાથી અને ભગવાન્ શ્રીકૃષ્ણનાં અંગોનો સંસ્પર્શ થવાથી તેમને આત્મ સાક્ષાત્કાર થઈ ગયો* ।।૫૫।।

**વિશેષ : પીત્વામૃતમ્ પયંતસ્યાઃ પીતશેષં ગદાભૃતઃ। નારાયણાંગસ્પર્શપ્રતિલબ્ધાત્મદર્શનાઃ**

**શંકા :** આ છ પુત્રોને ઋષિલોકની પ્રાપ્તિ થવાનું કારણ જ્ઞાન છે તે જ્ઞાન (આત્મદર્શન, આત્મ સાક્ષાત્કાર) થવાનાં ત્રણ કારણો છેઃ૧.ભગવાને પાન કરતાં વધેલા ઉચ્છિષ્ટ અર્થાત્ પ્રસાદી ધાવણનું પાન ૨.અમૃત (અમૃતમય સ્તન) નું પાન ૩.નારાયણનાં અંગોનો સ્પર્શ. ભગવાન્

મથુરામાં જેલમાં ચતુર્ભુજરૂપે પ્રકટ થયા. પછી પ્રાકૃત બાળક થયા કે તરત વસુદેવજી આપને ગોકુળ નન્દરાયજીને ત્યાં પધરાવી આવ્યા. અગિયાર વર્ષે મથુરા પધાર્યા. કંસ આદિને મારી દ્વારકામાં બિરાજ્યા. આમાં શ્રીકૃષ્ણ ભગવાને માતા દેવકીજીના સ્તનનું પાન ક્યારે કર્યું?

**સમાધાન** : શ્રીકૃષ્ણ જ્યારે મથુરા અને દ્વારકા માં બિરાજતા હતા ત્યારે નન્દરાયજી વગેરેની વિરહ દશા હતી. વિરહ દશામાં પરમ સ્નેહના ઉદ્રેકથી જ્યારે તેમને બહારના પ્રપંચનું અનુસન્ધાન ન રહેતું, અન્તર્મુખ અને માત્ર શ્રીકૃષ્ણ નિષ્ઠ થઈ જતા ત્યારે શ્રીકૃષ્ણ ત્યાં પ્રકટ થઈ જઈ દર્શન આપતા, લીલાઓનો અનુભવ કરાવતા; તેવી જ રીતે શ્રીકૃષ્ણ ગોકુલમાં અગિયાર વર્ષ બિરાજ્યા તે વખતે દેવકીજીને અત્યન્ત વિરહ થતો ત્યારે પરમ સ્નેહના ઉદ્રેકથી અન્તર્મુખ થતાં પ્રભુ સાક્ષાત્ પ્રગટ થઈ નિત્ય સ્તનપાન કરતા. તેથી ગદાભૃત (શ્રીકૃષ્ણ) તું 'પીતશેષત્વ' ''સ્તનપાન કરતાં વધેલું'' સિદ્ધ થાય છે. આ પક્ષ માત્ર ભાવુક વેદ્ય હોવાથી, સર્વ લોકોને સ્વીકાર્ય બીજો પક્ષ કહે છે કે પ્રાકટ્ય થયા પછી, વસુદેવજી શ્રીકૃષ્ણને ગોકુલ પધરાવી જવા તૈયાર થાય છે ત્યારે માતા દેવકીજીએ પ્રભુને ગોદમાં લઈ સ્તનપાન કરાવેલું. બન્ને પક્ષે છ પુત્રોએ પ્રસાદી સ્તનપાન કર્યું અને ભગવત્પ્રસાદ લેનારા વૈષ્ણવો માયાને તરી જાય છે એ વાત નિઃશંક છે. (તત્વાર્થ દીપ નિબન્ધ)

ત્યારબાદ તેઓ ભગવાન્ શ્રીકૃષ્ણ, દેવકીજી, પિતા વસુદેવજી અને બલદેવજીને નમસ્કાર કરી, સર્વ લોકોની સામે આકાશમાર્ગે પોતાને ધામ ગયા ।।૫૬।।

હે નૃપ! પોતાના મરેલા પુત્રો આવ્યા અને પાછા ચાલ્યા ગયા એ જોઈને દેવી દેવકીજી વિસ્મય પામ્યાં અને આ બધી શ્રીકૃષ્ણની માયા છે એમ માન્યું ।।૫૭।।

હે ભારત! કૃષ્ણ-પરમાત્માનાં અનન્ત વીર્યવાળા પરાક્રમ અનન્ત છે. (વર્તમાન પ્રયોગથી ચરિત્રોની નિત્યતા સૂચવી છે) ।।૫૮।।

**ય ઈદમનુશૃણોતિ શ્રાવયેદ્ વા *મુરારેશ્ચરિતમમૃતકીર્તેર્વર્ણિતં વ્યાસપુત્રૈઃ।**
**જગદઘભિદલં તદ્ ભક્તસત્કર્ણ પૂરં ભગવતિ કૃતચિત્તો યાતિ તત્ક્ષેમધામ ।।૫૯।।**

**સૂતજી કહે છે** : (હે શૌનકાદિ ઋષિઓ!) ભગવાન્ મુરારિની કીર્તિ અમર છે, અમૃતમય છે. આપનું ચરિત્ર જગતના સમસ્ત પાપ-તાપોનો નાશ કરનારું તથા ભક્તજનો રૂપી સત્પુરુષોના કર્ણોનું એ ઉત્તમ આભરણ છે, શણગાર છે. તેનું વર્ણન વ્યાસનન્દન શ્રીશુકદેવજીએ કર્યું છે. જે કોઈ આનું શ્રવણ કરે અથવા બીજાને શ્રવણ કરાવે તેની સમ્પૂર્ણ ચિત્તવૃત્તિ ભગવાન્‌માં લાગી જાય છે તેનું ચિત્ત ભગવાન્‌માં સ્થિર થઈ જાય છે અને તે શ્રીકૃષ્ણના પરમ કલ્યાણરૂપ ધામને પ્રાપ્ત કરે છે ।।૫૯।।

**વિશેષ :** મુરારિ-મુર નામનો દૈત્ય દોષરૂપ અને વિઘ્નરૂપ છે. તેનો નાશ કરનાર મુરારિનું ચરિત્ર પણ દોષ અને વિઘ્નોનો નાશ કરે જ. વ્યાસપુત્રૈઃ:શ્રીશુકદેવજીએ અનન્તરૂપ ધારણ કરી આ ચરિત્ર વર્ણવેલું છે. અથવા વ્યાસજીના શિષ્યો અને પુત્રોએ આનું વર્ણન કરેલું છે. (શિષ્યો પુત્રો જ છે)

**સત્કર્ણપૂરમ્ :** એ જ સત્પુરુષ જેના કાનમાં આ આભરણ પહેરેલું હોય. આ પ્રમાણે વિઘ્નોનો નાશ કરવાથી માંડી ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ સુધીનાં ફલ ભગવાનના વીર્યના શ્રવણથી થાય છે. તે સિદ્ધ કરે છે કે શ્રીકૃષ્ણ સર્વના ઈશ્વર છે.

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (છેલ્લા પાંચમા ગુણ પ્રકરણનો ઐશ્વર્યરૂપ પહેલો) ''ભગવાને દેવકીજીના મરેલા પુત્રો લાવી આપ્યા''નામનો (ઉત્તરાર્ધનો છત્રીસમો અને ચાલુ) ૮૫મો (પ્રક્ષિપ્ત ત્રણ અ.૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૮૨મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાના શ્રોતા-આયોજકો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**
(ફંડફાળા-મૃતકોદ્ધાર-આજીવિકા વગેરે) કોઈ પણ પ્રકારના (લૌકિક-પારલૌકિક સ્વાર્થ-પરાર્થ)હેતુ વિના ભક્તિભાવથી આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો.
દક્ષિણા લઈને કથા કરનારના મનોભાવ ગટરના પાણી જેવા
ગંધારા જાણી તેનો સંગ છોડવો.

## અધ્યાય ૮૬

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૮૩

# અર્જુને કરેલું સુભદ્રાનું હરણ

### પ્રકરણ ૫-ગુણ પ્રકરણ અધ્યાય૨

**વિશેષ :** આ અધ્યાયમાં ભગવાનના વીર્યગુણને કહે છે. એમાં ત્રણ પ્રકારે ભગવદ્ વીર્ય કહે છે. એનાથી ભગવાને બધાનાં બધાં કાર્ય કર્યાં છે એમ કહે છે. લોકમાં જે કોઈનાથી ન થાય તે ભગવદ્ વીર્ય કહેવાય. પોતાની બહેનને બીજાને આપવી એ લોકમાં કોઈ ન કરી શકે એ ભગવાને કર્યું. જેનાથી પોતાનું હીનપણું જણાય તેવા વચનો પોતાની વિભૂતિ (શ્રુતદેવ બ્રાહ્મણ) ને કોઈ કહી શકે નહિ. વગર બોલાવ્યો કોઈ બીજાને ઘેર જાય પણ નહિ એ બધું ભગવાને અહીં કર્યું

છે. એમ કરીને પણ પોતાનું વીર્ય બતાવ્યું છે. અહીં વ્યાસજીએ જે પ્રસંગ વિચાર્યો છે તે ક્રમથી શ્રીશુકદેવજીએ કથા કહી છે. ફલસિદ્ધિ ભગવાનને હાથ છે તેથી અહીં વ્યાસજી ઉદાસીનતાથી કથા કહે છે. ગ્રન્થના આરમ્ભમાં શ્રીકૃષ્ણે અમને એ જ વ્યાસજીએ જે ક્રમ પ્રમાણે કથા કહી છે તે જ ક્રમ પ્રમાણે વ્યાખ્યાન કરવું એમ કહ્યું છે એમ શ્રીઆચાર્યજી કહે છે.

**બ્રહ્મન્ વેદિતુમિચ્છામઃ સ્વસારં રામકૃષ્ણયોઃ ।।**
**યથોપયેમે વિજયો યા મમાસીત્ પિતામહી ।।૧।।**

**રાજા પરીક્ષિત બોલ્યા :** હે બ્રહ્મન્! રામ-કૃષ્ણનાં બહેન સુભદ્રાજી જે મારાં પિતામહી થાય તેમને અર્જુન કેવી રીતે પરણ્યા એ જાણવાની મારી ઈચ્છા છે તેથી આપ મને એ કહો ।।૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** એક વાર અત્યન્ત શક્તિશાળી અર્જુન તીર્થયાત્રામાં ફરતા-ફરતા પ્રભાસ આવ્યા. ત્યાં પોતાના મામાની પુત્રી પરણવા જેવડાં છે એમ સાંભળ્યું ।।૨।।

એમને બલદેવજી દુર્યોધનને આપશે એ પણ એમના જાણવામાં આવ્યું પણબલદેવજી સિવાયના બીજાનો એને દેવાનો વિચાર નથી એમ જાણી એ પોતાનો ભાગ પોતે લેવો જોઈએ* એમ જાણી કૃત્રિમ ત્રિદંડીનો વેશ કરી સન્ન્યાસી થઈ દ્વારકા ગયા ।।૩।।

**વિશેષ :** અર્જુન નરાવતાર છે. એ જીવની કલારૂપ છે. સુભદ્રા માયાશક્તિ છે જેનો જન્મ પ્રથમ યશોદાજીમાં થયો હતો. દેવકીજીએ એને સ્નેહથી રાખી હતી. જેમ એ માયા આઠ સ્થાનમાં રહી તેમ જ દેવકીજીના સ્નેહથી એની પાસે પણ એ રહી. કંસના હાથમાંથી છટકી ગઈ તે જ 'સુભદ્રા'નામે પ્રસિદ્ધ થઈ. સ્ત્રીભાવથી પુરુષને મોહ થાય. એ અર્જુનની સ્ત્રી થવાને લાયક હતી તેથી એમાં અર્જુનને મોહ થયો એટલે સન્ન્યાસીનો વેશ કરી ચૌર્યથી કન્યાનું હરણ કર્યું. જો કે ચૌર્ય અને અધર્મવેશ ક્ષત્રિયને નિન્દિત ગણાય પણએ કન્યાનાં માતા-પિતા અને શ્રીકૃષ્ણની સમ્મતિથી એમણે એ કન્યાનું હરણ કર્યું છે. તીર્થમાં કૃત્રિમ વેશનો નિષેધ નથી તેથી એમ કર્યું છે. દ્રૌપદીને પરણ્યા એમાં પાંચને એક સ્ત્રી હોવાથી પરસ્પર કલહ થવાનો સમ્ભવ જણાતાં નારદજીએ આવી સુન્દ અને ઉપસુન્દ ની કથા કહી અને એમને એક વર્ષ સુધી એક ભોગવે એમાં એકના વિલાસને બીજો ભાઈ જોઈ જાય તો એ એક વર્ષ સુધી તીર્થમાં ફરે એવો ઠરાવ કરી ગાર્હસ્થ્ય ચલાવતા હતા. એક દિવસ એક બ્રાહ્મણની ગાયને ચોર લઈ ગયો. એની બ્રાહ્મણે અર્જુન પાસે ફરિયાદ કરી. અર્જુન શસ્ત્રાગારમાં ગયા. ત્યાં દ્રૌપદીને યુધિષ્ઠિરની

સાથે બેઠેલાં જોયાં તેથી એ શસ્ત્ર લઈ લુટારા પાસેથી ગાય છોડાવી, બ્રાહ્મણને આપી કરારનું પાલન કરવા ત્યાંથી યાત્રા કરવા નીકળી ગયા. આ બધી વાત મહાભારતમાં છે. મામાની દીકરી પોતાનો ભાગ ગણાય છે. એ બીજાને જાય તો એમાં એમની અશક્તિની સમ્ભાવના થાય તેથી મૂલમાં પ્રભુ શબ્દ કહ્યો છે. ''માતુલસ્યેવ યોષા ભાગસ્તે પૈતૃષ્વસેયીવપામિવ'' એ શ્રુતિ પણ એ વાતનું સમર્થન કરે છે.

પોતાનો સ્વાર્થ સાધવામાટે અર્જુન વરસાદના ચાર મહિના સુધી ત્યાં રહ્યા. વર્ષાકાળમાં યતિને ફરવાનો નિષેધ હોય છે. ગામના લોકોએ યતિની પૂજા કરવા લાગ્યા ત્યારે બલદેવજીએ પણ અજાણતાં તેમની પૂજા કરી ।।૪।।

એક દિવસ તેમને ભિક્ષાનું નિમન્ત્રણ કર્યું અને બલદેવજી યતિને પોતાને ઘેર બોલાવી લાવ્યા અને શ્રદ્ધાથી એમને ભિક્ષા આપી તે યતિએ સ્વીકારી પોતે ત્યાં બેસીને ભોજન કર્યું ।।૫।।

(અર્જુને રસોઈ તૈયાર થાય તેટલો સમય ત્યાં રહ્યા. તે દરમ્યાન) વિવાહ યોગ્ય પરમ સુન્દરી સુભદ્રાજીને જોયાં. તેમનું સૌન્દર્ય મોટા-મોટા વીરપુરુષોનું મન હરી લે તેવું હતું. અર્જુનનાં નેત્રો પ્રેમથી પ્રફુલ્લિત થઈ ગયાં. તેમનું મન તેમને પ્રાપ્ત કરવામાટે ક્ષુબ્ધ થઈ ગયું અને તેમને પોતાની પત્ની બનાવવાનો તેમણે દઢ નિશ્ચય કરી લીધો ।।૬।।

હે પરીક્ષિત! તમારા દાદા અર્જુન પણ બહુ જ સુન્દર હતા. એમના શરીરનો બાંધો અને ભાવ સ્ત્રીઓનાં હૃદયમાં વસી જાય તેવા હતાં. તેમને જોઈને સુભદ્રાજીએ પણ તેમને જ પોતાના પતિ બનાવવાનો મનમાં નિશ્ચય કરી લીધો. તેઓ સહેજ હસ્યાં, લજ્જાળુ દષ્ટિથી તેમના તરફ જોવા લાગ્યા અને પોતાનું હૃદય તેમને સમર્પી દીધું ।।૭।।

હવે અર્જુન માત્ર તેમનું જ ચિન્તન કરવા લાગ્યા અને ક્યારે તેમને હરીને લઈ જાઉં તેનો મોકો જોતા રહ્યા. સુભદ્રાજીને પ્રાપ્ત કરવાની ઉત્કટ કામનાથી તેમનું ચિત્ત ભ્રમિત થયું એમની શાન્તિ નાશ પામી ગઈ ।।૮।।

(આ દરમ્યાન ભગવાન્ અર્જુનનો માતા-પિતા સાથે પરિચય કરાવે છે અને માતા-પિતા સુભદ્રાજીનું અર્જુનને વાગ્દાન કરે છે) એકવાર સુભદ્રાજી (શ્રીકૃષ્ણે યોજના કરી હતી તે મુજબ) દેવ દર્શનને માટે રથમાં બેસી દ્વારકાના કિલ્લાની બહાર નીકળ્યાં. તે જ સમયે મહારથી અર્જુને વસુદેવજી, દેવકીજી અને શ્રીકૃષ્ણની

અનુમતિથી સુભદ્રાજીનું હરણ કરી લીધું ।।૯।।

રથ ઉપર સવાર થઈ વીર અર્જુને ધનુષ ઊઠાવી લીધું અને જે સૈનિકો તેમને રોકવાને માટે આવ્યા તેમને હરાવીને નસાડી મૂક્યા. સુભદ્રાજીના સગાં-સમ્બન્ધી કોલાહલ કરતાં રહ્યાં અને સિંહ જેવી રીતે પોતાનો ભાગ લઈ ચાલતો થાય છે તેમ અર્જુન સુભદ્રાજીને ઉઠાવી ચાલતા થયા ।।૧૦।।

આ સમાચાર સાંભળી પૂર્ણિમાને દિવસે સમુદ્ર જેમ ખળભળી ઊઠે તેમ બલદેવજી ઊકળી ઊઠ્યા, પરન્તુ ભગવાન્ શ્રીકૃષ્ણ તથા બીજા સુહૃદ-સમ્બન્ધીઓએ તેમનાં ચરણ પકડી તેમને બહુ સમજાવ્યા ત્યારે તે *શાન્ત થયા ।।૧૧।।

**વિશેષ** : આપણે કન્યા અવશ્ય કોઈને દેવાની તો હતી જ. તેને અર્જુન ઉઠાવી ગયો. હરણ કરાયેલી કન્યા હવે બીજું કોઈ લેશે નહિ. આપણે પાછળ પડી તેને મારીએ તો એ કન્યા પતિ વગરની થાય એને આપણે કેમ જોઈ શકીએ? વળી અર્જુન વીર છે, કન્યાને લાયક વર છે. એણે પોતાનું કામ કરવામાટે કૃત્રિમ વેશ કર્યો તેમ તો સ્વાર્થ સિદ્ધ કરવાને બધા કરે એમાં એનો દોષ ન ગણાય. આપણે એને જાણી શક્યા નહિ એ આપણો દોષ છે. સન્ન્યાસનો વેશ પણ જો બનાવટી હોય તો એમાં વાંધો નહિ. એમ સમજાવી પગમાં પડવાથી બલદેવજી માની ગયા અને બધો સત્કાર થવો જોઈએ એ એમણે કર્યો.

બલદેવજીએ પ્રસન્નતાથી વરવધૂને ઘણા ધન અને ઉપસ્કર સહિત દાયજો આપ્યો* ઘોડા, રથ, હાથી અને માણસોવાળી ચતુરંગિણી સેના તથા સુભદ્રાજીની દાસીઓ તરીકે સ્ત્રીઓ પણ એમને મોકલાવી આપી ।।૧૨।।

**વિશેષ** : ભગવાને પોતાના ભક્તને પોતાની બહેન આપી તેમાં શું આશ્ચર્ય છે? કારણ કે કર્મનિષ્ઠ રાજા અને જ્ઞાનનિષ્ઠ શ્રુતદેવને ત્યાં પોતે પધાર્યા, મુનિઓના સમાજને સાથે રાખ્યો અને બન્નેનું ભલું કરવા પોતાનો આત્મા એને આપ્યો. જેને જેવી ઈચ્છા હતી તેવું સુખ ભગવાને બન્નેને આપ્યું. જ્યારે એ કૃતાર્થ થયા ત્યારે ભગવાન્ ત્યાંથી પાછા પધાર્યા.

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! વિદેહની રાજધાની મિથિલામાં એક ગૃહસ્થ[૧] બ્રાહ્મણ હતા. તેમનું નામ શ્રુતદેવ હતું[૨]. તે ભગવાન્ શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. તે એક માત્ર ભક્તિથી પૂર્ણકામ, પરમ શાન્ત, જ્ઞાન અને વિરક્ત હતા. ગૃહસ્થાશ્રમમાં રહેતા હોવા છતાં તે કોઈ પણ પ્રકારનો ઉદ્યોગ કરતા નહિ. વિના પ્રયાસે જે કંઈ મળી આવતું તેટલાથી જ પોતાનો નિર્વાહ કરી લેતા અને કર્મમાર્ગ

પ્રમાણે બ્રાહ્મણે કરવી જોઈતી ક્રિયા કરતા હતા ।।૧૩-૧૪।।

**વિશેષ** : ૧. અભિમાન ન હોય તો બીજા આશ્રમો કરતાં ગૃહસ્થાશ્રમ જ મુખ્ય છે, કારણ કે અભિમાન વિનાના પુરુષને ગૃહસ્થાશ્રમમાં દોષો થતાજનથી.

૨. શ્રુતદેવ-શ્રવણમાં દેવના જેવી બુદ્ધિ છે જેની તે.

પ્રારબ્ધ વશ રોજ તેમને જીવન નિર્વાહ પૂરતી સામગ્રી મળી રહેતી, વધારે નહિ. તેમને એટલાથી સન્તોષ પણ હતો અને પોતાના વર્ણાશ્રમ પ્રમાણે ધર્મપાલનમાં તત્પર રહેતા હતા ।।૧૫।।

હે પ્રિય પરીક્ષિત! તે દેશના રાજા પણ બ્રાહ્મણના જેવા જ ભક્તિમાન્ હતા. મૈથિલ વંશના એ પ્રતિષ્ઠિત રાજાનું નામ બહુલાશ્વ હતું. તેમનામાં અભિમાનનું તો નામ પણ નહોતું. શ્રુતદેવ અને બહુલાશ્વ બન્ને ભગવાન્ શ્રીકૃષ્ણના પ્રિય ભક્ત હતા. એ બન્નેને ભગવાને યાદ કર્યા ।।૧૬।।

એકવાર ભગવાન્ શ્રીકૃષ્ણે તે બન્ને ઉપર પ્રસન્ન થઈ, દારુક પાસે રથ મંગાવ્યો અને તેમાં સવાર થઈ દ્વારકાથી વિદેહ જવામાટે પ્રસ્થાન કર્યું ।।૧૭।।

ભગવાનની સાથે નારદજી, વામદેવ, અત્રિ, વેદવ્યાસજી, પરશુરામજી, અસિત, આરુણિ, હું (શુકદેવજી), બૃહસ્પતિ, કણ્વ, મૈત્રેય અને ચ્યવન વગેરે ઋષિઓ પણ હતા ।।૧૮।।

હે પરીક્ષિત! તેઓ જ્યાં-જ્યાં જતા ત્યાં-ત્યાં લોકો પૂજાની સામગ્રી લઈને હાજર થતા. પૂજા કરનારાઓને ભગવાન્ ગ્રહોની સાથે સાક્ષાત્ સૂર્યનારાયણ ઉદિત થઈ રહ્યા હોય તેવા જણાતા ।।૧૯।।

હે પરીક્ષિત! તે યાત્રામાં આનર્ત, ધન્વ, કુરુ, જાંગલ, કંક, મત્સ્ય, પાંચાલ, કુન્તિ, મધુ, કેકય, કોસલ, અર્ણ અને બીજા દેશોના નર-નારીઓએ પોતાના નેત્રરૂપી પડિયાઓથી ભગવાન્ શ્રીકૃષ્ણના મુક્ત હાસ્ય અને પ્રેમાળ દષ્ટિથી યુક્ત મુખારવિન્દના મકરન્દ રસનું પાન કર્યું ।।૨૦।।

ત્રણ લોકના ગુરુ ભગવાન્ શ્રીકૃષ્ણની દષ્ટિથી તેમની અજ્ઞાન દષ્ટિ દૂર થઈ ગઈ. દર્શન કરનારાં નર-નારીઓને પરમ કલ્યાણ અને અર્થદષ્ટિ (સર્વસ્થલે અર્થરૂપ ભગવાન્, જે સર્વ વસ્તુઓમાં વસ્તુનું સ્વરૂપ છે તેમનાં દર્શન કરે તેવી દષ્ટિ તે અર્થદષ્ટિ.) નું દાન કરતા-કરતા પ્રભુ પધારી રહ્યા હતા. રસ્તામાં બધેય દેવરૂપી મનુષ્યો (અથવા દેવો અને મનુષ્યો) ભગવાનની તે કીર્તિનું ગાન કરીને સંભળાવતા

હતા જે સમસ્ત દિશાઓને ઉજ્જ્વલ બનાવનારી તથા સમસ્ત અશુભોનો નાશ કરી દેનારી છે. આમ ભગવાન્ શ્રીકૃષ્ણ ધીરે-ધીરે વિદેહ દેશમાં પહોંચ્યા ।।૨૧।।

હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણના શુભાગમનના સમાચાર સાંભળી પ્રજાજનોના આનન્દની સીમા ન રહી. તેઓ પોતાના હાથમાં પૂજાની વિવિધ સામગ્રીઓ લઈ આપનું સામૈયું કરવા આવ્યા ।।૨૨।।

ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન કરીને તેમનાં હૃદય અને મુખકમલ પ્રેમ અને આનન્દ થી ખીલી ઊઠ્યાં. તેમણે ભગવાનને તથા જેમનાં નામ માત્ર સાંભળ્યાં હતાં પણ જેમને કદી જોયા નહોતા તે મુનિઓને હાથ જોડી મસ્તક નમાવી પ્રણામ કર્યા ।।૨૩।।

જગદ્ગુરુ ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના ઉપર કૃપા કરવા જ પધાર્યા છે એમ સમજી, મિથિલાનરેશ બહુલાશ્વ અને શ્રુતદેવે પ્રભુનાં ચરણોમાં પડી પ્રણામ કર્યા ।।૨૪।।

બહુલાશ્વ અને શ્રુતદેવ બન્નેએ એકી સાથે હાથ જોડી મુનિમંડલી સાથે ભગવાન્ શ્રીકૃષ્ણને આતિથ્ય ગ્રહણ કરવાને માટે આમન્ત્રણ આપ્યું ।।૨૫।।

ભગવાન્ શ્રીકૃષ્ણ બન્નેની પ્રાર્થનાનો સ્વીકાર કરી બન્નેને પ્રસન્ન કરવામાટે એક જ સમયે જુદા-જુદા રૂપથી બન્નેને ઘેર પધાર્યા અને આ વાતની જાણ એકબીજાને ન થઈ કે ભગવાન્ શ્રીકૃષ્ણ મારા ઘર સિવાય બીજે ક્યાંય પણ પધારી રહ્યા છે* ।।૨૬।।

**વિશેષ :** શ્રુતદેવને ત્યાં ભગવાન્ તથા મુનિઓ પધાર્યા છે. જનકને ત્યાં બીજા સ્વરૂપે તથા મુનિઓનાં સ્વરૂપ ધારણ કરી પધાર્યા છે. જનક રાજાને ત્યાં ઘણા દિવસ બિરાજ્યાં છે. શ્રુતદેવને ત્યાં સન્માર્ગનો ઉપદેશ કરવા એકજ દિવસ બિરાજ્યા છે અને છતાં બન્નેના ઘેરથી એકી સાથે વિદાય થાયછે.

વિદેહરાજ બહુલાશ્વ બહુ ઉદાર હતા. દુષ્ટ દુરાચારી લોકો જેમનું નામ પણ ન સાંભળી શકે તે જ ભગવાન્ શ્રીકૃષ્ણ તથા ઋષિમુનિઓ મારે ઘેર પધાર્યા છે તે જોઈ સુન્દર આસન મંગાવ્યા અને ભગવાન્ શ્રીકૃષ્ણ તથા ઋષિમુનિઓ ને આસન ઉપર પધરાવ્યા. તે વખતે બહુલાશ્વની વિચિત્ર દશા હતી. પ્રેમભક્તિના ઉદ્રેકથી તેમનું હૃદય ભરાઈ આવ્યું હતું. આંખોમાં આંસુ ઊભરાઈ રહ્યાં હતાં. તેમણે પોતાના અતિ પૂજ્ય અતિથિઓના ચરણોમાં નમસ્કાર કરી ચરણો પખાળ્યાં અને પોતાના

કુટુમ્બની સાથે તે ચરણોનું ગંગાજી સમાન લોકપાવન જલ મસ્તક ઉપર ધારણ કર્યું. પછી ભગવાન્ તથા ભગવત્સ્વરૂપ ઋષિઓને ગન્ધ, માલા, વસ્ત્ર, અલંકાર, ધૂપ, દીપ, અર્ઘ્ય, ગાય, બળદ વગેરે સમર્પણ કરી તેમની પૂજા કરી ।।૨૭-૨૯।।

જ્યારે બધા ભોજન (પાન, વિશ્રામ અને શયન) કરી તૃપ્ત થઈ ગયા ત્યારે રાજા બહુલાશ્વ ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણોને પોતાની ગોદમાં લઈને બેસી ગયા અને બહુ જ આનન્દથી ધીરે-ધીરે તેમના ઉપર હાથ ફેરવતા (ચરણ દબાવતા) અત્યન્ત મધુર વાણીથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા ।।૩૦।।

**રાજા બહુલાશ્વે કહ્યું** : આપ સર્વ પ્રાણીઓના આત્મા, અન્તર્યામી અને સ્વયં પ્રકાશ છો, હે વિભો! આપનાં ચરણ કમલનું સ્મરણ કરનારને આપે દર્શન આપ્યાં તે ભક્તિમાર્ગને અનુરૂપ જ છે ।।૩૧।।

હે પ્રભો! આપનું વચન છે કે ''મને લક્ષ્મીજી, બ્રહ્માજી કે શિવજી એટલા પ્રિય નથી જેવો મારો ભક્ત મને પ્રિય છે'' એ વચન સત્ય કરવાને જ આપે અમોને દર્શનઆપ્યાં છે ।।૩૨।।

ભલા એવો ક્યો પુરુષ હોય કે જે આપની પરમ દયાલુતા અને પ્રેમ પરવશતાને જાણીને પણ આપના ચરણકમલનો પરિત્યાગ કરી શકે? હે પ્રભો! જેમણે જગતની સમસ્ત વસ્તુઓનો અને શરીર વગેરેનો મનથી પરિત્યાગ કરી દીધો છે તે પરમ શાન્ત મુનિઓને આપ આપનાં સ્વરૂપ સુદ્ધાનું દાન કરી દો છો ।।૩૩।।

આપે યદુવંશમાં અવતાર લઈ જન્મ-મૃત્યુ (સંસાર) ના પ્રવાહમાં તણાતા મનુષ્યોને તેમાંથી છોડાવવાને માટે જગતમાં એવા વિશુદ્ધ યશનો વિસ્તાર કર્યો છે કે જે ત્રણેય લોકના પાપ-તાપને શાન્ત કરી દે છે ।।૩૪।।

હે પ્રભો! આપ અચિન્ત્ય, અનન્ત ઐશ્વર્ય અને માધુર્યના નિધિ છો. બધાના ચિત્તને પોતાના તરફ આકર્ષવામાટે આપ સચ્ચિદાનન્દ સ્વરૂપ શ્યામ બ્રહ્મ છો. આપનું જ્ઞાન અનન્ત છે. પરમ શાન્તિનો વિસ્તાર કરવામાટે આપ જ નારાયણ ઋષિના રૂપમાં તપ કરી રહ્યા છો. હું આપને નમસ્કાર કરું છું ।।૩૫।।

હે એકરસ અનન્ત! મુનિમંડલીની સાથે આપ અમારે ત્યાં કેટલાક દિવસ બિરાજો અને આપના ચરણની ધૂલીથી આ નિમિના વંશને પવિત્ર કરો ।।૩૬।।

લોકોને અનુભવ કરાવનાર ભગવાન્ રાજા બહુલાશ્વની આ પ્રાર્થનાનો સ્વીકાર કરી મિથિલાવાસીઓના નર-નારીઓનું કલ્યાણ કરતા કેટલોક સમય ત્યાં

બિરાજ્યા. (મિથિલા જ્ઞાનીઓની નગરી છે. ત્યાંના લોકો ઉત્સવને બહુ જાણતા હોતા નથી તેથી તેમને આપે ઉત્સવનું વિતરણ કર્યું) ।।૩૭।।

જેવી રીતે રાજા બહુલાશ્વ ભગવાન્ શ્રીકૃષ્ણ અને મુનિમંડલી ના પધારવાથી આનન્દ મગ્ન થઈ ગયા હતા તેવી જ રીતે શ્રુતુદેવ બ્રાહ્મણ પણ ભગવાન્ શ્રીકૃષ્ણ અને મુનિઓ ને પોતાને ઘેર પધારેલા જાણી આનન્દ વિહ્વલ થઈ ગયા. તેમણે તેમને નમસ્કાર કર્યા અને ખભા ઉપરના દુપટ્ટાના બે છેડા બે હાથમાં લઈ તે ઉછાળતા-ઉછાળતા નાચવા લાગ્યા ।।૩૮।।

પધારેલા સર્વને ઘાસ, દર્ભના આસન તથા ચટાઈ ઉપર બેસાડીને સ્વાગતથી અભિનન્દન કરી પત્ની સહિત તેમણે આનન્દથી તેમનાં ચરણ ધોયાં ।।૩૯।।

મહા સૌભાગ્યશાલી શ્રુતદેવના બધા મનોરથો ભગવાન્ શ્રીકૃષ્ણ તથા ઋષિઓનું ચરણોદક મળવાથી જ પૂર્ણ થઈ ગયા. તે ચરણોદકથી પોતે સ્નાન કર્યું, કુટુમ્બીઓને સ્નાન કરાવ્યું અને આખા ઘરમાં તે છાંટી દીધું. હર્ષના અતિરેકથી તેઓ મતવાલા થઈ રહ્યા હતા ।।૪૦।।

ત્યારબાદ તેમણે ઉત્તમ ફળો, ખસથી સુવાસિત નિર્મલ તથા મીઠું પાણી, (હાથપગ ધોવામાટે) સુગન્ધી માટી, તુલસી, કુશ, કમલો વગેરે અનાયાસે પ્રાપ્ત થયેલ પૂજા સામગ્રી અને સત્વગુણ વધારનાર અન્નથી બધાની પૂજા કરી ।।૪૧।।

શ્રુતદેવ મનમાં વિચાર કરવા લાગ્યા કે હું તો ઘરરૂપી અન્ધારા કૂવામાં પડ્યો છું, સર્વ તીર્થરૂપ ચરણ રેણુવાળા અને ભગવાનને રહેવાના સ્થાનરૂપ તેવા આ ઋષિમુનિઓનો અને શ્રીકૃષ્ણનો સમાગમ મને ક્યાંથી થાય? છતાં એમની કૃપાથી થયો એ મારું મોટું ભાગ્ય હું સમજું છું ।।૪૨।।

જ્યારે બધા લોકો આતિથ્ય સ્વીકાર કરી આરામથી બેસી ગયા ત્યારે શ્રુતદેવ પોતાનાં સ્ત્રી પુત્રો તથા બીજા સમ્બન્ધીઓ સાથે તેમની સેવામાં ઉપસ્થિત થયા. ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણકમલનો સ્પર્શ કરતાં તે કહેવા લાગ્યા ।।૪૩।।

**શ્રુતદેવે કહ્યું :** આપે આપની શક્તિઓ દ્વારા આ જગતની રચના કરી અને આત્મસત્તાના રૂપમાં તેમાં પ્રવેશ કર્યો એ ભગવાન્ કેવા હશે તે વિશે અત્યાર સુધી તો હું વિચાર જ કરતો હતો, (કદી દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું ન હતું) પરન્તુ આજે જ આપ પૂર્ણ પુરુષોત્તમનાં દર્શન થયાં* ।।૪૪।।

**વિશેષ :** આ અર્થ **''અદ્ય નો દર્શનં પ્રાપ્તઃ''** પાઠ પ્રમાણે થયો. બીજો **''નાદ્ય નો દર્શનં**

**પ્રાપ્તઃ''** પાઠ પણ છે. તે પ્રમાણે અર્થ-મને આપનાં દર્શન આજે જ થયાં હોય તેવું નથી. જ્યારથી આપે આ જગતની રચના કરી તેમાં આત્મસત્તાથી પ્રવેશ કર્યો ત્યારથી હું સર્વ વસ્તુમાં આપનાં દર્શન કરું છું. આ શાસ્ત્રીય વાત થઈ. સાક્ષાત્ મારાં નેત્રોથી તો આજે જ થયાં.

જેવી રીતે નિદ્રાધીન પુરુષ સ્વપ્નની અવસ્થામાં અવિદ્યાવશ મનમાં ને મનમાં સ્વપ્ન જગતની સૃષ્ટિ કરી લે છે અને તેમાં પોતે પણ શામિલ થઈ અનેક રૂપોમાં અનેક કર્મો કરતો જણાય છે તેવી જ રીતે આપે આપમાં જ પોતાની માયાથી જગતની રચના કરી લીધી છે અને હવે તેમાં પ્રવેશ કરી અનેક રૂપોમાં પ્રકાશિત થઈ રહ્યા છો ।।૪૫।।

જે લોકો સર્વદા આપની લીલા કથાનું શ્રવણ-કીર્તન કરે છે અને આપની પ્રતિમાઓનું અર્ચન-વન્દન કરે છે તથા આપની જ લીલાઓની પરસ્પર ચર્ચા કરે છે તેમનું ચિત્ત (અને દૃષ્ટિ) શુદ્ધ થતાં આપ તેમના હૃદયમાં પ્રકટ થાઓ છો ।।૪૬।।

કર્મવડે જેનાં ચિત્ત વિક્ષિપ્ત થયાં છે તેના હૃદયમાં આપ છો છતાં એનાથી બહુ દૂર છો કેમકે અન્તઃકરણમાં રહેલી શક્તિઓથી આપ જોઈ શકાઓ પણ તે શક્તિઓ તો કર્મમાં રોકાઈ ગયેલી હોવાથી કર્મઠના હૃદયમાં આપ દેખાતા નથી. જે શક્તિ ભગવાનનાં દર્શનમાટે છે તેનો વિનિયોગ કર્મમાં કરવાથી ભગવાન્ એની પાસે છતાં બહુ દૂર રહે છે. જેણે જડ ગુણોમાં જ આત્મા સ્વીકાર્યો એટલે જડ અને ચેતન એ બે કોટિમાં ચેતનને આત્મા માને તો દર્શન થાય પણ આ તો જડને આત્મા માને છે તેથી એ ભગવાન્ ચેતન હોવાથી એનું ગ્રહણ કરવાને અસમર્થ થાય છે ।।૪૭।।

હે પ્રભો! બ્રહ્મ અને આત્મા એક છે એમ જાણનારા અનુભવયુક્ત જ્ઞાનીઓના આપ ઉત્કૃષ્ટ આત્મા છો. (આ સિવાય) બીજો આપને આત્મા જ નથી. જેમણે આત્માનો ભેદ કરેલો છે તેમને માટે તો આપ મૃત્યુરૂપ છો. કાલ વગેરે આપનું નિત્ય શરીર છે, ઘડો વગેરે આપનું અનિત્ય શરીર છે; આમ આપ નિત્ય અને અનિત્ય બન્ને શરીર ધારણ કરો છો, આપે આપની માયાથી આત્માને ઢાંકી દીધેલ છે અને દૃષ્ટિને રોકી રાખેલ છે. આવા આપ તો માત્ર નમસ્કાર કરવા યોગ્ય છો તેથી આપને હું નમસ્કાર જ કરું છું ।।૪૮।।

હે દેવ! અમે આપના દાસ છીએ. અમને આજ્ઞા કરો. આપની કઈ સેવા અમે કરીએ? મનુષ્યને આપનાં દર્શન થતાં ક્લેશ રહેતો નથી. જ્યાં સુધી આપનો

સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી જ ક્લેશનો સમ્ભવ છે. આપનાં દર્શન કરનાર જીવને સ્વાર્થ તો રહ્યો નહિ એને સ્વામીકાર્ય કરવાનું રહ્યું તેથી આજ્ઞા માગવી એ યોગ્ય જ છે ।।૪૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! શરણાગત ભયહારી ભગવાન્ શ્રીકૃષ્ણે શ્રુતદેવની પ્રાર્થના સાંભળી પોતાના હાથથી તેનો હાથ પકડી લીધો અને તેને હસતાં-હસતાં કહ્યું ।।૫૦।।

**ભગવાન્ બોલ્યા** : હે બ્રહ્મન્! તમારા ઉપર અનુગ્રહ કરવામાટે આ મુનિઓ તમારે ત્યાં આવ્યા છે એમ તમે જાણો. એ પોતાની ચરણરેણુથી લોકોને પવિત્ર કરતા મારી સાથે સર્વત્ર ફર્યા કરે છે ।।૫૧।।

દેવો, પુણ્યક્ષેત્રો અને તીર્થો વગેરે તો દર્શન, સ્પર્શ, અર્ચન દ્વારા ધીરે-ધીરે ઘણા કાળે પવિત્ર કરે છે, પરન્તુ સન્તપુરુષ પોતાની દૃષ્ટિથી જ બધાને પવિત્ર કરી દે છે. એટલું જ નહિ દેવો વગેરેમાં પવિત્ર કરવાની જે શક્તિ છે તે પણ તેમને સન્તોની દૃષ્ટિથી જ પ્રાપ્ત થાય છે* ।।૫૨।।

**વિશેષ** : **"અભ્યનુજ્ઞાવિહીનં હિ બ્રાહ્મણાનાં વિશેષતઃ। સર્વં નિષ્ફલતાં યાતિ વ્રતદાનાર્ચનાદિકમ્"** વ્રત, દાન, પૂજન વગેરે બ્રાહ્મણોની આજ્ઞા લીધા વગર કરે તો એ સર્વ નિષ્ફળ જાય છે એવાં ધર્મ શાસ્ત્રનાં વાક્યોથી આ વિષય વિશેષ દૃઢ થાય છે. (કારિકા)

હે શ્રુતદેવ! જગતમાં બ્રાહ્મણ જન્મથી જ બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. તેમાંય વળી તે તપસ્યા, વિદ્યા, સન્તોષ અને મારી ભક્તિથી યુક્ત હોય તો પછી કહેવાનું જ શું? ।।૫૩।।

આ ચતુર્ભુજ સ્વરૂપ મને બ્રાહ્મણ કરતાં વધારે વહાલું નથી, કારણ કે બધા વેદો વિપ્રમાં રહેલા છે અને બધા દેવો મારામાં રહેલા છે* ।।૫૪।।

**વિશેષ** : પ્રમેયનું સાબિત થવું પ્રમાણ (વેદ) ને આધીન છે. પ્રમાણથી પ્રમેય સાબિત થાય છે. **માનાધીના મેયસિદ્ધિઃ।** આ બ્રાહ્મણો પ્રમાણના પૂજારીઓ હોવાથી ભગવાન્ અહીં તેમનો આદર કરે છે.

દુર્બુદ્ધિ મનુષ્યો આ મારો અભિપ્રાય અને સિદ્ધાન્ત જાણ્યા વિના માત્ર મૂર્તિ, તીર્થ, ક્ષેત્ર વગેરેમાં જ પૂજ્ય બુદ્ધિ રાખે છે અને ગુણોમાં દોષ કાઢી મારા રૂપ જગદ્ગુરુ બ્રાહ્મણનો, જે તેનો આત્મા જ છે, તિરસ્કાર કરે છે ।।૫૫।।

આ ચર અને અચર આખું વિશ્વ અને વિશ્વના કારણરૂપ તત્વો તે બધું

ભગવદ્રૂપ છે એમ બ્રાહ્મણ પોતાના ચિત્તમાં જાણે છે ।।૫૬।।

હે બ્રહ્મન્! આ બ્રહ્મર્ષિઓને તમે ભગવદ્બુદ્ધિથી પૂજો તો જ તમે મારું સાક્ષાત્ પૂજન કર્યું એમ હું માનીશ, નહિ તો મોટી સમૃદ્ધિથી પણ કરેલ મારું પૂજન મને સન્તોષ આપનાર થતું નથી ।।૫૭।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણની આ આજ્ઞા મેળવી શ્રુતદેવે ભગવાન્ શ્રીકૃષ્ણ અને તે બ્રહ્મર્ષિઓની એકાન્ત ભક્તિથી આરાધના કરી સદ્ગતિ (ભગવાનનું સાયુજ્ય) પ્રાપ્ત કરી અને મિથિલા નગરીના રાજા બહુલાશ્વે પણ (દેહ પડ્યા પછી) તે જ ગતિ પ્રાપ્ત કરી ।।૫૮।।

**એવં સ્વભક્તયો રાજન્ ભગવાન્ ભક્તભક્તિમાન્ ।।**
**ઉષિત્વાઽઽદિશ્ય સન્માર્ગં પુનર્દ્વારવતીમગાત્ ।।૫૯।।**

હે રાજન્! ભક્તમાં ભક્તિવાળા ભગવાન્ એમ પોતાના બન્ને ભક્તોને ત્યાં બિરાજી એ બન્નેને સન્માર્ગનો ઉપદેશ આપી સત્પુરુષની ગતિરૂપ ભગવાન્ ફરી દ્વારકાપુરીમાં પધાર્યા ।।૫૯।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (છેલ્લા પાંચમા ગુણ પ્રકરણનો વીર્યરૂપ બીજો) ''અર્જુને કરેલું સુભદ્રાનું હરણ'' નામનો (ઉત્તરાર્ધનો સાડત્રીસમો અને ચાલુ) છ્યાશીમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ત્રેયાશીમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૮૭

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૮૪

# શ્રુતિઓએ ભગવાનની સ્તુતિ કરી જીવે ભગવાનની ભક્તિ કરવી એમ સિદ્ધ કર્યું

### પ્રકરણ ૫ મું ગુણ પ્રકરણ અધ્યાય૩

**વિશેષ :** વેદરૂપ શબ્દ અને બ્રહ્મરૂપ અર્થનો વાચ્ય-વાચક સમ્બન્ધ જેવો માન્યો છે તેવો કહેવાને માટે વેદવ્યાસજીએ આ શ્રુતિગીત કહ્યું છે. અહીં પ્રમાણરૂપ બ્રાહ્મણ છે એ પૂર્વાધ્યાયમાં શ્રુતદેવની કથાથી કહેવામાં આવ્યું. પ્રમેયરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ છે તેથી એમનું ભજન કરવાનું આ અધ્યાયમાં કહ્યું છે. એમાં વાચક સમ્બન્ધમાં યુક્તિ કહેવી જોઈએ તેથી

રાજાનો અહીં પ્રશ્ન છે. વેદનું વાક્ય સગુણ હોય તો બ્રાહ્મણો પણ વેદમાં નિષ્ઠાવાળા છે. તો-તો અહીં ભગવાન્ જ પૂજ્ય છે, બીજો કોઈ રીતે પૂજ્ય નથી એમ નિશ્ચય થાય. વૈદિક સિદ્ધાન્ત સનન્દને કહ્યો તેથી એ મતાન્તર ઉક્તિ છે. અનન્ત ગુણોથી પૂર્ણ હરિ, બ્રહ્મ (અક્ષર) અને શ્રુતિ એ ત્રણ એકત્ર પોતાની શક્તિમાં વહેંચીને ત્રણ ભાગને ફલ (શ્રીકૃષ્ણ), પ્રમેય (બ્રહ્મ) અને પ્રમાણ (શ્રુતિ) રૂપ થઈ છે. તે જ સત્, ચિત્ અને આનન્દરૂપ પણ છે. સ્વરૂપથી ફલરૂપે થયા તે શ્રીકૃષ્ણ, પ્રમેયરૂપે થયા તે બ્રહ્મ, પ્રમાણરૂપે થતાં શ્રુતિરૂપ થયા. આનન્દાંશને પ્રાધાન્ય આપી શ્રીકૃષ્ણ થયા, ચિદંશના પ્રાધાન્યથી બ્રહ્મ અને સદંશને પ્રાધાન્યથી સ્વીકારીને શ્રુતિરૂપ થયા. આ ૮૭ મા અધ્યાયમાં શ્રુતિનો વાચ્યાર્થ બ્રહ્મ છે. એને માટે પૂર્વ પક્ષ કરી સિદ્ધાન્તરૂપે શ્રીકૃષ્ણ ફલાત્મા છે તેમનું ભજન કરવું એ જીવમાત્રનો સ્વધર્મ છે એમ શ્રુતિઓ સિદ્ધ કરે છે. તત્વ અઠ્ઠાવીસ છે તેથી અઠ્ઠાવીસ શ્લોકથી શ્રુતિઓએ ભગવત્સ્વરૂપનું સ્તવન કર્યું છે એટલે સર્વતત્વનું તત્વ આ ગીતમાં કહેવામાં આવ્યું છે. (કારિકા)

**બ્રહ્મન્ બ્રહ્મણ્યનિર્દેશ્યે નિર્ગુણે ગુણવૃત્તયઃ ।।**
**કથં ચરન્તિ શ્રુતયઃ સાક્ષાત્ સદસતઃ પરે ।।૧।।**

**રાજા પરીક્ષિત બોલ્યા :** (શબ્દાર્થ) હે ભગવન્! બ્રહ્મ કાર્ય અને કારણ થી સર્વથા પર છે. સત્વ, રજ અને તમ- આ ત્રણે ગુણ તેમાં છે જ નહિ. મન અને વાણી થી સંકેતરૂપમાં પણ તેનો નિર્દેશ થઈ શકે તેવો નથી. બીજી બાજુ બધી શ્રુતિઓનો વિષય ગુણો જ છે. (તેઓ જે વિષયનું વર્ણન કરે છે તેના ગુણ, જાતિ અથવા ક્રિયા નો જ નિર્દેશ કરે છે) આ સ્થિતિમાં શ્રુતિઓ નિર્ગુણ બ્રહ્મનું પ્રતિપાદન કઈ રીતે કરે છે? કારણ કે નિર્ગુણ વસ્તુનું સ્વરૂપ તો તેની શક્તિની બહારનો વિષય છે ।।૧।।

**શ્રીસુબોધિનીજી :** (ભગવદ્ગુણનો વિરોધ દૂર થતાં પ્રમાણમાં વિરોધ આવે છે એવી શંકા કરે છે) હે બ્રહ્મન્! બ્રહ્મમાં શ્રુતિઓ સાક્ષાત્ બ્રહ્મનું પ્રતિપાદન કેવી રીતે કરી શકે એ પ્રશ્ન છે. અહીં શ્રુતિની એક વાક્યતાનો સ્વીકાર કરીને રાજા પૂછે છે. એક વાક્યતા તો બધી શ્રુતિઓ એકનું જ કથન કરે તો થાય એ તો સર્વ ગુણનું વર્ણન કરે છે. બ્રહ્મ તો નિર્ગુણ છે. તેથી રાજાને સન્દેહ થયો. રાજા પૂછે છેઃ''બ્રહ્મ વેદોનો તાત્પર્યાર્થ છે કે વાક્યાર્થ (વ્યુત્પત્તિથી થતો અર્થ) છે?'' અખંડ વાક્યાર્થને રાજા જાણતો નથી માટે પૂછે છે. પદના અર્થો કરણતાને પામી વાક્યાર્થને ઉત્પન્ન કરે છે એમ રાજાનું મન્તવ્ય છે. **''વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ'' ''સર્વે વેદા યત્પદમામનન્તિ''** એ બે શ્રુતિઓથી સર્વ વેદ એક જ અર્થને કહેનાર છે એમ જણાય

છે. શ્રુતિઓ ભગવાનની અનેક પ્રકારની જ્ઞાન શક્તિ અને ક્રિયા શક્તિનું પ્રતિપાદન કરે છે. શક્તિ ગુણમયી છે એટલે શ્રુતિઓને પણ સગુણ કહેવી જોઈએ. પદનો સંકેત તો લૌકિકમાં થઈ શકે તે લૌકિક સંકેતથી અલૌકિક પદાર્થનું સ્મરણ શી રીતે થઈ શકે? લૌકિક સંકેતથી બ્રહ્મનું વર્ણન થાય તો બ્રહ્મ પણ લૌકિક થઈ જાય. આ પૂર્વ પક્ષથી વેદ માત્ર, સાધનનો કહેનાર છે, ફલ સુધી પહોંચનાર નથી તેથી સ્વપ્રકાશ બ્રહ્મ સ્વાનુભવવેદ્ય છે તે પ્રસન્ન થઈને કૃતાર્થ કરે તો જીવ કૃતાર્થ થાય તેથી પ્રમેય (બ્રહ્મ) બલથી કાર્ય સિદ્ધિ થાય. પ્રમાણ (વેદ) બલથી કાર્ય સિદ્ધિ નથી એ પૂર્વપક્ષ છે. બ્રહ્મ તો અલૌકિક છે એમ કહ્યું. તેની અલૌકિકતાનાં કારણ કહે છે કે એ અનિર્દેશ્ય છે. આ ઘડો-આ કપડું એમ બતાવવું એ નિર્દેશ કહેવાય. તેવો નિર્દેશ બ્રહ્મને માટે કરી શકાતો નથી. વિચાર કરવામાં આવે ત્યારે બૃહત્પણું (સર્વથી અધિક અથવા સર્વથી જૂના હોવાપણું) બૃહણપણું (વધ્યા કરવાપણું) એવી (બ્રહ્મ શબ્દની) વ્યુત્પત્તિ પણ લૌકિક ધર્મ (ગુણ) થી જુદું (બ્રહ્મ છે એમ જણાવનારી) હોવાથી, બ્રહ્મમાં જ ઘટે છે તેથી 'બ્રહ્મ' શબ્દ અયોગ્ય નથી જ. પણ વિચાર કરતાં લૌકિક ધર્મથી જુદું બ્રહ્મ તો સર્વ શબ્દનો વાચ્યાર્થ નથી પણ બુદ્ધિવાચ્ય છે તેથી સમાન ધર્મથી વ્યવહાર થઈ શકશે. બ્રહ્મ નિર્ગુણ છે. શ્રુતિઓ તો પદ-પદથી ગુણનું વર્ણન કરનારી એટલે ગુણમાં વૃત્તિવાળી છે એટલે એ ધર્મને કહેનારી છે. બ્રહ્મ નિર્ધર્મક છે. બ્રહ્મમાં ધર્મનો સ્વીકાર કરો તો અદ્વૈતની હાનિ થાય તેથી સાક્ષાત્ નિર્ધર્મક બ્રહ્મમાં એ કેમ પહોંચી શકે? તે બ્રહ્મ જ કાર્યરૂપ થાય છે ત્યારે શ્રુતિ તે કાર્ય કારણનું વર્ણન કરે ત્યારે એ દ્વારા એ ભગવાન્ બ્રહ્મમાં પણ પહોંચે તેથી લક્ષણા, ગૌણી કે તાત્પર્ય વૃત્તિ થી શ્રુતિની બ્રહ્મપરતા થાય- ત્યાં કહે છે કે બ્રહ્મ તો કાર્ય અને કારણ થી પણ પર છે. એ તો સ્વાનન્દ પૂર્ણ છે. એને કાર્ય કે કારણ થી પ્રયોજન નથી. તેથી સમ્બન્ધના અભાવથી, ગુણના અભાવથી, તાત્પર્યના અભાવથી બ્રહ્મ કેવી રીતે શ્રુતિ પ્રતિપાદ્ય થઈ શકે? ।।૧।।

એમ એક શ્લોકથી રાજાએ પૂર્વપક્ષ કર્યો. બીજા શ્લોકથી શુકદેવજી સિદ્ધાન્ત કહે છે :

**શ્રીશુકદેવજી કહે છે** : (શબ્દાર્થ) ૧. જગતને માટે ૨. ઉદ્ભવનેમાટે ૩.આત્માનેમાટે અને ૪. કલ્પનાન થાય (અથવા થાય)તે માટે,પ્રભુએ જીવોનાં બુદ્ધિ, ઇન્દ્રિય, મન અને પ્રાણોની સૃષ્ટિ કરી છે ।।૨।।

**શ્રીસુબોધિનીજી** : અહીં પૂર્વપક્ષ કરનારને પૂછવું જોઈએ કે બ્રહ્મ શ્રુતિસિદ્ધ છે એમ તેં શ્રુતિદ્વારા જાણ્યું એનો વિચાર કરે છે કે તારા મનથી બ્રહ્મને તું સમજીને વિચાર કરે છે? જો શ્રુતિદ્વારા જાણીને વિચાર કરે તો એમાં સન્દેહ જ નથી પણ વિચારમાં પ્રકાર જ શોધવો

જોઈએ. બુદ્ધિથી બ્રહ્મનો વિચાર કરનારને તો જવાબ જ ન દેવો જોઈએ. સત્પુરુષો એવાની તો ઉપેક્ષા જ કરે. બ્રહ્મ તો જેવું વેદાન્તમાં કહ્યું છે તેવું માનવું જોઈએ. એમાં મૂળભૂત બ્રહ્મ સર્વ વ્યવહારથી પર છે તો પણ એ બ્રહ્મ પોતે જ પોતાની શક્તિરૂપે પોતાના ધર્મરૂપે અને કાર્યરૂપે થાય છે એમ શ્રુતિ કહે છે. બ્રહ્મ તો શ્રુતિથી જ જણાઈ શકે તેવું હોવાથી એ બ્રહ્મમાં સંકેત સમીપથી અથવા દૂરથી લોકધર્મની સમાનતાથી, વૈદિક પરરૂપરાથી થાય તેથી સર્વ ભગવદ્દ્ભાવનું ખંડશઃ શ્રુતિ પ્રતિપાદન કરે છે. તેથી સમ્પૂર્ણ વાક્ય પણ બ્રહ્મને જ કહે છે એમ સિદ્ધ થશે તે વાક્યાર્થ અપૂર્વ થશે. જેમ લોકમાં લોકાનુવાદ છે એ જો શ્રુતિ કહે તો શ્રુતિ લૌકિક થઈ જાય-એવી શંકા થાય તેથી આ વાક્યાર્થને અપૂર્વ કહ્યો. અપૂર્વ વાક્યાર્થ કેમ બોધ કરે એનો પ્રકાર કહે છેઃલૌકિકમાં **''ચૈત્રઃ ઘટં કરોતિ''** એ વાક્યનો ઘટકૃતિરૂપ વાક્યાર્થ છે. એનો વક્તા લૌકિક જીવ છે તેની બુદ્ધિમાં એ વાક્યાર્થ આવ્યો. હવે ઘટને જાણવાવાળાને એનો એ બોધ કરી દે છે તેમ વૈદિક વાક્યાર્થ ભગવાન્ જગત્ કરે છે એ ભગવાનની બુદ્ધિમાં પ્રલયના સમયમાં રહે છે. એ ઈશ્વરના વાક્યનો વિષય થાય છે. જગત્કર્તાની જિજ્ઞાસાવાળાને એનો ઈશ્વર બોધ કરાવે તેથી શ્રીશુકદેવજી ભગવાને ચાર પ્રકારની સૃષ્ટિ કરી એનો પ્રકાર બતાવે છે. ભગવાન્ પ્રથમ બુદ્ધિને ઉત્પન્ન કરે છે, પછી ઇન્દ્રિયોને, પછી મનને અને ત્યાર પછી પ્રાણને ઉત્પન્ન કરે છે એવું એમનામાં સામર્થ્ય છે તેથી **'પ્રભુઃ'** એ પદ કહેલું છે. પ્રત્યેક જીવને બુદ્ધિ, ઇન્દ્રિય, મન અને પ્રાણ કરવાનું પ્રયોજન કહે છે. એમાં બુદ્ધિનું પ્રયોજન માત્ર છે. જેમનું માપ કરવામાં આવે અને જેમનું રક્ષણ કરવામાં આવે તે 'માત્રા'. એટલે જ્ઞાન (પ્રાપ્ત કરવામાં) અને ક્રિયા (કરવા) માં ઉપયોગી પદાર્થો એટલે કે બધુંય જગત્. એ બધા પદાર્થો જુદા રહે એનો શબ્દથી બોધ થતાં પણ પુરુષને જ્ઞાન ક્રિયામાં ઉપયોગી ન થઈ શકે તેથી બુદ્ધિને ઉત્પન્ન કરી. એ બુદ્ધિ જ્ઞાનક્રિયોપયોગી વિષયો ગ્રહણ કરે છે. જેમ ચિત્ર જોતાં તેમાં બધા પદાર્થની સ્ફૂર્તિ થાય તેમ બુદ્ધિમાં સર્વ જગતની સ્ફૂર્તિ થાય છે. એ બુદ્ધિવડે જે જાણવાનું કે કરવાનું હોય તે થાય છે. તેથી જગત્‌ને માટે બુદ્ધિ બતાવી. તેથી જ વેદો ખંડશઃ (કટકે-કટકે) અર્થને પ્રતિપાદન કરે તેના મહાવાક્યનું જ્ઞાન બુદ્ધિથી થઈ શકે તેથી વેદો તાત્પર્યથી બ્રહ્મનું નિરૂપણ કરે છે. આગળ જે બીજાં ત્રણનું પ્રતિપાદન કરે છે તેને માટે પણ બુદ્ધિનું નિર્માણ સમજવું. 'ભવ' એટલે સરસાઈમાટે ઇન્દ્રિયોને ઉત્પન્ન કરી છે. બુદ્ધિ તો સર્વનેમાટે છે. બુદ્ધિથી સર્વ ઉત્કર્ષ પ્રાપ્ત થાય છે. આત્મા પણ બુદ્ધિથી જ આત્મનિષ્ઠ અને ભગવન્નિષ્ઠ થાય છે. ભગવત્સેવા પણ બુદ્ધિથી થઈ શકે છે. મોક્ષ પણ બુદ્ધિથી મળે. તેથી સર્વ સિદ્ધ થાય અને સર્વ અડચણ દૂર થાય. એટલામાટે આ ચારની ઉત્પત્તિ કહી છે તેથી શંકા થાય તે પણ બુદ્ધિથી

દૂર કરવી એ પણ એનાથી સૂચિત થાય છે. એ બુદ્ધિ પરિપૂર્ણ થાય માટે ઈન્દ્રિયોને ઉત્પન્ન કરી. ઈન્દ્રિયોથી કર્મ કરે એનાથી બીજો જન્મ થાય. બીજાં પણ પ્રયોજનો ઈન્દ્રિયોથી સિદ્ધ થાય છે. વિષયોનું જ્ઞાન ઈન્દ્રિયોથી થાય છે. ભગવત્સેવા પણ ઈન્દ્રિયોથી થાય છે. ઈન્દ્રિયોથી અનેક પ્રકારની કલ્પના થાય છે. યોગાદિ દ્વારા મોક્ષ પણ થાય છે. આત્માને માટે મનને ઉત્પન્ન કર્યું છે. ''મનસૈવાનુદ્રષ્ટવ્યં'' એમ શ્રુતિ કહે છે. ઈન્દ્રિયોની પ્રવૃત્તિ થાય તે માટે મનની સૃષ્ટિ છે. પ્રાણની સૃષ્ટિ કલ્પના દૂર કરવામાટે છે. સર્વની એકતા કરી આપનાર પ્રાણ છે એટલે કે સર્વ પદાર્થ તરફ જનારા મનને આત્મા તરફ વાળે છે. જો પ્રાણ ન હોય તો અન્ન આદિ (પૃથ્વી વગેરેના પરિણામરૂપ ઘટપટાદિ) પરિણામ કરી દેખાડીને જગતનો પ્રલય થાય ત્યારે જગતની એકપણાની બુદ્ધિ થાય નહિ. ક્રિયાશક્તિ પ્રાણથી જ ઉત્પન્ન થાય છે. **''અન્નેન પ્રાણાઃ પ્રાણૈઃ બલમ્''** એમ શ્રુતિઓ કહે છે. **''પ્રાણૈર્મનો મનસશ્ચ વિજ્ઞાનં વિજ્ઞાનાદાનન્દો બ્રહ્મયોનિઃ''** એમ શ્રુતિ કહે એટલે કે પ્રાણોથી મન, મનથી વિજ્ઞાન અને વિજ્ઞાનથી બ્રહ્મમાં રહેલો આનન્દ પ્રાપ્ત થાય છે. એમ સર્વના ઉપયોગમાટે ભગવાને બુદ્ધિ, ઈન્દ્રિય, મન અને પ્રાણ ને ઉત્પન્ન કર્યાં છે. આથી (એટલે પ્રાણોથી પોષણ પામેલા મનથી પ્રવૃત્ત થયેલી ઈન્દ્રિયોથી પરિપૂર્ણ થયેલી બુદ્ધિથી કરેલા વિચારથી) સર્વ અયોગ્યતાનો નિરાસ કરવો એવો શ્રીશુકદેવજીનો ગૂઢ આશય છે. આ જ વાત નિબન્ધમાં પણ કહી છે. લૌકિકયુક્તિસિદ્ધ હોય તો એનો લોક બતાવી શકે. આ બધું ભગવાને સ્વરૂપમાંથી કર્યું છે તે અલૌકિક છે. એને અલૌકિક- શબ્દરાશિ વેદ જ કહી શકે, બીજાનું કહેવાનું સામર્થ્ય નથી. ભગવાનનો અલૌકિક યશ આમાં કહેવામાં આવ્યો છે. **''અલૌકિકસ્ય કરણાદ્ યશો જાતમ્ અલૌકિકમ્''** ઈત્યાદિથી ભગવાનનો અલૌકિક યશ થયો તે યશને નિરૂપણ કરનાર આ અધ્યાયમાં શ્રુતિવાક્યના શેષભૂત **''જય જય જહ્યજામ્''** એ અઠ્ઠાવીસ શ્લોકથી કહેલા ભાવો સમજવા ।।૨।।

આ અર્થ પોતે (શ્રીશુકે) ખોટો પાડ્યો હશે એમ શંકા થાય તે ન થવા માટે શ્રુતિઓ આ અર્થને પરમ્પરાથી કહેતી આવી છે અને એ જ ક્ષેમ પ્રાપ્તિનું સાધન છે એમ કહે છેઃ

બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરનારી પ્રસિદ્ધ ઉપનિષદ્નું આ જ સ્વરૂપ છે. તેને પૂર્વજોના પણ પૂર્વજ સનક વગેરે ઋષિઓએ ધારણ કરી છે. જે કોઈ મનુષ્ય શ્રદ્ધાપૂર્વક તેને ધારણ કરે છે તે અકિંચન થઈ જાય છે (તેની દૃષ્ટિમાં ભગવાન્ સિવાય બીજું કંઈ દેખાતું નથી) અને પરમ કલ્યાણ સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરી લે છે ।।૩।।

**શ્રીસુબોધિનીજી :** આ બ્રહ્મને કહેનાર શ્રુતિ છે. વેદમાં બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે તે

શ્રુતિ પ્રસિદ્ધ છે. એ યોગ્ય છે કેમકે શ્રુતિ સિવાય બીજો કોઈ બ્રહ્મને કહેવાને સમર્થ નથી. અહીં 'ઉપનિષદ્' શબ્દથી બ્રહ્મવિદ્યા કહી છે. 'ઉપ' ઉપસર્ગ સામીપ્યને કહેનારો છે. શ્લોકમાં **'તત્ (સા) અને હિ'** શબ્દ કહ્યા છે. તેથી બ્રહ્મ વિદ્યામાં એ જ પ્રમાણ રૂપ છે. 'તત્' શબ્દનો અર્થ પરમાત્મા છે. **'સદ્'** ધાતુના ત્રણ પ્રકારના અર્થનું **'નિ'** વિશેષણ છે. સદ્ ધાતુના ત્રણ અર્થ છે. ૧. છુટા પડવું ૨. જવું ૩. લીન થવું. જીવને બ્રહ્મ પ્રાપ્તિમાં પૂર્વ ભાવથી **'વિશરણ'** કરીને એને દેહથી જુદો કરીને બ્રહ્મમાં પહોંચાડીને (એમાં ગતિ આવી ગઈ) બ્રહ્મમાં **'લીન'** કરે છે, સ્થિર કરે છે. એમાંથી કોઈ દિવસ જુદો ન કરે એ **'નિ'** શબ્દનો અર્થ છે. એવી આ **'બ્રહ્મવિદ્યા'** 'ઉપનિષદ્' શબ્દથી કહી છે તેમ અહીં પણ સર્વ અનુપપત્તિનો પરિહાર કરી વેદને બ્રહ્મને પ્રતિપાદન કરનાર કહીને બ્રહ્મમાં મેળવીને એમાં જ સ્થિર કરે છે. આ જ વાક્ય બ્રહ્મરૂપ અર્થને પ્રતિપાદન કરીને અનુપપત્તિઓનો પરિહાર કરીને સિદ્ધાન્તને સ્થાપન કરે છે. એ ઉપનિષદને પ્રતિપાદન કરનાર હોવાથી 'ઉપનિષદ્' નામથી પ્રસિદ્ધ છે. ત્યાં શંકા થાય કે એ અર્થ મારા હૃદયમાં આવવાથી મેં એ પ્રમાણે નિર્ણય કર્યો એમ કેમ અર્થ ન થાય? ત્યાં કહે છે કે એ ઉપનિષદને પૂર્વના તમારા પૂર્વજોએ ધારણ કરી છે તેને જે શ્રદ્ધાથી ધારણ કરે તે ભગવાનને મેળવે છે. તેથી સર્વ સન્દેહ, ઉપનિષદના અર્થને વિચાર કરી, નિવૃત્ત કરવા એવો સિદ્ધાન્ત ફલિત થયો ।।૩।।

આ વિચાર રાજાથી થઈ શકે એવો ન હોવાથી કૃપા કરી પોતે સર્વ શ્રુતિનું મથન કરી જે અર્થ નિર્ણીત કર્યો છે તે કહેવાની પ્રતિજ્ઞા કરે છેઃ

આ વિષયમાં હું તમને એક ગાથા સંભળાવું છું. તે ગાથાની સાથે સ્વયં ભગવાન્ નારાયણનો સમ્બન્ધ છે. એ ગાથા દેવર્ષિ નારદજી અને ઋષિ શ્રેષ્ઠ નારાયણનો સંવાદ છે ।।૪।।

**શ્રીસુબોધિનીજી** : પૂર્વ વૃત્તાન્ત પ્રતિપાદન કરનાર વાક્ય પરરૂપરા 'ગાથા' કહેવાય. એ અહીં શ્રુતિગીતારૂપ ગાથા છે. એ લક્ષ્મીજીના ભૂજાન્તરમાં રહેલા, ઉદાર ગુણના સમુદ્રરૂપ, જગતનેક્ષ્ક્ષેતાના ઉદરમાં લઈને સૂતેલા નારાયણનો પ્રબોધ કરવા ગવાયેલી છે. એ તમારા જાણવામાં કેમ આવી? એ શંકાના ઉત્તરમાં કહે છે કે એ નારાયણ નારદજીના સંવાદરૂપ છે તે હું તમને કહીશ. મોટાઓએ કરેલો નિર્ણય એમના કહેવાથી જ સર્વના સન્દેહને દૂર કરે છે. તેથી એમનો સંવાદ જ હું કહીશ. એમણે કહેલો જનલોકનો સંવાદ પણ હું તમને કહીશ એ **'ચકાર'**નો અર્થ છે ।।૪।।

સંવાદને માટે એ કથાની પ્રસ્તાવના કરે છે :

એકવાર ભગવાન્ જેમને પ્રિય છે તેવા નારદજી લોકનું પર્યટન કરતા-કરતા સનાતન ઋષિ ભગવાન્ નારાયણનાં દર્શન કરવામાટે બદરિકાશ્રમ ગયા ।।૫।।

**શ્રીસુબોધિનીજી** : લોકમાં ફરવાથી આ ઉપનિષદ્દનું શ્રવણ કરવાનો અધિકાર પ્રાપ્ત કરાવનારી શુદ્ધિ થાય છે. એમ અહીં સૂચવ્યું છે. 'એક વખતે' એમ કહેવાથી અહીં કાળ નિયામક નથી. નારદજીને પર્યટનનું કારણ તો એ જ કે ભગવાન્ તેમને પ્રિય છે. ક્યાં ભગવાનનું માહાત્મ્ય સમજાય? ક્યાં ભગવાન્ મળે? એટલા માટે પ્રિય ભગવાનની શોધમાં એ ફર્યા કરે છે. ભગવાનને પ્રિય થવામાટે જેમ કૌડિન્યે ભ્રમણ કરેલું તેમ ભ્રમણ કરવું જોઈએ. ત્યાંથી ભગવાનનું સ્વરૂપ અને વેદને સમજાવનાર નારાયણ ઋષિનાં દર્શન કરવામાટે નારદજી બદરિકાશ્રમમાં ગયા ।।૫।।

એ સ્થાનનું પણ ઉત્તમપણું કહે છે :

ભગવાન્ નારાયણ મનુષ્યોના ક્ષેમ અને કલ્યાણ ને માટે આ ભારતવર્ષમાં કલ્પની શંઆતથીજ ધર્મ, જ્ઞાન અને સંયમપૂર્વક મહાન તપસ્યા કરી રહ્યા છે ।।૬।।

**શ્રીસુબોધિનીજી** : આ ભારત દેશ કર્મ (કરવાની) ભૂમિ છે તેમાં એક પણ માણસ તેવું કર્મ કરે કે જેથી (આખા) જગતનો જ પ્રલય થઈ જાય. તેથી તે (જગત્) નું રક્ષણ દુર્લભ હોવાથી, નારાયણ ઋષિ પોતે તેવા કર્મથી રક્ષણ કરવામાટે તથા બધાય માણસોને વધારે ને વધારે કલ્યાણની પ્રાપ્તિ થાય તે માટે કલ્પની શંઆતથી તપ કરી રહ્યા છે ।।૬।।

એ જો એકાન્તમાં તપ કરતા હોય તો એમને પૂછી ન શકાય માટે સુગમ અવસ્થાનું નિરૂપણ કરે છે :

હે પરીક્ષિત! એક દિવસ તે કલાપ ગ્રામવાસી સિદ્ધ ઋષિઓની વચ્ચે બેઠેલા હતા તે વખતે નારદજીએ તેમને પ્રણામ કરી ઘણી નમ્રતા પૂર્વક તમે જે પ્રશ્ન મને પૂછી રહ્યા છો તે જ પ્રશ્ન પૂછ્યો ।।૭।।

**શ્રીસુબોધિનીજી** : બેઠેલા હોવાથી બીજા કાર્યમાં રોકાયેલા ન હતા. 'કલાપ ગ્રામ' એટલે સર્વ વિદ્યાઓનું ધામ બનેલા. **''કલાઃ પાતિ ઇતિ કલાપઃ''** કલાઓનું પાલન કરે તે કલાપ. તેવાઓનો પણ 'ગ્રામ' એટલે સમૂહ. એટલે બધાય 'કલાપ'-સર્વ વિદ્યાઓનું ધામ હતા. નારાયણ તેમનાથી વીંટાયેલા હતા. એમ બહારની તેમની સત્વગુણની અવસ્થા કહેલી છે. પછી નારદજીએ પોતે પ્રણામ કરીને 'આ જ' એટલે તે પરીક્ષિતે પહેલા શ્લોકમાં જે પ્રશ્ન કર્યો તેજ પ્રશ્ન કર્યો. પરીક્ષિતને આ કથામાં વિશ્વાસ રહે તે માટે ''હે કુરુના વંશ જ'' એ સમ્બોધનથી તેનું માહાત્મ્ય કહેલું છે ।।૭।।

ભગવાન્ નારાયણે ઋષિઓની તે ભરી સભામાં નારદજીને તેમના પ્રશ્નનો ઉત્તર આપ્યો અને પ્રાચીન સમયના જનલોકના નિવાસીઓમાં પરસ્પર વેદોના તાત્પર્ય અને બ્રહ્મના સ્વરૂપના સમ્બન્ધમાં વિચાર કરતાં જે કથા કહી હતી તે કથા સંભળાવી ।।૮।।

**શ્રીસુબોધિનીજી** : આમાં વિશ્વાસ રહેવો દુર્લભ હોવાથી જ નારાયણે તે વૃત્તાન્ત નારદજીને કહ્યું. પ્રગટ રીતે કહેલ હોવાથી તેમાં કાંઈ સન્દેહ રાખવા જેવું ન હતું. પહેલા સંક્ષેપમાં કહેલ હોવાથી નારદજીનો સન્દેહ દૂર ન થયો એટલે, બ્રહ્મના સ્વરૂપના નિર્ધારમાટે થયેલો વિચાર-બ્રહ્મવાદનો ઈતિહાસ કહ્યો ।।૮।।

એ સંક્ષિપ્ત હોવાથી નારદજીનો સન્દેહ ન ગયો ત્યારે નારદજીને પહેલાં જે બન્યુ હતું તે કહી સંભળાવ્યું એમ હવે કહે છેઃ

**ભગવાન્ નારાયણે કહ્યું : (શબ્દાર્થ)**હે નારદજી! પ્રાચીન સમયની વાત છે. એકવાર જનલોકમાં ત્યાં રહેનારા બ્રહ્માજીના માનસ પુત્ર, નૈષ્ઠિક બ્રહ્મચારી સનક, સનન્દન સનાતન આદિ પરમર્ષિઓનો બ્રહ્મસત્ર (બ્રહ્મ વિષયક વિચાર યા પ્રવચન) થયો હતો ।।૯।।

**શ્રીસુબોધિનીજી** : જેમાં સમાન ફલવાળા અને સમાન સાધનવાળા સત્તર બ્રાહ્મણો મુખ્ય અને ગૌણસ્થાન ધારણ કરી કર્મ કરે છે તે જેમ કર્મસત્ર (કર્મયજ્ઞ) કહેવાય છે એ પ્રમાણે સન્દેહ ન રહે તેવું બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરતમાટે નિર્ણય કરવા બધાય પ્રવૃત્તિ કરે તેમનો વિચાર 'બ્રહ્મસત્ર' કહેવાય છે. તે બ્રહ્મસત્ર જનલોકમાં થયો હતો. મહર્લોક સુધી કર્મનું જ ફળ મળે છે તેથી શુદ્ધ બ્રહ્મનો વિચાર ત્યાં થઈ શકતો નથી તેથી (મહર્લોકથી ઉપરનો) *જનલોક તેમણે પસન્દ કર્યો. સ્વાયંભુવ એટલે સ્વયંભૂ; બ્રહ્માજીના પુત્ર નારદજી તેમને આમાં વિશ્વાસ રહે તે માટે એવું સમ્બોધન કરેલું છે. જનલોકમાં જ રહેતા એટલે તેમનામાં કર્મના સમ્બન્ધથી થતા દોષો ન હતા. બ્રહ્માજીના મનથી ઉત્પન્ન થયેલા માનસ પુત્રો હતા આથી જન્મની ઉત્તમતા કહેવાઈ. 'મુનિએ' એટલે મનન કરવાની ટેવવાળા-આથી તેમનું કર્મ ઉત્તમ કહેવાયું. 'બ્રહ્મચારી' શબ્દથી તેમને બ્રહ્મવિદ્યાનો અધિકાર કહેલો છે ।।૯।।

**વિશેષ** : લોક ચૌદ છે : અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાળ એ સાત લોક પૃથ્વીની નીચે છે. ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક અને બ્રહ્મલોક એ ઉપર છે.

આ વાત મારા જાણવામાં કેમ ન આવી? એમ પૂછે તો એના ઉત્તરમાં કહે છેઃ

તે વખતે તમે મારી શ્વેતદ્વીપના અધિપતિ અનિરુદ્ધ મૂર્તિનાં દર્શન કરવા શ્વેતદ્વીપ ચાલ્યા ગયા હતા. તે વખતે ત્યાં તે બ્રહ્મના સમ્બન્ધમાં સુન્દર ચર્ચા થઈ હતી, જેના વિષયમાં શ્રુતિઓ પણ મૌન ધારણ કરી લે છે, સ્પષ્ટ વર્ણન ન કરતાં તાત્પર્ય રૂપથી લક્ષણો બતાવતી તેમાં જ સૂઈ જાય છે-વિરામ પામે છે. જે પ્રશ્ન તમે મને પૂછી રહ્યા છો તે જ પ્રશ્ન તે બ્રહ્મસત્રમાં ઉપસ્થિત થયો હતો ।।૧૦।।

**શ્રીસુબોધિનીજી** : ક્ષીરોદ (દૂધના સમુદ્ર) નું સ્થાન એ ભગવાન્ અનિરુદ્ધનું ક્રીડાસાધન છે. ત્યાં શ્વેતદ્વીપના પતિનાં દર્શન કરવાને તમે ગયેલા ત્યારે બ્રહ્મવાદ સારી રીતે થયો હતો. એથી બધા પોત-પોતાના સ્થાનમાં રહેલા હતા ત્યારે બ્રહ્મવાદ થયો હતો એમ કહ્યું. પહેલાંના (ભૂર્લોકથી મહર્લોક સુધીના) લોકોનું રક્ષણ ભગવાન્ નારાયણે કરેલ હોવાથી કર્મ કરનારા સુખી હતા. ભક્તો પણ ભગવાનનાં દર્શન કરવાથી સુખી હતા ત્યારે જ્ઞાનીઓએ બ્રહ્મનું નિરૂપણ કરવામાટે વિતરાગ કથા કરી તેથી એ વાદ સુસમ્પન્ન થયો. ત્યાં શંકા કરે છે કે એ સ્થાન પણ બીજા સ્થાન જેવું જ છે તો ત્યાં કેમ સારી રીતે કથા થઈ? એના ઉત્તરમાં કહેવાનું કે શ્રુતિઓ સર્વત્ર ભ્રમણ કરીને જ્યાં શયનમાટે જાય છે તેથી શ્રુતિઓનું એ વિશ્રામસ્થાન છે. ત્યાં રહીને શ્રુતિઓ પોતાનો અભિપ્રાય પ્રકટ કરે છે. શ્રુતિની અભિમાની દેવતા અથવા મૂર્તિ ધારિણી શ્રુતિઓના વાક્યને સંવાદી નિર્ણય કોઈ દિવસ ખોટો હોય નહિ. ત્યાં રહેનાર લોકો તો શ્રુતિના અભિપ્રાયને જાણતા હોય છે. એમને સન્દેહ તો હોતો નથી તો એમને આવો વિચાર કેમ આવ્યો? એ શંકાના ઉત્તરમાં કહે છે કે ત્યાં આ જ પ્રશ્ન ખરેખર ઉપસ્થિત થયો કે જે પ્રશ્ન તમે મને પૂછો છો. તેથી જ આ ઠેકાણે પ્રશ્ન કહ્યો નથી ।।૧૦।।

ન જાણનાર પ્રશ્ન કરે અને સર્વ જાણતો હોય તે એનો ઉત્તર આપે, આ સંવાદની રીતિ છે. ત્યાં તો બધા સરખી રીતે જાણનાર છે તો પ્રશ્ન કોણ કરે? એનો ઉત્તર આપે છેઃ

સનક, સનન્દન, સનાતન, સનત્કુમાર આ ચારેય ભાઈઓ- શાસ્ત્રીયજ્ઞાન, તપસ્યા અને શીલ-સ્વભાવમાં સરખા છે. તેમની દૃષ્ટિમાં શત્રુ, મિત્ર અને ઉદાસીન સરખા જ છે. છતાં તેઓએ પોતાનામાંથી સનન્દનને વક્તા બનાવ્યા અને બાકીના ભાઈઓ શ્રવણ કરવાની ઈચ્છાવાળા થઈ બેસી ગયા ।।૧૧।।

**શ્રીસુબોધિનીજી** : શાસ્ત્રાભ્યાસ, તપ અને શીલ જેમનાં સમાન છે તેવા એ મુનિઓ છે. એ ત્રણે સમાન હોય તો એ અદૃષ્ટને ઉત્પન્ન કરે છે. ત્રણમાંથી એક પણ ન હોય તો એ અદૃષ્ટને એટલે કે આ પછીના વિશેષણમાં જણાવ્યો તેવો

(મિત્ર, શત્રુ અને ઉદાસીન પ્રતિ સમાનતાનો) ભાવ ઉત્પન્ન કરનાર થઈ શકતાં નથી. પોતાના મિત્ર, શત્રુ કે ઉદાસીન એવા ત્રણ ભાવ નથી તેથી બ્રહ્મજ્ઞાનને લાયકની શુદ્ધિ એમાં કહેવામાં આવી. એમ દષ્ટ અને અદષ્ટ પ્રકારે જે અધિકારવાળા છે તેમાંથી એક (સનન્દન) ને વક્તા બનાવ્યા જ્યારે બીજા શ્રોતા થયા. **'આવૃત્તિરસકૃ-દુપદેશાત્'** એ ન્યાયથી બ્રહ્મવિચારની આવૃત્તિ કરવા લાગ્યા ।।૧૧।।

એમાં સનન્દન વક્તા થયા, સનકાદિક શ્રોતા થયા. સનન્દન કહેવા લાગ્યા. સન્દિગ્ધ શ્રુતિના નિર્ણયને માટે શ્રુતિનાં વચન કહ્યાં તે પ્રસંગને માટે નારાયણ પોતે બે શ્લોકથી અહીં કહે છે. વેદનાં વાક્યોવડે વેદના અર્થનો નિર્ણય કરવો એવો ભગવાનનો મત છે કેમકે **''સન્દિગ્ધેષુ વાક્યશેષાત્''** એ ન્યાય એવું પ્રતિપાદન કરે છે. તત્વો અઠ્ઠાવીસ પ્રકારે જુદાં છે. તે-તે તત્વમાં સન્દેહ દૂર કરવાને માટે વાક્ય શેષ રૂપ અહીં અઠ્ઠાવીસ શ્લોક છે. આ શ્રુતિ ગીતાના શ્લોકોનું પ્રકરણ વેદમાં નથી એટલે ત્યાં વેદમાં આ શ્લોકો નથી તેથી તેમાં આ શ્લોકોનો પાઠ થતો નથી. પરન્તુ સામાન્ય વાક્યો પણ નિર્ણય કરાવનાર હોવાથી સર્વ તત્વરૂપ ભગવાન્ પોઢ્યા છે ત્યારે શુદ્ધ તત્વરૂપોની સ્ફૂર્તિ ન હોવાથી એ સમયમાં મુખ્ય ગુણની સ્ફૂર્તિ થવામાટે નિર્ણયને કહેતાં ચાલુ વિષયમાં તાત્પર્ય રહિત છે પણ ભગવાનને પ્રબોધ કરવામાં એનું તાત્પર્ય છે. જેમ નટ રસનો અભિનય કરી અર્થનું નિરૂપણ કરે છે તેમ શબ્દરૂપ વેદ અને અર્થરૂપ ભગવાનને નિરૂપણ કરવામાટે તત્વની નટના જેવી અવસ્થાનું નિરૂપણ કરે છે. નટને જેમ પોતાને રસાનુભવમાં તાત્પર્ય નથી હોતું પણ બીજાઓને રસાનુભવ કરાવવામાં તાત્પર્ય હોય છે તેમ અહીં તત્વોને સ્વાર્થમાં તાત્પર્ય નથી પણ ભગવદ્‌બોધનમાં તાત્પર્ય છે. એટલું કહેવાથી સર્વ વેદના સન્દેહની નિવૃત્તિ થતી નથી પણ બીજાને માટે પ્રવૃત્ત થયેલ કેટલાક વેદોનું જ બોધ કરનારું આ વચન છે. રાજા જાગીને જગતનું પાલન કરે એવા આશયથી ભાટો તેને જગાડે છે. પાલન કરવું એ તો રાજાને જ અધીન છે. આ (ભાટ અને રાજાના) દષ્ટાન્તથી એમ સૂચવ્યું કે બ્રહ્મનો નિર્ણય કરનારા પણ નજીકથી અથવા દૂરથી જ પોતાના પ્રકરણમાં થતા સન્દેહો દૂર કરે છે. પરન્તુ ભગવાનનાં દર્શન કરીને તેમ કરતા નથી. તેથી અહીં વેદને ભાટ (વૈતાલિક) કહ્યા છે.

**સનન્દન બોલ્યા :** પોતે ઉત્પન્ન કરેલ આ જગતનું સર્વ તરફથી પાન કરીને

(બધાંને મુક્ત કરીને) શક્તિઓ સાથે પોઢેલા ઈશ્વરને તે (પ્રલય) ને અન્તે શ્રુતિઓ ભગવાનનાં વીર્યો (પરાક્રમો) નું પ્રતિપાદન કરનારાં વચનોથી જગાડે છે ।।૧૨।।

**શ્રીસુબોધિનીજી :** ''પોતે ઉત્પન્ન કરેલ'' શબ્દોનું તાત્પર્ય એવું છે કે સૃષ્ટિ અનાદિ છે. ''આ જગતનું સર્વ તરફથી પાન કરીને'' એટલે પહેલાં ઉત્પન્ન કરેલ બધાને મુક્ત કરીને હવે જાણે કે પોતાને કાંઈ કરવાનું નથી એમ જણાવતા ભગવાન્ પોઢી જ રહ્યા. પછી ભગવાનને સૃષ્ટિના તત્વોના ભેદની વિસ્મૃતિ થઈ ગઈ છે એમ માની વેદો સન્દેહ ન રહે તેમ જાણે કે આપનો પ્રબોધ કરવા લાગ્યા. ''કાલરૂપ શક્તિ જ પ્રબોધ કરનારી છે, વેદોએ કેમ પ્રબોધ કર્યો?'' એવી શંકા થાય ત્યાં કહે છે કે આપ શક્તિઓની સાથે પોઢેલા હતા. પછી જગાડવાને વખતે શ્રુતિઓએ જગાડ્યા, વહેલા નહિ. સમય પહેલાં જગાડે તો અપરાધ થાય. આ પ્રબોધ આપના ચિહ્નો (તત્વો, પરાક્રમો) થી કરે છે. તત્વો ભગવાનને આપની અન્દર જગતનો લય થયેલો છે એમ જણાવે છે તેથી તેમનાથી જ પ્રબોધ કરે છે કારણ કે આ શ્રુતિઓ માત્ર શ્રવણ રૂપ જ છે. (ભગવાનનાં વીર્યોથી-વીર્યોનાં શ્રવણથી જ જગતને ભગવાનની પ્રાપ્તિ થાય છે તેવા હેતુથી મોક્ષ જેનો થવાનો છે તેવી સૃષ્ટિ રચે તે માટે વીર્યોથી જ ભગવાનનો પ્રબોધ કરે છે) શ્રુતિઓ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરનારી નથી. તેમાં પણ તે સાક્ષાત્ પ્રબોધ કરતી નથી. પરન્તુ પ્રબોધ કરનાર (ભગવાનનાં વીર્યો) ની આગળ કરે છે ।।૧૨।।

આ શ્રુતિઓ સ્વતન્ત્રતાથી ભગવાન્ સિવાયના અર્થનું પ્રતિપાદન કરે તો એનો પણ વિચાર કરવો પડે તેથી એમનું બોધન પ્રકરણ રૂપ નથી એમ બતાવવાને દૃષ્ટાન્ત કહે છેઃ

જેવી રીતે પ્રાતઃકાલ થતાં સૂતેલા સમ્રાટને જગાડવામાટે તેના અનુજીવી (સેવક) ભાટ-ચારણો (બન્દિજનો) સમ્રાટનાં પરાક્રમ અને સુયશનું ગાન કરી તેને જગાડે છે તેવી રીતે શ્રુતિઓ ભગવાનને આ (નીચે જણાવ્યા) પ્રમાણે જગાડે છે ।।૧૩।।

**શ્રીસુબોધિનીજી :** ભાટ લોકો અનુવાદ કરનારા હોવાથી, સ્વતન્ત્રતાથી નિરૂપણ કરતા નથી તે પ્રમાણે આ શ્રુતિઓ ભગવાનને જ આપે કરેલાં પરાક્રમો શ્રવણ કરાવે છે. તેનું કારણ **'બન્દિનઃ'** ભાટો એ શબ્દથી કહેલું છે. તેઓ પ્રબોધ કરનારા અધિકારીઓ છે અને આજીવિકામાટે વિદ્યા ઉપર આધાર રાખનારા છે. 'વિદ્યા' થી અહીં 'તત્વવિદ્યા' સમજવાની છે. જેમ બન્દીજન વધારે દ્રવ્ય પ્રાપ્ત થાય તે માટે ચક્રવર્તી રાજાને જગાડે છે તેમ આ શ્રુતિઓ પણ અધિક ફલ પ્રાપ્ત કરવા પ્રભુનો પ્રબોધ કરે છે. અધિક ફલનો નિર્ણય કરવા

તત્પર થયેલી શ્રુતિઓએ તત્વ વિદ્યા ઉપર આધાર રાખવો જ જોઈએ. જાગેલા ભગવાનનો કોઈ સમયે સાક્ષાત્કાર થાય અથવા કોઈ સમયે પોતાના આનન્દનું દાન કરે તેવી તે શ્રુતિઓને પણ અભિલાષા હોય છે. તેઓ પહેલાંનું જ વૃત્તાન્ત જાણે છે, પરન્તુ ભવિષ્યમાં થવાનું વૃત્તાન્ત જાણતી નથી એમ જણાવવા, ત્રીસ મુહૂર્તના રાત-દિવસમાં માત્ર બે જ મુહૂર્ત (રાતનાં) બાકી રહે ત્યારે આવે છે અને ત્યારે જ પ્રબોધ કરે છે કારણ કે તેઓ અનુજીવી સેવકો છે. આથી એમ સૂચવ્યું કે તેઓ પ્રબોધ ન કરે તો તેમનાં સ્વરૂપનો જ નાશ થાય. કેટલાક એમ કહે છે કે શ્રુતિઓ (ભગવાનના) પહેલા નિઃશ્વાસમાંથી નીકળેલી છે. (આ મત) દૃષ્ટાન્ત વગેરેથી વિરુદ્ધ નથી પણ તેઓ ભગવાન્‌થી જુદી જ રહે છે. (એમ) દૃષ્ટાન્ત પ્રમાણે જણાવે છે ।।૧૩।।

એ પ્રમાણે પ્રસંગ કહીને પહેલાં પ્રકૃતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓ ૧. સ્વતન્ત્રતાથી પ્રકૃતિનું નિરૂપણ કરે છે કે કેમ? જો એમ સ્વતન્ત્રતાથી નિરૂપણ કરતી હોય તો શક્તિ અથવા દેવતાનું પ્રધાનપણું થાય; અથવા ૨. ભગવદ્રૂપ પ્રકૃતિને ભગવાન્ તરીકે જણાવે છે? અથવા ૩. આ પ્રકૃતિ જીવોના ધર્મ રૂપ હોવાથી એમના જ પ્રયત્નથી અથવા (એમના જ) સ્વરૂપના જ્ઞાનથી (એને) દૂર કરવાની છે એવું (તેનું) વર્ણન કરે છે? કે ૪.સસલાના શીંગડાંની જેમ જેનું પોતાનું અસ્તિત્વ નથી તેવી (માયિક) દેખાય છે? કે ૫.આ લક્ષ્મીના જેવી ભગવાનની સાચી અન્તરંગ શક્તિ છે (કે) જેથી એનામાં જ સ્થિતિ (કરવી) યોગ્ય હોવાથી, પ્રપંચ હોય ત્યારે અને પ્રપંચ ન હોય ત્યારે એક સરખી રીતે (એનું) નિરૂપણ કરે છે? એ પ્રમાણે અનેક પ્રકારના સન્દેહો ઉત્પન્ન થતાં પ્રકૃતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓનો નિર્ણય થાય તે માટે વાક્ય (શ્રુતિ) નો ભાવાર્થ નીચેના શ્લોકથી કહે છે.

**શ્રુતિઓ કહે છે :** હે અજિત! આપ જ સર્વશ્રેષ્ઠ છો. આપના ઉપર કોઈ વિજય પ્રાપ્ત કરી શકતું નથી, આપનો જય હો, જય હો, જીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન ન થાય એટલામાટે જ સત્વ આદિ ગુણોનો જેણે સ્વીકાર કર્યો છે તે નિદ્રાને આપ તજી દો; કારણ કે આપે પોતાનાથી જ જેમણે સમસ્ત ભગ-અણિમા વગેરે સુખો અને સ્વરૂપના આનન્દો, નિદ્રાની જરૂર વિના જ, પોતામાં જ સારી રીતે રોકી રાખેલા છે. હે સ્થાવર-જંગમ જીવોની ઇન્દ્રિયોની સમગ્ર શક્તિને જાગૃત કરનાર! કોઈ વાર અજાથી અને (સદા) પોતાની જ ક્રીડા કરતા આપનો વેદ પ્રબોધ કરે છે ।।૧૪।।

**શ્રીસુબોધિનીજી : યથા શર્કરા અક્તાઃ ઉપદધ્યાત્** આ શ્રુતિમાં કાંકરીઓને

ચોપડવાની છે પણ એ ઘી, તેલ, મધ કે દૂધથી ચોપડવી એમ કહ્યું નથી. બીજી શ્રુતિમાં **''તેજો વૈ ધૃતમ્''** કહ્યું છે ત્યાં ઘી તેજો રૂપ છે એમ કહ્યું પણ એનો શો ઉપયોગ કરવો એ કહ્યું નથી; તેથી એ પ્રથમ શ્રુતિની શેષ શ્રુતિ કહેવાય. એનો આમાં ઉપયોગ કર્યો ત્યારે ઘી થી તે શર્કરાને ચોપડવાનો નિશ્ચય થતાં દૂધ, મધ, તેલ વગેરેની નિવૃત્તિ થઈ ગઈ; તેમ ભગવાનની માયાના સ્વરૂપભૂત ગુણના પ્રતિપાદનનું શ્રવણ થતાં જ સન્દેહ નિવૃત્ત થાય છે. એને માટે બીજી યુક્તિ કહેવાની જરૂર નથી છતાં એ યુક્તિ કહે છેઃએમાં પ્રથમ પ્રકૃતિના નિરાકરણને માટે ભગવાનના સ્વરૂપની સ્થિતિને માટે પ્રાર્થના કરે છે : આપ સર્વોત્કર્ષથી વિરાજો. બે વખત 'જય જય' કહેવાથી સર્વદા સર્વોત્કર્ષની પ્રાર્થના કરી. એમ ન કરે તો એના સમ્બન્ધી હોવાથી અમારો એ નાશ કરે. બીજી પ્રાર્થના એ કહે છે કે નિદ્રાને છોડો એટલે અજા-નિદ્રાનો મૂળથી ત્યાગ કરો જેનાથી સારી રીતે આપનો પ્રબોધ થાય. ત્યાં શંકા કરે છે કે અત્યાર સુધી હું એ અજાને વશ થઈને રહ્યો છું તો હું નાશ કેમ કરી શકું? એના ઉત્તરમાં કહે છે કે આપ **અજિત** છો; આપ કોઈનાથી જિતાયેલા નથી. યોગ નિદ્રા તો આપે લીલાને માટે ગ્રહણ કરી છે. આપ જીવની પેઠે નિદ્રાથી જિતાયેલા નથી. ભગવાનની નિદ્રા, માયા, પ્રકૃતિ એ ત્રણેનું સ્વરૂપ તો એક જ છે તેથી જ 'માર્કણ્ડેય' પુરાણમાં બ્રહ્માજીએ યોગનિદ્રાની સ્તુતિ કરી છે. સૃષ્ટિ ભગવાને ઉત્પન્ન કરી તે પહેલાં જ પ્રકૃતિનો ત્યાગ કરવા શ્રુતિઓ પ્રાર્થના કરે છે તેથી સૃષ્ટિ ભગવાન્ ઉત્પન્ન કરે તેમાં પ્રકૃતિ કરણ (સાધના) પણ નથી તો સૃષ્ટિ ઉત્પન્ન કરનારી તો તે ક્યાંથી હોય? પણ એ માયા સ્વપ્ન સૃષ્ટિને ઉત્પન્ન કરનારી છે. આગળ સત્ય સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રકાર કહેવામાં આવશે ત્યારે એનો નાશ કેમ કરવો? એ તો ગુણવાળી છે, સુષુપ્તિમાં પરમાનન્દને આપનારી છે. એના ઉત્તરમાં કહેવાનું કે એણે ગુણ રાખ્યા છે તે સ્વરૂપને ભૂલવવાને માટે જ રાખ્યા છે. એ જ માયા પોતાની શક્તિદ્વારા જીવને મોહ કરાવે છે. એને પણ નિદ્રા, આળસ વગેરેથી મોહ કરે છે. એ સ્થાવર-જંગમાં દેહમાં રહેલા જીવોનો સમ્બન્ધ કરનારી છે, ભગવાન્ કહે છે કે ''એ તો મને પણ સુખ આપનારી છે માટે એ ભલે રહે!'' તો એના ઉત્તરમાં કહેવાનું કે આપ તો સર્વ ઐશ્વર્યોને આપના સ્વરૂપમાં રોકીને વિરાજો છો. ક્ષુદ્ર સુખો,નિદ્રા, આળસ અને પ્રમાદથી થતાં સુખોને તે જ ઇચ્છે કે જેને સ્વરૂપાનન્દ કે સાત્વિક આનન્દનો કોઈ કાળે પણ સમ્ભવ ન હોય. આપ તો અજિત છો એમ કહ્યું તેથી આપને તો એ બોલાવી શકે એમ નથી જ. આપનો એ બોધ કરનારી તો નથી જ પણ તે ઇચ્છેલું પ્રાપ્ત કરાવનારી પણ નથી એમ 'અજિત' વિશેષણથી કહ્યું. આપ તો સ્વરૂપવડે જ સર્વ અણિમાદિ સુખોને-સ્વરૂપાનન્દને સ્વરૂપમાં રાખીને વિરાજો છો તેથી એ આપનું ઈષ્ટ

સાધન કરવાને અસમર્થ છે તેથી આપને એની કાંઈ પણ જરૂર નથી. ભગવાન્ એમ કહે કે મારે સેવા કરવામાટે જીવોની અપેક્ષા રહે. એની ઈન્દ્રિયો તો પ્રાકૃત હોય. જો પ્રકૃતિનો નાશ થાય તો મારા સેવકોનો નાશ થઈ જાય. એ એનો નાશ કરવામાં વિઘ્ન કરનાર છે! તો એના ઉત્તરમાં કહેવાનું કે સ્થાવર-જંગમ જીવની ઈન્દ્રિયોના ઉદ્‌બોધક આપ છો, પ્રકૃતિ નથી. એમાં પણ એ સ્થાવર-જંગમ જેવો આપના છે તેના તો આપ જ ઉદ્‌બોધક છો. પ્રાકૃતનો તો વિચાર પણ કરવો પડે. જો પ્રકૃતિનો નાશ થાય તો મારું જ્ઞાન કરાવનારા વેદો કેમ મને કહેવાને સમર્થ થશે? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે વેદ આપને અનુસરશે જ. (આપનો પ્રબોધ કરશે જ) આપ ક્યારેક માયાથી લીલા કરો છો; સર્વદા તો આત્માથી જ આપનો વિહાર છે. અહીં ચકાર છે તેથી માયાથી ફરો છો ત્યારે પણ આપ તો આત્મવિહારમાં જ મગ્ન રહો છો તેથી એ અજાની આપે કોઈ રીતે રક્ષા કરવાની જરૂર નથી. **'નિગમઃ'** શબ્દ એક વચનાન્ત અહીં કહ્યો છે તેથી કોઈ એક જ વેદ આપને માયાનો સમ્બન્ધ છે એમ કહીને વર્ણવે છે. એમાં પણ આપ તો માયા વિહાર વખતે પણ સ્વરૂપમાં જ સ્થિત રહો છો, ''હું પ્રકૃતિના સમ્બન્ધવાળો છું અને તેનો જ વેદ પ્રબોધ કરે છે'' એમ કેમ ન કહેવું? એના ઉત્તરમાં કહેવાનું કે **'અરૂપમસ્પર્શ'** ''રૂપ વિનાના સ્પર્શ વિનાના'' (કઠોપનિષદ ૩-૧૫) વગેરે શ્રુતિઓ આપને પ્રકૃતિના સમ્બન્ધ નથી એમ જ કહે છે. તેમ બીજી શ્રુતિઓ સ્વરૂપના આનન્દનો બોધ કરાવનારી છે. કેટલીક સૃષ્ટિનું પ્રતિપાદન કરે છે ત્યારે બીજી કેવળ બ્રહ્મ પરાયણ છે એ આગળ જતાં કહેશે. તેથી મોહ કરનારી શક્તિનો નાશ કરો એવી પ્રાર્થના છે ।।૧૪।।

**પ્રાકૃતાઃ શ્રુતયઃ સર્વા ભગવન્તમધોક્ષજમ્ ।**
**સ્તુવન્તિ દોષનાશાય તત્રાવિષ્ટો ભવેદ્યથા।।કા.૧।।**

આખા શ્લોકનો સાર છેવટે એક કારિકાથી કહે છે કે પ્રકૃતિનું નિરૂપણ કરનારી બધી શ્રુતિઓ ઈન્દ્રિયાતીત ભગવાનની સ્તુતિ કરે છે કે આપ દોષ-અજાનો ત્યાગ કરી જગતમાં પ્રવેશ કરો ।।૧૪-૧।।

પછી બ્રહ્મનું નિરૂપણ કરવા પ્રવૃત્ત થયેલી શ્રુતિઓ **''યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે''** જેમાંથી આ ભૂતો ઉત્પન્ન થાય છે; **તસ્માદ્વા એતસ્માત્ આત્મન આકાશઃ સમ્ભૂતઃ** ''એ આ આત્મામાંથી ખરેખર આકાશ ઉત્પન્ન થયું'' એમ બ્રહ્મનું નિરૂપણ કરતાં વચ્ચે ભૂતોની અને ભૂતોના બનેલા (પદાર્થો) ની સૃષ્ટિનું વર્ણન કરે છે. એ શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરનારી છે કે સૃષ્ટિનું નિરૂપણ કરનારી છે? *અધ્યારોપ અને અપવાદથી બ્રહ્મનું જ્ઞાન સ્થિર થાય તે માટે અથવા

ભગવાનનું માહાત્મ્ય જણાવાય તે માટે (એ શ્રુતિઓ) જગત્ બ્રહ્મ છે એમ જણાવનારી છે? વગેરે અનેક પ્રકારના સન્દેહ થતાં તેમનો નિર્ણય કરવા નીચેનો શ્લોક કહે છેઃ

**વિશેષ : અધ્યારોપ** એટલે જે ગુણો અમુક પદાર્થમાં ન હોય તે તેમાં છે તેમ માનવું. જેમકે દોરડું હોય તેને સાપ માનવો. અપવાદ એટલે તે ગુણો તેમાં નથી એમ જાણવું. સાપ નથી પણ દોરડું છે એમ પાછળથી જાણવું. આ પ્રમાણે બ્રહ્મમાં જગત્ નથી, છતાં બ્રહ્મમાં જગતનો અધ્યારોપ કરવો અને પછી બ્રહ્મમાં જગત્ નથી પણ આ બ્રહ્મ જ છે એમ જાણવું. એ પ્રમાણે કરવાથી બ્રહ્મનું જ્ઞાન સારી રીતે થાય તે માટે એમ શ્રુતિ જણાવે છે.

બ્રહ્મવેત્તાઓ અને વેદો આ દેખાતા (અનુભવાતા જંગમ જગત્) ને અવશેષ રહેવાને લીધે બ્રહ્મ જાણે છે કારણ કે માટીની જેમ વિકાર રહિતમાંથી વિકારના ઉદય અને અસ્ત થયેલા છે. તેથી ઋષિઓએ મન અને વાણી ના આચરિતો-મનથી જે કંઈ વિચારવામાં આવે અને વાણીથી જે કંઈ બોલવામાં આવે તેને આપમાં મૂકેલાં છે. ભૂમિ ઉપર માણસનાં પડેલાં પગલાં અયથા (નિરર્થક-ખોટાં) કેમ થાય? ।।૧૫।।

**શ્રીસુબોધિનીજી** : (મનુષ્ય પોતાનો પગ ક્યાંય પણ રાખે-ઈંટ, પથ્થર અથવા લાકડા ઉપર આખરે તો એ પૃથ્વી ઉપર જ હશે, કારણ કે એ બધાં પૃથ્વી રૂપ જ છે)

જ્યારે શ્રુતિથી અને (બ્રહ્મના) પ્રભાવથી જગત્ બ્રહ્મરૂપ સિદ્ધ થાય ત્યારે બીજી શ્રુતિઓની એ બ્રહ્મમાં એકવાક્યતા થાય તેથી ભગવન્માહાત્મયદ્વારા ભગવાન્ રૂપ અર્થને સિદ્ધ કરનાર શ્રુતિઓ પ્રમાણરૂપ થઈને સાક્ષાત્ ભગવાનરૂપ ફલને કહેનારી થશે તેથી પ્રથમ જગત્ બ્રહ્મરૂપ છે એમ કહે છે. આ દેખાતું ચરાચર જગત્ બ્રહ્મ છે એમ વેદ અને એને જાણનાર કહે છે. અહીં શંકા થાય કે બ્રહ્મ તો નિત્ય, આત્મરૂપ સુખરૂપ છે જ્યારે જગત્ અનિત્ય, અનાત્મરૂપ અને દુઃખરૂપ છે તેથી જગત્ બ્રહ્મ છે એ તર્ક (યુક્તિ) થી ખોટું ઠરતું હોવાથી તથા પ્રત્યક્ષ વિરોધ પણ દેખાય છે તો એને બ્રહ્મ કેમ કહેવાય? એ શંકાના પરિહારમાં કહેવાનું કે એ જગતને બ્રહ્મ એટલા માટે કહીએ છીએ કે એમાંથી બ્રહ્મ જ બાકી રહે છે. લોકમાં જે બાકી રહે તેનો વ્યવહાર થઈ શકે. કાચ વગેરેવાળું સુવર્ણ હોય તે અગ્નિમાં નાખતાં સુવર્ણ બાકી રહે તેનું જ મૂલ્ય થાય છે. જેમ જેને ઘી જોઈતું હોય તે દૂધ લે તેમાંથી જેટલું ઘી નીકળે તેનું મૂલ્ય થાય. ખેતરમાં ડાંગર થાય તેમાંથી જેટલા ચોખા સિદ્ધ થાય તેના ખરીદ-વેચાણ વખતે હિસાબ થઈ શકે. જેમ ડાંગરને અન્ન જ કહે છે તેમ વિકારવાળા જગતમાંથી વિકાર જતો રહે ત્યારે બ્રહ્મ જ બાકી રહે છે ત્યારે એનો બ્રહ્મપણાથી વ્યવહાર થાય છે. બાકી જ કાંઈ કેમ રહે?

જેમ જળને અગ્નિ ઉપર ચડાવ્યું હોય તો એ બળતાં કાંઈ બાકી રહેતું નથી તેથી બાકી રહેતે બ્રહ્મ એમ કેમ કહો છો? એના ઉત્તરમાં કહેવાનું કે બ્રહ્મમાંથી એ જગત્‌ના ઉદય અને અસ્ત થયેલા છે. **યતો વા ઇમાનિ** ઇત્યાદિ શ્રુતિઓ બ્રહ્મથી જગતની ઉત્પત્તિ કહે છે. બ્રહ્મમાં એ લીન થાય છે એમ પણ શ્રુતિ કહે છે. તેથી જેમ માટીમાંથી ઘડો થયો તે ફૂટે ત્યારે પાછો માટીરૂપ થઈ જાય તેમ બ્રહ્મમાંથી જગત્ થયું તે પાછું એમાં લીન થાય ત્યારે બ્રહ્મ જ બાકી રહે. સોનામાંથી કુંડળ થયું તેને ભંગાવી નાખીએ તો સોનું બાકી રહે એનો ઘાટ ન રહે? ત્યાં કહે છે કે જગતનો ઉદય (ઉત્પત્તિ) અને અસ્ત (વિનાશ) જ થતા નથી? એના ઉત્તરમાં કહેવાનું કે શ્રુતિમાં **'જાયન્તે'** એમ કહે છે. તેમાં **'જન્'** ધાતુનો અર્થ પ્રાદુર્ભાવ થવો અને **'નશ્'** નો અર્થ દેખાતું બંધ થવું છે. તેથી **'ઉદય'** અને **'અસ્ત'** ને શ્રુતિ કહે છે તેથી બ્રહ્મથી જગતના આવિર્ભાવ તિરોભાવ થયા કરે છે, જેને ઉત્પત્તિ લય કહેવામાં આવે છે. 'અસત્' (ન હોય તેવા પદાર્થ) ની સત્તા (હોવાપણું), અથવા નાશ થાય છે એમ માની શકાતું નથી એવી શંકા થાય તેથી 'વિકારના' શબ્દ યોજેલો છે. ધર્મીની વાર્તા (ધર્મીના સમ્બન્ધમાં) ભલે એમ હોય-ધર્મીનો ઉત્પત્તિ અને નાશ થતાં ન હોય પણ વિકારનાં થાય છે. ધર્મીનો તો આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે પરન્તુ કાર્યમાં જણાતા વિકારનાં ઉત્પત્તિ અને નાશ થાય છે પણ કાર્ય થયું તે પહેલાં નહોતા તેવા બધા વિકારો આશ્રય (કાર્ય) નો આધાર લઈ ઉત્પન્ન થાય છે એમ માનવું જોઈએ. એમ વિકારો ઉત્પન્ન થતા ન હોય તો એ આશ્રયો બ્રહ્મરૂપ હોવાથી વિકાર વિનાના જ રહે. તેથી (કાર્યની સ્થિતિ થયા પછી ઉત્પન્ન થયેલા હોવાથી) વિકારના સમૂહોનો ઉદય અને અસ્ત જ થાય છે એમ માનવું જોઈએ, કારણ કે એવી રીતે વિકારો નાશ પામે ત્યારે બ્રહ્મ જ બાકી રહે છે. એમાં માટી દૃષ્ટાન્ત રૂપે કહી છે. માટી જ રહે એવો ક્યાં નિયમ છે? ઘડો ફૂટે તો એનાં ઠીકરાં બાકી રહે છે! એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે એ ઠીકરાં પણ ફૂટે છે અને અન્તમાં માટી જ બાકી રહે છે. માટીની પહેલાંની અવસ્થાઓ વિકૃતિરૂપ છે; તેથી જ મન્ત્રના દ્રષ્ટા ઋષિઓ મન અને વચન થી જે કાંઈ ચિન્તન થાય અને બોલાય તેનું તાત્પર્ય બ્રહ્મરૂપ આપને વિશે છે એમ કહે છે. મન તો મનોરથોના વિચાર કરે છે. વાણી ખોટું બોલે છે. તદ્દન ન હોય તેને માટે પણ બોલે છે; જેમ કે વન્ધ્યા પુત્ર, આકાશ કુસુમ વગેરે ત્રિકાળમાં નથી છતાં શબ્દ એને કહે છે. જ્યાં વાણી અને મનના વિષયને આપણે બ્રહ્મ કહીએ તો જે સાક્ષાત્ અભિવ્યક્ત થઈને દેખાય છે તેવા જગત્‌ને બ્રહ્મ કહેવામાં સન્દેહને અવકાશ જ ક્યાં છે? તેથી બ્રહ્મને જાણનારના બધા વ્યવહાર બ્રહ્મના સમ્બન્ધવાળા હોવાથી એને કોઈ કર્મનો લેપ થતો નથી. અહીં એ શંકા થાય કે જે અસત્ય વસ્તુ છે તેને તમે બ્રહ્મ કહો એ કેમ માની

શકાય? ત્યાં કહે છે કે માણસે પગલું માંડ્યું તે પૃથ્વીમાં નથી એમ કેમ કહેવાય? જ્યાં તમે પગ મૂકો ત્યાં પૃથ્વીની સત્તા તો તમારે સ્વીકારવી જોઈશે. એમ અસત્યને પણ અધિકરણરૂપે સત્યની જરૂર પડશે; નહિ તો અસત્યની પ્રતીતિ કેમ થશે? તેથી ભાન થવું-ભાસવું એ બ્રહ્મનો ધર્મ છે; તેથી ભ્રમથી સ્વીકાર કરેલ પદાર્થમાં પણ અધિકરણરૂપે ભગવાન્ જ છે. બ્રહ્મ સિવાય બીજાનો ભાસ થતો નથી તેથી ભાસે છે તે બ્રહ્મ છે. કાર્યરૂપ હો કે ન હો એ પ્રમા વિષય હો કે ભ્રમ વિષય હો એ બન્ને એક જ છે કેમકે એનો પ્રાદુર્ભાવ ઈચ્છાથી થાય છે. ભગવાનની ઈચ્છાથી પદાર્થ પ્રકટે, એમની ઈચ્છાથી તિરોભાવ થાય પણ એનો ધર્મી બ્રહ્મ તો ત્રણે કાળમાં અબાધિત-સનાતન સત્ય છે ।।૧૫।।

**સત્યો હરિઃ સમસ્તેષુ ભ્રમભાતેષ્વપિ સ્થિરઃ।**
**અતઃ સન્તઃ સમસ્તાર્થે કૃષ્ણમેવ વિજાનતે।।કા.૨।।**

સર્વ પદાર્થોમાં, ભ્રમથી જણાતા પદાર્થોમાં પણ, સત્ય હરિ સ્થિર (રહેલા) છે તેથી સત્પુરુષો સર્વ પદાર્થોમાં શ્રીકૃષ્ણ ને જ જાણે છે ।।૧૫-૨।।

એમ પ્રથમ શ્લોકથી પ્રકૃતિને કહેનાર શ્રુતિ કહી અને બીજા શ્લોકથી પુરુષને કહેનારી શ્રુતિને કહી સાધનને કહેનારી શ્રુતિઓ **શાન્તો દાન્ત ઉપરતસ્તિતિક્ષુઃ** ''શાન્ત, દાંત (જિતેન્દ્રિય) ત્યાગી, સહનશીલ'' ''પોતાની અન્દર જ પોતાનાં દર્શન કરે'' વેગરે શ્રુતિઓ અહંકારને પ્રતિપાદન કરે છે અથવા અહંકારદ્વારા આત્માનું પ્રતિપાદન કરે છે? એવા સન્દેહને દૂર કરવામાટે નિર્ણીત અર્થને કહે છેઃ

હે ત્રણ લોકના અધિપતિ! (સાધનનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે) એવો નિશ્ચય કરીને આપના ભક્તોએ સર્વ લોકના મલનો નાશ કરનાર કથારૂપી અમૃતના સાગરનું અવગાહન કરીને તપ (દુઃખદાયક સાધનો) છોડી દીધાં. હે પૂર્ણ પુરુષોત્તમ પ્રભો! આપની સ્ફૂર્તિથી દેહ તથા કાલ ના ગુણોને જેમણે દૂર કરેલા છે તેવા જે નિરન્તર સુખનો જેમાં અનુભવ છે તેવા પદને ભજે છે તેમનું તો પછી કહેવું જ શું? ।।૧૬।।

**શ્રીસુબોધિનીજી : શાન્તો દાન્ત** ઈત્યાદિ શ્રુતિઓ અહંકારનું પ્રતિપાદન કરે છે. નહિ તો જીવને કર્તાપણાનો અભાવ હોવાથી એક જ પદાર્થ કર્તા અને કર્મ તો ન હોઈ શકે. ત્યારે આત્માને પણ કર્તા-કર્મપણું નહિ સમ્ભવે! એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે એ આત્મા તો સ્વયંપ્રકાશ છે તેથી એમાં બધું સમ્ભવે. જે પોતાના આત્માને ''હું બ્રહ્મને જાણનાર છું'' એમ માને છે તે અહંકારના આવેશવાળો છે

તેથી એ વાક્યના અર્થનું ધ્યાન કરનારના મનની ક્રિયાનો શ્રુતિ અનુવાદ કરે છે. શાન્ત કહેવાથી મનના ચાંચલ્યનું નિરાકરણ કહ્યું. એ જો કે પ્રયત્નથી થઈ શકે છે તો પણ અહંકારનું એ કાર્ય છે. જેને અહંકાર નથી તે **શાન્ત કે દાન્ત** હોઈ શકે નહિ કેમકે એનો અન્તઃકરણનો અધ્યાસ નથી. પુત્ર વગરનો માણસ પંડિત પુત્રવાળો ન જ હોય. તેથી એ શ્રુતિઓનું શમ આદિ પ્રાપ્ત કરવાની આજ્ઞા કરવાનું તાત્પર્ય નથી પણ અહંકારવાળાને ઘણો ક્લેશ થાય છે ત્યારે નિરભિમાનને સ્વતઃ આત્મસ્ફૂર્તિ થાય છે. એમ સાધનનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ ભગવત્પર છે. આમાં કારણ કહે છે કે આમ નક્કી કરીને ડાહ્યા વિદ્વાન્ પુરુષોએ તપ કરવાનું છોડી દીધું એટલે સાધનના ક્લેશને છોડી દીધો. ત્યારે એને સાધન વગર મોક્ષ કેમ મળે? એ શંકાના ઉત્તરમાં કહે છે કે જગતના મળરૂપ સંસારનો નાશ કરનાર આપની કથારૂપી અમૃતમાં એણે અવગાહન કર્યું એનાથી એને સર્વ પ્રાપ્ત થયું. કથા સાંભળવા માત્રથી કાર્ય સિદ્ધિ કેમ થાય? તે-તે અંશના ભાગવાળા દેવો પ્રસન્ન ન થાય તો તેઓ વિઘ્ન કરે. વિઘ્ન ન આવે તે માટે એમની પ્રીતિ રહે એટલામાટે એમને પ્રસન્ન કરવાનું સાધન કરવું જોઈએ! એ શંકાના ઉત્તરમાં કહે છે કે આપ ત્રણ લોકના અધિપતિ છો એટલે દેવ આદિ આપના ભક્તને વિઘ્ન ન કરી શકે. ત્યાં શંકા થાય કે શમ આદિ વેદે કહ્યા છે તેથી વૈદિકે એનો અમલ તો કરવો જોઈએ! એના ઉત્તરમાં કહે છે કે એ સૂરિ લોકો છે, જે અવિદ્યાવાળા છે. તેને માટે શ્રુતિ શમાદિનું વિધાન કરે છે, પરન્તુ અવિદ્યાના પારને પહોંચેલા વિદ્વાનોને શમાદિ તો સહજ હોય તેને માટે વિધાનની અપેક્ષા ન હોય તેથી વિદ્વાનો પરમાનન્દ રૂપ સાધનને ગ્રહણ કરી સાધન દશામાં જ કૃતાર્થ થઈ જાય છે, દુઃખ રૂપ સાધનથી એ નિવૃત્ત થઈ જાય છે. ત્યાં કોઈ શંકા કરે કે વિદ્વાનો પણ સાધન તો કરે છે! એના ઉત્તરમાં કહે છે કે આપના થઈ ચૂકેલા સેવકો સાધન કરતા નથી.

પહેલા સર્વ બ્રહ્મ છે એમ કહ્યું. એ પક્ષમાં સાધનો પણ બ્રહ્મરૂપ છે તો સર્વ બ્રહ્મ ન્યાયથી સાધનોને પણ બ્રહ્માત્મક જાણીને એ કરે એ પક્ષમાં આગળ જતાં અરુચિ બતાવી છે કે એમણે તપ છોડ્યાનું કહ્યું છે તો એમને તાપ ન હોય તો એ સાધન રહે નહિ અને કરે નહિ તે છોડે ક્યાંથી? ભક્તને તો સેવોપયોગી અધ્યાસ ભગવાન્ રાખે છે તેથી એમને તાપ પણ રહે છે. **તાવત્કર્માણિ** એ વાક્યથી ભક્તિમાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં બન્નેમાં ત્યાગ છે પણ ભક્તિમાં ભગવદ્ વિરહ વધે

છે ત્યારે સર્વ ત્યાજ્ય થાય છે, જ્યારે જ્ઞાનમાર્ગમાં એ લૌકિક પદાર્થની જરૂર નહિ હોવાથી એનો ત્યાગ છે. અહીં જ્યારે તમોને જાણનારા કહ્યા તેથી એ તો જે કરે તે બધું ભગવાનને અર્પણ કરે એને સ્વતઃ કાંઈ કરવાનું હોતું નથી તેથી અભિમાન પણ ન હોય. દેહાધ્યાસ પણ એને સ્વાર્થને માટે નથી પણ સેવાર્થ છે તેથી એમને માટે સાધનો કરવાની આજ્ઞા કરેલી નથી. ભગવાનના સમ્બન્ધવાળા પદાર્થો પાપનો નાશ કરનારા હોવાથી, જે કોઈ કથા વગેરેના સમ્બન્ધમાં આવે છે તે સર્વનાં પાપ કથા દૂર કરે છે તેથી કથા સર્વ લોકના મલનો નાશ કરનારી છે. 'તવ' 'આપની' શબ્દનો અહીં કથા સાથે પણ સમ્બન્ધ છે. કથા જ અમૃતનો સમુદ્ર છે. કથા અમૃત છે એમ **''તવ કથામૃતં તપ્તજીવનં''** શ્રીમદ્ ભાગવત્ (૧૦।૩૧।૯) માં જણાવેલું છે. કથાને સમુદ્ર એટલામાટે કહેલી છે કે એક કથા હૃદયમાં રહેલી હોય ત્યારે તેમાંથી ભગવાનની એક હજાર કથા થાય છે એટલે એ એક કથામાંથી જ ઉત્પન્ન થાય છે. કોઈનું વચન છે કે હરકોઈ શ્લોકના અમે એક સો અર્થ કહીએ છીએ. અમને આગ્રહ કરવામાં આવે તો તેના જ એક હજાર અર્થ કહીએ છીએ. તેથી જેના હૃદયમાં હજારો કથા સ્ફુરે છે તે કથાને સમુદ્ર કહેવાય. એમાં અવગાહન કરે છે એનાથી એ પૂર્ણ હોવાથી એ સાધન કરવાના ક્લેશને છોડે છે. ગુરુઓ આવા જ થાય- જેમના હૃદયમાં અનન્ત કથાઓ સ્ફુરે છે. તેમના હૃદયમાં સમુદ્ર છે અને તેમનો ઉપદેશ બિન્દુ છે. એમની પાસેથી એક બિન્દુ માત્ર મળે તો તાપ જરૂર દૂર થાય. અહીં તો સમુદ્ર કહ્યો છે તેનાથી તાપ નિવૃત્તિ થાય એમાં તો શું કહેવું? તપ વગેરે તો સાધન છે. ભગવાનની પરોક્ષમાં સાધનનો વિચાર હોય છે. જે પાસે રહે છે- જેમ ઉદ્ધવજી, વૈકુંઠસ્થ ભક્તો તેમની તો વાત જ શી કરવી? આપનાં ચરણની સેવા કરનાર આપની કૃપાથી કૃતાર્થ થાય છે. આપના માહાત્મ્યને ન જાણનાર યાદવો પણ છે. તેઓ પુષ્ટિના વિચાર પ્રમાણે કૃતાર્થ હોવા છતાં મર્યાદામાં તેમની કૃતાર્થતા નથી. **''યદવો નિતરામપિ''** એ વાક્ય એની સાક્ષી પૂરે છે! તેથી તેમનો અહીં સમાવેશ થતો નથી એમ જણાવવા ''આપની સ્ફૂર્તિથી દેહના અને કાલના ગુણોને જેઓએ દૂર કરેલા છે તેવા'' શબ્દો વાપર્યા છે. હૃદયમાં આપની સ્ફૂર્તિ થતાં જેણે કાળના ગુણ-જરા વગેરેને, અન્તઃકરણના ગુણ કામ વગેરેને છોડી દીધા છે તે મુખ્ય સેવક ગણાય. ભગવાન્ પણ મુક્તને પામવા યોગ્ય છે. એવા ભક્તોને ભજનની શી જરૂર છે? એમ કહે તો એના ઉત્તરમાં કહેવાનું કે એ ભક્તોને આપનું ચરણ નિરન્તર સુખરૂપ હોવાથી એ

નિરન્તર ભજન કરે છે, અન્તરમાં બ્રહ્માનન્દનો એ અનુભવ કરે છે.

**કથાનન્ત્યોક્તિહૃદયાઃ સાધનાનિ ન કુર્વતે।**
**સાક્ષાત્તે પાદસંશ્લિષ્ટાસ્તે કિં વાચ્યા મહાશયાઃ।।કા.૩।।**

જેના હૃદયમાં અનન્ત કથાઓ ભરી છે તેવા ભક્તો તપ વગેરે સાધન નથી કરતા તો સાક્ષાત્ આપનાં ચરણને આશ્રયે રહેલા છે તેવા મહાશયોની તો વાત જ શી કહેવી? એ લોકો ફળનો અનુભવ કરતા હોવાથી સાધન આદિ ક્લેશમાં શા માટે ઉતરે? ।।૧૬-૩।।

એવી રીતે સાધન કરવાનું જણાવનારી શ્રુતિઓનો નિર્ણય કહી, મહત્તત્વ જીવનરૂપ હોવાથી બીજા દેવતાની ઉપાસના વગેરે કરવાનું અથવા કર્મ કરવાનું જણાવનારી એ શ્રુતિઓ છે તે વિષેનો નિર્ણય જણાવવામાં આવે છે. ભગવાન્ સિવાય બીજા દેવોની ઉપાસના અને કર્મ કરવાનું વેદની આજ્ઞાને આધારે આજ્ઞાના નિયમથી પ્રાપ્ત થાય છે? અથવા કામનાઓ હોય ત્યારે તેમને તેમ કરવાની શ્રુતિઓ માત્ર પરવાનગી આપે છે? અથવા તે ન કરવાં જોઈએ એમ કહેવામાટે તેમનું વર્ણન કરવામાં આવે છે? હવે નીચેના શ્લોકમાં ''જે બીજા દેવતાની ઉપાસના કરે છે'' વગેરે શ્રુતિઓમાં તે ન કરવાં જોઈએ એમ કહેવા તે વર્ણવેલાં છે એવો તેમનો નિર્ણય કહે છેઃ

આપની આજ્ઞાનું પાલન કરનારા આપના ભક્તો જ સાચા પ્રાણધારી છે. (તેમનું જીવન જ સફલ છે) બીજાનું તો જીવન વ્યર્થ છે અને તેમના શરીરમાં શ્વાસનું આવવું જવું તો લુહારની ધમણ જેવું છે. મહત્તત્વ, અહંકાર વગેરે એ આપના અનુગ્રહથી આ બ્રહ્માંડની ઉત્પત્તિ કરી છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનન્દમય- આ પાંચેય કોશોમાં પુરુષરૂપથી રહેવાવાળા આપ જ છો. આપના અસ્તિત્વથી તે કોશોના અસ્તિત્વનો અનુભવ થાય છે અને તેઓ ન રહે ત્યારે પણ અન્તિમ અવધિરૂપથી આપ વિરાજમાન રહો છો. આ પ્રમાણે બધામાં અન્વિત અને બધાની અવધિ હોવા છતાં આપ અસંગ જ છો, કારણ કે વાસ્તવમાં જે કંઈ વૃત્તિઓદ્વારા અસ્તિ અથવા નાસ્તિ (ભાવ અથવા અભાવ) ના રૂપમાં અનુભવ થાય છે તે બધા કાર્ય-કારણોના આપ નિયામક છો. **'નેતિ નેતિ'** દ્વારા આ બધાનો નિષેધ થઈ જતાં પણ આપ જ બાકી રહો છો, કારણ કે આપ એ નિષેધના પણ સાક્ષી છો અને વાસ્તવમાં આપ જ એક માત્ર સત્ય છો ।।૧૭।।

**શ્રીસુબોધિનીજી** : ૧. જે લૌકિક પુરુષો (પશુ, પુત્ર, સ્વર્ગ વગેરેની) કામનાથી પ્રવૃત્ત

થઈ એ કામનાઓ પૂર્ણ કરવા બીજા દેવોની ઉપાસના અને કર્મ કરવાં જોઈએ એમ માને છે અને ૨. જે કામનાવાળા ન હોય તેમનેમાટે શ્રુતિ ફલ આપનારી નથી તેથી વેદની આજ્ઞા છે માટે એ કરવાં જોઈએ એમ જે માને છે તે બન્ને પણ ધમણની માફક શ્વાસ લે છે. (શ્વાસ લે છે તેટલું જ તેમનામાં જીવનનું લક્ષણ છે. હકીકતમાં તેમનું જીવન વ્યર્થ જ છે) કામનાથી પ્રવૃત્ત થઈ કર્મ કરનારા પ્રાણનું પોષણ કરનારા છે અને એનું પોષણ કરવામાટે શ્રુતિએ કહેલું કરે છે.

કેવળ લૌકિકનો નિષેધ તો પ્રકરણથી જ થઈ જાય છે કેમકે બ્રહ્મને જાણનારના વિચારનો અહીં પ્રસંગ છે. વૈદિક બધા બ્રહ્મવાદી કહેવાય છે તેથી કામના પરત્વે કે વિધિ પરત્વે જે વેદને કહે છે તેની અહીં પ્રાણપોષકમાં ગણના કરી છે. એ પ્રાણરૂપ ઉપાધિથી ગ્રસ્ત થયા છે. ધમણ જેમ ધાતુઓને ગાળે છે તેમ કામનાવાળાને ધમણના જેમ શ્વાસ લેનાર કહ્યા તેથી બહિર્મુખ હોવાથી બીજાને દુઃખ દેવામાટે જ કર્મ કરે છે **''યો નઃ શપાદશપતઃ''** ''શાપ નહિ આપનાર અમને જે શાપ આપે છે'' **''યો નઃ સપત્નઃ''** ''જે અમારો શત્રુ છે'' **''યો માં દ્વેષ્ટિ જાતંવેદઃ''** ''જે વેદ સમજનાર મારો દ્વેષ કરે છે'' ઇત્યાદિ શ્રુતિઓથી એ બીજાને દુઃખ દેવામાટે અલૌકિક પ્રકારથી ઉપદ્રાવક છે તેથી એને મરેલ જેવા કહ્યા છે. એને આ લોકનું કે પરલોકનું ફળ મળતું નથી પણ બીજાને દુઃખ દેવામાટે એનું જીવન છે. બીજા જે યજ્ઞેન **યજ્ઞમયજન્ત** એ શ્રુતિને લઈને આપના અંગરૂપ દેવતાઓને યજ્ઞદ્વારા આરાધે છે તે આપના ભક્તો છે. એના પ્રાણ સફળ છે કેમકે એનાથી બીજાને ગેરલાભ થતો નથી. પહેલા કહ્યા તેમાં બીજા દોષને કહે છે કે ભગવાનની આજ્ઞાથી મહત્તત્વ, અહંકાર વગેરે બ્રહ્માંડ રચે છે તેમાં એ રહે છે. એણે બનાવેલ શરીરને ધારણ કરે છે છતાં એના બનાવનારની ભક્તિ એ કરતા નથી તેથી એ કૃતઘ્નની કોઈ કાળે મુક્તિ થતી નથી. એ સકામ કર્મ કરનારાઓની વાત થઈ. હવે જે આપના સેવક છે તે સર્વભાવથી આપનું ભજન કરે છે. એમને તો મહદાદિ જે બ્રહ્માંડને બનાવે છે તેને ભક્તો ભગવાનની ક્રીડાનું સ્થાન માને છે. મહદાદિ પણ એ ભગવાનની સેવા કરે છે તે પણ આપના અનુગ્રહથી જ કરે છે; એમાં એ સ્વસામર્થ્ય માનતા નથી. તેથી એવી બુદ્ધિથી ભગવાનનાં અંગ તરીકે બીજા દેવોનું ભજન કરે તેને કોઈ જાતનો દોષ લાગતો નથી. બીજી રીતે પણ બન્નેની અનુક્રમે નિન્દા અને સ્તુતિ કરે છે. આ દેહમાં પુરુષ જાતનો સમ્બન્ધ છે તેમાં અન્નમયાદિ કોશમાં ભગવાન્ છેલ્લા છે. જેમ ઢાળાનાં પાત્ર કરનાર પહેલાં આકૃતિ કરી એમાં ધાતુને ગાળી રેડી દે છે એમ ન કરે તો એ પાત્ર તૈયાર ન થાય એવો આ દેહ છે. બીજા ઘડા વગેરે તો માણસની કૃતિથી બને છે. તેથી આ દેહમાં કોઈ એવો છે કે જેને લીધે અન્નના રસ વગેરે બની આ દેહને પોષે છે. એમ ન હોય તો રાખનો ઢગલો હોય તેમ દેહની ધાતુઓ તે-તે

સ્થાને ન રહેતાં એકત્ર ઢગલી થાય. તેથી દેહમાં રહી જે આ તન્ત્રને ચલાવે છે તે બહુમાન્ય છે. તેથી **"તસ્ય પુરુષવિધતામ્"** એ શ્રુતિમાં ભગવાનને પુરુષ પ્રકારે કહીને અન્નમયાદિને પણ પુરુષરૂપ કહ્યા છે. પુરુષવિધ તો વંશન્યાયથી અન્વિત છે. ત્યાં શંકા કરે કે અન્નમયમાં ભગવદ્ અન્વય હોઈ વિશેષ અન્વયની શી જરૂર છે? ત્યાં કહે છે કે અન્નમયમાં છેલ્લા આનન્દમય તે ભગવાન્ છે. એ આનન્દમય હોવાથી એમને બીજું કાંઈ કર્તવ્ય નથી. અન્દર રહીને એ આકારને આપનાર છે. **"તસ્ય પુરુષવિધતામ્"** એમ ષષ્ઠીના નિર્દેશથી ભેદ બતાવ્યો છે. પણ પૂર્વ પુરુષવિધથી ઉત્તર પુરુષવિધ છે એમ અહીં માનવાનું નથી. એમાં છેલ્લો આનન્દમય છે તે ભગવાન્ છે. અહીં કેટલાક (આનન્દમય) કોશ[1] છે એમ જણાવનારા પોતાને માટે શોક જ પ્રાપ્ત કરે છે, કારણ કે આનન્દમય (ભગવાન્) નો ત્યાગ કરવામાં આવે ત્યારે શોક જ બાકી રહે. **'મયટ્'**[2] પ્રત્યયની અયોગ્યતા તો સૂત્રકારે **પ્રાચુર્યાત્** (પ્રચુરતા-પ્રાચુર્યને લીધે) શબ્દથી દૂર કરી જ છે. "વેદમાં બે સ્વરવાળાને" (પાણિનિ ૪।૩।૧૫૦) એ વ્યાકરણ પ્રમાણે પણ ત્રણ સ્વરવાળા 'આનન્દ' શબ્દને વિકારના અર્થમાં મયટ્- 'મય' પ્રત્યય લાગે નહિ તેથી સાકાર બ્રહ્મના દ્વેષને લીધે જ કોઈ એ એવું (આનન્દમય કોશ છે એવું) વ્યાખ્યાન કરેલું છે, અથવા 'બ્રહ્મ' શબ્દ ઉપરની શ્રદ્ધાને લીધે એવું વ્યાખ્યાન કરેલું છે. (જે ઉપેક્ષા કરવા યોગ્ય છે) કારણ કે "બ્રહ્મ પુચ્છ અને ચરણ છે" (તૈ. ઉ. ૨-૫) એમ બ્રહ્મને આનન્દમયનું પુચ્છ કહેલ છે, (અને ભગવાનની) "હંસની આકૃતિ કહેવામાં આવે ત્યારે (બ્રહ્મ) પરમાત્માનું પૂંછડું હોય છે" તે સિદ્ધાન્ત તેઓ જાણતા નથી. એમ ન હોય તો ભગવાનનું ચરણ બ્રહ્મ ન હોવાથી જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ નું ફલ એક ન હોય એ વાતને ત્યાં જ છોડી દો કેમકે ભાષ્યમાં એ વિસ્તાર પૂર્વક સમજાવવામાં આવી છે તેથી અન્તર રહીને પુરુષપણું અને આનન્દને આપનાર છે તેને જે નથી માનતા તે લોકો કૃતઘ્ન છે અને જે તેને ભજે છે તે યોગ્ય છે. એની યોગ્યતાનું તો શું કહેવું? વળી જગતમાં જે કાર્ય છે તેના નિયન્તા આપ જ છો, જે કાર્ય કારણના પર નિયામક છે તે જ આપ છો અને નિયામક માત્ર નહિ પણ જે બાકી રહે છે તે પણ આપ જ છો; તેથી પર્યવસાન ન્યાયથી ૩ પણ આપને અનુસરવું એ જ ઈષ્ટ છે પણ નશ્વરને અનુસરવું નહિ એ બધામાં જે સત્ય વસ્તુ તે ભગવાન્ છે. બાકી રહે તેટલાથી કામ થતું નથી કેમકે બાકી રહે તેનો કાલ આવે ત્યારે તે જાય છે. તેથી અહીં અવશિષ્ટને ઋતુ (સત્ય) કહ્યા છે તે આપ સ્વયં છો. એને અનુસરે છે તેની સ્તુતિ અને એને અનુસરતા નથી તેની નિન્દા કહી. નહિ કરવાનું કરતા નથી તેની સ્તુતિ ત્યારે જે નહિ કરવાનું કરે છે તેની નિન્દા કહી. આમાં નિન્દા અને સ્તુતિમાં પાંચ હેતુ બતાવ્યા છે ।।૧૭।।

**વિશેષ** : ૧. કોશ=જીવની સાથે રહેનાર સૂક્ષ્મ શરીરના અવયવો. ૨.પ્રાણમય, અન્નમય માંનો મય પ્રત્યય. ૩.પરિણામ જોવું જોઈએ એ નિયમ પ્રમાણે.

**કૃષ્ણ એવ સદા સેવ્યો નિર્ણીતઃ પંચધા બુધૈઃ।**
**શરીરદઃ પ્રેરકશ્ચ સુખદઃ શેષસત્યદઃ।।કા.૪।।**

ડાહ્યા પુરુષોએ પાંચ પ્રકારે હેતુઓ આપી નિર્ણય કર્યો છે કે શ્રીકૃષ્ણની જ સેવા કરવી કેમકે આપ શરીરને આપનાર છે, પ્રેરણા કરનાર છે, સુખને આપનાર છે, આ જગતના પ્રલય પછી બાકી રહેનાર છે અને સત્યરૂપ છે ।।૧૭-૪।।

એવી રીતે બીજા દેવોની ઉપાસના અને બીજું કર્મ કરવાનું જણાવનારી શ્રુતિઓનો નિર્ણય કરીને ભગવાનની ઉપાસના કરનાર ઘણા છે તેમને જુદાં-જુદાં ફળ મળે છે તેનો નિર્ણય નીચેના શ્લોકમાં કરે છેઃ

ઋષિઓના વેદોએ કહેલા માર્ગોમાં જેઓ કર્મની ઉપાસના કરે છે તેઓ સ્થૂલ દષ્ટિવાળા છે. અલ્પ પ્રકાશવાળા નાડીઓના માર્ગ હૃદયની ઉપાસના કરે છે તે અલ્પ જુએ છે. હે અનન્ત! આપનું પરમ ધામ શિર તેથી પણ ઊંચે જાય છે જેને પ્રાપ્ત કરી લેનારા (મનુષ્યો)અહીં જન્મ-મૃત્યુના ચક્કરમાં ફરીથી પડતા નથી ।।૧૮।।

**શ્રીસુબોધિનીજી** : ભગવાનની ઉપાસના કરનારાઓ ત્રણ પ્રકારના છે : ૧. કર્મ (રૂપ ભગવાન્) ની ઉપાસના કરનારા, ૨. યોગ આચરનારા અને ૩. જ્ઞાનીઓ. એ પૈકી જ્ઞાનીઓ શ્રેષ્ઠ છે, કર્મ કરનારા હીન અને યોગ આચરનારા મધ્યમ છે. **એકત્વેન પૃથક્ત્વેન બહુધા વિશ્વતોમુખમ્** (શ્રીભ.ગીતા ૯।૧૫) ''એકપણાથી, જુદાપણાથી અથવા બહુપ્રકારે વિશ્વ થઈ રહેલાની- મારી ઉપાસના કરે છે'' એ ભગવાનનાં વચન પ્રમાણે ભગવાનનું ભજન ઘણા પ્રકારે સમ્ભવે છે. કેટલાક ટીકાકારો[1] આ શ્લોક યોગના સમ્બન્ધમાં જ કહેલો છે એવો અર્થ કરે છે. શ્રુતિના નિર્ણયથી તે વિરુદ્ધ હોય તેમ જણાય છે. **'ઋષિવર્ત્મસુ'** વેદે કહેલા માર્ગોમાં જેઓ **'ઉદરમુપાસતે'** કર્મની ઉપાસના કરે છે તેવો અર્થ છે. વેદનું ઉદર કર્મ છે તેથી અને (કર્મની) ઉદરમાં જ સમાપ્તિ થાય. 'ઉદર' શબ્દની બન્ને પ્રકારે લક્ષણા[2] છે અને (ઉદર શબ્દ) નાભિની આસપાસના ચક્રના અથવા કર્મના અર્થમાં લેવામાં આવે તો અહીં છ ચક્રો કહેલાં નહિ હોવાથી એવો અર્થ પ્રાપ્ત થતો નથી. પાંચ (કર્મ) રૂપ ભગવાનનો વિચાર કરતાં પણ ઉદર સોમ થાય છે અને સ્ત્રીલમ્પટ અને ઉદર ભરવામાં આસક્તિવાળા (પુરુષો) લોકમાં નિન્દાય છે તેથી નિન્દા કરવા 'ઉદર' શબ્દ યોજલો છે. એ ઉદરની ઉપાસના કરનાર સ્થૂલ દષ્ટિવાલા હોય

છે. 'કૂર્પ' શબ્દથી કાંકરા લેવા. એ કાંકરાથી નાની વસ્તુને જોઈ શક્તા નથી તેથી એને સ્થૂલ દૃષ્ટિવાળા કહ્યા છે અથવા કાચબાની પીઠને 'કૂર્પ' કહે છે. તેના ઉપર ચિત્ર જેવા આકારો હોય છે તેમને આંખ જેવા કહેલા છે તેથી એ કાંઈ પણ જોઈ શક્તા નથી એટલે **"ગતાગતં કામકામા લભન્તે"** "આવી રીતે વેદના ધર્મોને વળગી રહેનાર કામનાની ઈચ્છાવાળાઓને જન્મ-મરણ પ્રાપ્ત થયા કરે છે" એ ન્યાયથી એની નિન્દા થાય છે. એમ એક કહીને હવે બીજાને કહે છે કે પરિસર પદ્ધતિ એટલે હૃદય નાડીઓનો માર્ગ હૃદયમાં હોય છે. એવા યોગીઓ નાડીઓના માર્ગને શોધીને હૃદયમાં ભગવાનનું ચિન્તન કરે છે. એ અરુણની જેમ અલ્પ પ્રકાશવાળા છે. એ થોડા પ્રકાશવાળા થોડી ઉપાસના કરી શકે છે. એમ સર્વાત્મા ભગવાનનું કેટલાક ઉદર તો બીજા હૃદયને પૂજનાર કહ્યા. આ કર્મ અને યોગ કહ્યાં. ગીતામાં તો એની પ્રશંસા યોગશાસ્ત્ર હોવાથી કરી છે અથવા બહિર્મુખોને ઉદ્દેશીને એની પ્રશંસા છે. "ત્યારે મુખ્ય ઉપાસના કરનારા ક્યા?" એમ જાણવાની ઈચ્છા થાય તેથી (આપનું પરમ ધામ શિર) તેનાથી ઊંચે જાય છે એમ કહેલું છે. ભગવાનનાં ઘણા સ્થાન છે તેમાં અક્ષર પરમ ધામ છે. અક્ષર શબ્દના પ્રયોગથી એ ભગવાનનું સ્થાન સિદ્ધ થાય છે. ત્રણ લોકથી અને કાળથી પણ શિર ઉપર છે. એનું આધિભૌતિક રૂપ બ્રહ્મલોક છે. બ્રહ્મલોકને વિરાટના શિરરૂપ કહ્યો છે; એ સ્વરૂપને પ્રાપ્ત કરીને પ્રાણી સદાને માટે કાળના મુખમાંથી બચી જાય છે. **"મામુપેત્ય તુ કૌન્તેય પુનર્જન્મ ન વિદ્યતે।** "હે અર્જુન! મને પ્રાપ્ત કરીને તો પુનર્જન્મ થતો નથી" (ગીતા ૮।૧૬)

**વિશેષ** : ૧. વિશ્વનાથ ચક્રવર્તીએ આ પ્રમાણે અર્થ કરેલ છે. ૨.'ઉદર' એટલે પેટ. વેદમાં કર્મ કરવાની વિધિઓ કહેલી હોવાથી વેદનું ઉદર કર્મ છે તેથી 'ઉદર'નો અર્થ કર્મ કર્યો. કર્મની સમાપ્તિ ધન વગેરે પ્રાપ્ત કરવામાં એટલે ઉદરનું પોષણ કરવામાં થતી હોવાથી ઉદરનો અર્થ કર્મ કર્યો. આ બન્ને અર્થ લક્ષણા વૃત્તિથી થયા.

**કર્મરૂપં હરિં કેચિત્, સેવન્તે યોગંપિણમ્ ।**
**તેભ્યોપ્યક્ષરરૂપસ્ય સેવકાઃ સમ્મતાઃ સતામ્।।કા.૫।।**

કેટલાક કર્મરૂપ ભગવાનને સેવે છે, જ્યારે બીજા યોગરૂપ પણ ભગવાન્ છે એમ જાણી યોગ કરી એમનું હૃદયમાં ચિન્તન કરે છે. એના કરતાં પણ અક્ષરરૂપ ભગવાનની સેવા કરનાર લોકોને સન્તોએ ઉત્કૃષ્ટ (ઉત્તમ) માનેલા છે ।।૧૮-૫।।

એમ ઉપાસનાના ભેદનો નિર્ણય કરીને નીચેના શ્લોકમાં ભગવાન્ કાર્યોમાં પાછળથી પ્રવેશ કરે છે એમ જણાવનારી શ્રુતિઓનો નિર્ણય કહે છે :

આપે જ દેવતા, મનુષ્ય, પશુપક્ષી વગેરે યોનિઓ બનાવી છે. બધાં રૂપોમાં સદા સર્વદા ઉપાદાન કારણરૂપે આપ છો જ, છતાં આપ તેમાં પ્રવેશ કરતા હો તેવા ભાસો છો. સાથે-સાથે જુદી-જુદી આકૃતિઓનું અનુકરણ કરી, જેમ અગ્નિ નાનાં-મોટાં-વાકાંચૂકાં લાકડાંઓમાં બહુ અથવા થોડા પરિમાણમાં અથવા ઉત્તમ અધમ રૂપમાં દેખાય છે તેમ, ક્યાંય ઉત્તમ તો ક્યાંય અધમ રૂપમાં દેખાઓ છો. તેથી રજોગુણરહિત સન્તપુરુષો લૌકિક પારલૌકિક કર્મોની દુકાનદારીથી એમનાં ફલોથી વિરક્ત થઈ જાય છે અને સત્ય-અસત્ય, આત્મા-અનાત્માની પહેચાન કરી જગતનાં જુદા રૂપોમાં ફસાતા નથી અને આપના સત્યધામને સમ અને એક રસ જાણે છે ।।૧૯।।

**શ્રીસુબોધિનીજી : ''તત્સૃષ્ટ્વા તદેવાનુ પ્રાવિશત્''** ''એને સર્જીને એમાં જ પછી પ્રવેશ કર્યો'' **''સ એવ ઇહ પ્રવિષ્ટ આનખાગ્રેભ્યઃ''** ''આ એ અહીં નખથી માથા સુધી પ્રવેશેલા છે'' વગેરે શ્રુતિઓમાં ભગવાને કરેલ પ્રવેશ સાંભળવામાં આવે છે. **''ગુહાં પ્રવિષ્ટાવાત્માનો હિ તદ્દર્શનાત્''** હૃદયાકાશમાં પ્રવેશ કરેલા બે આત્મા (પરમાત્મા અને જીવાત્મા) છે, કારણ કે એમનું દર્શન (નિરૂપણ કરેલું) છે'' અહીં એ વિચારવાનું છે કે તે પ્રવેશ ૧. સર્વ પ્રકારે બહાર રહેલાનો થાય છે કે ૨. અન્દર જ રહેલાનો પ્રકાશ થતાં લોકોને તેમાં દર્શન થાય છે તેથી લોકની દૃષ્ટિનો આશ્રય કરીને પ્રવેશ કહેલો છે? તે પૈકી ૧.બહાર રહેલાનો જ પ્રવેશ થતો હોય તો ભગવાન્ પોતે જ સૃષ્ટિ બને છે એ (સિદ્ધાન્ત) ખોટો ઠરે છે, અદ્વૈત રહેતું નથી અને ભગવાન્ અવયવરહિત પણ રહેતા નથી. પ્રવેશ થતો હોય તો પણ બન્નેનો પ્રવેશ બ્રહ્મસૂત્રમાં કહેલો છે. પ્રવેશ કર્યા પહેલાં તો જુદા થવાનું કારણ નહિ હોવાથી કોઈની અન્તર પ્રવિષ્ટ થયેલા ભગવાન્ જીવ અને બ્રહ્મ થાય છે. તેથી બે વિષયનો નિર્ણય કરવાનો છેઃશું બહાર રહેલા ભગવાન્ પ્રવેશ કરે છે? અથવા ૨.ભગવાન્ અથવા જીવ બન્ને પ્રવેશ કરે છે? આ પ્રમાણે અહીં અનુક્રમે બે શ્લોકોથી નિર્ણય કરે છે. પોતે જ કરેલી વિચિત્ર યોનિઓમાં ભગવાન્ હેતુપણાથી ત્યાં રહેલા જ જાણે કે પ્રવેશ કરતા હોય એમ પ્રકાશે છે. આથી એમ કહેલું છે કે પ્રવેશ કહેનારી શ્રુતિ દેખાય છે તેવું જણાવનારી છે. કેટલાક એમ કહે છે કે ''કારણનો કાર્યમાં પછી પ્રવેશ જુદો થાય છે; એમ ન હોય તો તેમાં કારણ દેખાય નહિ; તેથી બન્ને (મત) નો સંગ્રહ કરવા **'ઇવ'** ''જાણે કે (પ્રવેશ કરતા હોય)'' એવો શબ્દ યોજેલો છે. **''પરસ્ય દશ્યતે ધર્મો હ્યપરસ્મિન્ સમન્વયાત્''** એમ કાર્યમાં કારણના પ્રવેશને ઉપલા વાક્યથી શ્રીભાગવત પણ કહે છે તેથી ભગવાન્ કાર્યમાં ઉપાદાનથી હોવા છતાં એમાં

પ્રવેશ કરે છે એમ પ્રવેશ કહ્યા પછી ''સચ્ચ ત્યચ્ચાભવત્'' એ શ્રુતિ પ્રવિષ્ટની વિલક્ષણતા બતાવે છે. એનો પણ નિર્ણય કરે છે કે ''વધારે ઓછા ભાવથી એમાં ભાસો છો'' દેવ, મનુષ્ય, પશુ ભાવથી, રાજસ, તામસ, સાત્વિક સ્વભાવથી ભાસો છો. ત્યાં શંકા થાય કે પ્રવેશ કરનાર એક જ હોય તો તરતમ ભાવ કેમ ઘટે? ત્યાં કહેવાનું કે એ અગ્નિની જેમ દેખાય છે. આથી ભેદ જીવનો કરેલ નથી એ વાત સૂચિત થઈ. ભગવાન્ તો અન્તર્યામી એક જ પ્રકારના છે એ દેવાદિ જીવભેદથી ભેદવાળા દેખાય છે એવો એ મત છે. જેમ અગ્નિ સર્વત્ર કાષ્ટમાં પેસે ત્યારે રંગભેદ, સ્થૂલ, સૂક્ષ્મ ભેદ, લાંબા વાંકાનો ભેદ એમાં દેખાય છે, પોતે જે લાકડામાં રહેલો હોય તે સિવાય બીજા કોઈથી ભેદ થતો નથી. ''અહીં તો અગ્નિનું દૃષ્ટાન્ત કહ્યું તેમાં યુક્તિ ન કહી?'' એવી શંકા થાય ત્યાં કહે છે કે ભગવાન્ પોતે જે કરે છે તેનું પોતે જ અનુકરણ કરે છે. જેમ શિક્ષક શિષ્યની વિદ્યાનું અનુકરણ કરે છે તેમ ભગવાન્ જગતરૂપે ક્રીડા કરવામાટે સર્વત્ર અનુપ્રવેશ કરી તે-તે રૂપ પોતે થાય છે. એમ થવામાં દોષની નિવૃત્તિને કહે છે. એ બધા પાંચ ભૌતિકો અસત્ય છે તેમાં પોતાનું સ્વરૂપ સત્ય છે. એનું કારણ કે સર્વમાં પોતાનું સ્વરૂપ સમાન છે. પૃથ્વી વગેરે દસ-દસગણાં વિષમ છે તે પ્રવેશ કરે એમાં એની સમતા નથી કેમકે કઠણપણા અને વિરલતાથી એમાં વૈષમ્ય છે; આકાશ પણ અનિત્ય હોવાથી વિષમ છે પણ એ સૂક્ષ્મ હોઈને એની વિષમતા જાણી શકાતી નથી. ભગવાન્ તો સમ રહીને જ સર્વમાં પ્રવેશ કરે છે કારણ કે **''નિર્દોષં હિ સમં બ્રહ્મ''** એમ શ્રુતિ કહે છે. જ્ઞાનાદિ તારતમ્ય તો જીવનિષ્ટ છે તે પછીના શ્લોકમાં કહેવાશે, અહીં તો માત્ર સમતા કહેવાની છે. જેમાં પેસે છે તેના જેવડો આત્મા દેખાય છે તેથી જ **''સમો નાગેન સમો મશકેન''** ''હાથી જેવડા, મચ્છર જેવડા'' વગેરે શ્રુતિ પ્રમાણે ભગવાન્ જેમાં પ્રવેશ કરે છે તેના જેવડા થઈને તેમાં પ્રવેશ કરે છે. ભગવાન્ તુલ્ય અંશથી પ્રવેશ કરે તો સર્વની સમાનતા ન દેખાય. કેમ ન દેખાય? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે જો સમતા જ દેખાય તો ભગવાનના કાર્યમાં વિષમતા જોવામાં ન આવે. ભગવાનનાં કાર્ય તો **''યોન્તઃ પ્રવિશ્ય મમ વાચમિમાં પ્રસુપ્તામ્''** જે અન્દર પ્રવેશ કરીને મારી આ પ્રસુપ્ત વાણીને જિવાડે છે. ઈત્યાદિ ભાગવત વાક્યથી કહ્યાં છે. એ ભગવાનની વિલક્ષણતાને તો જેની બ્રહ્મદષ્ટિ થઈ હોય તે જ જાણી શકે છે. જેમ ઝવેરી હોય તે જ આ ખરું અને આ બનાવટી રત્ન છે એમ જાણે છે તેમ રજોગુણ વિનાના પુરુષો ભગવત્સ્વરૂપને જાણે છે. એને જ જણાય એનું શું કારણ કે એ આ લોક અને પરલોક ના વ્યવહારને છોડીને ભગવદ્ દર્શન કરનાર છે. જે જેનો અભ્યાસ કરે તે તેને જોઈ શકે છે. જેમ વ્યવહારમાં રાત-દિવસ તોળનારા હાથમાં લેતાં જ આ એક શેર છે એમ કહી દે છે તેમ વ્યવહારને છોડીને સર્વથા બ્રહ્મનું

અનુચિન્તન કરનાર છે તે સર્વત્ર બ્રહ્મને જોઈ શકે છે પણ વિકારથી ઉત્પન્ન થયેલ પદાર્થને જોતા નથી કેમકે એને એ પણ બ્રહ્મરૂપે ભાસે છે. એ બ્રહ્મને જુએ એ તો ઠીક પણ બધાને બ્રહ્મ જુએ એનું કારણ શું? એના ઉત્તરમાં કહે છે કે એ સર્વત્ર એકરસને જુએ છે. રસ તો અનુભવથી જણાય. એ બ્રહ્મજ્ઞોનો પ્રેમ સર્વત્ર સમ હોય છે. જો એમ ન હોય તો અનુભવમાં વિરોધ આવે; તો દર્શનમાંથી સમતા જતી રહે. લોકમાં પણ વિલક્ષણ રસના અભિજ્ઞ થાય છે તે વિલક્ષણ પદાર્થોમાં તુલ્ય દષ્ટિવાળા હોય છતાં એની વિલક્ષણતાને એ જાણી શકે છે. **''બ્રાહ્મણે પુલ્કસે સ્તેને''** શ્રીભાગવત ૧૧।૨૯।૧૪ ''બ્રાહ્મણમાં, ચાંડાલમાં અને ચોરમાં'' તેમની સમદષ્ટિ જણાવી છે. તેથી ભગવાન્ સર્વમાં સમ છે અને સર્વમાં અનુસ્યૂત છે તેથી જગત્રૂપમાં પ્રવેશ કરીને ક્રીડા કરતાં પણ એમને દોષનો સમ્ભવ નથી ।।૧૯।।

**સર્વત્ર ભગવાન્ તુલ્યઃ સર્વદોષવિવર્જિતઃ।**
**ક્રીડાર્થમનુકુર્વન્ હિ સર્વત્રૈવ વિરાજતે।।કા.૬।।**

ભગવાન્ સર્વ દોષ રહિત છે, સર્વત્ર તુલ્ય છે. એ ક્રીડામાટે અનુકરણ કરતા સર્વત્ર પ્રકાશે છે ।।૧૯-૬।।

એમ પ્રવેશ કરે છે છતાં ભગવાન્ નિર્દોષ છે એ વાત કહીને બેનો પ્રવેશ શ્રુતિમાં કહેલો હોવાથી બીજાની શી વાત છે? એ શંકા નિવૃત્ત કરવામાટે કહે છેઃ

આ પોતે બનાવેલ દેહોમાં સર્વ શક્તિવાળા આપના અંશ જીવને બહારથી અને અન્દરથી દેહે કરેલ ગુણદોષરહિત અંશથી બનેલો કહે છે. એવી રીતે માણસો (જીવો) ની ગતિનો વિવેક રાખીને ભૂતલ ઉપર વિશ્વાસ રાખનારા કવિઓ (પંડિતો) જન્મ-મરણનો ફેરો ટાળનાર, વેદો જેનું પ્રતિપાદન કરે છે તેવા આપના ચરણની ઉપાસના કરે છે ।।૨૦।।

**શ્રીસુબોધિનીજી** : ભગવાને કરેલો દેવ, પશુ અને મનુષ્ય શરીરમાં ભગવદંશરૂપ પુરુષ એટલે જીવ અન્દર અને બહાર આવરણરહિત એટલે એના ગુણદોષરહિત હોવાથી અંશરૂપ વિષમતાને ધારણ કરે છે. અહીં એટલું સમજવાનું છે કે જીવ ભગવાનનો ચિત્ અંશ છે એ અત્યન્ત સૂક્ષ્મ છે. એ બધા દેહમાં પ્રવેશ કરે છે, અન્દર અને બહાર ચૈતન્ય ગુણથી પૂર્ણ રહે છે તેથી સ્વભાવથી એ જીવ પણ વિષમ નથી તો પણ અંશભાવથી એમાં વિષમતા આવે છે કેમકે એમાં આનન્દનો અંશ તિરોહિત રહે છે. એ પોતાના આનન્દની અપેક્ષામાટે દેહને ધારણ કરે છે. એમાં સુખ ન મળતાં એ વિષમ જેવો દેખાય છે. ભગવાન્ અને જીવ માં આટલો જ તફાવત છે કે ભગવાન્ આનન્દપૂર્ણ છે જ્યારે જીવનો આનન્દ તિરોહિત થયો છે. એ

આનન્દને માટે બીજાની અપેક્ષા કરે છે તેટલી એમાં વિષમતા છે. આ અર્થ **અંશકૃત** પદથી કહ્યો છે. એ પ્રમાણે જેઓ ભગવાનૃથી જીવનો ભેદ જાણે છે તેઓ ભગવાનને ભજે છે, બીજા ભગવાનને ભજતા નથી. જીવની પ્રવૃત્તિ આનન્દને માટે છે. એ આનન્દ ભગવાન્‌માં જ છે, બીજે ક્યાંય પણ નથી. **''કો હ્યેવાન્યાત્ કઃ પ્રાણ્યાત્ યદેષ આકાશ આનન્દો ન સ્યાત્ એષં હ્યેવાનન્દયતિ''** જો આ આકાશ આનન્દ ન હોત તો કોણ શ્વાસ લે, કોણ જીવે? કારણ કે આ જ આનન્દ પ્રાપ્ત કરાવે છે. (તૈ. ઉ. ૨।૭।૧) એમ શ્રુતિ કહે છે. જ્યાં જીવનો આનન્દ તિરોહિત થયો ત્યાં જડમાં તો આનન્દની ગન્ધ પણ ક્યાંથી હોય? મરુ દેશમાં ઝાંઝવાનાં જળમાં ભ્રાન્તને જળ છે એવો ભાસ થાય તેમ લોક પણ માળા, ચન્દન, વનિતા માં આનન્દ છે એમ કહે છે તે ભ્રાન્ત છે એમ સમજવું. દાતા માણસ પોતાની પાસે હોય તે આપી શકે પણ જે ત્રણે કાળમાં પોતાની પાસે નથી તેને એ ક્યાંથી આપી શકે? તેથી આનન્દ ભગવાન્‌માં છે એ વાતને પડિતો સારી રીતે જાણે છે તેથી એ ભગવચ્ચરણની ઉપાસના કરે છે કેમકે ભગવાન્ આનન્દના ખજાનારૂપ છે. ત્યાં શંકા કરે છે કે પરમાનન્દ ભગવાન્‌માં હોય એની કોઈ ના ન કહી શકે પણ સ્વર્ગ વગેરેમાં (હલકો) આનન્દ તો હોવો જોઈએ? એના ઉત્તરમાં કહેવાનું કે વેદ તો **''સર્વે વેદા યત્પદમામનન્તિ''** ''સર્વ વેદો જેમના ચરણનો વિચાર કરે છે'' આપના ચરણને જ ફળ તથા સાધનારૂપ ગણે છે માટે યજ્ઞો પણ ચરણરૂપ અને મુખ્ય ગણાતું સ્વર્ગ પણ આપના ચરણરૂપ છે. **''અસ્યૈવાનન્દસ્ય અન્યાનિ ભૂતાનિ માત્રામ્ ઉપજીવન્તિ''** આ જ આનન્દના અંશ ઉપર બીજાઓ નભે છે. એમ શ્રુતિ જ કહે છે. **''એષ એવ આનન્દયાતિ''** આ જ આનન્દ પ્રાપ્ત કરાવે છે એમાં એવ કાર 'જ' કહ્યો છે તેથી વેદના મતથી તો ભગવચ્ચરણ સિવાય અન્યત્ર કોઈ સ્થળે આનન્દ નથી એમ સિદ્ધ થાય છે. તેથી જ કોઈ દિવસ જેની ઉત્પત્તિ નથી પણ બીજાનાં જન્મ-મરણને પણ દૂર કરનાર આપના ચરણને પૃથ્વી ઉપર તીર્થ આદિથી પવિત્ર અન્તઃકરણવાળા આપનામાં વિશ્વાસ રાખી આપના ચરણનું સેવન કરે છે. સ્વર્ગ આદિમાં આનન્દની સામગ્રીની સમ્ભાવના પણ ખરી તેથી **'ભુવિ'** એ શબ્દ કહ્યો છે. વળી સ્વર્ગ આદિમાં રહેનારને ભગવાન્‌માં વિશ્વાસ પણ ઓછો હોય તેથી પણ **ભુવિ વિશ્વસિતાઃ** ભૂતલ ઉપર વિશ્વાસ રાખનારા એમ કહ્યું છે ।।૨૦।।

**ગુપ્તાનન્દા યતો જીવા નિરાનન્દં જગદ્યતઃ।**
**પૂર્ણાનન્દો હરિસ્તમાજ્ જીવૈઃ સેવ્યઃ સુખાર્થિભિઃ।।કા.૭।।**

જીવમાં આનન્દ તિરોહિત છે, જગત્ આનન્દરહિત છે તેથી સુખની ઇચ્છાવાળા જીવોએ પૂર્ણ આનન્દવાળા હરિની સેવા કરવી ।।૨૦-૭।।

એવી રીતે ભગવાન્ કાર્યોમાં પ્રવેશ કરે છે એમ જણાવનારી શ્રુતિના વિષયના વિચારથી જીવનું સ્વરૂપ કહેવામાં આવ્યું, આનન્દની અપેક્ષાવાળાએ ભગવાનની સેવા કરવી એ પણ કહ્યું એ ભગવાન્‌માં અસમ્ભાવના વિપરીત ભાવના ન થવામાટે ભગવાન્‌માં આનન્દ ન હોય તો? ક્યા પૂર્ણાનન્દ ભગવાન્? એ બે સન્દેહની નિવૃત્તિને માટે કહે છેઃ

હે ભગવન્! પરમાત્મતત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું અત્યન્ત કઠિન છે. તેનું જ જ્ઞાન પ્રાપ્ત કરાવવાને માટે આપ અનેક અવતાર ગ્રહણ કરો છો અને તે દ્વારા એવી લીલા કરો છો કે જે અમૃતના મહાસાગરથીપણ મધુર અને માદક હોય છે. આલીલા અને કથા ના અમૃતના મહાસાગરને ડહોળવાનો પરિશ્રમ કરનારાઓ જેમણે આપના ચરણકમલનો જઆશ્રય કરનારા હંસોના સમૂહના સંગમાટે ઘરબાર ત્યજી દીધાંછે તેવા કેટલાક, હે ઈશ્વર! અનેક પ્રકારે લલચાવનારા પદાર્થોનીતો શું પણમોક્ષની પણ ઈચ્છા કરતાનથી ।।૨૧।।

**શ્રીસુબોધિનીજી** : ભગવાન્‌માં આનન્દ છે કે નહિ એ તો શંકા પણ ન કરવી તેમ ભગવાન્ કોણ એ શંકા પણ કરવી જ નહિ તેમ જીવની પેઠે જન્મ ન લેતાં એનો આનન્દ તિરોહિત થાય એ શંકા પણ ન કરવી કેમકે અવતારને ધરનાર-શ્રીકૃષ્ણના ચરિત્ર માત્રના શ્રવણથી પણ એવો આનન્દ પ્રાપ્ત થાય છે કે એનો વિચાર કરનાર પરમાનન્દની પણ ઈચ્છા કરતો નથી એ સર્વના અનુભવની વાત છે. એ મોક્ષને પણ ઈચ્છતો નથી એ બતાવનાર બીજો પણ હેતુ કહે છે કે ઘરમાં માણસ માત્રને ઘણું સુખ હોય તેને પણ જ્યારે એ ભગવાનને માટે છોડી દે છે. જો ભગવાન્‌માં સહસ્રાંશે પણ આનન્દનો સન્દેહ હોય તો પોતાના ઘરનો હાજરાહજૂર આનન્દ કોણ છોડે? માટે ભગવાન્‌માં આનન્દ છે એમાં સન્દેહ કરવાનો નથી. ભગવાનનો અવતાર થાય છે તે પણ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવવામાટે થાય છે તેથી અવતાર દશામાં જે આપણી સાથે પરિચયમાં આવે છે તે પણ પૂર્ણ આનન્દરૂપ છે એમ સિદ્ધ કરે છે કે આત્મા કોઈ રીતે જાણી ન શકાય તેવો છે. ચક્ષુવાળો હોવા છતાં જે જુએ નહિ, છતી આંખે આંધળો હોય તેને જ્ઞાન કરાવવાનો ઉપાય કઠિન છે. જે પોતાનો આત્મા છે તેને જાણતો નથી તેને એનો આત્મા કોણ બતાવી શકે? તો પણ આત્મા જણાતો નથી એ માટે શું કરવું એ સન્દેહ રહે છે. એ આત્માનું યથાર્થ સ્વરૂપ દુર્જ્ઞેય છે. એનું પરમાર્થરૂપ કેવું છે એવું જ્ઞાન લોકમાં પ્રસિદ્ધ હોત તો આજ સુધીમાં એને કોઈએ જાણ્યું હોત ને આટલા સમયમાં બધા મુક્ત થઈ ગયા હોત; પણ એમ થયું નથી તેથી આત્માને જાણવામાં લોકમાં પ્રસિદ્ધ કોઈ કારણ હોય એમ જણાતું નથી. ભગવાન્ એને માટે પ્રસિદ્ધ થયા તેથી **'नितराम्'** સારી રીતે **'गमः'**

જ્ઞાન તે નિગમ. દેહને ગ્રહણ કરવો એ અજ્ઞાનનું કાર્ય છે. ભગવાનનું અદ્દ્ભુત ચરિત્ર પણ અજ્ઞાન કાર્ય જેવું પ્રકટ કરીને બધાને એ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. તેથી અદ્દ્ભુત કર્મવાળા ભગવાનનું ચરિત્ર જ અમૃતનો મોટો સાગર છે. 'મોટો' એટલે લોકમાં પ્રસિદ્ધ સમુદ્ર કરતાં મોટો, કારણ કે આ પૃથ્વી ઉપરનો સમુદ્ર ઘણા પ્રયાસે સુકાવી દેવાય[૧] પી જવાય, બંધાય કે ઓળંગી શકાય પરન્તુ ભગવાનના ચરિત્રરૂપી અમૃતનો સાગર તો કોઈથી એમ કરી શકાય તેવો નથી. સમુદ્રપણું અને અમૃતપણું તો સિદ્ધ કરેલાં જ છે[૨] 'પરિવર્ત' એટલે એમાં ફર્યા કરવું એટલે એને ઘણા પ્રકારે ડહોળવો. એ માટે સર્વ તરફથી શ્રમ છે જેમનો તેવા પુરુષો મોક્ષની પણ ઈચ્છા કરતા નથી. એવા ચરિત્રને ડહોળી નાખવાનું (એનો વિચાર કરવાનું) જેમનું સામર્થ્ય છે તેઓ મહારસના પાનથી મતવાલા થયા હોય તેમ પોતાની મેળે પ્રાપ્ત થયેલ અથવા કોઈથી અપાતા મોક્ષને પણ લે નહિ એમાં કહેવું જ શું? ઘણા પ્રકારે લલચાવનારા પદાર્થમાટે પણ તેમની ઈચ્છા સરખી પણ થતી નથી. 'હે ઈશ્વર!' એ સમ્બોધનથી એમ સૂચવ્યું કે આપ મોક્ષ આપો તો પણ તેઓ લેતા નથી. ''ભગવાનનું ચરિત્ર અને મોક્ષ બન્નેમાંય પરમાનન્દ સરખો છે અને કથારૂપી સમુદ્રમાં અવગાહન (કથાનો વિચાર કર્યા કરવા) નો ક્લેશ વધારે છે તો પછી મોક્ષની તેઓ ઈચ્છા કેમ કરતા નથી?'' એવી શંકા થાય તેથી ''આપના ચરણકમલનો જ આશ્રય કરનારા હંસોના સમૂહના સંઘમાટે ઘરને તજ્યાં છે તેવા શબ્દો યોજેલા છે. જેમ લોકમાં એકલો પુરુષ જે પ્રકારે રસનો અનુભવ કરવામાં આવે તે વધારે સુખ આપનારો થાય છે તેમ પરમાનન્દ પણ (યોગ્ય પુરુષો સાથે અનુભવ કરવાથી) વધારે સુખ આપનારો થાય છે. એટલે આપના ચરણરૂપી કમલનો જ જેમને આશ્રય હોય તે. તેમનું કુલ એટલે સમૂહ તેવા હંસોના સંઘમાટે જેમણે ઘરબાર છોડી દીધેલાં છે તેમને મોક્ષની પણ પરવા નથી. હંસોની સાથે પરમાનન્દનો ઘણે પ્રકારે ભોગ કરવાનો છે. તેથી મોક્ષની પણ ઈચ્છા કરતા નથી. આમ મોક્ષ કરતાં પણ ભગવાનની કથાના શ્રવણનો રસ અદકેરો (વધારે) જણાવેલો છે. ઘર (કથાના શ્રવણમાં) વિઘ્ન કરનારું હોવાથી અને ત્યાં રહેવામાં ભગવાનના સેવકોની સમ્મતિ નહિ હોવાથી તેનો ત્યાગ કરે છે.

**વિશેષ** : ૧. 'કાળકેય'નામના અસુર લોકોને બહુ રંજાડતો અને સમુદ્રમાં છુપાઈ જતો તેથી અગસ્ત્ય ઋષિએ સમુદ્રને શોષી લઈ કાળકેયનો નાશ કર્યો હતો. એવી રીતે 'ઈલ્વલ'નામનો અસુર સમુદ્રમાં સન્તાઈ ગયેલો. અગસ્ત્ય ઋષિ સમુદ્રનું આચમન કરી પી ગયા અને ઈલ્વલને મારી નાખ્યો. શ્રીરામચન્દ્રજીએ સુમદ્રને બાંધ્યો હતો-સેતુબંધ દ્વારા- અને હનુમાનજી સમુદ્રને ઓળંગી ગયા હતા.

૨.આગળના સોળમાં શ્લોકનાં શ્રીસુબોધિનીજી તથા ૧૦।૨૮।૯ 'તવ કથામૃતં' એ શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં.

**કૃષ્ણે હરૌ ભગવતિ પરમાનન્દસાગરઃ।**
**વર્તતે નાત્ર સન્દેહઃ કથા તત્ર નિયામિકા।।કા.૮।।**

ભગવાન્ હરિ શ્રીકૃષ્ણમાં પરમાનન્દનો સાગર છે. આ વિષયમાં સન્દેહ નથી. કથા એ જણાવનારી છે અર્થાત્ ભગવાન્માં જો પરમાનન્દ ન હોય તો એમની કથામાં પરમાનન્દ ન હોત એવો ભાવ છે ।।૨૧-૮।।

એ પ્રમાણે પરમાનન્દ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાઓએ ભગવાનની જ સેવા કરવી જોઈએ એમ જણાવીને એ ભગવાનની સેવા થઈ શકે તે માટે નીચેના શ્લોકમાં ખાસ કરીને સેવામાં વિઘ્ન કરનાર (અસત્સંગ) નું નિરૂપણ કરે છે.

હે પ્રભો! (ઇન્દ્રિય, બલ, વિવેકવાળું) આ શરીર આપને (આપની સેવાને) અનુકૂલ છે. તે આત્મા, મિત્ર અને પ્રિયની જેમ વર્તે છે. વળી આપ હિત કરનાર, પ્રિય અને આત્મા હોવાથી (આ જીવ મારી સેવા ક્યારે કરશે એવી ઉત્કંઠાયુક્ત) અનુકૂલ છો છતાં અરેરે! ખેદની વાત છે કે (પૂર્વ જન્મનાં પાપને લીધે દુઃસંગ થવાથી, ઇન્દ્રિયોની આળપંપાળ કરવાથી તથા અન્યાશ્રય કરવાથી) આત્મહત્યારા આપની ભક્તિમાં રમમાણ થતા નથી, ભક્તિ કરતા નથી તેઓ અસત્સંગમાં આસક્ત હોવાથી ખબર નહિ તેમને કેટલાં દુષ્ટ શરીરો ધારણ કરવાં પડે છે અને અત્યન્ત ભયાવહ સંસારમાં ભટકવું પડે છે ।।૨૨।।

**શ્રીસુબોધિનીજી** : પોતે જે ઇચ્છેલું હોય (અસત્સંગ) તે જ વિઘ્ન કરનારું થાય છે, બીજાં વિઘ્ન કરનાર થતાં નથી એમ કહેવા, બીજાં વિઘ્ન કરનાર થતાં નથી એમ સિદ્ધ કરે છે. એ પૈકી શરીર વિઘ્ન કરનાર થતું નથી એમ સિદ્ધ કરે છે, કારણ કે શરીર (એમાં રહેલા) સર્વ દોષોને લીધે દુષ્ટ, શક્તિ રહિત અને આળસુ છે; તેથી આ શરીર ભગવાનના ભજનમાં વિઘ્ન કરનારું હશે એવી શંકા દૂર કરે છે. આ શરીર સર્વ ઇન્દ્રિયવાળું તથા બલ, વિવેક વગેરે ગુણોવાળું આપને **'અનુપથમ્'** અનુકૂલ સેવકરૂપ છે, કારણ કે ઇન્દ્રિયોવાળાં હોવું એ જ સેવાના અધિકારીનો ગુણ છે. (ઇન્દ્રિયો જેની સંગીન અને સાબૂત હોય તે જ ભગવાનની સેવા કરી શકે છે) તેવા શરીરમાં જો અહન્તા-મમતા દઢ હોય તો તેને લીધે પુરુષ તેને સેવામાં ન લગાડે તેથી તે સેવામાં લગાડે તે માટે **'કુલાયમ્'** શબ્દ યોજેલો છે. **'કુલાયઃ'** એટલે પક્ષીનો માળો. પાંખો આવે ત્યારે પક્ષીઓ તેમાં રહેતા નથી. શરીર પુત્ર વગેરેથી જુદું છે. જેમણે પોતાના

શરીરને પુત્ર વગેરેથી જુદું જાણેલું છે, ''આ માત્ર (આત્માના) ઘર રૂપ છે અને એ પણ વિવેક વગરના લોકોને જ હિતકારી લાગે છે, ઇન્દ્રિયો વગેરેથી પણ જુદું છે અને વિવેક પ્રાપ્ત થાય ત્યારે તજવા યોગ્ય છે'' એમ જેઓએ જાણેલું છે તેમનું શરીર આપને અનુકૂલ છે. એમાં પણ સ્ત્રી અથવા સેવક નું શરીર હોય અથવા ઊલટા સ્વભાવને લીધે (ભગવાનનો) દ્વેષ કરનારનું શરીર હોય તો સેવા થાય નહિ. તેથી **''આત્મસુહૃત્પ્રિયવચ્ચ રતિ''** શબ્દો યોજેલા છે. ''આત્માની જેમ, મિત્રની જેમ અને પ્રિયની જેમ વર્તે છે'' તેવો એનો અર્થ છે. ૧.આત્મા પોતાને અધીન હોય છે તેથી આવું (શરીર) સ્ત્રીના શરીર જેવું કે સેવકના શરીર જેવું નથી એમ કહેલું છે. સ્ત્રી અથવા સેવકનું શરીર તો બીજાને (સ્ત્રીને અથવા સેવકને) અધીન હોય છે, છતાં પણ ૨.જો ધર્મના કાર્યમાં અસહિષ્ણુ હોય, શક્તિવાળું ન હોય તો પણ સેવા થાય નહિ તેથી એ (ધર્મકાર્યમાં શક્તિમાન હોવા) માટે **'સુહૃદ્વત્'** 'મિત્રની જેમ' શબ્દ વાપરેલ છે, કારણ કે મિત્ર પોતાનું હિત જ કરે છે. એ પ્રમાણે આ શરીર પણ ધર્મના કાર્ય વગેરે કરવા શક્તિવાળું છે. વળી ૩.જેમ પ્રિય (પુરુષ) ઉપર આપણો સ્નેહ હોય છે તેમ આ શરીર સ્નેહ કરવા યોગ્ય છે, પરન્તુ ઘણા પાપવાળાની જેમ દ્વેષ કરવા યોગ્ય, ચાંડાલ વગેરેના શરીરની જેમ મનને પીડા ઉત્પન્ન કરનારું નથી. એ પ્રમાણે શરીર ભગવાનની સેવામાં વિઘ્ન કરનારું નથી એમ સિદ્ધ કર્યું. કદાચ જેનું ભોજન કરવાનું છે તે ભગવાન્ જ સેવા ન કરાવે તો એ પ્રતિબન્ધક થાય. એ પણ આપ બ્રાહ્મણ આદિ દેહ આપીને આ જીવ મારી સેવા કરશે એમ આતુર રહો છો. વળી એ દેહનું અકસ્માતથી આપ રક્ષણ કરો છો. આ મિત્રનું કાર્ય છે. વળી ભગવાન્ આ સેવા કરનાર દેહના આત્મા છે અને સર્વને આત્માની જરૂર હોય છે. તેવી રીતે ભગવાન્ અનુકૂલ છે. એમ શરીરરૂપ સાધન અનુકૂલ છે અને સેવા કરાવનાર ભગવાન્ અનુકૂલ છે છતાં જે જીવ ભગવત્સેવા નથી કરતો તે દુષ્ટોનો સંગ કરનાર છે તેથી સંગદોષથી એ ભજન કરતો નથી. બીજી બહારના દેવતાઓ છે તેનો એકવાર પણ પ્રસંગ પડે તો એ ભગવદ્ભજનથી વિમુખ કરે છે એ વાત 'ચ'કારથી કહી છે. એ સર્વ પુરુષાર્થને નાશ કરનાર અસત્સંગ કેમ કરતા હશે? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે એ લોકો પૂર્વના પાપને લઈને આત્મહત્યારા થયા છે અથવા દુષ્ટ ઇન્દ્રિયોની ઉપાસનાને લીધે ભજન કરતા નથી. ''એ દુષ્ટ ઇન્દ્રિયોની ઉપાસનાથી શું થાય?'' એવી શંકા થાય તો કહે છે કે **'યદનુશયાઃ'** જે અસત્સંગની અન્દર અનુશય એટલે વાસનાવાળા તેઓને મહા ભયાવહ સંસારમાં ખબર નહિ કેટકેટલાં ખરાબ શરીર ગ્રહણ કરવાં પડે છે ।।૨૨।।

**અસત્સંગો ન કર્તવ્યો ભક્તિમાર્ગસ્ય બાધકઃ।**

**દેહે હ્યનુગુણે કૃષ્ણે નેન્દ્રિયાણાં પ્રિયં ચરેત્।।કા.૯।।**

ભક્તિમાર્ગમાં બાધક દુષ્ટનો સંગ કોઈ દિવસ ન કરવો. દેહ સેવાને લાયક હોય અને શ્રીકૃષ્ણ સેવા કરાવવાને અનુકૂળ હોય તો સેવા કરવી પણ ઇન્દ્રિયોનું હિત ન કરવું ।।૨૨-૯।।

આટલી વાત કહેવાથી જીવે ભગવાનનું ભજન (સેવા) અવશ્ય કરવું એમ કહ્યું. એમાં ક્યા પ્રકારથી ભગવાનને ભજવા એમ જાણવાની ઇચ્છા થાય ત્યાં એનો નિર્ણય કરે છેઃ

હે પ્રભો! મોટા-મોટા વિચારશીલ યોગી યતિ પોતાના પ્રાણ, મન અને ઇન્દ્રિયો ને વશ કરી દઢ યોગાભ્યાસદ્વારા હૃદયમાં આપના ચરણનું ધ્યાન ધરી ઉપાસના કરે છે. પરન્તુ આશ્ચર્યની વાત તો એ છે કે તેમને જે પદની પ્રાપ્તિ થાય છે તેની જ પ્રાપ્તિ તે શત્રુઓને પણ થઈ જાય છે. જે આપની સાથે વેરભાવ રાખે છે કારણ કે સ્મરણ તો તેઓ પણ કરે છે. આપની શેષનાગની કાયા જેવી (પુષ્ટ, લાંબી અને સુકુમાર) ભુજાઓમાં આસક્ત બુદ્ધિવાળી સ્ત્રીઓ અને અમે (શ્રુતિઓ) પણ સમાન દષ્ટિવાળા આપની દષ્ટિમાં સરખાં જ છીએ કારણ કે યોગીઓ, શત્રુઓ, સ્ત્રીઓ અને અમે આપનાં ચરણકમલને સારી રીતે ધારણ કરનાર છીએ ।।૨૩।।

**શ્રીસુબોધિનીજી** : ''તેથી કોઈપણ ઉપાયથી મન શ્રીકૃષ્ણમાં પરોવવું. (શ્રીમદ્ ભા. ૭૧।૩) એ વાક્ય પ્રમાણે ભગવાનના ચરણમાં આસક્તિ જ જરૂરની છે, પરન્તુ કોઈ ચોક્કસ પ્રકાર જરૂરનો નથી એમ કહેવા જણાવે છે કે જેઓ મર્યાદામાર્ગ પ્રમાણે, વેદમાં મના કરેલ માર્ગ પ્રમાણે, પુષ્ટિમાર્ગ પ્રમાણે અથવા પ્રવૃત્તિ કરાવનારના માર્ગ પ્રમાણે ભગવાનની ઉપાસના કરે છે તે બધામાં જરૂરી સામાન્ય ધર્મગુણ હયાત હોવાથી, ભગવાન્ વિચાર પ્રમાણે એ બધા સરખા છે. ૧.એ પૈકી વેદમાં કહેલા મર્યાદામાર્ગ પ્રમાણે જે સેવા કરે છે તેમને પહેલાં જણાવે છે. **'નિતરાં'** સારી રીતે **'ભૃતઃ'** ધારણ કરેલ (ક) **'મરુદ્ વાયુ'** (ખ) **'મનઃ'** મન અને (ગ) **'અક્ષાણિ'** ઇન્દ્રિયો એ પ્રમાણે (ક) પ્રાણાયામ (ખ) પ્રત્યાહાર અને (ગ) ધ્યાન કહ્યાં. એવી રીતે ત્રણ સાધનોથી જેઓ **'દઢયોગયુજઃ'** સદા યોગદ્વારા ભગવાનના જે સ્વરૂપનું ચિન્તન કરે છે, મનથી કરેલી પૂજા વગેરેથી હૃદયમાં ભગવાનની ઉપાસના કરે છે એટલે ભગવાન્‌માં મનને દઢ રાખે છે તે જ ભગવાનના સ્વરૂપને ૨.એમના શત્રુઓએ પણ સ્મરણથી પ્રાપ્ત કરેલું છે. જેની અન્દર મન સમ્પૂર્ણ રીતે પ્રવેશ કરે તે જ પ્રાપ્ત કરે છે તેથી વેદમાં કહેલા અને એમાં મના કરેલા માર્ગોનું પરિણામ સરખું જ કહેલું છે. આથી એમ સૂચવેલું

છે કે ભગવાન્‌માં પ્રમેય બલ જ મુખ્ય છે, પ્રમાણ બલ મુખ્ય નથી કારણ કે આ બન્ને અન્તર્મુખ છે. ૩. ''શેષની કાયા જેવા ભુજદંડમાં આસક્ત બુદ્ધિવાળી સ્ત્રીઓ'' શબ્દથી બહિર્મુખોને પણ જણાવે છે. **'ઉરગેન્દ્રસ્ય'** શેષની ભોગ ઈવ કાયાના જેવા જે બે ભગવાનના બાહુઓ તેમાં આસક્ત થયેલી છે બુદ્ધિ જેમની તેવી ગોપીઓ ઘણી બહિર્મુખ છે અને ૪. અમે શ્રુતિઓ અન્તર્મુખ અને બધાએ આદર કરવા યોગ્ય છીએ. એ પ્રમાણે પુરુષો અને સ્ત્રીઓ બધાય આપની દૃષ્ટિમાં સરખાં છે કારણ કે ભગવાન્ સમાન દૃષ્ટિવાળા છે, પોતાનું ચિન્તન કરનારાઓનો સામાન્ય ગુણ **''અંઘ્રિસરોજ સુધાઃ'' (અંઘ્રિ સરોજં સુષ્ઠુ ધારયન્તીતિ।** આ અર્થ કહ્યો. સમાસનો વિગ્રહ તો ''અંઘ્રિ સરોજં સુષ્ઠુ દધતિ'' એમ સમજવાનો છે.) ''ચરણકમલને સારી રીતે ધારણ કરનારા છે'' એમ કહે છે. ૧. મુનિઓ ભગવાનના ચરણને ધારણ કરે છે એ સ્પષ્ટ છે. ૨. ''ભગવાન્ અમને મારી નાખવા પધારે છે'' એવો સતત વિચાર રહેતાં, દ્વેષીઓને તો ચરણનું દર્શન જ દૃઢ થાય છે, કારણ કે એમને તો ભગવાનના પધારવાનો જ વિચાર કરવાનો હોય છે. ૩. ભગવાનના સમાગમની ઈચ્છા રાખનારી ગોપીઓને પણ એવી જ રીતે ભગવાન્ પધારી રહ્યા છે એવા કાયમના વિચારથી ચરણારવિન્દનાં દર્શન જ થયા કરે છે અને ૪. **''સર્વે વેદા યત્પદમામનન્તિ''** ''સર્વે વેદો જેમના ચરણનું ધ્યાન ધરે છે'' એ વાક્ય પ્રમાણે અમે શ્રુતિઓ ભગવાનના ચરણનું ધ્યાન ધરીએ છીએ ।।૨૩।।

**સર્વ એવ હરે ર્ભક્તાસ્તુલ્યા યાન્મન્યતે હરિઃ।**
**અતઃ કૃષ્ણો યથાત્મીયાન્ મન્યતે ભજનં તથા।।કા.૧૦।।**

જેમને હરિ પોતાના માને છે તે બધાય હરિના ભક્તો સરખા છે તેથી જેમ શ્રીકૃષ્ણ પોતાના માને તેવી રીતે (ભજન) સેવા કરવી ।।૨૩-૧૦।।

જ્યારે બધા ભક્તો તુલ્ય છે એમ કહ્યું એમાં તો શાસ્ત્રનો વિરોધ આવે તેનો પરિહાર કરે છે:

હે ભગવન્! આપ અનાદિ અને અનન્ત છો. જેનાં જન્મ અને મૃત્યુ કાલથી સીમિત છે તે ભલા આપને કેવી રીતે જાણી શકે? સ્વયં બ્રહ્માજી આપમાંથી ઉત્પન્ન થયા. પછી આધ્યાત્મિક અને આધિદૈવિક બન્ને પ્રકારના દેવોના સમૂહ ઉત્પન્ન થયા. જ્યારે આપ બધું સમેટી લઈ પોઢી જાઓ છો તે વખતે એવું કોઈ પણ સાધન બચી રહેવા નથી પામતું જેથી એમની સાથે જ સૂઈ રહેલો જીવ આપને જાણી શકે, કારણ કે તે વખતે નથી હોતું સત્ કે નથી હોતું અસત્. બને નથી હોતાં.

કાલનો વેગ નથી હોતો તેમ જ કોઈ પણ શાસ્ત્ર નથી હોતું ।।૨૪।।

**શ્રીસુબોધિનીજી** :''તેથી જ્ઞાની તેમાં મને સૌથી વધારે પ્રિય છે'' ''ચાર પ્રકારના લોકો મને ભજે છે'' એમ આરમ્ભ કરીને ''તેમાં નિત્ય મારામાં યોગ કરનાર એકમાં જ ભક્તિવાળો જ્ઞાની ઉત્તમ છે'' એમ જ્ઞાનીની પ્રશંસા કરી છે તેથી મુનિઓ, સ્ત્રીઓ, શ્રુતિઓ અને દ્વેષ કરનારની સમતા કહી તે ન ઘટે! એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે અહીં તો જ્ઞાનની પ્રશંસા કરી છે. જે માને છે કે હું ભગવાનને જાણું છું તેની બુદ્ધિ લક્ષમાં લઈને આ પ્રશંસા છે. પણ ખરી રીતે તો ભગવાનના સ્વરૂપને કોઈ જાણતું નથી. આ સંસારમાં ભગવાનને કોણ જાણે છે? કેમકે આપણે પણ એનું સ્વરૂપ જાણતાં નથી તેથી જ શ્રુતિ **''યસ્યામતં તસ્ય મતં, મતં યસ્ય ન વેદ સઃ''** ''જે એમ માને છે કે બ્રહ્મ જાણી શકાતું નથી તેણે બ્રહ્મ જાણી લીધું અને જે એમ માને છે કે મને બ્રહ્મનું જ્ઞાન થઈ ગયું છે તે બ્રહ્મને જાણતો નથી'' એમ કહે છે. પ્રમાણ (જાણવાનાં સાધન વેદ વગેરે) હયાત છે તો ભગવાનના સ્વરૂપનું અજ્ઞાન કેમ સમ્ભવે? એ શંકા થાય ત્યાં કહે છે કે ભગવાન્ સર્વ પ્રમાણોની પહેલાંથી જ સિદ્ધ છે. જાણનાર પાછળથી થયો છે અને ગયો છે. ભગવાન્ પ્રથમ સૃષ્ટિ ઉત્પન્ન કરીને પોતે તિરોહિત થયા, મધ્યમાં જીવો ઉત્પન્ન થયા અને થાકી ગયા. જો જીવ પહેલેથી જ રહેલો હોત અને પ્રલય સુધી રહ્યો હોત તો એ જાણત કેમકે સૃષ્ટિનો પડદો એને ન રહેત. શ્રુતિનો **''ન તં વિદાથ ય ઈમા જજાનાન્યદ્યુષ્માકમન્તરં બભૂવ''** ''જેમણે આ ઉત્પન્ન કર્યું તેમને તમે જાણતા નથી, કારણ કે એ તમારાથી જુદા પ્રકારના છે'' (સં. ૪।૬।૨૨) એમ કહે છે. તેથી સૃષ્ટિ વ્યવધાયક હોવાથી સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલ કોઈ પણ ભગવાનને જાણી શક્તો નથી. એ ભગવાન્‌થી પ્રથમ બ્રહ્માજી થયા એમના પછી આધ્યાત્મિક અને આધિદૈવિક દેવો થયા. પ્રલય પછી વ્યવધાન ન રહે ત્યારે કેમ ન જાણે? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે એ વખતે એટલે ભગવાન્ બધું સમેટીને એને સ્વરૂપમાં લઈને જ્યારે પોઢે છે ત્યારે જ્ઞાનની સામગ્રી કાંઈ રહેતી નથી. પહેલાં તો જાણનાર ન હોય, જ્ઞાન કરાવનાર ઈન્દ્રિયો ન હોય, ઈન્દ્રિયના વિષય કે એનો વ્યાપાર પણ ન હોય, સદસદાત્મક મન પણ ન હોય. મનને ઉભયરૂપ કહ્યું છે એટલે સદ્રૂપ અને અસદ્રૂપ. માત્ર, સ્વર વગેરેનું નિયમન કરનાર સત્વ ગુણનો પ્રેરક કાળનો વેગ પણ જે જ્ઞાનનો ઉત્પાદક છે તે પણ ન હોય, વેદ પુરાણ આદિ પણ ત્યારે નથી હોતાં. જ્યારે ભગવાન્ બધું સ્વરૂપમાં લઈને સૂએ છે ત્યારે જ્ઞાનની કંઈ પણ સામગ્રી ન હોવાથી જ્ઞાન થતું નથી. કદાચિત્ ભગવત્સાક્ષાત્કાર થાય તો તે તેટલું જ જણાવનાર હોય છે પરન્તુ ભગવાનના બધા ખાસ ગુણો જણાવતો નથી. અવતાર સમયમાં તો મર્યાદાવાદી દેહને આનન્દમય માને છે.

જીવના સાક્ષાત્કારમાં તો ભગવાનના વૈભવનું સારી રીતે જ્ઞાન થતું નથી. એ યોગ જ ધર્મથી થાય છે. સ્વપ્ન જેવું થાય છે. એમાં વસ્તુનું નિયમન થઈ શકતું નથી. અનુભવ જાત-જાતનો થતો હોવાથી પ્રમાણ કહેવાથી તો સન્દેહ વિનાનું જ્ઞાન થતું નથી. આમ સૃષ્ટિ પડદારૂપ હોવાથી સૃષ્ટિ મોજૂદ હોય ત્યારે, અથવા જ્ઞાનની જરાપણ સાધન સામગ્રી ન હોવાથી પ્રલય વખતે પણ ભગવાનને જાણી શકે એવો કોઈ હોતો જ નથી. જ્ઞાનની પ્રશંસા તો જ્ઞાનની પ્રવૃત્તિને ઉત્તેજન આપવામાટે છે. આ પ્રશંસા હરકોઈ પ્રકારે ચિત્તની શુદ્ધિ થાય તે માટે પ્રવૃત્તિ કરાવે છે કે જેનાથી શુદ્ધ થઈ જીવ ભગવાનનું ભજન કરે એવો ભાવ છે ।।૨૪।।

**જ્ઞાનમાર્ગો ભ્રાન્તિમૂલસ્તતઃ કૃષ્ણં ભજેદ્બુધઃ।**
**પ્રવર્તકં જ્ઞાનકાણ્ડં ચિત્તશુદ્ધ્યૈ યતો ભવેત્।।કા.૧૧।।**

ભ્રાન્તિને લઈને હું ભગવાનને જાણું છું એમ જીવ કહે છે પણ ખરી રીતે તો જ્ઞાનના માર્ગનું મૂલ ભ્રાન્તિ છે. વેદમાં જ્ઞાનકાંડ છે તે માત્ર ચિત્તની શુદ્ધિ કરાવે છે. એ ભગવાનનો સાક્ષાત્કાર કરાવતો નથી તેથી ડાહ્યા માણસે શ્રીકૃષ્ણને ભજવા (તેમની સેવા કરવી) એ શ્રુતિનું તાત્પર્ય છે. તેથી જ્ઞાન મેળવવાની ખટપટમાં ન પડતાં શ્રીકૃષ્ણનું ભજન કરવું ।।૨૪-૧૧।।

એમ જ્ઞાનમાર્ગનું પ્રયોજન પણ ભગવાનનું ભજન (સેવા) કરાવવામાં છે એમ જણાવીને, બીજા જે વાદીઓ ભગવાનનું ભજન સહન કરી શકતા નથી અને જેઓ શાસ્ત્રનો ખોટો અર્થ કરે છે તેમના મતને નીચેના શ્લોકથી આરમ્ભી બે શ્લોકથી ખોટા સાબિત કરે છેઃ

જેઓ અસત્ (ઘડા વગેરે) નો જન્મ, સત્ (આત્મા) નો નાશ, આત્મામાં ભેદ અને કર્મનાં ફલને સત્ય માને છે તેઓ આરોપોથી-ગૂંચવાડા ઊભા કરી સમજાવે છે. પુરુષ (નારાયણ) ત્રણ ગુણવાળા છે એવો ભેદ અજ્ઞાનથી કરેલો છે તેથી તે અજ્ઞાન તેનાથી પર અને જ્ઞાનૈકઘન આપમાં પ્રવર્તતું (હોઈ શક્તું) નથી ।।૨૫।।

**શ્રીસુબોધિનીજી** : ભગવદ્ભજનના વિરોધીઓ બે જાતના છે તેમાં એક અર્ધ વૈનાશિક છે જ્યારે બીજા સર્વ વૈનાશિક (વૈનાશિક=બૌદ્ધના જેવા નિરીશ્વરવાદી.) છે. એમાં અર્ધ વૈનાશિકનું પ્રથમ નિરાકરણ કરે છે. એ ચાર પ્રકારના છે. ૧. નૈયાયિક ૨. વૈશેષિક ૩. મીમાંસક અને ૪. સાંખ્યના એકદેશીઓ. શ્રુતિઓ જાણે કે તેમની મશ્કરી કરતી હોય તેમ પોતાનો મત જણાવે છે.

૧. તે પૈકી નૈયાયિકો અસત્ જ ઘડા વગેરેનો જન્મ થાય છે એમ કહે છે એટલે અસત્ (ન હતો તેવા) નો જ પછી જન્મ થતાં સત્ થાય છે આ સમ્ભવતું નથી. સત્તા અને સમ્બન્ધ નિત્ય છે* ત્યારે ઘડો અસત્ કેમ હોય? કારણ કે સત્પણું અને અસત્પણું પરસ્પર વિરુદ્ધ છે.

વળી અસત્પણું જાતિ છે અને ઘડાનો તેમાં સમવાય છે એમ પણ તેઓ સ્વીકારતા નથી કે જેથી કાલની વ્યવસ્થાવડે ઘડો (સત્પણું અને અસત્પણું) બન્ને પ્રાપ્ત કરે. તેથી માત્ર ઘડો દેખાતો નહિ હોવાથી તેને અસત્ કહેનારા નૈયાયિકો ભ્રાન્ત જ છે. આવિર્ભાવ અને તિરોભાવ નો સ્વીકાર કરવામાં ન આવે તો ભક્તિમાર્ગ ખોટો ઠરે, ભગવાનની કૃપા વગેરે નિત્ય હોવાથી, (ભગવાનના) ભજનથી તેમની કૃપા ન થાય; ઇચ્છા વગેરે પણ નિત્ય હોવાથી, ઇચ્છાને લીધે અવતાર ન થાય; અને પરમાનન્દ (એક પ્રકારનું) સુખ હોઈ અનિત્ય હોવાથી, ભગવાન્ આનન્દથી ભરપૂર ન હોય. તેથી આ (નૈયાયિકોનો) મત ખોટો ઠરાવવામાં આવે છે.

**વિશેષ** : સત્ હોવું તે સત્તા. સત્તાનો ઘડા સાથે સમ્બન્ધ અને તે (ઘડા) સત્તા-આ બન્ને નિત્યછે. તેથી ઘડો અસત્ ન હોઈ શકે, કારણ કે સત્પણું અને અસત્પણું પરસ્પર વિરુદ્ધછે.

૨. વૈશેષિકો વગેરે તો સત્નો નાશ થાય છે એમ કહે છે. સત્ દેહ જ છે પછી મરણ પામે છે. આમ હોવાથી, (મરણ) પછી તેના પરલોકની ચિન્તા કરવી નહિ કારણ કે 'દેવદત્ત' શબ્દથી જણાવેલો (અર્થ) દેહ જ છે. દેવોને નહિ માનનારાઓનો આ મુખ્ય સિદ્ધાન્ત છે. ભોગની વ્યવસ્થા તો તે જુદાં-જુદાં પ્રાણીઓ સ્વભાવથી જ તેવા જ (જુદા-જુદા પ્રકારનો ભોગ કરનારાં) હોય છે (એમ તેઓ કહે છે) આ મત પ્રમાણે તો જ્ઞાન, ભક્તિ વગેરે બધા માર્ગોની તિલાંજલી થઈ જાય છે તેથી આ મત ખોટો ઠરાવવો જોઈએ. સંઘાતમાંથી ઈન્દ્રિય સહિત જીવ ઊડીને ઊંચો જાય છે. **''ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ''** ઇત્યાદિ વાક્યો એના ટેકારૂપ છે. બ્રહ્મજ્ઞને એવો અનુભવ પણ થાય છે. લોકમાં પૂર્વજન્મની વાતને જાણનાર પણ દેખાય છે. જો એમ ન હોય તો એમનો અહિંસા આદિ વ્યર્થ જાય છે. વળી જ્યોતિઃ શાસ્ત્રના પ્રામાણ્યથી સંવાદી એવો પરલોકમાં જવારૂપ મત એની દૃષ્ટિથી વ્યર્થ થાય છે. અર્થનો આશ્રય આત્મા છે એમ શ્રુતિ કહે છે. એ અર્થ નિત્ય-સિદ્ધ છે તેને આધિદૈવિક કહો કે દેવતારૂપ કહો એ દેવદત્ત શબ્દથી ઓળખાય છે. આ વાત કર્મનો નિર્ણય કર્યો છે ત્યાં બ્રહ્મસૂત્રના ચોથા અધ્યાયમાં કહેવામાં આવી છે. વળી નામકરણ સંસ્કાર શાસ્ત્રીય હોવાથી તે (દેહ) માં રહેલા જીવનો જ કરવામાં આવે છે, પરન્તુ દેહ જેનો ખાસ ગુણ છે તેવા જીવનો કરવામાં આવતો નથી; કારણ કે (નામ) શાસ્ત્રીય છે અને કેશ વગેરે અથવા વસ્ત્રો વગેરેની જેમ દેહ પણ માત્ર તે સમયે જીવની સાથે હોય છે તેથી પરલોકની બીજી રીતે સિદ્ધિ થતી નહિ હોવાથી, જીવ અથવા મુખ્ય સંઘાત (સૂક્ષ્મ દેહ) નું મરણ થતું નથી. આત્મા અથવા સૂક્ષ્મ દેહનું મરણ થતું ન હોવાથી પહેલાં કહેલા નિયમ પ્રમાણે ભક્તિમાર્ગ સિદ્ધ થાય છે.

૩. મીમાંસકો વગેરે આત્માઓ એટલે જીવો (ભગવાન્થી) જુદા છે એમ માને છે અથવા

**'આત્મનિ'** એટલે યજ્ઞ વગેરે રૂપ ઈશ્વર (જુદા છે એમ માને છે) તેમ ઈશ્વર કર્મરૂપ હોય તો ઈશ્વર એક છે એ મત ખોટો ઠરે. ઈશ્વર એક છે તે મત ખોટો થતો ન હોય તો કર્તું, અકર્તું, અન્યથા કર્તુમ્ સમર્થ (કરવાની, ન કરવાની અને કરેલું ફેરવી નાખવાની શક્તિવાળો) એક ઈશ્વર હોય તો વૈષમ્ય (પક્ષપાત) અને નૈઘૃણ્ય (નિર્દયતા) ના દોષો તેમને કેમ ન લાગે? તેથી કર્મ સિવાયનો જુદો ઈશ્વર છે જ નહિ અને તે (ઈશ્વર) અનેક છે તેથી દરેકે પોતાને માટે મુકરર કરેલું કર્મ જ કરવું જોઈએ એમ તેઓ (મીમાંસકો) માને છે. તેમનો મત પણ ખોટો ઠરાવવો જોઈએ. તેમ ન કરવામાં આવે તો ઈશ્વર જ ન હોવાથી ભક્ત ધ્યાન કોનું ધરે? તેઓ પણ આરોપને લીધે જ તે પ્રમાણે માને છે, કારણ કે કર્મ કરનારાઓ ફલ પ્રાપ્ત કરે છે પરન્તુ ફલ આપે છે કોણ તે (દાતા) ને જોતા નથી. ફલ બીજાને અધીન હોય તો ફલ આપનારની અવશ્ય જરૂર રહે છે કારણ કે સાક્ષાત્ ફલ ઉત્પન્ન ન થાય તેવા રાજામાટે ગઢ બનાવવો વગેરે કાર્યોમાં એ પ્રમાણે (ફલ આપનાર બીજો છે એમ) જોવામાં આવે છે. જેમ રાંધવાની ક્રિયા ભાત તૈયાર કરે છે તેમ યજ્ઞ સ્વર્ગ પ્રાપ્ત કરાવી દેતો નથી કે જેથી ઈશ્વરની જરૂર ન રહે. લોકરૂપ સ્વર્ગ પણ બ્રહ્માંડના અધિપતિને અધીન છે. સુખનાં સાધનો પણ એમને અધીન છે. એમ ન હોય તો યજ્ઞ કરવામાં આવે કે તરત જ સ્વર્ગ કેમ પ્રાપ્ત ન થાય? તેથી ઈશ્વર છે એમ અવશ્ય કબૂલ કરવું પડે છે. ત્યારે મહારાજાની જેમ એક જ ઈશ્વરથી કાર્ય સરતું હોવાથી દરેક કર્મનો જુદો ઈશ્વર ધારવો એ વ્યર્થ છે કારણ કે એ ગૂંચવાડો ઊભો કરનારું છે. **'આત્મનિ'** શબ્દમાં એકવચન યોજેલું હોવાથી અને ચાલુ વિષયમાં જીવોનું જુદા-જુદા હોવાપણું ઉપયોગી નહિ હોવાથી, જીવો જુદા-જુદા છે એમ કહેવું તો અહીં ઇચ્છેલું નથી એ જણાય છે.

જીવો જુદા-જુદા હોય એ તો ઊલટું ભક્તિ સિદ્ધ કરનાર છે, પરન્તુ તેમાં બાધક નથી. એ (જીવો જુદા-જુદા છે તે) મત પણ અનેક રીતે ખોટો સિદ્ધ કર્યો જ છે અને આગળ કરવામાં આવશે.

**યોગેન સાધિતો યોર્થઃ સ નિત્યો હિ નિગદ્યતે।**
**વૈદિકેનાપ્યક્ષયાત્મા લોકઃ સ્યાન્નિત્યકર્મણા।।**

૪. ''જે પદાર્થ યોગથી પ્રાપ્ત થયેલો છે તે નિત્ય કહેવાય છે. વૈદિક નિત્ય કર્મથી પણ અક્ષરરૂપ લોક પ્રાપ્ત થાય છે'' એમ બીજા સાંખ્યના એક વિભાગવાળા અને યોગીઓ **વિપણં** વિપણ-કર્મના ફલને નિત્ય માને છે. પોતાથી પ્રાપ્ત થતા ફલથી જ કાર્ય પાર પડતું હોવાથી એ મત પ્રમાણે પણ ઈશ્વરનું પ્રયોજન નથી તેથી તે મત પણ ખોટો ઠરાવવો જોઈએ, કારણ કે આરોપને લીધે જ એટલે પ્રશંસા જણાવનારા શબ્દોમાં સત્યપણાનો આરોપ કરનારી

બુદ્ધિથી જ એ મત સમ્ભવે છે. **"અપામ સોમમમૃતા અભૂમ"** "અમે સોમ પીધો અને અમર થયા" એવું સોમની પ્રશંસાનું વાક્ય છે. **"અક્ષય્યં હ વૈ ચાતુર્માસ્યયાજિનઃ સુકૃતં ભવતિ"** "ચાતુર્માસ્ય યજ્ઞ કરનારનું સુકૃત ખરેખર ક્ષયરહિત છે" એવી તો સુકૃતની પ્રશંસા છે તેથી આ સિદ્ધાન્તો ભ્રમવાળા હોવાથી, આ વાક્યને અનુસરીને પહેલાં કહેલા સિદ્ધાન્તો દોષવાળા હોવાની શંકા કરવી નહિ એવો ભાવ છે. "તમે કહેલા નિયમ પ્રમાણે ભક્તિમાર્ગની પણ સંગતિ થતી નથી, કારણ કે ભક્તિમાર્ગમાં વિષ્ણુ, શિવજી અથવા બ્રહ્માજી ની સેવા કરવામાં આવે છે. આ દેવો ગુણના અભિમાનવાળા છે, દરેક (ગુણનું) મુકરર કરેલું કાર્ય કરનારા છે અને પોતાના ભક્તમાટે પોત-પોતાને અધીન હોય તેવું જ કાર્ય કરે છે તેથી ત્રણ ગુણવાળા આ બ્રહ્માંડના અભિમાનવાળા પુરુષ નારાયણ સત્વ, રજસ્ અને તમોગુણ થી જુદા-જુદા થઈ, ઉપાધિના ભેદને લીધે અથવા જીવના ભેદને લીધે સ્થિતિ વગેરે કરે છે તેથી એ અલ્પ ફલ આપનાર હોવાથી ભક્તિમાર્ગથી પણ શું વળવાનું? વળી એ નારાયણ પણ સગુણ હોઈ તિરોહિત થયેલા આનન્દવાળા હોવાથી રાજાના સેવકની જેમ એને એકબીજાનું ધ્યાન કરવાની જરૂર રહે છે અને એ પ્રમાણે લોકમાં તથા પુરાણમાં જોવામાં આવે છે એવો જે સ્માર્તનો મત છે તે પણ ખોટો ઠરાવવો જોઈએ, કારણ કે એમ કરવામાં ન આવે તો પહેલાં કહેલો માર્ગ સાબિત ન થાય. "પુરુષ ત્રણ ગુણવાળા છે" એવો (ભજન કરવા યોગ્ય) ભગવાન્‌માં જે ભેદ (ગણવામાં આવે છે) તે પણ જેમના અજ્ઞાનથી કરેલો છે એટલે ભગવાનના સ્વરૂપના અજ્ઞાનથી જ થાય છે. **સ્માર્ત=સ્મ** એટલે પ્રસિદ્ધિ પ્રમાણે, 'આર્ત' એટલે દુઃખી હોય તે 'સ્માર્ત' શબ્દથી ઓળખાય છે. તેઓ જેને ભજન કરવા યોગ્ય કહે છે તે તો ભગવાનની એક વિભૂતિ છે. ભક્તિમાર્ગમાં જણાવેલ ભગવાન્ તો એટલા જ નથી, પરન્તુ તે પુરુષોત્તમ છે એમ ઘણા પ્રકારે જણાવેલું છે. "ભજન કરવા યોગ્ય પુરુષોત્તમ છે એવા મત પ્રમાણે પણ જો જગતનું મૂલ બનેલ બ્રહ્મમાં અજ્ઞાન હોય તો એ દોષ એ જ સ્થિતિમાં રહે છે; તેથી જ કેટલાક વાદીઓ "આશ્રયપણું અને વિષયપણાના સમ્બન્ધવાળું, વિભાગ વિનાનું કેવલ જ્ઞાનજ બ્રહ્મ-ભગવાન્‌માં આવે કેમકે એના ઉપાદાનકારણરૂપ ભગવાન્ છો; જીવને જો ભગવાન્ માનો તો કામક્રોધાદિ જીવદોષો ભગવાન્‌માં આવે એ બન્ને દોષના પરિહારને હવે કહે છેઃ

(ઘાસના તણખલાથી આરમ્ભી મહત્તત્વ સુધી જીવોના સમૂહો છે. તેમાં મનુષ્ય મધ્યમાં છે.) મનુષ્ય સુધી અસત્ ત્રણ ગુણવાળું મન સત્ હોય તેવું આપમાં ભાસે છે. આત્મવેત્તા જ્ઞાનીઓ આ સમગ્ર જગતને આત્મ (બ્રહ્મ) પણાથી સત્ (બધું બ્રહ્મ) છે એમ જાણે છે કારણ કે સુવર્ણના વિકારો (કડાં, કુંડલ, હાર) ને તે

સોનાના બનેલા હોવાથી (લોકો) છોડતા નથી. આ જગતને આપે બનાવેલું છે અને પછી આપે તેમાં પ્રવેશ કરેલો છે તેમ આત્મા (બ્રહ્મ) તરીકે નિર્ધાર થયેલો છે ॥૨૬॥

**શ્રીસુબોધિનીજી** : પહેલાં તો (બ્રહ્મ) જીવ થતાં એને જે દૂષણો થતાં હોવાનું કહેવામાં આવે છે તેનું ખંડન કરવામાં આવે છે. એ દોષો મનના જ છે, પરન્તુ જીવના નથી; અને એ મન ચોક્કસપણાથી નિરૂપણ થઈ ન શકે તેવું હોવાથી અસત્ જ છે કારણ કે **''નાસદાસીન્નો સદાસીત્''** ''અસત્ ન હતું, સત્ ન હતું'' એ શ્રુતિ પ્રમાણે મનની એવી સદસદ્રૂપ (સદ્રૂપ અને અસદ્રૂપ) સ્થિતિ છે. એમાં પણ એ સ્વભાવથી અસત્ છે (કારણ કે ન હોય તેવા પદાર્થનો તે વિચાર કરે છે) અને સત્પણું તો અકસ્માતથી થાય છે એમ શ્રુતિ વગેરેથી જણાય છે તેથી ''સત્ હોય તેવું'' એમ ઉપમાથી (ઇવ વાપરી) તેનું વર્ણન કરેલું છે. એ સદસત્ હોવાનું કારણ કહે છે કે એ ત્રણ ગુણથી વીંટાયેલું છે. એમાં સત્વાંશમાં સત્તાનો સમ્ભવ છે, બીજા બે અંશમાં સત્વ નથી એનામાં પ્રકાશ જીવથી નથી પણ આપનાથી જ એ પ્રકાશે છે. મનને વશ બધા છે, મન કોઈને વશ થતું નથી. એ ભયંકર દેવ છે. તેજસ્વીથી પણ તે વધારે તેજસ્વી છે. એમ શ્રુતિ એના માહાત્મ્યને કહે છે. એ માહાત્મ્ય જીવના આશ્રય કરનારને સમ્ભવે નહિ! ત્યાં કહે છે કે એ ભગવદાશ્રયથી એનું માહાત્મ્ય ભલે હોય પણ એના દોષનો સમ્બન્ધ તો થવો જોઈએ. મનુષ્ય પર્યન્તમાં ભમતા એ મનનો સ્વભાવ છે. એ ઘાસના તણખલાથી લઈ મહત્તત્વ સુધી જીવો છે તેમાં મનુષ્ય વચમાં છે. મન તો ભગવાને બધાને માટે કર્યું છે તે સર્વમાં ભમે છે. એ જેવી રીતે બધામાં ફરી શકે તેવું સામર્થ્ય અથવા અંશના ભેદ એમાં કલ્પવાં જોઈએ. ઉત્પત્તિમાં એ એક છે એમ કહ્યું છે. એમાં મનુષ્ય પર્યન્તમાં ફરે છે ત્યાં સુધી એ અસત્ છે છતાં સત્ હોય તેવું ભાસે છે. આગળ ક્યાંક સત્ જેવું તો ક્યાંક અસત્ જેવું ભાસે છે તેથી કામ આદિ દોષો મનોમૂલક હોવાથી અને મનના એ દોષ સ્વાભાવિક ન હોવાથી એના દોષથી ભગવાન્માં એ દોષ આવતો નથી. બીજા દોષનો પરિહાર કરે છે. આત્માને જાણનારા સત્ય જ્ઞાન પ્રાપ્ત કરનારા છે. તેઓ આ બધાને એટલે આખા જગતને, ભ્રમવાળી દષ્ટિથી એ જુદા-જુદા પ્રકારે ભાસતું હોવા છતાં, આત્મા તરીકે જ એટલે એ સત્ જ છે એમ જાણે છે, ''બધું બ્રહ્મ છે'' એમ જ તેઓ જાણે છે. અહીં મનના દોષનું પણ ખંડન થયેલું છે. જેમ જાદુગરની

એક વસ્તુ બતાવી તેને બીજી વસ્તુમાં ફેરવી નાખવાની શક્તિગુણ છે પણ દોષ ગણાતો નથી તેમ મન પણ કામ વગેરે દેખાડે છે એ ગુણ જ છે, કારણ કે આનન્દમાટે જ એ એમ દેખાડે છે. વાસ્તવિક રીતે તો એ બ્રહ્મ જ છે. **આત્મવિદ્** કહેવાથી એનું જ્ઞાન આત્મપર્યવસાયી છે, આત્મા તો ખરેખરો સત્ય છે. તે જ જો સર્વ થાય તો અસત્યની શંકા જ કેમ કરી શકાય? તો પણ એમ કહેવામાં યુક્તિ કહેવી જોઈએ. એ એજ કે સ્વરૂપથી સુવર્ણ છે અને કડાં, કુંડળ એના વિકાર હોવાથી સુવર્ણનો ગ્રાહક એના વિકારને સુવર્ણ હોવાથી છોડતો નથી. એમાં કારણ એ જ કે એ વિકાર નામથી બોલાય છે પણ એ સુવર્ણ છે. ત્યાં શંકા કરે છે દાગીના સુવર્ણથી થાય છે એટલે એમાં રેણ વગેરે વિજાતીય આવે તેને પણ સુવર્ણ માનીને વાણિયો લે છે, આ જગત્ તો જડમાંથી બને છે તેમાં જીવ વગેરે સામગ્રી છે તેને ભગવાન્ કેમ કહી શકાય? એ શંકાના ઉત્તરમાં કહે છે કે જગત્ પણ ભગવત્કૃત છે તેમાં પોતે પાછળથી પ્રવેશ કરે છે. **''સ આત્માનં સ્વયમકુરુત। તત્સૃષ્ટ્વા તદેવાનુપ્રાવિશત્''** એ શ્રુતિ પ્રમાણે જગત્ ભગવાને પોતે જ બનાવેલું અને પોતાનું (આત્માનું) જ બનાવેલું છે અને ''તેને બનાવીને પછી તેમાં જ પ્રવેશ કર્યો'' એમ શ્રુતિનું કથન છે. તેથી સામગ્રી પણ ભગવાન્ છે. તેથી આ જગત્ આત્મારૂપ જ છે. જ્યારે સર્વ બ્રહ્મ છે; ત્યારે કોનો દોષ અને એ દોષ કોને લાગે? તેથી બીજા મતમાં દોષો દોષરૂપ ભલે હો, બ્રહ્મવાદમાં તો સર્વ બ્રહ્મરૂપ છે તેથી અહીં કોઈ પ્રકારનો દોષ નથી ।।૨૬।।

**જીવાનાં બ્રહ્મરૂપત્વાદ્ દોષા અપિ ચ માનસાઃ।**
**જગચ્ચ સકલં બ્રહ્મ તતો દોષઃ કથં હરૌ।।કા.૧૩।।**

જીવો બ્રહ્મરૂપ છે તેથી અને સર્વ જગત્ તથા મન ના દોષો પણ બ્રહ્મ છે તેથી હરિમાં દોષ કેવી રીતે હોય? ।।૨૬-૧૩।।

એ પ્રમાણે ભગવાન્માં દોષો નથી એમ જણાવીને ભક્તિમાર્ગમાં ભગવાન્ દોષ વિનાના છે એમ સિદ્ધ કર્યું. હવે નીચેના શ્લોકમાં ભગવાન્માં દોષ નથી એમ *ફલથી જણાવી ભક્તોમાં દોષ નથી એમ સિદ્ધ કરે છેઃ

**વિશેષ** : બીજાઓ (ભક્તો) ને પણ ભગવાન્ મૃત્યુનું ઉલ્લંઘન કરવારૂપી ફલ આપનાર હોવાથી પોતે દોષરહિત જ છે એવો ભાવ છે.

હે ભગવન્! જે લોકો એમ સમજે છે કે આપ સમસ્ત પ્રાણીઓ તથા પદાર્થો માં બિરાજી રહ્યા છો અને સર્વાત્માભાવથી આપની સેવા કરે છે તેઓ જ મૃત્યુના

સિરની અવગણના કરીને તેનું પગથી આક્રમણ કરે છે. તે (પ્રસિદ્ધ) દેવોને પણ આપ વાણીથી પશુઓની જેમ બાંધો છો. આપના ઉપર પ્રેમ રાખનારા ભક્તો ખરેખર (જગત્‌ને) પવિત્ર કરે છે પણ આપથી વિમુખ લોકો પવિત્ર કરતા નથી ।।૨૭।।

**શ્રીસુબોધિનીજી** : જેઓ આપની સેવા કરે છે તેઓ જ મૃત્યુના મસ્તક ઉપર પગ મૂકીને આગળ જાય છે. એમાં પણ એ અજ્ઞાનથી એમ કરતા નથી પણ મૃત્યુને જાણી એની અવગણના કરીને એના મસ્તક ઉપર પગ ધરે છે. આથી ભગવાન્ આપે એની વાત બાજુ પર રહી, માત્ર સેવા કરવાથી ભક્તો મૃત્યુને જીતી લે છે એમ કહ્યું. દુઃખ દૂર થાય અને સુખ મળે એ બે વાત સર્વને પ્રિય છે. એમાં સુખ તો ભગવાન્‌માં જ છે. એ આપે તો જ મળે, બીજી રીતે સુખ મળવાનો કોઈ ઉપાય જ નથી. દુઃખની હાનિ પણ ભગવત્સેવાથી જ થાય છે, બીજી રીતે દુઃખ મટતું નથી એ જ કહે છે. દુઃખની અવધિ મૃત્યુ છે. એ મૃત્યુ કર્મ અનુસાર પ્રાણીઓને દુઃખ આપે છે. બધાં કરતાં દુઃખ આપનારનો તિરસ્કાર અને તેનું માથું ભાંગી નાખવા રૂપ અતિક્રમ અત્યન્ત દુઃખદાયક છે. એનાથી તો મૃત્યુના માથામાં પીડા થાય છે તેથી તે વધારે દુઃખ આપે છે. તે મૃત્યુ પણ જો ભક્તને ભજન કરવામાં સાધનરૂપ થાય તો એને દુઃખ ક્યાંથી હોય? મૃત્યુના મસ્તક ઉપર પગ ધરવાની વાત ધ્રુવજીની કથામાં સ્પષ્ટ છે. જેઓ નિરન્તર ભગવાનની સેવા કરે છે તેમની વૈકુંઠમાં પણ સેવામાટે અપેક્ષા રહે છે તેથી એનો દેહ ચાલુ સેવા છોડી સેવોપયોગી દેહને ધારણ કરે તેટલો વખત સેવામાં વિલમ્બ થાય અથવા સેવાનો સંસ્કાર લુપ્ત થાય તેથી એ જ શરીરથી એ જલ્દી સેવામાટે વૈકુંઠમાં જાય છે ત્યારે વચમાં મૃત્યુ પ્રતિબન્ધ કરે તો એને જોઈને એનો ભય ન રાખતાં એનો તિરસ્કાર કરી વૈકુંઠ ઉપર ચડવામાં નિસરણી હોય એમ એના માથા ઉપર પાદપ્રહાર કરીને આગળ જાય છે. અહીં મોટાં સાહસ મૃત્યુના મસ્તકરૂપ છે તે સાહસ કરવાં એ જ મૃત્યુના માથા ઉપર પગ દેવા જેવું છે. આ તો આધિભૌતિક વ્યવસ્થા કહી, આધ્યાત્મિકમાં તો દેહ, એના ધર્મો-વૈદિક ધર્મો એ બધાને ઓળંગીને વિરુદ્ધ આચરણ કરીને પણ તેઓ ભગવાનની સેવા કરે છે. સેવાનો પ્રકાર કહે છે કે એ બધાં પ્રાણીઓને ભગવાનને રહેવાના સ્થાનરૂપ સમજીને સેવા કરે છે તેથી બહિર્મુખ સેવાને લાયક નથી એ કહેવાઈ ગયું. સર્વત્ર ભગવાન્ છે એમ જાણી કોઈનો વિરોધ ન થાય તેવી રીતે સવા કરે છે. **''સર્વં તદ્ધિષ્ણ્યમીક્ષધ્વમ્''** ''સર્વને ભગવાનનાં સ્થાન તરીકે જુઓ. એ પ્રમાણે ભગવાન્ તમારા ઉપર પ્રસન્ન થશે'' (શ્રીભાગવત ૬।૪।૧૩) એ વાક્યમાં કહ્યા પ્રમાણે માનનારા ભક્તો છે. આવી રીતે ભગવાનનું દર્શન કરવું એ ભગવાનને પ્રસન્ન કરનાર

છે. એમ ન જાણે અને મૂર્તિમાં સેવા કરે છે તેને દોષ લાગે છે તેથી **''કુરુતેર્ચાવિડમ્બનમ્''** **''ભસ્મન્યેવ જુહોતિ સઃ''** ''પૂજાની હાંસી કરે છે'' ''તે રાખમાં જ હોમ કરે છે'' (શ્રીભાગવત ૩।૨૯।૨૧-૨૨) ઇત્યાદિથી એવાની નિન્દા કરી છે. 'તવ' 'આપના' શબ્દથી એમ કહ્યું છે કે આપના સમ્બન્ધવાળા કોઈ પણ પદાર્થને તે સેવે છે. પરન્તુ એમાં સર્વાત્મભાવની જરૂર છે. **''મૃત્યોઃ સ મૃત્યુમાપ્નોતિ ય ઇહ નાનેવ પશ્યતિ''** ''જે અહીં જુદા-જુદા જેવું જુએ છે તે મૃત્યુના પણ મૃત્યુને પ્રાપ્ત કરે છે'' એમ ભેદ જોવામાં આવે ત્યારે જ મૃત્યુનું પરાક્રમ ચાલે છે એમ કહેલું છે. ત્રણેય પ્રકારનાં મૃત્યુનાં મસ્તકોનું ઉલ્લંઘન કરવામાં આવે ત્યારે દોષ કેમ ન લાગે? અથવા ધર્મનું રક્ષણ કરનાર તેમને (મૃત્યુઓને) ક્રોધ કેમ ન થાય? એવી શંકાના ઉત્તરમાં કહેવાનું કે એ દેવોને તો આપ પશુની જેમ બાંધો છો. પોતાના સ્વામી મૃત્યુ જેવા શ્રેષ્ઠ દેવને બાંધી રાખે તો એના સેવકો મૃત્યુને ન ગણે એમાં એને શંકા શાની હોય? વળી ભગવાન્ બધાને વાણીથી બાંધે છે. ભગવાનના સેવકો એમને હાથથી બાંધે છે. જેમ રાજા હુકમ કરે છે અને એ હુકમથી સિપાઈઓ બાંધે છે તેથી એનો અતિક્રમ કરવાનો તો અભ્યાસ હોય છે એની અવગણનામાં સેવકને ભય લાગતો નથી એ પણ પશુની જેમ બાંધે છે, ગાડામાં જેમ બળદને જોડીને બાંધી દે છે એ સેવકનું તો કામ જ છે તેમ મૃત્યુ વગેરે દેવોને પણ ભક્તો સેવામાં જોડી દે છે. એ પણ ભગવાનની સેવા કરી કૃતાર્થ થાય છે તેથી એના મનને પણ ક્લેશ થતો નથી. આથી ભગવત્સેવકનો દેવો કરતાં પણ ઉત્કર્ષ કહ્યો. તો પણ જો સેવક મર્યાદા ન રાખે તો લોકમાં તેની નિન્દા થાય અને એને દોષ પણ લાગે એમ શંકા થાય તો એના ઉત્તરમાં કહેવાનું કે એ ભક્તો આપનું સૌહૃદ કરનાર હોવાથી એ તો જગત્‌ને પવિત્ર કરે છે. આપથી વિમુખ રહીને તપ કરનાર કે બીજા ધર્મ કરનાર બીજાને તો શું પણ પોતાની જાતને પણ પવિત્ર કરી શકતા નથી. શુદ્ધિ એક તો દોષને દૂર કરનારી અને બીજી ગુણ ઉત્પન્ન કરનારી એમ બે જાતની હોય છે એમાં ગુણોની અવધિ ભગવાનની સેવામાં છે : **''યસ્યાસ્તિ ભક્તિર્ભગવત્યકિંચના સર્વૈર્ગુણૈસ્તત્ર સમાસતે સુરાઃ''** ''ભગવાન્‌માં જેને અનન્ય ભક્તિ છે તેનામાં સર્વ ગુણો સહિત દેવો વાસ કરે છે. એ શ્લોકથી એ વાત કહી છે. દોષની અવધિ ભગવાનની અવજ્ઞા પર્યન્ત છે. **''બ્રહ્મહત્યાસહસ્રસ્ય પાપં શામ્યેત્ કથંચન। ન પુનસ્ત્વય્યવજ્ઞાતે કલ્પ કોટિ શતૈરપિ''** ''હજારો બ્રહ્મહત્યાઓનું પાપ તો કદાચ મહામુશ્કેલીએ દૂર કરી શકાય પરન્તુ આપની અવજ્ઞા કરવામાં આવે તે પાપ કરોડો કલ્પોના સેંકડાઓથી પણ મટતું નથી'' એ વાત આ શ્લોકથી સિદ્ધ થાય છે. તેથી જેઓ ગુણી હોય અને તે જ ગુણોના અંશથી જેમણે દોષો અને દોષ જેવા જણાતા (આચારો) ને મટાડેલા

છે તેઓ જ બીજાના દોષોને દૂર કરી તેમનામાં ગુણો લાવવાને શક્તિમાન હોય છે પરન્તુ જેઓ ખુદ દોષપૂર્ણ છે અને તે દોષના અંશોથી જેમના સર્વ ગુણ જતા રહેલા છે તેવા બીજાની શુદ્ધિ કરવા શક્તિમાન હોતા નથી. 'ખલુ' 'ખરેખર' શબ્દથી આ વિષયનું પ્રમાણ કહેલું છે ।।૨૭।।

**સર્વથા સર્વતઃ શુદ્ધા ભક્તા એવ ન ચાપરે।**

**અતઃશુદ્ધિમભીપ્સદ્‌ભિઃ સેવ્યા ભક્તા ન ચાપરે।।કા.૧૪।।**

સર્વ પ્રકારે અને પૂર્ણપણે ભક્તો જ શુદ્ધ છે, બીજા શુદ્ધ નથી; માટે પોતાની શુદ્ધિની ઇચ્છા રાખનારે ભક્તોની સેવા કરવી, બીજાની નહિ ।।૨૭-૧૪।।

એ પ્રમાણે ભજનીય ભગવાન્ અને ભક્તો માં દોષ નથી એમ સિદ્ધ કરી ભક્તિનો સિદ્ધાન્ત દઢ કર્યો છતાં પણ દેખાતા દોષને લીધે કોઈ ભજન (સેવા) ન કરે એવી શંકા કરી તેનું નિરાકરણ નીચેના શ્લોકમાં કરે છેઃ

હે પ્રભો! આપને ઇન્દ્રિયો (સર્વથા) નથી પણ આપનું સ્વરૂપ જ સર્વ સમર્થ સ્વયંપ્રકાશ છે. બધા કારકોની બધી શક્તિઓને સદા આપ જ ધારણ કરો છો તેથી કોઈ કામ કરવાને માટે આપને ઇન્દ્રિયોની જરૂર નથી. જેવી રીતે ખંડિયા રાજાઓ પોત-પોતાની પ્રજા પાસેથી કર ઉઘરાવી પોતાના સમ્રાટને ભરણું ભરે છે તેવી જ રીતે દેવો માયાને અધીન રહી બલિ લે છે અને શેષ પોતે ખાય છે. વિશ્વના રચયિતા બ્રહ્માજી વગેરે, રાજાઓ જેમ સમ્રાટની આજ્ઞા પ્રમાણે વર્તે તેમ, આપની બીકથી આપે જેમની જ્યાં જે કાર્ય કરવાને માટે નિમણૂક કરી હોય તેઓ ત્યાં તે કાર્યકરતા રહે છે ।।૨૮।।

**શ્રીસુબોધિનીજી** : ભગવાન્ અવતાર ધરે ત્યારે ઇન્દ્રિયવાળા દેખાય છે. એ ઇન્દ્રિયો બીજાને માટે હોય એમ તો ન કહેવાય. એમ હોય તો અધર્મ થાય એટલું જ નહિ પણ કાર્યમાં પણ બાધ આવે. મુક્ત જીવોની ઇન્દ્રિયો ભગવાન્‌માં દેખાય છે એમ પણ ન કહેવાય કેમકે **''વાંમનસિ સમ્પદ્યતે''** ''વાણી મનમાં મળી જાય છે'' ઇત્યાદિ શ્રુતિઓ જ એનો લય થયાનું કહે છે. **''વાગગ્નિરભવત્''** 'વાણી અગ્નિ થઈ' ઇત્યાદિ એના આધિદૈવિક ભાવને કહે છે. તેથી અવૈદિક જ આવો સિદ્ધાન્ત સંભાળી શકે. માટે ઈશ્વરની ઇન્દ્રિયો પોત-પોતાનું કાર્ય કરનારી અને નિત્ય છે અથવા જીવોની તે ઇન્દ્રિયો સર્વ પ્રકારે તેમના પ્રારબ્ધે કરેલી છે, (અને) ભગવાનની ઇન્દ્રિયો ભગવાન્‌માટે જ કરેલી અને દરેક કાર્ય કરવામાટે મુકરર કરેલી છે એમ માનવું જોઈએ. તેથી તે ઇન્દ્રિયો સાથે ભગવાનને સ્વાભાવિક અથવા અધ્યાસથી થયેલો સમ્બન્ધ છે એમ કહેવું જોઈએ તેથી તે ઇન્દ્રિયોદ્વારા ભગવાન્‌માં દોષ આવવાનું સમ્ભવે છે

એવી શંકા થાય તેથી ''આપ ઇન્દ્રિયરહિત છો'' એમ કહેલું છે. આપને 'કરણો' એટલે ઇન્દ્રિયો કોઈ પણ રીતે છે જ નહિ એવો અર્થ છે. જો ઇન્દ્રિય ન માનો તો ભગવાન્ સર્વ કાર્ય કરે છે એ કેમ સમ્ભવે? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે આપ સ્વરૂપથી જ પ્રકાશનાર છો. એ સ્વરૂપમાં જ એવું સામર્થ્ય છે કે એને કોઈની જરૂર પડતી નથી. એવું સ્વરૂપ ન માનીએ તો ઇન્દ્રિયોમાં સામર્થ્ય ક્યાંથી આવે? મૂળભૂત ઇન્દ્રિયોની કલ્પના કરો તો અદ્વૈતહાનિ થાય. આપ સર્વ કારકની શક્તિને સ્વરૂપવડે જ ધારણ કરો છો. છ કારકની આધારશક્તિઓ છે તે તો શબ્દનો આશ્રય કરનાર છે અને અનિત્ય છે એને જાતિની જેમ નિયત શક્તિવાળી માનો તો એક જ કાર્ય કરશે. એનાથી બીજું કાર્ય નહિ થઈ શકે. જો સર્વ શક્તિમાન ભગવાનને માનો તો સર્વ કાર્ય થશે, શુદ્ધ બ્રહ્મતા પણ સિદ્ધ રહેશે અને અનેક કારકો કરવાનું વ્યર્થ થાય તેથી કારકોની સર્વ શક્તિઓને સદા ભગવાન્ જ ધારણ કરે છે. ભગવાન્ તે-તે સમયે તે-તે શક્તિઓનું તેમાં સ્થાપના કરે છે એમ માનવું જોઈએ. આમાં અન્યથાનુપપત્તિ પ્રમાણ છે. જો દેવોમાં સ્વતઃ શક્તિઓ હોત તો એ સ્વાધીન હોવા જોઈએ તો એ ભગવાનને બલિ આપી બાકીનું રહેલું પોતે ગ્રહણ ન કરે. ''હે જન્મરહિત! પોત-પોતાના સમયે જ્યાં સુધી અમે આપનામાટે બલિ લાવી'' (શ્રીમદ્ ભાગ. ૩।૫।૪૮) **''યાવદ્બલિં તેજ હરામ કાલે''** એ સૃષ્ટિના પ્રસંગના વાક્યમાં દેવોએ તેવી પ્રાર્થના કહેલી છે. વળી તેઓ અજાથી ઘેરાયેલા એટલે પ્રકૃતિએ વશ કરેલા હોવાથી તેઓ સ્વતન્ત્ર કેમ હોઈ શકે? કારણ કે લોકમાં અજા (બકરીઓ) ના રક્ષકો ભરવાડો પણ પોતાના સ્વામીમાટે સેવા કરે છે. અથવા જેમની મિલકત માત્ર બકરીઓ જ છે તેવા આ ઘણા અલ્પ છે. જ્યારે ઇન્દ્રિયોના સ્વામી (દેવો) ની પણ આ સ્થિતિ છે તો પછી ઇન્દ્રિયોની શક્તિઓ ઇન્દ્રિયોમાં કેવી રીતે રહે? આ તો નાના દેવોની વાત થઈ, વિશ્વને ઉત્પન્ન કરનાર મોટા દેવોની પણ એવી જ દશા છે. આ જમ્બૂદ્વીપમાં નવ ખંડ છે, બીજા દ્વીપોમાં સાત-સાત છે. એમાં એક-એક ખંડનો એક-એક અધિપતિ હોય છે તે પોતાના નિર્વાહને માટે ખંડિયા રાજાઓ સાર્વભૌમની સેવા કરે છે તેમ એક-એક ઇન્દ્રિયનો અધિપતિ સર્વેન્દ્રિય અધિપતિની સેવા કરે છે. એ સાધારણ નથી પણ વિશ્વને બનાવનાર છે. ખંડના અધિપતિઓ કદાચિત્ સ્વતન્ત્ર પણ રહી શકે છે, આ તો કેવળ આપને અધીન જ છે. એ ભગવાનનો મનમાં ભય રાખીને કાર્ય કરે છે. એમ ન હોય તો પોતાને ન ગમતી વસ્તુમાં એ પ્રવૃત્ત ન થાય. **''દુર્ગન્ધે દુષ્ટશબ્દે ચ વિરસે ચ ભયાનકે। ખર સ્પર્શે દુઃખપુંજે વર્તન્તે ખાનિ યદ્ભયાત્''** ''દુર્ગન્ધયુક્ત, કર્ણકટુ અવાજવાળા, બગડી ગયેલા રસવાળા, ભયાનક, કઠણ સ્પર્શવાળા અને દુઃખપૂર્ણ કાર્યમાં જેમના ભયથી ઇન્દ્રિયો પ્રવૃત્તિ કરે છે'' એ વાક્યમાં

એમ કહેલું છે. ભગવાનનો ભય ન હોત તો મલત્યાગ વગેરે લોકમાં નિન્દાયેલ કાર્યનો અધિકાર તેઓ કોઈ પણ પ્રકારે ગ્રહણ ન જ કરત ।।૨૮।।

**સુવર્ણપ્રતિમેવાસૌ સર્વાનન્દમયોધિરાટ્।**
**સર્વ સેવ્યો નિયન્તા ચ નિર્દુષ્ટઃ સર્વથૈવહિ।।કા.૧૫।।**

સુવર્ણની પ્રતિમાના જેવા આ (શ્રીકૃષ્ણ) આનન્દઘન, સાર્વભૌમ રાજા, બધાએ સેવવા યોગ્ય, (બધાને) વશ રાખનારા હર પ્રકારે દોષ વિનાના છે ।।૨૮-૧૫।।

એ પ્રમાણે ભગવાનનું ભજન થઈ શકે તે માટે (આપમાં) દોષ નથી એમ ધર્મ અને ધર્મી ના પ્રકારથી કહી, નીચેના શ્લોકમાં કાર્ય મારફત થતા દોષ પણ ભગવાન્‌માં નથી એમ સિદ્ધ કરેછેઃ

હે નિત્યમુક્ત પ્રભો! આપ માયાતીત છો. છતાં જ્યારે આપને પ્રકૃતિ (માયા) ની સાથે વિહાર કરવાની ઇચ્છા થાય છે ત્યારે ચરાચર જીવોની ઉત્પત્તિ થાય છે. આપ પરમ-અક્ષરથી પણ ઊંચે બિરાજોછો. કોઈ આપને ઉત્તમ નથીકે કોઈ અધમ નથી; (કોઈ આપને પોતાનું નથીકે કોઈ પરાયું નથી) કારણ કે આપ આકાશનીજેમ આશ્રય રહિત શૂન્યની સમાનછો ।।૨૯।।

**શ્રીસુબોધિનીજી** : અહીં શંકા થાય કે જો ભગવાન્ પૂર્ણાનન્દ હોય, સર્વ દોષ રહિત હોય તો એના અંશરૂપ જીવો અનેક પ્રકારની યોનિને કેમ પ્રાપ્ત કરે? માટે જણાય છે કે ભગવાને જ એને પોતાના હિતને માટે ઉત્પન્ન કર્યા છે. એમ ન હોય તો એની ઉત્પત્તિ ન સમ્ભવે! આ શંકાના ઉત્તરમાં કહેવાનું કે આપ તો પોતાના આનન્દમાં વિહાર કરો છો, જેમ રાજા પોતાના ઘરમાં રમણ કરતાં વધારે આનન્દ ઊભરાય ત્યારે બહાર નીકળે છે તેમ આપ પણ ક્વચિત વિહાર કરો છો ત્યારે સ્થાવર-જંગમ પ્રાણીઓ એની મેળે જ ઉત્પન્ન થાય છે. જેમ વર્ષાકાળમાં જીવો ઉત્પન્ન થાય છે એમાં વરસાદ તો પૃથ્વી ઉપર જલ વર્ષવા સિવાય બીજું કાંઈ પણ કરતો નથી તેમ ભગવાન્ પણ વિહાર સિવાય જીવનેમાટે કાંઈ પ્રયત્ન કરતા નથી. ભગવાનના વિહાર વખતે ચેષ્ટા ઉત્પન્ન થાય છે. કાલ એ જ ચેષ્ટા છે. કાલ પ્રકૃતિ વગેરેને પ્રેરે છે. જેમ રાજા બહાર નીકળે ત્યારે રાજાના સેવકો, રાજાના હુકમ વગર જ, પોત-પોતાના કામમાં લાગી જાય છે તેમ કાલ ગુણોને ખળભળાવે છે. અગ્નિના ભડકામાંથી જેમ અગ્નિના તણખા નીકળે તેમ તે સમયે જીવો નીકળે છે. પછી કાલથી ખળભળી ઊઠેલા ગુણો બારોબાર અથવા પરમ્પરાથી બધાયે કાર્યના સમૂહને ઉત્પન્ન કરે છે. પછી ભગવાન્‌માંથી નીકળેલા તે જીવો પ્રકૃતિના સમ્બન્ધમાં આવી (પોતાની) કામનાને લીધે નિમિત્ત, કર્મ અથવા

અજ્ઞાનનો આશ્રય કરી જ્યાં-ત્યાં જુદા-જુદા પ્રકારના દેહો પ્રાપ્ત કરે છે. જેમ અગ્નિમાંથી નીકળેલા તણખાઓ પવનદ્વારા જ્યાં-ત્યાં લઈ જવાય છે ત્યારે તે ઘાસ ઉપર પડતાં વૃદ્ધિ પામે છે, જલમાં પડતાં ઠરી જાય છે અને ભૂમિ ઉપર પડતાં વચલી સ્થિતિમાં રહે છે. પરન્તુ આ બાબતમાં મૂળ અગ્નિ તે પોતે કોઈ તણખાને કોઈ ચોક્કસ જગ્યાએ મૂકતો નથી. તે જ પ્રમાણે આ જીવોની ઉત્પત્તિ છે એમ કહે છે કે પ્રકૃત્યા-પ્રકૃતિથી જ ઉત્પન્ન થઈ તેનાથી જ ઉત્પન્ન થયેલાં કર્મરૂપ નિમિત્ત સાથે પણ સમ્બન્ધમાં આવે છે. તે વિષયમાં ભગવાનનો વિહાર જ નિમિત્ત છે. આ વિહારમાં ભગવાનની ક્રિયાશક્તિ તેમજ જ્ઞાનશક્તિ નિમિત્ત છે. જ્યારે ઈચ્છા ઉત્પન્ન થાય છે ત્યારે તે ઈચ્છાથી વિહાર થાય છે એટલે ભગવાનની જ્ઞાનપૂર્વક ક્રીડા થાય છે ત્યારે તેમ જીવોની ઉત્પત્તિ થાય છે એવો અર્થ છે. એ ભગવાન્ પ્રકૃતિથી પર-પ્રકૃતિના નિયામક છે. તેથી વિહાર કરતાં એમને દોષ પ્રાપ્ત થતો નથી. ત્યારે એ એની સ્ત્રી થઈ તેથી એમાં આસક્તિ કે મોહ કેમ ન થાય? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે આપ વિમુક્ત છે એની સાથે સમ્બન્ધ નથી રાખતા કે જેથી તે કાંઈ પણ કાર્ય કરી શકે. જેમ રાજાની પાસે ક્ષુદ્ર દાસીઓ હોય તે વિહારમાં આવી શકતી નથી તેમ અજા પણ ક્ષુદ્ર હોવાથી ભગવાનના વિહારમાં એ આવી દાખલ થઈ શકતી નથી. તો બીજી અન્તરંગ શક્તિઓ એમાં હશે તેનાથી પણ ભગવાનને દોષનો સમ્ભવ તો ખરો! એમ શંકા કરે તો એના ઉત્તરમાં કહેવાનું કે આપ 'પરમ' છે, અક્ષરથી પણ અતિ ઊંચે રહેનારા છે એ લોકની વાતનો જેમને સમ્બન્ધ નથી તેવા ભગવાનને કોઈ પણ પદાર્થ હલકો અથવા ઉત્તમ હોઈ શકે નહિ. જેને વિષય હોય તેને કોઈ પ્રેરણા કરે, જેમ કે અન્તઃકરણ આંખ-કાનને પ્રેરણા કરે છે. તે પ્રસંગે અન્તરંગ સેવક સામગ્રી પ્રાપ્ત કરાવનારો અથવા પ્રેરણા કરનારો થાય છે તેમ જેને માટે વિષય પ્રાપ્ત કરવાનો હોય તેને કોઈક પ્રેરણા કરે પરન્તુ જે કેવલ આનન્દ જ છે અને સર્વ વિષયના સમ્બન્ધ વિનાના છે તેવા ભગવાનને કોણ કેવી રીતે પ્રેરણા કરનાર થાય? એ માટે ભગવાનને (એવી) સામગ્રી નથી એમ કહે છે. સામગ્રી પાંચ પ્રકારની છેઃ૧.સ્વરૂપ ૨.સ્થાન ૩.ચોક્કસ આકાર ૪.ઊંચી સ્થિતિવાળા પદાર્થ અને ૫.હલકી સ્થિતિવાળા પદાર્થ. એ પાંચમાંથી એકેય ભગવાન્‌માં નથી કારણ કે ભગવાન્ સર્વથી 'પરમ' એટલે ઊંચી અથવા હલકી સ્થિતિ વિનાના સર્વથી વિલક્ષણ છે. આપને પોતાનો કે પારકો એવો ભેદ નથી. વળી સ્થાનરહિત પણ છો. બધા પદાર્થને આધાર તો હોવો જોઈએ! એના ઉત્તરમાં કહેવાનું કે આપ આકાશ જેવા છો. આકાશમાં કોઈ ક્રિયા કે વ્યાપાર નથી. એ કોઈને દેખાતું નથી તેથી કહે છે કે શૂન્યની ઉપમા એને દેવાય છે. ભગવાન્ શૂન્ય નથી એમ જણાવવા 'તુલા'શબ્દ કહ્યો છે તેથી શૂન્યવાદ અહીં નથી. કૃપા

કરે તો જ દશ્ય થાય, નહિ તો શૂન્ય તુલ્ય રહે. **''અસંગો હ્યયં પુરુષઃ'' 'અરૂપમસ્પર્શમ્' ''અસ્તીત્યેવોપલબ્ધવ્યઃ''** ''આ પુરુષ સંગ વિનાના છે'' ''રૂપ વિનાનું, સ્પર્શ વિનાનું'' 'માત્ર' 'છે' એમ જ જાણવા યોગ્ય છે'' એવું ભગવત્સ્વરૂપ છે તેને કોણ જાણી શકે કે જે બીજાને પ્રેરણા કરે? ।।૨૯।।

**સર્વભાવવિનિર્મુક્તઃ પૂર્ણઃ ક્રીડાર્થમુદ્ગતઃ।**
**નિમિત્તં તં સમાશ્રિત્ય જાયન્તે જીવરાશયઃ।।કા.૧૬।।**

સર્વ ભાવથી રહિત પૂર્ણ (શ્રીકૃષ્ણ) ક્રીડામાટે તૈયાર થયા છે એ નિમિત્તનો સારી રીતે આશ્રય કરીને જીવોના સમૂહો તણખાની જેમ ભગવાન્માંથી નીકળે છે ।।૨૯-૧૬।।

એ પ્રમાણે જીવોના જુદા-જુદા દેહોના સમ્બન્ધને લીધે થતો દોષ ભગવાન્માં નથી એમ સિદ્ધ કર્યું. હવે ભગવાનનું માહાત્મ્ય જીવોને બરાબર ઠસી જાય એટલા માટે જીવો ભગવાનને અધીન છે એમ સિદ્ધ કરવા, નીચેના શ્લોકમાં જીવો સ્વતન્ત્ર છે એવો મત વર્ણવી તેને ખોટો ઠરાવે છેઃ

જો જીવ અસંખ્ય હોય અને બધાયે નિત્ય અને સર્વવ્યાપી હોય તો-તો જીવ આપની બરાબર થઈ જાય અને તો જીવ શાસિત અને આપ શાસક એ વાત ઘટી જ શકે નહિ અને તો આપ તેમનું નિયન્ત્રણ પણ ન જ કરી શકો. આપ તેમનું નિયન્ત્રણ ત્યારે જ કરી શકો જ્યારે જીવ અવ્યાપક હોય, અન્યથા જીવ વ્યાપક હોય અને આપ અણુરૂપ હો તો નિયમ્ય નિયામક ભાવ ઘટી શકે નહિ. જે (જીવ) જેનામય (બ્રહ્મમય) હોય; તે (જીવ) તે (બ્રહ્મમયપણું) તજ્યા વિના વશ રાખનાર કેવી રીતે થાય? ભગવત્સ્વરૂપ જીવનું નિયામક છે. બ્રહ્મ સર્વસમ છે. (જીવ અને બ્રહ્મ એક જ છે એમ માનતા વેદાન્તીઓ પણ તે મત દોષ પૂર્ણ હોવાથી સ્વીકારતા નથી) ।।૩૦।।

**શ્રીસુબોધિનીજી :** જીવને સ્વરૂપથી વ્યાપક માનો તો એ ભગવાનને વશ ન રહે, ભોગ, મોક્ષ અને દુઃખ ના અભાવને માટે ભગવાન્ અપેક્ષિત છે પણ જો જીવ જ વ્યાપક હોય તો ભગવાનની એને જરૂર ન પડે એ આગળ કહેવાશે. માટે જો શ્રૌતન્યાય-વેદમાં કહેલા સિદ્ધાન્ત પ્રમાણે જીવને તણખારૂપ માનો તો નિયમ્ય-નિયામક ભાવ સમ્ભવે. સ્માર્ત લોકોના મત પ્રમાણે તો જીવ વ્યાપક છે એનું અહીં નિરાકરણ કરે છે. કેટલાક નૈયાયિક લોકો જીવને વ્યાપક કહે છે. તેમનો અભિપ્રાય એવો છે કે જીવ નિત્ય અણુ અને વ્યાપક છે પણ વચલા અવાન્તર પરિમાણવાળો નથી કેમકે અવાન્તર પરિમાણ તો અનિત્ય છે. જો જીવને અણુ જેવડો માનીએ

તો સર્વ શરીરમાં ચૈતન્ય ન દેખાય, વળી દેશાન્તરમાં જે દ્રવ્ય આપણા ભોગને માટે ઉત્પન્ન થાય છે તેનું કારણ આપણું અદષ્ટ છે એમ કહેવું જોઈએ. માટે એની ઉત્પત્તિના દેશમાં અદષ્ટવાળા આત્માનો સંયોગ કારણરૂપે છે તેથી જ જીવ વ્યાપક સિદ્ધ થાય છે; તેથી આત્માઓ (જીવો) પરિચ્છેદ રહિત છે. નિત્ય કહ્યા તેથી કાલની પણ એ હદ નથી. જો આત્મા અનિત્ય હોય તો એનો મોક્ષ ન થાય કેમકે જે વસ્તુ વ્યાપક છે તે અનિત્ય નથી એમ સાબિત થયેલું છે. વળી એ આત્માઓ સર્વત્ર રહ્યા છે; સકલ મૂર્તિવાળા પદાર્થોથી એમનો સંયોગ છે. એમ ન માનીએ તો એ પદાર્થના ભોગ સાધનમાં એ દ્રવ્યો ન આવી શકે. આ અનાદિ સંસારમાં કોઈ પદાર્થ કોઈને માટે નથી એમ સિદ્ધ થતું નથી. તેથી આત્માને દેશની અને કાલની હદ નથી એ વાત સિદ્ધ થઈ. તેમ જ સર્વ આકારવાળા પદાર્થનો એને સંયોગ પણ છે એમ અવશ્ય માનવું પડશે. આમ એનો મત કહીને હવે એ મતનું ખંડન કરે છે :

''જો જીવો સર્વના સમ્બન્ધવાળા હોય તો તેમનામાં નિયમ્યપણું (બીજા કોઈને વશ રહેવાપણું) નથી એવો નિયમ છે. આ વશ રાખવાનું કર્મના નિમિત્તનું નથી. જેવું જેનું કર્મ હોય તેવી તેને (શિક્ષા થાય) એ તો યમરાજા વગેરેનું કાર્ય છે. પરન્તુ (આ તો) સેવક અને સ્વામી ની જેમ વશ રહેનાર અને વશ રાખનારની સ્થિતિ છે. જીવો વ્યાપક હોય તો તેમનામાં દાસપણું ન હોય એવો અર્થ છે. વળી, જીવો વ્યાપક હોય તો ઈશ્વર છે એમ પણ સિદ્ધ ન થાય, કારણ કે એમનું પ્રયોજન રહે નહિ. સર્વ સ્થલે જીવ જ કારણ તરીકે હાજર રહેવાથી એ જ પોતાનો ભોગ પ્રાપ્ત કરી શકે. અદષ્ટને અંકુશમાં રાખનારું તો કર્મ જ છે. ભોગ તો અદષ્ટને વશ છે. કર્મ પ્રયત્નથી કાબૂમાં રહેનારું છે. તેથી જીવોમાટે ઈશ્વરની જરૂર ન રહેવાથી ઈશ્વર છે એમ જ સિદ્ધ ન થઈ શકે તો પછી જીવ અને ઈશ્વર નો વશ રહેનાર અને વશ રાખનારનો સમ્બન્ધ તો દૂર રહ્યો (સાબિત જ ન થાય). ''વશ રહેનાર અને વશ રાખનારનો સમ્બન્ધ સિદ્ધ થશે નહિ'' એમ જે શ્રુતિઓ કહે છે તેમનો એવો અભિપ્રાય છે કે ભોગનું નિયન્ત્રણ કરનાર પરમેશ્વર જ છે. (પરમેશ્વર જો ભોગના નિયામક ન હોય તો ભોગમાં કોઈ નિયમ જ ન રહે (નર્યું અન્ધેર જ થઈ જાય) અને ભોગમાં નિયમ તો દેખાય છે જ.

(નૈયાયિક વગેરેના મત પ્રમાણે વ્યાપક જીવો) ઘણા હોવાથી એક શરીરમાં બધાનો સમ્બન્ધ સરખો હોવાથી એક શરીર કેરી ખાય ત્યારે એક જીવને જ સુખ કેમ થાય? ''તે (સુખ) તે જીવના અદષ્ટે ઉત્પન્ન કરેલું છે'' એમ કહો તો તે અદષ્ટ તે જ જીવનું છે અને બીજાનું નથી એની શી ખાતરી? (તે શરીર સાથે બધા જીવોને) આત્માનો સંયોગ સરખો હોવાથી, (બધાના) જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્ન પણ સરખાં થાય. વળી ઈશ્વર વિના કોઈ બીજો

(ભોગ) નક્કી કરનાર નથી કે જેનાથી દરેક (જીવ) પોતાનો નક્કી કરેલો ભોગ (ભોગવતો) દેખાય છે એ નિયમ સિદ્ધ થાય. (ભોગ) નક્કી કરનાર ઈશ્વર છે એમ સ્વીકારવામાં આવે ત્યારે તો ''(આ ભોગ) એક જ (જીવ) ભોગવે બીજો નહિ'' એવા ઈશ્વરના કાબૂને લીધે એ નિયમ ઘટે છે. અદૃષ્ટના સમ્બન્ધમાં પણ તેવું જ (જાણવું). તેથી ભોગ નક્કી કરવામાટે નક્કી કરનાર ઈશ્વર છે એમ અવશ્ય કહેવું જોઈએ અને જીવ વ્યાપક હોય તો તે (ઈશ્વરનું ભોગ નક્કી કરવાપણું) ઘટતું નથી, (કારણ કે) મોટાપણાને લીધે તે જીવને થતા અભિમાનને લીધે અને (કદમાં ઈશ્વર સાથે) સમાનપણાને લીધે તે ભગવાનને ગણકારે નહિ. જો દરેક (જીવ) નો મુકરર કરેલો ભોગ ઈશ્વરથી જ સિદ્ધ થતો હોય તો જીવ વ્યાપક છે એમ માનવું ન જોઈએ. અણુ જેટલા કદવાળા જીવમાં પણ ગન્ધની જેમ આખા દેહમાં વ્યાપેલો ચૈતન્ય ગુણ સમ્ભવે છે. જ્યારે ગન્ધની સતત ઉત્પત્તિની તપાસ કરવામાં આવે ત્યારે ગન્ધ પોતાના આશ્રય (આધાર) થી છૂટી પડતી નથી એમ જ માનવું યોગ્ય છે કારણ કે જોવામાં તેમ આવે છે. તેમ ન હોય તો પત્ર, પુષ્પ વગેરેની જેમ ગન્ધ પોતાના આશ્રયને પણ છોડીને બીજે જાય છે એમ જ માનવું જોઈએ, કારણ કે વાયુ ગન્ધને લઈ જાય છે એવી પ્રસિદ્ધિ છે અને ''જેમ સારી પુષ્પિત વૃક્ષની ગન્ધ દૂરથી વાય છે'' એવી શ્રુતિ છે. ગન્ધનાં અવયવો જાય છે એવી કલ્પના તો યોજનગન્ધા (કસ્તૂરી) ના સમ્બન્ધમાં ખોટી ઠરે છે, કારણ કે ઘણાં ફૂલોની પાસે જેવી ગન્ધ પ્રગટ થાય છે તેવી ગન્ધ એક ફૂલ નાકમાં જતાં પણ પ્રગટ થતી નથી. તેથી ચૈતન્ય ગન્ધની જેમ આખા શરીરમાં પ્રસરેલું રહે છે અને લોકમાં હદવાળા પદાર્થમાં જ વશ રહેનાર અને વશ રાખનારનો સમ્બન્ધ હોય છે.

''વશ રાખનાર (ઈશ્વર) હદવાળા હોય તો શું વાંધો છે?'' એવી શંકા થાય તેથી 'હે ધ્રુવ!' એવું સમ્બોધન કરેલું છે. જે નિશ્ચલ (ગતિ ન થઈ શકે તેવા) છે તે વ્યાપક જ હોય છે. બીજા પ્રકારે તો ભૂમિ વગેરેમાં પણ ધ્રુવપણું જોવામાં આવે છે. તેથી ઈશ્વર વ્યાપક જ છે, ''તેમનામાં આકાશ લાંબુ અને પહોળું ગૂંથાયેલું છે'' શ્રુતિ પણ (ઈશ્વરને વ્યાપક કહે) છે. **''આરાગ્રમાત્રો હ્યપરોપિ દૃષ્ટઃ''** ''આર જેટલો બીજો પણ જોવામાં આવેલ છે'', **''નાણુ રતચ્છ્રુતેરિતિ ચેન્નેતરાધિકારાત્''** (જીવ) અણુ નથી, વ્યાપક હોવાની શ્રુતિને લીધે એમ કહો તો તેમ નથી, કારણ કે તે બીજાના ઈશ્વરના સમ્બન્ધમાં કહેલું વાક્ય છે. બ્રહ્મસૂત્ર (૨।૩।૨૧।) પ્રમાણે ઈશ્વર વ્યાપક છે. **'ઇતરથા'** અન્ય પ્રકારે એટલે જીવ વ્યાપક હોય અને ભગવાન્ અણુ હોય અથવા (એ બે માંથી) એક પણ જુદા પ્રકારનાં (બન્ને વ્યાપક અથવા બન્ને અણુ) હોય તો પણ વશ રહેનાર અને વશ રાખનારનો સમ્બન્ધ ઘટતો

નથી એવો ભાવ છે. આ વિષયમાં કાંઈ દૃઢ તર્ક કહેલો નથી. (જીવ) વ્યાપક પણ ભલે હોય અને વશ રહેનાર પણ ભલે હોય એમાં શો દોષ છે? નાનો બાળ સિંહ પણ મોટા હાથીને વશ કરી લે છે. નાનો રાજા પણ બધા લોકોને વશ રાખે છે. નાનો અગ્નિનો તણખો પણ બધાં ઘરોને બાળી મૂકે છે. તેથી મોટા કદવાળો વશ રાખનાર હોય તેમ જ નાનો વશમાં રહેનાર છે એમ નથી તેથી આ તમારો આગ્રહ નકામો છે'' એવી શંકા થાય તેથી ''(જે) જેના-મય ઉત્પન્ન થયું (તે) તેને તજ્યા વિના વશ રાખનાર થાય?'' એમ કહેલું છે. જે (જીવ) જેના-મય (બ્રહ્મમય) ઉત્પન્ન થયેલો હોય તે જીવ **'તદવિમુચ્ય'** એ બ્રહ્મપણાને તજ્યા વિના વશ રાખનાર થાય? ન જ થાય એવો અર્થ છે. હારી જનાર અને હરાવી દેનારનો સમ્બન્ધ અને બળનાર અને બાળનારનો સમ્બન્ધ જુદા પ્રકારનો છે. રાજ્યમાં ઉત્પન્ન થયેલી પ્રજા રાજ્યમય હોય છે અને રાજ્ય રાજાનું અંગ છે તેથી પ્રજા રાજામય જ છે તેવી જ રીતે જીવો પણ ભગવન્મય છે. જો તેઓ વ્યાપક હોય તો કોઈ પણ રીતે તન્મય (ભગવન્મય) ન હોઈ શકે. (જીવોને ઈશ્વર સાથે) સદાનો સમ્બન્ધ હોવા છતાં પણ ભોગ મુકરર કરવામાં ઈશ્વર બિનજરૂરી છે. ઈશ્વરની જરૂર નથી, અદૃષ્ટ જ ભોગ પ્રાપ્ત કરાવનાર છે એમ કહેવામાં આવે તો ઉપર કહ્યું તેમ 'ઈશ્વર છે' એ જ સિદ્ધ થશે નહિ તેથી એમ કહેવું એ સાહસનું કાર્ય છે તેથી જીવોનું તન્મયપણું (ભગવન્મયપણું) બીજી રીતે સિદ્ધ થતું ન હોવાથી જીવ વ્યાપક નથી એમ સિદ્ધ થાય છે.

વેદાન્તીઓ પણ આત્માનું એકપણું (જીવ અને બ્રહ્મ એક જ છે એમ) કહેતા હોવાથી તેમનો વશ રહેનાર અને વશ રાખનારનો સમ્બન્ધ (હોવાનું) સ્વીકારતા નથી, કારણ કે તેઓ સર્વમાં સમાન દૃષ્ટિવાળા છે. તેથી વેદાન્તમાં (જીવ અને ઈશ્વર નો) ''વશ રહેનાર અને વશ રાખનારનો સમ્બન્ધ નથી'' એમ જેઓ કહે છે તેમનો મત જણાવી ''સમ માનનારાઓને ઈષ્ટ નથી'' શબ્દોથી તેને ખોટો પાડે છે.

શ્રીભાગવતજી (૧૧।૨૯।૧૪) માં શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે કે ''બ્રાહ્મણ અને ચાંડાલ, ચોર અને બ્રાહ્મણભક્ત, સૂર્ય અને ચિનગારી તથા કૃપાલુ અને ક્રૂરમાં સમાન દૃષ્ટિ રાખે છે તેને જ પંડિત-સાચો જ્ઞાની સમજવો જોઈએ'' આ વાક્ય પ્રમાણે બ્રહ્મ જાણનારાઓ સમાન દૃષ્ટિવાળા હોવાથી જેઓ સર્વ સ્થલે બ્રહ્મ જુએ છે તેમને પણ આ ''જીવ વ્યાપક છે'' તે મત ઈષ્ટ નથી. તેઓ પણ જીવ અને ઈશ્વર નો વશ રહેનાર અને વશ રાખનારનો સમ્બન્ધ સ્વીકારે છે જ. એમ ન હોય તો ભગવાન્ **'મુક્તોપસૃપ્ય'** (મુક્ત જીવોએ પાસે જવા યોગ્ય) ન હોય. ''ચાર પ્રકારના (ભક્તો) મને ભજે છે'' (શ્રીભગવદ્ગીતા ૭-૧૬) માં જ્ઞાનીઓ

પણ ભગવાનનું ભજન કરે છે એમ કહેલું છે. તે નિયમ્ય-નિયામક ભાવ વિના ઘટી શકે નહિ.

''જ્ઞાનમાર્ગમાં પણ જીવ ભગવાનને વશ નથી એમ માનવામાં શું વાંધો છે?'' એવી શંકા થાય તેથી 'મતદુષ્ટતયા'-મતમાં દષ્ટ હોવાને લીધે શબ્દ યોજેલ છે. મતે બ્રહ્મવાદમાં આ અર્થ દોષપૂર્ણ છે તેથી એવો તેનો અર્થ છે. ઉપનિષદોમાં ઠેકઠેકાણે કહેલું છે : **'એષ સર્વેશ્વરઃ'** આ સર્વના ઈશ્વર છે; **'એષ લોકપાલઃ'** આ લોકપાલ છે; 'એષ ભૂતાધિપતિઃ' આ પ્રાણીમાત્રના અધિપતિ છે. ''એતસ્યૈવાક્ષરસ્ય પ્રશાસને ગાર્ગિ દ્યાવાપૃથિવી વિધૃતે તિષ્ઠતઃ'' હે ગાર્ગી! આ અક્ષર (ભગવાન્) ની જ આજ્ઞાથી આકાશ અને પૃથ્વી ધારણ કરેલાં રહેલાં છે વગેરે શ્રુતિઓમાં ઈશ્વરની આજ્ઞા સ્પષ્ટ જ જોવા મળે છે. **''સા ચ પ્રશાસનાત્''** (બ્રહ્મસૂત્ર ૧।૩।૧૧) સૂત્રમાં કહ્યું છે કે ''અને એ (ધારણ કરેલા રહેવાની સ્થિતિ) આજ્ઞાને લીધે છે'' તેથી ભગવાનની આજ્ઞા ચાલે છે એ બધા વાદવાળાઓને મંજૂર છે અને જીવો વ્યાપક હોય તો એ ઘટતું નથી, કારણ કે તેઓ તન્મય (ભગવન્મય) ન હોવાનું અનુમાન થાય ।।૩૦।।

**નિયન્તા જીવસંઘસ્ય હરિસ્તેનાણવો મતાઃ।**
**જીવા ન વ્યાપકાઃ ક્વાપિ ચિન્મયા જ્ઞાનિનાં મતાઃ।।કા.૧૭।।**

જીવોના સમૂહને વશ રાખનાર હરિ છે તેથી જીવો અણુ મનાયેલા છે. જીવો કોઈ પણ સમયે વ્યાપક નથી. જ્ઞાનીઓ જીવને ચિન્મય માને છે ।।૩૦-૧૭।।

એ પ્રમાણે ભક્તિ થઈ શકે તે માટે (જીવ અને ભગવાન્ નો) વશ રહેનાર અને વશ રાખનારનો સમ્બન્ધ જણાવ્યો અને તેનું કારણ (જીવો) તન્મય (ભગવન્મયા) હોવાનું કહ્યું તેથી એમ ફલિત થાય છે કે જે જેનામય હોય તે તેનાથી વશ રહેનાર છે. આમ હોવાથી દેહ વગેરે સમૂહમાં જીવે પ્રવેશ કરેલો હોય ત્યારે, જડ ભાગ પ્રકૃતિમય હોવાથી અને ચિદ્ ભાગ પુરુષમય હોવાથી (એ દેહ વગેરેના સમૂહમાં પ્રવેશ કરેલો જીવ) પ્રકૃતિ અને પુરુષ ને જ વશ રહેનાર હોવાનું યોગ્ય છે, પરન્તુ પુરુષોત્તમને વશ રહેનાર હોવાનું યોગ્ય નથી એવી શંકા નીચેના શ્લોકમાં કરી તેને ખોટી ઠરાવે છેઃ

જન્મરહિત પ્રકૃતિ અને પુરુષ નો જન્મ ઘટી શકતો નથી. ઉપાદાન કારણ જલ અને નિમિત્ત કારણ વાયુના સંયોગથી જેમ પરપોટાની ઉત્પત્તિ થાય છે તેમ જીવોની ઉત્પત્તિ પુરુષ અને પ્રકૃતિ બન્નેના સંયોગથી થાય છે. તેથી આ દેખાતા તે વિવિધ નામ અને ગુણો વાળા જીવો, બધી નદીઓ જેમ આખરે સમુદ્રમાં સમાઈ જાય છે, બધાં પુષ્પોનો રસ જેમ મધમાં સમાઈ જાય છે તેમ (સૂક્ષ્મરૂપથી) આપમાં જ સમાઈ જાય છે ।।૩૧।।

**શ્રીસુબોધિનીજી :** જે જેના સ્વરૂપથી આવિર્ભાવ થવા યોગ્ય હોય ત્યારે તેનામાં તન્મયપણું સમ્ભવે. જેમ ઘડો મૃત્તિકાથી થયો તે 'મૃદ્રૂપ' કહેવાય, અહીં તો જગત્ બ્રહ્મવાદમાં બ્રહ્માત્મક કહેવાય પણ પ્રકૃતિ યોનિ હોવાથી નિમિત્ત કારણ છે, પુરુષ બીજરૂપ છે તેથી ઉભયાત્મક કહો તો ચાલે, કેવળ બ્રહ્મરૂપ કેમ કહી શકાય? પ્રકૃતિ અને પુરુષ તો ઉત્પત્તિ રહિત હોવાથી એ કાર્યરૂપ પણ ન થઈ શકે. એ જ કહે છે કે પ્રકૃતિ પુરુષનો જન્મ સમ્ભવતો નથી. ત્યારે દેહ આદિની ઉત્પત્તિ કેમ થાય છે? એના ઉત્તરમાં કહેવાનું કે બન્નેથી ઉત્પત્તિ થાય છે. જે એકથી ન થાય તે બન્નેના સંયોગથી કેમ થઈ શકે? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે જલના પરપોટાની જેમ થાય છે. જલનો પરપોટો એકલા જલથી કે એકલા વાયુથી થતો નથી પણ બન્નેના સંયોગથી થાય છે તેમ પ્રકૃતિ અને પુરુષ થી દેવ, તિર્ય, મનુષ્ય આદિ સંઘાતો થાય છે. એમ થવાથી શું સિદ્ધ થયું? ત્યાં કહે છે કે એ કારણ થી પ્રાણિમાત્રનું ઉપાદાન કારણ આપ જ છો. ઉત્પત્તિ વગરનાં બે (પ્રકૃતિ અને પુરુષ) નો સંયોગ યોગ્ય નથી. બન્ને ઉત્પત્તિ વગરનાં અને વ્યાપક હોઈ ક્રિયા વગરનાં હોવાથી તેમનો સંયોગ થતો નથી એવાં બેનો સંયોગ થતો નહિ હોવાથી તે સંયોગ ભગવદ્રૂપ અને ભગવાને કરેલો હોવો જોઈએ, કારણ કે ભગવાન્ જ અદ્ભુત કર્મ કરનારા છે તેથી બધા દેહ વગેરેના સમૂહો ભગવદ્રૂપ જ છે તેથી એ બધા ભગવાન્માં જ પૂર્ણ થયેલા છે, બીજા કોઈમાં પૂર્ણ થયેલા નથી તેવો નિર્ણય છે. વળી ''વિવિધ નામ અને ગુણો થી'' એમ કહેલું છે. જો સમૂહો એક પ્રકારના હોત તો તેઓ પ્રકૃતિ અને પુરુષ રૂપ છે એવી હરકોઈ પ્રકારે કલ્પના કરવામાં આવત પરન્તુ તેવું નથી. વળી, સર્વના એકબીજાથી જુદા પ્રકારનાં જાત-જાતનાં નામ, રૂપ અને ગુણો હોય છે તેથી એ (જુદાં-જુદાં નામ, રૂપ અને ગુણો) જણાય છે કે તેઓ ભગવાન્થી જ થયેલ છે, કારણ કે ભગવાન્ જ ન ચિન્તન કરી શકાય તેવી શક્તિવાળા અને અનન્ત આકારવાળા છે, ''આધુનિક પ્રકૃતિ અને પુરુષ માં પણ અનન્ત શક્તિઓ કેમ ન હોય?'' એવી શંકા થાય તેથી 'પરમ' શબ્દ યોજેલ છે. પરમ (આપ અથવા ભગવાન્) માં જ એ ગુણો છે બીજામાં નથી એવો સિદ્ધાન્ત હોવાથી એવો અર્થ છે. વળી બધી નદીઓ સમુદ્રમાં લય પામે છે તેમ જેઓ જેની અન્દર લીન થતા હોય તેઓ જ તદ્રૂપ હોય છે. (બધી નદીઓ) વરસાદદ્વારા સમુદ્રમાંથી જ ઉત્પન્ન થાય છે અને સમુદ્રમાં પ્રવેશ કરે છે તેથી જલરૂપ સમુદ્રમાં જલરૂપ નદીઓ પણ તદ્રૂપ થાય છે, પરન્તુ તેઓ પર્વતરૂપ અથવા ભૂમિરૂપ નથી તેથી સદ્રૂપ અને ચિદ્રૂપ આ દેહ વગેરેના સમૂહો સચ્ચિદ્રૂપ ભગવાન્માં જ રહેવા યોગ્ય છે, બીજામાં રહેવા યોગ્ય નથી એવો અર્થ છે. જો વિશ્વ ભગવદ્રૂપ હોય તો ભગવાન્માં વિશ્વ જણાત. જેને-જેને ભગવાનનો સાક્ષાત્કાર થાય તેના-તેના

અનુભવમાં વિશ્વ જણાત અને તેથી ભગવાને વિચાર કર્યો, ''હું એક છું તે બહુ થાઉં'' એ સૃષ્ટિ ભગવાન્‌માં મોજૂદ જ હોવાથી સમ્ભવતું નથી એવી શંકા થાય તેથી ''સર્વ રસો મધમાં લીન થાય છે'' એ શબ્દો યોજેલા છે. જેમ સર્વ રસો મધમાં લય પામે છે, છતાં પણ ''આ અમુક ફૂલનો રસ છે અને આ તમુક ફૂલનો રસ છે'' એમ જુદા-જુદા જણાતા નથી, પરન્તુ એકરસ થઈ ગયેલા રસો મધ તરીકે જ જણાય છે તે પ્રમાણે સર્વ દેહ વગેરેના સમૂહો ભગવાન્‌માં સૂક્ષ્મ રૂપે રહે છે, પરન્તુ જુદા-જુદા જણાતા નથી એવો અર્થ છે ।।૩૧।।

**નાનારૂપપ્રપંચં હિ દેવતિર્યંનરાત્મકમ્।**
**કૃષ્ણાદેવ સમુદ્‌ભૂતં લીનં તત્રૈવ તન્મયમ્।।કા.૧૮।।**

દેવ, મનુષ્ય, પશુ વગેરે નામરૂપાત્મક પ્રપંચ શ્રીકૃષ્ણથી ઉત્પન્ન થાય છે અને અન્તે શ્રીકૃષ્ણમાં જ લીન થાય છે તેથી એ શ્રીકૃષ્ણમય જ છે એનાથી જુદો નથી. જે જેમાંથી ઉત્પન્ન થાય તેનો તેમાં જ લય થાય તે તદ્રૂપ કહેવાય. ઘડો મૃત્તિકાથી ઉત્પન્ન થઈ મૃત્તિકામાં લીન થાય છે તે ઘડો 'મૃન્મય' કહેવાય છે તેવું જગત્‌ની બાબતમાં સમજવાનું છે ।।૩૧-૧૮।।

જીવ અને સંઘાત માં પ્રત્યેક તેમ જ બન્ને નિયમ્ય હોવાને લીધે એની ભગવદાત્મકતા કહેવામાં આવી તેથી ભગવાન્ અવશ્ય ભજનીય છે એ વાત સ્પષ્ટ થઈ. એમ ભગવાન્ ભજનીય છે એમ જાણતાં છતાં પણ ભજન કરવામાં તત્પર થનારને કાલ બાધા કરે તો ભજન કેમ સિદ્ધ થાય? એ શંકા દૂર કરતાં હવે કહે છેઃ

આ મનુષ્યો આપની માયાના ભ્રમમાં ભટકી રહ્યા છે એમ સારી રીતે જાણીને બુદ્ધિમાન્ પુરુષો જન્મ-મરણ ને સદાનેમાટે ટાળી દેનાર આપમાં ભગવત્પ્રેમ કરવાની સદ્‌બુદ્ધિનો ઉદ્દય થાય ત્યારથી જ પ્રેમ કરતા થઈ જાય છે. તેમને જન્મ-મરણનો ભય ક્યાંથી રહે? કારણ કે ટાઢ, તાપ અને વર્ષા રૂપી ત્રણ નેમિ (નાભિ) વાળો કાળ જે આપની ભ્રુકુટિ છે તે, આપનું શરણું જેમણે ન સવીકાર્યુ હોય તેમને જ વારંવાર ભય ઉત્પન્ન કરે છે ।।૩૨।।

**શ્રીસુબોધિનીજી** : સૃષ્ટિની શંઆતમાં ભગવાને કાલ અને માયા ની રચના કરી. જેઓ માયાથી મોહ પામશે તેમનું કાલ ભક્ષણ કરશે, પરન્તુ જેઓ લોકોને ભગવાનની માયાના સપાટામાં સપડાયેલા અને પછી કાલે ભક્ષણ કરેલા જોઈને, માયા દૂર કરવામાં અને મોક્ષ પ્રાપ્ત કરવામાં ભગવાનનું ભજન જ સાધન છે એમ જાણીને ભગવત્સેવા કરે છે તેમને પછી માયાથી મોહ થવાનું કોઈ રીતે ઘટી શકતું નથી. તેથી તેમનું કાલથી ભક્ષણ પણ થતું નથી એમ સિદ્ધ

થાય છે. ભક્તિમાર્ગમાં વિષયો હોવાથી જો કોઈ પણ સમયે કોઈ પ્રકારે મોહ થઈ પણ જાય, છતાં પણ તે સમયે તો કાલ ભક્ષણ કરતો નથી તેનું કારણ ''(તેમને) ભવનો ભય કેવી રીતે રહે?'' એ શબ્દોથી કહેલ છે. તેમને ભવનો ભય ન રહેવાનું કારણ પણ ''જે કારણથી (કારણ કે) આપની જ ભ્રુકુટિ આપનું શરણ જેમને ન હોય તેમને ભય ઉત્પન્ન કરે છે'' એ શબ્દોથી કહેલું છે. તેથી ભક્તિમાર્ગ સર્વપ્રકારે કાલને ટાળનારો છે. વળી શાસ્ત્રના અધિકારી મનુષ્યો હોવાથી, (શ્લોકમાં **નૃષુ** શબ્દનો ભાવ કહે છે) તેમને કર્મ કરવાનો અધિકાર છે અને બીજાં પ્રાણીઓએ ભોગમાટે શરીર ધારણ કરેલાં હોવાથી ''(મનુષ્ય દેહ) સ્વર્ગ અને મોક્ષ નું તેમજ હલકાં પ્રાણીઓના અને આ (મનુષ્ય દેહ) નું દ્વાર છે''

(શ્રીભાગવત ૩।૧૩।૨૪।) એ વાક્ય પ્રમાણે મનુષ્યનું શરીર પ્રાપ્ત થયા પછી જ જુદા-જુદા પ્રકારની યોનિઓનો સમ્બન્ધ થાય છે. તેથી 'મનુષ્યોનું ભ્રમણ' એમ કહેલું છે. તેથી જેઓ બુદ્ધિમાન્ છે, જેમણે પોતે પણ મનુષ્ય દેહ પ્રાપ્ત કરેલ છે તેઓ જો ગાફેલ રહે તો ''ફરીથી કાલચક્રને લીધે હલકાપણું અથવા ઉત્તમપણું પ્રાપ્ત કરેલા આપણે કૃતાર્થ થઈશું નહિ'' એમ જાણીને મોક્ષમાટે પ્રયત્ન કરતા તેઓ (જેમને બીજો જન્મ થતો નથી, શ્રીભગવદ્ગીતા ૧૭-૩ માં કહેલા) તેવા જ ગુરુને શરણે જાય છે અને તેવા ગુરુ ભગવાન્ જ છે અથવા ભગવાન્ જ ગુરુ છે કારણ કે પ્રવૃત્તિ કરાવવાની અને ભજન કરવા યોગ્ય હોવાની બન્ને શક્તિઓ તેમનામાં જ જણાયેલી છે. ગુરુ પ્રવર્તક છે, ભગવાન્ ભજનીય છે, **''યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ।** (શ્રીભગવદ્ગીતા ૧૩-૩) જેની જેનામાં શ્રદ્ધા હોય તે જ તે છે'' એ નિયમ પ્રમાણે લાંબા સમયે એવાપણું (ગુરુપણું) પ્રાપ્ત થાય. ''એ (ગુરુ) પણ જો ફરીથી જન્મ લે તો એવા થવામાં શો લાભ?'' એવી શંકા થાય તેથી અભવે ''ભવ-જન્મમરણ મટાડનાર' એવો શબ્દ યોજેલો છે. ગુરુ ભગવાન્થી જુદા હોય ત્યારે પણ એ ગુરુ ભગવદીય હોવાથી એનો પણ જન્મ થતો નથી. ''ક્યારથી ભગવાનનું ભજન કરવું જોઈએ?'' એવી શંકા થાય તેથી ''સારી બુદ્ધિ થઈ ત્યારથી'' **'અનુપ્રભવમ્'** શબ્દ યોજેલો છે. **'પ્રકૃષ્ટઃ ભવઃ'** (સારી) બુદ્ધિ સહિત જન્મ=**પ્રભવઃ।** જ્યારથી ભગવાન્માં સારી બુદ્ધિ થાય ત્યારથી જ આરમ્ભી ભગવાન્માં ભાવ (પ્રેમ) કરવો. આજ્ઞા પ્રમાણે વર્તન પણ કરવું, કારણ કે કાલ બહારનો છે. આપણા માત્ર અન્દરના ભાવને લીધે તે પીડા કરવી બંધ કરતો નથી, પરન્તુ પીડા કરે છે જ. તેથી જ અન્દરથી ભજન નથી તેથી જ અન્દરથી ભજન કરનાર જ્ઞાનીઓને બહિર્મુખોથી દુઃખ થાય છે અને એનું જડભરતજીના પ્રસંગમાં વર્ણન કરેલું છે. એ (દુઃખ) થી હેરાન થયેલા કદાચ મોહ પણ પામે. તેથી શંઆતથી જ બહારનું પણ આજ્ઞા પ્રમાણે વર્તન

કરવું. એ પ્રમાણે બહારના અને અન્દરના ભેદથી (ભગવાનને) અનુસરનારા વાસ્તવિક રીતે (ભગવાનના) સેવક થયેલા જીવોને, કામનાને લીધે સેવા ન કરતા જોઈને એમને શિખામણ આપવામાટે જ દંડ કરનાર કાલ તેમને ભય કેમ કરે અથવા કેમ હણે? કાલ ભગવાનની ભમરરૂપ છે એમ પહેલાં કહેલું છે.

''કાલ થોડો દંડ કરે તેથી લૌકિક ભયની જેમ એ પણ થોડો ભય કરનાર હોવાથી ભજનમાં પ્રવૃત્તિ કેવી રીતે થાય?'' એવી શંકા થાય તેથી મુહુઃ વારંવાર શબ્દ યોજેલો છે. ''કાલ દેખાતો નથી. લોકો જે દેખાય તેનાથી ડરે છે'' એવી શંકા થાય તેથી 'ત્રિણેમિઃ' ''ત્રણ નેમિવાળા'' શબ્દ યોજેલ છે. સંવત્સરરૂપ કાલ પ્રત્યક્ષ જ છે, જેની ટાઢ, તાપ અને વરસાદ નામની ત્રણ નેમિઓ (નાભિઓ) છે તે (ટાઢ વગેરે) ને પ્રકટ કરતો (કાલ) લોકમાં પોતાનું પરાક્રમ જણાવે છે એવો અર્થ છે. આપ જેમનું શરણ નથી એટલે ''જેઓ મને જેવી રીતે ભજે છે'' (શ્રીભગવદ્ગીતા ૪-૧૧) પ્રમાણે જેમણે ભગવાનનું શરણ સ્વીકારેલું નથી તેમને કાલ ભય ઉત્પન્ન કરે છે એવો અર્થ છે ।।૩૨।।

**નૃણાં દુર્ગતિમાલોક્ય યે સેવન્તે દૃઢવ્રતાઃ।**
**કૃષ્ણં તદ્ભ્રુકુટિઃ કાલી ન તાન્ હન્તિ કદાચન।।કા.૧૯।।**

મનુષ્યની દુર્ગતિ થાય છે તે જોઈને જે દૃઢ વ્રત ધરીને શ્રીકૃષ્ણને ભજે છે તેનો શ્રીકૃષ્ણની ભ્રુકુટિરૂપી કાળ કોઈ દિવસ નાશ કરી શક્તો નથી ।।૩૨-૧૯।।

એ પ્રમાણે ભજન કરવું યોગ્ય છે એમ સિદ્ધ કરી યોગ વગેરેના માર્ગ પ્રમાણે ભજન કરવાથી કાર્ય સિદ્ધ થતું નથી, કારણ કે (એવું ભજન) યોગના અંગ તરીકેનું થાય. તેથી ભક્તિમાર્ગ પ્રમાણે સ્વતન્ત્ર રીતે જ ભજન કરવું જોઈએ એવા અભિપ્રાયથી યોગ (માર્ગ પ્રમાણે ભજન કરવું એવા) મતની નીચેના શ્લોકમાં નિન્દા કરે છેઃ

જે યોગીઓએ પોતાની ઈન્દ્રિયો અને પ્રાણો ને સારી રીતે વશ કરી લીધાં છે તેઓ પણ જ્યારે ગુરુદેવનાં ચરણોનો સાધન તરીકે પણ ત્યાગ કરી, ઉચ્છૃંખલ અને અતિ ચંચલ મનરૂપી ઘોડાને પોતાને વશ કરવાનો અહીં યત્ન કરે છે ત્યારે હે અજન્મા પ્રભો! તેઓ પોતાના સાધનોમાં સફળ થતા નથી તેમને વારંવાર ખેદ અને સેંકડો વિપત્તિઓનો સામનો કરવો પડે છે. સુકાની વિનાના નાવમાં મુસાફરી કરનારા સાગરખેડુઓની જેવી દુર્દશા થાય છે તેવી જ દશા એ યોગીઓની પણ થાય છે.

**શ્રીસુબોધિનીજી** : ગયા શ્લોકમાં ગુરુદ્વારા ભજન કરવાનું જણાવ્યું. એવું જ ભજન

પુનર્જન્મ ન થવા રૂપી ફલ પ્રાપ્ત કરાવનારું હોય છે. (ગુરુસ્વરૂપ ભગવાનને અથવા ભગવત્સ્વરૂપ ગુરુને પ્રસન્ન કર્યા વિના) પોતાની મેળે પ્રવૃત્ત થયેલું મન વિઘ્ન કરનારું હોવાથી યોગ તો કોઈથી પણ કોઈ પ્રકારે થઈ શક્તો નથી, કારણ કે મન દુષ્ટ છે. ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે મનમાં શક્તિ આવે છે. જેના ઉપર ઈશ્વર અને ગુરુ ની કૃપા થઈ જાય તેને યોગનું શું પ્રયોજન છે? કારણ કે સાધનથી જ એ કૃતાર્થ થઈ જવાનો સમ્ભવ છે. તેથી લૌકિક પુરુષોની જેમ યોગીઓ પણ સંસારમાં જ પરિભ્રમણ કરે છે પણ કૃતાર્થ થતા નથી એમ આ શ્લોકમાં જણાવવામાં આવે છે.

તો પછી યોગ[1] માર્ગ કરેલો શા માટે છે એવી શંકા થાય તેથી કહીએ છીએ કે ''જેને અણિમાદિ સુખની ઈચ્છા હોય, ભગવાન્‌થી અત્યન્ત બહિર્મુખ હોય, ક્લેશવાળાં કાર્ય કરવામાં આસક્તિવાળા હોય તેવાને માટે યોગ કહ્યો છે. તેથી જેને ફળમાટે પરરૂપરાના સાધનમાં શ્રદ્ધા હોય તેમનેમાટે યોગ છે. યોગ સાક્ષાત્ મોક્ષને માટે નથી એમ તો વ્યાસસૂત્ર પણ **''એતેન યોગઃ પ્રત્યુક્તઃ''** ''આથી યોગનો ઉત્તર અપાયો'' બ્રહ્મસૂત્ર (૨।૧।૩।) થી કહે છે તેથી એનાં ફળ તો યોગની પ્રશંસાને માટે કહ્યાં છે તેથી સ્વતન્ત્ર યોગના નિષેધને માટે અહીં કહે છે કે જેણે વિશેષ કરીને ઈન્દ્રિયો અને પ્રાણાદિ વાયુને જીત્યા હોય તે યોગ કરે છે તેથી યોગ પ્રત્યાહાર પર્યન્ત સિદ્ધ થાય છે એમ કહ્યું, નહિ તો યોગનાં આઠ અંગોમાં પહેલાં જ સાધનો સિદ્ધ ન થાય તો યોગ શંકાસ્પદ થાય તેથી મહેનત કરનારને યોગનાં પહેલાં પાંચ અંગ સિદ્ધ થાય છે, વધારે સિદ્ધ થતાં નથી. એનું કારણ કહે છે કે મન સ્વભાવથી જ કાબૂમાં ન રહે તેવા ઘોડા જેવું છે. દરેક જીવનાં મન અને ઈન્દ્રિયો જુદાં-જુદાં મુકરર કરેલાં છે તે (ઉત્તર મીમાંસાના) મત પ્રમાણે જેમનું મન સ્વભાવથી સાત્વિક પ્રકૃતિવાળું હોઈ કાબૂમાં રહે તેવું હોય તેમનાથી યોગ થઈ પણ શકે એમ જણાવેલું છે, પરન્તુ જેમનું મન કાબૂમાં રહી ન શકે તેવું જ અને એ પણ ઘોડા જેવું હોય (અને) એ ઘોડા ઉપર સવાર થયેલો જીવ મનના વિલાસની ઈચ્છા કરનારો થાય તેનાથી તો મનનો નિગ્રહ થઈ શક્તો જ નથી એમ જણાવેલું છે; અને પોતે પણ આ લોકમાં લોકની રીત પ્રમાણે જ રહીને (મનને) વશ કરવા ઈચ્છે છે. ''ઘોડાને પણ મહેનત લઈ વશ કરી શકાય છે તેમ મન પણ વશ થશે'' એવી શંકા થાય તેથી ''બહુ જ ચંચલ'' વિશેષણ યોજેલું છે. પ્રયત્નથી પકડી જ શકાય નહિ તેવું (મન) છે. ''ચંચલ અને અસ્થિર મન જ્યાં-જ્યાં જાય (શ્રીભગવદ્‌ગીતા ૬-૨૬) એમ ચંચલ મનનો પણ નિગ્રહ કરવાનું સાધન કહેલું છે'' એવી શંકા થાય તેથી ''ઉપાય કરતાં જ ખેદ પામે છે'' શબ્દો યોજેલ છે. ઉપાયથી જ દુઃખ પ્રાપ્ત કરે છે. એની (મનને વશ કરવાની એટલે ધારણાની)

પહેલાં યોગશાસ્ત્રમાં યોગનાં પાંચ અંગો કહેલાં છે અને મન ચંચલ હોવાથી એ (પાંચ અંગો જ) કરવાં અશક્ય છે, કારણ કે મન વિક્ષેપવાળું હોય ત્યારે આસન થઈ શક્તું નથી તેમ જ યમ વગેરે થઈ શક્તા નથી; તેથી (મન) સર્વ પ્રકારે કાબૂમાં રહી શકે તેવું ન હોય ત્યારે યોગનો આરમ્ભ જ કરવો નહિ. વળી, યમ વગેરે સાધનો લાંબો સમય કરતાં ચિત્તની શુદ્ધિ થાય ત્યારે કદાચ બીજાં સાધનો થઈ શકે, (પરન્તુ) એટલું (ચિત્તની શુદ્ધિ) પણ થતું નથી એમ ''સેંકડો વ્યસનવાળા'' શબ્દથી કહેલ છે. વિક્ષેપપૂર્ણ મનવાળાં ઉત્પન્ન થયેલાં પ્રાણીને ક્ષણે-ક્ષણે અનેક આફત આવે છે.

''પ્રથમ દુઃખ મટાડવા બીજું સાધન કરવું'' એવી શંકા થાય તેથી ''ગુરુના ચરણનો સારી રીતે ત્યાગ કરીને'' શબ્દો યોજેલા છે. **''એતત્ સર્વં ગુરૌ ભક્ત્યા''** ''ગુરુમાં ભક્તિ રાખવાથી આ સર્વ સિદ્ધ થાય છે'' (શ્રીમદ્ ભાગવત ૭।૧૫।૨૫) એ વાક્ય પ્રમાણે આરમ્ભમાં દુઃખ મટાડવાનું એક સાધન ગુરુ જ છે. (એમનો) સારી રીતે ત્યાગ એટલે સાધન તરીકે પણ ત્યાગ કરીને (દુઃખ કેમ મટાડાય?) ગુરુની સેવા કરવામાં આવે તો[૨] તેનાથી જ કૃતાર્થ થવાતું હોવાથી, યોગ નકામો જ છે એવો ભાવ છે. ''હે અજ! તેઓ વેપારીઓની જેમ સેંકડો આફતમાં સપડાયેલા હોય છે'' શબ્દોથી પછી એમનું બન્ને (માર્ગ) થી પતન થાય છે એમ કહે છે. સમુદ્રમાર્ગે વેપાર કરનારા વાણિયાઓ સુકાનીને પણ રાખ્યા વિના સમુદ્રમાં જ વિનાશ પામે છે, પરન્તુ (પોતાનું) કાર્ય તો પાર પડતું નથી એટલું જ નહિ, સાજા-તાજા ઘેર પણ નથી આવતા. 'જલધિ' સમુદ્ર શબ્દથી એમાં ઘણું દુઃખ થાય છે એમ સૂચવેલું છે. એ પ્રમાણે યોગમાં શરીર સૂકવી નાખીને રહેનાર ઘણું દુઃખ જ પામે છે એવો અર્થ છે ।।૩૩।।

**વિશેષ** : ૧. [૧]યમ [૨]નિયમ [૩]આસન [૪]પ્રાણાયામ [૫]પ્રત્યાહાર [૬]ધારણા [૭]ધ્યાન અને [૮]સમાધિ એ યોગનાં આઠ અંગ છે. ૨.યોગના સાધન તરીકે પણ ગુરુની સેવા જરૂરી છે, ગુરુની સેવા કરવામાં આવે તો યોગની કોઈ જરૂર નથી.

**અદાન્તે મનસિ જ્ઞાતે યોગાર્થં ન યતેદ્ બુધઃ।**
**ગુરુસેવાપરો ભૂત્વા ભક્તિમેવ સદાભ્યસેત્।।કા.૨૦।।**

મન કાબૂમાં રહી શકે તેવું નથી એમ જાણી ડાહ્યા પુરુષે યોગમાટે પ્રયાસ કરવો નહિ (પણ) ગુરુની સેવામાં તત્પર રહી સદા ભક્તિ જ કરવી ।।૩૩-૨૦।।

એવી રીતે ભજન (કરાવવા) માં બીજા પ્રકારોનો નિષેધ કરી, વૈરાગ્ય આવ્યા વિના અને

મોહ મટ્યા વિના ભક્તિ થઈ શકે નહિ તેથી વૈરાગ્યનો ઉપદેશ કરતાં નીચેનો શ્લોક કહે છેઃ

હે ભગવન્! આપ સર્વ રસરૂપ અને શરણાગતોના આત્મા છો. આપ બિરાજમાન હો પછી માણસોને સ્વજન, પુત્ર, દેહ, સ્ત્રી ધન, ઘર, ભૂમિ વગેરે પ્રાણ વાહકોની શી જરૂર છે? જે લોકો આ સત્ય સિદ્ધાન્તને નથી જાણતા હોતા તેઓ સ્ત્રી-પુરુષના સમ્બન્ધથી થતાં સુખોમાં રમતા રહે છે. તેમને સંસારમાં ભલા એવી કઈ વસ્તુ છે જે સુખી કરી શકે? કારણ કે સંસારની બધી જ વસ્તુઓ સ્વયં પડી ગયેલાં ઘરના જેવી વિશીર્ણ (ચૂરેચરા થઈ ગયેલ) અને તે પણ ઉત્તમ પદાર્થ વિનાની અને અપવિત્ર પદાર્થોના સમ્બન્ધવાળી છે ।।૩૪।।

**શ્રીસુબોધિનીજી** : ''સગાંઓએ કરેલા ઉપકારની જરૂર છે જ અને તેને માટે સગાંઓની દરકાર રાખવી જ જોઈએ. આત્મામાં પોતાની સ્થિતિ થયા વિના એવી અપેક્ષાનો ત્યાગ થઈ શકે નહિ તેથી જ્ઞાન થયા પછી જ વૈરાગ્ય થાય'' એવો મત ચાલુ પ્રસંગ (ભગવાનના ભજન) માં ઘટતો નથી. તેથી સગાં વગેરેનું પ્રયોજન છે એમ સ્વીકારીને જ, બીજાં સાધનથી તે (પ્રયોજન) સિદ્ધ થશે. તેથી પહેલાં પ્રાપ્ત થયેલાં સાધનો જ નકામાં છે એમ (શ્રુતિ) સિદ્ધ કરે છે. હરકોઈ પ્રકારે લોકમાં પ્રાપ્ત થયેલાં સાધનો જતાં રહેતાં, ભગવાન્‌થી અપાતું પ્રયોજન અલૌકિક જ હશે તેથી આ વૈરાગ્ય પણ મુખ્ય વૈરાગ્યની બરાબર જ છે. આ લોકમાં સગાંઓનો ઉપયોગ છે, કારણ કે આ લોકની કીર્તિ વગેરે તેમનાથી જ પ્રાપ્ત થાય છે. પુત્રનો ઉપયોગ પરલોક પ્રાપ્ત કરવામાટે છે. **'આત્મનઃ'** દેહનો તો પરલોક પ્રાપ્ત કરાવનારાં કર્મ કરવામાટે અને આ લોકમાં ભોગ ભોગવવામાટે ઉપયોગ છે. પીડા કરનાર કામને શાન્ત કરવામાટે અને સુખમાટે સ્ત્રીનો ઉપયોગ છે. **'ધન ધામ ધરાઃ'** એટલે ધન, ઘર અને ભૂમિ (અનુક્રમે) સુખ, સ્થિતિ અને આજીવિકા આપનારાં છે. આ બધાં જ **'આસવઃ'** પ્રાણરૂપ છે કારણ કે આ ન હોય તો (લોકો) પ્રાણ (પણ) તજી દે છે. અથવા **'અશ્વરથૈઃ'** ''ઘોડા અને રથ'' એવો પાઠ લેવો. આ ગતિનાં સાધનો સુખ આપનારાં છે. આઠ પ્રકારનાં આ સુખનાં સાધનો જેટલો ઉપકાર કરશે તે બધાય ઉપકાર કરતાં કરોડગણો ઉપકાર ભગવાન્ કરે છે. જો સુખની જ જરૂર હોય તો ભગવાન્ પોતે સુખ આપે છે. જો સાધનો સાથે સુખની જરૂર હોય તો અલૌકિક સાધનો પણ સુખ આપે છે એવો ભાવ છે **'નૃણામ્'** 'માણસોને'શબ્દથી તેમને કામનાઓ અને વિવેક છે. એમ જણાવેલું છે. ''કોઈ વખતે ભગવાન્ સુખ અથવા સુખનાં સાધનો ન આપે તો શી સ્થિતિ થાય?'' એવી શંકા થાય તો **''શ્રયત આત્મનિ''** ''આશ્રય કરનારના આત્મા'' શબ્દો યોજેલા છે. ભગવાનનો જે

માણસ આશ્રય કરે છે તેને તો પોતાના આશ્રય તરીકે જ (ભગવાન્) પ્રકાશે છે. જેમ દરેક માણસ પોતે પોતાનું હિત કરે તેમ ભગવાન્ પણ તેનું હિત કરે છે. ''ભગવાન્ પણ જો વિષયો આપતા હોય તો ઉપસ્થિત વિષયોનો ત્યાગ શા માટે કરવો?'' એવી શંકા થાય તેથી **'સર્વ રસે'** શબ્દ યોજેલ છે. કીર્તિ, પરલોક, ભોગ વગેરે બધાય રસો ભગવાન્માં જ હોય છે અને આ રસો પ્રગટ (જણાઈ આવે તેવા) છે પરન્તુ મધમાં હોય છે તેવા જણાઈ ન શકે તેવા, નથી હોતા. ''આ બાબતમાં શું યોગ્ય છે? ભગવાન્માં રહેલા રસોનો ભોગ કરવો કે પોતાની મેળે પ્રાપ્ત થયેલા રસોનો ભોગ કરવો?'' (ભજન) જરૂરી હોવાથી અને સ્ત્રી વગેરે સાથે કરવાનું સહેલું હોવાથી, સ્ત્રી વગેરે સાથે જ ભજન કરવું યોગ્ય છે, પરન્તુ સ્ત્રી વગેરે સર્વનો ત્યાગ કરીને ભજન કરવું યોગ્ય નથી'' એવી શંકા થાય તેથી ''**સદજાનતાં**-સત્ય નહિ જાણનાર'' શબ્દો યોજેલા છે. અહીં જે ભજન કરવાના પ્રકાર પહેલાં કહ્યા તેમાં ભગવાન્ અને સગાંઓને સરખા જણાવેલા નથી, કારણ કે આ સગાંઓ તો દુઃખ દેનારા છે અને ભ્રમથી જ સુખ આપનારના જેવા દેખાય છે પણ ભગવાન્ તો દોષરહિત આનન્દ પ્રાપ્ત કરાવનારા છે, આવો તેમનામાં તફાવત જાણવામાં આવે ત્યારે સન્દેહ જ ઉત્પન્ન થતો નથી. તેથી ભેદ જાણવામાં આવે તે માટે પુત્ર વગેરેનું સ્વરૂપ શ્રુતિઓ વર્ણવે છે. **ઇતિ** એવા પ્રકારથી જેઓ **સત્**-સત્ય તત્વ એટલે સગાંઓ વગેરે અને ભગવાન્ વચ્ચેનો ભેદ જાણતા નથી, (અને) રતિમાટે સજોડે ફરે છે એટલે વિષયસુખ પ્રાપ્ત કરવા જોડકાં થઈ (વિષયસુખ ભોગવતા) ફરે છે. પોતાને બેસવામાટે જેમ કોઈ મુસાફર મોટો ખાટલો માથે ઊંચકીને ફરે તેમ આવા પુરુષો માત્ર અડધી પલના વિલાસમાટે પૂરેપૂરા બેડીઓથી જકડાયેલા હોય તેમ તે (સ્ત્રી) ની સાથે ફરે છે. આ પ્રમાણે બહુ દુઃખી થયેલા હોય તેમને ક્યો પદાર્થ સુખ આપે? જે બહુ પીડાયેલો હોય તેને વિષયો આનન્દ આપી શકતા નથી. સગાંઓએ તો તેમને સુખ આપેલ હોવાની તો વાત હોય જ ક્યાંથી? વળી બીજાં સાધન (તેમને) હોવાથી, ભગવાન્ પણ તેમને સુખ આપતા નથી એવો અર્થ છે. '**નુ**' એ શબ્દ 'તપાસ' ના અર્થમાં વપરાયો છે. અમે (શ્રુતિઓએ) બધું તપાસી જોયું, (છતાં) તેવા પુરુષને સુખ આપનાર અમને કોઈ મળ્યો નહિ. વળી ''કોઈક તેને સુખ આપશે'' એવી શંકા ન કરવી; કારણ કે આ જગત્ પોતાની મેળે જ વિહતે પડી ગયેલાં ઘરની જેમ વિશીર્ણ (ચૂરેચૂરા થઈ ગયેલ) અને તેમાં પણ **'નિરસ્તભગે'** ''ઉત્તમ પદાર્થ વિનાનું'' અપવિત્ર પદાર્થોના સમ્બન્ધવાળું હોય તેવું છે તેવા સ્થાનમાં સુખ આપનારો પણ કોણ તેને સુખ આપે? અહીં વૈરાગ્યની અવસ્થા જેને વૈરાગ્ય થાય છે તેના વિચારથી કહેવા ઇચ્છેલી છે. જગતનો ત્યાગ કરવાનો છે એ મત પ્રમાણે પણ ભગવાનનો ભક્ત કોઈ પણ સ્થળે ભગવાનની

સેવા કરતો હોય તે વૈકુંઠમાં જ સેવા કરે છે. પરન્તુ જગત્‌માં સેવા કરતો નથી એમ સમજવું ।।૩૪।।

**પુત્રાદીન્ સમ્પરિત્યજ્ય કૃષ્ણઃ સેવ્યો ન તૈઃ સહ।**
**તત્સુખં ભગવાન્ દાતા તે તુ ક્લિષ્ટેતિદુઃખદાઃ।।કા.૨૧।।**

પુત્ર આદિને છોડીને શ્રીકૃષ્ણની સેવા કરવી. એની સાથે રહેવાથી સેવા બનતી નથી કેમકે ચિત્તની પ્રવણતાનું નામ સેવા છે. એ પુત્ર આદિની સાથે રહેવાથી ભગવાન્‌માં ચિત્ત રહેતું નથી. ભક્ત સુખની ઈચ્છા કરે તો એને સુખ પણ ભગવાન્ આપે છે. પુત્ર આદિ સ્વજનો ભક્તને અતિ દુઃખ આપનાર છે. તેથી સર્વ પરિત્યાગ કરી ભગવાનને સેવવા એવું શ્રુતિનું તાત્પર્ય છે ।।૩૪-૨૧।।

સર્વનો ત્યાગ કરી ભગવાનની સેવા કરવી એમ પૂર્વ શ્લોકથી કહ્યું. એમાં પ્રથમ શું કરવું એમ કોઈને પૂછવાનું મન થાય તો એનો ક્રમ આ શ્લોકથી શ્રુતિ કહે છેઃ

હે ભગવન્! મદરહિત સન્તપુરુષો આ પૃથ્વી ઉપર પરમ પવિત્ર અને બધાને પવિત્ર કરવાવાળા પુણ્યમય સાચાં તીર્થસ્થાન છે વળી તેઓ આપના ચરણકમલને હૃદયમાં ધારણ કરનારા છે અને પોતાના ચરણના જલથી પાપ-તાપનો નાશ કરનારા છે. હે પ્રભો! આપ નિત્ય આનન્દસ્વરૂપ આત્મા જ છો. જે એકવાર પણ આપને પોતાનું મન સમર્પણ કરી દે છે; આપમાં મન લગાવી દે છે; તેઓ તે દેહ-ગેહમાં કદી ફસાતા નથી જે વિવેક, ધૈર્ય, વૈરાગ્ય, ક્ષમા અને શાન્તિ વગેરે ગુણોનો નાશ કરનારા છે. તેઓ તો બસ આપમાં જ રમતા રહે છે ।।૩૫।।

**શ્રીસુબોધિનીજી** : પૃથ્વી ભગવાનના ચરણરૂપ છે એટલે પહેલાં પૃથ્વીનો આશ્રય લેવો તેથી મંચ ઉપર સૂવું નહિ, પાદુકા પહેરવી નહિ અને નિરન્તર ભૂમિ ઉપર વાસ કરવો. એમ કહેવાથી સર્વ ભોગનો ત્યાગ કરી ભગવચ્ચરણનો આશ્રય કરીને રહેવાનું કહેવામાં આવ્યું. પછી ચરણારવિન્દની સ્ફૂર્તિ થાય તે માટે તીર્થોનું પર્યટન કરવું. બધાં તીર્થોમાં ગંગાજી મુખ્ય છે. એ ભગવાનના ચરણમાં જ રહેનારાં છે. તેથી આધિદૈવિક ગંગાજી ભગવદ્રૂપ છે અને ભગવાનના ચરણકમલની રજ તે ગંગાજીમાં ઘણી છે તેથી ગંગાજીના તીર ઉપર ભગવાનના ચરણારવિન્દની સ્ફૂર્તિ થાય. ભૂમિ ઉપર પણ પુરુપુણ્ય એટલે ઘણાં પવિત્ર તીર્થોમાં ફરવું. કુરુક્ષેત્રાદિ તીર્થો એવાં છે. એ તીર્થોની જ સેવા કરવી એટલું જ નહિ પણ ગુરુરૂપ તીર્થોની પણ સેવા કરવી. તીર્થના 'સદન' એટલે ગુરુના ઘરમાં રહી એમની સેવા કરવી. ભૂતલ ઉપર ગુરુનાં ઘર પણ તીર્થ છે તેથી એ ગુરુની સેવા કરવી. એ ગુરુઓ કોણ કે એમની સેવા કરવી? એમ કહે

તો એના ઉત્તરમાં કહેવાનું કે મન્ત્રને જોનાર ઋષિઓ ગુરુ છે. તે (મન્ત્રો) માં (કહેલ) ઉદ્ધાર કરનારો અલૌકિક પ્રકાર તેઓ જાણે છે; તેથી તેમનાં સ્થળોએ જઈને મન્ત્ર વગેરેમાં કહેલું ભગવાનના ભજનનું અલૌકિક સાધન શીખવું જોઈએ એવો અર્થ છે.

''તેમનામાં કઈ ઉત્તમતા છે?'' એવી શંકા થાય તેથી 'મદરહિત' વિશેષણ યોજેલું છે. 'મદ' એટલે જેનાથી 'પોતે' અને 'બીજા' એવું જ્ઞાન થતું નથી તે અહંકાર. આ ('મદરહિત' શબ્દ) થી ઋષિઓને જ્ઞાન પણ છે એમ જણાવ્યું. ''માત્ર મદ ન હોવો (એ જ ઉત્તમપણું હોય) તો સાત્વિક કર્મ કરનારા અથવા બીજા દેવોની ઉપાસના કરનારા પણ આશ્રય કરવા યોગ્ય ગણાય'' એવી શંકા થાય તેથી ''તેઓ વળી આપના ચરણકમલને હૃદયમાં ધારણ કરનારા છે'' શબ્દો યોજેલા છે, આ શબ્દોથી તેમનું અન્દરનું અને બહારનું માહાત્મ્ય કહેલું છે. અન્દરનું માહાત્મ્ય એ કે તેમના હૃદયમાં ભક્તિમાર્ગના પ્રકારથી ભગવાન્ બિરાજેલા છે અને બહારનું માહાત્મ્ય એ કે તેઓ ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તનારા છે. તે મહાત્માઓ તો સર્વ લોક ઉપર ઉપકાર કરવા સર્વનો મોક્ષ થાય તે માટે શ્રીકૃષ્ણને સાથે રાખી પરિભ્રમણ કરે છે'' તેથી જ સર્વના પાપનો નાશ કરે છે. તેમના ચરણારવિન્દના જલથી પાપનો નાશ થાય છે અને તેમના ઉપદેશથી તેમના હૃદયમાં રહેલ ભગવાનનું ચરણારવિન્દ જેમને તે ઉપદેશ કરે છે તેમનામાં આવેછે એમ સૂચવેલું છે.

તેમની સેવા કરવામાં આવે અને ભગવાન્ તેમની સેવા કરનારના હૃદયમાં પધારે ત્યાર પછી તરત જ જો દેહ પડે તો-તો કાંઈ ચિન્તા ન રહે પણ જો દેહ પડવામાં વિલમ્બ થાય તો કાલ વગેરેથી બુદ્ધિનો નાશ થાય એટલે ફરીથી ઘરમાં આસક્તિ થાય તેથી (ભજન) કરેલું સર્વ નકામું થાય'' એવી શંકા થાય તેથી શ્લોકનો ઉત્તરાર્ધ કહેલો છે. જેમ કામી પુરુષોનું અમુક સ્ત્રીમાં ચિત્ત લાગે તે તેનો અનુભવ કર્યા વિના સર્વથા પાછું ફરતું નથી તેમ ભગવાન્‌માં સ્નેહ થઈ જતાં અને ભગવદ્રસમાં આસક્તિ થઈ જતાં જ્યારે ભગવાન્‌માં જેનું ચિત્ત ચોંટે છે તેવા પુરુષ કોઈ પણ સમયે ઘરનો આશ્રય કરતો નથી. જેને ભગવાનનો અનુભવ થયો નથી એટલે કે જેણે પહેલાં ભગવાનનું મનથી ધ્યાન કરેલું નથી તે ઘરનો આશ્રય કરે પણ ખરો, પરન્તુ જેને પહેલાં ભગવાનનો અનુભવ થઈ ચૂક્યો છે તે ઘરનો આશ્રય કરતો નથી જ એવો અર્થ છે.

''જેને ભગવાનનો અનુભવ થઈ ચૂક્યો છે તે ઘેર આવે તો પણ તે ભગવાનનો ત્યાગ કરે નહિ તો પછી તે ઘેર આવે તેમાં શું વાંધો?'' એવી શંકા થાય તેથી ''પુરુષનો સાર હરી લેનાર ઘરને'' શબ્દો યોજેલ છે. વિવેક, ધૈર્ય વગેરે અને પહેલાં પ્રાપ્ત કરેલી (ભગવાનનો અનુભવ થવાની) સ્થિતિ, બધુંય ઘરો હરી લે છે એવો અર્થ છે ।।૩૫।।

**પરિભ્રમન્ તીર્થ નિષ્ઠો ગુરુલબ્ધહરિસ્મૃતિઃ।**
**ન સેવતે ગૃહાન્ દુષ્ટાન્ સદ્ધર્માત્યન્ત નાશકાન્।।કા.૨૨।।**

ગુરુ પાસેથી જેને હરિની સ્મૃતિ થઈ છે તેવો પરિભ્રમણ કરતાં તીર્થોમાં રહેનાર પુરુષ સારા ગુણોનો નાશ કરી દેનાર દુષ્ટ ઘરોનો આશ્રય કરતો નથી ।।૩૫-૨૨।।

એ પ્રમાણે ભગવાનનું ભજન કરવું જોઈએ એમ દરેક પ્રકારે જણાવી ભક્તિમાર્ગ પ્રમાણે ભજનને સારી રીતે દૃઢ કરી, ભજન કરવા યોગ્ય કોણ છે તેનો નિર્ણય કરવા પ્રયાસ કરતાં, ''સચ્ચિદાનન્દ ભગવાન્ ભજન કરવા યોગ્ય છે'' એમ કહેવામાટે ''લોકમાં સત્, ચિત્ અને આનન્દ ત્રણેય ધર્મો એક પદાર્થમાં નથી એમાં તો કહેવું જ શું? પરન્તુ એ ધર્મોમાંથી એક-એક ધર્મ પણ કોઈ જ પદાર્થમાં નથી'' એમ જણાવવા માટે, જડ પદાર્થોમાં સત્પણું નથી, ચેતન પદાર્થોમાં ચિત્પણું નથી અને સ્વર્ગ વગેરેમાં આનન્દ નથી એમ બબ્બે શ્લોકથી એ દરેક ધર્મ લોકમાં નથી એમ છ શ્લોકોથી ''જગત્માં સત્પણું નથી'' એમ પ્રથમ સિદ્ધ કરે છે, કારણ કે એમ ન કરે તો ''ભગવાન્ જ સત્ છે'' એવો અર્થ ઘટે નહિ, કેમ કે ભજન કરવા યોગ્ય કોણ છે એનો નિશ્ચય કરવામાં *ગૌણ સત્વ નિરર્થક છે. જ્ઞાન થાય તે માટે અથવા દોષ ન રહે તે માટે ગૌણ સત્વનો ઉપયોગ છે. અસત્ની સેવા કરવાથી નાશ થાય છે અને સત્ની સેવા કરવાથી કૃતાર્થ થવાય છે એમ પહેલાં સિદ્ધ કરેલું છે. જો જગત્માં પણ સત્પણું હોય તો તેમાં તેનું પણ ભજન થાય, અથવા તેનું ભજન કરવાથી દોષ ન લાગે તેથી એ જગત્માં સત્પણું નથી એમ અવશ્ય સિદ્ધ કરવું જોઈએ. એ બાબતમાં જેઓ જગત્ સત્ છે એમ કહે છે તેમના મતને વાદી-પ્રતિવાદીના સંવાદથી (વાદ અને તેનો પ્રત્યુત્તર એમ પ્રશ્નોત્તરીથી) અહીં ખોટો ઠરાવે છે.

**વિશેષ** : બ્રાહ્મણ વગેરે સત્ (ભલા) છે, શૂદ્ર વગેરે અસત્ (દુષ્ટ) છે. એ પ્રમાણે બ્રાહ્મણપણું વગેરે ગુણોના સમ્બન્ધથી થતું સત્વ ગૌણ સત્વછે. 'ગૌણ' ગુણ ઉપરથી બનેલું વિશેષણછે.

એ વિષયમાં નીચે પ્રમાણે શંકા છે : ''આ જગત્ સત્ છે એમ જે કહો છો તે શું તમારા અનુભવ પ્રમાણે કહો છો? કે એવો નિર્ણય કરનારું કંઈ કારણ છે? અથવા તેનું કોઈ પ્રમાણ છે? એવી નીચેના શ્લોકમાં શંકા કરી શ્રુતિઓ એ મતને ખોટો ઠરાવે છેઃ

આ જગત્ સત્ (સત્વાળા બ્રહ્મ) માંથી ઉત્પન્ન થયું છે માટે તે સત્ છે એમ કહેતા હો તો તે અસમ્ભવિત છે કારણ કે તે યુક્તિથી અસંગત જ છે. સત્માંથી સદા સત્ જ ઉત્પન્ન થાય એવું સદાકાળ હોતું નથી. (સત્-ભલા અંગ રાજાનો પુત્ર અસત્-ભૂંડો વેન રાજા થયો) અને ક્યારેક તે ખોટું પણ થઈ જાયછે. (સત્-છીપમાં

અસત્ રૂપું ઉત્પન્ન થાય છે તેમ) પરન્તુ જગતને સદસદાત્મક (સત્ અને અસત્) બન્ને યુક્ત માનવાથી ઉપર કહેલા વ્યભિચાર આદિ દોષ જગતને લાગતાનથી. જગતની ઉત્તમ સત્પણારૂપ રચનામનથી કલ્પેલીછે પરન્તુ પરમાર્થરૂપ સત્ય નથી. આવીકલ્પના વ્યવહારમાટે અન્ધ પરરૂપરાથી કરવામાં આવેલીછે. આપની વેદરૂપ વાણી ઢિ લક્ષણાવગેરે વૃત્તિઓથી કર્મ જડ પુરુષોને ભમાવેછે ।।૩૬।।

**શ્રીસુબોધિનીજી** : ઉપર શંકામાં જણાવેલ બીજા પક્ષને (''તેવો નિર્ણય કરાવનારું કાંઈ કારણ છે? એ પક્ષને) પ્રથમ ખોટો ઠરાવે છેઃ''કારણને લીધે આ (જગત્) સત્ છે'' એવો મત પ્રથમ ખોટો ઠરાવે છે. તે મત પ્રમાણે ''જગત્ સત્'' છે એમ અનુમાનથી સાબિત થાય. તે વિષયમાં પૂર્વપક્ષનું અનુમાન નીચે પ્રમાણે છેઃઆ જગત્ સત્ જ છે, કારણ કે તે સત્માંથી ઉત્પન્ન થયેલું છે. જે જેમાંથી ઉત્પન્ન થયેલ હોય તે તેના જેવો જ હોય, જેમકે સુવર્ણમાંથી ઉત્પન્ન થયેલું કુંડલ સુવર્ણ જ હોય છે. તેમ સત્પણાવાળા બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ જગત્ સત્ જ છે'' **''કથમસતઃ સજ્જાયેત''** ''અસત્માંથી સત્ કેમ ઉત્પન્ન થાય?'' એ શ્રુતિ એમ જણાવે છે કે કારણ સત્ હોય ત્યારે કાર્ય પણ સત્ જ થાય છે. ''એમ (કહેતા હો) તો એમ નથી'' શબ્દોથી તે મતને ખોટો કહે છે. ખોટો ઠરાવવામાં તે મતથી વિરુદ્ધ તર્ક અને પ્રમાણ કહે છે. **'નુ'** શબ્દ વિરુદ્ધ તર્ક છે એમ જણાવે છે. આ **'નુ'** શબ્દથી તે મત તર્કથી ખોટો પડે છે એમ કહેલ છે. તર્ક શંકાનો અન્ત લાવનાર છે એવા અભિપ્રાયથી પૂર્વપક્ષીએ પણ વ્યાપ્તિને લીધે બળવાન બનેલા તર્કથી જ પદાર્થનો નિર્ણય કરેલો છે તેથી ''તર્કથી બાધિત (ખોટો ઠરેલ) છે **'તર્કહતમ્'''** શબ્દથી તે જ (વિરુદ્ધ તર્ક હોવાનો દોષ) કહે છે. અર્થ નીચે પ્રમાણે છેઃ''જગત્માં જે સત્પણું (તમે) સિદ્ધ કરો છો તે ૧. શું કારણમાં રહેલું સત્પણું જ કાર્યમાં આવે છે એમ કહો છો? અથવા ૨. આરમ્ભ (કરવાના) નિયમ પ્રમાણે કાર્યમાં બીજું સત્પણું ઉત્પન્ન થાય છે? તે પૈકી ૧. પહેલો પક્ષ બરાબર નથી, કારણ કે તર્કથી તે ખોટો ઠરે છે. જો કારણનું સત્પણું કાર્યમાં આવે તો કારણ અસત્ (સત્પણા વગરનું) થાય અને પોતાના નાશની શંકા થતાં કાર્યને ઉત્પન્ન પણ ન કરે તેથી પોતાના સત્પણાના નાશ થવાની શંકાથી ભગવાન્ જગત્ને (ઉત્પન્ન) જ ન કરે. વળી કારણમાં રહેલો સત્પણારૂપ ગુણ કાર્યમાં આવ્યો એવું કોઈ સમયે આપણને જ્ઞાન પણ થતું નથી. તેથી ઘણા તર્કોથી એ ખોટું ઠરતું હોવાથી કારણમાં રહેલું સત્પણું કાર્યમાં આવતું નથી એવો અર્થ છે. ૨. બીજું સત્પણું (કાર્યમાં) ઉત્પન્ન થાય છે એવા બીજા પક્ષનો હવે વિચાર કરીએ. તે મત પણ વ્યભિચાર-દોષવાળો[૧] હોવાથી ખોટો છે. સત્ (ભલા) અંગ[૨] રાજામાંથી પણ વેન રાજા અસત્ (ભૂંડો) ઉત્પન્ન

થયો. તેમાં દેહમાં અસત્ ભાગ જ રહ્યો હતો એમ પણ કહેવાય નહિ, કારણ કે તેમ હોય તો કાર્યમાં પણ તેટલું જ અસત્ થાય, પરન્તુ તે સિવાયનું સ્વભાવ વગેરે પણ અસત્ ન થાત. ''બીજમાં તે (અસત્ ભાગ) જ આવ્યો એમ કહો તો તે વેનમાંથી પૃથુનો આવિર્ભાવ થાત નહિ. તેથી કાર્ય અને કારણમાં ભેદ હોવાથી, કારણમાં સત્પણું હોવાથી નિયમ તરીકે (બધા પ્રસંગે) કાર્યમાં સત્પણું ઉત્પન્ન થતું નથી.

''ગમે તે કારણ કાર્યમાં સત્પણું ઉત્પન્ન કરતું નથી, પરન્તુ સમવાયી કારણ જ તેમ કરે છે, બીજ (વીર્ય) તો નિમિત્ત કારણ છે. તેમાં યોનિના દોષને લીધે અને સ્વભાવના દોષને લીધે તે વેન દુષ્ટ થયો. બીજ તો ગુણવાળું હોવા છતાં યોનિનો દોષ તેના કરતાં પણ વધારે બલવાન્ હોવાથી બીજનો ગુણ ઢંકાઈ ગયો, સમવાયી કારણ તો તે-તે અવયવો જુદા જ હતા તેથી વ્યભિચાર થતો નથી'' એવી શંકા થાય તેથી ''અને કોઈ સ્થલે ખોટું થાય છે'' શબ્દો વાપરેલા છે. છીપમાંથી ભ્રમવાળા પુરુષને જણાતું રૂપું ઉત્પન્ન થાય છે. છીપ સત્ હોવા છતાં પણ તે (રૂપું) સાચકલું નથી હોતું તે રૂપાનો આશ્રય છીપ હોવાથી તેનું સમવાયી કારણ છીપ જ છે તેથી વ્યભિચાર થાય છે એમ સિદ્ધ થાય છે. છીપમાં રૂપું દેખાવામાં માત્ર છીપ ઉપાદાન (સમવાયી કારણ) નથી, પરન્તુ દોષ અને છીપ ઉપાદાન છે. છીપના ચકચકાટ વગેરે દોષને લીધે સારી રીતે તે જોઈ ન શકવાથી તે રૂપું ઉત્પન્ન થાય છે, પરન્તુ માત્ર ''(તે રૂપાના) આશ્રય (છીપ) માંથી ઉત્પન્ન થતું નથી'' ''એમ હોય તો પણ એક અંશથી રૂપું સાચું હોય, સમ્પૂર્ણ રીતે અસત્ય ન હોય'' આ અર્થ 'ન' શબ્દથી કહેલો છે. ''સત્નો અંશ દોષને લીધે છીપમાં દેખાતા રૂપામાં ઢંકાઈ ગયેલો હોય છે'' એમ કહો તો ચાલુ વિષયમાં પણ તેમ ભલે દેખાય એટલે મનના દોષને લીધે જગત્ જુદા પ્રકારનું (બ્રહ્મથી જુદા સત્પણાવાળું) દેખાય છે. તેમ ન હોય તો જગત્ સચ્ચિદાનન્દ રૂપથી કેમ ન દેખાય? વળી સર્વ સ્થલે બ્રહ્મ જ કારણ છે એવો સિદ્ધાન્ત કહેવાનો નથી, પરન્તુ પ્રકૃતિ અને પુરુષ કારણ છે એવો વાદ પણ કહેલો છે. તેથી બન્નેના યોગને લીધે જગત્ સદ્રૂપ અને અસદ્રૂપ છે, (પણ) માત્ર સત્ નથી એવો અર્થ છે. ''આ કલ્પના વ્યવહારમાટે કરાયેલી છે'' એ શબ્દોથી બીજા હેતુની કલ્પના કરી તેને ખોટો સિદ્ધ કરે છે. ''આ જગત્ સત્ તરીકે દેખાય છે તેથી બ્રહ્મની જેમ સત્ છે'' એવું પૂર્વપક્ષીનું અનુમાન છે તેને પણ ખોટું ઠરાવે છે. આ વિકલ્પ એટલે જગત્ની ઉત્તમ સત્પણારૂપ રચના મનથી કલ્પેલી છે, પરન્તુ સત્ય નથી, કારણ કે માત્ર વ્યવહારને લીધે પણ મનથી કલ્પેલી સિદ્ધ થતી હોવાથી તે વસ્તુતઃ સત્ય છે એમ માનવાનું પ્રયોજન નથી. ''આ સંસાર અનાદિ છે અને તે સત્ હોવાથી બધાની માન્યતા છે. તેથી જણાય છે કે તે સત્ જ છે'' એવી શંકા

થાય તેથી ''અન્ધોની પરરૂપરાથી શબ્દ યોજેલ છે. ભલે અન્ધોની પરરૂપરા હોય પણ પરરૂપરા એટલે પરરૂપરા અને વળી દેખતાઓની પરરૂપરા છે એવું કંઈ પ્રમાણ આ બાબતમાં નથી. ઊલટું મહાપુરુષોની બુદ્ધિ ''આ અસત્ જ છે'' એમ ભાસે છે. ''વેદ પ્રમાણે જગત્ સત્ છે એમ અમે સ્વીકારીએ છીએ'' એવી શંકા થાય તેથી **''ભ્રમયતિ ભારતી તે''** આપની વાણી ભુલાવામાં નાખે છે'' શબ્દો યોજેલા છે. **ભારતી-આપની વેદરૂપ વાણી.** **'ઉક્‌થજડાન્'**-કર્મમાં રચ્યાપચ્યા રહેનારાઓને ભુલાવામાં નાખે છે. ''કારણ કે વેદ બધું બ્રહ્મના સમ્બન્ધમાં કહે છે, પરન્તુ તે જગત્‌ના સમ્બન્ધમાં હોય તેમ લોકો ભૂલે છે'' એવો ભ્રમણ કરાવવાનો પ્રકાર તો બીજા સ્કન્ધમાં જણાવેલો છે. ક્રિયામાં જેમની આસક્તિ છે તેઓ પદાર્થોનો વિચાર કરતા નથી તેથી તેમને 'કર્મજડ' કહ્યા છે ।।૩૬।।

**સદ્‌બુદ્ધ્યા સર્વથા સદ્‌ભિઃ ન સેવ્યમખિલં જગત્।**
**ભ્રાન્ત્યા સદ્‌બુદ્ધિરત્રેતિ સન્તં કૃષ્ણં ભજેદ્ બુધઃ।।કા.૨૩।।**

સન્તોએ સમગ્ર જગત્‌ને 'તે સત્ છે' એવી બુદ્ધિથી સર્વથા સેવવું નહિ. આ (જગત્) માં 'સત્' હોવાની માન્યતા ભ્રાન્તિથી થયેલી છે તેથી ડાહ્યા પુરુષે સત્ રૂપ શ્રીકૃષ્ણની ભક્તિ કરવી ।।૩૬-૨૩।।

**વિશેષ** : ૧. વ્યભિચાર-સદા કાળ નિયમ લાગુ ન પડે, સત્ય ન હોય તેવી સ્થિતિ. દા.ત. ''જાડો માણસ બળવાન હોય છે'' એમાં વ્યભિચાર દોષ છે.

૨. અંગ, વેન અને પૃથુરાજા નાં ચરિત્રોમાટે શ્રીમદ્ ભાગવતસ્કન્ધ ૪, અધ્યાય ૧૩ થી ૨૩ વાંચવા વિનન્તિ છે.

જગતની સત્યતા ન માનો એનાથી જગતને વિશેષ સેવનાર હશે તે એમ કરતા બંધ થશે પણ જે સ્વભાવથી જ જગતને સેવનાર છે તેને એમ કરતાં કોણ અટકાવશે? તમે કહો છો જગતમાં સત્વ નથી તેમ અમે કહીએ છીએ કે એમાં અસત્વ પણ નથી. જેમ સત્વ સાબિત થતું નથી તેમ અસત્વ પણ એ જ કારણોથી સિદ્ધ થતું નથી તેથી જ જગતને સત્-અસત્‌થી જુદા પ્રકારનું માનવું જોઈએ. એની સેવા કરનારને ગુણ ન થાય તેમ દોષ પણ નહિ થાય તો જગતનો ત્યાગ કરવાનું કેવી રીતે સિદ્ધ થશે? એમ કહે ત્યાં કહે છેઃ

હે ભગવન્! વાસ્તવિક વાત તો એમ છે કે સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં આ જગત્ હતું નહિ અને પ્રલય પછી તે રહેશે નહિ. તેથી એમ અનુમાન થાય છે કે તે વચલા સમયમાં પણ એકરસ આપમાં મિથ્યા જ ભાસી રહ્યું છે. તેથી જ અમે શ્રુતિઓ આ જગત્‌નું વર્ણન ઉપમા દઈને કરીએ છીએ, (જેમ કે 'રોઝ'નામનું જંગલી પ્રાણી

ગાય જેવું છે પણ ગાય નહિ) તેથી દ્રવ્યોની જાતિઓના અવાન્તર ભેદના માર્ગોથી ઉપમાનથી તે જણાય છે. મનના વિલાસરૂપ અસત્ય જગતને પણ જેઓ સત્ય માને છે તેઓ પંડિતો નથી પણ નાસમજ (અણસમજુ) છે ।।૩૭।।

**શ્રીસુબોધિનીજી** : જો જગત્‌ને અસત્ સિદ્ધ કરનારું અહીં કાંઈ ન હોત તો એમ કહી પણ શકાત, પરન્તુ ''આ જગત્ અસત્ છે, કારણ કે તે અનિત્ય છે. જે અનિત્ય નથી તે અસત્ નથી, જેમકે બ્રહ્મ'' એવું તેને અસત્ સિદ્ધ કરનારું (અનુમાન) છે. (આ અનુમાનમાં કેવલ વ્યતિરેકી (વ્યાપ્તિઃતર્કશાસ્ત્રમાં બે અવિચ્છેદ પરિસ્થિતિ અથવા ઘટનાને વ્યાપ્તિ કહે છે. દાખલા તરીકે ''જ્યાં-જ્યાં ધુમાડો હોય ત્યાં-ત્યાં અગ્નિ હોય'' અગ્નિ અને ધુમાડો સાથે જ હોય. આ સાહચર્યના નિયમને 'વ્યાપ્તિ' કહે છે.

અન્વય વ્યાપ્તિઃપર્વત ઉપર ધુમાડો છે માટે પર્વત ઉપર અગ્નિ હોવો જોઈએ. વ્યતિરેક વ્યાપ્તિઃજ્યાં અગ્નિ ન હોય ત્યાં ધુમાડો ન હોય, દા.ત. સરોવરમાં) હેતુ જગતનું અસત્પણું નિરૂપણ કરે છે. યત્ કારણ કે આ જગત્ સૃષ્ટિ પહેલાં નહોતું અને વળી પ્રલય પછી નહિ હોય તેથી વચમાં અમુક સમય સુધી જ રહેલું છે તેથી જણાય છે કે તે અસત્ છે કારણ કે જે સત્ હોય છે તે ત્રણે કાલમાં સત્ જ હોય છે કેમકે સત્ કોઈ સમયે અસત્ થતું નથી. જુદા-જુદા સમયે પદાર્થનું સ્વરૂપ જુદું-જુદું થતું હોય તો ક્યારેક ઘડો પણ વસ્ત્ર થઈ જાય. તેથી વચલા સમયમાં રહેનારું હોવાથી જગત્ અસત્ છે. ''આ હેતુથી (જગત્) સત્ નથી એમ જ સિદ્ધ થશે પરન્તુ તે અસત્ છે એમ સિદ્ધ નહિ થાય. વ્યતિરેક વ્યાપ્તિથી પણ તે અમુક ગુણનો અભાવ જ સિદ્ધ થાય છે, પરન્તુ બીજો ગુણ છે એમ સિદ્ધ થતું નથી'' એવી શંકા થાય તેથી ''મધ્યમાં આપમાં અનુમાનથી જણાયેલું ખોટું ભાસે છે'' શબ્દો યોજેલા છે. આ જગત્ ખોટું જ ભાસે છે તેનું કારણ ''ત્વયિ આપમાં'' શબ્દથી કહેલું છે, છીપમાં જેમ રૂપું ભાસે છે તેમ, જે-જે હોય તેનાથી જુદું ભાસે તે-તે જુદા તરીકે મિથ્યા (અસત્) છે એમ સિદ્ધ થયેલું છે. આ સર્વ (જગત્) બ્રહ્મ છે એવો શ્રુતિથી અને બ્રહ્મવેત્તાઓથી નિર્ણય થયેલો છે. છતાં પણ (તે) જે જગત્ તરીકે (જુદું છે તેથી જુદા પ્રકારે) ભાસે છે તે મિથ્યા જ હોવા યોગ્ય છે એવો અર્થ છે. ''અનુમાનથી જણાયેલું'' શબ્દથી (તે અસત્ હોવાનું) બીજું કારણ પણ કહે છે. (છીપમાં) રૂપું પ્રત્યક્ષ તો દેખાતું નથી, કારણ કે આંખ અને છીપ નો સમ્બન્ધ છીપના વિષે થાય છે, કારણ કે રૂપાની સાથે તેવો સમ્બન્ધ થતો નથી કારણ કે સત્ (જે વસ્તુતઃ હોય તેવા) પદાર્થોનો જ સંયોગ થાય છે. ''પુરુષની ઈન્દ્રિયોનો સત્ (પદાર્થ) સાથે સમ્બન્ધ થાય ત્યારે જે જ્ઞાન બુદ્ધિથી ઉત્પન્ન થાય છે તે પ્રત્યક્ષ કહેવાય છે'' એવી પ્રત્યક્ષની વ્યાખ્યા છે.

રૂપું તો (છીપ સાથે આંખનો સમ્બન્ધ થતાં ઉત્પન્ન થયેલ પ્રત્યક્ષ જ્ઞાન) ત્યાર પછી બુદ્ધિથી ઉત્પન્ન થાય છે અને દેખાય છે. તેમાં બુદ્ધિ જ કરણ છે તેથી જ્ઞાન જેનું કરણ છે તેવું જ્ઞાન અનુમાન હોવાથી રૂપું અનુમાનનો વિષય થાય છે. વળી **'અન્તરા'** મધ્યે પ્રકાશે છે. ઇન્દ્રિય અને પદાર્થ ની મધ્યે જે ભાસે તે મિથ્યા છે. તેવી જ રીતે અહીં પણ જેને જ્ઞાન થાય છે તેના ચૈતન્ય અને બ્રહ્મ ના ચૈતન્યની વચ્ચે જગત્ ભાસે છે તેથી તે મિથ્યા છે. જ્યાં સુધી આ બે ચૈતન્યો પાકી પરીક્ષા ન કરી લે ત્યાં સુધી જગત્ ભાસે છે. તેથી તે (એ બેની મધ્યે જ ભાસે છે) આ બન્ને ચૈતન્યનો વિચાર કરવામાં આવે, (અને) ''તે (બ્રહ્મ) તું જીવાત્મા છે. **તત્વમસિ''** એ વાક્ય જાણવામાં આવે, પછી સર્વ સ્થળે બ્રહ્મ જ ભાસે છે. વળી જેમ એક ચન્દ્ર હોવા છતાં બે દેખાય છે તે ભ્રાન્તિથી થાય છે તેમ 'એકરસ' આપમાં જુદા-જુદા પ્રકારે ભાસે છે તે મિથ્યા જ છે એમ જાણવું.

છતાં પણ જગત્ અસત્ છે એમ કેમ સિદ્ધ થશે? કારણ કે તે અસત્ દેખાતું નથી'' એવી શંકા થાય તેથી ઉપમાનથી (**ઉપમાન** : પણ, અનુમાન જેવું એક પ્રમાણ છે. 'સમાનતા' અથવા ''તેના જેવા ગુણવાળા હોવું'' એ કારણ છે.) જણાય છે'' એમ કહેલ છે. ''જગત્ અસત્‌ના જેવું હોવાથી તે અસત્ છે એનું ઉપમાન થાય છે. ''ગવય ગાયના જેવો હોય છે'' એ વાક્ય સાંભળી વનમાં ગવયને જોતાં સમાનતાને સંભારી તે સમાનતાને ગવયમાં જોતાં, ''ગાયના જેવો હોવાથી આ ગવય છે'' એમ જોનાર માને છે. (તેમ જગત્‌માં અસત્ પદાર્થની સમાનતા હોવાથી તે અસત્ છે એમ ઉપમાનથી જણાય છે) ગાય વગેરે દ્રવ્યોની જે ગોત્વ (ગાય હોવાપણું) વગેરે જાતિ છે તે જાતિઓનો પેટાભેદ તે જ ઉપમાનમાં ઉપમાન કરવાનું સાધન છે. તેમ ન હોય તો ''આ ગાય છે'' એમ જ જણાય. આ સમાનતામાં તફાવત હોવાને લીધે જ તેના સમ્બન્ધી અનુમાન થતું નથી. *અગ્નિ તો વ્યાપ્તિ વગેરે સર્વ સ્થલે એક જ જાતનો છે. સમાનતાનું જ્ઞાન તો જુદી જાતનું દ્રવ્ય છે એમ જણાવે છે. તેથી છીપમાં દેખાતા રૂપા જેવા અસત્ પદાર્થો જોવામાં આવે છે તેવો વિચાર કરતાં સત્ હોવાનું સમ્ભવતું નથી એવા આ ગુણની સમાનતાને લીધે જગત્ પણ અસત્ જ છે એવો નિશ્ચય થાય છે. ભાન તો સસલાના શીંગડાંનું પણ થાય છે તેથી તે ભાન સસલાનું શીંગડું અસત્ નથી એમ સિદ્ધ કરતું નથી. સત્યપણું પણ ભાસે છે, અસત્યપણું પણ ભાસે છે, પરન્તુ વિચારસહિષ્ણુ ગુણવાળા પ્રમાણથી સત્ ભાસે છે અને વિચાર અસહિષ્ણુ દોષવાળા કરણ (જ્ઞાનમાં સાધન) થીઅસત્ ભાસેછે એટલો તફાવતછે.

વેદોમાં પારંગત મોટા-મોટા પુરુષો પણ જગત્‌ને સત્ માને છે. જગત્ સત્ ન હોય તો તે

અસત્ હોવાથી તેની સ્થિરતા ન હોવાથી, વિશ્વાસપૂર્વક સર્વ વ્યવહારો થઈ શકે નહીં તેથી જગત્‌ને કાં તો સત્ માનવું જોઈએ અથવા સત્‌થી તથા અસત્‌થી જુદા પ્રકારનું માનવું જોઈએ'' એવી શંકા થાય તેથી **''વિતથ મનોવિલાસમ્''** ''ખોટો મનનો વિલાસ'' શબ્દ યોજેલો છે. આ સર્વ જગત્ **વિતથમ્** ખોટું જ છે, કારણ કે તે મનનો વિલાસ છે; કારણ કે જગત્‌માં જે કોઈ જેને મિત્ર અથવા શત્રુ, શુદ્ધ અથવા અશુદ્ધ, પોતાનું અથવા પારકું એમ જેવું મનથી માને છે તેના પ્રતિ તે તેવું થાય છે કેમકે જગત્‌માં કોઈ એવો પદાર્થ નથી કે જે કુદરતી રીતે બધાને પ્રિય હોય તેથી આ જગત્ મનના વિલાસથી કરેલું હોવાથી, મનોરથની જેમ ખોટું જ છે. આવા જગત્‌ને પણ જેઓ સત્ય છે એમ માને છે તેઓ પંડિતો નથી, વિચાર વિનાના છે એવો અર્થ છે ।।૩૭।।

(જ્યાં-જ્યાં ધુમાડો હોય ત્યાં-ત્યાં અગ્નિ હોય, જેમ કે રસોડામાં એવી વ્યાપ્તિથી પર્વતમાં અગ્નિ છે એમ સાબિત કરે છે. રસોડાનો અગ્નિ અને અને પર્વતનો અગ્નિ એક જ પ્રકારના છે. અનુમાનમાં એ પ્રમાણે છે, ઉપમાનમાં તો પ્રથમ ગાયનું જ્ઞાન થાય છે અને ગવય ગાયના જેવો એટલે ગવયથી ગાય જુદા પ્રકારની છે એવો ભેદ છે.)

**ખપુષ્પાદિ સમત્વાદ્ધિ મિથ્યાભૂતં જગદ્યતઃ।**
**અધિષ્ઠાનાચ્ચ સદ્ભાનં તં કૃષ્ણં નિયતં ભજેત્।।કા.૨૪।।**

આ જગત્ બ્રહ્મજ્ઞની દષ્ટિથી બ્રહ્મરૂપ છે છતાં સાધારણ જીવની દષ્ટિમાં એ આકાશના કુસુમ જેવું મિથ્યા છે કેમકે એ અન્તરા સૃષ્ટિને જુએ છે. તેથી એ જુએ છે તે પદાર્થ માયિક છે. એનું ભાન તો એનું અધિષ્ઠાન બ્રહ્મ છે તેથી થાય છે. એવા શ્રીકૃષ્ણની સદા ભક્તિ કરવી ।।૩૭-૨૪।।

એમ બે શ્લોકથી ભગવાન્ ભજનીય છે એના વગર અન્યત્ર સત્યત્વ નથી તત્વથી ભગવાન્‌માં જ સત્યત્વ છે, એ જ ભજનીય છે એમ બે શ્લોકથી ભગવાનના સદ્અંશનો વિચાર કર્યો. હવે ચિદંશનો બે શ્લોકથી વિચાર કરે છેઃ

તે ભગવદ્રૂપ જ જીવ માયાથી અવિદ્યાને અનુસરીને જીવભાવને પ્રાપ્ત કરે ત્યારે ગુણજન્ય વૃત્તિઓ ઈન્દ્રિયો દેહોમાં ફસાઈ જાય છે અને તેમને જ અપનાવી લઈ તેમનું સેવન કરવા લાગે છે. આથી તે જડ બની જાય છે અને તેનું ભાગ્ય પરવારી જાય છે અને મૃત્યુને ભેટે છે પરન્તુ તેનાથી ઊલટું આપ સર્પ જેમ કાંચળી ઉતારી નાખે તેમ અવિદ્યાની સાથે કોઈ સમ્બન્ધ રાખતા જ નથી. તેને સદા સર્વદા દ્વાર દૂર જ રાખો છો તેથી આપ સમ્પૂર્ણ ઐશ્વર્યયુક્ત અણિમા વગેરે આઠેય સિદ્ધિઓ

સહિત પૂર્ણ તેજોરૂપ ધામમાં બિરાજો છો, કારણ કે આપનું ઐશ્વર્ય અમાપ અને અનન્ત છે ।।૩૮।।

**શ્રીસુબોધિનીજી** : 'ચિત્' અંશનો આશ્રય કરવો જોઈએ'' એવા મત પ્રમાણે પણ ભગવાન્ જ સેવા કરવા યોગ્ય છે, પરન્તુ જીવો સેવા કરવા યોગ્ય નથી; કારણ કે સ્વરૂપમાં રહેલો આશ્રય કરવા યોગ્ય છે. પરન્તુ જીવો તો સ્વરૂપ ગુમાવી બેઠેલા છે. તેનું કારણ કહે છે કે **જીવઃ સઃ** ભગવદ્રૂપ જ હોવા છતાં પણ **યદ્** જ્યારે અથવા જે કારણથી **અજયા** ભગવાનની માયાને લીધે **અજામ્** ભગવાનની માયાને અથવા પ્રકૃતિને **અનુશયીત** તે (માયા અથવા પ્રકૃતિ ને અનુસરીને જીવની સ્થિતિ પ્રાપ્ત કરે છે ત્યારે તે (પ્રકૃતિ અથવા માયા) ના ગુણોને ભોગવતો (એટલે) ''જડ (પદાર્થ) માંથી હું આનન્દ પ્રાપ્ત કરીશ'' એવા વિચારથી પોતાના આનન્દને ત્યજી દઈને જ્યારે જડનો અનુભવ કરે છે ત્યારે પોતે પણ પોતાના ચૈતન્યનો ત્યાગ કરી સમાનતાને પ્રાપ્ત કરે છે એટલે જડની સ્થિતિ (દેહ) પ્રાપ્ત કરે છે એવો અર્થ છે.

એ પ્રમાણે અવિદ્યાના સમ્બન્ધને લીધે 'આનન્દ' અંશ તેમ જ 'ચિત્' અંશ જતો રહે છે. (અને) માત્ર જડની સ્થિતિ પ્રાપ્ત કરે છે (ચિત્પણું ભૂલી જઈને, ''હું દેહ જ છું'' એમ જાણે છે) જડ પદાર્થ સેવા કરવા યોગ્ય નથી એ તો પહેલાં જ કહેલુંછે.

''જડની સ્થિતિમાં શું વાંધો?'' ભારે કિમ્મતી રત્નો પણ જડ હોય છે'' એમ પૂછવામાં આવે તો, કહે છે કે ''તે પછી ભાગ્ય રહિત થઈ મૃત્યુને પ્રાપ્ત કરે છે'' કાલ જડ ગુણોને ખળભળાવે છે અને અન્ન જેવા (દેહો) નું ભક્ષણ કરે છે તે પ્રમાણે કાલ દેહની સ્થિતિ પ્રાપ્ત કરેલા જીવનો કોળિયો કરી જશે. **'તદનુ'** એટલે જડપણાની પછી તે મૃત્યુને પણ પ્રાપ્ત કરે છે. વળી જેમ રાજા જીવતાં સુધી સુખથી જીવે છે અને છેવટે મૃત્યુ પામે છે તેમ આટલું અનિષ્ટ જાણે પૂરતું ન હોય તેમ તે **'અપેતભગઃ'** ઐશ્વર્ય અને ભાગ્યહીન થઈ જાય છે. એમ માટીના ઢેફાં જેવો અને કાલનો કોળિયો જીવ સેવા કરવા યોગ્ય શી રીતે હોઈ શકે?''

**''મમ માયા દુરત્યયા''** ''મારી માયા તરવી મુશ્કેલ છે'' એ ભગવદ્ વાક્યથી ભગવાનને પણ માયાનો સમ્બન્ધ તો છે અને તેથી ભગવાન્ પણ મૃત્યુથી ગળાયેલા જ હશે'' એવી શંકા થાય તેથી ''તેનાથી ઉલટું આપ તેને તજો છો'' શબ્દો યોજેલા છે. **''જહાત્યેનાં ભુક્ત ભોગામજોન્યઃ''** ''જન્મરહિત બીજો ભોગવાઈ ચૂકેલી આ (માયા) નો ત્યાગ કરે છે'' (શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૪-૫) શ્રુતિ અનુસાર આપ તો એ મોહ કરનારી માયાને તજો છો. ભગવાન્ અને જીવ વચ્ચે આ જ તફાવત છે. **''આત્તભગઃ ભગ (ઐશ્વર્ય) ને**

**સ્વીકારીને''** શબ્દથી પ્રકૃતિનો ત્યાગ જેનું મૂલ છે તેવો બીજો તફાવત કહે છે. ઐશ્વર્ય વગેરે ભાગ્યો (આપે તો) સ્વીકારેલાં જ હોય છે, કારણ કે તેમનો નાશ કરનાર કોઈ કારણ નથી.

''એ માયા સાથે ગૂંથાઈને રહેલા (ભગવાન્) જો તેનો ત્યાગ કરે તો આપનું ઉત્તમ સ્વરૂપ જ જતું રહે તેથી આપ તેનો ત્યાગ કેવી રીતે કરે?'' એવી શંકા થાય તેથી ''સર્પ કાંચળીને તજે તેમ'' શબ્દો યોજેલા છે. કાલને લીધે સર્પો પોતાને ઘરડા માનવા લાગ્યા. પછી તેઓમાંના મુખ્ય સર્પ કસર્ણીરિ **'ભૂમિર્ભૂમ્ના'** વગેરે કેટલાક મન્ત્રોનું દર્શન કરી પોતાની કાંચળી ઉતારી નાખી અને એ મન્ત્રોથી બધા સર્પોને વૃદ્ધાવસ્થાથી બચાવી લીધા. ત્યારથી બધા સર્પો પેતાની જૂની કાંચળી ઉતારી નાખવા લાગ્યા. એ પ્રમાણે ભગવાન્ પણ કાંચળીરૂપ માયા સહજ સમ્બન્ધવાળી હોવા છતાં પણ અખંડ જ રહીને એટલે પોતાના ઐશ્વર્યને લીધે પોતાની પહેલાંની અવસ્થામાં રહીને જ તેનો ત્યાગ કરે છે. ''સર્પો કાંચળી તજી દે તો પણ તેમને કંઈ પણ ઉત્તમતા પ્રાપ્ત થતી નથી. એ પ્રમાણે ભગવાન્‌માં પણ માયાને ગ્રહણ કરેલી અવસ્થામાં અથવા તેનો ત્યાગ કરેલી અવસ્થામાં કાંઈ ફરક હશે નહીં તેથી તેનો ત્યાગ નકામો છે'' એવી શંકા થાય તેથી **''મહસિ મહીયસે''** પૂર્ણ અજોડ આઠ ઐશ્વર્યવાળા ધામમાં આપ બિરાજો છો. સાચી વાત તો એ છે કે માયા હોય કે ન હોય તેથી આપને કાંઈ હાનિ અથવા લાભ નથી. આપતો પરમ પ્રકાશમાન આઠ ઐશ્વર્યવાળા સ્વરૂપાનન્દમાં સદા બિરાજી રહ્યા છો જ છતાં પણ માયાનો સમ્બન્ધ હોય ત્યારે લોકની દૃષ્ટિએ દોષ દેખાય તેથી આ કહેલું છે કે ''એને આપ તજો છો'' વાસ્તવિક રીતે તો એ સર્વ (માયા વગેરે શક્તિઓ) ભગવાન્‌માં જ રહેલી છે. ભગવાનને તેમનાથી કંઈ નુકશાન કે હાનિ થતાં નથી, કારણ કે નુકસાન તો ભગવાન્‌થી જુદા પડેલા જીવોને જ (થાય છે એમ શાસ્ત્રમાં) કહેલું છે.

આપ તો અમાપ ભગવાળા છો. જેમનું માપ થઈ શકે તેમનો જ ક્રિયાથી નાશ થઈ શકે, પરન્તુ જેમનું માપ થઈ શકતું નથી તેમનો ક્રિયા શક્તિથી પણ કેવી રીત નાશ થાય? તેથી બધા સદ્ગુણ હોવાના માહાત્મ્યવાળા તથા કોઈ પણ દોષ વિનાના ભગવાન્ જ સેવા કરવા યોગ્ય છે, પરન્તુ જીવો કોઈ સમયે સેવા કરવા યોગ્ય નથી એવો અર્થ છે ॥૩૮॥

**કાલાદિતૃણપર્યન્તા ન સેવ્યામુકિત મિચ્છતા।**
**દોષત્યાજનશક્તો હિ સેવ્યો દાતા ગુણસ્ય ચ॥કા.૨૫॥**

મુક્તિની ઈચ્છા રાખનારે *કાલથી આરમ્ભી ઘાસના તણખલા સુધીના (જીવો) ની સેવા ન કરવી કારણ કે સેવા કરવા યોગ્ય તો દોષ દૂર કરી દેવાની શક્તિવાળા અને ગુણનું દાન કરનાર ભગવાન્ જ છે ॥૩૮-૨૫॥

**વિશેષ** : ત્રીજા સ્કન્ધમાં કાલની સૃષ્ટિ પછી મુક્ત જીવોની સૃષ્ટિ કહેલી છે તેથી **''કાલઃ કાલ આદિઃ''** ''આરમ્ભમાં છે જેમના'' એવો અતદ્‌ગુણ સંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ છે (એટલે કાલનો સમાવેશ થતો નથી. ત્યાર પછી કહેલા બધા જીવો એટલે ''મુક્ત જીવો અને એમના પછી સર્જેલા બધા જીવો'' એવો અર્થ થયો) તેથી ''મુક્ત જીવથી આરમ્ભી તણખલા સુધીના જીવો'' એવો અર્થ છે.

ભગવાનની સેવા કરતાં જીવનું ભજન જ મુખ્ય છે. જીવમાં ભગવાન્ પણ છે અને જીવ પણ છે તેથી અંશસહિત ભગવાન્ એ (જીવ) માં હોવાથી તેને છોડી અંશ વિનાના કેવળ ભગવાન્ સેવા કરવા યોગ્ય કેમ ગણાય? એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છેઃ

હે ભગવન્! મનુષ્યો યોગી-યતિ બનીને પણ જો હૃદયની વિષય-વાસનાઓને ઊખેડીને ફેંકી નથી દેતા તો તેમને માટે પણ આપ દેખાવા અશક્ય છો. કંઠમાં મણિ પહેર્યો હોય અને પહેરનાર તેને ભૂલી જાય તો તે મણિને આમ-તેમ શોધતો ફરે છે તેમ દેહાભિમાની અસત્પુરુષોના હૃદયમાં આપ બિરાજતા હોવા છતાં તેમને દેખાવા અશક્ય છો, ઇન્દ્રિયોનો લાડ લડાવવામાં જે લોકો લાગેલા રહે છે તેમને જીવનભર અને જીવન બાદ પણ દુઃખો જ ભોગવવાં પડે છે-એક તો હજુ તેમને મૃત્યુથી છુટકારો નથી મળ્યો અને બીજું આપનું ચરણ પ્રાપ્ત ન થવાને લીધે પરલોકમાં નરક વગેરે દુઃખ પ્રાપ્ત થવાનો ભય તો ઊભો જ છે ।।૩૯।।

**શ્રીસુબોધિનીજી** : જ્યાં ભગવાનનો અંશ પ્રકટ હોય અને ભગવાન્ પણ પ્રકટ હોય ત્યાં એમ જ કરવું યોગ્ય છે. તેથી જ પહેલાં વિષ્ણુના પુરુષ નામના ત્રણ રૂપોનું જ આરાધન કરવાનું કહેલું છે, પરન્તુ જ્યાં જીવનું સ્વરૂપ જડપણાને પ્રાપ્ત થયેલું છે અને ભગવાન્ જરાપણ પ્રગટ નથી ત્યાં શું થાય? કાષ્ઠમાં અગ્નિ છે તે કારણથી ટાઢ ઉડાડવા અથવા હોમ કરવામાટે કોઈ કાષ્ઠ વાપરતું નથી. તેથી જેમનામાં ભગવાનનું સ્વરૂપ પ્રગટ નથી તેઓ બિલકુલ આશ્રય કરવા યોગ્ય નથી.

''(જીવના) હૃદયમાં રહેલા પોતાની મેળે પ્રકાશનાર[1] ભગવાન્ કેમ ન પ્રકાશે?'' એવી શંકા થાય ત્યાં કહે છે કે ''યતિઓ પણ જો હૃદયમાં રહેલી કામની વાસનાઓને દૂર ન કરે'' તો તેમને પણ ભગવાનનાં દર્શન થવાં અશક્ય છે. જેમ દાટી દીધેલા ધન ઉપર વૃક્ષો રોપવામાં આવ્યા હોય ત્યારે જેમ તે વૃક્ષોને મૂળમાંથી ઉખેડી નાખ્યા વિના દાટી દીધેલું ધન વગેરે બહાર કાઢી શકાતું નથી તે પ્રમાણે હૃદયની અન્દર બિરાજતા ભગવાન્ માયારૂપી પડદાથી ઢંકાયેલા છે અને તેના પર વળી અવિદ્યાની ચાદર બિછાવી દેવામાં આવી છે અને પછી વાસના, કામ, ક્રોધ

વગેરે વૃક્ષોને લીધે જીવ આપનું જ્ઞાન બિલકુલ ખોઈ બેસે છે તે કેમ દેખાય? એમાં પણ અસત્ પુરુષોને એટલે દેહના અભિમાનવાળાઓને તો દેખાય જ કેમ? ''છતાં પણ હૃદયમાં ભગવાન્ છે તેથી વસ્તુ (ભગવાન્) ના સામર્થ્યને લીધે (જેના હૃદયમાં ભગવાન્ છે તેવા જીવની સેવા કરવાથી) ફલ પ્રાપ્ત થશે'' એવી શંકા થાય તેથી **''અસ્મૃત કંઠમણિઃ** વિસરાયેલા કંઠનો મણિ'' શબ્દ પ્રયોગ કર્યો છે. કંઠમાં પહેરેલો પણ ભુલાઈ ગયેલો મણિ જેમ પહેરનારને સુખ આપતો નથી તેમ ભગવાન્ પણ (હૃદયમાં બિરાજતા હોવા છતાં, જે જીવ તેને ભૂલી જાય છે તેને સુખ આપતા નથી. ઊલટું ભૂલી જવાને લીધે તેની યાદ આવે ત્યારે દુઃખ જ આપે છે તે પ્રમાણે ભગવાન્ એ જે જીવની સેવા કરવામાં આવે તેને જ) સુખ આપતા નથી તો પછી એની પૂજા કરનારને સુખ ક્યાંથી જ આપે? ઊલટું ભગવાન્ યતિઓને દુઃખ આપનારા પણ થાય છે. જે માણસ પોતાનો મણિ ભૂલી ગયો હોય તે તેની શોધ કરતાં જેમ દુઃખી થાય છે તેમ આત્માને શોધવામાટે પોતાના સર્વસ્વનો ત્યાગ કરીને વનમાં ગયેલા યતિઓને ભગવાન્ ઘણું દુઃખ આપનારા થાય છે. મરણ સુધી સન્ન્યાસના ધર્મનું પાલન કરનારા વિશે આ કહ્યું, પરન્તુ જેઓ બહાર આત્માની પ્રાપ્તિ ન થવાથી ઘણો ક્લેશ આપનારાં સાધનોથી દુઃખી થઈ મુશ્કેલીથી પ્રાણનું પોષણ કરે છે તેઓ તો પ્રાણ પોષનારા છે અને પહેલાં યોગીઓ હતા અથવા પ્રાણનું પોષણ કરવામાટે જ યોગીઓ થઈ (પોતાનાં) બધાંય કૃત્યથી ભરણપોષણ જ પ્રાપ્ત કરે છે. તેમને ''બન્નેય બાજુથી દુઃખ થાય છે'' ''દૂર નહીં થયેલ મૃત્યુથી'' અને 'આપથી' શબ્દોથી (જે બે બાજુએથી દુઃખ થાય છે) તે બન્ને કહેલાં છે. (તેમણે સન્ન્યાસના) ધર્મનો ત્યાગ કરેલ હોવાથી યમ સહિત કાલ ૨ પણ તેમને દુઃખ આપે છે અને નરક તથા મૃત્યુ પ્રાપ્ત કરાવે છે; અને ભગવાનને વિસારેલ હોવાથી ભગવાન્ એમને દુઃખ આપે છે તેથી જીવતા હોય ત્યારે પણ તેમને દુઃખ થાય છે. ભગવાન્ બહુ-બહુ તો પ્રાપ્ત ન થાય, દુઃખ શા માટે આપે? એમ શંકા થાય તેના સમાધાનમાં ''જેમનું ચરણ પ્રાપ્ત થયેલ નથી'' એ વિશેષણ વાપર્યું છે. ભગવાનનું ચરણ તેમણે પ્રાપ્ત કરેલું નથી તેથી તેઓ ચિન્તાથી આકુળ-વ્યાકુળ થઈ દુઃખી થાય છે. એવો અર્થ છે ।।૩૯।।

**વિશેષ** : ૧. સ્વયંપ્રકાશ પદાર્થને તેનો કોઈ બીજો પ્રકાશ કરે તેની તો જરૂર ન હોય પરન્તુ પોતે પ્રકાશે તેમાં તેનો પ્રકાશ રોકનાર બીજો કોઈ આડો ન આવે તેવી તો જરૂર રહે જ. સ્વયંપ્રકાશ સૂર્ય વાદળાંથી ઢંકાઈ જાય ત્યારે દેખાતો નથી. ભગવાનને તો ઢાંકી દેનારા એના કરતાં પણ વધારે છે.

૨. પહેલાં જે યોગીઓ જણાવ્યા તેમના ઉપર કાલનું સામર્થ્ય ચાલતું નથી, પરન્તુ

ભગવાન્ જ મરણ સુધી દુઃખ આપી, પછી તેમને પ્રાપ્ત થાય છે. આ પાછળથી કહ્યા તે યોગીઓ ઉપર તો કાલનો પણ અધિકાર ચાલે છે એમ 'અપિ=પણ' શબ્દથી જણાવેલું છે.

**જીવેષુ ભગવાનાત્મા સંછન્નસ્તેન તત્ર ના।**
**ભજનં સર્વથા કાર્યં તતોન્યત્રૈવ પૂજયેત્।।કા.૨૬।।**

જીવોમાં ભગવાન્ આત્મારૂપે બિરાજે છે ખરા પણ આપ અત્યન્ત અણછતા (ઢંકાયેલા) છે તેથી સર્વથા જીવોનું ભજન ન કરવું તેથી બીજા (અંશ-જીવ અને અંશી-ભગવાન્ બન્ને પ્રકટ હોય છે તેવા અવતારો) માં (ભગવાનનું) જ પૂજન કરવું ।।૩૯-૨૬।।

એ પ્રમાણે 'ચિત્' અંશવાળા જીવો પૂજા કરવા યોગ્ય નથી એમ જણાવી નીચેના શ્લોકથી આરમ્ભી બે શ્લોકથી લૌકિક આનન્દો પણ ભોગવવા યોગ્ય નથી પણ ભગવત્સમ્બન્ધી આનન્દ જ ભોગવવા યોગ્ય છે એમ કહે છે:

આપના વાસ્તવિક સ્વરૂપને જાણવાવાળો પુરુષ આપના નિમિત્તે પ્રાપ્ત થતાં સુખ તથા દુઃખ ના ગુણ તથા અવગુણ ના સમ્બન્ધને જો નથી ગણકારતો તો દેહાભિમાનીઓની (વિધિ, નિષેધ, ચિન્તા, અપકીર્તિ કરનાર) વચનોની પણ તે પરવા કરતો નથી, કારણ કે શ્રવણાદિના અધિકારી મનુષ્યોએ પ્રસિદ્ધ આપ જે ભક્તોના હિતકર્તા અને મોક્ષના દેનાર છો તેમને યુગેયુગમાં દર્રોજ, વ્યાસજી વગેરેએ આપના ગુણોનાં ગાયેલાં ગીતોની પરરૂપરાદ્વારા, પોતાના કર્ણોમાં ભરી દીધા છે અને પછી હૃદયમાં બેસાડી દીધા છે ।।૪૦।।

**શ્રીસુબોધિનીજી** : સ્મૃતિ વગેરેમાં સ્વભાવથી જ તમામ આનન્દો ભોગવવાની મના ફરમાવેલી છે. જેમ આ લોકમાં ગણિકાઓ સેવન કરવા યોગ્ય નથી તેમ સ્વર્ગમાં અપ્સરાઓ પણ, (સેવન કરવા યોગ્ય નથી) જેમ આ લોકમાં કાલ વગેરેના નિયમોનું પાલન કર્યા વિના ભોગ ભોગવવામાં આવે તો શ્રુતિઓ અને સ્મૃતિઓ થી વિરુદ્ધ કાર્ય થાય તેમ સ્વર્ગ લોકમાં પણ એવું થાય એમ જાણવું. જેમ (બે લગામ ભોગ ભોગવવાથી) અહીં અપકીર્તિ થાય તેમ ત્યાં પણ (અપકીર્તિ થાય). તેથી તમામ સુખનો અનુભવ કરવાની મના ફરમાવેલી છે. તેથી મના કરેલા કાર્યનું આચરણ કરવાથી દરેક પ્રકારે દુઃખ થતું હોવાથી બધું જ સુખ દુઃખ મિશ્રિત છે તેથી એ સુખ ભોગવવા યોગ્ય કેમ ગણાય? ભગવાન્ સમ્બન્ધી આનન્દ તો બધાએ ભોગવવા યોગ્ય છે. એમાં ઉપર જણાવેલા દોષો સમ્ભવતા નથી કારણ કે અહીં (આ લોકમાં) જ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થતાં, ભોગ વગેરે ભોગવવાથી દુઃખ, નિન્દા, ચિન્તા વગેરે થતાં નથી એ અર્થ શ્લોકના પૂર્વાર્ધથી કહે છે કે જો **'ત્વદવગમી'** આપને જાણનાર

**'ભવદુત્થશુભાશુભયોઃ'** આપના નિમિત્તે પ્રાપ્ત થયેલ સુખ અથવા દુઃખ ના ગુણ અથવા અવગુણ ને ન જાણે (તો દેહાભિમાનીઓની વાણીને પણ જાણતો નથી) જેમ જાર (સ્ત્રી ઉપર) ઘણો સ્નેહ રાખતો હોય ત્યારે સ્ત્રી એને માટે ગમે તેટલું દુઃખ ઉઠાવતી હોય તો પણ તેને તે દુઃખ માનતી નથી અથવા જેમ રાજાનો સેવક રાજાને કસ્તુરી વગેરેના લેપ કરતો હોય ત્યારે પોતાને એનો લેપ થતો હોવા છતાં પોતે તેને સુખ માનતો નથી તે પ્રમાણે જેમ ભગવાનના મહાન વૈભવનો સેવક તરીકે એમની સાથે અનુભવ કરતો હોવા છતાં (સેવક) એને સુખ માનતો નથી તેમ ભગવાનની સેવા કરવામાટે ઘણુંય દુઃખ પ્રાપ્ત થતાં એને પણ જો દુઃખ ન માને તો શાસ્ત્રમાં કહેલા વિધિ, નિષેધ, ચિન્તા, અપકીર્તિ વગેરે પ્રાપ્ત કરાવનારાં વાક્યો પણ એને અસર કરતાં નથી. વાસ્તવિક રીતે એ વાક્યો **'દેહભૃતાં'** દેહના અભિમાનવાળા લોકોના સમ્બન્ધમાં કહેલાં છે તેથી આ લોકમાં જ ભગવાનનો સમ્બન્ધ થતાં એ ભગવત્સેવકના બધા ઉપદ્રવો જતા રહે છે. બીજાને તો સાધારણ પણ સુખ અથવા દુઃખ નો અનુભવ થતાં રાગ અથવા દ્વેષ ઉત્પન્ન થતા હોવાથી પ્રાણીઓનાં સમ્બન્ધવાળા શાસ્ત્રમાં કરેલ વિધિ (આજ્ઞા) અથવા નિષેધ (મના) નાં વાક્યો પણ લાગુ પડે છે એ સ્પષ્ટ છે. એ પ્રમાણે ભગવત્સમ્બન્ધ સ્પષ્ટ થાય કે તરત જ સુખ થાય છે, બીજી રીતે નહીં એ સ્પષ્ટ છે. ''સુખ અથવા દુઃખ પ્રાપ્ત થતાં આપને જાણનાર પુરુષને રાગ અથવા દ્વેષ કેમ થતા નથી? અથવા તેની અપકીર્તિ વગેરે કેમ થતાં નથી?'' એવી શંકાના સમાધાનમાટે શ્લોકનો ઉત્તરાર્ધ કહેલો છે. મનુષ્યોએ યુગે-યુગે દર્રોજ આપને કર્ણોમાં ધારણ કરેલા છે, કારણ કે આપ મોક્ષદાતા છો ભગવાનના ગુણોનું શ્રવણ એ દરરોજ કરવાનું કર્મ છે કારણ કે અમુક સ્થળે જ અથવા અમુક સમયે જ ભગવાનના ગુણોનું શ્રવણ થાય એવો નિયમ નથી. જે કર્મ અમુક ચોક્કસ સમયે જ કરી શકાય તે કામ્ય કર્મ કહેવાય તેથી ભગવાનના **'ગુણગીતપરરૂપરયા'** વ્યાસજી વગેરેએ જે ગીતો રચેલાં છે તેમની જે પરરૂપરા છે તે પરરૂપરાદ્વારા ભગવાનને (ભક્તે) ધારણ કરેલા છે તેથી શાસ્ત્રના નિષેધ વગેરે બીજું એ સાંભળતો નથી કારણ કે તેના કાનમાં ભગવાન્ જ ભરેલા છે. તેના બધાં પાપોનો નાશ તેના નિત્ય કર્મે-ભગવાનના ગુણોના શ્રવણે અને ભગવાને કરી નાખેલ હોવાથી તેને દુઃખદાયક અપકીર્તિ વગેરે પ્રાપ્ત થતાં નથી. મોક્ષ તો તેનો થયેલો જ છે કારણ કે મોક્ષ આપનાર ભગવાન્ છે. સદાય ભગવાનના ગુણોનું શ્રવણ તેનો ધર્મ હોવાથી કાલના ધર્મો (ગુણો) તેને પીડતા નથી. વળી ભગવાન્ ભક્તોનું હિત કરનાર તરીકે (વ્યાસજી વગેરેની રચનાઓદ્વારા) ખૂબ પ્રસિદ્ધ છે. બધા મનુષ્યોએ ભગવાનને શ્રવણમાં ધારણ કરેલા હોવાથી તથા ભગવાનના ભક્તોએ ભગવાન્ સાથે એક્તા પ્રાપ્ત કરેલી હોવાથી કોઈ આપના

સેવકની નિન્દા કરતું નથી તેથી ભગવાનના સેવક જ નિર્દોષ સુખ ભોગવનાર છે, બીજો કોઈ નહીં એમ જણાવેલું છે ।।૪૦।।

**સુખસેવાપરો યસ્તુ સ આનન્દં હરિં ભજેત્।**
**અન્યથા સુખસમ્પ્રેપ્સુઃ સર્વથા દુઃખમાપ્નુયાત્।।કા.૨૭।।**

સુખ અને સેવા ના પ્રયોજનવાળો જે હોય તેણે આનન્દ સ્વરૂપ હરિની ભક્તિ કરવી. એ સિવાય બીજી રીતે સુખ પ્રાપ્ત કરવા ઈચ્છતો પુરુષ સર્વથા દુઃખ પ્રાપ્ત કરે છે ।।૪૦-૨૭।।

વળી સુખ પણ તે જ સેવવું કે જે સુખ નશ્વર ન હોય. દેશ અને કાળ થી જેનો પરિચ્છેદ થતો હોય તેવું સુખ તો સર્વથા સેવવું નહીં. એ જ વાત કહે છેઃ

સ્વર્ગાદિ લોકોના અધિપતિ બ્રહ્માજી વગેરે પણ આપના આનન્દના અન્તને પામી શક્યા નથી. નવાઈની વાત તો એ છે કે આપ પણ આપના સ્વરૂપનો પાર પામી શકતા નથી, કારણ કે જ્યારે અન્ત છે જ નહીં ત્યારે કોઈ તે પામી કેવી રીતે શકે? હે પ્રભો! જેવી રીતે આકાશમાં હવાથી ધૂળનાં રજકણો ઊડતાં રહે છે તેવી જ રીતે આપ (નાં રોમના છિદ્ર) માં (ઉત્તરોત્તર સાત) આવરણો સહિત કરોડો કાલ સાથે ખચીત જ અસંખ્ય બ્રહ્માંડો એકીસાથે ગોથાં ખાધા કરે છે. અમે શ્રુતિઓ ''આ નથી, આવા નથી, આટલા નથી'' એમ જણાવીને આપમાં લય પામતી આપમાં ભમ્યા કરીએ છીએ અને આપમાં ખરેખર પર્યવસાન પામીએ છીએ, પૂર્ણતાને પ્રાપ્ત કરીએ છીએ ।।૪૧।।

**શ્રીસુબોધિનીજી** : હે પ્રભો! સ્વર્ગના અધિપતિઓ ઈન્દ્ર, બ્રહ્માજી વગેરે આપના સુખનું તારતમ્ય જાણે છે. તેઓ પણ ભગવાનના સ્વરૂપાનન્દનો થાહ (છેડો) પામી શક્યા નથી. બ્રહ્માનન્દ સુધીના આનન્દનું પણ પરિમાણ (માપ) સેંકડોની સંખ્યાથી જણાયેલું હોવાથી, આનન્દમય (ભગવાન્) ના જ (આનન્દ) નો પાર પામી શકાયો નથી. ''અન્ત હોય તો એ જાણવામાં ન આવે તોય શું? પાર પમાય કે ન પમાય તો પણ પાર (છેડો) હોવાથી, (આનન્દ) સમાપ્ત થતાં (તેનો અન્ત) દુઃખનો અનુભવ કરાવે જ'' એવી શંકા થાય તેથી ''**અનન્તતયા** અનન્ત હોવાથી'' શબ્દ યોજેલ છે. અન્ત જો હોય અને જાણવામાં ન આવે તો જ આ દોષ ગણાય અને તેઓ અસર્વજ્ઞ થાય, પરન્તુ અન્ત છે જ નહીં. વળી, આપ પણ (આપના આનન્દના અન્તને) જાણતા નથી ''સર્વજ્ઞ ભગવાન્ પણ પોતાના આનન્દના અન્તને કેમ ન જાણે?'' એવો વિચાર ન કરવો, કારણ કે જે વિદ્યમાન હોય તેનું જ અજ્ઞાન સર્વજ્ઞતામાં ઉણપ (ઓછપ) કરનારું છે. પરન્તુ જે હોય જ નહીં તેના અજ્ઞાનથી

સર્વજ્ઞપણામાં ઊણપ આવતી નથી. આ પ્રમાણે ભગવાનના આનન્દને કાલની અવધિ નથી એમ કહી ''આપમાં બ્રહ્માંડોના બ્રહ્માંડો આવરણો સહિત ઘૂમતાં રહે જ છે'' શબ્દોથી એને દેશ (સ્થળ) ની પણ અવધિ નથી એમ કહે છે. જે બ્રહ્માંડો ઘૂમે છે તે પણ **સાવરણાઃ** પ્રકૃતિ સુધી એક પછી એક દશગણાં આવરણો સહિત ફરે છે. આથી એક બ્રહ્માંડના અધિપતિનો બ્રહ્માનન્દ સસીમ (હદવાળો) છે એમ જણાવી ભગવાનનો આનન્દ અનન્ત છે એમ દઢ કર્યું, છતાં પણ બ્રહ્માંડોની સંખ્યા નિયત ગણી શકાય એવી હોવાથી ભગવાનનો આનન્દ અનન્ત છે એમ સિદ્ધ થશે નહીં'' એવી શંકા થાય તેથી ''આકાશમાં રજકણોની જેમ ઘૂમે છે'' શબ્દો યોજેલા છે. કેટલાક એમ કહે છે કે જેમ જાળીમાંથી આવતાં સૂર્યનાં કિરણોમાં કરોડો રજકણો ઊડ્યા કરે છે તે પ્રમાણે ભગવાનના રોમનાં છિદ્રોમાં બ્રહ્માંડો છે. વાસ્તવિક રીતે તો એક-એક રોમનું છિદ્ર અત્યન્ત વિશાળ આકાશ જેવું છે અને જેમ એ આકાશમાં ભૂમિનાં કરોડો રજકણો ભમે છે તેમ ભગવાનના રોમછિદ્રમાં બ્રહ્માંડોનાં બ્રહ્માંડો ઘૂમતાં હોય છે. ''તો-તો પછી કાલ મોટો હશે'' એવી શંકા થાય તેથી ''વયસા સહ કાલની સાથે'' શબ્દો વાપર્યા છે. કાલ પણ કરોડોની સંખ્યામાં એ ંવાંના છિદ્રમાં ઘૂમ્યા કરે છે. અથવા કાલ વાયુને સ્થાને છે, ''એમ છતાં પણ વેદથી તેની અવધિ જણાઈ આવશે, કારણ કે 'અનન્ત' વગેરે શબ્દોથી એ જણાવાય છે'' એવી શંકા થાય તેથી **''યદ્ કારણ કે યદન્તરા''** ''જે ભગવાનની અન્દર શ્રુતિઓ પણ ભમ્યા કરે છે'' એમ કહેલું છે. બ્રહ્માંડો જેમ અનન્ત છે તેમ વેદો પણ અનન્ત છે તેથી એક વેદ એક જ બ્રહ્માંડની વાત કહે છે તેથી વેદો પણ ભગવાનના આનન્દની હદ બાંધી શક્તા નથી.

''એમ હોય તો સર્વ પ્રમાણોથી ભગવાનનો આનન્દ જાણી શકાતો ન હોવાથી ભગવાન્‌માં એવો આનન્દ છે એમ જાણવાનું સાધન શું?'' એવી શંકા થાય તેથી **''ત્વયિ હિ ફલન્તિ''**- આપમાં ખરેખર ફલિત થાય છે, (ચરિતાર્થ થાય છે, પર્યવસાન પામે છે) શબ્દો યોજ્યા છે. શ્રુતિઓ એનું પ્રમાણ છે. પણ તેઓ પર્યવસાન વૃત્તિથી પ્રમાણ છે પણ વાચ્ય (**'વૃત્તિ'** એટલે શબ્દની પોતાનો અર્થ જણાવવાની શક્તિ. **'વાચ્યવૃત્તિ'** એટલે શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે પોતાનો જે અર્થ થતો હોય તે જણાવવાની શક્તિ. આનું બીજું નામ **'અભિધા'** શક્તિ. **''પર્યવસાનવૃત્તિ''** તો ફળો, વૃક્ષો અને ભૂમિ ના દૃષ્ટાન્તથી સમજી શકાશે.) વૃત્તિથી પ્રમાણ નથી. જેમ અનન્ત વૃક્ષો ભૂમિ ઉપર ફળે છે તેથી વૃક્ષો ઉપરનાં ફળો પણ ભૂમિ ઉપર જ પડે છે તે પ્રમાણે બધા વેદો પોત-પોતાની રીતે પોતનાથી બની શકે તેટલું ભગવાનનું માહાત્મ્ય કહે છે. ભગવાનના માહાત્મ્યનાં જ્ઞાનો તે ફળ. એમનું ભગવાન્ સિવાય બીજે ક્યાંય પણ પરિણામ આવતું નહીં હોવાથી તેઓ ભગવાન્‌માં જ પડે છે અને પરિણામ

પામે છે, અર્થાત્ ભગવાનનું જ્ઞાન કરાવે છે. જેમ અનન્ત વૃક્ષોનાં અસંખ્ય ફલો ભૂમિ ઉપર પડે છે પણ ભૂમિના એક હજારમા ભાગને પણ તેઓ ઢાંકી શક્તા નથી તેમ શ્રુતિઓ વાસ્તવિક રીતે મેરુસર્ષપન્યાયથી ('મેરુ' પર્વતનું નામ છે. 'સર્ષપ એટલે રાઈનો દાણો. પર્વતનો રાઈના દાણા જેટલો અંશ જણાવવામાં આવે ત્યારે તે 'મેરુસર્ષપ' ન્યાય કહેવાય છે.) ભગવાનનું માહાત્મ્ય જણાવે છે. એ પ્રમાણે શ્રુતિઓ વિધિના (અમુક વસ્તુ આવી છે એ વિધિનો પ્રકાર.) પ્રકારથી ભગવાનનું સ્વરૂપ જણાવે છે એમ કહી, ''એટલાપણું જ નથી એમ જણાવીને આપમાં લય પામતી'' શબ્દોથી નિષેધ (અમુક વસ્તુ આવી નથી એ નિષેધનો પ્રકાર.) ના પ્રકારથી પણ તેઓ ભગવાનને જણાવે છે એમ કહે છે. જણાવવામાં આવતો પદાર્થ બ્રહ્મ નથી એમ જણાવનારી **''ન તદશ્નોતિ કશ્ચન''**-તેને કોઈ ખાતું નથી **''યતો વાચો નિવર્તન્તે''** જ્યાંથી વાણી પાછી ફરે છે વગેરે હજારો શ્રુતિઓ, જે કંઈ વેદમાં જણાવેલું છે તે બધાનો ઉલ્લેખ કરી, ''જે ભગવાન્ આ સર્વથી ઉત્તમ છે'' એમ ભગવાનનું એ બધાથી ઉત્તમપણું (ભગવાન્ એટલા જ નથી પણ એથી તો હજારોગણા ગુણવાળા છે એમ.) જણાવે છે એટલે કે ભગવાન્ એટલા જ નથી પણ એનાથી હજારોગણા ગુણવાળા છે. હદવાળા તરીકે નિષેધનો અન્ત નથી અને નિષેધ (અમુક પદાર્થ આવો નથી, આવો નથી એમ કહેવું તે 'નિષેધ' કહેવાય. નિષેધને તો હદ હોય,) તેથી નિષેધથી કંઈ જણાવવું હોય ત્યારે તેની હદનું જ્ઞાન હોવું જોઈએ. ભગવાનના સમ્બન્ધમાં તે હદનું જ્ઞાન શ્રુતિઓને નથી.

એક જગાએ પુસ્તક અને બીજા પાંચ પદાર્થો હોય અને પુસ્તક મંગાવવું હોય તો, ''લાકડી નહીં, ઘડો નહીં, થાળી નહીં'' એમ પુસ્તક સિવાયના પાંચેય પદાર્થોનો નિષેધ કરી દઈએ એટલે બાકી રહેલું પુસ્તક મળી જાય. અહીં નિષેધ કરવાના પદાર્થો ગણતર હોવાથી એમનો અન્ત છે. ભગવાનનું જ્ઞાન નિષેધથી કરાવવું હોય ત્યારે નિષેધ કરવાના પદાર્થોનો અન્ત જ નથી તેમ કેટકેટલા પદાર્થોનો નિષેધ કરવો જોઈએ તેનું શ્રુતિઓને પણ જ્ઞાન નથી તેથી તે પ્રમાણે ભગવાનનું જ્ઞાન કરાવવા પ્રયાસ કરતાં શ્રુતિઓની શક્તિ પણ ઓછી પડે છે અને શ્રુતિઓ પૂરું જ્ઞાન કરાવી શકતી ન હોવાથી અપ્રમાણ હોય તેવી સ્થિતિ પ્રાપ્ત કરી ભગવાન્‌માં જ પોતાની હસ્તી (સત્તા) સમાવી દઈ કે ખોઈ નાખી સફલ થઈ જાય છે તેવો અર્થ જણાય છે.) કરવાના છેવટની હદ સુધીના પદાર્થોનું શ્રુતિઓને જ્ઞાન નથી તેથી ભગવાનને જણાવવાની તેમની શક્તિ અટકી પડતાં-અધૂરી પૂરવાર થતાં-જાણે કે પોતે અપ્રમાણ હોય તેવી સ્થિતિ પ્રાપ્ત કરતી શ્રુતિઓ ભગવાન્‌માં જ લય પામે છે એવો અર્થ છે. તેથી આવા પરમાનન્દરૂપ શ્રીકૃષ્ણ સેવા કરવા યોગ્ય છે, બીજો કોઈ સેવા કરવા યોગ્ય નથી એવો બધા વેદોએ નક્કી

કરેલો અર્થ છે એમ સૂચવેલું છે અને વેદો ભગવાનનો એ પ્રમાણે બોધ કરે છે. એ પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરવામાટે ભગવાને બુદ્ધિ ઉત્પન્ન કરેલી છે તેથી સૂક્ષ્મ દષ્ટિથી એમ જાણવું કે બધા વેદો ઉપર જણાવેલા પ્રકારે ભગવાનનું જ્ઞાન કરાવે છે. એ પ્રમાણે શ્રુતિઓ ગુણ જણાવવાની શક્તિવાળી હોવા છતાં, નિર્દેશ ન થઈ શકે તેવા બ્રહ્મને પણ સાક્ષાત્ જણાવે છે એવો નિર્ણય કરવામાં આવ્યો. આ વિષયને લગતી મૂળ શ્રુતિઓ જેમને વિષે વિવાદ થયેલો છે તે જિજ્ઞાસુએ પોતે જોઈ લેવી. બહુ વિસ્તાર થઈ જાય તેવા ભયથી લખેલી નથી. એ પ્રમાણે શ્રુતિઓએ જણાવેલો અર્થ ગૂઢ છતાં લખ્યો છે ।।૪૧।।

**કૃષ્ણાનન્દઃ પરાનન્દો નાન્યાનન્દસ્તથાવિધઃ।**
**વેદા અપિ ન તચ્છક્તાઃ પ્રતિપાદયિતું સ્વતઃ।।કા.૨૮।।**

કૃષ્ણાનન્દ ઉત્તમમાં ઉત્તમ આનન્દ છે, બીજો કોઈ આનન્દ તેવો નથી. વેદો પણ સ્વસામર્થ્યથી તેનું પ્રતિપાદન કરવા સમર્થ નથી (તો બીજાનું તો શું ગજું?) ।।૪૧-૨૮।।

**ઈત્યેવં શ્રુતિગીતાયાઃ સંક્ષેપેણ નિંપિતઃ।**
**અર્થરાશિઃ સમુદ્રો હિ યથાંગુલ્યા નિંપ્યતે।।કા.૨૯।।**

આવી રીતે જેમ સમુદ્રને આંગળીથી દેખાડવામાં આવે તેમ શ્રુતિગીતાના અર્થના સમૂહને *સંક્ષેપથી કહ્યો ।।૪૧-૨૯।।

**વિશેષ** : રાત દિવસનાં ત્રીસ મુહૂર્ત હોય છે. એટલે ૧ મુહૂર્ત=૪૮ મિનિટ. રાત્રિનાં છેલ્લા બે મુહૂર્ત બાકી રહે ત્યારે ચક્રવર્તી સમ્રાટને ભાટચારણો આવીને તેની કીર્તિનું વર્ણન કરી જગાડે તેવી રીતે શ્રુતિઓ ભગવાનનો પ્રબોધ કરે છે, આપને જગાડે છે. ભાટચારણો જેવી રીતે સમ્રાટ પાસે અધિક દ્રવ્યની આશા કરે છે તેમ શ્રુતિઓ પણ ભગવાન્ પાસે અધિક ફલની અપેક્ષાએ પ્રબોધ કરે છે. આ પ્રબોધ આપના ચિહ્નોથી કરે છે. તત્વો જ ભગવાનનાં ચિહ્નો છે જેમનું બીજું નામ વીર્ય અથવા પરાક્રમ છે. તત્વો અઠ્ઠાવીસ છે તેથી અઠ્ઠાવીસ શ્લોકથી પ્રબોધ કરે છે. શ્રુતિગીતાના પહેલા ચાર શ્લોકમાં તો ચાર તત્વોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. તે પ્રમાણે ક્યા શ્લોકમાં કયું તત્વ છે તે સહેલાઈથી સમજી શકાય તે માટે નીચે વિગતે સમજ આપવાનો પ્રયત્ન કર્યો છેઃ

| **પદ્ય** | **શ્લોક** | **તત્ત્વ** |
|---|---|---|
| ૧૪. | જય જય જહ્યજામ્ | ૧.પ્રકૃતિ |
| ૧૫. | બૃહદુપલબ્ધ | ૨.પુરુષ |
| ૧૬. | ઈતિ તવ સૂરયઃ | ૩.અહંકાર |

| | | |
|---|---|---|
| ૧૭. | દતય ઈવ | ૪.મહત્તત્વ |
| ૧૮. | ઉદરમુપાસતે | ૫.આકાશતત્વ |
| ૧૯. | સ્વકૃતવિચિત્ર | ૬.તેજતત્વ |
| ૨૦. | સ્વકૃતપુરેષુ | ૭.વાયુતત્વ |
| ૨૧. | દુરવગમાત્મ | ૮.જલતત્વ |
| ૨૨. | ત્વદનુપથં | ૯.ભૂતતત્વ |
| ૨૩. | નિભૃતમરુન્ | ૧૦.મનસ્તત્વ |
| ૨૪. | ક ઈહ નુ વેદ | ૧૧.ચક્ષુસ્તત્વ |
| ૨૫. | જનિમસતઃ | ૧૨.શ્રોત્રતત્વ |
| ૨૬. | સદિવ મનઃ | ૧૩.ત્વચાતત્વ |
| ૨૭. | તવ પરિ યે | ૧૪.હસ્ત |
| ૨૮. | ત્વમકરણઃ | ૧૫.રસના અને વાણી (બન્નેનુંએકસ્થાનહોવાથી) |
| ૨૯. | સ્થિર ચર જાતયઃ | ૧૬.ગુદા |
| ૩૦. | અપરિમિતા | ૧૭.ગન્ધ તન્માત્રા |
| ૩૧. | ન ઘટત ઉદ્ભવઃ | ૧૮.ઉપસ્થ |
| ૩૨. | નૃષુ તવ માયયા | ૧૯.ચરણ |
| ૩૩. | વિજિતહૃષીક | ૨૦.સ્પર્શ તન્માત્રા |
| ૩૪. | સ્વજન સુતાત્મ | ૨૧.રસ તન્માત્રા |
| ૩૫. | ભુવિ પુરુપુણ્ય | ૨૨.ઘ્રાણેન્દ્રિય |
| ૩૬. | સત ઈદમુત્થિતં | ૨૩.શબ્દ તન્માત્રા |
| ૩૭. | ન યદિદમગ્ર રૂપ | ૨૪.તન્માત્રા |
| ૩૮. | સ યદજયા | ૨૫.તમોગુણ |
| ૩૯. | યદિ ન સમુદ્ધરન્તિ | ૨૬.રજોગુણ |
| ૪૦. | ત્વદવગમી ન | ૨૭.સત્વગુણ |
| ૪૧. | દ્યુપતય એવ તે | ૨૮.નિર્ગુણાવસ્થા |

તત્વો ભગવાનના ભાવરૂપ છે અને ભગવાન્ જેમનું કારણ છે તેવાં છે. વેદો કહે છે કે આ તત્વો ભગવાને રચેલાં છે તેથી તત્વો અઠ્ઠાવીસ હોવાથી વેદ અઠ્ઠાવીસ પ્રકારના છે. પ્રજાનું

પાલન એ રાજાને અધીન છે. તેથી ભાટચારણો રાજાને જગાડે છે. રાજા જાગીને પ્રજાપાલન કરે. તેવી રીતે શ્રુતિઓ ભગવાનનો પ્રબોધ કરે છે. તત્વો નિવૃત્તિરૂપ છે એટલે કે તેઓ મોક્ષમાટે ઉપયોગી સૃષ્ટિનું નિરૂપણ કરે છે. ભાટચારણો સમ્રાટને જગાડતી વખતે કદાચ અતિશયોક્તિ કરે, શ્રુતિઓ તો ભગવાનના જે ગુણો વેદોમાં જણાવેલ છે તે જ કહે છે.

ઉપરના શ્લોક ૧૪ થી ૪૧ સુધી શ્લોકોનાં શ્રુતિઓએ કહેલાં વાક્યો સુનન્દન માત્ર ફરી બોલી ગયા. તેથી ''વ્યાખ્યાન વિના તે વાક્યોનો અર્થ સમજી શકાયો કે નહિ'' એવો સન્દેહ કરી જન્મજાત કુદરતી બુદ્ધિથી આનો અર્થ સમજાઈ ગયો એમ જણાવવા નીચેના શ્લોકમાં તે અર્થનું જ્ઞાન થયું એમ કહે છેઃ

**શ્રીનારાયણે કહ્યું :** (નારદજીને નારાયણે કહ્યું ત્યાં સાંભળનાર બ્રહ્માજીના પુત્રો છે. સમ્પૂર્ણ શ્રુતિગીતાનો સંક્ષેપમાં અર્થ નારાયણ કહે છે) 'આત્મા' એટલે જીવને શ્રુતિગીતાનો ઉપદેશ આપેલ છે. ''ભગવાન્ જ પુરુષાર્થ રૂપ છે. એ જ સેવા કરવા યોગ્ય છે'' એ શ્રુતિગીતાનો અર્થ છે. તેને સાંભળનાર બ્રહ્માજીના પુત્રો છે. એ અર્થ એમના હૃદયમાં આવ્યો એટલે શ્રોતાઓએ ગુરુ સનન્દનની પૂજા કરી. પ્રથમ તો બધા સમાન હતા એ **''તુલ્યશ્રુતતપઃશીલાઃ''** (પાછળ શ્લોક ૧૧) થી કહેવામાં આવ્યું છે. હવે તો શ્રુતિગીતારૂપ અર્થ એમના દ્વારા વિશેષ રીતે જાણવામાં આવ્યો. જ્યારે એ બધાએ એમને ઉપદેશ કરવાનો અધિકાર આપ્યો ત્યારે બધા જે ન જાણતા હોય તે જ કહેવું જોઈએ તેથી આ ઉપાખ્યાન સનન્દને કહ્યું. જો તેઓએ આ અર્થ સારી રીતે જાણ્યો ન હોત તો **''શ્રુત્વાપ્યેનં વેદ ન ચૈવ કશ્ચિત્''** તેને સાંભળવા છતાં કોઈ પણ જાણતો નથી એ ન્યાયથી એમના તરફથી વિશેષ અર્થ જાણવામાં ન આવ્યો હોય તો વક્તાની કોઈ પૂજા ન કરે. તેથી આ અપૂર્વ અર્થ જનલોકવાસીઓને પણ દુર્લભ હમણાં જ પ્રકટ થયો એ નિશ્ચય થયો. એ અર્થને જાણવાથી બધા 'સિદ્ધ' થઈ ગયા હવે એમને શ્રવણ કરવાનું કાંઈ રહ્યું નહિ. પહેલાં પણ તેમને આત્માનું જ્ઞાન હતું પણ ''માત્ર ભગવાનની જે સેવા કરવી જોઈએ, બીજો ઉપાય નથી'' એવી તેમની ગતિ અત્યારે જ એમના જાણવામાં આવી માટે એ 'સિદ્ધ' થયા ।।૪૨।।

નારદજીને અહીં જાણવાની ઈચ્છા થઈ કે આવો બીજો પણ અર્થ હશે તેથી નીચેનો શ્લોક કહે છેઃ

સમગ્ર વેદો, પુરાણો અને ઉપનિષદો નું મન્થન કરતાં જે સાર નીકળ્યો તે આ

શ્રુતિ ગીતામાં કહ્યો. તેથી એ રસ છે. એ રસ પ્રથમ તેમાં રહ્યો હતો પછી પૂર્વે થયેલ મહાત્માઓએ (સનકાદિકે) એમાંથી જુદો કાઢ્યો. એમ કરવાનું પ્રયોજન કહે છે કે એ મહાત્માઓ છે તેમને પરોપકાર કરવો એ જ કાર્ય હોય છે તેથી જગતના ઉદ્ધારમાટે એમની કૃતિ છે ।।૪૩।।

**અર્થઃ સ્થલત્રયે ગૂઢઃ પુરાણોપનિષચ્છૃતૌ।**
**સર્વતઃ સારમેતદ્ધિ સમુદ્ધૃતમિહોચ્યતે।।(કા.)**

ગૂઢ અર્થ પુરાણો, ઉપનિષદો અને શ્રુતિઓ-આ ત્રણ સ્થલોએ રહેલો છે. બધાંમાંથી આ સાર કાઢેલો છે એમ અહીં કહેલું છે તેથી બીજો કોઈ સારાંશ નથી એમ કહેવા આ જણાવે છે.

એમ શ્રુતિગીતાનું માહાત્મ્ય કહીને નારદજીને નારાયણ ભગવાન્ વિશેષ ઉપદેશ કરે છેઃ

હે બ્રહ્મના વારસદાર દેવર્ષે! મનુષ્યોની કામનાઓનો નાશ કરનાર આ તને આપેલ અણમોલ ઉપદેશને શ્રદ્ધાપૂર્વક ધારણ કરી તું ઇચ્છા પ્રમાણે પૃથ્વી ઉપર ફરતો રહે ।।૪૪।।

**શ્રીસુબોધિનીજી** : બ્રહ્માજીનો પુત્ર બ્રહ્મનો વારસો પ્રાપ્ત કરનાર થાય. અહીં તો બ્રહ્મસમ્બન્ધી જ વારસો નારદજીએ પ્રાપ્ત કરેલો છે તેથી ખાસ કરીને આ સમ્બોધન **''બ્રહ્મદાયાદ** બ્રહ્મનો વારસદાર'' કહેલું છે અથવા નારદજીનો અધિકાર જણાવવા આ સમ્બોધન કરેલું છે. જેને બ્રહ્મનો વારસો મળેલો હોય તેના હૃદયમાં આ અર્થ સ્ફુરે જ. આપેલ ઉપદેશ એટલે તને આપેલ મહાન ઉપદેશરૂપ આ અર્થને શ્રદ્ધાથી ધારણ કરતાં એટલે આ અર્થનો સદા વિચાર કરતાં તું પૃથ્વી ઉપર સર્વ સ્થળે પરિભ્રમણ કર્યા કર, કારણ કે આ શાસ્ત્રમાં જણાવેલ ભજન પરિત્યાગથી જ પ્રાપ્ત થવાનું સમ્ભવે છે. (આ) જીવોને આપેલ ઉપદેશથી જ સદા ભગવાનનું ભજન પ્રાપ્ત થાય છે. નારદજીને તે પ્રાપ્ત થયેલું પણ છે મહાપુરુષને ભગવાનનું સ્મરણ કરવામાં એક વિઘ્ન છે અને તે છે 'કામ' જેનો ઉલ્લેખ **''કશ્ચિન્ મહાન્ તસ્ય ન કામનિર્જયઃ''** ''કોઈ મહાન પણ તેણે કામને જીત્યો નથી. (શ્રીભાગવત ૮।૮।૨૦)'' તેથી તેની કામનાઓનો નાશ કરનારું સાધન છે. ''કામાનાં કામનાઓનો'' એ બહુવચનનો પ્રયોગ એમ સૂચવે છે કે આ શ્રુતિગીતા તેની બધી કામનાઓ દૂર કરનાર છે. ''નૃણામ્-મનુષ્યોની'' શબ્દથી એમ કહેલું છે કે મનુષ્યોનું આ વધારે હિત કરનાર છે ।।૪૪।।

આ ઉપદેશ નારદજીના હૃદયમાં ઊતર્યો એમ જણાવવા નીચેના શ્લોકથી આરમ્ભી તેમનીકથા કહે છેઃ

**શ્રીશુકદેવજી કહે છે** : હે રાજન્! એ પ્રમાણે ગુરુએ આપેલ ઉપદેશને શ્રદ્ધાથી ગ્રહણ કરી, સંયમી, સન્તોષ પામેલા, સાંભળેલું યાદ રાખી શકનારા, વીરવ્રતી (નારદજી) મુનિએ નીચે પ્રમાણે કહ્યુંઃ ।।૪૫।।

**શ્રીસુબોધિનીજી** : જો કે નારદજીએ ઘણાં વ્યાખ્યાનો સાંભળ્યા હતાં, છતાં પણ આ વ્યાખ્યાનમાં તેમને ઘણી શ્રદ્ધા થઈ. **''આત્મવાન્ સંયમી''** શબ્દથી તેઓ સાંભળવાના અધિકારી હતા તેમ જણાવેલું છે. **પૂર્ણઃ** તેમણે અર્થ જાણ્યો અને પૂર્ણતાનો અનુભવ કર્યો. **શ્રુતધરઃ** માત્ર શ્રવણ કરવાથી જ તેમણે શબ્દ અને અર્થ બન્ને ધારણ કરી લીધાં. આ અર્થ તેમણે યાદ રાખી લીધો, હવે આવૃત્તિ કરવાની જરૂર નથી એમ સૂચવ્યું છે. **'રાજન્'** સમ્બોધન રાજા પરીક્ષિતને એટલામાટે કર્યું છે કે આ આર્થ ગ્રહણ કરવા જેવો છે. 'વીરવ્રતઃ' નારદજી વીરના જેવા વ્રતવાળા હતા. વીર એ જ વખત કાર્ય હાથમાં લઈ તેને પાર પાડે છે અને તે પણ વિના વિલમ્બે. આથી ક્રિયાશક્તિ તો નારદજીમાં ઘણી હતી એ કહ્યું, જ્ઞાનશક્તિ પણ ઘણી હતી એ **મુનિઃ** શબ્દથી કહ્યું ।।૪૫।।

નીચેના શ્લોકમાં નારદજી પોતાના ગુરુને નમસ્કાર કરે છેઃ

**દેવર્ષિ નારદજીએ કહ્યું** : હે ભગવન્! આપ સચ્ચિદાનન્દસ્વરૂપ શ્રીકૃષ્ણ છો. આપનું સ્વરૂપ પરમ પવિત્ર છે. આપ સમસ્ત પ્રાણીઓના પરમ કલ્યાણ-મોક્ષને માટે કમનીય કલાવતાર ધારણ કરતા રહો છો. હું આપને નમસ્કાર કરું છું ।।૪૬।।

**શ્રીસુબોધિનીજી** : શ્રીકૃષ્ણ નારાયણનું સ્વરૂપ છે. નારાયણરૂપથી શ્રીકૃષ્ણે જ અવતાર લીધેલો હોવાથી, શ્રીકૃષ્ણ મૂલ (સ્વરૂપ) છે. જો કે **''તાવિમૌ વૈ ભગવતો હરેરંશાવિહાગતૌ''** ''આ બે તે ભગવાનના અંશો અહીં આવેલા છે'' એ વાક્ય પ્રમાણે શ્રીકૃષ્ણ નારાયણના જ અંશ છે એવી લોકમાં પ્રસિદ્ધિ છે, છતાં પણ શ્રુતિ ગીતાની શિક્ષાથી તેમણે તેથી ઊલટું જાણ્યું; કારણ કે શ્રુતિ ગીતામાં **''સ્ત્રિય ઉરગેન્દ્ર ભોજભુજદંડવિષક્તધિયઃ''** ''શેષનાગની કાયા જેવા આપના ભુજદંડમાં આસક્ત બુદ્ધિવાળી સ્ત્રીઓ'' (શ્લોક ૨૩) સ્ત્રીઓને શ્રુતિઓની સમાન કહેલી છે. શ્રીકૃષ્ણ વિષે જ ગોપિકાઓ વગેરે તેવી આસક્તિવાળી છે. બીજા અવતારોની બાબતમાં તેવું નથી તેથી શ્રુતિગીતામાં શ્રીકૃષ્ણ જ ભજન કરવા યોગ્ય જણાવેલા એમ તેમણે જાણ્યું ।।૪૬।।

**માહાત્મ્યં બહુધા જ્ઞાત્વા જીવાનાં ચ ગતિં પરામ્।**
**સર્વં ત્યક્ત્વા વિધાર્યૈતન્ નિત્યં કૃષ્ણં સ્મરંશ્ચરેત્।।(કા.)**

શ્રીકૃષ્ણનું માહાત્મ્ય ઘણા પ્રકારે જાણીને તથા જીવોની ઉત્તમ ગતિ શ્રીકૃષ્ણ છે એમ જાણીને, બધું છોડી દઈ આ (શ્રુતિગીતાનો અર્થ) ધારણ કરી સદા શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં ફર્યા કરવું. (કારિકા)

આટલો જ ઉપાખ્યાનનો અર્થ છે એમ જાણીને નારદજી શ્રીકૃષ્ણને જ નમી પડે છે. **'અમલમૂર્તયે'** એ શબ્દથી, શ્રીકૃષ્ણ અવતાર હોવાથી તેમનામાં દોષ હશે એવી બુદ્ધિ ન રાખવા જણાવેલ છે. અથવા ''પવિત્ર (પુરુષો) માં બિરાજે છે સ્વરૂપ જેમનું'' એવો અર્થ કરવો, અથવા (આ શબ્દથી) ભગવાનની પ્રાપ્તિનો ઉપાય જણાવેલો છે. ''નારાયણ સાક્ષાત્ ગુરુ છે અને તે (શ્રીકૃષ્ણ) ના અવતાર છે તે પ્રત્યક્ષ ગુરુને છોડી, 'તમ્' 'તેમને' એ શબ્દથી જણાવેલ પરોક્ષ શ્રીકૃષ્ણને શા માટે નમસ્કાર કરે છે?'' એવી શંકાનું નિવારણ કરવા ઉત્તરાર્ધ કહેલો છે. તે જ ભગવાન્ (શ્રીકૃષ્ણ) આપણે વગેરે બધાય પ્રાણીઓના મોક્ષમાટે સુન્દર કલાઓ ધારણ કરે છે. તે (શ્રીકૃષ્ણ) જ આ (નારાયણ) ના રૂપથી આપણો ઉદ્ધાર કરવા અવતરેલા છે. એમ હોવાથી આ (નારાયણ) મૂલરૂપ નથી તેથી તેમણે (શ્રીકૃષ્ણે) જ આ ઉપકાર કરેલો હોવાથી તેમને જ નમસ્કાર કર્યા છે ।।૪૬।।

ગુરુને નમસ્કાર કરવા જોઈએ તે નારદજીએ કેમ ન કર્યા?'' એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એવી રીતે આદ્ય ઋષિને તથા તેમના મહાત્મા શિષ્યોને નમસ્કાર કરી ત્યાંથી નારદજી મારા પિતા દ્વૈપાયનના સાક્ષાત્ આશ્રમમાં ગયા ।।૪૭।।**

**શ્રીસુબોધિનીજી** : એવી રીતે (શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને) જ તે (નારાયણ) ને નમસ્કાર કર્યા, કારણ કે તે નારાયણ આદ્ય ઋષિ છે તેથી હું શ્રીકૃષ્ણ છું એવું પોતાનું સ્વરૂપ જાણે છે અને તેમના શિષ્યો તેમને (શ્રીકૃષ્ણ છે એમ) જાણે છે, કારણ કે વસ્તુના સ્વરૂપને મહાત્માઓ જાણે છે. બહિર્મુખો જાણતા નથી. ''આ માત્ર બીજાનો મત (જો કે સનન્દને આ કહ્યું તેથી (વ્યાસજીનો નહિ પણ) બીજાનો આ મત થયો, છતાં પણ આ મત વ્યાસજીને માન્ય છે તેથી આ મતાન્તરભાષા (બીજાના મતની ભાષા) નથી એવો ભાવ છે.) હશે'' એવી બુદ્ધિ ન થાય તે માટે ઉત્તરાર્ધથી વ્યાસજીનો સમ્બન્ધ કહે છે. જો કે વ્યાસજીનાં સ્થાનો ઘણાં છે તો પણ સાક્ષાત્ સ્થાન તે (તેમનો આશ્રમ) જ છે. ''વ્યાસજી સાક્ષાત્ ભગવાન્ છે તેમણે પોતાની મેળે શ્રુતિગીતાનો અર્થ કેમ ન જાણ્યો?'' એવી શંકા થાય તેથી દ્વૈપાયન (**''દ્વિર્ગતા આપો યસ્મિન્''** જેમાં જલના બે પ્રવાહ થાય છે તેવું સ્થાન-બેટ વ્યાસજીનું જન્મસ્થાન હોવાથી તેમની બુદ્ધિમાં પણ ક્યારેક દ્વિધા થઈ જાય તેવું સૂચન છે.) શબ્દ વાપર્યો છે ।।૪૭।।

ભગવાન્ વેદવ્યાસે તેમનો યથોચિત સત્કાર કર્યો. તે આસન સ્વીકારી બેસી ગયા. ત્યાર બાદ નારદજીએ ભગવાન્ નારાયણના મુખથી સાંભળ્યું હતું તે બધું મારા પિતાજી વ્યાસજીને સંભળાવ્યું ।।૪૮।।

**શ્રીસુબોધિનીજી :** પછી વ્યાસજીએ તેમનો સત્કાર કર્યો. પૂજા અને આસન સ્વીકારી, નારદજીએ નારાયણના મુખે સાંભળેલ ગૂઢ અર્થ (તેમને) કહ્યો. તેમની (વ્યાસજીની) પાસેથી પરરૂપરાથી પ્રાપ્ત થયેલ તે અર્થ મેં પણ તમને કહ્યો. આ વિચાર પ્રમાણે જ જેમ નિર્ગુણ (બ્રહ્મ) માં મન પ્રવેશ કરે તેમ કરવું જોઈએ. ભાવ એવો છે કે ભગવાને જો તને (પરીક્ષિતને) એવી બુદ્ધિનું દાન કર્યું હશે તો તારું મન નિર્ગુણ બ્રહ્મમાં પ્રવેશ કરશે ।।૪૮।।

આ પ્રમાણે મન અને વાણી થી અગોચર અને સમસ્ત પ્રાકૃત ગુણોથી રહિત પરબ્રહ્મ પરમાત્માનું વર્ણન શ્રુતિઓ કેવી રીતે કરે છે અને મન તેમાં કેવી રીતે પ્રવેશ કરે છે તે હે રાજન્! મેં તમારી આગળ વર્ણન કર્યું. આ જ તો તમારો પ્રશ્ન હતો ।।૪૯।।

**શ્રીસુબોધિનીજી :** આ અર્થ ન સમજવાથી ''મેં પૂછ્યું હતું કંઈ અને ઉત્તર આપ્યો કંઈ'' એમ પરીક્ષિત ન માને તે માટે કહે છે કે જે પ્રશ્ન તમે અમને પૂછ્યો હતો તેનોજ આ જવાબ છે. વેદો તો નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ કરે છે તે ક્યા પ્રકારે કરે છે એવો સન્દેહ થતાં, આ (અધ્યાયમાં જણાવેલ)પ્રકારથીજ કરે છે એમ જાણનારનું મન નિર્ગુણ બ્રહ્મમાં પણ પ્રવૃત્ત થાયછે ।।૪૯।।

શ્રુતિગીતામાં કહેલો અર્થ સહેલાઈથી સમજી શકાય તે માટે શ્રીશુકદેવજી પોતે પણ ફરીથી ટૂંકાણમાં નીચેના શ્લોકમાં કહે છેઃ

ભગવાન્ જ આ વિશ્વના હિતચિન્તક છે. આપ જ તેના આદિ મધ્ય અને અન્તરૂપ છે. આપ જ પ્રકૃતિ, જીવ અને વશ રાખનાર સમર્થ કાલ છે. આપ જ તેને ઉત્પન્ન કરી વેદ સાથે તેમાં પ્રવેશ કરી જુદાં-જુદાં શરીરો બનાવે છે અને તેમને વશ રાખે છે; સૂઈ ગયેલો પુરુષ જેમ દેહને ભૂલી જાય તેમ તેમને પ્રાપ્ત કરી પ્રકૃતિને અનુસરનારો પુરુષ અવિદ્યાનો ત્યાગ કરી દે છે એટલે અવિદ્યાનું જરા પણ સ્મરણ તેને રહેતું નથી. આપે કેવલપણાથી જન્મમરણના કારણરૂપ યોનિનો નાશ કરી દીધેલ છે. આપ ભયરહિત છે એટલું જ નહિ. બીજાને પણ અભય બનાવી દે છે. આવા ભગવાન્ હરિનું નિરન્તર ધ્યાન ધરવું ।।૫૦।।

**શ્રીસુબોધિનીજી :** ભગવાનનું માહાત્મ્ય જાણીને ભગવાનનું ભજન કરવું એમ હોવાથી શ્રુતિ ગીતાના બે અર્થ છેઃ૧.ભગવાનનું માહાત્મ્ય અને ભગવાનનું ભજન. તે પૈકી ભજનનું નિરૂપણ કરનારી બધી શ્રુતિઓને એકત્ર કરી કહે છે કે **'ધ્યાયેદજસ્રમ્'** ''નિરન્તર ધ્યાન કરવું'' હૃદયમાં ભગવાનનું સ્થાપન કરી ત્યાં તેમની સેવા કરવી. તે ભજન ફલરૂપ છે એમ જણાવવા ''નિત્ય (હરિ) એટલે સુખરૂપ, સર્વ દુઃખ હરનારનું ધ્યાન કરવું'' એમ કહેલું છે. તે સમ્બન્ધમાં ભગવાનનું માહાત્મ્ય ગુણરૂપ અને દોષ વિનાનું છે. તે પૈકી ગુણરૂપ માહાત્મ્ય બાર પ્રકારે જણાવે છે. ૧. જે ભગવાન્ આ સમસ્ત જગતના ઉત્પ્રેક્ષક ઊંચે જોનારા (ઉન્નતિના ચાહક) છે એટલે આ જીવોના સમૂહોને મોક્ષ કેવી રીતે મળે'' એમ વિચાર કરી ''આવી રીતે તેમને મોક્ષ મળશે'' એમ તેમનું હિત વિચારે છે. ભજન કરવા યોગ્ય ભગવાનનો આ યોગ ગુણ થયો. આ જગત્માં ૨. આદિ ૩. મધ્ય અને ૪. અન્તરૂપ એમ જરૂરી હોવાથી બીજા ત્રણ ગુણો કહે છે. આ પ્રમાણે ભગવાન્ ભજન કરવા જેવા છે તે સિદ્ધ કરનાર આ ચાર ગુણોનો સમૂહ સૃષ્ટિના કારણરૂપ એક છે. ત્રણ પ્રકારનાં માહાત્મ્ય કહે છે કે જે ૫.**અવ્યક્ત**-પ્રકૃતિ ૬. **'જીવઃ'** પુરુષ અને ૭. **'ઈશ્વરઃ'** વશ રાખનાર કાલ ત્રણના સમૂહરૂપ છે. આ પ્રમાણે સાત ગુણો જણાવ્યા. બાકીના પાંચ ગુણો કહે છે. ૮. જે ભગવાન્ ''આ જગત્ને ઉત્પન્ન કરીને'' એવો એક ગુણ, ૯.પછી તેમાં પ્રવેશ કરે છે એ બીજો ગુણ. બ્રહ્માંડને સરજીને ભગવાને બ્રહ્માંડમાં પ્રવેશ કર્યો એવો અર્થ છે. ૧૦. પછી **'ઋષિણા'** વેદ સાથે અથવા મુખ્ય જીવ સાથે સમ્બન્ધમાં આવ્યા, એવો અર્થ છે. ૧૧.પછી દેવો, હલકાં પ્રાણીઓ વગેરે શરીરો બનાવ્યાં. પાંચ પૈકી આ ચોથો ગુણ કહ્યો અને ૧૨.તેમને વશ રાખનારછે એ પાંચમો ગુણ કહ્યો.

હવે ઉત્તરાર્ધથી આરમ્ભી ભગવાન્માં ત્રણ દોષો નથી એમ કહે છે. ૧. જીવો પણ (ભગવાનને) પ્રાપ્ત કરી એટલે ભાવનાવડે મનથી પણ પ્રાપ્ત કરી **'અજાં જહતિ'** અવિદ્યાને દૂર કરે છે. ''ત્યારે તો (જીવો ભગવાનનું) સ્મરણ કરવાથી જ મુક્ત થઈ જતા હશે અને તેમ હોય તો તેઓ ફરીથી દેહ ગ્રહણ કરતા નહિ હોય'' એવી શંકા થાય તેથી ''જેમ નિદ્રાધીન પુરુષ દેહને ભૂલી જાય'' એવું દષ્ટાન્ત આપેલું છે. તેઓ સમ્પૂર્ણ રીતે અવિદ્યાનો ત્યાગ કરતા નથી, પરન્તુ ભગવાનનું માહાત્મ્ય એવી રીતે જણાવવામાં આવે છે કે તેમનો માત્ર સમ્બન્ધ થવાથી જ પુરુષ અવિદ્યાનો તેના કાર્ય (પરિણામ) સહિત ત્યાગ કરે છે એટલે જેમ સૂઈ રહેલા પુરુષને શરીરનું ભાન રહેતું નથી તેમ તેને અવિદ્યાનું જરાપણ સ્મરણ રહેતું નથી એવો અર્થ છે. એ પ્રમાણે પરરૂપરાથી પણ (ભગવાન્માં) દોષ નથી એમ જણાવ્યું. ૨. **'કૈવલ્યેન'**

કેવલપણાને લીધે **'નિરસ્તા'** નાશ કરેલો છે **'યોનિઃ'** (જન્મ-મરણનું) કારણ બનેલી યોનિનો જેણે એ વિશેષણથી (ભગવાન્‌માં) સાક્ષાત્ દોષ નથી એમ કહે છે. બધું જ ભગવાન્ છે તેથી (ભગવાન્‌થી) વધારાની યોનિ (પ્રકૃતિ પદાર્થ છે એમ સ્વીકારવામાં આવે છે તે મત પ્રમાણે પણ તે (પ્રકૃતિ) પણ ભગવદ્રૂપ હોવાથી તે વધારાનો પદાર્થ નથી એવો ભાવ છે.) ક્યાંથી હોય? **૩. 'અભયમ્'** 'ભયરહિત' એ શબ્દથી ભગવાન્‌માં ત્રીજો દોષ નથી એમ કહેલું છે. (ભગવાન્) પોતે ભય વિનાના છે અને બધાનોય ભય દૂર કરનારા છે. એ પ્રમાણે ભગવાન્ દોષરહિત અને ગુણપૂર્ણ હોવાથી તે પોતે જ પરમાનન્દ આપે છે અને દુઃખ દૂર કરે છે તેથી બધાએ તેમનું જ ભજન કરવું જોઈએ તેવો અર્થ છે. ।।૫૦।।

**ઈતિ શ્રીભગવત દશમસ્કન્ધમાં (છેલ્લા પાંચમાં ગુણ પ્રકરણનો યશરૂપ ત્રીજો) શ્રુતિઓએ ભગવાનની સ્તુતિ કરી ''જીવે ભગવાનની ભક્તિ કરવી'' એમ સિદ્ધ કર્યું નામનો (ઉત્તરાર્ધનો આડત્રીસમો અને ચાલુ) સત્યાસીમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ચોર્યાસીમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્, વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
ભાગવતનો પાઠ પ્રયત્ન પૂર્વક કૃષ્ણભક્તિ સિવાય અન્ય કોઈપણહેતુ વિનાજ કરવો જોઈએ. પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

## અધ્યાય ૮૮

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૮૫

# નિર્દોષ લક્ષ્મી નિત્ય ભગવાન્ પાસે જરહે છે

### પ્રકરણ ૫ ગુણ પ્રકરણ અધ્યાય ૪

**વિશેષ :** ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાની સગી બહેન સુભદ્રાનું હરણ કરાવ્યું. આવા શ્રીકૃષ્ણ મૂલ બ્રહ્મ કેમ હોઈ શકે એવી શંકા કરનારાના સન્દેહને શ્રીકૃષ્ણ અલૌકિક છે એમ સૂક્ષ્મ દૃષ્ટિથી ગયા અધ્યાયમાં જણાવી દૂર કર્યો. એ સન્દેહ દૂર થતાં શ્રીકૃષ્ણ સૌથી મહાન છે તેમ

અનુભવપૂર્વક જણાયા. આવા શ્રીકૃષ્ણ ભગવાન્ વિષે ચક્ષુ વગેરે ઇન્દ્રિયોનો વ્યવહાર પણ તેવા જ પ્રકારનો થાય છે. જેવી રીતે શ્રુતિઓ પર્યવસાનવૃત્તિથી ભગવાનને ગ્રહણ કરે છે એમ કહેલું છે તેવી જ રીતે ઇન્દ્રિયો પણ પર્યવસાન વૃત્તિથી જ શ્રીકૃષ્ણને ગ્રહણ કરે છે. જેમ અલૌકિક શબ્દ (વેદાદિ) ભગવાનને જ લાગુ પડે છે તેમ અલૌકિક ઇન્દ્રિયો પણ ભગવાન્‌માં જ પર્યવસાન પામે છે. તેથી જ શ્રીભાગવત ૧૦|૧૫|૪૩ **''પીત્વા મુકુન્દ મુખ સારઘમક્ષિભૃંગૈઃ''** શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં એમ નિરૂપણ કરવામાં આવ્યું છે કે ગોપીજનોનાં નેત્રો ફરે છે બધેય પણ દર્શન તો શ્રીકૃષ્ણના મુખારવિન્દના લાવણ્યરૂપી અમૃતનાં જ કરે છે. (દશમસ્કન્ધના ઉત્તરાર્ધના) આ

**દેવાસુરમનુષ્યેષુ યે ભજન્ત્યશિવં શિવમ્ ।।**
**પ્રાયસ્તે ધનિનો ભોજા ન તુ લક્ષ્મ્યાઃ પતિં હરિમ્ ।।૧।।**

રાજાએ પ્રશ્ન કર્યોઃદેવ, અસુર અને મનુષ્ય ભજન કરે છે તેમાં લક્ષ્મીની શોભા વગરના શિવજીને ભજનાર ભક્તો ઘણું કરીને ધનવાળા અને ભોગ ભોગવનાર હોય છે જ્યારે ।।૧।।

એ બન્ને સમર્થ છે છતાં બન્નેના શીલ વિરુદ્ધ છે. એકની પાસે લક્ષ્મી નથી તે પોતાના ભક્તોને લક્ષ્મી અને ભોગ આપે છે. જ્યારે સાક્ષાત્ લક્ષ્મીના પતિ ભક્તોને લક્ષ્મી અને ભોગ આપતા નથી, આનું કારણ શું એ આપ કહો ।।૨।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : શિવજી સદા પોતાની ઘોરરૂપ શક્તિ (શિવા) ની સાથે જ હોય છે. અહંકાર ત્રણ પ્રકારનો છે. સાત્વિક, રાજસ અને તામસ. અહંકાર ગુણોથી વીંટાયેલો હોવાથી શિવજી પોતે પણ એવા થયા* ।।૩।।

**વિશેષ** : શાન્ત સ્વરૂપવાળા શિવજી પ્રલય કરનારી શક્તિનો એક ક્ષણ પણ ત્યાગ કરે તો તે ઘોર શક્તિ પ્રલય કરી નાખે. જો શિવજી કાલકૂટ ઝેરને કંઠમાં ન રાખે તો તે સર્વ વસ્તુઓના દોષનું આધિદૈવિક રૂપ હોવાથી તેનો શિવજીથી ત્યાગ થતાં, બધી વસ્તુઓમાં દોષ વ્યાપી જતાં અન્ન વગેરેનું ભોજન કરવાથી બધા મરણ પામે. જો તે સર્પોને ધારણ ન કરે તો બધાય પુરુષો સર્પથી વીંટાઈ જઈ તેનાથી મરણ પામે. શિવજી તેમના આધિદૈવિક સર્પોનો નિરોધ કરી (રોકી રાખી) તેમને પોતાની પાસે રાખે છે તેથી તે સર્વ કોઈને હણતો નથી એમ સૂચવ્યું છે. એ પ્રમાણે અગ્નિને ધારણ કરે છે કારણ કે તેમ ન કરે તો તે બધાને બાળી નાખે. ચન્દ્રને ધારણ ન કરે તો તે બધાનો ક્ષય કરી દે. વસ્ત્રો સર્વ દેવતામય હોવાથી લોકોને પીડા કરનારાં નથી તેથી શિવજી વસ્ત્રો ધારણ કરતા નથી. ''વાઘનું ચર્મ તે મૃત્યુનો વર્ણ છે'' (તૈ.બ્ર. ૧।૭।૮) શ્રુતિ

પ્રમાણે વાઘનું ચામડું તો પ્રાણીઓનાં મૃત્યુને રોકી રાખવા ધારણ કરે છે. ગંગાજી માત્ર સ્પર્શથી દોષરૂપ પહેલાંના દેહને દૂર કરી ભગવદીય દેહ પ્રાપ્ત કરાવી દે છે તેથી જો ગંગાજીને રોકી ન રાખે તો ગંગાજી અધિકારી-બિન અધિકારી બધાને ફલ આપી દે. ''કેશો વાદળાં છે'' તેથી જટાને ધારણ કરી શિવજી વાદળને કાબૂમાં રાખે છે નહિ તો વાયુ વશાત્ વાદળો જતાં જ રહે અને વૃષ્ટિ ન કરે. ઈશ્વરની ઈચ્છા પ્રમાણે આ બધાં પોતાને સોંપેલું જ કામ કરે તેટલામાટે શિવજીએ તેમને ધારણ કરી રોકી રાખેલાં છે.

તેમાંથી સોળ વિકારો થયા. મહાદેવ સોળ રૂપ થયા. જે મનુષ્ય આ સોળમાંથી ગમે તે એકનો આશ્રય કરે તે તમામ વિભૂતિઓનું ફલ ભોગવે છે ।।૪।।

''લક્ષ્મીયુક્ત વિષયો ઉત્તમ છે કે અધમ? જો ઉત્તમ હોય તો ભગવાન્ પોતાના ભક્તોને કેમ આપતા નથી? જો અધમ હોય તો પોતે કેમ ભોગવે છે?'' લક્ષ્મીરૂપ વિષયો ઉત્તમ છે તેથી તો ભગવાન્ સેવે છે એ બરાબર છે. દોષરૂપ વિષયોનો સમૂહ રાખવામાટે ભગવાને શિવનું રૂપ જ ધરેલું છે તેથી આગળ કહેલી વિચારધારા અહીં લાગુ પડતી નથી. તો હવે જો તે વિષયો ઉત્તમ હોય તો ભગવાન્ પોતાના ભક્તોને કેમ આપતા નથી એવી શંકા થાય તેથી કહે છે કે હરિ તો પ્રકૃતિથી પર, પુરુષ (બધાના આત્મા અને તેથી બધાનું હિત વિચારનાર), ગુણાતીત છે. આપ સર્વજ્ઞ અને અન્તર્યામી છે તેથી જેને જ્યારે જે વસ્તુ વિના હવે નહિ ચાલે તેમ ભગવાન્ જુએ ત્યારે જ તેને તે વસ્તુ આપે છે. તેથી આવા ચતુર ભગવાનની ભક્તિ કરનાર જીવ પોતે પણ નિર્ગુણ થઈ જાય છે; તેથી તો ભક્ત વિષયોની ઈચ્છા કરતો નથી. ભગવાન્ તેને વિષયો આપતા પણ નથી ।।૫।।

યજ્ઞ કર્યા પછી ભગવાનના ધર્મોની કથા શ્રવણ કરવી એવી શાસ્ત્રોની આજ્ઞા છે. તે મુજબ ત્રણ અશ્વમેધ યજ્ઞો પૂરા થયા ત્યારે તમારા દાદા યુધિષ્ઠિરે ભગવાનના ગુણો સાંભળતાં શ્રીકૃષ્ણને આ પ્રશ્ન પૂછ્યો હતો ।।૬।।

હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વ શક્તિમાન પરમેશ્વર છે. મનુષ્યોને મોક્ષ આપવાને માટે જ આપે યદુકુલમાં અવતાર લીધો હતો. સેવાનિષ્ઠ યુધિષ્ઠિર ઉપર પ્રસન્ન થઈ તેમને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો ।।૭।।

**ભગવાન્ બોલ્યા :** હું જેના ઉપર કૃપા કરું છું તેનું ધન ધીરે-ધીરે હરી લઉં છું. જ્યારે એ મારો ભક્ત ધનહીન થાય ત્યારે તો એના સ્વજનોથી પણ દુઃખી દેખાય એટલે સ્વજનો તેનો ત્યાગ કરે છે. એમાં પોતાનો સ્વાર્થ ન દેખાતાં તેને છોડી દે છે

॥૮॥

પછી તે ધન કમાવામાટે પુરુષાર્થ કરે છે ત્યારે તેનો તે પુરુષાર્થ પણ નિષ્ફળ બનાવી દઉં છું. આ પ્રમાણે વારંવાર નિષ્ફળ જવાથી તેનું મન સંસારથી વિરક્ત થઈ જાય છે. પછી મારા ભક્તો સાથે તે મૈત્રી કરે છે અને તે વખતે હું મારી મેળે જ તેના ઉપર અનુગ્રહ કરું છું ॥૯॥

તે મારો અનુગ્રહ પરમ સૂક્ષ્મ, કેવલ ચિત્, અનન્ત બ્રહ્મભાવ છે. તેથી ઘણા કષ્ટથી પ્રસન્ન કરી શકાય તેવા મને છોડી દઈ માણસ બીજાનું ભજન કરે છે. અહીં આ ક્રમ છેઃપહેલાં ભગવદ્ ભક્તોની સાથે થયેલ મૈત્રીથી તે મારા સેવક સમાન થાય છે. પછી ભક્તોના સંગથી અથવા મારા (ભગવાન્) થી તેના જ્ઞાનનો ઉદ્ય થાય છે. જ્ઞાન પ્રાપ્ત થતાં તે એકલો જ મારું ભજન કરે છે. શબ્દ બ્રહ્મનો ભાવ પ્રાપ્ત થતો નથી એમ જણાવવા 'પરમ'શબ્દ યોજેલ છે. કાર્યનો ભાવ પ્રાપ્ત થતો નથી એમ જણાવવા 'સૂક્ષ્મ'શબ્દ વાપર્યો છે. ગુણવાળા પદાર્થનો ભાવ પ્રાપ્ત થતો નથી એમ જણાવવા **''ચિન્માત્ર કેવલ ચિત્''** શબ્દ યોજેલ છે. દુષ્ટ જીવનો ભાવ પ્રાપ્ત થતો નથી એમ જણાવવા **'સત્'** શબ્દ વાપર્યો છે. ભલા જીવનો ભાવ પ્રાપ્ત થતો નથી એમ જણાવવા 'અનન્ત' શબ્દ યોજેલ છે. એ પ્રમાણે ''બ્રહ્મ, સત્ય, જ્ઞાન અને અનન્ત છે'' એવી બ્રહ્મની જે વ્યાખ્યા કહેલી છે તેના પણું એટલે કે બ્રહ્મભાવ હું કરું છું એવો અર્થ છે ''એમ કરવાથી તેનો ક્યો પુરુષાર્થ સરે? શંઆતથી જ તેને જ્ઞાનનો ઉપદેશ કેમ કરતા નથી?'' એવી શંકા થાય તેનું સમાધાન શ્લોકના ઉત્તરાર્ધથી કરે છે કે એમ કરવામાં બીજું પણ પ્રયોજન છે એ સત્ય છે. ભગવાન્ પોતે (ધન) આપતા નથી, હતું તે પણ હરી લે છે, મુક્તિ જ આપે છે, પરન્તુ આ લોકનું સુખ માગવા છતાં આપતા નથી. તેથી તે ''અત્યન્ત કષ્ટથી આરાધન થઈ શકે તેવા'' છે તેથી જ આ લોકનાં સુખની ઈચ્છાવાળા ''મને છોડીને બીજાને ભજે છે'' તેમ ન થતું હોય તો, મારા ભક્તો જાતજાતના; ભલા તેમજ ભૂંડા પણ હોય. તેવું ન થાય તે માટે હું તેમ કરું છું એવો અર્થ છે ॥૧૦॥

''બીજો દેવ પણ એવો હોય તો આપમાં ઉત્તમતા શી? એવી શંકા થાય તો કહે છે કે પછી જલદી પ્રસન્ન થઈ જનારા (દેવો) પાસેથી પ્રાપ્ત કરેલ રાજ્યની લક્ષ્મીથી ઉદ્ધત થઈ ગયેલા તેઓ પ્રમાદી અને ઉન્મત્ત થઈ જાય છે અને પોતાને વરદાન આપનાર દેવતાઓને પણ ભૂલી જાય છે તથા તેમનો તિરસ્કાર કરે છે ॥૧૧॥

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પરીક્ષિત! બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ, (દુર્ગા, ગણેશ) વગેરે શાપ અને વરદાન આપવામાં સમર્થ છે; પરન્તુ તેમાં મહાદેવજી અને બ્રહ્માજી જલદી પ્રસન્ન અથવા રુષ્ટ થઈ જઈ વરદાન અથવા શાપ દઈ દે છે. પરન્તુ વિષ્ણુ ભગવાન્ તેવા નથી ।।૧૨।।

આ વિષયમાં પ્રાચીન ઇતિહાસના જાણકારો કહે છે કે મહાદેવજી એકવાર વૃકાસુરને વરદાન આપી આફતમાં આવી પડ્યા હતા ।।૧૩।।

(હિરણ્યાક્ષના પુત્ર) શકુનિના દુષ્ટ બુદ્ધિવાળા પુત્ર 'વૃક'નામના અસુરે રસ્તામાં નારદજીને જોઈને તેમને પૂછ્યું, ''ત્રણ દેવોમાં સૌથી જલદી પ્રસન્ન કોણ થઈ જાય છે?'' ।।૧૪।।

તેમણે જણાવ્યું 'મહાદેવજી' અને કહ્યું ''તું તેમની ઉપાસના કર. તારી ઇચ્છા તરત સફળ થશે કારણ કે થોડાજ ગુણથી તેઓ પ્રસન્ન થઈ જાય છે અને થોડા જ દોષથી ગુસ્સે થાયછે'' ।।૧૫।।

રાવણ અને બાણાસુરે ભાટ ચારણોની જેમમહાદેવજીની (ભક્તિપૂર્વક નહિપણ સપડાવવાના દુષ્ટ હેતુથી) માત્ર થોડી સ્તુતિજ કરેલી. તેટલાથીજ તેઓ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા અને તેમને અતુલ્ય ઐશ્વર્ય આપી દીધું. બાદમાં તેમને બન્નેના પહેરેગીર બનવું પડેલ હોવાથીતેઓ સંકટમાં પણ આવી પડ્યાહતા ।।૧૬।।

નારદજીનાં વચનો સાંભળી વૃકાસુર કેદારક્ષેત્ર (કેદારતીર્થનું જલ પેટમાં જતાં ત્યાં લિંગો પ્રકટ થાય છે તેવું તે પવિત્ર છે.) (અતિ શુદ્ધ હિમાલય) માં ગયો અને અગ્નિને મહાદેવજીનું મુખ માની પોતાના શરીરમાંથી માંસ કાપી-કાપી તેમાં હવન કરવા લાગ્યો ।।૧૭।।

આ પ્રમાણે છ દિવસ સુધી ઉપાસના કરવા છતાં પણ જ્યારે તેને દેવનાં પ્રત્યક્ષ દર્શન ન થયાં ત્યારે તે હતાશ થઈ ગયો. સાતમે દિવસે કેદાર તીર્થમાં સ્નાન કરી પોતાના ભીંજાયેલા વાળવાળું મસ્તક હથિયારથી કાપવા લાગ્યો ।।૧૮।।

હે પરીક્ષિત! શિવજી મહાકારુણિક (**'મહાકારુણિકઃ'**-બીજાનું દુઃખ દેખીને જે દુઃખી થાય તે કારુણિક (દયાળુ). બીજાના ઉપર દુઃખ આવવાની સમ્ભાવના માત્રથી જે દુઃખિત થાય તે મહાકારુણિક) છે. ''રુદ્ર, પધારો, આ બલિ ગ્રહણ કરો, સ્વાહા'' એમ કહી જેવો તે પોતાનું માથું કાપવા જાય છે કે તત્કાલ *ધૂર્જટિ (ધૂળના રંગની જટાવાળા) શિવજી અગ્નિકુંડમાંથી અગ્નિદેવની જેમ પ્રકટ થઈ પોતાના બન્ને

હસ્તોથી તેના બન્ને હાથ પકડી લીધા અને માથું કાપતાં તેને રોકી દીધો. શિવજીનો સ્પર્શ થતાં જ વૃકાસુરના અંગો પહેલાં હતાં તેવાં જ પૂર્ણ થઈ ગયાં ।।૧૯।।

**વિશેષ : ધૂર્જટિ :** ધૂળ જેવી જટાવાળા (શંકર). શંકરની જટા ધૂસરવર્ણી છે. દેવોને દુર્લભ મહામોલો મનુષ્ય દેહ મળવા છતાં શ્રીકૃષ્ણની ભક્તિ કર્યા વિના લોકો વૃથા મરી રહ્યા છે તેનો આઘાત જીરવી ન શકાવાથી શંકર સ્મશાનની ધૂળમાં વ્યાકુલ થઈને આળોટે છે તેથી તેમની જટા ધૂસરવર્ણી (ધૂળના રંગની) થઈ ગઈ છે.

**શિવજીએ કહ્યું :** હે અંગ! હવે બહુ કર્યું, હવે બસ છે. તારી ઇચ્છા હોય તે વર માગી લે. હું વર આપવાને તૈયાર છું. જે મારે શરણે આવે છે તેને હું પ્રસન્ન થાઉં છું. તેં તો તારા દેહને વૃથા દુઃખ આપ્યું. આટલું કરવાની જરૂર નહોતી ।।૨૦।।

હે પરીક્ષિત! અત્યન્ત પાપી વૃકાસુરે સમસ્ત પ્રાણીઓને ભયભીત કરી દેનારું વરદાન માગ્યું કે ''જેના માથા ઉપર હું હાથ મૂકું તે મરણ પામે'' ।।૨૧।।

હે પરીક્ષિત! તેની આ યાચના સાંભળી ભગવાન્ રુદ્ર (**રુદ્ર :** પ્રાણીનું દુઃખ દેખી જે રોઈ પડે તે રુદ્ર. **પ્રાણિનો દુઃખં દષ્ટ્વા રોદિતિ**) પહેલાં તો ખિન્ન જેવા થઈ ગયા, પછી હસીને કહી દીધું, ''સારું એમ જ થશે'' આવું વરદાન આપી જાણે તેમણે સર્પને અમૃત પાઈ દીધું ।।૨૨।।

તે અસુર ખરેખર ગૌરીનું હરણ કરવાની ઇચ્છાથી અને તે વરદાનની પરીક્ષા કરવા શિવજીના મસ્તક ઉપર પોતાનો હાથ મૂકવાનો પ્રયત્ન કરવા લાગ્યો. હવે તો શિવજી પોતે આપેલા વરદાનથી જ ભયભીત થઈ ગયા ।।૨૩।।

તે એમનો પીછો કરવા લાગ્યો અને શિવજી કારૂપતા-કારૂપતા ત્રાસ પામીને ત્યાંથી દોડ્યા. તે પૃથ્વી, સ્વર્ગ અને દિશાઓ ના અન્ત સુધી દોડતા ગયા. છતાં તેને પાછળ પડેલો જોઈ ઉત્તર દિશા પકડી ।।૨૪।।

મોટા-મોટા દેવતાઓ આ સંકટ ટાળવાનો કોઈ ઉપાય જાણતા ન હોવાથી ચૂપ જ થઈ રહ્યા. છેવટે (શિવજી પ્રાકૃતિક અન્ધકારથી પર પરમ પ્રકાશમય વૈકુંઠમાં (આ વૈકુંઠસ્થાન બદરીમાં નારાયણ પર્વતના પશ્ચિમ ભાગમાં આવેલું પ્રસિદ્ધ જ છે. તેમાં મૂલ વૈકુંઠનો આવેશ હોવાથી તે પણ જ્યોતિર્મય અને પ્રકૃતિથી પર છે) ગયા ।।૨૫।।

જ્યાં શાન્ત અને દંડધારી સન્ન્યાસીઓના પરમ ફલરૂપ સાક્ષાત્ (બદરી) નારાયણ બિરાજે છે. ત્યાં ગયેલા જીવને ફરી (સંસારમાં) પાછું આવવું પડતું નથી.

(સૂચન એવું છે કે વૃકાસુર પણ પાછો નહિઆવે) ।।૨૬।।

ભક્ત ભયહારી ભગવાને જોયું કે શિવજી તો ભારે આફતમાં આવી પડ્યા છે. ત્યારે તેઓ પોતાની યોગમાયાથી બટુક બ્રહ્મચારી બની જઈ દૂરથી ધીમે-ધીમે તેની સામે આવવા લાગ્યા ।।૨૭।।

ભગવાને મુંજની મેખલા (કન્દોરો), કાળું મૃગચર્મ, (ખાખરાનો) દંડ અને માળા ધારણ કર્યા હતાં. આપનાં એક-એક અંગમાંથી ધધકતી આગ જેવી જ્યોતિ નીકળી રહી હતી. હાથમાં દર્ભ હતા. વૃકાસુરને જોઈ વિનયવાળાની જેમ અભિવાદન (વન્દન)* કરવા લાગ્યા ।।૨૮।।

**વિશેષ :** ભગવાને વન્દન કરી તેનું આયુષ્ય હરી લીધું, દર્ભથી તેનું પુણ્ય હર્યું, કન્દોરો વગેરે ચાર વસ્તુઓથી તેના ચારેય પુરુષાર્થો હરી લીધા તેજથી તેજ અને અગ્નિ જેવા થઈ તેનું બલ વગેરે હરી લીધાં.

**બ્રહ્મચારી વેશધારી ભગવાને કહ્યું :** હે શકુનિનન્દન વૃકાસુર! (પસીનાથી રેબઝેબ થઈ ગયેલા હોવાથી) આપ સ્પષ્ટ રીતે જ બહુ થાકી ગયેલા હો તેવા લાગો છો. આજ આપ બહુ દૂરથી આવી રહ્યા છો શું? થોડો આરામ તો કરી લો. જુઓ, આ શરીર જ બધાં સુખોનું મૂળ છે. તેનાથી જ બધી કામનાઓપૂર્ણ થાય છે. તેને વધારે પડતું કષ્ટ ન આપવું જોઈએ ।।૨૯।।

આપ તો હર પ્રકારે સમર્થ છો. અત્યારે આપ શું કરવા માગો છો? મને સંભળાવવા જેવી કોઈ વાત હોય તો બતાવો, કારણ કે હે પુરુષવ્યાઘ્ર! સંસારમાં જોવામાં આવે છે કે લોકો સહાયકોદ્વારા ઘણાં કામ કાઢી લેતા હોય છે ।।૩૦।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! ભગવાનના શબ્દે-શબ્દે અમૃત ઝરતું હતું. એ પ્રમાણે ભગવાને પૂછ્યું તેટલા માત્રથી તેનો થાક તો ક્યાંય જતો રહ્યો. ત્યાર પછી ક્રમશઃ પોતાની તપસ્યા, વરદાન પ્રાપ્તિ તથા શિવજીની પાછળ દોડવાની વાત કહી સંભળાવી ।।૩૧।।

**શ્રીભગવાને કહ્યું :** સારું! એમ છે? તો-તો ભાઈ! અમે શિવજીની વાત ઉપર વિશ્વાસ કરતા નથી. આપ નથી જાણતા શું? શિવજી તો દક્ષ પ્રજાપતિના શાપથી પિશાચપણાને પ્રાપ્ત થયા છે અને પ્રેત તથા પિશાચના રાજા છે ।।૩૨।।

હે દાનવરાજ! આપ આટલા મોટા હોવા છતાં આવી નાની-નાની વાતો ઉપર વિશ્વાસ કરી લો છો? આપ જો હજુ પણ તેમને જગદ્ગુરુ માનતા હો અને તેમની

વાતમાં વિશ્વાસ રાખતા હો તો જલદી પોતાના મસ્તક ઉપર હાથ મૂકી જોઈ પરીક્ષા જ કરી લો ।।૩૩।।

હે દાનવ શિરોમણિ! જો શિવજીનું વચન અસત્ય હોય તો એ ખોટું બોલનારાને પ્રહાર કરો કે એવાં ખોટાં વચન હવે પછી ન બોલે ।।૩૪।।

એમ સુન્દર વિચિત્ર અને ભ્રમ કરાવે એવાં ભગવાનનાં વચનવડે એની બુદ્ધિમાં ભેદ પડ્યો. પહેલાંની સ્થિતિને ભૂલી ગયો* અને કુબુદ્ધિવાળાએ પોતાના માથા ઉપર જ પોતાનો હાથ રાખ્યો ।।૩૫।।

**વિશેષ : વિસ્મૃતઃ ને સ્થાને વિસ્મિતઃ** પણ પાઠ છે. ત્યારે અર્થ ''ન વયં શ્રદ્દધીમહિ ''અમે વિશ્વાસ નથી કરતા''થી ભગવાને આમ કેમ કહ્યું હશે તે વાતથી તે વિસ્મયપામ્યો.

બસ એ જ ક્ષણે તેનું માથું ફાટી ગયું અને જાણે કે તેના ઉપર વીજળી પડી હોય તેમ તે ત્યાં જ ધરતી ઉપર પટકાઈ ગયો. તે વખતે આકાશ ''જય જય, નમો નમઃ સારું થયું, સારું થયું'' ના પોકારોથી ગાજી ઊઠ્યું ।।૩૬।।

પાપી વૃકાસુરના મૃત્યુથી દેવતાઓ, ઋષિઓ, પિતરો અને ગન્ધર્વો એ પુષ્પોની વૃષ્ટિ કરી, શિવજીને (ભગવાને વિકટ) સંકટમાંથી* છોડાવ્યા ।।૩૭।।

**વિશેષ :** આ બાજુ વાઘ અને તે બાજુ ખીણ હોય ત્યારે માણસ સંકટમાં છે એમ કહેવાય. વૃકાસુર શિવજીના મસ્તક ઉપર હાથ મૂકે અને શિવજીને કાંઈ હાનિ ન થાય તો પોતે આપેલું વરદાન ખોટું પડે અને વરદાન સાચું પડે તો શિવજી અજર અને અમર છે તેવું શાસ્ત્રનું વચન ખોટુરૂપડે.

હવે ભગવાન્ પુરુષોત્તમે ભયમુક્ત શિવજીને કહ્યું, ''અહો દેવ! અહો મહાદેવજી! આ દુષ્ટ પોતાના પાપવડે જ મર્યો. હે ઈશ! મહાપુરુષોનો અપરાધ કરનાર જીવ ક્યાંથી સુખી થાય? પછી સ્વયં જગદ્ગુરુ વિશ્વેશ્વર! આપનો અપરાધ કરીને તો કોઈ સકુશલ રહી જ કેવી રીતે શકે! ।।૩૮-૩૯।।

**ય એવમવ્યાકૃતશક્ત્યુદન્વતઃ પરસ્ય સાક્ષાત્ પરમાત્મનો હરિઃ ।।**
**ગિરિત્રમોક્ષં કથયેચ્છૃણોતિ વા વિમુચ્યતે સંસૃતિભિસ્તથારિભિઃ ।।૪૦।।**

ભગવાન્, મન, વાણી અને બુદ્ધિ થી અગોચર તેવી અનન્ત શક્તિઓના સાગર છે. આ મહાદેવજીનો મોક્ષ એ અનન્ત ભગવાનની અનન્ત લીલાઓમાંની એક લીલા છે. આપ પ્રકૃતિના નિયામક, સાક્ષાત્ પરમાત્મા છે એટલું જ નહિ, બધાના દુઃખો દૂર કરનાર પણ છે. મહાદેવજીના મોક્ષરૂપ આ ચરિત્ર એ પ્રમાણે જે વર્ણન કરે

અથવા સાંભળે તે અજ્ઞાન અને વાસનારૂપ સંસારના બંધનોથી તેમજ કામ વગેરે શત્રુઓથી મુક્ત થાયછે ।।૪૦।।

**ઈતિ શ્રીભાગવત દશમ સ્કન્ધમાં (છેલ્લા પાંચમા ગુણ પ્રકરણનો શ્રીરૂપ ચોથો) ''નિર્દોષ લક્ષ્મી નિત્ય ભગવાન્ પાસે જ રહે છે'' નામનો (ઉત્તરાર્ધનો ઓગણચાલીસમો અને ચાલુ) અઠ્યાસીમો (પ્રક્ષિપ્ત ત્રણ ધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં પચ્ચાસીમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારમ્પર્યયુતા ભુવિ।**
**ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ।।**

પોતાના કુટુમ્બનું પોષણ, ધન કે યશ ની કામનાથી જેઓ પુરાણની કથા કહે છે તેઓ ખેતરમાં પાણી પહોંચાડનારી નીક જેવા હોય છે. નીક વાટે પાણી મળતાં જેમ ખેતરમાં અનાજ ઉગતું હોય છે તેમ રૂપીઆ સ્વીકારીને કથા કરનારાઓના મુખે કથા સાંભળનાર શ્રોતાઓમાં ભક્તિભાવને ઠેકાણે અધોપાત કરનાર અહન્તા-મમતાજ વધે છે. ભક્તિમાર્ગીઓએ એવાના મુખે કથા ન સાંભળવી.

**(શ્રીવલ્લભાચાર્ય)**

## અધ્યાય ૮૯

### શ્રીસુબોધિનીજી અનુસાર અ. ૮૬

# ગુણાધિષ્ઠાતા દેવ ત્રણ છે તેમાં વિષ્ણુ ભજન કરવા યોગ્ય છે

### પ્રકરણ ૫ મું ગુણ પ્રકરણ અધ્યાયપ

**વિશેષ :** આગળના અધ્યાયમાં શ્રીકૃષ્ણ દાન કરતા નથી એવો સન્દેહ દૂર કર્યો. એનાથી ભગવાનની ઉત્તમતાનો નિર્ધાર થયો તો પણ ભગવાનની શ્રેષ્ઠતા આ નેવ્યાશીમા અધ્યાયમાં સ્પષ્ટતાથી કહેવામાં આવે છે. લોકમાં ભગવાનનું માહાત્મ્ય પ્રમાણ અને પ્રમેયના ભેદથી બે પ્રકારનું છે. એમાં પ્રમાણનું મૂળ વેદ છે. તેના વડે માહાત્મ્ય પ્રથમ કહેવાયું; બીજું પ્રમેયથી માહાત્મ્ય ભગવાને જ કહ્યું છે. ભગવાન્માં જ્ઞાનશક્તિ પૂર્ણ છે અને એ જ્ઞાન ક્રિયામાં ઊતરેલું છે. સર્વનું મૂળ ભગવાન્ હોવાથી સર્વસહન કરનાર છે. પિતાના જેવી એમની સહનશક્તિ અહીં બતાવે છે. અથવા અત્યાર સુધીમાં ભગવાનનાં ઐશ્વર્ય, વીર્ય, યશ અને શ્રી એમ ચાર ગુણ કહેવામાં આવ્યા. હવે જ્ઞાન વૈરાગ્યને શ્રીશુકદેવજી રાજાના પૂછ્યા વિના પોતેજ કહે છે.

**સરસ્વત્યાસ્તટે રાજન્ ઋષયઃ સત્રમાસત ।।**
**વિતર્કઃ સમભૂત્તેષાં ત્રિષ્વધીશેષુ કો મહાન્ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! એકવાર સરસ્વતી નદીના કિનારે યજ્ઞનો પ્રારમ્ભ કરવાને માટે ઋષિ મુનિઓ બેઠેલા હતા. તે લોકોમાં એ વિષય ઉપર વાદવિવાદ ઊભો થયો કે બ્રહ્મા, શિવ અને વિષ્ણુ માં સૌથી મહાન કોણ છે?* ।।૧।।

**વિશેષ** : ઋષિ મુનિઓને એ જિજ્ઞાસા થઈ કે કર્મનું ફલ ક્યા દેવને સમર્પણ કરવું? કેટલાક ઋષિઓએ કહ્યું કે બ્રહ્માજી પિતા હોવાથી તેમને સમર્પણ કરવું. બીજાઓએ કહ્યું કે વિષ્ણુ યજ્ઞરૂપ હોવાથી કર્મફલ વિષ્ણુને સમર્પણ કરવું. કેટલાકે વળી એમ કહ્યું કે મહાદેવજી જ્ઞાનનો ઉપદેશ કરનાર ગુરુ હોવાથી તેમને સમર્પણ કરવું. ક્યા એકને બીજા બે દેવો અધીન છે તેનો સર્વ સ્વીકાર્ય નિર્ણય ન થઈ શક્યો. નક્કી એમ થયું કે સૌથી વધારે મહાન હોય તેમને કર્મફળ અર્પણ કરવું. મોટાઈ સદ્ગુણોથી થાય છે. સદ્ગુણોમાં સૌથી મોટો સદ્ગુણ-અક્ષોભ્યતા કોઈ પણ પરિસ્થિતિમાં ક્ષોભ ન થાય એ છે. ગુસ્સો આવ્યા વિના રહે નહિ. એવા સંજોગોમાં પણ ગુસ્સો ન કરવો એ સત્વ ગુણ જ મોટાઈનો માપદંડ. જેનામાં સત્વગુણ જેટલો વધારે તેટલો તે વધારે મહાન.

હે પરીક્ષિત! તે લોકોએ એ વાત જાણવાનેમાટે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ની પરીક્ષા લેવાને માટે બ્રહ્માજીના પુત્ર ભૃગુ ઋષિને તેમની પાસે મોકલ્યા. સૌથી પહેલાં તે બ્રહ્માજીની સભામાં ગયા ।।૨।।

(બ્રહ્માજી મારા પિતા છે, 'બ્રહ્મન્' શબ્દથી ઓળખાય છે, સર્વની પ્રવૃત્તિ પણ કરાવનાર છે તેથી તેમને જો ક્ષોભ ન થાય, ગુસ્સો ન આવે, તો આટલેથી જ હું પાછો ફરીશ એવો નિશ્ચય કરી) બ્રહ્માજીના સત્વ (વિવેક, ધૈર્ય, અક્ષોભ્યતા વગેરે) ની પરીક્ષા કરવામાટે તેમણે બ્રહ્માજીને પ્રણામ કર્યા નહિ અને તેમની સ્તુતિ પણ કરી નહિ. આથી પોતાના તેજથી પ્રકાશતા ભગવાન્ બ્રહ્માજી તેમના ઉપર ગુસ્સે થઈ ગયા ।।૩।।

જેમ અગ્નિથી ઉત્પન્ન થયેલ જલથી કોઈ માણસ અગ્નિ ઓલવી નાખે તેમ સમર્થ બ્રહ્માજી પોતામાં ઉત્પન્ન થયેલ પુત્ર (ભૃગુજી) ઉપર ગુસ્સાને પોતે જ ગળી ગયા. (**''અગ્નેરાપઃ** અગ્નિમાંથી જલ ઉત્પન્ન થયું'' એવી શ્રુતિ છે. તે મુજબ ભૃગુજીમાં ઋષિઓએ સ્થાપન કરેલ જ્ઞાનરૂપ બ્રહ્મ તેજથી બ્રહ્માજીનો ક્રોધ શાન્ત થયો છે) ।।૪।।

(બ્રહ્માજીને ગુસ્સો આવ્યો. મહાનને ગુસ્સો ન આવે. ભગવાન્ ભોગાવિષ્ટ છે એમ માની તેમને પડતા મૂકી) પછી ત્યાંથી તેઓ કૈલાસ ગયા. (શિવજી ભૃગુજીના ભાઈ થતા હોવાથી અને એ રીતે સમાન હોવાથી, માત્ર શાન્ત રહેવાથી તે ખળભળી નહિ ઉઠે માટે વાણીથી અપરાધ કરવાનું કહેલ છે.) દેવાધિદેવ શિવજીએ ઊભા થઈ જઈ ભાઈને ભેટવા આનન્દથી ભુજાઓ પસારી ।।૫।।

પરન્તું ભૃગુજીએ તેમના આલિંગનનો સ્વીકાર કર્યો નહિ અને કહ્યું, ''તમે લોક અને વેદ ની મર્યાદાઓનું ઉલ્લંઘન કરો છો તેથી હું તમને નહિ ભેટું'' ભૃગુજીની આ વાત સાંભળી શિવજીને ગુસ્સો આવ્યો, નેત્રો લાલ થયાં, (આંખોમાંથી આગ ઝરવા લાગી) ત્રિશૂલ ઉઠાવી ભૃગુજીને મારવા જ જતા હતા ત્યાં દેવી પાર્વતીજીએ તેમના ચરણોમાં પડી (વિનયયુક્ત) વાણીથી તેમનું સાન્ત્વન કર્યું ।।૬।।

ત્યાર પછી મહર્ષિ ભૃગુ અવિદ્યાનાશક દેવ (વિષ્ણુ) જ્યાં બિરાજે છે તે વૈકુંઠમાં ગયા. પ્રભુ લક્ષ્મીજીના ખોળામાં શ્રીમસ્તક રાખીને પોઢ્યા હતા. ભૃગુજીએ ભગવાનની છાતી ઉપર ચરણથી લાત મારી. (એક કલ્પમાં લક્ષ્મીજી, કર્દમકુમારી ખ્યાતિ અને ભૃગુજીને ત્યાં પુત્રીરૂપે પ્રગટ થયાં હતાં તેથી ભગવાન્ ભૃગુજીના જમાઈ થાય. એટલે દ્વારપાલોએ ભૃગુજીને રોક્યા નહિ. સૂતેલા પુરુષને લાત મારીને જગાડવા કરતાં તેનો કોઈ મોટો અપરાધ હોઈ શકે નહિં) ।।૭।।

સત્પુરુષોની ગતિરૂપ ભક્તવત્સલ ભગવાન્ વિષ્ણુ લક્ષ્મીજીની સાથે ઊભા થઈ ગયા અને એકદમ પોતાની સુખશય્યા ઉપરથી નીચે ઊતરી મુનિને મસ્તક નમાવી પ્રણામ કર્યા ।।૮।।

ભગવાને કહ્યું, ''હે બ્રહ્મન્! આપનું અહીં આગમન કુશલતાપૂર્વક થયું છે ને? આ આસન ઉપર થોડી ક્ષણો બેસી વિશ્રામ કરો. હે પ્રભો! આપના શુભ આગમનના મને ખબર નહોતા. તેથી હું આપની આગતા-સ્વાગતા કરી શક્યો નહિં. મારો અપરાધ ક્ષમા કરો. (હે પ્રભો! એવું સમ્બોધન કરી ભગવાન્ પોતાના ગુણો ભૃગુજીમાં સ્થાપન કરે છે) ।।૯।।

હે મહામુનિ! હે પ્રિય! આપનાં ચરણો ઘણાં જ કોમલ છે એમ કહી પોતાના શ્રીહસ્તથી વિપ્રના ચરણનું મર્દન કરતા-કરતા કહેવા લાગ્યા, (આ દસમા શ્લોક ઉપર શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજી લખ્યાં નથી. આગળ પાછળનો સમ્બન્ધ જોતાં શ્રીમદાચાર્યજીએ આ શ્લોક પ્રક્ષિપ્ત માન્યો હોય તેમ જણાય છે) ।।૧૦।।

તીર્થોને પણ તીર્થ બનાવનાર આપના ચરણનાં જલથી વૈકુંઠલોકને, મને અને મારામાં રહેનાર લોકપાલોને પવિત્ર કરો. (ભગવાન્ પોતાના ધર્મો ભૃગુજીમાં મૂકી તેમના ધર્મો પોતે ગ્રહણ કરી આ પ્રમાણે બધું કહે છે. આમ ભગવાન્ ન કરે તો ભૃગુજીનો નાશ થઈ જાય. જેમ મહાન રાજદ્રોહ કરવામાં આવે ત્યારે રાજાના સેવકો રાજદ્રોહ કરનારનો નાશ જ કરી નાખે. પણ રાજા જો તે અપરાધ કરનારને પોતાના સિંહાસન ઉપર બેસાડી દે તો બધાય બાધક સાધક બની જાય અને પીડા ન કરે, તેથી ભૃગુજીને સાચવી લેવા ભગવાને આ લીલા કરી છે. ભગવાનનું હીનત્વ કહેનારી આ લીલા મોહ કરાવનારી સમજવી) ।।૧૧।।

હે ભગવન્! આપનાં ચરણકમલોના સ્પર્શથી મારાં બધાં પાપ ધોવાઈ ગયાં. આજ હું લક્ષ્મીનો એક માત્ર આશ્રય બની ગયો. હવે આપનાં ચરણોથી ચિહ્નિત મારા વક્ષઃસ્થલ ઉપર લક્ષ્મી સદા સર્વદા નિવાસ કરશે ।।૧૨।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** જ્યારે ભગવાને અત્યન્ત ગમ્ભીર વાણીથી આ પ્રમાણે કહ્યું ત્યારે ભૃગુજી અત્યન્ત સુખી, તૃપ્ત અને શાન્ત થઈ ગયા. (અદ્‌ભુત કર્મ કરનારા ભગવાને તેમને અપરાધના બદલામાં પ્રેમલક્ષણાભક્તિનું દાન કર્યું તેથી) ભગવાન્ વિષે તે ઉત્કંઠાવાન્ થયા અને ''વાહ રે ભગવચ્ચરિત્ર'' એમ આશ્ચર્ય થવાથી નેત્રો પ્રેમાશ્રુથી ઊભરાઈ ગયાં ।।૧૩।।

હે પરીક્ષિત! ભૃગુજી ત્યાંથી પાછા બ્રહ્મવાદી મુનિઓનાં સત્સંગ સત્રમાં આવ્યા અને ત્રણેય દેવોનો જે અનુભવ થયો હતો તે બધો કહી સંભળાવ્યો ।।૧૪।।

(અલ્પ ઉત્કર્ષનું જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે પ્રવૃત્ત થયેલા) મુનિઓને (વિષ્ણુનો પરમ ઉત્કર્ષ જણાવતો) ભૃગુજીનો અનુભવ સાંભળી ભારે આશ્ચર્ય થયું અને તેનો સન્દેહ દૂર થઈ ગયો. ત્યારથી તેઓ ભગવાન્ વિષ્ણુને સર્વશ્રેષ્ઠ દેવ માનવા લાગ્યા કારણ કે તે જ શાન્તિ અને અભય નું ઉદ્‌ગમસ્થાન છે (અર્થાત્ શાન્તિ અને અભય આપી શકે તેવા તે જ છે, બીજું કોઈ જ નહિ) ।।૧૫।।

ભગવાન્ વિષ્ણુ પાસેથી જ સાક્ષાત્ ધર્મ, દયા સાથેનાં જ્ઞાન, વૈરાગ્ય, આઠ પ્રકારનું અણિમા વગેરે સિદ્ધિઓ સહિતનું ઐશ્વર્ય અને અન્તઃકરણને શુદ્ધ કરી દેનાર યશ પ્રાપ્ત થાય છે. (**'દયાન્વિતમ્'** ને સ્થાને **'તદન્વિતમ્'** પાઠ હોય ત્યારે ''જ્ઞાન સહિત વૈરાગ્ય, માંકડાનું વૈરાગ્ય નહિં'' એવો અર્થ કરવો) ।।૧૬।।

બધાં શાસ્ત્રો કહે છે કેશાન્ત, સમચિત્ત, અકિંચન અને બધાને અભય

આપવાવાળાસાધુ મુનિઓનીતે જ એક માત્ર પરમ ગતિ(ફલ)છે ।।૧૭।।

સત્વગુણ ભગવાનની પ્રિય મૂર્તિ છે. (સત્વગુણ ઉત્પન્ન કરનારા) બ્રાહ્મણો તેમના ઈષ્ટ દેવતા છે. (આથી એમ જણાવ્યું કે આ માર્ગમાં પ્રમાણ વિઘ્ન કરતું નથી) નિષ્કામ, શાન્ત અથવા વિવેક અને જ્ઞાનયુક્ત પુરુષો તેમનું ભજન કરે છે. (ભક્તિમાં કુશલબુદ્ધિની બહુ જરૂરનથી) ।।૧૮।।

ભગવાનની ગુણમયી માયાએ તેનાં ત્રણ સ્વરૂપ બનાવી દીધાં છે : ૧.રાક્ષસો (તામસ) ૨. અસુરો (રાજસ) અને ૩. દેવો (સાત્વિક) (આથી એમ કહ્યું કે ભગવાન્ સર્વરૂપ છે તેથી બધેય ભગવદ્ બુદ્ધિ રાખવી) બધામાં પણ સત્વ છે તે પવિત્ર કરનારાઓનું સાધન છે. (આથી દરેક રીતે શ્રીકૃષ્ણ જ સૌથી મહાન છે એમ જણાવ્યું) ।।૧૯।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પરીક્ષિત! આ રીતે સરસ્વતી નદીના તીરે રહેનારા ઋષિઓએ પોતાને માટે નહિ, મનુષ્યોનો સંશય દૂર કરવાને માટે જ આ યુક્તિ રચી હતી. પોતે પણ પુરુષોત્તમ પ્રભુનાં ચરણકમલોની સેવા કરી તેનાથી પ્રાપ્ત થતી પરમ ગતિને તેઓ પામ્યા ।।૨૦।।

**સૂતજીએ કહ્યું** : હે શૌનકાદિ ઋષિઓ! ભગવાન્ પુરુષોત્તમની આ કમનીય કીર્તિકથા જન્મ-મૃત્યુ રૂપ સંસારના ભયને ટાળનારી છે. વ્યાસનન્દન ભગવાન્ શ્રીશુકદેવજીના મુખારવિન્દમાંથી નીકળેલી આ સુધા ધારા છે. આ સંસારના લાંબાં પંથનો જે મુસાફર પોતાના કાનરૂપી પડિયાથી આનું નિરન્તર પાન કરતો રહે છે તેની આ દુનિયામાં આમતેમ ભટકવાથી થયેલી તમામ થકાવટ દૂર થઈ જાય છે અને તે ભગવદ્ ગતિને પ્રાપ્ત થાય છે ।।૨૧।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હે પરીક્ષિત! એક દિવસ દ્વારિકાપુરીમાં કોઈ બ્રાહ્મણીના ગર્ભથી એક પુત્ર થયો પરન્તુ તે-તે જ વખતે (કાલ પૃથ્વી પર રહેલો હોવાથી) પૃથ્વીનો સ્પર્શ થતાં જ ખરેખર મૃત્યુ પામ્યો* ।।૨૨।।

**વિશેષ** : બ્રાહ્મણીના આ દશ પુત્રો જેમને માટે ભગવાન્ દૂર-દૂર પધારશે તે સર્ગ વગેરે ભગવાનની દશ લીલારૂપ હતા અથવા શરીરમાંના દશ પ્રાણરૂપ હતા અથવા શ્રવણાદિ નવ સગુણ અને દશમી નિર્ગુણ ભક્તિરૂપ હતા.

બ્રાહ્મણ પોતાના બાલકના મૃત શરીરને રાજમહેલના દ્વારે લઈ ગયો અને ત્યાં તે રાખી અત્યન્ત આતુરતા અને દુઃખી મનથી વિલાપ કરતાં-કરતાં આ પ્રમાણે કહેવા

લાગ્યો* ।।૨૩।।

**વિશેષ :** કમલોથી છવાયેલ માનસ સરોવરમાં પણ જલના દોષને લીધે છીપો પણ થાય છે. તે મુજબ ભગવાન્ જ્યાં બિરાજતા હોય તે દેશમાં પણ રાજાના દોષને લીધે મારો બાલક મરણ પામ્યો પણ સાક્ષાત્ ભગવાન્ બિરાજતા હોવાથી મારો બાલક પાછો આવશે એવો અર્થ છે.

શ્રીરામચન્દ્રજીના રાજ્યમાં 'શમ્બૂક'નામનો એક શૂદ્ર તપ કરતો હતો. શૂદ્રોને તપ કરવાની શાસ્ત્રમાં મના છે અને રાજ્યમાં કોઈ શૂદ્ર તપ ન કરે તે જોવાની જવાબદારી રાજાની છે. રાજાના આ દોષથી એક બ્રાહ્મણનો બાલક, પિતા જીવતો હોવા છતાં મરણ પામ્યો હતો. શ્રીરામે શમ્બૂકને હણ્યો અને તે બ્રાહ્મણનો બાળક જીવતો થઈ ગયો હતો. શમ્બૂકનો અર્થ છીપ પણ થાય છે.

''એમાં કાંઈ સન્દેહ નથી કે બ્રાહ્મણોનો દ્રોહ કરનાર દુષ્ટ બુદ્ધિવાળા, લોભી અને વિષયી ક્ષત્રિય નામ ધારી રાજાના કર્મદોષથી જ મારા બાળકનું મૃત્યુ થયું છે ।।૨૪।।

હિંસાવડે વિહાર કરનાર, ખરાબ આચરણવાળા, અજિતેન્દ્રિય એવા રાજાને ભજનારી પ્રજા દરિદ્રી અને નિત્ય દુઃખ ભોગવનારી હોવાથી નાશ પામે છે'' આટલું બોલી બાલકને લઈને તે ચાલ્યો ગયો ।।૨૫।।

હે પરીક્ષિત! આ જ પ્રમાણે પોતાનો બીજો અને ત્રીજો બાળક પણ જન્મતાં જ મરી જવાથી તે બ્રાહ્મણ છોકરાના મૃત શરીરને રાજમહેલના દરવાજે નાખી ગયો અને તે જ વાત કહી ગયો ।।૨૬।।

નવમું બાળક મરી જવાથી જ્યારે તે ત્યાં આવ્યો ત્યારે તે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણની પાસે અર્જુન પણ બેઠેલા હતા. તેમણે બ્રાહ્મણની વાત સાંભળી તેને કહ્યું ।।૨૭।।

(''આ એક સ્ત્રીમાં દશ પુત્રો ઉત્પન્ન કર'' એ શ્રુતિ પ્રમાણે મર્યાદામાર્ગ અનુસાર દશ જ પુત્રો થાય. નવ બાલક મરણ પામ્યા. હવે એક જ બાકી રહ્યો. ગુણ નવ છે. ગુણોનું કાર્ય પૂરું થયું. ભગવાન્ નિર્ગુણ જ કાર્ય કરે છે તેથી નવમો પુત્ર મર્યા પછી હવે ભગવાન્ વિલમ્બ કરવાના નથી એવો ભાવ છે) હે બ્રાહ્મણ! તમે જ્યાં રહો છો તે દ્વારિકામાં ધનુષને ધારણ કરનાર કોઈ ક્ષત્રિય નથી કે શું? (સભામાં બેઠેલા ક્ષત્રિયોને બતાવી) આ તો માત્ર કહેવડાવવા પૂરતા ક્ષત્રિય છે. (એમના પૂર્વજો ક્ષત્રિય હતા. બ્રાહ્મણો બાલકની રક્ષા નથી કરતા કારણ કે) બ્રાહ્મણો તો યજ્ઞ કરી

રહ્યા છે. ક્ષત્રિય દોષથી તમારા પુત્રો મરે છે એ વાત તમારી ખરી લાગે છે ।।૨૮।।

જે રાજાના રાજ્યમાં બ્રાહ્મણો, ધન, સ્ત્રી અને પુત્ર ના વિયોગવાળા હોય છે તે રાજાઓ નટની જેમ પોતાની જીવિકા ઉત્પન્ન કરી પેટ ભરનારા છે, તેમાં રક્ષક્તાનો ધર્મ નથી હોતો ।।૨૯।।

હે ભગવન્! હું તમારી પ્રજાની રક્ષા કરીશ, જો આ પ્રતિજ્ઞાને હું ન પાળું તો અગ્નિમાં પ્રવેશ કરીશ અને એમ કરી પ્રતિજ્ઞાભંગનો દોષ દૂર કરી શુદ્ધ થઈશ ।।૩૦।।

**બ્રાહ્મણે કહ્યું** : હે અર્જુન! અહીં બલદેવજી, ભગવાન્ શ્રીકૃષ્ણ, ધનુર્ધર શિરોમણિ પ્રદ્યુમ્ન, અદ્વિતીય યોદ્ધા અનિરુદ્ધ પણ મારા બાળકોની રક્ષા કરવા સમર્થ નથી. આ જગદીશ્વરોને માટે પણ આ કામ કઠિન થઈ પડ્યું છે ત્યારે તમે તે કેવી રીતે કરવા માગો છો? ખરેખર આ તમારી મૂર્ખતા છે. અમે તમારી આ વાત ઉપર બિલકુલ વિશ્વાસ કરતા નથી ।।૩૧-૩૨।।

**અર્જુને કહ્યું** : હે બ્રહ્મન્! હું બલદેવ, શ્રીકૃષ્ણ અથવા પ્રદ્યુમ્ન નથી. હું તો અર્જુન છું, જે એકલો જ ગાંડીવ ધનુષ વાપરી જાણે છે ।।૩૩।।

હે બ્રાહ્મણ દેવતા! આપ મારાં પરાક્રમનો તિરસ્કાર ન કરો. આપ જાણતા નથી, મેં મારાં પરાક્રમથી (મૃત્યુંજય) શંકર ભગવાનને પણ સન્તુષ્ટ કર્યા હતા. હે ભગવન્! હું આપને વધારે શું કહું? યુદ્ધમાં સાક્ષાત્ મૃત્યુને પણ જીતી લઈ હું આપનું સન્તાન લાવી આપીશ એટલી મારામાં શક્તિ છે ।।૩૪।।

હે પરીક્ષિત! અર્જુને જ્યારે વિપ્રમાં આ પ્રમાણે વિશ્વાસ પેદા કર્યો ત્યારે તે અર્જુનના બલ-પૌરુષની વાહ-વાહ કરતો-કરતો પ્રસન્ન થઈ ઘેર ગયો ।।૩૫।।

બ્રાહ્મણની સ્ત્રીને પ્રસૂતિનો સમય પાસે આવ્યો ત્યારે તે આતુર થઈ અર્જુન પાસે આવ્યો અને કહેવા લાગ્યો, ‘‘આ વખતે મારા સન્તાનને તમે મૃત્યુથી બચાવો’’ ।।૩૬।।

આ સાંભળી અર્જુને મન્ત્રથી પવિત્ર જલનું આચમન કર્યું. (મહાદેવજીના આશ્રયથી ધારેલું કામ પાર પાડીશ એમ વિચારી) શિવજીને નમસ્કાર કર્યા. દિવ્ય અસ્ત્રોનું સ્મરણ કર્યું અને ગાંડીવ ધનુષને દોરી ચડાવી તે હાથમાં લઈ લીધું ।।૩૭।।

અર્જુને બાણોને અનેક પ્રકારના અસ્ત્રમન્ત્રોથી અભિમન્ત્રિત કરી પ્રસૂતિગૃહને ચારે તરફથી ઘેરી લીધું. આ પ્રમાણે તેમણે સૂતિકાગૃહની ઉપર-નીચે, આજુ-બાજુ બાણોનું એક પાંજરું બનાવી દીધું ।।૩૮।।

ત્યારબાદ બ્રાહ્મણીના ગર્ભથી એક શિશુ થયો જે વારંવાર રુદન કરી રહ્યો હતો. પણ જોત-જોતામાં તે શરીર સાથે આકાશમાં અદશ્ય થઈ ગયો ।।૩૯।।

હવે તો તે બ્રાહ્મણ ભગવાન્ શ્રીકૃષ્ણની સામે જ અર્જુનની નિન્દા કરવા લાગ્યો. તેણે કહ્યું ''મારી મૂર્ખતા તો જુઓ કે મેં આ નપુંસકની વાતોમાં વિશ્વાસ કર્યો ।।૪૦।।

જેને પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, બલરામ કે શ્રીકૃષ્ણ પણ ન બચાવી શક્યા તેની રક્ષા કરવા, ભલા બીજો કોણ સમર્થ હોય?* ।।૪૧।।

**વિશેષ** : જો ધનથી પુત્રનું રક્ષણ થઈ શક્તું હોત તો 'પ્રદ્યુમ્ન' કરત. 'દ્યુમ્ન' એટલે ધન. 'પ્રદ્યુમ્ન' એટલે પુષ્કળધન. જો બલથી રક્ષણ થઈ શક્તું હોત તો 'અનિરુદ્ધ' કરત. અ+નિરુદ્ધ એટલે યુદ્ધમાં જેની સામે કોઈ ટકી ન શકે તે જો આનન્દ ઉત્પન્ન કરાવીને રક્ષણ કરી શકાતું હોત તો (બલ) રામ કરત. રમણ કરાવે તે રામ. જો સૃષ્ટિ અને પ્રલયથી રક્ષા થઈ શક્તી હોત તો 'કેશવ' કરત. ક=બ્રહ્મા, ઈશ=મહાદેવ-સૃષ્ટિ અને પ્રલય કરતા દેવો. જો ધર્મથી રક્ષા શક્ય હોત તો હું બ્રાહ્મણ હું કરત.

ખોટા બોલા અર્જુનને ધિક્કાર છે! પોતાને જ મોઢે પોતાનાં જ વખાણ કરનારા અર્જુનના ધનુષને ધિક્કાર છે!! એની કુબુદ્ધિ તો જુઓ. પ્રારબ્ધે જે બાળકને અમારી પાસેથી આંચકી લીધું છે તે બાળકને તે પાછો લાવવા માગે છે! મૂઢતાની કોઈ મર્યાદા હોતી હશે કે નહિં? ।।૪૨।।

જ્યારે તે બ્રાહ્મણ આ પ્રમાણે તેમને ગાળો દેવા લાગ્યો ત્યારે અર્જુન દૈવી વિદ્યાના પ્રભાવથી તત્કાલ સંયમની પુરી ગયા જ્યાં ભગવાન્ યમરાજ નિવાસ કરે છે ।।૪૩।।

ત્યાં તેમને બ્રાહ્મણનો બાલક ન મળ્યો. પછી શસ્ત્ર લઈ ક્રમશઃ ઈન્દ્રની નગરી (પૂર્વ) માં ગયા. ત્યાંથી અગ્નિ, નૈઋત્ય, ઉત્તણ, વાયવ્ય અને પશ્ચિમ દિશાઓમાં ગયા. ત્યાંથી રસાતલ, સ્વર્ગ અને (ગન્ધર્વો વગેરેનાં) બીજાં સ્થાનોમાં ગયા ।।૪૪।।

પરન્તુ કોઈ સ્થલે તેમને બ્રાહ્મણનો પુત્ર મળ્યો નહિ. તેમની પ્રતિજ્ઞા પૂરી ન થઈ શકી, તેથી તેમણે અગ્નિમાં પ્રવેશ કરવાનો વિચાર કર્યો, પરન્તુ ભગવાન્ શ્રીકૃષ્ણે તેમને તેમ કરતાં અટકાવીને કહ્યું ।।૪૫।।

''ભાઈ અર્જુન! તમે તમારી જાતે પોતાનો તિરસ્કાર ન કરો. હું તમને

બ્રાહ્મણના (બધા) પુત્રો હમણાં જ બતાવી દઉં છું. (લોકો તો જેવું જુએ તેવું બોલે છે, સાચી વાત જાણવાની દરકાર નથી કરતા હોતા) જે લોકો આજ તમારી નિન્દા કરે છે તેઓ જ વળી આપણી નિર્મલ કીર્તિની સ્થાપના કરશે''* ।।૪૬।।

**વિશેષ : ''દર્શયે દ્વિજસૂનૂંસ્તે માવજ્ઞાત્માનમાત્મના''** આ પાઠ બધાં પુસ્તકોમાં છે. વિદ્વદ્વર્ય (વિદ્વાનોમાં શ્રેષ્ઠ) ધીરજલાલ ભાઈએ પ્રસિદ્ધ કરેલ પુસ્તકમાં **''માવજ્ઞાત્માનમાત્મના!''** ને બદલે **''માવજ્ઞાત્મનઃ કૃથાઃ''** પાઠ (શ્લોકના બીજા પાદનો) લીધો છે. સામાન્ય પાઠનો શ્રીસુબોધિનીજીમાં **''બ્રાહ્મણપુત્રાંસ્તુભ્યં દર્શયામિ ઇતિ તતો હેતોઃ આત્મનઃ સ્વસ્યાવજ્ઞાં મા કૃથાઃ''** આ શબ્દોથી અર્થ કરેલ છે. તેને અનુસરીને આ પાઠ લીધો હોય તેમ જણાય છે, પરન્તુ લેખકાર શ્રીવલ્લભજી **'અવજ્ઞ'** પદ આજ્ઞાર્થ (લોટ્) ના બીજા પુરુષનું એક વચન કેવી રીતે થાય છે તે **'મનોરમા'** નું પ્રમાણ ટાંકી લંબાણપૂર્વક સમજાવે છે. તેથી લેખકારને પણ **''માવજ્ઞાત્માનમાત્મના''** આ પાઠ સમ્મત છે. અર્થમાં કંઈ ફરક પડતો નથી.

આ પ્રમાણે કહીને, કોઈથી રોક્યા રોકાયા નહિ તેવા સર્વજ્ઞ ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુન સાથે પોતાના દિવ્ય ગરુડધ્વજ રથમાં બેસી પશ્ચિમ દિશા તરફ પધાર્યા ।।૪૭।।

તેમણે સાત-સાત પર્વતોવાળા સાત દ્વીપ, સાત સમુદ્ર અને લોકાલોક પર્વત વટાવી ઘોર અન્ધકારમાં પ્રવેશ કર્યો ।।૪૮।।

હે પરીક્ષિત! તે અન્ધકાર એટલો તો ઘોર હતો કે તેમાં ભગવાનના ચાર પ્રસિદ્ધ અશ્વો- શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક પોતાના માર્ગ ભૂલી જઈ ઠોકર ખાવા લાગ્યા. તેમને કંઈ સૂઝતું જ નહોતું ।।૪૯।।

મહાયોગેશ્વર બ્રહ્માજી વગેરેના પણ ઈશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણે ઘોડાની આ સ્થિતિ જોઈ પોતાના હજારો સૂર્યના જેવા તેજસ્વી સુદર્શન ચક્રને આગળ ચાલવાની આજ્ઞા કરી ।।૫૦।।

જેમ ધનુષની દોરીમાંથી છૂટેલું શ્રીરામનું બાણ સડસડાટ કરતું દુશ્મનની સેનામાં ઘૂસી જાય તેવી રીતે મનના જેવા વેગવાળા સુદર્શન ચક્રે ઘણા જ ભયાનક, ગાઢ અને પ્રકાશ કરતાં પણ વધારે મહાન અને બલવાન્ અન્ધકારને તેનાથી વધારે ઉગ્ર તેજથી ચીરી નાખી તેમાં પ્રવેશ કર્યો. (શ્રીરામચન્દ્રજીનું બાણ દોરી ઉપરથી છૂટતાં જ લક્ષ્યને વીન્ધીને જ રહે તેમ સુદર્શન ચક્ર શ્રીકૃષ્ણ ભગવાનના શ્રીહસ્તમાંથી છૂટતાં

રેખા માત્ર આડું અવળું ગયા વિના શ્રીકૃષ્ણે વિચારેલી દિશામાં અને વિચારેલ લક્ષ્ય ઉપર જ જતું) ।।૫૧।।

એ પ્રમાણે સુદર્શન ચક્રદ્વારા બતાવાયેલા માર્ગે જતાં અર્જુને જોયું કે રથની પાછળ તો અપાર ઘોર અન્ધકાર છે અને રથની આગળ પરમ જ્યોતિર્મય સુદર્શન ચક્રનો અનન્ત બ્રહ્મતેજરૂપ પ્રકાશ છે અને વચમાં રથ છે. (ઘોર અન્ધકારમાં વીજળી થતાં આંખો અંજાઈ જાય તેમ) અર્જુનની તો આંખો અંજાઈ ગઈ અને વિવશ થઈ તેણે તે મીંચી દીધી ।।૫૨।।

ત્યારબાદ ભગવાનના રથે પ્રચંડ વાયુથી ઉત્પન્ન થતાં મોટાં-મોટાં મોજાવાળાં ભયંકર જલરાશિમાં પ્રવેશ કર્યો. ત્યાં એક વિશાળ સુન્દર મહેલ હતો. તેમાં મણિઓના હજાર થાંભલાઓ પોતાના ઝગમગાટથી તેની શોભામાં વધારો કરી રહ્યા હતા. અને તેની ચારે તરફ અત્યન્ત ઉજ્જવલ પ્રકાશ રેલાઈ રહ્યો હતો ।।૫૩।।

તે જ મહેલમાં ભગવાન્ શેષજી બિરાજમાન હતા. તેમનું શરીર અત્યન્ત ભયાનક અને અદ્‌ભુત હતું. તેમને એક હજાર મસ્તક હતાં અને દરેક ફેણ ઉપર સુન્દર મણિઓ ઝગમગી રહ્યા હતા. પ્રત્યેક સિરમાં બબ્બે નેત્રો હતાં અને તે ભયંકર હતા. તેમનું આખું શરીર કૈલાસ અથવા હિમાલય જેવું શ્વેત વર્ણનું હતું અને ગળું તથા જીભ નીલવર્ણના હતાં. (આ શેષજી મહાદેવજીનું આધિદૈવિક રૂપ છે. જિહ્‌વામાં મૃત્યુ અને કંઠમાં કાલકૂટ ઝેર હોવાથી બન્નેનો રંગ નીલ કહ્યો છે.) ।।૫૪।।

હે પરીક્ષિત! અર્જુને જોયું કે શેષ ભગવાનની સુખમયી શય્યા ઉપર સર્વના નિયામક વિભુ અત્યન્ત પ્રભાવશાલી, સર્વગુણસમ્પન્ન અતિ સુન્દર પુરુષોમાં પણ ઉત્તમ ભગવાન્ બિરાજી રહ્યા છે. તેમનાં શરીરની કાન્તિ વર્ષાકાળના મેઘના જેવી *શ્યામલ છે. અત્યન્ત સુન્દર પીળું વસ્ત્ર ધારણ કર્યું છે. મુખ ઉપર પ્રસન્નતા ખેલી રહી છે અને મોટાં-મોટાં નેત્રો બહુ જ સોહામણાં લાગે છે. ।।૫૫।।

**વિશેષ** : ભગવાનના શ્રીઅંગનો વર્ણ શ્યામ શા માટે છે તેનાં કારણો : ૧. સત્વગુણનો રંગ શ્યામ છે અને તે ધામ હોવાથી ભગવાન્ તેના ઉપર આધાર રાખે છે એટલે તેના રંગનું ભગવાન્ ઉપર પ્રતિબિમ્બ પડવાથી ભગવાનનો રંગ શ્યામ થાય છે. ૨. કાલ કલિ શ્યામ રંગનો હોવાથી તે (કલિ) કાલમાં ભગવાનનો પણ તેવો રંગ થાય છે. ભગવાનના અવતારોનો વર્ણ સત્યયુગમાં શ્વેત, ત્રેતાયુગમાં લાલ અને દ્વાપરયુગમાં પીળો હોય છે. શ્રીભાગવત ૧૦।૮।૧૩

૩. ચક્ષુ રંગવાળા પદાર્થ જુએ છે અને રંગ ન હોય ત્યારે દૂર-દૂર ફરતું શ્યામના જેવું જુએ છે તેથી ભગવાનનો રંગ શ્યામ છે. ૪. શૃંગાર રસનો રંગ શ્યામ છે અને ભગવાન્ શૃંગારરૂપ હોવાથી આપનો રંગ પણ શ્યામ છે. ૫. કામનો ભાવ શ્યામ છે. ૬. આનન્દ સ્વભાવથી જ શ્યામ છે તેથી આનન્દપૂર્ણ ભગવાન્ પણ શ્યામ છે. ૭. ભગવાનને રૂપ શ્યામ જ ગમે છે (અને રસ માખણનો ગમે છે) તેથી ભગવાનની રુચિ અનુસાર આપનો વર્ણ શ્યામ છે. ૮. લક્ષ્મીજી વીજળી જેવાં ઝબકતાં છે, તેથી તેમને પોતાને યોગ્ય શ્યામ રંગ જ ગમે છે તેથી તેમની રુચિને માન આપવા ભગવાને શ્યામ રંગ સ્વીકાર્યો છે. ૯. ભગવાનનો કુદરતી સહજ વર્ણ શ્યામછે.

બહુમૂલ્ય મણિઓથી જડેલ મુગટ અને કુંડલોની કાન્તિથી સહસ્રો વાંકડિયા કેશની અલકો ચમકી રહી છે. લાંબી-લાંબી સુન્દર આઠ ભુજાઓ છે. ગળામાં કૌસ્તુભમણિ છે. વક્ષઃસ્થલ ઉપર શ્રીવત્સનું ચિહ્ન છે અને ઘૂંટણો સુધી વનમાલા લટકી રહી છે ।।૫૬।।

અર્જુને જોયું કે સુનન્દ, નન્દ વગેરે પોતાના પાર્ષદ, સુદર્શન ચક્ર (શંખ, તલવાર, ઢાલ, શાંર્ગ ધનુષ, ગદા, બાણ, કમલ અને મૂશલ) વગેરે આયુધો પોતાનાં આધિદૈવિક સ્વરૂપોથી ભગવાનની સેવામાં ઉપસ્થિત હતાં. પુષ્ટિ, શ્રી, કીર્તિ અને અજા (પ્રકૃતિ) તથા ધનધાન્ય વગેરે ઋદ્ધિઓનાં આધિદૈવિક સ્વરૂપો પણ હજારો બ્રહ્માઓના અધીશ્વર ભગવાનની સેવા કરી રહ્યા હતાં ।।૫૭।।

હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાના જ સ્વરૂપ શ્રીઅનન્ત ભગવાનને પ્રણામ કર્યાં. અર્જુન એમના દર્શનથી ભયભીત થઈ ગયા હતા; શ્રીકૃષ્ણના પછી તેમણે પણ તેમને પ્રણામ કર્યા અને બન્ને હાથ જોડી ઊભા થઈ રહ્યા. હવે પરમેષ્ઠિઓ (બ્રહ્માઓ) ના પતિ ભૂમા પુરુષે (ભૂમા પુરુષ એ જ અનિરુદ્ધજી છે.) હસતાં-હસતાં મધુર અને ગમ્ભીર વાણીમાં કહ્યું ।।૫૮।।

*"હે શ્રીકૃષ્ણ! હે અર્જુન! તમારા બન્નેનાં દર્શન કરવા જ હું બ્રાહ્મણના આ પુત્રોને લાવ્યો છું. બ્રાહ્મણો અને ધર્મ નું રક્ષણ કરવામાટે મારી કલારૂપ તમે પૃથ્વી ઉપર અવતાર લીધો છે. પૃથ્વીને ભારરૂપ બની ગયેલા અસુરોનો સંહાર કરી જલદીમાં જલદી અહીં મારી પાસે પાછા આવી જાઓ ।।૫૯।।

**વિશેષ** : અર્જુનનું અભિમાન દૂર કરવામાટે જ શ્રીકૃષ્ણે આ નાટ્ય કર્યું, નહિતર તો **"ભૂમેતિ ગોવર્ધન પૂજાગ્રાહી, યઃ કૃષ્ણઃ સ એવ"** ગોવર્ધનપૂજાને ગ્રહણ કરનાર એ જ આ

ભૂમાસ્વરૂપ છે. (શ્રીસુબોધિનીજી)

તમે બન્ને ઋષિવર નર અને નારાયણ છો. જો કે તમે પૂર્ણકામ અને સર્વ શ્રેષ્ઠ છો તો પણ જગતનું પાલન કરવા તથા જગતને ઉત્તમ આદર્શ આપવા ધર્મનું આચરણ કરો ।।૬૦।।

ભગવાન્ પરમેષ્ઠિએ જ્યારે એ પ્રમાણે આદેશ આપ્યો ત્યારે શ્રીકૃષ્ણ તથા અર્જુને 'બહુ સારું' કહી ભૂમા ભગવાનને નમસ્કાર કરી બહુ જ આનન્દપૂર્વક બ્રાહ્મણના બાળકોને લઈ જે રસ્તે જેવી રીતે આવ્યા હતા તે જ રસ્તે તેવી જ રીતે દ્વારકા પાછા આવ્યા. બ્રાહ્મણના બાળકો પોત-પોતાની ઉંમર પ્રમાણે મોટા થઈ ગયા હતાં. તેમનું રૂપ, આકૃતિ, સ્વભાવ, જન્મ વખતે જેવા હતા તેવા જ હતા. સર્વશક્તિમાન પ્રભુ શ્રીકૃષ્ણે તથા અર્જુને બાલકો તેમના પિતાને સોંપી દીધા. (બ્રાહ્મણે એક પુત્ર પાછો લાવવાની અપેક્ષા કરી હતી, ભગવાને બધા લાવી આપ્યા) ।।૬૧-૬૨।।

અર્જુનને તો ત્યાં જઈને પાછા આવ્યા ત્યાં સુધીમાં કાંઈ ગમ જ પડી નહિં. પછી ભગવાને અનિરુદ્ધના સ્વરૂપનું નિરૂપણ કર્યું ત્યારે તે સાંભળી તેમને વિષ્ણુના ધામનું જ્ઞાન થયું. અર્જુન તો માનતા હતા કે વિષ્ણુનું ધામ પણ ઈન્દ્ર વગેરેના ધામ જેવું હશે. પણ બે ધામની વચ્ચે પર્વત અને રાઈના દાણા જેટલો તફાવત જાણી તેમને અત્યન્ત આશ્ચર્ય થયું. આ અનુભવથી તેમણે મનોમન ગાંઠ વાળી કે જીવોમાં જે કંઈ બલ પરાક્રમ છે તથા મેં અત્યાર સુધીમાં જે પરાક્રમો કર્યાં છે તે બધું શ્રીકૃષ્ણની કૃપાનું જ ફલ છે ।।૬૩।।

હે પરીક્ષિત! ભગવાને અહીં પૃથ્વી ઉપર બીજી પણ આવી અનેક ઐશ્વર્ય અને વીરતાથી પરિપૂર્ણ લીલાઓ કરી હતી. લોકદષ્ટિમાં સાધારણ પૃથગ્જનોની જેમ સાંસારિક વિષયોનું સેવન કર્યું તથા મોટા-મોટા મહારાજાઓની જેમ ઉત્તમ-ઉત્તમ યજ્ઞો કર્યા ।।૬૪।।

જેવી રીતે ઈન્દ્ર પ્રજાને માટે સમયસર વરસાદ વરસાવે છે તેવી રીતે ભગવાન્ શ્રીકૃષ્ણે દરેક રીતે શ્રેષ્ઠપણું બતાવતાં બ્રાહ્મણ વગેરે સમસ્ત પ્રજાજનોના મનોરથ પૂર્ણ કર્યા ।।૬૫।।

**હત્વા નૃપાનધર્મિષ્ઠાન્ ઘાતયિત્વાઽર્જુનાદિભિઃ।**
**અંજસા વર્તયામાસ ધર્મં ધર્મસુતાદિભિઃ ।।૬૬।।**

આપે ઘણા અધર્મી રાજાઓનો સ્વયં સંહાર કર્યો અને ઘણાને અર્જુનાદિ દ્વારા મરાવી નાખ્યા.આ પ્રમાણે ધર્મરાજ યુધિષ્ઠિરાદિ રાજાઓદ્વારા આપે સમ્પૂર્ણ રીતે ધર્મની મર્યાદાઓની સ્થાપના કરાવીદીધી ।।૬૬।।

**ઇતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (છેલ્લા પાંચમા ગુણ પ્રકરણનો જ્ઞાનરૂપ પાંચમો) ''ગુણાધિષ્ઠાતા દેવ ત્રણ છે તેમાં વિષ્ણુ ભજન કરવા યોગ્ય છે'' નામનો (ઉત્તરાર્ધનો ચાલીસમો અને ચાલુ) નેવ્યાસીમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં છ્યાસીમો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્ । વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
ભાગવતનો પાઠ પ્રયત્ન પૂર્વક કૃષ્ણભક્તિ સિવાય અન્ય કોઈપણહેતુવિનાજ કરવો જોઈએ. પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

## અધ્યાય ૯૦

### શ્રી સુબોધિનીજી અનુસાર અ. ૮૭

## ભગવદ્ વૈરાગ્ય વર્ણન

### પ્રકરણ ૫ ગુણ પ્રકરણ અધ્યાય૬

**વિશેષ :** એમ સર્વનો ઉદ્ધાર કરીને અમારા ઈશ્વર ક્રીડા કરે છે. ક્રીડામાં પ્રાપ્ત થયેલ સ્ત્રીઓનાં સંસારને ક્રીડા કરીને દૂર કરાવે છે. આ અધ્યાયની પૂર્વના અધ્યાયમાં જ્ઞાનનું નિરૂપણ કર્યું, આ નેવુંમા અધ્યાયમાં વૈરાગ્યનું નિરૂપણ કરે છે. આ ચરિત્ર અદ્દભુત છે તેથી એમાં પ્રણયલીલા કહેવામાં આવી છે. શ્રીકૃષ્ણ ભગવાન્ છે તેથી તેમને પોતાને તો વિષયમાં આસક્તિ થતી નથી જ પરન્તુ સ્ત્રીઓને વિષયમાં આસક્તિ થાય તેનું નિવારણ શ્લોક તેરમામાં ગતિ વગેરેથી કરવામાં આવે છે. આ ઉત્તરાર્ધના એકતાળીશમા અધ્યાયમાં શ્રીશુકદેવજી આનન્દપૂર્વક ભક્તના સુખમાટે પરમ ઉત્સવરૂપ લીલાને કહેછે(કા.)

**સુખં સ્વપુર્યાં નિવસન્ દ્વારકાયાં શ્રિયઃ પતિઃ ।।**
**સર્વ સમ્પત્સમૃદ્ધાયાં જુષ્ટાયાં વૃષ્ણિપુંગવૈઃ ।।૧।।**

**શ્રીશુકદેવજીએ કહ્યું :** પોતાની દ્વારકા નગરી જે સર્વ સમૃદ્ધિથી યુક્ત છે અને

શ્રેષ્ઠ વૃષ્ણિઓથી સેવાયેલ છે તેમાં લક્ષ્મીના પતિ સુખથી નિવાસ કરતા હતા ।।૧।।

એમાં ઉત્તમ વેશવાળી, નવ યૌવનની કાન્તિવાળી, વીજળીના સરખી તેજસ્વિની પોતાના ઘરમાં દડા વગેરે સાધનોથી ક્રીડા કરતી હતી ।।૨।।

મદઝર હાથીઓથી, અલંકારથી સજ્જ થયેલ યોદ્ધાઓથી, ઘોડાઓથી અને સોનાના ઉજ્જવલ રથોથી એ દ્વારકાના માર્ગો ખીચોખીચ ભીડવાળા રહેતા હતા ।।૩।।

જ્યાં જુઓ ત્યાં (પુષ્પપ્રધાન) બગીચા અને (ફલપ્રધાન) ઉપવનો લહરાઈ રહ્યાં હતાં. વૃક્ષોની અનેક હારો ફૂલોથી લચી રહેલી હતી. તેમના ઉપર બેસી ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હતા અને પક્ષીઓ કલરવ કરી રહ્યા હતા ।।૪।।

ભગવાન્ શ્રીકૃષ્ણ સોળ હજાર પત્નીઓના એકમાત્ર પ્રાણવલ્લભ હતા. તે પત્નીઓના અલગ-અલગ મહેલ પણ પરમ ઐશ્વર્યથી સમ્પન્ન હતા. જેટલી પત્નીઓ હતી તેટલાં જ અદ્ભુત રૂપ ધારણ કરી આપ તેમની સાથે વિહાર કરતા હતા ।।૫।।

બધી પત્નીઓના મહેલોમાં સુન્દર-સુન્દર સરોવરો હતાં. તેમનું નિર્મલ જલ ખીલેલાં ઉત્પલ, કલ્હાર, કુમુદ, અમ્ભોજ (નીલ, પીળાં, શ્વેત, લાલ) વગેરે જાત-જાતનાં કમલોના પરાગથી મહેકી રહ્યું હતું. તેમાં ઝુંડનાં ઝુંડ હંસ, સારસ વગેરે સુન્દર-સુન્દર પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં. ભગવાન્ શ્રીકૃષ્ણ તે જલાશયોમાં અને ક્યારેક-ક્યારેક નદીઓના જલમાં પ્રવેશ કરી પોતાની પત્નીઓની સાથે જલવિહાર કરતા હતા. મહોદય ભગવાનની સાથે વિહાર કરતી આપની પત્નીઓ જ્યારે આપને ભુજપાશમાં જકડી લેતાં, આલિંગન કરતી ત્યારે ભગવાનનાં શ્રીઅંગોમાં એમના વક્ષઃસ્થલનું કેસર લાગી જતું ।।૬-૭।।

તે વખતે ગન્ધર્વો આપના યશનું ગાન કરવા લાગતા અને સૂત, માગધ અને બન્દીજન આનન્દથી મૃદંગ ઢોલ નગારાં વીણા આદિ વાજાં વગાડવા લાગતા ।।૮।।

ભગવાનની પત્નીઓ ક્યારેક-ક્યારેક હસતાં-હસતાં પીચકારીઓથી આપને ભીંજવી દેતી. આપ પણ તેમને તરબોળ કરી દેતા. યક્ષરાજ કુબેર યક્ષિણીઓની સાથે વિહાર કરે તે પ્રમાણે ભગવાન્ પોતાની પત્નીઓ સાથે ક્રીડા કરતા. (યક્ષો પ્રણય કલહમાં પ્રવીણ હોય છે તેથી તે દૃષ્ટાન્ત આપ્યું છે) ।।૯।।

તે વખતે ભગવત્પત્નીઓનાં વસ્ત્રો ભીંજાઈ જવાથી તેમનાં વક્ષઃસ્થલ અને

જાંગ (સાથળ) આદિ અંગો તેમાંથી ઝળકવા લાગતાં. તેમની લાંબી-લાંબી વેણી અને અમ્બોડામાં ગૂંથેલાં ફૂલ ખરી પડતાં. તેઓ આપને ભીંજવતાં ભીંજાવતાં પીચકારી આંચકી લેવાને માટે આપની પાસે પહોંચી જતાં અને આજ બહાનાથી પોતાના પ્રિયતમનું આલિંગન કરી લેતાં. આપના સ્પર્શથી પત્નીઓના હૃદયમાં પ્રણયભાવનું પૂર આવતું જેથી તેમનાં મુખકમલ ખીલી ઊઠતાં. આવે પ્રસંગે એમની શોભા ઓર વધી જતી હતી ।।૧૦।।

તે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણની વનમાલા તે રાણીઓના વક્ષઃસ્થલ ઉપર લાગેલા કેસરના રંગથી રંગાઈ જતી. વિહારમાં અત્યન્ત મગ્ન થઈ જવાથી વાંકડિયા કેશ ઉન્મુક્ત ભાવથી લહેરાવા લાગતા. આપ રાણીઓને વારંવાર ભીંજાવી દેતા. અને રાણીઓ પણ આપને તરબોળ કરી દેતાં. જેવી રીતે હાથણીઓથી ઘેરાયેલ ગજરાજ તેમની સાથે ક્રીડા કરતો હોય તેવી રીતે આપ તેમની સાથે વિહાર કરતા ।।૧૧।।

ભગવાન્ શ્રીકૃષ્ણ અને આપની પત્નીઓ ક્રીડા કરી લીધા બાદ ક્રીડામાટે જ ખાસ સિદ્ધ કરાવેલા અને પહેરેલા અલંકારો અને વસ્ત્રો નટ, નર્તકી અને ગાવા બજાવવાની જ આજીવિકાવાળાંઓને આપી દેતાં. (ભવિષ્યમાં બીજી વાર પહેરવામાટે રાખી મૂકવામાં આવતાં નહિ.) ।।૧૨।।

હે પરીક્ષિત! ભગવાન્ આ જ પ્રમાણે તેમની સાથે વિહાર કરતા રહેતા. તેમની ગતિ, વાર્તાલાપ, દૃષ્ટિ, સ્મિત, હાસવિલાસ અને આલિંગન આદિથી રાણીઓની ચિત્તવૃત્તિ આપે જ હરી લીધી હતી. તેમને બીજી કોઈ વાતનું સ્મરણ જ ન રહેતું ।।૧૩।।

હે પરીક્ષિત! રાણીઓનું જીવન સર્વસ્વ એમના એકમાત્ર હૃદયેશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણ જ હતા. તેઓ કમલનયન શ્રીશ્યામસુન્દરના ચિન્તનમાં એટલા મગ્ન થઈ જતાં કે જેમ ઉન્મત્ત (પાગલ) ગન્ધર્વગૃહીત્ ગણાય છે તેમ આ ભગવદ્ગૃહીત્ હતા. (પાગલને લૌકિક ભૂતપ્રેતનો વળગાડ હોય તેમ આમને અલૌકિક હતો) ઉન્મત્તની જેમ અસંબદ્ધ વાતો કરતાં. જડ પદાર્થોમાં પણ ચેતન ધર્મોનું આરોપણ કરતાં. પ્રેમોન્માદમાં તેઓ જે કહેવા લાગતાં તે મારી પાસેથી સાવધાન થઈને સાંભળો ।।૧૪।।

(શ્રોતાઓનો પણ નિરોધ થાય તે માટે શ્રીશુકદેવજી, સગુણ (નવ) અને નિર્ગુણ (એક) એમ દશ પ્રકારના પ્રભુ પ્રત્યેના સ્નેહરૂપી કરણ (સાધન) થી મહારાણીઓએ દશ શ્લોકમાં વર્ણન કર્યું

છે તે પરીક્ષિતને કહે છે. આ મહિષીગીત છે.)

**મહિષીઓ બોલ્યાં** : અરે ટિટોડી! અત્યારે તો રાત ઘણી વીતી ગઈ છે. સંસારમાં સર્વત્ર સન્નાટો છવાઈ ગયો છે. જો, અત્યારે જેમનું જ્ઞાન છુપાતું નથી, પ્રગટ જ હોય છે તેવા ઈશ્વરે જગતમાં શયન કર્યું છે અને તને નીંદ નથી આવતી? તું આ પ્રમાણે રાતે જાગતી રહીને વિલાપ કેમ કરે છે? હે સખી! કમલનયન ભગવાનના મધુર હાસ્ય અને લીલા ભરી ઉદાર દૃષ્ટિથી અમારા હૃદયની જેમ તારું હૃદય પણ વીંધાઈ તો નથી ગયું ને? ।।૧૫।।

**વિશેષ** : ટિટોડી, ચક્રવાકી, સમુદ્ર, ચન્દ્ર, મલયનો પવન, મેઘ, કોયલ, ક્રીડા, પર્વત, નદી અને હંસ એમ દસ જણને ભગવાન્‌માં સ્નેહને લઈને સ્ત્રીઓએ સ્વભાવથી કહ્યું છે. આમાં મનવડે ભગવાનનું તિરોધાન ઉક્તિથી સ્પષ્ટ કહ્યું છે. વાચિક તિરોધાનમાં પણ રુક્મિણીજીને વાક્યો જ કહ્યાં છે. અહીં ભગવાન્ વિદ્યમાન છે. પટરાણીઓ સમ્ભોગની લાલસાવાળાં છે છતાં એમની દઢ આસક્તિનાં ખ્યાપક એમનાં વાક્યો છે. પોતાના ધર્મને અને પોતાના પ્રિયને કુરરી વગેરે સર્વમાં કલ્પીને બહાર પણ ભગવાનના વિયોગના ભાવને જોતી પટરાણીઓ પ્રલાપ કરે છે. એ વાત અહીં કહે છે. અહીં ચકવી વગેરે કોઈ મહિષીની પાસે નથી છતાં વિપ્રયોગવશાત્ ઉન્મત્ત દશામાં તેઓ બોલે છે તેથી અસમ્બદ્ધ વાક્યો છે.

**શ્રીસુબોધિનીજી** : શ્રીભાગવત૧૦।૨૯।૪૮। માં **"તતશ્ચાન્તર્દધે કૃષ્ણઃ"** "પછી કૃષ્ણ અન્તર્ધાન થઈ ગયા" ભગવાનનું કાયિક અન્તર્ધાન કહેલ છે તેમ અહીં માનસ અન્તર્ધાન છે. ઘરનાં કામકાજ, નિદ્રા વગેરે અન્ય આસક્તિના પદાર્થોને દૂર કરવા બધામાં પોતાના વિયોગને લીધે થતા વિલાપ વગેરેની તથા પોતાના પ્રિયની પણ કલ્પના કરીને ગાન કરેલું છે.

ભગવાને શયન કરવાની લીલાનો આરમ્ભ કર્યો ત્યારે પ્રથમ બહાર ટિટોડીનો સ્વભાવાવિક વિલાપ સાંભળીને રાજસ-રાજસ મહારાણીઓને ટિટોડીના વિલાપથી ભગવાન્ જાગી જશે એવો ભય લાગતાં, પ્રભુ જાગે તો ફરી વિહારાદિ લીલા થઈ શકે એમ હોવા છતાં તે ઇચ્છાનો ત્યાગ કરી, ભગવાન્‌માં તેમનો ઘણો સ્નેહ હોવાથી આપની નિદ્રામાં ભંગ ન પડે એટલામાટે તેઓ ટિટોડીને વિલાપ કરતાં અટકાવવાની પ્રવૃત્તિ કરતાં દુઃખિણી ટિટોડીને જોઈ તેને આશ્વાસન આપવા સમ્બોધન કરે છે હે ટિટોડી! વગેરે.

ભગવાન્ સિવાય સમગ્ર જગત્ સ્ત્રીરૂપ જ છે અને તેથી સમસ્ત સ્ત્રીઓના ભર્તા એકલા ભગવાન્ જ છે એમ તેઓ માને છે તેથી જે કોઈ દુઃખિયું હોય તેના દુઃખનું કારણ ભગવાનનો

વિરહ જ છે, કારણ કે બીજું દુઃખ ભગવાન્ જ દૂર કરી દે છે તેથી આ ટિટોડી પણ સ્ત્રી ભગવાનના વિરહથી દુઃખી થયેલી અને ભગવાને સમાગમમાટે લાવીને કટાક્ષરૂપી બાણોથી તેના મનનું ભગવાને હરણ કરી તેને જ હરી લીધી હતી તેથી વિલાપ કરે છે એવો નિશ્ચય કરીને તેને કહે છે કે હે ટિટોડી! તું વિલાપ કરે છે તે અમે જાણ્યું. તેમ કરવું અયોગ્ય હોવાથી અમે તને અટકાવવા આવ્યા છીએ. તું શા માટે વિલાપ કરે છે? તું અને અમે સમદુઃખી છીએ. ઊંઘ ન આવતી હોય તો પણ તું આડે પડખે થઈ પડી કેમ નથી રહેતી?

**(કારિકાર્થ)** જ્યારે દેહમાં ઘણી ચિન્તા હોય અથવા ધાતુમાં વિષમતા હોય ત્યારે, ખાસ કરીને ભય વગેરેને લીધે ઊંઘ આવતી હોતી નથી. મોટી ચિન્તા એ છે કે મહા મુશ્કેલીએ પ્રસન્ન થાય તેવા ભગવાન્ કેમ વશ થશે? (તેથી ઊંઘ હરામ થઈ ગઈ છે.) અમને પણ ઊંઘ આવતી નથી અને અમે સૂઈ પણ શકતાં નથી. ''મારી વેદના તમે ભગવાનને જણાવો'' એમ ટિટોડી કહે તો કહે છે કે ''ઈશ્વરે શયન કરેલું છે'' ''પરબ્રહ્મ ભગવાનને તો નિદ્રા ન હોય તે કેમ ઊંઘે?'' એવી શંકા થાય તેથી 'જગતમાં'શબ્દ વાપર્યો જગતમાં સર્વત્ર ભગવાન્ જ પોઢે છે, કારણ કે બીજો કોઈ નિદ્રાનું સુખ ભોગવનાર નથી. અથવા બધાં પ્રાણીઓને સુખ થાય તે માટે (ભગવાન્ જગતમાં સર્વ સ્થળે પોઢે છે) એટલે **'જગતિ'**જગતના નિમિત્તથી નિદ્રાનો વિસ્તાર કરે છે. ''ત્યારે લોકોને માટે ભગવાને સ્વીકારેલી તેમની નિદ્રાથી તેમને પોતાને પણ મોહ થતો હશે'' એવી શંકા થાય તેથી ''જેમનું જ્ઞાન છુપાતું નથી તેવા **અગુપ્તબોધઃ**'' એ વિશેષણ યોજેલું છે. ભગવાન્ પોઢી રહ્યા હોય ત્યારે પણ આપનું જ્ઞાન છુપાતું નથી. ''ત્યારે તેમને મારું દુઃખ કેમ જણાવતા નથી?'' એવી શંકા થાય તેથી 'ઈશ્વર'શબ્દ યોજેલો છે. લીલામાટે પણ ઈશ્વર પોઢેલા હોય ત્યારે આપને જગાડી શકાય નહિ. તેથી અમારી સાથે પતિ સમ્બન્ધી વાત-ચીતથી તારું દુઃખ દૂર કર એમ ઉત્તરાર્ધથી કહે છે. 'હે સખી!'એટલે સમદુઃખિણી. **''ગાઢ-નિર્ભિન્નચેતાઃ** ઘણા જ ઘવાયેલા ચિત્તવાળી'' શબ્દથી મોટા દુઃખનું કારણ પણ મોટું હશે એમ કલ્પેલું છે, કારણ કે પીડા કામથી જ થાય છે. કામનું નામ પુષ્પધન્વા છે. તેનું ધનુષ પુષ્પનું બનેલું હોય છે તેથી ભગવાનના નેત્રને પણ કમલરૂપ કહેલું છે. વણખીલ્યાં પુષ્પથી શું થાય? એ શંકા થાય તેથી **''નલિન નયન હાસ''** ''કમલ જેવા નયનમાં જે હાસ્યવાળા'' છે એમ કહેલું છે. ''હૃદય વીંધાયા વિના વ્યથા થતી નથી'' એવી શંકા થાય તેથી **''ઈક્ષણેન**–દષ્ટિથી''શબ્દ યોજેલ છે. તીક્ષ્ણ બાણને સ્થાને દષ્ટિ છે. ''છતાં પણ ભગવાન્ દયાળુ હોવાથી હણશે નહિ'' એવી શંકા થાય તેથી **'ઉદાર'**=**ઉત્**ઊંચી છે આરાઃ અણીઓ જેની અથવા **''ઉદ્‌ગતાઃ ઊર્ધ્વભૂતાઃ પ્રબલાઃ કટાક્ષૈઃ પીડાજનકાઃ દારાઃ**

**યસ્ય''** ''ઊંચી થયેલ છે, પ્રબલ છે, કટાક્ષોથી પીડા કરનાર છે દારા જેનાં'' એવા ભગવાન્ છે. પોતે પીડાતાં હોવાથી બીજાને પણ પીડશે. દષ્ટિને લીલાવાળી દષ્ટિ કહી છે, રમતમાં જે આસક્ત હોય તે કોઈના પણ સુખનો વિચાર કરતા નથી હોતા. તેથી ''ઘણો જ ઊંડો ઘા થયેલો હોય તેવા ચિત્તવાળી'' કહેવું છે.

**(કારિકાર્થ)** જ્ઞાનશક્તિ (દષ્ટિ), ક્રિયાશક્તિ (લીલા), ભક્તિયોગ (ઉદારતા કારણ કે મુખ્ય ભક્તિ ઉદાર જ હોય છે), માયા (હાસ્ય) વૈભવનો સમય (કમલનાં જેવા નયનો કહ્યાં તેથી સૂચવેલો કમલમાંથી ઝરતા મકરન્દના સ્થાને રહેલા જાત-જાતના સંકેત સૂચવનારો કાલ)- હરિના સમ્બન્ધવાળી આ પાંચ વસ્તુઓ જેના હૃદયમાં સદા બિરાજે છે તે ભક્ત પોતાના ભક્તોની અન્દર દુઃખી (અનિર્વૃત) કહેવાય છે ।।૧૫।।

રાજસ સાત્વિક મહારાણીઓ પહેલાંની જેમ ચક્રવાકને ખેદ કરતા અટકાવવા પ્રવૃત્ત થઈ કહે છે :

અરે ચકવી! તેં રાતે પણ પોતાનાં નેત્રો બંધ કર્યાં નથી. તારા પતિને જોતી નથી માટે નેત્રો બન્ધ કરતી નથી અને કરુણ ક્રન્દન કર્યા કરે છે? કે પછી અમારી જેમ દાસી બનેલી તું અચ્યુત શ્રીકૃષ્ણના ચરણમાં ધરાવેલી પ્રસાદી માલાને અમ્બોડામાં ધારણ કરવા ઇચ્છે છે? ।।૧૬।।

**શ્રીસુબોધિનીજી** : ચકવા-ચકવીનું એક જોડું મહારાણીઓને રમવામાટે રાખેલું એમ માનીને તેમને જોવા એક ચકવી આવી. પોતાની પાસે આવેલી જોઈને તે પણ રડે છે એમ વિચારીને તેનું પણ દુઃખ દૂર કરવા મહારાણીઓ દુઃખનું વર્ણન કરે છે. ઊંઘ ન આવતી હોય તો પણ નેત્રો મીંચીને પડ્યું રહેવાય. તું (ચકવી) તે પણ કરતી નથી. ''કેમ આંખો બંધ નથી કરી દેતી?'' એવો પ્રશ્ન છે. **''નક્તમ્ રાત્રે''** શબ્દથી એમ કહેલું છે કે નેત્રો બંધ કરવાનો જ આ સમય છે. તન્દુરસ્ત પ્રાણી નેત્રો બંધ કરે છે. ''મારાં પતિ ક્યાં છે એની તપાસ કરવા નેત્રો બંધ નથી કરતી અને કરુણ ક્રન્દન કરે છે'' જ્યાં ચકવી આવેલી માનેલી તેની પાસે ચકવો આવ્યો એવી ભાવના કરે છે. આમ હોવાથી પતિ પાસે હોવા છતાં રડે છે તેથી તેની ઇચ્છા પ્રસાદી માલા મસ્તક ઉપર ધારણ કરવાની છે એનો ભાવ છે. જેમ આખો દિવસ સેવા કરી અન્તે એમને ફલની ઇચ્છા થઈ તેમ આ પણ સેવાનું ફલ ઇચ્છે છે અને તે ફલ પ્રસાદરૂપ છે. ભગવાન્ જો પોતાના ચરણમાં સમર્પેલી માલા આપે તો પ્રસાદ મળ્યો ગણાય. ભગવાન્ પ્રસાદી માલા આપે ત્યારે ભગવાને મારી સેવાનો સ્વીકાર કર્યો છે એવો નિશ્ચય કરીને ભક્ત તે ભક્તિરૂપ માલાને માથે ચડાવી કૃતાર્થ થાય છે. આ ચકવીને તેવો પ્રસાદ મળેલ નથી તેથી તે

પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ખેદ કરે છે એમ અમારી જેમ તું અચ્યુતના ચરણમાં રહેલી માલાને અમ્બોડામાં ધારણ કરવા ઇચ્છે છે?'' એ શબ્દોથી કહે છે. અમ્બોડો વગેરે તો મહારાણીને હોય, ચકવાકીને ન હોય એટલે તે પ્રસાદી માલા માથે ચડાવવા માગે છે ।।૧૬।।

રાજસ-તામસ મહારાણીઓ તો સમુદ્રનો ઘુઘવાટ સાંભળીને તેને પણ સમ્બોધન કરે છેઃ

અરે ઓ સમુદ્ર! તું નિરન્તર ઘૂઘવ્યા જ કરે છે તે તને નીન્દ નથી આવતી શું? લાગે છે કે તને અનિદ્રાનો રોગ લાગુ પડ્યો છે. પરન્તુ ના, ના, અમે સમજી ગયાં; અમારા પ્યારા શ્યામસુન્દરે જેવી રીતે અમારા દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને અન્તઃકરણ હરી લીધાં છે તેવી રીતે તારાં ધૈર્ય, ગામ્ભીર્ય વગેરે સ્વાભાવિક ગુણો પણ હરી લીધા છે. શું તેથી જ અમારી માફક જ એવી વ્યાધિનો શિકાર તું પણ થઈ ગયો છે જેની કોઈ દવા જ નથી ।।૧૭।।

**શ્રીસુબોધિનીજી : સમુદ્ર સાંભળે તે માટે ''ભો ભોઃ** અરે ઓ'' એમ બે વાર કહેલું છે. સ્તન્ ધાતુનો અર્થ ''અવાજ કરવો, ઘૂઘવવું'' થાય છે. નિષ્ટનસે એટલે નિરન્તર ઘૂઘવતો રહે છે એવો થાય છે, આથી જણાય છે કે તું પણ રાતે સૂતો નથી. તે ન સૂવાનું કારણ **'ઉદન્વન્ સમુદ્ર'**શબ્દથી કહેલું છે. જે જલવાળો હોય તે ઠંડીથી પીડાયેલો હોય. તેથી જ તને કોઈ પણ રીતે ઊંઘ આવતી નથી, ઉલટું ઘણો જ ઉજાગરો થાય છે કારણ કે જ્યાં જલ હોય છે ત્યાં લક્ષ્મીજીનું ઉત્તમ રમણ થતું નથી તેથી તેની અન્દર ત્યાં ઇન્દ્ર અને ઇન્દ્રાણી ભોગ કરતા નથી. તેથી નિદ્રાનું *પ્રયોજન નહિ હોવાથી તેને ઉજાગરો જ થાય છે, પરન્તુ તેને નિદ્રા આવતી નથી. ''છતાં પણ રાડારાડ કરવાનું શું પ્રયોજન?''

**વિશેષ** : શ્રુતિમાં ઉપાખ્યાન આવે છે કે ''જમણી આંખમાં ઇન્દ્ર રહે છે અને ડાબી આંખમાં ઇન્દ્રાણી રહે છે, ઊંઘતા હોઈએ ત્યારે તેઓ પરસ્પર ભોગ કરે છે. તેથી તેઓ ભોગ કરે તે માટે ઊંઘ છે'' તેથી જલવાળા પ્રદેશમાં લક્ષ્મીજીનું રમણ થતું નહિ હોવાથી, પ્રદેશ (સમુદ્ર) ઉત્તમ નહિ હોવાથી તેમનો (ઇન્દ્ર અને ઇન્દ્રાણિનો) ભોગ તેમાં થતો નથી તેથી અહીં તેમનો ભોગ થાય તે પ્રયોજનથી નિદ્રા થાય નહિ તેથી સમુદ્રને ઊંઘ આવતી નથી અને ઊંઘનું ફલ તેમનો ભોગ પણ થતો નથી એવો અર્થ છે. તેથી તેમનો ભોગ ન થાય એ જ ઉજાગરો એવો અર્થ છે. (લેખ) વિદ્વાનોનું માનવું છે કેઅહીં ઇન્દ્ર અને ઇન્દ્રાણી અનુક્રમે નારાયણ અને લક્ષ્મીજી ના અર્થમાં યોજાયા છે.

દ્રએવી શંકા થાય તેથી ઉત્તરાર્ધ કહે છે. જેમ ભગવાન્ અમારા હૃદયમાં શયન કરે છે તેમ પહેલાં એ પ્રમાણે સમુદ્રમાં પણ શેષરૂપી શય્યા ઉપર શયન કરતા હતા. ત્યાં (સમુદ્રમાં) થી

હમણાં અહીં અવતાર લઈ બિરાજેલા છે તે જ પ્રમાણે અમારા હૃદયમાંથી પણ તિરોહિત થયેલા છે. તેથી જ (પોતાનું) સર્વસ્વ જાય ત્યારે ચીસો પાડવી યોગ્ય જ છે. 'મુકુન્દ' એટલે મોક્ષ આપનારાએ હરી લીધેલું છે મહારાણીઓની પેઠે **લાંછનમ્** ચિહ્ન જેનું તેવો સમુદ્ર છે. તેથી તેને મોક્ષ પણ મળ્યો નથી અને સંસાર પણ રહ્યો નથી તેથી (મોક્ષ અને સંસાર) બન્નેથી તું ભ્રષ્ટ થયેલો હોવાથી અમારી જે હાલત થઈ છે એ હાલત તારી પણ થઈ છે. એ પ્રમાણે સમુદ્રના દુઃખનું વર્ણન કરી, **''ન દુઃખં પંચભિઃ સહ** પાંચની સાથે રહેવાથી દુઃખ (લાગતું) નથી'' એ નિયમ પ્રમાણે તે દૂર કરેલું છે. **''દૂરત્યયામ્**-જેનો કોઈ ઈલાજ કે દવા નથી તેવી'' એ વિશેષણથી બીજા પ્રકારે પણ દુઃખ હરે છે. આ દશા અમારી જેમ તારી પણ સદાકાળમાટે થયેલી છે તેથી આ દશાનો કોઈ ઉપાય ન હોવાથી દુઃખ ગણકારવું ન જોઈએ એવો ભાવ છે ।।૧૭।।

તામસ-તામસી મહારાણીઓ તો કાલને શાપ આપતાં, રાત જો પૂરી થાય તો અમારું દુઃખ મટે એવો નિશ્ચય કરી, ચન્દ્રનો અસ્ત થાય ત્યારે સવાર થાય તેથી ચન્દ્રની ગતિ ઉપર મીટ માંડી જ્યોતિઓની ગતિ દેખી શકાય તેવી ન હોવાથી (ચન્દ્ર) ધીમે-ધીમે ચાલે છે અથવા ચાલતો નથી એવો નિર્ણય કરી અતિ કામને લીધે અન્ધ જેવા થઈ ગયાં. બહાર અન્ધારું ઘોર જોઈને તેઓ નીચેનો શ્લોક કહે છે :

હે ચન્દ્રદેવ! તમને બહુ ભારે ક્ષયરોગ લાગુ પડી ગયો છે. તેથી જ તમે આટલા ક્ષીણ થઈ રહ્યા છો. જેથી હવે તમે પોતાનાં કિરણોથી અન્ધારું પણ હટાવી શકતા નથી તે ઘણું આશ્ચર્યકારક છે. અમારા પ્યારા શ્યામસુન્દરની મીઠી-મીઠી વાણી ભૂલી જવાથી તમારી વાચા બંધ થઈ ગઈ છે? શું તેની જ ચિન્તાથી તમે મૌન થઈ રહ્યા છો? અમને તો તમે તેવા લાગો છો ।।૧૮।।

**શ્રીસુબોધિનીજી : 'યક્ષ્મા'**એટલે ક્ષય રોગ. તે પણ બલવાન્ (ગમ્ભીર) અને દક્ષ પ્રજાપતિના શાપથી થયેલો છે. તેથી જ તમને તે લાગુ પડ્યો છે અને તેથી ચાલતા નથી એ બરાબર છે. (પણ) ''પોતાનાં કિરણોથી અન્ધકાર દૂર કરતા નથી'' તે ઘણું આશ્ચર્યકારક છે. આ વિષયમાં અમારો અનુભવ જ પ્રમાણ છે. એ પ્રમાણે ચન્દ્રનો દોષ કહી, ઘણું કરીને આનો આ દોષ સ્વાભાવિક નથી એવો નિશ્ચય કરી, ઉત્તરાર્ધથી બન્ને બાબત (ચન્દ્ર ઝડપથી ચાલી શકતો નથી અને અન્ધકારનો નાશ કરતો નથી) નાં કારણની કલ્પના કરે છે. મુકુન્દ મોક્ષ આપવામાટે કેટલાંક વાક્યો બોલેલા તે (વાક્યો) ને દુર્લભ માની, ભૂલી જઈ, પછી ઘણી જ ચિન્તાને લીધે તમારી વાણી બન્ધ થઈ ગઈ. (વાણી વિરામ પામી) તમારા મુખમાંથી વાક્ય

પણ નીકળતું નથી. ચન્દ્રમાનું વાક્ય જ ***'ગો'** હોવાથી કિરણરૂપ છે અને ઇન્દ્રિય હોવાથી ચરણરૂપ છે. તે ન હોવાથી (અટકી પડવાથી) ઝડપથી જવાનું અને અન્ધકારનો નાશ કરવાનું બન્ને તમારાથી થતાં નથી. 'ભો હે' એવું સમ્બોધન ''અમે જે કહીએ છીએ તેમ થયેલ છે કે નહિ?'' એવો પ્રશ્ન પૂછવા કરેલું છે. ''તમે (મહારાણીઓએ) તે કેમ જાણ્યું?'' એવી શંકા થાય તેથી **''ઉપલક્ષ્યસે નઃ।** અમને તમે તેવા જણાઓ છો'' એમ કહેલું છે ।।૧૮।।

**વિશેષ : 'ગો'** એટલે ૧. વાણી ૨. કિરણ ૩. ઇન્દ્રિય. ચન્દ્રની વાણી અટકી ગઈ છે તેથી તેના મુખમાંથી વાક્ય નીકળતું નથી. અહીં ગિર્ શબ્દ વાણીના અર્થવાળો યોજેલો છે. તેથી ચન્દ્રનું વાક્ય જ ગો હોવાથી કિરણરૂપ છે અને ઇન્દ્રિયરૂપ પણ છે. કિરણ અટકી પડ્યાં તેથી અન્ધકારનો નાશ થતો નથી. ઇન્દ્રિય એટલે ચરણ અટકી પડ્યાં તેથી ઝડપથી ચાલતા નથી.

તામસ રાજસી મહારાણીઓ કામથી પીડિત હોવાથી, નીચેના શ્લોકમાં મલયપર્વતના વાયુને ઠપકો (ગાળો) આપે છે :

હે મલયાનિલ! (મલય પર્વતના વાયુ)! અમે તારું શું અપ્રિય કર્યું (બગાડ્યું) છે કે જેથી તું અમારા હૃદયમાં કામનો સંચાર કરે છે? અરે તું જાણતો નથી શું? ભગવાનના કટાક્ષથી અમારું હૃદય તો પહેલેથી જ વીંધાઈ ચૂક્યું છે ।।૧૯।।

**શ્રીસુબોધિનીજી :** હે મલયાનિલ! અમે તે તારું શું અપ્રિય કર્યું છે? શીતલ મલયના વાયુનું અપ્રિય (તેને) ઉષ્ણ બનાવનારું કાર્ય છે. જ્યારે અમે ભગવાન્ સાથે રહેતાં હતાં ત્યારે અમારાં હૃદય ઉપર લગાડેલાં ચન્દન વગેરેથી અમે તને ઘણો શીતલ બનાવેલો. એ પ્રમાણે ઉપકાર કરનારા ઉપર તું અપકાર કેમ કરે છે? ''શું અપકાર કર્યો?'' એવી શંકા થાય તેથી કહે છે કે ગોવિન્દના કટાક્ષનું સ્મરણ થતાં જ વીન્ધાઈ ગયેલાં હૃદયમાં તું કામનો સંચાર કરે છે. જેમ વૃક્ષના પોલાણમાં કોઈ અગ્નિ મૂકે કે જેથી આખુંય વૃક્ષ લીલુંછમ હોવા છતાં બળી જાય તેમ તું અમને તાપ ઉપજાવે છે એવો અર્થ છે. ગોકુલ પધારેલા ભગવાનની લીલાનું સ્મરણ થઈ આવ્યું અને તેથી જ ઘણું દુઃખ થયું એમ 'ગોવિન્દ' શબ્દથી સૂચવેલું છે. પરન્તુ જો હમણાં અમે તપ્ત (દુઃખી) છીએ તેથી તારો અમારા ઉપર રોષ હોય તો પણ (તું) મલયાનિલ સર્પાદિએ ગળેલો આવે છે તેવાના ઉપર કોણ અપકાર કરી શકે? ।।૧૯।।

તામસ સાત્વિક મહારાણીઓ તો મેઘને ભગવાનના જેવો જોઈને મેઘે ચન્દ્રને ઢાંકી દીધેલ હોવાથી થોડીવાર જાણે કે ઠંડક પ્રાપ્ત કરી હોય તેમ નીચેના શ્લોકમાં તેની પ્રશંસા કરી, પછી પોતાના ગુણોનો તેમાં આરોપ કરીને તે પણ દુઃખી છે એવી કલ્પના કરી, પોતાના સમાનપણાને લીધે તેનું દુઃખ દૂર કરે છેઃ

હે શ્રીમાન્ મેઘ! તમારા શરીરનું સૌન્દર્ય તો શ્યામસુન્દરના જેવું જ છે. અવશ્ય તમે યદુવંશશિરોમણિ ભગવાનના પરમ પ્યારા છો ત્યારે તો તમે અમારી જેમ પ્રેમપાશમાં બંધાઈ એનું ધ્યાન કરી રહ્યા છો. તમારું હૃદય શબ્દના બળવાળું એટલે લૌકિક કાર્યમાં નિન્દનીય થયેલું છે. તેમને માટે તમે અત્યન્ત આતુર થઈ રહ્યા છો. ત્યારે તો વારંવાર તેને યાદ કરી-કરી અમારી માફક જ આંસુઓની ધારાઓ વહાવી રહ્યા છો. હે શ્યામઘન! ખરેખર ઘનશ્યામની સાથે સમ્બન્ધ બાંધવો એ ઘેર બેઠાં આફતને આમન્ત્રણ આપવા બરાબર છે ।।૨૦।।

**શ્રીસુબોધિનીજી** : મેઘને **શ્રીમાન્** વિશેષણ એટલામાટે આપવામાં આવ્યું છે કે તે વિદ્યુત વગેરેથી શોભાવાળો છે. એ પ્રમાણે મેઘનો આદર કરે છે. તું ભગવાનનો પ્રિય છે. કેમકે તું વર્ણ (રંગ) માં ભગવાનના શ્યામ વર્ણ (રંગ) વાળો છે. તેમની માફક વસ્ત્રો પણ પીળા છે. તથા પ્રાણીઓને જીવન પણ આપે છે અને તેમના તાપને પણ મટાડે છે. આ કાર્યોને લીધે તું ભગવાનને પ્રિય છે. ''ત્યારે તો હું સુખી છું. જેથી તેમને હું સુખી કરીશ'' જો મેઘ આ પ્રમાણે કહે તો આથી કહે છે કે તું સુખી નથી. કારણ કે તું પણ અમારી માફક શ્રીવત્સ ચિહ્નવાળા (ભગવાન્) નું માત્ર ધ્યાન કરી રહ્યો છે. તને પણ તેમનાં દર્શન થતાં નથી કારણ કે આ સમયે ભગવાન્ સૂઈ રહ્યા છે. મિત્ર હોય તે મિત્રના ભાવોને જાણે છે. ભગવાનનાં દર્શન થાય તો અથવા મળે તો પણ આનન્દ થાય છે. તે પણ સુખથી સૂઈ રહ્યા છે. આથી મિત્ર (ભગવાન્) ની સુખી અવસ્થા જોઈને મિત્ર મેઘ સુખી થાય છે. કોઈ વખતે દુઃખ કરતો નથી. આ પ્રકારની શંકા થાય તેથી કહે છે કે ભગવાન્ શ્રીવત્સના ચિહ્નવાળા છે. બ્રાહ્મણ તેમનું અતિક્રમણ કરે છે. તેની ચિન્તાથી દુઃખ થાય છે એવો અર્થ છે. લક્ષ્મીજી શ્રીવત્સમાં રહે છે પરન્તુ અત્યારે તો તે લક્ષ્મીજી ભગવાન્ પાસે છે. જેથી ભગવાન્ લક્ષ્મીજીની સાથે હોવાથી અમને ધ્યાનમાં પણ લેતા નથી આથી અમને દુઃખ છે. જેમ બ્રાહ્મણ લક્ષ્મીજીના અતિક્રમથી ભગવાનનું અપમાન કરે છે. જેની ચિન્તાથી મેઘને દુઃખ થાય છે. એક જ શ્રીવત્સ બન્નેના દુઃખમાં કારણ છે. આટલામાટે કહ્યું છે કે ''**વયમિવ**-અમારી માફક'' જો કહો કે દુઃખને ભૂલી જાવ તો આ વાત પર કહ્યું છે કે ''**પ્રેમ બદ્ધઃ** જેના અન્તઃકરણને પ્રેમરૂપી દોરડાથી બાંધી રાખે છે તેને ભૂલી શકાતું નથી'' હું તો સુખી છું. મારામાં તમને દુઃખના ક્યા ધર્મો દેખાયા છે? આ પ્રકારની આકાંક્ષા થાય તો કહે છે કે પાંચ પ્રકારનો ક્લેશ (દુઃખ) તારા (મેઘ) માં અમને દેખાય છે. ૧. ભગવાનનાં દર્શનની ઉત્કંઠા, આ પહેલો માનસ ક્લેશ છે. ૨. ઘણા જોરથી મેઘનાદ-અવાજ (ગર્જના) કરવાના કારણે લોકમાં નિન્દાને પાત્ર થયો છે. જે બીજો ક્લેશ છે. તેથી થતી ગર્જના

રોકી દે. ૩. આથી તું અમારા જેવો ધૂસર (ધૂલના જેવા રંગવાળો), ગતિ રહિત અને નિસ્તેજ થઈ ગયો છે. મહારાણીઓ આકાશમાં રહેલા મેઘને જોઈને આ વચન કહી રહ્યાં છે. ૪. આ બધા દુઃખોનું નિયામક દુઃખને કહે છે કે તું થોડી-થોડી વારે આંસુઓની વર્ષા કરી રહ્યો છે. ૫. બહુ દુઃખ થાય છે. તું વારંવાર પ્રિયનું સ્મરણ કરે છે કારણ કે વારંવાર સ્મરણ કરવાથી દુઃખ થવાથી આ પ્રમાણે થોડી-થોડીક વારે આંસુ વહાવે છે. (વર્ષા કરે છે)

જો મેઘ કહે કે મેં ક્યો અપરાધ કર્યો છે? જેથી મને આટલું દુઃખ આપે છે? જેનો ઉત્તર આપે છે કે **'દુઃખદસ્તત્પ્રસંગઃ'** તેમનો પ્રસંગ (સમ્બન્ધ) માત્ર જ બધા દુઃખનું કારણ છે તો વિશેષ સંગ તો દુઃખદાયી હોય જ, જો ન થતો હોત તો અમે મહારાણીઓએ એવો ક્યો અપરાધ કર્યો છે? જગતમાં કોઈ એવું જોવામાં આવતું નથી કે જેણે ભગવાન્ સાથે પ્રેમ કરીને ક્ષણ માત્ર પણ સુખ મેળવ્યું હોય! આ દોષ તો ભગવાન્ સાથે સમ્બન્ધ જોડ્યા પછી જાણવામાં આવે છે. જેમણે આનો અનુભવ કર્યો નથી તેમને માટે આ દોષ બાધક નથી. તેથી જે અનુભવી નથી તે ભગવાન્ સાથે પ્રેમ કરવા ચાહે છે ।।૨૦।।

સાત્વિક સાત્વિક મહારાણીઓ નીચે પ્રમાણે વિચાર કરે છે :

હે કોયલ! તારું ગળું અત્યન્ત સુરીલું તેમ જ ઊંચું છે. મીઠી બોલી બોલનાર અમારા પ્રાણપ્રિયની જેમ જ તું મધુર સ્વરથી બોલે છે, ખરેખર તારી બોલીમાં અમૃત ઘોળેલું છે, જે પ્રીતમના વિરહથી મરી રહેલા પ્રેમીઓને જીવાડનારું છે. તું જ બતાવ, અત્યારે અમે તારું શું પ્રિય કરીએ? ।।૨૧।।

**શ્રીસુબોધિનીજી** : પછી કોયલનો અવાજ સાંભળી, ભગવાન્ અમને બોલાવે છે એમ થોડી વાર પરમ આનન્દનો અનુભવ કરી, આવું સુખ અમને કોયલ ની વાણીથી થયું એમ વિચારી તેની પ્રશંસા કરે છે. **'પ્રિયરાવ'** એટલે પ્રિયના અવાજ જેવો છે અવાજ જેનો તેવી, હે પ્રિયના જેવા અવાજવાળી! એમ કહે છે. કોયલને ભગવાનનો સમ્બન્ધ છે તેથી તારી (કોયલની) સાથે વાત-ચીત કરવામાં પણ કાંઈ પણ દોષ નથી. ''એ ભગવાનનું જ વાક્ય નથી પણ કોયલનું છે એમ શાથી જાણ્યું?'' એવો વિચાર થાય તેથી **''પદાનિ ભાષસે''** શબ્દો બોલે છે'' એમ કહેલું છે. તે બોલે છે તેનાં વાક્યનો અર્થ જાણતો નથી. તેથી તે બોલે છે તે વાક્ય નથી પણ ભગવાને કહેલા શબ્દોનું તે સ્મરણ કરાવે છે. તેથી સમાનતાને લીધે કોયલની વાણી શબ્દ છે. ''ત્યારે આવી શબ્દવાળી વાણીનો શું ઉપયોગ?'' એવી શંકા થાય તેથી ''મરેલાને જીવાડનારી આ વાણીથી'' એ શબ્દો યોજેલા છે. પહેલાં ભગવાનના વિરહને લીધે અમે લગભગ મરેલાં જ હતાં. જો એક ક્ષણ પણ કોયલનો ટહુકો સાંભળ્યો ન હોત તો મરી જ

ગયાં હોત તેવો અર્થ છે. આ વાણી મરેલાને જીવાડનારી છે. આ વાણીથી તને ઓળખી કાઢી. તારું અમે શું પ્રિય કરીએ? એક મહારાણી વધારામાં કહે છે, 'મને કહે'મારી પાસે આવી એકાન્તમાં કહે. હું તને ખીર ખવડાવીશ એવો ભાવ છે. પરન્તુ આવી મીઠી વાણી વારંવાર બોલતી રહેજે એવા અભિપ્રાયથી ''હે વલ્ગિત કંઠવાળી'' એવું સમ્બોધન કરેલું છે. ઊંચો છે સ્વર (કંઠ) જેનો એવી તું છે. તું શબ્દો બોલવા પ્રયત્ન કરે છે પણ બોલતી નથી એમ કહેવા આ સમ્બોધન કરેલું છે. 'હે કોયલ!' એ સંબોધન તે મુખ્યત્વે શબ્દ બોલનારી છે એમ જણાવવા કરેલુંછે ।।૨૧।।

સાત્વિક-રાજસ મહારાણીઓએ નીચે પ્રમાણેકહ્યું :

હે ઉદાર બુદ્ધિવાળા પર્વત! તેં જ પૃથ્વીને પણ ધારણ કરી રાખી છે. તું નથી તો હાલતો ચાલતો કે નથી કંઈ બોલતો ચાલતો. એવું જણાય છે કે તું કોઈ મહાન ગમ્ભીર વિષયનું ચિન્તન કરી રહ્યો છે. ઠીક છે, ઠીક છે. અમે સમજી ગયાં કે તું પણ અમારી જ માફક પોતાના સ્તનો સમાન ઘણાં શિખરો ઉપર, ભગવાન્ શ્યામસુન્દરના ચરણ કમલને ધારણ કરવાનો મનોરથ સેવે છે ।।૨૨।।

**શ્રીસુબોધિનીજી** : આ પર્વત પણ ભગવાનના ચરણારવિન્દને ધારણ કરતો હોવાથી ભક્ત છે એવો નિર્ણય આ શ્લોકમાં કરવામાં આવે છે. તેવો ભક્ત પણ ભગવાનના નામનો ઉચ્ચાર કરતો નથી તેથી તેનું કારણ પૂછે છે અને તે ભ્રાન્ત નથી જ એમ ''**ઉદારબુદ્ધે**-હે ઉદાર બુદ્ધિવાળા!'' એ સમ્બોધનથી કહે છે. પર્વતની બુદ્ધિ ઉદાર છે. તેની બુદ્ધિ આ પ્રમાણે વિચાર કરે છેઃ''ભગવાનના નામનો ઉચ્ચાર કરવાથી શું? જેને ભગવાનનો માત્ર આશ્રય છે તે સર્વ કૃતાર્થ થશે. તેવો ઉપાય કરવો જોઈએ કે જેથી સમગ્ર વિશ્વ જ કૃતાર્થ થઈ જાય'' તેથી ''બધાને પુરુષાર્થો પ્રાપ્ત થાઓ'' એવી તેની ઉદાર બુદ્ધિ છે. તેથી જ ''તું મહાન વિષયનું ચિન્તન કરે છે'' તેથી મન નિશ્ચલ હોવાથી તારી કાયા અને વાણી પણ નિશ્ચલ છે. તે અર્થ ''તું હાલતો ચાલતો નથી, બોલતો ચાલતો નથી'' એ શબ્દોથી કહેલ છે. 'હે ક્ષિતિધર।' એ સમ્બોધનથી આની બુદ્ધિ સારી હોય તે યોગ્ય છે એમ કહે છે. ભૂમિ ઉપર રહીને ભૂમિને જે ધારણ કરે તે ઘણી જ સારી બુદ્ધિવાળો હોય જ. ''ત્યારે આવો મહાન વિષય ક્યો હશે?'' તેનો વિચાર કરી, મહારાણીઓ પોતે જ શ્લોકના ઉત્તરાર્ધથી તે વિષય જણાવે છે. વસુદેવજીના પુત્રનું જ ચરણ આવું છે, કે એક પણ પુરુષ તેનું ચિન્તન કરીને વિશ્વનો મોક્ષ કરાવી શકે છે. તેથી ઘણાભાગે આપના ચરણનાં ચિન્તનની જ ઈચ્છા તેં સેવેલી છે. ''તમે આ કેમ જાણી લીધું? કારણ કે પૃથગ્જન સામાન્ય માણસ- આ વિષય જાણતો નથી હોતો'' એવી શંકા થાય

તેથી ''અમારી જેમ કામના કરે છે'' એ શબ્દો યોજેલા છે. અમારી પણ આ જ ઇચ્છા છે કે ભગવાનનાં ચરણને સ્તન ઉપર ધારણ કરવું. આ તો જ્યારે ભગવાન્ પોઢેલા હોય ત્યારે ચરણ ચાંપવા વગેરે ઉપાયથી થઈ શકે. તું તો (ભગવાન્ તારા ઉપર પરિભ્રમણ કરે ત્યારે) આપનું ચરણ તારા ઉપર ધારણ કરી શકે. પર્વતની ટોચના જેવા ભાગ તેનાં સ્તન છે. અમારે ચરણને સ્તન ઉપર ધારણ કરવાનું બંધ વિશેષમાં થાય છે અને પર્વતને સાત્વિક ભાવ ઉભરાતાં જેમ ગયામાં થયેલ છે તેમ ટોચ ઉપરનાં મેદાનમાં ચરણની આકૃતિ ગ્રહણ કરવાથી થાય છે- આટલો અમારી અને પર્વતની વચ્ચે તફાવત છે એવો અર્થ છે ।।૨૨।।

સાત્વિક તામસ મહારાણીઓએ નીચે પ્રમાણે કહ્યુંઃ

જેમ અમે યદુપતિના પ્રણય અને દૃષ્ટિ પ્રાપ્ત ન થવાથી અમારું હૃદય ખોઈ બેઠાં છીએ તેમ સાગરની પત્નીઓ (નદીઓ) ને પણ મનના માન્યા પતિના પ્રણય અને દૃષ્ટિ પ્રાપ્ત નહિ થતાં તેઓના કુંડ સુકાઈ ગયા છે. પોતે ક્ષીણ થઈ ગઈ છે અને હવે તો તેમાં કમલોની શોભા પણ રહી નથી ।।૨૩।।

**શ્રીસુબોધિનીજી** : ક્રીડા કરવામાટે બનાવેલા પર્વતોની જે નદીઓ અન્તઃપુરમાં હતી તે પહેલાં અગાધ જલવાળી હતી. પછી ધીમે-ધીમે ક્ષીણ થતાં ઉનાળામાં તેમના ધરા પણ સુકાઈ ગયા. મહારાણીઓ ઘણાં દૂબળાં થઈ ગયાં છે એમ જણાવવા આ કહેલું છે. થોડા સમય પછી અરર! તેમના પટમાં કાંકરા જ ઉડતા રહેશે એમ અમે પણ હતી ન હતી થઈ જઈશું. ''કઈ યોગ્યતાને લીધે નદીઓનું વર્ણન કરવામાં આવે છે? તેઓમાં કોઈ પણ ભગવદીય ગુણ નથી (એટલે કે મહાન પતિને પ્રાપ્ત કરીને પણ, કોઈ વાર તેમનો વિયોગ થાય ત્યારે ઘણા દૂબળા થઈ જવું એ ભગવદીયોમાં રહેલ તેમનો ગુણ છે એવો અર્થ જણાવવા આ શંકા અને તેનું સમાધાન કરેલાં છે) એવી શંકા થાય તેથી ''સિન્ધુની પત્નીઓ'' શબ્દ યોજેલ છે. 'સિન્ધુની' એટલે મહાન જલરાશિની પત્નીઓ થવા છતાં પણ જેમ ઘણી જ ક્ષીણ થઈ ગયેલી છે તેમ અમે પણ આનન્દાકાર કોટિ બ્રહ્માંડોના પતિની પત્નીઓ હોવા છતાં પણ ઘણાં જ ખિન્ન છીએ એમ જણાવવા નદીઓની કથા કહે છે. શરીરનું દુઃખ હોવા છતાં પણ જો ચિન્તા ન હોય તો પણ મુખ કરમાઈ જાય નહિ. તેવું પણ નથી એમ જણાવવા ''હમણાં કમલની શોભા વિનાની'' એ વિશેષણ યોજેલ છે. ''એ પ્રમાણે અન્તઃકરણનું અને શરીરનું દુઃખ થયું. શાથી?'' એ જાણવાની ઇચ્છા થતાં, પોતે જ ''ઇચ્છેલા પતિ યદુપતિના પ્રણય અને દૃષ્ટિ પ્રાપ્ત ન થતાં'' એ શબ્દોથી તે (દુઃખ) નાં કારણની કલ્પના કરે છે. મનનો માન્યો પતિ ન મળવાથી મનમાં દુઃખ થાય છે અને (પોતાને) પોષનારી (એ પતિની) દૃષ્ટિ ન મળવાથી શરીર

કરમાય છે. જો કે નદીઓનો પતિ સમુદ્ર છે, છતાં પણ તે જોયેલો નથી કારણ કે ક્રીડામાટે મહેલમાં બનાવેલા પર્વત ઉપરની આ નદીઓ છે. તેથી આ નદીઓ મહેલની બહાર નીકળતી જ ન હોવાથી તેમણે સમુદ્ર ન જ જોયો હોય. ભગવાન્ તો સર્વના પતિ હોવાથી ''ઇચ્છેલા પતિ'' છે. અહીં **ભર્તૃ**=પતિ'શબ્દ ''પાલન કરનાર'' ના અર્થમાં યોજેલો છે, કારણ કે દષ્ટાન્તમાં લાગુ ન પડે તેવો ગુણ કહેવો એ પ્રસિદ્ધ નથી. ''જેમ અમે દૂબળાં થઈ ગયાં છીએ તેમ આ સુકાઈ ગઈ છે. અમો ઈષ્ટ પતિના પ્રણય અને દષ્ટિ વિનાનાં હમણાં જ થયાં છીએ તેથી ક્ષણમાત્રમાં દૂબળાં થઈ ગયાં છીએ. સજાતીયનો પતિ (પાલન કરનાર) સજાતીય હોય. જો પતિ મહાન હોય તો વિષમ જાતીય (એક જાતના ન હોય તે) માં પણ સ્નેહ રાખી પાલન કરે. આ મહાનતા જણાવવા 'યદુપતિ'શબ્દ યોજ્યો છે. દષ્ટિ એ બહારનો ગુણ છે અને સ્નેહ એ અન્દરનો ગુણ છે. તે બેમાંથી એકેય પ્રાપ્ત ન થતાં અમે અન્દર તેમ જ બહારથી દૂબળાં થઈ ગયાં છીએ. ''જેમ મિષ્ટાન્ન ન મળે તો જે મળે તેથી પુષ્ટ કેમ ન થવાય?'' એનું સમાધાન ''હરાયેલા ચિત્તવાળી'' થી કરે છે. હૃદય પહેલેથીજ ચોરાઈ ગયું છે તેથી જે સાધનથી કોઈનું પણ ગ્રહણ થઈ શકે તે સાધન ભગવાનેજ હરી લીધેલું છે તેથી હવે બીજા કોઈથી પુષ્ટ થવાની નથી એવો અર્થ છે ।।૨૩।।

એવી રીતે બહાર વિચાર કરતાં કેટલાંક ગુણાતીત મહારાણીઓ દૂર ગયાં. પછી અન્તઃપુરમાં જ નદી વગેરેના તીર ઉપર રહેલાં હંસને જોઈને તેમણે નીચે પ્રમાણે કહ્યું:

હે હંસ! આવ, આવ, ભલે આવ્યો. અમે તારું સ્વાગત કરીએ છીએ. બેસ, લે દૂધ પી. પ્રિય હંસ! શ્યામસુન્દરની કોઈ વાત તો સંભળાવ. અમે સમજીએ છીએ કે તું તેનો દૂત છો. કોઈના પણ વશમાં ન થનાર શ્યામસુન્દર છે તો સકુશળ ને? અરે ભાઈ! તેની મિત્રતા તો ભારે અસ્થિર છે, ક્ષણભંગુર છે. એક વાત તો બતાવ. આપે અમને કહ્યું હતું કે તું જ મને સૌથી વધારે વહાલી છે, શું તે વાત આપને હજુ યાદ છે કે? જા, જા, અમે તારી મીઠી-મીઠી વાતો નથી સાંભળવા માગતી. જ્યારે એ અમને યાદ નથી કરતા તો અમે શા માટે તેમને ભજીએ (યાદ કરીએ)? હે મીઠા બોલા! તું કહે છે કે તેઓ સર્વ કામનાઓ પૂર્ણ કરનારા છે તો તેમનો પ્રસંગ ભલે ચલાવ પણ તેમાં લક્ષ્મીજીની વાત ન આવવી જોઈએ. શું શ્યામસુન્દરમાં અનન્ય નિષ્ઠા રાખનારાં એકલાં લક્ષ્મીજી જ છે? ।।૨૪।।

**શ્રીસુબોધિનીજી** : તે ગુણાતીત મહારાણીઓ તો શુદ્ધ હતાં, ભગવાનને કોઈ પ્રકારે દોષ દેતાં નથી. તેથી ભગવાન્ પોતાનું હિત જ કરે છે એમ વિચારતાં હતાં અને તેમનું હિત ભગવાન્

સાથે સમ્બન્ધ થવાથી જ થાય અને તે સમ્બન્ધ માનવતીઓનું માન દૂર કર્યા વિના એમને એમ ન થાય. તેથી ભગવાને તેમનું માન મનાવવા હંસને મોકલેલો છે, કારણ કે આ હંસ છે એટલે (દૂધ અને પાણી નો) સારા-નારસાનો ભેદ જાણે છે. તેથી તે આપણને-ગુણાતીતને ભગવાનની પાસે લઈ જશે એવો નિશ્ચય કરીને તેનું 'હે હંસ!' એમ સમ્બોધન કરે છે. તે પોતાને માટે આવેલો હોવાથી તેના કુશળ સમાચાર પૂછે છે. અમે જલદી માની જનાર નથી એમ જણાવવા 'બેસ' એમ કહેલું છે. ''અમે પક્ષીઓ સદા ભૂખ્યાં થતાં હોવાથી ભૂખ મટાડવાનો ઉપાય અમારે કરવો જોઈએ તેથી મારે જવું જોઈએ'' એમ કેમ ન કહ્યું એવી શંકા થાય તેથી કહે છે કે 'દૂધ પી' આથી મહારાણીઓ તેને એમ જણાવે છે કે અહીં રહીશ તો દૂધ જેવાં અમને ભગવાન્ પાસે તું લઈ જઈશ અને બીજે જઈશ તો જલના જેવી એટલે કે જેમનામાં માધુર્ય નથી તેવી બીજીઓને લઈ જઈશ. ''અહીં રોકાઈને કરવું શું?'' એવી શંકા થાય તેના જવાબમાં કહે છે કે ''શૌરેઃ (શૂરસેનજીના પૌત્ર શ્રીકૃષ્ણ) ની કથા કહે'' ભગવાનના દાદા શૂરસેનજીના નામથી ભગવાન્‌માં શૌર્ય છે એમ સિદ્ધ કરતી એમની કથા છે એમ કહેલું છે. ''હું શૌરિની કથા જાણતો નથી'' એમ તારે ન કહેવું એમ અમે ''તને દૂત જાણીએ છીએ'' એ શબ્દોથી કહેલું છે. પહેલાં પણ હંસો દૂત હતા તેથી તું પણ હંસ હોવાથી દૂત છો એવા અનુમાનના અર્થમાં 'નુ' શબ્દ યોજેલો છે. તારે અહીં આવવાનું કોઈ બીજું પ્રયોજન ન હોવાથી તું દૂત જ છો એમ અમે નિર્ણય કરીએ છીએ એવો 'નું' નો અર્થ છે. તેથી દૂતપણાનો નિશ્ચય થાય તે માટે શૌરિની કથા કહે. ''પૂછ્યા વગર ન કહેવાય'' એવી શંકા થાય તેથી ''અજિત ભગવાન્ કુશળ તો છે ને?'' એમ પૂછે છે. ભગવાન્ અજિત (કોઈથી ન જિતાયેલ) હોવાથી તેમની કુશળતાનો પ્રશ્ન જ ઊભો થતો નથી પરન્તુ બધાને હણતાં કદાચ વ્યગ્ર થાય તેથી કુશળતા વિશે પ્રશ્ન પૂછ્યો છે. ''અમને પહેલાં જે કહેલું તે અસ્થિર મિત્રતાવાળા સંભારે છે?'' પહેલાં કહેલું કે ''તારા જેવી પ્રણયિની ગૃહિણીને કોઈ મહેલમાં હું જોતો નથી'' તે શબ્દો ભગવાન્ સંભારે છે કે નહિં? ''બધું જાણનારને યાદ ન રહે એવું બને?'' એવી શંકાના જવાબમાં ''અસ્થિર મિત્રતાવાળા'' એ વિશેષણ યોજેલું છે, કારણ કે કોઈ પણ માણસ કોઈ પણ વાત કાયમને માટે યાદ રાખતો નથી. મિત્રતા હોય ત્યાં સુધી યાદ રહે અને ભગવાન્ અસ્થિર મિત્રતાવાળા છે. ''ભગવાનને તે પૂરેપૂરું યાદ છે. તમે મારી સાથે ચાલો'' એમ હંસ કહે તેથી ''અમે તેમને શા માટે ભજીએ?'' એમ કહેલું છે. મિત્રતામાં તો સન્દેહ છે તેથી ભજવાનું પ્રયોજન ન રહેવાથી અમે તેમને શા માટે ભજીએ? ''તો પણ ક્રોધ તો ન કરવો જોઈએ, મારી સાથે ચાલો'' એમ હંસ કહે તેથી તેનું ''હે **ક્ષૌદ્રાલાપય!**'' એવું સમ્બોધન કરે

છે. 'ક્ષૌદ્ર' એટલે સાકર, **'આલાપ'** એટલે વાત. **ક્ષૌદ્રાલાપઃ** એટલે સાકર જેવી મીઠી-મીઠી વાતો કહેનારો. **ક્ષૌદ્રાલાપયઃ** એટલે મીઠી વાણીવાળા પાસે જે જાય છે તે અહીં સમ્બોધન છે. 'હે ક્ષૌદ્ર!' એવા સમ્બોધનમાં પણ મધુરપ સ્પષ્ટ છે. **''ક્ષુદ્રસ્ય સમ્બન્ધી ક્ષૌદ્રઃ''** ''ક્રૂર અથવા નીચનો સમ્બન્ધી તો ક્ષૌદ્ર'' એમ કેટલાક ટીકાકારો નિન્દા કરનારું આ સમ્બોધન છે એવો અર્થ કરે છે. તે જ ભગવાનની તું **આલાપય**-વાર્તા કર. કામદં-કામના પૂર્ણ કરનાર ભગવાનની તું વાત કર. કામના પૂરનાર ભગવાન્ પાસે મીઠી વાતો કરવા જનારો તું છે, પરન્તુ તેમની વાત કરતાં લક્ષ્મીજીની વાત કરીશ નહિં એમ **''શ્રિયમૃતે**-લક્ષ્મીજી સિવાય'' શબ્દોથી કહેલું છે. ''લક્ષ્મીજી તો પરમ અનન્ય ભક્ત છે, ભગવત્ પરાયણ જ છે એમની કથા સાથે કેમ ન આવે?'' એમ પૂછવામાં આવે તો કહે છે કે **''સૈવૈકનિષ્ઠા સ્ત્રિયઃ?''** સ્ત્રીઓમાં શું લક્ષ્મીજી એકલાં જ અનન્ય છે? ના એમ નથી, બધી સ્ત્રીઓ (પ્રથમા બહુવચન) તેવી એક નિષ્ઠાવાળી છે. કેટલાક ટીકાકારો જાતિ બતાવવા સ્ત્રિયઃ ને છઠ્ઠી વિભક્તિનું એક વચન લે છે. જેમનો સમ્પૂર્ણ નિરોધ થઈ ચૂક્યો છે તેવાં આવા ભાવવાળાં મહારાણીઓનું વર્ણન કરેલું છે (**વિશેષ :** શ્લોક ૧૫ થી ૨૪ મહિષી ગીત કહેવાય છે.) ।।૨૪।।

આ પ્રમાણે સ્ત્રીઓને ક્રીડામાં પ્રાપ્ત થયેલ સંસાર ભગવાને દૂર કર્યો પછી તેમનો ભગવાન્માં ભાવ અતિ દૃઢ થયો. હે પરીક્ષિત! મહાદેવજી વગેરે યોગેશ્વરેશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણમાં મહારાણીઓ આવોજ અનન્ય પ્રેમભાવ રાખતાં હતાં તેથી તેમને પરમ ગતિ પ્રાપ્ત થઈ. અર્થાત્ તેમને ભગવત્પ્રાપ્તિ થઈ ગઈ ।।૨૫।।

ભગવાન્ શ્રીકૃષ્ણની કીર્તિકથા, લીલા ચરિત્રોનું અનેક પ્રકારે ગાન કરવામાં આવ્યું છે. તે લીલા એટલી તો મધુર અને મનોહર છે કે તે સાંભળવા માત્રથી સ્ત્રીઓનાં મન સ્વસ્વરૂપમાં આકર્ષાય છે તો પછી સાક્ષાત્ દર્શન કરનારી સ્ત્રીઓનું મન ભગવાન્ સ્વસ્વરૂપમાં આકર્ષે તેમાં તો કહેવું જ શું?* ।।૨૬।।

**વિશેષ :** ભગવત્પ્રાપ્તિમાટે માત્ર ભગવત્સમ્બન્ધની જ જરૂર છે. સમ્બન્ધોમાં સહેલામાં સહેલો સમ્બન્ધ શ્રવણથી થાય છે. શ્લોકમાંનો **'માત્ર'** કહી જાય છે કે સાંભળો તેને વિષે વિચાર વગેરેની પણ જરૂર નથી. **''ઉરુગાયોરુગીતાનાં**-વિપુલ કીર્તિવાળા ભગવાનનું ઘણું ગાન કરનારી સ્ત્રીઓનું'' એ શબ્દ શ્રવણ કરતાં કીર્તનની ઉત્તમતા બતાવે છે.

જે મહાભાગ્યવાળી સ્ત્રીઓએ જગદ્ગુરુ ભગવાન્ શ્રીકૃષ્ણને પોતાના પતિ માની પરમ પ્રેમપૂર્વક આપની ચરણસેવા વગેરે અનેક પ્રકારની સેવા કરી તેમની

તપસ્યાનું વર્ણન તો ભલા થઈ જ શી રીતે શકે? ।।૨૭।।

હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણ સત્પુરુષોમાટે સાક્ષાત્ એક માત્ર ફલરૂપ છે. આપે વેદોક્ત ધર્મનું વારંવાર આચરણ કરીને લોકોને એ વસ્તુ સમજાવી દીધી કે ઘર જ ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ સિદ્ધ કરવાનું સ્થાન છે ।।૨૮।।

ઉત્તમ ધર્મનું આચરણ કરતાં ગૃહસ્થ શ્રીકૃષ્ણ ભગવાનની મહારાણીઓ તો સોળહજાર હતી. તેમાંની એકે એક રાણી દરેક રીતે સો-સો સ્ત્રીઓથી પણ વિશેષ હતી ।।૨૯।।

**વિશેષ : કૃષ્ણસ્ય** છઠ્ઠી વિભક્તિ એક વચન. **'ગૃહમેધિનામ્'** છઠ્ઠી વિભક્તિ બહુવચન. **મહિષ્યાઃ** : મહિષીનું છઠ્ઠી વિભક્તિ એકવચન. **શતાધિકમ્ :** સોથી વધારે. સ્વરૂપથી શ્રીકૃષ્ણ એક હતા પણ ગૃહસ્થાશ્રમ ધર્મનું આચરણ કરવા, જેટલી રાણીઓ હતી તેટલાં સ્વરૂપ ધારણ કરી ગૃહસ્થ ધર્મનું આચરણ જગત્માટે ઉત્તમ આદર્શ સ્થાપવા કરતા. તેવી જ રીતે મહારાણી લક્ષ્મીજીએ જ જુદાં-જુદાં સ્વરૂપો ધારણ કરી જુદી-જુદી રાણીઓમાં પ્રવેશ કરેલો તેથી જ એકે એક ભગવત્પત્ની સો-સો આદર્શ સ્ત્રીઓ કરતાં પણ ઉત્તમ હતાં. આમ રાણીઓની સંખ્યા સમાધિભાષામાં ૧૬,૦૦૮ છે; નહિં કે ૧૬,૧૦૮. ૧૬,૧૦૮ બીજા કલ્પની વાત છે.

હે રાજન્! તે ઉત્તમ સ્ત્રીઓમાંથી રુક્મિણીજી વગેરે આઠ પટરાણીઓ અને તેમના પુત્રોનું વર્ણન તો હું પહેલાં જ ક્રમપૂર્વક કરી ચૂક્યો છું ।।૩૦।।

(જેમનાં નામ નથી આપ્યાં તે રાણીઓ પણ જેમનાં નામ આપ્યાં છે તેમના સમાન જ હતાં એમ જણાવવા એમના પુત્ર વગેરે જણાવે છે કે) તે ઉપરાન્ત ભગવાન્ શ્રીકૃષ્ણની બીજી પણ પત્નીઓ હતી. તેમનાથી દરેકને *દસ-દસ પુત્ર ઉત્પન્ન કર્યા. આમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી કારણ કે ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વ શક્તિમાન તેમજ અમોઘરતિ છે ।।૩૧।।

**વિશેષ** : શ્રુતિ કહે છે કે **''દશાસ્યાં પુત્રાનાં ધેહિ''** ''આમાં દશ પુત્રોનું ગર્ભાધાન કરજે'' ભાવ દસ છે એટલે કે કામ દસ ઇન્દ્રિયોથી સાધ્ય છે. ''પણ લોકમાં આ નિશ્ચિત નથી'' બધા લોકો દસ-દસ પુત્રો ઉત્પન્ન કરતા નથી; તેના સમાધાનમાં કહે છે કે અશક્તિમાન પુરુષો શ્રુતિના અર્થનું પરિપાલન ભલે ન કરે, શક્તિમાન પુરુષ શ્રુતિના અર્થનું પાલન કેમ ન કરે?

ભગવાનના પરમ પરાક્રમી પુત્રોમાંથી અઢાર તો મહારથી હતા જેમનો યશ સમગ્ર જગતમાં ફેલાયેલો હતો. મારી પાસેથી તેમનાં નામ સાંભળો* ।।૩૨।।

**વિશેષ** : મહારથીઓ તો ભગવાનના બધા જ પુત્રો હતા પણ આ અઢાર પુત્રોએ મહારથીપણું યુદ્ધના મેદાન ઉપર પ્રત્યક્ષ એક યા બીજા પ્રસંગે પ્રગટ કરેલું.

પ્રદ્યુમ્ન, *ચારુદેષ્ણ, દીપ્તિમાન્, ભાનુ, સામ્બ, મધુ, બૃહદ્‌ભાનુ, ચિત્રભાનુ, વૃક, અરુણ, પુષ્કર, વેદબાહુ, શ્રુતદેવ, સુનન્દન, ચિત્રબાહુ, વિરૂપ, કવિ અને ન્યગ્રોધ ।।૩૩-૩૪।।

**વિશેષ** : ચારુદેષ્ણને સ્થાને 'અનિરુદ્ધ' પાઠ પણ છે. ત્યારે અનિરુદ્ધ નામના ભગવાનના એક પુત્ર સમજવા.

હે રાજેન્દ્ર! ભગવાન્ શ્રીકૃષ્ણના આ પુત્રોમાં પણ સર્વશ્રેષ્ઠ રુક્મિણીકુમાર પ્રદ્યુમ્નજી હતા. તે બધા ગુણોમાં પોતાના પિતાના જેવા જ હતા ।।૩૫।।

મહારથી પ્રદ્યુમ્નજીએ રુક્મીની કન્યા સાથે લગ્ન કર્યું હતું. તેના જ ગર્ભથી અનિરુદ્ધજીનો જન્મ થયો, જેમનામાં દસ હજાર હાથીઓનું બલ હતું ।।૩૬।।

રુક્મીના દૌહિત્ર અનિરુદ્ધજીએ પોતાના નાના રુક્મીની પૌત્રી સાથે વિવાહ કર્યો. તેના ગર્ભથી વજ્રનાભનો જન્મ થયો. બ્રાહ્મણોના શાપથી ઉત્પન્ન થયેલ મુસળદ્વારા યદુવંશનો નાશ થઈ ગયા પછી માત્ર તે જ બચી ગયા હતા ।।૩૭।।

વજ્રનાભના પુત્ર પ્રતિબાહુ, તેમના સુબાહુ, સુબાહુના શાન્તિસેન અને તેમના શ્રુતસેન થયા ।।૩૮।।

હે પરીક્ષિત! આ વંશમાં કોઈ પણ એવો પુરુષ ન થયો જેને ઘણાં સન્તાન ન હોય, જે નિર્ધન, અલ્પાયુ અને અલ્પ શક્તિવાળો હોય. ઉપરાન્ત તે બધા બ્રાહ્મણોના ભક્તો હતા ।।૩૯।।

હે રાજા! યદુવંશમાં એવા-એવા યશસ્વી અને પરાક્રમી પુરુષો થઈ ગયા કે જેમની ગણતરી હજારો વર્ષમાં પણ પૂરી ન થઈ શકે ।।૪૦।।

યાદવકુમારોમાં યદુકુલમાં જ જન્મેલાં આચાર્યો ત્રણ અબજ આઠ હજાર અને આઠસો હતા એવું અમે સાંભળ્યું છે ।।૪૧।।

**શ્રીસુબોધિનીજી** : ''આદૌ સહસ્રાણાં તિસ્રઃ કોટ્યઃ ત્રિંશદર્બુદાનિ। તતઃ અષ્ટાશીતિ શતાનિ ચ। એતાવતઃ યદુકુલાચાર્યાઃ યદુકુલોદ્‌ભવા એવ આચાર્યાઃ। તત્કુમારાણામિતિ શ્રુતમિતિ પ્રમાણમ્। બહૂનાં મધ્યે કશ્ચિદાચાર્યો ભવિતુમર્હતિ। બાલકાશ્ચૈકસ્ય સ્થાને બહવોપિ પઠન્તિ। પહેલાં તો ત્રણ કરોડ હજાર એટલે ત્રીસ અર્બુદ અર્થાત્ ત્રણ અબજ, વત્તા અઠ્ઠાસી સો એટલે ૩,૦૦,૦૦,૦૮,૮૦૦ ત્રણ અબજ આઠ હજાર અને આઠ સો તો

યદુકુલમાં જ જન્મેલા આચાર્યો હતા ઘણા યાદવોમાંથી કોઈક જ આચાર્ય થઈ શકે અને એક આચાર્યના સ્થાને ઘણાં બાળકો ભણતા હોય છે* ।।૪૧।।

**વિશેષ** : સંખ્યાઓ-એક, દસ, સો, હજાર, દસ હજાર અથવા અયુત, લાખ, દસ લાખ, અથવા પ્રયુત, કરોડ, દસ કરોડ અથવા અર્બુદ, અબજ, ખર્વ, નિખર્વ, મહાપદ્મા, શંકુ, જલધિ, અન્ત્ય, મધ્ય, પરાર્ધ. દરેક સંખ્યા આગલી કરતાં દસ ગણી છે. 'પરાર્ધ' એટલે એકડા ઉપર ૧૭મીંડાવાળીસંખ્યા.

આ સ્થિતિમાં મહાત્મા યદુવંશીઓની સંખ્યા તો બતાવી જ કેવી રીતે શકાય? સ્વયં મહારાજ ઉગ્રસેનના સેવક વર્ગની સંખ્યા શંકુ અથવા દસ હજાર અબજ (૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦) કરતાં વિશેષ હતી. (આ ઉપરથી બીજા પણ મહાત્મા યાદવોના સેવક વર્ગનું અનુમાન લગાવી લેવું)* ।।૪૨।।

**વિશેષ** : કરોડો અને અબજોની સંખ્યામાં આચાર્યો, ઉગ્રસેનના સેવક વર્ગ અને તે પ્રમાણે બીજા મહાત્માઓના સેવક વર્ગની સંખ્યા વાંચતા ચક્કર આવવા લાગે. આસ્તિકને પણ ઘડીભર એમ થઈ આવે કે આટલાં બધાં માણસો રહેતાં ક્યાં હશે? અત્યારે આખી પૃથ્વીની વસ્તી પણ અમુક અબજ જ છે. તેનું સમાધાન એ છે કે એ બધા દ્વારકામાં જ રહેતા હતા. દ્વારકા સાક્ષાત્ ભગવાને (એક મત પ્રમાણે ભગવદાજ્ઞા અનુસાર વિશ્વકર્માએ) રચી હતી જેમાં પ્રત્યેક મકાનને એકવીસ માળ હતા, જે સ્વર્ણમય હતી. તેનો આધાર પૃથ્વી નહિં, ભૂમિની જેમ નગરી અન્તરિક્ષમાં સમુદ્રની વચ્ચે અને જલનો સ્પર્શ કર્યા વિના જલથી અદ્ધર બાંધેલી હતી. શ્રીકૃષ્ણે ભૂતલનો ત્યાગ કર્યો તે જ ક્ષણે ભગવદાજ્ઞાથી સુમદ્રે તેને પોતાનામાં સમાવી દીધી હતી. **''દ્વારકાં હરિણા ત્યક્તાં સમુદ્રીપ્લાવયત્ ક્ષણાત્''** શ્રીભાગવત ૧૧।૩૧।૨૩. ભગવાને ગીતાજીમાં **''જન્મ કર્મ ચ મે દિવ્યમ્''** મારાં જન્મ કર્મ વગેરે દિવ્ય છે એમ કહ્યું છે. 'દિવ્ય' એટલે મુઠી જેવડા મગજમાં ન સમાય તેદિવ્ય.

ઉત્તમ જીવો તો થોડા જ ઉત્પન્ન થાય છે. આટલા બધાની એકી સાથે કેમ ઉત્પત્તિ થઈ? એવી શંકાના સમાધાનમાં કહે છે કે હે પરીક્ષિત! સાચી વાત તો એ છે કે પ્રાચીન કાલમાં દેવો અને અસુરો ના સંગ્રામ વખતે અત્યન્ત ભયંકર અસુરો મરાયા હતા. તેઓ જ મનુષ્યોમાં પેદા થયા અને ઘમંડમાં પ્રજા ઉપર જુલમ ગુજારતા હતા ।।૪૩।।

તેમનું દમન કરવા ભગવાનની આજ્ઞાથી દેવતાઓએ યદુવંશમાં અવતાર લીધો હતો. હે પરીક્ષિત! તેમનાં કુલની સંખ્યા એકસોને એક હતી ।।૪૪।।

(તે દેવો જે હતા તેની શું ખાતરી?) તેઓ દેવો હોવાનું પ્રમાણ એ છે કે ભગવાન્ હરિ તેમના પ્રભુ (સ્વામી) થયા. (સ્વામી અને સેવક સજાતીય જ હોય, ભગવાન્ બીજા (અ-દેવો) ના પ્રભુ થતા નથી) બધા જ યાદવો અને તેમના સેવકો (વડલાના જરા જેટલા બીજમાંથી ઘેઘૂર વડલો થાય તેમ) વૃદ્ધિ પામ્યા તેમની સર્વ રીતે ઉન્નતિ થઈ ।।૪૫।।

યદુવંશીઓનું ચિત્ત ભગવાન્ શ્રીકૃષ્ણમાં એવી રીતે લાગી ગયું હતું કે તેમને ૧. શયન ૨. ભોજન ૩. ફરવું ૪. વાતચીત ૫. ક્રીડા (ચોપાટ વગેરે રમવી) ૬.સ્નાન અને ૭. આસન -આ બધી અવસ્થાઓમાં તેઓ યાદવો છે તેનું સ્મરણ સુદ્ધાં તેમને રહેતું નહિં. (તેમનો નિરોધ થઈ ગયો અર્થાત્ તેઓ પ્રપંચને ભૂલી જઈ ભગવાન્‌માં આસક્ત થઈ ગયા) ।।૪૬।।

(હા પણ મહાભારતની જેમ શ્રીભાગવતજીમાં ભૂભાર હરવાની વાત તો ન આવી. ત્યાં કહે છે)

હે પરીક્ષિત! ભગવાનનું ચરણધોવન ગંગાજી અવશ્ય બધાં તીર્થોમાં મહાન અને પવિત્ર છે. પરન્તુ જ્યારે સ્વયં પરમ તીર્થસ્વરૂપ ભગવાને જ યદુવંશમાં અવતાર લીધો ત્યારે તો ગંગાજીના જલનો મહિમા આપોઆપ આપના સત્કીર્તિરૂપ તીર્થની તુલનામાં ઓછો થઈ ગયો. ભગવાનના સ્વરૂપનો આ કેટલો મહિમા છે કે આપ ઉપર પ્રેમ કરનારા ભક્ત અને આપનો દ્વેષ કરનારા દુશ્મન બન્ને જ આપના સ્વરૂપને પ્રાપ્ત થઈ ગયા. જે લક્ષ્મીજીને પ્રાપ્ત કરવા મોટા-મોટા દેવતાઓ યત્ન કરતા રહે છે તે જ લક્ષ્મીજી ભગવાનની સેવામાં નિત્ય નિરન્તર લાગેલાં રહે છે. ભગવાનનું નામ સાંભળવાથી અથવા સાંભળ્યા પછી તેનો ઉચ્ચાર કરવાથી બધાં જ અમંગલોને ભસ્મીભૂત કરી દે છે. ઋષિઓની પરરૂપરામાં જેટલા પણ ધર્મ પ્રચલિત છે તે બધા ધર્મોના સંસ્થાપક શ્રીકૃષ્ણ જ છે. આપ પોતાના શ્રીહસ્તમાં કાલસ્વરૂપ સુદર્શન ચક્ર ધારણ કરેલું જ રાખે છે. આપને માટે ભૂમિનો ભાર હરવાનું આ કાર્ય રમત વાત છે. એમાં આશ્ચર્ય જેવું ન જ ગણાય ।।૪૭।।

**શ્રીસુબોધિનીજીઃ** ''એ ક્યું તીર્થ?'' એ જાણવાની ઈચ્છા થાય તેથી ''સ્વઃ સરિત્-સ્વર્ગના ગંગાજી'' શબ્દ યોજેલો છે. યદુકુલમાં અવતરેલા ભગવાનના સમ્બન્ધવાળું જે કંઈ છે તે બધુંય, દરેકે દરેક પદાર્થ એકલો પણ, ગંગાજીથી ઉત્તમ છે. ''**અજનિ** - કર્યું'' શબ્દથી આ પદાર્થને ગંગાજીથી ઉત્તમ ભગવાને જ બનાવી દીધો છે. ભગવાને પોતે તે ચરિત્રને તેવું માહાત્મ્ય આપેલું છે. (તીર્થ પોતે જ હલકું નથી પરન્તુ લીલાકર્તા ભગવાને સ્વચરિત્રનું

અધિમૂલ્યન કર્યું છે) ''જેઓ દલીલોથી જ સિદ્ધાન્તના સત્ય-અસત્યનો નિર્ણય કરતા હોય તેમને આ વાત કેમ ગળે ઊતરે? એવી શંકા થાય તેથી ''સ્વર્ગનાં ગંગાજી ચરણ ધોવાનું જલ છે'' એમ કહેલું છે. પ્રાણીઓ ચરણ ધોવાના જલને સૌથી હલકું ગણે છે. ચરણ ધોવનના જલનો પુરુષ ફરીથી સ્પર્શ જ કરતો નથી. ભૂમિ ઉપરનાં ગંગાજી અથવા પાતાલનાં ગંગાજીને તો ભૂમિનો અથવા પાતાલનો દોષ પણ લાગ્યો હોય તેથી ''**સ્વઃ સરિત્**-સ્વર્ગના ગંગાજી'' શબ્દ પ્રયોગ કર્યો છે. એ પ્રમાણે સામાન્ય પ્રકારનું બધા જડ પદાર્થોને લાગુ પડતું એક માહાત્મ્યકહ્યું.

૨. ''દ્વેષ કરનારા અને પ્રેમ કરનારાઓને સ્વરૂપની પ્રાપ્તિ થઈ'' એ શબ્દોથી જીવો વિષેનો ખાસ મહિમા કહે છે. દ્વેષ અને પ્રેમ પણ મોક્ષ મેળવી આપનારા થયા. તેથી શ્રીકૃષ્ણાવતારમાં હરકોઈ પ્રકારનો ધર્મ મોક્ષ આપશે એમ જણાવેલું છે. ૩.''લક્ષ્મીજી અજીતમાં આસક્ત છે'' એ શબ્દોથી ભગવાન્ પાસેથી આ લોકનું ફલ પ્રાપ્ત થવાનું કારણ કહેલું છે. લક્ષ્મીજી ભગવાન્માં આસક્ત છે. તેથી સ્વામી પોતાના સેવકોને જ લક્ષ્મી આપશે, બીજાને નહિં આપે એમ પ્રયાસ વિના જ આ લોકનું ફલ ભક્તને પ્રાપ્ત થાય છે. પરમ્પરાના પ્રકારથી થતું આ ત્રીજું માહાત્મ્ય કહ્યું. ''જેમને માટે બીજાઓ પ્રયત્ન કરે છે'' એ શબ્દોથી પ્રસંગને લીધે ભગવાનના સમ્બન્ધવાળાં લક્ષ્મીજીનું માહાત્મ્ય કહે છે કે જેથી બીજાઓનું માહાત્મ્ય નથી એમ સિદ્ધ થાય. જે લક્ષ્મીજીના સમ્બન્ધવાળાં અર્થ (ધન) એટલે અર્થરૂપ પુરુષાર્થમાટે, બીજાઓ ઘણો જ પ્રયત્ન કરે છે પણ તેની પ્રાપ્તિમાં તો સન્દેહ જ રહે છે એવો અર્થ છે. 'અર્થ' જેવો હલકો પુરુષાર્થ જ પ્રાપ્ત થવામાં જ્યાં સન્દેહ છે ત્યાં ધર્મ વગેરે ઉત્તમ પુરુષાર્થોનું તો કહેવું જ શું? ૪.એ પ્રમાણે ભગવત્સમ્બન્ધી સર્વ પદાર્થો, જીવો અને શક્તિ ના માહાત્મ્યનું નિરૂપણ કરી, ''જેમનું નામ અમંગલનો નાશ કરે છે'' એ શબ્દોથી નામનું માહાત્મ્ય કહે છે. 'સાંભળેલું' શબ્દથી એમ જણાવ્યું છે કે નામના માત્ર સમ્બન્ધથી જ તે અમંગલનો નાશ કરી દે છે. ૫.ઉચ્ચારેલું નામ તો તેથી પણ વધારે-અમંગલનો કારણ સાથે નાશ-કરી દે છે. ૬.''ઋષિઓના પરરૂપરાથી પ્રાપ્ત થયેલ ધર્મનું માહાત્મ્ય હશે'' એવી શંકા થાય તેથી કહે છે કે જે ભગવાને જ ઋષિઓની પરરૂપરામાં રહેલો ધર્મ કરેલો છે. એ પ્રમાણે ભગવાનનું છ પ્રકારનું માહાત્મ્ય કહ્યું.

જેમનું આટલું માહાત્મ્ય છે તેમનું આ ભૂમિનો ભાર હરવા રૂપ કાર્ય છે તે અર્જુન વગેરેએ કરેલું છે તેમાં આશ્ચર્ય નથી, કારણ કે તે જીવનો ધર્મ છે. ''કોઈક ધર્મ સેવકોથી જ થઈ શકે તેથી ભૂમિનો ભાર હરવાનું કાર્ય ભગવાનને માટે અશક્ય

કેમ ન હોય?'' એવી શંકા થાય તેથી ''કાલરૂપી ચક્રના આયુધવાળા'' એ વિશેષણ યોજેલ છે. કાલરૂપ ચક્ર ભગવાનનું આયુધ છે. કાલનો એક હજારમો ભાગ પણ ભૂમિનો ભાર હરવા શક્તિમાન છે. ત્યારે પૂરેપૂરો કાલ સુદર્શન ભગવાનનું એક આયુધ હોવાથી ભગવાન્ ભૂમિનો ભાર હરે તેમાં શું સન્દેહ હોઈ શકે? ।।૪૭।।

આવાપણ ભગવાન્ અત્યારે ક્યાં છે તે માટે જીજ્ઞાસા થાય તો કહે છેઃ

ભગવાન્ શ્રીકૃષ્ણ જ સર્વ જનોમાં વાસ કરીને બિરાજેલા છે. દેવકીજીને ત્યાં આપે જન્મ લીધેલો એ તો માત્ર કહેવા પૂરતું જ છે. ઉત્તમ યાદવોની સભામાંના પોતાના સેવકોરૂપી બાહુઓથી શ્રીકૃષ્ણ અધર્મનો નાશ કરી રહ્યા છે. હે પરીક્ષિત! સ્થાવર અને જંગમ (ચરાચર) જગતના પાપોનો નાશ કરી દે છે. મન્દ-મન્દ હાસ્યયુક્ત પોતાના સુન્દર મુખારવિન્દથી વ્રજસ્ત્રીઓ અને પુરસ્ત્રીઓ (ના હૃદય) માં (કામની) પ્રેમભાવની વૃદ્ધિ કરતા રહે છે. વાસ્તવમાં જગત્ ઉપર આપ જ વિજયી છે. આપનો જય હો! જય હો!! ।।૪૮।।

**શ્રીસુબોધિનીજી** : તે ભગવાન્ શ્રીકૃષ્ણ અત્યારે પણ તેમના બધાય સમ્બન્ધવાળા જનોમાં સર્વથી ઉત્તમ થઈ બિરાજી રહ્યા છે, કારણ કે આપ **'જનનિવાસ'** હોવાથી સ્વભાવથી પણ સર્વ જનોમાં બિરાજી રહ્યા છે. પરમાત્મા સર્વમાં છે જ. ''દેવકીજીના પુત્રને વિશે હું પૂછું છું, દેવકીજીમાં જે જન્મેલા તે ક્યાં છે?'' એમ પૂછવામાં આવે તો ''દેવકીજીને ત્યાં જન્મેલા એવું જેમના વિશે કહેવાય છે'' એમ કહેલું છે. દેવકીજીમાં જન્મેલા એ તો માત્ર કહેવા પૂરતું છે. લોકોમાં વિવાદ થતાં, ભગવાન્ ક્યાંય છે જ નહિં એમ કહેવામાં આવે ત્યારે સંસારમાંથી જેમની આસક્તિ જતી રહેલી છે તેઓ ભગવાન્ દેવકીજીમાં જન્મ્યા છે એમ કહે છે, પરન્તુ માત્ર તેટલું જ ભગવાનનું સ્વરૂપ નથી એવો અર્થ છે. ''તે ભગવાન્ બધામાં બિરાજીને શું કરે છે?'' એ જાણવાની ઇચ્છા થાય તો આપનાં ત્રણ પ્રકારનાં કર્મ કહે છે. તે પૈકી ૧. સાત્વિક કર્મ કહે છે કે ઉત્તમ યદુઓની સભામાં પણ માત્ર લૌકિક (કાર્ય) માં આસક્ત પણ જેઓ સ્વૈઃ પોતાના સેવકો છે તેમનાથી પણ દૈત્ય વગેરે રૂપ બધાય અધર્મના સમૂહનો નાશ કરતા, આજ પણ ભગવાન્ દ્વારકામાં યાદવોની સભામાં પોતાના સેવકો સહિત જ બિરાજી રહ્યા છે. કોઈ પણ દૈત્ય જો પ્રકટ થાય તો ત્યાંથી જ કોઈને મોકલી તેને હણે છે એવો અર્થ છે. ૨.''સ્થાવર અને જંગમ નાં પાપનો નાશ કરી દેનારા'' એ વિશેષણથી ભગવાનનું તામસ કર્મ કહે છે. (દ્વારકામાં તો પાપનો સમ્ભવ જ નથી તેથી) દ્વારકા સિવાય બધે સ્થળે જ્યાં-જ્યાં ભગવાન્ પરિભ્રમણ કરે છે ત્યાં-ત્યાં પુરુષો કે વૃક્ષો બધાનાં પાપનો પ્રસંગવશાત્ જ નાશ

કરી દે છે; અથવા પાપના જ પ્રકાર અને વાસનારૂપ સ્થાવર અને *જંગમ એમ બે ભેદો છે તેમનો નાશ કરી દે છે. આથી એમ જણાવેલું છે કે જો કોઈ ભક્ત હોય તેને માટે ભગવાન્ સર્વ સ્થળે હાજરાહજૂર છે.

**વિશેષ** : હત્યા વગેરે નિષેધ કરેલાં પાપો સ્થિર (સ્થાવર) છે કારણ કે તેનું પરિણામ ભોગવ્યા વિના તેનો નાશ થતો નથી; જ્યારે મનથી વિચારેલ દુષ્કર્મ એ ચર (જંગમ) છે. કારણ કે તેના નાશમાટે તેનું ફલ ભોગવવાની જરૂર રહેતી નથી.

૩. ''સુન્દર સ્મિતયુક્ત શોભીતા મુખારવિન્દથી વ્રજઅને પુર ની સ્ત્રીઓના (કામની) પ્રેમભાવની વૃદ્ધિ કરતા'' એ વિશેષણથી રાજસ કર્મ કહે છે. ભગવાનના હાસ્યયુક્ત અને શોભાયમાન મુખારવિન્દથી **વ્રજે**-ગોકુલમાં અને પુરે-મથુરા તથા દ્વારકામાં ગોપીજનો, કુબ્જા અને મહારાણીઓ વગેરેના હૃદયમાં કામદેવની વૃદ્ધિ કરતા ભગવાન્ અત્યારે પણ બિરાજી રહ્યા છે. કામનું ફલ મોક્ષ થતું હોવાથી તેને કામદેવ કહેલો છે. જે કામ બધાંમાં મોજૂદ તો છે જ તેનીજ વૃદ્ધિ કરતા, માત્ર પોતાના સમ્બન્ધથીજ મોક્ષ આપે છે તેવો અર્થ છે. અત્યન્ત મોહ ઉત્પન્ન કરનારી લોકમાં પરમસુન્દર ભક્તિથી (ભગવાનનું મુખારવિન્દ ભક્તિરૂપ છે.) વ્રજવાસીઓના અને ગામમાંતથા વનમાં રહેનારાઓના કામને જાગ્રત કરતા ભગવાન્ બિરાજી રહ્યા છે તેથી તેમને (કામને) દેવ માનવા જોઈએ ।।૪૮।।

આ પ્રમાણે ભગવાનના ચરિત્રનું નિરૂપણ કરી શ્રીશુકદેવજી તે ચરિત્રનું શ્રવણ વગેરે નિત્ય કરવાની આજ્ઞા કરે છેઃ

એ પ્રમાણે (અક્ષરબ્રહ્મથી પણ) ઉત્તમ પોતાના ભક્તોની રક્ષા કરવા શ્રીકૃષ્ણે દિવ્ય લીલા; શરીર ધારણ કર્યું અને તેને અનુરૂપ અનેક અદ્દ્ભુત ચરિત્રોનો અભિનય કર્યો. યદુવંશ શિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણકમલોની સેવા કરવાની જેની ઈચ્છા હોય તેણે, કર્મબન્ધનોનો નાશ કરી દેનારી આપની લીલાઓનું શ્રવણ કરવું જોઈએ ।।૪૯।।

**શ્રીસુબોધિનીજી** : ભગવાન્ શ્રીકૃષ્ણ **પરઃ** અક્ષરબ્રહ્મથી પણ ઉત્તમ છે. **'નિજધર્માઃ'** એટલે ભક્તો. તેમની રક્ષા કરવા લીલામય શરીર ધારણ કર્યું. પરમ કૃપાલુ ભગવાને લીલાતનુથી લોકમાં ભોજન, શયન વગેરે લૌકિક કર્મ કરવાનો અભિનય કર્યો. તે કર્મોનું શ્રવણ કરવું જોઈએ તેવી વિધિ (આજ્ઞા) છે. શ્રવણ ન કરવાથી પાપ થાય છે એવો અર્થ છે. ''શ્રવણથી શું (ફલ પ્રાપ્ત) થાય?'' એવી શંકા થાય તેથી **''કર્મકષણાનિ** : કર્મનો નાશ કરી દેનારાં'' એ વિશેષણ યોજેલું છે. (ભગવાનનાં કર્મો) સર્વ પાપોનો નાશ કરી દે છે. પાપોનો

નાશ એ તેમનું ગૌણ ફલ છે એવો અર્થ છે. જો કે બીજા અવતારોનાં ચરિત્ર પણ પાપનો નાશ કરનારાં છે, છતાં પણ યદુવંશ શિરોમણિ શ્રીકૃષ્ણના ચરિત્રનું શ્રવણ કરવું. ''શ્રીકૃષ્ણના ચરિત્રનું શ્રવણ કરવામાં શું અધિક છે?'' એવી શંકા થાય તેથી ''આમના ચરણારવિન્દની સેવા ઇચ્છનારે'' એ શબ્દો યોજેલા છે. જો શ્રીકૃષ્ણના ચરણારવિન્દની સેવાની ઇચ્છા હોય તો આ શ્રીકૃષ્ણચરિત્રનુંજ શ્રવણ કરવું જોઈએ તેવો અર્થ છે ।।૪૯।।

એવી રીતે નિત્યશ્રવણ કરતાં ચરણારવિન્દનીસેવા પ્રાપ્ત થતાં શું ફલ થશે? એના જવાબમાં કહે છેઃ

**મર્ત્યસ્તયા તનુસમેધિતયા મુકુન્દશ્રીમત્કથાશ્રવણકીર્તનચિન્તયૈતિ ।।**
**તદ્ધામદુસ્તરકૃતાઽન્તજવાપવર્ગં ગ્રામાદ્વનં ક્ષિતિભુજોઽપિ યયુર્યદર્થાઃ ।।૫૦।।**

હે પરીક્ષિત! મુકુન્દ ભગવાનની શ્રીમતી કથાના શ્રવણ, કીર્તન અને ચિન્તન થી ધીમે-ધીમે પુષ્ટ થયેલ તે સેવાના પ્રતાપથી મનુષ્ય ભગવાનના વૈકુંઠ ધામને પ્રાપ્ત કરી લે છે. ભગવાનના આ ધામ આગળ કોઈ પણ પ્રકારે રોકી ન શકાય તેવા કાલનો વેગ પણ સમાપ્ત થઈ જાય છે. આ જ ધામની પ્રાપ્તિના પ્રયોજનમાટે પ્રાચીન સમયમાં સમ્રાટો રાજપાટ છોડી દઈ (શહેરમાંથી ગામડામાં જતા હતા) અને ગામડામાંથી વનમાં જતા રહેતા હતા ।।૫૦।।

**શ્રીસુબોધિનીજી** : તે ચરણની સેવાથી મરણ પામવાના ધર્મવાળો મનુષ્ય પણ તે જ શરીરથી ભગવાનનું ધામ પ્રાપ્ત કરે છે. ''તે જ સમયે તે વૈકુંઠમાં આવતો હોય તેવું જણાતું નથી'' એવી શંકા થાય તેથી ''ધીરે-ધીરે વધેલી'' એ વિશેષણ યોજેલું છે. 'તનુ' એટલે થોડી-થોડી વધેલી એટલે તેલની ધારની જેમ સતત શ્રવણ વગેરેથી જ્યારે તે સેવા પુષ્ટ થાય છે ત્યારે તે ભગવાનનું ધામ પ્રાપ્ત કરે છે અથવા ''**તનૌ** એટલે શરીરમાં'' વધેલી (તે સેવાથી ભગવદ્ધામ પ્રાપ્ત કરે છે) **'તનુ'** ને બદલે **'નનુ'** પાઠ હોય ત્યારે ''હું તને છેતરતો નથી'' એમ શ્રીશુકદેવજીએ કરેલું સમ્બોધન જાણવું. તે સેવાનું પોષણ થાય તે માટે પણ તેનાં ત્રણ અંગો કહે છે કે તે સેવા શ્રીમતી કથાનું શ્રવણ, કીર્તન અને ચિન્તન સહિત કરાયેલી છે. ''**શ્રીમત્**-શ્રીમતી, મનોહારિણી'' શબ્દથી કથા કહેવાનું નહિં જાણનારા પામર અજ્ઞાનીઓએ કરેલી કથા બાતલ કરી છે. ભગવાનનું ધામ સર્વથી ઉત્તમ ફલ છે એમ જણાવવા ''રોકી ન શકાય તેવો કાલનો વેગ જ્યાં સમાપ્ત થાય છે'' એવું તેનું વિશેષણ યોજેલું છે. **દુસ્તર**-કોઈ પણ પ્રકારે રોકી ન શકાય તેવા તે (કાલ) ના મારવામાટે દોડતા વેગની સમાપ્તિ જેની અન્દર થઈ જાય છે તેવું તે ધામ છે. મૃત્યુ અક્ષર (બ્રહ્મ) સુધી જ દોડે છે, કારણ કે કાલનું નિરૂપણ

અક્ષર સુધી જ કરેલું છે. તેથી અક્ષરરૂપ વ્યાપી વૈકુંઠમાં તે ભક્ત જાય છે તેવો અર્થ છે. આ ફલ જ્ઞાનમાર્ગમાં પણ દુર્લભ છે એમ જણાવવા, શ્લોકનું ચોથું ચરણ કહેલું છે. પહેલાંના જમાનામાં રાજાઓ રાજ્યમાં રહી, રાજ્યનું પાલન કરવાના ધર્મથી ઘણા અનુભવી થઈ શહેરમાંથી ચાલી નીકળતા. જ્ઞાનમાં શ્રદ્ધા રાખી કલાપ ગ્રામ વગેરે ગામડાંમાં રહેતા હતા. ત્યાંથી પણ ભગવાનનો મહિમા જાણી તે ગામડાંને પણ **ત્યજી વનં**-સર્વથી છૂપા સ્થાન વનમાં જતા હતા એવો અર્થ છે. અથવા '**ગ્રામ**-ગ્રામ'શબ્દ ગ્રામ્ય (વિષયી જીવન) ના અર્થમાં વપરાયેલો જાણવો. ભગવાનના ધામનું માત્ર શ્રવણ રાજ્યના કરતાં પણ ઘણું ઉત્તમ છે. એમ ન હોય તો જે રાજ્ય (સુખ ભોગ માટે) હાજર હતું. છતાં તેને છોડી દઈને તે વિવેકીઓ (સાર અસારનો ભેદ જાણનારાઓ) વનમાં શા માટે જાય? '**યદર્થાઃ**' એટલે જે સ્થાન જ જેમનો પુરુષાર્થ છે તેઓ રાજપાટ છોડી દઈ ગામડાંમાંથી વનમાં જતા રહેતા હતા ।।૫૦।।

**ઈતિ શ્રીભાગવત દશમસ્કન્ધમાં (છેલ્લા પાંચમા ગુણ પ્રકરણનો વૈરાગ્યરૂપ છઠ્ઠો) ''ભગવદ્ વૈરાગ્ય વર્ણન'' નામનો (ઉત્તરાર્ધનો ૪૧મો અને ચાલુ) નેવુંમો (પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય ૧૨-૧૩-૧૪ બાદ કરતાં ૮૭મો) અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## પાંચમું ગુણ પ્રકરણ સમ્પૂર્ણ


# દશમસ્કન્ધ ઉત્તરાર્ધ સમાપ્ત

**આપણે પુષ્ટિમાર્ગી નથી જ જોઇ**

મૃતકના ઉદ્ધારાર્થે કે ફંડફાળામાટે ભાગવતકથાનું આયોજન કરીએ છીએ
(ઠેરાવેલ કે ઠેરાવ્યા વિનાની)દક્ષિણા લઈને ભાગવત વાંચીએ છીએ આવી
ભાગવતકથા સાંભળવા કે આશીર્વાદ આપવા જઈએ છીએ અન્યના
સેવ્યસ્વરૂપના સેવા-મનોરથોમાટે ભેટ-સામગ્રી આપીએ છીએ
(હવેલી-મન્દિર વગેરેમાંથી) દેવદ્રવ્યનો પ્રસાદ લઈએ છીએ
પ્રભુસેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી સ્વીકારીએ છીએ.

# એકાદશસ્કન્ધ

## મુક્તિલીલા-શ્રીમસ્તક




## અધ્યાય૧ – પ્રકરણ : ૧ જીવમુક્તિ

## યાદવકુમારોને બ્રાહ્મણોએ આપેલો શાપ

વિશેષઃ ૧.પૂર્વે નેવું અધ્યાયથી દશસમસ્કન્ધ કહ્યો. તેમાં તામસાદિ અધિભૂત, અધ્યાત્મ અને અધિદૈવ ના ભેદથી નિરોધ પદાર્થ સ્પષ્ટ કર્યો. હવે એકત્રીસ અધ્યાયથી મુક્તિનો વિચાર આ

સ્કન્ધમાં કરે છે. એમાં જીવમુક્તિ અને ઈશમુક્તિ, જીવના બદ્ધ-મુકત ભેદ અને ઈશ્વરનાટ્ય ત્યાગરૂપ ભેદથી મુક્તિમાં લોકનાટ્યોનો ત્યાગ અને દેહ આદિનો ત્યાગ એવા બે ભેદ છે. તેમાં પહેલો બ્રહ્મભાવ પાંચ અધ્યાયથી કહે છે. બીજી સાયુજ્યમુક્તિ ચોવીસ અધ્યાયથી કહે છે. એકથી અહન્તા અને એકથી મમતાનો ત્યાગ એમ બે અધ્યાયથી ઈશમુક્તિ મળી એકત્રીસ અધ્યાય થાય છે.

જીવમુક્તિમાં બ્રહ્મભાવરૂપ પ્રથમ મુક્તિ વિદ્યાથી અને સાયુજ્યરૂપ બીજી મુક્તિ પ્રકૃતિના ત્યાગથી કહેવામાં આવી છે અથવા પ્રથમ મુક્તિ જ્ઞાનથી અને બીજી મુક્તિ ભક્તિથી થાય છે. જ્ઞાનરૂપ પ્રથમ સાધનનો ઉપદેશ કરનારા દશ=નવ સગુણ + એક નિર્ગુણ વકતાઓ છે; અને બીજા ભક્તિરૂપ સાધનનો ઉપદેશ કરનારા પુરુષોત્તમ પ્રભુ છે. બ્રાહ્મણ, હંસ, ભીષ્મ, ભિક્ષુ, પુરૂરવા તથા મૂલરૂપ અને અવતારરૂપ એમ દ્વિરૂપ ભગવાન્ એમ સાત વક્તાઓ છે. તેથી ઐશ્વર્યાદિ પૂર્ણધર્મયુકત ધર્મી બોધક છે.

બીજા પ્રકરણમાં નારદજી નિર્ગુણ છે. કવિ વગેરે યોગેશ્વરો છે. વૈરાગ્ય ભગવદ્ ધર્મો, સર્વ નિર્ણીત અર્થ, કથા શ્રવણ અને પૂજા એ પાંચ છે. ''પ્રથમ અધ્યાયમાં યદુકુલને શાપ થયો તેની જ કથા છે તેથી વૈરાગ્યનો જ બોધ થાય છે એમ કેમ કહેવાય?'' એ શંકાનું સમાધાન કરે છે કે તેનો અભિપ્રાય વૈરાગ્યમાં છે એટલે કે શાપથી વૈરાગ્ય થાય છે. બીજી ભક્તિરૂપ સાધનની પ્રક્રિયામાં મૂળભૂત ભગવાન્‌ની સ્તુતિ છે. ચતુર્મૂર્તિમાં ત્રણ સ્વરૂપનું ચરિત્ર પહેલાં કહી ગયા. અહીં સંકર્ષણની લીલા કહેવાની છે એમાં જ્ઞાનશક્તિ મુખ્ય છે. વાસુદેવ તો મોક્ષ આપનાર છે. પ્રદ્યુમ્નથી અર્થ અને કામ સિદ્ધ થાય છે. અનિરુદ્ધ ધર્મના રક્ષક છે. અહીં જ્ઞાન આદિ કહ્યું છે તે ચતુર્મૂર્તિનું ચરિત્ર બતાવવામાટે છે. ભગવાન્ અક્લિષ્ટકર્મા છે તે કાલ આદિ દ્વારા બધું કરાવે છે એ બતાવવા અહીં મૌસલનો પ્રસંગ કહ્યો છે. એ પ્રથમ સંક્ષેપથી કહ્યો છે પણ અહીં એનો વિસ્તાર છે. આથી સ્કન્ધાર્થ અને પ્રકરણાર્થ કહ્યો; હવે અધ્યાયાર્થ કહે છે.

યાદવો તો બ્રહ્મણ્ય છે. તેમને બ્રાહ્મણનો શાપ ન સમ્ભવે માટે ભગવાન્ જ એમાં કર્તા છે, બ્રાહ્મણો નિમિત્ત માત્ર છે. એ પહેલા અધ્યાયનો અર્થ છે. પ્રથમ ભગવાને વસુદેવજીને જ્ઞાનનું દાન કરેલ પણ એ કાળે કરીને ભુલાઈ ગયું એનું કારણ એ જ કે એમને ભગવાન્‌માં ગુરુ તરીકેની ભાવના ન હતી પણ પુત્ર તરીકેની ભાવના હતી. વસુદેવજીમાં ભગવાને પિતૃત્વ સ્થાપ્યું છે તેથી નારદજીદ્વારા એમને પૂર્વજ્ઞાનનું સ્મરણ કરાવ્યું. ગોપીજનોની જેમ વસુદેવજી પણ બહાર દષ્ટિ કરે છે ત્યારે એમને દુ:ખ થાય છે. સર્વ સંસારત્યાગની એમની ઈચ્છા છે. એમને સમ્પૂર્ણ જ્ઞાનનો બોધ નારદજીએ કર્યો. હવે એ નિર્ગુણ થશે, બાહ્યદષ્ટિ નિવૃત્ત થશે એ

નારદજીના ઉપદેશનું ફલ થશે. નારદજી પુષ્ટિમાર્ગીય હોવાથી વસુદેવજીને એમનામાં દઢ શ્રદ્ધા ન થાય તેથી નવ યોગેશ્વરોની કથા કહી. એમાં ચાર ભૂમિકા કહેવામાટે ચાર અધ્યાય કહ્યા. તેની કથા સાંભળતાં વસુદેવજીને નારદજીએ કરેલો ઉપદેશ પ્રકાશશે. ચાર ભૂમિકામાંથી ભગવદ્ભકતે ભગવદ્ધર્મ કરવો અથવા ભગવદ્ભકતનો સંગ કરવો એ જ કર્તવ્ય છે. ઉત્તમ એ તો માયાને જાણવી, વૈરાગ્ય રાખવું, માયાને તરવા ગુરુસેવા કરવી, પરબ્રહ્મને જાણીને એની યજ્ઞાદિથી અહર્નિશ આરાધના કરવી. એમાં પણ વૈદિક અને તાન્ત્રિક એવી આરાધનાના ભેદથી આરાધના કરવી. તેટલા માટે વેદનો પણ નિર્ણય એમાં બતાવ્યો છે. આ બધું બીજા અધ્યાયમાં કહેવામાં આવ્યું છે. તે કરવા અશકત હોય તેમણે સતત કથા શ્રવણ આદિ કરવાં. પ્રથમ પ્રકરણનો વિચાર કરી બીજાનો વિચાર કરે છે.

આ બીજા પ્રકરણમાં સાયુજ્ય કહેવાનું છે. એ બ્રહ્મભાવથી પણ શ્રેષ્ઠ છે. સૃષ્ટિના આરમ્ભમાં ભગવાન્થી વિભેદ થતાં જીવને પ્રકૃતિનો સંસર્ગ થાય છે એનું કારણ મૂલ ઈચ્છા છે. તેથી એનો નાશ તો હરિના હાથમાં છે. સ્વત્વથી સ્વીકારેલને ભગવાન્ પ્રકૃતિથી છોડાવશે. એમાં ગુરુત્વથી ભગવાન્ એ સાધનરૂપ થાય છે. તેને માટે આગળના અધ્યાયમાં ઉદ્ધવજીના પ્રસંગમાં સાધન કહ્યાં છે એ ત્રેવીસ અધ્યાયથી કહેશે. કેમ કે પ્રાકૃત ગુણના પ્રકાર તેટલા છે. પ્રકૃતિ અને પ્રાકૃત નો પોતે કરેલ સાધનથી નાશ કરી બ્રહ્મભાવ કરવા કરતાં એનો ભગવાન્ નાશ કરે તો ઉત્તમ તેથી બ્રહ્મભાવથી પણ આ પ્રકરણને ઉત્તમ કહ્યું. અહીં છઠ્ઠો અધ્યાય પૂરો થયો.

પ્રકૃતિમાંથી પ્રથમ અંકુરરૂપે મહત્તત્ત્વ થાય છે. **''વિશ્વમાત્મગતં વ્યઞ્જન્''** એ શ્લોકથી સંક્ષેપથી એનું વર્ણન કરી **''એષ તેऽભિહિતઃ કૃત્સ્નો બ્રહ્મવાદસ્ય સંગ્રહઃ''** ત્યાં ઉપસંહાર કરે છે. ઉપસંહારમાં બ્રહ્મવાદ છે તેથી ઉપક્રમમાં પણ બ્રહ્મવાદ હોવો જોઈએ. એમાં **''યદાત્થ ...''** ઈત્યાદિ ત્રણ શ્લોકથી ભગવાને ઉદ્ધવજીના પ્રશ્નનો અનુવાદ કરીને **''ન યસ્ત્વ્યં''** ઈત્યાદિ વડે બાહ્ય સાધન બતાવીને **''યદિદં મનસા વાચા''** ઈત્યાદિથી પ્રાકૃત અંકુરની જેમ સર્વ બતાવ્યું છે. **''તસ્માદ્ યુકતેન્દ્રિયગ્રામઃ''** ઈત્યાદિ ચાર શ્લોકથી પ્રાકૃત અંકુરના નાશનાં સાધન બતાવીને **''પશ્યન્ મદાત્મકં વિશ્વમ્''** ઈત્યાદિથી ભગવાને બ્રહ્મવાદનો નિર્દેશ કર્યો છે. એથી **''યદ્ ઈદં મનસા''** ઈત્યાદિથી માયિકપણું કહ્યું છે. તે બુદ્ધિમાં રહેલ પ્રપંચને માયિક કહ્યો એ દ્વિતીયસ્કન્ધમાં **''ऋतेऽर्थं યત્ પ્રતીયેત''** ઈત્યાદિમાં જે વિષયતા બતાવી છે એ માયિક સમજવી, સત્ય પ્રપંચ માયિક છે એમ સમજવાનું નથી. એ જ શ્રુતિમાં **''ન તં વિદાથ ય ઈમા જજાનાન્યદ્યુષ્માકમન્તરં બભૂવ''** એ શ્રુતિમાં જે આન્તરાલિક સૃષ્ટિ કહી છે તે માયિક છે. અહીં પણ આગળ ચાલતાં

**''ઇન્દ્રિયાયનસૃષ્ટ્યેદં; ઈક્ષેત વિભ્રમમિદં, ત્વય્યુદ્ધવાશ્રયતિ''** ઇત્યાદિથી એ જ આન્તરાલિક સૃષ્ટિનું કથન થશે. પ્રાકૃતતા તો **''દ્વે અસ્ય બીજે''** ઇત્યાદિથી કહેવાશે. આન્તરાલિક સર્ગ સાંખ્યસ્મૃતિ સિદ્ધ છે તે અહીં વૈરાગ્યાર્થ કહેવાયો છે. વૈદિક સર્ગ તો ''સ એષ જીવઃ'' (ભાગ.પુરા.૧૧।૧૨।૧૭) ઇત્યાદિ સાડાચાર શ્લોકથી કહેશે. **''કાલેન નષ્ટા પ્રલયે''** (૧૧।૧૪।૩) ઇત્યાદિ એનો જ વિસ્તાર છે. જ્ઞાન પ્રાકૃત અંકુરનો નાશ કરી દે છે. તેથી અહીં મહત્તત્ત્વરૂપી અભિમાન્નો નાશ અધ્યાયનો અર્થ છે. આ પ્રકરણમાં તો ભક્તિવડે બ્રહ્મભાવ થાય એમાં જ્ઞાન કહેવાની શી આવશ્યક્તા છે? એના ઉત્તરમાં કહેવાનું કે જ્ઞાન પણ અહીં ભક્તિમાટે જ છે. મુખ્ય ભક્તિ અહીં પ્રકરણી છે એ વાત સમાપ્તિમાં સ્પષ્ટ થશે. **''વાતરશના યે''** (૧૧।૬।૪૭) ઇત્યાદિથી બ્રહ્મધામમાં પહોંચવામાટે એ જ્ઞાન છે. ભગવદ્ગીતામાં એ જ્ઞાનને ભક્તિમાટે કહ્યું છે. આગળ તો ભકિતનો જ ઉપદેશ કરશે. જો ઉત્કૃષ્ટ અધિકાર હોય તો એને જ્ઞાનની ઇચ્છા ન થાય. પણ એણે તે વખતે પોતાનો અધિકાર ન જોયો તેથી જ્ઞાનાર્થ પ્રશ્ન કર્યો છે. અહીં ત્રીજો અધ્યાય સમાપ્ત થયો.

આન્તર-બાહ્યના ત્યાગમાં મુક્તિ કહે છે. બે માર્ગનું શ્રવણ કરવાથી સન્દેહ થાય છે. એની નિવૃત્તિ કેવળ વચનમાત્રથી થતી નથી એવો સન્દેહ ન થવામાટે યુક્તિ કહે છે. એમાં મૂલ, મધ્ય અને અન્તમાં એનું સ્વરૂપ કહે છે. સત્ત્વાદિથી અન્તઃકરણદોષ નિવૃત્ત થવાનું કહ્યું એ શુદ્ધાદ્વૈતમાં દોષ પણ ભગવદાત્મક હોવાથી ભગવાન્ એને છોડાવે નહિ ત્યાંસુધી એ છૂટતા નથી તેથી પહેલા ગુરુ કહ્યા છે તેનાથી ઉત્તમ ગુરુ મળે તો જ એ દોષ જાય. તેથી સનકાદિક પ્રશ્ન કરે છે. ત્યારે હંસ એનો ઉત્તર આપે છે. ત્રણ ગુણ અને (ચિત્તનો ત્યાગ તો કૃષ્ણ કૃપાવડે થાય. શ્રદ્ધા એમાં ફલમુખ-અંગ છે. ભક્તિ ગુણાતીત થાય ત્યારે એનું ફલ મળે છે. એ વાત **''માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન''** એ શ્લોકથી કહી છે. **''ઇતિ મે ચ્છિન્ન સન્દેહઃ''** એમાં પણ એ જ વાત છે. ભગવત્પ્રવેશ પણ ભક્તિ વિના ન થાય. તેથી જ **'પરયા'** એવું ભક્તિને વિશેષણ આપ્યું છે. એવી પરાભક્તિ બ્રહ્મભાવ પછી થાય. જ્ઞાનની પરાકાષ્ઠા એ બ્રહ્મભાવ કહેવાય. એને માટે પ્રથમ બુદ્ધિનું શોધન થવું જોઈએ તેથી **''બુદ્ધ્યા વિશુદ્ધયા''** વગરેથી એની પ્રણાલી બતાવી એમાં ત્રણ ગુણ અને ચિત્તનો ત્યાગ કહ્યો છે. એ બુદ્ધિ ગુણને ત્યારે જ છોડે કે જ્યારે બુદ્ધિમાં ભગવત્પ્રવેશ થાય. જ્યારે બુદ્ધિમાં ભગવત્પ્રવેશ થાય ત્યારે ભેદબુદ્ધિ દૂર થાય, સર્વત્ર ભગવત્સ્ફૂર્તિ થાય. એને અહીં ''મનથી, વાણીથી, દષ્ટિથી તથા બીજી ઇન્દ્રિયોથી પણ જે કંઈ ગ્રહણ કરવામાં આવે છે તે બધું હું જ છું, મારા સિવાય બીજાં કંઈ છે જ નહિ એવી અભેદ બુદ્ધિ રાખો'' એમ હંસાવતારે ઉપદેશ આપ્યો છે. એમાં 'અહં'

શબ્દ કહ્યો છે તે જીવને કહેનાર છે કે બ્રહ્મને? એ સન્દેહના ઉત્તરમાં આગળ જીવને આત્મા કહ્યો છે તેથી 'અહં' શબ્દ બ્રહ્મને કહેનાર છે એમ સિદ્ધ કરીને ગુણ અને ચિત્તના ત્યાગમાટે બુદ્ધિની અવસ્થાઓ કહી. એનાથી જીવને બ્રહ્મથી જુદો બતાવી વૃત્તિના સાક્ષી પોતે થઈ **''ત્યાગઃ સગુણચેતસાં''** વગેરેથી ત્યાગ બતાવીને **''યાવન્નાનાર્થ ધીઃ''** ઇત્યાદિ વડે ભેદબુદ્ધિનું મિથ્યાત્વ અને એવી બુદ્ધિવાળાનું **'અજ્ઞત્વ'** દેખાડીને **''યો જાગરે''** ઇત્યાદિથી **'સ્મૃત્યન્વયાત્'** સુધી યુક્તિ બતાવી પોતાનું સાક્ષીપણું કહ્યું અને બધા સન્દેહ દૂર કરી પોતાના ભજનનો રસ્તો ખુલ્લો કર્યો.

ગુણસર્ગાદિના મિથ્યાત્વમાં મુક્તિ કહે છે. અહીં ગુણને ચિત્તપ્રભવ કહ્યા, આગળ ઉપદેશમાં સાંખ્ય-યોગનું જ્ઞાન કહ્યું તેથી ભેદવાદની સિદ્ધિમાટે ઐચ્છિક ભેદ મિથ્યા નથી એમ પણ કહ્યું. અહીં તેરમો અધ્યાય પૂર્ણ થયો.

આ નિર્ણય શ્રુતિને માન્ય છે એ બતાવનાર ચૌદમો અધ્યાય છે. આ જ નિશ્ચિત અર્થ છે એમ બતાવવા શ્રેયનું નિરૂપણ કર્યું. બીજાં શ્રેય માનીએ તો શ્રીકૃષ્ણ ફલરૂપ ન ઠરે તેમ ગુણ અને ચિત્ત નો ત્યાગ સાધનરૂપ ન થઈ શકે તેથી **'આદ્યન્તવદસત્'** થી લઈ **''મદ્વિનાન્યત્ (મદ્ વિના અન્યત્)''** સુધીમાં એ વાત દેખાડી છે. સેવક થવામાં હીનતા નથી એમ મનાય ત્યારે શ્રદ્ધા સિદ્ધ થાય. ભક્તિ સાધન અને ફલરૂપ છે. ભકિતનું સાધન ધ્યાન છે. તેના અનેક ભેદ ભગવાન્‌નો ચિત્તમાં આવેશ થવા માટે કહ્યા. અહીં **''માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ''** માં કહેલો દ્વિતીય ખંડ પૂર્ણ થયો. **''દ્રવ્યજ્ઞાનક્રિયાભ્રમઃ''** એટલે દ્રવ્યમાં મારું અને બીજા નું એ દ્રવ્યભ્રમ, વિષય માયિક છે એ જ્ઞાનભ્રમ અને ભગવાન્‌ની સેવા સિવાય બીજું લૌકિક કરવું એ ક્રિયાભ્રમ એ ત્રણ ભ્રમો દૂર થયા પછી સુદૃઢ અને સર્વતોધિક (સર્વ કરતાં અધિક) સ્નેહ પ્રભુમાં થાય એ જ ઉપર કહેલો દ્વિતીય ખંડ થયો. અહીં પંદરમાનો અર્થ કહ્યો. એની સમાપ્તિમાં **''સર્વાસામપિ સિદ્ધીનાં''** ઇત્યાદિ બે શ્લોકથી સર્વનું પ્રભુપણું અને પ્રભુનું સર્વપણું કહ્યું તેથી સિદ્ધિમાં કોઈને ઉત્કર્ષનો ભ્રમ થાય તેને દૂર કરવા એ સિદ્ધિઓ ભગવાન્‌માં અન્તરાયરૂપ કહી તેથી એ અધ્યાય ભ્રમનિવૃત્તિ શેષ થયો. ચૌદમા અધ્યાયમાં મનસ્તત્ત્વનો નાશ કહ્યો ત્યારે પંદરમાં અધ્યાયમાં આકાશ અને વાયુ-તત્ત્વનો નાશ કહ્યો.

સોળમા અધ્યાયમાં **''યેષુ યેષુ ચ ભાવેષુ''** ઇત્યાદિથી વિભૂતિનો પ્રશ્ન કર્યો તેની અહીં જરૂર શી? એમ કોઈ શંકા કરે તેનો ઉત્તર કહે છે કે ભગવદ્ગીતામાં **''ભક્ત્યા મામભિજાનાતિ''** ઇત્યાદિ શ્લોકથી **''યચ્ચ યાવચ્ચ''** જ્ઞાનપ્રવેશમાં હેતુરૂપ કહ્યું તે જ **''જ્ઞાત્વા જ્ઞાત્વા''** થી કહ્યું છે. એ પણ ભક્તિની પહેલાં એવું જ્ઞાન થવું જોઈએ.

ભગવત્પ્રવેશમાં એ જ્ઞાનને વ્યાપારતા છે તેથી મૂળમાં **'તત્ત્વતઃ'** એમ કહ્યું છે. **'અભિજ્ઞાન'** તો ભક્તિવડે બ્રહ્મજ્ઞાન થાય ત્યારે જ થાય. એવું જ્ઞાન બ્રહ્મભાવ પહેલાં ન થાય. પરાભક્તિ પણ બ્રહ્મભાવ પછી જ થઈ શકે છે. તેથી **''યેષુ યેષુ ચ ભાવેષુ''** ઈત્યાદિથી ઉદ્ધવજીએ પૂછ્યું ત્યારે **''અહમાત્મોદ્ધવામીષામ્''** ઈત્યાદિથી પોતે જ સર્વના આત્મા હોવાનું ભગવાને એને કહ્યું છે એ સર્વતાના જ્ઞાનમાટે **''યચ્ચ યાવચ્ચ''** જ્ઞાનસ્વરૂપ પોતે હોવાથી **''યચ્ચ યાવચ્ચ''** ને વિભૂતિ કહી એ સર્વ હું જાણું છું એમ કહી **''મનોવિકારહ્યેવૈતે યથા વાચાભિધીયતે''** એ બધા મનના વિકારરૂપ છે એમ જાણે ત્યારે એને ભગવાન્ સર્વાત્મા છે એવું જ્ઞાન થાય. અહીં સોળમો અધ્યાય પૂરો થયો.

સત્તરમો અધ્યાય અને અઢારમો બન્ને અધ્યાયો ભક્તિશેષ છે. **''યસ્ત્વયાભિહિતઃ''** એમ સત્તરમાં અધ્યાયના આરમ્ભમાં ઉદ્ધવજીએ પ્રશ્ન કર્યો તેમાં ધર્મ પૂછ્યો તે ભકિતમાં ઉપયુકત ધર્મ પૂછ્યો. સદ્ધર્મથી દુર્વાસના નિવૃત્ત થવાનું સપ્તમસ્કન્ધમાં કહેવામાં આવ્યું છે. **''ઈતિ માં યઃ સ્વધર્મેણ ભજન્નિત્યમનન્યભાક્, સર્વ ભૂતેષુ મદ્ભાવો મદ્ભક્તિં વિન્દતેડચિરાત્''** એ શ્લોકમાં ધર્મનો ઉપયોગ ભક્તિમાં કહ્યો છે તેથી બન્ને અધ્યાયને ભજન શેષ કહ્યા છે. ભક્તિ પ્રેમલક્ષણા અને સાધનરૂપા એમ બે પ્રકારની છે તે બન્ને 'ભજત્' અને 'અનન્યભાક્' એ બે શબ્દથી કહી. જો એમ ન કહે તો સાધનભાવ નષ્ટ થઈ જાય. એમાં સ્વધર્મ-સાધન ભક્તિના અંગરૂપ છે પણ એ સ્વધર્મ પણ બાધક જણાય છે તેથી વર્ણાશ્રમધર્મ ભક્તિ શેષ છે. ઓગણીસમા અધ્યાયના આરમ્ભમાં **''યો વિદ્યાશ્રુતસમ્પન્નઃ''** ઈત્યાદિ કહી **'તપસ્તીર્થ'** ઈત્યાદિથી જ્ઞાનનાં વખાણ કરી **''તસ્માજ્ જ્ઞાનેન સહિતમ્''** ઈત્યાદિથી જ્ઞાનને ભકિતનું અંગ કહી **'જ્ઞાનવિજ્ઞાન'** ઈત્યાદિથી જ્ઞાનયજ્ઞની સિદ્ધિને બતાવી જ્ઞાનીની શ્લાઘામાં **''માયામાત્રમિદં''** એ શ્લોકથી દેખાતું બધું 'માયિક' છે એમ કહી તારો દેહ પણ માયિક છે એમ કહેવામાટે ભગવાને **''ત્વય્યુદ્ધવાશ્રયતિ''** ઈત્યાદિથી કહ્યું. આના પ્રથમના અધ્યાયમાં પણ **''નૈતદ્વસ્તુતયા પશ્યેત્ યદેતદાત્મનિ જગત્''** એ બે શ્લોકથી દેખાતું બધું અવસ્તુ કહ્યું. પોતાના શરીરમાં રહેલ બધું જગત માયિક કહ્યું ત્યારે ઉદ્ધવજીને સન્દેહ થયો કે જગતને માયિક જાણવું એ જ્ઞાન ભક્તિના અંગરૂપ કે જગતને બ્રહ્મ જાણવું તે અંગરૂપ? એના ઉત્તરમાં ભગવાન્ યુધિષ્ઠિર અને ભીષ્મ ના સંવાદરૂપ ઈતિહાસ કહે છે; એમાં સર્વનો નિર્ણય આવે છે. એમાં ભીષ્મે પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર, મન, પંચભૂત, પાંચવિષય, દશ ઈન્દ્રિયો અને ત્રણ ગુણો એમ અઠાવીસ તત્ત્વો કહ્યાં તેમાં પરમાત્મતત્ત્વ એક સત્ત્વ છે એમ જાણવું. સદ્રૂપ કૈવલ્ય જેનાથી

દેખાય તે જ્ઞાન છે. આ **''સર્વભૂતેષુ યેનૈકં''** ઇત્યાદિ શ્લોકથી કહ્યું છે. પચ્ચીસમા અધ્યાયમાં **''કૈવલ્યં સાત્ત્વિકં જ્ઞાનં''** એમ કહેશે. **''એતદેવ હિ વિજ્ઞાનમ્''** ઇત્યાદિથી વિજ્ઞાન બતાવ્યું. એકલા બ્રહ્મથી તૃણસ્તંબથી બ્રહ્મા સુધીના ભાવો ઉત્પન્ન થાય છે તે જેનાથી ઉત્પન્ન થાય તે વિજ્ઞાન છે. જે વસ્તુ આદિ, મધ્ય અને અન્ત માં અનુસ્યૂત રહે, કાર્યનો કારણમાં લય થતાં જે બાકી રહે તે 'સદ્વસ્તુ' કહેવાય. બીજું આગન્તુક છે. આરોપિત સમજવું. એ પણ વિજ્ઞાન છે એમ ભીષ્મે કહ્યું છે તેમાં બે પ્રકાર કહ્યા. એમાં શ્રુતિ, પ્રત્યક્ષ, ઐતિહ્ય અને અનુમાન માં કાંઈ નિશ્ચયાત્મક જ્ઞાન ન થવાથી વિચારકને વૈરાગ્ય થાય છે. વિકલ્પ વૈરાગ્યનો પ્રયોજક છે તેથી અઠ્ઠાવીસ તત્ત્વો વગેરે વૈરાગ્યમાટે છે. બીજાનું પ્રયોજન એ કે બ્રહ્મપર્યન્તના ભાવો નષ્ટ થવાથી અમંગળરૂપ છે એમ જાણે ત્યારે મૂળ કારણમાં શ્રદ્ધા થાય. એમ બે વિભાગનું પ્રયોજન કહીને મહદ્વિમૃગ્ય ભક્તિયોગ પૂછ્યો એટલે અગિયારથી ઓગણીસમાં અધ્યાયમાં કહેલ ભક્તિથી ઉત્તમ ભક્તિનો પ્રશ્ન કર્યો તેના ઉત્તરમાં ભીષ્મે બધા ઋષિઓની સન્મુખ કહ્યું હતું તે ભગવાને ઉદ્ધવજીને કહ્યું. એમાં વિકલ્પને માયિક કહ્યો તે વૈરાગ્યાર્થ છે એમ પણ કહ્યું. વૈરાગ્ય પણ ગુણવૈતૃષ્ણ્ય સુધી થવું જોઈએ, તો જ એ પરમ ભક્તિમાં ઉપયોગી થાય. બ્રહ્માત્મક જ્ઞાનનો ભક્તિમાં સાક્ષાત્ ઉપયોગ છે. ત્યાર પછી ઉદ્ધવજીએ યમ આદિનો પ્રશ્ન કર્યો. ભગવાને એનો ઉત્તર આપ્યો. એ વિજ્ઞાનના અંગરૂપ અને સંન્નિપત્ત્યુપકારક છે. ભક્તિમાં જ્ઞાનને અંગરૂપ કહ્યું તેથી ઓગણીસમા અધ્યાયનો વિચાર પૂરો કર્યો.

વીસમો અધ્યાય પણ પરમ્પરાથી ભક્તિ શેષ છે. વેદમાં જે ભેદો કહ્યા તે હીનાધિકારીઓને વૈરાગ્યમાટે કહ્યા છે. વેદનું તાત્પર્ય એવા ભેદમાં નથી પણ વૈરાગ્યમાં છે. તેથી જ પૂર્વોત્તરકાંડમાં વિરોધ નથી. વેદ પણ પરમ્પરાથી ભક્તિનું પ્રતિપાદન કરે છે. એમ વીસમો અધ્યાય તપાસ્યો.

એકવીસમા અધ્યાયનો વિચાર કરે છે. પૂર્વાધ્યાયમાં ભેદ માયિક કહ્યો તેથી અભેદમાં વેદનું તાત્પર્ય છે એમ સિદ્ધ થયું. ઓગણીસમા અધ્યાયમાં અઠ્ઠાવીસ તત્ત્વ કહ્યાં તે સંખ્યા પણ માયિક ઠરી તો એવાં તત્ત્વો શા માટે સ્વીકારવાં જોઈએ? ભગવાને મતાન્તરને 'યૌક્તિક' કહ્યા પણ સ્વમતને એમ નથી કહ્યો. તેથી ભેદ સિદ્ધ થશે, અભેદ સિદ્ધ નહિ થાય. વૈરાગ્ય કહ્યું. તે પણ પ્રકૃતિ-પુરુષના વિવેક પૂરતું જ ગણાશે, ભકતાર્થ ગણાશે નહિ. એમ **''ગુણેષ્વાવિશતે ચેતો''** ઇત્યાદિથી કહી એનો અન્યોન્ય ત્યાગ કરવાનું કહ્યું. તેમ અહીં જીવ અને પ્રકૃતિ ના રૂપમાં વૈલક્ષણ્ય છતાં પરસ્પર સંશ્લેષથી અભેદજ્ઞાન થાય છે એ વાત **''પ્રકૃતિઃ પુરુષશ્ચોભૌ''** ઇત્યાદિથી ભેદને વાચારમ્ભણ કહ્યો. માયા બુદ્ધિમાં એને ઉત્પન્ન કરે છે. એ

ઉપાધિવડે બધા સાપેક્ષ બને છે. તેથી અંશથી ત્રિવિધ છતાં અંશીવડે એકતા બતાવી, **''આત્મા યથૈષામપરો ય આદ્યઃ''** એ અર્ધશ્લોકથી આકાશમાં રહેલ સૂર્યનું દૃષ્ટાન્ત આપી પ્રકૃતિ આદિથી આત્માને જાુદો કહ્યો. એનું સ્વધર્મ અને અનુભવ થી સર્વાનુભાવકત્વ કહી **''એવં ત્વગાદિ''** ઇત્યાદિથી ઇન્દ્રિયોનું ત્રૈવિધ્ય અને વિકારને પ્રધાનજન્ય બતાવી પ્રકૃતિ-પુરુષ જુદાં નથી પણ ધર્મભેદથી એ વાચારમ્ભણ માત્ર છે. એ વ્યવહારમાં ઉપયોગી છે. પૂર્વકાંડમાં ભેદ પ્રવૃત્તિ અર્થે છે તેમ અહીં પણ હીન અધિકારીને ઉદ્દેશી ભેદ કલ્પ્યો છે. **''અપાગાદગ્નેરગ્નિત્વમ્''** ની જેમ અહીં નિર્ણય સમજવો. ત્રિવિધ માયાથી બહિર્મુખ જીવને એ ભેદહીન અધિકારીથી દેખાય છે, વસ્તુતઃ અભેદમાં તાત્પર્ય છે. **''ત્વત્તઃ પરાવૃત્તધિયઃ''** ઇત્યાદિ શ્લોકથી ઉદ્ધવજીએ પ્રશ્ન કર્યો ત્યારે ભગવાને **''મનઃ કર્મમયં''** ઇત્યાદિથી એના સંસારની અનિવૃત્તિ કહી. એનું કારણ કે એ ભગવદ્વિમુખ હોવાથી એને ભેદભાવ જતો નથી. એ ભગવદઅપરાધ કરે છે તેથી એનો સંસાર છૂટતો નથી. એથી જ **''તત ઉદ્ધવ મા ભુંક્ષ્વ''** ઇત્યાદિથી ભગવાન્ એને મટવાનો ઉપાય બતાવે છે. તેથી મનોદંડ કહ્યો છે. અહીં પણ એ માયિકપણું કહ્યું તે વૈરાગ્ય અર્થે સમજવું. ભક્તિને માટે વૈરાગ્ય છે એમ તો પ્રથમ કહ્યું. આગળ પણ કહેશે. આમ બાવીસમો અધ્યાય કહ્યો.

ભેદ પારમાર્થિક છે, આગન્તુક છે, આરોપિત છે એવો સન્દેહ કરીને એને ચોવીસમા અધ્યાયમાં દૂર કરે છે.

ત્રેવીસમા અધ્યાયમાં તો મનોદંડ અથવા દંડિતમનને જાણવાનો પ્રકાર કહેવામાં આવે છે. અતિક્રમને સહન કરવાનું સામર્થ્ય આવે ત્યારે એને જ્ઞાન થાય છે એમ સમજાય. સાધન જ્ઞાનમાં ભિક્ષુ ગુરુ છે. એના જેવી ભાવના કરે તો મન દંડિત થાય. જો મનનો ત્યાગ થાય તો બીજાં સાધનોની જરૂર રહેતી નથી. તેથી આ અધ્યાય પૂર્વાધ્યાય શેષ ગણાય. એમ ત્રેવીસમો અધ્યાય વિચારી ચોવીસમા અધ્યાયનો વિચાર કરે છે.

ઓગણીસમા અધ્યાયમાં **''તસ્માજ્જ્ઞાનેન સહિતમ્''** એમાં જ્ઞાન અને વિજ્ઞાનને ભક્તિનાં અંગ કહ્યાં, **''નવૈકાદશપંચત્રીણ્યાત્થ''** ઇત્યાદિથી ગૌણ-મુખ્ય ભેદવડે જ્ઞાન-વિજ્ઞાનના સ્વરૂપનો વિચાર કર્યો. એમાં જ્ઞાન-વિજ્ઞાન સમ્પત્તિથી ભજે તો સન્ન્યાસી થઈને (અધ્યાય બાવીસ-ત્રેવીસમાં) કહેલી રીતથી અઠ્ઠાવીસ તત્ત્વના ભેદને આગન્તુક જાણીને ભજે. આધિદૈવિક વાદનો આશ્રય કરી વિજ્ઞાનસમ્પત્તિથી ભજે તો ચોવીસમા અને પચ્ચીસમા અધ્યાયમાં કહ્યા પ્રમાણે **''યેન મે નિર્જિતાઃ સૌમ્ય''** ઇત્યાદિ સાડા ચાર શ્લોકમાં કહેલ પ્રકારથી ભજે. તેમાં વૈરાગ્ય અને શ્રદ્ધા ભક્તિનાં અંગરૂપ છે. ભજનનો પ્રકાર અગિયારમા

અધ્યાયમાં **''મલ્લિંગ-મદ્ભક્તજન''** ઈત્યાદિ શ્લોકથી કહેલ સમજવો. **''પુનશ્ચ કથયિષ્યામિ''** ઈત્યાદિથી ઓગણીસમા અધ્યાયમાં કહેલો પ્રકાર પણ લેવો. ભક્તિનું સ્વરૂપ **''ન રોધયતિ માં યોગઃ''** ઈત્યાદિ બારમા અધ્યાયમાં કહેલું લેવું. પછી મુખ્ય અધિકાર થાય ત્યારે બારમા અધ્યાયમાં કહેલી શરણાગતિ સાધનરૂપ જાણવી. ઓગણીસમા અધ્યાયમાં આત્માર્પણપૂર્વક ભજન કરવાનું કહ્યું છે તે પણ કરવું. હીન અધિકારીએ અગિયારમા અધ્યાયનો પ્રકાર ગ્રહણ કરવો. એમ ચોવીસ અને પચ્ચીસમા અધ્યાયનો વિચાર થયો.

છવ્વીસમો અધ્યાય પણ વૈરાગ્યને કહેનાર હોવાથી ભક્તિશેષ છે. **''એવં જાતોપિ સંગેન પુનશ્ચેન્નાશમેતિ હિ''** ઈત્યાદિથી ભકિત શેષ કહ્યો.

સત્તાવીસમો અધ્યયા પણ ભક્તિશેષ છે. દૈવીસમ્પત્તિમાં મોક્ષ થાય તેવો હોય છતાં વાસનાને વશ થતાં સંગદોષ લાગે તેમાં જ દેહ પડે અને બીજા દેહ મળે ત્યારે પ્રારબ્ધ નાશ થાય. પછી દૈવીસમ્પત્તિના ધર્મો સ્ફુરતાં એને મુક્તિની ઈચ્છા થાય ત્યારે એનો નિસ્તાર કેમ થાય એ વાત ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણ ભગવાન્‌ને પૂછી ત્યારે એના ઉત્તરમાં ભગવાને સંક્ષેપથી કર્મકાંડ કહ્યો, યોગરૂપ સાધન પણ કહ્યું. એ પણ જ્ઞાનની જેમ ભકતમાં અંગરૂપે રહે છે. એ દૂરથી સાધનરૂપ છે. એમ સત્તાવીસ અધ્યાયનો વિચાર થયો.

હવે અઠ્ઠાવીસમા અધ્યાયનો વિચાર કરે છે. એમાં માયાવાદને કહે છે. ભક્તિ અર્થે બ્રહ્મવાદને પણ કહે છે, પછી **''નિઃસંગો વિચરેત્ ઈહ''** એને માટે ઉદ્ધવજીને માયાવાદ અને બ્રહ્મવાદ પણ કહ્યો. **''યાવદ્દેહેન્દ્રિયપ્રાણ''** ત્યાંથી લઈને **''દ્વયં પંડિતમાનિનામ્''** સુધીમાં એ બધું આવી ગયું. **''યોગિનો-પક્વયોગસ્ય''** ઈત્યાદિનો અર્થ બતાવી **''તત્પરં પુરુષખ્યાતેર્ ગુણવૈતૃણ્યમ્''** ઈત્યાદિ પાતાઞ્જલયોગસૂત્રથી કહેલું વૈરાગ્ય તો ભેદવાદીઓને પણ ઈષ્ટ છે. એને છોડી અહીં માયાવાદ કેમ કહ્યો? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે જીવવિષયક વૈરાગ્ય પણ અહીં જરૂરનો છે. **''પ્રકૃતિઃ પુરુષશ્ચેતિ, અવિદ્યમાનોપ્ય-વભાસતે''** ઈત્યાદિ વાક્યોથી એ વાત સિદ્ધ થાય છે ત્યારે ભગવાન્‌નું તાત્પર્ય માયાવાદમાં છે એમ કહો. એના ઉત્તરમાં કહેવાનું કે **''જ્ઞાનં વિવેકો નિગમઃ''** ઈત્યાદિમાં **''યથા હિરણ્યં સુકૃતં''** ઈત્યાદિથી કાર્યમાત્રને બ્રહ્મપણું કહ્યું છે એનો વિરોધ આવે માટે દ્વૈતપ્રતિપન્નને માયિક કહ્યું. પણ ઐચ્છિકભેદને માયિક કહ્યો નથી તેથી ભગવત્ તાત્પર્ય બ્રહ્મવાદમાં છે, માયાવાદમાં નથી એમ સ્પષ્ટ થાય છે.

હવે ઓગણત્રીસમા અધ્યાયનો વિચાર કરે છે. એમાં અનુકલ્પ કહ્યા છે તેથી એ અધ્યાય પણ ભક્તિશેષ છે. આના આરમ્ભમાં **''વિદ્ધિ માયામનોમયમ્''** વળી **''એષ**

**તેઽભિહિતઃ કૃત્સ્નો બ્રહ્મવાદસ્ય સંગ્રહઃ''** તેથી આનું તાત્પર્ય જ્ઞાનમાં હોવાનું જણાય છે. તેથી પ્રકરણી જ્ઞાન છે. ભક્તિ તો **''યદ્યનીષો ધારયિતું''** ઈત્યાદિથી અનુકલ્પ તરીકે કહી છે! એવી શંકાના ઉત્તરમાં કહેવાનું કે અન્ય લિંગોથી સર્વનું ભક્તિમાં તાત્પર્ય છે. અગિયારમા અધ્યાયમાં **''અથૈતત્પરમં ગુહ્યં''** એથી 'પરમગુહ્ય' અને 'સુગોપ્યતા' કહીને બારમા અધ્યાયમાં ભક્તિનો બોધ કર્યો. **''મત્કામા રમણં જારમ્''** ઈત્યાદિથી જ્ઞાનના અભાવમાં કેવળ ભાવથી પણ સ્વપ્રાપ્તિ બતાવી છે. એમાં પણ **''શતસહસ્રશઃ''** તે કાકતાલીય નહિ પણ જ્ઞાન વગર પણ અનેકને કેવળ ભાવ અને સત્સંગમાત્ર થી ભગવત્પ્રાપ્તિ થવાનો માર્ગ મોટો છે એમ કહ્યું. અધ્યાય તેરમામાં નાનાત્વ ભ્રમનિવર્તક જ્ઞાન કહીને **''ભજત માખિલસંશયાધિમ્''** ઈત્યાદિથી ભગવાને ભક્તિનો બોધ કર્યો છે. ઓગણીસમા અધ્યાયમાં **''જ્ઞાનવિજ્ઞાનસમ્પન્નો ભજ માં ભકિતભાવતઃ''** ઈત્યાદિમાં પણ ભજન કહ્યું છે. આગળ પણ શ્રદ્ધા, વૈરાગ્ય વગેરે કહી પરમ કારણતામાં **''શ્રદ્ધામૃતકથાયામ્''** વગેરે કહી **''મયિ સઞ્જાયતે ભકિતઃ''** ઈત્યાદિથી એ જ વાત કહેવામાં આવી છે. ચૌદમા અધ્યાયમાં ભક્તિનું બળ અને એનું ફળ કહ્યું. સાંગ ધર્મ અને વિદ્યાને એ ભક્તિનાં અંગ કહ્યાં તેથી એ બધાં ભકિતથી ન્યૂન છે એમ કહી સોળમા અધ્યાયમાં ભકિતયુકત બુદ્ધિને તથા સત્તરમા અને અઢારમા અધ્યાયમાં ભક્તિને માટે ધર્મને કહી આગળના અધ્યાયોને ભક્તિશેષ કહ્યા. તેથી સર્વત્ર આ સ્કન્ધમાં ભક્તિ જ પ્રધાન છે. ઉપક્રમમાં જ્ઞાન કહ્યું તે તો મૈત્રેયી બ્રાહ્મણમાં જીવાત્માની પેઠે સૌલાભ્યાર્થ. ઉપસંહારમાં બ્રહ્મવાદ કહ્યો તે પણ પરમ્પરાથી ભક્તિના અંગરૂપ છે એમ બતાવવામાટે છે. **''યદ્યનીશો ધારયિતું''** ઈત્યાદિ અનુક્રમ તો ઉપાસના શેષભૂતના ભક્તિના સાધનભૂત સિદ્ધ થાય છે. **''અથૈતત્પરમં ગુહ્યમ્''** એમ ભેદથી કહ્યું એ તો અહીં વિવાદાસ્પદ નથી. **''મત્કામા રમણં જારમસ્વરૂપ''** વગેરેમાં અજ્ઞાન કહ્યું તે તો અન્તર્ગૃહગતાને ઉદ્દેશીને કહ્યું છે એમ **'તમેવ'** ઈત્યાદિ શુકોક્તિથી સિદ્ધ થાય છે. રાસસ્થાને તો કુરુક્ષેત્રમાં જ્ઞાનોપદેશ કર્યો છે. તે જ્ઞાનનું પણ ભક્તિમાં પર્યવસાન છે, જ્ઞાન ભક્તિ સમુચ્ચયમાં નહિ. એમ હોત તો **'રમણં'** પદનો ઉલ્લેખ ન કરત. **''રામેણ સાર્ધં''** ઈત્યાદિમાં રાસસ્થ આલિંગનનો પણ વિરોધ આવે. **''કેવલેન હિ ભાવેન ગોપ્યો ગાવઃ ખગા મૃગાઃ''** ઈત્યાદિનો પણ વિરોધ આવે. જ્ઞાનનો ઉપદેશ તો **''જ્ઞાત્વા પાને મહાન્ રસ''** ઈત્યાદિ ન્યાયથી **''સ્રક્ચન્દનાદિવત્''** ઉપકરણાર્થ છે, ફલાર્થ નથી. **''યોગાસ્રયો મયા પ્રોક્તાઃ''** એમાં ત્રણ માર્ગો ફલાર્થ કહ્યા એનું શું? એના ઉત્તરમાં કહેવાનું કે અધિકારીના ભેદથી માર્ગભેદો કહ્યા છે. એ જ માર્ગો કહેવાનું તાત્પર્ય છે. એમાં મુખ્ય ભક્તિ

કહી નથી એ જ વાત **"જાતશ્રદ્ધો મત્કથાસુ"** ઈત્યાદિથી આરમ્ભીને **"કથંચિદ્યદિ વાઞ્છતિ"** એથી ફલાન્તર કહીને **"ન મય્યેકાન્તભક્તાનામ્"** ઈત્યાદિ શ્લોકથી અધિકારીનું સ્વરૂપ બતાવીને મુખ્ય ભક્તિ પ્રકરણો છે એમ સિદ્ધ કર્યુ છે.

એમ જીવપ્રકરણને સમાપ્ત કરીને હવે ઈશ પ્રકરણના બે અધ્યાયનો વિચાર કરે છે. અહન્તા-મમતા છોડવામાટે આ પ્રકાર છે. તેથી નિત્ય શુદ્ધ-બુદ્ધ મુક્તને મુક્તિ સમ્ભવે નહિ એ શંકાને અહીં અવકાશ નથી. એકાદશ અધ્યાયમાં **"બદ્ધો મુક્ત ઈતિ વ્યાખ્યા ગુણતઃ"** ઈત્યાદિથી જીવને બન્ધ માયાથી કહ્યો. કેમકે એ અહંકારથી થાય છે. એ ભ્રાન્તિજન્ય છે. વાસ્તવ બન્ધ જીવને પણ નથી. માયાની નિવૃત્તિ વિના જીવને બન્ધ દૂર થતો નથી. એને દૂર કરવામાટે ભક્તિ, જ્ઞાન, ઉપાસના વગેરે કહ્યાં છે. ભગવાન્‌ને તો માયા પોતાની શક્તિરૂપ હોવાથી એ બાધ કરતી નથી. તેથી તેને તત્કૃત ગુણબન્ધન સમ્ભવતું નથી પણ એને તો ઐચ્છિક છે; એ જ સ્પષ્ટ કરે છે. બ્રહ્મવાદમાં સર્વાત્મા ભગવાન્ છે એમ પ્રભુએ અનેક સ્થળ કહ્યું છે. મમત્વ તો દેખાવ માત્ર છે. એ બન્નેનો નાશ પણ અભિનય માત્રમાં જ સમજવાનો છે. અહં ભાવના ક્ષયનો અભિનય કરવામાં આવ્યો છે. **"અહં બ્રહ્માસ્મિ, અહં સર્વસ્ય પ્રભવઃ, અહં યોગસ્ય સાંખ્યસ્ય"** ઈત્યાદિમાં 'અહં'શબ્દનો પ્રયોગ દેખાય છે તે **'આત્મવિષયક'** છે તેથી નટની જેમ કપટમાનુષવેશનો દેવોની પ્રાર્થનાથી ભગવાને ત્યાગ કર્યો છે. માનુષવેશમાં પણ પ્રાર્થના કારણરૂપ હતી. તેને દેવોના કહેવાથી ભગવાને છોડી. મમતાક્ષયમાં શ્રીકૃષ્ણ બ્રહ્મરૂપ છે. યાદવો તેમને સ્વતુલ્ય માને છે. તે બ્રહ્મ યાદવોથી જુદું થાય ત્યારે મમતાનો ક્ષય થાય એ ભાવ ભગવાન્ એને છોડે ત્યારે નિવૃત્ત થાય. શરીરને સ્વીકારવામાં અને છોડવામાં દેવોની પ્રાર્થના કારણરૂપ છે. છઠ્ઠા અધ્યાયમાં બ્રાહ્મણોનો શાપ કહ્યો. તેને દુરત્યય કહ્યો તેથી ભગવાન્‌ની તિરોધાનની ઈચ્છા હતી એમ જણાય છે. નહિ તો શાપનો પ્રતિકાર કરવાને પ્રભુ સમર્થ હતા. શંખોદ્ધારમાં સ્ત્રીઓને મોકલી યાદવોને પ્રભાસ લઈ ગયા તેથી દેશની ગૌણતા કહી છે. કાળ આવે તો સ્ત્રી બાળકનો સંહાર કરે એમ ન થવા માટે એમને અન્યત્ર પહોંચાડ્યાં છે. તેમની દ્વારકામાં મુક્તિ થાય એ પણ ભગવાન્‌ને ઈષ્ટ ન હતું તેથી પણ બીજે મોકલ્યાં છે. તેથી એ બધાં ભગવાન્‌ની પાસે જ પહોંચશે એ જ ભગવાન્‌ને ઈષ્ટ હોવું જોઈએ. સરસ્વતી પણ બ્રહ્મરૂપ છે તેમાં મુક્તિ ન થાય એમ ન કહેવાય. **"વિમુક્તઃ કિલ્બિષાત્ સદ્યઃ"** ઈત્યાદિ વાક્યોથી ત્યાં પણ પાપક્ષય તો કહ્યો છે. **"ક્ષત્રિયાણામયં ધર્મઃ", "ભ્રાતાપિ ભ્રાતરં હન્યાત્", "ધર્મ્યાદ્ધિ યુદ્ધાત્ શ્રેયોન્યત્ ક્ષત્રિયસ્ય ન વિદ્યતે", "દ્વૌ સમ્મતાવિહ મૃત્યુ દૂરાપૌ"** ઈત્યાદિ વાક્યથી યુદ્ધ એ ક્ષત્રિયનો ધર્મ છે

તેના વડે મુક્તિ કહી છે. યુદ્ધ મુક્તિસાધન છે તેથી અહીં ભગવાને વૈરાગ્ય ગુણ પ્રકટ કર્યો છે. તેથી સર્વ સમ્બન્ધ છોડી મુક્તિપ્રતિબન્ધક પાપનો ત્યાગ કરાવી એને ભગવાને વૈરાગ્ય કરાવ્યું છે. જો ભગવાન્‌ને મુક્તિ આપવી હોય તો એમને શાપ આપનાર મુનિઓને **'ભગવન્મતકોવિદા'** એવું વિશેષણ આપ્યું છે. એ ભગવાન્‌ના અભિપ્રાયને જાણનાર હતા તેથી એમની ઇચ્છા પ્રમાણે મુનિઓ શાપ આપ્યો છે. એમને કાયક્લેશ ન કરાવ્યો પણ ધર્મરૂપ યુદ્ધ કરાવ્યું. એમાં આસુરોને મોહ પણ કરાવ્યો. તેથી ષષ્ઠ સ્કન્ધના નિબન્ધની અન્તમાં **''સર્વા લીલા પુષ્ટિમધ્યે પ્રવિશન્તીતિ મે મતિઃ''** એમ શ્રીઆચાર્યચરણનું કથન છે તે અહીં સાર્થક થાય છે. એમાં પણ પ્રભુનો યાદવો ઉપર અનુગ્રહ થયો છે. પ્રથમ સ્કન્ધમાં રામનો સત્ત્વદેહ છે એમ કહ્યું છે તેથી અહીં જે દેહ છોડ્યો છે તે સત્ત્વદેહ નહીં પણ લૌકિક દેહ છે એમ સમજવું. જરા તો અભિમાની દેવ શિકારીરૂપે આવ્યો એ એના કાર્યથી જણાય છે. શાપ બ્રહ્મરૂપ છે, આધિભૌતિક અક્ષયરૂપ છે એણે શિકારીને ભગવાન્ સાથે જોડી દીધો. શેષલોહનું શિકારીએ બાણનું ફલ કર્યું હતું તે ભગવાન્‌ના ચરણમાં વાગ્યું તે પૂર્ણ બ્રહ્મમાં પહોંચ્યું ત્યારે આધિભૌતિક હરિણ જેવું શિકારીને લાગ્યું. વેદમાં કાળાં મૃગચર્મને બ્રહ્મરૂપે કહ્યું છે તેથી બહાર હતું તે ભગવાને આ લીલાથી પોતાના સ્વરૂપમાં લીધું ત્યારે દેવોએ ભ્રમથી જાણ્યું કે ભગવાન્ સ્વધામ પધારે છે. ''આ ભગવાન્ સગુણ છે એમને આપણે ઘેર લઈ જઈશું'' એવી બુદ્ધિથી વિમાનમાં બેસીને જોવા આવ્યા. એ પણ એમાં વિસ્મિત જ થયા. સારથિ દારુક જય-વિજયની પેઠે વૈકુંઠથી આવ્યો હતો. તે રથ લાવ્યો અને પોતે મુકત થઈ ગયો. બળદેવજીની પેઠે રુક્મિણીજી પણ સ્ત્રીઓમાં મુખ્ય છે. એમ ભગવાન્‌નું નાટ્ય સમાપ્ત થયું.

અહીં 'નાશ'શબ્દ નૈયાયિકના ધ્વંસ જેવો નથી પણ કાર્યનો કારણમાં લયરૂપ છે, જેને પુરાણમાં 'પ્રતિસંચર' કહે છે. શ્રુતિમાં **'યત્પ્રયન્તી'** ઇત્યાદિથી પ્રતિયાન કહે છે તે સમજવો.

**''યોગધારણયાગ્નેયા''** ઇત્યાદિનું તાત્પર્ય કહે છે. **''રવિમધ્યે સ્થિતઃ સોમઃ''** ઇત્યાદિ શ્રુતિમાં **''તસ્ય મધ્યે વહ્નિશિખા અણીયોર્ધ્વ વ્યવસ્થિતા''** ઇત્યાદિ સન્દર્ભમાં **''નીલતોયદમધ્યસ્થા વિદ્યુલ્લેખેવ ભાસ્વરા''** કહી છે તેનું અહીં **''સૌદામિન્યા-યથાકાશે'' ઇત્યાદિથી સ્મરણ કરાવ્યું છે. એ અગ્નિમાં ભગવાન્ છુપાઈ ગયા. થોડીવાર પછી ''બિભ્રચ્ચતુર્ભુજં રૂપં''** ઇત્યાદિથી એમનું વર્ણન કરીને ઇચ્છા શરીરથી રહ્યાનું કહ્યું છે. ભગવાને એ સમયે નયનનિમીલન કર્યું તેથી બધાની જ્ઞાન શક્તિનો સંકોચ કર્યો છે. તેથી જેઓ હતા તેમને સ્વરૂપમાં સગુણતાનો ભ્રમ થયો. ત્યારે એમણે **''સલોકાન્ લોકપાલાન્નઃ પાહિ''** એમ પ્રાર્થના કરી ત્યારે ભગવાને **''યાસ્યામિ ભવનં બ્રહ્મન્''**

ઈત્યાદિ કહ્યું ત્યારે વિમાનથી પધારશે એમ દેવોએ જાણ્યું. ભગવાન્ તો ગુણાતીત છે; માયાને દૂર કરે ત્યારે દેખાય એને આચ્છાદન કરે ત્યારે ન દેખાય. એમને કયાંય આવવા-જવાનું હોય નહિ. **'યાસ્યામિ'** એમ કહ્યું એ તો બ્રહ્મરૂપ સરસ્વતી ઉપર રહ્યા એ કહ્યું છે. તેથી દેવો એ વાત ન સમજતાં આશ્ચર્યચકિત થયા છે.

સ્ત્રીઓમાં રુક્મિણીજી વગેરેનો દેહ સાત્ત્વિક છે. બીજાં રાજસ-તામસ દેહવાળાં છે. અષ્ટાવક્રના શાપવાળાં જુદાં છે. તેમના વાસનાદેહોને છોડાવ્યા અને બ્રાહ્મદેહો આપ્યા. એમ કરી ભગવાને એ નાટ્યને પૂરું કર્યું છે. એમ ચાર પ્રકરણથી નિબન્ધાનુસાર મુક્તિલીલા કહી.

૨. અગિયારમાં સ્કન્ધમાં એકત્રીસ અધ્યાયોથી બે પ્રકારની મુક્તિ કહેવામાં આવી છે. આ બે પ્રકારની મુક્તિ :

૧. સત્, ચિત્ અને આનન્દ અંશોમાંથી જે અંશો તિરોહિત થયેલા હોય તે પ્રગટ થતાં બ્રહ્મભાવ થાય છે એમ તત્ત્વદીપ નિબન્ધમાં કહેલું છે.

૨. શ્રીકૃષ્ણની પ્રાપ્તિ એટલે 'સાયુજ્ય'.

તે પૈકી બ્રહ્મભાવ હરિના ગુણો પ્રાપ્ત કરવાથી થાય છે. શ્રીકૃષ્ણની પ્રાપ્તિ ભગવાન્‌ની આજ્ઞા પ્રમાણે વર્તવાથી થાયછે.

અવિદ્યા પાંચ પ્રકારની છે. તેનો નાશ થતાં પહેલી મુક્તિ થાય અને પ્રકૃતિનું ઉલ્લંઘન થાય ત્યારે બીજી મુક્તિ થાય. તેથી બે મુક્તિઓમાં અધ્યાયો તે પ્રમાણે છે. એટલે કે મુક્તિમાં પ્રતિબન્ધરૂપ હોય તેને રોકવાથી પણ મુક્તિ થાય છે એમ અધ્યાયની સંખ્યાના તાત્પર્યથી જણાવે છે.

પહેલા પ્રકારની મુક્તિ પાંચ અધ્યાયોથી અને બીજા પ્રકારની ચોવીસ (૬।૨૯) અધ્યાયોથી જણાવેલી છે (કારણ કે અવિદ્યાના પાંચ પર્વો છે અને પ્રકૃતિના ચોવીસ તત્ત્વો છે) સાત્ત્વિક જનક અને રાજસ ઉદ્ધવ જ તે મુક્તિ પ્રાપ્ત કરનારા છે.

ઉદ્ધવજી રાજસ છે છતાં તે ઉત્તમ પ્રકારની મુક્તિના અધિકારી કેમ? જનક સાત્ત્વિક છે છતાં તેમની ઉત્તમ મુક્તિ કેમ નહિ? એ શંકાનું સમાધાન કરે છે કે ફલની પ્રાપ્તિ તો પુષ્ટિ (ભગવાનના અનુગ્રહ) થી જ છે. એ અનુગ્રહ અધિક હોય તો ગુણો તો અકિંચિત્કર (પાંગળાં) છે એટલું જ નહિ પણ ઊલટાના તે તો ભગવાન્‌માં આસક્તિ દઢ કરાવી ફલ પ્રાપ્ત કરાવી દેનારા થાય છે. તેથી અધિકારી (ઉદ્ધવજી) હીન છે એમ માનવાનું કારણ નથી.

''મુક્તિના બે પ્રકાર ભલે હોય તો પણ બાકીના બે અધ્યાયો (૩૦।૩૧)નું શું પ્રયોજન છે?'' તેનું સમાધાન કરે છે કે મુક્તિ એટલે અન્યથારૂપનો ત્યાગ કરીને સ્વરૂપમાં રહેવું. મુક્તિ

બે પ્રકારની : ૧. જીવ અને ૨. બ્રહ્મના વિભાગથી છે. તેથી આ બીજી બ્રહ્મની બે પ્રકારની મુક્તિ જણાવવા આ બે અધ્યાયો કહેલા છે. ''જે દેહથી ભૂમિનો ભાર હર્યો'' ''જેવાં મત્સ્ય વગેરે રૂપો છે'' એ બે વાક્યો પ્રમાણે લીલામાં ઉપયોગી વ્યૂહ સાથેનું પોતાનું પ્રાકૃત સ્વરૂપ ભગવાને દર્શાવેલ તેનો ત્યાગ કરી વ્રજનો ઉદ્ધાર કરનારું પોતાનું અપ્રાકૃત સ્વરૂપ ભગવાને ધારણ કર્યું અને પોતાના અંશો (યાદવો) એ ગુણોનાં અભિમાનનો ત્યાગ કરી તેમને જીવની જેમ બીજા સાધનની જરૂર ન હોવાથી માત્ર ભગવાનની ઇચ્છાથી તેઓ અવતારયોગ્ય રૂપથી રહ્યા એમ બે પ્રકારની બ્રહ્મની મુક્તિ જણાવી એવો ભાવ છે.

આગળનો સ્કન્ધ પાછળના સ્કન્ધના કારણરૂપ હોવાથી મુક્તિ (અગિયારમો સ્કન્ધ), નિરોધ (દશમા સ્કન્ધ) નું પરિણામ છે. તેથી જેમનો નિરોધ થયો તેમની મુક્તિ થવી જ જોઈએ. તેથી દશમા સ્કન્ધમાં જણાવેલ તામસ ભકતોનો પણ મુક્તિમાં સમાવેશ થવો જોઈએ એવી શંકા થાય તેથી કહે છે કે તામસો અને રાજસો એક છે. એટલે કે તામસો અને રાજસોનો એક વિભાગમાં સમાવેશ થતો હોવાથી જીવની મુક્તિના પ્રકરણમાં વ્યાસજીએ તે બન્નેનો અધિકાર કહેલો છે. અંશો અને ભગવાન્ એમ બીજો વિભાગ પણ બે પ્રકારનો વિચારેલો છે. અર્થાત્ પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ અંશો યાદવોમાં રહેલ (તેમની અને ભગવાન્ ની મુક્તિ કહેવાની હોવાથી બે અધ્યાયો છે) તેથી પાંચ અધ્યાયોથી પહેલી અને ચોવીસ અધ્યાયોથી બીજી કહેવાય.

બ્રહ્મની મુક્તિમાં પણ બીજાં રૂપનો ત્યાગ કરવાનો હોવાથી તેમાં પણ તેટલા જ ઓગણત્રીસ અધ્યાયો જોઈએ, છતાં એક-એક જ કેમ? એ શંકાનું નિવારણ એ છે કે ઈશ્વરની મુકિતમાં તજવા યોગ્ય અંશ-અવિદ્યા તથા પ્રકૃતિનો સમ્બન્ધ નથી. માત્ર તેમની સ્વરૂપમાં સ્થિતિ જ કહેવાની હોવાથી તે એક-એક અધ્યાયથી જ કહેલી છે. બન્ને મુક્તિમાં બબ્બે પેટા પ્રકરણ હોવાનું બીજું તાત્પર્ય એ છે કે 'મારું' અને 'હું' (મમતા અને અહન્તા) નો નાશ થાય તે માટે તે બે પ્રકારો કહેલ છે અને પાછળથી ભગવાને તે બેનો અભિનય કરેલો છે એમ કહેલું છે. આથી, ઈશ્વરને 'મારું' અને 'હું' એવી બુદ્ધિ ન હોવાથી તેમની મુક્તિમાં બે પેટા પ્રકરણ શા માટે? એ શંકાનું નિરાકરણ કર્યું અને તેથી પહેલા અધ્યાયમાં મુક્તિના બે બીજ (મૂલ) કહેલા છે.

૧. બ્રહ્મની મુક્તિ પોતાની ઇચ્છાથી અને ૨. જીવની મુક્તિ વૈરાગ્યથી થાય છે. ચાર પ્રકારની મુક્તિ હોવાનો વિચાર પણ તેમની (ભગવાનની અથવા ભકતોની) ઇચ્છાથી છે તેવી સ્થિતિ છે. શ્રીભાગવત ૩।૨૫।૩૬ માં કહ્યા પ્રમાણે ભકતોની એ મુક્તિની ઇચ્છા ન હોય તો

પણ ભગવાન્ આપે છે, ત્યારે બ્રહ્મભાવ પ્રાપ્ત કરી તેઓ મુક્ત થાય છે. સેવાથી પૂર્ણ થયેલ ન હોય તેવા ભક્તો પણ તેની ઈચ્છા કરી તે પ્રાપ્ત કરે છે. તેથી પાંચ અધ્યાયોથી પહેલી અને ચોવીસ અધ્યાયોથી બીજી કહેવાય. ઈશ્વરની મુક્તિમાં તજવા યોગ્ય અંશ ન હોવાથી બીજી બે એક-એક અધ્યાયથી કહેલી છે.

**કૃત્વા દૈત્યવધં કૃષ્ણઃ સરામો યદુભિર્વૃતઃ ।।**
**ભુવોઽવતારયદ્ ભારં જવિષ્ઠં જનયન્ કલિમ્ ।।૧।।**

**વ્યાસનન્દન શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણે બલરામજી તથા બીજા યદુવંશીઓની સાથે મળી ઘણા દૈત્યોનો સંહાર કર્યો તથા પાંડવો અને કૌરવો માં પણ અત્યન્ત પ્રબલ કલહ ઉત્પન્ન કરી પૃથ્વીનો ભાર ઉતારી દીધો ।।૧।।

કૌરવોએ કપટપૂર્ણ જુગારથી, જાત-જાતનાં *અપમાનોથી તથા દ્રૌપદીના કેશ ખેંચવા વગેરે અત્યાચારોથી પાંડવોને ખૂબ ક્રોધિત કરી દીધા હતા. તે જ પાંડવોને નિમિત્ત બનાવી ભગવાન્ શ્રીકૃષ્ણે બન્ને પક્ષોમાં એકત્ર થયેલા (અધમ)રાજાઓને મરાવી નાખ્યા અને આ પ્રમાણે પૃથ્વીનો ભાર હળવો કરીદીધો ।।૨।।

**વિશેષ : ષણ્ઢતિલાઃ પાંડવા જાતાઃ।** પાંડવો તો તેલ વગરના તલ છે એ તલમાં હવે તેલ નથી-નામર્દ, બાયલા, સમ્પત્તિ હીન થઈ ગયાં છે વગેરે વાચનિક અપરાધો કરવામાં આવેલા.

પૃથ્વીને ભાર કરનાર રાજાઓની સેનાઓને પોતાના ગુપ્ત હાથરૂપ યાદવોથી નષ્ટ કરાવીને ભગવાને વિચાર કર્યો કે મેં પૃથ્વીનો ભાર તો ઓછો કર્યો પણ જ્યાં સુધી કોઈથી સહન ન થાય તેવું યાદવોનું કુળ પૃથ્વી ઉપર છે ત્યાં સુધી પૃથ્વીનો ભાર ઉતર્યો છે એમ માનવાને હું તૈયાર નથી કેમકે એ યાદવકુળને કોઈ પહોંચી શકે તેવો નથી ।।૩।।

એ યાદવો મારા આશ્રિત હોવાથી એમનો કોઈ બીજો માણસ પરાભવ કરી શકે એમ નથી. તેમ એમનો વૈભવ બહુ મોટો છે. તેથી એમની સામે થવાની કોઈની હિમ્મત થઈ શકે એમ ન હોવાથી એમને માંહો-માંહે કલેશ કરાવું જેથી વાંસડા જેમ પરસ્પર ઘસાય ત્યારે એમાંથી અગ્નિ ઉત્પન્ન થાય અને એને લીધે જ બળી જાય તેમ યાદવોનું કરીને હું સ્વધામ જવાનો વિચાર કરું ।।૪।।

હે રાજન્! ભગવાન્ સર્વ શક્તિમાન અને સત્ય સંકલ્પ છે. પોતાના મનમાં આ પ્રમાણે નિશ્ચય કરી બ્રાહ્મણના શાપને બહાને પોતાના કુલનો ઉપસંહાર કર્યો*

।।૫।।

**વિશેષ : બુદ્ધ્યાની** જગ્યાએ **રાજન્** એવો પાઠ પણ છે. ત્યારે એ આશય છે કે હે રાજા! તને પણ બ્રાહ્મણના શાપનો પરચો મળી ચૂક્યો છે. તે ટાળી શકાય નહિ. શ્રીકૃષ્ણ વિભુઃ સર્વ શક્તિમાન છે. ઉદ્ધવજી, વજ્રનાભ વગેરેને વિપ્રશાપ લાગ્યો નહિ તેથી ભક્તિનો અપ્રતીમ પ્રતાપ તો સિદ્ધ થયો જ, બ્રાહ્મણોનું અભિમાન પણ રહેવા ન દીધું. 'સઞ્જહ્રે' એટલે ઉપસંહાર કર્યો, પોતાની પાસે સ્વધામમાં લઈ લીધા, પ્રલય (નાશ) ન કર્યો એવો ભાવ છે. આગળ ૧।૭।૩૨ માં **સઞ્જહારાર્જુનો દ્વયમ્** વગેરેમાં પણ આવો પ્રયોગ થયેલ છે. અર્થ એ થાય કે કાર્યનો જ તિરોભાવ થયો, સ્વરૂપનો નહિ. 'ઉપસંહાર' અને 'પ્રલય' વચ્ચે આ જ તફાવત છે. શ્રીગુસાંઈજી વિરચિત **'વિદ્વન્મંડન'** ગ્રન્થમાં **'સઞ્જહ્રેઽસ્વકુલં વિભુઃ।** અસ્વકુલ-જે કુલ પોતાનું નહોતું એટલે કે માયિક હતું તેનો એ પ્રમાણે પદચ્છેદ કરી માયિક કુલનો પ્રલય કર્યો અને પોતાના કુલને પોતાની પાસે લઈ ગયા તેવો અર્થ કરેલ છે. તે **''મન્માયારચિતામેતામ્''**ની સાથે વિરોધ ન આવે તે સ્વારસ્યથી કરેલ છે.

હે પરીક્ષિત! ભગવાનનું તે સ્વરૂપ ત્રિલોકીના સૌન્દર્યનું તિરસ્કાર કરનારું હતું. આપે પોતાની સૌન્દર્યમાધુરીથી બધાંના નેત્રો પોતાની તરફ આકર્ષિત કરી લીધાં હતાં. આપની વાણી, ઉપદેશ પરમ મધુર દિવ્યાતિદિવ્ય હતાં. તે દ્વારા આપે સ્મરણ કરનારાઓના ચિત્તને હરી લીધાં હતાં. આપના ચરણકમલ ત્રિલોક સુન્દર હતાં. જેણે આપના ચરણચિહ્નના પણ દર્શન કરી લીધાં તેની બર્હિમુખતા ચાલી ગઈ. આપે અનાયાસે જ પૃથ્વી ઉપર પોતાની કીર્તિનો વિસ્તાર કરી દીધો જેનું વર્ણન વ્યાસજી જેવા મહાકવિઓએ સુન્દર ભાષામાં કર્યું છે. તે એટલામાટે કે આપના સ્વધામ પધાર્યા પછી લોકો આપની આ કીર્તિનું ગાન, શ્રવણ અને સ્મરણ કરી આ અજ્ઞાનરૂપ અન્ધકારમય સંસારસાગરને સહેલાઈથી તરી જાય. ત્યારબાદ પરમ ઐશ્વર્યશાલી ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના ધામમાં પધાર્યા ।।૬-૭।।

**રાજાએ પૂછ્યુંઃ** બ્રાહ્મણનું હિત કરનાર, ઉદાર, કુલવૃદ્ધોની સેવા કરનાર અને શ્રીકૃષ્ણમાં નિરન્તર ચિત્તને સ્થાપન કરનાર યાદવોને બ્રાહ્મણનો શાપ કેમ થયો એ કહો ।।૮।।

હે જ્ઞાનભક્તિ સમ્પન્ન! એ શાપ કેવો અને એ થવાનું કારણ શું? વળી યાદવોના તો શરીર જ જુદાં હતાં, આત્મા તો એક જ (શ્રીકૃષ્ણમય) હતો તો તેઓમાં ફૂટ કેમ પડી તે આપ મને કહો ।।૯।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** ભગવાન્ શ્રીકૃષ્ણે સમ્પૂર્ણ સુન્દર પદાર્થોનો સન્નિવેશ જેમાં છે તેવા શ્રીઅંગને ધારણ કર્યું હતું. (નેત્રો મૃગનયન, ખભો સિંહનો, ગતિ ગજની, ચરણોમાં કમલ, મુખમાં ચન્દ્ર અથવા કમલ વગેરે) પૃથ્વી ઉપર મંગળમય કલ્યાણકારી કર્મો કર્યાં એ પૂર્ણકામ પ્રભુએ દ્વારકામાં બિરાજી ક્રીડા કરતાં રહેતાં પોતાની ઉદાર કીર્તિની સ્થાપના કરી. અન્તમાં શ્રીહરિએ પોતાના કુલને સંકેલી લેવાની ઈચ્છા કરી. કારણ કે હવે પૃથ્વીનો ભાર ઉતારવામાં આટલું જ કાર્ય બાકી હતું ।।૧૦।।

ભગવાન્ શ્રીકૃષ્ણે એવા પરમ મંગલમય અને પુણ્ય પ્રાપ્ત કરાવી આપનારાં કર્મો કર્યાં કે જેમનું ગાન કરવાથી લોકોના તમામ કળિયુગના દોષ નષ્ટ થઈ જાય છે. હવે ભગવાન્ શ્રીકૃષ્ણ મહારાજ ઉગ્રસેનની રાજધાની દ્વારકાપુરી વસુદેવજીના ગૃહમાં યાદવોનો ઉપસંહાર કરવામાટે કાલરૂપથી જ નિવાસ કરી રહ્યા હતા. તે વખતે તેમના વિદાય કરી દેવાથી વિશ્વામિત્ર, અસિત, કણ્વ, દુર્વાસા, ભૃગુ, અંગિરા, કશ્યપ, વામદેવ, અત્રિ, વસિષ્ઠ અને નારદજી વગેરે મોટા-મોટા ઋષિઓ દ્વારકાની પાસે જ પિંડારક ક્ષેત્રમાં નિવાસ કરવા લાગ્યા હતા ।।૧૧-૧૨।।

યાદવોના પુત્રો ત્યાં રમતા હતા તે બધા મળી મુનિઓની પાસે ગયા અને એ અવિનયવાળા હતા છતાં વિનય બતાવતા હોય એવો દેખાવ કરી મુનિઓને પ્રણામ કરી પ્રશ્ન કર્યો ।।૧૩।।

એ બધાએ જામ્બુવતીના પુત્ર સામ્બને સ્રીનો વેશ પહેરાવ્યો હતો. એને આગળ કરી મુનિઓ પાસે આવીને બોલ્યા : ''શ્યામનેત્રવાળી આ બાઈને ગર્ભ છે ।।૧૪।।

એટલું જ નહિ પણ પ્રસવની તૈયારી છે. એ આપને પૂછતાં શરમાય છે. એને પુત્રની ઈચ્છા છે તેથી અમોઘ દૃષ્ટિવાળા આપને અમારી મારફત પૂછાવે છે કે એને પુત્ર થશે કે પુત્રી એ આપ કહો'' ।।૧૫।।

હે રાજન્! એમ જ્યારે મુનિઓને બનાવ્યા (છેતર્યા) ત્યારે મુનિઓ ગુસ્સે થયા અને એના ઉત્તરમાં કોપ કરીને બોલ્યા કે ''હે મુર્ખો! તમારા કુળનો નાશ કરનાર મુસળને એ બાઈ જન્મ આપશે'' ।।૧૬।।

એવા શાપને સાંભળીને તેઓ બહુ જ ગભરાઈ ગયા. તેમણે સામ્બના પેટને કપડાંથી મોટું બનાવ્યું હતું. તે કપડાં ઝટપટ પેટ ઉપરથી ખસેડ્યાં ત્યાં તો એમાંથી લોઢાનું મુશળ નીકળ્યું. તેને બધાએ જોયું ।।૧૭।।

હવે તો તેમના પસ્તાવાનો પાર રહ્યો નહિ. તેઓ કહેવા લાગ્યા : ''આપણે ઘણા અભાગી છીએ. જુઓ, આપણે કેવો અનર્થ કરી બેઠા? હવે દુનિયા શું કહેશે?''. આમ તેઓ બહુ જ ગભરાઈ ગયા અને મુશળ લઈ પોતાના ઘેર ગયા ।।૧૮।।

તે વખતે તેમનાં મુખ કરમાઈ ગયાં હતાં અને ચહેરા ફિક્કા પડી ગયા હતા. તેઓએ રાજા ઉગ્રસેનની સભામાં સર્વ યાદવો સમક્ષ સમગ્ર ઘટના કહી સાંભળાવી અને રાજાને મુશળ આપ્યું ।।૧૯।।

હે રાજન્! જ્યારે તે બધાએ બ્રહ્માણોના શાપની વાત સાંભળી અને લોહ મુશળ જોયું ત્યારે દ્વારકાના બધા નાગરિકો વિસ્મિત અને ભયભીત થઈ ગયા કારણ કે તેઓ જાણતા હતા કે બાહ્મણોનો શાપ કદી ખોટો પડતો નથી ।।૨૦।।

યદુરાજ ઉગ્રસેને તે મુશળનો ભૂકો કરાવી નાખ્યો અને તે ભૂકો તથા લોહના વધેલા ટુકડાને સમુદ્રમાં ફેંકાવી દીધા. (આ બાબતમાં કોઈએ ભગવાન્ શ્રીકૃષ્ણની સલાહ લીધી નહિ; એવી જ આપની પ્રેરણા હતી) ।।૨૧।।

હે પરીક્ષિત! લોઢાના તે ટુકડાને એક માછલું ગળી ગયું અને ભૂકો મોજાંઓથી ધકેલાતો-ધકેલાતો સમુદ્રને કિનારે આવી પહોંચ્યો. થોડા દિવસોમાં તેમાંથી એરકા (નામનું ઘાસ) ઊગી આવ્યું ।।૨૨।।

મચ્છીમારોએ જાળમાં માછલાં પકડ્યાં. તેમાં એ લોઢાના ટુકડાને ગળનાર માછલું પણ પકડાઈ ગયું. એને ચીરતાં એના પેટમાંથી તે લોઢાનો ટુકડો નીકળ્યો. તેનું 'જરા' નામના શિકારીએ પોતાના બાણનું ફળું બનાવ્યું ।।૨૩।।

**ભગવાન્ જ્ઞાતસર્વાર્થઃ ઈશ્વરોઽપિ તદન્યથા ।।**
**કર્તું નૈચ્છદ્ વિપ્રશાપં કાલરૂપ્યન્વમોદત ।।૨૪।।**

ભગવાન્ તો કર્તુમ્ અકુર્તમ્ અન્યથાકર્તુમ્ સમર્થ છે. પોતે સર્વ વાતને જાણે છે કે મારા કુળને બ્રાહ્મણનો શાપ થયો છે. એને મટાડવા ધારે તો મટાડી શકે છતાં એમણે અનુમોદન આપ્યું પણ એ અત્યારે કાળરૂપ થયા છે તેથી એમને બચાવવાનો વિચાર ન કર્યો ।।૨૪।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધના (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બ્રહ્મભાવ પ્રકરણનો) ''યાદવકુમારોને બ્રાહ્મણોએ આપેલો શાપ'' નામનો પહેલો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨

# વસુદેવજીના પૂછવાથી નારદજીએ નિમિરાજા અને યોગેશ્વર નો સંવાદ કહ્યો.

**વિશેષ** : વૈરાગ્ય થવાનું કારણ બ્રાહ્મણનો શાપ સારી રીતે પ્રાપ્ત થયો હોવાથી વૈરાગ્ય થવો જોઈએ. હૃદયમાં આસક્તિ હોવાની સમ્ભવતી હોવાથી અને અંદરની આસક્તિ બળવાન હોવાથી વૈરાગ્ય ફળતો નથી. મુક્તિ જેણે મેળવવી હોય તેને પહેલાં ગુરુ જોઈએ અને તેને શાસ્ત્રોનો ઉપદેશ જરૂરી છે. ઉદ્ધવજીની મુક્તિની બાબતમાં ગુરુ હરિ છે. ભક્તિમાર્ગનો સેવક (ઉદ્ધવજી) ઉત્તમ અધિકારી છે. ભગવાનનાં વચનો શાસ્ત્ર છે. સેવકોમાં તો જે શાસ્ત્રના માર્ગે સેવકનો આશ્રય કરે તે જ અધિકારી છે.

''વ્રજવાસીઓની પણ મુક્તિ થઈ છે. તેમનો ઉલ્લેખ અહીં નહિ કરતાં વસુદેવજી અને ઉદ્ધવજીનો જ ઉલ્લેખ કેમ છે?'' એમ શંકા થાય તેનું સમાધાન કરે છે કે ''ગોપીજનો, ગાયો, પક્ષીઓ અને પશુઓ ને માત્ર ભાવથી ભગવત્પ્રાપ્તિ થઈ છે'' એ વાક્ય પ્રમાણે તેમનો તો નિરોધ જ તેમની મુક્તિમાં સમર્થ છે. તેથી તેઓ તો સૌથી મુખ્ય હોવાથી અહીં તેમનો નિર્દેશ નથી.

''વસુદેવજીને તો સાક્ષાત્ ભગવાન્ શ્રીકૃષ્ણ હાજરાહજૂર હતા છતાં ભગવાને પોતે ઉપદેશ નહિ કરતાં નારદજી દ્વારા શા માટે કરાવ્યો?'' એવી શંકા થાય તેનું સમાધાન કરે છે કે વસુદેવજીની મુક્તિનું બીજ કૃપા-તો છે. પ્રપત્તિ વગેરે રૂપ જ્ઞાન અને કર્મ પણ તેમને સિદ્ધ થયાં છે પણ તેમના ઉપરનો અનુગ્રહ શુદ્ધપુષ્ટિ નહિ પણ મર્યાદા મિશ્રિત હોવાથી અને શાસ્ત્રની દૃષ્ટિએ વસુદેવજી આચાર્યરહિત હોવાથી અર્થાત્ ભગવાને તેમના ગુરુ થવાનું સ્વીકારેલ ન હોવાથી વસુદેવજીને જ્ઞાન ફળ્યું નહિ. તેથી હવેની કથા તેમને ફલ પ્રાપ્ત કરાવી આપવામાટે છે.

''ભગવાને ઉદ્ધવજીને જ્ઞાનનો સંદેશો લઈને ગોપીજનો પાસે મોકલ્યા હતા ત્યારે જ્ઞાન આપેલું જ હતું. અહીં ફરીથી તેમને ઉપદેશ શા માટે?'' તેનું સમાધાન કરે છે કે એ ઉપદેશ બીજા (ગોપીજનો) માટે હતો તેથી તેણે લૌકિક થઈ જઈ પ્રપત્તિનું જ પોષણ કર્યું. તે ફલ પ્રાપ્ત કરાવી આપવા સમર્થ ન હતો. તેથી ફરી સંવાદથી જ્ઞાનનો ઉપદેશ કર્યો. શ્રુતિમાં તો કહ્યું છે કે જ્ઞાનથી જ મુક્તિ થાય છે. અહીં વસુદેવજી અને ઉદ્ધવજી ને તે પ્રાપ્ત થઈ ચૂકેલ છે. અકસ્માતથી પણ અગ્નિનો સ્પર્શ થાય તો પણ તે બાળ્યા વિના ન રહે એ નિયમ પ્રમાણે

જ્ઞાનથી તેમની મુક્તિ થઈ જવી જોઈતી હતી.

"વસુદેવજી આચાર્ય રહિત હતા અને ઉદ્ધવજીને જ્ઞાન ગોપીજનોમાટે આપેલું તેથી તેમની મુક્તિમાં પણ પ્રતિબન્ધ આવે?" તે શંકાનું સમાધાન કરે છે કે શ્રીકૃષ્ણમાં મમતા સાથેનો વસુદેવજીનો બહુ જ દઢ નિરોધ હતો તેથી તે મમતાના નાશને માટે તથા ઉદ્ધવજીની અહન્તાના નાશને માટે આ કથા કહેવામાં આવી છે.

**ગોવિન્દભુજગુપ્તાયાં દ્વારવત્યાં કુરૂદ્વહ ।।**
**અવાત્સીન્નારદોऽભીક્ષ્ણં કૃષ્ણોપાસનલાલસઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે કુરુ શ્રેષ્ઠ પરીક્ષિત! દેવર્ષિ નારદજીના મનમાં ભગવાન્ શ્રીકૃષ્ણની વારંવાર સેવા કરવાની તીવ્રલાલસા રહેતી હતી. તેથી તે શ્રીકૃષ્ણની ભુજાઓથી સુરક્ષિત દ્વારકામાં પુનઃ-પુનઃ આવી રહ્યા કરતા હતા* ।।૧।।

**વિશેષ** : શ્રીકૃષ્ણની સેવા કરવામાં દૈત્યો અને પાપો બે મોટાં વિઘ્નો છે. પાપ તો નારદજીમાં હતું જ નહિ પણ બહારના અને અંદરનાં દૈત્યો વિક્ષેપ કરનારા હતાં. આધ્યાત્મિક વગેરે દૈત્યો હૃદયમાં રહેતા હોવાથી ભગવાન્ પ્રગટ હોવા છતાં આપની સેવા કરી શકવાનું સમ્ભવતું નથી. (શ્રી.ભા.૬।૫।૪૩ મુજબ) આમ તો નારદજીને દક્ષનો શાપ હતો કે તમે એક ઠામ ઠરીને રહી શકશો નહિ. પણ દ્વારકામાં નાદજી ઠરીને રહેતા કારણ કે દ્વારકામાં શાપનો પ્રભાવ ચાલી શકતો નહિ. યાદવોએ પણ જો નારદજીની માફક ભગવત્સેવા કરી હોત તો શાપની અસર કાંઈ થાત નહિ. ભગવત્સેવા દેવો વગેરેને પણ દુર્લભ છે. બધાં અનિષ્ટોનો અન્ત લાવનારી છે. મુકત જીવોએ પણ ઈચ્છેલી છે અને મોક્ષ સમાન છે. બ્રહ્મભાવ પ્રાપ્ત કરી ચુકેલા નારદજીને સેવા કરવાની કેમ ઈચ્છા થાય? ઈન્દ્રિયો સાર્થક કરવા માટે એ એનું સમાધાન છે.

હે રાજન્! જેની ઈન્દ્રિયો પોતાને વશ છે તેવો કયો માણસ બ્રહ્માજી વગેરે મોટા-મોટા દેવતાઓના પણ સેવ્ય ભગવાનના ચરણકમલોની દિવ્યગન્ધ, મધુર મકરન્દરસ અલૌકિક રૂપ માધુરી, સુકુમાર સ્પર્શ અને મંગલમય ધ્વનિનું સેવન કરવાની ચાહના ન કરે? કારણ કે તે બિચારો ચારે તરફથી મૃત્યુથી ઘેરાયેલો છે ।।૨।।

એ વસુદેવજીએ એક દિવસ નારદજી ઘેર પધારતાં એમનું પૂજન કર્યું અને સુખથી ઘરમાં પધરાવ્યા પછી એમને નમન કરીને વસુદેવજી આ પ્રમાણે પૂછવા લાગ્યા ।।૩।।

**વસુદેવજીએ કહ્યું** : સંસારમાં માતા-પિતાનું આગમન પુત્રોને માટે અને

ભગવન્માર્ગના પથિક સાધુ-સન્તોનું પધારવું સંસારમાં સપડાયેલા દીન-દુઃખીઓને માટે બહુ જ સુખકર અને મંગલમય હોય છે. પરન્તુ હે ભગવન્! આપ તો સ્વયં ભગવન્મય ભગવત્સ્વરૂપ છો. આપનું હરવું-ફરવું તો સમસ્ત પ્રાણીઓના કલ્યાણને માટે જ હોય છે ।।૪।।

દેવોનું ચરિત્ર મનુષ્યના સુખને માટે તેમજ દુઃખને માટે પણ થાય છે. જેમ કે દેવ પ્રસન્ન થાય તો વૃષ્ટિ કરે. યોગ્ય વૃષ્ટિ થાય તો અન્ન આદિની ઉત્પત્તિ થતાં લોકો સુખી થાય. પણ અતિવૃષ્ટિ થાય તો એનાથી લોકો દુઃખી પણ થાય. તેથી દેવોના ચરિત્રમાં દુઃખ પણ હોવાથી એના કરતાં પણ ભકતનું ચરિત્ર કેવળ સુખ આપનાર હોવાથી શ્રેષ્ઠ છે કેમકે એ ભકત તમારા સરખા અને અચ્યુત ભગવાન્માં મન રાખનાર હોવાથી એના સંગીને પણ એ ભગવત્પર કરે છે તેથી એ દેવોથી શ્રેષ્ઠ છે ।।૫।।

વળી દેવોને મનુષ્ય જે ભાવથી ભજે છે, દેવો પણ એને એના કર્મ અનુસાર ફળ આપે છે કેમકે એ કર્મથી વધારે આપી શકતા નથી. જ્યારે ભગવદ્ભકત તો દીનની ઉપર પ્રીતિ રાખનાર હોવાથી એના કર્મની અપેક્ષા રાખ્યા વગર જ એને ભગવદ્રૂપ ફળ આપે છે ।।૬।।

હે બ્રહ્મન્! આપ અમારે ત્યાં પધાર્યા તેથી જ અમે કૃતાર્થ થઈ ગયા, તો પણ અમે આપને ભગવદ્ધર્મોને કહેવામાટે પ્રાર્થના કરીએ છીએ કે જે ધર્મોને શ્રદ્ધાપૂર્વક સાંભળવાથી જ મનુષ્ય ચારે તરફથી ભયરૂપ મૃત્યુથી બચી મુકત થઈ જાય છે ।।૭।।

મેં પણ પહેલાંના જન્મમાં એની માયામાં મોહિત થઈને મુક્તિ આપનાર ભગવાનને પ્રજાને માટે ભજ્યા હતા પણ મોક્ષને માટે પ્રયત્ન કર્યો ન હતો, કારણ કે હું દેવોને પણ મોહ કરનારી ભગવાનની માયાથી મોહિત થઈ ગયો હતો ।।૮।।

હે સુવ્રત! આશ્રિતના સર્વ પુરુષાર્થો સિદ્ધ કરી આપનારા નારદજી! હવે આપ અમને એવો ઉપદેશ કરો કે જેથી આ જ જન્મમાં વિચિત્ર વિપત્તિવાળા સર્વ તરફથી થતા ભયમાંથી અમે સહેલાઈથી અને અનાયાસે જ છૂટી જઈએ. (આ સંસાર એવો વિચિત્ર છે કે કોઈ દુઃખને દૂર કરવા એક ઉપાય અજમાવીએ તો તે ઉપાય જ વળી નવી આફત ઊભી કરે છે) ।।૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્! બુદ્ધિમાન વસુદેવજીએ ભગવાનના સ્વરૂપ અને ગુણ વગેરેના શ્રવણના આશયથી જ આ પ્રશ્ન કર્યો હતો. દેવર્ષિ નારદજી પ્રશ્ન

સાંભળી ભગવાનના અચિન્ત્ય અનન્ત કલ્યાણમય ગુણોના સ્મરણમાં તન્મય થઈ ગયા અને તેમણે પ્રેમ અને આનન્દપૂર્વક વસુદેવજીને કહ્યુંઃ ।।૧૦।।

**શ્રીનારદજીએ કહ્યું** : હે ઉત્તમ ભકત વસુદેવજી! તમારો આ નિશ્ચય બહુ જ સુન્દર છે કારણ કે સમસ્ત વિશ્વમાં જેમનો પ્રભાવ છે તેવા ભગવદીયના ધર્મો સમ્બન્ધી પ્રશ્ન તમે પૂછયો છે ।।૧૧।।

હે વસુદેવજી! *ભગવદીયનો ધર્મ એક એવી ચીજ છે કે જે કાનથી સાંભળવાથી, વાણીથી ઉચ્ચાર કરવાથી, ચિત્તમાં સ્મરણ કરવાથી, હૃદયમાં સ્વીકાર કરવાથી કે તેનું પાલન કરનારને અનુમોદન આપવાથી જ મનુષ્ય એ જ ક્ષણે પવિત્ર બની જાય છે, પછી ભલેને તે સમગ્ર જગત કે દેવનો દ્રોહી હોય ।।૧૨।।

**વિશેષ** : સતઃ ભગવાનના ભકતનો એક ધર્મ પણ લોક-વેદના ઘાત કરનારા તેમની બિલકુલ દરકાર ન રાખનારા, પ્રાયશ્ચિત્ત કરવાને માટે પણ અધિકારી નહિ એવા ઘણાને માત્ર શ્રવણ કરવાથીજ તરતજ પવિત્ર કરી દે છે.

જેમનાં ગુણ, લીલા અને નામ વગેરેનું શ્રવણ અને કીર્તન પાપીઓને પણ પાવન કરનાર છે તે જ પરમ કલ્યાણસ્વરૂપ મારા આરાધ્ય દેવ ભગવાન્ નારાયણનું આજે તમે મને સ્મરણ કરાવીને મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે ।।૧૩।।

હે વસુદેવજી! તમે મને જે પ્રશ્ન પૂછયો છે તે બાબતમાં સન્તપુરુષો, ઋષભના પુત્રો, નવ યોગેશ્વરો અને મહાત્મા વિદેહનો શુભ સંવાદરૂપ એક પ્રાચીન ઈતિહાસ કહે છે* ।।૧૪।।

**વિશેષ** : 'વિદેહ' શબ્દ તેને દેહનું અભિમાન ન હતું તે અને 'મહાત્મા' શબ્દથી તેનું ચિત્ત ભગવાન્‌માં મસ્ત રહેતું તેમ સૂચવ્યું છે. વિદેહ તે જ 'નિમિ'. પણ આ નિમિ નવમા સ્કન્ધના ત્રેવીસમા અધ્યાયમાં આવેલા નિમિથી જુદા છે. આ નિમિમાં લોચનમાં રહેનાર તરીકનો દોષ નથી.

તમે જાણો જ છો કે સ્વાયમ્ભુવ મનુના એક પ્રસિદ્ધ પુત્ર પ્રિયવ્રત હતા. પ્રિયવ્રતના આગ્નીધ્ર, આગ્નીધ્રના નાભિ અને નાભિના પુત્ર ઋષભ થયા ।।૧૫।।

શાસ્ત્રોએ એમને ભગવાન્ વાસુદેવના અંશ કહ્યા છે. મોક્ષધર્મનો ઉપદેશ કરવામાટે તેમણે અવતાર લીધો હતો. એમને સો પુત્રો હતા અને બધાજ વેદોના પારદર્શી વિદ્વાન હતા ।।૧૬।।

એ સો પુત્રોમાં સૌથી મોટા પુત્ર ભરતજી હતા. તે ભગવત્પરાયણ હતા;

જેમના નામ ઉપરથી આ અજનાભ નામનો ખંડ 'ભરતખંડ'ના નામથી પ્રસિદ્ધ થયો છે ।।૧૭।।

એ ભરત રાજા પૃથ્વીને ભોગવીને પછી એને છોડીને વનમાં તપ કરવા ગયા, ભગવાનનું ભજન કરવા લાગ્યા અને ભગવાનના સ્વરૂપને ત્રણ જન્મે પ્રાપ્ત થયા ।।૧૮।।

ભગવાન્ ૠષભદેવજીના બાકીના નવાણુ પુત્રોમાંથી નવ પુત્રો તો આ ભારતવર્ષની ચારે બાજુ આવેલા નવ દ્વીપોના અધિપતિ થયા અને એકાસી પુત્રો કર્મકાંડના રચયિતા બ્રાહ્મણ થઈ ગયા ।।૧૯।।

બાકીના નવ મુનિઓ (નવધા ભક્તિરૂપ) મહાભાગ્યશાળી હતા. તેમણે આત્માવિદ્યાના સમ્પાદનમાટે ભારે પરિશ્રમ કર્યો હતો અને વાસ્તવમાં તેઓ તેમાં બહુ નિપુણ હતા. તેઓ મોટે ભાગે દિગમ્બર (નિર્વસ્ત્ર) રહેતા હતા અને અધિકારીઓને પરમાર્થ-વસ્તુનો ઉપદેશ કર્યા કરતા હતા. કવિ, હરિ, અન્તરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન એવાં એમનાં નામ હતાં ।।૨૦-૨૧।।

તેઓ આ કાર્ય-કારણ ભગવદ્રૂપ વિશ્વને પોતાના આત્માથી અભિન્ન હોવાનો અનુભવ કરતા-કરતા પૃથ્વી ઉપર સ્વચ્છન્દ વિચરણ કર્યા કરતા હતા ।।૨૨।।

તેમના માર્ગને કયાંય કોઈ રોકી શકતું નહોતું. જ્યાં જવા માગતા ત્યાં તેઓ યથેચ્છ ચાલ્યા જતા. દેવતા, સિદ્ધ, સાધ્ય, ગન્ધર્વ, યક્ષ, મનુષ્ય, કિન્નર અને નાગો ના લોકોમાં તથા મુનિ, ચારણ, ભૂતનાથ, વિદ્યાધર, બ્રાહ્મણ અને ગાયો ના સ્થાનોમાં તેઓ યથેચ્છ ફરતા હતા. હે વસુદેવજી! તેઓ બધા જીવનમુકત હતા ।।૨૩।।

વિદેહરાજ મહાત્મા નિમિ ૠષિઓદ્વારા એક મહાન યજ્ઞ કરાવી રહ્યા હતા. ૠષભદેવના મહારાણી જયન્તીના પૂર્વોક્ત આ નવ જ યોગેશ્વર પુત્રો એક દિવસ ભગવદિચ્છાથી ફરતા-ફરતા તેમના તે યજ્ઞમાં જઈ પહોંચ્યા ।।૨૪।।

હે વસુદેવજી! તે યોગેશ્વરો ભગવાનના પરમ પ્રેમી ભકતો તથા સૂર્યના જેવા તેજસ્વી હતા. તેમને જોઈને રાજા નિમિ, આહવનીય વગેરે મૂર્તિમાન અગ્નિ અને ૠત્વિજ વગેરે બ્રાહ્મણો બધા જ તેમનું સ્વાગત કરવા ઉભા થઈ ગયા ।।૨૫।।

વિદેહ રાજાએ, આ બધા નારાયણ પરાયણ ભકત છે એમ જાણી, યથાયોગ્ય

આસન આદિથી તેમનો સત્કાર કરી પ્રસન્ન થઈને એમની પૂજા કરી ।।૨૬।।

બ્રહ્માજીના પુત્ર સનકાદિની જેમ પોતાના તેજથી પ્રકાશમાન એ યોગીઓને જોઈને રાજાએ પ્રસન્ન થઈ વિનયથી નમસ્કાર કરી પ્રેમપૂર્વક પૂછ્યું ।।૨૭।।

**રાજા જનકે કહ્યું :** હે ભગવન્! હું એમ સમજું છું કે આપ મધુસૂદન ભગવાનના મુખ્ય પાર્ષદો જ છો કારણ કે ભગવાનના પાર્ષદો સંસારી પ્રાણીઓને પવિત્ર કરવામાટે ફર્યા કરતા હોય છે ।।૨૮।।

જીવોને માટે મનુષ્યશરીર પ્રાપ્ત થવું દુર્લભ છે. જો તે પ્રાપ્ત થઈ જાય તો પણ પ્રતિક્ષણ મૃત્યુનો ભય સિર ઉપર સવાર થઈને રહેલો છે. કારણ કે ક્ષણભંગુર છે તેથી અસ્થિર મનુષ્ય જીવનમાં ભગવાનને પ્રિય અને ભગવાન્ ઉપર જ પ્રેમ રાખનારા ભકતોનાં દર્શન તો અતિ દુર્લભ છે. (મનુષ્યનો દુર્લભ દેહ મળે અને ભગવદ્ભકતનો સંગ ન મળે તો મનુષ્ય દેહ મળ્યો એ ન મળ્યા બરાબર છે અને દુઃખદાયક છે) ।।૨૯।।

તેથી હે નિષ્પાપ મુનિઓ! અમે આપને પૂછીએ છીએ કે પરમ કલ્યાણનું સ્વરૂપ શું અને તે કેમ પ્રાપ્ત થાય? આ સંસારમાં અડધી ક્ષણમાટે પણ ઉત્તમ પુરુષોનો સંગ મનુષ્યોમાટે નિધિરૂપ છે ।।૩૦।।

વળી અમે સાંભળવાની યોગ્યતાવાળા હોઈએ તો આપ અમને ભગવાનના ધર્મો સંભળાવો કે જે ધર્મો સાંભળવાથી પ્રસન્ન થયેલ અજન્મા ભગવાન્ પોતાના સ્વરૂપનું દાન કરે છે ।।૩૧।।

**દેવર્ષિ નારદજી બોલ્યા :** હે વસુદેવજી! રાજા નિમિએ એ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો ત્યારે (અધિકાર રહિતને પણ અધિકાર પ્રાપ્ત કરાવી આપવા સમર્થ) તે ભગવત્પ્રેમી સન્તોએ સભાસદો અને ઋત્વિજો સાથે બેઠેલા તે નિમિ રાજાના પ્રશ્નનું સન્માન કરતાં પરમ પ્રેમપૂર્વક કહ્યું ।।૩૨।।

**કવિજી યોગેશ્વર બોલ્યા :** હે રાજન્! (પોતાના સ્થાનથી કદી ચ્યુત ન થનાર તથા ભકતોના હૃદયમાંથી કયારેય દૂર ન થનાર તેમજ પોતાના ભક્તોને પણ અચ્યુત બનાવી દેનાર) અચ્યુત ભગવાનનાં ચરણોની નિત્ય-નિરન્તર ઉપાસના જ આ સંસારમાં પરમ કલ્યાણ છે અને સર્વ ભયને નિવૃત્ત કરનાર છે એવો મારો નિશ્ચિત મત છે. (હું ભગવાનનો પાર્ષદ છું તેથી ભકતનો નિર્વાહ કરવારૂપી ભગવાનનો સ્વભાવ હું બરાબર જાણું છું તેથી ખાતરી આપું છું) દેહ, ઘર વગેરે તુચ્છ અને અસત્ પદાર્થોમાં અહન્તા અને મમતા થવાથી જે લોકોની બુદ્ધિમાં ઉદ્વેગ રહે છે તેમનો ભય પણ આ સેવા કરવાથી

સદન્તર નિવૃત્ત થઈ જાય છે. કારણ કે ભકત સેવા કરવાની શરૂઆત કરે ત્યારથી જ ભગવાન્ તેની સાથે રહે છે. (સેવા કરવામાં ન આવે તો મહામોલો મનુષ્યદેહ અને સત્સંગ પણ નિષ્ફલ છે) ।।૩૩।।

ભગવાને ભલા-ભોળા અજ્ઞાની પુરુષોને પણ સાક્ષાત્ પોતાની પ્રાપ્તિ સુગમતાથી થઈ જાય તે માટે ખરેખર જે ઉપાયો સ્વયં શ્રીમુખથી કહેલા છે તેમને જ તમે 'ભાગવત ધર્મો' સમજો* ।।૩૪।।

**વિશેષ** : ભગવાને ભગવદ્ગીતા (૯।૨૭-૨૮) માં 'યત્કરોષિ' 'તું જે કરે' એ બે શ્લોકમાં એક પ્રકારના અને ''મન્મના ભવ'' (ભગવદ્ગીતા ૧૮-૬૫) ''મારામાં મન રાખનાર થા'' શ્લોકથી બીજા પ્રકારના ઉપાયો કહેલા છે તે બન્નેનું ફલ ભગવત્પ્રાપ્તિ છે.

(સર્વ માર્ગોથી ભગવાનના ધર્મો ઉત્તમ છે એમ કહેવા તેમને પ્રવાહ કે મર્યાદા વિઘ્ન કરતાં નથી એમ નીચેના શ્લોકથી કહે છે ''યાનાસ્થાય નરો રાજન્ ન પ્રમાદ્યેત કર્હિચિત્, ધાવન્ નિમીલ્ય વા નેત્રે ન સ્ખલેન્ ન પતેદ્દિહ''.

હે રાજન્! આ ભાગવતધર્મોનું આચરણ કરવાથી મનુષ્ય કયારેય ભૂલ કરતો નથી તેમ જ આંખો મીચીને દોડે તો પણ તે ઠોકર ખાતો નથી તેમ જ પડી જતો નથી* ।।૩૫।।

**વિશેષ** : **આસ્થાય-આસ્થિતિઃ** એટલે કાયા, વાણી અને મનથી ભગવાનના દાસ થઈ જવું. **'ધાવન્'** એટલે ઇચ્છિત સ્થળે દોડતા જવું અથવા વચ્ચે-વચ્ચે ઉપદેશનું ઉલ્લંઘન કરવું. શાસ્ત્રો અને ગુરુ અથવા વેદ અને સ્મૃતિ નેત્રો છે. ''ઠોકર ખાવી'' એટલે લથડિયું ખાવું, 'પડવું' એટલે દેહને અન્તરાય થવો. ''ઇહ=અહીં, આમાં-એટલે સપાટ રેતીવાળી ભૂમિ જેવા ભગવાનના ધર્મોમાં''. ઉતાવળમાં સાધન છૂટી જાય અને શાસ્ત્રો અને ગુરુનું ઉલ્લંઘન થઈ જાય તો પણ ફલ ન મળે એવું બનતું નથી તેમજ ફલપ્રાપ્તિમાં વિલમ્બ થતો નથી એવો અર્થ છે.

તે શરીર, વાણી, મન, ઇન્દ્રિયો, બુદ્ધિ, અહંકાર થી અનેક જન્મો અથવા એક જન્મની આદતોથી સ્વાભાવવશ જે-જે કરે તે બધું પરમપુરુષ ભગવાન્ નારાયણ માટે જ છે એવા ભાવથી આપને સમર્પણ કરી દે. (આત્મનિવેદન કર્યું ત્યારે બધું સમર્પણ કરેલું જ છે છતાં પડી ગયેલા સ્વભાવની આદતને લીધે ભગવાન્ અને આત્મનિવેદન વિસરાઈ ગયાં છે તેથી લૌકિક-કર્તા તરીકે કરે છે તેનું જ સમર્પણ છે એટલો ફરક છે) ।।૩૬।।

ઈશ્વરથી વિમુખ પુરુષને ભગવન્માયાથી પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થાય છે અને તેથી આ દેહ એ જ હું છું એવું મિથ્યા જ્ઞાન થાય છે. વળી ભોગમાં આસક્તિ થવાથી ભય થાય છે. આત્માથી ગુરુ અને દેવતા ના અભેદના અનુસન્ધાન પૂર્વક ભગવાન્‌માં અનન્ય પરમ પ્રેમ કરવો જેથી માયા અને મોહનું નિવારણ થઈ જાય ।।૩૭।।

સ્વપન અને મનોરથ ની જેમ દ્વૈતપ્રપંચ પણ ન હોવા છતાં, વિચાર કરનારની બુદ્ધિથી ભાસે છે તેથી ડાહ્યા પુરુષે કર્મના સંકલ્પ અને વિકલ્પ કરનાર મનને વશ કરી લેવું. બસ એટલું કરવાથી જ તેને અભય પદ (ભગવાન્) ની પ્રાપ્તિ થઈ જશે ।।૩૮।।

આ સંસારમાં ભગવાનના જન્મની અને લીલાની ઘણી મંગલ કથાઓ પ્રસિદ્ધ છે તે સાંભળતા રહેવું. તે ગુણો અને લીલાઓ યાદ કરાવનારાં ભગવાનનાં ઘણાં નામ પણ પ્રસિદ્ધ છે. શરમ સંકોચ છોડી દઈ તેમનું ગાન કરતા રહેવું. આ પ્રમાણે કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે સ્થાન માં આસક્તિ રાખ્યા વિના વિચરણ કરતા રહેવું ।।૩૯।।

જે આવું વ્રત લઈ લે છે તેના હૃદયમાં પોતાના પરમ પ્રિયતમ પ્રભુનાં નામોનાં કીર્તનથી અનુરાગ-પ્રેમનો અંકૂર ફૂટે છે તેનું ચિત્ત દ્રવિત થઈ જાય છે. હવે તે સાધારણ લોકોની સ્થિતિથી, માન્યતાઓથી, ધારણાઓથી પર થઈ જાય છે અને દમ્ભથી નહિ પણ સ્વભાવથી જ જાણે કે મતવાલો થઈ જઈ કયારેક ખડખડાટ હસવા લાગે છે તો કયારેક ધ્રુસકે-ધ્રુસકે રોવા લાગે છે. કયારેક ઊંચા અવાજે પોકારી-પોકારી ભગવાનને બોલાવવા લાગે છે તો કયારેક મધુર સ્વરથી આપના ગુણોનું ગાન કરવા લાગે છે. વળી (પ્રભુ જાણે કે પ્રત્યક્ષ હોય તેમ) નૃત્ય પણ કરવા લાગે છે. (અંદરના ત્રણ ભાવો અને પાંચ ક્રિયાપદોથી કહેલાં પાંચ કાર્યોથી આઠ પ્રકારની પ્રકૃતિનું ઉલ્લંઘન કરી દે છે) ।।૪૦।।

હે રાજન્! આ આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી, ગ્રહ-નક્ષત્ર, પ્રાણી, દિશાઓ, વૃક્ષ-વનસ્પતિ, નદી, સમુદ્ર-બધાં ભગવાનનાં શરીર છે. બધાં રૂપોમાં સ્વયં ભગવાન્ પ્રગટ છે એમ સમજી તે જે કંઈ ઉત્પન્ન થયેલ છે તેને અનન્ય ભાવથી, ભગવદ્ભાવથી પ્રણામ કરે છે ।।૪૧।।

જેવી રીતે (સ્વાદિષ્ટ અને ઘૃતયુક્ત) ભોજન કરનારને દરેક કોળિયે તુષ્ટિ

(તૃપ્તિ અથવા સુખ), પુષ્ટિ (જીવન શકિતનો સંચાર) અને ક્ષુધાનિવૃત્તિ–આ ત્રણેય એકી સાથે થતાં જાય છે તેવી જ રીતે જે મનુષ્ય ભગવાનને શરણે જઈ ભગવાનનું ભજન કરવા લાગે છે તેને ભજનના પ્રત્યેક ક્ષણે ભગવાનની પ્રેમલક્ષણા ભક્તિ, પોતાના પ્રેમાસ્પદ પ્રભુના સ્વરૂપનો અનુભવ અને પ્રભુ સિવાય બીજી વસ્તુઓમાં વૈરાગ્ય આ ત્રણેયની એકી સાથે પ્રાપ્તિ થઈ જાય છે ।।૪૨।।

હે રાજન્! આ પ્રમાણે પ્રતિપળે એકે-એક વૃત્તિદ્વારા ભગવાનનાં ચરણકમલોની જ જે ભક્તિ કરે છે તે ભકતને ભક્તિ, વૈરાગ્ય અને ભગવત્સ્વરૂપનું જ્ઞાન અવશ્યમેવ થાય છે. પછી તે સાક્ષાત્ પરમ શાન્તિ પ્રાપ્ત કરે છે ।।૪૩।।

**રાજા નિમિએ પૂછ્યું** : હે યોગેશ્વર! હવે આપ કૃપા કરીને ભગવદ્ભકતના લક્ષણોનું વર્ણન કરો. તેના ધર્મો શું છે, તેનો સ્વભાવ કેવો હોય છે, મનુષ્યો સાથે વ્યવહાર કરતી વખતે તે કેવું આચરણ કરે છે, તે શું બોલે છે અને કયા લક્ષણોથી તે ભગવાનનો પ્રિય બને છે ।।૪૪।।

**બીજા યોગેશ્વર હરિજી બોલ્યા** : હે રાજન્! આત્મસ્વરૂપ ભગવાન્ સમસ્ત પ્રાણીઓમાં બિરાજે છે તથા સાથે-સાથે સમસ્ત પ્રાણી અને સમસ્ત પદાર્થ આત્મસ્વરૂપ ભગવાન્માં જ આધેય રૂપથી સ્થિત છે, અર્થાત્ વાસ્તવમાં ભગવત્સ્વરૂપ જ છે. આ પ્રકારનો જેનો અનુભવ છે, આવી જેની સિદ્ધ દૃષ્ટિ છે તેને ઉત્તમ ભકત સમજવો જોઈએ ।।૪૫।।

જે ભગવાન્ ઉપર પ્રેમ, આપના ભકતોની મિત્રતા, દુઃખી અને અજ્ઞાનીઓ ઉપર કૃપા અને ભગવાનનો દ્વેષ કરનારની ઉપેક્ષા કરે છે તે મધ્યમ કોટિનો ભકત છે ।।૪૬।।

અને જે ભગવાનની મૂર્તિની પૂજા તો શ્રદ્ધાથી કરે છે, પરન્તુ ભગવાનના ભકતો અથવા બીજા લોકોની વિશેષ સેવાશુશ્રૂષા કરતો નથી તે સાધારણ શ્રેણીનો ભકત છે ।।૪૭।।

જે શ્રોત્ર, નેત્ર વગેરે ઈન્દ્રિયોદ્વારા શબ્દ, રૂપ વગેરે વિષયોને ગ્રહણ તો કરે છે પરન્તુ પોતાની ઈચ્છાથી પ્રતિકૂલ વિષયોનો દ્વેષ કરતો નથી અને અનુકૂલ વિષયો પ્રાપ્ત થવાથી હર્ષિત થતો નથી તેની એવી દૃષ્ટિ રહેતી આવે છે કે આ બધી ભગવાનની માયા છે તે પુરુષ ઉત્તમ ભકત છે ।।૪૮।।

સંસારના ધર્મ, દેહના ધર્મ : જન્મ-મૃત્યુ, પ્રાણના ધર્મ : ભૂખ-તરસ,

ઇન્દ્રિયના ધર્મ : શ્રમ-કષ્ટ, મનનો ધર્મ ભય અને બુદ્ધિનો ધર્મ તૃષ્ણા પ્રાપ્ત થતાં જ રહે છે. જે પુરુષ ભગવાનના સ્મરણમાં એટલો તન્મય રહે છે કે આ બધાં ફરી-ફરી થતાં રહેવા છતાં તેમનાથી મોહિત થતો નથી, તેમનાથી હારી જતો નથી તે પ્રધાન (પ્રાકૃત) ભકત છે. (ભક્તિમાર્ગ જ ઉત્તમ હોવાથી આમાં ઉત્તમ, મધ્યમ વગેરે પ્રકારો નથી. તેથી 'પ્રધાન' એટલે 'ઉત્તમ' નહિ પણ 'પ્રાકૃત' એવો અર્થ કર્યો છે. હા, મર્યાદાપુષ્ટિના ભેદથી બે પ્રકારો છે અને તેથી ૪૮ માં શ્લોકમાં 'ઉત્તમ' શબ્દ વાપર્યો છે. આમ ૪૮મા શ્લોકમાં પુષ્ટિભક્તિ, ૪૯માં મર્યાદાભક્તિ અને ૫૦માં આશ્રય કહેલાં છે) ।।૪૯।।

જેના ચિત્તમાં કામના (જ ઉત્પન્ન) થતી નથી, (કામના ઉત્પન્ન થાય તો) કર્મ થતાં નથી અને કર્મો થાય તો વાસનાઓ હોતી નથી. અને જેને એક માત્ર વાસુદેવ ભગવાનનો જ આશ્રય છે તે ખરેખર ઉત્તમ ભકત છે ।।૫૦।।

જેને ઉત્તમ કુળમાં જન્મ થવાથી, તપસ્યા વગેર કર્મથી તથા વર્ણ, આશ્રમ અને જાતિ થી આ શરીરમાં અહમ્ભાવ થતો નથી તે નિશ્ચય ભગવાનનો પ્રિય ભકત છે ।।૫૧।।

જેને દ્રવ્યો કે શરીર વિશે પોતાનું કે પારકું એવો ભેદ નથી અને આત્મા વિશે પારકો એવો ભેદ નથી; સમસ્ત પ્રાણીપદાર્થમાં સમસ્વરૂપ પરમાત્માને જુએ છે, સમભાવ રાખે છે અને કોઈ પણ ઘટના કે સંકલ્પથી વિક્ષિપ્ત ન થતાં શાન્ત રહે છે તે ભગવાનનો ઉત્તમ ભકત છે ।।૫૨।।

હે રાજન્! મોટા-મોટા દેવતા અને ઋષિમુનિઓ પણ પોતાના અન્તઃકરણને ભગવન્મય બનાવવામાટે જેમને શોધતા રહે છે; ભગવાનનાં એવાં ચરણકમલોનું સ્મરણ અડધી ક્ષણદ્ગઅડધી પલમાટે પણ જે છોડતો નથી, નિરન્તર તે ચરણોના સાન્નિધ્ય અને સેવામાંજ સંલ્લગ્ન રહે છે તે ત્યાં સુધી કે કોઈ સ્વયં તેને ત્રણ લોકની રાજ્યલક્ષ્મી આપે તો પણ તે ભગવત્સ્મરણનો તાર તૂટવા દેતો નથી તે રાજ્યલક્ષ્મીની તરફ ધ્યાન જ આપતો નથી તે જ પુરુષ વાસ્તવમાં વૈષ્ણવોમાં અગ્રગણ્ય છે ।।૫૩।।

જેવી રીતે ચન્દ્રનો ઉદય થયા પછી સૂર્યનો તાપ લાગી શકતો નથી તેવી રીતે બ્રહ્માંડ ભેદીને ભગવાનના જે ચરણકમલે ગંગાજીનો પ્રવાહ વહેવડાવ્યો હતો તેવા અથાહ પરાક્રમશીલ પરમાત્માના ચરણકમલની શાખારૂપ નખમણિની ચન્દ્રિકાથી જેના તાપનો નાશ થઈ ચૂકયો છે તેના હૃદયમાં સાંસારિક કામનાઓના તાપનો

સમ્ભવ જ કેમ હોઈ શકે? ।।૫૪।।

**વિસૃજતિ હૃદયં ન યસ્ય સાક્ષાદ્ હરિરવશાભિહિતોડપ્યઘૌઘનાશઃ ।।**
**પ્રણયરશનયા ધૃતાંઘ્રિપદ્મઃ સ ભવતિ ભાગવતપ્રધાન ઉક્તઃ ।।૫૫।।**

વિવશતાથી આપત્તિ વખતે પણ જેના નામના ઉચ્ચાર માત્રથી સમ્પૂર્ણ પાપના પર્વતનો પણ નાશ કરનાર સ્વયં ભગવાન્ શ્રીહરિ જેના હૃદયને એક ક્ષણ પણ છોડતા નથી કારણ કે ભકતે પ્રેમરૂપી દોરડાથી પોતના હૃદયમાં આપનાં ચરણકમલોને બાંધી રાખ્યાં છે વાસ્તવમાં આવો પુરુષજ ભકતોમાં મુખ્ય છે ।।૫૫।।

**ઇતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધના (પ્રથમ જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બ્રહ્મભાવ પ્રકરણનો) ''વસુદેવજીના પૂછવાથી નારદજીએ નિમિરાજા એને યોગેશ્વરનો સંવાદ કહ્યો''નામનો (ભગવદ્ભકતનાં લક્ષણોનું નિરૂપણવાળો) બીજા અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૩

## માયા અને એને તરવાનો ઉપાય, ભગવત્સ્વરૂપ તથા કર્મનો પ્રશ્ન અને ઉત્તર

**વિશેષ** : ગયા અધ્યાયમાં જે કહેવાયું તેમાં અધિકાર ન હોય તેવાના અનુકલ્પ અને અધિકાર આ ત્રીજા અધ્યાયમાં કહેવામાં આવે છે. તે ચાર છે. ૧. દુષ્ટ પ્રવાહના જ્ઞાન ૨. ધીરે-ધીરે સાધનોથી એ પ્રવાહને તરી જવાનું જ્ઞાન ૩. જ્ઞાનનો પરિચય અને ૪. કર્મના જ્ઞાનથી થશે. આ ચાર વિષયો ત્રીજા અધ્યાયમાં કહેવામાં આવ્યા છે. બે પગવાળાને ભોગ પ્રાપ્ત થાય તે માટે ચાર પગવાળા નક્કી કરવામાં આવ્યા છે. ચાર પગવાળા ખીલે બાંધેલા સ્થિર છે. તે ખીલો બે પગવાળાઓએ દઢ કરેલો હોય છે. જેમ ભોગમાટે ચાર પગવાળા છે તેમ મોક્ષમાટે ચાર સનત્કુમારો છે. તેથી સનત્કુમાર અને નારદજીનો વૈદિક સંવાદ શ્રુતિ ગીતા (સનન્દને કહેલી સ્કન્ધ ૧૦-અધ્યાય ૮૭-શ્લોક ૧૪।૪૧) અને સનદ-સુજાતીયે ધુતરાષ્ટ્રને ઉપદેશ આપેલ છે. બે પગવાળાઓના ખીલાને સ્થાને તેમને મોક્ષ પ્રાપ્ત કરાવનાર આ નવ યોગેશ્વરો છે કારણ કે તેઓ મતને સ્થિર કરનારા છે અને તેને સ્થિર કરાવનાર જનક છે. તેથી જનકે સ્થાપન કરેલા યોગેશ્વરો સ્થિર થઈ, ચારેય તેના મતને સ્થિર કરતાં આ જનકને મોક્ષ પ્રાપ્ત કરાવશે એમ જણાવવા, ચાર રૂપવાળા ગણાય તે માટે તેટલા (ચાર) ઉત્તર આપે છે એવું કારણ છે.

**પરસ્ય વિષ્ણોરીશસ્ય માયિનામપિ મોહિનીમ્ ।।**
**માયાં વેદિતુમિચ્છામો ભગવન્તો બ્રુવન્તુ નઃ ।।૧।।**

**રાજા નિમિએ પૂછ્યું :** પ્રકૃતિથી પર અર્થાત્ જગતના કર્તા, મોક્ષ આપનાર વિષ્ણુ અને સર્વને વશ રાખનાર ઈશ્વરની માયા મોટા-મોટા માયાવીઓ (અધિકારીઓ) ને પણ મોહિત કરે છે તેને કોઈ જાણી શકતું નથી; તેથી અમને *માયાના સ્વરૂપને જાણવાની ઈચ્છા છે તો આપ કૃપા કરીને તેનું સ્વરૂપ કહો ।।૧।।

**વિશેષ : 'માયા'**એ ભગવાન્‌ની અનેક શક્તિઓમાંની એક શક્તિ છે તેથી આ બાબતમાં કંઈ શંકાને અવકાશ નથી, કારણ કે વ્યાસજીની સમાધિમાં તેવું દર્શન થયેલ છે, પરન્તુ માયા શબ્દના પ્રયોગ સમ્બન્ધી વિચાર કરવામાં આવે છે. શ્રીભગવદ્‌ગીતા અધ્યાય ૭ શ્લોક ૧૪માં **''દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયામારી આ દૈવી ત્રિગુણમયી માયાને તરવી મુશ્કેલ છે''** શ્રીકૃષ્ણ ભગવાને કહેલું આ વાક્ય માયાના સ્વરૂપનું લક્ષણ જણાવે છે.

અધિષ્ઠાન સાથેના કાર્યનું ભાન થવું અથવા ન થવું એ નિશ્ચય કાર્યમાં જણાતું લક્ષણ છે. **''ઋતેર્થં યત્પ્રતીયેત''** માયાનાં બે કાર્યો છે. ૧. સુવર્ણના જેવું એટલે વિકાર રહિત છે. ૨.જલના જેવું એટલે પ્રતિબિમ્બ વગેરે ઉત્પન્ન કરનારું મોહરૂપ કાર્ય. આ વ્યવસ્થા પુરાણોની છે. વેદોમાં ક્યાંય સૃષ્ટિ રચવામાં માયાને કારણ (સાધન) તરીકે કહેલી નથી. ક્યાંક માયાની સાથે રહી કાર્ય અથવા સત્ (પદાર્થ) ને પણ છુપાવવાનું થાય છે. એટલે માયાનાં ત્રણ કાર્ય ૧.પ્રતિકૃતિનું નિર્માણ (અસલ કરતાં ચડિયાતું નકલી બનાવવું) ૨. છુપાવવું ૩. વિક્ષેપ (ગોટાળો ઊભો કરવો). કેટલેક સ્થળે 'માયા'ની સાથે 'માત્ર' શબ્દનો પ્રયોગ જોવા મળે છે, દા.ત. **''માયામાત્રં તુ કાર્ત્સ્ન્યેં ન''** વ્યાસ સૂત્ર તથા **''માયામાત્રમિદં જ્ઞાત્વા''** ભાગ. સ્કન્ધ ૧૧ માં. ત્યાં માયાનું એક જ કાર્ય જણાવેલું છે. હરિનાં તો બન્ને કાર્યો છે. બીજા કાર્યમાં તો માયા કરણ (સાધન) છે. માત્ર બીજા કાર્યમાં કરણ હોવામાં કારકૃત્સ્નનો મત અનુકૂળ છે.

હે યોગેશ્વરો! હું મૃત્યુનો શિકાર એવો મનુષ્ય છું. સંસારના વિવિધ તાપો મને ઘણા વખતથી દઝાડી રહ્યા છે. આપ લોકો જે ભગવત્કથારૂપી અમૃતનું પાન કરાવી રહ્યા છો તે તે તાપોને મટાડવાનું એક માત્ર ઔષધ છે; તેથી હું આપની આ વાણી સાંભળી તૃપ્ત જ થતો નથી. આપ કૃપા કરીને આગળ કહો ।।૨।।

**હવે ત્રીજા યોગેશ્વર અન્તરિક્ષજીએ કહ્યું :** ભગવાન્‌ની માયાના સ્વરૂપનું વર્ણન થઈ શકે એમ નથી. તેથી તેનાં કાર્યદ્વારા જ તેનું નિરૂપણ કરાય છે. આદિ પુરુષ

પરમાત્મા જે શક્તિથી સમ્પૂર્ણ ભૂતોનું કારણ બને છે અને તેમના વિષય ભોગ તથા મોક્ષની સિદ્ધિને માટે અથવા પોતાના ઉપાસકોની ઉત્કૃષ્ટ સિદ્ધિને માટે સ્વનિર્મિત પંચભૂતો દ્વારા જુદી-જુદી જાતના દેવ, મનુષ્ય વગેરે શરીરોનું સર્જન કરે છે તેને જ *'માયા' કહે છે ।।૩।।

**વિશેષ** : માયાના વિવિધ અર્થો : ૧. જાદુગીરી ૨. કપટ ૩. કૃપા ૪. બુદ્ધિ

આ પ્રમાણે પંચમહાભૂતોદ્વારા બનેલાં પ્રાણી શરીરોમાં તેમણે અન્તર્યામી રૂપથી પ્રવેશ કર્યો અને પોતાને પહેલાં એક અન્તઃકરણના રૂપમાં અને ત્યાર પછી પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો-આ દસ રૂપોમાં વિભાજન કરી દીધું અને તેમના દ્વારા વિષયોનો ભોગ કરે છે ।।૪।।

પોતે પ્રકાશિત કરેલા વિષયોનો ગુણોથી ભોગ કરતા તે પ્રભુ આ સર્વ તરફ દેખાતા જગતને પોતે હોવાનું માનતા આમાં જ આસકત થાય છે. આ ભગવાનની માયા છે ।।૫।।

કર્મેન્દ્રિયોથી વાસના સહિત કર્મ કરતા અને જુદા-જુદા કર્મોનું સુખ તથા દુઃખરૂપ ફલ ગ્રહણ કરતા તે દેહધારીઓ આ સંસારમાં ભમ્યા કરે છે. આ ભગવાનની માયા છે ।।૬।।

આવી રીતે દુઃખદાયી કર્મોના ફલ પ્રાપ્ત કરતો-કરતો પુરુષ મહાભૂતોનો પ્રલય થાય ત્યાં સુધી પરવશ થઈ જન્મ-મરણ પામ્યા કરે છે. આ ભગવાનની માયા છે ।।૭।।

જ્યારે પંચભૂતોના પ્રલયનો સમય આવે છે ત્યારે અનાદિ અને અનન્ત કાલ સ્થૂલ તથા સૂક્ષ્મ દ્રવ્ય એવં ગુણરૂપ આ સમસ્ત વ્યકત સૃષ્ટિને અવ્યક્તની તરફ તેના મૂલ કારણ તરફ ખેંચે છે. આ ભગવાનની માયા છે ।।૮।।

તે વખતે પૃથ્વી ઉપર સતત સો વર્ષ સુધી ભયંકર દુકાળ પડે છે. વરસાદ બિલકુલ થતો નતી; પ્રલયકાળની શક્તિથી સૂર્યનો તાપ બહુ જ વધી જાય છે. તથા તે ત્રણેય લોકને બાળવા લાગે છે. આ ભગવાન્‌ની માયા છે ।।૯।।

તે વખતે શેષનાગ-સંકર્ષણ-ના મોંમાંથી આગની પ્રંચડ જવાલાઓ નીકળે છે અને વાયુની પ્રેરણાથી તે જવાલાઓ પાતાલ લોકથી બાળી મૂકવાનું શરૂ કરે છે તથા ત્યાંથી ઊંચે-ઊંચે ચારે તરફ ફેલાઈ જાય છે. આ ભગવાન્‌ની માયા છે ।।૧૦।।

ત્યાર પછી પ્રલય સમયના સાંવર્તક મેઘગણ હાથીની સૂંઢ જેવી ધારાઓથી સો

વર્ષ સુધી વરસતો રહે છે. તેથી આ વિરાટ્ બ્રહ્માંડ (બળી ગયેલ છાણના પિંડાની જેમ) જલમાં ડૂબી જાય છે. આ ભગવાન્ની માયા છે ।।૧૧।।

હે રાજન્! તે વખતે બળતણ વિના જેવી રીતે આગ બુઝાઈ જાય છે તેવી જ રીતે વિરાટ્ પુરુષ બ્રહ્માજી પોતાના બ્રહ્માંડ-શરીરને છોડી દઈ સૂક્ષ્મ સ્વરૂપ અવ્યકતમાં લીન થઈ જાય છે. એ ભગવાન્ની માયા છે ।।૧૨।।

વાયુ પૃથ્વીની ગન્ધ ખેંચી લે છે જેથી તે (પૃથ્વી) જલના રૂપમાં ફેરવાઈ જાય છે અને તે જ વાયુ જલના રસને ખેંચી લે છે, ત્યારે તે જલ પોતાનું કારણ અગ્નિ બની જાય છે. આ ભગવાન્ની માયા છે ।।૧૩।।

જ્યારે અન્ધકાર અગ્નિનું રૂપ છીનવી લે છે ત્યારે તે અગ્નિ વાયુમાં લીન થઈ જાય છે અને જ્યારે અવકાશરૂપ આકાશ વાયુની સ્પર્શશક્તિ હરી લે છે ત્યારે તે આકાશમાં લીન થઈ જાય છે. આ ભગવાન્ની માયા છે ।।૧૪।।

હે રાજન્! ત્યાર પછી કાલરૂપ અવકાશ આકાશના શબ્દગુણને હરી લે છે જેથી તે તામસ અહંકારમાં લીન થઈ જાય છે. ઈન્દ્રિયો અને બુદ્ધિ રાજસ અહંકારમાં લીન થઈ જાય છે. મન સાત્ત્વિક અહંકારથી ઉત્પન્ન દેવતાઓની સાથે સાત્ત્વિક અહંકારમાં પ્રવેશ કરી દે છે અને પોતાનાં ત્રણ પ્રકારનાં કાર્યોની સાથે અહંકાર મહત્તત્ત્વમાં લીન થઈ જાય છે. પછી તેનાથી ઊલટા ક્રમથી સૃષ્ટિ થાય છે. આ ભગવાન્ની માયા છે ।।૧૫૧/૨।।

સૃષ્ટિ, સ્થિતિ અને સંહાર કરનારી ભગવાન્ની આ ત્રિગુણમયી *માયાનું અમે આપની પાસે વર્ણન કર્યું. હવે આપ બીજું શું સાંભળવા ઈચ્છો છો? (માયાનું સ્વરૂપ તો નિરૂપણ થઈ શકે એવું છે જ નહિ; તેથી માયાનાં કાર્ય જણાવી તેનું નિરૂપણ કર્યું. આકૃતિ તેની સ્ત્રીરૂપ છે. સ્ત્રી આનન્દરૂપ છે. માયા સદા પોતાના ભોગમાટે અને દૈત્યોને મોહ કરવામાટે ઉપયોગી છે) ।।૧૬૧/૨।।

**વિશેષ :** માયા એક તો વ્યામોહ કરનારી છે; એક જગતના કારણરૂપ છે આ બે સેવ્ય નથી. દેવતારૂપ સાત્ત્વિક મોક્ષદાતા વાસુદેવજીની મોક્ષમાં ઉપયોગી સાધન સમ્પાદન કરવામાટે લક્ષ્મીજીએ ભગવદ્ભાર્યાના રૂપમાં માયારૂપ ધારણ કર્યું તે. તેનું નામ 'માયા' એટલા માટે છે કે **મયા સહ આગંતવ્યમ્ ઈતિ નિયોગકરણાત્ 'માયા' ઈત્યભિધાનમ્-(ભાગ.૨।૩।૩)**

**રાજા નિમિએ પૂછ્યું :** હે મહર્ષિજી! જે લોકોએ પોતાના મનને વશ નથી કર્યું તેમને માટે ભગવાન્ની આ માયા તરી જવી બહુ જ કઠિન છે, તો આપ કૃપા કરી

એવો ઉપાય બતાવો કે જાડી બુદ્ધિવાળા (ભક્તિ અને જ્ઞાનરહિત બર્હિમુખ) જીવો પણ સહેલાઈથી તેને તરી જઈ શકે ।।૧૭।।

**ચોથા યોગેશ્વર પ્રબુદ્ધજીએ કહ્યું** : હે રાજન્! સ્ત્રી-પુરુષ સમ્બન્ધ વગેરે બંધનોમાં બંધાયેલા સંસારી મનુષ્યો સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિને માટે કર્મો કરતાં રહે છે. જે પુરુષ માયાને તરવા માગે છે તેણે વિચાર કરવો જોઈએ કે તેના કર્મોનું ફલ કેવી રીતે ઉલટું થતું જાય છે. તેને સુખને બદલે દુઃખ મળે છે અને દુઃખ દૂર થવાને બદલે દિવસે-દિવસે વધતું જ જાય છે ।।૧૮।।

એક ધનનો જ દાખલો લો. તેનાથી દિવસે-દિવસે દુઃખ વધે જ છે; તેને મેળવવું પણ મુશ્કેલ છે અને જો કોઈ રીતે મળી પણ જાય તો પણ આત્માને માટે તો તે મૃત્યુરૂપ જ છે. જે એની ઝંઝટમાં પડી જાય છે તે પોતાની જાતને ભૂલી જાય છે. તે જ પ્રમાણે ઘર, પુત્ર, સ્વજન-સમ્બન્ધી, પશુધન વગેરે પણ અનિત્ય અને નાશવાન્ છે. કદાચ કોઈ તે મેળવી પણ લે તો તેમનાથી સુખ-શાન્તિ મળતાં નથી ।।૧૯।।

એ જ પ્રમાણે જે મનુષ્ય માયાને તરી જવા માગે છે તેણે સમજી લેવું જોઈએ કે મૃત્યુ પછી પ્રાપ્ત થનાર લોક-પરલોક પણ એવી રીતે નાશવાન્ છે, કારણ કે આ લોકની વસ્તુઓની જેમ પરલોક પણ સીમિત ફલમાત્ર છે. ત્યાં પણ પૃથ્વી ઉપર નાના-નાના રાજાઓની જેમ જ સમાન સાથે સ્પર્ધા, વધારે ઐશ્વર્ય અને સુખવાળાઓપ્રત્યે ઈર્ષ્યા-દ્વેષની ભાવના અને ઓછા સુખ તથા ઐશ્વર્યવાળાઓ પ્રત્યે ઘૃણા રહે છે અને કર્મોનું ફલ પૂરું થતાં ત્યાંથી પતન થાય છે. તેનો પણ નાશ નિશ્ચિત છે. નાશના ભયમાંથી ત્યાં પણ છુટકારો હોતો નથી ।।૨૦।।

તેથી પરમ કલ્યાણના જે જિજ્ઞાસુ હોય તેમણે ગુરુને શરણે જવું જોઈએ. ગુરુદેવ એવા હોય કે જે શબ્દબ્રહ્મ(વેદો)ના પારદર્શી વિદ્વાન હોય જેથી તે બરાબર સમજાવી શકે અને સાથે-સાથે પરબ્રહ્મમાં પરિનિષ્ઠિત તત્ત્વજ્ઞાની પણ હોય જેથી પોતાના અનુભવદ્વારા પ્રાપ્ત થયેલ રહસ્યની વાતો સમજાવી શકે. તેનું ચિત્ત શાન્ત હોય, વ્યવહારના પ્રપંચમાં બહુ પ્રવૃત્ત નહોય ।।૨૧।।

જિજ્ઞાસુ ગુરુને જ પોતાના પરમ પ્રિયતમ આત્મા અને ઈષ્ટદેવ માને. તેમની નિષ્કપટ ભાવથી સેવા કરે અને તેમની પાસેથી ભાગવતધર્મ ભગવાન્‌ને પ્રાપ્ત કરાવી દેનાર ભક્તિભાવનાં સાધનોની ક્રિયાત્મક શિક્ષા ગ્રહણ કરે. આ જ સાધનોથી

સર્વાત્મા અને ભકત ને પોતાના સ્વરૂપનું દાન દેનારા ભગવાન્ પ્રસન્ન થાય છે. ભકતના દુઃખની નિવૃત્તિ તો આનુષંગિક (ગૌણ) ફલ છે ।।૨૨।।

પહેલાં તો શરીર, સન્તાન વગેરેમાંથી આસક્તિ કાઢી નાખે, પછી ભગવાન્ના ભકતો ઉપર પ્રેમ કરવાનું શીખે. ત્યારબાદ પ્રાણીઓ ઉપર યથા યોગ્ય દયા, મૈત્રી અને વિનય ની નિષ્કપટ ભાવથી શિક્ષા ગ્રહણ કરે ।।૨૩।।

(કર્મમાર્ગમાંનો પ્રવેશ કહે છે). ૧. માટી, જલ વગેરેથી બ્રાહ્ય શરીરની શુદ્ધિ, છલકપટ વગેરેના ત્યાગથી ભીતરની શુદ્ધિ, ૨. સંકટ સહન કરવારૂપી તપ, ૩. ટાઢ, તાપ વગેરે સહન કરવાં, ૪. મિથ્યા વાત-ચીતના ત્યાગરૂપી મૌન, ૫. વેદોનો અભ્યાસ, ૬. સરલતા (સત્ય પણ પ્રિય ભાષણ), ૭. કામ ઉપર વિજય, ૮. ક્રોધ ઉપર વિજય તથા ૯. શીત-ઉષ્ણ, પ્રિય-અપ્રિય, સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વોમાં હર્ષ-વિષાદથી રહિત થવાનું શીખે* ।।૨૪।।

**વિશેષ :** પહેલાં ત્રણ (૧।૩) કાયાથી થતાં કર્મ, બીજાં ત્રણ (૪।૬) વાણીથી થતાં કર્મ અને ત્રીજાં ત્રણ (૭।૯) મનથી થતાં કર્મ છે.

(જ્ઞાનમાર્ગમાંનો પ્રવેશ કહે છે). સર્વત્ર અર્થાત્ સમસ્ત દેશ, કાલ અને વસ્તુઓમાં ચેતનરૂપથી આત્મા અને નિયન્તારૂપથી ઈશ્વર હોવાની દષ્ટિ એકાન્ત સેવન, ''આ જ મારું ઘર છે'' એવો ભાવ ન રાખવો, ગૃહસ્થ હોય તો થોડાં પવિત્ર વસ્ત્રો અને ત્યાગી હોય તો પવિત્ર ફાટ્યાં તૂટ્યાં ચીંથરાં પહેરવાં અને જે કંઈ મળે તેનાથી સન્તોષ રાખવો ।।૨૫।।

(ભક્તિમાર્ગમાં પ્રવેશ થાય તે માટે સાધનો કહે છે). ભગવાન્ને પ્રાપ્ત કરાવી આપનારાં શાસ્ત્રો (વેદ, ગીતા, ભાગવત, વ્યાસસૂત્ર, નારદ ભક્તિસૂત્રો) માં શ્રદ્ધા રાખવી. બીજાં શાસ્ત્રોની નિન્દા ન કરવી. કાયા, વાણી અને મન ઉપર સંયમ રાખવો. સત્ય, શમ (ભગવાન્માં સ્થિર થયેલી બુદ્ધિ) અને ઈન્દ્રિયનિગ્રહ આચરવાં ।।૨૬।।

(ભક્તિમાર્ગનાં મુખ્ય સાધનો કહે છે). અદ્ભુત કર્મ કરનારા શ્રીહરિનાં અને તેમનાં એવાં જ અદ્ભુત જન્મ, કર્મ અને ગુણો નું શ્રવણ, કીર્તન અને ધ્યાન કરવું. (ભગવાન્ ભક્તિથી પ્રેમથી જ પ્રાપ્ત થાય છે અને ભગવત્પ્રેમ પ્રાપ્ત કરાવી આપવામાં શ્રવણ, કીર્તન અને ધ્યાન એ અચૂક સાધન છે તેથી) શરીરથી બીજી પણ જે કંઈ ચેષ્ટા થાય તે બધી શ્રવણ આદિની સિદ્ધિમાટે જ કરવી ।।૨૭।।

યજ્ઞ, દાન, તપ, જપ, સદાચારનું પાલન અને સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ તથા જે કંઈ

પોતાને પ્રિય લાગતું હોય તે બધું જ ભગવાન્‌ના ચરણોમાં નિવેદન કરવું આપને સોંપી દેવાનું શીખે ।।૨૮।।

(આવી રીતે નિયમપૂર્વક આત્મનિવેદન કરી તાદશી ભગવદીયો સાથે રહીને ભગવત્સેવા કરવી એમ કહે છે). જે ભગવદીયોને સચ્ચિદાનન્દસ્વરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણનો દઢ આશ્રય હોય-મારા સ્વામી શ્રીકૃષ્ણ જ છે, બીજાું કોઈ નહિ એવી અડગ અનન્યતા હોય તેમના ઉપર પ્રેમ રાખવો અને ભગવાન્ તથા ઉત્તમ સદાચારી સન્ત પુરુષોની સેવા કરવી ।।૨૯।।

એકબીજાની સાથે વાતચીત ભગવાન્‌ના પરમ *પાવન યશ વિષે જ કરવી. આવા એક ભાવવાળા સાધકોએ એકત્રિત થઈ આપસમાં અન્તઃકરણની સાચી પ્રીતિ, પરસ્પર સન્તોષ અને પરસ્પરમાં આત્માનો આનન્દ માનતાં શીખવું।।૩૦।।

**વિશેષ** : ''ભગવાન્‌નો યશ જ પરમ પાવન-પવિત્ર કરનાર છે'' તે સ્નાન વગેરેમાંથી આસક્તિ દૂર કરવામાટે કહેલું છે. પરસ્પર શ્રવણ-કીર્તન થતાં જ પ્રીતિ અને સન્તોષ થાય છે. આ શ્રવણ કીર્તન છે તો સાધનરૂપ પણ આનન્દરૂપ હોવાથી ફલરૂપ પણ છે.

હે રાજન્! પાપના ઢગલાનો નાશ શ્રીકૃષ્ણ એક જ ક્ષણમાં કરી નાખે છે. બધા તેમનું જ સ્મરણ કરે અને એકબીજાને સ્મરણ કરાવે. આ પ્રમાણે સાધન ભક્તિ કરતાં-કરતાં પ્રેમલક્ષણા ભક્તિનો ઉદય થઈ જાય છે અને તેમનાં શરીર પ્રેમની અધિક્તાને લીધે પુલકિત થઈ જાય છે ।।૩૧।।

(આવી રીતે શરીરમાં ભક્તિરસ છલોછલ ભરાઈ જતાં ભગવત્પ્રાપ્તિ થઈ જાય ત્યાં સુધીનું તેનું કાર્ય કહે છે). કયારેક-કયારેક તેઓ એવી ચિન્તા કરવા લાગે છે કે ''આજ સુધી ભગવાન્ ન મળ્યા, શું કરું? કયાં જાઉં? કોને પૂછું? મને આપની પ્રાપ્તિ કોણ કરાવશે?'' આ પ્રમાણે વિચાર કરતા-કરતા તેઓ રોવા લાગે છે. તો કયારેક સામે જ પ્રભુ બિરાજે છે એવી સ્ફૂર્તિ થતાં વિચારે છે કે ''ઓહો! હું વ્યર્થ રડું છું, પ્રભુ તો આ રહ્યા'' એમ વિચારી ખડખડાટ હસવા લાગે છે. કયારેક પ્રભુ પોતાને અધીન છે એવો અનુભવ થતાં આનન્દમગ્ન થઈ જાય છે તો ક્યારેક લોકાતીત ભાવમાં સ્થિત થઈ જઈ ભગવાન્‌ની સાથે વાત-ચીત કરવા લાગે છે. ક્યારેક જાણે કે ભગવાન્‌ને સંભળાવતા હોય તેમ આપના ગુણોનું ગાન કરવા લાગે છે તો ક્યારેક નાચી-નાચી આપને રીઝવવા લાગે છે. ક્યારેક આપનાં દર્શન ન થતાં આપને આમ-તેમ શોધવા લાગે છે તો કયારેક-કયારેક આપની સાથે એક થઈ જઈ

આપની સન્નિધિમાં સ્થિત થઈ જઈ પરમ શાન્તિનો અનુભવ કરી તેઓ ચુપ થઈ જાય છે ।।૩૨।।

હે રાજન્! આ પ્રમાણે જે ભાગવત ધર્મોનું શિક્ષણ ગ્રહણ કરે છે તેને તે ધર્મોદ્વારા પ્રેમભક્તિની પ્રાપ્તિ થઈ જાય છે અને તે ભગવાન્ નારાયણને પરાયણ થઈ જઈ, જેના સકઞ્જામાંથી છૂટવું બહુ મુશ્કેલ છે તે માયાને તે અનાયાસજ તરી જાય છે ।।૩૩।।

**રાજા નિમિએ પૂછ્યું** : હે મહર્ષિઓ! આપ લોકો પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને જાણનારાઓમાં શ્રેષ્ઠ છો. તેથી મને જે પરબ્રહ્મ પરમાત્માનું નનારાયણથ નામથી વર્ણન કરવામાં આવે છે તેની નિષ્ઠા (પરકાષ્ઠા, ઉત્કૃષ્ટ સ્વરૂપ) સમજાવો ।।૩૪।।

**પાંચમા યોગેશ્વર *પિપ્પલાયનજી કહે છે** : હે રાજન્! જે આ જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય નું નિમિત્ત કારણ તથા ઉપાદાન કારણ બન્નેય છે, બનવાવાળા પણ છે અને બનાવવાવાળા પણ છે પરન્તુ સ્વયં કારણ રહિત છે; જે સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિ અવસ્થાઓમાં તેમના સાક્ષીના રૂપમાં વિદ્યમાન હોય છે અને જુદા જણાય છે. તે સિવાય સમાધિમાં પણ જે જેમના તેમ એકરસ રહે છે; જેમની સત્તાથી જ સત્તાવાન્ થઈ શરીર, ઇન્દ્રિય, પ્રાણ અને અન્તઃકરણ પોતપોતાનાં કામ કરવા સમર્થ થાય છે તે જ પરમ સત્ય વસ્તુને આપ **'નારાયણ' સમજી લો** ।।૩૫।।

**વિશેષ** : ''પિપ્પલ વૃક્ષ છે અયન-સ્થાન જેનું તે 'પિપ્પલાયન'. વૃક્ષ (કાષ્ઠ)માં અગ્નિ રહેતો હોવાથી 'પિપ્પલાયન'નો અર્થ અગ્નિ થતો હોવાથી આ પ્રશ્નનો ઉત્તર આપનાર અગ્નિરૂપ છે અને અગ્નિ વાણીના અધિપતિછે.

જેવી રીતે ચિનગારીઓ અગ્નિને પ્રકાશિત કરી શકતી નથી કે તેને દઝાડી શકતી નથી તેવી જ રીતે પરમતત્ત્વ (પરમાત્મા) સુધી મનની કે વાણીની ગતિ નથી; નેત્રો તેને જોઈ શકતાં નથી અને બુદ્ધિ તેને વિશે વિચાર કરી શકતી નથી; પ્રાણ અને ઇન્દ્રિયો તો તેની પાસે ફરકી પણ શકતાં નથી. **''નેતિ-નેતિ''** વગેરે શ્રુતિઓના શબ્દ પણ તે આ છે-એવી રીતે તેનું વર્ણન નથી કરતા, પરન્તુ તેનું જ્ઞાન કરાવનારાં જેટલાં સાધન છે તેનો નિષેધ કરી તાત્પર્યરૂપથી પોતાનું નિષેધનું મૂલ જણાવી દે છે, કારણ કે નિષેધના આધારની, આત્માની સત્તા (અસ્તિત્વ) ન હોય તો નિષેધ કોણ

કરી રહ્યું છે, નિષેધની વૃત્તિ શામાં છે-આ પ્રશ્નોનો કોઈ ઉત્તર જ ના રહે, નિષેધનો જ નિષેધ થઈ જાય, નિષેધની જ સિદ્ધિ ન થાય ।।૩૬।।

(હવે જ્ઞાનમાર્ગ પ્રમાણે દેશ, કાલ અને સ્વરૂપની હદ વિનાના સ્વરૂપનું નિરૂપણ કરે છે). જ્યારે સૃષ્ટિ ન હતી ત્યારે માત્ર એક તેઓ જ હતા. સૃષ્ટિનું નિરૂપણ કરવામાટે તેને જ ત્રિગુણ (સત્ત્વ-રજ-તમ) મયી પ્રકૃતિ કહીને તેનું વર્ણન કરવામાં આવ્યું. પછી તેનું જ જ્ઞાનપ્રધાન હોવાથી મહત્તત્ત્વ, ક્રિયાપ્રધાન હોવાથી સૂત્રાત્મા અને જીવની ઉપાધિ હોવાથી અહંકારના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું. વાસ્તવમાં જેટલી શક્તિઓ છે-પછી તે ઈન્દ્રિયોના અધિષ્ઠાતૃ દેવતાઓના રૂપમાં હોય કે ઈન્દ્રિયોના વિષયોના રૂપમાં હોય કે વિષયોના પ્રકાશના રૂપમાં હોય-બધું બ્રહ્મજ છે, કારણ કે બ્રહ્મની શક્તિ અનન્ત છે. ક્યાં સુધી કહું? જે કંઈ ઉંચું છે, નીચું છે તે બન્નેને જે વશ રાખે છે તે બ્રહ્મજ છે ।।૩૭।।

તે બ્રહ્મ સ્વરૂપ આત્મા કયારેય જન્મ લેતો કે મરતો નથી. તે વધતો કે ઘટતો નથી. જેટલા પણ પરિવર્તનશીલ પદાર્થ છે-પછી તે ક્રિયા, સંકલ્પ અને તેમના અભાવના રૂપમાં જ કેમ નથી હોતા-બધાની ભૂત, ભવિષ્ય અને વર્તમાન સત્તાનો તે સાક્ષી છે, બધામાં છે. દેશ, કાલ અને વસ્તુ થી અપરિચ્છિન્ન છે, અવિનાશી છે. તે ઉપલબ્ધિ (જ્ઞાનની પ્રાપ્તિ) કરનાર અથવા ઉપલબ્ધિનો વિષય નથી. પ્રાણની જેમ માત્ર ઉપલબ્ધિરૂપ અને ઈન્દ્રિયોનાં બળથી વિચારેલા સત્ જેવો છે. (પ્રાણ તો એક જ છે પણ સ્થાન ભેદથી પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન-એમ તેનાં જુદાં-જુદાં નામ છે. કડાં, કુંડલ, બંગડી વગેરે નામ જુદાં-જુદાં હોવા છતાં તે સુવર્ણ જ છે તેવી જ રીતે જ્ઞાન એક હોવા છતાં ઈન્દ્રિયોના સહયોગથી તેમાં અનેકતાથી કલ્પના થઈ જાય છે. વાણી વગેરેથી બ્રહ્મમાં વિકારો જ પ્રતીત થાય છે પરન્તુ તેની ઉત્પત્તિ થતી નથી) ।।૩૮।।

જગતમાં ચાર પ્રકારના જીવ હોય છે. ૧. ઈંડું ફોડી બહાર નીકળનાર-પક્ષી, સર્પ વગેરે ૨. જન્મતી વખતે જરાયુ (ઓર) થી વીંટાયેલ-મનુષ્ય, પશુ વગેરે ૩. ધરતી ફાડી બહાર નીકળનાર વૃક્ષ, વનસ્પતિ વગેરે અને ૪. પસીનાથી ઉત્પન્ન થનાર-માંકડ, જૂ વગેરે. આ બધાં જીવ-શરીરોમાં પ્રાણશક્તિ જીવની પાછળ લાગી રહેલી હોય છે. શરીરો જુદાં-જુદાં હોવા છતાં પ્રાણ એક જ હોય છે. સુષુપ્તિ (ગાઢનિદ્રા) અવસ્થામાં જ્યારે ઈન્દ્રિયો નિશ્ચેષ્ટ થઈ જાય છે, અહંકાર પણ સૂઈ

જાય છે લીન થઈ જાય છે, અર્થાત્ લિંગ શરીર રહેતું નથી તે વખતે જો કૂટસ્થ (નિર્વિકાર સર્વ દોષરહિત) આત્મા પણ ન હોય તો એ વાતની પાછળથી સ્મૃતિ જ કેવી રીતે હોય કે હું સુખપૂર્વક સૂતો હતો? પાછળથી થતું આ સ્મરણ જ તે આત્માના અસ્તિત્વનું પ્રમાણ છે. (દેહ અને આત્મા અલગ છે અને આત્માને દેહના ગુણોનો સમ્બન્ધ નથી) ।।૩૯।।

જ્યારે ભગવાન્ કમલનાભનાં ચરણકમલોને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી તીવ્ર ભક્તિ કરવામાં આવે છે ત્યારે તે ભક્તિ જ અગ્નિની જેમ ગુણ અને કર્મો થી ઉત્પન્ન થયેલ ચિત્તના બધા મલને બાળી નાખે છે. જ્યારે ચિત્ત શુદ્ધ થઈ જાય ત્યારે જેમ નેત્રો સ્વચ્છ થઈ જતાં સૂર્યનો પ્રકાશ પ્રત્યક્ષ જણાય છે તેમ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થઈ જાય છે. (તીવ્રભક્તિ-ઉત્કટપ્રેમ-થી હૃદય નિર્મલ બને છે) ।।૪૦।।

**રાજા નિમિએ કહ્યું :** હે યોગેશ્વરો! હવે આપ અમને કર્મયોગનો ઉપદેશ કરો કે જે દ્વારા મનુષ્ય શુદ્ધ થઈ જઈ જલદીમાં જલદી પરમ નૈષ્કર્મ્ય અર્થાત્ કર્તૃત્વ, કર્મ અને કર્મફલ ને નિવૃત્ત કરનારું જ્ઞાન પ્રાપ્ત કરે છે ।।૪૧।।

મારા પિતા ઈક્ષ્વાકુની હાજરીમાં એકવાર આ જ પ્રશ્ન મેં બ્રહ્માજીના માનસપુત્રો સનકાદિ ઋષિઓને પૂછ્યો હતો, પરન્તુ તેઓ સર્વજ્ઞ હોવા છતાં મારા પ્રશ્નનો ઉત્તર તેમણે આપ્યો નહિ તેનું શું કારણ હતું? કૃપા કરી આપ મને તે બતાવો ।।૪૨।।

**હવે છઠ્ઠા યોગેશ્વર આવિર્હોત્રજીએ[1] કહ્યું :** હે રાજન્! કર્મ (શાસ્ત્રવિહિત), અકર્મ (નિષિદ્ધ) અને વિકર્મ (વિહિતનું ઉલ્લંઘન)[2] આ ત્રણેય એકમાત્ર વેદદ્વારા જાણી શકાય છે તેમની વ્યવસ્થા લૌકિક રીતે હોતી નથી. વેદ અપૌરુષેય-ઈશ્વરરૂપ છે. તેથી તેમના તાત્પર્યનો નિશ્ચય કરવો બહુ મુશ્કેલ છે. તેથી જ મોટા-મોટા વિદ્વાનો પણ તેમના અભિપ્રાયનો નિર્ણય કરવામાં ભૂલ કરી બેસે છે.(તેથીજ તમારી બાલ્યાવસ્થાનો વિચાર કરી તમને અનધિકારી સમજી સનકાદિ ઋષિઓએ તમારા પ્રશ્નનો ઉત્તર આપ્યો નહતો) ।।૪૩।।

**વિશેષ : ૧.આવિર્હોત્ર-આવિઃ પ્રકટં હૂયતેસ્મિન્ ઈતિ હોત્રં યસ્મિન્ ઈતિ આવિર્હોત્રઃ** એ પ્રમાણેની નિરુક્તિથી તેનો અર્થ-આમનામાં યજ્ઞો પ્રકટ થાય છે.
૨.**'કર્મ'** શાસ્ત્રોએ જે કર્મ કરવાની આજ્ઞા કરી હોય તે. દા.ત. **''સત્યં બ્રૂયાત્''** દરેકે સત્ય

બોલવું જોઈએ. **'અકર્મ'** જે કર્મ કરવાનો નિષેધ કરવામાં હોય. **દા.ત. વાત કરવી નહિ'' માં વૃથા વાતનો નિષેધ (મના) છે છતાં વૃથા વાત કરવી તે અકર્મ. 'વિકર્મ'** જે કર્મો શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે કરવાં જોઈએ તે ન કરવાં. દા.ત.**''કૃષ્ણ સેવા સદા કાર્યા''** ''શ્રીકૃષ્ણની સેવા સદા કરવી જોઈએ'' એ શાસ્ત્રની આજ્ઞા. ''સેવા સદા ન કરવી'' એ વિકર્મ થયું.

આ વેદ *પરોક્ષવાદાત્મક છે. તે કર્મોની નિવૃત્તિમાટે કર્મ કરવાની આજ્ઞા કરે છે; જેવી રીતે બાલકને મીઠાઈ વગેરેની લાલચ આપીને દવા ખવડાવવામાં આવે છે તેવીજરીતે અજ્ઞાની લોકોને સ્વર્ગાદિનું પ્રલોભન આપી શ્રેષ્ઠ કર્મમાં પ્રવૃત્ત કરે છે ।।૪૪।।

**વિશેષ** : પરોક્ષવાદ-જેનો શબ્દાર્થ કંઈ હોય અને તાત્પર્યાર્થ કંઈ બીજો જ હોય તે.

જેનું અજ્ઞાન ગયું નથી, જેની ઈન્દ્રિયો વશમાં નથી તે જો મનમાની રીતે વેદોકત કર્મોનો ત્યાગ કરી દે તો તે વિહિત (જે કર્મ કરવાની આજ્ઞા કરવામાં આવી હોય તેવાં) કર્મોનું આચરણ ન કરવાથી વિકર્મરૂપ અધર્મ જ કરે છે તેથી તે મૃત્યુ પછી ફરી જન્મમરણ વગેરે સંસારને પ્રાપ્ત કરતો રહેછે ।।૪૫।।

તેથી ફલની અભિલાષા છોડી દઈ અને ઈશ્વરને સમર્પિત કરી જે વેદોકત કર્મો જ કરે છે તેને કર્મોની નિવૃત્તિથી પ્રાપ્ત થનારી જ્ઞાનરૂપ સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે. વેદોમાં સ્વર્ગ વગેરે ફલનું વર્ણન જોવા મળે છે તેનું તાત્પર્ય ફલની સત્યતામાં નથી એ તો કર્મોમાં રુચિ ઉત્પન્ન કરાવવા માટે છે ।।૪૬।।

મારા બ્રહ્મસ્વરૂપ આત્માની હૃદયગ્રન્થિ-'હું' અને 'મારું' ની કલ્પિત ગાંઠ ખુલી જાય તેણે તન્ત્રમાં કહેલી પરમાત્માની વિધિ (માત્ર પુષ્ટિમાર્ગ) પ્રમાણે કેશવદેવની સેવા કરવી. (''લૌકિક દોષને લૌકિક સાધનથી જ દૂર કરવો'' એવા અભિપ્રાયથી સાંખ્ય, યોગ, પાશુપત અને વૈષ્ણવ સિદ્ધાન્તોની પ્રવૃત્તિ થઈ છે. તે પૈકી વૈષ્ણવ સિદ્ધાન્ત હૃદયની ગાંઠને તરત જ કાઢી નાખે છે માટે કહ્યું છે કે પરમાત્માની વિધિ પ્રમાણે કેશવ દેવનું ભજન કરવુંĀસેવા કરવી) ।।૪૭।।

આચાર્ય પાસેથી દીક્ષા પ્રાપ્ત કરી તેમની સેવા કરી તેમની કૃપા પ્રાપ્ત કરવી. ગુરુના માર્ગદર્શન પ્રમાણે નારદપંચરાત્ર વગેરે ભક્તિશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવું. પછી પોતાના મનમાં વસી જાય તેવી **શ્રીનવનીતપ્રિયજી, શ્રીમદનમોહનજી, શ્રીગિરિરાજધરણજી** વગેરેમાંથી એક સ્વરૂપ પધરાવીને મહાપુરુષ (શ્રીકૃષ્ણ) ની

(પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ સર્વભાવથી-સર્વાત્મભાવથી શ્રીજીના સુખના વિચારપૂર્વક પુષ્ટિમાર્ગની રીત પ્રમાણે) સેવા કરવી. (હવે પૂજામાર્ગ-મર્યાદામાર્ગની રીત કહેવામાં આવે છે) ।।૪૮।।

પહેલાં સ્નાન વગેરેથી શરીર અને સન્તોષ વગેરેથી અન્તઃકરણને શુદ્ધ કરે. ત્યાર પછી મૂર્તિની સન્મુખ બેસી પ્રાણાયામ વગેરેથી મહાભૂત શુદ્ધિ-નાડીશોધન કરે. ત્યારે પછી વિધિપૂર્વક મન્ત્ર, દેવતા આદિના *ન્યાસથી અંગરક્ષા કરી ભગવાન્‌ની પૂજા કરે ।।૪૯।।

**વિશેષ :** ન્યાસ કરવાનાં છ અંગઃહૃદ્ય શિર શિખા કવચ નેત્ર અને અસ્ત્ર.

પહેલાં પુષ્પ વગેરે પદાર્થોમાંથી જન્તુ વગેરે કાઢી નાખી, પૃથ્વીનું સમ્માર્જન વગેરેથી, પોતે અવ્યગ્ર થઈ અને ભગવાન્‌ની મૂર્તિને પહેલાં કરેલી પૂજાના લાગી રહેલા ચન્દન તિલકનું ક્ષાલન કરી પૂજાને યોગ્ય કરી પછી આસન ઉપર મન્ત્રોચ્ચારપૂર્વક જલ છાંટી પાદ્ય, અર્ઘ્ય વગેરે પાત્રોનું સ્થાપન કરે. ત્યારબાદ એકાગ્રચિત્ત થઈ હૃદ્યમાં ભગવાનનું ધ્યાન કરી પછી તેનું સામે બિરાજતી શ્રીમૂર્તિમાં ચિન્તન કરે. ત્યારબાદ હૃદ્ય, સિર, શિખા, **(હૃદયાય નમઃ, શિરસે સ્વાહા)** ઈત્યાદિ મન્ત્રોથી ન્યાસ કરે અને પોતાના ઈષ્ટદેવના મૂલમન્ત્રદ્વારા દેશ, કાલ આદિને અનુકૂલ પ્રાપ્ત પૂજા-સામગ્રીથી પ્રતિમા આદિમાં તેમજ હૃદ્યમાં ભગવાન્‌ની પૂજા કરે. (ચરણ વગેરે અંગો, ચક્ર વગેરે ઉપાંગો અને સુનન્દ વગેરે પાર્ષદો સાથેની મૂર્તિની હૃદ્યમાં પૂજા કરવી) ।।૫૦-૫૧।।

અંગો સાથેની તે-તે મૂર્તિની પોતાના મન્ત્રથી વિધિ પ્રમાણે ચરણ ધોવાનાં જલ, પૂજા દ્રવ્યો, આચમનના જલ વગેરેથી સ્નાન, વસ્ત્રો તથા ભૂષણોથી, સુગન્ધી દ્રવ્યો, પુષ્પો અને વગર તૂટેલી માલાઓ થી (અથવા ચોખાના આખા દાણાથી) ધૂપ, દીપ અને ભેટો થી વિધિ પ્રમાણે પૂજન કરી સ્તોત્રોથી સ્તુતિ કરી શ્રીહરિને નમસ્કાર કરવા ।।૫૨-૫૩।।

પોતાની જાતને ભગવન્મય ધ્યાન કરતાં-કરતાં ભગવાન્‌ની મૂર્તિનું પૂજન કરવું જોઈએ. નિર્માલ્યને પોતાના મસ્તક ઉપર ચડાવે અને આદરપૂર્વક ભગવદ્વિગ્રહનું પોતાના ધામમાં અપસારણ (વિસર્જન) કરી પૂજા સમાપ્ત કરવી ।।૫૪।।

**એવમગ્ન્યર્કતોયાદાવતિથૌ હૃદયે ચ યઃ ।।**
**યજતીશ્વરમાત્માનમ્ અચિરાન્ મુચ્યતે હિ સઃ ।।૫૫।।**

આ પ્રમાણે જે પુરુષ અગ્નિ, સૂર્ય, જલ, (બ્રાહ્મણ) અતિથિ અને પોતાના હૃદય વગેરેમાં આત્મારૂપ શ્રીહરિની પૂજા કરે છે (પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો સર્વભાવથી–સર્વાત્મભાવથી માર્ગની રીત પ્રમાણે શ્રીજીના સુખના વિચારપૂર્વક સેવા કરે છે) તે થોડા જ સમયમાં સંસારથી મુક્ત થઈ જાય છે ।।૫૫।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધના (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બ્રહ્મભાવ પ્રકરણનો)''માયા અને એને તરવાનો ઉપાય; ભગવત્સ્વરૂપ તથા કર્મનો પ્રશ્નઅનેઉત્તર''નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## માયા પરિશિષ્ટ

શ્રીભાગવત અગિયારમા સ્કન્ધના ત્રીજા અધ્યાયમાં રાજા નિમિ **'માયા'** વિશે પ્રશ્ન કરે છે. આ પ્રસંગે **'માયા'** વિશે શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં પ્રગટ કરેલા વિધાનોનું સંકલન કરી અહીં પ્રસ્તુત કરવામાં આવે છેઃ

માયા ભગવાન્‌ની શક્તિ છે. તે બે પ્રકારની છે : ૧. વ્યામોહ કરનારી અને ૨. જગત રચનારી (૨।૫।૧૨).

ભગવાન્ સ્વરૂપથી કૃતાર્થ કરે છે અને માયાથી મોહ કરાવે છે. (૧।૮।૪૩).

જેમ દર્પણ પાસે હોય ત્યારે તેમાં પ્રવેશેલું મુખ વિપરીત રીતે દેખાય છે તેમ માયા સમીપ હોય ત્યારે આત્મા વિમુખ અને પરિચ્છિન્ન દેખાય છે તેથી અન્યથા (ઉલટું) દેખાવાનું કારણ માયા જ છે. (૩।૭।૯).

માયા બુદ્ધિનું આવરણ કરી દેનારી (બુદ્ધિને ઢાંકી દેનારી) છે તેથી ભગવાન્ શ્રીકૃષ્ણમાં પુરુષોત્તમ બુદ્ધિને ઢાંકી મનુષ્ય બુદ્ધિ કરે છે. (૧૦।૧।૪).

ભગવાન્ પોતે પરમાનન્દ છે. બીજાઓ પોતાને જાણે નહિ તે માટે તેમની જ્ઞાનશક્તિને માયાથી રોકે છે. (૧૦।૧૧।૪૯).

ભગવાન્‌ને વસ્તુતઃ ઇન્દ્રિયો વગેરેનો સમ્બન્ધ નથી, પરન્તુ તેમનામાં ઇન્દ્રિયો વગેરેના સમ્બન્ધની પ્રતીતિ માયાથી જ થાય છે. (૧૦।૩૮।૧૧).

વિષ્ણુ રક્ષક છે. તેમની જ માયા ઉપસંહાર કરનારી છે (૩।૧૦।૧૨).

માયા શ્રીરૂપ હોવાથી તેણે ધારણ કરેલ રૂપ અને આકૃતિ 'સ્ત્રી' કહેવાય છે. તે સદા પોતાના (ભગવાન્‌ના) ભોગમાટે અને દૈત્યોને મોહ કરવામાટે છે (૧૧।૩।૧૬).

ભગવાન્ મહામાયાવાળા છે. તેમની પાસે બીજાની માયાને સ્થાન પણ મળતું નથી તો પછી તે કાર્ય તો કયાંથીજ કરી શકે?(પ્રક્ષિપ્ત અ.૨।૪૫)

ભગવાન્‌ની સમીપ માયાનો વિલય થઈ જાય છે (૧૦।૬।૯).

આ વ્યામોહિકા માયા ભગવાન્‌ના ચરણની દાસી છે, કારણ કે ભગવાન્ જ્ઞાનરૂપ છે. તે મોહ કરનારી છે. તેથી જ તે માણસોને વ્યામોહ કરે છે એમ ભગવાન્ જાણતા હોવાથી, જેઓ ભગવાન્‌ને સન્મુખ છે, તથા ભગવાન્‌ના જે સેવકો છે એટલે કે જે જ્ઞાની અને ભકતો છે તેમની પાસે તે સર્વત્ર ઘણી જ લાજ પામે છે. ઘણી લજ્જાથી તે જરા પણ કાર્ય કરી શકતી નથી (૨।૭।૪૭).

તે ભગવાન્‌ની ભાર્યા છે. ભગવાન્‌ની સાથે પોતે નિરન્તર રમણ કરી શકે તે માટે બીજાઓની બુદ્ધિને મોહ કરે છે. તે આવી છે તેમ ભગવાન્ જાણે છે તેથી તેમના દષ્ટિપથમાં રહેતાં તે શરમાય છે. તેથી જ તે, જેઓ ભગવાન્‌ને સન્મુખ છે તેમને મોહ કરતી નથી પણ બહિર્મુખ પ્રવૃત્તિઓ કરનારાને જ તે મોહ કરે છે (૨।૫।૧૩)

તેથી ભગવાન્‌ની માયા લોકોને જ મોહ કરે છે, પરન્તુ ભગવદીયોને મોહ કરતી નથી (૧૦।૪૫।૧)

**'અવિદ્યા'**તો ભગવાન્‌ની શક્તિ માયાએ નિર્માણ કરેલી છે. જ્યારે માયા પણ ભગવાન્‌ના દષ્ટિપથમાં રહેતાં શરમાય છે ત્યારે તેની નિર્માણ કરેલી અવિદ્યા તો ભગવાન્‌ના સમ્બન્ધીઓને કેવી રીતે મોહ કરી શકે? આમ હોવાથી અવિદ્યાનું કાર્ય અજ્ઞાન તો તેમનામાં ઘટી શકતું જ નથી (૧૦।૨૮।૧૩)

જ્ઞાનરૂપ ભગવાન્‌ને વશ રહેનારી માયા નામની કોઈ શક્તિ છે તે જગત્કર્તાની માયાથી જુદી છે. આનું ફલ વ્યામોહ જ છે જ્યારે તે ભગવાન્‌ની આજ્ઞાથી જગતનું કરણ અથવા કરનારી થાય છે (૨।૫।૧૨)

આવી રીતે ભગવાન્‌ની જે શક્તિ જગતનું કારણ થાય છે તે નયોગમાયાથ કહેવાય છે (૧૦।૨।૬)

જેમ પ્રમાણમાં અને રક્ષા કરવામાં ભગવાન્‌માં બલભદ્રજીનો ઉપયોગ કરે છે તેમ કાર્ય કરવામાં યોગમાયાનો ઉપયોગ કરે છે (૧૦।૨૯।૧)

'માયા' એટલે ભગવાન્‌ની સર્વ થવાની શક્તિ અથવા કોઈક નકામી (કાર્ય નહિ કરનારી) શક્તિ. તેને ભગવાન્ 'કરણ' તરીકે સ્વીકારી આ સર્વ જગતનાં ઉત્પત્તિ, પાલન અને નાશ કરે છે. (૧૦।૫૭।૧૫).

આ યોગમાયા ક્ષણમાત્રમાં કરોડો બ્રહ્માંડો રચવાની શક્તિવાળી છે પણ તેનું બલ ભગવાન્‌ના ગુણોથી જ છે (૩।૬।૩૫)

જેમ કરોળિયો જાળ રચવામાટે એક લાળ કાઢે છે તેમ ભગવાન્ પણ ત્રણ પ્રકારની સૃષ્ટિ રચવામાટે ત્રણ ગુણોને કાઢે છે. સદ્રૂપથી બહાર નીકળે છે તે 'સત્ત્વગુણ' કહેવાય છે, ચિદ્રૂપથી બહાર નીકળે છે તેનામાં ક્રિયાશક્તિ મુખ્ય છે અને સદાનન્દ નથી તેથી તે રજોગુણ કહેવાય છે. આનન્દાંશથી તમોગુણ નીકળે છે. આ ગુણો ભગવાને ભગવદ્રૂપ જ રચેલા છે. પહેલાં તે ભગવાન્‌માં હતા એમ ન માનવું, કારણ કે પહેલાં પણ તે ભગવાન્‌માં હોય તો તે ભગવદાત્મક ન હોય. જેમ કપાસમાં પહેલેથી જ દોરો હોતો નથી પણ કપાસના જ અવયવોને આગળ પાછળ ગોઠવવાથી પછીથી તેમાંથી દોરો નીકળે છે તેમ આ ગુણો પ્રથમ ભગવાન્‌માં ન હતા અને ભગવાન્ બહાર કાઢે ત્યારે નીકળે છે તેથી જ ભગવાન્ નિર્ગુણ છે (૨।૫।૧૯)

ભગવાન્ તે ગુણોનો પણ માયાથી સ્વીકાર કરે છે. આ માયા જગત્ રચનારી છે, વ્યામોહિકા નહિ. તે માયા જગત્ રચનારની શક્તિ છે. સર્વરૂપ ભગવાન્‌ના સમ્બન્ધી સર્વની પ્રતિકૃતિરૂપ છે. જગત્ રચવામાં તે કરણ (સાધન)રૂપ છે. તેથી કરણાંશ તેનો હોવાથી, ગુણો કરણરૂપથી જ નીકળેલા હોવાથી માયાથી જ તેમનું ગ્રહણ થયેલું છે. તેઓ માયાના પુત્રો હોય તેમ તેને વશ રહે છે (૨।૫।૧૯).

**આપણે પુષ્ટિમાર્ગી નથી જ જો…**

મૃતકના ઉદ્ધારાર્થે કે ફંડફાળામાટે ભાગવતકથાનું આયોજન કરીએ છીએ
(ઠેરાવેલ કે ઠેરાવ્યા વિનાની)દક્ષિણા લઈને ભાગવત વાંચીએ છીએ
આવી ભાગવતકથા સાંભળવા કે આશીર્વાદ આપવા જઈએ છીએ

## અધ્યાય ૪

## ભગવાન્‌ના અવતારોનું વર્ણન

**વિશેષ :** અત્યાર સુધીમાં રાજા નિમિએ માયા, માયાનો તરવાનો ઉપાય, જ્ઞાન અને કર્મ નો નિર્ણય સાંભળ્યાં. આથી તેનું ચિત્ત શુદ્ધ થયું. હવે મુક્તિની પ્રાપ્તિમાટે રાજા નિમિ ભગવાન્ શ્રીહરિની શુદ્ધલીલા સમ્બન્ધી પ્રશ્ન કરે છે. આ હરિકથાનું સદા શ્રવણ કરવું કે જેથી કરીને ચિત્ત સમ્પૂર્ણ રીતે તેમાં આસક્ત થાય. પહેલાં કહેલી કક્ષાઓથી કાર્ય સિદ્ધ થાય તેવું હોવાથી

આનું શું પ્રયોજન? તેવી શંકાના સમાધાનમાં કહેવાનું કે આ ત્રીજી કક્ષા ભગવત્કથાનું શ્રવણ બધાં સાધનોનો અનુકલ્પ (સર્વને બદલે યોજી શકાય તેવી) છે. (કારિકા)

**યાનિ યાનીહ કર્માણિ યૈર્યૈઃ સ્વચ્છન્દજન્મભિઃ ।।**
**ચક્રે કરોતિ કર્તા વા હરિસ્તાનિ બ્રુવન્તુ નઃ ।।૧।।**

**રાજા નિમિએ પૂછ્યું** : હે યોગેશ્વરો! ભગવાન્ સ્વેચ્છાથી પોતાના ભક્તોની ભક્તિને વશ થઈ અનેક પ્રકારના અવતાર ગ્રહણ કરે છે અને અનેક લીલાઓ કરે છે. ભગવાને અત્યારસુધીમાં જે લીલાઓ કરી છે, અત્યારે જે લીલાઓ કરી રહ્યા છે કે ભવિષ્યમાં જે લીલાઓ કરશે તે ભગવદ્ લીલાઓનું વર્ણન આપ કૃપા કરીને કરો ।।૧।।

**હવે સાતમા યોગેશ્વર દ્રુમિલજીએ કહ્યું** : હે રાજન્! ભગવાન્ અનન્ત છે. આપના ગુણો પણ અનન્ત છે. જે એમ ધારે છે કે હું આપના ગુણોની ગણતરી કરી લઈશ તે બાલબુદ્ધિ કે મૂર્ખ છે. પૃથ્વીની ધૂળનાં રજકણો કદાચ કોઈ કેમેય કરીને મહાકષ્ટથી ગણી શકેપરન્તુ સમસ્ત પ્રાણીઓમાં વસતા અનન્ત ભગવાન્ના અનન્ત ગુણોનો કોઈ કેમેય કરીને ક્યારેય પાર પામી શકતો નથી* ।।૨।।

**વિશેષ** : અનન્ત-દેશ અને કાલની હદ વિનાના. અસંખ્ય બ્રહ્માંડોમાં અને અસંખ્ય બ્રહ્માજીના દિવસોમાં એક ગામમાં એક દિવસે કરેલું એક કર્મ પણ ગણે તો કરોડો જન્મ ચાલ્યા જાય. વળી ગુણો તો વેદ, શિલ્પ વગેરે વિદ્યાઓની જેમ જુદાં-જુદાં જ્ઞાન અને ક્રિયાઓ નો પ્રકાશ કરનારા છે. તે પૈકીની એક વિદ્યાથી જો એક કાર્ય કરે તો પણ અનન્ત કાર્યો થાય. કર્મની વાત જવા દઈએ, કર્મના કારણ બનેલા ગુણોની પણ ગણતરી થઈ શકે તેમ નથી.

૧ (રજ) કણ=૧૦૦ પરમાણુ. એક ચણોઠીમાં એક કરોડ કણ હોય છે. ચણોઠીથી પચાસ કરોડ ગણી સંખ્યા થાય ત્યારે પુરુષનો ભાર થાય.

ભગવાને જ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ-આ પાંચ ભૂતોની પોતે સૃષ્ટિ કરી. જ્યારે તે પંચમહાભૂતદ્વારા વિરાટ્ શરીર બ્રહ્માંડનું નિર્માણ કરી તેમાં લીલાથી પોતાના (આનન્દ) અંશથી પ્રવેશ કર્યો. (ભોકતા રૂપથી નહિ, કારણ કે ભોકતા તો પોતાનાં પુણ્યોના ફલસ્વરૂપ જીવ જ હોય છે). ત્યારે તે આદિદેવ નારાયણે **'પુરુષ'** નામ પ્રાપ્ત કર્યું. તે ભગવાન્નો પહેલો અવતાર ગણાયો ।।૩।।

એમના જ આ વિરાટ્ બ્રહ્માંડ શરીરમાં ત્રણેય લોક રહેલા છે. એમની જ ઈન્દ્રિયોથી સમસ્ત દેહધારીઓની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો કાર્ય કરે છે. એમના

સ્વરૂપથી જ સ્વતઃ સિદ્ધ જ્ઞાનનો સંચાર થાય છે. એમના શ્વાસોચ્છ્વાસથી બધાં શરીરોમાં બલ આવે છે તથા ઇન્દ્રિયોમાં ઓજ (ઇન્દ્રિયોની શક્તિ) અને કર્મ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. એમના સત્ત્વ આદિ ગુણોથી સંસારની ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે. આ વિરાટ્ શરીરના જે શરીરી છે તે જ આદિ કર્તા નારાયણ છે ।।૪।।

સૌથી પહેલાં જગતની ઉત્પત્તિને માટે તેમના રજોગુણના અંશથી બ્રહ્માજી થયાપછી તે આદિપુરુષ જ સંસારની સ્થિતિને માટે પોતાના સત્ત્વાંશથી ધર્મ તથા બ્રાહ્મણો ના રક્ષક યજ્ઞપતિ વિષ્ણુ બની ગયા. પછી તેજ તમોગુણના અંશથી જગતના સંહારને માટે રુદ્ર બન્યા. આ પ્રમાણે નિરન્તર એમનાથીજ પરિવર્તનશીલ પ્રજાની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર થતાં રહે છે ।।૫।।

દક્ષ પ્રજાપતિની એક કન્યાનું નામ મૂર્તિ હતું. તે ધર્મની પત્ની હતી. તેના ગર્ભથી ભગવાને શ્રેષ્ઠ અત્યન્ત શાન્ત **'નારાયણ'** અને **'નર'** ઋષિના રૂપમાં અવતાર લીધો. તેમણે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરાવી દેનાર તે ભગવદ્ આરાધનરૂપ યોગની સાધના કરીજે કર્મબંધનથી છોડાવી દઈ નૈષ્કર્મ્ય સ્થિતિને પ્રાપ્ત કરાવી દે છે. આજે પણ તેઓ બદરિકાશ્રમમાં બિરાજી રહ્યા છે જ્યાં મોટા-મોટા ઋષિમુનિઓ તેમના ચરણકમલોની સેવા કરી રહ્યા છે ।।૬।।

''પોતાની ઘોર તપસ્યાથી આ (નર-નારાયણ) મારું સ્થાન પડાવી લેવા ઇચ્છે છે'' એવી આશંકા કરી ઈન્દ્રે કામદેવને તેના ગણ અપ્સરાઓના સમૂહ, વસન્તઋતુ અને ઉત્તમ મન્દવાયુ સાથે તેમની તપસ્યામાં વિઘ્ન કરવામાટે મોકલ્યો. કામદેવને ભગવાન્‌ના મહિમાનું જ્ઞાન નહોતું તેથી તે અપ્સરાગણ, વસન્ત તથા મન્દસુગન્ધ વાયુની સાથે બદરિકાશ્રમમાં જઈ સ્ત્રીઓના કટાક્ષબાણોથી તેમને ઘાયલ કરવાની ચેષ્ટા કરવા લાગ્યો ।।૭।।

આદિ દેવ નર-નારાયણ ઈન્દ્રના આ અપકૃત્યને જાણી ગયા. તેમણે ભયથી ધ્રૂજતા કામદેવ વગેરેને કોઈ પણ જાતના ગર્વ વિના કહ્યું : ''હે કામદેવ! મલયમારુત અને દેવાંગનાઓ! તમે ડરો નહિ. અમારા અતિથિ સત્કારને ગ્રહણ કરો. હમણાં અહીં જ રોકાઈ જાઓ. અમારા આશ્રમને સૂનો ન કરો'' ।।૮।।

હે રાજન્! જ્યારે નર-નારાયણ ઋષિએ તેમને અભયદાન દઈ આ પ્રમાણે કહ્યું ત્યારે કામદેવ વગેરેનાં મસ્તક લજ્જાથી નમી પડ્યાં. તેમણે દયાલુ ભગવાન્ નર-

નારાયણને કહ્યું : ''હે સર્વશક્તિમાન પ્રભો! આપને માટે આ કોઈ આશ્ચર્યની વાત નથી કારણ કે આપ માયાથી પર અને નિર્વિકાર છો. મોટા-મોટા આત્મારામ અને ધીરપુરુષો નિરન્તર આપનાં ચરણકમલોમાં પ્રણામ કરતા રહે છે ।।૯।।

આપના ભકતો આપની ભક્તિના પ્રભાવથી દેવતાઓની રાજધાની અમરાવતીનું ઊલ્લંઘન કરી આપનાં પરમ પદને પ્રાપ્ત કરે છે. તેથી જ્યારે તેઓ આપની સેવારૂપી ભક્તિ કરવા લાગે છે ત્યારે દેવતાઓ જાત-જાતનાં વિઘ્નો તેમની સેવામાં ઊભાં કરે છે. પણ જે લોકો કર્મકાંડમાં લાગી જઈ યજ્ઞાદિ દ્વારા દેવોને બલિના રૂપમાં તેમનો ભાગ આપતા રહે છે તેમના માર્ગમાં તેઓ વિઘ્ન કરતા નથી. પરન્તુ હે પ્રભો! આપના ભકતજનો તેમના દ્વારા ઊભી કરવામાં આવતી વિઘ્ન બાધાઓથી પતિત થતા નથી. પરન્તુ આપના કરકમલોની છત્રછાયામાં રહીને તેઓ વિઘ્ન-બાધાઓના મસ્તક ઉપર પગ મૂકી આગળ નીકળી જાય છે, પોતાના લક્ષ્યથી ચલિત થતા નથી ।।૧૦।।

હે પ્રભો! ઘણા લોકોતો એવા હોય છે કે જે ૧. ભૂખ ૨. તરસ ૩. ત્રણઋતુના ગુણો (ટાઢ, તાપ અને વર્ષા) ૪. આંધી ૫. રસનેન્દ્રિય (જિહ્વા) અને ૬. જનનેન્દ્રિયના અપાર સમુદ્રના જેવા અમારા (છ ના) વેગને તો સહન કરી લે છે, પાર કરી જાય છે, પરન્તુ તેઓ ગાયની ખરીથી બનેલા ખાડા જેવા ક્રોધને વશ થઈ જાય છે. જેનાથી લાભ તો કંઈ છેજ નહિ આત્મનાશક છે અને આમ પોતાની તપસ્યા વૃથા ગુમાવી બેસે છે ।।૧૧।।

એમ કામદેવ, વસન્ત વગેરે દેવતાઓ નારાયણની સ્તુતિ કરે છે તેટલામાં સુન્દર વેષભૂષાયુકત અને નારાયણની સેવા કરતી અદ્દ્ભુતરૂપ સમ્પત્તિવાળી સ્ત્રીઓને ભગવાને એ દેવો સમક્ષ પ્રગટ કરી બતાવી ।।૧૨।।

(ઈન્દ્ર વેગરે દેવોના અન્તઃપુરની સ્ત્રીઓથી પણ જેમને મોહ ન થતો તેવા) દેવરાજ ઈન્દ્રના સેવકોએ લક્ષ્મીજી સમાન રૂપવતી તે સ્ત્રીઓને જોઈ ત્યારે તેમનાં મહાન સૌન્દર્ય અને ઉદારતા આગળ તેમના ચહેરા અને કાન્તિ ફિક્કાં પડી ગયાં તેઓ શ્રીહીન થઈ જઈ તેમનાં શરીરમાંથી નીકળતી દિવ્ય કમલના કેસરની સુગન્ધથી જ મોહિત થઈ ગયા. (શ્રીના બે પ્રકાર છે. ૧. કાન્તિ અને ૨. ધન. કાન્તિના આધાર સ્ત્રીઓના રૂપથી તેમની કાન્તિ ફિક્કી પડી ગઈ અને ઉદારતાથી ધન. ઉદારતા ન હોય તો ધન પથ્થર જેવું છે અથવા તેમનાં રૂપથી સમીપ જવાથી જ

સર્વરૂપવાળાં થાય એવી તેમના રૂપની ઉદારતા હતી) ।।૧૩।।

દેવોએ જ્યારે દેવના દેવ નર-નારાયણને પ્રણામ કર્યા ત્યારે ભગવાન્ નારાયણ હસીને તેઓને કહેવા લાગ્યા ''આ ઘણી સ્ત્રીઓમાંથી તમારે લાયક અને તમારા જેવી એકને તમે સ્વર્ગમાં લઈ જાઓ. એ તમારા સ્વર્ગના ભૂષણરૂપ થશે'' ।।૧૪।।

દેવરાજ ઈન્દ્રના અનુચરોએ ''જેવી આજ્ઞા'' કહી ભગવાન્‌ની આજ્ઞાનો સ્વીકાર કરી આપને નમસ્કાર કર્યા. પછી આપે બનાવેલી રમણીઓમાંથી શ્રેષ્ઠ અપ્સરા ઉર્વશીને આગળ કરીને તેઓ સ્વર્ગમાં ગયા ।।૧૫।।

ત્યાં જઈ તેમણે ઈન્દ્રને નમસ્કાર કર્યા તથા ભરી સભામાં દેવતાઓ સમક્ષ ભગવાન્ નર-નારાયણના બલ, પ્રભાવ અને ગૌરવ નું વર્ણન કર્યું. તે સાંભળી દેવરાજ ઈન્દ્ર અત્યન્ત ભયભીત અને ચકિત થઈ ગયા ।।૧૬।।

ત્રણેય લોકોના કલ્યાણમાટે વિષ્ણુએ કલાથી અવતાર લઈ અચ્યુત રહી હંસનો અવતાર લઈ બ્રહ્માજીને આત્મસ્વરૂપ બતાવ્યું. તેમજ દત્તાત્રેય અને અમારા પિતા ભગવાન્ ઋષભદેવરૂપે અવતાર લઈ આત્માનાં તત્ત્વનો ઉપદેશ કર્યો. હયગ્રીવ ભગવાન્‌નો અવતાર લઈ મધુ (અને કૈટભ દૈત્યો) નો નાશ કરી તેમના ઉદરમાંથી પોતાના મુખમાં મૂકી વેદની શ્રુતિઓને પાછી લઈ આવ્યા. (ભગવાન્ ગમે તે દેહે અવતાર લે-વરાહ, હંસ, હયગ્રીવ-છતાં આપનો દેહ આનન્દસ્વરૂપ જ હોય છે એ 'અચ્યુત' શબ્દનું સ્વારસ્ય છે. મૂલમાં 'જગતાં' બહુવચન છે તે ત્રણેય લોકો-સ્વર્ગ, પૃથ્વી, પાતાળ-નું કલ્યાણ કરવામાટે અવતાર લે છે એવો ભાવ છે) ।।૧૭।।

પ્રલય વખતે મત્સ્યનો અવતાર લઈ આપે ભાવી મનુ, સત્યવ્રત, પૃથ્વી અને ઓષધિઓ (ધાન્યાદિ) ની રક્ષા કરી. વરાહનો અવતાર ગ્રહણ કરી પૃથ્વીનો રસાતલમાંથી ઉદ્ધાર કરતી વખતે હિરણ્યાક્ષનો સંહાર કર્યો. કૂર્મનો અવતાર લઈ એ જ ભગવાને અમૃત મન્થનનું કાર્ય સમ્પન્ન કરવામાટે પોતાની પીઠ ઉપર મન્દરાચલ પર્વત ધારણ કર્યો અને તે જ ભગવાન્ વિષ્ણુએ પોતાના શરણાગત એવં આર્ત ભકત ગજેન્દ્રને હરિ નામનો અવતાર લઈ ગ્રાહથી છોડાવ્યો ।।૧૮।।

(પાંચમા મન્વન્તરના ત્રણ અવતારો કહે છે). એક વખત વાલખિલ્ય ઋષિ તપસ્યા કરતાં-કરતાં અત્યન્ત દુર્બલ થઈ ગયા હતા. તેઓ જ્યારે કશ્યપ ઋષિમાટે સમિધ લાવી રહ્યા હતા ત્યારે થાકી જઈ ગાયની ખરીથી બનેલા એક ખાડામાં પડી ગયા[૧] (તેમના શરીરનું કદ અંગૂઠાના એક વેઢા જેવડું છે). તેમણે જ્યારે સ્તુતિ કરી

ત્યારે ભગવાને અવતાર લઈ તેમનો ઉદ્ધાર કર્યો હતો. વૃત્રાસુરનો વધ કરવાથી ઈન્દ્રને જ્યારે બ્રહ્મહત્યા લાગી ત્યારે તે તેના ભયથી ભાગી જઈ છુપાઈ ગયા ત્યારે ભગવાને તે હત્યાથી ઈન્દ્રની રક્ષા કરી. (છઠ્ઠા મન્વન્તરના અવતારો કહે છે). અસુરોએ જ્યારે દેવાંગનાઓને બન્દી બનાવી દીધી ત્યારે પણ ભગવાને તેમને છોડાવી[૨] જયારે હિરણ્યકશિપુ પ્રહ્લાદજી વગેરે સન્ત પુરુષો ઉપર ત્રાસ ગુજારવા લાગ્યો ત્યારે તેમને નિર્ભય કરવામાટે ભગવાને નૃસિંહ અવતાર ગ્રહણ કરીને હિરણ્યકશિપુને મારી નાખ્યો ।।૧૯।।

**વિશેષ :** ૧. એક કથા એવી છે કે એક વખત ગરુડજી આ વાલખિલ્ય ઋષિઓને પોતાની પીઠ ઉપર બેસાડી લઈ જતા હતા ત્યારે રસ્તામાં સમુદ્ર આવતાં તેમને ચકકર આવવાથી ગરુડજીની પીઠ ઉપરથી સમુદ્રમાં પડી ગયા. તેઓ સૂર્યના રથ આગળ સૂર્ય તરફ મોઢું રાખી સૂર્યદેવની સ્તુતિ કરતા સૂર્યની સાથે ફરે છે. (૫।૨૧।૧૭)

૨. સમુદ્ર મન્થન પ્રસંગે ભગવાન્ દેવોને અમૃતનું પાન કરાવી પધારી ગયા પછી, બલિરાજાએ ઈન્દ્ર ઉપર આક્રમણ કરી ઈન્દ્રાસન પડાવી લીધું. દેવો નાસી છૂટ્યા તે વખતે અસુરોએ દેવાંગનાઓને પોતાને ત્યાં લઈ જઈ પોતાનાં ઘરોમાં છુપાવી રાખી હતી.

આપે દેવતાઓની રક્ષામાટે દેવાસુરસંગ્રામમાં દૈત્યપતિઓનો વધ કર્યો. જુદા-જુદા મન્વન્તરોમાં આપે પોતાની શક્તિથી કલાવતાર ધારણ કરી ત્રિભુવનની રક્ષા કરી. પછી (સાતમા મન્વન્તરમાં) વામન અવતાર ગ્રહણ કરી આપે યાચનાને બહાને આ પૃથ્વી દૈત્યરાજ બલિ પાસેથી માગી લઈને અદિતિપુત્રો એવા દેવોને આપીદીધી ।।૨૦।।

હૈહયના કુલનો નાશ કરવામાટે ભૃગુકુલમાં અગ્નિરૂપે પરશુરામજી પ્રકટ થયા. તેમણે એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિય રહિત કરી. રામાવતારમાં ભગવાને સમુદ્ર ઉપર પાળ બાંધી અને દશમુખ રાવણને મારી સીતાજીને લઈ આવ્યા. તે રામની કીર્તિ લોકોના પાપને દૂર કરનારી છે. એ સીતાપતિ રામચન્દ્રજીનો સદા સર્વત્ર જયજયકાર જ હોય છે ।।૨૧।।

અજન્મા ભગવાન્ પૃથ્વીનો ભાર ઉતારવામાટે યાદવોમાં પ્રકટ થશે અને દેવોથી પણ ન બની શકે તેવાં કર્મ કરશે. વળી બુદ્ધનો અવતાર ધારણ કરી વૈદિક કર્મને અયોગ્ય એવા લોકને વાદ કરી વેદમાં મોહ કરાવશે, યજ્ઞાદિ ક્રિયામાં થતી હિંસા અટકાવશે. છેલ્લે કલ્કિ અવતાર ધરીને ભગવાન્ મ્લેચ્છ થયેલ શૂદ્ર રાજાઓનો સંહાર

કરશે ।।૨૨।।

**એવંવિધાનિ કર્માણિ જન્માનિ ચ જગત્પતેઃ ।।**
**ભૂરીણિ ભૂરિયશસો વર્ણિતાનિ મહાભુજ ।।૨૩।।**

મહા યશસ્વી જગતના પતિ ભગવાન્‌નાં કર્મો અને જન્મો ઘણાં છે. તેને ધારણ કરીને અનેક યશ આપનાર કર્મો એ કરે છે. હે મહાભુજ! મેં તમારી પાસે એ કર્મો વર્ણવી બતાવ્યાં ।।૨૩।।

**ઈતિ શ્રીભાગવત્ એકાદશ સ્કન્ધના (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બ્રહ્મભાવ પ્રકરણનો) ''ભગવાન્‌ના અવતારોનું વર્ણન'' નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્આવૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
ભાગવતનો પાઠ પ્રયત્ન પૂર્વક કૃષ્ણભક્તિ સિવાય અન્ય કોઈપણ હેતુ વિના જ કરવો જોઈએ. પ્રાણ કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

## અધ્યાય ૫

## ભક્તિરહિત લોકોની દુર્ગતિ તથા ભગવત્પૂજાનો વિધિ

**વિશેષ :** વિષયી જીવો ભગવાનની ભક્તિ કરતા નથી. એમની દુર્ગતિ થાય છે એનું નિરૂપણ આ પાંચમા અધ્યાયમાં આવે છે, તથા યુગયુગમાં લોકો ભગવાનને કેવા પ્રકારભેદથી આરાધે છે એ વાત પણ આ પાંચમા અધ્યાયમાં કહેવામાં આવેછે.

**ભગવન્તં હરિં પ્રાયો, ન ભજન્ત્યાત્મવિત્તમાઃ ।।**
**તેષામશાન્તકામાનં કા નિષ્ઠાવિજિતાત્મનામ્ ।।૧।।**

**રાજા નિમિએ પૂછયું :** હે યોગેશ્વરો! આપ તો શ્રેષ્ઠ આત્મજ્ઞાની અને *ભગવાન્‌ના પરમ ભક્ત છો. કૃપા કરી એ બતાવો કે જેમની કામનાઓ શાન્ત થઈ નથી, આ લોક પરલોકના ભોગોની લાલસા મટી નથી, મન અને ઈન્દ્રિયો વશ નથી અને ભગવાનનું ભજન જે કરતા નથી તેવા લોકોની શી ગતિ થાય છે? ।।૧।।

**વિશેષ : ભગવાન્ :** જેમની પાસે સર્વ ઈચ્છેલા પદાર્થ પ્રાપ્ત થાય તે. હરિ-સર્વ દુઃખો

હરનારા. જો કે ભજન ન કરતાહોય તે સર્વને પ્રવાહરૂપ ફલ જ પ્રાપ્ત થાય છે કારણ કે દોષવાળાનો દોષ જાય એ જ તેનો ગુણ છે છતાં થોડા જ્ઞાનવાળો પ્રવાહી નિન્દા કર્યા વિના રહેતો ન હોવાથી પ્રશ્ન કરેલ છે.

નિન્દા કરવાથી ભજન કરવાની યોગ્યતા રહેતી નથી. જેઓએ ઇન્દ્રિયોને વશ કરેલી ન હોય અને જે કામનાવાળા હોય તેમને પણ વેદ તારે છે. બીજા માર્ગમાં રહેનારા તો સ્વભાવથી જ પતિત હોવાથી વેદમાર્ગે ચાલનારા સમ્બન્ધી જ આ પ્રશ્ન છે. પ્રવાહમાં પડેલા અને લોકમાં ચતુર હોય તેમની ગતિ શ્લોક બીજા તથા ત્રીજામાં કહે છે.

**હવે આઠમા યોગેશ્વર ચમસજીએ કહ્યું** : હે રાજન્! વિરાટ પુરુષના મુખથી સત્ત્વ પ્રધાન બ્રાહ્મણ, ભુજાઓથી સત્ત્વ-રજ પ્રધાન ક્ષત્રિય, જંઘાથી રજ-તમ પ્રધાન વૈશ્ય અને ચરણો થી તમઃપ્રધાન શૂદ્રની ઉત્પત્તિ થઈ છે. તેમની જ જાંઘોથી ગૃહસ્થાશ્રમ, હૃદયથી બ્રહ્મચર્યાશ્રમ, વક્ષઃસ્થલથી વાનપ્રસ્થાશ્રમ અને મસ્તકથી સન્ન્યાસાશ્રમ આ ચાર આશ્રમ પ્રગટ થયા છે. આ ચારેય વર્ણો અને આશ્રમો ના જન્મદાતા સ્વયં ભગવાન જ છે* આપ જ તેમના સ્વામી, નિયન્તા અને આત્મા પણ છે. તેથી આ વર્ણ અને આશ્રમ માં રહેનારો જે મનુષ્ય ભગવાન્નું ભજન કરતો નથી, પરન્તુ તેમનો અનાદર કરે છે તે પોતાના સ્થાન, વર્ણ, આશ્રમ અને મનુષ્ય યોનિથી પણ ચ્યુત થઈ જાય છે; તેનું અધઃપતન થાય છે ।।૨-૩।।

**વિશેષ** : શ્રીવલ્લભાચાર્યજીની શ્રીસુબોધિનીજી ટીકા અહીં સુધી ઉપલબ્ધછે.

ઘણી સ્ત્રીઓ તથા શૂદ્રો વગેરે ભગવાનની કથા અને નામકીર્તન વગેરેથી દૂર પડી ગયાં છે. તેઓ આપ જેવા ભગવદ્ ભક્તોની દયાને પાત્ર છે. આપ તેમને કથા કીર્તનની અનુકૂળતા કરી આપી તેમનો ઉદ્ધાર કરો ।।૪।।

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જન્મથી, વેદોના અભ્યાસથી તથા યજ્ઞોપવીત આદિ સંસ્કારોથી ભગવાન્ના ચરણોની પાસે પહોંચી ગયા છે. છતાં પણ તેઓ વેદોનું અસલી તાત્પર્ય સમજ્યા વિના અર્થવાદમાં લાગી જઈ મોહિત થઈ જાય છે ।।૫।।

તેમને કર્મના હાર્દની સાચી જાણકારી હોતી નથી. મૂર્ખ હોવા છતાં પોતાને પંડિત માને છે અને અભિમાનમાં અક્કડ ને અક્કડ રહે છે. મીઠી-મીઠી વાતોમાં ભૂલા પડે છે અને કેવલ વસ્તુ શૂન્ય શબ્દ માધુરીના મોહમાં પડી જઈ મોટી-મોટી વાતો કહ્યા કરે છે ।।૬।।

રજોગુણની અધિકતાને લીધે તેમનાં સંકલ્પો ઘોર હોય છે, કામનાઓની કોઈ સીમા હોતી નથી તેમનો ક્રોધ સર્પના (ક્રોધ) જેવો હોય છે. દમ્ભ અને અહંકાર રાખે છે. આવા પાપી લોકો ભગવાન્‌ના પ્યારા ભક્તોની મશ્કરી કરે છે ।।૭।।

મહાપુરુષો, જ્ઞાનવૃદ્ધ અને અનુભવવૃદ્ધ ની ઉપાસના કરવાને બદલે તે મૂરખાઓ સ્ત્રીઓની ઉપાસના કરે છે. એટલું જ નહિ તેઓ પરસ્પર એકઠા થઈ એવા ગૃહસ્થાશ્રમના સમ્બન્ધમાં મોટા-મોટા મનસૂબા સેવે છે, જ્યાંનું સૌથી મોટું સુખ સ્ત્રીસહવાસમાં જ સીમિત છે. ક્યારેક વળી યજ્ઞ કરે તો અન્નદાન કરતા નથી, વિધિનું ઉલ્લંઘન કરે છે અને દક્ષિણા પણ આપતા નથી. કર્મનું રહસ્ય ન જાણનારા એ મૂર્ખો કેવલ પોતાની જીભને સન્તુષ્ટ કરવા, પેટની ભૂખ મટાડવા અને શરીરને પુષ્ટ કરવા નિર્દોષ બીચારાં પશુઓની હત્યા કરે છે ।।૮।।

લક્ષ્મી વિદ્યા કુલ દાન રૂપ બલ અને કર્મ નો એમને ભારે ઘમંડ હોય છે. તેથી એ ગર્વમાં અંધ બનીને ભગવદ્ ભક્તને જ નહિ પણ ભગવાનને પણ એ ગણતા નથી અને એ ખલ હોવાથી ભક્તસહિત ભગવાનનું અપમાન કરે છે ।।૯।।

સર્વ પ્રાણીમાત્રમાં આકાશ રહ્યું છે તેમ વ્યાપકપણાથી રહેલા નિત્ય સાથે રહેનાર હોવાથી પરમ પ્રેમાસ્પદ અને આત્મારૂપ ભગવાન્, જેમનું વેદો ગાન કરે છે તેને કર્મઠ લોકો સાંભળતા નથી અને માત્ર પોતાના મોટા-મોટા મનોરથની વાતો કરે છે તેથી જ તેઓ સત્ય વસ્તુને જાણનાર ન હોવાથી મૂર્ખછે ।।૧૦।।

લોકમાં મૈથુન, માંસ અને મદ્ય માં મનુષ્યોની સ્વાભાવિક પ્રવૃત્તિ થઈ જાય છે. હવે શાસ્ત્ર એમ કરવાનું વિધાન તો કરી શકે નહિ કેમકે જે કોઈ રીતે પ્રાપ્ત ન હોય તેને કહેવું એ અપૂર્વ વિધિ કહેવાય. એવી અપૂર્વતા મૈથુનાદિમાં નથી તેથી એનો વિધિ નથી. તેથી શાસ્ત્રોમાં મૈથુનાદિ રૂપી ભોગોની વ્યવસ્થા વિવાહ-યજ્ઞાદિમાં બતાવવામાં આવી છે. ખરેખર તો શાસ્ત્રનું પ્રયોજન મનુષ્યને તે બાબતોમાંથી નિવૃત્ત કરવું છે ।।૧૧।।

**વિશેષ** : ત્યાં શંકા થાય કે **''ઋતૌ ભાર્યામુપેયાત્, હુતશેષં ભક્ષયેત્''** ઈત્યાદિ વિધિ તો શાસ્ત્રમાં પ્રાપ્ત છે એટલું જ નહિ પણ **''ઋતૌ સ્નાતાં તુ યો ભાર્યાં સન્નિધૌ નોપગચ્છતિ, ઘોરાયાં ભ્રૂણહત્યાયાં યુજ્યતે નાત્ર સંશયઃ''** ઈત્યાદિ વાક્યથી ઋતુમાં ગમન ન કરનારને દોષ પ્રાપ્ત થવાનું પણ કહ્યું છે. એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે રાગ (આસક્તિ) પૂર્વક પ્રાપ્ત તે વસ્તુને માટે શાસ્ત્રકારોએ એ કર્મ નિરન્તર કરવાનો નિષેધ કર્યો છે.

એ કર્યા વગર ન રહી શકે તેવા પુરુષને એ કરવાને માટે વ્યવસ્થા કહી બતાવી છે કે જો તેમાં રાગ હોય તો નિરન્તર એ જ કાર્ય ન કરવું પણ એને માટે શાસ્ત્રવિધિથી લગ્ન કરવું; એમાં શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલ પર્વાદિ દિવસોને છોડીને સ્ત્રી-સમાગમ કરવો. એ પણ દિવસે નહિ પણ રાતે જ, વારંવાર નહિ પણ એક રાતમાં એક જ વખત; એ પણ પિતૃઋણમાંથી છૂટવાના હેતુથી ઉત્પન્ન થતા પુત્રની ઈચ્છાથી જ પણ રાગ (આસક્તિ) પૂર્વક એ ન કરવું; એ પ્રમાણે એની વ્યવસ્થા છે. માંસ ભક્ષણમાં રાગ હોય તો અવિહિત માંસ ખાવું નહિ પણ શાસ્ત્રને અનુસરી યજ્ઞ કરવો એમાં હોમ કરતાં વધેલાં માંસનો અંશ વિધિ પ્રમાણે જ કરવો. સુરા (મદ્ય)ને માટે પણ સૌત્રામણિ યાગમાં એના પાનનો વિધિ કહ્યો છે તેવો યજ્ઞ કરીને સુરાનો સૂંઘવા માત્ર ઉપયોગ કરવો. એ પ્રમાણે વ્યવસ્થા કહી છે. તે બધી વ્યવસ્થાઓને રાગી (આસક્તિવાળા) લોકો સાંભળતા નથી અને પોતાની ઈચ્છાને તૃપ્ત કરવામાટે જિહ્વા અને જનનેન્દ્રિય ના વિષયને અધીન થાય છે તેથી કર્મઠ લોકો શાસ્ત્રના અભિપ્રાયને જાણતા નથી અને રાગપૂર્તિ માટે વેદના એક વાક્યને પકડી એના પૂર્વાપરનો વિચાર કર્યા વિના મનમાન્યા મનોરથ કરી વિષયની વાસનાને પોષે છે. તેથી તેઓ આ લોક પરલોકથી ભ્રષ્ટ થઈને યાતનાઓને પ્રાપ્ત થાય છે માટે એ મૂરખા છે. ડાહ્યા પુરુષો શાસ્ત્રના અનુશીલનથી વૈરાગ્યવાળા થાય અને યજ્ઞ, સ્ત્રી વગેરેનો ત્યાગ કરે તો એમને શાસ્ત્ર બાધક થતું નથી પણ **"યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવજેત્"** ઈત્યાદિ વિધિથી સાધક થાય છે. તેમના સેવનની શાસ્ત્રોમાં જે વ્યવસ્થા કરવામાં આવી છે તેનો હેતુ લોકોની ઉચ્છૃંખલ પ્રવૃત્તિનું નિયન્ત્રણ અને એમનું મર્યાદામાં સ્થાપન કરવાનો છે. વાસ્તવમાં લોકોની તે પ્રવૃત્તિઓ છોડાવવી એ જ શ્રુતિઓને અભીષ્ટ છે ।।૧૧।।

સ્ત્રી સુખ વગેરેમાં આસક્તિવાળા લોકો ભગવાન (આત્મા)નું શ્રવણ કરતા નથી એ વાત કહી હવે ધનનો ધર્મમાં ઉપયોગ કરે તો એ દ્વારા મોક્ષ મેળવી શકે પણ એ ધનનો પણ એ સદુપયોગ કરતા નથી એ વાત કહે છે. ધર્મ કરવો એ જ જેનું ફળ છે તેવા ધનને એ લોકો ગૃહકાર્યમાં (સંસારમાં ભોગો ભોગવવામાં) ઉપયોગ કરે છે. જો એનો ધર્મમાં વિનિયોગ કરે તો ધર્મથી અધર્મનો નાશ થાય ત્યારે એનું અન્તઃકરણ શુદ્ધ થાય. તેનાથી જ્ઞાન થાય અને જ્ઞાનથી એ આત્માનો ઉદ્ધાર કરે. પણ એના ઘરમાં, પુત્ર, સ્ત્રી વગેરેમાં વિનિયોગ કરી સકામ કર્મ કરે તેનાથી એને સંસાર પ્રાપ્ત થાય છે. અત્યન્ત પરાક્રમવાળો કાળ તેના શરીરને ખાઈ જાય છે એને જોતા નથી તેથી એ નેત્રરહિત અંધતુલ્ય છે ।।૧૨।।

વળી પ્રથમ રાગીને મૈથુન વગેરે કરવું તો પરિણીતામાં કરવું એ વ્યવસ્થામાં યથેષ્ટ ચેષ્ટા કરવાનું શાસ્ત્ર કહેતું નથી પણ જો સુરાની ઈચ્છા થાય તો માત્ર તે સૂંઘવું, પાન ન કરવું. વળી દેવતાના ઉદ્દેશથી પશુ મારવું તે આલભન કહેવાય તે યજ્ઞમાં જ થાય. પોતાને ભક્ષણની ઈચ્છાથી યજ્ઞ કરનારને તો હિંસા પ્રાપ્ત થાય છે. દેવને ધરીને પણ યથેષ્ટ ઉપયોગ કરવાની શાસ્ત્રની આજ્ઞા નથી. એમ સ્ત્રી સંગ કરવો તે પ્રજાને માટે કર્તવ્ય છે પણ રાગ (આસક્તિ) થી મૈથુન સ્વસ્ત્રીમાં પણ કર્તવ્ય નથી. આ શુદ્ધ ધર્મને કર્મઠ લોકો જાણતા નથી અને પોતાની ઈચ્છાને યજ્ઞ વગેરે બહાનાથી પોષે છે તે દોષભાગી થાય છે ।।૧૩।।

ઉપરોક્ત ધર્મના સ્વરૂપને જાણ્યા વગર અમે શ્રેષ્ઠ છીએ એવા અભિમાનવડે કોઈને ન ગણનાર કર્મ જડ લોકો નિઃશંક રીતે પશુનો દ્રોહ કરે છે. તે જ્યારે મરે છે ત્યારે એ પશુઓ હિંસકના માંસને ખાય છે. માંસ શબ્દનો અર્થ એવો છે કે **''માંસ ભક્ષયિતામુત્ર યસ્ય માંસમિહાદમ્યહમ્, એતન્ માંસસ્ય માંસત્વં પ્રવદન્તિ મનીષિણઃ''** માંસ ખાનાર જેનું માંસ ખાય છે તે પશુ તે હિંસકના માંસને ખાય છે તે જ માંસનું માંસપણું છે એમ ડાહ્યા પુરુષોનું કથન છે ।।૧૪।।

પારકા શરીરમાં રહેલા આત્મારૂપી ઈશ્વરનો એ દ્વેષ કરે છે, સ્ત્રી, પુત્ર વગેરે સહિત બધા નાશ પામનાર છે છતાં એના દેહમાં અનુરાગ કરે છે તે અધોગતિને પ્રાપ્ત થાય છે ।।૧૫।।

જે લોકોએ આત્મજ્ઞાન સમ્પાદન કરી કૈવલ્ય મોક્ષ પ્રાપ્ત કર્યો નથી અને જે પૂરેપૂરા મૂઢ પણ નથી તે અધકચરા લોકો ઘરના કે ઘાટના રહેતા નથી. તેઓ ધર્મ, અર્થ અને કામ આ ત્રણેય પુરુષાર્થોમાં ફસાયેલા રહે છે. પળવાર પણ તેમને ભગવાન્‌ના ગુણગાનનો અવકાશ મળતો નથી. તેઓ પોતાને હાથે પોતાના પગ ઉપર કુહાડો મારી રહ્યા છે. આવા લોકો જ આત્મઘાતી કહેવાય છે ।।૧૬।।

અજ્ઞાનને જ જ્ઞાન માનનારા આ આત્મઘાતીઓને ક્યારેય શાન્તિ મળતી નથી. તેમના કર્મોની પરમ્પરા ક્યારેય શાન્ત થતી નથી. તેમના કર્મોની પરમ્પરા ક્યારેય શાન્ત થતી નથી. કાલ ભગવાન સદા સર્વદા તેમના મનોરથો અપૂર્ણ જ રાખે છે. તેથી તેઓ અકૃતાર્થ રહેતાં તેમના હૃદયનો તાપ, વિષાદ ક્યારેય મટતો જ નથી ।।૧૭।।

હે રાજન્! જે લોકો અન્તર્યામી ભગવાન શ્રીકૃષ્ણથી બહિર્મુખ છે તેઓ

અત્યન્ત પરિશ્રમ કરીને ઘર, પુત્ર, સ્ત્રી, મિત્ર અને ધનસમ્પત્તિ એકઠી કરે છે પરન્તું અન્તે તો તેમને બધું જ છોડી દેવું પડે છે અને અનિચ્છાએ પણ વિવશ થઈ ઘોર નરકમાં જવું પડે છે. (ભગવાનની ભક્તિ ન કરનારા વિષયી પુરુષોની આ ગતિ જ થાય છે) ।।૧૮।।

**રાજા નિમિ કહે છે :** કયા કાળમાં એ ભગવાન કેવા આકારવાળા અને વર્ણવાળા હોય છે અને મનુષ્યો એમને ક્યા પ્રકારે કયા નામથી પૂજે છે એ વાત આપ મને કહો ।।૧૯।।

**કરભાજન નામના છેલ્લા નવમા યોગેશ્વર આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે :** કૃતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ એવા એના ચાર યુગ છે. તેમાં ભગવાન અનેક પ્રકારના વર્ણવાળા અનેક પ્રકારનાં નામવાળા અને અનેક પ્રકારની આકૃતિવાળા થાય છે. તેમને લોકો વિભિન્ન વિધિઓથી પૂજે છે ।।૨૦।।

કૃતયુગમાં ભગવાનનો વર્ણ શ્વેત હોય છે. આપને ચાર ભુજાઓ હોય છે, મસ્તક ઉપર જટા ધરે છે, વૃક્ષની છાલનાં વસ્ત્ર ધરાવે છે, કાળિયાર મૃગનું ચર્મ, જનોઈ, અક્ષમાળા, દંડ અને કમંડળ ને ધારણ કરે છે ।।૨૧।।

કૃતયુગમાં મનુષ્યો શાન્ત હોય છે, વૈરરહિત હોય છે, સર્વની સાથે મૈત્રી અને સમાનતા રાખે છે, મન અને ઈન્દ્રિયો ઉપર કાબૂ રાખીને એ લોકો ભગવાનની આરાધના કરે છે ।।૨૨।।

હંસ, સુપર્ણ, વૈકુંઠ, ધર્મ, યોગેશ્વર અમલ, ઈશ્વર પુરુષ, અવ્યક્ત અને પરમાત્મા આદિ નામથી લોકો ભગવાનનાં ગુણ, લીલા આદિનું ગાન કરે છે ।।૨૩।।

ત્રેતાયુગમાં ભગવાનનો વર્ણ લાલ હોય છે, ચાર ભુજા હોય છે, ત્રેવડી મેખલા ધર છે, સોના જેવા પીળા એમના કેશ હોય છે, ત્રણ વેદમાં પ્રતિપાદ્ય સ્વરૂપવાળા હોય છે, સ્રુક્, સ્રુવા વગેર યજ્ઞપાત્રો ધારણ કરેલાં હોય છે ।।૨૪।।

તે યુગના લોકો પોતાના ધર્મમાં દઢ નિષ્ઠા રાખનારા અને વેદોના અધ્યયન-અધ્યાપનમાં બહુ પ્રવીણ હોય છે. તે લોકો ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદરૂપ વેદત્રયી દ્વારા સર્વદેવસ્વરૂપ દેવાધિદેવ ભગવાન શ્રીહરિની આરાધના કરે છે ।।૨૫।।

ત્રેતાયુગમાં અધિકાંશ લોકો વિષ્ણુ, યજ્ઞ, પૃશ્નિગર્ભ, સર્વદેવ, ઉરુક્રમ, વૃષાકપિ, જયન્ત અને ઉરુગાય વગેરે નામોથી તેમના ગુણ, લીલા વગેરેનું કીર્તન કરે છે ।।૨૬।।

હે રાજન્! દ્વાપરયુગમાં ભગવાનના શ્રીઅંગનો રંગ શ્યામ હોય છે. તે પીતામ્બર તથા શંખ, ચક્ર, ગદા વગેરે પોતાનાં આયુધો ધારણ કરે છે. વક્ષઃસ્થલ ઉપર શ્રીવત્સનું ચિહ્ન, ભૃગુલતા, કૌસ્તુભમણિ વગેરે લક્ષણોથી તે ઓળખાય છે ।।૨૭।।

હે રાજન્! તે વખતે જિજ્ઞાસુ મનુષ્યો મહારાજાઓનાં ચિહ્ન છત્ર, ચમર વગેરેથી યુક્ત પરમ પુરુષ ભગવાનની વૈદિક અને તાન્ત્રિક વિધિથી આરાધના કરે છે ।।૨૮।।

તે લોકો આ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરે છે ''હે જ્ઞાનસ્વરૂપ ભગવાન વાસુદેવ! એવં ક્રિયાશક્તિરૂપ સંકર્ષણ! અમે આપને ફરી-ફરી નમસ્કાર કરીએ છીએ. ભગવાન પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ ના રૂપમાં અમે આપને નમસ્કાર કરીએ છીએ।૨૯-૩૦।।

હે રાજન્! દ્વાપરયુગમાં લોકો આ પ્રમાણે જગદીશ્વર ભગવાનની સ્તુતિ કરે છે. હવે કલિયુગમાં અનેક તન્ત્રોના વિધિવિધાનથી ભગવાનની જેવી પૂજા કરવામાં આવે છે તે સાંભળો ।।૩૧।।

કલિયુગમાં ભગવાન્નો શ્રીઅંગનો વર્ણ શ્યામ હોય છે. જેવી રીતે નીલમ મણિમાંથી ઉજ્જ્વલ કાન્તિધારા નીકળતી રહે છે તેવી જ રીતે એમના અંગની છટા પણ ઉજ્જ્વલ હોય છે. તે હૃદય વગેરે અંગ, કૌસ્તુભ વગેરે ઉપાંગ, સુદર્શન આદિ અસ્ત્ર અને સુનન્દન વગેરે પાર્ષદોયુક્ત હોય છે. કલિયુગમાં સુબુદ્ધિમાન પુરુષો એવા યજ્ઞોદ્વારા એમની આરાધના કરે છે કે જેમાં નામ ગુણ લીલા વગેરેના કીર્તનથી પ્રધાનતા હોય છે'' ।।૩૨।।

તે લોકો ભગવાનની સ્તુતિ આ પ્રમાણે કરે છે, ''હે પ્રભો! આપ શરણાગત રક્ષક છો. આપનાં ચરણારવિન્દ સદા સર્વદા ધ્યાન કરવા યોગ્ય, માયા મોહને લીધે થતા સાંસારિક પરાજ્યોનો અન્ત કરનાર તથા ભક્તોની સમસ્ત અભીષ્ટ વસ્તુઓનું દાન કરનાર કામધેનું સ્વરૂપ છે. તે તીર્થોને પણ તીર્થ બનાવનાર સ્વયં પરમ તીર્થસ્વરૂપ છે. શિવજી, બ્રહ્માજી વગેરે મોટા-મોટા દેવતાઓ તેમને નમસ્કાર કરે છે અને ગમે તે વ્યક્તિ તેને શરણે આવી જાય તેનો સ્વીકાર કરી લે છે. સેવકોની સમસ્ત આર્તિ વિપત્તિઓનો નાશ કરનાર તથા સંસારસાગર પાર કરવા માટે જહાજ છે. હે મહાપુરુષ! હું આપનાં તે જ ચરણાવિન્દોની વન્દના કરું છું ।।૩૩।।

હે ભગવન્! આપનાં ચરણકમલોનો મહિમા કોણ કહી શકે? રામાવતારમાં પોતાના પિતા દશરથજીના વચનોથી દેવતાઓ માટે પણ વાંછનીય અને છોડી છોડાય નહિ એવી રાજ્યલક્ષ્મીને છોડીને આપનાં ચરણકમલ વન-વન ઘૂમતાં રહ્યાં. ખરેખર આપ પ્રેમની પરકાષ્ઠા છો. હે પ્રભો! હું આપનાં એ જ ચરણકમલોની વન્દના કરું છું ।।૩૪।।

હે રાજન્! આ પ્રમાણે જુદાજુદા યુગોના લોકો પોતપોતાના યુગને અનુરૂપ નામરૂપો દ્વારા વિભિન્ન પ્રકારથી ભગવાનની આરાધના કરે છે. એમાં સંદેહ નથી કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ બધા પુરુષાર્થોના એક માત્ર સ્વામી ભગવાન શ્રીહરિ જ છે ।।૩૫।।

કલિયુગમાં માત્ર ભગવદ્ નામના કીર્તનથી જ બધા સ્વાર્થ અને પરમાર્થ સિદ્ધ થઈ જાય છે તેથી આ યુગના ગુણને જાણનારા સારગ્રાહી શ્રેષ્ઠ પુરુષો કલિયુગની ભારે પ્રશંસા કરે છે ।।૩૬।।

દેહાભિમાની જીવ અનાદિ કાલથી સંસારચક્રમાં ભટકી રહ્યા છે. તેમને માટે ભગવાનની લીલા, ગુણ અને નામના સંકીર્તનથી વધારે સારો બીજો કોઈ પરમ લાભ છે જ નહિ, કારણ કે તેનાથી સંસારમાં ભટકવાનું કાયમમાટે મટી જાય છે અને પરમ શાન્તિની પ્રાપ્તિ થાય છે ।।૩૭।।

હે રાજા! સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગની પ્રજા ઝંખે છે કે અમારો જન્મ કલિયુગમાં હો, કારણ કે ક્યાંક-ક્યાંક કલિયુગમાં ખરેખર નારાયણ-પરાયણ જેમને ભગવાન નારાયણનો જ આશ્રય હોય તેવા અનન્ય ઘણા લોકો ઉત્પન્ન થશે. હે મહારાજ વિદેહ! કલિયુગમાં જ્યાં તામ્રપર્ણી, કૃતમાલા, પયસ્વિની, પરમ પવિત્ર કાવેરી, મહાનદી અને પ્રતીચી નામની નદીઓ વહે છે તે દ્રવિડ દેશમાં વધારે ભક્તો મળી આવે છે. હે રાજા! જે મનુષ્યો આ નદીઓનું જલ પીએ છે, પ્રાયઃ તેમનું અન્તઃકરણ શુદ્ધ થઈ જાય છે અને તેઓ ભગવાન્ વાસુદેવના ભક્ત થઈ જાય છે ।।૩૮-૪૦।।

હે રાજા! જે મનુષ્ય ''આ કરવું બાકી છે તે કર્યા વિના ચાલે તેમ નથી'' વગેરે કર્મવાસનાઓ અથવા ભેદબુદ્ધિનો પરિત્યાગ કરી સર્વાત્મભાવથી શરણાગત વત્સલ, પ્રેમના પારખુ ભગવાન મુકુન્દને શરણે આવી ગયો છે તે દેવતાઓ, ઋષિઓ, પિતરો, પ્રાણીઓ, કુટુમ્બીઓ અને અતિથિઓ ના ઋણથી ઉઋણ ઋણમુક્ત થઈ

જાય છે. તે કોઈને અધીન, કોઈનો સેવક, કોઈના બંધનમાં રહેતો નથી ।।૪૧।।

(ભગવદ્ ભક્તમાટે ભક્તિ સિવાય બીજું કર્તવ્ય ન હોય એ વાત ઠીક છે. પણ એ કદાચ નિષિદ્ધ કાર્યનું આચરણ કરે તો તેણે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ? એના સમાધાનમાં કહે છે કે) જે પ્રેમી ભક્ત પોતાના પ્રિયતમ ભગવાનના ચરણકમલોનું અનન્ય ભાવથી બીજી ભાવનાઓ, આસ્થાઓ, વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ છોડી દઈ ભજન કરે છે તેનાથી, પાપકર્મ થતાં જ નથી, પરન્તુ જો કયારેક કોઈ પ્રકારે થઈ પણ જાય તો પરમ પુરુષ ભગવાન શ્રીહરિ તેના હૃદયમાં બિરાજી તે બધાંપાપ ધોઈ નાખે છે અને તેના હૃદયને શુદ્ધ બનાવે છે ।।૪૨।।

**નારદજી બોલ્યા** : મિથિલાના અધિપતિ નિમિ રાજાએ એમ યોગેશ્વરો પાસેથી ભાગવત ધર્મો સાંભળ્યા ત્યારે પોતાના ઉપાધ્યાયને સાથે રાખીને જયન્તીના પુત્રો યોગેશ્વરોની એણે પ્રસન્ન થઈને પૂજા કરી ।।૪૩।।

જ્યારે રાજાએ એમનો સત્કાર કરી લીધો ત્યારે સર્વ લોકોના દેખતાં જ એ સિદ્ધ યોગેશ્વરો અન્તર્ધાન થઈ ગયા. રાજા એ સાંભળેલા ધર્મોને જીવનમાં ઉતારી પરમ ગતિને પ્રાપ્ત થયા ।।૪૪।।

હે મહાભાગ વસુદેવજી! તમે પણ એ ભગવદ્ ધર્મો સાંભળ્યા છે તે પ્રમાણે એને આચરણમાં મૂકશો અને ભગવાનમાં શ્રદ્ધા રાખશો તો અન્તે સર્વ આસક્તિઓથી છૂટી જઈ પરમ ગતિ પ્રાપ્ત કરશો ।।૪૫।।

હે વસુદેવજી! તમારા અને દેવકીજીના યશથી તો આખું જગત્ છલોછલ ભરાઈ ગયું છે કારણ કે ભક્ત દુઃખહારી સર્વ શક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ તમારે ત્યાં પુત્રરૂપે પ્રકટ થયા છે ।।૪૬।।

તમે ભગવાનનાં દર્શન, આલિંગન તથા તેમની સાથે વાતચીત કરવી અને તેમને ઉઠાડવા, બેસાડવા અને પોઢાડવા તથા સામગ્રી આરોગાવવી વગેરે દ્વારા વાત્સલ્ય કરી તમે પોતાનાં હૃદય શુદ્ધ કરી લીધાં છે. તમે પરમ પવિત્ર થઈ ચૂક્યા છો ।।૪૭।।

હે વસુદેવજી! શિશુપાલ, પૌણ્ડ્રક અને શાલ્વ વગેરે રાજાઓએ તો વેરભાવથી શ્રીકૃષ્ણનાં હલન-ચલન, લીલા-વિલાસ સ્મરણ, ભાષણ વગેરે સ્મરણ કર્યું હતું. તે પણ નિયમાનુસાર નહિ પણ સૂતાં, બેસતાં, હરતાં-ફરતાં સ્વાભાવિક રૂપથી જ છતાં પણ તેમની ચિત્તવૃત્તિ શ્રીકૃષ્ણમય થઈ ગઈ અને તે સારૂપ્યમુક્તિના અધિકારી થઈ ગયા. તો પછી જે લોકો પ્રેમભાવ અને અનુરાગ થી શ્રીકૃષ્ણનું ચિન્તન કરે છે

તેમને માટે શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થવામાં શંકાને કોઈ સ્થાન ખરું? ।।૪૮।।

હે વસુદેવજી! તમે શ્રીકૃષ્ણને માત્ર તમારા પુત્ર જ ન માનો. એ તો સર્વાત્મા, સર્વેશ્વર કારણાતીત અને અવિનાશી છે. આપે લીલાને માટે મનુષ્યરૂપ પ્રગટ કરી પોતાનું મૂળ સ્વરૂપ છુપાવી રાખ્યું છે ।।૪૯।।

તે પૃથ્વીને ભારરૂપ થઈ રહેલા રાજવેષધારી અસુરોના નાશ અને સન્તપુરુષોના રક્ષા કરવામાટે તથા જીવોને પરમ શાન્તિ અને મુક્તિ આપવાને માટે જ પૃથ્વી ઉપર પધાર્યા છે અને એને જ માટે જગતમાં આપની કીર્તિનું ગાન થઈ રહ્યું છે ।।૫૦।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે પ્રિય પરીક્ષિત! નારદજીના મુખથી આ બધું સાંભળી પરમ ભાગ્યવાન વસુદેવજી તથા પરમ ભાગ્યવતી દેવકીજીને ખૂબ જ આશ્ચર્ય થયું. તેમણે તત્કાલ શ્રીકૃષ્ણમાં પુત્ર તરીકે પોતાની સર્વ માયા-મમતાનો ત્યાગ કર્યો ।।૫૧।।

**ઈતિહાસમિમં પુણ્યં ધારયેદ્ યઃ સમાહિતઃ ।।**
**સ વિધૂયેહ શમલં બ્રહ્મભૂયાય કલ્પતે ।।૫૨।।**

હે રાજન્! આ પરમ પવિત્ર ઈતિહાસને એકાગ્ર ચિત્તથી જે હૃદયમાં ધારણ કરે છે તે પોતાના સમસ્ત શોક મોહને દૂર કરી બ્રહ્મપદને પ્રાપ્ત કરે છે ।।૫૨।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધના પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર પ્રથમ બ્રહ્મભાવપ્રકરણનો ''ભક્તિરહિત જીવોનીદુર્ગતિ તથા ભગવત્પૂજાનો વિધિ''નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

''હે શ્રીવલ્લભ! આપની આજ્ઞાથી વિપરીત (દેવદ્રવ્યનો પ્રસાદ ખાઈ શકાય, દક્ષિણા લઈને ભાગવત કથા કરી શકાય, સેવા ન કરનાર પણ બ્રહ્મસમ્બન્ધ લઈ શકે વગેરે) ઉપદેશ કરનારા ભાન ભૂલેલા છે. તેઓ બધા અન્ધન્તમ ઘોર નરકમાં પડનારા સહજ આસુરી જીવો છે'' **(શ્રીગુસાંઈજી)**

## અધ્યાય ૬

## બ્રહ્માદિ દેવોએ ભગવાન્‌ને કરેલી પ્રાર્થના

**વિશેષ :** આ છઠ્ઠા અધ્યાયમાં બ્રહ્માદિ દેવોએ ભગવાન્‌ની સ્તુતિ કરી છે અને સ્વધામ

પધારવાની પ્રાર્થના કરી ત્યારે ઉદ્ધવજીએ પણ પોતાને સાથે લઈ જવાની પ્રાર્થના કરી એટલી વાત આવે છે.

**અથ બ્રહ્માઽઽત્મજૈર્દેવૈઃ પ્રજેશૈરાવૃતોઽભ્યગાત્ ।।**
**ભવશ્ચ ભૂતભવ્યેશો યયૌ ભૂતગણૈર્વૃતઃ ।।૧।।**

**શ્રીશુકેદવજી બોલ્યા :** હે પરીક્ષિત! જ્યારે દેવર્ષિ નારદજી વસુદેવજીને ઉપદેશ આપી ચાલ્યા ગયા, ત્યારે પોતાના પુત્રો સનકાદિ, દેવતાઓ અને પ્રજાપતિઓ ની સાથે બ્રહ્માજી, ભૂતગણોની સાથે સર્વેશ્વર મહાદેવજી અને મરુદ્‌ગણો ની સાથે દેવરાજ ઈન્દ્ર દ્વારકામાં આવ્યા. સાથે-સાથે બધા આદિત્ય ગણ, આઠેય વસુઓ, અશ્વિનીકુમારો, ઋભુઓ, અંગિરાના વંશના ઋષિઓ, અગિયારેય રુદ્ર, વિશ્વદેવ, સાધ્યગણ, ગન્ધર્વ, અપ્સરાઓ, નાગ, સિદ્ધ, ચારણ, ગુહ્યક, ઋષિ, પિતર, વિદ્યાધર અને કિન્નરો પણ ત્યાં જ પહોંચ્યા. મનુષ્યના જેવો મનોહર વેષ ધારણ કરનારા અને પોતાના સાંવરા-સલોણા શ્રીઅંગથી બધા લોકોનાં મન ઉપર કામણ કરી મૂકનાર ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન કરવામાટે તેઓ આવ્યા હતા; કારણ કે આ વખતે આપે પોતાનો શ્રીવિગ્રહ પ્રગટ કરી તે દ્વારા ત્રણેય લોકમાં એવી પવિત્ર કીર્તિનો વિસ્તાર કર્યોછેજે સમસ્ત પાપ-તાપને સદાને માટે મટાડી દે છે ।।૧-૪।।

દ્વારકાપુરી સમસ્ત પ્રકારની સમ્પત્તિ અને ઐશ્વર્યો થી સમૃદ્ધ તથા અલૌકિક દીપ્તિથી દેદીપ્યમાન થઈ રહી હતી. ત્યાં આવી તે લોકોએ શ્રીકૃષ્ણની અનોખી છબીનાં દર્શન કર્યાં. ભગવાન્‌ની રૂપમાધુરીનાં નિર્નિમેષ નયનોથી પાન કરવા છતાં તેમનાં નેત્રો તૃપ્ત થતાં નહોતાં. તેઓ ઘણી વાર સુધી પલક પણ પડે નહિ તેવી આંખોથી નીરખતાં જ રહ્યા ।।૫।।

તે લોકોએ સ્વર્ગના ઉદ્યાન નન્દનવન, ચૈત્રરથ આદિનાં દિવ્ય પુષ્પોથી જગદીશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણને ઢાંકી દીધા અને ચિત્ર-વિચિત્ર શબ્દો અને અર્થોવાળી વાણીથી તેઓ આપની સ્તુતિ કરવા લાગ્યા ।।૬।।

**દેવો બોલ્યાં :** હે સ્વામી! કર્મોના વિકટ બંધનમાંથી મુકત થવાની ઈચ્છાવાળા મુમુક્ષુજન ભક્તિભાવથી પોતાના હૃદયમાં જેનું ચિન્તન કરતા રહે છે (પણ સાક્ષાત્ દર્શન કરી શકતા નથી) તે જ આપનાં ચરણકમલને અમે બુદ્ધિ, ઈન્દ્રિય, પ્રાણ, મન અને વાણી થી સાક્ષાત્ નમસ્કાર કરીએ છીએ તે કેટલા આશ્ચર્યની વાત છે!* ।।૭।।

**વિશેષ : દોર્ભ્યાં પાદાભ્યાં જાનુભ્યામ્ ઉરસા શિરસા દશા। મનસા વચસા ચેતિ**

**પ્રણામોઽષ્ટાંગ ઈરિતઃ।।** હાથ પગ, ઘૂંટણ, છાતી,શિર, નેત્રો, મન, વચન આ આઠ અંગોથી પ્રણામ 'સાષ્ટાંગ' પ્રણામ કહેવાય છે.

હે અજિત! આપ માયિક રજોગુણ વગેરેમાં સ્થિત રહી આ અચિન્ત્ય પ્રપંચની ત્રિગુણમયી માયાદ્વારા પોતાનામાં જ રચના કરો છો, પાલન કરો છો અને સંહાર કરો છો. આ બધું કરવા છતાં પણ આપ આ કર્મોથી લિપ્ત થતા નથી કારણ કે આપ રાગદ્વેષ વગેરે દોષોથી સર્વથા મુકત છો અને પોતાના નિરાવરણ અખંડ સ્વરૂપાત્મક પરમાનન્દમાં મગ્ન રહો છો ।।૮।।

હે સ્તુતિ કરવા યોગ્ય પરમાત્મન્! જે મનુષ્યોની ચિત્તવૃત્તિ રાગદ્વેષ વગેરેથી ખરડાયેલી છે તે ઉપાસના, વેદાધ્યયન, દાન, તપસ્યા અને યજ્ઞ વગેરે કર્મ કર્યા કરે તો પણ જેવી શુદ્ધિ શ્રવણદ્વારા સુપુષ્ટ શુદ્ધ અન્તઃકરણવાળા સજ્જન પુરુષોની આપની લીલાકથા, કીર્તિના વિષયમાં રોજ-રોજ વધતી જતી પરિપૂર્ણ થતી શ્રદ્ધાથી થાય છે તેવી શુદ્ધિ તેમની થતી નથી ।।૯।।

મનનશીલ મુમુક્ષુજન મોક્ષની પ્રાપ્તિને માટે પોતાના પ્રેમથી પીગળી ગયેલા હૃદયમાં જેને કાયમ ધારણ કરી રાખે છે, પાંચરાત્ર વિધિથી ઉપાસના કરનારા ભકતજનો સમાન ઐશ્વર્યની પ્રાપ્તિને માટે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ-આ ચાર વ્યૂહના રૂપમાં જેનું પૂજન કરે છે અને જિતેન્દ્રિય ધીર પુરુષ સ્વર્ગલોકનું અતિક્રમણ કરી ભગવદ્ધામની પ્રાપ્તિને માટે ત્રણેય સમય જેમની પૂજા કરતા રહે છે, યાજ્ઞિક લોકો ત્રણેય વેદોદ્વારા બતાવવામાં આવેલી વિધિથી પોતાના સંયમશીલ હાથમાં હવિષ્ય લઈ યજ્ઞકુંડમાં આહુતિ દે છે અને તેમનું જ ચિન્તન કરે છે. આપની આત્મસ્વરૂપિણી માયાના જિજ્ઞાસુ યોગીઓ હૃદયના અન્તર્દેશમાં દહર વિદ્યા વગેરે દ્વારા આપનાં ચરણકમલનું જ ધ્યાન કરે છે અને આપના મોટા-મોટા પ્રેમી ભકતજન તેમને જ પોતાના પરમ ઈષ્ટ આરાધ્ય દેવમાને છે. હે પ્રભો! આપનાં તે જ ચરણકમલ અમારી સમસ્ત અશુભ વાસનાઓ, વિષય વાસનાઓને ભસ્મ કરી દેવોને માટે અગ્નિસ્વરૂપ હો. તે અગ્નિની જેમ અમારા પાપ-તાપોને ભસ્મ કરી દે ।।૧૦-૧૧।।

હે પ્રભો! આ ભગવતી લક્ષ્મી આપના વક્ષઃસ્થલ ઉપર કરમાઈ ગયેલી વાસી વનામાલાની સાથે પણ શોક્ય (સપત્ની) ની જેમ સ્પર્ધા કરે છે. છતાં આપ તેની પરવા ન કરતાં ભકતોએ એ વાસી માલાથી કરેલી પૂજાનો પણ પ્રેમથી સ્વીકાર કરો

છો. આવા ભકતવત્સલ પ્રભુનાં ચરણકમલ સર્વદા આમારી વિષય વાસનાઓને બાળી નાખનાર અગ્નિ સ્વરૂપ હો ।।૧૨।।

હે અનન્ત! વામન અવતારમાં દૈત્યરાજ બલિએ આપેલ પૃથ્વી માપવાને માટે આપે આપનું ચરણ ઊંચું કર્યું હતું અને તે સત્યલોકમાં પહોંચી ગયું હતું ત્યારે તે એવું લાગતું હતું કે જાણે કોઈ મોટો વિજયધ્વજ હોય. બ્રહ્માજીના પખારવા બાદ તેમાંથી પડતી ગંગાજલની ત્રણ ધારાઓ એવી લાગતી હતી કે જાણે તેમાં લાગી રહેલી ત્રણ પતાકાઓ લહેરાઈ રહી હોય. તેને જોઈ અસુરોની સેના ફફડી ઊઠી અને દેવસેના નિર્ભય થઈ ગઈ. આપનું તે ચરણકમલ સાધુસ્વભાવ પુરુષોને માટે આપના ધામ વૈકુંઠલોકની પ્રાપ્તિનું અને દુષ્ટોને માટે અધોગતિનું કારણ છે. હે ભગવન્! આપનું તે જ પાદપદ્મ અમ ભજન કરનારાઓના સમસ્ત પાપ-તાપ ધોઈ નાખો ।।૧૩।।

બ્રહ્મા આદિ જેટલા-જેટલા શરીરધારી છે તે સત્ત્વ, રજ, તમ-આ ત્રણ ગુણોના પરસ્પર વિરોધી ત્રિવિધ ભાવોની ટક્કરથી જનમતા અને મરતા રહે છે. તેઓ સુખ-દુઃખના સકઞ્જામાં સપડાયેલા છે અને જેવી રીતે નાથેલો બળદ તેના માલિકને વશ રહે છે તેમ તેઓ આપને વશ છે. આપ એમને માટે પણ કાલસ્વરૂપ છો. એમના જીવનના આદિ મધ્ય અને અન્ત આપનેજ અધીન છે. એટલુંજનહિ આપ પ્રકૃતિ-પુરુષથી પણ પર સ્વયં પુરુષોત્તમ છો. આપનાં ચરણકમલ અમારું કલ્યાણ કરે ।।૧૪।।

હે પ્રભો! આપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ના પરમ કારણ છો, કારણ કે શાસ્ત્રોએ એમ કહ્યું છે કે આપ પ્રકૃતિ, પુરુષ અને મહત્તત્ત્વ નું પણ નિયન્ત્રણ કરનાર કાલ છો. શીત, ગ્રીષ્મ અને વર્ષાકાલરૂપ ત્રણ નાભિવાળા સંવત્સરના રૂપમાં બધાને ક્ષયની તરફ લઈ જનાર કાલ આપજ છો. આપની ગતિ અબાધ અને ગમ્ભીર છે. આપ સ્વયં પુરુષોત્તમ છો ।।૧૫।।

આ પુરુષ આપની પાસેથી શક્તિ પ્રાપ્ત કરી અમોઘવીર્ય થઈ જાય છે અને પછી માયાની સાથે સંયુક્ત થઈ વિશ્વના મહત્તત્ત્વરૂપ ગર્ભનું સ્થાપન કરે છે. ત્યારબાદ તે મહત્તત્ત્વ ત્રિગુણમયી માયાનું અનુસરણ કરી પૃથ્વી, જલ તેજ, વાયુ, આકાશ, અહંકાર અને મનરૂપ સાત આવરણો (પડો) વાળા આ સુવર્ણવર્ણ (સોનેરી રંગના) બ્રહ્માંડની રચના કરે છે ।।૧૬।।

તેથી હે ઋષીકેશ! આપ સમસ્ત ચરાચર જગતના અધીશ્વર છો. તે જ કારણથી

માયાની ગુણ-વિષમતાને લીધે બનેલા વિભિન્ન પદાર્થોનો ઉપભોગ કરવા છતાં આપ તેમનાથી લેપાતા નથી. આવા કેવલ આપ જ છો. આપ સિવાય બીજા તો સ્વયં તેમનો ત્યાગ કરી દઈને પણ તે વિષયોથી ડરતા રહે છે. (કારણ કે વિષયોને ભૌતિક રીતે સ્વરૂપથી છોડવાથી વાસના નિર્મૂળ થતી નથી) ।।૧૭।।

સોળ હજારથી પણ વધારે રાણીઓ આપની સાથે રહે છે. તે બધાં પોતાનાં મન્દ-મન્દ મલકાટ અને તીરછી દષ્ટિયુકત મનોહર ભમરોના સંકેતથી અને સુરતાલાપોથી પ્રૌઢ સમ્મોહક કામબાણ ચલાવે છે અને કામકલાની વિવિધ રીતિઓથી આપનું મન આકર્ષવા ચાહે છે પરન્તુ છતાં તેઓ એક રત્તીભર પણ આપનું મન ડગાવી ન શકયાં તેઓ અસફલ જ રહ્યાં ।।૧૮।।

આપે ત્રિલોકીના પાપપુઞ્જનો નાશ કરવામાટે બે પ્રકારની પવિત્ર નદીઓ વહેવડાવી રાખી છે એક તો આપની અમૃતમયી લીલાથી ભરેલી કથા નદી અને બીજી આપના પાદ-પ્રક્ષાલનના જલથી ભરેલ ગંગાજી. તેથી સત્સંગ સેવી વિવેકીજન કાનદ્વારા આપની કથા નદીમાં અને શરીરદ્વારા ગંગાજીમાં ડૂબકી મારી બન્નેય તીર્થોનું સેવન કરે છે અને પોતાના પાપ-તાપ મિટાવી દે છે ।।૧૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! સમસ્ત દેવતાઓ અને ભગવાન્ શંકરની સાથે બ્રહ્માજીએ આ પ્રમાણે ભગવાન્‌ની સ્તુતિ કરી. ત્યારબાદ તેઓ પ્રણામ કરી પોતાના ધામમાં જવામાટે આકાશમાં સ્થિત રહી ભગવાન્‌ને આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૨૦।।

**બ્રહ્માજીએ કહ્યું :** હે સર્વાત્મા પ્રભો! પહેલાં અમે આપને અવતાર લઈ પૃથ્વીનો ભાર ઉતારવામાટે પ્રાર્થના કરી હતી, તો તે કામ આપે અમારી પ્રાર્થના પ્રમાણે યથોચિત રૂપથી પૂરું કરી દીધું ।।૨૧।।

આપે સત્યપરાયણ સન્તપુરુષોના કલ્યાણને માટે ધર્મની સ્થાપના પણ કરી દીધી અને દશે દિશાઓમાં એવી કીર્તિ ફેલાવી દીધી કે જેને સાંભળી-સંભળાવી બધા લોકો પોતાના મનનો મેલ મિટાવી દે છે ।।૨૨।।

આપે આ સર્વોત્તમ રૂપ ધારણ કરી યદુવંશમાં અવતાર લીધો અને જગતના હિતને માટે ઉદાર અને પરાક્રમપૂર્ણ અનેક લીલાઓ કરી ।।૨૩।।

હે પ્રભો! કલિયુગમાં જે સાધુસ્વભાવ મનુષ્યો આપની આ લીલાઓનું શ્રવણ-કીર્તન કરશે તેઓ સહેલાઈથી જ આ અજ્ઞાનરૂપ અન્ધકારને તરી જશે ।।૨૪।।

હે સર્વશક્તિમાન પુરુષોત્તમ પ્રભો! આપને યદુકુલમાં અવતાર ગ્રહણ કર્યે ૧૨૫ વર્ષ વીતી ગયાં છે ।।૨૫।।

હે સર્વાધાર! હવે અમારું એવું કોઈ કામ બાકી નથી, જે પૂર્ણ કરવામાટે આપને અહીં રહેવાની આવશ્યકતા હોય. બ્રાહ્મણોના શાપને કારણે આપનુંઆ કુલ પણ એક પ્રકારથી તો નષ્ટ થઈ ચૂક્યું છે ।।૨૬।।

તેથી આપને જો ઉચિત લાગે તો હવે આપ સ્વધામ કૃપા કરીને પધારો અને આપના સેવક અમ લોકપાલો નું તથા અમારા લોકોનું પાલન-પોષણ અને રક્ષણ કરો ।।૨૭।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે બ્રહ્માજી! આપના કહેવા પ્રમાણે મેં પહેલેથી જ એવો નિશ્ચય કરી લીધો છે. મેં તમારાં બધાં કામ પૂરાં કરી પૃથ્વીનો ભાર ઉતારી દીધો છે ।।૨૮।।

પરન્તુ હજુ એક કામ બાકી છે અને તે એ કે યાદવો બલ-વિક્રમ, વીરતા-શૂરતા અને ધન-સમ્પત્તિથી ઉન્મત્ત થઈ રહ્યાં છે અને લોકનો નાશ કરવા થનગની રહ્યા છે પણ જેમ સમુદ્ર એની મર્યાદાનું ઉલ્લંઘન કરી શક્તો નથી તેમ મારાથી આ યાદવો નિયમનમાં રહ્યા છે ।।૨૯।।

આ યાદવકુળનો સંહાર કર્યા વગર જ જો હું ચાલ્યો જાઉં તો, જેમ સમુદ્ર મર્યાદા ઓળંગતાં જગતને ડૂબાડી દે તેમ એ ગર્વિષ્ઠ અને ઉચ્છૃંખલ યાદવો મર્યાદાનું ઉલ્લંઘન કરી તમામ લોકોનો સંહાર કરી નાખે ।।૩૦।।

હે નિષ્પાપ બ્રહ્માજી! બ્રાહ્મણોના શાપથી આ વંશના અન્તનો આરમ્ભ થઈ ચૂક્યો છે. તેનો અન્ત થઈ જશે ત્યારે હું આપના ધામમાં થઈને જઈશ ।।૩૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા** :જ્યારે અખિલ લોકાધિપતિ ભગવાને બ્રહ્માજીને એ પ્રમાણે કહ્યું ત્યારે બ્રહ્માજી દેવગણોની સાથે ભગવાન્‌ને પ્રણામ કરી પોતાના સ્થાનમાં ગયા ।।૩૨।।

એમના જતાં જ દ્વારકામાં બધે મોટા ઉત્પાતો થવા લાગ્યા. એ ઉત્પાતો જોઈને યાદવોમાં વૃદ્ધ હતા તે ભગવાન્‌ની પાસે આવ્યા તેમને ભગવાન્ આ પ્રમાણે કહેવા લાગ્યા ।।૩૩।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે ગુરુજનો! આજકાલ દ્વારકામાં જ્યાં જુઓ ત્યાં ભારે અપશુકન અને ઉત્પાત થઈ રહ્યા છે. આપ લોકો જાણો જ છો કે બ્રાહ્મણોએ

આપણા કુળને એવો શાપ આપી દીધો છે કે જેને ટાળવો બહુ જ કઠિન છે. મારા મત પ્રમાણે જો આપણે આપણા પ્રાણોની રક્ષા કરવી હોય તો આપણે અહીં ન રહેવું જોઈએ. હવે વિલમ્બ કર્યા વગર આજે જ આપણે પરમ પવિત્ર પ્રભાસક્ષેત્રમાં જવા રવાના થઈ જઈએ ।।૩૪-૩૫।।

પ્રભાસક્ષેત્રનો મહિમા બહુ પ્રસિદ્ધ છે. જે વખતે દક્ષ પ્રજાપતિના શાપથી ચન્દ્રમાને ક્ષય રોગે ગ્રસી લીધા હતા ત્યારે તેણે પ્રભાસક્ષેત્રમાં જઈ સ્નાન કર્યું અને તે તત્કાળ તે પાપજન્યરોગથીછૂટીગયા.સાથે- સાથે તેમને કલાઓની અભિવૃદ્ધિ પણ પ્રાપ્ત થઈ ગઈ ।।૩૬।।

આપણે પણ પ્રભાસક્ષેત્ર જઈ સ્નાન કરીશું, દેવતા અને પિતરો નું તર્પણ કરીશું અને સાથે-સાથે અનેક ગુણવાળા પકવાન તૈયાર કરી શ્રેષ્ઠ બ્રાહ્મણોને ભોજન કરાવીશું. ત્યાં આપણે તે સુપાત્ર બ્રાહ્મણોને પૂરી શ્રદ્ધાથી ખૂબ (મોટાં) દાન-દક્ષિણા આપીશું. એ રીતે જેમ કોઈ જહાજદ્વારા સમુદ્રને પાર કરી જાય તેમ આપણે આપણા સંકટોમાંથી એમના દ્વારા ઊગરી જઈશું ।।૩૭-૩૮।।

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે કુલનન્દન! જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે આ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે યદુવંશીઓએ સર્વાનુમતિથી પ્રભાસ જવાનો નિશ્ચય કરી લીધો અને બધા પોત-પોતાના રથો સજાવવા અને જોડવા લાગ્યા ।।૩૯।।

હે પરીક્ષિત! ઉદ્ધવજી ભગવાન્ શ્રીકૃષ્ણનાં અત્યન્ત પ્રેમી અને સેવક હતા. તેમણે જ્યારે યદુવંશીઓને યાત્રાની તૈયારી કરતા જોયા, ભગવાન્‌ની આજ્ઞા સાંભળી અને અત્યન્ત ઘોર અપશુકન જોયા ત્યારે તેઓ જગતના એકમાત્ર અધિપતિ ભગવાન્ શ્રીકૃષ્ણની પાસે એકાન્તમાં ગયા, આપનાં ચરણો ઉપર પોતાનું મસ્તક મૂકી દઈ પ્રણામ કર્યા અને હાથ જોડી આપને પ્રાર્થના કરવા લાગ્યા ।।૪૦-૪૧।।

**ઉદ્ધવજી બોલ્યા :** હે યોગેશ્વર! આપ દેવાધિદેવોના પણ અધીશ્વર છો. આપની લીલાઓના શ્રવણકીર્તનથી જ જીવ પવિત્ર થઈ જાય છે. આપ સર્વ શક્તિમાન પરમેશ્વર છો. જો આપની ઇચ્છા હોત તો બ્રાહ્મણોનું શાપનું નિવારણ થઈ શકત. પણ આપે તેમ કર્યું નહિ. તેથી હવે આપ યદુવંશનો ઉપસંહાર કરી તેને સમેટી લઈ અવશ્યમેવ આ લોકનો પરિત્યાગ કરશો એમ હું માનું છું ।।૪૨।।

પરન્તુ હે કેશવ! હું અડધી ક્ષણમાટે પણ આપનાં ચરણકમલનો ત્યાગ કરવા

અસમર્થ છું. તેથી હે નાથ! આપ મને પણ આપની સાથે આપના ધામમાં લઈ ચાલો ।।૪૩।।

હે કૃષ્ણ! આપની એક-એક લીલા મનુષ્યોમાટે પરમ મંગલમયી છે. તે કાનમાટે અમૃતસ્વરૂપ છે. એકવાર પણ તેનો રસાસ્વાદ લેનાર માણસને પછી બીજા કોઈ લૌકિક પદાર્થની સ્પૃહા રહેતી નથી ।।૪૪।।

હે પ્રભો! અમે આપના ભકતો તો ઊઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં, ઘૂમતાં-ફરતાં આપની સાથે જ રહ્યા છીએ. અમે આપની સાથે સ્નાન કર્યું, રમતો રમ્યાં, ભોજન કર્યાં. અમારી એક-એક પ્રવૃત્તિ આપની સાથે જ થઈ છે. આપ અમારા પ્રાણપ્યારા અને આત્મા જ છો. એવી સ્થિતિમાં અમે આપના પ્રેમી ભકત આપને ક્ષણવાર પણ કેવી રીતે છોડી શકીએ? ।।૪૫।।

આપની સાથે અમે આપની પ્રસાદી (આપના ઉપયોગમાં આવેલી) માળા, ચન્દન, વસ્ત્ર, અલંકાર અને આભૂષણો ધારણ કર્યાં અને આપના ઉચ્છિષ્ટ ભોજન (જૂઠણ) થી અમારા દેહનો નિર્વાહ કર્યો. તેથી અમે આપની માયા ઉપર અવશ્ય વિજય પ્રાપ્ત કરી લઈશું. (તેથી હે પ્રભો! અમને આપની માયાનો ડર નથી, પરન્તુ આપના વિયોગનો ડર છે) ।।૪૬।।

આપની માયાને તરવી બહુ જ મુશ્કેલ છે. મોટા-મોટા ઋષિમુનિઓ દિગમ્બર રહી, આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરી, અધ્યાત્મવિદ્યાને માટે અત્યન્ત પરિશ્રમ કરે છે. આ પ્રકારની કઠણ સાધનાથી તે સન્ન્યાસીઓનાં હૃદય નિર્મલ થાય છે અને અત્યન્ત મુશ્કેલીથી તેઓ સમસ્ત વૃત્તિઓની શાન્તિરૂપ નૈષ્કર્મ્ય અવસ્થામાં સ્થિત રહી આપના બ્રહ્મ નામના ધામને પ્રાપ્ત કરે છે ।।૪૭।।

હે બ્રહ્મન્! અમે તો અહીં કર્મમાર્ગમાં જ અથડાયા-કુટાયા કરીએ છીએ, પરન્તુ એટલી વાત તો નક્કી છે કે અમે આપના ભકતોના સંગમાં આપના ગુણો અને લીલાઓ ની ચર્ચા કરીશું તથા મનુષ્યના જેવી લીલા કરતા આપે જે કાંઈ કર્યું છે કે કહ્યું છે તેનું સ્મરણ-કીર્તન કરતા રહીશું. સાથે-સાથે આપની ગતિ-વિલાસ, દષ્ટિ-હાસ્ય, હાસ-પરિહાસ અને ઉપદેશ ની યાદમાં તલ્લીન થઈ જઈશું. બસ આટલાથી જ આપની દુસ્તર માયાને અમે તરી જઈશું. (તેથી માયાને તરવાની ચિન્તા અમને નથી પણ આપના વિરહની ચિન્તા છે. આપ અમારો ત્યાગ ન કરતાં અમને સાથે લઈ લો) ।।૪૮-૪૯।।

**એવં વિજ્ઞાપિતો રાજન્ ભગવાન્ દેવકીસુતઃ ।।**
**એકાન્તિનં પ્રિયં ભૃત્યમુદ્ધવં સમભાષત ।।૫૦।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! જ્યારે ઉદ્ધવજીએ દેવકીનન્દન ભગવાન્ શ્રીકૃષ્ણને આ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે એક નિષ્ઠાવાળા પ્રિય અને દાસ એવા ઉદ્ધવજીની સાથે ભગવાને એમના આત્માને સંતોષ થાય તેવી રીતે બોલવાનો ઉપક્રમ કર્યો ।।૫૦।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુકિત પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્યમુકિત નામના પ્રકરણનો પહેલો અને ચાલુ) ''બ્રહ્માદિ દેવોએ ભગવાન્ને કરેલી પ્રાર્થના'' નામનો છઠ્ઠો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**બ્રહ્મસમ્બન્ધ લેનારાઓ! સાવધના!!!**
સર્વસ્વને સમર્પિત કરવાની પ્રતિજ્ઞા લીધા બાદ અસમર્પિત ખાન-પાન વગેરેનો ત્યાગ ન કરનારનું બ્રહ્મસંબંધ ફોક થઈ જાય છે (સિદ્ધાંતરહસ્ય) અને તે 'અસિપત્ર' નામના નરકમાં જાય છે. **(શ્રીહરિરાયચરણ)**

## અધ્યાય ૭
## (અવધૂત ઉપાખ્યાન)
## ભગવાને ઉદ્ધવજીને કહેલો યદુરાજા અને અવધૂત નો સંવાદ

**વિશેષ :** ઉદ્ધવજીને આત્મજ્ઞાન કરાવવામાટે ભગવાન્ અવધૂત અને યદુ નો ઈતિહાસ કહે છે. તેમાં આ સાતમા અધ્યાયમાં ચેચોવીસમાંથી આઠ ગુરુ કર્યાની વાત આવે છે.

**યદાત્થ માં મહાભાગ તચ્ચિકીર્ષિતમેવ મે ।।**
**બ્રહ્મા ભવો લોકપાલાઃ સ્વર્વાસંમેઽભિકાંક્ષિણઃ ।।૧।।**

ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યુંઃહે મહાભાગ્યવાન્ ઉદ્ધવ! તમે જે કંઈ મને કહ્યું તે જ હું કરવા ઈચ્છું છું. બ્રહ્મા, શંકર, ઈન્દ્ર વગેરે લોકપાલ પણ હવે એમ જ ઈચ્છે છે કે હું તેમના લોકમાં થઈને જ મારા ધામમાં જાઉં ।।૧।।

બ્રહ્માની પ્રાર્થનાથી બલદેવજીની સાથે હું આ લોકમાં જે કાર્ય કરવામાટે આવ્યો હતો તે બધું દેવોનું કાર્ય મેં પૂરું કરી દીધું છે ।।૨।।

હવે આ યદુવંશ જે બ્રાહ્મણોના શાપથી ભસ્મ થઈ ચૂક્યો છે તે પરસ્પર કલહ અને યુદ્ધ થી નષ્ટ થઈ જશે. આજથી સાતમે દિવસે સમુદ્ર આ દ્વારકાપુરીને ડુબાડી દેશે ।।૩।।

હે પ્રિય ઉદ્ધવ! જે ક્ષણે હું આ મર્ત્યલોકનો પરિત્યાગ કરીદઈશ તેજ ક્ષણે તેનાં તમામ મંગલ નષ્ટ થઈ જશે. ત્યારથી લોકમાં પ્રવેશ કરી કલિ લોકોને દુઃખ આપવાનું ચાલુરાખશે ।।૪।।

હે સાધુ ઉદ્ધવ! જ્યારે હું આ પૃથ્વીનો ત્યાગ કરી દઉં ત્યારે તમે અહીં રહેતા નહિ કારણ કે કલિયુગમાં લોકોની રુચિ અધર્મમાં જ રહેશે ।।૫।।

હવે તમે પોતાના આત્મીય જનો અને બંધુ-બાંધવોમાંથી સ્નેહ છોડીને અનન્યપ્રેમથી મારામાં મન સ્થિર કરીને સમદષ્ટિથી પૃથ્વીઉપર ફરતા રહો ।।૬।।

આ જગતમાં જે કંઈ મનથી વિચારવામાં આવે છે, વાણીથી કહેવામાં આવે છે, નેત્રોથી જોવામાં આવે છે, કાનથી સાંભળવામાં આવે છે, ઈન્દ્રિયોથી અનુભવાય છે તે બધું નાશવન્ત છે, સપનાની જેમ મનનો વિલાસ છે તેથી માયા માત્ર છે, મિથ્યા છે-એમ સમજી લો. (અહીં ભગવાને ઉદ્ધવજીને વૈરાગ્ય થાય તેટલા માટે આ જે દેખાય છે તે માયા મનોમય છે એમ કહ્યું છે) ।।૭।।

જે પુરુષનું મન અશાન્ત છે, અસંયત છે તેને જ પાગલની જેમ અનેક વસ્તુઓ જણાય છે, હકીકતમાં તે ચિત્તનો ભ્રમ જ છે. નાનાત્વનો ભ્રમ થઈ જવાથી જ ''આ ગુણ છે'' અને ''આ દોષ છે'' આવા પ્રકારની કલ્પના કરવી પડે છે. જેની બુદ્ધિમાં ગુણ અને દોષ નો ભેદ દઢમૂલ થઈ ગયો છે તેને જ માટે કર્મ, અકર્મ અને વિકર્મરૂપ ભેદનું પ્રતિપાદન થયું છે* ।।૮।।

**વિશેષ : કર્મ** : વેદમાં કહ્યા પ્રમાણે કરવું તે-વિહિત કર્મ. **અકર્મ** : વેદમાં કહ્યા પ્રમાણે ન કરવું તે-વિહિત કર્મનો લોપ. **વિકર્મ** : વેદમાં નિષિદ્ધ કહ્યું હોય તે કરવું તેનું નામ વિકર્મ-નિષિદ્ધ કર્મ.

તેથી હે ઉદ્ધવ! તમે પહેલાં તો પોતાની બધી ઈન્દ્રિયોને પોતાને વશ કરીલો તેમની લગામ તમારા હાથમાં લઈ લો અને માત્ર ઈન્દ્રિયોને જ નહિ, ચિત્તની તમામ વૃત્તિઓને પણ રોકી દો અને પછી એવો અનુભવ કરો કે આ આખું જગત્ પોતાના આત્મામાં જ ફેલાયેલું છે અને આત્મા મારા-સર્વાત્મા ઈન્દ્રયાતીત બ્રહ્મમાં રહેલો છે, મારાથી જુદો નથી ।।૯।।

જ્યારે વેદોનાં મુખ્ય તાત્પર્ય-નિશ્ચયરૂપ જ્ઞાન અને અનુભવરૂપ વિજ્ઞાનથી સારી રીતે સમ્પન્ન થઈ તમે તમારા આત્માના અનુભવમાં જ આનન્દમગ્ન રહેશો અને સમ્પૂર્ણ દેવતા આદિ શરીરધારીઓના આત્મા થઈ જશો ત્યારે કોઈ પણ વિઘ્નથી તમને પીડા નહિ થાય કારણ કે તે વિઘ્નો અને વિઘ્નો કરવાવાળાના આત્મા પણ તમે જ હશો ।।૧૦।।

જે પુરુષ ગુણ અને દોષ-બુદ્ધિથી પર થઈ જાય છે તે બાલકની જેમ નિષિદ્ધ કર્મથી નિવૃત્ત થઈ જાય છે, પરન્તુ દોષ-બુદ્ધિથી નહિ. તે વિહિત કર્મ કરે છે પણ ગુણ-બુદ્ધિથી નહિ ।।૧૧।।

જેણે શ્રુતિઓના તાત્પર્યનું માત્ર યથાર્થ જ્ઞાન જ પ્રાપ્ત નથી કર્યું પરન્તુ તેનો સાક્ષાત્કાર પણ કરી લીધો છે તે સમસ્ત પ્રાણીઓનો હિતૈષી સુહૃદ હોય છે અને તેની વૃત્તિઓ સર્વથા શાન્ત રહે છે. તે આ દેખાતા આખા વિશ્વને મારું જ સ્વરૂપ જાુએ છે તેથી તેને ફરી કદી જન્મ-મૃત્યુનાં ચક્કરમાં પડવું પડતું નથી ।।૧૨।।

**શ્રીશુકદેવજીબોલ્યા** : હે પરિક્ષીત! જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણેઆ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે ભગવાન્‌ના પરમ પ્રેમી ઉદ્ધવજીએ આપને પ્રણામ કરી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિની ઇચ્છાથી આ પ્રશ્નકર્યો ।।૧૩।।

**ઉદ્ધવજીએ કહ્યું** : હે ભગવન્! આપ જ સમસ્ત યોગીઓની ગુપ્ત પૂંજી, યોગોના કારણ અને યોગેશ્વર છો. આપ જ સમસ્ત યોગોના આધાર તેમના કારણ અને યોગસ્વરૂપ પણ છો. આપે મારા કલ્યાણમાટે સન્ન્યાસરૂપ ત્યાગનો ઉપદેશ કર્યો ।।૧૪।।

પરન્તુ હે અનન્ત! જે લોકો વિષયોના ચિન્તન અને સેવનમાં લાગેલા રહે છે, વિષયાત્મા થઈ ગયા છે તેમને માટે વિષય-ભોગો અને કામનાઓનો ત્યાગ અત્યન્ત કઠિન છે. હે સર્વસ્વરૂપ! એમાં પણ જે લોકો આપથી વિમુખ છે તેમને માટે તો આવી જાતનો ત્યાગ સર્વથા અસમ્ભવ જ છે એવો મારો નિશ્ચય છે ।।૧૫।।

હે પ્રભો! હું પણ એવો જ છું. મારી મતિ એટલી બધી મૂઢ થઈ ગઈ છે કે ''આ હું છું'', ''આ મારું છું'' આ ભાવથી હું આપની માયાના ખેલ દેહ અને દેહનાં સમ્બન્ધી સ્ત્રી, પુત્ર, ધન આદિમાં ડૂબી રહ્યો છું. તેથી હે ભગવન્! આપે જે ત્યાગનો ઉપદેશ કર્યો છે તેનું તત્ત્વ મને-આપના સેવકને કૃપા કરીને એવી રીતે

સમજાવો કે હું સહેલાઈથી તેનું સાધન કરી શકું ।।૧૬।।

"તારે જે કરવાનું છે તે બાબત મેં તને ટૂંકાણમાં કહી છે, વિસ્તારથી સમજવું હોય તો કોઈ બીજાની પાસેથી સમજી લેજે" એમ આપ કહેતા હો તો હે ઈશ! આપ ત્રિકાલથી અબાધ્ય સત્યરૂપ પરમાત્મા છો તેથી જ્ઞાન એ આપનામાં સ્વતઃસિદ્ધ છે. આપના જેવા દેવોમાં પણ કોઈ નથી કે જે મને સમજાવી શકે કેમકે બ્રહ્માજી સુધીના બધા દેવો આપની માયામાં મોહિત થઈને અહન્તા-મમતાત્મક સ્ત્રીપુત્ર વગેરે બાહ્ય અર્થનેજ જોનાર છે ।।૧૭।।

હે ભગવન્! તેથી જ દશે દિશાએથી (દુઃખોના દાવાગ્નિથી) દાઝેલો હું વિરકત થઈ આપને શરણે આવ્યો છું. આપ નિર્દોષ દેશકાલથી અપરિચ્છિન્ન, સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને અવિનાશી વૈકુંઠલોકના નિવાસી તેમ જ નરના નિત્ય સખા નારાયણ છો. (તેથી આપ જ મને કૃપા કરીને ઉપદેશ કરો) ।।૧૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે ઉદ્ધવ! સંસારમાં જે મનુષ્યો "આ જગત્ શું છે? તેમાં શું થઈ રહ્યું છે?" ઈત્યાદિ વાતોનો વિચાર કરવામાં નિપુણ છે તેઓ ચિત્તમાં ભરેલી અશુભ વાસનાઓથી પોતાની જાતને પોતે જ પોતાની વિવેકશક્તિથી પ્રાયઃ બચાવી લે છે ।।૧૯।।

સમસ્ત પ્રાણીઓનો, ખાસ કરીને મનુષ્યનો આત્મા પોતાના હિત અને અહિતનો ઉપદેશક ગુરુ છે કારણ કે મનુષ્ય પોતાના પ્રત્યક્ષ અનુભવ અને અનુમાન દ્વારા પોતાના હિત અને અહિત નો નિર્ણય કરવામાં સમર્થ છે ।।૨૦।।

સાંખ્યયોગના નિષ્ણાત ધીરપુરુષો આ મનુષ્યયોનિમાં ઈન્દ્રિયશક્તિ, મનઃશક્તિ આદિના આશ્રયભૂત મારો-આત્મતત્ત્વનો પૂર્ણપણે પ્રગટરૂપથી સાક્ષાત્કાર કરી લે છે ।।૨૧।।

મેં એક પગવાળા, બે પગવાળા, ત્રણ પગવાળા, ચાર પગવાળા, ચારથી વધારે પગવાળા અને પગ વિનાના ઈત્યાદિ અનેક પ્રકારનાં શરીરનું નિર્માણ કર્યું છે. એ બધામાં મને સૌથી વધારે પ્રિય મનુષ્યનું જ શરીર છે ।।૨૨।।

આ મનુષ્ય શરીરમાં એકાગ્રચિત્ત, અપ્રમત્ત (સાવધાન) પુરુષો બુદ્ધિ વગેરે ગ્રહણ કરાતા હેતુઓથી, અનુમાનથી અગ્રાહ્ય અર્થાત્ અહંકાર વગેરે વિષયોથી ભિન્ન, મારો-સર્વ પ્રવર્તક ઈશ્વરનો સાક્ષાત્ અનુભવ કરે છે* ।।૨૩।।

**વિશેષ :** મારા સ્વરૂપના અન્વેષણના બે પ્રકાર છે. -૧. બુદ્ધિ વગેરે જડ પદાર્થોનો પ્રકાશ કોઈ

એક સ્વયમ્પ્રકાશ તત્ત્વ વિના હોઈ શકે નહિ. એક પ્રકારની અર્થાપત્તિ દ્વારા. અર્થાપત્તિ-જ્ઞાનપ્રાપ્તિના પાંચ પ્રકારોમાંનો એક પ્રકાર. બીજી કોઈ રીતે જે સમ્ભવી ન શકે તેવી પરિસ્થિતિની સંયોગો ઉપરથી ફલિત થતા અનુમાન દ્વારા થતી સાબિતી-**અર્થસ્ય અનુકતાર્થસ્ય આપત્તિઃ સિદ્ધિઃ** દા.ત. ''હૃષ્ટપુષ્ટ દેવદત્ત દિવસે ખાતો નથી''. દેવદત્ત હૃષ્ટ-પુષ્ટ છે તે દિવસે ખાતો નથી. ભોજન વિના શરીર પુષ્ટ હોઈ શકે નહિ તેથી તે દિવસે ન ખાતો હોય તો રાતે તો ખાતો હોવો જ જોઈએ એવું અનુમાન.

૨. વાંસલો, કરવત વગેરે કરણ છે તો તેને વાપરનાર સુથાર વગેરે કર્તા હોય જ તે કરણ કાર્ય કરી શકે. અહીં બુદ્ધિ વગેરે જડ સાધનો હોય તેમને કાર્યક્ષમ બનાવનાર કોઈ પ્રેરક (ભગવાન્) હોવા જોઈએ. જડ હોય તે પરપ્રેર્ય (તેમને બીજો પ્રેરણા આપનાર) હોય જ, તો જ તેઓ કામ આપે. બુદ્ધિ વગેરે જડ છે તે ભગવાન્‌થી જ પ્રકાશિત થાય છે.

આમ જ્યાં-જ્યાં કરણત્વ હોય ત્યાં-ત્યાં કર્તૃત્વપ્રયોજ્યત્વ હોય જેમ કે વાંસલો, કરવત. આ 'અન્વય' કહેવાય.

જ્યાં કર્તૃત્વપ્રયોજ્યત્વ નથી ત્યાં કરણત્વ પણ નથી જેમકે આત્મા. અહીં આત્મા શબ્દ પરમાત્માના અર્થમાં વપરાયો છે જે સ્વતન્ત્ર કર્તા છે. આ 'વ્યતિરેક' કહેવાય.

અન્વય વ્યતિરેકનું સરલ દૃષ્ટાન્તઃ અન્વય=જ્યાં-જ્યાં ધૂમાડો હોય ત્યાં-ત્યાં અગ્નિ હોવો જોઈએ જેમ કે પર્વત. વ્યતિરેક=જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધૂમાડો પણ નજ હોય જેમ કે નદી.

આ બાબતમાં મહાત્મા લોકો એક પ્રાચીન ઈતિહાસ કહેતા હોય છે. આ ઈતિહાસ પરમ તેજસ્વી અવધૂત દત્તાત્રેય અને રાજા યદુના સંવાદના રૂપમાં છે ।।૨૪।।

એકવાર ધર્મના મર્મને જાણનાર રાજા યદુએ જોયું કે એક ત્રિકાલદર્શી તરુણ અવધૂત બ્રાહ્મણ નિર્ભય ફરી રહ્યા છે. ત્યારે રાજાએ તેમને પ્રશ્ન કર્યો ।।૨૫।।

**રાજા યદુએ પૂછ્યું :** હે બ્રહ્મન્! આપ પરમ વિદ્વાન હોવા છતાં જેનો આશ્રય લઈ બાલકની જેમ સંસારમાં ફરો છો તેવી અત્યન્ત નિપુણ બુદ્ધિ આપને કયાંથી પ્રાપ્ત થઈ? આપ કર્મ તો કંઈ કરતા નથી ।।૨૬।।

એવું જોવા મળે છે કે મનુષ્ય આયુ, યશ અથવા સૌન્દર્ય-સમ્પત્તિ-ની અભિલાષાથી જ ધર્મ, અર્થ, કામ અથવા તત્ત્વ જિજ્ઞાસામાં પ્રવૃત્ત થાય છે. કોઈનીય કોઈ કારણ વિના પ્રવૃત્તિ જોવા મળતી નથી ।।૨૭।।

આપ કર્મ કરવામાં સમર્થ, વિદ્વાન અને નિપુણ છો. આપનું ભાગ્ય અને સૌન્દર્ય પણ પ્રશંસનીય છે. આપ અમૃત સરખી વાણી બોલી રહ્યા છો, છતાં આપ જડ, ઉન્મત્ત અથવા પિશાચની જેમ રહો છો. આપ કંઈ કર્મ કરતા નથી કે આપને કોઈ કામના નથી ।।૨૮।।

સંસારના મોટા ભાગના લોકો કામ અને લોભ ના દાવાનળમાં બળી રહ્યા છે. વનમાં દાવાગ્નિ લાગતાં જેમ કોઈ હાથી તેમાંથી છૂટી ગંગાજલમાં ક્રીડા કરતો શીતળતાથી ઊભો હોય તેમ આપ સુધી એ દાવાગ્નિની આંચ પણ પહોંચી શકતી નથી. આપ મુકત છો ।।૨૯।।

હે બ્રહ્મન્! આપ પુત્ર, સ્ત્રી, ધન વગેરે સંસારના સ્પર્શથી પણ રહિત છો. આપ સદા સર્વદા પોતાના નકેવલથ સ્વરૂપમાં જ સ્થિત રહો છો. અમે આપને એ પૂછવા માગી છીએ કે આપને આપના આત્મામાં જ એવા અનિર્વચનીય આનન્દનો અનુભવ કેવી રીતે થાય છે? આપ કૃપા કરી અવશ્ય બતાવો ।।૩૦।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે ઉદ્ધવ! અમારા પૂર્વજ મહારાજ યદુની બુદ્ધિ શુદ્ધ હતી અને તેમના હૃદયમાં બ્રાહ્મણ ભકિત હતી. તેમણે પરમ ભાગ્યવાન્ દત્તાત્રેયજીનો અત્યન્ત સત્કાર કરી આ પ્રશ્ન પૂછયો અને નમ્રતાથી મસ્તક નમાવી તેમની સામે ઊભા રહી ગયા. હવે દત્તાત્રેયજીએ કહ્યું ।।૩૧।।

**બ્રહ્મવેત્તા દત્તાત્રેયજીએ કહ્યું :** હે રાજન્! મેં મારી બુદ્ધિથી ઘણા ગુરુઓનો આશ્રય લીધો છે. તેમની પાસેથી શિક્ષા ગ્રહણ કરી હું આ જગતમાં મુકતભાવથી સ્વચ્છન્દ ફરું છું. તમે તે ગુરુઓનાં નામ તથા તેમની પાસેથી હું જે શીખ્યો તે સાંભળો ।।૩૨।।

મારા ગુરુઓનાં નામ આ પ્રમાણે છે. પૃથ્વી, વાયુ, આકાશ, જલ, અગ્નિ, ચન્દ્ર, સૂર્ય, કપોત (કબૂતર), અજગર, સમુદ્ર, પતંગ, ભમરો (કેમધમાખી), હાથી, મધ કાઢનાર, હરણ,માછલું, પિંગલા વેશ્યા, કુરર પક્ષી (ટિટોડી), બાલક, કુંવારીકન્યા, બાણ બનાવવાવાળો, સર્પ, કરોળિયો અને ભૃંગીકીટ ।।૩૩-૩૪।।

હે રાજન્! મેં આ ચોવીસ ગુરુઓનો આશ્રય કર્યો છે અને એમનાં જ આચરણ ઉપરથી આ લોકમાં મારે માટે ઉપદેશ ગ્રહણ કર્યો છે ।।૩૫।।

હે વીરવર યયાતિનન્દન! મેં જેની પાસેથી જે રીતે જે કાંઈ ઉપદેશ ગ્રહણ કર્યો છે તે તમારી સમક્ષ કહું છું તે સાંભળો ।।૩૬।।

મેં પૃથ્વી પાસેથી તેનાં ધૈર્ય અને ક્ષમા ની શિક્ષા લીધી છે. લોકો પૃથ્વી ઉપર કેટકેટલા આઘાત અને ઉત્પાત કરે છે, પરન્તુ તે વેરની વસુલાત કરતી નથી કે રોતી કકળતી નથી. સંસારનાં બધાં પ્રાણી પોતપોતાના પ્રારબ્ધ પ્રમાણે ચેષ્ટા કરી રહ્યાં છે તેઓ અવાર-નવાર જાણ્યે-અજાણ્યે આક્રમણ કરી બેસે છે. ધીર પુરુષે તેની વિવશતા સમજી ધીરજ ન ખોવી જોઈએ તેમ જ ક્રોધ ન કરવો જોઈએ. પોતાના માર્ગ પર અડગતાથી ચાલતા રહેવું ।।૩૭।।

પૃથ્વીના જ વિકાર પર્વત અને વૃક્ષ પાસેથી હું એ શીખ્યો કે જેવી રીતે તેમની બધી ચેષ્ટાઓ સદા સર્વદા બીજાના હિતને માટે જ હોય છે તેમનો જન્મ જ બીજાઓના હિતમાટે જ થયો છે તેવી જ રીતે સાધુ પુરુષે (સજ્જને) તેમનું શિષ્યત્વ સ્વીકારી તેમની પાસેથી પરોપકાર કરવાની શિક્ષા ગ્રહણ કરવી ।।૩૮।।

હું શરીરની અંદરના વાયુ-પ્રાણવાયુ પાસે એ શીખ્યો કે જેવી રીતે તે માત્ર આહારની ઈચ્છા રાખે છે અને તે મળી રહેતાં સન્તુષ્ટ થઈ જાય છે. તેવી જ રીતે સાધક જેટલાથી જીવન નિર્વાહ થઈ રહે તેટલું જ ભોજન કરે. ઈન્દ્રિયોને લાડ લડાવવા ઘણા વિષયોની વાંછના ન કરે. એટલા જ વિષયોનો ઉપભોગ કરે જેનાથી બુદ્ધિ બગડે નહિ, મન ચંચલ ન થાય અને વાણી વ્યર્થ વાતોમાં ન વળગી જાય ।।૩૯।।

શરીરની બહાર રહેતા વાયુ પાસેથી હું એ શીખ્યો કે જેવી રીતે વાયુને અનેક સ્થાનોમાં જવું પડે છે, તો પણ તે કયાંય આસકત થતો નથી, કોઈના પણ ગુણ-દોષ તે અપનાવતો નથી. તેવી જ રીતે સાધક પુરુષ પણ જરૂર પડ્યે વિભિન્ન પ્રકારના ધર્મ અને સ્વભાવવાળા વિષયોમાં જાય પણ પોતાનું લક્ષ્ય ચૂકે નહિ. કોઈના ગુણ કે દોષથી લેપાઈ ન જાય. કોઈમાં આસક્તિ કે દ્વેષ કરે નહિ ।।૪૦।।

ગન્ધ વાયુનો ગુણ નથી, પૃથ્વીનો ગુણ છે પરન્તુ વાયુને ગન્ધ વહન કરવી પડે છે. આમ કરવા છતાં શુદ્ધ જ રહે છે, ગન્ધની સાથે એનો સમ્પર્ક થતો નથી. તેવી જ રીતે સાધકને જ્યાં સુધી આ પાર્થિવ શરીરનો સમ્બન્ધ છે ત્યાં સુધી તેને તેની વ્યાધિ-પીડા, ભૂખ-તરસ વગેરે વહન કરવાં પડે છે; પરન્તુ પોતાને શરીર નહિ, આત્માના રૂપમાં જોનાર સાધક શરીર અને તેના ગુણોનો આશ્રય હોવા છતાં પણ તેમનાથી સર્વથા નિર્લિપ્ત રહે છે ।।૪૧।।

જેટલા પણ ઘટ-મઠ વગેરે પદાર્થ છે તે ચલ હો કે અચલ તેમને લીધે જુદું-જુદું

જણાતું હોવા છતાં આકાશ એક અને અપરિચ્છિન્ન (અખંડ) છે. તેવી જ રીતે ચર-અચર જેટલાં-જેટલાં સૂક્ષ્મ-સ્થૂલ શરીર છે તેમાં આત્મારૂપથી સર્વત્ર સ્થિત હોવાને લીધે બ્રહ્મ બધાંમાં છે. દોરામાં પરોવેલા મણિઓમાં જેમ દોરો વ્યાપ્ત છે તેમ આત્માને અખંડ અને અસંગરૂપથી દેખે. આત્મા એટલો બધો વિસ્તૃત છે કે તેની તુલના કંઈક-કંઈક આકાશની સાથે જ કરી શકાય. તેથી સાધકે આત્માની આકાશરૂપતાની ભાવના કરવી જોઈએ ।।૪૨।।

આગ લાગે છે, પાણી વરસે છે, અન્ન વગેરે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, વાયુની પ્રેરણાથી વાદળ વગેરે આવે છે અને ચાલ્યાં જાય છે. આકાશની દૃષ્ટિમાં આમાંનું કંઈ છે જ નહિ. તેવી જ રીતે ભૂત, વર્તમાન અને ભવિષ્ય ના ચક્કરમાં કોણ જાણે કેટકેટલાં નામ-રૂપોની સૃષ્ટિ અને પ્રલય થાય છે પરન્તુ આત્માની સાથે તેનો કોઈ પણ સંસ્પર્શ નથી ।।૪૩।।

જેવી રીતે સ્વભાવથી જ જલ સ્વચ્છ, સ્નિગ્ધ, મધુર અને પવિત્ર કરનારું હોય છે તથા ગંગા વગેરે તીર્થોનાં દર્શન, સ્પર્શ અને નામના ઉચ્ચારથી પણ લોકો પવિત્ર થઈ જાય છે તેવી જ રીતે સાધકે પણ શુદ્ધ, સ્નિગ્ધ (સ્નેહાળ), મધુરભાષી અને લોકપાવન થવું જોઈએ. જલ પાસેથી શિક્ષા ગ્રહણ કરનાર પોતાના દર્શન, સ્પર્શ અને કીર્તન થી લોકોને પવિત્ર કરી દે છે ।।૪૪।।

હે રાજન્! મેં અગ્નિ પાસેથી એ શિક્ષા લીધી કે જેમ તે તેજસ્વી અને જ્યોતિર્મય હોય છે, જેમ તેને કોઈ પોતાના તેજથી દબાવી શકતું નથી, જેવી રીતે તેની પાસે સંગ્રહ-પરિગ્રહને માટે કોઈ પાત્ર નથી-બધું જ પોતાના પેટમાં જ પધરાવી દે છે અને સર્વનું ભક્ષણ કરવા છતાં વિભિન્ન વસ્તુઓના દોષોથી તે લિપ્ત થતો નથી. તેવી જ રીતે સાધક પણ પરમ તેજસ્વી, તપસ્યાથી દેદીપ્યમાન, ઇન્દ્રિયોથી અપરાજિત, ભોજનમાત્રનો સંગ્રહી અને યથા યોગ્ય બધા વિષયોને ઉપભોગ કરવા છતાં પોતાના મન અને ઇન્દ્રિયો ને વશ રાખે, કોઈનો દોષ પોતાનામાં ન આવવા દે ।।૪૫।।

જેવી રીતે અગ્નિ ક્યાંક (લાકડાં વગેરેમાં) અપ્રગટ રહે છે અને ક્યાંક પ્રગટ તેવી જ રીતે મુનિ પણ ક્યાંક ગુપ્ત રહે અને ક્યાંક પ્રગટ થઈ જાય. તે ક્યાંક-ક્યાંક એવા રૂપમાં પ્રગટ થઈ જાય છે કે જેથી કલ્યાણ કામી પુરુષ તેની ઉપાસના કરી શકે. તે અગ્નિની જેમ જ ભિક્ષારૂપ હવન કરવાવાળાના ભૂત અને ભાવી અશુભને ભસ્મ

કરી દે છે. અગ્નિ જેવી રીતે બીજાની ઇચ્છાથીજ હવિનો ભોગ કરે છે તેવીજ રીતે મુનિ સર્વત્ર દાતાઓની ઈચ્છાને માન આપી ભોજન કરે છે ।।૪૬।।

સાધક પુરુષ એ વાતનો વિચાર કરે છે કે અગ્નિ જાડાં-પાતળાં, લાંબાં-ટૂંકાં, સીધાં-આડાં લાકડાંમાં હોય ત્યારે તે જાડો-પાતળો, લાંબો-ટુકો, સીધો-આડો દેખાય છે, ખરેખર તે તેવો નથી; તેવી જ રીતે સર્વવ્યાપી આત્મા પણ પોતાની માયાથી રચવામાં આવેલા કાર્ય-કારણરૂપ જગતમાં વ્યાપ્ત હોવાને લીધે તે- તે વસ્તુઓનાં નામ-રૂપ સાથે કોઈ સમ્બન્ધ ન હોવા છતાં તેમના રૂપમાં દેખાય છે ।।૪૭।।

મેં ચન્દ્રમાં પાસેથી એ શિક્ષા ગ્રહણ કરી કે, જેની ગતિ જાણી શકાતી નથી તે કાલના પ્રભાવથી ચન્દ્રમાની કલાઓ ઘટતી વધતી રહે છે તો પણ ચન્દ્રમા તો ચન્દ્રમા જ છે તે નથી ઘટતો કે નથી વધતો. તેવી જ રીતે જન્મથી મૃત્યુ પર્યન્ત જેટલી પણ અવસ્થાઓ છે તે બધી શરીરની છે; આત્માની સાથે તેમનો કોઈ પણ સમ્બન્ધ નથી ।।૪૮।।

જેવી રીતે અગ્નિની જ્વાળાઓ કે દીપકની જોત ક્ષણે-ક્ષણે ઉત્પન્ન અને નષ્ટ થતી રહે છે-તેમનો આ ક્રમ નિરન્તર ચાલતો રહે છે પરન્તુ દેખાતો નથી-તેવી જ રીતે જલપ્રવાહના જેવા વેગવાન્ કાલદ્વારા ક્ષણે-ક્ષણે પ્રાણીઓના શરીરની ઉત્પત્તિ અને વિનાશ થતાં રહે છે પરન્તુ અજ્ઞાનને લીધે તે દેખાતાં નથી ।।૪૯।।

હે રાજન્! મેં સૂર્ય પાસેથી એ શિક્ષા ગ્રહણ કરી કે જેવી રીતે તે પોતાનાં કિરણોથી પૃથ્વી ઉપરનું જલ ખેંચે છે અને સમય આવ્યે તે વરસાવી દે છે તેવી જ રીતે યોગી પુરુષ ઇન્દ્રિયોદ્વારા સમય આવ્યે વિષયોને ગ્રહણ કરે છે અને સમય આવ્યે તેમનો ત્યાગ-તેમનું દાન-પણ કરી દે છે. તેને કદાપિ ઇન્દ્રિયોના કોઈ વિષયમાં આસક્તિ હોતી નથી ।।૫૦।।

જાડી બુદ્ધિવાળા પુરુષોને જલનાં જુદાં-જુદાં પાત્રોમાં સૂર્યના જુદાં-જુદાં પ્રતિબિમ્બ પડેલાં જોઈને સૂર્યો અનેક છે એવું જણાય છે, પરન્તુ તેથી સ્વરૂપથી સૂર્ય ઘણા થઈ જતા નથી. તેવી જ રીતે ચલ-અચલ ઉપાધિઓના ભેદથી એવું લાગે છે કે પ્રત્યેક વ્યક્તિમાં આત્મા અલગ-અલગ છે, પરન્તુ જેમને એમ લાગે છે તેમની બુદ્ધિ સ્થૂલ છે. અસલ વાત તો એ છે કે આત્મા સૂર્યની સમાન એક જ છે. સ્વરૂપથી એમાં કોઈ ભેદ નથી ।।૫૧।।

હે રાજા! ક્યાંય કોઈનાઉપર અત્યન્ત સ્નેહ કે આસક્તિન રાખવી જોઈએ, નહિ તો તેની બુદ્ધિ પોતાની સ્વતન્ત્રતા ખોઈ બેસશે અને દીન થઈ જશે. તેને કપોતની જેમ અત્યન્ત કલેશ ઉઠાવવો પડશે. એ હું કપોત (કબૂતર-હોલો)પાસેથી શીખ્યો ।।પ૨।।

કોઈ એક કપોત (કબૂતર) અરણ્યમાં વૃક્ષ ઉપર માળો બાંધીને પોતાની સ્ત્રીની સાથે કેટલાંક વર્ષથી રહેતો હતો ।।પ૩।।

તે કપોત અને કપોતીએ પરસ્પર પ્રેમને લીધે દષ્ટિ સાથે દષ્ટિ, અંગ સાથે અંગ અને બુદ્ધિ સાથે બુદ્ધિ મેળવી દીધાં હતાં ।।પ૪।।

એ બન્ને દમ્પતી સૂવામાં સાથે, બેસવામાં સાથે અને ફરવામાં સાથે રહેતાં હતાં તથા વનમાં ફરતાં હતાં ।।પપ।।

હે રાજન્! કપોતી કપોતને પ્રસન્ન કરતી, કપોતની એની ઉપર કૃપા હતી તેથી જે-જે વસ્તુની તે ઇચ્છા કરતી તે કપોત કષ્ટ વેઠીને પણ લાવી આપતો હતો કેમકે એ કામુક હતો ।।પ૬।।

સમય જતાં કપોતીને પ્રથમ ગર્ભ રહ્યો ત્યારે પોતાના માળામાં પોતાના પતિની હાજરીમાં એણે ઈંડાં મૂક્યાં અને તેમને સેવવા લાગી ।।પ૭।।

સમય ઉપર ભગવાન્‌ની અકળ અચિન્ત્ય અનન્ત શક્તિથી એ ઈંડામાંથી અવયવવાળાં કોમળ રોમાવલીવાળાં બચ્ચાં થયાં ।।પ૮।।

એ બચ્ચાનાં અવ્યકત શબ્દ અને મધુર ભાષણને સાંભળતાં દમ્પતી અત્યન્ત સુખ માનવા લાગ્યાં તેમની ઉપર બહુ હેત કરતાં તેમના પોષણમાં ધ્યાન રાખવા લાગ્યાં ।।પ૯।।

તેમની કોમળ પાંખોનો સ્પર્શ કરતાં તેમનું કૂજન સાંભળતાં અને સુન્દર ચેષ્ટાને જોતાં હતાં. બચ્ચાં થોડાં મોટાં થયાં ત્યારે થોડું-થોડું ઊંચું ઊડવાનો આરમ્ભ કરતાં જોઈને એમને અત્યન્ત હર્ષ થયો ।।૬૦।।

ભગવાન્‌ની માયાથી પરસ્પર સ્નેહથી દમ્પતીનાં હૃદય બંધાયેલા હોઈને તેમના પોષણ વગેરેમાં બહુ કાળજી રાખતાં, મોહને લીધે દીન બનીને તે બન્ને બચ્ચાનું પોષણ કરતાં હતાં ।।૬૧।।

તેઓ પોતાનાં બન્ને બચ્ચાંનાં ચારાને માટે એક દિવસ આગળ પાછળના વનમાં ફર્યાં. પણ મનમાન્યો ખોરાક ન મળતાં ત્યાં એમને ઘણો કાળ ગયો ।।૬૨।।

આ બાજુ એક પારધી દૈવ ઈચ્છાથી ત્યાં આવી ચડ્યો. પોતાના માળાની નજીક ફરતાં તે બચ્ચાંને સંયોગવશાત્ તેણે જોયાં અને તેમનીઉપર જાળ પાથરી એ બચ્ચાંને તેણે પકડી લીધાં ।।૬૩।।

કપોત અને કપોતી તેમના પોષણમાં હંમેશાં તત્પર હતાં. એટલામાં તેઓ પોતાના માળાની પાસે ચારો લઈને આવી પહોંચ્યા ।।૬૪।।

કપોતીએ પોતાનાં વહાલાં નાનાં-નાનાં બચ્ચાંને જાળમાં સપડાયેલા તથા આક્રન્દ કરતાં જોયાં. તેમની આવી હાલત જોઈ કપોતીના દુઃખની કોઈ સીમા ન રહી. રોતી કકળતી તે તેમની પાસે દોડી ગઈ ।।૬૫।।

ભગવાન્‌ની માયામાં મોહિત બનેલી તેનું ચિત્ત અત્યન્ત દીન-દુઃખી થઈ રહ્યું હતું. તે ઊભરાતા સ્નેહની રસ્સીથી જકડાઈ ગઈ હતી. પોતાનાં બચ્ચાંને જાળમાં ફસાયેલાં જોઈને તેને પોતાના શરીરનું પણ ભાન ન રહ્યું (હું મરી જઈશ એવું સ્મરણ ન રહ્યું) અને પોતે પણ જાળમાં જઈ પડી ।।૬૬।।

જ્યારે કપોતે જોયું કે પ્રાણોથી પણ પ્યારાં બચ્ચાં અને પોતાની પ્રાણપ્રિયા પત્ની જાળમાં ફસાઈ ગયાં છે ત્યારે તે અત્યન્તત દુઃખી થઈ વિલાપ કરવા લાગ્યો. ખરેખર એ વખતે તેની દશા અત્યન્ત દયનીય હતી ।।૬૭।।

''અરે! મારાં થોડાં પુણ્ય કે આ મારો નાશ પ્રાપ્ત થયો. હું કામાદિથી તૃપ્ત થયો નથી (મારી આશાઓ સન્તોષાઈ નથી) પુત્રાદિ રમાડી કૃતાર્થ થયો નથી એટલામાં તો જેમાં ધર્મ, અર્થ અને કામ સિદ્ધ થાય તેવો મારો ગૃહસ્થાશ્રમ નાશ પામ્યો ।।૬૮।।

અરર! મારી જે પ્રાણપ્રિયા મને જ પોતાનો ઈષ્ટદેવ સમજતી હતી, મારી એકેએક વાત માનતી હતી, દરેક રીતે મને યોગ્ય હતી તે આજે મને સૂના ઘરમાં રઝળતો મૂકી અમારાં ભલાંભોળા પવિત્ર બચ્ચાંની સાથે સ્વર્ગમાં જઈ રહી છે ।।૬૯।।

મારાં પ્યારાં મરી પરવાર્યાં, મારી પ્રાણપ્રિયા ચાલી ગઈ. મારું હવે આ સંસારમાં શું કામ છે? મારા રંકનું વિધુરજીવન-ગૃહિણી વગરનું જીવન-વ્યથામય જીવન છે. હવે હું આ સૂના ઘરમાં કોને માટે જીવું?'' ।।૭૦।।

હે રાજન્! કપોતનાં બચ્ચાં જાળમાં ફસાઈ જવાથી તરફડી રહ્યાં હતાં, સ્પષ્ટ દેખાતું હતું કે તેઓ મોતના પંજામાં છે પરન્તુ તે મૂરખ કપોત આ બધું જોવા છતાં

પણ એટલો દીન થઈ રહ્યો હતો કે સ્વયં જાણીબૂજીને જાળમાં કૂદી પડ્યો ।।૭૧।।

હે રાજન્! તે પારધી બહુ ક્રૂર હતો. ગૃહસ્થ કપોત, કપોતી અને તેમનાં બચ્ચાં મળી જવાથી તે બહુ રાજી થયો. તે સમજ્યો કે મારું તો કામ પૂરું થયું. તેથી તેમને બધાંને લઈને તે ત્યાંથી ઘર તરફ ચાલતો થયો ।।૭૨।।

જે કુટુમ્બી છે, વિષયો અને લોકો ના સંગ સાથમાં જ જેને સુખ મળે છે અને પોતાના કુટુમ્બના ભરણ-પોષણમાં જ જે સુધ-બુધ ખોઈ બેસે છે તેને ક્યારેય શાન્તિ મળતી નથી. તે પેલા કપોત (કબૂતર-હોલા) ની જેમ પોતાના કુટુમ્બની સાથે કષ્ટ પામે છે ।।૭૩।।

**યઃ પ્રાપ્ય માનુષં લોકં મુક્તિદ્વારમપાવૃતમ્ ।।**
**ગૃહેષુ ખગવત્ સક્તસ્તમારૂઢચ્યુતં વિદુઃ ।।૭૪।।**

જેમાં મુકિતનાં દ્વાર ખુલ્લાં છે તેવા આ મનુષ્ય શરીરને મેળવીને પણ જે ઉપર કહેલા કપોતની જેમ ઘર-ગૃહસ્થીમાં જ આસકત રહે છે તે ઘણું ઊંચે ચડીને પણ પડી રહ્યો છે. શાસ્ત્રની ભાષામાં તે **'આરૂઢચ્યુત'** છે ।।૭૪।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલાં જીવમુક્તિ પ્રકરણનો બીજો અને ચાલુ)''ભગવાને ઉદ્ધવજીને કહેલો યદુરાજા અને અવધૂત નો સંવાદ'' નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

''હે શ્રીવલ્લભ! આપની આજ્ઞાથી વિપરીત (દેવદ્રવ્યનો પ્રસાદ ખાઈ શકાય, દક્ષિણા લઈને ભાગવત કથા કરી શકાય, સેવા ન કરનાર પણ બ્રહ્મસમ્બન્ધ લઈ શકે વગેરે) ઉપદેશ કરનારા ભાન ભૂલેલા છે. તેઓ બધા અન્ધન્તમ ઘોર નરકમાં પડનારા સહજ આસુરી જીવો છે'' **(શ્રીગુસાંઈજી)**

## અધ્યાય ૮

## અવધૂત અજગર આદિ નવ ગુરુ પાસેથી શીખ્યા એ કહે છે

**વિશેષ :** અજગર વગેરે નવ ગુરુઓ પાસેથી સમ્પાદન કરેલ જ્ઞાનનો હરિ ભગવાન્ અવધૂતનાં વચનોમાં ઉદ્ધવજીને કહે છે. આટલી વાત આ આઠમા અધ્યાયમાં આવે છે.

**સુખમૈન્દ્રિયકં રાજન્ સ્વર્ગે નરક એવ ચ ।।**

**દેહિનાં યદ્ યથા દુઃખં તસ્માન્નેચ્છેત તદ્ બુધઃ ।।૧।।**

**અવધૂત દત્તાત્રેયજી બોલ્યા** : હે રાજા! જેવી રીતે પ્રાણીઓને ઈચ્છા વિના, કોઈ પણ પ્રયત્ન વિના, રોકવામાટે પ્રયત્ન કરવા છતાં, પૂર્વકર્માનુસાર દુઃખ પ્રાપ્ત થાય છે તેવી જ રીતે સ્વર્ગમાં કે નરકમાં ક્યાંય પણ રહે તેમને ઈન્દ્રિય સમ્બન્ધી સુખ પણ પ્રાપ્ત થાય જ છે. તેથી સુખ અને દુઃખ નું રહસ્ય જાણવાવાળા બુદ્ધિમાન્ પુરુષે સુખની ઈચ્છા કે તેને માટે પ્રયત્ન કરવો નહિ ।।૧।।

વગર માગ્યે, વગર ઈચ્છાએ સ્વયં અનાયાસ જે કંઈ મળી આવે તે રૂખું-સૂકું હોય, મધુર અને સ્વાદિષ્ટ હોય, બહુ હોય કે થોડું હોય, બુદ્ધિમાન્ પુરુષે અજગરની જેમ તે જ ખાઈને જીવન નિર્વાહ કરી લેવો અને ઉદાસીન રહેવું ।।૨।।

કદાચ ભોજન ન પણ મળે તો તેને પ્રારબ્ધ-ભોગ સમજી કોઈ જાતની પ્રવૃત્તિ ન કરે, દિવસોના દિવસો ભૂખ્યો જ પડ્યો રહે. અજગરની જેમ કેવલ પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થયેલ ભોજનથી જ તે સન્તુષ્ટ રહે ।।૩।।

તેના શરીરમાં મનોબળ, ઈન્દ્રિયબળ અને દેહબળ ત્રણેય હોવાં છતાં તે નિશ્ચેષ્ટ જ રહે. નિદ્રારહિત હોવા છતાં સૂતેલાની જેમ રહે અને કર્મેન્દ્રિયો સશકત હોવા છતાં કોઈ ચેષ્ટા ન કરે. હે રાજન્! અજગર પાસેથી હું આટલી વાતો શીખ્યો. (**'શયાન'**સૂતેલો અર્થાત્ વૃત્તિ-પ્રવૃત્તિ શૂન્ય. **'વીતનિદ્રઃ'** ભગવચ્ચિન્તન, પ્રભુપ્રાપ્તિ, વિપ્રયોગ વગેરે ભાવોમાં સર્વદા અત્યન્ત સાવધાન) ।।૪।।

સમુદ્ર પાસેથી હું એ શીખ્યો કે સાધકે સર્વદા બહાર પ્રસન્ન અને અંદર ગમ્ભીર રહેવું જોઈએ. તેનો ભાવ અથાહ, અપાર અને અસીમ હોવો જોઈએ તથા કોઈ પણ કારણથી તેને ક્ષોભ (માનસિક કે શારીરિક ખળભળાટ) ન થવા જોઈએ એટલે કે ભરતી-ઓટ-તરંગો વિનાના શાન્ત સમુદ્રના જેવા થવું જોઈએ ।।૫।।

સમુદ્ર વર્ષાઋતુમાં નદીઓનાં પૂરનાં પાણીથી વધતો નથી કે ઉનાળામાં જળ સુકાતાં એ ઘટતો નથી; તેવી જ રીતે ભગવત્પરાયણ સાધકે પણ સાંસારિક પદાર્થોની પ્રાપ્તિથી ન તો પ્રફુલ્લિત થવું જોઈએ અને ન તો તેમના ઘટવાથી ઉદાસ થવું જોઈએ ।।૬।।

હે રાજન્! *પતંગિયા પાસેથી મેં શિક્ષા ગ્રહણ કરી કે જેવી રીતે તે રૂપ ઉપર મોહિત થઈ જઈ આગમાં કૂદી પડે છે તેવી જ રીતે પોતાની ઈન્દ્રિયોને વશ ન રાખનારો પુરુષ પરમાત્માની માયારૂપી સ્ત્રીના રૂપ અને હાવભાવમાં લોભાઈને ઘોર

અન્ધકારમાં, નરકમાં પડી પોતાનું અધઃપતન નોતરે છે. ખરેખર સ્ત્રી એક એવી માયા છે કે જેનાથી જીવ ભગવત્ પ્રાપ્તિ કે મોક્ષપ્રાપ્તિથી વંચિત રહી જાય છે ।।૭।।

**વિશેષ : કુરંગમાતંગપતંગભૃંગમીનાહતાઃ પંચભિરેવ પંચ। એકઃ પ્રમાદી સ કથં ન હન્યતે યઃ સેવતે પંચભિરેવ પંચ।।** અર્થાત્ મૃગ, હાથી, પતંગિયું, માછલું અને ભમરો એ પાંચેય પ્રાણીઓ એક-એક જ્ઞાનેન્દ્રિયને વશ થઈને હણાઈ જાય છે, તો જેની પાંચેય ઈન્દ્રિયો વશમાં ન હોય તેના માટે શું કહેવું? એ તો હણાયેલો જ છે.

જે મૂઢ કામિની, કાંચન, ઘરેણાં, કપડાં આદિ નાશવાન્ માયિક પદાર્થોમાં ફસાયેલો હોય છે અને જેની સમ્પૂર્ણ ચિત્તવૃત્તિ તેમના ઉપભોગને માટે જ આસકત રહે છે તે પોતાની વિવેકબુદ્ધિ ખોઈ નાખી પતંગિયાની જેમ નાશ પામે છે ।।૮।।

હે રાજન્! જેમ મધમાખી પુષ્પનો નાશ ન કરતાં એનો થોડો સાર લઈને એમાં આસક્તિ છોડી પોતાનું કામ ચલાવે છે તેમ સન્ન્યાસી ગૃહસ્થોને બોજારૂપ થયા વિના તેમને કોઈ પણ પ્રકારનું કષ્ટ આપ્યા સિવાય મધમાખીની જેમ પોતાનો જીવન-નિર્વાહ કરે. દેહ નિર્વાહ થાય તેટલું જ અનેક પાસેથી લઈને જીવન ચલાવે. (નહિ તો એક જ કમલની ગન્ધમાં આસકત થઈ ગયેલો ભમરો જેવી રીતે કમલ બિડાઈ જતાં તેમાં પુરાઈ નષ્ટ થઈ જાય છે તે જ રીતે સ્વાદના લોભે એક જ ગૃહસ્થનું અન્ન ખાવાથી તેના સાંસર્ગિક મોહમાં ફસાઈ જઈ સન્ન્યાસી પણ નષ્ટ થઈ જાય) ।।૯।।

જેવી રીતે મધમાખી જુદાં-જુદાં અનેક ફૂલોમાંથી તે નાનાં હોય કે મોટાં તેમના સારનો જ સંગ્રહ કરે છે તેવી જ રીતે બુદ્ધિમાન્ પુરુષે નાનાં-મોટાં બધાં શાસ્ત્રોમાંથી તેમનો સાર જ ગ્રહણ કરવો ।।૧૦।।

હે રાજન્! મેં મધમાખી પાસેથી એ શિક્ષા લીધી કે સન્ન્યાસીએ સાંજ અથવા બીજા દિવસમાટે ભિક્ષાનો સંગ્રહ ન કરવો જોઈએ. તેની પાસે ભિક્ષા લેવાને માટે કોઈ પાત્ર હોય તો હાથ અને રાખવાને માટે કોઈ વાસણ હોય તો પેટ. તે કદી સંગ્રહ ન કરી બેસે, નહિ તો મધમાખીઓની જેમ તેનો પણ નાશ થઈ જાય છે ।।૧૧।।

આ વાત બરાબર સમજી લેવી જોઈએ કે સન્ન્યાસી સવાર કે સાંજ માટે કોઈ પ્રકારનો સંગ્રહ ન કરે. જો કરશે તો મધમાખીઓની જેમ બધો સંગ્રહ અને પોતાનું જીવન પણ ગુમાવી બેસશે ।।૧૨।।

હે રાજન્! હાથી પાસેથી હું એ શીખ્યો કે સન્ન્યાસી કયારેય પગથી પણ કાષ્ઠની

પુતળીનો પણ સ્પર્શ ન કરે. જો કરશે તો જેવી રીતે હાથણીના અંગ-સંગથી હાથી બંધાઈ જાય છે તેવી જ રીતે તે પણ બંધાઈ જશે. (હાથી પકડવામાટે મોટા ખાડા ખોદી ઉપર હલકાં લાકડાં અને ઘાસ ઢાંકી દેવામાં આવે છે. તેના ઉપર કાગળની હાથણી ઊભી કરવામાં આવે છે. તેમાં મોહિત થઈ હાથી હાથણીના સ્પર્શના લોભથી ત્યાં આવે છે અને ખાડામાં પડે છે એને ઘણા દિવસ ભૂખે મારી નિર્બળ કરીને પછી એને વશ કરે છે) ।।૧૩।।

વિવેકી પુરુષ કયારેય પણ કોઈ પણ સ્ત્રીનો ભોગ્યરૂપે સ્વીકાર ન કરે, કારણ કે તે મૂર્તિમાન મૃત્યુ છે. જો તે સ્વીકાર કરશે તો બીજા હાથીઓ જેમ તે હાથીને મારી નાખી હાથણીઓનો ભોગ બળવાળો હાથી કરે છે તેમ બીજા વધારે બલવાન પુરુષો તેને મારી નાખશે ।।૧૪।।

મધ કાઢનાર પાસેથી લીધેલ ઉપદેશની વાત કહું છું. જેમ મધમાખીએ ભેગું કરેલું મધ તે મેળવનાર લોકો મધમાખીને મારી નાખીને લઈ જાય છે તેમ આ સંસારમાં લોભી માણસો મહા મુશ્કેલીએ ધનનો સંચય કરે છે તે મેળવવામાં અતિ ક્લેશને સહન કરે છે છતાં તે સંચિત ધન નથી તો તેઓ કોઈને દાન કરતા કે નથી તેઓ પોતે તેનો ઉપભોગ કરતા. આ ધનને બીજો કોઈ માણસ જ ભોગવે છે ।।૧૫।।

મધમાખીઓએ એકઠું કરેલું મધ તેઓ ખાય તે પહેલાં જ મધુહારી (મધ કાઢનાર) તેનો સ્વાદ માણી લે છે. તેવી જ રીતે ગૃહસ્થો ઘણાં કષ્ટ વેઠીને સંચિત કરેલા પદાર્થોથી સુખભોગની અભિલાષા રાખે છે તે પદાર્થો તેમનાથી પણ પહેલાં સન્ન્યાસી અને બ્રહ્મચારી ભોગવે છે, કારણ કે ગૃહસ્થ તો પહેલાં અતિથિ અભ્યાગતોને ભોજન કરાવી પછી જ પોતે ભોજન કરે છે ।।૧૬।।

વનમાં ફરનાર હરિણને પારધી પકડવા આવે ત્યારે એ ગીત ગાય છે. તેમાં એ મોહિત થઈ એની પાસે જાય છે, ત્યારે પારધી એને બાંધી લઈને મારી નાખે છે માટે વનવાસી સન્ન્યાસીએ કદી વિષય સમ્બન્ધી ગીત સાંભળવાં ન જોઈએ ।।૧૭।।

હરણીના ગર્ભથી જન્મેલા (વિભાંડ ઋષિના પુત્ર) ઋષ્યશૃંગ મુનિ સ્ત્રીઓના નૃત્ય જોઈને તથા ગીત અને વાજિન્ત્રને સાંભળીને સ્ત્રીઓને વશ થઈ ગયા હતા તેમના હાથની કઠપૂતળી બની ગયા હતા. એ તો તમે જાણો જ છો ।।૧૮।।

હવે હું તમને માછલાની શીખ સંભળાવું છું. જેવી રીતે માછલું કાંટામાં લગાડેલ માંસના ટુકડાના લોભથી પોતાના પ્રાણ ગુમાવી બેસે છે તેવી જ રીતે સ્વાદના લોભી

દુર્બુદ્ધિ મનુષ્ય પણ પોતાના મનને મથી નાખી વ્યાકુલ કરી દેનાર જિહ્વાને વશ થઈ જાય છે અને માર્યો જાય છે ।।૧૯।।

વિવેકી પુરુષ ભોજન લેવું બંધ કરી બીજી ઈન્દ્રિયો ઉપર તો બહુ જલદી વિજય મેળવી લે છે પરન્તુ તેથી તેની રસના ઈન્દ્રિય (જીભ) વશ થતી નથી. તે તો ભોજન બંધ કરવાથી તો વધારે પ્રબલ થઈ જાય છે ।।૨૦।।

મનુષ્ય બીજી બધી ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરી લેવા છતાં તે જ્યાં સુધી રસના ઈન્દ્રિયને પોતાને વશ નથી કરી લેતો ત્યાં સુધી તે જિતેન્દ્રિય નથી થઈ શકતો અને રસના ઈન્દ્રિયને વશ કરી લીધી તેની તો બધી જ ઈન્દ્રિયો વશ થઈ ગઈ માનવી ।।૨૧।।

હે નૃપનન્દન! પ્રાચીન કાલની વાત છે. વિદેહનગરી મિથિલામાં એક વેશ્યા રહેતી હતી. તેનું નામ *પિંગલા હતું. હું એની પાસેથી જે શીખ્યો તે કહું છું. સાવધાન થઈને સાંભળો ।।૨૨।।

**વિશેષ : પિંગલા ૧. પિંગં સ્વર્ણં લાતિ સ્વીકરોતિ નિજદેહાર્પણેન**-દેહ અર્પણ કરી દઈને બદલામાં જે સોનું લે તે. **૨. પિંગં પિતામ્બરં શ્રીકૃષ્ણં લાતિ ઈતિ વા**-પિતામ્બર શ્રીકૃષ્ણને સ્વીકારે છે તે.

તે સ્વેચ્છાચારિણી તો હતી જ, રૂપવતી પણ હતી. એક દિવસે રાત્રે કોઈ પુરુષને પોતાના રમણસ્થાનમાં લાવવામાટે ખૂબ ઉત્તમ વસ્ત્રાભૂષણો ધારણ કરી ઘણો વખત પોતાના ઘરના બહારના દરવાજે ઊભી રહી ।।૨૩।।

હે નરરત્ન! એને પુરુષની કામના ન હતી પરન્તુ ધનની કામના હતી. એના મનમાં એ કામના એટલી બધી દૃઢમૂલ થઈ ગઈ હતી કે તે કોઈ પણ પુરુષને ત્યાંથી આવતો જતો જોઈ એમજ ધારવા લાગતી કે આ કોઈ ધનિક છે અને મને ધન આપીને મારો ઉપભોગ કરવામાટેજ આવી રહ્યોછે ।।૨૪।।

જ્યારે આવતા જતા માણસો આગળ નીકળી જતા ત્યારે તો ફરી તે સંકેતજીવિની વેશ્યા એમ જ વિચારતી કે હવે તો કોઈ એવો ધનવાન અવશ્ય આવશે કે જે મને ઘણું ધન આપશે ।।૨૫।।

તેના ચિત્તની આ દુરાશા વધતી જ જતી હતી. તે ઘણા વખત સુધી દ્વાર પર બેસી રહી. તેની ઊંઘ ઊડી ગઈ. ઘડીક તે અંદર જતી તો ઘડીક બહાર આવતી. આ પ્રમાણે મધરાત થઈ ગઈ ।।૨૬।।

હે રાજા! ધનની આશા-લોભ ભારે ભૂંડી ચીજ છે. ધનિકની વાટ જોતાં-જોતાં તેનું મોઢું સુકાઈ ગયું, ચિત્ત વ્યાકુલ થઈ ગયું. હવે તો તેને આ વૃત્તિથી કંટાળો આવ્યો અને તીવ્ર વૈરાગ્ય થઈ આવ્યો. તેમાં દુઃખ બુદ્ધિ થઈ ગઈ. એ વાતમાં તો શંકા નથી કે આ વૈરાગ્યનું કારણ ચિંતાજ હતું. પણ આવો વૈરાગ્ય પણ સુખ આપે છે ॥૨૭॥

જ્યારે પિંગલાના ચિત્તમાં આ પ્રમાણે વૈરાગ્યની ભાવના જાગી ત્યારે તેણે એક ગીત ગાયું. એ તમને સંભળાવું છું. હે રાજા! મનુષ્યને આશારૂપી બંધન છે તેને તલવારની માફક કાપી નાખનાર કોઈ વસ્તુ હોય તો તે કેવલ વૈરાગ્ય છે ॥૨૮॥

હે પ્રિય રાજન્! જેવી રીતે અજ્ઞાની પુરુષ મમતા છોડવાની ઈચ્છા પણ કરતો નથી તેવી રીતે જે બખેડા (સંસારનાં દુઃખો) થી કંટાળ્યો નથી અને જેને વૈરાગ્ય થયો નથી તે શરીરને બંધનમાં રાખનાર વિષયોની આશાને છોડવા માગતો નથી ॥૨૯॥

**પિંગલા બોલી** : હાય! હાય! હું ઈન્દ્રિયોને અધીન થઈ ગઈ. ભલા, મારા મોહનો વિસ્તાર તો જાુઓ. હું આ દુષ્ટ પુરુષો કે જેમનું કોઈ અસ્તિત્વજ નથી તેમની પાસેથી વિષયસુખની અને ધનની લાલસા રાખું છું. કેટલા દુઃખની વાત છે! હું ખરેખર મૂર્ખ છું ॥૩૦॥

જુઓ તો ખરા, મારી નિકટમાં નિકટ હૃદયમાં જ મારાં સાચા સ્વામી ભગવાન્ બિરાજમાન છે. તે સાચો પ્રેમ, સુખ અને પરમાર્થ નું નક્કર ધન પણ આપનારા છે. જગતના પુરુષો અનિત્ય છે અને ભગવાન્ નિત્ય છે. અરેરે! મેં એમને તો છોડી દીધા અને એવા તુચ્છ મનુષ્યોનું સેવન કર્યું જે મારી એક પણ કામના પૂરી ન કરી શકે તેવા છે. ઉલટાના તેઓ દુઃખ અને ભય, આધિ અને વ્યાધિ, શોક અને મોહ જ આપનારા છે. મારી મૂર્ખતાની એ હદ છે કે હું એમનું સેવન કરું છું ॥૩૧॥

ઘણા ખેદની વાત છે કે મેં અત્યન્ત નિન્દનીય આજીવિકા વેશ્યાવૃત્તિનો આશ્રય લીધો અને વ્યર્થ જ મારા શરીરને અને મનને પીડા પહોંચાડી. મારું આ શરીર વેંચાઈ ગયું છે. લમ્પટ, લોભી અને નિન્દનીય મનુષ્યોએ તે ખરીદી લીધું છે અને હું એટલી બધી મૂર્ખ છું કે આ જ શરીરથી ધન અને રતિસુખ મેળવવા માગું છું. મને ધિક્કાર છે! ॥૩૨॥

આ શરીર એક ઘર છે. તેમાં હાડકાંરૂપી આડા-ઉભાં વાંસ અને થાંભલા લાગેલા

છે. ચામ, રૂવાં અને નખોથી છાયેલું છે. તેમાં નવ દરવાજા છે, જેમાંથી મળ નીકળતા જ રહે છે. તેમાં સંચિત સમ્પત્તિ ખાતે માત્ર મળ-મૂત્ર છે. મારા સિવાય એવી કઈ સ્ત્રી હશે કે જે આ સ્થૂલ શરીરને વહાલું ગણીને તેનું સેવન કરે? ।।૩૩।।

આમ તો આ વિદેહો-જીવન્મુક્તોની નગરી છે, પરન્તુ તેમાં હું જ સૌથી મૂર્ખ અને દુષ્ટ છું કારણ કે એકલી હું જ આત્માનું દાન કરનાર, અવિનાશી અને પરમ પ્રિયતમ પરમાત્માને છોડી બીજા પુરુષની અભિલાષા કરું છું ।।૩૪।।

મારા હૃદયમાં બિરાજમાન પ્રભુ સમસ્ત પ્રાણીઓના હિતૈષી, સુહૃદ, પ્રિયતમ, સ્વામી અને આત્મા છે. હવે હું મારી જાતને સમર્પી એમને જ ખરીદી લઈશ અને તેમની સાથે લક્ષ્મીજીની જેમ વિહાર કરીશ ।।૩૫।।

ઓ મારા મૂર્ખ ચિત્ત! તું બતાવ તો ખરું કે જગતના વિષયભોગોએ અને તે આપનારા પુરુષોએ તને કેટલું સુખ આપ્યું છે? અરે! તેઓ પોતે જ જનમતા અને મરતા રહે છે. હું માત્ર મારી જ વાત નથી કરતી, માત્ર મનુષ્યોની પણ નહિ; દેવતાઓએ પણ ભોગોથી પોતાની પત્નીઓને સન્તુષ્ટ કરી છે? તે બીચારા પોતે જ તો કાલની દાઢો વચ્ચે કણ કણી રહ્યા છે ।।૩૬।।

ખરેખર મારા કોઈ શુભ કર્મથી ભગવાન્ વિષ્ણુ મારા ઉપર પ્રસન્ન છે ત્યારે સુખ આપનાર, દુષ્ટ આશાનો અન્ત કરનાર, વૈરાગ્ય મને પ્રાપ્ત થયો અવશ્ય આ મારો વૈરાગ્ય સુખ આપનાર નીવડશે ।।૩૭।।

જે વૈરાગ્યવડે મનુષ્ય દેહ, ગેહ વગેરેમાંની અહન્તા-મમતાનો ત્યાગ કરી શાન્તિરૂપ મોક્ષ અથવા ભગવાન્‌ના ચરણને પ્રાપ્ત થાય છે તે વૈરાગ્ય ઉપજાવનારા ક્લેશો મારા જેવી મન્દ ભાગ્યવાળીને પ્રાપ્ત થયા એ કેવલ ભગવત્કૃપા જ છે ।।૩૮।।

હવે હું ભગવાન્‌નો આ ઉપકાર આદરપૂર્વક મસ્તક નમાવી સ્વીકારું છું અને વિષયભોગોની દુષ્ટ આશાઓને છોડી દઈ તે જ જગદીશ્વર (સર્વેશ્વર)નું શરણ સ્વીકારું છું ।।૩૯।।

હવે મને મારા પ્રારબ્ધ પ્રમાણે જે કંઈ મળી રહેશે તેનાથી જ નિર્વાહ કરી લઈશ અને અત્યન્ત સન્તોષ અને શ્રદ્ધા ની સાથે રહીશ. હવે બીજા કોઈ પણ પુરુષ તરફ દૃષ્ટિ પણ કર્યા વિના મારા હૃદયેશ્વર, આત્મસ્વરૂપ પ્રભુની સાથે જ હું વિહાર કરીશ ।।૪૦।।

આ જીવ સંસારરૂપી કૂવામાં પડેલો છે. વિષયોએ તેને અંધ બનાવી દીધો છે, કાલરૂપી અજગરે તેને મોંમાં દબાવી રાખ્યો છે. આવા જીવની રક્ષા ભગવાન્ સિવાય બીજો કોણ કરી શકવાને શક્તિમાન છે? ।।૪૧।।

જો મનુષ્ય સાવધાન રહી કાળરૂપી અજગર આ જગતને ગળી રહ્યો છે એમ જાણી આ સંસારથી વૈરાગ્ય પ્રાપ્ત કરે તો પોતાના આત્માથી જ પોતાનો ઉદ્ધાર જીવ કરી શકે છે. તેથી મારા આત્માના ઉદ્ધારમાટે પણ હું ભગવાન્‌ને ભજવાની નથી. કેવળ નિર્હેતુક પ્રેમથી એમને ભજીશ ।।૪૨।।

**અવધૂત દત્તાત્રેયજી બોલ્યા :** હે રાજન્! આ પ્રમાણે નિશ્ચય કરીને પોતાના પ્રિય ધનવાનોની દુરાશા તેમને મળવાની લાલસા છોડી દઈને પિંગલા વેશ્યા શાન્તિપૂર્વક પોતાની શય્યામાં સૂઈ ગઈ ।।૪૩।।

**આશા હિ પરમં દુઃખં નૈરાશ્યં પરમં સુખમ્ ।।**
**યથા સઞ્છિદ્ય કાન્તાશાં સુખં સુષ્વાપ પિંગલા ।।૪૪।।**

(આખ્યાનનો સાર) આશા જ સૌથી મોટું (પરમ) દુઃખ છે. નિરાશા (કોઈની આશા જ ન રાખવી) તે જ સૌથી મોટું (પરમ) સુખ છે. જેમ પિંગલા વેશ્યાએ જ્યારે કાન્તની આશા છોડી દીધી ત્યારે જ તે સુખપૂર્વક સૂઈ શકી તેમ કોઈની આશા ન રાખે તો જ માણસ સુખી થાય ।।૪૪।।

**ઇતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્ય મુક્તિ નામના પ્રકરણનો ત્રીજો અને ચાલુ) ''અવધૂત અજગર આદિ નવ ગુરુ પાસેથી શીખ્યો એ કહે છે'' નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૯

## અવધૂતના બોધથી યદુ કૃતાર્થ થયા

**વિશેષ :** ટિટોડી અને શરીર વગેરેથી શીખ્યા તે અવધૂત દત્તાત્રેયજીએ કહ્યું ત્યારે યદુરાજા કૃતાર્થ થયા એમ શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને આ નવમાં અધ્યાયમાં કહે છે.

**પરિગ્રહો હિ દુઃખાય યદ્ યત્ પ્રિયતમં નૃણામ્ ।।**
**અનન્તં સુખમાપ્નોતિ તદ્ વિદ્વાન્ યસ્ત્વકિંચનઃ ।।૧।।**

**અવધૂત દત્તાત્રેયજીએ કહ્યું :** મનુષ્યો જેને-જેને પોતાનું પ્રિય ગણીને સંગ્રહ કરે છે તે જ એને દુઃખ આપનાર થાય છે. જે બુદ્ધિમાન્ પુરુષ આ વાત સમજી અકિંચન ભાવથી રહે છે તેને અનન્ત સુખ (સ્વરૂપ પરમાત્મા)ની પ્રાપ્તિ થાય છે ।।૧।।

એક ટિટોડી (કુરર પક્ષી) ચાંચમાં માંસનો ટુકડો લઈને જતી હતી. તે વખતે બીજાં બલવાન્ પક્ષીઓ જેમની પાસે માંસ ન હતું તેઓ તેની પાસેથી તે પડાવી લેવામાટે તેના ઉપર ચાંચના પ્રહાર કરવા લાગ્યા. જ્યારે તે ટિટોડીએ તે માંસનો ટુકડો ફેંકી દીધો ત્યારે બધાં પક્ષીઓ માંસ પાછળ પડ્યાં એટલે ટિટોડી સુખેથી જતી રહી. આ ઉપરથી હું એ શીખ્યો કે કોઈ પદાર્થને પાસે ન રાખવો; રાખવાથી ટિટોડીની જેમ દુઃખ થાય; તેથી નિષ્કિંચન રહેવું શ્રેષ્ઠ છે ।।૨।।

મારે માન-અપમાન જેવું કંઈ છે જ નહિ અને ઘર તથા પરિવારવાળાઓને જે ચિન્તા થતી હોય છે તે મને નથી. મારા આત્મામાં જ હું રમું છું અને મારી સાથે જ હું ક્રીડા કરું છું. આ શિક્ષા મેં બાલક પાસેથી ગ્રહણ કરી છે ।।૩।।

આ જગતમાં બે જ પ્રકારનાં મનુષ્યો નિશ્ચિન્ત અને પરમાનન્દમાં મગ્ન રહે છે-એક તો ભલું-ભોળું નિશ્ચેષ્ટ નાનકડું બાલક અને બીજો તે પુરુષ જે ગુણાતીત થઈ ગયો હોય ।।૪।।

એકવાર કોઈ કુંવારી કન્યાને ઘેર તેનું વરણ કરવામાટે કેટલાક લોકો આવ્યા હતા. તે દિવસે તેના ઘરનાં માણસો ક્યાંક બહાર ગયેલાં હતાં. તેથી તેણે પોતે તેમની આગતા-સ્વાગતા કરી ।।૫।।

હે રાજન્! તેમને ભોજન કરાવવામાટે ઘરની અંદરના ભાગમાં તે કમોદ ખાંડવા લાગી. તે વખતે તેણે પહેરેલી ચૂડીઓ જોરજોરથી ખખડવા લાગી ।।૬।।

આ અવાજને નિન્દિત[1] સમજી કુમારીને ભારે શરમ આવી અને તેણે એક-એક કરીને બધી ચૂડીઓ વધાવી[2] લીધી અને બન્ને હાથમાં માત્ર બબ્બે જ રહેવા દીધી ।।૭।।

**વિશેષ :** ૧. કારણ કે તે વખતે તે જાતે ખાંડી રહી છે એ વાત છતી થાય અને તેથી ઘર દરિદ્ર છે એ વાત સ્પષ્ટ થઈ જાય.

૨.ચૂડી વધાવવી=ચૂડી ઉતારવી, તોડી નાખવી. ('ઉતારવી' શબ્દ અમંગલ છે તેથી)

તેણે ફરીથી ખાંડવાનું કામ આગળ ચલાવ્યું, પરન્તુ તે બબ્બે ચૂડીઓ પણ

ખખડવા લાગી ત્યારે તેણે ફરી બન્ને હાથમાંથી એક-એક ચૂડી વધાવી લીધી અને બન્ને હાથમાં એક-એક જ ચૂડી રહેવા દીધી, ત્યારે કોઈ જાતનો અવાજ ન થયો ।।૮।।

હે અરિન્દમ *રાજા યદુ! તે વખતે લોકોનો આચાર-વિચાર જોવાને માટે આમ-તેમ ફરતો હું પણ ત્યાં જઈ ચડ્યો. હું એની પાસેથી એ શીખ્યો કે જ્યારે ઘણાં માણસો સાથે રહેતાં હોય છે ત્યારે કલહ થાય છે અને બે માણસો સાથે રહે છે ત્યારે પણ વાત-ચીત તો થતી જ હોય છે; તેથી કુમારી કન્યાની ચૂડીની જેમ એકલા જ ફરવું જોઈએ ।।૯-૧૦।।

**વિશેષઃ** જનસમુદાયમાં ભળવું એ આત્મનિષ્ઠા કે ભક્તિનું દુશ્મન છે. તે દુશ્મનને તમે મારી નાખો અર્થાત્ ટોળું ટાળો એકાન્તનું સેવન કરો.

હે રાજન્! બાણ બનાવનારની પાસેથી હું એ શીખ્યો કે જેમ બાણ બનાવનારનું ચિત્ત બાણમાં એવું લાગ્યું હતું કે એની પાસેથી રાજાની સવારી ચાલી ગઈ છતાં તેણે તે જોઈ કે સાંભળી નહિ તેમ યોગીએ આસન અને શ્વાસને જીતી લઈ વૈરાગ્ય અને અભ્યાસ દ્વારા પોતાના મનનો નિરોધ કરી (મનને સર્વમાંથી ખેંચી) સાવધાનીપૂર્વક તેને એક જ લક્ષ (ભગવદ્દચિન્તન) માં લગાવી દેવું ।।૧૧।।

જ્યારે પરમાનન્દસ્વરૂપ પરમાત્મામાં મન સ્થિર થઈ જાય છે ત્યારે તે ધીરે-ધીરે કર્મવાસનાઓની ધૂળને ધોઈ નાખે છે. સત્ત્વગુણની વૃદ્ધિથી રજોગુણી અને તમોગુણી વૃત્તિઓનો ત્યાગ કરી ઈન્ધન વિનાના અગ્નિની જેમ જ મન શાન્ત થઈ જાય છે ।।૧૨।।

આ પ્રમાણે જેનું ચિત્ત(બાણ બનાવનારની જેમ) પોતાના આત્મામાં જ સ્થિર-નિરુદ્ધ થઈ જાય છે તેને અંદર-બહાર કયાંય કોઈ પણ પદાર્થનું ભાન હોતું નથી ।।૧૩।।

હે રાજન્! સાપની પાસેથી હું એ શીખ્યો કે સન્ન્યાસીએ સર્પની જેમ એકલા જ ફરવું જોઈએ તેણે મંડળી કે મઠ રચવાં ન જોઈએ. તે એક જ ઠેકાણે ન રહે, પ્રમાદ ન કરે, ગુફા વગેરેમાં પડ્યો રહે, બહારના આચારથી ઓળખાય નહિ. કોઈની પાસેથી સહાયતા ન લે અને બહુ જ ઓછું બોલે ।।૧૪।।

જેમ સાપ પોતાને માટે ઘર તૈયાર કરતો નથી પણ બીજાએ બનાવેલા ઘરમાં રહી બહુ જ આરામથી પોતાનો સમય પસાર કરી લે છે તેમ સન્ન્યાસીએ પણ ઘર

બાંધીને રહેવું નહિ પણ બીજાના ઘરમાં રહીને નિર્વાહ કરવો કેમકે દેહ ક્યારે પડશે એ નક્કી ન હોવાથી ઘરનો પ્રયત્ન કરવો એ નિષ્ફળછે ।।૧૫।।

હવે કરોળિયા પાસેથી હું જે શીખ્યો તે સાંભળો. બધાના પ્રકાશક અને અન્તર્યામી સર્વશક્તિમાન ભગવાને પહેલાંના કલ્પમાં, બીજા કોઈ સહાયક વિના પોતાની જ માયાથી રચેલા જગતને કલ્પના અન્તમાં (પ્રલયકાલ આવતાં) કાલ-શક્તિદ્વારા નષ્ટ કરી દીધું-તેને પોતાનામાં લીન કરી દીધું અને એકલા જ શેષ (બાકી) રહ્યા. તે બધાના અધિષ્ઠાન છે, બધાના આશ્રય છે, પરન્તુ સ્વયં પોતાના આશ્રય છે એમનો આશ્રય બીજો કોઈ નથી. તે પ્રકૃતિ અને પુરુષ બન્નેના નિયામક, કાર્ય અને કારણાત્મક જગતના આદિ કારણ પરમાત્મા પોતાની શક્તિ કાલના પ્રભાવથી સત્ત્વ-રજ આદિ સમસ્ત શક્તિઓને સામ્યાવસ્થામાં પહોંચાડી દે છે અને સ્વયં કૈવલ્યરૂપથી એક અને અદ્વિતીય રૂપે બિરાજમાન રહે છે. તે કેવલ અનુભવસ્વરૂપ અને આનન્દઘન માત્ર છે. કોઈ પણ પ્રકારની ઉપાધિનો એમને સમ્બન્ધ નથી. તે જ પ્રભુ કેવલ પોતાની શક્તિ કાલદ્વારા પોતાની ત્રિગુણમયી માયાને ક્ષુબ્ધ કરે છે અને તે પહેલાં ક્રિયાશક્તિ પ્રધાન સૂત્ર (મહત્તત્ત્વ) ની રચના કરે છે. આ સૂત્રરૂપ મહત્તત્ત્વ જ ત્રણેય ગુણોની પહેલી અભિવ્યક્તિ છે તે જ બધા પ્રકારની સૃષ્ટિનું મૂલ કારણ છે. તેમાં જ આ આખું વિશ્વ, સૂતરમાં તાણા-વાણાની જેમ ઓતપ્રોત છે અને તેનેજ લીધે જીવને જન્મ-મૃત્યુના ચક્કરમાં પડવું પડે છે ।।૧૬-૨૦।।

જેવી રીતે કરોળિયો પોતાના હૃદયમાંથી મોં મારફત જાળ ફેલાવે છે તેમાં જ વિહાર કરે છે અને પાછો તેને ગળી જાય છે તેવી જ રીતે પરમેશ્વર પણ આ જગતને પોતાનામાંથી ઉત્પન્ન કરે છે તેમાં વિહાર કરે છે અને પછી તેને પોતાનામાં લીન કરી લે છે ।।૨૧।।

હે રાજા! હું ભમરી પાસેથી એ શીખ્યો કે જો પ્રાણી સ્નેહથી, દ્વેષથી કે ભયથી પણ જાણીબૂજીને એકાગ્રરૂપથી પોતાનું મન કોઈમાં લગાવી દે તો તેને તે જ વસ્તુનું સ્વરૂપ પ્રાપ્ત થઈ જાય છે ।।૨૨।।

હે રાજન્! ભમરી કીડાને લઈને પોતાના ઘરમાં પૂરી દે છે. કીડો ભયથી ભમરીનું જ ચિન્તન કરતાં-કરતાં પોતાનું પહેલાનું શરીર છોડ્યા વિના જ તે જ શરીરથી *તદ્રૂપ થઈ જાય છે ।।૨૩।।

**વિશેષ** : જ્યારે તે જ શરીરથી, જેનું ચિન્તન કરવામાં આવ્યું હોય તેનું રૂપ પ્રાપ્ત થઈ જાય, તો બીજા શરીરથી તો કહેવાનું જ શું હોય? તેથી મનુષ્યે બીજી કોઈ વસ્તુનું ચિન્તન ન કરતાં શ્રીકૃષ્ણનું જ ચિન્તન કરવું જોઈએ.

હે રાજા! આ પ્રમાણે મેં ઉપર જણાવેલા ગુરુઓ પાસેથી આટલો ઉપદેશ ગ્રહણ કર્યો. હવે હું મારા શરીર પાસેથી જ શીખ્યો છું તે તમને બતાવું છું. તમે સાવધાન થઈને સાંભળો ।।૨૪।।

આ શરીર પણ મારો ગુરુ જ છે, કારણ કે તે મને વિવેક અને વૈરાગ્ય શીખવે છે, મરવું અને જીવવું એ તો એની સાથે જ જડાયેલ છે. આ શરીરને વળગી રહેવાનું ફલ એ છે કે એક પછી એક દુઃખ ભોગવતા જ જાઓ. જો કે આ શરીરથી તત્ત્વવિચાર કરવામાં સહાયતા મળે છે, તો પણ હું તેને પોતાનું ક્યારેય સમજતો નથી. હંમેશાં એ જ ખ્યાલમાં હું રહું છું કે એક દિવસ એને શિયાળ, કૂતરાં કે કાગડા ખાઈ જશે. તેથી જ તેમાં આસક્તિ રાખ્યા વિના હું ફર્યા કરું છું ।।૨૫।।

જીવ આ શરીરનું પ્રિય કરવામાટે જ અનેક પ્રકારની કામનાઓ અને કર્મો કરે છે તથા સ્ત્રી-પુત્ર, ધન-દોલત, હાથી-ઘોડા, નોકર-ચાકર, ઘરબાર, ભાઈ-બધુંઓનો વિસ્તાર કરતાં-કરતાં તેમના પાલન પોષણમાં લાગી રહે છે. ભારે-ભારે મુશ્કેલીઓ વેઠી ધનસંચય કરે છે. આયુષ્ય પૂરું થતાં તે સ્વયં તો નષ્ટ થાય જ છે, પરન્તુ વૃક્ષની જેમ બીજા શરીરને માટે પણ બીજ વાવી દઈ તેને માટે પણ દુઃખની વ્યવસ્થા કરતો જાય છે ।।૨૬।।

જેવી રીતે એક જ પુરુષની ઘણી પત્નીઓ (શોક-સપત્ની) પોતાના એક જ પતિને પોત-પોતાની તરફ ખેંચે છે તેવી જ રીતે આ દેહને વાસનારૂપી સ્ત્રીઓ પોત-પોતાના વિષયને માટે ખેંચે છે. આ દેહને જીભ સ્વાદિષ્ટ પદાર્થો તરફ, તરસ સ્વાદિષ્ટ પીણાં તરફ, જનનેન્દ્રિય સ્ત્રી સહવાસ (મૈથુન) તરફ, ત્વચા કોમલ સ્પર્શ તરફ, પેટ અન્ન તરફ, કાન મધુર શબ્દ તરફ, નાક સુન્દર સુગન્ધ તરફ અને ચંચલ નેત્રો સુન્દર રૂપ જોવાને માટે ખેંચે છે. આ પ્રમાણે કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો બન્ને તેને સતાવતી રહે છે. એમ દેહમાં અનેક કષ્ટો જોઈ મને એનામાં વૈરાગ્ય ઉત્પન્ન થયું છે ।।૨૭।।

તો પણ મનુષ્ય દેહ શ્રેષ્ઠ છે કેમકે ભગવાને પોતાની અચિન્ત્ય શક્તિ માયાવડે વૃક્ષો, સરિસૃપો (પેટે ચાલનારાં પ્રાણીઓ), પશુઓ, પક્ષીઓ, ડાંસ, માછલી વગેરે

અનેક પ્રકારના દેહ ઉત્પન્ન કર્યા, પરન્તુ તેમનાથી તેમને સન્તોષ ન થયો. ત્યારે મનુષ્ય-શરીરનું નિર્માણ કર્યું. તેમાં એવી બુદ્ધિ છે કે જે બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે. તેની રચના કરી ભગવાન્‌ને બહુ આનન્દ થયો ।।૨૮।।

જો કે આ મનુષ્ય-શરીર અનિત્ય જ છે. મૃત્યુ સદા એની પાછળ પડ્યું જ છે, પરન્તુ તેનાથી પરમ પુરુષાર્થની પ્રાપ્તિ થઈ શકે છે; તેથી અનેક જન્મો પછી આ અત્યન્ત દુર્લભ મનુષ્ય શરીર પ્રાપ્ત કરીને બુદ્ધિમાન્ પુરુષે જલદીમાં જલદી, મૃત્યુ પહેલાં જ, મોક્ષ પ્રાપ્તિનો પ્રયત્ન કરી લેવો. આ જીવનનો મુખ્ય ઉદ્દેશ મોક્ષ જ છે. વિષય ભોગ તો બાકીની બધી યોનિઓમાં પણ પ્રાપ્ત થઈ શકે છે તેથી તેમનો સંગ્રહ કરવામાં આ અમૂલ્ય જીવન વેડફી નાખવું જોઈએ નહીં ।।૨૯।।

હે રાજા! આ બધું વિચારતાં મને સંસાર ઉપરથી વૈરાગ્ય થઈ ગયો. મારા હૃદયમાં જ્ઞાન-વિજ્ઞાનની જોત ઝગમગતી રહે છે તેથી આસક્તિ અને અહંકાર ને છોડીને હું આ પૃથ્વી ઉપર સ્વચ્છન્દરૂપથી ફર્યા કરું છું ।।૩૦।।

હે રાજા! એકલા ગુરુ પાસેથી જ યથેષ્ટ અને સુદૃઢ બોધ થતો નથી તેને માટે પોતાની બુદ્ધિથી પણ આગળ-પાછળ ખૂબ વિચારીને સમજવાની જરૂર છે. જુઓ! ઋષિઓએ એક અદ્વિતીય બ્રહ્મનું અનેક પ્રકારે ગાન કર્યું છે. (જો તમે જાતે વિચાર કરી નિર્ણય કરો તો બ્રહ્મના વાસ્તવિક સ્વરૂપને કેવી રીતે સમજી શકશો?) ।।૩૧।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવ! ગમ્ભીર બુદ્ધિવાળા અવધૂત દત્તાત્રેય રાજા યદુને આ પ્રમાણે ઉપદેશ આપ્યો. રાજા યદુએ પૂજા કર્યા બાદ તેમને પ્રણામ કર્યા. દત્તાત્રેયજી એમની અનુમતિ લઈ પ્રસન્નતાપૂર્વક ઈચ્છાનુસાર પધારી ગયા ।।૩૨।।

**અવધૂતવચઃ શ્રુત્વા પૂર્વેષાં નઃ સ પૂર્વજઃ ।।**
**સર્વસંગવિનિર્મુકતઃ સમચિત્તો બભૂવ હ ।।૩૩।।**

અમારા પૂર્વજોના પણ પૂર્વજ રાજા યદુએ અવધૂતની આ વાત સાંભળી (ધન, પુત્ર, શીત, ઉષ્ણ, સ્વર્ગ, મોક્ષ, નરક, શત્રુ, મિત્ર વગેરેમાં ઉદાસીન) સમચિત્ત થઈ, સમસ્ત આસક્તિઓનો પરિત્યાગ કરી દીધો. (**સમચિત્ત**નો એક ભાવ છે-**સમે ભગવત્યેવ ચિત્તં યસ્ય** 'સમ' માં 'સમ', સૌથી 'સમ' ભગવાન્ છે. તેમનામાં જેનું ચિત્ત લાગી ગયું છે તે **'સમચિત્તઃ'** સત્સંગનું કેવું અદ્દ્ભુત માહાત્મ્ય છે તે

જણાવવા શ્લોકમાં છેલ્લો આશ્ચર્યચસૂચક શબ્દ 'હ' મૂક્યો છે) ।।૩૩।।

**ઇતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુકિત પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્ય મુક્તિ નામના પ્રકરણનો ચોથો અને ચાલુ) ''અવધુતના બોધથી યદુ કૃતાર્થ થયા'' નામનો નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**બ્રહ્મસમ્બન્ધ લેનારાઓ! સાવધના! પાળી શકો તો જ લો!**
બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા બાદ અસમર્પિત ખાન-પાન વગેરેનો ત્યાગ ન કરનારનું બ્રહ્મસંબંધ ફોક થઈ જાય છે (સિદ્ધાંતરહસ્ય) અસમર્પિત ખાનારા 'અસિપત્ર' નામના નરકમાં જાય છે. **(શ્રીહરિરાયચરણ)**

## અધ્યાય ૧૦

## જીવને દેહાદિના અધ્યાસથી સંસાર થાય છે

**વિશેષ :** ચોવીસ ગુરુની વાત કરવાથી ઉદ્ધવજીને આત્મતત્ત્વને જાણવાની યોગ્યતા થતાં હવે એનાં સાધનોને કહેશે. તેમાં દેહસમ્બન્ધથી-દેહાધ્યાસથી આત્માને સંસાર થાય છે એ વાત આ દસમા અધ્યાયમાં કહે છે.

**મયોદિતેષ્વવહિતઃ સ્વધર્મેષુ મદાશ્રયઃ ।।**
**વર્ણાશ્રમકુલાચારમકામાત્મા સમાચરેત્ ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે પ્રિય ઉદ્ધવ! સાધક હરેક પ્રકારે મારે શરણે રહી (ગીતા, પંચરાત્ર વગેરેમાં) મેં ઉપદેશ કરેલા પોતાના ધર્મોનું સાવધાનીથી પાલન કરે. સાથે-સાથે એમની સાથે વિરોધ ન આવે તેમ નિષ્કામ ભાવથી પોતાના વર્ણ, આશ્રમ અને કુલ અનુસાર સદાચારનું પણ પાલન કરે ।।૧।।

વિષયી પુરુષો દેહાદિના વિષયોને સત્ય માની જે-જે કર્મો કરે છે તેમાં એમણે સુખાદિની ધારણા રાખી હોય તે સિદ્ધ ન થતાં એને બદલે દુઃખ થાય છે એ વાતનો શુદ્ધ ચિત્ત રાખી વિચાર કરે તો એની કામના નિવૃત્ત થાય છે ।।૨।।

આ બાબતમાં એવો વિચાર કરવો જોઈએ કે સ્વપ્ન અવસ્થામાં અને મનોરથ કરતી વખતે જાગૃત અવસ્થામાં પણ મનુષ્ય મનોમન અનેક પ્રકારના વિષયોનો અનુભવ કરે છે, પરન્તું તેની તે બધી જ કલ્પના વસ્તુ શૂન્ય હોવાથી વ્યર્થ છે. તેવી

જ રીતે ઇન્દ્રિયોદ્વારા થતી ભેદબુદ્ધિ પણ વ્યર્થ જ છે, કારણ કે એ પણ ઇન્દ્રિયજન્ય અને વિવિધ વસ્તુવિષયક હોવાથી પૂર્વવત્ અસત્ય જ છે ।।૩।।

જે પુરુષ મત્પરાયણ છે, વિષયોને પરાયણ નહીં વિષયો ભગવાનૂને ભુલાવનારા છે એમ સમજી જે મારે જ શરણે આવેલો છે તેણે અન્તર્મુખ કરનારાં નિષ્કામ અથવા નિત્યકર્મ જ કરવાં જોઈએ. જે બહિર્મુખ બનાવનારાં છે અને જે સકામ છે તેવાં કર્મોનો બિલકુલ ત્યાગ કરી દેવો જોઈએ. જ્યારે આત્મજ્ઞાનની ઉત્કટ ઇચ્છા જાગી ઉઠે ત્યારે તો કર્મ સમ્બન્ધી વિધિ-વિધાનોનો પણ આદર ન કરવો જોઈએ ।।૪।।

અહિંસા, સત્ય, અસ્તેય વગેરે બાર ધર્મોનું તો આદરપૂર્વક સેવન કરવું જોઈએ પરન્તુ શૌચ, જપ, તપ વગેરે બાર નિયમોનું પાલન શક્તિ પ્રમાણે અને આત્મજ્ઞાનનો વિરોધ ન થાય એ રીતે કરવું જોઈએ. જિજ્ઞાસુ પુરુષને માટે યમ અને *નિયમ ના પાલનથી પણ વધારે અગત્યની વાત એ છે કે મારા સ્વરૂપને જાણનારા, શાન્ત અને મારામાં નિષ્ઠાવાળા પોતાના ગુરુને મારું જ સ્વરૂપ સમજીને તેમની સેવા કરે ।।૫।।

**વિશેષ** : બાર યમ અને બાર નિયમ માટે શ્રીભાગવત સ્કન્ધ ૧૧ અધ્યાય-૧૯-શ્લોક ૩૩ અને ૩૪ વાંચવા વિનન્તિ છે.

શિષ્ય અભિમાન ન કરે, કોઈનું ભૂંડું ન ઇચ્છે, દરેક કાર્યમાં કુશળ હોય-આળસ ન કરે. ક્યાંય મમતા ન રાખે, ગુરુના ચરણોમાં દઢ અનુરાગ હોય. દરેક કામ અવ્યગ્રતાપૂર્વક સાવધાનીથી કરે. પરમાર્થ સમ્બન્ધી જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખ્યા કરે. કોઈના ગુણદોષ ન જુએ અને વ્યર્થ વાતો ન કરે ।।૬।।

જિજ્ઞાસુનું પરમ ધન આત્મા છે તેથી તે સ્ત્રી-પુત્ર, ઘર-ક્ષેત્ર-જમીન, સ્વજન અને ધન વગેરે સમ્પૂર્ણ પદાર્થોમાં એક સમાન આત્માને દેખે અને કોઈમાં કંઈ વિશેષતાનો આરોપ કરી તેમાં મમતા ન રાખે, ઉદાસીન રહે ।।૭।।

હે ઉદ્ધવ! જેવી રીતે બળતા કાષ્ઠથી તેને બાળનાર અને પ્રકાશિત કરનાર અગ્નિ સર્વથા અલગ છે તેવી જ રીતે વિચાર કરતાં જણાય છે કે પંચભૂતોનું બનેલું સ્થૂલ શરીર અને મન-બુદ્ધિ વગેરે સત્તર તત્ત્વોનું બનેલું સૂક્ષ્મ શરીર બન્નેય દશ્ય અને જડ છે. તેમને જાણનાર અને પ્રકાશિત કરનાર આત્મા સાક્ષી અને સ્વયં પ્રકાશ છે. શરીર અનિત્ય અનેક તેમ જ જડ છે. આત્મા નિત્ય એક એવં ચેતન છે. આ

પ્રમાણે દેહથી આત્મામાં મહાન વિલક્ષણતા છે. તેથી દેહથી આત્મા જુદો છે ।।૮।।

જ્યારે અગ્નિ કાષ્ઠમાં પ્રજ્વલિત થાય છે, ત્યારે કાષ્ઠનાં ઉત્પત્તિ, વિનાશ, મોટા કે નાનાપણું અને અનેકતા વગેરે બધા ગુણ તે પોતે ગ્રહણ કરી લે છે. પરન્તું સાચું પૂછો તો કાષ્ઠના તે ગુણોની સાથે અગ્નિનો કોઈ સમ્બન્ધ નથી. તેવી જ રીતે આત્મા પોતાનો શરીર માની લે છે ત્યારે તે દેહની જડતા, અનિત્યતા, સ્થૂલતા અનેકતા વગેરે ગુણોથી સર્વથા રહિત હોવા છતાં તે ગુણોવાળો જણાય છે ।।૯।।

ઈશ્વરદ્વારા નિયન્ત્રિત માયાના ગુણોએ જ સૂક્ષ્મ અને સ્થૂલ શરીરનું નિર્માણ કર્યું છે. જીવને શરીર અને શરીરને જીવ સમજી લેવાથી જ સ્થૂલ શરીરનાં જન્મ-મરણ અને સૂક્ષ્મ શરીરના આવાગમનનો આત્મામાં આરોપ કરવામાં આવે છે. જીવને જન્મ-મૃત્યુરૂપ સંસાર આ જ ભ્રમ અથવા અધ્યાસને લીધે પ્રાપ્ત થાય છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થતાં તેની જડ કપાઈ જાય છે ।।૧૦।।

હે ઉદ્ધવ! આ જન્મ-મૃત્યુરૂપ સંસારનું બીજું કોઈ કારણ નથી, કેવલ અજ્ઞાન જ મૂલ કારણ છે. તેથી પોતાના વાસ્તવિક સ્વરૂપને, આત્માને જાણવાની ઈચ્છા કરવી જોઈએ. પોતાનું આ વાસ્તવિક સ્વરૂપ સમસ્ત પ્રકૃતિ અને પ્રાકૃત જગતથી અતીત, દ્વૈતની ગન્ધથી રહિત એવં પોતાનામાં જ સ્થિત છે. તેનો બીજો કોઈ આધાર નથી. તેને જાણી લઈ ધીરે-ધીરે સ્થૂલ શરીર, સૂક્ષ્મ શરીર આદિમાં સાચા હોવાની બુદ્ધિ થઈ રહી છે તે ક્રમે-ક્રમે મટાડી દેવી જોઈએ ।।૧૧।।

(યજ્ઞમાં જ્યારે અરણિ-મન્થન કરી અગ્નિ ઉત્પન્ન કરે છે ત્યારે તેમાં ઉપર-નીચે બે અરણિનાં કાષ્ઠ રહે છે અને વચમાં મન્થન કાષ્ઠ રહે છે. તેવી જ રીતે) વિદ્યારૂપ અગ્નિની ઉત્પત્તિને માટે શિષ્ય ઉપરની અરણિ અને આચાર્ય નીચેની અરણિ છે અને ઉપદેશ મન્થન કાષ્ઠ છે. આથી જે જ્ઞાનાગ્નિ પ્રજ્વલિત થાય છે તે વિલક્ષણ સુખ દેનારો છે. આ યજ્ઞમાં બુદ્ધિમાન્ શિષ્ય સદ્ગુરુદ્વારા જે અત્યન્ત વિશુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરે છે તે ગુણોથી બનેલી વિષયોની માયાને ભસ્મ કરી દે છે. ત્યારબાદ જેનાથી આ સંસાર બન્યો છે તે ગુણો પણ ભસ્મ થઈ જાય છે. આ પ્રમાણે બધું ભસ્મ થઈ જતાં જ્યારે આત્મા સિવાય કોઈ ચીજ જ બાકી રહેતી નથી ત્યારે તે જ્ઞાનરૂપી અગ્નિ પણ જેવી રીતે ઈંધન ન રહેવાથી આગ ઓલવાઈ જાય છે તેવી જ રીતે પોતાના વાસ્તવિક સ્વરૂપમાં શાન્ત થઈ જાય છે ।।૧૨-૧૩।।

હે પ્રિય ઉદ્ધવ! જો તમે કદાચ કર્મોના કર્તા સુખ-દુઃખોના ભોક્તા જીવોને અનેક

માનતા હો, તથા જગત, કાલ, વેદ અને આત્માઓને નિત્ય માનતા હો, સાથે-સાથે સમસ્ત પદાર્થોની સ્થિતિ પ્રવાહથી નિત્ય અને યથાર્થ સ્વીકાર કરતા હો તથા એમ સમજતા હો કે ઘટ-પટ આદિ બાહ્ય આકૃતિઓના ભેદથી તેને અનુસાર જ્ઞાન જ ઉત્પન્ન થાય છે અને બદલાતું રહે છે તો એમ માનવાથી ભારે અનર્થ ઊભો થશે. (કારણ કે આ પ્રમાણે જગતના કર્તા આત્માની નિત્ય સત્તા અને જન્મ-મૃત્યુના ચક્કરમાંથી મુક્તિ પણ સિદ્ધ નહિ થઈ શકે) જો કદાચિત એવો સ્વીકાર પણ કરી લેવામાં આવે તો દેહ અને સંવત્સરાદિ કાલના અવયવોના સમ્બન્ધથી થનારી જીવોની જન્મ-મરણ વગેરે અવસ્થાઓ પણ નિત્ય હોવાને લીધે દૂર નહિ થઈ શકે કારણ કે તમે દેહ વગેરે પદાર્થ અને કાલની નિત્યતા સ્વીકારો છો. એ સિવાય અહીં પણ કર્મોના કર્તા તથા સુખ-દુઃખના ભોકતા જીવ પરતન્ત્ર જ દેખાય છે. જો તે સ્વતન્ત્ર હોય તો દુઃખનું ફલ ભોગવવાનું સ્વીકારે જ શા માટે? આ પ્રકારે સુખભોગની સમસ્યા ઉકલી જવા છતાં દુઃખભોગની સમસ્યા તો અણઊકલી જ રહેશે. તેથી આ મત પ્રમાણે જીવને કયારેય મુક્તિ કે સ્વતન્ત્રતા પ્રાપ્ત નહિ થઈ શકે. જ્યારે જીવ સ્વરૂપથી પરતન્ત્ર છે, વિવશ છે, ત્યારે તો સ્વાર્થ યા પરમાર્થ કોઈ પણ તેનું સેવન નહિ કરે, અર્થાત્ સ્વાર્થ અને પરમાર્થ બન્નેથી તે વંચિત જ રહી જશે ।।૧૪-૧૭।।

(જો એમ કહેવામાં આવે કે સારી રીતે કર્મ કરવાનું જે જાણે છે તે સુખી રહે છે અને જે નથી જાણતા તેમને દુઃખ ભોગવવું પડે છે તો એમ કહેવું પણ બરાબર નથી; કારણ કે) એવું જોવામાં આવે છે કે મોટા-મોટા કર્મકુશલ વિદ્વાનોને પણ કંઈક સુખ મળતું નથી અને મૂઢ લોકોને પણ કયારેક દુઃખ પડતું નથી. તેથી જે લોકો પોતાની બુદ્ધિ કે કર્મ થી સુખ મેળવવાનો ઘમંડ કરે છે તેમનું આ અભિમાન વ્યર્થ છે ।।૧૮।।

જો એમ માની લેવામાં આવે કે લોકો સુખની પ્રાપ્તિ અને દુઃખના નાશનો સાચો ઉપાય જાણે છે તો પણ એમ તો માનવું જ પડશે કે તેમને પણ એવા ઉપાયની જાણકારી નથી જેથી મૃત્યુ તેમના ઉપર કોઈ પ્રભાવ ન પાડી શકે અને તે કદી મરે જ નહિ ।।૧૯।।

જ્યારે મૃત્યુ તેમના માથા પર ચડી બેઠેલું જ છે ત્યારે એવી કઈ ભોગ-સામગ્રી કે ભોગ-કામના છે જે તેમને સુખી કરી શકે? જે મનુષ્યને ફાંસી પર લટકાવવામાટે

ફાંસીને માંચડે લઈ જવામાં આવી રહ્યો હોય તેને ફૂલ, ચન્દન, મિષ્ટાન્ન, સ્રી વગેરે પદાર્થો ગમે ખરા? કદાપિ નહિ. (તેથી ઉપરોક્ત મત માનનારાઓની દષ્ટિથી ન તો સુખ સિદ્ધ થઈ શકશે અને ન તો જીવે પ્રાપ્ત કરવાનો કોઈ પુરુષાર્થ જ રહેશે) ।।૨૦।।

હે ઉદ્ધવ! આ લોકના સુખની જેમ પરલોક સ્વર્ગ વગેરેમાં સુખ પણ દોષ યુક્ત જ છે, કારણ કે ત્યાં પણ સમાનની સાથે હરિફાઈ, વધારે સુખી પ્રત્યે ઈર્ષ્યા હોય છે. તેથી તેમના ગુણોમાં દોષ જોવામાં આવે છે અને નાનાઓ પ્રત્યે ઘૃણા હોય છે. દરરોજ પુણ્ય ક્ષીણ થતું રહેતું હોવાથી ત્યાંનાં સુખો પણ ક્ષયની નિકટ પહોંચતાં રહે છે અને એક દિવસ નષ્ટ થઈ જાય છે. ત્યાંની કામના પૂર્ણ થવામાં પણ યજમાન, ઋત્વિજ અને કર્મ આદિની ત્રુટિને લીધે વિઘ્નોની સમ્ભાવના રહેતી હોય છે. જેવી રીતે લીલીછમ ખેતી પણ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, હિમ, તીડ વગેરેને લીધે નષ્ટ થઈ જાય છે તેવી જ રીતે સ્વર્ગ પણ પ્રાપ્ત થતાં-થતાં વિઘ્નોને લીધે હાથમાંથી સરકી જાય છે ।।૨૧।।

જો કોઈ પણ વિઘ્ન વિના યજ્ઞયાગાદિ ધર્મ સાંગો-પાંગ પૂર્ણ થઈ પણ જાય તો તે દ્વારા જે સ્વર્ગાદિ લોક મળે છે તેમની પ્રાપ્તિનો પ્રકાર હું બતાવું છું તે સાંભળો ।।૨૨।।

યજ્ઞ કરનારો પુરુષ યજ્ઞોદ્વારા દેવતાઓની આરાધના કરી સ્વર્ગે જાય છે અને ત્યાં પોતાનાં પુણ્ય કર્મોદ્વારા પ્રાપ્ત દિવ્ય ભોગો દેવતાઓની જેમ ભોગવે છે ।।૨૩।।

તેને તેનાં પુણ્યો પ્રમાણે એક સુન્દર ચમકતું વિમાન મળે છે અને તેમાં બેસી સુર સુન્દરીઓની સાથે વિહાર કરે છે. ગન્ધર્વગણ તેના ગુણોનું ગાન કરે છે અને તેનું રૂપ-લાવણ્ય જોઈ બીજાઓનાં મન લોભાઈ જાય છે ।।૨૪।।

તેનું વિમાન તે જ્યાં લઈ જવા ધારે ત્યાં જાય છે અને તેના ઉપરની ઘંટડીઓ દિશાઓને ગુન્જારવથી ભરી દે છે. તે અપ્સરાઓની સાથે નન્દનવન વગેરે દેવતાઓનાં વિહારસ્થાનોમાં ક્રીડા કરતો-કરતો એટલો બધો બેધ્યાન બની જાય છે કે તેને એ વાતનું સ્મરણ રહેતું નથી કે હવે મારાં પુણ્ય પૂર્ણ થવાની તૈયારી છે અને પછી મારું અહીંથી પતન થશે ।।૨૫।।

જ્યાં સુધી તેના પુણ્ય બાકી હોય છે ત્યાં સુધી તો તે સ્વર્ગમાં આનન્દ કરે છે

પરન્તુ પુણ્ય પૂરાં થતાં જ ઇચ્છા ન હોવા છતાં તેને નીચે પડવું પડે છે, કારણ કે કાલની ગતિ જ એવી છે ।।૨૬।।

જો કોઈ મનુષ્ય દુષ્ટોની સોબતમાં પડી જઈ અધર્મ પરાયણ થઈ જાય, ઇન્દ્રિયોનો ગુલામ બની જઈ મન માન્યું કરવા લાગે, લોભવશ કૃપણતા કરે, લમ્પટ થઈ જાય, પ્રાણીઓને સતાવવા લાગે અને વિધિ વિરુદ્ધ પશુઓનું બલિદાન આપી ભૂત અને પ્રેતો ની ઉપાસનામાં લાગી જાય, તો તે પશુઓથી પણ વધારે ખરાબ બની જાય છે અને અવશ્ય નરકમાં જાય છે. તેને અન્તમાં ઘોર અન્ધકાર, સ્વાર્થ અને પરમાર્થ રહિત અજ્ઞાનમાં જ ભટકવું પડે છે ।।૨૭-૨૮।।

જેટલાં-જેટલાં સકામ અને બહિર્મુખ કરવાવાળાં કર્મ છે તેમનું ફલ દુઃખ જ છે. જે જીવ શરીરમાં અહન્તા-મમતા કરી તેમાં જ લાગ્યો રહે છે તેનાં તો જન્મ પછી મૃત્યુ અને મૃત્યુ પછી જન્મ જ વારંવાર થતાં રહે છે. આ સ્થિતિમાં મૃત્યુધર્મા જીવને શું સુખ મળી શકે? ।।૨૯।।

બધા લોક અને લોકપાલોનું આયુષ્ય પણ માત્ર એક *કલ્પ છે તેથી તેઓ મારાથી ભયભીત રહે છે. બીજાની તો વાત જ શી, સ્વયં બ્રહ્માજી પણ મારાથી ડરતા રહે છે, કારણ કે તેમનું આયુષ્ય પણ કાલથી સીમિત-કેવલ બે પરાર્ધ વર્ષ છે ।।૩૦।।

**વિશેષ** : કલ્પ=એક હજાર ચતુર્યુગી અથવા ચોકડી. એક ચોકડી=૪૩,૨૦,૦૦૦ આપણા વર્ષ. બ્રહ્માજીનો એક દિવસ તે જ 'કલ્પ'. કલ્પ=૪૩૨ કરોડ વર્ષો. સ્કન્ધ ૩ અધ્યાય ૧૧ વાંચવા વિનન્તિ. (ભાગ-૧)

સત્ત્વ, રજ અને તમ આ ત્રણેય ગુણ ઇન્દ્રિયોને તેમનાં કર્મોમાં પ્રેરિત કરે છે અને ઇન્દ્રિયો કર્મ કરે છે. જીવ અજ્ઞાન વશ સત્ત્વ, રજ આદિ ગુણો અને ઇન્દ્રિયોને પોતાનું સ્વરૂપ માની બેસે છે અને તેમણે કરેલાં કર્મોનાં ફલ સુખ-દુઃખ ભોગવવા લાગે છે ।।૩૧।।

જ્યાં સુધી ગુણોની વિષમતા છે અર્થાત્ શરીર વગેરેમાં હું અને મારાપણાનું અભિમાન છે ત્યાં સુધી જ આત્માના એકત્વની અનુભૂતિ થતી નથી તે અનેક જણાય છે અને જ્યાં સુધી આત્માની અનેકતા છે ત્યાં સુધી તો તેણે કાલ અથવા કર્મ કોઈને અને કોઈને અધીન રહેવું જ પડશે ।।૩૨।।

જ્યાં સુધી કર્માધીનપણારૂપી પરતન્ત્રતા છે ત્યાં સુધી કાલરૂપ ઈશ્વરનો ભય

ઊભો જ છે. 'હું' અને 'મારું' ના ભાવથી જકડાયેલા જીવ આત્માની અનેક્તા, પરતન્ત્રતા વગેરે માને છે અને વૈરાગ્ય ગ્રહણ ન કરતાં બહિર્મુખ કરનારાં કર્મોનું જ સેવન કરતાં રહે છે. તેમને શોક અને મોહ ને લીધે ક્લેશ પ્રાપ્ત થાય છે ।।૩૩।।

હે પ્રિય ઉદ્ધવ! જ્યારે માયાના ગુણોમાં ક્ષોભ થાય છે ત્યારે આત્માનું જ કાલ, જીવ, વેદ, લોક, સ્વભાવ અને ધર્મ વગેરે અનેક નામોથી નિરૂપણ કરવામાં આવે છે ।।૩૪।।

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે ભગવન્! આ જીવ દેહ વગેરે રૂપ ગુણોમાં જ વસી રહ્યો છે પછી દેહથી થનારાં કર્મો કે સુખ-દુઃખ વગેરે રૂપ ફલોમાં કેમ બંધાતો નથી? અથવા આ આત્મા ગુણોથી નિર્લિપ્ત છે, દેહ વગેરેના સમ્પર્કથી સર્વથા રહિત છે તો પછી તેને બંધન કેમ થાય છે? ।।૩૫।।

બદ્ધ અથવા મુકત પુરુષ કેવો વર્તાવ કરે છે તે કેવી રીતે વિહાર કરે છે અથવા તે કયાં લક્ષણોથી ઓળખી શકાય છે? તે કેવી રીતે ભોજન કરે છે અને મલત્યાગ વગેરે કેવી રીતે કરે છે? તે કેવી રીતે શયન કરે છે, બેસે છે અને ચાલે છે? ।।૩૬।।

**એતદચ્યુત મે બ્રૂહિ પ્રશ્નં પ્રશ્નવિદાં વર ।।**
**નિત્યમુકતો નિત્યબદ્ધઃ એક એવેતિ મે ભ્રમઃ ।।૩૭।।**

હે અચ્યુત! પ્રશ્નનો મર્મ જાણનારાઓમાં આપ શ્રેષ્ઠ છો તેથી આપ મારા આ પ્રશ્નનો કૃપા કરીને ઉત્તર આપો એક જ આત્મા અનાદિ ગુણોના સંસર્ગથી નિત્ય બદ્ધ પણ જણાય છે અને અસંગ હોવાને લીધે નિત્ય મુકત પણ જણાય છે. આ વિષયમાં મને ભ્રમ થઈ રહ્યો છે ।।૩૭।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્ય મુક્તિ નામના પ્રકરણનો પાંચમો અને ચાલુ) ''જીવને દેહાદિના અધ્યાસથી સંસાર થાય છે'' નામનો દશમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૧૧

## બદ્ધ-મુક્ત જીવ, ભક્ત તથા ભક્તિ નાં લક્ષણો

**વિશેષ :** આ અધ્યાયમાં બદ્ધ તથા મુક્ત જીવોનાં, ભકતનાં અને ભક્તિનાં લક્ષણો

કહેવામાં આવે છે.

**બદ્ધો મુક્ત ઈતિ વ્યાખ્યા ગુણતો મે ન વસ્તુતઃ ।।**
**ગુણસ્ય માયામૂલત્વાન્ન મે મોક્ષો ન બન્ધનમ્ ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવ! આત્મા બદ્ધ છે કે મુકત છે એ પ્રકારની વ્યાખ્યા યા વ્યવહાર મારે અધીન રહેનારા સત્ત્વ વગેરે ગુણોની ઉપાધિથી જ થાય છે, ખરેખર તત્ત્વ દૃષ્ટિથી નહિ. બધા ગુણ માયાથી ઉત્પન્ન થયેલ છે. હું માયાનો નિયન્તા છું. મારામાં બદ્ધ મુકતપણું સમ્ભવતું નથી તેથી હું બંધાતો નથી તેમ હું મુકત પણ થતો નથી ।।૧।।

જેવી રીતે સ્વપ્ન બુદ્ધિનો વિવર્ત છે-તેમાં ન હોવા છતાં ભાસે છે-મિથ્યા છે તેવી જ રીતે શોક-મોહ, સુખ-દુઃખ, શરીરની ઉત્પત્તિ અને મૃત્યુ-આ બધો સંસાર માયા(અવિદ્યા) ને લીધે પ્રતીત હોવા છતાં, અનુભવાતો હોવા છતાં વાસ્તવિક નથી ।।૨।।

હે ઉદ્ધવ! શરીરધારીઓને મુક્તિનો અનુભવ કરાવનારી આત્મવિદ્યા અને બંધનનો અનુભવ કરાવનારી અવિદ્યા આ બન્નેય મારી અનાદિ શક્તિઓ છે. મારી માયાથી જ એમની રચના થઈ છે. એમનું કોઈ વાસ્તવિક અસ્તિત્વ નથી ।।૩।।

હે મહાબુદ્ધિશાળી! તમે વિચાર તો કરો-જીવ તો એક જ છે. તે વ્યવહારને માટે જ મારા અંશના રૂપમાં કલ્પી લેવામાં આવ્યો છે, ખરેખર તો તે મારું સ્વરૂપ જ છે. આત્મજ્ઞાનથી સમ્પન્ન હોય ત્યારે તેને 'મુકત' કહે છે અને આત્માનું જ્ઞાન ન હોવાથી તેને 'બદ્ધ' કહે છે. આ અજ્ઞાન અનાદિ હોવાથી બંધન પણ 'અનાદિ' કહેવાય છે ।।૪।।

આ પ્રમાણે મારા એક જ ધર્મીમાં રહેવા છતાં જે શોક અને આનન્દરૂપ વિરુદ્ધ ધર્મવાળા જણાય છે તે બદ્ધ અને મુક્ત જીવનો ભેદ હું બતાવું છું ।।૫।।

(એ વૈલક્ષણ્ય **"દ્વા સુપર્ણા"** શ્રુતિમાં વૃક્ષ ઉપર બેઠેલા પક્ષીની સાથે સરખાવતાં કહે છે કે તે ભેદ બે પ્રકારનો છે એક તો નિત્યમુકત ઈશ્વરથી જીવનો ભેદ અને બીજો મુકત બદ્ધ જીવનો ભેદ. પહેલો સાંભળો) જીવ અને ઈશ્વર બદ્ધ અને મુક્ત ના ભેદથી ભિન્ન-ભિન્ન હોવા છતાં એક જ શરીરમાં નિયન્ત્રિત અને નિયામક ના રૂપથી રહે છે. એમ સમજો કે શરીર એક વૃક્ષ છે તેમાં હૃદયનો માળો બનાવી ચેતન હોવાને લીધે સમાન છે અને કયારેય છૂટા ન પડવાને કારણે સખા છે. તેમના નિવાસ કરવાનું કારણ માત્ર

લીલા છે. આટલી સમાનતા હોવા છતાં જીવ તો શરીરરૂપ વૃક્ષનાં ફલ સુખ-દુઃખ આદિ ભોગવે છે, પરન્તુ ઈશ્વર તે નહિ ભોગવતાં કર્મફલ સુખ-દુઃખ વગેરેથી અસંગ (અનાસકત) અને તેમના સાક્ષી માત્ર રહે છે. ભોકતા ન હોવા છતાં પણ ઈશ્વરની એ વિલક્ષણતા છે કે તે જ્ઞાન, ઐશ્વર્ય, આનન્દ અને સામર્થ્ય વગેરેમાં જીવ કરતાં અધિક છે ।।૬।।

સાથે-સાથે બીજી પણ એક વિલક્ષણતા છે કે અભોક્તા ઈશ્વર તો પોતાના વાસ્તવિક સ્વરૂપ અને તે સિવાયના જગતને પણ જાણે છે, પરન્તું ભોક્તા જીવ પોતાના વાસ્તવિક સ્વરૂપ કે પોતાના સિવાયના જગતને પણ જાણતો નથી. આ બન્નેમાં જીવ તો અવિદ્યાવાળો હોવાથી નિત્ય બદ્ધ છે અને ઈશ્વર વિદ્યાસ્વરૂપ હોવાથી નિત્ય મુકત છે ।।૭।।

(હવે દશ શ્લોકથી બદ્ધ અને મુકત જીવોના પરસ્પર વૈલક્ષણ્યને બતાવે છે) જેમ સ્વપ્નમાંથી જાગેલો માણસ દેહમાં રહે છે છતાં એ દેહમાં નથી કેમકે એ જીવનમુકત છે એ સંસ્કારવશાત્ દેહમાં રહે છે પણ એ દેહના અને આત્માના સ્વરૂપને જાણે છે માટે એ દેહમાં હોવા છતાં તેમાં નથી. વળી જેમ સ્વપનાવસ્થાવાળો તે-તે સ્વપન દેહમાં નથી છતાં હું તે-તે રૂપે છું એમ માને છે તેમ અજ્ઞાની પુરુષ દેહ વગેરેમાં આત્માના ભ્રમથી તન્નિમિત્ત સુખ-દુઃખ વગેરેનો ભોક્તા થાય છે ।।૮।।

(હવે ત્રણ શ્લોકોથી, આગલા અધ્યાયના છત્રીસમા (૧૧।૧૦।૩૬) શ્લોકમાં **''કથં વર્તેત?''** બદ્ધ અથવા મુકત જીવ કેવો વર્તાવ કરે છે? એમ પ્રશ્ન કરવામાં આવેલો તેનો ઉત્તર ભગવાન્ આપે છે) વ્યવહારમાં ઈન્દ્રિયો શબ્દ-સ્પર્શ વગેરે વિષયોને ગ્રહણ કરે છે કારણ કે એ તો નિયમ જ છે કે ગુણ જ ગુણને ગ્રહણ કરે છે, આત્મા નહિ. તેથી જેણે પોતાના નિર્વિકાર-રાગદ્વેષ, હર્ષશોક વગેરેથી તેમજ અસ્વીકારમાં કોઈ પણ પ્રકારનું અભિમાન કરતો નથી. (આ વાત ગીતામાં તત્ત્વવિત્તુ ઈત્યાદિથી કહી છે) ।।૯।।

આ શરીર પ્રારબ્ધને અધીન છે. તેનાથી શારીરિક અને માનસિક જેટલાં પણ કર્મ થાય છે તે બધાં ગુણોની પ્રેરણાથી જ થાય છે. અજ્ઞાની પુરુષ ખોટી રીતે પોતાને તે ગ્રહણ-ત્યાગ વગેરે કર્મોનો કર્તા માની બેસે છે અને આ જ અભિમાનને લીધે તે બંધાઈ જાય છે ।।૧૦।।

(આ વાત ભગવદ્ગીતાજીમાં **''પ્રકૃતેઃ ક્રિયમાણાનિ''** ઈત્યાદિ શ્લોકોથી સ્પષ્ટ કરી છે. કેમ

વર્તે છે? તેનો ઉત્તર આપ્યો. હવે **"કિં ભુજીત"** કેવી રીતે ખાય છે? તેનો ઉત્તર આપે છે) હે ભાઈ ઉદ્ધવ! ઉપર કહ્યા પ્રમાણે વિચાર કરી વિવેકી પુરુષ સમસ્ત વિષયોથી વિરક્ત થઈ જાય છે અને સૂવું-બેસવું, ફરવું, નહાવું, જોવું, સ્પર્શ કરવો, સૂંઘવું, ખાવું અને સાંભળવું વગેરે ક્રિયાઓમાં પોતાને કર્તા માનતો નથી પણ ગુણોને જ કર્તા માને છે. ગુણ જ બધાં કર્મોના કર્તા-ભોક્તા છે એમ સમજી વિદ્વાન પુરુષ કર્મવાસના અને ફલોમાં બંધાતો નથી. તે પ્રકૃતિ (દેહ) માં રહેવા છતાં જેવી રીતે આકાશ સ્પર્શ વગેરેથી સૂર્ય જલની ભીનાશથી અને વાયુ ગન્ધ વગેરેથી અસંગ રહે છે તેવી જ રીતે તે અસંગ (ઉદાસીન, નિર્વિકાર) રહે છે. તેની વિમલ બુદ્ધિની તલવાર અસંગભાવનાની સરાણથી વધારે ધારદાર થઈ જાય છે અને તે તેનાથી પોતાના તમામ સંશય-સન્દેહોને છેદી નાખી ફેંકી દે છે. જેવી રીતે કોઈ સ્વપનમાંથી જાગી ઊઠ્યો હોય તેમ તે આ ભેદબુદ્ધિના ભ્રમથી મુકત થઈ જાય છે ।।૧૧ થી ૧૩।।

(કેવાં લક્ષણોથી એને ઓળખવો તેનો ઉત્તર ત્રણ શ્લોકોથી કહે છે કે) જેના પ્રાણ, ઈન્દ્રિય, મન અને બુદ્ધિ ની બધી ચેષ્ટાઓ કે વ્યાપારો સંકલ્પ વિના જ થાય છે, આ ખાવું છે, આ જોવું છે, આ મેળવવું છે, આ નથી મેળવવું વગેરે સંકલ્પ રહિત હોય તે દેહમાં સ્થિત હોય છતાં (નાળિયેરની કાચલી અંદરના ટોપરાથી અલગ પડી જાય છે તેવી રીતે) તેના ગુણો (જન્મ, નાશ વગેરે) થી મુકત છે ।।૧૪।।

તે તત્ત્વજ્ઞ મુકત પુરુષના દેહને હિંસક લોકો પીડા કરેકે કોઈ દૈવયોગથી તેની પૂજા કરવા લાગે, તે કોઈના સતાવવા કે પીડવા થી દુઃખી, કે કોઈના પૂજવાથી પ્રસન્ન થતો નથી ।।૧૫।।

જે સમદર્શી મહાત્મા પુરુષ ગુણ અને દોષ ની ભેદ દષ્ટિથી પર થઈ ગયો છે તે સારાં કામ કરનારની સ્તુતિ કે બૂરાં કામ કરનારની નિન્દા કરતો નથી. કોઈના ગુણ દોષને ગ્રહણ ન કરતાં સમતા રાખે છે ।।૧૬।।

જીવન્મુકત પુરુષ કંઈ ભલું કે બૂરું કામ કરતો નથી અથવા કંઈ ભલું કે બૂરું કહેતો કે વિચારતો પણ નથી. તે વ્યવહારમાં પોતાની વૃત્તિ સમાન રાખી આત્માનન્દમાં જ મગ્ન રહે છે અને જડની જેમ જાણે કે કોઈ મૂર્ખ હોય તે પ્રમાણે ફરતો રહે છે ।।૧૭।।

(આ બધાં મુમુક્ષુનાં સાધનો જાણવાં. જે આચરણહીન પોતાની પંડિતાઈના અભિમાનવાળો છે તેની નિન્દા કરે છે કે) હે પ્રિય ઉદ્ધવ! જે પુરુષ વેદોમાં પારંગત

વિદ્વાન હોય પરન્તુ પરબ્રહ્મના ધ્યાન, ભક્તિ વગેરે કરવામાં કુશલ ન હોય તેના પરિશ્રમનું કોઈ ફલ નથી. તે તો વસૂકી ગયેલી અથવા વાંઝણી ગાયને પાળનારના જેવો છે ।।૧૮।।

દૂધ ન દેનારી ગાય, વ્યભિચારિણી, સ્ત્રી, પરાધીન શરીર, દુષ્ટ પુત્ર, સત્પાત્ર મળી આવવા છતાં દાનમાં નહિ આપેલું ધન અને મારા ગુણગાન જેમાં નથી તેવી વાણી વ્યર્થ છે. આ વસ્તુઓની રખવાળી કરનારો એક પછી એક દુઃખ જ ભોગવતો રહે છે ।।૧૯।।

તેથી હે ઉદ્ધવ! જે વાણીમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ મારી લોકપાવન લીલાનું વર્ણન ન હોય અને લીલા-અવતારોમાં પણ લોકપ્રિય રામ-કૃષ્ણ વગેરે અવતારોનું યશોગાન અને એમાં કરેલાં પવિત્ર કરનાર કર્મો વગેર ન હોય તેવી વંધ્યા-વાંઝણી વાણીનું ઉચ્ચારણ કે શ્રવણ મારા ધીર ભકતે કરવું જોઈએ નહિ ।।૨૦।।

(જ્ઞાનમાર્ગનો ઉપસંહાર કરતાં કહે છે) ઉપર કહેવામાં આવ્યું તે પ્રમાણે આત્મજિજ્ઞાસા અને વિચાર દ્વારા આત્મામાં અનેકતાના ભ્રમ (દેવ, મનુષ્ય આદિ દેહાધ્યાસ) ને દૂર કરી સર્વવ્યાપી પરમાત્મા એવા મારામાં પોતાનું નિર્મલ મન લગાવી દે અને સંસારના વ્યવહારોથી ઉપરામ (નિવૃત્ત) થઈ જાય. (સંસારના વ્યવહારોથી એટલે કર્મોના અનુષ્ઠાન, શાસ્ત્રોનો અભ્યાસ વગેરેથી નિવૃત્ત થાય પણ તે ભગવાન્‌માં મન સ્થિર થયા પછીની વ્યવસ્થા છે તે પહેલાંની નહિ) ।।૨૧।।

(એની જ સ્પષ્ટતા કરે છે કે) જો તમે તમારું મન પરબ્રહ્મમાં સ્થિર ન કરી શકો તો ફલની કામના છોડી દઈ નિરપેક્ષ થઈ બધાં (વર્ણાશ્રમ-વિહિત) કર્મો મારે માટે જ કરો ।।૨૨।।

(આમ મારે નિમિત્તે જ કર્મો કરવાથી તમારું મન વિશુદ્ધ થઈ જશે અને શ્રવણાદિ ભકિતદ્વારા પરમ પદની પ્રાપ્તિરૂપ ફલ પ્રાપ્ત થશે તે કહે છે) મારી કથાઓ સમસ્ત લોકોને પવિત્ર કરનારી અને કલ્યાણસ્વરૂપ છે. શ્રદ્ધાપૂર્વક તે સાંભળવી જોઈએ. મારા અવતાર અને લીલાઓ નું ગાન, સ્મરણ અને અભિનય ફરી-ફરીને કરવાં જોઈએ ।।૨૩।।

મારે આશ્રિત રહી મારે જ માટે ધર્મ, કામ અને અર્થ નું સેવન કરવું જોઈએ. આમ જે કરે છે તે, હે પ્રિય ઉદ્ધવ! મારી પ્રેમમયી નિશ્ચલ ભક્તિ પ્રાપ્ત કરે છે.

('કામ' નું ભગવદર્થે સેવન એટલે ભગવત્પ્રસાદી માળા, સુગન્ધ, વસ્ત્રો, અલંકાર વગેરેનો ઉપયોગ. 'અર્થ' નું ભગવદર્થે સેવન એટલે પ્રભુ સેવા સારી રીતે થઈ શકે એટલા માટે ધન કમાવું) ।।૨૪।।

ભક્તિની પ્રાપ્તિ સત્સંગથી થાય છે. જેને મારી ભકિત પ્રાપ્ત થઈ જાય છે તે (ધ્યાન પરાયણ થઈ) મારી ઉપાસના કરે છે અને મારા સાન્નિધ્યનો અનુભવ કરે છે. પછી સન્ત પુરુષોના ઉપદેશ અનુસાર તેમણે બતાવેલ મારા પરમ પદ (મારા સ્થાન અને સ્વરૂપ) ને સહજમાં પ્રાપ્ત થઈ જાય છે ।।૨૫।।

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે પ્રભો! મોટા-મોટા ભક્તો આપની કીર્તિનું ગાન કરે છે. કૃપા કરીને આપ બતાવો કે આપની દૃષ્ટિથી ભક્તનાં લક્ષણ કયાં છે? ભક્તો જેનો આદર કરે છે તે આપની ભક્તિ કેવી હોય? ।।૨૬।।

હે ભગવન્! આપ જ બ્રહ્માજી આદિ શ્રેષ્ઠ દેવતા, સત્યાદિ લોક અને ચરાચર જગતના સ્વામી છો. હું આપનો વિનીત, પ્રેમી અને શરણાગત ભકત છું. આપ મને ભક્તિ અને ભકત નું રહસ્ય બતાવો ।।૨૭।।

હે ભગવન્! હું જાણું છું કે આપ પ્રકૃતિના પણ નિયામક પૂર્ણ પુરુષોત્તમ છો, આકાશની માફક અસંગ છો, છતાં ભકતોની ઈચ્છાને માન આપી શ્રીઅંગને ધારણ કરી અવતાર લીધો છે તેથી વાસ્તવમાં આપ જ ભક્તિ અને ભક્ત નું રહસ્ય બતાવી શકો તેમ છો ।।૨૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** (ભક્તનાં ત્રીસ લક્ષણ કહે છે) હે પ્રિય ઉદ્ધવ! મારો ભક્ત કૃપાની મૂર્તિ હોય છે. તે કોઈ પણ પ્રાણી પ્રત્યે વેરભાવ રાખતો નથી અને મોટામાં મોટા દુઃખો પણ તે પ્રસન્નતાપૂર્વક સહન કરે છે. તેના જીવનના સાર સત્ય છે અને તેના મનમાં કોઈ પ્રકારની પાપવાસના કદી પણ આવતી નથી. તે સમદર્શી અને બધાનું ભલું કરવાવાળો હોય છે ।।૨૯।।

તેની બુદ્ધિ કામનાઓથી કલુષિત થતી નથી. તે સંયમી, કોમલ ચિત્તવાળો અને (સ્નાન વગેરેથી બહારથી અને ભગવત્સ્મરણ વગેરે દ્વારા અંદરથી) પવિત્ર હોય છે. સંગ્રહ પરિગ્રહથી દૂર રહે છે. કોઈ પણ વસ્તુમાટે તે કોઈ ચેષ્ટા કરતો નથી. પરિમિત ભોજન કરે છે અને શાન્ત રહે છે. તેની બુદ્ધિ સ્થિર હોય છે. તેને એક માત્ર મારો જ ભરોસો-આશ્રય હોય છે અને આત્મતત્ત્વના ચિન્તનમાં સદા સંલગ્ન રહે છે ।।૩૦।।

તે પ્રમાદરહિત, ગમ્ભીર સ્વભાવવાળો અને ધૈર્યવાન્ હોય છે. ભૂખ-તરસ, શોક-મોહ અને જન્મ-મૃત્યુ આ છ ઊર્મિઓ તેને વશ હોય છે. તે પોતે તો ક્યારેય કોઈની પાસે કોઈ પ્રકારની સન્માનની આશા રાખતો નથી પણ બીજાઓને સન્માન આપતો રહે છે. મારા સમ્બન્ધી જ્ઞાન બીજાઓને સમજાવવામાં બહુ નિપુણ હોય છે અને બધાની સાથે મિત્રતાનો વ્યવહાર કરે છે. તેના હૃદયમાં કરુણા ભરી હોય છે. મારા તત્ત્વનું તેને યથાર્થ જ્ઞાન હોય છે ।।૩૧।।

મેં વેદો તથા શાસ્ત્રો દ્વારા કરણશુદ્ધિ વગેરે ઉપદેશ કર્યો છે તેના પાલનથી અન્તઃ-કરણશુદ્ધિ વગેરે ગુણ અને ઉલ્લંઘન વગેરેથી ચિત્તની મલિનતા, નરક વગેરે દુઃખ પ્રાપ્ત થાય છે; પરન્તુ મારો જે ભકત તેમને પણ પોતાના ધ્યાન વગેરેમાં વિક્ષેપ કરનાર સમજી છોડી દે છે અને કેવલ મારી જ ભક્તિમાં લાગ્યો રહે છે તે પરમ સન્ત છે ।।૩૨।।

હું કેવો મહાન (દેશકાલથી અપરિચ્છિન્ન) છું, કોણ (સર્વનો આત્મા) છું, કેવો (સચ્ચિદાનન્દસ્વરૂપ) છું એ વાતોને એ જાણે કે ન જાણે; પરન્તુ અનન્ય ભાવથી જે મારું ભજન (સેવા-સ્મરણ) કરે છે તે મારી દૃષ્ટિએ મારો પરમ ભક્ત છે ।।૩૩।।

હે પ્રિય ઉદ્ધવ! મારો ભક્ત મારી મૂર્તિ (મારા સ્વરૂપ) અને મારા ભક્તજનોનાં દર્શન, સ્પર્શ, પૂજા સેવા-શુશ્રૂષા, સ્તુતિ અને પ્રણામ કરે તથા મારા ગુણ અને કર્મો નું કીર્તન કરે ।।૩૪।।

હે ઉદ્ધવ! મારો ભકત મારી કથા સાંભળવામાં શ્રદ્ધા રાખે અને નિરન્તર મારું ધ્યાન કરતો રહે. જે કંઈ મળી આવે તે મને સમર્પિત કરી દે અને દાસ્યભાવથી મને આત્મનિવેદન કરે ।।૩૫।।

મારા દિવ્ય જન્મ અને કર્મો ની ચર્ચા કરે. જન્માષ્ટમી, રામનવમી વગેરે પર્વો ઉપર આનન્દ મનાવે અને સંગીત, નૃત્ય, વાજાં અને સમાજ દ્વારા મારાં મન્દિરોમાં ઉત્સવ ઊજવે અને ઉજવાવે ।।૩૬।।

ઉત્સવના દિવસોમાં મારાં સ્થાનોની યાત્રા કરે, વરઘોડો કાઢે તથા વિવિધ ઉપહારોથી મારાં સ્થાનોની પૂજા કરે. વૈદિક અથવા તાન્ત્રિક પદ્ધતિથી દીક્ષા ગ્રહણ કરે. એકાદશી વગેરે મારાં વ્રતો કરે ।।૩૭।।

મન્દિરોમાં મારી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવવામાં શ્રદ્ધા રાખે. આ કાર્ય જો પોતે

એકલો ન કરી શકે તો બીજાઓના સહયોગથી કરે. મારે માટે પુષ્પ વાટિકા, બગીચા, ક્રીડાનાં સ્થાન, નગર અને મન્દિર બનાવડાવે ।।૩૮।।

સેવકની જેમ શ્રદ્ધા ભક્તિ સહિત નિષ્કપટ ભાવથી મારાં મન્દિરોમાં સેવા શુશ્રૂષા કરે તેને સ્વચ્છ રાખે, તેને લીંપે, તેમાં જલ છાંટે, તેમાં ચિત્રો બનાવે અને જાત-જાતના ચોક પૂરે ।।૩૯।।

અભિમાન ન કરે, દમ્ભ ન કરે, પોતાની સેવા-શુશ્રૂષાનાં શુભ કર્મો કોઈને કહે નહિ કેમકે **''ધર્મઃ ક્ષરતિ કીર્તનાત્''** જાહેરાત કરવાથી ધર્મનો ક્ષય થાય છે. મને ચડાવેલી વસ્તુનો પોતાના કાર્ય માટે ઉપયોગ કરવાની વાત તો દૂર રહી, મને સમર્પિત દીપકનો પ્રકાશ પણ પોતાના ઉપયોગમાં ન લે. કોઈ બીજા દેવતાને ચડાવેલી વસ્તુ મને ન ચડાવે* ।।૪૦।।

**વિશેષ** : ભગવાન્‌ને દીપ સમર્પિત કર્યો હોય તેના પ્રકાશનો પણ પોતાના કામમાં ઉપયોગ ન કરવો. એવી અહીં શ્લોક ચાલીસમામાં ભગવાન્‌ની આજ્ઞા છે. અહીં એ શંકા થાય કે ભક્તિમાર્ગમાં તો **''નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ''** ''ભગવાન્‌ને સમર્પિત ન કરી હોય તેવી વસ્તુઓનો ત્યાગ કરવો. નિવેદન જેમણે કર્યું છે. તેમણે સમર્પણ કરીને જ બધાં કાર્ય કરવાં'' એવી 'સિદ્ધાન્તરહસ્ય'માં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. આ બે પરસ્પર વિરોધી વિચારધારાઓનો સમન્વય કેમ કરવો? તેનું સમાધાન શ્રીમહાપ્રભુજી સિદ્ધાન્તરહસ્યમાં જ કરે છે કે **''ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ ભિન્ન માર્ગ પરં મતમ્''** નિવેદ તરીકે અર્પણ કરેલી વસ્તુનો પોતે ઉપયોગ ન કરવો એ વાક્ય બીજા માર્ગ-કર્મમાર્ગ, પૂજામાર્ગનું વાક્ય છે, ભક્તિમાર્ગનું નહિ. ભક્તિમાર્ગમાં બ્રહ્મસમ્બન્ધ થાય છે અને બ્રહ્મસમ્બન્ધ થયા પછી **''ત્વયોપભુક્તસ્રગ્ગન્ધ''** શ્લોકમાં ઉદ્ધવજીએ કહ્યા પ્રમાણે અને **''નિવેદિભિઃ સમર્પ્યૈવ''** માં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કર્યા પ્રમાણે બધી વસ્તુઓનું ભગવાન્‌ને નિવેદન કરીને જ વૈષ્ણવોએ નિર્વાહ કરવો. શ્રીકૃષ્ણ-અવતાર સમયે સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણે વેણુનાદ-શબ્દબ્રહ્મ દ્વારા બધાં વ્રજવાસીઓનો બ્રહ્મસમ્બન્ધ કરાવ્યો હતો તેમ શ્રીહરિરાયજી સિદ્ધાન્તરહસ્યની ટીકામાં જણાવે છે. શ્રીપુરુષોત્તમજી પોતાની ટીકામાં જણાવે છે કે મહાપાક વગેરે સમર્પણ કરવા અશક્ય હોય ત્યારે મન અને વાણીથી સમર્પણ કરવું. જેવી રીતે વિજ્ઞાપનનો અર્થ વિશેષ રીતે જ્ઞાપન-સ્પષ્ટતાથી અર્થ જણાવવો થાય છે, ''આ વાક્ય સમર્પક છે, આ શબ્દ અસમર્પક છે'' એવા પ્રયોગો વિદ્વાનો કરે છે તેવી રીતે નિવેદનનું પણ સમજવું. આગળથી શક્ય હોય તેવા સંયોગોમાં આગળથી અને શક્ય ન હોય તો પાછળથી

ભગવાન્‌ને સમર્પણ-નિવેદન કરવું, જણાવવું. ગંગાજીમાં ગમે તે જલ મળે તે જલ ગંગાજી-સ્વરૂપ જ થઈ જાય છે તેમ બ્રહ્મસમ્બન્ધથી બધાની બ્રહ્મતા-નિર્દોષતા અને સમતા થઈ જાય છે. વળી એક માર્ગનું વાક્ય બીજા માર્ગને લાગુ પડે નહિ. દા.ત. દ્વિજે શિખાસૂત્ર-ચોટી અને જનોઈ અવશ્ય ધારણ કરવાં જોઈએ એ ન હોય તો બધાં સત્કર્મ વ્યર્થ છે પણ એ જ દ્વિજ સન્ન્યાસ ગ્રહણ કરે ત્યારે શિખાસૂત્રનો ત્યાગ કરે છે ગૃહસ્થાશ્રમનો વિધિ સન્ન્યાસ આશ્રમમાં નિષેધ બને છે. આવું જ પૂજામાર્ગ અને ભક્તિમાર્ગ નું સમજવું. ભક્તિમાર્ગમાં **''પત્રં પુષ્પં''** શ્લોકમાં કહ્યા પ્રમાણે ભગવાન્ સાક્ષાત્ આરોગે છે અને ભગવત્પ્રસાદી વસ્તુઓથી નિર્વાહ કરવો એ ભગવાન્‌ના દાસનો ધર્મછે.

સંસારમાં જે-જે વસ્તુ પોતાને પ્રિય, અભીષ્ટ લાગે તે-તે વસ્તુ મને સમર્પિત કરી દે. એમ કરવાથી તે વસ્તુ અક્ષય ફલ (મોક્ષ) આપનારી તથા મારી અનન્ત પ્રીતિ સમ્પાદન કરનારી થાય છે ।।૪૧।।

હે ભદ્ર! સૂર્ય, અગ્નિ, બ્રાહ્મણ, ગાય, વૈષ્ણવ, આકાશ, વાયુ, જલ, પૃથ્વી, આત્મા અને બધાં પ્રાણી આ બધાં મારી પૂજાનાં સ્થાન છે ।।૪૨।।

હે પ્રિય ઉદ્ધવ! ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ ના મન્ત્રોદ્વારા સૂર્યમાં મારી પૂજા કરવી જોઈએ. હવનદ્વારા અગ્નિમાં, આતિથ્યદ્વારા શ્રેષ્ઠ બ્રાહ્મણમાં, લીલા ઘાસ વગેરે દ્વારા ગાયમાં મારી પૂજા કરે ।।૪૩।।

વૈષ્ણવમાં ભાઈ-બન્ધુ જેટલો સત્કાર કરીને, હૃદયાકાશમાં નિરન્તર ધ્યાન મગ્ન રહીને, વાયુમાં મુખ્ય પ્રાણ સમજીને અને જલમાં જલ, પુષ્પ વગેરે સામગ્રીઓ દ્વારા મારી આરાધના કરાય છે ।।૪૪।।

ગુપ્તમન્ત્રોદ્વારા ન્યાસ કરી માટીની વેદીમાં, ઉપયોગી ભોગદ્વારા આત્મામાં અને સમદષ્ટિદ્વારા સમ્પૂર્ણ પ્રાણીઓમાં મારી આરાધના કરવી જોઈએ, કારણ કે હું બધામાં ક્ષેત્રજ્ઞ આત્માના રૂપમાં સ્થિત છું ।।૪૫।।

આ બધાં સ્થાનોમાં શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ચતુર્ભુજ શાન્તમૂર્તિ શ્રીભગવાન્ બિરાજમાન છે એવું ધ્યાન કરતાં-કરતાં એકાગ્રતા પૂર્વક મારી પૂજા કરવી જોઈએ ।।૪૬।।

આ પ્રમાણે જે મનુષ્ય એકાગ્રચિત્તથી યજ્ઞયાગાદિ ઈષ્ટ અને કૂવા, વાવડી, ધર્મશાળા વગેરે બનાવડાવવા આદિ પૂર્ત કર્મોદ્વારા મારી પૂજા કરે છે તેને મારી શ્રેષ્ઠ ભક્તિ પ્રાપ્ત થાય છે અને સન્ત પુરુષોની સેવા કરવાથી મારી સ્મૃતિ સદા બની રહે

છે. (યોગમાં સમાધિ યમ નિયમ વગેરે ક્લેશસાધ્ય સાધન કરવાં પડે છે. સાંખ્યમાં વૈરાગ્યની જરૂર પડે છે. ધર્માચરણમાં ધન વગેરેની જરૂર પડે છે. આ બધાં સાધનો પણ સવ્યભિચારી છે એટલે કે તે સાધનો કરવામાં આવે તો પણ ફળ મળે જ મળે એવું નથી હોતું. ફલ ન પણ મળે. તેથી હવે એક સ્વતન્ત્ર, વૈરાગ્ય વગેરેની જેમાં જરૂર ન પડે તેવું અને કદી નિષ્ફળ ન જાય તેવું અને તેથી પરમગુહ્ય સાધન કહે છે) ।।૪૭।।

હે પ્રિય ઉદ્ધવ! મારો એવો નિશ્ચય છે કે સંસારસાગરને તરી જવાનો એક માત્ર યોગ્ય ઉપાય જો કોઈ હોય તો તે મારી ભક્તિજ છે અને મારી ભક્તિ પ્રાપ્ત કરાવનારું અમોઘ સાધન સત્સંગ-સત્પુરુષોનો સંગજ છે; કારણ કે સંત પુરુષો મને પોતાનો આશ્રય માને છે અને હું સદા-સર્વદા તેમની પાસે હાજરજ હોઉં છું।।૪૮।।

**અથૈતત્ પરમં ગુહ્યં શૃણ્વતો યદુનન્દન।**
**સુગોપ્યમપિ વક્ષ્યામિ ત્વં મે ભૃત્યઃ સુહૃત્ સખા ।।૪૯।।**

હે પ્રિય ઉદ્ધવ! હવે હું તમને એક અત્યન્ત ગોપનીય (ગોપ્ય) પરમ રહસ્યની વાત બતાવીશ કારણ કે તમે મારા પ્રિય સેવક, હિતૈષી, સુહૃદ અને પ્રેમી સખા છો; સાથે-સાથે તે જાણવાની તમારી જિજ્ઞાસા પણ છે ।।૪૯।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા 'સાયુજ્યમુક્તિ' પ્રકરણનો છઠ્ઠો અને ચાલુ) ''બદ્ધ-મુકત જીવનાં, ભક્તનાં તથા ભક્તિનાં લક્ષણો'' નામનો ૧૧મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**
કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

## અધ્યાય ૧૨

## સત્સંગનો મહિમા અને કર્મત્યાગની નિષ્ઠા

**ન રોધયતિ માં યોગો ન સાંખ્યં ધર્મ એવ ચ ।।**
**ન સ્વાધ્યાયસ્તપસ્ત્યાગો નેષ્ટાપૂર્તં ન દક્ષિણા ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવ! જગતમાં આસક્તિઓ છે તેમને સત્સંગ નષ્ટ કરી દે છે. તેથી જ સત્સંગ મને જેવી રીતે વશ કરી લે છે તેવું સાધન યોગ કે સાંખ્ય નથી, ધર્મ પાલન કે સ્વાધ્યાય નથી. તપસ્યા, ત્યાગ, ઈષ્ટાપૂર્ત અને મોટી દક્ષિણાઓથી પણ હું એવો પ્રસન્ન થતો નથી. કયાં સુધી કહું? વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ અને યમ-નિયમ પણ સત્સંગની જેમ મને વશ કરવા સમર્થ નથી* ।।૧-૨।।

**વિશેષ : યોગ** : આસન, પ્રાણાયામ વગેરે પૂર્વક કરેલો ચિત્તવૃત્તિ નિરોધ. **સાંખ્ય** : તત્ત્વોનો વિવેક, આત્મા-અનાત્માનો વિવેક. **'ધર્મ'** : પરોપકાર વગેરે. **'સ્વાધ્યાય'** : વેદોનું અધ્યયન. **'તપ'** : કૃચ્છ્ર, અનશન (ઉપવાસ). **'ત્યાગ'** : સન્ન્યાસ. **'ઈષ્ટ'** : વૈદિક અગ્નિહોત્ર યજ્ઞ ઈત્યાદિ કર્મો. **'ઈષ્ટાપૂર્ત'** : કૂવા, ધર્મશાળા વગેરે બંધાવવાં. **'દક્ષિણા'** : દાન.

હે નિષ્પાપ ઉદ્ધવજી! આ એક યુગની નહિ, બધા જ યુગની એક જ વાત છે. સત્સંગદ્વારા જ દૈત્ય અને રાક્ષસ, પશુ અને પક્ષી, ગન્ધર્વ અને અપ્સરા, નાગ અને સિદ્ધ, ચારણ અને ગુહ્યક તેમજ વિદ્યાધરોને મારી પ્રાપ્તિ થઈ છે. મનુષ્યોમાં વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી અને અન્ત્યજ વગેરે જ મારું પરમ પદ પ્રાપ્ત કર્યું છે ।।૩-૪।।

વૃત્રાસુર[૧] પ્રહ્લાદ[૨] વૃષપર્વા[૩] બલિ[૪] બાણાસુર[૫] મયદાનવ[૬] વિભીષણ[૭] સુગ્રીવ, હનુમાન, જામ્બવાન, ગજેન્દ્ર[૮] જટાયુ[૯], તુલાધાર વૈશ્ય[૧૦] ધર્મવ્યાધ[૧૧] કુબ્જા[૧૨] વ્રજનાં ગોપીજનો[૧૩] યજ્ઞ (ઋષિ) પત્નીઓ[૧૪] અને બીજા લોકો[૧૫] પણ સત્સંગના જ પ્રભાવથી મને પ્રાપ્ત કરી શક્યાં છે ।।૫-૬।।

**વિશેષ : ૧. 'વૃત્રાસુર'** : ને પૂર્વ જન્મમાં નારદજી, અંગિરા અને શ્રીસંકર્ષણજીનો સત્સંગ થયો હતો. (શ્રીભાગ. સ્કન્ધ ૬, અ.૯ થી ૧૪)

**૨.''કયાધુપુત્ર પ્રહ્લાદજી''** : ને ગર્ભમાં જ નારદજીનો સત્સંગ મળ્યો હતો. (શ્રીભાગવત સ્કન્ધ ૭, અધ્યાય ૭)

**૩.'વૃષપર્વા'** : ને જન્મ થતાં જ તેની માતા દનુએ તેનો ત્યાગ કર્યો. તેથી પિતા કશ્યપજીએ તેને પાળી-પોષી મોટો કર્યો. મુનિ કશ્યપજીના સંગથી તેને વિષ્ણુ ભક્તિ પ્રાપ્ત થઈ હતી.

**૪.'બલિ'** : પ્રહ્લાદજીનો પૌત્ર અને વિરોચનનો પુત્ર. પ્રહ્લાદજીનો સત્સંગ થયો. વામન ભગવાન્નો સાક્ષાત્કાર થયા પછી જ ભક્તિનો વિશેષ ઉદ્બોધ થયો છે. (શ્રીભાગવત સ્કન્ધ ૮ અધ્યાય ૧૫।૨૩) બલિને બાંધવા જતાં ભગવાન્ પોતે બંધાયા અને આજ સુધી બલિને બારણે સુતલમાં પૌરિયાગીરી કરેછે.

**૫.'બાણાસુર'** : બલિનો પુત્ર. તેને પિતા બલિનો અને વૈષ્ણવ શિરોમણિ શિવજીનો સત્સંગ

સાંપડ્યો હતો. યુદ્ધમાં સાક્ષાત્ ભગવદ્ દર્શન થયાં હતાં અને વિષ્ણુ માહાત્મ્ય જાણ્યું. તેને મહાભાગવત મહેશજીની પ્રાપ્તિ થઈ છે પણ ભગવાને ભકત અને સત્સંગ નું માહાત્મ્ય પ્રગટ કરવા તેને પોતાની પ્રાપ્તિ બરાબર ગણાવી છે.

૬.**'મયદાનવ'** : વિશ્વકર્મા જેમ દેવોના બાંધકામ ખાતાના અધિકારી છે તેમ મય અસુરોના ઈજનેર છે. ખાંડવ વનદહન પ્રસંગે અર્જુને એનું રક્ષણ કર્યું હતું. પાંડવોમાટે સભા નિર્માણ કરતાં ભગવાન્ શ્રીકૃષ્ણ અને પાંડવો નો સત્સંગ તેને થયો હતો.

૭.**'વિભીષણ'** : વિશ્રવા ઋષિની બીજી સ્ત્રી કૈકસીના ત્રણ પુત્રો હતા, રાવણ, કુમ્ભકર્ણ અને વિભીષણ. તેમણે પાંચ હજાર વર્ષ સુધી 'ગોકર્ણ' ક્ષેત્રમાં તપ કરી, બીજાં પાંચ હજાર વર્ષ એક પગે ઊભા રહી તપ કરી બ્રહ્માજીને પ્રસન્ન કર્યા હતા. બ્રહ્માજીએ પ્રસન્ન થઈ વરદાન માગવાનું કહેતાં તેમણે ''મારી મતિ હંમેશાં સદ્ધર્મમાં જ અચલ રહે'' એવું વરદાન માગ્યું જે બ્રહ્માજીએ આપ્યું. ભગવાન્ શ્રીરામચન્દ્રજી અને હનુમાનનો સત્સંગ મળી જવાથી તેઓ ભકત શિરોમણિ તો બની ગયા તેમને ભગવત્પ્રાપ્તિ પણ થઈ.

૮.**''સુગ્રીવ, હનુમાન, જામ્બવાન અને ગજેન્દ્ર પશુઓ છે''** : સુગ્રીવને હનુમાનનો અને જામ્બવાનને ભગવાન્ શ્રીકૃષ્ણનો સત્સંગ લાધ્યો હતો. સૃષ્ટિના સર્જનમાં ગળાડૂબ રચ્યા-પચ્યા રહેવાથી ભગવત્સ્મરણ ન થઈ શકવાથી બ્રહ્માજીએ જ જામ્બવાનનું સ્વરૂપ ધારણ કરી ભગવદ્ સ્મરણ યથેચ્છ કરવા માંડ્યું. ગજેન્દ્રને પૂર્વજન્મના સત્સંગ ઉપરાન્ત હરિ ભગવાન્નો સંગ થયો હતો.

૯.**'જટાયુ'** : કશ્યપ અને વનિતા ના પુત્ર અરુણનો પુત્ર. તે ગીધોનો રાજા હતો. દેશમાં દુકાળ પડતાં દુકાળના કારણની તપાસ કરતાં શનિ જવાબદાર જણાતાં દશરથ રાજાએ શનિ ઉપર ચડાઈ કરી. શનિએ રથ સાથે તેમને નીચે ધકેલી દેતાં પડતા દશરથ રાજાને જટાયુએ ઝીલી લીધા અને તેમના પ્રાણ બચાવ્યા. ત્યારથી દશરથ અને જટાયુ વચ્ચે ગાઢ મૈત્રી થઈ. આથી જટાયુને દશરથના સત્સંગનો લાભ મળ્યો અને પ્રભુમાં તેને પ્રેમ થયો. એક વખતે તેણે આકાશમાંથી ''દોડો, દોડો; બચાવો, બચાવો'' ની ચીસો સાંભળી. તેણે જોયું કે રાવણ સીતાજીનું હરણ કરી આકાશમાર્ગે જઈ રહ્યો છે. સમજાવટથી ન માનતાં રાવણની સાથે યુદ્ધ કર્યું. રાવણે તેની બન્ને પાંખો કાપી નાખી. સાઠ હજાર વર્ષની વયના જટાયુએ પ્રાણને રોકી રાખ્યા. રામ-લક્ષ્મણ સીતાજીને શોધતા-શોધતા ત્યાં આવ્યા. જટાયુએ બધા સમાચાર આપ્યા અને કહ્યું કે ''આ સમાચાર આપવામાટે જ હું મોત સામે ઝઝૂમી જીવી રહ્યો હતો. હવે આપ મારી નજર સામે બિરાજતા હો એનાથી વધારે મંગળમય મૃત્યુ મારું બીજું કયું હોઈ

શકે?'' એમ કહી પ્રાણ છોડ્યા. શ્રીરામચન્દ્રજીએ અશ્રુભીની આંખે જટાયુનો અગ્નિસંસ્કાર કર્યો અને સન્તોષ લીધો કે ''ચાલો! પિતાશ્રીનો અગ્નિસંસ્કાર કરવાનો લાભ તો ન મળ્યો, પિતાશ્રીના મિત્રનો તો અગ્નિસંસ્કાર કરી સન્તોષ લઉં?''

૧૦. **''તુલાધાર વૈશ્ય''** : જાજલિ નામના એક ઋષિ સમુદ્ર કિનારે ઘોર તપ કરી રહ્યા હતા. યોગસાધનાની બહુ ઊંચી ભૂમિકા ઉપર તેઓ પહોંચી ગયા હતા. ધ્યાન કરતાં-કરતાં તેમના મનમાં સૃષ્ટિના જ્ઞાનનો ઉદય થયો. ભૂગોળ, ખગોળ વગેરે વિષય હસ્તામલકવત્ પ્રત્યક્ષ થવા લાગ્યા. અભિમાન થયું કે મારા જેવો બીજો કોઈ તપસ્વી કે જ્ઞાની નથી. તરત જ આકાશવાણી થઈ, ''હે મહાશય આપનો આ વિચાર બરાબર નથી. કાશીમાં રહેતા તુલાધાર વૈશ્ય પણ આવું ન વિચારી શકે'' જાજલિ કાશી ગયા. જોયું તો તુલાધાર પોતાની દુકાને બેઠા-બેઠા વેપાર કરી રહ્યા છે. ઋષિને જોઈ તુલાધારે તેમને આવકાર્યા અને કહ્યું કે પક્ષીઓ, આપને એક સૂકું ઠૂંઠું સમજીને આપની જટામાં માળો બાંધતાં, ઈંડાં મૂકતાં તેની આપને ખબર રહેતી નહિ. આથી અભિમાન થવાથી આકાશવાણી સાંભળીને આપ અહીં આવ્યા છો. કહો હું આપની શી સેવા કરું? ચર્ચા દરમિયાન વૈશ્યે કહ્યું, ''કોઈનું કદી અહિત ન કરવું. મનસા, વાચા, કર્મણા બધાના હિતમાં લાગ્યા રહેવું. જગત્ ભગવાનનું સ્વરૂપ છે. સોનું એ પીળી માટી જ છે. શ્રદ્ધા, સદાચાર, વર્ણાશ્રમ, ધર્મ, સત્ય, સમબુદ્ધિ જીવનમાં ઉતારવાં જોઈએ'' (મહાભારત-શાન્તિપર્વ)

**૧૧. 'ધર્મવ્યાધ'** : કૌશિક નામના એક વિદ્વાન, તપસ્વી, ધર્માત્મા બ્રાહ્મણ હતા. એક વખત તેઓ સૂર્યને અર્ઘ્ય આપતા હતા ત્યારે એક બગલી અંજલિમાં ચરકી ગઈ. ઋષિએ લાલ આંખ કરી ઊંચે જોતાં બગલી મરી ગઈ. ઋષિ એકવાર ભિક્ષામાટે ગયા. બાઈ વાસણ માંજતી હતી એટલે કહ્યું, ''મહારાજ! ઊભા રહો, આવું છું'' ત્યાં તેના પતિ આવ્યા એટલે થોડું વધારે મોડું થયું. બ્રાહ્મણે કહ્યું, ''તું જાણે છે કે બ્રાહ્મણ અગ્નિના જેવો તેજસ્વી હોય છે, ધારે તો આખી પૃથ્વીને બાળી નાખે'' તે પતિવ્રતા સ્ત્રીએ કહ્યું, ''હા, મહારાજ, મને ખબર છે કે બ્રાહ્મણના ક્રોધને લીધે દરિયાનું પાણી પીવા જેવું રહ્યું નથી. પતિ સેવામાં રોકાયેલી હોવાથી મોડું થયું પણ મને બગલી ન સમજતા. તમારે મિથિલા નગરીમાં ધર્મવ્યાધ (શિકારી) પાસે ભણવા જવાની જરૂર છે'' કૌશિક મિથિલા ગયા. ત્યાં જોયું તો ધર્મવ્યાધ માંસ વેચવાનો ધમધોકાર ધંધો કરી રહ્યા છે. ધર્મવ્યાધે તેમને જોઈ તેમનું સન્માન કરી તેઓ શા માટે આવ્યા હતા તે સર્વ કહી દીધું. તેમને પોતાને ઘેર લઈ ગયા. ઘર ઘણું સ્વચ્છ અને સુઘડ હતું. વ્યાધે વૃદ્ધ માતા-પિતાને પ્રણામ કર્યા. ધર્મની ચર્ચા દરમિયાન વ્યાધે કહ્યું, ''આ ધંધો પરમ્પરા પ્રાપ્ત બાપદાદાનો

હોવાથી હું તે કરું છું. હું પોતે માંસ ખાતો નથી. માંસમાટે હું જાતે કોઈ પશુની હિંસા કરતો નથી. પાડા અને સૂવર નું જ માંસ હું વેચું છું. સાક્ષાત્ ભગવાન્ મારી સેવા સ્વીકારવા પધાર્યા છે એમ સમજીને દરેક ઘરાક સાથે વર્તાવ કરું છું. દેવતાઓ, અતિથિઓ, કુટુમ્બીજનો અને સેવકો ને જમાડીને જ જમું છું. લુહારની ધમણની જેમ પાપી માણસો ફૂલેલા દેખાય ખરા પણ તેઓ સત્ત્વહીન હોય છે. લોભ પાપનું મૂળ છે. પૂર્વ જન્મમાં હું વેદજ્ઞ બ્રાહ્મણ હતો. શિકારી રાજાના સંગથી શિકારની લત લાગી. ભૂલમાં એક ઋષિની હત્યા થઈ ગઈ. તેનું ફલ ભોગવી રહ્યો છું'' (મહાભા.વનપર્વઅ.૨૦૬-૨૧૬)

**૧૨. 'કુબ્જા'** : ત્રેતાયુગમાં આ શૂર્પણખા હતી. તેને મર્યાદા-પુરુષોત્તમ શ્રીરામચન્દ્રજીનાં દર્શન તો થયાં જ હતાં. દર્શન માત્રથી હૈયું ઓળઘોળ (ન્યોછાવર) પણ કરી નાખ્યું હતું. માથુર હરિવંશપુરાણ મુજબ નારદજીના સત્સંગના સંસ્કાર સાથે કૃષ્ણાવતારમાં કુબ્જા બની હતી.

**૧૩. 'ગોપીજનો'** : અનેક યુગમાં અનેક સાધકોએ કરેલ કઠોર સાધનાને સાથે લઈને **''વ્રજે ગોપ્યો ભવિષ્યથ''** તમારા મનોરથની સિદ્ધિ વ્રજમાં ગોપીજનો થશો ત્યારે થશે એવા ભગવાન્ના વરદાનની હૂંડી સાથે વ્રજમાં ગોપી સ્વરૂપ પ્રાપ્ત કરેલું. તેમને સત્સંગ નિત્ય સિદ્ધા મુખ્ય સ્વામિનીજી શ્રીરાધિકાજીનો થયો હતો.

**૧૪. 'ઋષિ પત્નીઓ'** : કૃષ્ણકથામૃતની નદીઓ વહેવડાવનારા કથાકારો, કીર્તનકારો, માણભટોદ્વારા તથા ગોરસ વેચવામાટે જતાં ગોપીજનોના સત્સંગથી શ્રીકૃષ્ણના સ્વરૂપમાં દર્શન થતાં પહેલાં જ આસક્તિ થઈ ગઈ હતી.

**૧૫. 'તથાપરે'** : ''અને બીજા લોકો'' થી માલાકાર સુદામા વગેરે સમજવા. આ નામી તથા બીજા અસંખ્ય અનામી મહાભાગ્યશાળી જીવોને સત્સંગ સાંપડ્યો. સત્સંગથી ભક્તિ થઈ અને ભગવત્પ્રાપ્તિ થઈ. આમ સત્સંગ ભગવત્ પ્રાપ્તિમાં અસહાયશૂરદ્ઢએકલવીર સાધન છે.

તે લોકોએ વેદોનો અભ્યાસ કર્યો નહોતો કે મહાપુરુષોની વિધિપૂર્વક ઉપાસના નહોતી કરી. તેમણે કૃચ્છ્ર-ચાન્દ્રાયણ વગેરે વ્રત કે કોઈ બીજી તપસ્યા પણ નહોતી કરી. બસ, માત્ર સત્સંગના પ્રભાવથી જ મને પ્રાપ્ત કરી લીધો હતો ।।૭।।

ગોપીજનો, ગાયો, પક્ષીઓ, પશુઓ, સુદર્શન, કાલીયનાગ વગેરે તો સાધન-સાધ્યની બાબતમાં બિલકુલ મૂઢ બુદ્ધિવાળા હતા. આટલા જ નહિ બીજા પણ અનેક થઈ ગયા છે જેમણે માત્ર પ્રેમપૂર્ણ ભાવ (પ્રેમ, દર્શન, સ્પર્શ વગેરે) દ્વારા જ વિના પ્રયાસે મારી પ્રાપ્તિ કરી લીધી અને કૃતકૃત્ય થઈ ગયા ।।૮।।

હે ઉદ્ધવ! પ્રયત્નશીલ સાધન સમ્પન્ન સાધક યોગ, સાંખ્ય, દાન, વ્રત,

તપસ્યા, યજ્ઞ, શ્રુતિઓની વ્યાખ્યા, સ્વાધ્યાય અને સન્ન્યાસ વગેરે દ્વારા મને પ્રાપ્ત કરી શકતા નથી, પરન્તુ સત્સંગથી હું અત્યન્ત સુલભ થઈ જાઉં છું ।।૯।।

હે ઉદ્ધવ! જે વખતે અક્રૂરજી મને મોટાભાઈ બલદેવજીની સાથે મથુરા લઈ આવ્યા તે વખતે ગોપીજનોનાં હૃદય ગાઢ પ્રેમને લીધે મારા અનુરાગના રંગમાં રંગાઈ ગયાં હતાં. મારા વિયોગની તીવ્ર વ્યાધિથી તેઓ વ્યાકુલ થઈ રહી હતી અને મારા સિવાય જગતની બીજી કોઈ વસ્તુ તેમને સુખકારક જણાતી નહોતી ।।૧૦।।

તમે જાણો છો કે હું જ તેમનો એક માત્ર પ્રિયતમ છું. જ્યારે હું વૃન્દાવનમાં હતો ત્યારે તેઓએ રાસની અનેક રાત્રિઓ મારી સાથે અડધી ક્ષણની જેમ વિતાવી દીધી હતી; પરન્તુ હે પ્રિય ઉદ્ધવ! મારા વિના તે જ રાત્રિઓ તેમને માટે એક-એક કલ્પ સમાન થઈ પડી હતી ।।૧૧।।

જેવી રીતે મોટા-મોટા ઋષિમુનિઓ સમાધિમાં તથા ગંગા વગેરે મોટી-મોટી નદીઓ સમુદ્રમાં મળી જઈ નામરૂપ-વિહીન બની જાય છે તેવી જ રીતે તે ગોપીજનો પરમ પ્રેમદ્વારા મારામાં એટલી બધી તન્મય થઈ ગઈ હતી કે તેમને આ લોક-પરલોક, શરીર અને પોતાના સાંસારિક પતિ, પુત્ર વગેરેની પણ સૂધ-બૂધ રહી નહોતી ।।૧૨।।

હે ઉદ્ધવ! તે ગોપીજનો મારા વાસ્તવિક સ્વરૂપને તો જાણતી પણ નહોતી. તેઓ મને પ્રિયતમ જાણી જાર ભાવથી મને મળવાની આકાંક્ષા રાખ્યા કરતી હતી. તે નિઃસાધન હજારો *અબલાઓએ માત્ર સત્સંગના પ્રતાપથી જ પરબ્રહ્મ એવા મને પ્રાપ્ત કરી લીધો ।।૧૩।।

**વિશેષ : અબલાઃ।** ૧. 'અઃ' એટલે પૂર્ણ બ્રહ્મ શ્રીકૃષ્ણ તે જ બળ છે જેનું તે **'અબલાઃ।'** ૨. કોઈ પણ જાતના સાધનનું જેને બળ નથી તે નિઃસાધન - **'અબલાઃ।'**

તેથી હે ઉદ્ધવ! તમે શ્રુતિ-સ્મૃતિ, વિધિ-નિષેધ (કાર્ય અકાર્ય), પ્રવૃત્તિ-નિવૃત્તિ અને શ્રવણ કરવા યોગ્ય અને શ્રવણ કરેલા વિષયોનો પણ પરિત્યાગ કરી દઈ, સર્વત્ર મારી જ ભાવના કરતા, સમસ્ત પ્રાણીઓનો આત્મા હું જ છું એમ સમજીને મારું અનન્ય શરણ ગ્રહણ કરી લો, કારણ કે મારે શરણે આવી જવાથી તમે સર્વથા (સર્વરીતે) નિર્ભય થઈ જશો ।।૧૪-૧૫।।

**ઉદ્ધવજીએ કહ્યું :** સનકાદિ યોગેશ્વરોના પણ પરમેશ્વર, હે પ્રભો! આમ તો હું આપનો ઉપદેશ સાંભળી રહ્યો છું પરન્તુ તેથી મારા મનનો સન્દેહ હજુ મટતો નથી.

હમણાં જ આપે ''નિરપેક્ષ થઈને બધાં કર્મો મને અર્પણ કરી સાવધાનીપૂર્વક કરવાં'' એમ કહી મને કર્મનો અધિકાર આપ્યો. વળી તેની પહેલાં ''મન, વાણી, ચક્ષુ વગેરેથી જે અનુભવાય છે એ બધો માયાનો પ્રભાવ છે તેથી મારા અધીશ્વરમાં આ બધું જગત્ રહેલું છે એવી દૃષ્ટિ રાખવી'' એમ કહી મને જ્ઞાનનો અધિકાર આપ્યો. હવે આપ કહો છો કે બધું જ છોડીને સર્વાત્મભાવથી મારે શરણે આવી જા, આમ કહી મને ભક્તિનો અધિકાર આપ્યો. (હવે આપ આગળ કોણ જાણે કયો અધિકાર આપશો એવી વક્ર ઉક્તિ સમજવી) ।।૧૬।।

(એમ ઉદ્ધવજીએ પૂછ્યું તેનો ઉત્તર આપવામાટે કહે છે કે ઈશ્વર પોતે લીલાને માટે પ્રપંચરૂપ થાય છે. દેહના અધ્યાસને લીધે જીવને અનાદિ અવિદ્યાથી કર્તાપણું સ્ફુરે છે, ત્યારે આ કરવું આ ન કરવું એમ વિધિ-નિષેધનો એને અધિકાર થાય છે. તે-તે કર્મ કરે તો સત્ત્વશુદ્ધિ થાય માટે એને કર્મ કરવાનું કહેવામાં આવ્યું છે. સત્ત્વ શુદ્ધ થયા પછી કર્મમાં જડ ન થવામાટે ચિત્ત વિક્ષેપક કર્મોનો નિષેધ કરી દૃઢ વિશ્વાસથી ભક્તિ કરવાનું કહ્યું છે. ભક્તિથી આત્મ સાક્ષાત્કાર થાય તો પછી કાંઈ કર્તવ્ય રહેતું નથી એમ બતાવવામાટે ઈશ્વરથી વાણીદ્વારા જીવને સંસારના કારણરૂપ પ્રપંચ થાય છે એ જ વાત અહીં ભગવાન્ કહે છે). **ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવ! જે પરમાત્માનું પરોક્ષરૂપથી વર્ણન કરવામાં આવે છે તે સાક્ષાત્ અપરોક્ષ-પ્રત્યક્ષ જ છે, કારણ કે તે આપ જ તમામ વસ્તુઓને સત્તા-સ્ફૂર્તિ-જીવનદાન કરવાવાળા છે; તે જ પહેલાં અનાહત નાદ સ્વરૂપ પરા વાણી નામના પ્રાણની સાથે મૂલાધાર ચક્રમાં પ્રવેશ કરે છે. ત્યારબાદ મણિપૂરક ચક્ર (નાભિસ્થાન) માં આવી પશ્યન્તી વાણીનું મનોમય સૂક્ષ્મરૂપ ધારણ કરે છે અને પછી કંઠદેશમાં સ્થિત વિશુદ્ધ નામના ચક્રમાં આવે છે અને ત્યાં મધ્યમાં વાણીના રૂપમાં વ્યકત થાય છે. પછી ક્રમશઃ મુખમાં આવી હ્રસ્વ, દીર્ઘ વગેરે માત્રા, ઉદાત્ત-અનુદાત્ત આદિ સ્વર તથા કકારાદિ અક્ષરરૂપ સ્થૂલ-વૈખરી વાણીનુંરૂપ ગ્રહણ કરી લે છે ।।૧૭।।

અગ્નિ આકાશમાં ઉષ્મા કે વિદ્યુત ના રૂપમાં અવ્યકત રૂપથી રહેલો છે. જ્યારે જોરથી કાષ્ઠમન્થન કરવામાં આવે છે ત્યારે વાયુની સહાયથી તે પહેલાં અત્યન્ત સૂક્ષ્મ ચિનગારીના રૂપમાં પ્રગટ થાય છે અને પછી આહુતિ આપવામાં આવે ત્યારે તે પ્રંચડરૂપ ધારણ કરી લે છે. તેવી જ રીતે હું પણ શબ્દબ્રહ્મ સ્વરૂપથી ક્રમશઃ પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી વાણીના રૂપમાં પ્રગટ થાઉં છું ।।૧૮।।

તેવી જ રીતે મોઢેથી બોલવું, હાથથી કામ કરવું, પગથી ચાલવું, સ્પર્શ કરવો, સાંભળવું, મનથી સંકલ્પ, વિકલ્પ કરવા, બુદ્ધિથી સમજવું, અહંકારદ્વારા અભિમાન કરવું, મહત્તત્ત્વના રૂપમાં બધાના તાણા-વાણા બનવું તથા સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ ના બધા વિકાર કયાં સુધી કહું? સમસ્ત કર્તા, કરણ અને કર્મ મારી જ અભિવ્યક્તિઓ છે ।।૧૯।।

આ બધાને જીવિત કરનાર પરમેશ્વર જ આ ત્રિગુણમય બ્રહ્માંડ કમલનું કારણ છે. આ આદિ પુરુષ પહેલાં એક અને અવ્યક્ત હતા. જેવી રીતે ઉપજાઉ-ફળદ્રૂપ ખેતરમાં વાવેલું બીજ શાખા-પત્ર-પુષ્પ વગેરે અનેક રૂપ ધારણ કરી લે છે તેવી જ રીતે કાલગતિથી માયાનો આશ્રય લઈ શક્તિ-વિભાજન દ્વારા પરમેશ્વર જ અનેક રૂપોમાં જણાવા લાગે છે ।।૨૦।।

જેવી રીતે દોરાના તાણા-વાણામાં વસ્ત્ર ઓતપ્રોત હોય છે તેવી જ રીતે સૂતર વિના વસ્ત્રનું અસ્તિત્વ હોઈ શકે નહિ પણ સૂતર વસ્ત્ર વિના પણ રહી શકે છે તેવી જ રીતે આ જગત્ ન રહેવા છતાં પણ પરમાત્મા રહે છે; કિન્તુ આ જગત્ પરમાત્મ સ્વરૂપ જ છે પરમાત્મા વિના તેનું કોઈ અસ્તિત્વ જ નથી. આ સંસારવૃક્ષ અનાદિ અને પ્રવાહરૂપથી નિત્ય છે. તેનું સ્વરૂપ જ કર્મની પરમ્પરા છે તથા મોક્ષ અને ભોગ આ વૃક્ષનાં ફલ-ફૂલ છે ।।૨૧।।

આ સંસાર વૃક્ષનાં બે બીજ છે પાપ અને પુણ્ય. અસંખ્ય વાસનાઓ તેનાં મૂળિયાં છે અને ત્રણ ગુણ (સત્ત્વ, રજઃ અને તમઃ) તેનાં થડ છે. પાંચ મહાભૂત તેની મોટી-મોટી શાખાઓ છે અને શબ્દાદિ પાંચ વિષયો રસ છે, અગિયાર ઈન્દ્રિયો તેની શાખાઓ છે. જીવ અને ઈશ્વર નામનાં બે પક્ષી તેમાં માળો બનાવીને રહે છે. આ વૃક્ષમાં વાત, પિત્ત અને કફરૂપ ત્રણ જાતની છાલ છે. તેમાં બે જાતનાં ફલ લાગે છે સુખ અને દુઃખ. આ વિશાળ વૃક્ષ સૂર્યમંડળ સુધી ફેલાયેલું છે. (આ સૂર્યમંડળને ભેદીને પેલી પાર જનાર માણસો ફરી સંસાર ચક્રમાં પડતાં નથી) ।।૨૨।।

જે ગૃહસ્થો શબ્દ-રૂપ-રસ વગેરે વિષયોમાં ફસાયેલા છે તેઓ કામનાઓથી ભરેલા હોવાને લીધે ગીધ જેવા છે. તેઓ આ વૃક્ષનું દુઃખરૂપી ફલ ભોગવે છે કારણ કે તેઓ અનેક પ્રકારના કર્મોનાં બંધનમાં ફસાયેલા રહે છે. જે અરણ્યવાસી પરમહંસ વિષયોથી વિરક્ત છે તેઓ આ વૃક્ષમાં રાજહંસ જેવા છે અને તેઓ આનું સુખરૂપી ફલ ભોગવે છે. હે પ્રિય ઉદ્ધવ! વાસ્તવમાં હું એક જ છું. આ મારા જે અનેક

પ્રકારનાં રૂપો છે તે તો કેવલ માયામય છે. જે આ વાતને ગુરુઓ દ્વારા સમજી લે છે તે જ વાસ્તવમાં સમસ્ત વેદોનાં રહસ્ય જાણે છે ।।૨૩।।

**એવં ગુરૂપાસનયૈકભક્ત્યા વિદ્યાકુઠારેણ શિતેન ધીરઃ ।।**
**વિવૃશ્ચ્ય જીવાશયમપ્રમત્તઃ સમ્પદ્ય ચાત્માનમથ ત્યજાસ્ત્રમ્ ।।૨૪।।**

તેથી હે ઉદ્ધવ! તમે આ પ્રમાણે ગુરુદેવની ઉપાસના રૂપી અનન્ય ભક્તિ દ્વારા તમારા જ્ઞાનની કુહાડીનું પાનું કાઢી લો અને તે દ્વારા ધૈર્ય અને સાવધાનીથી જીવ ભાવને કાપી નાખો. પછી પરમાત્મ સ્વરૂપ થઈ જઈ તે વૃત્તિરૂપ અસ્ત્રોને પણ છોડી દો અને પોતાના અખંડ રૂપમાં સ્થિત થઈ જાઓ* ।।૨૪।।

**વિશેષ :** ઈશ્વર પોતાની માયાદ્વારા પ્રપંચરૂપે પ્રતીત થઈ રહ્યા છે. આ પ્રપંચના અધ્યાસને લીધે જ જીવોને અનાદિ અવિદ્યાથી કર્તાપણા વગેરેની ભ્રાન્તિ થાય છે. પછી ''આ કરો, આ ન કરો'' એવી જાતના વિધિ-નિષેધનો અધિકાર થાય છે. ત્યારે અન્તઃકરણની શુદ્ધિમાટે કર્મ કરો એમ કહેવામાં આવે છે. જ્યારે અન્તઃકરણ શુદ્ધ થઈ જાય છે ત્યારે કર્મસમ્બન્ધી દુરાગ્રહ મટાડવાને માટે એમ કહેવામાં આવે છે કે ભક્તિમાં વિક્ષેપ કરનારાં કર્મો પ્રત્યે આદરભાવ છોડી દઈ દઢ વિશ્વાસથી ભક્તિ કરો. તત્ત્વજ્ઞાન થઈ જતાં કંઈ પણ કરવાનું બાકી રહેતું નથી એ આ પ્રસંગનો અભિપ્રાય જણાય છે.

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા નસાયુજ્યમુક્તિથપ્રકરણનો સાતમો અને ચાલુ) ''સત્સંગનો મહિમા અને કર્મત્યાગની નિષ્ઠા'' નામનો બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

દીક્ષા લેવા આવનાર પુષ્ટિ જીવ છે કે નહીં તે ચકાસ્યા વિના જે આવે તેને કંઠી બ્રહ્મસમ્બન્ધ આપનાર ગુરુ શ્રીમહાપ્રભુજીનો દ્રોહી છે, પુષ્ટિમાર્ગનો શત્રુ છે. આવા બેજવાબદારી ભર્યા આચરણથી તે પોતાનું જ સર્વનાશ નોંતરે છે.

## અધ્યાય ૧૩
## સત્ત્વગુણથી વિદ્યાનો ઉદય કહીને ભગવાન્ હંસે ચિત્ત અને ગુણ નો ભેદ બતાવ્યો

**સત્ત્વં રજસ્તમ ઈતિ ગુણા બુદ્ધેર્ન ચાત્મનઃ ।।**

**સત્ત્વેનાન્યતમૌ હન્યાત્ સત્ત્વં સત્ત્વેન ચૈવ હિ ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે ઉદ્ધવ! સત્ત્વ, રજ અને તમ આ ત્રણેય બુદ્ધિના ગુણ છે, આત્માના નહિ. સત્ત્વદ્વારા રજ અને તમ આ બે ગુણો ઉપર વિજય મેળવી લેવો જોઈએ. ત્યાર પછી સત્ત્વગુણની શાન્ત વૃત્તિદ્વારા તેની દયા વગેરે વૃત્તિઓને પણ શાન્ત કરી દેવી જોઈએ ।।૧।।

જ્યારે સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે, ત્યારે જ જીવને મારી ભક્તિરૂપ સ્વધર્મની પ્રાપ્તિ થાય છે. નિરન્તર સાત્ત્વિક વસ્તુઓનું સેવન કરવાથી જ સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે અને ત્યારે ભક્તિરૂપ સ્વધર્મમાં પ્રવૃત્તિ થવા લાગે છે ।।૨।।

જે ધર્મના પાલનથી સત્વગુણની વૃદ્ધિ થાય છે તે જ સર્વથી શ્રેષ્ઠ છે. તે ધર્મ રજોગુણ અને તમોગુણ ને નષ્ટ કરી દે છે. જ્યારે તે બન્ને નષ્ટ થઈ અદૃશ્ય થઈ જાય છે ।।૩।।

શાસ્ત્ર, જલ, પ્રજા, દેશ, કાળ (સમય), કર્મ, જન્મ, ધ્યાન, મન્ત્ર અને સંસ્કાર આ દશ *વસ્તુઓ જો સાત્ત્વિક હોય તો સત્ત્વગુણની, રાજસિક હોય તો રજોગુણની અને તામસિક હોય તો તમોગુણની વૃદ્ધિ કરે છે ।।૪।।

**વિશેષ** : આ અધ્યાયના ચોથા શ્લોકમાં દસ પદાર્થો ગણાવ્યા છે તેની સ્પષ્ટતા- ૧. આગમ-શાસ્ત્ર-ભગવાનનું માહાત્મ્ય જણાવનારાં વેદ, પંચરાત્ર, ભાગવત, ગીતા વગેરેનું જ સેવન કરવું. ૨. ગંગાજી-યમુનાજી વગેરેનું જલનું સેવન કરવું; સુગન્ધી જલ, સુરાપાન વગેરેનું નહિ. ૩. પ્રજા-સાધુ-ભગવદીયોનો સંગ કરવો. ૪. દેશ-અપેય પાન, સ્ત્રી, દ્યૂત વગેરે જોવા મળે તેવા દેશથી દૂર ભાગી એકાન્ત સ્થળનું સેવન કરવું. ૫. કાળ-બ્રાહ્મ મુહૂર્ત (પ્રભાત કાળ) ઉત્તમ છે તેમાં ભગવદ્ધ્યાન કરવું. મધ્યરાત્રિ વગેરે ઉત્તમ નથી. ૬. નિષ્કામ-ફલની આશા રાખ્યા વગર કરાયેલું કર્મ ઉત્તમ છે. ૭. જન્મ-શૌકલ, સાવિત્ર અને યાજ્ઞિક. ૮. ધ્યાન-શ્રીકૃષ્ણનું જ કરવું. ૯. મન્ત્ર-શ્રીકૃષ્ણના જ કરવા (શ્રીકૃષ્ણઃ શરણં મમ) ૧૦. સંસ્કાર-દેહગેહને શુદ્ધ કરનાર સ્નાન, માર્જન એ જ માત્ર સંસ્કાર નથી પણ મનના મેલને ધોનાર ભગવત્સ્મરણ વગેરે જ સાચા સંસ્કાર છે. (બાલપ્રબોધિની)

આમાંથી શાસ્ત્રોના જાણકાર મહાપુરુષો જેમની પ્રશંસા કરે છે તે સાત્ત્વિક છે, જેમની નિન્દા કરે છે તે તામસિક છે અને જેમની ઉપેક્ષા કરે છે તે વસ્તુઓ રાજસિક છે ।।૫।।

જ્યાં સુધી પોતાના આત્માનો સાક્ષાત્કાર તથા સ્થૂલ-સૂક્ષ્મ શરીર અને તેમનાં

કારણ આ ત્રણેય ગુણોની નિવૃત્તિ ન થઈ જાય ત્યાં સુધી મનુષ્યે સત્ત્વગુણની વૃદ્ધિને માટે સાત્ત્વિક શાસ્ત્ર વગેરેનું જ સેવન કરવું જોઈએ કારણ કે તેથી ધર્મની વૃદ્ધિ થાય છે અને ધર્મની વૃદ્ધિ થવાથી અન્તઃકરણ શુદ્ધ થઈ આત્મતત્ત્વનું જ્ઞાન થાય છે ।।૬।।

વાંસ વચ્ચે પરસ્પર ઘર્ષણ થવાથી આગ ઉત્પન્ન થાય છે અને તે આગ વાંસના આખા વનને બાળી નાખી શાન્ત થઈ જાય છે. તેવી જ રીતે આ શરીર ગુણોની વિષમતામાંથી જ પેદા થયું છે. વિચારદ્વારા મન્થન કરતાં તેમાંથી જ્ઞાનરૂપી અગ્નિ પ્રજ્વલિત થાય છે અને તે સમસ્ત શરીરો અને ગુણોને ભસ્મ કરી દઈ સ્વયં શાન્ત થઈ જાય છે ।।૭।।

(કાંઈક સન્દેહ પડવાથી ઉદ્ધવજી પૂછે છે). **ઉદ્ધવજીએ પૂછ્યું** : હે ભગવન્! પ્રાયઃ બધાં માણસો એ વાત જાણે છે કે વિષયો વિપત્તિઓનું ઘર છે, છતાં પણ તેઓ કૂતરાં, ગધેડાં અને બકરાંની જેમ અપમાનિત દશામાં, દુઃખ સહન કરીને પણ તે વિષયોને જ ભોગવતા રહે છે તેનું શું કારણ? ।।૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવ! જીવ જ્યારે અજ્ઞાનને લીધે પોતાના સ્વરૂપને ભૂલી જઈ હૃદયથી સૂક્ષ્મ-સ્થૂલ-આદિ શરીરોમાં અહમ્ભાવ કરી બેસે છે, જે બિલકુલ ભ્રમ જ છે, ત્યારે તેનું સત્ત્વપ્રધાન મન ભયંકર રજોગુણ તરફ ઝૂકી જાય છે તેનાથી વ્યાપ્ત થઈ જાય છે ।।૯।।

મનમાં રજોગુણની પ્રધાનતા થતાં જ તેમાં સંકલ્પ-વિકલ્પો એક પછી એક થતાં જ રહે છે. ત્યારબાદ તે વિષયોનું ચિન્તન કરવા લાગે છે અને પોતાની અવિદ્યાયુક્ત દુર્બુદ્ધિથી કામને વશ થાય છે જેમાંથી પછી છૂટવું બહુ મુશ્કેલ છે ।।૧૦।।

પછી તે અજ્ઞાની મનુષ્ય કામને લીધે અનેક પ્રકારનાં કામો કરવા લાગે છે અને ઈન્દ્રિયોને અધીન થઈ જઈ આ કર્મોનું અન્તિમ ફલ દુઃખ જ છે એમ જાણવા છતાં તે જ કરે છે તે વખતે તે રજોગુણના તીવ્ર વેગથી અત્યન્ત મોહિત થઈ ગયેલો રહે છે ।।૧૧।।

જો કે વિવેકી પુરુષનું ચિત્ત પણ ક્યારેક-ક્યારેક રજોગુણ અને તમોગુણ ના વેગથી વિક્ષિપ્ત થાય છે તો પણ તેની વિષયોમાં દોષદષ્ટિ રહેતી હોવાથી તે ઘણી સાવધાનીથી પોતાના ચિત્તને એકાગ્ર કરવાની ચેષ્ટા કરતો રહે છે જેથી તેને વિષયોમાં આસક્તિ થતી નથી. (કેસર કસ્તુરીવાળું કઢેલ મીઠું દૂધ જેને આપવામાં આવે પણ પીનારને

ખબર પડી જાય કે આમાં તો ઝેર ભેળવવામાં આવ્યું છે તો તે દૂધ પીવાની મૂર્ખતા કરતો નથી. તેવી જ રીતે વિષયો વિષરૂપ છે એવું સમજીને વિષયો છોડવા) ।।૧૨।।

સાધકે આસન અને પ્રાણવાયુ ઉપર વિજય પ્રાપ્ત કરી શક્તિ અને સમય પ્રમાણે ઘણી જ સાવધાનીથી ધીરે-ધીરે મારામાં મન લગાવીને આ પ્રમાણે અભ્યાસ કરતાં-કરતાં વિલમ્બ થાય તો પણ કંટાળ્યા વગર વધુ ઉત્સાહથી તેમાં જ લાગી જવું જોઈએ ।।૧૩।।

હે પ્રિય ઉદ્ધવ! મારા શિષ્યો સનક વગેરે મોટા-મોટા ઋષિઓએ યોગનું એ જ સ્વરૂપ બતાવ્યું છે કે સાધકે પોતાના મનને ચારેય તરફથી ખેંચી મારાં વિરાટ વગેરે સ્વરૂપોમાં નહિ પણ સાક્ષાત્ મારામાં જ પૂર્ણ રૂપથી લગાવી દેવું જોઈએ ।।૧૪।।

**ઉદ્ધવજીએ કહ્યું :** બ્રહ્માજી અને મહાદેવજી ના પણ સુખદાતા હે કેશવ! આપે જે વખતે જે રૂપથી સનકાદિ પરમર્ષિઓને યોગનો આદેશ આપ્યો હતો તે રૂપને જાણવાની મારી ઇચ્છા છે ।।૧૫।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે પ્રિય ઉદ્ધવ! સનકાદિ પરમર્ષિ બ્રહ્માજીના માનસ પુત્રો છે. તેમણે એકવાર પોતાના પિતાને યોગની સૂક્ષ્મ અન્તિમ સીમાના સમ્બન્ધમાં આ પ્રમાણે પ્રશ્ન કર્યો હતો ।।૧૬।।

**સનકાદિ પરમર્ષિઓએ પૂછયું :** હે પિતાજી! ચિત્ત ગુણો અર્થાત્ વિષયોમાં ઘૂસેલું જ રહે છે અને ગુણો પણ ચિત્તની એક-એક વૃત્તિમાં પ્રવિષ્ટ રહે જ છે. અર્થાત્ ચિત્ત અને ગુણ અરસ-પરસ ગૂંચવાયેલાં જ રહે છે. એવી સ્થિતિમાં જે પુરુષ આ સંસાર-સાગરને તરી જઈ મુક્ત થવા માગે છે તે આ બન્નેને એકબીજાથી જાુદા શી રીતે પાડી શકે? ।।૧૭।।

**ભગવાન્ શ્રીકૃષ્ણ બોલ્યા :** હે પ્રિય ઉદ્ધવ! જો કે બ્રહ્માજી બધા દેવતાઓના શિરોમણિ, સ્વયમ્ભૂ અને પ્રાણીઓના જન્મદાતા છે છતાં સનકાદિ પરમર્ષિઓએ આ પ્રમાણે પૂછતાં, ધ્યાન કરીને પણ તે આ પ્રશ્નનું મૂલ કારણ ન સમજી શક્યા, કારણ કે તેમની બુદ્ધિ કર્મપ્રવણ-કર્મવિક્ષિપ્ત હતી ।।૧૮।।

હે ઉદ્ધવ! તે વખતે બ્રહ્માજીએ આ પ્રશ્નનો ઉત્તર આપવામાટે ભક્તિ-ભાવથી મારું ચિન્તન કર્યું ત્યારે હંસનું રૂપ ધારણ કરી હું તેમની સમક્ષ પ્રગટ થયો ।।૧૯।।

મને જોઈને સનકાદિ બ્રહ્માજીને આગળ કરી મારી પાસે આવ્યા અને તેમણે મારા ચરણોમાં વન્દના કરી મને પૂછયું, ''આપ કોણ છો?'' ।।૨૦।।

હે પ્રિય ઉદ્ધવ! સનકાદિ પરમાર્થ તત્ત્વના જિજ્ઞાસુ હતા તેથી તેના પૂછવાથી મેં તેમને તે વખતે જ કહ્યું તે તમે મારી પાસેથી સાંભળો ।।૨૧।।

તમારો આ પ્રશ્ન આત્મા વિષે છે કે તેની ઉપાધિ દેહ વિષે છે? જો આત્મા વિષે હોય તો હે બ્રાહ્મણો! પરમાર્થરૂપ વસ્તુ નાનાત્વ (પૃથકત્વ) થી રહિત અર્થાત્ એક જ હોવાથી આપ લોકોનો આવો પ્રશ્ન યુક્તિ સંગત કેવી રીતે હોઈ શકે? અથવા જો ઉત્તર આપવામાટે હું બોલું તો પણ કઈ જાતિ, ગુણ, ક્રિયા અને સમ્બન્ધ વગેરેનો આશ્રય લઈને ઉત્તર આપું? ।।૨૨।।

પ્રશ્ન જો દેહ વિષે હોય તો દેવતા, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે બધાં શરીર પંચમહાભૂતનાં બનેલાં હોવાથી અભિન્ન એક જ છે અને પરમાર્થરૂપથી પણ અભિન્ન છે. આવી સ્થિતિમાં આપ લોકોનો પ્રશ્ન ''આપ કોણ છો?'' એ માત્ર વાણીનો વ્યવહાર છે. વિચારપૂર્વકનો નથી તેથી અર્થ વગરનો છે ।।૨૩।।

મનથી, વાણીથી, દષ્ટિથી તથા બીજી ઇન્દ્રિયોથી પણ જે કંઈ ગ્રહણ કરવામાં આવે છે તે બધું હું જ છું, મારા સિવાય બીજું કંઈ છે જ નહિ. આ સિદ્ધાન્ત આપ લોકો તત્ત્વવિચારથી સમજીલો ।।૨૪।।

(એમ સામાન્યતઃ આત્માનું સ્વરૂપ બતાવીને બ્રહ્માજીથી પણ જેનો ઉત્તર ન આપી શકાયો એવો જે પ્રશ્ન સનકાદિકે કરેલો તેનો ઉત્તર **ભગવાન્ હંસનું રૂપ ધારણ કરીને કહે છે કે**) હે પુત્રો! આ ચિત્તમાં ચિન્તન કરતાં-કરતાં વિષયાકાર થઈ જાય છે અને વિષયો ચિત્તમાં પ્રવેશ કરે છે એ વાત સાચી, તો પણ વિષયો અને ચિત્ત આ બન્નેય મારા સ્વરૂપભૂત જીવના ઉપાધિરૂપ દેહને કારણે છે એટલે કે આત્માનો ચિત્ત અને વિષયોની સાથે કોઈ સમ્બન્ધ જ નથી ।।૨૫।।

તેથી વારંવાર વિષયોનું સેવન કરતા રહેવાથી જે ચિત્ત વિષયોમાં આસક્ત થઈ જાય છે અને વિષયો પણ ચિત્તમાં પ્રવિષ્ટ થઈ ગયા છે એવા એ બન્નેને મારા સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને (એટલે કે મારા જ ચિન્તન અને સ્મરણદ્વારા) છોડી દેવા જોઈએ ।।૨૬।।

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય અવસ્થાઓ અનુક્રમે સત્ત્વ, રજ અને તમોગુણ અનુસાર થાય છે અને બુદ્ધિની વૃત્તિઓ છે, સચ્ચિદાનન્દનો સ્વભાવ નથી. જીવ આ વૃત્તિઓનો સાક્ષી હોવાથી તેમનાથી વિલક્ષણ જાુદો જ છે. શ્રુતિ, યુક્તિ અને અનુભૂતિદ્વારા આ સિદ્ધાન્ત નકકી થયેલો છે ।।૨૭।।

કારણ કે બુદ્ધિ-વૃત્તિઓ દ્વારા થતું આ બંધન જ આત્મામાં ત્રિગુણમયી વૃત્તિઓનું દાન કરે છે તેથી ત્રણે અવસ્થાઓથી વિલક્ષણ અને તેમનામાં અનુગત મારા તુરીય (ચોથા) તત્ત્વમાં સ્થિત થઈ જઈ આ બુદ્ધિના બંધનનો ત્યાગ કરી દે ત્યારે વિષય અને ચિત્ત બન્નેનો એકી સાથે ત્યાગ થઈ જાય છે ।।૨૮।।

આ બંધન અહંકારની જ રચના છે અને એ જ આત્માના પરિપૂર્ણતમ સત્ય, અખંડજ્ઞાન અને પરમાનન્દ સ્વરૂપને છુપાવી દે છે એ વાત જાણીને વિરક્ત થઈ જાય અને પોતાના ત્રણ અવસ્થાઓમાં અનુગત ચોથા સ્વરૂપમાં સ્થિત થઈ જઈ સંસારનાં બંધન અને ચિન્તાથી મુક્ત થાય ।।૨૯।।

જ્યાં સુધી પુરુષની ભિન્ન-ભિન્ન પદાર્થોમાં સત્યપણાની બુદ્ધિ, અહમ્બુદ્ધિ અને મમબુદ્ધિ યુક્તિઓ દ્વારા દૂર થઈ જતી નથી ત્યાં સુધી તે અજ્ઞાની જાગતો હોવા છતાં સૂતેલા જેવો જ રહે છે. જેવી રીતે સ્વપ્ન અવસ્થામાં સૂતેલો માણસ એમ જ સમજે છે કે હું જાગું છું તેમ અજ્ઞાન અવસ્થામાં આ દેહ એ જ આત્મા છે એમ માનવામાં આવે છે. જાગ્યા પછી જ ખબર પડે છે કે આ તો સ્વપન હતું. તેમ જ્ઞાન થયા પછી જ દેહ એ આત્મા નથી એવું જ્ઞાન થાય છે ।।૩૦।।

આત્મા સિવાય દેહ વગેરે દેખાતા અને અનુભવાતા નામ-રૂપાત્મક પ્રપંચનું કોઈ અસ્તિત્વ જ નથી તેથી તેને લીધે નીપજેલા વર્ણાશ્રમ વગેરે ભેદ, સ્વર્ગ વગેરે ફલ અને તેમનાં કારણરૂપ કર્મ આ બધું જ જેવી રીતે સ્વપ્ન જોનાર પુરુષને માટે સ્વપ્નમાં જોયેલા બધા પદાર્થો મિથ્યા જ છે તેવી જ રીતે આ આત્માને માટે તો મિથ્યા જ છે ।।૩૧।।

જાગ્રત્ અવસ્થામાં સમસ્ત ઈન્દ્રિયો દ્વારા બહાર દેખાતા સમ્પૂર્ણ ક્ષણભંગુર પદાર્થોનો જે અનુભવ કરે છે અને સ્વપ્ન અવસ્થામાં હૃદયમાં જ જાગ્રત અવસ્થામાં દેખેલા પદાર્થોની જેમ જ વાસનામય વિષયોનો જે અનુભવ કરે છે અને સુષુપ્તિ અવસ્થામાં તે બધાં વિષયોને સમેટી લઈ તેમના લયનો પણ અનુભવ કરે છે તે એક જ છે. જાગ્રત અવસ્થાની ઈન્દ્રિય સ્વપન અવસ્થાના મન અને સુષુપ્તિની સંસ્કારવાળી બુદ્ધિનો પણ તે જ સ્વામી છે, કારણ કે તે ત્રિગુણમય ત્રણેય અવસ્થાઓનો સાક્ષી છે. ''જે હું એ સ્વપ્ન જોયું, જે હું સૂતો તે જ હું જાગી રહ્યો છું.થ આ સ્મૃતિના આધારે એક જ આત્મા સમસ્ત અવસ્થાઓમાં છે તે સિદ્ધ થઈ જાય છે ।।૩૨।।

એવો વિચાર કરી મનની આ ત્રણેય અવસ્થાઓ ગુણોદ્વારા મારી માયાથી મારા અંશસ્વરૂપ જીવમાં કલ્પી લેવામાં આવી છે અને આત્મામાં એ તદ્દન અસત્ય છે એવો નિશ્ચય કરી તમે લોકો અનુમાન, સત્પુરુષોદ્વારા કરવામાં આવેલ ઉપનિષદોનો ઉપદેશ અને તીક્ષ્ણ જ્ઞાનરૂપી તલવારથી બધા સંશયોના આધાર અહંકારને છેદી નાખી હૃદયમાં રહેલા મારું પરમાત્માનું ભજન કરો ।।૩૩।।

(અનુમાન કહે છે) આ જગત્ મનનો વિલાસ છે. આત્મામાં દેવત્વ, મનુષ્યત્વ, સુખ, દુઃખ વગેરે દેખાય છે છતાં નષ્ટપ્રાય છે, અલાતચક્ર (ઊમ્બાડિયા) ની જેમ અત્યન્ત ચંચલ છે અને ભ્રમ માત્ર છે એમ સમજો. જ્ઞાતા અને જ્ઞેયના ભેદ થી રહિત એક જ્ઞાનસ્વરૂપ આત્મા જ અનેક હોય તેમ પ્રતીત થઈ રહ્યો છે. આ સ્થૂલ શરીર, ઈન્દ્રિય અને અન્તઃકરણરૂપ ત્રણ પ્રકારનો વિકલ્પ ગુણોના પરિણામની રચના છે અને સ્વપનની જેમ માયાનો ખેલ છે, અજ્ઞાનથી કલ્પિત છે ।।૩૪।।

તેથી એ દેહ વગેરે રૂપ દશ્ય ઉપરથી દષ્ટિ હટાવી લઈ તૃષ્ણારહિત ઈન્દ્રિયોના વ્યાપાર છોડી દઈ, નિરીહ થઈ (બધી ચેષ્ટાઓ છોડી દઈ) આત્માનન્દના અનુભવમાં મગ્ન થઈ જાય. જો કે ક્યારેક-ક્યારેક આહાર આદિ કરતી વખતે આ દેહાદિ પ્રપંચ જોવામાં આવે છે તો પણ તેનો તો પહેલેથી જ આત્મવસ્તુથી અલગ અને મિથ્યા સમજીને ત્યાગ કરી દેવામાં આવ્યો છે તેથી તે ફરીથી ભ્રાન્તિમૂલક મોહ ઉત્પન્ન કરી શક્તો નથી. દેહ પડી જાય ત્યાં સુધી તેની તેની પ્રતીતિ સંસ્કાર રૂપે જ થાય છે ।।૩૫।।

મદિરાપાનથી ઉન્મત્ત થઈ ગયેલ માણસ જેવી રીતે પોતે પહેરેલું વસ્ત્ર શરીર ઉપર છે કે ખસી ગયું છે તો તે જોતો નથી તેવી જ રીતે સિદ્ધ પુરુષ જે દેહથી તેણે પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો છે તે પ્રારબ્ધ વશ ઊભો છે, બેઠો છે યા દૈવવશ કયાંય ગયો છે કે કયાંયથી આવ્યો છે નાશવન્ત શરીર સમ્બન્ધી આ વાતો ઉપર તે ધ્યાન આપતો નથી ।।૩૬।।

પ્રાણ અને ઈન્દ્રિયો ની સાથે આ શરીર પણ પ્રારબ્ધને અધીન છે. તેથી તેનાં આરમ્ભક (બનાવવાવાળાં) કર્મો જ્યાં સુધી છે ત્યાં સુધી તેમની પ્રતિક્ષા કરતો જ રહે છે, પરન્તુ જેવી રીતે જાગી ગયેલો પુરુષ સ્વપન અવસ્થાના દેહ વગેરેનો ક્યારેય સ્વીકાર કરતો નથી, પોતાના માનતો નથી તેવી જ રીતે આત્મ તત્ત્વનો સાક્ષાત્કાર કરવાવાળો તથા સમાધિપર્યન્ત યોગમાં આરૂઢ પુરુષ સ્ત્રી, પુત્ર, ધન આદિ પ્રપંચ

સહિત તે શરીરનો ફરી કદી સ્વીકાર કરતો નથી, પોતાનાં માનતોનથી ।।૩૭।।

હે સનકાદિ ઋષિઓ! મેં તમને જે કંઈ કહ્યું છે તે સાંખ્ય અને યોગ બન્નેનું ગોપનીય રહસ્ય છે. હું સ્વયં ભગવાન્ છું. તમને સર્વને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરવામાટેજ હું અહીં આવ્યો છું એમ સમજો ।।૩૮।।

હે વિપ્રવરો! યોગ, સાંખ્ય, સત્ય(સમદર્શન), ઋત (મધુરવાણી), તેજ, શ્રી, કીર્તિ અને દમ(ઇન્દ્રિયનિગ્રહ) આ બધાની પરમ ગતિ-પરમ ફલરૂપ પ્રાપ્તવ્ય વસ્તુ હુંજ છું ।।૩૯।।

હું સમસ્ત ગુણોથી રહિત છું અને કોઈનીય અપેક્ષા રાખતો નથી. છતાં સામ્ય, અસંગતા (અનાસક્તિ) વગેરે બધા ગુણો મારું જ સેવન કરે છે, મારામાં જ પ્રતિષ્ઠિત છે કારણ કે હું બધાનો હિતૈષી, સુહૃદ, પ્રિયતમ અને આત્મા છું. સાચું પૂછો તો તેમને ગુણ કહેવા એ પણ ઠીક નથી કારણ કે તેઓ સત્ત્વાદિ ગુણોનાં પરિણામ નથી અને નિત્ય છે ।।૪૦।।

હે પ્રિય ઉદ્ધવ! આ રીતે મેં સનકાદિ મુનિઓના સંશયો દૂર કર્યા. તેમણે પરમ ભક્તિપૂર્વક મારી પૂજા કરી અને સ્તુતિઓ દ્વારા મારા મહિમાનું ગાન કર્યું ।।૪૧।।

**તૈરહં પૂજિતઃ સમ્યક્ સંસ્તુતઃ પરમર્ષિભિઃ ।।**
**પ્રત્યેયાય સ્વકં ધામ પશ્યતઃ પરમેષ્ઠિનઃ ।।૪૨।।**

જ્યારે તે પરમ ઋષિઓએ સારી રીતે મારી પૂજા કરી અને સ્તુતિ કરી લીધી ત્યારે હું (હંસ સ્વરૂપે) બ્રહ્માજીના દેખતાં જ અન્તર્ધાન થઈ સ્વધામમાં પાછો આવ્યો ।।૪૨।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્યમુક્તિ નામના પ્રકરણનો આઠમો અને ચાલુ) ''સત્ત્વગુણથી વિદ્યાનો ઉદય કહીને ભગવાન્ હંસે ચિત્ત અને ગુણ નો ભેદ બતાવ્યો'' નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## અધ્યાય ૧૪

## સર્વ સાધનોમાં ભક્તિયોગ શ્રેષ્ઠ છે

**વદન્તિ કૃષ્ણ શ્રેયાંસિ બહૂનિ બ્રહ્મવાદિનઃ ।।**

**તેષાં વિકલ્પપ્રાધાન્યમુતાહો એકમુખ્યતા ।।૧।।**

**ઉદ્ધવજીએ પૂછ્યું** : હે શ્રીકૃષ્ણ! વેદવાદી માહાત્માઓ આત્મકલ્યાણનાં અનેક સાધનો બતાવે છે. તેમાં પોત-પોતાની દૃષ્ટિ અનુસાર બધાં સાધન શ્રેષ્ઠ છે કે કોઈ એક સાધન મુખ્ય છે? ।।૧।।

હે સ્વામી! હમણાં જ આપે તો ભક્તિયોગને જ નિરપેક્ષ અને સ્વતન્ત્ર સાધન બતાવ્યું છે; કારણ કે તેનાથી જ બધામાંની આસક્તિ છોડી દઈ મન આપમાં જ તન્મય થઈ જાય છે ।।૨।।

(તેથી ભક્તિ મહાફલરૂપ છે, બીજાં સાધન તો જીવે પોતાની પ્રકૃતિ અનુસાર સ્વર્ગાદિ મેળવવાની આસક્તિને લઈને કલ્પેલાં છે તે થોડા ફળવાળાં છતાં તેને એ લોકોએ પ્રાધાન્ય આપ્યું છે એમ કહેવાને માટે સ્વપ્રકૃતિને અનુકૂળ લોકોએ વેદના અર્થો કર્યા છે એમ કહે છે). **ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવ! આ વેદ વાણી સમયની ઉથલ-પાથલથી પ્રલય સમયે લુપ્ત થઈ ગઈ હતી. ફરીથી જ્યારે સૃષ્ટિનો સમય આવ્યો ત્યારે મેં મારા સંકલ્પથી જ તેનો બ્રહ્માજીને ઉપદેશ કર્યો જેમાં મારા ભાગવત ધર્મનું જ વર્ણન છે ।।૩।।

બ્રહ્માજીએ પોતાનાં જ્યેષ્ઠ પુત્ર સ્વાયમ્ભુવ મનુને ઉપદેશ કર્યો અને તેની પાસેથી ભૃગુ, અંગિરા, મરીચિ, પુલહ, અત્રિ, પુલસ્ત્ય અને ક્રતુ આ સાત પ્રજાપતિ-મહર્ષિઓએ ગ્રહણ કર્યો ।।૪।।

ત્યાર પછી આ બ્રહ્મર્ષિઓનાં સન્તાન દેવો, દાનવો, ગુહ્યકો, મનુષ્યો, સિદ્ધો, ગન્ધર્વો, વિદ્યાધરો, ચારણો, કિન્દેવો[1], કિન્નરો[2], નાગો, રાક્ષસો અને કિમ્પુરુષો[3] વગેરેએ તેને પોતાના પૂર્વજ આ જ બ્રહ્મર્ષિઓ પાસેથી પ્રાપ્ત કર્યો. બધી જાતિઓ અને વ્યક્તિઓ ના સ્વભાવ-તેમની વાસનાઓ સત્ત્વ, રજ અને તમો ગુણને લીધે ભિન્ન-ભિન્ન છે. તેથી તેમનામાં અને તેમની બુદ્ધિ વૃત્તિઓમાં પણ અનેક ભેદ છે. તેથી જ તેઓ બધા પોતપોતાન પ્રકૃતિ પ્રમાણે તે વેદવાણીના ભિન્ન-ભિન્ન અર્થ ગ્રહણ કરે છે. તે વાણી જ એવી અલૌકિક છે કે તેમાંથી જાુદા-જાુદા અર્થ નીકળે એ સ્વાભાવિક જ છે ।।૫-૭।।

**વિશેષઃ ૧. કિન્દેવ** : શ્રમ, પસીનો અને દુર્ગન્ધ રહિત હોવાથી જેમને વિષે ''આ દેવતા છે કે મનુષ્ય'' એવો સન્દેહ થાય તે બીજા દ્વીપમાં રહેતા મનુષ્યો. **૨. 'કિન્નર'** : મુખ અને શરીર ની આકૃતિ ઉપરથી થોડાં-થોડાં મનુષ્યના જેવાં લાગતાં પ્રાણી. **૩. 'કિમ્પુરુષ'** : આંશિક રીતે

પુરુષ જેવા લાગતા વાનરવગેરે.

તે જ પ્રમાણે સ્વભાવનો ભેદ તથા પરમ્પરાગત ઉપદેશના ભેદથી મનુષ્યોની બુદ્ધિમાં ભિન્નતા આવી જાય છે અને કેટલાક તો કોઈ જાતના વિચાર કર્યા વિના જ વેદવિરુદ્ધ પાખંડ મતનું અવલમ્બન કરતા થઈ જાય છે ।।૮।।

હે પ્રિય ઉદ્ધવ! બધાની બુદ્ધિ મારી માયાથી મોહિત થઈ રહી છે તેથી જ તેઓ પોત-પોતાના કર્મ, સંસ્કાર અને પોત-પોતાની રુચિ પ્રમાણે આત્મકલ્યાણનાં સાધન પણ એક નહિ અનેક બતાવે છે ।।૯।।

પૂર્વમિમાંસકો ધર્મને, સાહિત્યાચાર્ય યશને, કામશાસ્ત્રી કામને, યોગવેત્તા સત્ય અને શમદમાદિને, દંડનીતિકાર ઐશ્વર્યને, ત્યાગી ત્યાગને અને *લોકાયતવાદીઓ ભોગને જ મનુષ્ય જીવનનો સ્વાર્થ પરમ લાભ બતાવે છે ।।૧૦।।

**વિશેષ** : લોકાયતવાદી (ચાર્વાકવાદી)ઓ પરલોક જેવી કોઈ વસ્તુ જ નથી એમ માનનારા.

કર્મયોગી લોક યજ્ઞ, તપ, દાન, વ્રત તથા યમ-નિયમ વગેરેને પુરુષાર્થ બતાવે છે પરન્તુ એ બધાં કર્મ છે. એમનાં ફલરૂપે જે લોકની પ્રાપ્તિ થાય છે તે ઉત્પત્તિ અને નાશવાળા છે. કર્મોનું ફલ સમાપ્ત થઈ જતાં તેમનાથી દુઃખ જ મળે છે અને સાચું પૂછો તો તેમની અન્તિમ ગતિ ઘોર અજ્ઞાનજ છે. તેમાંથી સુખ મળે છે તે તુચ્છ છે, નગણ્ય છે અને તે લોક ભોગ દરમિયાન પણ અસૂયા વગેરે દોષોને લીધે શોકથી પરિપૂર્ણ છે. (તેથી આ વિભિન્ન સાધનોના ચક્કરમાં પડવું જોઈએનહિ) ।।૧૧।।

હે (સભ્ય) ઉદ્ધવ! જે બધી જ રીતે નિરપેક્ષ છે, કોઈપણ કર્મ કે ફલ ની જેને જરૂર જ જણાતી નથી અને જે પોતાના અન્તઃકરણને સર્વ રીતે મને જ સમર્પિત કરી ચૂકયો છે તેને જ પરમાનન્દ સ્વરૂપ હું એના આત્માના રૂપમાં સ્ફુરાયમાન થવા લાગું છું તેથી તે જે સુખનો અનુભવ કરે છે તે સુખ વિષયલોલુપ પ્રાણીઓને સર્વથા મળી શક્તું નથી ।।૧૨।।

જે દરેક પ્રકારના સંગ્રહ-પરિગ્રહથી રહિત છે, અકિંચન છે, જે પોતાની ઇન્દ્રિયો ઉપર વિજય મેળવી શાન્ત અને સમદર્શી થઈ ગયો છે, જે મારી પ્રાપ્તિથી જ મારા સાન્નિધ્યનો અનુભવ કરવાથી જ સદા સર્વદા પૂર્ણ સન્તોષનો અનુભવ કરે છે તેને માટે સર્વ દિશાઓ આનન્દમય હોય છે ।।૧૩।।

જેણે પોતાની જાતને મને સમર્પિત કરી દીધી છે તે મને છોડીને બ્રહ્માજીનું પદ, દેવરાજ ઇન્દ્રનું સ્થાન, સાર્વભૌમ સમ્રાટનું પદ, સ્વર્ગથી પણ શ્રેષ્ઠ રસાતલનું

આધિપત્ય, યોગની મોટી-મોટી સિદ્ધિઓ કે મોક્ષ ની સુદ્ધાની કામના (ઈચ્છા) કરતો નથી ।।૧૪।।

હે ઉદ્ધવ! તમારા જેવા પ્રેમી ભક્તો મને જેટલા વહાલા છે તેટલા વહાલા મારા પુત્ર બ્રહ્મા, પૌત્ર શંકર, સગા ભાઈ બલદેવજી, સ્વયં અર્ધાંગિની લક્ષ્મીજી અને મારો પોતાનો આત્મા પણ નથી ।।૧૫।।

જેને કોઈની કંઈ જ અપેક્ષા નથી, જે પ્રપંચને સર્વથા ભૂલી જઈ મારા જ મનન-ચિન્તનમાં તલ્લીન રહે છે અને કોઈના પ્રત્યે રાગ દ્વેષ ન રાખતાં બધાના પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે છે તે ભક્તની પાછળ-પાછળ હું ફર્યા કરું છું કે જેથી કરીને તેના ચરણોની ધૂલિ ઊડી મારા ઉપર પડી જાય તો હું પવિત્ર થઈ જાઉં. (ભગવાનનું વિવશતાથી લીધેલું એક નામ મહાપાપીને પણ પવિત્ર કરી દે છે તે ભગવાન્ પવિત્ર થવાની વાત એટલામાટે કરે છે કે ભક્તની ચરણરજથી ભગવાનની અંદર રહેલાં કોટાનકોટિ બ્રહ્માંડો પવિત્ર થઈ જાય. વળી ભગવાન્ ભક્ત ભક્તિમાન-ભક્તોની ભક્તિ કરનારાં સદા એમ જ માને છે કે મારા ભક્તોની ભક્તિના બદલામાં મારે જેટલું આપવું જોઈએ તેટલું હું આપી શક્તો નથી તેથી મારા ભક્તોના ચરણ રજ મારા ઉપર પડી જાય તો મારા તે અપરાધનું પ્રાયશ્ચિત થઈ જાય અને હું પવિત્ર થઈ જાઉં) ।।૧૬।।

જે બધી જાતના સંગ્રહ-પરિગ્રહથી રહિત છે, જેમનું ચિત્ત મારા જ પ્રેમના રંગમાં રંગાઈ ગયું છે, જે સંસારની વાસનાઓથી શાન્ત-ઉપરત થઈ ચૂકયા છે અને જે પોતાની મહત્તા-ઉદારદાને લીધે સ્વભાવથી જ સમસ્ત પ્રાણીઓ પ્રત્યે દયા અને પ્રેમનો ભાવ રાખે છે, કોઈ પ્રકારની કામના જેમની બુદ્ધિનો સ્પર્શ કરી શક્તી નથી તેમને મારા જે પરમાનન્દ સ્વરૂપનો અનુભવ થાય છે તે બીજો કોઈ જાણી શક્તો નથી, કારણકે તે પરમાનન્દ તો કેવલ નિરપેક્ષતાથીજ પ્રાપ્ત થાયછે ।।૧૭।।

હે ઉદ્ધવ! (મારા ઉત્તમ ભક્તની વાત જવા દો પણ) મારો કોઈ પણ ભક્ત જે માત્ર મારે જ શરણે આવ્યો છે પણ હજી જિતેન્દ્રિય થઈ શકયો નથી અને જેને સંસારના વિષયો વારંવાર હરક્ત પહોંચાડયા કરે છે, પોતાની તરફ ખેંચી લીધા કરે છે તે પણ મારી બહુધા ક્ષણે-ક્ષણે વધતી જતી ભક્તિના પ્રભાવથી પ્રાયઃ વિષયોથી પરાજિત થતો નથી. (જેવી રીતે શત્રુએ શસ્ત્રનો સાધારણ ઘા કર્યો હોય છતાં યોદ્ધામાં શૌર્ય હોવાથી તે હારેલો ન ગણાય કે જેવી રીતે દર્દીને તાવ આવ્યો હોય અને તે દૂર કરવા જલદ દવા આપવામાં આવી હોય અને દવા જે દિવસે આપવામાં આવી હોય તે દિવસે પણ તાવ આવે છતાં

પણ તે ન આવ્યા બરાબર છે, તાવ બાધક હોવા છતાં બાધક નથી કારણ કે તેણે જવાનું છે જ અને બીજે દિવસે જાય પણ છે. તેવી જ રીતે માત્ર મારે જ શરણે આવનારને વિષયો બાધક બની શક્તા નથી) ।।૧૮।।

(પોતાની ભક્તિના મહિમાથી ભગવાન્‌ને પોતાને પણ વિસ્મય થાય છે અને ઉદ્ધવજીને આનન્દ મનાવવાનું જાણે કે કહેતા હોય એમ કહે છે કે) હે ઉદ્ધવ (ઉત્સવ)! જેવી રીતે ધધક્તો અગ્નિ કાષ્ઠના મોટા ઢગલાને પણ બાળીને ખાક કરી નાખે છે તેવીજ રીતે મારી ભક્તિ પણ સમસ્ત પાપરાશિને સમ્પૂર્ણ બાળી નાખેછે ।।૧૯।।

હે ઉદ્ધવ! દરરોજ વધતી જતી મારી અનન્ય પ્રેમમયી ભક્તિ મારી પ્રાપ્તિ કરાવી આપવા જેટલી સમર્થ છે તેટલા સમર્થ યોગ-સાધન, જ્ઞાન-વિજ્ઞાન, ધર્માનુષ્ઠાન, જપ-પાઠ કે તપ-ત્યાગ પણનથી ।।૨૦।।

હું ભક્તોનો પ્રિયતમ આત્મા છું. હું અનન્ય શ્રદ્ધા અને અનન્ય ભક્તિથી જ વશ થાઉં છું. મને પ્રાપ્ત કરવાનો તે એક જ ઉપાય છે. જે જન્મથીજ ચાંડાલ છે તે લોકોને પણ મારી અનન્ય ભક્તિપવિત્ર કરી દે છે તેમના જાતિ દોષથી મુક્ત કરીદેછે ।।૨૧।।

મારી ભક્તિ વિનાના પુરુષના ચિત્તને સત્ય અને દયા થી યુક્ત ધર્મ અને તપસ્યા સહિતની વિદ્યા પણ સારી રીતે પવિત્ર કરવા સમર્થ નથી ।।૨૨।।

જ્યાં સુધી આખા શરીરમાં રોમાંચ થઈ આવતો નથી, ચિત્ત પીગળી જઈ ગદ્‌ગદ થઈ જતું નથી, આનન્દનાં આંસુ આંખોમાં ઊભરાતાં નથી તથા અન્તરંગ અને બહિરંગ ભક્તિના પૂરમાં ચિત્ત તરબોળ થઈ જતું નથી ત્યાં સુધી તેના શુદ્ધ થવાની કોઈ શક્યતા નથી ।।૨૩।।

હે ઉદ્ધવ! જેની વાણી પ્રેમથી ગદ્‌ગદ થઈ રહી છે, ચિત્ત પીગળી જઈ ભક્તિના પ્રવાહમાં વહી રહ્યું છે એક ક્ષણને માટે પણ રુદન અટક્તું નથી પરન્તુ જે ક્યારેક-ક્યારેક ખડખડાટ હસવા પણ લાગે છે તો ક્યારેક વળી લાજ શરમ છોડી દઈ જોર-જોરથી ગાવા લાગે છે તો ક્યારેક વળી નાચવા લાગે છે. મારો આવો ભક્ત, માત્ર પોતાની જાતને જ નહિ, સમગ્ર સંસારને પણ પવિત્ર કરી દે છે ।।૨૪।।

જેવી રીતે અગ્નિમાં તપાવવાથી સોનાનો મેલ બળી જાય અને સોનું ચોખ્ખું થઈ જાય છે તેવી જ રીતે મારી ભક્તિદ્વારા આત્મા કર્મવાસનાઓથી મુક્ત થઈ જઈ મને જ પ્રાપ્ત થઈ જાય છે કારણ કે હું જ તેનું વાસ્તવિક સ્વરૂપ છું ।।૨૫।।

હે ઉદ્ધવ! જેવી રીતે અંજન આંજવાથી નેત્રોના દોષ મટી જઈ આંખ સૂક્ષ્મ-ઝીણી-ઝીણી વસ્તુઓ પણ જોઈ શકે છે તેવી જ રીતે મારી પરમ પાવન લીલા કથાના શ્રવણ-કીર્તનથી જેમ-જેમ ચિત્તનો મેલ દૂર થાય છે તેમ-તેમ સૂક્ષ્મ વસ્તુ વાસ્તવિક તત્ત્વ મારા સ્વરૂપનું દર્શન થવા લાગે છે ।।૨૬।।

જે મનુષ્ય નિરન્તર વિષયોનું ચિન્તન કર્યા કરે છે તેનું ચિત્ત વિષયોમાં ફસાઈ જાય છે અને જે નિરન્તર મારું જ સ્મરણ-ચિન્તન કરે છે તેનું ચિત્ત મારામાં તલ્લીન થઈ જાય છે ।।૨૭।।

તેથી તમે બીજાં સાધનો અને ફલો નું ચિન્તન છોડી દો. અરે ભાઈ! મારા સિવાય બીજાું કંઈ છે જ નહિ, જે કંઈ જણાય છે તે સ્વપ્ન કે મનોરથના રાજ્ય જેવું જ છે. તેથી મારા ચિન્તનથી તમે તમારું ચિત્ત શુદ્ધ કરી લો અને તેને એકાગ્રતાથી મારામાં જ લગાડી દો ।।૨૮।।

સંયમી પુરુષે સ્રીઓ અને તેમના સંગીઓનો (પ્રેમીઓનો)સંગ છોડીને પવિત્ર એકાન્ત સ્થાનમાં બેસીને આળસ ત્યજીને ખૂબજ સાવધાનીથી મારુંજ સ્મરણ અને ચિન્તન એકાગ્રતાપૂર્વકકરવું ।।૨૯।।

હે પ્રિય ઉદ્ધવ! સ્રીઓનાં સંગથી અને તેમનો સંગ કરનાર લમ્પટ પુરુષોના સંગથી પુરુષ જેવા ક્લેશ અને બંધન પામે છે તેવા ક્લેશ અને બંધન બીજા કોઈના પણ સંગથી થતાં નથી તેથી એવો દુષ્ટોનો સતત પરિત્યાગ કરવો ।।૩૦।।

**ઉદ્ધવજીએ પૂછ્યું** : હે કમલનયન શ્યામસુન્દર! મુમુક્ષુ (મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા) પુરુષે આપના કયા સ્વરૂપનું કેવી રીતે અને કેવા ભાવથી ધ્યાન કરવું જોઈએ તો તે બતાવવાની આપ કૃપા કરો ।।૩૧।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવ! જે બહુય ઉંચું ન હોય તેમજ બહું નીચું ન હોય એવા આસન ઉપર શરીર સીધું રાખી આરામથી બેસવું, બે હાથ ખોળામાં રાખવા અને નજર નાકના ટેરવા સ્થિર કરવી ।।૩૨।।

ત્યાર પછી પૂરક, કુમ્ભક અને રેચક તથા રેચક, કુમ્ભક અને પૂરક આ પ્રાણાયામોદ્વારા નાડીઓનું શોધન કરવું. પ્રાણાયામનો અભ્યાસ ધીરે-ધીરે વધારવો જોઈએ અને સાથે-સાથે ઈન્દ્રિયોને જીતવાનો પણ અભ્યાસ કરવો જોઈએ।।૩૩।।

અ પ્રમાણે કમલની દાંડીમાંના પાતળા તન્તુ સમાન 'ૐકાર'નું ચિન્તન કરવું. પ્રાણાયામદ્વારા તેને ઉપર લઈ જવો અને તેમાં ઘંટાનાદની જેમ સ્વર સ્થિર કરવો. તે

સ્વરનો તન્તુ તૂટે નહિ તેનું ધ્યાન રાખવું ।।૩૪।।

આ પ્રમાણે દરરોજ ત્રણ વખત દસ-દસ વાર ૐકાર સહિત પ્રાણાયામનો અભ્યાસ કરવો. આમ કરવાથી એક મહીનામાંજ પ્રાણવાયુ વશ થઈ જાય છે।।૩૫।।

ત્યાર પછી એવું ચિન્તન કરે કે હૃદય એક કમલ છે. તે શરીરની અંદર એવી રીતે રહેલું છે કે તેની દાંડી તો ઉપર છે અને (કેળના ફૂલની જેમ) મુખ નીચેની દિશામાં છે. હવે એવું ધ્યાન કરવું કે તેનું મુખ ઉપર આવી જઈ ખીલી ગયું છે તેને આઠ પાંખડીઓ છે અને બરાબર તેની વચ્ચે પીળી અત્યન્ત કોમળ કર્ણિકા (ગાદી) છે ।।૩૬।।

કર્ણિકા ઉપર ક્રમશઃ સૂર્ય ચન્દ્રમા અને અગ્નિ નો ન્યાસ કરવો જોઈએ. ત્યાર પછી અગ્નિમાં મારા આ સ્વરૂપનું સ્મરણ કરવું જોઈએ. મારું આ સ્વરૂપ ધ્યાનને માટે અત્યંત મંગલમયછે ।।૩૭।।

(કેવા સ્વરૂપનું ધ્યાન કરવું એનું સ્વરૂપ બતાવે છે). મારા અવયવોનો ઘાટ બહુ સુડોલ છે. રોમ-રોમથી શાન્તિ ટપકે છે. મુખકમલ અત્યન્ત પ્રફુલ્લિત અને સુન્દર છે. ઘૂંટણો સુધી લાંબી મનોહર ચાર ભુજાઓ છે. ગરદન અત્યન્ત સુન્દર અને મનોહર છે. મરકતમણિના જેવા સુસ્નિગ્ધ કપોલ છે. મુખ ઉપર મન્દ-મન્દ મલકાટની અનોખી છટા છે. બન્ને તરફના કાન સમાન છે અને તેમાં મકરાકૃત કુંડલ ઝગમગ-ઝગમગ કરી રહ્યાં છે. વર્ષાઋતુના મેઘના જેવા શ્યામલ શરીર ઉપર પીતામ્બર ફરફરી રહ્યું છે. શ્રીવત્સ અને લક્ષ્મીજીનું ચિહ્ન વક્ષઃસ્થલ ઉપર જમણી અને ડાબી બાજુએ બિરાજમાન છે. ચાર હાથમાં ક્રમશઃ શંખ, ચક્ર, ગદા તથા પદ્મ ધારણ કરેલાં છે. ગળામાં વનમાળા લટકી રહી છે. ચરણોમાં નૂપુર શોભી રહ્યાં છે. ગળામાં કૌસ્તુભમણિ ઝગમગી રહ્યો છે. પોત-પોતાને સ્થાને ઝળહળાટ કરતાં કિરીટ, કંગન, કરધની અને બાજુબંધ શોભી રહ્યાં છે. મારું એક-એક અંગ અત્યન્ત સુન્દર અને હૃદયહારી છે. સુન્દર મુખ અને પ્રેમ ભરી નજર કૃપા પ્રસાદની વર્ષા કરી રહી છે. હે ઉદ્ધવ! મારા આ સુકુમાર રૂપનું ધ્યાન કરવું જોઈએ અને પોતાના મનને એક-એક અંગમાં લગાડવું જોઈએ ।।૩૮-૪૧।।

બુદ્ધિમાન પુરુષે મનદ્વારા ઇન્દ્રિયોને તેમના વિષયોમાંથી વાળી લઈ મનને બુદ્ધિરૂપ સારથિની સહાયથી મારા સ્વરૂપમાં કે સ્વરૂપના ગમે તે અંગમાં જ લગાડી દેવી ।।૪૨।।

જ્યારે સમસ્ત શરીરનું ધ્યાન થવા લાગે ત્યારે પોતાના મનને ખેંચીને એક જ સ્થાનમાં સ્થિર કરે અને અન્ય અંગોનું ચિન્તન ન કરતાં સુન્દર સ્મિતવાળા મુખનું જ ધ્યાન કરવું ।।૪૩।।

જ્યારે ચિત્ત મુખારવિન્દમાં સ્થિર થઈ જાય ત્યારે તેને ત્યાંથી ખેંચીને બ્રહ્મરૂપ (આકાશ) માં સ્થિર કરવું. પછી તેનું ચિન્તન પણ છોડી દઈ મારા સ્વરૂપમાં આરૂઢ થઈ જઈને મારા સિવાય બીજી કોઈ જ વસ્તુનું ચિન્તન ન કરવું ।।૪૪।।

જ્યારે આ પ્રમાણે ચિત્ત સ્થિર થઈ જાય છે ત્યારે જેવી રીતે એક જ્યોત બીજી જ્યોતમાં મળી એક થઈ જાય છે તેવી જ રીતે પોતાનામાં મને અને મારા સર્વાત્મક સ્વરૂપમાં પોતાનો અનુભવ કરવા લાગે છે ।।૪૫।।

**ધ્યાનેનેત્થં સુતીવ્રેણ યુઞ્જતો યોગિનો મનઃ ।।**
**સંયાસ્યત્યાશુ નિર્વાણં દ્રવ્યં જ્ઞાન ક્રિયા ભ્રમઃ ।।૪૬।।**

જે યોગી આ પ્રમાણે તીવ્ર ધ્યાન યોગદ્વારા મારામાં જ પોતાના ચિત્તને લગાડી દે છે તેના ચિત્તમાંથી વસ્તુની અનેકતા તે સમ્બન્ધી જ્ઞાન અને તેની પ્રાપ્તિને માટે થતાં કર્મોનો ભ્રમ તત્કાળ નિવૃત્ત થઈ જાય છે ।।૪૬।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્યમુક્તિ નામના પ્રકરણનો નવમો અને ચાલુ) ''સર્વ સાધનોમાં ભક્તિયોગ શ્રેષ્ઠ છે'' નામનો ચૌદમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

(ફંડફાળા-મૃતકોદ્ધાર-આજીવિકા વગેરે) કોઈ પણ પ્રકારના (લૌકિક-પારલૌકિક સ્વાર્થ-પરાર્થ)હેતુ વિના ભક્તિભાવથી આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો. દક્ષિણા લઈને કથા કરનારના મનોભાવ ગટરના પાણી જેવા જાણવા. આવી કથાનું શ્રવણ ન કરવું.

# અધ્યાય ૧૫

## ભગવત્પ્રાપ્તિમાં આડે આવનારી સિદ્ધિઓ

**જિતેન્દ્રિયસ્ય યુક્તસ્ય જિતશ્વાસસ્ય યોગિનઃ ।।**
**મયિ ધારયતશ્ચેતઃ ઉપતિષ્ઠન્તિ સિદ્ધયઃ ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** જેણે ઇન્દ્રિયોને અને પ્રાણને જીત્યા છે અને જેણે ધારણાવડે મારામાં મનને સ્થિર કર્યું છે તેવા યોગીને સિદ્ધિઓ સ્વતઃ પ્રાપ્ત થાય છે ।।૧।।

**ઉદ્ધવજી બોલ્યા :** હે અચ્યુત! કઈ ધારણાવડે કઈ જાતની સિદ્ધિ અને એ સિદ્ધિ કેવી રીતે મળે છે, વળી સિદ્ધિઓ કેટલી છે? આપ જ યોગીઓને સિદ્ધિઓનું દાન કરનાર હોવાથી એ સિદ્ધિઓનાં સ્વરૂપને આપ જ કહો ।।૨।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે પ્રિય ઉદ્ધવ! ધારણા નામના યોગના પારગામી વિદ્વાનોએ અઢાર પ્રકારની સિદ્ધિઓ બતાવી છે. તેમાંથી અણિમા વગેરે આઠ સિદ્ધિઓ પૂર્ણરૂપથી મારામાં જ રહે છે, બીજે તો મારા અનુગ્રહથી અંશતઃ જાય છે. બાકીની દસ સિદ્ધિઓથી તો માત્ર વિષયોની પ્રાપ્તિ જ થઈ શકે છે અને તેથી તે તુચ્છ છે ।।૩।।

તેમાં 'અણિમા'[૧] 'મહિમા'[૨] અને 'લઘિમા'[૩] નામની ત્રણ સિદ્ધિઓ તો શરીરની છે. 'પ્રાપ્તિ'[૪] એ ઇન્દ્રિયોની એક સિદ્ધિ છે. 'પ્રાકામ્ય'[૫] લૌકિક અને પારલૌકિક પદાર્થોનો ઇચ્છાનુસાર અનુભવ કરનારી સિદ્ધિ છે. માયા અને તેનાં કાર્યોનું ઇચ્છાનુસાર સંચાલન કરનારી 'ઈશિતા'[૬] નામની સિદ્ધિ છે ।।૪।।

**વિશેષ** : ૧.અણિમા : મોટા રૂપમાંથી નાનું રૂપ કરવું. ૨.મહિમા : નાના રૂપમાંથી મોટું રૂપ કરવું. ૩.લઘિમા : ભારે શરીરને હલકું કરવું. ૪.પ્રાપ્તિ : સર્વ પ્રાણીઓની ઇન્દ્રિયાધિષ્ઠાતૃદેવરૂપે સંબંધથવો. ૫.પ્રાકામ્ય : આ લોક પરલોકના વિષયભોગ જોવાની શક્તિ. ૬. ઈશિતાઃ ઈશ્વરમાં માયાની અને જીવમાં માયાના અંશોની પ્રેરણા કરવાની શક્તિ.

વિષયોમાં રહેવા છતાં તેમાં આસક્ત ન થવું 'વશિતા'[૧] અને જે-જે સુખની ઇચ્છા કરે તેની છેલ્લી સીમા સુધી પહોંચી જવું 'કામાવસાયિતા'[૨] નામની આઠમી સિદ્ધિ છે. આ આઠેય સિદ્ધિઓ મારામાં સ્વભાવથી જ રહે છે અને જેમને હું આપું છું તેમને જ અંશતઃ પ્રાપ્ત થાય છે ।।૫।।

**વિશેષ** : ૧. વશિતા : વિષયના ભોગમાં સંગ ન કરવો. ૨. કામાવસાયિતા (અવસ્યતી): જે-જે સુખની ઇચ્છા હોય તે-તે સુખની સીમાએ પહોંચવું.

હવે બીજી દશ સિદ્ધિઓને કહે છે. શરીરમાં અનુર્મિમત્વ[૧], દૂર શ્રવણ[૨], દૂર દર્શન[૩], મનોજવ[૪], કામરૂપ[૫]. પરકાય પ્રવેશ[૬] સ્વચ્છન્દ મૃત્યુ[૭], દેવોની ક્રીડા જોવી[૮], યથા સંકલ્પ સંસિદ્ધિ[૯] અને અજ્ઞાની અપ્રતિહતસિદ્ધિ[૧૦]-આ દશ સિદ્ધિઓ

વિષયોની પ્રાપ્તિ કરાવનાર છે ।।૬-૭।।

વિશેષઃ ૧. અનુમિમત્ત્વ : શરીરમાં ક્ષુધા તૃષાનો અભાવ.

૨. દૂર શ્રવણ : ઘણે દૂરથી સાંભળવું.

૩. દૂર દર્શન : ઘણે દૂરના પદાર્થો જોવા.

૪. મનોજવ : મનની સાથેજ શરીરનું પણ તે સ્થાને પહોંચીજવું.

૫. કામરૂપ : ઈચ્છામાં આવે તે રૂપ ધારણ કરી લેવું.

૬. પરકાય પ્રવેશ : બીજાના શરીરમાં પ્રવેશ કરવો.

૭. સ્વચ્છન્દ મૃત્યુ : ઈચ્છા થાય ત્યારે દેહ ત્યાગ કરવો. (મરવું).

૮. દેવોની ક્રીડા જોવી : અપ્સરાઓની સાથે થતી દેવક્રીડા જોવી.

૯. યથા સંકલ્પ સંસિદ્ધિ : સંકલ્પ પ્રમાણે સિદ્ધિ મેળવવી.

૧૦. અજ્ઞાની અપ્રતિહતસિદ્ધિ : બધે સ્થળે બધાદ્વારા આનાકાની વિના આજ્ઞાપાલન-કોઈ હુકમનો ભંગ ન કરે.

ત્રિકાલજ્ઞત્વ[૧], અદ્વન્દ્વ[૨], પરચિત્તને જાણવાપણું[૩] અગ્નિ, સૂર્ય, જલ, ઝેરમાં નિર્વિકાર રહેવું[૪], કોઈ થી પરાભવ ન થઈ શકે[૫]-પ્રથમ ગણાવી તેનાથી વિશેષ આ પાંચ સિદ્ધિઓ પણ યોગીઓને પ્રાપ્ત થાય છે ।।૮।।

**વિશેષ** : ૧. ત્રિકાલજ્ઞત્વ : ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળની વાત જાણી લેવી.

૨. અદ્વન્દ્વ : ઠંડી-ગરમી, સુખ-દુઃખ અને રાગ-દ્વેષ આદિ દ્વન્દ્વોને વશ ન થવું.

૩. પરિચિત્તને જાણવાપણું : બીજાના મનની વાત જાણી લેવી.

૪. અગ્નિ સૂર્ય જલ વિષ આદિની શક્તિ સ્તમ્ભિત કરીદેવી.

૫. અપરાજિતા : કોઈથી પણ પરાજિતન થવું નિશ્ચય જય મેળવવો.

હે પ્રિય ઉદ્ધવ! યોગધારણા કરવાથી જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તેમનું નામ સાથે વર્ણન કરી દીધું. હવે કઈ ધારણાથી કઈ સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે બતાવું છું તે સાંભળો ।।૯।।

હે પ્રિય ઉદ્ધવ! પંચભૂતોની સૌથી સૂક્ષ્મ માત્રાઓ મારું જ શરીર છે. જે સાધક કેવલ મારા તે જ શરીરની ઉપાસના કરે છે અને પોતાના મનને તદાકાર બનાવી તેમાં જ લગાડી દે છે; અર્થાત્ મારા તન્માત્રાત્મક શરીર સિવાય બીજી કોઈ ચીજનું ચિન્તન કરતો નથી તેને 'અણિમા' નામની સિદ્ધિ અર્થાત્ પથ્થરની ચટ્ટાને વગેરેમા પણ પ્રવેશ કરવાની શક્તિ-અણુતા પ્રાપ્ત થઈ જાય છે ।।૧૦।।

મહત્તત્ત્વના રૂપમાં પણ હું જ પ્રકાશિત થઈ રહ્યો છું અને તે રૂપમાં સમસ્ત વ્યાવહારિક જ્ઞાનોનું કેન્દ્ર છું. જે મારા તે-તે આકાશ, પૃથ્વી વગેરે રૂપોમાં પોતાના મનને મહત્તત્ત્વાકાર કરીને તન્મય કરી દે છે તેને 'મહિમા' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને એ જ પ્રમાણે આકાશ, પૃથ્વી વગેરે પાંચ મહાભૂતોમાં જે મારાં જ શરીર છે અલગ-અલગ મન લગાવવાથી તેની મહત્તા પ્રાપ્ત થાય છે, આ પણ 'મહિમા' સિદ્ધિમાં જ અન્તર્ગત છે ।।૧૧।।

જે યોગી વાયુ વગેરે ચાર ભૂતોના પરમાણુઓને મારું જ સ્વરૂપ સમજી ચિત્તને તદાકાર કરી દે છે તેને 'લઘિમા' (વજનવિહીનતા, વજન બિલકુલ ન હોવું તેવી સ્થિતિ) સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે. તેને પરમાણુ રૂપ *કાલની જેમ સૂક્ષ્મ વસ્તુ બનવાની શક્તિ પ્રાપ્ત થઈ જાય છે ।।૧૨।।

**વિશેષ** : પૃથ્વી વગેરેનાં પરમાણુઓમાં ગુરુત્વવજન હોય છે. તેથી તેનો પણ નિષેધ કરવામાટે કાલના પરમાણુની સમાનતા કહી છે.

જે સાત્ત્વિક અહંકારને મારું સ્વરૂપ સમજી મારા તે જ રૂપમાં ચિત્તની ધારણા કરે છે તે બધી ઇન્દ્રિયોનો અધિષ્ઠાતા થઈ જાય છે. મારું ચિન્તન કરનારો ભક્ત આ પ્રમાણે 'પ્રાપ્તિ'નામની સિદ્ધિ પ્રાપ્ત કરીલેછે ।।૧૩।।

જે પુરુષ મહત્તત્ત્વાભિમાની સૂત્રાત્મા એવા મારામાં પોતાનું ચિત્ત સ્થિર કરે છે તેને મારા અવ્યક્ત જન્મા (સૂત્રાત્મા) ની સર્વોત્કૃષ્ટ 'પ્રાકામ્ય' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. (ક્રિયાશક્તિ પ્રધાન મહત્તત્ત્વ એ જ સૂત્ર) 'પ્રાકામ્ય' નામની સિદ્ધિથી દૃષ્ટ અદૃષ્ટ બધા ભોગ ઇચ્છાનુસાર પ્રાપ્ત થઈ જાય છે ।।૧૪।।

જે ત્રિગુણમયી માયાના સ્વામી મારા કાલસ્વરૂપ વિશ્વરૂપની ધારણા કરે છે તે શરીરો અને જીવોને પોતાની ઇચ્છા પ્રમાણે પ્રેરિત કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી લે છે. આ સિદ્ધિનું નામ 'ઈશિત્વ' છે ।।૧૫।।

જે યોગી મારા નારાયણ સ્વરૂપમાં જેને તુરીય અને ભગવાન્ પણ કહે છે મનને લગાવી દે છે તેનામાં મારા સ્વાભાવિક ગુણ પ્રગટ થવા લાગે છે અને તેને 'વશિતા' નામની સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે. (આથી ગુણકાર્યો-વિષયોમાં-અનાસક્તિ પ્રાપ્ત થઈ જાય છે) ।।૧૬।।

નિર્ગુણ બ્રહ્મ પણ હું જ છું. જે પોતાનું નિર્મલ મન મારા આ બ્રહ્મસ્વરૂપમાં સ્થિર કરી દે છે તેને પરમાનંદ સ્વરૂપ 'કામાવસાયિતા' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

આ સિદ્ધિ મળવાથી તેની બધી કામનાઓ પૂર્ણ થઈ જાય છે, સમાપ્ત થઈ જાય છે ।।૧૭।।

શ્વેતદ્વીપના સ્વામી તરીકેનું મારું સ્વરૂપ અત્યન્ત શુદ્ધ અને ધર્મમય છે. જે સ્વરૂપની ધારણા કરે છે તે ભૂખ-તરસ, જન્મ-મૃત્યુ અને શોક-મોહ આ છ ઊર્મિઓથી મુક્ત થઈ જાય છે અને તેને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે ।।૧૮।।

હું જ સમષ્ટિ-પ્રાણરૂપ આકાશાત્મા છું. જે મારા આ સ્વરૂપમાં મનદ્વારા અનાહત નાદનું ચિન્તન કરે છે તે 'દૂર શ્રવણ' નામની સિદ્ધિથી સમ્પન્ન થઈ જાય છે અને આકાશમાં કે ઘણે દૂર રહેલાં વિવિધ પ્રાણીઓની બોલી સાંભળી અને સમજી શકે છે ।।૧૯।।

જે યોગી નેત્રોને સૂર્યમાં અને સૂર્યને નેત્રોમાં સંયુક્ત કરી દે છે અને બન્નેના સંયોગમાં મનમાં મારું ધ્યાન કરે છે તેની દષ્ટિ સૂક્ષ્મ થઈ જાય છે. તેને 'દૂર દર્શન' નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને તે સમગ્ર વિશ્વને જોઈ શકે છે ।।૨૦।।

મન અને શરીર ને પ્રાણવાયુ સહિત મારી સાથે સંયુક્ત કરી દે અને મારી ધારણા કરે તો તેથી 'મનોજવ' નામની સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે. તેના પ્રભાવથી તે યોગી જ્યાં પણ જવાનો સંકલ્પ કરે છે તે જ ક્ષણે તેનું શરીર ત્યાં પહોંચી જાય છે ।।૨૧।।

જે વખતે યોગી મનને ઉપાદાન-કારણ બનાવી કોઈ દેવતા વગેરેનું રૂપ ધારણ કરવા ઇચ્છે છે તો તે ધાર્યા પ્રમાણે તેવું જ રૂપ ધારણ કરી લે છે. આનું કારણ એ છે કે તેણે પોતાના મનને મારી સાથે જોડી દીધું છે ।।૨૨।।

જે યોગી બીજા શરીરમાં પ્રવેશ કરવા માગતો હોય તે એવી ભાવના કરે કે હું તે જ શરીરમાં છું. એમ કરવાથી તેના પ્રાણ વાયુરૂપ ધારણ કરી લે છે અને તે એક ફૂલ ઉપરથી બીજા ફૂલ ઉપર જનારા ભમરાની જેમ પોતાનું શરીર છોડી દઈ બીજા શરીરમાં પ્રવેશ કરે છે ।।૨૩।।

યોગીને જો શરીર છોડી દેવું હોય તો એડીથી ગુદાદ્વારને દબાવી પ્રાણવાયુને ક્રમશઃ હૃદય, વક્ષઃસ્થલ, કંઠ અને મસ્તક માં લઈ જાય; પછી બ્રહ્મરન્ધ્રદ્વારા તેને બ્રહ્મમાં લીન કરી દઈ શરીર છોડી દે ।।૨૪।।

જો તેને દેવતાઓના વિહારસ્થલોમાં ક્રીડા કરવાની ઈચ્છા થાય તો મારા શુદ્ધ સત્ત્વમય સ્વરૂપની ભાવના કરે. આમ કરવાથી સત્ત્વગુણની અંશરૂપ સુર સુન્દરીઓ વિમાન પર ચડી તેની પાસે પહોંચી જાય છે ।।૨૫।।

જે પુરુષે મારા સત્યસંકલ્પ સ્વરૂપમાં પોતાનું ચિત્ત સ્થિર કરી દીધું છે તેના જ ધ્યાનમાં સારી રીતે લાગેલો છે તે પોતાના મનથી જે સમયે જેવો સંકલ્પ કરે છે તે જ વખતે તેનો તે સંકલ્પ સિદ્ધ થઈ જાય છે ।।૨૬।।

હું 'ઈશત્વ' અને 'વશિત્વ' બન્ને સિદ્ધિઓનો સ્વામી છું તેથી કદીય કોઈ મારી આજ્ઞા ઉથાપી શક્તું નથી. જે મારા તે રૂપનું ચિન્તન કરતો-કરતો તે જ ભાવથી યુક્ત થઈ જાય છે તેની આજ્ઞાનો પણ કોઈ, મારી આજ્ઞાની જેમ જ, અનાદર કરી શક્તો નથી ।।૨૭।।

જે યોગીનું ચિત્ત મારી ધારણા કરતાં-કરતાં મારી ભક્તિના પ્રભાવથી શુદ્ધ થઈ ગયું છે તેની બુદ્ધિ જન્મ-મૃત્યુ વગેરે અદષ્ટ વિષયો પણ જાણી લે છે. બીજાું તો શું ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાલની બધી જ ઘટનાઓ તેને પ્રત્યક્ષની જેમ દેખાય છે ।।૨૮।।

જેવી રીતે જલથી જલમાં રહેનારાં પ્રાણીઓનો નાશ થતો નથી તેવી જ રીતે જે યોગીએ પોતાનું ચિત્ત મારામાં લગાવી દઈ શિથિલ કરી દીધું છે તેના યોગમય શરીરને અગ્નિ, જલ વગેરે કોઈપણ પદાર્થ નષ્ટ કરી શક્તા નથી ।।૨૯।।

જે પુરુષ શ્રીવત્સ વગેરે ચિહ્ન અને શંખ, ગદા, ચક્ર, પદ્મ વગેરે આયુધોથી વિભૂષિત તથા ધ્વજા, છત્ર, ચમર વગેરે યુક્ત મારા અવતારોનું ધ્યાન કરે છે તે અજેય થઈ જાય છે ।।૩૦।।

આ પ્રમાણે જે વિચારવાન પુરુષ મારી ઉપાસના કરે છે અને યોગધારણાદ્વારા મારું ચિન્તન કરે છે તેને મેં વર્ણન કરેલી બધી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ જાય છે ।।૩૧।।

જેણે ઈન્દ્રિયો, શ્વાસ અને મન ને જીતી લીધાં છે, મૌન રાખે છે, મારામાં મનને સ્થિર કરે છે તેને કઈ સિદ્ધિ દુર્લભ હોઈ શકે? કોઈ સિદ્ધિ તેને દુર્લભ નથી ।।૩૨।।

છતાં યોગીએ એ સિદ્ધિઓની ઈચ્છા કરવી નહિ કેમકે મારી ઉપાસના રૂપ ઉત્તમ પ્રકારનો યોગ સાધતા અને મને જલ્દી મળવાને ઈચ્છતા યોગીમાટે એ સિદ્ધિઓ વિઘ્નરૂપ અને સમયનો બગાડ છે કેમકે એ ભોગવવામાં ઘણો કાળ જવાથી મારી પ્રાપ્તિમાં વિલમ્બ થાય છે ।।૩૩।।

આ જગતમાં જન્મ, ઓષધિ, તપ તથા મન્ત્રોથી જેટલી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તે બધી કેવળ મારામાં મનનો યોગ કરવાથી મળે છે. પરન્તુ મારા યોગની

અન્તિમ સીમા-મારું સારૂપ્ય, સાલોક્ય વગેરેની પ્રાપ્તિ મારામાં ચિત્ત લગાવ્યા વિના બીજા કોઈ પણ સાધનથી પ્રાપ્ત થઈ શક્તી નથી ।।૩૪।।

બ્રહ્મવાદીઓએ યોગ, સાંખ્ય, ધર્મ વગેરે ઘણાં સાધનો બતાવ્યાં છે. તેમનો અને સમસ્ત સિદ્ધિઓનો એકમાત્ર લક્ષ્ય, સ્વામી અને પ્રભુ હું છું તેથી મનેજ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખવી એજ ઉત્તમ છે ।।૩૫।।

**અહમાત્માऽऽન્તરો બાહ્યોનાવૃતઃસર્વદેહિનામ્ ।।**
**યથા ભૂતાનિ ભૂતેષુ બહિરન્તઃ સ્વયં તથા ।।૩૬।।**

સર્વપ્રાણીઓનો આત્મા હું છું, હું એમની અંદર અન્તર્યામીરૂપે રહું છું પણ એનાથી હું એટલો જ છું એમ સમજવાનું નથી. એ બધા મારા પરિચ્છેદક નથી કેમકે હું એમની અંદર છું તેમ એમનાથી બહાર પણ છું. જેમ જરાયુજ, સ્વેદજ, અંડજ અને ઉદ્ભિજ્જ નામના ચતુર્વિધ પ્રાણીઓમાં પંચમહાભૂતો રહ્યા છે છતાં એની બહાર પણ છે તેમ હું સર્વની અંદર બહાર રહેનાર વ્યાપક હોવાથી સર્વનિયામક છું ।।૩૬।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા 'સાયુજ્યમુક્તિ' પ્રકરણનો દશમો અને ચાલુ) ''ભગવત્ પ્રાપ્તિમાં આડે આવનારી સિદ્ધિઓ'' નામનો પંદરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આપણે પુષ્ટિમાર્ગી નથી જ જોઇ**
મૃતકના ઉદ્ધારાર્થે કે ફંડફાળામાટે ભાગવતકથાનું આયોજન કરીએછીએ
(ઠેરાવેલ કે ઠેરાવ્યા વિનાની)દક્ષિણા લઈને ભાગવત વાંચીએ છીએ
આવી ભાગવતકથા સાંભળવા કે આશીર્વાદ આપવા જઈએ છીએ

## અધ્યાય ૧૬

# ભગવદ્ વિભૂતિનું વર્ણન

**વિશેષ** : ૧. આ સોળમાં અધ્યાયમાં ઉદ્ધવે પોતાને ચિન્તા થવાથી પૂછ્યું ત્યારે ભગવાને પોતાની વિભૂતિઓ એને કહી એટલી વાત આવે છે.

**ત્વં બ્રહ્મ પરમં સાક્ષા-દનાદ્યન્તમપાવૃતમ્ ।।**
**સર્વેષામપિ ભાવાનાં ત્રાણસ્થિત્યપ્યયોદ્‌ભવઃ ।।૧।।**

**ઉદ્ધવજીએ કહ્યું :** હે ભગવન્! આપ સ્વયં પરબ્રહ્મ છો. આપનો આદિ કે અન્ત નથી, અર્થાત્ આપનાં ઉત્પત્તિ કે વિનાશ નથી. આપ (કર્મરૂપ) આવરણ રહિત અદ્વિતીય તત્ત્વ છો. સમસ્ત પ્રાણીઓ અને પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ, રક્ષા અને પ્રલય ના કારણ પણ આપ જ છો. ઊંચા-નીચાં બધાં પ્રાણીઓમાં આપ બિરાજો છો, પરન્તુ શ્રવણ આદિ સાધનથી વિમુખ લોકો જેમણે પોતાની ઇન્દ્રિયો અને મન ને વશ કર્યાં નથી તેઓ આપને જાણી શકતા નથી. આપની યથોચિત ઉપાસના તો વેદ-ઉપનિષદ્દનાવિદ્વાનો જ કરે છે ।।૧-૨।।

મોટા-મોટા ઋષિ મહર્ષિઓ આપનાં જે રૂપો અને વિભૂતિઓની પરમ ભક્તિ સહિત ઉપાસના કરીને પ્રાપ્ત કરે છે તે આપ મને કહો ।।૩।।

સમસ્ત પ્રાણીઓના જીવનદાતા હે પ્રભો! પૃથ્વી, સ્વર્ગ, પાતાલ તથા દિશા-વિદિશાઓમાં આપના પ્રભાવથી યુક્ત જે-જે વિભૂતિઓ છે તેનું આપ કૃપા કરીને વર્ણન કરો. હે પ્રભો! સમસ્ત તીર્થોને પણ તીર્થ બનાવનાર આપનાં ચરણ કમલોને હું વન્દન કરું છું ।।૫।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે પ્રિય ઉદ્ધવ! પ્રશ્નનો મર્મ સમજનારાઓમાં તમે શિરોમણિ છો. જે વખતે કુરુક્ષેત્રમાં કૌરવ-પાંડવોનું યુદ્ધ થયું હતું તે વખતે શત્રુઓ સાથે યુદ્ધ કરવા તત્પર અર્જુને મને આ જ પ્રશ્ન પૂછ્યો હતો ।।૬।।

અર્જુનના મનમાં એવો વિચાર આવ્યો કે કુટુમ્બીઓની હત્યા કરવી અને તે પણ રાજ્યને માટે જ તે ઘણો જ નિન્દનીય અધર્મ છે. સાધારણ પુરુષની જેમ જ તે વિચારી રહ્યો હતો કે હું મારનારો છું અને આ બધા મરનારા છે. આમ વિચાર કરી તેણે શસ્ત્રો નીચે મૂકી દીધાં ।।૭।।

તમે મને જે પ્રશ્ન પૂછ્યો છે તે જ પ્રશ્ન અર્જુને રણભૂમિ ઉપર મને પૂછ્યો હતો. તે વખતે અનેક યુક્તિઓ સહિત આ વાત મેં અર્જુનને સમજાવી હતી ।।૮।।

હે ઉદ્ધવજી! હું સમસ્ત પ્રાણીઓનો આત્મા, હિતૈષી, સુહૃદ અને ઈશ્વર-નિયામક છું. હું જ આ સમસ્ત પ્રાણીઓ અને પદાર્થોના રૂપમાં છું અને તેમની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય નું કારણ પણ હું જ છું ।।૯।।

ગતિમાન પદાર્થોમાં હું ગતિ છું. (જ્ઞાની, કર્મી અને ભક્તો ની ગતિ પ્રાપ્ત

કરવાનું ફલ હું જ છું). પોતાને અધીન કરનારાઓમાં હું કાલ છું. ગુણોમાં હું તેમની મૂલસ્વરૂપ સામ્ય અવસ્થા છું અને જેટલા પણ ગુણવાન પદાર્થો છે તેમનામાં તેમનો સ્વાભાવિક ગુણ હું જ છું ।।૧૦।।

ગુણયુક્ત વસ્તુઓમાં હું ક્રિયાશક્તિપ્રધાન પ્રથમ કાર્ય સૂત્રાત્મા છું અને મોટાઓમાં જ્ઞાન શક્તિમાન પ્રથમ કાર્ય મહત્તત્ત્વ છું. સૂક્ષ્મ વસ્તુઓમાં હું જીવ છું અને કઠિનાઈથી વશ થનારાઓમાં મન છું ।।૧૧।।

વેદોના અધ્યાપકોમાં બ્રહ્મા છું અને મન્ત્રોમાં ત્રણ માત્રાઓ (અ+ઉ+મ) વાળો ૐકાર હું છું. અક્ષરોમાં હું ૐકાર છું અને છન્દોમાં ત્રિપદા ગાયત્રી હું છું ।।૧૨।।

સમસ્ત દેવતાઓમાં ઈન્દ્ર, આઠ વસુઓમાં અગ્નિ, બાર આદિત્યોમાં વિષ્ણુ અને અગિયાર રુદ્રોમાં નીલલોહિત નામનો રુદ્ર છું ।।૧૩।।

હું બ્રહ્મર્ષિઓમાં ભૃગુ, રાજર્ષિઓમાં મનુ, દેવર્ષિઓમાં નારદ અને ગાયોમાં કામધેનું છું ।।૧૪।।

સિદ્ધોમાં કપિલ, પક્ષીઓમાં ગરુડ, પ્રજાપતિઓમાં દક્ષ અને પિતરો માં અર્યમા હું છું ।।૧૫।।

હે ઉદ્ધવ! હું દૈત્યોમાં દૈત્યરાજ પ્રહ્લાદ, નક્ષત્રોમાં ચન્દ્રમા, ઓષધિઓમાં સોમરસ અને યક્ષ તથા રાક્ષસોમાં કુબેર છું એમ સમજો ।।૧૬।।

હું ગજેન્દ્રોમાં ઐરાવત, જલ-નિવાસીઓમાં એમનો સ્વામી વરુણ, તાપ કરનાર અને પ્રકાશ કરનારમાં સૂર્ય તથા મનુષ્યોમાં રાજા છું ।।૧૭।।

હું ઘોડાઓમાં ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો, ધાતુઓમાં સોનું, દંડધારીઓમાં યમ અને સર્પોમાં વાસુકિ છું ।।૧૮।।

હે નિષ્પાપ ઉદ્ધવજી! હું નાગરાજોમાં શેષનાગ, શિંગડાં અને દાઢવાળાં પ્રાણીઓમાં તેમનો રાજા સિંહ, આશ્રમોમાં સન્ન્યાસ અને વર્ણોમાં બ્રાહ્મણ છું ।।૧૯।।

હું તીર્થ અને નદીઓમાં ગંગા, જલાશયોમાં સમુદ્ર, અસ્ત્ર-શસ્ત્રોમાં ધનુષ તથા ધનુર્ધરોમાં શંકર છું ।।૨૦।।

હું નિવાસસ્થાનોમાં મેરુ, દુર્ગમ સ્થાનોમાં હિમાલય, વનસ્પતિઓમાં પીપળો અને ધાન્યોમાં જવ છું ।।૨૧।।

હું પુરોહિતોમાં વસિષ્ઠ, વેદને જાણનારાઓમાં બૃહસ્પતિ, સર્વ સેનાપતિઓમાં સ્કન્દ કાર્તિક સ્વામી અને સન્માર્ગના પ્રવર્તકોમાં બ્રહ્મા છું ।।૨૨।।

પાંચ મહાયજ્ઞો (દેવયજ્ઞ, બ્રહ્મ યજ્ઞ, પિતૃયજ્ઞ, મનુષ્યયજ્ઞ અને ભૂતયજ્ઞ) માં બ્રહ્મ યજ્ઞ (સ્વાધ્યાય યજ્ઞ) હું છું. વ્રતોમાં અહિંસા વ્રત હું છું. શુદ્ધ કરનારા પદાર્થોમાં નિત્યશુદ્ધ વાયુ, અગ્નિ, સૂર્ય, જલ અને વાણીનો આત્મા નિયામક, શુદ્ધ કરનાર હું જ છું ।।૨૩।।

આઠ પ્રકારના યોગોમાં મનના નિરોધરૂપ સમાધિ હું છું. વિજય ઈચ્છનારાઓમાં રહેતું મન્ત્ર (નીતિ) બલ હું છું. કૌશલોમાં આત્મા અને અનાત્માના વિવેકરૂપ કૌશલ હું છું અને ખ્યાતિવાદીઓમાં વિકલ્પ હું છું* ।।૨૪।।
**વિશેષ** : યોગનાં આઠ અંગ છે.-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

ખ્યાતિવાદ પાંચ પ્રકારના છે : ૧. વેદાન્તીઓ અનિર્વચનીય ખ્યાતિમાં ૨. નૈયાયિકો અન્યથા ખ્યાતિમાં ૩. વિજ્ઞાનવાદીઓ આત્મખ્યાતિમાં ૪. મીમાંસકો અખ્યાતિમાં અને ૫. શૂન્યવાદીઓ અસત્ખ્યાતિમાં માને છે. **વિકલ્પ-એવમિદમેવં વા।** આ આમ છે કે આમ? તું આ પ્રકારે કહે છે કે તેથી ઉલટું કહે છે? વિકલ્પ ભગવાન્‌ની વિભૂતિ છે અને તેથી તે દુરન્ત છે તેનો અન્ત જ નથી. અથવા (શ્લોક ચોવીસના ચતુર્થપાદનો બીજો ભાવાર્થ) ખ્યાતિ એટલે પ્રત્યક્ષ-પ્રમાણથી જગતની પ્રસિદ્ધિ, આ નિરીશ્વરવાદ છે. આ નિરીશ્વરવાદીઓ માટે હું **''વિકલ્પઃ વિશેષતઃ કલ્પઃ સમર્થઃ''** અત્યન્ત સમર્થ પ્રતિભટ સમર્થ પ્રતિયોદ્ધો વેદના બલથી ઈશ્વર પ્રતિપાદક આચાર્ય હું છું.

સ્ત્રીઓમાં મનુ પત્ની શતરૂપા, પુરુષોમાં સ્વાયંભુવ મનુ, મુનિઓમાં નારાયણ અને બ્રહ્મચારીઓમાં સનત્કુમાર હું છું ।।૨૫।।

ધર્મોમાં સન્ન્યાસ, ક્ષેમમાં અન્તર્નિષ્ઠા, ગુપ્ત રાખવાના પદાર્થોમાં સૂનૃત અને મૌન હું જ છું. સ્ત્રી-પુરુષનાં જોડાઓમાં હું પ્રજાપતિ છુંજેના શરીરનાબે ભાગોમાંથી પુરુષ અને સ્ત્રી નું પહેલું જોડું પેદા થયું ।।૨૬।।

સદા સાવધાન રહી જાગનારોઓમાં સંવત્સરરૂપ કાલ હું છું. ઋતુઓમાં વસંત, મહિનાઓમાં માગશર અને નક્ષત્રોમાં અભિજિત હું છું ।।૨૭।।

હું યુગોમાં સત્યયુગ, વિવેકી પુરુષોમાં મહર્ષિ દેવલ અને અસિત્, વેદનો વિભાગ કરનારા વ્યાસોમાં શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ અને કવિઓ (તીક્ષ્ણ બુદ્ધિવાળા

પુરુષો)માં સૂક્ષ્મ બુદ્ધિમાન શુક્રાચાર્ય છું ।।૨૮।।

સૃષ્ટિની ઉત્પતિ અને લય, પ્રાણીઓમાં જન્મ અને મૃત્યુ તથા વિદ્યા અને અવિદ્યા જાણનારા ભગવાનો (વિશિષ્ટ મહાપુરુષો)માં હું (ચિત્તના અધિષ્ઠાતા) વાસુદેવ છું. મારા પ્રેમી ભક્તોમાં તમે (ઉદ્ધવ), કિમ્પુરુષોમાં હનુમાન, વિદ્યાધરોમાં સુદર્શન (જેણે અજગરના રૂપમાં નન્દરાયજીને ગ્રસી લીધા હતા અને પછી ભગવાન્‌ના પાદ સ્પર્શથી મુક્ત થઈ ગયા હતા તે) હું છું ।।૨૯।।

રત્નોમાં પદ્મરાગ (માણેક), સુન્દર વસ્તુઓમાં કમળની કળી, તૃણોમાં કુશ અને હવિષ્યોમાં ગાયનું ઘી હું છું ।।૩૦।।

હું વ્યાપારીઓમાં રહેવાવાળી લક્ષ્મી, છલકપટ કરનારાઓમાં જુગાર, તિતિક્ષુઓ (સહનશીલ પુરુષો)ની તિતિક્ષા (કષ્ટ સહિષ્ણુતા) અને સાત્ત્વિક પુરુષોમાં રહેવાવાળો સત્ત્વગુણ છું ।।૩૧।।

બલવાનોમાં હું ઉત્સાહ અને પરાક્રમ તથા ભગવદ્‌ભક્તોમાં ભક્તિ યુક્ત નિષ્કામ કર્મ છું. વૈષ્ણવોની પૂજ્ય વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, નારાયણ, હયગ્રીવ, વરાહ, નૃસિંહ અને વામન આ નવ મૂર્તિઓમાં હું પહેલી અને શ્રેષ્ઠ મૂર્તિ વાસુદેવ છું ।।૩૨।।

હું ગન્ધર્વોમાં વિશ્વાવસુ, અપ્સરાઓમાં બ્રહ્માજીના દરબારની અપ્સરા પૂર્વચિત્તિ, પર્વતોમાં સ્થિરતા અને પૃથ્વીમાં શુદ્ધ અવિકારી ગન્ધ છું ।।૩૩।।

હું જલમાં રસ તેજસ્વીઓમાં પરમ તેજસ્વી અગ્નિ, સૂર્ય, ચન્દ્ર અને તારાઓમાં પ્રભા(કાન્તિ) તથા આકાશમાં તેનો એક માત્ર ગુણ શબ્દ છું ।।૩૪।।

હે ઉદ્ધવજી! બ્રાહ્મણોના ભક્તોમાં હું બલિ છું, વીરોમાં અર્જુન અને પ્રાણીઓમાં તેમની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય હું જ છું ।।૩૫।।

હું જ પગોમાં ચાલવાની શક્તિ, વાણીમાં બોલવાની શક્તિ, પાયુમાં મલ ત્યાગની શક્તિ, હાથમાં પકડવાની શક્તિ અને જનનેન્દ્રિયમાં આનન્દનો ઉપભોગ કરવાની શક્તિ છું. ત્વચામાં સ્પર્શની, આંખોમાં જોવાની, જીભમાં સ્વાદ લેવાની, કાનોમાં સામ્ભળવાની અને નાકમાં સૂંઘવાની શક્તિ પણ હું જ છું. સમસ્ત ઈન્દ્રિયોની ઈન્દ્રિયશક્તિ હું જ છું ।।૩૬।।

(આમ વિશેષ વિભૂતિઓ કહીને હવે સામાન્ય વિભૂતિઓ કહે છે). પૃથ્વી, વાયુ, આકાશ, જલ તેજ, અહંકાર, મહત્તત્વ, વિકાર (પંચમહાભૂત+અગિયાર

ઇન્દ્રિયો), પુરુષ (જીવ), અવ્યક્ત (પ્રકૃતિ), સત્વ, રજ, તમ અને આ બધાંથી પર રહેવાવાળું બ્રહ્મ આ બધું હું જ છું ।।૩૭।।

આ તત્ત્વોની ગણના, લક્ષણોદ્વારા તેમનું જ્ઞાન તથા તત્ત્વ-જ્ઞાનરૂપ તેનું ફલ પણ હું જ છું. હું જ ઈશ્વર છું, હું જ જીવ છું, હું જ ગુણ છું અને હું જ ગુણી છું, હું જ બધાનો આત્મા છું અને હું જ બધું છું. મારા સિવાય બીજો કોઈ પણ પદાર્થ ક્યાંય પણ નથી ।।૩૮।।

જો હું ગણવા બેસું તો લાંબે સમયે ક્યારેક પૃથ્વી વગેરેનાં પરમાણુઓની ગણતરી તો કરી શકું. પરન્તુ મારી વિભૂતિઓની ગણતરી હું પણ ન કરી શકું. જ્યારે મેં રચેલાં કરોડો બ્રહ્માંડોની જ ગણના ન થઈ શકે તો પછી મારી વિભૂતિઓની ગણના તો થઈ જ શી રીતે શકે? ।।૩૯।।

એમ સમજી લો કે જેમાં પણ તેજ, શ્રી, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, ત્યાગ, સૌન્દર્ય, સૌભાગ્ય,પરાક્રમ, તિતિક્ષા અને વિજ્ઞાન આદિ શ્રેષ્ઠ ગુણ હોય એ મારો જ અંશ છે ।।૪૦।।

હે ઉદ્ધવજી! તમારા પ્રશ્ન અનુસાર મારી વિભૂતિઓનું સંક્ષેપથી વર્ણન કર્યું. આ બધા પદાર્થો મારી વિભૂતિઓ છે એમ સમજી ચિન્તન કરવા યોગ્ય છે. ભોગ્યબુદ્ધિથી તેમનું ચિન્તન કરવાથી તેઓ મનમાં વિકાર-મોહ ઉત્પન્ન કરનારા નીવડશે. જેમ શાસ્ત્રમાં ઘણાં વિષયાસક્ત પુરુષો અને સ્ત્રીઓ નું નિરૂપણ કરવામાં આવે છે એ મનોવિકારથી કેવો અનર્થ થાય છે તે દર્શાવવામાટે છે તેથી આ બધા પદાર્થોને મનોવિકાર જ સમજવા. મનથી વિચારવામાં આવેલી અને વાણીથી ઉચ્ચારાયેલી કોઈપણ વસ્તુ પરમાર્થ (વાસ્તવિક) હોતી નથી. તેની એક કલ્પના જ હોય છે ।।૪૧।।

વિષયાસક્તિ અનર્થ કરનારી છે તેથી તમે વાણીને લગામ લગાવી દો, મિથ્યા ભાષણ બંધ કરો અને મનના સંકલ્પ-વિકલ્પને મિટાવી દો. તેને માટે પ્રાણોને, ઇન્દ્રિયોને અને આત્માને મનવડે નિયમમાં રાખો. પ્રપંચમાં જતી બુદ્ધિને નિશ્ચયાત્મક સાત્ત્વિક બુદ્ધિદ્વારા રોકો, શાન્ત કરો. આમ કરવાથી તમારે સંસારના જન્મ-મૃત્યુરૂપ ભીષણ માર્ગમાં ભટકવું નહિ પડે ।।૪૨।।

જે સાધક બુદ્ધિદ્વારા વાણી અને મન ને પૂરેપૂરાં વશ કરી લેતો નથી તેનાં વ્રત, તપ અને દાન કાચા ઘડામાં ભરેલ પાણીની જેમ (ખબર પણ ન પડે તેમ) ક્ષીણ થઈ

જાય છે ।।૪૩।।

**તસ્માન્મનોવચઃપ્રાણાન્ નિયચ્છેન્મત્પરાયણઃ ।।**
**મદ્ભક્તિયુક્તયા બુદ્ધ્યા તતઃ પરિસમાપ્યતે ।।૪૪।।**

(વાણી વગેરેનો નિરોધ કરવામાં ન આવે તો બધાં સાધન વ્યર્થ છે તેથી) મારો પ્રેમી ભક્ત મત્પરાયણ થઈ, મારું એક માત્ર શરણ ગ્રહણ કરી લઈ ભક્તિયુક્ત બુદ્ધિથી વાણી, મન અને પ્રાણો ને સંયમમાં રાખે. એટલું કરી લેવાથી તેને માટે બીજું કંઈ કરવાનું બાકી રહેતું નથી. તે કૃતકૃત્ય મુક્ત થઈ જાય છે ।।૪૪।।

**ઈતિ શ્રીભાગવત એકાદશ સ્કન્ધમાં (પહેલા જીવ મુક્તિ પ્રકરણના અવાન્તર બીજા 'સાયુજ્યમુક્તિ' પ્રકરણનો અગિયારમો અને ચાલુ) ''ભગવદ્વિભૂતિનું વર્ણન'' નામનો સોળમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**... ... શ્રીભાગવતમાદરાત્।પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમદમ્ભતઃ।।**
પ્રયત્ન પૂર્વક, (ફંડ-ફાળા,આજીવિકા)લૌકિક કે પારલૌકિક (મૃતકનોઉદ્ધાર) જેવા કોઈ પણ હેતુ કે ઢોંગ વિના આદર પૂર્વક શ્રીભાગવતનો જાતે પાઠ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

## અધ્યાય ૧૭

## ભગવાને ઉદ્ધવજીને બ્રહ્મચારી અને ગૃહસ્થ ના ધર્મ કહ્યા

**વિશેષ** : ભક્તિને સિદ્ધ કરનારા સ્વધર્મોનો ઉદ્ધવજીએ પ્રશ્ન કર્યો ત્યારે ભગવાને બ્રહ્મચારી અને ગૃહસ્થ ના ધર્મો કહ્યા એ વાત આ સત્તરમા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**યસ્ત્વયાભિહિતઃ પૂર્વં ધર્મસ્ત્વદ્ભક્તિલક્ષણઃ ।।**
**વર્ણાશ્રમાચારવતાં સર્વેષાં દ્વિપદામપિ ।।૧।।**

**ઉદ્ધવજીએ કહ્યું** : હે કમલનયન શ્રીકૃષ્ણ! આપે પહેલાં વર્ણાશ્રમધર્મનું પાલન કરનારાઓ માટે અને સામાન્ય રીતે મનુષ્ય માત્રમાટે એવા ધર્મનો ઉપદેશ કર્યો હતો જેનાથી આપની ભક્તિ પ્રાપ્ત થાય છે. હવે આપ કૃપા કરીને એ બતાવો કે મનુષ્ય કઈ રીતે પોતાના ધર્મનું આચારણ કરે જેથી આપના ચરણોમાં તેને ભક્તિ પ્રાપ્ત થઈ

જાય ।।૧-૨।।

હે પ્રભો! મહાબાહુ! માધવ! પહેલાં આપે હંસરૂપે અવતાર ગ્રહણ કરી બ્રહ્માજીને પોતાના પરમ ધર્મનો ઉપદેશ કર્યો હતો તે ધર્મો બીજા કહી ન જ શકે; તેથી એને આપ કૃપા કરીને કહો. (આ શ્લોકમાં ત્રણ સમ્બોધનો છે. ૧. મહાબાહો! ૨. પ્રભો! ૩. માધવ! 'મહાબાહો' નો એ ભાવ છે કે આ ધર્મનું નિરૂપણ આપથી જ થઈ શકે તેમ છે, બીજા કોઈની ગુંજાઈશ નથી. 'પ્રભો!' સમ્બોધનનો એવો ભાવ છે કે આપ જગતના સ્વામી છો તેથી ધર્મનિરૂપણ આપને માટે આવશ્યક છે. 'માધવ' માયાના નાશક અથવા 'મા' એટલે વિદ્યા તેના 'ધવ' એટલે પતિ) ।।૩।।

હે રિપુદમન! આપે તે ધર્મનો ઉપદેશ કર્યે ઘણો સમય વીતી જવાથી તે અત્યારે મૃત્યુલોકમાં પ્રાયઃ નહિ જેવો જ રહ્યો છે ।।૪।।

હે અચ્યુત! પૃથ્વીની વાત તો જવા દો પણ જ્યાં વેદ વગેરે વિદ્યાઓ મૂર્તિમાન થઈ બિરાજે છે તે બ્રહ્માજીની સભામાં પણ આપના સિવાય એવો કોઈ પણ નથી જે આપના આ ધર્મનો ઉપદેશ, પ્રચાર અને રક્ષણ કરી શકે.* ।।૫।।

**વિશેષ** : પાંચમા શ્લોકમાં મૂલમાં **''મૂર્તિધરા કલાઃ''** પ્રયોગ છે. પુરાણોમાં કલા વિષે નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે : ''પુરાણં ધર્મમીમાંસા વેદા ઉપવેદાશ્ચ તે, અંગાનિ સેતિહાસાનિ કથ્યન્તે શ્રીહરેઃકલાઃ, દેવા બ્રહ્મર્ષયશ્ચૈવ ક્ષત્રિયા રક્ષણોત્સુકાઃ, કલાઃ સર્વે હરેરેવ સ પ્રજાપતયોડપરે'' પુરાણો, ધર્મમીમાંસા, વેદો, ઉપવેદો અને ઈતિહાસ સહિતનાં અંગો શ્રીહરિની કલાઓ કહેવાય છે. દેવો, બ્રહ્મર્ષિઓ, રક્ષણ કરવા ઉત્સુક ક્ષત્રિયો અને પ્રજાપતિઓ શ્રીહરિની કલાઓ કહેવાય છે.

**'કલા'** એટલે વેદ વગેરે અઢાર વિદ્યાઓ આ પ્રમાણે છે : ઋગ્વેદ, યજાુર્વેદ, સામવેદ અને અથર્વવેદ, પુરાણ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્રો, શિક્ષા (ઉચ્ચાર શાસ્ત્ર), કલ્પ (યજ્ઞ વગેરેમાં કરવી જોઈતી વિધિ નિરૂપણ કરતું શાસ્ત્ર), વ્યાકરણ, નિરુકત (વ્યુત્પત્તિ-શબ્દની મૂળ ઉત્પત્તિ બતાવનાર શાસ્ત્ર), જ્યોતિષ, છન્દ-એક મત પ્રમાણે આ ચૌદ વિદ્યાઓ, અઢાર વિદ્યા છે એમ કહેનારા તેમાં આ ચાર ઉમેરે છે-આયુર્વેદ, ધનુર્વેદ, ગન્ધર્વવેદ અને અથર્વવેદ. **''વેદનાં છ અંગ''** શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુકત, છન્દ અને જ્યોતિષ.

આ ધર્મના પ્રવર્તક, રક્ષક અને ઉપદેશક આપ જ છો. પહેલાં મધુ દૈત્યને મારી, જેવી રીતે આપે વેદોની રક્ષા કરી હતી તેવી જ રીતે આપના ધર્મની પણ રક્ષા કૃપા કરીને કરો. હે સ્વયંપ્રકાશ પરમાત્મન્! જ્યારે આપ પૃથ્વીપટ ઉપરથી લીલા સંવરણ

કરી લેશો, ત્યારે તો આ ધર્મનો લોપ જ થઈ જશે તો પછી એ કોણ બતાવશે? ।।૬।।

આપ સમસ્ત ધર્મોના મર્મજ્ઞ છો તેથી હે પ્રભો! આપની પ્રાપ્તિ કરાવનાર તે ધર્મનું આપ કૃપા કરીને વર્ણન કરો અને એ પણ બતાવો કે કોને માટે તેનું કેવું વિધાન છે ।।૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! ભક્તશિરોમણિ ઉદ્ધવજીએ જ્યારે આ પ્રમાણે પ્રશ્ન કર્યો ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે અત્યન્ત પ્રસન્ન થઈ પ્રાણીઓને માટે આપ સનાતન ધર્મોનો ઉપદેશ કર્યો ।।૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવ! તમારો પ્રશ્ન ધર્મમય છે, કારણ કે તેથી વર્ણાશ્રમધર્મી મનુષ્યને પરમ કલ્યાણ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી હું તમને તે ધર્મોનો ઉપદેશ કરું છું. સાવધાન થઈને તમે સાંભળો ।।૯।।

જે વખતે આ કલ્પનો આરમ્ભ થયો હતો અને પહેલો સત્યયુગ ચાલી રહ્યો હતો તે વખતે બધાં મનુષ્યોનો 'હંસ' નામનો એક જ વર્ણ હતો. તે યુગમાં બધા લોકો જન્મથી જ કૃતકૃત્ય થતા હતા તેથી તેનું એક નામ કૃતયુગ પણ છે ।।૧૦।।

તે વખતે કેવલ પ્રણવ 'ૐ' જ વેદ હતો. (પણ આ ચાર વેદ ન હતા) તપસ્યા, શૌચ, દયા અને સત્યરૂપ ચાર ચરણોવાળો હું વૃષભરૂપધારી ધર્મ હતો (યજ્ઞયાગાદિ નહિ). તે વખતના નિષ્પાપ અને પરમ તપસ્વી ભક્તજન મારા હંસસ્વરૂપ શુદ્ધ પરમાત્માની ઉપાસના કરતા હતા. (હંસ=વિશુદ્ધ, કલ્યાણકારી ગુણોના નિધિ; પ્રણવ=પ્રકૃષ્ટઃ નવઃ અથવા પ્રકર્ષેણ નવઃ। સંસારનાં સમસ્ત સૌન્દર્યો સમય જતાં ક્ષીણ થઈ જાય છે. ભગવાન્ સદા સર્વદા **નવ-નૂતન** જ રહે છે) ।।૧૧।।

હે પરમ ભાગ્યવાન ઉદ્ધવ! સત્યયુગ પછી ત્રેતાયુગનો આરમ્ભ થતાં શ્વાસ-પ્રશ્વાસ દ્વારા મારા હૃદયમાંથી ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદરૂપ ત્રયી વિદ્યા પ્રગટ થઈ અને તે ત્રયી વિદ્યાથી હોતા, અધ્વર્યુ અને ઉદ્ગાતાના કર્મરૂપ ત્રણ ભેદોવાળા યજ્ઞના રૂપમાં હું પ્રગટ થયો ।।૧૨।।

વિરાટ પુરુષના મુખથી બ્રાહ્મણ, ભુજાથી ક્ષત્રિય, જંઘાથી વૈશ્ય અને ચરણોથી શૂદ્રની ઉત્પત્તિ થઈ. તેમની ઓળખાણ તેમના સ્વભાવ અને આચરણથી જ થાય છે ।।૧૩।।

હે ઉદ્ધવજી! વિરાટ પુરુષ પણ હું જ છું. તેથી મારા જ ઊરુસ્થલથી (જંઘા) થી

ગૃહસ્થાશ્રમ, હૃદયથી બ્રહ્મચર્યાશ્રમ, વક્ષઃસ્થલથી વાનપ્રસ્થાશ્રમ અને મસ્તકથી સન્ન્યાસાશ્રમની ઉત્પત્તિ થઈ છે ।।૧૪।।

આ વર્ણો અને આ આશ્રમોના પુરુષોના સ્વભાવ પણ એમનાં જન્મસ્થાનો પ્રમાણે ઉત્તમ, મધ્યમ અને અધમ થઈ ગયા. અર્થાત્ ઉત્તમ સ્થાનો (મુખ અને મસ્તક) થી ઉત્પન્ન થયેલા વર્ણ (બ્રાહ્મણ) અને આશ્રમ (સન્ન્યાસ) ના સ્વભાવ ઉત્તમ અને અધમ સ્થાનો (પાદ અને જાંઘ) થી ઉત્પન્ન થયેલા (શૂદ્ર અને ગૃહસ્થાશ્રમ) અધમ થયા. (વાસ્તવમાં ભગવાન્‌ના અવયવો બધા જ આનન્દમય રસરૂપ જ છે. આ મન્દમતિ લોકોની માન્યતા અનુસાર કહ્યું છે) ।।૧૫।।

(એમ સ્વભાવના ભેદો કહીને હવે બ્રાહ્મણ આદિ વર્ણોને બતાવનારા ધર્મોને કહે છે). શમ (અન્તકરણ નિગ્રહ), દમ (ઇન્દ્રિયનિગ્રહ), તપ (તત્ત્વનિરીક્ષણ), પવિત્રતા, સન્તોષ, ક્ષમા, સરળતા, મારી ભકિત, દયા અને સત્ય એ બ્રાહ્મણ વર્ણના સ્વભાવ છે ।।૧૬।।

તેજ, બળ, ધીરજ, શૌર્ય, ગરીબ અપરાધ કરે તો એને સહન કરવો, ઉદારતા, ઉદ્યોગ કરવો, સ્થિરતા, બ્રાહ્મણની ભક્તિ, ઐશ્વર્ય આ ક્ષત્રિયની પ્રકૃતિ સમજવી ।।૧૭।।

આસ્તિક્ય બુદ્ધિ, દાન દેવું, દમ્ભ ન કરવો, બ્રાહ્મણની સેવા કરવી, પૈસા મળવા છતાં અસન્તોષ વગેરે વૈશ્યની પ્રકૃતિ જાણવી ।।૧૮।।

બ્રાહ્મણ, દેવ અને ગાય ની કપટરહિત થઈને સેવા કરવી એનાથી જે કંઈ મળે તેમાં સન્તોષ માનવો એ શૂદ્રની પ્રકૃતિ અથવા સ્વભાવ છે ।।૧૯।।

અપવિત્રતા, ખોટું બોલવું, ચોરી કરવી, ઈશ્વર અને પરલોક ની પરવા ન કરવી; કારણ વગર કજિયો કરવો, કામ, ક્રોધ, તૃષ્ણા એ બધાં લક્ષણો વર્ણાશ્રમરહિત ચાંડાલ આદિનાં સમજવા ।।૨૦।।

(એમ વર્ણને બતાવનાર ધર્મો કહીને પુરુષાર્થના સાધનરૂપ ધર્મો જે સર્વ વર્ણને લાગુ પડે છે તેને કહે છે) કાયા, વાણી અને મન થી અહિંસા, સત્ય, ચોરી ન કરવી, કામ, ક્રોધ અને લોભ થી બચવું; પ્રાણી માત્રના ભલાની ચેષ્ટા કરવી એ સર્વવર્ણોનો સાધારણ ધર્મ છે ।।૨૧।।

(બ્રહ્મચારીઓ બે પ્રકારના છે. ૧. ઉપકુર્વાણક-ચોક્કસ સમયની મુદ્દતમાટે બ્રહ્મચર્યવ્રત ધારણ કરનાર દા.ત. ગુરુકુલમાં વિદ્યાભ્યાસમાટે રહેતા બટુકો અને

૨.નૈષ્ઠિક-આજીવન દા.ત. ભીષ્મ પિતામહ. પહેલાં પ્રકારના ધર્મો કહે છે) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ગર્ભાધાન આદિ સંસ્કારોના ક્રમથી યજ્ઞોપવીત સંસ્કારરૂપ દ્વિતીય જન્મ પ્રાપ્ત કરી ગુરુકુલમાં રહે અને ઈન્દ્રિયોને વશ રાખે. આચાર્ય બોલાવે ત્યારે વેદોનો અભ્યાસ કરે અને તેમના અર્થનો પણ વિચાર કરે ।।૨૨।।

મેખલા, મૃગચર્મ, વર્ણ પ્રમાણે દંડ, *અક્ષમાળા, યજ્ઞોપવીત અને કમંડલુ ધારણ કરે. શિર ઉપર જટા વધારે, (શોખને માટે નહિ પણ સ્વચ્છતા અને પવિત્રતા માટે) દાંત અને વસ્ત્ર ધુએ, રંગીન આસન ઉપર ન બેસે અને કુશ ધારણ કરે ।।૨૩।।

**વિશેષ :** ''અક્ષ (માલા)-આદિક્ષાન્ત ગતૈર્વર્ણૈર્જપમાલાક્ષમાલિકા'' 'અ'કારથી શરૂ કરી 'ક્ષ'કાર સુધીનો ક્રમબોધ કરનારી માલા તે અક્ષમાલા. અક્ષમાલાનો અર્થ કેટલાક રુદ્રાક્ષની માળા પણ કરે છે. શિવપુરાણમાં રુદ્રાક્ષનું માહાત્મ્ય કહેવાયું છે તે સકામપરક અને શૈવપરક સમજવું. નિષ્કામ ભક્તિમાર્ગમાં તુલસી અને તુલસી ન મળે તો આંબળાનાં ફલનું વિધાન છે.

સ્નાન, ભોજન, હવન, જપ અને મળમૂત્ર ત્યાગ કરતી વખતે મૌન રહે. કાખ (બગલ) અને ઉપસ્થ (ગુપ્તેન્દ્રિય) ના વાળ અને નખ કયારેય ન કાપે ।।૨૪।।

પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે. સ્વયં તો કયારેય વીર્યપાત કરે જ નહિ. જો સ્વપ્ન આદિમાં વીર્ય સ્ખલિત થાય તો જલમાં સ્નાન કરી પ્રાણાયામ કરે અને ગાયત્રીનો જપ કરે ।।૨૫।।

બ્રહ્મચારીએ પવિત્રતા સહિત એકાગ્ર ચિત્ત થઈ અગ્નિ, સૂર્ય, આચાર્ય, ગાય, બ્રાહ્મણ, ગુરુ, વૃદ્ધજન અને દેવતાઓ ની ઉપાસના કરવી જોઈએ અને સાયંકાલ તથા પ્રાતઃકાલ મૌન રહી સન્ધ્યોપાસન એવં ગાયત્રીનો જપ કરવો જોઈએ ।।૨૬।।

આચાર્યને[૧] મારું જ સ્વરૂપ સમજે, કયારેય તેનો તિરસ્કાર ન કરે. તેમને સાધારણ મનુષ્ય સમજી દોષદષ્ટિ ન કરે, કારણ કે ગુરુ[૨] સર્વ દેવમય હોય છે ।।૨૭।।

**વિશેષ : ૧. આચાર્ય :** ઉપનયન સંસ્કારપૂર્વક શાસ્ત્રોનો ઉપદેશ કરે તે. **૨. ગુરુ :** માત્ર શાસ્ત્રોનો ઉપદેશ કરે તે.

સાંજે અને સવારે બન્ને વખતે જે કંઈ ભિક્ષામાં મળે તે લાવી સર્વ ગુરુદેવની આગળ ધરી દે. ત્યાર પછી તેમની આજ્ઞા પ્રમાણે સંયમપૂર્વક (સ્વાદમાટે નહિ) ભિક્ષા આદિનો યથોચિત ઉપયોગ કરે ।।૨૮।।

આચાર્ય જતા હોય તો તેમની પાછળ-પાછળ ચાલે. તેમના સૂઈ ગયા પછી ઘણી જ સાવધાનીથી તેમનાથી થોડે દૂર સૂએ. થાકી ગયા હોય તો પાસે બેસી ચરણ

દબાવે અને બેઠા હોય તો તેમની આજ્ઞાની રાહ જોતો હાથ જોડી પાસે જ ઊભો રહે. આ પ્રમાણે અત્યન્ત નાના માણસની જેમ સેવા-શુશ્રૂષા દ્વારા સદાસર્વદા આચાર્યની આજ્ઞામાં તત્પર રહે ।।૨૯।।

જ્યાં સુધી વેદાધ્યયન સમાપ્ત ન થઈ જાય ત્યાં સુધી બધી જાતના ભોગોથી દૂર રહી આ જ પ્રમાણે ગુરુકુલમાં નિવાસ કરે અને કયારેય પણ પોતાનું બ્રહ્મચર્યવ્રત ખંડિત ન થવા દે ।।૩૦।।

(ઉપકુર્વાણક બ્રહ્મચારીના ધર્મો કહીને હવે છ શ્લોકથી નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મો કહે છે). જો બ્રહ્મચારીનો એવો વિચાર હોય કે હું મૂર્તિમાન વેદોના નિવાસસ્થાન બ્રહ્મલોકમાં જાઉં તો તેણે આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરી લેવું જોઈએ અને વેદોના સ્વાધ્યાયને માટે પોતાનું સમગ્ર જીવન આચાર્યની સેવામાં જ સમર્પિત કરી દેવું જોઈએ ।।૩૧।।

આવા બ્રહ્મચારી ખરેખર બ્રહ્મતેજથી સમ્પન્ન થઈ જાય છે અને તેનાં બધાં પાપ નષ્ટ થઈ જાય છે. તેણે અગ્નિ, ગુરુ, પોતાનું શરીર અને સમસ્ત પ્રાણીઓમાં મારી જ ઉપાસના કરવી જોઈએ અને એવો ભાવ રાખે કે મારા તથા બધાના હૃદયમાં એક જ પરમાત્મા બિરાજી રહ્યા છે ।।૩૨।।

બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સન્ન્યાસીઓએ સ્ત્રીઓ તરફ જોવું નહિ તેમનો સ્પર્શ કરવો નહિ તેમની સાથે વાતચીત કે તેમની હાંસી-મજાક વગેરે કરવાં નહિ, મૈથુન કરતાં પ્રાણીઓ તરફ દૃષ્ટિ સરખીય કરવી નહિ ।।૩૩।।

હે પ્રિય ઉદ્ધવ! શૌચ, આચમન, સ્નાન, સન્ધ્યોપાસન, સરલતા, તીર્થસેવન, જપ, સમસ્ત પ્રાણીઓમાં મને જ જોવો, મન, વાણી અને શરીરનો સંયમ આ બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્ન્યાસી બધાને માટે એક સરખા નિયમ છે. અસ્પૃશયોનો સ્પર્શ ન કરવો, અભક્ષ્ય વસ્તુઓ ન ખાવી અને અસમ્ભાષ્ય (વાતચીતને માટે અયોગ્ય) ની સાથે બોલવું જોઈએ નહીં-આ નિયમો પણ બધાને માટે છે ।।૩૪-૩૫।।

નૈષ્ઠિક બ્રહ્મચારી બ્રાહ્મણ આ નિયમોનું પાલન કરવાથી અગ્નિના જેવો તેજસ્વી થઈ જાય છે. તીવ્ર તપસ્યાને લીધે તેના કર્મસંસ્કાર ભસ્મ થઈ જાય છે, અન્તઃકરણ શુદ્ધ થઈ જાય છે અને તે મારો ભક્ત થઈ મને પ્રાપ્ત કરી લે છે ।।૩૬।।

હે પ્રિય ઉદ્ધવ! જો નૈષ્ઠિક બ્રહ્મચર્ય ગ્રહણ કરવાની ઈચ્છા ન હોય,

ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા માગતો હોય તો વિધિપૂર્વક વેદાધ્યયન સમાપ્ત કરી, આચાર્યને દક્ષિણા આપી તેમની અનુમતિ (આજ્ઞા) લઈને સમાવર્તન સંસ્કાર કરાવે. સ્નાતક બની બ્રહ્મચર્યાશ્રમ છોડી દે ।।૩૭।।

બ્રહ્મચારીએ બ્રહ્મચર્ય આશ્રમ પછી (વૈરાગ્ય મન્દ હોય તો) ગૃહસ્થાશ્રમ સ્વીકારવો, (વૈરાગ્ય હોય તો) વાનપ્રસ્થ આશ્રમનો સ્વીકાર કરવો અને અત્યન્ત તીવ્ર વૈરાગ્ય હોય તો ઉત્તમ બ્રાહ્મણ સીધો સન્ન્યાસ પણ સ્વીકારી શકે છે. મારો ભક્ત ન હોય (**અમત્પરઃ**) તેણે ક્રમશઃ એક પછી એક આશ્રમનો સ્વીકાર કરવો. મારા ભક્ત (**મત્પરઃ**) ને માટે આ ક્રમનું બંધન નથી. (સન્ન્યાસ લેવાનો અધિકાર બ્રાહ્મણોને જ છે)* ।।૩૮।।

**વિશેષ** : મૂળ શ્લોક **"ગૃહં વનં વોપવિશેત્ પ્રવ્રજેદ્ વા દ્વિજોત્તમઃ, આશ્રમાદાશ્રમં ગચ્છેન્નાન્યથાઽમત્પરશ્ચરેત્"** આ શક્ય છેદ [1]**"આશ્રમાદાશ્રમં ગચ્છેત્ નાન્યથા મત્પરશ્ચરેત્"**. [2]**"આશ્રમાદાશ્રમં ગચ્છેત્ ન અન્યથા મત્પરશ્ચરેત્"** [3]**"અન્યથાઽમત્પરશ્ચરેત્"**. ભકતને માટે આમ જ કહેશે : **"જ્ઞાનનિષ્ઠો વિરક્તો વા મદ્ભક્તો વાનપેક્ષકઃ, સલિંગાન્ આશ્રમાન્ ત્યક્ત્વા ચરેદ્ અવિધિગોચરઃ"** (૧૧।૧૮।૨૮). જ્ઞાનનિષ્ઠ, વિરક્ત, મુમુક્ષુ અને મોક્ષની પણ ઈચ્છા ન રાખનારો મારો ભક્ત આશ્રમોની મર્યાદાઓમાં બંધાયેલ નથી. તે ઈચ્છે તો આશ્રમો અને તેનાં ચિહ્નો છોડી દઈ વિધિ-નિષેધોથી પર થઈ જઈ સ્વચ્છન્દ ફરે (૧૧।૧૮।૨૮)

હે પ્રિય ઉદ્ધવ! જો બ્રહ્મચર્ય આશ્રમ પછી ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરવો હોય તો પોતાને લાયક અને શાસ્ત્રોક્ત લક્ષણોવાળી કુલીન કન્યાની સાથે લગ્ન કરે. તે ઉંમરમાં નાની અને પોતાના જ વર્ણની હોવી જોઈએ. જો કામવશ અન્ય વર્ણની કન્યા સાથે લગ્ન કરવાં હોય તો ક્રમશઃ પોતાનાથી નિમ્ન (ઉતરતા) વર્ણની કન્યા સાથે કરી શકે છે ।।૩૯।।

યજ્ઞયાગાદિ, અધ્યયન અને દાન કરવાનો અધિકાર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોનો સમાન છે. પરન્તુ દાન લેવું; ભણાવવું અને યજ્ઞ કરાવવાનો અધિકાર માત્ર બ્રાહ્મણોને જ છે ।।૪૦।।

આ ત્રણેય વૃત્તિઓમાં પ્રતિગ્રહ-દાન લેવાની વૃત્તિને તપસ્યા તેજ અને યશ નો નાશ કરનારી સમજીને ભણાવવું અને યજ્ઞ કરાવવા દ્વારા જ પોતાનો જીવનનિર્વાહ કરે અને આ બન્ને વૃત્તિઓમાં પણ દોષ દેખાય લાચારી, દીનતા વગેરે દેખાતા હોય

તો લણણી થઈ ગયા પછી (ખેતરમાંથી ખેડૂત પાક લણીને ઘેર લઈ જાય પછી) ખેતરોમાં પડી રહેલા દાણા વીણીનેજ પોતાના જીવનનો નિર્વાહ કરીલે ।।૪૧।।

(આ તો અત્યન્ત કષ્ટકારક વૃત્તિ કહેવાય તેના સમાધાનમાં કહે છે કે) બ્રાહ્મણનું શરીર અત્યન્ત દુર્લભ છે. તે તુચ્છ વિષય ભોગ જ ભોગવવામાટે નથી. તે તો જીવન પર્યન્ત કષ્ટ ભોગવવા, તપસ્યા કરવા અને અન્તે અનન્ત આનન્દસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ કરી લેવામાટે છે ।।૪૨।।

જે બ્રાહ્મણ ઘરમાં રહી પોતાના મહાન ધર્મનું નિષ્કામ ભાવથી પાલન કરે છે અને ખેતરોમાં તથા બજારોમાં પડી ગયેલા દાણા વીણી સન્તોષપૂર્વક પોતાનો જીવનનિર્વાહ કરે છે, સાથે-સાથે પોતાના શરીર, પ્રાણ, અન્તઃકરણ અને આત્મા મને સમર્પિત કરી દે છે અને ક્યાંય પણ અત્યન્ત આસક્તિ કરતો નથી તે સન્ન્યાસ લીધા વિના જ પરમ શાન્તિસ્વરૂપ પરમ પદ પ્રાપ્ત કરી લે છે ।।૪૩।।

જે લોકો વિપત્તિમાં સપડાયેલા અને કષ્ટ ભોગવતા મારા ભક્ત બ્રાહ્મણને વિપત્તિઓથી બચાવી લે છે તેમને હું, સમુદ્રમાં ડૂબી રહેલ પ્રાણીને જેમ નૌકા બચાવી લે છે તેમ, શીઘ્ર સમસ્ત સંકટોમાંથી બચાવી લઉં છું ।।૪૪।।

જેવી રીતે ગજરાજ બીજા હાથીઓની રક્ષા કરીને પોતે પણ બચે છે તેવી રીતે રાજાએ પિતાની જેમ સમસ્ત પ્રજાની કષ્ટોથી રક્ષા કરીને ધીર થઈ સ્વયં પોતાની જાતે પોતાનો ઉદ્ધાર કરવો ।।૪૫।।

જે રાજા આ પ્રમાણે પ્રજાની રક્ષા કરે છે તે બધાં પાપોથી મુકત થઈ અન્તે સૂર્યના જેવા તેજસ્વી વિમાનમાં બેસીને સ્વર્ગલોકમાં જાય છે અને ઈન્દ્રની સાથે સુખ ભોગવે છે ।।૪૬।।

જો બ્રાહ્મણ અધ્યાપન કે યજ્ઞ-યાગાદિથી પોતાનો નિર્વાહ ન કરી શકે તો વૈશ્યવૃત્તિનો આશ્રય લઈ લે અને જ્યાં સુધી વિપત્તિ દૂર ન થાય ત્યાં સુધી જ તે વૃત્તિ ચલાવે. જો બહુ મોટી આપત્તિનો સામનો કરવાનો હોય તો તલવાર ઉઠાવી ક્ષત્રિયોની વૃત્તિથી પણ પોતાનું કામ નભાવી લે, પરન્તુ કોઈ પણ અવસ્થામાં નીચની સેવા જેને 'શ્વાનવૃત્તિ' કહે છે-તે ન કરે ।।૪૭।।

એવી જ રીતે ક્ષત્રિય પણ પ્રજા પાલન વગેરે દ્વારા પોતાનો જીવન નિર્વાહ ન કરી શકે તો વૈશ્વવૃત્તિ વ્યાપાર વગેરે કરી લે. બહું મોટી આફત આવી પડે તો શિકાર કરીને અથવા વિદ્યાર્થીઓને ભણાવી પોતાની આફતના દિવસો જેમ-તેમ કરીને

વિતાવી લે, પરન્તુ નીચની સેવા-શ્વાનવૃત્તિ ક્યારેય ન કરે ।।૪૮।।

વૈશ્ય પણ વિપત્તિ વખતે શૂદ્રોની વૃત્તિ સેવાથી પોતાનો ગુજારો કરી લે અને શૂદ્ર ચટાઈ, ટોપલા, ટોપલી બનાવવા વગેરે કારીગરનો ધંધો કરી લે. પરન્તુ હે ઉદ્ધવ! આ બધી વાતો વિપત્તિવેળાની છે, વિપત્તિ વીતી જાય ત્યારે નિમ્ન (ઉતરતા) વર્ણની વૃત્તિથી આજીવિકા ચલાવવાનો લોભ ન કરે ।।૪૯।।

ગૃહસ્થ પુરુષ વેદોના અધ્યયનરૂપ બ્રહ્મયજ્ઞ, તર્પણરૂપ પિતૃયજ્ઞ, હવનરૂપ દેવયજ્ઞ, કાકબલિ વગેરે ભૂતયજ્ઞ અને અન્નદાનરૂપ અતિથિયજ્ઞ વગેરે દ્વારા મારાં જ સ્વરૂપ ઋષિ, દેવતા, પિતર, મનુષ્ય અને અન્ય સમસ્ત પ્રાણીઓની યથા શક્તિ પ્રતિદિન પૂજા કરતો રહે ।।૫૦।।

(આવશ્યક ધર્મ કહીને હવે શક્તિ અનુસાર આચરવાના ધર્મ કહે છે) ગૃહસ્થ પુરુષ ઉદ્યમ વિના ભગવદ્ ઈચ્છાથી પ્રાપ્ત થયેલ અથવા શાસ્ત્રોક્ત રીતે કમાયેલ પોતાના શુદ્ધ ધનથી પોતાના ભૃત્ય, આશ્રિત પ્રજાજનને કોઈ પણ પ્રકારનું કષ્ટ પહોંચાડયા વિના ન્યાય અને વિધિપૂર્વક જ યજ્ઞ કરે. (ભૃત્ય-જેના ભરણ પોષણની જવાબદારી હોય તે માતા, પિતા, ગુરુ, ભાર્યા, આપણે આશરે આવેલ કોઈ પણ નિઃસહાય વ્યક્તિ, અભ્યાગત, અતિથિ અને અગ્નિ) ।।૫૧।।

હે ઉદ્ધવ! ગૃહસ્થ પુરુષ કુટુમ્બમાં આસક્ત ન થાય. મોટું કુટુમ્બ હોવા છતાં મારી ભક્તિમાં પ્રમાદ ન કરે. બુદ્ધિમાન પુરુષે સમજી લેવું જોઈએ કે જેવી રીતે આ લોકની બધી વસ્તુઓ નાશવન્ત છે તેવી જ રીતે સ્વર્ગ વગેરે પરલોકના ભોગ પણ નાશવન્ત જ છે ।।૫૨।।

આ જે સ્ત્રીપુત્ર, ભાઈબંધુ અને ગુરુજનોનો મેળાપ થયેલ છે તે જેવી રીતે પરબ આગળ પાણી પીવા મુસાફરો ભેગા થઈ ગયા હોય તેવો છે. બધાંને અલગ-અલગ રસ્તે જવાનું છે. ઊંઘ હોય ત્યાં સુધી જ જેમ સ્વપ્ન રહે છે તેવી જ રીતે આ શરીર સમ્બન્ધીઓનો સમ્બન્ધ ફક્ત શરીર હોય ત્યાં સુધી જ રહે છે. પછી તો કોણ કોને પૂછે છે? ।।૫૩।।

આ પ્રમાણે વિચાર કરનાર મુક્ત ગૃહસ્થ, ગૃહમાં અનાસક્તિ પૂર્વક અતિથિની પેઠે રહે, શરીર વગેરેમાં અહંકાર અને ઘર વગેરેમાં મમતા રાખે નહીં, તો એ ઘરમાં બંધાતો નથી ।।૫૪।।

ભક્તિમાન પુરુષ ગૃહસ્થોચિત શાસ્ત્રોક્ત કર્મોદ્વારા મારી આરાધના કરતો ઘરમાં

જ રહે અથવા જો પુત્રવાન હોય તો વાનપ્રસ્થ આશ્રમમાં ચાલ્યો જાય અથવા સન્ન્યાસ આશ્રમ સ્વીકારી લે ।।૫૫।।

હે પ્રિય ઉદ્ધવ! જે લોકો આ પ્રકારે ગૃહસ્થ જીવન નહીં જીવતાં ઘર-ગૃહસ્થીમાં જ આસક્ત થઈ જાય છે; તેઓ સ્ત્રી, પુત્ર અને ધનની કામનાઓને વશ થઈ જાય છે અને મૂઢતાવશ સ્ત્રી લમ્પટ અને કૃપણ થઈ મૂઢ ઘરમાં હું અને મારું એવા ભાવથી બંધાય છે ।।૫૬।।

તેઓ વિચાર કર્યા જ કરે છે. ''મારાં મા-બાપ વૃદ્ધ થઈ ગયાં છે, પત્નીનાં બાળકો હજુ નાનાં-નાનાં છે, મારા વિના એમની રક્ષા કરનાર કોઈ નથી. હું નહિ હોઉં ત્યારે આ બધાં દીન, અનાથ અને દુઃખી-દુઃખી થઈ જશે. પછી તેઓ કેવી રીતે જીવ શકશે?'' ।।૫૭।।

**એવં ગૃહાશયાક્ષિપ્તહૃદયો મૂઢધીરયમ્ ।।**
**અતૃપ્તસ્તાननુધ્યાયન્ મૃતોઽન્ધં વિશતે તમઃ ।।૫૮।।**

આ પ્રમાણે ઘર-ગૃહસ્થીની વાસનાથી જેનું ચિત્ત આકુળ-વ્યાકુળ થઈ રહ્યું છે તે મૂઢબુદ્ધિ પુરુષ વિષયભોગોથી કયારેય તૃપ્ત થતો નથી. તેમાં જ અટવાઈ જઈ તે પોતાનું જીવન ખોઈ બેસે છે અને મૃત્યુ પછી ઘોર તમોમય નરકમાં જાય છે ।।૫૮।।

**ઇતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલો જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્ય મુક્તિ નામના પ્રકરણનો બારમો અને ચાલુ)''ભગવાને ઉદ્ધવજીને બ્રહ્મચારી અને ગૃહસ્થ ના ધર્મ કહ્યા'' નામાનો સત્તરમો અધ્યાય સમ્પૂર્ણ.**

**કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારમ્પર્યયુતા ભુવિ, ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ**

પોતાના કુટુમ્બનું પોષણ, ધન કે યશ ની કામનાથી જેઓ પુરાણની કથા કહે છે તેઓ ખેતરમાં પાણી પહોંચાડનારી નીક જેવા હોય છે. નીક વાટે પાણી મળતાં જેમ ખેતરમાં અનાજ ઉગતું હોય છે તેમ રૂપીઆ સ્વીકારીને કથા કરનારાઓના મુખે કથા સાંભળનાર શ્રોતાઓમાં ભક્તિભાવને ઠેકાણે અધોપાત કરનાર અહન્તા-મમતાજ વધે છે. ભક્તિમાર્ગીઓએ એવાના મુખે કથા ન સાંભળવી. **(શ્રીવલ્લભાચાર્ય)**

# અધ્યાય ૧૮

## વાનપ્રસ્થ (વનસ્થ) અને યતિના ધર્મ

**વનં વિવિક્ષુઃ પુત્રેષુ ભાર્યાં ન્યસ્ય સહૈવ વા ।।**
**વન એવ વસેચ્છાન્તસ્તૃતીયં ભાગમાયુષઃ ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : ગૃહસ્થ જ્યારે ગૃહસ્થાશ્રમ પૂરો કરી વનમાં જવાની ઈચ્છા કરે ત્યારે પોતાની સ્ત્રી પુત્રોને સોંપી દે અથવા પોતાની સાથે વનમાં લઈ જાય અને ત્યાં આયુષ્યનો ત્રીજો ભાગ શાન્ત રહીને નિર્ગમન કરે ।।૧।।

પવિત્ર કન્દ, મૂળ અને ફલથી પોતાની આજીવિકા ચલાવે, ઝાડની છાલથી શરીર ઢાંકે, ઘાસ, પાંદડાં અને મૃગચર્મ નો પથારી કરવામાં તથા ઓઢવામાં ઉપયોગ કરે ।।૨।।

કેશ, રોમ, નખ અને દાઢી-મૂછને દૂર ન કરે, દાતણ ન કરે, દિવસમાં ત્રણ વખત જલમાં ડૂબકી મારી સ્નાન કરે, પૃથ્વી ઉપર પડ્યો રહે ।।૩।।

ઉષ્ણકાલમાં પંચાગ્નિવડે તપ કરે, વર્ષામાં બધો વરસાદ શરીર ઉપર લે, શીતકાલમાં જલમાં કંઠ સુધી રહીને તપકરે ।।૪।।

કન્દમૂળને માત્ર અગ્નિમાં શેકી લઈ ખાઈ લે અથવા સમયાનુસાર પાકેલાં ફળો વગેરેથી જ કામ ચલાવી લે. તેમને ખાંડવાની જરૂર જણાય તો ખાંડણિયામાં અથવા છાટ ઉપર ખાંડી લે અથવા દાંતોથી જ ચાવી ચાવીને ખાઈ લે ।।૫।।

વાનપ્રસ્થાશ્રમીએ કયો પદાર્થ કયાંથી લાવવો જોઈએ, કયે વખતે લાવવો જોઈએ, કયા-કયા પદાર્થ પોતાને માફક આવે તેવા છે આ બધું સમજીને પોતાના જીવનનિર્વાહ માટે પોતે જ બધી જાતનાં કન્દ, મૂળ, ફળ વગેરે લઈ આવે. દેશ, કાલ વગેરે નહિ જાણનારા લોકોએ લાવેલ અથવા પહેલાંના સંચિત પદાર્થો પોતાના કામમાં ન લે. માંદગી વખતે બીજાએ લાવેલ પદાર્થોનો ઉપયોગ કરવામાં બાધ નથી. કોઈ પદાર્થની અછતની સમ્ભાવના હોય તો સંચય કરવાનો પણ વાંધો નથી ।।૬।।

નીવાર (સામો) વગેરે જંગલમાં જ ઉત્પન્ન થયેલ અન્નથી જ ચરુપુરોડાશ વગેરે તૈયાર કરે અને તેનાથી જ 'આગ્રયણ' (વર્ષાઋતુને અન્તે પહેલા પાકની આહુતિ) વગેરે વૈદિક કર્મો કરે. વાનપ્રસ્થ થઈ ગયા પછી વેદવિહિત પશુઓદ્વારા મારું યજન ન કરે ।।૭।।

વેદજ્ઞ લોકોએ ગૃહસ્થની જેમ વાનપ્રસ્થને માટે પણ અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ્ય વગેરે કર્મો કરવાનું વિધાન કર્યુ છે ।।૮।।

આ પ્રમાણે ઘોર તપસ્યા કરતાં-કરતાં માંસ સુકાઈ જવાથી વાનપ્રસ્થીની એકે-એક નસ દેખાવા લાગે છે. તે આ તપસ્યાદ્વારા મારી આરાધના કરી પહેલાં તો ઋષિઓના લોકમાં જાય છે અને ત્યાંથી પછી મારી પાસે આવી જાય છે કારણ કે તપ મારું જ સ્વરૂપ છે ।।૯।।

હે પ્રિય ઉદ્ધવ! જે પુરુષ મહાકષ્ટથી થતું અને મોક્ષ આપનાર આ મહાન તપ સ્વર્ગ, બ્રહ્મલોક આદિ નાના-મોટા ફળોની પ્રાપ્તિમાટે કરે છે તેનાથી મોટો મૂરખ બીજો કોણ હોઈ શકે? માટે તપ નિષ્કામ ભાવથી જ કરવું જોઈએ ।।૧૦।।

હે પ્રિય ઉદ્ધવ! વાનપ્રસ્થી જયારે પોતાના આશ્રમોચિત નિયમોનું પાલન ન કરી શકે, વૃદ્ધાવસ્થાથી શરીર કમ્પવા લાગે ત્યારે યજ્ઞના અગ્નિઓને ભાવનાદ્વારા પોતાના અન્તઃકરણમાં આરોપિત કરી લે અને પોતાનું મન મારામાં લગાડી દઈ, અગ્નિમાં પ્રવેશ કરી દે. (આ વિધાન જે વિરક્ત નથી તેમને માટે જ છે) ।।૧૧।।

કામ્ય કર્મોના ફલરૂપ જે લોક પ્રાપ્ત થાય છે તે નરકોના જેટલા જ દુઃખ પૂર્ણ છે એમ સમજીને આ લોક અને પરલોક પ્રત્યે પૂર્ણ વૈરાગ્ય થઈ જાય તો વિધિપૂર્વક યજ્ઞના અગ્નિઓનો પરિત્યાગ કરી સન્ન્યાસ લઈ લે ।।૧૨।।

જે વાનપ્રસ્થી સન્ન્યાસ આશ્રમ સ્વીકારવા માગતો હોય તે પહેલાં વેદ વિધિ પ્રમાણે આઠેય પ્રકારના શ્રાદ્ધ અને પ્રાજાપત્ય યજ્ઞથી મારું યજન કરે. ત્યારબાદ પોતાનું સર્વસ્વ ઋત્વિજને આપી દે. યજ્ઞના અગ્નિઓને પોતાના પ્રાણોમાં લીન કરી લે અને પછી કોઈ પણ સ્થાન, વસ્તુ અને વ્યક્તિઓની આશા-અપેક્ષા રાખ્યા વિના સ્વચ્છન્દ વિચરણ કરે ।।૧૩।।

હે ઉદ્ધવજી! જ્યારે બ્રાહ્મણ સન્ન્યાસ લેવા લાગે છે ત્યારે દેવો સ્ત્રી પુત્રાદિ સગા સમ્બન્ધીઓનાં રૂપ ધારણ કરી તેના સન્ન્યાસ ગ્રહણમાં વિઘ્નો નાખે છે. તેઓ વિચાર કરે છે કે આ તો અમારાથી આગળ વધીને, અમારી અવહેલના કરીને (પરમપદને) પરમાત્માને પ્રાપ્ત કરવા જઈ રહ્યો છે ।।૧૪।।

સન્ન્યાસી જો વસ્ત્ર ધારણ કરે તો માત્ર લંગોટીજ અને વધુમાં વધુ તેના ઉપર એક એવો નાનકડો ટુકડો લપેટી લે જેથી લંગોટી ઢંકાઈ જાય તથા આશ્રમોચિત દંડ અને કમંડલુ સિવાય બીજી કોઈ પણ વસ્તુ પોતાની પાસે ન રાખે. આપત્તિકાલને

બાદ કરતાં આ નિયમ સદામાટેછે ॥૧૫॥

સારી રીતે ધરતી જોઈને પગ મૂકે, કપડાથી ગાળીને જલ પીએ, સત્યથી પવિત્ર થયેલી વાણી જ બોલે, મનથી જે પવિત્ર જણાય તેનું જ આચરણ કરે તથા શરીરથી ફક્ત પવિત્ર કાર્યો જ બુદ્ધિપૂર્વક સમજી વિચારીને જ કરે ॥૧૬॥

વાણીને માટે મૌન, દેહને માટે નિશ્ચેષ્ટ સ્થિતિ અને મનને માટે પ્રાણાયામ દંડ છે. હે ઉદ્ધવજી! જેની પાસે આ ત્રણેય દંડ નથી તે કેવલ વાંસનો દંડ ધારણ કરવાથી દંડીસ્વામી (યતિ) ન કહેવાય ॥૧૭॥

સન્ન્યાસીએ જાતિભ્રષ્ટ તથા ગો હત્યારા વગેરે પાપીઓ સિવાય ચારે વર્ણને ત્યાંથી ભિક્ષા લેવી. પહેલેથી જ નક્કી નહિ કરેલાં એવાં સાત ઘરેથી જેટલું મળી આવે એટલાથી જ સન્તોષ માની લે. (**''સર્વાન્નાનુમતિશ્ચ પ્રાણાત્યયે તદ્દર્શનાત્''** (વ્યાસ સૂત્ર સર્વાપેક્ષેત્યધિકરણ ૩।૪।૨૮) સૂત્ર પ્રમાણે સન્ન્યાસીએ ભિક્ષા બ્રાહ્મણોને ત્યાંથી જ લેવાની છે. પ્રાણ-સંકટ આવી પડે ત્યારે જ બ્રાહ્મણોને ત્યાંથી ન મળે તો ક્ષત્રિયોને ત્યાંથી, ક્ષત્રિયોને ત્યાંથી ન મળે તો વૈશ્યોને ત્યાંથી અને વૈશ્યોને ત્યાંથી ન મળે તો શૂદ્રોને ત્યાંથી ભિક્ષા લેવી એવો વિવેક છે) ॥૧૮॥

આ પ્રમાણે ભિક્ષા લઈ ગામની બહાર જલાશય (નદી-સરોવર આદિ) પાસે જાય. ત્યાં હાથ-પગ ધોઈ જલથી ભિક્ષા પવિત્ર કરી લે. પછી શાસ્ત્રોક્ત પદ્ધતિથી જેને-જેને ભિક્ષાનો ભાગ આપવો જોઈએ તેને-તેને તે આપી, જે કંઈ વધે તે મૌન રહીને ખાઈ લે. બીજા વખતમાટે બચાવીને કંઈ રાખે નહિ કે માગીને વધારે લાવે નહીં ॥૧૯॥

સન્ન્યાસીએ પૃથ્વી પર એકલા જ ફરવું. તે કયાંય પણ આસક્તિ ન કરે અને બધી ઈન્દ્રિયો તેને વશ હોય. તે પ્રભુપ્રેમમાં જ મસ્ત અને તન્મય રહે, પ્રતિકૂલમાં પ્રતિકૂલ પરિસ્થિતિમાં પણ ધૈર્ય રાખે અને સર્વત્ર સમાન રૂપથી સ્થિત પરમાત્માનો અનુભવ કરતો રહે ॥૨૦॥

સન્ન્યાસીએ નિર્જન અને નિર્ભય એકાન્ત સ્થાનમાં રહેવું. તેનુ હૃદય નિરન્તર મારી ભક્તિથી વિશુદ્ધ રહેવું જોઈએ. તે પોતાને મારાથી અભિન્ન અને અદ્વિતીય, અખંડના રૂપમાં ચિન્તન કરે ॥૨૧॥

તે પોતાની જ્ઞાનનિષ્ઠાથી ચિત્તના બંધન અને મોક્ષ ઉપર વિચાર કરે અને નિશ્ચય કરે કે ઈન્દ્રિયોનું વિષયોમાટે વિક્ષિપ્ત થવું-ચચલ થવું એજ બંધન છે અને

તેમને સંયમમાં રાખવી એજ મોક્ષછે ।।૨૨।।

તેથી સંન્યાસીએ મન અને પાંચેય જ્ઞાનેન્દ્રિયોને જીતી લેવી જોઈએ, ભોગોની તુચ્છતા સમજી લઈ તેમનો સર્વથા ત્યાગ કરી દેવો જોઈએ અને પોતાનામાં જ પરમ આનંદનો અનુભવ કરે. આ પ્રમાણે તે મારી ભાવનાથી પૂર્ણ થઈ પૃથ્વીમાં ફરતો રહે ।।૨૩।।

માત્ર ભિક્ષાને માટે જ નગર, ગામડાં, આહીરોની વસ્તી કે યાત્રીઓના સમૂહમાં જાય. પવિત્ર દેશ, નદી, પર્વત, વન અને આશ્રમોથી પૂર્ણ પૃથ્વીમાં કયાંય પણ આસક્તિ રાખ્યા વિના ફરતા રહેવું ।।૨૪।।

ભિક્ષા પણ મોટે ભાગે વાનપ્રસ્થીઓના આશ્રમેથી જ ગ્રહણ કરે કારણ કે જે ખેતરોમાંથી પાક ઉતારી લેવામાં આવ્યો છે તે ખેતરોમાં પડી રહેલા અનાજના દાણાની બનેલી ભિક્ષા ચિત્તને તરત શુદ્ધ કરી દે છે અને તેથી રહ્યો-સહ્યો મોહ પણ દૂર થઈ જઈ સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે ।।૨૫।।

વિચારવાન સંન્યાસી આ દેખાતાં ગૃહ, વિત્ત(ધન), પુત્ર, પત્ની, મિષ્ટાન્ન વગેરે જગતના પદાર્થોને કયારેય સત્ય વસ્તુ ન સમજે, કારણ કે એ બધાં પ્રત્યક્ષ નાશવાન છે. આ જગતમાં કયાંય પણ પોતાના ચિત્તને લગાડે નહિ. આ લોક તથા પરલોકમાં જે કંઈ કરવાની કે મેળવવાની ઇચ્છા હોય તેનાથી વિરક્ત થઈ જાય ।।૨૬।।

(ત્યાં શંકા થાય કે જગત્ નાશ થવાનું એ વાત સાચી, પરન્તુ નાશ ન થાય ત્યાં સુધી તો એના ભોગથી સુખ થાય તેને શા માટે છોડવા એમ કોઈ કહે તો ત્યાં કહેવાનું કે) જે મન, વાણી અને પ્રાણ ની સાથે રહેલું આ શરીર અને એનાથી થતું સુખ માયાવડે આપણે સુખ તરીકે માનેલું છે તે અવિદ્યાથી આપણને સુખ જણાય છે. જેમ સ્વપનમાં જણાય છે તે સુખ નિદ્રા છોડ્યા પછી દેખાતું નથી તેમ આ લોકનું સુખ અવિદ્યા ગયા પછી સુખરૂપ નથી એમ નિશ્ચય કરી આત્મામાં સ્થિર ચિત્ત થઈને શરીરનો અધ્યાસ છોડીને કયારેય લોક સુખનું સ્મરણ પણ ન કરે ।।૨૭।।

(એમ સન્ન્યાસીના ધર્મોને કહીને હવે સાડાદશ શ્લોકથી પરમહંસના ધર્મોને કહે છે) જ્ઞાનમાં નિષ્ઠાવાળો, વિરક્ત, મુમુક્ષુ અને મોક્ષની પણ પરવા ન કરનારો મારોભક્ત આશ્રમોની મર્યાદામાં બંધાયેલો નથી. તે ઇચ્છેતો આશ્રમો અને તેમના ચિહ્નોને તાબે ન થાયઅને વેદશાસ્ત્રના વિધિ નિષેધથી પર થઈ જઈ સ્વછન્દફરે ।।૨૮।।

તે બુદ્ધિમાન હોવા છતાં બાલકબુદ્ધિનો દેખાવ કરે, નિપુણ હોવા છતાં જડની જેમ વર્તે, વિદ્વાન હોવા છતાં પાગલની જેમ વાતચીત કરે અને સમસ્ત વેદ વિધિઓનો જાણકાર હોવા છતાં પણ પશુવૃત્તિથી (અનિયત આચારવાળો થઈને) રહે. (દેહાધ્યાસ, વિષયાનુસન્ધાન, બીજાઓને ખુશ કરવા, પોતાનું માહાત્મ્ય જણાવવું-વગેરેનો ત્યાગ કરવો) ।।૨૯।।

વેદમાં અક્ષય્ય ફલનું પ્રતિપાદન કરનારા અર્થવાદોમાં આસક્ત ન થાય. પાખંડી (શ્રુતિસ્મૃતિ વિરુદ્ધ આચરણ કરનારો) ન થાય. તર્કવિતર્કથી દૂર રહે અને જ્યાં નિષ્પ્રયોજન અર્થ વગરની ચર્ચાઓ થતી હોય ત્યાં કોઈ પક્ષને ટેકો આપી પક્ષકાર ન થાય ।।૩૦।।

તેનું ધૈર્ય તો એવું હોય કે તેના મનમાં કોઈ પણ પ્રાણીથી ઉદ્વેગ ન થાય તેમ જ તે પોતે કોઈ પણ પ્રાણીને ઉદ્વિગ્ન ન કરે. તેની કોઈ નિન્દા કરે તો પ્રસન્તાથી તે સહન કરી લે. કોઈનું અપમાન ન કરે. હે પ્રિય ઉદ્ધવ! સન્ન્યાસી આ શરીરને માટે કોઈની પણ સાથે વેર ન કરે, આવું વેર તો પશુઓ જ કરે છે ।।૩૧।।

જેવી રીતે એક જ ચન્દ્રમા જલથી ભરેલા જુદાં-જુદાં પાત્રોમાં અલગ-અલગ દેખાય છે. તેવી જ રીતે એક જ પરમાત્મા સમસ્ત પ્રાણીઓમાં અને પોતાનામાં પણ બિરાજી રહ્યો છે, બધાનો આત્મા તો એક છે જ, પંચભૂતોથી બનેલાં શરીર પણ બધાનાં એક જ છે, કારણ કે બધું પાંચભૌતિક જ છે. (આવી સ્થિતિમાં કોઈથી પણ વેર કરવું પોતાનો જ વેર વિરોધ કરવા બરાબર છે) ।।૩૨।।

સન્ન્યાસીને કોઈ દિવસ સમયસર ભોજન ન મળે તો તેણે દુઃખી ન થવું જોઈએ અને સમયસર નિયમિત રીતે મળતું રહે તો તેને હર્ષ ન થવો જોઈએ. તેણે ધૈર્ય રાખવું જોઈએ. તે હર્ષ અને વિષાદ બન્નેમાંથી એકેય પ્રકારનો વિકાર મનમાં ન આવવા દે, કારણ કે ભોજન મળવું કે ન મળવું તે પ્રારબ્ધને અધીન છે ।।૩૩।।

ભિક્ષા અવશ્ય માગવી જોઈએ એમ કરવું ઉચિત જ છે, કારણ કે ભિક્ષાથી જ પ્રાણોની રક્ષા થાય છે. પ્રાણ રહેવાથી જ તત્ત્વનો વિચાર થઈ શકે છે અને તત્ત્વ વિચારથી જ તત્ત્વજ્ઞાન થઈ મુક્તિ મળે છે ।।૩૪।।

સન્ન્યાસીને પ્રારબ્ધ પ્રમાણે સારી કે ખરાબ જેવી ભિક્ષા મળી જાય તેનાથી જ પેટ ભરી લે. વસ્ત્ર અને શય્યા પણ જેવાં મળી જાય તેવાંથી જ કામ ચલાવી લે તેમાં સારા કે ખરાબની કલ્પના ન કરે ।।૩૫।।

જેવી રીતે હું પરમેશ્વર હોવા છતાં પણ મારી લીલાથી જ શૌચ (પવિત્રતા) વગેરે શાસ્ત્રોમાં કહેવામાં આવેલા નિયમોનું પાલન કરું છું તેવી જ રીતે જ્ઞાનનિષ્ઠ પુરુષ પણ શૌચ (પવિત્રતા), આચમન, સ્નાન અને બીજા નિયમોનું લીલાથી જ લોક શિક્ષાર્થ આચરણ કરે. તે શાસ્ત્ર વિધિને અધીન થઈ જઈ માત્ર વિધિકિંકર બની ન કરે ।।૩૬।।

કારણ કે જ્ઞાનનિષ્ઠ પુરુષને ભેદની પ્રતીતિ જ હોતી નથી. પહેલાં જે હતી તે પણ મારા સર્વાત્માના સાક્ષાત્કારથી નષ્ટ થઈ ગઈ. જો ક્યારેક-ક્યારેક મરણ પર્યન્ત બાધિત ભેદની પ્રતીતિ પણ થાય તો પણ મૃત્યુ થતાં તે મારામાં એકરૂપ થઈ જાય છે ।।૩૭।।

હે ઉદ્ધવજી! (આ તો જ્ઞાનનિષ્ઠની વાત થઈ, હવે કેવલ વૈરાગ્ય નિષ્ઠની વાત સાંભળો). જિતેન્દ્રિય પુરુષને જ્યારે નિશ્ચય થઈ જાય કે સંસારના વિષયોના ભોગનું ફલ નર્યું દુઃખ જ છે, ત્યારે તે વિરક્ત થઈ જાય અને જો તે મારી પ્રાપ્તિનાં સાધનો જાણતો ન હોય તો ભગવચ્ચિન્તનમાં તન્મય રહેનારા બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જાય ।।૩૮।।

તે ગુરુની દૃઢ ભક્તિ કરે. તેનાં વચનોમાં શ્રદ્ધા રાખે અને તેનાં દોષ ન જાુએ. જ્યાં સુધી બ્રહ્મનું જ્ઞાન ન થાય ત્યાં સુધી અત્યન્ત-આદરપૂર્વક મને જ ગુરુના રૂપમાં સમજી મારી સેવા કરે ।।૩૯।।

પરન્તુ પાંચ ઇન્દ્રિયો અને મન-આ છ ઉપર જેણે વિજય પ્રાપ્ત કર્યો નથી, જેના ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ અને બુદ્ધિરૂપી સારથિ બગડી ગયેલા છે અને જેના હૃદયમાં જ્ઞાન કે વૈરાગ્ય નથી તે જો ત્રિદંડી સન્ન્યાસીનો વેશ ધારણ કરી લઈ પેટ ભરે છે તો તે સન્ન્યાસ ધર્મનું સત્યાનાશ વાળીએ પોતાના પૂજ્ય દેવતાઓને, પોતાની જાતને અને પોતાના હૃદયમાં રહેલા મને પણ ઠગવાની ચેષ્ટા કરે છે. હજાુ તે વેષધારી સન્ન્યાસીની વાસનાઓ ક્ષીણ થઈ નથી તેથી તેનો આ લોક અને પરલોક બન્ને બગડે છે ।।૪૦-૪૧।।

(ચાર આશ્રમના પ્રધાન ધર્મોને ગણાવે છે). ઇન્દ્રિય અને મન નો નિગ્રહ અને પરપીડા નો ત્યાગ એ બે સન્ન્યાસીના ધર્મો છે. શાસ્ત્રમાં વિધાન કરેલ તપથી ક્લેશ સહન કરવો તથા તત્ત્વનો વિચાર કરવો આ બે ધર્મો વાનપ્રસ્થના છે. પ્રાણીમાત્રની રક્ષા કરવી. પંચમહાયજ્ઞ કરવા એ ગૃહસ્થનો મુખ્ય ધર્મ છે. ગુરુની પાસે રહેતા

બ્રહ્મચારીનો મુખ્ય ધર્મએ ગુરુની સેવા છે ।।૪૨।।

(કેટલાક આશ્રમધર્મો ગૃહસ્થોને પાળવાના છે તેનો અતિદેશ કરે છે) બ્રહ્મચર્ય, તપ, બાહ્યાભ્યન્તર (બહારની અને અન્દરની) પવિત્રતા, સન્તોષ, સર્વત્ર મૈત્રી, ગૃહસ્થે પણ બ્રહ્મચર્ય પાળવું જોઈએ. ગૃહસ્થ જો ઋતુકાલમાંજ સ્ત્રી ગમન કરે તો એ બ્રહ્મચારી ગણાય છે. મારી ઉપાસના કરવી એતો પ્રાણીમાત્રનો ધર્મછે ।।૪૩।।

અનન્ય ચિત્ત થઈને જે મને એવી રીતે નિત્ય ભજે છે અને સર્વ પ્રાણીઓમાં મારો ભાવ રાખે તેને તુરત જ મારી ભક્તિ પ્રાપ્ત થાય છે ।।૪૪।।

હે ઉદ્ધવ! સર્વ લોકનો એકમાત્ર સ્વામી, બધાંની ઉત્પત્તિ અને પ્રલય નું પરમ કારણ હું બ્રહ્મ છું. નિત્ય નિરન્તર વધતી જતી મારી અખંડ ભક્તિદ્વારા તે મને પ્રાપ્ત કરી લે છે ।।૪૫।।

આ પ્રમાણે તે ગૃહસ્થ પોતાના ધર્મપાલનદ્વારા અન્તઃકરણને શુદ્ધ કરી મારા ઐશ્વર્યને-સ્વરૂપને જાણી લે છે અને જ્ઞાન-વિજ્ઞાનથી સમ્પન્ન થઈ મને જલદી પ્રાપ્ત કરી લે છે ।।૪૬।।

મેં તમને આ સદાચારરૂપ વર્ણાશ્રમીઓનાં ધર્મ બતાવ્યા છે. તે ધર્મની સાથે જો એ મારી ભક્તિ કરે તો અનાયાસજ પરમ કલ્યાણરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે ।।૪૭।।

**એતત્તેઽભિહિતં સાધો ભવાન્ પૃચ્છતિ યચ્ચ મામ્ ।।**
**યથા સ્વધર્મસંયુક્તો ભક્તો માં સમિયાત્પરમ્ ।।૪૮।।**

હે સાધો! (ઉદ્ધવજી) તમે મને જે પ્રશ્ન પૂછ્યો હતો તેનો ઉત્તર મેં આપી દીધો અને એ બતાવ્યું કે પોતાના ધર્મનું પાલન કરનાર ભક્ત મારા પરબ્રહ્મ સ્વરૂપને કેવી રીતે પ્રાપ્ત થાય છે ।।૪૮।।

**ઇતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્ય મુક્તિ નામના પ્રકરણનો તેરમો અને ચાલુ) ''વાનપ્રસ્થ (વનસ્થ) અને યતિના ધર્મ'' નામાનો અઢારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

મારે જંતુ (શ્રોતા) અહિ(નાગ=કથાકાર) મણિ(ભાગવત)અજવાળે,
ત્યમ તેં ઉદર પોખી લીધું!! પારસમણિનું પાત્ર(ભાગવત) પાણિમાં ઘેર-ઘેર
ભિક્ષા માંગે! જ્યાં લગી વસ્તુનું જ્ઞાન ના ત્યાં લગી દુઃખ-દારિદ્રય ના ભાંગે

# અધ્યાય ૧૯

## જ્ઞાનાદિ સાધનો છૂટે ત્યારે ભક્તિ થાય છે

**વિશેષ :** જ્ઞાનીએ સાધનો છોડી દેવાં જોઈએ તો એને શાશ્વતી ભક્તિ થાય છે. એ વાત આ ઓગણીસમાં અધ્યાયમાં કહે છે તથા યમ આદિનાં લક્ષણો પણ આ અધ્યાયમાં ભગવાને ઉદ્ધવજીના પ્રશ્નના ઉત્તરરૂપે કહ્યાં છે.

**યો વિદ્યાશ્રુતસમ્પન્ન આત્મવાન્ નાનુમાનિકઃ ।।**
**માયામાત્રમિદં જ્ઞાત્વા જ્ઞાનં ચ મયિ સન્ન્યસેત્ ।।૧।।**

**શ્રીભગવાને કહ્યું :** આત્માનો અનુભવ થાય ત્યાં સુધી શ્રુતિ વગેરે શાસ્ત્રોથી સમ્પન્ન થઈને આત્માના તત્ત્વને જાણનાર કેવળ પરોક્ષ જ્ઞાનવાળો જ નહિ એવો મારો ભક્ત હું અને મારું એવું આ બધું માયા છે એમ જાણી જ્ઞાન સ્વરૂપ ભૂત મને જાણે ।।૧।।

જ્ઞાનીને તો હું જ અપેક્ષિત છું, ફલરૂપ પણ હું જ છું, મારા સિવાય સ્વર્ગ, મોક્ષ કે બીજો કોઈ પદાર્થ એને પ્રિય નથી ।।૨।।

જ્ઞાન અને અનુભવ થી સમ્પન્ન સિદ્ધ પુરુષ મારા શ્રેષ્ઠ સ્વરૂપને જાણે છે માટે જ્ઞાની મને વિશેષ પ્રિય છે કેમકે એ જ્ઞાનવડે મને પોતાના અન્તઃકરણમાં ધારણ કરે છે ।।૩।।

તત્ત્વજ્ઞાનના લેશમાત્રના ઉદયથી જે સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે તપસ્યા, તીર્થ, જપ, દાન અથવા અન્તઃકરણ શુદ્ધિના બીજા કોઈ પણ સાધનથી પૂરેપૂરી પ્રાપ્ત થઈ શકતી નથી ।।૪।।

તેથી હે પ્રિય ઉદ્ધવ! તમે જ્ઞાન સહિત પોતાના આત્મસ્વરૂપને જાણીને પછી જ્ઞાન-વિજ્ઞાનથી સમ્પન્ન થઈ ભક્તિ ભાવથી મારું ભજન કરો ।।૫।।

મોટા-મોટા ઋષિમુનિઓએ જ્ઞાન-વિજ્ઞાનરૂપ યજ્ઞદ્વારા પોતાનાં અન્તઃકરણમાં બધા યજ્ઞોના અધિપતિ આત્માનું-મારું યજન કરી પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી છે ।।૬।।

હે ઉદ્ધવ! આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક આ ત્રણ વિકારોનો સમુદાય જ શરીર છે અને તે સર્વથા તમારે આશ્રિત છે. તે પહેલાં નહોતુ અને અન્તમાં નહિ રહે; માત્ર વચલા સમયમાં જ દેખાઈ રહ્યું છે. તે જ માયા છે એમ તમે સમજો. તેનો જન્મ, અસ્તિત્વ (રહેવું), વૃદ્ધિ (વધવું), ફેરફાર (બદલવું),

ક્ષય (ઘટવું) અને નષ્ટ થવું આ છ ભાવવિકાર છે તેમની સાથે તમારો કોઈ સમ્બન્ધ નથી. એટલું જ નહિ તે વિકાર તેના પણ નથી કારણ કે તે પોતે અસત્ છે. અસત્ વસ્તુ તો પહેલાં નહોતી, પછી પણ નહિ રહે તેથી વચમાં પણ તેનું અસ્તિત્વ હોતું નથી ।।૭।।

**ઉદ્ધવજીએ કહ્યું :** હે વિશ્વરૂપ પરમાત્મન્! આપ જ વિશ્વના સ્વામી છો. વૈરાગ્ય અને વિજ્ઞાનયુક્ત આપનું આ વિશુદ્ધ જ્ઞાન જે રીતે સુદૃઢ થઈ જાય તે જ રીતે મને સ્પષ્ટ કરી સમજાવવાની કૃપા કરો અને આપના તે ભક્તિયોગનું વર્ણન કરવાની કૃપા કરો કે જે ભક્તિયોગ બ્રહ્માજી, શુકદેવજી અને સનત્કુમારો જેવા મહાપુરુષો પણ શોધ્યા કરે છે ।।૮।।

હે મારા સ્વામી! જે પુરુષ આ સંસારના વિકટ માર્ગમાં ત્રણેય તાપોની થપ્પડો ખાઈ રહ્યો છે અને અંદર-બહાર બળી રહ્યો છે એને માટે આપના અમૃતવર્ષી યુગલ ચરણારાવન્દોની છત્રછાયા સિવાય બીજો કોઈ પણ આશ્રય દેખાતો નથી ।।૯।।

હે મહાનુભાવ! આપનો આ નિજી સેવક અંધારિયા ભવકૂપ (કૂવા) માં પડેલો છે, કાલરૂપી સર્પે અને દંશ દીધેલો છે છતાં વિષયોના ક્ષુદ્ર સુખભોગોની તીવ્ર તૃષ્ણા મટતી તો નથી, વધતી જ જઈ રહી છે. આપ કૃપા કરી તેનો ઉદ્ધાર કરો અને તેમાંથી ઉગારી લેનારી વાણીની સુધા ધારાથી તેને તરબોળ કરી દો. જેનાથી આપના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય ।।૧૦।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે ઉદ્ધવજી! તમે મને જે પ્રશ્ન પૂછ્યો છે તે જ પ્રશ્ન ધર્મરાજ યુધિષ્ઠિરે ધાર્મિક શિરોમણિ ભીષ્મપિતામહને પૂછ્યો હતો. તે વખતે અમે બધાં ત્યાં હાજર હતા ।।૧૧।।

જ્યારે મહાભારતનું યુદ્ધ પૂરું થઈ ગયું હતું અને ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના સ્વજન સમ્બન્ધીઓના સંહારથી શોક-વિહ્વલ થઈ રહ્યા હતા ત્યારે તેમણે ભીષ્મપિતામહને ઘણા ધર્મોનું વિવરણ સાંભળ્યા પછી મોક્ષનાં સાધનો સમ્બન્ધી પ્રશ્ન પૂછ્યો હતો ।।૧૨।।

જ્ઞાન, વૈરાગ્ય, વિજ્ઞાન, શ્રદ્ધા અને ભક્તિ ના ભાવોથી પરિપૂર્ણ એ મોક્ષધર્મોને મેં દેવના જેવા વ્રતવાળા ભીષ્મપિતામહ પાસેથી સાંભળ્યા છે તે બધા ધર્મો હું તમને કહીશ ।।૧૩।।

હે ઉદ્ધવજી! જે જ્ઞાનથી પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર અને પંચતન્માત્રા

(શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ) આ નવ, પાંચ જ્ઞાનેન્દ્રિય (શ્રોત્ર-કાન, ત્વચા-ચામડી, ચક્ષુ-આંખ, જિહ્વા-જીભ અને ઘ્રાણ-નાસિકા-નાક), પાંચ કર્મેન્દ્રિય (વાચા, પાદ, પાણિ (હાથ), પાયુ, ઉપસ્થ) અને એક મન આ અગિયાર, પાંચ મહાભૂત (પૃથ્વી, જલ, આકાશ, વાયુ અને અગ્નિ) અને ત્રણ ગુણ (સત્ત્વ, રજસ્ અને તમસ્) અર્થાત્ આ અઠ્ઠાવીસ તત્ત્વોને બ્રહ્માથી માંડીને તૃણ સુધી બધાં કાર્યોમાં દેખી શકાય છે અને તેમનામાં પણ એક પરમાત્મતત્ત્વને ઓતપ્રોત થયેલ દેખાય છે તે પરોક્ષ જ્ઞાન છે એવો મારો નિશ્ચય છે ।।૧૪।।

જે એક તત્ત્વાનુગત એકાત્મક તત્ત્વોને પહેલાં જોતો હતો તેમને પહેલાંની જેમ ન જુએ પણ એક પરમ કારણ બ્રહ્મને જ જુએ ત્યારે તે જ નિશ્ચિત વિજ્ઞાન (અપરોક્ષ જ્ઞાન) કહેવાય છે. (આ જ્ઞાન અને વિજ્ઞાન ને પ્રાપ્ત કરવાની યુક્તિ એ છે કે) આ શરીર વગેરે જેટલા-જેટલા ત્રિગુણાત્મક અવયવસહિત પદાર્થો છે તેમની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનો વિચાર કરે ।।૧૫।।

જે તત્ત્વવસ્તુ સૃષ્ટિના આરમ્ભમાં અને અન્તમાં કારણરૂપે રહેલી હોય છે તે જ વચમાં પણ રહે છે અને તે જ પ્રતીયમાન કાર્યથી પ્રતીયમાન બીજા કાર્યમાં અનુગત પણ હોય છે. (કાર્ય કારણમાં પ્રવેશ કરે) પછી તે કાર્યોનો પ્રલય અથવા બાધ થતાં તેના સાક્ષી અને અધિષ્ઠાન રૂપથી બાકી રહી જાય છે તે જ સત્ય પરમાર્થ વસ્તુ છે એમ સમજવું ।।૧૬।।

શ્રુતિ, પ્રત્યક્ષ, *ઐતિહ્ય અને અનુમાન-પ્રમાણોમાં આ ચાર મુખ્ય છે. એ પ્રમાણોની કસોટી ઉપર કસવાથી દેખાતો અહન્તા મમતાત્મક સંસાર અસ્થિર, નશ્વર અને વિકારી હોવાથી સત્ય સિદ્ધ થતો નથી તેથી વિવેકી પુરુષ તેનાથી વિરક્ત થઈ જાય છે ।।૧૭।।

**વિશેષ** : ઐતિહ્ય-તે-તે શાસ્ત્રોના પ્રવર્તક મહાપુરુષોમાં પ્રસિદ્ધિ એટલે ''જગત ક્યારેય આવું ન હતું એમ નહિ'' કહેનારા મહાપુરુષો નથી.

વિવેકી પુરુષ યજ્ઞાદિ કર્મોના ફલરૂપે મળનારાં સ્વર્ગ વગેરે નાશવન્ત હોવાને લીધે બ્રહ્મલોક સુધીનાં સ્વર્ગ વગેરે સુખ ને પણ આ પ્રત્યક્ષ અનુભવાતા વિષય સુખની જેમ જ અમંગલ, દુઃખદાયી અને નાશવન્ત સમજે ।।૧૮।।

હે નિષ્પાપ ઉદ્ધવજી! ભક્તિયોગનું વર્ણન હું તમારી આગળ પહેલાં જ (બારમાં અધ્યાયમાં) કરી ચૂક્યો છું; પરન્તુ તમારી તેમાં બહુ જ પ્રીતિ છે તેથી

ભક્તિ પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન હું તમને બતાવું છું ।।૧૯।।

મારી ભક્તિ પ્રાપ્ત કરવા જે ઇચ્છતો હોય તે નિરન્તર મારી અમૃતમય કથામાં શ્રદ્ધા રાખે, નિરન્તર મારા ગુણ, લીલા અને નામોનું સંકીર્તન કરે. મારી સેવાપૂજામાં નિરન્તર અત્યન્ત નિષ્ઠા રાખે અને નિરન્તર સ્તોત્રોદ્વારા મારી સ્તુતિ કરે ।।૨૦।।

મારી સેવા-પૂજામાં પ્રેમ અને આદર રાખે, મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે, મારી સેવા-પૂજા કરતાં મારા ભક્તોની સેવા-પૂજા વધારે કરે અને બધાં પ્રાણીઓમાં મને જ જાુએ ।।૨૧।।

પોતાના સર્વ અંગોની ચેષ્ટા કેવળ મારે જ માટે કરે, વાણીથી મારા જ ગુણોનું ગાન કરે અને પોતાનું મન મને જ અર્પણ કરી દે તથા બધીજ કામનાઓનો ત્યાગ કરી દે ।।૨૨।।

મારામાટે ધન, ભોગ અને આવી મળેલ સુખનો પણ પરિત્યાગ કરી દે અને જે કંઈ યજ્ઞ, દાન, હવન, જપ, વ્રત અને તપ કરવામાં આવે તે બધું મારેમાટે જ કરે ।।૨૩।।

હે ઉદ્ધવજી! જે મનુષ્યો આ ધર્મોનું પાલન કરે છે અને મને આત્મનિવેદન કરી દે છે તેમના હૃદયમાં મારી પ્રેમમયી ભક્તિનો ઉદય થાય છે અને જેને મારી ભક્તિ પ્રાપ્ત થઈ ગઈ તેને બીજી કઈ વસ્તુ મળવાની બાકી રહી જાય છે? (કોઈ પણ પુરુષાર્થ બાકી રહેતો નથી એના સર્વ મનોરથો પૂર્ણ થાય છે) ।।૨૪।।

આ પ્રકારના ધર્મોનું પાલન કરવાથી ચિત્તમાં જ્યારે સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે અને તે શાન્ત થઈ આત્મામાં લાગી જાય છે તે વખતે સાધકને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય ની આપોઆપ પ્રાપ્તિ થઈ જાય છે ।।૨૫।।

જ્યારે ચિત્ત દેહગેહ વગેરેમાં આસક્ત થાય છે, ત્યારે તે ઇન્દ્રિયોની સાથે આમ તેમ ભટકવા લાગે છે. આ પ્રમાણે ચિત્તમાં રજોગુણ વધી જાય છે તે અસત્ વસ્તુઓ-નિષિદ્ધ વિષયોમાં લાગી જાય છે અને તેના ધર્મ જ્ઞાન આદિનો લોપ થઈ જાય છે તે અધર્મ અજ્ઞાન અને મોહનું પણ ઘર બની જાયછે ।।૨૬।।

હે ઉદ્ધવ! જેનાથી મારી ભક્તિ થાય તે જ ધર્મ છે. જેનાથી બધાં પ્રાણીઓમાં પરમાત્માનાં દર્શન થાય તે જ જ્ઞાન છે. વિષયોથી નિર્લેપ રહેવું તેમાં આસક્ત ન થવું તે જ વૈરાગ્ય છે અને અણિમા વગેરે સિદ્ધિઓ જ ઐશ્વર્ય છે ।।૨૭।।

**ઉદ્ધવજીએ પૂછ્યું :** હે રિપુસૂદન (અરિકર્ષણ)! યમ અને નિયમ કેટલા

પ્રકારના છે? હે શ્રીકૃષ્ણ! શમ શું છે? દમ શું છે? હે પ્રભો! તિતિક્ષા અને ધૈર્ય શું છે? ॥૨૮॥

આપ મને દાન, તપસ્યા, શૂરતા, સત્ય અને ૠતનું પણ સ્વરૂપ બતાવો. ત્યાગ શું છે? અભીષ્ટ ધન કયું છે? યજ્ઞ શાને કહેવાય? અને દક્ષિણા શી ચીજ છે? ॥૨૯॥

હે શ્રીમાન્ કેશવ! પુરુષનું સાચું બલ કયું છે? ભગ અને લાભ એટલે શું? ઉત્તમ વિદ્યા, લજ્જા, શ્રી તથા સુખ અને દુઃખ શું છે? ॥૩૦॥

પંડિત અને મૂર્ખ નાં લક્ષણ કયાં છે? સન્માર્ગ અને કુમાર્ગ નું લક્ષણ શું છે? સ્વર્ગ અને નરક શું છે? ભાઈ-બન્ધુ કોને માનવા જોઈએ? અને ઘર કોને કહેવું? ॥૩૧॥

ધનવાન અને નિર્ધન કોને કહે છે? કૃપણ કોણ છે? ઈશ્વર કોને કહેવાય? હે ભક્તવત્સલ પ્રભો! આપ મારા આ પ્રશ્નોના ઉત્તર કૃપા કરીને આપો અને સાથે-સાથે તેમના વિરોધી ભાવોની પણ વ્યાખ્યા કરવાની કૃપા કરો ॥૩૨॥

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું : 'યમ' બાર છે** અહિંસા (કોઈને પીડા થાય તેમ ન કરવું), હિતકારક પ્રિય સત્ય, અસ્તેય (બીજાની માલિકીની વસ્તુ હડપ કરી જવાનો વિચાર પણ ન આવવો), અનાસક્તિ, લજ્જા, અપરિગ્રહ (કોઈ આપે તો ન લેવું-આવશ્યક્તાથી વધારે ધન વગેરેનો સંગ્રહ ન કરવો), આસ્તિક્તા (શાસ્ત્રમાં કહ્યું હોય તેમાં વિશ્વાસ રાખવો), બ્રહ્મચર્ય (આઠ પ્રકારે સ્ત્રીના સમ્બન્ધથી અલગ રહેવું), મૌન (વૃથા વાત-ચીતનો ત્યાગ), સ્થિરતા (ધર્મપાલનમાં મક્કમતા), ક્ષમા (અપરાધી ઉપર પણ ક્રોધ ન કરવો) અને અભય. **નિયમોની સંખ્યા પણ બાર છે.** શૌચ (બહારની તેમજ અન્દરની શુદ્ધિ પવિત્રતા), જપ, તપ, હવન, શ્રદ્ધા, અતિથિ સેવા, મારી પૂજા, તીર્થ યાત્રા, પરોપકારી પ્રવૃત્તિ, સન્તોષ અને ગુરુસેવા **આ પ્રમાણે 'યમ' અને 'નિયમ' બન્નેની સંખ્યા બાર-બાર છે.** સકામ અને નિષ્કામ બન્ને પ્રકારના સાધકોમાટે આ ઉપયોગી છે. હે ઉદ્ધવજી! જે પુરુષ આનું પાલન કરે છે તેને આ યમ નિયમો તેની ઈચ્છા પ્રમાણે સકામને ભોગ અને નિષ્કામને મોક્ષ આપે છે ॥૩૩ થી ૩૫॥

કેવળ શાન્તિ એ શમ નથી પણ બુદ્ધિનું મારામાં લાગી જવું એ જ 'શમ' છે. ચોર વગેરેનું દમન કરવું એ જ માત્ર દમ નથી પણ 'દમ' એટલે ઈન્દ્રિયોને તેમના

વિષયો છોડાવી તેમને વશ રાખવી તે છે, ભાર વગેરે ઉઠાવવા તે તિતિક્ષા નહિ પણ શાસ્ત્રવિહિત બ્રહ્મચર્ય, ધર્મ વગેરેનું પાલન કરવામાં થતો ક્લેશ સહન કરવો તેજ તિતિક્ષા છે. ઉદ્વેગન કરવો એ જ માત્ર ધૃતિ-ધૈર્ય નથી પણ જિહ્વા અને જનનેન્દ્રિય નો વેગ ધારણ કરવો, બન્નેને જીતી લેવી તેજ ધૈર્ય છે ।।૩૬।।

ધન અર્પણ કરવું તે જ માત્ર દાન નથી પરન્તુ કોઈ પણ પ્રાણીનો દ્રોહ ન કરવો અને બધાંને અભયદાન આપવું તે જ 'દાન' છે. કૃચ્છ્રાદિ એ તપ નથી પણ 'તપ' એટલે કામનાઓનો ત્યાગ-ભોગોની અનપેક્ષા. બહારના શત્રુઓને જીતી લેવા એ જ માત્ર શૂરવીરતા નથી પણ સ્વભાવ વાસના, શાસ્ત્ર વિરુદ્ધ પ્રકૃતિ ઉપર વિજય મેળવવો તે 'શૌર્ય' છે. માત્ર સાચું બોલવું એ સત્ય નથી પણ સર્વત્ર સમસ્વરૂપ, સત્યસ્વરૂપ પરમાત્માને નિહાળવા એ 'સત્ય' છે ।।૩૭।।

એ જ પ્રમાણે સત્ય અને મધુર વાણીને જ મહાત્માઓએ 'ઋત' કહ્યું છે, માત્ર યથાર્થ ભાષણને નહિ. કેવળ પવિત્રતા કે માત્ર મલત્યાગ જ શૌચ નથી પણ કર્મોમાં આસક્ત ન થવું તે જ 'શૌચ' છે. ગૃહત્યાગ એ જ સન્ન્યાસ નથી, 'સન્ન્યાસ' એટલે આ લોક અને પરલોક સમ્બન્ધી બધાં કર્મોનાં ફલનો તથા સ્ત્રી, પુત્ર વગેરેમાં મમતાનો ત્યાગ ।।૩૮।।

સોનું, ચાંદી, ઘર, પશુ એજ મનુષ્યોનું ઈચ્છિત ધન નથી પણ 'ધર્મ' એ જ ઈષ્ટ ધન છે. સોના વગેરેનું દાન દક્ષિણા નથી, જ્ઞાનનો ઉપદેશ આપવો એજ 'દક્ષિણા' છે, કારણ કે જ્ઞાનના ઉપદેશથીજ યજ્ઞરૂપ હું પ્રાપ્ત થાઉં છું. શારીરિક બળ એ બળ નથી પણ પ્રાણાયામ એજ 'બળ' છે ।।૩૯।।

(ઉદ્ધવજીએ 'ભગ' ની વ્યાખ્યા પૂછી નથી છતાં લોકોમાં 'ભગ' અને 'લાભ' નો સરખો અર્થ થતો હોવાથી આપ સ્પષ્ટતા કરે છે.) 'ભગ' (ભાગ્ય) તે જ કે જેનાથી મને જ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ ઈશ્વર માને, કોઈ જીવ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરેને નહિ. પુત્ર આદિની પ્રાપ્તિ એ ઉત્તમ 'લાભ' નહિ પણ મારી ભક્તિની જ પ્રાપ્તિ એ જ ઉત્તમ 'લાભ' છે. ''હું યુવાન છું'', ''બાલક છું'', ''દેવ છું'', ''મનુષ્ય છું'' એવો આત્મામાં જણાતો ભેદ દૂર થવો એ 'વિદ્યા' માત્ર જ્ઞાન એ વિદ્યા નથી. પાપ કર્મ કરતાં ઘૃણા થવી એ સાચી 'લજ્જા' ।।૪૦।।

આભૂષણો શરીરનું સાચું સૌન્દર્ય-શ્રી નથી પણ નિરપેક્ષતા વગેરે ગુણો જ સાચો 'શ્રી' શણગાર છે. ભોગ સાચું સુખ નથી પણ દુઃખ અને સુખ બન્નેની

ભાવનાનો સદાને માટે નાશ થઈ જવો એ જ સાચું 'સુખ' છે. માર પડવો, અગ્નિથી દાઝી જવું એ દુઃખ નથી પણ વિષય ભોગોની કામના જ 'દુઃખ' છે. બંધ અને મોક્ષ ના તત્ત્વને જે જાણે તે જ 'પંડિત' માત્ર વિદ્વાન એ પંડિત નથી ।।૪૧।।

શરીર એ જ હું છું અને સ્ત્રી, પુત્ર, વિત્ત, ઘર વગેરે મારાં છે એમ માનનાર જ 'મૂર્ખ' છે, માત્ર અજ્ઞાની જ મૂર્ખ નથી. માત્ર કાંટા, કાંકરા વગરનો માર્ગ જ સારો માર્ગ નથી પણ સંસારમાંથી નિવૃત્ત કરી મને જે મેળવી આપે તે જ સન્માર્ગ છે. ચોર વગેરે વાળો માર્ગ જ (ઉત્પથ-ઉન્માર્ગ) ખરાબ માર્ગ નથી પણ ચિત્તની બહિર્મુખતા એ જ 'કુમાર્ગ' છે. ઈન્દ્રલોક વગેરે સ્વર્ગ નથી પણ સત્ત્વગુણની વૃદ્ધિ એ જ સ્વર્ગ છે ।।૪૨।।

રૌરવ, કુમ્ભીપાક વગેરે નરક નથી પણ તમોગુણની વૃદ્ધિ એ જ 'નરક' છે. ભાઈ વગેરે બન્ધુ નથી પણ ગુરુ એ જ સાચા 'બન્ધુ' છે અને તે ગુરુ હુંજ છું. રહેવાનું આલિશાન મકાન એ ઘર નથી પણ શરીર એ જ 'ઘર' છે. જેની પાસે ફક્ત ધનજ હોય તે ધનવાન નથી પણ એ જેની પાસે વિવેક, ધૈર્ય, સત્ય વગેરે ગુણોની સમ્પત્તિ હોય તે 'ધનવાન' છે ।।૪૩।।

નિર્ધન પુરુષ દરિદ્ર નથી પણ જેને સન્તોષ નથી તે જ 'દરિદ્ર' છે. દીન પુરુષ કૃપણ નથી પણ અજિતેન્દ્રિય પુરુષ 'કૃપણ' (શૌચ્ય) છે. રાજા વગેરે ઈશ નથી પણ જેની ચિત્તવૃત્તિ વિષયોમાં આસક્ત નથી તે જ 'ઈશ્વર' છે અર્થાત્ સમર્થ-સ્વતન્ત્ર છે. એથી ઊલટું જે વિષયોમાં આસક્ત છે તે જ સર્વથા અસમર્થ (પામર જીવ) છે ।।૪૪।।

**કિં વર્ણિતેન બહુના લક્ષણં ગુણદોષયોઃ ।।**
**ગુણદોષદર્શિર્દોષો ગુણસ્તૂભયવર્જિતઃ ।।૪૫।।**

હે પ્રિય ઉદ્ધવ! તમે જેટલા પ્રશ્નો પૂછ્યા હતા તેમના ઉત્તર મેં આપી દીધા. ગુણ અને દોષો નાં અલગ-અલગ લક્ષણો હું તમને કયાં સુધી બતાવું? ગુણો અને દોષો ઉપર દૃષ્ટિ જવી એ જ સૌથી મોટો દોષ છે અને ગુણ-દોષો ઉપર દૃષ્ટિ ન જવી એ જ સૌથી મોટો ગુણ છે ।।૪૫।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્ય મુક્તિ નામના પ્રકરણનો ચૌદમો અને ચાલુ) ''જ્ઞાનાદિ સાધનો છૂટે ત્યારે મુક્તિ થાય છે'' નામનો ઓગણીસમો અધ્યાય સમ્પૂર્ણ.**

# અધ્યાય ૨૦

## કર્મ જ્ઞાન અને ભક્તિ યોગોનું વર્ણન

**વિશેષ :** ગુણ-દોષની વ્યવસ્થામાટે અધિકારીના ભેદથી કર્મ, જ્ઞાન અને ભક્તિ રૂપ ઉપાયોને આ વીસમા અધ્યાયમાં કહેછે.

**વિધિશ્ચ પ્રતિષેધશ્ચ નિગમો હીશ્વરસ્ય તે ।।**
**અવેક્ષતેઽરવિન્દાક્ષ ગુણં દોષં ચ કર્મણામ્ ।।૧।।**

**ઉદ્ધવજી બોલ્યા :** હે કમલનયન! વિધિ અને નિષેધ એ ઈશ્વરરૂપ આપની આજ્ઞા એ જ વેદ છે. કર્મનાં વિધાનથી અને નિષેધથી ગુણ અને દોષ ને કહેનાર તે વેદ છે ।।૧।।

વર્ણોમાં અને આશ્રમોમાં પણ ઉચ્ચ-નીચ ભેદ છે, જાતિમાં પણ અનુલોમ અને પ્રતિલોમથી પ્રજા થાય તેમાં ઉચ્ચ-નીચ ભાવો કહ્યા છે તેમજ દ્રવ્ય, દેશ, અવસ્થા અને કાળ માં ગુણ-દોષ ગણાવેલા છે. સ્વર્ગ અને નરકમાં પણ પુણ્યનાં ફલ અને પાપના ફલરૂપ ભેદ જોવામાં આવે છે ।।૨।।

આપની વાણીરૂપ વેદમાં વિધિ-નિષેધ ન હોત તો ગુણ અને દોષ એવા ભેદ જ ઉત્પન્ન ન થાત; વળી વિધિ-નિષેધ ન હોય તો લોકકલ્યાણ કેમ થાય? તેથી એની જરૂર પણ જણાય છે ।।૩।।

હે ઈશ્વર! જે અર્થ પ્રત્યક્ષ આદિ પ્રમાણોવડે જણાતો નથી તેવા સ્વર્ગ, મોક્ષ, આદિ તથા આ વસ્તુ મેળવવામાં આ સાધન છે એ જાણવામાં આપના વચનરૂપી વેદ જ પિતૃ, દેવ અને મનુષ્યો ને નેત્રની જેમ માર્ગદર્શક છે ।।૪।।

હે પ્રભો! એમાં સન્દેહ નથી કે ગુણો અને દોષોમાં ભેદ દષ્ટિ આપની વાણી વેદ અનુસાર જ છે, કોઈની પોતાની કલ્પના નથી; પરન્તુ પ્રશ્ન તો એ છે કે આપની વાણી જ ભેદનો નિષેધ પણ કરે છે. આ વિરોધ જોઈ મને ભ્રમ થઈ રહ્યો છે. આપ કૃપા કરીને મારો એ ભ્રમ દૂર કરો ।।૫।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે પ્રિય ઉદ્ધવ! મેં જ વેદો અને બીજાં શાસ્ત્રોમાં મનુષ્યોનું કલ્યાણ કરવામાટે અધિકારી ભેદથી ત્રણ પ્રકારના યોગોનો ઉપદેશ કર્યો છે. તે જ્ઞાન, કર્મ અને ભક્તિ છે. મનુષ્યના પરમ કલ્યાણમાટે આ સિવાય બીજો કોઈ ઉપાય ક્યાંય પણ છે જ નહિ ।।૬।।

હે ઉદ્ધવજી! જે લોકો કર્મો તથા તેમનાં ફલોથી વિરક્ત થઈ ગયા છે અને તેમનો ત્યાગ કરી ચૂક્યા છે તેઓ જ્ઞાનયોગના અધિકારી છે. એથી ઊલટું જેમનાં ચિત્તમાં કર્મો અને તેમનાં ફલો પ્રત્યે વૈરાગ્ય થયો નથી તેમાં દુઃખ બુદ્ધિ થઈ નથી તે સકામ લોકો કર્મયોગના અધિકારી છે ।।૭।।

જે પુરુષ અત્યન્ત વિરક્ત કે અત્યન્ત આસક્ત નથી તથા કોઈ પૂર્વ જન્મનાં શુભ કર્મથી સૌભાગ્યવશ મારી લીલા કથા આદિમાં તેની શ્રદ્ધા થઈ ગઈ છે તે ભક્તિયોગનો અધિકારી છે. તેને ભક્તિયોગદ્વારા જ સિદ્ધિ મળી શકે છે ।।૮।।

કર્મની બાબતમાં જેટલા-જેટલા વિધિ-નિષેધ છે તે અનુસાર કર્મો ત્યાં સુધી જ કરવાં જોઈએ કે જ્યાં સુધી કર્મમય જગત્ અને તેથી પ્રાપ્ત થનારા સ્વર્ગ વગેરેનાં સુખોથી વૈરાગ્ય ન થઈ જાય અથવા જ્યાં સુધી મારી લીલા કથાના શ્રવણ કીર્તન વગેરેમાં શ્રદ્ધા ન થાય ।।૯।।

(કર્મયોગવાળાને જ્ઞાનયોગ તથા ભક્તિયોગમાં આવવાનો પ્રકાર બતાવે છે) હે ઉદ્ધવ! ફલની કામનાને છોડીને પોતાના વર્ણાશ્રમ-ધર્મનિષ્ઠ યજ્ઞથી દેવનું યજન કરતો પુરુષ જો નિષિદ્ધાચરણ ન કરે તો એ સ્વર્ગ કે નરકમાં જતો નથી. નરકમાં બે રીતે જાયઃએક તો વિહિત ન કરે તે અને બીજો નિષિદ્ધ આચરે તે. એમાં વિહિતનું અનુષ્ઠાન કરે છે અને નિષિદ્ધને છોડે છે તેથી નરકમાં જતો નથી, વળી નિષ્કામબુદ્ધિથી કરે છે તેથી ક્ષણિક સ્વર્ગાદિમાં પણ જતો નથી ।।૧૦।।

સ્વધર્મ કરતો રહે છે, શરીરથી કોઈ ખરાબ કાર્ય કરતો નથી, જેના રાગાદિ મળ નિવૃત્ત થયા છે તેવો પુરુષ પ્રભુકૃપાથી શુદ્ધ આત્મસાક્ષાત્કાર કરાવનાર જ્ઞાન અથવા મારી ભક્તિને પ્રાપ્ત કરે છે ।।૧૧।।

(જ્ઞાન-ભક્તિનો સાધક મનુષ્ય દેહ છે તેની સ્તુતિ કરે છે કે)જેમ નરકની યાતના ભોગવનાર મનુષ્યદેહની ઈચ્છા કરે છે, કારણકે મનુષ્યશરીરવાળો જ્ઞાન અથવા ભક્તિ વડે મુક્તિને સિદ્ધ કરી શકે છે, સ્વર્ગીય અને નારકીય શરીર જ્ઞાન કે ભક્તિ મેળવવા સમર્થ થતાં નથી તેથી મનુષ્ય દેહ સર્વથી ઉત્તમ છે ।।૧૨।।

તેથી ડાહ્યા માણસ સ્વર્ગ કે નરક ન ઈચ્છે એટલે કામ્ય કર્મથી સ્વર્ગ થાય તેમજ નિષિદ્ધ કર્મના સેવનથી નરક થાય તે બન્ને પ્રકારનાં કર્મોને છોડે. વળી ફરીને હું મનુષ્ય થાઉં એમ આ લોકની ઈચ્છા પણ ન કરે, કારણ કે દેહમાં પણ અહં-મમનું અભિમાન થાય તો એને સ્વરૂપનું અનુસન્ધાન છૂટી જાય તેથી એનું અકલ્યાણ થાય

તેથી મનુષ્ય દેહને પણ ઈચ્છેનહિ ।।૧૩।।

આમ જાણીને દેહ પડતાં પહેલાં મુક્તિ મેળવવાનો યત્ન કરે, દેહમાં રહ્યા છતાં પ્રમાદ ન કરે, આ શરીર નાશવાન છે છતાં તે પુરુષાર્થને સિદ્ધ કરવામાં ઉપયોગી છે એમ જાણે ।।૧૪।।

આ શરીર એક વૃક્ષ છે. જીવરૂપ પક્ષી તેમાં માળો બનાવીને રહે છે. તેને યમરાજાના દૂત પ્રતિક્ષણ કાપતા રહે છે. જેવી રીતે કપાઈ રહેલા વૃક્ષને છોડી દઈ પક્ષી ઊડી જાય છે તેવી જ રીતે અનાસક્ત જીવ પણ આ શરીરને છોડી દઈ મોક્ષ મેળવી લે છે, પરન્તું આસક્ત જીવ દુઃખ જ ભોગવે છે ।।૧૫।।

હે પ્રિય ઉદ્ધવ! કાળના અવયવ આ દિવસ અને રાત ક્ષણે-ક્ષણે શરીરના આયુષ્યને ક્ષીણ કરી રહ્યાં છે એમ જાણી ભયથી જે વ્યક્તિ કમ્પી ઊઠે છે તે દેહ-ગેહ વગેરેમાંથી આસક્તિ કાઢી નાખે છે અને આત્મા તો દેહ-ગેહથી ભિન્ન છે એમ સમજી ભગવાન્‌ને ભુલાવનારી અને સંસારમાં ફસાવનારી બધી પ્રવૃત્તિઓ છોડી દે છે. આમ તેના સર્વ સન્તાપોનો અન્ત આવી જવાથી તે પરમાનન્દથી પૂર્ણ બને છે ।।૧૬।।

(પ્રભુકૃપા હોય તો જ જીવને પ્રભુની શરણાગતિ સિદ્ધ થાય. પ્રભુ સાનુકૂલ છે કે નહિ તે જીવ જાણી શકે નહિ અને તે જાણી ન શકે તો તેમાં તેનો વાંક પણ શો? એવી શંકા થાય તેના ઉત્તરમાં આપ કહે છે કે) આ મનુષ્ય શરીર સમસ્ત શુભ ફલોની પ્રાપ્તિનું મૂલ છે. રોગ વગેરે પ્રતિબન્ધ રહિત અને બધી ઇન્દ્રિયોના સૌષ્ઠવ-કાર્ય-ક્ષમતાવાળો આ અત્યન્ત દુર્લભ મનુષ્યદેહ મળ્યો એ જ મારી અનુકૂળતાનો પુરાવો છે. સંસાર-સાગર પાર કરવામાટે તે એક સુદૃઢ નૌકા છે. ગુરુદેવને માત્ર શરણે જવાથી તે સુકાની બની જાય છે. હોડીને હંકારવા પવન જોઈએ તે તો મેં પ્રાણવાયુના રૂપમાં મનુષ્યોને આપેલો જ છે. આટલી સુવિધા હોવા છતાં પણ જે આ શરીરદ્વારા સંસારસાગરને પાર કરી જતો નથી તે આત્મહત્યા કરી રહ્યો છે* ।।૧૭।।

**વિશેષ** : ''નૃદેહમાદ્યં સુલભં સુદુર્લભં પ્લવં સુકલ્પં ગુરુકર્ણધારમ્, મયાનુકૂલેનનભસ્વતેરિતંપુમાન્‌ભવાબ્ધિંનતરેત્સઆત્મહા''. ભગવાન્‌ની કૃપા વિના મનુષ્યદેહ મળતો નથી માટે તેને અત્યન્ત દુર્લભ-'સુદુર્લભ'-કહ્યો. ભાગ્યયોગથી મળી ગયો છે અને તેની તેને કિંમત નથી માટે સુલભ કહ્યો. ''અનુકૂલેન મયા નૃદેહમાસાદ્ય યઃ પુમાન્ ભવાબ્ધિં ન તરેત્

સ આત્મહા।'' ''મારા અનુકૂલ હોવાથી મનુષ્ય દેહ મેળવીને જે પુરુષ સંસારસાગર તરી જાય નહીં તે પુરુષ આત્મહત્યારો છે'' એવો અર્થ છે. ''મયાનુકૂલેન નભસ્વતેરિતમ્।'' ''હું અનુકૂળ વાયુરૂપે હોડી ચલાવું છું'' એ અર્થ બરાબર નથી. ભગવાન્ અનુકૂળ વાયુને સ્થાને હોય તો જીવ ન તરે તે બને જ કેમ? માટે ઉપર પ્રમાણે અર્થ કર્યો છે. અલબત્ત આમાં 'દૂરાન્વય' છે પણ ''પરોક્ષં ચ મમ પ્રિયમ્'' મને તો પરોક્ષ કથન પ્રિય છે. એ ન્યાયે ગુપ્ત રીતે કહ્યું છે. મેં આટલી અનુકૂળતા કરી આપી છતાં ન તરી જાય તરવામાટે પ્રયત્ન ન કરે, પ્રયત્ન પણ કષ્ટ સાધ્ય નથી કિન્તુ ''મારો ઉદ્ધાર કરો'' એટલી ગુરુને પ્રાર્થના જ કરવાની છે. આટલું પણ જીવ ન કરે તો તેનું સંસારમાં પતન થવાથી તે આત્મહત્યારો બને છે **(શ્રીદેવકીનન્દનજીનો સ્વતન્ત્રલેખ)**

(આમ અવિરક્તમાટે વૈરાગ્યદ્વારા જ્ઞાન અને ભક્તિ સિદ્ધ કરાવી આપનાર કર્મયોગ કહીને દૃઢ વૈરાગ્યવાળાને જ્ઞાન પ્રાપ્ત થાય તે પહેલાં તેણે શું કરવું જોઈએ અને શું છોડવું જોઈએ તે કહે છેઃ) હે ઉદ્ધવ! કર્મોમાં દોષ જોઈને જ્યારે પુરુષ કર્મોથી ઉદ્વિગ્ન અને તેનાં ફલોમાં વિરક્ત થઈ જાય, ત્યારે જિતેન્દ્રિય થઈ તે યોગમાં સ્થિત થઈ જાય અને અભ્યાસ દ્વારા પોતાનું મન મારામાં નિશ્ચલ રૂપથી ધારણ કરે ।।૧૮।।

સ્થિર કરતી વખતે જ્યારે મન ચચલ થઈ આમ તેમ ભટકવા લાગે ત્યારે આળસ છોડી અત્યન્ત સાવધાનીથી તેને મનાવી, સમજાવી, ફોસલાવી તેની ઇચ્છા થોડી ઘણી પૂરી કરીને પણ પોતાને વશ કરી લે ।।૧૯।।

ઇન્દ્રિયો અને પ્રાણોને વશ રાખે અને મનને એક ક્ષણમાટે પણ સ્વતન્ત્ર ન છોડે. તેની દરેક ચાલ જોતો રહે. આ પ્રમાણે સત્ત્વસમ્પન્ન બુદ્ધિ દ્વારા ધીરે-ધીરે મનને વશ કરી લેવું જોઈએ ।।૨૦।।

ઘોડાને પલોટતી વખતે જેવી રીતે સવાર કાંઈક-કાંઈક એની મરજી પ્રમાણે ચાલવા દઈને અન્તે પોતાની ધારણા પ્રમાણે એને ચાલતાં શીખવે છે અને પોતાને વશ કરી લે છે તેવી જ રીતે મનને પણ થોડુંક અનુકૂળ વર્તીને પણ અન્તે એને વશ કરવું એ પરમ યોગ છે ।।૨૧।।

સાંખ્યશાસ્ત્રમાં પ્રકૃતિથી માંડી શરીર સુધી સૃષ્ટિનો જેક્રમ બતાવવામાં આવ્યો છે તે પ્રમાણે સૃષ્ટિનો વિચાર કરવો જોઈએ અને જે ક્રમથી શરીર વગેરેનો પ્રકૃતિમાં લય બતાવ્યો છે તે પ્રમાણે લયનો વિચાર કરવો જોઈએ. જ્યાં સુધી મન શાન્ત સ્થિર ન થઈ જાય ત્યાં સુધી આ ક્રમ ચાલુ રાખવો જોઈએ ।।૨૨।।

જે પુરુષ સંસારથી વિરક્ત થઈ ગયો છે અને જેને સંસારના પદાર્થોમાં દુઃખ બુદ્ધિ થઈ ગઈ છે તે પોતાના ગુરુજનોના ઉપદેશને સારી રીતે સમજી લઈ પોતાના સ્વરૂપના જ ચિન્તનમાં લાગેલો રહે છે. આ અભ્યાસથી બહુ જલદી તેનું મન તેની અનાત્મા શરીર વગેરેમાં આત્મબુદ્ધિ કરવાથી જે ંચચલતા થઈ ગઈ છે તેને છોડી દે છે ।।૨૩।।

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ વગેરે યોગમાર્ગોથી વસ્તુ-તત્ત્વનું નિરીક્ષણ-પરીક્ષણ કરનારી આત્મવિદ્યાથી તથા મારી પ્રતિમાની ઉપાસનાથી અર્થાત્ કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ થી મન પરમાત્માનું ચિન્તન કરવા લાગે છે, બીજો કોઈ ઉપાય નથી ।।૨૪।।

હે ઉદ્ધવજી! આમ તો યોગી ક્યારેય કોઈ નિષિદ્ધ કર્મ કરતો નથી પરન્તુ ક્યારેક પ્રમાદથી જો કોઈ અપરાધ થઈ જાય તો યોગ, મારા ધ્યાન-નામસંકીર્તન-જ્ઞાન, દ્વારાજ તેપાપને બાળી નાખે, કૃચ્છ્રચાન્દ્રાયણ વગેરે બીજાં પ્રાયશ્ચિત્ત ક્યારેય ન કરે ।।૨૫।।

પોતપોતાના અધિકારમાં જે નિષ્ઠા છે તેનેજ ગુણ કહેવામાં આવ્યો છે. આ ગુણ-દોષ અને વિધિ-નિષેધના વિધાનથી સાર એ જ નીકળે છે કે કોઈ પણ રીતે વિષયાસક્તિ છૂટી જાય. કારણ કે કર્મ તો જન્મથીજ અશુદ્ધ છે, અનર્થનું મૂલ છે.શાસ્ત્રનું તાત્પર્ય તેમનું નિયન્ત્રણ કરવામાં છે.શક્ય હોય ત્યાં સુધી પ્રવૃત્તિનો સંકોચજ કરવો જોઈએ ।।૨૬।।

જે સાધક સમસ્ત કર્મોથી વિરક્ત થઈ ગયેલો હોય તેમાં તેઓ દુઃખરૂપ છે એવી બુદ્ધિ રાખતો હોય, મારી લીલાકથામાં શ્રદ્ધાળુ હોય અને એ પણ જાણતો હોય કે બધા ભોગ અને ભોગ વાસનાઓ દુઃખરૂપ છે પણ એ બધું જાણવા છતાં તે છોડવા શક્તિમાન ન હોય તેણે એ ભોગો તો ભોગવી લેવા પરન્તુ સાચા હૃદયથી તેમને દુઃખ જનક સમજે, મનોમન તેમની નિન્દા કરે તથા તેને પોતાનું દુર્ભાગ્ય જ સમજે. સાથે-સાથે આ દુવિધાની સ્થિતિમાંથી છૂટવામાટે શ્રદ્ધા, દઢ નિશ્ચય અને પ્રેમથી મારું ભજન કરે ।।૨૭-૨૮।।

આ પ્રમાણે મેં બતાવેલા ભક્તિયોગદ્વારા નિરન્તર મારું ભજન કરવાથી હું તે સાધકના હૃદયમાં બેસી જાઉં છું અને મારા બિરાજતાંજ તેનાહૃદયનીતમામ વાસનાઓ તેમના સંસ્કારો સહિત નષ્ટ થઈ જાયછે ।।૨૯।।

આ પ્રમાણે જ્યારે તેને મારો સર્વાત્માનો સાક્ષાત્કાર થઈ જાય છે ત્યારે તો તેના હૃદયની ગાંઠો તૂટી જાય છે તેના બધા સન્દેહો છિન્ન-ભિન્ન થઈ જાય છે અને કર્મવાસનાઓ સર્વથા ક્ષીણ થઈ જાય છે ।।૩૦।।

(જ્ઞાન અને કર્મ ને ભક્તિની જરૂર છે પણ ભક્તિને જ્ઞાન અને કર્મ ની જરૂર નથી) તેથીજ જે યોગી મારી ભક્તિથી યુક્ત હોય અને મારા ચિન્તનમાં મગ્ન રહે તેને જ્ઞાન અથવા વૈરાગ્ય ની પ્રાયઃ આવશ્યક્તા હોતી નથી. (પ્રથમ દશામાં અથવા મર્યાદા ભક્તિને જ્ઞાન અને વૈરાગ્યની જરૂર છે એમ જણાવવા 'પ્રાયઃ' કહ્યું છે) ।।૩૧।।

કર્મ, તપસ્યા, જ્ઞાન, વૈરાગ્ય, યોગાભ્યાસ, દાન, ધર્મ અને બીજાં કલ્યાણ કરનારાં સાધનોથી જ કંઈ સ્વર્ગ, મોક્ષ, મારું પરમ ધામ અથવા કોઈ પણ વસ્તુ પ્રાપ્ત થાય છે તે બધી મારો ભક્ત મારા ભક્તિયોગના પ્રભાવથી જ, જો તે ઈચ્છે તો, અનાયાસ પ્રાપ્ત કરી લે છે ।।૩૨-૩૩।।

મારા અનન્ય અને ધૈર્યવાન સાધુભક્તો સ્વયં તો કોઈ વસ્તુની ઈચ્છા રાખતા જ નથી; જો હું તેમને આપવા ઈચ્છું અને આપું પણ છું તો પણ, બીજી વસ્તુ તો શું પણ તેઓ કૈવલ્ય મોક્ષ પણ લેવા ઈચ્છતા હોતા નથી ।।૩૪।।

(પુષ્ટિમાર્ગમાં વ્રજભક્તોની જેમ જ્ઞાન અને વૈરાગ્ય ની અપેક્ષા નથી એવા આશયથી કહ્યું કે **ન જ્ઞાનં ન ચ વૈરાગ્યમ્। પણ મર્યાદામાર્ગમાં તો ભક્તિઃ પરેશાનુભવો વિરક્તિઃ।** એમ કહ્યું છે તેથી ભરત વગેરેની જેમ વૈરાગ્યની અપેક્ષા છે જ એ આશય જણાવવા કહે છે કે) હે ઉદ્ધવજી! સર્વથી શ્રેષ્ઠ અને મહાન નિઃશ્રેયસ (પરમ કલ્યાણ) તો નિરપેક્ષતાનું જ બીજું નામ છે. તેથી જે નિષ્કામ અને નિરપેક્ષ હોય છે તેનેજ મારી ભક્તિ પ્રાપ્ત થાય છે ।।૩૫।।

(જેવી રીતે જલમાં રહેલું કમળ જલથી ભીંજાતું નથી તેવી રીતે) બુદ્ધિથી અતીત પરમતત્ત્વને જે મારા અનન્ય પ્રેમી ભક્તો અને સમદર્શી મહાત્માઓ પામી ચૂક્યા છે તેમને આ વિધિ અને નિષેધ થી થતાં પુણ્ય તેમજ પાપ લાગતાં નથી ।।૩૬।।

**એવમેતાન્ મયાઽઽદિષ્ટાનનુતિષ્ઠન્તિ મે પથઃ ।।**
**ક્ષેમં વિન્દન્તિ મત્સ્થાનં યદ્ બ્રહ્મ પરમં વિદુઃ ।।૩૭।।**

આ પ્રમાણે જે લોકો મારા બતાવેલા આ જ્ઞાન, ભક્તિ અને કર્મમાર્ગો નો

આશ્રય લે છે તેઓ મારા પરમ કલ્યાણ સ્વરૂપ ધામને પ્રાપ્ત થાય છે કારણ કે તેઓ પરબ્રહ્મ તત્ત્વને જાણી લે છે ।।૩૭।।

**ઇતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્યમુક્તિ નામના પ્રકરણનો પન્દરમો અને ચાલુ) ''કર્મ, જ્ઞાન અને ભક્તિયોગ નું વર્ણન'' નામનો વીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**

''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''

ભગવત્કથા એ દિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં.

## અધ્યાય ૨૧

## કામીઓને દ્રવ્ય અને દેશ થી થતા ગુણદોષ

**વિશેષ :** કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ માં જેનો અધિકાર નથી તેવા કામનાઓવાળા લોકોને માટે દ્રવ્ય, દેશ વગેરેથી થતા ગુણ-દોષો આ એકવીસમા અધ્યાયમાં બતાવે છે.

**ય એતાન્ મત્પથો હિત્વા ભક્તિજ્ઞાનક્રિયાત્મકાન્ ।।**
**ક્ષુદ્રાન્ કામાંશ્ચલૈઃ પ્રાણૈર્જુષન્તઃ સંસરન્તિ તે ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે પ્રિય ઉદ્ધવ! મારી પ્રાપ્તિના ત્રણ માર્ગ છે- ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગ. જે લોકો આ માર્ગોને છોડી ચચલ ઇન્દ્રિયોદ્વારા ક્ષુદ્ર ભોગ ભોગવતા રહે છે તેઓ વારંવાર જન્મ મૃત્યરૂપ સંસારના ચક્કરમાં ભટકતા રહે છે ।।૧।।

પોત-પોતાના અધિકાર પ્રમાણે ધર્મમાં દૃઢ નિષ્ઠા રાખવી એને જ ગુણ કહેવામાં આવ્યો છે અને તેથી ઊલટું અધિકાર વગરની ચેષ્ટા કરવી એ દોષ છે. તાત્પર્ય એ કે ગુણ અને દોષ ની વ્યવસ્થા અધિકાર અનુસાર કરવામાં આવે છે, કોઈ વસ્તુ અનુસાર નહીં ।।૨।।

સમાન વસ્તુઓમાં શુદ્ધિ-અશુદ્ધિ, ગુણદોષ અને શુભ-અશુભ હોવાનું જે કહેવામાં આવે છે તેનો અભિપ્રાય એ છે કે તે વડે વસ્તુનું બરાબર નિરીક્ષણ- પરીક્ષણ થઈ શકે ।।૩।।

તે દ્વારા ધર્મ-સમ્પાદન કરી શકે, સમાજનો વ્યવહાર સારી રીતે ચલાવી શકે અને પોતાના અંગત જીવનના નિર્વાહમાં પણ સુવિધા રહે. વાસનાઓ જેના મૂળમાં પડેલી છે તેવી સહજ પ્રવૃત્તિઓ દ્વારા તેમની જાળમાં ન ફસાતાં, મનુષ્ય પોતાના જીવનને શાસ્ત્રાનુસાર નિયમિત અને મનને વશ કરી લે છે તે પણ આનો ફાયદો છે. હે નિષ્પાપ ઉદ્ધવજી! મનુ આદિનું રૂપ ધારણ કરીને મેં જ ધર્મનો ભાર ઊંચકી ફરનારા કર્મજડોને માટે ઉપદેશ કર્યો છે. (શુદ્ધ વસ્તુનો જ ઉપયોગ કરવો. ક્રય-વિક્રય ખરીદ-વેચાણ વગેરે વ્યાપાર પણ શુદ્ધ વસ્તુઓનો જ કરવો. શુદ્ધ વ્યવહારથી કમાયેલ શુદ્ધ દ્રવ્યથી જ દેહનિર્વાહ કરવો. તેથી ધર્મ થાય છે. ધર્મથી સુખ મળે છે. અશુદ્ધ-નિષિદ્ધ વસ્તુનો ઉપયોગ ન કરવો તેમ કરવાથી અધર્મ થાય છે. અધર્મી દુઃખી થાયછે) ।।૪।।

પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ આ પંચમહાભૂત જ બ્રહ્માથી લઈ પર્વત, વૃક્ષ સુધી બધાં પ્રાણી પદાર્થોના શરીરોનાં મૂલ કારણ છે. આ પ્રમાણે તે બધાં શરીરની દષ્ટિએ તો સમાન છે જ, બધાંનો આત્મા પણ એક જ છે ।।૫।।

હે પ્રિય ઉદ્ધવ! જો કે બધાના શરીરોનાં પંચમહાભૂત સમાન છે, તો પણ વેદોએ એમના વર્ણાશ્રમ, બ્રાહ્મણ, ક્ષત્રિય, બ્રહ્મચર્ય, ગૃહસ્થ વગેરે અલગ-અલગ નામ અને રૂપ એટલામાટે બનાવ્યાં છે કે પોતાની વાસનામૂલક પ્રવૃત્તિઓને સંકુચિત કરી, નિયમમાં રાખી, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થો સિદ્ધ કરી શકે ।।૬।।

હે સાધુ શ્રેષ્ઠ ઉદ્ધવજી! દેશ, કાલ, ફલ, નિમિત્ત, અધિકારી અને ધાન્ય વગેરે વસ્તુઓના ગુણ-દોષોનું નિરૂપણ પણ મેં એટલા માટે કર્યું છે કે કર્મોમાં લોકોની ઉચ્છૃંખલ પ્રવૃત્તિ ન થાય, મર્યાદાનો ભંગ ન થવા પામે ।।૭।।

જે દેશમાં કાળિયાર મૃગ ન હોય અને જ્યાં રહેનારા લોકો બ્રાહ્મણ ભક્તો ન હોય તે દેશ અપવિત્ર છે. કૃષ્ણસાર મૃગ હોવા છતાં, જ્યાં સન્તપુરુષો રહે છે તે પ્રદેશો સિવાયના કીકટ (મગધ, અંગ, બંગ, કલિંગ વગેરે પ્રદેશો) અપવિત્ર જ છે. સંસ્કાર રહિત અને ઉષર (ઉખર) ખારવાળી બિન ઉપજાઉ જમીન વગેરે સ્થાન પણ અપવિત્ર હોય છે ।।૮।।

સમયમાં દિવસનો પહેલો અર્ધોભાગ (પ્રાતઃકાળ) સ્વતઃ શુદ્ધ છે. જે સમયે કર્મમાટેની સામગ્રી મળી રહે તથા કર્મ પણ થઈ શકે તે સમય શુદ્ધ છે. જે સમયે કર્મ કરવાની સમાગ્રી ન મળી રહે તે સમય, સૂતકના દિવસો, મધરાત અને રાષ્ટ્રવિપ્લવ

ના દિવસો અશુદ્ધ સમજવા ।।૯।।

પદાર્થોની શુદ્ધિ અને અશુદ્ધિ, દ્રવ્ય, વચન, સંસ્કાર, કાલ, મહત્ત્વ અથવા અલ્પત્વથી પણ થાય છે. (જેમ કે કોઈ પાત્ર જલથી શુદ્ધ અને મૂત્ર આદિથી અશુદ્ધ થઈ જાય છે. કોઈ વસ્તુની શુદ્ધિ બાબતમાં શંકા થાય તો બ્રાહ્મણ કહે છે કે આ શુદ્ધ છે તો તે શુદ્ધ સમજવી અને તે અશુદ્ધ કહે તો તેને અશુદ્ધ સમજવી. પુષ્પ વગેરે ઉપર જલ છાંટવાથી તે પવિત્ર અને સૂંઘવાથી અપવિત્ર થાય છે. તત્કાલ પકાવેલ અન્ન શુદ્ધ છે, વાસી અન્ન અશુદ્ધ છે. મોટાં સરોવરો અને નદી વગેરેનું જલ શુદ્ધ અને નાના ખાડાઓમાં ભરાયેલું જલ અશુદ્ધ છે) ।।૧૦।।

શક્તિ, અશક્તિ, બુદ્ધિ અને વૈભવ અનુસાર પણ પવિત્રતા અને અપવિત્રતાની વ્યવસ્થા થાય છે. તેમાં પણ સ્થાન અને ઉપયોગ કરનારની ઉંમરનો વિચાર કરીને જ અશુદ્ધ વસ્તુઓના વ્યવહારનો દોષ યોગ્ય રીતે આંકવામાં આવે છે. (જેમ કે ધનવાન-દરિદ્ર, બલવાન-નિર્બલ, બુદ્ધિમાન-મૂર્ખ, ઉપદ્રવપૂર્ણ અને સુખદ દેશ તથા તરુણ અને વૃદ્ધાવસ્થાના ભેદથી શુદ્ધિ અને અશુદ્ધિ ની વ્યવસ્થામાં ફરક પડી જાય છે. દાખલા તરીકે ગ્રહણ વખતે સશકત માણસો સ્નાનથી જ શુદ્ધ થાય છે પણ બાળક, રોગી અને વૃદ્ધને સ્નાન વગર પણ શુદ્ધ *સમજવાં. પુત્ર જન્માદિ પ્રસંગે દશ દિવસ પછી જાણ થાય તો શુદ્ધિ છે તે પહેલાં જાણ થાય તો વૃદ્ધિસૂતક લાગે. ફાટેલાં અને મેલાં વસ્ત્ર દરિદ્રને માટે પવિત્ર છે પણ ધનિકને માટે અપવિત્ર છે. નિર્ભય દેશમાંજ સ્નાન વગેરેથી શુદ્ધિ થાય છે પણ ચોરી થતી હોય, સંચારબંધી વગેરે હોય ત્યારે તે અશક્યછે) ।।૧૧।।

**વિશેષઃ "દેશકાલં તથાત્માનં દ્રવ્યં દ્રવ્યપ્રયોજનમ્। ઉપપત્તિમવસ્થાં ચ જ્ઞાત્વા શૌચં પ્રકલ્પયેત્"**

(દ્રવ્યવડે દ્રવ્યની શુદ્ધિ કહી. વચનની શુદ્ધિ એક પ્રકારની છે. દ્રવ્યની શુદ્ધિ બહુ પ્રકારની છે તેનો વિસ્તાર કરે છે) ધાન્ય (અનાજ), લાકડાં, હાથીદાંત વગરે હાડકાં, સૂતર, મધ, તેલ, ઘી આદિ રસ, સોનું, પારો વગેરે તેજસ પદાર્થ, ચામડું, ઘડો વગેરે માટીની બનેલી વસ્તુઓની શુદ્ધિ કાલ, વાયુ, અગ્નિ, માટી અને જલ થી થાય છે. ધાન્યને વાયુ અને તાપ લાગતાં શુદ્ધિ થાય છે. લાકડાં અને એનાં પાત્રો મૃત્તિકા અને જલથી શુદ્ધ થાય છે. વધારે અપવિત્ર થયાં હોય તો એને છોલવાથી શુદ્ધ થાય છે. હાથીદાંત વગેરે વાયુ તાપ વગેરેથી શુદ્ધ થાય છે. સૂતરમાંથી બનેલાં

વસ્ત્રોની શુદ્ધિ જલથી થાય છે. ઘી, દૂધ, મધ વગેરે ગાળવાથી ગરમ કરવાથી શુદ્ધ થાય છે. સોનાનાં વાસણ જલથી ધોવાથી તથા તપાવવાથી શુદ્ધ થાય છે. ચામડાને તેલ લગાડવાથી શુદ્ધ થાય છે. બીજા પાર્થિવ (માટીના) પદાર્થોને માટી જલ વગેરેનો એકત્ર સંસ્કાર થવાથી એની શુદ્ધિ થાય છે. કેટલાકની કેવળ જલથી શુદ્ધિ થાય છે ।।૧૨।।

જો કોઈ વસ્તુને કોઈ અશુદ્ધ વસ્તુ ચોંટી ગઈ હોય તો તેને છોલી નાખવાથી અથવા લૂણ, ખટાઈ, જળ, માટી વગેરે ઘસવાથી જ્યારે તે પદાર્થની ગન્ધ અને લેપ જતા રહે અને તે વસ્તુ પોતાના અસલ રૂપમાં ફરીથી આવી જાય ત્યારે તે વસ્તુને શુદ્ધ ગણવી ।।૧૩।।

(આમ દ્રવ્યશુદ્ધિ કહી. હવે કર્તાની શુદ્ધિ કહે છે) સ્નાન, દાન, તપસ્યા, વય, સામર્થ્ય, સંસ્કાર (ઉર્ધ્વપુણ્ડ્ર તિલક કરવું), કર્મ અને મારા (ભગવદ્) સ્મરણથી ચિત્તની શુદ્ધિ થાય છે. તે દ્વારા શુદ્ધ થઈ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યે વિહિત કર્મનું આચરણ કરવું જોઈએ ।।૧૪।।

ગુરુ મુખથી સાંભળી સારી રીતે હૃદયંગમ કરી લેવાથી મન્ત્રની અને મને સમર્પિત કરી દેવાથી કર્મની શુદ્ધિ થાય છે. હે ઉદ્ધવજી! આ પ્રમાણે દેશ, કાલ, પદાર્થ, કર્તા, મન્ત્ર અને કર્મ આ છયે શુદ્ધ હોય તો ધર્મ અને અશુદ્ધ હોય તો અધર્મ થાય છે ।।૧૫।।

કયારેક-કયારેક શાસ્ત્રવિધિથી ગુણદોષ થઈ જાય છે અને દોષ ગુણ થઈ જાય છે. જેમ કે સ્નાન એ શુદ્ધિ કરી આપનારું હોવાથી ગુણ છે પણ રોગીને માટે સ્નાન કરવું એ દોષ છે. ગાયત્રીજપ, સન્ધ્યાવન્દન એ બ્રાહ્મણને માટે ગુણ છે પરન્તુ શુદ્રને માટે દોષ છે. આપત્તિ ન હોય ત્યારે બ્રાહ્મણને માટે પ્રતિગ્રહ-દાન લેવું તે દોષ છે પણ આપત્તિના સમયમાં પ્રતિગ્રહ ગુણ છે એક જ વસ્તુની બાબતમાં કોઈને માટે ગુણ અને કોઈને માટે દોષનું વિધાન ગુણ અને દોષોની વાસ્તવિકતાને ખોટી ઠરાવી દે છે અને તેથી એ નક્કી થાય છે કે ગુણ-દોષને આ ભેદ કલ્પિત છે ।।૧૬।।

(દોષને પણ કવચિત્ દોષપણું નથી પણ ગુણપણું છે એ બતાવે છે) સુરાપાન વગેરે અપતિતને પતિત કરનાર છે છતાં એ જાતિથી ભ્રષ્ટ થયેલ પતિતને પતિત કરી શકતું નથી કેમકે એ પાન કર્યા પહેલાંનો જ પતિત છે તેથી દોષને પણ એકાન્ત દોષપણું નથી. તેમજ સ્ત્રીસંગ યતિને દોષરૂપ છતાં ગૃહસ્થને તો એ ગુણરૂપ છે કેમકે

**''ऋतौ भार्यामुपेयात्''** એમ વેદ જ એને માટે વિધાન કરે છે. હે ઉદ્ધવજી! જે નીચે જ સૂતેલો છે તે પડશે ક્યાં? તેવી જ રીતે જે પહેલાંથી જ પતિત છે તેનું હવે વધારે પતન શું થશે? ।।૧૭।।

(ગુણદોષથી નિયમન કરવાના વિધિઓનું તાત્પર્ય પ્રવૃત્તિના સંકોચ દ્વારા નિવૃત્તિમાં છે એ જ કહે છે) જે-જે વિષયથી પુરુષ છૂટે તે-તે વિષયોથી એ બંધાતો મટે છે. આ વિષયાસક્તિરૂપ બંધની નિવૃત્તિરૂપ ધર્મ લોકનું કલ્યાણ કરનાર છે; શોક, મોહ અને ભય ને દૂર કરનાર છે ।।૧૮।।

(વેદ પ્રવૃત્તિમાં તાત્પર્યવાળો નથી એમ કહેવામાટે પ્રવૃત્તિ અનર્થનું મૂળ છે એમ કહે છે) હે ઉદ્ધવજી! વિષયોમાં ક્યાંય પણ ગુણોનો આરોપ કરવાથી તે વસ્તુમાં આસક્તિ થઈ જાય છે. આસક્તિ થવાથી તે તેને પોતાની પાસે રાખવાની કામના થઈ આવે છે અને આ કામનાની પૂર્તિમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન આવવાથી લોકોમાં પરસ્પર ઝઘડો થવા લાગે છે ।।૧૯।।

કલહમાંથી અસહ્ય ક્રોધ ઉત્પન્ન થાય છે અને ક્રોધ થાય ત્યારે પોતાના હિત-અહિતનું ભાન રહેતું નથી, અજ્ઞાન છવાઈ જાય છે. આ અજ્ઞાનથી તરત જ મનુષ્યે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેનો નિર્ણય કરનારી વ્યાપક ચેતનાશક્તિનો લોપ થઈ જાય છે ।।૨૦।।

હે સાધો! ચેતનાશક્તિ એટલે કે સ્મૃતિનો લોપ થઈ જતાં મનુષ્યમાં માનવતા રહેતી નથી, પશુતા આવી જાય છે અને તે શૂન્યની જેમ અસ્તિત્વ વિહોણો બની જાય છે, ત્યારે જાણે કે તેને મૂર્છા આવી ગઈ હોય અથવા તે મરી ગયો હોય તેવી તેની અવસ્થા થઈ જાય છે. આવી સ્થિતિમાં તે કોઈ પુરુષાર્થ પ્રાપ્ત કરી શકતો નથી ।।૨૧।।

વિષયોની આસક્તિથી તે આત્મા કે પરમાત્માને ઓળખી શકતો નથી. પુરુષાર્થ પ્રાપ્ત કરી લેવાનું અનુસન્ધાન નહિ હોવાથી અને આહાર માત્ર લેતો હોવાથી તેનું જીવન વૃક્ષના જીવન જેવું જડ છે. લુહારની ધમણમાં જેમ બીજાને તપાવવામાટે જ હવાની અવરજવર હોય છે તેમ આવો મનુષ્ય પણ બીજાને ત્રાસ આપવા માટે વ્યર્થ જ શ્વાસ લેતો હોય છે ।।૨૨।।

વેદમાં **''અક્ષય્યં હ વૈ ચાતુર્માસ્યયાજિનઃ સુકૃતં ભવતિ''** વગેરે વાકયોથી કર્મનાં ફળ કહ્યાં છે તે કાંઈ પણ કર્મ ન કરનારને સ્વર્ગના ભોગની આશાએ કર્મ

કરાવવામાટે કહ્યાં છે પણ એ કર્મોનું તાત્પર્ય સ્વર્ગાદિમાં નથી. જેમ બાળકના રોગને મટાડવામાટે પિતા કડવાં ઔષધ આપતાં એને લાડુ બતાવે છે તે લાડુ એને ખાવામાટે આપવામાં પિતાનું તાત્પર્ય નથી પરન્તુ ઔષધનું પાન કરાવવામાં અને એનાથી સિદ્ધ થતા આરોગ્યમાં તાત્પર્ય છે તેમ વેદમાં કર્મો કરવાનું કહ્યું છે તે કર્મોથી છૂટવામાટે જ છે. એને નહિ સમજનાર કર્મી એવાં કર્મો કરી ક્ષુદ્ર ભોગ ભોગવી પાછો જન્મ-મરણવાળા સંસારમાં પડે છે ।।૨૩।।

(ત્યાં શંકા કરે છે કે કર્મકાંડમાં મોક્ષનું નામ પણ જોવામાં આવતું નથી, તમે તો કહો છો કે મોક્ષને કહેવાની ઇચ્છાથી કર્મ કહ્યાં છે એ કેમ સમજવામાં આવે? આના ઉત્તરમાં કહેવાનું કે) પશુઓ, વિષયો, પ્રાણ, આયુષ, બલ, વીર્ય, સ્વજન, પુત્ર તથા કલત્ર એ બધાં જીવના અનર્થના કારણરૂપ છે છતાં પ્રાણીમાત્ર જન્મથી જ શાસ્ત્રોપદેશ વિનાય એમાં આસક્તિવાળાં હોય છે ।।૨૪।।

તેઓ પોતાના પરમ પુરુષાર્થને જાણતા હોતા નથી તેથી વેદમાં સ્વર્ગના લલચાવનારા ભોગોનું વર્ણન મળે છે તેનો ગૂઢાર્થતાત્પર્ય ન જાણવાથી ઉપર ઉપરનો અર્થ સત્ય માનીને દેવાદિ યોનિઓમાં ભટક્તા રહે છે અને પછી વૃક્ષ, સૂકર વગેરે યોનિઓના ઘોર અંધકારમાં આવી પડે છે. આવી અવસ્થામાં કોઈ પણ વિદ્વાન કે વેદ ફરી તેને તે જ વિષયોમાં કેમ પ્રવૃત્ત કરે? ।।૨૫।।

વેદોનું તાત્પર્ય નિવૃત્તિમાં છે એમ સમજ્યા વિના ભ્રાન્ત કર્મમાર્ગીઓ કર્માસક્તિથી પુષ્પોના જેવાં સ્વર્ગાદિનાં વર્ણન જાુએ છે અને તેમને જ પરમ ફલ માની લઈ ભુલાવવામાં પડે છે, પરન્તુ મહર્ષિ વેદવ્યાસ જેવા વેદવેત્તા શ્રુતિઓનું તાત્પર્ય એવું બતાવતા નથી ।।૨૬।।

વિષય વાસનાઓમાં ફસાયેલા દીનહીન અને લોભી પુરુષો રંગબેરંગી પુષ્પોના જેવા સ્વર્ગ વગેરે લોકોને જ સર્વશ્રેષ્ઠ સમજી બેસે છે, અગ્નિદ્વારા સિદ્ધ થતા યજ્ઞયાગાદિ કર્મોમાં જ મુગ્ધ થઈ જાય છે. બીજે માર્ગે ચડી જવાથી તેમને અન્તે દેવલોક, પિતૃલોક વગેરેની જ પ્રાપ્તિ થાય છે, તેમને નિજધામ આત્મપદનો પત્તો લાગતો નથી ।।૨૭।।

હે પ્રિય ઉદ્ધવ! તેમની પાસે માત્ર કર્મની જ સાધના છે અને તેનું ફલ કેવળ ઇન્દ્રિય તૃપ્તિ જ છે. જેનાથી જગતની ઉત્પત્તિ થઈ છે અને જે સ્વયં આ જગતના રૂપમાં છે તેવા તેમના હૃદયમાં જ રહેલા મને પરમાત્માને તેઓ જાણતા નથી

।।૨૮।।

જો હિંસા અને તેના ફલરૂપ માંસ ભક્ષણમાં રાગ-આસક્તિ-હોય જ તે છોડી ન જ શકાતું હોય, તો તે યજ્ઞમાં જ કરે. સન્ધ્યાવન્દન વગેરે કરવાં જ જોઈએ એ વિધિ છે એમ આ માંસભક્ષણ વિધિ નથી. આ મારા પરોક્ષ અભિપ્રાયને જાણ્યાવિના વિષય લોલુપ ક્રૂર પુરુષો હિંસાનો ખેલ ખેલે છે અને દુષ્ટતાવશ પોતાની ઇન્દ્રિયોની તૃપ્તિમાટે વધ કરેલા પશુઓના માંસથી યજ્ઞ કરી દેવતા પિતર અને ભૂતપતિઓનું યજન કરેછે ।।૨૯-૩૦।।

હે ઉદ્ધવજી! સ્વર્ગ વગેરે પરલોક સ્વપનમાં દેખાતાં દશ્યો જેવા નાશવન્ત છે; વાસ્તવમાં તે અસત્ છે, માત્ર તેની વાતો સાંભળવામાં બહુ મીઠી લાગે છે. સકામ પુરુષ ત્યાંના ભોગોને માટે મનમાં ને મનમાં અનેક પ્રકારના સંકલ્પ કરી લે છે. સાગર ખેડુ પોતાની પાસેનું ધન લઈ જઈ સાગર ખેડે પણ નૌકા ડૂબતાં પોતાની મૂળ મૂડી પણ ખોઈ બેસે છે તેવી જ રીતે સકામ પુરુષો પરલોકના ભોગનાં સાધનો (યજ્ઞો વગેરે) કરવામાં પોતાનું સિદ્ધિરૂપ ધન ખર્ચે છે ।।૩૧।।

તેઓ પોતે રજોગુણ, સત્ત્વગુણ કે તમોગુણ માં સ્થિત રહે છે અને રજોગુણી, સત્ત્વગુણી કે તમોગુણી ઇન્દ્રાદિ દેવોની ઉપાસના કરે છે. પરન્તુ તેઓ તે જ સામગ્રીઓથી તેટલા જ પરિશ્રમથી નિર્ગુણ એવો જે હું (પરમાત્મા) તેને ભજતા નથી કેમકે એ પોતે ગુણની ઉપર જઈ શકતા નથી ।।૩૨।।

તેઓ જ્યારે આ પ્રકારની પુષ્પિતા વાણી રંગબેરંગી મીઠી-મધુર વાતો સાંભળે છે કે અમે આ લોકમાં યજ્ઞોદ્વારા દેવતાઓનું યજન કરી સ્વર્ગમાં જઈશું અને ત્યાં દિવ્ય આનન્દ ભોગવીશું, ત્યાર પછી ફરી અમારો જન્મ મોટા કુલીન પરિવારમાં જ થશે, અમે મોટા-મોટા મહેલોના માલિક હોઈશું, અમારું કુટુમ્બ બહુ જ વિશાળ અને સમૃદ્ધ હશે આવી વાતોથી તેમનું ચિત્ત ક્ષુબ્ધ થઈ જાય છે. તે દેહ-ગેહ આદિમાં અહન્તા-મમતા રાખનારા ઘમંડીઓને મારા સમ્બન્ધી તો વાતચીત પણ ગમતી હોતી નથી. (તેથી તેઓ જન્મ-મરણ રૂપ સંસારમાં જ અથડાયા કરે છે) ।।૩૩-૩૪।।

(વેદોનું તાત્પર્ય પ્રવૃત્તિપરક ન હોય તો શામાં છે તેનું સમાધાન કરે છે કે) હે ઉદ્ધવજી! વેદોમાં ત્રણ કાંડ છે-કર્મ, ઉપાસના અને જ્ઞાન. આ ત્રણેય કાંડોદ્વારા બ્રહ્મ અને આત્માની એકતા પ્રતિપાદન કરવામાં આવી છે. બધા મન્ત્રો અને મન્ત્રદ્રષ્ટા

ઋષિઓ આ વિષયને ખુલ્લો કરીને નહિ, ગુપ્તભાવે બતાવે છે અને મને પણ આ વાત ગુપ્ત રીતે કહેવાય એ જ ગમે છે. (કારણ કે બધા લોકો આના અધિકારી હોતા નથી. અન્તઃકરણ શુદ્ધ થાય ત્યારે જ આ વાત સમજાય છે) ।।૩૫।।

વેદોનું નામ શબ્દ બ્રહ્મ છે. તે મારી મૂર્તિ-મારું સ્વરૂપ છે તેથી જ તેમનું રહસ્ય સમજવું અત્યન્ત કઠિન છે. તે શબ્દબ્રહ્મ-વેદ-પરા, પશ્યન્તી અને મધ્યમા વાણીના રૂપમાં પ્રાણમય, મનોમય અને ઈન્દ્રિયમય છે. તે સમુદ્રની જેમ સીમારહિત અને ગહન-દુર્ગમ છે. તેનો થાહ (છેડો) પામવો અત્યન્ત મુશ્કેલ છે. (તેથી જ જૈમિની વગેરે મોટા-મોટા વિદ્વાન પણ તેના તાત્પર્યનો બરાબર નિર્ણય કરી શકતા નથી) ।।૩૬।।

હે ઉદ્ધવજી! હું અનંત શક્તિ સમ્પન્ન તેમ જ સ્વયં અનંત બ્રહ્મ છું. વેદ-વાણીનો વિસ્તાર મેં જ કર્યો છે. જેવી રીતે કમલની દાંડીમાં પાતળો તન્તુ હોય છે તે જ રીતે તે વેદવાણી પ્રાણીઓના અંતઃકરણમાં નાદના રૂપમાં પ્રગટ થાય છે ।।૩૭।।

ભગવાન્ હિરણ્યગર્ભ સ્વયં વેદમૂર્તિ અને અમૃતમય છે. તે પ્રાણરૂપ છે અને સ્વયં અનાહત શબ્દદ્વારા જ તેની અભિવ્યક્તિ થઈ છે. જેવી રીતે કરોળિયો પોતાતા હૃદયમાંથી મુખદ્વારા તન્તુ બહાર કાઢે છે અને પછી ગળી જાય છે તેવી જ રીતે તે સ્પર્શ વગેરે વર્ણોના સંકલ્પ કરનાર મનરૂપ નિમિત્ત કારણ દ્વારા જ હૃદયરૂપી આકાશમાંથી અનન્ત અપાર અનેક માર્ગોવાળી વૈખરીરૂપ વેદવાણીને પોતે જ પ્રગટ કરે છે અને પછી તેને પોતાનામાં જ લીન કરી લે છે. તે વાણી હૃદયમાં રહેલ સૂક્ષ્મ ઓંકારદ્વારા અભિવ્યકત સ્પર્શ વ્યંજન ('ક' થી 'મ' સુધી-૨૫); 'અ' વગેરે સોળ સ્વર; **શ, ષ, સ, હ** આ ચાર ઉષ્માક્ષર; **ય, ર, લ, વ** એ ચાર અન્તઃસ્થ આ (૪૯) વર્ણોથી વિભૂષિત છે. તેમાં એવા છન્દ છે જેમાં ઉત્તરોઉત્તર ચાર-ચાર વર્ણ વધતા જાય છે અને તે દ્વારા વિચિત્ર ભાષાના રૂપમાં તે (વેદવાણી) વિસ્તૃત થઈ છે ।।૩૮-૪૦।।

(ચાર-ચાર અધિક અક્ષરોવાળા છન્દોમાંથી કેટલાક આ છે) **'ગાયત્રી'** દરેક પાદ છ અક્ષરનો એવા ચોવીસ અક્ષરવાળો. **'ઉષ્ણિક'** અઠ્ઠાવીસ અક્ષરનો. **'અનુષ્ટુપ્'** બત્રીસ અક્ષરનો. **'બૃહતો'** છત્રીસ અક્ષરનો. **'પંક્તિ'** ચાલીસ અક્ષરનો. **'ત્રિષ્ટુપ્'** ચુમાલીસ અક્ષરનો. **'જગતી'** અડતાલીસ અક્ષરનો. **'અતિચ્છન્દ'** બાવન અક્ષરનો. **'અત્યષ્ટિ'** છપ્પન અક્ષરનો. **'અતિજગતી'**

સાઠ અક્ષરનો અને **'વિરાટ્'** ચોસઠ અક્ષરનો ।।૪૧।।

તે વેદવાણી કર્મકાંડમાં શું વિધાન કરે છે, ઉપાસના કાંડમાં કયા દેવતાઓનું વર્ણન કરે છે અને જ્ઞાનકાંડમાં કઈ પ્રતીતિઓનો અનુવાદ કરી તેમાં અનેક પ્રકારના વિકલ્પ કરે છે આ બાબતો આ સમ્બન્ધમાં શ્રુતિઓના રહસ્યને મારા સિવાય બીજું કોઈ જાણતું નથી ।।૪૨।।

**એતાવાન્ સર્વવેદાર્થઃશબ્દ આસ્થાય માં ભિદામ્।**
**માયામાત્રમનૂદ્યાન્તે પ્રતિષિદ્ધ્ય પ્રસીદતિ ।।૪૩।।**

હું તમને સ્પષ્ટ કહું છું કે કર્મકાંડમાં બધી શ્રુતિઓ મારું જ વિધાન કરે છે. ઉપાસનાકાંડમાં ઉપાસ્ય દેવતાઓના રૂપમાં તેઓ મારું જ વર્ણન કરે છે અને જ્ઞાનકાંડમાં આકાશ વગેરે રૂપથી બીજી વસ્તુઓનો આરોપ મારામાં જ કરી તેમનો નિષેધ કરી દે છે. સમ્પૂર્ણ શ્રુતિઓનું બસ એ જ તાત્પર્ય છે કે તેઓ મારો આશ્રય લઈ મારામાં ભેદનો આરોપ કરે છે, માયા માત્ર કહીને તેનો અનુવાદ કરે છે અને અન્તમાં બધાનો નિષેધ કરી મારામાં જ શાન્ત થઈ જાય છે અને કેવલ અધિષ્ઠાન રૂપે હું જ શેષ રહી જાઉં છું ।।૪૩।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્ય મુક્તિ નામના પ્રકરણનો સોળમો અને ચાલુ) ''કામીઓને દ્રવ્ય અને દેશ થી થતા ગુણદોષ'' નામનો એકવીસમો અધ્યાય સમ્પૂર્ણ.**

**''શ્રીભાગવતમ્ આદરાત્, પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમ્ અદમ્ભતઃ''**
(ફંડફાળા-મૃતકોદ્ધાર-આજીવિકા વગેરે) કોઈ પણ પ્રકારના (લૌકિક-પારલૌકિક સ્વાર્થ-પરાર્થ) હેતુ વિના ભક્તિભાવથી આદરપૂર્વક શ્રીભાગવતનો પાઠ કરવો.

## અધ્યાય ૨૨
## તત્ત્વોની સંખ્યાનો વિરોધ પરિહાર

**વિશેષ :** ઉદ્ધવજીના પૂછવાથી શ્રીકૃષ્ણ ભગવાન્ પુરુષ અને પ્રકૃતિ ના ભેદથી તત્ત્વના વિરોધનો પરિહાર આ બાવીસમા અધ્યાયમાં કહે છે.

**કતિતત્ત્વાનિ વિશ્વેશ સંખ્યાતાન્યૃષિભિઃ પ્રભો ।।**

**નવૈકાદશ પંચ ત્રીણ્યાત્થ ત્વમિતિ શુશ્રુમઃ ।।૧।।**

**ઉદ્ધવજીએ કહ્યું** : હે વિશ્વના ઈશ્વર! ઋષિઓએ તત્ત્વોની સંખ્યા કેટલી બતાવી છે? હે પ્રભો! આપે તો હમણાં (ઓગણીસમા અધ્યાયમાં) નવ, અગિયાર, પાંચ અને ત્રણ અર્થાત્ કુલ અઠ્ઠાવીસ તત્ત્વો ગણાવ્યાં છે એ તો અમે સાંભળી ચૂક્યા ।।૧।।

પણ કેટલાક લોકો છવ્વીસ તત્ત્વો બતાવે છે તો કોઈ પચીસ, કોઈ સાત, નવ અથવા છ તત્ત્વો માને છે. કોઈ ચાર, તો કોઈ વળી અગિયાર બતાવે છે ।।૨।।

તે જ પ્રમાણે કોઈ-કોઈ ઋષિમુનિઓના મતે તેમની સંખ્યા સત્તર છે; કોઈ સોળ અને કોઈ તેર બતાવે છે. હે શ્રીકૃષ્ણ! આપ સનાતન નિત્યમૂર્તિ અર્થાત્ સર્વકાલમાં બિરાજમાન હોવાથી આ બધા જુદા-જુદા મતોનો અભિપ્રાય આપ જ જાણી શકો તો તે કૃપા કરી અમને બતાવો ।।૩।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે ઉદ્ધવજી! વેદજ્ઞ બ્રાહ્મણો આ બાબતમાં જે કંઈ કહે છે તે બધું સાચું છે; કારણ કે બધાં તત્ત્વો બધાંમાં અન્તર્ભૂત છે. મારી માયાનો સ્વીકાર કરી શું ન કહી શકાય? શું કહેવું અશક્ય છે? ।।૪।।

''તમે જે કહો છો તે બરાબર નથી. હું જે કહું છું તે જ સાચું છે'', આ પ્રમાણે જગતના કારણના સમ્બન્ધમાં વિવાદ એટલામાટે થાય છે કે મારી શક્તિઓ-સત્ત્વ, રજ વગેરે ગુણો અને તેમની વૃત્તિઓનું રહસ્ય લોકો સમજી શકતા નથી તેથી તેઓ પોત-પોતાના મતનો હઠાગ્રહ પકડી રાખે છે ।।૫।।

સત્ત્વ વગેરે ગુણોના ક્ષોભથી જ આ વિવિધ કલ્પનારૂપ પ્રપંચ જે વસ્તુ નથી માત્ર નામ છે ઊભો થયો છે એ જ વાદ-વિવાદ કરનારાઓના વિવાદનો વિષય છે. જ્યારે ઇન્દ્રિયો પોતાને વશ થઈ જાય છે તથા ચિત્ત શાન્ત થઈ જાય છે ત્યારે આ પ્રપંચ પણ નિવૃત્ત થઈ જાય છે અને તે નિવૃત્ત થતાં જ બધા વાદવિવાદ પણ મટી જાય છે ।।૬।।

હે પુરુષ શિરોમણિ! તત્ત્વોનો એકબીજામાં અન્તર્ભાવ થાય છે તેથી વકતા તત્ત્વોની જેટલી સંખ્યા બતાવવા માગે છે તે પ્રમાણે કારણને કાર્યમાં અથવા કાર્યને કારણમાં સમાવી દઈ પોતે ધારેલી સંખ્યા સિદ્ધ કરી લે છે ।।૭।।

એવું જોવામાં આવે છે કે એકજ તત્ત્વમાં બીજાં ઘણાં તત્ત્વોનો અન્તર્ભાવ(સમાવેશ)થઈ જાય છે. કયારેક ઘડો-વસ્ત્રવગેરે કાર્ય વસ્તુઓનો તેમના

કારણ માટી-સૂતર વગેરેમાં તો ક્યારેક માટી-સૂતર વગેરેનો ઘડો-વસ્ત્ર વગેરે કાર્યમાં સમાવેશ થઈ જાય છે ।।૮।।

તેથી વાદી-પ્રતિવાદીમાંથી જેની વાણીએ જે કાર્યને જે કારણ અથવા જે કારણને જે કાર્યમાં અન્તર્ભૂત કરી તત્ત્વોની જેટલી સંખ્યા સ્વીકાર કરી છે તે આપણે સ્વીકાર કરીએ જ છીએ; કારણ કે તેમનું તે ઉપપાદન (સિદ્ધ કરવાની ક્રિયા) યુક્તિ સંગત જ છે ।।૯।।

હે ઉદ્ધવજી! જે લોકોએ તત્ત્વોની સંખ્યા છવ્વીસ સ્વીકારી છે તેઓ એમ કહે છે કે જીવ અનાદિ કાલથી અવિદ્યાથી ગ્રસ્ત થઈ રહ્યો છે તે પોતે પોતાને જાણી ન શકે. તેને આત્મ જ્ઞાન કરાવવામાટે કોઈ અન્ય સર્વજ્ઞની જરૂર છે. (તેથી પ્રકૃતિના કાર્યકારણરૂપ ચોવીસ તત્ત્વ, પચીસમો પુરુષ અને છવ્વીસમા ઈશ્વર-આ પ્રમાણે કુલ છવ્વીસ તત્ત્વોનો સ્વીકાર કરવો જોઈએ) ।।૧૦।।

પચીસ તત્ત્વ માનવાવાળા કહે છે કે આ શરીરમાં જીવ અને ઈશ્વર માં અણુ જેટલું પણ અન્તર યા ભેદ નથી તેથી તેમનામાં ભેદની કલ્પના નિરર્થક છે. જ્ઞાનની વાત વિચારીએ તો એ તો સત્વાત્મક પ્રકૃતિનો ગુણ છે તેથી તે પ્રકૃતિમાં આવી જાય તેથી તે જુદું તત્ત્વ ન ગણાય ।।૧૧।।

(ત્યાં શંકા થાય કે જ્ઞાન તો જીવનો ધર્મ છે તેથી તેનો પ્રકૃતિમાં અન્તર્ભાવ કેમ સમ્ભવે? તો સમાધાન કરે છે કે) ત્રણ ગુણની સામ્ય અવસ્થાનું નામ પ્રકૃતિ; અર્થાત્ એ ગુણો-સત્ત્વ, રજસ્, તમસ્ પ્રકૃતિના છે, ચેતનના નહિ. આ ત્રણ ગુણોદ્વારા જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય થયા કરે છે તેથી જ્ઞાન આત્માનો ગુણ નહિ, પ્રકૃતિનો જ ગુણ સિદ્ધ થાય છે ।।૧૨।।

આ પ્રસંગમાં સત્ત્વગુણ જ જ્ઞાન છે, રજોગુણ જ કર્મ છે અને તમોગુણને જ અજ્ઞાન કહેવામાં આવ્યું છે. ગુણોમાં ખળભળાટ ઉત્પન્ન કરવાવાળા ઈશ્વર જ કાલ છે અને સૂત્ર અર્થાત્ મહત્તત્ત્વ જ સ્વભાવ છે (તેથી પચીસ અને છવ્વીસ તત્ત્વોની બન્નેય સંખ્યા યુક્તિસંગત છે. સૂત્ર એ મહત્તત્ત્વમાં રહેલી ક્રિયા શકિત છે તેથી તે બધાંનો પ્રકૃતિમાં સમાવેશ થતાં તત્ત્વોની સંખ્યા વધવા પામતી નથી) ।।૧૩।।

હે ઉદ્ધવજી! (જો ત્રણ ગુણોને પ્રકૃતિથી જુદા માની લેવામાં આવે અને તેમની ઉત્પત્તિ અને પ્રલય ને જોતાં માનવા જઈએ તો તત્ત્વોની સંખ્યા આપો આપ અઠ્ઠાવીસ થઈ જાય છે. એ ત્રણ સિવાયનાં પચીસ આ પ્રમાણે છેઃ-) પુરુષ, પ્રકૃતિ,

મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી આ નવ તત્ત્વ હું પહેલાં જ ગણાવી ગયો છું ।।૧૪।।

શ્રોત્ર (કાન), ત્વચા, ચક્ષુ, નાસિકા અને રસના (જીહ્‌વા) આ પાંચ જ્ઞાનેન્દ્રિયો; વાણી, પાણિ (હાથ), પાદ (પગ), પાયુ (ગુદા) અને ઉપસ્થ (ગુહ્યેન્દ્રિય) આ પાંચ કર્મેન્દ્રિયો તથા મન જે કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય બન્નેય છે. આ પ્રમાણે કુલ અગિયાર ઈન્દ્રિયો તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ આ જ્ઞાનેન્દ્રિયોના પાંચ વિષય. આ પ્રમાણે ત્રણ, નવ, અગિયાર અને પાંચ બધાં મળીને અઠ્ઠાવીસ તત્ત્વ થાય છે. કર્મેન્દ્રિયોદ્વારા થતાં પાંચ કર્મ ચાલવું, બોલવું, મલત્યાગ, પેશાબ કરવો અને કામ કરવું આમનાથી તત્ત્વોની સંખ્યા વધતી નથી. આમને કર્મેન્દ્રિય સ્વરૂપ જ માનવાં જોઈએ ।।૧૫-૧૬।।

સૃષ્ટિના આરમ્ભમાં કાર્ય (અગિયાર ઈન્દ્રિયો અને પંચભૂત) અને કારણ (મહત્તત્ત્વ વગેરે સાત) ના રૂપમાં પ્રકૃતિ જ રહે છે. તે જ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ ની સહાયતાથી જગતની સ્થિતિ, ઉત્પત્તિ અને સંહાર સમ્બન્ધી અવસ્થાઓ ધારણ કરે છે. અવ્યકત પુરુષ તો પ્રકૃતિ અને તેની અવસ્થાઓના કેવલ સાક્ષીરૂપે જ રહે છે ।।૧૭।।

(તત્ત્વોએ આરમ્ભેલા કાર્યનો એ પ્રકૃતિમાં અન્તર્ભાવ થાય છે તે કહે છે કે) મહત્તત્ત્વ વગેરે કારણ ધાતુઓ (તત્ત્વો) વિકારને પ્રાપ્ત થતા પુરુષના ઈક્ષણથી શક્તિ પ્રાપ્ત કરી પરસ્પર ભળી જાય છે અને પ્રકૃતિનો આશ્રય લઈ તેના જ બલથી બ્રહ્માંડની સૃષ્ટિ કરે છે ।।૧૮।।

હે ઉદ્ધવજી! જે લોકો તત્ત્વોની સંખ્યા સાત સ્વીકારે છે તેમના વિચારથી આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી એ પાંચ ભૂત છઠ્ઠો જીવ અને સાતમા પરમાત્મા જે સાક્ષી જીવ અને સાક્ષ્ય જગત્ બન્નેનું અધિષ્ઠાન છે એજ તત્ત્વ છે. દેહ, ઈન્દ્રિય અને પ્રાણ આદિની ઉત્પત્તિ તો પંચભૂતોથીજ થઈ છે(તેથી તેઓ તેમને અલગ ગણતા નથી) ।।૧૯।।

જે લોકો માત્ર છ તત્ત્વો સ્વીકારે છે તેઓ કહે છેકે પાંચ ભૂત છે અને છઠ્ઠા પરમપુરુષ પરમાત્મા છે. તે પરમાત્મા પોતે બનાવેલ પંચભૂતોથી યુકત થઈ દેહ વગેરેની સૃષ્ટિ કરે છે અને તેમાં જીવરૂપથી પ્રવેશ કરે છે. (આ મત પ્રમાણે જીવનો પરમાત્મામાં અને શરીર વગેરેનો પંચભૂતોમાં સમાવેશ થઈ જાય છે) ।।૨૦।।

જે લોકો કારણના રૂપમાં ચાર જ તત્ત્વોનો સ્વીકાર કરે છે તેઓ કહે છે કે આત્મામાંથી તેજ, જલ અને પૃથ્વી ની ઉત્પત્તિ થઈ છે અને જગતમાં જેટલા પદાર્થ છે તે બધાં આમાંથી જ ઉત્પન્ન થાય છે. તેઓ બધાં કાર્યોનો આમાં જ સમાવેશ કરી લે છે ।।૨૧।।

જે લોકો તત્ત્વોની સંખ્યા સત્તર બતાવે છે. તેઓ આ પ્રમાણે ગણતરી કરે છે પાંચ ભૂત, પાંચ તન્માત્રા, પાંચ જ્ઞાનેન્દ્રિયો એક મન અને એક આત્મા ।।૨૨।।

જે લોકો તત્ત્વોની સંખ્યા સોળ બતાવે છે તેમની ગણતરી પણ આ જ પ્રમાણે છે. ફરક માત્ર એટલો જ છે કે તેઓ આત્મામાં મનનો પણ સમાવેશ કરી લે છે અને આ પ્રમાણે તેમની તત્ત્વસંખ્યા સોળ થઈને રહે છે. જે લોકો તેર તત્ત્વો માને છે તેઓ કહે છે કે આકાશ વગેરે પાંચ ભૂત, શ્રોત્ર આદિ પાંચ જ્ઞાનેન્દ્રિય, એક મન, એક જીવાત્મા અને પરમાત્મા આ તેર તત્ત્વ છે ।।૨૩।।

અગિયાર તત્ત્વો માનનારાઓએ પાંચ ભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને તે ઉપરાન્ત એક આત્માનો સ્વીકાર કર્યો છે. જે લોકો નવ તત્ત્વ માને છે તેઓ આકાશ આદિ પાંચ ભૂત અને મન, બુદ્ધિ, અહંકાર આ આઠ પ્રકૃતિઓ અને નવમો પુરુષ આમને જ તત્ત્વ માને છે ।।૨૪।।

હે ઉદ્ધવજી! આ પ્રમાણે ઋષિમુનિઓએ ભિન્ન-ભિન્ન પ્રકારથી તત્ત્વોની ગણતરી કરી છે. બધાનું કહેવું ઉચિત જ છે કારણ કે બધાની સંખ્યા યુક્તિયુકત છે. જે લોકો તત્ત્વજ્ઞાની છે તેમને કોઈ પણ મતમાં ખરાબ પણું દેખાતું નથી. એમનામાટે તો બધું બરાબર જ છે ।।૨૫।।

**ઉદ્ધવજીએ કહ્યું** : હે શ્યામ સુન્દર! જો કે સ્વરૂપથી પ્રકૃતિ અને પુરુષ બન્ને એકબીજાથી તદ્દન જાુદાં છે, તો પણ તેઓ આપસમાં એટલાં બધાં હળી-મળી ગયાં છે કે સાધારણ રીતે તેમનો ભેદ જણાતો નથી. પ્રકૃતિમાં પુરુષ અને પુરુષમાં પ્રકૃતિ અભિન્ન જેવાં-એકરૂપ. જેવાં દેખાય છે. તેઓ જાુદાં છે એમ સ્પષ્ટ કેવી રીતે થાય? ।।૨૬।।

હે કમલનયન શ્રીકૃષ્ણ! એમની ભિન્નતા અને અભિન્નતાની બાબતમાં મારા મનમાં બહુ મોટો સન્દેહ છે. આપ તો સર્વજ્ઞ છો, આપની યુક્તિયુકત વાણીથી મારા સન્દેહ આપ કૃપા કરીને દૂર કરો ।।૨૭।।

હે ભગવન્! જીવોને આપની કૃપાથી જ જ્ઞાન થાય છે અને આપની માયા

શક્તિથી જ તેમના જ્ઞાનનો નાશ પણ થાય છે. આપની આત્મસ્વરૂપિણી માયાની વિચિત્ર ગતિ આપ જ જાણો છો, બીજાં કોઈ જાણતું નથી. તેથી મારો સન્દેહ દૂર કરવા આપ જ સમર્થ છો ।।૨૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પુરુષશ્રેષ્ઠ ઉદ્ધવજી! પ્રકૃતિ અને પુરુષ શરીર અને આત્મા આ બન્નેમાં ઘણો તફાવત છે. આ પ્રાકૃત જગતની સાથે જન્મ અને મરણ, વધવું અને ઘટવું વગેરે વિકાર જડાયેલા જ છે. તેનું કારણ એ છે કે તે ગુણોના ક્ષોભ-અન્યોન્યના મિશ્રણથી જ બનેલ છે ।।૨૯।।

હે પ્રિય મિત્ર! મારી માયા ત્રિગુણાત્મિકા છે. તે જ પોતાના સત્ત્વ, રજ અને તમોગુણો થી અનેક પ્રકારની ભેદવૃત્તિઓ પેદા કરી દે છે. જો કે તેનો વિસ્તાર અપાર છે, છતાં આ વિકારાત્મક સૃષ્ટિને ત્રણ ભાગમાં વહેંચી શકાય. એ ત્રણ ભાગ-અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત છે ।।૩૦।।

દાખલા તરીકે 'નેત્ર ઇન્દ્રિય' અધ્યાત્મ છે તેનો વિષય 'રૂપ' અધિભૂત છે અને નેત્રગોલકમાં સ્થિત 'સૂર્ય દેવતાનો અંશ' અધિદૈવ છે. આ ત્રણેય પરસ્પર એકબીજાના આશ્રયથી સિદ્ધ થાય છે અને તેથી અધિભૂત અધ્યાત્મ અને અધિદૈવ આ ત્રણેય પરસ્પર સાપેક્ષ છે તેમને એકબીજાની અપેક્ષા રહે છે, પરન્તુ આકાશમાં સ્થિત સૂર્યમંડલ આ ત્રણેયની અપેક્ષાથી મુકત છે, કારણ કે તે સ્વતઃ સિદ્ધ છે. એ જ પ્રમાણે આત્મા પણ ઉપર્યુકત ત્રણેય ભેદોનું મૂલ કારણ તેમનો સાક્ષી અને તેમનાથી પર છે. તે જ પોતાના સ્વયં સિદ્ધ પ્રકાશથી તમામ સિદ્ધ પદાર્થોની મૂલ સિદ્ધિ છે. તે દ્વારા જ બધાનો પ્રકાશ થાય છે. જેવી રીતે ચક્ષુના ત્રણ ભેદ બતાવવામાં આવ્યા તે જ પ્રમાણે ત્વચા, શ્રોત્ર, જિહ્વા, નાસિકા અને ચિત્ત વગેરેના પણ ત્રણ ભેદ છે. જેમકે ત્વચા, સ્પર્શ અને વાયુ; શ્રવણ, શબ્દ અને દિશા; જિહ્વા રસ અને વરુણ; નાસિકા ગન્ધ અને અશ્વિનીકુમાર; ચિત્ત, ચિન્તનનો વિષય (ચૈતન્ય) અને વાસુદેવ; મન, મનનો વિષય અને ચન્દ્રમા; અહંકાર, અહંકારનો વિષય અને રુદ્ર; બુદ્ધિ, સમજવાનો વિષય અને બ્રહ્મા આ બધા ત્રિવિધ તત્ત્વોની સાથે આત્માનો કોઈ સંબંધનથી ।।૩૧।।

પ્રકૃતિથી મહત્તત્ત્વ બને છે અને મહત્તત્ત્વથી અહંકાર બને છે. આ પ્રમાણે આ અહંકાર ગુણોના ક્ષોભથી ઉત્પન્ન થયેલ પ્રકૃતિનો જ એક વિકાર છે. અહંકારના ત્રણ ભેદ છે-સાત્ત્વિક, રાજસ અને તામસ. આ અહંકાર જ અજ્ઞાન અને સૃષ્ટિની

વિવિધતાનું મૂલ કારણ છે ।।૩૨।।

આત્મા જ્ઞાન સ્વરૂપ છે; તેનો આ પદાર્થો સાથે કંઈ સમ્બન્ધ નથી એ નિર્વિવાદ વાત છે પણ અસ્તિ-નાસ્તિ (છે-નથી), સગુણ-નિર્ગુણ, ભાવ-અભાવ, સત્ય-મિથ્યા વગેરે જેટલા વાદ-વિવાદ છે તે બધાનું મૂલ કારણ ભેદદૃષ્ટિ જ છે. આ વિવાદનું કોઈ પ્રયોજન નથી એ બાબતમાં કોઈ શંકા જ નથી તે તદ્દન વ્યર્થ છે; તો પણ જે લોકો મારાથી-મારા વાસ્તવિક સ્વરૂપથી વિમુખ છે તેઓ આ વિવાદમાંથી મુક્ત થઈ શકતા નથી ।।૩૩।।

**ઉદ્ધવજીએ પૂછ્યું** : હે ભગવન્! આપથી વિમુખ જીવ પોતે કરેલ પુણ્ય-પાપના ફલ સ્વરૂપે ઉંચી-નીચી યોનિઓમાં જન્મે છે અને મરે છે. અહીં પ્રશ્ન એ થાય છે કે વ્યાપક આત્માનું એક શરીરમાંથી બીજા શરીરમાં જવું, અકર્તા કર્મ કરે અને નિત્ય વસ્તુનાં જન્મ મરણ કેવી રીતે સમ્ભવે? ।।૩૪।।

હે ગોવિન્દ! જે લોકોને આત્મજ્ઞાન નથી તેઓ તો આ વિષય વિષે બરાબર વિચાર પણ ન કરી શકે અને આ વિષયના વિદ્વાન સંસારમાં પ્રાયઃ મળતા નથી કારણ કે બધા લોકો આપની માયાની ભુલ-ભુલામણીમાં અટવાયેલા છે. તેથી કૃપા કરીને આપ જ મને આનું રહસ્ય સમજાવો ।।૩૫।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવજી! મનુષ્યોનું મન કર્મ-સંસ્કારોનો પુંજ છે. તે સંસ્કારો અનુસાર ભોગ પ્રાપ્ત કરવામાટે તેની સાથે પંચભૂત, પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો પણ લાગેલાં છે. તેનું જ નામ લિંગ શરીર છે. તે જ કર્મો પ્રમાણે એક શરીરમાંથી બીજા શરીરમાં, એક લોકથી બીજા લોકમાં આવતું જતું રહે છે. આત્મા આ લિંગ શરીરથી તદ્દન પૃથક્ છે. તે આવતો કે જતો નથી; પરન્તુ જ્યારે તે પોતાને લિંગ શરીર જ સમજી બેસે છે. તેમાં જ અહંકાર કરે છે, ત્યારે તેને પણ પોતાનું આવવું-જવું પ્રતીત થવા લાગે છે ।।૩૬।।

મન કર્મોને અધીન છે. તે દેખેલા કે સાંભળેલા વિષયોનું ચિન્તન કરવા લાગે છે અને ક્ષણવારમાં જ તેમની સાથે તદાકાર થઈ જાય છે તથા તે જ પૂર્વે ચીન્તવેલા વિષયોમાં લીન થઈ જાય છે. ધીરે-ધીરે તેની સ્મૃતિ, પૂર્વાપરનું અનુસંધાન નષ્ટ થઈ જાય છે ।।૩૭।।

દેવાદિ શરીરોમાં તેની એટલી આસક્તિ એટલી તલ્લીનતા થઈ જાય છે કે જીવને પોતાના પહેલાંના શરીરનું સ્મરણ પણ રહેતું નથી. કોઈ પણ કારણથી શરીરને સર્વથા

ભૂલી જવું તે જ મૃત્યુ છે ।।૩૮।।

હે ઉદાર ઉદ્ધવજી! જેવી રીતે સ્વપ્ન સમયના અને મનોરથ સમયના શરીરમાં અભિમાન કરવું એ જ સ્વપન કે મનોરથ કહેવાય છે તેવી જ રીતે આ જીવ કોઈ પણ શરીરને અભેદ ભાવથી 'હું' ના સ્વરૂપમાં સ્વીકાર કરી લે છે ત્યારે તે જ 'જન્મ' કહેવાય છે ।।૩૯।।

આ જીવ સ્વપનમાં રાજા થાય છે ત્યારે હું ગરીબ બ્રાહ્મણ છું એવું પૂર્વ દેહનું સ્મરણ એને થતું નથી પણ હું રાજા છું એવો જ એનો ભાવ થાય છે. એવી રીતે કર્મના યોગથી મનવડે યાદ કરેલ દેહમાં હું આત્મા છું એવો ભાવ થવાથી આત્મા પૂર્વાદિ દેહનું સ્મરણ ન કરતાં પોતે સ્વપન દેહની પેઠે એમાં જ અભિનિવિષ્ટ રહે છે. તેથી સ્વયં નિત્ય છતાં પૂર્વવૃત્તને ભૂલી પોતે દેહના જન્મને પોતાનો જન્મ માને છે ।।૪૦।।

જેમ માણસ સ્વપનમાં બહુ દુષ્ટ છોકરાઓને ઉત્પન્ન કરે છે તેમાં મારાપણાના અભિમાનથી બહાર અને અંદર વિષયોનો અનુભવ કરે છે તેમ ઈન્દ્રિયોના આશ્રયરૂપ શરીરની ઉત્પત્તિને લઈને પરમાર્થ રૂપ આત્મામાં પણ દેહ, ઈન્દ્રિય અને અન્તઃકરણ રૂપ ત્રણ પ્રકારના ભાવ ઉત્પન્ન થાય છે. એ શરીરના અભિમાનવડે જ આત્મા અંદર અને બહારના ભેદવાળો થાય છે એને લીધે શબ્દાદિ વિષયોને અને આન્તર સુખાદિને એ ભોગવે છે ।।૪૧।।

હે પ્રિય ઉદ્ધવજી! કાલની ગતિ સૂક્ષ્મ છે. સાધારણ રીતે તે દેખી શકાતી નથી. તે દ્વારા ક્ષણે-ક્ષણે શરીરોની ઉત્પત્તિ અને નાશ થતાં રહે છે. સૂક્ષ્મ હોવાથી જ પળે-પળે થતાં જન્મ-મરણ દેખાતાં નથી ।।૪૨।।

જેવી રીતે કાલના પ્રભાવથી દીવાની જ્યોતિ, નદીઓનો પ્રવાહ અથવા વૃક્ષના ફલોની ખાસ-ખાસ અવસ્થાઓ બદલાતી રહે છે તેવી જ રીતે તમામ પ્રાણીઓનું શરીરનું આયુષ્ય, અવસ્થા વગેરે પણ બદલાતાં રહે છે ।।૪૩।।

જેવી રીતે આ તે જ જ્યોતિઓનો તે જ દીપક છે, પ્રવાહનું આ તે જ જલ છે એમ સમજવું અને કહેવું ખોટું છે તેવી જ રીતે વિષય ચિન્તનમાં વ્યર્થ આયુષ્ય વિતાવવાવાળા અવિવેકી પુરુષોનું આ તે જ પુરુષ છે એમ કહેવું અને સમજવું બિલકુલ ખોટું છે ।।૪૪।।

(તેથી જીવમાં જન્મ મરણનો વ્યવહાર ભ્રાન્તિથી છે, વસ્તુતાથી નથી. એ જ

બતાવે છે) જેમ મહાભૂતરૂપ અગ્નિ સૃષ્ટિના આરમ્ભથી પ્રલય સુધી છે છતાં એ કાષ્ઠના યોગથી વ્યવહાર ગોચર થાય છે, કાષ્ઠના વિયોગથી દેખાતો નથી તેમજ આત્માને કર્મભૂત બીજથી આ દેહ થાય છે એમ નથી પણ એને દેહનો અધ્યાસ થાય છે ત્યારે એ અજન્મા છતાં જન્મ લેતો હોય એમ માને છે, મરતો નથી છતાં મરણ ધર્મવાળો પોતાને માને છે ।।૪૫।।

(એની અવસ્થાઓને કહે છે). હે ઉદ્ધવજી! ૧. ગર્ભાધાન ૨. ગર્ભવૃદ્ધિ ૩. જન્મ ૪. બાલ્યાવસ્થા (પાંચ વર્ષ સુધી) ૫. કુમાર અવસ્થા (છ થી પંદરવર્ષ સુધી) ૬. યુવાવસ્થા (સોળથી પિસતાલીસ વર્ષ સુધી) ૭. આધેડ અવસ્થા (છેતાલીસથી સાઠ વર્ષ સુધી) ૮. વૃદ્ધાવસ્થા (સાઠ વર્ષ પછી) અને ૯. મૃત્યુ આ નવ અવસ્થા શરીરનીજ છે ।।૪૬।।

આ શરીર જીવથી જુદું છે અને આ ઊંચી-નીચી અવસ્થાઓ તેના મનોરથ પ્રમાણે જ છે, પરન્તુ તે અજ્ઞાનથી ગુણોના સંગથી તેમને પોતાની માની લઈ ભટકવા માંડે છે અને ક્યારેક-ક્યારેક વિવેક થઈ જતાં તેમને છોડી પણ દે છે ।।૪૭।।

પિતાએ પુત્રના જન્મથી અને પુત્રે પિતાના મૃત્યુથી પોત-પોતાના જન્મમરણનું અનુમાન કરી લેવું જોઈએ.(પિતાનો અગ્નિ સંસ્કાર કરતી વખતે પુત્ર પ્રત્યક્ષ જુએ છે કે આ મારા પિતાનું મૃત્યુ થયું તેમ મારું પણ થશે. પોતાને ત્યાં પુત્રજન્મ થાય ત્યારે જાતકર્મ સંસ્કાર કરતી વખતે પિતા જુએ છે કે આ પુત્રનો જન્મ થયો એમ મારો પણ થયો હશે) જન્મ-મૃત્યુવાળા દેહોના દ્રષ્ટા જન્મ-મૃત્યુયુકત શરીરનથી ।।૪૮।।

જેવી રીતે જવ, ઘં વગેરે ખેતરમાં વાવવાથી ઊગી નીકળે છે અને પાકી જતાં લણી લેવામાં આવે છે પરન્તુ જે પુરુષ તેમના ઊગવા અને લણવાનું જાણનારો સાક્ષી છે તે-તે બન્નેથી તદ્દન પૃથક્ છે તેવી જ રીતે શરીર અને તેની અવસ્થાઓનો જે સાક્ષી છે તે શરીરથી બિલકુલ જાુદો છે. આ સમજનાર બન્નેથી બંધાતો નથી ।।૪૯।।

અજ્ઞાની પુરુષ આ પ્રમાણે આત્મા એ પ્રકૃતિ અને શરીરથી જાુદો છે એમ સમજતો નથી. તે તેમનાથી તાત્વિક દષ્ટિથી જાુદો છે એમ તે અજ્ઞાની અનુભવ કરતો નથી અને વિષયભોગોમાં સાચું સુખ માનીને તેમાં જ મોહિત થઈ જાય છે. તેથી જ તેને જન્મ-મરણરૂપ સંસારમાં ભટકવું પડે છે ।।૫૦।।

જ્યારે અવિવેકી જીવ પોતાનાં કર્મો પ્રમાણે જન્મમૃત્યુના ચક્કરમાં ભટકવા લાગે છે, ત્યારે સાત્ત્વિક કર્મોની આસક્તિથી તે ઋષિલોક અને દેવલોકમાં, રાજસિક કર્મોની આસક્તિથી મનુષ્ય અને અસુર યોનિઓમાં તથા તામસિક કર્મોની આસક્તિથી ભૂત-પ્રેત અને પશુ પક્ષી વગેરે યોનિઓમાં જાય છે ।।૫૧।।

(આત્મા તો ચેષ્ટારહિત છે એમ આપે કહ્યું એને ભ્રમણ કેમ થાય છે? એના ત્તરમાં કહેવાનું કે) જેમ કોઈને નાચતાં અને ગાતાં જોનાર પુરુષને નાચવા અને ગાન કરવાનું મન થતાં એ શૃંગારાદિ રસનું અનુકરણ કરે છે તેમ આત્મા નિષ્ક્રિય છે છતાં બુદ્ધિએ આપેલા દેહની ચેષ્ટાને જોઈને એમાં પોતે પોતાપણાનો અધ્યાસ કરીને દેહનું અનુકરણ કરે છે ।।૫૨।।

(આથી દશ્યનો ધર્મ દ્રષ્ટામાં દેખાય છે એ વાત કહી હવે પાધિના ધર્મો પહિતમાં દેખાય છે એ દષ્ટાન્તથી બતાવે છે). જેવી રીતે નદીના જલના ંચચલ થવાથી તેમાં પ્રતિબિમ્બિત થયેલાં વૃક્ષો પણ ચાલતાં હોય એમ દેખાય છે તેમ દેહ આદિમાં આત્માનો અધ્યાસ થવાથી તેના કર્તાપણાના ધર્મ આત્મામાં જોવામાં આવે છે. ફેરફૂદડી ફરનારને નેત્ર ફરવાથી પૃથ્વી ફરતી હોય એમ જણાય છે તેમ વિષયગ્રાહક મનવડે કલ્પિત વિષય સ્ત્રી વગેરેમાં લાવણ્ય આદિ ગુણો દેખાય છે. ખરી રીતે એ ગુણો વિષયના નથી પણ ભગવાન્‌ના છે ।।૫૩।।

(ભોગ મિથ્યા છે એ સમજાવવા બે દષ્ટાન્તો આપે છે). જેવી રીતે મનમાં વિચારેલા તથા સ્વપનમાં જોયેલા ભોગ પદાર્થ સર્વથા મિથ્યા જ હોય છે તેવી જ રીતે હે દાશાર્હ! આત્માએ વિષયોનો અનુભવ કરવારૂપી સંસાર પણ સર્વથા અસત્ય છે. આત્મા તો નિત્ય શુદ્ધ, બુદ્ધ, મુકત જ છે ।।૫૪।।

જેવી રીતે સ્વપનમાં દેખાયેલા વાઘનો ડર, જ્યાં સુધી સ્વપન ચાલુ હોય ત્યાં સુધી સાચો હોય તેવું લાગે છે અને સ્વપન તૂટતાં જ તે ડર દૂર થાય છે તેવી જ રીતે વિષયો સત્ય ન હોવા છતાં પણ જે જીવ વિષયોનું જ ચિન્તન કરતો રહે છે તેનો જન્મ-મરણરૂપી સંસાર ક્યારેય નિવૃત્ત થતો નથી ।।૫૫।।

(ત્યાં શંકા થાય કે ભોગ તો સુખના સાધનરૂપ છે તેને કેમ છોડાય? એના ત્તરમાં કહેવાનું કે) સુખ-દુઃખ એ કેવળ ભ્રમ છે કેમકે એ દેહમાં આત્માના અધ્યાસથી જ દેખાય છે, વસ્તુતઃ એ સુખ-દુઃખ વગેરે અન્તઃકરણના ધર્મ છે, આત્માના નથી ।।૫૬।।

(સંસારનિવૃત્તિના હજારો પાયોમાં પરમેશ્વરમાં ચિત્તને સ્થિર કરવારૂપ પાય શ્રેષ્ઠ છે તે જ કહે છે કે) દુષ્ટ પુરુષો અપમાન કરે, વાણીથી તિરસ્કાર કરે, હાંસી કરે, નિન્દા કરે, મારપીટ કરે, બાંધે, આજીવિકા છીનવી લે, પર થૂંકે-પેશાબ કરે અથવા પ્રભુ પ્રત્યેની નિષ્ઠા ડગાવી દેવા અનેક ત્રાસ આપે; તેમના કોઈપણ જાુલમથી ક્ષુબ્ધ ન થવું જોઈએ; કારણ કે તેઓ તો બિચારા અજ્ઞાની છે તેમને પરમાર્થનો તો પત્તોજ નથી. તેથી જેપોતાનું કલ્યાણ કરવા માગે છે તેણે પોતાની વિવેકબુદ્ધિથી ધીરજ રાખી કષ્ટને સહન કરવું, ભગવાન્‌માં સ્થિર થયેલ મનને એમાંથી ચચલ ન કરવું અને પોતાની જાતને બચાવી લેવી. વસ્તુતઃ આત્માદષ્ટિ જ સમસ્ત વિપત્તિઓથી બચવાનું એકમાત્ર સાધન છે ।।૫૭-૫૮।।

**ઉદ્ધવજીએ કહ્યું :** હે ભગવન્! આપ સમસ્ત વકતાઓના શિરોમણિ છો. આ દુર્જનોએ કરેલ તિરસ્કારને હું મારા મનમાં અત્યન્ત અસહ્ય સમજાું છું. તેથી હું જેવી રીતે તે સમજી શકું, આપનો પદેશ જીવનમાં તારી શકુ તેવી રીતે આપ કૃપા કરીને મને સમજાવો ।।૫૯।।

**વિદુષામપિ વિશ્વાત્મન્ પ્રકૃતિર્હિ બલીયસી ।।**
**ઋતેત્વદ્ધર્મનિરતાન્ શાન્તાંસ્તે ચરણાશ્રયાન્ ।।૬૦।।**

હે વિશ્વાત્મા! જે આપના ભાગવત ધર્મના આચરણમાં પ્રેમપૂર્વક લાગેલા છે, જેઓએ આપના ચરણકમલોનો જ આશ્રય લઈ લીધો છે તે શાન્ત પુરુષો સિવાય મોટા-મોટા વિદ્વાનોમાટે પણ દુષ્ટોદ્વારા કરવામાં આવેલ તિરસ્કાર સહન કરવો અત્યન્ત મુશ્કેલ છે, કારણ કે સ્વભાવ બહુ જ બળવાન હોય છે તે બદલવો ખૂબ જ મુશ્કેલ છે ।।૬૦।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા 'સાયુજ્યમુક્તિ' પ્રકરણનો સત્તરમો અને ચાલુ) ''તત્ત્વોની સંખ્યાનો વિરોધ પરિહાર'' નામનો ૨૨મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**તમારું વાંચન ક્યાંક એકડા વગરના મીંડા જેવું તો નથી!!!**
સત્સંગ-મંડળમાં હોય, ભગવદ્વાર્તામાં હોય કે વ્યક્તિગત હોય
ષોડશગ્રન્થ વિનાનું વાંચન એકડા વગરના મીંડા સમાન જાણવું.

# અધ્યાય ૨૩

## મનને જીતીને લોકોના તિરસ્કારને સહન કરવો

**વિશેષ :** તિરસ્કાર સહન કરવો એમાં મનનો જય કારણરૂપ છે એના દૃષ્ટાન્તમાં ભિક્ષુગીતને આ ત્રેવીસમા અધ્યાયમાં કહે છે.

**સ એવમાશંસિત ઉદ્ધવેન ભાગવતમુખ્યેન દાશાર્હર્ષભેણ ।।**
**સભાજયન્ ભૃત્યવચો મુકુન્દઃ તમાબભાષે શ્રવણીયવીર્યઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે પરીક્ષિત! વાસ્તવમાં શ્રવણ કરવા યોગ્ય કંઈ હોય તો તે ભગવાન્‌ની લીલા-કથા જ છે. શ્રીકૃષ્ણ ભગવાન જ પ્રેમ અને મુક્તિ ના દાતા છે. જ્યારે આપના પરમપ્રેમી ભકત ઉદ્ધવજીએ આ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે યદુવંશ વિભૂષણ શ્રીભગવાને એમના પ્રશ્નની પ્રશંસા કરી તેમને નીચે પ્રમાણે કહ્યું છે ।।૧।।

**શ્રીભગવાને કહ્યું :** હે બૃહસ્પતિના શિષ્ય! એવો કોઈ સાધુ પુરુષ જગતમાં ઉત્પન્ન થયો નથી કે જે દુષ્ટ પુરુષોએ ઉચ્ચારેલાં વાકયોથી વીંધાયેલા મનને સંભાળી શકે અથવા વીંધાયેલા મનનું સમાધાન કરવાને સમર્થ થઈ શકે ।।૨।।

એ તમારું કથન સાચું છે. દુષ્ટ પુરુષોનાં વાણીરૂપી બાણ મર્મસ્થાન સુધી પહોંચી જે દુઃખ આપે છે તેવું દુઃખ મર્મને વીંધનાર તીક્ષ્ણ-બાણો શરીરમાં લાગવાથી શરીર ભેદાય એનાથી પુરુષને થતું નથી, કારણ કે બાણનો ઘા રુઝાય છે પણ વચનરૂપી બાણનો ઘા સદા તાજો રહે છે ।।૩।।

હે ઉદ્ધવજી! આ બાબતમાં એક અત્યન્ત પવિત્ર ઈતિહાસ મહાત્મા લોકો કહે છે તે હું તમને કહું છું જેને તમે સ્થિર ચિત્તથી સાંભળો ।।૪।।

દુષ્ટ લોકોનો તિરસ્કાર પામીને પોતાના પૂર્વજન્મનાં કર્મના ફલરૂપનું સ્મરણ કરીને ધીરજ ધરતા કોઈ ભિક્ષુકે એ ઈતિહાસ ગાયો છે ।।૫।।

પ્રાચીન સમયની વાત છે. ઉજ્જૈન શહેરમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે ખેતી, વેપાર વગેરે દ્વારા ઘણી ધન-સમ્પત્તિ કમાયો હતો. તે *કદર્ય, અતિ ક્રોધી, કામી, લોભી અને ઘણો જ કૃપણ હતો ।।૬।।

**વિશેષ :** ધર્મશાસ્ત્રમાં કદર્યનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે : **"આત્માનં ધર્મકૃત્યં ચ પુત્રદારાંશ્ચ પીડયન્, દેવતાતિથિભૃત્યાંશ્ચ સ કદર્ય ઈતિ સ્મૃતઃ"** પોતાને, ધર્મકૃત્યને, પુત્ર, સ્ત્રીને અને દેવ, અતિથિ તથા નોકરોને પીડા કરનારો તે 'કદરી' કહેવાય.

તેણે પોતાના જ્ઞાતિભાઈઓ અને અતિથિઓ ને ક્યારેય મીઠી વાત કરીને પણ પ્રસન્ન નહોતા કર્યા, પછી ખાન-પાન (ભોજન વગેરે) ની તો વાતો જ ક્યાં રહી? તેના ઘરમાં ધર્મ-કર્મ તો કંઈ થતું જ નહિ. પોતાની ધન-સમ્પત્તિ પોતાની જાતને સુખી કરવામાં પણ તે વાપરવામાં સમજતો નહિ ।।૭।।

તેની કૃપણતા અને ખરાબ સ્વભાવને લીધે તેના પુત્ર-પુત્રીઓ, ભાઈ-બન્ધુઓ, નોકર-ચાકર અને પત્ની વગેરે બધાં દુઃખી રહેતાં હતાં અને મનોમન તેનું અનિષ્ટ ઈચ્છયા કરતાં હતાં. તેને ગમે તેવું વર્તન કોઈ જ કરતું નહોતું ।।૮।।

તેનું આલોક-પરલોક બન્નેથી પતન થઈ ગયું હતું. બસ, યક્ષોની જેમ તે ધનનું રક્ષણ કર્યા કરતો હતો. ધનથી તે ધર્મ કમાતો નહિ કે ભોગ પણ ભોગવતો નહિ. ઘણો સમય આ પ્રમાણે જીવન વિતાવવાથી પંચમહાયજ્ઞના અધિકારી દેવતા તેના ઉપર ગુસ્સે થયા ।।૯।।

હે ઉદાર ઉદ્ધવજી! પંચમહાયજ્ઞના અધિકારી દેવોના તિરસ્કારથી તેનાં પૂર્વનાં પુણ્યોના બળથી અત્યાર સુધી ટકી રહેલું ધન જે તેણે ભારે ઉદ્યોગ અને સખત પરિશ્રમથી એકઠું કર્યું હતું તે ધનનો ખજાનો પણ નષ્ટ થઈ ગયો ।।૧૦।।

તે નીચ બ્રાહ્મણનું કેટલુંક ધન તો તેના કુટુમ્બીઓએ જ છીનવી લીધું, કેટલુંક ચોર-ચોરી ગયા, કેટલુંક આગ લાગવા વગેરે દૈવી કોપથી નષ્ટ થઈ ગયું, કેટલુંક કાલક્રમથી નાશ પામ્યું, કેટલુંક સાધારણ માણસોએ હડપ કરી લીધું અને બાકી રહેલું સર્વ કર અને દંડના રૂપમાં રાજ કર્તાઓએ જપ્ત કરી લીધું ।।૧૧।।

હે ઉદ્ધવજી! આ પ્રમાણે તેની બધી જ સમ્પત્તિ નાશ પામી. ન તો તેણે ધર્મની કમાઈ કરી કે ન તો તેણે ભોગ ભોગવ્યા. બીજી બાજુએ તેના સગાંઓએ પણ તેને છોડી દીધો તેથી તેને ભયાનક ચિન્તાએ ઘેરી લીધો ।।૧૨।।

ધનના નાશથી તેના દિલમાં ભારે બળતરાઓ થઈ. તેનું મન ખેદથી ભરાઈ આવ્યું. આંસુઓને લીધે તેનું ગળું રુંધાઈ ગયું પરન્તુ આ પ્રમાણે ચિન્તા કરતાં-કરતાંજ તેના મનમાં સંસાર પ્રત્યે મહાન દુઃખબુદ્ધિ અને ઉત્કટ વૈરાગ્યનો ઉદ્દય થઈગયો ।।૧૩।।

હવે તે બ્રાહ્મણ મનમાં ને મનમાં કહેવા લાગ્યો, ''હાય! હાય!! આટલા દિવસો સુધી મેં પોતાની જાતને આ રીતે સતાવી તે ભારે ખેદની વાત છે. જે ધનને માટે આવું કમરતોડ કષ્ટ સહન કર્યું તે ધન ન તો ધર્મકાર્યમાં કામ આવ્યું કે ન તો મારા

સુખભોગમાં તેનો ઉપયોગ થયો ।।૧૪।।

પ્રાયઃ એવું જોવામાં આવે છે કે કૃપણ પુરુષોને ધનથી કયારેય સુખ મળતું નથી. આ લોકમાં તો તેઓ ધન કમાવાની અને તેને સાચવવાની ચિન્તામાં બળ્યા કરે છે અને મર્યા પછી ધર્મ ન કરવાને લીધે નરકમાં જાય છે ।।૧૫।।

જેવી રીતે જરા જેટલો કોઢ સર્વાંગસુન્દર સ્વરૂપને બગાડી દે છે તેવી જ રીતે થોડો પણ લોભ યશસ્વીઓના શુદ્ધ યશ અને ગુણીજનો ના પ્રશંસનીય ગુણોનો નાશ કરે છે ।।૧૬।।

ધન કમાવવામાં, કમાયા પછી તેને વધારવામાં, સાચવવામાં અને ખર્ચ કરવામાં તથા તેના નાશ અને ઉપભોગમાં જ્યાં જાુઓ ત્યાં નિરન્તર પરિશ્રમ, ભય, ચિન્તા અને દુઃખ નો જ સામનો કરવો પડે છે ।।૧૭।।

અતિશય ધન કમાવામાં ચોરી, હિંસા, જૂઠું બોલવું, દમ્ભ, કામ અને ક્રોધ આ છ અનર્થો રહેલા છે. કમાયા પછી ગર્વ, અહંકાર, ભેદબુદ્ધિ, વેર, અવિશ્વાસ, સ્પર્ધા, વ્યભિચાર, જાુગાર અને શરાબ વગેરે વ્યસનો આ નવ અનર્થો પ્રાપ્ત થાય છે. આમ કુલ પંદર અનર્થો મનુષ્યોમાં ધનને લીધે જ આવે છે. તેથી પોતાનું કલ્યાણ ઈચ્છનારા પુરુષે સ્વાર્થ અને પરમાર્થ ના વિરોધી અનર્થને દૂરથી જ નમસ્કાર કરવા, ભલેને એ અનર્થનું નામ અર્થ (પૈસો-ધન) હોય! ।।૧૮-૧૯।।

ભાઈ-બન્ધુ, સ્ત્રી પુત્ર, માતા-પિતા અને સગાં-સમ્બન્ધી જે સ્નેહબન્ધનથી બંધાઈ બિલકુલ હળી-મળીને એક થઈને રહેતાં હોય છે તે બધાં એક કોડીને માટે તત્કાલ એકબીજાનાં શત્રુ બની જાય છે ।।૨૦।।

તે લોકો થોડાક પૈસાને માટે પણ ક્ષોભ પામે છે અને ગુસ્સે થઈ જાય છે. વાત-વાતમાં સ્નેહસમ્બન્ધ તોડી નાખે છે, ચડસા-ચડસી કરે છે અને એકબીજાનું ખૂન કરતાં પણ ખચકાતા નથી, ત્યાં સુધી કે એકબીજાનો સર્વનાશ કરી નાખેછે ।।૨૧।।

દેવો પણ જે દેહની ઈચ્છા કરે છે તે મનુષ્ય-જન્મને અને તેમાં પણ શ્રેષ્ઠ બ્રાહ્મણ શરીર પ્રાપ્ત કરી જે તેનો અનાદર કરે છે અને પોતાના સાચા સ્વાર્થ-પરમાર્થનો નાશ કરે છે તેઓ અશુભ ગતિને પ્રાપ્ત કરે છે ।।૨૨।।

આ મનુષ્ય શરીર મોક્ષ અને સ્વર્ગ નું દ્વાર છે તે મેળવીને પણ એવો કયો બુદ્ધિમાન પુરુષ હોય જે અનર્થોના ધામ એવા ધનના ચક્કરમાં ફસાયેલો રહે? ।।૨૩।।

જે મનુષ્ય, દેવતા, ઋષિ, પિતૃ, પ્રાણી, જ્ઞાતિબંધુ, કુટુમ્બી અને ધન ના બીજા ભાગીદારોને તેમનો ભાગ આપી સન્તુષ્ટ રાખતો નથી તેમ જ પોતે પણ તેનો ઉપભોગ કરતો નથી તે યક્ષની જેમ ધનની રખવાળી કરનારો કૃપણ તો અવશ્ય અધોગતિને (નરકને) જ પ્રાપ્ત થાય છે ।।૨૪।।

પ્રમાદથી મેં મારું આયુષ્ય, ધન અને બલ પૌરષ ખોઈ નાખ્યાં. વિવેકી પુરુષો જે સાધનોથી મોક્ષ સુધી મેળવી શકે છે તેમને મેં ધન ભેગું કરવાની વ્યર્થ ચેષ્ટામાં ખોઈ નાખ્યાં. હવે બુઢાપામાં હું શું સાધન કરી શકવાનો હતો? ।।૨૫।।

આ પૈસા (ધન) માં અનર્થ છે એમ જાણવા છતાં મારા જેવા બીજા માણસો પૈસા મેળવવાનો વ્યર્થ શ્રમ શા માટે કરી રહ્યા છે? સાચું કહીએ તો આ સર્વલોક કોઈની માયામાં મોહ પામ્યાં છે ।।૨૬।।

(ધન હોય તો ભોગ ભોગવાય તેથી ધનમાટે યત્ન કરનારને મોહિત થયેલા કેમ કહેવાય એમ કહે, ત્યાં કહે છે કે) ધનને આપનાર મળે, ધન મળે, કામને આપનાર મળે, કામ મળે અથવા જન્મને આપનાર કર્મો સમ્પાદન કરે તો પણ જેને મૃત્યુ ગળી રહ્યું છે તેને એ બધું સુખ આપનાર થતું નથી, કારણ કે કાં તો એ ભોગોનો નાશ થાય કાં તો પોતાનું મૃત્યુ થાય એટલે એ બધું સ્થિર રહેવાનું નથી તેથી એને માટે યત્ન કરનાર માણસ મોહમાં પડેલો છે એમ સિદ્ધ થાય છે ।।૨૭।।

એમાં લેશ માત્ર શંકા નથી કે સર્વ દેવમય અને સર્વ ના દુઃખને હરનાર ભગવાન્ મને પ્રસન્ન થયા જેમણે મને આવી દશામાં મૂકી ઘરમાં વૈરાગ્ય કરાવ્યું; એ વૈરાગ્ય મને સંસાર તરવામાં સાધનરૂપ વહાણ થઈ પડશે ।।૨૮।।

હું હવે વૈરાગ્યની અવસ્થાએ પહોંચી ગયો છું. હવે જો મારું આયુષ્ય બાકી હશે તો હું મનમાં સન્તોષ રાખી મારા પરમાર્થની બાબતમાં સાવધાન થઈ જઈશ અને જે સમય બાકી છે તે દરમિયાન મારા શરીરને તપસ્યાદ્વારા સૂકવી નાખીશ ।।૨૯।।

ત્રણેય લોકના સ્વામી દેવગણો મારા આ સંકલ્પમાં વિઘ્ન નહિ નાખતાં મારા આ સંકલ્પનું અનુમોદન કરે. હજુ નિરાશ થવાની કોઈ જરૂર નથી, કારણ કે રાજા ખટ્વાંગે તો માત્ર બે ઘડીમાં જ વૈકુંઠની પ્રાપ્તિ કરી લીધી હતી'' ।।૩૦।।

**ભગવાન્ શ્રીકૃષ્ણ બોલ્યા** : હે ઉદ્ધવજી! અવન્તિ (ઉજ્જયિની) ના તે ઉત્તમ બ્રાહ્મણે મનમાં આ પ્રમાણે નિશ્ચય કરી લઈ 'હું' અને 'મારા' પણાની ગાંઠ ખોલી નાખી અહન્તા-મમતાનો ત્યાગ કરી દીધો અને પોતાના મનને મારામાં લગાવી દઈ

મનન પરાયણ સન્ન્યાસી થઈ ગયો. (દિવસ આખાનો ભૂલો પડેલો સાંજે પણ જો ઘેર આવી જાય તો તે ભૂલી પડયો નથી. પૂર્વ જીવનમાં પેટ ભરીને પાપ કર્યાં હોય પણ જીવનસન્ધ્યાએ પણ જો ભક્તિમાન થાય તો તેનો મોક્ષ થઈ જાય છે એ કહેવામાટે આપે એને માટે શ્લોકમાં **'દ્વિજસત્તમઃ'** 'ઉત્તમ બ્રાહ્મણ' એવો શબ્દપ્રયોગ કર્યો છે) ।।૩૧।।

હવે તેણે તમામ સ્થાન, વસ્તુ કે વ્યક્તિઓ પ્રત્યે મનમાંથી આસક્તિ છોડી દીધી; પોતાના મન, ઇન્દ્રિયો અને પ્રાણો ને વશ કરી લીધાં. હવે તે પૃથ્વી ઉપર સ્વચ્છન્દરૂપથી ફરવા લાગ્યો. તે ભિક્ષામાટે નગર અને ગામડાંઓ માં એવી રીતે જતો કે કોઈ તેને ઓળખી શકે નહિ ।।૩૨।।

હે ઉદ્ધવજી! તે ભિક્ષુક અવધૂત બહુ જ વૃદ્ધ થઈ ગયો હતો. દુષ્ટ લોકો તેને જોતાંજ તેના ઉપર તૂટી પડતા હતા અને અનેક રીતે તેનો તિરસ્કાર કરી તેને તંગ કરતાહતા ।।૩૩।।

કોઈ તેનો દંડ આંચકી લેતું તો કોઈ તેનું ભિક્ષાપાત્ર ખૂંચવી લેતું. કોઈ કમંડલુ ઉઠાવી લઈ જતું તો કોઈ આસન, રુદ્રાક્ષની માળા અને ગોદડી ઉપાડીને ભાગી જતું. કોઈ તો વળી તેની લંગોટી અને વસ્ત્ર ને પણ જ્યાં-ત્યાં ફેંકી દેતું ।।૩૪।।

કોઈ-કોઈ તે વસ્તુઓ આપીને અને કોઈ બતાવી-બતાવીને પાછા આંચકી લેતા. જ્યારે તે અવધૂત મધુકરી માગી લાવતો અને બહાર નદી કિનારે ભોજન કરવા બેસતો ત્યારે પાપી લોકો કયારેક તેના માથા ઉપર પેશાબ કરતા તો કયારેક થૂંકતા તે લોકો તે મૌની અવધૂતને બોલવાને માટે અનેક રીતે વિવશ કરતા અને છતાં એ જ્યારે ન બોલતો ત્યારે એને મારતા ।।૩૫-૩૬।।

કેટલાક ''ચોર-ચોર'' કહી ધમકાવવા લાગતા, કેટલાક ''એને બાંધો-બાંધો'' એમ કહી અને પછી દોરડાથી બાંધવા લાગતા ।।૩૭।।

કોઈ તેનો તિરસ્કાર કરી મેણાં મારતા કે ''જાુઓ-જાુઓ, હવે આ કૃપણે ધર્મનો ઢોંગ રચ્યો છે. ધન-સમ્પત્તિ જતી રહી, સ્ત્રી-પુત્રોએ ઘરમાંથી કાઢી મૂકયો ત્યારે તે પેટ ભરવામાટે સન્ન્યાસી બન્યો છે ।।૩૮।।

ઓહો! જાુઓ તો ખરા, આ તગડા જેવો ભિખારી ધૈર્યમાં તો મોટા પર્વત જેવો છે. તે ચૂપચાપ પોતાનું કામ કાઢી લેવા માગે છે. ખરેખર તો તે બગલાથી પણ મોટો ઢોંગી અને દૃઢનિશ્ચયી છે ।।૩૯।।

કેટલાક તે અવધૂતની હાંસી ઉડાવતા, તો કોઈ તેના ઉપર અધોવાયુ છોડતા. જેવી રીતે લોકો વાનર વગેરેને બાંધે છે અને પોપટ વગેરેને પાંજરામાં પૂરે છે તેવી રીતે કેટલાક તેને બાંધી દેતા અને ઘરોમાં પૂરી દેતા'' ।।૪૦।।

પણ આ બધું તે ચૂપચાપ સહન કરી લેતો. ક્યારેક તેને જ્વર વગેરેને કારણે દૈહિક પીડા સહન કરવી પડતી, ક્યારેક ઠંડી-ગરમી વગેરેને લીધે દૈવી કષ્ટ ઉઠાવવું પડતું અને ક્યારેક દુર્જન લોકો અપમાન વગેરે દ્વારા તેને ભૌતિક પીડા પહોંચાડતા, પરન્તુ ભિક્ષુકના મનમાં તેથી કોઈ વિકાર ન થતો. તે સમજતો કે આ બધું મારા પૂર્વજન્મનાં કર્મોનું ફલ છે અને તે મારે ભોગવ્યા વિના છૂટકો નથી ।।૪૧।।

જો કે નીચ લોકો અનેક રીતે તેનો તિરસ્કાર કરી તેને તેના ધર્મથી ડગાવવાના પ્રયત્નો કર્યા કરતા છતાં તે ભારે મક્કમતાથી પોતાના ધર્મમાં સ્થિર રહેતો અને સાત્ત્વિક ધૈર્યનો આશ્રય લઈ ક્યારેક-ક્યારેક આવા ઉદ્ગાર પ્રગટ કર્યા કરતો ।।૪૨।।

**(ભીક્ષુ-ગીત) બ્રાહ્મણ કહેતો** : મારા સુખ કે દુઃખ નું કારણ આ મનુષ્ય, દેવતા, શરીર, ગ્રહો, કર્મ કે કાલ વગેરે નથી, શ્રુતિઓ અને મહાત્માલોક મનને જ આનું પરમ કારણ બતાવે છે અને મન જ આ સમગ્ર સંસારચક્રને ચલાવી રહ્યું છે ।।૪૩।।

તેને કાબૂમાં રાખવું બહુ જ કઠણ છે કારણ કે તે બહુ બળવાન છે. મન જ વિષયોમાં રાગદ્વેષ વગેરે વૃત્તિઓ સર્જે છે. એ વૃત્તિઓ અનુસાર જ શુકલ-સાત્ત્વિક પુણ્યો, કૃષ્ણ-તામસ પાપો અને લોહિત (લાલ)-રાજસ પુણ્ય પાપ મિશ્રિત કર્મો થાય છે અને તે કર્મો પ્રમાણે જ જીવની વિવિધ ગતિઓ થાય છે. (પુણ્યોથી દેવતાને ત્યાં, પાપથી પશુ યોનિમાં અને મિશ્રકર્મથી મનુષ્યમાં જન્મ થાય છે) ।।૪૪।।

(મન જો સંસારનું કારણ હોય તો સુખ-દુઃખ પણ મનને થવાં જોઈએ, જીવને નહિ. જીવને સુખ-દુઃખ દેહના સમ્બન્ધથી થાય છે એમ સમાધાન કરવામાં આવે તો દેહનો સમ્બન્ધ પરમાત્માને પણ છે તો તેને એ સુખ-દુઃખ થવા જોઈએ એવી શંકાના ઉત્તરમાં કહે છે કે) દેહનો જેને અધ્યાસ હોય તેને તે સુખ-દુઃખ થાય. એવો અધ્યાસ પરમાત્માને નથી તેથી તેને સુખ-દુઃખ થતાં નથી. મન સંકલ્પ-વિકલ્પાત્મક છે. (મન સંકલ્પ-વિકલ્પ કરતું જ રહે છે) ભગવાન્ તેની સાથે નિયામક તરીકે સદા અન્તર્યામીરૂપે રહે છે અને જીવના તે સનાતન સખા-હિતકર્તા-છે. તે અહં મમ (હું મારું) ના અભિમાનરહિત છે, કારણ કે તે હિરણ્મય-

જ્ઞાનમય છે. તેથી તે તો પોતાના અલુપ્ત જ્ઞાનથી બધું સાક્ષીરૂપે જોયા કરે છે, સુખ-દુઃખના ભાગીદાર બનતા નથી. મનદ્વારાજ તેની અભિવ્યક્તિ થાય છે. જ્યારે તે જીવ મનનો સ્વીકાર કરી તે દ્વારા વિષયોનો ભોકતા બને છે ત્યારે કર્મોમાં આસક્તિ હોવાથી તે કર્મોથી બંધાઈ જાય છે ।।૪૫।।

(તેથી મનનો નિગ્રહ કરવો એ જ બધાં સાધનોનું ફલ છે એ પ્રતિપાદન કરતાં કહે છે કે) દાન, સ્વધર્મ, નિયમ, યમ, વેદોનું અધ્યયન, તીર્થયાત્રા વગેરે સત્કર્મો, એકાદશી, બ્રહ્મચર્ય વગેરે વ્રતો આ બધાંનું અન્તિમ ફલ એ જ છે કે મન એકાગ્ર થઈ જાય, પ્રભુમાં લાગી જાય. મનનો નિગ્રહ એ જ પરમ યોગ છે ।।૪૬।।

જેનું મન શાન્ત (ભગવાન્‌માં સ્થિર) અને સમાહિત (વશીકૃત) છે તેને દાન વગેરે તમામ સત્કર્મોનું ફલ પ્રાપ્ત થઈ ચૂક્યું. હવે તેને સત્કર્મો પાસેથી કંઈ મેળવવાનું બાકી રહેતું નથી અને જેનું મન ંચચલ (વિષયોથી ક્ષુબ્ધ) છે અથવા આળસનું ઘર છે તેને આ દાન વગેરે શુભ કર્મોથી હજુ સુધી કંઈ ફાયદો થયો નથી ।।૪૭।।

બધી ઈન્દ્રિયો મનને વશ છે. મન કોઈ પણ ઈન્દ્રિયને વશ નથી. આ મન બળવાનથી પણ બળવાન, અત્યન્ત ભયંકર દેવ છે. જે મનને પોતાને વશ કરી લે છે તે જ ઈન્દ્રિયોનો વિજેતા બને છે એ દેવનો પણ દેવ છે અને તેથી ભગવાન્ જેવો પૂજન યોગ્ય છે ।।૪૮।।

ખરેખર મન બહુ મોટો શત્રુ છે. તેનું આક્રમણ અસહ્ય છે. તે માત્ર બહારના શરીરને જ નહિ પણ હૃદય વગેરે મર્મસ્થાનોને પણ વીંધી નાખે છે. તેને જીતવું બહુ કઠણ છે. મનુષ્યે સૌથી પહેલાં તે જ શત્રુને જીતવો જોઈએ, પરન્તુ મૂર્ખ મનુષ્યો તેને જીતવાને બદલે બીજાં માણસોને મિત્ર, ઉદાસીન કે શત્રુ માનીને તેમની સાથે ખોટો કલેશ કરતા રહે છે ।।૪૯।।

સાધારણ રીતે મનુષ્યોની બુદ્ધિ અંધ થઈ ગઈ છે-અવિદ્યારૂપી અન્ધકારથી તેનો વિવેક જતો રહ્યો છે તેથી તો આ મનઃકલ્પિત શરીરને 'હુ' અને સ્ત્રી પુત્ર ઘર ધન વગેરે 'મારા' માની બેસે છે અને પછી ''આ હું છું અને આ બીજો છે'' એવા ભ્રમના ફંદામાં ફસાઈ જાય છે. આનું પરિણામ એ આવે છે કે તેઓ અનંત અજ્ઞાનાંધકારરૂપી સંસારમાં જ ભટકતા રહે છે ।।૫૦।।

મનુષ્ય જ સુખ-દુઃખનું કારણ છે એમ માની લઈએ તો પણ તેની સાથે આત્માનો શું સમ્બન્ધ? કારણ કે સુખ-દુઃખ આપનાર પણ માટીનું શરીર છે અને

તે ભોગવનાર પણ માટીનું શરીર જ છે. ભોજન સમયે કયારેક પોતાની જ જીભ પોતાના જ દાંતો વચ્ચે કચડાઈ જાય તો મનુષ્ય કોના ઉપર ગુસ્સો કરશે? ।।૫૧।।

સુખ-દુઃખનું કારણ ઈન્દ્રિયોના દેવતાને માનીએ તો પણ આત્માને એનો સમ્બન્ધ નથી. જો સુખ-દુઃખનું કારણ દેવતા હોય તો ઈન્દ્રિયોના અભિમાની દેવતાઓના રૂપમાં ભોકતા પણ તેઓ જ છે અને દેવતા બધાં શરીરોમાં એક જ છે. જે દેવતા એક શરીરમાં છે તે જ બીજા શરીરમાં પણ છે. આમ હોય તો પછી પોતાના જ શરીરના એક અંગથી બીજા અંગને ઈજા થઈ જાય તો ભલા ક્રોધ કોના ઉપર કરવો? ।।૫૨।।

જો સુખ-દુઃખનું કારણ આત્માને જ માનીએ તો તે તો તેનો પોતાનો જ છે કોઈ બીજો નહિ કારણ કે આત્માથી ભિન્ન કંઈ છે જ નહિ. જો બીજાું કંઈ જણાતું હોય તો તે મિથ્યા છે. તેથી નથી સુખ કે નથી દુઃખ, પછી ક્રોધ શા માટે? ક્રોધનું કારણ જ કયાં રહ્યું? ।।૫૩।।

સુખ-દુઃખનું કારણ ગ્રહોને માનો તો એની સાથે પણ આત્માને સમ્બન્ધ નથી પણ જન્મવાળાથી એ આઠમે, ચોથે કે બારમે સ્થાને આવે તો એ જન્મધારી દેહને દુઃખનું નિમિત્ત થાય છે. આત્માનો જન્મ નથી એને સુખ-દુઃખ એ આપી શકતા નથી. વળી ગ્રહો વક્રાદિ દષ્ટિવડે ગ્રહોને જ પીડા કરે છે એ ઘરના ખૂણામાં બેઠેલાને પીડા કરવા આવતા નથી તેથી ગ્રહો પણ સુખ-દુઃખનું નિમિત્ત નથી, કેવળ મન જ દેહમાં અધ્યસ્ત હોવાથી સુખ-દુઃખનું કારણ બને છે. માટે એને જ વશ કરવું જોઈએ ।।૫૪।।

સુખ-દુઃખના કારણ તરીકે કર્મને માનો તો કર્મ તો જડ અને ચેતન બે વસ્તુથી બને છે એમાં દેહ જડ છે તે એકલો કર્મ કરી શકે નહિ. આત્મા પણ એકલો ચેતન હોઈને એ પણ કર્મ કરી શકે નહિ. કર્મ કરવામાં વિકારીપણું અને સ્વહિતકર્તૃત્વ જોઈએ. જડ વિકારી અને ચેતન હિત- અહિતનો જાણનાર હોય. દેહ વિકારવાળો માટે કર્તા પણ એ જડ હોવાથી એ સ્વહિતને જાણનાર નથી તેથી એ કર્મનો કર્તા ઠરતો નથી. આત્માહિત જાણનાર પણ વિકારી ન હોવાથી કર્તા નહિ થાય તેથી કર્મો સુખ-દુઃખનું કારણ છે એમ પણ સિદ્ધ થતું ન હોવાથી કોના ઉપર ક્રોધ કરવો? ।।૫૫।।

કાળ સુખ-દુઃખનું કારણ હોય તેથી પણ આત્માને કાંઈ એનો ભાર રહેતો નથી.

કાળ એ તો આત્માનો અંશ છે. અગ્નિજ્વાલાનો તાપ અગ્નિને અને બરફની ઠંડી બરફને લાગે નહિ તેમ કાળથી થતાં સુખ-દુઃખો આત્માને અસર કરનાર થાય નહિ. આત્મા તો સુખ-દુઃખથી પર હોવાથી કોની ઉપર ક્રોધ કરવો? ।।૫૬।।

આત્મા પરથી પણ પર છે એને કોઈથી કોઈ દેશ કે કોઈ કાળમાં સુખ-દુઃખનો સમ્ભવ ઘટતો નથી. એ તો અહંકારવાળા સંસારીને જ થાય છે એમ જાણનાર કોઈ પ્રાણીથી ભય પામતો નથી ।।૫૭।।

આ પ્રમાણે ભૂતકાળમાં થયેલ મુનિઓએ ધારણ કરેલી પરમાત્મનિષ્ઠાનો આશ્રય કરીને મુકુન્દ ભગવાન્‌ના ચરણકમળને સેવતો હું દુરન્ત અજ્ઞાનસાગરને પાર કરી જઈશ એવો તેણે નિશ્ચય કર્યો ।।૫૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** દ્રવ્ય નાશ પામવાથી જેને લેવા, દેવા (આપવા) કે સંભાળવાનો પરિશ્રમ દૂર થયો છે તેવો તે બ્રાહ્મણ સન્ન્યાસ લઈને ફરતો હતો. ઉપર કહ્યા પ્રમાણે દુષ્ટ લોકો તેનો તિરસ્કાર કરતા હતા, છતાં એ સ્વધર્મથી ચલિત ન થયો અને મૌન રહ્યો તથા આ ગીત ગાયા કરતો હતો ।।૫૯।।

''પુરુષને સુખ-દુઃખ આપનાર મનના વિભ્રમ વગર બીજો કોઈ નથી. મિત્ર, ઉદાસીન, શત્રુ વગેરે સંસાર મનના ભ્રમને લઈને અજ્ઞાનથી થાય છે'' ।।૬૦।।

હે ભાઈ ઉદ્ધવ! તમો મારા વિશે સર્વ ભાવથી બુદ્ધિને પરોવીને મનનો નિગ્રહ કરો. યોગ માત્રનો નિષ્કર્ષ મનને રોકવામાં જ છે ।।૬૧।।

**ય એતાં ભિક્ષુણા ગીતાં બ્રહ્મનિષ્ઠાં સમાહિતઃ ।।**
**ધારયન્ શ્રાવયન્ શ્રુણ્વન્ દ્વન્દ્વૈર્નૈવાભિભૂયતે ।।૬૨।।**

આ ઉપર કહ્યું તે ભિક્ષુકનું ગીતમાત્ર નથીતેતો મૂર્તિમાન બ્રહ્મજ્ઞાન નિષ્ઠાજ છે. જે પુરુષ એકાગ્રમનથી તે સાંભળે છે, સંભળાવે છે અને ધારણ કરે છે તે કયારેય સુખ-દુઃખ આદિ દ્વન્દ્વોને વશ થતો નથી. તેમની વચ્ચે રહીનેપણ નિડર રહેછે ।।૬૨।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં(પહેલાં જીવમુક્તિપ્રકરણના અવાન્તર બીજા 'સાયુજ્યમુક્તિ' પ્રકરણનો અઢારમો અને ચાલુ) ''મનને જીતીને લોકોના તિરસ્કારને સહન કરવો'' નામનો ૨૩મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૨૪

## સાંખ્યના જ્ઞાનવડે મોહની નિવૃત્તિ થાય છે

**અથ તે સમ્પ્રવક્ષ્યામિ સાંખ્યં પૂર્વૈર્વિનિશ્ચિતમ્ ।।**
**યદ્ વિજ્ઞાય પુમાન્ સદ્યો જહ્યાદ્ વૈકલ્પિકં ભ્રમમ્ ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે પ્રિય ઉદ્ધવજી! હવે હું તમને સાંખ્યશાસ્ત્રનો નિર્ણય સંભળાવું છું. પ્રાચીન કાળના મોટા-મોટા કપિલ આદિ ઋષિ મુનિઓએ તે કહેલો છે. જ્યારે જીવ તે સારી રીતે સમજી લે છે ત્યારે તેનો ભેદબુદ્ધિ મૂલક સુખ-દુઃખાદિરૂપ ભ્રમ તત્કાલ છૂટી જાય છે ।।૧।।

યુગો પહેલાં પ્રલયકાળ વખતે આદિ સત્યયુગમાં અને જ્યારે મનુષ્યો વિવેક નિપુણ હોય છે ત્યારે આ બધી અવસ્થાઓમાં આ સમ્પૂર્ણ દશ્ય અને દ્રષ્ટા, જગત્ અને જીવ વિકલ્પ શૂન્ય, કોઈ પણ પ્રકારના ભેદભાવથી રહિત, કેવલ બ્રહ્મજ હોય છે ।।૨।।

બ્રહ્મમાં કોઈ પણ પ્રકારનો વિકલ્પ નથી એમાં કોઈ શંકા નથી તે કેવલ અદ્વિતીય સત્ય છે અને મન તથા વાણી ની ત્યાં સુધી ગતિ નથી. તે બ્રહ્મ જ માયા અને તેમાં પ્રતિબિમ્બિત જીવના રૂપમાં દશ્ય અને દ્રષ્ટા ના રૂપમાં બે ભાગોમાં જાણે કે વિભક્ત થઈ ગયું ।।૩।।

તેમાંથી એક ભાગને 'પ્રકૃતિ' કહે છે. તેણે જ જગતમાં કાર્ય-કારણનાં રૂપ ધારણ કરી લીધાં છે. બીજા જ્ઞાનસ્વરૂપ ભાગને 'પુરુષ' કહે છે ।।૪।।

હે ઉદ્ધવજી! જીવોના શુભ-અશુભ કર્મો અનુસાર મેં જ પ્રકૃતિમાં ખળભળાટ-ક્ષોભ-પેદા કર્યો, ત્યારે તેમાંથી સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ પ્રકટ થયા ।।૫।।

તેમાંથી ક્રિયાશક્તિપ્રધાન સૂત્ર અને જ્ઞાનશક્તિ પ્રધાન મહત્તત્ત્વમાં વિકાર થતાં અહંકાર વ્યક્ત થયો. આ અહંકાર જ જીવોને મોહમાં નાખનાર છે ।।૬।।

તે ત્રણ પ્રકારનો છે-સાત્ત્વિક, ર ાજસ અને તામસ. અહંકાર પંચતન્માત્રા, ઇન્દ્રિય અને મન નું કારણ છે; તેથી તે જડ-ચેતન બન્ને રૂપ છે ।।૭।।

તામસ અહંકારથી ક્રમશઃ આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી નામનાં પાંચ ભૂત થયાં. રાજસ અહંકાર થી દશ ઇન્દ્રિયો થઈ. સાત્ત્વિક અહંકારથી મન અને દશ ઇન્દ્રિયના દિશા, વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમારો, અગ્નિ, ઇન્દ્ર, વિષ્ણુ, મિત્ર,

બ્રહ્મા અને ચન્દ્ર એમ અગિયાર દેવો થયા ।।૮।।

મેં ઉત્પન્ન કરેલા એ મહદાદિ ભાવો એકઠા થઈને કાર્ય કરવાને સમર્થ થયા. એમણે મારું ક્રીડા કરવાનું સ્થાન ઉત્તમ બ્રહ્માંડ ઉત્પન્ન કર્યું ।।૯।।

એ અંડ જલમાં હતું. તેમાં હું નારાયણરૂપે રહ્યો. નાભિમાંથી વિશ્વકમળ થયું. તેમાં બ્રહ્મા થયા ।।૧૦।।

વિશ્વસમષ્ટિના અન્તઃકરણ બ્રહ્માએ પહેલાં બહુ તપ કર્યું. ત્યાર પછી મારો કૃપાપ્રસાદ પ્રાપ્ત કરી રજોગુણદ્વારા ભૂઃ, ભુવઃ, સ્વઃ અર્થાત્ પૃથ્વી, અન્તરિક્ષ અને સ્વર્ગ આ ત્રણ લોકની અને તેમના લોકપાલોની રચના કરી ।।૧૧।।

દેવતાઓને રહેવામાટે સ્વર્લોક, ભૂતપ્રેત આદિને રહેવામાટે ભુવર્લોક (અન્તરિક્ષ) અને મનુષ્ય વગેરેને માટે ભૂર્લોક (પૃથ્વી) નું નિર્માણ થયું. આ ત્રણેય લોકથી ઉપર મહર્લોક, તપલોક વગેરે સિદ્ધોનાં નિવાસસ્થાન થયાં ।।૧૨।।

સૃષ્ટિકાર્યમાં સમર્થ બ્રહ્માજીએ અસુર અને નાગો ને માટે પૃથ્વીની નીચે અતલ, વિતલ, સુતલ આદિ સાત પાતાળ બનાવ્યાં. આ જ ત્રણે લોકમાં ત્રિગુણાત્મક કર્મો પ્રમાણે વિવિધ ગતિઓ પ્રાપ્ત થાય છે ।।૧૩।।

યોગદ્વારા મહર્લોક, તપસ્યાદ્વારા તપલોક, વાનપ્રસ્થના ફલરૂપ જનલોક અને સન્ન્યાસદ્વારા સત્યલોકરૂપ ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે. પરન્તુ મારા ભક્તિયોગથી તો મારું ઉત્તમ ધામ મળે છે ।।૧૪।।

(વૈરાગ્ય થવામાટે કહે છે કે મારી ગતિ-મારી પ્રાપ્તિ-સિવાયની બધી ગતિ ચંચલ છે) આ સમસ્ત જગત્ કર્મો અને તેમના સંસ્કારોથી યુકત છે. કાલરૂપથી હું જ કર્મો પ્રમાણે તેમના ફલનું વિધાન કરું છું. આ ગુણ પ્રવાહમાં પડેલો જીવ કયારેક ડૂબી જાય છે અને કયારેક ઉપર આવી જાય છે-કયારેક પુણ્યવશાત્ સત્યલોક સુધીની ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરે છે, તો કયારેક સ્થાવર સુધીની નીચ ગતિ પ્રાપ્ત કરે છે ।।૧૫।।

જગતમાં નાના-મોટા, સ્થૂલ-સૂક્ષ્મ જેટલા પદાર્થ બને છે તે બધા પ્રકૃતિ અને પુરુષ બન્નેના સંયોગથી જ બને છે ।।૧૬।।

જે ભાવનું જે આદિકારણ છે અને જે એના લયનું કારણ છે તે જ એની મધ્યમાં પણ છે એને જ સત્ય માનવું, વિકાર સત્ય નથી. (એમાં દષ્ટાન્ત કહે છે) હારની પહેલાં સોનું હતું અને હાર ગળાવતાં સોનું જ રહ્યું. મધ્યમાં હાર, કડાં, કુંડલ વગેરે આકૃતિઓ વિકારરૂપ છે તે વાણીથી બોલવા માત્ર છે, સુવર્ણ સત્ય છે.

પૃથ્વીમાંથી ઘડો બને તે ફૂટે છે ત્યારે પૃથ્વી જ રહે છે. મધ્યમાં ઘડો, કોડિયું, કૂંજો વગેરે વિકારો વ્યવહાર માત્ર છે તેમ બ્રહ્મમાંથી આ બધું થાય છે, અન્તમાં બ્રહ્મ અવશેષ રહે છે તેથી વ્યવહાર માત્રમાં ઉપયુકત વિકાર સત્ય નથી પણ બ્રહ્મ જ સત્ય છે ।।૧૭।।

(જે ભાવ પદાર્થ કાર્યને ઉત્પન્ન કરે છે તે કાર્યનો એમાં લય થતાં એ જ કારણરૂપે રહે છે એમ કહો તો મહદાદિ અહંકારાદિ કાર્યોને ઉત્પન્ન કરે છે અને એ બધા વિકારો પ્રલયમાં મહદાદિમાં કાર્યોને ઉત્પન્ન કરે છે અને એ બધા વિકાલો મહદાદિમાં લય પામે છે તે સત્ય કેમ ન કહેવાય? એના ઉત્તરમાં કહેવાનું કે) જેનાથી સર્વભાવની ઉત્પત્તિ થાય તેમ જ સર્વ એમાં જ લય થાય તેને સત્ય કહ્યું છે માટે મહદાદિ સર્વનું ઉપાદાન કારણ નથી પણ એ તો પ્રકૃતિનો વિકાર છે તેથી એ સત્ય ઠરતો નથી. (ત્યાં શંકા થાય કે ત્યારે શ્રુતિ **''મૃત્તિકેત્યેવ સત્યમ્''** એમ કેમ મૃતિકાને સત્ય કહે છે? તો ત્યાં કહેવાનું કે) એ દ્દષ્ટાન્તને માટે છે. દ્દષ્ટાન્ત સર્વાંગસમ્પૂર્ણ હોતું નથી. તેથી મૃતિકાનું કારણ પણ બીજાું છે. તેથી એ પણ પરમાર્થ સત્ય નથી કેમકે એનો એના કારણમાં લય થાય છે. તેથી જેનું કોઈ કારણ ન હોય અને જે સર્વનું કારણ હોય, જે સર્વના અન્તે અવશિષ્ટ રહે તેવું બ્રહ્મ એક જ છે અને એ જ સત્ય છે ।।૧૮।।

(ત્યાં શંકા થાય કે કાળ, પ્રકૃતિ, પુરુષ એ તો નિત્ય છે તેને સત્ય માનવાં જોઈએ અને એમ માનીએ તો તમારું અદ્વય ન રહે! ત્યાં કહે છે કે) જે આ જગત્‌રૂપ કાર્યના કારણરૂપ પ્રકૃતિ અને એનો આધાર પુરુષ અને કાલ એ ત્રણ પણ બ્રહ્મરૂપ છે તે બ્રહ્મ જ હું છું એટલે અદ્વૈતમાં બાધ આવતો નથી ।।૧૯।।

કેમકે પ્રકૃતિ એ શક્તિ છે, પુરુષ અને કાળબ્રહ્મ ની અવસ્થા વિશેષનાં માત્ર નામો છે. પિતાપુત્રની પરમ્પરાથી સર્ગ પ્રવૃત્ત થાય છે તે જીવના પુરુષાર્થ સિદ્ધ કરવાને માટે પ્રવર્તે છે. એ ઈશ્વરનો સંકલ્પ છે ત્યાં સુધી પરમ્પરાથી ચાલ્યા કરે છે ।।૨૦।।

આ વિરાટ જ વિવિધ લોકની સૃષ્ટિ, સ્થિતિ અને સંહાર ની લીલાભૂમિ છે. કાલરૂપથી જ્યારે હું તેમાં વ્યાપ્ત થાઉં છું, પ્રલયનો સંકલ્પ કરું છું ત્યારે તે ભુવનોની સાથે વિનાશરૂપ વિભાગને માટે યોગ્ય થઈ જાય છે ।।૨૧।।

(હવે એના પ્રલયનો ક્રમ ઉત્પત્તિથી ઉલટા ક્રમથી કહે છે કે) જે અન્નથી મનુષ્ય શરીર ઉત્પન્ન થાય છે તે અન્ન સો વર્ષ અનાવૃષ્ટિ થવાથી ઉત્પન્ન ન થતાં દેહ એ

અન્નમાં લીન થાય છે, અન્ન બીજ માત્ર બાકી રહે છે તે બીજ પૃથ્વીમાં લીન થાય છે, પૃથ્વી ગન્ધમાં લીન થાય છે, કારણ કે સંકર્ષણના મુખના અગ્નિથી એ ભસ્મ થાય છે ત્યારે એ ગંધ માત્ર રહી જાય છે ।।૨૨।।

પછી સો વર્ષ વરસે છે. તેના જલમાં ગંધ લીન થાય છે. અગ્નિ એનું શોષણ કરે છે ત્યારે જલ રસરૂપે રહે છે. એ રસ અગ્નિમાં લીન થાય છે. એ અગ્નિવાયુ સાથે અથડાવાથી રૂપમાત્ર જ રહે છે ।।૨૩।।

એ રૂપ વાયુમાં લીન થાય છે. એ વાયુને આકાશગળી જાય છે ત્યારે સ્પર્શમાત્ર રહે છે. એ આકાશમાં મળે છે. આકાશ અહંકારથી પરાભૂત થતાં શબ્દમાત્ર રહે છે, જ્યારે ઈન્દ્રિયો પોતાના કારણ દેવતાઓમાં અને છેવટે રાજસ અહંકારમાં સમાઈ જાય છે ।।૨૪।।

હે સૌમ્ય! રાજસ અહંકાર પોતાના નિયન્તા સાત્ત્વિક અહંકારરૂપ મનમાં, શબ્દતન્માત્રા પંચમહાભૂતોના કારણ તામસ અહંકારમાં અને સમસ્ત જગતને મોહિત કરવામાં સમર્થ ત્રિવિધ અહંકાર મહત્તત્ત્વમાં લીન થઈ જાય છે એટલે કે તે જડ અંશનો ત્યાગ કરી જ્ઞાનક્રિયાશક્તિરૂપ થાય છે ।।૨૫।।

જ્ઞાન શક્તિ અને ક્રિયાશક્તિ પ્રધાન મહત્તત્ત્વ પોતાનાં કારણ ગુણોમાં લીન થઈ જાય છે. ગુણ અવ્યકત પ્રકૃતિમાં અને પ્રકૃતિ પોતાના પ્રેરક અવિનાશી કાલમાં લીન થઈ જાયછે ।।૨૬।।

કાલ જીવમાં લીન થાય છે. જીવ અવિદ્યા પ્રધાન છે ત્યાં સુધી જ કાલનો વેગ છે. જીવ જન્માદિ રહિત મારા-પરમાત્મામાં લીન થાય છે. આત્મા સ્વસ્વરૂપે જ રહે છે; એને કોઈમાં લીન થવાનું હોતું નથી. એ કોઈમાંથી થતો નથી, અજન્મા છે એ જગતનાં ઉત્પત્તિ અને પ્રલય વડે જાણી શકાય છે. એનું કોઈ કારણ નથી. એનું કારણ માનતાં અનવસ્થા દોષ પ્રાપ્ત થાય તેથી એ સત્ય વસ્તુ એક અદ્વય નિત્ય છે ।।૨૭।।

જેમ સૂર્ય ઉગતાં આકાશમાં અન્ધકાર રહેતો નથી તેમ ઉપર પ્રમાણે એક વસ્તુમાંથી ઉત્પત્તિ-લયને જોનારને દ્વૈતભ્રમ સ્થિર ન થતાં ક્ષણવારમાં નાશ પામે છે ।।૨૮।।

**એષ સાંખ્યવિધિઃ પ્રોક્તઃ સંશયગ્રન્થિભેદનઃ ।।**
**પ્રતિલોમાનુલોમાભ્યાં પરાવરદશા મયા ।।૨૯।।**

હે ઉદ્ધવજી! હું કાર્ય અને કારણ બન્નેનોય યથાર્થ દ્રષ્ટા-સર્વજ્ઞ-છું. મેં તમને સૃષ્ટિથી પ્રલય અને પ્રલયથી સૃષ્ટિ સુધીની સાંખ્યવિધિ બતાવી દીધી. આથી સન્દેહની ગાંઠ કપાઈ જાય છે અને પુરુષ પોતાના સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે ॥૨૯॥

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિપ્રકરણના અવાન્તર બીજા 'સાયુજ્યમુક્તિ' પ્રકરણનો ઓગણીસમો અને ચાલુ) ''સાંખ્યના જ્ઞાનવડે મોહની નિવૃત્તિ થાય છે'' નામનો ૨૪મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ભગવાનના નામે ભીખ માગનારાઓ, વાંચો!!!**
**અપરાધ૩૬મો** : શ્રીઠાકોરજી (ભાગવત,શ્રીયમુનાજીનીલોટી વગેરે)ના નામે (ભેટ-સામગ્રી-પોથીસેવા કે ન્યોછાવર) માંગવું. ફળ : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. **પ્રાયશ્ચિત્ત** : જેટલું માંગ્યુંકે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણા નૈવેદ્યનું દાન કરવું.**(શ્રીહરિરાયજી)**

# અધ્યાય ૨૫

## સત્ત્વાદિ ગુણની વૃત્તિઓનું વર્ણન

**ગુણાનામસમિશ્રાણાં પુમાન્ યેન યથા ભવેત્ ।।**
**તન્મે પુરુષવર્યેદમુપધારય શંસતઃ ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પુરુષપ્રવર ઉદ્ધવજી! પ્રત્યેક વ્યક્તિમાં અલગ-અલગ ગુણોનો પ્રકાશ થાય છે. તેને લીધે પ્રાણીઓના સ્વભાવમાં પણ ફરક પડી જાય છે. હવે હું કયા ગુણથી કેવો સ્વભાવ થાય છે તે બતાવું છું, સાવધાનીથી સાંભળો ।।૧।।

શમ (મનનો સંયમ), દમ (ઇન્દ્રિયોનો નિગ્રહ), તિતિક્ષા (સહિષ્ણુતા), તત્ત્વવિવેક, તપ, સત્ય, દયા, સ્મૃતિ, સન્તોષ, ત્યાગ, વિષયોની અનિચ્છા, શ્રદ્ધા, લજ્જા (પાપ કરવામાં સ્વાભાવિક સંકોચ), આત્મરતિ, *દાન, વિનય અને સરલતા વગેરે સત્ત્વગુણની વૃત્તિઓ છે ।।૨।।

**વિશેષ** : સત્ત્વગુણની વૃત્તિઓમાં 'દયા' શબ્દ બે વખત આવે છે તેના બે અર્થ છે. ૧. બીજાનું

દુઃખ દૂર કરવાની ઈચ્છા ૨. દાન.

(હવે રજોગુણની વૃત્તિઓ કહે છે) વિષયભોગની અભિલાષા, વ્યાપાર પ્રવૃત્તિપરાયણતા, દર્પ, તૃષ્ણા, અક્કડાઈ, દેવતાઓની ધનાદિ વગેરે માટે પ્રાર્થના, ભેદબુદ્ધિ, વિષયભોગ, યુદ્ધ આદિને માટે મદજનિત ઉત્સાહ, પોતાના યશમાં પ્રેમ, ઉપહાસ, વીર્ય (પોતાના પ્રભાવથી બીજાને આંજી નાખવાની વૃત્તિ), હઠપૂર્વક ઉદ્યોગ કરવો વગેરે રજોગુણની વૃત્તિઓ છે ।।૩।।

(હવે તમોગુણની વૃત્તિઓ કહે છે) ક્રોધ (અસહિષ્ણુતા), લોભ, મિથ્યાભાષણ, હિંસા, યાચના, પાખંડ, ખેદ અથવા ગ્લાનિ, કલહ, શોક, મોહ, વિષાદ, દીનતા, નિદ્રા, આશા, ભય અને અકર્મણ્યતા વગેરે તમોગુણની વૃત્તિઓ છે ।।૪।।

આ પ્રમાણે ક્રમથી સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ ની અધિકાંશ વૃત્તિઓનું અલગ-અલગ વર્ણન કર્યું. હવે તેમના મિશ્રણથી થનારી વૃત્તિઓનું વર્ણન સાંભળો ।।૫।।

હે ઉદ્ધવજી! 'હું' અને 'મારું' એવી વૃત્તિથી વ્યવહાર જેનાથી થાય છે તે 'મન' વિષયો, ઈન્દ્રિયો અને પ્રાણ ના મળવાથી થાય છે તેને 'સન્નિપાત' કહે છે ।।૬।।

પુરુષ જ્યારે ધર્મ, અર્થ અને કામ માં ચિત્ત લગાડે છે ત્યારે તેથી એને શ્રદ્ધા, રતિ અને ધન ની પ્રાપ્તિ થાય છે એ ગુણોનું મિશ્રણ જ છે ।।૭।।

પુરુષ પ્રવૃત્તિથી ધર્મમાં નિષ્ઠા રાખી ઘરનાં અને ધર્મનાં કામો કરે એનું નામ ગુણોનો સન્નિપાત (સન્નિપાત=મિશ્રણ.) જ કહેવાય ।।૮।।

માનસિક શાન્તિ અને જિતેન્દ્રિયતા વગેરે ગુણોથી સત્ત્વગુણી પુરુષને, કામના આદિથી રજોગુણી પુરુષને અને ક્રોધ, હિંસા વગેરેથી તમોગુણી પુરુષને ઓળખવા ।।૯।।

પુરુષ હોય કે સ્ત્રી, જ્યારે તે નિષ્કામ થઈ પોતાનાં નિત્ય નૈમિત્તિક કર્મોદ્વારા મારી આરાધના કરે ત્યારે તેને સત્ત્વગુણી સમજવા જોઈએ ।।૧૦।।

સકામભાવથી પોતાનાં કર્મોદ્વારા મારું ભજન-પૂજન કરનારો રજોગુણી છે અને જે પોતાનો શત્રુ મરી જાય અથવા એવા બીજા આશયથી મારું ભજન-પૂજન કરે તેને તમોગુણી સમજવો ।।૧૧।।

સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણોનું કારણ જીવનું ચિત્ત છે. એમની સાથે મારે કંઈ સમ્બન્ધ નથી અથવા હું બંધાતો નથી. આ જ ગુણોદ્વારા જીવ શરીર અથવા

ધન વગેરેમાં આસક્ત થઈ જઈ બંધનમાં પડી જાય છે ।।૧૨।।

સત્ત્વગુણ પ્રકાશક, નિર્મલ અને શાન્ત છે. જ્યારે તે રજોગુણ અને તમોગુણ ને દબાવી દઈ વધે છે ત્યારે મનુષ્યને સુખ, ધર્મ અને જ્ઞાન આદિની પ્રાપ્તિ થાય છે ।।૧૩।।

રજોગુણ ભેદબુદ્ધિનું કારણ છે. આસક્તિ અને પ્રવૃત્તિ એ તેનો સ્વભાવ છે. જ્યારે તમોગુણ અને સત્ત્વગુણ ને દબાવી દઈ રજોગુણ જોર પકડે છે ત્યારે મનુષ્ય દુઃખ, કર્મ, યશ અને લક્ષ્મી થી સમ્પન્ન થાય છે ।।૧૪।।

તમોગુણનું સ્વરૂપ અજ્ઞાન છે. આળસ અને બુદ્ધિ ની મૂઢતા તેનો સ્વભાવ છે. જ્યારે તે વધી જઈ સત્ત્વગુણ અને રજોગુણ ને દબાવી દે છે ત્યારે પ્રાણી જાતજાતની આશાઓ કરે છે, શોક-મોહમાં પડી જાય છે, હિંસા કરવા લાગે છે અથવા નિદ્રા આળસને વશ થઈ પડ્યો રહે છે ।।૧૫।।

જ્યારે ચિત્ત પ્રસન્ન હોય, ઈન્દ્રિયો શાન્ત હોય, દેહ રોગાદિના ભયથી રહિત હોય અને મનમાં આસક્તિ ન હોય ત્યારે સત્ત્વગુણની વૃદ્ધિ સમજવી. સત્ત્વગુણ મારી પ્રાપ્તિનું સાધન છે ।।૧૬।।

જ્યારે કામ કરતાં-કરતાં જીવની બુદ્ધિ ચચલ, જ્ઞાનેન્દ્રિયો, અસન્તુષ્ટ, કર્મેન્દ્રિયો વિકારવાળી, મન ભ્રાન્ત અને શરીર અસ્વસ્થ થઈ જાય ત્યારે સમજી લેવું કે રજોગુણ જોર પકડી રહ્યો છે ।।૧૭।।

જ્યારે ચિત્ત જ્ઞાનેન્દ્રિયો દ્વારા શબ્દાદિ વિષયોને બરાબર સમજવામાં અસમર્થ થઈ જાય અને ખિન્ન થઈ જઈ લીન થવા લાગે, મન સૂન-મૂન જેવું થઈ જાય, અજ્ઞાન અને વિષાદ વધી જાય ત્યારે સમજી લેવું કે તમોગુણ જોર પકડી રહ્યો છે ।।૧૮।।

હે ઉદ્ધવજી! સત્ત્વગુણ વધતાં દેવતાઓનું, રજોગુણ વધતાં અસુરોનું અને તમોગુણ વધતાં રાક્ષસોનું બળ વધી જાય છે. (વૃત્તિઓમાં પણ ક્રમશઃ સત્ત્વાદિ ગુણોની અધિક્તા થતાં દેવત્વ, અસુરત્વ અને રાક્ષસત્વ પ્રધાન નિવૃત્તિ, પ્રવૃત્તિ અથવા મોહની પ્રધાનતા થઈ જાય છે) ।।૧૯।।

સત્ત્વગુણથી જાગ્રત અવસ્થા, રજોગુણથી સ્વપનાવસ્થા અને તમોગુણથી સુષુપ્તિ અવસ્થા થાય છે, તુરીય (ચોથું) તત્ત્વ આત્મતત્ત્વ આ ત્રણેય અવસ્થાઓમાં સરખી રીતે વ્યાપ્ત છે તે જ શુદ્ધ અને એક રસ આત્મા છે ।।૨૦।।

વેદોના અભ્યાસમાં તત્પર બ્રાહ્મણ સત્ત્વગુણદ્વારા ઉત્તરોત્તર ઉપરના લોકમાં જાય છે. તમોગુણથી જીવોને વૃક્ષાદિ પર્યન્ત અધોગતિ પ્રાપ્ત થાય છે અને રજોગુણથી મનુષ્ય-શરીર મળેછે ।।૨૧।।

સત્ત્વગુણની વૃદ્ધિ થયેલી હોય તેવી અવસ્થામાં મૃત્યુ થતાં સ્વર્ગ, રજોગુણની વૃદ્ધિને સમયે મૃત્યુ થતાં મનુષ્યલોક અને તમોગુણ ની વૃદ્ધિ વખતે મરે તેને નરક મળે છે, પરન્તુ અનન્ય ભક્તિયોગથી જેઓ મત્પરાયણ છે તેવા નિર્ગુણ ભક્તો મને જ પ્રાપ્ત કરે છે. (આ શ્લોકમાં સાત્ત્વિક, રાજસ અને તામસ જીવોને માટે લીન (મૃત્યુ પામેલા) અથવા લય (મૃત્યુ) નો પ્રયોગ કર્યો છે જ્યારે **'નિર્ગુણ'**ની સાથે આવો કોઈ પ્રયોગ નથી તે એમ બતાવે છે કે તેઓ તો જીવનકાળ દરમિયાન પણ મને પ્રાપ્ત કરી શકે છે) ।।૨૨।।

જ્યારે પોતાના ધર્મનું આચરણ મને સમર્પિત કરી અથવા નિષ્કામ ભાવથી કરવામાં આવે છે ત્યારે તે સાત્ત્વિક હોય છે. જે કર્મ કરવામાં કોઈ ફલની કામના હોય છે તે રાજસિક હોય છે અને જે કર્મમાં કોઈનું વેર લેવાનો (સતાવવાનો)કે દેખાવ માત્ર કરવાનો (દમ્ભનો) ભાવ હોય છે તે તામસિક હોય છે ।।૨૩।।

શુદ્ધ આત્માનું જ્ઞાન સાત્ત્વિક છે. તેને કર્તા અને ભોક્તા સમજવો તે રાજસ જ્ઞાન છે અને તેને શરીર માનવું તે સર્વથા તામસિક છે. આ ત્રણે ગુણથી વિલક્ષણ પરમેશ્વર સમ્બન્ધી જ્ઞાન નિર્ગુણ છે ।।૨૪।।

(તપ, યોગ વગેરે માટે અનુકૂળ હોવાથી) વનમાં રહેવું તે સાત્ત્વિક નિવાસ છે. (પ્રવૃત્તિપ્રધાન હોવાથી) ગામમાં રહેવું એ રાજસ નિવાસ છે અને (સ્મૃતિનો નાશ કરનાર હોવાથી) જુગારખાનામાં રહેવું તે તામસિક છે. સર્વથી શ્રેષ્ઠ મારા મન્દિરમાં રહેવું તે નિર્ગુણ નિવાસ છે ।।૨૫।।

ફલાસક્તિ રહિત કર્મ કરનાર સાત્ત્વિક, ફલની ઇચ્છામાં આંધળો બની કર્મ કરનાર રાજસ, કર્તવ્ય-અકર્તવ્ય વિચારથી શૂન્ય થઈ કર્મ કરનાર તામસ અને મારામાં નિષ્ઠા રાખી મારી પ્રસન્નતામાટે જ કર્મ કરનાર નિર્ગુણ સમજવો ।।૨૬।।

વેદાન્તશાસ્ત્રમાં શ્રદ્ધા સાત્ત્વિક, કર્મમાં શ્રદ્ધા રાજસી, અધર્મમાં શ્રદ્ધા તામસી અને મારી સેવામાં શ્રદ્ધા નિર્ગુણા સમજવી ।।૨૭।।

શુદ્ધ, પથ્ય અને વગર મહેનતે મેળવેલ ભોજન સાત્ત્વિક, જીભને ભાવે તેવો અને સ્વાદની દૃષ્ટિથી યુક્ત ખોરાક રાજસ અને અપવિત્ર તથા દુઃખદાયી ખોરાક

તામસ જાણવો ।।૨૮।।

આત્માથી મળતું સુખ સાત્ત્વિક, વિષયોથી મળતું સુખ રાજસ, મોહ અને દીનતા થી ઉત્પન્ન થયેલ સુખ તામસ, મારા ધ્યાન, સેવા, નમનથી મળેલું સુખ નિર્ગુણ સમજવું ।।૨૯।।

હે ઉદ્ધવજી! દ્રવ્ય (વસ્તુ), દેશ (સ્થાન), ફલ, કાળ, જ્ઞાન, કર્મ, કર્તા, શ્રદ્ધા, અવસ્થા (જાગરણ વગેરે), દેવ-મનુષ્ય-તિર્યગાદિ શરીર અને નિષ્ઠા બધાં ત્રિગુણાત્મક છે ।।૩૦।।

હે નરરત્ન! પુરુષ અને પ્રકૃતિ ને આશ્રિત જેટલા ભાવો છે તે બધા ગુણમય છે પછી તે નેત્રાદિ ઈન્દ્રિયોથી અનુભવેલા હોય, શાસ્ત્રોદ્વારા લોકલોકાન્તર સમ્બન્ધમાં સાંભળવામાં આવ્યા હોય કે બુદ્ધિદ્વારા વિચારવામાં આવ્યા હોય ।।૩૧।।

(ઉપર બતાવેલ ત્રિગુણમય પદાર્થ સંસારનાં કારણરૂપ છે તે જીતી લેવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે એ દોઢ શ્લોકથી કહે છે) જીવને જેટલી યોનિઓ અથવા ગતિઓ પ્રાપ્ત થાય છે તે બધી તેમના ગુણો અને કર્મો પ્રમાણે જ પ્રાપ્ત થાય છે. હે સૌમ્ય! બધા જ ગુણોનો સમ્બન્ધ ચિત્તની સાથે છે. (તેથી જીવ તેમને અનાયાસે જ જીતી શકે છે) જે જીવ તેમના ઉપર વિજય મેળવી લે છે તે ભક્તિયોગદ્વારા મારામાં જ નિષ્ઠાવાળો થઈ જાય છે અને છેવટે મારા વાસ્તવિક સ્વરૂપને જેને મોક્ષ પણ કહે છે તેને પ્રાપ્ત કરે છે ।।૩૨।।

આ મનુષ્ય શરીર બહુ જ દુર્લભ છે. આ જ શરીરથી તત્ત્વજ્ઞાન અને તેમાં નિષ્ઠારૂપ વિજ્ઞાનની પ્રાપ્તિ શક્ય છે તેથી તે મેળવીને બુદ્ધિમાન પુરુષોએ શબ્દાદિ વિષયોમાંની આસક્તિને દૂર કરી મારી ભક્તિ કરવી જોઈએ ।।૩૩।।

વિચારશીલ પુરુષે ખૂબ સાવધાનીથી સત્ત્વગુણના સેવનથી રજોગુણને અને તમોગુણને જીતી લેવા, ઈન્દ્રિયોને કાબૂમાં કરી લેવી અને મારા સ્વરૂપને સમજી મારા ભજનમાં લાગી જવું જોઈએ. આસક્તિનો અંશ માત્ર ક્યાંય રહેવા દેવો નહિ ।।૩૪।।

યોગ યુક્તિથી ચિત્તની વૃત્તિઓને શાન્ત કરી નિરપેક્ષતાદ્વારા સત્ત્વગુણ ઉપર પણ વિજય પ્રાપ્ત કરી લે. આ પ્રમાણે ગુણોથી મુક્ત થઈ જઈ, જીવ પોતાના જીવભાવનો ત્યાગ કરી દે છે અને મારી સાથે એકરૂપ થઈ જાય છે ।।૩૫।।

**જીવો જીવવિનિર્મુક્તો ગુણૈશ્ચાશયસમ્ભવૈઃ ।।**

**મયૈવ બ્રહ્મણા પૂર્ણો ન બહિર્નાન્તરશ્ચરેત્ ।।૩૬।।**

નિરન્તર મારું ધ્યાન કરવાથી ગુણના કાર્યરૂપ સંસારથી મુક્ત થયેલ જીવ લિંગ શરીરરૂપ ઉપાધિને છોડી દે છે; કારણ કે એ ચિત્તમાંથી ઉત્પન્ન થતી ગુણોની વૃત્તિઓને છોડી પૂર્ણ બ્રહ્મના આનન્દથી સ્વયં પૂર્ણ રહે છે. જે બહારના વિષયભોગ અને અન્તઃકરણ માં એના સ્મરણને છોડીને પૂર્ણ થયો છે તે જીવતાં જ મુક્ત થાય એટલે જીવન્મુક્ત થાય છે ।।૩૬।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા 'સાયુજ્યમુક્તિ' પ્રકરણનો વીસમો અને ચાલુ) ''સત્ત્વાદિ ગુણની વૃત્તિઓનું વર્ણન'' નામનો પચીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી પુષ્ટિમાર્ગી(?) મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત જઈને મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર, તેમાટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર ત્રણેય પુષ્ટિમાર્ગીઓ ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

## અધ્યાય ૨૬

## દુષ્ટનો સંગ ન કરવો એ વાત ઐલગીતથી કહે છે

**મલ્લક્ષણમ્ ઈમં કાયં લબ્ધ્વા મદ્ધર્મ આસ્થિતઃ ।।**
**આનન્દં પરમાત્માનમાત્મસ્થં સમુપૈતિ મામ્ ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** (પહેલાં મેં કહ્યું કે વિદ્વાન પુરુષ સાવધાનીથી જિતેન્દ્રિય થઈ નિઃસંગ થઈ મારી ભક્તિ કરે. એમ ન કરે તો જીવન્મુક્તને પણ સંગ દુર્વાર (અનિવાર્ય) છે અને તો-તો અનર્થ થાય એવી આશંકા કરી સમાધાન કરે છે કે) આ મનુષ્ય દેહ જ મારી સાક્ષાત્ પ્રાપ્તિનું એક માત્ર સાધન છે. તે પ્રાપ્ત કરીને જે મનુષ્ય સાચા પ્રેમથી મારી શ્રવણકીર્તન આદિ ભક્તિ કરે છે તે અન્તઃકરણમાં નિયન્તારૂપથી બિરાજમાન મને-આનન્દસ્વરૂપ પરમાત્માને સારી રીતે નિઃસાધન

હોવા છતાં પ્રાપ્ત કરી લે છે ।।૧।।

જીવોની બધી યોનિઓ, બધી ગતિઓ ત્રિગુણમયી છે. જીવ જ્ઞાનનિષ્ઠા-આત્મ-સાક્ષાત્કાર-દ્વારા તેમાંથી સદાને માટે મુક્ત થઈ જાય છે. સત્ત્વ, રજ વગેરે દેખાતા ગુણો વાસ્તવિક નથી, માયા માત્ર છે. જ્ઞાન થઈ ગયા પછી પુરુષ એમની વચ્ચે રહેવા છતાં એમના દ્વારા વ્યવહાર કરતો હોવા છતાં તે તેમનાથી બંધાતો નથી તેમાં આસક્ત થતો નથી એનું કારણ એ છે કે તે ગુણોની વાસ્તવિક સત્તા જ નથી ।।૨।।

સાધારણ લોકોએ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે જે લોકો વિષયોના સેવન અને ઉદર પોષણમાં જ રચ્યા-પચ્યા રહે છે તે અસત્-દુષ્ટ પુરુષોનો સંગ ક્યારેય ન કરે, કારણ કે તેમને અનુસારનારા પુરુષની દુર્દશા એક-એક અન્ધને ટેકે-ટેકે ચાલનાર બીજા અન્ધના જેવી જ થાય છે. તેને તો ઘોર-અન્ધકારક-નરક-માં જવું પડે છે ।।૩।।

હે ઉદ્ધવજી! પહેલાં તો પરમ યશસ્વી સમ્રાટ ઈલાનન્દન પુરૂરવા ઉર્વશીના વિરહથી અત્યન્ત બેશુદ્ધ થઈ ગયો હતો. પછી શોક દૂર થતાં તેને તીવ્ર વૈરાગ્ય થયો અને ત્યારે તેણે આ ગાથા ગાઈ ।।૪।।

(પુરૂરવાની પ્રથમ મોહ અવસ્થાને બતાવતાં કહે છે) રાજા પુરૂરવા નગ્ન અવસ્થામાં પાગલની જેમ પોતાનો ત્યાગ કરી દઈ ભાગી જતી ઉર્વશીની પાછળ અત્યન્ત વિહ્‌વળ થઈ જઈ દોડવા લાગ્યો અને કહેવા લાગ્યો, ''હે દેવી! નિષ્ઠુર! થોડીવાર થોભી જા, ચાલી ન જા'' ।।૫।।

ઉર્વશીએ તેનું મનહરી લીધું હતું. તેને હજુ તૃપ્તિ થઈ નહોતી. ક્ષુદ્ર વિષયોના સેવનમાં એ એટલો ડૂબી ગયો હતો કે અનેક વર્ષોની રાત્રિઓ ક્યારે આવી અને ક્યારે ગઈ તેનું પણ તેને ભાન રહ્યું નહિ ।।૬।।

## ઐલગીત

**પુરૂરવાએ કહ્યું :** અરે! મારી મૂઢતા તો જાુઓ. કામવાસનાએ મારા ચિત્તને કેટલું બધું કલુષિત કરી દીધું! ઉર્વશીના કંઠમાં બાહુ રાખી બેસી રહેતાં મારા આયુષનાં કેટલા કિંમતી વર્ષો વેડફાઈ ગયાં! ઓહો! વિસ્મૃતિની પણ એક સીમા હોય છે ।।૭।।

અરેરે! ઉર્વશીમાં લમ્પટ થઈ મોહ પામેલા એવા મારા આયુષનાં ઘણા વર્ષો તેણે લૂંટી લીધાં. સૂર્યના અસ્ત કે ઉદય ને હું જાણી ન શકયો. ઘણા ખેદની વાત છે કે

ઘણાં વર્ષોના દિવસો ઉપર દિવસો વીતતા ગયા અને મને ખબર પણ નપડી ।।૮।।

મારા મનમાં મોહ એટલો બધો વધી ગયો કે જેણે નરદેવ શિરોમણિ ચક્રવર્તી સમ્રાટ એવા મને પુરૂરવાને પણ એક સ્ત્રીનું રમકડું બનાવી દીધું. એ પણ એક આશ્ચર્ય છે! ।।૯।।

જાુઓ! હું પ્રજાને મર્યાદામાં રાખનાર સમ્રાટ છું. તે મને તથા મારા રાજપાટને તણખલાની જેમ તરછોડી દઈ જવા લાગી અને હું પાગલ થઈ નગ્ન નિઃસહાય રોતો કકળતો તે સ્ત્રીની પાછળ દોડવા માંડ્યો. અરર! આ પણ કોઈ જીવન છે! ।।૧૦।।

હું ગધેડાની જેમ લાતો ખાઈને પણ એક ક્ષુદ્ર સ્ત્રીની પાછળ દોડતો રહ્યો જેમાં મારાં ઐશ્વર્ય, પ્રભાવ, તેજ, પ્રતાપ સર્વ નાશ પામ્યાં ।।૧૧।।

જેનું મન સ્ત્રીએ હરી લીધું છે તેવા પુરુષને વિદ્યા, તપ, ત્યાગ, શાસ્ત્રાભ્યાસ એકાન્તસેવન અને મૌન પણ કાંઈ શ્રેયસ્કર (લાભદાયી) થઈ શકતાં નથી ।।૧૨।।

મને મારા જ હિત-અહિતનું ભાન નથી છતાં હું મારી જાતને ઘણો મોટો પંડિત માનું છું. મને મૂર્ખને ધિક્કાર છે કે હું ચક્રવર્તી સમ્રાટ હોવા છતાં ગધેડા અને બેલ ની જેમ એક (તુચ્છ) સ્ત્રીની જાળમાં ફસાયો ।।૧૩।।

વર્ષો સુધી હું ઉર્વશીના અધરની માદક મદિરા પીતો રહ્યો તો પણ જેમ ઘીની ગમે તેટલી આહુતિઓ આપવા છતાં અગ્નિ તૃપ્ત થતો નથી (પણ વધે છે) તેમ મારી કામવાસના તૃપ્ત ન થઈ (પણ વધતી જ રહી) ।।૧૪।।

(એમ આઠ શ્લોકથી વૈરાગ્ય કહીને હવે દશ શ્લોકથી એનો વિવેક કહે છે) પુરુષને જોઈને જેનું ચિત્ત ક્ષુબ્ધ થાય છે તેવી પુંશ્ચલી (વ્યભિચારીણી સ્ત્રી) એ જેનું ચિત્ત ચોર્યું હોય તેને બચાવનાર આત્મામાં જ રમણ કરનાર, જીવન્મુક્તોના સ્વામી, ઈન્દ્રિયાતીત, સર્વસમર્થ ભગવાન્ સિવાય બીજો કોઈ સમર્થ નથી ।।૧૫।।

તે દેવી ઉર્વશીએ તો મને વૈદિક સૂક્તનાં વચનોદ્વારા સમજાવ્યો પણ *હતો પરન્તુ મારી મતિ એટલી મૂઢ બની ગઈ હતી કે મારા મનનો તે ભયંકર મોહ તો પણ મટ્યો નહિ. મારી ઈન્દ્રિયો મને વશ નહોતી પણ હું ઈન્દ્રિયોનો ગુલામ બન્યો હોવાથી તે સમજવાનું મારે માટે અશકય હતું ।।૧૬।।

**વિશેષ :** ઉર્વશીએ પુરૂરવાને કહ્યું હતું કે મારા વિરહથી તમે દુઃખી ન થાઓ. મોતને મળવા સામે ન જાઓ. અમંગલ ઈન્દ્રિયોરૂપી વરૂઓ તમારું ભક્ષણ કરી જશે. સ્ત્રીઓની સાથે સખ્ય હોય જ નહિ. તેમનાં હ્રદય શ્વાનના હ્રદય જેવા હોય છે. (શ્રીભાગવત પ્રથમ ભાગ નવમ સ્કન્ધ

અધ્યાય ૧૪ માં પુરૂરવાની કથા આવે છે)

(એમ સ્ત્રીનો દોષ બતાવી હવે એમાં તો મારો જ અપરાધ છે એનો અપરાધ નથી એ બતાવે છે) મારા સરખા કામીપુરુષો ઉપર ઉર્વશીએ મહાન ઉપકાર કર્યો છે. જેમ દોરડાને સાપ માનીને ભય પામનારને દોરડું એનું કાંઈ બૂરું કરતું નથી પણ એનો મોહ જ એને કલેશ આપે છે તેમ મારા મોહથી જ હું દુઃખી છું એમાં ઉર્વશીનો દોષ નથી ।।૧૭।।

દુષ્ટ ગંધવાળો અપવિત્ર આ દેહ કયાં અને પ્રસન્નતા વગેરે ગુણો કયાં! પરન્તુ અવિદ્યાએ મને સ્ત્રીદેહમાં સુગન્ધ વગેરે દેખાડ્યાં. એ અધ્યાસ મોહથી થયો એમાં એનો દોષ કેમ ગણાય? ।।૧૮।।

વળી આ દેહમાં મમતા પણ માયાએ કરાવેલી છે. માતા-પિતાથી દેહ થાય છે તેથી એની ઉપર સત્તા માતા-પિતાની ગણાય. સ્ત્રી આ દેહનો ઉપભોગ કરે છે તેથી શું એ સ્ત્રીનો ગણાય? માલિક દેહને પોષણ આપે છે તેથી અન્ન આપનારને દેહ ગણાય, આ દેહ અગ્નિમાં જાય છે તેથી એ એનો ગણાય, અથવા બાળવામાં ન આવે તો ગીધ, કૂતરાં વગેરે એનો ઉપયોગ કરે તેથી એ શું કૂતરાં, ગીધડાંનો ગણાય કે? દેહ આત્મા કે મિત્રોને માટે ગણીએ તો એનો ગણાય કે શું? એનો નિશ્ચય કરી શકાતો નથી ।।૧૯।।

મળમૂત્રથી ભરેલું આ શરીર અત્યન્ત અપવિત્ર છે. એનો અન્ત એ જ છે કે પક્ષીઓ તેને ખાઈ જઈ વિષ્ટા કરી દે તે સડી જતાં તેમાં કીડા પડી જાય અથવા બાળી નાખતાં રાખનો ઢગલો થઈ જાય. આવા શરીર પર લોકો મોહિત થઈ જાય છે અને કહેવા લાગે છે કે ''ઓ હો! આ સ્ત્રીનું મુખડું કેટલું સુન્દર છે! નાક કેટલું સુઘડ છે અને મન્દ-મન્દ હાસ્ય કેટલું મનોહર છે? ।।૨૦।।

આ શરીર ત્વચા, માંસ, રુધિર, સ્નાયુ, મેદ, મજ્જા અને હાડકાંઓનો ઢગલો તથા મળમૂત્ર અને પરુથી ભરેલું છે. આવા સ્ત્રીદેહમાં રાચનાર અને વિષ્ટાના કીડાઓમાં શો તફાવત છે? ।।૨૧।।

તેથી પોતાનું હિત સમજનાર વિવેકી મનુષ્યે સ્ત્રીઓ અને સ્ત્રીલમ્પટ પુરુષોનો સંગ ન કરવો જોઈએ. વિષય અને ઈન્દ્રિયો નો સંયોગ જ મનમાં વિકાર ઉત્પન્ન કરે છે, નહિ તો વિકાર માટે કોઈ અવકાશ જ નથી ।।૨૨।।

જે વસ્તુ કયારેય દેખી કે સાંભળી નથી તેને માટે મનમાં વિકાર થતો નથી. જે

લોકો વિષયોની સાથે ઇન્દ્રિયોનો સંયોગ થવા દેતા નથી તેમનું મન પોતાની મેળે નિશ્ચલ થઈ શાન્ત થઈ જાય છે ।।૨૩।।

તેથી વાણી, કાન, નેત્ર, ત્વચા, શિશ્ન અને મન વડે સ્ત્રીઓ કે સ્ત્રીલમ્પટો નો સંગ ક્યારેય ન કરવો જોઈએ. મારા જેવા લોકોની તો વાત જ જવા દો, પરન્તુ મોટા-મોટા વિદ્વાનોએ પણ પોતાની ઇન્દ્રિયો અને મન નો વિશ્વાસ ન કરવો જોઈએ ।।૨૪।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું:** રાજરાજેશ્વર પુરૂરવાના મનમાં જ્યારે આ પ્રમાણે ઉદ્દગાર ઉઠવા લાગ્યા, ત્યારે તેણે ઉર્વશીના લોકનો ત્યાગ કરી દીધો. હવે જ્ઞાનનો ઉદય થઈ જવાથી તેનો મોહ જતો રહ્યો અને તેણે પોતાના હૃદયમાં જ આત્મસ્વરૂપથી મારો સાક્ષાત્કાર કરી લીધો અને તે શાન્ત ભાવમાં સ્થિત થઈ ગયો ।।૨૫।।

તેથી પુરૂરવાની માફક બુદ્ધિમાન પુરુષે કુસંગ છોડી દઈ સત્પુરુષોનો સંગ કરવો જોઈએ. સન્તપુરુષો પોતાના સદુપદેશથી સંસારના મોહનો અને મનની આસક્તિનો નાશ કરે છે ।।૨૬।।

(સત્પુરુષોનાં લક્ષણો કહે છે) સન્તપુરુષોનાં લક્ષણ એ છે કે તેઓ મારી પ્રાપ્તિને જ પરમ પુરુષાર્થ સમજીને મારામાં જ તેમનું મન લગાડીને મારા સિવાય બીજી કોઈ વસ્તુની તેમને અપેક્ષા જ હોતી નથી. તેમના ચિત્તમાં શાન્તિનો અગાધ સમુદ્ર લહેરાતો હોય છે તેથી રાગદ્વેષને તો તેમના જીવનમાં સ્થાન જ નથી હોતું. તેઓ સદા, સર્વદા સર્વત્ર સર્વમાં સર્વરૂપે બિરાજમાન ભગવાન્નાં જ દર્શન કરે છે. તેમનામાં અહંકારનો લેશ પણ હોતો નથી તો પછી મમતાની તો વાત જ ક્યાં રહી? તેઓ ઠંડી-ગરમી, સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વોમાં એક રસ રહે છે. તેઓએ સર્વ વિષયોનો ત્યાગ કરેલો હોય છે ।।૨૭।।

હે પરમ ભાગ્યવાન ઉદ્ધવજી! સન્તોના સૌભાગ્યનો મહિમા ક્યાં સુધી કહું? તેમની પાસે સદા-સર્વદા મારી લીલાકથાઓ થયા કરતી હોય છે. મનુષ્યોને માટે મારી લીલા કથાઓ પરમ હિતકર છે; જે તેમનું શ્રવણ કરે છે તેમનાં પાપતાપોને તે ધોઈ નાખે છે ।।૨૮।।

જે લોકો આદર અને શ્રદ્ધા થી મારી લીલાકથાઓનું શ્રવણ, ગાન અને અનુમોદન કરે છે તેઓ મત્પરાયણ થઈ જાય છે અને મારી અનન્ય પ્રેમ મયી ભક્તિ

પ્રાપ્ત કરે છે ।।૨૯।।

હે ઉદ્ધવજી! હું અનન્ત, અચિન્ત્ય, કલ્યાણમય ગુણ ગણોનો આશ્રય છું. કેવળ આનન્દ, કેવળ અનુભવ અને વિશુદ્ધ આત્મા એ જ મારું સ્વરૂપ છે. હું સાક્ષાત્ પરબ્રહ્મ છું. જેને મારી ભક્તિ પ્રાપ્ત થઈ ગઈ તે સાધુ-સ્વકાર્ય સાધકને માટે કંઈ પણ મેળવવું બાકી રહેતું નથી ।।૩૦।।

તેની તો વાત જવા દો જેણે તે સન્તપુરુષોનું શરણ ગ્રહણ કરી લીધું તેની પણ કર્મજડતા, સંસાર-ભય અને અજ્ઞાન આદિ સર્વ નિવૃત્ત થઈ જાય છે. જેણે અગ્નિદેવનો આશ્રય લઈ લીધો તેને ઠંડી ભય કે અંધકારનું દુઃખ સતાવી શકેખરું? ।।૩૧।।

પાણીમાં ડૂબતા લોકોને માટે જેમ મજબૂત હોડી બચાવનાર છે તેમ આ ઘોર સંસારસાગરમાં ડૂબતા લોકો માટે બ્રહ્મને જાણનાર અને શાન્ત સન્તપુરુષો એવા ભગવાન્‌ના ભક્તો જ એક માત્ર આશ્રય છે ।।૩૨।।

જેવી રીતે પ્રાણીઓના પ્રાણની રક્ષા અન્નથી થાય છે, જેવી રીતે દીન-દુઃખિયાંઓનો પરમ રક્ષક હું છું, જેવી રીતે મનુષ્યને માટે પરલોકમાં ધર્મ એ જ એક માત્ર પૂંજી છે તેવી જ રીતે સંસારથી ભયભીત લોકોમાટે સન્તજનો જ પરમ આશ્રયછે ।।૩૩।।

જેવી રીતે સૂર્યનો આકાશમાં ઉદય થાય છે ત્યારે લોકોને તે જગત્ તથા પોતાને જોવામાટે નેત્રદાન કરે છે તેવીજ રીતે સન્તપુરુષો પોતાને તથા ભગવાન્‌ને જોવામાટે અન્તદષ્ટિ આપે છે. સન્ત અનુગ્રહ શીલ દેવતા, હિતૈષી, સુહૃદ(મિત્ર) અને પ્રિયતમ આત્મા છે. સન્તના રૂપમાં સ્વયં હુંજ વિદ્યમાન છું ।।૩૪।।

**વૈતસેનસ્તતોઽપ્યેવમુર્વશ્યા લોકનિસ્પૃહઃ ।।**
**મુક્તસંગો મહીમેતામાત્મારામશ્ચચાર હ ।।૩૫।।**

હે પ્રિય ઉદ્ધવજી! આત્મસાક્ષાત્કાર થતાં જ સુદ્યુમ્નના પુત્ર (ઈલાનન્દન) *પુરૂરવાને ઉર્વશીના લોકની ઈચ્છા ન રહી. તેની તમામ આસક્તિઓ મટી ગઈ અને તે આત્મામાં રમણ કરતો સર્વ સંગ છોડીને સ્વચ્છન્દરૂપથી આ પૃથ્વી પર ફરવા લાગ્યો ।।૩૫।।

**વિશેષ : 'વૈતસેનઃ'** : (શ્રીભાગવત સ્કન્ધ ૯, અધ્યાય-૧)વૈવસ્વત મનુના પુત્ર સુદ્યુમ્ને ઉમા દેવીના (શ્રીપાર્વતીજીના) વનમાં પ્રવેશ કરતાં સેના સહિત તે બધાં સ્ત્રી થઈ ગયાં. ચન્દ્રના

પુત્ર બુધે તેની સાથે લગ્ન કર્યાં. તેના પુત્ર પુરૂરવા. ''વીતા સ્ત્રી ભાવં પ્રાપ્તા સેના યસ્ય સ વીતસેનઃ તસ્ય પુત્રઃ વૈતસેનઃ''

**ઇતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર બીજા સાયુજ્ય મુક્તિ નામના પ્રકરણનો એક્વીસમો અને ચાલુ) ''દુષ્ટનો સંગ ન કરવો એ વાદ ઐલગીતથી કહે છે'' નામનો છવ્વીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ઓ ભાઈ રે! તેં ભાગવત ભણીને શું કીધું?**
મારે જંતુ (શ્રોતા) અહિ (નાગ=કથાકાર) મણિ (ભાગવત)અજવાળે,
ત્યમ તેં ઉદર પોખી લીધું!! પારસમણિનું પાત્ર (ભાગવત) પાણિમાં ઘેર-ઘેર
ભિક્ષા માંગે! જ્યાં લગી વસ્તુનું જ્ઞાન ના ત્યાં લગી દુઃખ-દારિદ્રય ના ભાંગે

## અધ્યાય ૨૭

## ચિત્તને પ્રસન્ન કરનાર ક્રિયાયોગનું વર્ણન

**વિશેષ :** તત્કાલ ચિત્તમાં પ્રસન્ન કરનાર સર્વ કામના પૂર્ણ કરનાર ક્રિયાયોગને અંગસહિત આ સત્તાવીસમા અધ્યાયમાં સંક્ષેપથી કહે છે.

**ક્રિયાયોગં સમાચક્ષ્વ ભવદારાધનં પ્રભો ।।**
**યસ્માત્ત્વાં યે યથાર્ચન્તિ સાત્વતાઃ સાત્વતર્ષભ ।।૧।।**

**ઉદ્ધવજી બોલ્યા :** હે ભકતવત્સલ પ્રભો! આપના શ્રેષ્ઠ ભકતો જે સાધન સમુદાયથી ભકતના પાલક એવા આપને આરાધે છે તે આપના આરાધનરૂપ ક્રિયાયોગને સારી રીતે સમજાય એમ આપ કહો ।।૧।।

ભગવાન્ નારદજી, વ્યાસજી અને દેવ ના આચાર્ય બૃહસ્પતિ આપનું આરાધન શ્રેય કરનાર છે એમ વારંવાર કહે છે ।।૨।।

કેવળ મુનિઓ જ કહે છે એમ નથી પણ આપના શ્રીમુખથી સાંભળીને બ્રહ્માજીએ પોતાના પુત્રો ભૃગુ વગેરે મહર્ષિઓને એ ક્રિયાયોગ કહ્યો છે તેમજ શિવજીએ પાર્વતીજીને એ ક્રિયાયોગ કહ્યો છે ।।૩।।

હે મર્યાદારક્ષક પ્રભો! આ ક્રિયાયોગ બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ વર્ણો અને

બ્રહ્મચારી, ગૃહસ્થ આદિ આશ્રમોને માટે પણ પરમ કલ્યાણકારક છે. હું તો એમ સમજાું છું કે સ્ત્રી, શૂદ્ર વગેરેને માટે પણ એ જ સર્વશ્રેષ્ઠ સાધનાપદ્ધતિ છે ।।૪।।

હે કમલનયન શ્યામસુન્દર! આપ શંકર આદિ જગદીશ્વરોના પણ ઈશ્વર છો અને હું આપના ચરણોનો પ્રેમી ભકત છું. આપ કૃપા કરીને મને આ કર્મબંધનથી મુકત કરનારી વિધિ બતાવો ।।૫।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** હે ઉદ્ધવજી! કર્મકાંડનો વિસ્તાર એટલો વિશાળ છે કે એની કોઈ સીમા જ નથી તેથી હું સંક્ષેપમાં જ પૂર્વાપર ક્રમથી વિધિપૂર્વક વર્ણન કરું છું ।।૬।।

મારી પૂજાની વિધિ ત્રણ છે-વૈદિક, તાન્ત્રિક અને મિશ્રિત. આ ત્રણમાંથી મારા ભકતે જે પોતાને અનુકૂળ આવે તે જ વિધિથી મારી આરાધના કરવી જોઈએ ।।૭।।

પહેલાં પોતાના અધિકાર પ્રમાણે શાસ્ત્રોકત વિધિથી યોગ્ય સમયે યજ્ઞોપવીત સંસ્કારદ્વારા સંસ્કૃત થઈ દ્વિજત્વ પ્રાપ્ત કરે. પછી શ્રદ્ધા અને ભક્તિસહિત કેવી રીતે મારી પૂજા કરવી તેની વિધિ મારી પાસેથી સાંભળો ।।૮।।

ભકિતપૂર્વક નિષ્કપટ ભાવથી (કોઈ પણ ફલની આશા રાખ્યા વિના) પોતાના પિતા અને ગુરુરૂપ મારી પરમાત્માની પૂજાની સામગ્રીદ્વારા મૂર્તિમાં, વેદીમાં, અગ્નિમાં, સૂર્યમાં, જલમાં, હૃદયમાં કે બ્રાહ્મણમાં કોઈમાં પણ મારી આરાધના કરે ।।૯।।

ઉપાસકે પ્રાતઃકાલ દન્તધાવન (દાતણ) કરી શરીરશુદ્ધિને માટે સ્નાન કરવું જોઈએ અને પછી વૈદિક તથા તાન્ત્રિક મન્ત્રોના ઉચ્ચારપૂર્વક માટી કે ગાય ના ગોબરનો શરીરે લેપ કરી ફરીથી સ્નાન કરવું ।।૧૦।।

ત્યારબાદ વેદોકત સન્ધ્યાવન્દન આદિ નિત્યકર્મ કરવાં જોઈએ. પછી મારી આરાધનાનો જ દૃઢ સંકલ્પ કરી વૈદિક અને તાન્ત્રિક વિધિઓથી કર્મબંધનોથી છોડાવનારી મારી પૂજા કરે ।।૧૧।।

પથ્થરની, કાષ્ઠની, ધાતુની, માટી અને ચન્દન આદિની, ચિત્રમયી, વાલુકામયી, મનોમયી અને મણિમયી એમ આઠ પ્રકારની મારી મૂર્તિ હોય છે ।।૧૨।।

મનોમયી પ્રતિમા સિવાયની સાત પ્રકારની પ્રતિમા ચલ અને અચલ એમ બે પ્રકારની છે. મનોમયી પ્રતિમાનું મન્દિર હૃદય છે. અચલ પ્રતિમાના પૂજનમાં

પ્રતિદિન આવાહન અને વિસર્જન ન કરવું જોઈએ. (મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ વખતે નિત્ય સ્થાયી સ્વરૂપે જ તેમાં પ્રભુ પધારે છે) ।।૧૩।।

ચલ પ્રતિમાના સમ્બન્ધમાં વિકલ્પ છે. ઇચ્છામાં આવે તો કરે અથવા ન કરે. પરન્તુ વાલુકામયી પ્રતિમામાં તો આવાહન તથા વિસર્જન પ્રતિદિન કરવું જ જોઈએ. માટી અને ચન્દન ની તથા ચિત્રમયી પ્રતિમાઓને સ્નાન ન કરાવે, માત્ર માર્જન કરે; પરન્તુ બીજી બધી પ્રતિમાઓને સ્નાન કરાવવું જોઈએ ।।૧૪।।

પ્રસિદ્ધ-પ્રસિદ્ધ પદાર્થોથી પ્રતિમા આદિમા મારી પૂજા કરવામાં આવે છે પરન્તુ જે નિષ્કામ ભકત છે તે અનાયાસે પ્રાપ્ત પદાર્થોથી અને ભાવના માત્રથીજ હૃદયમાં મારી પૂજા કરીલે ।।૧૫।।

હે ઉદ્ધવજી! સ્નાન, વસ્ત્ર,આભૂષણ આદિ તો પાષાણ કે ધાતુ ની પ્રતિમાના પૂજનમાં જ ઉપયોગી છે. વાલુકામયી મૂર્તિ કે માટી ની વેદીમાં પૂજા કરવી હોય તો તેમાં મન્ત્રોદ્વારા અંગ અને તેના પ્રધાન દેવતાઓની યથાસ્થાન પૂજા કરવી જોઈએ. અગ્નિમાં પૂજા કરવી હોય તો ઘૃતમિશ્રિત હવન સામગ્રીઓથી આહુતિ આપવી જોઈએ ।।૧૬।।

સૂર્યને પ્રતીક માની કરાતી ઉપાસનામાં મુખ્યત્વે અર્ઘ્યદાન અને ઉપસ્થાનજ પ્રિય છે તથા જલમાં તર્પણ આદિથી મારી ઉપાસના કરવી જોઈએ. જ્યારે કોઈ ભકત મને હાર્દિક શ્રદ્ધાથી માત્ર જલ ચઢાવે છે ત્યારે હું તે અત્યન્ત પ્રેમથી સ્વીકારું છું ।।૧૭।।

જો કોઈ અભકત મારામાં પ્રીતિ વગર મને ઢગલાબંધ સામગ્રી નિવેદન કરે તો પણ તેનાથી મને સન્તોષ થતો નથી. ભક્તિ શ્રદ્ધાપૂર્વક સમર્પિત માત્ર જલથી જ જ્યારે હું પ્રસન્ન થઈ જાઉં છું ત્યારે ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય આદિ વસ્તુઓના સમર્પણથી તો કહેવું જ શું? ।।૧૮।।

ઉપાસક પહેલાં પૂજાની સામગ્રી એકઠી કરે, પછી કુશ એ પ્રમાણે બિછાવે કે તેમના આગલા ભાગ પૂર્વની તરફ રહે. પછી પૂર્વ યા ઉત્તર તરફ મુખ રાખી પવિત્રતાથી તે કુશોના આસન ઉપર બેસી જાય. પ્રતિમા જો અચલ હોય તો તેની સામે જ બેસવુ જોઈએ. ત્યારબાદ પૂજા કાર્ય પ્રારમ્ભ કરે ।।૧૯।।

પહેલાં વિધિપૂર્વક અંગન્યાસ અને કરન્યાસ કરી લે. ત્યારબાદ મૂર્તિમાં મન્ત્રન્યાસ કરે અને હા’’ે પ્રતિમા ઉપરથી પૂર્વસમર્પિત સામગ્રી દૂર કરી દઈ તેને

પોંછી દે. ત્યારબાદ જલથી ભરેલ કલશ અને પ્રોક્ષણ પાત્ર આદિની પૂજા ગન્ધપુષ્પ આદિથી કરે ।।૨૦।।

પ્રોક્ષણ પાત્રના જલથી પૂજા સામગ્રી અને પોતાના શરીરનું પ્રોક્ષણ કરી લે. ત્યારબાદ પાદ્ય, અર્ઘ્ય અને આચમનને માટે ત્રણ પાત્રોમાં કલશમાંથી જલ ભરી રાખી લે અને તેમાં પૂજાપદ્ધતિ પ્રમાણે સામગ્રી મૂકે* ।।૨૧।।

**વિશેષ : પાદ્યે શ્યામાક-દૂર્વાબ્જ-વિષ્ણુક્રાન્તાદિરિષ્યતે। ગન્ધ-પુષ્પાક્ષત-યવ-કુશાગ્ર-તિલ-સર્ષપાઃ। દુર્વા ચેતિ ક્રમાદર્ઘ્ય-દ્રવ્યાષ્ટકમુદીરિતમ્। જાતો લવંગ-કંકોલૈર્ મતમાચમનીયકમ્.** પાદ્યપાત્રમાં સામ્બાના દાણા, દૂબ, કમલ, વિષ્ણુક્રાન્તા અને ચન્દન, તુલસીદલ આદિ; અર્ઘ્યપાત્રમાં સુગન્ધી દ્રવ્યો, પુષ્પ, અક્ષત, જવ, કુશ, તલ, સરસવ અને દૂબ તથા આચમનપાત્રમાં જાયફળ, લવિંગ, કંકોલ વગેરે મૂકે.

ત્યાર પછી પૂજા કરનારાએ ત્રણેય પાત્રોમાં ક્રમશઃ હૃદયમન્ત્ર, શિરોમન્ત્ર અને શિખામન્ત્ર થી અભિમન્ત્રિત કરી અન્તમાં ગાયત્રીમન્ત્રથી ત્રણેયને અભિમન્ત્રિત કરે ।।૨૨।।

(દેહનો સંસ્કાર કહે છે કે) પછી પ્રાણાયામથી વાયુના શોષણદ્વારા, મૂલાધારમાં રહેલા અગ્નિથી દહનદ્વારા તથા લલાટમાં રહેલા ચન્દ્રમંડલના અમૃતથી દેહને તરબોળ કરવાથી શરીર અમૃતમય કરી દઈ હૃદયકમલમાં, જીવ અંશ છે જેનો એવી મારી સૂક્ષ્મમૂર્તિનું ધ્યાન કરવું. મોટા-મોટા સિદ્ધ ઋષિમુનિઓ ૐકારના અકાર, ઉકાર, મકાર, બિન્દુ અને અનુકરણનાત્મક નાદ આ પાંચ કલાઓને અન્તે તે જ સૂક્ષ્મમૂર્તિનું ધ્યાન કરે છે ।।૨૩।।

તે જીવકલા આત્મસ્વરૂપ છે. જ્યારે તેના તેજથી સમગ્ર અન્તઃકરણ તથા શરીર પૂર્ણ થઈ જાય, ત્યારે માનસિક ઉપચારોથી તેની માનસી પૂજા કરવી જોઈએ. ત્યારબાદ તન્મય થઈ મારું આવાહન કરે અને પ્રતિમા આદિમાં સ્થાપના કરે. પછી મન્ત્રોદ્વારા અંગન્યાસ કરી તેમાં મારી પૂજા કરે ।।૨૪।।

હે ઉદ્ધવજી! મારા આસનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય રૂપી ચાર ધર્મોના પાયા છે. અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય આ ચાર દિશાઓમાં દંડા છે. દિવ્ય સત્ત્વ, રજ અને તમરૂપી ત્રણ પાટિયાનું આસન છે. તેના ઉપર વિમલા, ઉત્કર્ષિણી, જ્ઞાના, ક્રિયા, યોગા, પ્રહ્વી, સત્યા, ઈશાના અને અનુગ્રહા આ નવ શક્તિઓ બિરાજમાન છે. એ આસન ઉપર એક અષ્ટદલ કમલ છે તેની કર્ણિકા

અત્યન્ત પ્રકાશમાન છે અને પીળાં-પીળાં કેસરોની છટા અનોખી છે. આસનના સમ્બન્ધમાં આવી ભાવના કરી પાદ્ય, આચમનીય અને અર્ઘ્ય આદિ ઉપચાર પ્રસ્તુત કરે. પછી ભોગ અને મોક્ષ ની સિદ્ધિને માટે વૈદિક અને તાન્ત્રિક વિધિથી મારી પૂજા કરે ।।૨૫-૨૬।।

સુદર્શન ચક્ર, પાંચજન્ય શંખ, કૌમોદકી ગદા, નન્દક તલવાર, બાણ, શાંર્ગ ધનુષ, હલ, સુનન્દ મુસળ આ આઠ આયુધોની પૂજા આઠ દિશાઓમાં કરે અને કૌસ્તુભમણિ, વૈજયન્તી માલા તથા શ્રીવત્સચિહ્નની વક્ષઃસ્થલ પર યથાસ્થાન પૂજા કરે ।।૨૭।।

નન્દ, સુનન્દ, પ્રંચડ, ંચડ, મહાબલ, બલ, કુમુદ અને કુમુદેક્ષણ-આ આઠ પાર્ષદોની આઠ દિશાઓમાં, ગરુડની સામે; દુર્ગા, વિનાયક, વ્યાસ અને વિશ્વક્સેનની ચારે ખૂણાઓમાં સ્થાપના કરી પૂજન કરે. ડાબી તરફ ગુરુની અને ક્રમ પ્રમાણે પૂર્વાદિ દિશાઓમાં ઈન્દ્ર વગેરે આઠ લોકપાલોની સ્થાપના કરી પ્રોક્ષણ, અર્ઘ્યદાન આદિ ક્રમથી પૂજા કરવી જોઈએ ।।૨૮-૨૯।।

શક્તિ હોય તો દરરોજ ચન્દન, ખસ, કપૂર , કેસર અને અરગજા આદિ સુગન્ધી વસ્તુઓ દ્વારા સુવાસિત જલથી મને સ્નાન કરાવે અને તે વખતે **'સુવર્ણ ધર્મ'** ઈત્યાદિ સ્વર્ણ ધર્માનુવાક, **'જિતં તે પુંડરીકાક્ષ'** ઈત્યાદિ મહાપુરુષવિદ્યા, **'સહસ્રશીર્ષા પુરુષ'** ઈત્યાદિ પુરુષસૂકત અને **'ઈન્દ્રં નરો નેમધિતા હવન્ત'** ઈત્યાદિ મન્ત્રોકત રાજનાદિ સામ ગાયનનો પાઠ પણ કરતો રહે ।।૩૦-૩૧।।

મારો ભકત વસ્ત્ર, યજ્ઞોપવીત, આભૂષણ, પત્ર, માલા, ગન્ધ અને ચન્દન આદિથી પ્રેમપૂર્વક યથાવત્ મને શૃંગાર ધરાવે ।।૩૨।।

ઉપાસક શ્રદ્ધાસહિત મને પાદ્ય, આચમન, ચન્દન, પુષ્પ, અક્ષત, ધૂપ, દીપ વગેરે સામગ્રી સમર્પિત કરે ।।૩૩।।

શક્ય હોય તો ગોળ, ખીર (દૂધપાક), ઘી, પૂરી, માલપૂઆ, લાડુ, હલવો, દહીં અને દાળ વગેરે વિવિધ વ્યંજનો રૂપે નૈવેદ ધરે ।।૩૪।।

ભગવાન્‌ના વિગ્રહ (શ્રીઅંગ) ને દાતણ કરાવે, ઉબટન લગાવે, પંચામૃત આદિથી સ્નાન કરાવે, સુગન્ધી પદાર્થોનો લેપ કરે, દર્પણ દેખાડે, ભોગ ધરે અને શક્તિ હોય તો રોજ, ન હોય તો પર્વના અવસરો પર, નૃત્ય-ગીત આદિનું પણ આયોજન કરે ।।૩૫।।

વધારે ફલની આશાવાળાએ શાસ્ત્રોકત વિધિથી બનાવેલ કુંડમાં અગ્નિની સ્થાપના કરવી. તે કુંડ મેખલા, ગર્ત અને વેદીથી શોભાયમાન હોય. તેમાં હાથની હવાથી અગ્નિ પ્રજ્વલિત કરી તેને સંકોરે ।।૩૬।।

વેદીની ચારે તરફ કુશકંડિકા કરી અર્થાત્ ચારે તરફ વીસ-વીસ કુશ બિછાવી મન્ત્ર પઢતાં-પઢતાં તેના ઉપર જલનો છંટકાવ કરે. ત્યારબાદ વિધિપૂર્વક સમિધાઓના આધાન રૂપ અન્વાધાન કર્મ કરી અગ્નિના ઉત્તર ભાગમાં હોમને ઉપયોગી સામગ્રી રાખે અને પ્રોક્ષણી પાત્રના જલથી પ્રોક્ષણ કરે. પછી અગ્નિમાં આ પ્રમાણે મારું ધ્યાન કરે ।।૩૭।।

''મારી મૂર્તિ તપાવેલ સોના જેવી ઝળહળી રહી છે, રોમ-રોમથી શાન્તિની વર્ષા થઈ રહી છે. લાંબી અને વિશાળ ચાર ભુજાઓ શોભાયમાન છે. તેમાં શંખ ચક્ર ગદા પદ્મ બિરાજમાન છે. કમળના કેસર જેવું પીળું વસ્ત્ર ફરફરી રહ્યું છે ।।૩૮।।

માથા પર મુગટ, કાંડાઓમાં કડાં, કમરમાં કંદોરો, બાંહોમાં બાજુબન્ધ ઝળહળી રહ્યાં છે. વક્ષઃસ્થલ ઉપર શ્રીવત્સનું ચિહ્ન છે, ગળામાં કૌસ્તુભમણિ શોભી રહ્યો છે, ઘૂંટણો સુધી વનમાલા લટકી રહી છે'' ।।૩૯।।

અગ્નિમાં મારી આ મૂર્તિનું ધ્યાન કરી પૂજા કરવી જોઈએ. ત્યાર પછી સૂકી સમિધાઓને ઘીમાં ઝબોળી આહુતિ દે અને આજ્યભાગ અને આધાર નામની બબ્બે આહુતિઓથી વધારાનો હવન પણ કરે. પછી ઘીમાં ભીંજવી બીજી હવન સમાગ્રીઓથી આહુતિ આપે ।।૪૦।।

ત્યાર પછી પોતાના ઈષ્ટ મન્ત્રથી અથવા નારાયણાષ્ટાક્ષર મન્ત્રથી તથા પુરુષસૂક્તના સોળ મન્ત્રોથી હવન કરે. બુદ્ધિમાન પુરુષ ધર્માદિદેવોને માટે પણ વિધિપૂર્વક મન્ત્રોથી હવન કરે અને સ્વિષ્ટકૃત આહુતિ પણ આપે ।।૪૧।।

આ પ્રમાણે અગ્નિમાં અન્તર્યામીરૂપથી બિરાજમાન ભગવાન્‌ની પૂજા કરી મને નમસ્કાર કરે અને નન્દ, સુનન્દ આદિ પાર્ષદોને આઠેય દિશાઓમાં હવનકર્માંગ બલિ અર્પણ કરે. ત્યાર પછી પ્રતિમાની સન્મુખ બેસી, પરબ્રહ્મ સ્વરૂપ ભગવાન્ નારાયણનું સ્મરણ કરવું એ ભગવત્ સ્વરૂપ મૂલમન્ત્રનો જપ કરે ।।૪૨।।

પછી ભગવાન્‌ને આચમન કરાવે અને પ્રસાદ વિશ્વક્સેન નામના પાર્ષદને નિવેદન કરે. પછી ઈષ્ટદેવની સેવામાં સુગન્ધી તામ્બૂલ આદિ મુખવાસ ઉપસ્થિત કરે તથા પુષ્પાઞ્જલિ સમર્પિત કરે ।।૪૩।।

મારી લીલાઓનું ગાન કરે તેમનું વર્ણન કરે અને તેમનો જ અભિનય કરે. આ બધું કરતી વખતે પ્રેમોન્મત્ત થઈ જઈ નાચવા લાગે. મારી લીલાકથાઓ પોતે સાંભળે અને બીજાઓને સંભળાવે. ઘડીભર સંસાર અને તેના તાપોને ભૂલી જઈ મારામાં જ તન્મય થઈ જાય ।।૪૪।।

પ્રાચીન ઋષિઓદ્વારા વેદો પુરાણોમાં આવેલ સ્તવનો દ્વારા કે સ્થાનિક ભાષામાં ભકતોદ્વારા રચેલા નાના-મોટા સ્તવન અને સ્તોત્રો થી મારી સ્તુતિ કરી પ્રાર્થના કરે, ''હે ભગવન્! આપ મારા ઉપર પ્રસન્ન થાઓ. મને આપના કૃપા પ્રસાદથી તરબોળ કરી દો'' પછી દંડવત્ પ્રણામ કરે ।।૪૫।।

પોતાનું મસ્તક મારા ચરણો પર રાખી દે અને પોતાના બન્ને હાથોથી મારા બન્ને ચરણ (જમણા હાથથી જમણું ચરણ અને ડાબા હાથથી મારું ડાબું ચરણ) પકડી વિનન્તી કરે, ''હે ભગવન્! આ સંસારસાગરમાં હું ડૂબી રહ્યો છું. મૃત્યુરૂપ મગરે મારો પીછો પકડ્યો છે. ભયભીત થઈ હું આપને શરણે આવ્યો છું. હે પ્રભો! આપ મારી રક્ષા કરો'' ।।૪૬।।

આ પ્રમાણે સ્તુતિ કરી મને સમર્પણ કરેલી માલા આદરપૂર્વક પોતાના મસ્તક પર રાખે અને તેને મારો આપેલ પ્રસાદ સમજે. જો વિસર્જન કરવું હોય તો એવી ભાવના કરવી જોઈએ કે પ્રતિમામાંથી એક દિવ્ય જ્યોતિ નીકળી છે અને તે મારા હૃદયમાં રહેલ જ્યોતિમાં લીન થઈ ગઈ છે. બસ, આજ વિર્સજન છે ।।૪૭।।

હે ઉદ્ધવજી! પ્રતિમા આદિમાં જ્યારે જ્યાં શ્રદ્ધા હોયત્યારે ત્યાં મારી પૂજા કરવી જોઈએ કારણ કે હું સર્વાત્મ છું અને સમસ્ત પ્રાણીઓમાં તથા પોતાના હૃદયમાં પણ બિરાજાું છું ।।૪૮।।

હે ઉદ્ધવજી! આ પ્રમાણે જે મનુષ્ય વૈદિક, તાન્ત્રિક ક્રિયાયોગ દ્વારા મારી પૂજા કરે છે તે આ લોક અને પરલોક માં મારી પાસેથી ઇચ્છિત સિદ્ધિ પ્રાપ્ત કરે છે ।।૪૯।।

જો પૈસાથી સમ્પન્ન હોય તો ભગવાન્‌ને બિરાજવાને માટે દૃઢ મન્દિર બંધાવે. એમાં મારી મૂર્તિનું સ્થાપન કરે. એને માટે પુષ્પપ્રધાન બગીચા કરાવે. એમાં પ્રતિદિન પૂજા કરે તેમજ ઉત્સવ વિશેષમાં યાત્રા વગેરેના પ્રકારો સમ્પાદન કરી મહોત્સવો વગેરેની વ્યવસ્થા કરે ।।૫૦।।

(એમ કરનારને ફળ થાય છે તે બતાવે છે) એ મન્દિરમાં નિત્ય પૂજા અને

પર્વોના ઉત્સવો, યાત્રાઓ વગેરેના કાયમના નિર્વાહને માટે ખેતર, દુકાનો, ગામો, શહેરો વગેરે આપનાર મારા સમાન ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે ।।૫૧।।

મન્દિરમાં દેવની પ્રતિષ્ઠા કરનારો ચક્રવર્તી રાજા થાય છે. મન્દિર બંધાવનાર ત્રણ લોકનો પતિ થાય છે. પૂજા વગેરે કરનારો બ્રહ્મલોકમાં જાય છે. મન્દિર કરે, મૂર્તિની પ્રતિષ્ઠા કરે તેમજ પૂજા પણ કરે એમ ત્રણે સેવા એક જ સાધક કરે તો એ મારા સમાન વૈભવવાળો થાય છે ।।૫૨।।

ફળની આકાંક્ષા છોડી મને એવી રીતે ભજે છે તે ભક્તિયોગને પ્રાપ્ત કરે છે, ને ભક્તિયોગવડે મને એ પ્રાપ્ત કરી શકે છે ।।૫૩।।

(એમ દાન કરનારના ફળને કહીને હવે કોઈએ આપેલી વૃત્તિઓને હરનારના ફળને કહે છે) **બ્રાહ્મણ અને દેવને પોતે કે બીજાએ આપેલી વૃત્તિને જે પાછી લઈ લે છે તે કરોડો વર્ષો સુધી વિષ્ઠાનો કીડો થાય છે** ।।૫૪।।

**કર્તુશ્ચ સારથેર્હેતોરનુમોદિતુરેવ ચ ।।**
**કર્મણાં ભાગિનઃ પ્રેત્ય ભૂયો ભૂયસિ તત્ફલમ્ ।।૫૫।।**

દાન દેનાર અને પાછું ખેંચનારને જ ફળ થાય છે એમ નહિ પણ દાન કરનાર, એમાં એને સહાય આપનાર, દાન દેવામાં પ્રેરણા આપનાર તથા આપેલા દાનને અનુમોદન આપનારને પણ એ કર્તાના જેવું જ ફળ એના મરણ પછી મળે છે. દાન પાછું લેનારની બાબતમાં અનિષ્ટ ફળ પણ એટલાને જ થાય છે એમ સમજવું. જો આવો હિસ્સો અધિક હોય તો ફલ પણ અધિક મળે છે ।।૫૫।।

**ઇતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલા જીવમુકિત પ્રકરણના અવાન્તર બીજા 'સાયુજ્યમુકિત' પ્રકરણનો બાવીસમો અને ચાલુ) ''ચિત્તને પ્રસન્ન કરનાર ક્રિયાયોગનું વર્ણન'' નામનો ૨૭મો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**

''પારસમણિ (ભાગવત)ને વાટકે, ભટજી (કથાકાર) માગે ભીખ''
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સે'જ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયારામ)**

# અધ્યાય ૨૮

## ભગવાને ટૂંકમાં કહેલો જ્ઞાનયોગ

**વિશેષ :** જે જ્ઞાનયોગ વિસ્તારથી કહ્યો છે તે જ જ્ઞાનયોગને આ ૨૮મા અધ્યાયમાં સંક્ષેપમાં ભગવાન્ ઉદ્ધવજીને કહે છે.

**પરસ્વભાવકર્માણિ ન પ્રશંસેન્ન ગર્હયેત્ ।।**
**વિશ્વમેકાત્મકં પશ્યન્ પ્રકૃત્યા પુરુષેણ ચ ।।૧।।**

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** (આગલા અધ્યાયમાં દાતા, પ્રેરક, અનુમોદન આપનાર વગેરેની પ્રશંસા કરવાની તથા બ્રાહ્મણની આજીવિકા ઝૂંટવી લેનાર વગેરેની નિન્દા કરવાની, પ્રબળ ઇચ્છા થઈ આવે તેની સામે ભગવાન્ ચેતવણી આપે છે કે) હે ઉદ્ધવજી! જો કે વ્યવહારમાં પુરુષ અને પ્રકૃતિ દ્રષ્ટા અને દશ્યના ભેદથી બે પ્રકારનું જગત્ દેખાય છે તો પણ પરમાર્થ દષ્ટિથી એકાત્મકભગવત્સ્વરૂપ જ છે તેથી કોઈનો શાન્ત, ઘોર અને મૂઢ સ્વભાવ તથા તે અનુસાર કરવામાં આવતા કર્મોની સ્તુતિ કે નિન્દા કરવી જોઈએ નહિ. સર્વદા અદ્વૈતદષ્ટિ રાખવી જોઈએ ।।૧।।

જે પુરુષ બીજાના સ્વભાવ અને તેમનાં કર્મોની પ્રશંસા કે નિન્દા કરે છે તે તત્કાલ પોતાના યથાર્થ પરમાર્થ સાધનથી ભ્રષ્ટ થઈ જાય છે, કારણ કે સાધન તો દ્વૈતના અભિનિવેશ તે સત્ય છે એવી બુદ્ધિનો નિષેધ કરે છે અને પ્રશંસા તથા નિન્દા તેની સત્યતાના ભ્રમને વિશેષ કરીને દૃઢ કરે છે ।।૨।।

હે ઉદ્ધવજી! બધી ઇન્દ્રિયો રાજસ અહંકારનાં કાર્ય છે. જ્યારે તે નિદ્રિત થઈ જાય છે, ત્યારે શરીરનો અભિમાની જીવ ચેતનાશૂન્ય થઈ જાય છે એટલે કે તેને બહારના શરીરની સ્મૃતિ રહેતી નથી. તે વખતે જો મન બચી રહ્યું હોય તો તે સપનાનાં અસત્ય દશ્યોમાં ભટકવા લાગે છે અને તે પણ જો લીન થઈ ગયું હોય તો-તો જીવને મૃત્યુ સમાન ગાઢ નિદ્રા-સુષુપ્તિમાં લીન થઈ જાય છે. તેવી જ રીતે જ્યારે જીવ પોતાના અદ્વિતીય આત્મા સ્વરૂપને ભૂલી જઈ જુદી-જુદી વસ્તુઓ જોવા લાગે છે ત્યારે તે સપના સમાન અસત્ય દશ્યોમાં ફસાઈ જાય છે કે મૃત્યુ જેવા અજ્ઞાનમાં લીન થઈ જાય છે ।।૩।।

(સર્વ જગત ભગવદ્રૂપ હોવાથી ભગવાન્ સિવાય બીજો કોઈ પદાર્થ સત્ય ન હોવાથી ભગવત્સ્વરૂપમાં આ સારું અને આ ખરાબ એમ કહી જ ન શકાય એ છ

શ્લોકોથી સમજાવે છે) હે ઉદ્ધવજી! જ્યારે દ્વૈત નામની કોઈ વસ્તુ જ નથી, ત્યારે તેમાં અમુક ખરાબ અથવા આટલી સારી છે અને આટલી ખરાબ એ પ્રશ્ન જ ઊભો થતો નથી. વિશ્વની બધી વસ્તુઓ વાણીથી કહી શકાય છે અથવા મનથી વિચારી શકાય છે તે બધી આત્માને બાદ કરો તો અસત્ય જ છે ।।૪।।

પ્રતિબિમ્બ, પડછાયો, પડઘો અને છીપમાં દેખાતા રૂપા વગેરેનો આભાસ તદ્દન મિથ્યા છે તો પણ તે દ્વારા મનુષ્યના હૃદયમાં ભય, કમ્પ વગેરેનો સંચાર થઈ જાય છે તેવી જ રીતે દેહાદિ બધી વસ્તુઓ સર્વથા અસત્ય જ છે, પરન્તુ જ્યાં સુધી જ્ઞાનદ્વારા તેની અસત્યતાનું જ્ઞાન થઈ જતું નથી ત્યાં સુધી એ પણ અજ્ઞાનીઓને ભયભીત કરતાં રહે છે ।।૫।।

હે ઉદ્ધવજી! જે કંઈ પ્રત્યક્ષ યા પરોક્ષ વસ્તુ છે તે પ્રભુ જ છે. **'પ્રભુઃ'** એટલે **''પ્રકર્ષેણ ભવતિ''** તે સર્વશક્તિમાન હોવાથી સર્વરૂપ થાય છે. જે કંઈ વિશ્વ-સૃષ્ટિ દેખાય છે તેનું તે નિમિત્ત કારણ તો છે જ. તેનું ઉપાદાન કારણ પણ તે જ છે; એટલે કે તે જ વિશ્વ બને છે અને તે જ બનાવે પણ છે; તે જ રક્ષક છે અને રક્ષિત પણ તે જ છે. સર્વાત્મા ભગવાન્ જ આનો સંહાર કરે છે અને જેનો સંહાર થાય છે તે પણ તે જ છે ।।૬।।

વ્યવહાર દષ્ટિથી જોતાં આત્મા અવશ્ય આ વિશ્વથી ભિન્ન છે, પરન્તું આત્મદષ્ટિથી તે સિવાય બીજી કોઈ વસ્તુ છે જ નહિ. તે સિવાય જે કંઈ પ્રતીત થઈ રહ્યું છે તેનું કોઈ પણ રીતે નિર્વચન કરી શકાતું નથી અને અનિર્વચનીય તો કેવલ આત્મસ્વરૂપ જ છે તેથી આત્મામાં દેહ-ઈન્દ્રિય-અન્તઃકરણરૂપ પ્રતીતિ ભ્રાન્તિરૂપ જ છે, ન હોવા છતાં એમ જ જણાય છે એમ વિવેકી પુરુષોએ નિરૂપણ કર્યું છે. આ ''સત્ત્વ, રજ અને તમ'' ને લીધે જણાતી દ્રષ્ટા-દર્શન દશ્ય વગેરેની ત્રિવિધતા ભગવત્સ્વરૂપને ઢાંકી દેનાર અવિદ્યારૂપ માયાનો ખેલ છે ।।૭-૮।।

હે ઉદ્ધવજી! મેં તમારી આગળ શાસ્ત્રોત્થ જ્ઞાન અને અનુભવથી નીપજતા વિજ્ઞાનની ઉત્તમ સ્થિતિનું વર્ણન કરી બતાવ્યું. જે પુરુષ મારાં આ વચનોનું રહસ્ય જાણી લે છે તે કોઈની પ્રશંસા કે નિન્દા કરતો નથી. સૂર્ય જેમ પવિત્ર કે અપવિત્ર વસ્તુપર પડવાથી પવિત્ર કે અપવિત્ર થઈ જતો નથી તેમ તે પુરુષ આ જગતમાં સમભાવથી વિચરતો રહે છે ।।૯।।

(આ ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરવાનો ઉપાય બતાવે છે કે) પ્રત્યક્ષ, અનુમાન,

શાસ્ત્ર અને આત્માના અનુભવવડે આ દશ્યમાન પદાર્થ આદિ અને અન્તવાળો છે માટે અનિત્ય છે એમ અનુમાન, પ્રત્યક્ષથી પણ આ વિશ્વ આદિ અન્તવાળું છે, ઉત્પત્તિ-વિનાશવાળું છે તેથી અસત્ છે. દેખવામાં આવતા દેહ વગેરે આદિ અન્તવાળા પ્રત્યક્ષ છે. શબ્દ પ્રમાણમાં **''યથા કર્મજિતો લોકઃ ક્ષીયતે એવમેવ પુણ્યજિતો લોકઃ ક્ષીયતે'' ''વાચારમ્ભણં વિકારઃ''** ઈત્યાદિ શાસ્ત્ર પણ દશ્યમાનને નશ્વર કહે છે. (સર્વનું ઉપાદાન કારણ બ્રહ્મ છે એમ કહે છે) તેથી બ્રહ્મ સિવાયની કોઈ સત્તાને વેદ માનતો નથી. તેમ આત્માના અનુભવથી પણ એ જ સિદ્ધ થાય છે; માટે એ સંસારમાં આસક્તિ રહિત થઈને ફરવું ।।૧૦।।

**ઉદ્ધવજીએ પૂછ્યું** : હે ઈશ! આત્મા સ્વયંપ્રકાશ અને દ્રષ્ટા છે. દેહ અનાત્મા જડ અને દશ્ય છે. આ સ્થિતિમાં સુખદુઃખાદિના અનુભવરૂપ અને જન્મમૃત્યુરૂપ સંસાર શરીરને કે આત્માને હોઈ શકતો નથી, પરન્તુ તેનું હોવું પણ ઉપલબ્ધ થાય છે તો પછી એ કોને થાય છે? (આનો ખુલાસો કરવા આપ જ સમર્થ છો એમ જણાવવા 'ઈશ' સમ્બોધન કર્યું છે) ।।૧૧।।

આત્મા અવ્યય (જન્મ, વિનાશ વગેરે વિકાર વિનાનો) સત્ત્વ વગેરે પ્રકૃતિના ગુણોથી રહિત, સ્વભાવથી જ શુદ્ધ (કર્મકૃત મલિનતા વિનાનો), સ્વયંપ્રકાશ, અવિદ્યાકૃત આવરણ વિનાનો છે; જ્યારે શરીર વિનાશી, સગુણ, અશુદ્ધ, પ્રકાશ્ય અન અવિદ્યાના આવરણવાળું છે. આત્મા અગ્નિની જેમ પ્રકાશમાન છે અને શરીર કાષ્ઠની જેમ જડ છે, તો પછી આ સંસાર કોને થાયછે? ।।૧૨।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવજી! હકીકતમાં સંસારનું અસ્તિત્વ નથી તો પણ જ્યાં સુધી દેહ, ઈન્દ્રિય અને પ્રાણોની સાથે આત્માનો સમ્બન્ધ છે ત્યાં સુધી અહન્તા-મમતા જેમની છૂટી નથી તેવા અવિવેકીઓને તે સાચો હોય તેવું સ્ફૂરેછે ।।૧૩।।

જેવી રીતે સ્વપનમાં અનેક વિપત્તિઓ આવે છે પણ ખરેખર તે હોતી નથી, છતાં સ્વપન ન તૂટે ત્યાં સુધી તેમનું અસ્તિત્વ મટતું નથી તેવી જ રીતે સંસાર ન હોવા છતાં તેમાં પ્રતીત થતા વિષયોનું ચિન્તન જે લોકો કરતા રહે છે તેમનાસુખ-દુઃખ, જન્મ-મરણરૂપ સંસારની નિવૃત્તિ થતીનથી ।।૧૪।।

જ્યારે મનુષ્ય સ્વપન જોતો હોય છે ત્યારે નિન્દ તૂટતાં પહેલા તેને મોટી-મોટી વિપત્તિઓનો સામનો કરવો પડતો હોય છે. પરન્તુ જ્યારે તેની ઊંઘ ઊડી જાય છે

તે જાગી જાય છે ત્યારે તેને સ્વપનની વિપત્તિઓ રહેતી નથી કે તેને કારણે થયેલા ભય, મોહ વગેરે વિકાર પણ રહેતા નથી ।।૧૫।।

હે ઉદ્ધવજી! અહંકાર જ શોક, હર્ષ, ભય, ક્રોધ, લોભ, મોહ, સ્પૃહા અને જન્મ-મૃત્યુનો શિકાર બને છે. આત્માની સાથે તો તેમને કંઈ સમ્બન્ધ જ નથી ।।૧૬।।

(સંસાર જો અહંકારને થતો હોય તો મુક્તિ પણ અહંકારની થવી જોઈએ અને એમ થાય તો મુક્તિમાં પણ અહંકાર તો બાકી રહી જ ગયો. એ શંકાનું સમાધાન કરે છે કે) હે ઉદ્ધવજી! દેહ, ઈન્દ્રિય, પ્રાણ અને મનમાં સ્થિત આત્મા જ જ્યારે તેમનું અભિમાન કરી બેસે છે એટલે કે દેહાધ્યાસ વગેરેથી દેહ વગેરેને જ પોતાનું સ્વરૂપ માની લે છે ત્યારે તેનું નામ 'જીવ' થઈ જાય છે. તે સૂક્ષ્માતિસૂક્ષ્મ આત્માની મૂર્તિ છે. ગુણ અને કર્મો થી બનેલું લિંગ શરીર તેને જ કયાંક સૂત્રાત્મા અને કયાંક મહત્તત્ત્વ કહેવામાં આવ્યો છે. તેનાં બીજાં પણ ઘણાં નામ છે. તે (જીવ) જ કાલરૂપ પરમેશ્વરને અધીન થઈ જન્મ-મૃત્યુરૂપ સંસારમાં આમ તેમ ભટકતો રહે છે ।।૧૭।।

(તો પછી આ સંસારમાંથી છૂટવાનો ઉપાય શો? તેના ઉત્તરમાં કહે છે કે) મન, વાણી, પ્રાણ અને શરીર વાસ્તવમાં અહંકારનાં જ કાર્ય છે. તે મૂળ વગરનું છે પરન્તું દેવતા, મનુષ્ય આદિ અનેક રૂપોમાં તેની જ પ્રતીતિ થાય છે. મનન શીલ પુરુષ ઉપાસનાની સરાણ ઉપર ચડાવી જ્ઞાનની તલવારને અત્યન્ત તીક્ષ્ણ બનાવી તેનાથી દેહાભિમાન-અહંકકાને મૂળમાંથી કાપી નાખી પૃથ્વીમાં નિર્દ્વન્દ્વ થઈ મૌન રાખીને ફર્યા કરે છે. પછી તેનામાં કોઈ જાતની આશા-તૃષ્ણા કે વિષયવાસના રહેતી નથી ।।૧૮।।

(એ જ્ઞાનના સ્વરૂપ, સાધન અને ફલ કહે છે). આત્મા અને અનાત્માના સ્વરૂપને પૃથક્-પૃથક્ સારી રીતે સમજી લેવું એ જ જ્ઞાન છે, કારણ કે વિવેક થતાં જ દ્વૈતનું અસ્તિત્વ મટી જાય છે. તેનું સાધન તપસ્યા છે. તે દ્વારા હૃદયને શુદ્ધ કરી વેદાદિ શાસ્ત્રોનું શ્રવણ કરવું. તે ઉપરાંત શ્રવણાનુકૂલ યુક્તિઓ, મહાપુરુષોનો ઉપદેશ અને એ બન્નેથી અવિરુદ્ધ સ્વાનુભાવ પણ પ્રમાણ છે. બધાંનો સાર એ નીકળે છે કે આ સંસારના આદિમાં જે હતા તથા અન્તમાં જે રહેશે, જે તેનું મૂલ કારણ અને પ્રકાશક છે તે જ અદ્વિતીય, ઉપાધિશૂન્ય પરમાત્મા વચમાં પણ છે. તે સિવાય કોઈ વસ્તુ નથી ।।૧૯।।

(અનેક પ્રકારના વ્યવહારને ધારણ કરતું આ જગત્ એક વસ્તુરૂપ બ્રહ્મથી થયું છે તે દૃષ્ટાન્ત આપીને સમજાવે છે કે) જેમ સોનામાંથી કુંડલ, કડાં, હાર વગેરે દાગીના તૈયાર થાય છે તે દાગીના રૂપ થયા પહેલાં એ બધું સુવર્ણ હતું, જ્યારે દાગીનાને ગળાવીએ ત્યારે પણ સોનું બાકી રહે છે માટે વ્યવહાર અવસ્થામાં જે હાર, કડાં, વીંટી, પોંચીના સમયમાં પણ એ સોનું જ છે તેમ આ જગતની પહેલાં હું હતો, વ્યવહારમાં દેવ, મનુષ્યરૂપે પણ હું અને જ્યારે પ્રલય થાય ત્યારે પણ હું એક જ છું. મારા સિવાય જુદી કોઈ વસ્તુ નથી ।।૨૦।।

હે ભાઈ! જાગ્રત, સ્વપન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાવાળું મન, ત્રણ અવસ્થાના કારણ સત્ત્વાદિ ત્રણ ગુણો, કારણ, કાર્ય અને કર્તા એટલે ‘અધ્યાત્મ’ (ઇન્દ્રિય), અધિભૂત (પૃથ્વી વગેરે) અને અધિદૈવ (કર્તા) એમ ત્રણ પ્રકારનું જગત્ છે. આ બધી ત્રિવિધતાઓ જેની સત્તાથી સત્ય જેવી લાગે છે અને સમાધિ વગેરેમાં આ ત્રિવિધતા ન હોવા છતાં જેની સત્તા રહે છે તેની તૂરીય તત્ત્વ આ ત્રણેયથી પર અને તેમાં અનુગત બ્રહ્મતત્વ જ સત્ય છે ।।૨૧।।

(ત્રણે કાળમાં જેનો નાશ થતો નથી તે સત્ય વસ્તુ છે એમ કહ્યું. વચલા સમયમાં કાળથી નાશ પામનાર નામ માત્ર છે એ સમજાવે છે) જે ઉત્પત્તિ પહેલાં નહોતું અને પ્રલય પછી પણ જે નહીં રહે તે વચલા સમયમાં પણ નથી એમ સમજવું જોઈએ કેવલ કલ્પનામાત્ર નામ માત્ર જ છે. આ એક નિશ્ચિત સત્ય છે કે જે પદાર્થ જેમાંથી બને છે અને જેનાદ્વારા તે પ્રકાશિત થાય છે તે જ તેનું સાચું સ્વરૂપ છે તેજ તેની પરમાર્થ સત્તા છેતે મારો દૃઢ નિશ્ચય છે ।।૨૨।।

આ જે વિકારમયી રાજસ સૃષ્ટિ છે તે ન હોવા છતાં દેખાઈ રહી છે. તે સ્વયં પ્રકાશ બ્રહ્મ જ છે. તેથી ઇન્દ્રિય, વિષય, મન અને પંચભૂતાદિ જેટલાં ચિત્ર-વિચિત્ર નામ અને રૂપ છે તેમના રૂપમાં બ્રહ્મ જ પ્રતીત થઈ રહ્યું છે ।।૨૩।।

બ્રહ્મવિચારનાં સાધન શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સ્વાનુભૂતિ છે. તેમાં આત્મજ્ઞાની ગુરુદેવ સહાયક છે. આ સાધનોદ્વારા વિચાર કરી દેહાદિ અનાત્મ પદાર્થોનો સ્પષ્ટરૂપથી નિષેધ કરી દેવો જોઈએ. આ પ્રમાણે નિષેધદ્વારા આત્મવિષયક સન્દેહોને છિન્ન-ભિન્ન કરી પોતાના આનન્દસ્વરૂપ આત્મામાંજ મગ્ન થઈ જાય અનેબધીજ જાતની વિષયવાસનાઓને છોડીદે ।।૨૪।।

હવે દેહ વગેરે આત્મા નથી તે સમજાવે છે કે) નિષેધ કરવાની પ્રક્રિયા આ

પ્રમાણે છે કે પૃથ્વીનો વિકાર હોવાથી શરીર આત્મા નથી. ઈન્દ્રિયો તેમના અધિષ્ઠાતૃ દેવતા, પ્રાણ, વાયુ, જલ, અગ્નિ અને મન પણ આત્મા નથી, કારણ કે એમનું ધારણ-પોષણ શરીરની જેમ જ અન્નથી થાય છે. બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આકાશ, પૃથ્વી, શબ્દાદિ વિષય અને ગુણો ની સામ્યાવસ્થા પ્રકૃતિ પણ આત્મા નથી, કારણ કે એ બધાં દશ્ય અને જડ છે ।।૨૫।।

(વિવેક જ્ઞાનવાળા જીવન્મુકત પુરુષને ઈન્દ્રિયાદિ કૃત ગુણ-દોષ લાગતા નથી એ સમજાવે છે કે) હે ઉદ્ધવજી! જેને મારા સ્વરૂપનું જ્ઞાન સારી રીતે થઈ ગયું છે તેની વૃત્તિઓ અને ઈન્દ્રિયો નિશ્ચલ યા અંચચલ રહેતી હોય તો પણ તેને તેમનાથી કંઈ લાભ થતો નથી અને જો તે ંચચલ રહેતી હોય તો તેમનાથી તેને નુકસાન પણ થતું નથી, કારણ કે અન્તઃકરણ અને બાહ્યકરણ ગુણમય છે અને આત્મા સાથે તેમનો કોઈ સમ્બન્ધ નથી. આકાશ વાદળોથી ઘનઘોર છવાઈ જતાં સૂર્યના તેજનો પરાભવ થતો નથી કે વાદળો વેર વિખેર થઈ જતાં સૂર્યના તેજમાં વધારો થતો નથી ।।૨૬।।

(પ્રકાશિત થતા પદાર્થોના ગુણ-દોષો પ્રકાશ કરનારને સ્પર્શતા નથી એ સમજાવી હવે અનાસકત જીવન્મુકતને કોઈ પણ ગુણ-દોષ લાગતા નથી તે કહે છે) જેવી રીતે પવન આકાશને સુકાવી શકતો નથી, અગ્નિ બાળી શકતો નથી, જલ ભીંજવી શકતું નથી ધૂળધુમાડો મેલું કરી શકતાં નથી અને ઋતુઓની શરદી-ગરમી તેને પ્રભાવિત કરી શકતી નથી, કારણ કે તે બધા આવન-જાવન કરનારા ક્ષણિક ભાવો છે અને આકાશ આ બધાનું એકરસ અધિષ્ઠાન છે તેવી જ રીતે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ ની વૃત્તિઓ તથા કર્મો અવિનાશી આત્માનો સ્પર્શ કરી શકતાં નથી. તે તો તેમનાથી સર્વથા પર છે. એમના દ્વારા તો સંસારમાં તે ભટકતો રહે છે કે જે તેમનામાં અહંકાર કરી બેસે છે ।।૨૭।।

હે પ્રિય ઉદ્ધવજી! આમ હોવા છતાં જ્યાં સુધી મારા ભક્તિયોગદ્વારા મનનો રજોગુણરૂપ મેલ *(કષાય) એકદમ દૂર ન થઈ જાય ત્યાં સુધી આ માયાનિર્મિત પ્રકૃતિના કાર્ય શબ્દાદિ વિષયો અને તેમનાં કાર્યોનો સંગ સર્વથા છોડી દેવા જોઈએ ।।૨૮।।

**વિશેષ : કષાય**=અહીં શ્લોક ૨૭, ૨૮ તથા બીજા અનેક શ્લોકોમાં આ શબ્દ વપરાયો છે. તેનો અર્થ ભગવો રંગ થાય છે. એક વાર ભગવા રંગમાં કપડું રંગાયા પછી તે જતો જ નથી.

સારી રીતે નિદાન કરવામાં ન આવે તો જેવી રીતે રોગનો મૂળમાંથી નાશ થતો નથી અને તે વારંવાર ઊથલો મારી રોગીને સતાવ્યા કરે છે તેવીજ રીતે જે મનની વાસનાઓ અને કર્મો ના સંસ્કાર મટી ગયા નથી, જે સ્ત્રી-પુત્રાદિમાં આસક્ત છે તે મન અધૂરા જ્ઞાનીને વીંધતું રહે છે અને તેને માર્ગભ્રષ્ટ પણ કરીદે છે માટે એણે કોઈનો સંગ નકરવો ।।૨૯।।

દેવોએ પ્રેરણા કરાયેલા પુત્ર, પત્ની વગેરે તેવા કુયોગીને મુક્તિમાં વિઘ્નરૂપ થાય છે. એવા વિઘ્નથી હણાયેલા કુયોગીઓ પૂર્વ કરેલા યોગાભ્યાસના બળવડે બીજા જન્મમાં પણ એ ભગવાન્‌નો યોગ સાધે છે પણ કર્મથી અધીન થતા નથી. તેથી અગાઉ કરેલો યોગાભ્યાસ વ્યર્થ જતો નથી, પરન્તું એ બીજા જન્મમાં પણ ફલ આપનાર થાય છે ।।૩૦।।

(જ્યારે વિદ્વાનને પણ દેહ નિર્વાહની આવશ્યકતા છે તો કર્મ તો કરવું જ પડશે અને કર્મ કરનારને સંસાર થવાનો જ, તો પછી એને માટે ઉપાય વ્યર્થ છે. એમ શંકા કરે એના ઉત્તરમાં કહેવાનું કે) જીવ કર્મ કરે છે તેને કોઈ દેવની પ્રેરણા થાય છે ત્યારે એ મરતાં સુધી કર્મ કરે છે અને એમાં એ આસક્ત થતાં બંધાય છે, પરન્તુ દેહમાં રહ્યા છતાં આત્માના સ્વરૂપને જાણનાર મૃત્યુ સુધી દેહનો નિર્વાહ કરનાર ભોજન વગેરે કર્મ કરવા છતાં એ નિરહંકારી હોવાથી સંસારના બંધનમાં આવતો નથી ।।૩૧।।

(એને દૈહિક કર્મથી વિકાર ન થવાની વાત જવા દો એ જે દેહમાં રહે છે તે દેહને પણ જાણતો નથી. એ જ કહે છે કે) ઊભો રહેલો, બેઠેલો, ચાલતો, સૂતો, મળમૂત્રનો ત્યાગ કરતો, ભોજન કરતો તેમજ સ્વભાવ પ્રાપ્ત દર્શન, સ્પર્શ આદિની ચેષ્ટા કરતાં પોતાના દેહને પણ જાણતો નથી કેમકે જાણવાનું સાધન બુદ્ધિ તે બ્રહ્મમાં સ્થિર થઈ ગઈ છે એટલે દેહને ક્રિયાઓ થાય છે તેનો પણ એને ખ્યાલ નથી તેને જીવન્મુકત જાણવો ।।૩૨।।

જેમ સ્વપનાવસ્થામાં દેખેલા-ભોગવેલા વિષયોને જાગ્રત અવસ્થામાં આવ્યા પછી એ વિષયો એના સ્મરણમાં હોય છતાં એનું એને અભિમાન રહેતું નથી તેથી એ પોતે કર્યું એમ માનતો નથી પણ તેને ભ્રાન્તિરૂપ માને છે તેમ જ્ઞાની ભકત ઈન્દ્રિયોના વિષયોને ભોગવતો છતાં એને દુઃખના કારણરૂપ માને છે તેમ જ અજ્ઞાની જેને આત્મા માને છે તેવા દેહને એ આત્માથી જુદો માને છે તેથી એને તત્કૃત સુખ-દુઃખનો સમ્બન્ધ થતો નથી ।।૩૩।।

(ત્યાં તો શંકા થાય કે સંસાર અવસ્થામાં આત્મા મલિન અને મુકત અવસ્થામાં આત્મા શુદ્ધ એમ કહીએ તો આત્મા વિકારી ઠરે એના ઉત્તરમાં કહેવાનું કે) પહેલાં વિષયોના સેવનવડે અનેક પ્રકારનાં દેહાદિ અને અજ્ઞાન વગેરે આત્માથી અભિન્ન માનેલ હતાં તે જ જ્યારે આત્માનું જ્ઞાન થયું ત્યારે એ દેહાદિ આત્માથી જુદાં છે આત્મા જ્ઞાનરૂપ સ્વયંપ્રકાશ છે એમ જાણવામાં આવ્યું. તેથી કોઈ કર્મના ફલરૂપ મુક્તિ થાય તો એ વિકારવાળી થાય પણ એ તો શાશ્વત છે. માત્ર એના આવરણને દૂર કરવામાં સાધનોનો ઉપયોગ હોવાથી ઉપરની શંકા અસ્થાને છે ।।૩૪।।

જેમ સૂર્યનો ઉદય થાય ત્યારે એના પ્રકાશથી આંખને નડતું અંધારું દૂર થાય છે પણ એ પ્રકાશ ઘડા વગેરે પદાર્થને પેદા કરતો નથી, જેવી રીતે નિશ્ચયાત્મક મારો યથાર્થ અનુભવ-સાક્ષાત્કાર પુરુષની બુદ્ધિમાં રહેલા અજ્ઞાનરૂપ અન્ધકારને દૂર કરે છે, કોઈ નવીન પદાર્થને ઉત્પન્ન કરતો નથી ।।૩૫।।

(ત્યારે આ વિમુકત જીવ પરમાત્મામાં લીન થઈ જઈ પરમાત્મસ્વરૂપ બને છે એ અભિપ્રાયથી તેના સ્વરૂપનું નિરૂપણ કરે છે કે) આ આત્માસ્વયંપ્રકાશ છે (જ્યારે જીવને પરમાત્મા પ્રકાશિત કરે છે); પરમાત્મા અજ (જન્મરહિત છતાં પોતાની ઈચ્છા થાય ત્યારે આવિર્ભાવ પામે તેવા) છે અને તેથી જ અપ્રમેય (ન જાણી શકાય તેવા) છે. તેનું જ્ઞાન, ઐશ્વર્ય વગેરે દેશ અને કાલ થી અપરિચ્છિન્ન (અસીમ) છે (અને તેથી જ અસ્તિત્વ, વૃદ્ધિ, પરિવર્તન, હ્રાસ અને વિનાશ તેનો સ્પર્શ પણ કરી શકતાં નથી) તે સર્વસાક્ષી છે. આત્મા (બીજા પરમેશ્વર ન હોવાથી સજાતીય ભેદ રહિત) એક છે (જ્યારે જીવ અનેક છે) અને અદ્વિતીય (સર્વોત્તમ, અનુપમ) છે. મન અને વાણીથી તે અગોચર છે. વ્યવહાર દષ્ટિથી પ્રાણ, વાણી, ચક્ષુ, મન વગેરેની પ્રવૃત્તિ તેને લીધે તેની પ્રેરણાથી થાય છે એમ નિરૂપણ કરવામાં આવે છે ।।૩૬।।

હે ઉદ્ધવજી! અદ્વિતીય આત્મતત્ત્વમાં અર્થહીન નામો દ્વારા વિવિધતા માની લેવી એ જ મનનો ભ્રમ છે, અજ્ઞાન છે. ખરેખર આ મોહ છે કારણ કે પોતાના આત્મા સિવાય તે ભ્રમનો પણ કોઈ આશ્રય જ નથી. આશ્રયની સત્તામાં આશ્રિતની સત્તા છે જ નહિ. તેથી બધું આત્મા જ છે. (છીપ હોય તો તેમાં ચાંદી છે એવો ભ્રમ થાય. છીપ જ ન હોય તો? દોરડું જ ન હોય તો સર્પનો ભ્રમ શામાં થવાનો છે?) ।।૩૭।।

(દેહ એ જ આત્મા છે એમ માનનારાઓની નિંદા કરતાં કહેછે)અમેજ પંડિત છીએ એમ માનનારા ઘણા લોકો એમ કહે છેકેઆ પાંચભૌતિક દ્વૈત ભિન્ન-ભિન્ન નામો અને રૂપો ના રૂપમાં ઇન્દ્રિયોદ્વારા ગ્રહણ કરાય છે-અનુભવી શકાય છે માટે તે સત્ય છે, પરન્તુ એ તો અર્થહીન વાણીનો આડમ્બર માત્ર છે કારણ કે તત્ત્વતઃ ઇન્દ્રિયોની પૃથક્ સત્તા(અસ્તિત્વ)જ સિદ્ધ થતી નથી તો પછી તેઓ વળી કોઈને પ્રમાણિત(સિદ્ધ)કેવી રીતે કરશે? ।।૩૮।।

(આ પ્રમાણે સપરિકર જ્ઞાનયોગનું નિરૂપણ કરી, સાધના દરમિયાન રોગ વગેરે ઉપદ્રવ થાય તો તે દૂર કરવાના ઉપાય બતાવે છે)હે ઉદ્ધવજી! યોગ સાધના પૂર્ણ થતાં પહેલાંજ કોઈ સાધકને શરીરમાં રોગાદિ ઉપદ્રવો થાય તો તેણે નીચેના ઉપાયો યોજવાજોઈએ ।।૩૯।।

ગરમી-ઠંડી આદિને ચન્દ્રમા, સૂર્ય આદિની ધારણાદ્વારા, વાયુ વગેરે રોગોને વાયુ ધારણાયુકત આસનો દ્વારા અને ગ્રહસર્પાદિકૃત વિઘ્નોનો તપસ્યા, મન્ત્ર અને ઓષધ દ્વારા નાશ કરી નાખવો જોઈઅ ।।૪૦।।

કામ, ક્રોધ વગેરે વિઘ્નોને મારા ચિન્તન અને નામસંકીર્તન આદિ દ્વારા દૂર કરી દેવાં જોઈએ. પતનની તરફ લઈ જનારા દમ્ભ, મદ વગેરે વિઘ્નોને ધીરે-ધીરે ભગવદ્ ભક્તોની સેવાથી દૂર કરી દેવા જોઈએ ।।૪૧।।

કોઈ-કોઈ મનસ્વી યોગી વિવિધ ઉપાયોદ્વારા આ શરીરને સુદૃઢ અને યુવાવસ્થામાં સ્થિર કરી અણિમા આદિ સિદ્ધિઓમાટે યોગસાધન કરે છે પરન્તુ બુદ્ધિમાન પુરુષો આવા વિચારનું સમર્થન કરતા નથી કારણ કે એ તો એક વ્યર્થ પ્રયાસ છે. વૃક્ષમાં લાગેલા ફલની જેમ આ શરીરનો નાશ તો નિશ્ચિતછે ।।૪૨।।

જો કદાચ ઘણા દિવસો સુધી નિરન્તર અને આદરપૂર્વક યોગસાધના કરવાથી શરીર સુદૃઢ પણ થઈ જાય તો પણ બુદ્ધિમાન પુરુષે પોતાની સાધના છોડી દઈ એટલાથી જ સન્તોષ માનવો જોઈએ નહિ. તેણે તો સદા સર્વદા મારી પ્રાપ્તિને માટે જ સંલગ્ન રહેવું જોઈએ ।।૪૩।।

**યોગચર્યામિમાં યોગી વિચરન્ મદપાશ્રયઃ ।।**
**નાન્તરાયૈર્વિહન્યેત નિસ્પૃહઃ સ્વસુખાનુભૂઃ ।।૪૪।।**

જે સાધક મારો દઢ આશ્રય કરી મેં કહેલી યોગસાધનામાં સંલગ્ન રહે છે તેને કોઈ પણ વિઘ્ન-બાધા ડગાવી શકતી નથી. તેની બધી કામનાઓ નષ્ટ થઈ જાય છે

અને તે આત્માનન્દની અનુભૂતિમાં મગ્ન થઈ જાય છે ।।૪૪।।

**ઇતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (પહેલાં જીવમુકિત પ્રકરણના અવાન્તર બીજા 'સાયુજ્યમુકિત' પ્રકરણનો ત્રેવીસમો અને ચાલુ) ''ભગવાને ટૂંકમાં કહેલો જ્ઞાનયોગ'' નામનો અઠ્ઠાવીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્, વૃત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
ભાગવતનો પાઠ પ્રયત્ન પૂર્વક કૃષ્ણભક્તિ સિવાય અન્ય કોઈ પણ હેતુ વિના જ કરવો જોઈએ. પ્રાણ કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ.(શ્રીવલ્લભાચાર્ય)

## અધ્યાય ૨૯

## ભક્તિયોગનું સંક્ષેપમાં વર્ણન-ઉદ્ધવજીનું બદરિકાશ્રમ ગમન

**વિશેષ :** આ ઓગણત્રીસમા અધ્યાયમાં (પ્રથમ ઓગણીસમા અધ્યાયમાં વિસ્તારથી કહેલા) ભક્તિયોગને સંક્ષેપમાં પોતાના શિષ્ય ઉદ્ધવજીને કહે છે.

**સુદુષ્કરામિમાં મન્યે યોગચર્યામનાત્મનઃ ।।**
**યથાઞ્જસા પુમાન્ સિદ્ધ્યેત્ તન્મે બ્રૂહ્યઞ્જસાચ્યુત ।।૧।।**

**ઉદ્ધવજીએ કહ્યું :** હે અચ્યુત! આપે બતાવેલ આ યોગચર્યા, જે પોતાના મનને વશ કરી શક્યો નથી તેને માટે હું બહુ જ કઠિન સમજું છું તેથી આપ કોઈ એવું સરલ અને સુગમ સાધન કૃપા કરીને બતાવો કે જેથી મનુષ્ય અનાયાસે જ સહેલાઈથી આપનું પરમ પદ પ્રાપ્ત કરી શકે ।।૧।।

હે કમલનયન શ્રીકૃષ્ણ! આપ જાણો જ છો કે અધિકાંશ યોગીઓ જ્યારે પોતાના મનને એકાગ્ર કરવા લાગે છે ત્યારે વારંવાર પ્રયત્ન કરવા છતાં સફલ ન થવાને લીધે હારીજાયછે અને તે વશ ન કરી શકવાને કારણે દુઃખી-દુઃખી થઈજાયછે ।।૨।।

હે પદ્મલોચન પ્રભુ! આપ વિશ્વેશ્વર છો. આપનાદ્વારા જ આ સમગ્ર સંસારનું નિયમન થાય છે તેથી જ સાર-અસાર સમજનારા ચતુર મનુષ્યો આપના

આનન્દવર્ષી ચરણકમલોનું શરણું લે છે અને અનાયાસે જ સિદ્ધિ હાંસલ કરી લે છે. આપની માયા તેમનું કંઈ બગાડી શક્તી નથી, કારણ કે તેમને યોગસાધન કે કર્મકુશલતાનું અભિમાન હોતું નથી, પરન્તુ જેઓ આપના ચરણકમલોનો આશ્રય કરતા નથી તે યોગીઓ અને કર્મી લોકો પોતાના સાધનના ઘમંડથી ફૂલાઈ જાય છે, આપની માયાએ અવશ્ય તેમની મતિ હરી લીધી હોય છે ।।૩।।

હે પ્રભો! આપ બધાના હિતેચ્છુ મિત્ર છો. જો કે બ્રહ્મા વગેરે અનેક લોકેશ્વરો પણ પોતાના ઝગઝગતા કિરીટોની કોરોથી આપના ચરણકમલ રાખવાની ચોકી ઘસતા રહે છે છતાં આપને અનન્ય શરણે રહેલા સેવકો પ્રહ્લાદ, બલિ, નંદરાયજી, ગોપીજનો વગેરેને આપ અધીન થઈ જાઓ એ આપને માટે કોઈ આશ્ચર્યની વાત નથી. જેના ભક્તો પણ કદી ચ્યુત થતા નથી તેવા આપ અચ્યુત ભગવાને રામાવતારમાં શબરી, કેવટ, રીંછ અને વાનરોની સાથે પણ મિત્રતાનો નિર્વાહ કર્યો હતો ।।૪।।

હે પ્રભુ! આપ બધાના પ્રિયતમ, સ્વામી તથા આત્મા છો. આપના અનન્ય શરણગતોને આપ સર્વસ્વ આપી દો છો. આપે પ્રહ્લાદ, બલિ, સુદામા વગેરેને જે આપ્યું છે તે જાણીને એવો ક્યો પુરુષ હશે જે આપને છોડી અન્ય દેવતા કે ધર્મ જ્ઞાનાદિ વગેરે સાધનનો આશ્રય કરે? કોઈ વિચારવાન્ પુરુષ વિસ્મૃતિના ખાડામાં ધકેલી દેનાર તુચ્છ વિષયોમાં જ ફસાવી દેનાર ઐશ્વર્ય અને ભોગો ની ઈચ્છા કરે એ વાત માની શકાય એમ નથી. અમે આપના ચરણકમલોની રજના ઉપાસક છીએ. અમારે માટે દુર્લભ કંઈ જ નથી ।।૫।।

હે ઈશ! આપ સમસ્ત પ્રાણીઓનાં અન્તઃકરણમાં અન્તર્યામીરૂપથી અને બહાર ગુરુરૂપથી બિરાજી તેમના તમામ પાપ-તાપ મટાડી દો છો અને આપના સ્વરૂપને તેની સામે પ્રગટ કરી દો છો. મોટા-મોટા બ્રહ્મજ્ઞાનીઓ બ્રહ્માજીના જેટલું લાંબું આયુષ્ય મેળવીને પણ આપના ઉપકારોનો બદલો ચૂકવી શક્તા નથી. તેથી જ તો તેઓ આપના ઉપકારોનું સ્મરણ કરી-કરી પળે-પળે અધિકાધિક આનન્દનો અનુભવ કરતા રહે છે ।।૬।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણ બ્રહ્મા, શંકર વગેરે ઈશ્વરોના પણ ઈશ્વર છે. આપ જ સત્ત્વ, રજ, તમ આદિ ગુણોદ્વારા વિષ્ણુ, બ્રહ્મા અને રુદ્રનું રૂપ ધારણ કરી જગતની ઉત્પત્તિ-સ્થિતિ અને સંહાર આદિ ક્રીડાઓ કરે

છે. જ્યારે ઉદ્ધવજીએ અનુરાગભર્યા ચિત્તથી આપને આ પ્રશ્ન કર્યો ત્યારે આપે મન્દ હાસ્ય કરતાં પ્રેમપૂર્વક કહેવાનું શરૂ કર્યું ।।૭।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે પ્રિય ઉદ્ધવજી! હવે હું તમને મારા તે મંગલમય ભાગવત ધર્મોનો ઉપદેશ કરું છું જેમનું શ્રદ્ધાપૂર્વક આચરણ કરવાથી મનુષ્ય સંસારરૂપ દુર્જયમૃત્યુને અનાયાસે જીતી લે છે ।।૮।।

હે ઉદ્ધવજી! મારો ભક્ત મારા પોતાનાં બધા કામ મારે માટે જ કરે અને તે કર્મો કરતાં-કરતાં અવ્યગ્ર રહીને મારા સ્મરણનો અભ્યાસ વધારે. થોડા જ દિવસોમાં તેનાં મન અને ચિત્ત મને સમર્પિત થઈ જશે. તેના મન અને આત્મા મારા જ ધર્મોમાં રમી રહેશે ।।૯।।

**વિશેષ** : મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર મળીને અન્તઃકરણ થાય છે. તેમાં ચિત્ત સ્વચ્છ, અવિકારી, શાન્ત (જ્ઞાનસ્વરૂપ) છે. સર્વ પ્રાણીઓમાં તે ચેતનારૂપે રહેલું છે. મન વિકારાત્મક છે, સંકલ્પ-વિકલ્પાત્મક છે.

ચિત્ત પણ બુદ્ધિ વગેરેદ્વારા વિષયોના ગ્રહણથી કલુષિત થાય છે. તેમ થતું ન હોય તો તેનો નિરોધ કરવાનું શાસ્ત્રોમાં કહેવામાં ન આવે એવી શંકા થાય તો એનું સમાધાન એ છે કે પાણીમાં ફીણ, મોજાં વગેરે થાય છે તે પાણીનો સ્વાભાવિક ગુણ નથી પણ વાયુ, પૃથ્વી વગેરેને લીધે તેમ થાય છે, સ્વભાવથી તો તે નિર્મલ જ છે. પૃથ્વી કદી નિર્મલ ન હોય, વાયુ વિકારહિત ન હોય.

મારા ભક્તો જે પવિત્ર સ્થાનોમાં રહેતા હોય તે સ્થાનોમાં જ તે રહે. દેવતા, અસુરો અને મનુષ્યોમાં જે મારા અનન્ય ભક્ત થઈ ગયા હોય તેમના આચરણનું અનુસરણ કરે. (દા.ત. દેવતાઓમાં નારદજી વગેરે, અસુરોમાં પ્રહ્લાદ, બલિ વગેરે, મનુષ્યોમાં રાજા અમ્બરીષ વગેરે) ।।૧૦।।

પર્વના અવસરો ઉપર સમૂહમાં અથવા એકલા જ નૃત્ય, ગાન, વાદ્ય આદિ મહારાજાને છાજે તેવા ઠાઠ-માઠથી મારી યાત્રા વગેરેના ઉત્સવ ઉજવે ।।૧૧।।

આ પ્રમાણે શુદ્ધ અન્તઃકરણવાળો પુરુષ આકાશની જેમ બહાર અને અંદર પરિપૂર્ણ અને આવરણ શૂન્ય મને પરમાત્માને જ બધાં પ્રાણીઓ અને પોતાના હૃદયમાં બિરાજેલ જુએ ।।૧૨।।

હે નિર્મલ બુદ્ધિ ઉદ્ધવજી! જે સાધક આ વિષમતા રહિત જ્ઞાનદષ્ટિનો આશ્રય કરી સમસ્ત પ્રાણીઓ અને પદાર્થો માં મારાં દર્શન કરે છે અને તેમને મારું જ સ્વરૂપ

સમજી આવકારે છે તથા બ્રાહ્મણ અને ચાંડાલ (જાતિથી વિષમ), ચોર અને બ્રાહ્મણભક્ત (કર્મથી વિષમ), સૂર્ય અને ચિનગારી (ગુણથી વિષમ) તેમજ કૃપાલુ અને ક્રૂર (સ્વભાવથી વિષમ) માં સમાન દૃષ્ટિ રાખે છે તેને જ સાચો પંડિત સમજવો જોઈએ ।।૧૩-૧૪।।

જ્યારે નિરન્તર બધાં સ્ત્રી પુરુષોમાં મારીજ ભાવના કરવામાં આવે છે ત્યારે થોડાજ દિવસોમાં સાધકના ચિત્તમાંથી (બરાબરિયાની સાથે)સ્પર્ધા, (ઉત્તમની)અસૂયા અને (હીન પ્રત્યે)તિરસ્કાર અને દેહમાં અહંકાર વગેરે દોષ દૂર થઈ જાય છે ।।૧૫।।

''હું ઉત્તમ છું અને આ તો અધમ છે'' એવી દેહદૃષ્ટિને અને લોક લજ્જાને છોડી દઈ કૂતરાં, ચાંડાલ, ગાય અને ગધેડાં ને પણ ઈશ્વરના આવાસ રૂપ માની, પૃથ્વી પર પડી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે. આમ કરવાથી પોતાના જ લોકો જો હાંસી કરે તો કરવા દે તેમની પરવા ન કરે ।।૧૬।।

જ્યાં સુધી બધાં પ્રાણીઓમાં મારી ભાવના-ભગવદ્ ભાવના, થવા ન લાગે ત્યાં સુધી આ પ્રમાણે મન, વાણી અને શરીર થી બધા સંકલ્પો અને કર્મોદ્વારા મારી ઉપાસના કરતો રહે ।।૧૭।।

હે ઉદ્ધવજી! જ્યારે આ પ્રમાણે સર્વત્ર બ્રહ્મ બુદ્ધિનો અભ્યાસ કરવામાં આવે છે ત્યારે થોડા જ દિવસોમાં તેને જ્ઞાન થઈ જાય છે અને બધું બ્રહ્મરૂપ દેખાય છે. આવી દૃષ્ટિ થઈ જતાં બધાં સન્દેહો પોતાની મેળે ટળી જાય છે અને તે બધેય સ્થળે મારો સાક્ષાત્કાર અનુભવી ક્રિયામાત્રથી નિવૃત્ત થાય છે એટલે કે મુક્ત થઈ જાય છે ।।૧૮।।

મારી પ્રાપ્તિનાં જેટલાં સાધનો છે તે બધાંમાં, સમસ્ત પ્રાણીઓ અને પદાર્થોમાં મન, વાણી અને શરીર ની બધીજ વૃત્તિઓથી મારીજ ભાવના કરવામાં આવે તેનેજ હું સર્વથી શ્રેષ્ઠ સાધન સમજું છું ।।૧૯।।

હે ઉદ્ધવજી! આ જ મારો નિજી-પોતાનો ભાગવત ધર્મ છે. તેની એકવાર શરૂઆત કર્યા પછી કોઈ પણ જાતનું વિઘ્ન તેમાં સહેજ પણ ફેર પાડી શકતું નથી, કારણ કે એ ધર્મ નિષ્કામ છે અને સાક્ષાત્ મેં જ તેને નિર્ગુણ હોવાને લીધે સર્વોત્તમ તરીકે પ્રમાણિત કર્યો છે* ।।૨૦।।

**વિશેષ :** બીજા ધર્મના આરમ્ભથી અન્ત સુધી સાંગોપાંગ આચરણથી જ ફળ મળે છે, નહિ

તો તે વ્યર્થ જાય છે. ભક્તિમાં એવું નથી. ભક્તિનો તો માત્ર આરમ્ભ જ કરવામાં આવે, અરે! તેના એક અંગનો પણ આરમ્ભ કરવામાં આવે અને તેની સમાપ્તિ પણ ન થઈ શકે તો પણ લેશમાત્ર પણ નાશની સમ્ભાવના નથી, ફળ ન મળે તેવી સમ્ભાવના નથી. મેં જ ગીતામાં ઘોષણા કરી છે, **ન હિ કલ્યાણકૃત્ કશ્ચિત્ દુર્ગતિં તાત ગચ્છતિ।** હે ભાઈ અર્જુન! કોઈ પણ કલ્યાણ કરનારાની દુર્ગતિ થતી જ નથી. **નેહાભિક્રમનાશોસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે।** અહીં (ભક્તિમાં) પ્રારમ્ભ થતાં જ નાશ થવાની–માર્ગભ્રષ્ટ થવાની શક્યતા જ નથી તેમજ વિઘ્ન પણ આવતું નથી. અગ્નિ અને તેની ઉષ્ણતા જુદાં પાડી શકાય જ નહિ તેમ મારી ભક્તિ અને ભક્ત નું કલ્યાણ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલાં છે.

હે સજ્જનશિરોમણિ ઉદ્ધવજી! ભાગવત ધર્મમાં કોઈ પણ પ્રકારની ઉણપ રહી જાય એ તો ઠીક, પરન્તુ જો આ ધર્મનો સાધક ભય, શોક વગેરે ઉપસ્થિત થતાં પ્રસંગે થતી ભાવના અને રોવું, કકળવું, નાસી જવું જેવાં નિરર્થક કર્મો પણ નિષ્કામ ભાવથી મને સમર્પિત કરી દે તો તે પણ મારી પ્રસન્નતાને લીધે ધર્મ બની જાય છે* ।।૨૧।।

**વિશેષ :** આમ તો મૃત્યુના ભયથી પલાયન કરી જવું એ વ્યર્થ છે કારણ કે મૃત્યુ ટાળ્યું ટાળી શકાતું નથી. કોઈ સ્વજન મરી જાય તો તેની પાછળ આક્રન્દ કરવું વ્યર્થ છે કારણ કે મરી ગયેલ માણસ પુનર્જીવિત થતો નથી. પણ ભગવન્નિમિત્તે ભય પણ થવાથી ભગવત્પ્રાપ્તિ થઈ જાય છે, જેમ કે કંસને અહર્નિશ ભયથી શ્રીકૃષ્ણ જ જ્યાં ત્યાં દેખાતા હતા, તો તેનો મોક્ષ થઈ ગયો. શિશુપાલને દ્વેષથી, વ્રજવાસીઓને પ્રેમથી, અર્જુનને સૌહાર્દથી અને જ્ઞાનીઓને ઐક્યથી ભગવત્સાયુજ્ય પ્રાપ્ત થયું.

વિવેકીઓના વિવેક અને ચતુર પુરુષોની ચતુરાઈની પરાકાષ્ઠા એમાં જ છે કે તેઓ આ વિનાશી અને અસત્ય શરીરદ્વારા મારા અવિનાશી અને સત્ય સ્વરૂપની પ્રાપ્તિ કરી લે* ।।૨૨।।

**વિશેષ :** આ સંસારમાં એક પૈસો આપીને હજાર પૈસાની વસ્તુ મેળવી લેનાર પુરુષ પરમ બુદ્ધિમાન્ ગણાય છે. એક પૈસાના બદલામાં સોનામહોર પ્રાપ્ત કરનાર તેના કરતાં પણ વધારે બુદ્ધિશાળી ગણાય છે. હીરાં જેવા રત્ન મેળવી લે તે તો એના કરતાં પણ વધારે ચતુર ગણાય. તે પણ અતિ બુદ્ધિશાળી મનુષ્ય પાસેથી જે આ પ્રમાણે પ્રાપ્ત કરી શકે તે તો એના કરતાં પણ વધારે ચતુર, તો પછી એક જ પૈસાના બદલામાં ચિન્તામણિ, કામધેનુ કે કલ્પવૃક્ષ કમાઈ લે તેની ચતુરાઈનું તો વર્ણન જ ન થઈ શકે. કુરૂપતા, જરા (ઘડપણ) અને રોગના ઘર જેવા

તામ્બિયાના સસ્તા આ શરીરમાંથી એક જ ઇન્દ્રિય-શ્રવણને માટે કાન અથવા કીર્તનને માટે જીભ અથવા સેવાને માટે હાથ વગેરેનું ભગવાન્‌ને દાન કરી દેવાય તો ભગવાન્ પોતાના સમગ્ર શ્રીઅંગ-સ્વરૂપાનન્દનું દાન ભક્તને કરી દે છે. ક્યો બુદ્ધિશાળી પુરુષ આવો સસ્તો સોદો ન કરે?

હે ઉદ્ધવજી! આ સમ્પૂર્ણ બ્રહ્મવિદ્યાનું રહસ્ય મેં તમને સંક્ષેપમાં અને વિસ્તારથી કહી સંભળાવ્યું. દેવોને માટે પણ આ રહસ્ય સમજવું કઠિન છે તો મનુષ્યોને તો કયાંથી સમજાય? ।।૨૩।।

જે સુસ્પષ્ટ અને યુક્તિયુક્ત જ્ઞાનનું મેં વારંવાર વર્ણન કર્યું છે તેના મર્મને જે સમજી લે છે તેના હૃદયની સંશયગ્રન્થિઓ છેદાઈ જાય છે અને તે મુક્ત થઈ જાય છે ।।૨૪।।

મેં તમારા પ્રશ્નોના શંકા-સમાધાન સાથે ઉત્તર સારી રીતે આપી દીધા છે. જે પુરુષ આપણા પ્રશ્નોત્તરને વિચારપૂર્વક ધારણ કરશે તે વેદોના પણ પરમ રહસ્ય સનાતન પરબ્રહ્મને-મને-પ્રાપ્ત કરી લેશે ।।૨૫।।

જે પુરુષ મારા ભક્તોને આ સારી રીતે સ્પષ્ટ કરી સમજાવશે તે જ્ઞાનદાતાને હું પ્રસન્ન મનથી મારું સ્વરૂપ સુદ્ધાં આપી દઈશ તેને આત્મજ્ઞાન કરાવી દઈશ ।।૨૬।।

હે ઉદ્ધવજી! આ તમારો અને મારો સંવાદ સ્વયં તો પરમ પવિત્ર છેજ, બીજાઓને પણ પવિત્ર કરી દેનારો છે. જે રોજ આનો પાઠ કરશે અને બીજાઓને સંભળાવશે તે આ જ્ઞાનદીપદ્વારા બીજાઓને મારાં દર્શન કરાવવાને લીધે પવિત્ર થઈ જશે ।।૨૭।।

જે કોઈ એકાગ્ર ચિત્તથી આને શ્રદ્ધાપૂર્વક નિત્ય સાંભળશે તેને મારી પરાભક્તિ પ્રાપ્ત થશે અને તે કર્મ બંધનથી મુક્ત થઈ જશે ।।૨૮।।

હે પ્રિય મિત્ર! તમે બ્રહ્મનું સ્વરૂપ સારી રીતે સમજી લીધું ને? અને તમારા ચિત્તના મોહ અને શોક તો દૂર થઈ ગયા ને? ।।૨૯।।

તમારે આનો ઉપદેશ દામ્ભિક, નાસ્તિક (વેદોમાં જેને વિશ્વાસ ન હોય તેવા), વંચક, અશ્રદ્ધાળુ, ભક્તિહીન અને ઉદ્ધત પુરુષને કદી ન કરવો ।।૩૦।।

જે મનુષ્યમાં આ દોષો ન હોય, જે બ્રાહ્મણ-ભક્ત હોય, પ્રેમી હોય, સાધુ સ્વભાવ હોય અને જેનું ચરિત્ર પવિત્ર હોય તેને જ આ પ્રસંગ સંભળાવવો જોઈએ. જો શૂદ્ર અને સ્ત્રી પણ મારામાં પ્રેમભક્તિવાળાં હોય તો તેમને પણ આનો ઉપદેશ

કરવો જોઈએ ।।૩૧।।

જેવી રીતે દિવ્ય સ્વાદિષ્ટ અમૃતનું પાન કરી લીધા પછી કંઈ પણ પીવાનું બાકી રહેતું નથી તેવી જ રીતે આ જાણી લીધા પછી જિજ્ઞાસુને માટે બીજાું કંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી ।।૩૨।।

હે પ્રિય ઉદ્ધવજી! મનુષ્યોને જ્ઞાન, કર્મ, યોગ, વાણિજ્ય અને રાજદંડ વગેરેથી ક્રમશઃ મોક્ષ, ધર્મ, કામ અને અર્થરૂપ ફલ પ્રાપ્ત થાય છે; પરન્તુ તમારા જેવા અનન્ય ભક્તોને માટે તે ચારેય પ્રકારનું ફલ માત્ર હું જ છું ।।૩૩।।

જે વખતે મનુષ્ય સમસ્ત કર્મોનો પરિત્યાગ કરી મને આત્મ સમર્પણ કરી દે છે તે વખતે તે મારો વિશેષ માનનીય થઈ જાય છે અને હું તેનું જીવત્વ (જીવપણુ) છોડાવી દઈ અમૃતસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ કરાવી આપું છું અને તે મારામાં મળી જઈ મદ્રૂપ થઈ જાય છે ।।૩૪।।

**શ્રીશુકદેવજીએ કહ્યું** : હવે ઉદ્ધવજી યોગ માર્ગનો પૂરેપૂરો ઉપદેશ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. ભગવાન્ શ્રીકૃષ્ણની વાત સાંભળી તેમની આંખો આંસુઓથી છલકાઈ ગઈ, પ્રેમના પૂરથી ગળું રૂંધાઈ ગયું, હાથ જોડીને ચુપચાપ ઊભા રહી ગયા અને વાણીથી કંઈ જ બોલી શક્યા નહિ ।।૩૫।।

તેમનું ચિત્ત પ્રેમાવેશથી વિહ્વલ થઈ રહ્યું હતું. તેમણે ધીરજપૂર્વક તેને રોક્યું અને પોતાને અત્યન્ત સૌભાગ્યશાળી માની પોતાના મસ્તકથી યદુવંશશિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણોનો સ્પર્શ કર્યો અને હાથ જોડીને આપને પ્રાર્થના કરી ।।૩૬।।

**ઉદ્ધવજીએ કહ્યું** : હે પ્રભો! આપ બ્રહ્માજી, માયા વગેરેના પણ મૂલ કારણ છો. હું મોહના મહાન અંધકારમાં અટવાઈ રહ્યો હતો. આપના સત્સંગથી તે સદાને માટે દૂર થઈ ગયો. જે અગ્નિની પાસે પહોંચી જાય તેની સામે ઠંડી, અન્ધકાર કે તેને લીધે ઉત્પન્ન થતા ભય કેમ ટકી શકે? તેવી જ રીતે આપને શરણે આવનારને જડતા, અજ્ઞાન, સંસારભય વગેરે ન જ સમ્ભવે ।।૩૭।।

હે ભગવન્! આપની મોહિની માયાએ મારો જ્ઞાનદીપક છીનવી લીધો હતો, પરન્તુ આપે કૃપા કરી આપના સેવકને તે પાછો આપ્યો. આપે મારા ઉપર મહાન અનુગ્રહની વર્ષા કરી છે. એવો કોણ હશે જે આપના આ કૃપાપ્રસાદનો અનુભવ કરીને પણ આપના ચરણકમલોનું શરણું છોડીને બીજા કોઈનો આશ્રય કરે? ।।૩૮।।

આપે આપની માયાથી સૃષ્ટિનો વિસ્તાર કરવામાટે દાશાર્હ, વૃષ્ણિ, અંધક અને સાત્વત વંશી યાદવોની સાથે મને મજબૂત સ્નેહ પાશથી બાંધી દીધો હતો. આજ આપે આત્મજ્ઞાનની તીખી તલવારથી તે બંધનને અનાયાસે જ કાપી નાખ્યું।।૩૯।।

હે મહાયોગેશ્વર! હું આપને નમસ્કાર કરું છું. હવે આપ કૃપા કરી શરણાગત એવા મને એવી આજ્ઞા આપો કે આપનાં ચરણકમલોમાં મારી અનન્ય ભક્તિ અચલ રહે ।।૪૦।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે ઉદ્ધવજી! હવે તમે મારી આજ્ઞાથી બદરીવનમાં જાઓ. તે મારો જ આશ્રમ છે. ત્યાં મારાં ચરણ જળરૂપ ગંગા જલના સ્નાન-પાન દ્વારા સેવન કરી તમે પવિત્ર થઈ જશો ।।૪૧।।

અલકનન્દા (ગંગાજી) નાં દર્શનમાત્રથી તમારાં બધાં પાપ અને તાપ નષ્ટ થઈ જશે. હે પ્રિય ઉદ્ધવજી! તમે ત્યાં વલ્કલ (વૃક્ષોની છાલ) પહેરજો, વનનાં કન્દ, મૂલ, ફલ ખાઈને દેહનો નિર્વાહ કરજો અને કોઈ પણ પ્રકારના ભોગની ઈચ્છા રાખ્યા વિના નિઃસ્પૃહ વૃત્તિ રહેજો ।।૪૨।।

ઠંડી-ગરમી, સુખ-દુઃખ જે કંઈ આવી પડે તે સમભાવથી રહી સહન કરવાં. સ્વભાવ સૌમ્ય રાખવો. ઈન્દ્રિયો કાબૂમાં રાખવી. ચિત્તને શાન્ત રાખી, બુદ્ધિને સ્થિતપ્રજ્ઞ રાખી તમે સ્વયં મારા સ્વરૂપના જ્ઞાન અને અનુભવમાં મગ્ન રહેજો ।।૪૩।।

મેં તમને જે ઉપદેશ કર્યો છે તેનો એકાન્તમાં વિચારપૂર્વક અનુભવ કરતા રહેજો. તમારી વાણી અને ચિત્ત મારામાં જ લગાડેલા રાખજો અને મેં બતાવેલ ભાગવતધર્મમાં પ્રેમથી તત્પર રહેજો. અન્તમાં તમે ત્રિગુણ અને તેમની સાથે સમ્બન્ધ રાખનારી ગતિઓને પાર કરી જઈ તેમનાથી પર મારા પરમાર્થ સ્વરૂપમાં મળી જશો ।।૪૪।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન સંસારના ભેદ ભ્રમને છિન્ન-ભિન્ન કરી દે છે. જ્યારે આપે પોતે ઉદ્ધવજીને આવો ઉપદેશ આપ્યો ત્યારે તેમણે ભગવાન્ શ્રીકૃષ્ણની પરિક્રમા કરી અને આપનાં ચરણકમલો ઉપર પોતાનું માથું મૂકી દીધું. એમાં કોઈ શંકા નથી કે ઉદ્ધવજી સંયોગ વિયોગથી થતાં સુખદુઃખના દ્વન્દ્વથી પર હતા કારણ કે તે ભગવાન્નાં નિર્દ્વન્દ્વ ચરણોનું શરણ લઈ ચૂકયા હતા, છતાં ત્યાંથી છૂટા પડતી વખતે તેમનું ચિત્ત

પ્રેમાવેશથી ભરાઈ ગયું. પોતાનાં નેત્રોમાંથી વહેતાં આંસુઓની ધારાથી ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણકમલો ભીંજવી દીધાં ।।૪૫।।

હે પરીક્ષિત! ભગવાન્ ઉપર પ્રેમ કર્યા પછી તેમનો ત્યાગ કરવો અશક્ય છે. તેમના વિયોગની કલ્પનાથી ઉદ્ધવજી અત્યન્ત વિહ્વલ થઈ ગયા. તેમનો ત્યાગ કરી શક્યા નહીં. વારંવાર વિહ્વલ થઈ જઈ મૂર્છિત થઈ જવા લાગ્યા. થોડા સમય પછી તેમણે ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણોની પાદુકાઓ પોતાના મસ્તક ઉપર પધરાવી દીધી અને ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણોમાં ફરી-ફરી પ્રણામ કરી ત્યાંથી પ્રસ્થાન કર્યું ।।૪૬।।

ભગવાન્‌ના પરમ પ્રેમી ભક્ત ઉદ્ધવજી આપના-શ્રીકૃષ્ણના મધુર સ્વરૂપને હૃદયમાં પધરાવી બદરિકાશ્રમ આવ્યા. ત્યાં તેમણે તપોમય જીવન વ્યતીત કરી જગતના એકમાત્ર બન્ધુરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણના ઉપદેશ અનુસાર આપની સ્વરૂપ ભૂત પરમ ગતિ પ્રાપ્ત કરી ।।૪૭।।

ભગવાન્ શંકર આદિ યોગેશ્વરો પણ સચ્ચિદાનન્દ સ્વરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણોની સેવા કર્યા કરે છે. તેમણે સ્વયં શ્રીમુખથી પોતાના પરમ પ્રેમી ભક્ત ઉદ્ધવજીને આ જ્ઞાન રૂપી અમૃતનું વિતરણ કર્યું. આ જ્ઞાનરૂપી અમૃત આનન્દ મહાસાગરનો (આ અસાર સંસારને સસાર-સારયુક્ત બનાવનાર) સાર છે. જે એનું શ્રદ્ધાપૂર્વક સેવન કરે છે તે પોતે તો મુક્ત થઈજ જાય છે તેના સંગથી આખું જગત મુક્ત થઈ જાય છે ।।૪૮।।

**ભવભયમપહન્તું જ્ઞાનવિજ્ઞાનસારં નિગમકૃદુપજહ્રે ભૃંગવદ્ વેદસારમ્।**
**અમૃતમુદધિતશ્ચાપાયયદ્ ભૃત્યવર્ગાન્ પુરુષમૃષભમાદ્યં કૃષ્ણસંજ્ઞં નતોઽસ્મિ ।।૪૯।।**

હે પરીક્ષિત! જેવી રીતે ભ્રમર અનેક પુષ્પોમાંથી તેના માત્ર સારરૂપ મધનો જ સંગ્રહ કરી લે છે તેવી જ રીતે સ્વયં વેદોને પ્રકાશિત કરનાર શ્રીકૃષ્ણે ભક્તોને સંસારથી મુક્ત કરવાને માટે આ જ્ઞાન અને વિજ્ઞાન નો સાર કાઢયો છે. આપે જ જરા (વૃદ્ધાવસ્થા), રોગ આદિ ભયની નિવૃત્તિમાટે ક્ષીરસમુદ્રમાંથી અમૃત પણ કાઢ્યું હતું તથા તે ક્રમશઃ પોતાના નિવૃત્તિ માર્ગી અને પ્રવૃત્તિમાર્ગી ભક્તોને પાન કરાવ્યું. તે જ પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ સમગ્ર જગતનું મૂલ કારણ છે. હું આપનાં ચરણોમાં નમસ્કાર કરું છું ।।૪૯।।

**ઇતિ શ્રીભાગવત એકાદશ સ્કન્ધમાં (પહેલા જીવમુક્તિ પ્રકરણના અવાન્તર**

**બીજા સાયુજ્ય મુક્તિ નામના પ્રકરણનો ચોવીસમો અને ચાલુ)**
**''ભક્તિયોગનું સંક્ષેપમાં વર્ણન અને ઉદ્ધવજીનું બદરિકાશ્રમ ગમન''**
**નામનો ઓગણત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## જીવમુક્તિ પ્રકરણ (પહેલું) સમ્પૂર્ણ

### કંઈક વિચારો!!!

'ભાગવત કથાની દક્ષિણા સ્વીકારીને ગુજરાન ચલાવવું એના કરતાં તો ભૂખ્યા મરી જવું બહેતર છે''. ભગવત્કથાના નિમિત્તે દક્ષિણા લેવામાં જ્યારે શ્રીમહાપ્રભુજીનો આટલો કઠોર નિષેધ છે ત્યારે સાક્ષાત્ ભગવત્સેવા-મનોરથના નિમિત્તે ભેટ-સામગ્રી પડાવવાની બાબતમાં શ્રીમહાપ્રભુજીને કેવી સૂગ હશે!!!

## અધ્યાય ૩૦ પ્રકરણ બીજું-ઈશ મુકિત
## યાદવકુલનો ઉપસંહાર

**વિશેષ :** જીવમુકિત ઓગણત્રીસ અધ્યાયથી કહી. હવે ઈશમુક્તિ બે અધ્યાયથી કહે છે. એમાં પ્રથમમાં ભગવાન્‌ની મમતા યાદવકુલમાં સમ્ભવે તે યાદવ કુલને બ્રાહ્મણનો શાપ થયો છે તેથી યાદવો શ્રીકૃષ્ણના કહેવાથી બધા પ્રભાસ ગયા. ત્યાં ભગવાન્‌ની ઈચ્છા પ્રમાણે એ પરસ્પર લડીને નાશ પામ્યા એટલે ભગવાન્‌ની મમતા નષ્ટ થઈ. એ વાત આ ત્રીસમા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**તતો મહાભાગવત ઉદ્ધવે નિર્ગતે વનમ્ ।।**
**દ્વારવત્યાં કિમકરોદ્ ભગવાન્ ભૂતભાવનઃ ।।૧।।**

**રાજા પરીક્ષિતે પૂછ્યું :** જ્યારે મહાન્ ભગવદ્ ભકત ઉદ્ધવજી બદરી વનમાં ચાલ્યા ગયા ત્યારે પ્રાણીમાત્રના પાલક ભગવાન્ શ્રીકૃષ્ણે દ્વારકામાં કઈ લીલા રચી? ।।૧।।

યદુવંશ શિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાના કુલને બ્રહ્મશાપ થયા પછી બધાનાં નેત્ર વગેરે ઈન્દ્રિયોને પરમ પ્રિય પોતાના શ્રીવિગ્રહની લીલાનું સંવરણ કેવી રીતે કર્યું? ।।૨।।

હે ભગવન્! જ્યારે સ્ત્રીઓનાં નેત્રો આપના શ્રીઅંગ ઉપર લાગી જતાં હતાં ત્યારે તેઓ તેમને ત્યાંથી હટાવી શકતી નહોતી. જ્યારે સન્તપુરુષો આપની સ્વરૂપ માધુરીનું વર્ણન સાંભળે છે ત્યારે શ્રીઅંગ કાનોને રસ્તે પ્રવેશ કરી તેમનાં ચિત્તમાં એવું ઘૂસી જાય છે કે ત્યાંથી હટવામાં સમજતું જ નથી. આપ (શ્રીકૃષ્ણ) ની શોભા કવિઓની કાવ્યરચનામાં અનુરાગનો રંગ ભરી દે છે અને કવિઓનું સન્માન વધારી દે છે તેના સમ્બન્ધમાં તો કહેવાનું જ શું હોય? મહાભારતના યુદ્ધ વખતે જ્યારે આપ અમારા દાદા અર્જુનના રથ ઉપર બિરાજતા હતા તે વખતે જે યોદ્ધાઓએ આપનાં દર્શન કરતાં-કરતાં શરીરત્યાગ કર્યો તેમને સારૂપ્ય મુક્તિ મળી ગઈ. આપે પોતાના આવા અદ્‌ભુત શ્રીઅંગને કેવી રીતે અન્તર્ધાન કર્યું? ।।૩।।

**શ્રીશુકદેવજીએ કહ્યું :** હે પરીક્ષિત! જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે જોયું કે આકાશ, પૃથ્વી અને અન્તરીક્ષ માં ભારે ઉત્પાત-અપશુકન થઈ રહ્યા છે ત્યારે આપે સુધર્મા સભામાં બેઠેલા બધા યાદવોને આ વાત કરી ।।૪।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું :** ''હે શ્રેષ્ઠ યદુવંશીઓ! જુઓ, આ દ્વારકામાં ઘણા ભયંકર ઉત્પાત થવા લાગ્યા છે. એ સાક્ષાત્ યમરાજની ધ્વજાની જેમ આપણા મહાન અનિષ્ટના સૂચક છે. હવે આપણે અહીં ઘડી બે ઘડી પણ રહેવું ન જોઈએ ।।૫।।

સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો અહીંથી શંખોદ્ધાર ક્ષેત્રમાં ચાલ્યાં જાય અને આપણે પ્રભાસક્ષેત્રમાં જઈએ. આપ બધા જાણો છો કે ત્યાં સરસ્વતી પશ્ચિમ તરફ વહેતી સમુદ્રમાં જઈને મળી છે ।।૬।।

ત્યાં આપણે સ્નાન કરીને પવિત્ર થઈશું, ઉપવાસ કરીશું અને એકાગ્રચિત્તથી સ્નાન અને ચન્દન વગેરે સામગ્રીઓથી દેવતાઓની પૂજા કરીશું ।।૭।।

ત્યાં સ્વસ્તિવાચન કરાવી આપણે ગાયો, ભૂમિ, સોના, વસ્ત્ર, હાથી, ઘોડા, રથ અને ઘર વગેરે આપીને મહાત્મા બ્રાહ્મણોનો સત્કાર કરીશું ।।૮।।

આ વિધિ બધી જાતનાં અમંગલોનો નાશ કરનારી અને પરમ મંગલની જનની છે. હે શ્રેષ્ઠ યદુવંશીઓ! દેવતા બ્રાહ્મણો અને ગાયો ની પૂજાજ પ્રાણીઓના જન્મનો પરમ લાભ છે ।।૯।।

હે પરીક્ષિત! બધા વૃદ્ધ યદુવંશીઓએ ભગવાન્ શ્રીકૃષ્ણના આ પ્રસ્તાવને અનુમોદન આપ્યું અને તરત જ યાદવોએ નૌકાઓથી સમુદ્ર પાર કરી રથોમાં પ્રભાસ

ક્ષેત્ર તરફ પ્રયાણ કર્યું ।।૧૦।।

ત્યાં જઈ યાદવોએ યદુવંશશિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે શ્રદ્ધા અને ભક્તિપૂર્વક શાન્તિપાઠ વગેરે તથા બીજાં પણ ઘણી જાતનાં મંગલ કૃત્ય કર્યાં ।।૧૧।।

(ભગવાન્‌ની આજ્ઞા પ્રમાણે આ બધું તો કર્યું પણ પછી સ્વચ્છન્દતાથી વર્તન કરવા લાગ્યા) આ બધું તો કર્યું પરન્તુ દૈવે તેમની બુદ્ધિ હરી લીધી અને તેઓ મૈરેયક (કદમ્બના રસમાંથી બનાવેલ) મદિરાનું પાન કરવા લાગ્યા, જેના નશાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. તે પીવામાં તો અવશ્ય અત્યન્ત સ્વાદિષ્ટ લાગે છે પણ તેનું પરિણામ સર્વનાશમાં જ આવે છે ।।૧૨।।

તે જલદ મદિરાના પાનથી બધા ઉન્મત્ત થઈ ગયા અને તે ઘમંડી વીર એકબીજા સાથે લડવા-ઝઘડવા લાગ્યા. તેઓ મહાવીર હતા અને શ્રીકૃષ્ણની માયાથી મૂઢ થઈ રહ્યા હતા ।।૧૩।।

તે વખતે તેઓ ક્રોધે ભરાઈ એકબીજા ઉપર આક્રમણ કરવા લાગ્યા અને ધનુષબાણ, તલવાર, ભાલા, ગદા, તોમર અને ઋષ્ટિ વગેરે અસ્ત્ર-શસ્ત્રોથી ત્યાં સમુદ્ર કિનારે જ યુદ્ધ કરવા લાગ્યા ।।૧૪।।

નશામાં ચકચૂર બનેલા યદુવંશીઓ રથ, હાથી, ઘોડા, ગધેડા, ઊંટ, ખચ્ચર, બળદ, પાડા વગેરે ઉપર સવાર થઈ, જંગલી હાથીઓ એકબીજાને દન્તશૂળ ભોંકી દે તેમ એકબીજાને બાણોથી ઘાયલ કરવા લાગ્યા. બધાની સવારી ઉપર ધજાઓ ફરકતી હતી; પાયદળ સૈનિકો પણ પરસ્પર લડી રહ્યા હતા ।।૧૫।।

પ્રદ્યુમ્ન સામ્બની સાથે, અક્રૂર ભોજની સાથે, અનિરુદ્ધ સાત્યકિ સાથે, સુભદ્ર સંગ્રામજિતની સાથે, ભગવાન્ શ્રીકૃષ્ણના નાના ભાઈ ગદ આપના ગદ નામના જ પુત્ર સાથે અને સુમિત્ર સુરથની સાથે યુદ્ધ કરવા લાગ્યા. તે બધા ભારે ભયંકર યોદ્ધાઓ હતા અને ક્રોધે ભરાઈને એકબીજાનું માથું ભાંગવા તૈયાર થઈ ગયા હતા ।।૧૬।।

તે ઉપરાન્ત નિશઠ, ઉલ્મુક, સહસ્રજિત્, શતજિત્ અને ભાનુ વગેરે યાદવો પણ પરસ્પર લડવા લાગ્યા. ભગવાન્ શ્રીકૃષ્ણની માયાથી તેઓ અત્યન્ત મોહિત બન્યા હતા અને શરાબના નશાએ તેમને મદમાં અંધ બનાવ્યા હતા ।।૧૭।।

દાશાર્હ, વૃષ્ણિ, અન્ધક, ભોજ, સાત્વત, મધુ, અર્બુદ, માથુર, શૂરસેન,

વિસર્જન, કુકુર અને કુન્તિ વગેરે વંશોના લોકો સૌહાર્દ અને પ્રેમને ભૂલી જઈ પરસ્પર લડવા લાગ્યા ।।૧૮।।

મૂઢતાને લીધે પુત્ર પિતાનું, ભાઈ ભાઈનું, ભાણેજ મામાનું, દોહિત્ર નાનાનું, મિત્ર મિત્રનું, સુહૃદ સુહૃદનું, કાકા ભત્રીજાનું તથા એક ગોત્રવાળા પરસ્પર એક બીજાનું ખૂન કરવા લાગ્યા ।।૧૯।।

અન્તે જ્યારે તેમનાં બધાં બાણ ખલાસ થઈ ગયાં, ધનુષ તૂટી ગયાં અને શસ્ત્રાસ્ત્ર નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયાં ત્યારે તેમણે પોતાના હાથથી સમુદ્રના તટ પર ઊગેલું 'એરકા' નામનું ઘાસ ઉખાડવું શરૂ કર્યું. આ એ જ ઘાસ હતું જે ઋષિઓના શાપને લીધે લોઢાના મુશળના ચૂરામાંથી ઊગ્યું હતું ।।૨૦।।

હે રાજન્! તેમના હાથમાં આવતાં જ તે ઘાસ વજ્રના જેવા કઠોર મુદ્ગરના રૂપમાં ફેરવાઈ જતું. હવે તેઓ રોષે ભરાઈ તે જ ઘાસથી વિપક્ષીઓ ઉપર પ્રહાર કરવા લાગ્યા. ભગવાન્ શ્રીકૃષ્ણે તેમને વાર્યા તો તેઓએ આપને અને બલદેવજી ને પણ પોતાના દુશ્મન સમજી લીધા. તે આતતાયીઓની બુદ્ધિ એવી તો મૂઢ થઈ રહી હતી કે તેઓ તેમને મારવાને માટે તેમના તરફ ધસી ગયા ।।૨૧-૨૨।।

હે કુરુનન્દન! હવે તો ભગવાન્ શ્રીકૃષ્ણ અને બલરામજી પણ ક્રોધે ભરાઈને યુદ્ધભૂમિમાં આમ-તેમ વિચરવા તથા મુઠ્ઠાના મુઠ્ઠા એરકા ઘાસ ઊખેડી-ઉખેડી તેમને મારવા લાગ્યા. એરકા ઘાસની મુઠ્ઠી જ મુદ્ગર (મગદળ) ના જેવી ચોટ કરતી હતી ।।૨૩।।

જેવી રીતે વાંસોના ઘર્ષણથી ઉત્પન્ન થઈ દાવાનલ વાંસોને જ ભસ્મ કરી નાખે છે તેવી જ રીતે બ્રાહ્મણોના શાપથી ગ્રસ્ત અને ભગવાન્ શ્રીકૃષ્ણની માયાથી મોહિત યદુવંશીઓની સ્પર્ધાથી ઉત્પન્ન થયેલ ક્રોધે તેમનો ધ્વંસ કરી નાખ્યો ।।૨૪।।

જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે જોયું કે સમસ્ત યદુવંશીઓનો (ઉપ) સંહાર થઈ ચૂક્યો છે ત્યારે આપે પૃથ્વીનો રહ્યો સહ્યો ભાર પણ ઊતરી ગયો એમ માની સન્તોષનો શ્વાસ લીધો ।।૨૫।।

હે પરીક્ષિત! બલદેવજીએ સમુદ્રતટ ઉપર બિરાજી એકાગ્ર ચિત્તથી પરમાત્માનું ચિન્તન કરતાં-કરતાં પોતાના આત્માને આત્મસ્વરૂપમાં જ સ્થિર કરી દીધો અને અન્તર્ધાન થઈ જઈ મનુષ્યલોકનો ત્યાગ કર્યો ।।૨૬।।

જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે જોયું કે મારા મોટાભાઈ બલદેવજી પરમ પદમાં લીન

થઈ ગયા ત્યારે આપ એક પીપળાના વૃક્ષની નીચે જઈ મૌન ધારણ કરીને ધરતી ઉપર બિરાજ્યા ।।૨૭।।

ત્યારે ભગવાને પોતાની કાન્તિથી પ્રકાશતું ચતુર્ભુજસ્વરૂપ ધારણ કર્યું હતું જે ધૂમરહિત અગ્નિની જેમ દિશાઓના અંધકારને દૂર કરતું હતું ।।૨૮।।

એ સ્વરૂપમાં શ્રીવત્સનું ચિહ્ન હતું, મેઘ સરખું શ્યામ હતું, તપેલા સુવર્ણ જેવી એની કાન્તિ હતી, બે રેશમી વસ્ત્રોથી શોભતું મંગળમય હતું; સુન્દર મન્દ મુસકાનવાળું મુખારવિન્દ શ્યામ કુન્તલથી શોભાયમાન લાગતું હતું, કમલના જેવી સુન્દર આંખો શોભતી હતી, મકરાકૃત કુંડળનો પ્રકાશ પડતો હતો ।।૨૯-૩૦।।

કટિમેખલા, જનોઈ, કિરીટ, કડાં, બાજૂબન્ધ, હાર, નૂપુર, વીંટીઓ અને કૌસ્તુભ મણિશોભી રહ્યાં હતાં ।।૩૧।।

ઘૂંટણો સુધી વનમાલા લટકી રહી હતી. શંખ, ચક્ર, ગદા વગેરે આયુધ મૂર્તિમાન થઈ આપની સેવા કરી રહ્યાં હતાં. તે વખતે પ્રભુ પોતાની જમણી જાંઘ ઉપર ડાબું ચરણ રાખી બિરાજમાન હતા. ચરણારવિન્દનું લાલ-લાલ તળિયું રકત કમલની જેમ ચમકી રહ્યું હતું ।।૩૨।।

'જરા' નામનો એક પારધી હતો. તેણે મુસળમાંથી બચેલા લોહના ટુકડામાંથી પોતાના બાણનું પાનું બનાવી લીધું હતું. ભગવાન્‌ના ચરણનું લાલ-લાલ તળિયું દૂરથી તેને હરણના મુખ જેવું દેખાયું તેણે તેને ખરેખર હરણ સમજી પોતાના તે જ બાણથી વીંધી દીધું ।।૩૩।।

જ્યારે તે પાસે આવ્યો ત્યારે તેણે જોયું કે ''અરે! આ તો ચતુર્ભુજ પુરુષ છે'' અપરાધ તો થઈ ચૂકયો હતો તેથી ભયને લીધે તે ધ્રૂજવા લાગ્યો અને દૈત્યદલન ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણોમાં માથું નમાવી ધરતી ઉપર ઢળી પડ્યો ।।૩૪।।

તેણે કહ્યું કે ''હે મધુસૂદન! મેં આ પાપ અજાણતાં કર્યું છે. ખરેખર હું બહુ જ મહાન પાપી છું, પરન્તુ આપ પરમ યશસ્વી અને નિર્વિકાર છો. આપ કૃપા કરી મારો અપરાધ ક્ષમા કરો ।।૩૫।।

હે સર્વવ્યાપક સર્વશક્તિમાન પ્રભો! મહાત્મા લોકો કહે છે કે આપના સ્મરણમાત્રથી મનુષ્યોનો અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે. ઘણા જ ખેદની વાત છે કે મેં સ્વયં આપનું જ અનિષ્ટ કરી નાખ્યું ।।૩૬।।

હે વૈકુંઠનાથ! હું નિરપરાધી હરણોને મારી નાખનારો મહાપાપી છું, આપ મને

આ જ ક્ષણે મારી નાખો કારણ કે હું મરી જાઉં એટલે ફરીથી આપ જેવા મહાપુરુષોનો આવો અપરાધ ન કરું ।।૩૭।।

હે ભગવન્! સમસ્ત વિદ્યાઓના પારદર્શી વિદ્વાન બ્રહ્માજી, તેમના પુત્ર રુદ્ર વગેરે તેમજ વેદોના દ્રષ્ટાઓ પણ આપની યોગમાયાનો વિલાસ સમજી શકતા નથી, કારણ કે એમની દૃષ્ટિ પણ આપની માયાથી આવૃત(ઢંકાયેલી) છે. એવી પરિસ્થિતિમાં અમારા જેવા પાપયોનિ લોકો તેને વિશે શું કહીશકે ।।૩૮।।

**ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું** : હે જરા! તું ડર નહિ, બેઠો થા. આ તો તેં મારું ઇચ્છિત કામ કર્યું છે. મારાજ સંકલ્પનું સમ્પાદન કરી મારી સેવાજ કરી છે. જા મારી આજ્ઞાથી તું, મોટા-મોટા પુણ્યશાળી લોકોનેજ જેની પ્રાપ્તિ થાય છે તે સ્વર્ગમાં નિવાસ કર ।।૩૯।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! ભગવાન્ શ્રીકૃષ્ણ તો પોતાની ઇચ્છાથી શરીર ધારણ કરે છે. જ્યારે આપે જરા પારધીને આ આજ્ઞા કરી ત્યારે તેણે આપની ત્રણ વાર પરિક્રમા કરી, નમસ્કાર કર્યા અને વિમાનમાં બેસી સ્વર્ગમાં ચાલ્યોગયો ।।૪૦।।

ભગવાનનો સારથિ તેમને શોધવા નીકળ્યો હતો. ભગવાને ધારણ કરેલ તુલસીની સુગન્ધવાળા વાયુની સુવાસથી આપ અહીં બિરાજતા હશે એમ ધારી તે આપની સમક્ષ હાજરથયો ।।૪૧।।

દારુકે ત્યાં જઈ જોયું કે પોતાના સ્વામી ભગવાન્ શ્રીકૃષ્ણ પીપળના વૃક્ષની નીચે આસન જમાવી બિરાજી રહ્યા છે. અસહ્ય તેજવાળાં આયુધો મૂર્તિમાન થઈ તેમની સેવામાં સંલગ્ન છે. આપનાં દર્શન કરી દારુકના હૃદયમાં પ્રેમનો ઊભરો આવી ગયો. નેત્રોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી. રથ ઉપરથી કૂદી તે પ્રભુના ચરણોમાં જઈ પડ્યો ।।૪૨।।

તેણે પ્રભુને પ્રાર્થના કરી, ''હે નાથ! રાત્રે ચન્દ્રમા એકાએક અસ્ત થઈ જતાં રસ્તે જતા માણસોની જેવી દશા થાય છે તેવી મારી દશા આપનાં ચરણકમલોનાં દર્શન ન થતાં થઈ છે. મારી દૃષ્ટિ નષ્ટ થઈ ગઈ છે, ચારે તરફ અંધારું છવાઈ ગયું છે. મને દિશાઓનું જ્ઞાન કે હૃદયમાં શાન્તિ નથી. આપના દર્શનથી મારી દૃષ્ટિ સફળ થઈ'' ।।૪૩।।

હે પરીક્ષિત! હજુ દારુક આ પ્રમાણે કહી જ રહ્યો હતો એટલામાં તેની સામે જ

ભગવાન્‌નો ગરુડધ્વજ રથ, પતાકા અને ઘોડાઓની સાથે આકાશમાં ઉડી ગયો ।।૪૪।।

તેની પાછળ જ ભગવાન્‌નાં દિવ્ય આયુધ પણ ચાલ્યાં ગયાં. આ બધું જોઈ દારુકના આશ્ચર્યની સીમા ન રહી. ત્યારે ભગવાને તેને કહ્યું ।।૪૫।।

''હે દારુક! હવે તમે દ્વારકા જઈને ત્યાં યદુવંશીઓનો પારસ્પરિક કલહથી થયેલો સંહાર, મોટા ભાઈ બલરામજીની પરમ ગતિ અને મારા સ્વધામ ગમનની વાત કહેજો ।।૪૬।।

તેમને એ પણ કહેજો કે મારી અનુપસ્થિતિ (ગેરહાજરી) માં સમુદ્ર દ્વારકા નગરીને ડુબાડી દેશે માટે હવે તમારે અને તમારા પરિવારે ત્યાં ન રહેવું જોઈએ ।।૪૭।।

બધા લોકો પોતપોતાની ધન-સમ્પત્તિ કુટુમ્બ તથા મારાં માતા- પિતાને લઈને અર્જુનના સંરક્ષણમાં ઈન્દ્રપ્રસ્થ ચાલ્યા જાય ।।૪૮।।

હે દારુક! મારા ભકતોનો હું સદા પ્રતિપાલક છું એવો ઉપદેશ મેં જે આપ્યો છે તેનો આશ્રય કરો અને જ્ઞાનનિષ્ઠ થઈ સર્વમાંથી આસક્તિ છોડી તેમની ઉપેક્ષા કરજો તથા આ બધાંને મારી માયાની રચના સમજી શાન્ત અને શોક મુકત થઈ જાઓ'' ।।૪૯।।

**ઈત્યુકતસ્તં પરિક્રમ્ય નમસ્કૃત્ય પુનઃ પુનઃ ।।**
**તત્પાદૌ શીષર્ણ્યુપાદાય દુર્મનાઃ પ્રયયૌ પુરીમ્ ।।૫૦।।**

ભગવાન્‌ની આ આજ્ઞા મળતાં દારુકે આપની પરિક્રમા કરી અને આપનાં ચરણકમલ પોતાનાં મસ્તક ઉપર પધરાવી આપને વારંવાર પ્રણામ કર્યા. ત્યારબાદ (ભગવાન્‌નો વિયોગ થવાથી) ઉદાસ મને તેણે દ્વારકા જવા પ્રસ્થાન કર્યું ।।૫૦।।

**ઈતિ શ્રીભાગવત એકાદશસ્કન્ધમાં (બીજા ઈશ (બ્રહ્મ)મુકિત પ્રકરણનો મમતા ત્યાગ નામનો પહેલો અને ચાલુ) ''યાદવકુલનો ઉપસંહાર'' નામનો ત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ફંડ-ફાળા માટે કે મૃતકના ઉદ્ધાર અર્થે ભાગવતકથાના આયોજનની ગુરુએ આજ્ઞા આપવી તેમજ તેમાં હાજરી આપવી તે શ્રીમહાપ્રભુજીનો દ્રોહ છે, પાપ છે.

## અધ્યાય ૩૧

# ભગવાન્ શ્રીકૃષ્ણના સ્વરૂપનું તિરોધાન

**વિશેષ** : ૧. ભગવાન્ શ્રીકૃષ્ણ ભૂતળ ઉપર પધાર્યા ત્યારે દેવોને પોતાના કાર્યમાટે યાદવો બનાવ્યા હતા, પોતાને જ્યારે સ્વધામમાં પધારવાને વિચાર થયો ત્યારે એમને પાછા દેવો બનાવી પોતે સ્વધામ પધાર્યા એટલે અહન્તા ગઈ. એ વાત આ એકત્રીસમા અધ્યાયમાં કહે છે.

૨. ભગવાન્નું શ્રીઅંગ જગતના આશ્રયરૂપ છે એનો દાહ થાય તો જગત્ બળી જાય એવી શંકા ન કરવી. અહીં **અદગ્ધ્વા** એમ પદચ્છેદ ન કરતાં પણ પોતાના શ્રીઅંગ સહિત પધારવાનું ન સ્વીકારીએ તો પણ જગતનો વિલય તો થવાનો જ છે તે થશે જ. એ ભગવાન્ના શ્રીઅંગનો દાહ માનીએ તો ધ્યાન અને ધારણા વિષય રહિત થઈ જશે એમ પણ માનવાને કાંઈ કારણ નથી. ભગવાન્ સ્વરૂપનો ત્યાગ કરે તો ભકતોને ભગવાન્નો સાક્ષાત્કાર નહિ થાય એમ પણ શંકા ન કરવી કેમકે એ ભગવાન્નું શ્રીઅંગ ભૌતિક નથી તેથી એને અગ્નિ પણ દાહ કરવાને અસમર્થ છે. ''**ભૂભારઃ ક્ષપિતો યેન જહૌ તચ્ચ કલેવરમ્।** અને જે શરીરથી પૃથ્વીનો ભાર આપે દૂર કર્યો હતો તે શરીરનો (નટ જેમ કાર્ય પૂરું થતાં પોતાના સ્ત્રી વગેરેના વેશનો ત્યાગ કરે છે તે) ત્યાગ કર્યો'' શ્રીભાગવત ૧।૧૫।૩૫ માં દેહત્યાગ કહ્યો છે. એ તો બ્રહ્મા વગેરેને ખબર ન કરવામાટે આગ્નેય્યાદિ ધારણાવડે એ સ્વરૂપને અન્તર્હિત કરીને ભગવાન્ સ્વધામ પધાર્યા છે, કારણ કે ભગવાન્નું શ્રીઅંગ અલૌકિક છે. એટલે અહીં વિરોધ જણાતો નથી. (બાળપ્રબોધિની) શ્રીપુરુષોત્તમજી મહારાજ વિદ્વન્મંડનની ટીકામાં એ સમ્બન્ધે વિસ્તારથી લખે છે. તે પ્રસંગ જિજ્ઞાસુને આ અધ્યાયને અન્તે પરિશિષ્ટમાં આપેલો છે તે વાંચવા વિનન્તિછે.

**અથ તત્રાગમદ્ બ્રહ્મા ભવાન્યા ચ સમં ભવઃ ।**
**મહેન્દ્રપ્રમુખા દેવા મુનયઃ સપ્રજેશ્વરાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે પરીક્ષિત! દારુકના ગયા પછી બ્રહ્માજી, શિવજી, પાર્વતી, ઈન્દ્રાદિ લોકપાલ, મરીચિ વગેરે પ્રજાપતિઓ, મોટા-મોટા ઋષિમુનિઓ, પિતરો, સિદ્ધો, ગન્ધર્વો, વિદ્યાધરો, નાગ, ચારણ, યક્ષો અને રાક્ષસો, કિન્નર અને અપ્સરાઓ તથા ગરુડલોકનાં જુદાં-જુદાં પક્ષીઓ અથવા મૈત્રેય આદિ બ્રાહ્મણો ભગવાન્ શ્રીકૃષ્ણના પરમ ધામ પ્રસ્થાનને જોવામાટે ભારે ઉત્સુકતાથી ત્યાં આવ્યા. તેઓ બધા ભગવાન્ શ્રીકૃષ્ણના પ્રાકટ્ય અને લીલાઓનું ગાન અથવા વર્ણન કરી

રહ્યા હતા ।।૧-૩।।

એમનાં વિમાનોની (પંક્તિ)હારોથી આખું આકાશ જાણે કે છવાઈ ગયું હતું અને તેઓ ભક્તિપૂર્વક પુષ્પોની વર્ષા કરી રહ્યા હતા ।।૪।।

સર્વવ્યાપક દેવતાઓને જોઈને બ્રહ્માજીને તથા પોતાની વિભૂતિરૂપ દેવતાઓને જોઈને મનથી સ્વરૂપનું અનુસન્ધાન કરી (જાણે કે સમાધિ લગાવતા હોય તેમ) કમલના જેવાં નેત્રો બંધ કરી દીધાં ।।૫।।

શ્રીવાગીશ સ્વીકૃત પાઠ **દગ્ધ્વા** છે, **ऽदग्ध्वा** (અદગ્ધ્વા) નહિ. ભગવાન્નું શ્રીઅંગ ભકતોના ધ્યાન અને ધારણા નો મંગલમય આધાર અને સમસ્ત લોકોમાટે મનોહર આશ્રય છે. તેથી આપે નેત્રો મીચી દઈ, દેવોની જ્ઞાનશક્તિનો તિરસ્કાર કરી ધીમે રહીને પોતાપણામાંથી શ્રીઅંગને મુકત કરી, સાથે-સાથે બહાર રહેલ સર્વને આ પ્રમાણે પોતાના સ્વરૂપમાં જ પ્રવેશ કરાવી દઈ, આવરણાગ્નિ પ્રગટ કરી અથવા ઉપનિષદ્માં જણાવેલ પરમાત્મસ્થાનરૂપ અગ્નિશિખા પ્રગટ કરી તેમાં અન્તર્ધાન થઈ જઈ પોતાના નિત્યલીલાધામમાં પ્રવેશ કરી દીધો ।।૬।।

(વૈકુંઠલોક સૌથી ઊંચે હોવાથી, પોત-પોતાનો લોક માર્ગમાં આવે છે અને આપણે આપને પધારવાની વિનન્તિ કરવા આવ્યા છીએ. એ વિનન્તિનો અંગીકાર કરી પ્રભુ આપણા લોકમાં પધારીને તેને પાવન કરતા જશે એ ઉત્સવના પ્રતીકરૂપે) તે સમયે નગારાં ગડગડવા લાગ્યાં અને આકાશમાંથી પાછળ-પાછળ જ આ પૃથ્વી ઉપરથી સત્ય, ધર્મ, ધૈર્ય, કીર્તિ અને શ્રીદેવી પણ ચાલી ગઈ ।।૭।।

ભગવાન્ શ્રીકૃષ્ણની ગતિ મન અને વાણી થી પર છે; તેથી તો જ્યારે ભગવાન્ પોતાના ધામમાં પ્રવેશ કરવા લાગ્યા, ત્યારે બ્રહ્માજી વગેરે દેવતા પણ આપને જોઈ ન શકયા. આ ઘટનાથી તેમને અત્યન્ત આશ્ચર્ય થયું ।।૮।।

(ભગવાન્ની ગતિ કોઈના જાણવામાં આવતી નથી એમ કહ્યું એને દષ્ટાન્તથી દઢ કરે છે) આકાશમાં વાદળાંમાં છોડી વીજળી કયાં જાય છે એની ગતિ માણસો જાણતા નથી પણ દેવો જાણે છે તેમ આ લોકને છોડીને ભગવાન્ સ્વધામ પધાર્યા તેમની ગતિને દેવો જાણી ન શકયા પણ ભગવત્પાર્ષદો જ જાણી શકયા ।।૯।।

બ્રહ્માજી અને શિવજી ભગવાન્ની યોગગતિને જોઈને વિસ્મય પામ્યા અને તેઓ ભગવાન્ની ગતિની પ્રશંસા કરતા પોત-પોતાના લોકમાં ગયા ।।૧૦।।

(યદુકુલનો ઉપસંહાર અને સ્વરૂપનો અન્યથાભાવ-તિરોધાન કહેવામાં આવ્યા.

ત્યાં **''યોગધારણયાગ્નેય્યા દગ્ધ્વા ધામાવિશત્ સ્વકમ્''** (ભાગ.૧૧।૩૧।૬)માં **આગ્નેય્યાદગ્ધ્વા** નો પદચ્છેદ **અદગ્ધ્વા** પણ શકય છે. તેથી આપે સ્વધામ પ્રવેશ, દાહ કર્યા વિના સશરીર કર્યો કે યોગીની જેમ દાહ કરીને? એ સન્દેહ દૂર કરવા, લીલા અને લીલાના પરિકરનાં સ્વરૂપ વિષેની શંકા આ શ્લોકથી દૂર કરે છે. નહિ તો તેરમા શ્લોકથી જ પોતાના સ્વરૂપ વિષેની શંકા નિવૃત્ત થઈ જાય છે એટલે અગિયારમો અને બારમો શ્લોક કહેવાની જરૂર નથી. તેથી આ શ્લોકમાં પરિકર યાદવોનું જ નિરૂપણ છે). હે રાજા! યાદવો વગેરેની ઉત્પત્તિ, ઉપસંહાર અને બીજી ચેષ્ટાઓને માયા વિડમ્બન (માયાનુકરણ) સમજો. નટ-નાટકમાં કોઈ સ્વાંગ લે છે ત્યારે તેનું અસલ રૂપ કેવું છે તેની પ્રેક્ષકોને ખબર પડતી નથી, તો પછી આ તો શ્રીકૃષ્ણ પર અક્ષરબ્રહ્મથી પણ ઉત્તમ પૂર્ણપુરુષોત્તમ છે જે સ્વયં આ જગતની ઉત્પત્તિ કરે છે તેમાં પ્રવેશ કરી વિહાર કરે છે અને પ્રલય વખતે સમગ્ર જગતને પોતાની અંદર સમાવી લઈ શાન્ત થઈ તત્કાલીન પરિકર સાથે પોતાના અનન્ત મહિમામય સ્વરૂપમાં સ્થિતિ કરે છે તે જ અત્યારે પણ બિરાજી રહ્યા છે. તે જ પરપુરુષને જ્યારે પૃથ્વી ઉપર લીલા કરવી હોય ત્યારે નિત્યલીલાના પરિકરને પણ પૃથ્વી ઉપર મોકલે છે અને તેમની ઉત્પત્તિ અને નાશ સામાન્ય મનુષ્યોની જેમ જ થયા તેવી પ્રતીતિ મનુષ્યોને પોતાની માયાથી કરાવે છે ।।૧૧।।

(મૂલરૂપમાં આ સમ્ભવી શકે, અવતારરૂપમાં પણ આમ જ છે એ કેમ સમજાય? તે માટે સામર્થ્ય કહે છે) સાન્દીપનિ ગુરુના પુત્રને યમપુરી ગયા પછી કેટલાંય વર્ષો પછી પણ તેના મૂળ મનુષ્ય શરીરની સાથે ભગવાન્ શ્રીકૃષ્ણે પાછો લાવી આપ્યો. માતાના ગર્ભમાં તમારું જ શરીર અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બળી ગયું હતું. પરન્તુ તમારી માતાએ શરણે આવી વિનન્તિ કરતાં શ્રીકૃષ્ણે એના ગર્ભમાં તમારી રક્ષા કરીને તમને પુનર્જીવન આપ્યું. વાસ્તવમાં આપની શરણાગતવત્સલતા એવી જ છે. વધારે તો શું કહું? કાલના પણ મહાકાલ શંકરને (બાણાસુર માટે થયેલ યુદ્ધમાં) આપે જીતી લીધા હતા અને પોતાના જ શરીર ઉપર પ્રહાર કરનાર અત્યન્ત અપરાધી શિકારીને પણ સદેહે સ્વર્ગે મોકલી આપ્યો. હે પ્રિય પરીક્ષિત! તેથી આ શ્રીકૃષ્ણ જ મૂલરૂપ છે, તો પછી આપ પોતાના તથા યાદવો નાં શરીરોને સદાને માટે અહીં નહોતા રાખી શકતા? અવશ્ય રાખી શકયા હોત ।।૧૨।।

(તો પછી સમર્થ હોવા છતાં પોતાની અને યાદવો ની રક્ષા કેમ ન કરી? તેનું

સમાધાન) જો કે ભગવાન્ શ્રીકૃષ્ણ સમ્પૂર્ણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનું નિરપેક્ષ કારણ છે તો પણ પોતે યાદવોનાં અને પોતાનાં શરીરને બચાવી લેવાની ઇચ્છા ન કરી. આથી આપે એમ બતાવ્યું કે આ મનુષ્ય શરીરનું શું પ્રયોજન? ભગવાન્‌માં જ નિષ્ઠાવાળા પુરુષો ભગવદ્ ઇચ્છા પ્રમાણે જ વર્તે છે. તેઓ સમજી ગયા કે ભગવાન્ હવે દેહત્યાગનો અભિનય કરી આસુરી જીવોને મોહ પમાડશે તેથી તેમણે પણ તેમજ યાદવાસ્થલીનું નાટક કરી પૃથ્વીનો ત્યાગ કર્યો. આમ તેમની ઉત્તમ ગતિ બતાવી. સામર્થ્ય હોવા છતાં પ્રભુએ તેમની રક્ષા ન કરી* ।।૧૩।।

**વિશેષ** : જેવી રીતે પ્રાકટ્ય પ્રસંગે **બભૂવ પ્રાકૃતઃ શિશુઃ।** પોતે પ્રાકૃત બાળક બની જઈ લોકોમાં જેમ પ્રાકૃત બુદ્ધિ ઉત્પન્ન કરી હતી તેમ અહીં પ્રભાસલીલામાં સ્વતઃ અગ્નિ પ્રકટ કરી, યોગીના જેવો અભિનય કરી લોકોમાં પ્રાકૃત બુદ્ધિ ઉત્પન્ન કરી સ્થિર કરી. લૌકિક પ્રકાર અપનાવે એટલે કે શ્રીઅંગનો અહીં ત્યાગ કરે તો ભકતોને પણ મોહ ઉત્પન્ન થાય. શ્રીરામચન્દ્રજી જેમ સમસ્ત અયોધ્યાને પોતાની સાથે સ્વધામ લઈ ગયા હતા તેવી રીતે શ્રીકૃષ્ણ યાદવોને સશરીર સાથે લઈ પોતે સશરીર સ્વધામ પધારે તો અસુરોનો મોહ શિથિલ થઈ જાય. તેથી સર્વતન્ત્ર સ્વતન્ત્ર ભગવાન્ શ્રીકૃષ્ણે, બન્ને રીતે ઔચિત્ય સચવાય તેમ વિદગ્ધ અભિનય કરી મનુષ્ય નાટક ઉપર પડદો પાડી દીધો. (શ્રીગુસાંઈજી વિરચિત **વિદ્વન્મંડન** તેના ઉપરની શ્રીપુરુષોત્તમજી વિરચિત **સુવર્ણસૂત્ર,** શ્રીગિરિધરજી વિરચિત **હરિતોષિણી** વગેરે ટીકાઓને આધારે આ અધ્યાયને અન્તે આ પ્રસંગ વિસ્તારપૂર્વક પરિશિષ્ટ બીજામાં આપેલ છે તે વાંચવા જિજ્ઞાસુને વિનન્તિ છે.)

જે પુરુષ પ્રાતઃકાલે ઊઠી ભગવાન્ શ્રીકૃષ્ણના વૈકુંઠગમનની આ કથાનું એકાગ્રતા અને ભક્તિભાવપૂર્વક કીર્તન કરશે તેને ભગવાન્‌નું તે જ સર્વશ્રેષ્ઠ પરમપદ-વૈકુંઠ- પ્રાપ્ત થશે ।।૧૪।।

બીજી બાજુ દારુક ભગવાન્ શ્રીકૃષ્ણના વિરહથી વ્યાકુલ થઈ જઈ દ્વારકા આવ્યો અને વસુદેવજી તથા ઉગ્રસેનનાં ચરણોમાં નમન કરતા એ ચરણોને અશ્રુપ્રવાહથી ભીંજવી દીધાં ।।૧૫।।

હે પરીક્ષિત! તેણે યદુવંશીઓના વિનાશનું પૂરેપૂરું વૃત્તાન્ત કહી સંભળાવ્યું. તે સાંભળી લોકોનાં હૃદય અત્યન્ત ઉદ્વેગયુકત થઈ ગયાં અને તેઓ શોકથી મૂર્છાવશ થઈ ગયા ।।૧૬।।

ભગવાન્ શ્રીકૃષ્ણના વિયોગથી વિહ્‌વલ બનેલા તેઓ જલદી પ્રભાસ જઈ

પહોંચ્યા. એમને જોઈને કેટલાક યાદવો તો ત્યાં જ પ્રાણરહિત થઈને પડ્યા, કેટલાક માથું કૂટવા લાગ્યા ।।૧૭।।

દેવકીજી, રોહિણીજી અને વસુદેવજી પોતાના પ્રાણપ્રિય પુત્રો શ્રીકૃષ્ણ અને બલદેવજીને ન જોતાં શોકની પીડાથી બેહોશ થઈ ગયાં ।।૧૮।।

તેમણે ભગવદ્ વિરહથી વ્યાકુલ થઈ જઈને ત્યાં ને ત્યાં જ પ્રાણ છોડી દીધા. સ્ત્રીઓએ પોત-પોતાના પતિઓનાં શબને ઓળખી લઈ તેને છાતી સરસાં લગાવી લીધાં અને તેમની સાથે તેઓ ચિતા ઉપર બેસી જઈ ભસ્મ થઈ ગઈ ।।૧૯।।

બલદેવજીની પત્નીઓએ તેમના શરીરને વસુદેવજીના પત્નીઓએ તેમના દેહને અને ભગવાન્‌ની પુત્રવધૂઓ પોતાના પતિઓના શબને ભેટીને ચિતામાં પ્રવેશ કર્યો. ભગવાન્ શ્રીકૃષ્ણની રુક્મિણીજી વગેરે રાણીઓ પતિના ધ્યાનમાં તદ્રૂપ થઈને દેહને અગ્નિમાં શુદ્ધ કરીને એ બ્રાહ્મ દેહથી ભગવાન્‌ના ધામમાં પહોંચ્યાં ।।૨૦।।

હે પરીક્ષિત! પોતાના પ્રિયતમ અને સખા ભગવાન્ શ્રીકૃષ્ણના વિરહથી પ્રથમ તો અર્જુન અત્યન્ત વ્યાકુલ થઈ ગયા પણ પછી તેને આપે જ આપેલા ગીતાના ઉપદેશનું સ્મરણ થતાં તેણે પોતાના મનને સમજાવ્યું ।।૨૧।।

જેમને પિંડદાન કરનાર કોઈ ન હતું તેવી યદુવંશની સદ્ગત વ્યક્તિઓનું શ્રાદ્ધ અર્જુને ક્રમશઃ વિધિપૂર્વક કરાવ્યું ।।૨૨।।

હે મહારાજ! ભગવાન્ ન રહેતાં, સમુદ્રે માત્ર ભગવાન્ શ્રીકૃષ્ણના નિવાસસ્થાન સિવાય આખી દ્વારકા નગરી એક જ ક્ષણમાં ડૂબાડી દીધી ।।૨૩।।

ભગવાન્ શ્રીકૃષ્ણ અત્યારે પણ ત્યાં સદા-સર્વદા નિવાસ કરી રહ્યા છે. તે સ્થાન સ્મરણ માત્રથી તમામ પાપ-તપોનું નાશ કરવાવાળું તથા બધાં મંગલોને પણ મંગલ બતાવી દેનારું છે ।।૨૪।।

પિંડદાન કર્યા પછી બાકી રહેલા વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓને લઈને અર્જુન ઈન્દ્રપ્રસ્થ આવ્યાં. ત્યાં તે બધાંની યથાયોગ્ય વસવાટની વ્યવસ્થા કરી. ત્યાં ઈન્દ્રપ્રસ્થનાં રાજા તરીકે અનિરુદ્ધજીના પુત્ર વજ્રનાભનો રાજ્યાભિષેક કર્યો ।।૨૫।।

હે રાજન્! તમાર દાદા યુધિષ્ઠિર વગેરે પાંડવોએ અર્જુન પાસેથી યદુવંશીઓના ઉપસંહારની વાત જાણીને તેમજ વંશધર એવા તમને રાજ્યપદ ઉપર અભિષિક્ત કર્યા અને તેમણે હિમાલયની વીરયાત્રા કરી ।।૨૬।।

દેવતાઓના પણ આરાધ્ય દેવ ભગવાન્ શ્રીકૃષ્ણની જન્મલીલા તથા કર્મલીલા મેં તમને સંભળાવી. જે મનુષ્ય આનું શ્રદ્ધાપૂર્વક કીર્તન કરે છે તે સમસ્ત પાપોથી મુકત થઈ જાયછે ।।૨૭।।

**ઈત્થં હરેર્ભગવતો રુચિરાવતારવીર્યાણિ બાલચરિતાનિ ચ શન્તમાનિ ।।**
**અન્યત્ર ચેહ ચ શ્રુતાનિ ગૃણન્ મનુષ્યો ભક્તિં પરાં પરમહંસગતૌ લભેત ।।૨૮।।**

હે પરીક્ષિત! જે મનુષ્ય આ પ્રમાણે ભક્તભયહારી નિખિલ સૌન્દર્ય માધુર્યનિધિ શ્રીકૃષ્ણચન્દ્રના અવાતર સમ્બન્ધી રુચિર પરાક્રમ આ શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં તથા બીજાં પુરાણોમાં વર્ણવવામાં આવેલી બાળલીલા, કિશોરલીલા આદિનું સંકીર્તન કરે છે તે પરમહંસ મુનીન્દ્રોના અન્તિમ પ્રાપ્તવ્ય શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રેમલક્ષણા ભકિત પ્રાપ્ત કરે છે ।।૨૮।।

**ઈતિ શ્રીભાગવત એકદાશ સ્કન્ધમાં (બીજા ઈશ (બ્રહ્મ) ભક્તિ પ્રકરણનો અહન્તા નાશ નામનો બીજો અને ચાલુ) ''ભગવાન્ શ્રીકૃષ્ણના સ્વરૂપનું તિરોધાન'' નામનો એકત્રીસમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

## ઈશ (બ્રહ્મ) મુક્તિ પ્રકરણ (બીજું) સમ્પૂર્ણ

# એકાદશસ્કન્ધ સમ્પૂર્ણ

**નોંધ :** અગિયારમા સ્કન્ધમાં આવેલ પ્રભાસલીલાના સમ્બન્ધમાં પરિશિષ્ટ ૧ અને ૨ આપેલ છે. જિજ્ઞાસુને તે વાંચવા વિનન્તિ છે.

### પરિશિષ્ટ પહેલું

(પ્રભાસલીલા ઉપર તત્ત્વાર્થદીપ નિબન્ધ ભાગવતાર્થ પ્રકરણ સ્કન્ધ અગિયાર, કારિકા ૯૭ થી ૧૧૫ શ્રીપુરુષોત્તમજીકૃત ટીકા 'યોજના' ને આધારે)

હવે મમતા અને અહન્તા ના અભિનયના ત્યાગરૂપ બ્રહ્મમુક્તિનો વિચાર કરવામાં આવે છે. શ્રુતિ કહે છે કે બ્રહ્મ તો નિત્ય શુદ્ધ, બુદ્ધ અને મુકત છે અને તેથી તેને બંધ હોઈ શકે નહિ. તેથી બ્રહ્મની મુક્તિનું કથન અનુચિત છે એ શંકા આથી દૂર થઈ. આપે આજ્ઞા કરી છે કે **બદ્ધો મુકત ઈતિ વ્યાખ્યા ગુણતો મે ન વસ્તુતઃ। ગુણસ્ય માયામૂલત્વાન્ ન મે મોક્ષો ન બન્ધનમ્।।** (શ્રીભાગવત ૧૧।૧૧।૧)

**અર્થ :** ''મને અધીન રહેતા સત્ત્વાદિ ગુણોની ઉપાધિથી જ આત્મા બદ્ધ છે કે

મુક્ત છે એવો વ્યવહાર થાય છે, વસ્તુતઃ-તત્ત્વદષ્ટિથી નહિ. સત્ત્વાદિ ગુણો મારે અધીન છે તેથી તેમના કાર્યોમાંના અધ્યાસથી બન્ધ થાય છે અને અધ્યાસની નિવૃત્તિથી મોક્ષ થાય છે. હકીકતમાં વસ્તુતઃ બંધ પણ નથી અને મોક્ષ પણ નથી. ગુણોનું મૂલ માયા છે, માયાનો હું નિયામક છું. મારે અધ્યાસ ન હોવાથી મારાં બંધ કે મોક્ષ નથી'' આથી જીવનું બંધન પણ માયાકૃત અહંકારથી ઉદ્‌ભવતી ભ્રાન્તિને લીધે છે, વાસ્તવિક નથી. માયાની જ્યાં સુધી નિવૃત્તિ ન થાય ત્યાં સુધી બંધની નિવૃત્તિ ન થાય. એટલે તે માયાની નિવૃત્તિ કરવા અધિકાર પ્રમાણે ભક્તિ, જ્ઞાન યા ઉપાસના આવશ્યક છે. માયા તો ભગવાન્ શ્રીકૃષ્ણની આજ્ઞાની વાટ જોતી દાસ્ય કરતી સદા ઊભી જ છે. તેથી આપ (શ્રીકૃષ્ણ) ને માયાકૃત બંધ ન જ હોય પણ સ્વૈચ્છિક હોય, કારણ કે જ્યાં માયા ન હોય ત્યાં બંધ ન હોય. બ્રહ્મવાદમાં બધું ભગવદાત્મક છે, ભગવાન્ પોતે જ સર્વરૂપ છે એમ પ્રભુએ વારંવાર કહ્યું છે તેથી મમત્વનો અભિનય માત્ર છે. હવે યાદવોનો અભાવ થઈ ગયો-ઉપસંહાર થઈ ગયો-તેથી મમત્વનો નાશ પણ અભિનય માત્ર છે. અહન્તાના અભિનયના ત્યાગનો પ્રકાર આ પ્રમાણે છે કે પૃથ્વી ઉપર દુષ્ટોનો ત્રાસ અને ભાર વધી ગયો ત્યારે દેવોએ આપને ભૂભાર દૂર કરવા અવતાર લેવા પ્રાર્થના કરતાં આપે અવતાર લઈ ભૂભાર દૂર કર્યો. આપે શ્રીગીતાજીમાં **''અહં સર્વસ્ય પ્રભવઃ।** હું બધાંની ઉત્પત્તિનું મૂલ છું'' **અહં યોગસ્ય સાંખ્યસ્ય, સર્વધર્માન્ પરિત્યજ્ય, મામેકં શરણં વ્રજ।** વગેરે અનેક શ્લોકોમાં શ્રીકૃષ્ણ ભગવાને **અહં, મે, મમ, મત્તઃ** (મારામાંથી) **મામ્** હું, મારું, મારામાંથી, મને-શબ્દોનો પ્રયોગ વારંવાર કર્યો છે તે અહંકારના અર્થમાં નથી કર્યો પણ 'ભગવાન્' ના અર્થમાં કર્યો છે. **''સ આત્માનમેવાવૈદહં બ્રહ્માસ્મિ''** શ્રુતિ પણ એજ સિદ્ધાન્ત કહે છે. તેથી નટની માફક કપટથી લીધેલ મનુષ્યના શરીરમાં અહન્તાના અભિનયનો દેવોની પ્રાર્થનાથી પ્રભાસમાં ત્યાગ ભજવી બતાવ્યો છે.

**શંકા** : અહીં દેવોએ પ્રાર્થના કરવાનું કારણ શું?

**સમાધાન** : ભગવાન્ ઈશ્વર છે એટલે કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ છે-પ્રારબ્ધ, કાલ વગેરેએ કરેલાં બાધકો (વિઘ્નો) નો પરિહાર કરવા સમર્થ, પ્રારબ્ધ વગેરેએ કરેલને દૂર કરવા સમર્થ અને ભ્રાન્ત ભકતોમાં પણ અન્યથા કરવા સમર્થ છે. તેથી દેવો વગેરેનાં દુઃખ મનુષ્યનો નાટ્યવેષ લીધા વિના બીજી રીતે દૂર કરવા પણ પ્રભુ સમર્થ છે પણ મનુષ્યવેષનો સ્વીકાર કરવામાં જેમ દેવોની પ્રાર્થના જ કારણ

હતી તેવી જ રીતે આ લીધેલ મનુષ્યવેષનો ત્યાગ કરવામાં પણ દેવોની પ્રાર્થના જ કારણ છે.

શ્રીશુકદેવજીનું હાર્દ નહિ સમજી શકવાથી રાજા પરીક્ષિતને ભગવાન્‌ના સ્વરૂપમાં જીવ તુલ્યતાનો ભ્રમ થયો તેથી તે ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાના દિવ્યાતિદિવ્ય શ્રીઅંગનો ત્યાગ કેવી રીતે કર્યો તે પૂછે છે. ઉત્પાતો અને અપશુકનો થયાં છે તે જાણે કે ભગવાન્‌ની તિરોધાન થવાની ઈચ્છાના છડીદાર છે એટલે કે ભગવદ્ ઈચ્છાથી જ થયા છે. કાલ એ ભગવાન્‌નો એક સેવક છે અને ભગવાને તેને ચોક્કસ સત્તાઓ આપી છે. લીલા સંવરણ કરવાની ભગવદ્ ઈચ્છા જાણીને જ કાલે ઉત્પાતો અને અપશુકનો બતાવ્યાં છે અને તેથી (ભગવદ્ ઈચ્છાકૃત હોવાથી) જ તેમનો ઉપાય ન થઈ શકે તેવાં બતાવ્યાં છે. હવે દ્વારકા એ પરમ કલ્યાણરૂપ મુકિતના ક્ષેત્રરૂપ છે, ત્યાં ભગવાને સોંપેલી ફરજ બજાવવા કાલ આવે તો દ્વારકાક્ષેત્રની ગૌણતા થઈ જાય. તે ન થવા દેવા માટે સ્ત્રીઓ વગેરેને શંખોદ્ધાર મોકલી દેવામાં આવ્યા. **વયં પ્રભાસં યાસ્યામઃ** આપણે પ્રભાસક્ષેત્રે જઈશું. (શ્રીભાગવત ૧૧।૩૦।૬) પ્રમાણે યાદવોને આપ પોતાની સાથે લઈ ગયા છે. તેમણે સ્વામીનું કાર્ય કર્યું છે તેથી તેમની મુક્તિ તો થવી જોઈએ. (ભગવદ્ ઈચ્છાથી થયેલ) બ્રહ્મદંડ-બ્રાહ્મણોએ આપેલ શાપ-દુરત્યય છે તેથી તે પ્રતિબંધ ન કરે માટે ત્યાં જઈ અભિષેક વગેરે કરવાનું કહ્યું છે અને સ્વયં કર્યું છે એટલે દક્ષપ્રજાપતિનાં શાપથી ચન્દ્રમાને ક્ષય રોગ લાગુ પડ્યો હતો. તે વખતે તેણે પ્રભાસક્ષેત્રમાં જઈ સ્નાન કર્યું અને તત્કાલ તે પાપજન્ય રોગથી મુકત થઈ ગયા અને સાથે-સાથે કલાઓની અભિવૃદ્ધિ પણ તેને પ્રાપ્ત થઈ ગઈ.

**યત્ર સ્નાત્વા દક્ષશાપાત્ ગૃહીતો યક્ષ્મણોડુરાટ્ ।**
**વિમુકતઃ કિલ્બિષાત્ સદ્યો ભેજે ભૂયો કલોદયમ્ ।।**

(શ્રીભાગવત ૧૧।૬।૩૬)

આમ સેવાફલના પ્રતિબન્ધ નાશને માટેજ ત્યાં તેમને લઈ જવામાં આવ્યાછે.

વળી શ્રીગીતાજીમાં આપે આજ્ઞા કરી છે કે **"ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોન્યત્ ક્ષત્રિયસ્ય ન વિદ્યતે।** ક્ષત્રિય માટે ધર્મયુદ્ધ સિવાય બીજું કોઈ શ્રેય નથી" ક્ષત્રિયોને માટે યુદ્ધ એ જ ધર્મ છે અને યુદ્ધમાં થયેલ મૃત્યુ મુક્તિનું સાધન છે. તેથી ભગવાન્‌નો છઠ્ઠો ગુણ વૈરાગ્ય પ્રગટ થયો. તેમનામાં મૂઢતા ઉત્પન્ન કરવામાં આવી,

સ્વજનોને પણ ભુલાવી દઈ વૈરાગ્ય દૃઢ કર્યું. મુક્તિમાં પ્રતિબંધક દોષની નિવૃત્તિને માટે આપે તેમ કરાવ્યું છે. એમ બ્રહ્મશાપનો આશય જે લોકો જાણતા નથી તેમને માટે જ આ શાપ અન્યથાભાન-વિપરીત જ્ઞાનનું કારણ થાય છે તેવો ભાવ છે. તેથી જ મુનિઓને ભગવાન્‌નો અભિપ્રાય જાણનારા કહ્યા છે. તે અભિપ્રાય-મનુષ્યલીલાના અભિનયનો ઉપસંહાર.

વળી ભગવાન્‌ની ઈચ્છા જ્યારે કોઈને મુક્તિનું દાન કરવાની થાય છે ત્યારે તેની પાસે મુક્તિ પ્રાપ્ત કરવામાટે ઉપાય કરાવવા પણ આવશ્યક છે. તે ઉપાયો તો **કાયકલેશાવહાઃ** કાયાને અત્યન્ત કલેશ આપનારા હોય છે પણ પ્રભુની પુષ્ટિથી જ કાયાને કલેશ આપવાનો જેમને અભ્યાસ નથી તેવા યાદવોને એવા જ સાધનરૂપ યુદ્ધ કરવા તેમના ચિત્તને પ્રેરણા કરવી જોઈએ અને આપે તેમ કર્યું પણ ખરું. તેથી આ લીલા પુષ્ટિથી જ કરી છે પણ તેથી અસુર જીવોને વ્યામોહ થયો. તેથી **''સર્વલીલાઃ પુષ્ટિમધ્યે પ્રવિશન્તીતિ મે મતિઃ।** (શ્રીભા. ત. નિ, ષષ્ઠ સ્ક. કા. ૯૮) માં શ્રીમદાચાર્યચરણોએ આજ્ઞા કરી છે કે ભગવાન્‌ની બધી જ લીલાઓ પુષ્ટિમાં પ્રવેશ કરે છે એવો મારો અભિપ્રાય છે'' આ ત્યાં ષષ્ઠ સ્કન્ધમાં જેટલું સાચું છે તેટલું જ અહીં પણ સાચું છે. **એવં નષ્ટેષુ સર્વેષુ કુલેષુ સ્વેષુ કેશવઃ। અવતારિતો ભુવો ભારઃ ઈતિ મેનેવશેષિતઃ।।** (શ્રીભાગવત ૧૧।૩૦।૨૫) જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે જોયું કે સમસ્ત યદુવંશીઓનો ઉપસંહાર થઈ ચૂક્યો છે ત્યારે આપે પૃથ્વીનો રહ્યો સહ્યો ભાર પણ ઊતરી ગયો છે એમ વિચારી સન્તોષનો શ્વાસ લીધો. આ શ્લોકમાં જે 'નાશ' કહેવામાં આવ્યો છે તે નૈયાયિકો જેને ધ્વંસ કહે છે તે ધ્વંસ નથી પણ કપિલ ભગવાને પ્રતિપાદિત કરેલા ''કાર્યનો કારણમાં લય'' સમજવો તેથી ધીમે રહીને પોતાના આપોપામાંથી (?) પોતાના શ્રીઅંગને મુકત કરી, સાથે-સાથે બહાર રહેલ સર્વનો પોતાની અંદર આ પ્રકારે પ્રવેશ કરાવી દીધો. પ્રવેશ કરાવ્યા બાદ **યોગધારણયાગ્નેય્યા**માં કહેવામાં આવનાર તથા જે એ નીચે શ્રુતિમાં કહેલ આવરણાગ્નિ **(રવિમધ્યે સ્થિતઃ સોમઃ સોમમધ્યે હુતાશનઃ। વહ્નિમધ્યે સ્થિતં સત્યં સત્યસ્યાન્તઃ સ્થિતોચ્યુતઃ।।)** પ્રગટ કરીને તેમાં આપ અન્તર્ધાન થઈ ગયા, દુનિયાને આપનાં દર્શન થતાં બંધ થઈ ગયાં. આ પ્રસંગે **બિભ્રચ્ચતુર્ભુજં રૂપં** થી ૧૧।૩૦।૨૮ થી ૩૨ સુધીમાં આપના શ્રીવિગ્રહનું જે વર્ણન કરવામાં આવ્યું છે તે નિત્ય સ્વરૂપનું તિરોધાન થવા છતાં આપની સ્થિતિ

કાયમ છે એમ બોધ કરવામાટે છે. નહિ તો તે વર્ણનનું અહીં પ્રયોજન ન હોવાથી તે નિરર્થક થાય. તેથી જ તો કહ્યું છે કે **''ઇચ્છાશરીરિણા।''** પોતાની ઇચ્છાથી જ જેમ શરીર ધારણ કરે છે તેમ ઇચ્છાથી જ તિરોધાન પણ કરે છે. પછી **''ભગવાન્ પિતામહં વીક્ષ્ય** ભગવાને બ્રહ્માજીને જોઈને'' એ (૧૧।૩૧।૫) શ્લોકમાં આપે નેત્રો મીચી દીધાં. તેનો ભાવ એવો છે કે બધાને જ્ઞાનશક્તિનું દાન કરનાર શ્રીકૃષ્ણ ભગવાને પોતાનાં નેત્રો મીચી દઈ તેમની જ્ઞાનશક્તિ તિરોહિત કરી દીધી. તેથી દેવોને શ્રીકૃષ્ણ ભગવાન્ સગુણ છે એવો ભ્રમ થયો. દેવોએ આપને પ્રાર્થના કરેલી કે **સલોકાન્ લોકપાલાન્નઃ પાહિ વૈકુંઠકિંકરાન્।** (શ્રી ભા.૧૧।૬।૨૭) આપના સેવક અમ લોકપાલો તથા અમારા લોકોનું પાલન-પોષણ કરતા રહેવાની કૃપા કરો. તેના જવાબમાં આપે આજ્ઞા કરેલી કે (ભા.૧૧।૬।૩૧) હે નિષ્પાપ બ્રહ્માજી! હવે બ્રાહ્મણોના શાપથી આ વંશના અન્તનો આરમ્ભ થઈ ચૂક્યો છે. એનો અન્ત થઈ જતાં હું આપના ધામમાં થઈને જઈશ.

**ઇદાનીં નાશ આરબ્ધઃ કુલસ્ય દ્વિજશાપતઃ ।**
**યાસ્યામિભવનં બ્રહ્મન્ નેતદન્તે તવાનઘ ।।**

આ જવાબથી ભગવાન્ વિમાનમાં બિરાજી વૈકુંઠ લોકમાં પધારશે એવો ભ્રમ બ્રહ્માજીને થયો. ભગવાન્ તો સગુણ નથી, ગુણાતીત જ છે. તેથી અક્ષરબ્રહ્મમાં વિદ્યમાન છે જ, ખાલી માયાનો પડદો ઉત્પન્ન કરી ત્યાં જ પ્રગટ થાય છે. આપના ગમન જેવું છે જ નહિ. ''**યાસ્યામિ** હું જઈશ'' એ શબ્દ પ્રયોગ તો બ્રહ્મરૂપ સરસ્વતી પ્રભાસની અધિષ્ઠાત્રી છે તેથી તત્પરક છે. ૧૧।૬।૩૧ માં **એતદન્તે** માં જે સપ્તમી વિભક્તિ છે તે તો **ચર્મણિ દ્વીપિનં હન્તિ।** માણસ ચામડામાટે વાઘને મારે છે માં સપ્તમી વિભક્તિ નિમિત્ત અથવા હેતુ યા કારણ દર્શાવવા ચતુર્થીના અર્થમાં વપરાઈ છે તેવી રીતે વપરાયેલી સમજવી. અર્થાત્ **એતદન્તે** એટલે તેના અન્તને માટે પધારશે એમ બ્રહ્માજી વગેરે દેવો સમજ્યા તે તેમનો ભ્રમ જ હતો તેથી આપ બ્રહ્મલોકમાં પધાર્યા નથી. ભગવાન્ની વાણીનું હાર્દ સમજવામાં બ્રહ્માદિ પણ ભૂલા પડે છે તેથી તે દેવો પણ ભગવાને તિરોધાનનો આ પ્રકાર અપનાવ્યો તેથી વિસ્મિત થઈ ગયા એવો ભાવછે.

ભગવાન્ના સારથિ દારુકે સાલોક્ય અને સામીપ્ય મુક્તિનો અનુભવ અહીં જ પૃથ્વી ઉપર કરી લીધો હતો કારણ કે તે અહીં શ્રીકૃષ્ણ ભગવાન્ના લોકમાં અને

આપની સમીપ રહ્યો હતો. હવે તેને સાયુજ્યરૂપ પરમ મુક્તિ પ્રાપ્ત થઈ.

**''કૃષ્ણપત્ન્યો વિશન્નગ્નિમ્''** (ભાગ.૧૧।૩૧। ૨૦) શ્રીકૃષ્ણનાં પત્નીઓએ અગ્નિમાં પ્રવેશ કર્યો. તેનો ભાવ આ પ્રમાણે છેઃજે રાણીઓને અષ્ટાવક્ર ઋષિનો શાપ નથી થયો તે રુક્મિણી વગેરે મુખ્ય મહારાણીઓનું સ્વરૂપ આ પ્રમાણે છે. ''માત્ર ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વયં ગુણાતીત છે. પરિકરમાં મુખ્ય પરિકર રુક્મિણીજી વગેરે સાત્ત્વિક છે, બાકીનો પરિકર રાજસ અને તામસ છે. રુક્મિણીજી મૂલ પ્રકૃતિ હોવાથી તેમનો દેહ સાત્ત્વિક છે. બાકીના પરિકરનો દેહ રાજસ અને તામસ છે. તે સર્વનાં સૂક્ષ્મ શરીરની, દશમસ્કન્ધમાં કહેલ પ્રકારે, વાસનાઓનો ત્યાગ કરાવી તેને ગુણાતીત બ્રહ્મભૂત બનાવી, સ્થૂલ સગુણ શરીરનો અગ્નિમાં પ્રવેશ કરાવી ત્યાગ કરાવ્યો તેથી વ્યાસસૂત્રના ચોથા ફલાધ્યાય તથા વિદ્વન્મંડનમાં કહેલ પ્રકારે તેમનો બ્રાહ્મદેહ (દિવ્યદેહ) વિદ્યમાન જ હોવાથી, આ બધું નાટ્ય છે એમ કહેવામાં આવ્યું છે એવો ભાવ છે'' (શ્રીભાગ. ત. દી. નિ. કા. આધારે)

## પરિશિષ્ટ બીજું

(શ્રીગુસાંઈજી વિરચિત 'વિદ્વન્મંડન' ગ્રન્થ ને તેના ઉપરની શ્રીપુરુષોત્તમજી વિરચિત 'સુવર્ણસૂત્ર' શ્રીગિરિધરજી વિરચિત 'હરિતોષિણી' વગેરે ટીકાઓને આધારે ભગવાન્ શ્રીકૃષ્ણની પ્રભાસમાં કરેલી ''આસુર વ્યામોહ'' લીલા ઉપર શંકા-સમાધાન)

**શંકા :** ભગવાન્ શ્રીકૃષ્ણની બધી જ લીલાઓ નિત્ય છે તો પછી પ્રભાસક્ષેત્રમાં ભગવાને દેહત્યાગની કરેલી લીલા પણ નિત્ય છે શું?

**સમાધાન :** ભગવાન્‌નો દેહ મનુષ્યદેહની જેમ પંચમહાભૂતમાંથી બનેલો નથી પણ તે પોતાના સ્વરૂપથી અભિન્ન સચ્ચિદાનન્દમય છે, કારણ કે ગીતાજીમાં **''યસ્યાન્તઃ સ્થાનિ ભૂતાનિ''** (જેની અંદર સમસ્ત પ્રાણીમાત્ર રહેલાં છે, અર્થાત્ જગત્ રહેલું છે.) આ વચનથી ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે જગતના આધારરૂપ હોવું એ બ્રહ્મનું લક્ષણ છે અને માટી ભક્ષણનાં પ્રસંગે પોતાના મુખમાં સમ્પૂર્ણ જગત્ દેખાડી પોતાનો દેહ જગતનો આધાર છે એમ પ્રમાણિત કર્યું છે.

એ ઉપરાન્ત દામોદરલીલામાં અનેક દોરડાં સાંધવામાં આવતાં છતાં દરેક વખતે બે જ આંગળ ઘટે છે તેનાથી શ્રીકૃષ્ણના શરીરની અપરિચ્છિન્નતા-અનન્તતા

સિદ્ધ થાય છે તેથી પણ શ્રીકૃષ્ણનું શરીર બ્રહ્મસ્વરૂપ છે એ પ્રમાણિત થાય છે કારણ કે **સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ** શ્રુતિ અનન્ત શબ્દથી અપરિચ્છન્નતા-અનન્તતાને બ્રહ્મનો ગુણ કહે છે; તેથી આવા બ્રહ્માત્મક શરીરનો ત્યાગ હોઈ શકે નહિ. વળી પ્રભાસલીલાના વર્ણનમાં શ્રીકૃષ્ણે શરીરત્યાગ કર્યો છે એવો ક્યાંય પણ ઉલ્લેખ નથી તેથી આ શંકા કરવીજ વ્યર્થ છે.

**શંકા : યોગેધારણયાऽऽગ્નેય્યા દગ્ધ્વા ધામાવિશત્ સ્વકમ્** (શ્રીભાગવત ૧૧।૩૧।૬) આ શ્લોકમાં યોગાગ્નિથી શ્રીકૃષ્ણના શ્રીઅંગનો દાહ થયો એમ સ્પષ્ટ ઉલ્લેખ છે. તેથી મૃદ્ભક્ષણ (માટી ખાવાની) લીલા તથા દામોદરલીલાથી શ્રીકૃષ્ણનું શ્રીઅંગ સચ્ચિદાનન્દમય સિદ્ધ થતું નથી.

**સમાધાન :** શ્રીધર સ્વામી વગેરે મોટાભાગના ટીકાકારોએ **યોગધારણયાऽऽગ્નેય્યા દગ્ધ્વા** માં **અદગ્ધ્વા** પદચ્છેદ કરી શ્રીકૃષ્ણ સસ્વરૂપ (સદેહ) સ્વધામ પધાર્યા એમ અર્થ કર્યો છે તેથી આપે દેહત્યાગ કર્યો એમ પ્રમાણિત થતું નથી.

**શંકા :** પૂર્વોકત શ્લોકમાં તે અદગ્ધ્વા પદચ્છેદ શકય છે અને કેટલાક ટીકાકારોએ કર્યો પણ છે. પણ **''યયાऽहरद् ભુવો ભારં તાં તનું વિજહાવજઃ।** (શ્રીભાગવત ૧।૧૫।૩૪) જે શરીરથી અજન્મા પ્રભુએ પૃથ્વીનો ભાર દૂર કર્યો તે શરીરનો આપે ત્યાગ કર્યો'' એમ શરીર ત્યાગ કરવાનું કહ્યું છે તેનું શું?

**સમાધાન :** શ્રીસુબોધિનીજી અનુસાર તેનો એવો ભાવ છે કે પૃથ્વીનો ભાર હરવા સહાયને માટે જે શરીર આપ લાવેલા તે શરીરનો, પૃથ્વીનો ભાર દૂર કરીને ત્યાગ કર્યો. આ જ શ્લોકના ઉતરાર્ધમાં કહ્યું છે કે **કણ્ટકં કણ્ટકેનેવ દ્વયં ચાપીશિતુઃ સમમ્।।** જેમ એક કાંટાથી બીજા કાંટાને દૂર કરવામાં આવે છે અને પછી સહાયમાટે લીધેલ કાંટાનો પણ ત્યાગ કરી દેવામાં આવે છે તેમ અજન્મા ભગવાને જે સહાયક યાદવરૂપવડે ભૂભાર હરણ કર્યો તે (સહાયક) યાદવરૂપનો પણ પોતે ત્યાગ કર્યો, કારણ કે સર્વનિયામક ભગવાન્‌ને ભારરૂપ અંગ અને સહાયક અંગ બન્ને સમાન છે. અભિમાની જીવોને આવે પ્રસંગે કલેશ થાય, ભગવાન્‌ને ન થાય.

**અજ્ઞત્વં પારવશ્યં ચ વિધિભેદાદિકં તથા। તથા પ્રાકૃતદેહત્વં દેહત્યાગાદિકં તથા। અસુરાણાં વિમોહાય દોષા વિષ્ણોર્ન હિ ક્વચિત્।।** (બ્રહ્મપુરાણ) અજ્ઞાન, પરવશતા, વેદ વિરુદ્ધ આચરણ, લૌકિકદેહ, દેહત્યાગ વગેર અસુરોને મોહ

કરવામાટેજ ભગવાન્ દેખાડે છે. વિષ્ણુમાં આ દોષો(અજ્ઞાન વગેરે) કયાંય નથી જ.

ઉપરના શ્રીભાગવત ૧૧૫૩૪ માં શ્લોકમાં પણ જે શરીરથી ભગવાને ભૂભાર દૂર કર્યો તે જ શરીરનો ત્યાગ કહ્યો છે, જે શરીરથી બીજી લીલાઓ કરી છે તેનો નહિ. આથી પ્રાકટ્ય પ્રસંગે દેવકીજીની સ્તુતિ પછી **બભૂવ પ્રાકૃતઃ શિશુઃ।** ભગવાન્ પ્રાકૃત બાળક બની ગયા. તેવી જ રીતે પ્રભાસમાં તનુત્યાગનો નટની જેમ અભિનય જ કર્યો છે.

**શંકા** : ઉપરનાં વાકયોથી તો માત્ર શ્રીકૃષ્ણની શરીરત્યાગલીલા માયિક સિદ્ધ થાય છે. પ્રભાસલીલાના પ્રસંગમાં તો **''સઞ્જહ્રે સ્વકુલં વિભુઃ।** ભગવાને પોતાના (યાદવ) કુલનો સંહાર કર્યો'' આ વચનથી લીલા પ્રવિષ્ટ યાદવોના નાશનું પણ વર્ણન કર્યુ છે તેથી લીલાની નિત્યતા કયાં રહી?

**સમાધાન** : ઉપરના શ્લોકમાં **સઞ્જહ્રેઽસ્વકુલં વિભુઃ।** એમ પદચ્છેદ છે. **સ્વકુલ** તે લીલાસ્થ યાદવ કુલ; **અસ્વકુલ** તે માયિક યાદવકુલ. હા, તો સંહાર માયિક યાદવકુલનો કર્યો.

**શંકા** : અહીં અસ્વકુલ પદચ્છેદ શકય છે પણ **યદૂન્ યદુભિરન્યોન્યં ભૂભારાન્ સઞ્જહાર હ।** (શ્રીભાગવત ૧૧૫૨૬) યાદવોનો સંહાર યાદવોદ્વારા જ કરાવી ભૂભાર દૂર કર્યો.(વિવાહ અને ઉત્સવ માં સગા-સમ્બન્ધીઓ એક બીજાને ભોજન પીરસે છે તેમ એક બીજાની હત્યા કરી છે) **સંહર્તુમૈચ્છત્ કુલમ્** કુલનો સંહાર કરવાની ઈચ્છા કરી વગેરે અનેક વાક્યોમાં સ્પષ્ટ સંહાર લખ્યો છે તેનું શું?

**સમાધાન : રાજન્ પરસ્ય તનુભૃજ્જનનાપ્યયેહા। માયાવિડમ્બનમવેહિ યથા નટસ્ય।।** (૧૧૩૧૧૧) હે પરીક્ષિત! જેવીરીતે નટ અનેક પ્રકારના સ્વાંગ લે છે પરન્તુ બધાથી નિર્લેપ રહે છે તેવી જ રીતે યાદવોનો જન્મ, નાશની ચેષ્ટા વગેરેને માયાનો વિલાસ-અભિનય સમજવો. આ નટ તો અક્ષરથી પણ ઉત્તમ, પૂર્ણ પુરુષોત્તમ છે તેના અભિનયમાં શી ઊણપ હોય? આ વચનોથી શ્રીશુકદેવજીએ યાદવોની ઉત્પત્તિ તથા સંહારને માયિક અભિનય કહ્યો છે તેથી તેને વાસ્તવિક ન કહી શકાય. **સંહર્તુમૈચ્છત કુલમ્।** માં **સ્વકુલ** કે **યાદવકુલ** શબ્દનો પ્રયોગ જ નથી, માત્ર 'કુલ' શબ્દનો પ્રયોગ છે તેથી તેમાં તો કંઈ વાંધાજનક નથી. માત્ર **યદૂન્ યદુભિરન્યોઽન્યમ્** શબ્દોમાં **યદુ** શબ્દનો સ્પષ્ટ પ્રયોગ હોવાથી જિજ્ઞાસુને ભ્રમ થઈ શકે. તેની નિવૃત્તિ **રાજન્ પરસ્ય** શબ્દોથી થઈ જાય છે.

**શંકા** : હા! પણ એ વાકયમાં તો ''**પરસ્ય** પરમાત્માનું'' શબ્દ છે એટલે તેનો અર્થ, ''યાદવો વગેરે શરીર ધારીઓમાં પરમાત્માની આવિર્ભાવ અને તિરોભાવની ચેષ્ટા'' શ્રીધર સ્વામીએ કર્યો છે તેથી ભગવાન્‌ના આવિર્ભાવ અને તિરોભાવ પ્રમાણિત થાય છે, યાદવોનાં નહિ.

**સમાધાન** : ''યાદવ આદિ શરીર ધારીઓમાં'' કહેવાની કોઈ જરૂર જ નથી. ભગવાન્ યદુકુલમાં પ્રગટ થયા છે એ વાત તો અત્યાર સુધી (૧૧।૩૧।૧૧ સુધી) માં અનેક વચનોથી સિદ્ધ થઈ ચૂકી છે તેથી તેવો અર્થ કરવામાં **તનુભૃત્** શબ્દ નિરર્થક થઈ જાય છે અને માત્ર ભગવાન્‌ના આવિર્ભાવ-તિરોભાવને માયિક કહેવાં હોત તો **ભગવજ્જનનાપ્યયેહા** નો પ્રયોગ કર્યો હોત, **તનુભૃજ્જનનાપ્યયેહા** નો નહિ, જેથી કોઈ જાતનો સન્દેહ જ રહેવા ન પામે.

વળી જે યાદવકુલ પ્રભાસમાં આપસમાં લડી મર્યું તે યાદવકુલ માયિક છે તેના પ્રમાણમાં આ એક જ વચન છે એવું નથી. ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના સારથિ દારુકને કહે છે કે **મન્માયારચનામેતાં વિજ્ઞાયોપશમં વ્રજ।** આ (યદુકુલના ઉપસંહાર) ને મારી માયિક રચના સમજી (શોક ન કરતા) શાન્તિ ધારણ કરજે. (ભાગ. ૧૧।૩૦।૪૯) **યદિદં મનસા વાચા ચક્ષુર્ભ્યાં શ્રવણાદિભિઃ। નશ્વરં ગૃહ્યમાણં ચ વિદ્ધિ માયા નામનોમયમ્।।** (શ્રીભાગવત ૧૧।૭।૭) આ જગતમાં જે કંઈ મનથી વિચારવામાં આવે છે, વાણીથી કહેવાય છે, નેત્રોથી દેખાય છે અને શ્રવણ આદિ ઈન્દ્રિયોથી અનુભવાય છે તે બધું નાશવાન્ છે. સપનાની જેમ મનનો વિલાસ છે તેથી માત્ર માયા છે, મિથ્યા છે એમ સમજી લો. આ વાક્ય ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના લીલા મધ્યપાતી અન્તરંગ ભકત ઉદ્ધવજીને કહે છે તેથી ''કોઈ પણ પદાર્થ વાસ્તવ-સત્ય નથી એમ કહી શકાય'' તેવી શંકા દૂર થઈ. આસુરી લોકોને વ્યામોહ કરવામાટે દેખાડવામાં આવતા પદાર્થો જ ઉપરના શ્રીભાગવત ૧૧।૭।૭ માં સમજવાના છે. સર્વ પ્રપંચ મિથ્યા છે એમ ભગવાન્ કહેવા માગતા હોત તો **'નશ્વર'** શબ્દ ન વાપર્યો હોત. 'નશ્વર' શબ્દનો ઉપયોગ કર્યો છે તેથી પ્રભુનો આશય સર્વ પ્રપંચને 'નશ્વર' કહેવાનો નથી પરન્તુ પ્રભાસીય લીલાને જ 'નશ્વર' કહેવાનો છે.

**શંકા** : આ જ આશય ભગવાન્‌નો છે એનું પ્રમાણ શું?

**સમાધાન** : ભગવાન્ હંસ સનકાદિને કહે છે કે **''મનસા વચસા દૃષ્ટ્યા**

**ગૃહ્યતેન્યૈરપીન્દ્રિયૈઃ। અહમેવ ન મત્તોન્યદિતિ બુધ્યધ્વમઞ્જસા''** (ભાગ. ૧૧।૧૩।૨૪) મનથી, વાણીથી, દૃષ્ટિથી તથા બીજી ઈન્દ્રિયોથી પણ જે કંઈ ગ્રહણ કરવામાં આવે છે તે બધું હુંજ છું. મારાથી ભિન્ન મારા સિવાય બીજાું કંઈ છેજ નહિ. આ વિચાર આપ લોકો તત્ત્વવિચાર દ્વારા સમજીલો''.

**શંકા** : ભાગ. ૧૧।૭।૭ માં **યદિદમ્... નશ્વરં ગૃહ્યમાણં ચ** શબ્દોથી તો સમ્પૂર્ણ જગત્ માયિક છે એમ સિદ્ધ થાય છે, નહિ કે માત્ર યદુકુલ, કારણ કે આ જ શ્લોકના પૂર્વાર્ધમાં યદિદં **મનસા વાચા ચક્ષુર્ભ્યાં શ્રવણાદિભિઃ।** માં **'ઈદમ્** આ' સર્વ સાધારણ વસ્તુવાચક ઈદમ્ નો પ્રયોગ છે, યદુકુલ વાચક કોઈ ખાસ શબ્દનો પ્રયોગ નથી.

**સમાધાન** : યદુકુલ વાચક કોઈ ખાસ શબ્દ તો નથી એ બરાબર છે પણ જગતને માયિક કહેવું તે અનેક પ્રમાણોથી વિરુદ્ધ છે. અહીં યદુકુલના વર્ણનનો જ પ્રસંગ છે તેથી **'ઈદમ્** આ' નો અર્થ યદુકુલ જ માનવો યોગ્ય છે.

**શંકા** : નિત્યલીલા સ્થાન દ્વારકામાં જે યાદવો રહેતા હતા તેઓ જ ભગવાન્‌ની આજ્ઞાથી પ્રભાસમાં ગયા હતા. પરસ્પર યુદ્ધ કરી સમાપ્ત થઈ ગયા તો પછી વચમાં જ આ માયિક કુલ કયાંથી આવી પડ્યું? તેની કલ્પના કરવાનું કારણ?

**સમાધાન** : (શ્રીભાગવત ૧૧।૧।૮) **''બ્રહ્મણ્યાનાં વદાન્યાનાં નિત્યં વૃદ્ધોપસેવિનામ્। વિપ્રશાપઃ કથમભૂદ્ વૃષ્ણીનાં કૃષ્ણચેતસામ્''** બ્રાહ્મણ ભકત, દાનવીર, જ્ઞાનવૃદ્ધ અન વયોવૃદ્ધ ની નિત્ય સેવા કરતા રહેનારા શ્રીકૃષ્ણભક્ત યાદવોને બ્રાહ્મણનો શાપ કેવી રીતે થયો? પરીક્ષિતના આ પ્રશ્નમાં યાદવોને શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખનારા કહ્યા છે. તદુપરાન્ત **ગુપ્તૈઃ સ્વબાહુભિરચિન્તયદપ્રમેયઃ।** ૧૧ મા સ્કન્ધના આ વાકયમાં યાદવોને ભગવાન્‌ની ભુજાઓથી રક્ષાએલા કહ્યા છે, પરન્તુ સ્વયં ભગવાને **''યદિદં યાદવકુલં અને વીર્યશૌર્ય શ્રિયોદ્ધતમ્** વીર્ય અને શૌર્ય ની સમ્પત્તિથી ઉદ્ધત યાદવકુલ છે'' એમ કહ્યું છે અને તૃતીય સ્કન્ધમાં ઉદ્ધવજીએ પણ કહ્યું છે કે **''દુર્ભગો બત લોકોયં યદવો નિતરામપિ, યે સંવસન્તો ન વિદુર્હરિં મીના ઈવોડુપમ્''** (શ્રીભાગવત ૩।૨।૮) અરેરે! આ મનુષ્યલોક દુર્ભાગી (કમનસીબ) છે. સદ્‌ભાગી હોત તો ભગવાન્ પધારી જતાં તે અહીં રહી શકે જ નહીં; તે અભાગી (સમ્પૂર્ણ ભાગ્ય હીન) તો નથી કારણ કે કેટલોક સમય તો તેને ભગવાન્‌નો અનુભવ

થયો છે એટલે લગ્ન થયા પછી થોડો સમય પતિ સુખ માણ્યા પછી સ્ત્રી જેમ દુર્ભગા (વિધવા) થાય તેવો આ મનુષ્યલોક છે. તેમાંય વળી યાદવો ખાસ કમનસીબ છે કારણ કે જેમ સમુદ્રમન્થન પહેલાં ચન્દ્ર અને માછલાં એક જ સાથે સમુદ્રમાં રહેતાં હતાં. ચન્દ્ર અમૃતમય છે. ચન્દ્રને પ્રાર્થના કરી હોત તો તે માછલાંઓને અમૃતપાન કરાવી તેમનાં જરા, રોગ, મૃત્યુ કાયમને માટે ટાળી શકત. પણ માછલાં એમ જ માનતાં હતાં કે આ પણ અમારા જેવું એક જલચર પ્રાણી છે. તે ગોરું છે એટલું જ. એમ યાદવો પણ માનતા કે શ્રીકૃષ્ણ પણ એક યાદવ જ છે અને તેથી છતી આંખે કોઈ કૂવામાં પડે તેમ અજ્ઞાનવશ લડી મર્યા. ચન્દ્રમાના અમૃતના એક લેશમાત્રના સમ્બન્ધથી પણ, ચન્દ્રમાના આકાશમાં ન હોય ત્યારે પણ નક્ષત્રો પ્રકાશે છે તેવી રીતે યાદવો પણ ભગવાન્ વિશેના અજ્ઞાનને લીધે મુકત ન થયા અને આપસમાં લડી મર્યા. (શ્રીભાગવત ૩।૨।૮)

ઉપર યાદવોને ઉદ્ધત અને દુર્ભગ-કમનસીબ કહ્યા છે. હવે જે વ્યક્તિ બ્રાહ્મણ ભકત, ઉદાર, વૃદ્ધોની સેવા કરનાર હોય તે ઉદ્ધત અને દુર્ભગ કેવી રીતે હોઈ શકે? આથી એ નક્કી થાય છે કે વૃદ્ધોપસેવી યાદવોને ભગવાને પોતાની ભુજાઓથી રક્ષાયેલા કહ્યા છે તે યાદવો અને ભગવાન્ જેમને ઉદ્ધત અને ઉદ્ધવજી જેમને દુર્ભગ કહે છે તે જુદા છે. પહેલા નિત્યલીલા સમ્બન્ધી વાસ્તવિક યાદવ છે અને બીજા માયિક છે. એક વ્યક્તિને ભૂત વળગ્યું હોય તે ભૂતનો આવેશ ન હોય ત્યારે સામાન્ય માણસની જેમ વર્તે છે અને ભૂતનો આવેશ થાય ત્યારે જુદી રીતે વર્તે છે તેમ પ્રભાસમાં નષ્ટ થયેલું યાદવકુલ માયિક અસ્વકુલ છે અને તેથી ભગવાન્‌ના દેહત્યાગની જેમ યાદવોનો દેહત્યાગ પણ અભિનય નાટ્ય માત્ર જ છે.

**શંકા :** પ્રભાસલીલા (ભાગ. ૧૧ થી ૩૧ શ્લોક ૧૫ થી ૨૮) ના પ્રસંગમાં તો ત્યાં સુધી કહ્યું છે કે યાદવોના દેહત્યાગ પછી તેમની પત્નીઓ પોત-પોતાના પતિના શબની સાથે ચિતા ઉપર ચડી ગઈ અને જેમને પિંડદાન કરનાર કોઈ ન હતું તેમનું અર્જુને શ્રાદ્ધ પણ કરાવ્યું!

**સમાધાન :** ચિતારોહણ અને મરણોત્તર ક્રિયા વિના દેહત્યાગ લીલાનું નાટ્ય પૂરું ન કહેવાય, અધૂરું રહી જાય. આમ થાય તો અસુરોનો પૂરેપૂરો મોહ ન થાય. જે નટરાજાનો અભિનય કરવાનો હોય તેણે રાજાનો પોષાક નખથી શિખ સુધી પહેરવો જોઈએ. એ ફકત મસ્તક ઉપર રાજાનો તાજ પહેરી લે, બીજાં કપડાં સામાન્ય

નાગરિક જેવાં હોય તો એ અભિનય જેમ બરાબર ન કહેવાય તેમ અહીં નાટ્યનો પૂરેપૂરો નિર્વાહ કરવા ચિતારોહણ વગેરે અભિનય બતાવ્યો છે.

**શંકા** : તો પછી શ્રીશુકદેવજીએ સ્પષ્ટ શબ્દોમાં આ લીલાને ક્યાંય શ્રીમદ્ ભાગવતમાં માયિક કેમ નથી કહી?

**સમાધાન** : જ્યારે સ્વયં ભગવાન્ જ સર્વ મનુષ્યોને પોતાના સ્વરૂપનો પરિચય કરાવવા ઇચ્છતા નથી પણ વિપરીત બુદ્ધિ ઉત્પન્ન કરવામાટે પ્રભાસલીલા જેવું નાટ્ય દેખાડે છે ત્યારે ભગવાનનું હાર્દ જાણનાર શ્રીશુકદેવજી જેવા મહાત્મા આ વિષયને સ્પષ્ટ શબ્દોમાં કેવી રીતે કહે? છતાં જો સ્થિર પણ સૂક્ષ્મ દષ્ટિથી જોઈએ તો આ લીલાને માયિક સિદ્ધ કરનારાં પ્રમાણ કંઈ ઓછાં નથી. દા.ત. **અન્તર્બહિઃ પૂરુષકાલરૂપૈઃ પ્રયચ્છતો મૃત્યુમુતામૃતં ચ** (ભાગ. ૧૦।૧।૭)માં ભગવાન્ પુરુષરૂપથી મુક્તિ અને કાલરૂપ થી સંસાર આપે છે તેવું નિરૂપણ છે.

**કાલાત્મના નિવસતા વસુદેવગેહે। પિંડારકં સમગમન્ મુનયો નિસૃષ્ટાઃ।।** (શ્રીભાગવત ૧૧।૧।૧૧) અર્થઃહવે ભગવાન્ શ્રીકૃષ્ણ નિજમન્દિર છોડી યાદવોનો ઉપસંહાર કરવા વસુદેવજીને ઘેર કાલરૂપથી નિવાસ કરી રહ્યા હતા. કાલાત્મા ભગવાને મોકલેલા મુનિઓ પિંડારક ક્ષેત્રમાં ગયા. આથી સિદ્ધ થાય છે કે યદુકુલ શાપથી લઈને યદુકુલ ઉપસંહારની લીલા કાલાત્મા ભગવાને કરી છે એટલે કે તે સંસાર આપનારી હોવાથી માયિક છે, મિથ્યા છે અને બીજાના જ્ઞાનનું આવરણ કરતી હોય તે જ મોહ ઉત્પન્ન કરી સંસાર આપ નારી બની શકે છે. મોહનશક્તિ-મોહ કરવાની શક્તિ ભગવન્માયાની છે તેથી તેને 'માયિક' પણ કહી શકાય. આટલું જ કથન પ્રભાસલીલાને માયિક સિદ્ધ કરવામાટે પૂરતું છે પરન્તુ છતાં **''રાજન્ પરસ્ય''** વગેરે વધારામાં કહ્યાં છે. હવે આ અપ્રકાશ્ય વિષયમાટે આથી વધારે શું કહેવું?

**શંકા** : કાલ સ્વરૂપથી ભગવાને જે લીલા કરી છે તે બધી માયિક છે એમ તો તમે કહી શકો એમ નથી કારણ કે ગોવર્ધનલીલા પણ ભગવાને કાલરૂપથી કરી છે જેમ કે **કાલાત્મના ભગવતા શક્રદર્પં જિઘાંસતા।** (ભાગ. ૧૦।૨૪।૩૧ માં ઇન્દ્રનો ઘમંડ ચૂર કરવાની ઇચ્છાથી કાલાત્મા ભગવાને કહેલા શબ્દો) અહીં આ લીલા કાલાત્મા ભગવાને કરી છે તો તેને તો તમે માયિક માનવાને બદલે વાસ્તવિક માનો છો એનું શુ?

**સમાધાન** : ભગવાને માત્ર ઇન્દ્રના ઘમંડને દૂર કરવાની લીલા કાલસ્વરૂપથી કરી

છે, સમસ્ત લીલા કાલસ્વરૂપથી કરી નથી. **કાલાત્મના જિઘાંસતા** આ વિશેષણો સહિત **ભગવતા** શબ્દનો સમ્બન્ધ **પ્રોક્તં નિશમ્ય નન્દાદ્યાઃ સાધ્વગૃહ્ણન્ત તદ્વચઃ।।** (શ્રીભાગવત ૧૦।૨૪।૩૧) માં આવતા **પ્રોક્તં** શબ્દ સાથે છે તેથી દર્પનાશક વચન ભગવાને કાલસ્વરૂપથી કહ્યાં છે એમ જ આથી સિદ્ધ થાય છે, સમ્પૂર્ણ ગોવર્ધનલીલા કાલસ્વરૂપથી કરી છે એમ નહિ. તેથી કાલસ્વરૂપથી ભગવાને કરેલી બધી લીલા માયિક છે એમ કહેવામાં કંઈ આપત્તિ નથી.

**શંકા** : તમે કહેલા સિદ્ધાન્તો ૧. સર્વ કલ્યાણગુણોથી પરિપૂર્ણ બ્રહ્મ સાકાર છે, ૨. જગત્ સત્ય છે, ૩. જીવ અણુ છે, ૪. પરબ્રહ્મ શ્રીકૃષ્ણની ભક્તિ કરવી એ જ જીવનો પરમ ધર્મ છે, ૫.શ્રીકૃષ્ણના આત્યન્તિક અનુગ્રહથી લીલાને ઉપયોગી દેહ પ્રાપ્ત કરી ગોકુલ, વૃન્દાવન વગેરે નિત્યલીલા સ્થાનોમાં શ્રીકૃષ્ણની પરમાનન્દમયી લીલાનો અનુભવ કરવો એ જ જીવોમાટે વાઞ્છનીય ઉત્તમફલ છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણો થી સર્વથા અવિરુદ્ધ છે, શાસ્ત્ર સમ્મત છે તો વેદ આદિ શાસ્ત્રોને માનનારા બધા આસ્તિક લોકો આ સિદ્ધાન્તોનો સ્વીકાર કેમ કરતા નથી? અને જો સ્વીકાર ન કરે તો તમારા આ પરિશ્રમનું ફલ શું? કારણ કે જેઓ તમારા સિદ્ધાન્તો સ્વીકારે છે તેઓ તો આ સિદ્ધાન્તોનો સ્વીકાર કરવામાં કોઈ જાતની ઉપપત્તિ (યુક્તિ) ની અપેક્ષા જ રાખતા નથી અને જે લોકો સ્વીકાર કરતા નથી તેઓ ગમે તેટલી યુક્તિઓ રજૂ કરવામાં આવે તો પણ આ સિદ્ધાન્તોનો સ્વીકાર કરવાના નથી અને જો આ સિદ્ધાન્ત બધાને જ સ્વીકાર્ય ન હોય તો સિદ્ધાન્તના જ સ્વરૂપની ન્યૂનતા થઈ.

**સમાધાન** : કોઈ પણ સિદ્ધાન્તની ઉત્તમતા યા પ્રામાણિકતા પ્રમાણોને અધીન છે, આદર કરનારાઓ તેનો સ્વીકાર કરનારાઓને અધીન નથી અને જગતમાં એવો સિદ્ધાન્ત કોઈ જ નથી જેનો આદર બધાજ કરે. તેથી સ્વીકાર કરનારાઓની ન્યૂનતાથી સિદ્ધાન્તના સ્વરૂપમાં કોઈ પણ પ્રકારની ન્યૂનતા સમજવી ભૂલ છે. જે સિદ્ધાન્ત જે જીવના સાત્ત્વિક, રાજસ કે તામસ પ્રકૃતિને અનુકૂલ હોય છે તે તેને ગમી જાય છે. આ અમારો સિદ્ધાન્ત સાત્ત્વિક છે તે જે જીવો સાત્ત્વિક છે તેમને તે રુચિકર લાગે છે, બીજા જીવોને નહિ. પરન્તુ બીજા રાજસ, તામસ જીવોને તે પ્રીતિકર ન લાગતા હોય તો તેથી આ સિદ્ધાન્તોમાં કંઈ ન્યૂનતા આવી જતી નથી, કારણ કે તેનું કારણ જીવોની જ અયોગ્યતા છે. જેવી રીતે લોઢાને સોનું બનાવી

દેનાર પારસમણિ પથ્થરને સોનું બનાવતો નથી તો તેથી પારસમણિના સ્વરૂપમાં કાંઈ ન્યૂનતા માનવામાં આવતી નથી. તેવી જ રીતે દૈવી-સાત્ત્વિક જીવોને માટે ઉપયોગી આ અમારા સિદ્ધાન્ત જો અસુર, રાજસ કે તામસ જીવોને પ્રભાવિત ન કરતા હોય તેમને ગળે ન ઊતરતા હોય, તો તેથી સિદ્ધાન્તમાં કંઈ ન્યૂનતા સમજવી નહિ.

અમે (શ્રીગુસાંઈજીએ) તો આ પ્રમાણો અને ઉપપત્તિઓ (તર્કો) રજૂ કરવાનો પરિશ્રમ એટલા માટે લીધો છે કે ભગવદ્ ભજનના અધિકારી સાત્ત્વિક જીવો પણ બીજા જીવોના દુઃસંગથી મલિન હૃદયવાળા ન થઈ જાય, સાચા સિદ્ધાન્તો સમજે અને આડે માર્ગે ન ચડી જાય.

# એકાદશસ્કન્ધ સમ્પૂર્ણ

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી પુષ્ટિમાર્ગી(?) મૃતકનો
ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની
આજ્ઞાથી વિપરીત જઈને મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર,
તેમાટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર
ત્રણેય પુષ્ટિમાર્ગીઓ ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા**
**અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. (શ્રીવલ્લભાચાર્ય)**

પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો
જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-
મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ લોકોને તો શ્રીમહાપ્રભુજી
ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

**આપણે પુષ્ટિમાર્ગી નથી જ જો૦**

મૃતકના ઉદ્ધારાર્થે કે ફંડફાળામાટે ભાગવતકથાનું આયોજન કરીએછીએ
(ઠેરાવેલ કે ઠેરાવ્યા વિનાની) દક્ષિણા લઈને ભાગવત વાંચીએ છીએ
આવી ભાગવતકથા સાંભળવા કે આશીર્વાદ આપવા જઈએ છીએ

# દ્વાદશસ્કન્ધ

## આશ્રયલીલા

### વામહસ્ત- અધ્યાય૧૩

| શ્રીકૃષ્ણાશ્રય | જગદાશ્રય | વેદાશ્રય | ભક્તિયોગાશ્રય | ભાગવતાશ્રય |
|---|---|---|---|---|
| અ.૧-૩ | અ.૪-૫।। | અ.૫।।-૭ | અ.૮-૧૦ | અ.૧૧-૧૩ |

| લોકાશ્રય | વેદાશ્રય | ભગવદાશ્રય | શબ્દાશ્રય | અર્થાશ્રય |
|---|---|---|---|---|
| અ.૧,૨ | અ.૩,૪ | અ.૫-૭ | અ.૮-૧૦ | અ.૧૧-૧૩ |

દ્વાદશ સ્કન્ધમાં તેર અધ્યાયથી ભગવાન્‌ના આશ્રયરૂપ લીલાનું વર્ણન કરે છે. તેમાં પહેલા અધ્યાયમાં કલિના દોષથી દુષ્ટ થયેલ મગધદેશના રાજાઓનું વર્ણન વૈરાગ્ય થવામાટે કહેવામાં આવે છે જેનાથી આશ્રય દૃઢ થાય.

દ્વાદશ સ્કન્ધના પૂર્વસ્કન્ધ સાથે સંગતિ મેળવવામાટે **''દશમસ્ય વિશુદ્ધ્યર્થં નવાનામિહ લક્ષણમ્''** એને યાદ કરીને એ કહે છે કે એકત્રીસ અધ્યાયથી સાધન સહિત નવમી લીલા કહી તેનાથી શુદ્ધ આશ્રય તેર અધ્યાયથી બારમાં સ્કન્ધમાં કહે છે તેથી કાર્ય-કારણ અથવા બોધ્ય-બોધક ભાવ સંગતિ છે. એમાં આશ્રયનું લક્ષણ સામાન્ય રીતે **''વ્યતિરેકાન્વયૌ યસ્ય જાગ્રત્સ્વપન-સુષુપ્તિષુ''** ૧૨।૭।૧૯ થી કહ્યું એટલે જેના ભાવથી જાગ્રત્ આદિનો ભાવ અને જેના અભાવથી એ ત્રણ અવસ્થાનો અભાવ એ આશ્રય કહ્યો. દ્વિતીય લક્ષણ **''પદાર્થેષુ યથા દ્રવ્યં''** ૧૨।૭।૨૦ થી કહ્યું તેથી જગતનું વિવર્ત ઉપાદાન બ્રહ્મ એ જ આશ્રય છે. એ આશ્રય આ સ્કન્ધમાં પાંચ પ્રકારે કહ્યો છે. એમાં અન્વય-વ્યતિરેકથી પાંચ અને બીજી રીતે બે પ્રકારે કહ્યો છે. અહીં તો તેથી પણ કંઈક વિશેષ છે. સર્ગાદિ નવ લક્ષણથી લક્ષ્ય એક આશ્રય. **''આભાસશ્ચ નિરોધશ્ચ''** એમાં કહેલો

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેનાથી થાય છે તે બીજો બ્રહ્મમીમાંસામાં જન્માદ્યધિકરણમાં જે આશ્રય કહ્યો છે તે જ અહીં **''જન્માદ્યસ્ય યતોન્વયાત્''** થી કહ્યો છે. તેથી ભગવાન્ ઉપાદાન અને કર્તા છે એમ સિદ્ધ કર્યું. **''આધ્યાત્મિકાદિ ત્રિતયદ્રષ્ટા''** એ ત્રીજું લક્ષણ છે. એનું અહીં અત્યન્ત વિવિક્તપણું બતાવવામાટે એને 'સર્વાન્તર' કહ્યો. લોકાસન ચરણરૂપ ચતુર્થ અક્ષરબ્રહ્મ એ પુરુષોત્તમનો આશ્રય છે અને તેનો પણ આશ્રય આ છે એ તેનું અપૂર્વપણું (ઉત્તમતા) બતાવવામાટે શ્રીભાગવત્ ૨।૧૦।૯ માં **''સ આત્મા સ્વાશ્રયાશ્રયઃ''** માં આશ્રયનો પણ આશ્રય કહ્યો છે. એમ ન કહેવું હોત તો **''સ આત્મા''** શબ્દોથી જ ચતુર્થ પરમાત્માનો અર્થ આવી જતો હોવાથી **'સ્વાશ્રયાશ્રય'** શબ્દ પ્રયોગ કરવામાં ન આવત. તેથી વેત્તૃત્વ જીવમાં છે, અન્તરાત્મામાં છે. તે બધાની નિવૃત્તિમાટે **'સ્વાશ્રયાશ્રયઃ'** એવું વિશેષણ આપ્યું છે. એ સર્વાન્તર છે. એનું વર્ણન આનન્દમયાધિકરણમાં શ્રુતિથી સિદ્ધ કર્યું છે તેથી પાંચ પ્રકારનો આશ્રય કહ્યો છે. તેથી દ્વિતીયસ્કન્ધ શ્રીસુબોધિનીજીમાં **''ઈદં ભગવતો રૂપં ભગવાનેવ વા'' ''બ્રહ્મવિદ્ આપ્નોતિ પરમ્''** એમ શ્રુતિ કહે છે. **''ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ''** એમ ગીતા કહે છે. એ ચઢથી ભગવાન્‌ને આશ્રય કહે છે. લોકમાં રક્ષક 'આશ્રય' કહેવાય છે. તે પ્રસિદ્ધિને લઈને મુખ્ય ઉપજીવ્ય અર્થાત્ રક્ષક કે આશ્રય શ્રીકૃષ્ણ છે એમ આ સ્કન્ધમાં કહ્યું છે. એ શ્રીકૃષ્ણ શબ્દરસ રૂપ અને અર્થરસ રૂપ પણ છે એ આગળ છ અધ્યાયમાં સ્પષ્ટ થશે. ત્યાં શંકા થાય કે પૂર્વે બે લક્ષણ કહ્યાં તેથી આશ્રય સમજાશે તો લોકસિદ્ધ કહેવાની શી જરૂર છે? એના ઉત્તરમાં કહેવાનું કે લોકમાં શબ્દ અને અર્થ સાથે જ હોય છે, તેથી લોકસિદ્ધને આગળ કરીને એનો નિર્ણય કર્યો છે. કેટલાક લોકસિદ્ધને આગળ કરીને નિર્ણય કરે છે જ્યારે કેટલાક કેવળ ભગવાન્‌ને ભાવથી ભજે છે.

એમાં વેદસિદ્ધરૂપ અહીં કહે છે કે જેનાં નવ લક્ષણ છે તેવો આશ્રય છે. એ આશ્રય બાર પ્રકારનો છે. એનાથી અધિક પુરુષોત્તમ છે. તે સર્વાશ્રય શ્રીકૃષ્ણ છે એમ સમજવામાટે આશ્રયલીલાનાં તેર અધ્યાય છે. એમાં અહીં ત્રણ અધ્યાયથી પ્રથમ પ્રકરણ કહે છે, તેમાં શ્રીકૃષ્ણને આશ્રય કહ્યા છે. તેથી જ **''વચોવિભૂતિર્ન તુ પારમાર્થ્યમ્''** એ શ્લોકમાં શ્રીકૃષ્ણ વિના કાંઈ આશ્રય નથી એમ કહ્યું છે. લોકમાં યશને વિસ્તારીને ભગવાન્‌ને પ્રાપ્ત થયેલ રાજાઓની આ કથાઓ વિજ્ઞાન અને વૈરાગ્ય ને માટે કહેવામાં આવી છે. એ પરમાર્થ વસ્તુ નથી એટલે એવાની કથા સાંભળતાં ભગવાનનો મહિમા જાણવામાં આવે ત્યારે સંસારની અસારતા જણાતાં વૈરાગ્ય થાય ત્યારે ભગવાન્ આશ્રયરૂપ થાય છે એટલામાટે એમ કહેવામાં

આવ્યું છે. તેથી શ્રીકૃષ્ણ સિવાય કોઈ આશ્રય નથી એમ નક્કી થયું. તેથી સર્વોપજીવ્ય સર્વાધાર શ્રીકૃષ્ણ આશ્રય છે એ વાત સિદ્ધ થઈ.

એ આશ્રયનું સ્વરૂપ શું? એ પ્રશ્નના ઉત્તરમાં **''યસ્તૂત્તમશ્લોકગુણાનુવાદઃ''** ત્યાંથી લઈ **''કૃષ્ણે અમલાં ભક્તિમભીપ્સમાનઃ''** સુધીમાં શ્રીકૃષ્ણ કહ્યા છે. એ ધર્મવિશિષ્ટ છે તે જ સર્વાશ્રય છે એ વાત ત્રણે અધ્યાયમાં અનુસ્યૂત છે. એ બતાવે છે કે પ્રાકૃત જનને તો જે અવલમ્બન આપે તે એનો આશ્રય ગણાય છે. એનાથી ઉત્તમને ધર્મ આશ્રય રૂપ હોય છે. એ લોક અને ધર્મ નાશ પામ્યાની વાત બે અધ્યાયથી કહી છે એટલે લોક કે ધર્મ ન રહ્યા ત્યારે શ્રીકૃષ્ણ જ આશ્રયરૂપ રહ્યા. કલિમાં કેવળ શૂદ્ર વર્ણ રહ્યો છે તે શોકથી દ્રવિત છે. અસૂર્ય વર્ણ હોઈને એ દુષ્ટ છે તેથી એ તત્કૃત ધર્મ આશ્રયરૂપ થઈ શકે નહિ. વળી ધર્મમાં દમ્ભ, લોભ, કામ આદિનો પ્રવેશ થતાં એ ધર્મ પણ આશ્રિત-રક્ષક રહ્યો નથી. વળી **''કથા ઈમાસ્તે કથિતાઃ''** ઈત્યાદિમાં વિભૂતિ કહી તે નિરંકુશ આધારરૂપ થઈ શકે નહિ ત્યારે રાજાએ ''કલિના દોષો કેમ દૂર થાય?'' એમ શ્રીશુકદેવજીને પૂછ્યું ત્યારે એમણે **''પુંસાં કલિકૃતાન્ દોષાન્''** ઈત્યાદિથી ઉત્તર આપતાં શ્રીકૃષ્ણને જ આશ્રયરૂપ કહ્યા છે. એમના આશ્રયમાં (સેવા) પૂજા વગેરે કહ્યાં છે. કલિયુગના પૂર્વાર્ધમાં એમનો આશ્રય કરવો અને ઉત્તરાર્ધમાં કલ્કિ અવતાર થશે તે આશ્રયરૂપ થશે. એમાં કૃપા કરવામાં ભગવાન્ વિલમ્બ કરે તો એમાં જીવના દોષ બાધક છે એમ સમજવું, ભગવાન્‌ની દયા નથી એમ સમજવાનું નથી. તેથી નવ સર્ગાદિ લક્ષણથી દશમો આશ્રય કરવો એ ત્રણ અધ્યાયનો તાત્પર્ય છે. એમ પહેલું પ્રકરણ કહ્યું.

હવે બીજા પ્રકરણમાં **જગદાશ્રય** કહે છે. જેમ પૃથ્વીમાંથી ઘડા વગેરે થાય છે તેમ ભગવાન્‌માંથી જગત્ થાય છે. તે એમાં જ લીન થાય છે. માયિક પદાર્થ પણ એને લીધે જ દેખાય છે. એમાં અહીં સૃષ્ટિ ભગવદ્રૂપ અને માયિકી એમ બે પ્રકારની થાય છે. **''આભાસશ્ચ નિરોધશ્ચ''** જેનાથી થાય છે એમ કહ્યું છે. કાલની ગતિ અને યુગનું માન તૃતીય સ્કન્ધમાં કહ્યું છે. કલ્પ અને લય નું સ્વરૂપ અહીં કહે છે. પછી ભગવાન્‌ની ક્રિયાશક્તિ કેવી છે તેનું જ્ઞાન કરાવવા પ્રાકૃતિક, આત્યન્તિક, નૈમિત્તિક અને નિત્ય પ્રલયનાં સ્વરૂપો કહે છે. ક્રિયાશક્તિ ત્રણ પ્રકારની છે તે અગિયારમા સ્કન્ધમાં યોગીશ્વર અન્તરિક્ષના મુખે કહેવામાં આવી છે. પણ પૂરી રીતે પ્રલયનો પ્રકાર ત્યાં કહ્યો નથી. તેથી એ ક્રિયાશક્તિને સારી રીતે અહીં કહે છે. એમાં પ્રથમ આત્યન્તિક પ્રલયને બાર શ્લોકથી કહે છે. ત્યાં પહેલાં સાંખ્યવાદીનો મત ખોટો છે એમ સિદ્ધ કરવા બુદ્ધિ વગેરે અહન્તાથી પ્રતીત થાય છે તે અવસ્તુરૂપ છે એમાં અનુમાન કહે છે :
આત્મરૂપે જ્ઞાન થાય છે એ અહં-મમત્વથી પ્રતીત થતાં બુદ્ધિ, ઈન્દ્રિયો અને વિષયો ને લઈને

થાયછે, કેમકે એ બુદ્ધિ ઇન્દ્રિયાર્થની વૃત્તિરૂપ છે, શુક્તિ-રજતવૃત્તિક તદાશ્રય જ્ઞાનની જેમ, જે આવું ના હોય તે તેવું ન હોય, જેમ ઘડો.

વળી બીજી રીતે એનું અવસ્તુત્વ સિદ્ધ કરે છે : બુદ્ધિ તેમજ ઇન્દ્રિયાર્થો આદિ અને અન્ત વાળા તથા દશ્ય હોવાથી પોતાના સ્વરૂપથી અવસ્તુરૂપ છે, આત્મરૂપ જ્ઞાનથી દેખાય છે તેની સાથે હોય ત્યારે એ એની સાથે રહે ત્યાં સુધી વસ્તુભૂત રહે, પોતાની મેળે એ વસ્તુરૂપ થઈ ન શકે, જ્યોતિથી દેખાતા જ્યોતિથી જુદા ન પડતા દીપચક્ષુની જેમ. એક દીવાની સામે બેસી આંખનાં ઉપલાં પોપચાંને આંગળીથી ચોક્કસ રીતે દબાવવામાં આવે તો બે દીવા દેખાય છે. ખરી રીતે દીવો એક જ છે. બીજો દીવો અવસ્તુ છે, બીજો દીવો છે જ નહિ, પણ અમુક પરિસ્થિતિમાં દેખાય છે. એવી જ રીતે બુદ્ધિ, ઇન્દ્રિયો અને તેના વિષયો બીજા દીવાની જેમ સ્વરૂપથી અવસ્તુ રૂપ જ છે. એ જ કહે છે કે **''ન સ્યુરન્યતમાદતાત્''** એમ આધ્યાત્મિક બુદ્ધિ આદિનું જુદું અસત્ત્વ સિદ્ધ કર્યું. બુદ્ધિનું અસત્ત્વ ઠર્યું ત્યારે એની અવસ્થારૂપ જાગ્રત આદિ ભૂમિકાનું અસત્ત્વ સાધે છે કે જાગ્રત આદિ અવસ્થા અને એનો આત્મામાં હું જાગું છું એવો અધ્યાસ તો માત્ર આત્મામાં થાય છે.

અહીં શંકા કરે છે કે તમે પણ આત્મામાં અધ્યાસને સ્વીકારો છો તો કોઈ જગ્યાએ જે વસ્તુ સ્વરૂપથી સિદ્ધ હોય તેનો અન્યત્ર અધ્યાસ થાય તો તમે બુદ્ધિ આદિનો આત્મમાં અધ્યાસ કહ્યો તે બુદ્ધિ આદિ આત્મામાં અધ્યસ્ત થયાં તે પહેલાં હોવાં જોઈએ; પ્રથમ તો ભગવાન્ સિવાય બીજું કાંઈ પણ નહોતું તેથી એનો અધ્યાસ અહીં કેમ સમ્ભવે? આ શંકાને નિર્મૂળ કરવા બુદ્ધિ આદિની સત્તા સિદ્ધ કરવા વિશ્વની ઉત્પત્તિને કહે છે. **''યથેતિ...''** વિશ્વનાં ઉત્પત્તિ અને નાશ દેખાતાં નથી તેથી એ કદાચિત થાય છે એમ કહી શકાય? ત્યાં કહે છે : **''અવયવ્યુદયાપ્યયાત્''**. અહીં અવયવ એટલે અંશ લેવો, અવયવનો અર્થ કારણ ન કરવો. તેથી વિશ્વ ક્યારેક આદિ-અન્તવાળું હોય છે કેમ કે એ અવયવ (કારણ) સહિત છે, જેમ આકાશમાં મેઘ છે. જે અવયવ સહિત હોય તે અનિત્ય હોય એવી વ્યાપ્તિ છે. આંશિક નાશ દેખાય છે તેથી વિશ્વ પણ અનિત્ય છે તેથી પ્રાકૃતપ્રલયમાં પણ યુક્તિ કહી. તેથી જલધરની પેઠે અનિત્ય છે તો પણ સત્ય છે અને એ બ્રહ્મમાં રહે છે. તેથી બુદ્ધિ વગેરે પણ પ્રપંચની સાથે ભગવાન્માં રહે છે. એનો અનુભવ થયા પછી એનો અન્યત્ર આરોપ કરવો સુશક્ય છે.

બુદ્ધિ આદિ અહન્તા-મમતાથી આત્મામાં અધ્યસ્ત થાય તે માયા માત્ર છે એમ કહેવામાં કાંઈ બાધ નથી. ત્યારે તો હવે તમારા મતમાં વિશ્વ બ્રહ્મમાં રહે છે તે

જુદું જ સિદ્ધ થયું; બુદ્ધિ આદિ અનિત્ય છે, નિત્ય આત્માથી અભિન્ન છે, ત્યારે તમારો મત સાંખ્ય મતથી કયાં જુદો પડે છે? એના ઉત્તરમાં કહે છે કે **''સત્યં હિ અવયવઃ પ્રોક્તઃ''** અહીં 'અવયવ' શબ્દ કારણના અર્થમાં લેવો. સત્ય એ સર્વ અવયવીના કારણરૂપ છે, તેથી પ્રકૃતિ-પુરુષનું પણ એ કારણ છે. શ્રુતિ બ્રહ્મને સર્વનું કારણ કહે છે. એની પછીના પદાર્થો બીજા જુદા હોય તો પણ એ જુદા નથી તેથી સાંખ્યથી અમારું બ્રહ્મ સર્વકારણ હોવાથી જુદું છે. સાંખ્યમાં તો પ્રકૃતિ-પુરુષ સર્વ કારણ છે. તો તે **''ન પરં કિંચિત્ સા કાષ્ઠા સા પરા ગતિઃ''** છે. અમારે એવું બ્રહ્મ છે. પ્રકૃતિપુરુષ એનું પ્રથમ કાર્ય છે. શ્રુતિ બ્રહ્મને કારણ ભલે કહે પણ એ બ્રહ્મથી વિશ્વ થાય એ બુદ્ધિમાં ઊતરતું નથી એમ કહે તો ત્યાં તર્ક કહે છે કે જો પ્રકૃતિ-પુરુષ સર્વકારણ અને મૂલ્યરૂપે હોય તો યોગીઓને બ્રહ્મભાવ થાય છે ત્યારે એને પ્રકૃતિ-પુરુષ પણ બ્રહ્મની જેમ અનુભવમાં આવવા જોઈએ, પણ એ તો બ્રહ્મનો અનુભવ કરે છે, પ્રકૃતિ પુરુષને જોતા નથી, તેથી પ્રકૃતિ પુરુષ પર નથી પણ સત્ય જ પર છે. આજે એ પણ બ્રહ્મના અન્વય-વ્યતિરેક જણાય છે. સત્ સર્વનું કારણ છે તેથી સર્વત્ર પ્રતીત થાય છે. માટે જેમ સૂતરનો તાર વસ્ત્ર બન્યા પહેલાં પણ હતો, વસ્ત્રની અવસ્થામાં પણ છે અને વસ્ત્ર ફાટી જવા છતાં પણ રહેશે તેમ સર્વના અભાવમાં પણ એ જ પ્રતીત છે, માટે જે તેવું હોય તે સત્ય હોય. જે એવું ન હોય તે સત્ય ન હોય. અહીં 'સત્'પદથી સત્ય બ્રહ્મ જ લેવું, પ્રધાન ન લેવું. એનો ઈક્ષત્યધિકરણમાં વિચાર કર્યો છે. એ જડ હોઈને જગતનું કારણ ન થઈ શકે એ વાત ત્યાં સિદ્ધ થઈ ચૂકી છે.

બ્રહ્મજ્ઞાનીને એવી પ્રતીતિ ભલે થાય, સાંખ્યવેત્તાને એવી પ્રતીતિ થતી નથી તેથી **''યતો વા ઇમાનિ''** એ શ્રુતિનો અર્થ બીજી રીતે કરવો જોઈએ? એવી શંકાના ઉત્તરમાં કહે છે કે સાંખ્યનો એ ભ્રમ છે. એ જ બતાવે છે : **''યત્ સામાન્યવિશેષાભ્યામ્''** સાંખ્યનું પ્રધાન સર્વનું કારણ અને મહતત્ત્વ એનું કાર્ય તેથી કાર્ય-કારણભાવવાળું છે તે ભ્રમ છે. કેમકે એ અન્યોન્યાશ્રય રૂપ છે. સાંખ્યમાં પ્રધાનને કેવળ કારણપણું છે. એનું સ્વરૂપ કાર્યથી જણાય છે, પ્રત્યક્ષ કે શ્રુતિથી એનું સ્વરૂપ જણાતું નથી. **''સ્થૂલાત્ પંચતન્માત્રસ્ય બાહ્યાભ્યન્તરાભ્યાં તૈઃ અહંકારસ્ય તેન અન્તઃકરણસ્ય તતઃ પ્રકૃતેઃ''** એ સૂત્રથી એમ સિદ્ધ થાય છે. એના મતમાં **''પ્રત્યક્ષાનુમાનશબ્દાઃ પ્રમાણાનિ''** એ સૂત્રથી ત્રણ જ પ્રમાણ

છે. એમાં અપ્રત્યક્ષ અને અશાબ્દ એવા મહત્તત્ત્વરૂપ કાર્યથી પ્રધાનનું સ્વરૂપ અને કારણતા સિદ્ધ થાય છે. એ પ્રત્યક્ષ અને શબ્દથી અન્યોન્ય આશ્રયવાળું એનું અનુમાન નકામું છે. તેથી પ્રધાનની પ્રતીતિ ભ્રમરૂપ છે. એમ જ શ્રીધરસ્વામીએ પણ માયાવાદી મતને અનુસરીને બ્રહ્મનું કારણપણું અત્યન્ત સત્ય નથી એમ કહી અવધિત્વ, વ્યાપકત્વ, ગુણ-ગુણિભાવ અને વિશેષણ-વિશેષ્યભાવ પણ અન્યોન્ય આશ્રયની પકડમાંથી મુક્ત નથી. તેમનામાં પણ અન્યોન્ય આશ્રય છે તેથી બ્રહ્મકારણતા અવાસ્તવ કહી એ બરાબર નથી. કાર્યને કારણ સાપેક્ષતા છે પણ કારણ તો નિરપેક્ષ છે. તેથી કારણસ્વરૂપમાં કાંઈ બાધ નથી. કાર્યસ્વરૂપને કારણ સાપેક્ષતા છે. પણ એ પાછળથી થાય છે તેથી અન્યોન્ય આશ્રય દોષ એમાં નથી, તેથી એ પણ નિર્બાધ છે. કાળવિશેષના સ્વરૂપને લઈને થતા કારણ-કાર્ય ભાવની પ્રતીતિ અન્યોન્ય આશ્રય દોષગ્રસ્ત હોવાથી અસિદ્ધ છે એમ ન કહેવું કેમકે એ અસિદ્ધિ પણ ત્રણ સ્વરૂપસાપેક્ષ હોવાથી એમને અન્યોન્ય આશ્રયત્વ નથી. એ જ કહે છે કે **''સર્વમાદ્યન્તવદ્વસ્તુ યત્''** અહીં એટલું સમજવું કે સાંખ્યના મતમાં **''દિક્કાલાવાકાશાદિભ્યઃ''** એ સૂત્રથી એના મતમાં સૂર્યાદિપરિસ્પન્દોપાધિરૂપ કાલજન્ય છે. એ ગુણોનો ક્ષોભ ન કરી શકે તેથી એના મતમાં મહત્ત્વોત્પત્તિ જ દુર્ઘટ છે. સર્વના અંકુરભૂત મહતત્ત્વ તે પણ આદિઅન્તવાળું હોવાથી એની પછી થનારો કાળ પણ એ વખતે ક્યાંથી હોય? એ ન હોય તો એનું પ્રધાનપણું ભ્રમરૂપ જ થશે. ૬.ભલે પ્રધાન સિદ્ધ ન થયો, પણ સ્વભાવમાંથી જ નીપજતા પ્રધાન (પ્રકૃતિ) ને પુરુષ જુએ છે એમ સ્વીકારવામાં આવે તો તે પ્રત્યક્ષમાંથી જ પરિણમ્યું છે એમ સિદ્ધ થઈ ગયું અને અનુમાન તેને દઢ કરે છે. એમ કહે એના ઉત્તરમાં કહેવાનું કે **''વિકારઃ ખ્યાયમાનોઽપિ પ્રત્યગાત્માનમન્તરા''** એમ વિકારને (મહત્તત્ત્વને) પ્રત્યગાત્મા (જીવાત્મા) પ્રત્યક્ષ કરે, પણ એમના મતમાં પ્રત્યગાત્મા જ નથી તો એને કોણ પ્રયત્ક્ષ કરે? અહીં સમજવાનું છે કે જો સ્વભાવથી જ પરિણામ પામે તો સદા એમ થાય, તો પછી મહત્તત્ત્વ અને પ્રધાનને કાર્યકારણભાવ ન થાય. પ્રધાન પણ સર્વાંશે સ્વભાવનું પરિણામ થાય તો એનું પ્રકૃતિપણું જ ન રહે. તેથી પરિણામ આંશિક અનિત્ય થવું જોઈએ. એમ થાય તો એ કેવળ સ્વભાવથી એમ ન થાય. ત્યારે બીજું તો કોઈ એ વખતે નથી તેથી પ્રધાન (પ્રકૃતિ) ને પ્રત્યગાત્મા ઈક્ષણ કરે તો જ એમ થાય. તેથી પત્યગાત્માથી જ એમ થાય છે એમ

કહેવું જોઈએ. ત્યારે પોતાનાથી જુદું પ્રધાન પ્રત્યગાત્મા જુએ છે એમ તો કોઈ કહેતું નથી, તેથી ભગવાન્ એવી ઈક્ષા કરે છે એમ માનવું જોઈએ. ત્યારે તો વિકાર સ્વરૂપથી અવસ્તુભૂત પ્રત્યગાત્મદૃશ્ય છે ત્યારે એ દેખાય છે, નહિ તો દીવાની પેઠે નહિ, એવા અનુમાનથી વિકારમાત્ર ભ્રમરૂપ ઠરે છે. જો ભ્રમરૂપ વિકાર હોય તો ખ્યાલ નહિ થાય કેમકે યથાર્થ અનુભવ વિના ખ્યાતિ થતી નથી. ત્યાં કહે છે **''અણુરપિ સ્યાચ્ચેચ્ચિત્સમઃ ચિત્સર્વે''** મૂળ ચિદાત્મક હોય તો જ શ્રુતિમાં કહ્યાં પ્રમાણે એની ખ્યાતિ થાય, કેવળ જડની ખ્યાતિ ન થાય. અહીં મૂળમાં **સમઃ** સર્વશબ્દનો પર્યાય છે, તેથી મૂળ ચૈતન્યરૂપમાં એ વિકાર છે, તેથી એની ખ્યાતિમાં બાધક નથી. એનેમાટે દૃષ્ટાન્ત આપે છે : **આત્મવત્ જેમ બહુ સ્યાં** એવી ઈચ્છા કરી ત્યારે અગ્નિ વિસ્ફૂલિંગની જેમ વિભાગ થતાં અનેક આત્મા (જીવ) થયા તેમજ **પ્રજાયેય** એમ ઈચ્છા કરી તેથી કરોળિયાના મુખમાંથી તન્તુ નીકળે છે તેમ ભગવાન્‌માંથી તન્તુની પેઠે પ્રપંચ થયો. ૭.ત્યારે તો બ્રહ્મમાંથી વિભાગ થતાં અનેકત્વ થયું એમ કહો! ત્યાં કહે છેઃ **''ન હિ સત્યસ્ય નાનાત્વમ્''** એમ વિભાગ થતાં પણ બ્રહ્મમાં નાનાત્વ થતું નથી. શુદ્ધ બ્રહ્મજ્ઞાન રહિત સાંખ્યવાદી નાનાત્વ એમાં માને તો એ છિદ્રના જેવું છે, જેવી રીતે નિરવયવ આકાશના ઘડા વગેરેની ઉપાધિથી વિભાગ પડ્યા એવું માત્ર દેખાય છે, ખરેખર વિભાગ પડતા હોતા નથી, એવી રીતે પોતાની ઈચ્છાથી અનેકરૂપ ધારણ કરતું બ્રહ્મ, બ્રહ્મના સ્વરૂપને નહિ જાણનારાઓને અનેક રૂપે દેખાય છે, ખરેખર એમ થતું નથી, કેમકે વિભાજક ક્રિયાનો ત્યાં અભાવ છે. વિભાજકના અભાવમાં સ્વરૂપમાં કોઈ ભેદક પદાર્થ નથી. કદાચ વ્યુચારણ શ્રુતિથી ઉપાધિની પહેલાં વિભાજક ક્રિયા હતી એમ માનો તો એના ઉત્તરમાં કહેવાનું કે **''જ્યોતિષોર્વાતયોરિવ,''** હો. જેમ વિભાજક સ્વક્રિયાના ભેદથી દીપક ચક્ષુના ભેદથી જુદો દેખાય છતાં એ જુદો નથી, જેમ વાયુ અનેક દેશમાં વાય છે છતાં તે સ્વરૂપથી જુદો પડતો નથી, તેમ બ્રહ્મ સ્વક્રિયાવડે વિભક્ત થાય છે તો પણ એમાં અનેકતા નથી એમ અભેદ માત્રમાં એ દૃષ્ટાન્ત છે. ૮. ઉપરનાં બન્ને દૃષ્ટાન્તમાં અંશના ભેદથી સ્વરૂપનો ભેદ થાય છે એમ જ સિદ્ધ થાય છે તેથી બીજું દૃષ્ટાન્ત આપે છે. **''યથા હિરણ્યમિતિ''** સુવર્ણ અનેક વખતે અનેક આકૃતિ સ્વીકારી અનેક રીતે વ્યવહારમાં આવે છે છતાં એમાં ભેદ ગણાતો નથી, તેવું જ બ્રહ્મનું સમજવું. એમાં આટલો ફરક સમજવો કે સુવર્ણમાં બીજાની કૃતિવડે વિભાગ

થાય છે ત્યારે બ્રહ્મમાં સ્વેચ્છાથી થાય છે. મૂલ વસ્તુ તો અનેક નથી પણ એક જ છે એ સિદ્ધાન્ત તો સુવર્ણ તથા બ્રહ્મમાં સરખો જ છે એ જ વાત એકાદશસ્કન્ધમાં ભગવાને **"યથા સુવર્ણં સુકૃતં પુરસ્તાત્"** એ શ્લોકથી ઉદ્ધવજીને કહી છે. તેથી પહેલાં કહેલાં દૃષ્ટાન્તો ઉપાધિવાદ, ભેદવાદ, વિશિષ્ટા દ્વૈતવાદના એકદેશિત્વનાં બોધક છે અર્થાત્ તે વાદોમાં સત્યનો અંશ જ છે, પૂરું સત્ય નથી એવો નિશ્ચય થાય છે. તેથી જ તે વાદો ભગવાને કહ્યા નથી. ૯. એમ આશ્રયનાં નિરધારમાં બ્રહ્મવાદનો નિર્ણય કરીને આત્યન્તિક લય સમજાવવામાટે બન્ધ અને મોક્ષનો પ્રકાર **"યથા ધનોર્કં પ્રભવો"** ઈત્યાદિથી કહે છે. આત્યન્તિકનું સ્વરૂપ કહેતાં **"યદૈવમેતેન વિવેકહેતિના"** એમ કહેવાથી શુદ્ધ બ્રહ્મવાદરૂપી હથિયારથી માયાનો નાશ કરવાનું કહ્યું તેથી સાંખ્યોક્ત મોક્ષ નિત્યાનિત્ય વિવેક જન્ય બન્ધ છેદ કરીને બ્રહ્મભાવમાં પર્યવસાન પામતો ન હોવાથી એ આત્યન્તિક પ્રલયવાચ્ય થઈ શકતો નથી એમ પણ સ્પષ્ટ બતાવ્યું છે. આગળ નિત્ય પ્રલય કાલની અવસ્થાના ભેદથી કહ્યો છે. એ સ્પષ્ટ હોવાથી એનો અહીં વિસ્તાર કર્યો નથી. હવે નૈમિત્તિક અને પ્રાકૃતિક પ્રલય પ્રતિસંક્રમ રૂપ છે. આત્યન્તિક પ્રલયમાં સુવર્ણનું દૃષ્ટાન્ત બતાવ્યું છે તેથી નાનાત્વનું નિવારણ કર્યું છે. **"અચ્યુતાત્માનુભવોવતિષ્ઠતે"** એમ કહેવાથી રૂપાન્તરની એમાં કાંઈ જરૂર નથી એમ પણ બતાવ્યું. નિત્યપ્રલયમાં કાલ ભગવત્ ચેષ્ટારૂપ છે તેમાં ચેષ્ટારૂપકૃતિ છે. એમ ચાર પ્રકારની ક્રિયા શક્તિ તે ક્રિયાનો આશ્રય સમજાવવા કહી છે. એ જ વાત **"લીલાકથાસ્તે કથિતાઃ"** ઈત્યાદિથી શ્રીશુકદેવજીએ નિરૂપણ કરી છે. અહીં ૧૨।૪।૨૩ થી ૩૪ સુધીના બાર શ્લોકોનો શુદ્ધ અદ્વૈતરૂપાર્થ કહી બતાવ્યો છે. પ્રાકૃતિક પ્રલયમાં પુરુષ અને અવ્યક્તની સ્થિતિ કહીને આત્યન્તિકમાં નાનાત્વની નિવૃત્તિ કહી છે. તેથી સુબાલોપનિષદ્માં કહેલી પ્રલય ક્રિયાને દૃઢ કરી છે. એ ઉપનિષદમાં પૃથ્વીથી પ્રકૃતિ સુધીનો લય કહીને અવ્યક્ત અક્ષરમાં, અક્ષર તમમાં લય પામે છે, તમ પરદેમાં એકરૂપ થાય છે, પછી **"દિવ્યો દેવ એકો નારાયણઃ"** એમ કહ્યું છે ત્યાં અક્ષર સુધીમાં લય શબ્દ વાપર્યો છે. તમસથી પરમાં એકી ભાવ કહ્યો છે. એમાં લય અને એકી ભાવ એમ બે શબ્દ જુદા વાપર્યા છે. તેથી વિભાગાભાવ-એકી ભાવ રૂપ સ્વરૂપભેદ કહ્યો તેથી પણ બ્રહ્મવાદ સિદ્ધ થાય છે. તેથી આત્યન્તિક પ્રલયને સૃષ્ટ્યાદિત્રિતય ક્રિયા વિલક્ષણ એ ત્રણ ક્રિયા રૂપગણું બતાવ્યું છે. તેથી બ્રહ્મના લક્ષણમાં પણ ન્યૂનતા નથી. વળી એ આશ્રયને કહેનાર

છે તેથી આશ્રય પણ એક ભગવદ્લીલા છે. તેથી એમાં શંકાને અવકાશ નથી એમ ચોથો અધ્યાય કહ્યો. પાંચમાનો વિચાર કરે છે. શ્રીશુકદેવજી સ્વયં બ્રહ્મભૂત છે, પુરાણોક્ત ભગવાન્નું અહીં વારંવાર વર્ણન કરે છે. એમાં આગળ અભેદબોધક જ્ઞાનનો ઉપદેશ કરે છે તેથી ભગવાન્ની જ્ઞાન શક્તિ આ પ્રકરણના બીજા અધ્યાયમાં કહી છે. અહીં તો આશ્રય કહેવો એ પ્રકરણ પ્રાપ્ત છે ત્યાં જ્ઞાન કહેવાની શી જરૂર છે? એ શંકા થાય, ત્યાં કહે છે કે વૈદિક આશ્રય એ જ કહેવાય, કેમકે વેદમાં **''જ્ઞાનાદેવ તુ કૈવલ્યમ્''** જ્ઞાનથી જ મોક્ષ મળે છે એમ કહ્યું છે. તેથી આત્યન્તિક્ની પ્રાપ્તિને માટે જ્ઞાન કહ્યું છે. ત્યાં શંકા કરે છે કે જ્ઞાનથી જ કૈવલ્ય (મોક્ષ) સિદ્ધ થાય તો આશ્રયની શી જરૂર છે? ભગવાને એકાદશ સ્કન્ધમાં પૂજા પ્રકાર વૈદિક અને તાન્ત્રિક રીતે ભગવદ્ આરાધનમાટે કહ્યો છે. **''ઉભાભ્યાં વેદતન્ત્રાભ્યાં મહ્યં તૂભયસિદ્ધયે''** ત્યાં બન્ને રીતે ભગવત્પ્રાપ્તિનું કથન છે. એ બન્નેવડે આશ્રય થયો અને વાણીનો એમાં લય થયો ત્યારે રાજાને ફળ પ્રાપ્ત થયું એમ સમજવામાટે જ્ઞાન અને આશ્રય એ બે કહ્યાં છે, એમાં પણ જ્ઞાન પ્રથમ કહ્યું તેથી એ જ્ઞાન જ શ્રીશુકદેવજીને અભિપ્રેત છે. એમ ન હોય તો ક્ષમાપ્તિમાં **''એતત્તેભિહિત કૃત્સ્નો બ્રહ્મવાદસ્ય સંગ્રહઃ''** એમ ઉપસંહાર ન કરત. તેથી ક્રિયાશ્રયના વિચારમાં પણ પૂર્વોક્ત રીતે જ્ઞાન મુખ્ય છે. **''ભવદ્ભિઃ અમૃતં પ્રાપ્તં નારાયણ ભુજાશ્રયૈઃ''** ત્યાં આશ્રય શબ્દ સાધનરૂપ કહ્યો છે, અહીં આશ્રય ફલરૂપ કહ્યો છે. તેથી આશ્રય બે પ્રકારનો છે સાધનરૂપ અને ફલરૂપ. જ્ઞાનાત્મક સાધન પણ વૈદિક અને તાન્ત્રિકના ભેદથી બે પ્રકારનું છે તેથી જે સિદ્ધાન્ત સમજાવવાનો છે તેનો વિચાર કરી આ બે પ્રકરણમાં ત્રણ બાબત કહેવામાં આવી છે. હવે છઠ્ઠા અધ્યાયમાં જ્ઞાનાશ્રય કહે છે એમાં જ **''ત્રિતયં તત્ર યો વેદ સ સાધનપરો ભવેત્''** (કા.૨૪) એમ કહ્યું છે. આધ્યાત્મિકાદિ ત્રણને જાણે તે શ્રીશુકદેવજી વગેરેની તુલ્ય સાધન પરાયણ થાય. **''વાક્યાન્વયાધિકરણ''** માં કહેલી રીતિ પ્રમાણે ભક્તિ થતાં મુખ્ય અધિકારી થાય છે. તેથી એ થઈને શ્રવણ વગેરે સાધનો કરે છે. એવાને માટે વિભૂતિના આશ્રયનો પક્ષ છે. એવો ભાવ બધા મુક્તોને થતો નથી, પણ **''અક્ષરધિયામ્''** સૂત્રમાં કહેલા, **ઔપસદ** ન્યાયથી ભગવાન્ જેને એવા ભાવનું દાન કરે તેને જ એવો ભાવ થાય છે. **''ભગવાન્ ભજતાં મુકુન્દો મુક્તિં દદાતિ કર્હિચિત્ સ્મ ન ભક્તિયોગમ્''** એમ શ્રીભાગવત્ ૫।૬।૧૮ માં કહેવાનું તાત્પર્ય

પણ એ જ છે. **''ગુહાં પ્રવિષ્ટાવાત્માનૌ હિ તદ્દર્શનાત્''** વ્યાસસૂત્રમાં ઈશ્વર અને જીવ ની સ્થિતિ એક જ હૃદયગુહામાં બતાવી છે તેનો અર્થ પણ એ જ છે. ભગવાન્‌ની જેમના ઉપર કૃપા નથી તેવા જ્ઞાનમાર્ગીઓ માટે જ્ઞાન એ સાધન છે. એમ અર્ધો અધ્યાય પૂર્વ પ્રકરણશેષ છે તે આ પ્રકરણમાં છે, પછી દોઢ અધ્યાયથી શૌનકના પ્રશ્ન ઉપરથી વેદ શાખા કહી છે. પહેલા અધ્યાયથી ૠક્ શાખા કહ્યા પછી **''શ્રુત્વૈવં છન્દસાં વ્યાસં સર્વ પાપૈઃ પ્રમુચ્યતે''** એમ ફલ કહ્યું છે તેવું યજુઃસામનું પણ સમજવું, કેમકે વેદત્વ સર્વમાં સમાન છે એમ દોઢ અધ્યાયથી ત્રીજું પ્રકરણ કહ્યું. હવે છ અધ્યાયથી બે પ્રકરણમાં પ્રથમ ભક્તિમાં ત્રણ અધ્યાયથી કર્માદિયુક્ત ત્રણ પ્રકારની ભક્તિ કહી છે, તેમાં માર્કંડેયની **ઉપાસનામાર્ગાનુસારિણી** ભક્તિ છે. ભગવાને એને તપ કરવાનું કહ્યું. તે પ્રમાણે માર્કંડેયે કર્યું, પરન્તુ ભક્તિથી એ ભગવાન્ પધાર્યા ન હોતા તેથી ત્યાં પધારીને તિરોહિત થયા. જ્ઞાનમાર્ગ ક્લેશથી સિદ્ધ થાય છે, એમ બીજા અધ્યાયથી કહ્યું. અહીં શિવજીનો સંવાદ વગેરે શામાટે કહ્યો? મહાદેવજી ભક્તિવાળા છે તેણે એને માયા બતાવી છે. ભક્તને ક્લેશ થાય એ જ અહીં માયા છે. તેથી પ્રતિ સંક્રમને કેટલાક માયિક કહે છે. તે અવિદ્વાન છે એમ કહ્યું છે. એ બોધ ન કરવામાટે શિવસંવાદ કહ્યો છે. એથી એમ કહ્યું કે માહાત્મ્યજ્ઞાન પૂર્વક ભગવદ્ શરણાગતિ કરવા સર્વ અપેક્ષા છોડીને ભક્તિ કરવી. એકાન્ત ભક્તિમાં પર્યટન કરવું, એ કર્મમાર્ગ અનુસાર ભક્તિનું સ્વરૂપ કહ્યું. આશ્રયરૂપ ભક્તિ આ ત્રણથી જુદી છે, તે સ્વતન્ત્ર ભક્તિ કહેવાય છે. હવે પાંચમું ત્રણ અધ્યાયનું **ભાગવતાશ્રય** નામનું પ્રકરણ છે. સૂર્યથી કાલની અપેક્ષા રાખીને પુરુષનું આરાધન કરવું, એ કથાનું આધિદૈવિક રૂપ છે. અહીં બે એનાં અંગ છે એ **''અથેમમર્થ પૃચ્છામઃ''** ઈત્યાદિ વાક્યથી પ્રાપ્ત થાય છે. બીજા અધ્યાયમાં કેવળ કથા જ કહી છે, ત્રીજામાં 'શ્રીમદ્ ભાગવત્' પુસ્તકનું દાન, દાનનું તથા પાઠનું માહાત્મ્ય કહ્યું છે તેથી પ્રથમ આધિદૈવિક ભાગવત્ ઉત્તમ ફલ આપનાર, બીજું આધ્યાત્મિક ભાગવત્ સત્ કીર્તિ આપનાર, ત્રીજું આધિભૌતિક ભાગવત્ કામિત ફલ આપનાર કહ્યું છે. તેથી અહીં એકમાત્ર **શ્રીભાગવત્** નો જ દઢ આશ્રય કરવામાં આવે તો તે ગંગાજીની જેમ પાઠ કરનારની શુદ્ધિ સમ્પાદન કરી આપે છે, શ્રીહરિની જેમ સાયુજ્ય મુક્તિનું દાન કરી દે છે અને શમ્ભુની જેમ ભક્તિનું દાન કરી પુનઃ સ્વયં ફલ પ્રાપ્તિ કરાવી દેશે; કારણ કે આ શ્રીભાગવત્ પુરાણોમાં શ્રેષ્ઠ અને વૈષ્ણવોનું ધન છે. આમાં

પરમહંસોના પ્રાપ્ય વિશુદ્ધ જ્ઞાનનું જ વર્ણન કરવામાં આવ્યું છે તેમજ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સહિત નિવૃત્તિમાર્ગને પ્રકાશિત કરવામાં આવ્યો છે. જે પુરુષ ભક્તિપૂર્વક તેના શ્રવણ, પઠન, અને મનનમાં તત્પર રહે છે તે મુક્ત થઈ જાય છે. આ રસ સ્વર્ગ અથવા સત્યલોકમાં નથી, કૈલાસ કે વૈકુંઠમાં પણ નથી. (શ્રીભાગવત્ માહાત્મ્ય પદ્મ પુરાણ અધ્યાય ૬।૮૧,૮૨) આ જ સિદ્ધાન્ત **"નિમ્નગાનાં યથા ગંગા દેવાનામચ્યુતો યથા। વૈષ્ણવનાં યથા શમ્ભુઃ પુરાણાનામ્ ઈદં તથા।।"** શ્રીભાગવત્ ૧૨।૧૩।૧૬ જેમ નદીઓમાં ગંગાજી, દેવતાઓમાં વિષ્ણુ અને વૈષ્ણવોમાં મહાદેવજી સર્વશ્રેષ્ઠ છે તેવી જ રીતે પુરાણોમાં શ્રીમદ્ ભાગવત્ સર્વશ્રેષ્ઠ છે". માં દૃષ્ટાન્તદ્વારા દૃઢ કર્યો છે. તેથી આ પ્રકારનું **"બર્હાપીડં"** શ્લોકમાં **"ગીતકીર્તિઃ"** શબ્દથી વિવરણ કરવામાં આવ્યું છે. આવું શ્રીમદ્ ભાગવત્નું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણનું જ બીજું શબ્દાત્મક સ્વરૂપ, સમસ્ત વેદોનો પણ વેદ, સૂત્રોનું પણ સૂત્ર, ગીતાની પણ ગીતા છે, પણ તેને અનેક પ્રકારની ભ્રાન્તિ અને તમસરૂપી કપાટની પાછળ પૂરાઈ ગયેલું જોઈ પ્રભુને બિલકુલ સન્તોષ થયો નહિ. સતી સ્ત્રી જેમ પોતાનું હાર્દ પતિ આગળ જ પ્રકટ કરે તેવી જ રીતે સરસ્વતી પોતાના નિગૂઢ રહસ્યો શ્રીકૃષ્ણ ભગવાન્ના સાક્ષાત્ મુખારવિન્દ વાક્પતિ શ્રીમદ્ વલ્લભાચાર્યજીદ્વારા પ્રગટ કરે. ઓરડામાં બધી વસ્તુઓ હોય પણ રાતે દીવો ન હોય તો કોઈ વસ્તુ મળે નહિ તેવી રીતે શ્રીમદ્ ભાગવત્રૂપી દિવ્ય મહાલયમાંના રત્નો સ્પષ્ટ દેખાય તેટલામાટે શ્રીકૃષ્ણ ભગવાન્ની આજ્ઞા અનુસાર અને આપને અભીષ્ટ, શ્રીમહાપ્રભુજીએ આ તત્ત્વાર્થદીપ (નિબન્ધ) પ્રકટ કર્યો અહીં પાંચમું પ્રકરણ સમાપ્ત થાય છે. એની સાથે શ્રીમદ્ભાગવત્ પણ આશ્રય બતાવીને સમ્પૂર્ણ થાય છે.

## પ્રકરણ૧ લોકાશ્રય – અધ્યાય૧

## માગધ રાજાઓનો વંશ

**સ્વધામાનુગતે કૃષ્ણે યદુવંશવિભૂષણે ।।**
**કસ્ય વંશોऽભવત્ પૃથ્વ્યામેતદાચક્ષ્વ મે મુને ।।૧।।**

**પરીક્ષિત રાજા બોલ્યા :** હે શ્રીશુકદેવ મુનિ! યદુકુલના ભૂષણરૂપ શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા પછી કોનો વંશ પૃથ્વી ઉપર પ્રવર્ત્યો તથા હવે કોનું રાજ્ય થશે તે આપ કૃપા કરીને મને કહો ।।૧।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : બૃહદ્રથ રાજાના વંશમાં જે છેલ્લો પુરઞ્જય અથવા રિપુઞ્જય નામનો રાજા થશે એમ નવમા સ્કન્ધમાં કહ્યું છે, તેનો શુનક નામનો મન્ત્રી થશે. તે રાજાને મારીને પ્રદ્યોત નામના પોતાના પુત્રને રાજ્ય આપશે. પ્રદ્યોતનો પાલક નામનો પુત્ર થશે ।।૨।।

એનો પુત્ર વિશાખયૂપ થશે. એનો રાજક નામનો પુત્ર થશે. એનો પુત્ર નન્દિવર્ધન થશે. એમ આ વંશના પાંચ રાજાઓ પ્રદ્યોતન નામથી ઓળખાશે ।।૩।। પ્રદ્યોતના વંશના એ પાંચ રાજાઓ એકસો આડત્રીસ વર્ષ સુધી આ પૃથ્વીનું રાજ્ય કરશે. ત્યારપછી શિશુનાગ નામનો રાજા થશે. એનો કાકવર્ણ નામનો પુત્ર થશે. એનો પુત્ર ક્ષેમધર્મા થશે. એનો પુત્ર ક્ષેત્રજ્ઞ નામનો રાજા થશે ।।૪।।

એનો પુત્ર વિધિસાર તથા વિધિસારનો અજાતશત્રુ નામનો પુત્ર રાજા થશે. પછી દર્ભક થશે. દર્ભકનો અજય નામનો પુત્ર થશે ।।૫।।

અજયનો પુત્ર નન્દિવર્ધન થશે, એનો પુત્ર મહાનન્દિ થશે. શિશુનાગના વંશમાં આ દશ રાજાઓ થશે ।।૬।।

હે કુરુશ્રેષ્ઠ! એ ઉપર ગણાવેલા દશ રાજાઓ કલિયુગમાં ત્રણસો અને સાઠ વર્ષ પૃથ્વીનું રાજ્ય કરશે ।।૭।।

હે પ્રિય પરીક્ષિત! મહાનન્દિની શૂદ્ર પત્નીના ગર્ભથી નન્દ નામનો પુત્ર થશે. તે બહુ બલવાન થશે. મહાનન્દિ 'મહાપદ્મ' નામની નિધિનો અથવા મહાપદ્મ (સો અબજ) સૈનિકોનો સ્વામી હોવાથી તેને લોકો 'મહાપદ્મ' પણ કહેશે. તે ક્ષત્રિય રાજાઓના વિનાશને નોતરશે. ત્યારથી જ રાજાઓ ઘણું કરીને શૂદ્ર અને અધાર્મિક થઈ જશે ।।૮-૯।।

તે મહાપદ્મ પૃથ્વીનો એક છત્ર શાસક થશે. તેના શાસનનું ઉલ્લંઘન કોઈપણ કરી શકશે નહિ. ક્ષત્રિયોના વિનાશનું તે કારણ હોવાથી દષ્ટિથી તો તેને બીજા પરશુરામજી જ સમજવા જોઈએ ।।૧૦।।

તેના ક્ષુમાલ્ય વગેરે આઠ પુત્રો થશે. તેઓ બધા રાજા થશે અને સો વર્ષ સુધી આ પૃથ્વીનો ઉપભોગ કરશે ।।૧૧।।

કૌટિલ્ય, ચાણક્ય તથા વાત્સ્યાયન નામથી પ્રસિદ્ધ એક વિશ્વાસઘાતી બ્રાહ્મણ નવનન્દ (નન્દ તથા તેના આઠ પુત્રો) ને મારી નાખશે. તેમના નાશ પછી કલિયુગમાં મૌર્યવંશી રાજાઓ પૃથ્વી ઉપર રાજ્ય કરશે * ।।૧૨।।

**વિશેષ :** વિશ્વાસઘાત એ મહાપાપ છે તે દર્શાવતી નીચેની કથા રસપ્રદ થશે-

એક વખત ભોજરાજાની આજ્ઞાથી તેની પટ્ટરાણી ભાનુમતીનું ચિત્ર કાલિદાસે બનાવી રાજાને આપ્યું. ચિત્રમાં રાજાએ જોયું કે જાંઘ ઉપર તલ બતાવવામાં આવ્યો છે. રાજાએ નક્કી કર્યું કે સદાયે ઢંકાયેલ રહેતા અંગ ઉપર તલ છે એ કાલિદાસને કેમ ખબર પડે? ચોક્કસ કાલિદાસને મારી રાણી ભાનુમતિ સાથે અનુચિત પરિચય હોવો જોઈએ. ભોજે કાલિદાસને તત્કાલ દેશવટો આપ્યો. હવે એક વખત એવું બન્યું કે રાજા શિકારે ગયો. વિષમ વનમાં ડરનો માર્યો તે એક વૃક્ષ ઉપર ચઢી ગયો તે વૃક્ષ ઉપર એક વાનર પહેલેથી હતો જ. વાનરે રાજાને આવકાર આપી તેની સાથે મૈત્રી કરી. તેમાં વિશ્વાસ મૂકી રાજા ત્યાં જ સૂઈ રહ્યો. પછી કપિવિરોધી સિંહે ત્યાં આવી વાનરને કહ્યું, ''આ રાજા મને સોંપી દે જેથી હું તેની સાથેનો મારો જૂનો હિસાબ (જૂનું વેર) પતાવી દઉં''. વાનરે કહ્યું, ''રાજાએ મારું શરણ લીધું છે. શરણાગતનો ત્યાગ એ મહાન દોષ છે માટે હું નહિ સોપું''. તે જ સિંહે ફરી આવી રાજાને કહ્યું, ''આ વાનર મને સોંપી દે, નહિ તો તું ઝાડ ઉપરથી ઊતરીશ કે તરત હું તને ખાઈ જઈશ''. રાજાએ આ સાંભળીને વાનરને વૃક્ષ ઉપરથી ધક્કો માર્યો. વાનરે પડતાં-પડતાં વચમાં આવતી એક ડાળ પકડી લીધી અને રાજાને શાપ આપ્યો, ''તને કોઢ નીકળશે'' રાજા રડી પડ્યો, માફી માગી. વાનરે પ્રસન્ન થઈ કહ્યું કે **''વિ-સે-મે-રા''** આ ચાર અક્ષરોનો અર્થ તું સાંભળીશ ત્યારે તું નીરોગી થઈ જઈશ. રાજાએ ઘેર આવી મન્ત્રીમંડળ બોલાવ્યું અને તેને વનમાં બનેલું વૃત્તાન્ત કહી સંભળાવ્યું અને ચાર અક્ષરોનો અર્થ પૂછ્યો. કોઈપણ મન્ત્રી, પંડિત કે વિદ્વાન આનો અર્થ કરી શક્યો નહિ. હવે કાલિદાસ ત્યાં ધારાનગરીમાં જ એક પંડિતને ત્યાં સ્ત્રીવેશમાં રહ્યા હતાં. તેમના જાણવામાં આ વાત આવી. કાલિદાસે પોતાના પિતાના કરેલા પંડિતને કહ્યું કે તમે દરબારમાં કહેજો કે આનો અર્થ મારી પુત્રી કહી આપશે. તેને બોલાવી આપ નામદાર પૂછો.તેથી રાજાએ તેની પુત્રી (સ્ત્રી વેષધારી કાલિદાસ) ને રાજાના દરબારમાં બોલાવડાવી. તેણે દરેક અક્ષરનો અલગ-અલગ અર્થ નીચે પ્રમાણે કહી સંભળાવ્યો :

**''૧.વિશ્વાસપ્રતિ પન્નેષુ યે ચ વિશ્વાસ ઘાતકાઃ। તે યાન્તિ નરકં ઘોરં તાડિતા યમકિંકરૈઃ ।।** વિશ્વાસ મૂકી શરણે આવેલાની સાથે જે વિશ્વાસ ઘાત કરે છે તેમને યમના દૂતો માર મારે છે અને તેઓ ઘોર નરકમાં પડે છે.

**૨. સેતુબન્ધે સમુદ્રે ચ ગંગાસાગર સંગમે। સ્નાત્વા પાપવિમુક્તઃ સ્યાન્મિત્રદ્રોહકરં વિના।।** સેતુબન્ધ, સમુદ્ર તથા ગંગાસાગરના સંગમમાં મિત્ર દ્રોહી સિવાયનો ગમે તેવો પાપી પુરુષ પણ પાપમાંથી છૂટી જાય છે.

**૩. મેરુતુલ્યાન્ મહાપાપાન્ કૃત્વા સંગે સતાં નરઃ। મુચ્યતે ન હિ સન્દેહો મિત્રદ્રોહી ન મુચ્યતે।।** મેરુ પર્વત જેવડાં મહાપાપ કરીને પુરુષ ભગવદીયોના સંગથી મુક્ત થઈ જાય છે એમાં કોઈ શંકા નથી પણ મિત્રદ્રોહી પાપમુક્ત થતો નથી.

**૪. રાજન્ ભોઃ શૃણુ મદ્વાક્યં યદિ કલ્યાણમ્ ઇચ્છસિ। દેહિ દાનમ્ સુવિપ્રેભ્યસ્તતઃ શ્રેયો ભવિષ્યતિ।।** રાજન્! કલ્યાણની કામના હોય તો મારું વચન સાંભળો, (અને) સુપાત્ર બ્રાહ્મણોને દાન આપો. તેથી આપનું શ્રેય થશે''. આ સાંભળી ભોજ રાજા સાજા-તાજા થઈ ગયા. તેમણે પૂછ્યું,

**''ગૃહે વસસિ ભો દેવિ વનં ક્વાપિ ન ગચ્છસિ। પંચાસ્યકપિમદ્વૃત્તં કથં જાનાસિ સુન્દરિ''** હે દેવી! તમે ઘરમાં રહો છો, વનમાં ક્યાંય જતાં નથી, છતાં હે સુન્દરી! સિંહ, વાનર અને મારી વચ્ચે બનેલી ઘટના તમે કેવી રીતે જાણી?'' તેણે કહ્યું.

**''દેવદ્વિજ પ્રસાદેન કંઠે વસતિ શારદા। સર્વં જાનામિ ભો રાજન્ ભાનુમત્યાસ્તિલં યથા''** હે રાજન્! દેવો અને બ્રાહ્મણોની કૃપાથી મારા કંઠમાં સાક્ષાત્ શારદા (સરસ્વતી) વાસ કરે છે. તેથી જેવી રીતે ભાનુમતી રાણીના અંગ ઉપરના તલની મને જાણ થઈ તેવી રીતે હું બધું જાણું છું''. રાજાએ કાલિદાસને ઓળખી લીધા અને તેને પ્રસન્ન કરી ધામધૂમથી રાજનગરીમાં પધરાવી ગયા. **દ્ર બૃહત્ ભોજ પ્રબન્ધ.**

એ જ કૌટિલ્ય નામનો બ્રાહ્મણ ચન્દ્રગુપ્ત મૌર્યને રાજગાદી ઉપર સ્થાપન કરશે. એ મૌર્યવંશનો પહેલો રાજા થશે. એનો પુત્ર વારિસાર (બિમ્બિસાર) અને તેનો પુત્ર અશોકવર્ધન થશે ।।૧૩।।

એ અશોકવર્ધનનો પુત્ર સુયશા થશે. એ સુયશાનો પુત્ર સંગત અને તેનો પુત્ર શાલિશૂક થશે. શાલિશૂકનો પુત્ર સોમશર્મા થશે ।।૧૪।।

સોમશર્માનો પુત્ર શતધન્વા અને શતધન્વાનો પુત્ર બૃહદ્રથ થશે. હે કુરુવંશ વિભૂષણ પરીક્ષિત! એ દશ રાજાઓ મૌર્યવંશમાં થશે. એ દશ રાજાઓ એકસો સાડત્રીસ વર્ષ પૃથ્વીનું રાજ્ય કરશે ।।૧૫।।

પુષ્પમિત્ર શૃંગ એ બૃહદ્રથનો સેનાપતિ થશે. તે પોતાના સ્વામીને મારી નાખીને સ્વયં રાજા બની બેસશે. પુષ્પમિત્રનો પુત્ર અગ્નિમિત્ર અને તેનો પુત્ર સુજ્યેષ્ઠ થશે ।।૧૬।।

સુજ્યેષ્ઠનો પુત્ર વસુમિત્ર, એનો પુત્ર ભદ્રક, ભદ્રકનો પુલિન્દ, એનો પુત્ર ઘોષ અને ઘોષનો પુત્ર વજ્રમિત્ર થશે ।।૧૭।।

એનો પુત્ર ભાગવત્ અને ભાગવત્‌નો પુત્ર દેવભૂતિ થશે. હે નૃપ! શૃંગવંશના એ દસ રાજાઓ એકસો બાર વર્ષ સુધી પૃથ્વીને ભોગવશે ।।૧૮।।

હે પરીક્ષિત! શૃંગવંશી નર પતિઓનો રાજ્યકાલ સમાપ્ત થતાં આ પૃથ્વી કણ્વવંશી નરપતિઓના હાથમાં ચાલી જશે. કણ્વવંશી રાજાઓ તેમના પહેલાંના રાજાઓ કરતાં ઓછા ગુણવાળા થશે. શૃંગવંશનો છેલ્લો રાજા દેવભૂતિ બહુ જ કામી થશે. તેને તેનો મન્ત્રી કણ્વવંશી વસુદેવ મારી નાખશે અને પોતાના બુદ્ધિ બલથી પોતે રાજ્ય કરશે. વસુદેવનો પુત્ર ભૂમિત્ર, ભૂમિત્રનો નારાયણ અને તેનો પુત્ર સુશર્મા થશે. સુશર્મા બહુ જ યશસ્વી થશે ।।૧૯-૨૦।।

કણ્વવંશના આ ચાર રાજાઓ કણ્વાયન નામે ઓળખાશે અને કલિયુગમાં ત્રણસો પીસ્તાળીશ વર્ષ સુધી તેઓ પૃથ્વીને ભોગવશે ।।૨૧।।

કણ્વવંશી સુશર્માનો એક બલી નામનો શૂદ્ર સેવક થશે. તે અન્ધ્ર જાતનો અને મહાદુષ્ટ થશે. તે શુશર્માને મારી નાખી કેટલોક સમય પોતે પૃથ્વી ઉપર રાજ્ય કરશે ।।૨૨।।

ત્યાર પછી તેનો ભાઈ કૃષ્ણ રાજા થશે. કૃષ્ણનો પુત્ર શ્રીશાન્તકર્ણ અને તેનો પુત્ર પૌર્ણમાસ થશે ।।૨૩।।

પૌર્ષમાસનો લમ્બોદર અને લમ્બોદરનો પુત્ર ચિબિલક થશે. ચિબિલકનો મેઘસ્વાતિ, તેનો અટમાન, અટમાનનો અનિષ્ટકર્મા, તેનો હાલેય, હાલેયનો તલક, તલકનો પુરીષભીરુ અને તેનો પુત્ર સુનન્દન થશે ।।૨૪-૨૫।।

હે પરીક્ષિત! સુનન્દનનો પુત્ર ચકોર થશે. ચકોરને આઠ પુત્રો થશે જે બધા ‘બહુ’ કહેવાશે. એમાં સૌથી નાનાનું નામ શિવસ્વાતિ હશે. તે બહુ બહાદુર થશે અને શત્રુઓનું દમન કરશે. શિવસ્વાતિનો ગોમતીપુત્ર અને તેનો પુત્ર પુરીમાન થશે ।।૨૬।।

એનો પુત્ર મેદાશિરા, એનો પુત્ર શિવસ્કન્દ, એનો યજ્ઞશ્રી, યજ્ઞશ્રીનો વિજય અને વિજયનો પુત્ર ચન્દ્રવિજ્ઞ થશે ।।૨૭।।

ચન્દ્રવિજ્ઞનો પુત્ર લોમધિ બહુ જ પ્રસિદ્ધ થશે. હે કુરુનન્દન! આ ત્રીસ રાજાઓ ચારસો છપ્પન વર્ષ પૃથ્વીનું રાજ્ય ભોગવશે ।।૨૮।।

હે પરીક્ષિત! ત્યાર પછી અવભૂતિ નામની નગરીના સાત અહીર જાતના, દસ ગર્દભી નામના અને સોળ કંગ જાતિના રાજાઓ પૃથ્વીનું રાજ્ય કરશે. આ બધાય

ખૂબ લોભી હશે ।।૨૯।।

ત્યાર પછી આઠ યવન અને ચૌદ તુર્કો રાજ્ય કરશે. ત્યાર પછી દક્ષ ગુરુંડ અને અગિયાર મૌન રાજાઓ થશે ।।૩૦।।

મૌન રાજાઓ સિવાયના આ બધા એક હજાર નવાણું વર્ષો સુધી પૃથ્વીનો ઉપભોગ કરશે અને અગિયાર મૌન રાજાઓ પૃથ્વીનું શાસન ત્રણસો વર્ષ સુધી કરશે. જ્યારે તેમનો રાજ્યકાલ સમાપ્ત થશે ત્યારે કિલકિલા નામની નગરીમાં ભૂતનન્દ નામનો રાજા થશે. ભૂતનન્દનો વંગિરિ, વંગિરિનો ભાઈ શિશુનન્દિ રાજા થશે. એનો યશોનન્દિ અને તેના પછી પ્રવીરક રાજા થશે. એ બધા રાજાઓ એકસો છ વર્ષ સુધી રાજ્ય કરશે ।।૩૧-૩૩।।

એ નન્દાદિના તેર પુત્ર બાહ્લિક કહેવાશે. એ પછી એક પુષ્પમિત્ર નામનો રાજા થશે. તેનો પુત્ર દુર્મિત્ર થશે ।।૩૪।।

સાત આન્ધ્ર, સાત કૌસલ, વિદૂર અને નિષધ તે-તે દેશના નામથી પ્રખ્યાત રાજાઓ એક જ વખતે જુદા-જુદા ખંડના રાજાઓ થશે. તે બાહ્લિક તેર રાજાઓના જ વંશ જ થશે ।।૩૫।।

મગધ દેશના માગધ રાજાના વંશમાં વિશ્વસ્ફૂર્જિ નામનો રાજા થશે. પ્રતાપમાં શ્રેષ્ઠ હોવાથી તે આગળ આવી ગયેલા પુરુઞ્જયથી જુદો બીજો પુરુઞ્જય કહેવાશે. એ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વર્ણોને દૂર કરીને પુલિન્દ, યદુ અને મદ્રક નામના નવા વર્ણો કરશે ।।૩૬।।

એ બ્રાહ્મણ વગેરે વર્ણોને નષ્ટ કરી પ્રજાને શૂદ્ર જેવી બનાવી દેશે. એ પરાક્રમવાળો થશે અને ક્ષત્રિયોનો નાશ કરી પદ્માવતી નામની નગરીમાં રહી ગંગાદ્વારથી લઈને પ્રયાગ સુધીના દેશનું પાલન કરશે ।।૩૭।।

જેમ-જેમ ઘોર કલિયુગ આવતો જશે તેમ-તેમ સૌરાષ્ટ્ર, અવન્તીદેશ માલવદેશ, શૂરસેન દેશ, આબુ પર્વતની આસપાસના દેશોમાં રહેતા બ્રાહ્મણો સંસ્કાર વગરના વ્રાત્યો થશે અને ત્યાંના રાજાઓ શૂદ્રપ્રાય થઈ જશે ।।૩૮।।

સિન્ધુ નદીના કિનારાનો દેશ ચન્દ્રભાગાનો તટવર્તી પ્રદેશ, કુન્તી નામનો દેશ અને કાશ્મીર દેશને બ્રહ્મતેજથી રહિત શૂદ્ર, વ્રાત્ય અને મ્લેચ્છો ભોગવશે ।।૩૯।।

એ બધા જ રાજાઓ આચાર વિચારમાં મ્લેચ્છો જેવા હશે. તેઓ બધા એકી સાથે જુદા-જુદા પ્રદેશોમાં રાજ્ય કરશે. તે બધા જ જુઠા, અધાર્મિક, પ્રજાનું શોષણ

કરનારા અને થોડું આપનારા થશે. તેઓ નાની-નાની વાતોમાં પણ ગુસ્સે થઈ જનારા હશે ।।૪૦।।

તે દુષ્ટ લોકો સ્ત્રી, બાળકો, ગાયો અને બ્રાહ્મણોને મારતાં પણ અચકાશે નહિ. બીજાની સ્ત્રી અને ધન પડાવી લેવા સદા તત્પર રહેશે. તેમને વધતાં કે ઘટતાં સમય લાગશે નહિ. તેઓ ક્ષણમાં રુષ્ટ અને ક્ષણમાં તુષ્ટ થશે. તેમની શક્તિ અને ઉંમર ઓછી હશે ।।૪૧।।

તેમનામાં પરમ્પરાગત સંસ્કાર નહિ હોય. તેઓ પોતાના કર્તવ્ય કર્મનું પાલન નહિ કરે. રજોગુણ અને તમોગુણથી તેઓ અન્ધ બની જશે. રાજાના વેષમાં તેઓ મલેચ્છ જ હશે. તેઓ લૂટફાટ કરી પોતાની પ્રજાનું લોહી ચૂસશે ।।૪૨।।

**તન્નાથાસ્તે જનપદાસ્તચ્છીલાચારવાદિનઃ ।।**
**અન્યોન્યતો રાજભિશ્ચ ક્ષયં યાસ્યન્તિ પીડિતાઃ ।।૪૩।।**

જ્યારે તેવા લોકોનું શાસન થશે ત્યારે દેશની પ્રજામાં પણ એવા જ સ્વભાવ, આચરણ અને ભાષણની વૃદ્ધિ થઈ જશે. રાજાઓ તો તેમનું શોષણ કરશે જ, તેઓ એકબીજાને પણ ત્રાસ આપશે અને છેવટે બધા જ નષ્ટ થઈ જશે ।।૪૩।।

**ઈતિ શ્રીભાગવત્ દ્વાદશસ્કન્ધમાં (પ્રથમ લોકાશ્રય પ્રકરણનો પહેલો અધ્યાય તથા ચાલુ) ''માગધ રાજાઓનો વંશ'' નામનો પહેલો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ભાગવત ભણીને શું કીધું?**
ઓ ભાઈ રે! તેં ભાગવત ભણીને શું કીધું! મારે જંતુ અહિ(નાગ=કથાકાર) મણિ(=ભાગવત) અજવાળે, તેમ તેં ઉદર પોષી લીધું!'' **(દયારામ)**

## અધ્યાય ૨

# ભગવાન્ કલ્કિ અવતાર ધરીને અધર્મીઓનો નાશ કરશે

**તતશ્ચાનુદિનં ધર્મઃ સત્યં શૌચં દયા ક્ષમા।**
**કાલેન બલિના રાજન્ નંક્ષ્યત્યાયુર્બલં સ્મૃતિઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા** : હે રાજા! સમય બહુ બળવાન છે. જેમ-જેમ ઘોર કલિયુગ આવતો હશે તેમ-તેમ ઉત્તરોત્તર ધર્મ, સત્ય, પવિત્રતા, ક્ષમા, દયા, આયુષ્ય, બલ અને સ્મરણ શક્તિનો લોપ થતો જશે ।।૧।।

કલિયુગમાં પૈસાવડે જ કુળનો ઉત્કર્ષ અને આચારનો ઉત્કર્ષ ગણાશે. ઉત્તમકુળ અને ઉત્તમ આચરણવાળા પાસે ધન નહિ હોય તો એને કોઈ ઉત્તમ ગણશે નહિ. તેમજ ધર્મ ન્યાયની વ્યવસ્થામાં બળ જ શ્રેષ્ઠ ગણાશે. જેને પીઠ બળ નહિ હોય તેનો ધર્મમાં તેમજ ન્યાયાલયમાં પરાજય થશે ।।૨।।

વિવાહ સમ્બન્ધને માટે કુલ, શીલ, યોગ્યતા વગેરેની ઓળખાણ જેવું કંઈ રહેશે જ નહિ. માત્ર યુવક-યુવતીની પરસ્પર રુચિથી જ સમ્બન્ધ થઈ જશે. વ્યવહારની નિપુણતા સચ્ચાઈ અને ઈમાનદારી માં નહિ રહે. જે જેટલું વધારે છલ-કપટ કરી શકશે તે તેટલો જ વ્યવહાર કુશળ ગણાશે. સ્ત્રી અને પુરુષ ની ઉત્તમતાનો આધાર શીલ-સંયમ ન રહેતાં માત્ર રતિકૌશલ જ રહેશે. બ્રાહ્મણની ઓળખ તેના ગુણ સ્વભાવથી નહિ પરન્તુ યજ્ઞોપવીતથી જ થશે ।।૩।।

વસ્ત્ર, દંડ, કમંડલુ વગેરેથી જ બ્રહ્મચારી, સન્ન્યાસી વગેરે આશ્રમીઓની ઓળખાણ થશે અને એક બીજાના ચિહ્ન સ્વીકારી લેવાં એ જ એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં પ્રવેશ કરવાનું સ્વરૂપ રહેશે. જે લાંચ રુશવત આપવામાં કે ધન ખર્ચવામાં પાછો પડશે તેને અદાલતોમાં બરાબર ન્યાય નહિ મળી શકે. બોલવા ચાલવામાં જે જેટલો વધારે ચાલાક હશે તે તેટલો જ મોટો પંડિત મનાશે ।।૪।।

દરિદ્ર જ નીચ ગણાશે. જે જેટલો વધારે દમ્ભ અને પાખંડ કરી શકશે તે તેટલો જ મોટો સાધુ ગણાશે. વિવાહ-લગ્નને માટે એક બીજાની સમ્મતિ જ પૂરતી ગણાશે, શાસ્ત્રીય વિધિ વિધાન, સંસ્કાર આદિની કોઈ જરૂર જણાશે નહિ. સાબુ વગેરેથી દેહનો મેલ દૂર કરવો એને જ સ્નાન કહેવામાં આવશે, તીર્થાદિમાં નાહવું એ સ્નાન નહિ કહેવાય ।।૫।।

લોકો દૂરનાં જળાશયને તીર્થ માનશે અને ઘર આંગણાનાં તીર્થ-ગંગાજી, ગોમતીજી, માતા, પિતા વગેરેની ઉપેક્ષા કરશે. માથા ઉપર મોટા વાળ રાખવા એ જ શારીરિક સૌન્દર્યનું ચિહ્ન ગણાશે કારણ કે ઘરેણાં તો રહેશે નહિ. પોતાનું પેટ ભરવું એ જ જીવનનો સૌથી મોટો પુરુષાર્થ હશે. જે જેટલી અકડાઈથી વાત કરી શકશે તે તેટલો જ સત્યવાદી ગણાશે. સાચું બોલનારને કોઈ સત્ય વક્તા કહેશે નહિ ।।૬।।

કુટુમ્બને પોષશે તે જ ડાહ્યો ગણાશે. યશને માટે લોકો ધર્મ કરશે ।।૭।।

એવી દુષ્ટ પ્રજાથી આ પૃથ્વી વ્યાપ્ત થઈ જશે ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર માંથી જે બળવાળો થશે તે જ રાજા બની બેસશે ।।૮।।

રાજાઓ લોભિયા, નિર્દય અને ચોર થશે. એ પ્રજાનાં દ્રવ્ય અને સ્ત્રીઓને ઉઠાવી જશે ત્યારે એ પ્રજાઓ પર્વત અને વનોમાં ભાગી જશે. શાક, મૂલ, માંસ, મધ, ફલ, પુષ્પ, બીજ, ગોટલી વગેરેનો આહાર કરી લોકો જીવન નિર્વાહ કરશે ।।૯।।

ક્યારેક દુકાળ પડશે તો ક્યારેક રાજ્યના ભારે કરવેરા આવશે, ક્યારેક અસહ્ય ઠંડી પડશે તો ક્યારેક વળી હિમ પડશે, ક્યારેક આંધી તોફાનો થશે, ક્યારેક સખત ગરમી પડશે અને ક્યારેક નદીઓમાં ઘોડા પુર આવશે. આ ઉત્પાદો અને આપસના સંઘર્ષથી પ્રજા બચાવો! બચાવો! (ત્રાહિ, ત્રાહિ) એવા પોકારો કરતી નષ્ટ થઈ જશે ।।૧૦।।

લોકો ભૂખ, તરસ અને અનેક પ્રકારની ચિન્તાઓથી ઘેરાઈ જશે. રોગોથી તો એમનો છુટકારો જ નહિ થાય. મનુષ્યોનું કલિયુગમાં આયુષ્ય વધારેમાં વધારે વીસથી ત્રીસ વર્ષનું રહેશે ।।૧૧।।

હે પરીક્ષિત! કલિકાલના દોષોને લીધે પ્રાણીઓનાં અને મનુષ્યોનાં શરીર ઠીંગણાં, ક્ષીણ અને રોગોનાં ઘર થવા માંડશે. વર્ણો અને આશ્રમોના ધર્મો બતાવનાર વેદમાર્ગ નષ્ટ પ્રાય થઈ જશે ।।૧૨।।

ધર્મમાં પાખંડની પ્રધાનતા થઈ જશે. રાજાઓ ડાકુ લૂંટારા જેવા થઈ જશે. મનુષ્યો ચોરી, જૂઠ અને નિરપરાધ હિંસા વગેરે અનેક પ્રકારનાં કુકર્મોથી પેટ ભરતા થઈ જશે ।।૧૩।।

ચારેય વર્ણના લોકો શૂદ્ર જેવા થઈ જશે. ગાયો બકરી જેવડી નાની-નાની તથા ઓછું દૂધ આપનારી થઈ જશે. વાનપ્રસ્થી અને સન્ન્યાસી વગેરે વિરક્ત આશ્રમવાળા પણ ઘરગૃહસ્થીનો જમેલો જમાવી ગૃહસ્થોના જેવો વ્યવહાર કરવા લાગશે. જેમની સાથે વિવાહનો સમ્બન્ધ છે (સાસુ, સસરા, સાળા, સાળી) તેમને જ સાચાં સગાં માનવામાં આવશે ।।૧૪।।

ધાન્ય, જવ, ઘઉં વગેરે અનાજનાં ડૂંડાં નાનાં-નાનાં થઈ જશે. વૃક્ષોમાં અધિકાંશ ખીજડાના જેવાં નાનાં અને કાંટાળાં વૃક્ષો જ રહી જશે. વાદળોમાં વીજળી

તો બહુ ચમકશે પરન્તુ વરસાદ ઓછો થશે. ગૃહસ્થોનાં ઘર અતિથિ સત્કાર યા વેદધ્વનિ વિહોણાં થઈ જવાથી અથવા જનસંખ્યા ઘટી જવાથી સૂનાં-સૂનાં થઈ જશે ।।૧૫।।

હે પરીક્ષિત! વધારે શું કહું? અતિથિ સત્કાર વિહોણો, ખળ ધર્મવાળો અને દુઃસહ ચેષ્ટાવાળો કલિયુગ આવશે. લોકો પ્રાયઃ ગૃહસ્થીનો ભાર વેંઢારનારા અને વિષયી થઈ જશે. આ સ્થિતિમાં ધર્મની રક્ષા કરવામાટે સત્ત્વગુણનો સ્વીકાર કરી સ્વયં ભગવાન્ અવતાર લેશે ।।૧૬।।

હે પ્રિય પરીક્ષિત! સર્વ વ્યાપક ભગવાન્ વિષ્ણુ સર્વ શક્તિમાન છે. તે સર્વ સ્વરૂપ હોવા છતાં ચરાચર જગતના સાચા શિક્ષક-સદ્ગુરુ છે. તે સજ્જન પુરુષોના ધર્મની રક્ષામાટે તેમનાં કર્મના બન્ધન કાપી નાખી તેમને જન્મમરણના ચક્કરમાંથી છોડાવવામાટે અવતાર ગ્રહણ કરે છે ।।૧૭।।

તે દિવસોમાં શમ્ભલ નામના ગામમાં વિષ્ણુયશ નામના એક શ્રેષ્ઠ બ્રાહ્મણ થશે. તેમનું હૃદય ઘણું ઉદાર અને ભગવદ્ ભક્તિથી પૂર્ણ હશે. તેમને જ ઘેર કલ્કિ ભગવાન્ અવતાર ગ્રહણ કરશે ।।૧૮।।

શ્રીભગવાન્ જ અષ્ટસિદ્ધિઓ તથા સમસ્ત સદ્ગુણોના એક માત્ર આશ્રય છે. સમસ્ત ચરાચર જગતના તે જ રક્ષક અને સ્વામી છે. આપ દેવદત્ત નામના પવનવેગી ઘોડા ઉપર સવાર થઈ દુષ્ટોને તલવારથી મારી નાખશે ।।૧૯।।

આપનાં રોમે રોમમાંથી અતુલનીય તેજનાં કિરણો નીકળતાં હશે. આપ પોતાના શીઘ્રગામી ઘોડા ઉપર સવાર થઈ પૃથ્વી ઉપર સર્વત્ર વિચરણ કરશે અને રાજાના વેશમાં છુપાયેલા કરોડો ડાકુઓનો સંહાર કરશે ।।૨૦।।

હે રાજન્! જ્યારે બધા ડાકુઓનો સંહાર થઈ જશે ત્યારે નગરોની તથા દેશની સમસ્ત પ્રજાનું હૃદય પવિત્રતા પૂર્ણ થઈ જશે કારણ કે ભગવાન્ કલ્કિના શરીરમાં લાગેલ અંગરાગના સ્પર્શથી અત્યન્ત પવિત્ર થઈ ગયેલ વાયુ તેમનો સ્પર્શ કરશે અને આ પ્રમાણે તે ભગવાન્ના શ્રીવિગ્રહની દિવ્ય સુગન્ધ પ્રાપ્ત કરી શકશે ।।૨૧।।

તેમનાં પવિત્ર હૃદયોમાં સત્ત્વમૂર્તિ ભગવાન્ વાસુદેવ બિરાજમાન થશે અને પછી તેમનાં સન્તાન પહેલાંની જેમ હૃષ્ટ-પુષ્ટ અને બળવાન થવા લાગશે ।।૨૨।।

પ્રજાના નયનમનોહારી હરિ ભગવાન્ જ ધર્મના રક્ષક અને સ્વામી છે. તે જ ભગવાન્ જ્યારે કલ્કિના રૂપે અવતાર ગ્રહણ કરશે તે જ વખતે સત્યયુગનો પ્રારમ્ભ

થઈ જશે અને સન્તાનની પરમ્પરા સ્વયં જ સત્ત્વગુણયુક્ત થઈ જશે ।।૨૩।।

જે વખતે ચન્દ્રમા, સૂર્ય અને બૃહસ્પતિ એક જ સમયે એકી સાથે પુષ્ય નક્ષત્રના પ્રથમ પલમાં પ્રવેશ કરે છે, એક રાશિમાં આવે છે તે જ વખતે સત્યયુગનો પ્રારમ્ભ થાય છે ।।૨૪।।

હે પરીક્ષિત! ચન્દ્રવંશમાં અને સૂર્યવંશમાં જેટલા રાજાઓ થઈ ગયા છે અને થશે તે બધાનું ક્રમપૂર્વક સંક્ષેપથી વર્ણન મેં કરી દીધું ।।૨૫।।

તમારા જન્મથી ગણતાં નન્દનો અભિષેક થયો ત્યાં સુધી એક હજાર એક સો પંદર વર્ષ થાય છે ।।૨૬।।

સપ્તર્ષિના ઉદય વખતે પ્રથમ જે બે તારાઊગે છે તે બન્નેની દક્ષિણોત્તર રેખા ઉપર વચમાં અશ્વિની વગેરે નક્ષત્રોમાંથી રાતે એક નક્ષત્ર દેખાય છે ।।૨૭।।

સપ્તર્ષિ એક-એક નક્ષત્રથી સાથે મનુષ્યનાં સો-સો વર્ષ સુધી રહે છે. તેઓ તમારા કાળમાં એટલે હાલમાં પણ મઘા નક્ષત્રમાં છે ।।૨૮।।

સ્વયં સર્વવ્યાપક સર્વશક્તિમાન ભગવાન્ જ શુદ્ધ સત્ત્વમય વિગ્રહ (શરીર) ની સાથે શ્રીકૃષ્ણના રૂપમાં પ્રકટ થયા હતા. આપે જે વખતે પોતાની લીલા સંવરણ કરી સ્વયં પરમ ધામ પધારી ગયા તે જ વખતે કલિયુગે સંસારમાં પ્રવેશ કર્યો. તેથી જ લોકો પાપ કર્મોમાં રુચિ વાળા થયા ।।૨૯।।

જ્યાં સુધી લક્ષ્મી પતિ ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાનાં ચરણ કમલોથી પૃથ્વીનો સ્પર્શ કરતા રહ્યા ત્યાં સુધી કલિયુગ લોકોમાં પોતાનું પરાક્રમ બતાવી શક્યો ન હતો ।।૩૦।।

હે પરીક્ષિત! જે વખતે સપ્તર્ષિ મઘા નક્ષત્ર ઉપર વિચરણ કરતા રહે છે તે જ વખતે કલિયુગનો આરમ્ભ થાય છે. કલિયુગનું આયુષ્ય દેવતાઓનાં બારસો વર્ષનું અર્થાત્ મનુષ્યોનાં ચાર લાખ બત્રીસ હજાર વર્ષનું છે ।।૩૧।।

જે વખતે સપ્તર્ષિ મઘા નક્ષત્રથી આગળ વધી પૂર્વાષાઢા નક્ષત્રમાં પહોંચી ગયા હશે તે વખતે રાજા નન્દનું રાજ્ય હશે. ત્યારથી જ કલિયુગની વૃદ્ધિ શરૂ થશે ।।૩૨।।

પુરાતત્ત્વવેત્તા ઐતિહાસિક વિદ્વાનોનું કહેવું છે કે જે દિવસે ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાના પરમ ધામ પ્રત્યે પ્રયાણ કર્યુ, તે જ દિવસે તે જ સમયે કલિયુગનો પ્રારમ્ભ થઈ ગયો ।।૩૩।।

હે પરીક્ષિત! જ્યારે દેવતાઓની વર્ષ ગણના અનુસાર એક હજાર વર્ષ વીતી

જશે, ત્યાર બાદ કલિયુગના છેલ્લા દિવસોમાં ફરીથી કલ્કિ ભગવાન્‌ની કૃપાથી મનુષ્યોના મનમાં સાત્ત્વિકતાનો સંચાર થશે લોકો પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણી શકશે અને ત્યારથી જ સત્યયુગનો પ્રારમ્ભ પણ થશે ।।૩૪।।

હે પરીક્ષિત! મેં તમને વૈવસ્ત મનુ (ક્ષત્રિય) નો રાજવંશ સંક્ષેપમાં કહી સંભળાવ્યો. (તે વંશમાં વૈવસ્વત મનુ ઉત્તમ, ઈક્ષ્વાકુ વગેરે મધ્યમ અને પુરૂરવા વગેરે અધમ એવી જેમ અવસ્થાઓ છે). તેવી જ રીતે પ્રત્યેક યુગમાં બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્રોની પણ વંશ પરમ્પરા સમજી લેવી. (આ શ્લોકમાં **'તાસ્તાઃ'** 'તે-તે' ને સ્થાને **'વંશાઃ'** 'વંશો' એવો પણ પાઠ છે) ।।૩૫।।

હે રાજન્! જે પુરુષો અને મહાત્માઓનું વર્ણન મેં તમારી પાસે કર્યું છે તેમની ઓળખાણ અત્યારે તેમના નામ માત્રથી જ થાય છે. અત્યારે તેઓ હયાત નથી. ઉદાર કીર્તિવાળા તેમનો માત્ર ઈતિહાસ જ સચવાયો છે. અત્યારે તેમની કીર્તિ જ પૃથ્વી ઉપર જ્યાં-ત્યાં સાંભળવા મળે છે ।।૩૬।।

ભીષ્મ પિતામહના પિતા (ચન્દ્રવંશી) શન્તનું રાજાનો ભાઈ દેવાપિ તથા (સૂર્યવંશી) ઈક્ષ્વાકુ વંશનો રાજા મરું એ બન્ને અત્યારે કલાપ નામના ગામમાં યોગના બળથી રહેલા છે ।।૩૭।।

કલિયુગના અન્તમાં એને કલ્કિરૂપ ધારી વાસુદેવ ભગવાન્ આજ્ઞા કરશે તેથી એ અહીં આવી વર્ણાશ્રમ ધર્મની પુનઃસ્થાપનાં કરશે અને એનો વિસ્તાર કરશે ।।૩૮।।

સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એ ચાર યુગ અનુક્રમે પૃથ્વી ઉપરના પ્રાણીઓમાં પ્રવર્ત્યા કરે છે ।।૩૯।।

હે રાજન્! મેં તમને કહેલા રાજાઓ તથા નહિ કહેલા બીજાઓ ''આ પૃથ્વી મારી છે, આ પૃથ્વી મારી છે'' એમ કરતાં-કરતાં અન્તે પોતે તો પૃથ્વી (ધૂળ)માં મળી ગયા અને પૃથ્વી તો અહીં ને અહીં જ રહી ।।૪૦।।

આ શરીરને કોઈ રાજા કહી ભલે રાજી થાય; પરન્તુ અન્તે તો એ ક્રીડા, વિષ્ટા કે રાખના રૂપમાં જ પરિણત થઈ જવાનું છે. (મૃતદેહનો અગ્નિ સંસ્કાર કરતાં રાખ થાય, તેને દાટી દેતાં તેમાં ક્રીડા પડે અને તેને જલમાં ફેંકી દેવામાં આવે તો જલચર ખાઈ જતાં તેની વિષ્ટા થઈ જાય) તે જ શરીરમાટે અથવા તેના સમ્બન્ધીઓને માટે જે મનુષ્ય કોઈ પણ પ્રાણીને સતાવે છે, તે પોતાનો સ્વાર્થ કે પરમાર્થ જાણતો નથી, કારણ કે પ્રાણીઓની સતામણી કરવી એ તો નરકનું દ્વાર છે ।।૪૧।।

જે લોકો એમ જ વિચાર કર્યા કરે છે કે મારા દાદા-પરદાદા આ અખંડ ભૂમંડલ ઉપર રાજ કરતા હતા, હવે તે મારે અધીન રહે અને મારા પછી મારા પુત્રો, પૌત્રો અને મારા વંશજો જ તેનો ઉપભોગ કેવી રીતે કરે, તે મૂરખાઓ અગ્નિ, જળ અને માટી ના આ શરીરને પોતાનો આત્મા માની બેસે છે અને અભિમાનપૂર્વક પૃથ્વીમાં મમતા રાખે છે અન્તે તેઓ શરીર અને પૃથ્વી બન્નેને છોડી પોતે જ ચાલ્યા જાય છે ।।૪૨-૪૩।।

**યે-યે ભૂપતયો રાજન્ ભુઞ્જન્તિ ભુવમોજસા ।।**
**કાલેન તે કૃતાઃ સર્વે કથામાત્રાઃ કથાસુ ચ ।।૪૪।।**

હે પ્રિય પરીક્ષિત! જે-જે રાજાઓ ભારે ઉત્સાહ અને બલ-પૌરુષપૂર્વક આ પૃથ્વીના ઉપભોગમાં લાગી રહ્યા તે બધાનો વિકરાલ કાલ કોળિયો કરી ગયો. અત્યારે માત્ર ઈતિહાસમાં તેમની વાર્તા જ રહી ગઈ છે. (આમ તેઓ આ લોક અને પરલોક બન્નેના ફલથી ભ્રષ્ટ થયા, માટે અનાસક્તિપૂર્વક શ્રીકૃષ્ણની ભક્તિ કરવી એ જ ફલિતાર્થ થયો) ।।૪૪।।

**ઈતિ શ્રીભાગવત દ્વાદશસ્કન્ધમાં (પ્રથમ લોકાશ્રય પ્રકરણનો બીજો અધ્યાય તથા ચાલુ) ''ભગવાન્ કલ્કિ અવતાર ધરીને અધર્મીઓનો નાશ કરશે'' નામનો બીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**બ્રહ્મસમ્બન્ધ લેનારાઓ! સાવધના!!!**

સમર્પિત જીવન જીવવાની દીક્ષા લીધા બાદ અસમર્પિત ખાન-પાન વગેરેનો ત્યાગ ન કરનારનું બ્રહ્મસંબંધ ફોક થઈ જાય છે (સિદ્ધાંતરહસ્ય) અને તે 'અસિપત્ર' નામના નરકમાં જાય છે. **(શ્રીહરિરાયચરણ)**

## અધ્યાય૩

## ભગવાન્નું કીર્તન કલિદોષ નિવૃત્તિનો એકજ ઉપાય છે

## પ્રકરણ ૨-વેદાશ્રય

**વિશેષ** : કલિના દોષની નિવૃત્તિના ઉપાયોમાં સન્દેહ થાય તો એનેમાટે ચોક્કસ ઉપાય એ જ છે કે ભગવાન્નું સારી રીતે કીર્તન કરવાથી બધા કલિદોષ નિવૃત્ત થાય છે એ વાત આ ત્રીજા

અધ્યાયમાં કહેવામાં આવે છે.

**દૃષ્ટ્વાઽઽત્મનિ જયે વ્યગ્રાન્ નૃપાન્ હસતિ ભૂરિયમ્ ।।**
**અહો મા વિજિગીષન્તિ મૃત્યોઃ ક્રીડનકા નૃપાઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** આ પૃથ્વી પોતાને માટે આકુલ-વ્યાકુલ થતા રાજાઓને જોઈને હસે છે અને કહે છે કે રાજાઓ પોતે તો મૃત્યુનાં રમકડાં છે અને મને જીતવાની ઈચ્છા કરે છે તેથી મને બહુ આશ્ચર્ય થાય છે ।।૧।।

જેના પિતા, પિતામહ વગેરે આ પૃથ્વી છોડી ચાલ્યા ગયા એ વાત તે રાજાઓ જાણે છે છતાં જલના પરપોટા જેવા આ દેહથી મને ભોગવવા ઈચ્છે છે તેઓનો કામ વૃથા છે કેમકે જેમાં એમણે વિશ્વાસ કર્યો છે તે જ તેમનો દેહ ક્યારે જશે એનો નિશ્ચય નથી તો એ ભોગને લાયક કેમ ગણાય? ।।૨।।

તેઓ વિચાર કરે છે કે,"પહેલાં અમે મન સહિત પાંચે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવીશું અંદરના શત્રુઓને પહેલાં જીતી લઈશું કારણ કે તેમને જીત્યા વિના બહારના શત્રુઓને જીતવા કઠિન છે. ત્યાર પછી અમારા દુશ્મનના મન્ત્રીઓ, અમાત્યો, નાગરિકો, નેતાઓ અને સમસ્ત સેનાને પણ વશ કરી લઈશું. જે કોઈ અમારા વિજયમાર્ગમાં કાંટારૂપ હશે તેને અમે ચોક્કસ ઉખેડીને ફેંકી દઈશું-જીતી લઈશું ।।૩।।

આ પ્રમાણે ધીરે-ધીરે ક્રમથી આખી પૃથ્વી અમને અધીન થઈ જશે અને પછી તો સમુદ્ર જ અમારા રાજ્યની ખાઈનું કામ કરશે". આ પ્રમાણે તેઓ પોતાના મનમાં અનેક આશાઓ બાંધી લે છે પણ તેમને એ વાત તો બિલકુલ તો સૂઝતી જ નથી કે તેમને માથે કાલ ભમી રહ્યો છે ।।૪।।

એટલું જ નહિ જ્યારે એક દ્વીપ તેની સત્તા નીચે આવી જાય છે ત્યારે તે બીજા દ્વીપ ઉપર વિજય પ્રાપ્ત કરવામાટે ભારે શક્તિ અને ઉત્સાહ સાથે સમુદ્રયાત્રા કરે છે. ઈન્દ્રિયો સહિત મનને વશ કરી લોકો મુક્તિ પ્રાપ્ત કરે છે પણ આ લોકો તેમને વશ કરીને પણ જમીનનો નાનકડો ટુકડો જ મેળવે છે. આટલા પરિશ્રમ અને ઈન્દ્રિયસંયમનું આ કેટલું તુચ્છ ફલ છે? ।।૫।।

હે પરીક્ષિત! પૃથ્વી કહે છે કે મોટા-મોટા મનુઓ અને તેમના વીર પુત્રો મને જેમની તેમ અકબંધ છોડી દઈ જ્યાંથી આવ્યા હતા ત્યાં જ ખાલી હાથે પાછા ગયા, મને પોતાની સાથે લઈ જઈ ન શક્યા. હવે આ મૂર્ખ રાજાઓ યુદ્ધમાં જીતી

મને વશ કરવા માગે છે! ।।૬।।

જે દુષ્ટ રાજાઓ મારામાં મમતા બાંધે છે તેમને મારેમાટે પિતા, પુત્ર કે ભાઈઓ સાથે પણ ક્લેશ (લડાઈ) થાય છે ।।૭।।

''હે મૂઢ! આ સમગ્ર પૃથ્વી મારી છે તારું આમાં કાંઈ નથી'' એમ એક બીજાની સ્પર્ધા કરતાં તેઓ મારેમાટે એક બીજાને મારીને તે રાજાઓ પોતે પણ મરે છે ।।૮।।

પૃથુ, પુરૂરવા, ગાધિ, નહુષ, ભરત, કાર્તવીર્ય, સહસ્રબાહુ, અર્જુન, માન્ધાતા, સગર, રામ, ખટ્વાંગ, ધુન્ધુમાર, રઘુ, તૃણબિન્દુ, યયાતિ, શર્યાતિ, શન્તનુ, ગય, ભગીરથ, કુવલયાશ્વ, કકુત્સ્થ, નલ, નૃગ, હિરણ્યકશિપુ, વૃત્ર, લોકોને રડાવનાર રાવણ, નમુચિ, શમ્બર, ભૌમાસુર, હિરણ્યાક્ષ, તારકાસુર તથા બીજા ઘણા દૈત્યો અને શક્તિશાળી રાજાઓ થઈ ગયા. આ બધા લોકો બધું સમજતા હતા, શૂરવીર હતા, બધાએ દિગ્વિજયમાં બીજાઓને હરાવી દીધા પણ બીજા લોકો તેમને જીતી ન શક્યા, છતાં તે બધાય કાળનો કોળિયો બની મૃત્યુને શરણ થયા. હે રાજા! તેમણે પોતાના પૂરા અન્તઃકરણથી મારામાં ઘણી મમતા બાંધી અને સમજ્યા કે ''આ પૃથ્વી મારી છે''. પરન્તુ વિકરાલ કાલે તેમની લાલસા પૂરી ન થવા દીધી. અત્યારે તેમના બલ-પરાક્રમ અને શરીર વગેરેનો કંઈ પત્તો જ નથી. માત્ર તેમનો ઈતિહાસ લોકોમાં સચવાયો છે ।।૯-૧૩।।

હે પરીક્ષિત! આ પૃથ્વી ઉપર મોટા-મોટા પ્રતાપી અને મહાન પુરુષો થઈ ગયા છે. લોકોમાં પોતાના યશનો વિસ્તાર કરી તેઓ અહીંથી કાયમને માટે ચાલ્યા ગયા. તમને વિષયોની અસારતાનું જ્ઞાન અને વૈરાગ્ય થાય તેમાટે જ તેમની કથાઓ શ્રવણ કરાવી છે. એ બધો વાણીનો વિલાસ છે. તેમાં પારમાર્થિક સત્ય કંઈ નથી. (તેથી તેમની કથાઓ સાંભળવાનો આગ્રહ ન રાખવો) ।।૧૪।।

(તો પછી પારમાર્થિક સત્ય શું અને કઈ કથાઓ સાંભળવાનો આગ્રહ રાખવો જોઈએ? તેનો ઉત્તર આપે છે) ભગવાન્ શ્રીકૃષ્ણનો ગુણાનુવાદ સમસ્ત અમંગલોનો નાશ કરી દેનારો છે, મોટા-મોટા મહાત્માઓ તેનું જ ગાન કરતા રહે છે, ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણોમાં અનન્ય પ્રેમમયી ભક્તિની લાલસા જેને હોય તેણે નિત્ય નિરન્તર ભગવાન્‌ના દિવ્ય ગુણાનુવાદનું જ શ્રવણ કરતા રહેવું જોઈએ ।।૧૫।।

**રાજા પરીક્ષિતે પૂછ્યું** : હે ભગવાન્! મને તો કલિયુગ દોષોનો ભંડાર દેખાય છે. તે વખતે લોકો કયા ઉપાયથી તે દોષોનો નાશ કરશે. એ ઉપરાન્ત યુગોનું સ્વરૂપ,

તેમના ધર્મો, કલ્પની સ્થિતિ અને પ્રલયકાલની મુદ્દત તથા સર્વવ્યાપક સર્વશક્તિમાન્ ભગવાન્‌ના કાલસ્વરૂપનું પણ યથાયોગ્ય વર્ણન કરવાની આપ કૃપા કરો ।।૧૬-૧૭।।

**શ્રીશુકદેવજી બોલ્યા** : સત્યયુગમાં ધર્મનાં ચાર ચરણ હોય છે; તે ચરણ સત્ય, દયા, તપ અને દાન છે. તે સમયના લોકો પૂરી નિષ્ઠાથી પોતપોતાના ધર્મનું પાલન કરે છે. ધર્મ સ્વયં ભગવાન્‌નું સ્વરૂપ છે. (રાગ-દ્વેષ વિના અભયનું દાન કરવું એ દાનની શાસ્ત્રીય વ્યાખ્યા છે. વળી **''દ્વૈપ્ શોધને''** તેથી પ્રથમ સ્કન્ધમાં દાનને બદલે શૌચ કહેલ છે) ।।૧૮।।

સત્યયુગના લોકો અત્યન્ત સન્તોષી અને દયાળુ હોય છે. તેઓ બધાંની સાથે મિત્રતાનો વ્યવહાર કરે છે અને શાન્ત રહે છે. ઇન્દ્રિયો અને મન ઉપર તેઓ કાબૂ રાખે છે અને સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વો તેઓ સમાન ભાવથી સહન કરે છે. મોટા ભાગના લોકો તો સમદર્શી અને આત્મારામ હોય છે અને બાકીના લોકો ભગવદ્ધ્યાન, તપ વગેરેમાં તત્પર રહે છે. વિષયોમાં તત્પર રહેતા નથી ।।૧૯।।

હે રાજન્! ધર્મની જેમ અધર્મને પણ ચાર ચરણ છે અસત્ય, હિંસા, અસન્તોષ અને કલહ ત્રેતા વગેરે યુગોમાં આના પ્રભાવથી ધીમે-ધીમે ધર્મના સત્ય વગેરે ચરણોનો ચતુર્થાંશ ક્ષીણ થતો જાય છે ।।૨૦।।

હે રાજન્! તે વખતે વર્ણોમાં બ્રાહ્મણોની પ્રધાનતા અક્ષુણ્ણ-અકબંધ રહે છે. લોકોમાં હિંસા અને વિષયાસક્તિ બહુ હોતી નથી. બધા લોકો કર્મકાંડ અને તપસ્યામાં નિષ્ઠા રાખે છે અને અર્થ, ધર્મ અને કામરૂપ ત્રિવર્ગનું સેવન કરે છે. ઘણા ખરા લોકો વેદોના પારદર્શી વિદ્વાન હોય છે ।।૨૧।।

દ્વાપર યુગમાં હિંસા, અસન્તોષ, અસત્ય અને દ્વેષ અધર્મનાં આ ચરણો વધી જાય છે અને તેને લીધે ધર્મનાં ચાર ચરણ-તપ, સત્ય, દયા અને દાન-અડધા ક્ષીણ થઈ જાય છે. (અસત્યથી સત્યનો, હિંસાથી દયાનો, અસન્તોષથી તપનો અને કલહથી દાનનો ક્ષય થઈ જાય છે) ।।૨૨।।

તે સમયના લોકો બહુ યશસ્વી, કર્મકાંડી અને વેદો ના અધ્યયન અધ્યાપનમાં બહુ તત્પર હોય છે. કુટુમ્બો મોટાં હોય છે. ઘણું કરીને લોકો ધનાઢ્ય અને સુખી હોય છે. દ્વાપરયુગમાં વર્ણોમાં ક્ષત્રિય અને બ્રાહ્મણ બે વર્ણોની પ્રધાનતા હોય છે ।।૨૩।।

કલિયુગમાં તો અધર્મનાં ચારેય ચરણોનું જોર બહુ વધી જાય છે; તેને લીધે ધર્મનાં ચારેય ચરણ ક્ષીણ થવા લાગે છે અને તેમનો ચોથો ભાગજ રહે છે. અન્તમાં તો તેનો પણ લોપ થઈ જાય છે ।।૨૪।।

કલિયુગમાં લોકો લોભી, દુરાચારી અને નિર્દય (કઠોર હૃદયવાળા) હોય છે. વગર કારણે તેઓ વેર બાંધે છે. દુર્ભાગ્યવાળા તેમજ બહુ લાલસા-તૃષ્ણાવાળા હોય છે. દ્વિજની પ્રધાનતા રહેતી નથી પરન્તુ શૂદ્ર અને દાસો વગેરેનીજ પ્રધાનતા રહેછે ।।૨૫।।

(યુગોની વિષમતાનું કારણ કહે છે) બધા પ્રાણીઓમાં ત્રણ ગુણ હોય છે- સત્ત્વ, રજ અને તમ કાલની પ્રેરણાથી સમયે-સમયે શરીર, પ્રાણ અને મનમાં તેમના હ્રાસ અને વિકાસ (ઘટાડો અને વધારો) પણ થતા રહે છે ।।૨૬।।

જે વખતે મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો સત્ત્વગુણમાં સ્થિર થઈ પોતપોતાનું કામ કરવા લાગે છે તે વખતે સત્યયુગ સમજવો જોઈએ. સત્ત્વગુણની પ્રધાનતા હોય ત્યારે મનુષ્ય જ્ઞાન અને તપસ્યામાં વિશેષ રુચિ રાખે છે ।।૨૭।।

હે બુદ્ધિમાન પરીક્ષિત! જે વખતે મનુષ્યોની પ્રવૃત્તિ અને રુચિ ધર્મ, અર્થ અને લૌકિક-પારલૌકિક સુખ ભોગવવા તરફ વળે છે અને શરીર, મન અને ઈન્દ્રિયો રજોગુણમાં સ્થિર થઈ કામ કરવા લાગે છે ત્યારે સમજી લેવું કે અત્યારે ત્રેતાયુગ પોતાનું કામ કરી રહ્યો છે ।।૨૮।।

જ્યારે લોભ અસન્તોષ અભિમાન દમ્ભ મત્સર વગેરે દોષોનો વધારો થાય છે અને મનુષ્ય ભારે ઉત્સાહ અને રુચિપૂર્વક સકામ કર્મોમાં પ્રવૃત્ત થાય તે વખતે દ્વાપરયુગ સમજવો. રજસ્ અને તમો ગુણની મિશ્રિત પ્રધાનતાનું નામજ દ્વાપરયુગ છે ।।૨૯।।

જ્યારે માયા, ખોટું બોલવું, કપટ, આળસ, નિદ્રા, હિંસા, ઝેર ખાવું, દુઃખ, શોક, મોહ, રોવું, ભય અને દીનતાનીપ્રધાનતા હોય ત્યારે તેને તમોગુણપ્રધાન કલિયુગ સમજવો જોઈએ ।।૩૦।।

જ્યારે કલિયુગનું રાજ્ય હોય છે ત્યારે લોકોની દૃષ્ટિ ક્ષુદ્ર થઈ જાય છે; મોટા ભાગના લોકો મન્દબુદ્ધિવાળા, મન્દભાગ્યવાળા, બહુ ખાનારા અને ચિત્તમાં અનેક કામનાઓથી ભરેલા હોય છે. સ્ત્રીઓ સ્વૈરવિહાર કરવાવાળી, ખરાબ આચરણ વાળી, દુષ્ટ,કઠોરબોલનારી, ઉગ્રસ્વભાવવાળી અને કલહ કરનારી થાય છે ।।૩૧।।

સમસ્ત દેશમાં (ગામ-ગામમાં) લુટારાઓની પ્રધાનતા અને પ્રચુરતા થઈ જાય છે. પાખંડી લોકો પોતાના નવા-નવા મત ચલાવી મન પસંદ વેદોમાં તાત્પર્ય કાઢે છે અને વેદોને કલંકિત કરે છે. પ્રજાનું ભક્ષણ કરનાર રાજાઓ હોય છે. બ્રાહ્મણો પેટ ભરવામાં અને વિષયાસક્તિમાં ડૂબેલા રહે છે ।।૩૨।।

બ્રહ્મચારી લોકો બ્રહ્મચર્યવ્રતરહિત અને અપવિત્ર રહેવા લાગે છે. ગૃહસ્થ બીજાને ભિક્ષા આપવાને બદલે પોતે જ ભીખ માગવા લાગે છે. વાનપ્રસ્થી ગામોમાં વસવા લાગે છે અને સન્ન્યાસી ધનના અત્યન્ત લોભી થઈ જાય છે ।।૩૩।।

સ્ત્રીઓ નાજુક બાંધાવાળી, બહુ આહાર કરનારી અનેક બાળકોવાળી, નિર્લજ્જ, નિત્ય કડવું બોલનારી, ચોરી, કપટ અને સાહસ કરનારી થાય છે ।।૩૪।।

ધર્મ-અધર્મનો વિચાર નહિ કરનાર વેપારીઓ છળકપટ કરી ગ્રાહકોને છેતરે છે. પોતે ધનવાન હોય, આપત્તિ કાલ ન હોય છતાં સત્પુરુષો જેની નિન્દા કરે છે તેવો ન કરવાનો ધંધો વેપારીઓ કરે છે. (દા.ત. વ્યાજવટું, ભેળસેળ, તોલમાં વધારે લઈ લેવું અને ઓછું આપવું વગેરે) ।।૩૫।।

સર્વોત્તમ પણ માલિક દ્રવ્યરહિત બનતાં નોકર તેને છોડી દે છે. નોકર ગમે તેટલો વિશ્વાસુ અને જૂનો હોય તો પણ તે માંદો કે કાર્યમાં અશક્ત જણાતાં શેઠ તેને છૂટો કરે છે. કલિયુગમાં દૂધ આપતાં બન્ધ થતી ગાયોને છોડી દેનાર માણસો ઉત્તમ કુળમાં પણ હોય છે ।।૩૬।।

હે પરીક્ષિત! કલિયુગના મનુષ્યો બહુ જ વિષયાસક્ત થઈ જાય છે. તેઓ પોતાની કામવાસના તૃપ્ત કરવામાટે જ કોઈની સાથે પ્રેમ કરે છે. વિષયવાસનાના કીડા બની સ્ત્રીઓને વશ થાય છે અને એટલા દીન થઈ જાય છે કે માતા, પિતા, ભાઈ, મિત્ર, જ્ઞાતિ વગેરેને છોડી દઈને સાળી અને સાળાઓની જ સલાહ અને માર્ગદર્શન લે છે ।।૩૭।।

શૂદ્રો તપસ્વીઓનો વેષ લઈ પોતાનું પેટ ભરવા તથા દાન લેવા લાગે છે. જેમને ધર્મનું કંઈ પણ જ્ઞાન નથી તેઓ ઊંચા સિંહાસન ઉપર બિરાજી ધર્મનો ઉપદેશ કરવા લાગે છે ।।૩૮।।

હે રાજન્! કલિયુગની પ્રજા દુકાળ પડવાથી અત્યન્ત ભયભીત અને ચિન્તાતુર થઈ જાય છે. એક બાજુ દુકાળ અને બીજી બાજુ રાજ્યના ભારે કરવેરાથી પ્રજાના શરીરમાં માત્ર હાડપિંજર અને મનમાં માત્ર ઉદ્વેગ શેષ રહી જાય છે. પ્રાણરક્ષાને

માટે અન્ન પણ દુષ્પ્રાપ્ય (મળવું મુશ્કેલ) બને છે ।।૩૯।।

કલિયુગમાં પ્રજાને શરીર ઢાંકવામાટે કપડાં, પેટની ભૂખ મટાડવામાટે અન્ન, પીવાને માટે પાણી અને સૂવાને માટે બે હાથ જમીનની પણ મુશ્કેલી પડે છે તો પછી દામ્પત્યસુખ, સ્નાન અને આભૂષણ ની વાતજ કયાં રહી? આવા લોકોની આકૃતિ પ્રકૃતિ અને કૃતિ પિશાચોના જેવીજ થઈ જાય છે ।।૪૦।।

કલિયુગમાં લોકો એક કોડીને માટે સગા સમબન્ધી, ભાઈ, બહેન કે મિત્રો નો સ્નેહ તોડીને પણ પરસ્પર લડાઈ કરે છે, એકબીજાની હત્યા કરે છે અને પોતાના પ્રિય પ્રાણને પણ ખોઈ બેસે છે ।।૪૧।।

હે પરીક્ષિત! કલિયુગના લોકો તુચ્છ પ્રાણીઓની જેમ કેવળ કામવાસનાની તૃપ્તિ અને પેટ ભરવામાં રચ્યા-પચ્યા (જિહ્વોપસ્થ પરાયણ) રહે છે. પુત્ર પોતાના વૃદ્ધ મા-બાપની પણ રક્ષા કે પાલન-પોષણ કરતા નથી તેમની ઉપેક્ષા કરી દે છે તો માતા-પિતા પોતાના સર્વ રીતે કુશળ અને સદ્ગુણી, યોગ્ય પુત્રોની પણ પરવા નહિ કરતાં તેમને જુદા કાઢી મૂકેછે ।।૪૨।।

હે રાજન્! ભગવાન્ શ્રીકૃષ્ણ જ ચર-અચર (સ્થાવર-જંગમ) જગતના પરમ પિતા અને પરમ ગુરુ છે. ઈન્દ્ર, બ્રહ્મા વગેરે ત્રિલોકના અધિપતિઓ આપનાં ચરણકમલોમાં મસ્તક નમાવી આપને સર્વસ્વ સમર્પણ કરતા રહે છે. પરન્તુ કલિયુગના લોકોમાં એટલી બધી મૂઢતા ફેલાઈ જાય છે અને વેદવિરુદ્ધ માર્ગોથી લોકોનાં ચિત્ત એટલાં બધાં ભ્રમિત થઈ જાય છે કે પ્રાયઃ લોકો સર્વતઃ ભક્તોના રક્ષક ભગવાન્ અચ્યુતની ભક્તિ કરતાનથી ।।૪૩।।

મનુષ્ય માંદગીમાં, પડતાં, ઠેસ ખાતાં, મૃત્યુ પથારીએ કે ગમે તેવી લાચાર (પરાધીન)સ્થિતિમાં પણ જો ભગવાન્‌ના કોઈપણ એક નામનો ઉચ્ચાર કરી લે તો પણ તેનાં બધાં જ કર્મોની ભોગળો-બન્ધન છિન્ન-ભિન્ન થઈ જાય છે અને તેને વૈકુંઠલોક વગેરેની પ્રાપ્તિ થાય છે. પરન્તુ કલિયુગથી પ્રભાવિત થઈ જઈ લોકો આવા ભગવાન્‌ની આરાધનાથી પણ વિમુખ થઈ જાય છે ।।૪૪।।

હે પરીક્ષિત! કલિયુગમાં અનેક દોષ છે. બધી જ વસ્તુઓ દૂષિત થઈ જાય છે, સ્થાનોમાં પણ દોષોની પ્રધાનતા થઈ જાય છે. બધા દોષોનો મૂલ સ્ત્રોત તો અન્તઃકરણ છે જ પણ પુરુષોત્તમ ભગવાન્ હૃદયમાં બિરાજમાન થઈ જાય છે ત્યારે આપના સાન્નિધ્ય માત્રથીજ સમસ્ત દોષોનો નાશ થઈ જાય છે ।।૪૫।।

એ ભગવાન્‌નાં રૂપ, ગુણ, લીલા, ધામ અને નામ નાં કાનથી શ્રવણ, મુખથી કીર્તન, હૃદયમાં ધ્યાન, તનથી સેવા અને મનથી આદર કરનારના હૃદયમાં આપ પધારી હજારો જન્મોનાં ઢગલાબંધ પાપોના સમૂહને પણ ક્ષણ માત્રમાં ભસ્મ કરી દેછે ।।૪૬।।

જેવી રીતે સુવર્ણમાં પ્રવેશ કરી અગ્નિ તેના ધાતુ સમ્બન્ધી મલિનતા વગેરે દોષોનો નાશ કરી દે છે તેવી જ રીતે સાધકોના હૃદયમાં બિરાજી ભગવાન્ તેના અશુભ સંસ્કારોને સદાને માટે ભસ્મ કરી દે છે ।।૪૭।।

હે પરીક્ષિત! ભગવાન્ પુરુષોત્તમ હૃદયમાં બિરાજમાન થવાથી અન્તઃકરણની જેવી વાસ્તવિક શુદ્ધિ થાય છે તેવી શુદ્ધિ વિદ્યા, તપસ્યા, પ્રાણાયામ, સમસ્ત પ્રાણીઓ પ્રત્યે મિત્રભાવ, તીર્થસ્નાન, વ્રત, દાન કે જપ વગેરે કોઈપણ સાધનથી થતી નથી ।।૪૮।।

હે પરીક્ષિત! હવે તમારા મૃત્યુનો સમય નજીક આવી રહ્યો છે તેથી સાવધાન થઈ જાઓ. એકાગ્ર ચિત્તથી અને હૃદયની સમસ્ત વૃત્તિઓથી ભગવાન્ શ્રીકૃષ્ણને તમારા હૃદય સિંહાસન ઉપર પધરાવી લો. બ્રહ્માજી અને મહાદેવજી ને પણ મુક્તિ કેશવ આપે તો જ મળે છે એવું આપનું માહાત્મ્ય છે તો તમને પણ એમ કરવાથી પરમ ગતિની પ્રાપ્તિ થશે ।।૪૯।।

જે લોકોનું મૃત્યુ નિકટ આવી રહ્યું છે તેમણે સદા-સર્વદા સર્વ પ્રકારે પરમ ઐશ્વર્યશાલી ભગવાન્‌નું જ ધ્યાન ધરવું જોઈએ. હે પ્રિય પરીક્ષિત! બધાના પરમ આશ્રય અને સર્વાત્મા ભગવાન્ પોતાનું ધ્યાન કરનારાઓને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરાવી આપેછે ।।૫૦।।

હે રાજા! આમ તો કલિયુગ દોષોનો ભંડાર છે, પરન્તુ તેમાં એક બહુ મોટો ગુણ એ છે કે માત્ર શ્રીકૃષ્ણનું કીર્તન કરવાથી સંસારની સર્વ આસક્તિઓ છૂટી જાય છે અને પરમાત્માની પ્રાપ્તિ થાય છે ।।૫૧।।

**કૃતે યદ્ ધ્યાયતો વિષ્ણું ત્રેતાયાં યજતો મખૈઃ ।।**
**દ્વાપરે પરિચર્યાયાં કલૌ તદ્ હરિકીર્તનાત્ ।।૫૨।।**

સત્યયુગમાં ભગવાન્‌નું ધ્યાન કરવાથી, ત્રેતામાં મોટા-મોટા યજ્ઞોદ્વારા એમની આરાધના કરવાથી અને દ્વાપરમાં વિધિપૂર્વક તેમની સેવા-પૂજાથી જે ફલ મળે છે તે કલિયુગમાં માત્ર ભગવદ્ નામનું કીર્તન કરવાથી જ પ્રાપ્ત થઈ જાય છે ।।૫૨।।

**ઇતિ શ્રીભાવગત્ દ્વાદશ સ્કન્ધમાં (બીજા વેદાશ્રય પ્રકરણનો પહેલો અધ્યાય તથા ચાલુ) ''ભગવાનનું કીર્તન કલિદોષ નિવૃત્તિનો એક જ ઉપાય છે'' નામનો ત્રીજો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભગવત્સેવા અને ભગવદ્ગુણગાન એ ભક્તિમયી પવિત્ર જીવનસાધના હોવી જોઈએ, ધંધો નહીં. હવેલી-મન્દિરમાંજાહેર સેવા-મનોરથોના રૂપમાં ભગવત્સેવાને તેમજ ભાગવતકથા, ઢાઢીલીલા, માલાપહેરામણીના માધ્યમથી ભગવત્કથાને ધંધો બનાવી બેઠેલા ગુરુ-કથાકાર-કીર્તનીયાઓ ખરેખર તો 'ભક્તિ'બ્દનો ઉચ્ચાર કરવાને પણ લાયક નથી.

## અધ્યાય ૪

## ચાર જાતના પ્રલયની કથા

**વિશેષ :** વૈરાગ્યને માટે કાળનું પ્રાબલ્ય કહેતા આ ચોથા અધ્યાયમાં નૈમિત્તિક વગેરે ચાર પ્રલય કહેવામાં આવે છે.

**કાલસ્તે પરમાણ્વાદિ-ર્દ્વિપરાર્ધાવધિર્નૃપ ।।**
**કથિતો યુગમાનં ચ શૃણુ કલ્પલયાવપિ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** હે રાજન્! પરમાણુથી લઈ બે પરાર્ધ સુધીના કાલનું સ્વરૂપ અને એક-એક યુગમાં કેટલાં વર્ષો હોય છે એ હું તમને (ત્રીજા સ્કન્ધમાં) કહી ચૂક્યો છું. હવે તમે કલ્પની સ્થિતિ અને તેના પ્રલયનું વર્ણન પણ સાંભળો ।।૧।।

સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એ ચાર યુગ એક હજાર વાર જાય ત્યારે બ્રહ્માજીનો એક દિવસ પૂરો થાય. બ્રહ્માજીના આ દિવસને જ કલ્પ પણ કહેવાય છે. એક કલ્પમાં ચૌદ મનુઓ થાય છે ।।૨।।

કલ્પના અન્તે એટલા જ સમય સુધી પ્રલય પણ રહે છે. પ્રલયને બ્રહ્માજીની રાત્રિ પણ કહે છે. તે વખતે આ ત્રણેય લોક લીન થઈ જાય છેતેમનો પ્રલય થઈ જાય છે ।।૩।।

તેનું નામ 'નૈમિત્તિક પ્રલય' છે. આ પ્રલય વખતે સમસ્ત વિશ્વને પોતાની અંદર સમેટી લઈ શેષશાયી ભગવાન્ નારાયણ શયન કરે છે. બ્રહ્માજી પણ એ ભગવાન્‌ના ઉદરમાં સૂઈ જાયછે ।।૪।।

આ પ્રમાણે રાત પછી દિવસ અને દિવસ પછી રાત્રિ થતાં-થતાં બ્રહ્માજીનાં સો વર્ષ (એટલે ૨૦૦ કલ્પ) કે મનુષ્યોનાં બે પરાર્ધ વર્ષનું બ્રહ્માજીનું આયુષ્ય સમાપ્ત થઈ જાય છે ત્યારે મહત્તત્ત્વ, અહંકાર અને પંચતન્માત્રા (શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગન્ધ) પોતાના કારણ મૂલ પ્રકૃતિમાં લીન થઈ જાય છે ।।૫।।

આનું જ નામ પ્રાકૃતિક પ્રલય છે. આ પ્રલયમાં પ્રલયનું કારણ ઉપસ્થિત થતાં પંચભૂતોના મિશ્રણથી બનેલું આ બ્રહ્માંડ પોતાનું સ્થૂલરૂપ છોડી દઈ કારણરૂપમાં સ્થિત થઈ જાય છે, ભળી જાય છે ।।૬।।

હે પરીક્ષિત! પ્રલયનો સમય આવે ત્યારે સો વર્ષ સુધી મેઘ પૃથ્વી ઉપર વર્ષા કરતા નથી. કોઈને અન્ન મળતું નથી ત્યારે ભૂખ-તરસથી વ્યાકુલ બનેલી પ્રજા એક બીજાને ખાવા લાગે છે ।।૭।।

આ પ્રમાણે કાલના ઉપદ્રવથી ત્રાસી ગયેલી પ્રજા ધીમે-ધીમે નાશ પામે છે. પ્રલયકાળ વખતનો સાંવર્તક સૂર્ય પોતાનાં પ્રંચડ કિરણોથી સમુદ્ર પ્રાણીઓનાં શરીર અને પૃથ્વી નો બધો રસ ખેંચી લે છે અને કાયમની જેમ પૃથ્વી ઉપર ફરી તે વરસાવતો નથી. તે વખતે સંકર્ષણ ભગવાન્‌ના મુખમાંથી પ્રલય સમયનો સાંવર્તક અગ્નિ પ્રકટ થાય છે ।।૮-૯।।

વાયુના વેગથી તે બહુ જ વધી જાય છે અને તલ, અતલ વગેરે નીચેના સાતેય લોકોને ભસ્મ કરી દે છે. ત્યાંનાં પ્રાણીઓ તો પહેલેથી જ મરી ગયાં હોય છે. નીચેથી આગની ભયાનક જવાલાઓ અને ઉપરથી સૂર્યની પ્રંચડ ગરમી! તે વખતે ઉપર-નીચે ચારે તરફ આ બ્રહ્માંડ ભડકે બળે છે અને એવું લાગે છે કે જાણે ગોબરનું છાણું બળી જઈ અંગારાના રૂપમાં ઝગમગી રહ્યું હોય. ત્યાર પછી પ્રલય સમયનો અત્યન્ત પ્રંચડ સાંવર્તક વાયુ સેંકડો વર્ષો સુધી ફૂંકાતો રહે છે. તે સમયનું આકાશ ધુમાડા અને ધૂળ થી તો ભરાયેલું રહે જ છે. ત્યાર પછી અસંખ્ય રંગબેરંગી વાદળ આકાશમાં ઘૂમરાવા લાગે છે અને ભયંકર ગર્જનાઓ સાથે સેંકડો વર્ષો સુધી વરસ્યા કરે છે. તે વખતે બ્રહ્માંડની અંદરનો સમસ્ત સંસાર એક સમુદ્ર બની જાય છે, બહુ જલબમ્બાકાર થઈ જાય છે ।।૧૦-૧૩।।

આ પ્રમાણે જ્યારે જલ પ્રલય થઈ જાય છે ત્યારે જલ પૃથ્વી વિશેષ ગુણ ગન્ધને ગ્રસી લે છે, પોતાનામાં લીન કરી દે છે. ગન્ધ જલમાં લીન થઈ જવાથી પૃથ્વીનો પ્રલય થઈ જાય છેતે જલરૂપ થઈ જાય છે ।।૧૪।।

હે રાજન્! ત્યાર પછી જલના ગુણરસને તેજસ્તત્ત્વ ગ્રસી લે છે અને જલ નીરસ થઈ જઈ તેજમાં સમાઈ જાય છે. ત્યાર બાદ વાયુ તેજના ગુણરૂપને ગ્રસી લે છે અને તેજ રૂપરહિત થઈ જઈ વાયુમાં લીન થઈ જાય છે હવે આકાશ વાયુના ગુણ સ્પર્શને પોતાનામાં મિલાવી લે છે અને વાયુ સ્પર્શહીન થઈ જઈ આકાશમાં શાન્ત થઈ જાય છે ત્યાર પછી તામસ અહંકાર આકાશના ગુણ શબ્દ (અવાજ) ને ગ્રસી લે છે અને આકાશ શબ્દહીન થઈ જઈ તામસ અહંકારમાં લીન થઈ જાય છે. તે જ પ્રમાણે તૈજસ અહંકાર ઈન્દ્રિયોને તથા વૈકારિક (સાત્ત્વિક) અહંકાર ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતા અને ઈન્દ્રિયોની વૃત્તિઓને પોતાનામાં લીન કરી દે છે ।।૧૫-૧૭।।

ત્યાર પછી મહત્તત્ત્વ અહંકારને અને સત્ત્વાદિ ગુણો મહત્તત્ત્વને ગ્રસી લે છે. હે પરીક્ષિત! આ બધો કાલનો મહિમા છે કાલથી પ્રેરાયેલ અવ્યક્ત પ્રકૃતિ ગુણોને ગ્રસી લે છે અને પ્રકૃતિ પરમાત્મામાં લય પામે છે ।।૧૮।।

તે પરબ્રહ્મ જ ચરાચર જગત્નું મૂલ કારણ છે. તે અવ્યક્ત (ઈન્દ્રિયોથી અગોચર) જન્મમૃત્યુરહિત, હ્રાસવૃદ્ધિરહિત, સર્વદા એકરૂપ અને અવિનાશી છે. ''પરબ્રહ્મનો જન્મ થાય છે. વધે છે''. એમ વાણી જેને વિષે કહી શક્તી નથી, ''બ્રહ્મ આવું છે કે આવડું મોટું છે'' એમ મન નક્કી કરી શક્તું નથી. પરબ્રહ્મના સ્વરૂપમાં સત્ત્વ, તમો અને રજો ગુણ, મહદ્ આદિ નથી. તેમાં પ્રાણ, બુદ્ધિ, ઈન્દ્રિય, દેવતા નથી. તેને લોક જેવો પ્રાકૃત દેહ પણ નથી ।।૧૯-૨૦।।

તેને સ્વપન, જાગૃતિ કે સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ નથી. આકાશ, જલ, પૃથ્વી, વાયુ, અગ્નિ અને સૂર્ય પણ હોતાં નથી કારણ કે પોતે સ્વપ્રકાશ અને બીજા સૂર્યોને પ્રકાશિત કરનાર છે. તે કંઈક સુપ્ત હોય તેવા શૂન્ય જેવા રહે છે. તેનું તર્કદ્વારા અનુમાન કરવું અસમ્ભવ છે. તે પરમાત્માને જ જગત્નું મૂલભૂત તત્ત્વ કહેવામાં આવે છે ।।૨૧।।

પુરુષ અને પ્રકૃતિ ની સત્ત્વાદિ શક્તિઓને ઉપર્યુક્ત ક્રમથી લય થાય છે અને કાલના પ્રભાવથી વિવશ થઈ મૂલ સ્વરૂપમાં તેઓ લીન થઈ જાય છે. આ જ

અવસ્થાને 'પ્રાકૃતિક પ્રલય' કહે છે ।।૨૨।।

હે પરીક્ષિત! (હવે બાર *શ્લોકથી આત્યન્તિક પ્રલયનું સ્વરૂપ કહે છે. આત્યન્તિક પ્રલય, જ્ઞાનથી થતો ભગવાન્માં લય એટલે મોક્ષ; એ મોક્ષ તો વાસ્તવિક ભેદનો અંગીકાર કરો તો સમ્ભવી શકે તેથી પ્રપંચ બ્રહ્મથી જુદો નથી એમ બતાવે છે). બુદ્ધિ, ઇન્દ્રિય અને અર્થ (ઇન્દ્રિયોના વિષયો) એ ત્રણ પદાર્થમાં બુદ્ધિ ગ્રહણ કરનાર છે, ઇન્દ્રિયો ગ્રહણમાં સાધન છે અને અર્થો ગ્રાહ્ય પદાર્થ છે એ ત્રણનો આશ્રય જ્ઞાનાત્મક બ્રહ્મ છે. બ્રહ્મથી જુદી કોઈ વસ્તુ જ નથી કારણ કે આદિ અને અન્તવાળી વસ્તુ તે અવસ્તુ જ છે. એ તો કાર્ય કારણના વ્યતિરેક રહિત જ દેખાય છે કાર્ય કારણને લઈને જ દેખાય છેતેથી એ જુદું ન ગણાય ।।૨૩।।

**વિશેષ :** આ બાર શ્લોકને શ્રીપુરુષોત્તમજીએ નિબન્ધની યોજનામાં શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રમાણે ટીકાવડે ભૂષિત કર્યા છે જેનો યથામતિ સાર કૌંસમાં લખ્યો છે, વિશેષ જિજ્ઞાસુને દ્વાદશનિબન્ધ યોજનામાં એ વ્યાખ્યા જોવા વિનન્તિછે.

(એને દૃષ્ટાન્તથી બતાવે છે) દીવો, નેત્ર અને રૂપ એ તેજથી જુદાં નથીતેમ બુદ્ધિ, ઇન્દ્રિયો અને વિષયો એ ત્રણે બ્રહ્મથી જુદાં નથી કમેકે એ બ્રહ્મના કાર્યરૂપ છે. (એમ કાર્ય અને કારણ નો અભેદ માનો તો કાર્યમાં રહેલો દોષ તેના કારણ બ્રહ્મમાં પણ છે એમ માનવું પડશે એવી કાંઈ શંકા કરે તેના ઉત્તરમાં કહે છે કે) કાર્યથી અત્યન્ત જુદા એવા બ્રહ્મમાં એ દોષોનો સમ્ભવ નથી કેમકે બ્રહ્મ કાર્યથી અત્યન્ત જુદુ છે. પણ પ્રપંચ જુદો ન કહી શકાય તેથી કાર્યદોષો કારણમાં જઈ શકશે નહિ કેમકે કારણ એનાથી અત્યન્ત ભિન્ન છે ।।૨૪।।

જાગ્રત, સ્વપન અને સુષુપ્તિ એ ત્રણ બુદ્ધિની વૃત્તિઓ છે એમ વિવેકી લોકોનું કહેવું છે. હે રાજન્! પ્રત્યગાત્મામાં આ અવસ્થાકૃત ભેદ વિશ્વ તેજસ અને પ્રાજ્ઞરૂપ એ માયામાત્ર છે એટલે કે કેવળ અવિદ્યાથી એ ભેદોની કલ્પના થાય છે ।।૨૫।।

આકાશમાં ક્યારેક મેઘ હોય છે ક્યારેક નથી હોતાતેથી આકાશને કાંઈ લાભ હાનિ થતાં નથી કેમકે વાદળો ઉદ્ય અને (અસ્ત) નાશવાળાં છેતેમ બ્રહ્મના કાર્યરૂપ વિશ્વ પણ ઉદ્ય-અસ્તવાળું છેતેથી ક્યારેક હોય છે ક્યારેક હોતું નથી. એનાથી નિત્ય બ્રહ્મને કાંઈ ગુણ દોષનો સમ્બન્ધ નથી ।।૨૬।।

(હવે કારણ તો કાર્યથી ભિન્ન છે એમ કહ્યું એ બતાવે છે) આ વ્યવહારમાં સર્વ અવયવીઓનો અવયવ જે કારણ તે જ સત્ય છે. હે અંગ! જેમ અવયવી-વસ્ત્રનો

અવયવ સૂતર છે કેમકે અવયવી વિના પણ અવયવ જુદો દેખી શકાય છે પણ અવયવ વિના અવયવી જુદો દેખાશે નહિતેથી અવયવ સત્ય છે અને એનું કાર્ય અવયવી કદાચિત્ છે, અનિત્ય છે. જેમ વસ્ત્રના અભાવમાં સૂતર હોય છે પણ સૂતર ન હોય તો વસ્ત્ર કદી પણ ન હોય. તેવી જ રીતે કાર્યરૂપ જગતના અભાવમાં પણ આ જગતના કારણરૂપ અવયવની સ્થિતિ હોઈ શકે છે ।।૨૭।।

(હવે જ્યારે કાર્ય કારણમાં ભેદ તમે માનતા નથી ત્યારે તમારા મતમાં ભેદનો વ્યવહાર કેમ થઈ શકશે? એના ઉત્તરમાં કહે છે કે) સામાન્ય એટલે કાર્ય માત્રમાં અનુસ્યૂત રહેનાર કારણ અને વિશેષ એટલે કારણરૂપથી જુદું દેખાતું કાર્યતે કારણ અને કાર્ય થી જેની ઉપલબ્ધિ થાય તે બધો ભ્રમ છે કારણ કે કારણ અને કાર્ય નો અન્યોન્ય આશ્રય છે એક બીજા વગર એ દેખાતાં નથીતેથી આદિ અને અન્તવાળું બધું અવસ્તુ છે ।।૨૮।।

(એ બાબતને ફરી દઢ કરે છે કે) વ્યવહારમાં ચાલતો વિકાર એટલે કાર્યરૂપ પ્રપંચ પરમાત્મા વિના જરા પણ કહી શકાય જ નહિ. જો એ પરમાત્મા વિના વ્યવહારમાં આવી શકતો હોય તો એ પણ પરમાત્મારૂપ જ ગણાય. એ સ્વપ્રકાશરૂપ જ ગણાય તો દ્વૈત જેવી કોઈ વસ્તુ જ ન રહે ।।૨૯।।

(આત્મામાં પણ જીવ અને બ્રહ્મ એવા ભેદ તો જોવામાં આવે છે એનું શું? એવી કોઈ શંકા કરે ત્યાં કહે છે કે) પરમાર્થ ભૂત સત્ય-બ્રહ્મમાં અનેકપણું છે જ નહિ. (ત્યારે જીવ બ્રહ્મ એવો વ્યવહાર કેમ થાય છે? ત્યાં કહે છે કે) એ ભેદ વ્યવહારરૂપ ઉપાધિને લીધે છે, વસ્તુતઃ નથી. જો અજ્ઞાની જીવ બ્રહ્મનો ભેદ માનતો હોય તો આકાશનો ઉપાધિવડે ઘટાકાશ અને મહાકાશ ના જેવો ભેદ સમ્ભવે.(જેમ આકાશમાં સૂર્ય છે તેનો જુદા-જુદા જળમાં ઉપાધિથી ભેદ સમ્ભવે છે તેમ ક્રિયાભેદમાં દષ્ટાન્ત કહે છે કે) આકાશમાં ચાલતા વાયુ અને દેહ માં ચાલતા વાયુ ભેદ જેમ ઉપાધિકૃત છે તેમ જીવ અને પરમાત્મામાં દેહરૂપ ઉપાધિને લીધે અજ્ઞાની જીવ ભેદ માને પણ દેહ સિવાય આત્માને જોનાર આત્માને એક અદ્વિતીય જ માને છે ।।૩૦।।

(હવે જડ અને ચેતન બધું જગત્ બ્રહ્મરૂપ છે એમ દષ્ટાન્તથી સમજાવે છે કે) સુવર્ણને લોકો કડાં, કુંડળ, હાર, વીંટી ના રૂપમાં અનેક રૂપે ઉપયોગમાં લે છેતેમ લૌકિક-વૈદિક વચનોવડે ભગવાન્ અનેક રીતે વ્યવહાર ગોચર થાય છે. માત્ર એમાં

તફાવત એટલો જ છે કે સોનું આંખથી દેખાય છે અને ભગવાન્ *અધોક્ષજ હોવાથી કોઈ ઈન્દ્રિયના અનુભવમાં આવતા નથી ।।૩૧।।

**વિશેષ : 'અધોક્ષજ'**= અધઃ+જ. **'અધઃ'**=નીચું (હલકું) છે, **'અક્ષ'=ઈન્દ્રિય, 'જ'**=જન્ય જ્ઞાન કે સુખ. ઈન્દ્રિયદ્વારા ઉત્પન્ન થનારા સુખથી પર એવા ભગવાન્.

(અહીં જો ભગવાન્ અધોક્ષજ છે તો એ બ્રહ્મને અધોક્ષજ પણું કેમ થયું? એ શંકા છે. જો **''નાયં વેદ સ્વમાત્માનંયય''** એ ન્યાયથી અહંકારને લઈને ભગવાનનું જ્ઞાન થઈ શકતું નથી એમ કહો તો ત્યાં પણ એ શંકા રહે છે કે અહંકાર બ્રહ્મનો આવરક કેમ થઈ શકે? કારણ કે એનું કારણ પણ બ્રહ્મ છે તે તો એની પહેલાંથી જ સિદ્ધ છે તેને પાછળથી ઉત્પન્ન થયેલ અહંકાર કેમ ગુપ્ત કરી શકે? જો એને આવરણ થાય તો એ સ્વપ્રકાશ કેમ સમ્ભવે? આવી શંકા અત્રે થાય તેનો ઉત્તર દૃષ્ટાન્ત પૂર્વક આપે છે કે) જુઓને સૂર્યનાં કિરણો પૃથ્વીમાંથી જલને ખેંચે છે તે મેઘરૂપ આકાશમાં રહે છે. એ જ મેઘ જેનો સૂર્ય અધિદેવતા છે તેવી આંખને સૂર્યના દર્શનમાં પ્રતિબન્ધક થાય છે એ વાતનો તો બધાને અનુભવ છે. એમાં અહંકાર પણ બ્રહ્મનો ગુણ છે એટલે એના કાર્યભૂત છે છતા એ બ્રહ્મ પણ પ્રકાશિત એવા જીવને બ્રહ્મદર્શનમાં પ્રતિબન્ધક થાય છે ।।૩૨।।

(તેથી જેમ મેઘનું આવરણ દૂર થતાં સૂર્યનાં દર્શન થાય છે તેમ અહંકારનો નાશ થતાં સ્વરૂપનું દર્શન થશે એ જ દૃષ્ટાન્ત સહિત કહે છે કે) જેમ સૂર્યથી ઉત્પન્ન થતો મેઘ દૂર થતાં નેત્ર સ્વરૂપ ભૂત સૂર્યને જોઈ શકે છે. તેમ બ્રહ્મને જાણવાની ઈચ્છા થતાં એનો આવરક અહંકાર દૂર થશે ત્યારે એ પોતે જ હું બ્રહ્મ છું એમ પોતે પોતાને બ્રહ્મરૂપે જોઈ શકશે ।।૩૩।।

(આ જ આત્યન્તિક પ્રલય એમ કહી આ બાબતનો ઉપસંહાર કરે છે). ઉપર કહ્યા પ્રકારના વિવેકરૂપી હથિયારવડે આત્માને બન્ધન કરતા અને ઢાંકનાર માયામય અહંકારને છેદીને પરિપૂર્ણ એવા ભગવાન્‌ને પામીને ભગવદ્રૂપ થઈને રહે ત્યારે, હે પ્રિય રાજા! એ અવસ્થાને **'આત્યન્તિક પ્રલય'** કહેવામાં આવે છે ।।૩૪।।

(હવે નિત્ય પ્રલયનું નિરૂપણ કરે છે કે) હે શત્રુદમન રાજા! બ્રહ્માથી લઈ તણખલાં સુધીનાં જેટલાં પ્રાણીઓ કે પદાર્થો છે તે બધાંનો ઉત્પત્તિ અને પ્રલય પ્રતિક્ષણ થાય છે. આ વસ્તુ સૂક્ષ્મબુદ્ધિવાળાઓને જ દેખાય છે, જાડી બુદ્ધિવાળાઓને દેખાતી નથી ।।૩૫।।

નદીના પ્રવાહના વેગથી તણાતા તૃણ અને કાષ્ઠની ઊંચી-નીચી અવસ્થાઓ થાય છે. સંસારના પરિણામી પદાર્થો, નદીપ્રવાહ, દીપની જ્યોત વગેરે પળે-પળે બદલાતાં રહે છે. તેમની બદલતી અવસ્થાઓ જોઈને એ નિશ્ચય થાય છે કે દેહ વગેરે પણ અન્નનું ભક્ષણ કરીને નિત્ય થતી ઉપચયાપચયની ક્રિયાઓ (નવા કોષોનું સર્જન અને જૂના કોષોના નાશ)દ્વારા કાલરૂપ પ્રવાહનાં વેગમાં નિત્ય નવીન (ઉત્પત્તિ) થાય છે અને જૂનો નાશ (પ્રલય) પામે છે ।।૩૬।।

(ત્યાં શંકા થાય કે જો પ્રતિક્ષણ અવસ્થા બદલે છે તો આપણે તેને કેમ જોઈ શકતા નથી? તેથી તમે કહો છો એ માની શકાતું નથી. એ શંકાના ઉત્તરમાં કહે છે કે) આદિ અન્તરહિત અને ઈશ્વરરૂપ એવા કાલથી એ અવસ્થાઓ થાય છે તેને કોઈ જાણી શકતો નથી. આકાશમાં સૂર્ય, ચન્દ્ર વગેરે ચાલે છે તેને ચાલતાં આપણે જોઈ શકતા નથી, પરન્તુ એક સ્થાનમાંથી એને બીજા સ્થાનમાં જતા જોઈને એ બીજા સ્થાનમાં જવું ચાલ્યા વિના સમ્ભવે નહિ તેથી એ ચાલે છે એમ આપણે કલ્પના કરીએ છીએતેમ આ દેહના બાલ્ય, યૌવન વગેરે વિલક્ષણ ભાવોને જોઈને એની વચ્ચેની અવસ્થાઓને જતી જોઈને નિત્ય ફેરફાર થાય છે એવા અનુમાન ઉપર આવી શકાય છે ।।૩૭।।

નિત્ય નૈમિત્તિક આન્ત્યન્તિક અને પ્રાકૃતિક એમ ચાર પ્રકારનો પ્રલય મેં કહ્યો. વાસ્તવમાં કાલની ગતિ આવી સૂક્ષ્મછે ।।૩૮।।

હે કુરુશ્રેષ્ઠ! વિશ્વવિધાતા ભગવાન્ નારાયણ જ સમસ્ત પ્રાણીઓ અને શક્તિઓના આશ્રય છે. મેં જે કંઈ તમને સંક્ષેપથી કહ્યું છે તે બધું તેમની જ લીલાકથા છે. ભગવાન્‌ની લીલાઓનું પૂરું વર્ણન તો સાક્ષાત્ બ્રહ્માજી પણ કરી શકે નહિ ।।૩૯।।

જે લોકો અત્યન્ત દૂસ્તર સંસાર સાગરને તરી જવા માગે છે અથવા જે લોકો અનેક પ્રકારના દુઃખ દાવાનળમાં બળી રહ્યા છે તેમને માટે પુરુષોત્તમ ભગવાન્‌ની લીલા-કથારૂપ રસના સેવન સિવાય બીજું કોઈ સાધન, બીજી કોઈ નૌકા નથી. તેઓ માત્ર લીલા રસાયનનું સેવન કરીને જ પોતાનો મનોરથ સિદ્ધ કરી શકે છે. (બીજું કોઈ જ સાધન ન હોવાથી, **''તસ્માત્ સર્વાત્મના રાજન્...''** એ દ્વિતીય સ્કન્ધની શરૂઆતમાં કહ્યું તે મુજબ શ્રવણ, કીર્તન વગેરેથી ભગવત્કથાનું જ યથાશક્તિ સેવન કરવું) ।।૪૦।।

મેં તમને આ જે કાંઈ સંભળાવ્યું છે તે જ શ્રીમદ્ ભાગવત્ પુરાણ છે. સનાતન ઋષિ નરનારાયણે પહેલાં દેવર્ષિ નારદજીને તે સંભળાવ્યું હતું અને તેમણે મારા પિતા મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન વ્યાસજીને સંભળાવ્યું ।।૪૧।।

હે મહારાજ! તે જ બદરીવન વિહારી ભગવાન્ શ્રીકૃષ્ણદ્વૈપાયને પ્રસન્ન થઈ મને આ વેદતુલ્ય શ્રીભાગવત્ સંહિતાનો ઉપદેશ કર્યો ।।૪૨।।

**એતાં વક્ષ્યત્યસૌ સૂત ઋષિભ્યો નૈમિષાલયે ।।**
**દીર્ઘસત્રે કુરુક્ષેત્ર સમ્પૃષ્ટઃ શૌનકાદિભિઃ ।।૪૩।।**

હે કુરુશ્રેષ્ઠ! જ્યારે શૌનક વગેરે ઋષિઓ નૈમિષારણ્ય ક્ષેત્રમાં મહાન સત્ર કરશે ત્યારે તેમના પૂછવાથી પૌરાણિક વક્તા શ્રીસૂતજી તેમને આ સંહિતા શ્રવણ કરાવશે ।।૪૩।।

**ઈતિ શ્રીભાવગત્ દ્વાદશસ્કન્ધમાં (બીજા વેદાશ્રય પ્રકરણનો બીજો તથા ચાલુ ‘‘ચાર જાતના પ્રલયની કથા’’ નામનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિપરીત જઈને મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર, તેમાટે આજ્ઞા આપનાર ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(?) ગુરુદ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

## અધ્યાય ૫

## પરીક્ષિતને મૃત્યુનો ભય દૂર થયો

## પ્રકરણ ૩-ભગવદ્ આશ્રય

**અત્રાનુવર્ણ્યતેભીક્ષ્ણં વિશ્વાત્મા ભગવાન્ હરિઃ ।।**
**યસ્ય પ્રસાદજો બ્રહ્મા રુદ્રઃ ક્રોધ સમુદ્ભવઃ ।।૧।।**

**શ્રીશુકદેવજી બોલ્યા :** આ શ્રીમદ્ભાગવત મહાપુરાણમાં વારંવાર અને સર્વત્ર વિશ્વાત્મા ભગવાન્ શ્રીહરિનું જ સંકીર્તન કરવામાં આવ્યું છે. બ્રહ્માજી શ્રીહરિ

ભગવાન્‌ના પ્રસાદ (કૃપા)ની અભિવ્યક્તિ છે અને રુદ્ર આપના ક્રોધની અભિવ્યક્તિ છે; તેથી બ્રહ્માજી અને શંકર સ્વતન્ત્ર નથી પણ ભગવાન્‌ને અધીન છે.* ।।૧।।

**વિશેષ** : વાસ્તવમાં તો ભગવાન્‌નું સ્વરૂપ નિર્ગુણ છે પણ પોતાના ભક્તોને પ્રેમ કરનાર ઉપર ભગવાન્ કૃપા કરે છે અને ભક્તોનો દ્રોહ કરનાર ઉપર ક્રોધ કરે છે તેથી બન્ને કૃપા અને ક્રોધ પણ ભક્તવત્સલ ભગવાન્‌ના શુદ્ધ સત્ત્વ સ્વરૂપ જ છે. તેથી જેની કૃપાથી ઉત્પન્ન થયેલ બ્રહ્માજી અહીં કહેલાં સમસ્ત સાધ્ય-સાધન ઉત્પત્તિના હેતુ છે માટે ભક્તોએ ભગવત્કૃપા જ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું; તેવી જ રીતે રુદ્રસ્વરૂપ ભગવાન્‌નો ક્રોધ જ સમસ્ત સાધ્ય સાધનોનાં નાશનો હેતુ છે માટે કોઈ પણ સંજોગોમાં ભક્તોને દૂભવવા નહિ અને તો જ ભગવત્ક્રોધથી બચી શકાશે.

આ ૧૨।૫।૧ ઉપર શ્રીભાગવતજીની ટીકાઓ શ્રીબંસીધર કૃત ભાવાર્થ દીપિકા પ્રકાશ તથા શ્રીવિશ્વનાથ ચક્રવર્તીકૃત સારાર્થ દર્શિનીમાં દર્શાવેલ ભાવો અભ્યાસીમાટે આપવામાં આવે છેઃશાસ્રાર્થનો ઉપસંહાર કરીને શ્રીશુકદેવજી મનોમન કંઈક આવું વિચારે છે, ''ઓહો! આ તો ભારે ગજબ થઈ ગયો! જેનાથી અધિક કે જેથી બરાબર કોઈ કે કંઈ નથી તે મહારહસ્યમય તત્ત્વરત્ન, રાજા પરીક્ષિત ઉપરની કૃપાને લીધે મારા હૃદયસમ્પુટમાંથી સરકી ગયું અને જગત્ આખાને તેની જાણ થઈ ગઈ. આ મારાથી અનુચિત થઈ ગયું. મારા પ્રભુએ જેને **''રાજવિદ્યા રાજગુહ્યમ્''** વિદ્યાઓનો રાજા અને સૌથી વધારે ગુપ્ત રાખવા જેવી વાત'' કહી છે તે મેં પ્રાયઃ પ્રગટ કરી દીધી! જેમકે,

**''અકામઃ સર્વકામો વા મોક્ષકામ ઉદારધીઃ।**
**તીવ્રેણ ભક્તિયોગેન યજેત પુરુષં પરમ્।।''**

નિષ્કામ હોય, સર્વકામ હોય કે મોક્ષકામ હોય ઉદાર બુદ્ધિમાન્ સહુએ પૂર્ણ પુરુષોત્તમનું અનન્ય ભક્તિયોગથી યજન કરવું'' (શ્રીભાગવત ૨।૩।૧૦) માં અન્વયથી અને **''ન ભજન્ત્યવજાનન્તિ સ્થાનાદ્ ભ્રષ્ટાઃ પતન્ત્યધઃ''** જેઓ ભગવાન્‌નું ભજન નહિ કરતાં આપનો અનાદર કરે છે તેઓ મનુષ્યયોનિથી પણ ચ્યુત થઈ જાય છે તેનું અધઃપતન થઈ જાય છે. (શ્રીભાગવત ૧૧।૫।૩ યોગીશ્વર ચમ) માં ભક્તિ જ સર્વફલ સાધી આપનારી છે અને ભક્તિ સિવાયનાં સાધનો કરવાં ફીફાં ખાંડવા જેવું છે તે વ્યતિરેકથી કહ્યું. સ્વર્ગ સમ્પાદન કરી આપનારાં કર્મો તો દૂર રહ્યાં, મોક્ષના અતિ પ્રસિદ્ધ સાધન જ્ઞાનને પણ પરાસ્ત કરી દીધું. જ્ઞાન વિના એક માત્ર ભક્તિથી જ મોક્ષ મળે છે. જ્ઞાનથી મોક્ષ મળે છે એવી જે પ્રસિદ્ધિ છે તે જ્ઞાનમાં પણ ભક્તિ હોવી જ જોઈએ. જ્ઞાનની કહેવા પૂરતી જ, નામ માત્રની કારણતા છે.

**"ભક્ત્યાહમેક્યા ગ્રાહ્યઃ।"** હું એક માત્ર ભક્તિથી જ મળું છું. શ્રીભાગવત ૧૧।૧૪।૨૧'થ વગેરે અનેક વાક્યોમાં યોગ, સાંખ્ય, તપ, વેદાભ્યાસ, યજ્ઞો, જપ વગેરે સાધનોને સ્વલ્પ બતાવી ભક્તિની સર્વોપરિતાનું સ્પષ્ટીકરણ કરી દીધું છે. હવે તો પુરાણ સમાપ્તપ્રાય થયું. હવે બગડેલી બાજી કેમ સુધારવી?" એવો વિચાર શ્રીશુકદેવજીને આવતાં ભક્તિનાં સાર્વભૌમત્વનું અવમૂલ્યન કરવા પ્રયત્ન કરે છે. ઉતાવળ અને આવેશમાં જેમ કોઈ અતિ મૂલ્યવાન પણ અતિ ગોપ્ય રત્ન લોકોને બતાવી દે પણ બીજી જ પળે ભૂલ સમજાતાં પરિસ્થિતિને સુધારી લેવા બહુ જ ચાલાકી અને સફાઈથી તેને સમ્પુટમાં સરકાવી દઈ, મહાકોશમાં મૂકી દઈ બીજું જ ઓછી કિમ્મતનું રત્ન બતાવીને કહી દે કે આપણાં બધાં કામ આ રત્નથી જ પતી જશે. તેવી જ રીતે હું રાજા પરીક્ષિતને જ્ઞાનનો ઉપદેશ આપીશ જેથી ભગવાન્‌ની માયાના પ્રભાવથી લોકો એમ માનતા થાય કે મેં પ્રયાણ કરતાં પહેલાં તો રાજાને જ્ઞાનનો જ ઉપદેશ આપ્યો હતો. વળી, સિદ્ધ ભક્તો સમક્ષ ભગવાન્ પ્રગટ થઈ જેમ તેની પરીક્ષા કરવા મોક્ષ વગેરે લઈ લેવા તેમને લલચાવે છે તેમ શ્રીશુકદેવજી રાજાને ભક્તિ થઈ છે કે નહિ તેની પરીક્ષા પણ કરી રહ્યા છે. આમ તો શ્રીશુકદેવજી સર્વજ્ઞ છે છતાં પરીક્ષા લેવાનો અભિનય કરે છે તે આ જગતમાં પરીક્ષિતની ભક્તિનિષ્ઠા પ્રસિદ્ધ કરવામાટે સમજવી. વળી જ્ઞાન અને ભક્તિ બન્નેનું ફળ અન્તે તો મુક્તિ જ છે એવો અજ્ઞાનીઓનો મત મને મંજૂર નથી કારણ કે મેં જ **"ભગવાન્ ભજતાં મુકુન્દો મુક્તિં દદાતિ કર્હિચિત્ સ્મ ન ભક્તિયોગમ્।"** ભગવાન્ ભક્તોનાં બીજાં કાર્યો કરવા ઉપરાન્ત તેમને મુક્તિ પણ આપી દે છે પણ મુક્તિથી ય મોંઘેરી અને અદકેરી ભક્તિ તેમને સહજમાં આપતા નથી. શ્રીભાગવત ૫।૬।૧૮માં મુક્તિ કરતાં ભક્તિ અધિક છે તેમ પ્રતિપાદન કર્યું છે. પરીક્ષિતની મુક્તિ હવે આપવામાં આવનાર જ્ઞાનના ઉપદેશથી જ થાય છે એમ સમજવાનું નથી કારણ કે શૌનક વગેરે ઋષિઓએ શ્રીભાગવત ૧।૧૮।૧૬માં કહ્યું છે કે ભગવાને પણ જેને ભક્ત તરીકે માન્યતા આપી છે તેવા મહાબુદ્ધિશાળી અને મહાન ભગવદ્ ભક્ત પરીક્ષિતને શ્રીશુકદેવજીએ ઉપદેશ જે નિત્ય જ્ઞાનથી મોક્ષ સ્વરૂપ શ્રીભગવાન્‌નાં ચરણકમલ પ્રાપ્ત કર્યા તે જ નિત્ય જ્ઞાન આપ અમને કહો. ભગવાન્ અત્યન્ત પ્રિય ભક્તોને ભક્તિયોગનું દાન કરે છે તેથી પરીક્ષિતને પ્રેમભક્તિની પ્રાપ્તિ કરાવી છે. વળી ભક્તને મોક્ષની ઈચ્છા હોય તો પણ તેને જ્ઞાનનું કંઈ પ્રયોજન હોતું નથી. **"ભક્તિયોગેન મન્નિષ્ઠો મદ્‌ભાવાય પ્રપદ્યતે"** મારામાં નિષ્ઠાવાળો ભક્તિયોગથી મારા વાસ્તવિક સ્વરૂપને કે જેને મોક્ષ પણ કહે છે, પ્રાપ્ત કરીલે છે.

શ્રીભગવાન્ ઉદ્ધવજીને શ્રીભાગવત ૧૧।૨૯।૩૩ **"જ્ઞાને કર્મણિ યોગે ચ।"** માં કહે

છે કે મનુષ્યોને જ્ઞાન, કર્મ, યોગ, વાણિજ્ય અને રાજદંડ વગેરેથી ક્રમશઃ મોક્ષ, ધર્મ, કામ અને અર્થ રૂપ ફલ પ્રાપ્ત થાય છે પરન્તુ તમારા જેવા અનન્ય ભક્તોને માટે તો એ ચારેય પ્રકારનું ફલ માત્ર હું જ છું'' તેથી સર્વને અન્તે જ્ઞાનનો જે ઉપદેશ કરવામાં આવ્યો છે તે ભગવાન્‌ના મોહિની સ્વરૂપના કાર્ય જેવું છે જેથી અસુરો પ્રેમરૂપી સુધાથી વંચિત રહી જાય.

શ્રીશુકદેવજીએ શ્રીભાગવત પુરાણ અહીં જ પૂરું કર્યુ છે તો પછી પ્રથમ સ્કન્ધ અને હવે પછીનો બારમો સ્કન્ધ ભાગવત કેમ કહી શકાય? તેનું સમાધાન એમ છે કે યજ્ઞનો પ્રારમ્ભ થતાં પહેલાં અને તેની પૂર્ણાહુતિ પછી થતી બધી ક્રિયાઓ યજ્ઞ જ ગણાય છે. નાટક શરૂ થતાં પહેલાં પ્રસ્તાવના અને પૂરું થયા પછીના આશીર્વાદ નાટક જ ગણાય છે. વળી શ્રીગીતાજીમાં આવતા બધા શ્લોક ભગવાન્ શ્રીકૃષ્ણે શ્રીમુખથી ઉચ્ચાર્યા નથી છતાં **''યા સ્વયં પદ્મનાભસ્ય મુખપદ્માત્ વિનિસૃતા।''** ગીતાજી આખાં શ્રીકૃષ્ણ ભગવાન્‌ના સાક્ષાત્ શ્રીમુખમાંથી જ પ્રકટ થયાં છે એમ ગણાય છે તેવી જ રીતે પ્રથમ સ્કન્ધ તથા હવે પછીનો બારમો સ્કન્ધ શ્રીશુકદેવજીએ કહેલ ન હોવા છતાં શ્રીશુકદેવજીએ કહ્યા બરોબર જ છે.

મંગલાચરણના પ્રારમ્ભના શ્લોકમાં કહ્યું છે કે ''આ શ્રીમદ્ભાગવત નિગમ કલ્પતરુનું પાકેલું અમૃત જેવું મિષ્ટ એવું ફલ છે કે જેમાં ગોટલી, છાલ, રેસા કે ડીંટાં કાઢી નાખવા જેવું કંઈ જ નથી. નર્યો રસ જ રસ છે'' એ તો યાદ હશે જ.

હે રાજા! હવે તમે આ પશુઓની ધારણા જેવી અવિવેકમૂલક ધારણા છોડી દો કે હું મરી જઈશ. જેવી રીતે પહેલાં શરીર નહોતું, હવે પેદા થયું અને હવે નાશ પામશે તેવી જ રીતે તમે પહેલાં ન હતા એમ નથી તમારો જન્મ થયો અને તમે મરી જશો એમ નથી ।।૨।।

જેવી રીતે બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજની ઉત્પતિ થાય છે તેવી જ રીતે એક દેહથી બીજા દેહની અને બીજાથી ત્રીજાની ઉત્પત્તિ થાય છે. પરન્તુ તમે ન તો કોઈથી ઉત્પન્ન થયા છો કે ન તો ભવિષ્યમાં પુત્ર પૌત્ર વગેરેના શરીરના રૂપમાં ઉત્પન્ન થશો. જેવી રીતે અગ્નિ લાકડાંથી સર્વથા અલગ રહે છે, લાકડાંની ઉત્પત્તિ તથા વિનાશ ની સાથે તેને કંઈ લેવા દેવા નથી તેવી જ રીતે તમે શરીર વગેરેથી સર્વથા અલગ છો ।।૩।।

(જન્મ વગેરે દેહનાં ધર્મો છે એ વાત દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરે છે). માણસ સ્વપનમાં પોતાનું માથું કપાયું છે અને મરી ગયો છે એમ પોતે જુએ છે છતાં એ

માત્ર ભ્રમજ છે તેવી જ રીતે આ જગતમાં પણ તે દેહના નાશને જુએ છે. પરન્તુ આ બધી શરીરની જ અવસ્થાઓ દેખાય છે, આત્માની નહિ. જોનારો તો તે અવસ્થાઓથી સર્વથા અલગ, જન્મ અને મૃત્યુથી રહિત, શુદ્ધ બુદ્ધ પરમ તત્ત્વસ્વરૂપ છે ।।૪।।

જેવી રીતે ઘડો ફૂટી જતાં આકાશ પહેલાંની જેમ જ અખંડ રહે છે પરન્તુ ઘટાકાશ (ઘડાની અંદર રહેલ આકાશ) ની નિવૃત્તિ થઈ જવાથી લોકોને એમ લાગે છે કે તે મહાઆકાશમાં મળી ગયું છે વાસ્તવમાં તો તે મળી ગયેલું હતું જ તેવી જ રીતે દેહપાત થઈ જતાં એમ જણાય છે કે જાણે જીવ બ્રહ્મ થઈ ગયો. વાસ્તવમાં તો તે બ્રહ્મ હતો જ. તેની અબ્રહ્મતા તો પ્રતીતિમાત્ર-દેખાવ પૂરતી જ હતી ।।૫।।

મન જ આત્માને માટે શરીર, વિષય અને કર્મો ઉત્પન્ન કરે છે અને તે જ મન માયાને ઉત્પન્ન કરે છે. હકીકતમાં માયા (અવિદ્યા) જ જીવના સંસારચક્રમાં પડવાનું કારણ છે ।।૬।।

જ્યાં સુધી તેલ, તેલ રાખવાનું પાત્ર, દિવેટ અને અગ્નિ નો સંયોગ રહે છે ત્યાં સુધી જ દીપમાં દીપકપણું છે તેવી જ રીતે જ્યાં સુધી આત્માનો કર્મ, મન, શરીર અને તેમનામાં રહેલ ચૈતન્ય અધ્યાસની સાથે સમ્બન્ધ રહે છે ત્યાં સુધી જ તેને જન્મ-મૃત્યુના ચક્રરૂપ સંસારમાં ભટકવું પડે છે અને રજોગુણ, સત્ત્વગુણ તથા તમોગુણ ની વૃત્તિઓથી તેને ઉત્પન્ન, સ્થિત અને વિનષ્ટ થવું પડે છે ।।૭।।

પરન્તુ દીપક ઓલવાઈ જતાં તત્ત્વરૂપ તેજનો વિનાશ થતો નથી તેવી જ રીતે સંસારનો નાશ થઈ જવા છતાં સ્વયંપ્રકાશ આત્માનો નાશ થતો નથી કારણ કે તે કાર્ય અને કારણ, વ્યક્ત અને અવ્યક્ત, સ્થૂલ અને સૂક્ષ્મ દેહથી પર છે તે આકાશની જેમ બધાનો આધાર છે, નિત્ય અને નિશ્ચલ છે તે અનન્ત છે. ખરેખર આત્માની ઉપમા આત્માને જ આપી શકાય ।।૮।।

હે રાજા! તમે તમારી વિશુદ્ધ અને વિવેકયુક્ત બુદ્ધિને પરમાત્માના ચિન્તનથી ભરી દો અને સ્વયં તમારા હૃદયમાં બિરાજેલ પરમાત્માનો સાક્ષાત્કાર કરો ।।૯।।

આમ તમારો આત્મા (મન) ઈશ્વર સાથે એક રૂપ થઈ જશે તેથી તમે ઈશ્વર (સમર્થ) બની જશો તેથી બ્રાહ્મણના શાપથી પ્રેરાયેલો તક્ષક તમને ભસ્મ કરી શકશે નહિ. અરે! તક્ષકની તો વાત જવા દો, સ્વયં મૃત્યુ અને મૃત્યુઓનો કાફલો પણ તમને મારી શકશે નહિ ।।૧૦।।

તમે એ પ્રમાણે ચિન્તન કરો કે ''હું જ સર્વાધિષ્ઠાન પરબ્રહ્મ છું, સર્વાધિષ્ઠાન બ્રહ્મ હું જ છું''. આ પ્રમાણે તમે તમારી જાતને પોતાના વાસ્તવિક એકરસ અનન્ત અખંડ સ્વરૂપમાં સ્થિત કરી લો ।।૧૧।।

એ વખતે ભલે તક્ષક આવીને પોતાનાં વિષપૂર્ણ મુખોથી તમારા પગમાં ડસી લે તેની કંઈ પરવા નથી. તમે તો તમારા આત્મસ્વરૂપમાં સ્થિત થઈ જઈ આ શરીરને, તક્ષકને કે આખા વિશ્વને તમારા (આત્મા) થી જુદાં જોઈ શકશો નહિ ।।૧૨।।

**એતત્ તે કથિતં તાત! યથાઽઽત્મા પૃષ્ટવાન્ નૃપ ।।**
**હરેર્વિશ્વાત્મનશ્ચેષ્ટાં કિં ભૂયઃ શ્રોતુમિચ્છસિ ।।૧૩।।**

હે પરીક્ષિત! તમે વિશ્વાત્મા ભગવાન્‌ની લીલા વિશે જે પ્રશ્ન પૂછ્યો હતો તેનો ઉત્તર મેં આપી દીધો. હવે બીજું શું શ્રવણ કરવાની ઈચ્છા છે? ।।૧૩।।

**ઈતિ શ્રીભાગવત દ્વાદશ સ્કન્ધમાં (ત્રીજા ભગવદ્ આશ્રય પ્રકરણનો પહેલો અધ્યાય તથા ચાલુ) ''પરીક્ષિતને મૃત્યુનો ભય દૂર થયો'' નામનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**આપણે પુષ્ટિમાર્ગી નથી જ જોઇ**
મૃતકના ઉદ્ધારાર્થે કે ફંડફાળામાટે ભાગવતકથાનું આયોજન કરીએછીએ
(ઠેરાવેલ કે ઠેરાવ્યા વિનાની)દક્ષિણા લઈને ભાગવત વાંચીએ છીએ
આવી ભાગવતકથા સાંભળવા કે આશીર્વાદ આપવા જઈએ છીએ

## અધ્યાય ૬
## પરીક્ષિતની પરમ ગતિ
## જનમેજયનો સર્પસત્ર અને વેદોનો શાખાભેદ

**વિશેષઃ** પરીક્ષિત રાજાનું સર્પદંશથી મૃત્યુ થયું એ વાત એના પુત્રના જાણવામાં આવતાં તેણે સર્પોને મારવાને માટે યજ્ઞ કર્યો એટલે એ વિધિથી સર્પોને અગ્નિમાં બાળ્યા એ વાત તથા વેદશાસ્ત્રના વિભાગને કહેતા ત્રણ વેદ વ્યાસજીએ કર્યા એ વાત આ છઠ્ઠા અધ્યાયમાં કહેવાશે.

**એતન્નિશમ્ય મુનિનાભિહિતં પરીક્ષિદ્ વ્યાસાત્મજેન નિખિલાત્મદશા સમેન ।।**

**તત્પાદપદ્મમુપસૃત્ય નતેન મૂર્ધ્ના બદ્ધાઞ્જલિસ્તમિદમાહ સ વિષ્ણુરાતઃ ।।૧।।**

**શ્રીસૂતજી બોલ્યા :** હે શૌનકાદિ ઋષિઓ! વ્યાસનન્દન શ્રીશુકદેવ મુનિ સમસ્ત ચરાચર જગતને પોતાના આત્માના રૂપમાં અનુભવ કરે છે અને વ્યવહારમાં બધા પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે છે. ભગવાન્‌ના શરણાગત અને આપદ્વારા સુરક્ષિત રાજર્ષિ પરીક્ષિતે તેમનો સમ્પૂર્ણ ઉપદેશ ખૂબ ધ્યાનથી શ્રવણ કર્યો. હવે તેમનાં ચરણકમલોમાં પોતાનું મસ્તક નમાવી હાથ જોડીને પરીક્ષિત રાજા આ પ્રમાણે બોલ્યા ।।૧।।

**રાજા પરીક્ષિતે કહ્યું :** હે ભગવન્! જે ભગવાન્ શ્રીકૃષ્ણનાં સાક્ષાત્ દર્શન અને અનુભવ મને ગર્ભમાં તથા બાલ્યકાલમાં થયેલાં તે જ અનાદિ, અનન્ત અને એક રસ શ્રીહરિના સ્વરૂપ અને લીલાઓનું વર્ણન આપે કર્યું છે. તેથીય આગળ વધીને તે સ્વરૂપને પ્રાપ્ત કરી લેવાનું સાધન પણ આપે બતાવી દીધું છે. આપની સ્વાભાવિક દયાલુતાને કારણે જ આપે આ કૃપાનું કાર્ય કર્યું છે મારામાં તો કોઈ સાધન કે યોગ્યતા નથી ।।૨।।

સંસારનાં પ્રાણીઓ પોતાના સ્વાર્થ અને પરમાર્થ ના જ્ઞાનવિહોણાં છે અને અનેક પ્રકારનાં દુઃખોના-દાવાનલથી પ્રજળી રહ્યાં છે. તેમના ઉપર ભગવન્મય મહાત્માઓનો અનુગ્રહ થાય એ કોઈ નવી ઘટના કે આશ્ચર્યની વાત નથી. એ તો એમનેમાટે સ્વાભાવિક છે ।।૩।।

મેં તથા બીજા ઘણા લોકોએ આપના મુખારવિન્દથી આ શ્રીમદ્ ભાગવત મહાપુરાણનું શ્રવણ કર્યું છે. આ પુરાણમાં શબ્દે-શબ્દે ભગવાન્ શ્રીહરિના તે સ્વરૂપ અને લીલા ઓનું વર્ણન કરવામાં આવ્યું છે જેનું ગાન કરવામાં મોટા-મોટા આત્મારામ પુરુષો ખોવાઈ જાય છે ।।૪।।

હે ભગવન્! આપે મને અભયપદનો, બ્રહ્મ અને આત્મા ની એકતાનો સાક્ષાત્કાર કરાવી દીધો છે હવે હું પરમ શાન્તિ સ્વરૂપ બ્રહ્મમાં સ્થિત છું. હવે મને તક્ષક આદિ કોઈ પણ મૃત્યુના નિમિત્તથી અથવા કોટીબંધ મૃત્યુઓથી પણ ભય નથી. હું અભય થઈ ગયો છું ।।૫।।

હે બ્રહ્મન્! હવે આપ મને મૌન થઈ જવાની તથા કામનાઓના સંસ્કારથી પણ રહિત ચિત્તને ઇન્દ્રિયાતીત પરમાત્માના સ્વરૂપમાં વિલીન કરી દઈ મારા પ્રાણોનો ત્યાગ કરી દેવાની આજ્ઞા આપો ।।૬।।

આપે મને આપેલ જ્ઞાન (શ્રીકૃષ્ણાનુભવ) અને વિજ્ઞાન (શ્રીકૃષ્ણના ઐશ્વર્યના અનુભવ) માં મારી નિષ્ઠા (સ્થિતિ) થઈ જવાથી મારું અજ્ઞાન કાયમને માટે નાશ પામ્યું છે. આપે ભગવાન્‌ના પરમ કલ્યાણમય સ્વરૂપનો મને સાક્ષાત્કાર કરાવી દીધો છે ।।૭।।

**શ્રીસૂતજી બોલ્યા** : હે શૌનકાદિ ઋષિઓ! રાજા પરીક્ષિતે શ્રીશુકદેવજીને આ પ્રમાણે કહી તેમની પ્રેમપૂર્વક પૂજા કરી. હવે શ્રીશુકદેવજીએ રાજા પરીક્ષિતને ભગવાન્‌માં સર્વઈન્દ્રિયો જોડવાની આજ્ઞા આપી તેમની વિદાય લઈ સમાગત ત્યાગી મહાત્માઓ, ભિક્ષુઓ સાથે ત્યાંથી ચાલ્યા ગયા ।।૮।।

રાજર્ષિ પરીક્ષિતે પણ સ્વયં પોતાના મનને પરમાત્માના ચિન્તનમાં લીન કરી દીધું અને ધ્યાનમગ્ન થઈ ગયા. તે વખતે તેમના શ્વાસ-પ્રશ્વાસ પણ ચાલતા ન હોતા અને વૃક્ષના ઠૂંઠાની જેમ અક્કડ થઈ ગયા ।।૯।।

ગંગાજીના તટ ઉપર તેમણે આગળનો ભાગ પૂર્વ તરફ હોય તેવી રીતે દર્ભો બિછાવી રાખ્યા હતા. ઉત્તર તરફ મોં રાખી પોતે તેના ઉપર બેસી ગયા હતા. તેમની આસક્તિ અને સંશય તો પહેલેથી જ મટી ગયા હતા. હવે તે બ્રહ્મ અને આત્મા ની એકતારૂપ મહાયોગમાં સ્થિત થઈ જઈ બ્રહ્મસ્વરૂપ થઈ ગયા ।।૧૦।।

હે બ્રાહ્મણો! મુનિકુમાર શૃંગીને ગુસ્સે થઈ પરીક્ષિતને શાપ આપી દીધો હતો એટલે તેનો મોકલેલો તક્ષક નાગ રાજા પરીક્ષિતને કરડવામાટે તેની પાસે જવા નીકળ્યો. રસ્તામાં તેણે કશ્યપ નામના એક બ્રાહ્મણને જોયો* ।।૧૧।।

**વિશેષ** : અહીં એક શ્લોક આ પ્રમાણે છે જેને મોટા ભાગના ટીકાકારો ક્ષેપક ગણે છેઃ

**તત્રાલીઢં વટં દષ્ટ્વા તક્ષકેણ મહાત્મના।ચકાર નિર્વિષં વિપ્રો મન્ત્રપૂતેન વારિણા।।**

કશ્યપ બ્રાહ્મણની વિષ ઉતારવાની વિદ્યાની પરીક્ષા કરવા તક્ષકે એક વડલાના વૃક્ષને દંશ દીધો. વડલાનું વૃક્ષ બળી ગયું. કશ્યપે મન્ત્રેલું જલ તે વૃક્ષ ઉપર છાંટતાં વડલો તો લીલોછમ થઈ ગયો એટલું જ નહિ એ વડલાના વૃક્ષ ઉપર પહેલેથી જ લાકડાં લેવા ચઢેલો એક બ્રાહ્મણ પણ સજીવન થઈ ગયો. તક્ષક અને કશ્યપ ત્યાંથી ચાલ્યા ગયા પછી આ બ્રાહ્મણ રાજા પરીક્ષિતના મન્ત્રીઓની પાસે ગયો અને તેમને આ વૃત્તાન્ત કહી સંભળાવ્યું. મન્ત્રીઓએ રાજા જનમેજય વગેરેને આ વાત કરી (અ.૫૦,આદિપર્વ, મહાભારત).

કશ્યપ બ્રાહ્મણ સર્પવિષની ચિકિત્સા કરવામાં નિષ્ણાત હતો. તક્ષકે ઘણું બધું ધન આપી કશ્યપને ત્યાંથી જ પાછો મોકલી દીધો તેને રાજા સુધી પહોંચવા જ દીધો

નહિ અને પોતે ઈચ્છાનુસાર રૂપ ધારણ કરી શકતો હોવાથી બ્રાહ્મણનું રૂપ લઈ, રાજા પરીક્ષિતની પાસે ગયો અને તેને દંશ માર્યો ।।૧૨।।

રાજર્ષિ પરીક્ષિત તક્ષકના કરડતાં પહેલાં જ બ્રહ્મમાં સ્થિત થઈ ગયા હતા. હવે તક્ષકના વિષની આગથી તેમનું શરીર સર્વના દેખતાં જ બળીને ભસ્મ થઈ ગયું ।।૧૩।।

પૃથ્વી, આકાશ અને સર્વ દિશાઓમાં હાહાકાર થઈ ગયો. દેવતા, અસુરો, મનુષ્યો વગેરે બધાય પરીક્ષિતની આ પરમ ગતિ જોઈ વિસ્મય પામ્યા ।।૧૪।।

દેવોનાં દુન્દુભિ વાગવા લાગ્યાં. ગન્ધર્વો અને અપ્સરાઓ ગાન કરવા લાગ્યાં. દેવો રાજાને ધન્યવાદ આપતા પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા ।।૧૫।।

જ્યારે જનમેજયને ખબર પડી કે તક્ષકે મારા પિતાજીને દંશ દીધો છે ત્યારે તેને અત્યન્ત ક્રોધ થયો. બ્રાહ્મણોની સાથે રહીને તેણે સર્પસત્રદ્વારા વિધિપૂર્વક અગ્નિકુંડમાં સર્પોને હોમવાનું આવાહન કર્યું ।।૧૬।।

સર્પસત્રમાં અગ્નિ જ્યારે સળગ્યો ત્યારે એમાં મોટા સર્પો બળવા લાગ્યા. એને જોઈને ભયથી ઉદ્‌વેગ પામેલો તક્ષક. ઈન્દ્રને શરણે ગયો ।।૧૭।।

પરીક્ષિતના પુત્ર જનમેજયે જ્યારે તક્ષકને ન જોયો ત્યારે એ બ્રાહ્મણોને પૂછવા લાગ્યો કે "સર્પમાં અધમ તક્ષક હજુ કેમ આ આહુતિમાં બળતો નથી. તમે બીજાને બાળો છો ત્યારે તક્ષકને હજુ કેમ હોમી દેતા નથી?" ।।૧૮।।

**બ્રાહ્મણોએ કહ્યું** : હે રાજેન્દ્ર! તક્ષક ઈન્દ્રને શરણે ગયો છે તેથી ઈન્દ્ર એની રક્ષા કરી રહ્યા છે. એમણે સર્પને પકડી રાખ્યો છે તેથી એ અધમ સર્પ અત્યાર સુધી અગ્નિમાંથી બચી રહ્યો છે ।।૧૯।।

પરીક્ષિત નન્દન જનમેજય મહાન બુદ્ધિમાન અને વીર હતો. તેણે બ્રાહ્મણોની વાત સાંભળી ઋત્વિજોને કહ્યું, "હે બ્રાહ્મણો! આપ લોકો ઈન્દ્રની સાથે તક્ષકને અગ્નિમાં કેમ હોમી દેતા નથી?" ।।૨૦।।

જનમેજયની વાત સાંભળી બ્રાહ્મણોએ તે યજ્ઞમાં ઈન્દ્રની સાથે તક્ષકનું અગ્નિકુંડમાં આવાહન કર્યું. તેમણે કહ્યું, "અરે તક્ષક! તું મરુદ્‌ગણના સહચર ઈન્દ્રની સાથે આ અગ્નિકુંડમાં હમણાં ને હમણાં આવીને પડ" ।।૨૧।।

જ્યારે બ્રાહ્મણોએ આ પ્રમાણે આકર્ષણ મન્ત્રનો પાઠ કર્યો ત્યારે તો ઈન્દ્ર પોતાના સ્થાન સ્વર્ગથી વિચલિત થઈ ગયા. વિમાનમાં બેઠેલા ઈન્દ્ર તક્ષક સાથે બહુ

ગભરાઈ ગયા અને તેમનું વિમાન પણ ચક્કર-ચક્કર ફરવા લાગ્યું ।।૨૨।।

અંગિરાનન્દન બૃહસ્પતિજીએ જોયું કે દેવરાજ ઈન્દ્ર વિમાન અને તક્ષક સાથે આકાશમાંથી અગ્નિકુંડમાં પડી રહ્યા છે ત્યારે તેમણે રાજા જનમેજયને કહ્યું ।।૨૩।।

''હે નરેન્દ્ર! સર્પરાજ તક્ષકને મારી નાખવો આપને શોભતું નથી. તેણે અમૃત પી લીધું છે તેથી તે અજર અને અમર છે ।।૨૪।।

હે રાજન્! જગતનાં પ્રાણીઓ પોતપોતાનાં કર્મો પ્રમાણે જ જીવન, મરણ અને મરણોત્તર ગતિ પ્રાપ્ત કરે છે. કર્મ સિવાય બીજું કંઈ કોઈને પણ સુખ-દુઃખ આપી શકતું નથી ।।૨૫।।

હે જનમેજય! આમ તો ઘણા લોકોનાં મૃત્યુ સર્પ, ચોર, આગ, વીજળી આદિથી તથા ભૂખ, તરસ, રોગ વગેરે નિમિત્તોથી થાય છે પણ એ તો બધી કહેવાની વાતો છે. વાસ્તવમાં તો બધાં પ્રાણી પ્રારબ્ધ કર્મનો જ ભોગ ભોગવે છે ।।૨૬।।

હે રાજા! તમે ઘણા નિરપરાધ સર્પોને બાળી નાખ્યા છે. આ અભિચાર યજ્ઞનું ફલ કેવલ પ્રાણીઓની હિંસા જ છે. તેથી તે બંધ કરી દેવો જોઈએ. કારણ કે જગતનાં બધાં પ્રાણીઓ પોતપોતાનાં પ્રારબ્ધ કર્મોનો જ ભોગ ભોગવતાં હોય છે. (એટલે સર્પોના પ્રારબ્ધે જ તમને આ યજ્ઞ કરવાની પ્રેરણા કરી તેથી તમારો પણ કંઈ વાંક નથી)''* ।।૨૭।।

**વિશેષ** : મહાભારતની નીચેની કથાનું અહીં અનુસન્ધાન કરવું:

એક વખત કશ્યપ પ્રજાપતિની પત્નીઓ (સર્પોની માતા) કદ્રુ અને (ગરુડજીની માતા) વિનતા વચ્ચે ઉચ્ચૈઃશ્રવા (ઈન્દ્રના અશ્વ) ના પુચ્છના રંગ વિષે વિવાદ થયો. કદ્રુએ કહ્યું કે ''તે શ્યામ છે'' અને વિનતાએ કહ્યું કે ''તે શ્વેત છે આવતી કાલે એની ખાતરી કરીશું અને જે ખોટી પડે તે દાસી બનીને રહે''. એવી શરત લાગી. કદ્રુએ તેના પુત્રો સર્પોને કહ્યું કે ''તમે શ્યામ રોમ બનીને અશ્વના પુચ્છે વીંટાઈ જાઓ. મારું કહ્યું નહિ માને તે જનમેજયના સર્પસત્રમાં બળીને ભસ્મ થઈ જશે''. આમ જે સર્પોએ માતાની આજ્ઞા નહોતી માની તે સર્પો જનમેજયના આ સર્પસત્રમાં બળ્યા છે.

શ્રીસૂતજી બોલ્યાઃ હે શૌનકાદિ ઋષિઓ! મહર્ષિબૃહસ્પતિજીની વાતનું સન્માન કરીને જન્મેજયે કહ્યું, ''આપની આજ્ઞા શિરોધાર્ય છે'' આમ તેણે સર્પસત્ર બન્ધ કરી દઈ બૃહસ્પતિજીની વિધિ પૂર્વક પૂજા કરી ।।૨૮।।

હે ઋષિઓ! (જેનાથી વિદ્વાન બ્રાહ્મણ શૃંગીને પણ ક્રોધ આવી ગયો, રાજાને

શાપ થયો, તેનું મૃત્યું થયું, જનમેજયને પાછો ક્રોધ આવ્યો, સર્પો માર્યા ગયા) આ તે જ ભગવાન્ વિષ્ણુની મહામાયા છે. તે કલ્પનાતીત છે. તેથી જ ભગવાન્ના અંશરૂપ જીવો ક્રોધ વગેરે ગુણ વૃત્તિઓદ્વારા શરીરોમાં મોહિત થઈ જાય છે એક બીજાને દુઃખ આપે છે અને પોતે પણ ભોગવે છે. ભગવાન્[1] જ તેને નિવૃત્ત કરી શકે છે જીવો પોતાના પ્રયત્નોથી નહિ જ.[2] ।।૨૯।।

**વિશેષ** : ૧. **'અબાધ્યયા'** - ૧. જેને નિવૃત્ત ન કરી શકાય તેવી માયાથી **૨.''અકારો વાસુદેવઃ સ્યાત્''** (એકાક્ષરકોશ) જેની નિવૃત્તિ ભગવાન્ વાસુદેવ(ની શરણાગતિ) થીજ થાય તેવી(માયા)થી. **'અઃ'**=વાસુદેવ. ૨.આ શ્લોકના પૂર્વાર્ધના બીજા ચરણમાં **૧.''અબાધ્યયા લક્ષણા યયા ૨. મુહ્યત્યસ્યૈવાત્મભૂતા''** એમ બેપાઠ છે.

(વિષ્ણુ ભગવાન્ના સ્વરૂપનો નિશ્ચય કરી એમની ભક્તિ કરવાથી જ માયાની નિવૃત્તિ થાય છે તેથી આપના સ્વરૂપનું નિરૂપણ કરે છે) આ દમ્ભી છે, કપટી છે એ જાતની બુદ્ધિમાં વારંવાર જે દમ્ભ-કપટની સ્ફૂરણા થાય છે તે જ માયા છે. જ્યારે આત્મવાદી પુરુષો બ્રહ્મનો વિચાર કરે છે ત્યારે તે પરમાત્માના સ્વરૂપમાં નિર્ભય રૂપથી પ્રકાશિત થતી નથી, પરન્તુ ડરની મારી, મોહ વગેરે ઉત્પન્ન કરવાનાં પોતાનાં કાર્ય નહિ કરતી જેમ-તેમ ગુજારો કરી લે છે. આ રૂપમાં તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. માયાના આશ્રિત નાના (વિવિધ) પ્રકારના વિવાદ મતવાદ પણ પરમાત્માના સ્વરૂપમાં નથી; વાદ-વિવાદની તો વાત જવા દો, લોક-પરલોકના વિષયોના સમ્બન્ધમાં સંકલ્પ-વિકલ્પ કરવાવાળું મન પણ શાન્ત થઈ જાય છે ।।૩૦।।

જેને ઇન્દ્રિયોનો સમૂહ નથી કે ઇન્દ્રિયોથી થતાં પુણ્યપાપરૂપ કર્મ નથી; જેમાં આ બન્નેનું સુખ-દુઃખ વગેરે ફલ નથી, સત્ત્વાદિ ગુણોથી રચાયેલો જીવ નથી કે જીવની ઉપાધિરૂપી અહંકાર નથી અને તેથી જ તે કોઈનાદ્વારા બાધિત થતા નથી કે કોઈના વિરોધી નથી અર્થાત્ જેમાં માયાનાં મોહ વગેરે કાર્યો છે જ નહિ. વિવેકી પુરુષ તેવા પરમાત્માના સ્વરૂપનો વિચાર કરી, પોતે અહંકાર વગેરે ઊર્મિઓનો ત્યાગ કરી દઈ તે પરમાત્માના સ્વરૂપમાં વિરામ પામે. (આમ કરવાથી જ જીવમાં રહેલા મોહની નિવૃત્તિ થાય છે) ।।૩૧।।

ભગવાન્ સિવાય બીજામાં જેમને પ્રેમ નથી અને તેથી જ વેદો જેના સ્વરૂપને **''નેતિ-નેતિ''** ભગવાન્નું સ્વરૂપ આવું નથી, આવું નથી એમ કહી વર્ણન કરે છે તે

ભગવાન્ સિવાય તમામ વસ્તુઓ અને આસક્તિઓને છોડી દેવા ઈચ્છનારા ભગવદ્ ભક્તો આગળ જેનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે પરમ ઉત્કૃષ્ટ, વૈષ્ણવોને પ્રાપ્ત થતું વિષ્ણુના પદસ્વરૂપનું વર્ણન કરે છે તથા તે મુમુક્ષુઓ દેહ, ઈન્દ્રિયો અને અન્તઃકરણને વશ કરી, દેહ, ગેહ વગેરેમાં અહન્તા-મમતા તથા રાગ-દ્વેષ વગેરેનો ત્યાગ કરી, હૃદયમાં ધ્યાનદ્વારા પરમ પદનું આલિંગન કરે છે નિરન્તર ધ્યાન કરતા રહે છે ।।૩૨।।

વિષ્ણુ ભગવાન્‌નું આ જ વાસ્તવિક સ્વરૂપ છે, આ જ આપનું પરમ પદ છે. જેમનાં અન્તઃકરણમાં શરીર પ્રત્યે અહમ્ભાવ નથી કે તેના સમ્બન્ધી ગૃહ વગેરે પદાર્થોમાં મમતા પણ નથી તેવા લોકોને તે પરમ પદ પ્રાપ્ત થાય છે. (ખરેખર જગતની વસ્તુઓમાં હું પણુ અને મારાપણું રાખવું એ જ દુર્જનતા છે) ।।૩૩।।

હે શૌનકજી! જેને આ પરમપદની પ્રાપ્તિની ઈચ્છા હોય તે બીજાઓની કટુ (તીખી) વાણી સહન કરી લે અને તેના બદલામાં કોઈનું અપમાન ન કરે. આ ક્ષણભંગુર શરીરમાં અહન્તા-મમતા કરી કોઈપણ પ્રાણી સાથે ક્યારેય વેર ન કરે ।।૩૪।।

(શાસ્ત્ર સમાપ્તિ કરતાં પહેલાં પોતાના વિદ્યાગુરુ વ્યાસ ભગવાન્‌ને નમન કરે છે) ભગવાન્ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીનું જ્ઞાન અનન્ત છે. તેમનાં જ ચરણકમલોના ધ્યાનથી મેં આ શ્રીમદ્ ભાગવત મહાપુરાણનું અધ્યયન કર્યું છે. હું હવે તેમને જ નમસ્કાર કરી આ પુરાણ સમાપ્ત કરું છું. (કૃષ્ણ પંચાત્મક છે. ૧. નન્દનન્દન યશોદોત્સંગ લાલિત વ્રજવિહારી ૨. કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ ભગવાન્ ૩. અર્જુન ૪.કૃષ્ણા=દ્રૌપદી અને ૫. તુરીય (તુર્ય) પ્રિયા શ્રીયમુનાજી ।।૩૫।।

**શૌનકજીએ પૂછ્યું** : હે સૌમ્ય* સૂતજી! વેદ વ્યાસજીના શિષ્યો પૈલ વગેરે મહર્ષિ મહાત્માઓ તથા વેદોના આચાર્ય હતા. તેમણે વેદોનું વિભાજન કેટલી રીતે કર્યું તે આપ કૃપા કરીને અમને સંભળાવો ।।૩૬।।

**વિશેષ** : સૌમ્ય-સોમ એટલે ચન્દ્ર. ચન્દ્રની જેમ જે મનનો સન્તાપ હરી લે તે સૌમ્ય.

**સૂતજીએ કહ્યું** : હે બ્રહ્મન્! જે વખતે પરમેષ્ઠી બ્રહ્માજીએ પૂર્વસૃષ્ટિનું જ્ઞાન સમ્પાદન કરવા ચિત્તને એકાગ્ર કર્યું તે વખતે તેમના હૃદયરૂપી આકાશમાંથી કંઠ, તાલુ વગેરે સ્થાનોના સંઘર્ષથી રહિત એક અત્યન્ત વિલક્ષણ અનાહત નાદ પ્રગટ થયો. જ્યારે જીવ પોતાના કાન બંધ કરી દે છે ત્યારે તેને પણ તે અનાહત નાદનો અનુભવ

થાય છે ।।૩૭।।

મોટા-મોટા યોગીઓ તે જ અનાહત નાદની ઉપાસના કરે છે અને તેના પ્રભાવથી અન્તઃકરણના દ્રવ્ય (અધિભૂત), ક્રિયા (અધ્યાત્મ) અને કારક (અધિદૈવ) રૂપ મલનો નાશ કરી તે પરમ ગતિરૂપ મોક્ષ પ્રાપ્ત કરે છે જેમાં જન્મ-મરણરૂપ સંસારચક્ર નથી.* ।।૩૮।।

**વિશેષ** : દ્રવ્ય=શરીર. ક્રિયા=પુણ્ય પાપરૂપ કર્મ. કારક=ઈન્દ્રિય ગણ.

તે ઘણ્ટનાદ જેવા અનાહત નાદમાંથી **'અ'**કાર, **'ઉ'** કાર, અને **'મ'** કારરૂપ ત્રણ માત્રાઓ વળો **'ૐ'** કાર પ્રગટ થયો. યોગીઓ સિવાયના પુરુષો તેને જાણી શકતા નથી. **'ૐ'** કાર સ્વયં પણ અવ્યક્ત અને અનાદિ છે અને પરમાત્મસ્વરૂપ હોવાથી સ્વયંપ્રકાશ પણ છે. જે પરમ વસ્તુને ભગવાન્, બ્રહ્મ કે પરમાત્માના નામથી કહેવામાં આવે છે તેના સ્વરૂપનું જ્ઞાન પણ **'ૐ'** કારદ્વારા થાય છે ।।૩૯।।

(તે પરમાત્મા કોણ છે તેવી જિજ્ઞાસા થતાં કહે છે કે) જે આ અવ્યક્ત ૐકારના નાદને સાંભળે છે તે જ પરમાત્મા છે. જીવોનું જ્ઞાન તો ઈન્દ્રિયોને અધીન છે. (એમ ન હોય તો અન્ધજનોને પણ રૂપ વગેરેનું જ્ઞાન થઈ જાય) જ્યારે પરમાત્મા તો શૂન્યદગ છે. (નેત્રો બંધ રાખીને પણ ભગવાન્ જોઈ શકે છે કર્ણો બંધ રાખીને પણ સાંભળી શકે છે વગેરે) કાન બંધ કરી દેવામાં આવ્યા હોય અથવા જીવ ઊંઘમાં હોય અને અવાજ થતાં જીવને જે જગાડી દે છે તે પરમાત્મા છે. ઊંઘમાં જીવને નાદની ઉપલબ્ધિ પરમાત્માદ્વારા જ થાય છે. તે જ ૐકાર પરમાત્માના હૃદયાકાશમાં પ્રગટ થઈ વેદરૂપ વાણીને પ્રગટ કરે છે ।।૪૦।।

ૐકાર પોતાના આશ્રય પરમાત્મા પરબ્રહ્મનો સાક્ષાત્ વાચક છે અને ૐકાર જ સમ્પૂર્ણ મન્ત્ર, ઉપનિષદ અને વેદોનું સનાતન બીજ છે ।।૪૧।।

હે શૌનકજી! ૐકારના ત્રણ વર્ણ છે-**'અ'**,**'ઉ'** અને **'મ્'** આ જ ત્રણેય વર્ણ સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો; ઋક્, યજુઃ અને સામ આ ત્રણ નામો, ભૂઃ, ભુવઃ, સ્વઃ આ ત્રણ અર્થો અને જાગ્રત-સ્વપન-સુષુપ્તિ આ ત્રણ વૃત્તિઓના રૂપમાં ત્રણ-ત્રણની સંખ્યાવાળા ભાવોને ધારણ કરે છે ।।૪૨।।

ત્યાર પછી સર્વશક્તિમાન બ્રહ્માજીએ **'ૐ'** કારમાંથી જ અન્તઃસ્થ (ય,ર,લ,વ), ઉષ્માક્ષર (શ,ષ,શ,હ) સ્વર (નઅથ થીઞૌથ સુધી) સ્પર્શ વ્યજંન (નકથ થી નમથ સુધી) તથા હ્રસ્વ અને દીર્ઘ વગેરે લક્ષણોયુક્ત અક્ષર-સામામ્નાય

(વર્ણમાલા) ની રચના કરી ।।૪૩।।

તે જ વર્ણમાલાદ્વારા તેમણે પોતાનાં ચાર મુખોથી હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્મા આ ચાર ઋત્વિજોનાં કર્મ બતાવવામાટે ૐકાર અને વ્યાહૃતિઓ (ભૂઃ, ભુવઃ, સ્વઃ) સહિત ચાર વેદ પ્રગટ કર્યા અને પોતાના પુત્ર બ્રહ્મર્ષિ, મરીચિ વગેરેને વેદોના અધ્યયનમાં કુશળ જોઈ તેમને વેદોનું શિક્ષણ આપ્યું. તેઓ બધા જ્યારે ધર્મનો ઉપદેશ કરવામાં નિપુણ થઈ ગયા ત્યારે તેમણે પોતાના પુત્રો કશ્યપ વગેરેને તેમનું અધ્યયન કરાવ્યું ।।૪૪-૪૫।।

ત્યાર પછી તે જ લોકોના નૈષ્ઠિક બ્રહ્મચારી શિષ્ય-પ્રશિષ્યોદ્વારા ચારેય યુગોમાં સમ્પ્રદાયના રૂપમાં વેદોની રક્ષા થતી રહી. દ્વાપરના અન્તમાં મહર્ષિઓએ તેમનું વિભાજન પણ કર્યુ ।।૪૬।।

જ્યારે બ્રહ્મવેતા ઋષિઓએ જોયું કે સમયના પ્રભાવથી લોકોનું આયુષ્ય, શક્તિ અને બુદ્ધિ ક્ષીણ થઈ ગયાં છે ત્યારે તેમણે પોતાના હૃદય પ્રદેશમાં બિરાજમાન પરમાત્માની પ્રેરણાથી વેદોના અનેક વિભાગ કરી દીધા ।।૪૭।।

હે શૌનકજી! આ વૈવસ્વત મન્વન્તરમાં પણ બ્રહ્મા, શંકર વગેરે લોકપાલોની પ્રાર્થનાથી અખિલ વિશ્વના જીવનદાતા ભગવાને ધર્મની રક્ષામાટે મહર્ષિ પરાશરદ્વારા સત્યવતીના ગર્ભથી પોતાના અશાંશ કલા સ્વરૂપ[૧] વ્યાસજીના રૂપમાં અવતાર લીધો છે. હે પરમ ભાગ્યવાન શૌનકજી! તેમણે જ આ અઠ્ઠાવીસમી ચતુર્યુગીના[૨] દ્વાપરયુગના સન્ધિ સમયે વેદના ચાર વિભાગ કર્યા છે ।।૪૮-૪૯।।

**વિશેષ** : ૧. અંશાંશકલા=અંશ એટલે પ્રકૃતિ કે માયા; તેનો અંશ સત્ત્વગુણ; તેની કલા અથવા અંશ તે વ્યાસજી રૂપે પ્રગટ થયા.

૨. ચતુર્યુગી=સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એ ચાર યુગોનો સમૂહ-ચોકડી. અત્યારે અઠ્ઠાવીસમી ચતુર્યુગીનો કલિયુગ ચાલી રહ્યો છે.

જેવી રીતે મણિઓના સમૂહમાંથી વિભિન્ન જાતિના મણિઓ અલગ-અલગ કરી દેવામાં આવે છે તેવી જ રીતે મહામતિ ભગવાન્ વ્યાસદેવે મન્ત્ર સમુદાયમાંથી ભિન્ન-ભિન્ન પ્રકરણો પ્રમાણે મન્ત્રોનો સંગ્રહ કરી તેમાંથી ઋક, યજુઃ, સામ અને અથર્વ ચાર સંહિતાઓ બનાવી અને પોતાના ચાર શિષ્યોને બોલાવી પ્રત્યેકને એક-એક સંહિતાનું શિક્ષણ આપ્યું ।।૫૦-૫૧।।

એમાં પ્રથમ ઋગ્વેદ સંહિતા પોતાના શિષ્ય પૈલને ભણાવી. એ સંહિતામાં

ઋચાઓ ઘણી છે તેથી એનું બહ્‌વૃચ એવું બીજું નામ છે. પોતાના વૈશમ્પાયન નામના શિષ્યને નિગદ નામનો યર્જુવેદ ભણાવ્યો ।।૫૨।।

છન્દમાં ગવાતી એવી છન્દોગ નામની સંહિતા જૈમિની નામના પોતાના શિષ્યને વ્યાસજીએ કહી સંભળાવી, અથર્વાંગિરસ નામની ચોથી સંહિતા સુમન્તુ નામના શિષ્યને વ્યાસજીએ આપી ।।૫૩।।

(એમ વેદની ચાર સંહિતાઓની વાત કહીને હવે એ વેદના વિભાગ થયા એનો ઈતિહાસ કહે છે કે) જે ઋક્સંહિતા વ્યાસજીએ પૈલ નામના શિષ્યને ભણાવી તે પૈલ મુનિએ એના બે વિભાગ કરી ઈન્દ્રિપ્રમિતિ અને બાષ્કલ નામના બે શિષ્યોને એ સંહિતા ભણાવી ।।૫૪।।

હે ભાર્ગવ! એ બાષ્કલે પણ પોતાને મળેલી શાખાના ચાર ભાગ કર્યા અને એ ભાગો પોતાના બોધ્ય, યાજ્ઞવલ્ક્ય, પરાશર અને અગ્નિમિત્ર નામના શિષ્યોને ભણાવ્યા ।।૫૫।।

પરમ સંયમી ઈન્દ્રપ્રમિતિએ પોતાને મળેલી સંહિતા પોતાના વિદ્વાન પુત્ર માણ્ડૂકેયને આપી. એનો શિષ્ય દેવમિત્ર થયો. તેણે એ સંહિતા સૌભરી વગેરે ઋષિઓને ભણાવી ।।૫૬।।

એ માણ્ડૂકેયનો પુત્ર શાકલ્ય થયો તેણે પિતા તરફથી પોતાને મળેલી સંહિતાના પાંચ ભાગ કર્યા અને એ વાત્સ્ય, મુદ્ગલ, શાલીય, ગોખલ્ય અને શિશિર નામના મુનિઓને ભણાવી ।।૫૭।।

શાકલ્યનો એક બીજો શિષ્ય જાતૂકર્ણ્ય હતો. તેણે નિરુક્ત સાથે પોતાને મળેલી સંહિતાના ત્રણ ભાગ કર્યા અને તેના સમ્બન્ધી નિરુક્ત સાથે પોતાના શિષ્યો બલાક, પૈજ, વૈતાળ અને વિરજ નામના મુનિઓને ભણાવ્યા ।।૫૮।।

બાષ્કલનો પુત્ર બાષ્કલિ થયો. તેણે બધી શાખાઓમાંથી એક વાલખિલ્ય નામની શાખા રચી અને એને બાલાયનિ, ભજ્ય અને કાસાર વગેરે ભણ્યા ।।૫૯।।

આટલી બહ્‌વૃચ સંહિતા ઉપર કહેલા મુનિઓએ ધારણ કરી. આ વેદના વિસ્તારને સાંભળનાર મનુષ્ય સર્વ પાપથી મુક્ત થાય છે ।।૬૦।।

(યજુર્વેદની તૈત્તિરીય શાખાની ઉત્પત્તિ કહે છે) હે શૌનકજી! વૈશમ્પાયનના કેટલાક શિષ્યોનું નામ ચરકાધ્વર્યુ[1] હતું. તે લોકોએ પોતાના ગુરુદેવને લાગેલી બ્રહ્મહત્યાના ૨ પાપનું પ્રાયશ્ચિત્ત કરવામાટે એક વ્રતનું અનુષ્ઠાન કર્યું તેથી જ તેમનું

નામ ચરકાધ્વર્યુ પડ્યું ।।૬૧।।

**વિશેષ** : ૧. **'ચરકાધ્વર્યુ'** : 'અધ્વર્યુ' નામની શાખાનું અધ્યયન કર્યું માટે અધ્વર્યુ. **''ચરક-ગુરોરનુશ્રેયં વ્રતં સ્વયં ચેરુસ્તસ્માચ્ચરકા અભવન્।''** ગુરુએ (આ) ચરવાનું વ્રત પોતે આચર્યું તેથી તેઓ ચરક કહેવાયા.

૨. વૈશમ્પાયને લાગેલી બ્રહ્મહત્યા એક વખતે ગંગાનદીને તીરે ઋષિઓની સભામાં તેમણે ઠરાવ કર્યો કે આજે મહામેરુ પર્વતની તળેટીમાં બધા ઋષિઓએ સત્સંગમાટે ચોક્કસ આવવું અને જે ન આવે તેને બ્રહ્મહત્યાનું પાપ. સાત રાત સત્સંગ ચાલશે. અનિવાર્ય સંયોગવશાત્ વૈશમ્પાયન તેમાં જઈ શક્યા નહિ. બનવા કાળ તે એવું બન્યું કે વૈશમ્પાયનનો પગ અજાણતાં તેના ભાણેજને અડી ગયો. ભાણેજ તત્કાલ મરી ગયો. મામા વૈશમ્પાયનને અત્યન્ત ક્લેશ થયો (વિષ્ણુપુરાણ)

વૈશમ્પાયનના એક શિષ્ય યાજ્ઞવલ્ક્ય મુનિ પણ હતા. તેમણે પોતાના ગુરુદેવને કહ્યું, ''અહો ભગવન્! આ ચરકાધ્વર્યુ બ્રાહ્મણ તો બહુ જ અલ્પ શક્તિવાળા છે. એમના વ્રતપાલનથી શું લાભ થવાનો છે? હું આપના પ્રાયશ્ચિત્તને માટે ઘણી જ કઠોર તપશ્ચર્યા કરીશ'' ।।૬૨।।

યાજ્ઞવલ્ક્ય મુનિની આ વાત સાંભળી વૈશમ્પાયન મુનિને ક્રોધ આવી ગયો. તેમણે કહ્યું, ''બ્રાહ્મણોનું અપમાન કરનાર તારા જેવા શિષ્યની મારે કોઈ જરૂર નથી. અત્યાર સુધીમાં મારી પાસેથી ભણેલ વિદ્યાને છોડીને તું જલદી અહીંથી ચાલ્યો જા'' ।।૬૩।।

દેવરાતના પુત્ર યાજ્ઞવલ્ક્યજીએ ગુરુજીની આજ્ઞા મળતાં જ ભણાવેલ યજુર્વેદનું વમન કરી દીધું અને તે ત્યાંથી ચાલ્યા ગયા. જ્યારે મુનિઓએ જોયું કે જ્યારે મુનિઓએ જોયું કે યાજ્ઞવલ્ક્યે તો યર્જુર્વેદનું વમન કરી દીધું ત્યારે તેમના મનમાં તેને કોઈપણ રીતે ગ્રહણ કરી લેવાની લાલચ થઈ આવી. પરન્તુ બ્રાહ્મણ થઈને ઓકી કાઢેલા મન્ત્રો ગ્રહણ કરવા અનુચિત છે એમ વિચારી તેઓ તેતર બની ગયા અને તે સંહિતાને અનાજના દાણાને ચણે તેમ ચણી ગયા. તેથી જ યજુર્વેદની તે પરમ રમણીય શાખા 'તૈત્તિરીય' નામથી પ્રસિદ્ધ થઈ (તિત્તિરિ=તેતર) ।।૬૪-૬૫।।

હે શૌનકજી! હવે યાજ્ઞવલ્ક્યે વિચાર કર્યો કે હું હવે એવી શ્રુતિઓ પ્રાપ્ત કરું કે જે મારા ગુરુની પાસે પણ ન હોય. તેમાટે તે સૂર્ય ભગવાનનું ઉપસ્થાન કરવા લાગ્યા ।।૬૬।।

**"યાજ્ઞવલ્ક્ય આ પ્રમાણે ઉપસ્થાન કરે છે"** - (પહેલાં ગાયત્રીના પ્રથમ પાદનો અર્થ કહે છે કે) હું **'ૐ'** કાર સ્વરૂપ ભગવાન્ સૂર્યને નમસ્કાર કરું છું. બ્રહ્માજીથી લઈને તૃણપર્યન્ત જેટલાં જરાયુજ (ઓરથી વીંટાયેલ અવસ્થામાં જન્મતાં), અંડજ (ઈંડામાંથી જન્મતાં), સ્વેદજ (પસીનાથી થતાં) અને ઉદ્ભિજ્જ (વનસ્પતિ) (અથવા દેવ, મનુષ્ય, પશુ, વનસ્પતિ) ચાર પ્રકારનાં પ્રાણીઓ છે તે બધાંના હૃદયમાં અને બહાર આકાશની જેમ સમાન રીતે વ્યાપ્ત રહીને પણ આપ ઉપાધિના ધર્મોથી અલિપ્ત રહેનારા અદ્વિતીય ભગવાન્જ છો. આપજ ક્ષણ, લવ, નિમેષ આદિ અવયવોથી સંઘઠિત સંવત્સરોદ્વારા અને જલના આકર્ષણ વિતરણ-આદાન-પ્રદાનદ્વારા સમસ્ત લોકોની જીવનયાત્રા ચલાવો છો ।।૬૭।।

(ગાયત્રીના બીજા પાદનો અર્થ કહે છે કે) હે પ્રભો! આપ સમસ્ત દેવતાઓમાં શ્રેષ્ઠ છો. જે લોકો પ્રતિદિન ત્રણેય સમય વેદવિધિપૂર્વક આપની ઉપાસના કરે છે તેમનાં તમામ પાપ અને દુઃખોનાં બીજોને આપ ભસ્મ કરી દો છો. હે સૂર્યદેવ! આપ સમસ્ત સૃષ્ટિના મૂલ કારણ એવં સમસ્ત ઐશ્વર્યોના સ્વામી છો. તેથી અમે આપના આ તેજોમય મંડલનું પૂરી એકાગ્રતાપૂર્વક ધ્યાન ધરીએ છીએ ।।૬૮।।

(હવે ગાયત્રીના ત્રીજા પાદના અર્થનું અનુસન્ધાન કરી સ્તુતિ કરે છે કે) આપ બધાના આત્મા અને અન્તર્યામી છો. જગતમાં જેટલાં ચરાચર પ્રાણીઓ છે તે બધાં આપનાં જ આશ્રિત છે. આપ જ તેમના અચેતન મન, ઇન્દ્રિય અને પ્રાણોના પ્રેરક છો ।।૬૯।।

(ગાયત્રીના તૃતીય પાદમાં પણ સૂર્યમંડલની શ્રેષ્ઠતાનું નિરૂપણ કરે છે કે) આ લોક પ્રતિદિન અન્ધકારરૂપ અજગરના મોમાં પડી અચેત અને મડદાં જેવો થઈ જાય છે. આપ પરમ કરુણા સ્વરૂપ છો તેથી કૃપા કરીને આપની દષ્ટિમાત્રથી જ તેને સચેત કરી દો છો અને પરમ કલ્યાણનાં સાધન ત્રણે સન્ધ્યામાં લગાડી આત્માભિમુખ-પરમાત્માની ઉપાસના (ભક્તિ) કરવામાં પ્રવૃત્ત કરો છો. જેવી રીતે રાજા દુષ્ટોને ભયભીત કરતો પોતાના રાજ્યમાં ફરે છે તેવી જ રીતે આપ ચોર, જાર વગેરે દુષ્ટોને ભયભીત કરતા વિચરતા રહો છો ।।૭૦।।

ચારે દિશાઓમાં બધા દિક્પાલ ઠેક-ઠેકાણે કમલની કળી જેવી પોતાની અંજલિઓથી આપને ઉપહાર સમર્પિત કરે છે ।।૭૧।।

હે ભગવન્! આપનાં બન્ને ચરણકમલોને ત્રણેય લોકના ગુરુસમાન મહાનુભાવો

વન્દન કરે છે. મેં આપના યુગલ ચરણ કમલોનું શરણ એટલામાટે લીધું છે કે મને એવા યજુર્વેદની પ્રાપ્તિ થાય કે જે કદી ન ભુલાય અને આજ સુધી કોઈને ન મળ્યો હોય ।।૭૨।।

**સૂતજી બોલ્યા :** હે શૌનકાદિ ઋષિઓ! જ્યારે યાજ્ઞવલ્ક્ય મુનિએ ભગવાન્ *સૂર્યની આ પ્રમાણે સ્તુતિ કરી ત્યારે તે પ્રસન્ન થઈ અશ્વનું રૂપ ધારણ કરી તેની સામે પ્રગટ થયા અને અત્યાર સુધી કોઈને પ્રાપ્ત ન થયેલા યજુર્વેદના મન્ત્રોનો ઉપદેશ તેને કર્યો ।।૭૩।।

**વિશેષ :** **'રવિ'** ને સ્થાને **'હરિઃ'** પણ પાઠાન્તર છે. **'હરિ'**= ઉપાસકોના તમામ તાપસન્તાપ દૂર કરનાર.

ત્યાર પછી યાજ્ઞવલ્ક્ય મુનિએ યજુર્વેદના *અસંખ્ય મન્ત્રોથી તેની પંદર શાખાઓની રચના કરી. તે જ નવાજસનેયથ શાખાના નામથી પ્રસિદ્ધ છે. કણ્વ, માધ્યન્દિન વગેરે ઋષિઓએ તેમનું અધ્યયન કર્યુ ।।૭૪।।

**વિશેષ : "શતૈર્વિભુઃ" "સ તૈઃ પ્રભુઃ" "સ તૈર્વિભુઃ"** આ ત્રણ પાઠ છે.

એ વાત તો હું પહેલાં જ કહી ગયો છું કે મહર્ષિ શ્રીકૃષ્ણદ્વૈપાયને જૈમિનિ મુનિને સામસંહિતાનું અધ્યયન કરાવ્યું. તેના પુત્ર સુમન્તુ મુનિ અને પૌત્ર સુન્વાન હતા. જૈમિનિ મુનિએ પુત્ર અને પૌત્રને એક-એક સંહિતા ભણાવી ।।૭૫।।

જૈમિનિ મુનિના એક શિષ્યનું નામ સુકર્મા હતું. તે એક મહાન બુદ્ધિશાળી પુરુષ હતો. જેવી રીતે એક વૃક્ષમાં ઘણી શાખાઓ હોય છે તેવી જ રીતે સુકર્માએ સામવેદની એક હજાર સંહિતાઓ બનાવી દીધી ।।૭૬।।

સુકર્માના કોસલદેશના વાસી શિષ્ય હિરણ્યનાભ, પૌષ્યઞ્જિ અને બ્રહ્મવેતાઓમાં શ્રેષ્ઠ આવન્ત્ય તે શાખાઓ ભણ્યા ।।૭૭।।

પૌષ્યઞ્જિ અને આવન્ત્ય ના પાંચસો શિષ્યો હતા. તેઓ ઉત્તરદિશાના નિવાસી હોવાથી ઔદીચ્ય સામવેદી કહેવાતા હતા. તેમને જ પ્રાચ્ય સામવેદી પણ કહે છે. તેમણે એક-એક સંહિતાનું અધ્યયન કર્યુ ।।૭૮।।

પૌષ્યઞ્જિના બીજા પણ શિષ્યો હતા લૌગાક્ષિ, માંગલિ, કુલ્ય, કુસીદ અને કુક્ષિ. આમાંના દરેકે સો-સો સંહિતાઓનું અધ્યયન કર્યુ ।।૭૯।।

**કૃતો હિરણ્યનાભસ્ય ચતુર્વિંશતિસંહિતાઃ ।।**
**શિષ્ય ઊચે સ્વશિષ્યેભ્યઃ શેષા આવન્ત્ય આત્મવાન્ ।।૮૦।।**

હિરણ્યનાભનો શિષ્ય કૃત હતો. તેણે પોતાના શિષ્યોને ચોવીસ સંહિતાઓનું અધ્યયન કરાવ્યું. બાકીની સંહિતાઓનું અધ્યયન પરમ સંયમી આવન્ત્યે પોતાના શિષ્યોને કરાવ્યું. આ પ્રમાણે સામવેદનો વિસ્તાર થયો ।।૮૦।।

**ઈતિ શ્રીભાગવત દ્વાદશ સ્કન્ધમાં (ત્રીજા ભગવદાશ્રય પ્રકરણનો બીજો તથા ચાલુ) ''પરીક્ષિતની પરમગતિ, જનમેજયનો સર્પસત્ર અને વેદોનો શાખાભેદ'' નામનો છઠ્ઠો અધ્યાય પૂર્ણ થયો.**

**આનાથી વધુ મૂરખ બીજો કોણ?**

''પારસમણિને વાટકે, ભટજી માગે ભીખ''
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સેથજ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!!

## અધ્યાય ૭

# અથર્વવેદની શાખાઓ અને પુરાણોનાં લક્ષણ

**વિશેષ :** આ સાતમા અધ્યાયમાં અથર્વવેદનો વિસ્તાર તથા પુરાણના વિભાગ એના લક્ષણ તેમજ શ્રીભાગવત સાંભળવાનું ફળ કહેવામાં આવે છે.

**અથર્વવિત્ સુમન્તુશ્ચ શિષ્યમધ્યાપયત્ સ્વકામ્ ।।**
**સંહિતાં સોઽપિ પથ્યાય વેદદર્શાય ચોક્તવાન્ ।।૧।।**

**શ્રીસૂતજી બોલ્યા :** હે શૌનકાદિ ઋષિઓ! અથર્વવેદના જ્ઞાતા સુમન્તુ મુનિએ પોતાની સંહિતા પોતાના પ્રિય શિષ્ય કબન્ધને ભણાવી. કબન્ધે તેના બે ભાગ કરી પથ્ય અને વેદદર્શ ને તેનું અધ્યયન કરાવ્યું ।।૧।।

વેદદર્શે પોતાની સંહિતાના ચાર ભાગ કરીને પોતાના ચાર શિષ્યો શૌક્લાયનિ, બ્રહ્મબલિ, મોદોષ અને પિપ્પલાયનિ ને ભણાવ્યા. પથ્યે પોતાની સંહિતાના ત્રણ ભાગ કરીને પોતાના ત્રણ શિષ્યો કુમુદ, શુનક અને જાજલિ ને ભણાવ્યા ।।૨।।

અંગિરાયોગમાં જન્મેલા શુનકે ''બ્રભુ અને સૈન્ધવાયન'' નામના બે શિષ્યોને પોતાની સંહિતાના બે ભાગ કરીને ભણાવ્યા ।।૩।।

અથર્વવેદના આચાર્યોમાં આ સિવાય સૈન્ધવાયનાદિના શિષ્ય સાવર્ણ્ય વગેરે

તથા નક્ષત્રકલ્પ, શાન્તિ, કશ્યપ, આંગિરસ વગેરે અનેક બીજા વિદ્વાનો પણ થયા. હવે હું તમને પૌરાણિકો વિશે સંભળાવું છું ।।૪।।

હે શૌનકજી! પુરાણોના છ આચાર્ય પ્રસિદ્ધ છે ત્રય્યારુણિ, કશ્યપ, સાવર્ણિ, અકૃતવ્રણ, વૈશમ્પાયન અને હારીત ।।૫।।

ભગવાન્ વ્યાસજીના શિષ્ય અને મારા પિતા રોમહર્ષણ પાસેથી તેઓ એક-એક પુરાણ સંહિતા ભણ્યા હતા. મેં આ છયે આચાર્યો પાસેથી બધી સંહિતાઓનું અધ્યયન કર્યુ હતું ।।૬।।

આ છ સંહિતાઓ ઉપરાન્ત બીજી પણ ચાર મૂલ સંહિતાઓ હતી. તેમનું પણ મે કશ્યપ, સાવર્ણિ, પરશુરામજીના શિષ્ય અકૃતવ્રણ અને એ બધાની સાથે વ્યાસજીના શિષ્ય શ્રીરોમહર્ષણજી (મારા પિતા) ની પાસે અધ્યયન કર્યું હતું ।।૭।।

હે શૌનકજી! મહર્ષિઓએ વેદ અને શાસ્ત્ર અનુસાર પુરાણોનાં લક્ષણ બતાવ્યાં છે. હવે તમે સ્વસ્થ થઈ સાવધાનતાથી તેમનું વર્ણન સાંભળો ।।૮।।

પુરાણોના પારદર્શી વિદ્વાનો પુરાણોનાં દસ લક્ષણ બતાવે છે વિશ્વસર્ગ, વિસર્ગ, વૃત્તિ (સ્થાન), રક્ષા (પોષણ), અન્તર (મન્વન્તર), વંશ અને વંશાનુચરિત (ઈશાનુકથા), સંસ્થા (નિરોધ અથવા મુક્તિ), હેતુ (ઊતિ) અને અપાશ્રય (આશ્રય) કોઈ-કોઈ આચાર્ય પુરાણોનાં પાંચ જ લક્ષણ માને છે. બન્નેનાં દૃષ્ટિબિન્દુ બરાબર છે કારણ કે મહાપુરાણોમાં દસ લક્ષણ અને નાનાં પુરાણો (ઉપપુરાણો) માં પાંચ લક્ષણ હોય છે. વિસ્તાર કરીને દસ અને સંક્ષેપ કરીને પાંચ લક્ષણ બતાવે છે ।।૯-૧૦।।

(હવે તેનાં લક્ષણો સાંભળો). ભગવાન્‌ની દૃષ્ટિથી પ્રકૃતિના ગુણ ક્ષુબ્ધ થતાં મહતત્ત્વની ઉત્પત્તિ થાય છે. મહત્તત્વમાંથી તામસ, રાજસ અને વૈકારિક (સાત્ત્વિક) અહંકાર બને છે. ત્રિવિધ અહંકારથી જ પંચતન્માત્રા, ઈન્દ્રિય અને વિષયો ની ઉત્પત્તિ થાય છે. આ ઉત્પત્તિક્રમને સર્ગલીલા કહે છે. (સાત્ત્વિક અહંકારથી દેવો, રાજસથી ઈન્દ્રિયો અને તામસ અહંકારથી પૃથ્વી વગેરે પંચમહાભૂતો તથા શબ્દાદિ વિષયોનો ઉદ્‌ભવ થાય છે) ।।૧૧।।

ભગવાન્‌ના અનુગ્રહવડે એ મહદાદિ ભેગાં થાય છે અને પૂર્વ કર્મની વાસનાવડે એમાં સૃષ્ટિ સામર્થ્ય ઉત્પન્ન થતાં બીજાંકુર ન્યાયથી ઉત્પત્તિ થાય છે એ લીલાનું નામ 'વિસર્ગ' છે ।।૧૨।।

હાલતાં-ચાલતાં પ્રાણીઓની આજીવિકા (દેહનિર્વાહનું સાધન) સાધારણ રીતે જડ પદાર્થો જેવાં કે અનાજ, વનસ્પતિ વગેરે છે. (શ્લોકમાં ચકાર છે તેથી હાલતાં-ચાલતાં પાડા, બકરાં વગેરે પણ દેહનિર્વાહનાં સાધન ગણાય છે તે 'વૃત્તિ' શબ્દથી કહેવાય છે. એ વૃત્તિ માણસોને કામથી પ્રાપ્ત થાય છે તેમજ વેદના વિધિથી પણ પ્રાપ્ત થાય છે) એ ભગવાન્‌ની 'સ્થાન લીલા' ગણાય છે ।।૧૩।।

ભગવાન્ યુગે-યુગે પશુ, પક્ષી, મનુષ્ય, ઋષિ, દેવતા વગેરેના રૂપમાં અવતાર ગ્રહણ કરી અનેક લીલાઓ કરે છે. આ જ અવતારોમાં આપ વેદધર્મનાં વિરોધીઓનો સંહાર પણ કરે છે આપની આ અવતાર લીલા વિશ્વની રક્ષામાટે જ હોય છે તેથી જ તેને 'રક્ષા' (પોષણ લીલા) કહે છે ।।૧૪।।

મનુ, દેવતા, મનુપુત્ર, ઈન્દ્ર, સપ્તર્ષિ અને ભગવાન્‌ના અંશાવતારો આ જ છ બાબતોના વિશેષતા યુક્ત સમયને 'મન્વન્તર' કહે છે ।।૧૫।।

બ્રહ્માજીથી જેટલા શુદ્ધ રાજાઓની સૃષ્ટિ થઈ છે તેમની ભૂત, ભવિષ્ય અને વર્તમાન સમયની સન્તાન પરમ્પરાને 'વંશ' કહે છે. તે રાજાઓ તથા તેમના વંશધરો જેમકે પ્રિયવ્રત, ધ્રુવ, પૃથુ વગેરેનાં ચરિત્રો 'વંશાનુચરિત' ('ઈશાનુકથા' નામની ભગવદ્ લીલા) કહેવાય છે ।।૧૬।।

આ વિશ્વ બ્રહ્માંડનો સ્વભાવથી જ પ્રલય થઈ જાય છે. તેના ચાર ભેદ છે નૈમિત્તિક, પ્રાકૃત્તિક, નિત્ય અને આત્યન્તિક, તત્ત્વજ્ઞ વિદ્વાનોએ આને જ 'સંસ્થા' (નિરોધ અથવા મુક્તિ) નામ આપ્યું છે ।।૧૭।।

અવિદ્યાથી કર્મ કરનાર જીવ જ આ સૃષ્ટિનું કારણ છે એને કેટલાક અનુશયી અને કેટલાક અવ્યાકૃત નામથી પણ કહે છે. એમાં અનુશય શબ્દનો અર્થ થાય છે ''તે કર્મ જેનું ફલ ભોગવાયું નથી''. એવા કર્મવાળા જીવ 'અનુશયી' કહેવાય છે. આ જીવસૃષ્ટિની પૂર્વે નામ, રૂપ અને આકૃતિ રહિત હતો. તેથી એને 'અવ્યાકૃત' પણ કહે છે. આ રીતે 'ઊતિ લીલા' કહેવામાં આવી છે ।।૧૮।।

અવિદ્યાથી જીવોમાં કલ્પી લીધેલી (પણ ખરેખર તો બુદ્ધિની) જાગ્રત, સ્વપન અને સુષુપ્ત આ ત્રણ અવસ્થાઓમાં જેનો અનુસ્યૂત સમ્બન્ધ છે છતાં એ અવસ્થાના અભાવમાં પણ જે છે. અવસ્થાના અભાવમાં તેનો અભાવ નથી પણ ભગવાન્‌ના વ્યતિરેકમાં અવસ્થાનો અભાવ છે એ બ્રહ્મ સર્વના આશ્રયરૂપ છે. એ બ્રહ્મ 'અપાશ્રય' છે ।।૧૯।।

(એ અન્વય વ્યતિરેકને દૃષ્ટાન્તથી સિદ્ધ કરે છે). નામ અને રૂપવાળા ઘટપટાદિ પદાર્થોમાં કારણરૂપે સન્માત્ર દ્રવ્ય છે અને એનાથી જુદા પણ મહદાદિ પદાર્થો છે. એમ ગર્ભાધાનથી લઈને મરણ પર્યન્તની દેહની અવસ્થામાં એ અવસ્થાના સાક્ષી તરીકે અન્તર્યામી પણે રહે છે. એ દેહના નાશ પછી પણ જે રહે છે તે બ્રહ્મ જ આશ્રય છે. તેને બીજા કોઈનો આશ્રય લેવો પડતો નથી તેથી તેને **'અપાશ્રય'** શબ્દથી મૂળમાં કહેવામાં આવ્યો છે ।।૨૦।।

(એમ પુરાણનાં દસ લક્ષણ બતાવ્યાં તેનું પ્રયોજન બતાવે છે કે) જ્યારે આ ભગવાન્‌ની સર્ગાદિ દસ લીલાના શ્રવણથી ભક્તિયોગ થાય અને ભક્તિવડે ચિત્ત વિષયાશક્તિથી વિરામ પામે અને એ પરમાત્માને જાણે ત્યારે એ જાગ્રદાદિ ત્રણ વૃત્તિને છોડે ત્યારે એ સંસારરૂપ ચેષ્ટાથી મુક્ત થાય છે ।।૨૧।।

એવાં લક્ષણોથી ઓળખાતાં પુરાણો અઢાર છે એમ મુનિઓ કહે છે. એમાં મહાપુરાણ અને અલ્પપુરાણ એમ બે ભેદ છે એમ પણ એ મુનિઓજ કહે છે ।।૨૨।।

(એને અહીં નામથી ગણાવે છે). બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શિવપુરાણ, લિંગપુરાણ, ગરુડપુરાણ, નારદપુરાણ, ભાગવતપુરાણ, અગ્નિપુરાણ, સ્કન્દપુરાણ, ભવિષ્યપુરાણ, બ્રહ્મવૈવર્ત- પુરાણ, માર્કંડેયપુરાણ, વામનપુરાણ, વરાહપુરાણ, મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ અને બ્રહ્માંડપુરાણ એમ અઢાર પુરાણો છે ।।૨૩-૨૪।।

**બ્રહ્મન્નિદં સમાખ્યાતં શાખાપ્રણયનં મુનેઃ ।।**
**શિષ્ય-શિષ્ય પ્રશિષ્યાણાં બ્રહ્મતેજોવિવર્ધનમ્ ।।૨૫।।**

હે શૌનકજી! વ્યાસજીની શિષ્ય પરમ્પરાએ જે રીતે વેદસંહિતા અને પુરાણસંહિતાઓનાં અધ્યયન, અધ્યાપન, વિભાજન વગેરે કર્યા તે મેં તમને કહી દીધું. આ પ્રસંગ વક્તા, શ્રોતા અને પાઠક ના બ્રહ્મતેજની વૃદ્ધિ કરે છે ।।૨૫।।

**ઈતિ શ્રીભાગવત દ્વાદશસ્કન્ધમાં (ત્રીજા ભગવદ્ આશ્રય પ્રકરણનો ત્રીજો અધ્યાય તથા ચાલુ) ''અથર્વવેદની શાખાઓ અને પુરાણોનાં લક્ષણ' નામનો સાતમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૮

# માર્કંડેયજીની તપસ્યા તથા વરદાન ની પ્રાપ્તિ

## પ્રકરણ ૪–શબ્દાશ્રય

**વિશેષ :** આ આઠમા અધ્યાયમાં માર્કંડેયની તપશ્ચર્યા, મોહક કામાદિ દોષોથી માર્કંડેયનું અલિપ્ત રહેવું તથા એમણે કરેલી ભગવાન્‌ની સ્તુતિ વગેરે કથા કહેવામાં આવે છે.

**સૂત જીવ ચિરં સાધો વદનો વદતાં વર ।।**
**તમસ્યપારે ભ્રમતાં નૃણાં ત્વં પારદર્શનઃ ।।૧।।**

(આગળના અધ્યાયમાં પુરાણોની ગણના કરી તેમાં માર્કંડેય પુરાણનો નિર્દેશ સાંભળી માર્કંડેય ઋષિનું ચરિત્ર પૂછે છે)

**શૌનકજીએ કહ્યું :** હે સન્તશિરોમણિ સૂતજી! આપ આયુષ્યમાન હો. ખરેખર આપ વક્તાઓના શિરોમણિ છો. જે લોકો સંસારના અપાર અન્ધકારરૂપ સમુદ્રમાં અટવાઈ પડ્યા છે તેમને આપ તેમાંથી તરવાનો માર્ગ બતાવી પ્રકાશસ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવો છો. આપ કૃપા કરી અમારા એક પ્રશ્નનો ઉત્તર આપો ।।૧।।

લોકો કહે છે કે મૃકંડ ઋષિના પુત્ર માર્કંડેય ઋષિ દીર્ઘ જીવી છે અને જે સમયે આખા જગતનો પ્રલય થઈ ગયો હતો તે વખતે પણ તે બચી ગયા ।।૨।।

પરન્તુ હે સૂતજી! તે તો આ જ કલ્પમાં અને અમારા (ભૃગુના) જ કુલમાં જન્મેલા એક શ્રેષ્ઠ ભૃગુવંશી છે અને અમને ખબર છે ત્યાં સુધી આ કલ્પમાં અત્યાર સુધી કોઈ પ્રલય થયો જ નથી ।।૩।।

વળી લોકો કહે છે જલમય જગત્ થયું ત્યારે સમુદ્રમાં ફરતાં એમણે એક વડનું વૃક્ષ અને એના પત્રમાં એક અદ્‌ભુત બાળકને શયન કરતું જોયું હતું. એ વાત પણ પ્રલય વગર કેમ સમ્ભવે? ।।૪।।

હે સૂતજી! એ મોટો સન્દેહ અમને છે. હે મહાયોગિન્!એ વાત સાંભળવાની ઉત્કંઠા પણ છે, વળી આપ પુરાણને જાણનારમાં મુખ્ય છો તો આપ અમારા એ સંશયને દૂર કરો ।।૫।।

**શ્રીસૂતજી બોલ્યા :** હે મહર્ષે! લોકોના ભ્રમને દૂર કરનાર તમારો આ પ્રશ્ન બહુ જ સુન્દર છે, જે પ્રશ્નના ઉત્તરમાં કલિના દોષને દૂર કરનાર નારાયણની કથાનું ગાન

થાય છે ॥૬॥

(માર્કંડેય મુનિએ તપશ્ચર્યા કરી ભગવાન્‌ને પ્રસન્ન કર્યા. પ્રભુ પ્રસન્ન થયા ત્યારે એમણે ભગવાન્‌ની માયા જોવાની ઈચ્છાથી એ જ વરદાન માગ્યું અને ભગવાન્‌ની માયાવડે સાત કલ્પ જોયા. એ કલ્પો ભગવાને પોતાની માયાવડે માર્કંડેયને જ બતાવ્યા એટલે બીજા કોઈએ એ કલ્પો જોયા નહિ એ શૌનકની શંકામાં ઉત્તરરૂપે કહેવામાટે માર્કંડેય મુનિનું ચરિત્ર જ આ અધ્યાયની શરૂઆતથી સમાપ્તિ સુધી કહે છે. પ્રથમ એમની યોગ્યતા કહે છે) મૃકંડ ઋષિએ પોતાના પુત્ર માર્કંડેયના બધા સંસ્કાર યથાસમય કર્યા. માર્કંડેયજી વિધિપૂર્વક વેદોનું અધ્યયન કરી તપ અને સ્વાધ્યાયથી સમ્પન્ન થઈ ગયા ॥૭॥

તેમણે આજીવન બ્રહ્મચર્યનું વ્રત ધારણ કર્યુ અને શાન્ત ભાવથી રહેતા હતા. મસ્તક પર જટા વધારી વૃક્ષોની છાલનાં જ વસ્ત્રો તેઓ ધારણ કરતા હતા અને એક હાથમાં કમંડલુ તથા બીજા હાથમાં દંડ રાખતા. તેમના શરીર પર યજ્ઞોપવીત અને મેખલા શોભાયમાન રહેતાં ॥૮॥

કાળા મૃગનું ચર્મ, રુદ્રાક્ષની માળા અને કુશ આ જ એમની પૂંજી હતી. આ બધું તેમણે પોતાનું આજીવન બ્રહ્મચર્યવ્રત નભાવવા જ ગ્રહણ કર્યુ હતું. તેઓ સવારે અને સાંજે અગ્નિહોત્ર, સૂર્યોપસ્થાન, ગુરુવન્દના, બ્રાહ્મણસત્કાર, માનસીપૂજા અને ‘‘હું પરમાત્માનું સ્વરૂપ જ છું’’ આ પ્રકારની ભાવના વગેરેદ્વારા ભગવાન્‌ની આરાધના કરતા, સવાર-સાંજ ભિક્ષા લાવી ગુરુદેવનાં ચરણોમાં નિવેદન કરી દેતા અને મૌન થઈ જતા, ગુરુજીની આજ્ઞા થાય તો એક વાર ભોજન કરતા, નહિ તો ઉપવાસ કરતા ॥૯-૧૦॥

માર્કંડેયજીએ આ પ્રમાણે તપસ્યા અને સ્વાધ્યાયમાં તત્પર રહી કરોડો વરસો સુધી ભગવાન્‌ની આરાધના કરી અને આ રીતે મોટા-મોટા યોગીઓ માટે પણ કઠિન એવો મૃત્યુ ઉપરનો વિજય તેમણે પ્રાપ્ત કર્યો ॥૧૧॥

માર્કંડેયજીનો મૃત્યુઉપરનો વિજય જોઈ બ્રહ્માજી, ભૃગુ, શંકર, દક્ષપ્રજાપતિ, બ્રહ્માજીના પુત્રો સનક વગેરે તથા મનુષ્ય, દેવતા, પિતર અને બીજાં બધાં પ્રાણીઓને અત્યન્ત આશ્ચર્યથયું ॥૧૨॥

આજીવન બ્રહ્મચર્યવ્રતધારી અને યોગી માર્કંડેયજી આ પ્રકારે તપસ્યા, સ્વાધ્યાય અને સંયમ વગેરે દ્વારા (અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને આસક્તિ

એ પાંચેય) ક્લેશો મિટાવી દઈ શુદ્ધ અન્તઃકરણથી ઈન્દ્રિયાતીત પરમાત્માનું ધ્યાન કરવા લાગ્યા ।।૧૩।।

યોગી માર્કંડેયજીએ ચિત્તને એકાગ્ર કરી પરમાત્મામાં જોડી દીધું. આ મહાયોગ દ્વારા સાધન કરતાં છ મન્વન્તર જેટલો લાંબો સમય પસાર થઈ ગયો ।।૧૪।।

હે બ્રહ્મન્! આ સાતમા મન્વન્તરમાં ઈન્દ્રને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તે તેમની તપસ્યાથી શંકિત અને ભયભીત થઈ ગયા કે તે પોતાનું સ્થાન લઈ લેશે તેથી તેણે તેમની તપસ્યામાં વિઘ્ન નાખવાનું શરૂ કર્યું ।।૧૫।।

હે શૌનકજી! માર્કંડેયજીની તપસ્યામાં વિઘ્ન નાખવામાટે ઈન્દ્રે તેમના આશ્રમે ગન્ધર્વો, અપ્સરાઓ, કામ, વસન્ત, મલયાનિલ અને રજોગુણ ના અતિ પ્રિય પુત્રો લોભ અને મદ ને મોકલ્યા. (આ બધાં મૂર્તિમાન સ્વરૂપે ત્યાં ગયાં હતાં) ।।૧૬।।

હે ભગવન્! તે બધાં ઈન્દ્રની આજ્ઞા પ્રમાણે તેમના આશ્રમે ગયાં. માર્કંડેયજીનો આશ્રમ હિમાલયની ઉત્તરમાં પુષ્પ ભદ્રા નદીના તટ પર ચિત્રા નામની શિલા પાસે છે ।।૧૭।।

હે શૌનકજી! માર્કંડેયજીનો આશ્રમ અત્યન્ત પવિત્ર છે. ચારે તરફ લીલાંછમ પવિત્ર વૃક્ષોની પંક્તિઓ છે અને તેમની ઉપર પવિત્ર લતાઓ લહરાઈ રહી છે. વૃક્ષોનાં ઝુંડમાં પુણ્યાત્મા ઋષિગણ નિવાસ કરે છે અને અત્યન્ત પવિત્ર અને નિર્મલ જલથી ભરેલાં જળાશય બધી ઋતુઓમાં એક રસ રહે છે ।।૧૮।।

ક્યાંક મતવાલા ભમરા પોતાના સંગીતમય ગુઞ્જારવથી લોકોના મનનું આકર્ષણ કરતા રહે છે તો ક્યાંક વળી મતવાલી કોકિલાઓ પંચમ સ્વરમાં કુહૂ-કુહૂનું કૂજન કરતી રહે છે. ક્યાંક મતવાલા મોર કળા કરી કલાપૂર્ણ નૃત્ય કરતા રહે છે તો ક્યાંક વળી બીજા મસ્ત પંખીઓનું ઝુંડ ખેલતું રહે છે ।।૧૯।।

માર્કંડેય મુનિના આવા પવિત્ર આશ્રમમાં ઈન્દ્રે મોકલેલ વાયુએ પ્રવેશ કર્યો. ત્યાં તેણે પહેલાં શીતળ ઝરણોની નાની-નાની ફર-ફર (સીકર) નો સંગ્રહ કર્યો. ત્યાર પછી સુગન્ધી પુષ્પોને આલિંગન કર્યું અને પછી કામ ભાવને ઉત્તેજિત કરવા ધીમે-ધીમે વાવા લાગ્યો ।।૨૦।।

કામદેવના પ્રિય મિત્ર વસન્તે પણ પોતાની માયા ફેલાવી. સન્ધ્યાનો સમય હતો. ચન્દ્રમા ઉદિત થઈ પોતાનાં મનોહર કિરણો ફેલાવી રહ્યો હતો. હજારો ડાળીઓવાળાં વૃક્ષો લતાઓનું આલિંગન પ્રાપ્ત કરી ધરતી સુધી ઝૂકી રહ્યાં હતાં.

નવી-નવી કૂંપળો, ફલો અને ફૂલો ના ગુચ્છાઓ અલગજ શોભી રહ્યાહતા ।।૨૧।।

વસન્તનું સામ્રાજ્ય જોઈ કામદેવે પણ ત્યાં પ્રવેશ કર્યો. તેની સાથે ગાવા-બજાવવાવાળા ગન્ધર્વોનાં ઝુંડનાં ઝુંડ ચાલી રહ્યાં હતાં. ચારે તરફ સ્વર્ગની કેટલીક અપ્સરાઓ ચાલી રહી હતી અને એકલો કામદેવજ બધાંનો નાયક હતો. તેના હાથમાં પુષ્પોનું ધનુષ હતું અને તેના ઉપર સમ્મોહન વગેરે બાણ ચડાવેલ હતાં ।।૨૨।।

તે વખતે માર્કંડેય મુનિ અગ્નિહોત્ર કરી ભગવાન્‌ની ઉપાસના કરી રહ્યા હતા. તેમનાં નેત્રો બંધ હતાં. તે એટલા તેજસ્વી હતા કે જાણે અગ્નિદેવ જ મૂર્તિમાન થઈ બેઠા હોય! તેમને જોઈને જ એમ થઈ જતું હતું કે તેમને પરાજિત કરવા બહુ જ કઠિન છે. ઈન્દ્રના આજ્ઞાકારી સેવકોએ માર્કંડેયને આ અવસ્થામાં જોયા ।।૨૩।।

હવે તો અપ્સરાઓ તેમની સામે નાચવા લાગી. કેટલાક ગન્ધર્વો મધુર ગાન કરવા લાગ્યા તો કેટલાક મૃદંગ, વીણા, ઢોલ વગેરે વાજિન્ત્રો અનોખા બાજમાં અને મનોહર સ્વર તથા શૈલી માં બજાવવા લાગ્યા ।।૨૪।।

હે શૌનકજી! હવે તો કામદેવે પોતાના પુષ્પનિર્મિત ધનુષ ઉપર પંચમુખ બાણ ચડાવ્યું. તેના બાણનાં પાંચ મુખ છે શોષણ, સમ્મોહન, સન્દીપન, તાપન અને ઉનમાદન. જે વખતે બાણ છોડવાનું હતું તે જ વખતે ઈન્દ્રના સેવકો વસન્ત અને લોભ માર્કંડેય મુનિનું મન ચલાયમાન કરવા પ્રયત્ન કરતા હતા ।।૨૫।।

તેમની સામે જ પુઞ્જિકસ્થલી નામની સુન્દર અપ્સરા દડાથી ખેલી રહી હતી. સ્તનોના ભારથી વારંવાર તેની કમર લચકી જતી હતી. સાથે-સાથે તેના કેશપાશમાં ગૂંથેલાં પુષ્પો અને માલાઓ વિખરાઈ જઈ પૃથ્વીપર પડતી જતી હતી ।।૨૬।।

ક્યારેક-ક્યારેક તીરછી નજરથી તે આમ તેમ જોઈ લેતી હતી. તેનાં નેત્રો ક્યારેક ગેન્દની સાથે આકાશ તરફ જતાં ક્યારેક ધરતી તરફ તો ક્યારેક હથેલીઓ તરફ. તે ગેન્દની પાછળ હાવભાવ (લટક-મટક) કરતી દોડતી હતી તે જ વખતે તેની કટિમેખલા (કંદોરો) તૂટી ગઈ અને વાયુએ તેની બારીક સાડી શરીરથી અલગ કરી દીધી ।।૨૭।।

કામદેવે સમય સરની તક ઝડપી માર્કંડેય મુનિ ઉપર પોતાનું બાણ એમ સમજીને ચલાવ્યું કે હવે તો મુનિ મારાથી જીતાઈ જ જશે, પરન્તુ તેનું કંઈ જ ચાલ્યું નહિ. અસમર્થ અને અભાગિયા પુરુષો (દરિદ્રી) ના મનોરથ વ્યર્થ થાય તેમ ઈન્દ્રના સેવકોના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા ।।૨૮।।

હે શૌનકજી! માર્કંડેય મુનિ અત્યન્ત તેજસ્વી હતા. કામ, વસન્ત વગેરે ઈન્દ્રના સેવકો મુનિની તપસ્યામાં ભંગ પડાવવા આવ્યા હતા, પરન્તુ જ્યારે તેઓ તેમના તેજથી બળવા લાગ્યા ત્યારે, જેવી રીતે નાનાં બાળકો સર્પને જગાડી ડરીને ભાગી જાય છે તેવી જ રીતે તેઓ ત્યાંથી જીવ બચાવવાની ઈચ્છાથી નાસી ગયા ।।૨૯।।

હે શૌનકજી! ઈન્દ્રના સેવકોની ઈચ્છા આ પ્રમાણે માર્કંડેયજીને પરાજિત કરવાની હતી પરન્તુ તે કંચિત્ પણ વિચલિત ન થયા એટલું જ નહિ આ પ્રસંગને લઈને તેમના મનમાં અણુમાત્ર પણ અહંકાર કે ક્રોધ ન આવ્યો. મહાપુરુષોને માટે આમાં આશ્ચર્ય જેવું શું છે? ।।૩૦।।

જ્યારે દેવરાજ ઈન્દ્રે જોયું કે પોતાની સેનાની સાથે કામદેવ પોતે પછડાટ ખાઈ-નિસ્તેજ થઈ પાછો આવ્યો છે અને સાંભળ્યુ કે બ્રહ્મર્ષિ માર્કંડેયજી પરમ પ્રભાવશાલી છે ત્યારે તેને ખૂબ જ આશ્ચર્ય થયું ।।૩૧।।

હે શૌનકજી! માર્કંડેય મુનિ તપસ્યા, સ્વાધ્યાય, ધારણા, ધ્યાન અને સમાધિદ્વારા ભગવાન્‌માં ચિત્તને એકાગ્ર કરતા હતા. હવે તેમના ઉપર કૃપા પ્રસાદની વર્ષા કરવા ભક્તોના નયન-મનોહારી નરોત્તમ નર અને નારાયણ ભગવાન્ પ્રગટ થયા ।।૩૨।।

બેમાંથી એકના શરીરનો વર્ણ ગૌર અને બીજાનો શ્યામ હતો. બન્નેનાં નેત્રો તાજાં જ ખીલેલાં કમલના જેવાં કોમલ અને વિશાળ હતાં. ચાર-ચાર ભુજાઓ હતી. એકે મૃગ ચર્મ પહેર્યું હતું તો બીજાએ વૃક્ષની છાલ પહેરી હતી, બન્ને હાથોની અનામિકામાં પવિત્રી (દર્ભની વીંટી) પહેરી હતી અને ગળામાં ત્રણ-ત્રણ દોરાનાં યજ્ઞોપવીત (જનોઈ) હતાં. તેમના એક હાથમાં કમંડલુ હતું અને બીજામાં વાંસનો સીધો દંડ હતો ।।૩૩।।

કમળ કાકડીની માલા પહેરી હતી, જીવજન્તુઓને દૂર કરવાનું વસ્ત્ર અને દર્ભ ની પૂડી ધારણ કરી હતી. બ્રહ્મા, ઈન્દ્ર વગેરેના પણ પૂજ્ય ભગવાન્ નર-નારાયણ કાંઈક ઊંચા કદના હતા અને તેમણે વેદો ધારણ કર્યા હતા. તેમનાં શરીરમાંથી દમકતી વીજળીના જેવી પીળા રંગની કાન્તિ નીકળી રહી હતી. તેઓ એવા જણાતા હતા કે સ્વયં તપ બે સ્વરૂપ ધારણ કરી આવ્યું હોય ।।૩૪।।

જ્યારે માર્કંડેય મુનિએ જોયું કે સાક્ષાત્ ભગવત્સ્વરૂપ નર-નારાયણ ઋષિ પધાર્યા છે ત્યારે તે અત્યન્ત આદર ભાવથી ઊભા થઈ ગયા અને સાષ્ટાંગ દંડવત

પ્રણામ કર્યા ।।૩૫।।

ભગવાન્‌નાં દિવ્ય દર્શનથી તેમને એટલો બધો આનન્દ થયો કે તેમનું રોમ-રોમ તેમની બધી ઈન્દ્રિયો અને અન્તઃકરણ પરમ સન્તુષ્ટ થયાં. શરીર પુલકિત થઈ ગયું. આંખોમાં એટલાં બધાં હર્ષાશ્રુ ઊભરાયા કે જેને લીધે તે તેમનાં દર્શન પણ પૂરાં કરી શકતા નહોતા ।।૩૬।।

ત્યાર પછી હાથ જોડી ઊભા થયા. તેમનું એક-એક અંગ પ્રભુને નમસ્કાર કરતું હતું. તેમના હૃદયમાં ઉત્સુકતા તો એટલી હતી કે જાણે તે ભગવાન્‌ને આલિંગન કરશે. તેમનાથી બીજું તો કંઈ બોલી શકાયું નહિ, ગદ્‌ગદ્ વાણીથી માત્ર એટલું જ કહી શકાયું, ''નમસ્કાર! નમસ્કાર!'' ।।૩૭।।

બન્ને સ્વરૂપોને ત્યાર બાદ આસન ઉપર બિરાજમાન કર્યા, પ્રેમથી તેમનાં ચરણ પખાળ્યાં અને અર્ધ્ય, ચન્દન, ધૂપ અને માલા વગેરેથી તેમની પૂજા કરી ।।૩૮।।

ભગવાન્ નર-નારાયણ સુખપૂર્વક આસન ઉપર બિરાજમાન હતા અને માર્કંડેયજી ઉપર કૃપા પ્રસાદની વર્ષા કરી રહ્યા હતા. પૂજા કર્યા પછી માર્કંડેય મુનિએ તે સર્વશ્રેષ્ઠ મુનિવેષધારી નર-નારાયણનાં ચરણોમાં પ્રણામ કર્યા અને આ પ્રમાણે સ્તુતિ કરી ।।૩૯।।

**માર્કંડેય મુનિએ કહ્યું** : હે ભગવન્! હું અલ્પજ્ઞ જીવ આપના અનન્ત મહિમાનું કેવી રીતે વર્ણન કરું? આપની પ્રેરણાથી જ સમસ્ત પ્રાણીઓ, બ્રહ્મા, શંકર તથા મારા શરીરમાં પણ પ્રાણશક્તિનો સંચાર થાય છે અને પછી તેને જ કારણે વાણી, મન તથા ઈન્દ્રિયોમાં પણ બોલવા, વિચારવા, કાર્ય કરવા કે જાણવાની શક્તિ આવે છે. આ પ્રમાણે બધાના પ્રેરક અને પરમ સ્વતન્ત્ર હોવા છતાં આપ આપની ભક્તિ કરનારા ભક્તોના પ્રેમબન્ધનથી બંધાયેલા છો ।।૪૦।।

હે પ્રભો! આપે માત્ર વિશ્વની રક્ષાને માટે જ જેવી રીતે મત્સ્ય, કુર્મ વગેરે અનેક અવતાર ગ્રહણ કર્યા છે. એવી જ રીતે આપે આ બન્ને રૂપ પણ ત્રિલોકીના કલ્યાણ તેના દુઃખની નિવૃત્તિ અને વિશ્વનાં પ્રાણીઓને મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરાવવામાટે ગ્રહણ કર્યા છે. આપ રક્ષા તો કરો જ છો એટલું જ નહિ પણ કરોળિયાની જેમ પોતાના સ્વરૂપમાંથી જ આ વિશ્વને પ્રગટ કરો છો અને પછી સ્વયં સ્વરૂપમાં જ લીન કરો છો ।।૪૧।।

આપ ચરાચરનું પાલન અને નિયમન કરનાર છો. હું આપનાં ચરણકમલોમાં પ્રણામ કરું છું. જેઓ આપનાં ચરણકમલનું શરણ લઈ લે છે તેમને કર્મ, ગુણ અને કાલ જનિત ક્લેશ સ્પર્શ પણ કરી શકતા નથી. વેદના મર્મજ્ઞ ઋષિ-મુનિ આપની પ્રાપ્તિને માટે નિરન્તર આપની સ્તુતિ, વન્દન, પૂજન અને ધ્યાન કરતા રહે છે. (અહીં **''કર્મગુણ કાલરજઃ અને કર્મગુણ કાલરુજઃ''** એમ બે પાઠ છે) ।।૪૨।।

હે પ્રભો! જીવ ચારે તરફ ભયથી જ ઘેરાયેલો છે. બીજાની તો વાત જ શી, આપના કાલસ્વરૂપથી સ્વયં બ્રહ્માજી પણ ભયભીત રહે છે કારણ કે તેમનું આયુષ્ય પણ સીમિતમાત્ર બે પરાર્ધ વર્ષોનું જ છે. તો પછી તેમનાં ઘડેલાં ભૌતિક શરીરવાળાં પ્રાણીઓને વિશે તો કહેવું શું? એવી અવસ્થામાં આપના ચરણકમલોનું શરણ લીધા સિવાય બીજો કોઈપણ પરમ કલ્યાણ તથા સુખ-શાન્તિ પ્રાપ્ત કરવાનો ઉપાય અમારી સમજમાં આવતો નથી કારણ કે આપ સ્વયં મોક્ષસ્વરૂપ છો ।।૪૩।।

હે ભગવન્! આપ સમસ્ત જીવોના પરમ ગુરુ, સર્વથી શ્રેષ્ઠ અને સત્યજ્ઞાનસ્વરૂપ છો. તેથી આત્માના સ્વરૂપને જ ઢાંકી દેવાવાળા દેહ, ગેહ, કલત્ર (પત્ની), પુત્ર, ધન વગેરે નિષ્ફલ, અસત્ય, નાશવાન પદાર્થોનું ભજન છોડી દઈ કેવલ આપનાં ચરણકમલોનું જ હું શરણ ગ્રહણ કરું છું. કોઈપણ પ્રાણી જો આપનું શરણ લઈ લે છે તો તે તેથી પોતાના બધા અભીષ્ટ પદાર્થો પ્રાપ્ત કરી લે છે ।।૪૪।।

જીવોના હિતચિન્તક હે પ્રભો! જો કે આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય ના કારણ રૂપ રજ, સત્ત્વ અને તમોગુણ એ પ્રકૃતિથી વિભક્ત થયા છે તેને આપે તે-તે લીલામાટે ધારણ કર્યા છે તેથી એ બ્રહ્મ વગેરે ત્રિમૂર્તિ આપની જ છે, છતાં મનુષ્યનાં મોક્ષ અને શાન્તિને માટે તો આપની સત્ત્વમૂર્તિ જ ઉત્તમ છે, બ્રહ્મા, રુદ્ર વગેરે મૂર્તિ પ્રાયઃ મોક્ષ કે શાન્તિ આપનાર નથી, પરન્તુ એનાથી તો તેને બદલે દુઃખ, મોહ, ભય વગેરે થાય છે ।।૪૫।।

હે ભગવન્! તેથી જ બુદ્ધિમાન પુરુષ આપની અને આપના ભક્તોની પરમ પ્રિય અને શુદ્ધ મૂર્તિ નર-નારાયણની જ ઉપાસના કરે છે. તેઓ વિશુદ્ધ સત્ત્વને જ આપનો શ્રીવિગ્રહ (શ્રીઅંગ) માને છે. તેની જ ઉપાસનાથી આપના નિત્યધામ વૈકુંઠની પ્રાપ્તિ થાય છે. તે ધામની એ વિશેષતા છે કે તે લોક હોવા છતાં સર્વથા ભયરહિત અને ભોગયુક્ત હોવા છતાં પણ આત્માનન્દથી પરિપૂર્ણ છે. તેઓ રજોગુણ અને તમોગુણ ને આપની મૂર્તિ સ્વીકાર કરતા નથી ।।૪૬।।

(તેથી આનન્દથી પરિપૂર્ણ વિગ્રહવાળા આપનો હું કંઈપણ ઉપકાર કરી શકું તેમ ન હોવાથી નમન માત્ર કરું છું) હે ભગવન્! આપ સર્વસાક્ષી, સર્વ વ્યાપક, સર્વ સ્વરૂપ, જગદ્ગુરુ, પરમ આરાધ્ય અને શુદ્ધ સ્વરૂપ છો. સમસ્ત લૌકિક અને વૈદિક વાણી આપને અધીન છે. આપ જ વેદમાર્ગના પ્રવર્તક છો. હું આપના આ યુગલ સ્વરૂપ નરોત્તમ નર અને ઋષિવર નારાયણને નમસ્કાર કરું છું ।।૪૭।।

(હું એવો છું તો બધા મને તેવો કેમ જાણતા નથી એમ ભગવાન્ કહે તો એના ઉત્તરમાં કહેવાનું કે) હે અખિલગુરો! આપની માયાવડે જેમની બુદ્ધિ ઢંકાઈ ગઈ છે તેવા પુરુષો પોતાની ઈન્દ્રિયોમાં, હૃદયમાં અને વિષયોમાં એના નિયામક તરીકે રહેલા આપને જોઈ શકતા નથી. આપની માયાથી આપનાં સ્વરૂપને એ જાણી શકતા નથી પણ જે આપનો મુખ્ય ભક્ત હોય છે તે વેદોદ્વારા આપનું યથાર્થ સ્વરૂપ જાણી શકે છે ।।૪૮।।

**યદ્દર્શનં નિગમઆત્મરહઃપ્રકાશં મુહ્યન્તિ યત્ર કવયોજપરા યતન્તઃ ।।**
**તં સર્વવાદવિષયપ્રતિરૂપશીલં વન્દે મહાપુરુષમાત્મનિ ગૂઢબોધમ્।।**

(આપના સ્વરૂપનું જ્ઞાન વેદવડે જ થાય છે એમ પ્રતિપાદન કરતા મુનિ નમસ્કાર કરે છે) બ્રહ્માજી જેમાં મુખ્ય છે તેવા મુનિઓ પણ સાંખ્યયોગ વગેરે શાસ્ત્રોદ્વારા પ્રયત્ન કરવા છતાં આપના સ્વતઃ પ્રકાશરૂપ ગુપ્ત જ્ઞાનમાં મોહ પામે છે. આપ એવા સર્વવાદને અનુસરતા સ્વભાવવાળા છો, દેહાદિ સંઘાતવડે અત્યન્ત ગુપ્ત પ્રકાશવાળા આપ મહાપુરુષને હું નમસ્કાર કરું છું ।।૪૯।।

**ઈતિ શ્રીભાગવત દ્વાદશ સ્કન્ધમાં (ચોથા શબ્દાશ્રય પ્રકરણનો પહેલો અધ્યાય તથા ચાલુ) ''માર્કંડેયજીની તપસ્યા તથા વરદાનની પ્રાપ્તિ'' નામનો આઠમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**પ્રાણ કંઠ સુધીપણ કેમ ન આવી જાય પરન્તુઆજીવિકા અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો. (શ્રીવલ્લભાચાર્ય)**
પ્રભુના નામાત્મક સ્વરૂપને કમાઈનું સાધન બનાવવા બાબત જો શ્રીઆચાર્યજીનો જો આવો કઠોર નિષેધ હોય તો હવેલી-મંદિરોમાં સાક્ષાત્ સેવ્ય પ્રભુની સેવા-મનોરથોના નામે ભેટ-સામગ્રી પડાવનાર અધમ લોકોને તો શ્રીમહાપ્રભુજી ધગધગતું સીસું પીને આત્મઘાત કરવાની જ આજ્ઞા ન આપે!

# અધ્યાય ૯

## ભગવાને માર્કંડેયજીને પ્રલયજળમાં દેખાડેલી પોતાની માયા

**વિશેષ :** ભગવાન્‌ની માયા જોવાની ઈચ્છા કરનાર માર્કંડેય મુનિને પ્રલયના જળમાં હરિ ભગવાને વટપત્રમાં દર્શન આપ્યાં. એમને ઉદરમાં લીધા અને બહાર કાઢ્યા એમ કરી પોતાની માયા બતાવી એ વાત આ નવમા અધ્યાયમાં કહેવામાં આવે છે.

**સંસ્તુતો ભગવાનિત્થં માર્કંડેયેન ધીમતા ।।**
**નારાયણો નરસખઃ પ્રીત આહ ભૃગૂદ્વહમ્ ।।૧।।**

**શ્રીસૂતજી બોલ્યા :** જ્યારે જ્ઞાન સમ્પન્ન માર્કંડેય મુનિએ આ પ્રમાણે સ્તુતિ કરી ત્યારે ભગવાન્ નરના સખા નારાયણે પ્રસન્ન થઈ ભૃગુકુલ શ્રેષ્ઠ માર્કંડેયજીને કહ્યું ।।૧।।

**ભગવાન્ નારાયણે કહ્યું :** હે સન્માન્ય બ્રહ્મર્ષિ શિરોમણિ! ચિત્તની એકાગ્રતા, તપસ્યા, સ્વાધ્યાય, સંયમ અને મારી અવિચ્છિન્ન અનન્ય ભક્તિથી તમે કૃતાર્થ થઈ ગયા છો ।।૨।।

આ તમારા આજીવન બ્રહ્મચર્યવ્રતની નિષ્ઠા જોઈ અમે તમારા ઉપર બહુ જ પ્રસન્ન થયા છીએ. તમારું કલ્યાણ થાઓ. સમસ્ત વરદાન આપનારાઓનો હું સ્વામી છું; તેથી તમારી ઈચ્છા પ્રમાણે વરદાન તમે મારી પાસે માગી લો ।।૩।।

**માર્કંડેય મુનિએ કહ્યું :** હે દેવદેવેશ[1] શરણાગત ભયહારી, હે અચ્યુત![2] આપનો સદા જય હો! જય હો! આપે કૃપા કરી આપના મનોહર સ્વરૂપનાં દર્શન કરાવ્યાં તે જ અમારેમાટે પૂરતું વરદાન છે ।।૪।।

**વિશેષ :** ૧.**'દેવદેવેશ'**: ઈન્દ્ર વગેરે દેવો છે તેમના પણ દેવ હોય તે દેવદેવ અર્થાત્ બ્રહ્માજી. દેવદેવ(બ્રહ્માજી)ના પણ ઈશ તે દેવદેવેશ. (અહીં નારાયણ ભગવાન્) ૨.**'અચ્યુત'**: જેના આશ્રિત ભક્તોનું પતન થતું નથી તે અચ્યુત.

બ્રહ્મા, શંકર વગેરે દેવગણ યોગસાધનાદ્વારા મનને એકાગ્ર કરી આપનાં પરમ સુન્દર શ્રીચરણકમલોનાં દર્શન કરી કૃતાર્થ થઈ ગયા છે. તે જ દુર્લભ દર્શનવાળા આપે આજે મારાં નેત્રોની સામે પ્રકટ થઈ મને ધન્ય બનાવ્યો છે ।।૫।।

હે પવિત્ર કીર્તિવાળા મહાનુભાવોના શિરોમણિ કમલનયન! છતાં પણ આપની આજ્ઞા પ્રમાણે હું આપની પાસે વરદાન માગું છું. આપની જે માયાથી મોહિત થઈ,

બધા લોકો અને લોકપાલો **'સત્'** શબ્દથી ઓળખાતા અદ્વિતીય બ્રહ્મમાં અનેક પ્રકારના ભેદવિભેદ જોવા લાગે છે તે આપની માયા જોવા હું ઈચ્છું છું ।।૬।।

**શ્રીસૂતજી બોલ્યા** : હે શૌનકજી! જ્યારે આ પ્રમાણે ઈચ્છા પ્રમાણે માર્કંડેય મુનિએ ભગવાન્ નર-નારાયણની સ્તુતિ અને પૂજા કરી લીધી અને વરદાન માગી લીધું ત્યારે તેમણે હસતાં-હસતાં કહ્યું, ''ભલે તમને મારી માયાનાં દર્શન થશે''. ત્યાર પછી સમર્થ ભગવાન્ પોતાના બદરીવનના આશ્રમમાં પધારી ગયા ।।૭।।

માર્કંડેય મુનિ પોતાના આશ્રમમાં જ રહી નિરન્તર એ જ વાતનું ચિન્તન કરતા રહેતા કે મને માયાનાં દર્શન ક્યારે થશે. તે અગ્નિ, સૂર્ય, ચન્દ્રમા, જલ, પૃથ્વી, વાયુ, આકાશ તથા અન્તઃકરણમાં વધુ તો શું, સર્વત્ર ભગવાન્નાં જ દર્શન કરતાં-કરતાં માનસિક વસ્તુઓથી તેમનું પૂજન કરતા રહેતા. ક્યારેક-ક્યારેક તો તેમનાં હૃદયમાં પ્રેમની એવી ભરતી આવી જતી કે તેઓ તેના પ્રવાહમાં ડૂબકાં ખાવા લાગતા તેમને એ વાતની પણ સૂધબૂધ ન રહેતી કે ક્યારે, ક્યાં, કઈ રીતે ભગવાન્ની પૂજા કરવી જોઈએ ।।૮-૯।।

હે શૌનકજી! એક દિવસ સન્ધ્યા વખતે પુષ્પભદ્રા નદીને કાંઠે માર્કંડેય મુનિ ભગવાન્ની ઉપાસનામાં તન્મય હતા ત્યારે, હે બ્રહ્મન્! એકાએક ભારે મોટી આંધી આવી ।।૧૦।।

તે વખતે આંધીને લીધે ભયંકર કડાકા અને ભડાકા થવા લાગ્યા અને વિકરાલ વાદળો આકાશમાં ચડી આવ્યાં. વીજળી ચમકવા લાગી અને પૃથ્વી ઉપર રથની ધરી જેવી મુસળ ધાર વર્ષા પડવા લાગી ।।૧૧।।

એટલું જ નહિ, માર્કંડેય મુનિને એવું જણાવા લાગ્યું કે ચારેય તરફથી ચારેય દિશાઓમાં આવેલા સમુદ્રો સમગ્ર પૃથ્વીને ગળી જવા ઉછાળા મારતા ધસી રહ્યા છે. આંધીના વેગથી સમુદ્રમાં લોઢે લોઢ ઊછળી રહ્યા છે. બહુ જ ભયંકર ભમરીઓ પડી રહી છે અને ભયંકર ધ્વનિ કાન ફાડી નાખે છે.ઠેક- ઠેકાણે ભયંકર મગરો અને માછલાં કૂદી રહ્યાં છે ।।૧૨।।

એ વખતે બહાર, અંદર, ચારે તરફ જલ જ જલ દેખાતું હતું. એવું લાગતું હતું કે તે જલરાશિમાં પૃથ્વી જ નહિ, સ્વર્ગ પણ ડૂબી રહ્યું છે, ઉપરથી જોરદાર આંધી ઊતરી રહી છે અને વીજળી ચમકી રહી છે જેથી સમ્પૂર્ણ જગત્ સન્તપ્ત થઈ રહ્યું છે. જ્યારે માર્કંડેય મુનિએ જોયું કે આ જલપ્રલયમાં પૃથ્વી પૂરેપૂરી ડૂબી ગઈ છે,

ઉદ્ભિજ્, સ્વેદજ, અંડજ અને જરાયુજ ચારેય પ્રકારનાં પ્રાણીઓ તથા પોતે પણ અત્યન્ત વ્યાકુલ થઈ રહ્યા છે ત્યારે તે ઉદાસ અને અત્યન્ત ભયભીત બની ગયા ।।૧૩।।

તેમની સામે જ પ્રલય સમુદ્રમાં ભયંકર મોજાઓ ઉછાળા મારી રહ્યાં છે, આંધીના વેગથી જલરાશિ ઊછળી રહ્યા હતા અને પ્રલયના સમયનાં વાદળો વરસી-વરસી સમુદ્રના પાણીમાં વધારો કર્યે જતાં હતાં. તેમણે જોયું કે સમુદ્રે દ્વીપ, પૃથ્વીના ખંડો અને પર્વતોની સાથે સમગ્ર પૃથ્વીને ડૂબાડી દીધી છે ।।૧૪।।

પૃથ્વી અન્તરિક્ષ, સ્વર્ગ, જ્યોતિર્મંડલ (ગ્રહો, નક્ષત્રો અને તારાઓ) અને દિશાઓની સાથે ત્રણેય લોક જળમાં ડૂબી ગયા. બસ તે વખતે એક માત્ર મહામુનિ માર્કંડેયજી જ બચવા પામ્યા હતા. તે વખતે તેઓ જડ અને આંધળાની જેમ જટાઓ છૂટી મૂકી આમ-તેમ ભાગી-ભાગીને પોતાના પ્રાણ બચાવવા પ્રયત્ન કરી રહ્યા હતા ।।૧૫।।

તેઓ ભૂખ અને તરસથી વ્યાકુલ થઈ રહ્યા હતા. કોઈ તરફ મોટા મગર તો કોઈ તરફ *'તિમિંગલ' નામના મગરમચ્છ તેમના ઉપર તૂટી પડતા હતા. કોઈ તરફથી પવનનો સુસવાટો આવતો હતો તો કોઈ તરફથી મોજાંઓની થપ્પડો તેમને ઘાયલ કરી દેતી હતી. આ પ્રમાણે આમ-તેમ ભટકતા-ભટકતા તેઓ અપાર અજ્ઞાનરૂપી અન્ધકારમાં અટવાઈ પડ્યા, બેહોશ થઈ ગયા અને એટલા બધા થાકી ગયા કે આ પૃથ્વી છે કે આકાશ તેનું પણ તેમને ભાન રહ્યું નહીં ।।૧૬।।

**વિશેષ** : 'તિમિ' એટલે એક સો યોજન-આઠસો માઈલ-લાંબુ મત્સ્ય. 'તિમિ' ને પણ જે ગળી જાય તે 'તિમિંગલ', જે તિમિ કરતાં એક હજાર ગણું મોટું હોય. (શ્રીભાગવત ૧૦।૧।૫ જોવા વિનન્તિ).

તેઓ ક્યારેક મોટા વમળમાં ફસાઈ જતા, ક્યારેક તરલ તરંગોની ચોટથી દૂર ફેંકાઈ જતા, ક્યારેક જલચર પ્રાણીઓ એકબીજા ઉપર આક્રમણ કરતાં ત્યારે તેઓ અચાનક જ તેમનો શિકાર બની જતા ।।૧૭।।

તેઓ ક્યારેક શોક, સન્તાપ કરતા તો ક્યારેક મોહ, ક્યારેક નર્યા દુઃખનાં નિમિત્ત આવતાં તો ક્યારેક વળી સહેજ સાજ સુખ પણ મળી જતું. તેઓ ક્યારેક ભયભીત થતા, ક્યારેક મરી જતા તો ક્યારેક વળી જાતજાતના રોગો તેમને સતાવવા લાગતા ।।૧૮।।

આ પ્રમાણે માર્કંડેય મુનિ વિષ્ણુ ભગવાન્‌ની માયાના ચક્કરમાં મોહિત થઈ રહ્યા હતા. તે પ્રલયકાલના સમુદ્રમાં ભટકતાં-ભટકતાં તેમને લાખો કરોડો વર્ષો વીતી ગયાં.* ।।૧૯।।

**વિશેષ :** અહીં **વિષ્ણુમાયાવૃતાત્મનઃ** એવું મુનિને એક વિશેષણ આપ્યું છે. તેથી એ બધું એમણે એકલાએ ભગવાન્‌ની ઈચ્છાથી જોયું એટલે ભગવાન્ જેને વરદાનથી માયા દેખાડે છે તે જ એ જોઈ શકે તેથી બીજાને માટે આ દર્શન નથી એટલે બીજાને હિસાબે આ પ્રલય નથી પણ એ એકને માટે જ માયાકૃત પ્રલય છે તેથી કોઈ પ્રલય થયો છે એમ કહે તો એ વાત ખોટી છે. તેથી પ્રથમ કરેલા પ્રશ્નોત્તરની સંગતિ માયાદર્શનથી ઠીક થાય છે.

હે શૌનકજી! માર્કંડેય મુનિ આ પ્રમાણે પ્રલયના જલમાં ઘણો સમય ભટકતા રહ્યા. એક વાર તેમણે પૃથ્વીના એક ટેકરા ઉપર એક નાનું શું વડનું ઝાડ જોયું. તે લીલાંછમ પાંદડાંઓ અને લાલ-લાલ ફલોથી શોભી રહ્યું હતું ।।૨૦।।

તે ઝાડના ઈશાન ખૂણાની એક ડાળીના એક પડિયાના જેવા આકારવાળા પાનઉપર સૂતેલા અને પોતાની કાન્તિવડે એટલા ભાગના અન્ધકારને દૂર કરતા એક બાળકને મુનિએ જોયા ।।૨૧।।

તે બાળક મરકતમણિના જેવું શ્યામ હતું. મુખકમલ અત્યન્ત સુન્દર હતું. ગરદનમાં શંખના જેવી ત્રણ રેખાઓ હતી. છાતી પહોળી હતી, નાસિકા ઘાટીલી હતી અને ભ્રુકુટિ બહુ જ મનોહર હતી ।।૨૨।।

શ્યામ વાંકડિયા કેશની અલકો કપોલ ઉપર આવી રહી હતી અને શ્વાસ લેવાથી ક્યારેક-ક્યારેક હાલી પણ ઊઠતી હતી. શંખના જેવા અન્તર્વલયયુક્ત કર્ણોમાં દાડમનાં લાલ પુષ્પના *આકારનાં કર્ણફૂલ ધારણ કર્યા હતાં. વિદ્રુમ (પરવાળા) જેવા લાલ હોઠોની કાન્તિથી શિશુના સુધામય શ્વેત મલકાટમાં લાલિમા (લાલાશ) ભળતી હતી ।।૨૩।।

**વિશેષ : કર્ણે પુષ્પં કટૌ સૂત્રં વેણીં શિરસિ ધારયન્। તાવદ્ભવતિ ચાંડાલો યાવદ્ ગંગાં ન મજ્જતિ।** એ સ્મૃતિનો વિરોધ થતો હોવાથી ''કર્ણોમાં દાડમનાં પુષ્પ'' નહિ પણ પુષ્પના આકારનાં કર્ણફૂલ, કર્ણાભરણ ધર્યા છે એમ ભાષાન્તરમાં સ્વીકાર્યું છે.

નેત્રોના ખૂણાઓ કમલના અંદરના ભાગ જેવા થોડા-થોડા લાલ હતા. હાસ્ય અને દૃષ્ટિ હઠાત્ હૃદયને હરી લેતી હતી. નાભિ ઊંડી હતી. નાનુંશું ઉદર પીપળના પાન જેવું જણાતું હતું અને શ્વાસ લેતી વખતે તેના ઉપર પડતી ત્રિવલી (ત્રણ

કરચલીઓ) તથા નાભિ પણ ચલાયમાન થઈ જતી હતી ।।૨૪।।

નાના-નાના હાથમાં ઘણી જ સુન્દર આંગળીઓ હતી. તે બાળક પોતાના બન્ને કરકમલોથી એક ચરણ કમલને મુખમાં મૂકી ચૂસી રહ્યું હતું. માર્કંડેય મુનિ આ દિવ્ય દશ્ય નિહાળી અત્યન્ત વિસ્મય પામ્યા ।।૨૫।।

હે શૌનકજી! તે દિવ્ય શિશુને જોતાં જ માર્કંડેય મુનિનો થાક દૂર થયો. તેમનાં હૃદયકમલ અને નેત્રકમલ આનન્દથી ખીલી ઊઠ્યાં. શરીર પુલકિત થઈ ગયું. તે નાનકડા શિશુના આ અદ્‌ભુત ભાવને જોઈને તેમના મનમાં ''આ કોણ હશે? વગેરે'' અનેક શંકાઓ થવા લાગી અને તેઓ આ બાબતો તે શિશુને પૂછવામાટે તેની પાસે ગયા ।।૨૬।।

ત્યાં તો તે શિશુના શ્વાસની સાથે જેમ કોઈ મચ્છર પેટમાં ચાલ્યો જાય તેમ તે મુનિ તેના ઉદરમાં ચાલ્યા ગયા. ત્યાં તેમણે પ્રલય પહેલાં જે સૃષ્ટિ જોઈ હતી તેવી જ સમ્પૂર્ણ સૃષ્ટિ ઉદરમાં જોઈને તેઓ વિસ્મય પામ્યા. મોહને લીધે તેઓ કંઈ વિચારી પણ ન શક્યા ।।૨૭।।

તેમણે તે શિશુના ઉદરમાં આકાશ, અન્તરિક્ષ, જ્યોતિર્મંડલ, પૃથ્વી, પર્વતો, સમુદ્રો, દ્વીપો, ખંડો, દિશાઓ, દેવો, દૈત્યો, વનો, દેશો, નદીઓ, નગરો, ખાણો, કિસાનોનાં ગામ, અહીરોના વાસ, આશ્રમો, વર્ણો તેમના આચાર-વ્યવહાર, પંચમહાભૂત, તેમનાથી બનેલાં પ્રાણીઓનાં શરીર તથા પદાર્થ અનેકયુગ અને કલ્પોના ભેદથી યુક્ત કાલ વગેરે બહુ-બહુ જોયું. એટલું જ નહિ; જે દેશો, વસ્તુઓ અને કાળદ્વારા જગતનો વ્યવહાર સમ્પન્ન થાય છે તે બધું જ ત્યાં યથાર્થ (સાચા) સ્વરૂપમાં પ્રતીત થતું તેમણે જોયું ।।૨૮-૨૯।।

હિમાલય પર્વત તે જ પુષ્પભદ્રા નદી, તેના કાંઠા ઉપર પોતાનો આશ્રમ અને ત્યાં રહેનારા ઋષિઓને પણ માર્કંડેયજીએ પ્રત્યક્ષ જ જોયા. આ પ્રમાણે સમ્પૂર્ણ વિશ્વને જોતાં-જોતાં જ તે દિવ્ય શિશુના ઉચ્છ્‌વાસદ્વારા જ તેઓ બહાર આવી ગયા અને પાછા પ્રલયકાળના સમુદ્રમાં જઈ પડ્યા ।।૩૦।।

હવે ફરીથી તેમણે જોયું કે સમુદ્રની વચ્ચે પૃથ્વીના ટેકરા ઉપર એ જ વડનું વૃક્ષ યથાવત્ વિદ્યમાન છે અને તેના પત્તાના પુટ (પડિયા) માં તે જ શિશુ શયન કરી રહ્યું છે, તેના અધરો ઉપર પ્રેમામૃતથી પરિપૂર્ણ મન્દહાસ્ય છે અને પોતાની પ્રેમપૂર્ણ દષ્ટિથી તે માર્કંડેયજી તરફ જોઈ રહ્યું છે ।।૩૧।।

શિશુના રૂપમાં ક્રીડા કરતા ઈન્દ્રિયાતીત ભગવાન્‌ને માર્કંડેયજીએ નેત્રોના માર્ગદ્વારા હૃદયમાં પહેલેથી જ બિરાજમાન કરી દીધા હતા પણ બહારના સ્વરૂપને આલિંગન કરવા મહા મુશ્કેલીએ આગળ વધ્યા ।।૩૨।।

પરન્તુ હે શૌનકજી! ભગવાન્ કેવળ યોગીઓના જ નહિ, સ્વયં યોગના પણ સ્વામી અને સર્વના હૃદયાકાશમાં છુપાઈને રહેનારા છે. હજુ તો માર્કંડેય મુનિ શિશુની પાસે પહોંચી પણ નહોતા શક્યા તેટલામાં તો અભાગિયા અને અસમર્થ પુરુષોનો પરિશ્રમ નિષ્ફળ જાય તેમ તત્કાલ તે શિશુ અન્તર્ધાન થતાં મુનિનો પ્રયત્ન નિષ્ફળ થયો ।।૩૩।।

**તમન્વથ વટો બ્રહ્મન્ સલિલં લોક સમ્પ્લવઃ ।।**
**તિરોધાયિ ક્ષણાદસ્ય સ્વાશ્રમે પૂર્વવત્ સ્થિતઃ ।।૩૪।।**

હે શૌનકજી! તે શિશુના અન્તર્ધાન થતાં જ તે વડનું વૃક્ષ, પ્રલયકાલીન દશ્ય અને જલ પણ તત્કાલ અદશ્ય થઈ ગયું અને માર્કંડેય મુનિએ પોતાને પહેલાંની જેમ પોતાના જ આશ્રમમાં બેઠેલા જોયા ।।૩૪।।

**ઈતિ શ્રીભાગવત દ્વાદશ સ્કન્ધમાં (ચોથો શબ્દાશ્રય પ્રકરણનો બીજો અધ્યાય તથા ચાલુ) ''ભગવાને માર્કંડેયજીને પ્રલય જળમાં દેખાડેલી પોતાની માયા'' નામનો નવમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**''જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ''**
કથા-કીર્તનની દક્ષિણા સ્વીકાર નારા નીચ લોકોના મનોભાવો ગટરના ગંધાતા પાણી જેવા ગંદા હોય છે (શ્રીવલ્લભાચાર્ય, જલભેદ) આવા અધમ વક્તાઓની વાણીને સાંભળવામાં આનન્દ અનુભવનારાઓને શું સમજવા!!!

## અધ્યાય ૧૦

## માર્કંડેયજીને શિવજીએ ભક્તિ આપી

**વિશેષ :** શિવજી મુનિ ઉપર પ્રસન્ન થયા અને માર્કંડેયજીના આશ્રમમાં આવ્યા. તેમને ભક્તિ આપી પ્રસન્ન કર્યા, આ વાત દસમા અધ્યાયમાં આવેછે.

**સ એવમનુભૂયેદં નારાયણ વિનિર્મિતમ્ ।।**

**વૈભવં યોગમાયાયા-સ્તમેવ શરણં યયૌ ।।૧।।**

**શ્રીસૂતજી બોલ્યા :** હે શૌનકાદિ ઋષિઓ! માર્કંડેય મુનિએ આ પ્રમાણે નારાયણ-નિર્મિત યોગ માયાના વૈભવનો અનુભવ કર્યો. આ માયાથી મુક્ત થવામાટે માયાપતિ ભગવાનનું શરણ જ એક માત્ર ઉપાય છે એમ નિશ્ચય કરી તે ભગવાનને શરણે ગયા ।।૧।।

**માર્કંડેયજીએ સ્વગત કહ્યું :** હે હરિ! આપની માયા પ્રતીતિમાત્ર હોવા છતાં સત્ય જ્ઞાનની સમાન પ્રકાશિત થાય છે. મોટા-મોટા વિદ્વાનો પણ આપની ભક્તિ વિના એમ માનવા લાગે છે કે ''અમે વિદ્વાન છીએ''. આપના ચરણકમલનું શરણ જ અભય સંસાર ભયમાંથી મુક્તિ આપનાર છે. આપની જે માયા વિદ્વાનોને પણ મોહ પમાડે છે તે માયાને તરી જવામાટે હું આપના ચરણકમલને શરણે આવ્યો છું ।।૨।।

**શ્રીસૂતજી બોલ્યા :** માર્કંડેયજી આ પ્રમાણે શરણાગતિની ભાવનામાં તન્મય થઈ રહ્યા હતા તે જ વખતે ભગવાન્ શંકર ભગવતી પાર્વતીજીની સાથે નન્દી ઉપર સવાર થઈ આકાશમાર્ગે વિચરણ કરતા ત્યાં આવી ચડ્યા અને માર્કંડેયજીને તે જ અવસ્થામાં જોયા. તેમની સાથે તેમના ગણ પણ હતા ।।૩।।

જ્યારે ભગવતી પાર્વતીજીએ માર્કંડેય મુનિને ધ્યાનની અવસ્થામાં જોયા ત્યારે તેમનું હૃદય વાત્સલ્ય સ્નેહથી ભરાઈ ગયું. તેમણે ભગવાન્ શંકરને કહ્યું ''હે ભગવન્! આ બ્રાહ્મણને આપ જુઓ. તોફાન શાન્ત થઈ જતાં જેવી રીતે સમુદ્રનાં મોજાંઓ અને માછલીઓ શાન્ત થઈ જાય છે અને સમુદ્ર ધીર ગમ્ભીર થઈ જાય છે તેવી જ રીતે આ બ્રાહ્મણનાં શરીર, ઈન્દ્રિયો અને અન્તઃકરણ શાન્ત થઈ રહ્યાં છે. સમસ્ત સિદ્ધિઓના દાતા આપ જ છો. તેથી આપ કૃપા કરીને આ બ્રાહ્મણની તપસ્યાનું પ્રત્યક્ષ ફલ આપો ।।૪-૫।।

**ભગવાન્ શંકરે કહ્યું :** હે દેવી! આ બ્રહ્મર્ષિ આ લોક અથવા પરલોકની કોઈ પણ વસ્તુની ઈચ્છા રાખતા નથી. તેમના મનમાં ક્યારેય મોક્ષની પણ આકાંક્ષા થતી નથી તેનું કારણ એ છે કે ઘટ-ઘટવાસી અવિનાશી ભગવાનની પરમ ભક્તિ તેમને પ્રાપ્ત થઈ ચૂકી છે ।।૬।।

હે પ્રિયે! તેમને આપણી કોઈ જરૂર નથી છતાં પણ આપણે તેમની સાથે સત્સંગ કરીશું કેમકે એ મહાત્મા છે. જીવ માત્રને માટે સન્તપુરુષોનો સમાગમ પ્રાપ્ત

થાય એ પરમ લાભની વાત છે ।।૭।।

**શ્રીસૂતજી બોલ્યા :** ભગવાન્ શંકર ભગવદ્ ભક્તોના પરમ ઉપકારક, સર્વ વિદ્યાઓના પ્રવર્તક અને સર્વ પ્રાણીઓનાં હૃદયમાં બિરાજમાન અન્તર્યામી પ્રભુ છે. તેઓ **''ભગવતી પાર્વતીજી''** ને આમ કહી માર્કંડેયજી પાસે આવ્યા ।।૮।।

તે વખતે માર્કંડેય મુનિની સમસ્ત મનોવૃત્તિઓ ભગવદ્‌ભાવમાં તન્મય હતી. તેમને પોતાના શરીર અને જગતનું બિલકુલ ભાન ન હતું. તેથી વિશ્વના આત્મા એવા શિવ-પાર્વતીજી સ્વયં પોતાના આશ્રમમાં પધાર્યા છે તે પણ તેઓ જાણી ન શક્યા ।।૯।।

હે શૌનકજી! સર્વ શક્તિમાન ભગવાન્ કૈલાસ પતિથી એ વાત છૂપી નહોતી રહી કે માર્કંડેય મુનિ આ વખતે કઈ અવસ્થામાં છે. તેથી જેવી રીતે વાયુ અવકાશના સ્થાનમાં અનાયાસે જ પ્રવેશ કરે છે તેવી જ રીતે તેમણે પણ પોતાની યોગમાયાથી માર્કંડેય મુનિના હૃદયાવકાશમાં પ્રવેશ કરી દીધો ।।૧૦।।

માર્કંડેય મુનિએ જોયું કે તેમના હૃદયમાં તો ભગવાન્ શંકરનાં દર્શન થઈ રહ્યાં છે જેમના મસ્તક પર વીજળીના જેવી ચમકતી પીળી-પીળી જટાઓ શોભાયમાન છે, ત્રણ નેત્રો અને દસ ભુજાઓ છે. તેમનું ઊંચુ અને હૃષ્ટ-પુષ્ટ શરીર ઉદય થતા સૂર્યના જેવું તેજસ્વી છે ।।૧૧।।

શરીર ઉપર વાઘના ચર્મને ધારણ કર્યું છે અને હાથમાં શૂલ, ખટ્વાંગ (દંડને એક છેડે ખોપરીનો મૂઠો લગાડેલ હોય તેવું શિવજીનું શસ્ત્ર) ઢાલ, રુદ્રાક્ષની માળા, ડમરૂ, ખપ્પર, તલવાર અને ધનુષ લીધાં છે ।।૧૨।।

માર્કંડેય મુનિ પોતાના હૃદયમાં અકસ્માત ભગવાન્ શંકરનું આ રૂપ જોઈ વિસ્મય પામ્યા.''આ શું છે? ક્યાંથી આવ્યું?'' આ પ્રકારની વૃત્તિઓનો ઉદય થતાં તેઓએ સમાધિથી નિવૃત્તિ લઈ પોતાની આંખ ખોલી ।।૧૩।।

જ્યારે તેમણે આંખો ખોલી ત્યારે જોયું કે ત્રણેય લોકોના એક માત્ર ગુરુ ભગવાન્ શંકર પાર્વતીજી તથા પોતાના ગણોની સાથે પધારેલ છે. તેમણે તેમનાં ચરણોમાં માથું ટેકવી પ્રણામકર્યા ।।૧૪।।

ત્યાર બાદ માર્કંડેય મુનિએ સ્વાગત, આસન, પાદ્ય, અર્ઘ્ય, ગન્ધ, પુષ્પમાલા, ધૂપ અને દીપ આદિ ઉપચારોથી ભગવાન્ શંકર, ભગવતી પાર્વતી અને તેમના ગણોની પૂજા કરી ।।૧૫।।

ત્યાર પછી માર્કંડેય મુનિ તેમને કહેવા લાગ્યા ''હે સર્વવ્યાપક અને સર્વ શક્તિમાન પ્રભો! આપ આપની આત્માનુભૂતિ અને મહિમાંથી જ પૂર્ણકામ છો. આપની શાન્તિ અને સુખથી જ સમસ્ત જગતમાં સુખશાન્તિનો વિસ્તાર થઈ રહ્યો છે એવી અવસ્થામાં હું નિષ્કિંચન આપની શી સેવા કરી શકું? ।।૧૬।।

હું આપના ત્રિગુણાતીત સદાશિવ (કલ્યાણરૂપ) સ્વરૂપને અને સત્ત્વગુણથી યુક્ત શાન્ત વિષ્ણુસ્વરૂપને નમસ્કાર કરું છું. હું આપના રજોગુણયુક્ત બ્રહ્મારૂપ અને તમોગુણથી યુક્ત અઘોર રુદ્રરૂપને નમસ્કાર કરું છું ।।૧૭।।

**શ્રીસૂતજી બોલ્યા :** જ્યારે માર્કંડેય મુનિએ સન્તોની ગતિ આદિ દેવ ભગવાન્ શંકરની આ પ્રમાણે સ્તુતિ કરી ત્યારે તેઓ તેનાથી અત્યન્ત સન્તુષ્ટ થયા અને પ્રસન્ન ચિત્તથી હસતા-હસતા કહેવા લાગ્યા ।।૧૮।।

**ભગવાન્ શંકરે કહ્યું :** હે માર્કંડેયજી! બ્રહ્મા, વિષ્ણુ અને હું અમે ત્રણેય વર દાતાઓના સ્વામી છીએ. અમારાં દર્શનનું ફળ ન મળે એવું બને જ નહિ તે કદી વ્યર્થ જતાં નથી. અમારાદ્વારા જ મરણશીલ મનુષ્ય પણ અમરત્વ (મોક્ષ) મેળવી લે છે તેથી તમારી ઈચ્છામાં આવે તે વરદાન મારી પાસે માગી લો ।।૧૯।।

(વરદાન આપીને અમે તમારા ઉપર કોઈ અનુગ્રહ કરતા નથી તમારી સેવા જ કરીએ છીએ. તમે તો સમગ્ર જગતના વન્દનીય છો એમ કહેવા બ્રાહ્મણોની સ્તુતિ કરે છે). બ્રાહ્મણો સ્વભાવથી જ સદાચારી, મત્સર આદિ દોષરહિત શાન્ત અને અનાસક્ત હોય છે. તેઓ કોઈની સાથે વેરભાવ રાખતા નથી અર્થાત્ સમદર્શી હોવા છતાં પ્રાણીઓનાં દુઃખ દેખી તેનું નિવારણ કરવા પૂરેપૂરી શક્તિથી પ્રયત્ન કરે છે. તેમની સૌથી મોટી વિશેષતા એ હોય છે કે તેઓ અમારા અનન્ય પ્રેમી અને ભક્તો હોય છે ।।૨૦।।

દેવો મનુષ્ય આદિ બધા લોકો, ઈન્દ્ર વગેરે લોકપાલો આવા બ્રાહ્મણોની વન્દના, પૂજા અને ઉપાસના કર્યા કરે છે. તેમજ હું, ભગવાન્ બ્રહ્મા તથા સ્વયં સાક્ષાત્ ઈશ્વર વિષ્ણુ પણ તેમની સેવામાં તત્પર રહીએ છીએ ।।૨૧।।

એવા શાન્ત મહાપુરુષો મારામાં, વિષ્ણુ ભગવાન્માં, બ્રહ્મામાં, પોતાનામાં અને બધા જીવોમાં અણુમાત્ર પણ ભેદ જોતા નથી. સદાસર્વદા, સર્વત્ર અને સર્વથા એકરસ આત્માનું જ તેઓ દર્શન કરે છે. તેથી અમે તમારા જેવા મહાત્માઓની સ્તુતિ અને સેવા કરીએ છીએ ।।૨૨।।

હે માર્કંડેયજી! કેવલ જલમય તીર્થ જ તીર્થ નથી હોતાં અને કેવલ અચેતન મૂર્તિઓ જ દેવતા નથી હોતી. સૌથી મોટાં તીર્થ અને દેવતા તો તમારા જેવા સન્તો છે કારણ કે તે તીર્થો અને દેવતાઓ દર્શન માત્રથી જ નહીં પણ ઘણો સમય સેવન કરવાથી જ પવિત્ર કરે છે પરન્તુ તમે સન્તો તો દર્શન માત્રથી જ પવિત્ર કરી દો છો ।।૨૩।।

અમે તો બ્રાહ્મણોને જ નમસ્કાર કરીએ છીએ કારણ કે તેઓ ચિત્તની એકાગ્રતા, તપ (કામનાઓના ત્યાગ), સ્વાધ્યાય (શાસ્ત્રોનું અધ્યયન અને અધ્યાપન) અને વાણી વગેરે ઇન્દ્રિયો ઉપરના સંયમદ્વારા અમારા વેદમય શરીરને હૃદયમાં ધારણ કરે છે ।।૨૪।।

હે માર્કંડેયજી! બ્રહ્મહત્યા વગેરે કરનારા મહાપાતકીઓ અને અન્ત્યજો પણ તમારા જેવા મહાપુરુષોના ચરિત્રશ્રવણ અને દર્શન થી જ શુદ્ધ થઈ જાય છે તો પછી તમારી સાથે વાતચીત, સંગ વગેરેથી શુદ્ધ થઈ જાય તેમાં તો કહેવું જ શું? ।।૨૫।।

**શ્રીસૂતજી બોલ્યા** : હે શૌનકજી આદિ ઋષિઓ! ચન્દ્રભૂષણ ભગવાન્ શંકરની એક-એક વાત ધર્મના ગુપ્તતમ રહસ્યથી પરિપૂર્ણ હતી. તેના એક-એક અક્ષરમાં અમૃતનો સમુદ્ર ભરેલો હતો. માર્કંડેય મુનિ પૂરી તન્મયતાથી પોતાના કર્ણોદ્વારા તેનું પાન કરતા રહ્યા પણ તેમને તૃપ્તિ ન થઈ ।।૨૬।।

તેઓ લાંબા સમય સુધી વિષ્ણુ ભગવાન્‌ની માયાથી ભટકી ચૂક્યા હતા અને ખૂબ થાકી પણ ગયા હતા. ભગવાન્ શિવજીની કલ્યાણકારક વાણીનું અમૃતપાન કરવાથી તેમનો બધો ક્લેશ દૂર થઈ ગયો. તેમણે ભગવાન્ શંકરને આ પ્રમાણે કહ્યું ।।૨૭।।

**માર્કંડેયજીએ કહ્યું** : સર્વશક્તિમાન ઈશ્વરની આ લીલા બધાં પ્રાણીઓની સમજથી પર છે કારણ કે તેઓ સમસ્ત જગતના સ્વામી હોવા છતાં પણ પોતાને અધીન રહેવાવાળા મારા જેવા જીવોની વન્દના અને સ્તુતિ કરે છે ।।૨૮।।

ધર્મનો ઉપદેશ કરનાર પ્રાયઃ પ્રાણીઓને ધર્મનું રહસ્ય અને સ્વરૂપ સમજાવવામાટે તેનું આચરણ અને અનુમોદન કરે છે તથા કોઈ ધર્મનું આચરણ કરે છે તો તેની પ્રશંસા પણ કરે છે ।।૨૯।।

(મહાન પુરુષ સામાન્ય પુરુષની સ્તુતિ વગેરે કરે તો તેથી તેના પ્રભાવને કંઈ આંચ આવતી નથી એ સમજાવે છે). જેવી રીતે જાદુગર માલિક હોય છતાં એના

નોકરોનો નોકર થાય એમાં એનો પ્રભાવ ઓછો થતો નથી પણ એ પોતાના કાર્યમાં કુશળ ગણાય છે તેવી જ રીતે આપ પોતાની સ્વજનમોહિની માયાની વૃત્તિઓનો સ્વીકાર કરી કોઈની વન્દના, સ્તુતિ આદિ કરો છો તો કેવલ તે કામથી આપના મહિમામાં કોઈ ત્રુટિ આવતી નથી ।।૩૦।।

સ્વપનમાં પોતાનાં અનેક સ્વરૂપોને પોતે મનોરથથી જોનાર એ શરીરમાં પ્રવિષ્ટ થઈ ઇન્દ્રિયોને ક્રિયા પોતે જ કરતા હોય એમ માને છે તેમ આપે પોતાના મનથી જ સમ્પૂર્ણ વિશ્વની સૃષ્ટિ કરી છે અને તેમાં જીવ રૂપે સ્વયં પ્રવેશ કરી, કર્તા ન હોવા છતાં કર્મ કરવાવાળા ગુણોદ્વારા કર્તા હો તેવા પ્રતીત થાઓ છો તેવા આપને હું નમસ્કાર કરું છું ।।૩૧।।

હે ભગવન્! આપ ત્રિગુણસ્વરૂપ હોવા છતાં આપ તેમના નિયામક છો, આપનામાં જેટલું સામર્થ્ય છે તેટલું જ સામર્થ્ય આપના ગુણોમાં છે, આપ જ સમસ્ત જ્ઞાનનું મૂલ કેવલ (શુદ્ધ), અદ્વિતીય, ગુરુરૂપ અને બ્રહ્મ સ્વરૂપ છો. હું આપને નમસ્કાર કરું છું ।।૩૨।।

હે અનન્ત! આપનાં શ્રેષ્ઠ દર્શનથી ચડિયાતી એવી બીજી કઈ વસ્તુ છે કે જે હું વરદાનના રૂપમાં માગું? આપનાં દર્શનથી જ મનુષ્ય પૂર્ણકામ અને સત્યસંકલ્પ થઈ જાય છે ।।૩૩।।

આપ સ્વયં તો પૂર્ણ છો જ, પોતાના ભક્તોની પણ સમસ્ત કામનાઓ આપ પૂર્ણ કરનારા છો. તેથી આપનાં દર્શન કર્યા છતાં એક વરદાન વધારે માગું છું અને તે એ કે ભગવાન્‌માં તેમના શરણાગત ભક્તોમાં અને આપમાં મારી અવિચલ ભક્તિ સદાસર્વદા રહે ।।૩૪।।

**શ્રીસૂતજી બોલ્યા** : હે શૌનકજી! જ્યારે માર્કંડેય મુનિએ મધુર વાણીથી આ પ્રમાણે ભગવાન્ શંકરની સ્તુતિ અને પૂજા કરી ત્યારે તેમણે ભગવતી પાર્વતીજીની પ્રેરણાથી આ પ્રમાણે કહ્યું ।।૩૫।।

**ભગવાન્ શંકર બોલ્યા** : ''હે મહર્ષિ! તમારી બધી કામનાઓ પૂર્ણ હો. ઇન્દ્રિયાતીત પરમાત્મામાં તમારી અનન્ય ભક્તિ સદાસર્વદા ટકી રહે. તમારો પવિત્ર યશ કલ્પ પર્યન્ત ફેલાતો રહે અને તમે અજર અને અમર થઈ જાઓ ।।૩૬।।

હે બ્રહ્મન્! તમારું બ્રહ્મતેજ તો સર્વદા અક્ષુણ્ણ (અકબન્ધ) રહેશે જ. તમને ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સમસ્ત વિશેષ જ્ઞાનોના એક અધિષ્ઠાન રૂપ જ્ઞાન

અને વૈરાગ્યયુક્ત સ્વરૂપસ્થિતિની પ્રાપ્તિ થઈ જશે. બ્રહ્મવર્ચસ્વી અને પુરાણના આચાર્ય પણ તમે થશો'' ।।૩૭।।

**શ્રીસૂતજી બોલ્યા :** આ પ્રમાણે ત્રિલોચન ભગવાન્ શંકર માર્કંડેય મુનિને વરદાન આપી ભગવતી પાર્વતીજીની સમક્ષ માર્કંડેય મુનિની તપસ્યા અને તેમણે કરેલા માયા દર્શનનાં અનુભવોનું વર્ણન કરતા-કરતાં ત્યાંથી ચાલ્યા ગયા ।।૩૮।।

ભૃગુવંશ શિરોમણિ *માર્કંડેય મુનિને તેમના મહાયોગનું પરમફલ પ્રાપ્ત થઈ ગયું. તે ભગવાન્ના અનન્ય પ્રેમી થઈ ગયા. આજે પણ તેઓ ભક્તિ ભાવપૂર્ણ હૃદયથી પૃથ્વી ઉપર વિચરણ કર્યા કરે છે ।।૩૯।।

**વિશેષ :** પ્રભુની માયાને પ્રત્યક્ષ જોનાર આ માર્કંડેયમુનિ આજે પણ ચિરંજીવ છે. રાજા-મહારાજાઓ અને પ્રસિદ્ધ ધર્માચાર્યો એમની પૂજા કરીને દીર્ઘાયુષની પ્રાપ્તિમાટે આજેપણ પોતાના જન્મદિવસે માર્કંડેય પૂજાનો શાસ્ત્રીયવિધિ કરે છે. (માર્કંડેય પુરાણ)

તમને મેં પરમ જ્ઞાન સમ્પન્ન માર્કંડેય મુનિએ ભગવાન્ની યોગમાયાથી જે અદ્ભુત લીલાનો અનુભવ કર્યો હતો તે કહી સંભળાવ્યો ।।૪૦।।

માર્કંડેયજીએ જે આ અનેક કલ્પોનો સૃષ્ટિ-પ્રલયોનો અનુભવ કર્યો તે ભગવાન્ની માયાનો જ વૈભવ હતો તાત્કાલિક હતો અને તેમને જમાટે હતો, સામાન્ય માણસોમાટે નહિ. આ માયાની રચનાને ન જાણનારા કોઈ-કોઈ અનાદિ કાલથી વારં-વાર થતા સૃષ્ટિ-પ્રલય જ આને પણ બતાવે છે. (તેથી તમારે એ શંકા ન કરવી જોઈએ કે આ જ કલ્પના અમારા પૂર્વજ માર્કંડેયજીનું આયુષ્ય આટલું લાંબું કેવી રીતે થઈ ગયું?) ।।૪૧।।

**ય એવમેતદ્ ભૃગુવર્ય વર્ણિતં રથાંગપાણેરનુભાવભાવિતમ્।**
**સંશ્રાવયેત્ સંશૃણુયાદુ તાવુભૌ તયોર્ન ક્રર્માશય સંસૃતિર્ભવેત્ ।।૪૨।।**

હે શૌનકજી તમને મેં જે માર્કંડેય મુનિનું ચરિત્ર સંભળાવ્યું છે તે ભગવાન્ ચક્રપાણિના પ્રભાવ અને મહિમાથી ભરપૂર છે. એનું જે શ્રવણ અથવા કીર્તન કરે છે તે બન્નેય કર્મવાસનાઓને લઈને પ્રાપ્ત થતા જન્મ મરણના ચક્કરમાંથી કાયમને માટે છૂટી જાય છે ।।૪૨।।

**ઈતિ શ્રીભાગવત દ્વાદશસ્કન્ધમાં (ચોથા શબ્દાશ્રય પ્રકરણનો ત્રીજો અધ્યાય તથા ચાલુ) ''માર્કંડેયજીને શિવજીએ ભક્તિ આપી' નામનો દશમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# અધ્યાય ૧૧

# ભગવાનનાં અંગ, ઉપાંગ અને ઓયુધોનું રહસ્ય તથા વિભિન્ન સૂર્યગણોનું વર્ણન (બાર સૂર્યની કથા)

## પ્રકરણ : ૫ અર્થાશ્રય

**વિશેષ** : પૂજાને માટે મહાપુરુષ ભગવાનનું વર્ણન અને પ્રતિમાસ જુદા-જુદા સૂર્યોના વ્યૂહનું વર્ણન એટલી વાત આ અગિયારમા અધ્યાયમાં છે.

**અથેમમર્થં પૃચ્છામો ભવન્તં બહુવિત્તમમ્ ।।**
**સમસ્તતન્ત્રરાદ્ધાન્તે ભવાન્ ભાગવતતત્ત્વવિત્ ।।૧।।**

**શૌનક મુનિ બોલ્યા** : હે સૂતજી! આપ ભગવાન્‌ના પરમ ભક્ત અને બહુજ્ઞોમાં શિરોમણિ છો, શાસ્ત્રોના સિદ્ધાન્ત વિશે અમે આપને એક વિશેષ પ્રશ્ન પૂછવા માગીએ છીએ કેમકે આપ એના મર્મજ્ઞ છો ।।૧।।

અમે ક્રિયા-યોગનું યથાર્થ જ્ઞાન મેળવવા માગીએ છીએ, કારણ કે તેનું કુશળતા પૂર્વક બરાબર આચરણ કરવાથી મૃત્યુગ્રસ્ત માનવ અમરતા પ્રાપ્ત કરી લે છે. તેથી આપ અમને એ બતાવવાની કૃપા કરો કે *પંચરાત્ર આદિ તન્ત્રોની વિધિ જાણવાવાળા લોકો કેવલ શ્રીલક્ષ્મીપતિ ભગવાન્‌ની આરાધના કરતી વખતે કયાં-કયાં તત્ત્વોથી તેમનાં ચરણ આદિ અંગ, ગરુડ આદિ ઉપાંગ, સુદર્શન ચક્ર વગેરે આયુધ અને કૌસ્તુભ વગેરે આભૂષણોની કલ્પના કરે છે? ।।૨-૩।।

**વિશેષઃ 'પંચરાત્ર'**-પાંચ છે રાત્ર(પ્રકરણ) જેમાં તે, નારદજીએ રચેલ એક પાંચ પ્રકરણવાળો ગ્રન્થ. **'પંચાનન'** - પંચ (ઉઘાડેલું-વિસ્તૃત) છે આનન (મુખ) જેનું તે સિંહ.

**શ્રીસૂતજીએ કહ્યું** : હે શૌનકજી! શ્રીગુરુદેવના ચરણોમાં નમસ્કાર કરીને હું, બ્રહ્મા આદિ આચાર્યોએ, વેદોએ અને પંચરાત્ર આદિ તન્ત્ર ગ્રન્થોએ વિષ્ણુ ભગવાન્‌ની જે વિભૂતિઓનું વર્ણન કર્યું છે તે જ આપ લોકોને સંભળાવું છું ।।૪।।

ભગવાન્‌ના જે ચેતનાધિષ્ઠિત વિરાટ રૂપમાં આ ત્રણેય લોક દેખાય છે તે પ્રકૃતિ, સૂત્રાત્મા, મહત્તત્ત્વ, અહંકાર અને પંચતન્માત્રા આ નવ તત્ત્વો સહિત અગિયાર ઈન્દ્રિય તથા પંચમહાભૂત આ સોળ વિકારોમાંથી બનેલ છે ।।૫।।

એ ભગવાનનું જ પુરુષરૂપ છે. પૃથ્વી તેનાં ચરણ છે, સ્વર્ગ મસ્તકે, અન્તરિક્ષ નાભિ, સૂર્ય-ચન્દ્ર નેત્ર, વાયુ નાસિકા અને દિશાઓ કાન છે ।।૬।।

પ્રજાપતિ લિંગ છે, મૃત્યુ ગુદા છે, લોકપાલગણ ભુજાઓ છે, ચન્દ્રમા મન છે અને યમરાજ ભ્રૂકુટિ છે ।।૭।।

લજ્જા ઉપરનો હોઠ, લોભ નીચેનો હોઠ, ચન્દ્રમાની ચાંદની દન્તાવલિ, ભ્રમ મલકાટ, વૃક્ષ રોમ અને વાદળાં જ વિરાટ પુરુષના શિર ઉપર ઊગેલા વાળ છે ।।૮।।

હે શૌનકજી! જેવી રીતે આ વ્યષ્ટિ પુરુષ પોતાના પરિમાણથી સાત વેંતનો છે તે જ રીતે તે સમષ્ટિ પુરુષ પણ પોતાના માપથી સાત વેંતના છે* ।।૯।।

**વિશેષ** : સમષ્ટિ પુરુષ-ભગવાન્‌ના સ્વરૂપનું માપ આરાધકની ભાવના અનુસાર હોય છે પણ તે સાક્ષાત્કૃત પ્રભુનું માપ પણ તે જ સ્વરૂપની સાત વેંત જેવડું હોય છે.

સ્વયં ભગવાન્ અજન્માં છે. તે કૌસ્તુભમણિને બહાને શુદ્ધ જીવચૈતન્ય રૂપ આત્મજ્યોતિને જ અને તેની સર્વવ્યાપક પ્રભાને જ વક્ષઃસ્થલ ઉપર શ્રીવત્સનાં રૂપથી ધારણ કરે છે ।।૧૦।।

તે પોતાની સત્ત્વ, રજ આદિ ગુણોવાળી માયાને વનમાલાના રૂપમાં, વેદોને પીતામ્બરના રૂપમાં તથા **'અ+ઉ+મ્'** આ ત્રણ માત્રાવાળા પ્રણવ **'ૐ'ને** યજ્ઞોપવીતના રૂપમાં ધારણ કરે છે ।।૧૧।।

દેવાધિદેવ ભગવાન્ સાંખ્ય અને યોગરૂપ મકરાકૃત કુંડલ તથા બધા લોકોને અભય કરી દેનાર બ્રહ્મલોકને જ મુગટના રૂપમાં ધારણ કરે છે ।।૧૨।।

મૂલ પ્રકૃતિ જ આપની શેષ શય્યા છે જેના ઉપર આપ બિરાજમાન રહે છે અને ધર્મ, જ્ઞાન આદિ યુક્ત સત્ત્વ ગુણનું જ આપના નાભિ કમલના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે ।।૧૩।।

આપ મન, ઇન્દ્રિય અને શરીર સમ્બન્ધી શક્તિઓથી યુક્ત પ્રાણતત્ત્વરૂપ કૌમોદકી ગદા, જલતત્ત્વરૂપ પાંચજન્ય શંખ અને તેજસ્તત્ત્વરૂપ સુદર્શન ચક્રને ધારણ કરે છે ।।૧૪।।

આકાશના જેવું નિર્મલ આકાશ સ્વરૂપ 'નન્દક' નામની તલવાર, તમોગુણ સમાન સ્વરૂપને ઢાંકી દેનાર અજ્ઞાનરૂપ ઢાલ, કામરૂપ શાર્ંગધનુષ અને કર્મનું જ ભાથું ધારણ કરે છે ।।૧૫।।

ઇન્દ્રિયોને જ ભગવાન્‌નાં બાણો કહેવામાં આવ્યાં છે. ક્રિયાશક્તિરૂપ મન જ રથ છે. તન્માત્રાઓ રથના બહારના ભાગ છે અને વર, અભય આદિ મુદ્રાઓથી આપની વરદાન, અભયદાન આદિના રૂપમાં ક્રિયાશીલતા પ્રગટ થાય છે ।।૧૬।।

સૂર્યમંડળ અથવા અગ્નિમંડળ જ ભગવાન્‌ની પૂજાનું સ્થાન છે, અન્તઃકરણની શુદ્ધિ જ મન્ત્રની દીક્ષા છે અને પોતાના બધાં પાપોનો નાશ કરી દેવો એ જ ભગવાન્‌ની પૂજા છે ।।૧૭।।

હે બ્રાહ્મણો! ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છ પદાર્થોનું નામ જ લીલાકમલ છે જે ભગવાન્ પોતાના કરકમલમાં ધારણ કરે છે. ધર્મને ચામર અને યશને વ્યજન (પંખા) ના રૂપમાં તથા પોતાના નિર્ભય ધામ વૈકુંઠને છત્રના રૂપમાં ધારણ કરે છે, ત્રણેય વેદો (ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ) નું જ નામ ગરુડ છે. તે જ યજ્ઞરૂપ વિષ્ણુને વહન કરે છે ।।૧૮-૧૯।।

આત્મસ્વરૂપ ભગવાન્‌ની અને એમનાથી કદી અલગ ન થનારી આત્મશક્તિનું જ નામ લક્ષ્મીજી છે. ભગવાન્‌ના પાર્ષદોના નાયક વિશ્વવિખ્યાત વિશ્વક્સેન પાંચ રાત્રાદિ આગમ રૂપ છે. ભગવાન્‌ના સ્વાભાવિક ગુણ અને અણિમા, મહિમા આદિ અષ્ટ સિદ્ધિઓને નન્દ, સુનન્દ આદિ આઠ દ્વારપાલ કહે છે ।।૨૦।।

હે બ્રહ્મન્! સ્વયં ભગવાન્ જ વાસુદેવ સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ આ ચાર મૂર્તિઓના રૂપમાં અવસ્થિત છે; તેથી તેમને જ ચતુર્વ્યૂહના રૂપમાં કહેવામાં આવે છે ।।૨૧।।

તે જ જાગ્રત-અવસ્થાના અભિમાની 'વિશ્વ' બની શબ્દ, સ્પર્શ આદિ બાહ્ય વિષયોને ગ્રહણ કરે છે અને તે જ સ્વપ્ન અવસ્થાના અભિમાની 'તૈજસ' બની બાહ્ય વિષયો વિના જ મનોમન અનેક વિષયોને જુએ છે અને ગ્રહણ કરે છે. તે જ સુષુપ્તિ અવસ્થાના અભિમાની 'પ્રાજ્ઞ' બની વિષય અને મનના સંસ્કારોથી યુક્ત અજ્ઞાનથી ઢંકાઈ જાય છે અને તે જ બધાના સાક્ષી 'તુરીય' રહી સમસ્ત જ્ઞાનોના અધિષ્ઠાન રહે છે ।।૨૨।।

આ પ્રમાણે અંગ, ઉપાંગ, આયુધ અને આભૂષણો થી યુક્ત તથા વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એમ ચાર મૂર્તિઓના રૂપમાં પ્રગટ સર્વ શક્તિમાન ભગવાન્ શ્રીહરિ જ ક્રમશઃ વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીય રૂપથી પ્રકાશિત થાય છે ।।૨૩।।

(બ્રહ્મા આદિ ત્રણ મૂર્તિ ધારણ કરીને જગતની સૃષ્ટિ આદિ તે જ કરે છે એમ નિરૂપણ કરે છે). હે બ્રાહ્મણ શ્રેષ્ઠ! એ જ પોતાની ત્રિગુણાત્મક શક્તિ માયાથી બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રરૂપ ધારણ કરી જગતને ઉત્પન્ન કરે છે તેનું પોષણ (રક્ષણ)

કરે છે અને તેનો સંહાર કરે છે. વેદોની પ્રવૃત્તિ કરનાર પણ તે જ છે. સર્ગ વગેરે લીલા કરવામાટે ગુણોનો સ્વીકાર કરે છે છતાં આપ પરવશ થતા નથી કેમકે એ સ્વપ્રકાશ છે, નિજાનન્દથી જ પરિપૂર્ણ છે. આ બધાં કર્મો અને નામોથી આપનું જ્ઞાન કદાપિ ઢંકાઈ જતું નથી. સર્વના આત્મા હોવાથી ભેદરહિત હોવા છતાં શાસ્ત્રમાં આપ ભિન્ન હોય તેવું નિરૂપણ કરવામાં આવ્યું છે અવશ્ય; છતાં ભગવત્પરાયણ ભક્તો, આ જ સર્વાત્મા ભગવાન્‌ને અન્તઃકરણમાં પ્રત્યક્ષ કરી લે છે, બીજા નહિ (શ્લોકમાં **'શૌનકજી'** માટે **'દ્વિજઋષભ્'** બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ, ના, ના, બ્રાહ્મણોથી પણ શ્રેષ્ઠ એ સમ્બોધન શ્રીભાગવતજીના શ્રોતાનો ઉત્કર્ષ બતાવે છે) ।।૨૪।।

(જેનાથી ઉપાસના કરવાનું ઉપર કહ્યું તે શ્રીકૃષ્ણને સમ્બોધન કરીને નમસ્કાર કરતાં કહે છે). હે સચ્ચિદાનન્દ સ્વરૂપ શ્રીકૃષ્ણ! આપ અર્જુનના સખા છો. આપે યદુવંશ શિરોમણિનાં રૂપમાં અવતાર ગ્રહણ કરી પૃથ્વીના દ્રોહી ભૂપાલોને ભસ્મ કરી દીધા છે. આપનું પરાક્રમ સદા એક રસ રહે છે. વ્રજનાં ગોપીજનો તથા આપના નારદ આદિ પ્રેમી ભક્તો આપના પવિત્ર યશનું નિરન્તર ગાન કર્યા કરે છે. હે ગોવિન્દ! આપના નામ, ગુણ અને લીલા આદિનું શ્રવણ કરવાથી જ જીવનું મંગલ થઈ જાય છે. અમે બધા આપના સેવક છીએ. આપ કૃપા કરીને અમારી રક્ષા કરો ।।૨૫।।

પુરુષોત્તમ ભગવાન્‌ના લક્ષણ ચિહ્નભૂત અંગ ઉપાંગ અને આયુધ આદિના આ વર્ણનનું જે મનુષ્ય ભગવાન્‌માં જ ચિત્ત લગાડી પવિત્ર થઈ પ્રાતઃકાલ પાઠ કરશે તેને બધાના હૃદયમાં બિરાજ માન બ્રહ્મસ્વરૂપ પરમાત્માનું જ્ઞાન થઈ જશે ।।૨૬।।

**શૌનકજીએ કહ્યું** : હે સૂતજી! ભગવાન્ શ્રીશુકદેવજીએ શ્રીમદ્ ભાગવતજીની કથા રાજર્ષિ પરીક્ષિતને શ્રવણ કરાવતાં (પંચમ સ્કન્ધમાં) કહ્યું હતું કે ઋષિ, ગન્ધર્વ, નાગ, અપ્સરા, યક્ષ, રાક્ષસ અને દેવતાઓનો એક સૌરગણ હોય છે અને એ સાતેય દરેક મહિને બદલાતા રહે છે. આ બારેય ગણ પોતાના સ્વામી બાર આદિત્યો સાથે રહીને શું કામ કરે છે અને તેમની અન્તર્ગત વ્યક્તિઓનાં નામ શું છે? સૂર્યના રૂપમાં પણ સ્વયં ભગવાન્ જ છે તેથી તેમના વિભાગને અમે શ્રદ્ધાપૂર્વક સાંભળવા ઇચ્છીએ છીએ તો આપ કૃપા કરીને તે કહો ।।૨૭-૨૮।।

**શ્રીસૂતજીએ કહ્યું** : સમસ્ત પ્રાણીઓના આત્મા ભગવાન્ વિષ્ણુ જ છે. અનાદિ અવિદ્યાથી એટલે કે તેના વાસ્તવિક સ્વરૂપના અજ્ઞાનથી જ સમસ્ત લોકોના વ્યવહાર ચલાવનાર પ્રાકૃત સૂર્યમંડલનું નિર્માણ થયું છે. તે જ લોકોમાં ભ્રમણ કર્યા કરે

છે ।।૨૯।।

અસલમાં સમસ્ત લોકોનાં આત્મા અને આદિકર્તા એકમાત્ર શ્રીહરિ જ અન્તર્યામી રૂપથી સૂર્ય બન્યા છે. જો કે તેઓ એક જ છે તો પણ ઋષિઓએ તેમનું અનેક રૂપોમાં વર્ણન કર્યું છે તે જ સમસ્ત વૈદિક ક્રિયાઓનું મૂલ છે ।।૩૦।।

એક ભગવાન્ જ માયાદ્વારા (પ્રાતઃ આદિ) કાલ, (સમતલ આદિ) દેશ, (યજ્ઞ આદિ) ક્રિયા, (બ્રાહ્મણ આદિ) કર્તા, (સ્રુવા આદિ) કરણ (સાધન), (યાગ આદિ) કર્મ, (આગમ યા વેદરૂપી) મન્ત્રો, (વ્રીહિ-જવ આદિ) દ્રવ્ય અને (સ્વર્ગ આદિ) ફલરૂપથી નવ પ્રકારના કહેવાય છે ।।૩૧।।

કાલરૂપધારી ભગવાન્ સૂર્ય લોકોનો વ્યવહાર બરાબર ચલાવવાને માટે ચૈત્ર આદિ બાર મહિનાઓમાં પોતાના ભિન્ન-ભિન્ન બાર ગણોની સાથે ચક્કર લગાવ્યા કરે છે ।।૩૨।।

હે શૌનકજી! ધાતા નામના સૂર્ય, કૃતસ્થલી અપ્સરા, હેતિ રાક્ષસ, વાસુકિ સર્પ, રથકૃત્ યક્ષ, પુલસ્ત્ય ઋષિ અને તુમ્બુરુ ગન્ધર્વ આ ચૈત્ર માસમાં પોતપોતાનાં કાર્યો સમ્પન્ન કરે છે ।।૩૩।।

અર્યમા સૂર્ય, પુલહ ઋષિ, અથૌજા યક્ષ, પ્રહેતિ રાક્ષસ, પુઞ્જિકસ્થલી અપ્સરા, નારદ ગન્ધર્વ અને કચ્છનીર સર્પ એ સાત વૈશાખ માસના કાર્યનિર્વાહક છે ।।૩૪।।

મિત્ર સૂર્ય, અત્રિ ઋષિ, પૌરુષેય રાક્ષસ, તક્ષક સર્પ, મેનકા અપ્સરા, હા હા ગન્ધર્વ અને રથસ્વન યક્ષ આ જ્યેષ્ઠ માસના કાર્યનિર્વાહક છે ।।૩૫।।

અષાઢમાં વરુણ નામના સૂર્યની સાથે વસિષ્ઠ ઋષિ, રમ્ભા અપ્સરા, સહજન્ય યક્ષ, હૂહૂ ગન્ધર્વ, શુક્ર નાગ અને ચિત્રસ્વન રાક્ષસ પોતાના કાર્યનો નિર્વાહ કરે છે ।।૩૬।।

શ્રાવણ માસ 'ઇન્દ્ર' નામના સૂર્યનો કાર્યકાલ છે. તેની સાથે વિશ્વાવસુ ગન્ધર્વ, શ્રોતા યક્ષ, એલાપત્ર નાગ, અંગિરા ઋષિ, પ્રમ્લોચા અપ્સરા અને વર્ય નામના રાક્ષસ પોતાના કાર્યનું સમ્પાદન કરે છે ।।૩૭।।

ભાદ્રપદના સૂર્યનું નામ વિવસ્વાન્ છે. તેની સાથે ઉગ્રસેન ગન્ધર્વ, વ્યાઘ્ર રાક્ષસ, આસારણ યક્ષ, ભૃગુ ઋષિ, અનુમ્લોચા અપ્સરા અને શંખપાલ નાગ રહે છે ।।૩૮।।

હે શૌનકજી! માઘ માસમાં પૂષા નામના સૂર્ય રહે છે. તેથી સાથે ધનઞ્જય નાગ, વાત રાક્ષસ, સુષેણ ગન્ધર્વ, સુરુચિ યક્ષ, ઘૃતાચી અપ્સરા અને ગૌતમ ઋષિ રહે છે ।।૩૯।।

ફાગણ માસનો કાર્યકાલ પર્જન્ય નામના સૂર્યનો છે. તેની સાથે ક્રતુ યક્ષ, વર્ચા રાક્ષસ, ભરદ્વાજ ઋષિ, સેનજિત્ અપ્સરા, વિશ્વ ગન્ધર્વ અને ઐરાવત સર્પ રહે છે ।।૪૦।।

માગશર માસમાં સૂર્યનું નામ અંશુ હોય છે. તેની સાથે કશ્યપ ઋષિ, તાર્ક્ષ્ય યક્ષ, ઋતસેન ગન્ધર્વ, ઉર્વશી અપ્સરા, વિદ્યુચ્છત્રુ રાક્ષસ અને મહાશંખ નાગ રહે છે ।।૪૧।।

પોષ માસમાં ભગ નામના સૂર્યની સાથે સ્ફૂર્જ રાક્ષસ, અરિષ્ટનેમિ ગન્ધર્વ, ઊર્ણ યક્ષ, આયુ ઋષિ, પૂર્વચિત્તિ અપ્સરા અને કર્કોટક નાગ રહે છે ।।૪૨।।

આશ્વિન માસ એ ત્વષ્ટા સૂર્ય, જમદગ્નિ ઋષિ, કમ્બલ નાગ, તિલોત્તમા અપ્સરા, બ્રહ્માપેત રાક્ષસ, શતજિત્ યક્ષ અને ધૃતરાષ્ટ્ર ગન્ધર્વનો કાર્યકાલ છે ।।૪૩।।

તથા કાર્તિક માસમાં ‘વિષ્ણુ’ નામના સૂર્યની સાથે અશ્વતર નાગ, રમ્ભા અપ્સરા, સૂર્યવર્ચા ગન્ધર્વ, સત્યજિત્ યક્ષ, વિશ્વામિત્ર ઋષિ અને મખાપેત રાક્ષસ પોતપોતાનું કાર્ય સમ્પન્ન કરે છે ।।૪૪।।

હે શૌનકજી! આ બધી સૂર્યરૂપ ભગવાન્‌ની વિભૂતિઓ છે. જે મનુષ્યો આનું પ્રતિદિન પ્રાતઃકાલ અને સાયંકાલ સ્મરણ કરે છે તેમનાં તમામ પાપનો નાશ થઈ જાય છે ।।૪૫।।

આ સૂર્યદેવો પોતાના છ ગણોની સાથે બારેય માસમાં સર્વત્ર વિચરતા રહે છે અને આ લોક તથા પરલોક માં વિવેક બુદ્ધિનો વિસ્તાર કરે છે ।।૪૬।।

સૂર્ય ભગવાન્‌નાં ગણોમાં ઋષિલોકો તો સૂર્યસમ્બન્ધી ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના મન્ત્રોદ્વારા તેમની સ્તુતિ કરે છે અને ગન્ધર્વો એમના સુયશનું ગાન કરતા રહે છે. અપ્સરાઓ આગળ-આગળ નૃત્ય કરતી ચાલે છે ।।૪૭।।

નાગ ગણ રસ્સીની જેમ તેમના રથને બાંધી રાખે છે, યક્ષગણ રથનો સાજ સજાવે છે અને બલવાન રાક્ષસ તેને (રથને) પાછળથી ધકેલે છે ।।૪૮।।

આ સિવાય *‘વાલખિલ્ય’ નામના સાઠ હજાર નિર્મલ સ્વભાવવાળા બ્રહ્મર્ષિ

સૂર્યની તરફ મોં રાખી તેમની આગળ-આગળ સ્તુતિનો પાઠ કરતા ચાલે છે ।।૪૯।।

**વિશેષ** : અંગુષ્ટ પર્વ જેટલા આ સાઠ હજાર વાલખિલ્ય નામના ઋષિઓ વેદના મન્ત્રોની ઋચાઓનો ઉચ્ચાર કરતા-કરતા સૂર્યના રથની આગળ-આગળ પાછા પગે ચાલતા રહે છે અને મન્ત્ર પૂરો થતાં 'અસ્તુ' એવો ઉચ્ચાર કરે છે. હવે જો મૃત્યુલોકનો કોઈ માનવ કોઈને અપ શબ્દ કે શાપના શબ્દો કહે અને વાલખિલ્ય ઋષિઓ એ જ વખતે 'અસ્તુ' શબ્દનો ઉચ્ચાર કરે તો તેનું (બોલનારનું) અનિષ્ટ થાય છે. તે જ પ્રમાણે જે મનુષ્ય શ્રેષ્ઠ વાણીનો ઉચ્ચાર કરે અને જો એ ઋષિઓ 'અસ્તુ' શબ્દનો ઉચ્ચાર કરે તો તેને (બોલનારને) શ્રેષ્ઠ ફલ મળે છે માટે મનુષ્યે શ્રેષ્ઠ વાણીનો જ ઉચ્ચાર હમેશાં કરવો જોઈએ. (વિષ્ણુ પુરાણ)

**એવં હ્યનાદિનિધનો ભગવાન્ હરિરીશ્વરઃ ।।**
**કલ્પે-કલ્પે સ્વમાત્માનં વ્યૂહ્ય લોકાનવત્યજઃ ।।૫૦।।**

આ પ્રમાણે અનાદિ, અનન્ત, અજન્મા ભગવાન્ શ્રીહરિ જ કલ્પે-કલ્પે પોતાના સ્વરૂપના વિભાગ કરી લોકોનું પાલન-પોષણ કરતા રહે છે ।।૫૦।।

**ઈતિ શ્રીભાગવત દ્વાદશ સ્કન્ધમાં (પાંચમાં અર્થાશ્રય પ્રકરણનો પહેલો અધ્યાય તથા ચાલુ) ''ભગવાન્નાં અંગ, ઉપાંગ અને આયુધોનું રહસ્ય તથા વિભિન્ન સૂર્ય ગણોનું વર્ણન'' નામનો અગિયારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

**ચિતિં ચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચા સ્પૃષ્ટ્વા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ્ ।।**
મડદા, તેને બાળવા વપરાયેલ લાકડાં, રુધિર-માંસ, મરેલા પ્રાણિઓની ખાલ કાઢીને વેચનાર તેમજ ધન કમાવવામાટે પોતાના સેવ્યસ્વરૂપની સેવા કરનાર ને અડકી જવાય તો પહેર્યા કપડે સ્નાન કરવું (દ્રવ્યશુદ્ધિ, ગો.શ્રીપુરુષોત્તમજી)

## અધ્યાય ૧૨

## શ્રીભાગવતની સંક્ષિપ્ત વિષય સુચી

**નમો ધર્માય મહતે નમઃ કૃષ્ણાય વેધસે।**
**બ્રાહ્મણેભ્યો નમસ્કૃત્ય ધર્માન્ વક્ષ્યે સનાતનાન્ ।।૧।।**

**શ્રીસૂતજી બોલ્યા** : ભગવદ્ભક્તિરૂપ મહાન ધર્મને નમસ્કાર કરું છું.

વિશ્વવિધાતા ભગવાન્ શ્રીકૃષ્ણને નમસ્કાર હો. હવે બ્રાહ્મણોને નમસ્કાર કરી હું શ્રીમદ્ભાગવતમાં કહેલા સનાતન ધર્મોનું સંક્ષિપ્ત વિવરણ કહી સંભળાવું છું ।।૧।।

હે શૌનક આદિ ઋષિઓ! આપ લોકોએ મને જે પ્રશ્ન કર્યો હતો તે અનુસાર મેં ભગવાન્ વિષ્ણુનું આ અદ્ભુત ચરિત્ર શ્રવણ કરાવ્યું. તે સર્વ મનુષ્યોએ શ્રવણ કરવા યોગ્ય છે ।।૨।।

આ શ્રીમદ્ભાગવત પુરાણમાં સર્વ પાપોનો નાશ કરનાર સ્વયં ભગવાન્ શ્રીહરિનું જ સંકીર્તન કરવામાં આવ્યું છે. તે જ બધાના હૃદયમાં બિરાજમાન, બધાની ઈન્દ્રિયોના સ્વામી અને પ્રેમી ભક્તોનું જીવનધન છે ।।૩।।

આ શ્રીમદ્ભાગવત પુરાણમાં પરમ રહસ્યમય અત્યન્ત ગોપનીય બ્રહ્મતત્ત્વનું વર્ણન કરવામાં આવ્યું છે. તે બ્રહ્મમાં જ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની પ્રતીતિ થાય છે. આ પુરાણમાં તે જ પરમ તત્ત્વનું અનુભવાત્મક જ્ઞાન અને તેની પ્રાપ્તિનાં સાધનોનો સ્પષ્ટ નિર્દેશ છે ।।૪।।

હે શૌનકજી! આ મહાપુરાણના પ્રથમ સ્કન્ધમાં ભક્તિયોગનું સુન્દર રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે અને સાથે-સાથે ભક્તિયોગથી ઉત્પન્ન અને તેને સ્થિર રાખનાર વૈરાગ્યનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. પરીક્ષિતની કથા અને વ્યાસજી તથા નારદજીના સંવાદના પ્રસંગમાં નારદ ચરિત્ર પણ કહેવાયું છે ।।૫।।

રાજર્ષિ પરીક્ષિત બ્રાહ્મણનો શાપ થતાં કઈ રીતે ગંગાતટ પર અનશન વ્રત લઈને બેસી ગયા અને ઋષિપ્રવર શ્રીશુકદેવજીની સાથે કઈ રીતે તેમનો સંવાદ પ્રારમ્ભ થયો એ કથા પણ પ્રથમસ્કન્ધમાંજ છે ।।૬।।

યોગ ધારણદ્વારા શરીરત્યાગની વિધિ, બ્રહ્માજી અને નારદજી નો સંવાદ, અવતારોની સંક્ષિપ્ત ચર્ચા તથા મહત્તત્ત્વ આદિના ક્રમથી પ્રાકૃતિક સૃષ્ટિની ઉત્પત્તિ આદિ વિષયોનું વર્ણન દ્વિતીય સ્કન્ધમાં થયું છે ।।૭।।

ત્રીજા સ્કન્ધમાં પહેલાં વિદુરજી અને ઉદ્ધવજી નો અને પછી વિદુરજી તથા મૈત્રેયજીનો સમાગમ અને સંવાદનો પ્રસંગ છે. ત્યાર બાદ પુરાણ સંહિતાને વિશે પ્રશ્ન છે અને પછી પ્રલયકાલમાં પરમાત્મા કઈ રીતે સ્થિત રહે છે તેનું નિરૂપણછે ।।૮।।

ગુણોના ખળભળાટથી પ્રાકૃતિક સૃષ્ટિ અને મહત્તત્ત્વ આદિ સાત પ્રકૃતિ-વિકૃતિઓદ્વારા કાર્ય-સૃષ્ટિનું વર્ણન છે. આના પછી બ્રહ્માંડની ઉત્પત્તિ અને તેમાં

વિરાટ પુરુષની સ્થિતિનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે ।।૯।।

ત્યાર બાદ સ્થૂલ અને સૂક્ષ્મ કાલનું સ્વરૂપ, લોક-પદ્મની ઉત્પત્તિ, પ્રલય-સમુદ્રમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરતી વખતે વરાહ ભગવાનદ્વારા હિરણ્યાક્ષનો વધ; દેવતા, પશુ, પક્ષી અને મનુષ્યોની સૃષ્ટિ તથા રુદ્રોની ઉત્પત્તિનો પ્રસંગ છે. પછી તે અર્ધ-નારી-નરના સ્વરૂપનું વિવેચન છે. જેનાથી સ્વાયમ્ભુવ મનુ અને સ્ત્રીઓની અત્યન્ત ઉત્તમ આદ્ય પ્રકૃતિ શતરૂપાનો જન્મ થયો હતો. કર્દમ પ્રજાપતિનું ચરિત્ર તેદ્વારા મુનિ પત્નીઓનો જન્મ, મહાત્મા ભગવાન્ કપિલજીનો અવતાર અને કપિલદેવ તથા તેમની માતા દેવહૂતિના સંવાદનો પ્રસંગ આવે છે ।।૧૦-૧૩।।

એટલી વાત તૃતીય સ્કન્ધમાં કહી. ચોથા સ્કન્ધમાં મરીચિ આદિ નવ પ્રજાપતિઓની ઉત્પત્તિ, દક્ષયજ્ઞના વિધ્વંસ, રાજર્ષિ ધ્રુવ તેમજ પૃથુના ચરિત્ર તથા પ્રાચીન બર્હિષ અને નારદજી ના સંવાદનું વર્ણન છે. પાંચમા સ્કન્ધમાં પ્રિયવ્રતનું ઉપાખ્યાન; નાભિ રાજા, ઋષભદેવજી અને ભરત નાં ચરિત્ર કહ્યાં ।।૧૪-૧૫।।

દ્વીપ, વર્ષ, સમુદ્ર, પર્વત અને નદી ઓનાં વર્ણન; જ્યોતિશ્ચક્રના વિસ્તાર અને પાતાલ તથા નરકોની સ્થિતિનું નિરૂપણ પણ પાંચમા સ્કન્ધમાં જ છે ।।૧૬।।

હે શૌનકાદિ ઋષિઓ! છઠ્ઠા સ્કન્ધમાં આ વિષયો આવ્યા છે-પ્રચેતાઓથી દક્ષની ઉત્પત્તિ; દક્ષની પુત્રીઓનાં સન્તાન દેવતા, અસુર, મનુષ્ય, પશુ, પર્વત અને પક્ષીઓનાં જન્મકર્મ; વૃત્રાસુરની ઉત્પત્તિ અને તેની પરમ ગતિ. સાતમાં સ્કન્ધમાં મુખ્યત્વે દૈત્યરાજ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષનાં જન્મ-કર્મ અને દૈત્યશિરોમણિ મહાત્મા પ્રહ્‌લાદના ઉત્કૃષ્ટ ચરિત્રનું નિરૂપણ છે ।।૧૭-૧૮।।

આઠમા સ્કન્ધમાં મન્વન્તરોની કથા, ગજેન્દ્રમોક્ષ, વિભિન્ન મન્વન્તરોમાં થનારા જગદીશ્વર ભગવાન્ વિષ્ણુના અવતાર કૂર્મ, મત્સ્ય, વામન, ધન્વન્તરિ, હયગ્રીવ આદિ; અમૃત પ્રાપ્તિને માટે દેવતાઓ અને દૈત્યોએ કરેલ સમુદ્રમન્થન અને દેવો તથા દૈત્યોનો સંગ્રામ આદિ વિષયોનું વર્ણન છે ।।૧૯-૨૦।।

નવમા સ્કન્ધમાં મુખ્યત્વે રાજવંશોનું વર્ણન છે; ઈક્ષ્વાકુનાં જન્મ-કર્મ, વંશ-વિસ્તાર; મહાત્મા સુદ્યુમ્ન, ઇલા અને તારા નું ઉપાખ્યાન આ બધાંનું વર્ણન કરવામાં આવ્યું છે. સૂર્યવંશનું વૃત્તાન્ત, શશાદ અને નૃગ આદિ રાજાઓનું વર્ણન, સુકન્યાનું ચરિત્ર; શર્યાતિ, ખટ્વાંગ, માન્ધાતા, સૌભરિ, સગર, બુદ્ધિમાન કકુત્સ્થ અને કોસલેન્દ્ર ભગવાન્ રામચન્દ્રજીના સર્વપાપનાશક ચરિત્રનું વર્ણન પણ આ જ

સ્કન્ધમાં છે ત્યાર બાદ નિમિરાજાનો દેહત્યાગ અને જનકોની ઉત્પત્તિનું વર્ણન છે ।।૨૧-૨૪।।

ભૃગુવંશશિરોમણિ પરશુરામજીનો ક્ષત્રિયસંહાર, ચન્દ્રવંશી નરપતિ પુરૂરવા, યયાતિ, નહુષ, દુષ્યન્તનન્દન ભરત, શન્તનુ અને તેના પુત્ર ભીષ્મ આદિની સંક્ષિપ્ત કથાઓ પણ નવમા સ્કન્ધમાં જ છે. બધાના અન્તે યયાતિના મોટા પુત્ર યદુનો વંશવિસ્તાર કહેવાયો છે ।।૨૫-૨૬।।

હે શૌનક આદિ ઋષિઓ! આ જ યદુવંશમાં જગતના પતિ ભગવાન્ શ્રીકૃષ્ણે અવતાર લીધો હતો. આપે અનેક અસુરોનો સંહાર કર્યો. આપની લીલાઓ એટલી બધી છે કે કોઈ તેનો પાર પામી શકે નહિ તો પણ દશમા સ્કન્ધમાં તે લીલાઓનું કંઈક કીર્તન કરવામાં આવ્યું છે. વસુદેવજીની પત્ની દેવકીજીથી આપનું પ્રાગટ્ય થયું. ગોકુલમાં નન્દરાયજીને ત્યાં પધારી મોટા થયા ।।૨૭।।

પૂતનાના દૂધની સાથે તેના પ્રાણોનું પણ આપ પાન કરી ગયા. બાળભાવમાં જ ગાડાને ઊંધું કરી નાખ્યું ।।૨૮।।

તૃણાવર્ત, બકાસુર અને વત્સાસુરને માર્યા, ધેનુકાસુર અને પ્રલમ્બાસુરને એના ભાઈઓ સાથે માર્યા ।।૨૯।।

*દાવાનલમાં સપડાયેલા ગોપોની રક્ષા કરી કાલિયનાગનું દમન કર્યુ. અજગરથી નન્દરાયજીને મુક્ત કર્યા ।।૩૦।।

**વિશેષ** : દસમા સ્કન્ધમાં અધ્યાય અગિયારમાં વત્સાસુર અને બકાસુરના ઉદ્ધારની, બારમામાં અઘાસુરના ઉદ્ધારની તેરમામાં બ્રહ્માજીનો મોહ, ચૌદમામાં બ્રહ્માજીએ કરેલી ભગવાન્‌ની સ્તુતિ અને પંદરમાં અધ્યાયમાં ધેનુકાસુરના ઉદ્ધારની કથા આવે છે. જ્યારે અહીં દશમ સ્કન્ધની અનુક્રમણિકામાં વત્સાસુર પછી સીધો ધેનુકાસુર આવે છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીના મત પ્રમાણે પરમ્પરાથી ચાલ્યા આવતા ઉપલા ત્રણ અધ્યાય પ્રક્ષિપ્ત છે તેને આથી પુષ્ટિ મળે છે. કાશીવાળા શ્રીભાગવતની **'બાલપ્રબોધિની'** નામની ટીકાના વિદ્વાન લેખક શ્રીગિરિધરજી આનાં એક સો આઠ કારણ આપે છે જેનેમાટે **''તત્ત્વાર્થ દીપ નિબન્ધ''** ભાગવતાર્થ પ્રકરણનું પરિશિષ્ટ વાંચવા વિનન્તિ છે.

ત્યારબાદ ગોપીઓએ ભગવાન્‌ને પતિરૂપે પ્રાપ્ત કરવા વ્રત કર્યું અને ભગવાન્ શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈ તેમને ઈચ્છિત વરદાન આપ્યું. ભગવાને યજ્ઞ પત્નીઓ ઉપર કૃપા કરી તેમના પતિઓ બ્રાહ્મણોને ભારે પશ્ચાત્તાપ થયો ।।૩૧।।

ગોવર્ધન ધારણની લીલા કરી ત્યારે ઇન્દ્રે અને કામધેનુએ આવી ભગવાન્‌નો યજ્ઞાભિષેક કર્યો શરદ ઋતુની રાત્રિઓમાં શ્રીકૃષ્ણે ગોપીજનોની સાથે રાસક્રીડા કરી ।।૩૨।।

દુષ્ટ શંખચૂડ, અરિષ્ટ અને કેશી દૈત્યને ભગવાને માર્યા. ત્યાર પછી અક્રૂરજી મથુરાથી વ્રજમાં આવ્યા અને ભગવાન્ શ્રીકૃષ્ણ તથા બલરામજી તેમની સાથે મથુરા પધાર્યા ।।૩૩।।

એ પ્રસંગે ગોપીજનોએ જે વિલાપ કર્યો હતો તેનું વર્ણન છે. રામ અને શ્યામે મથુરા પધારી ત્યાંની સજાવટ જોઈ અને કુવલયાપીડ હાથી, મુષ્ટિક, ચાણૂર અને કંસ આદિનો સંહાર કર્યો ।।૩૪।।

સાન્દીપનિ ગુરુને ત્યાં વિદ્યાધ્યયન કરી તેમના મૃત પુત્રને પાછો લાવ્યા. હે શૌનકાદિ ઋષિઓ! જે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણ મથુરામાં નિવાસ કરી રહ્યા હતા તે વખતે આપે ઉદ્ધવજી અને બલરામજીની સાથે યદુ વંશીઓનું દરેક પ્રકારે પ્રિય અને હિત કર્યુ ।।૩૫।।

જરાસંધ કેટલીયવાર ભારે સેના લઈને આવ્યો અને ભગવાને તેનો ઉદ્ધાર કરી પૃથ્વીનો ભાર હલકો કર્યો. કાલયવનને મુચુકુન્દદ્વારા ભસ્મ કરી દીધો. દ્વારકાપુરી વસાવી રાતોરાત બધાને ત્યાં પહોંચાડી દીધાં ।।૩૬।।

સ્વર્ગથી કલ્પવૃક્ષ તથા સુધર્મા સભા લઈ આવ્યા. ભગવાને વિરોધીઓને યુદ્ધમાં હરાવી રુક્મિણીજીનું હરણ કર્યુ ।।૩૭।।

બાણાસુર સાથેના યુદ્ધને પ્રસંગે મહાદેવજી ઉપર એવું બાણ છોડ્યું કે તેઓ બગાસાં ખાવા લાગ્યા અને બાણાસુરના હજાર હાથમાંથી ચાર હાથ રાખી બાકીના કાપી નાખ્યા. પ્રાગ્જ્યોતિષપુરના સ્વામી ભૌમાસુરને મારી નાખી સોળ હજાર રાજકન્યાઓને હરી લાવ્યાં. (અને તેમનું પાણિગ્રહણ કર્યું) ।।૩૮।।

શિશુપાલ, પૌણ્ડ્રક, શાલ્વ, દુષ્ટ દન્તવક્ત્ર, શમ્બરાસુર, દ્વિવિદ, પીઠ, મુર, પંચજન વગેરે દૈત્યોના બલપૌરુષનું વર્ણન કરીને એ વાત બતાવી કે ભગવાને તેમને કેવી રીતે માર્યા. ભગવાન્‌ના સુદર્શન ચક્રે કાશીને બાળી નાખી અને પછી આપે મહાભારતનાં યુદ્ધમાં પાંડવોને નિમિત્ત બનાવી પૃથ્વીનો મોટા ભાગનો ભાર ઉતારી નાખ્યો. (એટલી વાત દશમ સ્કન્ધમાં કહી) ।।૩૯-૪૦।।

હે શૌનકાદિ ઋષિઓ! અગિયારમા સ્કન્ધમાં એ વાતનું વર્ણન આવે છે કે

ભગવાને બ્રાહ્મણોના શાપને બહાને કેવી રીતે યદુવંશનો ઉપસંહાર કર્યો. આ સ્કન્ધમાં ભગવાન્ શ્રીકૃષ્ણ અને ઉદ્ધવજી નો સંવાદ બહુ જ અદ્ભુત છે ।।૪૧।।

તેમાં સમ્પૂર્ણ આત્મવિદ્યા અને સર્વ ધર્મ નિર્ણયનું નિરૂપણ થયું છે. અન્તે એ વાત બતાવવામાં આવી છે કે ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાના આત્મ યોગના પ્રભાવથી અન્તર્ધાન થઈ મૃત્યુલોકનો પરિત્યાગ કેવી રીતે કરી દીધો ।।૪૨।।

બારમા સ્કન્ધમાં જુદા-જુદા યુગોનાં લક્ષણ અને તેમાં રહેનાર લોકોના વ્યવહારનું વર્ણન કરવામાં આવ્યું છે તથા એ પણ બતાવવામાં આવ્યું છે કે કલિયુગમાં મનુષ્યોની ગતિ વિપરીત હોય છે. ચાર પ્રકારના પ્રલય (પ્રાકૃતિક, નૈમિત્તિક, આત્યન્તિક અને નિત્ય) અને ત્રણ પ્રકારની ઉત્પત્તિ (પ્રાકૃતિકી, નિત્યા અને નૈમિત્તિકી) નું વર્ણન પણ આ જ સ્કન્ધમાં આવે છે ।।૪૩।।

ત્યાર બાદ પરમ જ્ઞાની રાજર્ષિ પરીક્ષિતના શરીર ત્યાગની વાત કહેવામાં આવી છે. પછી વેદોના શાખા વિભાજનનો પ્રસંગ આવ્યો છે. માર્કંડેયજીની સુન્દર કથા, ભગવાન્નાં અંગ-ઉપાંગોનું સ્વરૂપ-કથન અને સર્વને અન્તે વિશ્વાત્મા ભગવાન્ સૂર્યના ગુણોનું વર્ણન છે ।।૪૪।।

હે શૌનકાદિ ઋષિઓ! આપ લોકોએ આ સત્સંગના પ્રસંગે મને જે કંઈ પૂછ્યું હતું તેનું વર્ણન મેં કરી દીધું. આ પ્રસંગે મેં ભગવાન્ની અનેક પ્રકારની લીલાઓ અને આપનાં અવતાર ચરિત્રોનું જ કીર્તન કર્યું છે એમાં કોઈ સન્દેહ નથી ।।૪૫।।

(ઉપરથી કૂવા વગેરેમાં) પડી જતાં, પગ લપસતાં, દુઃખ ભોગવતાં, છીંક ખાતાં કે વિવશતાથી પણ ઊંચા અવાજથી **''હરયે નમઃ।''** બોલી ઊઠે છે તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે ।।૪૬।।

જેવી રીતે સૂર્ય અન્ધકારને નાશ કરી દે છે જેવી રીતે વવાઝોડું વાદળોને વીખેરી નાખે છે તેવી જ રીતે જો દેશ, કાલ અને વસ્તુથી અપરિચ્છિન્ન ભગવાન્ શ્રીકૃષ્ણનાં નામ, લીલા, ગુણ વગેરેનું સંકીર્તન કરવામાં આવે અથવા તેમના પ્રભાવ, મહિમા વગેરેનું શ્રવણ કરવામાં આવે તો આપ સ્વયં હૃદયમાં પધારી બિરાજે છે અને શ્રવણ તથા કીર્તન કરનાર પુરુષનાં તમામ દુઃખ દૂર કરી દે છે ।।૪૭।।

જે વાણીથી ઘટપટવાસી અવિનાશી ભગવાન્નાં નામ, લીલા, ગુણ વગેરેનો ઉચ્ચાર થતો નથી તે વાણી ભાવપૂર્ણ હોવા છતાં પણ નિરર્થક છે સારહીન છે, સુન્દર હોવા છતાં પણ અસુન્દર છે અને ઉત્તમોત્તમ વિષયોનું પ્રતિપાદન કરનારી હોવા

છતાં પણ અસત્કથા છે. જે વાણી અને વચન ભગવાન્‌ના ગુણોથી પરિપૂર્ણ રહે છે તે જ પરમ પાવન છે તે જ મંગલમય છે અને તે જ પરમ સત્ય છે ।।૪૮।।

જે વાણીદ્વારા ભગવાન્‌ના પરમ પવિત્ર યશનું ગાન થાય છે તે જ પરમ રમણીય, રુચિકર તેમજ ક્ષણે-ક્ષણે નવીન લાગે છે તેથી અનન્ત કાલ સુધી મનને પરમાનન્દનો અનુભવ થતો રહે છે. મનુષ્યના તમામ શોકને પછી ભલેને તે સમુદ્રના જેટલો વિસ્તૃત અને અગાધ હોય તો પણ તે વાણી જ તેને સૂકવી નાખે છે. (દૂર કરે છે) ।।૪૯।।

રસ, ભાવ, અલંકાર આદિથી યુક્ત વાણી પણ જો જગતને પવિત્ર કરવાવાળા ભગવાન્ શ્રીકૃષ્ણનાં યશોગાન ક્યારેય કરતી ન હોય તો તે કાગડાઓને માટે એઠવાડ ફેંકવાના સ્થાન સમાન અત્યન્ત અપવિત્ર છે. માનસ સરોવરમાં રહેનારા હંસ અથવા બ્રહ્મધામમાં વિહાર કરનારા પરમહંસ ભક્તો તેનું ક્યારેય સેવન કરતા નથી. નિર્મળ હૃદયવાળા ભક્તો તો જ્યાં ભગવાન્ નિરન્તર વસે છે એવા પરમ પવિત્ર સન્તોના સંગમાં જ નિવાસ કરે છે ।।૫૦।।

તેથી ઊલટું જેમાં સુન્દર રચના પણ નથી અને જે વ્યાકરણ વગેરેની દૃષ્ટિએ દૂષિત શબ્દોવાળી છે, પરન્તુ જેના પ્રત્યેક શ્લોકમાં ભગવાન્‌ના સુયશ સૂચક નામ જડેલાં છે તે વાણી લોકોનાં તમામ પાપોનો નાશ કરી દે છે કારણ કે સત્પુરુષો એવી જ વાણીનું શ્રવણ, ગાન અને કીર્તન કર્યા કરે છે ।।૫૧।।

(જ્ઞાન અને કર્મ કરતાં પણ ભગવાન્‌ની ભક્તિ ઉત્તમ છે એ વાતને હવે કહે છે) મોક્ષની પ્રાપ્તિનું સાક્ષાત્ સાધન તે નિર્મલ જ્ઞાન પણ જો ભગવાન્‌ની ભક્તિ વિહોણું હોય તો તેની એટલી શોભા હોતી નથી તો પછી જે કર્મ ભગવાન્‌ને અર્પણ કરવામાં આવતું નથી તે ગમે તેટલું શ્રેષ્ઠ હોય તો પણ તે સર્વદા અમંગલરૂપ, દુઃખદાયક જ છે. તો તે શોભાસ્પદ કેવી રીતે બની શકે? તેથી જ્ઞાન અને કર્મ તો ભક્તિનાં સહાયક છે, સ્વતન્ત્ર રીતે તે કદાપિ મુખ્ય ફળસાધક થતાં નથી ।।૫૨।।

વર્ણાશ્રમ ધર્મોનું પાલન, તપસ્યા અને અધ્યયન આદિને માટે જે ભારે પરિશ્રમ કરવામાં આવે છે તેનું ફલ માત્ર યશ કે લક્ષ્મીની પ્રાપ્તિ જ છે, પરન્તુ ભગવાન્‌ના ગુણ, લીલા, નામ આદિનું સ્મરણ, કીર્તન વગેરે તો આપના શ્રીચરણકમલોની અવિચલ સ્મૃતિ પ્રદાન કરે છે ।।૫૩।।

ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણકમલોની અવિચલ સ્મૃતિ તમામ પાપ, તાપ અને

અમંગલોને નષ્ટ કરી દે છે અને પરમ શાન્તિનો વિસ્તાર કરે છે. તેનાથી જ અન્તઃકરણ શુદ્ધ થઈ જાય છે, ભગવાન્‌ની પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત થાય છે તેમજ પરમ વૈરાગ્ય સહિત ભગવાન્‌ના સ્વરૂપનું જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત થાય છે ।।૫૪।।

હે શૌનકાદિ ઋષિઓ! આપ લોકો પ્રેમપૂર્વક નિરન્તર આપના હૃદયમાં બિરાજમાન સર્વના આત્મામાં બિરાજતા અન્તર્યામીરૂપ, સર્વ શક્તિમાન આદિદેવ, બધાના આરાધ્ય દેવ તેમજ સ્વયં બીજા આરાધ્ય દેવથી રહિત નારાયણ ભગવાન્‌ને તમારા હૃદયમાં સ્થાપિત કરીને અનન્યતાથી ભજો છો તેથીજ આપ લોકો બહુજ ભાગ્યવાન છો. આપને ધન્યવાદ છે ।।૫૫।।

જે વખતે રાજર્ષિ પરીક્ષિત અનશનનું વ્રત લઈ મહાન ઋષિઓની ભરી સભામાં બધાની સમક્ષ શ્રીશુકદેવજી મહારાજ પાસે શ્રીમદ્ભાગવતની કથા શ્રવણ કરી રહ્યા હતા તે વખતે ત્યાં જ બેસી મેં પણ તે જ પરમઋષિના મુખથી આ આત્મતત્ત્વનું શ્રવણ કર્યું હતું. આપ લોકોએ તેનું સ્મરણ કરાવી મારા ઉપર મહાન અનુગ્રહ કર્યો છે. હું એમાટે આપનો અત્યન્ત ઋણી છું ।।૫૬।।

હે શૌનકાદિ ઋષિઓ! ભગવાન્ વાસુદેવની એક-એક લીલા સર્વદા શ્રવણ અને કીર્તન કરવા જેવી છે મેં આ પ્રસંગે તેમના જ મહિમાનું વર્ણન કર્યુ છે જે અશેષ અશુભ સંસ્કારોને મિટાવી દે છે ।।૫૭।।

જે મનુષ્ય એકાગ્ર ચિત્તથી પ્રતિદિન (સમય હોય તો) એક પહોર અથવા (સમય ઓછો હોય તો) એક ક્ષણ પણ આનું કીર્તન કરે છે તે (ભગવત્કથાના કથન કે શ્રવણ રૂપી સ્નાનથી માત્ર દેહજ નહિ પરન્તુ) શરીર સહિત અન્તઃકરણને પણ પવિત્ર કરી દે છે ।।૫૮।।

(શ્રીમદ્ભાગવતનો પાઠ, શ્રવણ, કીર્તન દરરોજ કરવા જોઈએ, પરન્તુ દરરોજ સમય ન જ મળતો હોય તો) જે પુરુષ દ્વાદશી કે એકાદશી (જે દિવસે વ્રત હોય તે તિથિ) ના દિવસે આનું શ્રવણ કરે છે તે *દીર્ઘાયુ થઈ જાય છે અને જે સંયમપૂર્વક નિરાહાર રહી પાઠ કરે છે તેનાં આગાઉનાં સર્વ પાપોનો તો નાશ થઈ જ જાય છે, પરન્તુ પાપની પ્રવૃત્તિ પણ નષ્ટ થઈ જાય છે ।।૫૯।।

**વિશેષ : ''આયુષ્યવાન્ ભવેત્। આયુર્વર્ધતેનેનેતિ આયુષ્યઃ ધર્મઃ।''** આયુ જેનાથી વધે તે આયુષ્ય અર્થાત્ ધર્મ. **''ધર્મેણ વર્ધતે ચાયુઃ।''** એવું શાસ્ત્ર વચન છે. હા. તો ધર્મથી

આયુષ્ય વધે છે એટલે **'આયુષ્યવાન્'** એટલે **'ધર્મવાન્।'** એટલે ફલિત અર્થ એ થયો કે પાઠ આદિ કરનાર **''સર્વ ધર્મ ભાગ્ભવતિ।''** અર્થાત્ બધા ધર્મો આચરણમાં મૂક્યા હોય અને જે ફલ મળે તે ફલ તેને મળે છે અથવા પાઠ કરનારનું અકાલમૃત્યુ અથવા અપમૃત્યુ થતું નથી. વળી ગ્રહ આદિ અરિષ્ટ (દુર્ભાગ્ય, દુશ્મન) થી થતો આયુષ્યનો ક્ષય પણ શ્રીમદ્ભાગવતના પાઠ આદિના પ્રભાવથી થતો નથી.

જે મનુષ્ય એકાગ્ર મનથી ઉપવાસ કરીને પુષ્કર, મથુરા કે દ્વારકામાં આ પુરાણ સંહિતાનો પાઠ કરે છે તે સંસારના સર્વ ભયથી મુક્ત થાય છે. તેને સંસાર સતાવી શકતો નથી ।।૬૦।।

જે મનુષ્ય શ્રીભાગવતની આ કથાનું ઉચ્ચારણ કે શ્રવણ કરે છે તેના કીર્તનથી કે શ્રવણથી દેવતા, મુનિ, સિદ્ધ, પિતર, મનુ અને રાજા સન્તુષ્ટ થાય છે અને તેની અભિલાષાઓ પૂર્ણ કરે છે ।।૬૧।।

ઋગ્વેદનું અધ્યયન અને પાઠ કરનાર બ્રાહ્મણને ત્યાં મધની નદીઓ, યર્જુવેદનું અધ્યયન અને પાઠ કરનાર બ્રાહ્મણને ત્યાં ઘીની નદીઓ અને સામવેદનું અધ્યયન અને પાઠ કરનાર બ્રાહ્મણને ત્યાં દૂધની નદીઓ વહે છે. તે ત્રણે ફલ એક માત્ર શ્રીભાગવતજીનો પાઠ કરનારને પ્રાપ્ત થાય છે. (મધ, ઘી અને દૂધની નદીઓ વહે છે અર્થાત્ દરેક પ્રકારની સુખ સમૃદ્ધિ મળે છે અથવા પુષ્કળ મધ, ઘી અને દૂધ સાથે અન્નનું દાન કરનારને જે ફલ મળે છે તે જ ફળ શ્રીભાગવતજીનું એકલું પારાયણ કરવાથી જ મળે છે) ।।૬૨।।

જે દ્વિજ સંયમપૂર્વક આ પુરાણ સંહિતાનું અધ્યયન કરે છે. તેને જેનું વર્ણન સ્વયં ભગવાને કર્યુ છે તે જ પરમપદની પ્રાપ્તિ થાય છે ।।૬૩।।

આના અધ્યયનથી બ્રાહ્મણને ઋતમ્ભરા-પ્રજ્ઞા(તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરાવનાર બુદ્ધિ)ની પ્રાપ્તિ થાય છે અને ક્ષત્રિયને *ભૂમિ પ્રાપ્ત થાય છે. વૈશ્ય ધનવાન બને છે અને શૂદ્ર આ પુરાણનું બ્રાહ્મણ પાસેથી શ્રવણ કરે તો તે બધા પાપોથી મુક્ત થાયછે ।।૬૪।।

**વિશેષ** : મૂલમાં **''ઉદધિમેખલામ્''** છે. જે 'ભૂમિ' નું એક નામ છે. જેવી રીતે નાના ગામડાંના ઠાકોર કે ભાયાત પણ 'નરેન્દ્ર' કહેવાય છે; ઠાકોર સાહેબને માટે 'નરેન્દ્ર' શબ્દનો પ્રયોગ થાય છે. તેથી તે પૃથ્વી ઉપરના બધા મનુષ્યોનો ઈન્દ્ર (રાજા) બનતા નથી તેવી રીતે અહીં ક્ષત્રિયને **''ઉદધિમેખલા''** પ્રાપ્ત થઈ જાય છે. **'ઉદધિ'** એટલે સમુદ્ર છે

**'મેખલા'**-કંદોરો જેનો તે આખી પૃથ્વી મળી જતી નથી પણ તેને ભૂમિની પ્રાપ્તિ થાય છે. તેવી જ રીતે **''વૈશ્યોનિધિપતિત્વમ્।''** નિધિ એટલે પદ્મ વગેરે નવ નિધિનો પતિ કુબેર. વૈશ્ય શ્રીમદ્ભાગવતનું અધ્યયન કરે તો તે ધનવાન થાય. 'ભવિષ્ય પુરાણ'માં શૂદ્રને પુરાણોનું શ્રવણ બ્રાહ્મણ મુખથી કરવાનું વિધાન છે, સ્વઅધ્યયન કરવાનું નહિ તેથી શૂદ્રોએ બ્રાહ્મણ પાસેથી જ શ્રીમદ્ભાગવતનું શ્રવણ કરવું.

(બીજાં બધાં પુરાણો કરતાં આ શ્રીમદ્ભાગવતનું માહાત્મ્ય અધિક છે અને તેથી તેનું ફલ પણ અધિક છે અધિક મહાત્મ્યનું કારણ કહે છે કે) ભગવાન્ જ બધાના સ્વામી છે જે કલિના દોષના સમુદાયનો નાશ કરનાર અને સર્વના દુઃખને હરનાર છે. આમ તો ભગવાન્નું વર્ણન કરનારાં ઘણાં પુરાણો છે પરન્તુ તેમાં સર્વત્ર અને નિરન્તર ભગવાન્નું વર્ણન મળતું નથી. શ્રીમદ્ભાગવતમાં તો પ્રત્યેક કથા પ્રસંગમાં, શબ્દે-શબ્દે, સર્વસ્વરૂપ ભગવાન્નું જ વર્ણન કરવામાં આવ્યું છે ।।૬૫।।

આપ જન્મ-મૃત્યુ આદિ વિકારોથી રહિત, દેશ, કાલ આદિકૃત પરિચ્છેદોથી મુક્ત અને સ્વયં આત્મતત્ત્વ જ છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય પણ જેની શક્તિઓ (રજસ્, સત્ત્વ અને તમસ્) થી જ થાય છે; બ્રહ્મા, શંકર, ઈન્દ્ર આદિ લોકપાલ પણ જેમની સ્તુતિ કરવાનું લેશ માત્ર જાણતા નથી તે જ એક રસ સચ્ચિદાનન્દ સ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરું છું ।।૬૬।।

જેમણે પોતાના સ્વરૂપમાં જ પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રા એ નવ શક્તિઓની વૃદ્ધિ કરી આ ચરાચર જગતની સૃષ્ટિ કરી છે અને જે તેના અધિષ્ઠાન રૂપથી સ્થિત છે તથા જે જ્ઞાન સ્વરૂપ દેવતાઓના આરાધ્ય દેવ છે તેવા સનાતન ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણોમાં હું નમસ્કાર કરું છું ।।૬૭।।

**સ્વસુખનિભૃતચેતાસ્તદ્ વ્યુદસ્તાન્યભાવો**
**ડપ્યજિતરુચિર લીલા કૃષ્ટસારસ્તદીયમ્।**
**વ્યતનુત કૃપયા યસ્તત્ત્વદીપં પુરાણં**
**તમખિલવૃજિનઘ્નં વ્યાસસૂનું નતોડસ્મિ ।।૬૮।।**

(પોતાના ઈષ્ટદેવને નમસ્કાર કરી હવે પોતાના ગુરુદેવ-શ્રીશુકદેવજીને નમસ્કાર કરે છે) શ્રીશુકદેવજી મહારાજનું ચિત્ત સ્વરૂપાનન્દથી જ પૂર્ણ હતું અને તેથી જ બીજે બધેયથી તેમની મનોવૃત્તિ હટી ગઈ હોવા છતાં પણ મુરલી મનોહર શ્યામ સુન્દરની મધુ મયી મંગલમયી, મનોહારિણી લીલાઓએ તેમની વૃત્તિઓને પોતાની તરફ

આકર્ષી લીધી અને તેમણે જગતનાં પ્રાણીઓ ઉપર કૃપા કરીને ભગવત્તત્ત્વને પ્રકાશિત કરનાર આ મહાપુરાણનો વિસ્તાર કર્યો. હું તે જ સર્વપાપહારી વ્યાસ નન્દન ભગવાન્ શ્રીશુકદેવજીનાં ચરણોમાં નમસ્કાર કરું છું ।।૬૮।।

**ઇતિ શ્રીભાગવત દ્વાદશ સ્કન્ધમાં (પાંચમા અર્થાશ્રય પ્રકરણનો બીજો અધ્યાય તથા ચાલુ) ''શ્રીભાગવતની સંક્ષિપ્ત વિષય સૂચી'' નામનો બારમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

ફંડ-ફાળામાટે, આજીવિકામાટે દક્ષિણા લઈને કે મૃતકના
ઉદ્ધારાર્થે ભાગવતકથા કરવી, બેસાડવી કે સાંભળવી એ
શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ ઘોર પાપ છે

## અધ્યાય ૧૩
## વિભિન્ન પુરાણોની શ્લોક સંખ્યા અને શ્રીમદ્ ભાગવતનો મહિમા

**વિશેષ :** પુરાણોના શ્લોકની સંખ્યા ક્રમવડે આ તેરમા અધ્યાયમાં કહી છે તથા શ્રીમદ્ભાગવતના દાન વગેરેનું ફલ પણ અહીં જ કહે છે.

**યં બ્રહ્માવરુણેન્દ્રરુદ્રમરુતઃ સ્તુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈઃ**
**વેદૈઃ સાંગપદક્રમોપનિષદૈર્-ગાયન્તિ યં સામગાઃ।**
**ધ્યાનાવસ્થિત તદ્ગતેન મનસા પશ્યન્તિ યં યોગિનો**
**યસ્યાન્તં ન વિદુઃ સુરાસુરગણા દેવાય તસ્મૈ નમઃ ।।૧।।**

**શ્રીસૂતજી બોલ્યા :** બ્રહ્મા, વરુણ, ઈન્દ્ર, રુદ્ર અને મરુદ્ગણ દિવ્ય સ્તુતિઓદ્વારા જેના ગુણગાનમાં સંલગ્ન રહે છે; સામ સંગીતના મર્મજ્ઞ ઋષિમુનિઓ અંગ, પદ, ક્રમ અને ઉપનિષદો સહિત વેદોદ્વારા જેમનું ગાન કરતા રહે છે; યોગી લોકો ધ્યાનદ્વારા સ્થિર અને તલ્લીન મનથી જેમનો સાક્ષાત્કાર કરે છે; પરન્તુ આ બધું કરવા છતાં દેવતા, દૈત્ય, મનુષ્ય કોઈપણ જેમના વાસ્તવિક સ્વરૂપને પૂરેપૂરું ન જાણી શક્યા તે સ્વયંપ્રકાશ પરમાત્માને નમસ્કાર હો. (આથી

શ્રીસૂતજી એમ સૂચવે છે કે આ પુરાણના પાઠથી આવા ભગવાન્માં સ્તુતિ, સંકીર્તન અને ધ્યાન અત્યન્ત અલ્પ પ્રમાણમાં મેં કર્યા છે. મને આપના સ્વરૂપનું પૂરેપુરું જ્ઞાન નથી જ થયું) ।।૧।।

જે (સમુદ્રમન્થન) વખતે ભગવાને કૂર્મ (કાચબાનું) રૂપ ધારણ કર્યું હતું અને આપની પીઠ ઉપર ગગન ચુમ્બી મન્દરાચલ પર્વત રવૈયાની જેમ ઘમર-ઘમર ઘૂમી રહ્યો હતો તે વખતે તેના પથ્થરોની ધારો પીઠ ઉપર ઘસાવવાથી કૂર્મ ભગવાન્ને જાણે કે ખંજવાળવાથી થોડું સુખ થયું. પરિણામે આપ નિદ્રાળુ થતાં પોઢી ગયા. તેથી શ્વાસની ગતિ થોડી વધી ગઈ. તે શ્વાસ વાયુથી સમુદ્રના જલને ધક્કો લાગ્યો હતો તેના સંસ્કારોનો થોડોક જ અંશ આજે પણ તેમાં દેખાય છે. આજે પણ સમુદ્ર તે જ શ્વાસવાયુની થપ્પડના પરિણામરૂપે રાત-દિવસ ભરતી અને ઓટ રૂપે ચડતો ઊતરતો રહે છે તેને અત્યાર સુધી આરામ મળ્યો નથી. ભગવાન્નો તે જ પરમ પ્રભાવશાળી શ્વાસવાયુ આપ લોકો શ્રીમદ્ભાગવતનું અધ્યયન કરનાર, અધ્યયન કરાવનાર, શ્રોતા અને વક્તા નું બલ, ઓજ વગેરેના દાનદ્વારા રક્ષણ કરો. (કારણ કે શ્રી ભા. ૧૧।૪।૪માં યોગીશ્વર દ્રુમિલજી કહે છે કે **''યસ્યેન્દ્રિયૈસ્તનુભૃતામ્ ઉભયેન્દ્રિયાણિ જ્ઞાનં સ્વતઃ શ્વસનતો બલમોજ ઈહા''** ભગવાન્ની ઈન્દ્રિયોથી જ સમસ્ત દેહધારીઓની ઈન્દ્રિયો બની છે. તેમના સ્વરૂપથી જ સ્વતઃસિદ્ધ જ્ઞાનનો સંચાર થાય છે. તેમના શ્વાસ-પ્રશ્વાસથી બધાં શરીરોમાં બળ આવે છે તથા ઈન્દ્રિયોમાં ઓજસ્ (કાર્ય કરવાની શક્તિ) અને કર્મ કરવાની શક્તિ આવે છે. પોતાના સ્વરૂપને દેવ, દાનવ કે માનવ કોઈ પિછાની શકતું નથી તે વાત સમુદ્ર મન્થન વખતે કૂર્મ અને મોહિની અવતાર લઈને ભગવાને બતાવી આપી હતી. સમુદ્રમન્થન તો ભગવાને પોતે કૂર્મરૂપથી કર્યુ હતું, દેવોની તો નામમાત્રની નિમિત્તતા હતી. તેવી જ રીતે આ અપાર વેદોરૂપી મહાસાગરનું મન્થન ભગવાને પોતે જ કર્યું છે, વ્યાસજી, શુકદેવજી, સૂતજીની તો માત્ર નિમિત્તતા છે. જે ભગવાને સમુદ્રમન્થન કર્યું તે જ ભગવાને મોહિની સ્વરૂપથી અસુરોને છેતરી પોતાના ભક્તો દેવોને સમુદ્રમન્થનનું ફલ અમૃત આપ્યું. તેવી જ રીતે વેદરૂપી સમુદ્રના મન્થનમાંથી પ્રાપ્ત થયેલું આ ભક્તિરૂપી અમૃત શ્રીમદ્ભાગવતરૂપે, અભક્તોરૂપી અસુરોને છેતરી તમને ભક્તોને આપ્યું છે. આમ આ શ્લોકમાં ભક્તોને આર્શીવાદ આપવામાં આવ્યા છે) ।।૨।।

(જેવી રીતે ચક્રવર્તી સમ્રાટ આગળ તેના ખંડિયા રાજાઓની તેમનાં નામ સાથે

ગણતરી કરવામાં આવે છે તેવી રીતે મહાપુરાણ ચક્રવર્તી શ્રીમદ્ભાગવતની સન્નિધિમાં પુરાણોની ગણના કરવામાં આવે છે). હે શૌનકજી! હવે પુરાણોની અલગ-અલગ શ્લોક સંખ્યા તેમનો સરવાળો, શ્રીમદ્ભાગવતનો પ્રતિપાદ્ય વિષય અને તેનું પ્રયોજન પણ સાંભળો; સાથે-સાથે તેના દાનની પદ્ધતિ તથા દાન અને પાઠ આદિનો મહિમા પણ આપ સાંભળો ।।૩।।

બ્રહ્મપુરાણમાં દસ હજાર, પદ્મપુરાણમાં પંચાવન હજાર, શ્રીવિષ્ણુપુરાણમાં ત્રેવીસ હજાર અને શિવપુરાણમાં ચોવીસ હજાર શ્લોક છે ।।૪।।

શ્રીમદ્ભાગવતમાં અઢાર હજાર, નારદપુરાણમાં પચીસ હજાર, માર્કંડેયપુરાણમાં નવ હજાર તથા અગ્નિપુરાણમાં પંદર હજાર ચાર સો શ્લોક છે ।।૫।।

ભવિષ્ય પુરાણની શ્લોકસંખ્યા ચૌદ હજાર પાંચ સો, બ્રહ્મવૈવર્ત પુરાણની અઢાર હજાર અને લિંગપુરાણની અગિયાર હજાર છે ।।૬।।

વરાહપુરાણમાં ચોવીસ હજાર, સ્કન્દપુરાણમાં એકાશીહજાર એકસો અને વામન પુરાણમાં દસ હજાર શ્લોકો છે ।।૭।।

કૂર્મપુરાણ સત્તર હજાર, મત્સ્યપુરાણ ચૌદ હજાર, ગરુડપુરાણ ઓગણીસ હજાર અને બ્રહ્માંડ પુરાણ બાર હજાર શ્લોકોનું છે ।।૮।।

આ પ્રમાણે *બધાં પુરાણોની શ્લોક સંખ્યા કુલ ચાર લાખ થાય છે તેમાં પહેલાં કહેવાયું તેમ શ્રીમદ્ભાગવત અઢાર હજાર શ્લોકોનું છે ।।૯।।

**વિશેષ** : મહાભારત તો ઈતિહાસ છે અને રામાયણ વાલ્મીકિ ઋષિએ રચેલું કાવ્ય છે તેથી તે બન્નેની ગણના પુરાણોમાં નથી.

હે શૌનકજી! સૌ પ્રથમ ભગવાન્ વિષ્ણુએ પોતાના નાભિકમલ પર સ્થિત અને સૃષ્ટિની રચના કરીશ તો (મોક્ષ વિરોધી) સંસાર થશે એવા ભયથી ડરી ગયેલા બ્રહ્માજી ઉપર પરમ કરુણા કરીને આ પુરાણ પ્રકાશિત કર્યું હતું. (**ભગવતા પ્રોક્તમિતિ ભાગવતનામ નિરુક્તિઃ।** આ પુરાણનું નામ 'ભાગવત' એટલામાટે પડ્યું છે કે તે સાક્ષાત્ **'ભગવાને'** કહ્યું છે. સંસાર નિવૃત્તિ તેનું ફલ છે અને કરુણા કરીને પ્રકાશિત કર્યું તે એની દુર્લભતા બતાવે છે) ।।૧૦।।

તેના પ્રારમ્ભ, મધ્ય અને અન્ત માં વૈરાગ્ય ઉત્પન્ન કરનારી ઘણી કથાઓ છે. આ મહાપુરાણમાં ભગવાન્ શ્રીહરિની જે લીલાકથાઓ છે તે તો અમૃતસ્વરૂપ છે જ; તેમના સેવનથી સત્પુરુષો અને દેવતાઓને અત્યન્ત આનન્દ મળે છે* ।।૧૧।।

**વિશેષ :** અહીં કથાને અમૃત કહી છે. અમૃતનું પાન દેવોએ કર્યું હતું, કથાનું પાન ભક્તો કરે છે. દેવોને અમૃતનું પાન મોહિની ભગવાને કરાવ્યું હતું તેવી જ રીતે આ કથારૂપી અમૃતનું પાન ભક્તોને આ શ્રીમદ્ભાગવત કરાવે છે તેથી મોહિની ભગવાને જે કાર્ય કર્યું હતું તે જ કાર્ય શ્રીમદ્ભાગવત કરે છે એમ ફલિત થાય છે. સમુદ્રમન્થન પછી અમૃતની વહેંચણી કરતી વખતે બીજાઓ (અસુરો) ને ખબર ન પડે તેમ દેવોને ભ્રૂવિભંગ (હાવભાવ) થી મોહિની ભગવાન્ જણાવે છે કે આ મારા આવિર્ભાવનું પ્રયોજન અસુરોને છેતરીને તમને જ અમૃતપાન કરાવવાનું છે; જ્યારે પોતાના સ્વરૂપને ન જાણનાર અસુરોને ભ્રૂવિલાસથી એમ જણાવે છે કે તમને વિજય પ્રાપ્ત કરાવવો એ જ મારું કર્તવ્ય છે. તમને અમૃતનું દાન કરવું એ પ્રયોજન તો ગૌણ છે. મુખ્ય પ્રયોજન તો તમારા ગૃહમાં સ્થિતિ કરી તમને નિત્ય આનન્દ ચમત્કારની પ્રાપ્તિ કરાવવી તે છે. તે દરમિયાન આ બિચારી અતિ દીન-હીન દેવોને અમૃતનો છાંટો નાખી દઉં. એવી જ રીતે **''પરોક્ષં ચ મમ્ પ્રિયમ્।''** પરોક્ષ કથન મને પ્રિય છે'' એમ ભગવદ્‌વાણી પ્રમાણે. પોતાનું તત્ત્વ જાણનારા ભક્તો પ્રત્યે, અભક્તો ન જાણી શકે તેમ **''હરિલીલા વ્રાતા મૃતાનન્દિત સત્સુરમ્''** એમ અગિયારમાં શ્લોકમાં ઉત્તરાધર્મમાં વ્યઞ્જના વૃત્તિથી શ્રીભાગવતનું મુખ્ય પ્રયોજન કહીને, પોતાના સ્વરૂપને નહિ સમજનાર પણ પંડિત મનાયેલા શુષ્ક જ્ઞાનીઓ પ્રત્યે શ્રીભાગવતના વાચ્ય અને પ્રયોજન બીજી જ બે વસ્તુઓ કહે છે અને તે એ કે સમસ્ત ઉપનિષદો-વેદાન્તનો સાર બ્રહ્મ છે અને આત્માના એકત્વરૂપ અદ્વિતીય સદ્‌વસ્તુ અને તેના નિર્માણનું પ્રયોજન કૈવલ્ય-મોક્ષ છે.

કેટલાક આનો અર્થ આ પ્રમાણે ઘટાવે છે-આ શ્રીભાગવત શાસ્ત્રના પ્રારમ્ભ (૧।૧।૨)માં **''ધર્મઃ પ્રોજ્ઝિતકૈતવોત્ર પરમો।''** અહીં (શ્રીભાગવતમાં) નિષ્કપટ પરમ ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે જે ક્ષણે પરમ ભાગ્યવાન પુરુષ આનું શ્રવણ કરવાની ઈચ્છા કરે છે તે જ ક્ષણે કર્તું ''અકર્તું, અન્યથા કર્તું સમર્થ ઈશ્વર તેના હૃદયમાં પધારી તેના બંદી બની જાય છે'', આથી ભગવત્પ્રેમ એ જ આનું પ્રયોજન છે એમ સ્પષ્ટ થાય છે આ શ્રીભાગવતનો મોહિની ભગવાન્ જેવા ધર્મ બતાવનાર પ્રકટ અર્થ થયો. અભ્યન્તર અર્થ આ પણ છે- **''બ્રહ્માત્મૈકત્વલક્ષણં યદ્‌વસ્તુ તન્નિષ્ઠં તતોપિ નિઃસૃત્ય તિષ્ઠતીતિ તન્નિષ્ઠમ્।''** બ્રહ્મ અને આત્માની એકતા તેમાંથી પણ બહાર નીકળી જઈને જ્ઞાન, કર્મ, મોક્ષ વગેરેની અભિલાષા રહિત જે હોય તે **'કેવલ'** અનન્ય ભક્તો. તેમનો ભાવ તે **'કૈવલ્ય'** તે જ જેનું પ્રયોજન છે તે અર્થાત્ ભગવત્પ્રેમ એ જ પરમ પુરુષાર્થ છે. એ જેના નિર્માણનું પ્રયોજન છે તેવું શ્રીભાગવત છે.

આપ લોકો જાણો જ છો કે સમસ્ત ઉપનિષદનો સાર બ્રહ્મ છે અને આત્માના એક રૂપત્વ અદ્વિતીય સદ્વસ્તુ તે જ શ્રીમદ્ભાગવતનો પ્રતિપાદ્ય વિષય છે. તેના નિર્માણનું પ્રયોજન એકમાત્ર કૈવલ્ય-મોક્ષ છે ।।૧૨।।

જે પુરુષ ભાદ્રપદ માસની પૂર્ણિમાને દિવસે શ્રીમદ્ભાગવતને સોનાના સિંહાસન ઉપર બિરાજમાન કરી તેનું દાન કરે છે તેને પરમ ગતિ પ્રાપ્ત થાય છે* ।।૧૩।।

સન્તોની સભામાં બીજાં પુરાણોની શોભા ત્યાં સુધી જ થાય છે જ્યાં સુધી અમૃતના સાગરરૂપ સર્વ શ્રેષ્ઠ સ્વયં શ્રીમદ્ભાગવત મહાપુરાણનું દર્શન કે શ્રવણ થતું નથી. શ્રીમદ્ભાગવતરૂપી અમૃતનું પાન કરતાં જ સત્પુરુષોની બીજાં પુરાણોમાં રુચિ થતી નથી ।।૧૪।।

આ શ્રીમદ્ભાગવત સમસ્ત ઉપનિષદોનો સાર છે જે આ રસસુધાનું પાન કરી મસ્ત બની ચૂક્યો છે તેને બીજાં કોઈ શાસ્ત્ર પુરાણમાં આનન્દ ન આવે ।।૧૫।।

જેવી રીતે નદીઓમાં ગંગાજી, દેવતાઓમાં વિષ્ણુ ભગવાન્ અને વૈષ્નવોમાં શ્રીશંકરજી સર્વશ્રેષ્ઠ છે તેવી જ રીતે પુરાણોમાં શ્રીમદ્ભાગવત સર્વોત્તમ છે ।।૧૬।।

હે શૌનકાદિ ઋષિઓ! જેવી રીતે બધાં ક્ષેત્રોમાં કાશી સર્વશ્રેષ્ઠ છે તેવી જ રીતે બધાં પુરાણોમાં શ્રીમદ્ભાગવતનું સ્થાન સૌથી ઊંચું છે ।।૧૭।।

આ શ્રીમદ્ભાગવત પુરાણ પ્રાકૃતદોષ રહિત એટલે પરમ પવિત્ર અને શુદ્ધિ કરનારું છે, ભગવાન્‌ના પ્રિય ભક્તો (વૈષ્ણવો) ને અતિપ્રિય છે. આ પુરાણમાં જીવન્મુક્ત પરમહંસોના સર્વશ્રેષ્ઠ, અદ્વિતીય અને માયાના લેશથી રહિત જ્ઞાનનું ગાન કરવામાં આવ્યું છે. આ ગ્રન્થની સૌથી મોટી વિશેષતા એ છે કે આનું નૈષ્કર્મ્ય, અર્થાત્ કર્મોની આત્યન્તિક નિવૃત્તિ પણ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિયુક્ત છે. જે શ્રીમદ્ભાગવતનું શ્રવણ, પઠન અને મનન કરે છે તેને ભગવાન્‌ની ઉત્તમ ભક્તિ પ્રાપ્ત થાય છે અને તે સંસારથી મુક્ત થઈ જાય છે ।।૧૮।।

(ગ્રન્થના આદિ, મધ્ય અને અન્તમાં મંગલાચરણ કરવું જોઈએ એવો શિષ્ટાચાર છે તેથી શ્રીમદ્ભાગવતના પહેલા જ શ્લોકમાં **''સત્યં પરં ધીમહિ''**થી મંગલાચરણ કર્યું હતું. તે જ રીતે ગ્રન્થનો ઉપસંહાર કરતાં મંગલાચરણ કરે છે તેમાં પણ **''સત્યં પરં ધીમહિ''**અમે બધા તે જ પરમ સત્યસ્વરૂપ પરમેશ્વરનું ધ્યાન કરીએ છીએ'',-આરમ્ભના એ જ સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે છે. વળી ગાયત્રીમાં પણ **'ધીમહિ'** શબ્દ પ્રયોજ્યો છે. તેથી આ શ્રીમદ્ભાગવત બ્રહ્મવિદ્યા છે એમ કહ્યું). આ

શ્રીમદ્ભાગવત ભગવત્ તત્ત્વજ્ઞાનનો એક શ્રેષ્ઠ પ્રકાશક છે. બીજું કોઈ પણ પુરાણ તેની તુલના કરી શકે એમ નથી. કલ્પના આરમ્ભમાં સૌથી પહેલા સ્વયં ભગવાન્ નારાયણે આ બ્રહ્માજીને માટે પ્રગટ કર્યું હતું. પછી તેમણે બ્રહ્માજીરૂપે દેવર્ષિ નારદજીને ઉપદેશ કર્યો અને નાદરજીના રૂપમાં ભગવાન્ શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીને હૃદયમાં પ્રકટ કર્યો. ત્યાર પછી તેમણે (ભગવાને) જ વ્યાસજીના રૂપે યોગીન્દ્ર શ્રીશુકદેવજીને અને શ્રીશુકદેવજીના રૂપથી અત્યન્ત કરુણાવશ રાજર્ષિ પરીક્ષિતને ઉપદેશ કર્યો. તે ભગવાન્ પરમ શુદ્ધ અને માયામલથી રહિત છે શોક અને મૃત્યુ તેમની પાસે પણ ફરકી શકતાં નથી. આપણે બધા તે જ પરમ સત્યસ્વરૂપ પરમેશ્વરનું ધ્યાન કરીએ છીએ. (શ્લોકમાં **''વિભાસિતોયમતુલોજ્ઞાનપ્રદીપઃ પુરા।''** શબ્દો છે જેવી રીતે ભગવાને મહાવૈકુંઠનું દર્શન કરાવ્યું હતું તેમ અહીં આ પ્રદીપ **''વિભાસિતઃ પ્રકાશિતઃ''** પ્રકાશિત કર્યો, **''ન તુ વિરચિતં ભાગવતમ્।'' અર્થાત્ શ્રીમદ્ભાગવતની રચના કરી નથી** તેને **'વિભાસિત'** વિભાસિત કર્યું છે. અહીં **''વિમલં, વિશોકં, અમૃતમ્''** ત્રણ શબ્દોનો તાત્પર્યથી એક જ અર્થ છે તે પુનરુક્તિ શ્રીમદ્ભાગવત સર્વથા સંસારભયનો નાશ કરે જ છે એમ ભાર મૂકવામાટે જ છે ।।૧૯।।

(શાસ્ત્રની સમાપ્તિ કરતાં પોતાના ઈષ્ટદેવને પ્રણામ કરે છે). આપણે બધા તે સર્વસાક્ષી ભગવાન્ વાસુદેવને નમસ્કાર કરીએ છીએ જેમણે કૃપા કરીને મોક્ષના અભિલાષી બ્રહ્માજીને આ શ્રીમદ્ભાગવત મહાપુરાણનો ઉપદેશ કર્યો.(ભગવાન્‌ને સર્વ સાક્ષી કહ્યા છે તેનો ભાવ એવો છે કે ''હું તેનો ભક્ત હોઉં કે અભક્ત, શિષ્ટ હોઉં કે દુષ્ટ, ભગવાન્‌ના હૃદયના અભિપ્રેત અર્થની વ્યાખ્યા કરતાં મને આવડતી હોય કે ન હોય તે બધું તે ભગવાન્ સાક્ષાત્ જુએ છે તેથી આપની કૃપા એ જ મારું તો શરણ છે. બ્રહ્માજી પણ જે શ્રીભાગવતનો અર્થ ભગવત્કૃપા વિના પામી ન શકે ત્યાં મારા જેવા પામર પ્રાણીની શી વિસાત છે? વળી સૃષ્ટિની રચના પહેલાં બ્રહ્માજીને મુમુક્ષા (સૃષ્ટિરચનાના કાર્યથી હું બંધાઉં નહિ તેવી ઈચ્છા) હતી પણ શ્રીભાગવતનો ઉપદેશ શ્રવણ કર્યા પછી તો તેમને ભગવત્પ્રેમની આકાંક્ષા થઈ અને મોક્ષ પ્રત્યે ઉદાસીનતા થઈ) ।।૨૦।।

આ સાથે અમે તે યોગીરાજ બ્રહ્મસ્વરૂપ શ્રીશુકદેવજીને પણ નમસ્કાર કરીએ છીએ જેમણે સંસારરૂપી સર્પે જેને દંશ દીધો હતો તેવા રાજર્ષિ પરીક્ષિતને

શ્રીમદ્ભાગવત પુરાણ શ્રવણ કરાવી મુક્ત કર્યા. (અર્જુનનો મોહ ગીતાજીનો ઉપદેશ કરી ભગવાન્ શ્રીકૃષ્ણે દૂર કર્યો, ઉદ્ધવજીનો મોહ એકાદશ સ્કન્ધમાં ભગવાને ઉપદેશ આપી દૂર કર્યો તેવી રીતે પરીક્ષિતનો સંસાર શ્રીશુકદેવજીએ દૂર કર્યો. લોકપ્રતીતિને લક્ષમાં રાખીને જ આ કહેવામાં આવ્યું છે. વળી સર્પનું વિષ હરી લેનાર મન્ત્રો લોકમાં અર્થજ્ઞાનની પણ અપેક્ષા રાખતા નથી. વિષ ઉતારનાર મનુષ્ય મન્ત્રનો અર્થ જાણતો હોય કે ન જાણતો હોય પણ મન્ત્ર બોલવાથી જેને સર્પ કરડ્યો હોય તેનું વિષ ઉતરી જ જાય છે તેવું તેનું સ્વરૂપ બલ છે. એવી જ રીતે, શ્રીભાગવતનો પાઠ કરનાર અર્થ સમજતો હોય કે ન સમજતો હોય તો પણ સંસાર-વિષને તે નિર્મૂલ કરી દે છે ।।૨૧।।

હે દેવતાઓના આરાધ્ય દેવ સર્વેશ્વર! આપ જ અમારા એક માત્ર સ્વામી અને સર્વસ્વ છો. હવે આપ એવી કૃપા કરો કે વારંવાર જન્મ લેવા છતાંય આપનાં ચરણકમલોમાં અમારી અવિચલ દૃઢ ભક્તિ નિરન્તર રહે ।।૨૨।।

**નામસંકીર્તનં યસ્ય સર્વપાપ પ્રણાશનમ્ ।।**
**પ્રણામો દુઃખશમન-સ્તં નમામિ હરિં પરમ્ ।।૨૩।।**

જે ભગવાન્નાં નામોનું સંકીર્તન તમામ પાપોનો સર્વથા નાશ કરી દે છે તથા જે ભગવાન્ના ચરણકમલને કરેલ એક જ પ્રણામ સદાને માટે સર્વ પ્રકારનાં દુઃખોને નષ્ટ કરી દે છે તે જ પરમ તત્ત્વરૂપ શ્રીહરિને હું નમસ્કર કરું છું ।।૨૩।।

**ઈતિ શ્રીભાગવત દ્વાદશસ્કન્ધમાં (પાંચમા અર્થાશ્રય પ્રકરણનો ત્રીજો તથા ચાલુ) ''વિભિન્ન પુરાણોની શ્લોક સંખ્યા અને શ્રીભાગવતનો મહિમા'' નામનો તેરમો અધ્યાય સમ્પૂર્ણ થયો.**

# દ્વાદશસ્કન્ધ સમ્પૂર્ણ

**કથાકારો! શ્રીમહાપ્રભુની આજ્ઞા સાંભળો!!!**

''પ્રાણ કંઠે આવી ગયા હોય તોય
ભાગવત કથાના નિમિત્તે દક્ષિણા ન લેવી''
ભગવત્કથાએદિવ્ય આરાધના છે, લૌકિક આજીવિકા-ધંધો નહીં